# પ્રસ્તાવના

પવિત્ર બાઈબલનાં નવા કરારના ગુજરાતી રૂપાંતરમાં વિશેષતા બધીરો, બાળકો તેમજ ગુજરાતી ભાષા લખતાં–વાંચતા શીખી રહેલા લોકોને નજર સમક્ષ રાખવામાં આવ્યા છે. તેમને સહુને વાંચવામાં–સમજવામાં પડતી સામાન્ય મુશ્કેલીઓને ટાળવા માટે રૂપાંતરકારોએ સરળ શબ્દો, નાના નાના સાદાં વાકયો અને સરળ ભાષાનો પ્રયોગ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. વળી ગુજરાતના અને ગુજરાત બહાર, દુનિયાના ખૂણે ખૂણે વસતા પ્રત્યેક ગુજરાતી સુધી  પવિત્ર બાઈબલનો જીવંત જીવન સંદેશ પહોંચાડવા માટેનો ઉમદા હેતુ પણ રૂપાંતરકારોના હૈયામાં ખરો! આ સુંદર, લોકભાગ્ય રૂપાંતર દ્વારા પવિત્ર બાઈબલના શુભ સંદેશનું પ્રસારણ તેમજ વ્યવહારમાં તેનું અમલીકરણ થાય એવો શુભ આશય પણ આ પ્રયાસમાં રહ્યો છે. રૂપાંતર કરતી વખતે પવિત્ર બાઈબલના શુભ સંદેશની મૂળ અસરકારકતા અને સ્વાભાવિકતા સહેજ પણ ઓછી થાય નહિં તેની રૂપાંતરકારોએ ખાસ કાળજી રાખી છે.

શબ્દકોષના શબ્દોના પર્યાયોનો ઉપયોગ એ જ માત્ર વિશ્ર્વસનીય ભાષાંતર નથી. તેથી રૂપાંતરકારોએ આ રૂપાંતરને માત્ર શબ્દાર્થમાં જ સિમિત નહિ રાખીને તેનો ભાવાર્થ આપવાનો નિષ્ઠાવાન અને સભાન પ્રયત્ન કર્યો છે. અને હજારો વર્ષ પૂર્વે આ શુભ સંદેશ જેવો સુરુચિકર, પ્રભાવશાળી અને દિવ્યાનુંભૂતિકર પણ હતો તેવો જ આજે આ રૂપાંતર દ્વારા બની રહે તેવો વિનમ્ર પ્રયાસ રૂપાંતરકારોએ કર્યો છે. આ પવિત્ર ગ્રંથના રૂપાંતરકારો અસરકારક પ્રસારને અતિ મહત્વનો લેખે છે. પરંતુ તેમની આ ઈચ્છાને કારણે ભાષાની ચોકસાઈનું મહત્વ જરાએ ઓછું થતું નથી. ચોકસાઈનો અર્થ છે, મૂળ લેખોના વિચારોનું પ્રમાણિક નિરૂપણ અને નહિ કે તેના ભાષાકીય સ્વરૂપનાં  ઔપચારિક લક્ષણોની ચોક્કસ રજૂઆત.

આ પવિત્રશાસ્રના લેખકોએ તેમની ભાષાશૈલી દ્વારા એમ દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો કે તેમને આ શુભ સંદેશનાં સારા–અસરકારક પ્રચાર–પ્રસારમાં જ વિશેષ રસ છે. આ ગુજરાતી રૂપાંતરકારોએ તેમનાં વિશિષ્ટ વાચકોને આ પવિત્રશાસ્રનો અર્થ એવા સ્વરૂપમાં આપવાનો પ્રયત્ન કર્યો છે જે સરળ અને સ્વાભાવિક હોય. તેઓએ એવી ભાષાનો ઉપયોગ કર્યો છે જે અર્થઘટનમાં અવરોધક બનવાને બદલે પવિત્રશાસ્રના સત્યને સમજવામાં ચાવીરૂપ બને.

વાકયોને સમજવામાં મદદરૂપ બને તે માટે વિશેષ, ધ્યાનાકર્ષક પ્રયોગો કરવામાં આવ્યા છે. પુસ્તકમાં કઠિન અને અસ્પષ્ટ શબ્દો પછી તરત જ તેની ટૂંકી વ્યાખ્યા અથવા સમાનાર્થી શબ્દ જોવા મળે છે. વ્યાખ્યાત્મક શબ્દોના અર્થ પાદટીપમાં આપવામાં આવેલા છે. તદુપરાંત પવિત્રશાસ્રના દ્રષ્ટાંતોની ઓળખ તથા રૂપાંતરિત વાચન પણ જયાં જરૂર પડી ત્યાં પાદટીપ દ્વારા આપવામાં આવેલ છે.

# ભૂમિકા

"બાઈબલ" શબ્દ ગ્રીક ભાષામાંથી લેવાયો છે જેનો અર્થ "પુસ્તકો" થાય છે. સાચા અર્થમાં બાઈબલ બે પુસ્તકોનો સંગ્રહ છે, જેને "જૂનો કરાર" (જૂનો નિયમ) તથા "નવો કરાર" (નવો નિયમ) કહેવાય છે. અનુવાદિત શબ્દ "કરાર" અર્થાત: એક વાણી કે સમાધાનના (સમજણના) રૂપમાં પ્રયોગ કરવામાં આવે છે. જૂનો કરાર રચનાઓનો એવો સંગ્રહ છે અને તે વાણી સાથે સંબંધિત છે, જેને દેવે, મૂસાના સમયમાં, યહૂદી લોકોની (ઈઝરાએલીઓ) સાથે કર્યો હતો. "નવો કરાર" એ રચનાઓનો સંગ્રહ છે જેનો સંબંધ તે સમાધાન સાથે છે, જે દેવે એ લોકો સાથે કર્યો જે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખે છે.

જૂના કરારના લેખો, દેવના એ મહાન કાર્યોનું વર્ણન આપે છે જે દેવના દ્વારા યહૂદી લોકોની સાથે કરેલા વ્યવહારને બતાવે છે, તથા દેવની એ યોજનાના વિષયમાં બતાવે છે કે જે દ્વારા આ લોકોનો પૂરા સંસાર પર આશીર્વાદ લાવવાને માટે પ્રયોગ કરી શકાય. આ લેખ આવનાર મુકિતદાતાની (ખ્રિસ્ત) તરફ ઈશારો કરે છે જેને દેવે પોતાની યોજના પ્રમાણે મોકલવાનો હતો. નવા કરારનું લખાણ, જૂના કરારની વાતોનું પરિણામ છે. તે આવનાર મુકિતદાતા (ઈસુ ખ્રિસ્ત) તથા સમગ્ર મનુષ્ય જાતિને માટે તેના આવવાનું મહત્વ સમજાવે છે. નવા કરારના પુસ્તકોને સમજવા માટે જૂના કરારને સમજવું મહત્વનું છે કારણ કે જૂનો કરાર આવશ્યક પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે અને નવો કરાર ઉધ્ધારની તે વાર્તાને પૂરી કરે છે જેનો જૂના કરારમાં આરંભ થયો.

## જૂનો કરાર:

જૂના કરારના લેખો ૩૯ પુસ્તકોનો સંગ્રહ છે જે જુદા જુદા લેખકોએ લખ્યો છે. તે મોટા ભાગે હિબ્રૂ ભાષામાં લખવામાં આવ્યો છે, જે પ્રાચીન ઈઝરાએલની ભાષા હતી. કેટલાક ભાગ અરામીક ભાષામાં પણ લખવામાં આવ્યા છે જે બાબેલના રાજયની સરકારી ભાષા હતી. "જૂના કરાર"ના કેટલાક ભાગ પાંચસો વર્ષ પૂર્વે લખાયેલા હતા અને આ કરારનાં પ્રથમ પુસ્તક અને છેલ્લાં પુસ્તકની વચ્ચે, લગભગ ૧૦૦૦ વર્ષ કરતાં પણ વધારે સમયનું અંતર છે. આ સંગ્રહમાં નિયમ, ઈતિહાસ, ગદ્ય, ગીત, કાવ્ય અને વિવેકી પુરુષોના ઉપદેશ સામેલ છે.

"જૂનો કરાર" અલબત ત્રણ મુખ્ય વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યો છે–નિયમશાસ્ર, ભવિષ્યવેત્તા તથા પવિત્ર લખાણ. નિયમશાસ્રમાં પાંચ પુસ્તકો છે જે "મૂસાના પાંચ પુસ્તકો" કહેવાય છે. તેમાં પ્રથમ પુસ્તક ઉત્પતિ છે, જે સંસારના શરૂઆતના વિષય વિષે બતાવે છે. અર્થાત પ્રથમ પુરુષ 'આદમં અને પ્રથમ સ્રી 'હવા' તથા દેવની પ્રતિ તેમના પહેલા અપરાધનું વર્ણન આપે છે. આ પુસ્તકમાં "મોટા જળપ્રલય" અને એમાંથી દેવ મારફતે એ કુટુંબનો બચાવ તથા ઈઝરાએલના રાજયનો આરંભ, જે લોકોને દેવે શરૂઆતના સમયથી એક વિશેષ ઉદેશ હેતુ પ્રયોગ કરવા માટે પસંદ કર્યા હતા, તે વિષયમાં પણ વર્ણન આપે છે.

## ઈબ્રાહિમની વાર્તા:

દેવે ઈબ્રાહિમ સાથે એક વાત કરી. ઈબ્રાહિમ ખૂબ ભરોસાપાત્ર વ્યકિત હતો. તે વાતમાં દેવે ઈબ્રાહિમને એક મહાન રાષ્ટ્રના પિતા બનાવવાની તથા તેને અને તેના વંશજોને કનાન ભૂમિ આપવાનું વચન આપ્યું. એ દેખાડવા માટે કે ઈબ્રાહિમે તે વાતનો સ્વીકાર કરી લીધો, તેની સુન્નત કરવામાં આવી અને પછી સુન્નત દેવ અને તેના લોકોની વચ્ચે થયેલી વાતની સાબિતી બની ગઈ. ઈબ્રાહિમની સમજમાં ન આવ્યું કે આ વાતોને દેવ કેવી રીતે પૂરી કરશે કે જેનું તેણે વચન આપ્યું છે. પરંતુ ઈબ્રાહિમને દેવ પર પૂરો ભરોસો અને વિશ્વાસ હતો, એનાથી દેવ ખૂબ પ્રસન્ન થયો.

દેવે ઈબ્રાહિમને આદેશ આપ્યો કે તે મેસોપોટેમિયા-હેબ્રીઓની વચ્ચેથી પોતાનું ઘર છોડી દે અને દેવ તેને કનાનની (જેને પેલેસ્ટાઈન પણ કહેવામાં આવતું હતું), ભૂમિ તરફ દોરી ગયા. જે તેને આપવાનું વચન આપ્યું હતું. ઘડપણમાં ઈબ્રાહિમને એક પુત્ર થયો જેનું નામ ઈસહાક હતું. ઈસહાકને યાકૂબ નામનો પુત્ર થયો. યાકૂબને (તે ઈઝરાએલ કહેવાય છે) ૧૨ પુત્રો અને ૧ પુત્રી થયા. આ પરિવાર આગળ જતાં ઈઝરાએલનું રાજય બન્યું પરંતુ પોતાના આદિ મુખ્યને તેઓ કદી ભૂલી ન ગયા. તેઓ પોતાને ઈઝરાએલના ૧૨કૂળોના સંબંધમાં કહેતા રહ્યાં. આ કૂળો યાકૂબના ૧૨ પુત્રોના વંશજ હતા. બાર પુત્રો આ હતા. રૂબેન, શિમોન, લેવી, યહૂદા, ઈસ્સાખાર, ઝબૂલૂન, યૂસફ, બિન્યામીન, દાન, નાફતાલી, ગાદ અને યાશેર. ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબ (ઈઝરાએલ) ઈઝરાએલના "પૂર્વજો" અથવા આગેવાનોના સ્વરૂપે જાણીતા હતા.

ઈબ્રાહિમ એક વિશેષ પ્રકારનો "પિતા" પણ હતો. પ્રાચીન ઈઝરાએલમાં દેવે પોતાના સંદેશવાહક તરીકે કેટલાક વિશિષ્ટ માણસોને પસંદ કર્યા હતા. દેવના તે સંદેશવાહકો કે પયગંબરો લોકોને માટે દેવના પ્રતિનિધિ હતા. આ પયગંબરોની મારફતે દેવે ઈઝરાએલના લોકોને વચન, ચેતવણી, વ્યવસ્થા, શીખામણ કે અનુભવો પર આધારિત ઉપદેશ તથા ભાવિ ઘટનાઓ પર આધારિત નિર્દેશ કર્યો. શાસ્રોમાં "ઈબ્રાહિમ-હેબ્રી"નો પ્રથમ પયંગબરના રૂપમાં ઉલ્લેખ કર્યો છે.

## ગુલામીમાંથી ઈઝરાએલનો છૂટકારો

યાકૂબનો (ઈઝરાએલ) પરિવાર વધતો ગયો અને તેમાં લગભગ ૭૦ અન્ય સીધા વંશજ તરીકે સામેલ હતા. તેના પુત્રોમાંથી એક યુસફ હતો જે મિસરનો એક ઊંચો અધિકારી હતો. કઠણ સમય હતો, એટલા માટે યાકૂબ અને તેનું કુટુંબ મિસર જતા રહ્યાં, જયાં ખાવા-પીવાનું ઘણું હતું અને જીવન સુવિધા પૂર્ણ હતું. હેબ્રીઓના આ કૂળો, એક નાની જાતિના રૂપમાં વિકાસ પામ્યા અને પછી મિસરના રાજા ફારૂને આ લોકોને ગુલામ બનાવી દીધા. નિર્ગમનનું પુસ્તક આપણને બતાવે છે કે ૪૦૦ વર્ષની ગુલામી પછી પોતાના લોકોનો મિસરમાંથી છુટકારો કરાવવા માટે દેવે પયગંબર-મૂસાને મોકલ્યો. મૂસા ઈઝરાએલના લોકોને પાછા પેલેસ્ટાઈન લઈ આવ્યો. છૂટકારાની કિંમત મોટી હતી. પરંતુ આ કિંમત મિસરના લોકોએ આપી. ફારૂન અને મિસરના બધા કુટુંબોને પોતાના પ્રથમજનિત પુત્રોને ગુમાવવા પડયા, અને ઈઝરાએલના લોકો,પોતાની ભકિત તથા બલિદાનમાં આ બનાવનું અનેક પ્રકારે સ્મરણ કરતાં રહે.

ઈઝરાએલનાં લોકો પોતાની સ્વતંત્રતાની મુસાફરી માટે તૈયાર હતા. કપડાં પહેરીને મિસરમાંથી નાસી જવાને માટે તેઓ તૈયાર થઈ ગયા. પ્રત્યેક કુટુંબે એક હલવાનને કાપીને તેને રાંધ્યો. પ્રત્યેક કુટુંબે દેવના પ્રતિ એક વિશેષ ચિહ્નના રૂપમાં, પોતાનાં ઘરોનાં દરવાજાની બારશાખો ઉપર હલવાનના લોહીને છાંટયું. તેમણે ઉતાવળથી બેખમીર રોટલી બનાવીને તેને ખાધી. તે રાત્રે દેવનો દૂત આ ધરતી પર થઈને પસાર થયો અને જેના ઘરની બારશાખો પર ઘેટાંનું લોહી લાગેલું નહોતું તે કુટુંબના પ્રથમજનિતનું મૃત્યુ થઈ ગયું. ઈઝરાએલના લોકોને છૂટકારો મળી ગયો. પરંતુ જેવા ગુલામો મિસર છોડવાનાં હતા કે ફારૂનનું હૃદય બદલાઈ ગયું. અને તેણે તેઓને પકડીને પાછા લઈ આવવા પોતાના લશ્કરને મોકલ્યું. પરંતુ દેવે પોતાના લોકોનું રક્ષણ કર્યુ. દેવે લાલ સમુદ્રના બે ભાગ કર્યા અને પોતાના લોકોને છૂટકારો અપાવવા માટે તેમને પેલીપાર પહોંચાડયા. પીછો કરનાર મિસરી લશ્કરનો ત્યાં નાશ કર્યો. ત્યારે અરબ સમુદ્રની આસપાસ સિનાઈના અરણ્યમાં એક પહાડ પર તે લોકો સાથે દેવે એક ખાસ વાત કરી.

## મૂસાનું નિયમશાસ્ર

દેવની મારફતે ઈઝરાએલના લોકોને બચાવી લેવા અને સિનાઈ પર એમની સાથે કરેલા કરારે, આ પ્રજાને બીજાઓથી અલગ બનાવી દીધી. આ કરારમાં ઈઝરાએલીઓ માટે પ્રતિજ્ઞા અને નિયમ હતા. આ કરારના એક ભાગને "દશ આજ્ઞાઓ" ના નામથી ઓળખવામાં આવે છે. દેવ મારફતે અપાયેલી આ આજ્ઞાઓને, પથ્થરની બે પાટીઓ પર લખીને લોકોને આપવામાં આવી. આ આજ્ઞાઓમાં એ મૂળ સિદ્ધાંત સમાયેલો હતો જેના આધાર પર દેવની ઈચ્છા અનુસાર ઈઝરાએલના લોકોએ પોતાનું જીવન વ્યતીત કરવાનું હતું, અને પોતાના કુટુંબ તથા સહવાસમાં આવનારના તરફ પોતાના કર્તવ્યનું પાલન કરવાનું હતું.

આગળ ચાલીને આ આજ્ઞાઓ અને બાકીનાં નિયમો તથા સિનાઈ પર્વત પર આપેલો ઉપદેશ "મૂસાનું નિયમશાસ્ત્ર વ્યવસ્થા" અથવા ફકત "નિયમશાસ્ત્ર" ના નામથી પ્રસિદ્ધ થયો. કેટલાય પ્રસંગો પર આ બંને શબ્દો શાસ્ત્રોના પહેલા પાંચ પુસ્તકો અને જૂના નિયમને માટે પણ પ્રયોગમાં લાવવામાં આવે છે.

દસ આજ્ઞાઓ તથા જીવનવ્યવહારના નિયમો ઉપરાંત મૂસાના નિયમોમાં યાજકો, બલિદાનો, આરાધના તથા પવિત્ર દિવસો માટેના નીતિ નિયમોનો પણ સમાવેશ થયેલ છે. આ નિયમો 'લેવીય'ના પુસ્તકમાં જોવા મળે છે. મૂસાની વ્યવસ્થા પ્રમાણે બધા યાજક અને તેમના સહાયક લેવી કુટુંબમાંથી હતા. અને તેઓ "લેવી" કહેવાતા હતા. બધામાં મુખ્ય અને મહત્વપૂર્ણ યાજકને "મહાયાજક" કહેવામાં આવતો હતો.

આ નિયમશાસ્ત્રમાં પવિત્ર તંબુ અથવા મુલાકાત મંડપ બનાવવો અને ઈઝરાએલી લોકો મારફતે દેવના આરાધનાના સ્થળના વિષયમાં નિયમ આપેલ છે. આમાં દેવની આરાધનામાં કામ લાગે તેવી વસ્તુઓના સંબંધમાં પણ બતાવ્યું છે. આ નિયમશાસ્ત્રમાં, ઈઝરાએલી લોકોને યરૂશાલેમમાં સિયોન પર્વત પર મંદિર બનાવવાને માટે તૈયાર કર્યા, જયાં તેઓ પાછળથી દેવની આરાધના કરવા માટે જવાના હતા. બલિદાનો અને આરાધનાને સંબંધિત નિયમોએ ઈઝરાએલીઓને આ જાણવા માટે લાચાર કરી દીધા કે તેઓએ એક બીજા સામે તથા દેવની સામે પાપ કર્યુ છે. વળી તે નિયમોએ, આ લોકોને માફ કરવા તથા અંદર અંદર એકબીજા તથા દેવ સાથે ફરી એકવાર જોડાઈ જવાનો માર્ગ પણ બતાવ્યો. આ બલિદાનોએ તે બલિદાનને સારી રીતે સમજવાનું પણ શીખવ્યું કે દેવ સર્વ મનુષ્ય જાતિ માટેનો હેતુ પ્રદાન કરવાની તૈયારી કરી રહ્યો હતો.

આ નિયમશાસ્ત્રમાં પવિત્ર દિવસો અને ઉત્સવો પાળવાના વિષયોમાં પણ નિયમ આપ્યા છે. પ્રત્યેક પર્વને પોતાનું એક વિશેષ મહત્વ હતું કેટલાક પ્રસંગો, વર્ષમાં હર્ષ અને ઉલ્લાસના દિવસો પાળવામાં આવતા હતા. જેવી રીતે ફસલનું પ્રથમ ફળનું પર્વ, "સાબ્બાથ" એટલે કે યહૂદી પર્વ અથવા અઠવાડિક ભોજન પચાસમાનું પર્વ અથવા અઠવાડિયાનું પર્વ તથા માંડવાપર્વ.

કેટલાક પર્વો એવા હતા, જે દેવે પોતાના લોકોને માટે જે અદભુત વાતો કરી હતી, તેને યાદ કરવા માટે ઉજવવામાં આવતા હતા. "પાસ્ખા પર્વ" એવું જ એક પર્વ હતું. પ્રત્યેક પરિવાર મિસરમાંથી બચી ગયાની ઘટનાનું ફરી એક વાર સ્મરણ કરતા હતા. લોકો દેવનાં સ્તુતિગાન ગાતા હતા. એક ઘેટું કાપીને ભોજન તૈયાર કરવામાં આવતું હતું. દ્રાક્ષારસનો પ્રત્યેક પ્યાલો અને ભોજનના હરેક કોળિયો, લોકોને એ વાતો યાદ કરાવતા હતા, કે કેવી રીતે દેવે પીડા અને દુઃખભર્યા જીવનમાંથી છોડાવ્યાં હતા.

એનાથી વિરુદ્ધ, બીજા પર્વો ઘણી ગંભીરતાથી પાળવામાં આવતા હતા. પ્રત્યેક વર્ષ "પ્રાયશ્ચિતના દિવસ" પર લોકો પોતાના ખરાબ કાર્યોને યાદ કરતા હતા. જે તેમણે બીજાઓ તથા દેવની સામે કર્યા હતા. આ દિવસ પ્રાયશ્ચિતનો દિવસ હતો, તથા આ દિવસે લોકો ભોજન કરતા નહોતા તથા મુખ્યયાજક તેમના બધાના પાપોની માફીને અર્થે વિશેષ બલિદાન ચઢાવતા હતા.

"જૂના કરાર"ના લેખકો માટે દેવ તથા ઈઝરાએલની વચ્ચે થયેલા કરારનું પુષ્કળ મહત્વ હતું. અર્થાત: બધા પયગંબરોનાં પુસ્તકો અને પવિત્ર લેખ આ વાત પર આધારિત છે કે ઈઝરાએલનું રાજય તથા ઈઝરાએલના દરેક નાગરિકોએ પોતાના દેવ સાથે એક મહત્વપૂર્ણ કરાર કર્યો હતો. તેને તેઓ "દેવનો કરાર" અથવા ફકત "કરાર" કહ્યાં કરતાં હતા. ઈતિહાસના પુસ્તકો આ વાણીનાં પ્રકાશમાં જ ઘટનાઓની વ્યાખ્યા કરતા હતા. વ્યકિત અથવા પ્રજા (રાષ્ટ્ર), જો દેવ અને તે કરાર પ્રત્યે વિશ્વાસપાત્ર હોય તો દેવ તેમને પ્રતિફળ પ્રદાન કરતા, અને જો લોકો તે કરારનો ભંગ કરતાં તો દેવ તેમને શિક્ષા પણ કરતો. તેની સાથે થયેલા કરારને યાદ કરાવવા માટે દેવ પોતાના પ્રબોધકોને મોકલતા હતા. ઈઝરાએલના કવિઓએ દેવ મારફતે પોતાના આજ્ઞાંકિત લોકોને માટે કરેલા અદભુત કાર્યોનાં ગીત ગાયા અને એજ રીતે તેમના માટે કે જેમણે દેવને નકાર્યા, તેમના દુઃખો અને તેમને કરેલી શિક્ષા માટે શોકનાં ગીતો ગાયા. કરારનાં શિક્ષણનાં આધાર પર જ આ લેખકોએ પોતાની યોગ્ય કે અયોગ્ય માન્યતાઓ બનાવી. જયારે ભલાભોળા નિર્દોષ લોકો દુઃખો વેઠતા હતા. ત્યારે કવિ એ સમજવાનો પ્રયત્ન કરતા હતા કે આવું કેમ બની રહ્યું છે.

## ઈઝરાએલનું રાજય:

પ્રાચીન ઈઝરાએલની વાર્તા એ છે કે લોકોનું દેવને ભૂલી જવું, દેવ મારફતે લોકોને બચાવીને કાઢવા એટલું જ નહિ પણ તેમનું દેવ તરફ પાછા ફરવું અને ફરી પાછું દેવને ભૂલી જવું. લોકો મારફતે દેવની વાણીનો તરત સ્વીકાર કર્યા પછીથી જ આ વાર્તા–ચક્ર શરૂ થઈ ગયું હતું, અને પછી આ જ વાર્તા–ચક્રનું પુનરાવર્તન થતું રહ્યું. સિનાઈ પર્વત પર, ઈઝરાએલના લોકોએ દેવને અનુસરવાનો સ્વીકાર કર્યો હતો, પછી તેમણે દેવ વિરુદ્ધ બળવો કર્યો. તેના ફળ સ્વરૂપે તેમને ૪૦ વર્ષ અરણ્યમાં ભટકવું પડયું હતું. છેલ્લે મૂસાનો સહાયક યહોશુઆ તેમને એ દેશમાં લઈ ગયો જે તેમને આપવાનું દેવે વચન આપ્યું હતું. આ એક વિજયની શરૂઆત થઈ અને ઈઝરાએલને જુજ રૂપમાં ત્યાં વસાવ્યા. આ આબાદી પછી, શરૂઆતની કેટલીક સદીઓ સુધી લોકો પર, સ્થાનિક નેતાઓનું રાજય રહ્યું જેમને "ન્યાયાધીશ" કહેવામાં આવતા હતા.

અંતમાં એક એવો સમય આવ્યો જયારે લોકો રાજાની ઈચ્છા કરવા લાગ્યા અને પહેલો રાજા શાઉલ બન્યો. શાઉલે દેવની આજ્ઞાનું પાલન ન કર્યુ એટલે દેવે દાઉદ નામના એક ભરવાડના છોકરાને નવો રાજા બનાવવા માટે પસંદ કર્યો. શમુએલ પ્રબોધકે આવીને તેના માથા પર તેલ રેડી ઈઝરાએલના રાજાના રૂપમાં તેનો અભિષેક કર્યો. દેવે દાઉદને વચન આપ્યું કે યહૂદા કૂળના તેના વંશજ ઈઝરાએલનો ભાવિ રાજા હશે. દાઉદે યરૂશાલેમના નગર પર વિજય પ્રાપ્ત કર્યો અને તેને પોતાની રાજધાની તથા મંદિર નિર્માણનું ભાવિ સ્થળ બનાવ્યું તેણે મંદિરમાં સેવા, આરાધનાને માટે યાજકો, પ્રબોધકો, ગીત–લેખકો, સંગીતકારો અને ગાનારાઓને એકત્ર કર્યા. દાઉદે પોતે પણ ખૂબ ગીતો લખ્યા પરંતુ દેવે તેને મંદિરનું નિર્માણ કરવા દીધું નહિ.

દાઉદ જયારે વૃદ્ધ થઈ ગયો અને મરણ પથારીએ હતો, ત્યારે તેણે પોતાના પુત્ર સુલેમાનને ઈઝરાએલનો રાજા બનાવી દીધો. દાઉદે પોતાના પુત્રને સાવચેત કરી દીધો હતો કે તે દેવનું હંમેશા અનુકરણ કરે અને કરારનું પાલન કરતો રહે. રાજા બન્યા પછી સુલેમાને મંદિરનું નિર્માણ કર્યું અને ઈઝરાએલની સીમાઓનો વિસ્તાર કર્યો તે સમયે ઈઝરાએલ વૈભવના શિખરને ચૂમવા લાગ્યો. સુલેમાન પ્રસિદ્ધ થઈ ગયો અને ઈઝરાએલ મજબૂત બની ગયું.

## યહૂદા અને ઈઝરાએલના વિભાજીત રાજય:

સુલેમાનના મૃત્યુ વખતે ત્યાં લોકોમાં વિવાદ ઊભો થયો અને દેશ વિભાજીત થઈ ગયો. ઉત્તરના દસ કૂળો પોતાને ઈઝરાએલ કહેવડાવા લાગ્યા અને દક્ષિણના કૂળોએ પોતાને "યહૂદા" નામ આપ્યુ. (આજનો "યહૂદી" શબ્દ એ જ નામમાંથી નીકળી આવ્યો છે.) યહૂદા "કરાર" પ્રત્યે વિશ્ર્વાસુ રહ્યો હતો તથા દાઉદનો વંશ (રાજાઓનાં કુટુંબો) એ સમય સુધી યરૂશાલેમ પર રાજય કરતા રહ્યા. અંતમાં યહૂદા પરાજીત થયો. અને બાબેલનાં લોકો, યહૂદાના લોકોને દેશમાંથી કાઢીને લઈ ગયા.

કારણ કે લોકો "વાણી" નું અનુસરણ કરતા નહોતા. તે માટે (ઉત્તરના રાજયો ઈઝરાએલમાં રાજવંશો આવ્યાં અને જતા રહ્યા) જુદા–જુદા સમયોમાં ઈઝરાએલના રાજાઓએ અલગ નગરોમાં પોતાની રાજધાનીઓ બનાવી તેમાંથી જ છેલ્લી રાજધાની સમરૂન હતી. ઈઝરાએલના રાજાઓને પ્રજા પર અંકુશ રાખવા માટે દેવની આરાધનાની રીત બદલી નાંખી હતી. તેમણે નવા યાજક પસંદ કર્યા અને બે નવા મંદિરોનું નિર્માણ કરાવ્યું. એક ઈઝરાએલની ઉત્તરી સીમા પર દાનમાં અને બીજું બેથેલમાં (ઈઝરાએલની યહૂદાથી આગલી સીમા પર) ઈઝરાએલ અને યહૂદાની વચ્ચે કેટલાય યુદ્ધ થયા.

નાગરિક યુદ્ધ અને અશાંતિ દરમિયાન દેવે યહૂદા અને ઈઝરાએલમાં અનેક પ્રબોધકો મોકલ્યા હતા. તેમાંથી કેટલાક પ્રબોધક, યાજક, કેટલાક ખેડૂતો, કેટલાક રાજાઓ કે સલાહકારો, તો કેટલાક સાદું જીવન વ્યતિત કરનારા લોકો હતા. કેટલાક પ્રબોધકોએ પોતાનું શિક્ષણ અને પોતાની ભવિષ્યવાણીઓને લખી અને ઘણાંઓએ તે ન લખી. પરંતુ બધા પ્રબોધકો ન્યાય, સત્ય અને મદદ માટે દેવ પર આધાર રાખવાનો ઉપદેશ આપતા રહ્યા.

ઘણાં પ્રબોધકોએ ચેતવણી આપી કે જો લોકો દેવની તરફ પાછા નહિ ફરે તો તેઓ પરાજિત થઈને અહીં–તહીં થઈ જશો. આ પ્રબોધકોમાંના કેટલાકે તો ભાવિ મહિમા અને ભાવિ શિક્ષાના દિવ્ય દર્શન પણ કર્યા હતા. આમાંથી ઘણાંઓએ તે સમયના પૂર્વ દર્શન કરી લીધા હતા. જયારે તે રાજયનું શાસન કરવાને માટે એક નવા રાજાનું આગમન થશે. કેટલાકે જોયું તો તે રાજા જે દાઉદનો વંશજ હશે. જે દેવના લોકોને એક નવા સુવર્ણ યુગમાં લઈ

જશે. જયારે  કેટલાક રાજાઓને આ રાજાના અનુસંધાનમાં કહ્યું કે તે એક અનંત રાજય પર યુગોના યુગો સુધી રાજય કરશે તથા બીજાઓએ તેને એક એવા સેવકના રૂપમાં જોયો જે પોતાના લોકોને દેવની તરફ પાછા ફેરવવા માટે અનેક પ્રકારની મુશ્કેલીઓ  ઉઠાવશે. પરંતુ બધાએ તેને એક ખ્રિસ્તના રૂપમાં જોયો. નવા યુગને લાવનાર દેવનો એક  "અભિષિકત."

## ઈઝરાએલ અને યહૂદાનો વિનાશ :

ઈઝરાએલની પ્રજાએ દેવની ચેતવણીઓ પર ધ્યાન આપ્યું નહિં. તેથી ઈ.પૂર્વે ૭૨૨–૭૨૧માં સમરૂને આક્રમણકારી આશ્શૂરની આગળ ઘૂંટણો ટેકવી દીધા. ઈઝરાએલના લોકોને, તેમના ઘરોમાંથી લઈ જઈને સમગ્ર આશ્શૂર રાજયમાં ફેલાવી દીધા. યહૂદામાં લોકો પોતાના ભાઈ–બહેનોથી હંમેશને માટે વિખૂટા પડી ગયા. પછી અશૂરિયોંએ બીજા દેશોના લોકોને લાવીને, ઈઝરાએલની ધરતી પર ફરી વસાવી દીધા. આ લોકોને યહૂદા અને ઈઝરાએલના ધર્મનું શિક્ષણ આપવામાં આવ્યું. તેમાંથી ઘણાઓએ કરારનું અનુસરણ કરવાનો પ્રયત્ન કર્યો. તે લોકો સમરૂનીના નામથી ઓળખાયા. આશ્શૂરના લોકોએ યહૂદા પર આક્રમણ કરવાનો પ્રયત્ન કર્યો. આક્રમણકારીઓની આગળ ઘણાં રાજયોએ ઘૂંટણ ટેકવી દીધા, પરંતુ યરૂશાલેમની દેવે રક્ષા કરી. આશ્શૂરના પરાજિત રાજા પોતાની માતૃભૂમિમાં પાછો આવ્યો અને ત્યાં પોતાના બે પુત્રોના હાથે માર્યો ગયો. આ રીતે યહૂદાનું રક્ષણ થયું.

થોડા સમય પછી, યહૂદાના લોકો બદલાઈ ગયા. અને તેઓ થોડા સમયને માટે દેવની આજ્ઞા માનવા લાગ્યા. પરંતુ અંતમાં તેઓ પણ હારી ગયા અને વેરવિખેર થઈ ગયા. બેબિલોનનું રાજય શકિતશાળી  બન્યું અને તેણે યહૂદા પર આક્રમણ કર્યુ. સર્વ પ્રથમ તેમણે થોડાક મહત્ત્વના લોકોને કેદી તરીકે પકડી લીધા. પરંતુ કેટલાક વર્ષો પછી ઈ.સ.પૂર્વે ૫૮૭–૫૮૬માં યરૂશાલેમ અને મંદિરનો નાશ કરવા પુન: આક્રમણ કર્યુ. કેટલાક લોકો નાસીને મિસર જતા રહ્યા.પરંતુ કેટલાકને ગુલામ બનાવી બેબિલોનમાં લઈ જવામાં આવ્યા. દેવે લોકો પાસે ફરી પ્રબોધકો મોકલ્યા અને લોકોએ તેમના ઉપદેશ પર ધ્યાન આપવાનું શરૂ કર્યુ. ખરેખર એવું લાગ્યું કે મંદિર અને યરૂશાલેમના વિનાશ અને બેબિલોનમાં તેમના થયેલ દેશ નિકાલને કારણે લોકોમાં એક પ્રકારનું વાસ્તવિક પરિવર્તન આવી ગયું. પ્રબોધકો નવા રાજા અને તેમના રાજયના વિષયમાં ઘણું બધું કહેવા લાગ્યા જેમાંથી યર્મિયા પ્રબોધક તો નવા કરાર વિષે પણ કહેવા લાગ્યો. એ નવો કરાર પથ્થરની પાટીઓ પર લખેલો નહિ હોય પણ તે દેવના ભકતોના હૃદયમાં લખેલો હશે.

## યહૂદીઓનું પેલેસ્ટાઈનમાં પુન: આગમન :

આ સમય દરમિયાન કોરેશ રાજા મધ્ય પર્શિયાનો (ઈરાન)નો શાસક બની ગયો. તેણે બેબિલોન જીતી લીધું. સાયપ્રસે (કોરેશ) લોકોને પોતાનાં ઘેર પાછા ફરવાની આજ્ઞા આપી. આવી રીતે સિત્તેર વર્ષના દેશનિકાલ પછી યહૂદાના ઘણાં બધા લોકો પોતાને ઘેર પાછા ફર્યા. લોકોએ પોતાના રાષ્ટ્રનું પુન:નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ યહૂદા નાનું અને કમજોર બની રહ્યું. લોકોએ ફરીથી મંદિરનું નિર્માણ કર્યુ. પરંતુ તે મંદિર એટલું સુંદર ન બન્યું જેટલું સુલેમાને બનાવેલું મંદિર હતું. ઘણાં બધા લોકો ખરેખર દેવની તરફ પાછા ફર્યા, અને નિયમો, પ્રબોધકોના લેખો તથા પવિત્ર ગ્રંથોનો અભ્યાસ કરવા લાગ્યા. તેમાંના ઘણાં લોકો લેખક (વિશેષ પ્રકારના વિદ્વાન) બન્યા, જે શાસ્રોની નકલો તૈયાર કરતા હતા. ધીમે ધીમે આ લોકોએ શાસ્રોના અભ્યાસ માટે પાઠશાળાઓની સ્થાપના કરી. લોકોએ સાબ્બાથના દિવસે (શનિવારે) અભ્યાસ, પ્રાર્થના અને એક સાથે મળીને દેવની આરાધના માટે એકઠા મળવાની શરૂઆત કરી. પોતાની ધર્મસભાઓમાં લોકો શાસ્રોનો અભ્યાસ કરવા લાગ્યા અને ઘણા બધા લોકો મસીહાના ભાવિ આગમનની પ્રતિક્ષા કરવા લાગ્યા.

પશ્ચિમમાં મહાન સિકંદરે ગ્રીસમાં પોતાનું રાજય સ્થાપી દીધું અને તરત જ તેણે વિશ્વના મોટાભાગના રાજયો પર વિજય પ્રાપ્ત કર્યો. તેણે દુનિયાના ઘણા ખરા ભાગોમાં ગ્રીક ભાષા, રીત–રિવાજ તથા ત્યાંની સંસ્કૃતિનો પ્રચાર કર્યો. પરંતુ જયારે તેનું મૃત્યુ થયું ત્યારે તેના રાજયો વિભાજીત થઈ ગયા. અને તરત જ એક એવું રાજય અસ્તિત્વમાં આવ્યું જેણે તત્કાલીન વિશ્વના જાણીતા મોટા ભાગ ઉપર અંકુશ જમાવ્યો. તેમાં પેલેસ્ટાઈનનો પણ સમાવેશ થયેલ હતો, જયાં યહૂદાના લોકો રહેતા હતા.

રોમના નવા રાજયકર્તા ખરેખર બહુ ક્રૂર અને અત્યાચારી હતા. અને યહૂદીઓ સ્વભાવે અભિમાની અને વિદ્રોહીઓ હતા. અશાંતિના દિવસોમાં ઘણા યહૂદીઓ એવા હતા જેઓ પોતાના જીવનકાળમાં જ મસીહાના આવવાની પ્રતિક્ષા કરતા હતા. યહૂદીઓ ફકત એટલું જ ઈચ્છતા હતા કે માત્ર દેવનું અને મસીહાનું રાજય હોય જેને મોકલવાનું દેવે તેમને વચન આપ્યું હતું. તેઓ સમજતા ન હતા કે દેવની આ યોજના જે મસીહની મારફતે જગતના લોકોનો ઉદ્ધાર કરશે, તેઓ એવું જ માનતા હતા કે દેવની આ યોજના ફકત યહૂદીઓને બચાવવા માટે છે. કેટલાક યહૂદીઓ દેવ મારફતે મોકલવામાં આવનાર મસીહની પ્રતિક્ષા કરવામાં જ સંતોષ માનતા હતા. પરંતુ બીજાઓએ તો નવા રાજયની સ્થાપનામાં દેવની ઈચ્છા જાણવાનો નિશ્ચય કર્યો હતો. તે યહૂદીઓ ધર્મોત્સાહી "ઝિલૌત" તરીકે ઓળખાયા. આ લોકોએ રોમનો સાથે યુદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો અને જે યહૂદીઓ રોમનોને સહાય કરતા હતા, તેઓનો વારંવાર સંહાર કર્યો.

## યહૂદી ધાર્મિક–સમુદાય :

ઈ. સ. પૂર્વ. પહેલી સદી સુધી મૂસાનું નિયમશાસ્ત્ર યહૂદીઓ માટે ઘણું બધું મહત્વપૂર્ણ થઈ ગયું હતું. લોકો આ નિયમશાસ્ત્ર માટે મરવા સુધી તૈયાર હતા. યહૂદીઓનાં ત્રણ મુખ્ય ધાર્મિક પંથો હતા, અને પ્રત્યેક પંથને પોતાના ઉપદેશક (વકીલો અથવા વિદ્યાર્થીઓ) હતા.

### સદૂકીઓ

તેમાંથી એક પંથ સદૂકી નામે ઓળખાતો હતો. સંભવ છે કે તે નામ સાદોક પરથી આવ્યું હોય. દાઉદના સમય દરમિયાન સાદોક પ્રમુખ યાજક હતો. ઘણા ખરા યાજકો અને અધિકારી લોકો  સદૂકીઓ હતા. આ લોકો કેવળ નિયમશાસ્ત્ર (મૂસાનાં પાંચ પુસ્તકોને) ધાર્મિક વિષયોમાં પ્રમાણ સ્વરૂપ સ્વીકારતા હતા. યાજકો તથા બલિદાનોના વિષયમાં તો (મૂસાનું નિયમશાસ્ત્ર) નિયમશાસ્ત્ર ઘણી બધી વાતો શીખવતું પરંતુ મરણ પછીના જીવનના વિષયમાં તે કશું  શીખવતું ન હતું. એટલા માટે સદૂકીઓ મૃત્યુ પછી લોકોનાં પુનરુત્થાનમાં વિશ્વાસ કરતા ન હતા.

### ફરોશીઓ

યહૂદીઓનો બીજો ધાર્મિક પંથ તે ફરોશી તરીકે ઓળખાતો હતો. આ નામ હિબ્રૂ ભાષાના એક એવા શબ્દમાંથી ઉદભવ પામ્યો છે જેનો અર્થ થાય છે "સ્પષ્ટીકરણ કરનાર" અથવા "અલગ કરનાર." આ લોકો એ સામાન્ય પ્રજાને મૂસાનું નિયમશાસ્ત્ર શીખવવાનો અથવા તેનો અર્થ કરવાનો પ્રયત્ન કરતા હતા. ફરોશીઓનો વિશ્વાસ હતો કે એક મૌખિક પરંપરા જે મૂસાના સમય સુધી ચાલી આવી હતી. તેમનું કહેવું હતું કે દરેક પેઢીની વ્યકિત મૂસાના નિયમશાસ્ત્રની આ પ્રકારની વ્યાખ્યા (અર્થ) કરી શકે છે જે એ પેઢીના લોકોની જરૂરિયાતને પૂરી કરે છે. તેનો અર્થ એ થયો છે કે ફરોશીઓ ફકત મૂસાના નિયમશાસ્ત્રને જ નહિ પણ પ્રબોધકો,પવિત્ર ગ્રંથો, અને પોતાની પરંપરાઓને પણ અધિકૃત રૂપે સ્વીકારતા હતા. આ લોકો નિયમશાસ્ત્રની વિધિ અને પોતાની પરંપરાઓનું ખૂબ દુ:ખ વેઠી પાલન કરવાનો પ્રયત્ન કરતા હતા. એટલા માટે તેઓ શું ખાય છે, શાને સ્પર્શ કરે છે, તેની તરફ ખૂબ સાવધાન રહેતા હતા.  તેઓ હાથ ધોવાનું તથા સ્નાન કરવાનું ખૂબ ધ્યાન રાખતા હતા. કેમ કે તેઓ સમજતા હતા કે આ લોકો મૃત્યુ પછીના પુનરૂત્થાનમાં પણ વિશ્વાસ રાખતા હતા. કેમ કે તેઓ સમજતા હતા કે અનેક પ્રબોધકોએ આ કહ્યું છે કે પુનરૂત્થાન થશે.

### શાસ્રીઓ

ત્રીજો મુખ્ય પંથ હતો શાસ્રીઓ. યરૂશાલેમમાં ઘણાં યાજક આ સ્વરૂપમાં જીવન વ્યતીત કરતાં ન હતા જે રીતે દેવ ઈચ્છતો હતો. એ સિવાય રૂમીઓએ ઘણા મુખ્ય યાજકોની નિમણૂંક કરી દીધી હતી. અને  એમાંના ઘણા બધા મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે યાજક બનવા યોગ્ય ન હતા. એટલા માટે શાસ્રી પંથના લોકો યરૂશાલેમમાં આરાધના અને બલિદાનો યોગ્ય રીતે પળાઈ રહ્યાં છે તેવું માનતા ન હતા. આ કારણથી શાસ્રી સમૂહના લોકો, યહૂદિયાના રણમાં રહેવા માટે જતા રહ્યા હતા. તેઓએ જુદી રીતે પોતાના એક સમાજની રચના કરી લીધી હતી. જયાં કેવળ

શાસ્ત્રી લોકો જ આવી શકતા હતા અને નિવાસ કરી શકતા હતા. શાસ્ત્રી લોકો ઉપવાસ રાખતા હતા. પ્રાર્થના કર્યા કરતા હતા અને દેવ મસીહાને મોકલશે અને મંદિર તથા યાજકોને પવિત્ર કરશે તેની પ્રતિક્ષા કરતા હતા.

## નવો કરાર

દેવે પોતાની યોજનાનો પ્રારંભ કરી દીધો. તેણે એક વિશેષ રાજયની પસંદગી કરી. દેવે ત્યાંના લોકો સાથે એક કરાર કર્યો કે જેનાથી દેવનો ન્યાય અને તેની ભલાઈને સમજવા માટે તેઓ તૈયાર થઈ જાય. એક નવા અને ઉત્તમ કરાર પર આધારિત એક સંપૂર્ણ "આધ્યાત્મિક રાજય"ની સ્થાપના મારફતે સંસારને શુભ આશિષ આપવાની યોજનાને પ્રબોધકો અને કવિઓ મારફતે પ્રગટ કરી. આ યોજના મસીહના આગમનની પ્રતિક્ષાની સાથે શરૂ થશે. પ્રબોધકોએ તેમના આગમન વિષે ખૂબ વિસ્તારથી બતાવ્યું છે કે મસીહનો જન્મ કયાં થશે, તે કેવા પ્રકારની વ્યકિત હશે, અને તેને કેવા પ્રકારનાં કામ કરવા પડશે. હવે તો સમય આવી ચૂકયો હતો જયારે મસીહનું આગમન થવાનું હતું અને નવા કરારની શરૂઆત થવાની હતી. નવો નિયમ કે લખાણ બતાવે છે કે દેવનો નવો કરાર કેવી રીતે પ્રગટ થયો. અને ઈસુએ તેને કેવી રીતે કાર્યાન્વિત કર્યો. ઈસુ જે ખ્રિસ્ત હતો ("એક અભિષિકત" મસીહ). આ લખાણ બતાવે છે કે આ નવો કરાર, બધા જ લોકો માટે હતો. એ પણ દર્શાવ્યું છે કે દેવની આ દયાપૂર્ણ પ્રેમ–ભેટને પ્રથમ સદીના લોકોએ કેવી રીતે ગ્રહણ કરી. અને કેવી રીતે આ નવા કરારના અંગ બની ગયા. આ લેખ એ પણ શીખવે છે કે દેવના ભકતોએ આ સંસારમાં જીવન કેવી રીતે વિતાવવું જોઈએ. તેઓએ આશિષોની પણ વ્યાખ્યા કરી છે જેને દેવે પોતાના ભકતોને એક સંપૂર્ણ અને સાર્થક જીવન અહીં વીતાવવા માટે વચન આપ્યાં હતા; અને મૃત્યુ પછી દેવની સાથે પણ.

નવા કરારમાં ઓછામાં ઓછા જુદા જુદા આઠ લેખકોના સત્યાવીશ પુસ્તકોનો સમાવેશ થયેલ છે. આ બધા લેખકોએ ગ્રીક ભાષામાં લખ્યું હતું., આ ભાષા પહેલી સદીના જગતમાં વ્યાપક રીતે બોલાતી હતી. તેમાં અડધા કરતાં ઉપરાંત લેખો ચાર પ્રેરિતો મારફતે લખવામાં આવેલ છે. તે પ્રેરિતો પોતાના વિશેષ પ્રતિનિધિઓ અથવા સહાયકોના સ્વરૂપે ઈસુ મારફતે પસંદ કરાયા હતા. તેમાંથી ત્રણ, માથ્થી, યોહાન, અને પિતર આ પૃથ્વી પર ઈસુના જીવનકાળ દરમ્યાન તેના બાર નિકટના શિષ્યોમાંના હતા. એક અન્ય લેખક હતો જેનું નામ પાઉલ હતું. ઈસુએ તેને અદભુત રીતે દર્શન આપીને, આગળ જતાં એક પ્રેરિત તરીકે પસંદ કર્યો હતો.

પ્રથમ ચાર પુસ્તકો "સુવાર્તા" અથવા "શુભ સંદેશ" કહેવાય છે. તેમાં ઈસુ ખ્રિસ્તના જીવન, અને મૃત્યુના જુદા–જુદા વર્ણન આપેલ છે. આ પુસ્તકો ઈસુના ઉપદેશો, આ ધરતી પર તેનું પ્રગટ થવાનું પ્રયોજન તથા તેના મરણના મહત્વ પર ભાર મૂકે છે, નહિ કે માત્ર તેના જીવનના ઐતિહાસિક સત્યો પર. યોહાનની સુવાર્તા (શુભ સંદેશ) તે ચારેય પુસ્તકોમાં એક વિશેષ સત્ય રાખે છે. પહેલી ત્રણ સુવાર્તા (શુભ સંદેશ) વિષયોના આધાર એક સમાન છે. વાસ્તવમાં એક પુસ્તકની સૌથી વધારે વિષય સામગ્રી બીજા અન્ય પુસ્તકોમાં એક સરખી મળી આવે છે. કંઈ પણ હોય પણ પ્રત્યેક લેખકોએ વિવિધ પ્રકારના શ્રોતાઓ માટે લખ્યું છે અને તેથી પ્રતિત થાય છે કે પ્રત્યેક લેખકની દષ્ટીમાં કઈંક જુદું લક્ષ્ય પણ રહ્યું છે.

આ ચાર પુસ્તકો જેને સુવાર્તા (શુભ સંદેશ) કહેવામાં આવે છે. તે પછી "પ્રેરિતોના કૃત્યો" નામનું પુસ્તક આવે છે. તેમાં ઈસુના મરણ પછીની ઘટનાઓનો ઈતિહાસ છે. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે ઈસુના શિષ્યો મારફતે દેવના પ્રેમની ભેટ જે બધા લોકો માટે હતી; તે સમગ્ર જગત માટે જાહેર કરવામાં આવી. આ બતાવે છે કે આ સુવાર્તા અથવા શુભ સંદેશના પ્રચારથી સમગ્ર પેલેસ્ટાઈન અને રૂમી સામ્રાજયમાં મસીહના વિશ્ર્વાસને વ્યાપક સ્વરૂપે કેવી રીતે સ્વીકારી લીધો. "પ્રેરિતોના કૃત્યો" નામનું પુસ્તક લૂક મારફતે લખાયેલ છે. તેણે જે કંઈ લખ્યું છે, તેનો સૌથી વધારે તે પ્રત્યક્ષ સાક્ષી હતો. લૂક ત્રીજી સુવાર્તાનો (શુભ સંદેશ) લેખક પણ હતો. તેના બંને પુસ્તકોમાં એક તર્કપૂર્ણ જોડાણ છે. કેમ કે "પ્રેરિતોનાં કૃત્યો" ઈસુના જીવનવૃતાંતનું નિવેદન છે. "પ્રેરિતોનાં કૃત્યો" પછી પત્રોનો એક સંગ્રહ છે. જે જુદા–જુદા વ્યકિતઓ અથવા મસીહી સમૂહોના નામે લખવામાં આવેલ છે. આ પત્ર પાઉલ તથા પિતર જેવા મસીહી માર્ગદર્શકો મારફતે મોકલી આપ્યા છે. આ બંને ઈસુના પ્રેરિત હતા. તે સમયની વ્યકિતઓ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા તેમના જેવા લોકોની સહાયતા માટે આ પત્ર લખવામાં આવ્યા હતા. આ પત્રો લોકોને સૂચિત કરવા, સુધારવા, શિક્ષણ આપવા તથા ઉત્તેજન આપવા માટે લખવામાં

આવ્યા હતા. કદાચ આ બધા વિશ્વાસીઓને તેમના વિશ્વાસ, પારસ્પરિક જીવનવ્યવહાર તથા સંસારમાં તેમના જીવનના સંબંધમાં તેમને મદદ કરવા માટે લખવામાં આવ્યા હતા.

નવા કરારનું છેલ્લું પુસ્તક "પ્રકટીકરણ" બીજા બધા પુસ્તકોથી જુદા જ પ્રકારનું પુસ્તક છે. તેમાં ખૂબ અલંકૃત ભાષાનો પ્રયોગ કરવામાં આવેલ છે. અને તેના લેખક પ્રેરિત યોહાને જે દિવ્ય–દર્શન જોયું હતું તેના સંબંધમાં તેણે લખ્યું છે. તેના ખૂબ અલંકાર અને પ્રતીક "જૂના કરાર"નાં પુસ્તકોમાંથી લીધા છે. અને "જૂના કરાર"ના પુસ્તકો સાથે તુલના કર્યા પછી જ તેમને સારી રીતે સમજી શકાય છે. આ છેલ્લું પુસ્તક આપણા માર્ગદર્શક અને મદદગાર ઈસુ ખ્રિસ્ત તથા દેવના સામર્થ્ય દ્વારા ભૂંડી શકિતઓ પર અંતિમ વિજય પ્રાપ્ત કરવા માટે વિશ્વાસીઓને ખાતરી આપે છે.

## "બાઈબલ" અને આજનો વાંચક

આજના, આ પુસ્તકને વાંચનારે એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે આ પુસ્તકો હજારો વર્ષ પૂર્વે એ લોકો માટે લખવામાં આવ્યાં હતા. જેઓ આપણી આજની સભ્યતાથી તદન અલગ સભ્યતામાં રહ્યા કરતા હતા. સામાન્યત: એ પુસ્તકોમાં એ જીવન–મૂલ્યોને દર્શાવ્યા છે કે જે સનાતન સ્વરૂપે સત્ય છે, જો કે ખૂબ પ્રયોગ કરેલા ઐતિહાસિક વર્ણન, ઉદાહરણ અને તત્કાલીન યુગની સંસ્કૃતિ અને તે સમયના જ્ઞાનના આધાર પર જ સમજી શકાય છે. જે યુગના તે લોકો હતા. દ્રષ્ટાંતરૂપે ઈસુ એક વ્યકિતની વાર્તા સંભળાવે છે જે એક એવા ખેતરમાં અનાજ વાવી રહ્યો હતો જેની માટીની સ્થિતિ જુદા–જુદા પ્રકારની હતી. વાસ્તવમાં માટીની તે દશા કેવી હતી તે આજના વ્યકિતને માટે અજાણી હોઈ શકે છે. પરંતુ આ ઉદાહરણથી ઈસુ જે શિક્ષણ આપવા માંગતા હતા તે પ્રત્યેક દેશ અથવા સમયની વ્યકિતને અનુરૂપ જ છે.

સંભવ છે, આજના વાંચકને આ શાસ્ત્રમાં વર્ણવેલું જગત કંઈક વિચિત્ર લાગે. તે સમયના રીત રિવાજ, પ્રવૃતિઓ, લોકોની વાતચીત કરવાની રીત પણ કદાચ અપરિચિત લાગે. પરંતુ તે સમયના દેશકાળના માપદંડો પરના આધારે મૂલ્યાંકન કરી શકાય. આ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે બાઈબલ એક વિજ્ઞાનના પુસ્તકનાં રૂપમાં લખવામાં આવેલ નથી, પણ તે ઐતિહાસિક ઘટનાઓનું વિવરણ તથા માનવજાતિને માટે તે ઘટનાઓનું મહત્વ પ્રસ્તુત કરવાના હેતુથી લખવામાં આવેલ છે. તેનું શિક્ષણ સાર્વભૌમ સત્યો પર આધારિત છે, જે વિજ્ઞાનની સીમાઓથી પર છે. આજના આ યુગમાં પણ આ શાસ્ત્ર પૂરી રીતે પ્રાસંગિક છે. કેમ કે તેનો સંબંધ મનુષ્યની તે પાયાની આત્મિક જરૂરિયાતોમાં છે જે કદી બદલાતી નથી.

બાઈબલના કોઈ પણ વાંચકને તેના અધ્યયનથી અનેક પ્રકારના લાભ પ્રાપ્ત થઈ શકે છે. તેને ખૂબ પ્રાચીન જગતની સભ્યતા અને ઈતિહાસનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. ઈસુ ખ્રિસ્તના જીવન અને શિક્ષણની જાણકારી મળી શકે છે અને તેને એ વાતની ખબર પડી જાય છે કે તેના શિષ્ય થવાનો અર્થ શું છે. તેને પાયાની આત્મિક અંત:દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. અને તે સશકત, આનંદપૂર્ણ જીવન જીવવાના વ્યવહારિક જ્ઞાનને પામી શકે છે. જીવનના અત્યંત ગૂઢ પ્રશ્નોના ઉત્તર તે સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. તે માટે કહેવાય છે કે આ પુસ્તકને વાંચવાના બહુ ઉત્તમ કારણો છે. અને જે વાંચક આ ગ્રંથને ખુલ્લા મનથી અને જિજ્ઞાસા સાથે વાંચશે તો તે રહસ્યને જાણી શકશે કે દેવે આ જીવન તેને કેમ આપ્યું છે.

# License Agreement for Bible Texts

***World Bible Translation Center***
***Last Updated: September 21, 2006***

Copyright © 2006 by World Bible Translation Center
All rights reserved.

**These Scriptures:**

- Are copyrighted by World Bible Translation Center.
- Are not public domain.
- May not be altered or modified in any form.
- May not be sold or offered for sale in any form.
- May not be used for commercial purposes (including, but not limited to, use in advertising or Web banners used for the purpose of selling online add space).
- May be distributed without modification in electronic form for non-commercial use. However, they may not be hosted on any kind of server (including a Web or ftp server) without written permission. A copy of this license (without modification) must also be included.
- May be quoted for any purpose, up to 1,000 verses, without written permission. However, the extent of quotation must not comprise a complete book nor should it amount to more than 50% of the work in which it is quoted. A copyright notice must appear on the title or copyright page using this pattern: "Taken from the HOLY BIBLE: EASY-TO-READ VERSION™ © 2006 by World Bible Translation Center, Inc. and used by permission." If the text quoted is from one of WBTC's non-English versions, the printed title of the actual text quoted will be substituted for "HOLY BIBLE: EASY-TO-READ VERSION™." The copyright notice must appear in English or be translated into another language. When quotations from WBTC's text are used in non-saleable media, such as church bulletins, orders of service, posters, transparencies or similar media, a complete copyright notice is not required, but the initials of the version (such as "ERV" for the Easy-to-Read Version™ in English) must appear at the end of each quotation.

Any use of these Scriptures other than those listed above is prohibited. For additional rights and permission for usage, such as the use of WBTC's text on a Web site, or for clarification of any of the above, please contact World Bible Translation Center in writing or by email at distribution@wbtc.com.

World Bible Translation Center
P.O. Box 820648
Fort Worth, Texas 76182, USA
Telephone: 1-817-595-1664
Toll-Free in US: 1-888-54-BIBLE
E-mail: info@wbtc.com

**WBTC's web site –** World Bible Translation Center's web site: http://www.wbtc.org

**Order online –** To order a copy of our texts online, go to: http://www.wbtc.org

**Current license agreement –** *This license is subject to change without notice. The current license can be found at:* http://www.wbtc.org/downloads/biblelicense.htm

**Trouble viewing this file –** If the text in this document does not display correctly, use Adobe Acrobat Reader 5.0 or higher. Download Adobe Acrobat Reader from:
http://www.adobe.com/products/acrobat/readstep2.html

**Viewing Chinese or Korean PDFs –** To view the Chinese or Korean PDFs, it may be necessary to download the Chinese Simplified or Korean font pack from Adobe. Download the font packs from:
http://www.adobe.com/products/acrobat/acrrasianfontpack.html

# ઉત્પત્તિ

## દુનિયાનો આરંભ
### પહેલો દિવસ–પ્રકાશ

1 આરંભમાં દેવે આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યુ. 2પૃથ્વી
ખાલી અને નિર્જીવ હતી. જમીન પર કશુંજ ન હતું.
સમુદ્ર પર અંધકાર છવાયેલો હતો અને દેવનો આત્મા પાણી
પર ઘૂમતો હતો 3ત્યારે દેવે કહ્યું, "પ્રકાશ પ્રગટો" અને પ્રકાશ
પ્રગટયો. 4દેવે પ્રકાશને જોયો અને તેમણે જાણ્યું કે એ સારું
છે. ત્યારે દેવે પ્રકાશને અંધકારથી જુદો પાડયો. 5દેવે પ્રકાશનું
નામ "દિવસ" અને અંધકારનું નામ "રાત" રાખ્યું.
સાંજ પડી અને પછી સવાર થઈ એ પહેલો દિવસ હતો.

### બીજો દિવસ–આકાશ

6પછી દેવે કહ્યું, "પાણીને બે ભાગમાં જુદું પાડવા માટે
વચ્ચે અંતરિક્ષ થાઓ." 7એટલે દેવે અંતરિક્ષ બનાવ્યું અને
પાણીને જુદું પાડયું. કેટલુંક પાણી અંતરિક્ષની ઉપર હતું
અને કેટલુંક પાણી અંતરિક્ષની નીચે હતું. 8દેવે અંતરિક્ષને
"આકાશ" કહ્યું. પછી સાંજ પડી અને સવાર થઈ તે બીજો
દિવસ હતો.

### ત્રીજો દિવસ–સૂકી ધરતી અને વનસ્પતિ સૃષ્ટિ

9પછી દેવે કહ્યું, "પૃથ્વી પરનું પાણી એક જગ્યાએ ભેગું
થાઓ જેથી સૂકી જમીન નજરે પડે." અને એ જ પ્રમાણે
થયું. 10દેવે સૂકી જમીનને "પૃથ્વી" કહી અને જે પાણી ભેગું
થયેલું હતું તે પાણીને "સાગર" કહ્યો. દેવે જોયું કે આ સારું
છે.

11પછી દેવે કહ્યું, "પૃથ્વી વનસ્પતિ પેદા કરો: અનાજ
આપનાર છોડ અને ફળ આપનાર વૃક્ષો પેદા કરો. પ્રત્યેકમાં
પોતપોતાની જાતનાં બીજ થાઓ. આ પ્રકારના છોડ પૃથ્વી
પર પેદા થાઓ." અને એ પ્રમાણે થયું. 12પૃથ્વીએ અનાજ
ઉત્પન્ન કરનાર ઘાસ અને છોડ ઉગાડયા અને એવાં વૃક્ષો
અને છોડ ઉગાડયાં જેનાં ફળોની અંદર બીજ હોય છે.
પ્રત્યેક છોડવાએ પોતપોતાની જાતનાં બીજ પેદા કર્યા અને
દેવે જોયું કે આ સારું છે. 13પછી સાંજ પડી અને સવાર થઈ
એ ત્રીજો દિવસ હતો.

### ચોથો દિવસ–સૂર્ય,ચંદ્ર અને તારા

14પછી દેવે કહ્યું, "આકાશમાં જયોતિઓ થાઓ. આ
જયોતિઓ દિવસોને રાતોથી જુદા પાડશે. આ જયોતિઓનો
વિશેષ ચિહનો રૂપે ઉપયોગ થશે. અને વિશેષ સભાઓ
જ્યારે શરુ થશે તે દર્શાવશે અને તેનો ઉપયોગ ઋતુઓ,
દિવસો અને વર્ષોનો સમય નિશ્ચિત કરવામાં થશે. 15અને
તેઓ પૃથ્વી પર પ્રકાશ પાથરવા માટે આકાશમાં સ્થિર થાઓ."
અને એમ જ થયું.

16પછી દેવે બે મોટી જયોતિઓ બનાવી. દેવે તેમાંની
મોટી જયોતિને દિવસ પર અમલ કરવા બનાવી અને નાની
જયોતિને રાત પર અમલ કરવા બનાવી. દેવે તારાઓ પણ
બનાવ્યાં. 17દેવે આ જયોતિઓને આકાશમાં એટલા માટે
રાખી કે તે પૃથ્વી પર ચમકે. 18દેવે આ જયોતિઓને આકાશમાં
એટલાં માટે રાખી કે જેથી તે દિવસ અને રાત પર અમલ
ચલાવે. આ જયોતિઓએ પ્રકાશને અંધકારથી જુદો પાડયો
અને દેવે જોયું કે આ સારું છે.

19ત્યારે સાંજ થઈને સવાર થઈ. આ ચોથો દિવસ હતો.

### પાંચમો દિવસ–માછલીઓ અને પક્ષીઓ

20પછી દેવે કહ્યું, "પાણી અનેક જળચરોથી ઊભરાઈ જાઓ
અને પક્ષીઓ પૃથ્વી પર અને આકાશમાં ઊડો." 21એથી દેવે
સમુદ્રમાં રાક્ષસ્ત્રી જળચર પ્રાણી બનાવ્યાં. દેવે સમુદ્રમાં
રહેનાર બધાં સજીવ પ્રાણીઓ બનાવ્યાં. સમુદ્રમાં જુદી જુદી
જાતિનાં જીવજંતુ હોય છે. દેવે આ બધાંની સૃષ્ટિ રચી. દેવે
આકાશમાં ઉડનારાં દરેક જાતનાં પક્ષીઓ પણ બનાવ્યાં. દેવે
જોયું કે આ સારું છે.

22પછી દેવે તે પ્રાણીઓને આશીર્વાદ આપ્યા. અને કહ્યું,
"જાઓ, ઘણાં બધાં બચ્ચાં પેદા કરો અને સાગરનાં પાણીને
ભરી દો. અને પક્ષીઓ પણ બહુ જ વધી જાઓ."

23પછી સાંજ થઈ અને સવાર થઈ. એ પાંચમો દિવસ
હતો.

### છઠ્ઠો દિવસ–ભૂચર જીવજંતુ અને મનુષ્ય

24પછી દેવે કહ્યું, "પૃથ્વી બધી જાતનાં પ્રાણીઓ પેદા કરો:
'પ્રત્યેક જાતનાં ઢોર, પેટે ચાલનારાં પ્રાણીઓ અને મોટાં જંગલી
પ્રાણીઓ." અને આ પ્રાણીઓ પોતપોતાની જાતિ પ્રમાણે
વધારે પ્રાણીઓ ઉત્પન્ન કરે." અને આ બધું થયું.

25તે પછી દેવે પ્રત્યેક જાતિનાં પ્રાણીઓ બનાવ્યાં. દેવે
જંગલી પ્રાણીઓ, પાળી શકાય તેવાં પ્રાણીઓ, અને
પેટે ચાલનારાં પ્રાણીઓ બનાવ્યાં અને દેવે જોયું કે આ
સારું છે.

26પછી દેવે કહ્યું, "હવે આપણે મનુષ્ય બનાવીએ, જે
આપણી પ્રતિમારૂપ અને આપણને મળતો આવતો હોય; જે
સમુદ્રમાંનાં માછલાં ઉપર, અને આકાશમાંનાં પક્ષીઓ પર
શાસન કરે. તે પૃથ્વીનાં બધાં પ્રાણીઓ અને નાનાં પેટે
ચાલનારાં જીવો પર શાસન કરે."
27આથી દેવે પોતાની પ્રતિમારૂપ મનુષ્ય પેદા કર્યો. તેણે
માણસો એટલે સ્ત્રી અને પુરુષ બનાવ્યાં. 28દેવે તેઓને
આશીર્વાદ આપ્યા. દેવે તેઓને કહ્યું, "ઘણાં સંતાનો પ્રાપ્ત
કરો, પૃથ્વીને ભરી દો અને તેનું નિયંત્રણ કરો. સાગરનાં
માંછલાં પર અને આકાશના પક્ષીઓ પર શાસન કરો. પૃથ્વી
પરનાં પ્રત્યેક જીવ પર શાસન કરો."
29દેવે કહ્યું, "જુઓ, મેં તમને જમીનમાં ઊગનારાં, બધી
જ જાતનાં અનાજ પેદા કરનારા છોડ અને પ્રત્યેક જાતનાં
બીવાળા ફળનાં વૃક્ષો આપ્યાં છે: એ તમને સૌને ખાવાના
કામમાં આવશે. 30પૃથ્વી પરનાં પ્રત્યેક પ્રાણીને અને
આકાશમાંના પ્રત્યેક પક્ષીને તથા પૃથ્વી પર પેટે ચાલનારાં
પ્રત્યેક જીવને ખાવા માટે મેં લીલું ઘાસ અને છોડ આપ્યા
છે." અને એમજ થયું.
31દેવે પોતાના દ્વારા તૈયાર થયેલી પ્રત્યેક વસ્તુઓ જોઈ
અને દેવે જોયું કે પ્રત્યેક વસ્તુ ઘણીજ સારી છે.
સાંજ પડી અને સવાર થઈ. તે છઠ્ઠો દિવસ હતો.

## સાતમો દિવસ–વિશ્રામ

2 આ રીતે પૃથ્વી, આકાશ અને તેમાંની બધીજ
વસ્તુઓનું સર્જન પૂરું થયું. 2દેવ પોતે જે કામ કરતા
હતા તે તેમણે પૂરું કર્યું. તેથી સાતમા દિવસે દેવે પોતાનું કામ
બંધ રાખ્યું. 3દેવે સાતમા દિવસને આશીર્વાદ આપ્યા અને
તેને પવિત્ર બનાવ્યો. કેમકે એ દિવસે તેઓ સંસારનું સર્જન
કરતી વખતે જે કામ કરી રહ્યા હતા તે બધાંજ કાર્યો બંધ
કર્યા.

## માનવ જાતિનો આરંભ

4આ છે આકાશ અને પૃથ્વીનાં સર્જનનો ઈતિહાસ. જયારે
દેવે પૃથ્વી અને આકાશ બનાવ્યાં. 5તે વખતે પૃથ્વી પર કોઈ
વૃક્ષ કે છોડ ન હતા. અને ખેતરોમાં કાંઈ જ ઊગતું ન હતું
કારણ કે યહોવા દેવે પૃથ્વી પર વરસાદ વરસાવ્યો ન હતો.
અને વૃક્ષો અને છોડવાંઓની સંભાળ રાખનાર કોઈ મનુષ્ય
પણ ન હતો. 6પરંતુ પૃથ્વી પરથી ધુમસ ઊચે ચઢતું હતું
અને પૃથ્વીની બધીજ જમીનને તેણે ભીંજવી હતી.
7ત્યારે યહોવા દેવે ભૂમિ પરથી માટી લીધી અને મનુષ્યનું
સર્જન કર્યું. અને તેના નસકોરામાં પ્રાણ ફૂંકયો તેથી મનુષ્યમાં
જીવ આવ્યો. 8પછી યહોવા દેવે પૂર્વ દિશામાં એદનમાં એક
બાગ બનાવ્યો અને તેમણે જે મનુષ્યનું સર્જન કર્યુ હતું તેને
તે બાગમાં મૂકયો. 9યહોવા દેવે આ બાગમાં દરેક જાતનાં
વૃક્ષો ઉગાડયાં, જે દેખાવમાં સુંદર હોય અને જેનાં ફળ
ખાવામાં સારાં હોય. બાગમાં વચ્ચે જીવનનું વૃક્ષ અને
સારાભૂંડાની સમજનું વૃક્ષ પણ ઉગાડયું.
10એદનમાં થઈને એક નદી વહેતી હતી અને તે બાગને
પાણી સીંચતી હતી. આ નદી આગળ જતાં ચાર નાની નદીઓ
થઈ ગઈ. 11પહેલી નદીનું નામ પીશોન છે તે હવીલાહના
આખા પ્રદેશની ફરતે વહે છે. 12(આ પ્રદેશમાં સોનું છે અને
તે સોનું સારું છે. ત્યાં બદોલાખ અને અકીક પણ મળે છે.)
13બીજી નદીનું નામ ગીહોન છે; એ કૂશના આખા પ્રદેશની
ફરતી વહે છે. 14ત્રીજી નદીનું નામ હીદેકેલ છે, જે આશ્શૂરની
પૂર્વમાં વહે છે, અને ચોથી નદી તે ફ્રાત છે.
15યહોવા દેવે તે માણસને એદનના બગીચાને ખેડવા
તથા તેનું રક્ષણ કરવા ત્યાં મૂકયો. તેનું કામ બાગમાં વૃક્ષો
અને છોડવાં ઉગાડવાનું હતું. 16યહોવા દેવે મનુષ્યને આજ્ઞા
કરી કે "તારે બાગમાંનાં કોઈપણ વૃક્ષનાં ફળો ખાવાં. 17પરંતુ
તમે સારાનરસાની સમજ આપનારાં વૃક્ષનાં ફળ તારે ખાવાં
નહિ, જો તું એ વૃક્ષનાં ફળ ખાઈશ તો તારું મૃત્યુ અવશ્ય તે
જ દિવસે થશે.

## પહેલી સ્ત્રી

18ત્યારે યહોવા દેવે કહ્યું, "હું સમજું છું કે માણસનું એકલા
રહેવું એ સારું નથી, હું તેને માટે એક યોગ્ય મદદ કરનાર
બનાવીશ."
19તેથી યહોવા દેવે ભૂમિની માંટીમાંથી બધી જાતનાં જંગલી
પ્રાણીઓ અને બધી જાતનાં આકાશનાં પક્ષીઓ બનાવ્યાં.
યહોવા દેવે બધાંજ પ્રાણીઓને મનુષ્યની સામે લાવ્યાં અને
મનુષ્યે તે બધાંનાં નામ પાડયાં. 20મનુષ્યે પાળી શકાય
તેવાં પ્રાણીઓ, આકાશનાં બધાંજ પક્ષીઓ અને જંગલનાં
બધાંજ પ્રાણીઓનાં નામ પાડયાં; મનુષ્યે અનેક પ્રાણી અને
પક્ષી જોયાં પરંતુ મનુષ્ય પોતાને યોગ્ય મદદ કરનાર મેળવી
શકયો નહિ. 21તેથી યહોવા દેવે મનુષ્યને ગાઢ નિંદ્રામાં
નાંખ્યો. અને જયારે તે ઊઘતો હતો ત્યારે તેના શરીરમાંથી
એક પાંસળી કાઢીને તેની જગ્યાએ માંસ ભર્યું. 22યહોવા દેવે
મનુષ્યની પાંસળીમાંથી સ્ત્રીની રચના કરી. અને તે સ્ત્રીને
મનુષ્યની પાસે લાવ્યા. 23અને મનુષ્યે કહ્યું:
"બરાબર મારા જેવી એક વ્યકિત. તેના હાડકા મારા
હાડકામાંથી અને તેનું માંસ મારાં માંસમાંથી થયું છે.
તેણી નારી કહેવાશે, કારણ તેને નરમાંથી લેવાવામાં
આવી છે."
24આ જ કારણે પુરુષ પોતાના માતાપિતાને છોડી જાય છે
અને પોતાની પત્ની સાથે રહીને તે બંન્ને એક દેહ બની
જાય છે. 25મનુષ્ય અને તેની પત્ની બંન્ને નવસ્ત્રો હોવા
છતાં શરમાતાં નહોતા.

## માનવીનું પતન–પાપનો આરંભ

3 યહોવા દેવ દ્વારા બનાવેલાં કોઈ પણ જંગલી પ્રાણી
કરતાં સાપ વધારે કપટી હતો. (તે સ્ત્રીને દગો કરવા
ઈચ્છતો હતો.) સાપે સ્ત્રીને કહ્યું, "હે સ્ત્રી, તમને દેવે ખરેખર
એમ કહ્યું છે કે તમારે બાગનાં કોઈપણ વૃક્ષનાં ફળ ખાવાં
નહિ?"

2સ્ત્રીએ સાપને કહ્યું, "ના, દેવે એવું કહ્યું નથી. અમે
બાગનાં વૃક્ષોનાં ફળ ખાઈ શકીએ છીએ. 3પણ એક વૃક્ષ છે
જેનાં ફળ અમે ખાઈ શકતાં નથી. દેવે અમને કહ્યું છે કે
'બાગની વચ્ચોવચ્ચ જે વૃક્ષ છે તેનાં ફળ તમારે ખાવાં નહિ,
તેમજ તેને અડવું પણ નહિ, નહિ તો મૃત્યુ પામશો.'"
4પરંતુ સાપે સ્ત્રીને કહ્યું, "તમે મરશો નહિ." 5દેવને ખબર
છે કે, "જો તમે લોકો એ વૃક્ષનાં ફળો ખાશો તો તમને
ખરાખોટાની સમજ પડશે અને તમે દેવ જેવા થઈ જશો."
6સ્ત્રીએ જોયું કે વૃક્ષ સુંદર છે અને તેનાં ફળ પણ ખાવા
માટે સારાં છે અને વૃક્ષ તેને બુદ્ધિશાળી બનાવશે. પછી
સ્ત્રીએ તે વૃક્ષનું ફળ લીધું અને ખાધું. તેનો પતિ પણ તેની
સાથે હતો. તેથી તેણીએ થોડાં ફળ તેને પણ આપ્યાં અને
તેણે પણ તે ખાધાં.
7પછી પુરુષ અને સ્ત્રી બંન્ને બદલાઈ ગયાં. અને તેઓની
આંખો ઉઘડી ગઈ. તેઓએ જોયું કે તેઓ વસ્રહીન છે;
એટલે તેમણે અંજીરનાં પાંદડાં ભેગાં સ્ત્રીવીને પોતાના અંગ
ઢાંકયાં.
8પછી પેલા પુરુષ અને સ્ત્રીએ દિવસના ઠંડા પહોરમાં
બાગમાં યહોવા દેવના ફરવાનો અવાજ સાભળ્યો. તેઓ
બાગના વૃક્ષોમાં છુપાઈ ગયાં. 9યહોવા દેવે બૂમ મારીને
મનુષ્યને પૂછયું, "તું કયાં છે?"
10પુરુષે કહ્યું, "બાગમાં તમારો પગરવ સાંભળીને હું ડરી
ગયો, હું વસ્રહીન હતો, એટલે સંતાઈ ગયો."
11યહોવા દેવે પુરુષને પૂછયું , "તને કોણે કહ્યું કે તું વસ્રહીન
છે? તું શા કારણે શરમાયો? જે ઝાડનાં ફળ ખાવાની મેં
મનાઈ કરી હતી તે ઝાડનાં ફળ તેં ખાધાં તો નથી ને?"
12પુરુષે કહ્યું, "તમે જે સ્ત્રી મારા માટે બનાવી, તેણે મને
એ વૃક્ષનાં ફળ આપ્યાં ને મેં ખાધાં."
13પછી યહોવા દેવે સ્ત્રીને કહ્યું, " તેં આમ શા માટે કર્યુ?"
સ્ત્રીએ કહ્યું, "સાપે મારી સાથે બનાવટ કરી, તેણે મને
મૂર્ખ બનાવી અને મેં ફળ ખાધું."
14પછી યહોવા દેવે સર્પને કહ્યું:
"તેં આ ઘણું ખરાબ કામ કર્યુ છે તેથી તારું ખોટુંજ થશે.
બીજા જંગલનાં પ્રાણીઓ કરતાં તારું ભૂંડું વધારે થશે. તારે
જીવન પર્યંત પેટ ઘસડીને ચાલવું પડશે, અને ધૂળ ફાકીને
રહેવું પડશે.
15હું તારી અને આ સ્ત્રીની વચ્ચે અને તારાં બાળકો અને
એનાં બાળકો વચ્ચે દુશ્મનાવટ રખાવીશ. એનો વંશ તારું
માથું કચરશે અને તું એના પગને કરડીશ."
16પછી યહોવા દેવે સ્ત્રીને કહ્યું,
"તારે ગર્ભાવસ્થા દરમ્યાન ભારે વેદના વેઠવી પડે એમ હું
કરીશ. તું જયારે બાળકને જન્મ આપીશ ત્યારે તને અસહ્ય
વેદના થશે. તું તારા પતિને ખૂબ ઈચ્છીશ પણ તે તારા પર
રાજ કરશે."*

17પછી યહોવા દેવે મનુષ્યને કહ્યું: "મેં તને આજ્ઞા કરી
હતી કે તું આ વિશિષ્ટ વૃક્ષનાં ફળ ખાઈશ નહિ, પરંતુ તેં
તારી પત્નીની વાત માની અને તે વૃક્ષનાં ફળ ખાધાં. એટલે
તારે લીધે આ ભૂમિ શ્રાપિત થઈ છે. જીવનપર્યંત પરિશ્રમ
કરીશ ત્યારે તું એમાંથી ખાવા પામીશ.
18આ ભૂમિ કાંટા અને ઝાંખરાં ઉગાડશે તું ખેતરમાં ઉગતા
જંગલી છોડવાં ખાઈશ.
19તારે તારા પોતાનાં ભોજન માટે ખૂબ પરિશ્રમ કરવો
પડશે. જયાં સુધી પરસેવો ન થાય ત્યાં સુધી તું પરિશ્રમ
કરીશ. જયાં સુધી તારું મૃત્યુ ન થાય ત્યાં સુધી તું સખત
પરિશ્રમ કરીશ. તે સમયે તું ફરીવાર માટી થઈ જઈશ.
જયારે મેં તને બનાવ્યો ત્યારે માટીમાંથી જ બનાવ્યો હતો.
અને જયારે તું મૃત્યુ પામીશ ત્યારે એ જ માટીમાં પાછો
મળી જઈશ."
20આદમે પોતાની પત્નીનું નામ હવા પાડયું. કારણ કે, તે
સર્વ માનવજીવોની જનેતા હતી.
21પછી યહોવા દેવે આદમ અને તેની પત્ની માટે પશુઓનાં
ચામડાંનાં વસ્રો બનાવ્યાં અને તેમને પહેરાવ્યા.
22યહોવા દેવે કહ્યું, "જુઓ, હવે માણસ મારા જેવો થઈ
ગયો છે; મનુષ્યને સારાનરસાની સમજ આવી છે. અને હવે
પુરુષ જીવનના વૃક્ષનાં ફળ પણ લઈ શકે છે. જો પુરુષ તે
ફળને ખાશે તો તે સદા અમર થઈ જશે."
23આથી યહોવા દેવે પુરુષને એદનના બાગને છોડવા
માટે મજબૂર કર્યો, જે માટીમાંથી આદમ પેદા થયો હતો તે
જ પૃથ્વી પર આદમને સખત પરિશ્રમ કરવો પડ્યો. 24યહોવા
દેવે આદમને બાગની બહાર કાઢી મૂકયો. અને પછી દેવે
બાગના દરવાજાની ચોકી કરવા માટે સ્વર્ગના દૂતોને મૂકયા.
યહોવા દેવે ત્યાં એક અગ્નિમય સતત વીંઝાતી તલવાર પણ
મૂકી, જે તલવાર જીવનના વૃક્ષના માર્ગની ચોકી કરતી
ચારેબાજુએ ચમકતી હતી.

## પહેલો પરિવાર

4 આદમ અને તેની પત્ની હવા વચ્ચે જાતિય સંબંધ
થયો અને તે ગર્ભવતી થઈ અને એક બાળકને જન્મ
આપ્યો. જેનું નામ તેઓએ 'કાઈન' રાખ્યું. હવાએ કહ્યું,
"યહોવાની સહાયથી મને પુત્ર મળ્યો છે."
2એ પછી હવાએ બીજા બાળકને જન્મ આપ્યો. તે બાળક
'કાઈન'નો ભાઈ હાબેલ હતો. હાબેલ ભરવાડ બન્યો અને
કાઈન ખેડૂત બન્યો.

## પ્રથમ હત્યા

3-4પાકના સમયે કાઈન યહોવા પાસે એક ભેટ લાવ્યો,
પોતાની જમીનમાં પેદા કરેલા અનાજમાંથી થોડું અનાજ તે
લાવ્યો. પરંતુ હાબેલ પોતાનાં ઘેટા અને બકરાના સમૂહમાંથી
થોડા પ્રાણીઓ લાવ્યો. હાબેલ પોતાના સૌથી શ્રેષ્ઠ ઘેટાં
અને બકરાંનાં પહેલાં બચ્ચાં તેમની ચરબી સાથે લાવ્યો.

---

**તું ... કરશે** અથવા તું તારા પતિને ઈચ્છીશ પરંતુ તે તારા પર રાજ કરશે. આ હિબ્રુ ભાષામાં ઉત્પતી 4:7 ના જેવું છે.

યહોવાએ હાબેલ અને તેના અર્પણોનો સ્વીકાર કર્યો. 5પરંતુ
યહોવાએ કાઈન તથા તેની ભેટનો અસ્વીકાર કર્યો તેથી
કાઈન ખૂબ ગુસ્સે થયો અને દુ:ખી થયો. 6યહોવાએ કાઈનને
પૂછયું, "તું કેમ રોષે ભરાયો છે? તારું મોંઢું ઉતરેલું કેમ
દેખાય છે? 7જો તું સારાં કામ કરીશ તો મારી નજરમાં તું
યોગ્ય ઠરીશ. અને પછી હું તારો સ્વીકાર કરીશ. પરંતુ જો તું
ખરાબ કામ કરીશ તો તે પાપ તારા જીવનમાં રહેશે. તારાં
પાપો તને તેના વશમાં રાખવા ઈચ્છશે પરંતુ તારે તારાં
પાપોને તારા પોતાના વશમાં રાખવા પડશે."

8કાઈને પોતાના ભાઈ હાબેલને કહ્યું, "ચાલો, આપણે
બહાર મેદાનમાં જઈએ." તેથી કાઈન અને હાબેલ મેદાનમાં
ગયા. અને પછી કાઈને પોતાના ભાઈ પર હુમલો કર્યો અને
તેની હત્યા કરી.

9પછી યહોવાએ કાઈનને પૂછયું, "તારો ભાઈ હાબેલ
કયાં છે?"

કાઈને જવાબ આપ્યો, "હું નથી જાણતો, શું એ મારું કામ
છે કે હું મારા ભાઈની ચોકી કરું ને સંભાળ રાખું?"

10પછી યહોવાએ કહ્યું, "તેં આ શું કર્યુ? તારા ભાઈનું
લોહી ધરતીમાંથી મને પોકાર આપતા અવાજ જેવું છેં? 11તેં
તારા પોતાના ભાઈની હત્યા કરી છે. અને હવે તારા ભાઈનું
રકત તારા હાથથી લેવાને જે ધરતીએ પોતાનું મોં ખોલ્યું છે
તેથી હવે હું આ ભૂમિને ખરાબ કરવાવાળી વસ્તુઓ હું
ઉત્પન્ન કરીશ. 12ભૂતકાળમાં તેં વાવણી કરી હતી અને તે
મોટા પ્રમાણમાં ઊગી હતી. પરંતુ હવે તું એ જમીનને ખેડીશ
ત્યારે એ તને પાક નહિ આપે; તારે પૃથ્વી પર રઝળતાં
રખડતાં ફરવું પડશે."

13ત્યારે કાઈને કહ્યું, "આ સજા સહન કરવી તે મારા ગજા
બહારની છે. 14તમે મને આજે જમીનને ખેડવામાંથી હાંકી
કાઢયો છે. એટલે મારે તમારી આગળથી સંતાતા ફરવું પડશે,
મારે આ ભૂમિ પર રઝળતા રખડતાં ફરવું પડશે. અને પૃથ્વી
પર મારો વિનાશ થશે. અને જો કોઈ મનુષ્ય મને મળશે તો
તે મને મારી નાખશે."

15ત્યારે યહોવાએ કાઈનને કહ્યું, "હું એમ થવા દઈશ
નહિ. જો કોઈ તને મારશે તો હું તે માણસને કડક શિક્ષા
કરીશ." પછી યહોવાએ કાઈન પર એક નિશાન બનાવ્યું.
એ નિશાન એમ દર્શાવતું હતું કે કાઈનને કોઈ મારે નહિ.

### કાઈનનો પરિવાર

16પછી કાઈન યહોવા પાસેથી ચાલ્યો ગયો. અને એદનની
પૂર્વમાં આવેલા નોદની ભૂમિમાં રહેવા લાગ્યો.

17કાઈને પોતાની પત્ની સાથે શારીરિક સંબંધ કર્યો જેથી
તે ગર્ભવતી થઈ અને તેણે હનોખ નામના બાળકને જન્મ
આપ્યો. કાઈને એક શહેર વસાવ્યું અને પોતાના પુત્રના
નામ પરથી તેનું નામ હનોખ પાડયું.

18હનોખથી ઈરાદ જન્મ્યો અને ઈરાદથી મહૂયાએલ
જન્મ્યો. મહૂયાએલથી મથૂશાએલ અને મથૂશાએલથી
લામેખ જન્મ્યો.

19લામેખે બે સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા. એક પત્નીનું નામ
આદાહ અને બીજીનું નામ સિલ્લાહ હતું. 20આદાહે યાબાલને
જન્મ આપ્યો. જેઓ તંબુઓમાં રહે છે અને પશુપાલન કરે
છે તેઓના તે પિતા હતા. 21આદાહનો બીજો પુત્ર યૂબાલ
પણ હતો. યૂબાલ યાબાલનો ભાઈ હતો. વીણા અને વાંસળી
વગાડનારાઓનો તે પિતા હતો. 22સિલ્લાહે તૂબાલ-કાઈનને
જન્મ આપ્યો. તે કાંસાંનાં અને લોખંડનાં બધીજ જાતનાં
ઓજારો બનાવનારાઓનો પિતા હતો. તૂબાલ-કાઈનની
બહેનનું નામ નાઅમાહ હતું.

23લામેખે પોતાની પત્નીઓને કહ્યું:

"આદાહ અને સિલ્લાહ, મારી વાત સાંભળો. ઓ લામેખની
પત્નીઓ મારે જે કહેવું પડે છે તે કાળજીપૂર્વક સાંભળો.
મને દુ:ખ પહોંચાડનાર એક માણસને,મેં મારી નાખ્યો છે.
મને મારતાં એક છોકરાને મેં મારી નાખ્યો છે.

24કાઈનની હત્યાનો દંડ ઘણો ભારે હતો. તેથી મારી
હત્યાનો દંડ પણ તેનાથી વધારે ને વધારે ભારે હશે. જો
કાઈનનું વેર સાતગણું લેવાશે તો લામેખનું જરૂર સિત્તોતેરગણું
લેવાશે."

### આદમ અને હવાનો નવો પુત્ર

25આદમે હવા સાથે ફરીવાર જાતિય સંબંધ બાંધ્યો અને
હવાએ બીજા એક પુત્રને જન્મ આપ્યો. તેઓએ તે બાળકનું
નામ 'શેથ' પાડયું. હવાએ કહ્યું, "દેવે મને બીજો પુત્ર આપ્યો
છે. કાઈને હાબેલને મારી નાખ્યો પરંતુ હવે 'શેથ' મારી
પાસે છે."

26'શેથ'ને પણ એક પુત્ર હતો. એનું નામ 'અનોશ' હતું. તે
સમયે, લોકોએ યહોવાને પ્રાર્થના કરવાનું શરૂ કર્યુ.

### આદમના પરિવારનો ઈતિહાસ

5 આ પ્રકરણ આદમના પરિવારનો આ ઈતિહાસ છે. દેવે
મનુષ્યને પોતાના સ્વરૂપમાં જ બનાવ્યો. 2દેવે એક
પુરુષ અને એક સ્ત્રીને બનાવ્યાં. જે દિવસે દેવે એમને
બનાવ્યા ત્યારે તેઓને આશીર્વાદ આપ્યા અને એમનું નામ
આદમ રાખ્યું.

3જયારે આદમ 130 વર્ષનો થયો ત્યારે તે એક બીજા
બાળકનો પિતા બન્યો. તે પુત્ર બરાબર આદમ જેવો જ
દેખાતો હતો. આદમે તે પુત્રનું નામ શેથ પાડયું. 4શેથના
જન્મ પછી આદમ 800 વર્ષ સુધી જીવ્યો. તે સમય દરમ્યાન
તેને બીજા પુત્ર અને પુત્રીઓ થયાં. 5આમ, આદમ એકંદરે
930 વર્ષ જીવ્યો, અને પછી મૃત્યુ પામ્યો.

6જયારે શેથ 105 વર્ષનો થયો, ત્યારે તેને ત્યાં અનોશનો
જન્મ થયો. 7અનોશના જન્મ પછી શેથ 807 વર્ષ જીવ્યો
અને તેને બીજા પુત્રપુત્રીઓ થયાં. 8આમ, શેથનું એકંદરે
આયુષ્ય 912 વર્ષનું હતું. પછી તેનું મરણ થયું.

**9**અનોશ જયારે 90 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં કનાન જન્મ્યો. **10**કનાનના જન્મ પછી અનોશ 815 વર્ષ જીવ્યો અને તેને બીજા પુત્રપુત્રી થયાં. **11**આમ, અનોશનું એકંદરે આયુષ્ય 905 વર્ષનું હતું. પછી તેનું મરણ થયું.

**12**જયારે કનાન 70 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં મહલાલએલ જન્મ્યો. **13**મહલાલએલના જન્મ પછી કેનાન 840 વર્ષ જીવ્યો, અને તેને બીજા પુત્રપુત્રી થયાં. **14**આમ, કેનાનનું કુલ આયુષ્ય 910 વર્ષનું હતું ત્યારબાદ તેનું મરણ થયું.

**15**જયારે મહલાલએલ 65 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં યારેદનો જન્મ થયો. **16**યારેદના જન્મ પછી મહલાલએલ 830 વર્ષ જીવ્યો, અને તેને બીજા પુત્રપુત્રી થયાં. **17**આમ, મહલાલએલનું કુલ આયુષ્ય 895 વર્ષનું હતું. ત્યારબાદ તેનું મરણ થયું.

**18**જયારે યારેદ 162 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં એક હનોખ નામનો બાળક જન્મ્યો. **19**હનોખના જન્મ પછી યારેદ 800 વર્ષ જીવ્યો અને તેને બીજા પુત્રપુત્રી થયાં. **20**આમ,યારેદ કુલ 962 વર્ષ જીવ્યો અને પછી મરણ પામ્યો. **21**જયારે હનોખ 65 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં મથૂશેલાહનો જન્મ થયો.

**22**મથૂશેલાહના જન્મ પછી 300 વર્ષ સુધી 'હનોખ' દેવની સાથે સાથે ચાલ્યો, અને તેને બીજા પુત્રપુત્રી થયાં. **23**આમ, હનોખ કુલ 365 વર્ષ જીવ્યો. **24**એક દિવસ હનોખ દેવની સાથે ચાલી રહ્યો હતો ત્યારે તે એકદમ અદ્રશ્ય થઈ ગયો કેમ કે દેવે તેને લઈ લીધો.

**25**જયારે મથૂશેલાહ 187 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં લામેખનો જન્મ થયો. **26**લામેખના જન્મ પછી મથૂશેલાહ 782 વર્ષ જીવ્યો, ને તેને બીજાઁ પુત્રપુત્રી થયાં. **27**આમ, મથૂશેલાહ કુલ 969 વર્ષ જીવ્યા પછી મરણ પામ્યો.

**28**જયારે લામેખ 182 વર્ષનો થયો ત્યારે તે એક પુત્રનો પિતા બન્યો. **29**લામેખના પુત્રનું નામ નૂહ રાખ્યું. લામેખે કહ્યું, "અમે ખેડૂત લોકો ઘણી સખત મહેનત કરીએ છીએ કારણ કે દેવે ભૂમિને શ્રાપ આપ્યો છે. પરંતુ નૂહ અમને લોકોને મહેનતમાંથી રાહત આપશે."

**30**નૂહના જન્મ પછી લામેખ 595 વર્ષ જીવ્યો ને તેને બીજા પુત્રપુત્રી થયાં. **31**આમ, લામેખનું કુલ આયુષ્ય 777 વર્ષનું હતું ત્યાર પછી તેનું મરણ થયું.

**32**જ્યારે નૂહ 500 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં શેમ, હામ અને યાફેથનો જન્મ થયો.

## લોકો દુષ્ટ થઈ ગયા

**6** પૃથ્વી પર મનુષ્યોની વસતી વધતી ગઈ. અને તેમને ત્યાં પુત્રીઓ જન્મી. જયારે દેવના દીકરાઓએ જોયું કે આ કન્યાઓ સુંદર છે એટલે તેઓએ તેમની ઈચ્છા પ્રમાણે તેઓની સાથે લગ્ન કર્યા. **2-4**અને આ સ્ત્રીઓએ બાળકોને જન્મ આપ્યા." તે સમય દરમ્યાન અને તે પછી પણ પૃથ્વી પર નેફિલિમો વસતા હતા. તેઓ દેવના પુત્રો અને માનવોની પુત્રીઓના જાતિય સંબંધથી જન્મ્યા હતા. તેઓ પ્રાચીનકાળના વિખ્યાત નાયકો હતા. ત્યારે યહોવાએ કહ્યું, "મારા આત્માને હું કાયમ માટે મનુષ્યો દ્વારા દુ:ખી નહી થવા દઉં, કારણકે તેઓ આખરે તો મનુષ્યોજ છે. તેઓનું આયુષ્ય 120 વર્ષનું થશે."

**5**દેવે જોયું કે પૃથ્વી પરના લોકો બહુજ દુષ્ટ છે. યહોવાએ જોયું કે સતત મનુષ્ય માત્ર વાતો જ વિચારે છે. **6**ત્યારે પૃથ્વી પર મનુષ્યોને ઉત્પન્ન કરવા માટે તેમને ખૂબ દુ:ખ થયું. અને પસ્તાવો થયો. **7** આથી યહોવાએ કહ્યું, "'મેં બનાવેલ પૃથ્વીના બધાંજ લોકોનો હું વિનાશ કરીશ. હું પ્રત્યેક વ્યકિત પ્રાણી અને પૃથ્વી પર પેટે ચાલવાવાળા પ્રત્યેક પ્રાણીઓનો નાશ કરીશ. હું આકાશમાં ઊડનારાં પક્ષીઓનો પણ નાશ કરીશ. કારણ કે મને એ બાબતનું દુ:ખ છે કે મેં આ બધું શા માટે બનાવ્યું?"

**8**પરંતુ પૃથ્વી પર યહોવાને પ્રસન્ન કરવાવાળી એક વ્યકિત હતી અને તેનું નામ નૂહ હતું. "

## નૂહ અને જળપ્રલય

**9**નૂહના પરિવારની આ કથા છે. આખું જીવન નૂહ દેવને અનુસર્યો. તેના સમયમાં નૂહ એક પ્રમાણીક માણસ હતો. **10**નૂહને ત્રણ પુત્રો હતા: શેમ, હામ અને યાફેથ.

**11-12**દેવે પૃથ્વી પર નજર કરી અને તેમણે જોયું કે લોકોએ પૃથ્વીને ભ્રષ્ટ કરી દીધી છે. પ્રત્યેક જગ્યાએ ઉત્પાત દેખાતો હતો. લોકો પાપી અને દુરાચારી થઈ ગયા હતા. અને તેઓએ પૃથ્વી પર પોતાનું જીવન નષ્ટ કરી નાખ્યું હતું.

**13**આથી દેવે નૂહને કહ્યું "બધાં માણસોએ પૃથ્વીને ક્રોધ અને હિંસાથી ભરી દીધી છે તેથી હું બધાંજ જીવિત પ્રાણીઓનો નાશ કરીશ. હું તેઓને પૃથ્વી પરથી દૂર કરીશ. **14**તું તારા માટે દેવદારના લાકડાનું એક વહાણ બનાવજે; તેમાં ઓરડીઓ બનાવજે. અને તેની અંદર અને બહાર ડામર ચોપડજે.

**15**"હું જે વહાણ બનાવડાવવા ઈચ્છું છું તેનું માપ, લંબાઈ 300 હાથ, પહોળાઈ 50 હાથ અને ઊંચાઈ 30 હાથ રાખજે. **16**વહાણમાંથી 18 ઈંચ નીચે એક બારી રાખજે, અને વહાણની એક બાજુએ બારણું રાખજે. વહાણમાં ત્રણ માળ રાખજે : નીચલો, વચલો અને ઉપલો.

**17**"હું તને જે કહી રહ્યો છું તે તું સમજ. હું આકાશ નીચેનાં બધાંજ પ્રાણીઓનો અને જીવોનો નાશ કરવા માટે પૃથ્વી પર જળપ્રલય લાવનાર છું. આકાશની નીચેના તમામ જીવોનો હું નાશ કરીશ. પૃથ્વી પરનાં બધાંજ જીવો મરી જશે. **18**પણ હું તારી સાથે એક વિશિષ્ટ કરાર કરીશ. તારા પુત્રો, તારી પત્ની, અને તારા પુત્રોની પત્નીઓ પણ તારી સાથે વહાણમાં આવશે. **19**વળી તારી સાથે દરેક જાતનાં પ્રાણીઓમાંથી બબ્બેને તું વહાણમાં લઈને આવજે એક નર અને એક માદા. જેથી તેઓ તારી સાથે જીવતાં રહે. **20**પૃથ્વી પરના દરેક જાતના પક્ષીઓના જોડા પણ શોધો. અને દરેક જાતનાં પશુઓમાંથી તથા પેટે ચાલનારાં પ્રત્યેક જોડાંને પણ શોધો. પૃથ્વી પરના પ્રત્યેક પ્રકારના પ્રાણીઓના જોડામાં નર અને માદા તમારી સાથે હશે. વહાણમાં તેઓને જીવતાં

રાખવાં. **21**પૃથ્વી પરના તમામ પ્રકારનાં ખોરાકને પણ
વહાણમાં લાવજે. એ ખોરાક તમને અને અન્ય પ્રાણીઓને
ખાવા ચાલશે."
**22**નૂહે આ બધું જ કર્યુ. નૂહે દેવની બધીજ આજ્ઞાઓનું
પાલન કર્યુ.

### જળપ્રલયનો આરંભ

**7** પછી યહોવાએ નૂહને કહ્યું, "મેં જોયું છે કે આ સમયે
પાપી લોકોમાં તું જ એક ઉત્તમ વ્યકિત છે એટલે તું
તારા પરિવારને ભેગો કર. અને તમે બધા વહાણમાં ચડી
જાઓ. **2**પ્રત્યેક પવિત્ર પ્રાણીઓની સાત સાત જોડ (સાત
નર અને સાત માદા) સાથે લઈ લો અને પૃથ્વીના બીજા
અશુદ્ધ પ્રાણીઓની એક એક જોડ જેમાં એક નર અને એક
માદા હોય તે લઈ લો. **3**હવામાં ઉડનારાં બધાંજ પક્ષીઓની
સાત જોડ (સાત નર અને સાત માદા) લઈ આવો. આથી
આ બધાંજ પ્રાણીઓ પૃથ્વી પર જીવતા રહેશે. જયારે બીજા
પ્રાણીઓ નાશ પામશે. **4**હવે હું સાત દિવસ પછી 40 દિવસ
અને 40 રાત પૃથ્વી પર વરસાદ વરસાવીશ. અને મેં ઉત્પન્ન
કરેલ એક એક જીવને હું પૃથ્વી પરથી ભૂંસ્ત્રી નાખીશ."
**5**અને નૂહે યહોવાની બધીજ વાતો સ્વીકારી અને યહોવાની
આજ્ઞા પ્રમાણે કર્યુ.
**6**પૃથ્વી પર જળપ્રલય થયો ત્યારે નૂહને 600 વર્ષ થયાં
હતાં. **7**નૂહ અને તેનો પરિવાર જળપ્રલયથી બચવા માટે
વહાણમાં ચાલ્યા ગયાં. નૂહની પત્ની, તેના પુત્રો અને
પુત્રવધૂઓ તેમની સાથે હતાં. **8-9**દેવની નૂહને આજ્ઞા પ્રમાણે,
શુધ્ધ પ્રાણીઓ અને અશુધ્ધ પ્રાણીઓ અને પક્ષીઓ તથા
પેટે ચાલનારા પ્રાણીઓએ દરેક માંથી બે નર અને બે માદા
વહાણમાં નૂહ સાથે ચઢી ગયાં. **10**સાત દિવસ પછી પ્રલયનાં
પાણી પૃથ્વી પર ફરી વળ્યાં. ધરતી પર વર્ષા થઈ.
**11-13**બીજા મહિનાના સત્તરમાં દિવસે જયારે નૂહ 600
વર્ષની ઉમરનો હતો, જમીનમાંથી પાતાળના ઝરણાંઓ ફૂટી
નીકળ્યાં. અને જમીનમાંથી પાણી વહેવા માંડયું. તે દિવસે
પૃથ્વી પર ભારે વર્ષા થઈ. જાણે કે આકાશની બારીઓ ઉઘડી
ગઈ. 40 દિવસ અને 40 રાત સુધી પૃથ્વી પર વરસાદ વરસતો
રહ્યો. બરાબર તે જ દિવસે નૂહ તેની પત્ની, તેના પુત્રો, શેમ,
હામ, અને યાફેથ અને તેમની પત્નીઓ વહાણમાં ચઢી
ગયાં. **14**તેઓ તેમજ દરેક જાતનાં પૃથ્વી પરનાં પ્રાણીઓ
વહાણમાં હતાં. દરેક જાતના પશુ, દરેક જાતનાં પેટે ચાલનારાં
પ્રાણીઓ અને દરેક જાતનાં પક્ષી તેમજ પાંખવાળા જીવો
વહાણમાં ચઢી ગયાં હતાં. **15**તે બધાંજ પ્રાણીઓ નૂહની સાથે
વહાણમાં ચઢી ગયાં હતા, દરેક પ્રકારના જીવિત જાનવરોનાં
તે જોડાં હતાં. **16**દેવની આજ્ઞા પ્રમાણે બધાંજ પ્રાણીઓ જોડીમાં
વહાણમાં ચઢી ગયા. તેઓના વહાણમાં આવી ગયા બાદ
યહોવાએ તેની પાછળનો દરવાજો બંધ કરી દીધા.
**17**ચાળીસ દિવસ સુધી પૃથ્વી પર જળપ્રલય ચાલુ રહ્યો.
પાણી વધતાં ગયાં. અને વહાણ પૃથ્વીથી અધ્ધર ઊંચકાવા
લાગ્યું. **18**પાણી ચઢતાં જ ગયાં અને ખૂબ વધી ગયાં, અને
વહાણ પાણી ઉપર તરવા લાગ્યું. **19**પાણી પૃથ્વી પર એટલા
બધાં ચઢયાં કે આકાશ નીચેના બધાંજ ઊંચા પર્વતો ઢંકાઈ
ગયા. **20**અને પાણી વધીને ઉંચામાં ઉંચા પર્વતોથી ઉપર 20
ફૂટ ચઢી ગયાં હતાં.
**21-22**પૃથ્વી પરના બધાંજ જીવો મરી ગયા. દરેક પુરુષ
અને સ્ત્રી મરી ગયા. બધાંજ પક્ષીઓ અને બધીજ જાતનાં
પ્રાણીઓ પણ મરી ગયાં. **23**આ રીતે દેવે પૃથ્વી પરના બધાંજ
જીવિત, મનુષ્ય, બધાંજ પ્રાણી, બધાંજ પેટે ચાલનારાં જીવો
અને બધાંજ પક્ષીઓનો નાશ કર્યો. એ બધાંજ પૃથ્વી પરથી
ભૂંસાઈ ગયાં. માત્ર નૂહ અને તેની સાથે વહાણમાં જેઓ
હતાં તેઓ જ બચ્યા. **24**અને 150 દિવસ સુધી જમીન લગાતાર
પાણીથી ઢંકાયેલી રહી.

### જળપ્રલયનો અંત

**8** પરંતુ દેવ નૂહને ભૂલ્યા નહિ. દેવે નૂહ અને વહાણમાં
તેની સાથે રહેનારાં બધાંજ પશુઓ અને પ્રાણીઓને
યાદ રાખ્યા. દેવે પૃથ્વી પર પવન વહેતો કર્યો અને પાણી
ઊતરી ગયાં.
**2**આકાશમાંથી વરસતો વરસાદ બંધ થઈ ગયો. અને
જમીનમાંથી નીચેથી વહેતાં પાણી પણ બંધ થઈ ગયાં.
**3**પૃથ્વીને ડૂબાડનારાં પાણી પણ બરાબર પાછા હઠવાં લાગ્યાં.
150 દિવસ પછી પાણી ઓસરી ગયાં અને વહાણ પાછું
જમીન પર આવી ગયું. **4**સાતમા મહિનાના સત્તરમેં દિવસે
વહાણ અરારાટના પર્વતો પર સ્થિર થઈ ગયું. **5**દસમા મહિના
સુધી પાણી ઓસરતાં ગયાં અને દસમા મહિનાના પહેલા
દિવસે પર્વતોનાં શિખરો દેખાવા લાગ્યાં.
**6**વહાણમાં બનાવેલી બારીઓ નૂહે 40 દિવસ પછી ઉઘાડી.
**7**અને નૂહે એક કાગડાને બહાર ઉડાડી મૂકયો. તે કાગડો
જમીન પૂરી ન સુકાઈ ત્યાં સુધી આવજા કરતો રહ્યો.
**8**ત્યારપછી નૂહે પૃથ્વી પરથી પાણી ઉતરી ગયાં છે કે કેમ તે
જોવા માટે એક કબૂતરને મોકલ્યું.
**9**કબૂતરને કયાંય આરામ કરવાની જગ્યા મળી નહિ કારણકે
પૃથ્વી પર હજુ પાણી પથરાયેલું હતું. તેથી તે નૂહની પાસે
વહાણમાં ઉડીને પાછું ફર્યુ. નૂહે હાથ લંબાવ્યો તેને પકડયું
અને વહાણમાં પાછું લાવ્યો.
**10**તેણે સાત દિવસ પછી ફરીથી પેલા કબૂતરને વહાણની
બહાર મોકલ્યું. **11**તે દિવસે બપોરે તે કબૂતર તેની પાસે પાછું
આવ્યું ત્યારે તેની ચાંચમાં જૈતૂનનું તાજુ પાંદડું હતું. એટલે
નૂહ સમજી ગયો કે પાણી પૃથ્વી પરથી ઓસરી ગયાં છે.
**12**નૂહે સાત દિવસ પછી ફરીવાર કબુતરને બહાર મોકલ્યું,
પણ તે પાછું આવ્યું નહિ.
**13**તે પછી નૂહે વહાણના દરવાજા ઉઘાડયા. ને જોયું કે
ધરતી કોરી હતી. નૂહના આયુષ્યના 601 વર્ષમાં પહેલા
મહિનાની પહેલી તારીખે પૃથ્વી પરથી પાણી સુકાઈ ગયાં.
**14**બીજા મહિનાની 27મી તારીખે પૃથ્વી કોરી થઈ ગઈ.
**15**ત્યારે દેવે નૂહને કહ્યું: **16**"હવે, વહાણને છોડો. તું, તારી
પત્ની, તારા છોકરાઓ અને તારા છોકરાઓની પત્નીઓ

સાથે વહાણમાંથી બહાર નીકળો. **17**તારી સાથે જે બધી જાતના જીવો, પંખીઓ અને પશુઓ તથા પૃથ્વી પર પેટે ચાલનારાં પ્રાણીઓ છે તે બધાંને પણ તારી સાથે બહાર લઈ આવ. જેથી તેઓ તેમનો વંશ વધારે અને પૃથ્વી પર વૃદ્ધિ પામે."

**18**તેથી નૂહ, પોતાના પુત્રો, પત્ની, પુત્રવધૂઓ વગેરેની સાથે બહાર આવ્યો. **19**બધાંજ પ્રાણીઓ, બધાંજ પેટે ચાલનારા જીવો અને બધાંજ પક્ષીઓ વહાણ છોડી બહાર આવ્યાં. બધાંજ પ્રાણીઓ નર અને માદાનાં જોડાંમાંજ બહાર આવ્યાં. **20**પછી નૂહે યહોવા માટે એક વેદી બાંધી. તેણે કેટલાંક પવિત્ર પક્ષીઓ અને કેટલાંક પવિત્ર પ્રાણીઓમાંથી અમુક અમુક લઈને વેદી પર આહુતિ આપી.

**21**યહોવા બલિની સુવાસથી પ્રસન્ન થયા તે મનોમન બોલી ઊઠયા કે, "મનુષ્યો નાનપણથીજ દુષ્ટ હોય છે, તેથી હું કદી મનુષ્યને કારણે ધરતીને શ્રાપ આપીશ નહિ, અને હું કદી પણ બધા જીવોનો અત્યારે કર્યો તેવો નાશ કરીશ નહિં. **22**જયાં સુધી આ પૃથ્વી રહેશે ત્યાં સુધી વાવણી અને લણણી, ઠંડી અને ગરમી, ઉનાળો અને શિયાળો અને દિવસ અને રાત ચાલુ જ રહેશે."

### નવો પ્રારંભ

**9** પછી દેવે નૂહ અને તેના પુત્રોને આશીર્વાદ આપ્યા અને તેમને કહ્યું બાળકો પેદા કરો, અને તમારા લોકોથી પૃથ્વીને ભરી દો. **2**પૃથ્વી પરના બધા પ્રાણીઓ, આકાશમાં ઊડતાં બધાં પંખીઓ, જમીન પર પેટે ચાલનારા જીવો અને સમુદ્રમાંની બધી માંછલીઓ તમારા તાબામાં રહેશે અને તમારાથી બીશે. મેં તે બધાને તમારા હાથમાં સોંપ્યાં છે. **3**ભૂતકાળમાં મેં તમને જેમ બધી લીલોતરી ખાવા માટે આપી હતી, તેમ બધા જીવો પણ આપું છું; એકેએક જીવ તમારો ખોરાક બનશે. **4**હું તમને જયાં સુધી તે પ્રાણીમાં જીવ (લોહી) હોય ત્યાં સુધી તેને ન ખાવા આજ્ઞા કરું છું.. **5**જો કોઈ તમારો પ્રાણ લેશે તો હું તેનો પ્રાણ લઈશ. પછી એ પશુ હોય કે મનુષ્ય હોય; દરેક મનુષ્ય પાસે હું તેના માનવબંધુના પ્રાણનો હિસાબ માંગીશ.

**6**"દેવે મનુષ્યને પોતાના સ્વરૂપમાં બનાવ્યો છે તેથી જો કોઈ માણસનું લોહી રેડશે તો તેનું લોહી માણસ રેડશે.

**7**"અને હવે તમે સંતતિ પેદા કરો, વંશવેલો વધારો અને પૃથ્વી ઉપર પુષ્કળ સંતાન પેદા કરો, વૃદ્ધિ પામો."

**8**પછી દેવે નૂહ અને તેના પુત્રોને કહ્યું; **9**"હવે હું તને અને તમારા વંશજોને વચન આપું છું. **10**હું તમારી સાથે અને તમારા વંશજો સાથે, અને તમારી સાથેના બધા જીવો સાથે-પક્ષીઓ, ઢોરો અને જંગલી પ્રાણીઓ-જે બધા તમારી સાથે વહાણમાંથી બહાર આવ્યાં છે તે બધાની સાથે કરાર કરું છું. **11**હું તમને વચન આપું છું કે, હવે પછી કદાપિ બધા જીવોનો જળપ્રલયથી નાશ નહિ થાય અને હવે પછી કદાપિ જળપ્રલય આવીને પૃથ્વીનો નાશ નહિ કરે."

**12**અને દેવે કહ્યું, "તમારી તથા તમારી સાથેના બધા જીવોની સાથે હું જે કરાર કાયમ માટે કરું છું તેની આ એંધાણી છે. **13**મેં વાદળોમાં મેઘધનુષ્ય બનાવ્યું છે. અને તે મારી અને પૃથ્વી વચ્ચે થયેલ કરારની એંધાણી બની રહેશે. **14**જયારે હું પૃથ્વી પર વાદળાં લાવીશ અને તે વાદળોમાં મેઘધનુષ્ય દેખાશે. **15**એટલે મારી અને તમારી તથા બધી જાતનાં પ્રાણીઓ વચ્ચે જે કરાર થયો છે તેની મને યાદ આવશે. અને પાણી કદી પ્રલયનું રૂપ ધારણ કરી બધા જીવોનો વિનાશ નહિ કરે. **16**જયારે હું ધ્યાનથી વાદળોમાં મેઘધનુષ્યને જોઈશ ત્યારે મને મારી અને પૃથ્વી ઉપરના બધા જીવો વચ્ચેનો કાયમનો કરાર યાદ આવશે."

**17**આ રીતે યહોવાએ નૂહને કહ્યું, "મારી અને પૃથ્વી ઉપરના બધા જીવો વચ્ચે મેં જે કરાર કર્યો છે, તેની આ એંધાણી છે."

### સમસ્યાઓનો પુનઃઆરંભ

**18**નૂહના પુત્રો તેમની સાથે વહાણમાંથી બહાર આવ્યા. તેમનાં નામ શેમ, હામ અને યાફેથ હતા. (હામ તો કનાનનો પિતા હતો.) **19**એ ત્રણેય નૂહના પુત્રો હતા. અને દુનિયાના બધાજ લોકો આ ત્રણથી જ પેદા થયા. (વંશવેલામાંથી)

**20**નૂહ પોતે ખેડૂત બન્યો. તેણે દ્રાક્ષની વાડી વાવી **21**નૂહે તેમાંથી દ્રાક્ષારસ બનાવ્યો. અને તે પીધો પછી તે છાકટો બની ગયો અને પોતાનાં વસ્ર કાઢી નાંખી પોતાના તંબૂમાં વસ્રહીન પડયો રહ્યો. **22**કનાનના બાપ હામે પોતાના બાપને વસ્રહીન જોયો એટલે તેણે બહાર જઈને પોતાના બે ભાઈઓને કહ્યું; **23**ત્યારપછી શેમ અને યાફેથે એક ચાદર લઈ ખભા પરથી પીઠ પાછળ પકડી પાછલે પગે ચાલતા તંબૂમાં જઈ વસ્રહીન પિતાને ઓઢાડી દીધી. તેમને વસ્રહીન ન જોવા પડે એટલા માટે મોં ફેરવીને ગયા હતા.

**24**પછી નૂહ ઊંઘીને ઊઠયો. તે દ્રાક્ષારસને કારણે સૂઈ રહ્યો હતો. જયારે નશો ઊતરી ગયો ત્યારે તેને ખબર પડી કે નાના છોકરાએ શું કર્યું હતું. **25**તેણે કહ્યું;

"કનાનને માથે શ્રાપ ઉતરો !" તે પોતાના ભાઈઓનો ગુલામ થઈને રહેશે."

**26**નૂહે એમ પણ કહ્યું, "શેમના દેવ યહોવાના ગુણગાન થાઓ! કનાન શેમનો ગુલામ બનશે."

**27**દેવ યાફેથને વધારે જમીન આપો. દેવ શેમનાં મંડપમાં રહે અને કનાન તેનો ચાકર બનશે."

**28**જળપ્રલય પછી નૂહ 350 વર્ષ જીવતો રહ્યો. **29**અને નૂહ પૂરાં 950 વર્ષની ઉંમરે અવસાન પામ્યો.

### રાષ્ટ્રોનો વિકાસ અને પ્રસાર

**10** નૂહના પુત્રો શેમ, હામ અને યાફેથ હતા. જળપ્રલય પછી એ ત્રણે જણ ઘણા પુત્રોના પિતા થયા. અહીં ત્રણેય ના પુત્રોની યાદી આપવામાં આવી છે.

### યાફેથના વંશજો

**2**યાફેથના પુત્રો હતાઃ ગોમેર, માગોગ, માદાય, યાવાન, તુબાલ, મેશેખ અને તીરાસ.

**3**ગોમેરના પુત્રો હતાઃ અસ્કુનાજ, રીફાથ અને તોગાર્માહ.

4યાવાનના પુત્રો હતા: એલિશા, તાર્શીશ, કિત્તીમ, અને
દોદાનીમ. 5ભૂમધ્ય-સમુદ્રની ચારે બાજુ અને તેના કાંઠા
પ્રદેશમાં અને ટાપુઓમાં રહેનારા લોકો યાફેથના વંશજો જ
હતા. પ્રત્યેક પુત્રને પોતાની ભૂમિ હતી. બધા પરિવારોનો
વિકાસ થયો અને જુદા રાટ્રો બની ગયાં. પ્રત્યેક રાષ્ટ્રને
પોતાની ભાષા હતી.

### હામના વંશજો

6હામના પુત્રો હતા: કૂશ, મિસરાઈમ, પૂટ અને કનાન.
7કૂશના પુત્રો હતા: સબા, હવીલાહ, સાબ્તાહ, રાઅમાહ
અને સાબ્તેકા. રાઅમાહના પુત્રો હતા: શબા અને દદાન.
8કૂશને નિમ્રોદ નામે એક પુત્ર હતો. નિમ્રોદ પૃથ્વી પર પહેલો
મહાન યોદ્ધો હતો. 9તે યહોવાની કૃપાથી એક મોટો શિકારી
પણ હતો. અને તેથી જ લોકો કહે છે, "દેવ તમને નિમ્રોદ
જેવા મોટા શિકારી બનાવો."
10શિનઆરના દેશમાં આવેલા બાબિલ, એરેખ, આક્કાદ
અને કાલ્નેહમાં નિમ્રોદના રાજયની શરૂઆત થઈ. 11નિમ્રોદ
આશ્શૂરમાં પણ ગયો. ત્યાં તેણે નિનવેહ, રહોબોથઈર, કાલાહ
અને 12રેસેન નગરો વસાવ્યાં. રેસેન એ નિનવેહ અને
મહાનગરી કાલાહ વચ્ચે આવેલું છે.
13-14મિસરમાંથી લુદીઓ, અનામીઓ, લહાબીમ,
નફતુહીમ, પાથરૂસ્ત્રીમ, કાસ્લુહીમ અને કાફતોરીમ ઊતરી
આવેલા છે અને કાફતોરીમમાંથી પલિસ્તીઓ ઊતરી આવેલા
છે.
15કનાનને બે પુત્ર થયા: સૌથી મોટો સિદોન અને બીજો
હેથ, તેઓ એ નામે ઓળખાતી પ્રજાઓના પૂર્વજો હતા.
16કનાનના બીજા વંશજો: યબૂસ્ત્રીઓ, અમોરીઓ,
ગિર્ગાશીઓ, 17હિવ્વી, આરકીઓ, સ્ત્રીનીઓ, 18આરવાદીઓ,
સમારીઓ અને હમાથીઓ. પછી કનાનીઓની જુદીજુદી
જાતિઓ ફેલાવા લાગી.
19કનાનીઓની ભૂમિ ઉત્તરમાં સિદોનથી દક્ષિણમાં
ગેરાર,પશ્ચિમમાં ગાઝાથી પૂર્વમાં સદોમ અને ગમોરાહ અને
આદમાહ અને સબોઇમથી લાશા સુધી વિસ્તરેલી હતી.
20આ બધા હતા હામના વંશજો. આ બધા પરિવારોની
પોતપોતાની ભાષાઓ અને પોતપોતાના પ્રદેશો હતા. તે બધા
જુદા જુદા રાષ્ટ્રો થઈ ગયા.

### શેમના વંશજો

21યાફેથનો મોટો ભાઈ શેમ હતો. શેમનો એક વંશજ
હેબેર હિબ્રૂ લોકોનો પિતા હતો.
22શેમના પુત્રો હતા: એલામ, આશુર, આર્પાકશાદ, લૂદ
અને અરામ.
23અરામના પુત્રો હતા: ઉસ, હૂલ, ગેથેર અને માશ.
24આર્પાકશાદને ત્યાં શેલાહ જન્મ્યો અને શેલાહને ત્યાં
હેબેર. 25હેબેરને બે પુત્રો હતા, એકનું નામ પેલેગ હતું,
કારણ એના સમયમાં દુનિયાના લોકોમાં ભાગલા પડયા.
એના ભાઈનું નામ યોકટાન હતું.
26યોકટાનના દીકરાઓ: આલ્મોદાદ, શેલેફ, હસાર્માવેથ,
યેરાહ હતા. 27હદોરામ, ઉઝાલ, દિકલાહ. 28ઓબાલ,
અબીમાએલ, શબા, 29ઓફીર, હવીલાદ, અને યોબાબ, એ
નામે ઓળખાતી પ્રજાઓના પૂર્વજો હતા. 30તેમનો પ્રદેશ
મેશાથી પૂર્વના પહાડી પ્રદેશમાં આવેલા સફાર સુધી વિસ્તરેલો
હતો. 31આ થયા શેમના વંશજો, જેઓના પરિવાર ભાષા,
પ્રદેશ અને રાષ્ટ્રના એકમોમાં વ્યવસ્થિત હતા.
32એમના રાષ્ટ્ર પ્રમાણે, નૂહમાંથી ઊતરી આવેલા આ
લોકો છે. વિનાશક જળપ્રલય પછી પૃથ્વીની બધી પ્રજાઓ
નૂહના વંશજોમાંથી ઊતરી આવેલી છે.

### સંસારનું વિભાજન

11 જળપ્રલય પછી આખી પૃથ્વી પર એક જ ભાષા
બોલાતી હતી. બધા લોકો એક સરખા જ શબ્દ-
સમૂહોનો ઉપયોગ કરતા હતા. 2લોકો પૂર્વમાંથી આગળ વધ્યા
અને શિનઆરના મેદાનમાં આવી પહોચ્યા. અને ત્યાં જ
ઠરીઠામ થયા.
3લોકોએ એક બીજાને કહ્યું, "ચાલો, આપણે ઈંટો બનાવીએ
અને ભઠ્ઠામાં પકવીએ." આમ, લોકો પોતાના ઘર બનાવવા
માટે પથ્થરોની જગ્યાએ ઈંટોનો ઉપયોગ કરવા લાગ્યા. તથા
છોની જગ્યાએ ડામર વાપરવા લાગ્યા.
4પછી લોકોએ કહ્યું, "ચાલો, આપણે આપણા માટે એક
નગર બનાવીએ અને એક ગગનચુંબી ઈમારત ઊભી કરીએ.
પછી આપણે લોકો નામના મેળવીશું. જો આપણે લોકો આમ
કરીશું તો પૃથ્વી પર કદી વેરવિખેર થઈશું નહિ અને એક જ
જગ્યાએ એક સાથે રહીશું."
5ગગનચુંબી ઈમારત અને નગર જોવા માટે યહોવા નીચે
ઊતરી આવ્યા. 6યહોવાએ લોકોને આ બધું બાંધતા જોયા.
તેથી તેમણે કહ્યું, "આ બધા લોકો એક છે, અને તેઓની
ભાષા પણ એક જ છે. હું જોઉં છું કે તેમની યોજનાઓ
મુજબ કરવા માટે તેઓ ભેગા થયા છે. આ તો ફકત તેઓ
શું કરી શકે છે તેની શરુઆત છે અને હવે તેઓ જે કંઈ
કરવા માંગે છે તે કરતાં એમને કોઈ રોકી શકશે નહિ.
7એટલા માટે, ચાલો આપણે નીચે જઈએ અને એમની
ભાષાને ગૂંચવી નાખીએ, જેથી તેઓ એકબીજાની ભાષા
સમજી ન શકે."
8આથી યહોવાએ તે લોકોને તે જગ્યાએથી આખી પૃથ્વી
પર વિખેરી નાખ્યા, અને તે લોકોએ શહેર બાંધવાનું છોડી
દીધું. 9તે એ જગ્યા હતી જયાં યહોવાએ આખી પૃથ્વીની
ભાષાને ગૂંચવી નાખી હતી. આથી આ જગ્યાનું નામ બાબિલ
પડયું. અને અહીંથી જ યહોવાએ એ લોકોને આખી પૃથ્વી
ઉપર વિખેરી નાખ્યા હતા.

### શેમના પરિવારની કથા

10આ શેમના પરિવારની કથા છે. વિનાશક જળપ્રલય
પછીના બીજા વર્ષે શેમ જ્યારે 100 વર્ષનો હતો ત્યારે, તેને
ત્યાં આર્પાકશાદનો જન્મ થયો હતો. આર્પાકશાદના જન્મ

પછી **11**શેમ 500 વર્ષ જીવ્યો. અને તેને બીજા પુત્ર-પુત્રીઓ
થયા **12**આર્પાકશાદ જ્યારે 35 વર્ષનો હતો ત્યારે તેને ત્યાં
શેલાહનો જન્મ થયો. **13**આર્પાકશાદ 403 વર્ષ જીવતો રહ્યો.
અને તે અરસામાં તેને બીજા પુત્રપુત્રીઓ થયાં.
**14**જયારે શેલાહ 30 વર્ષનો હતો ત્યારે તેને ત્યાં હેબેરનો
જન્મ થયો. **15**હેબેરના જન્મ પછી શેલાહ 403 વર્ષ જીવ્યો,
અને તેને બીજા પુત્રપુત્રીઓ થયાં.
**16**જયારે હેબર 34 વર્ષનો હતો ત્યારે તેને ત્યાં પેલેગનો
જન્મ થયો. **17**પેલેગના જન્મ પછી હેબેર 430 વર્ષ જીવતો
રહ્યો અને તેને બીજા પુત્રપુત્રીઓ થયાં.
**18**જયારે પેલેગ 30 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં 'રેઉ' નો
જન્મ થયો. **19**રેઉના જન્મ પછી પેલેગ 209 વર્ષ જીવ્યો,
અને તેને બીજા પુત્રપુત્રીઓ થયાં હતા.
**20**જયારે રેઉ 32 વર્ષનો થયો ત્યારે તેને ત્યાં સરૂગનો
જન્મ થયો. **21**સરૂગના જન્મ પછી રેઉ 207 વર્ષ જીવ્યો
અને તેને બીજા પુત્રપુત્રીઓ થયાં.
**22**જયારે સરૂગ 30 વર્ષનો હતો ત્યારે તેને ત્યાં નાહોર
જન્મ્યો. **23**નાહોરના જન્મ પછી સરૂગ 200 વરસ જીવ્યો
અને તેને બીજા પુત્રપુત્રીઓ થયાં.
**24**જયારે નાહોર 29વર્ષનો થયો ત્યારે તેના પુત્ર 'તેરાહ'નો
જન્મ થયો. **25**તેરાહના જન્મ પછી નાહોર 119 વર્ષ જીવ્યો.
અને તેને બીજા પુત્રપુત્રીઓ થયાં.
**26**જયારે તેરા 70વર્ષનો થયો ત્યારે તેને ત્યાં ઈબ્રામ, નાહોર
અને હારાનનો જન્મ થયો.

## તેરાહના પરિવારની કથા

**27**આ તેરાહના પરિવારની કથા છે. તેરાહને ત્યાં ઈબ્રામ,
નાહોર અને હારાન જન્મ્યા હતા. હારાન લોતનો પિતા
હતો. **28**હારાન તેની જન્મભૂમિ કાસ્દીઓના 'ઉર' નગરમાં
મૃત્યુ પામ્યો. જયારે હારાન મૃત્યુ પામ્યો ત્યારે તેનો પિતા
'તેરાહ' જીવતો હતો. **29**ઈબ્રામ અને નાહોર બંન્નેએ લગ્ન
કર્યા. ઈબ્રામની પત્નીનું નામ સારાય હતું. અને નાહોરની
પત્નીનું નામ મિલ્કાહ હતું. મિલ્કાહ હારાનની પુત્રી હતી.
હારાનને યિસ્કાદ નામે બીજો એક પુત્ર હતો. **30**સારાય વાંઝણી
હતી. એને કોઈ સંતાન નહોતું.
**31**તેરાહએ પોતાના પરિવારને સાથે લીધો અને કાસ્દીઓના
'ઉર' નગરને છોડી દીધું. તેઓએ કનાન યાત્રા કરવાની ઈચ્છા
પ્રદર્શિત કરી. તેરાહએ પોતાના પુત્ર ઈબ્રામ, પોતાનો પૌત્ર
લોત (હારાનનો પુત્ર) પોતાની પુત્રવધૂ (ઈબ્રામની પત્ની)
સારાયને સાથે લીધા. તેઓએ હારાન સુધીની યાત્રા તો કરી
અને ત્યાં જ રહેવાનું નક્કી કર્યુ. **32**તેરા 205 વર્ષ જીવ્યો
પછી હારાનમાં અવસાન પામ્યો.

## દેવે ઈબ્રામને બોલાવ્યો

**12** યહોવાએ ઈબ્રામને કહ્યું, "તું તારો દેશ, તારા
સગાંસંબંધી, અને તારા પિતાના પરિવારને છોડી
દે અને હું બતાવું તે દેશમાં ચાલ્યો જા.

**2**હું તને આર્શીવાદિત કરીશ. હું તને એક મહાન રાષ્ટ્ર
બાનાવીશ. હું તારા નામને પ્રસિધ્ધ કરીશ. લોકો તારા નામ
દ્વારા બીજાને આશીર્વાદ આપશે.
**3**જે લોકો તારું ભલું કરશે તે લોકોને હું આશીર્વાદ આપીશ.
પરંતુ જેઓ તને શ્રાપ આપશે તેઓને હું શાપ દઈશ. પૃથ્વી
પરના બધા મનુષ્યોને આશીર્વાદ આપવા માટે હું તારો
ઉપયોગ કરીશ."

## ઈબ્રામનું કનાન ગમન

**4**ઈબ્રામે યહોવાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. તેણે હારાન
છોડયું. અને લોત તેની સાથે ગયો. તે સમયે ઈબ્રામ 75
વર્ષનો હતો. **5**ઈબ્રામે જયારે હારાન છોડયું ત્યારે તે એકલો
ન હતો. ઈબ્રામે પોતાની પત્ની સારાયને અને પોતાના ભાઈના
દીકરા લોતને હારાનમાં હતા ત્યારે તેમણે ભેગી કરેલી બધી
સંપત્તિને તથા તેમણે રાખેલા બધા નોકરોને સાથે લીધાં અને
તેઓ કનાન દેશ જવા નીકળ્યાં અને ત્યાં પહોંચ્યાં. **6**ઈબ્રામે
કનાનના પ્રદેશમાં થઈને શખેમ નગર સુધી યાત્રા કરી.
અને મોરેહના મોટા વૃક્ષ સુધી ગયો. એ સમયે એ દેશમાં
કનાની લોકો વસતા હતા.
**7**યહોવાએ ઈબ્રામને દર્શન આપીને કહ્યું કે, "હું આ દેશ
તારા વંશજોને આપીશ."
આથી યહોવા ઈબ્રામ સામે જે જગ્યાએ પ્રગટ થયો તે
જગ્યાએ ઈબ્રામે યહોવાની ઉપાસના માટે એક વેદી બંધાવી.
**8**તે પછી ઈબ્રામે તે જગ્યા છોડી અને તે બેથેલની પૂર્વમાં
આવેલા પહાડી પ્રદેશમાં ગયો અને ત્યાં સ્થાયી થયો.
પશ્ચિમમાં બેથેલ શહેર અને પૂર્વમાં આય શહેર હતુ, અને
ત્યાં તેણે યહોવાને માટે બીજી એક વેદી બંધાવી. અને
ઈબ્રામે યહોવાની ઉપાસના કરી. **9**ત્યાંથી ઈબ્રામે ફરી યાત્રાનો
આરંભ કર્યો અને નેગેબ તરફ આગળ વધ્યો.

## ઈબ્રામ મિસરમાં

**10**તે દિવસો દરમ્યાન દેશમાં દુષ્કાળ હતો. વરસાદ પડતો
ન હતો અને કોઈપણ જાતનું અનાજ ઊગતું ન હતું. તેથી
ઈબ્રામ જીવતો રહેવા માટે થોડા સમય માટે મિસર ગયો.
**11**ઈબ્રામે જોયું કે તેની પત્ની સારાય દેખાવમાં રૂપાળી હતી,
તેથી મિસરમાં પ્રવેશ કરતાં પહેલા ઈબ્રામે સારાયને કહ્યું,
"હું જાણું છું કે તું દેખાવમાં બહુ રૂપાળી છે. **12**મિસરના
લોકો તને જોશે એટલે કહેશે કે, 'આ સ્ત્રી તેની પત્ની છે.'
અને પછી મને તેઓ મારી નાખશે અને તને જીવતી રાખશે
કારણકે તેઓ તને મેળવવા ઈચ્છશે. **13**એટલા માટે તું લોકોને
કહેજે કે તું મારી બહેન છે તેથી તે લોકો મને મારશે નહિં.
તેઓ મારા પર દયા કરશે કારણકે તે લોકો સમજશે કે હું
તારો ભાઈ છું. જેથી તારા કારણે એ લોકો મારી સાથે સારો
વ્યવહાર રાખશે. આ રીતે તું મારો જીવ બચાવી શકીશ."
**14**આ રીતે ઈબ્રામ મિસર પહોંચ્યો. મિસરવાસ્ત્રીઓએ
જોયું કે સારાય એક ખૂબ રૂપાળી સ્ત્રી છે. **15**મિસરના કેટલાક
અધિકારીઓએ પણ તેને જોઈ. તે અધિકારીઓ તે સ્ત્રીને

ફારુનના ઘરમાં લઈ ગયા. અને તેનાં વખાણ કર્યા કે તે સ્ત્રી ખૂબ રૂપાળી છે. 16ફારુન ઈબ્રામ પ્રત્યે દયાળુ હતો કારણ કે તે સારાયનો ભાઈ છે એમ તેણે ભાળ્યું હતું. અને એ સ્ત્રીને કારણે ફારુન ઈબ્રામ સાથે સારું વર્ત્યો અને તેને ઘેટાં, બકરાં, ઢોરઢાંખર, ગધેડાઓ, ગુલામો અને ઊંટો આપ્યાં.

17ફારુને ઈબ્રામ ની પત્નીને રાખી તેથી યહોવાએ ફારુન અને તેના પરિવારના માણસો ઉપર ખરાબ બિમારીઓ ફેલાવી. 18તેથી ફારુને ઈબ્રામને બોલાવીને કહ્યું, "તેં મારી સાથે બહુજ ખોટું કર્યુ છે. તેં મને કેમ કહ્યું નહિ કે સારાય તારી પત્ની છે ? 19તેં એમ શા માટે કહ્યું કે, 'એ મારી બહેન છે?' મેં એને એટલા માટે રાખી કે તે મારી પત્ની થશે. પરંતુ હવે હું તને તારી પત્ની પાછી આપું છું તેને લઈ જા અને રસ્તે પડ."

20પછી ફારુને પોતાના પુરુષોને આજ્ઞા કરી કે ઈબ્રામને મિસરની બહાર પહોંચાડી દો. આમ, ઈબ્રામ અને તેની પત્નીએ તે જગ્યા છોડી. અને જે વસ્તુઓ પોતાની હતી તે પોતાની સાથે લઈ ગયા.

### ઈબ્રામ કનાન પાછો ફર્યો

13 ઈબ્રામે મિસર છોડયું. તે પોતાની પત્ની અને પોતાનો બધો સામાન સાથે લઈને મિસરથી નેગેબ તરફ પાછો ગયો. લોત પણ તેની સાથે હતો. 2તે સમયે ઈબ્રામ ઘણો ધનવાન હતો. તેની પાસે ઘણાં પશુઓ, પુષ્કળ રૂપું તથા સોનુ હતું.

3ઈબ્રામ બધી બાજુ પ્રવાસ કરતો રહ્યો. તે નેગેબથી મજલ કરતાં કરતાં બેથેલ નજીક, જે સ્થળે એમણે શરૂઆતમાં બેથેલ અને આય વચ્ચે મુકામ કર્યો હતો. 4એ એ જ જગ્યા હતી જયાં ઈબ્રામે પહેલાં વેદી બાંધી હતી. ત્યાં સુધી તેઓ ગયા અને ત્યાં તેમણે યહોવાની ઉપાસના કરી.

### ઈબ્રામ અને લોત જુદા થયા

5તે સમય દરમ્યાન લોત પણ ઈબ્રામ સાથે પ્રવાસ કરી રહ્યો હતો. લોત પાસે પણ મોટી સંખ્યામાં ઢોરઢાંખર ઘેટાંબકરાં તથા તંબૂઓ હતા. 6ઈબ્રામ અને લોતની પાસે એટલા બધાં ઢોરઢાંખર હતાં કે તે ભૂમિ એક સાથે તે બધાને ઘાસચારો પૂરો પાડી શકે નહિ, એ પ્રદેશ એવો હતો કે તે બંન્ને એક સાથે રહીને ગુજારો ન કરી શકે. 7ઈબ્રામ અને લોતના ગોવાળો વચ્ચે અંદરો અંદર ઝગડા ચાલતા હતા. તે દિવસો દરમ્યાન કનાનીઓ અને પરિઝીઓ એ પ્રદેશમાં રહેતા હતા.

8ઈબ્રામે લોતને કહ્યું, "મારી અને તારી વચ્ચે તેમ જ મારા ગોવાળ અને તારા ગોવાળ વચ્ચે ઝગડા થવા જોઈએ નહિં. આપણે બધા ભાઈઓ છીએ. 9આપણે જુદા થઈ જવું જોઈએ. તારી આગળ આખો દેશ પડેલો છે. તું જો ડાબી બાજુ જઈશ તો હું જમણી બાજુ જઈશ અથવા જો તું જમણી બાજુ જઈશ તો હું ડાબી બાજુ જઈશ."

10લોતે જ્યારે નજર ફેરવી તેને દેખાયુ કે યર્દન ખીણથી સોઆર સુધીનો સમગ્ર પ્રદેશ યહોવાના બગીચા જેવો લાગતો હતો. ત્યા ઘણુંજ પાણી હતું. તે મિસર જેવો સારો પ્રદેશ હતો. યહોવાએ સદોમ અને ગમોરાહનો નાશ કર્યો તે પહેલા તે આવો હતો. 11તેથી લોતે પોતાને રહેવા માટે યર્દનખીણનો પ્રદેશ પસંદ કર્યો. આમ બંન્ને એકબીજાથી જુદા પડયા. અને લોતે પૂર્વ તરફ પ્રયાણ કર્યું. 12ઈબ્રામ કનાન પ્રદેશમાં રહ્યો અને લોત યર્દનખીણના નગરોમાં વસવા લાગ્યો, તેણે સદોમની દક્ષિણે મુકામ કર્યો. 13સદોમના લોકો ઘણા દુષ્ટ હતા; તેઓ હંમેશા યહોવાની વિરુધ્ધ ભયંકર પાપો આચરતા હતાં.

14જયારે લોત ચાલ્યો ગયો ત્યારે યહોવાએ ઈબ્રામને કહ્યું, "તારી ચારે બાજુ જો, તું જયાં ઊભો છે ત્યાંથી ઉત્તરમાં અને દક્ષિણમાં, પૂર્વમાં અને પશ્ચિમમાં નજર કર. 15આ બધી જ ભૂમિ, જેને તું જુએ છે, તે હું તને અને તારા પછી તારા વંશજોને સદાને માટે આપું છું. આ પ્રદેશ હમેશને માટે હવે તમારો છે. 16હું તારા વંશજોની સંખ્યા પૃથ્વીની રજ જેટલી અસંખ્ય બનાવી દઈશ. જો કોઈ વ્યકિત પૃથ્વીની રજને ગણી શકે તો જ તારા વંશજોને ગણી શકે. 17એટલા માટે ઊઠ, તારા પ્રદેશમાં એક છેડેથી બીજા છેડા સુધી ફરી વળ, કારણ કે હું એ પ્રદેશ તને આપી દેનાર છું."

18તેથી ઈબ્રામે પોતાનો તંબૂ ખસેડ્યો અને તે હેબ્રોનમાં આવેલા મામરેનાં વિશાળ વૃક્ષો પાસે રહેવા ગયો. ત્યાં ઈબ્રામે યહોવા માટે એક વેદી બાંધી.

### લોતનું પકડાઈ જવું – ઈબ્રામની સહાય

14 આમ્રાફેલ શિનઆરનો રાજા હતો. આર્યોખ એલ્લાસારનો રાજા હતો. કદોરલાઓમેર એલામનો રાજા હતો. અને તિદાલ ગોઈમનો રાજા હતો. 2આ બધાં ચાર રાજાઓ સદોમના રાજા બેરા, ગમોરાહના રાજા બિર્શા, આદમાહના રાજા શિનાબ, સબોઈમના રાજા શેમેબરે અને બેલાના, રાજા (બેલાને સોઅર પણ કહે છે).

3એટલે કે સોઆરના રાજા સાથે યુદ્ધે ચડયાં.3આ પાંચ રાજાઓએ સિદીમની ખીણમાં. (અર્થાત ખારા સમુદ્રમાં) સેનાઓ ભેગી કરી. 4એમણે બાર વર્ષ સુધી કદોરલાઓમેરની સેવા કરી હતી. પરંતુ તેરમાં વર્ષે તે બધા તેની વિરુધ્ધ થઈ ગયા. 5તેથી ચૌદમાં વર્ષે કદોરલાઓમેર બીજા રાજાઓ સાથે તેમની વિરુધ્ધ લડવા માટે આવ્યો. તેમણે રફીઓમ લોકો આશ્તરોથ-કારનાઈમ, ઝુઝી લોકોને હામમાં, એમી લોકોને શાવેહ કિર્યાથાઈમમાં, 6અને સેઈરનાં પર્વતીય પ્રદેશમાં રહેતા હોરી લોકોને એલપારાનમાં (જે રણની નજીક છે) હાંકી કાઢયાં. 7ત્યારપછી રાજા કદોલવિમેર પાછો ફર્યો અને એન-મિશ્પાટ એટલે કે કાદેશ આવીને તેમણે અમાલેકીઓના સમગ્ર પ્રદેશને તથા હાસસોનતામારમાં રહેતા અમોરીઓને પણ તાબે કર્યા.

8તે સમય પછી સદોમનો રાજા, ગમોરાનો રાજા, આદમાહનો રાજા, સબોઈમનો રાજા અને બેલાનો એટલે કે સોઆરનો રાજા બધા ભેગા મળીને પોતાના શત્રુઓ સામે લડવા માટે ગયા. 9તેઓ સિદીમની ખીણમાં એલામના રાજા

કદોરલાઓમેર ગોઈમના રાજા તિદાલ. શિનઆરના રાજા
આમ્રાફેલ અને એલ્લાસારના રાજા આર્યોખ સામે યુદ્ધે ચડવા
તૈયાર થયા. ચાર રાજાઓ સામે પાંચ રાજાઓ લડી રહ્યા
હતા.

10સિદીમની ખીણમાં ડામરથી ભરેલા અનેક ખાડાઓ
હતા. અને સદોમ અને ગમોરાહના રાજાઓ ભાગતા હતા
ત્યારે એ ખાડાઓમાં પડી ગયા. અને બાકીના ડુંગરાઓમાં
નાસ્ત્રી ગયાં.

11સદોમ અને ગમોરાહની પાસે જે કંઈ હતું તેને તેના
શત્રુઓએ લઈ લીધું. તેઓએ તેમનો આખો અન્નભંડાર
અને માલમિલકત લઈ લીધાં અને ચાલ્યા ગયા. 12ઈબ્રામના
ભાઈનો પુત્ર લોત સદોમમાં રહેતો હતો, તેને શત્રુઓએ
પકડી લીધો. તેની પાસે જે કાંઈ હતું તેને પણ દુશ્મનો
લઈને ચાલ્યા ગયા. 13પછી એક ન પકડાયેલા માણસે ઈબ્રામ
જે હિબ્રૂ હતો તેને આ બધાનો અહેવાલ આપ્યો. ત્યારે ઈબ્રામ
અમોરી મામરેનાં વિશાળ વૃક્ષો પાસે રહેતો હતો. મામરે
એશ્કોલ અને આનેરનો ભાઈ થતો હતો. તેઓએ ઈબ્રામને
મદદ કરવા એક સંધિ કરી.

### ઈબ્રામ લોતને મદદ કરે છે

14જ્યારે ઈબ્રામને ખબર પડી કે પોતાના ભાઈને પકડી
ગયા છે, ત્યારે તેણે પોતાના પરિવારના નીવડેલા 318 માણસોને
લઈને દાન સુધી તે લોકોનો પીછો પકડયો. 15તે અને તેના
લોકો ટોળીઓમાં વહેંચાઈ ગયા, દુશ્મન પર રાત્રે હુમલો
કર્યો, તેમને હરાવ્યા અને દમસ્કની ઉત્તરે આવેલ હોબાહ
સુધી તેમનો પીછો કર્યો. 16અને ઈબ્રામ દુશ્મનો દ્વારા ચોરાયેલી
બધી વસ્તુઓ પાછી લાવ્યા. અને પોતાના કુટુંબી લોતને
તથા તેની માલમત્તા અને સ્ત્રીઓ તેમજ બાકીના લોકોને
પણ તે પાછા લઈ આવ્યા.

17કદોરલાઓમેરને અને તેની સાથેના રાજાઓને હરાવીને
ઈબ્રામ પાછો આવ્યો ત્યારે સદોમનો રાજા તેને મળવા માટે
શાવેહની ખીણમાં, એટલે કે રાજાની ખીણમાં સામો ગયો.

### મલ્ખીસદેકનો આશીર્વાદ

18શાલેમનો રાજા મલ્ખીસદેક પણ ઈબ્રામને મળવા ગયો.
મલ્ખીસદેક પરાત્પર દેવનો યાજક હતો. મલ્ખીસદેક રોટલી
અને દ્રાક્ષારસ લઈને આવ્યો હતો અને તેણે ઈબ્રામને
આશીર્વાદ આપતાં કહ્યું:

19"પૃથ્વી અને આકાશના સર્જનહાર પરાત્પર દેવના
આશીર્વાદ ઈબ્રામ પર ઊતરો.

20તમને તમારા દુશ્મનોને હરાવીને પકડવા માટે મદદ
કરનાર પરાત્પર દેવની અપણે સ્તુતિ કરીએ."

અને ઈબ્રામે યુદ્ધ દરમ્યાન લીધેલી બધી વસ્તુઓમાંથી
તેને દશમો ભાગ આપ્યો. 21પછી સદોમના રાજાએ કહ્યું,
"તમે આ બધી વસ્તુઓ પોતાની પાસે રાખી શકો છો. ફકત
મારા જે માણસોને દુશ્મનો પકડીને લઈ ગયા હતા તે મને
સુપ્રત કરો."

22પરંતુ ઈબ્રામે સદોમના રાજાને કહ્યું, "મેં પૃથ્વી અને
આકાશના સર્જનહાર યહોવા, પરાત્પર દેવ સમક્ષ સમ લીધા
છે કે 23જે તમારી વસ્તુઓ છે તેમાંથી કંઈ પણ લઈશ નહિ.
તારો એક તાંતણો કે જોડાની વાધરી સુદ્ધાં નહીં લઉં. હું એ
નથી ઈચ્છતો કે તું એમ કહે કે 'મેં ઈબ્રામને ધનવાન બનાવ્યો
છે.' 24હું તો ફકત એ જ ભોજનનો સ્વીકાર કરીશ જે મારા
જુવાનોએ ખાધું છે. પરંતુ તમે બીજા લોકોને તેનો ભાગ
આપો. આપણી લડાઈમાં જીતેલી વસ્તુઓ તમે લઈ લો
અને તેમાંથી થોડીક આનેર એશ્કોલ અને મામરેને આપો.
આ લોકોએ લડાઈમાં મને મદદ કરી હતી."

### દેવનો ઈબ્રામ સાથેનો કરાર

15 આ બધી ઘટનાઓ થઈ ગયા પછી એક દર્શનમાં
ઈબ્રામને યહોવાની વાણી સંભળાઈ, દેવે કહ્યું,
"ઈબ્રામ, ડરીશ નહિ ઈબ્રામ, હું તારી ઢાલ છું. હું તારું રક્ષણ
કરીશ અને હું તને એક મોટો પુરસ્કાર આપીશ."

2પરંતુ ઈબ્રામે કહ્યું, "હે યહોવા દેવ, એવું કશું જ નથી, જે
તું મને આપશે અને તે મને પ્રસન્ન કરશે. કારણ કે મારે પુત્ર
નથી. હું તો આ વાંઝિયામહેણું લઈને જાઉં છું. અને મારો
દાસ અલીએઝેર દમસ્કનો છે તે મારા અવસાન બાદ મારો
વારસદાર થશે ને તેને જ મારું બધું મળશે." 3ઈબ્રામે કહ્યું,
"તું જ જોને, તેં મને કંઈ સંતાન આપ્યું નથી એટલે મારા
ઘરમાં જન્મેલો કોઈ ગુલામ મારો વારસદાર થશે."

4પછી યહોવાએ ઈબ્રામ સાથે વાતો કરી. દેવે કહ્યું, "તમારી
માલમિલકત તમારો આ દાસ નહિં મેળવે. તને એક પુત્ર
થશે ને તે જ તારી માલમિલકત પ્રાપ્ત કરશે.

5પછી દેવ ઈબ્રામને બહાર લઈ ગયા. દેવે કહ્યું, "આકાશને
જો, અસંખ્ય તારાઓને જો, એ એટલા બધા છે કે તું ગણી
શકે નહિ . ભવિષ્યમાં તારું કુટુંબ આટલું મોટું થશે."

6ઈબ્રામે દેવ ઉપર વિશ્વાસ કર્યો અને દેવે એને તેના
પૂણ્ય તરીકે સ્વીકાર્યુ. 7દેવે ઈબ્રામને કહ્યું, "હું જ એ યહોવા
છું જે તને આ ભૂમિનો માલિક બનાવવા માટે ખાલ્દીઓના
ઉર શહેરમાંથી લઈ આવ્યો છું."

8પરંતુ ઈબ્રામે કહ્યું, "હે યહોવા, મારા માલિક મારે કેવી
રીતે વિશ્વાસ કરવો કે આ પ્રદેશ મને જ મળશે?"

9પછી દેવે ઈબ્રામને કહ્યું, "આપણે એક કરાર કરીશું.
મારી આગળ એક ત્રણ વર્ષની બકરી, એક ત્રણ વર્ષની
ગાય, એક ત્રણ વર્ષનો ઘેટો, એક હોલો અને એક કબૂતરનું
બચ્ચું લઈ આવ."

10ઈબ્રામ એ બધી વસ્તુઓ દેવની પાસે લાવ્યો. અને
ઈબ્રામે તે પ્રાણીઓને મારી નાખ્યાં. અને દરેકના વચ્ચેથી
કાપીને તેણે બબ્બે ટુકડા કર્યા અને ટુકડાઓ સામસામે
ગોઠવ્યા; પરંતુ પક્ષીઓને તેણે કાપ્યા નહિં. 11થોડા સમય
પછી એ માંસાહારી પક્ષીઓ વેદી પર ચઢાવેલા મૃત પ્રાણીઓને
ખાવા માટે તૂટી પડયા. પણ ઈબ્રામે તેમને ઉડાડી મૂકયાં.

12પછી સૂરજ આથમતી વખતે ઈબ્રામ ભર ઊંઘમાં પડયો.
ઘનઘોર અંધકાર અને ચારેબાજુથી ઘેરી વળ્યો. 13ત્યારે

યહોવાએ ઈબ્રામને કહ્યું, "તારે એ બાબતો જાણી લેવી
જોઈએ. તારા વંશજો વિદેશી બની જશે અને તેઓ એવા
દેશમાં જશે જે એમનો નહીં હોય. તેઓ ત્યાં ગુલામ બનશે.
400 વર્ષ સુધી તેમના પર ભારે અત્યાચારો થશે. 14હું તે
રાષ્ટ્રનો ન્યાય કરીશ અને તેમને સજા કરીશ અને પાછળથી
તેઓ ઘણી માલમિલકત લઈને ત્યાંથી બહાર નીકળશે.
15"તું ઘણું લાંબુ આયુષ્ય ભોગવીશ. તું શાંતિથી મૃત્યુ
પામીશ અને તને તારા પૂર્વજોની સાથે દફનાવવામાં આવ્યો
હશે. 16ચાર પેઢીઓ પછી તારા વંશજો આ પ્રદેશમાં પાછા
આવશે. તે સમયે તમારા લોકો અમોરીઓને હરાવશે." અહીં
રહેનારા અમોરીઓને સજા કરવા માટે હું તમારા લોકોનો જ
ઉપયોગ કરીશ. આ ઘટના ભવિષ્યમાં બનશે કારણ કે
અમોરીઓના પાપનો ઘડો હજુ ભરાયો નથી."
17જયારે સૂર્યાસ્ત થયો અને ગાઢ અંધકાર આજુબાજુ બધેય
છવાઈ ગયો ત્યારે પણ મૃત પ્રાણીઓ જમીન પર પડેલાં
હતાં તે પ્રત્યેક પ્રાણી બે ટુકડાઓમાં કપાયેલા હતાં. તે વખતે
એક ધુમાડાનો સ્તંભ અને અગ્નિની મશાલ પ્રાણીઓના બે
ભાગ વચ્ચે થઈને પસાર થઈ.
18આ રીતે તે જ દિવસે યહોવાએ ઈબ્રામ સાથે કરાર કર્યો
કે, "હું મિસરની નદીથી મહા નદી ફ્રાત સુધીનો આખો
પ્રદેશ - 19એટલે કે કેનીઓ, કનિઝીઓ, કાદમોનીઓ,
20હિત્તીઓ, પરિઝીઓ, રફાઈઓ, 21અમોરીઓ, કનાનીઓ,
ગિર્ગાશીઓ અને યબૂસ્ત્રીઓનો પ્રદેશ તારા વંશજોને આપું
છું. આમ, યહોવાએ ઈબ્રામને કહ્યું."

## દાસ્ત્રી હાગાર અને ઈશ્માએલ

16 ઈબ્રામની પત્ની સારાયને કોઈ બાળક ન હતું.
સારાયની પાસે હાગાર નામે એક મિસરી દાસ્ત્રી
હતી. 2સારાયે ઈબ્રામને કહ્યું, "જુઓ, યહોવાએ મને કોઈ
બાળક આપ્યું નથી તેથી તમે મારી દાસ્ત્રીને રાખી લો. હું
તેનાં બાળકને આપણું બાળક માનીશ."
ઈબ્રામે પોતાની પત્નીનું કહ્યું માની લીધું. 3એટલે ઈબ્રામની
પત્ની સારાયે પોતાની દાસ્ત્રી હાગારને પોતાના પતિ ઈબ્રામને
પત્ની તરીકે આપી. તે વખતે ઈબ્રામને કનાનમાં રહેતાં 10
વર્ષ થયાં હતાં.
4હાગાર ઈબ્રામથી ગર્ભવતી થઈ. જયારે તેને ખબર પડી
કે તે ગર્ભવતી હતી, ત્યારે તે પોતાની જાતને તેણીની શેઠાણી
સારાય કરતાં વધારે સારી માનવા લાગી. અને તેનો તિરસ્કાર
કરવા લાગી. 5પરંતુ સારાયે ઈબ્રામને કહ્યું, "મારી દાસ્ત્રી
મને નફરત કરે છે અને તે માટે હું તમને દોષિત માનું છું. મેં
મારી દાસ્ત્રી તમને આપી અને તેણીને જયારે ખબર પડી કે
તેણી ગર્ભવતી છે, તે મને તિરસ્કારવા લાગી. અમારા બેમાં
કોણ સાચું છે એનો ન્યાય યહોવાએ કરવો જોઈએ."
6પરંતુ ઈબ્રામે સારાયને કહ્યું, "તું હાગારની શેઠાણી છે. તું
તને ઠીક લાગે તેમ એની સાથે કરી શકે છે. તેથી સારાયએ
હાગાર સાથે સખતાઈ કરવા માંડી, તેથી તેની દાસ્ત્રી નાસ્ત્રી
ગઈ."

## હાગારનો પુત્ર ઈશ્માએલ

7રણપ્રદેશમાં શૂરને રસ્તે આવેલા ઝરણા પાસે હાગારને
યહોવાનો દૂત મળ્યો. 8દૂતે કહ્યું, "હાગાર, તું સારાયની દાસ્ત્રી
છે. તું અહીં કયાંથી? તું કયાં જઈ રહી છે?"
હાગારે કહ્યું, "હું મારી શેઠાણી સારાય પાસેથી ભાગીને
આવી છું."
9યહોવાના દૂતે તેણીને કહ્યું, "તું તારી શેઠાણી પાસે પાછી
જા, અને તેની આજ્ઞા માન."*
10યહોવાના દૂતે તેને એ પણ કહ્યું, "હું તારો વંશવેલો
એટલો બધો વધારીશ કે તેની ગણતરી પણ થઈ શકશે નહિ."
11યહોવાના દૂતે એમ પણ કહ્યું, "તું અત્યારે ગર્ભવતી છે,
અને તું એક પુત્ર જણીશ અને તેનું નામ ઈશ્માએલ રાખીશ.
કારણ કે યહોવાએ સાંભળ્યું છે કે તારી સાથે ખરાબ વર્તાવ
થયો છે, અને તે તારી મદદ કરશે.
12ઈશ્માએલ જંગલી અને આઝાદ થશે. તે એક જંગલી
ગધેડા જેવો થશે. તે એક ઠેકાણેથી બીજે ઠેકાણે જશે તે બધા
માણસોનો વિરોધ કરશે. અને બધા માણસો તેનો વિરોધ
કરશે. તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જશે. તે તેના
ભાઈઓની પાસે તેનો પડાવ નાખશે. પરંતુ તે તેમની વિરુધ્ધ
થશે. અને સામે થઈ જુદો રહેશે."
13પછી યહોવાએ હાગાર સાથે વાતો કરી. તેણે પોતાની
સાથે વાત કરનાર દેવને એક નવા નામથી પોકાર્યો. તેણે
કહ્યું, "તમે તે યહોવા છો જે મને જુઓ છે." "ખરેખર મને
દેવના દર્શન થયા પછી હું જીવતી રહી છું!" 14તેથી એ કૂવો
બેર-લાહાય-રોઈનો* કૂવો કહેવાયો. એ કૂવો કાદેશ અને
બેરેદની વચમાં આવેલો છે.
15પછી હાગારે ઈબ્રામથી એક પુત્રને જન્મ આપ્યો, અને
ઈબ્રામે હાગારથી જન્મેલા પુત્રનું નામ ઈશ્માએલ રાખ્યું.
16જયારે ઈબ્રામથી હાગારે ઈશ્માએલને જન્મ આપ્યો ત્યારે
ઈબ્રામની ઉંમર 86 વર્ષની હતી.

## સુન્નત કરારની નિશાનીરૂપ

17 જયારે ઈબ્રામ 99 વર્ષનો થયો ત્યારે યહોવાએ
તેને દર્શન આપીને કહ્યું, "હું સર્વસમર્થ દેવ છું.
મારા માટે આ કામ કર. મારી આજ્ઞા માથે ચડાવી કોઈ પણ
દોષમાં પડયા વિના ચાલ. 2જો તું આમ કરીશ તો હું તારી
અને મારી વચ્ચે કરાર કરીશ. હું તમારા લોકોનું એક મોટું
રાષ્ટ્ર બનાવવાનું વચન આપીશ."
3ઈબ્રામે પોતાનું મસ્તક જમીન તરફ નમાવ્યું, સાષ્ટાંગ
દંડવત પ્રણામ કર્યા. ત્યારે દેવે તેની સાથે વાતચીત કરી અને
કહ્યું, 4"જો, હું તારી સાથે આ કરાર કરું છું; તું અનેક પ્રજાઓનો
પિતા થઈશ. 5હવેથી તારું નામ ઈબ્રામ નહિં રહે. તારું નામ

---

**તું ...માન** શબ્દોનુસાર: "તેણીએ તારા પર જે કષ્ટો ઉતાર્યા તે સહન કર."

**બેર–લાહાય–રોઈ** મૂળ પ્રમાણે: "જે સાંભળે છે ને જુએ છે તેનો કૂઓ આ છે."

ઈબ્રાહિમ રહેશે, કારણ મેં તને અનેક દેશનો રાષ્ટ્રપિતા
બનાવ્યો છે. 6હું તારા વંશજો ખૂબ ખૂબ વધારીશ, તારા
વંશજોમાંથી હું પ્રજાઓનું નિર્માણ કરીશ. અને તારા વંશમાં
રાજાઓ થશે. 7હું મારી અને તારી વચ્ચે તથા પેઢી-દરપેઢી
તારા વંશજો વચ્ચે કાયમનો કરારા કરીશ કે તારો અને તારા
પછી તારા બધા વંશજોનો હું દેવ થઈશ. 8અને હું તને અને
તારા વંશજોને જે ભૂમિમાં તું પ્રવાસ કરી રહ્યો છે* તે કનાનની
ભૂમિ કાયમને માટે આપીશ અને હું તમારો દેવ રહીશ."

9દેવે ઈબ્રાહિમને કહ્યું, "તું અને તારા પછી તારા વંશજો
પેઢી-દરપેઢી મારો આ કરાર પાળશો. 10મારી અને તારી
વચ્ચેનો તથા તારા પછી તારા વંશજો સાથેનો તમારે પાળવાનો
કરાર આ છે: 11તમારામાંના એકે એક વ્યકિતની સુન્નત
કરવી. તમારે તમારી ઈન્દ્રિયની ચામડીની સુન્નત કરવી.
12જયારે બાળક 8 દિવસનું થાય ત્યારે તેની સુન્નત કરાવવી-
પછી તે તમારા ઘરમાં જન્મેલો હોય કે કોઈ પરદેશી પાસેથી
પૈસા આપીને ખરીદેલો ગુલામ હોય. તેની સુન્નત અવશ્ય
કરવાની રહેશે. 13તમારા ઘરમાં જન્મેલો ગુલામ હોય તેની
તેમજ પૈસાથી જેને ખરીદવામાં આવ્યો હોય તેની બંન્નેની
સુન્નત કરાવવી જ જોઈએ. આ રીતે તમારા રાષ્ટ્રમાં પ્રત્યેક
બાળકની સુન્નત થશે. 14આ મારો નિયમ છે. અને તે મારા
અને તમારા વચ્ચે છે. જે કોઈની સુન્નત થયેલી ના હોય
તેનો સમાજમાંથી બહિષ્કાર કરવો, કારણ, તેણે મારા કરારનો
ભંગ કર્યો છે."

## પ્રતિજ્ઞાનો પુત્ર ઈસહાક

15દેવે ઈબ્રાહિમને કહ્યું, "સારાય જે તારી પત્ની છે એને
હું નામ આપીશ. તેનું નામ સારા રહેશે. 16હું તેને આશીર્વાદ
આપીશ. હું તેને પુત્ર આપીશ અને તું પિતા બનીશ. તે ઘણી
નવી દેશજાતિઓની માતા થશે. એને પેટે પ્રજાઓના રાજા
જન્મ ધારણ કરશે."

17પછી ઈબ્રાહિમે સાષ્ટાંગ નમસ્કાર કરીને દેવની ભકિત
દર્શાવી. અને હસ્યો. તે મનોમન વિચારવા લાગ્યો, "હું તો
100 વર્ષનો વૃદ્ધ છું. હું પુત્ર કેવી રીતે ઉત્પન્ન કરી શકું? અને
સારા 90 વર્ષની વૃદ્ધા છે તે બાળકને જન્મ આપી શકે નહિ."

18પછી ઈબ્રાહિમે દેવને તેના કહેવાનો હેતુ પૂછયો, "શું
ઈશ્માએલ જીવતો રહે ને તારી સેવા કરે?"

19દેવે કહ્યું, "ના, મેં કહ્યું ને કે તારી પત્ની સારાને તારાથી
એક પુત્ર જરૂર અવતરશે. અને તારે તેનું નામ ઈસહાક
પાડવું. હું તેની સાથે મારો કરાર કરીશ અને તે તેના વંશજો
માટે પણ કાયમનો રહેશે.

20"તે મને ઈશ્માએલની બાબતમાં પૂછયું, અને મેં તારી
વાત સાંભળી. હું તેને આશીર્વાદ આપીશ તેને ઘણાં સંતાનો
થશે. તે મોટા બાર સરદારોનો પિતા થશે. અને હું તેનાથી
એક મોટી પ્રજાનું નિર્માણ કરીશ. 21પરંતુ હું મારો કરાર તો
આવતે વર્ષે આ સમયે સારા ઈસહાકને જન્મ આપશે તેની
સાથે કરીશ."

22દેવે જયારે ઈબ્રાહિમ સાથે વાત કરવાની બંધ કરી ત્યારે
તે એકલો જ રહ્યો કારણ કે દેવ તેની પાસેથી આકાશ તરફ
ચાલ્યા ગયા. 23દેવે કહ્યું હતું કે તું તારા કુટુંબના બધા પુત્રોની
તથા પુરુષોની સુન્નત કરાવજે. તેથી ઈબ્રાહિમે ઈશ્માએલ
તથા પોતાના ઘરમાં જન્મેલાં બધા તથા પૈસાથી ખરીદેલા
બધા ગુલામોને એક સાથે બોલાવ્યા અને બધા ગુલામોની
દેવના કહ્યા પ્રમાણે સુન્નત કરાવી.

24ઈબ્રાહિમની સુન્નત થઈ ત્યારે તેની ઉંમર 99 વર્ષની
થઈ હતી. 25અને તેના પુત્ર ઈશ્માએલની સુન્નત થઈ ત્યારે
તે 13 વર્ષનો થયો હતો. 26ઈબ્રાહિમ તથા તેના પુત્ર
ઈશ્માએલની સુન્નત એક જ દિવસે થઈ હતી. 27તે જ
દિવસે ઈબ્રાહિમના ઘરના તમામ પુરુષોની સુન્નત કરવામાં
આવી હતી. તેના ઘરમાં જન્મેલા અને પરદેશીઓ પાસેથી
પૈસા આપીને ખરીદેલા ઘરના બધા ગુલામોની સુન્નત પણ
તેની સાથે કરવામાં આવી હતી.

## ત્રણ અતિથિ

18 પછી ફરીથી યહોવા ઈબ્રાહિમ આગળ મામરેના
ઓકનાવૃક્ષો પાસે પ્રગટ થયા. તે દિવસે બપોરે,
ઈબ્રાહિમ તેના તંબૂના પ્રવેશદ્વાર આગળ બેઠો હતો.
2ઈબ્રાહિમે આંખ ઊંચી કરીને જોયું તો પોતાની સામે ત્રણ
માણસોને ઊભેલા જોયા. તે તેમની પાસે દોડતો દોડતો ગયો
અને તેઓને પ્રણામ કર્યા. 3ઈબ્રાહિમે કહ્યું, "મારા સ્વામી,
જો મારા ઉપર આપની કૃપાદ્રષ્ટિ હોય તો આ સેવકની સાથે
થોડીવાર ઊભા રહો. 4હું તમારા લોકોના ચરણો ધોવા માટે
પાણી લાવું છું. તમે પેલા વૃક્ષ નીચે આરામ કરો. 5હું તમારા
લોકો માટે થોડું ભોજન લાવું છું. આપની ઈચ્છા હોય તેટલું
આપ ખાઓ, તાજા થાઓ અને પછી તમે લોકો આગળની
યાત્રાનો આરંભ કરો."

ત્રણેએ કહ્યું, "હા, એ ઘણું સારું છે. તું જેમ કહે છે તેમ
ભલે કર."

6ઈબ્રાહિમ ઉતાવળો ઉતાવળો તંબૂમાં ગયો અને સારાને
કહ્યું, "ઝટપટ ત્રણ માપિયાં ઝીણો લોટ લઈને ગૂંદીને રોટલી
બનાવી નાખ." 7પછી ઈબ્રાહિમ ઢોરના ધણ તરફ દોડતો
દોડતો ગયો અને એક તાજોમાજો વાછરડો લાવીને તેણે
નોકરોને આપ્યો અને કહ્યું, "તમે આ વાછરડાને વધેરી ભોજન
તૈયાર કરો." 8પછી ઈબ્રાહિમ એ ત્રણેય ને ભોજન માટે
માંસ આપ્યું. અને દૂધ દહીં પણ પીરસ્યાં, જયાં સુધી એ
ત્રણે જણ ખાતાં રહ્યાં ત્યાં સુધી ઈબ્રાહિમ તેમની પાસે વૃક્ષ
નીચે ઊભો રહ્યો.

9તે વ્યકિતઓએ ઈબ્રાહિમને કહ્યું, "તારી પત્ની સારા કયાં
છે?" ઈબ્રાહિમે કહ્યું, "તે તંબૂમાં છે."

10ત્યારે યહોવાએ કહ્યું, "હું વસંતમાં આવતા વરસે પાછો
આવીશ. તે સમયે તારી પત્ની સારા એક બાળકને જન્મ
આપશે."

---

**જે ભૂમિમાં તું પ્રવાસ કરી રહ્યો છે** શબ્દોનુસાર: "જેમાં તું અજાણ વ્યકિત તરીકે રહીશ."

સારા તંબૂમાં બારણા પાસે ઊભી રહીને આ વાતો સાંભળતી
હતી. 11ઈબ્રાહિમ અને સારા ઘણા વૃદ્ધ થઈ ગયા હતા.
સારાનો તો સ્ત્રીધર્મ પણ બંધ થઈ ગયો હતો. 12એટલે સારા
મનોમન હસ્ત્રી. તેને પોતાના કાનો પર વિશ્વાસ ન રહ્યો,
તેણે પોતાની જાતને કહ્યું, "હું અને મારો પતિ બંન્ને વૃદ્ધ
છીએ. હું બાળકને જન્મ આપવા માટેની ઉમર વટાવી
ચૂકી છું."

13યહોવાએ ઈબ્રાહિમને કહ્યું, "સારા હસ્ત્રીને કેમ બોલી
કે, 'મને બાળક જન્મશે ખરું?' હું તો ઘરડી થઈ છું !" 14શું
યહોવાને માટે કશું અસંભવ છે? નહિ, હું ફરી વસંતમાં
નક્કી કરેલા સમયે આવતા વર્ષે તારે ત્યાં જરૂર આવીશ.
અને તારી પત્ની સારાના ખોળામાં પુત્ર રમતો હશે જ."

15પરંતુ સારાએ કહ્યું, "હું હસ્ત્રી નહોતી." (એણે એમ
કહ્યું, કારણકે તે ડરી ગઈ હતી.) પરંતુ યહોવાએ કહ્યું, "ના,
હું જાણું છું કે તારું કહેવું સાચું નથી. તું સાચેજ હસ્ત્રી હતી."

16પછી તે પુરુષો જવા માટે ઊઠયા, તેઓએ સદોમ તરફ
નજર કરી અને તે તરફ ચાલી નીકળ્યાં. ઈબ્રાહિમ તેઓને
વિદાય આપવા માટે થોડે દૂર સુધી તેમની સાથે ગયો.

### દેવની સાથે ઈબ્રાહિમનો સોદો

17યહોવાએ વિચાર્યું, "જે હું હમણા કરવાનો છું તે શું
ઈબ્રાહિમને કહી દઉં? 18ઈબ્રાહિમમાંથી એક મહાન અને
શકિતશાળી પ્રજા ઉત્પન્ન થનાર છે. અને એને કારણે પૃથ્વીની
બધી પ્રજાઓ આશીર્વાદ પામશે. 19મેં જ એને પસંદ કર્યો છે
કે જેથી એ પોતાનાં સંતાનોને અને પોતાના પછીના વંશજોને
ધર્મ અને ન્યાયનું આચરણ કરીને યહોવાને માર્ગે વળવાની
આજ્ઞા કરે, અને એ રીતે ઈબ્રાહિમને આપેલું વચન હું પાળી
શકું."

20પછી યહોવાએ કહ્યું, "મેં ઘણી વખત સાંભળ્યું છે કે
સદોમ અને ગમોરાહના લોકો ઘણાંજ ખરાબ છે,* તે
જગ્યાએથી આવતાં આર્તનાદ નું કારણ તેઓ છે. તેમનાં
પાપ ઘણા ગંભીર છે. 21એટલા માટે હું ત્યાં જઈશ અને
જોઈશ કે મેં સાંભળ્યું છે તેટલી ખરાબ હાલત છે? પછી મને
બરાબર ખબર પડશે."

22પછી તે લોકો ત્યાંથી નીકળીને સદોમ તરફ ગયા. પરંતુ
ઈબ્રાહિમ હજુ પણ યહોવાની સામે ઊભો રહ્યો. 23પછી
ઈબ્રાહિમે યહોવાને કહ્યું, "હે યહોવા! તમે દુષ્ટ લોકોની સાથે
સારા લોકોનો પણ નાશ કરવાનું ખરેખર વિચારો છો? 24જો
તે નગરમાં 50 સારા માણસો હોય તો પણ તમે એ નગરનો
નાશ કરશો? એ 50 સારા માણસોને માટે તમે નગરને બચાવી
નહીં લો? 25દુષ્ટોની સાથે સારા માણસોને પણ મારી નાખશો?
એ તો તમને ના શોભે! તો તો સારા માણસોની દશા પણ
દુષ્ટોના જેવી જ થાય! એ તમને શોભે નહીં. હું જાણું છું
આખી પૃથ્વીનો ન્યાય કરનાર સાચો ન્યાય કરશે."

26ત્યારે યહોવાએ કહ્યું, "જો મને સદોમ નગરમાં 50
સારા લોકો મળશે તો હું આખા નગરને બચાવી લઈશ."

27ત્યારે ઈબ્રાહિમે કહ્યું, "હે યહોવા, તમારી સામે તો હું
રાખ અને ધૂળ બરાબર છું. પરંતું તું મને થોડું વધારે કષ્ટ
આપવાની તક આપ. અને મને એ પૂછવા દે. 28ધારો કે
સારા માણસો પૂરા 45 ના હોય, અને 5 ઓછા હોય તો એ
પાંચને કારણે તમે આખા શહેરનો નાશ કરશો?"

ત્યારે યહોવાએ કહ્યું, "જો મને ત્યાં 45મળશે તો પણ હું
નાશ નહીં કરું."

29ઈબ્રાહિમે ફરીથી યહોવાને કહ્યું, "ધારો કે કદાચ તમને
40સારા માણસો મળે તો શું તમે નગરનો નાશ કરશો?"

યહોવાએ કહ્યું, "જો મને 40 સારા માણસો મળશે તો પણ
હું નગરનો નાશ કરીશ નહીં."

30ત્યારે ઈબ્રાહિમે કહ્યું, "હે યહોવ, કૃપા કરીને મારા પર
નારાજ ના થશો. મને એમ પૂછવા દો, ધારો કે નગરમાં માત્ર
30સારા લોકો મળ્યા તો તમે શું નગરનો નાશ કરશો?"

યહોવાએ કહ્યું, "જો મને 30 સારા માણસો મળશે તો પણ
હું તે નગરનો નાશ નહીં કરું."

31ત્યારે ઈબ્રાહિમે કહ્યું, "હે યહોવા, હું તમને ફરીવાર
તકલીફ આપીને પૂછું છું કે ધારો કે ત્યાં 20 જ સારા લોકો
હોય તો?"

યહોવાએ ઉત્તર આપ્યો, "જો મને 20 સારા માણસો મળશે
તો પણ હું નગરનો નાશ નહીં કરું."

32ત્યારે ઈબ્રાહિમે કહ્યું, "હે યહોવા, જો તમે ગુસ્સે ના
થાવ તો આ છેલ્લી વાર પૂછું છું, ધારો કે ત્યાં દસ જ સારા
માણસો મળે તો તમે શું કરશો?"

યહોવાએ કહ્યું, "જો મને નગરમાં માત્ર 10 સારા માણસો
મળશે તો પણ હું નગરનો નાશ કરીશ નહીં."

33યહોવાએ ઈબ્રાહિમ સાથે બોલવાનું બંધ કરી દીધું,
એટલે યહોવા ચાલ્યા ગયા અને ઈબ્રાહિમ પોતાને ઘેર પાછો
ફર્યો.

### લોતના અતિથિ

19 તેમાંના બે દેવદૂતો સાંજે સદોમ નગરમાં આવ્યાં
ત્યારે લોત સદોમના દરવાજામાં બેઠો હતો. તેણે
દેવદૂતોને જોયા. લોતે વિચાર્યું કે આ લોકો નગરમાંથી યાત્રા
કરી રહ્યા છે, તેથી તેઓને મળવા ઊભો થયો અને તેમની
પાસે જઈને સાષ્ટાંગ નમસ્કાર કરીને બોલ્યો, 2તેણે કહ્યું "મારા
સ્વામીઓ, કૃપા કરીને મારે ઘેર પધારો. હું તમારી સેવા
કરીશ. તમારા ચરણ ધુઓ અને રાત વિશ્રામ કરો, પછી
આવતીકાલે તમારી યાત્રા શરૂ કરજો."

દેવદૂતોએ કહ્યું "ના, અમે રામના ચોકમાં રાત વિતાવીશું."

3પરંતુ લોત પોતાને ઘરે પધારવા વારંવાર આગ્રહ કરતો
હતો. એટલે તેઓ લોતને ઘેર જવા તૈયાર થયા. અને જયારે
તેઓ લોતને ઘેર પહોચ્યાં ત્યારે લોતે પીવા માટે કાંઈક
આપ્યું. અને તેમના માટે ખમીર વગરની રોટલી બનાવી.
દેવદૂતોએ તે ખાધું.

---

**મેં … છે** આલોકોનો આર્તનાદ છે જેઓ તે જગ્યાના દુષ્ટ લોકોદ્વારા
ત્રાહિત થયા હતા

4તે સાંજે સૂવાના સમય પહેલા જ નગરના તમામ
સ્થળોએથી લોકો લોતના ઘેર આવ્યા. સદોમના માણસોએ
લોતના ઘરને ઘેરી લીધું. 5અને તેઓએ કહ્યું, "આજે રાત્રે જે
બે માણસો તારે ઘેર આવ્યા, તે કયાં છે? તે માણસોને બહાર
કાઢ અને અમને સુપ્રત કર. અમે એમની સાથે સંભોગ
કરવા માગીએ છીએ."

6લોતે બહાર નીકળીને પોતાની પાછળથી બારણું બંધ
કરી દીધું. 7લોતે લોકોને કહ્યું, "ના, મારા ભાઈઓ, હું વિનંતી
કરું છું કે તમે આ ખરાબ કામ ના કરો. 8જુઓ, મારે બે
પુત્રીઓ છે, તે કુંવારી છે. હું મારી બે પુત્રીઓને તમારી
આગળ લાવું છું તેની સાથે તમે લોકો જે કરવું હોય તે કરો,
પણ આ લોકને કશું કરશો નહિં. એ લોકો અમારે ઘરે આવ્યા
છે અને હું અવશ્ય તેમનું રક્ષણ કરીશ."

9ઘરની આજુબાજુના લોકોએ કહ્યું, "રસ્તામાંથી ખસ્ત્રી
જા," ત્યારે તે લોકોએ વિચાર્યુ. "આ માણસ લોત
અમારા નગરમાં અતિથિ તરીકે આવ્યો છે અને હવે અમને
શીખવે છે કે અમે લોકો શું કરીએ!" ત્યારે લોકોએ લોતને
કહ્યું, "અમે લોકો એ માણસો કરતાં ય તારા ભૂંડા હાલ
કરીશું." તેથી એ લોકોએ લોતને ઘેરી વળીને તેની નજીક
આવવાનું શરૂ કર્યુ. તે બારણું તોડીને અંદર પ્રવેશવા ઈચ્છતા
હતા.

10પરંતુ લોતની સાથે રહેલા માણસોએ દરવાજો ઉઘાડયો
અને લોતને ઘરની અંદર ખેંચી લીધો. અને પછી બારણું
બંધ કરી દીધું. 11બંન્ને જણે દરવાજાની બહારના માણસોને
આંધળા બનાવી દીધા અને ઘરમાં ઘૂસવા વાળા જવાન અને
વૃદ્ધ બધાંજ આંધળા થઈ ગયા. તેઓ બારણાં શોધી શોધીને
થાકી ગયા.

## સદોમમાંથી બચી જવું

12બંન્ને જણે લોતને કહ્યું, "શું આ નગરમાં કોઈ એવો
માણસ તમારા પરિવારનો છે? શું તમારા જમાઈ, તમારી
પુત્રીઓ કે અન્ય કોઈ તમારા પરિવારનો માણસ છે?
જો કોઈ બીજો માણસ તમારા પરિવારનો આ નગરમાં
રહેતો હોય તો તેને હમણાં જ આ નગર છોડી જવા કહી
દો. 13અમે લોકો આ નગરનો નાશ કરીશું. યહોવાએ આ
બધી બુરાઈઓને સાંભળી લીધી છે. જે આ નગરમાં છે
એટલા માટે યહોવાએ અમને એનો વિનાશ કરવા
મોકલ્યા છે."

14એટલા માટે લોત બહાર ગયો અને પોતાની બીજી
પુત્રીઓ સાથે લગ્ન કરવાવાળા જમાઈઓને વાત કરી. લોતે
કહ્યું, "ઊતાવળ કરો અને આ નગરને છોડી જાઓ. યહોવા
એનો તરત વિનાશ કરશે." પરંતુ એ લોકો એવું સમજયા કે
લોત મશ્કરી કરી રહ્યો છે.

15બીજે દિવસે સવારના સમયે દેવદૂતોએ લોતને તાકીદ
કરીને કહ્યું, "ઊઠ, તારી પત્ની અને તારી બે પુત્રીઓ જે
અહીં છે તેમને સાથે લઈ લે; અને આ જગ્યા છોડી દે, જેથી
તમે બધા આ નગરની સાથે નાશ નહીં પામો."

16પરંતુ લોત મૂઝવણમાં હતો તેથી નગર છોડવાની તેણે
ઉતાવળ ન કરી. પણ એના ઉપર દેવની મહેરબાની હતી
એટલે પેલા માણસો તેને, તેની પત્નીને અને તેની બે
પુત્રીઓને હાથ પકડીને શહેરની બહાર લઈ આવ્યા.
17બંન્નેએ લોત અને તેના પરિવારને નગરની બહાર
પહોંચાડયા જયારે તેઓ બહાર આવી ગયા ત્યારે બંન્નેમાંના
એકે કહ્યું, "તમારો જીવ બચાવવા ભાગો, પાછું વળીને જોશો
નહિ, અને આ નદીકાંઠાના પ્રદેશમાં કયાંય ઊભા રહેશો
નહિ. પર્વતો ન આવે ત્યાં સુધી દોડો અને પર્વતો પાછળ
ચાલ્યા જાઓ. નહિ તો તમે હતા ન હતાં થઈ જશો."

18ત્યારે લોતે બંન્નેને કહ્યું, "ના, ના, મારા સ્વામી! કૃપા
કરીને આટલા દૂર દોડવા માટે મને મજબૂર ન કરો. 19તમે
આ મારા સેવક પર દયા કરી છે અને દયા કરીને આપે મારો
જીવ બચાવ્યો છે. પરંતુ હું પર્વતો સુધી દોડી શકુ તેમ નથી
અને જો હું જરૂર કરતા ધીમે દોડીશ તો તે ક્ષેત્રમાં થયેલા
વિનાશમાં હું માર્યો જઈશ. 20પરંતુ જુઓ, અહીં નજીકમાં
એક બહુ નાનું નગર છે, અમને એ નગર સુધી દોડવા દો,
તો અમારો જીવ બચી જશે." 21દેવદૂતે લોતને કહ્યું, "સારું,
હું તમને એવું કરવા દઈશ, જયાં તમે જઈ રહ્યા છો એ
નગરનો નાશ હું કરીશ નહીં. 22પરંતુ તે જગ્યા સુધી ઝડપથી
દોડો, જયાં સુધી તમે એ નગરમાં સુરક્ષિત પહોંચી નહીં
જાઓ ત્યાં સુધી હું સદોમનો નાશ નહિ કરી શકુ." ( તે
શહેરનું નામ સોઆર પડયું કારણ કે તે નાનું ગામ છે.)

## સદોમ અને ગમોરાહનો વિનાશ

23લોત જયારે સોઆરમાં પહોચ્યો ત્યારે પૃથ્વી પર સૂરજ
ઊગતો હતો. 24આ વખતે યહોવાએ સદોમ અને ગમોરાહનો
નાશ કરવાનો આરંભ કર્યો. તેણે આકાશમાંથી સળગતા ગંધક
અને આગ વરસાવ્યા. 25આ રીતે યહોવાએ તે દેશનો,
નદીકાંઠાના સમગ્ર પ્રદેશનો, શહેરોમાંના બધા
નિવાસ્ત્રીઓનો અને જમીન ઉપર જે કાંઈ ઊગ્યું હતું તે
સર્વનો નાશ કર્યો.

26જયારે તેઓ ભાગી રહ્યા હતા ત્યારે લોતની પત્નીએ
પાછું વળીને જોયું અને તે મીઠાનો થાંભલો થઈ ગઈ.

27તે દિવસે વહેલી સવારે ઈબ્રાહિમ ઊઠયો અને જે
જગ્યાએ યહોવાને રૂબરૂ મળ્યો હતો ત્યાં ગયો. 28ઈબ્રાહિમે
સદોમ અને ગમોરાહ નગર તરફ નજર કરી અને નદી કાંઠાના
સમગ્ર પ્રદેશ તરફ જોયું તો એમાંથી ધુમાડો ઉપર ચડતો
હતો, જાણે ભઠ્ઠીનો ધૂમાડો ન હોય!

29આમ દેવે કોતરોમાંના શહેરોનો વિનાશ કર્યો. જયારે
દેવ આમ કરી રહ્યાં હતા, ત્યારે ઈબ્રાહિમે જે માગ્યું છે તેનું
સ્મરણ થયું અને લોત ને બચાવ્યો. તેણે જે નગરનો નાશ
કર્યો હતો ત્યાથી લોતને દૂર મોકલી દીધો.

## લોત અને તેની પુત્રીઓની પ્રજોત્પત્તિ

30લોત સોઆરમાં સતત રહેવાથી ડર્યો, તેથી તે અને તેની
બંન્ને પુત્રીઓ પર્વતોમાં ચાલ્યા ગયા. અને ત્યાં રહેવા લાગ્યા.

તેઓ ત્યાં એક ગુફામાં રહેતા હતાં. 31એક દિવસ મોટી દીકરીએ નાનીને કહ્યું, "પૃથ્વી પર બધીજ જગ્યાએ પુરુષો અને સ્ત્રીઓના વિવાહ થાય છે, પરંતુ કોઈ પુરુષ એવો નથી જેની સાથે આપણે પતિ-પત્ની તરીકે ઘર માંડી શકીએ. આપણા પિતા પણ વૃદ્ધ થયા છે. 32એટલા માટે ચાલો આપણે આપણા પિતાને દ્રાક્ષારસ પાઈએ અને તેની સાથે સૂઈએ, જેથી આપણા બાપથી આપણે વંશવેલો જાળવી શકીએ."

33તેથી તે રાત્રે બંન્ને પુત્રીઓ પોતાના પિતા પાસે ગઈ અને પિતાને તેઓએ દ્રક્ષારસ પાયો અને મોટી પુત્રી પિતા સાથે તેની પથારીમાં સૂઈ ગઈ. અને તેની સાથે સંભોગ કર્યો તેણી કયારે સૂઈ ગઈ અને કયારે ઊઠી તેની લોતને ખબર પડી નહિ (કેમકે તે નશામાં હતો.)

34બીજે દિવસે મોટી પુત્રીએ નાનીને કહ્યું, "જો ગઈકાલે રાત્રે હું પિતા સાથે સૂઈ ગઈ હતી. આજે પણ આપણે તેને દ્રાક્ષારસ પાઈએ, પછી તું જઈને તેમની સાથે સૂઈ જજે. આ રીતે આપણે આપણા પિતાથી આપણો વંશવેલો જાળવી શકીએ."

35એટલે તે રાત્રે પણ તેમણે પોતાના પિતાને દ્રાક્ષારસ પાયો. અને નાની પુત્રી તેણીના પિતા પાસે તેની પથારીમાં ગઈ અને તેની સાથે સૂઈ ગઈ અને તેની સાથે સંભોગ કર્યો. આ વખતે પણ લોતને ખબર પડી નહિ કે તેણી ક્યારે સૂતી અને ક્યારે ઊઠી. (કેમકે તે નશામાં હતો.)

36આ રીતે લોતની બંન્ને પુત્રીઓ તેમના પિતાથી ગર્ભવતી થઈ. તેમનો પિતાજ તેમનાં બાળકોનો પિતા હતો. 37મોટી પુત્રીએ એક પુત્રને જન્મ આપ્યો. તેણે તેનું નામ મોઆબ રાખ્યું. મોઆબ તે જ આજના મોઆબીઓનો પૂર્વજ છે. 38નાની પુત્રીએ પણ એક પુત્રને જન્મ આપ્યો, તેણે પોતાના પુત્રનું નામ બેન-આમ્મી રાખ્યું; તે જે આજના બધા આમ્મોનીઓનો પૂર્વજ છે જે આજે પણ રહે છે.

## ઈબ્રાહિમનું ગેરારમાં ગમન

20 ઈબ્રાહિમે એ સ્થળ છોડયું અને નેગેબ તરફ પ્રયાણ કર્યુ. અને કાદેશ અને શૂર વચ્ચે ગેરારમાં વસવાટ કર્યો. 2તે સમયે ઈબ્રાહિમે ગેરારના લોકોને કહ્યું, "સારા મારી બહેન છે. ગેરારના રાજા અબીમેલેખે આ સાંભળ્યું, અબીમેલેખ સારાને ચાહતો હતો તેથી સારાને લઈ આવવા માટે અબીમેલેખે કેટલાક નોકરોને મોકલ્યા. અને સારાને રાખી. 3પરંતુ એક વખત રાત્રે દેવે અબીમેલેખને સ્વપ્નમાં દર્શન આપ્યા અને વાત કરી. દેવે કહ્યું, "જો, જે સ્ત્રીને તેં ઘરમાં રાખી છે તેને કારણે તારું આવી બન્યું છે. કારણ તે પરસ્ત્રી છે. તું મરવાનો છે." 4પરંતુ અબીમેલેખે હજુ સુધી તેનો સંગ કર્યો નહોતો, તેથી અબીમેલેખે કહ્યું, "હે યહોવા, હું દોષિત નથી. શું તમે નિર્દોષ વ્યકિતનો પણ સંહાર કરશો? 5ઈબ્રાહિમે જ મને કહ્યું હતું કે 'આ સ્ત્રી મારી બહેન છે.' અને એ સ્ત્રીએ પણ કહ્યું, 'આ પુરુષ મારો ભાઈ છે.' હું નિર્દોષ છું. મને તો ખબર જ નહોતી કે હું શું કરી રહ્યો છું? મેં તો શુદ્ધ વૃત્તિથી જ આ કર્યુ છે."

6ત્યારે દેવે અબીમેલેખને સ્વપ્નમાં કહ્યું, "હા, મને ખબર છે કે તું નિર્દોષ છે અને મને એ પણ ખબર છે કે તને ખબર ન હતી કે તું શું કરી રહ્યો હતો! મેં જ તને ઉગાર્યો, મેં જ તને મારી વિરુધ્ધ પાપ કરવા દીધું નથી. અને એટલે જ મેં તને તેનો સ્પર્શ કરવા દીધો નથી. 7તેથી હવે તું ઈબ્રાહિમની પત્નીને તેની પાસે પાછી મોકલ. ઈબ્રાહિમ એક પ્રબોધક છે. તે તમારા માટે પ્રાર્થના કરશે અને તું જીવીશ પરંતુ જો તું સારાને પાછી નહિં આપે તો સમજી લેજે કે તારું અને તારા બધાંજ લોકોનું એક સાથે મૃત્યુ થશે."

8તેથી બીજે દિવસે વહેલી સવારે અબીમેલેખે પોતાના બધા નોકરોને બોલાવ્યા અને સ્વપ્નમાં થયેલી બધી વાતો કહી સંભળાવી, નોકરો બહું જ ગભરાઈ ગયા. 9પછી અબીમેલેખે ઈબ્રાહિમને બોલાવ્યો અને તેને કહ્યું, "તમે મારી સાથે આમ કેમ કર્યુ? મેં તમારો શો ગુનો કર્યો હતો કે તમે 'આ મારી બહેન છે.' એમ જૂઠું બોલીને મને અને મારા રાજયને મોટાં પાપમાં નાખ્યાં? તમારે મારી સાથે આવો વર્તાવ નહોતો કરવો જોઈતો, તમે શું સમજીને આમ કર્યુ? 10"તમે કઈ બાબતથી ડરતા હતા? તમે મારી સાથે આવું કેમ કર્યુ?"

11પછી ઈબ્રાહિમે કહ્યું, "હું ડરતો હતો કારણ કે મને થયું કે આ દેશમાં કોઈ પણ દેવને માન આપતું નથી અને તેનાથી ડરતું નથી અને મારી પત્ની સારાને મેળવવા માટે આ લોકો મને મારી નાખશે. 12અને તમને, સાચું કહું તો તે મારી બહેન જ છે, કારણ કે તેણી મારા બાપની દીકરી છે, જો કે તેણી મારી માની પુત્રી નથી. અને તેણી મારી પત્ની બની. 13દેવે મને મારા પિતાના ઘરથી દૂર મોકલ્યો હતો. દેવે મને એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતો કર્યો હતો તેથી મેં સારાને કહ્યું હતું કે, 'તારે મારા પર આટલી કૃપા કરવી પડશે. આપણે જયાં જયાં જઈએ ત્યાં ત્યાં તારે કહેવું પડશે કે, આ મારો ભાઈ છે!'"

14ત્યારે અબીમેલેખે જાણ્યું કે આમ શાથી બન્યું છે. તેથી તેણે ઈબ્રાહિમને સારા સુપ્રત કરી અને ઘેટાં, બકરાં, ગાય, બળદ તેમજ દાસદાસ્ત્રી આપ્યાં. 15અબીમેલેખે કહ્યું, "જો, આ મારો સમગ્ર દેશ તારી આગળ છે. તારી મરજી હોય ત્યાં તું જઈને રહી શકે છે."

16અબીમેલેખે સારાને કહ્યું, "જો મેં તારા ભાઈને 1,000 રૂપામહોર આપી છે. હું આ બધા માટે દિલગીર છું તે બતાવવા માટે મેં આમ કર્યુ હતું. હું ઈચ્છું છું કે પ્રત્યેક વ્યકિત જુએ કે મેં સાચું કામ કર્યુ છે."

17-18દેવે અબીમેલેખના ઘરની બધી સ્ત્રીઓને ગર્ભધારણથી અટકાવી દીધી હતી કારણકે ઈબ્રાહિમની પત્ની સારાને અબીમેલેખે લીધી હતી તેથી હવે ઈબ્રાહિમે યહોવાને પ્રાર્થના કરી, તેથી દેવે અબીમેલેખને અને તેની પત્નીને અને તેની દાસ્ત્રીઓને સાજાં કર્યા અને તેમને સંતાનો થયાં.

## સારાના પુત્ર ઈસહાકનો જન્મ

21 યહોવાએ સારાને આપેલ વચન જાળવી રાખ્યું. અને યહોવાએ પોતાના વચન અનુસાર સારા પર

કૃપા કરી. 2સારા ગર્ભવતી થઈ અને તેણે વૃદ્ધાવસ્થામાં ઈબ્રાહિમને માટે દેવે કહેલા સમયે એક પુત્રને જન્મ આપ્યો. દેવે જે વચન આપ્યું હતું તે જ પ્રમાણે થયું. 3સારાએ પુત્રને જન્મ આપ્યો અને ઈબ્રાહિમે તેનું નામ ઈસહાક પાડયું. 4અને દેવની આજ્ઞા અનુસાર તેણે પોતાનો દીકરો ઈસહાક આઠ દિવસનો થયો ત્યારે તેની સુન્નત કરાવી.

5જયારે ઈબ્રાહિમનો પુત્ર ઈસહાક જન્મ્યો ત્યારે એની ઉંમર 100 વર્ષની થઈ હતી. 6અને સારાએ કહ્યું, "દેવે મને સુખનાં દિવસ આપ્યા છે. જે કોઈ વ્યકિત આ સાંભળશે તે પણ મારી સાથે પ્રસન્ન થશે. 7કોઈપણ એમ ધારતું નહોતું કે સારા ઈબ્રાહિમ માટે પુત્રને જન્મ આપશે, છતાં મેં એના ઘડપણમાં દીકરાને જન્મ આપ્યો છે."

## ઘરમાં વિપત્તિઓનાં વાદળ

8હવે બાળક મોટો થયો અને તેને ધાવણ છોડાવવામાં આવ્યું. તે દિવસે ઈબ્રાહિમે એક મોટી ઉજવણી કરી. 9પછી મિસરી દાસ્ત્રી હાગારથી ઈબ્રાહિમને એક પુત્ર થયો હતો એક વાર સારાએ હાગારના પુત્રને ઈસહાકની મશ્કરી કરતા જોયો. 10તેથી સારાએ ઈબ્રાહિમને કહ્યું, "આ દાસ્ત્રી સ્ત્રી તથા તેના પુત્રને અહીંથી કાઢી મૂકો, આપણા મૃત્યુ પછી આપણી સંપત્તિનો માલિક ઈસહાક જ થશે. હું નથી ઈચ્છતી કે આ દાસ્ત્રીનો દીકરો મારા દીકરા ઈસહાક સાથે વારસ થાય."

11આ બધી વાતોથી ઈબ્રાહિમ બહુજ દુ:ખી થયો તે પોતાના પુત્ર ઈશ્માએલને કારણે ખૂબ દુ:ખી હતો. 12પરંતુ દેવે ઈબ્રાહિમને કહ્યું, "એ પુત્રને કારણે તથા દાસ્ત્રી સ્ત્રીને કારણે મનમાં દુ:ખી થઈશ નહિં. સારા તને જે કંઈ કહે તે તેના કહ્યાં પ્રમાણે કર. કારણ કે તારો વંશવેલો ઈસહાકથી ચાલુ રહેશે. 13પરંતુ હું તારા દાસ્ત્રીપુત્રને પણ આશીર્વાદ આપીશ અને હું એ દાસ્ત્રીના પુત્રને પણ મોટો પરિવાર આપીશ, અને તે પરિવારનું પણ એક મોટું રાષ્ટ્ર બનાવીશ. કારણ કે એ તારું સંતાન છે."

14તેથી બીજે દિવસે વહેલી સવારે ઈબ્રાહિમે રોટલા અને પાણીના મશક લઈને હાગારને આપ્યાં અને છોકરાંને ખભે ચડાવીને તેને વિદાય કરી. તે ચાલી ગઈ અને બેર-શેબાના રણમાં ભટકવા લાગી. 15થોડા સમય પછી હાગારની મશકનું પાણી ખૂટી ગયું ત્યારે તેણે તે બાળકને એક નાના ઝાડ નીચે છોડી દીધું. 16હાગાર ત્યાંથી થોડા અંતરે ગઈ અને નીચે બેઠી. હાગારે વિચાર્યું કે ત્યાં પાણી નથી તેથી તેણીનો પુત્ર મૃત્યુ પામશે. તેણી તેને મૃત્યુ પામતો જોવા નહોતી ઈચ્છતી. તેણી ત્યાં બેઠી હતી ત્યારે રડવા લાગી.

17દેવે બાળકને રડતો સાંભળ્યો. અને આકાશમાંથી એક દૂતે હાગારને બોલાવી તેણે હાગારને પૂછયું, "હાગાર, તારે શી સમસ્યા છે? દેવે બાળકને રડતો સાંભળ્યો છે, ડરીશ નહિં, 18ઊઠ બાળકને ઉપાડી લે, અને તેનો હાથ પકડ અને તેને દોરવ, કારણ કે હું તેનાથી એક મહાન રાષ્ટ્ર બનાવવાનો છું."

19પછી દેવે હાગારને પાણીથી ભરેલો કૂવો દેખાય તેવું કર્યુ તે ત્યા ગઈ અને મશકમાં પાણી ભરી લીધું. અને બાળકને પાણી પાયું.

20બાળક જયાં સુધી મોટો ન થયો ત્યાં સુધી દેવ તેની સાથે રહ્યો. તે રણપ્રદેશમાં રહેતો હતો અને તેથી તે ધનુષ્ય ચલાવતા શીખ્યો અને નિપુણ શિકારી થઈ ગયો. 21તેની માતા તેના માટે મિસરની વહુ લાવી અને તેઓએ પારાનના રણમાં રહેવાનું ચાલુ રાખ્યું.

## ઈબ્રાહિમ અને અબીમેલેખ વચ્ચેની સંધિ

22તે સમયે અબીમેલેખ તેના સેનાપતિ ફીકોલ સાથે જઈ ઈબ્રાહિમને કહ્યું, "તું જે કાંઈ કહે છે તેમાં દેવ તને સહાય કરે છે. 23એટલા માટે આ ઘડીએ તું મારી આગળ દેવના નામે એવા સમ લે અને વચન આપ કે તું મારી સાથે અને મારા બધા વંશજો સાથે ન્યાયી બનશે અને, હું જેમ તારી સાથે દયાળુ રહ્યો છું તેમ તું મારી સાથે અને જે દેશમાં તું રહ્યો છે તેના વતનીઓ સાથે દયાળુ રહીશ."

24ત્યારે ઈબ્રાહિમે કહ્યું, "હું વચન આપું છું કે તેં જે વ્યવહાર મારી સાથે કર્યો છે એવો જ વ્યવહાર હું તારી સાથે પણ રાખીશ." 25ત્યારે ઈબ્રાહિમે અબીમેલેખને ફરિયાદ કરી. કારણ કે અબીમેલેખના નોકરોએ એક કૂવો પડાવી લીધો હતો.

26અબીમેલેખે કહ્યું, "આના વિષે મેં પહેલી વાર સાંભળ્યું છે. મને ખબર નથી કે આ કોણે કર્યુ છે અને તેં મને કહ્યું નથી, અને આજપર્યત મારે કાને આવ્યું નથી."

27એટલે ઈબ્રાહિમ અને અબીમેલેખે એક સંધિ કરી. ઈબ્રહિમે સંધિના પ્રમાણના રૂપમાં અબીમેલેખને ઘેટાં-બકરાં અને બળદો આપ્યાં.

28ઈબ્રાહિમે પ્રાણીઓના ટોળામાંથી સાત ઘેટીઓ અલગ કરીને તેમને અબીમેલેખની સામે મૂકી.

29અબીમેલેખે ઈબ્રાહિમને પૂછયું, "તેં આ સાત ઘેટીઓ તેમને તેમ કેમ મુકી છે? તેનો અર્થ શો?"

30ઈબ્રાહિમે કહ્યું, "જયારે તમે આ સાત ઘેટીઓ મારી પાસેથી લેશો ત્યારે આ કૂવો મેં ખોદાવ્યો છે એનો એ પુરાવો થશે.

31એટલા માટે એ જગ્યાનું નામ બેર-શેબા પડયું કારણ કે ત્યાં બંને જણે સમ ખાધા હતા.

32આ રીતે બેર-શેબામાં અબીમેલેખે ઈબ્રાહિમ સાથે સંધિ કરી. પછી અબીમેલેખ અને તેના સેનાપતિ ફીકોલ પલિસ્તિઓના પ્રદેશમાં પાછા ગયા.

33ઈબ્રાહિમે બેર-શેબામાં એક તામરીસ્કનું ઝાડ રોપ્યું અને ત્યાં ઈબ્રાહિમે યહોવા જે અમારા દેવ છે તેની પ્રાર્થના કરી. 34અને ઈબ્રાહિમ પલિસ્તીઓની ભુમિમાં ઘણો સમય રહ્યો.

## ઈબ્રાહિમ પુત્રનું બલિદાન આપવા તૈયાર

22 આ બધું થઈ ગયા પછી દેવે ઈબ્રાહિમના વિશ્વાસની કસોટી કરવાનું નકકી કર્યુ. દેવે તેને કહ્યું, "ઈબ્રાહિમ!"

ત્યારે ઈબ્રાહિમે ઉત્તર આપ્યો, "જી."

**2**દેવે કહ્યું, "તારા પુત્રને, તારા એકનાએક પુત્રને, જે તને વહાલો છે તે ઈસહાકને લઈને તું મોરિયા પ્રદેશમાં જા. અને ત્યાં હું કહું તે ડુંગર ઉપર તું તેનું દહનાર્પણ કર."

**3**તેથી ઈબ્રાહિમ સવારે વહેલો ઊઠયો અને તેણે ગધેડા પર જીન નાખ્યું. ઈબ્રાહિમે તેના પુત્ર ઈસહાક અને બે નોકરોને સાથે લીધા. ઈબ્રાહિમે યજ્ઞ માટે લાકડાં કાપીને તૈયાર કર્યા. અને પછી દેવે કહ્યું હતું તે જગ્યાએ જવા નીકળ્યા. **4**ત્રણ દિવસના પ્રવાસ પછી ઈબ્રાહિમે ઉપર જોયું અને જે જગ્યાએ એ જતાં હતા તે જગ્યા દૂર નજરે પડી. **5**પછી ઈબ્રાહિમે પોતાના નોકરોને કહ્યું, "તમે અહીં ગધેડા સાથે રહો, હું મારા પુત્રને તે જગ્યાએ લઈ જઈશ અને ઉપાસના વિધી કરીશ, પછી અમે પાછા આવીશું."

**6**ઈબ્રાહિમે યજ્ઞ માટેનાં લાકડાં લીધાં અને પોતાના પુત્ર ઈસહાકના ખભા ઉપર ચડાવ્યાં. અને ઈબ્રાહિમે પોતાના હાથમાં અગ્નિ અને છરો લીધો પછી ઈબ્રાહિમ અને તેનો પુત્ર બંને ઉપાસના માટે તે જગ્યાએ એક સાથે ગયા.

**7**ઈસહાકે પોતાના પિતા ઈબ્રાહિમને કહ્યું, "પિતાજી!"

ઈબ્રાહિમે ઉત્તર આપ્યો, "હા,બેટા, શું છે?"

ઈસહાક બોલ્યો, "જુઓ, અગ્નિ અને લાકડાં હું જોઉં છું. પણ એ બલિ માટે ઘેટું કયાં છે?"

**8**ઈબ્રાહિમે ઉત્તર આપ્યો, "બેટા,બલિ માટેનું ઘેટું દેવ જાતે જ આપણને પૂરું પાડશે."

### ઈસહાકની રક્ષા

તેથી, તેઓ બંને આગળ વધ્યા. **9**જયારે તેઓ દેવે કહેલી જગ્યાએ આવી પહોંચ્યા ત્યારે ઈબ્રાહિમે એક વેદી તૈયાર કરી, તેના ઉપર લાકડાં ગોઠવ્યાં અને પોતાના પુત્ર ઈસહાકને બાંધીને વેદી ઉપરનાં લાકડાં પર ચડાવી દીધો. **10**પછી ઈબ્રાહિમે પોતાનો છરો કાઢયો અને પુત્રનો વધ કરવાની તૈયારી કરી.

**11**ત્યારે યહોવાના દૂતે ઈબ્રાહિમને રોકયો. દેવદૂતે આકાશમાંથી બોલાવ્યો. "ઈબ્રાહિમ, ઈબ્રાહિમ!"

ઈબ્રાહિમે ઉત્તર આપ્યો, "જી!"

**12**દેવદૂતે કહ્યું, "તારા પુત્રને મારીશ નહીં તેને કોઈ સજા કરીશ નહીં, મેં જોયું કે તું દેવનો આદર કરે છે અને તેની આજ્ઞાનું પાલન કરે છે. મેં જોઈ લીધું છે કે તું તારા એકના એક પુત્રને મારા માટે બલિ ચઢાવતાં ખચકાયો નથી."

**13**ઈબ્રાહિમે ઉપર નજર કરીને જોયું તો તેની પાછળ ઝાડીમાં એક ઘેટો શિંગડા ભરાઈ જવાથી ફસાઈ ગયો હતો. ઈબ્રાહિમે તેને પકડયો અને પોતાના પુત્રને બદલે દહનાર્પણ તરીકે ચડાવ્યો. અને ઈબ્રાહિમનો પુત્ર બચી ગયો. **14**તેથી ઈબ્રાહિમે તે જગ્યાનું નામ યહોવા-યિરેહ* પાડયું.આજે પણ લોકો કહે છે, "આ પર્વત પર યહોવાને જોઈ શકાય છે."

**15**યહોવાના દૂતે આકાશમાંથી બીજી વાર ઈબ્રાહિમને સાદ કરીને કહ્યું **16**દેવદૂતે કહ્યું, "યહોવાની આ વાણી છે: હું મારી જાતના સમ લઉં છું કે, તેં આ કામ મારે માટે કર્યુ છે, અને તારા પુત્રને, તારા એકના એક પુત્રને મને બલિ ચડાવતાં તું ખચકાયો નથી. **17**તેથી હું જરૂર તને આશીર્વાદ આપીશ. હું આકાશના તારા જેટલા, દરિયાકાંઠાની રેતી જેટલા તારા વંશજો વધારીશ. અને તારા વંશજો પોતાના દુશ્મનોને કબજે કરશે. **18**અને તારા વંશજો દ્વારા ધરતી પરની તમામ પ્રજા આશીર્વાદ પામશે, કારણ કે તેં મારું કહ્યું માન્યું છે અને તે પ્રમાણે કર્યુ છે."

**19**પછી ઈબ્રાહિમ પોતાના નોકરો પાસે પાછો આવ્યો. તેઓ સાથે મળીને બેર-શેબા ગયા અને ઈબ્રાહિમ બેર-શેબામાં જ રહ્યો. **20**ત્યારબાદ ઈબ્રાહિમને ખબર મળી કે, "તારા ભાઈ નાહોરથી મિલ્કાહને પણ બાળકો થયાં છે. **21**સૌથી મોટો પુત્ર ઉસ, તેનો ભાઈ બૂઝ, અરામનો પિતા કમુએલ. **22**કેસેદ, હઝો, પિલ્દાસ, યિદલાફ અને બથુએલ." **23**બથુએલ રિબકાનો પિતા હતો. ઈબ્રાહિમના ભાઈ નાહોરથી મિલ્કાહને આ આઠ સંતાનો થયાં. **24**આ ઉપરાંત તેની રઉમાહ નામની દાસ્ત્રીને ટેબાહ, ગાહામ, તાહાશ અને માઆકાહ જન્મ્યા.

### સારાનું અવસાન

**23** સારા 127 વર્ષ સુધી જીવતી રહી; એનું આયુષ્ય એટલા વર્ષનું હતું. **2**સારાનું મૃત્યુ કનાન ભૂમિમાં આવેલા કિર્યાથ-આર્બા (હેબ્રોન)માં થયું. ઈબ્રાહિમ બહુજ દુ:ખી હતો અને તે તેણીના મૃત્યુ પર ખૂબ રડયો. **3**પછી તે મૃત પત્નીને ત્યાં છોડી તે હિત્તી લોકો સાથે વાત કરવા ગયો. તેણે કહ્યું **4**"હું તો ફકત આ પ્રદેશમાં રહેતો મુસાફર માત્ર છું. એટલે મારી પાસે મારી પત્નીને દફનાવવા માટે કોઈ જગ્યા નથી. તેથી તમે મને કબ્રસ્તાન માટે કોઈ જગ્યા તમારા ગામમાં આપો, કે જેથી હું મારી પત્નીને દફનાવું."

**5**હિત્તી લોકોએ ઈબ્રાહિમને જવાબ આપ્યો; **6**"શ્રીમાન, તમે અમારી વચ્ચે દેવના સૌથી મહાન આગેવાનોમાંના એક છો. અમારી પાસે જે જગ્યા છે તેમાંથી તમને સૌથી સારી લાગે તે જગ્યા તમારી પત્નીને દફનાવવા લઈ શકો છો. અમારામાંથી કોઈ પણ તમને તમારી પત્નીને દફનાવવાની ના પાડે તેમ નથી."

**7**ઈબ્રાહિમે ઊભા થઈને તે લોકોને પ્રણામ કર્યા. **8**ઈબ્રાહિમે તે લોકોને કહ્યું, "હું મારી પત્નીને દફનાવું એમાં તમે મને મદદ કરવા ઈચ્છતા હો તો મને સાંભળો, મારા તરફથી સોહારના પુત્ર એફ્રોનને મારા માટે વાત કરો; **9**"હું માખ્પેલાહની ગુફા, જે તેની માલિકીની છે તે ખરીદવા ઈચ્છું છું તે મને આપે. એ તેના ખેતરને છેડે આવેલી છે. હું તેની પૂરેપૂરી કિંમત આપીશ. હું ઈચ્છું છું કે તમે લોકો તેના સાક્ષી રહો કે હું આ જમીન તમારી હાજરીમાં કબ્રસ્તાન માટે ખરીદી રહ્યો છું."

**10**એફ્રોન તે લોકોની વચમાં જ બેઠેલો હતો. એફ્રોને ઈબ્રાહિમને ઉત્તર આપ્યો; **11**"ના, શ્રીમાન, મારી વાત

---

**યહોવા–યિરેહ** તેનો અર્થ એ છે કે "દેવ જુએ છે" અથવા યહોવા આપે છે.

સાંભળો. હું તમને એ ખેતર અને તેમાં આવેલી ગુફા બંને આપી દઉં છું. મારા લોકોની સાક્ષીએ હું તમને તે આપી દઉં છું. તમે તેમાં તમારી પત્નીને દફનાવો."

12પછી ઈબ્રાહિમે હિત્તી લોકો આગળ પોતાનું માથું નમાવ્યું. 13ઈબ્રાહિમે બધા લોકોની હાજરીમાં એફ્રોનને કહ્યું, "પરંતુ હું તો આ ખેતરની પૂરેપૂરી કિંમત આપવા માગું છું. તેનો તમે સ્વીકાર કરો તો હું મારી પત્નીને ત્યાં દફનાવી શકું."

14એફ્રોને ઈબ્રાહિમને જવાબ આપ્યો, 15"શ્રીમાન, મારી વાત સાંભળો, તમારી અને મારી વચ્ચે 400 શેકેલ ચાંદીની જમીનની શી વિસાત? તમે તમારી પત્નીને દફનાવો." 16ઈબ્રાહિમ સમજયો કે એફ્રોન તેને જમીનની કિંમત કહી રહ્યો છે. એટલે હિત્તી લોકોને સાક્ષી માનીને તે રકમ, એટલે કે 400 શેકેલ ચાંદી, વેપારીઓના ચાલુ વજન પ્રમાણે તોલી આપી.

17-18આ પ્રમાણે એફ્રોનના ખેતરનો માલિક બદલાઈ ગયો. આમ, મામરેની પૂર્વમાં માખ્પેલાહમાં આવેલા એફ્રોનના ખેતર તેમાં આવેલી ગુફા તેમજ તેમાંના ઝાડનો કબજો ઈબ્રાહિમને આપ્યો, હિત્તી લોકોની સાક્ષીએ આ સોદો ઈબ્રાહિમને મળ્યો. 19એ પછી ઈબ્રાહિમે પોતાની પત્ની સારાને મામરે (હેબ્રોન)ની નજીક આવેલા માખ્પેલાહની ગુફામાં કનાનના પ્રદેશમાં દફનાવી. 20પછી ખેતર અને તેમાંની ગુફાનો કબ્રસ્તાન તરીકે ઉપયોગ કરવા માટે ઈબ્રાહિમે હિત્તી લોકો પાસેથી ખરીદી લીધું. તે હવે તેની સંપત્તિ થઈ ગઈ હતી, અને તેણે તેનો ઉપયોગ કબ્રસ્તાન તરીકે કર્યો.

## ઈસહાક માટે પત્નીની શોધ

24 હવે ઈબ્રાહિમ ખૂબ વૃદ્ધ થયો હતો. યહોવાએ ઈબ્રાહિમને આશીર્વાદ આપ્યા અને તેના પ્રત્યેક કામમાં સફળતા પ્રદાન કરી. 2ઈબ્રાહિમે પોતાના ઘરના જૂનામાં જૂના નોકરને બોલાવ્યો અને કહ્યું, "મારી જાંઘ નીચે તારો હાથ મૂક. 3હું તને આકાશ અને પૃથ્વીના દેવ યહોવાને નામે સમ દેવા ઈચ્છું છું કે તું કનાનીઓની કોઈ પણ કન્યા સાથે મારા પુત્રના વિવાહ થવા દઈશ નહિં. અમે લોકો કનાનીઓની વચમાં રહીએ છીએ, પરંતુ કોઈ પણ કનાની કન્યા સાથે તેના લગ્ન થવા ન દેશો. 4તમે મારા દેશમાં મારાં સગાંસંબંધીઓમાં જાઓ અને ત્યાં શોધો. પછી ત્યાંથી મારા દીકરા માટે સ્રી લાવજો."

5નોકરે તેમને કહ્યું, "કદાચ તે કન્યા મારી સાથે આ દેશમાં આવવા તૈયાર ન પણ થાય. ત્યારે મારે તમારા પુત્રને તમે જે દેશમાંથી આવ્યા છો ત્યાં પાછો લઈ જવો?"

6ઈબ્રાહિમે તેને કહ્યું, "ના, તું મારા પુત્રને એ દેશમાં લઈ જઈશ નહિં. 7યહોવા આકાશના દેવે મને મારી જન્મભૂમિનો અને મારા બાપના ઘરનો ત્યાગ કરાવ્યો હતો. અને જેણે સમ ખાઈને મને એવું વચન આપ્યું હતું : 'હું તારા વંશજોને આ દેશ આપીશ.' તે તારી આગળ તને દોરવવા તેના દૂતને ત્યાંથી મારા પુત્ર માટે પત્ની લાવવા મોકલશે. 8પરંતુ કન્યા જો તારી સાથે આવવા તૈયાર ન હોય તો તું મારા આ સમથી મુકત છે. પરંતુ તું મારા પુત્રને તે દેશમાં પાછો લઈ જઈશ નહિ."

9આ રીતે નોકરે પોતાના ઘણી ઈબ્રાહિમની જાંઘ નીચે હાથ મૂકયો અને એ પ્રકારના સમ લીધા.

## શોધખોળ શરુ

10પછી નોકરે ઈબ્રાહિમના દસ ઊંટ લીધાં. અને ઘણી પાસેથી જાતજાતની સારામાં સારી ભેટસોગાદો લઈને અરામ-નાહશા-ઈમનામાં આવેલા નાહોર નગરમાં જવા નીકળી પડયો. 11તે નગર બહાર કૂવા પાસે ગયો, ત્યારે સંધ્યાકાળે સ્ત્રીઓ ત્યાં પાણી ભરવા જતી હતી. તે વખતે તેણે શહેર બહાર કૂવા પાસે ઊંટને બેસાડયાં.

12નોકરે કહ્યું, "હે યહોવા, તું મારા ઘણી ઈબ્રાહિમનો દેવ છે. આજે તું મારા ઘણીના પુત્ર માટે એક વહુ મેળવી આપ. કૃપા કરીને મારા ઘણી ઈબ્રાહિમ ઉપર દયા કર. 13હું આ પાણી ભરવાના કૂવા પાસે ઊભો છું અને નગરની કન્યાઓ પાણી ભરવા આવે છે. 14હું એક વિશિષ્ટ પ્રકારના ચિન્હની પ્રતીક્ષા કરી રહ્યો છું, જેના વડે હું જાણી શકું કે ઈસહાકને યોગ્ય કઈ કન્યા છે. હું કન્યાને કહું કે 'તારો ઘડો જરા વાંકો કર, એટલે હું પાણી પી શકું.' અને જે કન્યા કહે કે, 'પીઓને; અને હું તમારાં ઊંટને પણ પાઈશ.' તે જ તારા સેવક ઈસહાકની વહુ થવા તેં નક્કી કરેલી કન્યા હોય. આના ઉપરથી હું જાણીશ કે મારા ઘણી ઉપર તારી કૃપા છે."

## વહુ પ્રાપ્ત થઈ

15પછી નોકરની પ્રાર્થના પૂરી થતાં પહેલા જ ત્યાં રિબકા નામની કન્યા ખભા પર ઘડો લઈને આવી. રિબકા બથુએલની પુત્રી હતી. અને બથુએલ ઈબ્રાહિમના ભાઈ નાહોર અને મિલ્કાહનો પુત્ર હતો. 16કન્યા ખૂબ રૂપાળી હતી અને કુંવારી હતી. કોઈ પુરુષનો સ્પર્શ તેને થયો ન હતો. તે પોતાનો ઘડો ભરવા માટે કૂવા ઉપર આવી. 17અને જ્યારે તેણી ગાગર ભરીને પાછી આવી, નોકર તેની તરફ દોડ્યો અને બોલ્યો, "કૃપા કરીને તામારા ઘડામાંથી થોડું પાણી પીવા આપશો?"

18રિબકાએ જલદીથી ખભા પરથી ઘડો ઉતાર્યો અને તેને પાણી પાયું. રિબકાએ કહ્યું, "શ્રીમાન, લ્યો આ પીઓ." 19જયારે તે પાણી પીવડાવી રહી એટલે તે બોલી, "તમારા ઊંટ માટે પણ તેઓ પી રહે ત્યાં સુધી હું પાણી લાવી આપીશ." 20એમ કહીને તેણે ઝટપટ ઘડો હવાડામાં ઠાલવી દીધો અને ફરી ભરવા માટે કૂવે દોડી ગઈ. અને તેણે બધાંજ ઊંટોને પાણી પીવડાવ્યું.

21નોકરે ચૂપચાપ ધ્યાનથી તેને જોઈ. એ નક્કી જાણવા માગતો હતો કે કદાચ યહોવાએ એની વાત સ્વીકારીને તેનો પ્રવાસ સફળ કર્યો છે. 22ઊંટો પાણી પી રહ્યાં એટલે પેલા માણસે અર્ધા તોલા સોનાની એક વાળી અને દસ તોલા સોનાની બે બંગડીઓ પેલી યુવતીને આપી. 23પછી નોકરે

પૂછયું, "તારા પિતા કોણ છે? તારા પિતાના ઘરમાં અમે રાતવાસો કરીએ એટલી જગ્યા છે?"

24રિબકાએ જવાબ આપ્યો, "મારા પિતા બથુએલ છે, જે મિલ્કાહ અને નાહોરના પુત્ર છે." 25પછી તેને કહ્યું, "હા, અમારી પાસે તમારા ઊંટો માટે પુષ્કળ ઘાસચારો છે. અને રાતવાસો કરવા માટે જગ્યા પણ છે."

26નોકરે માથું નમાવીને યહોવાની ઉપાસના કરી. 27નોકરે કહ્યું, "મારા ધણી ઈબ્રાહિમના દેવ યહોવાની પ્રશંસા થાઓ. યહોવા મારા ધણી પ્રત્યે દયાળુ અને વફાદાર રહ્યાં છે. યહોવાએ મને મારા ધણી ના સગાઓના ઘરે દોરવ્યો છે. અને મારા ધણી ના પુત્ર માટે યોગ્ય કન્યા તરફ દોરવ્યો છે."

28પછી રિબકાએ ઘેર દોડી જઈને જે કાંઈ બન્યું હતું તે પોતાના પરિવારને જણાવ્યું,, 29રિબકાના ભાઈનું નામ લાબાન હતું. રિબકાએ તે વ્યકિતએ જે વાત કરી હતી તે વાતો ભાઈને કહી. લાબાન તેની વાતો સાંભળી રહ્યો હતો ત્યારે 30તેણે પોતાની બહેનના હાથ પર બંગડીઓ અને વાળી જોઈ, તેથી તે દોડીને પેલા માણસને મળવા ગયો. તે માણસ કૂવા આગળ ઉંટો પાસે ઊભો હતો. 31લાબાને કહ્યું, "પધારો શ્રીમાન, આપનું સ્વાગત કરું છું તમે અહીં બહાર કેમ ઊભા છો? મેં તમારા ઊંટોને માટે એક જગ્યા તૈયાર રાખી છે, અને તમારા માટે સૂવાનો ઓરડો પણ તૈયાર કરી દીધો છે."

32તેથી ઈબ્રાહિમનો નોકર ઘરમાં ગયો. લાબાને ઊંટના બંધનો છોડી નાખ્યા, ઊંટો માટે ઘાસચારો આપ્યો. અને તેને અને તેના માણસોને પગ ધોવા માટે પાણી આપ્યું. 33પછી લાબાને તેમને ખાવા માટે ભોજન આપ્યું. પરંતુ તેણે કહ્યું, "હું શા કામે આવ્યો છું તે કહ્યાં પહેલા હું જમીશ નહિં." લાબાન બોલ્યો, "તો કહો."

## રિબકા ઈસહાકની પત્ની બની.

34નોકરે કહ્યું, "હું ઈબ્રાહિમનો નોકર છું, યહોવાએ અમારા ધણી ઉપર દરેક બાબતમાં કૃપા કરી છે. મારા ધણી મહાન વ્યકિત થઈ ગયા છે. 35યહોવાએ તેમને ઘેટાંબકરાં, ઊંટો અને ગધેડાં, ઢોરઢાંખર, સોનુંરૂપું, દાસ દાસ્ત્રીઓ આપ્યાં છે. 36મારા ધણી ની પત્ની સારાને વૃદ્ધાવસ્થામાં એક પુત્ર અવતર્યો અને મારા ધણીએ તેને બધી મિલકત સોંપી દીધી છે. 37મારા માલિકે મને એવા સમ દીધા છે કે, 'જે કનાનીઓના દેશમાં હું વસું છું તેમની પુત્રીઓમાંથી તારે મારા પુત્ર માટે સ્ત્રી લાવવી નહિં. 38એટલા માટે તારે વચન આપવું પડશે કે તું મારા પિતાના દેશમાં અને મારા કુટુંબમાં જઈને ત્યાંથી મારા પુત્ર માટે કન્યા લાવીશ.' 39મેં મારા ધણીને કહ્યું, 'કદાચ એમ પણ બને કે સ્ત્રી મારી સાથે આ દેશમાં આવવા તૈયાર ન થાય.' 40પરંતુ મારા ધણીએ કહ્યું, 'હું યહોવાની સેવા કરું છું. અને યહોવા તારી સાથે એમનો દૂત મોકલશે, જે તમારી મદદ કરશે. ત્યાં તને અમારા લોકોમાં મારા પુત્ર માટે સ્ત્રી મળશે. 41એ પછી તું મને આપેલા તારા વચનથી મુકત થઈશ. પરંતુ જો તું મારા પિતાના દેશમાં જા અને તે લોકો મારા પુત્ર માટે કન્યા આપવાની ના પાડે તો પણ તું તારા સમથી મુકત છે.'

42"આજે હું આ કૂવા આગળ આવ્યો અને મેં કહ્યું, 'હે યહોવા, મારા ધણીના દેવ, કૃપા કરીને મારા પ્રવાસને સફળ બનાવો." 43જો હું આ કૂવા આગળ ઊભો રહું છું. હવે જે યુવાન કન્યા પાણી ભરવા આવે અને જેને હું કહું કે, "તારા ઘડામાંથી મને થોડું પાણી પા." 44અને જો તેણી મને કહે, "પાણી પીઓ હું તમારાં ઊંટો માટે પણ પાણી લાવીશ. એ રીતે હું જાણીશ કે તેણી મારા ધણીના પુત્ર માટે યહોવાએ પસંદ કરેલ યોગ્ય કન્યા છે.'

45"મારી પ્રાર્થના પૂરી થતાં પહેલા જ રિબકા કૂવા પર પાણી ભરવા આવી. પાણીનો ઘડો તેના ખભા પર હતો તે ઊતારીને પાણી ભર્યું. મેં તેને કહ્યું, કૃપા કરીને મને થોડું પાણી આપો. 46તેણીએ તરત જ ઘડો નમાવ્યો અને કહ્યું, 'પીઓ અને હું તમારા ઊંટો માટે પણ પાણી લાવીશ.' તેથી મેં પાણી પીધું અને તેણીએ મારા ઉંટોને પણ પીવા માટે પાણી આપ્યું. 47પછી મેં એને પૂછયું, 'તારા પિતા કોણ છે?' એણે ઉત્તર આપ્યો, 'મારા પિતા બથુએલ છે. મારા પિતાના માતાપિતા મિલ્કાહ અને નાહોર છે.' એટલે મેં એના નાકમાં વાળી અને હાથમાં બંગડીઓ પહેરાવી. 48પછી મેં સાષ્ટાંગ પ્રણામ કર્યા અને મારા ધણીના દેવની સ્તુતિ કરી. કારણ કે તે મને સાચા માર્ગે દોરી લાવ્યા, જેથી હું મારા ધણીના પુત્ર માટે તેના ભાઈની પુત્રી પસંદ કરી શકું. 49હવે તમે શું કરશો? તે કહો. શું તમે મારા ધણી પ્રત્યે દયાળુ અને શ્રધ્ધાળુ બનશો અને તમારી પુત્રી તેને આપશો? કે પછી તમારી પુત્રી આપવાની ના પાડશો? એ મને જણાવો, જેથી મારે કયે રસ્તે જવું તેની ખબર પડે."

50પછી લાબાને અને બથુએલે જવાબ આપ્યો, "અમે જોઈએ છીએ કે આ બધું યહોવાની ઈચ્છાથી થયું છે. તેથી અમે તેને બદલવા માટે કઈપણ કહી શકીએ નહી. 51આ રિબકા તમારી આગળ છે, એને લઈ જાઓ અને તમારા ધણીના પુત્ર સાથે પરણાવો."

52ઈબ્રાહિમના નોકરે આ સાંભળ્યું અને તેણે યહોવાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. 53પછી તેણે પોતે જે સાથે લાવ્યો હતો તે ભેટો રિબકાને આપી. તેણે રિબકાને સોનારૂપાના દાગીના તથા સુંદર વસ્રો કાઢીને રિબકાને આપ્યાં. તેણે તેના ભાઈ અને તેની મા ને કિંમતી ભેટો આપી. 54તેણે અને તેની સાથેના માણસોએ ત્યાં ખાધુંપીધું અને ત્યાં જ રાત રહ્યાં. બીજે દિવસે સવારે ઊઠયા અને બોલ્યા, "હવે અમે અમારા ધણીની પાસે જઈશું."

55રિબકાની મા અને ભાઈએ કહ્યું, "રિબકાને અમારા લોકોની સાથે થોડા દિવસ રહેવા દો; કંઈ નહિ તો દસ દિવસ તો રહેવા દો, ત્યાર પછી તે આવશે."

56પરંતુ નોકરે તેઓને કહ્યું, "મને રોકશો નહિ, યહોવાએ મારો પ્રવાસ સફળ બનાવ્યો છે. હવે મને જવા દો જેથી હું મારા ધણીને જઈને મળું."

57રિબકાના ભાઈ અને માએ કહ્યું, "અમે રિબકાને
બોલાવીને પૂછીએ છીએ કે તે શું ઈચ્છે છે?" 58તેઓએ
રિબકાને બોલાવી અને તેને પૂછયું, "શું તું આ માણસ સાથે
હમણા જ જવા ઈચ્છે છે?"

રિબકાએ કહ્યું, "હા, હું જઈશ."

59તેથી તેઓએ રિબકાને ઈબ્રાહિમના નોકર અને તેના
સાથીઓ સાથે વિદાય કર્યા. રિબકાની દાસ્ત્રી પણ તેની સાથે
ગઈ. 60જયારે તે વિદાય થતી હતી ત્યારે આશીર્વાદ
આપ્યા કે,

"અમારી બહેન, લાખો પુત્રોની માતા થાઓ, અને તારા
વંશજો દુશ્મનોના શહેરો કબજે કરો."

61પછી રિબકા અને તેની દાસ્ત્રીઓ ઊંટ પર સવાર થઈ
અને નોકર તથા તેની સાથીઓની પાછળ પાછળ ચાલવા
લાગી. આ રીતે નોકરે રિબકાને સાથે લીધી અને ઘેર પાછા
ફરવા માટેની યાત્રા શરુ કરી. 62તે સમયે ઈસહાકે બેર-
લાહાય-રોઈ છોડી દીધું હતું અને નેગેવમાં રહેવાનું શરૂ કર્યુ
હતું. 63એક દિવસ સાંજે તે ખેતરમાં ફરવા ગયો હતો. ત્યાં
તેણે આંખ ઊંચી કરીને જોયું તો ઊંટો આવતાં દેખાયાં.

64રિબકાએ નજર કરી અને ઈસહાકને જોયો. એટલે તે
ઊંટ પરથી ઊતરી પડી. 65તેણે નોકરને પૂછયું, "પેલો માણસ
ખેતરમાં ફરનારો, આપણને મળવા આવે છે તે કોણ છે?"

નોકરે કહ્યું, "તે મારા ધણીનો પુત્ર છે." એટલે રિબકાએ
પોતાનો ચહેરો બુરખામાં છુપાવી દીધો.

66નોકરે ઈસહાકને જે જે બન્યું હતું તે બધું કહી સંભળાવ્યું.
67પછી ઈસહાક રિબકાને પોતાની માતાના તંબૂમાં લઈ ગયો.
તે દિવસે ઈસહાકે રિબકા સાથે વિવાહ કરી લીધા. તે તેની
સાથે ખૂબ પ્રેમભાવ રાખતો હતો, તેથી તેને માતાના મૃત્યુ
પછી પણ સાંત્વન પ્રાપ્ત થયું. માતાના મરણનું દુ:ખ તે
ભૂલી શકયો.

## ઈબ્રાહિમનો પરિવાર

25 પછી ઈબ્રાહિમે બીજા લગ્ન કર્યા, તેની બીજી
પત્નીનું નામ કટૂરાહ હતું. 2કટૂરાહે ઝિમ્રાન,
યોકશાન, મદાન, મિધાન, યિશબાક અને શૂઆહને જન્મ
આપ્યા. યોકશાનને શબા અને દદાન બે પુત્રો થયા. 3અને
દદાનના વંશજો આશૂરીઓ, લટુશીમઓ અને લઉમીમઓ
હતા. 4મિધાનના પુત્રો એફાહ, એફેર, હનોખ, અબીદા અને
એલ્દાઆહ હતા. આ બધા ઈબ્રાહિમ અને કટૂરાહના વંશજો
હતા. 5પોતાની બધી મિલકત ઈબ્રાહિમે ઈસહાકને આપી
અને દાસ્ત્રીઓના પુત્રોને તેણે ઉપહારો આપ્યા. 6ઈબ્રાહિમે
મૃત્યુ પહેલા પોતાની દાસ્ત્રીઓના પુત્રોને ઈસહાકથી દૂર
પૂર્વના પ્રદેશમાં મોકલી દીધા. તે પછી ઈબ્રાહિમે પોતાની
બધી મિલકત ઈસહાકને આપી દીધી.

## ઈબ્રાહિમનું અવસાન

7ઈબ્રાહિમ 175 વર્ષની ઉંમર સુધી જીવતો રહ્યો. 8ઈબ્રાહિમ
દિવસેને દિવસે વધુને વધુ નબળો પડતો ગયો. પછી સંતોષ
કારક જીવન જીવીને ખૂબ મોટી ઉંમરે તે મૃત્યુ પામ્યો અને
તેને તેના પૂર્વજોની સાથે દફનાવવામાં આવ્યો. 9તેના પુત્ર
ઈસહાકે અને ઈશ્માએલે તેને મામરેની પૂર્વમાં આવેલા સોહાર
હિત્તીના એફ્રોનના ખેતરમાં, માખ્પેલાહની ગુફામાં દફનાવ્યો.
10આ એ જ ગુફા અને ખેતર છે જે ઈબ્રાહિમે હિત્તી લોકો
પાસેથી ખરીદયા હતાં. ત્યાં ઈબ્રાહિમને તેની પત્ની સારા
સાથે દફનાવવામાં આવ્યો. 11ઈબ્રાહિમના મૃત્યુ પછી દેવે
તેના પુત્ર ઈસહાક ઉપર આશીર્વાદો વરસાવ્યા અને તે બેર-
લહાય-રોઈ રહેવા લાગ્યો.

12ઈશ્માએલના પરિવારની આ યાદી છે. ઈશ્માએલ
સારાની મિસરી દાસ્ત્રી હાગાર અને ઈબ્રાહિમનો પુત્ર હતો.
13ઈશ્માએલના પુત્રો તેમના જન્મના ક્રમ પ્રમાણે આ છે:
તેનો મોટો પુત્ર નબાયોથ હતો. પછી કેદાર, 14પછી
આદબએલ, પછી મિલ્સામ, પછી 15મિશમા, પછી દુમાહ,
અને પછી માસ્સા, પછી હદાદ, પછી તેમા, પછી યટુર,
પછી નાફીશ, અને પછી કેદમાદ, આ ઈશ્માએલના પુત્રો
છે. 16અને એમનાં ગામો અને છાવણીઓનાં નામ એમનાં
નામ પરથી જ પડયા છે. અને એ બારે વ્યકિતઓ
પોતપોતાના કબીલાના આગેવાન હતા. એ બારે પુત્ર લોકોમાં
બાર રાજકુમારો સમાન હતા. 17ઈશ્માએલની ઉંમર 137
વર્ષની થઈ ત્યારે તેનું અવસાન થયું. 18ઈશ્માએલના વંશજો
આશૂરને રસ્તે મિસરની પૂર્વ દિશામાં હવીલાહથી શૂર સુધીની
ભૂમિમાં વસ્યાં હતા. ઈશ્માઈલના વંશજોએ તેના ભાઈના
લોકો પર ઘણી વખત હુમલાઓ કર્યા.

## ઈસહાકનો પરિવાર

19આ ઈસહાકની કથા છે. ઈબ્રાહિમનો એક પુત્ર ઈસહાક
હતો. 2040વર્ષની વયે ઈસહાકે રિબકા સાથે લગ્ન કર્યા. રિબકા
પદ્નારામની વતની હતી. તે અરામના બથુએલની પુત્રી
અને અરામના લાબાનની બહેન હતી. 21તેની પત્નીને બાળકો
થતાં ન હતાં. આથી ઈસહાકે તેના માટે યહોવાને પ્રાર્થના
કરી. યહોવાએ ઈસહાકની પ્રાર્થના સાંભળી અને માન્ય
રાખી અને રિબકા ગર્ભવતી થઈ.

22જયારે રિબકા ગર્ભવતી હતી ત્યારે તેણીનાં ગર્ભમાં બે
બાળકો થવાને કારણે તેણીએ સહન કર્યુ. ગર્ભમાં બાળકો
એકબીજા સાથે ધક્કામુક્કી કરતાં, એટલે તેણી બોલી, "મારી
સાથે આવું શું કામ બની રહ્યું છે?" તેણીએ યહોવાને પ્રાર્થના
કરી. 23ત્યારે યહોવાએ તેને કહ્યું, "તારા પેટમાં બે પ્રજાઓ
છે, બે પરિવારોના રાજા તમારામાંથી જ થશે. જન્મથી જ
પરસ્પર વિરોધી એવી બે પ્રજાઓ, એકબીજા કરતાં વધારે
બળવાન થશે; મોટો પુત્ર નાના પુત્રની સેવા કરશે."

24પૂરા દિવસો થતા રિબકાએ બે જોડકાં બાળકોને જન્મ
આપ્યો. 25પ્રથમ જનીત બાળક તે લાલ હતો. તેના આખા
શરીરે વાળ હતા, જાણે તેણે વાળનો ઝભ્ભો ન પહેર્યો હોય
આથી તેણીએ તેનું નામ એસાવ પાડયું. 26જયારે બીજો
બાળક જન્મ્યો ત્યારે તેના હાથે એસાવની એડી પકડેલી

હતી. આથી તેનું નામ યાકૂબ પાડયું. એ પુત્રો જન્મ્યા ત્યારે ઈસહાકની ઉંમર 60 વર્ષની થઈ હતી.

27બાળકો મોટા થયાં ત્યારે 'એસાવ' કુશળ શિકારી થયો, અને તે ખેતરોમાં રહેવાનું પસંદ કરતો. જયારે યાકૂબ શાંત પ્રકૃતિનો હતો. અને તંબૂઓમાં સ્થિર થઈને રહેતો હતો. 28ઈસહાક એસાવને ખૂબ પ્રેમ આપતો, તે તેને ખૂબ વહાલો હતો. એસાવ શિકાર કરીને જે પશુને લાવતો તેનું માંસ તે ખાતો હતો. પરંતુ યાકૂબ રિબકાને વહાલો હતો.

29એક વખત એસાવ શિકાર કરીને પાછો ફર્યો. તે થાકેલો હતો ને ભૂખથી પરેશાન હતો. યાકૂબ દાળ-શાક રાંધી રહ્યો હતો. 30તેથી તેણે યાકૂબને કહ્યું, "આ લાલ શાકમાંથી મને થોડું ખાવા માટે આપ. મને ખૂબ ભૂખ લાગી છે." (આથી તેનું નામ અદોમ પડયું) 31પરંતુ યાકૂબે કહ્યું, "પહેલાં તું તારો જયેષ્ઠપણાનો હક્ક મને આપ."

32એસાવે કહ્યું, "હું ભૂખથી મરવા પડયો છું. જો હું મરી જઈશ તો મારા પિતાનું ધન પણ મને મદદ કરી શકવાનું નથી. તેથી હું તને મારો ભાગ આપીશ."

33પરંતુ યાકૂબે કહ્યું, "પહેલાં તું સમ લે કે તું મને તે આપીશ." તેથી એસાવે યાકૂબ આગળ સમ ખાધા. અને એસાવે પોતાના પિતાની મિલકતનો પોતાનો ભાગ યાકૂબને આપ્યો અને પોતાનો પ્રથમ પુત્રનો હક્ક પણ યાકૂબને વેચી દીધો. 34પછી યાકૂબ એસાવને રોટલી અને મસૂરની દાળ આપી. પછી ખાધા-પીધા પછી તે ઊઠીને ચાલ્યો ગયો. આ રીતે એસાવે એ દશાર્વ્યુ કે તે પોતાના પ્રથમ પુત્ર હોવાના હક્કની પરવા કરતો નથી.

## ઈસહાકનું અબીમેલેખને અસત્ય કહેવું

26 એ દેશમાં પહેલાં ઈબ્રાહિમના સમયમાં દુકાળ પડયો હતો તે સિવાય આ બીજો દુકાળ પડયો. તેથી ઈસહાક ગેરાર નગરના પલિસ્તીઓના રાજા અબીમેલેખ પાસે ગયો. 2યહોવાએ ઈસહાક સાથે વાત કરી. યહોવાએ ઈસહાકને કહ્યું, "મિસર જઈશ નહિ, હું તને કહું તે દેશમાં જ તું રહેજે. 3અત્યારે તું આ જ દેશમાં રહ; હું તારી સાથે રહીશ અને તને આશીર્વાદ આપીશ. હું તને અને તારા વંશજોને બધા પ્રદેશો આપીશ. અને તારા પિતા ઈબ્રાહિમ આગળ મેં જે સમ ખાધા હતા તે પૂરા કરીશ. 4હું તારા વંશજોને આકાશના અસંખ્ય તારા જેટલા વધારીશ. અને એમને આ બધા પ્રદેશો આપીશ. અને તારા વંશજોને કારણે પૃથ્વીની બધી પ્રજાઓ આશીર્વાદિત થશે. 5આ હું એટલા માટે કરીશ, કારણ કે તારા પિતા ઈબ્રાહિમે મારી આજ્ઞાનું પાલન કર્યુ અને મેં જે કહ્યું તે તેણે કર્યુ છે, મારા આદેશો મારા કાનૂનો અને મારા નિયમોનું પાલન કર્યુ છે."

6આમ ઈસહાક ત્યાં રોકાયો અને ગેરારમાં રહેવા લાગ્યો. ત્યાંના લોકોએ તેને તેની સ્ત્રી વિષે પૂછયું ત્યારે તેણે કહ્યું કે, "એ તો મારી બહેન છે." 7'રિબકા મારી પત્ની છે.' એમ કહેવાની ઈસહાકમાં હિંમત નહોતી. તેને ડર હતો કે લોકો તેની પત્નીને મેળવવા માટે કદાચ તેને મારી નાખશે.

8ઠીક ઠીક પ્રમાણમાં ત્યાં રહ્યા બાદ એક દિવસ પલિસ્તીઓના રાજા અબીમેલેખે બારીમાંથી જોયું તો તેણે ઈસહાકને પત્ની રિબકાને લાડ લડાવતો જોયો. 9અબીમેલેખે ઈસહાકને બોલાવ્યો અને કહ્યું, "આ સ્ત્રી તારી પત્ની છે તેં અમને લોકોને એમ શા માટે કહ્યું કે, એ મારી બહેન છે?"

ઈસહાકે તેમને કહ્યું, "હું ડરતો હતો, કદાચ તમે તેણીને મેળવવા માટે મને મારી નાખશો."

10અબીમેલેખે કહ્યું, "તેં અમારા લોકો માટે આ બહુજ ખરાબ કર્યુ છે. અમારામાંનો કોઈ વ્યકિત તારી પત્ની સાથે સહેજે સૂઈ ગયો હોત અને તેં અમને પાપના દોષમાં નાખ્યા હોત."

11એટલા માટે અબીમેલેખે બધા લોકોને ચેતવણી આપી કે, "જે કોઈ વ્યકિત આ માણસને કે એની પત્નીને અડશે તેને મારી નાખવામાં આવશે."

## ઈસહાક ધનવાન બને છે

12ઈસહાકે તે પ્રદેશમાં ખેતી કરી અને તે જ વર્ષે મબલખ પાક ઉતર્યો. યહોવાએ તેના પર ઘણી કૃપા કરી. 13ઈસહાક ધનવાન બની ગયો. જયાં સુધી તે મોટો ધનવાન ન બને ત્યાં સુધી તેની સંપત્તિ વધતી જ ગઈ. 14તેની પાસે એટલાં બધાં ઘેટાં-બકરાં અને ઢોરઢાંખર તેમજ નોકર-ચાકર હતા કે પલિસ્તીઓ તેની ઈર્ષા કરવા લાગ્યા. 15અને તેથી તે લોકોએ ઈસહાકના પિતા ઈબ્રાહિમના વખતમાં તેના નોકરોએ જે કૂવાઓ ખોધ્યા હતા તે બધા કૂવાઓનો નાશ કર્યો અને તે કૂવાઓને માટીથી પૂરી દીધા. 16અબીમેલેખે ઈસહાકને કહ્યું, "તું અમારો દેશ છોડી જા, તું અમારા લોકો કરતાં વધારે બળવાન થઈ ગયો છે."

17તેથી ઈસહાકે તે જગ્યા છોડી દીધી અને ગેરારની નાની નદીના કાંઠે સપાટ પ્રદેશમાં મુકામ કર્યો, અને ત્યાં જ રહેવા લાગ્યો.18ઈસહાકે તેના પિતા ઈબ્રાહિમના સમયમાં જે કૂવાઓ ખોદાવ્યા હતા તે ફરીથી ખોદાવ્યા. કારણ કે ઈબ્રાહિમના મૃત્યુ પછી પલિસ્તીઓએ તે કૂવાઓ માટીથી પૂરી દીધા હતા. અને ઈસહાકે તે કૂવાઓનાં નામ તેના પિતાએ જે પાડયાં હતાં તે જ રાખ્યાં. 19ઈસહાકના નોકરોએ નાની નદીની પાસે એક કૂવો ખોધો. તે કૂવામાંથી એક પાણીનો ઝરો મળી આવ્યો. 20ત્યારે ત્યાં ગેરારના ગોવાળોએ ઈસહાકના ગોવાળો સાથે ઝઘડો કર્યો અને કહેવા લાગ્યા, "આ પાણી અમારું છે." તેથી ઈસહાકે તે કૂવાનું નામ અસેક પાડયું. કારણ કે તે જગ્યા પર તે લોકોએ ઝઘડો કર્યો હતો.

21પછી ઈસહાકના નોકરોએ બીજો કૂવો ખોધ્યો. ત્યાંના લોકોએ તે કૂવા માટે પણ ઝગડો કર્યો તેથી તેનું નામ તેણે સિટનાહ રાખ્યું.

22પછી ત્યાંથી દૂર જઈને બીજો કૂવો ખોધ્યો, તે કૂવા માટે કોઈ ઝગડો કરવા આવ્યું નહિ તેથી તેણે તેનું નામ 'રહોબોથ' રાખ્યું અને કહ્યું, "યહોવાએ અમારા માટે આ જગ્યા નક્કી કરી છે. અમે પ્રગતિ કરીશું. અને આ ભૂમિમાં અમને લાભ મળશે."

23આ જગ્યાએથી ઈસહાક બેર-શેબા ગયો. 24ત્યાં તે જ રાત્રે યહોવાએ તેને દર્શન આપીને કહ્યું, "હું તારા પિતા ઈબ્રાહિમનો દેવ છું. ડરીશ નહિ, હું તારી સાથે જ છું અને હું તને આશીર્વાદ આપીશ. હું તારા વંશજોની વૃદ્ધિ કરીશ. હું મારા સેવક ઈબ્રાહિમના માટે આ બધું કરીશ." 25એથી ઈસહાકે તે સ્થળે યહોવાની ઉપાસના માટે એક વેદી બનાવડાવી. ઈસહાકે ત્યાં મુકામ કર્યો, અને ત્યાં તેના નોકરોએ એક કૂવો ખોધ્યો.

26પછી અબીમેલેખ ગેરારથી ઈસહાકને મળવા આવ્યો, તે તેની સાથે પોતાના સલાહકાર અહુઝાથ અને પોતાના સેનાપતિ ફીકોલને પણ લાવ્યો.

27ઈસહાકે તેમને પૂછયું, "તમે મને મળવા કેમ આવ્યા છો? પહેલા તો તમે મારી સાથે મિત્રતા રાખતા નહોતા, તમે તો મને મારા દેશમાંથી કાઢી મૂકયો હતો."

28તેઓએ જવાબ આપ્યો, "હવે અમે લોકોએ જાણ્યું છે કે યહોવા તમારી સાથે છે. એટલે અમે ઈચ્છીએ છીએ કે તમે અમારી સાથે કરાર કરો. 29અમે લોકોએ તમારું કોઈ નુકસાન કર્યુ નહોતું હવે તમારે સમ ખાવા જોઈએ કે અમને લોકોને કોઈ નુકસાન કરશો નહિ. અમે લોકોએ તમને શાંતિથી સહીસલામત રીતે વિદાય કર્યા છે. અને હવે એ સ્પષ્ટ છે કે યહોવાએ તમને આશીર્વાદ આપ્યાં છે."

30તેથી ઈસહાકે તેઓને મિજબાની આપી. બધાએ ખાધું ને પીધું. 31બીજે દિવસે સવારે વહેલા ઊઠીને તેમણે અરસપરસ સમ ખાધા; પછી ઈસહાકે તેમને શાંતિથી વિદાય કર્યા. તેઓ ક્ષેમકુશળ મિત્રભાવે જુદા પડયાં.

32તે જ દિવસે ઈસહાકના નોકરોએ આવીને પોતે જે કૂવો ખોધો હતો તેની વાત કરી અને કહ્યું, "અમને કૂવામાંથી પીવા માટે પાણી મળ્યું છે." 33ઈસહાકે એનું નામ શિબાહ પાડયું. આથી એ શહેર આજપર્યંત બેર-શેબા કહેવાય છે.

### એસાવની પત્નીઓ

34જયારે એસાવ 40 વર્ષનો થયો ત્યારે. તેણે હિત્તી બએરીની દીકરી યહૂદીથ અને હિત્તી એલોનની દીકરી બાસમાથ સાથે લગ્ન કર્યા. 35આ લગ્નો એ ઈસહાક અને રિબકા ને ખૂબ દુ:ખી કરી મૂકયાં.

### વસીયતના ઝગડા

27 જયારે ઈસહાક વૃદ્ધ થયો ત્યારે તેની આંખોની દ્રષ્ટિ નબળી પડી અને તેને કઈ પણ ચોખ્ખું દેખાતું ન હતું. એક દિવસ તેણે તેના મોટા પુત્ર એસાવને બોલાવ્યો. ઈસહાકે કહ્યું, "બેટા."

ઈસહાકને એસાવે જવાબ આપ્યો, "જી, પિતાજી, હું આ રહ્યો."

2ઈસહાકે કહ્યું, "જુઓ, હું વૃદ્ધ થઈ ગયો છું. હવે હું જલ્દી મરી જઈશ, 3એટલે તું તારાં હથિયાર, બાણો અને ધનુષ્ય લે અને જંગલમાં જઈને મારે માટે શિકાર કરીને કંઈક લાવ. 4અને મને ભાવતી સ્વાદિષ્ટ વાનગી બનાવીને મારા માટે લઈ આવ. જેથી હું ખાઉં અને મરતાં પહેલાં તને આશીર્વાદ આપું." 5એટલે એસાવ શિકાર કરવા ગયો.

### યાકૂબનું ઈસહાકથી છળ કપટ

રિબકાએ તે વાતો સાંભળી હતી, જે ઈસહાકે પોતાના પુત્ર એસાવ સાથે કરી હતી. 6રિબકાએ તેના પુત્ર યાકૂબને કહ્યું, "સાંભળ, મેં તારા પિતાને તારા ભાઈ સાથે વાતો કરતા સાંભળ્યા છે. 7તારા પિતાએ કહ્યું, 'મારા ખાવા માટે શિકાર કરીને કંઈક લઈ આવ, અને સ્વાદિષ્ટ ભોજન તૈયાર કર, જેથી હું ખાઉં અને મરતાં પહેલાં દેવની સાક્ષીએ તને આશીર્વાદ આપું.' 8એટલા માટે હવે મારા પુત્ર, હું તને કહું તે પ્રમાણે કર. 9આપણી બકરીઓનાં ઝુંડમાં જા અને બે સરસ લવારાં મારી પાસે લઈ આવ. જેથી હું તેમાંથી તારા પિતાને ભાવતી સ્વાદિષ્ટ વાનગી બનાવીશ. 10પછી તું તે તારા પિતાની આગળ લઈ જજે જેથી તે ખાઈને મરતાં પહેલાં તને આશીર્વાદ આપે."

11પરંતુ યાકૂબે પોતાની માતા રિબકાને કહ્યું, "પરંતુ મારા ભાઈ એસાવને તો આખા શરીરે વાળ છે, અને મારું શરીર વાળ વગરનું છે. 12કદાચ મારા પિતા જો મને અડકશે તો જાણી જશે કે હું એસાવ નથી. પછી તે મને આશીર્વાદ આપશે નહિં. તે મને શાપ આપશે કારણકે મેં તેમને છેતરવાનો પ્રયત્ન કર્યો." 13તેથી રિબકાએ તેને કહ્યું, "કોઈ મુશ્કેલી ઊભી થશે તો તે હું મારા માથે લઈ લઈશ. હું જે કહું છું તે કર. જા, અને મારા માટે બે લવારાં લઈ આવ."

14એટલે યાકૂબ બહાર ગયો. તેણે બે બકરીઓ પકડી. અને તે તેને તેની માતા પાસે લાવ્યો. રિબકાએ ઈસહાકની પસંદગી પ્રમાણે વિશિષ્ટ રીતે વાનગી બનાવી. 15પછી રિબકાએ તે પોષાક જે તેનો મોટો પુત્ર એસાવ પહેરવા માટે પસંદ કરતો હતો, તે લઈને પોતાના નાના પુત્ર યાકૂબને પહેરાવ્યો. 16અને લવારાંની ખાલ યાકૂબના હાથ ઉપર અને તેની ડોકીના સુંવાળા ભાગ પર ઢાંકી દીધી. 17પછી તેણે પોતે તૈયાર કરેલી પેલી સ્વાદિષ્ટ વાનગી અને રોટલી પોતાના પુત્ર યાકૂબના હાથમાં આપી. 18યાકૂબે તેના પિતા પાસે જઈને કહ્યું, "પિતાજી!" ઈસહાકે પૂછયું, "શું છે બેટા? તું કોણ છે?"

19યાકૂબે પોતાના પિતાને કહ્યું, "હું તમારો મોટો પુત્ર એસાવ છું, તમે જે કહ્યું હતું તે પ્રમાણે મેં કર્યુ છે. હવે તમે બેઠા થાઓ, અને મેં જે શિકાર તમારા માટે કર્યો છે તેની વાનગી ખાઈને મને આશીર્વાદ આપો."

20પરંતુ ઈસહાકે પોતાના પુત્રને કહ્યું, "બેટા, તને આટલો જલદી કેવી રીતે શિકાર મળી ગયો?"

યાકૂબે જવાબ આપ્યો, "કારણ કે તમારા દેવ યહોવાએ મને જલદીથી શિકાર ઉપલબ્ધ કરાવ્યો."

21પછી ઈસહાકે યાકૂબને કહ્યું, "બેટા,મારી પાસે આવ, જેથી હું તારો સ્પર્શ કરી શકુ અને જાણી શકુ કે તું મારો પુત્ર એસાવ છે કે નહિ?"

22યાકૂબ તેના પિતા ઈસહાક પાસે ગયો. ઈસહાકે તેનો સ્પર્શ કર્યો અને કહ્યું, "તારો અવાજ તો યાકૂબના અવાજ

જેવો જ છે. પરંતુ તારા હાથ તો એસાવના રૂવાંટીવાળા હાથ
જેવા જ છે." 23ઈસહાકને એ ખબર ના પડી કે આ યાકૂબ
છે, કારણ કે તેના હાથ એસાવના હાથની જેમ રૂવાંટીવાળા
હતાં. તેથી ઈસહાકે યાકૂબને આશીર્વાદ આપ્યા.
24ઈસહાકે કહ્યું, "શું, તું ખરેખર મારો પુત્ર એસાવ જ
છે?" યાકૂબે જવાબ આપ્યો, "હાજી!"

### યાકૂબ માટે આશીર્વાદ

25પછી ઈસહાકે કહ્યું, "ખાવાનું લાઓ. હું તે ખાઈશ અને
તને આશીર્વાદ આપીશ." એથી યાકૂબે તેમને ખાવાનું આપ્યું
અને તેમણે ખાધું. પછી તેણે દ્રાક્ષારસ આપ્યો, અને તેણે તે
પીધો.
26પછી ઈસહાકે તેને કહ્યુ, "પુત્ર, મારી પાસે આવ, અને
મને ચુંબન કર." 27તેથી યાકૂબ પોતાના પિતાની પાસે ગયો
અને ચુંબન કર્યુ. ઈસહાકે એસાવનાં વસ્રોની ગંધ પારખી
અને તેને આશીર્વાદ આપ્યા. ઈસહાકે કહ્યું,
"અરે! મારા પુત્રના શરીરની વાસ તો યહોવાએ આશીર્વાદ
આપેલા ખેતરની વાસ જેવી છે.
28દેવ તારા માટે આકાશમાંથી ઝાકળ વરસાવો. જેથી તમને
મબલખ પાક અને દ્રાક્ષારસ મળે.
29બધા લોકો તમારી સેવા કરે. રાષ્ટ્ર તમારી શરણે આવે,
તમે તમારા ભાઈઓ ઉપર શાસન કરો. તારી માતાના પુત્રો
તારા ચરણોમાં નમે. અને તારી આજ્ઞાનું પાલન કરો. પ્રત્યેક
વ્યકિત જે તમને શાપ આપશે શાપ તેના પર ઊતરશે અને
જે વ્યકિત આશીર્વાદ આપશે, તે આશીર્વાદ પામશે."

### એસાવને "આશીર્વાદ"

30ઈસહાકે યાકૂબને આશીર્વાદ આપવાના પૂરા કર્યા. પછી
તરત જ યાકૂબ પિતા ઈસહાક પાસેથી ચાલ્યો ગયો. તે જ
સમયે એસાવ શિકાર કરીને અંદર આવ્યો. 31એસાવે પોતાના
પિતાની પસંદગીનું વિશિષ્ટ ભોજન બનાવીને પોતાના પિતા
પાસે મૂકયું. તેણે તેના પિતાને કહ્યું, "પિતાજી, ઊઠો અને
ભોજન કરો. તમારા પુત્રએ તમારા માટે શિકાર કર્યો છે, તે
જમો. પછી તમે મને આશીર્વાદ આપી શકો છો."
32પરંતુ ઈસહાકે તેને કહ્યું, "તું કોણ છે?"
તેણે જવાબ આપ્યો, "હું આપનો મોટો પુત્ર એસાવ."
33પછી ઈસહાક ખળભળી ઊઠયો, તેણે પૂછયું, "તો પછી
તું આવ્યો તે પહેલાં શિકાર કરીને મારી આગળ લઈ આવ્યો
તે કોણ? મેં તો ખાઈને તેને આશીર્વાદ પણ આપ્યો!
આશીર્વાદને પાછો ખેંચવાનો સમય તો જતો રહ્યો. અને એ
તો હવે કાયમ જ રહેશે."
34એસાવે પોતાનાં પિતાનાં વચનો સાંભળ્યા. તેનું મન
કડવાશ અને ગુસ્સાથી ભરાઈ ગયું. તેણે ખૂબ મોટેથી કારમી
બૂમ પાડીને પોતાના પિતાને કહ્યું, "પિતાજી, તો પછી મને
પણ આશીર્વાદ આપો."
35ઈસહાકે કહ્યું, "તારા ભાઈએ મારી સાથે છળ કરીને
તારા આશીર્વાદ લઈ ગયો."
36એસાવે કહ્યું, "એનું નામ જ યાકૂબ કપટી છે. તે નામ
તેને યોગ્ય છે. તેને એ નામ બરાબર આપવામાં આવ્યું છે.
તેણે મારી સાથે બેવાર કપટ કર્યુ એણે મારો જ્યેષ્ઠપુત્ર તરીકેનો
હક્ક તો લઈજ લીધો હતો અને હવે મારે લેવાના આશીર્વાદ
પણ તેણે લઈજ લીધા." "શું તમે મારા માટે કોઈ આશીર્વાદ
રાખ્યા છે?"
37ઈસહાકે જવાબ આપ્યો, "નાજી, હવે તો ઘણું મોડું થઈ
ગયું છે. મેં યાકૂબને તારા પર શાસન કરવાનો અધિકાર
આપી દીધો છે.મેં એમ પણ કહી દીધું છે કે બધા ભાઈઓ
એના સેવક બનશે. મેં તેને પુષ્કળ અનાજ અને દ્રાક્ષારસની
જોગવાઈના આશીર્વાદ આપ્યા છે. બેટા, તને આપવા માટે
હવે મારી પાસે કશું જ રહ્યું નથી."
38પરંતુ એસાવ પોતાના પિતા પાસે માગતો જ રહ્યો,
"પિતાજી, શું તમારી પાસે એક પણ આશીર્વાદ નથી? પિતાજી,
મને પણ આશીર્વાદ આપો." એમ કહીને એસાવ મોટા સાદે
રડવા લાગ્યો.
39પછી ઈસહાકે તેને કહ્યું, "તારો વાસ સારી ફળદ્રુપ ભૂમિ
પર નહિ હોય, જયાં જમીન ફળતી નહિં હોય અને
આકાશમાંથી ઝાકળ પણ વરસતું નહિં હોય. તારી પાસે
વધારે અનાજ પણ નહિં હોય.
40તારે જીવવા માટે સંઘર્ષ કરવો પડશે, તારે તારા ભાઈનો
સેવક બની જવું પડશે. પરંતુ તું સ્વતંત્રતા માટે લડીશ અને
તેની ઝૂંસરી ફગાવીને મુકત થઈ જઈશ."
41તે પછી આ આશીર્વાદને કારણે એસાવ યાકૂબની ઘૃણા
કરતો રહ્યો. તેણે મનોમન વિચાર્યુ, "મારા પિતા જલદીથી
મૃત્યુ પામશે અને હું તેનો શોક મનાવીશ. પરંતુ તે પછી હું
યાકૂબને મારી નાખીશ." એસાવના મનમાં યાકૂબ પ્રત્યે
વેરવૃત્તિ જાગી હતી."
42રિબકાને એસાવ દ્વારા યાકૂબને મારી નાખવાના
ષડયંત્રની જાણ થઈ. તેણે યાકૂબને બોલાવીને કહ્યું, "સાંભળ,
તારો ભાઈ એસાવ તને મારી નાખવાનું ષડયંત્ર કરી રહ્યો
છે. 43તેથી હવે, હે પુત્ર, હું કહું તેમ કરજે, મારો ભાઈ
લાબાન હારાનમાં રહે છે. તેની પાસે જા અને ત્યાં છુપાઈને
રહે. 44તારા ભાઈનો ક્રોધ ના શમે ત્યાં સુધી થોડો સમય તું
તેની પાસે રહે. 45થોડા સમય પછી તે જે કાંઈ કર્યુ છે તે
તારો ભાઈ ભૂલી જશે પછી હું તને તેડાવી લઈશ. હું એક જ
દિવસે તમને બન્નેને ગુમાવવા માગતી નથી."
46પછી રિબકાએ ઈસહાકને કહ્યું, "તારા પુત્ર એસાવે હિત્તી
કન્યાઓ સાથે વિવાહ કરી લીધા છે. હું એ સ્ત્રીઓથી કંટાળી
ગઈ છું. કારણ કે તેઓ આપણા લોકોમાંની નથી. અને જો
યાકૂબ પણ આ કન્યાઓમાંથી કોઈ એકની સાથે વિવાહ
કરશે તો પછી મારે તો મરવા સિવાય કોઈ રસ્તો નહિ રહે."

### યાકૂબ પત્નીની શોધમાં

28 ઈસહાકે યાકૂબને બોલાવીને આશીર્વાદ આપ્યા.
પછી તેને આદેશ આપીને કહ્યું, "તારે કોઈ કનાની
કન્યા સાથે વિવાહ કરવાના નથી. 2તેથી તું આ સ્થળ છોડીને

પાદાનારામ જા, તારા દાદા બથુએલને ત્યાં જા. જયાં તારા મામા લાબાન રહે છે. તેમની પુત્રીઓમાંથી કોઈ એક સાથે તું વિવાહ કર. 3હું પ્રાર્થના કરું છું કે સર્વસમર્થ દેવ તને આશીર્વાદ આપો અને તમને ઘણા પુત્રો આપે. અને તારો વંશવેલો એટલો વધારો કે તારામાંથી અનેક પ્રજાઓ પેદા થાય. 4હું પ્રાર્થના કરું છું કે જે પ્રમાણે દેવે ઈબ્રાહિમને વરદાન આપ્યું હતું તે જ પ્રમાણે તમને પણ આશીર્વાદ આપે. હું પ્રાર્થના કરું છું કે દેવ તમને ઈબ્રાહિમના આશીર્વાદ આપે. તે તને અને તારી ભાવિપેઢીને આ જગ્યા કે જયાં તમે પરદેશીની જેમ રહો છો તેને સદાને માટે તમારી સંપત્તિ બનાવી દે."

5આ રીતે ઈસહાકે યાકૂબને પાદાનારામમાંના પ્રદેશમાં મોકલ્યો, યાકૂબ ત્યાં તેના મામાને ત્યાં ગયો. અરામી બથુએલ, લાબાન અને રિબકાનો પિતા હતો. અને રિબકા યાકૂબ અને એસાવની માતા હતી.

6એસાવને ખબર પડી કે તેના પિતા ઈસહાકે યાકૂબને આશીર્વાદ આપ્યા છે અને તેમણે યાકૂબને પાદાનારામમાં પત્નીની શોધ માટે મોકલ્યો છે. અને એસાવને એ પણ ખબર પડી ગઈ કે ઈસહાકે યાકૂબને આદેશ આપ્યો છે કે તે કનાની કન્યા સાથે લગ્ન ન કરે. 7આથી એસાવ સમજયો કે યાકૂબ પોતાનાં માતાપિતાનું કહ્યું માનીને પાદાનારામ ચાલ્યો ગયો છે. 8તે પરથી એસાવે વિચાર્યુ કે તેના પિતા એવું ઈચ્છતા નથી કે તેમનો પુત્ર કનાની સ્ત્રી સાથે લગ્ન કરે. 9એસાવને પહેલાની બે પત્નીઓ તો હતી, પરંતુ તેણે ઈશ્માએલની પુત્રી નબાયોથની બહેન મહાલાથ સાથે વિવાહ કર્યા. (ઈસ્માઈલ ઈબ્રાહિમનો પુત્ર હતો.)

### દેવનું ઘર બેથેલ

10યાકૂબે બેર-શેબા છોડયું અને ત્યાંથી તે હારાન તરફ ગયો. 11યાત્રા સમયે સૂર્યાસ્ત થઈ ગયો હોવાથી તે એક જગ્યાએ રાતવાસો કરવા માટે રોકાયો. યાકૂબે ત્યાં એક પથ્થર જોયો, તેથી સૂઈ જવા માટે તેના પર માથું મૂકયું. 12યાકૂબને એક સ્વપ્ન આવ્યું; તેણે જોયું કે એક સ્ત્રીડી પૃથ્વી પર મૂકેલી છે જેની ટોચ આકાશ સુધી પહોંચે છે,

13અને યાકૂબે જોયું તો દેવદૂતો સ્ત્રીડી ઉપરથી ચડતા-ઊતરતા હતા. અને યહોવા સ્ત્રીડી પાસે ઊભા હતા. યહોવાએ કહ્યું, "હું તમારા પિતા ઈબ્રાહિમનો દેવ યહોવા છું. હું ઈસહાકનો દેવ છું. જે જમીન પર તું સૂતો છે તે જમીન હું તને અને તારા વંશજોને આપીશ. 14પૃથ્વી પર માટીના જેટલાં રજકણ છે તેટલા તારા વંશજો હશે. તેઓ પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર દક્ષિણમાં ફેલાશે. અને તારા તથા તારા વંશજોને કારણે પૃથ્વી પરની બધી પ્રજાઓ વરદાન પ્રાપ્ત કરશે.

15"હું તમારી સાથે છું અને હું તમારું રક્ષણ કરીશ. તમે જયાં જશો ત્યાંથી હું તમને પાછો આ ભૂમિ પર લઈ આવીશ. મેં તને જે કરવાનું વચન આપ્યું છે તે જયાં સુધી પૂરું નહિ કરી લઉં ત્યાં સુધી હું તારો સાથ છોડવાનો નથી."

16પછી યાકૂબ ઊંઘમાંથી જાગ્યો અને બોલ્યો, "મને ખબર છે કે યહોવા આ જગ્યા પર છે. પરંતુ જયાં સુધી હું અહીં સૂતો ન હતો ત્યાં સુધી જાણતો નહોતો કે તે અહીં છે."

17યાકૂબને બીક લાગી, તેણે કહ્યુ ,"આ તો કોઈ મહાન જગ્યા છે. આ તો દેવનું ઘર છે. આ તો આકાશનું દ્વાર છે."

18બીજે દિવસે સવારે યાકૂબ વહેલો ઊઠયો, અને જે પથ્થર તેને માથા નીચે મૂકયો હતો તે ઊઠાવ્યો. અને તેને સ્મારકસ્તંભ તરીકે ઊભો મૂકી દીધો. પછી તેણે તેના પર તેલ ચઢાવ્યું. આ રીતે તેણે આ પથ્થરને દેવનો સ્મારક સ્તંભ બનાવ્યો. 19આ જગ્યાનું નામ પહેલાં લૂઝ હતું પરંતુ યાકૂબે તે જગ્યાનું નામ બેથેલ પાડયું.

20પછી યાકૂબે એક પ્રતિજ્ઞા કરી. તેણે કહ્યું, "જો દેવ મારી સાથે રહેશે, અને હું પ્રવાસમાં જયાં જયાં જાઉં ત્યાં દેવ મારી રક્ષા કરશે અને મને ખાવાને અન્ન અને પહેરવાને વસ્રો આપશે. 21જેથી હું મારા પિતાને ઘેર સુરક્ષિત પાછો આવીશ. તો યહોવાને હું મારા દેવ માનીશ. 22આ જગ્યા પર જયાં મેં પથ્થર ઊભો કર્યો છે, તે જગ્યા પવિત્ર સ્થાન બનશે. અને દેવ તું મને જે કાંઈ આપશે તેનો દશમો ભાગ હું તને અર્પણ કરીશ."

### યાકૂબને છળતો લાબાન

29 પછી યાકૂબે પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો, તે પૂર્વના લોકોના પ્રદેશમાં પહોંચ્યો. 2યાકૂબે એક નજર કરી, તો ત્યાં તેણે વગડામાં એક કૂવો જોયો. અને કૂવા પાસે ઘેટાંનાં ત્રણ ટોળાં હતાં. એ કૂવામાંથી ઘેટાંનાં ટોળાને પાણી પીવડાવવામાં આવતું હતું. એક મોટા પથ્થરથી કૂવાનું મોઢું ઢાંકેલું હતું. 3અને જયારે બધાં ઘેટાં ભેગાં થઈ જતાં ત્યારે ઘેટાંપાળકો કૂવાના મોં પરથી પથ્થર હટાવતા હતા. પછી બધાં ઘેટાં તેનું પાણી પી શકતાં હતાં. જયારે બધાં ઘેટાં પાણી પી લેતાં એટલે ઘેટાંપાળકો કૂવાના મોં પર ફરીથી પથ્થર ઢાંકી દેતા.

4યાકૂબે ઘેટાંપાળકોને પૂછયું, "ભાઈઓ, તમે લોકો કયાંથી આવો છો?"

તેઓએ જવાબ આપ્યો, "અમે હારાનના છીએ."

5પછી યાકૂબે પૂછયું "શું તમે લોકો નાહોરના પુત્ર લાબાનને ઓળખો છો?"

ગોવાળિયાઓએ કહ્યું, "અમે લોકો તેને ઓળખીએ છીએ."

6પછી યાકૂબે પૂછયું, "તે કુશળ તો છે ને?"

તેઓએ કહ્યું, "તેઓ કુશળ છે. બધુ જ સરસ છે. જુઓ, પેલી તેની પુત્રી રાહેલ તેનાં ઘેટાં સાથે આવી રહી છે."

7યાકૂબે કહ્યું, "જુઓ, હજુ દિવસ છે અને સૂર્યાસ્ત થવાને હજુ ઘણી વાર છે. રાતને માટે ઢોરોને એકઠાં કરવાનો વખત થયો નથી. તેથી તેને પાણી પાઈને ફરીથી મેદાનમાં ચરવા માટે જવા દો."

8પરંતુ તે ઘેટાંપાળકે કહ્યું, "જયાંસુધી બધાં ઘેટાંનાં ટોળાં ભેગા થાય નહિં ત્યાં સુધી અમે એમ કરી શકીએ નહિં, બધા ટોળાં ભેગાં થાય તે પછી જ કૂવાના મુખ પરથી પથ્થર હઠાવીશું અને બધા ઘેટાં પાણી પીશે."

9યાકૂબ ઘેટાંપાળકો સાથે વાત કરતો હતો ત્યારે જ રાહેલ
પોતાનાં પિતાનાં ઘેટાં સાથે આવી. (રાહેલનું કામ ઘેટાં ચારવાનું
હતું.) 10રાહેલ લાબાનની પુત્રી હતી. લાબાન રિબકાનો
ભાઈ હતો. અને રિબકા યાકૂબની માતા હતી. જયારે યાકૂબે
રાહેલને જોઈ, ત્યારે તેણે કૂવા પરનો પથ્થર હઠાવ્યો અને
ઘેટાંઓને પાણી પાયું. 11પછી યાકૂબ રાહેલને ચુમીને પોક
મૂકીને રડ્યો. 12પછી યાકૂબે રાહેલને જણાવ્યું કે, હું તારા
પિતાના પરિવારનો છું અને રિબકાનો પુત્ર યાકૂબ છું. એટલે
રાહેલ દોડતી ઘરે ગઈ અને પિતાને આ બધી વાત કરી.

13લાબાને પોતાની બહેનના પુત્ર યાકૂબના સમાચાર
સાંભળ્યા, તેથી તે ભાણેજને મળવા માટે દોડયો. અને તેને
ભેટી પડયો, ચુંબન કરવા લાગ્યો અને પોતાને ઘેર લઈ
આવ્યો. યાકૂબે જે કાંઈ થયું હતું તે બધુંજ લાબાનને કહી
સંભળાવ્યું.

14પછી લાબાને કહ્યું, "આશ્ચર્ય! તમે અમારા પરિવારના
છો!" તેથી યાકૂબ લાબાન સાથે એક મહિના સુધી રહ્યો.

### લાબાનનો યાકૂબ સાથે દગો

15એક દિવસ લાબાને યાકૂબને કહ્યું, "તું અમારે ત્યાં
મફતમાં કામ કરતો રહે તે શું યોગ્ય છે? તમે સંબંધી છો,
ગુલામ નહિ, બોલો, હું તમને શી મજૂરી આપું?"

16લાબાનને બે પુત્રીઓ હતી. મોટીનું નામ 'લેઆહ' અને
નાનીનું નામ રાહેલ હતું.

17રાહેલ સુંદર હતી અને લેઆહની આંખો સૌમ્ય હતી.*
18યાકૂબ રાહેલને પ્રેમ કરતો હતો. યાકૂબે લાબાનને કહ્યું,
"જો તમે તમારી નાની પુત્રી રાહેલને મારી સાથે પરણાવો
તો હું તમારે માટે સાત વર્ષ સુધી કામ કરીશ."

19લાબાને કહ્યું, "હું એને બીજા કોઈની સાથે પરણાવું
તેના કરતાં તારી સાથે પરણાવું તે એના માટે સારું છે. તેથી
મારી સાથે રહો."

20એટલા માટે યાકૂબ ત્યાં રહ્યો. અને સાત વર્ષ સુધી
લાબાન માટે કામ કરતો રહ્યો. છતાં એ સાત વરસ તેને સાત
દિવસ જેવા લાગ્યા, કારણ કે તે રાહેલને ખૂબ પ્રેમ કરતો
હતો. 21સાત વર્ષ પછી તેણે લાબાનને કહ્યું, "હવે મને
રાહેલ સોંપી દો જેથી હું તેની સાથે લગ્ન કરું. તમારે ત્યાં કામ
કરવાની મારી મુદત પૂરી થઈ છે."

22તેથી લાબાને તે પ્રદેશના બધા લોકોને ભેગા કર્યા અને
ભોજન આપ્યું. 23તે રાત્રે લાબાન પોતાની પુત્રી લેઆહને
યાકૂબ પાસે લાવ્યો. યાકૂબે અને લેઆહએ પરપસ્પર શારીરિક
સંબંધ બાંધ્યો. 24લાબાને પોતાની દાસ્ત્રી ઝિલ્પાહ લિયાને
દાસ્ત્રી તરીકે આપી. 25સવારે યાકૂબે જોયુ કે તે લેઆહ સાથે
સૂતો હતો. યાકૂબે લાબાનને કહ્યું, "તે મારી સાથે છળ કર્યુ
છે હું રાહેલ સાથે લગ્ન કરી શકુ તે માટે મેં તમારે ત્યાં કેવો
સખત પરિશ્રમ કર્યો છે! તમે મને શા માટે છેતર્યા?"

26લાબાને કહ્યું, "અમારા દેશમાં મોટી પુત્રી પહેલાં નાની
પુત્રીને પરણાવવાનો રિવાજ અમારા લોકોમાં નથી. 27પરંતુ
લગ્નોત્સવની વિધિ પૂરા અઠવાડિયા સુધી માણો, અને હું
રાહેલને પણ તારી સાથે પરણાવીશ. પરંતુ એ માટે તારે
બીજા સાત વર્ષ મારી સેવા કરવી પડશે."

28તેથી યાકૂબે તેનો સ્વીકાર કર્યો અને તેણે લેઆહના
લગ્નની વિધિનું સપ્તાહ પૂરું કર્યુ. ત્યાર પછી લાબાને પોતાની
દીકરી રાહેલ પણ તેને પરણાવી. 29લાબાને પોતાની દાસ્ત્રી
બિલ્હાહ પોતાની પુત્રી રાહેલને દાસ્ત્રી તરીકે આપી. 30તેથી
યાકૂબે રાહેલની સાથે પણ શારીરિક સંબંધ બાંધ્યો. અને
લેઆહ કરતાં વધારે પ્રેમ રાહેલને આપ્યો. અને યાકૂબે
લાબાનને માટે બીજા સાત વર્ષ સુધી કામ કર્યુ.

### યાકૂબનાં સંતાનો

31યહોવાએ જોયું કે યાકૂબ લેઆહ કરતાં વધારે રાહેલને
પ્રેમ કરે છે, તેથી યહોવાએ લેઆહને બાળકોને જન્મ આપવા
યોગ્ય બનાવી, પરંતુ રાહેલને કોઈ સંતાન થયું નહિં.

32લેઆહે એક પુત્રને જન્મ આપ્યો, તેણે તેનું નામ રૂબેન
રાખ્યું. તેણે કહ્યું, "યહોવાએ મારાં દુ:ખો સામે જોયું છે. મારા
પતિ મને પ્રેમ કરતાં નથી. તેથી કદાચ એવું બને કે મારા
પતિ મને પ્રેમ કરે."

33લેઆહ ફરીવાર ગર્ભવતી થઈ. અને તેણે બીજા પુત્રને
જન્મ આપ્યો. તેણે આ પુત્રનું નામ 'શિમયોન' રાખ્યું. લેઆહે
કહ્યું, "યહોવાએ સાંભળ્યું કે મને પ્રેમ મળતો નથી તેથી તેણે
મને આ પુત્ર આપ્યો."

34લેઆહ ફરીથી ગર્ભવતી થઈ અને ત્રીજા એક પુત્રને
જન્મ આપ્યો. તેણે તે પુત્રનું નામ લેવી રાખ્યું. લિયાએ
કહ્યું, "હવે તો નક્કી મને મારા પતિ પ્રેમ કરશે. મેં તેમના
ત્રણ પુત્રોને જન્મ આપ્યો છે."

35પછી લેઆહને ચોથો પુત્ર થયો. તેણીએ એ બાળકનું
નામ યહૂદા પાડયું. અને તેણી બોલી, "આ વખતે હું યહોવાની
પ્રસંશા કરીશ." આથી તેણીએ તેનું નામ યહૂદા પાડયું. એ
પછી તેણીને સંતાન થતાં બંધ થયાં.

30 રાહેલે જોયું કે તે યાકૂબને માટે બાળકને જન્મ
આપવા માટે અશકિતમાન છે તેથી તેને પોતાની
બહેન લેઆહની ઈર્ષા થવા માંડી, તેથી તેણે યાકૂબને કહ્યું,
"મને સંતાન આપ, નહિ તો હું મરી જઈશ."

2યાકૂબ રાહેલ પર ક્રોધે ભરાયો, તેણે કહ્યું, "હું દેવ નથી,
તને માતા બનવાથી વંચિત રાખનાર તો એ જ છે."

3ત્યારે રાહેલે કહ્યું, "તમે મારી દાસ્ત્રી બિલ્હાહને તો
લઈ શકો છો ને? તમે એને ઋતુદાન કરો એટલે એ મારા
માટે બાળકને જન્મ આપશે. પછી એના મારફતે હું મા
થઈશ."

4આથી રાહેલે પોતાની દાસ્ત્રી બિલ્હાહ યાકૂબને પત્ની
તરીકે સોંપી. યાકૂબે બિલ્હાહને ઋતુદાન કર્યુ. 5બિલ્હાહ
ગર્ભવતી થઈ અને યાકૂબ માટે તેણે એક પુત્રને જન્મ
આપ્યો.

---

**લેઆહની આંખો સૌમ્ય હતી** તેમ કહેવાનો સારો રસ્તો એ
છેકે તે લેઆહ બહુ સુંદર નહોતી.

**6**રાહેલે કહ્યું, "આખરે દેવે મારી પ્રાર્થના સાંભળી ખરી,
તેણે મને એક પુત્ર આપવાનો ન્યાય કર્યો." તેથી રાહેલે એ
પુત્રનું નામ દાન રાખ્યું.

**7**બિલ્હાહ ફરી ગર્ભવતી થઈ, અને તેને યાકૂબથી બીજો
પુત્ર અવતર્યો. **8**રાહેલે કહ્યું, "મેં મારી બહેન સાથે મુકાબલામાં
ભારે લડત આપી છે. અને મને વિજય મળ્યો છે." એથી
તેણે એ પુત્રનું નામ નફતાલી રાખ્યું.

**9**પછી લેઆહે વિચાર્યુ કે તે હવે વધારે બાળકોને જન્મ
આપી શકે તેમ નથી. એટલે પોતાની દાસ્ત્રી ઝિલ્પાહ યાકૂબને
પત્ની તરીકે આપી. **10**પછી ઝિલ્પાહને યાકૂબથી એક પુત્ર
અવતર્યો. **11**લેઆહે કહ્યું, "હું ભાગ્યશાળી છું." હવે સ્ત્રીઓ
મને સદભાગી કહેશે. તેથી તેણે પુત્રનું નામ ગાદ રાખ્યું.
**12**ઝિલ્પાહ એ બીજા પુત્રને જન્મ આપ્યો. **13**લેઆહ બોલી,
"હું કેવી સુખી છું!" તેથી તેણે એ પુત્રનું નામ આશેર રાખ્યું.

**14**ઘઉંની કાપણીના સમયે રૂબેન ખેતરે ગયો ત્યાં તેણે
કેટલાંક વિશેષ પ્રકારનાં ફૂલો જોયાં. રૂબેને તે ફૂલો લાવીને
પોતાની માતા લેઆહને આપ્યાં. ત્યારે રાહેલે લેઆહને કહ્યું,
"કૃપા કરીને મને તારો પુત્ર જે ફૂલો લાવ્યો છે તેમાંથી થોડાં
ફૂલો આપ."

**15**લેઆહે જવાબ આપ્યો, "તેં તો મારા પતિને પહેલાંથી
જ લઈ લીધો છે, હવે તું મારા પુત્રનાં ફૂલોને પણ લઈ લેવા
માંગે છે?"

પરંતુ રાહેલે કહ્યું, "જો તું તારા પુત્રનાં ફૂલ મને આપીશ
તો તેના બદલામાં આજે રાત્રે તું યાકૂબની સાથે સૂવા જઈ
શકીશ."

**16**તે રાત્રે યાકૂબ ખેતરેથી પાછો ફર્યો એટલે લેઆહ તેને
મળવા ગઈ. તેણે યાકૂબને કહ્યું, "આજે રાત્રે તમારે મારી
સાથે સૂવાનું છે. મેં મારા પુત્રનાં ફૂલો રાહેલને તમારી કિંમતનાં
રૂપમાં આપ્યા છે." તેથી યાકૂબ તે રાત્રે લેઆહ સાથે સૂતો.

**17**તેથી દેવે લેઆહને ફરીથી ગર્ભવતી થવા દીધી. તેણે
યાકૂબના પાંચમા પુત્રને જન્મ આપ્યો. **18**લેઆહ બોલી,
"મેં મારી દાસ્ત્રી મારા પતિને આપી તેથી દેવે મને તેનો
બદલો આપ્યો છે." તેથી લેઆહે પોતાના પુત્રનું નામ
ઈસ્સાખાર રાખ્યું.

**19**લેઆહ ફરી વાર ગર્ભવતી થઈ અને તેણે છઠ્ઠા પુત્રને
જન્મ આપ્યો, **20**લેઆહે કહ્યું, "દેવે મને એક સુંદર ભેટ
આપી છે. હવે જરૂર યાકૂબ મને અપનાવશે, કારણ કે મેં
એને છ બાળકો આપ્યાં છે." એટલે લેઆહે તે પુત્રનું નામ
ઝબુલોનરાખ્યું.

**21**એ પછી લેઆહને એક પુત્રી અવતરી. તેણે પુત્રીનુ
નામ દીનાહ રાખ્યું.

**22**પછી દેવે રાહેલની અરજ સાંભળી, દેવે રાહેલને
વાંઝિયામેહણું ટાળવા માટે સમર્થ બનાવી. **23-24**રાહેલ
ગર્ભવતી થઈ અને તેણે એક પુત્રને જન્મ આપ્યો. રાહેલે
કહ્યું, "દેવે મને વાંઝણી બનવાથી બચાવી અને મને એક
પુત્ર આપ્યો છે." તેથી રાહેલે પોતાના પુત્રનું નામ યૂસફ
રાખ્યું એમ કહેતાં દેવ હજુ મને બીજો દીકરો આપે.

### યાકૂબે લાબાન સાથે છળ કર્યુ

**25**યૂસફના જન્મ પછી યાકૂબે લાબાનને કહ્યું, "હવે મને
મારે ઘેર જવા દો. **26**જેમને માટે મેં તમારી નોકરી કરી તે
મારી પત્નીઓ અને બાળકો મને સોંપી દો, એટલે હું ઘરભેગો
થાઉં. તમે જાણો છો કે મેં તમારી કેવી નોકરી કરી છે."

**27**લાબાને તેને કહ્યું, "મને થોડું કહેવા દે, મને અનુભવ
થયો છે કે તારા કારણે યહોવાએ મારા પર કૃપા કરી છે.
**28**માટે તું કહે, હું તને શું આપું? તું જે મજૂરી કહેશે તે હું
આપીશ."

**29**યાકૂબે જવાબ આપ્યો, "તમે પોતે જાણો છો કે, મેં
તમારે માટે કેવો સખત પરિશ્રમ કર્યો છે. અને તમારાં
ઘેટાંબકરાંની મેં કેવી સંભાળ રાખી છે. **30**હું આવ્યો ત્યારે
તમારી પાસે તે થોડાં હતાં અને હવે તેમાં ઘણો વધારો થયો
છે. જયારે જયારે મેં તમારા માટે જે કાંઈ કર્યુ છે, ત્યારે ત્યારે
યહોવાએ તમારા પર કૃપા કરી છે. હવે, મારા માટે સમય
પાકી ગયો છે જેથી હું પોતાના માટે કાંઈ કરું. પછી હું મારા
પોતાના પરિવાર માટે ઘરની જોગવાઈ કયારે કરીશ?"

**31**પછી લાબાને પૂછયું, "તો પછી હું તને શું આપું?"

યાકૂબે જવાબ આપ્યો, "હું નથી ઈચ્છતો કે તમે મને કશું
આપો. હું તો ફકત એટલું જ ઈચ્છું છું કે મેં જે કાંઈ કામ કર્યુ
છે તેની કિંમત મને ચૂકવી દો. તમે જો આટલું કરશો તો હું
ફરી તમારાં ઘેટાંબકરાં ચરાવીશ અને તેમની સંભાળ રાખીશ.
**32**આજે મને તમારાં ઘેટાંબકરાંનાં બધાં ટોળામાં જે દરેક ઘેટાં
અને બકરા કાબરચીતરાં હોય અને જે દરેક ઘેટાં અને બકરાં
ટપકાં વાળા હોય અને દરેક યુવાન કાળી બકરી હોય તે લેઈ
જવા દો. અને એ મારી મજૂરી હશે. **33**ભવિષ્યમાં તમે
સરળતાથી જોઈ શકશો કે હું કેટલો પ્રમાણિક અને વફાદાર
છું. તમે તપાસ કરવા આવશો ત્યારે મારી પ્રમાણિકતા પુરવાર
થશે. મારી પાસેનાં ઘેટાંબકરાંમાંનું જે કોઈ બકરું કાબરચીતરું
કે ટપકાંવાળું ન હોય અને જે ઘેટું કાળું ન હોય તે ચોરેલું છે
એમ ગણાશે."

**34**લાબાને કહ્યું, "સારું, તારી વાત મને મંજૂર છે, અમે
તને તું જે કાંઈ માગીશ તે આપીશું." **35**પરંતુ તે દિવસે
લાબાને જેટલાં બકરાં કાબરચીતરાં અને ટપકાંવાળા હતા
અને જેટલી બકરીઓ કાબરચીતરી અને ટપકાવાળી હતી
અને જે ઘેટાં કાળાં હતાં તે બધાં જુદાં પાડી સંતાડી દીધાં
અને પોતાના પુત્રોને સાચવવા માટે સોંપી દીધાં. **36**તેથી
તેના પુત્રોએ બધાં કાબરચીતરાં ઘેટાંબકરાં લઈ લીધાં અને
બીજી જગ્યાએ ચાલ્યા ગયા. તેઓએ ત્રણ દિવસ સુધી પ્રવાસ
કર્યો. અને પોતાની તથા યાકૂબની વચ્ચે ત્રણ દિવસની
મુસાફરી જેટલું અંતર રાખ્યું. યાકૂબે લાબાનનાં બાકીનાં
ઘેટાંબકરાં સંભાળી લીધા. પરંતુ તેમાં કોઈ કાબરચીતરાં કે
કાળાં ન હતાં.

**37**તેથી યાકૂબે સફેદ, બદામ, અને ચિનારની લીલી સોટીઓ
લઈને તેને છોલીને સોટીઓનો સફેદ ભાગ ખુલ્લો કરીને
સફેદ પટા પાડયા. **38**યાકૂબે પાણી પીવડાવવાની જગ્યાએ
ઘેટાંબકરાંની સામે છોલેલી સોટીઓ રાખી, ઘેટાંબકરાં પાણી

પીવા આવતાં ત્યારે તેઓ જોતા. 39પછી જયારે બકરીઓ
ડાળીઓની પાસે સવાણે આવતી એટલે તેમને કાબરચીતરાં
ચટાપટાવાળાં અને ટપકાંવાળાં અને કાળા બચ્ચાં અવતર્યા.
40યાકૂબે કાબરચીતરાં અને કાળાં ઘેટાંઓને બીજા બધાંથી
જૂદા પાડયાં. એ રીતે યાકૂબે પોતાનાં પશુઓને લાબાનનાં
પશુઓથી જુદાં પાડયાં. તેણે પોતાનાં ઘેટાંઓને લાબાનનાં
ઘેટાંઓ સાથે ભળવા દીધા નહિં. 41જયારે જયારે ટોળામાંનાં
મજબૂત ઘેટાંબકરાં જોતા ત્યારે તે તેમની આગળ નીકોમાં
અને હવાડાઓમાં પેલી સોટીઓ મૂકતો, જેથી તેઓ સોટીઓ
આગળ ગર્ભધાન કરે; 42પણ ટોળામાંનાં નબળાં ઘેટાંબકરાં
માટે તે નીકમાં કે હવાડામાં સોટીઓ મૂકતો નહિ, આથી
નબળાં ઘેટાં બકરાં લાબાનનાં રહ્યાં અને સશકત મજબૂત
ઘેટા યાકૂબનાં થયાં. 43આમ, યાકૂબ ખૂબ શ્રીમંત થઈ ગયો
અને તેની પાસે ઘેટા બકરાંનાં મોટા મોટા ટોળાં, નોકર ચાકરો,
દાસદાસ્ત્રીઓ, ઊંટો અને ગધેડાં થયાં. તે ખૂબ સમૃધ્ધ બન્યો.

### યાકૂબ અને તેનો પરિવાર ભાગ્યો.

31 એક દિવસ યાકૂબે લાબાનના પુત્રોને વાતો કરતાં
સાંભળ્યા, તેઓએ કહ્યું કે, "યાકૂબે અમારા
પિતાજીનું સર્વસ્વ લઈ લીધું છે. તે ધનવાન બની ગયો છે
અને તેણે અમારા પિતાની બધી મિલ્કત લઈ લીધી છે.
2યાકૂબને એમ પણ થયું કે લાબાન હવે પહેલાની જેમ
મીઠો પ્રેમભાવ રાખતો નથી. 3યહોવાએ યાકૂબને કહ્યું, " તું
તારા પિતૃઓની ભૂમિમાં તારી જન્મભૂમિમાં પાછો ચાલ્યો
જા. હું તારી સાથે રહીશ."
4તેથી યાકૂબે રાહેલ અને લેઆહને, જે ખેતરમાં ઘેટાંબકરાં
હતાં ત્યાં મળવા માટે આવવા કહેવડાવ્યું. 5યાકૂબે રાહેલ
અને લેઆહને કહ્યું, "હું જાણું છું કે તમારા પિતાજી મારા
પ્રત્યે રોષે ભરાયેલ છે તેમનો મારા પ્રત્યે પહેલા જેવો મૈત્રી
ભાવ નથી. પણ મારા પિતાનો દેવ મારી સાથે છે. 6તમે બંને
જાણો છો કે મેં તમારા પિતા માટે મારાથી શકય તેટલી
સખત મહેનત કરી છે. 7પરંતુ તમારા પિતાએ મારી સાથે
દગો કર્યો. દસ વખત તો મારી મજૂરીના દરમાં ફેરફાર કર્યો
છે. છતાં બધાંજ સમયે દેવે મને લાબાનના પ્રપંચમાંથી
બચાવ્યો છે.
8"એક વખત લાબાને મને કહ્યું, 'તારી મજૂરીના બદલામાં
બધીજ ટપકાંવાળી બકરીઓ રાખી શકે છે.' એણે આમ કહ્યું
ત્યારથી બધાંજ ઘેટાંબકરાંને ટપકાંવાળાં બચ્ચાંજ જનમતાં.
આ પ્રકારનાં બધાંજ પ્રાણીઓ મારા હતાં. પરંતુ પછી લાબાને
કહ્યું, 'હું ટપકાંવાળાં પ્રાણીઓ રાખીશ, તું ચટાપટાવાળાં રાખી
શકે છે. તે તારી મજૂરી ગણાશે.' તેના એમ કહ્યા પછી બધાંજ
પ્રાણીઓને ચટાપટાવાળાં જ બચ્ચાં જનમતાં 9આ રીતે દેવે
તમારા પિતાના ઢોર લઈને મને આપ્યાં છે.
10"જે સમયે ઘેટાંબકરાં ગર્ભધારણ કરવા મળી રહ્યા હતા
ત્યારે મેં એક સ્વપ્ન જોયું. મેં જોયું કે ગર્ભ ધારણ કરાવનારા
નર જાતિનાં ઢોર ચટાપટાવાળા, ટપકાંવાળા અને કાબરચીતરાં
હતાં. 11પછી દેવના દૂતે મને સ્વપ્નમાં કહ્યું, 'યાકૂબ!'
"એટલે મેં કહ્યું, 'જી!'
12"દેવના દૂતે કહ્યું, 'જો, ગર્ભ ધારણ કરનારાં ટોળામાં નર
ઢોર બધાંજ ચટાપટાવાળા, ટપકાવાળાં અને કાબરચીતરા છે;
હું આમ કહી રહ્યો છું કારણ કે લાબાનનો તારી સાથે દુર્વ્યવહાર
મેં જોયો છે. 13હું એ દેવ છું, જે બેથેલમાં તારી પાસે આવેલ
એ જગ્યાએ તેં એક વેદી બનાવી અને તેલથી તેનો અભિષેક
કર્યો હતો. અને મારી આગળ શપથ લીધા હતા. હવે ઊભો
થા, અને અત્યારે જ આ જગ્યા છોડી દે, અને તારા જન્મસ્થળે
પાછો જા.'"
14ત્યારે રાહેલ અને લેઆહે જવાબ આપ્યો, "અમારા
પિતા પાસે તેમના મૃત્યુ પછી અમને વારસામાં આપવા કશું
બાકી રહ્યું છે ખરું?" 15"તેણે અમારી સાથે એક અજાણ્યા
વ્યકિત જેવું વર્તન કર્યુ છે. તેણે અમને તમારી પાસે વેચી
દીધા છે અને બધા પૈસા ખર્ચી નાખ્યાં છે જે અમારા હોવા
જોઈએ. 16દેવે તે બધી જ સંપત્તિ અમારા પિતા પાસેથી લઈ
લીધી છે, તે બધી અમારી છે, અને અમારાં બાળકોની છે
માટે દેવે જે કરવા માટે કહ્યું છે તે જ તમે કરો."
17તેથી યાકૂબે મુસાફરીની તૈયારી કરી. તેણે પોતાની
પત્નીઓ અને પુત્રોને ઊંટ પર બેસાડયાં. 18પછી તે તેના
પિતા જયાં રહેતા હતા તે કનાન દેશમાં મેસોપોટામિયામાં
જે કાંઈ મળ્યું હતું તે બધું લઈને, પોતાનાં બધાં ઢોરને
હાંકતો હાંકતો પોતાના પિતા ઈસહાકને મળવા નીકળી પડયો.
19તે સમયે લાબાન પોતાનાં ઘેટાંનું ઊન કાપવા ગયો
હતો. તે દરમ્યાન રાહેલે તેના ઘરમાં ઘૂસ્ત્રી જઈને પોતાના
પિતાના કુળદેવતા ચોરી લાવી.
20યાકૂબે અરામી લાબાનને દગો કર્યો. તેણે લાબાનને
બતાવ્યું નહિં કે તે ત્યાંથી જઈ રહ્યો છે. 21યાકૂબે પોતાનો
પરિવાર અને બધીજ મિલકત જલદી જલદી લઈ લીધી
અને પછી નદી (ફ્રાત) ઓળંગીને ગિલઆદના પહાડી પ્રદેશ
તરફ ચાલવા માંડયું.
22ત્રીજે દિવસે લાબાનને ખબર પડી કે યાકૂબ ભાગી
ગયો છે. 23તેથી તેણે પોતાના માણસોને સાથે લીધા અને
સાત દિવસ સુધી તેનો પીછો કર્યો, છેવટે યાકૂબ ગિલઆદના
પહાડી પ્રદેશમાં પકડાઈ ગયો. 24પણ તે રાત્રે દેવે લાબાનને
સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું, "યાકૂબને જે કાંઈ કહો તેના
એક-એક શબ્દ માટે સાવચેત રહેજો, યાકૂબને સારું કે માઠું
કાંઈ કહીશ નહિ."

### ચોરાયેલ દેવતાઓની શોધ

25જયારે યાકૂબને લાબાને પકડી પાડયો ત્યારે તેણે પહાડી
પ્રદેશમાં મુકામ કર્યો હતો. તેથી તેના માણસોએ એ જ પહાડી
પ્રદેશમાં મુકામ કર્યો.
26લાબાને યાકૂબને કહ્યું, "તેં મારી સાથે દગો શા માટે
કર્યો? અને તું મારી પુત્રીઓને યુદ્ધમાં પકડાયેલી હોય તેમ
શા માટે લઈ જાય છે?" 27તું મને છેતરીને કહ્યા વગર જ
ચૂપચાપ કેમ ભાગી ગયો? જો તેં મને જણાવ્યું હોત તો મેં
ઉજવણી કરીને વાજતેગાજતે વિદાય આપી હોત. 28તેં મને

મારાં પૌત્રપૌત્રીઓને તથા મારી પુત્રીઓને છેલ્લી વાર ભેટવા
તથા ચુંબન કરવા દીધા નહિં તેં આમ કરીને બહુ મૂર્ખામી
ભર્યુ વર્તન કર્યુ છે. **29**તને નુકસાન કરવું એ તો મારા ડાબા
હાથની વાત છે. પરંતુ ગઈકાલે રાત્રે તારા પિતાના દેવે
મને સ્વપ્નમાં આવીને ચેતવણી આપીને કહ્યું,"ખબરદાર,
યાકૂબને જરા પણ સારું કે માઠું કહીશ નહિ." **30**મને ખબર
છે કે તું તારે ઘેર જવા ઘણો આતુર છે, એટલે તું ચાલી
નીકળ્યો, એ તો જાણે સમજયા, પરંતુ તેં મારા ઘરમાંથી
દેવોને શા માટે ચોરી લીધા?"

**31**યાકૂબે લાબાનને કહ્યું, "હું તમને કહ્યાં વિના એટલા
માટે ચાલી નીકળ્યો કારણ કે હું ડરી ગયો હતો. મને એમકે
તમે તમારી પુત્રીઓને જબરજસ્તી મારી પાસેથી લઈ લેશો.
**32**પરંતુ મેં તમારા દેવોની ચોરી કરી નથી. અહીં મારા કોઈપણ
માણસ પાસેથી જો તમારા દેવો નીકળે તો હું તેને મારી
નાખીશ. તમારા માણસો જે મારા સાક્ષી બનશે. આપણા
માણસોના દેખતાં મારી પાસે તમારું જે કંઈ હોય તે ઓળખી
બતાવો અને લઈ જાઓ." હવે, યાકૂબને તો ખબર જ નહોતી
કે રાહેલે લાબાનને ઘરેથી દેવો ચોર્યા છે.

**33**તેથી લાબાન યાકૂબના તંબૂમાં ગયો. તેણે ત્યાં શોધ શરૂ
કરી. લિયાના તંબૂમાં પણ ગયો અને બે દાસ્ત્રીઓના તંબૂમાં
પણ ગયો. પણ તેને દેવ મળ્યાં નહિ, પછી તે લિયાના
તંબૂમાંથી નીકળી રાહેલના તંબૂમાં પ્રવેશ્યો. **34**રાહેલે ઊંટના
જીનમાં દેવતાઓને સંતાડી દીધા હતા. અને તે તેના પર
બેઠી હતી. લાબાને આખા તંબૂમાં તપાસ કરી પણ દેવો
મળ્યા નહિ.

**35**પછી રાહેલે તેણીના પિતાને કહ્યું, "પિતાજી, મારા પર
ગુસ્સો ન કરતા. હું તમારી સામે ઊભી રહેવા માટે પણ
અસમર્થ છું. આ સમયે મારો માસિકધર્મ ચાલી રહ્યો છે."
તેથી લાબાને આખા તંબૂમાં દેવોની તપાસ કરી, પરંતુ તે
તેઓને શોધી શકયો નહિં.

**36**પછી યાકૂબ બહુજ ગુસ્સે થયો, યાકૂબે કહ્યું, "મેં શો
અપરાધ કર્યો છે? મેં કયા નિયમનો ભંગ કરીને પાપ કર્યુ
છે? તમે મારી પાછળ શા માટે પડયા છો? **37**મારું જે કાંઈ છે
તે બધું તે તપાસ્યું છતાં તારા ઘરની કોઈ ચીજ તારા હાથમાં
આવી ખરી? જો તારા હાથમાં કોઈ ચીજ આવી હોય તો તારા
માણસો અને મારા માણસો આગળ રજૂ કર. એ આપણા
બંન્નેનો ન્યાય કરે. **38**મેં તમારા માટે વીસ વર્ષ સુધી કામ
કર્યુ છે. તે બધાંજ સમય દરમ્યાન કોઈ પણ બચ્ચું ઘેટીઓનું
જન્મ થતી વખતે મૃત્યુ પામ્યું નથી અને ઘેટી પણ મૃત્યુ
પામી નથી. મેં તારાં ઘેટાં-બકરાંનાં ટોળામાંથી એકપણ ઢોર
ખાધું નથી.

**39**"જો કોઈ જંગલી પ્રાણીઓએ કોઈ ઘેટાને ફાડી નાખ્યું
હોય તો મેં તેને તારી આગળ રજૂ કર્યા નથી! એ નુકસાન મેં
પોતે ભરપાઈ કર્યુ છે. દિવસે કે રાતે જે કાંઈ ચોરાઈ જતું તે
બધું તમે મારી પાસે વસૂલ કરતા. **40**દિવસના સખત તાપથી
અને રાતની સખત ઠંડીથી હું થાકી ગયો હતો. તેથી કાતિલ
ઠંડી રાત્રિઓને લીધે હું સૂઈ શકતો નહોતો. **41**મેં મારા
જીવનનાં વીસ વર્ષ એક ગુલામની જેમ તમારા ઘરમાં વિતાવ્યાં
છે. પહેલાંના ચૌદ વરસ તમારી બે પુત્રીઓને પરણીને
મેળવવા માટે અને છેલ્લા છ વર્ષ મેં તમારાં ઘેટાં-બકરાંને
સંભાળ્યાં છે, અને તે દરમ્યાન તમે દસ વાર મારી મજૂરીનાં
દરમાં ફેરફાર કર્યો છે. **42**પરંતુ જો મારા પૂર્વજોના દેવ,
ઈબ્રાહિમના દેવ અને દેવ જેની ઈસહાક ઉપાસના કરે છે*
તે દેવ મારા પક્ષમાં ના હોત તો તમે મને ખાલી હાથે
કાઢી મૂકયો હોત. પરંતુ દેવે મારી વેદના અને મારા
કામને ધ્યાનમાં લીધાં. અને ગઈ રાતે દેવે સાબિત કર્યુ કે
હું સાચો છું."

### યાકૂબ-લાબાનની સમજૂતી

**43**લાબાને યાકૂબને કહ્યું, "આ છોકરીઓ તો મારી પુત્રીઓ
છે. તેમનાં બાળકો મારાં છે. આ ઘેટાંબકરાં મારાં છે, અને જે
બધું તમે અહીં જુઓ છો તે મારું છે. પરંતુ હું મારી પુત્રીઓ
અને તેનાં બાળકોને રાખવા માટે કશું જ કરી શકતો નથી.
**44**એટલા માટે હું તમારી સાથે કરાર કરવા માંગુ છું કે આપણે
પથ્થરોનો એક ઢગલો કરીશું. જે આપણી વચ્ચે સાક્ષી રહેશે
કે આપણે કરાર કર્યો છે."

**45**પછી યાકૂબે એક મોટો પથ્થર કરારના સ્મારકસ્તંભ
તરીકે ઉભો કર્યો. કે જેથી તે પુરવાર કરે કે તેમણે કરાર કર્યો
હતો. **46**પછી તેણે પોતાના માણસોને પથ્થરા ભેગા કરવા
માટે કહ્યું. તેમણે પથ્થરા ભેગા કરીને એક ઢગલો કર્યો. અને
તે ઢગલા પાસે બેસ્ત્રીને તેમણે ભોજન કર્યુ. **47**એ જગ્યાનું
નામ લાબાને યગાર-સાહદૂથા રાખ્યું અને યાકૂબે તે જગ્યાનું
નામ ગાલએદ રાખ્યું.

**48**લાબાને યાકૂબને કહ્યું, "આ ખડકોનો ઢગલો આપણને
આપણા કરારનું સ્મરણ કરવા મદદ કરશે." એટલા માટે
યાકૂબે તે જગ્યાનું નામ ગાલએદ રાખ્યું.

**49**એટલે લાબાને કહ્યું, "યહોવા આપણા 'બે' જુદા થવાના
સાક્ષી રહે, અને તે આપણા ઉપર નજર રાખે." માટે એ
જગ્યાનું બીજું નામ મિસ્પાહ રાખ્યું.

**50**પછી લાબાને કહ્યું. "જો તમે મારી પુત્રીઓને દુ:ખ
આપશો અથવા બીજી સ્ત્રીઓને પરણશો તો દેવ તમને
સજા કરશે અહીં આપણા વચ્ચે કરારનો કોઈ સાક્ષી નથી.
અને છતાં, યાદ રાખજો કે દેવ તમારી અને મારી વચ્ચે
સાક્ષી છે." **51**પછી લાબાને કહ્યું, "તારી અને મારી વચ્ચે આ
ઢગલો અને આ સ્મારકસ્તંભ મેં ઊભો કર્યો છે તે આપણને
તેનું સ્મરણ કરાવશે કે આપણે કરાર કર્યો છે. તેનું ધ્યાન
રાખજે. **52**આ પથ્થરનો ઢગલો અને આ સ્મારકસ્તંભ પણ
સાક્ષી છે, તે આપણને આપણા કરારનું સ્મરણ કરાવવામાં
મદદ રૂપ થશે કે આ ઢગલાને ઓળંગી મારે તારી પાસે
અથવા આ ઢગલાને અને થાંભલાને ઓળંગીને તારે મારી
પાસે લડવા માટે કે નુકશાન કરવા આવવાનું નથી. **53**જો

---

**ઈસહાક ઉપાસના કરે છે** મૂળ પ્રમાણે : ઈસહાકનો ભય અથવા દેવનું એક નામ.

આપણાંમાંથી કોઈપણ આ કરારનો ભંગ કરે તો ઈબ્રાહિમના દેવ અને નાહોરના દેવ આપણો ન્યાય કરો."

આથી યાકૂબે પોતાના પિતા ઈસહાક જેની ઉપાસના કરતા હતા તે દેવના સમ ખાધા. 54પછી યાકૂબે એક પશુનો વધ કરી અને પહાડ ઉપર યજ્ઞના રૂપમાં ભેટ ધરીને પોતાના માણસોને ભોજન કરવા માટે બોલાવ્યા. ભોજન કર્યા પછી તેઓએ પહાડ ઉપર રાત વિતાવી. 55બીજે દિવસે સવારે લાબાન વહેલી સવારે ઉઠયો પોતાના પૌત્ર-પૌત્રીઓ અને પુત્રીઓને ચુમ્યા અને તેઓને આશીર્વાદ આપ્યા; પછી તે ઘરે પાછો ગયો.

## યાકૂબ અને એસાવનું મિલન

32 યાકૂબે પણ તે સ્થળ છોડયું. જયારે તે પ્રવાસ કરી રહ્યો હતો ત્યારે તેણે દેવના દૂતો જોયા. 2તેમને જોઈને યાકૂબે કહ્યું, "આ તો દેવની છાવણી છે!" આથી તેણે તે જગ્યાનું નામ 'માહનાઈમ' પાડયું.

3યાકૂબનો ભાઈ એસાવ 'સેઈર' પ્રદેશમાં રહેતો હતો. તે અદોમનો પહાડી પ્રદેશ હતો. યાકૂબે એસાવની પાસે ખેપીયાઓને મોકલ્યા. 4યાકૂબે ખેપીયાઓને કહ્યું કે, "મારા વડીલ એસાવને તમે એવું કહેજો કે, તમારો સેવક યાકૂબ કહે છે કે, 'હું લાબાનને ત્યાં જઈ વસ્યો હતો અને અત્યાર સુધી ત્યાં રહ્યો હતો. 5મારી પાસે ગાય, બળદ, ગધેડાં, બકરાં, ઘેટાં અને સેવકો મોટી સંખ્યામાં છે. અમને સ્વીકારવાનું કહેવા હું તમને આ સંદેશો મોકલું છું.'"

6ખેપિયાઓ પાછા આવીને યાકૂબને કહ્યું, "અમે તમારા ભાઈ એસાવ પાસે ગયા હતા. તે તમને મળવા આવી રહ્યો છે. તેની સાથે 400 સશસ્ત્ર યોદ્ધાઓ છે."

7ખેપીયાઓની વાત સાંભળી યાકૂબ ગભરાઈ ગયો. તેણે પોતાની સાથેના બધા માણસોને બે ટોળીમાં વહેંચી નાખ્યા અને પોતાનાં બધાંજ ઢોરો, ઘેટાંબકરાં અને ઊંટોને પણ બે ભાગમાં જુદા પાડયાં. 8યાકૂબે વિચાર્યુ, "એસાવ આવીને એક ટોળી પર હુમલો કરે તો બીજી ટોળી ભાગી જઈને બચી જાય."

9યાકૂબે કહ્યું, "હે મારા પૂર્વજ ઈબ્રાહિમના દેવ, હે મારા પિતા ઈસહાકના દેવ! તેં જ મને કહ્યું હતું કે, 'તારા દેશમાં તારા વતનમાં પાછો જા, હું તારું ભલું કરીશ."

10તેં મારા ઉપર ઘણી કરુણા બતાવી છે. તમે મારા માટે જે બધું સારું કર્યુ છે. તે માટે હું યોગ્ય નથી. મે યર્દન નદી પહેલી વાર ઓળંગી ત્યારે મારી પાસે ફકત મારી લાકડી જ હતી, અને અત્યારે મારી પાસે એટલી બધી વસ્તુઓ છે કે હું તે બધીને પૂરા બે ભાગમાં અને બે ટોળીમાં વહેંચી શકું. 11હું તમને પ્રાર્થના કરું છું કે, કૃપા કરીને મને મારા ભાઈ એસાવના હાથમાંથી બચાવો. મને એનો ભય છે કે રખેને તે આવીને અમને બધાંને, મારા દીકરાઓને તેઓની માઓ સુદ્ધાં ને મારી નાખે. 12હે યહોવા, તમે મને વચન આપ્યું હતું કે, 'હું તારું ભલું કરીશ, અને તારા વંશજોને સમુદ્રની રેતીના રજ જેટલા બનાવીશ કે જેને કોઈ ગણી ન શકે.'"

13તે રાત્રે યાકૂબે ત્યાં જ મુકામ કર્યો. યાકૂબે પોતાની પાસે જે કાંઈ હતું તેમાંથી કેટલીક વસ્તુઓ પોતાના ભાઈ એસાવને ભેટ આપવા પસંદ કરી: 14 200 બકરીઓ, 20 બકરાઓ, અને 200 ઘેટીઓ, 20 ઘેટાં, 15 30 ઊંટડીઓ, તેઓના બચ્ચાં સાથે, તથા 40 ગાયો અને 10 ગોધાઓ, 20 ગધેડીઓ અને 10 ગધેડાઓ. 16આ બધાં તેણે જુદાં જુદાં ટોળાંમાં પોતાના નોકરોને સોંપ્યાં અને કહ્યું, "મારી આગળ ચાલો, અને એક ટોળાં અને બીજા ટોળાં વચ્ચે જગ્યા રાખજો."

17યાકૂબે તેમને હુકમ કર્યો અને પ્રાણીઓના પહેલા ટોળા સાથેના સેવકને સૂચના આપી કે, "જો મારો ભાઈ એસાવ તમને મળે અને પૂછે કે, 'તમે કોના સેવક છો? તમે કયાં જાઓ છો? અને આ તમારી આગળનાં ઢોરનાં માલિક કોણ છે?' 18ત્યારે જવાબ આપજો, 'એ તો આપના સેવક યાકૂબનાં છે, અને એના વડીલ એસાવ માટે ભેટમાં મોકલ્યાં છે; અને યાકૂબ પોતે અમારી પાછળ જ આવે છે.'"

19એ જ રીતે તેણે ઢોરોના ટોળાં પાછળ ચાલતા બીજા માણસને, ત્રીજા માણસને અને બધાંજ માણસોને સૂચના આપી કે, "જયારે તમે લોકો એસાવને મળો ત્યારે આ એકજ વાત કહેજો. 20વધુમાં કહેજો કે, 'આ તમારી ભેટ છે, અને આપનો સેવક યાકૂબ પણ લોકોની પાછળ આવી રહ્યો છે.'"

યાકૂબે વિચાર્યુ, "જો હું આ માણસોને ભેટ સાથે આગળ મોકલું તો શકય છે કે કદાચ એસાવ મને માફ કરે અને મારો સ્વીકાર કરે." 21એટલા માટે યાકૂબે એસાવને ભેટ તેની આગળ આગળ મોકલી પરંતુ યાકૂબ પોતે તે રાત્રે પોતાની છાવણીમાં જ રહ્યો.

22તે રાત્રે મોડેથી યાકૂબ ઊઠયો અને પોતાની બે પત્નીઓ, બે દાસ્ત્રીઓ, અને અગિયાર બાળકોની સાથે યાબ્લોક નદીને પાર ચાલ્યો ગયો. 23યાકૂબે પોતાની પત્ની અને બાળકોને તેમજ પોતાની બધી મતાને નદીની પાર મોકલી દીધાં અને તે એકલો રહી ગયો.

## દેવ સાથે દ્વંદ્વ યુદ્ધ

24યાકૂબ નદીને પાર કરનાર છેલ્લો માણસ હતો. પરંતુ પાર કરતા પહેલાં જયારે તે એકલો હતો ત્યારે એક માણસ આવ્યો અને તેની સાથે કુસ્તી કર્યા કરી. જયાં સુધી સૂરજ ના ઊગ્યો ત્યાં સુધી તે વ્યકિએ યાકૂબ સાથે કુસ્તી કર્યા કરી. 25તે વ્યકિતએ જયારે જોયું કે પોતે યાકૂબને હરાવી શકતો નથી ત્યારે તેણે યાકૂબના જાંઘના સાંધા પર ઠોંસો માર્યો અને યાકૂબ કુસ્તી કરતો હતો ત્યાં જ તેની જાંઘનો સાંધો ઊતરી ગયો. 26પછી તે વ્યકિતએ યાકૂબને કહ્યું, "પરોઢ થવા આવ્યું છે, એટલે મને છોડી દો."

પરંતુ યાકૂબે કહ્યું, "જયાં સુધી તું મને આશીર્વાદ નહિ આપે ત્યાં સુધી હું તને છોડીશ નહિ."

27એટલે પેલા વ્યકિતએ પૂછયું, "તારું નામ શું છે?"

અને યાકૂબે કહ્યું, "મારું નામ યાકૂબ છે."

28પછી પુરુષે કહ્યું, "હવે તારું નામ યાકૂબ નહિં પણ
ઈસ્રાએલ કહેવાશે. કારણ કે તેં દેવ સાથે તથા પુરુષો સાથે
લડીને વિજય મેળવ્યો છે."
29પછી યાકૂબે પેલાને પૂછયું, "કૃપા કરીને મને જરા તમારું
નામ કહેશો?"
પરંતુ પેલી વ્યકિતએ કહ્યું, "તું મારું નામ શા માટે પૂછે
છે?" અને પછી તે સમયે પેલી વ્યકિતએ યાકૂબને આશીર્વાદ
આપ્યા.
30એટલા માટે યાકૂબે તે જગ્યાનું નામ પનીએલ પાડયું.
યાકૂબે કહ્યું, "આ જગ્યાએ મેં દેવના પ્રત્યક્ષ દર્શન કર્યા છે.
પરંતુ મારો જીવ બચી ગયો." 31જેવો તે પનીએલ આગળથી
પસાર થયો કે તરત જ સૂર્યોદય થયો. યાકૂબ પોતાના પગને
કારણે લંગડો ચાલતો હતો. 32એટલા માટે આજે પણ
ઈસ્રાએલના લોકો પ્રાણીની જાંઘના સાંધાનો સ્નાયુ ખાતા
નથી. કારણ કે યાકૂબની જાંઘના સાંધાના સ્નાયુ પર પેલાએ
ઈજા પહોચાડી હતી.

## યાકૂબની વીરતાનું દર્શન

33 યાકૂબે સામે નજર કરી તો એસાવને આવતો જોયો;
તેની સાથે 400 માણસો હતા. યાકૂબે તેના પરિવારને
ચાર સમૂહોમાં વહેંચ્યો. લેઆહ અને તેનાં બાળકો એક
સમૂહમાં હતા. રાહેલ અને યૂસફ એક સમૂહમાં હતા. દાસીઓ
અને તેનાં બાળકો બે સમૂહમાં હતા. 2યાકૂબે દાસીઓ અને
તેમનાં બાળકોને મોખરે રાખ્યાં. તેમની પાછળ લેઆહ અને
તેનાં બાળકોને રાખ્યાં. અને યાકૂબે છેલ્લાં રાહેલ અને યૂસફને
રાખ્યા.
3યાકૂબ પોતે એસાવની પાસે ગયો. તેથી એ પહેલો માણસ
હતો જેની પાસે એસાવ આવ્યો. તેના ભાઈ સુધી ચાલતાં
યાકૂબે સાત વાર સાષ્ટાંગ પ્રણામ કર્યા.
4જયારે એસાવે યાકૂબને જોયો. તે તેને મળવા દોડી આવ્યો
અને તે તેને ભેટીને તેને ગળે વળગી પડીને ચુંબન કરવા
લાગ્યો. બંન્ને ભાઈની આંખમાં આનંદના અશ્રુ આવ્યાં.
બંન્ને રડી પડયા. 5જયારે એસાવે નજર ઊચી કરીને સ્ત્રીઓ
અને બાળકોને જોયા ત્યારે તેણે પૂછયું, "તારી સાથે આ બધાં
કોણ છે?"
યાકૂબે જવાબ આપ્યો, "આ એ બાળકો છે જે મને દેવની
કૃપાથી પ્રાપ્ત થયા છે. દેવ મારા પ્રત્યે દયાળુ રહ્યાં છે."
6પછી દાસીઓ તેમનાં બાળકો સાથે તેમની નજીક આવી
અને પગે લાગી. 7એ જ રીતે લેઆહ અને તેનાં બાળકો
નજીક આવ્યા અને પગે લાગ્યાં. અને છેવટે યૂસફ અને
રાહેલ નજીક આવ્યા અને પગે પડયાં.
8એસાવે કહ્યું, "મેં જે બધા લોકોને અહીં આવતાં જોયા,
તે લોકો કોણ છે? અને આ બધાં પશુઓ શા માટે છે?"
યાકૂબે જવાબ આપ્યો, "એ તમારા માટે મારા તરફથી
ભેટ છે. જેથી તમે મારો સ્વીકાર કરી શકો. અને મારા માલિકની
મારા તરફ દયા રહે."
9પરંતુ એસાવે કહ્યું, "ભાઈ, તારે મને કોઈ ભેટ આપવાની
જરૂર નથી. મારી પાસે પૂરતું છે, તારું તારી પાસે રાખ."
10યાકૂબે કહ્યું, "ના,ના; હું તમારી પાસે માંગુ છું કે, મારા
પર કૃપા કરીને હું જે ભેટો આપું છું તેનો સ્વીકાર કરો. હું
તમને ફરીથી જોઈને પ્રસન્ન થયો છું. કારણકે મારે મન એ
દેવનું મુખ જોવા જેવું છે. તમે મારો સ્વીકાર કર્યો છે તે
જાણીને હું પ્રસન્ન થયો છું. 11તેથી હું વિનંતી કરું છું કે જે
ભેટો હું તમને આપું છું તેનો તમે સ્વીકાર કરો દેવ મારા પર
ખૂબ દયાળું રહ્યાં છે અને મારી પાસે મને જોઈતું બધુંજ છે."
આમ તેણે એસાવને ભેટો સ્વીકારવા આજીજી કરી. તેથી
એસાવે તે સ્વીકારી.
12પછી એસાવે કહ્યું, "હવે તું તારી યાત્રા શરૂ કરી શકે છે.
હું તારી સાથે આવીશ."
13પરંતુ યાકૂબે તેને કહ્યું, "તમે એ જાણો છો કે મારાં
બાળકો હજુ નાનાં અને નિર્બળ છે, અને મારી સાથે ધાવણાં
બચ્ચાંવાળાં ઘેટાંબકરાં અને ઢોર છે. તેમની મને ચિંતા છે.
એમને એક દિવસ પણ વધારે ઝડપથી ચલાવીએ તો બધાંજ
ઢોરો મરી જશે. 14તેથી મહેરબાની કરી તમે મારાથી આગળ
જાઓ, અને હું ધીમે ધીમે તમારી પાછળ આવીશ, હું મારા
બાળકો અને મારા ઢોરોના રક્ષણ માટે ધીમે ધીમે જઈશ
જેથી તેઓ વધારે થાકી ન જાય. હું તમને સઈરમાં મળીશ."
15એટલા માટે એસાવે કહ્યું, "તો પછી હું મારા માણસોને
તમારી સહાયતા માટે મૂકતો જાઉ."
પરંતુ યાકૂબે કહ્યું, "એ તો તમારી વિશેષ દયા છે. શી
જરૂર છે? આપની દયા છે એટલું બસ છે." 16એટલે એસાવ
તે જ દિવસે સાઈર જવા પાછો વળ્યો. 17પરંતુ યાકૂબ મજલ
કાપતો કાપતો સુક્કોથ પહોચ્યો. ત્યાં તેણે તેને માટે એક ઘર
બનાવ્યું અને પોતાનાં ઢોરો માટે નાનાં નાનાં (માંડવા) તબેલા
બનાવ્યા, તેથી તે જગ્યાનું નામ 'સુક્કોથ' રાખવામાં આવ્યું.
18આમ, યાકૂબે પોતાનું જે કાંઈ હતું તે બધું સુરક્ષિત
પદ્દાનારામમાંથી આવતાં કનાન દેશના શખેમ નગરમાં
મોકલી દીધું અને તે નગર આગળ મુકામ કર્યો. 19તેણે જે
જમીન પર તંબૂ તાણ્યા હતા તે જમીન તેણે શખેમના પિતા
હમોરના પુત્રો પાસેથી 100 તોલા ચાંદીમાં વેચાતી લીધી.
20યાકૂબે દેવની ઉપાસના માટે ત્યાં એક વેદી ઊભી કરી ને
તેનું નામ "એલ-એલોહે" ઈસ્રાએલ રાખ્યું અને તે ઈસ્રાએલના
દેવના નામે અર્પણ કરી.

## દીનાહ પર બળાત્કાર

34 દીનાહ લેઆહ અને યાકૂબની પુત્રી હતી. એક
દિવસે તે, એ પ્રદેશની સ્ત્રીઓને મળવા બહાર
નીકળી. 2તે પ્રદેશના રાજા હિવ્વી હમોરના પુત્ર શખેમે તેને
જોઈ એટલે તેણે તેને પકડી અને તેના પર બળાત્કાર કર્યો
અને તેની આબરૂ લીધી. 3પણ શખેમ દીનાહને પ્રેમ કરવા
લાગ્યો અને તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા પ્રગટ કરતો.
4તેણે પોતાના પિતા હમોરને કહ્યું કે, "મને એ છોકરી મેળવી
આપો જેથી હું તેની સાથે લગ્ન કરી શકું."

5યાકૂબને સમાચાર મળ્યા કે શખેમે તેની પુત્રી દીનાહની
આબરૂ લીધી હતી. પણ તેના પુત્રો ઢોરો સાથે ખેતરમાં હતા
એટલે તેઓ આવ્યા તેણે શાંતિ રાખી. 6પછી શખેમના પિતા
હમોર યાકૂબ સાથે વાત કરવા ગયો. 7ખેતરમાં યાકૂબના
પુત્રોને જે કાંઈ બન્યુ હતું તેના સમાચાર મળ્યા, જયારે
તેઓએ આ સાંભળ્યું ત્યારે તેઓ ઘણા ગુસ્સે થઈ ગયા હતા,
કારણ કે, શખેમે યાકૂબની પુત્રી પર બળાત્કાર કરીને ઈસ્રાએલ
વિરુધ્ધ ન કરવા જેવો ભયંકર ગુનો કર્યો હતો.

8પરંતુ હમોરે તેમને કહ્યું, "મારો પુત્ર શખેમ તમારી પુત્રી
દીનાહને ખૂબ ચાહે છે, કૃપા કરીને તેને તેણીની સાથે પરણવા
દો. 9અમારી સાથે લગ્નસંબંધ બાંધો, તમારી કન્યાઓ અમને
આપો અને અમારી કન્યાઓ તમે લો. 10તમે લોકો આ
પ્રદેશમાં અમારી સાથે રહી શકશો અને આ દેશ તમારા માટે
ખુલ્લો રહેશે. તમે લોકો અહીં રહો, વ્યાપાર રોજગાર કરો
અને માલમિલકતવાળા થાઓ."

11પછી શખેમે પણ યાકૂબ અને ભાઈઓને વાત કરી.
શખેમે કહ્યું, "કૃપા કરીને મારો સ્વીકાર કરો અને મેં જે કાંઈ
કર્યુ છે તે બદલ મને માફી આપો. તમે લોકો મને જે કરવાનું
કહેશો તે હું કરીશ. 12જો તમે મને દીનાહ સાથે પરણવા
દેશો તો હું તમે જે કાંઈ ભેટ માંગશો તે હું આપીશ."

13યાકૂબના પુત્રોએ શખેમ તથા તેના પિતાને કપટભર્યો
જવાબ આપ્યો કારણ કે શખેમે તેઓની બહેન દીનાહની
આબરૂ લીધી હતી. 14એટલા માટે તેમણે કહ્યું, "જેણે સુન્નત
કરાવી નથી એવા માણસને અમારી બહેન પરણાવવી એ તો
અમારાથી બનેજ નહિં, કારણ, એથી અમારી બદનામી થાય.
15છતાં અમે લોકો તને એની સાથે લગ્ન કરવા દઈશું જો તમે
પણ અમારા જેવા બની જાઓ. તમારા નગરના સર્વ પુરૂષોની
અમારી જેમ સુન્નત થઈ જાય. 16પછી તમારા પુરુષો અમારી
કન્યાઓ સાથે લગ્ન કરી શકશે અને અમારા પુરુષો તમારી
કન્યાઓ સાથે લગ્ન કરી શકશે. આપણે એકબીજા સાથે રહીએ
અને એક પ્રજા બની જઈએ. 17પણ જો તમે લોકો સુન્નત ન
કરાવો તો અમે લોકો દીનાહને લઈ ચાલ્યા જઈશું."

18આ કરારથી હમોર અને શખેમ બહું પ્રસન્ન થયા.
19દીનાહના ભાઈઓએ જે કાંઈ કહ્યું તે પ્રમાણે કરવામાં
શખેમને આનંદ થયો. કારણ તે યાકૂબની પુત્રીને ખૂબ પ્રેમ
કરતો હતો.

### બદલો

વળી, તે આખા કુટુંબમાં તેનું સૌથી વધારે માન હતું.
20એટલા માટે હમોર અને તેનો પુત્ર શખેમ ગામના ભાગળે
આવ્યા અને લોકોને કહેવા લાગ્યા કે, 21"ઈસ્રાએલના આ
લોકો આપણા મિત્રો થવા માગે છે. અને અમે લોકો તેઓને
આપણા પ્રદેશમાં રહેવા દેવા માગીએ છીએ. તેઓ આપણી
સાથે શાંતિ કાયમ રાખવા ઈચ્છે છે. આપણી પાસે આપણા
લોકો માટે પર્યાપ્ત ભૂમિ છે. તો ભલે તેઓ રહે અને વેપારધંધો
કરે. આપણે તેમની કન્યાઓ સાથે લગ્ન કરીએ અને આપણી
કન્યાઓ તેમને આપીએ. 22પરંતુ એક શરતે કે આપણામાંના
સર્વ પુરુષોની તેમની જેમ સુન્નત કરાવવામાં આવે. એ
લોકો પણ આપણી સાથે રહેવા અને એક પ્રજા બનવા તૈયાર
છે. 23જો આપણે એમ કરીશું તો તેમનાં ઢોરઢાંખર અને
મિલ્કતથી આપણે ધનવાન થઈ જઈશું. એટલા માટે ચાલો
આપણે તેમની સાથે કરાર કરીએ અને તેઓ અહીં અમારા
લોકો સાથે રહેશે."

24ભાગળો પર જે લોકોએ આ વાત સાંભળી તે બધા
હમોર અને શખેમ સાથે સંમત થઈ ગયા અને શહેરના
બધા વડીલોએ હમોર અને તેના પુત્ર શખેમની વાત સ્વીકારી,
અને સર્વ પુરુષોની સુન્નત કરાવવામાં આવી.

25ત્રીજે દિવસે સુન્નત થયેલા પુરુષોની બળતરા શમી
નહોતી, ત્યાં જ યાકૂબના બે પુત્રો શિમયોન અને લેવી,
જેઓ દીનાહના સગા ભાઈઓ હતા તેઓ તલવાર, લઈને
ઓચિંતા શહેર ઉપર ચડી આવ્યા અને તેમણે બધા પુરુષોને
મારી નાખ્યા. 26દીનાહના ભાઈ શિમયોન અને લેવીએ
હમોર અને તેના પુત્ર શખેમને મારી નાખ્યા. તેઓએ શખેમના
ઘરમાંથી દીનાહને બહાર આણી અને તેને લઈને ચાલ્યા
ગયા. 27વળી, યાકૂબના બીજા પુત્રોએ ઘાયલ થયેલાઓ
ઉપર હુમલો કર્યો અને નગરને લૂંટી લીધું, કારણ કે હજુ
સુધી તેમની બહેનની લાજ લૂંટવાથી ઉત્પન્ન થયેલ ક્રોધ
શમ્યો નહોતો. 28એટલા માટે દીનાહના ભાઈઓએ તેમનાં
બધાંજ ઢોર લૂંટી લીધાં.તેમણે તેમની બધી માલમત્તા, બધાં
બાળકો અને બધી સ્રીઓ પણ કબજે કરી લીધાં.

29-30પરંતુ યાકૂબે શિમયોન અને લેવીને કહ્યું, "તમે લોકોએ
મને બહુ દુ:ખી કર્યો છે; આ પ્રદેશના વતનીઓ કનાનીઓ
અને પરિઝીઓમાં તમે મને અપ્રિય બનાવ્યો છે. તે બધા
લોકો આપણા વિરોધી થઈ જશે. અહીં મારી પાસે તો થોડાજ
માણસો છે, અને જો એ લોકો એકઠા થઈને મારી વિરુધ્ધ
જઈને મારા પર હુમલા કરે તો મારા પરિવારનો તો વિનાશ
જ થાય."

31પરંતુ ભાઈઓએ ઉત્તર આપ્યો, "તો શું અમારે અમારી
બહેન સાથે આ લોકોને વેશ્યા જેવો વ્યવહાર કરવા દેવો?
ના, અમારી બહેન સાથે આવો વ્યવહાર કરનારા લોકો
ખરાબ છે."

### બેથેલમાં યાકૂબ

35 દેવે યાકૂબને કહ્યું, "ચાલ, ઊઠ બેથેલ જા અને
ત્યાં રહે. અને ત્યાં ઉપાસના માટે વેદી બનાવ.
દેવનું સ્મરણ કર. કારણ કે તું તારા ભાઈ એસાવ પાસેથી
ભાગી આવ્યો ત્યારે તને દેવે દર્શન આપ્યા હતા."

2આથી યાકૂબે પોતાના પરિવારને અને પોતાની સાથેના
બધા માણસોને કહ્યું, "તમારી પાસે લાકડાના અને ધાતુના
જે પારકા મિથ્યા દેવો હોય તેને ફેંકી દો અને તમારી દેહશુદ્ધિ
કરીને વસ્ત્રો બદલી નાખો. 3પછી આપણે બધા આ સ્થળને
છોડીને બેથેલ જઈશું. ત્યાં હું મારા વિપત્તિના સમયે મારો
પોકાર સાંભળનાર અને હું જયાં જયાં ગયો ત્યાં ત્યાં મારો
સાથ કરનાર દેવને માટે હું વેદી બનાવીશ."

4આથી જે લોકોની પાસે પારકા મિથ્યા દેવો હતા, તે બધા
દેવો તેમણે યાકૂબને આપી દીધા. તેઓએ પોતાના કાનોમાં
પહેરેલી કડીઓ પણ યાકૂબને સોંપી દીધી. યાકૂબે આ બધી
વસ્તુઓને શખેમ નગરની બાજુમાં એલોન વૃક્ષ નીચે દાટી
દીધાં.

5યાકૂબ અને તેના પુત્રોએ તે જગ્યા છોડી દીધી. તે ભૂમિના
લોકો તેમનો પીછો કરીને તેમને મારી નાખવા માગતા હતા.
પરંતુ તેઓ ખુબજ ભયભીત*હતા તેથી તેઓએ યાકૂબનો
પીછો કર્યો નહિ. 6યાકૂબ અને તેની સાથેના બધા લોકો
કનાન દેશમાં લૂઝ એટલે કે બેથેલ આવી પહોંચ્યા. 7યાકૂબે
ત્યાં એક વેદી બાંધી અને તે સ્થળનું નામ તેણે "એલ-બેથેલ"
પાડયું. કારણ કે તે જયારે પોતાના ભાઈ પાસેથી ભાગી
નીકળ્યો હતો ત્યારે દેવે તેને તે સ્થળે દર્શન દીધાં હતા.

8રિબકાની સાસુ દબોરાહ અહીં મૃત્યુ પામી હતી. ત્યારે
તેને બેથેલ નજીક એલોન વૃક્ષ નીચે દફનાવવામાં આવી
હતી. આથી એનું નામ 'રુદનનું એલોન વૃક્ષ' (એલોન-બાખૂથ)
રાખવામાં આવ્યું હતું.

## યાકૂબન નવું નામ

9જયારે યાકૂબ પાદ્દાનારામથી પાછો ફર્યો ત્યારે દેવે ફરીથી
તેને દર્શન દીધા અને આશીર્વાદ આપ્યા. 10દેવે યાકૂબને
કહ્યું, "તારું નામ યાકૂબ છે. પણ હવે ઈસ્રાએલ રહેશે."
આથી તેનું નામ ઈસ્રાએલ પડયું.

11દેવે તેને કહ્યું, "હું સર્વસમર્થ દેવ છું. હું તને આશીર્વાદ
આપું છું તને ઘણા સંતાનો થાઓ અને તારા વંશજો વધો.
એક મહાન રાષ્ટ્ર બનો, જાઓ તમારાથી બીજા રાષ્ટ્ર તથા
રાજાઓ થશે.12મેં ઈબ્રાહિમ અને ઈસહાકને જે વિશેષ ભૂમિ
આપી હતી તે હવે હું તમને તથા તમારા વંશજોને આપું
છું." 13પછી દેવ અંતર્ધ્યાન થઈ ગયા.14-15યાકૂબે તે જગ્યા
પર જયાં દેવે એની સાથે વાત કરી હતી ત્યાં, એક સ્મારકસ્તંભ
ઊભો કર્યો અને તેના ઊપર તેણે પેયાર્પણ અર્પી અને તેલનો
અભિષેક કર્યો. અને તે જગ્યાનું નામ બેથેલ પાડયું.

## રાહેલનું અવસાન

16યાકૂબ અને તેના માણસોએ બેથેલ છોડયું. અને જ્યારે
તેઓ એફ્રાતથી હજી થોડે અંતરે હતા ત્યાં જ રાહેલને પ્રસૂતિની
પીડા શરૂ થઈ. 17પરંતુ રાહેલને કષ્ટાતી જોઈને દાઈએ તેને
કહ્યું, "રાહેલ, તું ડરીશ નહિ, કારણ કે આ વખતે પણ તું
પુત્રને જન્મ આપી રહી છે."

18પુત્રને જન્મ આપતી વખતે રાહેલનું અવસાન થયું.
જીવ જતાં જતાં તેણે તેનું નામ 'બેનોની' પાડયું હતું. પરંતુ
તેના પિતા યાકૂબે તેનું નામ 'બિન્યામીન' પાડયું.

19આમ, રાહેલનું અવસાન થયું અને તેને એફ્રાથ, એટલે
કે બેથલેહેમને રસ્તે દફનાવવામાં આવી. 20યાકૂબે તેની કબર
ઉપર એક આધારસ્તંભ ઊભો કર્યો, અને તે આધારસ્તંભ
આજે પણ રાહેલની કબરના સ્તંભ તરીકે ઊભો છે. 21પછી
ઈસ્રાએલ (યાકૂબ) આગળ વધ્યો. તેણે એદેર સ્તંભની બરાબર
દક્ષિણમાં મુકામ કર્યો.

22ઈસ્રાએલ ત્યાં થોડો સમય રોકાયો. જયારે તે ત્યાં હતો
ત્યારે રૂબેન ઈસ્રાએલની દાસ્ત્રી બિલ્હાહ સાથે સૂઈ ગયો.
ઈસ્રાએલે જયારે આ જાણ્યું ત્યારે તે બહુંજ ગુસ્સે થયો.

## ઈસ્રાએલનો પરિવાર

23યાકૂબને બાર પુત્રો હતા: લેઆહના પેટે જન્મેલા પુત્રો
છ હતા: રૂબેન, શિમયોન, લેવી, યહૂદા, ઈસ્સાખાર અને
ઝબુલોન. યાકૂબના પહેલા ખોળાનો પુત્ર રૂબેન.

24તેની પત્ની રાહેલના બે પુત્રો હતા: યૂસફ અને
બિન્યામીન.

25રાહેલની દાસી બિલ્હાહને પેટે જન્મેલા બે પુત્રો હતા:
દાન અને નફતાલી.

26અને લેઆહની દાસી ઝિલ્પાહથી જન્મેલા બે પુત્રો
હતા: ગાદ અને આશેર. આ બધા યાકૂબના પુત્રો પાદ્દાનારામમાં
જન્મેલા હતા.

## ઈસહાકનું અવસાન

27યાકૂબ મામરે અથવા કિર્યાથ-આર્બા (હેબ્રોન)
આગળ પોતાનો પિતા ઈસહાક હતો ત્યાં પહોંચી ગયો.
આ તે જગ્યા છે જયાં ઈબ્રાહિમ અને ઈસહાક જઈને રહ્યાં
હતાં. 28ઈસહાકની ઉંમર 180 વર્ષની થઈ હતી. 29ઈસહાક
ઘણા વર્ષો જીવ્યો, તે લાંબુ અને પૂર્ણ જીવન જીવ્યો પછી
તે મૃત્યુ પામ્યોં. અને તેના દીકરાઓ એસાવ અને
યાકૂબે તેને તેના પિતા ઈબ્રાહિમને જ્યાં દફનાવ્યા હતા ત્યાં
દફનાવ્યો.

## એસાવનો પરિવાર

36 એસાવ ઉર્ફે અદોમના વંશજો આ પ્રમાણે છે.
2એસાવે કનાની સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા હતા:
એલોન હિત્તીની પુત્રી આદાહ, સિબઓન હિવ્વીના પુત્ર
અનાહની પુત્રી ઓહલીબામાહ,3અને ઈશ્માએલની પુત્રી
નબાયોથની બહેન બાસમાથ સાથે તેણે લગ્ન કર્યા હતા.
4આદાહને એસાવથી અલીફાઝ અવતર્યો. બાસમાથમાને
રેઉએલ અવતર્યો, 5અને ઓહલીબામાહને યેઉશ, યાલામ
તથા કોરાહ અવતર્યો. આ કનાનમાં જન્મેલા એસાવના પુત્રો
હતા.

6ત્યાર બાદ એસાવ પોતાની પત્નીઓ, પુત્રો, પુત્રીઓ
અને પરિવારના બધાં માણસો તથા ઢોરો અને બધાં જાનવરોને
અને કનાન દેશમાં મેળવેલી બધી માલમિલકતને લઈને
પોતાના ભાઈ યાકૂબથી દૂરના પ્રદેશમાં ચાલ્યો ગયો. 7તેમની
માલમિલકત એટલી બધી હતી કે તેઓ ભેગા ન રહી શકે
અને તેઓ જયાં રહેતા હતા તે ભૂમિ એવી હતી કે તેમનાં
બંનેનાં ઢોરોનો નિભાવ ન થઈ શકે. 8આથી એસાવ સેઈરના
પહાડી દેશમાં રહેવા લાગ્યો, એસાવ એજ અદોમ.

**ભયભીત** મૂળ પ્રમાણે : "તેમના પર દેવનો ત્રાસ પડ્યો."

9એસાવ અદોમીઓના આદિપિતા છે. સેઈરના પહાડી
પ્રદેશના અદોમીઓના વડવા એસાવના વંશજો આ પ્રમાણે
છે: 10એસાવના પુત્રોના નામ આ છે: એસાવની પત્ની
આદાહનો પુત્ર અલીફાઝ, ને એસાવની પત્ની બાસમાથનો
પુત્ર રેઉએલ.

11અલીફાઝના પુત્રો તેમાન, ઓમાર, સફો, ગાતામ અને
કનાઝ હતા. 12તિમ્ના એસાવના પુત્ર અલીફાઝની દાસી
હતી. તેને અલીફાઝથી અમાલેક અવતર્યો હતો. આ એસાવની
પત્ની આદાહના પૌત્રો છે.

13એસાવની પત્ની બાસમાથનો દીકરો રેઉએલ. રેઉએલના
પુત્રો નાહાથ, ઝેરાહ, શામ્માહ અને મિઝ્જાહ.

આ એસાવની પત્ની બાસમાથના પૌત્રો છે. સિબઓનના
પુત્ર અનાહની પુત્રી ઓહલીબામાહ એસાવની પત્ની હતી.
14તેને એસાવથી યેઉશ, યાલામ અને કોરાહ અવતર્યા
હતા.

15એસાવના વંશજોમાં નીચેના સરદારો હતા. એસાવના
સૌથી મોટા પુત્ર અલીફાઝના પુત્ર: સરદાર તેમાન, સરદાર
ઓમાર, સરદાર સફો, સરદાર કનાઝ,

16કોરાહ, ગાતામ, અને અમાલેક. આ અદોમની ભૂમિમાંના
અલીફાઝના પરિવારનાં સરદારો છે. એ બધા આદાહના
પૌત્રો છે.

17એસાવનો પુત્ર રેઉએલ આ પરિવારોનો આદિ પિતા
હતો. રેઉએલના પુત્રો નીચે પ્રમાણે છે: સરદાર નાહાથ,
સરદાર ઝેરાહ, સરદાર શામ્માહ, અને સરદાર મિઝ્ઝાહ,
આ અદોમના પ્રદેશમાંના રેઉએલના સરદારો છે.

એ એસાવની પત્ની બાસમાથના પૌત્રો છે.

18એસાવની પત્ની ઓહલીબામાહના દીકરા: સરદાર
યેઉશ, સરદાર યાલામ અને સરદાર કોરાહ, અનાહની પુત્રી
એસાવની પત્ની ઓહલીબામાહના આ પુત્રો છે. 19આ
એસાવના ઉર્ફે અદોમના પુત્રો છે અને એ સરદારો છે.

## સેઈરના વંશજો

20એસાવના પહેલાં અદોમમાં હોરી સેઈરના એ પ્રદેશમાં
જ વસતા પુત્રો આ છે: લોટાન, શોબાલ, સિબઓન, અનાહ,
દીશોન, અસેર અને દીશાન. 21અદોમ પ્રદેશમાંના હોરીઆના
આ સરદારો સેઈરના પુત્રો છે.

22લોટાનના દીકરા હોરી અને હેમામ હતા. અને લોટાનની
બહેન તિમ્ના હતી.

23આ શોબાલના પુત્રો હતા: આલ્વાન, માનાહાથ, એબાલ,
શફો અને ઓનામ.

24અને સિબઓનના પુત્રો આયાહ તથા અનાહ છે.
અનાહને રણપ્રદેશમાં પોતાના પિતા સિબઓનનાં ગધેડાં
ચરાવતાં ગરમ ઝરણાં જડયા હતા.

25અને અનાહનાં પુત્રો આ છે: એટલે દીશોન તથા
અનાહની પુત્રી ઓહલીબામાહ.

26અને દીશોનના પુત્રો આ છે: એટલે હેમ્દાન તથા એશ્બાન
તથા યિથ્રાન તથા ખરાન.

27આ એસેરના પુત્રો આ છે: એટલે બિલ્હાન, ઝાઅવાન
તથા અકાન.

28આ દીશાનના પુત્રો આ છે: એટલે ઉસ તથા અરાન.

29હોરીઓથી જે સરદારો થયા તે આ છે: એટલે લોટાન
સરદાર, શોબાલ સરદાર, સિબોન સરદાર, અનાહ સરદાર.
30સરદાર દીશોન, સરદાર એસેર અને સરદાર દીશાન. આ
સેઈરના પ્રદેશના જાતિવાર હોરીઓના સરદારો છે. 31તે સમયે
અદોમમાં અનેક રાજાઓ હતા. ઈસ્રાએલી રાજાઓ પહેલાં
અદોમના પ્રદેશ ઉપર રાજય કરનાર રાજાઓ આ પ્રમાણે
હતા:

32અદોમમાં બયોરના પુત્ર બેલાએ રાજય કર્યુ હતું. તેના
પાટનગરનું નામ દિનહાબાદ હતું. 33બેલાના અવસાન બાદ
બોસરાહ નગરના ઝેરાહનો પુત્ર યોબાબ ગાદીએ આવ્યો.
34યોબાબના અવસાન બાદ તેમાન દેશનો હુશામ ગાદીએ
આવ્યો. 35હુશામના અવસાન બાદ બદાદનો પુત્ર હદાદ
ગાદીએ આવ્યો. તેણે મોઆબ પ્રદેશમાં મિધાનીઓને પરાજય
આપ્યો. તેનું પાટનગર અવીથ હતું. 36ત્યારબાદ હદાદનું
અવસાન થયું. ને તેની જગ્યાએ માસરેકાહમાંના સામ્લાહે
રાજય કર્યુ. 37અને સામ્લાહના અવસાન બાદ નદી પાસેના
રહોબોથના શાઉલે રાજય શાસન કર્યુ. 38શાઉલના અવસાન
પછી આખ્બોરનો પુત્ર બાઆલ હનાન ગાદીએ આવ્યો.
39અખ્બોરના દીકરા બાઆલહનાનના અવસાન પછી હદાર
ગાદીએ આવ્યો અને તેનું પાટનગર 'પાઉ' હતું. તેની પત્નીનું
નામ મહેટાબએલ હતું તે મેઝાહાબની પુત્રી મટરેદની પુત્રી
થતી હતી.

40પછી એસાવથી જે સરદારો થયા તેઓનાં નામ,
પોતપોતાનાં પરિવાર તથા જગાઓ મુજબ તેઓના નામ આ
છે: સરદાર તિમ્ના, સરદાર અલ્વાહ, સરદા યથેથ, 41સરદાર
ઓહલીબામાહ, સરદાર એલાહ, સરદાર પીનોન, 42સરદાર
કનાઝ, સરદાર તેમાન, સરદાર મિબ્સાર, સરદાર માગ્દીયેલ,
અને સરદાર ઈરામ. 43પોતપોતાના વતનના દેશ પ્રમાણે
આદોમના સરદારો છે. અદોમ લોકોનો પૂર્વજ તે જ
એસાવ છે.

## સ્વપ્નદ્રષ્ટા યૂસફ

37 યાકૂબ જે પ્રદેશમાં એના પિતા આવીને વસ્યા
હતાં તે દેશમાં એટલે કે કનાન દેશમાં રહ્યો.
2યાકૂબના પરિવારની આ કથા છે.

યૂસફ 17 વર્ષનો યુવાન હતો. તેનું કામ ઘેટાંબકરાંને
ચરાવવાનું અને તેમની દેખભાળ રાખવાનું હતું. યૂસફ આ
કામ પોતાના ભાઈઓ એટલે કે બિલ્હાહ તથા ઝિલ્પાહના
પુત્રોની સાથે કરતો હતો. (બિલ્હાહ અને ઝિલ્પાહ તેના
પિતાની પત્નીઓ હતી.) 3યૂસફ પોતાના ભાઈઓના દુકૃત્યો
વિષે તેના પિતાને જાણ કરતો હતો. તેના પિતા ઈસ્રાએલ
વૃદ્ધ હતાં ત્યારે યૂસફનો જન્મ થયો હતો. તેથી ઈસ્રાએલ
બીજા પુત્રો કરતા વધારે પ્રેમ યૂસફને કરતો હતો; અને તેણે
યૂસફ માટે એક લાંબી બાંયનો રંગીન ઝભ્ભો પણ સીવડાવ્યો

હતો. 4બીજા પુત્રો કરતા પિતાને યૂસફ પર વિશેષ પ્રેમ છે
તેના ભાઈઓ એ જોતા તેઓ તેના ભાઈ યૂસફને ઘૃણા કરવા
લાગ્યા અને તેઓ તેની સાથે મૈત્રીભાવથી વાત કરી શકતા
નહોતા.

5એક વખત યૂસફે એક વિચિત્ર સ્વપ્ન જોયું. અને પછી
યૂસફે આ સ્વપ્નની બાબતમાં પોતાના ભાઈઓને વાત કરી.
તેથી તેના ભાઈઓ તેને પહેલા કરતાં વધુ ઘૃણા કરવા લાગ્યા.

6યૂસફે કહ્યું, "સાંભળો, મેં એક સ્વપ્ન જોયું." 7આપણે
બધા ખેતરમા ઘઉંના પૂળા બાંધતા હતા. એવામાં મારો પૂળો
ટટાર ઊભો રહ્યો અને તમારા પૂળાએ તેની આસપાસ ભેગા
થઈને મારા પૂળાને પ્રણામ કર્યા."

8તેના ભાઈઓએ કહ્યું, "શું તું એમ માને છે કે આનો
અર્થ એ છે કે તું રાજા થઈને અમારા પર શાસન કરીશ?" આ
સ્વપ્ન વિષે યૂસફે જે વાત કરી તેને કારણે તેઓ તેના પર
પહેલાં કરતાં વધારે ઘૃણા કરતા થયાં.

9પછી યૂસફને બીજું સ્વપ્ન આવ્યું, તે તેણે પોતાના
ભાઈઓને કહ્યું. "મેં બીજા સ્વપ્નમાં સૂર્ય, ચંદ્ર અને અગિયાર
નક્ષત્રોને મને વંદન કરતા જોયા."

10જ્યારે પછી યૂસફે પિતાને તેનાં સ્વપ્ન વિષે કહ્યું ત્યારે
તેના પિતાએ તેને ઠપકો આપ્યો અને કહ્યું, "તારા આ સ્વપ્નનો
અર્થ શો? શું તું એમ સમજે છે કે હું તારી માતા તથા તારા
ભાઈઓ તને સાષ્ટાંગ પ્રણામ કરીશુ?" 11તેના ભાઈઓ તો
તેની ઈર્ષ્યા કરતાં રહ્યાં. પણ તેના પિતા આ બાબતનો
ગંભીરતાથી વિચાર કરવા લાગ્યા.

12એક વખત યૂસફના ભાઈઓ પિતાના ઘેટાંબકરાં ચરાવવા
માટે શખેમ ગયા. 13પછી ઈસ્રાએલે યૂસફને કહ્યું, "શખેમ
જા, તારા ભાઈઓ શખેમમાં ઘેટાં બકરાં ચરાવે છે. ચાલ, હું
તને તેમની પાસે મોકલું છું."

યૂસફે કહ્યું, "હું જઈશ, હું તૈયાર છું."

14યૂસફના પિતાએ કહ્યું, "જા અને તપાસ કર. તારા ભાઈઓ
અને ઘેટાં બકરાં કુશળ છે કે કેમ?"જોઈ આવ ને મને કહે."
એમ કહીને તેણે તેને હેબ્રોનની ખીણમાં થઈ શખેમ જવા
મોકલ્યો.

15યૂસફ શખેમમાં ખોવાઈ ગયો. એક માણસે તેના
ખેતરમાં આમતેમ રખડતો જોયો. તે માણસે પૂછયું. "તું કોને
શોધે છે?"

16યૂસફે જવાબ આપ્યો, "હું મારા ભાઈઓને શોધું છું; શું
તમે બતાવી શકો છો કે તેઓ કઈ જગ્યાએ ઘેટાંબકરાં
ચરાવે છે?"

17પેલા માાણસે કહ્યું, "તેઓ તો ચાલ્યા ગયા છે. મેં તેમને
એમ વાત કરતાં સાંભળ્યા હતા કે ચાલો, આપણે દોથાન
જઈએ." આથી યૂસફ પોતાના ભાઈઓની પાછળ ગયો અને
તેઓ તેને દોથાનમાં મળ્યા.

## યૂસફનું ગુલામી માટે વેંચાઈ જવું

18યૂસફના ભાઈઓએ તેને દૂરથી આવતાં જોયો અને એ
તેમની પાસે આવી પહોંચે તે પહેલાં જ એને મારી નાખવા
માટેનું ષડયંત્ર તેમણે રચ્યું. 19ભાઈઓએ એકબીજાને કહ્યું,
"જુઓ, પેલો સ્વપ્ન જોવાવાળો યૂસફ આવે છે! 20ચાલો તક
મળતાં આપણે તેને મારી નાખીએ અને કોઈ હવડ કૂવામાં
નાખી દઈએ. અને આપણે આપણા પિતાને કહીશું કે તેને
કોઈ જંગલી જાનવર ખાઈ ગયું છે. પછી આપણે જોઈશું કે
એના સ્વપ્નોનું શું થાય છે?"

21પરંતુ રૂબેન યૂસફને બચાવવા માગતો હતો. રૂબેને કહ્યું,
"આપણે એનો જીવ ન લઈએ. 22રણના આ ખાલી કૂવામાં
એને નાખી દો, પણ એને કોઈ ઈજા ન કરશો." રૂબેનની
યોજના એને બીજા ભાઈઓના હાથમાંથી બચાવી લઈને
પિતાને સુપ્રત કરવાની હતી. 23યૂસફ તેના ભાઈઓની પાસે
આવ્યો ત્યારે એણે પેલો લાંબી બાંયનો સુંદર ડગલો પહેર્યો
હતો તેને ફાડીને ઉતારી લીધો. 24પછી તેઓએ એને લઈ
જઈને હવડ કૂવામાં ફેંકી દીધો. કૂવામાં પાણી નહોતું.

25પછી યૂસફના ભાઈઓ ખાવા બેઠા. તેમણે નજર કરી
તો ઈશ્માએલીઓની એક વણજાર ગિલઆદથી આવતી હતી;
અને તેઓ ઊંટ ઉપર અનેક સુગંધીઓ તથા લોબાન તથા
બોળ લાદીને મિસર લઈ જતા હતા. 26યહૂદાએ પોતાના
ભાઈઓને કહ્યું, "આપણે આપણા ભાઈની હત્યા કરીએ
અને તેનું રકત છુપાવી દઈએ તેથી શો ફાયદો? 27ચાલો,
આપણે તેને ઈશ્માએલીઓને વેચી દઈએ. અને તેને કોઈ
ઈજા ન કરીએ, કારણ એ આપણો ભાઈ છે, તથા આપણું જ
લોહી છે." અને તેના ભાઈઓ તેની સાથે સંમત થયા. 28તે
સમયે ત્યાંથી કેટલાક મિદ્યાની વેપારીઓ પસાર થતાં હતા;
તેથી ભાઈઓએ યૂસફને કૂવામાંથી બહાર કાઢયો અને 20
રૂપામહોરમાં વેપારીઓને વેચી દીધો. તેથી તેઓ યૂસફને
મિસર લઈ ગયા.

29રૂબેન કૂવા પાસે પાછો આવ્યો; જોયું તો કૂવામાં યૂસફ
ન હતો; શોકના માર્યા તેણે પોતાનાં લૂંગડાં ફાડયાં. 30પછી
તેણે પોતાના ભાઈઓ પાસે પાછા આવીને કહ્યું, "અરે! છોકરો
તો નથી; હવે હું શું કરું?" 31પછી તેઓએ યૂસફનો ઝભ્ભો
લીધો, અને બકરાંને કાપીને તેના રકતમાં એ ઝભ્ભો બોળી
કાઢયો. 32અને પછી તે રંગીન લીલી બાંયવાળો ઝભ્ભો
પોતાના પિતાને મોકલી આપ્યો અને કહેવડાવ્યું કે, "આ
અમને જડયો છે; તે તમારા પુત્રનો છે કે નહિં એ તમે
ઓળખી લેજો."

33તેમણે તે ઓળખ્યો, ને કહ્યું, "આ તો મારા પુત્રનો
ઝભ્ભો છે; કોઈ જંગલી પશુએ તેને ફાડી ખાધો છે; જરૂર
યૂસફને ફાડી ખાધો છે." 34પછી યાકૂબે પોતાનાં વસ્રો ફાડી
નાંખ્યાં અને ઢીલો ઝભ્ભો પહેર્યો અને ઘણા દિવસ સુધી
તેણે પુત્રના મરણનો શોક પાળ્યો. 35અને એના બધા પુત્ર-
પુત્રીઓએ તેને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો પણ તે
શાંત થયો નહિં અને તેણે કહ્યું, "મારા મરવાના દિવસ સુધી
હું શોક કર્યા કરીશ." આમ તેના પિતાએ વિલાપ કર્યો.

36તે સમય દરમ્યાન પેલા મિદ્યાનીઓએ યૂસફને મિસરમાં
ફારુનના એક અમલદાર, અંગરક્ષકોના અધિકારી પોટીફારને
વેચી દીધો.

## યહૂદા અને તામાર

38 એ દિવસો દરમ્યાન યહૂદાએ પોતાના ભાઈઓને
છોડી દીધા અને અદુલ્લામ નગરના વતની હીરાહ
નામના વ્યકિત સાથે રહેવા ગયા. 2ત્યાં તેમને એક કનાની
સ્ત્રી મળી. અને તે સ્ત્રી સાથે તેમણે લગ્ન કરી લીધા. તે
સ્ત્રીના પિતાનું નામ શૂઆ હતું. 3તે સ્ત્રી ગર્ભવતી થઈ ને
તેણે એક પુત્રને જન્મ આપ્યો; અને યહૂદાએ તેનું નામ એર
પાડયું. 4ફરીથી તેણે ગર્ભ ધારણ કર્યો અને પુત્રને જન્મ
આપ્યો. તેણે તેનું નામ ઓનાન પાડયું. 5અને ફરી તેને એક
પુત્ર જન્મ્યો જેનું નામ તેણે શેલાહ પાડયું. જયારે તેનો
જન્મ થયો ત્યારે યહૂદા ખઝીબમાં હતો.

6પછી યહૂદાએ પોતાના મોટા પુત્ર એર માટે તામાર નામની
વહુ લાવી. 7યહોવાએ યહૂદાના મોટા પુત્રને મારી નાખ્યો
કારણ કે તેની દ્રષ્ટિમાં તે ભૂંડો હતો. 8પછી યહૂદાએ ઓનાનને
કહ્યું, "તું તારા ભાઈની પત્ની સાથે શારીરિક સમાગમ કર.
દિયર તરીકેની તારી ફરજ અદા કર, અને તારા ભાઈ માટે
પ્રજા પેદા કર."

9અને ઓનાને ખબર હતી કે એ સંતાનો તેના ગણાશે
નહિં. એટલે જયારે જયારે એ પોતાની ભાભી સાથે સમાગમ
કરતો ત્યારે ત્યારે વીર્યસ્ખલન જમીન પર કરતો, જેથી તેના
ભાઈની પ્રજા પેદા ન થાય. 10આ રીતે તે જે કરતો તે યહોવાની
દ્રષ્ટિમાં ભૂંડું હતું. તેથી તેણે તેનું પણ મોંત નિપજાવ્યું. 11પછી
પોતાની પુત્રવધૂ તામારને યહૂદાએ કહ્યું, "મારો પુત્ર શેલાહ
મોટો થાય ત્યાં સુધી તું તારા પિયરમાં જઈને વિધવા તરીકે
રહે." કારણ કે કદાચ તે શેલાદ પણ તેના ભાઈઓની જેમ
માર્યો જાય. તેથી તામાર તેના બાપને ઘેર જઈને રહી.

12સમય જતાં યહૂદાની પત્ની, શૂઆની પુત્રીનું મૃત્યુ
થયું. શોકનો સમય પૂરો થયા પછી યહૂદા પોતાના મિત્ર
અદુલ્લામી હીરાહ સાથે તેનાં ઘેટાં કાતરનારાઓ પાસે તિમ્નાહ
ગયો. 13પછી તામારને જાણ થઈ કે, "જો, તારા સસરા તેમનાં
ઘેટાં કાતરવાને તિમ્નાહ જાય છે." 14તેથી તેણીએ પોતાનાં
વૈધવ્યનાં વસ્રો ઉતારી અને પોતાનો ચહેરો બુરખાથી ઢાંકી
દીધો. અને પોતાનો દેહ ઢાંકીને તિમ્નાહને રસ્તે આવેલ
એનાઈમની ભાગોળ આગળ એક સ્થળે બેઠી. તે જાણતી
હતી કે શેલાહ મોટો થયો છે. તેમ છતાં તેને તેણીની સાથે
પરણવાની મંજુરી આપવામાં આવી ન હતી.

15અને જયારે યહૂદાએ તેને જોઈ, ત્યારે તેને વેશ્યા જાણી,
કારણ કે તેણે પોતાનું મુખ ઢાંકયું હતું. 16રસ્તાની બાજુમાં
તેની પાસે જઈને તેણે કહ્યું, "હવે મને તારી પાસે આવવા
દે" કેમ કે તે જાણતો નહોતો કે એ એની પુત્રવધૂ છે.

તે બોલી, "મારી સાથે સમાગમ કરવા માટે તમે મને શું
આપશો?"

17તેણે જવાબ આપ્યો, "મારાં બકરાંના ટોળામાંથી એક
લવારું મોકલીશ."

તેણીએ કહ્યું, "તમે મને લવારું મોકલો ત્યાં સુધી કોઈ
વસ્તુ આપો તો જ!"

18તેથી તેણે તેને કહ્યું , "હું શું સાનમાં આપું?"

તેણીએ કહ્યું, "તમારી મુદ્રા, તથા તમારો અછોડો તથા
તમારા હાથમાંની ડાંગ." આથી યહૂદાએ એ વસ્તુઓ આપી
અને તેની પાસે ગયો, ને તેનાથી તે ગર્ભવતી થઈ. 19પછી તે
ઊઠીને ચાલી ગઈ, અને બુરખો કાઢીને તેણે વિધવાનાં વસ્રો
પહેરી લીધાં.

20પછી જયારે યહૂદાએ સાનમાં મૂકેલી વસ્તુઓ તે સ્ત્રી
પાસેથી મેળવવા અદુલ્લામવાસી મિત્ર સાથે લવારું મોકલ્યું
ત્યારે તેને તે મળી નહિં. 21એટલે તેણે તે ગામના માણસોની
પૂછપરછ કરી, કે "જે વેશ્યા એનાઈમ પાસે રસ્તા પર બેઠી
હતી તે વેશ્યા કયાં છે?"

તેમણે જવાબ આપ્યો, "અહીં કોઈ વેશ્યા હતી જ નહિ."

22તેથી યહૂદા પાસે પાછા આવીને તેણે કહ્યું, "મને તો તે
ન મળી; અને ત્યાંના માણસોએ પણ કહ્યું કે, અહીં કોઈ
વેશ્યા નહોતી. 23એટલે યહૂદા બોલ્યો, "એની પાસે જે છે તે
છોને એની પાસે રહે; નહિં તો આપણે અપમાનિત થઈશું.
મેં તો તેને માટે આ લવારું મોકલ્યું હતું. પણ તને તે મળી
નહિ એ જુદી વાત."

## તામાર ગર્ભવતી થઈ

24આસરે ત્રણ મહિના બાદ યહૂદાને જાણ થઈ કે ,"તારી
પુત્રવધૂએ તમારો વ્યભિચાર કર્યો છે, પરિણામે તે ગર્ભવતી
થઈ છે."

તેથી યહૂદાએ કહ્યું, તેને બહાર લાવીને બાળી નાખો."

25પરંતુ તેને બાળવા લઈ જતા હતા ત્યારે તેણે પોતાના
સસરાની પાસે માણસ મોકલીને કહેવડાવ્યું. "આ વસ્તુઓ
જેની છે તે માણસથી મને ગર્ભ રહ્યો છે. આ મુદ્રા તથા
અછોડો અને ડાંગ કોના છે? ઓળખો."

26પછી યહૂદાએ વસ્તુઓ ઓળખીને કબૂલ કર્યુ અને
કહ્યું, "તે નિદોર્ષ છે, દોષ મારો છે, કારણ કે મેં એને મારા
પુત્ર શેલાહ સાથે પરણાવી નહિ તેનું આ પરિણામ છે." તે
પછી તેણે તેને જાણી નહિ.

27પ્રસવકાળે તેને ખબર પડી કે તેના પેટમાં જોડ છે.
28પ્રસૂતિ વખતે તેમાંના એકે હાથ બહાર કાઢયો, એટલે
તરત જ દાયણે તેને પકડી લઈને લાલ દોરાથી બાંધીને કહ્યું,
"આ પહેલો આવ્યો છે." 29પણ તેણે તેનો હાથ પાછો ખેંચી
લીધો તેથી તેનો ભાઈ પહેલો બહાર આવ્યો, ત્યારે દાયણ
બોલી, "તું કેવી રીતે ફાટ પાડીને નીકળ્યો?" તેથી તેનું નામ
પેરેસ પડયું. 30પછી લાલ દોરા સાથે તેનો ભાઈ બહાર
આવ્યો. જેથી તેનું નામ ઝેરાહ પડયું.

## યૂસફને મિસરના પોટીફરને ત્યાં વેચવામાં આવ્યો

39 પછી ઈશ્માએલીઓ યૂસફને મિસર લઈ આવ્યા
અને ત્યાંથી ફારુનના એક મિસરી અમલદાર,
અંગરક્ષકોના સરદાર પોટીફારે તેને તેમની પાસેથી વેચાતો
લીધો. 2પરંતુ યહોવાએ યૂસફને મદદ કરી. તેથી તે બધી
બાબતોમાં સફળ થયો. તે તેના મિસરી શેઠના ઘરમાં રહેતો
હતો.

3પોટીફારે જોયું કે યહોવા યૂસફની સાથે છે. તેથી યૂસફ
જે કંઈ કરે છે તેમાં યહોવા એને સફળતા બક્ષે છે. 4એટલે
પોટીફાર યૂસફને પ્રાપ્ત કરીને પ્રસન્ન થયો. યૂસફ પર તેની
કૃપાદ્રષ્ટિ હતી. તેથી તેણે તેને પોતાની અંગત સેવામાં
રાખ્યો. 5તેણે તેને ઘરનો કારભારી બનાવ્યો અને પોતાની
મિલકત તેને સોંપી. જ્યારથી યૂસફને એણે પોતાના ઘરનો
અને પોતાની બધી મિલકતનો કારભાર સોંપ્યો ત્યારથી
યહોવાએ મિસરીના ઘર ઉપર અને પોટીફારના ઘરમાં
અને ખેતરમાં જે કાંઈ હતું તે બધા ઉપર આશીર્વાદ વરસાવ્યા.
6તેથી પોટીફારે ઘરની તમામ વસ્તુઓની જવાબદારી યૂસફને
સોંપી દીધી. અને પોટીફારે બધીજ ચિંતા છોડી દીધી, તે જે
અન્ન ખાતો તે સિવાય બીજી કોઈ ચિંતા કરતો નહિં.

## યૂસફ પોટીફારની પત્નીને ના કહે છે

યૂસફ સુંદર અને રૂપાળો હતો. 7થોડા સમય પછી યૂસફના
શેઠના પત્નીએ યૂસફ તરફ તીવ્ર લાલસાથી જોયુ; અને કહ્યું,
"મારી સાથે સૂઈ જા અને મારી સાથે સંભોગ કર."

8પરંતુ યૂસફે તેની સ્પષ્ટ ના પાડી અને પોતાના શેઠની
પત્નીને કહ્યું, "જુઓ, હું છું તેથી મારા શેઠને ઘરમાં કોઈ
વસ્તુની ચિંતા નથી, તેમણે તેમનું જે કાંઈ છે તે બધું એક
તમારા અપવાદ સિવાય મને સોંપી દીધું છે. 9આ ઘરમાં
મારા કરતાં કોઈનું વધારે ચલણ નથી. તેમ શેઠે કોઈ વસ્તુથી
મને બાકાત રાખ્યો નથી, એક તમારા વિના, કારણ કે તમે
તેમનાં પત્ની છો. માટે આવું મોટું કુકર્મ કરીને, હું દેવનો
ગુનેગાર શી રીતે થઈ શકુ?"

10તેણી દરરોજ યૂસફને ઉશ્કેરવા પ્રયત્ન કરી તેણીની સાથે
સૂવા માટે કહેતી, છતાં યૂસફ તેણી સાથે સંભોગ કરવા સંમત
થતો નહોતો. 11એક દિવસ યૂસફ કોઈ કારણસર ઘરમાં
ગયો; ત્યારે ઘરમાં ઘરનું કોઈ માણસ ન હતું. 12એટલે તે
સ્ત્રીએ એનો ઝભ્ભો પકડીને કહ્યું, "મારી સાથે સૂઈ જા."
પણ યૂસફ તો તેનો ઝભ્ભો તેના હાથમાં રહેવા દઈને ઘરની
બહાર નાસી ગયો.

13જયારે પેલી સ્ત્રીએ જોયું કે યૂસફ તેનો ઝભ્ભો એના
હાથમાં રહેવા દઈને બહાર નાસી ગયો છે. 14તેણીએ પોતાના
ઘરમાંના પુરુષોને બોલાવ્યા અને કહ્યું, "જુઓ, આપણને
શરમાવવા એક હિબ્રુ માણસ મોકલાવાયો છે; તે મારી સાથે
સૂવા અંદર આવ્યો હતો, 15એટલે મેં મોટા સાદે બૂમ પાડી,
એટલે તે બૂમ સાંભળીને તેનુ વસ્ર મારા હાથમાં મૂકીને
ભાગી ગયો."

16પછી તેણીએ તેના પતિના આવતા સુધી ઝભ્ભો પોતાની
પાસે રાખી મૂકયો,

17અને પોતાના પતિને પણ તેણીએ એ પ્રમાણે કહ્યું કે,
"તમે જે હિબ્રૂ ગુલામ લાવ્યા છો, તે મારી લાજ લૂંટવા માટે
મારી પાસે આવ્યો હતો; 18પણ મેં જેવી મોટા સાદે બૂમ
પાડી કે તરત જ તે ઝભ્ભો મારી પાસે રહેવા દઈને નાસ્ત્રી
ગયો."

## યૂસફ જેલમાં

19પછી શેઠે જયારે પોતાની પત્નીની વાત સાંભળી કે,
"તમારા નોકરે મારી સાથે આવું વર્તન કર્યુ છે," ત્યારે તે
ગુસ્સામાં રાતોપીળો થઈ ગયો. 20પછી તેણે યૂસફને પકડીને
જેલમાં પૂરી દીધો. જે ઠેકાણે રાજાના બંદીવાન કેદ કરાતા
હતા. આમ તે ત્યાં કેદખાનામાં રહ્યો.

21પણ યૂસફને યહોવાનો સાથ હતો. તેણે તેના પર દયા
કરી અને કેદખાનાના સંત્રીની તેના ઉપર દયા થાય તેમ
કર્યુ. 22કેદખાનાના સંત્રીએ જેલમાંના બધાંજ કેદીઓને
યૂસફના હાથમાં સોંપી દીધા. અને પછી તો તેના હુકમ
પ્રમાણે જ બધું થવા લાગ્યું. 23અને યૂસફના હાથમાં જે
બાબતો હતી તેના પર સંત્રીએ દેખરેખ રાખવાનું રહ્યું નહિ,
કારણ કે યૂસફને યહોવાનો સાથ હતો; તેથી યૂસફ જે કંઈ
કરતો તેમાં યહોવા તેનું ભલું કરતો હતો.

## યૂસફ કેદીઓનાં સ્વપ્નનો અર્થ કરે છે

40 આ બધું થયા પછી એમ બન્યું કે, મિસરના રાજાના
સાકી તથા ભઠિયારાએ તેમના માલિક મિસરના
રાજાનો અપરાધ કર્યો. 2તેથી ફારુન તેના બંને સેવકો
પાત્રવાહક અને ભઠિયારા પર કોપાયમાન થયો. 3અને તેણે
તેઓને કેદખાનામાં નાખ્યાં, તે એ કેદખાનું હતું જેના માટે
પરોહના રક્ષકોનો અમલદાર પોટીફર અધિકારી હતો, ત્યાં
યૂસફ કેદ હતો. 4અંગરક્ષકોના સરદારે યૂસફને તેમના તાબામાં
સોંપ્યો. તે તેમની સેવા કરતો; આમ તેઓ કેટલાક સમય
માટે કેદમાં રહ્યાં. 5એક દિવસ રાત્રે કેદખાનામાં પુરાયેલા
મિસરના રાજાના સાકીને અને ભઠિયારાને બન્નેને એક સાથે
સ્વપ્ન આવ્યું. બન્નેનાં સ્વપ્ન જુદાં હતાં. તથા પ્રત્યેક સ્વપ્નનો
અર્થ પણ જુદો હતો. 6પછી સવારે જયારે યૂસફે અંદર આવીને
જોયું તો તેઓ ચિંતિત હતા. 7તેથી તેણે તેમને પૂછયું, "આજે
તમે કેમ ચિંતિત દેખાઓ છો?"

8એટલે તેઓએ તેને કહ્યું, "અમને દરેકને સ્વપ્ન આવ્યું
હતું, પણ તેનો અર્થ કરનાર કોઈ નથી."

એટલે યૂસફે તેઓને કહ્યું, "એક માત્ર દેવજ સ્વપ્નોનો
ખુલાસો કરી શકે છે. કૃપા કરી મને તમારૂં સ્વપ્ન કહો.

## દ્રાક્ષારસ આપનારા નોકરનું સ્વપ્ન

9એટલે દ્રાક્ષારસ આપનારા નોકરે પોતાનું સ્વપ્ન યૂસફને
કહ્યું, "મેં સ્વપ્નમાં એક દ્રાક્ષનો વેલો જોયો. 10તે દ્રાક્ષના
વેલાને ત્રણ ડાળીઓ હતી, મેં ડાળીઓ પર કળીઓ બેસતી
અને તેમાંથી ફૂલ ફૂટતાં જોયા. અને ગુચ્છામાં પાકી
દ્રાક્ષો જોઈ; 11ફારુનનો પ્યાલો મારા હાથમાં હતો. મેં દ્રાક્ષો
લઈને તે પ્યાલામાં નિચોવી અને પ્યાલો ફારુનના હાથમાં
આપ્યો."

12પછી યૂસફે કહ્યું, "હું તને સ્વપ્નનો અર્થ સમજાવું છું."
ત્રણ ડાળીઓનો અર્થ ત્રણ દિવસ છે. 13ત્રણ દિવસમાં ફારુન
તને મુકત કરી માફ કરશે, અને તને તારા પોતાના કામ પર
પાછો રાખશે; તું પહેલાં જેમ એનો દ્રાક્ષારસ પીરસનાર હતો

તેમ તેના હાથમાં ફારુનનો પ્યાલો આપીશ. 14પણ જયારે તારા સુખના દિવસો આવે ત્યારે કૃપા કરીને મને સંભારજે. મારા પર દયા રાખજે. ફારુનને મારી વાત કરજે અને મને આ કારાગારમાંથી મુકત કરાવજે. 15મને અહીંયા હિબ્રૂઓના દેશમાંથી મારી ઈચ્છા વિરુધ્ધ લાવવામાં આવ્યો છે. મેં અહીં એવું કશુંય ખોટું કર્યુ નથી જેને કારણે મને કારાગૃહમાં નાખવો પડે."

## રોટલી બનાવનારનું સ્વપ્ન

16રોટલી બનાવનારાએ જોયું કે બીજા નોકરનું સ્વપ્ન સારું હતું. તેથી તેણે યૂસફને કહ્યું, "મેં પણ એક સ્વપ્ન જોયું હતું. મારા માથા પર રોટલીઓની ત્રણ નેતરની છાબડીઓ હતી. 17સૌથી ઉપરની છાબડીમાં ફારુન માટે દરેક જાતનાં પકવાન હતાં. પરંતુ તેને પંખીઓ ખાઈ જતાં હતાં."

18યૂસફે કહ્યું, "ત્રણ છાબડીઓનો અર્થ ત્રણ દિવસ છે. 19ત્રણ દિવસમાં ફારુન તમને મુકત તો કરશે, પરંતુ તારું માથું કાપીને તને ઝાડ પર લટકાવશે, અને પંખીઓ તારું માસ ફોલી ખાશે."

## યૂસફને ભુલ્યા

20ત્રીજે દિવસે ફારુનની વર્ષગાંઠ હતી, તે દિવસે તેણે તેના બધા સેવકોને મિજબાની આપી; અને ફારુને તેના સેવકોમાં મુખ્ય સાકીનો અને ભઠિયારાનો ન્યાય કર્યો, અને બંનેને કારાગૃહમાંથી બહાર આવવા દીધા. 21અને તેણે મુખ્ય સાકીને તેની પદવી પર પાછો રાખ્યો; અને તેણે ફારુનના હાથમાં પ્યાલો આપ્યો, 22પણ યૂસફે જે અર્થ કરી બતાવ્યો હતો તે પ્રમાણે ભઠિયારાને ફાંસીએ ચડાવ્યો. 23છતાં મુખ્ય સાખીએ યૂસફને યાદ કર્યો નહિ, અને તે તેને ભૂલી ગયો.

## ફારુનનાં સ્વપ્ન

41 બે વર્ષ પૂરા થયા પછી ફારુનને સ્વપ્ન આવ્યું, "જોયું તો પોતે નાઈલ નદીની પાસે ઊભો છે. 2પછી ફારુને સાત સુંદર તંદુરસ્ત પુષ્ટ ગાયોને નદીમાંથી બહાર નીકળીને બરુમાં ચરતી જોઈ. 3ત્યારબાદ બીજી સાત કદરૂપી અને સુકાઈ ગયેલી ગાયો તેઓની પછવાડે નદીમાંથી બહાર આવી અને કિનારે પેલી બીજી ગાયો સાથે ઊભી રહી. 4પછી તે સાત કદરૂપી સૂકાઈ ગયેલી ગાયો સુંદર તથા પુષ્ટ ગાયોને ખાઈ ગઈ. એટલામાં ફારુનની આંખો ઉઘડી ગઈ. તે જાગી ઊઠયો.

5ફરી પાછો તે ઊંઘી ગયો, ને એણે બીજું સ્વપ્ન જોયું. તેણે એકજ સાંઠા પર ભરેલાં અને સારાં દાણાવાળા સાત ડૂંડાં જોયા. 6અને પછી તેઓની પછવાડે સાત પાતળા અને લૂ થી બળી ગયેલા ડૂંડા ફૂટી નીકળ્યા. 7પછી એ પાતળાં ડૂંડાં પેલાં સાત ભરેલાં અને સારાં ડૂંડાને ગળી ગયાં. ત્યાં તો ફારુન જાગી ગયો. અને જાણ્યું કે આ તો સ્વપ્ન હતું. 8સવારે તે આ સ્વપ્નો વિષે ચિંતીત હતો. તેણે મિસરના બધા જયોતિષીઓને તથા શાણા પુરુષોને નિમંત્રણ મોકલ્યા. જ્યારે તેઓ આવ્યા ફારુને તેમને પોતાના સ્વપ્નો કહ્યાં; પરંતુ તેઓમાંથી કોઈ પણ તેનો અર્થ કહી શકયો નહીં.

## નોકરે ફારુનને યૂસફના વિષે કહ્યું

9ત્યારે મુખ્ય સાકીએ ફારુનને કહ્યું, "આજે મને મારો ગુનો યાદ આવે છે. 10જ્યારે ફારુને તેના સેવકો પર ક્રોધે ભરાઈ મને તથા મુખ્ય ભઠિયારાને તેણે કારાગૃહમાં નાખ્યા, કે જે અંગરક્ષકોના ઉપરી ચલાવતા હતા. 11ત્યારે એકજ રાત્રે અમને બંનેને જુદું જુદું સ્વપ્ન આવ્યું હતું. અને દરેકને આવેલ સ્વપ્નનો અર્થ જુદો હતો. 12અંગરક્ષકોના ઉપરી અમલદારનો સેવક એક જુવાન હિબ્રૂ પણ ત્યાં અમારી સાથે હતો; અમે તેને અમારાં સ્વપ્નો કહ્યાં એટલે તેણે તે સ્વપ્નોનો અર્થ સમજાવ્યો અને અમને દરેકને પોતપોતાનાં સ્વપ્નનો અર્થ કહી બતાવ્યો. 13તેણે અમને જે અર્થ કહ્યો હતો તે પ્રમાણે જ બન્યું; મને મારી પદવી પર પાછો મૂકયો અને ભઠિયારાને ફાંસ્ત્રીની સજા થઈ."

## યૂસફને સ્વપ્ન જાણવા માટે બોલાવાયો

14પછી ફારુને યૂસફને તેડવા માટે માણસો મોકલ્યા, ને તેઓ તેને ઝટપટ કારાગારમાંથી બહાર કાઢી લાવ્યા; પછી તેણે હજામત કરાવી, કપડાં બદલ્યાં અને તે ફારુન પાસે આવ્યો. 15ફારુને યૂસફને કહ્યું, "મને એક સ્વપ્ન આવ્યું છે પણ તેનો અર્થ સમજાવનાર કોઈ નથી. મેં તમારા વિષે એવું સાંભળ્યું છે કે જો તમને સ્વપ્ન કહેવામાં આવે તો તમે તેનો અર્થ કહી શકો છો."

16પછી યૂસફે ફારુનને જવાબ આપતા કહ્યું, "અર્થ કરનાર હું કોણ? ફારુનનું જેમાં કલ્યાણ હોય એવો જવાબ તો દેવજ આપશે."

17પછી ફારુને યૂસફને કહ્યું, "જુઓ, મારા સ્વપ્નમાં હું નાઈલ નદીને કાંઠે ઊભો હતો; 18અને સાત સુંદર તંદુરસ્ત પુષ્ટ ગાયો નદીમાંથી નીકળીને બીડમાં ચરતી હતી; 19અને જુઓ, તેમની પછવાડે બીજી સાત પાતળી, કદરૂપી અને સૂકલકડી ગાયો નીકળી, આવી કદરૂપી ગાયો મેં કદી આખા મિસરમાં જોઈ નહોતી. 20અને એ સૂકલકડી કદરૂપી ગાયો પેલી હષ્ટપુષ્ટ સાત ગાયોને ખાઈ ગઈ. 21પણ તેમ છતા કોઈ ન કહી શકે કે તેમણે સ્વસ્થ ગાયો ખાધી છે કેમકે. તેઓ તો પહેલાંના જેવી જ કદરૂપી અને પાતળી જ લાગતી હતી. પછી હું જાગી ગયો.

22"ફરી આંખ મળતાં બીજું સ્વપ્ન આવ્યું. મેં એકજ સાંઠા ઉપર ઊગેલાં સાત સારાં ભરાયેલાં દાણાવાળાં ડૂંડા જોયાં. 23અને પછી તેઓની પાછળ જ સૂકાયેલાં તથા હલકાં, ચિમળાઈ ગયેલાં પાતળાં અને લૂ થી બળી ગયેલાં ડૂંડા ફૂટી નીકળ્યાં. 24અને પછી તે હલકાં-પાતળાં ડૂંડા પેલા સાત સારાં ડૂંડાને ગળી ગયાં. તેથી મેં મારા જોષીઓને તથા જાદુગરોને આ સ્વપ્ન વિષે પૂછયું, પણ તેઓમાંથી પણ કોઈ મને એનો અર્થ બતાવી શક્યું નહીં."

## યૂસફે સ્વપ્નનો અર્થ સમજાવ્યો

25ત્યારબાદ યૂસફે ફારુનને કહ્યું, "ફારુનનાં બંને સ્વપ્નનો
અર્થ તો એકજ છે. હવે દેવ શું કરનાર છે એ તેણે ફારુનને
દર્શાવ્યું છે." 26સાત સારી ગાયો અને સાત સારાં ડૂંડા એ
સાત સારાં વર્ષ છે. 27તેમની પછવાડે જે સાત પાતળી અને
કદરૂપી ગાયો નીકળી તે પણ સાત વર્ષ છે.અને લૂથી બળી
ગયેલાં સાત ખાલી ડૂંડાં પણ દુષ્કાળનાં સાત વર્ષ છે. 28દેવે
તમને તે શું કરવા માંગે છે અને નજીકના ભવિષ્યમાં શું
થવાનું છે તેની ફારુનને જાણ કરી છે. 29જુઓ, સમગ્ર મિસરમાં
તમારી આબાદીનાં તથા ઘણીજ પુષ્કળતાના સાત વર્ષ આવશે.
30અને ત્યારબાદ સાત વર્ષ દુષ્કાળના આવશે. આખા મિસરમાં
લોકો આબાદીની વાતો ભૂલી જશે. એ દુષ્કાળ દેશનો સર્વનાશ
કરશે; 31અને એ દુષ્કાળ એવો ભયંકર હશે કે દેશમાં કયાંય
આબાદીનું નામનિશાન જોવા પણ નહિ મળે.

32"અને ફારુનને બે વાર સ્વપ્ન આવ્યાં તેનો અર્થ એ કે
દેવ તરફથી આ વાત નક્કી થઈ ગયેલ છે.અને દેવ તેને
થોડા સમયમાંજ પૂર્ણ કરશે. 33તેથી કરીને હવે ફારુને કોઈ
બુદ્ધિમાન અને જ્ઞાની પુરુષને પસંદ કરીને મિસર દેશનો
વહીવટ સોંપી દેવો જોઈએ. 34દેશભરમાં ફારુને અમલદારો
નિયુકત કરવા જોઈએ અને સમૃદ્ધિનાં સાત વર્ષ દરમ્યાન
મિસરમાંથી પાકનો પાંચમો ભાગ વસૂલ કરવો જોઈએ. 35અને
જે સાત સારાં વર્ષ આવે તે દરમ્યાન બધીજ જાતનું અનાજ
ભેગું કરવુંજ. અને ફારુનના તાબા નીચે પ્રત્યેક શહેરમાં તેને
સાચવવું જોઈએ. 36અને મિસરમાં દુષ્કાળનાં જે સાત વર્ષ
આવશે ત્યારે એ અનાજનો જથ્થો કામ આવશે. અને દુષ્કાળથી
દેશનો નાશ થતો અટકી જશે."

## યૂસફ મિસરનો શાસનકર્તા બન્યો

37આ સલાહ ફારુન અને તેના બધા અમલદારોને પસંદ
પડી. તેથી ફારુને પોતાના અમલદારોને કહ્યું. 38"આ યોજનાને
પાર પાડવા માટે યૂસફ યોગ્ય માણસ છે. એનાથી સારો
માણસ આપણને ન મળે તેની અંદરનો દેવનો આત્મા તેને
ઘણો શાણો બનાવે છે!"

39તેથી ફારુને યૂસફને કહ્યું, "યૂસફજ આ કામ સંભાળવા
માટે લાયક વ્યકિત છે આની કરતા વધારે લાયકાત વાળું
આપણને કોઈ નહીં મળે.દેવનો આત્મા એનામાં છે જેનાથી
એ ખૂબ બુધ્ધિમાન છે. 40માટે તું જ મારો દેશ સંભાળી લે.
તારી આજ્ઞાનું પાલન મારી બધીજ પ્રજા કરશે. ફકત આ
રાજગાદીને કારણે જ હું તારા કરતાં મોટો હોઈશ."

41વળી તેણે યૂસફને કહ્યું, "જો મેં તને આખા મિસરનો
વહીવટ સોંપ્યો છે." 42આમ કહીને ફારુને પોતાના હાથની
મુદ્રા લઈને યૂસફના હાથે પહેરાવી દીધી, ને તેને મલમલનાં
વસ્ત્ર પહેરાવ્યાં અને ગળામાં સોનાનો હાર પહેરાવ્યો. 43પછી
તેણે યૂસફને પોતાના પછીના ઉત્તમ રથમાં બેસાડીને ફેરવ્યો.
લોકોએ તેની આગળ દયા પોકારી: 'વંદન હો' એવી છડી
પોકારી. ફારુને આ રીતે યૂસફને આખા મિસર દેશનો
શાસનકર્તા બનાવ્યો.

44અને તેણે યૂસફને કહ્યું, "હું ફારુન છું; રાજા છું, તેથી
મારી મરજી મુજબ વર્તીશ, પરંતુ તારી પરવાનગી વિના
આખા મિસર દેશમાં કોઈ હાથ કે પગ હલાવશે નહિ."

45પછી ફારુને યુસફનું નામ સાફનાથ- પાનેઆહ રાખ્યું.
અને તેને ઓનના યાજક પોટીફેરાની પુત્રી આસનાથને
પરણાવી. પછી યૂસફ મિસર દેશમાં ફરવા માટે નીકળ્યો.

46જયારે યૂસફ 30 વર્ષનો હતો ત્યારે ફારુનની નોકરીમાં
જોડાયો. તે આખા મિસર દેશમાં ફરી વળ્યો. 47અને સમૃદ્ધિનાં
સાત વર્ષ દરમ્યાન મબલખ પાક ઉતર્યો. 48સમગ્ર મિસર
દેશમાં એ સાત વર્ષ દરમ્યાન જે અનાજનું ઉત્પાદન થયું તે
તેણે એકઠું કર્યુ. ને તે અનાજ દરેક નગરમાં આજુબાજુના
ખેતરોમાં ભરી રાખ્યું. 49યૂસફે સમુદ્રની રેતી જેટલું ખૂબ
ખૂબ અનાજ ભેગુ કર્યુ. તે એટલે સુધી કે તેનો હિસાબ
રાખવાનું પણ છોડી દેવું પડયું. કારણ કે તે બેશુમાર હતું.

50દુષ્કાળનાં વર્ષો આવતાં પહેલાં ઓનના યાજક
પોટીફેરાની પુત્રી આસનાથથી યૂસફને બે પુત્રો થયા. 51દેવે
મને મારી બધી વિપત્તિઓ અને પિતાનું ઘર ભૂલાવી દીધાં
છે." એમ કહીને યૂસફે મોટા પુત્રનું નામ મનાશ્શા પાડયું.
52તેણે તેના બીજા પુત્રનું નામ એફ્રાઈમ પાડ્યું. તેણે કહ્યું,
"દેવે મને વર્ષોના દુ:ખો પછી આ ભૂમિમાં બાળકો આપીને
સફળ બનાવ્યો છે."

## દુષ્કાળનો સમય શરુ થાય છે

53સમૃદ્ધિનાં મિસરનાં સાત વર્ષ આવ્યાં હતાં તે વીતી
ગયાં. 54અને યૂસફના કહ્યા પ્રમાણે દુષ્કાળનાં સાત વર્ષની
શરૂઆત થઈ. બીજા બધા દેશોમાં તો દુષ્કાળ હતો પરંતુ
સમગ્ર મિસરમાં અનાજની ખોટ નહોતી. 55પછી જયારે
મિસરમાં પણ લોકોને ખાવાના સાંસા પડવા લાગ્યા ત્યારે
તેમણે અનાજ માટે ફારુનની આગળ કાલાવાલા કર્યા; એટલે
ફારુને સર્વ મિસરવાસીઓને કહ્યું, "યૂસફ પાસે જાઓ; અને
એ તમને જે કહે તે પ્રમાણે કરો."

56અને જયારે સમગ્ર દેશમાં દુષ્કાળ પડયો એટલે
યૂસફે અનાજના બધા કોઠારો ખોલી નાખ્યા અને
મિસરવાસીઓને અનાજ વેચવા માંડ્યુ. કારણ કે સમગ્ર
મિસર દેશને દુષ્કાળે ભરડો લીધો હતો. 57અને બીજા
તમામ દેશોમાંથી લોકો મિસર દેશમાં યૂસફની પાસે
અનાજ વેચાતું લેવાને આવ્યાં; કારણ કે સમગ્ર વિસ્તારમાં
ભયંકર દુષ્કાળ પડ્યો હતો.

## સ્વપ્ન થયું સાકાર

42 એ સમયે યાકૂબના પ્રદેશમાં ભૂખમરો હતો. પરંતુ
તેને ખબર પડી કે મિસરમાં અનાજ વેચાય છે,
એટલે યાકૂબે તેના પુત્રોને કહ્યું, "તમે શા માટે એકબીજાના
મોઢા સામે જોયા કરો છો? 2મને જાણવા મળ્યું છે કે મિસરમાં
અનાજ વેચાય છે, માટે ત્યાં જાઓ, ને ત્યાંથી આપણા માટે
અનાજ ખરીદી લાવો. જેથી આપણે જીવતા રહીએ ને ભૂખે
ના મરીએ."

3આ સાંભળીને યૂસફના દશ ભાઈઓ અનાજ ખરીદવા
માટે મિસરમાં ગયા. 4પરંતુ યાકૂબે યૂસફના સગા ભાઈ
બિન્યામીનને તેઓ સાથે મોકલ્યો નહિ. કદાચ એની સાથે
કોઈ દુર્ભાગ્ય ઘટના થાય. 5આમ, કનાનના પ્રદેશમાં દુષ્કાળ
હતો એટલે બીજા લોકોની સાથે ઈસ્રાએલના પુત્રો પણ
અનાજની ખરીદી માટે આવ્યા.

6મિસર દેશનો શાસનકર્તા યુસફ હતો. દેશના તમામ
લોકોને તેજ અનાજ વેચાતું આપતો હતો; તેથી યૂસફના
ભાઈઓએ તેમની સામે આવીને ભોય લગી મસ્તક નમાવીને
સાષ્ટાંગ પ્રણામ કર્યા. 7પરંતુ યૂસફે પોતાના ભાઈઓને જોયા
અને ઓળખ્યા, છતાં પણ જાણે અજાણ્યો હોય તે રીતે તેઓની
સાથે વર્ત્યો. અને કડકાઈથી તેઓને સવાલ કર્યો, "તમે
કયાંથી આવો છો?"

તેઓએ જવાબ આપ્યો, "અમો કનાનના પ્રદેશમાંથી
અનાજ ખરીદવા આવ્યા છીએ."

8અને યૂસફે તો તેના ભાઈઓને ઓળખ્યા પણ તે લોકોએ
તેને ના ઓળખ્યો. 9પોતાને એ લોકો વિષે જે સ્વપ્નો આવ્યા
હતાં તેનું સ્મરણ થયું.

### યૂસફે પોતાના ભાઈઓને જાસૂસ કહ્યાં

અને યૂસફે તેમને કહ્યું, "તમે જાસૂસ છો; દેશનાં છિદ્રો
જોવા આવ્યા છો."

10પણ તેમણે કહ્યું, "ના, સાહેબ, અનાજ ખરીદવા માટે
આપના સેવકો આવ્યા છે. 11અમે બધા એકજ પિતાના
પુત્રો છીએ અમે પ્રમાણિક લોકો છીએ. આપના સેવકો જાસૂસો
નથી."

12છતાં યૂસફે કહ્યું, "એમ નહિ, તમે દેશનાં છિદ્રો જોવાજ
આવ્યા છો."

13તેથી તેઓએ કહ્યું, "અમે, બધા ભાઈઓ છીએ. અમો
કુલ 12 ભાઈઓ છીએ અમે તમારી સામે સેવકો જેવા છીએ.
અમો કનાન દેશના એકજ માણસના પુત્રો છીએ; સૌથી
નાનો પુત્ર અમારા પિતા પાસે છે અને બીજા એક પુત્રનો
કોઈ પત્તો નથી."

14અને યૂસફે તેઓને કહ્યું, "મેં કહ્યું તેમ તમે જાસૂસ જ
છો. 15એટલા માટે તમારી પરીક્ષા કરવામાં આવશે; ફારુનના
જીવના સમ ખાઈને કહું છું કે તમારો સૌથી નાનો ભાઈ
અહીં ન આવે ત્યાં સુધી તમારે અહીંથી જવાનું નથી.
તમારામાંથી ગમેતે એક જણને મોકલીને તમારા ભાઈને
બોલાવો. 16ત્યાં સુધી તમારે કારાગારમાં બંદીવાન બનવું
પડશે; આમ, તમે સાચું બોલો છો કે કેમ તેની કસોટી થશે,
નહિ તો ફારુનના જીવના સમ ખાઈને કહું છું કે તમે
જાસૂસ જ છો." 17અને પછી તેણે તે લોકોને ત્રણ દિવસ
સુધી કારાગારમાં રાખ્યા.

### શિમયોનને બંદીવાનની જેમ રાખવામાં આવ્યો.

18પછી ત્રીજે દિવસે યૂસફે તેઓને કહ્યું, "જો તમે આમ
કરશો તો જરૂર બચવા પામશો, કારણ કે હું તો દેવથી ડરીને
ચાલનારો માણસ છું; 19જો તમે ખરેખર સાચા હો તો
તમારામાંનો ગમેતે એક ભાઈ કારાગારમાં રહે; અને બાકીના
સૌ તમારા ભૂખે મરતા કુટુંબ માટે અનાજ લઈને જાઓ.
20પછી તમારા સૌથી નાના ભાઈને મારી આગળ લઈને
આવો; તે પરથી તમારી વાત સાચી ઠરશે અને તમારે મરવું
પણ નહિ પડે."

21પછી તે લોકો એમ કરવા સંમત થયા. તેઓ એકબીજાને
કહેવા લાગ્યા. "ખરેખર આપણે આપણા ભાઈની બાબતમાં
ગુનેગાર છીએ. કારણ કે જયારે તેણે આપણને કાલાવાલા
કર્યા હતા, ને આપણે તેને થતું કષ્ટ જોયું હતું, છતાં પણ
આપણે સાંભળ્યું નહિ; એટલા માટેજ આ સંકટ આપણા પર
આવી પડ્યું છે."

22રૂબેને તેઓને કહ્યું, "શું મેં તમને નહોતું કહ્યું કે એ
છોકરા પર અત્યાચાર કરીને પાપમાં પડશો નહિ? છતાં તમે
માન્યું નહિ; તેથી હવે તેના રકતનો બદલો ચૂકવવો પડે છે."

23તે લોકો જાણતા નહોતા કે યૂસફ તેમની વાત સમજે
છે; કારણ કે તેમની વચ્ચે દુભાષિયો હતો. 24અને પછી
યૂસફ તેઓની પાસેથી ચાલ્યો ગયો અને રડી પડયો. પાછળથી
તેઓની પાસે પાછા ફરીને તેણે તેઓની સાથે વાત કરી, પછી
તેમનામાંથી શિમયોનને લઈને તેમના દેખતાં જ તેને દોરડે
બાંધ્યો.

### યૂસફના ભાઈઓનું પુનરાગમન

25ત્યારબાદ યૂસફે તેઓની ગુણોમાં અનાજ ભરવાની
દરેકના પૈસા તેના થેલામાં પાછા મૂકવાની તથા તેમને મુસાફરી
માટે ભાતું આપવાની આજ્ઞા કરી; અને તેઓને તે પ્રમાણે
કરી આપવામાં આવ્યું.

26પછી તેઓ પોતાનાં ગધેડાંઓ ઉપર અનાજની ગુણો
લાદીને ત્યાંથી નીકળ્યા. 27પછી એક ઉતારામાં તેઓમાંના
એકે પોતાના ગધેડાને દાણા ખવડાવવા માટે પોતાની ગુણ
છોડી, ત્યારે થેલાના મોં આગળ જ તેણે પોતાના પૈસા જોયા.
28એટલે તરત જ તેણે પોતાના ભાઈઓને કહ્યું, "મારા પૈસા
મને પાછા મળ્યાં છે. જુઓ, આ રહ્યા મારા થેલામાં!" આ
સાંભળીને તે બધા મનમાં ખૂબ ગભરાયા, અને ધ્રૂજતા ધ્રૂજતા
તેઓ એકબીજાના મો જોવા લાગ્યાં, અને બોલવા લાગ્યા,
"દેવે આપણને આ શું કર્યુ?"

### યાકૂબને ભાઈઓએ જણાવ્યું

29પછી જયારે તેઓ કનાનમાં પોતાના પિતા યાકૂબ પાસે
આવ્યા, ને જે કાંઈ બન્યું હતું તે બધુંજ તેમને કહી સંભળાવ્યું.
30તેમણે કહ્યું, "જે માણસ તે દેશનો શાસનકર્તા છે તેણે
અમારી સાથે કડકાઈથી વાત કરી અને અમને કઠોર વેણ
કહ્યાં, ને અમને દેશના જાસૂસ ગણ્યા. 31પણ અમે તો તેને
કહ્યું કે, અમે સાચા માણસો છીએ. અમે જાસૂસ નથી;
32અમે બાર ભાઈઓ એકજ પિતાના પુત્રો છીએ. સૌથી
નાનો અત્યારે અમારા પિતા પાસે છે. અને એકનો તો કશો
પત્તોજ નથી."

**33**"તે પછી એ માણસે તે પ્રદેશના શાસનકર્તાએ અમને કહ્યું, 'જો તમે હું કહું તેમ કરશો તો હું જાણીશ કે તમે પ્રમાણિક છો તમારામાંના એકને મારી પાસે રહેવા દો અને બાકીના તમે પાછા જઈ શકો અને તમારા ભૂખે મરતા કુટુંબ માટે અનાજ લઈ જાઓ. **34**અને તમારા સૌથી નાના ભાઈને મારી પાસે લઈને આવો તો હું માનીશ કે તમે જાસૂસો નથી, પણ સાચા માણસ છો. અને હું તમારા ભાઈને પાછો તમને સોંપી દઈશ અને તમે આ દેશમાં વેપાર કરજો.'"

**35**પછી એમ થયું કે, જ્યારે તેઓ પોતપોતાની ગુણો ખાલી કરતાં હતા ત્યારે દરેક જણને તેમના પૈસાની કોથળી ગુણોમાંથી મળી આવી. પછી એ પૈસાની થેલીઓ જોઈને તેઓ તથા તેમના પિતા ગભરાઈ ગયા.

**36**પછી તેઓના પિતા યાકૂબે તેમને કહ્યું, "તમે ઈચ્છો છો કે હું મારા બધા સંતાનો ગુમાવી દઉં? યૂસફ ન રહ્યો શિમયોન ન રહ્યો અને હવે તમે બિન્યામીનને લઈ જાઓ છો; પણ શું આ બધી મુશ્કેલીઓ મારે સહન કરવાની છે?"

**37**પછી રૂબેને પોતાના પિતાને કહ્યું, "જો હું એને તમારી પાસે પાછો ન લાવું તો તમે મારા બે પુત્રોને મારી નાખજો. એને તમે મારા હાથમાં સોંપો, હું અવશ્ય એને તમારી પાસે પાછો લઈને જ આવીશ."

**38**પણ યાકૂબે તેને કહ્યું, "મારો પુત્ર તમારી સાથે નહિ આવે, કારણ કે એનો ભાઈ મરી ગયો છે, અને એ એકજ જીવતો છે. અને મુસાફરી દરમ્યાન જો તેના પર કોઈ આફત આવી પડે તો, તમે મારાં વૃદ્વત્વને નાશવંત બનાવી અને મને ઉંડા શોક અને દુ:ખમાં મરવા મજબૂર કરશો."

## બિન્યામીનને મિસર લઈ જવાની યાકૂબની આજ્ઞા

**43** દેશમાં ભયંકર કારમો દુષ્કાળ હતો. ખાવા માટેનું કોઈ અનાજ ત્યાં ઊગતું ન હતું. **2**એટલે તેઓ મિસરમાંથી જે અનાજ લાવ્યા હતા તે બધુંજ ખાવામાં વપરાઈ ગયું એટલે તેમના પિતાએ તેમને કહ્યું, "તમે પાછા જાઓ અને આપણા માટે થોડું અનાજ ખરીદી લાવો."

**3**પણ યહૂદાએ કહ્યું, "તે પ્રદેશના શાસનકર્તાએ અમને સખત ચેતવણી આપીને કહ્યું છે કે, 'તમારો ભાઈ સાથે હશે તોજ તમે મને મળી શકશો.' **4**જો તમે અમારા ભાઈને અમારી સાથે મોકલો તો અમે અનાજ ખરીદવા માટે જવા તૈયાર છીએ; **5**પણ જો તમે તેને નહિ મોકલો તો અમે નહિં જઈએ; કારણ કે પેલા માણસે અમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, "તમારો ભાઈ સાથે હશે તોજ તમે મને મળવા પામશો."

**6**એટલે ઈસ્રાએલે કહ્યું, "તમારો બીજો ભાઈ છે એવું એને જણાવીને તમે મને શા માટે મુસીબતમાં મૂકયો?"

**7**તેમણે જવાબ આપ્યો, "પેલા માણસે આપણા વિષે તેમજ આપણા પરિવાર વિષે પૂછપરછ કરીકે, 'શું, તમારા પિતા હજી જીવે છે? તમારે બીજા ભાઈ છે?" એટલે અમારે કહેવું પડયું, અમને ખબર ન હતી કે તે એમ કહેશે કે તમારા ભાઈને અહીં લઈ આવો."

**8**પછી યહૂદાએ પોતાના પિતા ઈસ્રાએલને કહ્યું, "એ છોકરાને અમારી સાથે મોકલો એટલે અમે ઝટ ચાલી નીકળીએ. જેથી તમે, અમે અને આપણાં બાળકો જીવતાં રહીએ અને મુત્યુના મુખમાંથી ઉગરીએ. **9**એની જવાબદારી મારા માથે. હું એનો જામીન થાઉં છું. જો એને પાછો લાવીને તમારી આગળ રજૂ ન કરું તો તેનો દોષ સદા મારા પર રહો. **10**ખરું જોતાં, આપણે જો આટલું મોડું ના કર્યુ હોત તો અત્યારે તો અમે બે વાર જઈ આવ્યા હોત."

**11**ત્યારે તેમના પિતા ઈસ્રાએલે તેમને કહ્યું, "જો એ સિવાય કોઈ રસ્તો ના હોય તો પછી આમ કરો: બિન્યામીનને તમારી સાથે લઈ જાઓ. આપણા દેશની કેટલીક ઉત્તમ વસ્તુઓ તમારા સરસામાનમાં પેલા માણસ માટે ભેટ રૂપે આપવા લઈ જાઓ, થોડું ગૂગળ, થોડું મધ, થોડા તેજાના, તથા બોળ, પિસ્તા તથા બદામ; **12**તથા તમારી સાથે બમણું નાણું લઈ જજો; વળી તમારી ગુણોમાં જે નાણું પાછું આવ્યું હતું તે પાછું આપી દેજો; કદાચ કંઈ ભૂલ થઈ હોય; **13**ઊઠો, અને તમારા ભાઈને લઈને તે માણસ પાસે જાઓ; **14**અને સર્વસમર્થ દેવ કરે ને તે માણસ તમારા પર કૃપાળુ થાય, જેથી તે તમારી સાથે તમારા બીજા ભાઈને તથા બિન્યામીનને પાછા મોકલે. નહિં તો હું ફરી પાછો મારો પુત્ર ગુમાવ્યાનો શોક કરીશ."

**15**પછી તે માણસોએ તેમની સાથે ભેટો, પહેલી વખત કરતાં બમણું નાણું અને બિન્યામીનને લઈને તેઓ ઊપડયા. અને મિસરમાં પહોંચતા તેઓ યૂસફની આગળ આવીને ઊભા રહ્યાં.

## યૂસફને ઘરે ભાઈઓને આમંત્રણ

**16**પછી યૂસફે તેમની સાથે બિન્યામીનને જોયો તેથી તેણે પોતાના ઘરના કારભારીને કહ્યું, "આ માણસોને ઘેર લઈજા, કોઈ જાનવરને કાપીને ભોજન તૈયાર કર. કારણ કે આ માણસો મારી સાથે જમનાર છે." **17**પછી યૂસફે જેમ કહ્યું તેમ પેલા માણસે કર્યું; એટલે પેલો માણસ યૂસફને ઘેર તે માણસોને લઈ ગયો.

**18**પેલા માણસોને યૂસફને ઘેર લઈ જવામાં આવ્યા એથી તેઓ ગભરાયા અને કહેવા લાગ્યા, "પહેલી વાર આપણી ગુણોમાં નાણું મૂકેલું હતું તેને લીધે તે આપણને અંદર લઈ આવ્યા છે. હવે એ લોકો આપણા પર તૂટી પડશે અને આપણને જબરજસ્તીથી ગુલામ બનાવશે. તથા આપણા ગધેડાં પણ લઈ લેશે."

**19**આથી તેઓ યૂસફના ઘરના બારણા આગળ આવ્યા અને યૂસફના કારભારી પાસે જઈને તેને કહ્યું, **20**"અરે, મારા સાહેબ! ખરેખર અમે પહેલી વાર આવ્યા ત્યારે અનાજ વેચાતુ લેવા માટેજ આવ્યા હતા. **21**પણ જયારે અમે મુકામ પર પહોંચીને અમે અમારી ગૂણો ઉઘાડી, તો તેના મોઢા આગળ જ અમારા દરેકના પૂરેપૂરા પૈસા મૂકેલા હતા. **22**પણ અમે તે પૈસા પાછા લાવ્યા છીએ; વળી અનાજ ખરીદવા માટે અમે અમારી સાથે બીજા પૈસા પણ લાવ્યા છીએ; અને

એ પૈસા અમારી ગૂણોમાં કોણે મૂકયા, એ અમે નથી
જાણતા."
23કારભારીએ કહ્યું, "શાંતિ રાખો, ગભરાશો નહિ, તમારા
તથા તમારા પિતાના દેવે તમારી ગૂણોમાં એ નાણું મૂકયું
હતું. મને તો અનાજનાં નાણાં મળી ગયાં હતા."
પછી તેઓ શિમયોનને બહાર કાઢીને તેમની આગળ લઈ
આવ્યા. 24અને પેલા માણસે યૂસફના ઘરમાં તે માણસોને
લાવીને તેમને પાણી આપ્યું, પછી તેઓએ પગ ધોયાં; અને
તેમનાં ગધેડાંને ચારો નાખ્યો.
25બપોર સુધીમાં યૂસફના આવતા પહેલાં તેઓએ ભેટો
તૈયાર કરી; અને યૂસફ જમવા આવે તેની રાહ જોવા
લાગ્યા, કારણ કે ત્યાં તેઓએ જમવાનું છે એમ તેમને
ખબર હતી.
26પછી જયારે યૂસફ ઘેર આવ્યો ત્યારે તેઓના હાથમાં જે
ભેટ હતી તે તેઓ તેની પાસે ઘરમાં લાવ્યા; અને તેમને
સાષ્ટાંગ પ્રણામ કર્યા.
27અને પછી તેમણે તેઓની ખબરઅંતર પૂછીને કહ્યું,
"તમારા વૃદ્ધ પિતા, જેને વિશે તમે મને વાત કરી હતી તે
કુશળ છે ને? તેઓ હજી જીવે છે?"
28અને તેઓએ ઉત્તર આપ્યો, હાજી, આપના સેવક અમારા
પિતા કુશળ છે અને હજી જીવે છે." અને તેઓએ ઝૂકીને
દંડવત્ પ્રણામ કર્યા.

## યૂસફ પોતાના ભાઈ બિન્યામીનને મળ્યો

29યૂસફે પોતાની આંખો ઊંચી કરીને પોતાના ભાઈ
બિન્યામીનને, જે એની સગી માનો પુત્ર હતો તેને જોઈને
કહ્યું, "તમે જેના વિશે કહ્યું હતું તે જ આ તમારો સૌથી નાનો
ભાઈ છે? મારા પુત્ર! દેવ તારા પર કૃપા કરો."
30યૂસફ ઝડપથી બહાર ચાલ્યો ગયો; કારણ કે પોતાના
ભાઈને જોઈને તેનું હૈયું ભરાઈ આવ્યું, તે રડી પડવાની
તૈયારીમાં હતો. તેથી પોતાની ઓરડીમાં જઈને તે ત્યાં રડવા
લાગ્યો. 31પછી મોઢું ધોઈને બહાર આવીને પોતાની જાત
ઉપર કાબુ રાખીને તે બોલ્યો, "ભાણાં પીરસો."
32પછી સેવકોએ યૂસફ માટે મેજ પાથર્યુ. ત્યારબાદ
ભાઈઓ માટે બીજુ મેજ પાથર્યુ અને તેની સાથે જમતા
મિસરીઓ માટે બીજુ એક મેજ પાથર્યુ કારણ, મિસરીઓ
હિબ્રૂઓ સાથે જમવા બેસતા નથી; કારણ કે મિસરીઓની
એવી માન્યતા હતી કે હિબ્રૂઓ સાથે જમવાનું તેમના માટે
અનુચિત છે. 33*યૂસફના ભાઈઓ યૂસફની સામે મોટેથી
નાના સુધી ક્રમ પ્રમાણે બેઠા; અને તેઓ આ બધાથી આશ્ચર્ય
પામ્યા. 34તેઓ એકબીજા સામે જોવા લાગ્યા. યૂસફે પોતાના
ભાણામાંથી વાનગીઓ લઈને તેઓની આગળ પિરસાવી પણ
પ્રત્યેકના ભાણા કરતાં બિન્યામીનનું ભાણું પાંચગણું હતું;
તેઓએ તેની સાથે ખાધુંપીધુંને મોજમાં આવી ગયા.

## ગુમ થયેલો પ્યાલો

44 પછી યૂસફે પોતાના સેવકને હુકમ કર્યો કે, "એ
લોકોની ગૂણોમાં એ લોકો જેટલું લઈ જઈ શકે
તેટલું અનાજ ભરો. અને દરેક જણનાં પૈસા તેની ગુણમાં
મોઢા આગળ મૂકી દો; 2સૌથી નાના ભાઈની ગૂણમાં પૈસાની
સાથે મારો પેલો ચાંદીનો પ્યાલો પણ મૂકી દેજો." અને તેણે
યૂસફના હુકમ પ્રમાણે કર્યુ.
3બીજે દિવસે વહેલી સવારે એ લોકોને તેમનાં ગધેડાં
સાથે વિદાય કરવામાં આવ્યા. 4જયારે એ લોકો શહેરથી
નીકળીને થોડે દૂર ગયા એટલે યૂસફે કારભારીને કહ્યું, "જા,
પેલા લોકોની પાછળ પડ, તેમને પકડી પાડ, અને કહેકે,
'તમે આ શું કર્યુ? ઉપકાર પર અપકાર? તમે મારા શેઠનો
ચાંદીનો પ્યાલો શા માટે ચોર્યો?" 5આ એજ પ્યાલો છે જે
મારા ધણી પીવા માટે અને રહસ્યો જાણવા માટે વાપરે છે.
તમે ખરેખર ખોટું કર્યુ છે.'"
6પછી જયારે તેણે તેમને પકડી પાડયા ત્યારે તેણે તેમને
આ જ વચનો કહ્યાં;
7પણ તેમણે તેને પૂછયું, "અમારા ધણી આવું શા માટે કહે
છે? અમને આમ કરવાનો વિચાર સરખોય આવે ખરો! 8જરા
જુઓ તો ખરા, જે પૈસા અમને અમારી ગૂણોના મોઢા આગળથી
મળ્યા તે અમે છેક કનાન દેશથી તેમને આપવા પાછા લાવ્યા;
પછી તારા ધણીના ઘરમાંથી સોનાચાંદીની ચીજો ચોરી એ
એવું બને ખરું? 9તારા સેવકો એવા અમારી પાસેથી જેની
પાસે એ નીકળે તેને ફાંસીની સજા કરજો. અમે પણ અમારા
ધણીના ગુલામો થઈશું"
10આ સાંભળીને કારભારીએ કહ્યું, "તમારી વાત બરાબર
છે; જેની પાસેથી એ નીકળે તે મારો ગુલામ થાય; અને
બાકીના નિર્દોષ પુરવાર થશે."

## કાવતરાને લીધે બિન્યામીનનું પકડાઈ જવું

11પછી તરત જ તે બધાએ પોતપોતાની ગુણો નીચે ઉતારી,
ને દરેકે પોતપોતાની ગુણ ઉઘાડી. 12એટલે કારભારીએ મોટાથી
શરૂ કરીને તે નાના સુધીની બધાની ગુણો તપાસી તો
બિન્યામીનની ગુણમાંથી ચાંદીનો પ્યાલો મળી આવ્યો.
13જયારે તેઓએ આ જોયું ત્યારે તેઓએ દુઃખના માર્યા પોતાનાં
કપડાં ફાંડી નાખ્યાં અને દરેક જણે પોતપોતાનાં ગધેડાં બાધ્યા.
અને પછી તેઓ નગરમાં પાછા ફર્યા.
14જયારે યહૂદા અને તેના ભાઈઓ, યૂસફને ઘેર પહોંચ્યા
ત્યારે હજીપણ તે ત્યાં જ હતો; એટલે તેઓ તેનાં ચરણોમાં
પડયા. 15યૂસફે તેઓને પૂછયું, "આ તમે શું કર્યુ? તમે એટલું
પણ નથી જાણતા કે મારા જેવો માણસ જે શુકન જુએ છે
તેને ખબર પડયા વિના રહેશે નહિ."
16યહૂદાએ કહ્યું, "હે ધણી! અમે તમને શું કહીએ? અમારી
નિર્દોષતા સાબિત કરવા શું બોલીએ? અમે અમારી જાતને
કેવી રીતે નિર્દોષ પૂરવાર કરીએ? દેવે તમારા સેવકનો ગુનો
ઉઘાડો પાડયો છે; જુઓ, જેની પાસેથી ચાંદીનું પ્યાલું મળ્યું
છે તે અને અમે સૌ તમારા ગુલામ છીએ."

---

**છંદ 33** યૂસફે તેનાં ભાઈઓને ક્રમ બધ્ધ જગ્યાઓએ તેમની ઉંમર પ્રમાણે બેસાડ્યાં તેથી તેઓ આશ્ચર્ય પામ્યા.

17પછી યૂસફે કહ્યું, "મારાથી એવું થાય કેવી રીતે? માત્ર જેની પાસેથી પ્યાલો મળ્યો તે જ મારો ગુલામ બનશે; અને બાકીના તમે બધા તો શાંતિથી તમારા પિતાની પાસે જાઓ."

## યહૂદાનું બિન્યામીનને માટે વિનવવું

18પછીથી યૂસફ પાસે જઈને યહૂદાએ કહ્યું, "ઓ મારા ધણી, કૃપા કરીને આપના આ સેવકને ખાનગીમાં આપની સાથે બે વાત કરવા દો, અને આપના સેવક પર ક્રોધ ન કરશો. મારા માટે તો આપ પોતે ફારુન સમાન છો. 19મારા ધણીએ સેવકોને સવાલ કર્યો હતો કે, 'તમારે પિતા અથવા ભાઈ છે?' 20તેથી અમે માલિકને જવાબ આપ્યો હતો, 'અમારે વૃદ્ધ પિતા અને એક નાનો ભાઈ છે, જે એમને પાછલી અવસ્થામાં પ્રાપ્ત થયો હતો. એનો ભાઈ અવસાન પામેલ છે તેથી તે તેની માતાનો એકનો એક પુત્ર છે, વળી તેના પિતાને તે ખૂબ વહાલો છે.' 21અને તમે અમને સેવકોને જણાવેલું કે, 'તેને મારી પાસે લઈને આવો એટલે તેને હું જોઉં તો ખરો.' 22અને અમે અમારા ધણીને કહ્યું હતું કે, 'તે છોકરો તેના પિતાને મૂકીને આવી શકે એમ નથી, કારણ કે જો તે પિતાને મૂકીને જાય તો તેના પિતા મૃત્યુ પામે.' 23અને તમે અમને તમારા સેવકોને કહ્યું હતું, 'જો તમે તમારા સૌથી નાના ભાઈને તમારી સાથે ન લાવો તો તમે મારું મુખ ફરી નહિ જોશો.' 24પછી અમે આપના સેવકો-અમારા પિતા પાસે ગયા અને તેમને અમે ધણીના શબ્દો કહી સંભળાવ્યા,

25"અને પછી જયારે અમારા પિતાએ કહ્યું, 'પાછા જાઓ અને આપણા માટે થોડું અનાજ ખરીદી લાવો.' 26એટલે અમે કહ્યું, 'અમારાથી કેવી રીતે જવાય? અમારો સૌથી નાનો ભાઈ જો અમારી સાથે આવતો હોય તોજ અમે જઈ શકીએ, કારણ, અમારો નાનો ભાઈ અમારી સાથે ના હોય તો અમે તે માણસનું મુખ જોઈ શકીશું નહિ.' 27એટલે તમારા સેવકે અર્થાત્ અમારા પિતાએ અમને કહ્યું, 'તમે જાણો છો કે મારાં પત્નીને બે પુત્રો અવતર્યા હતા. 28અને તેઓમાંનો એક ગયો ત્યારે મેં કહ્યું કે, 'જરૂર એને કોઈ જંગલી પ્રાણીએ ફાડી ખાધો હશે. અને ત્યાર પછી આજપર્યંત મેં તેને ફરી જોયો નથી. 29અને હવે જો તમે આને પણ મારી આગળથી લઈ જાઓ, અને જો તેની સાથે કઈ ખોટું થાય તો હું મરવા જેટલો દુ:ખી થઈશ.' 30તેથી કરીને હવે તમારા સેવકની એટલે કે મારા પિતાની પાસે હું જાઉં, અને એ છોકરો અમારી સાથે નહિં હોય તો 31તેનો જીવ એટલો બધો એ છોકરામાં છે કે, અમારી સાથે એ છોકરો નથી એ જોતાંની સાથે જ એનું મોત થશે; અને આપના આ સેવકોએ આપના સેવક અમારા પિતાને ઘરડેઘડપણ શોક કરતા દફનાવવા પડશે.

32"વાત એવી છે કે હું 'મારા પિતા આગળ એ છોકરા માટે જામીન થયો છું કે 'જો હું એની તમારી પાસેથી એમની પાસે પાછો ન લાવું તો હું એમનો જીવનભર ગુનેગાર ગણાઈશ.' 33એટલે હવે કૃપા કરીને આ છોકરાને બદલે તમારા સેવકને મારા ધણી પાસે સેવક થઈને રહેવા દો; અને પેલા છોકરાને તેના ભાઈઓની સાથે પાછો જવા દો. 34કારણ કે, એ છોકરો જો આપણી સાથે ના હોય તો આપણાથી પિતા પાસે જવાય શી રીતે? મારા પિતાનું શું થશે એનો મને બહુજ ડર લાગે છે."

## યૂસફે પોતાની જાતને પ્રગટ કરવી

45 યૂસફ પોતાની લાગણીઓને વધુ વખત નિયંત્રિત કરી શકયો નહિ. તેની પાસે ઊભા રહેલા બધાની ઉપસ્થિતિમાં રડી પડ્યો અને બોલી ઊઠયો, "મારી આગળથી બધાને દૂર કરો." આથી જયારે યૂસફે પોતાના ભાઈઓ આગળ પોતાની જાતને પ્રગટ કરી ત્યારે ત્યાં બીજુ કોઈ ન હતું. 2તે એટલા મોટા સાદે રડયો કે, મિસરીઓએ તે સાંભળ્યું અને ફારુનના પરિવારને પણ તેની ખબર પડી. પછી યૂસફે પોતાના ભાઈઓને કહ્યું, 3"હું યૂસફ છું. શું મારો બાપ હજુ જીવે છે?" યૂસફને સામે જોતાંજ તેના ભાઈઓ એવા તો ડઘાઈ ગયા કે તેઓ કોઈ જવાબ આપી શક્યા નહિ.

4પછી યૂસફે તેના ભાઈઓને કહ્યું, "મારી નજીક આવશો." એટલે તેઓ પાસે ગયા, અને તેણે કહ્યું, "હું તમારો ભાઈ યૂસફ છું. જેને તમે મિસરની મુસાફરી કરતા વેપારીઓને ગુલામ તરીકે વેચી દીધો હતો. એ તમારો ભાઈ હુંજ છું. 5માટે મને અહીં વેચી દેવા માટે તમે હવે દુ:ખી થશો નહિ, તેમજ જીવ બાળશો નહિ, કારણ આ તો મારા માટે દેવની યોજના હતી કે હું અહી આવું અને તમને બધા ને હું તારું. 6કારણ કે છેલ્લાં બે વર્ષથી દેશમાં દુષ્કાળ છે, અને હજુ બીજા પાંચ વર્ષ એવાંજ આવનાર છે, જેમાં કોઈપણ પ્રકારની ખેતી કે વાવણી કાપણી થઈ શકશે નહિ. 7તેથી દેવે તમારો પરિવાર બચાવવા અને તમારા બધાના જીવોનું રક્ષણ કરવા તમારી સમક્ષ મોકલ્યો છે. 8એ માટે મને અહીં મોકલનાર દેવ છે, તમે નથી; અને તેણે જ મને ફારુનના પિતા સમાન અને તેના આખા ઘરનો વહીવટદાર તથા આખા મિસરનો શાસનકર્તા બનાવ્યો છે."

## ઈસ્રાએલ મિસરમાં આમંત્રિત થયો

9"તમે ઝટ મારા પિતા પાસે જાઓ, ને તેમને આ સંદેશ આપો : તમારો પુત્ર યૂસફ આ કહે છે:"

દેવે મને સમગ્ર મિસરનો શાસનકર્તા બનાવ્યો છે,
માટે વિલંબ કર્યા વગર હમણાંજ મારી પાસે આવો.
10અને તમે તમારા પુત્રો સાથે, તમારા પ્રપૌત્રો સાથે,
તમારાં ઘેટાં-બકરાંના ઝુડો અને ઢોરઢાંખરના ટોળાઓ
તથા ઘરવખરી સાથે 'ગોશેન' પ્રાંતમાં મારી સાથે રહેશો.
જ્યાં હું તમારા બધા માટે બધી જાતની તૈયારી કરીશ.
11કારણ કે હજુ દુષ્કાળગ્રસ્ત બીજા પાંચ વર્ષ કાઢવાનાં
છે. તેથી તું અને તારું કુટુંબ તથા જે બધાં તારાં
સગાંસંબંધીઓ છે તે બધુ ગુમાવી ને ગરીબ ન થઈ
જાય તે માટે હું સૌની જાળવણી રાખીશ.

12"અને જુઓ, તમે અને મારો ભાઈ બિન્યામીન નજરોનજર જુઓ છો કે હું આ મારા મુખ દ્વારા જ કહી રહ્યો

છું. 13અને તમે મિસરમાં મારો મહિમા અને બીજું જે કંઈ
જોયું છે તે મારા પિતાને કહેજો; હવે, ઝટ જાઓ અને મારા
પિતાને અહીં લઈ આવો." 14પછી તે તેના ભાઈ બિન્યામીનને
બાથભરી અને રડ્યો. બિન્યામીન પણ તેને ભેટતી વખતે
રડવા લાગ્યો. 15ત્યાર બાદ યૂસફે પોતાના બધાંજ ભાઈઓને
ચુંબન કર્યા અને તેમને ભેટીને રડ્યો. પછી તેના ભાઈઓએ
તેની સાથે વાતચીત કરી.

16પછી જયારે ફારુનના મહેલમાં સમાચાર વહેતાં થયા કે
યૂસફના ભાઈઓ આવ્યા છે; ત્યારે ફારુન તથા તેના સેવકો
ખુશ થયા. 17અને ફારુને યૂસફને કહ્યું, "તું તારા ભાઈઓને
કહે કે, "આ પ્રમાણે કરો; તમારાં જાનવરોને લઈને કનાન
દેશમાં ચાલ્યા જાઓ; 18અને તમારા પિતાને અને પરિવારને
લઈને ઝટ મારી પાસે પાછા આવો; હું તમને મિસરની
ઉત્તમ ફળદ્રુપ જમીન આપીશ અને તમને સૌને ધરતીનું
નવનીત ખાવા મળશે." 19હવે તમને બીજી આજ્ઞા છે તે
પ્રમાણે કરો, "તમારાં સંતાનો માટે તથા તમારી પત્નીઓ
માટે મિસર દેશમાંથી ગાડા લેતાં જાઓ, અને તમારા પિતાને
લઈને આવો. 20વળી તમારી માલમિલકત જે છે તેને છોડીને
આવવાની જરા પણ ચિંતા કરશો નહિ, કારણ કે મિસર
દેશમાં જે ઉત્તમ છે તે જમીન તમારી છે."

21પછી ઈસ્રાએલના પુત્રોએ તે મુજબ કર્યુ; અને ફારુનની
આજ્ઞા અનુસાર યૂસફે તેઓને ગાડાં આપ્યાં; ને માર્ગને માટે
સીંધુ પણ આપ્યું. 22પછી તેણે તેના દરેક ભાઈને એક જોડ
કપડાં આપ્યાં; પરંતુ બિન્યામીનને 300 તોલા ચાંદી અને
પાંચ જોડ સારાં કપડાં આપ્યાં. 23વધુમાં તેણે પોતાના પિતાના
માટે મિસરની સૌથી બહુમૂલ્ય ચીજોથી લાદેલાં દશ ગધેડાં,
અને તેના પિતાની મુસાફરી માટે અનાજ રોટલી અને અન્ય
જાતના ખાણાથી લાદેલી દશ ગધેડીઓ મોકલી આપી. 24પછી
તેણે પોતાના ભાઈઓને વિદાય આપી. વિદાય આપતી વખતે
તેણે તેઓને કહ્યું, "માર્ગમાં ઝઘડો કરશો નહિ."

25પછીથી તેઓ મિસરમાંથી નીકળીને કનાન દેશમાં
પોતાના પિતા યાકૂબ પાસે આવ્યા. 26અને તેઓએ તેને
કહ્યું, "યૂસફ હજુ જીવે છે, અને સમગ્ર મિસરનો તે શાસનકર્તા
છે." આ સાંભળીને યાકૂબ તો સ્તબ્ધ થઈ ગયો. તેને ગળે એ
વાત ન ઉતરી. 27પરંતુ યૂસફે તેઓને જે બધી વાતો કહેલી તે
તેને કહી અને તેને મિસર લઈ જવા માટે યૂસફે મોકલેલાં
ગાડાંઓ પર તેની નજર પડી ત્યારે તે ઉત્તેજીત અને ખુશ
થયો. 28પછી ઈસ્રાએલ બોલ્યો, "બસ, મારો પુત્ર યૂસફ હજુ
જીવે છે; એટલે મરતાં પહેલાં હું તેને જઈને મળીશ."

## ઈસ્રાએલની ઉપાસના

46 એટલા માટે ઈસ્રાએલે પોતાની મિસરની યાત્રાનો
પ્રારંભ કર્યો. પહેલાં તે બેર-શેબા પહોંચી ગયો.
ત્યાં તેમણે પોતાના પિતા ઈસહાકના દેવની ઉપાસના કરીને
યજ્ઞો અર્પણ કર્યા. 2રાત્રે દેવે ઈસ્રાએલને સ્વપ્નમાં કહ્યું,
"યાકૂબ, યાકૂબ."

અને ઈસ્રાએલે જવાબ આપ્યો, "હું અહીં છું."

3પછી દેવે કહ્યું, "હું દેવ છું. તમારા પિતાનો દેવ. મિસર
જતાં જરા પણ ગભરાઈશ નહિ, કારણ કે હું ત્યાં તારાથી એક
મોટી પ્રજા નિર્માણ કરીશ; 4હું તારી સાથે મિસર આવીશ;
અને હું ચોક્કસ તને પાછો લાવીશ; અને યૂસફને હાથે જ
તારી આંખો મીંચાશે."

## ઈસ્રાએલનું મિસર જવું

5પછી યાકૂબે બેર-શેબા છોડયું અને મિસર સુધી યાત્રા
કરી. તેને લેવા માટે ફારુને જે ગાડાં મોકલ્યાં હતાં તેમાં
ઈસ્રાએલના પુત્રો પોતાના પિતા યાકૂબને, પોતાના પુત્રોને
અને વહુઓને લઈ ગયાં. 6તેઓ પોતાનાં ઢોરઢાંખર તથા
માલમિલકત જે કનાન દેશમાંથી પ્રાપ્ત કરી હતી તે લઈને
યાકૂબ તથા તેમનું આખું કુટુંબ તેમની સાથે મિસર આવ્યું.
7એટલે તેના પુત્રો તથા તેની સાથે તેના પુત્રોના પુત્રો, ને
તેની પુત્રીઓ તથા તેના પુત્રોની પુત્રીઓને તથા તેનાં સર્વ
સંતાનને તે પોતાની સાથે મિસરમાં લાવ્યો.

## યાકૂબનો પરિવાર

8યાકૂબની સાથે મિસરમાં આવનારાઓનાં નામ આ છે
એટલે યાકૂબ તથા તેના પુત્રો:

9યાકૂબનો સૌથી મોટો પુત્ર રૂબેન અને રૂબેનના પુત્રો:
હનોખ, પાલ્લૂ, હેસરોન અને કાર્મી.

10શિમયોનના પુત્રો: યમુએલ, યામીન, ઓહાદ, યાખીન,
સોહાર, અને શાઉલ, જે એક કનાની સ્ત્રીથી જન્મ્યો હતો.

11લેવીના પુત્રો: ગેર્શોન, કહાથ તથા મરારી.

12અને યહૂદાના પુત્રો: એર, ઓનાન, શેલાહ, પેરેસ, અને
ઝેરાહ. પરંતુ એર અને ઓનાન તો કનાનમાં જ અવસાન
પામ્યા હતા. પેરેસના પુત્રો: હેસરોન અને હામૂલ.

13ઈસ્સાખારના પુત્રો: તોલા, પુવાહ, યોબ અને શિમ્રોન.

14ઝબુલોનના પુત્રો: સેરેદ, એલોન અને યાહલએલ હતો.

15એ લેઆહના પુત્રો છે, જેઓ મેસોપોટામિયામાં યાકૂબથી
લેઆહના પેટે જન્મેલા છે. એ ઉપરાંત તેની પુત્રી દીનાહ
હતી. તેના પુત્રો અને પુત્રીઓ સર્વ મળીને 33 જણ હતાં.

16અને ગાદના પુત્રો: સિફયોન, હાગ્ગી, શૂની, એસ્બોન,
એરી, અરોદી અને આરએલી.

17આશેરના પુત્રો: યિમ્નાહ,યિસ્યા,યિસ્વી,બરિઆહ અને
તેમની બહેન સેરાહ, બરિઆહના પુત્રો: હેબર અને માલ્કી.

18લાબાને પોતાની પુત્રી લેઆહને આપેલી. ઝિલ્પાહને
યાકૂબથી થયેલા આ પુત્રો છે. તેઓ સર્વ મળીને કુલ સોળ
હતા.

19યાકૂબની પત્ની રાહેલના પુત્રો-યૂસફ તથા બિન્યામીન.

20અને યૂસફને મિસર દેશમાં ઓનના યાજક પોટીફેરાની
પુત્રી આસનાથને પેટે મનાશ્શા અને એફ્રાઈમ અવતર્યા
હતા.

21બિન્યામીનના પુત્રો: બેલા, બેખેર, આશ્બેલ, ગેરા,
નાઅમાન, એહી, રોશ, મુપ્પીમ, હુપ્પીમ અને આર્દ. 22તે
યાકૂબથી રાહેલને પેટે જન્મેલા કુલ ચૌદ છે.

**23**દાનનો પુત્ર: હુશીમ, **24**નફતાલીના પુત્રો: યાદસએલ, ગૂની, યેસર, અને શિલ્લેમ. **25**લાબાને પોતાની પુત્રી રાહેલને જે બિલ્હાહ આપી હતી તેના પુત્રો એ છે, ને જેઓ યાકૂબથી તેને થયા તે સર્વ મળીને કુલ સાત જણ હતા.

**26**યાકૂબના પુત્રોની પત્નીઓ સિવાય તેનાથી જન્મેલા જે સર્વ માણસ યાકૂબ સાથે મિસરમાં આવ્યાં તેઓ કુલ છાસઠ જણ હતાં. **27**યૂસફને મિસરમાં બે પુત્રો પ્રાપ્ત થયા હતા, તેના પરિવારમાં મિસર આવનારા કુલ સિત્તેર માણસો હતાં.

## ઈસ્રાએલ મિસર પહોચ્યો

**28**યહૂદાને ઈસ્રાએલે પોતાના પહેલાં યૂસફ પાસે મોકલી આપ્યો જેથી યૂસફ તને ગોશેનમાં મળે. **29**પછી તેઓ ગોશેનમાં પહોચ્યાં. ત્યારે યૂસફ રથ જોડીને તેના પિતા ઈસ્રાએલને મળવા માટે ગોશેનમાં ગયો; અને તેને જોતાની સાથે જ તે તેને કોટે વળગી પડયો અને તેને ભેટીને ઘણા સમય સુધી રડયો.

**30**ઈસ્રાએલે યૂસફને કહ્યું, "મેં તારું મુખ જોયું, તને જીવતો જોયો, હવે ભલે મારું મરણ શાંતિથી થશે."

**31**પછી યૂસફે પોતાના ભાઈઓને અને પોતાના પિતાના પરિવારને કહ્યું, "હું જઈને ફારુનને જાણ કરું છું કે, 'કનાનમાં રહેતા મારા ભાઈઓ અને મારા પિતાના પરિવારના માણસો મારી પાસે આવી પહોંચ્યા છે. **32**એ લોકો ભરવાડ છે, કારણ કે તેઓ પશુ પાલનનો ધંધો કરે છે. એ લોકો પોતાનાં ઘેટાંબકરાં અને ઢોરઢાંખર તથા તમામ ઘરવખરી લઈને આવ્યા છે.' **33**અને કદાચ ફારુન તમને બોલાવે અને પૂછે કે, 'તમે શો ધંધો કરો છો?' **34**ત્યારે તમે કહેજો કે, 'તમારા સેવકોનો, એટલે અમારો તથા અમારા પિતૃઓનો ધંધો નાનપણથી આજપર્યંત ઢોર ઉછેરનો છે;' કે જેને કારણે તમે ગોશેન પ્રાંતમાં રહી શકશો. કારણ કે ભરવાડ માત્રને મિસરીઓ નફરત કરે છે."

## ઈસ્રાએલનું ગોશેનમાં વસવું

**47** પછી યૂસફે ફારુન પાસે જઈને કહ્યું, "મારા પિતા, મારા ભાઈઓ અને તેમનાં બધાંજ કુટુંબો પોતાનાં ઢોરઢાંખર, ઘેટાં-બકરાં તથા ઘરવખરી લઈને કનાનથી આવી ગયા છે; અને હાલમાં તેઓ ગોશેન પ્રાંતમાં છે." **2**અને તેણે તેના ભાઈઓમાંથી પાંચને લઈ તેમને એણે ફારુન સમક્ષ રજૂ કર્યા.

**3**પછી ફારુને તેના ભાઈઓને પ્રશ્ન કર્યો, "તમે શો વ્યવસાય કરો છો?" એટલે તેમણે કહ્યું, "આપના સેવકો એટલે અમે અને અમારા પિતૃઓ ભરવાડ છીએ. **4**કનાન દેશમાં ભયંકર દુષ્કાળ પડયો છે એટલે અમારા ઘેટાંબકરાં માટે ત્યાં બિલકુલ ચારો નથી. જેથી અમારે આ દેશમાં રહેવા આવવું પડયું છે; માટે આપના સેવકોની નમ્ર અરજ છે કે આપ અમને ગોશેન પ્રાંતમાં વસવાટ કરવા દો."

**5**અને ફારુને યૂસફને કહ્યું, "તારા પિતા અને તારા ભાઈઓ તારી પાસે આવ્યા છે; **6**મિસર દેશ તો તારી આગળ છે જ; તેથી દેશમાં ઉત્તમ સ્થળે તારા પિતાને તથા તારા ભાઈઓને રહેવા દે; તેઓ ભલે ગોશેન પ્રાંતમાં વસતા. અને જો એમનામાં કોઈ સમજુ માણસો તારી નજરમાં હોય તો તેમને મારાં ઢોર ચરાવવા માટેના કામનો હવાલો તેમને સોંપી દો."

**7**અને પછી યૂસફે તેના પિતા યાકૂબને લાવીને ફારુન સમક્ષ રજૂ કર્યા, અને યાકૂબે ફારુનને આશીર્વાદ આપ્યા. **8**ફારુને યાકૂબને પૂછયું, "તમારી ઉંમર કેટલી?"

**9**યાકૂબે કહ્યું, "હું એકસો ત્રીસ વર્ષ જીવ્યો છું. મારી જીંદગી ટૂંકી અને મુશ્કેલીઓથી ભરપૂર હતી મારા પિતા અને મારા પિતૃઓ મારા કરતા ઘણા વૃધ્ધ હતા ત્યાં સુધી જીવ્યા."

**10**પછી ફારુનને આશીર્વાદ આપ્યા બાદ યાકૂબ તેમની પાસેથી ચાલ્યો ગયો.

**11**પછી યૂસફે મિસર દેશની સૌથી સારી જગ્યામાં, એટલે શમસેસમાં, ફારુનની આજ્ઞા પ્રમાણે તેના પિતાને તથા તેના ભાઈઓને **12**તથા તેના પિતાના ઘરનાં સર્વને તેમનાં છોકરાં પ્રમાણે અનાજ પૂરું પાડ્યું.

## યૂસફનું ફારુન માટે જમીન ખરીદવું

**13**આખા દેશમાં આકરો દુષ્કાળ હોવાથી કયાંય અનાજ મળતું ન હતું. મિસર તથા કનાન દેશ હેરાન-પરેશાન થઈ ગયા હતા. **14**મિસર અને કનાન દેશમાં જે કાંઈ ધન હતું તે બધુ લોકો જે અનાજ ખરીદતા હતા તેના બદલામાં લઈને યૂસફે એકઠું કર્યુ હતું તે બધુ જ ધન તેણે ફારુનના મહેલમાં પહોંચાડી દીધું.

**15**પછી મિસર અને કનાન દેશમાં નાણું ખૂટયું. બધા મિસરવાસ્ત્રીઓ યૂસફ પાસે આવ્યા અને કહેવા લાગ્યા, "અમને અનાજ આપો. આપની રૂબરૂમાં અમારે શા માટે મરી જવું? હવે અમારી પાસે નાણું તો રહ્યું નથી."

**16**એટલે યૂસફે કહ્યું, "જો નાણું ખૂટી ગયું હોય તો તમારાં ઢોર આપો; ઢોરોનાં બદલામાં હું તમને અનાજ આપીશ." **17**તેથી તેઓ પોતાનાં ઢોર લઈને યૂસફ પાસે આવ્યા; અને યૂસફે ઘોડા, ઘેટાં-બકરાં, ઢૉર તથા ગધેડાંના બદલામાં તેમને અનાજ આપ્યું. આમ, તેઓનાં બધાં ઢોરઢાંખરના બદલામાં તે વર્ષે અનાજ પૂરું પાડીને તેઓનું ગુજરાન ચલાવ્યું.

**18**તે વર્ષ પૂર્ણ થયા બાદ બીજે વર્ષે તેઓએ આવીને તેને કહ્યું, "માલિકથી એ વાત છાની રાખી શકાય તેમ નથી કે નાણું ખૂટી ગયું છે. અને અમારાં ઢોર પણ માલિકના કબજામાં ચાલ્યાં ગયાં છે; હવે તો અમારી પાસે માત્ર અમારી જાત તથા જમીન સિવાય કાંઈ જ બાકી રહ્યું નથી; **19**તમારી નજર સમક્ષ અમો ચોક્કસ મરી જશું? પણ જો તમે અમને ખાવાનું આપશો તો અમે અમારી જમીનો ફારુન ને આપી એના ગુલામો બની જશું, માટે અમને બીજ આપો જેથી અમે મરતા બચી જઈએ અને જીવવા પામીએ, ને જમીન પડતર બની રહે નહીં."

**20**અને યૂસફે મિસરવાસીઓની બધીજ જમીન ફારુન માટે ખરીદી લીધી કારણ કે દુકાળ એટલો બધો કારમો હતો

કે બધાએ પોતાનાં ખેતરો વેંચી દીધાં. 21આમ દેશની જમીન ફારુનની માલિકીમાં આવી ગઈ અને તેણે દેશના એક સ્ત્રીમાડાથી બીજા છેડા સુધીના લોકોને શહેરોમાં મોકલ્યા અને તેમને ફારુનના ગુલામ બનાવી દીધા. 22ફકત યાજકોની જમીન તેણે ખરીદી નહિ; કારણ કે તેઓને ફારુન તરફથી નિયત ભથ્થું મળતું તેના આધારે તેઓ જીવતા, જેથી જમીન વેચવી પડી નહિ

23પછી યૂસફે લોકોને જણાવ્યું, "જુઓ, આજે મેં ફારુન વતી તમને અને તમારી જમીનને વેચાતાં લીધાં છે. લો, આ રહ્યાં બી. તમે જમીનમાં વાવો. 24અને પાક ઊતરવાનો સમય આવે ત્યારે પાકનો પાંચમો ભાગ તમારે ફારુનને આપવો, અને ચાર પંચમાંસ ભાગ તમારી પાસ બિયારણ તરીકે અને તમારા, પરિવારના અને સંતાનોનાં માટે ખોરાક તરીકે વાપરવો."

25તેઓ બોલ્યા, "તમે અમારા જીવ બચાવ્યા છે; અમારા પર અમારા માલિકની કૃપાદૃષ્ટિ થાઓ. અને અમે ફારુનના દાસ થઈશું."

26પછી યૂસફે મિસર દેશમાં એવો કાયદો કર્યો કે તમામ જમીનનો પાંચમો ભાગ ફારુનને મળે. એ કાયદો હજી આજે પણ ચાલે છે; માત્ર યાજકોની જમીન ફારુનનાં કબજામાં આવી નહિ.

### યાકૂબની અંતિમ ઈચ્છા

27પછી ઈસ્રાએલના પુત્રો મિસર દેશના ગોશેન પ્રાંતમાં આવીને રહ્યાં; અને ત્યાં તેમને માલમિલકત પ્રાપ્ત થઈ. તેમનો વંશવેલો વધ્યો. અને તેમની સંખ્યા પણ ઘણી વધી ગઈ.

28યાકૂબ મિસર દેશમાં 17 વર્ષ રહ્યો એટલે તેની ઉંમર 147 વર્ષની થઈ. 29પછી ઈસ્રાએલનો અંતકાળ નજીક આવ્યો ત્યારે તેણે પોતાના પુત્ર યૂસફને બોલાવીને કહ્યું, "મારા ઉપર તારી કૃપાદ્રષ્ટિ હોય તો તારો હાથ મારી જાંઘ નીચે મૂક અને મારી સાથે ખરા મનથી વર્તવાનું મને વચન આપ. 30મને મિસરમાં દફનાવીશ નહિ, પણ જયારે હું મારા પિતૃઓ પાસે ઊંઘી જાઉં, ત્યારે તું મને મિસરમાંથી લઈ જજે અને મારા બાપદાદાઓના કબરસ્તાનમાં દફનાવજે."

પછી યૂસફે કહ્યું, "બધું જ હું તમારા કહ્યાં પ્રમાણે કરીશ."

31અને યાકૂબે કહ્યું, "મારી આગળ સમ ખા;" એટલે તેણે તેની આગળ સમ ખાધા. પછી ઈસ્રાએલ ઓશીકા તરફ પથારીમાં ઢળી પડ્યો.

### યાકૂબના બંને પુત્રોને આશીર્વાદ

48 સમય જતાં યૂસફને કોઈકે સમાચાર આપ્યા કે, તારા પિતાજી માંદા પડયા છે. તેથી તરત જ તે પોતાના બે પુત્રો મનાશ્શા અને એફ્રાઈમને લઈને મળવા ગયો. 2જયારે કોઈકે યાકૂબને ખબર આપી કે, "તારો પુત્ર યૂસફ મળવા આવ્યો છે." એટલે તે શરીરની બધી તાકાત ભેગી કરીને ખાટલા પર બેઠો થઈ ગયો. 3અને ઈસ્રાએલે યૂસફને કહ્યું, "કનાન દેશના લૂઝ ગામે સર્વસમર્થ દેવે મને દર્શન આપ્યાં હતાં. 4પછી આશીર્વાદ આપીને કહ્યું હતું કે, 'જો, હું તારો વંશવેલો વધારીશ, તારાં સંતાનોની વૃધ્ધિ કરીશ; અને તારા પછી તારા વંશજોને આ દેશના કાયમના ધણી બનાવીશ.' 5અને મારા મિસરમાં આવતા પહેલાં મિસરમાં તને પ્રાપ્ત થયેલા બે પુત્રો હવે મારા પુત્રો છે. 6રૂબેન અને શિમયોનની જેમ હવે એફ્રાઈમ અને મનાશ્શા મારા પુત્રો ગણાશે. એમના પછી થયેલાં તારાં સંતાનો તારાં કહેવાશે; અને તેમનો પ્રદેશ તેમના ભાઈઓનાં નામે ઓળખાશે. 7જયારે હું પાદાનથી આવતો હતો ત્યારે એફ્રાથ પહોંચવાને થોડો રસ્તો બાકી હતો તે દરમ્યાન રસ્તામાં જ કનાન દેશમાં જ રાહેલનું દુઃખદ અવસાન થયું; એટલે મેં તેને એફ્રાથના એટલે બેથલેહેમના માર્ગમાં જ દફનાવી."

8અને પછી જયારે યૂસફના પુત્રોને ઈસ્રાએલે જોયા ત્યારે તેણે તેમને સવાલ કર્યો, "આ કોણ છે?"

9એટલે યૂસફે કહ્યું, "એ તો મારા પુત્રો છે, જે દેવે મને અહીં આપ્યાં છે."

ઈસ્રાએલે કહ્યું, "એમને મારી પાસે લાવ, જેથી હું એમને આશીર્વાદ આપું."

10હવે વૃદ્ધાવસ્થાને કારણે ઈસ્રાએલની આંખોનું તેજ ઓછું થયું હતું. તેને દેખાતું ન હતું. તેથી યૂસફ તેઓને તેમની પાસે લઈ આવ્યો એટલે તેણે તેઓને ચુંબન કર્યુ અને પછી તે તેઓને કોટે વળગ્યો. 11પછી ઈસ્રાએલે કહ્યું, "મને તો સ્વપ્નમાય ખબર નહોતી કે હું તારું મોઢું જોઈ શકીશ. પરંતુ દેવે તો મને તારાં સંતાનોનાં મુખ પણ બતાવ્યાં."

12પછી યૂસફે તેમને તેમના ખોળામાંથી લઈ લીધા અને જમીનને માથું અડાડીને પ્રણામ કર્યા. 13ત્યાર બાદ યૂસફે તે બંનેને લીધા, એફ્રાઈમને જમણી બાજુએ રાખ્યો જેથી તે ઈસ્રાએલની ડાબી બાજુએ રહે અને મનાશ્શાને ડાબી બાજુએ રાખ્યો, જેથી તે ઈસ્રાએલની જમણી બાજુએ રહે; ને એમ તે તેઓને ઈસ્રાએલની પાસે લઈને આવ્યો. 14પરંતુ ઈસ્રાએલે પોતાનો જમણો હાથ લાંબો કરીને એફ્રાઈમ જે નાનો હતો તેના માથા પર મૂક્યો, અને પોતાનો ડાબો હાથ આંટી પાડીને મનાશ્શાના માથા પર મૂકયો, જો કે મનાશ્શા જયેષ્ઠ હતો; 15પછી તેણે યૂસફને આશીર્વાદ આપતાં કહ્યું,

"જે દેવની સાક્ષીએ મારા પિતૃઓ ઈબ્રાહિમ અને ઈસહાક ચાલતા હતા, જે દેવે મને સમગ્ર જીવનપર્યંત સંભાળ્યો.

16જે દેવદૂતે મને સર્વ અનિષ્ટોમાંથી ઉગાર્યો છે, તે આ છોકરાઓને આશીર્વાદ આપો; અને મારું નામ તથા મારા પિતૃઓ ઈબ્રાહિમ અને ઈસહાકનાં નામ એમના વડે અમર રહો. અને આ પૃથ્વી ઉપર એમના વંશની વૃદ્ધિ થાઓ."

17પરંતુ જયારે યૂસફે જોયું કે તેના બાપે પોતાનો જમણો હાથ એફ્રાઈમને માથે મૂકયો તો એ બાબત એ નાખુશ હતો; અને એફ્રાઈમના માથા પરથી હાથ ખસેડીને મનાશ્શાના માથા પર લઈ જવા તેણે પોતાના પિતાનો હાથ ઉપાડયો. 18અને પિતાને કહ્યું, "એમ નહિ, પિતાજી, કારણ કે આ જયેષ્ઠ છે; તમારો જમણો હાથ એના માથા પર મૂકો."

19પરંતુ તેના પિતાજીએ એમ કરવાની ના પાડીને કહ્યું,
"હું જાણું છું, બેટા, મને ખબર છે. એ પણ એક પ્રજાનો પિતા
થશે, અને મહાન પણ થશે; પરંતુ તેનો નાનો ભાઈ તો તેના
કરતાં પણ મોટો થશે, ને તેનાં સંતાનોમાંથી અનેક પ્રજાઓ
થશે અને અતિ બહોળી દેશ જાતિ થશે."
20આમ, તે દિવસે તેમને આશીર્વાદ આપી ઈસ્રાએલે કહ્યું,
"ઈસ્રાએલના લોકો જ્યારે પણ કોઈને આશીર્વાદ આપશે
ત્યારે તમારા નામનો ઉપયોગ કરશે, તેઓ કહેશે, 'દેવ તમને
એફ્રાઈમ અને મનાશ્શા જેવા બનાવો."
આમ તેણે એફ્રાઈમને મનાશ્શાથી આગળ મૂકયો.
21પછી યૂસફને ઈસ્રાએલે કહ્યું, "જુઓ, હવે મારો અંત
નજીક છે, પરંતુ દેવ તમને સાથ આપશે. અને ફરીથી તમને
તમારા પિતૃઓના દેશમાં લઈ જશે. 22પરંતુ મે તને તારા
ભાઈઓ કરતાં એક ભાગ વધારે આપ્યો છે, શખેમ પહાડ
આપું છું જે મેં અમોરીઓ પાસેથી મારી તલવાર તથા મારા
ધનુષ્યની તાકાતથી એ જીતી લીધો હતો."

## યાકૂબના પુત્રોને આશીર્વાદ અને વિદાય

49 પછી યાકૂબે પોતાના પુત્રોને પાસે બોલાવ્યા અને
કહ્યું, "તમે બધા ભેગા થાઓ એટલે હું તમને
તમારા ઉપર ભવિષ્યમાં જે વીતશે તે તમને કહું,
2"યાકૂબના પુત્રો તમે ભેગા થાઓ, ને સાંભળો; અને
તમારા પિતા ઈસ્રાએલની વાત ધ્યાનપૂર્વક સાંભળો.

## રૂબેન

3"રૂબેન, તું તો મારો જયેષ્ઠ પુત્ર છે, મારું સામર્થ્ય અને
મારા પુરૂષત્વનું પ્રથમ ફળ છે. તું માનમર્યાદામાં સૌથી મોખરે
અને શકિતમાં પણ મોખરે છે.
4પૂર જેવાં તારા તીવ્ર આવેશને તું રોકી ન શક્યો; તેથી તું
મારા સૌથી માનીતો પુત્ર નહીં બને તું તારા પિતાની શય્યા
પર ચઢીને તેની પત્નીઓ માંથી એક સાથે સુતો. તું જે શૈયા
પર સૂતો તેને શરમજનક બનાવી છે."

## શિમયોન તથા લેવી

5"વળી શિમયોન તથા લેવી બંને સગાં ભાઈઓ છે, એમની
તલવાર હિંસાનુ હથિયાર છે,
6હું એમના કાવતરામાં ભાગ નહીં લઉં. એમના ગુપ્ત
મેળાપોમાં સામેલ નહી થાઉં, કારણ કે તેઓ ક્રોધને વશ
થઈને માણસોનો વધ કરે છે, અને માત્ર મજાક કરવા
પ્રાણીઓને ઈજા પહોંચાડે છે.
7એમનો ક્રોધ એક શાપ છે. એ ખુબ મજબૂત છે. તેઓ
જ્યારે ક્રોધમાં ગાંડાતૂર થાય છે ત્યારે ખૂબજ નિર્દય બને છે.
યાકૂબની ભૂમિમાં તેઓની પોતાની જમીન નહીં હોય. તેઓ
આખા ઈસ્રાએલમાં પથરાઈ જશે."

## યહૂદા

8"યહૂદા, તારા ભાઈઓ તારી પ્રશંસા કરશે. તારો હાથ
તારા શત્રુઓની ગરદન પર રહેશે; તારા પિતાના પુત્રો તારી
આગળ પ્રણામ કરશે. 9યહૂદા યુવાન સિંહ છે, તે ખૂન કરીને
આવ્યો છે, તે સિંહની જેમ થાક ખાવા બેઠો છે. એને છંછેડવા
જેટલું બહાદુર કોઈ નથી? 10યહૂદા પરિવારના (પુરુષ) માણસો
રાજા થશે. તેના પરિવારનો રાજદંડ જ્યાં સુધી વાસ્તવિક
રાજા ન આવે ત્યાં સુધી જશે નહી. પછી અનેક લોકો તેનું
પાલન કરશે અને તેની સેવા કરશે.
11તે પોતાના ગધેડાને દ્રાક્ષના વેલા સાથે બાંધે છે, પોતાના
ખોલકાને સૌથી ઉત્તમ દ્રાક્ષના વેલા સાથે બાંધે છે. વળી
પોતાનાં વસ્રો દ્રાક્ષારસમાં ધૂએ છે, અને પોતાનો પોષાક
દ્રાક્ષના રકતમાં ધૂએ છે.
12દ્રાક્ષારસથી તેની આંખો રાતી થઈ છે, અને તેના દાંત
દૂધથી ઉજળા થયા છે."

## ઝબુલોન

13"ઝબુલોન દરિયાકાંઠે રહેશે જે વહાણોનું બંદર બનશે.
અને તેની સ્ત્રીમા છેક સિદોન સુધી પહોંચશે."

## ઈસ્સાખાર

14"ઈસ્સાખાર બળવાન ગધેડો છે, પણ ઘેટાંઓના વાડામાં
જઈને તે આરામથી બેઠો છે.
15અને તેણે એક આરામ સ્થાન જોયું તો તે સારું હતું. તેને
આરામ મીઠો અને પ્રદેશ ખુશનુમા લાગ્યો. તેથી તેણે બોજો
ઉઠાવવા માટે ખાંધ નમાવી, અને વેઠ કરનારો ગુલામ બન્યો."

## દાન

16"ઈસ્રાએલના અન્ય પરિવારની જેમ જ દાન પોતાના
લોકોનો ન્યાય પોતે કરશે.
17દાન માર્ગ પાસેનો સર્પ છે, તે એક સર્પ જેવો છે જે
ઘોડાના પગને ડંખ મારે છે, ને સવાર જોરથી પછાડ ખાઈને
જમીન પર પડે છે.
18ઓ યહોવા! તું કયારે તારણ કરે એની હું વાટ જોઉં છું."

## ગાદ

19"ગાદ ઉપર હુમલાખોરો આક્રમણ કરશે, અને તે તેમનો
પીછો કરીને વળતો હુમલો કરશે."

## આશેર

20"આશેર પાસે શ્રેષ્ઠ જમીન હશે કે જેમાં પુષ્કળ પ્રમાણમાં
સારા અનાજની ઊપજ થતી હોય અને તે રાજાને લાયક
શ્રેષ્ઠ અનાજ ઉત્પન કરશે."

## નફતાલી

21"નફતાલી છૂટથી દોડતુ હરણ છે, એના શબ્દો હરણી
ના સુંદર બચ્ચાં જેવા છે."

## યૂસફ

22"યૂસફ ફળદ્રુપ ડાળ ઝરા પાસેથી ફળવંત વેલ, દ્રાક્ષ
એક વેલ જેવી શાખા જે દીવાલ સાથે વધે છે.

23તીરંદાજો તેની વિરુધ્ધ લડ્યાં તેઓએ તેમના તીરો વડે
ક્રૂરતાથી તેના પર આક્રમણ કર્યુ.
24પણ તેમનાં ધનુષ થંભી ગયાં, તેમના બાહુ ધ્રુજી ઊઠયા,
યાકૂબના સમર્થ દેવના પ્રતાપે આ બધું બન્યું.
25તેને ઈસ્રાએલના ખડક, તમારા પૂર્વજોના દેવ, ગોવાળ
તરફથી શકિત મળી હતી. અને તમે સર્વસમર્થ દેવથી
આશીર્વાદિત થશો. તે તમને ઉપર આકાશ અને ખૂબ નીચેથી
આશીર્વાદ આપે. એ તમને છાતી અને ગર્ભમાંથી આશીર્વાદો
આપે. 26તારા પિતાને મળેલા આશીર્વાદો, તારા પિતૃઓને
મળેલા આશીર્વાદો કરતાં મોટા છે, સદાકાળ ટકી રહેનારા
પર્વતોની અત્યંત દૂરની સીમા સુધી વધ્યા છે; તારા ભાઈઓએ
તારા માટે કાંઈ મૂક્યું નથી પરંતુ હવે હું પર્વત જેટલા ઉંચા
આશીર્વાદોનો ઢગલો તારા પર કરીશ."

## બિન્યામીન

27"બિન્યામીન તો ફાડી ખાનાર ખાઉધરો વરુ છે. સવારે
તે શિકાર ખાય છે અને સંધ્યાકાળે એ શિકાર વહેંચે છે."
28એ બધાં ઈસ્રાએલના બાર કુળ છે; તેમના વડવાએ
તેમને જે કહીને આશીર્વાદ આપ્યા તે આ છે; તેણે પ્રત્યેકને
પોતપોતાની યોગ્યતા પ્રમાણે તેઓને આશીર્વાદ આપ્યા.

## યાકૂબનું અવસાન

29યાકૂબે પોતાના પુત્રોને આજ્ઞા કરી કે, "હવે હું મારા
પિતૃઓને ભેગા થવાની અણી ઉપર છું. મને મારા પિતૃઓ
ભેગો એફ્રોન હિત્તીના ખેતરમાં આવેલી ગુફામાં દફનાવજો.
30એ ગુફા કનાન દેશમાં મામરેની સામે માખ્પેલાહના
ખેતરમાં છે. ઈબ્રાહીમે તે એફ્રોન હિત્તી પાસેથી કબ્રસ્તાન
તરીકે વાપરવા ખરીદી હતી. 31ત્યાં જ ઈબ્રાહીમ અને તેની
પત્ની સારાને દફનાવેલાં છે. ત્યાં જ ઈસહાક અને તેની
પત્ની રિબકાને પણ દફનાવ્યાં છે. અને ત્યાં જ મેં પણ
લેઆહને દફનાવેલ છે. 32હેથના પુત્રો પાસેથી જે ખેતર
તેમાંની ગુફા સાથે ખરીદવામાં આવેલ છે." 33યાકૂબે પોતાના
પુત્રોને સૂચના આપ્યા પછી પોતાના પગ પથારીમાં લઈ
સૂઈ ગયો અને પ્રાણ છોડયો, અને તે પોતાના પૂર્વજોની
સાથે ભળી ગયો.

## યાકૂબનો અંતિમ સંસ્કાર

50 જયારે ઈસ્રાએલનું અવસાન થયું યૂસફ બહુજ
દુ:ખી થયો. તે પિતાની કોટે વળગી પડયો, અને
આંસુ સારવા લાગ્યો. અને ચુંબન કરવા લાગ્યો. 2તેણે પોતાના
સેવકોમાં જે વૈદ્યો હતા તેઓને પોતાના પિતાના મૃતદેહમાં
સુંગંધી દ્રવ્યો ભરવાની આજ્ઞા કરી. એટલે તેઓએ ઈસ્રાએલના
મૃતદેહમાં સુગંધીદાર દ્રવ્યો ભર્યા. 3સુગંધી દ્રવ્યો ભરતાં 40
દિવસ લાગે છે તેથી એમાં ચાળીસ દિવસો લાગ્યા. અને
તેમને માટે મિસરીઓએ 70 દિવસ શોક પાળ્યો.
4તેના શોકના દિવસો પૂરા થયા પછી યૂસફે ફારુનના
ઘરના કુટુંબીજનોને કહ્યું, "હવે જો મારા પર તમારી કૃપાદ્રષ્ટિ
હોય તો ફારુનના કાનમાં એમ કહો, 5મારા પિતાએ મને
સમ ખવડાવીને કહ્યું હતું, "મારો મરણકાળ નજીક છે, મેં
મારે માટે કનાનમાં જે કબર ખોદાવેલી છે તેમાં મને
દફનાવજો." એટલે કૃપા કરીને મને જવા દો અને મારા
પિતાને દફનાવવાની રજા આપો. એ પછી હું પાછો આવીશ."
6ફારુને કહ્યું, "સારું, જા, અને તારા પિતાએ સમ ખવડાવ્યા
હતા તે પ્રમાણે જ તેમને દફનાવ."
7એટલે યૂસફ તેના પિતાને દફનાવવા ગયો; અને ફારુનના
બધા અમલદારો તેના વડીલો, મિસર દેશના બધા આગેવાનો,
8તેમ જ યૂસફનો આખો પરિવાર, તેના ભાઈઓ અને તેના
પિતાનો પરિવાર પણ ગયો, માત્ર તેમનાં છોકરાં, ઘેટાંબકરાં
અને ઢોરો જ ગોશેનમાં રહ્યાં. 9તેમના ઘણા મોટા સમૂહમાં
રથો અને ઘોડેસવારો પણ સાથે હતા.
10પછી યર્દન નદીને પાર આટાદની ખળી છે ત્યાં તેઓ
આવ્યા. તેઓએ મોટા અને ભારે વિલાપ સાથે રૂદન કર્યુ;
અને તેમણે તથા યૂસફે પોતાના પિતા માટે સાત દિવસનો
શોક પાળ્યો.
11અને જ્યારે કનાનીઓએ આટાદના ખળીમાં પળાતો
શોક જોયો ત્યારે કહેવા લાગ્યા, "મિસરીઓ ખૂબજ દુ:ખી
શોકસભા કરી રહ્યાં છે." આથી એ જગ્યાનું નામ આબેલ-
મિસરાઈમ પડયું. જે યર્દનને પેલે પાર છે. 12આમ, યાકૂબના
પુત્રોએ, પિતાની આજ્ઞા અનુસાર તેમની વ્યવસ્થા કરી.
13તેમના પુત્રો તેને કનાના દેશમાં લઈ ગયા. અને મામરેની
પૂર્વમાં આવેલા માખ્પેલાહના ખેતરમાંથી ઈબ્રાહિમે જે
ગુફા હિત્તીઓ પાસે ખરીદીને કબ્રસ્તાન તરીકેનો ઉપયોગ
કરવા માટે કબજો મેળવ્યો હતો, તે જ ગુફામાં તેને
દફનાવવાની વિધિ કરી. 14પોતાના પિતાને દફનાવ્યા પછી
યૂસફે પોતાના ભાઈઓ અને જે કોઈ તેની સાથે તેના પિતાને
દફનાવવા ગયા હતા તે સર્વને લઈને મિસર પાછા ફરવા
માટે પ્રયાણ કર્યુ.

## યૂસફનું પોતાના ભાઈઓને અભયદાન

15પોતાના પિતાના મૃત્યુ પછી યૂસફના ભાઈઓને થયું
કે, કદાચ યૂસફ અમારા પર દ્વેષ કરશે, અને આપણે એના
ઉપર જે જે અપકાર્ય કર્યા છે તે બધાનો પૂરો બદલો લે તો?
16એટલે તેઓએ યૂસફને સંદેશો મોકલ્યો કે,
"તમારા પિતાએ મૃત્યુ પામતાં પહેલાં આજ્ઞા કરી હતી:
17તમે યૂસફને આ પ્રમાણે કહેજો, 'તારા ભાઈઓએ તારી
સાથે ભૂંડો વ્યવહાર કરીને અપરાધ કર્યો હતો, હવે તું તેઓના
અપરાધના પાપને માફ કરજે, એટલું હું માગું છું.' તેથી અમે
તમને અરજ કરીએ છીએ કે તમારા પિતાના દેવના આ
સેવકોનો અપરાધ માફ કરો."
યૂસફને આ સંદેશો જેવો પહોંચાડવામાં આવ્યો તેવો જ
તે રડી પડયો. 18એટલે તેના ભાઈઓ પોતે તેની આગળ
આવ્યા અને ચરણોમાં પડીને કહેવા લાગ્યા, "જુઓ, અમે
તમારા ગુલામ છીએ."

**19**પણ યૂસફે તેઓને કહ્યું, "ગભરાશો નહિ, હું કંઈ થોડો
જ દેવ છું? **20**તમે મારી સાથે દુષ્ટતા કરવા ચાહી પણ દેવની
યોજના સારું કરવાની હતી, કે જેથી ઘણા લોકોના જીવન
બચી જાય, અને આજે એમજ થયું છે. **21**તેથી હવે જરા પણ
ડરવાની જરૂર નથી. હું તમારું તથા તમારા પરિવારનાં
બાળકોનું ભરણપોષણ કરતો રહીશ." આમ તેણે તેઓને
આશ્વાસન આપીને હૃદયસ્પર્શી શબ્દોથી શાંત પાડ્યા.

**22**આમ, યૂસફ તેના પિતાના પરિવાર સાથે મિસરમાં રહ્યો.
તે 110 વર્ષ જીવ્યો. **23**અને તેણે એફ્રાઈમની ત્રીજી પેઢીનાં
સંતાનો જોયાં, મનાશ્શાના પુત્ર માખીરનાં દીકરાઓ પણ
યૂસફના ખોળામાં ઊછર્યાં.

### યૂસફનું મૃત્યુ

**24**યૂસફે તેના ભાઈઓને કહ્યું, "હું તો મરવા પડયો છું;
પણ દેવ જરુર તારી સંભાળ લેશે, દોરશે, જેના વિષે તેણે
ઈબ્રાહિમ, ઈસહાક, તથા યાકૂબની આગળ શપથ લીધાં હતા,
તે દેશમાં તમને તે આ દેશમાંથી લઈ જશે."

**25**પછી યૂસફે ઈસ્રાએલના પુત્રોને સમ ખવડાવીને કહ્યું,
"દેવ તમને સહાય કરશે ત્યારે તમે મારાં હાડકાં અહીંથી
લઈ જજો."

**26**આમ યૂસફ 110 વર્ષનો થઈને મૃત્યુ પામ્યો, અને તેના
દેહને મિસરમાં સુગંધી દ્રવ્યો ભરીને એક શબ પેટીમાં
મૂકવામાં આવ્યો.

# માલાખી

1 માલાખી પ્રબોધક દ્વારા ઈસ્રાએલી પ્રજાજોગ યહોવાએ
મોકલેલાં વચન.

### દેવ ઈસ્રાએલને પ્રેમ કરે છે

2યહોવા કહે છે કે, "મેં તમને પ્રેમ કર્યો છે,"
તેમ છતાં તમે પૂછો છો કે "તમે અમને પ્રેમ કરો છો તે
પ્રગટ થાય છે?"
ત્યારે યહોવા જવાબ આપે છે, "એસાવ અને યાકૂબ
ભાઈઓ હતા, પણ મેં યાકૂબ ઉપર મારો પ્રેમ દર્શાવ્યો છે."
3પણ એસાવનો મેં તિરસ્કાર કર્યો છે. મેં એસાવના પહાડી
પ્રદેશને ઉજ્જડ બનાવી દીધો છે, અને તેના વતનને જંગલના
પશુઓનો વાસ બનાવી દીધું છે."
4જો અદોમના વારસદારો કહે, "અમે અમારા વિનાશ
થઈ ગયેલાં સ્થાનોને ફરીથી બાંધીશું,"
પણ સર્વસમર્થ યહોવા કહે છે, "તમારી ઈચ્છા હોય તો
તમે કરો, પણ હું ફરીથી તેનો નાશ કરીશ," કારણકે તેઓની
ભૂમિને 'દુષ્ટતાનો દેશ' એવું નામ અપાયેલું છે અને ત્યાંના
લોકોને યહોવા જેઓના પર હંમેશા કોપાયમાન રહે છે તેવા
લોકો કહેવામાં આવે છે.
5તમે તમારી નજરે તે જોવા પામશો, ને તમે પોતે જ
કહેશો કે, "ઈસ્રાએલની સીમાને પાર પણ યહોવાનો પ્રતાપ
પહોંચે છે!"

### લોકો દેવને સન્માન નથી આપતાં

6સર્વસમર્થ યહોવા યાજકોને પૂછે છે, "પુત્ર પોતાના પિતાને
માન આપે છે અને ગુલામ તેના ધણીથી ડરતો રહે છે. ઓ
યાજકો, હું તમારો પિતા અને દેવ છું, છતાં તમે મને માન
નથી આપતા, પણ મારા નામને ધિક્કારો છો."
અને પછી પૂછો છો, "અમે તમારા નામને ધિક્કારીએ
કેવી રીતે?"
7યહોવા કહે છે, "તમે મારી વેદી ઉપર અપવિત્ર અર્પણો
અર્પો છો અને પછી પૂછો છો, "અમે તમને શી રીતે ભ્રષ્ટ
કર્યા?"
કારણકે તમે એમ માની લીધું હતું કે, યહોવાની વેદીનું
સન્માન થવું ન જોઈએ.
8આંધળા જાનવરની બલિ ચડાવવામાં આવે તે ખોટું છે
જો કોઈ, લંગડા કે ખોડખાંપણવાળા કે રોગિષ્ટ જાનવરની
બલિ ચડાવવામાં આવે તો તે ખોટું છે. તમે જો એવી ભેટ
કોઈ રાજકર્તાને માટે લાવો તો શું તે સ્વીકાર કરશે? શું તે
તમારા ઉપર પ્રસન્ન થશે?" આ સર્વસમર્થ યહોવાના
વચન છે.
9"તમે યાજકો યહોવાને રીઝવવાનો પ્રયત્ન તો કરી
જુઓ! તમે કહો છો, યહોવા, અમારા ઉપર દયા કરો; કૃપા
કરો." પણ તમે આવાં જ અર્પણો લાવો પછી શા માટે તે
તમારા પ્રત્યે ભલાઈ બતાવે?" આ સર્વ સમર્થ યહોવાના
વચન છે.
10સર્વસમર્થ યહોવા કહે છે, "આવા ભ્રષ્ટ અર્પણો અર્પવા
કરતાં તો મંદિરના બારણાં બંધ કરી દેવા અને અગ્નિ ન
પ્રગટાવવો તે વધારે સારું હું તમારા પર જરાપણ પ્રસન્ન
નથી. હું તમારા અર્પણો સ્વીકારીશ નહીં."
11"મારું નામ પૂર્વથી પશ્ચિમ સુધી મહાન મનાય છે,
અને સર્વ સ્થળે મારે નામે ધૂપ તથા પવિત્ર અર્પણ ચઢાવવામાં
આવે છે. કારણકે સર્વસમર્થ યહોવા કહે છે કે, સર્વ
પ્રજાઓમાં મારા નામનો મહિમા છે." આ સર્વસમર્થ
યહોવાના વચન છે.
12"પરંતુ યહોવાની યજ્ઞવેદી અપવિત્ર છે, અને તેનું ફળ,
એટલે તેનું અન્ન તિરસ્કારપાત્ર છે એવું કહીને તમે તેનું
અપમાન કરો છો. વળી બલિદાનો માટે બીમાર પ્રાણીઓને
લાવવા તમે લોકોને ઉત્તેજન આપો છો. 13અને પછી કહો
છો, આ કેવું કંટાળાજનક છે! તમે અપંગ, લૂલાં કે રોગી
પશુઓ બલિ તરીકે ચડાવો તો હું તેનો સ્વીકાર કરું ખરો?
એમ યહોવા કહે છે. 14જેની પોતાની પાસે તંદુરસ્ત ઘેટો
હોવા છતાં ખોડવાળું પ્રાણી માનતામાં બલિદાનમાં
ચડાવે છે તે ઠગને ધિક્કાર હો! હું રાજાધિરાજ છું, અને મારા
નામથી તમામ પ્રજાઓ ડરે છે." આ સર્વસમર્થ યહોવાના
વચન છે.

### યાજકો માટે નિયમો

2 સર્વસમર્થ યહોવા કહે છે, "હે યાજકો, હવે આ આજ્ઞા
તમારા માટે છે તે સાંભળો: 2જો તમે તમારા માર્ગો
નહીં બદલો અને મારા નામને મહિમા નહીં આપો તો હું
તમને ભયંકર શિક્ષા મોકલીશ. હું તમને આશીર્વાદોને બદલે
શાપ આપીશ. મેં તમને શાપ આપી જ દીધો છે, કારણકે
મારી વાત તમે ધ્યાન પર લેતા નથી." આ સર્વસમર્થ યહોવાના
વચન છે.

3"હું તમારા વંશજોને સજા કરીશ, તમારા મોઢા ઉપર
તમારાં યજ્ઞના પશુઓનું છાણ નાખીશ, અને તેઓની સાથે
તમને પણ બાળી નાખવામાં આવશે. 4ત્યારે તમને ખબર
પડશે કે મેં આ ચેતવણી તમને આપી છે, જેથી લેવીવંશી
યાજકો સાથેનો મારો કરાર રદ ન થાય." આ સર્વસમર્થ
યહોવાના વચન છે.

5યહોવા કહે છે, "તેની સાથેનો મારો કરાર જીવન તથા
શાંતિ આપવાનો હતો. અને તે મેં આપ્યાં. તેમણે મારા પ્રત્યે
આદરભાવ રાખવાનો હતો અને પહેલાં તેઓ મારા નામનો
ડર રાખીને ચાલતા હતા પણ ખરા. 6તેમનો ઉપદેશ સાચો
હતો. અધર્મનો શબ્દ તેમના મુખમાંથી કદી નીકળ્યો ન
હતો; તેઓ શાંતિ અને સત્યને માર્ગે મારી સાથે ચાલતા હતા
અને ઘણાને પાપમાંથી પાછા વાળતા હતા. 7એટલે માણસો
તેમની પાસે ઉપદેશની અપેક્ષા રાખે છે. કારણકે તેમના હોંઠ
ઉપર હર સમયે જ્ઞાન હોવું જોઈએ અને તેઓ તો સર્વસમર્થ
દેવના સંદેશાવાહક છે."

8"પણ તમે માર્ગમાંથી ભટકી ગયા છો; તમે ઘણા લોકોને
માર્ગદર્શન આપીને ઠોકર ખવડાવીને પાપમાં નાખ્યાં છે.
તમે લેવીના કરારનું અપમાન કર્યું છે." એવું સર્વસમર્થ
યહોવા કહે છે. 9"મેં તમને લોકોની નજરમાં તિરસ્કારપાત્ર
અને ઘૃણાપાત્ર બનાવી દીધા છે. કારણકે તમે મારા ઉપદેશને
વળગી રહેતા નથી, અને જ્યારે તમે ન્યાય કરો છો ત્યારે
પક્ષપાત કરો છો."

### યહૂદિયા દેવથી ખરું ના ઉતર્યું

10શું આપણા સર્વના પિતા એક જ નથી? શું એક જ દેવે
આપણું સર્જન કર્યું નથી? તો પછી આપણા પિતૃઓના કરારનો
ભંગ કરીને આપણે આ રીતે શા માટે એકબીજાનો વિશ્વાસઘાત
કરીએ છીએ? 11યહૂદાએ વિશ્વાસઘાત કર્યો છે, અને
ઈસ્રાએલમાં તથા યરૂશાલેમમાં ધિક્કારપાત્ર કૃત્ય કરવામાં
આવ્યું છે; કારણકે યહોવાના પવિત્રસ્થાનને યહૂદાએ ભ્રષ્ટ
કર્યુ છે, અને તેણે એક વિદેશી દેવીની પૂજા કરવાનું શરૂ કર્યુ
છે. 12જે કોઈ એ પ્રમાણે કરે તે બધાનો યહોવા ઈસ્રાએલના
સમાજમાંથી બહિષ્કાર કરો. પછી ભલે તેઓ સર્વસમર્થ
યહોવાને માટે અર્પણો લાવતા હોય. 13યહોવા તમારાં અર્પણો
પ્રત્યે ધ્યાન આપતા નથી અને તમને તેમના તરફથી
આશીર્વાદો મળતા નથી. તેથી તમે તમારાં આંસુઓથી
યહોવાની વેદીને ભીંજવો છો.

14તમે પૂછો છો, "શા માટે?" કારણ, જેને તમે જુવાનીમાં
દેવની સાક્ષીએ પત્ની તરીકે સ્વીકારી હતી તેને તમે બેવફા
નીવડ્યા છો, જો કે કરાર મુજબ તે તમારી જીવનસંગીની
અને ધર્મપત્ની હતી. 15શું દેવે તેને અને તમને એક દેહ
અને એકાત્મા બનાવ્યાં નહોતાં? અને ધર્મસંતતિ સિવાય
બીજા શાની તે અપેક્ષા રાખે છે? તમારા મન પર સંયમ
રાખો અને તમારી જુવાનીની પત્નીને બેવફા ન બનો.

16કારણકે ઈસ્રાએલના યહોવા દેવ કહે છે કે, "છૂટાછેડાને
અને ક્રૂર માણસોને તે ધિક્કારે છે. માટે તમારા દેહની
લાગણીઓ પર સંયમ રાખો; તમારી પત્નીઓને તમે છૂટાછેડા
ન આપો."

### ન્યાયનો વિશેષ સમય

17તમે તમારા શબ્દોથી યહોવાને કંટાળો ઉપજાવ્યો છે,
તો પણ તમે પૂછો છો કે શી રીતે અમે તમને કંટાળો ઉપજાવ્યો
છે? તમે કહો છો, "દુષ્કર્મ કરનાર દરેક માણસ યહોવાની
નજરમાં સારો છે, અને તેમનાથી તે પ્રસન્ન થાય છે; અથવા
એમ પૂછીને કે, દેવનો ન્યાય ક્યાં છે?"

3 સર્વસમર્થ યહોવા કહે છે, "જુઓ, હું મારા પહેલા
માર્ગને સાફ કરવા મારા દૂતને મોકલનાર છું. અને તમે
જેની શોધમાં છો તે યહોવા અચાનક પોતાના મંદિરમાં
પ્રવેશ કરશે, તમે જેને જોવાને તલસી રહ્યા છો તે કરારનો
દૂત આવી રહ્યો છે.

2"પણ તે પ્રગટ થશે ત્યારે તેની સામે કોણ ટકી શકશે?
તેના આગમનને કોણ સહન કરી શકશે? કેમ કે તે કિંમતી
ધાતુને શુદ્ધ કરનાર અગ્નિ સમાન છે. તે ધોબીના સાબુ
સમાન છે. 3તે રૂપું ગાળનાર તથા શુદ્ધ કરનારની જેમ
વિરાજશે. ને તે લેવીના પુત્રોને પવિત્ર કરીને અને ચોખ્ખાં
સોનારૂપા જેવા કરીને સાચી રીતે અર્પણો કરાવડાવશે. 4ફરી
એકવાર યહોવા યહૂદા અને યરૂશાલેમના લોકો દ્વારા ચઢાવેલાં
અર્પણો ઘણા સમય પહેલાની જેમ આનંદથી સ્વીકારશે."
5સર્વસમર્થ યહોવા કહે છે,"ત્યાર પછી હું ન્યાય કરવા તમારી
પાસે આવીશ, અને જાદુગરો તેમજ વ્યભિચારીઓને તથા
જૂઠા સોગંદ ખાનારાઓની વિરૂદ્ધ, મજૂર પર તેની મજૂરીના
સંબંધમાં, વિધવા તથા અનાથો પર જુલમ કરનારની વિરૂદ્ધ,
અને વિદેશીઓના હક્ક પચાવી પાડનાર તથા મારો ડર
નહીં રાખનારની વિરૂદ્ધ હું સાક્ષી પૂરવા તત્પર રહીશ.

### દેવના લોકો દેવને લૂંટે!

6"હું યહોવા, ફરી જતો નથી, અને તેથી ઓ યાકૂબના
વંશજો, તમારો સર્વનાશ થયો નથી. 7તમારા પિતૃઓના
સમયથી મારા નિયમોની ઉપેક્ષા કરી છે. મારી પાસે પાછા
આવો હું તમારી પાસે પાછો આવીશ." પણ તમે કહેશો,
"અમે તમારી પાસે પાછા કેવી રીતે આવીએ?"

8હું પુછું છું, "શું માણસ દેવને લૂંટી શકે? છતાં તમે મને
લૂંટો છો. પણ તમે કહો છો, અમે શી રીતે તમને લૂંટીએ
છીએ? તમારા પાકનો એક દશાંસમો ભાગ મને નહીં આપીને,
તમે મને લૂંટ્યો છે. 9તમે શાપ પામીને શાપિત થયા છો;
કારણકે તમે, સમગ્ર પ્રજા, મને લૂંટો છો."

10"ઊપજનો પૂરો દશમો ભાગ લાવો તો મારો ભંડાર
ભરેલો રહે. એ પછી તમે મારી કસોટી કરી જુઓ કે, હું
તમારા માટે સ્વર્ગના દ્વાર ઉઘાડીને તમારા ઉપર મબલખ
આશીર્વાદ વરસાવું છું કે નહીં? 11હું તીડોને મનાઈ કરીશ,
જેથી તેઓ તમારાં ખેતરના પાકને ખાઈ ન જાય અને તમારા
દ્રાક્ષના વેલા ફળ્યા વગર ન રહે." આ સર્વસમર્થ યહોવાના
વચન છે.

12"ત્યારે બધી પ્રજાઓ કહેશે તમે સુખી છો, કારણ, તમારો
દેશ ઈચ્છનીય હશે." આ સર્વસમર્થ યહોવાના વચન છે.

## યહોવાનો ન્યાયનો મહાન દિવસ

13યહોવા કહે છે, "તમે મને હંમેશા કઠોર વચનો કહ્યાં
છે," છતાં તમે પૂછો છો કે, "અમે તમારી વિરૂદ્ધ શું કહ્યું છે?"
14સાંભળો, તમે એમ કહ્યું છે કે, "દેવની સેવા કરવી વૃથા
છે, તેની આજ્ઞાનું પાલન કરવાથી અને સર્વસમર્થ યહોવા
સમક્ષ આપણા પાપો માટે પસ્તાવો કરવાથી શો લાભ?"
15હવે અમને લાગે છે કે ઉદ્ધત લોકોજ સુખી છે, બૂરાં કામ
કરનાર લહેર કરે છે. એટલું જ નહીં, તેઓ દેવને કસોટીએ
ચડાવે છે અને છતાં તેમને કશું થતું નથી!"
16ત્યારબાદ યહોવાથી ડરીને ચાલનારાઓ અંદરો અંદર
વાતો કરવા લાગ્યા અને યહોવાએ સાંભળ્યું. તેની હાજરીમાં
જ, તેનાથી ડરીને ચાલનારા અને તેનું ધ્યાન ધરનારાઓની
નોંધ એક ચોપડામાં કરવામાં આવી.
17સર્વસમર્થ યહોવા કહે છે, "હું તેઓને મારા ખાસ લોકો
તરીકે ગણીશ. હું તેઓ સાથે દયાળું રહીશ. જેમ પિતા પોતાની
સેવા કરનાર પુત્ર પ્રત્યે દયા રાખે તેમ હું તેમના પ્રત્યે દયા
રાખીશ. 18ત્યારે ફરીવાર તે લોકોને સજ્જન અને દુર્જન
વચ્ચેનો તથા યહોવાની સેવા કરનાર અને સેવા ન કરનાર
વચ્ચેનો ભેદ સમજાશે."

4 સર્વસમર્થ યહોવા કહે છે, "જુઓ, એ દિવસ આવી
રહ્યો છે જ્યારે બધા અભિમાની અને દુષ્ટ લોકો તરણાંની
જેમ સળગી જશે. તે દિવસે સૂકાં જાડની જેમ બળીને ખાખ
થઈ જશે. તેમનું નામોનિશાન નહીં રહે."
2"પરંતુ તમે જેઓ મારા નામથી ડરીને ચાલો છો તેઓના
માટે મુક્તિનો સૂર્ય ઉદય પામશે અને તેનાં કિરણો તમારા
બધા ઘા રૂજાવશે અને તમે કોઠારમાંથી છૂટેલાં વાંછરડાની
જેમ નાચતાકૂદતા ને ગેલ કરતા હશો. તમે દુષ્ટોને કચડી
નાખશો." 3સર્વસમર્થ યહોવા કહે છે, "તમે તે દિવસે અધમ
લોકોને તમારા પગ તળે છૂંદશો. હું આ પ્રમાણે કરીશ. તે
દિવસે તેઓ તમારાં પગનાં તળિયાં નીચે રાખની જેમ
રગદોળાશે."
4"મેં મારા સેવક મૂસાને હોરેબમાં સમસ્ત ઈસ્રાએલ માટે
જે સંહિતા, જે નિયમો અને આજ્ઞાઓ ફરમાવ્યાં હતાં તે
મૂસાના કાયદાને યાદ રાખો."
5"જુઓ! યહોવાનો મહાન અને ભયંકર ચુકાદાનો
દિવસ આવે તે પહેલાં, હું તમારી પાસે એલિયા
પ્રબોધકને મોકલી દઈશ. 6તેના ઉપદેશો પુત્રો અને
પિતાઓને એક મનનાં અને એક હૃદયના થવા માટે
સમજાવશે અને ભેગા કરશે. જો આમ નહી થાય તો તેઓ
જાણશે કે હું આવીને દેશને અભિશાપ આપીશ અને તેનો
સંપૂર્ણ વિનાશ કરીશ."

# ઝખાર્યા

### યહોવા પોતાના લોકોને પાછા લાવવા ઈચ્છે છે

1 દાર્યાવેશના અમલના બીજા વર્ષના આઠમાં મહિનામાં
પ્રબોધક ઇદ્દોના પુત્ર બેરેખ્યાના પુત્ર ઝખાર્યા દ્વારા
યહોવાના સંદેશો મળ્યો હતો. 2તું એ લોકોને કહે કે, યહોવા
તમારા પિતૃઓ ઉપર રોષે ભરાયો હતો; 3તેથી તું તેઓને કહે
કે, સૈન્યના દેવ યહોવા કહે છે જો, તમે પાછા મારે શરણે
આવો તો હું તમારી પાસે આવીશ. 4તમે તમારા વડીલો
જેવા ન થશો, જેઓને પહેલાના પ્રબોધકોએ સાદ પાડીને
કહ્યું હતું, "સર્વસમર્થ યહોવા તમને તમારાં ખોટા માર્ગોથી
અને દુષ્કૃત્યોથી પાછા વાળવા માગે છે. પણ તેમણે ન તો
મારું સાંભળ્યું કે ન તો મારા કહેવા ઉપર ધ્યાન આપ્યું.
5"તમારા એ પિતૃઓ આજે ક્યાં છે? અને એ પ્રબોધકો
કંઈ અમર થોડા જ છે? 6પરંતુ મેં મારા સેવકો પ્રબોધકો
મારફતે આપેલી આજ્ઞાઓ અને ચેતવણીઓની અવગણના
કરવાથી તમારા પિતૃઓએ અચાનક તેની સજા ભોગવવી
પડી. આથી તેઓ નરમ પડ્યા અને કહ્યું, 'સર્વસમર્થ યહોવાએ
આપણને શિક્ષા કરી આપણા વર્તાવ અને કૃત્યોને કારણે
આપણી સાથે જે રીતે વર્તવા ધાર્યું હતું તે રીતે તે વર્ત્યા છે.'"

### ચાર ઘોડાઓ

7દાર્યાવેશના બીજા વર્ષનાં અગિયારમાં મહિનાની એટલે
શબાટ મહિનાની ચોવીસમી તારીખે ઈદ્દોના પુત્ર બેરેખ્યાના
પુત્ર ઝખાર્યા પ્રબોધકની પાસે યહોવાએ બીજો સંદેશો આપ્યો.
8તે એ કે મને રાત્રે સંદર્શન થયું, એક માણસ રાતા ઘોડા
ઉપર સવાર થયેલો હતો. તે એક ખીણમાં મેંદીના છોડ
વચ્ચે ઊભો હતો અને તેની પાછળ બીજા રાતા કાબરચીતરા
અને સફેદ ઘોડાઓ હતા, હું બોલી ઊઠ્યો. 9"આ શું છે,
મારા યહોવા?"
એટલે તે દેવદૂતે મને કહ્યું,"એ શું છે એ હું તને જણાવીશ."
10ત્યારબાદ મેંદી વચ્ચે ઊભેલા માણસે ઉત્તર આપ્યો, "એમને
તો યહોવાએ પૃથ્વી ફરીને શું ચાલે છે તે જોવા મોકલેલા
છે." 11અને તેણે મેંદીના છોડ વચ્ચે ઊભેલા યહોવાના
દેવદૂતને કહ્યું, "અમે આખી પૃથ્વીની ચારેતરફ ફરી આવ્યાં
છીએ અને સાચે જ આખી દુનિયા શાંતિમાં છે."
12ત્યારે યહોવાનો દેવદૂત બોલ્યો, "ઓ સર્વસમર્થ યહોવા,
70 વર્ષથી તમે યરૂશાલેમ અને યહૂદિયાના શહેરો ઉપર
રોષે ભરાયેલા છો. ક્યાં સુધી તમે એમના ઉપર દયા નહીં
કરો?" 13ત્યારે મારી સાથે વાત કરનાર દૂતને યહોવાએ મમતા
અને આશ્વાસનભર્યા શબ્દોમાં જવાબ આપ્યો, 14અને તે
દેવદૂતે મને કહ્યું:
તું જાહેર કર કે સર્વસમર્થ યહોવા એમ કહે છે કે, "મને
યરૂશાલેમ અને સિયોન ઉપર એકનિષ્ઠ પ્રેમ છે. 15જે બીજી
પ્રજાઓ સુરક્ષિત પડેલી છે તેઓના ઉપર હું ખૂબ રોષે
ભરાયો છું, મેં મારા લોકો ઉપર થોડો ક્રોધ કર્યો અને એનો
લાભ ઉઠાવી તે પ્રજાઓએ ખૂબજ અત્યાચારો કર્યા."
16તેથી યહોવા કહે છે કે, "હું ફરીથી યરૂશાલેમ પર દયા
દર્શાવીશ અને મારું મંદિર ત્યાં જરૂર બંધાશે, અને
યરૂશાલેમમાં ત્યાં ફરી બાંધકામ શરૂ થશે."
17ફરીથી પોકારીને સર્વસમર્થ યહોવા જાહેર કરે છે, "મારા
નગરો ફરીથી પ્રગતિ કરશે અને ચોતરફ વૃદ્ધિ પામશે; અને
હજી પણ યહોવા સિયોનને દિલાસો આપશે, ને હજી પણ
તે યરૂશાલેમને પસંદ કરશે."

### ચાર શિંગડાં અને ચાર કામદાર

18પછી મેં મારી આંખો ઊંચી કરીને જોયું, તો, મને
પ્રાણીઓના ચાર શિંગડાં દેખાયાં! 19એટલે મારી સાથે વાત
કરી રહેલા દેવદૂતને મેં પૂછયું, "આ શું છે?"
તેણે મને જવાબ આપ્યો, "એ તો યહૂદિયા, ઈસ્રાએલ
અને યરૂશાલેમના લોકોને વેરવિખેર કરી નાંખનાર શિંગડાં
છે."
20ત્યારબાદ યહોવાએ મને ચાર લુહારો બતાવ્યાં; 21મેં
પૂછયું, "આ લોકો શું કરવા આવ્યા છે?" યહોવાએ કહ્યું,
"આ શિંગડાઓએ યહૂદિયાને એવી રીતે વેરવિખેર કરી નાખ્યું
હતું કે કોઈ માણસ પોતાનું માથું ન ઊંચકી શકે; અને આ
લોકો યહૂદિયાની ભૂમિને અને પોતાનું માથું ઊંચુ કરનાર
પ્રજાઓને ત્રાસ આપવા અને નાશ કરવા આવ્યા છે."
મેં પૂછયું, "આ લોકો શા માટે આવ્યા છે?" યહોવાએ
કહ્યું, આ પ્રજાએ યહૂદિયાને એવી રીતે વેર વિખેર કરી નાખ્યું
હતું કે કોઈ માણસ પોતાનું માથું ઊંચકી ન શકે અને આ
લોકો, તે પ્રજાને ભયભીત કરવા અને એકલા યહૂદિયાને
છોડી જવા, આવ્યા છે.

### યરૂશાલેમની માપણી

2 મેં ઊંચે નજર કરીને જોયું તો હાથમાં માપવાની દોરી
લઈને એક માણસ ઊભો હતો. 2મેં તેને પૂછયું, "તું
ક્યાં જાય છે?"

ત્યારે તેણે મને કહ્યું, "યરૂશાલેમને માપવા; તેની પહોળાઈ કેટલી છે અને તેની લંબાઈ કેટલી છે, તે જાણવા સારુ."

3પછી મારી સાથે જે દેવદૂત વાતો કરતો હતો તેણે મને છોડી દીધો અને બીજો દેવદૂત તેને મળવા ગયો. 4બીજા દૂતે કહ્યું, "દોડતો જઈને પેલા જુવાનને કહે કે,

'યરૂશાલેમમાં માણસો અને ઢોરોની એટલી વસ્તી હશે કે તેની ફરતે કોટ નહીં બાંધી શકાય.'

5કારણ, યહોવા કહે છે કે, 'હું પોતે જ તેની ફરતે અગ્નિનો કોટ બનીને રહીશ અને હું મહિમાપૂર્વક તેમાં વાસ કરીશ."'

## દેવ પોતાના લોકોને ઘેર બોલાવે છે

6યહોવા કહે છે; "જાઓ, ઉત્તરનાં પ્રદેશમાંથી નાશી છૂટો. આકાશના ચાર વાયુની દિશાઓમાં મેં તમને ફેલાવી દીધા છે." 7ભાગો, "બાબિલમાં વસનારા સિયોનના લોકો ઘરભેગા થઈ જાઓ." 8સર્વસમર્થ યહોવાએ મને સન્માન લાવવા માટે મોકલ્યો છે અને તમને લૂંટનારી પ્રજાઓ પાસે મોકલ્યા છે, કારણ, જે તમને અડે છે તે તેની આંખની કીકીને અડે છે.

9જુઓ, યહોવા કહે છે, "હું તેઓ ઉપર મારો હાથ ફરકાવીશ અને તેઓ તેમના સેવકોને હાથે લૂંટાશે, અને ત્યારે તમે જાણશો કે સર્વસમર્થ યહોવાએ મને મોકલ્યો છે."

10યહોવા કહે છે, "સિયોનના વતનીઓ, ગીતો ગાઓ અને આનંદ કરો, કારણ, જુઓ, હું આવું છું અને તમારી વચ્ચે વસનાર છું. 11તે દિવસે ઘણી પ્રજાઓ યહોવાની સાથે સંબંધ બાંધશે, અને તેઓ એની પ્રજા થશે અને યહોવા તેમની વચ્ચે વસશે," અને ત્યારે તમને જાણ થશે કે યહોવાએ મને તમારી પાસે મોકલ્યો છે.

12અને ત્યારે પવિત્ર ભૂમિમાં યહૂદિયા યહોવાનો વિશિષ્ટ ભાગ બનશે. અને યહોવા ફરીથી યરૂશાલેમને પસંદ કરશે.

13યહોવા સમક્ષ સૌ શાંત થઈ જાઓ, કારણ, તે પોતાના પવિત્ર ધામમાંથી આવી રહ્યાં છે.

## પ્રમુખ યાજકના અભિષેકનું દર્શન

3 ત્યારબાદ દેવદૂતે મને મુખ્ય યાજક યહોશુઆને યહોવાના દેવદૂત પાસે ઊભેલો બતાવ્યો અને તેની જમણી બાજુએ તેના ઉપર આરોપ મૂકવા માટે શેતાન ઊભો હતો. 2યહોવાના દેવદૂતે શેતાનને કહ્યું, "યહોવા તને ઠપકો આપો, ઓ શેતાન! યરૂશાલેમને પસંદ કરનાર યહોવા તને ઠપકો આપો! આ માણસ અગ્નિમાંથી ઉપાડી લીધેલા ખોરણા જેવો નથી?"

3યહોશુઆ ગંદા વસ્રો પહેરીને દેવદૂત પાસે ઊભો હતો. 4દેવદૂતે પોતાની આગળ ઊભેલા માણસોને કહ્યું, "એનાં અંગ ઉપરથી ગંદા વસ્રો ઉતારી નાખો." અને તેણે યહોશુઆને કહ્યું, "જો, મેં તારા અપરાધો હરી લીધા છે અને હું તને ઊજળાં વસ્રો પહેરાવીશ."

5પછી દેવદૂતે તહેનાતમાં ઊભેલાઓને કહ્યું, "તેને માથે સુંદર સ્વચ્છ પાઘડી મૂકો." તેથી તેમણે તેને ઊજળાં વસ્રો પહેરાવ્યાં અને તેને માથે સુંદર પાઘડી મૂકી, ને આ વખતે યહોવાનો દેવદૂત પાસે ઊભો હતો. 6ત્યારબાદ યહોવાના દૂતે યહોશુઆને જણાવ્યું કે,

7આ સર્વસમર્થ યહોવાના વચન છે: "જો તું મારા માર્ગ પર ચાલશે અને મારી આજ્ઞા માથે ચડાવશે તો તું મારા મંદિરનો તથા તેના ચોકનો મુખ્ય વહીવટદાર થશે અને જેઓ મારી આગળ ઊભા છે, તેમની જેમ તું મારી પાસે છૂટથી આવી શકશે.

8હે મુખ્ય યાજક યહોશુઆ, તું અને તારી મદદમાં રહેનાર યાજકો, હવે સાંભળો, કારણ, તમે શું બનવાનું છે તે માટેના ઉદાહરણો છો. જુઓ, હું શાખા નામે ઓળખાતા મારા સેવકને લઈ આવીશ.

9હું યહોશુઆ સામે એક ખાસ પથ્થર મૂકું છું. યહોશુઆ સામે મૂકેલા સાત સપાટી વાળા પથ્થર પર હું આ લખાણ કોતરીશ. આ દેશના પાપને હું એક જ દિવસમાં સમાપ્ત કરીશ."

10સર્વસમર્થ યહોવા કહે છે, "તે દિવસે તમારામાંનો એકેએક જણ પોતાની દ્રાક્ષની વાડી અને અંજીરના જાડ નીચે પોતાના પડોશી સાથે સુખશાંતિમાં રહેશે."

## દીપવૃક્ષનું દર્શન

4 પછી મારી સાથે જે વાત કરતો હતો તે દેવદૂતે મને જગાડ્યો, કારણ, હું ઊંઘતો હોઉં તેવી સ્થિતિમાં હતો. 2પછી તેણે પૂછયું, "હવે તું શું જુએ છે?"

મેં જવાબ આપ્યો, "હું એક સોનાનો દીપવૃક્ષ જોઉં છું. તેની ટોચ ઉપર એક કૂંડું છે અને સાત દીવા છે. અને સાત નળીઓ દ્વારા દીવીઓ સુધી તેલ પહોંચાડીને તેમને સળગતા રાખવામાં આવે છે. 3દીપવૃક્ષ પાસે બે જેતૂનના વૃક્ષો છે, એક કૂડાની જમણી બાજુએ અને એક ડાબી બાજુએ." 4મારી સાથે વાત કરનાર દેવદૂતને મેં પૂછયું, "ઓ મારા યહોવા, તેનો અર્થ શું થાય છે?"

5ત્યારે તેણે કહ્યું, "એ શું છે તે, તું સાચે જ નથી જાણતો?"

મેં જવાબ આપ્યો, "ના, હું નથી જાણતો."

6પછી તેણે મને કહ્યું, "યહોવાનો આ સંદેશ ઝરુબ્બાબેલ માટે છે, 'લશ્કરી બળથી કે તારી પોતાની શક્તિથી નહીં પણ મારા તરફથી મળતી શક્તિને કારણે તું વિજયવંત થશે." 7યહોવા કહે છે, "ઓ ઊંચા પર્વત, તારી શક્તિ શું છે? ઝરુબ્બાબેલ આગળ તું સપાટ મેદાન જેવો થઈ જશે, અને તે 'કેવું સુંદર, કેવું સુંદર.' ના પોકારો વચ્ચે મંદિરનું બાંધકામ પૂરું કરશે."

8વળી યહોવા તરફથી મને બીજો સંદેશો મળ્યો; 9"ઝરુબ્બાબેલને હાથે આ મંદિરનો પાયો નંખાયો છે અને તેને હાથે જ તે પૂર્ણ થશે. ત્યારે લોકોને ખાતરી થશે કે મેં સર્વસમર્થ યહોવાએ તને તેમની પાસે મોકલ્યા છે. 10આરંભમાં થોડું થોડું કામ થતું જોઈને જેઓ એનો તિરસ્કાર કરતા હતા તેઓ ઝરુબ્બાબેલને હાથે તેની પૂર્ણાહુતિ થતી જોઈને ખૂબ હરખાશે, આ સાત દીવા પ્રતીકરૂપે દર્શાવે

છે કે યહોવાની આંખો સમગ્ર પૃથ્વી પર સર્વત્ર સઘળું નિહાળે છે."

**11**પછી મેં તેને પૂછયું, "દીપવૃક્ષની જમણી બાજુએ અને તેની ડાબી બાજુએ જે બે જૈતવૃક્ષો છે, તે શું છે?" **12**વળી ફરી મેં તેને પૂછયું, "સોનાની બે નળીઓ વડે સોનાના કટોરામાં તેલ લઈ જતી જૈતૂન વૃક્ષની આ બે ડાળીઓ શું છે?"

**13**તેણે મને પૂછયું, "એ શું છે તે શું તું નથી જાણતો?"

મેં કહ્યું, "ના, મારા મુરબ્બી."

**14**પછી તેણે મને કહ્યું, "તેઓ તો દેવે પસંદ કરેલા બે માણસોના પ્રતીક છે. તેઓ સમગ્ર પૃથ્વીના દેવ યહોવાની સેવા કરે છે."

### ઊડતું ઓળિયું

**5** ફરી મેં ઊંચે જોયું તો હવામાં ઊડતું એક ઓળિયું મારી નજરે પડ્યું. **2**દેવના દેવદૂતે મને પૂછયું, "તને શું દેખાય છે?"

મેં કહ્યું, "એક ઊડતું ઓળિયું, એ 20 હાથ લાંબું અને 10 હાથ પહોળું છે."

**3**ત્યારે તેણે મને કહ્યું, "આ ઓળિયું સમગ્ર દેશ ઉપર આવનાર દેવના શાપના શબ્દોનું પ્રતિક છે. એમાં લખ્યા મુજબ ચોરી કરનાર અને ખોટા સમ ખાનાર એકેએક જણને હવે હાંકી કાઢવામાં આવશે." **4**સર્વસમર્થ યહોવાના આ વચન છે, "હું આ શાપ દરેક ચોરના ઘરમાં અને જેણે મારા નામે ખોટું વચન આપ્યું છે તે દરેકના ઉપર મોકલું છું. મારો શાપ તેના ઘર પર રહેશે અને તેનો સંપૂર્ણપણે નાશ કરશે."

### સ્ત્રી અને ટોપલો

**5**પછી મારી સાથે વાત કરનાર દૂતે આગળ આવીને મને કહ્યું, "હવે તારી આંખો ઊંચી કરીને આ જે બહાર આવે છે તે શું છે, તે જો."

**6**મેં પૂછયું, "એ શું છે?" એટલે તેણે કહ્યું, "વસ્તુ જે બહાર આવે છે તે ટોપલી છે."

અને તેણે કહ્યું, "આ દેશના લોકોના પાપોને માપવાનો ટોપલો છે."

**7**અને અચાનક ટોપલાં પરનું ભારે ઢાંકણ ઊંચું થયું તો ટોપલાની અંદર બેઠેલી એક સ્ત્રીને મેં જોઈ!

**8**અને પેલાં દેવદૂતે કહ્યું, "તે સ્ત્રી દુષ્ટતાનું પ્રતીક છે." પછી તેણે તે સ્ત્રીને પાછી ટોપલામાં મૂકી દીધી અને સીસાનું ભારે ઢાંકણ બંદ કરી દીધું. **9**પછી મેં ઉપર નજર કરી અને બે સ્ત્રીઓને આગળ આવતી જોઈ તેમને બગલાના જેવી પાંખો હતી તેઓની પાંખોથી તેઓ હવામાં ઊડી. જમીન અને આકાશની વચ્ચે તેઓએ મોટો ટોપલો ઉંચકયો હતો. **10**પછી મેં મારી સાથે વાત કરનાર દેવદૂતને પૂછયું, "એ લોકો ટોપલો ક્યાં લઈ જાય છે?"

**11**તેણે જવાબ આપ્યો, "તેઓ તેને બેબિલોન લઈ જશે અને તેની આરાધના કરવાને મંદિર બાંધશે, અને જ્યારે તે તૈયાર થશે ત્યારે એ લોકો ટોપલાને એને સ્થાને ગોઠવી દેશે."

### ચાર રથોનું દર્શન

**6** પછી મેં ફરીથી નજર ઊંચે કરીને જોયું તો ચાર રથોને બે પર્વતો વચ્ચેથી બહાર આવતા જોયા. એ પર્વતો કાંસાના હતા. **2**પહેલા રથના ઘોડા રાતા હતા, બીજાના કાળા હતા, **3**ત્રીજાના સફેદ હતા અને ચોથાના ટપકાં ટપકાંવાળા હતાં. **4**પછી મેં મારી સાથે વાત કરનાર દેવદૂતને પૂછયું, "અને આ શું છે મુરબ્બી?"

**5**તે દેવદૂતે મને જવાબ આપ્યો, "આ ચાર રથો સમગ્ર પૃથ્વીના યહોવા સમક્ષ ઊભા રહે છે. આ ચારે સ્વર્ગના દિવ્ય વાયુઓ છે. **6**કાળા ઘોડાથી ખેંચેલો રથ ઉત્તર તરફ જશે, સફેદ ઘોડાથી ખેંચેલો રથ પશ્ચિમમાં જશે. અને ટપકાંવાળા ઘોડાથી ખેંચેલો રથ દક્ષિણમાં જશે."

**7**પૃથ્વી પર સર્વત્ર ફરવા માટે લાલ ઘોડા અધીરા થઈ રહ્યાં હતાં, તેથી યહોવાએ કહ્યું, "જાઓ, પૃથ્વીમાં સર્વત્ર ફરો." આથી તેઓ એકદમ ત્યાં જવાને નીકળ્યાં.

**8**અને યહોવાએ મને બોલાવ્યો અને કહ્યું, "જેઓ ઉત્તરમાં ગયા છે તેઓએ ત્યાં મારા ન્યાય ચુકાદાનો અમલ કર્યો છે, અને મારા ગુસ્સાને શાંત પાડ્યો છે."

### યાજક યહોશુઆને મુગટ મળે છે

**9**મેં યહોવાનો સંદેશો સાંભળ્યો જે નીચે પ્રમાણે છે; **10**"બાબિલથી હેલ્દાય, ટોબિયા અને યદાયામાં યહૂદી બંદીવાનોએ આણેલી ભેટસોગાદો લઈ તે જ દિવસે તું સફાન્યાના પુત્ર યોશિયાને ઘેર જા. **11**અને તેણે આપેલાં ચાંદી અને સોનું લઈ એક મુગટ ઘડાવી તે મુખ્યયાજક યહોસાદાકના પુત્ર યહોશુઆના માથે મૂકજે.

**12**અને તેને કહેજે કે, સર્વસમર્થ યહોવાના આ વચન છે. 'આ રહ્યો એ માણસ જેનું નામ 'ફણગો' છે. અને એ જ્યાં છે ત્યાં ફૂલશેફાલશે અને યહોવાનું મંદિર ફરી બંધાવશે.

**13**એ જ યહોવાનું મંદિર ફરી બંધાવશે, કીર્તિ પામશે, પોતાના રાજ્યાસન પર બેસશે અને રાજવી અધિકારથી અમલ ચલાવશે. તેના રાજસિંહાસનની બાજુમાં તેને મદદગાર તરીકે અને શાંતિથી સાથે કામ કરવા યાજક ઊભા રહેશે.

**14**"પછી એ મુગટ હેલ્દાય, ટોબિયા, યદાયા અને સફાન્યાના પુત્રની યાદગીરી તરીકે યહોવાના મંદિરમાં રહેશે. **15**દૂરદૂરથી માણસો આવીને યહોવાનું મંદિર બાંધવામાં મદદ કરશે, અને ત્યારે તમને ખાતરી થશે કે સર્વસમર્થ યહોવાએ મને તમારી પાસે મોકલ્યો છે. જો તમે તમારા દેવ યહોવાની આજ્ઞાનું પાલન કરશો તો આ બધું સાચું પડશે."

### યહોવાની દયા અને કરૂણા

**7** રાજા દાર્યાવેશના અમલના ચોથા વર્ષના એટલે કે કિસ્લેવ મહિનાની ચોથી તારીખે ઝખાર્યાને યહોવાની વાણી સંભળાઈ. **2**હવે બેથેલ નગરના યહૂદી લોકોએ રાજાના

મુખ્ય વહીવટી અધિકારી શારએસેર અને રેગમ-મેલેખની
આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ યરૂશાલેમમાં મોકલ્યું
કે તેઓ યહોવાની કૃપા માટે વિનંતી કરે. 3અને તેમના
મંદિરના યાજકોને અને પ્રબોધકોને એવું પુછવા માટે મોકલ્યા
હતા કે, "અમે ઘણા વર્ષથી કરતા આવ્યા છીએ તે પ્રમાણે
પાંચમાં મહિને મંદિરના થયેલા વિનાશ માટે શોક પાળવો
અને ઉપવાસ કરવો?"

4ત્યારે સર્વસમર્થ યહોવાનું વચન મારી પાસે આવ્યું;
5"જ્યારે તમે બેથેલ પાછા ફરશો ત્યારે તમારા સર્વ લોકોને
અને તમારા યાજકોને કહો, બંદીવાસનાં સિત્તેર વર્ષ દરમ્યાન
તમે ઓગષ્ટ અને ઓકટોબર મહિનામાં ઉપવાસ કરતા હતા.
અને શોક પાળતા હતા ત્યારે શું તમે તમારા પાપોનો ત્યાગ
કરીને મારી તરફ પાછા ફરવામાં પ્રમાણિક હતા? ના, તમે
તેમ કર્યુ નહોતું. 6અને જ્યારે તમે ખાઓ છો અને પીઓ છો
ત્યારે તમે તમારે પોતાને માટે જ ખાતાપીતા નથી? 7જ્યારે
યરૂશાલેમ અને તેની આસપાસના નગરો વસેલાં અને
શાંતિમાં હતાં અને દક્ષિણમાં નીચાણના પ્રદેશ વસ્તીવાળા
હતા. ત્યારે પહેલાના પ્રબોધકો મારફતે યહોવાએ આ જ
ઘોષણા નહોતી કરી?"

8યહોવાની વાણી ઝખાર્યાને આ મુજબ સંભળાઇ:

9સર્વસમર્થ યહોવા કહે છેઃ "સાચો ન્યાય આપો, એકબીજા
પ્રત્યે દયા અને કરૂણા દર્શાવો."

10તેઓને જણાવો કે વિધવાઓ, અનાથો, વિદેશીઓ અને
ગરીબ લોકો પર જુલમ કરવાનું બંધ કરે. અને તમારામાંનો
કોઈ મનમાં પણ પોતાના ભાઈનું ખોટૂ ન વિચારે."

11તમારા પિતૃઓએ તેમને સાંભળવાનો ઈન્કાર કર્યો, તેઓ
હઠીલા થઈને દૂર ગયા અને મારું વચન ન સાંભળવા માટે
તેઓએ તેઓની આંગળીઓ પોતાના કાનમાં ખોસી.

12સર્વસમર્થ દેવે પવિત્ર આત્મા દ્વારા અગાઉના પ્રબોધકોને
પ્રેરણા કરી કે તેઓ દેવનાં વચનો અને નિયમો લોકોની
આગળ પ્રગટ કરે, પણ તે લોકોએ પોતાના હૃદય વજ્ર જેવા
કઠોર બનાવી દીધાં, જેથી પહેલાના પ્રબોધકો મારફતે નિયમો
અને સંદેશા સાંભળવા ન પડે. તેથી એમના ઉપર સર્વસમર્થ
દેવ યહોવાનો ભયંકર કોપ ઉતર્યો.

13સર્વસમર્થ યહોવા કહે છે; "મેં તેઓને જ્યારે બોલાવ્યા
ત્યારે તેમણે નહોતું સાંભળ્યું તેમ તેઓએ જ્યારે મને બોલાવ્યો
ત્યારે મેં પણ ન સાંભળ્યું.

14અને મેં તેમને વંટોળિયાની જેમ અજ્ઞાત પ્રજાઓમાં
વેરવિખેર કરી નાખ્યાં. તેમના પાપે તેઓ જે ભૂમિ છોડીને
ગયા હતા તે ઉજ્જડ થઈ ગઈ, ત્યાં કોઈની અવરજવર ન
રહી. એ રમણીય પ્રદેશ વેરાન થઈ ગયો."

### યરૂશાલેમ આશીર્વાદિત થશે

8 ફરીથી સર્વસમર્થ યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ:
2"મને યરૂશાલેમ પ્રત્યે એકનિષ્ઠ પ્રેમ છે, અને તેથી હું
ખૂબ રોષે ભરાયો છું. 3હવે યહોવા આ પ્રમાણે કહે છે; હું
સિયોનમાં પાછો આવ્યો છું. અને હું યરૂશાલેમમાં રહીશ
અને યરૂશાલેમ 'વિશ્વાસુ નગર કહેવાશે' અને સર્વસમર્થ
યહોવાનો 'પવિત્રપર્વત' કહેવાશે."

4સર્વસમર્થ યહોવા કહે છે, "યરૂશાલેમમાં ફરીથી તેની
શેરીઓમાં વૃદ્ધ પુરૂષો અને સ્ત્રીઓ ચાલશે તેઓને ચાલવા
માટે લાકડીની જરૂર પડશે, કારણકે તેઓ લાંબો સમય જીવશે.
5રમતાં છોકરાઓ અને છોકરીઓથી નગરની શેરીઓ ભરાઈ
જશે." 6સર્વસમર્થ યહોવા કહે છે; "જો પ્રજાના બચેલા લોકોને
એમ લાગે કે આ આ અદભૂત છે તો મને પણ એમ લાગે છે
કે તે અદ્ભૂત છે."

7જુઓ, સર્વસમર્થ યહોવા કહે છે; "હું મારા લોકોને પૂર્વના
તથા પશ્ચિમના દેશમાંથી બચાવી લાવીશ; 8યરૂશાલેમમાં
શાંતિથી રહેવા માટે હું તેઓને ફરી પાછા ઘરે લાવીશ. તેઓ
મારી પ્રજા થશે અને હું તેઓનો વિશ્વાસુ તથા ન્યાયી દેવ
થઈશ."

9સર્વસમર્થ યહોવા કહે છે, "હિંમત રાખો! મારા મંદિરનો
પાયો નંખાયો અને બાંધકામ શરૂ થયું ત્યારે હાજર હતાં તે
પ્રબોધકોને મુખેથી તમે જે વચનો સાંભળ્યાં હતાં તે આજે
પણ પાળો છો. 10તે સમય પહેલાં કોઈ માણસને કે પશુને
મજૂરીએ રાખી શકાતું નહોતું. અને શત્રુની બીકે કોઈ
સહીસલામત રીતે હરીફરી શકતું નહોતું. મેં માણસોને
એકબીજાના દુશ્મન બનાવી દીધા હતા. 11પણ હવે હું એ
લોકોમાંના બચવા પામેલા માણસો સાથે પહેલાની જેમ
નહીં વર્તુ." એવુ યહોવા કહે છે.

12"હવે હું તમારી મધ્યે શાંતિ અને સમૃદ્ધિ લાવીશ.
તમારાં ખેતરોમાં વધારે અનાજ પાકશે, દ્રાક્ષાવેલાઓ દ્રાક્ષાથી
લચી પડશે. ઘણાં વરસાદને લીધે જમીન વધારે ફળદ્રુપ
થશે. આ સર્વ આશીર્વાદો બાકી રહેલા લોકોને આપવામાં
આવશે. 13ઓ યહૂદિયા અને ઈસ્રાએલના વંશજો અત્યાર
સુધી વિદેશી પ્રજાઓ શાપ દેવા માટે તમારા નામનો ઉપયોગ
કરતી હતી, પણ હવે હું તમને ઉગારી લઈશ, અને તમારા
નામ આશીર્વાદ આપવામાં વપરાશે. ડરશો નહીં. હિંમત
રાખો."

14સર્વસમર્થ યહોવા કહે છે, "તમારા પિતૃઓએ મને ગુસ્સે
કર્યો એ માટે તેઓ ઉપર મેં દયા દર્શાવી નહીં, તેથી મેં
તેઓને નુકસાન પહોંચાડવાની યોજના ઘડી હતી. 15પણ
હવે અત્યારે યરૂશાલેમનું અને યહૂદિયાના વંશજોનું ફરી
ભલું કરવાનું ધાર્યુ છે; માટે ડરશો નહીં, 16તમારે આટલું
કરવાનું છે; એકબીજા સાથે સાચું બોલો, અને અદાલતમાં
ખરો ન્યાય કરો અને શાંતિ જાળવો. 17બીજાઓને નુકસાન
કરવાની યોજનાઓ કરશો નહીં; અને કદી કોઈ જૂઠા સમ
ખાવા નહીં; કારણ હું આ સર્વ કૃત્યોને ધિક્કારું છું, " એવું
યહોવા કહે છે.

18મને સર્વસમર્થ યહોવાની વાણી આ મુજબ સંભળાઈ;
19"ચોથા, પાંચમાં, સાતમાં અને દસમાં મહિનામાં તમે શોક
પાળો છો પણ તમે યહૂદિયાના વંશજોએ સત્ય અને શાંતિ
પર પ્રેમ રાખવો જોઈએ તો આ બધા સુખ અને આનંદોના
પર્વો બની જશે."

20સર્વસમર્થ યહોવા એમ કહે છે કે, "અન્ય લોકો અને મહાનગરોના વતનીઓ પણ યરૂશાલેમ આવશે.

21એક નગરના લોકો જઈને બીજા નગરના લોકોને કહેશે કે, 'ચાલો આપણે જઈને યહોવાને પ્રાર્થીએ અને સર્વસમર્થ યહોવાનું શરણું સ્વીકારીએ, અમે તો આ ચાલ્યા!'"

22હા, ઘણી પ્રજાઓ અને બળવાન રાષ્ટ્રો સર્વસમર્થ યહોવાની પાસે યરૂશાલેમમાં આવશે અને તેમની કૃપા અને મદદ માટે વિનંતી કરશે. 23સર્વસમર્થ યહોવા એમ કહે છે, "તે સમયે જુદા જુદા દસ રાષ્ટ્રોના દસ માણસો એક જ યહૂદીનો ઝભ્ભો પકડશે અને કહેશે, અમને તમારી સાથે આવવા દો, કારણ, 'અમે સાંભળ્યું છે કે દેવ તમારી સાથે છે!'

## ઈસ્રાએલના પાડોશીઓનું પતન

9 દેવનો સંદેશો છે; યહોવાએ હાદ્રાખ દેશ તથા દમસ્કની વિરૂદ્ધ સંદેશો આપ્યો છે. "ઈસ્રાએલના કુળસમૂહજ એક માત્ર દેવને જાણનાર નથી. દરેક જણ મદદ માટે તેની તરફ જાય છે.* 2અને એની સરહદે આવેલું હમાથ પણ એનું જ છે. તૂર અને સિદોન પણ ગમે તેટલાં ચતુર હોય તોય એનાં જ છે. 3તૂરે પોતાને માટે કિલ્લો બાંધ્યો છે, તેણે સોનાચાંદીને ધૂળની જેમ અને શેરી પરની માટીની જેમ ખૂબજ ભેગા કર્યા છે. 4પણ યહોવા તેનો કબજો લેશે, તેની બધી સંપત્તિ દરિયામાં ડુબાડી દેશે અને એ શહેર સુદ્ધાં ને આગ ભરખી જશે.

5"આશ્કલોન એ જોઈને થથરી જશે, ગાજા પણ ભયથી ફફડશે, અને એક્રોનની આશાઓ ખોટી પડશે. ગાજામાં રાજા નહીં રહે અને આશ્કલોન નિર્જન થઈ જશે. 6આશ્દોદમાં વર્ણશંકર પ્રજા વસશે, યહોવા કહે છે, "હું પલિસ્તીઓનો ગર્વ ઉતારીશ. 7હું તેમને લોહીવાળું માંસ કે બીજા નિષિદ્ધ પદાર્થો ખાતાં બંધ કરીશ. એ લોકોમાંથી જેઓ બચવા પામશે તેઓ મારી પ્રજા બની જશે અને યહૂદિયાની એક કોમ જેવા થઈ જશે. અને એક્રોનના લોકો યબૂસીઓની જેમ મારા લોકોમાં ભળી જશે. 8ઈસ્રાએલમાં હુમલાખોરોને આવતા રોકવા માટે મારા મંદિરની ચારે બાજુ હું રક્ષણ કરીશ અને હું તેઓને દૂર રાખીશ; હું નજીકથી તેઓની હિલચાલ ઉપર નજર રાખીશ. ફરીથી કોઈ વિદેશી જુલમગાર મારા લોકોની ભમિ ઉપર આક્રમણ કરશે નહીં."

## ભવિષ્યનો રાજા

9સિયોનના લોકો, આનંદોત્સવ મનાઓ, ઓ યરૂશાલેમના લોકો, હર્ષનાદ કરો! કારણ, જુઓ, તમારો રાજા તમારી પાસે આવે છે. તે વિજયવંત થઈને આવે છે. પણ નમ્રપણે, ગધેડા પર સવારી કરીને, ખોલકાને-ગધેડીના બચ્ચાને વાહન બનાવીને આવે છે.

10"તે એફ્રાઈમ અને યરૂશાલેમમાં યુદ્ધના રથોને, અશ્વોને અને શસ્રોનો નાશ કરશે. સમગ્ર પ્રજાઓમાં તે શાંતિ સ્થાપશે, અને તેનું રાજ્ય સાગરથી સાગર સુધી અને ફ્રાતનદીથી પૃથ્વીના છેડા સુધી વિસ્તરશે."

## યહોવા પોતાના લોકોની રક્ષા કરશે

11યહોવા કહે છે, "તમારી સાથે લોહીથી કરેલા કરાર મુજબ હું દેશવટો ભોગવતા તમારા ભાઈઓને કારાવાસની ગર્તામાંથી મુક્ત કરું છું.

12તમે સઘળા બંદીવાનો, સુરક્ષિત જગ્યાએ આવો, હજુ પણ આશા છે હું આજે તમને કહું છું કે, હું તમને તમે ભોગવેલાં કષ્ટો કરતા બેવડા આશીર્વાદ આપીશ.

13ગ્રીસના લશ્કર સામે લડવા માટે યહૂદિયા મારું ધનુષ થશે, ઈસ્રાએલ મારું તીર થશે અને સિયોન પુત્રો મારી વીંઝાતી તલવાર થશે."

14યહોવા તેઓને દેખાશે, અને તેના તીર વીજળીની જેમ પ્રહાર કરશે; યહોવા મારા માલિક, રણશિંગું વગાડશે અને દક્ષિણમાં વંટોળિયાની જેમ યહોવા તેમના શત્રુઓની સામે જશે.

15સર્વસમર્થ યહોવા તેમની ઢાલ થશે, અને તેઓ દુશ્મનોને પથ્થર થી સમાપ્ત કરી નાખશે, તેઓ લોહી તે દ્રાક્ષારસ ની જેમ પીશે. તેઓ, વેદીના ખૂણાઓ પરના પ્યાલાઓમાંથી જેવી રીતે રેડાય છે તેવી રીતે લોહી રેલાવશે.

16તે સમયે તેમનો દેવ યહોવા કોઈ ભરવાડ ઘેટાંને બચાવી લે તેમ તેના પોતાના લોકોને તે ઉગારી લેશે, અને તેઓ રાજમુગુટમાં જડેલાં રત્નોની જેમ પોતાના સમગ્ર પ્રદેશમાં ઝગમગશે.

17શી તેમની સંપત્તિ! શું તેમનું સૌભાગ્ય! મબલખ અનાજ અને દ્રાક્ષારસ ઉપર ત્યાંના યુવક-યુવતીઓ અલમસ્ત રહીને સુખસમૃદ્ધિ અને આનંદ પામશે.

## યહોવાની પ્રતિક્ષા

10 વસંતઋતુમાં વરસાદ માટે યહોવાને પોકારો. એ યહોવા છે જે વાદળો અને વરસાદને મોકલે છે અને દરેક માણસના ખેતરમાં લીલોતરી ઉગાડે છે;

2જ્યારે મૂર્તિઓ અર્થ વગરનું બોલે છે. અને જોશીઓ જૂઠા જોશ જુએ છે, સ્વપ્ન જોનારાઓ ખોટાં સ્વપ્નો વર્ણવે છે અને અવાસ્તવિક ભરોસો આપે છે, આથી લોકો બકરાની જેમ રખડે છે, તેઓ દુઃખી છે કારણ, હુમલા સામે તેઓનું રક્ષણ કરનાર કોઈ ભરવાડ નથી.

3યહોવા કહે છે, "મારો રોષ રાજકર્તાઓ વિરૂદ્ધ સળગી ઊઠ્યો છે; તેઓએ મારી પ્રજાઓની સાથે જે રીતે વર્તણૂક કરી છે તેને કારણે હું તેઓને સજા કરીશ." હું સર્વસમર્થ યહોવા, મારા આશ્રિતો યહૂદિયાઓની સંભાળ લઈશ, અને તેઓને હું યુદ્ધના અશ્વો જેવા બનાવીશ.

4"તેઓમાંથી જ ખૂણાનો મુખ્ય પથ્થર, તમામ આશાઓનો આધાર જેના પર છે તે ખીલો, યુદ્ધને જીતનાર ધનુષ્ય, અને દરેક રાજ્યકર્તા પ્રગટ થશે. 5દેવની સહાયથી તેઓ બળવાન યોદ્ધાઓ થશે અને દુશ્મનોને રસ્તાના કાદવમાં કચડી નાખશે.

---

**યહોવા ... જાય છે** હિબ્રુમાં આ પદ સમજવાનું મુશ્કેલ છે.

યહોવા તેમની સાથે છે. તેઓ શત્રુઓના સૈનિકોને હરાવી
દેશે. 6હું યહૂદિયાના લોકોને બળવાન બનાવીશ અને
ઈસ્રાએલના લોકોને પણ ઉગારી લઈશ. મને તેમના પર
દયા આવે છે, માટે હું તેમને પાછા લાવીશ અને કોણ જાણે
કેમ મેં તેમનો ત્યાગ જ ન કર્યો હોય એવી તેમની સ્થિતિ
હશે, કારણ, હું યહોવા, તેમનો દેવ છું અને તેમની પ્રાર્થના
સાંભળીશ. 7ઈસ્રાએલના લોકો બળવાન યોદ્ધા જેવા બની
જશે અને તેમનાં હૃદય દ્રાક્ષારસ પીધો હોય એમ આનંદમાં
આવી જશે. તેમના વંશજો એ જોઈને ખુશ થશે અને મારી
કૃપા યાદ કરીને તેમનાં હૃદય હરખાશે.

8"હું તેમને સીટી વગાડીને સંકેત કરીશ અને તેઓને
સાથે ભેગા થવા માટે બોલાવીશ. અને તેઓની સંખ્યાં વધીને
પહેલાનાં જેટલી થશે. 9મેં તેમને જુદી જુદી પ્રજાઓમાં
વેરવિખેર કરી નાખ્યાં છે છતાં દૂરદૂરના દેશોમાં તેઓ મને
સંભારશે. અને તેઓ પોતાનાં બાળકો સાથે જીવતાં પાછા
આવશે. 10હું મિસરમાંથી અને આશ્શૂરમાંથી તેમને પાછા
લાવી ઘરભેગાં કરીશ; હું તેમને ગિલયાદ તથા લબાનોનની
ભૂમિમાં લાવીશ અને ત્યાં પણ તેઓ એટલા બધા હશે કે
ત્યાં પૂરતી જગ્યા નહીં હોય. 11તેઓ આફતના દરિયામાંથી
સલામત પાર ઉતરશે. કારણ, મોજાઓને રોકી રાખવામાં
આવશે. નાઈલ નદી સૂકાઈ જશે, આશ્શૂરનો ગર્વ ઉતારવામાં
આવશે અને મારા લોક પરના મિસરના શાસનનો અંત
આવશે." 12 યહોવા કહે છે, "હું મારા લોકને મારા સામર્થ્યથી
બળવાન કરીશ, અને તેઓ મારે નામે આગળ વધશે." આ
યહોવાના વચન છે.

## જુલ્મી લોકોનો વિનાશ

11 ઓ લબાનોન તારા દરવાજા ઉઘાડી નાખ, જેથી
આગ ત્યાં દેવદારોને સ્વાહા કરી જાય!

2ઓ સરૂના વૃક્ષ, વિલાપ કરો, કારણ, દેવદારવૃક્ષ પડી
ગયું છે અને મજબૂત વૃક્ષો ઊંચકીને લઈ જવામાં આવશે.
બાશાનના ઓકવૃક્ષો વિલાપ કરો, કારણ, ગાઢ જંગલ ખાલી
થઈ ગયું છે!

3ઈસ્રાએલના ઘેટાંપાળકોની પોકનો અવાજ સાંભળો,
કારણ તેમનો વૈભવ નષ્ટ થયો છે; સિંહના બચ્ચાંની ગર્જનાનો
અવાજ સાંભળો કારણ, યર્દનની ખીણમાંથી જંગલ જેવી
ગીચ જાડી નષ્ટ થઈ છે.

4પછી યહોવા મારા દેવે મને કહ્યું, "જા, અને કસાઈને
ત્યાં વધ કરવા માટે લઈ જવા ખવડાવીને પુષ્ટ કરેલા ઘેટાંનો
તું હવે પાળક બન. 5તેઓના નેતાઓ ઘેટાંને ખરીદનારા
વેપારી જેવા છે તેમના વધ કરે છે અને છતાં તેમને દોષિત
હોવાની લાગણી થતી નથી, અને તેને વેચનારા કહે છે કે,
'યહોવાનો આભાર હું ધનવાન બન્યો,' તેમના પોતાના
ભરવાડો પણ તેમના ઉપર દયા બતાવતા નથી."

6યહોવા કહે છે, "હું પણ તેઓને દયા દાખવીશ નહીં, હું
તેઓને તેઓના પોતાના દુષ્ટ આગેવાનોના ફંદામાં પડવા
દઈશ, અને મરવા દઈશ. તેઓ તેમની જમીનને અરણ્યમાં
ફેરવી નાખશે અને હું તે જમીનનું તેઓથી રક્ષણ કરીશ
નહીં."

7ઘેટાંના વેપારીઓએ મને મજૂરીએ રાખ્યો. વધ થનારા
ઘેટાઓના ટોળાને હું ચરાવવા લાગ્યો. મેં બે લાકડી લીધી.
એકનું નામ મેં 'કૃપા' પાડ્યું અને બીજીનું નામ 'એકતા'
પાડ્યું, અને ઘેટાંઓના ટોળાને ચરાવવાનું શરૂ કર્યું. 8એક
મહિનામાં તો મેં ત્રણ ભરવાડોને રજા આપી, કારણ, મારી
ધીરજ ખૂટી ગઈ હતી અને તેઓ પણ મને ધિક્કારતા હતા.
9તેથી મેં તેઓને કહ્યું, "હવેથી હું તમારો ભરવાડ રહીશ
નહીં, જે મરવાના છે તે ભલે મરતાં, જે નાશ પામવાના છે
તે ભલે નાશ પામતાં, જે બાકી રહે તે ભલે એકબીજાને
ખાઈ જતાં." 10પછી મેં મારી 'કૃપા' નામની લાકડી લઈને
તેના બે ટુકડા કર્યા. અને બધી પ્રજાઓ સાથે જે કરાર કર્યો
હતો તે તોડી નાખ્યો. 11આમ, તે દિવસે તે કરારને રદ
કરવામાં આવ્યો અને ઘેટાંના જે વેપારીઓ મારા ઉપર નજર
રાખી રહ્યાં હતાં તેઓ સમજી ગયા કે એ યહોવાનો સંદેશો
હતો.

12પછી મેં તેઓના આગેવાનોને કહ્યું; "જો તમને યોગ્ય
લાગતું હોય તો તમે મને મારી મજૂરી આપો. નહીં તો રહેવા
દો." અને તેમણે મને મજૂરી લેખે ચાંદીની 30 મહોર આપી.
13પછી મને યહોવાએ કહ્યું, "તેથી આ રીતે તેઓએ તારું
મોટું મૂલ્ય આંક્યું છે. તે નાણાંની મોટી રકમ તું મંદિરના
ખજાનામાં નાખી દે." તેથી મેં તે 30 સિક્કા લઈને યહોવાના
મંદિરનાં ખજાનામાં નાખી દીધાં. 14પછી મેં મારી બીજી
લાકડી 'એકતા' ને ભાંગી નાખી, એમ સૂચવવા કે યહૂદિયા
અને ઈસ્રાએલ વચ્ચે એકતા તૂટી ગઈ છે."

15પછી યહોવાએ મને કહ્યું, "તું ફરીથી ભરવાડની
જવાબદારી લઈ લે, આ વખતે મારે નકામા અને દુષ્ટ પાલક
ભરવાડ તરીકે ભાગ ભજવવાનો હતો." 16યહોવાએ મને
કહ્યું, "આ વખતે હું આ ઢોરના ટોળાઓને એવો ભરવાડ
આપીશ કે જે ખોવાયેલાઓને શોધશે નહીં, ઘેટાંઓની સંભાળ
રાખશે નહીં, માંદા થયેલાઓને સાજા કરશે નહીં, કે પુષ્ટોને
ખાવાનું આપશે નહીં, પરંતુ ચરબી યુક્તોને તે પૂરેપૂરા ખાઈ
જશે." 17એ ઘેટાંને છોડી જનાર નકામા ભરવાડને ચિંતા!
દેવની તલવાર તેની જમણી આંખ અને તેના હાથ પર ઘા
કરો! તેનો હાથ સૂકાઈ જાઓ અને તેની જમણી આંખ આંધળી
થઈ જાઓ."

## શત્રુઓનો વિનાશ–યરૂશાલેમનો ઉદ્ધાર

12 ઈસ્રાએલને લગતી દૈવી વાણી, આકાશને
ફેલાવનાર અને પૃથ્વીને સ્થીર કરનાર તથા
માણસની અંદર જીવ પૂરનાર યહોવાના આ વચન છે; 2"હું
યરૂશાલેમને પડોશી પ્રજાઓ માટે કેફી પ્યાલા જેવો બનાવીશ
કે જે નગર પર હુમલો કરશે તેઓ પણ યહૂદિયા પર હુમલો
કરશે. તેઓ યહૂદિયાને પણ ઘેરો ઘાલશે. 3તે દિવસે હું
યરૂશાલેમને બધી પ્રજાઓ માટે ભારે શિલારૂપ બનાવી દઈશ.
જે કોઈ તેને ઉપાડવા જશે તે ભયંકર રીતે ઘવાશે. પૃથ્વી

ઉપરની બધી પ્રજાઓ ભેગી થઈને તેનો સામનો કરશે. 4તે
દિવસ તેની સામે થનાર સૈન્યોને હું મૂંઝવી નાખીશ અને
તેઓને મૂર્ખા બનાવીશ. કેમ કે હું યહૂદિયાના લોકો ઉપર
મારી નજર રાખીશ. પણ તેના દુશ્મનોને આંધળા કરી નાખીશ.
5અને યહૂદિયાના કુળના સરદારો લોકોને પ્રોત્સાહન આપશે
તેઓ કહેશે, 'સર્વસમર્થ યહોવા તમારા દેવ છે જેણે આપણને
પ્રબળ કર્યા છે.' 6તે દિવસે હું યહૂદિયાના આગેવાનોને વનમાં
આગ લગાડનાર ચિંગારી સમાન અને ઘાસની ગંજીને આગ
ચાંપનાર મશાલ સમાન બનાવીશ. તે જમણી અને ડાબી
બાજુના પડોશી દેશોને બાળી નાખશે પણ યરૂશાલેમ અડગ
રહેશે."

7યહોવા, પહેલાં યહૂદિયાના ગામોને વિજયી બનાવશે,
તે બતાવવા કે દાઉદનું કુળ અને યરૂશાલેમ યહૂદિયાના
બીજા લોકો કરતા ચડિયાતા નથી. 8તે દિવસે હું યરૂશાલેમના
વતનીઓનું રક્ષણ કરીશ, જેથી તેઓમાંનો નબળામાં નબળો
માણસ પણ દાઉદ જેવો બળવાન બની જશે. અને દાઉદના
કુટુંબો દેવની જેમ, યહોવાના દૂતની જેમ તેમની આગળ
હશે.

9"તે દિવસે હું યરૂશાલેમની સામે ચડી આવનાર બધી
પ્રજાઓનો નાશ કરનાર છું. 10પછી હું દાઉદના અને
યરૂશાલેમના વતનીઓમાં તે દિવસે કરુણા અને પ્રાર્થનાની
ભાવના જગાડીશ, અને તેઓએ જેમને રહેંસી નાખ્યા છે
તેના માટે શોક કરશે જેવી રીતે જેઓ પોતાના એકજ સંતાન
માટે શોક કરે છે, જેવી રીતે જેઓ પોતાના પહેલા બાળક
માટે રડે છે. 11અને મગિદોનની ખીણમાં હદાદ રિમ્મોનના
વિચારના જેવા ભારે વિચાર તે દિવસે યરૂશાલેમમાં થશે.
12દેશનાં સર્વ કુળો એકબીજાથી જુદા પડી જશે અને શોક
કરશે. દાઉદના વંશજોના પુરુષો અલગ શોક પાળશે, અને
તેમની પત્નીઓ અલગ શોક પાળશે; નાથાનના વંશજોના
પુરુષો અલગ શોક પાળશે અને તેમની પત્નીઓ અલગ
શોક પાળશે. 13લેવીના કુટુંબના પુરુષો અલગ શોક પાળશે
અને તેમની પત્નીઓ અલગ શોક પાળશે; શિમઈના કુટુંબના
પુરુષો અલગ શોક પાળશે; અને તેમની પત્નીઓ અલગ
શોક પાળશે; 14અને બાકીના બધા કુટુંબોના પુરુષો અલગ
શોક પાળશે અને તેમની પત્નીઓ અલગ શોક પાળશે."

13 એ સમય દરમ્યાન ઈસ્રાએલ અને યરૂશાલેમ માટે
એક ઝરણું વહેવડાવામાં આવશે કે જે તેઓના પાપો
અને અશુદ્ધતા ધોઈ નાખશે.

### કોઈપણ જૂઠા પ્રબોધકો નહીં

2"અને તે દિવસે હું દેશમાંથી મૂર્તિઓનું નામોનિશાન
સંપૂર્ણપણે મિટાવી દઈશ. મૂર્તિઓને કોઈ યાદ નહીં કરે.
પ્રત્યેક જૂઠા પ્રબોધક અને અશુદ્ધ આત્માને દૂર કરવામાં
આવશે. 3એ પછી જો કોઈ પ્રબોધકની જેમ વર્તશે તો તેને
જન્મ આપનારા તેના માબાપ તેને કહેશે કે, તને જીવવાનો
અધિકાર નથી, કારણ, 'તું યહોવાને નામે જૂઠું બોલે છે.'
અને પ્રબોધક તરીકે વર્તવા માટે તેને જન્મ આપનારા તેના
માબાપ જ તેને વીંધી નાખશે. 4તે દિવસે કોઈ પ્રબોધકને
દિવ્યદર્શન થશે તો તે શરમાશે, અને લોકોને ઠગવા માટે
પ્રબોધકનો પોશાક નહીં પહેરે, 5અને તે કહેશે, 'ના હું પ્રબોધક
નથી હું ખેડુત છું. મારી જુવાનીના સમયથી જ હું જમીન
ઉપર ગુજારો કરતો આવ્યો છું.' 6અને તેને જો કોઈ એમ
પૂછશે કે, 'તારી છાતી ઉપર આ ઘા શાના છે?' તો તે કહેશે
કે, 'એ ઘા તો મને મારા મિત્રોના ઘરમાં પડ્યા હતા.'"

7સર્વસમર્થ યહોવા કહે છે, "હે તલવાર, મારા પાલક
ભરવાડ સામે, જે માણસ મારો સાથી છે તેની સામે ઘા
કરવા તૈયાર થા. ભરવાડ ઉપર ઘા કર. જેથી ઘેટાંઓ વેરવિખેર
થઈ જાય. હું નાનાઓ ઉપર મારો હાથ ઉગામીશ. 8અને
સમગ્ર ઈસ્રાએલ દેશની વસ્તીના બે તૃતીયાંશ લોકો સંહાર
પામીને માર્યા જશે. પરંતુ એક તૃતીયાંશ બચી જશે. 9અને,
જો, એ ત્રીજા ભાગને હું પુષ્કળ મુસીબતો રૂપી અગ્નિમાં
નાખી ચાંદીને શુદ્ધ કરે છે તેમ શુદ્ધ કરીશ, અને જેમ સોનાને
ચકચકીત કરે છે. તેમ મારું નામ લઈને પોકાર કરશે ને હું
તેમને જવાબ આપીશ, હું કહીશ, 'તમે મારા લોકો છો; અને
તેઓ કહેશે કે, 'યહોવા અમારા દેવ છે.'"

### નિર્ણયનો દિવસ

14 જુઓ, યહોવાનો એક દિવસ આવશે, જ્યારે
યરૂશાલેમમાંથી લીધેલી લૂંટ તમારા દેખતાં વહેંચી
લેવાશે. 2કારણકે યહોવા બધી પ્રજાઓને યરૂશાલેમ સામે
યુદ્ધે ચડવા ભેગી કરશે, નગર કબજે કરવામાં આવશે. ઘરો
લૂંટી લેવામાં આવશે અને સ્ત્રીઓને ભ્રષ્ટ કરવામાં આવશે;
અડધું નગર દેશવટે જશે, પરંતુ બાકીના લોકો નગરમાં જ
રહેશે. 3ત્યારબાદ યહોવા પોતે લડાઈને માટે સુસજ્જ થઈને
તે દેશોની વિરૂદ્ધ લડવા માટે જશે. 4તે દિવસે યહોવા
યરૂશાલેમની પૂર્વમાં આવેલા જેતૂનના પર્વત ઉપર ઊભા
રહેશે, પછી એ જેતૂન પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી બે ભાગમાં
વહેચાંઈ જશે, અને વચ્ચે એક મોટી ખીણ થઈ જશે, અડધો
પર્વત ઉત્તર તરફ હઠી જશે અને બાકીનો અડધો દક્ષિણ
તરફ. 5તમે પર્વતોની વચ્ચેની ખીણમાં થઈને નાસી જશો.
તમારા વડવાઓ યહૂદિયાના રાજા ઉઝ્ઝિયાના અમલ
દરમ્યાન ધરતીકંપ વખતે ભાગી ગયેલા જેવા તમે લાગશો.

6ત્યારબાદ તમારા દેવ યહોવા પોતાની સાથે સર્વ પવિત્ર
લોકોને લઈને આવશે. 7તે દિવસે એ ખૂબ મહત્વનો દિવસ
હશે, દિવસ પણ નહીં અને રાત પણ નહીં, ફક્ત યહોવા જ
જાણે છે કે તે કેવી રીતે બનશે, સાંજે પણ અજવાળું હશે. 8તે
દિવસે યરૂશાલેમમાંથી ઝરણું વહેવા માંડશે; અડધું પૂર્વ
સમુદ્રમાં જશે અને અડધું પશ્ચિમ સમુદ્રમાં જશે. એ ઉનાળામાં
તેમ જ શિયાળામાં પણ સતત વહેતું જ રહેશે. 9પછી યહોવા
આખી પૃથ્વી ઉપર રાજ્ય કરશે. તે વખતે યહોવા જ એક દેવ
હશે અને તે એક જ નામે ઓળખાશે. 10યરૂશાલેમની
આસપાસનો સમગ્ર પ્રદેશ ઉત્તરમાં ગેબાના મેદાનથી તે
દક્ષિણમાં રિમ્મોન સુધી સપાટ મેદાન થઈ જશે, પણ
યરૂશાલેમ બિન્યામીનના દરવાજાથી ખૂણાના દરવાજા સુધી

જ્યાં પહેલાં એક દરવાજો હતો, અને હનાનએલના બુરજથી તે રાજાના દ્રાક્ષ ગૂંદવાના કૂંડાઓ સુધી, પોતાની જગ્યાએ ઊંચું જ રહેશે.

11લોકો ત્યાં રહેવા માટે જશે. એના ઉપર પછી કદી શાપ ઉતરશે નહીં. યારૂશલેમ સહીસલામત રહેશે.

12યરૂશાલેમ સામે યુદ્ધે ચડનાર બધી પ્રજાઓમાં યહોવા આવો એક રોગ ફેલાવશે; તેઓ ઊભા હશે ત્યાં જ તેમનું માંસ સડી જશે, તેમની આંખો તેમના ગોખલામાં સડી જશે, અને તેમની જીભ તેમના મોઢામાં જ સડી જશે. 13તે વખતે યહોવા તેમને એવા તો ભયભીત તથા બેબાકળા બનાવી દેશે કે દરેક જણ પોતાની પાસેનાનો હાથ પકડી તેને મારવા લાગશે. તેઓ એકબીજા સાથે લડશે.

14ત્યારે યહૂદિયા યરૂશાલેમની સામે થશે, આમ બનશે, જ્યારે બધી પ્રજાઓની સંપત્તિ, સોનું, ચાંદી અને કપડાં એકઠા કરવામાં આવશે. 15આ મરકીનો રોગ દુશ્મનોની છાવણીના ઘોડા, ખચ્ચરો, ઊંટો, ગધેડાં અને બીજા બધા જ પ્રાણીઓને લાગુ પડશે. 16ત્યારબાદ યરૂશાલેમ સામે યુદ્ધે ચડેલી પ્રજાઓમાંથી બચવા પામેલા માણસો વર્ષોવર્ષ રાજરાજેશ્વર યહોવાની ઉપાસના કરવા અને માંડવાપર્વ ઊજવવા યરૂશાલેમ જશે.

17અને પૃથ્વી ઉપરની કોઈપણ પ્રજા રાજરાજેશ્વર સર્વસમર્થ યહોવાની ઉપાસના કરવા ત્યાં જશે નહીં તો તેના દેશમાં વરસાદ નહી વરસે. 18પરંતુ જો મિસરના લોકો યરૂશાલેમ જવા અને પ્રાર્થનામાં ભાગ લેવા ના પાડશે તો તેઓને મોત ભોગવવું પડશે. માંડવા પર્વની ઉજવણીમાં ભાગ ન લેવા માટે લોકો દુ:ખી થશે. 19મિસર અને બીજા સર્વ દેશો જેઓ માંડવાપર્વ ઊજવવા યરૂશાલેમ જવા ના પાડે છે તેઓ સર્વને આ શિક્ષા કરવામાં આવશે.

20તે દિવસે ઘોડાઓ પરની ઘંટડીઓ ઉપર લખેલું હશે,"યહોવાને સમર્પિત" અને યહોવાના મંદિરમાં સામાન્ય વાસણો વેદી આગળનાં ઉપાસના વાસણો જેવા પવિત્ર હશે; 21અને યહૂદિયા અને યરૂશાલેમનું એકેએક વાસણ સર્વસમર્થ યહોવાને સમર્પિત થયેલું હશે, માટે પવિત્ર થશે. ભક્તિ કરવા આવનાર સૌ કોઈ બલિદાનને બાફવા માટે તેનો વિના મૂલ્યે ઉપયોગ કરી શકશે; અને તે વખતે સર્વસમર્થ યહોવાના મંદિરમાં કોઈ વેપારી નહીં હોય.

# હાગ્ગાય

### મંદિરના જીર્ણોદ્ધાર માટે આહ્‌વાન

1 દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા મહિનાની પહેલી તારીખે પ્રબોધક હાગ્ગાય મારફત યહોવાનો સંદેશો આવ્યો. આ સંદેશો યહૂદાના સૂબા શઆલ્તીએલના પુત્ર, ઝરુંબ્બાબેલની, તથા પ્રમુખ યાજક યહોસાદાકના પુત્ર યહોશુઆ માટે હતો. 2સર્વસમર્થ યહોવા હાગ્ગાયને કહે છે કે, "આ પ્રજા કહે છે કે મારું મંદિર ફરી બાંધવાનો સમય હજી આવ્યો નથી." 3ત્યારે પ્રબોધક હાગ્ગાય મારફતે યહોવાએ લોકોને કહેવડાવ્યું કે, 4"આ મંદિર હજી જર્જરીત અવસ્થામાં ઉજ્જડ પડી રહેલું છે, તે દરમ્યાન તમારે તમારા છતવાળા રૂડાંરૂપાળાં મકાનોમાં રહેવાનો આ વખત છે શું? 5તમારી શી દશા છે તેનો વિચાર કરો. આ સર્વસમર્થ યહોવા કહે છે. 6'તમે ઘણું વાવ્યું છે પણ ઘેર તો થોડું જ લાવ્યા છો; તમે ખાઓ છો, પણ ધરાઈને નહીં, તમે પીઓ છો ખરા પણ પીવાથી તૃપ્ત થતા નથી; તમે વસ્ત્રો પહેરો છો, પણ કોઈમાં ગરમી આવતી નથી; અને જે માણસ કમાણી કરે છે તે માણસ પોતાની કમાણીને કાણી કોથળીમાં નાખે છે."'

7સર્વસમર્થ યહોવા કહે છે, "તમે જે રીતે વર્ત્યા છો અને તેનું જે પરિણામ આવ્યું છે, તેનો વિચાર કરો! 8અને પર્વતો પર જાઓ, લાકડાં લઈ આવો. અને મારા મંદિરને ફરી બાંધો. તેનાથી મને આનંદ થશે ત્યાં મારું સન્માન થશે."

9આ સર્વસમર્થ યહોવા કહે છે, "તમે ઘણાની આશા રાખતા હતા, પણ જુઓ તો ખરા, મળ્યું થોડું; અને જ્યારે તમે તેને ઘેર લઈ આવ્યા ત્યારે મેં ફૂંક મારીને ઉડાવી દીધું. શાથી? કારણ, મારું મંદિર ખંઢેર હાલતમાં પડ્યું છે ત્યારે તમે સૌ પોતપોતાના ઘરની ચિંતામાં પડ્યા છો. 10તેથી જ હું આકાશમાંથી આવતી ઝાકળને રોકી રાખું છું અને તમને બહુ જ ઓછો પાક આપું છું."

11"હકીકતમાં હું સપાટ પ્રદેશમાં અને પહાડી પ્રદેશમાં દુકાળ લાવ્યો છું. અનાજ, દ્રાક્ષો, વૃક્ષો અને અન્ય પાક સુકાઈ જાય તેવો દુકાળ, તમે અને તમારાં પશુઓ નબળા પડી જશો અને તમારા તમામ પાકને તેની અસર થશે."

### નવા મંદિરનું કાર્ય આરંભ

12ત્યારે ઝરુંબ્બાબેલ અને યાજક યહોશુઆએ બાકીના લોકો સાથે મળીને તેમના દેવ યહોવાના તથા હાગ્ગાયનાં વચનો પર ધ્યાન આપ્યું. તેઓએ યહોવાની આજ્ઞાનું પાલન કર્યુ અને તેમનો ભય રાખ્યો.

13પછી યહોવા દેવે તેમના સંદેશાવાહક હાગ્ગાય દ્વારા ફરીથી સંદેશો મોકલીને કહ્યું, "હું તમારી સાથે છું, હું તમને આશીર્વાદ આપીશ."

14ત્યારે યહોવા દેવે યહૂદાના સૂબા શઆલ્તીએલના પુત્ર ઝરુંબ્બાબેલનું તથા પ્રમુખ યાજક યહોસાદાકના પુત્ર યહોશુઆનું મન તથા બાકી રહેલા સર્વ લોકોનું મન જાગૃત કર્યુ; 15પછી દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા માસની ચોવીસમી તારીખે તેઓએ આવીને પોતાના દેવ, સર્વસમર્થ યહોવાના મંદિરનું કામ શરૂ કરી દીધું.

### નવા મંદિરમાં દેવનો ભાવી વૈભવ

2 એ જ વરસના સાતમા મહિનાની એકવીસમી તારીખે પ્રબોધક હાગ્ગાયને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2યહૂદિયાના સૂબા શઆલ્તીએલના પુત્ર ઝરુંબ્બાબેલને તથા પ્રમુખ યાજક યહોસાદાકના પુત્ર યહોશુઆને તથા બાકી રહેલા લોકોને હવે કહે કે, 3"આ મંદિરનો અગાઉનો વૈભવ જોનારાઓમાંનો કોઈ તમારામાં જીવતો રહ્યો છે? અને હાલ તમે તેને કેવી હાલતમાં જુઓ છો? શું તે તમારી નજરમાં શૂન્યવત્ત નથી?

4તો પણ હવે, યહોવા કહે છે, 'હે ઝરુંબ્બાબેલ, હિંમત હારીશ નહીં,' હે યહોસાદાકના પુત્ર યહોશુઆ, પ્રમુખ યાજક, 'બળવાન થા;' યહોવા કહે છે, 'હે દેશના સર્વ લોકો, તમે બળવાન થઈને કામે લાગો; કારણકે હું તમારી સાથે છું,' સર્વસમર્થ યહોવા આમ કહે છે." 5તમે જ્યારે મિસરમાંથી બહાર આવ્યા ત્યારે મેં તમને વચન આપ્યા પ્રમાણે મારો આત્મા તમારામાં હતો; તેથી ડરશો નહીં, 6કારણકે સર્વસમર્થ યહોવા કહે છે, "હું થોડી જ વારમાં ફરીથી આકાશ, પૃથ્વી, સમુદ્ર અને સૂકી ધરતીને હચમચાવી મૂકીશ. 7હું આ બધા રાષ્ટ્રોને હચમચાવી મૂકીશ, અને તેમની ધનસંપતિ અહીં આવશે અને આ મંદિરને હું ખજાનાથી ભરી દઈશ. 8એમ સર્વસમર્થ યહોવા કહે છે, તેઓની ચાંદી અને સોનું મારું છે. 9તેથી આ મંદિરની પ્રતિષ્ઠા હવે પહેલાના કરતાં ઘણી વધારે હશે. અને આ મંદિરને હું સુખ અને શાંતિ આપીશ. આ સર્વસમર્થ યહોવાના વચન છે."

### કાર્ય આરંભ થઈ ગયું છે વરદાન પ્રાપ્ત થશે

10દાર્યાવેશના રાજ્યકાળમાં બીજા વર્ષના નવમાં મહિનાની ચોવીસમી તારીખે યહોવાનું વચન હાગ્ગાય

પ્રબોધક મારફતે આવ્યું. 11સર્વસમર્થ યહોવા કહે છે, હવે તું
યાજકોને આ પ્રશ્નનો નિર્ણય કરવાનું કહે કે, 12"જો
તમારામાંનો કોઈ તેના કપડાંની ઘડીમાં પવિત્ર માંસ લઈ
જતો હોય, અને તેનો સ્પર્શ રોટલી, દ્રાક્ષાને કે માંસને થાય,
તો શું તે પણ પવિત્ર થઈ જાય?"

13યાજકોએ કહ્યું; "ના," ત્યારે હાગ્ગાયે કહ્યું, "જો કોઈ
માણસ શબને અડવાથી અભડાયો હોય અને તે આ વસ્તુઓને
અડે તો એ અભડાઈ જાય ખરી?"

યાજકે જવાબ આપ્યો, "જરુર અભડાય."

14પછી હાગ્ગાયે સ્પષ્ટતા કરી, "યહોવા કહે છે કે 'તમારું
વલણ સ્વાર્થી છે; તમારું હૃદય ભૂંડું છે અને તેથી એ લોકો
જે કઈં ધરાવે છે તે પણ અશુદ્ધ છે. માત્ર તમારાં અર્પણો જ
નહીં પણ મારી સેવાના નામે તમે જે કઈં કરો છો તે બધું જ
અશુદ્ધ છે."

15યહોવા કહે છે, "હવે કૃપા કરીને આજથી માંડીને ભૂતકાળ
પહેલાના વખતનો વિચાર કરો, યહોવાનું મંદિર બાંધવા
માટે કોઈ પથ્થર મૂકવામાં આવ્યો હતો. 16અગાઉ તમે જ્યાં
20 માપ અનાજની આશા રાખતા હતા, ત્યાંથી તમને માત્ર
10 જ મળતાં દ્રાક્ષાકુંડ પાસે તમે 50 માપની આશા રાખતા
ત્યાંથી તમને માત્ર 20 જ મળતાં. 17તમે જે જે કઈં વાવતા
તે બધાનો હું લૂ, ગેરું કે કરાથી નાશ કરતો, તેમ છતાં તમે
પાછા મારે શરણે ન આવ્યાં."

18પણ સાંભળો, આજ પછીથી, નવમાં મહિનાની
ચોવીસમી તારીખે મંદિરનો પાયો નાખવામાં આવ્યો છે તે
દિવસ પછીથી શું થનાર છે તેનો વિચાર કરો. 19શું હજી
સુધી ત્યાં કોઠારમાં બી કે અનાજ છે? દ્રાક્ષની વેલો, અંજીરીઓ,
દાડમડીઓ અને જેતૂનના વૃક્ષો હજી ફળ્યાં નથી, પણ
આજથી હું તમને આશીર્વાદ આપું છું."

20એ જ મહિનાની ચોવીસમી તારીખે ફરી વાર હાગ્ગાયને
યહોવાની વાણી સંભળાઈ; 21યહૂદાના રાજ્યપાલ
ઝરુંબ્બાબેલને કહે , "હું આકાશોને તથા પૃથ્વીને હચમચાવી
નાખીશ."

22હું રાજ્યોના સિંહાસનો તેના સ્થાનેથી હટાવી દેવાનો
છું. હું પ્રજાઓના રાજ્યોની શક્તિનો નાશ કરનાર છું. અને
તેમના રથોને અને રથીઓને ઉથલાવી નાંખનાર છું. તેમના
ઘોડાઓ જશે, અને સવારો પડી જશે અને તેઓ એકબીજા
સાથે તલવારથી લડશે. 23પરંતુ આ બનશે ત્યારે, ઓ મારા
સેવક ઝરુંબ્બાબેલ, હું તને મારો અંગત મુદ્રા મહોર બનાવીશ.
કારણકે મેં તને પસંદ કર્યો છે."

એમ સર્વસમર્થ યહોવા કહે છે.

# સફાન્યા

1 યહૂદાના રાજાની, એટલે આમોનના પુત્ર યોશિયાની કારકિર્દી દરમ્યાન હિઝિક્યાના પુત્ર અમાર્યાના પુત્ર ગદાલ્યાના પુત્ર કૂશીના પુત્ર સફાન્યાને સંભળાયેલી યહોવાની વાણી.

### લોકોનો ન્યાય કરવાનો યહોવાનો દિવસ

2યહોવા કહે છે કે, "હું આ પૃથ્વીની સપાટી પરથી એકેએક વસ્તુનો સંપૂર્ણ વિનાશ કરવા માંગું છું.

3હું મનુષ્યની સાથે પશુઓનો પણ સંહાર કરીશ. આકાશના પક્ષીઓ અને સમુદ્રના માછલાં પણ નાશ પામશે. અને દુષ્ટ વસ્તુઓ જે તેમને લથડાવે છે તે પણ નાશ પામશે. અને હું માણસને ધરતીની સપાટી પરથી દૂર કરીશ એમ યહોવા કહે છે.

4"હું યહૂદા અને યરૂશાલેમના બધા વતનીઓ સામે મારો હાથ ઉગામીશ અને હું આ જગ્યાએથી બઆલનું નામોનિશાન મિટાવી દઈશ, હું ઈસ્રાએલના યાજકો સાથે પણ કેનાનીના યાજકોના નામનો અંત લાવીશ. 5તેઓ ઘરની અગાશી પર જઈને આકાશના સૈન્યની ભક્તિ કરે છે, અને તેઓ યહોવાને અનુસરે છે પણ સાથે સાથે માલ્કામનું પણ ભજન કરે છે! ને તેમના નામે સમ ખાય છે. તેમનો પણ હું સંહાર કરીશ. 6જે લોકો મારાથી વિમુખ થઈ ગયા છે, તેમનો હું નાશ કરીશ. જેઓ મને શોધવાની કે મારી સલાહ લેવાની કોશિશ કરતાં નથી.

7યહોવા મારા માલિકની સન્મુખ શાંત રહેજો; કારણકે યહોવાનો દિવસ આવી પહોંચ્યો છે. યહોવાએ યજ્ઞની તૈયારી કરી છે અને અતિથિઓને પવિત્ર કર્યા છે.

8યહોવા કહે છે, "હું મારા યજ્ઞને દિવસે રાજ્યના અમલદારોને, રાજવંશીઓને, તેમજ વિદેશી રિવાજો પાળનારાઓને શિક્ષા કરીશ. 9જેઓ ઉંબરો ઓળંગી અને પોતાના દેવોના મંદિરો ભરવા માટે જુલમ અને છેતરપિંડી કરે છે તે સર્વને હું શિક્ષા કરીશ."

10"તે દિવસે મચ્છી દરવાજેથી પોકાર ઊઠશે, નવા બંધાયેલા ભાગમાંથી રોકળ અને ડુંગરોમાંથી ભારે મોટા અવાજ સંભળાશે. 11ઓ શહેરના નીચાણવાળા ભાગના રહેવાસીઓ, વિલાપ કરો, કારણકે હવે કોઈ વેપારીઓ રહ્યાં નથી, જેઓ પાસે ચાંદી છે તે સર્વનો નાશ થશે."

12"જેઓ પોતાના વ્યવસાયમાં અધર્મના માર્ગથી સ્થિર થયા હોય, અને 'યહોવા અમારું કશું ખરાબ નહીં કરે' એવું માનનારાઓને તે વખતે હું દીવો લઈને યરૂશાલેમના વિસ્તારોમાંથી શોધી કાઢીશ અને શિક્ષા કરીશ. 13તેઓની સંપત્તિ તેઓના દ્વારા લૂંટાઈ જશે, દુશ્મનો તેઓનાં ઘરોનો નાશ કરશે. પોતે બાંધેલા ઘરોમાં તેઓ રહેવા પામશે નહીં, અને પોતે રોપેલી દ્રાક્ષાવાડીઓનો દ્રાક્ષારસ તેઓ પીવા પામશે નહીં."

14હવે યહોવાનો મહાન દિવસ નજીક છે, તે નજીક છે, ને બહુ ઝડપથી આવે છે, યહોવાના દિવસનો સાદ સંભળાય છે, તે વખતે બળવાન માણસ પોક મૂકીને રડે છે. 15તે દિવસ કોપનો દિવસ, દુ:ખ તથા સંકટનો દિવસ, વિનાશનો તથા ઉદાસીનતાનો દિવસ છે. અંધકાર તથા અકળામણનો દિવસ છે. વાદળોથી ઘેરાયેલો અંધકારથી ભરેલો દિવસ છે. 16કોટવાળાં નગરો વિરૂદ્ધ તથા ઊંચા બુરજો વિરૂદ્ધ રણશિંગડાનો તથા ભયસૂચક નાદનો દિવસ છે,

17યહોવા કહે છે, "હું માણસોને એવી મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી દઈશ કે તેઓ આંધળા માણસની જેમ ચાલશે, તેમનું લોહી જમીન પર વહેશે અને તેઓના શરીર લાદની જેમ રઝળશે."

18યહોવાના કોપને દિવસે તેમનું સોનું ચાંદી તેમને ઉગારી શકશે નહીં, પણ સમગ્ર ભૂમિ યહોવાના પ્રચંડ ક્રોધાગ્નિમાં ભસ્મીભૂત થઈ જશે. કારણકે ભૂમિ ઉપર વસનારા સૌ કોઈનો તે અવશ્ય અંત લાવનાર છે."

### યહોવા તરફ વળવા માટે હાકલ

2 ઓ શરમ વગરના લોકો! તમે સાથે મળી ભેગા થાઓ. 2ચુકાદાનો સમય આવે અને ઊડી જતાં ફોતરાની જેમ દિવસ પસાર થઈ જાય તે પહેલા તમને યહોવાનો રોષ સખત રીતે ઈજા પહોંચાડે તે પહેલા, યહોવાના રોષનો દિવસ તમને પકડી પાડે તે પહેલાં તમે ભાગી જાઓ! 3દેશના સર્વ નમ્ર લોકો યહોવાને શોધવાનો પ્રયત્ન કરે છે, તમારામાંથી જેઓ તેની આજ્ઞા પ્રમાણે કરે છે, જે સાચું હોય તે કરો નમ્રતા પ્રાપ્ત કરવા મથો તો કદાચ યહોવાના રોષને દિવસે તમને આશ્રય મળશે.

### યહોવા ઈસ્રાએલના પડોશીઓને સજા કરશે

4કારણકે ગાઝાને ત્યજી દેવામાં આવશે, ને આશ્કલોન વેરાન થઈ જશે. આશ્દોદના લોકોને ખરે બપોરે હાંકી કાઢવામાં આવશે, અને એક્રોનનો ઉચ્છેદ કરવામાં આવશે. 5સમુદ્રકાંઠે

રહેનારા પલિસ્તાનીઓને અફસોસ! હે પલિસ્તીઓના દેશ
કનાન, યહોવાનું વચન તમારી વિરૂદ્ધ છે; હું તમારો એવી
રીતે નાશ કરીશ કે તમારામાંની એક પણ વ્યક્તિ તમારા
દેશમાં રહેશે નહીં. 6દરિયાકાંઠો ઢોર ચરાવવાનું ચરાણ બની
જશે. ફક્ત ભરવાડના ઝૂંપડા અને ઘેટાબકરા રાખવાની
છાપરી જ રહેશે. 7કાંઠાનો પ્રદેશ યહૂદાના રહ્યાંસહ્યાં લોકોના
હાથમાં જશે. તે લોકો ત્યાં ઘેટાંબકરાં ચરાવશે અને સાંજે
આશ્કલોનના ઘરોમાં સૂઈ જશે, કારણ, તેમના દેવ યહોવા
ફરીથી તેમનું ભાગ્ય ફેરવી નાખનાર છે.
8યહોવા કહે છે, "મોઆબે કરેલી નિંદા અને
આમ્મોનીઓએ મારી પ્રજાના કરેલા અપમાન મેં સાંભળ્યાં
છે. તથા તેની ભૂમિ તેઓએ પચાવી પાડવાની કોશિષ કરી
છે. 9તેથી ઈસ્રાએલના દેવ, સર્વસમર્થ યહોવા કહે છે, મારા
જીવના સમ હવે મોઆબ અને અમ્મોનના હાલ સદોમ
અને ગમોરાના જેવા થશે એ સદાને માટે મીઠાની ખાણ
અને ઝાંખરાવાળો ઉજ્જડ પ્રદેશ બની જશે, મારા
અતિજીવીઓ તે ભૂમિનો કબજો લેશે અને તેમાથી લૂંટનો
માલ લેશે."
10તેઓના અભિમાનનો બદલો તેઓને મળશે, કારણકે
તેઓએ સર્વસમર્થ યહોવાના લોકોનું અપમાન કર્યુ હતું અને
તેઓ સામે ઉદ્ધતાઈ કરી હતી. 11યહોવા તેમના માટે ડરામણા
બની જશે. તે પૃથ્વીના બધા દેવોને હતા ન હતા કરી નાખશે,
અને પછી જ દૂરના દરિયાકાંઠાના પ્રદેશના લોકો પોતપોતાના
દેશમાં તેમની પૂજા કરશે. 12એજ રીતે કૂશીઓ પણ તેમની
તલવારથી માર્યા જશે. 13તે ઉત્તરમાં પોતાનો બાહુ લંબાવી
આશ્શૂરનો નાશ કરશે. નિનવેહને ઉજ્જડ અને રણ જેવું
સૂકુંભઠ્ઠ બનાવી દેશે. 14અને દરેક જાતનાં જંગલી પ્રાણીઓના
ટોળાં ત્યાં વાસો કરશે. તેના થાંભલા ઉપર વિસામો કરશે
તેમના અવાજો બારીમાંથી આવશે, વિનાશ દરવાજે આવી
ગયો છે. દેવદારના થાંભલાઓ ઊઘાડા પડી ગયાં છે. 15સમૃદ્ધ
ગણાતું અને સુરક્ષિત નગર પોતાના માટે ગર્વથી કહેતું હતું,
"મારા જેવું મહાનગર બીજું એક પણ નથી." હવે તે નગરની
સામે જુઓ, તે કેવું વેરાન થઈ ગયું છે! વળી તે પશુઓના
રહેવાનું સ્થાન થઈ ગયું છે! તેની પાસે થઈને જનાર દરેક
માણસ મશ્કરી કરશે, અને પોતાની મુઠ્ઠી હલાવશે.

## અપરાધ અને ઉદ્ધાર

3 ઉદ્દંડ, બંડખોર તથા ભ્રષ્ટ થયેલી જુલમી નગરીને
અફસોસ! 2તેણે ન તો યહોવાની આજ્ઞાનો સાદ સાંભળ્યો
કે ના કોઈ શિસ્ત શીખ્યા. તેમને યહોવા ઉપર જરાય વિશ્વાસ
ન હતો. તેઓ દેવની સમીપ આવ્યા નહીં. 3તેમાં વસતા
અમલદારો જાણે ગર્જના કરતા સિંહ જેવા છે તેના ન્યાયાધીશો
ભૂખ્યાં વરુઓ જેવા છે, જે સાંજનું સવાર સુધી રહેવા દેશે
નહીં. 4તેના પ્રબોધકો ઘમંડી માણસો છે; તેના યાજકો પવિત્ર
વસ્તુઓને દુષિત કરે છે. અને દેવના ઉપદેશનું નિકંદન કાઢે
છે. 5પણ તેમાં વસતા યહોવા સત્યપરાયણ છે, તે અધમ
કાર્ય કરતા નથી. તે નિયમિત રીતે દરરોજ સવારમાં ચુકાદો
આપે છે. તથા તે પ્રભાતમાં ચૂકતા નથી છતાં અનીતિમાન
લોકોને શરમ આવતી નથી.
6દેવ કહે છે, "પ્રજાઓનો નાશ કર્યો છે મેં તેઓની દૂરની
ઊંચી મજબૂત ઈમારતોનો નાશ કર્યો છે. તેઓની શેરીઓ
અને નગરોને વસ્તી વગરના કરી દીધાં છે. ત્યાં કોઈ જરા
પણ જતું કે રહેતું નથી.
7મને થયું કે મારા લોકો હવે મારાથી શિસ્તપાલન કરતા
શીખશે. તો તેઓના ઘરનો નાશ થશે નહીં. મેં તેઓ માટે
નક્કી કરેલ સજા થશે નહીં." પણ તેઓ તો વધુ અધમ કામ
કરવા વહેલા ઉઠે છે.
8યહોવા કહે છે, "મારી પ્રતિક્ષા કરો, હું પ્રજાઓ ઉપર
આરોપ મૂકવા ઊભો થાઉં તે દિવસની રાહ જુઓ, કારણકે
પ્રજાઓને અને રાજ્યોને એકઠાં કરીને તેમના ઉપર મારો
બધો ગુસ્સો અને સંતાપ વરસાવવાનો મેં નિર્ધાર કર્યો છે.
મારા માત્ર ક્રોધને લીધે પૃથ્વી ખાખ થઈ જશે." 9ત્યારબાદ
હું બધા લોકોને પવિત્ર હોઠ આપીશ, જેથી તેઓ મારું નામ
લઈ શકે અને ખભેખભા મિલાવીને મારી સેવા કરે.
10વેરવિખેર થઈ ગયેલા મારા ભક્તો ઠેઠ કૂશની નદીઓની
સામે પારથી પણ મારે માટે નૈવેદ્ય લઈ આવશે.
11"ઓ યરૂશાલેમ, તે દિવસે તમે મારી સામે બળવો
પોકારીને જે જે દુષ્કૃત્યો કર્યાં છે તેને માટે તમારે શરમાવું
નહીં પડે. કારણ કે તે વખતે હું તમારા અભિમાની અને
ઉદ્ધત નાગરીકોને હાંકી કાઢીશ; પછી તારા લોકો મારા
પવિત્રપર્વત ઉપર ઉદ્ધતાઈભર્યુ વર્તન કરી સકશે નહીં. 12પરંતુ
હું તમારામાં એવા જ લોકોને રહેવા દઈશ જે નમ્ર અને દીન
હોય; અને તેઓ મારા નામનું શરણું લેશે. 13ઈસ્રાએલના
બાકી રહેલા લોકો તે પછી દુષ્ટ કામ કરશે નહીં, અસત્ય
બોલશે નહીં, અને અપ્રમાણિકતાથી કાર્ય કરશે નહીં. તેઓ
સદા શાંતિ અને આરામદાયક રીતે રહેશે અને તેમને કોઈનોય
ભય રહેશે નહીં."

## આનંદના સમાચાર

14ઓ સિયોનનગરી હર્ષનાદ કર! ઓ ઈસ્રાએલ આનંદના
પોકાર કર! યરૂશાલેમના લોકો, ઉલ્લાસમાં આવીને
આનંદોત્સવ કરો!
15યહોવાએ ન્યાય અનુસાર તમને કરેલી શિક્ષાનો અંત
કર્યો છે. તેમણે તમારા શત્રુને હાંકી કાઢયા છે; ઈસ્રાએલના
રાજા, એટલે યહોવા, તમારામાં છે; હવે પછી તમને કોઈપણ
પ્રકારની આપત્તિનો ડર લાગશે નહીં.
16હવે એવો સમય આવી રહ્યો છે જ્યારે યરૂશાલેમના
લોકોને આ સંદેશો મળશે, "ઓ સિયોન, ડરીશ નહીં, તારા
હાથ ઢીલા થવા દઈશ નહીં."
17યહોવા તમારા દેવ શૂરવીર માણસની જેમ તમારું
રક્ષણ કરવા તમારી વચ્ચે છે. તે તમારા પર કૃપાળું થઈ
ખુશ થાય છે. તે તારા ઉપર ફરી પોતાનો પ્રેમ પ્રગટ કરે છે,
અને એક ઉત્સવના દિવસની જેમ તે ખૂબ આનંદથી
પોકાર કરે છે.

18મેં નિશ્ચિત કરેલા ધાર્મિક ઉત્સવ પર શોક કરનારાઓને
એકત્ર કર્યા છે. અને તમને આપેલાં અપમાન પાછા લઈ
લઈશ.
19તે સમયે જેઓએ તમારા ઉપર જુલમ કર્યો છે તેઓ
સાથે હું સખતાઈથી વર્તીશ. હું નબળાં અને લાચાર લોકોનું
રક્ષણ કરીશ. હું જેઓને હાંકી કાઢવામાં આવ્યાં હતાં તેઓને
પાછા લાવીશ. જેઓની મશ્કરીઓ અને તિરસ્કાર થયો હતો
તેઓને હું આખી દુનિયામાં યશ અને કીર્તિ મેળવી આપીશ.
20એ સમયે હું તમને પાછા લાવીશ. તમારી નજર સમક્ષ;
તમારું ભાગ્ય ફેરવીને તમને પૃથ્વી પરના સર્વ લોકો કરતાં
અલગ એવું અતિ ઉત્તમ નામ આપીશ. ત્યારે તેઓ તમારી
પ્રસંશા કરશે." આ યહોવાના વચન છે.

# હબાક્કુક

### હબાક્કુકની દેવ સમક્ષ ફરિયાદ

1 દેવે હબાક્કુક પ્રબોધકને દર્શન દ્વારા આપેલો સંદેશો:
2ઓ યહોવા, ક્યાં સુધી હું તમને બોલાવ્યા કરું અને
તમે સાંભળો જ નહીં, "હિંસા" આ હિંસા માટે હું પોકાર કરું
છું તો પણ તમે મને બચાવતા નથી, 3તું શા માટે મને આવા
અન્યાયનો સાક્ષી બનાવે છે, અને શા માટે આવાં દુષ્કૃત્યો
સહી લે છે? મારી આંખ સામે જ વિનાશ અને હિંસા ઝઘડા
અને ટંટા થઈ રહ્યાં છે; 4અને કાયદાનો અમલ થતો નથી,
તેથી કદી ન્યાય મળતો નથી; સદાચારી લોકોને દુષ્ટ લોકોએ
ઘેરી લીધા છે; તેથી કુટિલ ન્યાય થાય છે.

### હબાક્કુકને દેવનો જવાબ

5યહોવાએ કહ્યું, "તમે જરા વિદેશીઓ તરફ નજર કરો
અને જુઓ, તો તમે વિસ્મય પામશો, કારણકે તમારા
જમાનામાં જ હું એવું કઈંક કરી રહ્યો છું જે તમને કહ્યું હોય
પણ તમે માનો નહીં. 6જગતમાં હું એક નવી શકિત સ્થાપી
રહ્યો છું, એટલે કે ખાલદીઓ જે-ક્રૂર અને હિંસક પ્રજા છે
તેઓ તેમની માલિકીના ન હોય તેવા સ્થળો કબજે કરવા
પૃથ્વીના છેડા સુધી જશે. 7તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં
ભય અને આતંક ફેલાવે છે; તેઓનો ગર્વ અને ન્યાય તેઓની
અંદરથીજ આવે છે તેમના ઘોડાઓ ચિત્તા કરતા વધુ વેગવાન
છે અને સાંજના વરૂઓ કરતાં વધારે સજાગ છે. 8તેમના
ઘોડેસવારો દૂરથી ઝડપથી આવે છે, તેઓ શિકાર પર તૂટી
પડતા ગરૂડના જેવા છે. 9એમની સમગ્ર સેના હિંસા માટે
આવે છે. તેમના ચહેરા આતુરતાથી આગળ ધપવાની રાહ
જુએ છે; અને તેઓ રેતીના કણ જેટલા અસંખ્ય બંદીવાનો
એકઠા કરે છે. 10"અને તેઓ રાજાઓની મશ્કરી કરે છે, ને
સરદારો તો તેની નજરમાં હાસ્યરૂપ છે. તેથી તેઓના
કિલ્લાઓની તે હાંસી ઉડાવે છે. કિલ્લાઓના કોટ આગળ
ધૂળના ઢગલા કરી બહુ આસાનીથી તેઓને જીતી લે છે.
11ત્યારબાદ તેઓ વાયુવેગે આગળ વધી અને પસાર થઈ
જાય છે; શકિતએ તે પાપીઓના દેવ છે. તેઓ ગુનેગાર છે."

### હબાક્કુકની દેવ સમક્ષ બીજી ફરિયાદ

12"હે મારા દેવ યહોવા, મારા પરમ પવિત્ર દેવ, તું અનાદિ
અને અમર છે અમે માર્યા જવાના નથી, તમે શિક્ષાને માટે
તેનું નિર્માણ કર્યુ છે. અને હે મારા યહોવા, તમે શિસ્તને
માટે તેને સ્થાપ્યો છે.

13તમારી આંખો એટલી પવિત્ર છે કે તમે દુષ્ટતા જોઈ
શકતા નથી, અન્યાય જોવા તમે ઊભા રહી શકતા નથી. તો
પછી શા માટે તમે એ અપ્રમાણિક લોકોને જોઈ રહ્યાં છો.
અને દુષ્ટ માણસ પોતાના કરતાં સારા માણસને ગળી જાય
છે ત્યારે તમે શા માટે મૂંગા રહો છો?
14તમે માણસોને દરિયાના માછલાં જેવા શા માટે બનાવો
છો તેઓ ધણી વગરના સમુદ્રના પ્રાણી જેવા છે.
15તે લોકોને તે ગલથી ઊંચકી લે છે, તેઓ પોતાની જાળમાં
પકડીને તેઓને મોટી જાળમાં ભેગાં કરે છે તેથી તેઓ ખુશી
ને આનંદીત થાય છે.
16તે માટે તે પોતાની જાળમાં બલિદાન આપે છે, ને
પોતાની મોટી જાળની આગળ ધૂપ બાળે છે; કારણકે તેમના
વડે તેઓનો હિસ્સો મોટો થાય છે; તથા તેમને પૂરતો ખોરાક
મળે છે.
17તેથી શું તેઓ સદા માટે તેઓની જાળ ખાલી કરશે? શું
તેઓ લોકોનો સતત સંહાર કરવાનું બંધ નહીં કરે?
2 "હવે હું મારી ચોકી ઉપર ઊભો રહીશ, ને બુરજ પર
ઊભો રહીને જોયા કરીશ કે તે મારી સાથે શું બોલે છે,
ને તે મને ઠપકો આપે ત્યારે તે શું જવાબ આપશે?"

### હબાક્કુકને દેવનો જવાબ

2ત્યારે યહોવાએ મને કહ્યું, "હું તને જે કંઈ કહું તે, તકતી
ઉપર ચોખ્ખા અક્ષરે એવી રીતે લખી નાખ, જેથી કોઈ પણ
તે સહેલાઈથી વાંચી શકે; 3આજે હું જે બધી યોજનાઓ તને
કહું છું તે નક્કી કરેલા સમય માટે છે. આ સંદર્શન અંત માટે
કહે છે તે ખોટું કહેતા નથી. જો તે વધારે સમય લે છે એમ
લાગે તો રાહ જોજે, કારણકે આ બાબતો અચૂક બનશે જ.
મોડું નહી થાય. 4ગર્વિષ્ઠ માણસ તરફ જુઓ, કેવો તેનો
આત્મા તેનામાં પ્રમાણિક નથી; પરંતુ સાચો ન્યાયી માણસ
તેની વફાદારીને કારણે જીવશે."
5"મદ્યપાન છેતરામણું છે; તેવીજ રીતે તેમના અભિમાનને
કારણે બાબીલીઓ ઘરે રહેતા નથી. તેઓના લોભમાં ઘણા
દેશો અને લોકોને જીત્યાં છે. પરંતુ મૃત્યુ અને નર્કની માફક
તેઓ કદી તૃપ્ત થતાં નથી. 6એવો સમય આવી રહ્યો છે,
જ્યારે તેઓનાં સર્વ બંદીવાનો તેની મશ્કરી કરશે; 'તેઓ
તેની મજાક કરશે અને તેના પર હસશે! ધિક્કાર છે તેને જેણે
જે પોતાની વસ્તુ નથી તે લૂંટી છે. ભારે દેવું ભેગું કરવાથી
તમે કેટલો વખત ધનવાન રહી શકશો?'

7"શું એકાએક એવા માણસો ઊભાં નહીં થાય કે જેઓ
તમને કરડી ખાશે શું એવા નહીં જાગે કે જેઓ તને હેરાન
કરશે, ને તું લાચાર ધ્રુજતો ઊભો રહીશ અને તમારા લેણદારો
અચાનક તમારું સર્વસ્વ લૂંટી લેશે. 8તમે ઘણા દેશોના લોકોને
લૂંટ્યા છે, તેથી તે બાકી રહેલા લોકો તને લૂંટશે; માણસોના
રક્તપાતને, અને દેશમાં હિંસાને લીધે, નગર તથા તેના સર્વ
રહેવાસીઓને લૂંટી લેવાશે. 9એવા માણસોનું ભાવિ સારું
નથી, જેઓ લૂંટની લક્ષ્મીથી પોતાનું ઘર ભરે છે અને ખૂબ
ઊંચે બાંધેલા માળાની જેમ એમને સંકટોથી સુરક્ષિત રાખવા
મથે છે.

10"આ બધી યોજનાઓને લીધે તે તારા કુટુંબને કાળી
ટીલી લગાડી છે. અનેક લોકોની હત્યા કરીને તે તારી જાત
સાથે પાપ કર્યુ છે. 11કારણકે દીવાલનો એકેક પથ્થર સુદ્ધાં
તેની વિરૂદ્ધ પોકારી ઊઠશે અને લક્કડકામનો એકેએક ટુકડો
સુદ્ધાં તેનો પડઘો પાડશે.

12"ધિક્કાર છે તેને રક્તપાત કરીને શહેર બાંધે છે, ને
અન્યાયથી નગર વસાવે છે! 13શું આ સર્વસમર્થ દેવ યહોવાએ
કર્યુ છે? લોકોએ પોતાની જાતે જે બધો પરિશ્રમ કર્યો છે, તે
બળી ગયો છે પ્રજાએ કારણ વગર સખત પરિશ્રમ કર્યો છે.
14કારણકે જેમ સમુદ્ર પાણીથી છલોછલ ભરેલો છે તેમ
યહોવાના ગૌરવના જ્ઞાનથી છલોછલ ભરાઈ જશે. 15તમે
તમારા પાડોશીને દારૂડીયો બનાવ્યો તમે તમારો કોપ તેના
પર વરસાવ્યો જેથી તમે તેને નગ્ન જોઈ શકો, તમને શ્રાપ
મળે! 16"તમે કીર્તિને બદલે શરમથી ભરપૂર હશો, તું પીશે
અને તારી જાતને ખુલ્લી કરશે; યહોવાના જમણા હાથનો
પ્યાલો તારા તરફ વળશે, ને તને અપકિર્તી મળશે.

17"કારણકે લબાનોન ઉપર કરેલા ગુનાઓ તને ઢાંકી દેશે.
અને ત્યાંના પ્રાણીઓ ઉપર લાદેલો ત્રાસ તેને ભયભીત
બનાવી દેશે, કારણકે તેણે લોકોને મારી નાખ્યા છે અને
દેશમાં હિંસા લાવી છે, તેણે નગર અને તેમાં રહેનારાઓ
સાથે ખરાબ વર્તાવ કર્યો છે."

## મૂર્તિઓ વિષે સંદેશ

18માણસે બનાવેલી મૂર્તિઓનો શો ઉપયોગ છે? એ તો
માત્ર ધાતુમાંથી બનાવેલી પુતળીઓ છે, જે કેવળ જૂઠુ ભાખે
છે. માણસ જે એક મૂર્તિ બનાવે છે શા માટે તેમાં વિશ્વાસ
રાખે છે? તે એવા દેવ બનાવે છે જે બોલી પણ શકતાં નથી.
19જે મનુષ્ય લાકડાની મૂર્તિને ઊઠાડવાનો પ્રયત્ન કરે છે તે
જોખમમાં છે. જે માણસ પથ્થરને ખસેડવાની કોશિષ કરે છે
તે જોખમમાં છે શું મૂર્તિ કાંઈ શીખવી શકે છે ? તેઓ સોનાથી
અને ચાંદીમાં જડાયેલી છે, પણ તેની અંદર શ્વાસ નથી.

20પરંતુ યહોવા તેમના પવિત્ર મંદિરમાં છે; સમગ્ર પૃથ્વી
તેમની સમક્ષ મૌન અવાક થઈ જાઓ.

## હબાક્કુકની પ્રાર્થના

3 પ્રબોધક હબાક્કુકે આ પ્રાર્થના યહોવાને કહી, રાગ
શિગ્યોનોથ.

2હે યહોવા તમારા વિષે હવે મેં સાંભળ્યું છે, અને મને
ચિંતા થાય છે, ભૂતકાળમાં જેમ તમે કર્યુ હતું તેમ અમારી
જરૂરિયાતના આ સમયમાં ફરી વાર અમારી સહાય કરો.
આ જરૂરિયાતના સમયમાં તમારી જાતને બતાવો તમારા
ક્રોધમાં દયાળુ થવાનું ભૂલતા નહીં.

3દેવ તેમાનથી આવે છે, પવિત્ર માણસ પારાનના પર્વત
પરથી આવે છે. તેનો પ્રકાશ આકાશમાં પથરાય છે; તેની
કિર્તી પૃથ્વી પર ફેલાય છે.

4સૂર્ય જેવું છે તેનું અનુપમ તેજ, કિરણો પ્રગટે છે તેના
હાથમાંથી; ત્યાં જ છુપાયેલું છે તેનુ સામર્થ્ય.

5મરકી જાય છે તેની આગળ આગળ, ને રોગચાળો જાય
છે તેને પગલે-પગલે. 6તે ઊભા થાય છે અને પૃથ્વીને
હલાવે છે, તેની નજરથી લોકોને વિખેરી નાખે છે, પ્રાચીન
પર્વતોના ટૂકડે ટૂકડા થઈ જાય છે, પ્રાચીન ટેકરીઓ નમી
જાય છે તેઓ હંમેશા આવાજ હતા.

7મેં કૂશાનના તંબુઓને વિપત્તિમાં જોયા છે મેં મિદ્યાનમાં
તંબુઓને હલતા જોયા છે.

8ઓ યહોવા, તમે નદીઓ ઉપર ગુસ્સે થયા છો? શું તમે
ઝરણાઓ પર રોષે ભરાયા છો? શું તમારો ક્રોધ સમુદ્ર પર
છે? જેને કારણે તમે ઘોડાઓને મોક્ષના રથો પર, સવારી
કરી રહ્યાં છો?

9જ્યારે તમે તમારું મેઘધનુષ્ય બહાર કાઢો છો, તે તમે
લોકોને આપેલા વચનની નિશાની હતી પૃથ્વીએ નદીઓને
વહેંચી નાખી છે.

10થરથર ધ્રુજે છે તને જોઈને પર્વતો, મૂશળધાર વરસે છે
વરસાદ, અને સાગર કરે છે ઘોર ગર્જના, ને હેલે ચડે છે
તેના મોજા કેવા!

11તારા વેગીલા બાણોના ઝબકારથી, અને તારા ચકચકતા
ભાલાના ચળકાટથી; સૂર્ય અને ચંદ્ર પોતપોતાના સ્થાનમાં
થંભી ગયા છે જુઓ.

12તમે ગુસ્સામાં પૃથ્વી પર પગ પછાડો છો, અને ક્રોધમાં,
પ્રજાઓને પગતળે કચડી નાખો છો.

13તમે તમારા લોકોના પાપ-વિમોચન માટે, વળી તમારા
અભિષિકતના પાપ વિમોચન માટે પણ બહાર ગયા. તમે
દરેક દુષ્ટ કુળના નેતાઓને કાપી નાખો છો અને જમીનથી
ગળા સુધી તેમને ખુલ્લા પાડો છો.

14તમે લડવૈયાઓના માથા તેમના પોતાના જ ભાલાઓથી
વીંધી નાખો છો. જ્યારે તેઓ વાવાઝોડાની જેમ અમને મારી
નાખવા આવ્યા. સંતાઈ ગયેલા ગરીબોને ભસ્મસાત કરનારા
લોકોની જેમ તેઓ આનંદ માને છે.

15તમે જ્યારે તમારા ઘોડા પર સવાર થઈને સાગરમાંથી
પાછા ફરો છો ત્યારે ખૂબ બધુ પાણી ખળભળી જાય છે.

16એ સાંભળીને તો હું ધ્રુજી ઊઠું છું; મારા હોઠ અને
મારા પગતળેથી ધરતી ખસી જાય છે મારા હાડકાં સડી
જાય છે મારું આખું શરીર ધ્રુજે છે, પણ હું ધીરજ પૂર્વક
આફતના દિવસની રાહ જોઉં છું જ્યારે તે લોકોનું લશ્કર
અમારી સામે ચડી આવશે.

### યહોવાથી હંમેશા આનંદમાં રહો

17ભલેને અંજીરીને ફૂલના બેસે, ને દ્રાક્ષની લતાઓને
દ્રાક્ષા ન આવે; જેતૂનનો પાક નિષ્ફળ જાય નેખેતરોમાં ધાન
ન પાકે, કોડમોં ઢોરઢાંખર ના રહે, ને નાશ પામે ઘેટાંબકરાં
સૌ. વાડામાં ને તબેલામાં, હે યહોવા!
18છતા હું યહોવાથી આનંદિત રહીશ, અને દેવ, જે મારું
તારણ છે, તેનાથી હું આનંદિત થઈશ.
19યહોવા મારા માલિક મારું બળ; તે મને હરણના પગ
આપશે અને તે મને; સુરક્ષાથી પર્વતો ઉપર લઈ જશે.
મુખ્ય ગાયક માટે. તારવાળાં વાજિંત્ર સાથે ગાવું.

# નાહૂમ

1 આ પુસ્તક એલ્કોશીમાં રહેતા નાહૂમને નિનવેહ પર આવી રહેલા વિનાશ વિષે દેવે આપેલું સંદર્શન છે:

### નિનવેહ પર યહોવાનો પ્રકોપ

2યહોવા ઈર્ષાળું દેવ છે. તેઓ ક્રોધે ભરાઈને બદલો લેવાવાળા દેવ છે. તે પોતાના શત્રુઓ ઉપર વેર વાળે છે. તે પોતાના શત્રુઓ ઉપર કોપાયમાન રહે છે.

3યહોવા ગુસ્સે થવામાં ધીમા છે. તેમની પાસે મહાન શકિત છે. અને તે ચોક્કસપણે ગુનેગારોને દંડ્યા વગર જવા દેતા નથી. પ્રચંડ ઝંઝાવાત અને વાવાઝોડામાં થઈને તેનો માર્ગ જાય છે. વાદળો તેના પગની રજ છે.

4સાગર વિરૂદ્ધ બોલે છે અને મહાસાગરો સૂકવી દે છે. તે નદીઓ સુકાવીને રેતીમાં ફેરવી દે છે; બાશાન અને કાર્મેલના લીલાંછમ પ્રાંતો સુકાઈ જાય છે; લબાનોનનાં ફૂલો કરમાઈ જાય છે.

5તેમને કારણે પર્વતો ધ્રુજે છે. ને ડુંગરો ઓગળી જાય છે. તેમની સામે પૃથ્વી ધ્રુજે છે, દુનિયા અને તેમાં વસતા બધા જીવો છે.

6યહોવાના રોષ આગળ કોણ ટકી શકે? તેના ક્રોધનો તાપ કોણ સહી શકે? તેનો ક્રોધ અગ્નિની જેમ વરસે છે અને તે ખડકોના ચૂરેચૂરા કરી નાખે છે.

7યહોવા ભલા છે; મુશ્કેલીના સમયમાં તે આપણને આશ્રય આપે છે! તેને શરણે આવનારનું તે ધ્યાન રાખે છે.

8પરંતુ તે પોતાના શત્રુઓનો પ્રચંડ ધસમસતા જળપ્રલયથી સંપૂર્ણ નાશ કરે છે; અને તેઓને અંધારામાં ધકેલી દે છે.

9હે નિનવેહ, યહોવા વિરૂદ્ધ તમે શું ષડયંત્ર રચો છો? તે તમારો સંપૂર્ણ નાશ કરી નાખશે. તું બીજીવાર મુશ્કેલી ઊભી નહીં કરી શકે.

10કાંટા વચ્ચે અટવાયેલાની જેમ, જેઓ પીધેલા છે તેની જેમ, અને સંપૂર્ણ રીતે કરમાયેલા, લણી લીધેલા ખેતરની જેમ તેઓ તમને ભરખી જશે.

11યહોવાની વિરૂદ્ધ દુષ્ટ યોજના કરનાર તમારામાંથી એક બહાર આવે. તે દુષ્ટ સલાહકાર છે.

12યહોવા પોતાના લોકોને કહે છે, "તમારા શત્રુઓ ગમે તેવા બળવાન અને અસંખ્ય હશે તેમ છતાં તેનો નાશ થશે. તેમનું નામોનિશાન નહિં રહે. મેં તમને શિક્ષા કરી છે છતા હું હવે તમને સજા નહીં કરું!

13અને હવે હું તમારી સાંકળી તોડી નાખીશ અને આશ્શૂરના રાજાની ગુલામીના બોજમાંથી તમને મુક્ત કરીશ."

14યહોવાએ તમારા માટે આ હુકમ આપ્યો છે, "તારા કુળની હારમાળા ખલાસ થઈ જશે. તારા મંદિરોની મૂર્તિઓ અને પ્રતિમાઓનો હું નાશ કરીશ. હું તને દફનાવી દઈશ! કારણકે તું તિરસ્કૃત થયો છે!"

15જુઓ, પર્વત પર સંદેશાંવાહકોના પગલાં છે; તે શાંતિના સારા સમાચાર લાવી રહ્યાં છે. ઓ યહૂદિયાના લોકો તમારા ઉત્સવો ઊજવો, તમારા વચનો પૂરા કરો, કારણ હવે કદી દુષ્ટ લોકો તમારા પર આક્રમણ કરશે નહીં, તેમનો સમૂળગો નાશ કરવામાં આવ્યો છે.

### નિનવેહનું નિશ્ચિત પતન

2 ઓ નિનવેહ! તને વિખેરી નાખવા એક શત્રુ આવ્યો છે! કિલ્લાની રક્ષા કર. રસ્તા ઉપર ચોકી કર યુદ્ધ માટે તૈયાર થઈ જા. તારી બધી શકિતને ભેગી કર.

2લૂંટારાઓએ તેઓને લૂંટી લીધા છે અને તેઓના દ્રાક્ષના વેલાનો નાશ કર્યો છે, પરંતુ યહોવા યાકૂબનું માન ઈસ્રાએલના સન્માન ની જેમ પુન:સ્થાપિત કરશે.

3યોદ્ધાઓની ઢાલોનો રંગ લાલ છે. અતિ શકિતશાળી માણસો લાલચટક રંગના પોષાકમાં છે. ચમકારા મારતા તેના રથો યુદ્ધ માટે તૈયાર થઈ રહ્યા છે. તેમના વૃક્ષો હલાવાઈ રહ્યાં છે.

4રથો ગલીઓમાં ગાંડાતૂર બનીને ઘૂમી રહ્યાં છે. તેઓ ચોકમાં ઉપર નીચે ઉતાવળે ધસી રહ્યાં છે સળગતી મશાલની જેમ દોડે છે અને વીજળીની જેમ જ્યાં ત્યાં ત્રાટકવાના હોય તેવા દેખાય છે.

5ચુનંદા યોદ્ધાઓને તેડાવવામાં આવ્યા છે; તેઓ ઠોકર ખાતા દોડતા આવે છે, કોટ તરફ આગળ વધી રહ્યાં છે અને હુમલો કરવાના શસ્ત્રો ગોઠવી દે છે.

6નદી તરફના દરવાજાઓ ખૂલી ગયા છે! મહેલ ઓગળી ગયો છે!

7નિનવેહની રાણીને નિર્વસ્ત્રી કરી બંદીવાન બનાવી, લઈ જવામાં આવે છે. દાસીઓ છાતી કૂટે છે ને કબૂતરની જેમ શોક કરે છે.

8નિનવેહના લોકો પાળ તૂટેલા તળાવમાંથી પાણી વહી જાય તેમ ભાગે છે. "થોભો, થોભો" ના પોકાર સંભળાય છે, પણ કોઈ પાછું ફરતું નથી.

9ચાંદી લૂંટો! સોનુ લૂંટો! કિમતી ઝવેરાત ખજાનાનો કોઈ
પાર નથી. અઢળક ધનસંપત્તિ લઈ જવામાં આવી રહી છે.
10નિનવેહ નગર ઉજ્જડ અને ખાલી થઈ ગયું છે. હૃદયના
ધબકારા ધીમા પડી જાય છે, પગ ધ્રુજે છે, દરેક જણના
શરીર યાતના ભોગવે છે અને દરેકના મોં ધોળાં પૂણી જેવા
થઈ જાય છે.

11ક્યાં છે એ શહેર, જે સિંહની ગુફા જેવું હતું? જ્યાં
સિંહના બચ્ચાં પોષાતાં હતાં, જ્યાં સિંહ-સિંહણ અને સિંહના
બચ્ચાં નિરાંતે ફરતાં હતાં. તેઓને વ્યાકુળ કરે તેવું ત્યાં
કાંઈજ ન હતું.

12જેમ સિંહ તેના બચ્ચાં માટે પૂરતો શિકાર કરે છે તેવી
રીતે તેણે બોડ અને ગુફા શિકારથી ભરી દીધા.

13પરંતુ હવે સર્વસમર્થ યહોવા કહે છે; "હું તારી વિરૂદ્ધ
છું. હું તારા રથ બાળીને ભસ્મ કરી નાખીશ, અને તલવાર
તારા બચ્ચાઓનો સંહાર કરશે. હું પૃથ્વી પરથી તમને શિકાર
કરવા માટે મળતા પશુઓ લઈ લઈશ; સંદેશાંવાહકનો સંદેશો
ફરી કદી સંભળાશે નહીં."

## નિનવેહ માટે માઠાં સમાચાર.

3 આ લોહી તરસી નગરી, નિનવેહનો પશ્ચાતાપ!
દગાફટકાથી અને લૂંટથી તું ભરેલી છે છતાં હજી શિકાર
કરવાનું બંધ કર્યુ નથી.

2સાંભળ! રસ્તાઓ ઉપર થઈને જતા રથોનો ગડગડાટ,
તેના પૈડાનો અવાજ, ઘોડાની ખરીઓનો અવાજ અને
ચાબૂકોનો અવાજ.

3ધસતા ઘોડેસ્વારો, ચમકતી તલવારો, ઝળહળતા
ભાલાઓ, અસંખ્ય માણસો હણાય છે, મૃતદેહોના ઢગલા
સર્વત્ર છે, માણસો મૃતદેહો પર થઈને જાય છે! મૃતદેહોનો
કોઈ પાર નથી!

4આ સર્વનું કારણ એ છે કે નિનવેહ એક વેશ્યા જેવી
બની ગઈ છે, જાદુક્રિયામાં પ્રવીણ નિનવેહનગરે પોતાની
સુંદરતાથી વેશ્યાગીરીથી પ્રજાઓને લોભાવી અને તેઓને
જાળમાં ફસાવી દીધા. નિનવેહે તેના જાદુથી પરિવારોને
આકર્ષિત કર્યા.

5સર્વસમર્થ યહોવા કહે છે, "ઓ નિનવેહ, હું તારી વિરૂદ્ધ
છું અને પ્રજાઓ અને રાજ્યો આગળ તને ઉઘાડી પાડી તને
બેઆબરૂ કરીશ.

6હું તારા પર છાંણ નાખીશ, તારો અનાદર કરીશ, ને તને
હાસ્યજનક રીતે પ્રદર્શીત કરીશ.

7જેઓ તેને જોશે તે કહેશે, 'નિનવેહ ધૂળધાણી થઈ ગયું.'
કોઈ એને માટે વિલાપ નહીં કરે, એને આશ્વાસન આપનાર
શોધ્યો જડે એમ નથી."

8શું તું તેના-આમોનનગર કરતાં પણ ચડિયાતી છે, જે
નીલ નદીને કાંઠે વસેલું હતું. જેની ચારેકોર પાણી હતું નદી
જેનો ગઢ હતો અને પાણી જેનો કોટ હતો? 9તેને પક્ષે કૂશ
અને મિસરની સેનાનું અમાપ બળ હતું. અને પૂટ તથા
લૂબીઓને બોલાવીને તે સહાય પ્રાપ્ત કરી શકતું હતું. 10તેમ
છતાં તે બંદીવાન થયું, તેણે દેશવટો ભોગવવો પડ્યો. શેરીના
નાકે તેના બાળકોને માર મારીને મારી નાખવામા આવ્યાં,
તેના માનવંતા માણસો ચિઠ્ઠી નાખી વહેંચાયા. અને સાંકળમાં
જકડાયા.

11નિનવેહ પણ પીધેલાની માફક લથડીયાં ખાશે અને
ભયભીત બની શત્રુઓથી સંતાઈ જશે. અને તું પણ શત્રુને
લીધે આશ્રયસ્થળ શોધશે. 12તારા બધા કિલ્લાઓ તો અંજીરી
પરના પાકાં અંજીર જેવા છે. જરા હલાવતા તે ખાનારાના
મોમાં આવી પડે છે.

13તારા સૈનિકો સ્ત્રીઓની જેમ નિર્બળ અને લાચાર બની
જશે. તારા દેશના દરવાજાઓ શત્રુ માટે પૂરા ઉઘાડી નાખવામાં
આવશે, અને એ દરરવાજાઓ અગ્નિથી ભસ્મીભૂત કરી દેવામાં
આવશે.

14તેથી હુમલા માટે પાણીનો સંગ્રહ કર, તારા કિલ્લાઓ
મજબૂત બનાવ, માટીમાં ઊતરીને ખાંડણી બનાવ અને ઈંટના
બીબાં હાથમાં લે! 15અગ્નિ તને ભરખી જશે, તલવાર તારી
હત્યા કરશે. તે તને તીડની જેમ સ્વાહા કરી જશે.

તીડની જેમ વધારે થશે. 16તેં આકાશના તારા કરતાં તારા
વેપારીઓની સંખ્યા વધારી, પરંતુ તેઓ પણ તીડ તેની પાંખો
ઊતર્યા પછી જેમ ઊડી જાય છે તેમ ઊડી ગયા. 17તારા
સરદારો તીડ જેવા છે અને શાસન અધિકારીઓ તીડના
ટોળા જેવા છે તેઓ ઠંડીના દિવસોમાં દીવાલ પર આરામ
કરે છે. સૂરજ ઊગતાં જ તેઓ ઊડી જાય છે. ક્યાં ગયા તેની
કોઈને ખબર પડતી નથી.

18હે આશ્શૂરના રાજા, તારા ભરવાડો ઊંઘે છે; તારા
આગેવાનો આરામ કરે છે; તારા લોકો પર્વતો પર વિખેરાઈ
ગયા છે, તેઓને એકત્ર કરવા હવે કોઈ ભરવાડ નથી. 19તારી
વેદનાને બિલકુલ રાહત નથી; તારો ઘા પ્રાણઘાતક છે; જે
કોઈ તારી પડતીના સમાચાર સાંભળે છે તે તાળીઓ પાડે
છે; કારણકે એવો કોઈ છે જેના પ્રત્યે તેં સખત દુષ્ટતા આચરી
ના હોય?

# મિખાહ

## મિખાહને મળેલ દેવનો સંદેશ

1 યહૂદિયા રાજાઓ યોથામ, આહાઝ અને હિઝિક્યાના શાસન દરમ્યાન સમરૂન અને યરૂશાલેમને વિષે મોરેશેથથી મીખાહને યહોવા તરફથી સંદેશો મળ્યો તે,

2હે વિશ્વની સર્વ પ્રજાઓ, ધ્યાન આપો અને સાંભળો. દેવ યહોવા પોતાના પવિત્રમંદિરમાંથી તમારી વિરૂદ્ધ સાક્ષી આપે છે.

3જુઓ, યહોવા આવે છે! તે પોતાનું સ્વર્ગનું રાજ્યાસન છોડીને પૃથ્વી પર આવે છે અને પર્વતોના શિખરો ઉપર ચાલે છે.

4તેમના પગ તળે પર્વતો અગ્નિ આગળ મીણની જેમ ઓગળે છે અને ઢોળાવ વાળી જગ્યા ઉપરથી વહી જતાં પાણીની જેમ ખીણો ફાટી પડી છે.

## સમરૂન પાપનું કારણ

5આ બધાનું કારણ છે યાકૂબના અપરાધો અને ઈસ્રાએલના કુળના અપરાધો યાકૂબનો અપરાધ છે સમરૂન! યહૂદિયાનું ઉચ્ચસ્થાન છે યરૂશાલેમ!

6તેથી સમરૂન નગર પથ્થરોના ઢગલા જેવું અને ખેડેલા ખેતર જેવું ખુલ્લું થશે જ્યાં દ્રાક્ષાવેલાની રોપણી થશે. તેણીના પથ્થરોને હું ખીણોમાં ગબડાવી દઈશ અને તેના પાયા ને ઉઘાડા કરી દઈશ.

7તેની મૂર્તિઓના ટુકડે ટુકડા થઈ જશે, મૂર્તિપૂજા દ્વારા મેળવેલી તેની બધી કમાણી આગમાં ભસ્મ થઈ જશે. અને તેના બધાં જૂઠા દેવોની પ્રતિમાઓના હું ચૂરેચૂરા કરી નાખીશ; કારણ તેણીએ એ બધું મારા પ્રત્યેની અવિશ્વાસની કમાણી રૂપે મેળવ્યું છે* અને તે અવિશ્વાસુપણાની કમાણી તરીકે જ પાછું જશે.*"

## મિખાહનું મહાન દુઃખ

8એટલે મિખાહ બોલ્યો, એને લીધે હું પોક મૂકીને વિલાપ કરીશ. ઉઘાડા પગે નિર્વસ્ત્ર થઈને ફરીશ, શિયાળવાની જેમ રડીશ, અને શાહમૃગની જેમ કકળીશ.

9કારણ કે તેણીનો પ્રહાર, આ ઘાને રૂઝવી શક્યો નથી જે હવે યહૂદિયા સુધી આવ્યો છે, મારા લોકો જેઓ યરૂશાલેમમાં રહે છે તેમના દરવાજા સુધી આવી પહોંચ્યો છે.

10ગાથમાં તે કહેશો નહીં, વિલાપ કરશો નહીં; બેથલે-આફ્રાહ, તું ધૂળમાં આળોટ.

11હે શાફીરના રહેવાસીઓ, નિર્વસ્ત્ર થઈને ને નામોશી વહોરીને દેશવટાને રસ્તે પડો. સાઅનાનના રહેવાસીઓ પોતાના ઘરની બહાર નીકળવાની હિંમત કરી શકતા નથી. બેથ-એસેલ વિલાપ કરે છે; તે તમારી પાસેથી પોતાનો આધાર મેળવશે.

12મારોથના લોકો કંઈ સારાની રાહ જોવામાં નબળા બની ગયા, કારણકે, યહોવા તરફથી આફત યરૂશાલેમના દરવાજા સુધી આવી પહોંચી છે.

13ઓ લાખીશના લોકો રથને ઘોડા જોડો; સિયોનની પુત્રી માટે તે પાપની શરૂઆત હતી અને તમારામાં ઈસ્રાએલના અપરાધ મળ્યા હતા.

14અને તેથી મોરેશેથ-ગાથને વિદાય આપવી પડશે. આખ્ઝીબના કુળો, ઈસ્રાએલના રાજાઓ માટે છેતરામણાં હશે.

15ઓ મારેશાહના રહેવાસીઓ, હું તમારા માટે એક વિજેતા લાવીશ, ઈસ્રાએલનો મહિમા અદુલ્લામની ગુફામાં આશ્રય લેશે. 16તારા પ્રિય સંતાનોને લીધે તારા માથાના વાળ કપાવ, ને તારું પોતાનું માથું મુંડાવ; અને ગીધના જેવા બોડા થઈ જાઓ, કારણ, તેઓને તમારાથી દૂર લઈ જવામાં આવનાર છે.

## લોકોની દુષ્ટ યોજનાઓ

2 જેઓ પોતાની પથારીમાં જાગૃત રહીને પાપી યોજનાઓ અને દુષ્ટતા આચરવાની યોજનાઓ કરે છે તેઓને ધિક્કાર છે. પછી પ્રભાતના પ્રકાશમાં તેઓ તેનો અમલ કરે છે.

2તેઓ ખેતરો મેળવવાની ઈચ્છા રાખે છે તેથી તેને ઘેરી વળે છે, તેઓ ઘર મેળવવાની ઈચ્છા રાખે છે તેથી તેને પડાવી લે છે. તેઓ વ્યકિતને તેની સંપતિ માટે છેતરે છે, તેઓ વારસદારને તેના વારસા માટે ઠગે છે.

## લોકોને સજા કરવાની યહોવાની યોજના

3તેથી યહોવા કહે છે, "જુઓ, હું આ કુળ ઉપર આફત નાખવાનો વિચાર કરું છું, એમાંથી તમે તમારી જાતને નહીં

---

**મારા પ્રત્યેના … રૂપે મેળવ્યું છે** શાબ્દિક રીતે "તેની કમાણી વારાંગનાની કમાણી હતી."

**અને તે … પાછું જશે** શાબ્દિક રીતે "તે વારાંગનાની કમાણી તરીકે પાછું જશે."

બચાવી શકો, ને તમે હવે હોશીયારીથી ચાલી શકશો નહીં, કારણકે તે ભયાનક સમય હશે.

4તે દિવસે તેઓ તમને મહેણાં ટોણાં મારશે અને તમારે માટે દુ:ખના ગીતો ગાઈને કહેશે કે, 'આપણે તો સંપૂર્ણ રીતે પાયમાલ થઈ ગયા છીએ, તે અમારી જમીન બદલી નાખે છે અને જે મારી છે તે લઈ લે છે અને તે અમારા ખેતરો અમને દગો આપનારા વચ્ચે વહેંચી આપે છે. 5જ્યારે યહોવા લોકોની જમીનના ભાગ પાડશે, ત્યારે તમને તે નહીં મળે.'"

### મિખાહને ઉપદેશ માટે ના પાડવી

6લોકો મને કહે છે, "તમારે પ્રબોધ કરવો નહીં, તમે આવી વસ્તુઓ પ્રબોધવા માટે નથી, આપણી ઉપર અવકૃપા નહીં આવે."

7હે યાકૂબના કૂળસમુહો, શું આવું કહેવાય? શું યહોવા અધીરા છે? આ શું તેના કાર્યો છે? જેઓ નીતિમત્તાથી ચાલે છે તેમના માટે મારા શબ્દો સારા નથી?

8પણ છેવટે મારા લોકો શત્રુની જેમ વર્તી રહ્યાં છે. તમે પસાર થતાં શાંત લોકોના કપડાં ઉતારી નાખો છો, જેઓ એમ વિચારે છે કે તેઓ યુદ્ધમાંથી પાછા ફરતાં લોકોની જેમ સુરક્ષિત છે.

9મારા લોકોની સ્ત્રીઓને તમે તેઓનાં આરામદાયક મકાનોમાંથી કાઢી મૂકો છો; અને તેમનાં બાળકો પાસેથી મારું ગૌરવ તમે સદાને માટે હરી લો છો.

10ઊઠો, ચાલ્યા જાઓ, કારણકે આ તમારું વિશ્રામસ્થાન નથી. અશુદ્ધિ ભયંકર વિનાશ સાથે સંહાર કરે છે."

11જો કોઈ અપ્રમાણિકતા અને અસત્યની પ્રકૃતિવાળી વ્યકિત એમ કહેતી આવે કે "હું તમને પુષ્કળ દ્રાસારસ અને જવસોમ વિષે ઉપદેશ આપીશ," તો તે આ લોકોનોજ ઉપદેશક હશે."

### યહોવા પોતાના લોકોને ભેગા કરશે

12હું ચોક્કસપણે તમને બધાને, યાકૂબના લોકોને ભેગાં કરીશ. હું કાળજી પૂર્વક ઈસ્રાએલના બચેલાઓને ભેગાં કરીશ. હું તેમને વાડાના ઘેટાંની જેમ તથા ગોચરના ઘેટાંના ટોળાંની જેમ ભેગાં કરીશ. ચારેબાજુથી બધા લોકોના આવાજથી ત્યાં ઘોંઘાટ મચી જશે.

13પછી એક "ધસી પડનાર" તેમની આગળ આવશે અને તેઓ દરવાજો તોડીને તેમાંથી પસાર થશે, રાજા તેમની પહેલાં પસાર થઈ ગયો છે, યહોવા તેમના બધાંથી આગળ!

### ઈસ્રાએલના પ્રશાસકો દુષ્ટતાના અપરાધી

3 મેં કહ્યું, "ઓ યાકૂબના નેતાઓ અને ઈસ્રાએલ દેશના શાસકો, હવે આ શું તમારા માટે ન્યાયને જાણવાની જગ્યા નથી?

2પણ તમે ન્યાયને ધિક્કારો છો ને અન્યાય પર પ્રેમ રાખો છો! તમે મારા લોકોના શરીર પરથી ચામડી અને તેના હાડકાં ઉપરથી માંસ ઊતારી લો છો.

3તમે મારા લોકોનું માંસ ખાઓ છો, તેમના શરીર ઉપરથી ચામડી ઉઝરડી નાખો છો, તેમના હાડકાં ભાંગીને ચૂરાં કરી નાંખો છો અને તેને માંસની જેમ રાંધવા માટે તમે તેને કડાઈમાં પાથરી દો છો.

4અને પછી સંકટના સમયે મદદ માટે તમે યહોવાને વિનંતી કરો છો! પરંતુ તે તમને જવાબ નહી આપે. તમે અનિષ્ટ કામો કર્યા છે, તેથી તે તમારાથી મોઢું ફેરવી લેશે."

### જૂઠા પ્રબોધકો

5હે જૂઠા પ્રબોધકો, તમે યહોવાના લોકોને ખોટા માર્ગે લઈ જાઓ છો.

તમને ખોરાક આપે તેઓને તમે શાંતિ થાઓ એમ કહો છો અને જેઓ નથી આપતા તેઓને તમે ધમકાવો છો. તમારા માટે દેવનો આ સંદેશો છે.

6તમારા ઉપર રાત્રિના ઓળાં ઊતરશે; તમને કોઈ દિવ્યદર્શન નહીં થાય, તમારા ઉપર અંધારા ઊતરશે, તમે કોઈ ભવિષ્ય ભાખી શકશો નહીં, તમારો સૂર્ય આથમી જશે અને તમારો દિવસ અંધારો થઈ જશે.

7દ્રષ્ટાઓ લજ્જિત થશે, અને ભવિષ્યવેત્તાઓ ગૂંચવાઈ જશે, તેઓ બધા પોતાના હોઠ ઢાંકી દેશે; કારણકે દેવ તરફથી કઈ પણ ઉત્તર મળતો નથી.

### મિખાહ દેવનો નિખાલસ પ્રબોધક

8"પરંતુ જ્યારે મારા માટે, યાકૂબને તેના અપરાધ વિષે અને ઈસ્રાએલને તેના પાપો વિષે જણાવવા માટે યહોવાના આત્માએ મને સામર્થ્ય, ન્યાય અને શકિતથી ભરી દીધો છે."

### ઈસ્રાએલના આગેવાનો જવાબદાર

9ઓ યાકૂબના વંશના નેતાઓ અને ઈસ્રાએલના કૂળના શાસકો જેઓ ન્યાયને ધિક્કારો છો, અને સર્વ નીતિમત્તાને ઉલટાવો છો હવે ધ્યાનથી સાંભળો. 10તમે સિયોનને હિંસાથી અને યરૂશાલેમને અન્યાય દ્વારા બાંધ્યા છે.

11તેના આગેવાન નેતાઓ લાંચ લઈને ન્યાય કરે છે. ને તેના યાજકો પગાર લઈને બોધ કરે છે અને તેના પ્રબોધકો પૈસા લઈને ભવિષ્ય ભાખે છે. એમ છતાં પણ તેઓ યહોવા પર આધાર રાખે છે, અને કહે છે, "શું યહોવા આપણી પાસે નથી? આપણા પર કોઈ આફત આવશે નહીં."

12આથી, તમારે કારણે સિયોનને ખેતરની જેમ ખેડી નાખવામાં આવશે, અને યરૂશાલેમ કાટમાળનો ઢગલો થઈ જશે; અને ટેકરી ઉપરનું મંદિર ઝાડી ઝાંખરાથી ઢંકાઈ જશે.

### શાંતિના શાસનનું આગમન

4 હવે પછીના સમયમાં યહોવાના મંદિરનો પર્વત બીજા બધા પર્વતો કરતાં ઊંચો કરવામાં આવશે, જે બીજાં બધાં શિખરોને ટપી જશે.

2ઘણાં જુદા જુદા દેશના લોકો ત્યાં ચાલ્યાં આવશે અને કહેશે કે, "ચાલો આપણે યહોવાના પર્વત ઉપર, યાકૂબના વંશના દેવના મંદિરે જઈએ; જે આપણને તેના પોતાના જીવનમાર્ગ વિષે શીખવશે અને પછી આપણે તેના માર્ગે ચાલીશું." કારણકે નિયમશાસ્ત્ર સિયોનમાંથી બહાર પડશે અને યહોવાના વચન યરૂશાલેમ તરફથી પ્રગટ થનાર છે.

3તે ઘણા લોકોને ન્યાય કરશે, દૂરના બળવાન લોકો માટે નિર્ણયો કરશે; ત્યારે લોકો પોતાની તલવારો ટીપીને હળની કોશો બનાવશે; અને ભાલાઓનાં દાંતરડા બનાવશે. પ્રજાઓ એકબીજા સામે તલવાર ઉગામશે નહીં કે ફરીથી કદી યુદ્ધનું પ્રશિક્ષણ લેશે નહીં.

4પણ પ્રત્યેક મનુષ્ય પોતપોતાના દ્રાક્ષાવેલા નીચે તથા પોતપોતાની અંજીરી નીચે બેસશે; અને તેમને કોઈનો ભય રહેશે નહી, કારણકે આ સર્વસમર્થ યહોવાના મુખના વચન છે.

5પ્રત્યેક પ્રજા પોતપોતાના દેવના નામ પર શ્રદ્ધા રાખીને ચાલે છે, અને અમે પણ સર્વકાળ હંમેશા, અમારા સર્વસમર્થ યહોવા દેવને માર્ગે શ્રદ્ધા રાખીને ચાલીશું.

### આ રાજ્યને પાછું લાવવું છે

6યહોવા કહે છે, "તે દિવસે જેમને મેં હાંકી કાઢીને દુ:ખી કર્યા છે, જેઓ અપંગ થઈ ગયા છે તે મારા લોકોને હું એકત્ર
કરીશ. 7હું અપંગોને અતિજીવી બનાવીશ અને દૂર હાંકી કઢાયેલાઓમાંથી એક શક્તિશાળી રાષ્ટ્ર બનાવીશ અને યહોવા સદાકાળને માટે સિયોનના પર્વત ઉપરથી તેમના ઉપર રાજ્ય કરશે.

8અને તમે, ટોળાંના બૂરજો, સિયોનની પુત્રીના શિખર, તમે તમારી શક્તિ પાછી મેળવશો અને અગાઉનું રાજ્ય યરૂશાલેમની પુત્રી પાસે પાછું ફરશે."

### ઈસ્રાએલીઓને ખરેખર શા માટે બાબિલ પાસે જવું જોઈએ?

9હવે તું શા માટે મોટેથી બૂમો પાડે છે? તારે ત્યાં રાજા નથી? તારા સલાહકારો નાશ પામ્યા છે કે તું આમ પ્રસુતાની જેમ પીડાય છે હે યરૂશાલેમ?

10હે સિયોનની પુત્રી, પ્રસૂતિથી પીડાતી સ્ત્રીની જેમે તું તરફડજે અને ચીસો પાડજે; કારણકે હવે તું યરૂશાલેમમાંથી દૂર થઈ જશે, ને સીમમાં રહેશે, ને બાબિલમાં પણ જશે; ત્યાં તને છોડવામાં આવશે; ત્યાં યહોવા તને તારા શત્રુઓના હાથમાંથી છોડાવશે.

### યહોવા બીજી પ્રજાને સમાપ્ત કરશે

11અત્યારે ઘણી પ્રજાઓ તારી સામે ભેગી થઈ છે અને કહે છે કે, "ભલે તેણી ભ્રષ્ટ થાય જેથી આપણી આંખો સિયોનને જોઈ શકે."

12પરંતુ તેઓ યહોવાના વિચારોને જાણતા નથી. તેઓ યહોવાની યોજના સમજતા નથી, તેણે તેમને અનાજની જેમ ભેગા કર્યા છે અને તેમને ઝૂડવા માટેની જમીન પર લાવીને મૂક્યા છે.

### ઈસ્રાએલ શત્રુઓને હરાવી જીત મેળવશે

13"હે સિયોનની પુત્રી, ઊઠ, અને ખૂંદવા માંડ! હું તારા શિંગડાં લોખંડના અને ખરીઓ કાંસાની બનાવીશ; અને તું તેના વડે ઘણી પ્રજાઓને કચડી નાખીને ચૂરેચૂરા કરી નાખીશ; અને તેમની પાસેથી લૂંટમાં મળેલી સંપત્તિ સમગ્ર પૃથ્વીના યહોવા એવા મને સમર્પણ કરીશ."

5 હે યરૂશાલેમ, તારી સેના ભેગી કર, દુશ્મનોએ આપણને ઘેરો ઘાલ્યો છે; તેઓ ઈસ્રાએલના ન્યાયાધીશને ગાલ પર સોટી વડે મારશે.

### બેથલેહેમનું ગૌરવ

2ઓ બેથલેહેમ એફ્રાથાહ, તું યહૂદિયાનું સૌથી નાનકડું ગામડું છે, પણ મને લાગે છે કે, "ઈસ્રાએલનો શાસક તારામાંથી આવશે, જેના વંશના મૂળ ખૂબ પ્રાચીન કાળમાં છે."

3તેથી યહોવા પોતાના લોકોનો ત્યાગ કરશે, પણ ગર્ભવતીને પુત્ર અવતરશે ત્યાં સુધીજ. ત્યારબાદ તો એ પુત્રના જાતભાઈઓમાંથી બચવા પામેલાઓ દેશવટેથી પાછા આવી બીજા ઈસ્રાએલીઓની સાથે ભેગા થશે.

4તે યહોવાના સામર્થ્ય સહિત તથા પોતાના દેવ યહોવાના નામના પ્રતાપ સહિત ઊભો રહીને પોતાના લોકોનું પાલન કરશે. અને તેઓ સુરક્ષામાં રહેશે. અને તે વખતે તો આખી દુનિયામાં તેમનો પ્રભાવ પડતો હશે, અને તે જ શાંતિ ફેલાવશે.

5હવે ત્યાં શાંતિ હશે. આશ્શૂરી સૈન્ય આપણા વતન વિરૂદ્ધ ચઢી આવશે અને તે આપણી જમીન ઉપર કૂચ કરશે ત્યારે આપણી કાળજી લેવા માટે તે સાત ઘેટાંપાલકોની અને આપણને દોરવણી આપવા માટે આઠ સરદારોની નિમણૂંક
કરશે. 6તેઓ આશ્શૂરની ભૂમિ ઉપર તલવારથી અને નિર્મ્રોદની ભૂમિ ઉપર ઉઘાડી તલવારોથી શાસન કરશે, અને તે આપણને આશ્શૂરથી બચાવશે જે આપણી ભૂમિ ઉપર પ્રવેશ્યા છે અને જેણે આપણી સરહદોને કચડી નાખી છે.

7ઘણી પ્રજાઓમાંથી યાકૂબના બચવા પામેલા વંશજો ઘાસ ઉપર વરસતાં ઝાપટાં જેવા બની જશે, જે માણસ ઉપર આધાર રાખતા નથી, કે તેના માટે રોકાતા નથી.

8યાકૂબના બચી ગયેલાઓ ઘણી પ્રજાઓમાં વનનાં પશુઓમાં સિંહના જેવા, તથા ઘેટાંના ટોળામાં સિંહના બચ્ચા જેવા થશે; કે જે તેઓમાં થઈને જાય તો તેમને કચડી નાખે છે, ને તેમને ફાડીને ટુકડા કરે છે. ને છોડાવનાર કોઈ હોતું
નથી. 9તારા શત્રુઓ ઉપર તારો હાથ ઉગામાશે અને તારા બધા હરીફો નાશ પામશે.

### લોકો દેવના વિશ્વાસે રહેશે

10વળી યહોવા કહે છે કે, "તે દિવસે, તમારી વચ્ચેથી હું તમારા ઘોડાઓનો વધ કરી નાખીશ અને તમારા રથોનો નાશ કરીશ.

11હું તમારા દેશના નગરોનો નાશ કરીશ, ને તમારા સર્વ કિલ્લાઓ તોડી પાડીશ;

12હું બધા જાદુગરોનો નાશ કરીશ અને બધા ભવિષ્યવેત્તાઓને હાંકી કાઢીશ.

13હું તમારી સર્વ મૂર્તિઓ અને સ્તુતિસ્તંભો જેની તમે ઉપાસના કરો છો તેનો નાશ કરીશ. તમારા હાથોએ જે બનાવ્યું છે તેની તમે ફરીથી ભક્તિ કરશો નહી,

14તમારા દેશમાંથી હું અશેરાદેવીની પ્રતિમાઓને ઉખેડી નાખીશ અને તમારા શહેરોનો નાશ કરીશ.

15અને મારી આજ્ઞાઓનું પાલન ન કરનાર પ્રજાઓ ઉપર હું રોષે ભરાઈને વેર વાળીશ."

### યહોવા દેવની ફરિયાદ

6 હવે યહોવા શું કહે છે તે તમે સાંભળો, "ઊઠ, ઊભો થા, અને ડુંગરો અને પર્વતોને ફરિયાદ સાંભળવા માટે બોલાવ."

2હે પર્વતો, હે પૃથ્વીના અચલ પાયાઓ, યહોવાની ફરિયાદ સાંભળો, કારણકે તેમની ફરિયાદ પોતાના ઈસ્રાએલી લોકો વિરૂદ્ધ છે તે તેઓની સામે કાયદેસરના પગલાં ભરશે.

3યહોવા કહે છે, "મેં તમને શું કર્યુ છે? તમને કઈ રીતે દુ;ખ આપ્યું છે? એનો મને જવાબ આપો.

4હું તમને મિસરમાંથી બહાર લઈ આવ્યો, મેં તમને ગુલામીમાંથી મુકત કર્યા અને તમને દોરવણી આપવા માટે મેં મૂસાને, હારુનને અને મરિયમને મોકલ્યાં હતાં.

5હે મારા લોકો, યાદ રાખજો કે મોઆબના રાજા બાલાકે કેવી રીતે અનિષ્ટ યોજના કરી હતી, અને બયોરના પુત્ર બલામે તેનો કેવી રીતે ઉત્તર આપ્યો હતો? યાદ રાખજો કે શિતિમથી ગિલ્ગાલને શું બન્યું હતું, જેથી તમે યહોવાના ન્યાયી કાર્યોને સમજી શકશો."

### દેવ આપણી પાસે શું માગે છે?

6હું જ્યારે પરાત્પર દેવની ઉપાસના કરવા આવું ત્યારે સાથે શું લેતો આવું? એક વર્ષના વાછરડાઓનાં અર્પણ સાથે શું અમે યહોવાની સમક્ષ નમન કરીએ? અરે ના, એમ નહીં!

7જો તમે હજારો ઘેટાં અને 10,000 કરતાં વધારે જૈતતેલની નદીઓનું તેમને અર્પણ કરો, તો શું તે રાજી થશે? શું તેનાથી તેને સંતોષ થશે? શું હું મારા પ્રથમ જન્મેલા બાળકનું મારા વિરોધ માટે બલિદાન કરું? મારા અપરાધો માટે મારું પોતાનું શરીર ફળ ભોગવશે.
8ઓ માનવી, શું સારું છે તે એણે તમને જણાવ્યું છે. અને તમારી પાસેથી યહોવાને તો એટલું જ જોઈએ છે, ફકત તમે ન્યાય આચરો વિશ્વસનીયતાને ચાહો અને તમારા દેવ સાથે નમ્રતાથી જીવો.

### ઈસ્રાએલના લોકો શું કરી રહ્યાં હતા?

9યરૂશાલેમના સર્વ રહેવાસીઓને પાસે યહોવાનો સાદ સંભળાય છે; જેઓ ખરેખર શાણા છે તે તમારા નામની ઉપાસના કરે છે. સજાના દંડ ઉપર અને તેની નિમણૂંક કરનાર ઉપર ધ્યાન આપો.
10દુષ્ટોના ઘરોમાં પાપનો પૈસો અને તિરસ્કારપાત્ર ખોટાં માપ પડેલાં છે.

11અનિષ્ટ ત્રાજવાં અને ઠગારા કાટલાં વાપરનાર માણસને હું કેવી રીતે ઓળખું?

12તમારા ધનવાનો ક્રૂર હોય છે. અને તમારા રહેવાસીઓ જૂઠું બોલે છે અને છેતરનારી જીભ તેમના મોઢાંમાંજ રહેતી હોય છે.

13આથી મેં તમને સજા કરવાનું શરું કર્યુ છે અને હું તમને તમારા પાપોને લીધે ગમગીન બનાવી દઈશ.

14તમે ખાશો પણ સંતોષ નહીં પામો; ભૂખ્યા જ રહેશો, તમે બચવાના ઘણા પ્રયત્નો કરશો, પણ સફળ નહી થાઓ. તમે જે કંઈ બચાવશો તે હું, જેઓએ તમને હરાવ્યા છે તેમને સોંપી દઈશ.

15તમે વાવશો પરંતુ તમે ધાનની કાપણી કરી શકશો નહીં, તમે જૈતફળોને પીલીને તેલ કાઢશો છતાં તમારા અંગ ઉપર પૂરતું તેલ ચોપડવા પામશો નહીં, તમે દ્રાક્ષા ખીલવશો પણ તેમાંથી દ્રાક્ષારસ પી શકશો નહીં.

16તમે રાજા ઓમરી અને તેના વંશજ આહાબના કુરિવાજો પાળ્યા છે, તમે તેમને પગલે ચાલ્યાં છો, તેથી હું તમને ખેદાનમેદાન કરી નાખીશ; તમારા લોકો હાંસી પાત્ર બની જશે અને સૌ કોઈ તમારું અપમાન કરશે."

### લોકોના પાપ વિષે મિખાહની વ્યાકુળતા

7 હું કેટલો ઉદાસ છું! કારણકે હું એવો વ્યક્તિ થઈ ગયો છું જેને ઉનાળુ કાપણી પછી અને દ્રાક્ષ ભેગી કરવાની ઋતુ પછી ખાવા માટે દ્રાક્ષ મળતી નથી અથવા તો જેના માટે તીવ્ર ઈચ્છા રાખી હતી તે પહેલું ફળ મળતું નથી.

2ભૂમિ પરથી બધાંજ પ્રમાણિક માણસો કોઈનું ખૂન કરવાનો લાગ શોધી રહ્યાં છે,

3તેમના હાથ દુષ્કૃત્યો કરવામાં પાવરધા છે. અમલદારો લાંચ માંગે છે આદરણીય લોકો પણ નિષ્ઠુરતાથી પોતાના સ્વાર્થનીજ વાતો કરે છે અને પોતાનું ધાર્યુ કરે છે.

4તેઓમાં જે શ્રેષ્ઠ છે તેઓ કાંટા ને જાંખરા જેવા છે; સૌથી વધારે પ્રમાણિક ગણાય છે તેઓ જાંખરામાંથી બનાવેલી વાડ જેવા છે,

### સજાનો દિવસ આવી રહ્યો છે

પણ હવે તમારો ન્યાયનો દિવસ સત્વરે આવે છે. તમારી શિક્ષાનો સમય લગભગ આવી ગયો છે; ગૂંચવણ, વિનાશ અને ગભરાટનો તમે અનુભવ કરશો.

5પડોશીનો વિશ્વાસ કરશો નહીં, મિત્ર ઉપર આધાર રાખશો નહીં, તમારી પ્રાણથી પ્યારી પત્ની આગળ પણ મોઢું સીવેલું રાખજો;

6કારણકે એક પુત્ર પોતાના પિતાનો આદર કરતો નથી. પુત્રી માની સામે થાય છે, માણસના કુટુંબીઓ જ તેના વેરી બની ગયા છે.

### યહોવા બચાવવા વાળા છે

7પણ હું તો યહોવા તરફ જોઈશ, હું મારા તારણ કરનાર દેવની વાટ જોઈશ; મારા દેવ મને સાંભળશે.

8ઓ મારા દુશ્મન, મારી દુર્દશામાં હર્ષ ન કર; જો હું પડી જાઉં, તો પણ હું પાછો ઊઠીશ; જો હું અંધકારમાં બેસું, તો પણ યહોવા મને અજવાળા રૂપ થશે.

### યહોવા ક્ષમાં કરે છે

9હું યહોવાનો કોપ સહન કરીશ, કારણકે મેં તેમની વિરૂદ્ધ પાપ કર્યુ છે. તેઓ મારી તરફદારી કરશે અને મને ન્યાય કરશે ત્યાં સુધી. દેવ મને અંધકારમાંથી પ્રકાશમાં લાવશે અને હું તેમની ભલાઈ જોઈશ.

10મારા દુશ્મનો આ જોશે અને જેઓ મને એમ કહેતાં હતાં કે, "તારા દેવ યહોવા કયાં છે?" તેઓ શરમિંદા બની જશે મારી આંખો આ જોશે, તેણી રસ્તાના કાદવની જેમ પગ તળે કચડાયેલી જગ્યા બની રહેશે.

### યહૂદીઓ પાછા ફરશે

11જે દિવસે તારા કોટ બંધાશે, તે દિવસે તારી સરહદ બહુ દૂર થશે.

12તે દિવસે લોકો–આશ્શૂરથી મિસર સુધીના, અને મિસરથી તે ફ્રાત નદી સુધીના, સમુદ્ર થી સમુદ્ર સુધીના, અને પર્વતથી પર્વત સુધીના, લોકો બધે ઠેકાણેથી તારે ત્યાં આવશે.

13પણ પૃથ્વી એનાં લોકોને કારણે અને તેમણે કરેલાં કર્મોના ફળરૂપે વેરાન બની જશે.

14હે યહોવા, આવો અને તમારા લોકો ઉપર અધિકાર ચલાવો, તમારા ટોળાને દોરવણી આપો; તેઓને કાર્મેલના જંગલમાં એકલા રહેવા દો. ભલે અગાઉના દિવસોની જેમ બાશાન અને ગિલયાદમાં તેઓ આનંદ પ્રમોદ કરે.

### ઈસ્રાએલ પોતાના શત્રુઓને હરાવશે

15જેવી રીતે મિસરની ભૂમિમાંથી છૂટ્યા હતાં તે દરમ્યાન કર્યુ હતું તેવીજ રીતે અદભૂત વસ્તુઓ હું બતાવીશ.

16પ્રજાઓ આ જોશે અને પોતાની સર્વ શકિત હોવા છતાં લજ્જિત થશે; તેઓ પોતાના હાથ પોતાના મોં પર મૂકશે, તેઓના કાન બહેરા થઈ જશે.

17જમીન ઉપર પેટેથી ઘસડાતા પ્રાણીઓની જેમ તેઓ પોતાના કિલ્લાઓમાંથી બહાર આવશે. તેઓ અમારા દેવ યહોવાને કારણે ભયથી થરથર કાંપશે અને તારાથી ડરીને ચાલશે.

### યહોવાની સ્તુતિ કરો

18તમારા જેવા દેવ બીજા કોણ છે? કારણકે તમે તો પાપ માફ કરો છો અને તમારા વારસાના બચેલા ભાગના અપરાધને દરગુજર કરો છો; તમે પોતાનો ક્રોધ કાયમ રાખતા નથી; કારણકે તમે કરુણામાં જ રાચો છો.

19તમે ફરી એક વખત અમારા ઉપર કૃપા કરશો અને અમારા અપરાધોને પગ તળે કચડી નાખશો. અને અમારા પાપોને દરિયામાં પધરાવી દેશો.

20તમે યાકૂબને વિશ્વાસપાત્ર હશો અને ઈબ્રાહિમને વિશ્વાસપાત્ર હશો જેમ તમે પ્રાચીન કાળથી અમારા પૂર્વજોને વચન આપ્યુ હતું.

# યૂના

### યૂનાનો દેવની આજ્ઞાનો અનાદર

1 અમિત્તાયના પુત્ર યૂનાને યહોવાનો એવો સંદેશો મળ્યો
કે, 2"ઉભો થા, નિનવેહના મોટા નગરમાં જા અને તેમને
ચેતવ : તમારી દુષ્ટ બાબતો મારી પાસે આવી છે."
3પરંતુ યૂના યહોવાની હજૂરમાંથી તાર્શીશ ભાગી જવાને
ઊઠ્યો અને યાફા ચાલ્યો ગયો, ત્યાં તેને તાર્શીશ જતું વહાણ
મળી ગયું. આથી તે ભાડું ચૂકવીને યહોવાથી દૂર તાર્શીશ
જવા માટે વહાણમાં ચઢી ગયો.

### ભયંકર તોફાન

4પરંતુ યહોવાએ સમુદ્રમાં ભારે પવન મોકલ્યો અને
શક્તિશાળી વાવાઝોડું થયું અને વહાણ તૂટવાના આરે હતું.
5ત્યારે ખલાસીઓ બહું ગભરાઇ ગયા અને પોતપોતાના
દેવને પ્રાર્થના કરવા લાગ્યા. તેઓએ વહાણને હલકું કરવા
તેમાંનો માલસામાન દરિયામાં ફેકી દીધો. પણ યોનાહ
વહાણમાં ચાલ્યો ગયો હતો અને નીચે સૂતો પડ્યો હતો.
6વહાણના કપ્તાને કહ્યું, "શા માટે તું સુતો છે? ઉભો થા!
તારા દેવને પ્રાર્થના કર! કદાચ તે આપણા પર દયા દર્શાવે
અને આપણે નહીં મરીએ."

### આ તોફાન કેમ આવ્યું?

7તેથી ખલાસીઓએ એકબીજાને કહ્યું, "ચાલો, આપણે
ચિઠ્ઠીઓ નાખીને જોઇએ કે કોને લીધે આપણા પર આ
વિધ્ન આવ્યું છે."
આથી તેમણે ચિઠ્ઠીઓ નાખી અને યૂનાની પસંદગી થઇ.
8એટલે 'યૂના'ને તેઓએ પૂછયું, "શાના લીધે અમારા પર આ
મુસીબત ઉતરી છે? તારો વ્યવસાય શું છે? તું ક્યાંથી આવે
છે? તારો દેશ કયો છે? અને તું કઇ જ્ઞાતિનો માણસ છે?"
9તેથી યૂનાએ કહ્યું, "હું મિસરી છું, અને હું આકાશના દેવ
યહોવાને પૂજું છું, જેણે ધરતી અને સમુદ્ર બંનેનું સર્જન કર્યુ
છે. 10આથી તે માણસો વધારે ડરી ગયા, તેઓએ તેને કહ્યું,
"તે આ શું કર્યુ? કારણકે તેના કહેવાથી તેમણે જાણ્યું કે તે
યહોવાની હજૂરમાંથી ભાગી જાય છે."
11સમુદ્ર વધારે ને વધારે વિષમ થયો, એટલે તેઓએ
તેને કહ્યું, "અમે તને શું કરીએ તો સમુદ્ર શાંત થાય?"
12યૂનાહે તેઓને કહ્યું,"મને ઉપાડીને દરિયામાં તેને શાંત
કરવા માટે નાખી દો. કારણ મને ખબર છે કે મારે કારણે તમે
આ શક્તિશાળી વાવાઝોડામાં સપડાયા છો."
13ખલાસીઓએ વહાણને પાછું કાંઠે લાવવા માટે
હલેસા મારવા પ્રયત્ન કર્યા, પણ તેઓ સફળ થયા
નહીં, કારણ દરિયો વધારે ને વધારે વિષમ થતો જતો
હતો.

### યૂનાને સજા

14તેથી તેઓએ યહોવાને પ્રાર્થના કરી, "ઓ યહોવા, અમે
તને કાલાવાલા કરીએ છીએ, આ માણસનો જીવ લેવા માટે
અમે મરી જઇએ એવું ના કરતાં, અમારા માથે નિર્દોષની
હત્યા નાખતો નહીં. કારણ, ઓ યહોવા, તમે જેમ તમને
ઠીક લાગ્યું તેમ કર્યુ છે."
15પછી તેઓએ યૂનાને પકડી લીધો અને સમુદ્રમાં ફેંકી
દીધો અને સમુદ્ર શાંત થયો. 16આથી ખલાસીઓ યહોવાથી
ખૂબ ડરી ગયા, અને તેઓએ યહોવાને બલિ અર્પ્યો, અને
તેને વિશિષ્ટ વચનો આપ્યાં.
17યૂનાને ગળી જવા માટે યહોવાએ એક મોટી માછલી
નિર્મિત્ત કરી હતી અને ત્રણ દિવસ અને ત્રણ રાત 'યૂના'
માછલીના પેટમાં રહ્યો.

### યૂનાની પ્રાર્થના

2 યૂનાએ માછલીના પેટમાંથી યહોવાને પ્રાર્થના કરી.
2તેણે કહ્યું,"મારી વિપત્તિમાં મેં યહોવાને બોલાવ્યા અને
તેમણે મને પ્રત્યુત્તર આપ્યો મૃત્યુની ઊડી ખીણમાં મેં મદદ
માટે રૂદન કર્યુ અને તમે મને સાંભળ્યો.
3કારણકે તમે મને સમુદ્રના ઊંડાણમાં ફેંક્યો, પાણીના
મોજાઓએ મને બધી બાજુથી ઢાંકી દીધો.
4ત્યારે મને થયું, 'મને તમારી નજર આગળથી ફેંકી દેવામાં
આવ્યો છે' તો પણ હું ફરીથી તમારા પવિત્રમંદિર તરફ
જોઇશ.
5પાણીની ભીંસથી હું મરવા જેવો થઇ ગયો હતો, મહાસાગર
મને ચોમેરથી ઘેરી વળ્યો હતો, મારા માથા ફરતે દરિયાઇ
વેલા વીંટાઇ ગયા હતા.
6હું નીચે પર્વતોના મૂળ તરફ ગયો, પૃથ્વીએ સદા માટે
મને બંધી કર્યો. પણ ઓ મારા દેવ યહોવા તે મને ઉંડી
કબરમાંથી બહાર કાઢયો.
7જ્યારે મારું જીવન તાજગી ગુમાવી રહ્યું હતું. મેં યહોવાને
યાદ કર્યા મારી પ્રાર્થના તારા પવિત્ર મંદિરમાં તારા કાને
પહોંચી.

8લોકો કે જેઓ દેવની નકામી મુતિર્ઓ પૂજે છે
તેઓ તે જ એકને ત્યાગી દે છે જે વફાદારીથી તેમની
દરકાર કરત.
9પણ હું બલિઓ અર્પીશ અને તમને ધન્યવાદ આપીશ.
હું મારા વચનો જાળવીશ. તારણ યહોવાથી આવે છે."
10પછી યહોવાએ માછલીને આજ્ઞા કરી, ને તેણે યૂના ને
કોરી જમીન પર ઓકી નાખ્યો.

## દેવનું આમંત્રણ અને યૂનાનુ આજ્ઞા પાલન

3 પછી યહોવાએ યૂના સાથે બીજી વાર વાત કરી, 2"ઊભો
થા, મહાનગર નિનવેહ જા, હું તને કહું તે સંદેશો તેમને
આપ."
3આથી યૂના ઉભો થયો અને યહોવાએ કહ્યું હતું તેમ
નિનવેહ ગયો. નિનવેહ બહુ મોટુ શહેર હતું. શહેરમાંથી
પસાર થતાં ત્રણ દિવસ લાગ્યાં.
4પ્રથમ દિવસે યૂના શહેરમાં ગયો અને જાહેર કર્યુ, "ચાલીસ
દિવસ પછી નિનવેહનો નાશ થશે."
5નિનવેહનાં લોકોએ દેવ પર વિશ્વાસ કર્યો અને
તેઓએ ઉપવાસ કરવાનો અને વિશિષ્ટ શોક વસ્ત્રો
ધારણ કરવાનો નિર્ણય કર્યો. નાનાથી મોટા બધાંએ આમ
કર્યુ. 6સમાચાર સાંભળી નિનવેહનો રાજા તેની ગાદી પરથી
નીચે આવ્યો અને તેનો ઝભ્ભો ઉતારી શણના શોક વસ્ત્રો
ધારણ કર્યા અને રાખમાં બેઠો. 7રાજાએ એક વિશેષ સંદેશો
બહાર પાડ્યો:

રાજા અને તેના અધિકારીઓના પ્રભુત્વથી આ નિયમ
હતો. માણસ કે ચોપગા પશુ, કે પશુપક્ષીના સમૂહને
કંઈ ખાવા ન દો. તેમને ચરવા કે પાણી પીવાની
પરવાનગી ન આપો.
8માણસો અને પ્રાણીઓએ શણના વસ્રો પહેરવાજ
અને દેવ તરફ જોરથી વિલાપ કરવોજ. દરેકે તેના દુષ્ટ
રસ્તાઓ બદલવા અને તેમનાં ખરાબ કૃત્યો બંધ કરવા.
9કોને ખબર દેવ, કદાચ વિચાર બદલે અને તેના રોષથી
ફરી જાય તેથી આપણો નાશ ન થાય.

10દેવે તેમના કૃત્યો જોયા. તેણે જોયું કે તેઓએ તેમના
દુષ્ટ રસ્તાઓ છોડી દીધાં હતાં. તેથી તેણે તેઓ પર દયા
વરસાવી. તેણે વિચાર બદલ્યો અને સજાની યોજના પડતી
મૂકી. તેણે તેની યોજના પાર કરી નહીં.

## યૂનાનો ક્રોધ ને દેવની કરૂણા

4 પરંતુ યૂનાને આ પસંદ પડ્યું નહીં અને તે ગુસ્સે
થયો. 2તેણે યહોવાને પ્રાર્થના કરી, "ઓ યહોવા, તમે
આમજ કરશો એમ હું જાણતો હતો! એટલા માટે હું પહેલાં
તાર્શીશ ભાગી ગયો. મને ખબર હતી કે તમે તો કૃપાળુ અને
દયાળુ દેવ છો! તમે ઝડપથી ગુસ્સે થતા નથી અને તમે બહુ
કૃપા ધરાવો છો. તે તમે ચૂકાદાને લગતાં તમારા વિચારો
બદલો છો. 3માટે હવે, ઓ યહોવા, તમે મારા પ્રાણ હરી લો,
હું જીવવા કરતા મરવાનું વધારે પસંદ કરું છું."
4પછી યહોવાએ કહ્યું, "તું આમ ગુસ્સે થાય છે તે શું
યોગ્ય છે?"
5ત્યારબાદ યૂના નગર બહાર ગયો અને પૂર્વ દિશા તરફ
બેઠો. ત્યાં તેણે પોતાને માટે આશ્રયસ્થાન બાંધ્યું. પછી તે
તેની છાયામાં બેસી નગરનું શું થાય છે તે નિહાળવાને રાહ
જોતો બેસી રહ્યો.

## એરંડાનો છોડ અને કીડાં

6દેવ યહોવાએ કીકાયોનનો એરંડાનો એક વેલો યૂના
ઉપર ઉત્પન્ન કર્યો, કે જેથી તે તેના માથા ઉપર છાયા કરીને
તેની ગમગીની દૂર કરે. એ કીકાયોનના વેલાને લીધે યૂના
બહુજ ખુશ હતો.
7પંરતુ બીજી સવારે દેવની યોજના મૂજબ, એક કીડો
છોડ ખાઈ ગયો અને તે સુકાઈ ગયું.
8પછી જ્યારે સૂર્ય આકાશમાં ઉંચે ઉગ્યો, દેવે ગરમ પૂર્વિય
પવનને યૂના ઉપર મોકલ્યો. તેથી યૂનાનાં માથા પરની
સૂર્યની ગરમીએ યૂનાને નબળો બનાવ્યો અને તેણે મૃત્યુ
માંગ્યું તેણે કહ્યું, "હું જીવવા કરતાં મરવાનું પસંદ કરું છું. "
9પરંતુ દેવે 'યૂના'ને કહ્યું, "વેલો નાશ પામ્યો તેથી તું આમ
ગુસ્સે થાય તે યોગ્ય છે?"
યૂનાએ કહ્યું, "હા તે યોગ્ય છે. હું ગુસ્સે થઈ રહ્યો છું અને
મરવા ચાહું છું."
10પછી યહોવાએ કહ્યું, "તે કદીય છોડનું પાલન કે
દેખભાલ ન કરી. તે રાતો રાત ઉગ્યું અને તે રાતોરાત મરી
પણ ગયું. પણ હવે તું છોડ વિષે દુ:ખી છે. 11પછી શા માટે
મારે નિનવેહના મહાન શહેર માટે દિલગીર ન થવું જેમાં
1,20,000 લોકો છે જેઓને ખરાખોટાની ખબર નથી અને
જ્યાં ઘણા પશુઓ છે."

# ઓબાદ્યા

## અદોમ સજા પામશે

1 આ ઓબાદ્યાનું દર્શન છે. દેવ યહોવા અદોમ વિષે આમ કહે છે:

યહોવા દેવ તરફથી અમને સંદેશો મળ્યો છે. દેવે સંદેશવાહક મોકલ્યો છે અને રાષ્ટ્રો માટે આ સંદેશો આપ્યો છે. ઉભા થાઓ, "ચાલો આપણે અદોમની સામે યુદ્ધે ચડીએ."

## યહોવા અદોમને કહે છે

2"હું તને રાષ્ટ્રો વચ્ચે સૌથી નાનું બનાવીશ. તું અતિશય ધૃણિત છે.

3તારા અંતરના અભિમાને તને ભરમાવ્યો છે. ઓ ઊંચા પહાડો પર અને ખડકોની બખોલમાં વસનાર, તું તારા મનમાં એમ વિચારે છે કે, 'મને કોણ ભોંય પર પછાડી શકે એમ છે?'"

## અદોમને નીચું પાડવામાં આવશે

4"ગરૂડની જેમ તું ઘણે ઊંચે ચઢીશ અને તારાઓ મધ્યે તારો માળો બાંધીશ તો ત્યાંથીય હું તને નીચે પાડીશ એમ યહોવા દેવ કહે છે."

5જો ચોરો તારી પાસે આવ્યા હોત તો ઘણું સારું થાત. ધાડપાડુઓ રાતે આવ્યા હોત તો વધારે સારું થાત. તેઓએ ફક્ત તેઓને સંતોષ થાય ત્યાં જ સુધી લીધું હોત. જો દ્રાક્ષ વહેરવા વાળાઓ તારી પાસે આવ્યાં હોત. તેઓએ તારા માટે વેરણ છોડી રાખ્યું હોત પણ તારો સંપૂર્ણ નાશ થશે.
6એસાવનો દેશ કેવો લૂંટાઇ ગયો! તારા છૂપા ભંડારોય રહેવા ન પામ્યા!

7તારી સાથે મૈત્રી કરાર કર્યો છે, તેઓ તને સરહદ બહાર કાઢી મુકશે. તેઓ તને છેતરશે. તારા બધા મિત્રો તને હરાવશે. તેઓ તારો રોટલો તારી નીચે જાળની જેમ રાખે છે. 'તને તેની ગતાગમ નહિ હોય."

8યહોવા કહે છે, "તે દિવસે આખા અદોમમાં એકપણ શાણો માણસ હશે નહી કારણકે હું એસાવ પર્વતપરના સર્વ શાણા માણસોનું શાણપણ હરી લઈશ.

9ઓ તેમાન, તારા શૂરવીર પુરુષો ભયભીત થઈ જશે અને એસાવના પર્વત પરના પ્રત્યેક વ્યકિતનો નાશ અને સંહાર કરવામાં આવશે.

10'ઓ અદોમ, તારા ભાઈ યાકૂબ પર થયેલી બળજબરીને કારણે શરમથી ઢંકાઈ જઈશ અને તારો સદાને માટે નાશ થશે.

11તે દિવસે જ્યારે દુશ્મન પરદેશીઓ યરૂશાલેમનાં દરવાજાઓમાં પ્રવેશ્યા અને તેની સંપત્તિ કબજે કરી અને ચિઠ્ઠીઓ નાખી તેના ભાગ કર્યા, તું જોતો ઉભો રહ્યો અને તેઓમાંનો એક બન્યો.

12જ્યારે તારા સગાને દૂર દેશમાં લઈ જવાયો હતો ત્યારે તારે ખુશ થવું જોઈતું ન હતું, યહૂદાના નાશના દિવસે તારે આનંદ માણવો જોઈતો ન હતો, જ્યારે તેઓ પિડીત હતા, ત્યારે તેઓની હાંસી ઉડાવવી જોઈતી ન હતી.

13તારે મારા લોકોની આફતને સમયે એમના શહેરનાં દરવાજામાં દાખલ થવું જોઈતું નહોતું. તેમની મુશ્કેલીના સમયે તારે તેમની વિપત્તિ વિષે ખુશ થવું જોઈતું ન હતું. તેમની મુશ્કેલીના સમયે તારે તેમની સંપત્તિ લુંટવી જોઈતી ન હતી.

14તારે તારા ભાગી જતા ભાઈઓની હત્યા કરવા રસ્તાના ફાંટા આગળ ઊભા રહેવું જોઈતું નહોતું. મુશ્કેલીનાં સમયમાં તારે બચેલા લોકોને બંદીવાન કરી લેવા જોઈતા ન હતાં.

15યહોવા ટૂંક સમયમાંજ રાષ્ટ્રો પર વેર લેશે. તમે જેવું ઈસ્રાએલ સાથે કર્યુ તેવું જ તમારી સાથે થશે. તમારા કૃત્યો તમારા જ માથાં પર પાછા અફળાશે.

16જેમ તે મારા પવિત્ર પર્વત પર પીધું, તેથી બધાં રાષ્ટ્રો પણ સતત પીશે અને ગળશે, જ્યાં સુધી તેમનું અસ્તિત્વ સમાપ્ત થાય ત્યાં સુધી.

17પરંતુ સિયોનના પર્વત ઉપર જેઓ પલાયન થયા હતા તેઓ રહેશે, અને એ પવિત્ર સ્થળ થશે, યાકૂબના વંશજો પોતાનો વારસો પાછો મેળવશે.

18યાકૂબનું કુટુંબ અગ્નિ જેવું અને યૂસફનું કુટુંબ જવાળા જેવું બનશે. તેઓ અદીમને સૂકા ખેતરની જેમ સળગાવી અને નષ્ટ કરશે. કોઈપણ એદમથી પલાયન થશે નહીં." કારણકે યહોવાએ તેમ કહ્યું છે.

19દક્ષિણ યહૂદાના લોકો અદોમનો કબજો લેશે; પશ્ચિમની તળેટીના લોકો પલિસ્તિયોનો કબજો લેશે; તેઓ એફ્રાઈમના અને સમરૂનના પ્રદેશનો પણ કબજો લેશે. બિન્યામીનના લોકો ગિલયાદનો કબજો લેશે.

20ઈસ્રાએલનું સૈન્ય જે દેશવટે છે. કનાનથી સરેપાથ સુધીના લોકો વચ્ચે, અને યરૂશાલેમના તે લોકો જેઓ સફારાદમાં દેશવટે છે તેઓ દક્ષિણના પ્રદેશોનો કબજો લેશે.

21મુક્તિદાતાઓ સિયોન પર્વત પર જશે અને તેમનું રાજ સંપૂર્ણ અદીમ પર કરશે અને યહોવા પોતે રાજા બનશે.

# આમોસ

### ભૂમિકા

1 આ ઈસ્રાએલ વિષેના સંદેશાઓ છે જે તેણે ધરતીકંપ
થયાના બે વર્ષ પહેલા યહૂદિયાના રાજા ઉઝિઝયા અને
ઈસ્રાએલના યોઆશના પુત્ર રાજા યરોબઆમના સમયમાં,
જોયા હતા આમોસ તકો આ જાતિના ભરવાડોમાંનો એક
હતો.

### અરામને સજા

2તેણે કહ્યું, "યહોવા સિયોનમાંથી ગર્જના કરશે, યરૂશાલેમ
મોટેથી કહેશે; ભરવાડો આક્રંદ કરશે, અને કાર્મેલની ટોચ
સૂકાઈ જશે."
3યહોવા આ પ્રમાણે કહે છે, "દમસ્કના લોકોએ વારંવાર
પાપ કર્યા છે, અને હું તે ભૂલીશ નહીં. હું તેઓને શિક્ષા કર્યા
વગર રહીશ નહીં. જેમ અનાજ ધોકાવાની લોખંડની ગાડીથી
ધોકાવાય છે તેમ ગિલયાદમાં મારા લોકોને તેઓએ માર્યા
છે. 4પરંતુ હું હજાએલના મહેલને આગ ચાંપીશ, ને તે
બેન-હદાદના મહેલોને ભસ્મીભૂત કરી દેશે."
5"હું દમસ્કના દરવાજાઓ તોડી નાખીશ, અને આવેનની
ખીણમાંના લોકોનો નાશ કરીશ. બેથ-એદેનના નેતાઓને
શિક્ષા કરીશ. અરામના લોકો દેશ નિકાલ થયેલની જેમ કીર
પાછા ફરશે." આ યહોવાના શબ્દો છે.

### પલિસ્તીઓને સજા

6યહોવા કહે છે, "ગાજાના લોકોએ વારંવાર પાપ કર્યા છે.
તેઓએ ધીમે ધીમે ઘસડીને આખા સમાજને અદોમના
લોકોને સોપી દીધેલ છે. આ માટે હું તેઓને જરૂર શિક્ષા
કરીશ, 7હું ગાજાની દીવાલોને આગ લગાડીશ અને આગ
નગરના સર્વ કિલ્લેબંધી કરેલા ઘરોને નષ્ટ કરી નાંખશે. 8હું
આશ્દોદના બધા લોકોને મારી નાખીશ. એક્રોન અને
આશ્કલોનના રાજાનો પણ નાશ કરીશ. બાકી રહેલા
પલિસ્તીનીઓ નાશ પામશે. દેવ યહોવા કહે છે."

### તૂરના લોકોને સજા

9યહોવા કહે છે, "તૂરના લોકોએ વારંવાર પાપ કર્યા છે.
અને હું તે ભૂલીશ નહીં, હું તેને શિક્ષા કર્યા વિના છોડીશ
નહીં, તેઓએ ઈસ્રાએલ સાથેની મિત્રતાના કરારનો ભંગ
કર્યો છે. અને ઈસ્રાએલ પર હુમલો કરીને સમગ્ર પ્રજાને
દેશનિકાલ થયેલાની જેમ એદોમ લઈ આવ્યા. 10તેને માટે
હું તેઓને જરૂર શિક્ષા કરીશ, હું તૂરની દીવાલોને આગ
લગાડીશ અને આગ શહેરના સર્વ કિલ્લેબંધી કરેલા ઘરોને
નષ્ટ કરી નાખશે."

### અદોમને સજા

11યહોવા કહે છે, "અદોમનો પાપનો ઘડો ભરાઈ ચૂક્યો
છે. તેમણે વારંવાર પાપ કર્યા છે અને હું તેમને ભૂલી જઈશ
નહીં. હું તેને શિક્ષા કર્યા વિના છોડીશ નહીં. તેણે દયાને
નેવે મૂકીને હાથમાં તલવાર લઈને પોતાના જાતભાઈઓ
યાકૂબના વંશજોનો પીછો કર્યો હતો. તેનો ક્રોધ સદા ભભૂકતો
જ રહ્યો. તેનો રોષ કદી શમ્યો જ નહીં, 12તે માટે હું જરૂર
તેને સજા કરીશ. હું 'તેમાનને' આગ લગાડીશ અને આગ
'બોસ્રાહના' કિલ્લાને નષ્ટ કરી નાખશે."

### આમ્મોનને સજા

13યહોવા કહે છે, "આમ્મોનના લોકોએ વારંવાર પાપ
કર્યું છે, અને તેમનો પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે; તેમણે
પોતાની સરહદ વિસ્તારવા માટે ગિલયાદમાં ગર્ભવતી
સ્ત્રીઓનાં પેટ પણ ચીરી નાખ્યાં છે; આથી હું તેમને જરૂર
સજા કરીશ. 14હું રબ્બાહની દીવાલોને આગ લગાડીશ અને
આગ નગરના સર્વ કિલ્લેબંધી મહેલો, ઘરોને નષ્ટ કરી નાખશે.
ચારેતરફ યુદ્ધનાદ થશે, અને જાણે પ્રચંડ વાવાઝોડાનો પ્રકોપ
થઈ રહ્યો હોય એમ લાગશે. 15તેઓના રાજાઓ અને તેઓના
અમલદારો સાથે દેશવટો લેશે." આ યહોવાના શબ્દો છે.

### મોઆબને સજા

2 યહોવા કહે છે, "મોઆબના લોકોનો પાપનો ઘડો ભરાઈ
ચૂક્યો છે; તેમણે અદોમના રાજાના હાડકાં બાળીને
ચૂરો કરી નાખ્યાં હતાં; આથી હું તેમને જરૂર સજા કરીશ.
2હું મોઆબને આગ લગાડીશ અને આગ કરીયોથના
કિલ્લેબંધી મહેલો મકાનોને નષ્ટ કરી દેશે. યુદ્ધના આક્રંદ
અને રણશિંગડાંના અવાજો મધ્યે મોઆબ નાશ પામશે. 3હું
તેના રાજકર્તાને ત્યાંજ મારી નાખીશ અને તેની સાથે તેના
સર્વ અમલદારોને મારી નાખીશ." આ યહોવાના વચન છે.

### યહૂદિયાને સજા

4યહોવા કહે છે, "યહૂદિયાનો પાપનો ઘડો ભરાઈ ચૂક્યો
છે; એ લોકોએ મારા નિયમોનો અનાદર કર્યો છે, અને મારી

આજ્ઞાઓ માની નથી. તેમના પિતૃઓ જે ખોટા દેવોને અનુસરતા હતા તેમણે તેમને ખોટે માર્ગે દોર્યા છે; આથી હું તેમને જરૂર સજા કરીશ. 5હું યહૂદિયા પર આગ લગાડીશ અને આગ યરૂશાલેમના કિલ્લેબંધી મહેલો મકાનોને નષ્ટ કરશે."

## ઈસ્રાએલને સજા

6યહોવા કહે છે, "ઈસ્રાએલના લોકોએ વારંવાર પાપ કર્યા છે અને હું તે ભૂલીશ નહીં. હું તેને શિક્ષા કર્યા વિના છોડીશ નહીં. તેઓએ ન્યાયી લોકોને ચાંદીના બદલામાં વેચ્યા છે અને ગરીબોને બૂટની જોડીના બદલામાં.

7તેઓએ ગરીબોને ધૂળમાં પગતળે કચડ્યા છે. અને નમ્ર લોકોને સાચા માર્ગમાંથી દૂર ધકેલી દેવામાં આવ્યાં છે. પિતા અને પુત્રે એકજ સ્ત્રી પાસે ગયા છે અને મારું પવિત્ર નામ બગાડ્યું છે. 8તેઓ વેદીની બાજુમાં ધીરેલા નાણાંની સુરક્ષા તરીકે લીધેલાં કપડાં પર સૂઈ જાય છે. અને તેઓના દેવના મંદિરમાં આવતા લોકો પાસેથી દંડ તરીકે લીધેલા નાણાંનો દ્રાક્ષારસ પીએ છે.

9"તમે જ્યારે કેનાનમાં દાખલ થયા ત્યારે અમોરીઓ ત્યાં હતા, તેઓ દેવદારના વૃક્ષ જેવા ઊંચા અને ઓક જેવા ખડતલ હતા. પણ તમારા માટે મેં તેઓને સમાપ્ત કર્યા હતા, મે તેઓની શાખાઓ અને તેઓના મૂળિયાઓનો નાશ કર્યો.

10"અને હું તમને મિસરમાંથી સાથે બહાર લઈ આવ્યો, અને મેં તમને વન્યપ્રદેશ થકી 40 વર્ષ સુધી માર્ગદર્શન આપ્યું જેથી તમે અમોરીઓના રાષ્ટ્રને તાબામાં લઈ શકો. 11મેં તમારા પુત્રોમાંથી અનેકને પ્રબોધકો અને નાઝીરીઓ બનાવ્યા. હે ઈસ્રાએલના લોકો, શું એ સાચું નથી?" આ હું યહોવા કહું છું.

12"પણ તમે નાઝીરીઓને દ્રાક્ષારસ પાયો; અને પ્રબોધકોને આજ્ઞા કરી કે પ્રબોધ કરશો નહીં. 13જુઓ, જેમ ગાડું ભારને લીધે દબાઈ જાય છે તેમ હું તમને તમારી જગ્યાએ જમીન પર દબાવી દઈશ.

14"ઝડપી દોડનારની દોડ નકામી જશે. બળવાનની તાકાત લુપ્ત થઈ જશે. અને જાણીતા નામાંકિત યોદ્ધાઓ પણ પોતાનો જીવ બચાવી શકશે નહીં. 15ધનુર્ધારીઓ તેઓની જમીન કબ્જામાં રાખી શકશે નહીં અને જેઓ ઝડપથી દોડી શકે છે તેઓ પોતાને બચાવવા ભાગી શકશે નહીં અને ઘોડેસવારો તેઓનો પોતાનો જીવ બચાવી શકશે નહીં. 16યોદ્ધાઓમાનો સૌથી બહાદુર પણ તે દિવસે શસ્ત્રો મૂકી નાસી જશે." એમ યહોવા કહે છે.

## ઈસ્રાએલને ચેતવણી

3 ઓ ઈસ્રાએલના લોકો, તમને આખી પ્રજાને યહોવા મિસરમાંથી બહાર લઈ આવ્યા હતા. હવે તમારી વિરૂદ્ધ યહોવાએ જે વચનો કહ્યાં છે તે સાંભળો; 2પૃથ્વી પરના સર્વ લોકોમાંથી ફકત તમને જ મેં પસંદ કર્યા છે. આ માટે હું તમારા સર્વ ગુનાઓ માટે તમને શિક્ષા કરીશ."

## ઈસ્રાએલને સજા આપવાનું કારણ

3મળવાને સંમત થયા વગર શું બે જણા સાથે જઈ શકે? 4શિકાર હાથમાં આવ્યા વગર શું સિંહ જંગલમાં ગર્જના કરશે? જો સિંહના બચ્ચાએ કાંઈ પકડ્યું ન હોયતો બખોલમાંથી રાડો પાડે? 5જાળનો ઊપયોગ કર્યા વગર કોઈપણ પક્ષીને કેવી રીતે પકડી શકે? સિવાયકે કોઈ પકડાય ફાંસલાની કમાન બંધ થાય? 6રણશિંગડું નગરમાં વગાડવામાં આવે તો લોકો ડર્યા વીના રહે? શું યહોવાની મરજી વિના યહોવાના હાથ વિના નગર પર આફત આવે ખરી? 7પરંતુ પોતાના સેવક પ્રબોધકોને પોતાના મનસૂબાની જાણ કર્યા વિના સર્વસમર્થ યહોવા કશું જ કરતો નથી. 8સિંહે ગર્જના કરી છે, કોણ ભયથી નહીં ધ્રૂજે? મારા યહોવા દેવે તેની ઈચ્છા પ્રગટ કરી છે. કોણ તેનું ભવિષ્ય ભાખી જાહેરાત કરી શકે?

9આશ્દોદેની અને મિસરની મહેલાતોમાં રહેતાં લોકોને જાહેર કરી જણાવો કે, "સમરૂનની આસપાસના પર્વત ઉપર તમે ભેગા થાઓ. ત્યાં મચેલી અંધાધૂંધી અને ઈસ્રાએલના સર્વ ગુનાઓનો શરમજનક તમાશો નિહાળો." 10યહોવા કહે છે, "ન્યાયથી વર્તવું એટલે શું, એ તમારા લોકો ભૂલી ગયા છે. તેઓ બધા તો બસ, હિંસા અને શોષણથી ચોરી અને લૂંટથી પોતાના ઘર ભરે છે."

11તેથી યહોવા દેવ કહે છે, "દુશ્મન આવે છે, તે દેશ પર આક્રમણ કરશે અને તમારા કિલ્લાઓ તોડી પાડશે અને તમારા મહેલોને લૂંટી લેશે."

12યહોવા કહે છે, "જેમ કોઈ ભરવાડ સિંહના મોમાંથી માત્ર બે પગ કે કાનનો એકાદ ટુકડો બચાવી લે છે તેમ સમરૂનના પલંગોમાં સવા મણની તળાઈમાં આળોટતા ઈસ્રાએલીઓમાંથી બહુજ થોડા બચવા પામશે."

13આ વચનો સાંભળો અને યાકૂબના વંશજો સામે સાક્ષી રાખો. સર્વસમર્થ મારા યહોવા દેવ આમ કહે છે. "યાકૂબના વંશની વિરૂદ્ધ સાક્ષી પૂરો. 14હું ઈસ્રાએલને તેના પાપો માટે શિક્ષા કરીશ તે દિવસે હું બેથેલની વેદીઓને ધિક્કારીશ વેદી પરના શીંગડા કાપી નાખવામાં આવશે. અને તેઓ જમીન પર પડી જશે. 15હું શિયાળાના મહેલો તથા ઉનાળાના મહેલો, બન્નેનો નાશ કરીશ. અને હાથીદાંતના મહેલો નાશ પામશે ને ઘણા નિવાસસ્થાનોનો નાશ કરીશ." એમ યહોવા કહે છે.

## દેવ તરફ ફરવાનો ઈસ્રાએલનો ઈન્કાર

4 સમરૂન પર્વત પર રહેતી બાશાનની તંદુરસ્ત ગાયો તમે કે જે ગરીબોને હેરાન કરો છો અને દુર્બળોને સતાવો છો, તમે કે જે તમારા પતિને કહો છો "ચાલો આપણે પીએ." તમે આ વચનો સાંભળો.

2સર્વસમર્થ મારા માલિક યહોવાએ તેની પવિત્રતાને નામે પ્રતિજ્ઞા લીધી છે કે, સમય આવી રહ્યો છે જ્યારે પશુની જેમ તમારા નાકમાં વાળી સાથે તમને લઈ જવામાં આવશે. તમારામાંના બાકી રહેલાઓને માછલી પકડવાના ગલ વડે

ઘસડી જવામાં આવશે. 3દીવાલના બાકોરાંમાંથી સોસરા તમને સીધા તમારા નગરમાંથી લઈ જવામાં આવશે અને તમને કચરાના ઢગલામાં ઉચકીને ફેંકવામાં આવશે. આ યહોવાના વચન છે.

4"બેથેલ અને ગિલ્ગાલ જઈ ત્યાંની મૂર્તિઓ આગળ બલિદાન અર્પી તમારા પાપ વધારતાં જાઓ. રોજ સવારે તમારા બલિદાન અર્પણ કરો. અને અઠવાડિયામાં બેવાર તમારાં દશાંશ–ઊપજનો દસમો ભાગ ધરાવો. 5ખમીરવાળી રોટલી આભાર અર્પણ તરીકે અર્પણ કરો અને તમારી મરજી મુજબના અર્પણો ક્યારે લાવશો તેની જાહેરાત કરો. કારણકે હે ઈસ્રાએલીઓ, આમ કરવું તમને ગમે છે."

6"આ કારણથી મે તમને મારા તરફથી તમારા નગરમાં ભૂખ્યા પેટે રાખ્યા. અને તમારી વસાહતોમાં દુકાળ ઉત્પન્ન કર્યો. તે છતાં તમે મારી પાસે આવ્યા નહીં. " આ યહોવાના વચનો છે.

7"કાપણીને ત્રણ મહિનાનો સમય હતો, ત્યારથી મેં તમારે ત્યાં વરસાદ વરસાવતો અટકાવી દીધો. એક ગામમાં વરસાદ વરસતો અને બીજામાં ન વરસાવતો. એક ખેતરમાં વરસતો અને બીજામાં ન વરસતા તે સુકાઈ જતું. 8તેથી બે – ત્રણ ગામના લોકો લથડિયાં ખાતા પાણી માટે બીજા એક ગામમાં જતા. પણ પાણી પામતા નહીં. તેમ છતાં તમે પાછા મારે શરણે ન આવ્યા." આ યહોવાના વચન છે.

9"મૈં તમારા આનાજના ખેતરો સૂકવી નાખ્યા, તમારા બાગો અને દ્રાક્ષના બગીચાઓ તડકાથી શામળાં પાડી દીધા, તીડ તમારાં અંજીરના વૃક્ષો અને જેતૂનના ફૂલ ઝાડના બગીચા ખાઈ ગયા, છતા તમે મારી તરફ પાછા ફર્યા નહીં." આ યહોવાના વચનો છે.

10"મેં મિસરમાં મરકીનો રોગચાળો ફેલાવ્યો હતો. તમારા જુવાન યોદ્ધાઓનો તલવારથી મેં સંહાર કર્યો. તમારા ઘોડાઓનું હું હરણ કરી ગયો, તમારી છાવણીઓને મેં મૃતદેહોથી ગંધાતી કરી મૂકી, છતાં તમે પાછા મારે શરણે ન આવ્યાં." આ યહોવાના વચન છે.

11"મેં જેમ સદોમ અને ગમોરામાં કર્યુ હતું તેમ તમારા પર ત્રાસદાયક આફતો મોકલાવી તમે આગમાંથી કાઢેલા લાકડાના ઢીમચા જેવા થઈ ગયા છતાં તમે મારી પાસે પાછા આવ્યા નહીં." આ યહોવાના વચનો છે.

12"તેથી હે ઈસ્રાએલ, હું તને એ જ હાલતમાં મુકીશ, હું તારા એવાજ હાલ કરીશ. માટે તમે મને, તમારા દેવને મળવા તૈયાર થાઓ. 13હાં તું તારી જાતને તૈયાર કર જેને તું મળવાનો છે તે પર્વતોને બનાવનાર, પવનનો સર્જનહાર છે. એજ છે જે મનુષ્ય શું વિચારે છે તે પ્રગટ કરે છે. તે એજ છે જે પ્રભાતને અંધકારમાં ફેરવી નાખે છે અને દુનિયાની ઉંચાઇ પર ચાલે છે. તેનું નામ સર્વસમર્થ દેવ યહોવા છે.

### પશ્ચાતાપની હાકલ

5 ઓ ઈસ્રાએલના વંશજો તમારા માટે હું દુ:ખનાં ગીતો ગાઉં છું તે સાંભળો,

2ઈસ્રાએલની વિશુદ્ધતા ભાંગી પડી છે. તે ફરીથી ઊભી થઈ શકશે નહીં તેણે તેની પોતાનીજ જમીનનો ત્યાગ કર્યો છે. અને તેને ઊભા થવા માટે મદદ કરે તેવું કોઈ નથી.

3યહોવા મારા માલિક કહે છે, "જે નગરમાંથી હજારો યોદ્ધાઓ કૂચ કરી બહાર નીકળતાં હતાં ત્યાં માત્ર સો જ રહ્યાં હશે. અને જ્યાંથી સો કૂચ કરીને નીકળ્યાં હતાં ત્યાં પાછા ફરેલા માત્ર દસ જ હશે તેથી તે ઈસ્રાએલમાં હશે."

### યહોવા ઈસ્રાએલને પોતાની પાસે આવવા પ્રોત્સાહિત કરે છે

4ઈસ્રાએલના લોકોને યહોવા કહે છે, "મને શોધો તો તમે જીવશો; 5પણ બેથેલની શોધ ન કરો, ને ગિલ્ગાલમાં ન જશો, ને બેર–શેબા ન જાઓ; કારણકે ગિલ્ગાલના લોકોને બંદીવાસમાં લઈ જવામાં આવશે અને બેથેલ અતિશય દુ:ખમાં આવી પડશે."

6યહોવાને શોધો તો તમે જીવશો, તેમ નહીં કરો તો તે અગ્નિની જેમ યૂસુફના ઘરની આરપાર, પ્રસરી જશે. તે ભસ્મ કરી નાખશે અને બેથેલ પાસે તેને ઓલવવા માટે કોઈ નહીં હોય.

7હે દુષ્ટ લોકો, તમે ગરીબ અને પગતળે કચડાયેલા માટે "ન્યાય" એક કડવી ગોળી બનાવી છે. સચ્ચાઈ એ તમારા માટે એક નિરર્થક શબ્દ છે.

8જે કૃત્તિકા સપ્તર્ષિ અને મૃગશીર્ષનો રચનાર છે, જે ગાઢ અંધકારને પ્રભાતમાં ફેરવી નાખે છે. અને દિવસને અંધારી રાતમાં ફેરવી નાખે છે, જે સાગરના જળને બોલાવીને વરસાદ તરીકે પૃથ્વી પર વરસાવે છે, તેનું નામ યહોવા છે.

9અત્યંત શકિતશાળી વેગથી અને પૂર્ણ શકિતથી તે વિનાશકારક આક્રમણ સર્જે છે. અને દુર્ગો તોડી પાડે છે."

### ઈસ્રાએલીઓ દ્વારા કરાયેલાં દુષ્ટ કાર્યો

10જે પ્રબોધકો ન્યાયાલયમાં અન્યાયનો સામનો કરે છે તે પ્રમાણિક ન્યાયાધીશોને અને જે પ્રબોધકો સત્ય બોલે છે તેનો તમે તિરસ્કાર કરો છો. 11તમે ગરીબોને પગ તળે કચડો છો અને તેમની પાસેથી અનાજ પડાવી લો છો, તેથી તમે ઘડેલા પથ્થરના જે ઘર બાંધ્યાં છે તેમાં તમે રહેવા નહીં પામો. તમે રમણીય દ્રાક્ષાવાડીઓ રોપી છે, પણ તેનો દ્રાક્ષારસ તમે પીવા નહીં પામો;

12કારણકે તમારાં પાપો ઘણા છે અને ખૂબ ત્રાસદાયક છે. હું જાણું છું કે જે ન્યાયના માર્ગને અનુસરે છે તેને હેરાન કરો છો ને તમે લાંચ લો છો અને ગરીબને ન્યાયાલયમાં ન્યાયથી વંચિત કરો છો.

13આથી, એ કારણે શાણા લોકો તમારી શિક્ષાના ભયંકર દિવસે યહોવા સમક્ષ ચૂપ રહેશે, કેમ કે સમય ભૂંડો છે.

14જીવવું હોય તો ભલાઈને શોધો, બૂરાઈને નહીં, જેથી તમે કહો છો તેમ, સર્વસમર્થ યહોવા દેવ તમારી જોડે રહે.

15બૂરાઈને ધિક્કારો, ને ભલાઈ ઉપર પ્રેમ રાખો, અને ન્યાયાલયમાં ન્યાયની પ્રતિષ્ઠા કરો. તો કદાચ સર્વસમર્થ યહોવા દેવ બાકી રહેલા લોકો ઉપર દયા કરે."

### ઘણોજ દુ:ખી સમય આવી રહ્યો છે

16આથી સર્વસમર્થ યહોવા મારા માલિક કહે છે, "શેરીને ખૂણે ખૂણે શોક થશે, શેરીએ શેરીએ હાય! હાય! ના પોકારો સંભળાશે. લોકો ધંધાદારી છાજિયા ગાનારાઓ સાથે ખેડૂતોને પણ આક્રંદ કરવા બોલાવશે;

17દ્રાક્ષની બધી વાડીઓમાં શોક થશે. કારણ કે હું આ સર્વ જગ્યાઓથી પસાર થઈશ અને બધી વસ્તુનો નાશ કરીશ."

18તમે કહેશો, "યહોવાનો દિવસ પાસે હોત તો કેવું સારું; દેવ સર્વ શત્રુઓથી અમારો બચાવ કરે. પણ તમને તે દિવસનો સ્પષ્ટ ખ્યાલ નથી. તે દિવસ પ્રકાશ અને સમૃદ્ધિ નહીં પરંતુ અંધકાર અને ન્યાય શાસન લાવશે.

19કોઈ માણસ સિંહથી ભાગી જાય ને તેને રીંછ ભેટે, અથવા ઘરમાં જઈને ભીંતનો ટેકો લે ને તેને સાપ કરડે તેવું તમારું થશે.

20યહોવાનો દિવસ સાચે જ અંધકારભર્યો છે, પ્રકાશભર્યો નથી; એનો અંધકાર એવો ગાઢ છે જેમાં પ્રકાશનું એકે કિરણ નથી."

### યહોવા ઈસ્રાએલીઓની ઉપાસનાનો અસ્વીકાર કરે છે

21યહોવા કહે છે, "હું ધિક્કારુ છું હા, હું તમારા ઉત્સવોને ધિક્કારું છું મને તમારી ધાર્મિક સભાઓ ગમતી નથી.

22હા, જો તમે દહનાર્પણ અને ખાદ્યાર્પણ લાવશો. તોયે હું તેનો સ્વીકાર કરીશ નહીં. હું તમારા હષ્ટપુષ્ટ શાંત્યાર્પણોની સામે પણ જોઈશ નહીં.

23તમારા ગીતો મારાથી દૂર કરો. મારા કાનમાં તે ઘોંઘાટ સમાન છે. તમારું વાધસંગીત તમને ગમે તેટલું કર્ણપ્રિય લાગે પણ હું તે સાંભળીશ નહીં.

24પણ ભલે સચ્ચાઈને સદા વહેતા ઝરણાંની જેમ અને ન્યાયપુર સરના ને પાણીથી ભરપૂર નદીની જેમ વહેવા દો.

25હે ઈસ્રાએલના વંશજો, જ્યારે તમે 40 વર્ષ સુધી વન પ્રદેશમાં હતાં, શું તમે મને યજ્ઞબલિ અર્પણ કર્યા હતાં? મને બલિદાનો અર્પણ કર્યા હતાં?

26તમે હંમેશા તમારા રાજા સિક્કૂથને અને તારારૂપી દેવ કીયૂનની મૂર્તિઓને માથે ચડાવી છે. આ મૂર્તિઓને તમે જ બનાવેલી હતી.

27તેથી હું તમને દમસ્કની હદ પાર દૂર દેશવાટે મોકલી દઈશ." આ વચનો તેના છે જેનું નામ સર્વસમર્થ યહોવા છે.

### ઈસ્રાએલની વિલાસી પ્રજાની પાયમાલી

6 દુર્ભાગ્ય તમારું! સિયોનમાં એશઆરામમાં અને આનંદમાં રહેનારા તથા સમરૂનના પર્વતોમાં નિર્ભયપણે રહેનારા "મુખ્ય" રાષ્ટ્રના નામાંકિત માણસો જેઓ પાસે "ઈસ્રાએલના લોકો" આવે છે. કેવી ત્રાસજનક તમારી દશા થશે!

2કાલ્નહેનગર જઈને જુઓ, ત્યાંથી મહાન હમાથનગર જાઓ, અને ત્યાંથી પલિસ્તીઓના ગાથ શહેરમાં જાઓ, એ રાજ્યો કરતાં તમારી દશા શું સારી છે? અથવા તેમનો વિસ્તાર તમારા કરતાં શું વિશાળ છે?

3જે આફતનો દિવસ તમે પાછો ઠેલવા ધારો છો, પણ હિંસાનું રાજ્ય નજીક લાવો છો. અને તમારા કાર્યોથી ન્યાયકાળના દિવસોને પાસે લાવો છો.

4તમે એશઆરામથી હાથીદાંતના પલંગો પર સૂઓ છો વળી તમે ટોળામાંથી કુમળા હલવાનો અને પસંદ કરેલા વાછરડાનું ભોજન ખાઓ છો.

5તમે અર્થ વગરના ગીતો કામચલાઉ તંતુવાધ વિણાના સૂર સાથે ગાઓ છો અને તમારી જાતને રાજા દાઉદ જેવા એક મહાન સંગીતકાર માનો છો.

6તમે પ્યાલા ભરીને દ્રાક્ષારસ પીઓ છો અને પોતાના શરીરે મોંઘામાં મોંઘા અત્તર લગાવો છો, પણ દેશ ઉપર ઝઝૂમતી પાયમાલીની તમને પડી નથી!

7તેથી સૌ પ્રથમ તમને ગુલામો તરીકે લઈ જવામાં આવશે.
અને તમારા એશઆરામનો અંત આવશે. 8મારા માલિક
યહોવાએ પોતાના નામે ચેતવણી આપી છે:

"હું ઈસ્રાએલના અભિમાનને અને જૂઠા મહિમાને ધિક્કારું છું. અને તેમના મહેલોનો મને તિરસ્કાર છે. એટલે એમના શહેરને અને તેમાં જે કઈ છે તે બધાને હું દુશ્મનોના હાથમાં સોંપી દઈશ, આ યહોવા સર્વસમર્થ દેવના વચન છે."

### થોડાજ ઈસ્રાએલીઓ જીવીત રહ્યાં

9જો કોઈ ઘરમાં દસ વ્યક્તિઓ પાછળ રહી ગઈ હશે તો
તેઓ મરી જશે. 10મૃત માણસના સગામાંથી જે માત્ર એક
માણસ જીવતો છે તે દફનવિધિ માટે શબ બહાર લઈ જવા ઘરમાં પ્રવેશ કરશે. ત્યારે અંદર ઊંડે છુપાઈ રહેલી વ્યક્તિને તે પૂછશે, "શું અહિંયા કોઈ બીજું હજી છે?"

અને તે જવાબ આપશે, "ના."

ત્યારે તે કહેશે, "ચૂપ રહે, યહોવાનું નામ લેવાનું નથી. રખેને તે સાંભળી જાય."

11કારણ કે નોંધ લેજો, યહોવા આદેશ આપી રહ્યા છે. તે મોટા ઘરોને ભાંગીને ભૂક્કો કરી નાંખશે અને નાના ઘરના નાના ટૂકડાં કરી નાખશે.

12શું ઘોડો બરડ માર્ગ પર દોડી શકે? શું બળદ ખડકો પર ખેડી શકે? એવું પૂછવું તે પણ મૂર્ખતા છે. તમે તો તેના કરતા પણ વધારે મૂર્ખ હતા? તમે ન્યાયને વિકૃત કરીને ઝેર જેવો બનાવ્યો છે અને દુષ્ટ વાતવરણ પેદા કર્યુ છે. અને પ્રમાણિકતાના ફળોને કડવા બનાવ્યા છે.

13તમે કે જે શુન્યવત જગ્યા (લોદાબર) પર આનંદ પામો છો, અને તમેજ કહો છો, "શું આપણે આપણી પોતાનીજ તાકાતથી કરૈન જગ્યાનું નામ લીધું નથી?"

14હા, સંભાળ રાખજો, "ઓ ઈસ્રાએલ, હું તારી વિરૂદ્ધ એક પ્રજાને ઊભી કરું છું; તેની સેના ઉત્તરમાં હમાથના ઘાટથી દક્ષિણમાં આરાબાહની ખીણ સુધી સંપૂર્ણ પ્રદેશનો વિનાશ કરશે." સર્વસમર્થ દેવ યહોવા આમ કહે છે.

## દર્શનમાં તીડો

7 યહોવાદેવે મને આ દ્રશ્ય બતાવ્યું; પ્રથમ લણણી પછી
પહેલો પાક રાજાને કર તરીકે અપાતો, જ્યારે બીજો
પાક ફૂટી નીકળતો. યહોવાએ તીડનું* સર્જન કર્યુ. 2તે
તીડો ખેતર પરનું ઘાસ સફાચટ કરી ગયા. ત્યારે મે કહ્યું, "હે
સર્વસમર્થ યહોવા અમને માફ કરો." આ પછી ઈસ્રાએલીઓ
કેવી રીતે જીવતા રહી શકે. તેઓ નાના છે તે માટે?"
3તેથી યહોવાએ સહાનુભૂતિ બતાવી તેમણે મને કહ્યું, "હું
તે થવા દઈશ નહીં."

## દર્શનમાં અગ્નિ

4સર્વસમર્થ યહોવાએ મને આ બીજું દ્રશ્ય બતાવ્યું:
સર્વસમર્થ યહોવા અગ્નિપરિક્ષા કરવા બોલાવતાં હતાં. તેણે
મોટા સાગરને સૂકવી નાખ્યો અને જમીનને ભસ્મિભૂત
કરી દીધી. 5ત્યાં મેં કહ્યું, "ઓ યહોવાદેવ, કૃપા કરીને તેમ
થવા દેશો નહીં. તમે જો તેઓની વિરૂદ્ધ થાઓ તો તેઓ
પાસે બીજી કઈ આશા છે? ઈસ્રાએલ ઘણું નાનું છે."
6યહોવાને એ વિષે પશ્ચાતાપ થયો, યહોવા દેવ કહે છે,
"એ પણ થશે નહીં."

## દર્શનમાં ઓળંબો

7પછી યહોવાએ મને દ્રશ્ય બતાવ્યું. પોતે હાથમાં ઓળંબો
પકડીને ભીંત પાસે ઊભા છે. દીવાલની સપાટી માપવા
માટે ઓળંબો વપરાય છે. 8યહોવાએ મને પુછયું, "આમોસ,
તને શું દેખાય છે?" મેં કહ્યું, "એક ઓળંબો."
યહોવાએ કહ્યું, "હું મારા લોકોની આ ઓળંબાથી પરિક્ષા
લઈશ હું તેઓના ખોટા કાર્યોની સજા આપ્યા વગર જવા
દઈશ નહીં. 9ઈસહાકના વંશજોના થાનકો ખેદાનમેદાન થઈ
જશે. ઈસ્રાએલના દેવસ્થાનો ખંડેર થઈ જશે. યરોબઆમના
વંશને હું તલવારને ઘાટ ઉતારીશ."

## અમાસ્યાએ આમોસને ભવિષ્યકથન કરવા બદલ રોકવાનો પ્રયત્ન કર્યો

10બેથેલના યાજક અમાસ્યાએ આમોસના વચનો
સાંભળ્યાં ત્યારે તેણે યરોબઆમ રાજા પર ઝડપથી સંદેશો
મોકલ્યો: "આપણા દેશમાં આમોશ રાજદ્રોહી છે, અને તમારા
મરણ માટે કાવતરું ઘડે છે. આ બાબત અસહ્ય છે. તેના
લીધે કદાચ દેશમાં બળવો ફાટી નીકળશે. 11તે કહે છે કે,
'યરોબઆમ યુદ્ધમાં મરાઈ જશે, અને ઈસ્રાએલના લોકોએ
નિશ્ચિત તેઓનો દેશ છોડવો પડશે અને દેશવટો લઈ જવું
પડશે.'"
12આમોસને અમાસ્યાએ કહ્યું, "ઓ થઈ પડેલા દ્રષ્ટા,
ભાગ! યહૂદિયાના દેશમાં ચાલ્યો જા! અને ત્યાં તારો પ્રબોધ
કર. અને રોટલો રળી ખા. 13પણ હવે પછી તારા દર્શનોથી
અહીં બેથેલમાં પ્રબોધ કરીશ નહીં. કારણકે એ તો રાજાનું
પવિત્રસ્થાન છે ને એ રાજમંદિર છે."
14પછી આમોસે અમાસ્યાને પ્રત્યુત્તરમાં કહ્યું, "હું સાચે
જ પ્રબોધક નથી. હું પ્રબોધકના કુટુંબમાંથી પણ આવતો
નથી, હું તો માત્ર ભરવાડ અને જે અંજીરના વૃક્ષની સંભાળ
રાખે છે તે છું. 15હું ઘેટાનાં ટોળાં સાચવતો હતો ત્યારે
યહોવાએ મને બોલાવ્યો અને કહ્યું, 'જા અને મારા
ઈસ્રાએલના લોકોને પ્રબોધ કર.' 16એટલે હવે તું યહોવાના
વચન સાંભળ: 'તું મને એમ કહે છે કે, તું ઈસ્રાએલ વિરૂદ્ધ
પ્રબોધ કરીશ નહીં અને ઈસહાકના વંશજો વિરૂદ્ધ બોલીશ
નહીં.' 17પરંતુ યહોવાનો સંદેશો આ છે, 'અમાસ્યા, તારી
પત્ની શહેરની વારાંગના બનશે, અને તારા સંતાનોની હત્યા
થશે. તારી ભૂમિ દોરીથી માપીને બીજાઓને વહેંચાશે, તું
પોતે અપવિત્ર ભૂમિમાં મૃત્યુ પામશે, ને ઈસ્રાએલી લોકોને
કેદ પકડી તેમના દેશમાંથી તેમને દેશવટો દેવામાં આવશે.'"

## ફળની ટોપલીનું દર્શન

8 પછી સર્વસમર્થ યહોવાએ મને દર્શનમાં પાકેલાં ફળોથી
ભરેલો એક કરંડિયો બતાવ્યો. 2તેમણે મને પૂછયું,
"આમોસ, તું શું જુએ છે?"
મેં કહ્યું, "પાકા ફળોનો કરંડિયો."
પછી યહોવાએ કહ્યું, "આ ફળો મારા ઈસ્રાએલી લોકોને
રજૂ કરે છે. તેઓને શિક્ષા કરવાનો સમય પાકી ચૂક્યો છે હું
ફરી કદી તેમને માફ નહીં કરું. 3મંદિરમાં ગીતો ગાવાને
બદલે તેઓ રડશે અને આંસુ સારશે. સર્વત્ર શબો પડ્યાં હશે
તેથી શાંત રહો! હું યહોવા બોલ્યો છું,"

## ઈસ્રાએલના વેપારી ફક્ત કમાવામાં પડ્યાં

4વેપારીઓ તમે સાંભળો, "તમે ગરીબોને લૂંટો છો અને
લાચારને કચડી રાખો છો.
5તમે સાબ્બાથદિન તથા ધાર્મિક ઉત્સવોના દિવસો પૂરા
થવાની રાહ જુઓ છો, જેથી બહાર જઈને તમે અનાજ વેચી
શકો અને તમારાં ખોટાં ત્રાજવાં અને વજનિયાનો ઉપયોગ
કરી છેતરપિંડી કરી શકો;
6એક જોડી જોડા માટે, ગરીબો અને દરિદ્રોને પૈસાથી
ખરીદો છો, કાપણી વખતે જમીન પર વેરાયેલા ઘઉંને પણ
વેચો છો.
7યહોવાએ ઈસ્રાએલના ગૌરવના સમ ખાધા છે કે, "હું
કદી એ લોકોનાં કુકર્મો ભૂલીશ નહીં.
8એ પાપોને લીધે ધરતી ધ્રુજી ઊઠશે, એના ઉપર રહેનારા
સૌ શોકમાં ડૂબી જશે, આખી પૃથ્વી ઉપર આવશે, તે ખળભળી
જશે અને પછી નાઈલ નદીની જેમ મંદ પડી જશે."
9"તે દિવસે હું ખરે બપોરે સૂર્યાસ્ત કરીશ. અને ધોળે
દિવસે પૃથ્વી પર હું અંધકાર પાથરી દઈશ.
10તમારા ઉત્સવોને હું શોકમાં ફેરવી નાખીશ અને તમારાં
ગીતોને આક્રંદમાં ફેરવી દઈશ. તમારો એકનો એક પુત્ર

---

**તીડો** તીડજેવું જીવડું કે જે મોટા પાકનો બહુ જલ્દીથી નાશ કરી
શકે.

મૃત્યુ પામ્યો હોય તેમ તમે ટાટ પહેરશો અને શોકની નિશાની તરીકે માથાના વાળ મુંડાવશો; તે દિવસનો અંત અતિશય દુ:ખદ હશે."

### દેવની દુનિયાને ભયંકર ભૂખમરો પૂર્ણ ભવિષ્ય

11આ યહોવાના વચન છે; "એવો સમય આવી રહ્યો છે જ્યારે હું દેશમાં દુકાળ મોકલીશ. લોકોને ભૂખ લાગશે પણ રોટલાની ભૂખ નહીં; તરસ લાગશે પણ પાણીની નહીં, યહોવાની વાણી સાંભળવાની ભૂખ અને તરસ લાગશે.

12ત્યારે લોકો સમુદ્રથી સમુદ્ર સુધી અને ઉત્તરથી પૂર્વ સુધી યહોવાના વચનોની શોધમાં ભટકશે. તેની શોધમાં તેઓ અહીં તહીં દોડશે પણ તે તેઓને મળશે નહીં."

13તે દિવસે રૂપવતી અક્ષતા કન્યાઓ અને યુવાન માણસો તરસને કારણે બેભાન થઈ જશે.

14જેઓ સમરૂનના દેવોના નામે પ્રતિજ્ઞા કરે છે. 'જેઓ બધા દાન, તારા દેવના નામે વચન આપું છું ' એમ કહીને પ્રતિજ્ઞા લે છે. તેઓ બધા ઢળી પડશે અને ફરી કદી પાછા ઊઠશે નહીં."

### દર્શનમાં યહોવા વેદી સમક્ષ ઊભા રહ્યાં

9 યહોવાને મેં વેદી પાસે ઊભેલા જોયા, તેઓ બોલ્યા, "બુરજોની ટોચ ઉપર એવો મારો ચલાવો કે મંદિર હલી ઊઠે અને તેના થાંભલાઓ તૂટી પડે અને સાથે તેની છત નીચે બેઠેલા લોકો પર તૂટી પડે. તેમનામાંથી જે બાકી રહ્યા હશે તેમને હું તલવારથી પૂરા કરીશ. કોઈ તેમાંથી છટકી જવા પામશે નહીં.

2તેઓ ઊંડે ખોદતાં ખોદતાં પાતાળમાં ઊતરી જાય તો પણ હું તેમને પકડીને બહાર લઈ આવીશ. તેઓ જો આકાશમાં ચઢી જશે તો પણ હું તેમને ત્યાંથી નીચે ખેંચી લાવીશ.

3તેઓ જો કાર્મેલની ટોચના ખડકોમાં સંતાઈ જાય તો પણ હું તેમને ત્યાંથી પણ શોધી કાઢી પકડી પાડીશ. જો તેઓ મારાથી સંતાઈને દરિયાને તળીયે પણ હશે, તો ત્યાં રહેતાં રાક્ષસી સર્પને જે ત્યાં રહે છે તેઓને કરડવા માટે આદેશ આપીશ.

4અને જો તેઓ પોતાના દુશ્મનોના હાથે બંદીવાન થઈ દેશપાર થશે તો પણ હું તલવારને આજ્ઞા કરીશ કે તે તેમનો સંહાર કરે. હું તેમના પર નજર રાખીશ કે જેથી તેઓનું ભલું નહીં પણ ભૂંડુ જ થાય."

### દેશના લોકોને સજા નષ્ટ કરશે

5યહોવા સર્વસમર્થ અને સર્વસમર્થ માલિક છે. તેમનો સ્પર્શ થતાં જ પૃથ્વી ઓગળી જાય છે. અને તેમાં વસનારા સૌ શોક કરે છે, તે પૃથ્વી ઊપર આવે છે અને પછી નાઈલ નદીની જેમ મંદ પડી જાય છે. 6એ યહોવા છે કે તેનું ઘર આકાશમાં બાંધે છે અને તેના ઘુમ્મટનો પાયો પૃથ્વી ઉપર નાખે છે તે સમુદ્રના પાણીને બોલાવીને પૃથ્વીના પડ ઉપર રેડી દે છે. એનું નામ યહોવા છે.

### યહોવાએ ઈસ્રાએલને સમાપ્ત કરવાની પ્રતિજ્ઞા કરી

7આ યહોવાના વચન છે, "ઓ ઈસ્રાએલના લોકો, શું તમે મારે મન 'કૂશના' લોકો જેવા નથી? હું જેમ તમને ઈસ્રાએલીઓને મિસરમાંથી લાવ્યો હતો તેમ પલિસ્તીઓને કફતોરથી અને અરામીઓને કીરમાંથી લાવ્યો નહોતો?"

8જુઓ, યહોવા મારા માલિકની દ્રષ્ટિ પાપી ઈસ્રાએલની પ્રજા ઉપર છે; "હું તેને ધરતીના પડ ઉપરથી ભૂંસી નાખીશ. તેમ છતાં હું યાકૂબના વંશનો સંપૂર્ણ સંહાર નહીં કરું.

9હું આજ્ઞા કરીશ કે જેવી રીતે અનાજને ચારણીમાં ચાળવામાં આવે; તેમ છતાં તેમાંનો નાનામાં નાનો દાણો પણ નીચે પડશે નહીં તે રીતે બીજા રાષ્ટ્રો દ્વારા ઈસ્રાએલ પરતંત્ર થઈ જાય.

10પણ મારા લોકોમાંના બધા પાપીઓ, જેઓ એમ કહે છે કે, 'અમને કોઈ આફત સ્પર્શી શકે એમ નથી કે અમારી સામે આવી શકે એમ નથી.' તેઓ તલવારથી નાશ પામશે."

### દેવે રાજ્યને ફરી સ્થાપીત કરવાની પ્રતીજ્ઞા કરી

11"તે સમયે હું દાઉદના ખખડી ગયેલા ઝૂંપડા જેવા રાજ્યને ફરી બેઠું કરીશ અને તેમાં પડેલી ફાટો સાંધી દઈશ. તેના ખંડેરો સમાં કરીશ, તે પહેલાં જેવું હતું તેવું નગર નવેસરથી બાંધીશ;
12હું તેમ કરીશ જેથી ઈસ્રાએલના લોકો અદોમના બાકી રહેલા પ્રાંતો અને બીજા બધા દેશો જે પહેલાં મારા હતા તેને શાસનમાં લઈ શકે. આ સર્વનો કરનાર હું યહોવા બોલું છું."

13"જુઓ અથવા "નોંધી લેજો." એવા દિવસો આવી રહ્યાં છે. ખેડૂતો બીજી તરફ ધાન્યની વાવણી કરવાનું શરૂ કરે છે, તે સમયે પણ ધાન્યની પહેલી લણણી નું કામ પૂરું નહી થયું હોય. ઈસ્રાએલના પર્વતો ઉપર દ્રાક્ષના બગીચામાંથી મીઠો દ્રાક્ષનો રસ ટપકશે.

14હું મારા ઈસ્રાએલી લોકોને બંદીવાસમાંથી પાછા લાવીશ. તેઓ તારાજ થયેલાં નગરોને ફરીથી બાંધશે અને તેમાં વસશે. તેઓ દ્રાક્ષવાડીઓ રોપશે અને તેનો દ્રાક્ષારસ પીશે તથા બગીચા તૈયાર કરશે અને તેના ફળ ખાશે."

15પછી તમારા દેવ યહોવા કહે છે, "હું તેમને તેમની પોતાની ભૂમિમાં પાછા સ્થાપીશ અને તેમને મેં જે ભૂમિ આપી છે તેમાંથી કોઈપણ તેઓને ખસેડી શકશે નહીં."

# યોએલ

### તીડો પાકને ખાઈ જશે

1 પથુએલના પુત્ર યોએલને સંભળાયેલી યહોવાની વાણી
2સાંભળો, ઓ ઈસ્રાએલના વડીલો! અને દેશના સૌ
વતનીઓ, તમે પણ ધ્યાન આપો! તમારા કે તમારા પૂર્વજોના
સમયમાં કદી આવું બન્યું છે?
3તમે તમારા સંતાનોને એની વાત કરજો; તેઓ તેમનાં
સંતાનોને વાત કરશે અને તેઓ પછીની પેઢીને કહેશે.
4તીડો તમારો બધો પાક ખાઈ જશે. જે કાતરનારા તીડોએ
છોડયું તે ગણગણતા તીડો ખાશે; જે ગણગણતા તીડોએ
છોડયું તે કૂદતા તીડો ખાશે; છેલ્લે આંકરાંતિયા તીડ બચેલું
બધું ખાઈ જશે.

### તીડોનું આગમન

5ઓ પીયક્કડો, જાગો અને આક્રંદ કરો! સર્વ દ્રાક્ષારસ
પીનારાઓ, જોરથી રડો! મીઠો દ્રાક્ષરસ તમારી પાસેથી લઈ
લેવાયો છે.
6કારણ, એક દેશે પૃથ્વીને ઢાંકી દીધી છે. તેઓ અગણિત
છે. એમનાં દાંત સિંહના દાંત જેવા છે, તેમની દાઢો સિંહણની
દાઢો જેવી છે.
7તેઓએ મારી દ્રાક્ષની લતાઓનો નાશ કર્યો છે અને
અંજીર વૃક્ષો પર ફકત પાતળી ડાળીઓ છોડી છે. તેઓએ
તેની છાલ સંપૂર્ણત: ઉતારી લીધી છે અને તેને બાજુમાં
ફેંકી દીધું છે. ડાળીઓ સફેદ દેખાય છે.

### લોકોનો આક્રંદ

8કોઈ કુંવારી કન્યા પોતાનાં વિવાહિત પતિના અવસાનથી
શોકના વસ્રો પહેરીને આક્રંદ કરે તેમ આક્રંદ કરો.
9યહોવાના મંદિરમાં ખાદ્યાર્પણો અને પેયાર્પણો આવતાં
નથી. યાજકો જે યહોવા આગળ સેવક છે તેઓ શોક
કરે છે.
10ખેતરો લૂંટાઈ ગયા છે. ભૂમિ આક્રંદ કરે છે. અનાજ
લૂંટાઈ ગયું છે. નવી દ્રાક્ષ સુકાઈ ગઈ છે. તેલ ગયું છે.
11હે ધરતીના ખેડનારાઓ! પોક મૂકો, આક્રંદ કરો, ઓ
દ્રાક્ષની વાડીના માળીઓ! ઘઉં માટે અને જવ માટે પોક
મૂકો કારણ કે ખેતરોના પાકનો નાશ થયો છે.
12દ્રાક્ષની વેલીઓ સુકાઈ રહી છે, અંજીર સુકાઈ રહ્યાં
છે. દાડમ, તાડ સફરજન અને ખેતરમા બધાં વૃક્ષો સૂકાઈ
ગયા છે. લોકોમાંથી આનંદ જતો રહ્યો છે.
13ઓ યાજકો! શોકના વસ્રો ધારણ કરી શોક કરો. ઓ
વેદી ના સેવકો, આક્રંદ કરો. ઓ મારા દેવના સેવકો, શોકના
વસ્રોમાં રાત ગાળો. તમારા દેવના ઘરમાં કોઈ અનાજ કે
પેયાર્પણ નથી.

### તીડોથી ભયંકર વિનાશ

14પવિત્ર ઉપવાસની જાહેરાત કરો. પવિત્રસભા
બોલાવો, તમારા દેવ યહોવાના મંદિરમાં આગેવાનોને
અને દેશવાસીઓને ભેગા કરો, અને યહોવા આગળ રૂદન
કરો.
15અરર! કેવો ભયંકર દિવસ. યહોવાનો વિશિષ્ટ દિવસ
નજીક છે! સર્વસમર્થ દેવ તરફથી વિનાશ આવશે. 16આપણી
નજર સામેજ આપણું અન્ન અદ્રશ્ય થઈ ગયું. આપણા દેવના
મંદિરમાંથી સર્વ આનંદ અને ઉત્સાહ ઊડી ગયા છે.17સૂકી
જમીન નીચે ધાન્ય સડી જાય છે. વખારો નષ્ટ થઈ છે.
કોઠારો ઓછા થયા છે. ખેતરોમાં અનાજ સુકાઈ ગયું છે.
18ઢોર ભાંભરી રહ્યાં છે અને બળદો મુંજાયા છે કારણકે
તેઓ માટે ઘાસચારો રહ્યો નથી. ઢોરોનાં ટોળાંઓ પણ કષ્ટ
સહન કરી રહ્યાં છે. 19ઓ યહોવા, હું તમને બોલાવું છું,
'કારણકે અગ્નિએ મરૂભૂમિના ઘાસચારાને ભસ્મ કર્યો છે
અને પ્રજવલિત જવાળાઓએ ખેતરના બધા વૃક્ષો બાળી
નાખ્યાં છે. 20વનચર પશુઓ પણ પાણી માટે તમને પોકારે
છે કારણકે પાણીની ધારાઓ સુકાઈ ગઈ છે ને અગ્નિએ
વનનો ઘાસચારો ભસ્મ કર્યો છે.'

### દેવ પોતાનો આત્મા રેડશે

2 સિયોનમાં રણશિંગડું વગાડો, મારા પવિત્ર પર્વત પર
ભય સૂચવતો ચેતવણીનો સૂર સંભળાવો. દેશના સૌ
લોકો, થરથરી ઊઠો, કારણકે યહોવાનો ન્યાયનો દિવસ આવી
રહ્યો છે. તે નજીક છે.
2અંધકાર અને વિષાદનો તે દિવસ છે. વાદળો અને
અંધકારનો દિવસ. પર્વતો પર પથરાતા ઘાટા પડછાયા જેવું
બળવાન અને વિશાળ સૈન્ય જેવું દેખાય છે. એવું પહેલાં
કદી બન્યું નથી કે ભવિષ્યમાં કદી જોવા નહિં મળે.
3અગ્નિ તેમની સમક્ષ ભભૂકે (દેદીપ્યમાન) છે. તેમની
પાછળ જવાળાઓ લપકારા મારે છે. તેમની સમક્ષની ભૂમિ
આદમના બગીચા જેવી છે. પરંતુ તેઓની પાછળ તે ઉજજડ
અરણ્ય જેવી છે. કશું જ રહેતું નથી.

4તેમનો દેખાવ ઘોડાઓના જેવો છે; અને જાણે ઘોડેસવાર હોય તેમ તેઓ દોડે છે.

5તેઓ શિખરો પર ગડગડાટ કરતાં, રથોની જેમ આગળ ધસી રહ્યાં છે, ઘાસ બળતી જવાળાઓના લપકારાની જેમ અને યુદ્ધભૂમિમાં શક્તિશાળી સેનાની જેમ આગળ વધે છે.
6તેમને જોતાં પ્રજાઓ ધ્રૂજી ઊઠે છે. ભયને કારણે સૌના ચહેરા ઉપરથી લોહી ઊડી જાય છે.

7આ 'યોદ્ધાઓ' પાયદળની જેમ દોડે છે, અને પ્રશિક્ષણ પામેલા સૈનિકોની જેમ ભીંતો ઉપર ચઢી જાય છે. તેઓ બધા એક હરોળમાં ખસે છે અને તેમની હરોળથી હટતાં નથી.

8તેઓ એકબીજાને ધક્કો નથી મારતાં અને હરોળમાં રહે છે. જ્યારે તેઓ શસ્ત્રો સમક્ષ પડે ત્યારે તેઓ ક્રમ તોડતાં નથી.

9તેઓ શહેરમાં ઉમટ્યા છે. તેઓ દીવાલોની એક તરફથી બીજી તરફ દોડે છે. તેઓ મકાનોની અંદર ચડી જાય છે. અને બારીઓમાંથી ચોરની જેમ પ્રવેશે છે.

10ધરતી તેમની આગળ ધ્રુજે છે અને આકાશ થરથરે છે, સૂર્ય અને ચંદ્ર કાળા પડી જાય છે અને તારાઓ તેજસ્વીતા ગુમાવે છે.

11યહોવા તેના સૈન્યદળોને આજ્ઞાઓ આપે છે. તેમનું સૈન્ય મોટું છે, અને તેમની આજ્ઞા પાળનારાઓ શક્તિશાળી છે. યહોવાનો ન્યાયનો દિવસ ભયંકર અને બિહામણો છે. એની સામે કોણ ટકી શકે?

### યહોવા લોકોને પરિવર્તિત થવાનું કહે છે

12તેથી યહોવા કહે છે, "હજી સમય છે સાચા હૃદયથી તમે મારી પાસે પાછા ફરો. ઉપવાસ કરી, રૂદન કરો ને આક્રંદ કરો. 13તમારાં વસ્ત્રો નહીં, હૃદયો ચીરી નાખો. તમારા યહોવા દેવ પાસે પાછા ફરો. તે દયાળુ અને કૃપાળુ છે. તે ગુસ્સે થવામાં ધીમો છે અને તેની પાસે અનેરો પ્રેમ છે અને તે ન્યાયના ચુકાદાને લગતો તેનો વિચાર બદલે છે.

14કોણ જાણે છે? કદાચ તે તેના વિચાર બદલે અને સજાથી ફરી અને તમને આશીર્વાદ આપે. ત્યારે તમારા દેવ યહોવાને અનાજ અને પેયાર્પણ થશે.

### યહોવાની ઉપાસના કરો

15સિયોનમાં રણશિંગડું વગાડો, ઉપવાસ જાહેર કરો; અને ધાર્મિક સભા માટે લોકોને ભેગા કરો.

16સૌને ભેગા કરો, સમુદાયને પાવન કરો, વડીલો, બાળકો અને ધાવણાં બાળકોને ભેગાં કરો. વર અને કન્યાએ તેમનો લગ્ન મંડપ છોડી આવવું જાઈએ.

17યાજકો, જે યહોવાના સેવકો છે તેમણે ઓસરી અને વેદી વચ્ચે રડવું અને કહેવું કે, "ઓ યહોવા, તારા લોકો પર દયા કર. વિદેશીઓ ને તેમને હરાવવા ન દો. તમારા લોકોને વિદેશીઓ સમક્ષ લજ્જિત થવા ન દો જેઓ દરેકને કહે છે, "ક્યાં છે તેઓનો દેવ?"

### યહોવા તમને તમારી ભૂમિ પાછી અપાવશે

18ત્યારે યહોવાને પોતાના દેશને માટે લાગણી થઈ, ને તેને પોતાના લોકો પર દયા આવી.

19યહોવાએ પોતાના લોકોને જવાબ આપ્યો, "જુઓ, હું તમને સંતોષ થાય તેટલા પૂરતાં અનાજ, દ્રાક્ષારસ, અને તેલ મોકલીશ. હવે હું તમને વિદેશીઓ સમક્ષ હજી વધારે લજ્જિત થવા નહી દઉં.

20હું આ સૈન્યોને ઉત્તરમાંથી ખસેડી અને તેઓને દૂર દેશમાં મોકલી દઈશ. હું તેઓને ઉજ્જડ તથા વેરાન દેશમાં પાછા મોકલી દઈશ. તેઓમાંના અડધાને મૃત સરોવરમાં અને બાકીનાને ભૂમધ્ય સમુદ્રમાં ધકેલીશ. પછી તેઓ દુર્ગંધીત થશે અને તેમની ગંધ ઉંચે ચઢશે કારણકે તેણે શક્તિશાળી કાર્યો કર્યા છે."

### ભૂમિને ફરીથી નવી બનાવાશે

21ઓ ભૂમિ, ગભરાઈશ નહીં, હવે ખુશ થા અને આનંદ કર. કારણકે યહોવાએ મહાન કાર્યો કર્યા છે.

22હે વનચર પશુઓ, તમે ડરશો નહીં; કારણકે ગોચરની જગ્યાઓ ફરીથી હરિયાળી થશે. વૃક્ષો પોતાના ફળ ઉપજાવશે, અંજીરવૃક્ષો અને દ્રાક્ષાવેલાઓ ફરીથી ફળવંતા થશે.

23હે સિયોનના લોકો, ખુશ થાઓ તમારા યહોવા દેવના નામે આનંદ કરો કારણકે તે તમારી સાથેના સંબંધના પ્રસ્થાપનના ચિહનરૂપે શરદઋતુનાં વરસાદો મોકલી રહ્યો છે. તે તમારા માટે વરસાદ વરસાવશે. ફરીથી, તે વસંત અને શરદઋતુમાં વરસાદ વરસાવશે.

24ફરી ખળીઓ ઘઉંથી ભરાઈ જશે અને કુંડો જૈતતેલ અને દ્રાક્ષારસથી ઊભરાશે.

25મેં મારું મહાન વિનાશક તીડોનું લશ્કર તમારી વિરૂદ્ધ મોકલ્યું હતું–સામૂહિક તીડો, કુદકતાં તીડો, વિનાશક તીડો, અને કાપતાં તીડો. તેમના દ્વારા નષ્ટ થયેલો પાક હું તમને પાછો આપીશ.

26તમે ચોક્કસ ધરાઈને ખાશો અને યહોવા દેવના નામને પૂજશો જે તમારી સાથે અદ્ભૂત રીતે વર્ત્યા છે અને મારા લોકો ફરી કદી લજ્જિત નહીં થાય.

27પછી તમને ખબર પડશે કે હું ઈસ્રાએલમાં છું, ને હું તમારો દેવ યહોવા છું, ને બીજું કોઈ નથી; અને મારા લોકો કદી લજ્જિત થશે નહીં."

### બધાં લોકોને પોતાનો આત્મા આપવાની દેવની પ્રતિજ્ઞા

28"હવે પછી, હું મારો આત્મા બધા લોકો પર રેડીશ. તમારા પુત્રો અને પુત્રીઓ પ્રબોધ કરશે, તમારા ઘરડાંઓ સ્વપ્નો જોશે અને યુવાનોને સંદર્શનો થશે.

29વધુમાં, હું મારો આત્મા તમારા દાસો અને દાસીઓ ઉપર રેડીશ.

30હું પૃથ્વી પર અને આકાશમાં આશ્ચર્યજનક નિશાનીઓ મૂકીશ લોહી અને અગ્નિ તથા ધુમાડાના સ્તંભો

31યહોવાનો મહાન અને ભયંકર દિવસ આવે તે પહેલા
સૂર્ય અંધકારરૂપ અને ચંદ્ર લોહીરૂપ થઈ જશે.
32પછી જે કોઈ યહોવાને બોલાવશે તે ભાગી જશે, કારણ,
યહોવાએ કહ્યું હતું કે "યરૂશાલેમમાં અને સિયોન પર્વત
પર દીર્ઘજીવીઓ થશે, અને યરૂશાલેમમાં દીર્ઘજીવીઓ હશે
જેને યહોવા બોલાવે. તેઓ ઉગરી જશે.

## યહોવાનો દિવસ પાસે છે

3 "જુઓ! તે દિવસોમાં અને તે સમયે જ્યારે હું યહૂદા
અને યરૂશાલેમનાં ભાગ્ય ફેરવીશ, 2હું બધા લોકોને
ભેગા કરીશ અને તેમને યહોશાફાટની કોતરમાં નીચે લઈ
આવીશ અને તેમને મારા લોકોને ઈસ્રાએલીઓ મારા
ઉત્તરાધિકારીઓને ઈજા કરવા માટે સજા કરીશ. જેઓને
તેઓએ વિવિધ દેશોમાં વેરવિખેર કરી મારી ભૂમિને વિભાજીત
કરી હતી. 3ચિઠ્ઠીઓ નાખી તેઓએ મારા લોકોને સેવકો
તરીકે વહેંચી લીધા છે. તેઓએ નાના છોકરાઓને વેશ્યાઓ
મેળવવા વેંચી નાખ્યાં છે અને દ્રાક્ષારસ અને પીણાનાં
બદલામાં નાની છોકરીઓ બદલી છે.
4ઓ તૂર અને સિદોન તથા પલેશેથના બધા પ્રાંતો તમારે
ને મારે શું લેવા દેવા? શું તમે પાછું વાળવા પ્રયત્ન કરો છો?
સાવધાન રહો, તમે જો બદલો લેવા માંગશો તો ઝડપથી હું
તમારી તરફ ફરીશ અને ગણતરીઓ તમારા પર વાળીશ!
5તમે મારાં સોનાચાંદી લઈ લીધાં છે, તથા મારું સર્વ કિંમતી
દ્રવ્ય તમારા મંદિરોમાં તમે ઉપાડી ગયા છો.
6"વળી તમે યહૂદા અને યરૂશાલેમના લોકોને ગ્રીકોને
વેચી દીધા છે, તેઓ તેમને પોતાના વતનમાં દૂર દેશમાં
લઈ ગયા છે. 7પરંતુ હવે હું તમે તેમને જ્યાં વેચ્યાં છે ત્યાંથી
જગાડીશ અને તમે જે કર્યુ છે તે સમાન જ હું તમારી સાથે
કરીશ. 8તમારા પુત્ર અને પુત્રીઓને હું યહૂદાના વંશજોને
વેંચીશ અને તેઓ તેમને દૂરના દેશ શેબાના લોકોને વેંચી
દેશે." આ યહોવાનું વચન છે.

## યુદ્ધની તૈયારી કરો

9પ્રજાઓમાં બધીબાજુ જાહેર કરો; યુદ્ધની તૈયારી કરો.
શ્રેષ્ટ યોદ્ધાઓની ભરતી કરો. યુદ્ધના સર્વ પુરુષો તૈયાર
થાઓ અને યુદ્ધ તરફ કૂચ કરો. 10તમારા હળની કોશોને
ઓગાળીને તેમાંથી તલવારો બનાવો અને તમારાં
દાંતરડાઓને ટીપીને ભાલા બનાવો. દુર્બળ માણસોને કહેવા
દો કે તે બળવાન છે.
11હે આજુબાજુની સર્વ પ્રજાઓ, જલદી આવો ને એકત્ર
થાઓ; હે યહોવા, તમારા યોદ્ધાઓને ત્યાં ઉતારી લાવો."
12રાષ્ટ્રોને જાગવા દો અને યહોશાફાટની કોતરમાં આવવા
દો. હું નજીકના દેશોનો ન્યાય આપવા માટે ત્યાં બેસવાનો
છું. 13હવે દાંતરડા ચલાવો, મોલ પાકી ગયો છે. આવો,
કોલુ દ્રાક્ષથી ભરેલું છે; કૂંડા રસથી ઊભરાય ત્યાં સુધી
દ્રાક્ષાઓને ગૂંધ્યા કરો." કારણકે તેમની દુષ્ટતા વધી ગઈ છે.
14નિર્ણયની ખીણમાં મોટો જનસમુદાય રાહ જોઈ રહ્યો
છે! કારણકે નિર્ણયની ખીણમાં યહોવાનો દિવસ પાસે
થઈ રહ્યો છે.
15સૂર્ય અને ચંદ્ર કાળા પડી જાય છે અને તારાઓનો
પ્રકાશ જાંખો પડ્યો છે.
16યહોવા દેવ સિયોનમાંથી ગર્જના કરે છે અને
યરૂશાલેમમાંથી ત્રાડ નાખે છે તેથી પૃથ્વી અને આકાશ ધ્રુજે
છે. પણ યહોવા તેનાં લોકો માટે સુરક્ષિત સ્થળ થશે. તે
ઈસ્રાએલ માટે કિલ્લો છે.
17ત્યારે તમે જાણશો કે "હું મારા અલૌકિક પર્વત સિયોન
ઉપર બેસનારો તમારો દેવ યહોવા છું. પછી યરૂશાલેમ
પવિત્ર નગરી બનશે અને વિદેશીઓ તેના પર આક્રમણ
કરશે નહીં."
18"તે દિવસે પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે અને
ડુંગરોમાંથી દૂધ વહેશે. યહૂદાની સુકાઇ ગયેલી ધારાઓ
પાણીથી ભરપૂર થશે. અકાશીયા ખીણને પાણી પહોંચાડવા
યહોવાના મંદિરમાંથી ઝરો નીકળશે.
19મિસર ઉજ્જડ થઈ જશે, અને અદોમ ઉજ્જડ મરૂભૂમિ
બનશે કારણ કે આ લોકોએ યહૂદાના લોકોને ઉત્પાત કર્યો
હતો અને તેમનું નિર્દોષ લોહી વહેવડાવ્યું હતું.
20યહૂદા સદા નિર્વાસીત થશે અને યરૂશાલેમ પેઢી દર
પેઢી વસ્તી વધારો પામશે.
21કારણ હું તેમના લોહીને દંડીશ. હું તેને વગર દંડયે
છોડીશ નહિં." કારણકે યહોવા સિયોનમાં રહે છે.

# હોશિયા

### હોશિયા દ્વારા યહોવા દેવનો સંદેશ

1 યહૂદાના રાજાઓ ઉઝ્ઝિયા, યોથામ, આહાઝ તથા
હિઝિક્યા અને ઈસ્રાએલના રાજા યોઆશના પુત્ર
યરોબઆમના અમલ દરમ્યાન બસેરીના પુત્ર હોશિયાને
સંભળાયેલી યહોવાની વાણી.
2યહોવાનો હોશિયાને આ પહેલો સંદેશો હતો. તેણે કહ્યું
"જા અને તે વારાંગનાને પરણ જેને તેની વારાંગનાવૃતિથી
સંતાન થયા છે. કારણકે આ દેશના લોકોએ વારાંગના જેવું
વર્તન કર્યુ છે, તેઓ યહોવામાં અશ્રદ્ધાળુ થયા છે.

### યિઝ્રએલનો જન્મ

3તેથી હોશિયાએ ત્યાં જઈને દિબ્લાઈમની પુત્રી ગોમેર
સાથે વિવાહ કર્યા અને ગોમેરને તેનાથી ગર્ભ રહ્યો અને એક
પુત્ર અવતર્યો. 4યહોવાએ તેને કહ્યું, "તેનું નામ 'યિઝ્રએલ'
પાડ, કારણકે થોડા જ સમયમાં હું યેહુના કુટુંબના સદસ્યો
પર બદલો લઈશ અને તેના વંશજોને યિઝ્રએલ ખીણમાં
તેણે જે રકતપાત કર્યો હતો તેના માટે સજા કરીશ. 5હું
ઈસ્રાએલ રાજ્યનો અંત લાવીશ.

### લો-રૂહામાહાનો જન્મ

6ગોમેરને ફરીથી ગર્ભ રહ્યો ને આ વખતે પુત્રી અવતરી,
યહોવાએ તેને કહ્યું, "તું તેણીનું નામ લો-રૂહામાહ પાડ;
કારણકે હવે પછી હું કદી ઈસ્રાએલના લોકો ઉપર તેમના
પાપોને ક્ષમા કરીને દયા દેખાડવાનો નથી. 7પરંતુ હું યહૂદાના
લોકો ઉપર કૃપા કરીશ અને તેમનું રક્ષણ કરીશ. ધનુષ,તલવાર,
યુદ્ધ, કે ઘોડેસ્વારોથી નહીં, પરંતુ તેમના દેવ યહોવા તરીકે
હું જાતે તેમનો ઉદ્ધાર કરીશ.

### લો-આમ્મીનો જન્મ

8લો-રૂહામાહને ધાવણ છોડાવ્યા પછી ગોમેરને ફરી ગર્ભ
રહ્યો અને તેને એક પુત્ર અવતર્યો. 9ત્યારે યહોવાએ કહ્યું,
"તેનું નામ લો-આમ્મી પાડ; કારણકે તમે ઈસ્રાએલના લોકો
મારા લોકો નથી ને હું તમારો દેવ નથી."

### યહોવા દેવના વચન: ઈસ્રાએલિઓ અસંખ્ય થશે

10છતાંય ઈસ્રાએલ પુત્રોની સંખ્યા સમુદ્રની રેતી જેટલી
થશે, જે ન તો માપી શકાય કે ન તો ગણી શકાય. તેમને
એમ કહેવામાં આવ્યું હતું કે, "તમે દેવની પ્રજા નથી",
તેને બદલે "તમે જીવતા - જાગતા દેવની પ્રજા છો." એમ
તેમને કહેવામાં આવશે.
11ત્યારબાદ યહૂદાના લોકો અને ઈસ્રાએલના લોકો ફરી
ભેગા થશે અને તેઓ પોતાના માટે એક આગેવાન નીમીને
જમીન મેળવી લેવા આગળ વધશે. કારણકે યિઝ્રએલનો
દિવસ એક મહાન દિવસ હશે.

2 હે ઈઝ્રએલ! તારા ભાઈ બહેનનું પુન:નામકરણ કર.
ભાઈનું નામ આમ્મી અને બહેનનું નામ રૂહામાહ
રાખ, કારણકે હવે દેવ તેના પર દયા રાખશે.

### ઈસ્રાએલી જાતિથી યહોવાનો વાર્તાલાપ

2તમારા માતાજીને આજીજી કરો, તેને સમજાવો: કારણકે
તે મારી પત્ની નથી, ને હું તેનો ધણી નથી; તેને સમજાવો કે
તે તેનો વારાંગના તરીકેનો વ્યભિચાર બંધ કરે. 3જો તે તેમ
કરતાં નહી અટકે તો હું તેને તેના જન્મ સમયે હતી તેવી
નગ્ન કરી દઈશ અને તેને વેરાન સ્થળે મોકલી આપીશ. હું
તેને મરુભૂમિ સમી સૂકીભઠ બનાવી દઈશ અને તેને પાણી
વિના તરસે મરવા દઈશ. 4જ્યાં સુધી તેના સંતાનોનો સબંધ
છે, મને તેમનાં પર સહાનુભૂતિ નથી કારણકે તેઓ મારા
સંતાનો નથી. તેઓ એક વારાંગનાના સંતાનો છે. 5તેણીને
તેનો ગર્ભધારણ પોતાના શરમજનક કાર્યોથી થયો છે અને
તેણીએ કહ્યું, "હું મારા પ્રેમીઓની પાસે જઈશ, કારણ, તેઓ
મને મજાનું ખાવાનું, પીવાનું, કપડાં, તેલ અને અત્તર આપે
છે."
6પરંતુ હું એના માર્ગમાં કાંટાની વાડ ઊભી કરીશ અને
તેની આડે ભીત ચણીશ, જેથી તેણી જે કઈ કરવા માંગે છે,
તે નહી કરી શકે. 7તે પોતાના પ્રેમીઓની પાછળ જશે, પણ
તે તેઓને પકડી શકશે નહીં; તે તેઓને શોધશે છતાં તેઓ
તેને મળશે નહીં; ત્યારે તે કહેશે કે, હું મારા પતિને ઘેર
પાછી ફરીશ, કારણકે અત્યારે મારી જે સ્થિતિ છે તેના કરતાં
તેની સાથે મારી સ્થિતિ વધારે સારી હતી.
8એ સમજતી નહોતી કે એને અનાજ, દ્રાક્ષાસવ અને
તેલ આપનાર હું હતો, અને એણે બઆલદેવ પાછળ ખર્ચી
નાખ્યું તે મબલખ સોનું-ચાંદી આપનાર પણ હું હતો. તેથી
હવે હું અનાજ કે દ્રાક્ષ પાકવા દઈશ નહિં, અને એનું ઉઘાડું
શરીર ઢાંકવા મેં જે પહેરવા-ઓઢવાનું આપ્યું હતું તે પણ
પાછું લઈ લઈશ. 10તેથી તેના પ્રેમીઓ આગળ તેની શરમ
ઉઘાડી પાડીશ. મારા હાથમાંથી તેને કોઈ બચાવી શકશે

નહીં. 11હું એના તમામ આનંદોત્સવ, વાર્ષિક અને માસિક
પર્વો, તથા વિશ્રામવાર વગેરે તહેવારોનો અંત લાવીશ. 12જે
દ્રાક્ષની વાડીઓ અને અંજીરના વૃક્ષો વિષે એ એમ કહે છે
કે 'એ તો મારા પ્રેમીઓએ મને આપેલી ભેટ છે.' હું તેને
ઉજ્જડ બનાવી દઈશ, જંગલમાં ફેરવી નાખીશ અને જંગલી
પ્રાણીઓ તેને ખાઈ જશે.

13મને ભૂલીને તે બઆલની મૂર્તિ આગળ ધૂપ ચડાવતી
હતી. અને આભુષણોનો શણગાર કરીને પ્રેમીઓની પાછળ
ફરતી હતી. તે માટે હું તેને સજા કરીશ." આ યહોવાના
વચન છે.

14તેથી હવે હું તેણીને વેરાન પ્રદેશ તરફ મોહિત કરીશ
અને તેની સાથે માયાળુપણે વાત કરીશ. 15તેની દ્રાક્ષવાડીઓ
હું તેને પાછી આપીશ, તથા આશાના દ્વાર તરીકે આખોરની
ખીણ પણ આપીશ; યુવાનીમાં મેં તેને મિસરના
બંદીવાસમાંથી મુક્ત કરી ત્યારે તે આનંદના ગીતો ગાતી
હતી તેમ ફરીથી તે મને ઉત્તર આપશે.

16યહોવા કહે છે તે દિવસે તે મને "મારા માલિક" કહેવાને
બદલે 'મારા પતિ' એમ કહીને સંબોધન કરશે ને પછીથી
બઆલ કહીને નહિ બોલાવે. 17હે ઈસ્રાએલ, હું તને તારી
મૂર્તિઓ ભૂલાવી દઈશ તેઓનાં નામ પણ તું ઉચ્ચારશે નહીં.

18તે વખતે હું તમારી અને હિંસક પ્રાણીઓ, પક્ષીઓ તથા
સર્પોની વચ્ચે કરાર કરીશ કે તમારે હવે એકબીજાથી ગભરાવું
નહીં, હું સર્વ શસ્રોનો નાશ કરીશ, સર્વ લડાઈઓનો અંત
આવશે, ત્યારે તમે શાંતિ અને સુરક્ષા અનુભવશો અને નિર્ભય
રીતે સૂઈ શકશો. 19હું યહોવા તને મારી સાથે પવિત્રતા,
ન્યાયીપણું, પ્રેમ તથા દયાની સાંકળથી સદાકાળને માટે
બાંધીશ, હા, લગ્ન બંધનથી બાંધીશ. 20વિશ્વાસુપણા તથા
પ્રેમથી હું તારી સાથે સગાઈ કરીશ. અને તું તારા યહોવાને
ઓળખશે.

21યહોવા કહે છે કે, તે દિવસે હું જવાબ આપીશ, હું
આકાશોને જવાબ આપીશ, ને તેઓ પૃથ્વીને જવાબ આપશે;

22પછી પૃથ્વી અનાજને, દ્રાક્ષારસને અને જૈતતેલને જવાબ
આપશે અને તેઓ યિઝ્રએલને જબાબ આપશે. 23હું તેણીને
જમીનમાં મારા માટે રોપીશ. મેં જેઓને 'મારા અપ્રિય' કહ્યાં
હતાં તેમને મારો પ્રેમ બતાવીશ હું તે લોકો જે 'મારા લોક
નથી' તરીકે ઓળખાય છે તેમને 'તમે મારા લોકો' છો તેમ
કહીશ," અને તેઓ કહેશે,"તમે અમારા દેવ છો."

## હોશિયા ગોમેરને દહેજ આપીને છોડાવી

3 પછી યહોવાએ મને કહ્યું, તારી પત્નીને પ્રેમી હોવા
છતાં અને તેણી વારાંગના હોવા છતાં તેણીની પાસે જા
અને તેણીને પ્રેમ કરવાનુ ચાલુ રાખ. ઈસ્રાએલના લોકો
બીજા દેવો તરફ વળીને સુકા મેવાની (કેક) વાનગીના અર્પણનો
આનંદ લે છે છતાં યહોવા તેમને પ્રેમ કરે છે એવી રીતે તું
એને પ્રેમ કર.

2તેથી મેં પંદર તોલા ચાંદી અને સાત મણ જવ આપીને
તેને ખરીદી, 3અને તેને કહ્યું, "લાંબા સમય સુધી તું મારી
સાથે રહેજે; તું શારીરિક સંબંધ કરીશ નહીં, ને બીજા કોઈ
પુરુષની સ્ત્રી થઈશ નહીં; હું પણ તારી સાથે એ જ રીતે
વર્તીશ."

4એ જ રીતે ઈસ્રાએલી પ્રજા લાંબા સમય સુધી રાજા કે
આગેવાન વગર, યજ્ઞ કે પૂજાસ્તંભ વગર, મૂર્તિ કે શુકન
જાણવાની પૂતળી વગર રહેશે. 5ત્યારબાદ તેઓ પોતાના
યહોવા દેવની પાસે, પોતાના રાજા દાઉદની શોધ કરશે;
અને આમ પાછળના દિવસોમાં ઈસ્રાએલી પ્રજા યહોવા
દેવનો ભય રાખીને, ધ્રૂજતા ધ્રૂજતા યહોવા પાસે આવશે,
અને તેમના આશીર્વાદો પામશે ને તેમની ઉદારતાનો
આશ્રય લેશે.

## ઈસ્રાએલ પર યહોવાનો કોપ

4 ઓ ઈસ્રાએલના લોકો, યહોવાને આ દેશના વતનીઓ
સામે ફરીયાદ છે, એની વાણી સાંભળો, તમારા દેશમાં
વિશ્વાસુપણું, માયામમતા અને દેવના જ્ઞાનનો અભાવ છે.
2જ્યાં જુઓ ત્યાં લોકો ખોટા સમ ખાય છે, જૂઠું બોલે છે,
ખૂન કરે છે, લૂંટ ચલાવે છે. અને વ્યભિચાર કરે છે. તેઓ
કોઈ મર્યાદા પાળતા નથી અને ખૂન પર ખૂન કર્યે જાય છે.
સર્વત્ર હિંસા છે.3આથી દેશ શોકમાં ગરક થઈ ગયો છે. અને
તમારી ભૂમિમાં ઊપજ થતી નથી. જે જીવંત છે તે બિમાર
પડે છે અને મૃત્યુ પામે છે; જંગલના બધા પ્રાણીઓ,
આકાશમાંના બધા પંખીઓ અને સમુદ્રમાંના માછલાં સુદ્ધાં
મરતા જાય છે. 4પણ કોઈએ દલીલ ન કરવી અથવા બીજા
માણસ પર આરોપ ન કરવો. હે યાજકો, મારી દલીલ તમારી
સામે છે. 5દિવસે અને રાત્રે તમે ઠોકરો ખાઓ છો, યાજકો
પણ તમારા ભેગા પ્રબોધકો પણ ઠોકર ખાય છે. હું તમારી
માતૃભૂમિ ઈસ્રાએલનો નાશ કરીશ.

6મારા લોકો જ્ઞાનને અભાવે નાશ પામતા જાય છે. તમે
જ્ઞાનને ફગાવી દીધું છે તેથી હું પણ તમને મારા યાજક
પદેથી ફગાવી દઈશ. તમે મારો ઉપદેશ ભૂલી ગયા છો
એટલે હું પણ તમારા વંશજોને ભૂલી જઈશ. 7મારા લોકોની
સંખ્યા જેમ જેમ વધતી જાય છે, તેઓ મારી વિરૂદ્ધ તેમના
પાપો વધારતા જાય છે. હું તેમના મહિમાને શરમમાં બદલી
નાખીશ. 8યાજકો મારા લોકોના પાપાર્થાર્પણો હોઈયાં કરી
જાય છે. તેથી તેઓ ઈચ્છે છે કે તેઓ વધારે અને વધારે
પાપો કરે. 9તેથી, જેવું લોકો સાથે બનશે તેવું યાજકો સાથે
બનશે. હું તેમને તેમના ખરાબ કૃત્યો માટે સજા આપીશ.
10તેઓ ખાશે પણ ધરાશે નહીં, તેઓ શારીરિક સંબંધ કરશે,
પણ તેમનો વસ્તાર વધશે નહીં; કારણકે તેઓએ યહોવાની
કાળજી કરવાનું મૂકી દીધું છે.

11યહોવા કહે છે, "વ્યભિચાર, દ્રાક્ષારસ ને નવો દ્રાક્ષારસ
મારા લોકોની બુદ્ધિ હરી લે છે. 12વ્યભિચારના ભૂતે તેમને
ગેરમાર્ગે દોરવ્યા છે. 13તેઓ પર્વતોના શિખરો ઉપર મૂર્તિઓ
સન્મુખ બલિદાન કરે છે; ડુંગરો ઉપર જઈને ઓકવૃક્ષો,
પીપળવૃક્ષો તથા સેલાહવૃક્ષો તળે ધૂપ બાળે છે; એને લીધે
તમારી પુત્રીઓ વ્યભિચાર કરે છે ને તમારી પુત્રવધુઓ

અનૈતિક કર્મ કરે છે." 14જ્યારે તમારી પુત્રીઓ જાતીય
પાપો કરશે, અને તમારી પુત્રવધુઓ અનૈતિક કર્મ કરશે હું
તેઓને શિક્ષા કરીશ નહિં કારણ, પુરુષો પોતે જ વારાંગનાઓ
સાથે નિષિદ્ધ વ્યવહાર રાખે છે અને વારાંગનાઓની સંગતમાં
મંદિરમાં બલિ ચડાવે છે. આ રીતે જે લોકોને સમજણ નથી
તેઓ પોતાનો વિનાશ કરી રહ્યાં છે.

### ઈસ્રાએલના શરમ જનક પાપ

15ઈસ્રાએલ તું એક વારાંગના હોવા છતાં, યહૂદાને એજ
પાપ ન કરવા દેતી. ગિલ્ગાલ કે બેથ-આવેન ન જતા અને
યહોવાના નામે સમ ન લેશો. અને ત્યાં યહોવાની બાધા કે
સમ ખાશો નહીં. 16કારણકે ઈસ્રાએલે અડિયલ વાછરડીની
જેમ હઠીલાઈ કરી છે, પછી લીલા બીડમાં હલવાનની જેમ
યહોવા તેઓને કેવી રીતે ચરાવી શકે? 17એફ્રાઈમે મૂર્તિઓ
સાથે સંબંધ જોડ્યો છે. તેથી તેનાથી દૂર રહેજે.

18ઈસ્રાએલના પુરુષો દ્રાક્ષારસ પીને વારાંગનાની જેમ
વર્તે છે. એફ્રાઈમના શાસનકર્તાઓને લાંચ પ્રિય છે અને
માગે છે. તેઓ લોકો પર શરમ લાવશે. 19પ્રચંડ પવન તેઓને
દૂર તાણી જશે; મૂર્તિઓને તેઓની બલિઓ, તેમને શરમ
લાવશે.

### આગેવાનોએ ઈસ્રાએલ અને યહૂદાથી પાપ કરાવ્યા

5 ઓ યાજકો, આ સાંભળો! ઓ ઈસ્રાએલીઓ, ધ્યાન
આપો! ઓ રાજકુટુંબના સર્વ માણસો ધ્યાનથી સાંભળો!
તમને દોષિત ઠરાવવામાં આવ્યાં છે. કારણકે મિસ્પાહમાં
તમે ફંદારૂપ બન્યા હતાં, તાબોર પર્વત ઉપર જાળની જેમ
પથરાયા હતાં.

2બંડખોરોએ તેઓને ફસાવવા માટે શિટ્ટિમમાં ઊંડા
ખાડાઓ ખોધા છે, પરંતુ હું તમને સૌને શિક્ષા કરીશ. 3હું
જાણું છું એફ્રાઈમ શું કરી રહ્યું છે. ઈસ્રાએલના કૃત્યો મારાથી
છુપા નથી. હા, હું જાણું છું એફ્રાઈમ વારાંગનાની જેમ વર્ત્યુ.
ઈસ્રાએલ અપવિત્ર બન્યું. 4તેઓના દુષ્ટ કૃત્યો તેમને દેવ
તરફ પાછા ફરતાં દૂર રાખે છે. કારણકે તેઓ મેળાપના આત્મા
દ્વારા પકડાયેલા છે, અને તેઓ યહોવાને નથી જાણતા.
5ઈસ્રાએલનો ગર્વ તેની વિરૂદ્ધ સાક્ષી છે. ઈસ્રાએલ અને
એફ્રાઈમ પોતાના પાપમાં ઠોકર ખાશે અને યહૂદા તેની
સાથે પડશે.

6અંતે તેઓ દેવની શોધ કરવા પોતાના ઘેટાં, બકરાં અને
ઢોરઢાંખર સાથે આવશે અને તેઓનું બલિદાન દેવને અર્પશે.
પરંતુ ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હશે. તેઓ યહોવાને શોધી
શકશે નહીં. દેવ તેઓથી વિમુખ થશે અને તેઓને એકલા
મૂકી દેવામાં આવશે. 7તેઓએ યહોવાને દગો દીધો હતો.
કારણકે તેઓએ બીજા કોઈના સંતાનોને જન્મ આપ્યો છે.
તેથી તે તેમનો અને તેમની ભૂમિનો નાશ કરશે.*

### ઈસ્રાએલના વિનાશની ભવિષ્યવાણી

8ચેતવણીનો ઘંટ વગાડો! ગિબયાહમાં તથા રામામાં અને
બેથ-આવેન સુધી રણશિંગડું વગાડી ચેતવણી આપો;
બિન્યામીનનો પ્રદેશ ધ્રુજી ઊઠો!

9હે ઈસ્રાએલ! સજાનો દિવસ આવી રહ્યો છે ઈસ્રાએલ
તારાજ થઈ જશે. ઈસ્રાએલના લોકો માટે હું જે જાહેર કરું
છું તે અચૂક થવાનું જ છે.

10યહોવા કહે છે, "યહૂદાના આગેવાનો દુષ્ટ લોકોની
જેમ વર્ત્યા જેમણે પાડોશીઓની જમીનની સરહદના પથ્થરો
ખસેડ્યાં. તેમના ઉપર હું મારો ક્રોધ પાણીના ધોધની જેમ
વહેવડાવીશ. 11એફ્રાઈમને સજા થશે અને કચરી નાખવામાં
આવશે કારણ તેણે મૂર્તિઓના યાજકોના આદેશ પાળ્યાં છે.

12આથી હું ઈસ્રાએલ અને યહૂદાને ઊધઈ અને કીડાની
જેમ કોરી ખાઈશ.

13જ્યારે ઈસ્રાએલને પોતાના રોગની ખબર પડી અને
યહૂદાએ પોતાનો ઘા જોયો, ત્યારે ઈસ્રાએલે આશ્શૂર જઈ
સમ્રાટને તેડાવ્યો. પણ તે તેમને સાજો કરી શકે એમ નથી કે
તેમના ઘા રૂઝાવી શકે એમ નથી.

14કારણ સિંહની જેમ હું એફ્રાઈમ અને યહૂદાના લોકો
પર આક્રમણ કરીશ. હું મારી જાતે તેમને ટુકડાઓમાં ભાંગી
નાખીશ અને દૂર ફેંકી દઈશ. હું તેઓને જ્યારે લઈ જઈશ
ત્યારે તેઓની રક્ષા કોઈ કરી શકશે નહીં.

15પણ હું મારે સ્થાને જરૂર પાછો ચાલ્યો જઈશ. છેલ્લે
તેઓ પોતાનો અપરાધ કબૂલ કરશે અને મારાં દર્શન ઝંખશે;
દુ:ખમાં આવી પડશે ત્યારે તેઓ મને શોધવા નીકળશે."

### યહોવા તરફ પાછા ફરવાનું પ્રતિફળ

6 લોકો કહે છે,"આવો આપણે પાછા યહોવા પાસે જઈએ.
તેમણે આપણને ચીરી ફાડી નાખ્યા છે, અને તે જ
આપણને પાછા સાજાસમા કરશે; તેણે આપણને ઘા કર્યા છે
અને તે જ આપણને પાટાપીંડી કરશે. 2બે દિવસ પછી તે
આપણને બચાવશે. ત્રીજે દિવસે તે આપણને આપણા પગ
પર ઉભા કરશે જેથી આપણે તેની હાજરીમાં જીવીએ.

3ચાલો આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ, યહોવાનું જ્ઞાન પ્રાપ્ત
કરવાને ખંતથી મહેનત કરીએ; તે આપણને ઉગતા સૂરજની
જેમ ચોક્કસ પ્રાપ્ત થશે. વસંતઋતુંમાં પૃથ્વીને લીલીછમ
કરનાર છેલ્લા વરસાદની જેમ, તે આવશે.

### લોકો શ્રદ્ધાળું નથી

4હે એફ્રાઈમ અને યહૂદા, હું તમારી સાથે કેવો વ્યવહાર
કરું? તમારો પ્રેમ પરોઢના વાદળ જેવો અને ઝડપથી ઊડી
જનાર ઝાકળ જેવો છે.

5એ માટે મેં તેઓને પ્રબોધકોની મારફતે હત્યા કરી છે; મેં
મારા મુખના વચનોથી તેઓનો સંહાર કર્યો છે! દિવસ પછી
રાત ચોક્કસ આવે છે તેમ અચાનક ચેતવણી આપ્યા વીના
મારા ન્યાયચુકાદા પ્રગટતા અજવાળા રૂપ તમારા ઉપર
ચોક્કસ આવી પડશે.

---

**તેથી ... કરશે** મૂળ પ્રમાણે આ હિબ્રૂ સમજવું મુશ્કેલ છે.

6કારણકે તારાં બલિદાનો નહીં, પણ તારો પ્રેમ હું ચાહું
છું. તારા અર્પણો નહીં, પણ તું મારા કાર્યો ઓળખે તેવું હું
ઈચ્છું છું.
7પણ તેઓએ આદમની જેમ મારા કરારનું ઉલ્લંઘન કર્યું
છે; મારા પ્રેમનો અનાદર કર્યો છે:
8ગિલયાદ બૂરા લોકોનું નગર છે અને તેના રસ્તાઓમાં
લોહીથી ખરડાયેલા પગોના નિશાન છે.
9જેમ ધાડપાડુઓ રાહદારી પર હુમલો કરવા છુપાયેલા
હોય છે તેમ યાજકોનું ટોળું શખેમના રસ્તા પર લોકોનું ખુન
કરવા અને શરમજનક અપરાધો કરવા છુપાય છે.
10ઈસ્રાએલમાં મેં રૂવાટાં ઉભા થાય એવી વસ્તુ જોઈ છે.
અને એફ્રાઈમમાં વ્યભિચાર જોવા મળ્યો છે, લોકો બીજા
દેવોની પૂજા કરીને ભ્રષ્ટ થયા છે.
11યહૂદા, તારા માટે લણણી નો સમય પણ છે. એ તે
સમયે બનશે જ્યારે હું મારા લોકોને બંધનાવસ્થાથી પાછા
લાવીશ.

7 યહોવા કહે છે, "હું જ્યારે ઈસ્રાએલનાં ઘા ને મટાડું
અને સમરૂનનાં દુષ્ટ કૃત્યો પ્રગટ થશે અને એફ્રાઈમના
પાપો ખુલ્લા થશે, કારણકે તેઓ દગો કરે છે, ઘરોમાં ઘૂસી
જાય છે અને શેરીઓમાં લૂટ ચલાવે છે.
2લોકો કદી એવો વિચાર કરતા જ નથી કે હું તેઓનું
નિરીક્ષણ કરું છું. તેઓના પાપમય કાર્યોએ તેઓને ચારે
તરફથી ઘેરી લીધા છે અને હું તે સર્વ નિહાળું છું.
3તેઓની દુષ્ટતામાં રાજા આનંદ અનુભવે છે અને તેઓના
જૂઠાણામાં સરદારો રીઝે છે.
4તેઓ બધાજ વ્યભિચારીઓ છે; તેઓ સળગતી ભઠ્ઠી
જેવા છે અથવા એ ભઠિયારા જેવા છે, જે લોટને ગુંથે ત્યાથી
તેને ખમીર ચઢે ત્યાં સુધી આગને સંકોરતા નથી.
5આપણા રાજાના ઉત્સવનાં દિવસે રાજકુમારો
મદિરાપાનથી ચકચૂર થઈ જાય છે. પછી હાંસી ઉડાવનારાઓ
સાથે રાજા મધપાન કરે છે.
6કારણ ગુપ્ત યોજનાઓ બનાવતા તેમના હૃદય ભઠ્ઠીની
જેમ ઉત્તેજનાથી તપતા હોય છે. આખી રાત તેમનો આવેશ
બળતો રહે છે અને સવારના તે આગનાં ભડકાઓમાં બદલાઈ
જાય છે.
7તેઓ બધા ભઠ્ઠીની જેમ ગરમ છે, ને પોતાના
ન્યાયાધીશોને સ્વાહા કરી જાય છે, તેઓના બધા રાજાઓ
માર્યા ગયા છે; અને છતાં કોઈ મદદ માટે મારી પ્રાર્થના
કરતું નથી.

## ઈસ્રાએલ પોતાના વિનાશથી અજાણ

8ઈસ્રાએલના લોકો વિધર્મી પ્રજાઓ સાથે ભળે છે; એ તો
ફેરવ્યા વગરની અધકચરી શેકાયેલી ભાખરી જેવા છે.
9વિદેશીઓના દેવોની સેવા કરવાથી તેઓનું સામર્થ્ય
હણાઈ જાય છે. છતાં તેની ખબર એમને પડતી નથી. તેમના
માથાના વાળ સફેદ થયા છે, પણ તે જાણતો નથી કે તેઓ
કેટલા નબળા અને ઘરડા થઈ ગયા છે.
10ઈસ્રાએલનું ગર્વ તેની વિરૂદ્ધ સાક્ષી પૂરે છે, તેમ છતાં
એ લોકો પોતાના દેવ યહોવાને શરણે આવતા નથી કે નથી
તેમને શોધવાનો પ્રયત્ન કરતા.
11ઈસ્રાએલ એક કબૂતર જેવું બની ગયું, નિર્દોષ અને
બુદ્ધિહીન, કોઈવાર તે મિસરની મદદ માગે છે, કોઈવાર તે
આશ્શૂર તરફ મદદ માટે ફરે છે.
12એ લોકો જ્યાં જશે હું તેમના ઉપર જાળ પાથરીશ અને
પકડાયેલા પંખીઓની જેમ તેમને નીચે જમીન પર ખેચી
લાવીશ. હું તેમને પ્રબોધકોએ જે શબ્દો કહ્યાં હતા તે પ્રમાણે
સજા કરીશ.
13વિપત્તિ તેઓને! કારણકે તેઓએ મને છોડી દીધો છે.
તેઓનો નાશ થશે કેમકે તેઓએ મારી વિરૂદ્ધ બંડ પોકાર્યુ
છે. હું તેઓને બચાવી લેત પણ તેઓ મારા વિષે જૂઠ્ઠુ
બોલ્યા છે.
14તેઓ સાચા હૃદયથી મને પોકારતા નથી; તેઓ પથારીમાં
પડ્યા પડ્યા ખેતીના પાક માટે રોદણાં રડે છે. અને પોતાના
શરીર ઉપર પ્રહાર કરે છે, તેમ છતાં તેઓ મારી વિરૂદ્ધ બંડ
કરે છે.
15તેમને સજા કરનાર અને બળવાન બનાવનાર હું છું,
પણ તેઓ મને ઈજા કરવા યોજના કરે છે.
16તેઓ પાછા આવે છે, પણ મહાન દેવ ભણી, સ્વર્ગ
ભણી જોવાને બદલે નિર્માલ્ય દેવો ભણી પાછા વળે છે.
તેઓ નિશાન ચૂકી જનાર ધનુષ જેવા છે. પોતાની તોછડી
અવિવેકી જીભને કારણે તેઓ શત્રુઓની તલવારનો ભોગ
થઈ પડશે અને મિસરના સર્વ લોકો તેઓની હાંસી ઉડાવશે.

## મૂર્તિપૂજાથી ઈસ્રાએલનો વિનાશ

8 યહોવા કહે છે; "રણશિંગડું મોઢે માંડો! શત્રુઓ આવી
રહ્યા છે તેઓ ગરૂડની જેમ યહોવાના લોકો ઉપર
ધસી આવે છે, કારણકે તેઓએ મારા કરારનો ભંગ કર્યો છે,
અને મારા નિયમો વિરૂદ્ધ બંડ કર્યુ છે. 2હવે ઈસ્રાએલ મને
આજીજી કરે છે અને કહે છે, "ઓ ઈસ્રાએલના દેવ, અમે
તને જાણીએ છીએ." 3પણ જે સારું છે તેનો ઈસ્રાએલે ત્યાગ
કર્યો છે; તેણે તિરસ્કારથી પોતાની તક ખોઈ છે માટે હવે
તેના શત્રુઓ તેની પાછળ પડશે. 4તેણે રાજાઓ અને
નેતાઓની નિમણૂંક કરી છે પણ તેમાં મારી સલાહ લીધી
નથી, તેઓના પોતાના વિનાશ માટે સોનારૂપાની મૂર્તિઓ
બનાવી છે. મારી મદદ તેઓને મળી શકે તેમ નથી. 5હે
સમરૂન! યહોવાએ તારા વાછરડાને અસ્વિકાર કર્યુ છે. દેવ
ઈસ્રાએલીઓને કહે છે. હું તમારા ઉપર બહું કોપાયમાન છું.
ક્યાં સુધી તમે પાપો કરતા રહેશો.* 6હા, હે ઈસ્રાએલ,
તારા કારીગરોએ મૂર્તિઓ બનાવી પણ તેઓ દેવ નથી. તેના
કારણે સમરૂનના વાછરડાના ટુકડે ટુકડા થઈ જશે. 7તે લોકોએ
પવન વાવ્યો છે તેથી વંટોળિયો જ લણશે, પાકને કણસલા

**ક્યાં ... રહેશો** મૂળ પ્રમાણે : ક્યાં સુધી તમે મૂર્તિ પૂજાના પાપોમાંથી
શુધ્ધ થવા અશક્ત રહેશો.

જ ન બેઠા હોય તો દાણા ન જ મળે, જો તેમાં થોડા ઘણા હશે તો તેને વિદેશીઓ હડપ કરી જશે.

8ઈસ્રાએલ હડપ થઇ ગયું છે. વિદેશીઓમાં આજે તેની કિંમત ફૂટેલાં વાસણ જેવી છે.

9તે એકલા રખડતાં જંગલી ગધેડા જેવો છે. મદદ માટે તે આશ્શૂર પાસે દોડી ગયો છે. તેઓ ભેટસોગાદ અને પૈસા આપીને બીજી પ્રજાઓનો સાથ મેળવે છે;

10જોકે ઈસ્રાએલ રાષ્ટ્રો વચ્ચે તેણીના "પ્રેમીઓ" પાસે ગઇ હતી હવે હું તેમને સાથે ભેગા કરીશ. તેઓ પ્રચંડ રાજાના ત્રાસ હેઠળ પીડા ભોગવવાનુ શરુ કરશે.

## ઈસ્રાએલનું દેવને ભૂલવું અને મૂર્તિઓને પૂજવું

11કારણ એફ્રાઈમે અનેક વેદીઓ બાંધી, તેઓ પાપ કરવાની વેદીઓ બની ગઇ હતી. એ તો પાપની વેદીઓ છે!

12હું તેમને દશહજાર નિયમો આપું તો પણ તે કહેશે, "તે મારા માટે નથી. તે નિયમો તો દૂરની બીજી પ્રજાઓ માટે છે.

13એ લોકો બલિ ચડાવી તેનો પ્રસાદ ખાય છે, પણ હું એથી પ્રસન્ન થતો નથી. હવે હું એમના ગુના સંભારીને એમને સજા કરીશ. એમને પાછા મિસર જવું પડશે.

14ઈસ્રાએલના લોકો પોતાના સર્જનહારને ભૂલી ગયા છે અને એમણે મહેલો ચણાવ્યા છે. યહૂદાના લોકોએ અનેક કિલ્લેબંદી નગરો બંધાવ્યાં છે. પરંતુ હું એમનાં નગરો ઉપર અગ્નિ વરસાવીશ. અને તે એમના કિલ્લાઓને ભસ્મીભૂત કરી નાખશે."

## દેશ નિકાલનું દુ:ખ

9 હે ઈસ્રાએલ, બીજા રાષ્ટ્રોનાં લોકોની જેમ આનંદ ન કર. આનદ ન કરીશ, કારણકે તમે તમારા દેવ યહોવાને વિશ્વાસુ નથી રહ્યાં. જમીનનાં એક છેડાથી બીજા છેડા સુધી તમે પોતે વારાંગનાની જેમ બઆલ દેવને વેચાયા છો. તમે સમજતા હતા કે બઆલની સેવા કરવાથી તમને અનાજનો સારો પાક મળશે. 2પણ થોડા સમયમાં જ અનાજ ને તેલના સાંસા પડશે, ને દ્રાક્ષાનો પાક નિષ્ફળ જશે.

3ઈસ્રાએલના લોકો યહોવાની ભૂમિમાં રહી શકશે નહીં. તેમણે પાછા મિસર જવું પડશે. આશ્શૂરમાં તેમણે નિષિદ્ધ અન્ન ખાવું પડશે. 4ત્યાં તેઓ યહોવાને દ્રાક્ષાસવ નહીં અર્પી શકે. તેઓ તેમના અર્પણોથી દેવને રાજી નહી કરે. તેમની બલિઓ શોક કરનારાઓના આહાર જેવું હશે. તે ખાશે તેઓ અપવિત્ર બની જશે. તેમનું અન્ન કેવળ ભૂખ શમાવવા પૂરતું જ કામમાં આવશે; અને તે યહોવાના મંદિરમાં ધરાવી નહીં શકાય. 5તમે પવિત્ર દિવસોમાં એટલે યહોવાના ઉત્સવોના દિવસોમાં શું કરશો?

6આ પ્રશ્ન હું પુછું છું કેમકે મોટા વિનાશના કારણે ઈસ્રાએલના લોકો દેશ છોડી જશે. તેઓને મિસરમાં ભેગા કરવામા આવશે અને તેમના વંશજોને મેમ્ફિસમાં દફનાવામાં આવશે. તેમના કિંમતી ખજાનાઓ પર કાંટાળા છોડ ઉગશે અને તેમના મંડપો પર કાંટા ઉગશે.

## સાચા પ્રબોધકોને ઈસ્રાએલનો દ્વેષ

7શિક્ષાના દિવસો આવ્યા છે, બદલો લેવાના દિવસો આવ્યા છે; ઈસ્રાએલ તે જાણશે; 'પ્રબોધકો ઘેલા છે', "દેવ પ્રેરિત માણસો માનસિક રીતે અસ્થિર છે."–તેવી તેઓ મશ્કરી કરે છે. સમગ્ર દેશ પાપના ભારથી દબાયેલો છે. દેવને પ્રેમ કરનારા લોકો પ્રત્યે તેઓ ધિક્કાર જ પ્રદર્શિત કરે છે. 8પ્રબોધક તો દેવે નીમેલો ઈસ્રાએલનો રખેવાળ છે, તેમ છતાં હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં તેના માર્ગમાં તમે જાળ પાથરો છો. દેવના મંદિરમાં પણ તમે તેમના પ્રત્યે તમારી ઘૃણા દેખાડો છો. 9ઘણા સમય પહેલાં ગિબયાહમાં જે પુરુષો હતા, તેઓ ખરાબ રીતે વર્તતા અને ભ્રષ્ટતામાં ઊંડા ઉતરી ગયા હતા. યહોવા તેમના અપરાધો સંભારશે અને તેમના પાપોની સજા કરશે."

## મૂર્તિ પૂજાને કારણે ઈસ્રાએલનો વિનાશ

10યહોવા કહે છે, "જેમ રણમાં કોઈને દ્રાક્ષ મળે છે તેજ રીતે મને ઈસ્રાએલ મળ્યું હતું. તમારા પૂર્વજો મને ઋતુનાં પહેલા પાકેલા અંજીર જેવા લાગ્યા હતા. પણ જ્યારે તેઓ બઆલ–પેઓર પહોંચ્યા ત્યારે તેઓ બઆલની પૂજા કરવા લાગ્યા અને તેઓ તે ભયંકર વસ્તુઓ (જૂઠા દેવો) જેવા થઈ ગયા જેને તેઓ પ્રેમ અને પૂજા કરતા હતા.

## ઈસ્રાએલીઓનો વંશ નહીં વધે

11ઈસ્રાએલની કીર્તિ પંખીની જેમ ઊડિ જશે; તેમના સંતાનો જન્મ સમયે જ મૃત્યુ પામશે અથવા કોઈને ગર્ભ રહેશે નહીં. 12તેઓ કદાચ બાળકો ઉછેરશે તો પણ હું તેમને હરી લઈશ. એકનેય હું જીવતું રહેવા દઈશ નહીં. હું તમારી વિમુખ થઈશ અને તમને એકલા તરછોડી દઈશ. તે દિવસ ઘણો દુ:ખદ હશે.

13જ્યારે મેં પહેલીવાર જોયું ત્યારે એફ્રાઈમ એક ફળદ્રુપ ધરતી પર રોપેલા તાડના વૃક્ષ જેવું લાગતું હતું, પણ હવે એફ્રાઈમ તેના સંતાનોને યુદ્ધમાં મરવા માટે મોકલવા દબાશે. 14ઓ યહોવા, તેમની મદદ કરો. પણ તમે તેમને શું આપશો? બાળ ગુમાવે એવું ઉદર અને દૂધ વગરના સ્તન તેમને આપો.

15યહોવા કહે છે, "ગિલ્ગાલમાં તેઓના બધા ખરાબ કાર્યો જાણીતા થયા. ત્યાં હું તેમને ધિક્કારવા લાગ્યો. તેમના દુષ્કૃત્યોને કારણે હું તેમને મારા ઘરમાંથી હાંકી કાઢીશ. હવે પછી હું તેમના પર પ્રેમ નહીં રાખું. તેમના બધા શાષકો મારી વિરૂદ્ધ થઈ ગયા છે.

16ઈસ્રાએલને સડો લાગ્યો છે, તેના મૂળીયાં સુકાઇ ગયા છે, એને ફળ નહીં આવે; અને તેમને સંતાન થાય તો પણ હું તેમના વહાલાં સંતાનોનો સંહાર કરીશ."

17મારા દેવ ઈસ્રાએલના માણસોને ફગાવી દેશે, કારણ કે તેમણે તેમની વાત કાને ધરી નથી, અને તેઓ તેમને આધીન

પણ થયાં નથી. તેથી તેઓ વિદેશી પ્રજાઓ વચ્ચે ભટકનારા
ઘર વિનાના યહૂદીઓ થશે.

## ઈસ્રાએલના વૈભવે ઈસ્રાએલથી મૂર્તિપૂજા કરાવી

10 ઈસ્રાએલ સુવિકસિત અને ફળોથી ભરપૂર એવો
દ્રાક્ષાવેલાની જેમ ખૂબ સમૃદ્ધ છે. હું જ્યારે તેને
વધારે અને વધારે સંપતિ આપું છું તેઓ બીજા દેવો માટે
વધારેને વધારે વેદીઓ બાંધે છે. જ્યારે મે તેમને પુષ્કળ પાક
આપ્યો તેઓએ તેમનાં સારામાં સારા પથ્થરોમાંથી વધારે
સ્મારક સ્તંભો જૂઠા દેવોને માન આપવાં બનાવ્યા.
2ઈસ્રાએલના લોકોએ દેવને છેતરવાનો પ્રયત્ન કર્યો પણ
હવે તેમને પોતાના અપરાધની સજા ભોગવવી પડશે. યહોવા
પોતેજ તેઓની વેદીઓ તોડી નાખશે અને તેમના
પૂજાસ્તંભોનો નાશ કરશે.

## ઈસ્રાએલીઓના ખોટા નિર્ણયો

3હવે તેમણે કહેવું પડશે; અમારે કોઈ રાજા નથી, કારણ,
અમે યહોવાથી બીતા નથી; અને રાજા પણ અમારે માટે શું
કરવાનો હતો?
4તેઓ વચનો આપે છે પણ તેને પાળવાનો વિચાર કરતાં
નથી. કરાર કરતી વખતે જૂઠા સમ ખાય છે, તેઓ જ્યારે
ન્યાયને અમલમા મુકવાનો પ્રયત્ન કરે છે. તેઓના ચુકદાઓ
ખેડેલાં ખેતરમાં ઊગી નીકળતાં ઝેરી છોડ જેવા હોય છે.
5સમરૂનના લોકો બેથાવેનમાં આવેલી તેમની વાછરડાની
મૂર્તિ સાથે ખૂબ સંકળાયેલ છે; યાજકો અને લોકો તેના માટે
શોક કરે છે. કારણ તેઓએ તેનું તેજ માણ્યું, પણ હવે તેને
તેમનાથી દૂર કારાવાસમાં લેવાયું છે. 6જ્યારે એ વાછરડાને
ત્યાંના મહાન રાજાને વસુલી તરીકે આપવા માટે તેઓની
સાથે ગાડામાં આશ્શૂર લઈ જવામાં આવશે. અને તેઓને
સાથે ચાકરોની જેમ લઈ જવામાં આવશે. ઈસ્રાએલની
અપકીર્તિ થશે અને તેણે પોતે લીધેલા માર્ગ માટે શરમાવું
પડશે. 7સમરૂનનો રાજા સમુદ્રના મોજાઓ ઉપર તરતાં
લાકડાના પાટિયાની જેમ તણાઈ જશે.
8જ્યાં ઈસ્રાએલે પાપ કર્યું છે તે બેથેલમાં આવેલી આવેનની
મૂર્તિની વેદીનો નાશ થશે. તેમની વેદીઓ ઉપર કાંટા ને
જાંખરા ઊગી નીકળશે. અને પછી લોકો પર્વતોને અને ડુંગરોને
કહેશે કે, "અમારા ઉપર પડો અને અમને ઢાંકી દો."

## ઈસ્રાએલે પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવું

9યહોવા કહે છે,"ઈસ્રાએલના લોકોએ ગિબયાહના
લોકોની જેમ પાપ કર્યુ, અને તેઓએ પાપ કરવાનું ચાલું
રાખ્યું. શું ગિબિયાહમાં દુષ્ટ કૃત્યો કરનારાઓ પર યુદ્ધ
અચાનક નહોતું આવી પડ્યું? 10તમારામાં આધીનતા નથી,
તેથી હું તમારી વિરૂદ્ધ જઈશ; તમારા અસંખ્ય પાપો બદલ
તમને શિક્ષા કરવા હું વિદેશી સૈન્યોને તમારી વિરૂદ્ધ ભેગા
કરીશ. 11એફ્રાઈમ એક શિક્ષા પામેલી જુવાન ગાય જેવી છે
જેને દાણા છૂટા પાડવા ગમે છે. મેં તેને અગાઉ કદી ઝૂંસરી
નીચે મૂકી નથી. મેં તેની કોમળ ડોકને મુક્ત રાખી હતી.
પરંતુ હવે હું એફ્રઈમ પર ઝૂંસરી મૂકીશ. તેને હળમાં
બાંધવામાં આવશે. યહૂદા જમીન ખેડશે અને યાકૂબ કઠણ
જમીન તોડશે. 12મેં કહ્યું,"સત્કર્મો વાવો અને સાચા પ્રેમના
ફળ લણો, તમારા હૃદયની કઠણ જગ્યાઓને ખેડો. યહોવાને
શોધવાનો સમય થઈ ગયો છે. જ્યાં સુધી યહોવા આવે
અને તમારા ઉપર ભલમનસાઈ વરસાવે.
13પણ તમે દુષ્કૃત્યો વાવ્યાં છે અને તેના માઠાં ફળ લણ્યાં
છે, તમારે તમારા અસત્યના ફળ ભોગવવા પડ્યાં છે. સૈન્યના
સામર્થ્યને લીધે અને મહાન સૈન્યોને લીધે દેશ સુરક્ષીત છે
એવા જૂઠાણા પર ભરોસો રાખવાનો પૂરો બદલો તમને મળી
ચૂક્યો છે! 14તારા લોકો વિરૂદ્ધ યુદ્ધ થશે અને દુશ્મનો તારા
કિલ્લેબંધ નગરોનો નાશ કરશે. જેમ શાલ્માને યુદ્ધમાં બેથ-
આર્બેલનો વિનાશ કર્યો હતો અને માતાઓને અને તેમના
બાળકોને જમીન પર પછાડીને મારી નાખ્યા હતાં તેમ થશે.
15ઓ બેથેલ, તારી સાથે પણ તેમજ થશે. કારણ કે તે ઘણું
ખરાબ કર્યુ છે. જ્યારે તે દિવસ આવશે ત્યારે ઈસ્રાએલના
રાજાનો સંપૂર્ણ નાશ થઈ જશે.

## ઈસ્રાએલ યહોવાને ભૂલી ગયું

11 યહોવા કહે છે,"ઈસ્રાએલ બાળક હતો ત્યારે હું
તેના પર પુત્રની જેમ પ્રેમ રાખતો હતો. મેં એને
મિસરમાંથી બોલાવ્યો હતો.
2પરંતુ જેમ જેમ મેં તેને બોલાવ્યો અને વધારે પ્રેમ આપ્યો
તેમ તેમ તેણે વધારે બંડ કરીને બઆલને બલિદાનો આપ્યાં
અને મૂર્તિઓની સન્મુખ વધારે ધૂપ કરતો રહ્યો.
3જો કે મેં જ તેને બાળપણમાં શીક્ષા આપી ચાલતાં શીખવ્યું
હતું. મેં જ તેને મારી બાથમાં લીધો હતો. પણ તે જાણતો ન
હતો તેને સાજોસમો રાખનાર હું હતો.
4મેં તેઓને પ્રેમની લગામથી બાંધ્યા અને તેમને દોરવ્યા.
મે તેઓને ઊંચા કર્યા અને તેઓને બાળકની જેમ તેડ્યા,
અને હું પોતે વાકો વળ્યો અને તેમને જમાડ્યા.
5મારા લોકો મિસર તરફ પાછા ફરશે. આશ્શૂર તેમના પર
રાજ કરશે. આવું બનશે કારણ કે તેઓએ મારી તરફ ફરવાનો
નકાર કર્યો છે. 6તેના શહેરો પર તલવાર લટકશે. તે તેઓના
બધા પુરુષોનો તેમની દુષ્ટ યોજનાઓ માટે નાશ કરશે. 7મારા
લોકોનું વલણ મારાથી વિમુખ થવાનું છે, એમને મારા તરફ
ઊંચે આવવા માટે કહેવામાં આવે છે, પણ તેઓ ઊઠતા નથી.

## યહોવા ઈસ્રાએલનો વિનાશ નથી ઈચ્છતાં

8હે ઈસ્રાએલ, હું તારો ત્યાગ શી રીતે કરું? હું તને શી
રીતે શત્રુઓના હાથમાં જવા દઉં? હું તારા હાલ અદમા
જેવા શી રીતે થવા દઉં? અથવા સબોઈમની સાથે વર્ત્યા તેમ
તારી સાથે શી રીતે વર્તું? મારું મન પાછું પડે છે. ને દયાથી
ઓગળી જાય છે;
9હું મારા ક્રોધના આવેશ મુજબ વર્તીશ નહીં, હું ફરી તારો
નાશ કરીશ નહીં, કારણકે હું દેવ છું, માણસ નથી; હું તારી

વચ્ચે વસતો પરમપવિત્ર દેવ છું. હું આવીને તારો નાશ
નહીં કરું.

10મારા લોકો યહોવાને અનુસરસે તે સિંહની જેમ ગર્જના
કરશે. હાં તે ગર્જશે અને તેના બાળકો પશ્ચિમમાંથી ધ્રુજતા
આવશે. 11તેઓ મિસરમાંથી પંખીઓનાં ટોળાની જેમ વેગથી
આવી પહોંચશે. કબૂતરની જેમ તેઓ આશ્શૂરમાંથી આવશે.
અને હું તેઓને ફરીથી તેઓનાં ઘરમાં વસાવીશ.” યહોવાએ
આ વચન આપ્યું છે.

12એફ્રાઈમે મને જુઠાણાથી ઘેરી લીધો. ઈસ્રાએલી લોકોએ
મને તેમની છેતરપિંડીવાળા કૃત્યોથી ઘેરી લીધો. ગમે તેમ,
યહૂદા હજી પણ દેવની સેવા કરે છે અને પવિત્ર લોકોને
વિશ્વાસુ છે.

## યહોવા ઈસ્રાએલની વિરૂદ્ધ છે

12 યહોવા કહે છે,” ઈસ્રાએલ હવાને પકડવાનો કોઈ
પ્રયત્ન કરતું હોય તેમ વર્તે છે. તેઓ તેમના જૂઠાણા
વધારે છે અને વધારે ને વધારે ચોરે છે. તેઓ આશ્શૂરીઓ
સાથે કરારો કરે છે પણ એજ સમયે મિસરને ખંડણી તરીકે
જેતૂનનું તેલ મોકલે છે.

2યહોવાની યહૂદા વિરૂદ્ધ દલીલ છે. તેઓ યાકૂબને તેના
કૃત્યોની સજા આપશે. યાકૂબને તેના ખરાબ કૃત્યોની યોગ્ય
સજા થશે. 3એમનો પૂર્વજ યાકૂબ ગર્ભમાં હતો ત્યાં જ તેણે
પોતાના ભાઈને દગો દીધો હતો અને મોટો થતાં તેણે દેવ
સાથે બાથ ભીડી હતી. 4હા, તે દેવદૂત સાથે લડ્યો અને
જીત્યો હતો. તેના તરફથી આશીર્વાદ મેળવવાને તેણે રૂદન
કર્યું અને વિનંતીઓ કરી. બેથેલમાં તેણે દેવની મોઢેમોઢ
મુલાકાત કરી. દેવે તેની સાથે વાત કરી. 5હા, યહોવા સર્વસમર્થ
દેવ છે. યહોવા છે નામ જેનાથી તેમને બોલાવવામાં આવે
છે. 6પણ તમે દેવ ભણી પાછા ફરો. પ્રેમ અને ન્યાયને
વળગી રહો. દેવ તમને મદદ કરશે તેવી આશા સાથે રાહ
જોતા રહો.

7યહોવા કહે છે, "ઈસ્રાએલીઓ તો ખોટાં ત્રાજવાં રાખનાર
વેપારીઓ જેવા છે, છેતરપિંડી તેઓને ગમે છે. 8તેઓ કહે
છે, "અરે, પણ અમે તો ધનવાન છીએ, અમે સંપત્તિ મેળવી
છે, અને એનો એકેય પૈસો અનીતિ કે પાપનો નથી.

9યહોવા કહે છે, "તમને મિસરમાંથી બહાર લાવ્યો ત્યારથી
હું તમારો દેવ યહોવા છું. હું તમને મુલાકાત મંડપનાં દિવસોની
જેમજ મંડપોમાં રહેતાં કરીશ. 10મેં તમને ચેતવણી આપવા
માટે મારા પ્રબોધકો તમારી પાસે મોકલ્યા. મેં જ તેઓને
અનેક સંદર્શનો આપ્યાં અને તેમને તમારી પાસે દ્રષ્ટાંતો
સાથે મોકલ્યા. 11ગિલયાદમાં મૂર્તિપૂજા થઈ રહી છે તો જરૂર
એ પાપોનો નાશ થશે. ગિલ્ગાલમાં બળદોનો બલિ અપાય
છે. તેઓની વેદીઓ ખેડેલા ખેતરની બાજુના પથ્થરોના ઢગલા
જેવી થશે. ખેતરના ચારાની જેમ વેદીઓની હારમાળાઓ
તમારી મૂર્તિઓને બલિદાન અર્પવા વપરાય છે. ગિલયાદ
પણ મૂર્તિઓની પૂજા કરનારા મૂર્ખાઓથી ભરેલું છે.

12યાકૂબ અરામમાં ભાગી ગયો, અને ઈસ્રાએલે પત્ની
મેળવવા ત્યાં કામ કર્યુ તેણે તેણીને ઘેટાં ચરાવીને મેળવી.
13પછી યહોવાએ એક પ્રબોધક દ્વારા ઈસ્રાએલી લોકોનો
મિસરમાંથી છુટકારો કર્યો. તેઓને એક પ્રબોધક મારફતે
રક્ષણ આપ્યું. 14પરંતુ ઈસ્રાએલના લોકોએ યહોવાને ભારે
ક્રોધિત કર્યા છે. યહોવા તેમના પાપો માટે તેમને જ જવાબદાર
ઠેરવશે અને તેમણે જે અપરાધો કર્યા છે તેનો દોષ તેમના
માથે નાખશે અને તેને પ્રભુ યહોવા મૃત્યુદંડ કરશે.

## ઈસ્રાએલે પોતાનો વિનાશ નોતર્યો

13 એફ્રાઈમના વંશનો બોલ પડતાં બીજા વંશના લોકો
ધ્રુજી ઊઠતાં. ઈસ્રાએલમાં એ વંશનું એવું માન
હતું પરંતુ બઆલની પૂજા કરવાને કારણે એ લોકો અપરાધી
ઠર્યા અને માર્યા ગયા. 2અને હવે તેઓ પાપ ઉપર પાપ કર્યે
જ જાય છે અને પોતાને માટે પોતાની કલ્પના પ્રમાણેની
ચાંદીની ઢાળેલી મૂર્તિઓ બનાવડાવે છે. એ બધી તો કારીગરે
બનાવેલી છે, છતાં તેઓ કહે છે કે,"આને બલિ ચડાવો."
માણસો વાછરડાઓને ચુંબન કરે છે! 3આથી તેઓ પરોઢના
ધુમ્મસની જેમ, અથવા જોતજોતમાં ઊડી જતી ઝાકળની
જેમ, અથવા ખળામાંથી પવન તણાઈ જતાં ભૂસાની જેમ કે
ધુમાડિયામાંથી નીકળતા ધુમાડાની જેમ હતા ન હતા થઈ
જશે.

4યહોવા કહે છે; "તમે મિસરમાં હતાં ત્યારથી હું, યહોવા
તમારો દેવ છું. મારા સિવાય તમારો કોઈ અન્ય દેવ નથી.
અને મારા વિના તમારો કોઈ તારણહાર નથી. 5ગરમ અને
સૂકા અરણ્યમાં મેં તમારી કાળજી રાખી હતી. 6પરંતુ તમે
પેટ ભરીને ખાધુંપીધું અને ધરાયા એટલે તમને અભિમાન
થઈ ગયું અને તમે મને ભુલી ગયા.

7એટલે હવે હું તમારા માટે સિંહ જેવો થઈશ, દીપડાની
જેમ હું તમારા રસ્તાની બાજુમાં ટાંપીને બેસીશ. 8જેનાં
બચ્ચાં ઝૂટવી લેવાયા હોય એવી રીંછણની જેમ હું તમને
ચીરી નાખીશ અને સિંહની જેમ હું તમારો ભક્ષ કરીશ.

## દેવના ક્રોધથી ઈસ્રાએલનો વિનાશ

9ઓ ઈસ્રાએલવાસીઓ, જો હું તમારો વિનાશ કરીશ, તો
તમને મદદ કરનાર કોણ છે? 10તમારું રક્ષણ કરનાર તમારો
રાજા ક્યાં છે? તમારું રક્ષણ કરનારા તમારા બધા રાજકર્તાઓ
ક્યાં છે? તમે જ તેમની પાસે મારી માગણી કરી હતી કે,"અમને
એક રાજા આપો, રાજકર્તાઓ આપો." 11મેં મારા ક્રોધમાં
તમને રાજા આપ્યો હતો. અને હવે રોષે ભરાઈને મેં તેને
લઈ લીધો છે.

12ઈસ્રાએલના પાપો ચોપડે નોંધવામાં આવેલા છે અને
યોગ્ય સમયે શિક્ષા માટે તે ભરી રાખેલા છે.

13એના પ્રસવ માટે વેદના-પીડા શરૂ થઈ છે, પણ એ
મૂર્ખ બાળક છે, કારણકે સમય થયો હોવા છતાં એ ઉદરમાંથી
બહાર આવતું નથી.

14હું વસુલી ચૂકવીને તેને શેઓલમાંથી છોડાવી લઈશ,
હું એમને મૃત્યુમાંથી છોડાવીશ. તેની કસોટી કરવા માટે હે

શેઓલ, તારી વિનાશક શકિત છૂટી મૂક. ઓ મૃત્યુ તારી મહામારી મોકલ! કારણકે મારી આંખમાં દયા રહી નથી.

15તેના સર્વ ભાઈઓમાં તે સૌથી વધુ નિષ્ઠાવાન ગણાતો હતો. પરંતુ પૂર્વનો પવન-અરણ્યમાંથી આવતો યહોવાનો પવન તેના ઉપર પ્રચંડ રીતે વાશે અને પછી ઝરા સુકાઈ જશે. અને તેમના કુંવાઓ સૂકાઈ જશે અને તેમનો મુલ્યવાન ખજાનો પવનમાં ઘસડાઈ જશે.

16સમરૂને દેવની વિરૂદ્ધ બંડ કર્યુ છે માટે તેણે તેના અપરાધના ફળ ભોગવવા પડશે. તેના ઉપર આક્રમણ કરનાર સૈન્ય તેના લોકોનો સંહાર કરશે. તેમના બાળકોને ભોંયે પછાડીને મારી નાખવામાં આવશે અને તેમની ગર્ભવતી સ્ત્રીઓનાં પેટ ચીરી નાખવામાં આવશે. એ લોકો તલવારનો ભોગ બનશે.

### યહોવા તરફ પ્રયાણ

14 ઓ ઈસ્રાએલના લોકો, તમારા યહોવા દેવ પાસે પાછા આવો, તમારા દુષ્કૃત્યોને લીધે તમે ઠોકર ખાઈને પછડાયા છો. 2તમારી વિનંતી રજૂ કરો. યહોવા પાસે આવો અને કહો,

"હે યહોવા, અમારાં પાપો દૂર કરીને અમારામાંનું સારું હોય તેનો સ્વીકાર કરો. અમે તમને સ્તુતિઓ અર્પીશું.

3આશ્શૂર અમને બચાવી શકશે નહીં; હવે અમે કદી યુદ્ધના ઘોડાને ભરોસે રહીશું નહીં, અને હવે અમે કદી હાથે ઘડેલી મૂર્તિને અમારો દેવ કહીશું નહી' તમેજ અનાથના નાથ છો.

### યહોવા ઈસ્રાએલને ક્ષમાં કરશે

4યહોવા કહે છે, "હું મારા લોકોના વિશ્વાસઘાતનો રસ્તો કરીશ. હું ઉદારતાથી અને છૂટથી તેમના પર પ્રેમ રાખીશ. કારણકે હું તેમના પર રોષે નથી. 5હું ઈસ્રાએલને માટે ઝાકળ જેવો થઈશ; તે કમળની જેમ ખીલશે, લબાનોનનાં વૃક્ષોની જેમ તેના મૂળ હજુ ઊંડા જશે,

6તેને નવા ફણગાં ફૂટશે, અને તેની ડાળીઓ ફેલાઈ જશે, તેનો દેખાવ એક સુંદર જૈતવૃક્ષ જેવો હશે અને લબાનોનના ગંધતરુઓ જેવી તેની સુવાસ હશે. 7ફરી તેઓ મારા છાયડામાં વાસો કરશે તેઓ બગીચાની જેમ ફૂલશે ફાલશે, દ્રાક્ષાવાડીની જેમ વધશે; તેઓની સુગંધ લબાનોનના દ્રાક્ષારસ જેવી થશે.

### ઈસ્રાએલને મૂર્તિઓ વિષે યહોવાની ચેતવણી

8હે ઈસ્રાએલ, તારે મૂર્તિઓ સાથે કઈં કરવાનું નહી રહે. હું એ છું જે તમારી પ્રાર્થનાઓનો ઉત્તર આપુ છું. અને હું તમારી સંભાળ રાખુ છું. તમારી સારસંભાળ રાખું છું. હું સદા લીલાછમ રહેતા વૃક્ષ જેવો છું. મારી પાસેથી જ તમને ફળ મળે છે."

### અન્તિમ ચેતવણી

9સમજુ ડાહ્યો હોય તે આ બાબતોને સમજે, બુદ્ધિશાળી વ્યકિત તે સાંભળે, જેનામાં સમજણ હોય તે એનો અર્થ હૈયામાં રાખે, કારણકે યહોવાના રસ્તાઓ સત્ય અને ન્યાયી છે અને સારો માણસ તેના ઉપર ચાલે છે, પણ પાપી માણસો ઠોકર ખાઈને પછડાય છે.

# દાનિયેલ

### રાજાનો સલાહકાર દાનિયેલ

1 ત્રીજા વર્ષમાં યહોયાકીમના રાજ્યમાં યહુદા રાજાએ બાબિલના રાજા નબૂખાદનેસ્સારે યરૂશાલેમ ઉપર ચડાઈ કરી તેની ફરતે ઘેરો ઘાલ્યો. 2અને યહોવાએ યહૂદાના રાજા યહોયાકીમને તથા મંદિરના થોડા વાસણો નબૂખાદનેસ્સારના હાથમાં સોંપી દીધાં. નબૂખાદનેસ્સાર બંધકોને શિનઆર પ્રાંતમાં લઈ ગયો અને તે વાસણો પોતાના દેવના મંદિરનાં ભંડારમાં મૂકી દીધા.

3પછી મુખ્ય ખોજા આસ્પનાઝને તેણે આજ્ઞા કરી કે, "બંદી તરીકે પકડી લાવેલા યહૂદી યુવાનોમાંથી રાજવંશી અને અમીર કુટુંબોના કેટલાક યુવાનોને પસંદ કર. 4જે યુવાનોમાં કોઈ પણ પ્રકારની ખોડખાંપણ ન હોય, પણ ઘણા રૂપાળા, સર્વ બાબતમાં જ્ઞાનસંપન્ન, વિદ્યાપારંગત, વિજ્ઞાનનાં જાણકાર હોય વળી રાજમહેલમાં રહેવાને લાયક હોય, એવા ઈસ્રાએલી યુવાનોને પસંદ કરીને તું તેઓને ખાલદીઓની ભાષા તથા લખાણ વિષે શિખવ.

5રાજા, પોતે જે ભોજન લેતો હતો અને જે દ્રાક્ષારસ પીતો હતો તે જ તેમને પણ દરરોજ આપવામાં આવે એમ ઠરાવ્યું. તેમને ત્રણ વરસ સુધી શિક્ષણ આપવાનું હતું અને ત્રણ વર્ષને અંતે તેમને રાજા સમક્ષ રજૂ કરવાના હતાં. 6એ પસંદ કરાયેલા યુવાનોમાં યહૂદાના કુળસમૂહનાં દાનિયેલ, હનાન્યા, મીશાએલ અને અજાર્યા હતા.

7પરંતુ રાજાના મુખ્ય દરબારીએ તેમનાં અનુક્રમે બેલ્ટશાસ્સાર, શાદ્રાખ, મેશાખ અને અબેદ-નગો નામ પાડ્યાં. દાનિયેલને બેલ્ટશાસ્સાર, હનાન્યાને શાદ્રાખ, મિશાએલને મેશાખ અને અજાર્યાને અબેદ-નગો. 8દાનિયેલે પોતાના મનમાં નક્કી કર્યુ કે રાજાનું ભોજન કે તેનો દ્રાક્ષારસ લઈને મારે મારી જાતને ભ્રષ્ટ કરવી નહીં. આથી તેણે આસ્પનાઝને વિનંતી કરી: મને ભ્રષ્ટ થવાની ફરજ ન પાડશો.

9હવે જ્યારે દેવે કૃપા કરી છે અને આસ્પનાઝના હૃદયમાં દાનિયેલ પ્રત્યે માન હતું તેથી તેણે દાનિયેલ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. અને તેને કહ્યું, 10"મને રાજાની બીક લાગે છે. તેમણે તમારે શું ખાવું ને પીવું તે નક્કી કરી આપ્યું છે અને જો તેઓ જોશે કે તમારી ઉંમરના બીજા છોકરાઓ કરતાં તમે શરીરે નબળા છો, તો તમે રાજા સમક્ષ મારું માથું ભયમાં મૂકી દેશો."

11ત્યારે દાનિયેલે, હનાન્યા, મીશાએલ અને અજાર્યાની દેખરેખ માટે આસ્પનાઝે નીમેલા કારભારીને કહ્યું 12"તમે દસ દિવસ માટે આ પ્રમાણે અખતરો કરી જુઓ અમને ફક્ત શાકાહારી ખોરાક અને પીવા માટે માત્ર પાણી આપો. 13પછી જે યુવાનોને રાજાએ ઠરાવી આપેલો ખોરાક આપો તેમની સાથે અમારી સરખામણી કરો અને જે જુઓ તે મુજબ અમારી સાથે વર્તો."

14આખરે ચોકીદારે તેમની અરજ સાંભળી અને દસ દિવસ તેમની કસોટી કરી. 15દસ દિવસને અંતે જે યુવાનો રાજાએ ઠરાવી આપેલો ખોરાક લેતા હતા તે બધાં કરતાં તેઓ વધારે તંદુરસ્ત અને હૃષ્ટપૃષ્ટ થવા માંડ્યાં. 16તેથી ચોકીદારે તેઓને સ્વાદિષ્ટ ખોરાક અને દ્રાક્ષારસને બદલે ફક્ત શાકભાજી અને પાણી આપવાનું ચાલુ રાખ્યું. 17આ ચારે છોકરાઓને દેવે સાહિત્યનું અને બધી કળાઓનું જ્ઞાન આપ્યું અને તેણે દાનિયલને દર્શનો અને સ્વપ્નોને સમજવાની શકિત આપી.

18રાજાએ જણાવેલા હુકમ પ્રમાણે ત્રણ વરસનું શિક્ષણપુરું થયું એટલે આસ્પાનાઝ બધા યુવાનોને પરીક્ષા માટે રાજાની પાસે લઈ ગયો. 19રાજા નબૂખાદનેસ્સારે તેઓની સાથે વાતચીત કરી; તો સર્વમાં દાનિયેલ, હનાન્યા, મીશાએલ તથા અજાર્યાના જેવા બીજા કોઈ ન મળ્યા. તેથી રાજા વધારે પ્રભાવિત થયો અને તેઓને રાજાના સલાહકાર મંડળમાં સામેલ કર્યા. 20જ્ઞાન અને કળાની બાબતમાં રાજાએ તેમને જે કંઈ પૂછયું તે બધામાં તેઓનાં રાજ્યના બધા મંત્રવિદો અને જાદુગરો કરતાં દસગણા વધુ ચડિયાતા માલૂમ પડ્યા. 21રાજા કોરેશના અમલના પહેલાં વર્ષ સુધી દાનિયેલ રાજદરબારમાં કાયમ રહ્યો.

### રાજા નબૂખાદનેસ્સારનું સ્વપ્ન

2 રાજા નબૂખાદનેસ્સારને પોતાના રાજ્યકાળના બીજા વર્ષ દરમ્યાન એક ભયાનક સ્વપ્ન આવ્યું; તે ભયથી ધ્રૂજી ગયો, તેની ઊંઘ હરામ થઈ ગઈ. 2તેથી રાજાએ પોતાના સ્વપ્નનો અર્થ સમજાવવા માટે તાત્કાલિક પોતાના બધા જાદુગરો, મંત્રવિદ્યા જાણનારાઓ, અને ભવિષ્યવેત્તાઓને બોલાવવા હુકમ કર્યો. તેઓ રાજા આગળ આવીને ઊભા રહ્યા. 3એટલે રાજાએ તેમને કહ્યું, "મને એક સ્વપ્ન આવ્યું છે અને મારો જીવ એનો અર્થ જાણવા આતુર છે."

4એ લોકોએ અરામી ભાષામાં કહ્યું, "રાજા સદા માટે રહો." રાજા ઘણું જીવો, "આપ આ સેવકોને આપનું સ્વપ્ન જણાવો એટલે અમે તેનો અર્થ તમને જણાવી શકીએ."

5રાજાએ ખાલદીઓને કહ્યું, "સ્વપ્ન મારા સ્મરણમાંથી જતું રહ્યું છે, મને તે યાદ રહ્યું નથી, તમે મને એ સ્વપ્ન તથા તેનો અર્થ નહી કહો તો તમારા શરીરના ટુકડે ટુકડા કરવામાં આવશે. અને તમારાં ઘર તોડીને ઈંટો અને કાટમાળનાં ઢગલાઓમાં ફેરવી નાખવામાં આવશે. 6પરંતુ જો તમે મને સ્વપ્ન અને તેનો અર્થ જણાવશો તો હું તમને ભેટો ઈનામો અને માનપાનથી આમંત્રીશ. માટે તમે મને સ્વપ્ન અને તેનો અર્થ જણાવો."

7ત્યારે તેમણે બીજી વાર કહ્યું, "આપ અમને સ્વપ્ન જણાવો અને અમે આપને તેનો અર્થ જણાવીશું."

8રાજાએ કહ્યું, "હું સ્પષ્ટ જોઈ શકુ છું કે તમે વખત મેળવવા ઈચ્છો છો, કારણ, તમે જાણો છો કે મારો નિર્ણય પાકો છે. 9પણ જો તમે મને સ્વપ્ન નહીં જણાવશો તો તમને બધાને એક જ સજા થશે. તમે અંદરોઅંદર નક્કી કર્યુ છે કે મારી આગળ તરકટ કરવું, એવી આશાએ કે જતે દહાડે પરિસ્થિતિ પલટાઈ જાય. આથી તમે મને સ્વપ્ન કહો એટલે હું સમજીશ કે તમે એનો પણ અર્થ કહી શકશો."

10ભવિષ્યવેત્તાઓએ રાજાને જવાબ આપ્યો, "આ પૃથ્વી ઉપર એવો કોઈ નથી જે આપ જાણવા માંગો છો તે કહી શકે. કોઈ રાજાએ, મહારાજાએ, આજ સુધી કોઈ જાદુગર, કે મંત્રવિદને આવો સવાલ પૂછયો નથી. 11આપ અમારી પાસે જે જાણવા માંગો છો તે એવું મુશ્કેલ છે કે દેવો સિવાય કોઈપણ કહી ન શકે. અને દેવો માણસોની વચ્ચે રહેતા નથી."

12આ સાંભળીને રાજા ઘણો ગુસ્સે થઈ ગયો. તેનો રોષ ભભૂકી ઉઠ્યો અને તેણે બાબિલના બધા સલાહકારોનો વધ કરવાની આજ્ઞા કરી. 13આથી એવો હુકમ બહાર પાડવામાં આવ્યો કે બધાં રાજકીય સલાહકારોની હત્યા કરવાની છે. અને તે મુજબ દાનિયેલને અને તેના સાથીઓને હત્યા કરવા માટે લઈ આવવા માણસો મોકલવામાં આવ્યા.

14રાજાના અંગરક્ષકોનો વડો આર્યોખ બાબિલના વિદ્વાનોની હત્યા કરવા જતો હતો ત્યારે દાનિયેલે ડાહપણ અને વિવેક વાપરીને તેની પાસે જઈને કહ્યું, 15"'સાહેબ, રાજાસાહેબે આવી કઠોર આજ્ઞા શા માટે કરી છે?"

ત્યારે આર્યોખે તેને બધી વાત જણાવી. 16તેથી દાનિયેલે રાજાની હાજરીમાં જઈને અરજ કરી કે, 'આપ મને થોડો સમય આપો તો હું તમને સ્વપ્ન અને તેનો અર્થ જણાવીશ.'

17પછી દાનિયેલે ઘરે જઈને તેના સાથીદારો હનાન્યા, મીશાએલ, અને અજાર્યાને સર્વ વાત સમજાવી. 18અને તેણે તેઓને કહ્યું, આપણે સ્વર્ગાધિપતિ દેવને પ્રાર્થના કરીએ, જેથી તે દયા લાવીને આપણને આ રહસ્યનો ભેદ જણાવે, અને આપણે બાબિલના રાજકીય સલાહકારો ભેગા મરવું પડે નહીં.

19ત્યારબાદ રાત્રિના સમયે સંદર્શનમાં દેવે દાનિયેલને રાજાનું સ્વપ્ન તથા તેના રહસ્યનો ભેદ જણાવ્યો અને તેણે સ્વર્ગાધિપતિ દેવની આ પ્રમાણે પ્રશંસા કરી.

20"આવનારા યુગો સુધી દેવની સ્તુતિ થાઓ! એજ જ્ઞાન અને શકિતનો ભંડાર છે.

21કાળનો અને ઋતુચક્રનો એજ નિયામક છે. એ જ રાજાઓને પદભ્રષ્ટ કરે છે અને ગાદીએ બેસાડે છે. જ્ઞાનીને જ્ઞાન અને વિદ્વાનને વિદ્યા આપનાર છે."

22તે માણસના ઊંડા રહસ્યોને ખુલ્લા કરે છે. તે જાણે છે કે અંધારામાં શું છે. પ્રકાશ તેની સાથે રહે છે.

23હે મારા પિતૃઓના દેવ, હું તમારો આભાર માનું છું અને તમારી સ્તુતિ કરું છું કારણ, તમે જ મને જ્ઞાન અને શકિત આપી છે, તમે મને રાજાનું સ્વપ્ન અને તેનો અર્થ જણાવ્યો છે.

## દાનિયેલ સ્વપ્નનો અર્થ શું છે તે કહે છે

24પછી બાબિલના બુદ્ધિમાન માણસોને મારી નાખવાનો હુકમ જેને મળ્યો હતો તે આર્યોખ પાસે દાનિયેલ ગયો અને કહ્યું, "તેઓને મારી નાખીશ નહિં, મને રાજા પાસે લઈ જા અને હું તેમને સ્વપ્નનો અર્થ કહી સંભળાવીશ."

25આર્યોખ તેજ સમયે દાનિયેલને રાજા સમક્ષ લઈ ગયો અને બોલ્યો, "મને યહૂદાના બંદીઓમાંથી એક માણસ મળી આવ્યો છે, જે આપને આપના સ્વપ્નનો અર્થ બતાવી શકશે."

26આથી રાજાએ દાનિયેલને કહ્યું, "મેં સ્વપ્નમાં શું જોયું હતું અને તેનો અર્થ શો, એ તું મને કહી શકશે?"

27દાનિયેલે રાજાને પ્રત્યુત્તર આપ્યો, "આપ નામદાર જે રહસ્ય જાણવા માંગો છો તે આપને કોઈ વિદ્વાન, મંત્રવિદ, જાદુગર, કે ભવિષ્યવેત્તા કહી શકે તેમ નથી. 28પરંતુ આકાશમાં એક દેવ છે, જે રહસ્યો ખુલ્લા કરે છે અને તેણે આપ નામદાર નબૂખાદનેસ્સારને ભવિષ્યમાં શું થવાનું છે તે દર્શાવ્યું છે. આપે આપની ઊંઘમાં જે સ્વપ્ન જોયું હતું, જે દિવ્યદર્શન તમે નિહાળ્યું હતું તે આ છે. 29આપને ભવિષ્યના વિચારો આવ્યા હતા અને તે જે રહસ્યો જણાવે છે તેણે ભવિષ્યમાં શું થવાનું છે તે આપને જણાવ્યું હતું. 30દેવે મારી મારફતે રહસ્ય પ્રગટ કરાવ્યું, તેનું કારણ એ નથી કે હું બીજા માણસો કરતાં વધારે જ્ઞાની છું, પણ એટલા માટે જણાવવામાં આવ્યું છે કે જેથી આપ નામદારને એની જાણ થાય અને આપ આપને આવેલા વિચારો સમજી શકો.

31"આપ નામદારને જે દર્શન આવ્યું તેમાં આપે એક મોટી મૂર્તિ જોઈ હતી. એ પ્રચંડ અને ઝગારા મારતી મૂર્તિ આપની સમક્ષ ઉભી હતી અને તેનો દેખાવ ભયંકર હતો. 32તે મૂર્તિનું માથું શુદ્ધ સોનાનું બનેલું હતું; તેની છાતી અને હાથ ચાંદીના હતાં. તેના પેટ અને જાંઘો કાંસાના હતાં. 33તેના પગ લોખંડના હતાં. તેના પગની પાટલીઓનો કેટલોક ભાગ લોખંડનો અને કેટલોક ભાગ માટીનો હતો. 34આપ એ મૂર્તિ ઉપર મીટ માંડી રહ્યાં હતાં ત્યાં કોઈના અડ્યા વગર જ પર્વતમાંથી એક પથ્થર છૂટો પડ્યો અને મૂર્તિની લોખંડ અને માટીની બનેલી પાનીઓ ઉપર પછડાયો અને પાનીઓનાં તેણે ચૂરેચૂરો કરી નાખ્યા, 35એ પછી લોખંડ,

માટી, કાંસા, ચાંદી અને સોનું બધાંના ટુકડેટુકડા થઇ ગયા અને ઉનાળામાં અનાજ ઝૂડવાના ખળામાંના ભૂસાની જેમ પવન તેમને એવો તો ઉડાડીને લઇ ગયો કે ક્યાંય તેમનું નામોનિશાન ન રહ્યું. પણ જે પથ્થર મૂર્તિ સાથે પછડાયો હતો તે વધીને મોટો પર્વત બની ગયો અને તેનાથી આખી પૃથ્વી છવાઇ ગઇ.

36"આ હતું તમારું સ્વપ્ન હવે અમે તમને તેનો અર્થ જણાવીશું: 37હે નામદાર, આપને સ્વર્ગાધિપતિ દેવે રાજ્ય, સત્તાં ગૌરવ અને ખ્યાતિ આપ્યાં છે. 38અને તેમણે આપના હાથમાં આ પૃથ્વી ઉપર વસતાં બધાં માણસો, પશુઓ અને પંખીઓને સોંપ્યા છે, અને આપને એ સૌના રાજા બનાવ્યા છે. એ સોનાનું માથું આપ છો.

39"આપના રાજ્યકાળનો અંત આવશે. ત્યારે બીજી મહાસત્તા તમારું સ્થાન લેવા આવશે. તે આપના કરતાં ઊતરતી કક્ષાની હશે. તે સામ્રાજ્યના પતન પછી એક ત્રીજું કાંસાનું સામ્રાજ્ય ઉદય પામશે, જે આખી પૃથ્વી ઉપર રાજ્ય ચલાવશે. 40ત્યાર પછી, ચોથો રાજા લોખંડ જેવો મજબૂત હશે. તે ભાંગીને ભૂકો કરનાર, કચડી નાખનાર અને વિજય મેળવનાર હશે.

41"તમે જોયું હતું કે પગ અને અંગુઠાનો થોડો ભાગ લોખંડનો અને થોડો ભાગ માટીનો હતો. એનો અર્થ એ કે એ રાજ્યના ભાગલા પડી ગયા હશે. આપે માટી સાથે લોખંડ ભળેલું જોયું હતું એમાં અમુક અંશે લોખંડનું બળ હશે. 42આ અંગુઠા થોડાં લોખંડના અને થોડા માટીના હતાં, તેથી લોખંડ જેવા મજબૂત હશે અને માટી જેવા નબળાં હશે. 43વળી આપે જોયું હતું કે માટી સાથે લોખંડ ભળેલું હતું તેમ તેઓ એકબીજા સાથે લગ્નસંબંધ બાંધી મજબૂત બનવા પ્રયત્ન કરશે, પરંતુ લોખંડ અને માટી એકબીજા સાથે મળી શકતાં નથી, તેમ તેઓ પણ ભેગાં રહી શકશે નહીં.

44"એ રાજાઓના શાસન દરમ્યાન સ્વર્ગના રાજા દેવ કદી નાશ ન પામે તેવું રાજ્ય સ્થાપશે. જે રાજ્ય બીજી કોઇ પ્રજાના હાથમાં કદી જશે નહીં; તે બધા રાજ્યોનો ભાંગીને ભૂકો કરી નાખશે પણ પોતે હંમેશને માટે અવિનાશી રહેશે.

45"તમે જોયું હતું કે કોઇનો હાથ અડ્યા વગર જ પર્વતમાંથી પથ્થર કપાઇ ને બહાર પડતો હતો અને તેણે લોખંડ, કાંસુ, માટી, ચાંદી અને સોનાના ટુકડે ટુકડા કરી નાખ્યા હતા, તેનો આ અર્થ છે. આમ મહાન દેવે ભવિષ્યમાં શું થવાનું છે તે તમને જણાવ્યું છે. આ જ તમારું સ્વપ્ન છે અને આ જ તેનો સાચો અર્થ છે."

46એ પછી રાજા નબૂખાદનેસ્સારે દાનિયેલને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને તેને બલિ અને ધૂપ ચડાવવાની આજ્ઞા કરી. 47રાજાએ કહ્યું, "ઓ દાનિયેલ, સાચે જ તારા દેવ સર્વ દેવોનાં દેવ છે, તે રાજાઓ ઉપર રાજ કરે છે અને રહસ્યોને ખુલ્લા કરનાર જણાવનાર છે. તેમણે જ તારી સામે આ રહસ્ય પ્રગટ કર્યુ છે."

48પછી રાજાએ દાનિયેલને ઊંચો હોદ્દો આપ્યો, કિમતી ભેટો આપી અને સમગ્ર બાબિલના પ્રાંતના વહીવટકર્તા તરીકે નીમ્યો. તેમજ તેની સર્વ જ્ઞાની માણસોના ઉપરી તરીકે નિમણુંક કરી. 49દાનિયેલે રાજાને વિનંતી કરી એટલે તેણે શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને બાબિલના પ્રાંતનો વહીવટ સોંપ્યો; પણ દાનિયેલ પોતે રાજાના દરબારમાં ન્યાયાધીશ તરીકે સેવા આપતો હતો.

### અગ્નિની ભઠ્ઠીમાં ચાર વ્યક્તિ– સુવર્ણમૂર્તિની પૂજા

3 રાજા નબૂખાદનેસ્સારે સોનાનું એક પૂતળું ઘડાવીને બાબિલના પ્રાંતમાં આવેલા દુરાના મેદાનમાં તેની સ્થાપના કરાવી. એ 60 હાથ ઊંચો અને 6 હાથ પહોળુ હતુ. 2ત્યારબાદ તેણે સર્વ સરદારોનેજ્ઞ, રાજયપાલોને, કપ્તાનોને, ન્યાયાધીશોને, ખજાનચીઓને, સલાહકારોને, ભંડારીઓને અને અન્ય અધિકારીઓને આ પૂતળાની સ્થાપન વિધિમાં હાજર રહેવા માટે સંદેશા મોકલ્યા.

3તેઓ બધા નબૂખાદનેસ્સાર રાજાએ જે પ્રતિમાની સ્થાપના કરી હતી તેની પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે ભેગા થયા. અને તેઓ પ્રતિમા સમક્ષ ઊભા રહ્યા. 4ચોકીદારે મોટે અવાજે કહ્યું, "ઓ સર્વ દેશના જાતિના અને ભાષાઓના લોકો, આ હુકમ રાજાનો છે. 5કે જેવો તમે રણશિંગુ શરણાઇ, વીણા, સિતાર, સારંગી વગેરે સર્વ પ્રકારના વાજિંત્રોનો અવાજ સાંભળો કે તમારે નીચે નમીને પૂજા કરવી. 6જે કોઇ નીચે નમીને પૂજા નહીં કરે તેને તરત જ બળબળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવશે."

7આથી રણશિંગુ, શરણાઇ, વીણા, સિતાર, સારંગી વગેરે વાજીંત્રોનો નાદ સાંભળતાવેંત જ જુદી જુદી પ્રજાઓના અને જુદી જુદી ભાષા બોલનારા બધા લોકોએ રાજા નબૂખાદનેસ્સારે સ્થાપન કરેલી સોનાના પૂતળાની સાષ્ટાંગ નમસ્કાર કરીને પૂજા કરી.

8તે વખતે કેટલાક અધિકારીઓએ રાજાની પાસે આવીને યહૂદીઓ ઉપર આરોપ મૂક્યું. 9તેઓએ રાજા નબૂખાદનેસ્સારને કહ્યું, "હે રાજા, સદા જીવતા રહો." 10નામદાર, આપે એવી આજ્ઞા કરી છે કે, જો કોઇ માણસ રણશિંગુ, શરણાઇ, વીણા, સિતાર, સારંગી, વગેરે વાજીંત્રોનો નાદ સાંભળે, તેણે સોનાની પ્રતિમાને સાષ્ટાંગ નમસ્કાર કરી પૂજા કરવી 11અને તમારા કહ્યાં મુજબ જે કોઇ માણસ સોનાના પૂતળાની નીચે નમીને પૂજા ન કરે તો તેને બળબળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખવો. 12આપે શાદ્રાખ, મેશાખ અને અબેદનગો નામના યહૂદીઓને બાબિલ પ્રાંતનો વહીવટ સોંપ્યો છે. નામદાર, એ માણસોએ આપની સુચનાઓનો ભંગ કર્યો છે. તેઓ તમારા દેવની સેવા કરતા નથી કે તમે બનાવેલા સોનાના પૂતળાની નીચે વળીને પૂજા કરતાં નથી."

13ત્યારે રાજા નબૂખાદનેસ્સાર ખૂબ રોષે ભરાયો અને તેણે શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને પોતાની આગળ લાવવાનો હુકમ કર્યો. તેમને રાજા સમક્ષ હાજર કરવામાં આવ્યા. 14નબૂખાદનેસ્સારે તેમને કહ્યું, "ઓ શાદ્રાખ, મેશાખ અને અબેદનગો, એ વાત સાચી છે કે, તમે મારા દેવોની પૂજા કરતાં નથી કે મેં સ્થાપન કરેલી સોનાની પ્રતિમાની

પૂજા કરતા નથી? 15પરંતુ હું એક વધુ તક તમને આપીશ.
જ્યારે વાજીંત્રોમાં રણશિંગુ, શરણાઇ, વીણા, સિતાર, સારંગી
વગેરે વાગે ત્યારે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને તમે પૂજા
કરવા તૈયાર હો તો સારી વાત છે. પણ જો તમે પૂજા નહીં
કરો તો તમને તત્કાળ બળબળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં
આવશે. મારા હાથમાંથી કયા દેવ તમને બચાવશે?"

16શાદ્રાખ, મેશાખ અને અબેદનગોએ જવાબ આપ્યો,
"ઓ નબૂખાદનેસ્સાર રાજા, અમારું શું થશે એની અમે
ચિંતા કરતા નથી. 17જે દેવની અમે સેવા કરીએ છીએ તે
અમને બળતા અગ્નિની ભઠ્ઠીમાંથી અને આપના હાથમાંથી
ઉગારવાને શક્તિમાન છે. તે અમને બચાવવા માટે શક્તિમાન
છે. 18અને જો નહીં ઉગારે તો પણ, આપ નામદાર જાણી
લેજો કે અમે નથી તો આપના દેવોની સેવા કરવાના કે નથી
આપે સ્થાપિત કરેલી સોનાની મૂર્તિની પૂજા કરવાના."

19આ સાંભળીને રાજા નબૂખાદનેસ્સારે શાદ્રાખ, મેશાખ
અને અબેદનગો ઉપર ક્રોધે ભરાયો અને તેનો ચહેરો લાલચોળ
થઇ ગયો. તેણે હુકમ કર્યો, "ભઠ્ઠીને હંમેશા ગરમ કરવામાં
આવે તે કરતાં સાતગણી વધારે ગરમ કરો." 20અને તેણે
પોતાના લશ્કરના કેટલાક બળવાનમાં બળવાન માણસોને
શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને બાંધીને બળબળતા
અગ્નિની ભઠ્ઠીમાં નાખવાનો હુકમ કર્યો.

21તેથી તેઓએ પહેરણ, પાઘડી અને બીજા વસ્રો સાથે
તેઓને દોરડાં વડે સખત બાંધ્યાં અને અગ્નિની ભઠ્ઠીમાં
નાખી દીધા. 22રાજાએ ગુસ્સામાં ભઠ્ઠીને ખૂબજ તપાવવાનો
હુકમ કર્યો હતો. અગ્નિની જવાળાઓ ભઠ્ઠીની બહાર નીકળતી
હતી. તેથી તેઓને ભઠ્ઠીમાં નાખનાર સૈનિકો પોતે ભસ્મ
થઇ ગયા. 23પછી શાદ્રાખ, મેશાખ અને અબેદનગો બંધાયેલી
હાલતમાં જ ભભૂકતી જવાળામાં પડ્યાં.

24નબૂખાદનેસ્સાર રાજા આ જોઈ આશ્ચર્ય પામીને એકદમ
ઊભો થઇ ગયો અને પોતાના દરબારીઓને પૂછયું, "શું તમે
ત્રણ જણને બાંધીને અગ્નિની ભઠ્ઠીમાં નાખ્યાં નહોતાં?"

દરબારીઓએ કહ્યું "હા, એમજ કર્યુ હતું નામદાર."

25નબૂખાદનેસ્સારે બૂમ પાડી. "અરે જુઓ, પણ હું તો
ચાર માણસોને છૂટા થઈને આગમાં સાજાસમા ફરતાં જોઉં
છું, અને પેલો ચોથો માણસ દેવદૂત જેવો દેખાય છે."

26પછી નબૂખાદનેસ્સારે સળગતી ભઠ્ઠીની પાસે જઈને
પેલા માણસોને કહ્યું, "શાદ્રાખ, મેશાખ અને અબેદનગો,
સૌથી મહાન પરાત્પર દેવના સેવકો, બહાર આવો અહીં
આવો!"

આ સાંભળીને તેઓ તરત જ અગ્નિમાંથી બહાર આવ્યા.
27અને પ્રશાસકો, સૂબાઓ, નાયબ સૂબાઓ અને રાજાના
દરબારીઓ તેમની આસપાસ ભેગા થઇ ગયા. અને તેમણે
જોયું કે તેમના શરીર ઉપર અગ્નિની કોઇ અસર થઇ નહોતી.
તેમના માથાના વાળ પણ બળ્યા નહોતા, તેમના વસ્રોને
અગ્નિ અડ્યો જ નહોતો અને તેમના શરીરમાંથી બળ્યાની
ગંધ પણ આવતી નહોતી. 28ત્યારબાદ નબૂખાદનેસ્સારે કહ્યું,
"શાદ્રાખ, મેશાખ અને અબેદનગોના દેવનો જય હો! તેણે
પોતાના દૂતને મોકલીને પોતાના ભક્તોને ઉગારી લીધા છે,
જેમણે એને ભરોસે રાજાની આજ્ઞાનો ભંગ કર્યો હતો અને
પોતાના દેવ સિવાય બીજા કોઈપણ દેવની સેવા કે પૂજા
કરવાને બદલે મરવાનું પસંદ કર્યું હતું. પરંતુ દેવે તેઓનો
ઉદ્ધાર કર્યો છે. 29તેથી હું એવી આજ્ઞા કરું છું, કે કોઈપણ
પ્રજાનો કે કોઈપણ ભાષા બોલનારો કોઈપણ માણસ મારા
કાયદા નિયમનું ઉલ્લંઘન કરનારને અને શાદ્રાખ, મેશાખ
અને અબેદનગોના દેવની નિંદા કરનારના ટુકડે ટુકડા કરી
દેવામાં આવશે. અને તેનું ઘર તોડીને ઢગલો કરી નાખવામાં
આવશે, કારણ, માણસોને આ રીતે ઉગારી શકે એવો બીજો
કોઇ દેવ નથી."

30ત્યારબાદ રાજાએ શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને
વધારે ઊંચું સ્થાન આપ્યું, તેથી તેઓ બાબિલ પ્રાંતમાં પુષ્કળ
સમૃદ્ધ થયાં.

## રાજા નબૂખાદનેસ્સારનું બીજું સ્વપ્ન

4 રાજા નબૂખાદનેસ્સારે આ આજ્ઞા દુનિયાના દરેક દેશમાં,
દરેક જાતિના અને ભાષાના લોકોને મોકલી:

2સદા સૌ સુખ શાંતિમાં રહો. પરાત્પર દેવે મને જે પરચાઓ
અને પરાક્રમોનો અનુભવ કરાવ્યો છે, તેના વિષે તમે બધા
જાણો એવી મારી ઈચ્છા છે.

3તે તો માનવામાં ન આવે તેવું હતું, તેમના પરાક્રમો
અતિ મહાન છે, તેમનું રાજ્ય શાશ્વતકાળ ટકે એવું છે.
તેમનો અધિકાર પેઢી દર પેઢી ટકી રહે છે.

4હું નબૂખાદનેસ્સાર મારા મહેલમાં સુખ શાંતિમાં રહેતો
હતો. અને વૈભવ માણતો હતો. 5એક રાત્રે હું મારા પલંગમાં
સૂતો હતો એવામાં મને ભયંકર સ્વપ્ન આવ્યું. ત્યારે મારા
મગજમાં પસાર થતાં આકારો અને સંદર્શનોએ મને ગભરાવી
દીધો. 6તેથી મેં હુકમ કર્યો કે બાબિલના બધા હોશિયાર
પુરુષોને મારી સમક્ષ હાજર કરવા, જેથી તેઓ મને મારા
સ્વપ્નનો અર્થ સમજાવે. 7તેથી બધા જાદુગરો, મંત્રવિદો
ઈલમીઓ અને જ્યોતિષીઓ મારી સમક્ષ આવ્યા અને મેં
તેમને મારું સ્વપ્ન કહી સંભળાવ્યું, પણ તેઓ મને તેનો
અર્થ જણાવી શક્યા નહીં. 8આખરે દાનિયેલ મારી આગળ
આવ્યો, મારા દેવના નામ પરથી તેનું નામ મેં બેલ્ટશાસ્સાર
રાખ્યું હતું. એ માણસોમાં પવિત્ર દેવોનો આત્મા છે. મેં તેને
મારા સ્વપ્નની વાત કરી. 9મેં કહ્યું,

"ઓ બેલ્ટશાસ્સાર, તું જાદુગરોમાં અગ્રગણ્ય છે, કારણ, હું
જાણું છું કે તારામાં પવિત્ર દેવોની શક્તિનો વાસ છે, કોઈ
પણ રહસ્ય એવું નથી જેને તું ઉકેલી ન શકે. મારા સ્વપ્નનો
અર્થ શો છે તે તું મને કહે. 10હું ઊંઘતો હતો ત્યારે મને
સંદર્શન થયું, પૃથ્વીની મધ્યમાં એક વૃક્ષ મેં જોયું, તેની
ઊંચાઇ ઘણી વધારે હતી. 11તે વૃક્ષ વધતું જ ગયું અને
મજબૂત બન્યું અને તેની ટોચ આકાશે પહોંચી અને પૃથ્વીને
છેડેથી પણ તે નજરે પડતું હતું. 12તેના પાંદડાં સુંદર હતાં,
ફળથી તે લચી પડ્યું હતું, તેને એટલાં ફળ લાગ્યાં હતાં કે
બધાં ધરાઈને ખાઈ શકે, વગડાનાં પશુઓ તેની છાયા નીચે

આશ્રય પામતા અને આકાશના પંખીઓ તેની ડાળીઓમાં
વાસો કરતા અને બધા જીવો તેના ઉપર વસતા.
13"હું આ સંદર્શન જોતો હતો ત્યારે મેં દેવના પવિત્ર
દૂતોમાંના એકને સ્વર્ગમાંથી નીચે ઊતરતો જોયો. 14તેણે
મોટે સાદે મને કહ્યું, 'આ વૃક્ષને કાપી નાખો; તેની ડાળીઓને
પણ કાપી નાખો; તેના પાંદડાં ખંખેરી નાખો અને તેના ફળ
વિખેરી નાખો. તેની છાયામાંથી પ્રાણીઓને અને તેની
ડાળીઓ ઉપરથી પક્ષીઓને નસાડી મૂકો. 15પણ એના થડ
અને તેના મૂળ ને જમીનમાં રહેવા દો. અને તેના શરીરને
લોઢાની સાંકળોથી બાંધી દો, અને તેને તે ખેતરના ઘાસ
ઉપર જ રહેવા દો. 16એનું મન માણસનું મટીને પશુનું થઈ
જાઓ અને આમ સાત વર્ષ વીતી જવા દો!

17"જાગ્રત ચોકીદાર સમા પવિત્ર દૂતોએ આ સજા કરેલી
છે, તેમણે આ ચુકાદો આપેલો છે, જેથી સૌ જીવો સમજે કે
માનવ-રાજ્યમાં પરાત્પર દેવ સર્વોપરિ છે, તે જેને રાજ્ય
આપવું હોય તેને આપે છે; અને તેના ઉપર નાનામાં નાના
માણસને સ્થાપે છે.

18"મેં, રાજા નબૂખાદનેસ્સારે, આ સ્વપ્ન જોયું હતું અને
ઓ બેલ્ટશાસ્સાર, હવે તું મને તેનો અર્થ જણાવ, કારણકે
બીજું કોઈ જ મને એનો અર્થ સમજાવી શકે એમ નથી.
મારા રાજયના ડાહ્યાં માણસો નિષ્ફળ ગયા છે. તારામાં
પવિત્ર દેવનો આત્મા વસે છે તેથી તું સમજાવી શકે એમ
છે."

19પછી દાનિયેલે ઉર્ફે બેલ્ટશાસ્સાર ક્ષણભર સ્તબ્ધ થઈ
ગયો. તેના મનમાં જે વિચારો આવ્યા તેનાથી તે ભયભીત
બની ગયો. પણ રાજાએ તેને કહ્યું, "બેલ્ટશાસ્સાર, સ્વપ્નથી
કે તેના અર્થથી તું ગભરાઈશ નહીં."

બેલ્ટશાસ્સારે કહ્યું, "મારા ધણી એ સ્વપ્ન અને એનો
અર્થ આપના વેરીને લાગુ પડો. 20પૃથ્વીના છેડાથી જોઈ
શકાય તેવું તે વૃક્ષ ઊંચું હતું અને તેની ટોચ આકાશ સુધી
પહોંચતી હતી. 21જેને સુંદર તાજાં લીલાં પાંદડાં હતાં, વળી
જે ફળોથી લચી પડ્યું હતું. જેમાંથી બધાનો નિભાવ થતો
હતો. જેની છાયામાં વગડાના પશુઓ આશ્રય પામતા હતા
અને જેની ડાળીઓમાં પંખીઓનો વાસ હતો. 22હે રાજા, એ
તો આપ પોતે જ છો. આપ મહાન અને બળવાન છો.
તમારી મહાનતા વધીને છેક આકાશ સુધી પહોંચી છે. તમારું
સામ્રાજ્ય પૃથ્વીના છેડા સુધી પહોંચ્યું છે.

23"અને આપ નામદારે જાગ્રત ચોકીદાર સમા એક પવિત્ર
દૂતને આકાશમાંથી ઊતરતો જોયો હતો જે કહેતો હતો કે,
'આ વૃક્ષને કાપી નાખો, એનો નાશ કરો, પણ એનાં ઠૂંઠાને
લોઢાના ને કાંસાના બંધથી બાંધીને એને જમીનમાં મૂળ
સાથે ખેતરના ઘાસ વચ્ચે રહેવા દો. એને આકાશમાંથી
પડતી ઝાકળથી ભીંજાવા દો. અને એને પશુઓ સાથે રહેવા
દો આમને આમ સાત વર્ષ વીતી જવા દો.'

24"હે નામદાર, પરાત્પર દેવે કહ્યું છે અને તે આપને માથે
આવ્યું છે. 25 એટલે આપને માણસોમાંથી હાંકી કાઢવામાં
આવશે, અને વગડાના પશુઓ ભેગા આપે રહેવું પડશે,
અને આપે બળદની જેમ ઘાસ ખાવું પડશે અને આપે
આકાશમાંથી વરસતી ઝાકળથી ભીંજાવું પડશે. સાત વરસ
સુધી આપ આ પ્રમાણે જીવશો. આખરે તમે જાણશો કે
પરાત્પર દેવ મનુષ્યોના સર્વ રાજ્યો ઉપર અધિકાર ચલાવે
છે અને રાજ્ય જેને સોંપવું હોય તેને સોંપે છે.

26"વૃક્ષના ઠૂંઠાને અને મૂળને જમીનમાં રહેવા દેવાનું
જણાવવામાં આવ્યું હતું. આ દર્શાવે છે કે સ્વર્ગના દેવ અધિકાર
ચલાવે છે. તે તમે કબૂલ કરશો ત્યારે તમને તમારું રાજ્ય
પાછું મળશે. 27માટે આપ મહેરબાની કરીને મારી સલાહ
માનો: પુણ્યકાર્યો કરી અને ગરીબો ઉપર દયા કરી આપે
કરેલા પાપોમાંથી મુક્ત થાઓ અને એમ કરીને આપ સુખ
શાંતિભર્યું દીર્ઘાયુ ભોગવો."

28આ બધું જ નબૂખાદનેસ્સારના જીવનમાં બન્યું. 29આ
સ્વપ્નને બાર મહિના વીતી ગયા. પછી એક દિવસ તે
બાબિલના વૈભવી મહેલમાં અગાસીમાં ફરતો હતો. 30ત્યારે
તેણે કહ્યું, "આ મહાનગર બાબિલ તો જુઓ! મારું ગૌરવ
તથા મહિમા વધારવા માટે મારી પોતાની શક્તિ વડે એ
પાટનગર બાંધ્યું છે!"

31હજી તો આ શબ્દો તે બોલતો હતો ત્યાં તો તેણે
આકાશવાણી સાંભળી, "ઓ નબૂખાદનેસ્સાર રાજા, તારા
માટે આ સંદેશો છે: તું હવેથી આ રાજ્યનો રાજા રહ્યો નથી.
32અને તને માણસોમાંથી હાંકી મૂકવામાં આવશે. અને તારે
વગડાના પશુઓ ભેગા રહેવું પડશે અને તારે બળદની જેમ
ઘાસ ખાવું પડશે. આમ ને આમ સાત વર્ષ વીતી જશે.
આખરે તને સમજાશે કે સૌથી ઉંચો દેવ તે છે જે લોકોના
રાજ્યો ઉપર શાસન કરે છે અને જેને પસંદ કરે તેને જે
આપવું હોય તે તેને આપે છે."

33તે જ સમયે આ ભવિષ્યવાણી પૂરી થઈ.
નબૂખાદનેસ્સારને તેના મહેલમાંથી હાંકી કાઢવામાં આવ્યો
અને બળદની જેમ તે ઘાસ ખાવા લાગ્યો. તેનું શરીર ઝાકળથી
પલળી ગયું. તેના વાળ ગરૂડના પીછા જેવા લાંબા વધી
ગયા અને તેના નખ પક્ષીઓના પંજા જેવા થઈ ગયા.

34મુદત પૂરી થતાં સાત વર્ષને અંતે મેં નબૂખાદનેસ્સારે
ઊંચે આકાશ તરફ નજર કરી. એટલે મારી સમજશક્તિ
મારામાં પાછી આવી; અને મેં પરાત્પર દેવની સ્તુતિ કરી.
અને તેમનું ભજન કર્યું. જે શાશ્વત છે, તેનું અધિપત્ય અનંત
છે, તેનું રાજ્ય યુગોના યુગો સુધી ચાલે છે.

35પૃથ્વી પરના સર્વ માણસો તેની સામે કોઈ વિસાતમાં
નથી. તેમને જે ઠીક લાગે તેમ કરે છે, તેજ તે સ્વર્ગમાં તેમજ
અહીં પૃથ્વી પરના નિવાસીઓમાં કરે છે. તેમના હાથને
કોઈ રોકી શકતું નથી. તેમને કોઈ પ્રશ્ન કરી શકતું નથી કે
તમે આ શું કર્યું?

36જ્યારે મારી બુદ્ધિ ઠેકાણે આવી, અને મારું ગૌરવ, મારી
રાજશ્રી અને મારો વૈભવ મને પાછા મળ્યાં. મારા સલાહકારો
અને અધિકારીઓ મને શોધતા આવ્યા અને મને મારા
રાજ્યના વડા તરીકે પુન:સ્થાપિત કરવામાં આવ્યો. અને
મારા ગૌરવમાં અગાઉ કરતાં ઘણી વૃદ્ધિ થઈ.

37હવે હું, નબૂખાદનેસ્સાર, સ્વર્ગાધિપતિની સ્તુતિ કરું છું, પ્રશંશા કરું છું મહિમા ગાઉં છું અને ગુણગાન કરું છું, કારણ, તેના બધાં કાર્યો સાચાં હોય છે, તેનો વ્યવહાર ન્યાયી હોય છે, અને જેઓ ઘમંડી છે તેઓને તે નીચા પાડે છે.

### દાનિયેલ અને બેલ્શાસ્સાર

5 રાજા બેલ્શાસ્સારે પોતાના 1,000 ઉમરાવોને મોટી ઉજાણી આપી અને એ હજાર ઉમરાવોની સમક્ષ તે છૂટથી દ્રાક્ષારસ પીવા લાગ્યો. 2દ્રાક્ષારસ પીતાં પીતાં બેલ્શાસ્સારને યાદ આવ્યું કે ઘણા સમય પહેલાં તેના પિતા નબૂખાદનેસ્સાર યરૂશાલેમના મંદિરમાંથી સોના ચાંદીના પાત્રો લૂંટી લાવ્યા હતા. તેણે એ પાત્રોને ઉજાણીમાં લઈ આવવાની આજ્ઞા કરી, જેથી તે અને તેના ઉમરાવો તથા તેની પત્નીઓ અને ઉપપત્નિઓ તે પાત્રોથી દ્રાક્ષારસ પી શકે. 3યરૂશાલેમના મંદિરમાંથી લાવવામાં આવેલાં સોનાના પાત્રો હાજર કરવામાં આવ્યાં અને રાજાએ તથા તેના ઉમરાવોએ તે પાત્રોમાં દ્રાક્ષારસ પીધો. 4દ્રાક્ષારસ પીને તેઓ સોનાચાંદી, કાંસાની અને લોઢાની તથા લાકડામાંથી બનાવેલ મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા.

5તે સમયે અચાનક કોઈ માણસના હાથની આંગળીઓ દીવીની સામે આવેલી રાજમહેલની ભીંતની છો ઉપર કાંઈ લખતી દેખાઈ, અને રાજા હાથને લખતો જોઈ રહ્યો.

6તે ભયથી તેનો ચહેરો ફિક્કો પડી ગયો અને તેનાં ગાત્રો શિથિલ થઈ ગયાં, અને તેના ઢીંચણ એકબીજા સાથે અથડાવા લાગ્યાં. 7રાજાએ મોટેથી બૂમ પાડીને કહ્યું, "મંત્રવિદો, અને જાદુગરોને બોલાવી લાવો." રાજાએ બાબિલના બુદ્ધિમાન પુરુષોને કહ્યું, "જે કોઈ આ લખાણ વાંચી શકશે અને એનો અર્થ મને કહી શકશે તેને હું કિનખાબનો ઝભ્ભો અને ગળામાં સોનાનો હાર પહેરાવીશ અને તે રાજ્યમાં ત્રીજું સ્થાન પામશે."

8પછી રાજાના સર્વ બુદ્ધિમાનો ત્યાં હાજર થઈ ગયાં પણ તેઓમાંનો એક પણ બુદ્ધિમાન પુરુષ તે લખાણ વાંચી શક્યો નહીં. તથા સમજી શક્યો નહીં તેથી રાજાને તેઓ કશું સમજાવી ન શક્યા. 9તેથી રાજા બેલ્શાસ્સાર ખૂબ ભયભીત થઈ ગયો અને તેનો ચહેરો ફિક્કો પડી ગયો. તેના અધિકારીઓ પણ બહુ ગભરાઈ ગયા.

10જ્યારે રાજમાતાએ જે થઈ રહ્યું હતું તે સાંભળ્યું ત્યારે તે તરત જ ઉજાણીના ખંડમાં દોડી આવી તેણે બેલ્શાસ્સારને કહ્યું, "હે રાજા તમે ઘણું જીવો! તમે ગભરાઈ જશો નહીં. તમારે ફિક્કા પડી જવાની જરૂર નથી. 11તમારા રાજ્યમાં એક માણસ એવો છે જેનામાં પવિત્ર દેવનો આત્મા વસે છે. તમારા પિતાના સમયમાં એ માણસ દિવ્યજ્ઞાન, બુદ્ધિમતા, અને હોશિયારી માટે જાણીતો હતો અને તમારા પિતા નબૂખાદનેસ્સારે એને જાદુગરો, મંત્રવિદોનો અધ્યક્ષ બનાવ્યો હતો. 12તે માણસનું નામ દાનિયેલ છે પરંતુ રાજાએ તેનું નામ બેલ્ટશાસ્સાર પાડ્યું હતું. તેનું મન દૈવી જ્ઞાન અને સમજશક્તિથી ભરેલું છે. તે સ્વપ્નનું અર્થઘટન કરી શકે છે. સમસ્યાઓને ઉકેલી શકે છે. અને કઠીન કોયડાઓને હલ કરી શકે છે. તે આ લખાણનો અર્થ શો છે તે તમને સમજાવશે."

13તેથી તાત્કાલીક દાનિયેલને રાજા પાસે લાવવામાં આવ્યો. રાજાએ તેને પૂછયું, "મારા પિતા નબૂખાદનેસ્સાર રાજા ઈસ્રાએલમાંથી યહૂદી બંદીવાનોને લાવ્યા હતાં, તેઓમાંનો દાનિયેલ તે તું છે? 14મેં એમ સાંભળ્યું છે કે, તારામાં પવિત્ર દૈવી શક્તિનો વાસ છે, અને તું દિવ્યજ્ઞાન, બુદ્ધિમતા, અને હોશિયારી ધરાવે છે. 15દીવાલ પરનું લખાણ વાંચી તેનો અર્થ મને સમજાવવા માટે મારી પાસે બુદ્ધિમાન માણસોને અને મંત્રવિદોને લાવવામાં આવ્યાં હતાં પરંતુ તેઓ તેનો અર્થ સમજાવી શક્યા ન હતા. 16પરંતુ મેં તારા વિષે સાંભળ્યું છે કે તું દરેક પ્રકારના રહસ્યોને ઉકેલે છે, જો તું મને તે શબ્દનો અર્થ કહેશે તો હું તને જાંબલી રંગનો ઝભ્ભો પહરાવીશ અને તારા ગળામાં સોનાની સાંકળી પહેરાવીશ અને રાજ્યમાં તને ત્રીજો અધિકારી બનાવીશ."

17ત્યારે દાનિયલે રાજાને જવાબ આપ્યો, "આપનું ઈનામ ભલે આપની પાસે જ રહેતું અને આપનાં ઈનામો આપ ભલે બીજા કોઈને આપો. તેમ છતાં હું આપને આ લખાણ વાંચી સંભળાવીશ અને એનો અર્થ આપને કહી બતાવીશ.

18"હે રાજા, પરાત્પર દેવે તમારા પિતા નબૂખાદનેસ્સાર રાજાને રાજ્યો, સત્તા, મહિમા, માન અને ગૌરવ આપ્યા હતાં. 19 દેવે તેને એવો મોટો બનાવ્યો હતો કે બધી પ્રજાઓ અને બધી ભાષાઓ બોલનારા લોકો તેનાથી ભય પામી થરથર ધ્રુજતા હતા. તે ઈચ્છે તેને મારી નાખતો અને ઈચ્છે તેને જીવાડતો હતો, ઈચ્છે તેને ચડાવતો હતો અને ઈચ્છે તેને પાડતો હતો.

20"પણ જ્યારે અભિમાનને લીધે તેમનાં હૃદય અને મન કઠણ થયાં ત્યારે તેમને રાજ્યાસન પરથી દૂર કરવામાં આવ્યાં અને તેમનો મહિમા લઈ લેવામાં આવ્યો.

21"તેને માણસોમાંથી હાંકી કાઢવામાં આવ્યો, તેનું મન પશુ સમાન થઈ ગયું. તે બળદની જેમ ઘાસ ખાતો હતો, તેને જંગલી ગધેડા ભેગું રહેવું પડ્યું અને ખુલ્લા આકાશ નીચે સૂવાને લીધે ઝાકળથી પલળવું પડ્યું. આખરે તેને સમજાયું કે પરાત્પર દેવ માનવોના રાજ્યમાં સર્વોપરિ છે, અને ઈચ્છે તેને રાજ્ય સોંપે છે.

22"હે બેલ્શાસ્સાર તમે તેમના જ પુત્ર છો અને તમે આ બધું જાણ્યાં છતાં આપે નમ્રતા ધારણ કરી નથી. 23ઊલટું તમે સ્વર્ગાધિપતિ યહોવાની સામે માથું ઊંચક્યું છે. તેમના મંદિરના આ પાત્રો અહીં લાવીને તમે, તમારા અધિકારીઓને, આપની પત્નીઓ અને ઉપપત્નીઓને તે પાત્રોમાં દ્રાક્ષારસ પીવડાવ્યો છે. વળી તમે સોના, ચાંદી, લોખંડ, લાકડા અને પથ્થરની મૂર્તિઓની પૂજા કરી છે જે કંઈપણ જોઈ કે સાંભળી શકતી નથી. જેણે તમારામાં જીવનનો શ્વાસ મૂક્યો છે અને જેના હાથમાં તમારું ભવિષ્ય છે તે દેવને તમે માન આપ્યું નથી. 24આથી તેણે આ હાથને મોકલીને આ લખાણ લખાવ્યું છે. 25તે લખાણ છે: મેને તેકેલ અને પાર્સિન.

26એનો અર્થ છે: "મે–ગણેલું એનો અર્થ એ છે કે દેવે
આપના રાજ્યના દિવસો ગણ્યા છે અને તેનો અંત આણ્યો
છે. 27તેકેલ અર્થાત્ વજન કરેલું, જોખેલું, તમને દેવના
ત્રાજવામાં તોલવામાં આવ્યા છે, અને તમે ઓછા માલૂમ
પડ્યા છો.

28પાર્સીન અર્થાત્ ભાગલા પાડેલું; તમારા સામ્રાજ્યના
ભાગલા પાડવામાં આવ્યા છે અને મિદિયા અને પર્શિયાના
લોકોને વહેંચી આપવામાં આવ્યા છે."

29ત્યારપછી બેલ્શાસ્સારની આજ્ઞા અનુસાર દાનિયેલને
જાંબલી ઝભ્ભો પહેરાવવામાં આવ્યો, તેના ગળામાં સોનાની
સાંકળી પહેરાવવામાં આવી અને તેને રાજ્યમાં ત્રીજો
અધિકારી જાહેર કરવામાં આવ્યો. 30તે જ રાત્રે બાબિલના
રાજા બેલ્શાસ્સારનો વધ થયો. 31માદીના દાર્યાવેશે રાજ્યની
રાજસત્તા સંભાળી. તેની ઉંમર આશરે બાસઠ વર્ષની હતી.

## સિંહોની ગુફામાં દાનિયેલ

6 દાર્યાવેશને આખા રાજ્યમાં 120 સૂબાઓ નીમવાની
ઈચ્છા થઈ. 2એ બધા ઉપર તેણે ત્રણ અધિક્ષકો નીમ્યા,
જેમાંનો એક દાનિયેલ હતો; જેથી પેલા અધિક્ષકો તેમને
જવાબદાર રહે, ને રાજાને કંઈ નુકશાન થાય નહીં. 3પોતાનામાં
રહેલી ઉત્તમ શકિતને કારણે દાનિયેલ બીજા અધિક્ષકો અને
સૂબાઓ કરતાં વધારે ઝળકી ઊઠ્યો અને રાજાએ તેને આખા
રાજ્યોનો ઉપરી બનાવવાનો વિચાર કર્યો. 4આને કારણે એ
અધિક્ષકો અને સૂબાઓ દાનિયેલના રાજ્યવહીવટમાં ખોટ
શોધવા લાગ્યા, પરંતુ તેમને કોઈ ખોટ કે દોષ જડ્યા નહીં,
કારણ દાનિયેલ પોતાની ફરજ વફાદારીપૂર્વક બજાવતો
હતો.

5"જ્યારે તેઓને ભૂલ કે ખોડખાંપણ જડી નહીં, ત્યારે
તેઓને પ્રતિતી થઈ કે તેઓ તેની કામગીરી બાબત કોઈ દોષ
શોધી નહી શકે, અને તેથી તેમણે તેના ધર્મમાં કોઈ દોષ
શોધીને તેની સામે તેનો ઉપયોગ કરવાનું નક્કી કર્યુ."

6ત્યારબાદ એ અધિક્ષકો અને સૂબાઓએ ભેગા મળીને
રાજા પાસે જઈને કહ્યું, "મહારાજ દાર્યાવેશ, અમર રહો!
7અમે આપના રાજ્યના બધા અધિક્ષકો, સૂબાઓ,
સરસૂબાઓ, નાયબસૂબાઓ અને દરબારીઓ ચર્ચા–
વિચારણા પછી એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે આપે
એવી આજ્ઞા કરતો વટહુકમ બહાર પાડવો જોઈએ કે, જે
કોઈ આવતા ત્રીસ દિવસ દરમ્યાન આપના સિવાય બીજા
કોઈ પણ દેવ કે માણસની આગળ અરજ કરશે તેને સિંહોની
ગુફામાં નાખવામાં આવશે. 8નામદાર, આપ એવો હુકમ
બહાર પાડી તેના ઉપર સહીસિક્કા કરો, જેથી તેમાં ફેરફાર
ન થઈ શકે. કારણ મિદિયા અને પર્શિયાના લોકોના
કાયદાઓમાં ફેરફાર થઈ શકતો નથી કે તેને રદ કરી શકાતો
નથી." 9આથી રાજા દાર્યાવેશે હુકમ ઉપર સહી કરી.

10હુકમ ઉપર સહી થઈ છે એવી જાણ થતાં દાનિયેલ ઘેર
આવ્યો. એના ઉપલા માળના ઓરડાની બારીઓ
યરૂશાલેમની દિશામાં પડતી હતી. તેણે હંમેશની માફક
રોજ ત્રણ વાર ઘૂંટણીયે પડીને દેવની સ્તુતિ કરી અને પ્રાર્થના
કરવાનું ચાલું રાખ્યું.

11ત્યારે પેલા માણસો એક સાથે દાનિયેલના ઘર તરફ
ધસી ગયા અને ત્યાં તેને પોતાના દેવને પ્રાર્થના કરતાં અને
તેમની સહાય માટે યાચના કરતો જોયો. 12તેથી તેમણે રાજા
પાસે જઈને તેને પેલા હુકમની યાદ આપીને કહ્યું, "મહારાજ,
આપે એવા હુકમ ઉપર સહી નહોતી કરી કે, જે કોઈ 30
દિવસ દરમ્યાન આપના સિવાય બીજા કોઈપણ દેવ કે
માણસને અરજ કરશે તેને સિંહોની ગુફામાં નાખવામાં
આવશે?"

રાજાએ જવાબ આપ્યો, "હા, એ તો માદીઓ અને
ઈરાનીઓનો કાયદો છે જે કદી બદલાતો નથી અથવા રતબદલ
થતો નથી."

13ત્યારે તેમણે રાજાને કહ્યું, "યહૂદાના કેદીઓમાંનો એક
પેલો દાનિયેલ આપની અને આપે સહી કરેલા હુકમની
અવજ્ઞા કરે છે. તે રોજ ત્રણ વખત દેવને પ્રાર્થના કરે છે."

14આ સાંભળ્યું ત્યારે રાજાને આવા કાયદા ઉપર સહી
કરવા બદલ ખૂબ દુઃખ થયું. તેણે દાનિયેલને બચાવવાનો
કોઈ રસ્તો શોધવાનો પ્રયત્ન કર્યો અને સૂર્યાસ્ત સુધી એ
પ્રયત્ન ચાલુ રાખ્યો. 15સાંજે ફરીથી લોકો રાજા પાસે આવ્યા
અને પૂછયું, "નામદાર, આપે જાણવું જોઈએ કે મિદિયા અને
પર્શિયાના કાયદા મુજબ રાજાએ કરેલો કોઈ હુકમ કે કોઈ
આજ્ઞા બદલી ન શકાય."

16છેવટે રાજાએ દાનિયેલની ધરપકડ માટે આદેશ આપ્યો
અને તેને સિંહોની ગુફામાં નાખવા લઈ જવામાં આવ્યો.
તેણે દાનિયેલને કહ્યું, "જે દેવની તું સતત સેવા ઉપાસના કરે
છે તે તને બચાવો." 17પછી એક મોટો પથ્થર લાવીને ગુફાના
મોઢા ઉપર મૂકવામાં આવ્યો અને રાજાએ તેના ઉપર પોતાની
તથા પોતાના દરબારીઓની મુદ્રા વડે સીક્કો માર્યો, જેથી
કોઈ દાનિયેલને બચાવી ન શકે. 18પછી રાજા પોતાના
મહેલમાં પાછો ગયો. આખી રાત તેણે કશું ખાધું નહીં તેમ
સ્ત્રીસંગ પણ કર્યો નહીં. તેને ઊંઘ ન આવી.

19બીજા દિવસે વહેલી પરોઢે રાજા ઉતાવળો ઉતાવળો
સિંહોની ગુફા આગળ ગયો. 20ગુફા આગળ તે પહોંચ્યો ત્યારે
વેદનાભર્યા અવાજે તેણે દાનિયેલને હાંક મારીને કહ્યું, "ઓ
દાનિયેલ, ઓ જીવંત દેવના સેવક! જેની તું સતત સેવા કરે
છે તે તારો દેવ તને સિંહોથી બચાવી શક્યો?"

21એટલે દાનિયેલે રાજાને જવાબ આપ્યો, "હે રાજા, તમે
અમર રહો. 22મારા દેવે પોતાના દૂતને મોકલ્યો અને તેણે
સિંહોના મોં બંધ કરી દીધા એટલે તેઓ મને કશી ઈજા નથી
કરી શક્યા. કારણ, દેવની નજરમાં હું નિર્દોષ ઠર્યો છું. અને
મહારાજ, આપનો પણ મેં કોઈ ગુનો કર્યો નથી."

23રાજાને ઘણો આનંદ થયો તેણે હુકમ કર્યો કે દાનિયેલને
ગુફામાંથી બહાર કાઢવામાં આવે. તેના શરીર ઉપર એક
ઊઝરડો પણ જોવા મળ્યો નહીં. કારણકે તેને પોતાના દેવમાં
વિશ્વાસ હતો.

24પછી રાજાના હુકમથી દાનિયેલ ઉપર આક્ષેપ કરનારાઓને તેમના બાળકોને અને સ્ત્રીઓને પકડી લાવીને સિંહોની ગુફામાં નાખવામાં આવ્યા, અને તેઓ ગુફાને તળીયે પહોંચે તે પહેલાં જ સિંહો તેમના ઉપર તૂટી પડ્યા અને તેમના હાડકાં સુદ્ધાં ભચરડી ગયાં.

25ત્યારપછી રાજા દાર્યાવેશે આખી પૃથ્વીના જુદીજુદી પ્રજાના તથા જુદી જુદી ભાષા બોલનારા લોકોને પત્ર લખ્યો કે,

26"સાદર પ્રણામ સાથે લખવાનું કે, આથી હું એવો હુકમ કરું છું કે મારા આખા સામ્રાજ્યમાં સર્વ લોકોએ દાનિયેલના દેવનો ભય રાખવો અને તેને માન આપવું. કારણકે તે જીવંત દેવ અને અધિકારી છે. તેમનું રાજ્ય અવિનાશી છે અને તેમની સત્તાનો અંત આવતો નથી.

27તે બચાવે છે અને મદદ કરે છે. આકાશમાં અને પૃથ્વી પર ચમત્કારિક નિશાનીઓ અને આશ્ચર્યો કરે છે. તે એકજ છે જેણે દાનિયેલને સિંહોના પંજામાંથી ઉગાર્યો છે."

28આમ, દાર્યાવેશના રાજ્યકાળ દરમ્યાન અને ઈરાની કોરેશના રાજ્યકાળ દરમ્યાન દાનિયેલની ચડતી કળા રહી.

## દાનિયેલને થયેલાં દિવ્યદર્શન

7 બાબિલના રાજા બેલ્શાસ્સારના રાજ્યશાસનના પ્રથમ
વર્ષ દરમ્યાન દાનિયેલ સૂતો હતો ત્યારે એક રાત્રે તેને સ્વપ્ન આવ્યું અને તેણે મનચક્ષુથી અનેક દર્શનો જોયાં. પછી તેણે તે સ્વપ્ન લખી નાખ્યું. તેણે જે જોયું તે આ પ્રમાણે
છે: 2રાત્રે મને થયેલાં દર્શનમાં મેં જોયું તો, સ્વર્ગના ચાર પવનો મોટા સમુદ્રને (ભૂમધ્ય સમુદ્રને) હલાવી રહ્યાં હતાં,
ધમરોળી રહ્યાં હતાં. 3ત્યારબાદ એકબીજાથી જુદાં ચાર મોટાં
મોટાં પ્રાણીઓ સમુદ્રમાંથી બહાર નીકળ્યાં.

4"પહેલું પ્રાણી સિંહ જેવું હતું, પણ તેને ગરૂડ જેવી પાંખો હતી, અને હું જોતો હતો કે તેની પાંખો ખેંચી લેવામાં આવી જેથી તે ઊડી શકે નહીં. તેને બે પગ ઉપર માણસની જેમ જમીન પર ઊભું રાખવામાં આવ્યું. અને તેને મનુષ્યનું હૃદય આપવામાં આવ્યું હતું.

5"બીજું પ્રાણી રીંછ જેવું દેખાતું હતું. તે પંજો ઉપાડીને ત્રાટકવાની તૈયારી સાથે ઊભુ હતું. તેના દાંતોની વચ્ચે પણ ત્રણ પાંસળીઓ હતી. તેને કહેવામાં આવ્યું, 'ઊભો થા! ઘણાં માંસનો ભક્ષ કર!'

6"આ વિચિત્ર પ્રાણીઓમાંનું ત્રીજું ચિત્તા જેવું પ્રાણી નજરે પડ્યું. તેની પીઠ પર પંખીના જેવી ચાર પાંખો હતી, તેને ચાર માથા હતાં અને તેને શાસનની સત્તા સોંપવામાં આવી.

7"પછી રાત્રે મેં મારા સંદર્શનમાં એક ચોથું પ્રાણી જોયું. તેનું વર્ણન થઈ ન શકે તેવું ભયાનક અને મજબૂત તે હતું. તે તેના શિકારને લોખંડના મોટા દાંત વડે ચીરીને ખાતું હતું. અને બીજાઓને પોતાના પગ નીચે કચડી નાખતું હતું. બીજા બધા પ્રાણીઓ કરતાં તે ઘણું જ વધારે ક્રુર અને ઘાતકી હતું અને તેને દસ શિંગડાં હતાં.

8"હું તેના શિંગડાં જોતો હતો તેવામાં મેં એક નાના શિંગડાને એ શિંગડા વચ્ચે ફૂટી નીકળતું જોયું અને તેને માટે જગ્યા કરવાને પહેલાના ત્રણને મૂળમાંથી ઉખાડી નાખવામાં આવ્યાં એ શિંગડામાં માણસની આંખો જેવી આંખો હતી અને મોટી મોટી બડાઈ હાંકતું મુખ હતું.

## ચોથા પ્રાણીને ન્યાય

9"હું જોઈ રહ્યો હતો ત્યારે ત્યાં સિંહાસનો ગોઠવાઈ ગયાં અને એક ખૂબ વૃદ્ધ માણસ તેના પર બેઠો હતો તેના વસ્ત્રો હિમ જેવા સફેદ અને વાળ શુદ્ધ શ્વેત ઊન જેવા હતાં. તેનું સિંહાસન અગ્નિની જવાળાઓ જેવું હતું. અને તેના પૈડાં સળગતાં અગ્નિના હતાં.

10"તેની આગળથી ધગધગતા અગ્નિનો ધોધ નીકળીને વહેતો હતો. હજારો તેની સેવા ઉઠાવતા હતા અને કરોડો તેની સેવામાં ઉભા હતા. ન્યાયસભા ભરાઈ અને ચોપડા ખોલવામાં આવ્યા.

11"પેલું શિંગડું બડાઈની વાતો કરતું હતું. હું જોઈ રહ્યો હતો એટલામાં એ પ્રાણીને મારી નાખવામા આવ્યું. તેના શરીરનો નાશ કરી સળગતા અગ્નિમા નાખી દેવામાં આવ્યું.
12બીજા પ્રાણીઓ પાસેથી શાસનની સત્તા લઈ લેવામાં આવી, પણ એમને અમુક સમય સુધી જીવતા રહેવા દેવામાં આવ્યાં.

13"હજી રાતના હું સંદર્શનમાં જોતો હતો. મનુષ્યપુત્ર જેવા એક પુરુષને આકાશના વાદળો સાથે ત્યાં આવતા મેં જોયા. તે સનાતન પુરુષની નજીક ગયા અને તેમની સમક્ષ હાજર થયાં.

14"તેને શાસનની સત્તા, ગૌરવ અને રાજ્યાધિકાર સોંપવામાં આવ્યાં, જેથી બધી ભાષાના અને દેશોના લોકો તેનું આધિપત્ય સ્વીકારે. તેની શાસનની સત્તા શાશ્વત છે, તે કદી લોપ ન પામે; તેમ તેનો રાજ્યાધિકાર એવો છે જે કદી નાશ ન પામે.

## ચોથા પ્રાણીના સ્વપ્નનું ફળ

15"હું દાનિયેલ, મેં જે જોયું તેનાથી મૂંઝવણમાં પડી ગયો અને ખૂબ વ્યાકુળ બની ગયો, તેનાથી હું ભયભીત થઈ
ગયો. 16એટલે મેં ત્યાં જેઓ ઊભા રહ્યાં હતા તેઓમાંના એકની પાસે જઈને તેને પૂછયું કે, 'આ બધાનો અર્થ શું?'
17તેણે મને એ બધી બાબતોનો અર્થ સમજાવતા કહ્યું: 'આ ચાર વિશાળકાય પ્રાણીઓ ચાર રાજાઓ છે. તેઓ પૃથ્વી પર
રાજ કરશે. 18પણ તેઓ અંતે પરાત્પર દેવના સંતો સમગ્ર પૃથ્વી પર રાજ્ય મેળવશે અને સદા સર્વકાળ સુધી રાજ કરશે.'

19"ત્યારપછી મેં ચોથા પ્રાણીનું રહસ્ય જાણવાની ઈચ્છા પ્રગટ કરી, જે બીજા બધા કરતાં જુદું હતું, જેને લોઢાના દાંત અને કાંસાના નહોર હતા, તેના હાથમાં જે આવે તેને તે ચીરી નાખતું અને ખાઈ જતું અને બાકી રહે તેને પગ તળે
કચડી નાખતું હતું. 20વળી મેં તેના માથા ઉપરના દસ
શિંગડાં વિષે તેમજ જે બીજું શિંગડું ઊગી નીકળ્યું હતું, જેના

આવવાથી ત્રણ શિંગડા પડી ગયા, જે શિંગડાને આંખો અને બડાશ મારતું મોઢું હતું અને જે બીજા શિંગડા કરતાં મોટું દેખાતું હતું તેને વિષે પણ જાણવાની ઈચ્છા દર્શાવી. **21**હજી હું જોતો હતો ત્યાં તો એ શિંગડું દેવના લોકોની વિરૂદ્ધ યુદ્ધ કરવા લાગ્યું. અને તેઓના ઉપર તેનો વિજય થતો જતો હતો. **22**અંતે પેલા ખૂબ વૃદ્ધ વ્યક્તિ આવ્યા અને પરાત્પર દેવના લોકોની તરફેણમાં ચુકાદો આપ્યો, અને સમય આવ્યો અને સંતોને રાજ્ય પ્રાપ્ત થયું.

**23**"મને આ પ્રમાણે કહેવામાં આવ્યું, એ ચોથું પ્રાણી પૃથ્વી ઉપર ઉત્પન થનારું ચોથું રાજ્ય છે. એ બીજાં બધાં રાજ્યો કરતાં જુદું હશે. અને આખી પૃથ્વીને કોળીયો કરી જશે, તેને પગ તળે કચડશે અને છૂંદી નાખશે. **24**તેનાં દસ શિંગડાં દસ રાજાઓ છે જે તેના રાજ્યમાંથી ઉત્પન્ન થશે. પછી પેલા દસ કરતાં વધારે ઘાતકી એવો એક રાજા ઊભો થશે અને તેઓમાંના ત્રણને પોતાને તાબે કરશે. **25**પછી તે પરાત્પરદેવની વિરૂદ્ધ બોલશે, અને દેવને વરેલા લોકોને હેરાન કરશે, શૂળીએ ચઢાવશે અને ધાર્મિક ઉત્સવોમાં અને કાયદાઓ ને નિયમોમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કરશે. સંતોને એક વર્ષ માટે, બે વર્ષ માટે અને અડધા વર્ષ માટે તેના હાથમાં સોંપી દેવામાં આવશે.

**26**"પરંતુ પછી ખૂબ વૃદ્ધ માણસ આવશે અને ન્યાય સભા મળશે અને આ અધમ રાજાની સર્વ સત્તાઓ તેની પાસેથી લઈ લેવામાં આવશે. અને અંતે તેનો સંપૂર્ણ નાશ થશે. **27**આકાશ નીચેના બધાં રાજ્યોનો રાજ્યાધિકાર, શાસનની સત્તા, અને વૈભવ, દેવને વરેલા સંતોને સોંપવામાં આવશે અને તેમનો રાજ્યાધિકાર કાયમી રાજ્યાધિકાર હશે અને બધાં જ રાજ્યો તેમનું આધિપત્ય સ્વીકારશે અને તેમની આજ્ઞામાં રહેશે."

**28**"અહીં એ દર્શનના વર્ણનનો અંત આવે છે. હું, દાનિયેલ, તો આ બધા વિચારોથી ખૂબ ફિક્કો અને ભયભીત થઈ ગયો. પણ મેં જે જોયું હતું તે મેં કોઈને પણ કહ્યું નહીં, હૃદયમાં જ સંઘરી રાખ્યું."

## દાનિયેલને થયેલુ બીજું દિવ્યદર્શન

**8** રાજા બેલ્શાસ્સારના રાજ્યકાળના ત્રીજા વર્ષે મને દાનિયેલને અગાઉ જે સંદર્શન થયું હતું તેના જેવું બીજું દિવ્યદર્શન થયું. **2** સંદર્શનમાં મે જોયું તો હું એલામ પ્રાંતમાં આવેલા શુશાન ગઢમાં હતો. હું ઉલાય નદીને કાંઠે ઊભો હતો. **3**મેં જોયું તો ઉલાય નદીને કિનારે એક મેંઢો ઊભેલો હતો. તેને બે શિંગડાં હતાં. એક શિંગડું મોટું હતું. અને મોટું શિંગડુ થોડીવાર પછી બીજા કરતા ઊંચુ થયું. **4**મેં એ મેંઢાને પશ્ચિમમાં, ઉત્તરમાં અને દક્ષિણમાં શિંગડા મારતો જોયો. તેની આગળ કોઈ પ્રાણી ટકી શકે એમ નહોતું, અને એના પંજામાંથી કોઈ છોડાવી શકે એમ નહોતું. તે મરજીમાં આવે તેમ કરતો હતો અને અભિમાની બની ગયો હતો.

**5**આનો અર્થ શો હશે તે હું વિચારતો હતો એવામાં અચાનક પશ્ચિમમાંથી એક બકરો અતિશય વેગથી પૃથ્વી પર આક્રમણ કરતો ધસી આવ્યો. તેના પગ જમીનને અડકતા પણ નહોતા એ બકરાની આંખો વચ્ચે એક ભારે મોટું શિંગડું હતું. **6**પહેલા જે શિંગડાવાળા મેંઢાને મેં નદીકાંઠે ઊભેલો જોયો હતો તેની પાસે આવીને તે તેના ઉપર પૂરા જોસથી ધસી ગયો. **7**મેં તેને મેંઢાની પાસે આવતો જોયો. તે મેંઢા પર ક્રોધે ભરાયો હતો. તેણે પૂરા બળથી મેંઢા ઉપર હુમલો કર્યો અને તેના બંને શિંગડાં ભાંગી નાખ્યાં. મેંઢો બિલકુલ લાચાર બની ગયો. બકરાએ તેને નીચે પછાડી દીધો અને તેને પગ તળે કચડી નાખ્યો, કેમકે તેને બકરાથી બચાવનાર કોઈજ ન હતું.

**8**પછી એ બકરો ખૂબ જ અભિમાની બની ગયો, પણ તેનું બળ વધ્યું ત્યાં તેનું મસમોટું શિંગડું ભાંગી ગયું અને તેને ઠેકાણે ચાર દિશમાં ચાર મોટા શિંગડા ફૂટી નીકળ્યાં.

**9**અને તે બધાંમાંથી એક નાનું શિગડું આવ્યું અને દક્ષિણ તરફ, પૂર્વ તરફ અને રળિયામણા દેશ તરફ તે ખૂબ વધી ગયું. **10**વધતું વધતું તે નક્ષત્રમંડળ સુધી પહોંચી ગયું. કેટલાક નક્ષત્રોને અને તારાઓને તેણે પૃથ્વી પર પટક્યાં અને પગ તળે કચડ્યાં. **11**તેણે પોતાને આકાશના સૈન્યના સરદાર જેટલો મહાન કર્યો અને તેની પાસેથી દરરોજનું અર્પણ લઈ લીધું અને તેના મંદિરને અપવિત્ર કર્યુ. **12**બળવાને કારણે દૈનિક અર્પણોની સાથે સૈન્ય પણ આપી દેવામાં આવ્યું પરિણામે સત્યને જમીન પર ફેંકી દેવામાં આવ્યું અને નઠારૂ-ભૂંડાઈ વિજયી બની અને આબાદ થઈ.

**13**પછી મેં એક પવિત્ર દેવદૂતને બોલતો સાંભળ્યો, બીજા પવિત્ર જણે જે પહેલો બોલતો હતો તેને કહ્યું, "જ્યારે રોજીંદા અર્પણો શરૂ થશે, બળવો મંદિરની શરણાગતિ અને સૈન્યને કચડી નાખવાનું એ દ્રશ્યમાન થવાને કેટલો સમય લાગશે?"

**14**પહેલાએ જવાબ આપ્યો, "2,300 સવારસાંજ સુધી, ત્યાર પછી મંદિરને પોતાના હક્કનું સ્થાન પાછું મળશે."

## સંદર્શન દાનિયેલને સમજાવવું

**15**હું દાનિયેલ આ સંદર્શન જોતો હતો અને તેનો અર્થ સમજવા પ્રયત્ન કરતો હતો ત્યારે એકાએક જોઉં છું તો એક પુરુષ જેવી આકૃતિ મારી સામે ઊભી છે. **16**મેં ઉલાય નદીને પેલે પારથી આ મનુષ્યનો અવાજ સાંભળ્યો, તેણે કહ્યું, "ગાબ્રિયેલ, દાનિયેલને આ સંદર્શનનો અર્થ સમજાવ."

**17**પછી ગાબ્રિયેલ મારી તરફ આવવા લાગ્યો, તે પાસે આવ્યો ત્યારે હું એટલો ડરી ગયો કે હું ઊભો રહી શક્યો નહીં અને ઊંધે મોઢે જમીન પર પડી ગયો. પરંતુ તેણે મને કહ્યું, "ઓ મનુષ્ય પુત્ર, સમજી લે કે આ દ્રશ્ય પ્રલયના અંત સમયનું છે."

**18**એ જ્યારે બોલતો હતો ત્યારે હું જમીન પર મૂર્છિત થઈને પડ્યો હતો, પણ તેણે મને પકડીને હું જ્યાં પડ્યો હતો ત્યાં ઊભો કર્યો. **19**અને કહ્યું, "જો, હું તને જણાવું છું કે દેવના ક્રોધને અંતે શું થવાનું છે; કારણ આ દિવ્યદર્શન અંતસમયનું પ્રલયના સમયનું છે.

**20**"તે જોયેલાં બે શિંગડાવાળો મેંઢો, માદી અને ઈરાનના રાજાઓ છે. **21**અને પેલો બકરો જે લાંબા જાડા બરછટ વાળ

વાળો છે તે ગ્રીસનું રાષ્ટ્ર છે, અને તેની આંખો વચ્ચેનું મોટું
શિંગડું ગ્રીસનો પહેલો રાજા છે. 22તેં જોયું કે એ શિંગડું
ભાંગી ગયું અને તેની જગ્યાએ ચાર શિંગડાં ફૂટી નીકળ્યાં
તેનો અર્થ એ છે કે તેના વંશમાંથી ચાર રાજ્યો ઉદય પામશે,
પણ તેમનામાં એના જેવું બળ નહીં હોય.

23"તેઓના રાજ્યના અંતકાળે તેઓ નૈતિક રીતે અધ:પતન
પામ્યા હશે ત્યારે મુત્સદ્દીગીરીમાં કુશળ અને બાહોશ રાજા
ઊભો થશે. 24તે મહાબળવાન હશે અને ભારે વિનાશ નોતરશે.
તે જે પણ કરશે તેમાં તે સફળ થશે. તેની સામે થનારા
શક્તિશાળી સૈન્યોનો પણ તે નાશ કરશે અને દેવના લોકોને
હિંસા દ્વારા તારાજ કરશે.

25"તે પોતાની કુશળતાને લીધે છેતરામણા કાર્યો દ્વારા
વિજયી નીવડશે. તે પોતાના મનમાં બહુ મહાન બની જશે
અને ઘણા લોકોનો ચેતવણી વગર નાશ કરશે. તે પોતાને
એટલો મહાન સમજશે કે તે સરદારોના સરદારને પણ યુદ્ધમાં
ઘસડી જશે. પણ આમ કરવામાં તે પોતાનો જ સર્વનાશ
નોતરશે. પરંતુ કોઈનાય હાથ વગર તેનો નાશ થશે.

26"સવાર અને સાંજના અર્પણોનું દર્શન જે વર્ણવ્યું છે તે
સાચું છે; પરંતુ તું એ દર્શનને ગુપ્ત રાખજે, કારણકે તે સાચું
પડે તે પહેલાં ઘણાં દિવસો પસાર થઈ જશે. અને તેની
પહેલા જે થશે તે સાચું હશે."

27પછી હું દાનિયેલ આ સાંભળીને મૂર્છિત થઈ ગયો અને
ઘણા દિવસો બીમાર રહ્યો. ત્યારબાદ હું સાજો થયો અને
રાજા પ્રત્યેની મારી ફરજો બજાવવા લાગ્યો; પરંતુ એ દર્શનથી
હું અચંબો પામ્યો, અને હું તે સંદર્શન સમજી શકતો ન હતો.

### પ્રજા માટે દાનિયેલની પ્રાર્થના

9 અહાશ્વેરોશનો પુત્ર માદીનો દાર્યાવેશ જે બાબિલ
રાજ્યનો રાજા હતો તેના પહેલા વર્ષમાં આ બનાવ
બન્યો. 2તેની કારકિર્દીના પ્રથમ વર્ષમાં હું દાનિયેલ, યહોવાની
વાણી યર્મિયા પ્રબોધકની પાસે આવી હતી, યરૂશાલેમ 70
વર્ષ સુધી ખંઢેર રહેશે. તે ઉપરથી તે 70 વર્ષનો વિચાર કરતો
હતો.

3પછી હું ગંભીરતાથી દેવ તરફ પ્રાર્થના સાથે જાણવા માટે
વળ્યો, અને ઉપવાસ કરીને, શોકકથા પહેરીને અને રાખના
ઢગલા પર બેસીને મેં સાચા હૃદયથી દેવ મારા માલિકની
પ્રાર્થના કરી. 4મેં દેવ યહોવાને પ્રાર્થના કરીને આપણા પાપોની
કબૂલાત કરતા કહ્યું; "હે યહોવા, હે મહાન અને ભીષણ
દેવ, તું તારા કરારને વળગી રહે છે, અને તારા ઉપર જેઓ
પ્રેમ રાખે છે અને તારી આજ્ઞાઓનું જેઓ પાલન કરે છે
તેમના ઉપર તું સદા કરૂણા રાખે છે.

5"પરંતુ યહોવા અમે પાપ કર્યા છે, દુષ્ટ કૃત્યો કર્યા છે,
તમારી સામે બળવો કર્યો છે, તમારી આજ્ઞાઓ અને તમારા
હુકમોની ઉપેક્ષા કરી છે. 6અમારા રાજાઓને, આગેવાનોને
તથા અમારા વડવાઓને અને દેશના બધા લોકોને તારા
નામે ઉપદેશ આપનાર તારા સેવકો પ્રબોધકોની વાત અમે
કાને ધરી નથી.

7"હે યહોવા, તમે તો વિશ્વાસી છો, પણ આજે શરમાવાનું
તો અમારે છે-યહૂદાના માણસોને, યરૂશાલેમના બાકીના
લોકોને અને દૂરના તથા નજીકના સર્વ ઈસ્રાએલીઓને અમે
તમારા પ્રત્યે વિશ્વાસઘાતી નીવડ્યા તેથી અનેક દેશોમાં
તમે અમને વિખેરી નાખ્યાં.

8"હે યહોવા આ સર્વ દેશોમાં અમારે શરમાવાનું છે, અમારા
રાજાઓને, આગેવાનોને અને અમારા વડવાઓને. કારણ,
અમે બધાએ તમારી વિરૂદ્ધ પાપ કર્યા છે, અમે તમારા
અપરાધી બન્યા છીએ.

9"અમારા યહોવા દેવ, તમે તો દયાળુ છો અને ક્ષમા કરો
છો, પણ અમે તમારી સામે બળવો પોકાર્યો છે. 10હે યહોવા,
અમારા દેવ, અમે તમારી વાણી માની નથી. તમારા સેવક
પ્રબોધકો દ્વારા તમે અમને આપેલા સર્વ નિયમોનો અમે
ભંગ કર્યો છે. 11હા સર્વ ઈસ્રાએલે તમારી વાણી પ્રત્યે ધ્યાન
આપ્યું નથી. તેથી દેવના સેવક મૂસાના નિયમશાસ્ત્રમાં લખ્યા
પ્રમાણે ભયાનક શાપ અમારા પર રેડી દેવામાં આવ્યો છે,
કેમકે અમે તેની વિરૂદ્ધ પાપ કર્યુ છે.

12"તમે અમને અને અમારા રાજ્યકર્તાઓને ચેતવણી
આપ્યા પ્રમાણે જ કર્યુ છે, અને યરૂશાલેમ પર અતિ ભારે
આપત્તિ આવવા દીધી છે, પૃથ્વી પર બીજા કોઈ નગરમાં
કદી એવી આપત્તિ આવી નથી. 13મૂસાની સંહિતામાં લખેલી
બધી આફતો અમારા ઉપર ઊતરી છે, તેમ છતાં તમને,
અમારા દેવ યહોવાને રીઝવવા અમે પ્રયત્ન કર્યો નથી;
અમે પાપકૃત્યો છોડ્યાં નથી કે અમે તમારા સત્યને માર્ગે
ચાલ્યાં નથી. 14હે અમારા દેવ યહોવા, તમે અમારા ઉપર
આફત ઉતારવાને રાહ જોઈને બેઠા હતા અને તમે તે ઉતારી
પણ ખરી. તમે જે કંઈ કર્યુ છે તે બધું ન્યાયપૂર્વક કર્યુ છે.
કારણ, અમે તમારી આજ્ઞાનો અનાદર કર્યો છે.

15"ઓ યહોવા, અમારા દેવ તમે તમારા લોકોને
મિસરમાંથી બહાર લાવીને તમારું સામર્થ્ય પ્રગટ કર્યુ છે.
તમારા નામનો મહિમા કર્યો છે. યહોવા ફરીથી એવું થવા
દો! જો કે અમે પુષ્કળ પાપ કર્યા છે અને અમે અધમતાથી
ભરેલા છીએ. 16ઓ યહોવા, તમે અનેક વખત અમને ઉગાર્યા
છે; તમારા ન્યાયને માટે તે રીતે હવે તમે યરૂશાલેમ ઉપરથી
તમારો રોષ ઉતારી નાખો. એ તો તમારી નગરી છે, તમારો
પવિત્ર પર્વત છે. અમારા પાપોને કારણે અને અમારા
પિતૃઓના અપરાધોને કારણે યરૂશાલેમ અને તમારી પ્રજા
આસપાસના લોકોમાં હાંસીપાત્ર બની ગયા છે. 17માટે હવે
ઓ અમારા યહોવા, તમારા ચાકરોની આજીજી સાંભળો,
તેમની વિનવણી ઉપર ધ્યાન આપો અને તમારા પોતાને
માટે વિલંબ ન કરો. ઓ યહોવા, તમારા ખંઢેર બનેલા મંદિર
ઉપર તમારી કૃપાદ્રષ્ટિ કરો. 18ઓ મારા દેવ, મારી અરજ
તમારા કાને ધરો ને સાંભળો અને આંખ ઉઘાડીને અમારી
તારાજી ઉપર નજર કરો. અને તમારા નામે ઓળખાતી
નગરી તરફ જુઓ, કારણ, અમે અમારા પુણ્યને બળે નહીં
પણ તમારી અપાર કરુણાને બળે તમને વિનવણી કરીએ
છીએ. 19ઓ યહોવા, સાંભળો, ઓ યહોવા, ક્ષમા કરો, ઓ

યહોવા, મારું સાંભળો અને કંઈક કરો. તમારા પોતાને માટે ઓ મારા દેવ, કારણકે તમારા લોકો અને તમારું નગર તમારા નામે ઓળખાય છે."

### 70 સપ્તાહો વિષે સંદર્શન

20હું આ પ્રમાણે પ્રાર્થના કરતો હતો, મારા અને મારા લોકો ઈસ્રાએલીઓના પાપની કબૂલાતો કરતો હતો અને મારા દેવ યહોવા સમક્ષ પવિત્ર પર્વત વતી વિનવણી કરતો
હતો. 21તે જ સમયે ગાબ્રિયેલ જેને મેં અગાઉના સંદર્શનમાં જોયો હતો, તે સાંજના અર્પણના સમયે ઝડપથી મારી તરફ ઊડી આવ્યો. 22તેણે મને કહ્યું, "દાનિયેલ, દેવના ભવિષ્યવચનો સમજવામાં તને મદદ કરવા હું અહીં આવ્યો
છું. 23તે પ્રાર્થના કરવાનું શરૂ કર્યુ એ જ ક્ષણે યહોવાએ તેનો ઉત્તર આપ્યો અને તે ઉત્તર તને કહેવા માટે હું અહીં આવ્યો છું. કારણકે દેવ તને પુષ્કળ ચાહે છે. હવે તું સાંભળ, અને તે જોયેલા સંદર્શનનો અર્થ સમજવાનો પ્રયત્ન કર!

24"તમારા લોકો માટે અને તમારી નગરી માટે 70 ગુણ્યા સાત વર્ષ નક્કી થયાં છે, જેમાં દુષ્કૃત્યો બંધ કરવાના છે, પાપનો અંત લાવવાનો છે, અપરાધોની સજા ભોગવવાની છે. અને સૌથી પવિત્રને સમર્પિત થવાનું છે.

25"માટે હવે તું સાંભળ! યરૂશાલેમ ફરી બાંધવાની આજ્ઞા અપાઇ એ સમયથી નિયુકત કરેલો રાજકુમાર આવે ત્યાં સુધીનો સમય 7 અઠવાડિયાનો હશે. છતાં યરૂશાલેમની શેરીઓ તથા ભીતો 62 અઠવાડિયામાં ફરીથી બંધાશે. આ
આપત્તિનો સમય હશે. 26 62 અઠવાડિયા પછી એ અભિષિકતનો વધ કરવામાં આવશે અને કોઇ તેનો પક્ષ નહીં લે. એક સેનાપતિ સેના સાથે આવીને નગરીનો અને મંદિરનો નાશ કરશે; એનો અંત અચાનક રેલની જેમ આવશે અને અંતીમ સુધી નિર્માયેલાં યુદ્ધ અને વિનાશ ચાલ્યા કરશે.

27"એ સેનાપતિ અન્ય લોકો સાથે સાત દિવસનું કબૂલાતનામું બનાવશે, અને તે સમય દરમ્યાન વિનાશ નોતરશે, અને ધૃણાસ્પદ વસ્તુઓ કરશે. ત્યાં સુધી, જ્યારે અંતમાં યહોવાનો ચુકાદો તેની પર લાગુ કરવામાં આવશે."

### સંદેશાવાહક દાનિયેલને થયેલ દર્શન

10 ઈરાનના રાજા કોરેશના રાજ્યકાળના ત્રીજા વર્ષ દરમ્યાન દાનિયલ ઉર્ફે બેલ્ટશાસ્સારને બીજું સંદર્શન થયું. તેનો સંદેશો સત્ય હતો અને તે એક મહાન સૈન્ય બાબત હતો. તેણે સંદર્શનમાંનો સંદેશો સમજી લીધો.

2તે વખતે, "હું દાનિયેલ ત્રણ અઠવાડિયાનો શોક પાળતો
હતો. 3તે પૂરાં ત્રણ અઠવાડિયા સુધી મેં કોઇ સ્વાદિષ્ટ ભોજન ખાધું નહોતું, માંસ કે મદિરા મારા મોંમાં સુદ્ધાં મૂક્યા નહોતા, તેમજ શરીરે કોઇ તેલ કે મલાઇ લગાવી નહોતી.

4"પહેલા મહિનાના ચોવીસમા દિવસે હું મહાનદી એટલે કે તીગ્રીસ નદીને કિનારે ઊભો હતો, 5 એવામાં મારી નજર
ઊંચે ગઇ તો મારી આગળ એક વ્યકિતને જોયો. જેણે શણનો ઝભ્ભો પહેર્યો હતો, અને કમરે ચોખ્ખા સોનાનો પટ્ટો હતો.
6તેનું શરીર પોખરાજના જેવું અને તેનો ચહેરો વીજળીના જેવો હતો. તેની આંખો બળતી મશાલ જેવી હતી. અને તેના હાથ અને પગ માંજેલા પિત્તળની જેમ ચળકતા હતાં, અને તેનો અવાજ માનવ મેદનીના અવાજ જેવો હતો.

7"હું દાનિયેલ એકલો આ મહાન સંદર્શન જોઇ શકતો હતો. મારી સાથેના માણસો તે જોઈ શકતા નહોતા તેમ છતાં તેઓ ભયભીત થઈને નાસી ગયા અને સંતાઇ ગયાં.
8હું ત્યાં એકલો સંદર્શન જોતો ઊભો રહ્યો. મેં આ અદ્ભૂત સંદર્શન જોયું ત્યારે મારી શકિત જતી રહી અને હું ભયને કારણે નબળો અને ફિક્કો પડી ગયો. 9ત્યારબાદ મેં તેમના બોલવાનો અવાજ સાંભળ્યો, અને તે સાંભળતા જ હું મૂર્છા ખાઈને ઊંધે મોઢે ભોંય ઉપર પડ્યો.

10"પછી અચાનક એક હાથે મને સ્પર્શ કર્યો. હું હજી પણ ધ્રુજતો હતો. અને ઘૂંટણ તથા હથેળી ઉપર બેઠો હતો.
11તેણે મને કહ્યું, 'ઓ દાનિયેલ, ઓ અતિ વહાલા માણસ, હું તને કહું તે ધ્યાનથી સાંભળ, ટટ્ટાર ઊભો રહે. કારણ, હવે મને તારી પાસે મોકલવામાં આવ્યો છે.' તેણે મને આ પ્રમાણે કહ્યું, એટલે હું ધ્રુજતો ધ્રુજતો ઊભો થયો. 12પછી તેણે મને કહ્યું, 'ડરીશ નહિં, દાનિયેલ, કારણ, જે દિવસથી તેં સમજવાનો પ્રયત્ન કર્યો અને તારા દેવ આગળ તપશ્ચર્યા આદરી તે દિવસથી તારી પ્રાર્થના સાંભળવામાં આવી છે અને તેના જવાબ રૂપે હું આવ્યો છું. 13(ઈરાન)પણ પર્શિયાના રાજ્યના રાજકુમારે એકવીસ દિવસ સુધી મારો રસ્તો રોકી રાખ્યો. પછી મુખ્ય દેવદૂતોમાંનો એક મિખાયેલ મારી મદદે આવ્યો. કારણકે ઈરાન પર્શિયાના રાજાએ મને રોકી રાખ્યો હતો.
14હું તને તારા લોકો ઉપર ભવિષ્યમાં શું વીતવાનું છે તે સમજાવવા આવ્યો છું; કારણ, આ દિવ્યદર્શન ભવિષ્યને લગતું છે.'

15"તે સમય દરમ્યાન હું માથું નમાવીને જમીન તરફ જોઈ રહ્યો હતો, અને મૂંગો જ ઊભો હતો. 16પછી અચાનક કોઈક જે માણસ જેવો લાગતો હતો તેણે મારા હોઠને સ્પર્શ કર્યો એટલે મેં બોલવા માટે મોઢું ખોલ્યું અને જે મારી સામે ઊભો હતો તેને ઉદેશીને કહ્યું, 'ઓ મારા માલિક, આ દિવ્યદર્શનને કારણે મને ખૂબ વેદના થાય છે. મારામાં કશી શકિત રહી નથી. 17હું તો માલિક આગળ ઊભા રહેલા ગુલામ જેવો છું. મારા જેવો માણસ તમારી સાથે કેવી રીતે વાત કરી શકે? કારણકે મારી શકિત ચાલી ગઈ છે અને હું મુશ્કેલીથી શ્વાસ લઈ શકુ છું.'

18"પછી તેણે મને ફરીથી સ્પર્શ કર્યો અને મને બળ આપ્યું.
19અને કહ્યું, 'ઓ અત્યંત વહાલા માણસ, ડરીશ નહીં, શાંત થા. હિંમત રાખ. બળવાન બન.'

"એના શબ્દો સાંભળીને મારામાં બળ આવ્યું અને હું બોલ્યો, 'આપ બોલો, આપે મને બળ આપ્યું છે.'

20"તેણે કહ્યું, 'તને ખબર છે હું શા માટે તારી પાસે આવ્યો છું? પહેલા મારે ઈરાનના રક્ષકદૂત સાથે યુદ્ધ કરવાનું છે. હું જઈશ ત્યારે તરત ગ્રીસનો રક્ષકદૂત નજરે પડશે. 21સત્યના

ગ્રંથમાં શું લખેલું છે એ હું તને કહીશ. તે શાશકો સામે મદદ
કરવા માટે હજી સુધી કોઈ નથી સિવાય કે તમારો દેવદૂત
મિખાયેલ.

### ભવિષ્યની આગાહી મિસર અને અરામ વચ્ચે સંઘર્ષ

11 "'માદી દાર્યાવેશના શાસનકાળના પ્રથમ વર્ષે તેને
મદદ કરવા અને તેને શક્તિશાળી બનાવવા માટે
મને મોકલવામાં આવ્યો હતો.
2"'અને હવે હું તને જે કહેવાનો છું તે સત્ય છે. બીજા
ત્રણ રાજાઓ ઈરાન પર રાજ કરશે. પછી જે ચોથો રાજા થશે
તે બીજા રાજાઓ કરતાં ઘણો વધારે ધનવાન થશે. રાજકીય
ફાયદા માટે પોતાના ધનનો ઉપયોગ કરીને તે ગ્રીસ સામે
યુદ્ધ કરવા બધાને ઉશ્કેરશે. 3ત્યારપછી ગ્રીસમાં એક
શક્તિશાળી રાજા ઊભો થશે. તે વિશાળ રાજ્ય ઉપર સત્તા
ભોગવશે અને ઈચ્છામાં આવે તેમ કરશે. 4પણ તેનો સૂર્ય
મધ્યાહને તપતો હશે ત્યાં જ તેનું રાજ્ય છિન્નભિન્ન થઈ
જશે અને ચારે દિશામાં વહેંચાઈ જશે. પણ તે એના
વંશજોને નહીં મળે: તે એના વંશજો કરતા બીજાના જ હાથમાં
જઈ પડશે, પણ તેઓ એના જેવી સત્તા ભોગવવા નહીં
પામે.
5"'દક્ષિણનો રાજા બળવાન થશે; પણ તેના સરદારોમાંનો
એક તેના કરતાં બળવાન થશે, ને સત્તા ભોગવશે. તેની
સત્તા મહાન થશે. અને તેનું રાજ્ય પણ મોટું હશે.
6"'થોડાં વર્ષો પછી અરામ અને મિસરના રાજાની વચ્ચે
કરાર થશે. મિસરના રાજાની પુત્રીના લગ્ન શાંતિના પ્રતીક
તરીકે અરામના રાજા સાથે કરવામાં આવશે. પણ આ કરાર
લાંબો સમય ટકશે નહીં અને તે, તેનું સંતાન તેમજ સાથે
ગયેલા તેના સર્વ ચાકરોને શત્રુના હાથમાં સોંપી દેવામાં
આવશે.
7"'પરંતુ તેના કુટુંબીજનોમાંથી જ એક જણ મિસરનો
રાજા બનશે. તે અરામના રાજાની વિરૂદ્ધ એક સૈન્ય ઊભું
કરશે અને તેની સામે જશે ને તેને હરાવશે. 8વળી, તે મિસર
પાછો ફરશે ત્યારે તેઓની ધાતુની મૂર્તિઓ અને મૂર્તિઓને
અર્પેલાં સોનાના તથા ચાંદીના અસંખ્ય પાત્રો પોતાની સાથે
લઈ જશે. અને થોડાં વર્ષ સુધી તે ઉત્તરના રાજા ઉપર
હુમલો કરવાનું બંધ રાખશે. 9ત્યારબાદ ઉત્તરનો રાજા
દક્ષિણના રાજ્ય ઉપર ચઢી આવશે, પણ તેને પોતાના દેશમાં
પાછા જવું પડશે.
10"'તેના પુત્રો યુદ્ધની તૈયારી કરશે અને મોટી સેના
ભેગી કરશે. તેઓમાંનો એક તો ઘસમસતા પૂરની જેમ ઘસી
જઈને દુશ્મનના ગઢ સુધી પહોંચી જશે."
11પછી મિસરનો રાજા ભારે ક્રોધમાં અરામના મોટા
સૈન્યની સામે યુદ્ધ કરશે અને તેઓને હરાવશે. 12આ મહાન
વિજયને કારણે અભિમાનમાં આવી જઈને તે પોતાના હજારો
દુશ્મનોને મારી નાખશે, પણ તેનો વિજય થોડા સમયનો
હશે. આખરે તેમનો પરાજય થશે; 13કારણ, ઉત્તરનો અરામનો
રાજા ફરી પહેલા કરતા પણ મોટી સેના ઊભી કરશે અને
થોડાં વર્ષો બાદ તે મોટું સૈન્ય અને પુષ્કળ સામગ્રી લઈને
ચડી આવશે.
14"'એ દિવસોમાં ઘણા, દક્ષિણના રાજાની વિરૂદ્ધ બળવો
કરશે અને તારા લોકોમાંના કેટલાક તોફાની માણસો પણ
એમને સાંપડેલા કોઈ દિવ્યદર્શનને સાચું પાડવા માટે બળવો
પોકારશે, પણ નિષ્ફળ જશે. 15ત્યારબાદ ઉત્તરનો અરામનો
રાજા અને તેની સાથે કરારથી જોડાયેલ રાજ્યો આવશે, અને
મિસરના કિલ્લાવાળા નગરને ઘેરો ઘાલશે અને કબજો
મેળવશે. દક્ષિણનું સૈન્ય અથવા તેના ચુનંદા લડવૈયાઓ
પણ ટકી શકશે નહીં, કારણ, તેમનામાં એટલું બળ જ નહીં
હોય.
16"'પણ એની સામે ચડી આવેલો અરામનો રાજા કોઈ
પણ જાતના અવરોધ વગર આગળ વધશે, કોઈ તેને રોકી
શકશે નહીં; અને તે ઈસ્રાએલની મહિમાવાન ભૂમિમાં દાખલ
થશે અને તેનો કબજો મેળવશે. 17પછી સમગ્ર મિસરને સર
કરવા માટે તે યોજનાઓ ઘડશે અને તેની સાથે સંધિ કરશે,
તે તેના રાજ્યનો નાશ કરવા માટે તેને એક કુંવરી પરણાવશે,
પણ એ યોજના કામ નહીં આવે અને તેથી એને કશો લાભ
નહીં થાય.
18"'તે પછી તે સમુદ્ર તટના નગરો ઉપર હુમલો કરશે
અને ઘણા પ્રદેશો કબજે કરશે. પણ એક સેનાપતિ તેના
અત્યાચારનો અંત લાવશે, જોકે, તે એવું કરશે કે અત્યાચારના
બદલામાં અત્યાચાર ન કરી શકે.
19"'એ પછી તે પોતાના દેશના ગઢ તરફ જવા પાછો
ફરશે, પણ ઠોકર ખાઈને પડશે અને ફરી કદી નજરે નહિં
પડે.
20"'તેના પછી એક બીજો એવો રાજા ઊભો થશે, જે
રાજવી સંપત્તિ વધારવા માટે એક માણસને જબરદસ્તીથી
કર ઉઘરાવવા મોકલશે. પણ થોડાં વર્ષોમાં તેનો પણ અંત
આવશે, પણ ક્રોધ કે યુદ્ધના કારણને લીધે નહિં.
21"'તેના પછી એની જગ્યા પર એક તિરસ્કારપાત્ર પુરુષ
આવશે. જેને રાજ્યસત્તા પામવાનો અધિકાર નહીં હોય, તે
અચાનક આવશે અને તરત શાસન મેળવશે. 22પૂરના
પાણીની જેમ તે તેની આગળ આવતાં સૈન્યોને પાછા તાણી
જશે, અને તેમનો સંહાર કરશે, કરારના લોકોનો નેતા પણ
નાશ પામશે. 23તે સંધિ કર્યા પછી છળકપટ કરશે અને તે
થોડા માણસોની મદદથી બળવાન બની જશે.
24"'તે શાંતિના સમયમાં તે પ્રદેશના સમૃદ્ધ ભાગમાં
ચેતવણી આપ્યા વગર ચઢાઈ કરશે અને તેના પિતૃઓએ
કદી કર્યું નહોતું એવું તે કરશે તે ધનવાનોનું ધન અને સંપતિ
લઈ જશે અને તેના પોતાના સાથીઓમાં વહેંચી દેશે. તે
કિલ્લેબંદીવાળા નગરો ઉપર ચડાઈ કરવાની યોજના કરશે
પણ તે થોડા સમય માટે જ.
25"'પછી તે પોતાની બધી શક્તિ અને હિંમત ભેગી કરીને
મિસરના રાજાની સામે એક મોટું સૈન્ય ઊભું કરશે. પણ
મિસરનો રાજા પણ એક મોટું અને બળવાન સૈન્ય ઊભું

કરશે. પણ તે ટકી નહીં શકે, કારણકે તેની વિરૂદ્ધ કરેલાં
કાવતરાં સફળ થશે. 26જે તેની સાથે પોતાના મેજ ઉપર
જમશે તે તેનો નાશ કરશે, તેનું સૈન્ય વિખેરાઈ જશે અને
તેના ઘણા સૈનિકો રણભૂમિમાં સાફ થઈ જશે. 27એ બે
રાજાઓ એકજ મેજ પર જમવા બેસશે. પણ તેઓ મનમાં
એકબીજાને થાપ આપવાના ઈચ્છા સેવતા ભેગા જમવા
બેસશે અને એકબીજા આગળ જૂઠું બોલશે, પણ તેમની
ઈચ્છા પૂર્ણ થશે નહીં, કારણ, તેમના અંતનો સમય નક્કી
થઈ ગયો છે.

28"'પછી તે પુષ્કળ દ્રવ્ય લઈને પોતાને દેશ પાછો જશે;
પણ મનમાં પવિત્ર કરાર પ્રત્યે દ્વેષ હશે, તે મરજીમાં આવે
તેમ વર્તશે અને પોતાને દેશ પાછો ચાલ્યો જશે.

29"'પછી તે ફરીથી અગાઉથી નક્કી કરેલા સમયે ચેતવણી
આપ્યા પ્રમાણે પોતાના સૈન્યોને દક્ષિણ તરફ લઈ જશે, પણ
આ વખતે પહેલાના બે પ્રસંગો કરતાં કાંઈક જૂદું જ બનશે.
30કારણકે પશ્ચિમમાંથી આવતાં રોમન યુદ્ધના વહાણો તેની
વિરૂદ્ધ આવશે; તેથી તે ગભરાઈને પાછો જશે, ને પવિત્ર
કરાર વિરૂદ્ધ તેને ક્રોધ ચઢશે, અને રોષે ભરાઈ પવિત્ર કરાર
ઉપર દાઝ ઉતારશે. પાછા ફર્યા પછી તે પવિત્ર કરારને છોડીને
જનાર પ્રત્યે દયા રાખશે. 31તેના લશ્કરના માણસો
યરૂશાલેમમાં આવીને મંદિરને અને તેના ગઢને ભ્રષ્ટ કરશે.
અને નિત્યની આહુતિ બંધ કરાવશે અને ત્યાં જુગુપ્સાકારક
મૂર્તિની સ્થાપના કરાવશે.

32"'વળી જેમણે પવિત્રકરારનો ભંગ કર્યો છે તેને ધર્મભ્રષ્ટ
કરશે; પરંતુ દેવને ઓળખનારા લોકો તો મક્કમ રહીને પગલાં
ભરશે.

33"'લોકોમાં જે જ્ઞાની હશે તેઓ ઘણા લોકોને સમજાવશે,
જો કે થોડા દિવસ સુધી તો તેમણે આગ, તલવાર, કેદ અને
લૂંટફાટનો ભોગ થવું પડશે. 34હવે જ્યારે તેઓને શિક્ષા થશે,
ત્યારે તેઓને થોડીઘણી સહાય કરવામાં આવશે; પણ ઘણાઓ
આજીજી દ્વારા તેઓની સાથે જોડાશે. 35કેટલાક ડાહ્યાં લોકો
અંતનો સમય આવે ત્યાં સુધી લોકોને પવિત્ર કરવા, અને
ઊજળા બનાવવા ખપી જશે, કારણ, તે સમય આવવાને
હજી વાર છે."'

## આત્મપ્રશંસક રાજા

36"'તે રાજા પોતાને મન ફાવે તે રીતે વર્તશે અને સર્વ દેવો
કરતાં પણ પોતાને મોટો માનશે, અને દેવાધિદેવને વિષે પણ
આભા થઈ જઈએ એવા નિંદાવચનો બોલશે. તેની સજાનો
સમય આવે ત્યાં સુધી તો તે સુખસમૃદ્ધિ ભોગવશે. પણ જે
નિર્માયું છે તે સાચું પડશે જ.

37"'તે પોતાના પિતૃઓના દેવ અને સ્ત્રીઓના પ્રિય દેવની
એટલે સર્વ દેવોની તે અવગણના કરશે. કારણ, તે કહેશે કે
તેઓ સર્વના કરતા તે પોતે મહાન છે. 38એ દેવોને બદલે તે
ગઢના દેવની પૂજા કરશે, જેને તેના પિતૃઓ કદી જાણતા
નહોતા, તે કિલ્લાના દેવનું તે ભજન કરશે અને તેને સોનું,
ચાંદી તેમજ કિમતી ભેટસોગાદો અર્પણ કરશે.

39"'આ વિદેશી દેવની મદદ વડે તે મજબૂત કિલ્લાઓ
ઉપર હુમલો કરી તેમને જીતી લેશે. તેને આધીન થનારાઓને
તે મોટું માન આપશે. તેઓને મોટી સત્તાઓ આપશે અને
પૈસાના બદલે જમીન વહેંચી આપશે.

40"'પછી તેના અંતના સમયે દક્ષિણનો મિસરનો રાજા
ફરીથી તેની ઉપર હુમલો કરશે. અને ઉત્તરનો અરામનો
રાજા રથો, ઘોડેસ્વારો અને અનેક વહાણો લઈને તેના ઉપર
પ્રચંડ વંટોળની જેમ ધસી આવશે અને તેના પ્રદેશમાં દાખલ
થઈ પૂરના પાણીની જેમ બધે ફરી વળી પાર નીકળી જશે.
41તે રસ્તામાં રળિયામણા દેશમાં પણ પ્રવેશ કરશે; હજારો
માણસો માર્યા જશે, પણ અદોમ, મોઆબ, અને આમ્મોનનો
મુખ્ય ભાગ તેના કબજામાંથી બચી જશે. 42તે વારાફરતી
એક પછી એક દેશ તરફ પોતાનો હાથ લંબાવશે અને મિસર
પણ બચવા નહીં પામે. 43મિસરના સોનાચાંદીના ભંડારો
અને બધી કિંમતી વસ્તુઓ તેના કબજામાં આવશે અને
લિબિયાના તથા કૂશના લોકો તેના ચાકરો બની તેની પાછળ
પાછળ ચાલશે. 44પરંતુ પૂર્વ અને ઉત્તર તરફથી આવતા
સમાચારોથી તે ભયભીત થઈ જશે અને ઘણા બધાનો નાશ
કરવા, તેમનું નિકંદન કાઢી નાખવા ભારે રોષમાં ધસી જશે.
45તે યરૂશાલેમ અને સમુદ્રની વચ્ચે પોતાના બાદશાહી
તંબૂઓ નાખશે. પરંતુ તે ત્યાં હશે તેવામાં જ તેનો સમય
એકાએક પૂરો થશે અને તેને મદદ કરનાર કોઈજ નહીં
હોય."'

## અંત સમયની ભવિષ્યવાણી

12 "'એ સમયે તારા દેશબંધુઓની રક્ષા કરનાર મહાન
દેવદૂત મિખાયેલ ઊભો થશે. પ્રજાઓ ઉત્પન્ન થઈ
ત્યારથી અત્યાર સુધીમાં કદી ન આવ્યો હોય એવો ભારે
સંકટનો સમય યહૂદિઓ માટે આવશે, તેમ છતાં જેનું નામ
જીવનના પુસ્તકમાં લખાયેલું છે એવા તારા લોકમાંના દરેક
જણનો બચાવ થશે. 2જેઓ ધરતીની ધૂળમાં પોઢી ગયા છે
તેઓમાંના ઘણા બેઠા થશે, કેટલાકને શાશ્વત જીવન મળશે
અને કેટલાકને અનંતકાળ સુધી શરમ અને તિરસ્કારના
ભોગ બનવું પડશે. 3જેઓ દેવના લોકો છે તેઓ અંતરિક્ષના
અજવાળાની જેમ પ્રકાશશે અને જેમણે ઘણાને ન્યાયીપણા
તરફ વાળ્યા છે તેઓ તારાઓની જેમ સદાકાળ ચમકશે.

4"'પણ હે દાનિયેલ, તું આ વચનોને ગુપ્ત રાખજે, અને
અંતકાળ આવે ત્યાં સુધી આ ગ્રંથને સિક્કો મારી રાખજે, આ
સમય દરમ્યાન ઘણાં લોકો જ્યાં-ત્યાં દોડશે અને જાણકારીમાં
વધારો થશે.

5"'ત્યારબાદ મેં દાનિયેલે જોયું તો બીજા બે માણસોને
ઊભેલાં જોયાં, એક જણને નદીને આ કિનારે અને બીજાને
સામે કિનારે. 6હવે શણના વસ્ત્ર પહેરેલો માણસ નદી ઉપર
ઊભો હતો. પેલા બેમાંથી એક જણે તેને પૂછયું, 'આ ભયંકર
ઘટનાઓનો અંત આવતાં કેટલો સમય લાગશે?'

7"ત્યારે શણના વસ્ત્ર પહેરી ઉપરવાસ ઊભેલા માણસે
પોતાનો જમણો અને ડાબો હાથ આકાશ તરફ ઊંચો કરીને

દેવના સમ ખાઈને કહ્યું, 'એને એક વરસ, બે વરસ અને અડધું વરસ લાગશે. જ્યારે સાધુજનોની સતામણીનો અંત આવશે ત્યારે આ બધી ઘટનાઓનો અંત આવશે.'

8"તેણે કહ્યું તે મેં સાંભળ્યું ખરું પણ મને સમજાયું નહીં એટલે મેં પૂછ્યું, 'ઓ યહોવા, આ સર્વ બાબતોનું શું પરિણામ આવશે?'

9"તેણે જવાબ આપ્યો, 'દાનિયેલ, હવે તું અહીંથી ચાલ્યો જા, કારણ, આ વચનો અંતકાળ સુધી ગુપ્ત અને સીલ કરેલાં રહેવાના છે. 10ઘણા લોકો પવિત્ર, ડાઘ વિનાના અને ફરીથી શુદ્ધ થશે, પણ દુષ્ટો તેઓની દુષ્ટતામાં જ ચાલુ રાખશે. અને તેઓમાંનો કોઈ સમજશે નહીં. ફક્ત જેઓ જ્ઞાની છે તેઓ જ સમજવા પામશે.

11"'પ્રતિદિન અપાતાં અર્પણો બંધ કરવામાં આવ્યાં અને વેરાન કરનાર ધિક્કારપાત્ર વસ્તુ સ્થાપન કરવામાં આવી તે સમયથી તે 1,290 દિવસો હશે. 12અને જે માણસ 1,335 દિવસ સુધી ટકી રહે અને રાહ જુએ તેને પરમસુખી જાણવો! ને ધન્ય છે તેઓને.

13"'પરંતુ અંત સમય આવે ત્યાં સુધી તું તારે રસ્તે પડ. તું ચિરનિંદ્રામાં પોઢી જશે અને જાગ્યા પછી દિવસોને અંતે તું તારો ભાગ મેળવીશ.'"

# હઝકિયેલ

### ભૂમિકા

1 આ બાબત ત્રીસમા વર્ષના પાંચમા મહિનાની ચોથીએ
બની જ્યારે હું ઈસ્રાએલી બંદીવાનોની સાથે બાબિલમાં
આવેલી કેબાર નદીની પાસે રહેતો હતો. તે વખતે મે જોયું કે
આકાશ ઊઘડી ગયું, ને મને દેવનાં દર્શન થયાં. 2આ દર્શન
દરમ્યાન ચોથા મહીનાના પાંચમા દિવસે યહોયાકીન રાજાને
બંદીખાનામાં નાખવામાં આવ્યો હતો. 3ત્યારે યહોવાનું વચન
બૂઝીના પુત્ર હઝકિયેલ યાજક પાસે આવ્યું; અને ત્યાં
યહોવાનો હાથ તેના પર આવ્યો હતો.

### યહોવાનો રથ અને તેમનું સિંહાસન

4તે દરમ્યાન મે જોયું, કે ઉત્તરમાંથી એક આંધીરૂપી
તોફાન મારી તરફ આવતું હતું. એ તો ખૂબજ વિશાળ વાદળું
હતું, જેમાં અગ્નિ ચમકતો હતો, અને જેની આસપાસ પ્રકાશ
હતો, ચળકતી ધાતુ જેવી કોઈક વસ્તું અગ્નિમાં હતી. 5અને
વાદળની મધ્યમાં ચાર જીવંત પ્રાણીઓ જેવું દેખાયું. તેમનો
દેખાવ માણસ જેવો હતો. 6પણ દરેકને ચાર મુખ અને
ચાર પાંખો હતી. 7તેમના પગ માણસના જેવા સીધા હતા
પણ તેમના પગના પંજા વાછરડા અને તે પિત્તળ સમાન
ચમકતા હતા. 8દરેકને ચાર મોઢાં અને ચાર પાંખો ઉપરાંત
પાંખોની નીચે ચારે બાજુએ માણસના જેવા ચાર હાથ હતાં.
9તેઓની પાંખો એકબીજાની પાંખોને અડકતી હતી. ચાલતી
વખતે તેમને આમ કે તેમ ફરવું પડતું નહોતું. દરેક પ્રાણી
સીધું આગળ વધતું હતું.

10પ્રત્યેક પ્રાણીને આગળના ભાગમાં માણસનું મુખ,
જમણી બાજુ સિંહનું મુખ, ડાબી બાજુ બળદનું મુખ અને
પાછળની તરફ ગરૂડનુ મુખ હતું. 11દરેક પ્રાણીની બે પાંખો
પ્રસારેલી હતી અને તે પાસેના પ્રાણીની પાંખને સ્પર્શતી
હતી અને બાકીની બે પાંખો શરીરને ઢાંકતી હતી. 12દરેક
પ્રાણી સીધી દિશામાં ચાલતું હતું, જ્યાં પવન જતો હતો.
ચાલતાં ચાલતાં તેઓ આડા અવળાં વળતાં નહીં.

13આ પ્રાણીઓનો દેખાવ ચળકતાં કોલસા જેવો અથવા
તેજસ્વી મશાલ જેવો હતો. અને પ્રાણીઓ વચ્ચે અગ્નિનું
હલનચલન ઉપર નીચે થતું હતું. તે અતિશય તેજસ્વી અગ્નિ
હતો અને તેમાંથી વીજળીના ચમકારા થતા હતા. 14અને તે
પ્રાણીઓ વીજળીના ચમકારાની જેમ આગળ વધતા હતા ને
પાછળ જતાં હતાં.

15આ સર્વ હું નિહાળી રહ્યો હતો ત્યારે મેં દરેક પ્રાણીની
પાસે એક એમ ચાર પૈડાં જમીનને અડેલા જોયાં. 16પૈડાઓ
પોખરાજની જેમ ચળકતાં હતાં અને બધાં એક સરખા હતા;
અને એક પૈડાની અંદર બીજુ પૈડું હોય તેવું દેખાતું હતું.
17આથી તેઓ વાળ્યા વગર ચારે દિશામાં જઈ શકતા હતા.

18ચારેય પૈડાની ધારો ઊંચી અને ભયાનક હતી અને
તેને સર્વત્ર આંખો હતી.

19જ્યારે પ્રાણીઓ ચાલતા ત્યારે પૈડા પણ તેમની સાથે
ચાલતાં, જ્યારે પ્રાણીઓ જમીન ઉપરથી ઊંચે જતાં ત્યારે
પૈડાં પણ જમીન પરથી ઊંચે જતાં. 20પ્રાણીઓ મન ફાવે
ત્યાં જતાં, અને પૈડાં પ્રાણીઓની સાથે સાથે જતાં. કારણ,
પૈડાઓ ઉપર પ્રાણીઓનું નિયંત્રણ હતું. 21જ્યારે પ્રાણીઓ
ચાલતાં ત્યારે પૈડા ચાલતાં, પ્રાણીઓ ઉભા રહેતા ત્યારે પૈડા
ઊભા રહેતા અને પ્રાણીઓ જમીન પરથી ઊંચે જતાં ત્યારે
પૈડા પણ ઊંચે જતા હતાં કારણ, પૈડાઓ ઉપર પ્રાણીઓનું
નિયંત્રણ હતું.

22પ્રાણીઓના માથાં ઉપર ઊંચે, આકાશના ઘુમ્મટ જેવો
અદભૂત સ્ફટિકના જેવો જાણે ચમકતો ચંદરવો તાણેલો હતો.
23એ ઘૂમટની નીચે પ્રાણીઓએ નજીકના પ્રાણીની પાંખને
સ્પર્શે એ રીતે બબ્બે પાંખ પ્રસારેલી હતી અને બીજી બે
પાંખોથી દરેકનું શરીર ઢંકાયેલું હતું.

24તેઓ ઉડતાં ત્યારે તેઓની પાંખોનો અવાજ ધસમસતા
પાણીના અવાજ જેવો મોટો સૈન્યના કોલાહલ જેવો,
સર્વસમર્થના સાદ જેવો સંભળાતો હતો. અને જ્યારે તેઓ
ઉભા રહેતાં ત્યારે તેઓ પોતાની પાંખો નીચે નમાવી મૂકતા.

25અને જ્યારે તેઓ થોભ્યા, ત્યારે તેઓના માથા ઉપર
ઘુમ્મટ માંથી અવાજ આવ્યો અને તેઓએ તેમની પાંખોને
નીચેની તરફ નમાવી દીધી. 26જાણે ચાંદી, પિત્તળ, લોખંડ,
સીસુ અને જસતને ઓગાળીને અગ્નિમાં એકઠા કર્યા હોય
તેમ તેઓના માથા ઉપર પ્રસારેલા ઘુમ્મટની ઉપર જાણે
નીલમનું બનાવેલું હોય તેવું રાજ્યાસન જેવું દેખાયું. આ
રાજ્યાસન ઉપર એક મનુષ્ય જેવો આકાર દેખાયો. 27તેની
કમરનો ઉપરનો સમગ્ર ભાગ ચળકતી ધાતુ જેવો દેખાતો
હતો, અને કમરની નીચેનો સમગ્ર ભાગ અગ્નિની જેમ
પ્રકાશતો હતો. તેની ચારે બાજુએ ઝળહળાટ વ્યાપેલો હતો.
28એ ઝળહળાટમાં ચોમાસામાં થતા મેઘધનુષની જેવા
બધા રંગો દેખાતા હતાં. આ રીતે યહોવાના મહિમાનું સ્વરૂપ
મારી સમક્ષ પ્રગટ થયું. એ જોઈને મેં સાષ્ટાંગ નમસ્કાર

કર્યા અને મને સંબોધતી કોઈની વાણી મારા સાંભળવામાં
આવી.

## હઝકિયેલને યહોવાનો આદેશ

2 તેમણે મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, ઊભો થા, મારે
તારી સાથે વાત કરવી છે."
2તેમણે મારી સાથે વાત કરી અને એક આત્મા મારી
અંદર પ્રવેશ્યો અને હું પગ ઉપર ઊભો થયો; અને મેં તેમની
વાણી સાંભળી. 3તેમણે મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, હું
તને ઈસ્રાએલ પાસે, હા, મારી વિરૂદ્ધ બંડ કરનાર પ્રજા પાસે
મોકલું છું, તેઓ તથા તેઓના પિતૃઓ આજ દિવસ સુધી
મારી વિરૂદ્ધ પાપ કરતા આવ્યા છે. 4તેઓ ઉદ્ધત અને હઠીલા
છે, તેમની વચ્ચે હું તને મોકલું છું તું તેમને મારી વાણી
સંભળાવજે. 5ભલે પછી તેઓ તને સાંભળે કે ન સાંભળે.
એ તો બંડખોરોની જમાત છે; તોયે તેમને એટલી તો ખબર
પડશે કે તેમની વચ્ચે કોઈ પ્રબોધક આવ્યો છે.
6"પણ, ઓ મનુષ્યના પુત્ર, તું તેમનાથી ડરીશ નહીં કે
તેમના વચનોથી ગભરાઈશ નહીં; ભલે તારી ચારે બાજુ
ઝાંખરા અને કાંટાઓ હોય અને તારે વીંછીઓની
આસપાસ વસવું પડે, તેમ છતાં તું તેમનાથી ડરીશ નહી,
અને નાસીપાસ થઈશ નહીં, કારણકે તેઓ તો બંડખોરોની
જમાત છે. 7અને તારે તેઓને તે કહેવું જે મેં તને કહ્યુ,
પછી ભલે તે લોકો સાંભળે કે ન સાંભળે કારણ કે તેઓ તો
બળવાખોરી જમાત છે.
8"ઓ મનુષ્યના પુત્ર, હું કહું છું તે સાંભળ, એ બંડખોરોની
જેમ તું બંડખોર થઈશ નહીં, તારુ મુખ ઉઘાડ અને હું તને
આપું છું તે તું ખાઈ જા."
9અને મેં જોયું તો ઓળીયું પકડેલો એક હાથ મારા તરફ
લંબાયેલો હતો; 10તેમણે મારી આગળ ઓળિયું ખુલ્લું કર્યું.
તેમાં બન્ને તરફ લખાયેલું હતું તેમાં અંતિમ ક્રિયાના ગીતો,
શોકગીતો તથા વિલાપ ગીતો લખેલા હતાં.

## યહોવાના ચોકીદાર–હઝકિયેલ

3 દેવે કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, તારી સામે છે તે ખાઈ,
જા, આ ઓળિયું ખાઈ જા, અને પછી ઈસ્રાએલીઓ
આગળ જઈને કહી સંભળાવ."
2તેથી મેં મારું મુખ ઉઘાડ્યું અને તેમણે મને ઓળિયું
ખાવા માટે આપ્યું. 3પછી તેમણે મને કહ્યું, "ઓ મનુષ્યના
પુત્ર, હું તને આપું છું તે ઓળિયું ખાઈ જા અને તારુંપેટ
ભર."
મેં તે ખાધું અને મને તે મધ જેવું મીઠું લાગ્યું.
4પછી તેમણે મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, ઈસ્રાએલીઓ
પાસે જઈને હું તને કહું તે તેમને કહે. 5હું તને દૂરના દેશમાં
રહેતી અને તું ન સમજી શકે તેવી અજાણી ભાષા બોલતી
વિદેશી પ્રજા પાસે નથી મોકલતો, પણ ઈસ્રાએલી પ્રજા પાસે
મોકલું છું. 6હું તને કોઈ અજાણી કે અઘરી ભાષા બોલનાર
પ્રજા પાસે નથી મોકલતો જો હું તને તેઓની પાસે મોકલું
તો તેઓ જરૂર તારો સંદેશો સાંભળે. 7પરંતુ ઈસ્રાએલીઓ
તારી વાત નહીં સાંભળે, કારણ, તેઓ મારી વાત સાંભળવા
પણ તૈયાર નથી. તેઓ બધા એવા કઠોર અને હઠીલા છે.
8તેથી હું પણ તને એમના જેટલો જ કઠોર અને હઠીલો
બનાવીશ. 9હું તને કાળમીઠ પથ્થર જેવો, અરે! વજ્ર જેવો
કઠણ બનાવીશ. માટે તું એ બંડખોરોથી બીશ નહીં, ગભરાઈશ
નહીં."
10પછી દેવે મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, હું તને જે કહું
તે ધ્યાનથી સાંભળ અને બરાબર યાદ રાખી લે. 11પછી
બંદીવાસમાં ગયેલા તારા લોકો પાસે જઈને તેઓને કહે:
'યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે!' તેઓ સાંભળે કે
ન સાંભળે."
12પછી આત્માએ મને ઉપર ઊંચકી લીધો અને મેં મારી
પાછળ પ્રચંડ અવાજ સાંભળ્યો: "યહોવાના ગૌરવને ધન્ય
હો."
13મેં હવામાં પ્રાણીઓની પાંખો એકબીજા સાથે અથડાવાનો
મોટો અવાજ સાંભળ્યો, અને, તેમની પાછળ પૈડાંઓની
ગડગડાટી પણ સંભળાતી હતી. 14પછી આત્મા મને ઉપાડી
ગયો અને હું દુ:ખી થઈને ક્રોધ અનુભવતો સાથે ગયો. પરંતુ
યહોવાનો હાથ પ્રબળ રીતે મારા પર હતો. 15હું તેલ–
અવીવ* કેબારનદીને કાંઠે વસતા દેશવટો ભોગવનારાઓ
પાસે પહોંચી ગયો અને સાત દિવસ સુધી તેમની વચ્ચે
સ્તબ્ધ બની બેસી રહ્યો.
16સાત દિવસો પૂરા થયા પછી મને આ પ્રમાણે યહોવાની
વાણી સંભળાઈ: 17"હે મનુષ્યના પુત્ર, મેં તને ઈસ્રાએલ
ઉપર ચોકીદાર તરીકે નીમ્યો છે; જ્યારે હું મારા લોકો માટે
ચેતવણી મોકલું ત્યારે તે તરત જ તેઓને જણાવજે. 18હું
કોઈ દુષ્ટ માણસને મોતની સજા કરું અને તું જો તેને ચેતવે
નહીં કે, 'તું તારો દુષ્ટ વ્યવહાર છોડી દે નહીં તો મરી જઈશ;'
તે તો તેના પાપે મરશે પણ તેના મૃત્યુ માટે હું તને જવાબદાર
લેખીશ.
19"પણ જો તું તે દુષ્ટ માણસને ચેતવે અને તે પોતાનો દુષ્ટ
વ્યવહાર ન છોડે તો, તે પોતાના પાપે મરશે, પણ તારો જીવ
બચી જશે.
20"વળી, જો કોઈ નીતિવાન માણસ ચલિત થઈને ભૂંડું
કાર્ય કરે અને તેના પરિણામ વિષે તું તેમને ચેતવણી આપે
નહીં તો યહોવા તેનો નાશ કરશે. તેણે અગાઉ કરેલા સારા
કાર્યો તેને સહાયરૂપ થશે નહીં, તે પોતાનાં પાપમાં મૃત્યુ
પામશે. પરંતુ તેના મૃત્યુ માટે હું તને જવાબદાર ગણીશ
અને તને શિક્ષા કરીશ.
21"પણ જો તું કોઈ સારા માણસને પાપ ન કરવાને ચેતવે
અને તે પાપ ન કરે તો તે તારી ચેતવણીને લીધે જીવતો
રહેશે, એટલું જ નહીં, તારો જીવ પણ બચી જશે."

---

**તેલ–અવીવ** આ વર્તમાન સમયનું ઈસ્રાએલમાં આવેલું તેલ અવીવ નથી, પણ બાબિલમાં આવેલી "સ્પ્રીંગ હીલ" નામની જગ્યા છે.

22ત્યારે યહોવાનો હાથ મારી પર એ જગ્યાએ આવ્યો
અને તેણે મને કહ્યું, "ઊઠ, બહાર ખીણમાં જા, ત્યાં હું તારી
સાથે વાત કરીશ."
23તેથી હું ઊઠીને મેદાનમાં ગયો અને ત્યાં મને કબાર
નદી ઉપર થયા હતાં તેવા યહોવાના ગૌરવનાં દર્શન થયાં,
મેં સાષ્ટાંગ પ્રણામ કર્યા. 24પછી એક આત્મા મારી પાસે
આવ્યો અને મને ઉભો કર્યો અને તેણે મને કહ્યું, "ઘરે જઈને
પોતાને તારા ઘરની અંદર બંધ કરી દે. 25ઓ મનુષ્યના પુત્ર,
તને દોરડાં વડે બાંધવામાં આવશે, જેથી તું લોકોમાં જઈ ન
શકે. 26અને હું તારી જીભને તારા તાળવે ચોંટાડી દઈશ.
જેથી તું મૂંગો બની જશે અને તેઓને ઠપકો આપી શકશે
નહીં; તેઓ તો બળવાખોરોની જમાત છે. 27પરંતુ મારે તને
કઈંક કહેવું હશે ત્યારે હું તને ફરી બોલતો કરીશ, અને તું
તેમને કહેજે કે, 'યહોવા આપણા માલિક આ પ્રમાણે કહે
છે.' જેને સાંભળવું હોય તે સાંભળે, ન સાંભળવું હોય તે ન
સાંભળે, એ તો બળવાખોરોની જમાત છે."

### યરૂશાલેમના ઘેરાનો સંકેત

4 દેવે કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, એક મોટી ઈંટ લઈ
તારી સામે મૂક, અને તેના ઉપર યરૂશાલેમનો નકશો
દોર. 2પછી તેને ઘેરો ઘાલ, તેના ફરતે ખાઈ બનાવ, હુમલો
કરવા માટે માટીના ગઢ ઊભા કર. છાવણી ઊભી કર અને
ચારે બાજુ કોટનો નાશ કરવાના યંત્રો ગોઠવ. 3વળી એક
લોખંડની તાવડી લઈ તારી અને નગરની વચ્ચે લોખંડની
ભીત તરીકે આડી મૂક, શહેરની તરફ મોઢું કર, શહેરને ઘેરો
ઘાલેલો છે અને ઘેરો ઘાલનાર તું છે. ઈસ્રાએલીઓને માટે
આ એક સંકેત છે.
4"પછી તારા ડાબા પડખે સૂઈ જા, અને તારે ઈસ્રાએલનાં
લોકોના અપરાધની ઘોષણા કરવી પડશે, તું જેટલા દિવસ
ડાબે પડખે સૂઈ રહેશે તેટલા દિવસ ઈસ્રાએલના પાપોના
અપરાધની ઘોષણા કરવી જોઈશે. 5મેં તેઓના પાપોના
વરસોની સંખ્યા નક્કી કરી છે જેવી રીતે તારા માટે દિવસોની
સંખ્યા નક્કી કરી છે. તેથી ત્રણસો નેવું દિવસ સુધી તું
ઈસ્રાએલ પ્રજાના અપરાધની ઘોષણા કરશે.
6"આ પ્રમાણે કર્યા પછી તારે તારા જમણા પડખે સૂઈ
જવું અને યહૂદિયાના લોકોના પાપોની ઘોષણા કરવી. દરેક
વરસને માટે એક દિવસ એમ 40 દિવસ તારે માટે મેં
ઠરાવ્યા છે. તેટલા દિવસો સુધી યહૂદાના પાપો અને
અપરાધની ઘોષણા કરજે."
7"ત્યારબાદ તારે યરૂશાલેમના ઘેરા તરફ એકીટશે જોઈ
રહેવું. તારી બાંયો ચડાવવી અને એ શહેરના વિનાશનું
ભવિષ્ય ભાખવું. 8હું તને દોરડાં વડે બાંધી દઈશ, જેથી ઘેરો
પૂરો થતાં સુધી તું એક પડખેથી બીજે પડખે ફરી નહીં શકે."
9"ત્યારપછી તારે, ઘઉં, જવ, વટાણા, ચોળા, અને ચણાનો
લોટ લઈ એકજ વાસણમાં નાખી તેમાંથી રોટલા બનાવવા.
જ્યારે તું ત્રણ સો નેવું દિવસ સુધી સૂઈ રહીશ ત્યારે તારે
ફક્ત એ જ ખાવાનું છે. 10તારે દરેક વખતે ભોજન તોળીને
ખાવું પડશે. તને દરરોજ એક કપ લોટની રોટલી બનાવીને.
દિવસ દરમ્યાન નક્કી કરેલા ચોક્કસ સમયે તું ખાઈ શકીશ.
11તારે જળપાન પણ માપીને જ કરવું,આખા દિવસના બે
પ્યાલા. 12તારે બધાની હાજરીમાં માણસનો સુકાયેલો મળ
સળગાવવો અને તેના ઉપર જવના રોટલાં શેકવા." 13યહોવા
જાહેર કરે છે કે "ઈસ્રાએલીઓને હું જે દેશોમાં બંદીવાન
તરીકે લઈ જઈશ ત્યાં તેઓ આ રીતે અશુદ્ધ થયેલો ખોરાક
ખાશે!"
14પણ મેં કહ્યું, "ઓ યહોવા મારા માલિક, મેં મારી જાતને
કદી અભડાવી નથી. મેં બાળપણથી આજ સુધી કદી કુદરતી
રીતે મૃત્યુ પામેલું કે કોઈ જંગલી પશુએ મારી નાંખેલું પ્રાણી
ખાધું નથી, મેં કદી નિયમશાસ્ત્ર દ્વારા નિષિદ્ધ ખોરાક મોંમા
મૂક્યો નથી.
15ત્યારે તેમણે મને કહ્યું, "હું તને માનવમળને બદલે
છાણાં ઉપર રોટલા શેકવાની છૂટ આપું છું."
16એટલે તેમણે મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, હું
યરૂશાલેમનો અનાજનો ભંડાર ખાલી કરી નાખનાર છું,
ત્યાંના લોકો ચિંતામાં ને ચિંતામાં તોળી તોળીને ખાશે અને
ભયના માર્યા માપી માપીને પાણી પીશે. બધાજ ભયભીત
થઈ જશે. 17હું ખોરાક અને પાણીની અછત ઊભી કરીશ,
પછી તેઓ હતાશ થઈ જશે અને પોતાના અને પાપોને
કારણે તેઓ કરમાઈ જશે અને વેડફાઈ જશે.

### હઝકિયેલે કરાવેલું મુંડન 'જાહેર નમૂના'

5 "ઓ મનુષ્યના પુત્ર, હજામના અસ્રા જેવી ધારદાર
તલવાર લઈ તારુ માથું અને દાઢી મૂંડી નાખ. પછી
ત્રાજવા લઈને તેં ઉતારેલા વાળના ત્રણ સરખા ભાગ કર.
2તેં દોરેલા યરૂશાલેમના નકશાના મધ્યભાગમાં ત્રીજા
ભાગના વાળ મૂક ઘેરો પૂરો થયા પછી તેને ત્યાં બાળી
નાખ. બીજા એક તૃતીયાંશ ભાગને તારા નકશા પરના
યરૂશાલેમ નગરની આસપાસ તલવારથી કાપી નાખ વાળનો
છેલ્લો ત્રીજા ભાગને પવનમાં ઉડાવી દે. કારણકે હું મારા
લોકોનો તલવારથી પીછો પકડીશ. 3 એ વાળમાંથી થોડા
લઈને તારા ઝભ્ભાની ચાળમાં વીંટી દેજે. 4તેમાંથી થોડા
વાળ લઈને દેવતામાં નાખી બાળી મૂકજે. એમાંથી અગ્નિ
પ્રગટી સમગ્ર ઈસ્રાએલી પ્રજામાં વ્યાપી જશે."
5યહોવા મારા માલિક કહે છે: "યરૂશાલેમને જુઓ, એને
મેં પૃથ્વીની મધ્યમાં ગોઠવી છે અને બીજા દેશો એની
આજુબાજુ આવેલા છે. 6પરંતુ એ એની આજુબાજુની પ્રજાઓ
કરતાં પણ વધારે દુષ્ટ નીકળી અને એણે મારા કાયદાઓ
અને નિયમો સામે તેમનાં કરતાં વધુ બળવો કર્યો છે. એણે
મારા કાયદાઓનો અનાદર કર્યો છે અને મારા નિયમોનું
ઉલ્લંઘન કર્યું છે."
7આથી યહોવા મારા માલિક કહે છે, તમારી બાજુના
પાડોશીઓ કરતાં તમે વધારે દુષ્ટ છો; તમે મારા કાયદા
પ્રમાણે ચાલ્યા નથી; મારા નિયમોનું પાલન કર્યું નથી; તમે
તમારી આજુબાજુની બીજી પ્રજાઓના નિયમોનું પણ પાલન

નથી કર્યું." 8તેથી, યહોવા મારા માલિક, કહે છે કે, "હું પોતે
તમારી વિરૂદ્ધ છું: હું બધાની હાજરીમાં તમારી પર
ન્યાયશાસનનો અમલ કરીશ. 9તમારા બધા ધૃણાજનક
આચારોને કારણે હું તમને એવી સજા કરીશ જેવી મેં કદી
કરી નથી, ને ભવિષ્યમાં કદી કરવાનો નથી. 10પરિણામે
તમારા લોકોમાં પિતા પોતાના પુત્રને ખાશે, ને પુત્ર પોતાના
પિતાને ખાશે; હું તમને સજા કરીશ અને તમારા જે વતનીઓ
બચવા પામ્યા હશે તેમને હું ચારે દિશાઓમાં વેરવિખેર કરી
નાખીશ."

11યહોવા મારા માલિક કહે છે કે, "હું મારા સમ ખાઈને
કહું છું કે, તે તારી તિરસ્કૃત વસ્તુઓથી (મૂર્તિઓથી) અને
ધૃણાજનક વર્તનથી મારા પવિત્ર સ્થાનને અશુદ્ધ કર્યું છે
તેથી હું પણ તમને વેતરી નાખીશ. હું તમારા ઉપર કરૂણા
નહીં રાખું કે દયા બતાવીશ નહીં. 12તમારી વસ્તીનો ત્રીજો
ભાગ રોગચાળાથી અને ભૂખમરાથી માર્યો જશે અને ત્રીજો
ભાગ શહેરની ફરતે યુદ્ધમાં તલવારથી કપાઈ જશે અને
ત્રીજા ભાગને હું ચારે દિશામાં વેરવિખેર કરી નાખીશ અને
ઉઘાડી તલવારથી તેમનો પીછો કરીશ. 13 એ રીતે મારો
ક્રોધ શમી જશે. હું તેમના ઉપર મારો રોષ વરસાવીશ ત્યારે
જ મને શાંતિ વળશે. મારો ક્રોધ હું તેમના ઉપર પૂરેપૂરો
ઉતારીશ ત્યારે એમને ખબર પડશે કે, હું યહોવા પુણ્યપ્રકોપથી
આ બોલ્યો હતો."

14દેવ કહે છે, "હું તમને ખંઢેરનો ઢગલો બનાવી દઈશ
અને આસપાસની પ્રજાઓ અને જતાઆવતા લોકો તમારી
હાંસી ઉડાવશે. 15હું જ્યારે તને રોષે ભરાઈને સજા કરીશ
ત્યારે આજુબાજુની પ્રજાઓ ભયથી થરથર કાંપશે અને તું
એમને માટે હાંસીપાત્ર બની જઈશ અને તેમના માટે ચેતવણી
રૂપ તથા અચંબારૂપ થઈ જઈશ; હું યહોવા આમ બોલ્યો છું.
16હું મારા દુષ્કાળરૂપી જીવલેણ બાણો છોડીશ; તે તમારો
જીવ લઈ લેશે, હું મારા જીવલેણ બાણો છોડ્યા કરીશ અને
તમારા અનાજના ભંડારો ખાલી કરીને તમારી વચ્ચે ભૂખમરો
વધારીશ. 17હું તમારી સામે દુષ્કાળને અને જંગલી પશુઓને
મોકલીશ, તેથી તમારા ઉપર મોત અને ખૂનરેજી ફરી વળશે;
તમે મારી તલવારનો ભોગ બનશો, આ હું યહોવા બોલ્યો
છું."

તેમની અશુદ્ધ મૂર્તિઓ સમક્ષ નાખીશ અને તેમના હાડકાંને
તેમની વેદીઓની આસપાસ વિખેરી નાખીશ. 6ઈસ્રાએલના
સર્વ નગરોને ખંઢેર બનાવી દેવામાં આવશે અને તમારા
મૂર્તિપૂજાના થાનકોને ભોંયભેંગા કરવામાં આવશે; તમામ
વેદીઓ અને મૂર્તિઓ ભાંગી નાખવામાં આવશે અને
ધુપદાનીઓને તોડી નાખવામાં આવશે; તમારી એકેએક
વસ્તુનું નામોનિશાન મિટાવી દેવામાં આવશે. 7તમારી
ચારેબાજુ હત્યા થશે ત્યારે જેઓ બચી જશે તેઓ જાણશે કે
હું યહોવા છું.'"

8દેવે કહ્યું, "પરંતુ હું તમારામાંના કેટલાકને જીવતા રહેવા
દઈશ, તેઓ હત્યામાંથી બચી જશે. 9અને પછી તેઓ વિદેશી
પ્રજાઓમાં વેરવિખેર થઈ દેશવટો ભોગવશે. ત્યાં તેઓ મને
યાદ કરશે અને તેમને સમજાશે કે તેમના હૃદયો દગાબાજ
નીવડી મૂર્તિઓ ઉપર મોહી પડ્યા હતાં તેથી તેમને શરમાવવા
માટે મેં તેમને સજા કરી હતી. આમ, પોતે કરેલાં ધૃણાજનક
કૃત્યો બદલ તેમને પોતાના ઉપર તિરસ્કાર થશે. 10અને એ
રીતે તેઓને ખાતરી થશે કે હું એકલો જ યહોવા છું અને હું
તેઓને કહેતો હતો કે આ સર્વ વિપત્તિઓ તમારા પર લાવીશ.
તે મેં અમસ્તુ કહ્યું ન હતું."

11યહોવા મારા માલિકે કહ્યું, "ઈસ્રાએલના લોકોએ
તિરસ્કૃત દુષ્કૃત્યો કર્યા છે માટે હાથ અફાળીને, પગ પછાડીને
ધૃણાથી બડબડાટ કરો, એ લોકો યુદ્ધથી, ભૂખમરાથી અને
રોગચાળાથી મૃત્યુ પામશે. 12જેઓ બંદીવાસમાં છે તેઓ
માર્યા જશે, જેઓ ઈસ્રાએલ દેશમાં છે તેઓ યુદ્ધમાં માર્યા
જશે અને બાકીના જેઓ ઘેરાબંધીની અંદર છે તેઓ દુષ્કાળમાં
માર્યા જશે. અને તેથી આમ હું તેમના ઉપર મારો ગુસ્સો
ઉતારીશ. 13મૂર્તિઓની ફરતે વેદીઓની આસપાસ એકેએક
પર્વતની ટોચ ઉપર, એકેએક ઘટાદાર જાડ નીચે, એકેએક
વૃક્ષ નીચે, ટૂંકમાં જ્યાં જ્યાં તેઓ મૂર્તિને બલિ ચડાવે છે ત્યાં
ત્યાં તેમના કપાઈને પડેલા મડદાં રઝળશે. 14ત્યારે હું તેમને
શિક્ષા કરીશ અને તેમના સમગ્ર પ્રદેશને વેરાન વગડો બનાવી
દઈશ. રણમાં આવેલા રિબ્બાથી માંડીને દરેક પ્રદેશ જ્યાં
તેઓ રહ્યાં હતાં તેનો વિનાશ થશે. ત્યારે તેમને ખબર પડશે
કે હું યહોવા છું."

## મૂર્તિપૂજા વિરૂદ્ધ યહોવાનો પ્રબોધ

6 યહોવાની વાણી મને ફરીથી સંભળાઈ: 2"તેણે કહ્યું
ઓ, મનુષ્યના પુત્ર ઈસ્રાએલના પર્વતો તરફ તારું મુખ
ફેરવ અને તેમને મારા વચનો સંભળાવ:

3"'ઓ ઈસ્રાએલના પર્વતો, યહોવા મારા માલિકનો સંદેશો
સાંભળો, યહોવા મારા માલિક પર્વતોને અને ડુંગરોને અને
ખીણોને કહે છે; હું યહોવા તમારા પર યુદ્ધ લાવીશ અને
તમારા ઉચ્ચસ્થાનોનો વિનાશ કરીશ. 4તમારી વેદીઓ તોડી
પાડવામાં આવશે અને તમારી ધૂપવેદીઓ ભાંગી નાખવામાં
આવશે. અને હું તમારા મૃતદેહોને તમારી અપવિત્ર મૂર્તિઓ
આગળ નીચે પાડી દઈશ. 5હું ઈસ્રાએલનાં લોકોના મૃતદેહો

## ઈસ્રાએલ પર દેવનો રોષ

7 યહોવાએ મને એક વધુ સંદેશો આપ્યો; 2"હે મનુષ્યના
પુત્ર, ઈસ્રાએલને કહે કે

તમારા દેશમાં જ્યાં જશો ત્યાં પૂર્વ–પશ્ચિમ, ઉત્તર–દક્ષિણ
ચારે ખૂણાઓનો અંત આવ્યો છે.

3આખો દેશ પુરો થવા બેઠો છે, હવે તારો અંત આવી
પહોંચ્યો છે. મારો રોષ તારા ઉપર ઊતરનાર છે. હું તારાં
દુષ્કર્મોનો હિસાબ માગીશ અને તારાં ધૃણાજનક કર્મોની
ઘટતી સજા કરીશ.

4હું તારા ઉપર કોઈ દયા બતાવીશ નહીં કે અનુકંપા રાખીશ
નહીં. તારા દુષ્કર્મોની હું તને સજા કરનાર છું. હું તારા બધાં

ધૃણા જનક કૃત્યો માટે હું તારો ન્યાય કરીશ, જેથી તને
ખબર પડે કે હું યહોવા છું."
5યહોવા મારા માલિકના આ વચન છે: "એક પછી એક
આફત આવી રહી છે. 6અંત આવી રહ્યો છે. તમારો અંત
આવી રહ્યો છે, અત્યારે જ આવી રહ્યો છે. 7ઈસ્રાએલના
રહેવાસીઓ માટે ભયસૂચક ધ્વની કરવામાં આવી છે, તમારો
સજા માટેનો સમય આવી પહોંચ્યો છે. વિપત્તિનો દિવસ
નજીક આવી રહ્યો છે. આ દિવસ આનંદના ઉત્સવોનો નહીં
પણ ખેદ કરવાનો દિવસ હશે! 8હમણાં જ હું મારો રોષ
તમારા ઉપર ઉતારું છું, મારો કોપ ઠાલવું છું. હું તમારા
દુષ્કર્મોનો હિસાબ માગનાર છું અને તમારા ધૃણાજનક
કૃત્યોની ઘટતી સજા કરનાર છું. 9હું તમારી દયા રાખનાર
નથી કે તમારી કરૂણા કરનાર નથી, હું તમને તમારા દુષ્કૃત્યો
માટે સજા કરીશ. તમારા ધૃણાજનક કૃત્યો માટે થઈને હું
તમારો ન્યાય કરીશ, જેથી તમને ખબર પડે કે હું યહોવા
સજા કરું છું.
10"ઈસ્રાએલ માટે વિનાશનો દિવસ આવે છે, ભયની
ઘંટડી વાગી ચૂકી છે ન્યાયનો દંડ મ્હોરી ચૂક્યો છે અને
ઉદ્ધતાઈ સમૃદ્ધ થઈ છે. 11હિંસા ક્યારનીયે વધી ગઈ છે
અને તેણે દુષ્ટતાનો ટેકો લઈ લીધો છે. એ તેમનામાંથી કે
તેમના સંગ્રાહકોમાંથી કે તેમના વિષ્વાસઘાતીઓમાંથી કે
તેમના બળવાખોરોમાંથી નથી આવતી.
12"સમય આવી રહ્યો છે, દિવસ ઉગવાની તૈયારીમાં છે.
ખરીદનારે હરખાઈ જવાનું નથી, કે વેચનારે પસ્તાવાનું નથી,
કારણ, મારો રોષ બધા ઉપર એકસરખો ઊતરનાર છે.
13રણશિંગાના વર્ષમાં જ્યારે પાછા આવવાનો સમય થશે
ત્યારે પોતે જીવતો હશે તો પણ વેચનાર પોતાના સ્થળે
પાછો નહીં આવે. કારણકે, આ સંદર્શન તો બધાને થવાનું
છે. તેઓ પાછા ફરવાના નથી.* કોઈ માનવીનું જીવન તેણે
કરેલા અનિષ્ટોને કારણે બચશે નહીં.
14"ઈસ્રાએલના સૈન્યને એકત્ર કરવા એ લોકો રણશિંગડું
વગાડે છે. લડાઈ માટે બધી તૈયારીઓ કરે છે પણ કોઈ
યુદ્ધમાં જતું નથી, કારણ મારો રોષ સૌ ઉપર એકસરખો
ઊતરનાર છે. 15કિલ્લાની બહાર તલવાર છે અને અંદર
રોગચાળો અને ભૂખમરો છે. જેઓ લડાઈનાં મેદાનમાં છે
તેઓ તલવારનો ભોગ બનશે. અને જેઓ નગરમાં છે તેમને
રોગચાળો અને ભૂખમરો ગળી જશે.
16"અને જો કે તેમનામાંથી અમૂક લોકો ભાગી જઈને
પર્વતો તરફ દોડી જશે, તેઓ ખીણમાંના પારેવાં જેવા હશે જે
દરેક પોતાના પાપને કારણે નિસાસો નાખી રહ્યાં છે. 17દરેકના
હાથ અશકત થઈ જશે અને પગ પાણીની જેમ ઢીલા થઈ
જશે. 18તેઓ શોકના વસ્રો ધારણ કરશે અને માથાથી તે પગ
સુધી ધ્રૂજ્યા કરશે. બધાના ચહેરા ઉપર શરમ અને માથે
મુંડન હશે. 19તમારા નાણાં, તમારું સોનું અને ચાંદી વિષ્ટાની
જેમ રસ્તા ઉપર ફેંકી દો. કારણ યહોવાના કોપને દિવસે તે
તમારો બચાવ કરશે નહીં, તે તમારી ભૂખ સંતોષસે નહીં, કે
તેનાથી કોઈનું પેટ ભરાશે નહિં.
20"અને તેઓ તેના કરારના શહેરમાં આનંદ પામશે, પણ
તેઓએ તેમાં અણગમતી મૂર્તિઓ બનાવી છે, તેથી મે તેને
તેમનાં માટે અશુદ્ધ સ્ત્રી જેવી બનાવી છે. 21હું એ પરદેશી
લૂંટારાના હાથમાં દુનિયાના ઉતાર જેવા માણસોના હાથમાં
લૂંટ તરીકે સોંપી દેવા ઈચ્છું છું. તેઓ એને ભ્રષ્ટ કરશે.
22તેઓ મારા મંદિરને ભ્રષ્ટ કરશે ત્યારે હું તે તરફથી મારું
મુખ અવળું ફેરવી લઈશ અને તેઓને અટકાવીશ નહીં,
લુટારુઓ એમાં પ્રવેશ કરશે અને એને ભ્રષ્ટ કરશે.
23"મારા લોકોને માટે સાંકળો તૈયાર કરો. કારણકે સમગ્ર
દેશ લોહીથી ખરડાયેલો છે. ગામેગામ હિંસા ફાટી નીકળી
છે. 24હું દુષ્ટમાં દુષ્ટ પ્રજાઓને અહીં લઈ આવીશ અને તેમને
આ લોકોનાં ઘર પડાવી લેવા દઈશ. હું બળવાનોનો ઘમંડ
ઉતારીશ અને તેમનાં મંદિરો ભ્રષ્ટ કરાવીશ.
25"જ્યારે ભયનો સમય નજીક આવે ત્યારે, તેઓ નિરાશ
થઈ જશે અને લોકો શાંતિ ઝંખશે પણ કદી શાંતિ પામશે
નહિં. 26આફત એક પછી એક આવી પડશે, એક પછી એક
અફવા ફેલાશે, તેઓ પ્રબોધકોને ભાવી જાણવા ફોગટ પૂછ–
પૂછ કરશે. યાજકો પણ કશું માર્ગદર્શન નહીં આપી શકે, તેમ
વડીલો કશી સલાહ નહીં આપી શકે. 27રાજાઓ શોક કરશે,
અમલદારો પાયમાલીથી ઘેરાઈ જશે ને લોકો ભયથી કાંપી
ઊઠશે. તમારા આચરણ પ્રમાણે હું તમને સજા કરીશ; તથા
તેઓના કાર્યો મુજબ હું તેમને ન્યાય કરીશ. ત્યારે તેઓ
જાણશે કે હું યહોવા છું."

## યહૂદાના લોકોની પાપલીલા

8 છઠ્ઠા વર્ષના છઠ્ઠા મહિનાના પાંચમા દિવસે યહૂદાના
આગેવાનો સાથે હું મારે ઘેર બેઠો હતો એવામાં અચાનક
મારા માલિક યહોવાની શકિતનો મારામાં સંચાર થયો. 2મેં
જોયું તો માણસ જેવું કઈક દેખાયું; તેની કમરની નીચેનો
ભાગ અગ્નિ જેવો હતો અને કમરની ઉપરનો ભાગ ચળકતી
ધાતુ જેવો ઉજ્જવળ હતો. 3તેણે હાથ જેવું લંબાવીને મારા
વાળ પકડ્યા પછી આત્માએ મને આકાશ અને પૃથ્વીની
વચ્ચે ઉપાડી લીધો અને દેવના સંદર્શનમાં તે મને
યરૂશાલેમના મંદિરના ઉત્તર તરફના અંદરના દરવાજા પાસે
લઈ ગયો જ્યાં તિરસ્કૃત મૂર્તિ હતી, જે જોઈને યહોવા રોષે
ભરાય છે. 4અને જે પ્રમાણે મેં ખીણમાં સંદર્શન જોયું હતું
બરાબર તે જ પ્રમાણે ઈસ્રાએલના દેવનો મહિમા ત્યાં હતો.
5યહોવાએ મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, ઉત્તર તરફ
જો." મેં જોયું તો વેદીના દરવાજાની ઉત્તર તરફના પ્રવેશદ્વાર
આગળ દેવના અપમાનરૂપ એક મૂર્તિ હતી.
6પછી યહોવાએ મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, એ લોકો
શું કરે છે તે તમે જોયું? અહીં ઈસ્રાએલીઓ જે અધમ કૃત્યો
કરે છે તેને લીધે હું મારા મંદિરમાંથી દૂર ને દૂર થતો જાઉં છું.
પણ તમે આનાથીય વધુ અધમ કૃત્યો જોવા પામશો."

---

**તેઓ પાછા ફરવાના નથી** અથવા તે (નિર્ણય શકિતનું દર્શન) પાછું
નહીં ફરે : અથવા તે (દેવ) પોતાનો ગુસ્સો મંદ નહીં પાડે.

7આમ કહીને પછી તે મને મંદિરના ચોકના બારણા આગળ
લાવ્યા. ત્યાં મેં ભીતમાં એક કાણું જોયું. 8તેમણે મને કહ્યું
"ઓ મનુષ્યના પુત્ર અહીં ભીંતમાં ખોદ મેં ખોધ્યુ તો બારણું
નીકળ્યું."
9તેમણે મને કહ્યું, "અંદર જા, અને અહીં એ લોકો જે
અધમ કૃત્યો કરે છે તે જો." 10તેથી મેં અંદર જઈને જોયું તો
ચારે બાજુની ભીંતો ઉપર પેટે ચાલનારા પ્રાણીઓની નિષિદ્ધ
પશુઓની અને ઈસ્રાએલીઓની બીજી બધી મૂર્તિઓ
કોતરેલી હતી.
11શાફાનનો પુત્ર યાઅજાન્યા તથા ઈસ્રાએલના 70 વડીલો
ત્યાં ઊભા હતા. દરેકની પાસે ધૂપદાનીઓ હતી, તેથી તેઓનાં
માથા ઉપર ધૂપના ગોટેગોટા ઉડતા હતા. 12પછી યહોવાએ
મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, તેં જોયું કે ઈસ્રાએલીઓના
આગેવાનો અહીં અંધારામાં પોતપોતાની મૂર્તિના ગોખલા
આગળ શું કરે છે? એ લોકો એમ માને છે કે 'યહોવા અમને
જોતા નથી, તે તો દેશને છોડીને ચાલ્યા ગયા છે.'" 13પછી
યહોવાએ મને કહ્યું, "તું આના કરતા વધુ અધમ કૃત્યો
કરતાં એમને જોશે."
14ત્યારપછી તે મને યહોવાના મંદિરના ઉત્તરના દરવાજે
લઈ આવ્યા અને ત્યાં મેં સ્ત્રીઓને ખોટા દેવ તામ્મૂઝના
મૃત્યુ માટે દુ:ખી થતા જોઈ.
15તેમણે મને પૂછયું, "ઓ મનુષ્યના પુત્ર, આ જોયું?
આથી પણ વધારે અધમ કૃત્યો તું જોવા પામીશ." 16પછી તે
મને યહોવાના મંદિરના અંદરના ચોકમાં લઈ આવ્યા. તો
ત્યાં મંદિરના પ્રવેશદ્વાર આગળ, મંદિર અને વેદીની વચ્ચે
આશરે પંચોત્તેર માણસો પવિત્રસ્થાન તરફ પીઠ કરીને અને
પૂર્વાભિમુખ થઈને ઊગતા સૂરજની પૂજા કરવા માટે નીચે
નમતા હતા.
17યહોવાએ મને કહ્યું, "હે મનુષ્યના પુત્ર, શું તેં આ
જોયું? યહૂદાના લોકો આવા ભયંકર પાપ કરે છે તો શું તેઓ
એવું વિચારી રહ્યા છે કે તેઓ જે કરી રહ્યાં છે તે ક્ષુલ્લક વસ્તુ
છે? તેઓએ સમગ્ર દેશને અપવિત્ર મૂર્તિપૂજા તરફ વાળ્યો
છે. તેઓએ સર્વત્ર હિંસા ફેલાવી છે. તેઓ નાકે ડાળી રાખીને
મારું અપમાન કરે છે અને મને વધુ ને વધુ કોપાયમાન કરે
છે. 18તેથી હું તેઓ પર મારો રોષ જરૂર ઉતારીશ. હું તેમના
ઉપર દયા કરીશ નહીં કે હું તેમના પર સહાનુભૂતિ બતાવીશ
નહીં, તેઓ દયા માટે મોટા સાદે પોકાર કરશે છતાં હું તેમને
સાંભળીશ નહીં."

## મૂર્તિપૂજકોને સજા

9 ત્યાર પછી તેણે મોટા અવાજે કહ્યું, "ઓ શહેરને સજા
કરનારાઓ, તમારાં શસ્ત્રો લઈને આ બાજુ આવો."
2અને અચાનક મંદિરની ઉત્તરે આવેલા ઉપરના દરવાજામાંથી
છ માણસો આવ્યાં. દરેકના હાથમાં સંહારક હથીયાર હતું.
તેમની સાથે સુતરાઉ રેસાના વસ્ત્ર પહેરેલો એક માણસ હતો.
તેની કમર ઉપર લહિયાનો શાહીનો ખડિયો અને કલમ
લટકાવેલા હતાં. તે બધા મંદિરમાં પિત્તળની વેદી આગળ
આવીને ઊભા રહ્યા. 3ત્યારબાદ ઈસ્રાએલના દેવનો મહિમા
કરૂબો ઉપરથી ઊઠ્યો જ્યાં તે પહેલા હતો અને મંદિરના
પ્રવેશદ્વાર પાસે ગયો, યહોવાએ કમરે લહિયાના સાધનો
લટકાવેલા સુતરાઉ રેસાના વસ્ત્રો પહેરેલા માણસને બોલાવીને
કહ્યું,
4"યરૂશાલેમમા ચારેબાજુ સર્વત્ર ફર અને જે માણસો
તેઓની આસપાસ નગરમાં ચાલતાં ધિક્કારપાત્ર કૃત્યોને લીધે
રડતા અને શોક કરતા હોય તેઓના કપાળ ઉપર નિશાની
કર."
5ત્યારબાદ મેં યહોવાને બીજા માણસોને એમ કહેતાં
સાંભળ્યાં કે, "નગરમાં તમે એની પાછળ પાછળ જાઓ
અને હત્યા કરવાનું શરૂ કરો, કોઈપણ પ્રકારની કરૂણા કરશો
નહી, ને તેમના માટે દયા રાખશો નહીં. 6વૃદ્ધો, યુવાનો,
સ્ત્રીઓ અને બાળકો સર્વનો સંહાર કરો; પણ જેઓના કપાળ
પર નિશાની હોય તેવા કોઈને અડશો નહીં, મારા મંદિરથી
જ શરૂઆત કરો." તેથી તેમણે મંદિર આગળ ઊભેલા
આગેવાનોથી જ શરૂઆત કરી.
7પછી દેવે તેઓને કહ્યું, "મંદિરને ભ્રષ્ટ કરો. હત્યા
થયેલાઓનાં મૃતદેહોથી મંદિરનો ચોક ભરી દો." અને હમણાં
જ જાઓ, એટલે તેમણે શહેરમાં જઈને લોકોની હત્યા કરી.
8જ્યારે એ લોકો હત્યા કરતા હતા ત્યારે હું એકલો
પડ્યો હતો. મેં સાષ્ટાંગ નમસ્કાર કરીને કહ્યું, "ઓ યહોવા
મારા માલિક યરૂશાલેમ ઉપર જ્યારે તમે તમારો રોષ
ઠાલવો છો ત્યારે તમે ઈસ્રાએલમાં બાકી બચેલાઓને સંહાર
કરવાના છો?"
9તેથી દેવે જવાબ આપ્યો: "ઈસ્રાએલના તથા યહૂદાના
લોકોના અપરાધ અતિશય મોટા છે. સમગ્ર દેશ રકતપાત
અને અધમતાથી ખદબદે છે. તેઓ માને છે કે 'યહોવા દેશ
છોડીને ચાલ્યા ગયા છે. અને તેઓ અમને જોતા નથી!'
10તેથી હું તેઓ પર સહાનુભૂતિ બતાવીશ નહીં કે દયા
કરીશ નહીં. તેમણે જે કાંઈ કર્યુ છે તેમના માટે હું તેઓને
સજા કરીશ."
11એટલામાં કમરે લેખનનાં સાધનવાળો સુતરાઉ વસ્રો
પહેરેલા માણસે આવીને જણાવ્યું કે, "તમારા હુકમ પ્રમાણે
મેં કર્યુ છે."

## યહોવાનો મંદિરત્યાગ

10 ત્યારબાદ મેં કરૂબ દેવદૂતોના માથા ઉપર જોયું તો
નીલમણીના સિંહાસન જેવું કંઈક દેખાયું. 2પછી
દેવે સુતરાઉ રેસાના વસ્ત્ર પહેરેલા માણસને કહ્યું, "કરૂબ
દેવદૂતોની નીચેનાં પૈડાઓ વચ્ચે જા અને બળતા કોલસામાંથી
મુઠ્ઠી ભરી યરૂશાલેમ શહેર ઉપર નાખ."
અને મેં જોયું કે એ અંદર પ્રવેશ્યો. 3તે માણસ અંદર ગયો
ત્યારે કરૂબ દેવદૂતો મંદિરની દક્ષિણ બાજુએ ઊભા હતા.
ત્યારે અંદરનો ચોક વાદળથી ભરાઈ ગયો. 4પછી યહોવાનો
મહિમા કરૂબો ઉપરથી ઊડીને મંદિરના પ્રવેશદ્વાર આગળ
ગયો. એટલે મંદિર વાદળથી ભરાઈ ગયું અને આખો ચોક

યહોવાના ગૌરવનાં તેજથી ઝળાંહળાં થઈ ગયો. 5કરૂબોની પાંખોનો અવાજ સર્વસમર્થ દેવના મુખમાંથી નીકળેલા શબ્દ જેવો અવાજ હતો, અને બહારના આંગણમાં તે સ્પષ્ટ સંભળાતો હતો.

6યહોવાએ શણના વસ્ત્ર પહેરેલા માણસને કહ્યું, "કરૂબો મધ્યે જઈને ફરતાં પૈડામાંથી સળગતા કોલસા લે, એટલે માણસ અંદર જઈને એક પૈડા પાસે ઊભો રહ્યો. 7અને કરૂબોમાંના એકે હાથ લાંબાવી તેમની વચ્ચેના અંગારામાંથી થોડા લઈ શણના વસ્ત્ર પહેરેલા માણસને આપ્યા. તે લઈને તે બહાર ચાલ્યો ગયો. 8કરૂબોની પાંખો નીચે માણસના હાથ જેવું કઈ દેખાતું હતું.

9મેં જોયું તો પ્રત્યેક કરૂબ પાસે એક એમ ચાર પૈડા હતાં અને તે પૈડા સોનેરી પોખરાજ રત્નની જેમ ઝળહળતાં હતાં. 10બધાં પૈડાની રચના એક સરખી દેખાતી હતી; અને એક પૈડાની અંદર બીજું પૈડું ગોઠવ્યું હોય તેમ લાગતું હતું. 11કરૂબો આગળ વધતા ત્યારે તેઓનાં મુખ તે ચારે દિશામાં, આમતેમ ફેરવ્યાં વિના તેઓ જઈ શકતા હતાં. પૈડાંને વળાંક લેવાની જરૂર પડતી નહોતી, તેઓ બધા એકી સાથે ફર્યા વગર ગમે તે દિશામાં સીધા આગળ વધી શકતા હતાં. 12તેઓના આખા શરીર ઉપર, પીઠ ઉપર, હાથ ઉપર, પાંખો ઉપર અને પૈડાઓ ઉપર સર્વત્ર પુષ્કળ પ્રમાણમાં આંખો હતી. 13અને મેં તેમને ચાલણચક્ર એમ પૈડાઓ માટે કહેતા સાંભળ્યાં.

14દરેક કરૂબને ચાર મોઢાં હતાં, પહેલું મોઢું કરૂબનું હતું, બીજું માણસનું હતું, ત્રીજું સિંહનું હતું અને ચોથું ગરૂડનું હતું. 15કરૂબો ઊડીને ઊંચે ચઢયા. કબાર નદી પાસે મેં જોયાં હતાં તે જ પ્રાણીઓ આ હતાં. 16કરૂબો જમીન ઉપરથી ઊંચે જતાં ત્યારે પૈડાં પણ તેઓની સાથે જતાં. તેઓ ઊંચે જવા પાંખો પ્રસારતા ત્યારે પૈડાઓ તેમની પાસે જ રહેતા. 17જ્યારે તેઓ ઊડવા માટે પાંખો ફેલાવતા ત્યારે પણ પૈડાં તેમની સાથે ને સાથે જ રહેતાં. તેઓ અટકતા ત્યારે પૈડાં પણ અટકી જતાં અને જ્યારે તેઓ ઊડતાં ત્યારે પૈડાં તેમની સાથે જ રહેતાં, કારણ, પૈડાં ઉપર તેમનું નિયંત્રણ હતું.

18પછી યહોવાનું ગૌરવ મંદિરના પ્રવેશદ્વારથી ખસીને કરૂબો ઉપર આવી ઊભું. 19કરૂબો પાંખો પસારીને જમીનથી અદ્ધર થઈ ગયા અને પૈડાંને પણ તેમની સાથે– સાથે અદ્ધર થતાં મેં જોયાં. મંદિરના પૂર્વ દરવાજા આગળ તેઓ થોભ્યા. તેમના ઉપર યહોવાનું ગૌરવ છવાયેલું હતું.

20કબાર નદીના કાંઠે ઈસ્રાએલના દેવના સિંહાસન નીચે જે પ્રાણીઓ મેં જોયાં હતાં તે આ જ હતાં મને ખાતરી થઈ હતી કે એ કરૂબો હતા. 21પ્રત્યેકને ચાર મોઢાં, ચાર પાંખો અને દરેક પાંખ નીચે માણસના હાથ જેવું કઈંક હતું. 22તેમનાં મોઢાં કબાર નદીને કાંઠે મેં દર્શનમાં જોયેલાં મોઢાં જેવાં જ હતાં. દરેક કરૂબ સીધો આગળ વધતો હતો.

### યરૂશાલેમ પર ઉતરનાર આફત

11 મને પવિત્ર આત્મા ઉપાડીને મંદિરના પૂર્વ દરવાજે લઈ ગયો. આ દરવાજે મેં નગરના 25 માણસો જોયાં; મેં તેઓની વચ્ચે લોકોના સરદાર આઝ્ઝુરના પુત્ર યાઅજાન્યાને તથા બનાયાના પુત્ર પલાટ્યાને જોયાં.

2યહોવાએ મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, આતો એ લોકો છે જેઓ દુષ્ટ કર્મો કરવાની યોજના ઘડનાર છે અને આખા નગરમાં દુષ્ટ સલાહ આપનાર માણસો પણ એજ છે; 3તેઓ એમ વિચારે છે કે, 'આપણે થોડીવારમાં યરૂશાલેમને ફરીથી બાંધીશું, આપણું નગર લોખંડની કઢાઈ સમાન છે આપણે એમાંનું માંસ છીએ અને તે આપણને સર્વ નુકશાનમાંથી બચાવશે.' 4માટે, ઓ મનુષ્યના પુત્ર, તું એમને મારી ચેતવણી સંભળાવ."

5ત્યારબાદ યહોવાનો આત્મા મારામાં આવ્યો અને યહોવાએ મને કહ્યું; "તું તેઓને કહે: આ યહોવાના વચન છે; ઓ ઈસ્રાએલીઓ, તમે શું કહો છો અને તમે શી યોજનાઓ ઘડો છો તે હું જાણું છું. 6તમે ઘણા લોકોને મારી નાખ્યા છે અને તમારી શેરીઓ મૃતદેહોથી ભરી દીધી છે. 7તેથી હું યહોવા તમારો માલિક, તમને કહું છું કે, 'આ નગર કઢાઈ છે એ ખરું, પણ એમાનું માંસ તમે નથી; માંસ તો તમે આ શહેરમાં જે મડદાં નાખ્યાં છે તે છે; તમને તો હું એની બહાર ફેંકી દેનાર છું. 8સર્વસમર્થ યહોવા કહે છે, તમે તલવારથી ડરો છો અને હું તમને તલવારને જ સોંપનાર છું."'

9"અને હું તમને યરૂશાલેમમાંથી દૂર લઈ જઈને વિદેશીઓને સોંપી દઈશ. અને આ રીતે હું મારો ન્યાય કરીશ અને તમને સજા કરીશ. 10તમે તમારા પોતાના દેશની હદમાં જ તલવારનો ભોગ બનશો. હું તમને સજા કરીશ, ત્યારે તમને ખબર પડશે કે હું યહોવા છું. 11આ શહેર કઢાઈ બની તમારું રક્ષણ નહીં કરે, હું આ ઈસ્રાએલની હદમાં જ તમને સજા કરનાર છું. 12તમે મારી આજ્ઞાઓનું પાલન કર્યું નથી પણ તમારી આસપાસ વસતી અન્ય પ્રજાઓનું અનુકરણ કર્યું છે, એટલે તમે જાણશો કે હું યહોવા છું."

13હું આ ચેતવણી આપતો હતો તે દરમ્યાન ત્યાં જ બનાયાનો પુત્ર પલાટ્યા ઢળી પડીને મરી ગયો, હું ઊંધે મોઢે ભોંય પર પડ્યો અને મેં બૂમ પાડી, "ઓ યહોવા મારા માલિક, તારે બાકી રહેલા બધા ઈસ્રાએલીઓનો સંપૂર્ણ વિનાશ કરવો છે?"

14ફરીથી યહોવાએ મને આ પ્રમાણે કહ્યું, 15"ઓ મનુષ્યના પુત્ર, યરૂશાલેમમાં અત્યારે જે લોકો રહે છે તે લોકો તારા વિષે અને દેશવટો ભોગવતા તારા બધા ઈસ્રાએલી જાતભાઈઓ વિષે એમ કહે છે કે, 'એ લોકોને તો યહોવાથી દૂર કાઢવામાં આવ્યા છે; દેશતો અમને સોંપી દેવામાં આવ્યો છે; એ અમારી મિલકત છે"

16"તેથી યહોવા અમારા માલિક કહે છે: 'જો કે મેં તેઓને વિશ્વના વિવિધ દેશોમાં વિખેરી નાખ્યા છે છતાં પણ તેઓ જે દેશમાં છે ત્યાં હું તેઓને માટે એક નાના પવિત્ર સ્થાનરૂપ થઈશ. 17તેઓ જે દેશોમાં વિખેરાઈ ગયા છે ત્યાંથી હું તેઓને એકઠા કરીશ અને તેઓને ફરીથી ઈસ્રાએલનું વતન આપીશ. 18જ્યારે તેઓ અહીં પાછા આવે ત્યારે તેમણે અહીંથી બધી

ધૃણાજનક મૂર્તિઓને અને આચારોને હઠાવી દેવાના છે.
19હું તેમનું હૃદય પરિવર્તન કરી નાખીશ અને તેમનામાં
નવો પ્રાણ પૂરીશ, હું તેમનામાંથી પથ્થર જેવું હૃદય લઈને,
તેમને માંસનું હૃદય આપીશ. પછી તેઓ મારા નિયમોનું
પાલન કરશે અને મેં જણાવેલ માર્ગે ચાલશે. 20જ્યારે તેઓ
મારા નિયમોનું પાલન કરશે અને મારા બતાવેલા માર્ગ પર
ચાલશે. તેઓ મારી પ્રજા થશે અને હું તેમનો દેવ થઈશ."

21"પરંતુ જેઓ ધૃણાજનક અપવિત્ર મૂર્તિઓની પૂજાને
વળગી રહેશે, હું તેમને તેમના બધાં કૃત્યો માટે જવાબદાર
ઠરાવીશ." આ યહોવા મારા માલિકના વચન છે. 22પછી
કરૂબો ઊંચે ઊડવા લાગ્યા અને પૈડાં પણ તેમની સાથે સાથે
ઉપર ગયાં. ઈસ્રાએલના દેવનો મહિમા તેઓની ઉપર
આચ્છાદીત હતો. 23પછી યહોવાનો મહિમા શહેર ઉપરથી
ખસીને પૂર્વ ભાગ તરફ આવેલા પર્વત ઉપર ગયો. 24ત્યારબાદ
સંદર્શનમાં દેવના આત્માએ મને ફરીથી ઉપાડીને બાબિલમાં
દેશવટો ભોગવનારાઓ વચ્ચે લાવી મૂક્યો અને ત્યાં સંદર્શન
લોપ થયું, 25અને યહોવાએ મને જે બતાવ્યું હતું તે સર્વ મેં
બંદીવાનોને કહી સંભળાવ્યું.

## સાંકેતિક રજૂઆત

12 ફરીથી મને યહોવાની વાણી સંભળાઈ; 2"ઓ
મનુષ્યના પુત્ર, તું બંડખોરોની જમાતની વચ્ચે
વસે છે. એ લોકો છતી આંખે દેખતા નથી, છતે કાને સાંભળતા
નથી. એ તો બંડખોરોની જમાત છે. 3તેથી ઓ મનુષ્યના
પુત્ર, તું દેશવટે જવાનો હોય એમ સરસમાન બાંધી લે અને
ધોળે દિવસે સૌના દેખતાં ચાલી નીકળ; તેમના દેખતાં તું
બીજે જવા નીકળી પડ. એ બળવાખોરો કદાચ તને જુએ
પણ ખરા.

4"તારી મુસાફરીનો સામાન બાંધીને તેઓ જુએ તેમ દિવસ
દરમ્યાન તારા ઘરમાંથી બહાર લાવ. પછી જેમ કેદીઓને
દૂરના દેશોમાં લઈ જવામાં આવે છે તે પ્રમાણે સાંજે તેઓની
હાજરીમાં ઘરમાંથી બહાર નીકળી પડ. 5તેઓનાં દેખતાં
નગરની ભીતમાં બાકોરું પાડી તેમાંથી તારો સામાન ઊંચકીને
લઈ જા. 6તેઓનાં દેખતાં તું તારો સામાન ખભે ચઢાવ અને
અંધારામાં ચાલી નીકળજે. તારું મોઢું ઢાંકી દેજે અને આજુબાજુ
જોઈશ નહીં. આ બધું ઈસ્રાએલીઓને ચેતવણીરૂપ થઈ
પડશે."

7યહોવાએ મને જે કહ્યું હતું તે પ્રમાણે મેં બરાબર કર્યુ. મેં
દેશવટે જવા માટે બાંધીને તૈયાર કરેલો સામાન દિવસે બહાર
કાઢયો. સાંજે મારા હાથેજ મેં ભીંતમાં બાકોરું પાડ્યું અને
લોકોના દેખતાં જ રાત્રે મારો સામાન મારા ખભે મુકીને
ચાલી નીકળ્યો.

8બીજા દિવસે સવારે યહોવાનું વચન મારી પાસે આવ્યું
કે, 9"હે મનુષ્યના પુત્ર, આ બંડખોર ઈસ્રાએલી લોકોએ
પૂછયું છે કે આ સર્વનો અર્થ શો છે? 10તું તેમને કહે કે, આ
યહોવાના વચન છે: આ દૈવી વાણી યરૂશાલેમના રાજકર્તા
માટે અને ત્યાં વસતા બધા ઈસ્રાએલીઓ માટે છે. 11તું
તેઓને સમજાવ; 'હું હઝકિયેલ તમારે માટે નિશાનીરૂપ છું.
મેં જે કર્યુ છે તે કરવાનો તમારો વારો આવશે, તમારે દેશવટે
નીકળવું પડશે અને કેદ ભોગવવી પડશે.' 12તમારા રાજા
પણ આ જ પ્રમાણે તેનાથી ઊંચકી શકાય તેટલો સામાન
ઊંચકીને નીકળશે અને ભીંતના બાકોરામાંથી તે બહાર જશે.
તે પોતાનું મોઢું ઢાંકી દેશે જેથી તે જોઈ શકે નહીં. 13હું તેને
મારી જાળમાં ફસાવીને ખાલદીઓનાં દેશ બાબિલમાં લઈ
જઈશ. પરંતુ તે જોઈ શકશે નહીં અને ત્યાં જ મૃત્યુ પામશે.
14હું તેના બધા દરબારીઓને, અંગરક્ષકોને અને સમગ્ર સેનાને
ચારે દિશામાં વેરવિખેર કરી નાખીશ અને હું ઉઘાડી તલવારે
તેમનો પીછો પકડીશ. 15હું તેઓને જ્યારે વિવિધ પ્રજાઓમાં
વિખેરી નાખીશ ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું.

16"હું તેઓમાંના થોડાને યુદ્ધ, ભૂખમરો, અને
રોગચાળામાંથી ઉગારી લઈશ, જેથી તેઓ જે પ્રજાઓમાં જઈને
વસ્યા હશે ત્યાં કબૂલ કરે કે તેમનાં કૃત્યો કેટલાં અધમ
હતાં, અને ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા છું."

17પછી મને યહોવાની વાણી સંભળાઈ: 18"ઓ મનુષ્યના
પુત્ર, તારે જમતી વખતે ધ્રૂજવું અને જળપાન કરતી વખતે
ભય અને ચિંતાથી થરથરવું. 19બધા લોકોને કહેજે કે,
ઈસ્રાએલમાં હજીપણ વસતાં યરૂશાલેમના વતનીઓ માટે
યહોવા મારા માલિકના આ વચન છે; તેઓ ડરતા ડરતા
ખાશે અને ચિંતાતૂર થઈને પાણી પીશે. તેમના દેશમાં વસતી
દરેકે દરેક વ્યક્તિ હિંસક છે. તેથી તેને વેરાન બનાવી દેવામાં
આવશે. 20તમારા નગરો તારાજ થઈ જશે અને તમારાં ખેતરો
વેરાન થઈ જશે. ત્યારે તમે જાણશો કે હું યહોવા છું."

21ફરીથી યહોવાએ મને કહ્યું, 22"ઓ મનુષ્યના પુત્ર,
ઈસ્રાએલમાં લોકો આ કહેવતને વારંવાર ટાંકે છે તે શું છે:

વખત વહી જાય છે અને એકે ભવિષ્યવાણી સાચી પડતી
નથી.

23"તું એમને કહે: આ યહોવાના વચન છે. હું એ કહેવત
જૂઠી પાડીશ ઈસ્રાએલમાં એ હવે કદી ઉચ્ચારાશે નહીં, તેના
બદલે તેઓ કહેશે;

સમય આવ્યો છે અને એકેએક ભવિષ્યવાણી સાચી
પડવાની જ છે!

24"હવે પછી ઈસ્રાએલ પ્રજામાં વ્યર્થ સંદર્શન થશે નહીં.
અને લોકોને ખુશ રાખવા જૂઠી પ્રબોધવાણી પ્રગટ નહીં
થાય. 25કારણકે હું, યહોવા, મારે જે કહેવું હશે તે કહીશ
અને જે કહીશ તે સાચું પડશે. એમાં વિલંબ નહીં થાય. ઓ
બંડખોર ઈસ્રાએલીઓ, હું આ તમારા જીવનકાળ દરમ્યાન
જ કરીશ." આ યહોવા મારા માલિકના વચનો છે.

26પછી યહોવાનું વચન મારી પાસે આવ્યું અને તેણે કહ્યું:
27"ઓ મનુષ્યના પુત્ર, ઈસ્રાએલીઓ એમ માને છે કે તને
જે દર્શન થાય છે તે તો દૂરના ભવિષ્યનું છે, અને તું જે
ભાખે છે તે કંઈ આજે ફળવાનું નથી. 28તેથી એ લોકોને કહે
કે, 'આ યહોવા મારા માલિકના વચન છે: હવે મારા વચનો
પૂરાં કરવામાં વિલંબ નહીં થાય. દરેક વચન જે હું બોલ્યો છું
તે ફળીભૂત થશે.'" આ યહોવા મારા માલિકના વચન છે.

## જૂઠા પ્રબોધકોનો ન્યાય

13 ફરીથી મને યહોવાની વાણી સંભળાઈ: 2"ઓ
મનુષ્યના પુત્ર, તું ઈસ્રાએલના પ્રબોધકોને મારી
ચેતવણી સંભળાવ; પ્રબોધકો જેઓ પોતાને મન ફાવે તેમ
કહે છે તેમને યહોવા જે કહે છે તે સાંભળવા માટે તું કહે,
3'યહોવા મારા માલિકના આ વચન સાંભળો: એ દુષ્ટ
પ્રબોધકોનો અંત આવી ગયો છે! તેઓ પોતાના દુષ્ટ
આત્મા વડે જ પ્રેરણા મેળવે છે, તેઓ કોઈ સંદર્શન જોતા
નથી.

4"'ઓ ઈસ્રાએલીઓ, તમારા પ્રબોધકો ખંઢેરમાં વસતાં
શિયાળવા જેવા છે. 5તેમણે કદી ઈસ્રાએલ ફરતેના કોટમાં
પડેલાં ગાબડાં પૂરવા જવાની હિંમત કરી નથી કે જેથી
ઈસ્રાએલીઓ યહોવાને દિવસે યુદ્ધમાં ટક્કર ઝીલી શકે.

6"'તેઓ જે જુએ છે તે આભાસ છે અને તેઓ જૂઠાણાં
ઘડી કાઢી ઉચ્ચારે છે. તેઓ એમ કહે છે કે, "અમે
યહોવાની વાણી ઉચ્ચારીએ છીએ,' અને પોતે ઉચ્ચારેલી
વાણી સાચી પડે તેવી અપેક્ષા રાખે છે. પરંતુ મેં તેમને
મોકલ્યા નથી;

7"'બીજી બાજુ હું તો કહું છું કે, તમે જે જુઓ છો તે તો
આભાસ છે, અને તમે જૂઠાણા ઘડી કાઢો છો. તમે એમ કહો
છો કે એ મારાં વચન છે, પણ મેં તેમને કશું કહ્યું નથી.'"

8યહોવા મારા માલિક તેમને કહે છે, "તમે ખોટી વાણી
ઉચ્ચારો છો અને જૂઠાં દર્શનની વાત કરો છો, તેથી હું તમારી
વિરૂદ્ધ થઈ ગયો છું. 9ખોટાં સંદર્શનની વાત કરનાર અને
જૂઠી વાણી ઉચ્ચારનાર પ્રબોધકોને હું સજા કરનાર છું. મારા
લોકોની સભામાં તેમને સ્થાન નહીં મળે તેમના નામ
ઈસ્રાએલીઓના ઈતિહાસમાં નોંધવામાં નહીં આવે. તેઓ
ઈસ્રાએલની ધરતી ઉપર ફરીથી પગ મૂકી શકે નહીં. અને
ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા છું અને મારા
માલિક છું.

10"આ જૂઠા પ્રબોધકોએ મારા લોકોને એમ કહીને છેતર્યા
છે કે,' ત્યાં શાંતિ હશે.' જ્યારે ત્યાં કોઈ શાંતિ નથી હોતી તેથી
મારા લોકો ફક્ત નબળી વાડ બાંધે છે, અને આ પ્રબોધકો
તેને મજબૂત દેખાડવા માટે થઈને તેને ચૂનો ધોળીને ઢાંકી દે
છે. 11તું એ ચૂનો ધોળનારાઓને કહી દે;" એ ભીત તો પડી
જશે. યહોવા મૂશળધાર વરસાદ મોકલશે; કરા વરસશે અને
તોફાની વાવાઝોડું તેને તોડી પાડશે. 12કોટની ભીત તૂટી
પડશે અને લોકો પૂછશે, 'તમે ધોળેલો ચૂનો ક્યાં છે!'"

13એટલે યહોવા મારા માલિક કહે છે: "હા હું તે ભીતને
તોડી પાડવા રોષે ભરાઈને વાવાઝોડું મોકલીશ, મૂશળધાર
વરસાદ અને કરા મોકલીશ. 14તમે દિવાલ પર ચૂનો ધોળ્યો
છે તેને હું તોડી પાડીશ, ભોયભેગા કરી નાખીશ, તેના પાયા
ખુલ્લા પડી જશે. અને એ પડશે ત્યારે તમે એની નીચે
કચડાઈને મરી જશો. ત્યારે તમને ખબર પડશે કે હું યહોવા
છું. 15એ ભીત ઉપર અને તે લોકો ઉપર મારો રોષ ઠાલવ્યા
પછી હું તમને કહીશ: 'ભીતો ગઈ અને તેને ચૂનો ધોળનારા
પ્રબોધકો પણ ગયા.'

16"કારણકે તેઓ જૂઠા પ્રબોધકો છે. શાંતિ નહીં હોવા
છતાં યરૂશાલેમમાં શાંતિ થશે એવો દાવો કરે છે." આમ
યહોવા મારા માલિક કહે છે.

17"અને હવે, ઓ મનુષ્યના પુત્ર, તારા લોકની જે પુત્રીઓ
પોતાને પ્રબોધિકાઓ માને છે અને પોતાને યહોવા તરફથી
વાણી સંભળાઈ છે, એમ કહીને ઢોંગ કરે છે તેઓની વિરૂદ્ધ
પ્રબોધ કર. 18તેઓને કહે કે 'યહોવા મારા માલિક કહે છે:
જે સ્રીઓ કોણી ઉપર કે કાંડા ઉપર તાવીજ બાંધે છે, અને
નાનામોટા લોકોને ફસાવવા માટે જુદી જુદી લંબાઈના બુરખા
પહેરે છે, તેઓને અફસોસ! શું તમે મારા લોકોનો જીવનો
શિકાર કરશો, અને તમારા પોતાના જીવ બચાવી રાખશો?
19મુઠ્ઠીભર જવના દાણા માટે અને રોટલીના ટુકડા માટે તમે
મારા નામ પર નિંદા લાવ્યા છો. જેઓએ મૃત્યુ પામવાને
યોગ્ય કશું જ કર્યુ નથી તેઓને તમે મારી નાખ્યા છે. જેઓ
જીવવાને યોગ્ય નથી તેઓને તમે બચાવી લીધા છે. મારા
લોકો આગળ તમે જૂઠું બોલો છો. 20તેથી યહોવા આ પ્રમાણે
કહે છે:" તમે તમારા દોરાધાગાથી મારા લોકોને પક્ષીઓની
માફક સપડાવ્યા છે. હું તમારા દોરાધાગાની વિરૂદ્ધ છું. હું
એ દોરાધાગા તમારા હાથ પરથી તોડી નાખીશ અને તમે
જેમને વશમાં રાખવા માંગો છો તેમને હું છોડી મૂકીશ.
21તમારા બુરખાઓને હું ફાડી નાખીશ. અને મારા લોકોને
તમારામાંથી બચાવી લઈશ. હવે પછી તેઓ તમારી
જાળમાં ફસાશે નહીં, અને ત્યારે તમને ખબર પડશે કે હું
યહોવા છું.

22"'હું નીતિમાન લોકો ઉપર દુ:ખ લાવ્યો નહોતો તે છતાં
તમે તમારા જૂઠાણાંમાંથી તેમને નિરાશ કર્યા છે. અને તમારા
જૂઠા પ્રબોધકો દુષ્ટ લોકોને એટલું પ્રોત્સાહન આપે છે કે
તેઓ પોતાનાં ભૂંડાં જીવનથી પાછા ફરતા નથી અને પોતાનાં
જીવન બચાવતા નથી. 23પરંતુ હવે પછી સમજીલ્યો કે
તમારાં ખોટાં દર્શનનો અને તમારી જૂઠી ભવિષ્યવાણીનો
અંત આવ્યો છે હું મારા લોકોને તમારા હાથમાંથી ઉગારી
લેનાર છું અને ત્યારે તમને ખબર પડશે કે હું યહોવા છું.'"

## મૂર્તિપૂજાનો વિરોધ

14 ઈસ્રાએલના કેટલાક આગેવાનો મારે ત્યાં આવીને
બેઠાં હતા. 2એ સમયે મારી પાસે યહોવાનું વચન
આવ્યું કે, 3"ઓ મનુષ્યના પુત્ર, આ માણસોએ પોતાનાં
હૃદયમાં મૂર્તિઓની સ્થાપના કરી છે, અને જાણી જોઈને
પોતાના પતનનો માર્ગ ખુલ્લો કર્યો છે. એવા માણસોના
પ્રશ્નનો હું શું જવાબ આપીશ? 4તેઓને કહે કે 'યહોવા મારા
માલિક કહે છે: ઈસ્રાએલમાં જેઓ અપવિત્ર મૂર્તિઓની પૂજા
કરે છે અને પછી મારી મદદને માટે વિનંતી કરવા પ્રબોધક
પાસે આવે છે, હું તેમને કહીશ કે તમારી અપવિત્ર મૂર્તિ
પાસે મદદ માંગવા જાવ. 5તેમનાં મનમાં એમ ઠસાવવાનો
પ્રયત્ન કરું છું કે, તેઓ તેમની અશુદ્ધ મૂર્તિઓને લીધે મારા
માટે અજાણ્યા જેવા બની ગયાં છે.'

6"તેથી તું ઈસ્રાએલીઓને કહે કે, 'આ યહોવા મારા
માલિકના વચન છે: પાછા ફરો, તમારી મૂર્તિઓનો ત્યાગ
કરો અને તમારા અધર્મ આચારો છોડી દો. 7જો કોઈ ઈસ્રાએલી
કે તેમના ભેગો વસતો કોઈ વિદેશી મારો ત્યાગ કરીને પોતાના
હૃદયમાં મૂર્તિઓને સ્થાન આપશે અને પોતાના પતનના
કારણરૂપ એ મૂર્તિઓનું ધ્યાન ધરશે અને કોઈ પ્રબોધક પાસે
આવીને મારી ઈચ્છા જાણવા પ્રશ્ન કરશે તો હું, યહોવા, પોતે
તેનો જવાબ આપીશ. 8હું એ માણસની વિરૂદ્ધ થઈ જઈશ:
હું તેની એવી દશા કરીશ કે જેથી લોકોને દાખલો બેસે, અને
કહેવતરૂપ બને. મારા લોકો વચ્ચેથી હું તેને કાપી નાખીશ.
અને તમે જાણશો કે હું યહોવા છું. 9અને જો કોઈ પ્રબોધક
છેતરાઈને સંદેશો આપશે કે મેં યહોવાએ તે પ્રબોધકને છેતર્યો
છે તો હું તેની સામે મારો હાથ ઉગામીશ, અને મારા
ઈસ્રાએલી લોકો મધ્યેથી હું તેનો નાશ કરીશ. 10આ જૂઠા
પ્રબોધક અને દુષ્ટ ઢોંગી માણસ બંને સરખા જ દોષિત છે.
તેઓને પોતાના પાપોને લીધે શિક્ષા થશે. 11 એટલે પછી
ઈસ્રાએલીઓ કદી મારો ત્યાગ નહીં કરે અને, પોતાની મૂર્તિઓ
દ્વારા પોતાને અપવિત્ર નહી કરે. તેઓ મારી પ્રજા થઈને
રહેશે અને હું તેમનો દેવ થઈશ.'" આ યહોવા મારા માલિકના
વચન છે.

12મને યહોવાની વાણી સંભળાઈ: 13"ઓ મનુષ્યના પુત્ર,
જો કોઈ દેશ મારી સાથે વિશ્વાસઘાત કરીને પાપમાં પડશે
તો હું તેને અન્ન આપવાનું બંધ કરી દઈશ. હું ત્યાં દુષ્કાળ
મોકલીશ, ત્યાંના માણસોનો અને પશુઓનો નાશ કરીશ.
14જો ત્યાં નૂહ, દાનિયેલ, અને અયૂબ એ ત્રણ જણ રહેતા
હોય તો તેઓ પોતાના નીતિવંત આચરણથી કેવળ પોતાના
પ્રાણ જ બચાવી શકે." આ યહોવા મારા માલિકના વચન છે.

15"જો હું હિંસક જંગલી પશુઓને મોકલું કે આ દેશને
વેરાન તથા ઉજ્જડ કરી મૂક, અને કોઈ માણસ ત્યાંથી પસાર
ન થાય. 16અને જો આ ત્રણ માણસો ત્યાં હોત તો તેઓ
પોતાના પુત્ર-પુત્રીઓને બચાવી શક્યા ન હોત. તે ત્રણ
માણસો માત્ર પોતાના જીવ બચાવી શક્યા હોત. અને આખો
દેશ વેરાન અને ઉજ્જડ થઈ જાત." એમ યહોવા કહે છે.

17"અથવા, જો હું એ દેશમાં યુદ્ધ મોકલું અને કહું કે, જા,
એ દેશમાં બધે ફરી વળ અને માણસોનો અને પશુઓનો
સંહાર કર, 18તો એ ત્રણ માણસો ત્યાં રહેતાં હોય તોયે, હું
યહોવા મારા માલિક, મારા જીવના સમ ખાઈને કહું છું કે,
તેઓ પોતાના બાળકોને સુદ્ધાં બચાવી નહીં શકે; તેઓ ફક્ત
પોતાના જ પ્રાણ બચાવી શકશે." આ યહોવા મારા માલિકના
વચન છે.

19"અથવા જો હું તે દેશમાં રોગચાળો મોકલું અને રોષમાં
અને રોષમાં માણસોનો અને પશુઓનો સંહાર કરું. 20જો
નૂહ, દાનિયેલ અને અયૂબ એ ત્રણ માણસો ત્યાં રહેતાં
હોય તોયે હું, સર્વસમર્થ યહોવા, મારા પ્રાણના સોગંધ
ખાઈને કહું છું કે તેઓ પોતાનાં બાળકોને સુદ્ધાં બચાવી
નહીં શકે; પોતાના નીતિવંત આચરણથી તેઓ ફક્ત પોતાના
પ્રાણ બચાવી શકશે."

21યહોવા મારા માલિક કહે છે: "એ કેટલું વધારે ભયંકર
હશે, જ્યારે હું મારી ચારે ચાર આકરામાં આકરી શિક્ષાઓ
યરૂશાલેમના માણસોનો અને પશુઓનો સંહાર કરવા માટે
મોકલીશ- યુદ્ધ, દુષ્કાળ, રોગચાળો, અને જંગલી પશુઓ.
22છતાં તેઓમાંથી થોડા છટકી જવા પામશે અને તે પુત્ર
પુત્રીઓને બંધકો તરીકે બાબિલમાં લઈ જવાશે અને તેઓ
તમારી સાથે જોડાશે. ત્યારે તમે તેઓની ખરાબ વર્તણૂક
તમારી પોતાની આંખે નિહાળશો. ત્યારે તમે મારો
યરૂશાલેમનો વિધ્વંસ તથા જે પ્રત્યેક શિક્ષા મેં ત્યાં મોકલી
તે વિષે સમજશો. 23કારણકે તેઓ કેવા દુષ્ટ છે તે જોઈને
તમને ખાતરી થશે અને તમને સમજાશે કે મેં જે કઈં કર્યું છે
તે વગર કારણે કર્યું નથી." આ યહોવા મારા માલિકના
વચન છે.

## યરૂશાલેમ–દ્રાક્ષાવેલાનું રૂપક

15 ત્યારબાદ મને યહોવાની વાણી સંભળાઈ : 2"ઓ
મનુષ્યના પુત્ર, દ્રાક્ષાવેલાનું લાકડું જંગલમાંની
ઝાડની ડાળીના લાકડાં કરતાં કઈ રીતે સારું ગણાય? 3એના
લાકડામાંથી શું કશું બને છે? માણસ એમાંથી એક ખીંટી
પણ બનાવી શકે છે, જેના ઉપર કશું લટકાવી શકાય? 4એને
બળતણ તરીકે અગ્નિમાં નાખવામાં આવે છે ત્યારે તેના બંને
છેડા સળગવા લાગે છે અને વચ્ચેનો ભાગ ખાખ થઈ જાય
છે. પછી એ શા કામમાં આવે? 5બળતણ તરીકે વપરાયા
અગાઉ પણ તે બિનઉપયોગી હતું, હવે અગ્નિએ તેને બાળીને
ભસ્મ કર્યું છે, ત્યારે તેમાંથી શું ઉપયોગી ચીજ બની શકે?
6આથી યહોવા મારા માલિક કહે છે; જેમ મેં દ્રાક્ષાવેલને
લાકડા કરતાં વધારે બિનઉપયોગી બનાવ્યું છે અગ્નિમાં ઈંધણ
તરીકે વપરાતા કોઈપણ, લાકડાં કરતા પણ બિન ઉપયોગી,
તે પ્રમાણે હું યરૂશાલેમના લોકોનું પણ કરીશ.

7હું તેઓની વિરૂદ્ધ થઈ જઈશ, તેઓ એક આગમાંથી
બચી જશે તો પણ તેઓ બીજી વારની આગમાં બળી મરશે.
ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા છું. 8 એ લોકો મને
વિશ્વાસઘાતી નીવળ્યા છે, તેઓ મૂર્તિઓની પૂજા કરે છે
માટે હું તેઓના દેશને ઉજ્જડ કરી નાખીશ." એમ યહોવા
મારા માલિક કહે છે.

## ઈસ્રાએલના તિરસ્કારને પાત્ર કૃત્યો

16 ફરીવાર મને યહોવાની વાણી સંભળાઈ: 2તેમણે
મને કહ્યું, "હે મનુષ્યના પુત્ર, તું યરૂશાલેમને તેનાં
તિરસ્કારને પાત્ર કૃત્યો વિષે કહીં સંભળાવ. 3તેને કહે કે,
'યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે:' તારી ઉત્પત્તિ તથા
તારો જન્મ કનાનીઓના દેશમાં થયેલાં છે; તારા પિતા અમોરી
હતા અને માતા હિત્તી હતાં. 4તું જે દિવસે જન્મી તે દિવસે
તારી નાળ કાપનાર કે તને નવડાવનાર કે તને મીઠું ચોળનાર
કે તને કપડામાં લપેટનાર કોઈ નહોતું. 5કોઈને તારામાં
સ્હેજ પણ રસ ન હતો; તારા પર દયા કરે અને તારી કાળજી
લે તેવું કોઈ નહોતું. જે દિવસે તારો જન્મ થયો તે દિવસે તને

ખેતરોમાં નાખી દેવામાં આવી હતી. તું તિરસ્કૃત અને
ત્યજાયેલી હતી.
6"'એવામાં હું ત્યાંથી નીકળ્યો અને મેં તને તારા લોહીમાં
તરફડતી જોઈ. તું લોહીમાં ખરડાયેલી હતી ત્યારે મેં તને
જીવાડવાનું વિચાર્યુ. 7મેં તને ખેતરમાં ઊગેલા છોડની જેમ
ઉછેરી અને તું મોટી થતી થતી યુવાનીમાં પ્રવેશી. તારાં
સ્તન ભરાવદાર થયાં અને તારા વાળ પણ વધ્યા; તેમ છતાં
તું નગ્નાવસ્થામાં હતી. 8ફરી તારી પાસેથી હું નીકળ્યો ત્યારે
મેં તને જોઈ તો તું લગ્ન માટે પુખ્ત ઉંમરની બની ચૂકી હતી.
મેં મારો ઝભ્ભો તારા પર પસારીને તારી નગ્નતા ઢાંકી. મેં
તને ગંભીર વચન આપ્યું અને તારી સાથે કરાર કર્યો અને
તને મારી પત્ની બનાવી, અને તું મારી થઈ." આ યહોવા
મારા માલિકના વચન છે.

9"'ત્યાર પછી મેં તને પાણીથી નવડાવી અને તારુંલોહી
ધોઈ નાખ્યું અને મેં તારા શરીર ઉપર જૈતતેલ ચોપડ્યું.
10વળી મેં તને ભરતકામ કરેલાં વસ્ત્રો તથા ઉત્તમ ચામડાની
મોજડી પહેરાવ્યાં. મેં તારે માથે શણનો રૂમાલ બાંધ્યો અને
તને રેશમી વસ્ત્રો પહેરાવ્યાં. 11મેં તને કિંમતી આભૂષણો,
બંગડીઓ અને સુંદર નેકલેસ પહેરાવ્યાં. 12નાકમાં નથ અને
કાને કુંડળ પહેરાવ્યાં અને માથે રૂપાળો મોડ મૂક્યો.
13સોનાચાંદીના તારા અલંકારો હતાં. શણ, રેશમ અને
જરીયાનનાં તારાં વસ્ત્રો હતાં. ઉત્તમોત્તમ લોટ, મધ અને
જૈતતેલ તારો ખોરાક હતો. તેથી પહેલા કરતાં પણ તું વધારે
સુંદર લાગતી હતી. તું રાણી જેવી રૂપાળી લાગતી હતી અને
તું સાચે જ રાણી હતી! 14તારાં રૂપની સુંદરતાને કારણે તારી
ખ્યાતી સર્વ પ્રજાઓમાં પ્રસરી ગઈ હતી. તું સંપૂર્ણ સ્ત્રી લાગતી
હતી, કારણકે મેં તને સર્વ ભેટો આપી હતી."' એમ યહોવા
મારા માલિક કહે છે.

15દેવ કહે છે, "પણ તેં તારા રૂપનો અને તારી કીર્તિનો
લાભ લઈને વારાંગનાની જેમ વર્તીને જતાઆવતા દરેકને તેં
પોતાની જાત સોંપી દીધી. 16તેં તારાં વસ્ત્રોથી ટેકરી ઉપરનાં
થાનકોને સજાવ્યાં અને ત્યાં વારાંગનાનો ધંધો શરૂ કર્યો.
17તેં મારા આપેલાં સોનાચાંદીના અલંકારો લઈ તેમાંથી
પુરુષમૂર્તિઓ બનાવડાવી અને તેની સાથે તે વ્યભિચાર કર્યો.
18તેં મારાં આપેલાં જરીયાન વસ્ત્રો લઈને મૂર્તિઓને પહેરાવ્યાં
અને મારું તેલ અને મારો ધૂપ તેમને ચડાવ્યાં. 19મેં તને જે
ઉત્તમ લોટ, મધ અને તેલ ખાવા આપ્યાં હતાં તે તે તેમને
પ્રસન્ન કરવા ચડાવી દીધાં." આ યહોવાના વચન છે.

20દેવ કહે છે, "વળી મારાથી તને જે પુત્ર-પુત્રીઓ થયાં
હતાં તેઓને તેં તારાં દેવોની આગળ બલિદાન તરીકે આપ્યાં.
તું વારાંગના હતી એટલું જ શું તારે માટે પૂરતું નહોતું, 21કે તેં
મારાં બાળકોનો વધ કરીને તેઓની મૂર્તિની આગળ બલિદાન
કર્યા? 22તારા વ્યભિચાર અને પાપના આ બધાં વર્ષોમાં તે
કદી વિચાર કર્યો નહીં કે તારા બાળપણમાં તું નગ્ન હતી અને
લોહીમાં તરફડતી હતી.

23યહોવા મારા માલિક કહે છે, "તેથી તારા બધા ખરાબ
કૃત્યોના લીધે તારી પર આફત આવશે, ચૂકાદો આવી ગયો
છે, 24"તેં દરેક શેરીને ખૂણેખૂણે પૂજા સ્થાનો અને ધાર્મિક
વારાંગનાખંડ બનાવ્યા છે. 25અને ત્યાં તેં તારાં રૂપને ભ્રષ્ટ
કર્યું. જતા આવતા સૌને તારી કાયા સમર્પિત કરીને
વારાંગનાવૃત્તિ ચાલુ ને ચાલુ રાખી. 26તેં તારા કામાશક્ત
પડોશી મિસરીઓ સાથે વ્યભિચાર કરી તારી વારાંગનાવૃત્તિથી
મારો રોષ વહોરી લીધો. 27"અને હવે મેં તારી સામે મારો
હાથ ઉગામ્યો છે. મેં તારી ખોરાકી-પોશાકી ઘટાડી નાખી
છે અને તારા શત્રુઓના હાથમાં તને સોંપી દેવામાં આવી
છે. અરે પલિસ્તીઓની પુત્રીઓ તારી નિર્લજ વર્તણૂંકથી તું
શરમાઈ ગઈ છો. 28આટલાથી પણ તને સંતોષ ન થતાં તે
આશ્શૂરના લોકોની સાથે પણ વ્યભિચાર કર્યો. તેમની સાથે
વ્યભિચાર કર્યો છતાંય તું ધરાઈ નહીં. 29વળી તેં કનાન
દેશથી માંડીને ખાલદી દેશ સુધી તારો વ્યભિચાર વધારી
દીધો તેમ છતાંય તું તૃપ્ત થઈ નહીં. 30તેથી યહોવા મારા
માલિક કહે છે કે તારું હૃદય કેટલું દુષ્ટ છે કે તું આવાં કામ
કર્યા કરે છે. તું નફફટ વારાંગના છે." આ યહોવા મારા
માલિકના વચન છે.

31દેવ કહે છે, "તેં તારી મૂર્તિઓની વેદીઓ તથા
વારાંગનાગૃહ દરેક શેરીએ બંધાવ્યા છે. તું વારાંગના કરતાંય
ભૂંડી છે. તું બીજી વારાંગનાઓની જેમ પૈસા પણ લેતી
નથી. 32તું તો કુલટા જેવી છે, જે પોતાના પતિને છોડીને
પરપુરુષ સાથે સંબંધ બાંધે છે. 33વારાંગના તો પૈસા લે છે,
પણ તું તો તારા બધા પ્રેમીઓને ભેટ આપે છે, તું તો તેમને
બધેથી તારી સાથે વ્યભિચાર કરવા લલચાવી લાવવા લાંચ
આપે છે. 34તું બીજી વારાંગનાઓ કરતાં જુદી જ છે. કોઈ
તને પૈસા આપતું નથી પણ તું સામેથી તેઓને પૈસા આપે
છે. તું સાચે જ જુદા પ્રકારની છે."

35"તેથી હવે ઓ વારાંગના, યહોવાના વચન સાંભળ.
36આ યહોવા મારા માલિકના વચન છે: "તેં વસ્ત્રો ઉતારી
નાખી તારા દેહને નગ્ન કરી તારા પ્રેમીઓ અને તારી એ
ધૃણાજનક મૂર્તિઓ સાથે વ્યભિચાર કર્યો છે, તેં તારા બાળકોનો
વધ કરીને એ મૂર્તિઓને ભોગ ધરાવ્યો છે, 37આથી હું તારો
ઉપભોગ કરનાર બધા પ્રેમીઓને-જેઓને તું ચાહતી હતી
અને જેઓને તું ધિક્કારતી હતી તે સૌને ભેગા કરીશ. હું તને
તેઓની આગળ નગ્ન કરીશ, જેથી તેઓ તારી સર્વ નિર્લજ્જતા
જુએ. 38ખૂની અને વ્યભિચારી સ્ત્રીને જે પ્રમાણે શિક્ષા થાય
છે તેવી શિક્ષા હું તને કરીશ. કેમકે હું ક્રોધિત અને દ્વેષિત છું.
39તને અને તારા પ્રેમીઓને હું બીજા અનેક દેશોને સુપ્રત
કરીશ કે જે તારો નાશ કરે. તેઓ તારાં વારાંગનાગૃહો અને
મૂર્તિઓની વેદીઓને તોડી નાખશે અને તેઓ તારાં વસ્ત્ર
તારા શરીર ઉપરથી ઉતારી લેશે. તારાં સુંદર ઘરેણાં લઈ લેશે
અને તને શરમજનક નગ્ન અવસ્થામાં છોડીને ચાલ્યા જશે.
40તેઓ તારી સામે ટોળું લઈ આવશે અને તને ઈંટાળી કરશે
અને તલવારથી તારા ટુકડેટુકડા કરી નાખશે. 41તેઓ તારાં
મકાનો બાળી મૂકશે અને સ્ત્રીઓના ટોળાના દેખતાં તને
સજા કરશે. આમ, હું તારી વારાંગનાવૃત્તિનો અંત આણીશ
અને તારું પ્રેમીઓને ભેટ આપવાનું બંધ થઈ જશે. 42ત્યારે

મારો રોષ શમી જશે અને તારા ઉપરથી દાઝ ઊતરશે. પછી
હું શાંત પડીશ અને તારા ઉપર રોષે ભરાઈશ નહીં. 43તું
તારું બાળપણ ભુલી ગઈ છે અને તારાં કૃત્યોથી તેં મારો રોષ
વહોરી લીધો છે તેથી હું તને તારા કૃત્યો માટે સજા કરીશ. શું
આ સાચું નથી? કે તું બીજી બધી અધમ વસ્તુઓ ઉપરાંત
નિર્લજ વ્યભિચારમાં સંડોવાયેલી હતી?" આ મારા માલિક
યહોવાના વચનો છે.

44"જેવી મા તેવી દીકરી.' તે કહેવત સર્વ લોકો તારા માટે
વાપરશે. 45સાચે જ તું તારી માની દીકરી છે. જેણે તેના
પતિને અને તેના સંતાનોને ધિક્કાર્યા હતાં. તું તારી બહેનોની
સાચી બહેન છે, જેઓએ પોતાનાં પતિને અને સંતાનોને
ધિક્કાર્યા હતાં. તમે બધીજ હિત્તી મા અને અમોરી પિતાની
પુત્રીઓ છો. 46સમરૂન તારી મોટી બહેન છે, જે પોતાની
પુત્રીઓ સાથે તારી ઉત્તરે વસે છે. સદોમ તારી નાની બહેન
છે, જે પોતાની પુત્રીઓ સાથે તારી દક્ષિણે વસે છે. 47તેમને
પગલે ચાલી તેમનાં જેવા અધમ કૃત્યો કરી તું તૃપ્ત થઈ
નથી; થોડી જ વારમાં તું તેમના કરતાં પણ વધારે ખરાબ
રીતે વર્તવા લાગી. 48યહોવા મારા માલિક કહે છે કે સદોમ
અને તેની પુત્રીઓએ કદી જ તારી પુત્રીઓના જેટલી દુષ્ટતા
કરી નહોતી એ ખાતરીપૂર્વકની વાત છે."

49"તારી બહેન સદોમના પાપ આ પ્રમાણે હતાં; અભિમાન,
આળસ અને અન્નની પુષ્કળતા. તેથી તેઓ અભિમાની
થઈ ગઈ હતી. વળી તેઓ ગરીબોને કે દુ:ખીઓને કદી મદદ
કરતી નહોતી. 50તેઓ અભિમાની થઈ ગઈ હતી અને હું
જેને ધિક્કારું છું એવા કૃત્યો કરતી હતી; આથી મેં તેમને
ધરતી ઉપરથી ભૂંસી નાખી છે, એ તેં જોયું છે."

51દેવ કહે છે, "સમરૂને તો તારા કરતાં અડધાં પાપ પણ
કર્યા નહોતાં. તેં તારી બહેનો કરતાં એટલા બધાં વધુ અધમ
પાપ કર્યા છે કે તારી સરખામણીમાં તો તેઓ સારી લાગે છે.
52હવે તારે તારાં કૃત્યો માટે શરમાવું જોઈએ. તારાં પાપ
તારી બહેનોના પાપ કરતાં એટલા તો વધારે છે કે તેઓ
તારી તુલનામાં નિર્દોષ લાગે છે. તું તારી બહેનોને પણ
નિર્દોષ કહેવડાવે એવી છે એટલે જરૂર તારે લજ્જિત થઈને
ફજેતી વહોરીને ચાલવું પડશે."

53દેવ કહે છે, "પરંતુ એક દિવસ આવશે જ્યારે હું સદોમ
અને તેની પુત્રીઓની તથા સમરૂન અને તેની પુત્રીઓની
આબાદી પાછી આપીશ. વળી એ સાથે, ઓ યહૂદા, તારી
આબાદી પણ હું તને પાછી આપીશ. 54તેં જે કર્યું છે તેને
કારણે તારે લજ્જિત થઈને નામોશી પૂર્વક ચાલવું પડશે.
અને એ જોઈને તારી બહેનોને સાંત્વન મળશે. 55હા, જરૂર
તારી બહેનો સદોમ અને સમરૂન તથા તેઓના સર્વ લોકો
પહેલાં હતાં તેવા જ ફરીથી સમૃદ્ધ થશે અને યહૂદા પણ તે
દિવસોમાં સમૃદ્ધિ પામશે."

56તારા ઘમંડના દિવસોમાં જ્યારે તારી દુષ્ટતા ઉઘાડી પડી
નહોતી ત્યારે તું તારી બહેન સદોમની હાંસી નહોતી ઉડાવતી?
57આજે હવે અરામ અને પલિસ્તિ લોકો તારી હાંસી ઉડાવે
છે અને તારી આસપાસના બધાજ લોકો તને ધિક્કારે છે.
58હવે તારે તારા બીભત્સ અને અધમ કૃત્યોનાં પરિણામો
ભોગવવાં જ રહ્યાં." આ મારા માલિક યહોવાના વચન છે.

59યહોવા મારા માલિક કહે છે, "તારા આચરણ પ્રમાણે
જ હું તારી સાથે વર્તાવ કરીશ, કારણકે તું તારી પ્રતિજ્ઞાઓ
ભુલી ગઈ છે, અને તે કરારનો ભંગ કર્યો છે. 60છતાં હું એ
કરાર નહીં ભૂલું; તું જ્યારે જુવાન હતી ને મેં તારી સાથે જે
કરાર કર્યો હતો તેને હું અનુસરીશ. બીજી તરફ હું, તારી
સાથે કાયમી કરાર કરીશ. 61અને ત્યારે તને તારાં કુકર્મો
યાદ આવશે અને તું લજ્જિત થઈશ. જ્યારે તું તારી મોટી
અને નાની બહેનોને પાછી લઈ લઈશ, કારણ હું તારી બહેનોને
તારી પુત્રીઓ તરીકે પાછી આપનાર છું, જો કે એ તારી
સાથેના મારા કરારનો ભાગ નથી. 62તેથી હું તારી સાથે
મારો કરાર ફરીથી સ્થાપન કરીશ અને ત્યારે તું જાણશે કે હું
યહોવા છું. 63જ્યારે હું તને તારાં બધાં કૃત્યોની માફી આપીશ
ત્યારે તને તે બધાં યાદ આવશે અને તું શરમની મારી બોલી
પણ નહીં શકે." આ યહોવા મારા માલિકના વચન છે.

## ગરૂડનું દ્રષ્ટાંત–દ્રાક્ષના વેલાનું રૂપક

17 યહોવા તરફથી વાણી મને આ પ્રમાણે સંભળાઈ:
2"હે મનુષ્યના પુત્ર, તું ઈસ્રાએલી લોકો આગળ
એક ઉખાણું રજૂ કર અને તેમને આ બોધકથા કહે: 3તેઓને
જણાવ કે હું યહોવા, તેઓને આ કહું છું;

રંગબેરંગી પીંછાથી ઢંકાયેલું વિશાળ કદની પાંખોવાળું અને
લાંબા નહોરોવાળું એક મોટું ગરૂડ ઊડતું ઊડતું લબાનોનના
પર્વત ઉપર આવ્યું અને તેની ઉપરથી કેદારવૃક્ષની ટોચની
ડાળી લઈ ગયું.

4અને વૃક્ષની તે ડાળીને ટોચે રહેલી નવી ડાળો તેણે તોડી
નાખી કનાન દેશ લઈ જઈ વેપારીઓના નગરમાં રોપી.

5ત્યાર પછી તેણે એક બીજ તે જમીન પરથી લીધું અને
નદીકાંઠાની ફળદ્રુપ ભૂમિમાં વાવ્યું, જ્યાં પાણીનો તોટો
નહોતો. અને તેણે તે બીજને પાણી પાયું.

6વેલો વધવા લાગ્યો અને તે વધીને ઊંચો ન થયો પણ
બધી દિશામાં ફેલાઈ ગયો. તેની શાખાઓ ઉગી ત્યાં નવા
ફણગાં ફૂટ્યાં અને તેનાં મૂળ ઊંડા ગયાં. આખો વેલો ડાળો
અને કૂંપળોમાં ફેલાઈ ગયો.

7એવામાં બીજો એક મોટો ગરૂડ આવ્યો. તેની પાંખો
વિશાળ હતી. તેને પુષ્કળ પીછાં હતાં. પેલા દ્રાક્ષના વેલાએ
પોતાનાં મૂળીયાં તેના તરફ વાળ્યાં, ડાળીઓ તેના તરફ
ફેલાવી, એવી આશાએ કે તે એને જ્યાં ઊગેલો હતો તે
બગીચા કરતા વધારે પાણી પાશે.

8જો કે આ દ્રાક્ષાવેલો પુષ્કળ પાણીવાળો અને ફળદ્રુપ
જમીનમાં રોપેલો હતો. તેથી પુષ્કળ પાંદડાં અને ફળો તેને
લાગે તેમ હતું. અને તે ઊંચી પ્રકારનો દ્રાક્ષાવેલો બની શકે
તેમ હતું."

9"તું એમને કહે કે, આ યહોવા મારા માલિકના વચન
છે: આ વેલો ફૂલશેફાલશે ખરો? પેલો ગરૂડ એને મૂળમાંથી
ઉખેડી નાખી દ્રાક્ષો ઝૂડી નહીં લે? એ સુકાઈ નહીં જાય?

એના બધાં લીલાં ડાળપાંદડાં ચીમળાઈ નહીં જાય? એને મૂળમાંથી ઉખેડી નાખવા માટે જાજી જોરની કે બળવાન પ્રજાની જરૂર નહીં પડે?

10એને રોપ્યો છે એ ખરું,, પણ એ ફૂલશેફાલશે ખરો? જ્યારે પૂર્વના પવનો વાશે ત્યારે એ સુકાઈ નહીં જાય? જે બગીચામાં એ ઊગ્યો છે ત્યાં ને ત્યાં એ ચીમળાઈ નહીં જાય?"

11ત્યારબાદ યહોવાની વાણી મને સંભળાઈ: 12"તું તે બંડખોરોની જમાતને પૂછ; તમને આનો અર્થ સમજાય છે? તું એમને સમજાવ કે બાબિલનો રાજા યરૂશાલેમ આવીને રાજાને અને આગેવાનોને પોતાના નગર બાબિલમાં ઉપાડી ગયો. 13તેણે રાજાના કુટુંબના એક માણસ સાથે કરાર કર્યો અને તે પાળવાનું તેની પાસે વચન લીધું. 14એ દેશ પોતાનો તાબેદાર થઈને રહે, બળવો ન કરે, અને સંધિનું પાલન કરે એ માટે એ દેશના મુખ્ય માણસોને બાન તરીકે પકડી ગયો. 15પણ યહૂદાના રાજાએ તેની સામે બળવો કર્યો અને ઘોડાઓ અને મોટી સેના મેળવવા માટે દૂતોને મિસર મોકલ્યા, એ ફાવશે ખરા? સંધિનો ભંગ કરીને તે સજા વગર છટકી શકશે?"

16ના! યહોવા કહે છે કે "હું ખાતરી પૂર્વક કહું છું કે ઈસ્રાએલનો રાજા મૃત્યુ પામશે. જે રાજાએ તેને અધિકાર આપ્યો અને જેના કરારનો ભંગ કર્યો તે રાજાના દેશમાં એટલે બાબિલમાં સિદકિયા મૃત્યુ પામશે. 17જ્યારે બાબિલનો રાજા યરૂશાલેમની આસપાસ ઘેરો નાખશે અને ઘણાં લોકોની હત્યા કરવા માટે લશ્કરને ઊભું કરશે ત્યારે મિસરનો રાજા ફારુન અને તેનું વિશાળ સૈન્ય ઈસ્રાએલને સહાયરૂપ બની શકશે નહીં. 18તેણે પોતાની પ્રતિજ્ઞાનો અને કરારનો ભંગ કર્યો છે, જોકે તેણે આ બધું કર્યું છે એટલે તે છટકી શકશે નહીં." 19આથી યહોવા મારા માલિક કહે છે: "હું મારા જીવનના સમ ખાઈને કહું છું કે, એણે મારે નામે લીધેલી પ્રતિજ્ઞાનો અને સંધિનો ભંગ કર્યો છે તેનો બદલો લીધાં વગર હું નહીં છોડું. 20હું તેના પર મારી જાળ નાખીને તેને પકડી લઈશ અને હું તેને બાબિલમાં લઈ જઈશ અને મારી સાથે વિશ્વાસઘાત કરવા બદલ, હું તેને ન્યાયાલયમાં ઢસડી જઈશ. 21એનાં ચુનંદા યોદ્ધાઓ યુદ્ધમાં મરી જશે અને બાકી રહેલાઓ ચારે દિશામાં વેરવિખેર થઈ જશે. ત્યારે તમને ખબર પડશે કે આ હું યહોવા બોલ્યો છું."

22યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે:

"હવે હું પણ એરજ વૃક્ષની ટોચ પરની કુમળી ડાળી લઈને તેને ઈસ્રાએલમાં ઊંચામાં ઊંચા પર્વતના શિખર ઉપર રોપીશ.

23ઈસ્રાએલના ઊંચામાં ઊંચા પર્વતની ટોચે રોપીશ. એને ડાળીઓ ફૂટશે, ફળ બેસશે, અને એ ભવ્ય એરેજવૃક્ષ બનશે. તમામ પ્રકારના પંખીઓ એની વિશાળ શાખાઓની છાયામાં વાસો કરશે.

24વનનાં બધા વૃક્ષોને ખબર પડશે કે હું, યહોવા, ઊંચા વૃક્ષોને નીચાં કરું છું અને નીચા વૃક્ષોને ઊંચા કરું છું; લીલાં વૃક્ષને હું સૂકવી નાખું છું અને સૂકા વૃક્ષને હું ફરી લીલા બનાવું છું, આ મેં યહોવાએ કહ્યું છે અને હું તેમ કરીશ."

### જે પાપ કરે તે ભોગવે

18 મને ફરી યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2"ઈસ્રાએલમાં લોકો શા માટે આ કહેવતનો ઉપયોગ વારંવાર કરે છે?

"મા-બાપે ખાટી દ્રાક્ષ ખાધી અને દાંત છોકરાઓના ખટાઈ ગયા."

3યહોવા મારા માલિક કહે છે: "હું મારા નામના સમખાઈને કહું છું કે હવેથી ઈસ્રાએલ દેશમાં આ કહેવતનો ઉપયોગ થશે નહીં. 4એકેએક જીવ મારો છે. પિતા અને પુત્ર બંને મારે માટે સરખા છે. જે માણસે પાપ કર્યું હશે તે જ મૃત્યુ પામશે.

5"કોઈ સારો માણસ હોય, તે ન્યાય અને ધર્મ પ્રમાણે વર્તતો હોય. 6ઈસ્રાએલીઓની મૂર્તિઓની પૂજા કરતો ન હોય કે તેમનાં થાનકોમાં જઈને પ્રસાદ લેતો ન હોય, પાડોશી સ્ત્રીને ભ્રષ્ટ કરતો ન હોય કે રજસ્વલા સાથે વ્યભિચાર ન કરતો હોય, 7વળી તે કોઈના ઉપર જુલમ ગુજારતો ન હોય, ચોરી કરતો ન હોય; દેણદારે ગીરો મૂકેલી વસ્તુ પાછી આપતો હોય; ભૂખ્યાંને અન્ન અને વસ્ત્રહીનને વસ્ત્ર આપતો હોય, 8વ્યાજખોરી કરતો ન હોય, દુરાચારથી દૂર રહેતો હોય, માણસ- માણસ વચ્ચે પક્ષપાત કરતો ન હોય, 9મારી સૂચનાઓને જે અનુસરે છે અને મારા કાયદાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરે છે એવો માણસ ખરેખર સદાચારી છે, અને તે જરૂર જીવશે." આ સર્વસમર્થ યહોવાના વચનો છે.

10"પરંતુ જો તેનો પુત્ર લૂંટારો અથવા ખૂની હોય અને આમાંનું કોઈપણ પાપ કરે, 11અને પિતાએ કદી કર્યું ન હોય એવું બધું કરતો હોય; પર્વતો પર જઈને જૂઠી મૂર્તિઓની પૂજા કરતો હોય, તથા પડોશીની પત્ની સાથે વ્યભિચારમાં ડૂબેલો હોય, 12ગરીબો અને નિરાધારો ઉપર ત્રાસ કરતો હોય, લૂંટ કરતો હોય, પોતાના દેણદારોની ગીરો મૂકેલી વસ્તુ પાછી ન આપતો હોય, મૂર્તિઓ ઉપર દ્રષ્ટિ રાખી તેઓની પૂજા કરતો હોય, 13પોતાનાં નાણાં વ્યાજે આપતો હોય અને આકરું વ્યાજ લેતો હોય, તો શું તે જીવશે? ના, તે નહીં જીવે. તે તેનાં બધાં દુષ્કૃત્યોને લીધે માર્યો જશે. પોતાના પાપનું ફળ પોતેજ ભોગવવું પડશે.

14"પરંતુ જો આ માણસનો પુત્ર હોય અને તે પોતાના પિતાની દુષ્ટતા અને પાપો જોતો હોય પણ તે પ્રમાણે કરતો ન હોય. 15પર્વતો ઉપર મૂર્તિઓની આગળ ઉજાણીમાં જોડાતો ન હોય કે ઈસ્રાએલ પ્રજાની મૂર્તિઓ તરફ દ્રષ્ટિ કરતો ન હોય અને પાડોશીની સ્ત્રી સાથે વ્યભિચાર કરે નહીં, 16કોઈના ઉપર ત્રાસ કરે નહીં, ન્યાયપૂર્વક વર્તતો હોય ગિરવે મૂકેલી વસ્તુઓ તેના દેણદારોને પાછી આપતો હોય અને તેમને લૂંટતો ન હોય, પણ ભૂખ્યાઓને અન્ન અને જરૂરીયાતવાળાને વસ્ત્રો આપતો હોય. 17દુરાચારથી દૂર રહે છે, વ્યાજખોરી કરતો નથી, મારી આજ્ઞાઓ અનુસાર ચાલે છે અને મારા

નિયમો પાળે છે; તો એને એના પિતાના પાપો માટે મરવું
નહીં પડે; એ જરૂર જીવશે. 18પરંતુ એના પિતાએ અન્યાય
ગુજાર્યો હતો, ચોરી કરી હતી અને પોતાના લોકોનું ભૂંડુ કર્યુ
હતું. એટલે તેને તો પોતાનાં પાપને કારણે મરવું જ પડશે.

19"છતાં તમે પૂછો છો શા માટે પિતાનાં પાપોની શિક્ષામાં
પુત્ર ભાગીદાર નથી?' પુત્રે જે યોગ્ય છે તે કર્યુ છે અને ખૂબ
કાળજીપૂર્વક મારા નિયમોનું પાલન કર્યુ છે, તેથી તે જરૂર
જીવતો રહેશે. 20જે માણસ પાપ કરશે તે મરણ પામશે.
પુત્રને તેના પિતાનાં પાપોની શિક્ષા થશે નહીં, કે પિતાને
પોતાના પુત્રના પાપોની શિક્ષા થશે નહીં. ન્યાયી માણસને
પોતાની ભલાઈનો અને દુષ્ટ માણસને પોતાની દુષ્ટતાનો બદલો
મળશે.

21"પરંતુ જો કોઈ દુર્જન પાપનો માર્ગ છોડી દે અને મારા
બધા નિયમોનું પાલન કરે અને ન્યાય અને નીતિમત્તાને
માર્ગે ચાલે તો તે જરૂર જીવશે, તે મરશે નહીં; 22તેણે કરેલા
કોઈ પાપો સંભારવામાં આવશે નહીં, એ એનાં પુણ્યકર્મોને
કારણે જીવશે."

23"કોઈ દુષ્ટ માણસના મૃત્યુથી મને કઈં થોડો આનંદ
આવે? મને તો ઉલટું એ જ ગમે કે તે દુષ્ટતાનો માર્ગ છોડી દે
અને જીવે." આ યહોવા મારા માલિકના વચન છે.

24"તેમ છતાં જો કોઈ ન્યાયી માણસ પાપી જીવન તરફ
પાછો ફરે અને બીજા પાપીઓની જેમ વર્તે તો શું તે જીવતો
રહેશે? ના સાચેજ તે જીવશે નહીં. તેણે કરેલા ભૂતકાળના
સર્વ ભલાઈના કાર્યો સંભારવામાં આવશે નહીં. અને તે
પોતાના પાપોને કારણે મૃત્યુ પામશે."

25દેવ કહે છે, "છતાં તમે કહો છો કે, 'યહોવા અન્યાય
કરે છે.' ઓ ઈસ્રાએલીઓ સાંભળો; અન્યાય હું કરું છું કે
તમે કરો છો? 26જો કોઈ સારો માણસ પોતાની નીતિમત્તાને
છોડીને પાપ કરે છે અને મૃત્યુ પામે છે તો તેણે પોતે કરેલાં
પાપને કારણે જ તે મૃત્યુ પામે છે. 27અને જો કોઈ માણસ
પોતાની ભૂંડાઈથી પાછો ફરે અને મારા નિયમો પાળે તથા
પ્રમાણિકપણે વર્તે તો તે પોતાનો જીવ બચાવશે. 28તેણે વિચાર
કરીને પોતાનાં પાપોથી પાછા ફરવાનો અને સારું જીવન
જીવવાનો નિર્ણય કર્યો છે; તેથી તે જરૂર જીવશે, તે મૃત્યુ
પામશે નહીં."

29છતાં તમે ઈસ્રાએલીઓ કહો છો કે, "યહોવા અન્યાય
કરે છે,"

દેવ કહે છે, "ઓ ઈસ્રાએલના લોકો, અન્યાય તમે કરો
છો, હું નહીં. 30એટલે, ઓ ઈસ્રાએલીઓ, હું યહોવા મારા
માલિક, તમને કહું છું કે, હું, તમારો દરેકનો તેના વર્તન
ઉપરથી ન્યાય કરીશ. 31હૃદય પરિવર્તન કરો, પાપનો માર્ગ
છોડી દો, નહીં તો પાપ તમારો વિનાશ કરશે. તમારા બધાં
પાપોને ફગાવી દો, નવું હૃદય અને નવું મન પ્રાપ્ત કરો. ઓ
ઈસ્રાએલીઓ, તમે શાને માટે મરવા માંગો છો? 32કોઈનુંય
મૃત્યુ થાય તે જોઈને મને આનંદ થતો નથી, માટે હૃદય
પરિવર્તન કરો અને જીવો." આ યહોવા મારા માલિકના
વચન છે.

## ઈસ્રાએલ માટે આક્રંદ ગીત

19 યહોવાએ મને કહ્યું, "તું ઈસ્રાએલના આગેવાનો
માટે મરશિયા ગા.

2"'તારી માં કેવી સ્ત્રી હતી! તે તો હતી સિંહણ, સિંહોના
ટોળામાં રહીને પોતાના સંતાન ઉછેરતી હતી.

3તે સ્ત્રીએ એમાનાં એક સિંહના બચ્ચાંને* ઉછેર્યો અને
તે શક્તિશાળી સિંહ બની ગયો, પછી તે શિકાર કરતાં શીખ્યો
અને લોકોનો ભક્ષ કરવા લાગ્યો.

4બીજી પ્રજાઓએ એ સાંભળ્યું અને તેને ખાડામાં ફસાવ્યો.
તેઓ તેને બેડીઓ પહેરાવી મિસર લઈ ગયા.

5"'જ્યારે સિંહણે જોયું કે તેની આશાઓ ધૂળમાં મળી ગઈ
છે ત્યારે તેણે બીજા બચ્ચાંને* બધાં જંગલી પ્રાણીઓના
રાજા થવા માટે તાલીમ આપીને ઉછેરીને મોટો કર્યો.

6તે પણ મોટા સિંહોનો વનરાજ થયો, શિકાર કરતાં શીખ્યો
અને માણસોનો ભક્ષ કરવા લાગ્યો.

7તેણે કિલ્લાઓ તોડી પાડ્યા, નગરોને ખંઢેર બનાવી દીધાં;
અને તેની ગર્જનાથી દેશના લોકો ભયભીત થઈ ગયા.

8આજુબાજુના પ્રાંતના લોકોએ તેના ઉપર હુમલો કર્યો,
તેમણે જાળ નાંખીને તેને ખાડામાં પકડી લીધો.

9તેઓ તેને સાંકળે બાંધી પાંજરામાં પૂરીને બાબિલના
રાજા પાસે લઈ ગયા. ત્યાં તેને જેલમાં પૂરવામાં આવ્યો.
જેથી ઈસ્રાએલના પર્વતો ઉપરે તેની ગર્જના સંભળાતી બંધ
થઈ જાય.

10"'તારી માતા પાણીના ઝરા પાસે રોપેલા દ્રાક્ષના વેલા
જેવી હતી. પાણીની ખોટ નહોતી, એટલે તેને ખૂબ પાંદડાં
અને ફળ આવ્યાં.

11તેની ડાળીઓ એવી મજબૂત હતી કે તેના રાજદંડ
બને. વેલ વધતી વધતી આજુબાજુની જાડીથી ઉપર નીકળી
ગઈ, અને તેની ઘટા અને ઊંચાઈ સૌની નજરે ચડતી.

12પરંતુ તે દ્રાક્ષાવેલો કોપને લીધે ઉખેડી નાખીને ભોંયભેગો
કરવામાં આવ્યો, તેની ડાળીઓ ભાંગી નાખવામાં આવી.
પૂર્વ તરફથી ફૂંકાતા પવનોને કારણે તે સુકાઈ ગઈ અને તેનાં
ફળો તૂટી પડ્યા. સુકાઈ ગયેલી ડાળીઓ અગ્નિમાં ભસ્મીભૂત
થઈ ગઈ. 13હવે તેને સૂકા વેરાન અને નકામા રણમાં રોપવામાં
આવી છે. 14તેના થડમાંથી અગ્નિ પ્રગટીને તેની ડાળીઓ
અને ફળોને ભરખી ગયો છે. હવે એની ડાળીઓ ફરીથી
કદી મજબૂત નહીં થાય, અને તેમાંથી રાજદંડ પણ નહીં
બને.' આ શોકનું ગીત ભલે વારંવાર ગવાય. આ દુઃખદ ગીત
છે, જે વારંવાર ગવાતું આવ્યું છે."

## ઈસ્રાએલની બંડખોર કથા

20 સાતમા વર્ષના પાંચમા મહિનાના દસમાં દિવસે
ઈસ્રાએલના કેટલાક આગેવાનો પોતાના સવાલો
યહોવાને પૂછવા માટે મારી સમક્ષ આવીને બેઠા.

---

**એક સિંહનું બચ્ચું** રાજા યેહોનાઝના સંદર્ભે

**બીજું બચ્ચું** એટલે કે રાજા યેહોયાઆકીન.

2તે સમયે મને આ પ્રમાણે યહોવાની વાણી સંભળાઈ:
3"ઓ મનુષ્યના પુત્ર, તું ઈસ્રાએલના આગેવાનોને આ પ્રમાણે
કહે: 'આ યહોવા મારા માલિકના વચન છે: તમે મારા
મનની વાત જાણવા આવ્યા છો? હું મારા જીવના સમ
ખાઈને કહું છું કે હું તમને મારા મનની વાત નહીં કહું. આ
યહોવા મારા માલિકના વચન છે.' 4હે મનુષ્યના પુત્ર! શું તું
તેઓનો ન્યાય કરશે? તો તેઓને દોષિત ઠરાવ અને તેઓના
પિતૃઓનાં ધિક્કારપાત્ર કૃત્યો વિષે તેઓને જણાવ. 5હું તને
જણાવું છું તે તેઓને કહી સંભળાવ; 'ઈસ્રાએલની મેં પસંદગી
કરી ત્યારે મેં તેઓને વચન આપ્યું હતું તેમને દર્શન દીધાં
હતાં, ત્યારે મેં પ્રતિજ્ઞાપૂર્વક તેમને જણાવ્યું હતું કે, "હું તમારો
દેવ યહોવા છું. 6હું તમને મિસરની બહાર લઈ જઈ તમારે
માટે પસંદ કરેલા દેશમાં લઈ જઈશ, જે વિશ્વના દેશોમાં
સૌથી રળિયામણો છે અને જ્યાં દૂધ અને મધની રેલમછેલ
છે.

7"પરંતુ તમે જેના ઉપર મોહી પડ્યા છો તે ત્રાસજનક
મૂર્તિઓને તમારામાંના એકેએક જણે ફેંકી દેવી પડશે.
મિસરની મૂર્તિઓથી તમારે તમારી જાતને અશુદ્ધ કરવાની
નથી, કારણ, હું યહોવા જ તમારો દેવ છું."

8પરંતુ તેઓ મારી સામે થયા, મારું કહ્યું સાંભળવાની
તેમણે ના પાડી અને તેમનામાંના એક પણ જણે ન તો
ધૃણાજનક મૂર્તિઓ ફેંકી દીધી કે ન તો મિસરની
મૂર્તિઓનો ત્યાગ કર્યો. એટલે મિસરમાં જ તેમના ઉપર
મારો પૂરો રોષ ઉતારવાનો મેં વિચાર કર્યો હતો. 9પણ મેં
તેમ કર્યું નહીં, કારણ, જો મેં તેમ કર્યું હોત તો તે લોકો
જેમની વચ્ચે વસતા હતા તેમની નજરમાં મારું નામ
હલકું પડત, કારણકે તેમના દેખતાં જ મેં જાહેર કર્યું હતું
કે,' હું એ લોકને મિસરમાંથી બહાર લઈ જનાર છું.'
10આથી મેં તેમને મિસરમાંથી બહાર કાઢીને રણમાં
લાવીને મૂક્યા. 11મેં તેમને મારા નિયમો આપ્યા અને
મારી આજ્ઞાઓ સમજાવી. જેનું પાલન કરવાથી માણસ
જીવન પામે છે. 12તેઓ મારી પોતાની જ પ્રજા છે એની
એંધાણી રૂપે મેં તેમને ખાસ આરામના દિવસો આપ્યા,
તેથી તેઓ જાણે કે હું, યહોવા એજ એક છું કે જે તેમને
પવિત્ર બનાવે છે.

13'"પરંતુ ઈસ્રાએલીઓ રણમાં પણ મારી વિરૂદ્ધ થયા.
તેઓ માંરા નિયમની વિરૂદ્ધ ગયાં અને મારી સૂચનાઓનો
અસ્વીકાર કર્યો, જેનું પાલન કરવાથી માણસ જીવન પામે
છે. તેમણે ખાસ વિશ્રામવારોનો બહુ ખરાબ રીતે ભંગ કર્યો
છે. આથી, તેમના ઉપર મારો રોષ વરસાવીને રણમાં જ
તેમનો સંહાર કરવાનો મેં નિર્ણય કર્યો, 14પણ મેં તેમ કર્યું
નહીં, કારણ, જો મેં તેમ કર્યું હોત તો જે પ્રજાઓના દેખતાં હું
તેને મિસરમાંથી બહાર લઈ આવ્યો હતો તેમની નજરમાં
મારું નામ હલકું પડત. 15આથી મેં રણમાં પ્રતિજ્ઞા લીધી કે,
મેં તેમને જે ભૂમિ આપવાનું નક્કી કર્યું હતું જ્યાં દૂધ અને
મધની રેલમછેલ છે અને જે સૌથી રળિયામણી છે– ત્યાં હું
તેમને નહીં લઈ જાઉં.

16'"કારણ, તેમણે મારા કાનૂનોનો તિરસ્કાર કર્યો છે,
મારા નિયમોનો ભંગ કર્યો છે અને બહુ ખરાબ રીતે મારા
વિશ્રામવારનો ભંગ કર્યો છે, અને તેમના મન મૂર્તિઓ ઉપર
મોહી પડ્યાં છે. 17તેમ છતાં મને તેમના ઉપર દયા આવી.
મેં તેમનો સંહાર ન કર્યો, રણમાં જ તેમને બધાને પૂરા ન
કર્યા. 18મેં તેમનાં સંતાનોને કહ્યું, "તમારા પૂર્વજોના નિયમોને
અનુસરશો નહીં, તેમના હુકમોને અનુસરશો નહીં કે તેમની
મૂર્તિઓની પૂજા કરીને તમારી જાતને અશુદ્ધ કરશો નહીં.
19હું યહોવા, તમારો દેવ છું. તમારે મારી આજ્ઞાઓ પાળવાની
છે, મારા નિયમોને અનુસરવાનું છે અને તે પ્રમાણે ચાલવાનું
છે. 20વિશ્રામવારને તમારે પવિત્ર ગણીને પાળવો, જેથી તે
આપણી વચ્ચેના કરારની નિશાની બની રહે અને તમને
ખબર પડે કે હું યહોવા દેવ છું."

21'"પરંતુ તેઓનાં સંતાનોએ પણ મારી વિરૂદ્ધ બંડ કર્યું.
તેઓ મારા નિયમો પ્રમાણે ચાલ્યા નહીં અને મારા કાનૂનો
અનુસરવાની કાળજી રાખી નહીં. મારા કાયદાઓનું પાલન
કરવાથી માણસ જીવન પામે છે. વળી તેઓએ મારા
વિશ્રામવારને અપવિત્ર કર્યા. તેથી મેં રણમાં તેમના ઉપર
મારો રોષ વરસાવવાનો નિર્ણય કર્યો. 22પણ હું શાંત રહ્યો.
જો મેં એમ ન કર્યું હોત તો જે પ્રજાઓના દેખતા હું તેમને
મિસરમાંથી બહાર લાવ્યો હતો તેમની નજરમાં મારું નામ
હલકું પડત. 23આથી મેં રણમાં બીજી પ્રતિજ્ઞા કરી કે, હું
તેમને બીજી પ્રજાઓમાં વેરવિખેર કરી નાખીશ અને વિદેશી
ભૂમિઓમાં છોડી મૂકીશ.'

24'"કારણ, તેમણે મારા કાનૂનોનું ઉલ્લંઘન કર્યું છે, મારા
હુકમોનો ભંગ કર્યો છે, બહુ ખરાબ રીતે મારા વિશ્રામવારનો
ભંગ કર્યો છે અને તેમના પૂર્વજોની મૂર્તિઓની પૂજા કરી છે.
25 એટલું જ નહીં, મેં તેમને ખરાબ નિયમો પાળવા દીધા,
અને એવી આજ્ઞાઓ ઉઠાવવા દીધી જેનાથી જીવન પ્રાપ્ત
ન થાય. 26મેં તેમને પોતાનાં પહેલાં સંતાનોનો મૂર્તિઓને
ભોગ ચડાવી એ બલિથી જ અશુદ્ધ થવા દીધા. આમાં મારો
હેતુ તેમને સજા કરીને ખબર પાડવાનો હતો કે હું યહોવા
છું.' 27માટે, ઓ મનુષ્યના પુત્ર, તું ઈસ્રાએલીઓને કહે; 'આ
યહોવા મારા માલિકના વચન છે: તમારા પૂર્વજોએ એક
બીજી રીતે પણ મારું અપમાન કર્યું છે. તેઓ મારા પ્રત્યે
વિશ્વાસઘાતી નીવળ્યાં છે. 28મેં તેઓને જે દેશ આપવાનું
વચન આપ્યું હતું તે દેશમાં હું તેઓને લાવ્યો. ત્યાં તેઓએ
ઊંચા પર્વતો અને ઘટાદાર વૃક્ષો જોયાં. અને તે દરેકની આગળ
બલિદાનો, સુવાસીત ધૂપ અને પેયાર્પણો અર્પણ કરી તેઓએ
મને ક્રોધીત કર્યો છે. 29મેં તેઓને કહ્યું;' તમે જ્યાં જાઓ છો
તે ઉચ્ચસ્થાન શું છે? અને ત્યારથી તે 'ઉચ્ચસ્થાન' ડુંગર
પરના થાનકો કહેવાય છે.'"

30"હવે તું ઈસ્રાએલીઓને કહે કે, 'આ યહોવા મારા
માલિકના વચન છે: તમે તમારા વડવાઓની જેમ વર્તી ને
ભ્રષ્ટ થાઓ છો, તેમની ધૃણાસ્પદ મૂર્તિઓ પાછળ પડો છો,
31તેમની આગળ ભેટ ધરાવો છો અને તમારાં બાળકોને
અગ્નિમાં હોમો છો, અને છતાં તમે ઈસ્રાએલીઓ મારા મનની

વાત જાણવા આવો છો? હું મારા જીવના સમ ખાઈને કહું
છું, આ હું યહોવા તમારો માલિક બોલું છું, કે હું તમને
મારા મનની વાત જણાવનાર નથી. 32બીજી પ્રજાઓની
જેમ, વિદેશીઓની જેમ આપણે પણ લાકડાંના અને પથ્થરના
દેવોની પૂજા કરીશું.' તમારા મનમાં એવી જે ઈચ્છઓ તમે
ધરાવો છો તે હું સાચી પડવા દેનાર નથી.'"

33યહોવા મારા માલિક કહે છે કે, "હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું
કે મારા ક્રોધમાં અને મારા પરાક્રમમાં તથા સમર્થ ભુજા વડે
તમારા પર શાસન ચલાવીશ. 34તમે જે પ્રજાઓમાં વિખેરાઈ
ગયા છો ત્યાંથી હું તમને મારા ક્રોધથી અને મારા પરાક્રમથી
મારી સમર્થ ભુજા વડે બહાર લાવી એકત્ર કરીશ. 35હું
તમને પ્રજાઓની રણભૂમિમાં દોરી જઈશ અને ત્યાં મોઢામોઢ
તમારી સામે કામ ચલાવીશ. 36જેમ મેં મિસરના રણમાં
તમારા પૂર્વજોની સામે કામ ચલાવ્યું હતું તેમ અત્યારે તમારી
સામે ઉભો રહીને ચલાવીશ." આ યહોવા મારા માલિકના
વચન છે.

37"હું તને મારા દંડ નીચેથી પસાર કરીશ અને મારા
કરારની શરતોને આધીન રાખીશ. 38મારી વિરૂદ્ધ બંડ કરનાર
અને પાપમાં જીવનાર સર્વને હું તમારામાંથી દૂર કરીશ જ્યાં
તેઓ બંદીવાન છે તે દેશોમાંથી હું તેઓને બહાર લાવીશ,
પણ તેઓ ઈસ્રાએલમાં પ્રવેશ કરશે નહીં. ત્યારે તમે જાણશો
કે હું યહોવા છું."

39હવે, હે ઈસ્રાએલના કુળ, યહોવા, મારા માલિક તારા
માટે કહે છે: "જો તમે મને સાંભળવા માંગતા નથી અને
તમે તમારી મલિન મૂર્તિઓની પૂજા કરવા ચાહો છો, તો તમે
તેમ કરવાનું ચાલુ રાખો. પણ તમે તમારી મલિન મૂર્તિઓની
ભેટ આપીને, મારા પવિત્ર નામને હવે જરા પણ અભડાવશો
નહીં.

40યહોવા મારા માલિક કહે છે કે, "મારા પવિત્ર પર્વત
યરૂશાલેમમાં સર્વ ઈસ્રાએલી લોકો મારી ભક્તિ કરશે. ત્યાં
હું તમારો સ્વીકાર કરીશ અને તમારાં ઉપહાર અને તમારા
ઉત્તમ અર્પણો મારી પાસે લાવવા હું તમને એકઠા કરીશ.
41તમે જે દેશોમાં વિખેરાઈ ગયા હતા ત્યાંથી હું તમને એકઠા
કરીશ ત્યારે હું તમને સુવાસિત ધૂપની જેમ સ્વીકારીશ અને
સર્વ પ્રજાઓના દેખતાં હું તમારી મધ્યે પવિત્ર મનાઈશ.
42તમારા પિતૃઓને જે દેશ આપવાનું મેં પ્રતિજ્ઞાપૂર્વક વચન
આપ્યું હતું તે દેશોમાં હું તમને લાવીશ. ત્યારે તમે જાણશો
કે હું યહોવા છું. 43પછી, તમે યાદ કરશો કે, પહેલાં તમે
દુષ્કૃત્યો કરીને કેવા અશુદ્ધ થયા હતા અને તમે આચરેલા
પાપોને કારણે તમને તમારા પોતાના ઉપર ધૃણા પેદા થશે.
44"જ્યારે તમારા દુષ્ટ માર્ગો અને તમારા અધમ આચરણને
કારણે મારે તમારી સાથે જે રીતે વર્તવું જોઈએ તેમ ન કરતાં
મેં મારા નામને ગૌરવ અપાવે તેની વર્તણૂક તમારી સાથે
કરી છે એમ તમે જાણશો ત્યારે તમને ખાત્રી થશે કે હું
યહોવા છું." આ યહોવા મારા માલિકના વચન છે.

45પછી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 46"ઓ
મનુષ્યના પુત્ર, તું દક્ષિણ તરફ જો અને નેગેબના જંગલો
તરફ જોઈને ભવિષ્ય ભાખ. 47દક્ષિણના જંગલમાં જઈને
મારી ચેતવણી ઉચ્ચાર, તેમને કહે કે; 'યહોવાની વાણી સાંભળ;
આ યહોવા મારા માલિકના વચન છે; હું તને આગ લગાડું
છું એ તારા એકેએક લીલાં તેમજ સૂકાં વૃક્ષને સ્વાહા કરી
જશે. એને કોઈ ઓલવી નહીં શકે. એ દક્ષિણથી ઉત્તર સુધી
ફેલાઈ જશે અને એકેએક માણસનો ચહેરો એનાથી દાઝી
જશે. 48અને બધા માણસોને ખાતરી થશે કે એ આગ
પેટાવનાર હું, યહોવા છું અને એને ઓલવી શકાય એમ
નથી.'"

49પછી મેં કહ્યું, "ઓ યહોવા મારા માલિક, તેઓએ મને
કહ્યું, 'તું તો અમને ફક્ત કોયડાઓ જ કહે છે.'"

## યહૂદા પર બાબિલનું આક્રમણ

21 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ. 2"ઓ
મનુષ્યના પુત્ર, યરૂશાલેમ તરફ જો અને ઈસ્રાએલ
વિરૂદ્ધ અને મારા મંદિરની વિરૂદ્ધ પ્રબોધ કર. 3અને કહે:
યહોવા આ પ્રમાણે કહે છે: 'હું તારી વિરૂદ્ધ છું. હું મારી
તલવાર મ્યાનમાંથી ખેંચીશ અને તમારામાંથી સદાચારી
માણસોની તેમજ દુષ્ટોની હત્યા કરીશ. 4મારે તમારામાંના
ભલાભુંડા સૌ કોઈનો સંહાર કરવો છે માટે હું દક્ષિણથી
ઉત્તર સુધીના બધા સામે મારી તલવાર મ્યાનમાંથી બહાર
કાઢનાર છું. 5ત્યારે બધા માણસોને ખાતરી થશે કે મેં યહોવાએ
મ્યાનમાંથી તલવાર ખેંચી છે અને એ કદી પાછી મ્યાનમાં
જવાની નથી.'"

6"હે મનુષ્યના પુત્ર, ભગ્ન હૃદયથી, તીવ્ર શોકથી અને
અતિશય દુ:ખમાં તું મોટેથી રૂદન કર, લોકો આગળ તું પસ્તાવો
કર. 7તેઓ તને પૂછે કે 'તું શા માટે આક્રંદ કરે છે,' ત્યારે
તેઓને કહે: 'દેવે આપેલા સમાચારને લીધે જ્યારે એમ થશે
ત્યારે હિંમતવાન માણસ પણ ભાંગી પડશે અને તેની તાકાત
ચાલી જશે. દરેક વ્યક્તિ નિર્ગત થશે. મજબૂત ઘૂંટણો પણ
થરથરશે અને પાણીના જેવા થઈ જશે.' યહોવા મારા માલિક
કહે છે તમારા પર શિક્ષા આવી રહી છે. મારા ન્યાય ચુકાદાઓ
પરિપૂર્ણ થશે."

## તલવાર તૈયાર છે

8યહોવાની વાણી મને આ પ્રમાણે સંભળાઈ: 9"ઓ
મનુષ્યના પુત્ર, મારી ચેતવણી સંભળાવ તું લોકોને એમ
કહે કે, 'આ યહોવા મારા માલિકના વચન છે:

"'તલવાર! હા, તેને ધારદાર અને ચમકતી બનાવવામાં
આવી છે.

10સંહાર કરવા માટે તેને ધારદાર બનાવેલી છે. વીજળીની
જેમ ચમકારા મારે તેવી તેને બનાવી છે. અજેય રહેનાર
યહૂદાના રાજદંડમાં શું આપણે આનંદ મનાવીશું? પરંતુ એ
બાબિલની તલવાર એવા પ્રત્યેક રાજદંડને તુચ્છકારે છે.

11તલવાર ચકચકતી બનાવાઈ છે. તેનો ઉપયોગ કરવા
માટે જલ્લાદના હાથમાં સોંપવા માટે તેને ધારદાર અને
ચકચકતી બનાવાઈ છે.

12"'ઓ મનુષ્યના પુત્ર, તું અતિશય દુ:ખને કારણે મોટેથી
પોક મૂક અને રૂદન કર, કારણકે તે તલવાર મારા લોકોની
અને તેઓના સર્વ આગેવાનોની હત્યા કરશે. સર્વ મરણ
પામશે માટે તારી છાતી કૂટ. 13હું તેઓની કસોટી કરીશ.
જેને તલવાર તિરસ્કારે છે તે યહૂદાના રાજદંડનો અંત આવશે
તો શું?'" એમ યહોવા મારા માલિક કહે છે.
14"ઓ મનુષ્યના પુત્ર, મારી ચેતવણી સંભળાવ, તું બે
હાથે જોરથી તાળી પાડ,

"આ એ તલવાર છે જે એક શરીર પરથી બીજા શરીર પર જાય છે. એ તલવાર સંહાર કરનારી છે, એ પ્રાણ હરનારી તલવાર છે. એ સર્વત્ર ભય ફેલાવનારી તલવાર છે, એને જોઈને લોકો હિંમત હારી જાય છે.
15બધા હૃદયમાં આતંક લાવવા માટે અને ઘણા લોકોને
લથડાવીને નીચે પાડવા માટે, મેં તેઓની નગરીને દરવાજે-
દરવાજે તલવાર લટકતી રાખી છે, જે વીજળીની જેમ ઝળકે
છે અને સંહાર કરવાને સજ્જ છે.
16ઓ તલવાર, તું તારી ડાબી બાજુ અને તારી જમણી
બાજુ સંહાર કર. જે બાજુ તું ફરે તે બાજુ સંહાર કર.
17હું પણ તાળી પાડીશ અને મારા ક્રોધને શાંત પાડીશ,
હું આ બોલ્યો છું."

## યરૂશાલેમના માર્ગને પસંદ કરવું

18પછી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ. 19"ઓ
મનુષ્યના પુત્ર, બાબિલનો રાજા પોતાની તલવાર સાથે જ્યાં
થઈને આવી શકે એવા બે રસ્તા દોર બંને રસ્તા એક જ
દેશમાંથી નીકળવા જોઈએ. જ્યાં રસ્તા ફંટાતા હોય ત્યાં
નિશાન મૂક. 20એક એંધાણી રાજાને અમ્મોનીઓના નગર
નો માર્ગ બતાવે, અને બીજી એંધાણી યહૂદાનો, ઠેઠ યરૂશાલેમ
સુધીનો માર્ગ બતાવે. 21બાબિલનો રાજા જ્યાં રસ્તો ફંટાય
છે ત્યાં નિશાન આગળ ઊભો છે. કયે રસ્તે જવું તે જાણવા
માટે તે બાણ હલાવે છે, મૂર્તિઓને પ્રશ્ન કરે છે અને વધેરેલા
પ્રાણીનું કાળજું તપાસે છે.
22"તેના જમણા હાથમાં આવેલું બાણ યરૂશાલેમનું છે.
ત્યાં તે કિલ્લો તોડવાના યંત્રો ગોઠવશે અને હત્યા કરવા
હુકમ આપશે. દરવાજા તોડવાના યંત્રો ગોઠવાશે અને માટીના
ગઢ ઊભા કરાશે, અને ખાઈઓ ખોદશે. 23યરૂશાલેમના
લોકોએ સંધિઓ કરી છે એટલે તેઓ આ બધું નહીં માને;
પણ એ તો તેમના પાપોની ખબર લેશે; તેઓ દુશ્મનના
હાથમાં પડવાના જ છે, પછી તેઓને બંદીવાન તરીકે લઈ
જવાશે."
24તેથી હું યહોવા મારા માલિક, કહું છું કે, "ઓ યરૂશાલેમ
નગરી, તારાં પાપોની ખબર લેવાઈ રહી છે. સૌ કોઈ જાણે
છે કે તું કેવી દોષીત છે. તારા એકેએક કાર્યમાં તારાં પાપ
પ્રગટ થાય છે. તારાં પાપોની ખબર લેવાઈ રહી છે અને તું
તારા દુશ્મનોના હાથમાં પડવાની જ છે. 25ઓ ઈસ્રાએલના
દુષ્ટ અને અધમ રાજા, તારા દિવસો પણ ભરાઈ ચૂક્યા છે,
તારી શિક્ષાનો અંતિમ દિવસ આવી પહોંચ્યો છે."

26યહોવા મારા માલિક કહે છે: "તારી પાઘડી અને મુગટ
ઉતાર. હવે પહેલાના જેવી સ્થિતિ રહેવાની નથી. જે નીચે
છે તે ઊંચે જશે અને જે ઊંચે છે તેને નીચે પાડવામાં આવશે.
27હું નગરીને ખંઢેર બનાવી દઈશ. ખંઢેર! પણ આ નગરીને
સજા કરવા માટે જે માણસ નક્કી થયો છે તે આવે નહીં ત્યાં
સુધી આ બનવાનું નથી. હું તે સર્વ તેને આપીશ."

## આમ્મોન વિરૂદ્ધ ભવિષ્યવાણી

28"ઓ મનુષ્યના પુત્ર, તું આમ્મોનીઓ વિરૂદ્ધ પ્રબોધ
કર. કારણકે તેઓએ મારા લોકોની તેમની વિકટ પરિસ્થિતિમાં
હાંસી ઉડાવી છે. તેઓને આ પ્રમાણે કહે:

"'તમારી વિરૂદ્ધ પણ ધારદાર, ચમકતી તલવાર ખુલ્લી કરવામાં આવી છે, તે વીજળીની જેમ ચમકારા મારે છે.
29તમારાં દર્શન જૂઠાં છે. ભવિષ્યવાણી ખોટી છે. તમે દુષ્ટ
છો, અધમ છો; તમારા દિવસો ભરાઈ ચૂક્યા છે, કારણકે
તમારી શિક્ષાનો અંતિમ દિવસ આવી પહોંચ્યો છે. તલવાર
તમારી ડોક પર પડનાર છે.

## બાબિલ વિરૂદ્ધ ભવિષ્યવાણી

30"'તારી તલવારને તેના મ્યાનની અંદર પાછી મૂકી દે!
તમારા દેશમાં, જ્યાં તમારો જન્મ થયો હતો ત્યાં જ હું
તમારો સંહાર કરીશ. 31હું મારો કોપ તમારા પર રેડી દઈશ
અને જ્યાં સુધી મોટી આગ ના ભભૂકે ત્યાં સુધી હું મારો
કોપરૂપી અગ્નિ તમારા પર મોકલીશ. સંહાર કરવામાં કુશળ
અને સ્વભાવે ક્રુર માણસોના હાથમાં હું તમને સોંપી દઈશ.
32તમે અગ્નિમાં ઈંધણની જેમ હોમાઈ જશો. તમારા પોતાના
દેશમાં તમારું લોહી રેડાશે. તમારું કોઈ નામોનિશાન નહીં
રહે. હું યહોવા આ બોલ્યો છું.'"

## યરૂશાલેમના પાપો

22 યહોવાની વાણી મને આ પ્રમાણે સંભળાઈ: 2"ઓ
મનુષ્યના પુત્ર, તું તેણીનો ન્યાય તોળવા તૈયાર
છે? તો તું યરૂશાલેમ ઉપર તે 'ખૂનીઓની નગરી' છે તેવો
આરોપ મૂક પછી તેણે આચરેલા બધા ભયંકર કૃત્યો વિષે
તેને જણાવ. 3તે નગરને જણાવ કે 'યહોવા મારા માલિક
તમને કહે છે: પોતાની મધ્યે ઘણાં લોકોનાં ખૂન કર્યા છે
અને મૂર્તિઓની પૂજા કરીને પોતાને ભ્રષ્ટ કર્યા છે.
4"'એ કારણને લીધે તારા નાશનો સમય પાકી ચૂક્યો છે.
એ ખૂનની જવાબદારી તારી છે અને તેં જ બનાવેલી મૂર્તિઓથી
તું ભ્રષ્ટ થયેલી છે, તેથી તારી ઘડી ભરાઈ ચૂકી છે. તારું
આવી બન્યું છે! આથી જ મેં તેને બધી પ્રજાઓની હાંસીનો
અને બધા દેશોના ઉપહાસનો વિષય બનાવી છે. 5દૂરના
અને નજીકના દેશો તારી હાંસી ઉડાવશે તું ઘણી બદનામ
થયેલી છે. તું હિંસાથી ભરેલી છે.
6"'તારા કિલ્લાની અંદર રહેનાર ઈસ્રાએલના પ્રત્યેક
આગેવાને પોતાના હાથનો ઉપયોગ લોહી વહેવડાવવામાં
કર્યો છે. 7તારામાં કોઈ માતાપિતાને માન આપતું નથી.

વિદેશીઓને સુરક્ષા માટે નાણાં ચૂકવવા ફરજ પાડે છે. અને
અનાથો તથા વિધવાઓ ઉપર ત્રાસ ગુજારે છે. 8હું જે કંઈ
પવિત્ર માનું છું તેને તું ધિક્કારે છે. અને મારા ખાસ
વિશ્રામવારો નું ઉલ્લંઘન કરે છે. 9તારે ત્યાં લોકો ખોટી
અફવાઓ ફેલાવે છે અને ખૂનો કરાવે છે, પર્વત ઉપરના
થાનકોએ જઈને બલિદાનો અર્પણ કરે છે.

"'તારે ત્યાં લોકો જાતિય પાપો આચરે છે. 10ઘણા પુરુષો
પોતાના પિતાની પત્નીઓ સાથે વ્યભિચારમાં ડૂબેલા હોય
છે. અને તેમાંના ઘણા તો સ્ત્રીઓ પર ઋતુકાળ દરમ્યાન
બળાત્કાર કરે છે. 11કેટલાંક પુરુષો બીજા પુરુષોની પત્નીઓ
સાથે ભયાનક કુકર્મો કરે છે, તો કોઈ પોતાની પુત્રવધૂને
ભ્રષ્ટ કરે છે; કોઈ તેની પોતાની બહેન પર એટલે કે પોતાના
બાપની પુત્રી પર બાળાત્કાર કરે છે.

12"'તારે ત્યાં લોકો પૈસા લઈને ખૂન કરે છે, પોતાના
ઈસ્રાએલી ભાઈઓને ધીરેલા નાણા ઉપર વ્યાજ લે છે અને
નફા માટે તેમની પાસે વધારે ભાવ પડાવે છે, મને તો તું
ભૂલી જ ગઈ છે.' આ યહોવા મારા માલિકના વચન છે.

13"'તમે અપ્રમાણિક નફો મેળવ્યો છે અને તમારી મધ્યે
લોહી વહેવડાવ્યું છે. તેથી હું રોષમાં હાથ પછાડીશ. 14હું
તારી ખબર લઈશ ત્યારે તારી હિંમત ટકી રહેશે ખરી? તારું
બળ કાયમ રહેશે ખરું? કારણકે હું યહોવા બોલ્યો છું અને
મેં જે કંઈ કહ્યું છે તે સર્વ હું કરી બતાવીશ. 15હું તમને
બીજી પ્રજાઓમાં અને વિદેશોમાં વેરવિખેર કરી નાખીશ
અને તમે જે મલિનતામાં ખૂપેલા છો તેને હું સંપૂર્ણ પણે દૂર
કરીશ. 16બીજી સર્વ પ્રજાઓ આગળ તમે અપમાનિત થશો
અને ત્યારે તમે જાણશો કે હું યહોવા છું.'"

## ઈસ્રાએલ કામવગરના કચરાની જેમ છે

17મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 18"ઓ
મનુષ્યના પુત્ર, ઈસ્રાએલીઓ મારે માટે કચરા જેવા નકામા
છે. તેઓ ચાંદીને શોધ્યા પછી ભઠ્ઠીમાં રહેલા તાંબા, કલાઈ,
લોઢા અને સીસા જેવા છે. 19આથી હું યહોવા માલિક કહું
છું કે 'તમે બધા એ કચરા જેવા નકામા છો એટલે હું તમને
યરૂશાલેમમાં ભેગા કરીશ. 20જેમ ચાંદી, પિત્તળ, લોખંડ,
સીસા અને જસતને શુદ્ધ કરવા માટે ભઠ્ઠીમાં અગ્નિ વડે
ગળાય છે, તેવીજ રીતે હું તમને મારા રોષમાં ભેગા કરીને
તમને ભઠ્ઠીમાં ઓગળવા માટે મૂકી દઈશ. 21તેવી જ રીતે હું
મારા ક્રોધ અને રોષમાં તમને ભેગા કરીને ઓગાળીશ. તમે
મારા રોષની ભડભડતી ભઠ્ઠીમાં ઓગળી જશો. 22જેમ ચાંદી
ભઠ્ઠીના અગ્નિથી ઓગળી જાય તેમ તમે મારા રોષના અગ્નિથી
ઓગળી જશો. ત્યારે તમે જાણશો કે મેં યહોવાએ મારો કોપ
તમારા પર રેડ્યો છે.'"

## હઝકિયેલ યરૂશાલેમ વિષે બોલે છે

23ફરીથી યહોવાની વાણી મને આ પ્રમાણે સંભળાઈ:
24"ઓ મનુષ્યના પુત્ર, તું એ ભૂમિને કહે: તુ એક અશુદ્ધ
ભૂમિ છે જે ભૂમિ પર કોપના દિવસે વરસાદ વરસતો નથી.
25શિકાર ફાડી ખાનાર ગર્જના કરતા સિંહની જેમ તારા
'પ્રબોધકો' એ તારી વિરૂદ્ધ જાળ પાથરી છે. તેઓ ઘણાં જીવોને
હડપ કરી ગયા છે. તેઓ બળજબરીથી ખજાનો અને
સંપત્તિ પડાવી લે છે. તેઓ આ દેશમાં વિધવાઓનો વધારો
કરે છે.

26"તારા યાજકોએ ખરેખર મારા શિક્ષણનો ભંગ કર્યો છે
અને જે પવિત્ર છે તેને ભ્રષ્ટ કર્યું છે. તેઓએ પવિત્રતાને
અપવિત્રતાથી દુર કરી છે. તેઓ શુદ્ધ અને અશુદ્ધ વચ્ચેનો
ભેદ શિખવતા નથી. તેઓ મારા ખાસ વિશ્રામવારનું અપમાન
કરે છે તેથી હું તેઓની વચ્ચે અપવિત્ર બન્યો છું.

27"નગરીના અમલદારો શિકારની ચીરફાડ કરતાં વરુઓ
જેવા છે; તેઓ ખૂનરેજી કરે છે, લોકોને મારી નાખીને તેમની
મિલકત લૂંટીને અપ્રામાણિક લાભ મેળવે છે.

28"તેમના પ્રબોધકો દરેક વસ્તુઓ ઉપર વ્યર્થ ચૂનો ઘોળે
છે. તેઓ પોકળ દર્શનો જુએ છે અને અસત્ય બોલે છે –
તેઓ કહે છે, 'આ યહોવા મારા માલિકના વચન છે, પછી
ભલે, મેં તેમને કંઈ કહ્યું ન હોય.

29"સામાન્ય લોકો પણ જુલમમાં ડુબેલા હોય છે, તેઓ
ગરીબો અને જરૂરતમંદોને લૂંટે છે અને વિદેશીઓને ન્યાયથી
વંચિત રાખીને તેમની સાથે દુર્વ્યવહાર કરે છે.

30"મેં તેમનામાં એવો માણસ શોધવાનો પ્રયત્ન કર્યો જે
દિવાલ બાંધી શકે, જે દિવાલમાં પડેલાં ગાબડા પાસે ઊભો
રહી મારાથી દેશનું રક્ષણ કરે – જે તેનો નાશ કરવા માટે
તૈયાર હોય, પણ હું એવા કોઈને પણ શોધી ન શક્યો. 31આથી
હું તમારા ઉપર મારો ક્રોધ રેડી દઈશ. હું મારા ક્રોધ રૂપી
અગ્નિથી તમને બાળીને ભસ્મ કરીશ. તમે કરેલા સર્વ કુકર્મોને
માટે હું તમને જવાબદાર ઠરાવીશ." આ યહોવા મારા
માલિકના વચન છે.

## વ્યભિચારનું ઉદાહરણ

23 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2તેમણે
કહ્યું; "હે મનુષ્યના પુત્ર, બે બહેનો હતી. 3તેઓ
યુવાન હતી ત્યારે મિસરમાં રહેતી હતી જે વારાંગના બની
ગઈ હતી, ત્યાં જ તેમને ચુંબન, આલિંગન અને સ્તનોના
મર્દનનો અનુભવ થઈ ચૂક્યો હતો અને તેમનું કૌમાર્ય હરાઈ
ચૂક્યું હતું. 4મોટીનું નામ ઓહલાહ હતું અને નાનીનું નામ
ઓહલીબાહ હતું. તેઓ બંને મારી થઈ અને મારાથી તેમને
સંતતિ થઈ. ઓહલાહ એટલે સમરૂન અને ઓહલીબાહ
એટલે યરૂશાલેમ.

5"ઓહલાહ મારી થઈ હતી છતાં તેણે વારાંગનાવૃત્તિ ચાલુ
રાખી. તે આશ્શૂરના યોદ્ધાઓ ઉપર મોહી પડી હતી. 6એ
બધા જુવાન હતા, રૂપાળા હતા અને જાંબલી રંગના પોશાકમાં
શોભતા હતા. કોઈ લશ્કરી અમલદાર હતા. કોઈ અધિકારીઓ
હતા, કોઈ ઘોડેસ્વાર હતા. 7તેથી તેણે પસંદ કરેલા આશ્શૂરી
પુરુષો સાથે વ્યભિચારનું પાપ કર્યુ. તેણીએ તેઓની મલિન
મૂર્તિઓની પૂજા કરીને પોતાની જાતને અશુદ્ધ કરી. 8મિસરમાં
તેણે વારાંગનાવૃત્તિ શરૂ કરી હતી, ત્યાં તે નાની હતી ત્યારથી

જ માણસો તેની સાથે સૂતા અને તેને ચુંબન, આલિંગન કરી
તેની સાથે વ્યભિચાર કરતાં અને એ જ તેણે ચાલુ રાખ્યું.
9તેથી મેં તેણીને આશ્શૂરીના માણસના હાથમાં સોંપી દીધી
જેઓ માટે તેણી તલસતી હતી. 10તેઓએ તેના કપડાં ઉતારી
લીધા. તેને મારી નાખી અને તેના સંતાનોને પોતાના ગુલામો
તરીકે લઈ ગયા. તે એક પાપી સ્ત્રી તરીકે સમગ્ર દેશની
સ્ત્રીઓમાં કુખ્યાત બની. કારણકે તેના આચરણ પ્રમાણે તેને
યોગ્ય શિક્ષા થઈ હતી.

11"તેની બહેન ઓહલીબાહે આ બધું જોયું હતું તેમ છતાં
તે વધુ કામાસક્ત નીકળી અને વારાંગનાવૃત્તિમાં તેની બહેનને
પણ ટપી ગઈ. 12તે આશ્શૂરના ઉમરાવો અને સેનાપતિઓ
ભભકાદાર પોશાક પહેરેલા સૈનિકો અને ઘોડેસ્વારો ઉપર
મોહી પડી. એ બધા રૂપાળા જુવાનો હતા. 13મેં જોયું કે તે
તેની મોટી બહેનના પગલે જ ચાલતી હતી અને તેના જેવા
જ અધમ કૃત્યો તે આચરતી હતી.

14"તેણે વધુ ને વધુ વ્યભિચાર કર્યો કારણકે તેણે ભીત
ઉપર સિંદૂરથી ચિતરેલા બાબિલના અમલદારોના ચિત્રો
જોયાં. 15તેમણે કમરે કમરબંધ અને માથે સુંદર સાફા
બાંધેલા હતા. એ બધાજ અધિકારીઓ તરીકે ઉત્તમ લાગતાં
હતાં તેઓ બાબેલના ગૌરવ અને ખલિદીયો ના વતની જેવા
સુંદર લાગતા હતા. 16જ્યારે તેણે આ ચિત્રો જોયાં ત્યારે તે
આ ચિત્રોમાંના પુરુષો માટે ઝંખવા લાગી અને તેઓ પોતાની
પાસે આવે માટે તેમને બોલાવવા માટે બાબિલ
સંદેશાવાહકો મોકલ્યા. 17બાબિલવાસીઓ આવ્યા અને તે
સ્ત્રીને લઈને પથારીમાં સુઈ ગયા જેમકે તે વારાંગના હોય
અને તેમ તેને ભ્રષ્ટ કરી અને તેણી ખીજવાઈને તેમનાથી
દૂર નાસી ગઈ .

18"આમ તે ઉઘાડેછોગ વ્યભિચાર કરતી હતી તેથી છેલ્લે
હું તેની બહેનથી કંટાળી ગયો હતો તેટલો જ તેનાથી કંટાળી
ગયો. 19તે વારાંગનાવૃત્તિમાં આગળ ને આગળ વધતી ગઈ,
અને પોતે જુવાન હતી ત્યારે મિસરમાં જેમ વારાંગનાવૃત્તિ
કરતી હતી તેમ કરવા લાગી. 20તેણી પોતાના મિસરના
પ્રેમીઓને ઝંખતી હતી જેમની પુરુષ ઈંદ્રિયો ગધેડાની ઈંદ્રિયો
જેવી હતી અને જેઓ ઘોડાઓની જેમ વીર્યસ્ત્રાવ કરતાં
હતાં.

21"તારી જુવાનીમાં મિસરમાં તું વ્યભિચારમાં ડૂબેલી રહેતી
હતી અને દેહસુખ માણ્યા કરતી હતી, એ બધું તારે પાછું
માણવું હતું. 22આથી, ઓહલીબાહ, હું યહોવા માલિક, કહું
છું કે, 'તારા જે પ્રેમીઓથી તું કંટાળી ગઈ છે તેમને જ હું
તારી સામે ઉશ્કેરીશ અને ચારેબાજુથી તને ઘેરી વળવા તેમને
ભેગા કરીશ. 23હું બધા બાબિલવાસીઓને અને
ખાલદીવાસીઓને તથા પકોદ, શોઆને અને કોઆના
માણસોને, તેમ જ બધા આશ્શૂરવાસીઓને, બધા રૂપાળા
જુવાનોને, રાજ્યપાલોને અને ઉમરાવોને, રથના સારથિઓને
અને ઘોડેસ્વારોને ભેગા કરીશ. 24તેઓ તારી વિરૂદ્ધ રથો,
ગાડાં અને વિશાળ સૈન્ય સાથે શિરસ્ત્રાણ ઢાલ અને ભાલા
સાથે તારી ઉપર આક્રમણ કરવા ચઢી આવશે તેઓ શસ્ત્રસજ્જ
માણસો વડે તને ચારેબાજુથી ઘેરી લેશે. હું તેઓ સમક્ષ
મારી બાબત રજૂ કરીશ અને તેઓને યોગ્ય લાગે તેવો વર્તાવ
તેઓ તારી સાથે કરશે. 25હું તારા ઉપર રોષે ભરાયો છું. તેથી
તેઓ તારા ઉપર રોષ ઉતારશે. તેઓ તારા નાક કાન કાપી
નાખશે, તેઓ તારા પુત્ર-પુત્રીને તારી પાસેથી લઈ લેશે.
અને બાકીનું બધું અગ્નિમાં ભક્ષ્મ થઈ જશે. 26તેઓ તારા
સુંદર પોશાક અને આભૂષણો તારી પાસેથી છીનવી લેશે.
27હું તારા સપનાઓનો અને મિસરમાં શરૂ કરેલાં વ્યભિચારનો
અંત લાવીશ. એટલે તું હવેથી તેઓને ક્યારેય તારી આંખોથી
લલચાવી નહી શકે.'"

28યહોવા મારા માલિક કહે છે: "જે લોકોને તું ધિક્કારે છે
અને જેમનાથી તું કંટાળી ગઈ છે તેમના હાથમાં હું તને
સુપ્રત કરીશ. 29અને તેઓ તને ધિક્કારે છે એટલે તેઓ તારા
પરિશ્રમની કમાણી ઝૂંટવી લેશે અને તને બિલકુલ ઉઘાડી
અને નગ્ન કરી મૂકશે. આમ, તું વારાંગના તરીકે ઉઘાડી પડી
જઈશ. 30તેં બીજી પ્રજાઓના દેવોની પૂજા કરી અને તેઓની
મૂર્તિઓથી તે પોતાને અપવિત્ર કરી છે માટે આ સર્વ વિપત્તિઓ
તારા પર લાવવામાં આવશે. 31તું તારી બહેનને પગલે ચાલી
છે એટલે હું તને તેનો જ પ્યાલો આપીશ." 32યહોવા મારા
માલિકના આ વચન છે:

"તારે તારી બહેનનો પ્યાલો પીવો પડશે, એ પ્યાલો ઉંચો
છે અને ઊંડો છે. એ ઉપહાર અને મશ્કરીથી છલોછલ
ભરેલો છે.

33 એ તારાજી અને વિનાશનો પ્યાલો તને છાકટી અને
દુ:ખી બનાવી દેશે.

34તું તારી બહેન સમરૂનનો પ્યાલો આખો ગટગટાવી
જશે અને પછી તેને ભાંગી નાખી તેના કટકા વડે તારા સ્તન
કાપી નાખશે.

35"'આ યહોવા મારા માલિકના વચન છે તું મને ભૂલી
ગઈ હતી અને મારી તરફ તેં તારી પીઠ ફેરવી. તેથી તારાં
સર્વ પાપ, લંપટતા અને વ્યભિચારની શિક્ષા તારે સહન
કરવી પડશે.'"

## ઓહલાહ અને ઓહલીબાહ વિરૂદ્ધ ન્યાય

36યહોવાએ મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, તું ઓહલાહ
અને ઓહલીબાહનો ન્યાય તોળવાને તૈયાર છે? તો તેમણે
જે શરમજનક કૃત્યો કર્યા છે તેનો તેમના ઉપર આરોપ મૂક.
37તેમણે વ્યભિચાર કર્યો છે, ખૂન કર્યા છે; તેમણે મૂર્તિઓ
સાથે વ્યભિચાર કર્યો છે અને મારાથી તેમને થયેલા બાળકોનો
તેમની આગળ ભોગ આપ્યો છે. 38વળી તેઓએ મારી વિરૂદ્ધ
આ કર્યુ છે; એ જ દિવસે તેઓએ મારા મંદિરને મારા ખાસ
વિશ્રામવારની સાથે અશુદ્ધ કર્યુ. 39કારણકે પોતાનાં બાળકોનો
મૂર્તિઓને ભોગ ચડાવ્યા પછી તે જ દિવસે તેઓ મારા
મંદિરમાં પ્રવેશ્યા અને તેને અશુદ્ધ કર્યુ છે. આ તેમણે મારા
પોતાના જ મંદિરમાં કર્યુ છે!

40"વળી એમણે સંદેશાવાહકો મોકલીને દૂર દૂરથી
માણસોને બોલાવ્યા. જ્યારે તેઓ આવ્યા ત્યારે તમે તેઓનું

સ્વાગત કર્યું. તમે સ્નાન કર્યું, આંખોમાં કાજળ આંજયું અને
વસ્રાભૂષણ ધારણ કર્યા. 41પછી તે દબદબાભર્યા પલંગ ઉપર
બેઠી અને સામે બાજઠ મૂક્યો. બાજઠ ઉપર તેમણે મેં આપેલો
ધૂપ અને મેં આપેલું તેલ મૂક્યું.
42"તમારા ઓરડામાંથી મોટી ઉજાણીના અવાજો
સંભળાતા હતા. અને તમે રણમાંથી વંઠેલ સ્ત્રીઓ લાવ્યાં
હતાં અને તમે તેમના હાથોમાં બંગડીઓ પહેરાવી હતી
અને તેમના માથે સુંદર મુગટો મૂક્યા હતા. 43પછી મને
વિચાર આવ્યો, 'આ લોકો વારાંગનાવૃત્તિ કરી કરીને ઘસાઇ
ગયેલી સ્રીઓ સાથે વ્યભિચાર કરી રહ્યા છે.' 44માણસો
વારાંગના પાસે જાય તેમ તેઓ તેમની પાસે જવા લાગ્યા,
અને તેમણે એ વંઠેલ સ્રીઓ ઓહલાહ અને ઓહલીબાહ
પાસે જવાનું ચાલું રાખ્યું છે.
45"પણ સદાચારી માણસો તો તેમને વ્યભિચાર અને
ખૂનના પાપોને કારણે સજા કરશે, કારણ, એ લોકોએ
વ્યભિચારનું પાપ આચર્યુ છે અને એમના હાથ લોહીથી
ખરડાયેલા છે."
46આ યહોવા મારા માલિકના વચન છે: "એમના ઉપર
ત્રાસ ગુજારવા માટે અને એમને લૂંટી લેવા માટે લશ્કરની
ટુકડી લઇ આવો. 47તે લશ્કરની ટુકડી તેમને ઈંટાળી કરશે
અને તલવારોથી તેમનો અને તેમનાં પુત્રો તથા પુત્રીઓનો
સંહાર કરશે. અને તેમના ઘરોને બાળી મૂકશે. 48આમ,
સમગ્ર દેશમાંથી હું કામાચારનો અંત લાવીશ અને તમને બે
બહેનોને જોઈને બધી સ્ત્રીઓ ચેતશે અને તમારી જેમ
વ્યભિચાર નહીં કરે. કારણકે વ્યભિચારનું અનુકરણ ન
કરવાની શિખામણ તેમને મળશે. 49તમારા વ્યભિચારના
અને મૂર્તિપૂજાના પાપ માટે તમને સજા થશે, અને ત્યારે
તમને ખબર પડશે કે હું યહોવા અને માલિક છું."

## દેગ અને માંસ

24 યહોયાકીન રાજાને બંદીવાન થયાને નવમા
વર્ષના ડિસેમ્બર માસના દસમા દિવસે મને
યહોવાની આ પ્રમાણે વાણી સંભળાઈ. 2તેમણે કહ્યું; "ઓ
મનુષ્યના પુત્ર, આજની તારીખ નોંધી રાખ, કારણ, 'આજે
બાબિલના રાજાએ યરૂશાલેમને ઘેરો ઘાલ્યો છે.' 3એ બંડખોર
ઈસ્રાએલી પ્રજાને તું આ દ્રષ્ટાંત કહી સંભળાવ. તેને કહે કે,
'આ યહોવા મારા માલિકના વચન છે:
"'દેગડાને અગ્નિએ ચડાવો, ચૂલે ચડાવો તેમાં પાણી રેડો,
4એમાં માંસના કટકા નાખો, પસંદ કરેલા સારામાં સારા
ખભા અને પગનાં માંસના ટુકડા નાખો.
5ઉત્તમમાં ઉત્તમ ઘેટું લો, ઉત્તમમાં ઉત્તમ હાડકાં પણ
નાખો, નીચે લાકડાં ગોઠવો, ખૂબ ઉકાળો, હાડકાં પણ બફાઈ
જાય ત્યાં સુધી ખદખદાવો.'
6યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે: 'એ ખૂનીઓની
નગરી, તારી પર આફત આવશે! તું કટાઇ ગયેલા દેગડા
જેવી છે, જેનો કાટ કદી ઊખડે એમ નથી. તું દુષ્ટતાથી
ભરેલી છે. તેથી એક પછી એક ટુકડા લઈ લેવામાં આવે છે.
પણ કોઈ તે ખાવાના નથી.
7તેણે ખૂબ હિંમતપૂર્વક ખૂન કર્યા છે. બધાં જોઇ શકે છે કે
મારીનંખાયેલનું રક્ત ખડકો પર એમનું એમજ છે. જે બધા
જોઈ શકે છે. જો એ લોહી જમીન ઉપર રેડાયું હોત તો રેતી
તેને ઢાંકી દેત;
8ખડક પર એ રક્ત ખુલ્લું છે. જેથી તે મારી આગળ તેની
વિરૂદ્ધ હાંક મારે છે જેથી મારો કોપ સળગે અને હું બદલો
લઉં.'
9તેથી યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે: 'ઓ
યરૂશાલેમ, ખૂનીઓની નગરી, તારી પર આફત આવશે! હું
પણ લાકડાનો મોટો ઢગલો કરીશ.
10પુષ્કળ લાકડા લાવો આગ પેટાવો! માંસ ઓગળી જાય
ત્યાં સુધી તેને ઉકાળો. મસાલાઓને તેમાં ઉમેરો ! હાડકાં
બળી જાય ત્યાં સુધી તેને ઉકાળો.
11પછી ખાલી દેગને અંગારા ઉપર મૂકી તેનો બગાડ અને
કચરો બળી જાય ત્યાં સુધી તેને તપાવો.
12પણ કાટ એટલો બધો છે કે જવાળાઓથી પણ નહીં
જાય. 13ઓ યરૂશાલેમ, તારા વ્યભિચારની અશુદ્ધિ દૂર
કરવા મેં પ્રયત્ન કર્યો હતો પણ તું ચોખ્ખી ન થઈ. એટલે
તારા ઉપર હું મારો પૂરો રોષ ઉતારી નહીં રહું ત્યાં સુધી તું
ફરી ચોખ્ખી થનાર નથી.
14"'આ મેં યહોવાએ કહ્યું છે અને તે, એ પ્રમાણે બનશે
જ. હું એ પ્રમાણે જ કરીશ. જરાપણ પીછેહઠ કરીશ નહીં.
દયા નહીં ખાઉં ને હું મારો નિર્ણય પણ બદલીશ નહી. તને
તારી વર્તણૂક માટે અને તારા દુષ્કૃત્યો માટે સજા થશે જ.'
આ યહોવા મારા માલિકના વચન છે."

## હઝકિયેલની પત્નીનું અવસાન

15ફરીથી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ:
16"ઓ મનુષ્યના પુત્ર, હું એક ઝપાટે તારી પ્રિયતમાને દૂર
કરવાનો છું. પણ તારે રડવાનું નથી, કે શોક કરવાનો નથી કે
આંસુ સારવાના નથી. 17તારા ડૂસકાં સંભળાવા જોઈએ નહીં,
તારા ઉત્તમ સાફા અને ઉત્તમ પગરખા તું પહેરજે તારા
હોઠને તું ઢાકતો નહીં કે તું શોકની રોટલી ખાતો નહીં કે
શોકના રીતરિવાજો પાળતો નહીં."
18સવારમાં તો હું લોકોને પ્રબોધ કરતો હતો અને તે જ
સાંજે મારી પત્ની મૃત્યુ પામી. બીજે દિવસે મને કહેવામાં
આવ્યું હતું તે પ્રમાણે મેં કર્યું. 19મને લોકોએ પૂછયું, "તમે
આમ શા માટે કરો છો? આ બધાનો શું અર્થ છે?"
20ત્યારે મેં તેમને કહ્યું, "મને યહોવાની વાણી સંભળાઈ
છે. 21તમને ઈસ્રાએલીઓને યહોવા મારા માલિક કહે છે
કે, 'જે પવિત્ર સ્થાન માટે તમે ગર્વ લો છો, અને જેને માટે
તમારું અંતર તલસે છે તેનો હું પોતેજ ધ્વંસક છું. તમારાં જે
પુત્રપુત્રીઓને તમે પાછળ છોડી આવ્યા છો તેઓ તલવારનો
ભોગ બનશે. 22ત્યારે તમારે મેં કહ્યું છે તે પ્રમાણે કરવાનું
છે. તમારા હોઠને ઢાંકશો નહીં કે શોકની રોટલી ખાશો નહીં

કે શોકના રીતરિવાજો પાળશો નહીં. 23તમારે માથે ઉત્તમ
સાફો અને ઉત્તમ પગરખા પહેરી લ્યો, રડશો નહીં કે પશ્ચાતાપ
કરશો નહીં, તમારાં પાપે તમે એકબીજા સામે રોદણાં રડતાં
રિબાઈ રિબાઈને મરશો. 24યહોવા કહે છે, હઝકિયેલ તમારે
માટે દ્રષ્ટાંત રૂપ છે. મેં જેમ કહ્યું છે તેમ જ તમારે કરવાનું
છે અને આ બનશે ત્યારે તમને ખબર પડશે કે એ યહોવા
મારા માલિક છે.'"

25યહોવાએ મને કહ્યું, "હે મનુષ્યના પુત્ર, જે દિવસે હું
યરૂશાલેમમાંથી તેઓનાં હૃદયનો આનંદ તેઓનો મહિમા
અને તેઓની પત્નીઓ અને તેઓના પુત્ર-પુત્રીઓ લઈ
લઈશ. 26જે દિવસે હું આ કરીશ તે જ દિવસે એ વિનાશમાંથી
ઊગરી ગયેલું કોઈ આવીને તને એ સમાચાર આપશે. 27તે
જ દિવસે તને તારી વાચા પાછી મળશે અને તું એની સાથે
વાત કરીશ. આમ તું તેમને દ્રષ્ટાંતરૂપ થઈ પડીશ અને તેઓને
ખાતરી થશે કે હું યહોવા છું."

## આમ્મોનની વિરૂદ્ધ અગમવાણી

25 મને ફરીથી યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ:
2"ઓ મનુષ્યના પુત્ર, અમ્મોનીઓ તરફ મોં કરી
તેમની વિરૂદ્ધ મારી ચેતવણી ઉચ્ચાર. 3તેઓને કહે: 'યહોવા
મારા માલિકના વચનો સાંભળો: જ્યારે મારું મંદિર અશુદ્ધ
બનાવાયું હતું ત્યારે તમે મશ્કરી કરી; જ્યારે ઈસ્રાએલ દેશની
તારાજી થતી હતી ત્યારે તમે તેની હાંસી ઉડાવી અને જ્યારે
યહૂદાના લોકોને બંદીવાસમાં લઈ જવાતા હતા ત્યારે તમે
આનંદ મનાવ્યો. 4તેથી હું તમને પૂર્વની પ્રજાઓના હાથમાં
સુપ્રત કરુ છું. તેઓ તમારી વચ્ચે છાવણી નાખશે અને
વસવાટ કરશે. તેઓ તમારા ફળ ખાઈ જશે અને તમારું દુધ
પી જશે.

5"'હું રાબ્બાહ નગરને ઊંટોને ચરવાની જગ્યા બનાવીશ
અને આમ્મોનીઓનો દેશ ઘેટાંબકરાંને ચરવાની જગ્યા થશે,
ત્યારે તમે જાણશો કે હું યહોવા છું. 6યહોવા મારા માલિક
કહે છે કે: તમારા હૃદયમાં મારા ઈસ્રાએલી લોકો માટે તિરસ્કાર
છે, તેથી ઈસ્રાએલની અવદશા જોઈને તમે તાળીઓ પાડીને
નાચ્યા અને ખુશ થયા હતા. 7તેથી હું તમારી સામે મારો
હાથ ઉગામીશ અને ઘણી પ્રજાઓના હાથમાં તમને સોંપી
દઈશ અને તમારો નાશ કરીશ હું તમને તમારા દેશમાંથી
બહાર કાઢી મૂકીશ. હું દૂરના રાષ્ટ્રોમાં તમારો નાશ કરીશ
ત્યારે તમે જાણશો કે હું યહોવા છું.'"

## મોઆબ અને સેઈર વિરૂદ્ધ ભવિષ્યવાણી

8આ યહોવા મારા માલિકના વચન છે: "મોઆબે એમ
કહ્યું હતું કે, 'યહૂદા તો બીજી પ્રજાઓ જેવું જ છે;' 9તેથી હું
એની સરહદોનું રક્ષણ કરતાં શહેરોને બેથ-યશીમોથ
બઆલ-મેઓન અને કિર્યાથાઈમ સહિત એનાં સુંદરમાં સુંદર
શહેરોને હુમલાનો ભોગ બનાવીશ. 10હું અમ્મોનની સાથે
મોઆબને પણ પૂર્વની પ્રજાઓને સોંપી દઈશ, જેથી
અમ્મોનના લોકોનું પ્રજા તરીકેનું અસ્તિત્વ જ ભૂંસાઈ જશે.
11એ રીતે હું મોઆબને સજા કરીશ ત્યારે તેમને ખબર
પડશે કે હું યહોવા છું."

## અદોમ વિરૂદ્ધ ભવિષ્યવાણી

12સર્વસમર્થ યહોવા કહે છે: "યહૂદાના લોકો ઉપર વેર
વાળીને અદોમીઓએ મોટું પાપ કર્યુ છે." 13તેથી યહોવા
મારા માલિક કહે છે; "હું અદોમ વિરૂદ્ધ મારો હાથ લંબાવીશ
અને તેના લોકોનો, જાનવરોનો અને ઢોરઢાંખરાનો હું સંપૂર્ણ
નાશ કરીશ. તેમાનથી માંડીને દેદાન સુધીનું સર્વ તલવારથી
નાશ પામશે. અને દેશ વેરાન થશે. 14મારા લોકો ઈસ્રાએલીઓ
દ્વારા હું અદોમ ઉપર વેર વાળીશ અને તેઓ અદોમ સાથે
મારા રોષ અને ક્રોધને છાજે એવો વર્તાવ કરશે. એ લોકોને
ખબર પડી જશે કે મેં વેર વાળ્યું છે." આ યહોવા મારા
માલિકના વચન છે.

## પલિસ્તીઓ વિરૂદ્ધ ભવિષ્યવાણી

15વળી યહોવા મારા માલિક કહે છે: "પલિસ્તીઓએ
ધૃણાપૂર્વક પોતાના દુશ્મનો ઉપર વેર વાળ્યું છે, અને લાંબા
સમયથી તેઓનો તિરસ્કાર કર્યા પછી તેમનો સંહાર કર્યો
છે." 16તેથી યહોવા મારા માલિક કહે છે: "હું પલિસ્તીઓ
વિરૂદ્ધ મારો હાથ લંબાવીશ અને પલિસ્તીઓનો નાશ કરીશ
અને દરિયાકિનારાના બાકીના લોકોને સાફ કરી નાખીશ.
17હું મારા ઉગ્ર રોષમાં ને રોષમાં તેમના ઉપર ભયંકર વેર
વાળીશ અને તેમને ભારે સજા કરીશ. ત્યારે તેમને ખબર
પડશે કે હું યહોવા છું."

## તૂરનો નાશ-દૈવવાણી

26 અગિયારમા વર્ષમાં મહિનાના પ્રથમ દિવસે મને
યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2"ઓ
મનુષ્યના પુત્ર, તૂરના લોકોએ આનંદમાં આવીને યરૂશાલેમ
વિષે કહ્યું છે કે, 'આહા!' પ્રજાઓના વેપારવાણિજ્યનું દ્વાર
તૂટી ગયું! એના દરવાજા આપણે માટે ખુલ્લા થઈ ગયા!
એના વિનાશથી આપણે સમૃદ્ધ થઈશું!'"

3તેથી યહોવા મારા માલિક કહે છે: "ઓ તૂર, હું તારી
વિરૂદ્ધ છું, હું અનેક પ્રજાઓને સમુદ્રના ઉછળતાં મોજાની
જેમ તારા ઉપર હુમલો કરવા લઈ આવીશ."

4"તેઓ તૂરના કિલ્લાઓનો નાશ કરશે અને કમાનોને
તોડી પાડશે. હું તારી બધી રેતીને ભૂંસી નાખીશ અને ફક્ત
ખુલ્લા ખડક રહેવા દઈશ. 5તેનો ટાપુ વસવાટ કરવા લાયક
રહેશે નહીં, પણ ત્યાં માછીઓ પોતાની જાળો પાથરશે."
કારણકે યહોવા મારા માલિક તે બોલ્યા છે. "પ્રજાઓ તૂરને
લૂંટી લેશે. 6અને મુખ્ય ભૂમિ ઉપરના તારાં પરાંઓ તલવારનો
ભોગ બનશે; ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું."

## નબૂખાદનેસ્સાર તૂર પર આક્રમણ કરશે

7યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે: "તૂરની વિરૂદ્ધ
હું બાબિલના રાજા, રાજાઓના રાજા નબૂખાદનેસ્સારને

ઉત્તરમાંથી મોટું સૈન્ય, રથો તથા ઘોડેસ્વારો સાથે લાવીશ.
8પહેલાં તે મુખ્ય ભૂમિ પરની વસાહતોમાં રહેતા લોકોનો
નાશ કરશે. પછી તે નગરના કોટને ઘેરો ઘાલશે. તારા કોટ
સામે મોરચા બાંધશે અને તેની ઢાલો તારી વિરૂદ્ધ ઊંચી
કરશે. 9તે તારા કોટ ઉપર યંત્રોથી મારો ચલાવશે અને તારા
બુરજો ઓજારોથી તોડી પાડશે. 10તેના હજારો ઘોડાઓએ
ઉડાડેલી ધુળની રજથી તું છવાઈ જશે. ભંગાણ પડેલા શહેરમાં
લોકો પ્રવેશ કરે તેમ તે તારા બારણામાં થઈને દાખલ થશે.
ત્યારે ઘોડાઓ, રથો અને ગાડાંના અવાજથી તારો કિલ્લો
ધ્રૂજી ઊઠશે. 11તેના ઘોડેસ્વારો નગરની પ્રત્યેક શેરીઓ કબજે
કરી લેશે. તે તારા લોકોની હત્યા કરશે અને તારા પ્રખ્યાત
અને મોટા સ્તંભો ભોંયભેગા થઈ જશે. 12તારી સંપત્તિ પડાવી
લેવામાં આવશે, તારો માલ લૂંટી લેવામાં આવશે, તારો કોટ
ભોંયભેગો થઈ જશે અને તારી વૈભવશાળી હવેલીઓ તોડી
પાડવામાં આવશે. તારા પથ્થરો કાટમાળ અને છારું દરિયામાં
પધરાવી દેવામાં આવશે. 13હું તારાં ગીતો થંભાવી દઈશ
અને તારી વીણાના સ્વરો ફરી કદી નહીં સંભળાય. 14હું
ફક્ત તારા ટાપુને વેરાન ખડક બનાવી દઈશ, તેના ઉપર
માછીઓ પોતાની જાળો પાથરશે. તેને ફરીથી કદી બાંધવામાં
આવશે નહીં. કારણકે હું યહોવા તે બોલ્યો છું." એમ યહોવા
માલિક કહે છે.

### અન્ય રાષ્ટ્રો તૂર વિષે રડશે

15યહોવા મારા માલિક તૂરને કહે છે: "તારા પતનથી,
તારા લોકોની હત્યા થવાથી અને ઘવાયેલાઓના આર્તનાદથી
સમુદ્ર તટના દેશોના લોકો ભયથી ધ્રૂજી ઊઠશે. 16તૂરની જે
દશા થઈ છે તે જોઈને સમુદ્ર તટ પર વસતી પ્રજાઓના
રાજાઓ તેઓની રાજગાદી પરથી નીચે ઊતરશે અને તેઓના
ઝભ્ભાઓ અને સુંદર પોશાકો બાજુ પર મૂકીને ભયભીત
થઈને જમીન પર બેસશે. તારી દુર્દશા જોઈને તેઓને ધ્રુજારી
ચડી જશે. 17તેઓ તારે માટે આ મરશિયા ગાશે;
"'ઓ વિખ્યાત નગરી! આ તે તારો કેવો વિનાશ તું
સમુદ્રમાંથી સાફ થઈ ગઈ! તું અને તારા વતનીઓ સમુદ્ર
પર ગર્વિષ્ઠ હતાં. અને આખા સાગરકાંઠાના વતનીઓ તારાથી
ડરતા રહેતા હતા.
18તારા પતન વખતે આજે કાંઠાપ્રદેશ ધ્રૂજી ઊઠ્યો છે,
અને સમુદ્રના બધાં દ્વીપો તારા સર્વનાશથી કાંપી ઊઠ્યા
છે.'"
19યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે, "જ્યારે હું
તૂરને વેરાન અને નિર્જન બનાવી દઈશ અને સમુદ્રના તોફાની
પાણી નીચે ડૂબાડી દઈશ. 20ત્યારે હું તને ભૂતકાળના ઘણાં
લોકો જ્યાં છે ત્યાં નરકના ખાડામાં ધકેલી દઈશ, ત્યાં નીચેની
ધરતીમાં, પ્રાચીન ખંડેરોમાં, નરકના ખાડામાં ગયેલા લોકો
સાથે તારે રહેવું પડશે. ફરીથી તને આ જીવલોકમાં આવીને
વસવા દેવામાં આવશે નહિં. 21હું તારો અંત લાવી દઈશ
અને તારુ અસ્તિત્વ નહીં રહે. લોકો તારી શોધ કરશે,પણ તું
કદી મળશે નહીં." આ યહોવા મારા માલિકના વચન છે.

### તૂર સમુદ્ર પર વ્યાપાર માટેનું મહાન સ્થળ

27 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2"ઓ
મનુષ્યના પુત્ર, તું તૂર વિષે આ મરશિયો ગા.
3"'તું એ સમુદ્રકાંઠે વિસ્તરેલા એ નગરને, વિશ્વના
વ્યાપારકેન્દ્રને કહે કે, યહોવા મારા માલિક આ પ્રમાણે કહે
છે: "ઓ તૂર, તું કહેતી હતી કે હું સુંદર મુગટ છું."
4"ઓ તૂર, તું કહેતી હતી, 'મારા સૌંદર્યમાં કોઈ ઊણપ
નથી.' તારી સરહદ ઠેઠ મધદરિયા સુધી વિસ્તરેલી છે. તારા
બાંધનારાઓએ તારામાં કોઈ ઉણપ રાખી નથી.
5તારા પાટિયાં તેમણે સનીર પર્વતના સરૂના લાકડાના
બનાવ્યા હતાં, અને તારા સ્તંભો બનાવવા માટે લબાનોનના
એરેજકાષ્ટનો ઉપયોગ કર્યો હતો.
6તેઓએ તારાં હલેસાં બાશાનના એલોનકાષ્ટના બનાવ્યાં
હતાં. તારું તૂતક સાયપ્રસના દક્ષિણ કાંઠેથી લાવેલા
સરળવૃક્ષના લાકડાનું અને હાથીદાંત જડિત બનાવવામાં
આવ્યું હતું. 7તારા સઢ મિસરના ભરતભરેલા કાપડમાંથી
બનાવ્યા હતાં, જે તારા માટે વાવટાનું કામ કરતા હતા. તારી
છત અલીશાહ ટાપુઓના નીલા અને જાંબુડીયા કાપડમાંથી
બનાવી હતી.
8તારાં હલેસાં મારનારા સિદોન અને આર્વાદના હતાં.
તારા પોતાના કુશળ માણસો તારા ખલાસીઓ હતા.
9ગેબીલથી આવેલા કુશળ કારીગરો તારું સમારકામ કરતાં
હતાં દેશપરદેશથી સાગરના બધાં વહાણોના ખલાસીઓ
તારે ત્યાં વેપાર કરવા માટે આવતા હતા.'
10"તારા સૈન્યમાં પારસ, લુદ અને પુટના માણસો સૈનિકો
તરીકે સેવાઓ આપતા હતા. તેઓ તારી ભીંતો ઉપર ઢાલો
અને ટોપો લટકાવતા હતા અને તારી શોભા વધારતા હતા.
11આર્વાદ અને સિસિલના સૈનિકો તારા કિલ્લાનું રક્ષણ કરતા
હતા. ગામ્માદના માણસો તારા બુરજોમાં ફરજ બજાવતા
હતા. તેઓની ઢાલો તારી દિવાલોની ઉપર લટકાવેલી હતી
જે તારા ગૌરવમાં વધારો કરતી હતી,
12"તારી પાસે સર્વ પ્રકારની પુષ્કળ સમૃદ્ધિ હોવાથી તારી
સાથે તાર્શીશ વેપાર કરતું હતું. અને તારા બજારમાં તારા
માલના બદલામાં ચાંદી, લોખંડ, કલઈ અને સીસું લવાતું
હતું. 13ગ્રીસ, તુબાલ અને મેશેખથી વેપારીઓ ગુલામો અને
પિત્તળના વાસણો લાવતા હતા અને બદલામાં તારો માલ
લઈ જતા હતા. 14બેથતોગાર્માહના લોકો તારા માલના
બદલામાં તને ભારવાહક ઘોડા, લડાયક ઘોડા અને ખચ્ચર
આપતા હતા. 15દેદાનવાસીઓ તારી સાથે વેપાર કરતા હતા.
ઘણા સમુદ્ર તટ પરના પ્રદેશમાં લોકો તારા માલના બદલામાં
તને હાથીદાંત અને અબનૂસ આપતા હતા. 16અરામ તેના
વેપારીઓ મોકલીને તારી ઉત્પન્ન કરેલી વસ્તુઓ ખરીદતું
હતું. તેઓ તરકીશ, મૂલ્યવાન જાંબુડીયા રંગના વસ્ત્રો,
ભરતકામ કરેલી વસ્તુઓ, બારીક મલમલ, પરવાળાં તથા
કિંમતી પત્થરો આપતા હતા.
17"યહૂદા અને ઈસ્રાએલના લોકો તારો માલ ખરીદી
બદલામાં તને ઘઉં, જૈતુન, મધ, તેલ તથા સુગંધીત દ્રવ્યો

આપતા હતા. 18તારે ત્યાં એટલી બધી વસ્તુઓ બનતી હતી
અને તારે ત્યાં એટલો બધો માલ હતો કે દમસ્કના લોકો
તારી સાથે વ્યાપાર કરતાં અને બદલામાં તને હેલ્બોનનો
દ્રાક્ષારસ અને સહારનું ઊન આપતા હતા. 19દેદાનના લોકો
અને ઉઝાલના યુવાનો તને ઘડતરનું લોઢું અને તેજાના
અને શેરડી આપી તારો માલ ખરીદતા. 20દેદાનના લોકો
તારા માલના બદલામાં તને ઘોડાના જીન માટે ધાબળા
આપતા. 21અરબસ્તાનના લોકો અને કેદારના આગેવાનો
તારા માલની કિંમત ઘેટાબકરાંમાં ચૂકવતાં. 22શેબા અને
રાઅમાહના વેપારીઓ ઉત્તમ જાતના તેજાના, રત્નો અને
સોનું આપીને તારો માલ ખરીદતા. 23હારાન, કાન્નેહ અને
એદેન શહેરો અને આશ્શૂર તથા ખિલ્માદના લોકો સાથે
તારો વેપાર ચાલતો હતો. 24તેઓ તને જાતજાતનો કિંમતી
માલ, મોંઘું જાંબુડીયા રંગનું કાપડ અને કિનખાબ,
ભભકાભર્યા રંગોના ગાલીચા અને ગૂંથેલા મજબૂત દોરડાં
વેચતા હતા.

25"મોટાં મોટાં વહાણોમાં તારો માલ દેશવિદેશ જતો હતો.
તું ભરસમુદ્રમાં સમૃદ્ધ હતો.

26પરંતુ હવે તારા કુશળ ખલાસીઓ તને ભરસમુદ્રમાં
લઈ ગયા છે. તારું સમર્થ વહાણ પૂર્વના તોફાની પવનોમાં
સપડાયું છે અને મધદરિયે તારા ભુક્કેભુક્કા ઉડાવી દીધા.

27તે બધું જ ગુમાવ્યું છે, તારી બધી દોલત, તારો બધો જ
માલ અને સરસામાન તારા બધા ખલાસીઓ અને સારંગો,
તારા મરામત કરનારાઓ, વેપારીઓ અને બીજા બધા જ
યોદ્ધાઓ, બધા જ માણસો–ટૂંકમાં બધું જ ડૂબતાં તારી સાથે
સમુદ્રમાં ડૂબી ગયું.

28તારા નાવિકોની ચીસોથી કિનારા કંપી ઊઠ્યાં.

29તે સાંભળીને બધા હલેસા મારનારાઓ, બધા નાવિકો,
અને સારંગો પોતપોતાના વહાણ ઉપરથી ઊતરીને કિનારે
જઈ ઊભા.

30તેઓ તારું દુ:ખ જોઈને વિલાપ કરશે અને દુ:ખમય
રુદન કરશે અને માથા પર ધૂળ નાખી રાખમાં આળોટશે.

31તેઓ ભારે શોકમાં પોતાનાં માથાં મૂંડાવશે. તેઓ શણના
વસ્ત્રો પહેરશે અને પોતાના હૃદયમાં ભારે દુ:ખ સાથે તારા
માટે વિલાપ કરશે.

32તેઓ શોકમાં તારા માટે વિલાપગીત ગાશે,

'તૂર જેવું કોણ છે? એ તૂરનગરી અત્યારે સાગરમાં શાંત
પોઢી ગઈ છે!

33જ્યારે તારો માલ સમુદ્રમાંથી ઠલવાતો ત્યારે તું દરેક
પ્રકારની પ્રજાઓને સંતોષતી હતી. તારા માલ દ્વારા મેળવાતા
પુષ્કળ દ્રવ્યથી રાજાઓના ભંડાર ભરાતાં હતાં.

34હવે મહાસાગરે તારા ભુક્કા ઉડાવી દીધા છે, અને તું
સમુદ્રને તળિયે ડૂબી ગઈ છે. તારો બધો માલ અને તારા
બધા માણસો તારી ભેગા સમુદ્રને તળિયે પહોંચી ગયા છે.

35સમુદ્રકાંઠે રહેનારા સર્વ તારી દશા જોઈને સ્તબ્ધ થઈ
ગયા છે. તેઓના રાજાઓ ભયભીત થઈ ગયા છે અને
તેઓના ચહેરાઓ પર ગભરાટ છવાયેલો છે.

36દુનિયાભરના વેપારીઓ ડરીને ચીસો પાડી ઊઠ્યા છે;
કારણકે તારો અંત ભયંકર આવ્યો છે. સદાને માટે હવે તારો
નાશ થયો છે. હવે તો તું કાયમ માટે ગઈ!'"

## તૂર પોતાને દેવ માને છે

28 મને યહોવાનું વચન આ પ્રમાણે સંભળાયું; 2"ઓ
મનુષ્યના પુત્ર, તું તૂરના રાજવીને કહે કે, 'આ
યહોવા મારા માલિકના વચન છે:

"'તું અભિમાનથી ફુલાઈ ગયો છે અને દેવ હોવાનો દાવો
કરે છે, તું કહે છે, "દેવની જેમ હું સમુદ્રોની મધ્યે આસન
પર બેસું છું." તું દેવના જેવો જ્ઞાની હોવાનો દાવો ભલે કરે,
પરંતુ તું નાશવંત મનુષ્ય છે, દેવ નહીં.

3છતાં તું દેવ હોવાનો દંભ કરે છે, તું એમ માને છે કે તું
દાનેલ કરતા પણ ડાહ્યો છે. તારાથી કશું અજાણ્યું નથી.

4તારા ડાહપણ અને તારા કૌશલથી તે સોનાચાંદીના ભંડાર
ભર્યા છે.

5તું વેપારમાં ઘણો કાબેલ છે. તેથી તું ઘણો ધનવાન થયો
છે અને તે કારણે તું અભિમાની થયો છે.

6તેથી યહોવા મારા માલિક કહે છે: તું દેવોના જેવો
જ્ઞાની હોવાનો દાવો કરે છે.

7તેથી હું તારા ઉપર હુમલો કરવા માટે ઘાતકીમાં ઘાતકી
પરદેશીઓને લઈ આવીશ. તેં તારી કુશળતાથી અને દાનાઈથી
જે સંપત્તિ પ્રાપ્ત કરી છે તે બધાનો નાશ કરી તેઓ તારી
કીર્તિને ઝાંખી પાડશે.

8તેઓ તારા પ્રાણ લેશે અને તને નરકના ખાડામાં ધકેલી
દેશે. અને સાગરને તળિયે પહોંચાડી દેશે.

9તેઓ તારો પ્રાણ લેવા આવશે ત્યારે પણ તું એમ જ કહેતો
રહીશ કે, "હું દેવ છું?" તું દેવ નથી, તું તો કેવળ માણસ જ
છે. અને તે પણ વધ કરનારાઓના હાથમાં પડેલો છે.

10તું બેસુન્નત વિદેશીની જેમ વિદેશીઓના હાથે મૃત્યુ
પામશે. તેથી મેં આમ કહ્યું છે."' એમ યહોવા મારા માલિક
કહે છે.

11મને ફરીથી યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ:
12"ઓ મનુષ્યના પુત્ર, તું તૂરના રાજાને માટે શોકગીત ગા.
અને તેને કહે કે, 'આ યહોવા મારા માલિકના વચન છે:

"'એક વખત તું સંપૂર્ણતાની પરાકાષ્ટાએ પહોંચ્યો હતો,
તું જ્ઞાનનો અને સૌંદર્યનો ભંડાર હતો.

13દેવોના ઉદ્યાન એદનમાં તારો વાસ હતો અને બધી
જાતના રત્નો તું ધારણ કરતો હતો હીરા, માણેક, પોખરાજ,
નીલમ, અકીક, બદામી ઈન્દ્રનીલ, પન્ના અને તારાં
આભૂષણો સોનાનાં હતાં. તારા જન્મ સમયે તારે માટે
બનાવવામાં આવ્યાં હતાં.

14તારું રક્ષણ કરવા એક અભિષિક્ત રક્ષક દૂત કરૂબ તરીકે
નીમ્યો હતો. તું દેવના પવિત્ર પર્વત પર જઈ શકતો હતો
અને અગ્નિના ચળકતાં પથ્થરો પર ચાલતો હતો.

15તું જન્મ્યો ત્યારે તારું આચરણ નિષ્કલંક હતું, પણ
પાછળથી તારી દુષ્ટતા પ્રગટ થવા માંડી.

16તારો વધતો જતો વ્યાપાર તને હિંસામાં અને પાપમાં ખેંચી ગયો. આથી મેં તને દેવોના પવિત્ર પર્વત ઉપરથી હાંકી મૂક્યો. જે દેવદૂત તારું રક્ષણ કરતો હતો તેણે તને ઝળહળતાં રત્નોમાંથી તગેડી મૂકયો.

17તારા સૌદર્યને કારણે તું ફુલાઈ ગયો હતો અને તારી કીર્તિને કારણે તારી બુદ્ધિ બહેર મારી ગઈ હતી. મેં તને ભોંય ઉપર પટક્યો છે અને બીજા રાજાઓ માટે તને ચેતવણીરૂપ બનાવ્યો છે.

18તારા વેપારમાં તેં એટલાં બધાં પાપો અને ભ્રષ્ટતા આચર્યા કે તારા મંદિરો પણ ભ્રષ્ટ થઈ ગયા. આથી, ઓ તૂર, મેં તને આગ ચાંપી અને તને બાળીને ભોંયભેગો કરી દીધો. આજે તને જોનારા સૌ કોઈ તને ભસ્મીભૂત થયેલો જુએ છે.

19જે પ્રજાઓ તને ઓળખતી હતી તે બધી તારી દશા જોઈને સ્તબ્ધ થઈ ગઈ છે. તારું પરિણામ ભયંકર આવ્યું છે અને તું તો ગયો જ છે. સદાને માટે તારો નાશ થયો છે.'"

### સિદોન વિરૂદ્ધ સંદેશ

20ફરીથી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ:
21"ઓ મનુષ્યના પુત્ર, તું સિદોન તરફ મુખ કરીને તેની
વિરૂદ્ધ પ્રબોધ કર. 22તેણીને કહે, 'યહોવા મારા માલિક કહે છે: "'ઓ સિદોન, હું તારી વિરૂદ્ધ છું. હું તારા સ્થાનમાં મારો મહિમા પ્રગટ કરીશ. તારામાં વસતા લોકોને સજા કરી હું મારી પવિત્રતા પ્રગટ કરીશ ત્યારે લોકો જાણશે કે હું યહોવા છું.

23હું તારા પર મરકી મોકલીશ. તારી શેરીઓમાં લોહી વહેશે. કારણ, જેઓની હત્યા થઈ છે તેઓ ત્યાં પડ્યા છે. પછી તને ખાતરી થશે કે હું યહોવા છું.'"

### રાષ્ટ્ર ઈસ્રાએલની મશ્કરી કરવાનું બંધ કરશે

24યહોવાએ કહ્યું,"'ઈસ્રાએલનો તિરસ્કાર કરનારી આજુબાજુની પ્રજાઓ હવે કદી તેને તીણા કાંટા કે જાંખરાની જેમ હેરાન નહીં કરે. અને ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા તમારો માલિક છું.'"

25આ યહોવા મારા માલિકના વચન છે: "ઈસ્રાએલીઓને મેં જે પ્રજાઓમાં વેરવિખેર કરી નાખી છે તે બધામાંથી હું તેમને પાછા લાવી એકત્ર કરીશ અને ત્યારે બધી પ્રજાઓને ખબર પડશે કે હું પવિત્ર છું. ઈસ્રાએલના લોકો, મેં મારા સેવક યાકૂબને આપેલી તેમની પોતાની ભૂમિમાં વસશે.
26તેઓ ઈસ્રાએલમાં શાંતિપૂર્વક રહેશે, ઘરો બાંધશે અને દ્રાક્ષની વાડીઓ રોપશે. તેમની સાથે દુર્વ્યવહાર કરનારી આજુબાજુની પ્રજાઓને હું સજા કરીશ અને તેઓ શાંતિથી રહેશે. ત્યારે તેઓને ખબર પડશે કે હું તેમનો દેવ યહોવા છું,"

### મિસરને શિક્ષા થશે

29 યહોયાકીન રાજાને બંદીવાન થયાને દસમા વર્ષના દસમા મહિનાના બારમા દિવસે મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2"હે મનુષ્યના પુત્ર, મિસરના રાજા ફારુન તરફ મોં કરીને તેની અને તેના આખા દેશના સર્વ લોકો વિરૂદ્ધ પ્રબોધ કર. 3તેને સંબોધીને કહે કે 'યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે:

"'હે મિસરના રાજા ફારુન, ઓ નાઈલ નદીના જળમાં આળોટતા મગર, હું તારી સામે પડ્યો છું. તું એવો દાવો કરે છે કે "નાઈલ નદી તારી છે. તેં પોતે એનું સર્જન કર્યુ છે."

4હું તારા જડબામાં આંકડી પરોવીશ અને તારી નાઈલની માછલીઓ તારાં ભીંગડાને ચોંટી રહે એમ કરીશ. અને એ બધી માછલીઓ સાથે હું તને નદીમાંથી બહાર ખેંચી કાઢીશ.

5હું તને અને તારી નીલની બધી માછલીઓને રણમાં ફગાવી દઈશ.તું ખુલ્લી જમીન ઉપર પડ્યો રહીશ. કોઈ તને દફનાવશે નહીં.

હું તને પશુપંખીઓનો આહાર બનાવીશ. 6ત્યારે મિસરના બધા લોકોને ખબર પડશે કે હું યહોવા છું."તેં ઈસ્રાએલીઓને આપેલો ટેકો બરૂની લાકડીના ટેકા સમાન હતો.

7જ્યારે જ્યારે તેમણે એ લાકડી પકડી ત્યારે ત્યારે તે તેમના હાથમાં ભાંગી ગઈ, અને તેમના ખભાને તેણે ચીરી નાખ્યા. ને તેમણે જ્યારે એનો ટેકો લીધો ત્યારે તે તૂટી ગઈ અને તેમનાં અંગો ધ્રૂજતા રહ્યાં.'"

8તેથી યહોવા આ પ્રમાણે કહે છે: "હે મિસર, હું તારી વિરૂદ્ધ સૈન્યને મોકલીશ અને તારા લોકોની અને ઢોરઢાંખરની હત્યા કરાવીશ.

9મિસર વેરાન અને ઉજ્જડ થઈ જશે; અને ત્યારે લોકોને ખબર પડશે કે હું યહોવા છું."

દેવ કહે છે, "કારણ કે તેં કીધુ હતું કે નાઈલ નદી તારી છે
અને તેંજ તેને બનાવી છે, ' 10તેથી હું તારી અને તારી
નાઈલ નદીની વિરૂદ્ધ છું, હું સમગ્ર મિસરને ઉત્તરમાં મિગ્દોલથી માંડીને ઠેઠ કૂશની સરહદ પાસે આવેલા આસ્વાન
સુધી વેરાન અને ઉજ્જડ બનાવી દઈશ. 11ચાળીસ વર્ષ
સુધી આ દેશમાં માણસ કે પશુ કોઈ ફરશે નહીં. તેમાં કોઈ
વસવાટ કરશે નહીં. 12હું મિસરને ઉજ્જડ બનાવીશ તથા
તેની આજુબાજુના દેશોને પણ ઉજ્જડ બનાવીશ. તેના નગરો ચાલીસ વર્ષ સુધી ખંઢેર જેવા રહેશે હું મિસરવાસીઓને બીજા દેશોમાં અને પ્રજાઓમાં વિખેરી નાખીશ."

13આ યહોવા મારા માલિકના વચન છે: "ચાળીસ વર્ષને અંતે મિસરીઓ જે પ્રજાઓમાં વેરવિખેર થઈ ગયેલા હશે
તેઓમાંથી તેમને પાછા ભેગા કરીશ. 14હું મિસરની
જાહોજલાલી પુન:સ્થાપિત કરીશ અને હું તેઓને મિસરની દક્ષિણના પાર્થોસમાં જ્યાં તેઓનો જન્મ થયો હતો ત્યાં પાછા લાવીશ. પણ તેઓ મહત્વના નહી તેવા નાના રાજ્ય તરીકે
રહેશે. 15બધા રાજ્યોમાં તે નાનામાં નાનું રાજ્ય હશે. અને
તે કદી બીજી પ્રજાઓ ઉપર સત્તા નહીં ચલાવી શકે, હું તેમને એવા તો પામર બનાવી દઈશ કે તેઓ બીજી પ્રજાઓને
તાબે નહીં કરી શકે. 16ઈસ્રાએલ હવે કદી મિસરની સહાય
ઉપર આધાર રાખશે નહીં, કારણકે જેટલી વાર તે મિસરની મદદ મેળવવાનો પ્રયાસ કરશે તેટલી વાર તેને યાદ આવશે કે તેની મદદ મેળવવા માટે ઈસ્રાએલે પાપ

કર્યુ હતું. ત્યારે ઈસ્રાએલ જાણશે કે હું એકલો જ, યહોવા
મારા માલિક છું."

## મિસરને બાબિલ લેશે

17સત્તાવીસમાં વર્ષના પહેલા મહિનાના પહેલા દિવસે
મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 18"ઓ મનુષ્યના
પુત્ર, બાબિલના રાજા નબૂખાદનેસ્સારે તૂર ઉપર હુમલો
કર્યો, તેના સૈનિકોએ એટલી સખત મહેનત કરી કે તેમના
વાળ ખરી પડ્યા અને તેમના ખભા છોલાઈ ગયા તેમ છતાં
તેને કે તેના સૈન્યને પોતાની મહેનતનું કશું વળતર ન મળ્યું."
19તેથી યહોવા મારા માલિક કહે છે કે "હું મિસરની ભૂમિ
બાબિલના રાજા નબૂખાદનેસ્સારને આપીશ અને તે એની
સર્વ સંપત્તિ તેના શ્રમના બદલા તરીકે લઈ જશે. 20તૂર
સામે એણે કરેલી મહેનતના બદલામાં હું એને મિસરની
ભૂમિ આપી દઉં છું, કારણ, એની સેના મારે માટે કામ કરતી
હતી." આ યહોવા મારા માલિક બોલ્યા છે.

21"અને એવો દિવસ આવશે કે હું જ્યારે ઈસ્રાએલને તેનું
અગાઉનું બળ ફરીથી આપીશ. જેથી એ લોકોની આગળ તું
બોલી શકે, અને ત્યારે લોકો તારા શબ્દો પ્રત્યે આદર રાખશે
અને મિસર જાણશે કે હું યહોવા છું."

## બાબિલનું સૈન્ય મિસર પર આક્રમણ કરશે

30 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2"ઓ
મનુષ્યના પુત્ર, મારી ચેતવણી ઉચ્ચાર અને કહે
કે, યહોવા મારા માલિક કહે છે: "'આ બધી વસ્તુઓનો
નખ્ખોદ જાઓ! કેવો ભયંકર દિવસ આવી રહ્યો છે!

3તે દિવસ, યહોવાનો દિવસ આવી પહોંચ્યો છે; વાદળોથી
ઘેરાયેલો દિવસ, પ્રજાઓને માથે આફત ઉતારવાનો દિવસ!

4"એ દિવસે મિસરમાં અનેકો નો સંહાર થશે, તેની સંપત્તિ
લૂંટાઈ જશે અને દેશ આખો ખેદાનમેદાન થઈ જશે,

5"'દેશમાં ભારે દુ:ખ થશે તેની સાથે જ કૂશના પૂટના
અને લૂદના તેમજ અરબસ્તાનના અને બાબિલના લોકો
તેમ જ મિસર સાથે સંધિથી જોડાયેલા બીજા લોકો પણ
યુદ્ધમાં ખપી જશે."'

6યહોવા મારા માલિકના આ વચન છે: "'મિસરના સર્વ
મિત્ર રાજ્યોનું પતન થશે અને તેના સામર્થ્યના અભિમાનનો
અંત આવશે. ઉત્તરમાં મિગ્દોલથી તે દક્ષિણમાં આસ્વાન
સુધીના સર્વ તલવારથી નાશ પામશે." એમ યહોવા મારા
માલિક જાહેર કરે છે.

7તે તથા તેની સાથેના આસપાસના દેશો ઉજ્જડ થશે
અને તેના નગરો તથા તેની આજુબાજુના નગરો ખંઢેર થઈ
જશે.

8હું મિસરને આગ ચાંપીશ અને તેના બધા ટેકેદારોને
ખોખરા કરી નાખીશ. ત્યારે તેમને ખબર પડશે કે હું
યહોવા છું.

9"'જ્યારે એ દિવસ આવશે અને મિસરનો નાશ થયો હશે
ત્યારે હું વહાણોમાં ખેપિયાઓ મોકલીને નિશ્ચિંત જીવે વસતા
કૂશના વતનીઓને ચેતવીશ અને તેઓ ભયભીત થઈ જશે.
એ દિવસ આવી રહ્યો છે!

10યહોવા મારા માલિકના આ વચન છે: "હું બાબિલના
રાજા નબૂખાદનેસ્સારને હાથે મિસરની પ્રજાનો અંત આણીશ.

11તે અને તેની ઘાતકી સેના આવીને દેશને ખેદાન-મેદાન
કરી નાખશે. તેઓ મિસર સામે તલવાર ચલાવશે અને આખો
દેશ મડદાંથી છવાઈ જશે.

12હું નીલ નદીને સૂકવી નાખીશ અને મિસરને બદમાશોને
સોંપી દઈશ. હું પરદેશીઓને હાથે આખા દેશને વેરાન બનાવી
દઈશ. આ હું યહોવા બોલ્યો છું."

## મિસરની મૂર્તિઓનો નાશ કરવામાં આવશે

13યહોવા મારા માલિકના આ વચન છે: "હું મેમ્ફિસની
મૂર્તિઓનો અને દેવલાઓનો નાશ કરીશ. મિસરમાં કોઈ
રાજકર્તા નહીં રહે. આખા દેશમાં ભય વ્યાપી જશે.

14હું પ્રર્થોસને વેરાન બનાવી દઈશ અને સોઆનને આગ
ચાંપીશ અને નોનોને સજા કરીશ.

15હું મિસરના સૌથી મજબૂત કિલ્લાઓ ઉપર મારો
રોષ ઠાલવીશ અને નોફની જાહોજલાલી અને પાપનો નાશ
કરીશ.

16હું મિસરને આગ ચાંપીશ અને પાપનું નગર ભયથી
થરથરી ઊઠશે. નોફની દિવાલમાં ગાબડાં પડશે અને, અને
મેમ્ફીઓના દુશ્મનો તેમને રાતદિવસ હેરાન કરશે.

17આવેનના તથા પી-બેસેથના યુવાનો તલવારથી માર્યા
જશે અને બાકીના લોકોને ગુલામ તરીકે લઈ જવામાં આવશે.

18જે દિવસે હું મિસરની સત્તાને તોડી પાડીશ અને જે
બળ ઉપર એ અભિમાન કરે છે તેનો અંત આણીશ ત્યારે
તાહપન્હેસમાં અંધકાર છવાઈ જશે અને આખા મિસર ઉપર
વાદળ ઘેરાશે, અને ત્યાંનાં બધા નગરોના વતનીઓ કેદ
પકડાશે.

19હું જ્યારે મિસરનું આવું કરીશ ત્યારે તે લોકોને ખબર
પડશે કે હું યહોવા છું."

## મિસર કાયમ માટે દુર્બળ થશે

20યહોયાકીન રાજાને બંદીવાન થયાના અગિયારમાં
વર્ષના પહેલા મહિનાના સાતમા દિવસે મને યહોવા તરફથી
આ સંદેશો મળ્યો: 21"ઓ મનુષ્યના પુત્ર, મેં મિસરના રાજા
ફારુનનો હાથ ભાંગી નાખ્યો છે. કોઈએ એને પાટો બાંધ્યો
નથી કે એને ઝોળી માં નથી મૂક્યો, જેથી તે તલવાર પકડવા
જેટલી શક્તિ ફરીથી મેળવે."

22તેથી યહોવા મારા માલિક, કહે છે, કે "હું મિસરના
રાજા ફારુનની વિરૂદ્ધ છું. હું એનો સાજો અને પહેલાં મેં
ભાંગેલો એમ બંને હાથ ભાંગી નાખનાર છું. અને તેના
હાથમાંથી તલવાર પડી જશે. 23હું મિસરીઓને બીજી
પ્રજાઓમાં અને વિદેશીઓમાં વેરવિખેર કરી નાખીશ.
24ત્યારબાદ હું બાબિલના રાજાના હાથ મજબૂત કરીશ અને
તેમાં મારી તલવાર પકડાવીશ. પણ મિસરના રાજાના હાથ

હું ભાંગી નાખીશ અને તે પોતાના દુશ્મનો સામે વધ થયેલા માણસની જેમ ચીસો પાડતો રહેશે.

25"હું જરૂર બાબિલના રાજાના હાથ બળવાન બનાવીશ, પણ ફારુનના હાથ નબળાં પડી જશે, હું બાબિલના રાજાના હાથમાં મારી તલવાર આપીશ અને તે મિસર તરફ તેને લંબાવશે ત્યારે સૌને ખાતરી થશે કે હું યહોવા છું. 26હું મિસરવાસીઓને બીજી પ્રજાઓમાં અને અન્ય દેશોમાં વિખેરી નાખીશ, અને ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું."

## આશ્શૂર એક કેદાર વૃક્ષની જેમ છે

31 યહોયાકીન રાજાને બંદીવાન થયાને અગિયારમે વર્ષે મે માસની મધ્યમાં યહોવાનો સંદેશો મારી પાસે આવ્યો: 2"હે મનુષ્યના પુત્ર, મિસરના રાજા ફારુનને તથા તેના સર્વ લોકોને તું કહે: "'તારા જેવો મહાન અને વૈભવી બીજો કોણ છે?

3તું બાબિલના સુંદર ઘટાદાર શાખાઓવાળા કેદારવૃક્ષ સમો છે. તારો છાંયો ખૂબ વિશાળ છે અને તું એટલો ઉંચો છે કે તું વાદળાને અડકે છે.

4વરસાદના પાણીથી તેને પોષણ મળ્યું છે. પાતાળપાણી પીને એ ઊંચું વધ્યું છે. તેના રોપાઓની આસપાસ નદીઓ વહેતી હતી; અને તેના વહેણાંથી વનમાંના સર્વ વૃક્ષોને પાણી મળતું હતું.

5પુષ્કળ પાણીને લીધે જંગલના બીજા સર્વ વૃક્ષો કરતાં તે ઊંચું થયું અને તેની ડાળીઓ ભરાવદાર અને પુષ્કળ થઈ.

6દરેક જાતના પંખીઓએ તેમાં માળા બાંધ્યા, એની છાયામાં બધાં જંગલી પશુઓએ બચ્ચાંને જન્મ આપ્યાં અને અસંખ્ય પ્રજાઓએ એની છાયામાં વિશ્રામ કર્યો.

7એ વૃક્ષ સુંદર અને મજબૂત હતું. અને તેની ડાળીઓ વિસ્તરેલી હતી, કારણકે તેનાં મૂળ પાણી સુધી ઊંડા પહોંચેલા હતા.

8દેવના ઉધાનનું કોઈ પણ દેવદાર વૃક્ષ તેની બરાબરી કરી શક્તું નહોતું, કોઈપણ સરુના કે ચિનારના વૃક્ષને એના જેવી શાખા નહોતી, મેદાનના કોઈપણ વૃક્ષોને તેની સુંદરતા સાથે સરખાવી ન શકાય. દેવના ઉધાનનું કોઈપણ વૃક્ષ તેની બરોબરી ન કરી શકે.

9મેં યહોવાએ, તેને ઘટાદાર અને વિશાળ ડાળીઓ આપીને જે શોભા આપી હતી તેથી એદેનવાડીના બીજાં વૃક્ષો તેની ઈર્ષા કરતા.'"

10તેથી હવે હું, યહોવા મારા માલિક, આ પ્રમાણે કહું છું: "એ વૃક્ષ વધતું વધતું વાદળને અડે એટલું ઊંચું થયું, પણ એ જેમજેમ ઊંચું થતું ગયું તેમ તેમ એનો ગર્વ વધતો ગયો.
11તેથી મેં તેને પ્રજાઓમાં જે પરાક્રમી રાજા છે તેના હાથમાં સોંપી દીધું છે. તે તેની દુષ્ટતાની તેને યોગ્ય શિક્ષા કરશે. મેં પોતે તેને ફેંકી દીધું છે. 12પ્રજાઓમાં અતિશય ક્રૂર એવા પરદેશીઓ તેને કાપીને ભોંયભેંગા કરી દેશે. તેની ડાળીઓ પર્વતો પર, ખીણોમાં અને નદીઓમાં વિખેરાઇ જશે. તેની છાયા તળે આશ્રય લેનારી પ્રજાઓ તેને ત્યાંજ છોડીને ચાલી જશે. 13પક્ષીઓ તેના તૂટી ગયેલા થડ પર બેસશે અને વન્ય પશુઓ તેની ડાળીઓ પર સૂઇ જશે.

14"તેથી કરીને હવે પછી કોઇ પણ વૃક્ષ, તેને ભરપુર પાણી મળ્યું હશે તોયે, એટલું ઊંચું નહીં વધે કે વાદળને અડી શકે. બધાં જ વૃક્ષો મર્ત્ય માનવીની જેમ મરવાને સર્જાયા છે. અને જેઓ ઊંડી ખીણમાં નીચે જાય છે અને જેઓ બીજી દુનિયામાં વસે છે તેમને જઈ મળશે."

15યહોવા મારા માલિક કહે છે: "જ્યારે તેનું પતન થયું, અને જ્યારે તે નીચે મૃત્યુની જગ્યાએ શેઓલ ઊતરી ગયું ત્યારે મેં સમુદ્રો પાસે તેને માટે શોક પળાવ્યો અને તેઓના પ્રવાહોને રોક્યા. તેથી લબાનોનના સર્વ વૃક્ષો મૂર્છિત થઈ ગયા. 16તેના પડવાના અવાજથી પ્રજાઓ ભયભીત થઈને થથરી ગઈ, કારણકે નરકમાં જનારાઓ સાથે મેં તેને પણ નરકમાં ધકેલી દીધું, એદનવાડીના બીજાં ગર્વિષ્ઠ વૃક્ષો અને લબાનોનના પસંદગી પામેલા શ્રેષ્ઠ વૃક્ષો તેને પોતાની વચ્ચે નરકમાં જોઈને દિલાસો પામ્યાં. 17તેની છાયામાં વસતી બધી પ્રજાઓ પણ, પહેલા જેઓ કપાઇ ગયા હતા તેમની વચ્ચે શેઓલમાં પહોંચી જશે.

18"એ વૃક્ષ એટલે મિસરનો રાજા અને તેની વિશાળ સેના. એદનમાંના વૃક્ષો પણ એટલાં ઊંચા કે ભવ્ય નહોતાં. પણ અત્યારે હવે એદનમાંના વૃક્ષોની જેમ એ નરકમાં પહોંચી જશે. અને યુદ્ધમાં ખપી ગયેલા દુષ્ટો સાથે પોઢી જશે." આ યહોવા મારા માલિકના વચન છે.

## ફારુન: એક સિંહ અથવા દૈત્ય?

32 યહોયાકીન રાજાને બંદીવાન થવાને બારમે વરસે બારમા મહનિાના પહેલા દિવસે મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2"ઓ મનુષ્યના પુત્ર, મિસરના રાજા ફારુન માટે વિલાપ ગીત ગા અને તેને કહે કે:

"'તું તને પોતાને પ્રજાઓનો સિંહ માને છે, પણ તું છે પાણીમાંના મગર જેવો. તું નદીનું પાણી ચારેબાજુ ઉડાડે છે, તારા પગથી પાણી અશુદ્ધ કરી નાખે છે અને નદીના પાણી દૂષિત કરે છે.'"

3યહોવા મારા માલિક કહે છે: "તને મારી જાળમાં પકડી લેવા માટે હું ઘણી પ્રજાઓનું સૈન્ય મોકલીશ, તેઓ તને ખેંચી લાવશે,

4હું તને ખુલ્લી જમીન ઉપર પછાડીશ અને ભલે પશુપંખીઓ તારી ઉપર આવે બધાં પ્રાણીઓને તેઓ ધરાઈ જાય ત્યાં સુધી તારું માંસ ખાવા દઈશ.

5હું ટેકરીઓને તારા માંસના ટુકડાઓથી ઢાંકી દઈશ અને ખીણોને તારા હાડકાથી ભરી દઈશ.

6તારા લોહીથી હું ધરતીને તર કરી દઈશ. તારા લોહીથી પર્વતો છંટાઇ જશે અને નદીનાળા ઊભરાઇ જશે.

7જ્યારે હું તને ઓલવી દઈશ ત્યારે હું આકાશને ઢાંકી દઈશ અને તારાઓને અંધકારમય કરી નાખીશ. હું સૂર્યને વાદળોથી ઢાંકી દઈશ અને ચંદ્ર પોતાનો પ્રકાશ આપશે નહીં.

8હું આકાશના બધા નક્ષત્રોને અંધકારમાં ડુબાડી દઈશ
અને તારા આખા દેશમાં અંધકાર ફેલાવી દઈશ." આ યહોવા
મારા માલિકના વચન છે.
9"અને હું ઘણા દેશોને ક્રોધીત કરીશ; જ્યારે હું તારા
ટુકડાઓને એવા ભૂમિ પ્રદેશોમાં નાંખી દઈશ, જેના વિષે તું
હજી જાણતો નથી. 10તારા હાલ જોઈને તેઓ આઘાત પામશે.
તેમના રાજાઓ પોતાની સામે મારી તલવારને ઘૂમતી જોઈ
ભયભીત થઈ જશે. તારા પતનના દિવસે તેઓ બધા પોતાનો
જીવ જવાના ભયથી થથરી જશે."
11કારણકે  યહોવા મારા માલિક કહે છે; "બાબિલના
રાજાની તલવાર તારો પીછો પકડશે. 12હું બાબિલના રાજાના
અતિ હિંસક વિશાળ સૈન્ય દ્વારા તારો વિનાશ કરીશ, અને
તેઓ મિસરની મિલ્કતને લૂંટી લેશે. અને આખી સેનાને
સાફ કરી નાખશે. 13તારી નદીઓ પાસે ચરનાર તારાં સર્વ
ઘેટાંબકરાં અને ઢોરઢાંખરનો હું નાશ કરીશ. કોઈ માણસ કે
પશુ જીવતા નહીં હોય કે જે તે પાણીને ડહોળે. 14હું તારા
બધાં જળાશયોને ઠરીને સ્વચ્છ થવા દઈશ અને તારી
નદીઓને જૈતૂનના તેલની જેમ શાંતપણે વહેતી કરીશ."
યહોવા મારા માલિકે આ કહ્યું. 15"જ્યારે હું મિસરને ઉજ્જડ
અને વેરાન બનાવી દઈશ અને ત્યાંની આખી વસ્તીનો
સંહાર કરીશ ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા છું.
16"મિસરના દુઃખોને લીધે તેઓ વિલાપ ગીતો ગાશે. મિસર
અને તેની પ્રજા માટે રાષ્ટ્રોની દીકરીઓ મરશિયા ગાશે." આ
યહોવા મારા માલિકના વચન છે.

## મિસરનું નાશ પામવું

17ત્યારબાદ બારમા વર્ષમાં મહિનાના પંદરમાં દિવસે મને
યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 18"ઓ મનુષ્યના
પુત્ર, મિસરની સમગ્ર સેના માટે શોક કર. શેઓલમાં નીચે
ઉતરતાં બીજા મજબૂત લોકોની સાથે તું તેઓને નરકમાં
મોકલી આપ.
19તેને કહે, "હે મિસર તું સૌદર્યમાં કોનાથી શ્રેષ્ઠ છે? નીચે
ઉતરી જા, અને નપુંસકોની કબરમાં જઈને પોઢી જા."
20"મિસરને તલવારને સુપ્રત કરવામાં આવશે. તે અને
તેની સમગ્ર સેના યુદ્ધમાં ખપી ગયેલાઓ વચ્ચે પહોંચી
જશે.
21"જ્યારે તે પોતાના સર્વ મિત્રો સાથે નરકમાં જશે ત્યારે
પરાક્રમી યોદ્ધાઓ ત્યાં તેઓનું સ્વાગત કરશે. જે પ્રજાઓનો
તેણે ધિક્કાર કર્યો હતો તેઓની સાથે તે રહેશે. એ બધા
તલવારથી માર્યા ગયેલાઓ છે.
22"આશ્શૂર પોતાના લોકોની સાથે ત્યાં છે. તેની આસપાસ
તેના સર્વ લોકોની કબરો આવેલી છે. તે સર્વ તલવારથી
માર્યા ગયા હતા. 23તેઓની કબરો નીચે નરકમાં છે અને
તેઓના સૈન્યની કબરો ત્યાં ચારે તરફ છે. લોકોને ત્રાસ
પમાડનાર પોતે જ શત્રુઓના હાથે મૃત્યુ પામ્યા છે.
24"એલામના મહાન રાજાઓ પણ ત્યાં પોતાના લોકોની
સાથે મૃત્યુ પામેલા છે. તેઓ જીવતા હતા ત્યારે પ્રજાઓ
માટે ત્રાસદાયક હતા. પરંતુ હવે તેઓ નરકમાં સબડે છે
કબરમાં ઊતરી જનાર સામાન્ય માણસોની જેમ તેઓ
લજ્જિત થયા છે. 25એલામ યુદ્ધમાં માર્યા ગયેલાઓની
વચમાં પોઢી ગયું છે, અને તેની આસપાસ તેના યોદ્ધાઓની
કબરો આવેલી છે. એ બધા વિશ્વાસઘાતી લોકો યુદ્ધમાં માર્યા
ગયા હતા. જ્યારે તેઓ જીવતા હતા ત્યારે બધાને ભયથી
થથરાવી મૂકતા હતા. પણ અત્યારે તો તેઓ પોતાની લજ્જાની
સાથે નરકમાં જઈને પડ્યાં છે, અને યુદ્ધમાં માર્યા ગયેલાઓની
દશા ભોગવે છે.
26"મેશેખ અને તુબાલના રાજાઓ પણ ત્યાં છે અને
તેઓની આસપાસ તેઓનાં સૈન્યોની કબરો છે. તેઓ બધા
દુષ્ટો છે. એ વખતે બધા લોકોને તેઓ કંપાવતા હતા, પણ
હવે તેઓ મરેલા પડ્યા છે. 27પરંતુ પ્રાચીનકાળમાં રાજાઓને
શસ્રોથી સજ્જ કરીને, તેમની ઢાલ તેમના શરીર ઉપર મૂકીને
તથા તેમની તલવાર તેમના માથા નીચે મૂકીને મહાન આદર
સાથે તેઓને દફનાવવામાં આવતાં હતાં. પરંતુ તું આદર
સાથે મૃત્યુ પામીશ નહીં, પરંતુ તારા પાપ તારા હાડકાં ઉપર
રહેશે, કારણ જ્યારે તું જીવતો હતો ત્યારે તેં લોકોને ખુબજ
હેરાન કર્યા હતાં.
28"પરંતુ, તને પણ બે સુન્નતોની સાથે મૃત્યુલોકમાં નીચે
લઈ જવાશે અને તારી કબર જેઓ યુદ્ધમાં માર્યા ગયા છે
તેમની સાથે હશે."
29"પોતાના રાજાઓ અને સેનાપતિઓ સહિત ત્યાં અદોમ
પણ છે. એ બધા બળવાન યોદ્ધાઓ હતા. પરંતુ અત્યારે એ
દુષ્ટો યુદ્ધમાં માર્યા ગયેલાઓ ભેગા પોઢયા છે."
30"ઉત્તરના સર્વ સરદારો ત્યાં છે, સર્વ સિદોનીઓની હત્યા
થઈ છે. એક વખત તેઓ લોકોને કંપાવતા હતા, પણ અત્યારે
તેઓ લજ્જિત થઈને મૃત્યુ પામ્યા છે. બીજા હત્યા થયેલા
દુષ્ટોની સાથે તેઓ અપમાનિત થઈને દુષ્ટોની સ્થિતિમાં જ
પૃથ્વીના ઊંડાણમાં પડ્યા છે.
31"મિસરનો રાજા ફારુન એમને બધાને જોઈને યુદ્ધમાં
માર્યા ગયેલા પોતાના સંખ્યાબંધ માણસોનાં મૃત્યુનો શોક
ભુલી જશે અને આશ્વાસન પામશે. એમ  યહોવા મારા
માલિક કહે છે.
32"પ્રજાઓમાં ત્રાસ ફેલાવવા માટે મેં તેનો ઉપયોગ કર્યો
હતો, છતાં તલવારથી હત્યા થયેલા સર્વ વિશ્વાસઘાતીઓ
સાથે ફારુન અને તેના સૈન્યને પણ તલવારથી હણી કાઢવામાં
આવશે." એમ  યહોવા મારા માલિક કહે છે.

## લોકો માટે યહોવાનો ચોકીદાર હઝકિયેલ

33 પછી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ:
2"ઓ મનુષ્ય પુત્ર, તું તારા દેશબંધુઓને જઈને
આ જણાવ; 'જ્યારે હું, યહોવા, કોઈ દેશ સામે લશ્કર મોકલું
છું ત્યારે ત્યાંના લોકો પોતામાંના એક જણને પસંદ કરીને
સંત્રી તરીકે નીમે છે. 3જ્યારે તે લશ્કરને દેશ ઉપર ચડી
આવતું જુએ છે ત્યારે તે લોકોને ચેતવવા રણશિંગુ ફૂંકે છે.
4રણશિંગાનો અવાજ સાંભળવાં છતાં જો કોઈ ચેતે નહીં

અને લશ્કર આવીને તેને મારી નાખે તો તેની જવાબદારી તેની પોતાની છે. 5કારણકે તેણે રણશિંગાનો અવાજ સાંભળ્યો પણ તે ચેત્યો નહીં; જો ચેત્યો હોત તો બચી ગયો હોત. "'

6"'પણ લશ્કરને આવતું જોઈને જો સંત્રી રણશિંગુ ન ફૂંકે અને લોકોને ન ચેતવે અને લશ્કર આવીને કોઈને મારી નાખે તો તે પોતાને પાપે મર્યો હોવા છતાં હું એને માટે સંત્રીને જવાબદાર ઠેરવીશ.'

7"ઓ મનુષ્યના પુત્ર, મેં તને ઈસ્રાએલીઓનો સંત્રી નીમ્યો છે, જ્યારે જ્યારે તું મારી વાણી સાંભળે ત્યારે ત્યારે મારા તરફથી તું તેમને ચેતવણી આપજે. 8જો હું કોઈ દુષ્ટ વ્યક્તિને તેની દુષ્ટતા ખાતર મોતની સજા કરું અને તું તે માણસને ખોટો રસ્તો છોડી દેવાની ચેતવણી ન આપે, તો તે મરશે તો તેના પોતાના પાપે, પણ એના મોત માટે હું તને જ જવાબદાર લેખીશ. 9પરંતુ જો તે ખોટો રસ્તો છોડી દેવાની તેને ચેતવણી આપી હોય છતાં તેણે તે નહી છોડ્યો હોય તો તે પોતાના પાપે મરશે પણ તું બચી જશે.

## દેવ લોકોનો નાશ કરતા ન હતા

10"ઓ મનુષ્યના પુત્ર, ઈસ્રાએલી લોકોને કહે કે તમે આ પ્રમાણે કહો છો: 'અમારાં પાપોનો બોજ અમારા માથા ઉપર વધી ગયો છે. અપરાધોને લીધે અમે ક્ષીણ થતા જઈએ છીએ, અમે શી રીતે જીવીશું?'

11"તું એમને કહે કે, 'હું યહોવા, મારા જીવના સમ ખાઈને કહું છું કે, દુષ્ટ માણસ મરી જાય એમાં મને આનંદ નથી આવતો. હું ઈચ્છું છું કે દુષ્ટ માણસ પોતાના ભૂંડા માર્ગોથી પાછો ફરે અને જીવતો રહે, પાછા ફરો તમારા દુષ્ટ માર્ગોથી પાછા ફરો, હે ઈસ્રાએલી લોકો, તમે શા માટે મૃત્યુ પસંદ કરો છો?'

12"ઓ મનુષ્યના પુત્ર, તારા દેશબંધુઓને કહે કે, 'કોઈ પુણ્યશાળી માણસ પાપ કરે તો તેનું પુણ્ય તેને બચાવી નહીં શકે. જો કોઈ દુષ્ટ માણસ તેનો દુષ્ટ રસ્તો છોડી દે તો તેનાં કરેલા પાપો તેને પડવા નહીં દે, અને કોઈ પુણ્યશાળી માણસ પાપ કરવાનું શરૂ કરે તો તે જીવતો નહીં રહે.'

13"હું કોઈ પુણ્યશાળી માણસને કહું કે, તું જીવશે, અને તે મારું પુણ્ય મને બચાવશે એમ માનીને પાપ કરે, તો તેનું કોઈ પુણ્ય સંભારવામાં નહીં આવે, પણ તેણે પાપ કર્યુ એટલે તે મરવાનો જ.

14"હું દુષ્ટ માણસને કહું કે તું મૃત્યુ પામશે, પણ જો તે પોતાના પાપોથી પાછો ફરે અને જે યોગ્ય તથા ભલું છે તે કરે. 15જો એ ગીરો રાખેલી વસ્તુ પાછી આપે, ચોરેલી વસ્તુ પાછી સોંપી દે અને કશું ખોટું ન કરતાં સાચા જીવનના નિયમો પાળે તો તે જરૂર જીવશે, મરશે નહીં, 16 એણે કરેલું કોઈપણ પાપ સંભારવામાં નહીં આવે; કારણકે તેણે નીતિમત્તા અને ન્યાયનો માર્ગ અનુસર્યો છે એટલે એ ચોક્કસ જીવશે.

17"તેમ છતાં તારા દેશબંધુઓ કહે છે કે 'યહોવાનો વ્યવહાર ન્યાયી નથી.'

"પણ હકીકત એ છે કે તેઓનો પોતાનો વ્યવહાર ન્યાયી નથી. 18હું ફરીથી કહું છું કે જો ન્યાયી માણસ પોતાના ન્યાયી કૃત્યો મૂકી દઈને ભૂંડાઈઓ તરફ વળશે તો તે મૃત્યુ પામશે. 19પણ જો કોઈ પાપી માણસ પાપનો રસ્તો છોડીને નીતિમત્તા અને ન્યાયના માર્ગે ચાલે ત્યારે તેણે કરેલા સત્કર્મોને કારણે તે જીવશે. 20છતાં તમે ઈસ્રાએલી લોકો કહો છો એ યહોવાનો વ્યવહાર ન્યાયી નથી, પરંતુ હું તમારામાંના દરેકનો ન્યાય તમારાં કામ પ્રમાણે કરીશ."

## યરૂશાલેમ લઈ લેવાયું

21અમારા દેશવટાના બારામાં વરસમાં દશમાં મહિનાના પાચમા દિવસે યરૂશાલેમથી નાસી છૂટેલો એક માણસ મારી પાસે આવ્યો અને મને કહ્યું, "નગરનું પતન થયું છે."

22તે આવ્યો તે પહેલાની સાંજે મને યહોવાની શક્તિનો અનુભવ થયો હતો અને સવારમાં તે મારી પાસે આવ્યો તે પહેલાં યહોવાએ મારું મોં ખોલી નાખ્યું હતું. મને વાચા પ્રાપ્ત થઈ ચૂકી હતી અને પછી હું મૂંગો નહોતો. 23પછી યહોવાનું વચન મારી પાસે આવ્યું: 24"ઓ મનુષ્યના પુત્ર, યહૂદાના બચી ગયેલા લોકો ખંઢેર થયેલા નગરોમાં રહે છે. તેઓ એમ કહે છે,' 'ઇબ્રાહિમ એક જ માણસ હતો છતાં તેણે સમગ્ર દેશનો કબ્જો મેળવ્યો! અમે તો ઘણા છીએ, એટલે એ દેશ અમારો જ છે.'

25"માટે તું તેઓને કહે, યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે: 'તમે લોહીવાળું માંસ ખાઓ છો, મૂર્તિપૂજા કરો છો અને ખૂન કરો છો. છતાં શું તમે એમ માનો છો કે હું તમને દેશ પાછો આપીશ? 26તમે તલવાર ઉપર વિશ્વાસ રાખો છો, ધૃણાસ્પદ રિવાજો પાળો છો, એકબીજાની સ્રીઓ જોડે વ્યભિચાર કરો છો, છતાં તમે દેશનો કબજો તમારી પાસે રહે એમ ઈચ્છો છો!'

27"'તેઓને કહે; "યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે;'હું મારા જીવના સમ ખાઈને કહું છું કે, જેઓ ખંઢેર નગરોમાં રહે છે તેઓ સર્વ તલવારથી ચોક્કસ માર્યા જશે. જેઓ ખેતરોમાં રહે છે તેઓ જંગલી પ્રાણીઓનું ભોજન બનશે જેઓ ગઢોમાં તથા ગુફાઓમાં રહે છે તેઓ રોગથી મૃત્યુ પામશે. 28હું આ દેશને ઉજ્જડ કરીશ અને તેના અભિમાની સામર્થ્યનો અંત આવશે. પર્વત પર વસાવેલા ઈસ્રાએલના નગરોને હું ઉજ્જડ કરીશ, જેથી કોઈ ત્યાંથી પસાર થશે નહીં. 29તેમણે આચરેલા ધૃણાસ્પદ આચારોને કારણે હું દેશને વેરાન અને ઉજ્જડ બનાવી દઈશ ત્યારે તે લોકોને ખાતરી થશે કે હું યહોવા છું."

30"'ઓ મનુષ્યના પુત્ર, તારા દેશબંધુઓ કોટની રાંગે અને ઘરના બારણા પાછળ તારે વિષે વાતો કરે છે; "ચાલો, યહોવાનો શો સંદેશો છે તે સાંભળીએ તો ખરા!" 31એટલે મારા લોકો ગંભીર હોવાનો ઢોંગ કરીને તારી આગળ બેસીને તારું સાંભળે છે. પણ હું તેઓને કહું છું તેનું પાલન કરવાની ઈચ્છા તેમની નથી. યહોવાને પ્રેમ કરવા વિષે તેઓ મધુર વાતો કરે છે પણ હદયોમાં તેઓને દ્રવ્ય ઉપર વધુ સ્નેહ છે.

32"'તેઓ તારી સામે એવી રીતે જુએ છે જાણે તું કોઈ
સુંદર અવાજ વાળો ગાયક હો અથવા જાણે તું કોઈ કુશળ
રીતે વાજીત્ર વગાડનારો હો. તારા સંદેશાઓ તેમના માટે
મનોરંજન જેવા હોય છે. કારણકે તેઓ તારા વચનો સાંભળે
છે, પણ તેમનો અમલ તેઓ કરતા નથી ને તેના તરફ ધ્યાન
પણ આપતા નથી! 33પરંતુ જ્યારે તમારાં વચનો સાચા પડશે
અને ચોક્કસ તેમ થશે જ ત્યારે તેઓ જાણશે કે તેઓની
વચ્ચે એક પ્રબોધક આવ્યો હતો.'"

### ઈસ્રાએલના સાચા ઘેટાં પાળક

34 પછી મને યહોવાની વાણી આ પ્રમાણે
સંભળાઈ: 2"ઓ મનુષ્યના પુત્ર, તું ઈસ્રાએલના
રાજકર્તાઓને મારા તરફથી સાવધાન કરીને તેમને કહેજે કે,
આ યહોવા મારા માલિકના વચન છે: 'ઓ ઈસ્રાએલના
ઘેટાંપાળકો, તમારું આવી બન્યું! તમારે ઘેટાંનું પાલનપોષણ
કરવું ન જોઈએ? તમે તો પોતાનું જ લાલનપાલન કરીને
સ્વાર્થ સાધો છો. 3તમે દૂધ પી જાઓ છો, ઊનના કપડાં
પહેરો છો અને તાજામાજાં ઘેટાંને મારીને ખાઓ છો, પણ
તમે ઘેટાંને ખવડાવતા નથી. 4તમે પાતળાની કાળજી રાખી
નથી, માંદાની સાચવણી કરી નથી, ઘવાયેલાને પાટાપિંડી
કરી નથી, જેઓ ભટકી ગયા છે તેઓની તમે શોધ કરી નથી
અને તેઓને પાછા લાવ્યા નથી, પરંતુ તેમના ઉપર બળજબરી
અને સખતાઈથી શાસન ચલાવ્યું છે.

5"'તેથી પાળક વિના તેઓ વિખેરાઈ ગયા અને જંગલી
પ્રાણીઓનો શિકાર બન્યા છે. 6મારા ઘેટાં ડુંગરે ડુંગરે અને
પર્વતે પર્વતે રખડતાં ફરે છે. ઘેટાંબકરાંના ટોળાં આખા દેશમાં
વેરવિખેર થઈ ગયા છે. કોઈને તેમની પડી નથી કે કોઈ
તેમને શોધવા જતું નથી.'"

7માટે હે પાળકો, યહોવાનું વચન સાંભળો: 8"મારાં ઘેટાં
જંગલી પ્રાણીઓનો શિકાર બન્યા છે, તેમનો કોળિયો બન્યા
છે, કારણ, તેમનો કોઈ પાલક નથી. મારા પાલકોને ઘેટાંની
કશી પડી નથી. ઘેટાંને ખવડાવવાને બદલે તેઓ પોતાનું
પેટ ભરવાની જ કાળજી રાખે છે."

9તેથી ઓ પાલકો, તમે યહોવાનું વચન સાંભળો, હું યહોવા
જીવના સમ ખાઈને કહું છું કે, 10"હું તમારી વિરૂદ્ધ છું, હું
મારા ઘેટાં માટે તમને જવાબદાર ઠરાવીશ. પાલક તરીકે હું
તમને દૂર કરીશ. જેથી પાલકો પોતાનું પોષણ કરી શકે નહીં,
હું મારા ઘેટાંઓને તમારા મુખમાંથી છોડાવી લઈશ અને
મારા ઘેટાં તમારો ખોરાક બનશે નહીં."

11યહોવા મારા માલિક કહે છે: "હું પોતે જ મારા ઘેટાંને
શોધી કાઢીશ અને તેઓની સંભાળ રાખીશ. 12પોતાનાં ઘેટાં
આજુબાજુ વેરવિખેર થઈ ગયા હોય ત્યારે ભરવાડ જેમ
તેમને શોધવા જાય છે તેમ હું મારા ઘેટાંને શોધવા જઈશ
અને તેમને સુરક્ષિત પાછા લાવીશ. જ્યારે તેઓ ગભરાઈ
ગયા હોય અને અંધારા વાદળીયા દિવસે ખોવાઈ ગયા હોય.
13જ્યાં તેઓ વિખેરાઈ ગયા છે તે દેશમાંથી અને પ્રજાઓમાંથી
હું તેઓને પાછા લાવીશ અને તેઓને પોતાના દેશ
ઈસ્રાએલમાં ઘરે પાછા લાવીશ. ઈસ્રાએલના પર્વતો ઉપર
નદીના કાંઠે તથા ફળદ્રુપ જગ્યાઓમાં હું તેઓનું પોષણ
કરીશ. 14હું તેઓને ચારાની સારી જગ્યાઓમાં લઈ જઈશ.
ઈસ્રાએલના પર્વતોની ઊંચાઈઓ તેઓ માટે ચરવાની જગ્યા
થશે. ત્યાં લીલા લીડમાં શાંતિથી તેઓ સૂઈ જશે. હું તેઓને
ઈસ્રાએલના પર્વતોના રસાળ બીડોમાં લાવીશ. 15હું જાતે
મારા ટોળાને ચારીશ અને આરામ કરાવીશ." આ હું યહોવા
માલિક કહું છું.

16"ખોવાયેલાની હું શોધ કરીશ, આડે રસ્તે ચડી ગયેલાને
હું રસ્તે લાવીશ, ઘવાયેલાને હું પાટાપિંડી કરીશ, પાતળાંને
બળ આપીશ અને તંદુરસ્ત અને મજબૂત હશે તેમને હું
સાચવીશ અને સારી રીતે ચરાવીશ."

17"અને તમને મારા ટોળાને વિષે હું યહોવા માલિક
એમ કહું છું કે, "હું ઘેટાં ઘેટાં વચ્ચે ન્યાય કરીશ. 18ઓ
ઘેટાંઓ અને બકરાઓ, ઉત્તમ ચારો આરોગી તમે ધરાયા
નથી કે બાકીના ચારાને તમે પગ વડે કચડી નાખો છો?
અથવા સ્વચ્છ પાણી પીને તમે ધરાયા નથી કે બાકીનું પાણી
પગ વડે ડહોળી નાખો છો? 19મારા બાકીના ટોળાએ તમારું
કચડેલું ખાવું પડે છે અને તમારું ડહોળેલું પાણી પીવું પડે
છે!"

20તેથી યહોવા મારા માલિક કહે છે: "હું આ જાડા અને
પાતળાં ઘેટાં વચ્ચે ન્યાય કરીશ. 21તમે જોડાથી અને ખભેથી
હડસેલા મારીને મારા માંદા અને ભૂખ્યાને ઘણે દૂર સુધી
વિખેરી નાખ્યા છે. 22તેથી હું પોતે મારા ટોળાને બચાવીશ.
પછી કોઈ તેઓને સતાવી શકશે નહીં કે તેઓનો નાશ કરશે
નહીં. તેઓ તંદુરસ્ત છે કે પાતળા છે તે હું જોઈશ અને પછી
તેઓનો ન્યાય કરીશ. 23ત્યારબાદ હું યહોવા, એમની સંભાળ
લેવા માટે મારા સેવક દાઉદ જેવો એક ભરવાડ નીમીશ. તે
તેમને ચારશે અને તેમનો ભરવાડ બનશે. 24હું, યહોવા,
તેમનો દેવ થઈશ અને મારો સેવક દાઉદ મારા લોકોમાં
રાજકર્તા સમાન થશે. હું યહોવા એમ બોલ્યો છું.

25"હું તેઓની સાથે શાંતિનો કરાર કરીશ અને દેશમાંથી
જંગલી પશુઓને હાંકી કાઢીશ એટલે બધા ખુલ્લા ગોચરમાં
શાંતિ ને સુરક્ષામાં વાસો કરશે અને જંગલમાં સુશે. 26મારી
ટેકરીની આસપાસ હું મારા લોકોને ત્યાં વસાવીશ અને
તેઓનાં ઘરોને આશીર્વાદ આપીશ. અને હું ઋતુ પ્રમાણે
વરસાદ વરસાવીશ અને વરસાદ આશીર્વાદ લાવશે. 27તેઓના
ફળના વૃક્ષો ફળ આપશે અને ખેતરોમાં મબલખ પાક થશે.
સર્વલોકો સુરક્ષિત રહેશે. જ્યારે હું તેઓની ગુલામીની સાંકળો
તોડી નાખીશ અને તેઓના ભોગે લાભ મેળવનારાઓથી હું
તેઓને છોડાવીશ ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું.

28હવે પછી ફરી કદી ન તો વિદેશી પ્રજાઓ તેમને સતાવશે
કે ન તો જંગલી પ્રાણીઓ તેમને ખાઈ જશે. તેઓ શાંત ચિત્તે
કોઈનાય ભય વગર રહેશે. 29હું તેમની ભૂમિને એવી ફળદ્રુપ
બનાવીશ કે તેની કીર્તિ ચોમેર થશે. ફરી કદી દુકાળ પડશે
નહીં. કે કોઈ વિદેશી પ્રજા તેમને ટોણા મારી લજ્જિત કરશે
નહીં. 30તેમને ખાતરી થશે કે, હું, યહોવા તેમનો દેવ તેમની

જોડે છું અને તેઓ મારી ઈસ્રાએલી પ્રજા છે." આ હું યહોવા
દેવ બોલું છું.
31"તમે મારા ઘેટાં છો, જેમનો હું ચારનાર ભરવાડ છું; હું
તમારો દેવ છું." આ યહોવા મારા માલિકના વચન છે.

## અદોમ વિરૂદ્ધ ભવિષ્યવાણી

35 ફરીથી આ પ્રમાણે મને યહોવાની વાણી સંભળાઈ:
2"ઓ મનુષ્યના પુત્ર, સેઈરના પર્વતીય પ્રદેશ
તરફ તારું મુખ રાખ અને લોકોની વિરૂદ્ધ પ્રબોધ કરીને
તેમને ચેતવણી આપ કે, 3'આ યહોવા મારા માલિકના
વચન છે:

"'ઓ સેઈરના પર્વતીય પ્રદેશ હું તારી સામે પડ્યો છું, હું
મારો હાથ તારી વિરૂદ્ધ ઉગામીશ અને તને સંપૂર્ણ તારાજ
અને વેરાન કરી દઈશ.
4તારા નગરોને ખંડેર બનાવી દઈશ અને તું તદન વેરાન
થઈ જઈશ; ત્યારે તને જાણ થશે કે હું યહોવા છું.
5ઈસ્રાએલ સાથે તમે સતત દુશ્મનાવટ રાખી છે. અને
વિનાશના સમયે, તેમની છેલ્લી સજાને સમયે તમે
ઈસ્રાએલીઓને તલવારથી હણવા માટે સુપ્રત કરી દીધાં."'
6તેથી યહોવા મારા માલિક કહે છે: "હું ખાતરીપૂર્વક કહું
છું કે તારામાં રક્તપાત થશે અને તું બચશે નહીં, તું હત્યાકાંડમાં
બહુ આનંદ માણે છે તેથી લોહી તારી પર આવશે અને તને
હંફાવી દેશે, હવે તારો વારો આવ્યો છે. 7હું સેઈરના પર્વતીય
પ્રદેશને વેરાન બનાવી દઈશ અને લોકોને હું ત્યાથી પસાર
થતાં પણ અટકાવીશ. 8હું તારા ડુંગરો, ખીણો અને નદીનાળાં
યુદ્ધમાં માર્યા ગયેલાઓના શબોથી ભરી દઈશ. 9હું તને
સદાને માટે વેરાન બનાવી દઈશ અને તારા નગરોમાં ફરી
વસ્તી થશે નહીં, બાંધકામ થશે નહીં ત્યારે તને જાણ થશે કે
હું યહોવા છું."
10તમે કહ્યું છે, "ઈસ્રાએલ અને યહૂદા બંને મારા છે,
અમે તેનો કબજો મેળવીશું."
પણ હું યહોવા ત્યાં તેઓની સાથે છું. 11સર્વસત્તાધિશ
યહોવા મારા માલિક કહે છે કે "હું ખાતરીપૂર્વક કહું છું કે
તમે તમારા ક્રોધાવેશમાં જે કર્યુ છે તેનો હું બદલો લઈશ.
તમે ઈર્ષા અને અદેખાઈમાં જે કર્યુ છે તેના માટે હું તમને
સજા કરીશ અને હું તમને જે કંઈ કરીશ તે દ્વારા ઈસ્રાએલમાં
મારું નામ મોટું મનાવીશ.
12અને ત્યારે તમને જાણ થશે કે મેં તમારા અપમાનજનક
શબ્દો સાંભળ્યાં હતાં કે, 'ઈસ્રાએલના પર્વતો વેરાન છે અને
તેમના ઉપર વિજય મેળવવાની આ આપણા માટે તક છે.'
13તમે બડાશ હાંકી છે કે તમે મારા કરતા મહાન છો તમે
મારી વિરૂદ્ધ કઠોર શબ્દો બોલ્યા છો પરંતુ મેં તમને સાંભળ્યાં
છે."
14યહોવા મારા માલિકના આ વચન છે: "જ્યારે
ઈસ્રાએલનો વિનાશ થયો ત્યારે તું ખૂબ ખુશ હતો તેને
કારણે હું તારી સાથે પણ એવું જ કરીશ. 15જેમ તેં ઈસ્રાએલને
ઉજ્જડ થતું જોઈને આનંદ માણ્યો હતો તેમ હવે હું તને
પણ ઉજ્જડ બનાવીશ! સેઈરના પર્વતીય પ્રદેશ અને
અદોમનો સમગ્ર દેશ વેરાન થઈ જશે. અને હું સર્વ લોકોનો
નાશ કરીશ! ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું."

## ઈસ્રાએલ દેશનું ફરી નિર્માણ થશે

36 યહોવાએ કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, તું
ઈસ્રાએલના પર્વતોને મારા વચન સંભળાવ,
તેમને કહે; ઓ ઈસ્રાએલના પર્વતો યહોવાની વાણી સાંભળો,
2આ યહોવા મારા માલિક કહે છે; 'દુશ્મન તમારે વિષે વાત
કરે છે અને કહ્યું, આહા! હવે આ પ્રાચીન ઉચ્ચસ્થાનો*
અમારા તાબામાં આવ્યા છે!'
3"એમને તું એમ કહે કે, આ યહોવા મારા માલિકના
વચન છે, 'ઓ ઈસ્રાએલના પર્વતો, બીજી પ્રજાઓએ તમારો
કબજો લીધો, અને તમને વેરાન બનાવી દીધા અને તમને
બધી બાજુએથી તમને કચડી નાખ્યા એટલે તમે તો કુથલીનો
વિષય બની ગયા છો અને લોકો તમારા વિષે ખરાબ વાતો
કરે છે."'
4માટે, ઓ ઈસ્રાએલના પર્વતો, મારાં વચનો સાંભળો,
યહોવા મારા માલિકે, પર્વતોને અને કોતરોને અને ખીણોને,
તથા આસપાસની બીજી પ્રજાઓની લૂંટ અને હાંસીનો ભોગ
બનેલા વેરાન ખંઢેરોને અને ઉજ્જડ શહેરોને જે કહ્યું છે તે
સાંભળો; 5યહોવા મારા માલિક કહે છે, "મારો કોપ અન્ય
પ્રજાઓની અને મુખ્યત્વે અદોમની વિરૂદ્ધ સળગી ઊઠ્યો
છે: કારણકે તેઓએ હર્ષાવેશમાં આવીને તિરસ્કારપૂર્વક
ઈસ્રાએલના પ્રદેશોનો કબજો લઈને તેને લૂંટી લીધો છે."
6"તેથી તું પ્રબોધ કર અને ઈસ્રાએલના ડુંગરોને અને
પર્વતોને, ખીણોને અને કોતરોને કહે કે 'યહોવા મારા માલિક
કહે છે: તમે આજુબાજુની પ્રજાઓના મહેણાં સહન કર્યા છે.
તેથી હું કોપાયમાન થયો છું."'
7યહોવા મારા માલિક કહે છે, "તેથી મેં પ્રતિજ્ઞા લીધી છે
કે તમારી આસપાસની પ્રજાઓએ પોતે મહેણાંટોણાં વેઠવા
પડશે;
8"પરંતુ, ઓ ઈસ્રાએલના પર્વતો, તમારાં વૃક્ષોને શાખાઓ
ફૂટશે અને ટૂંક સમયમાં પાછા ફરનાર મારા લોકો માટે ફળો
બેસશે. 9કારણકે જુઓ, હું તમારા પક્ષમાં છું, હું તમારી તરફ
ફરીશ, ને તમારામાં ખેડાણ તથા વાવેતર થશે; 10હું તમારા
પર પુષ્કળ માણસોને વસાવીશ, ઈસ્રાએલના આખા વંશને
હું વસાવીશ; શહેરોમાં ફરી વસ્તી થશે અને ખંઢેરો ફરી
બંધાશે. 11માત્ર લોકોની વસતી જ નહીં, પણ તમારા ઢોરઢાંખર
પણ અતિ ઘણાં વધારીશ. હે ઈસ્રાએલના પર્વતો ફરીથી તમે
ઘરોથી ઢંકાઈ જશો. મેં અગાઉ તમારે માટે જે કર્યુ છે તેથી
વિશેષ હું તમારે માટે કરીશ. ત્યારે તમે જાણશો કે હું યહોવા
છું. 12હું મારી પ્રજાને ફરીથી તમારા ઉપર ચલાવીશ અને
તેઓ ઈસ્રાએલના પર્વતો ઉપર વાસો કરશે અને કબજો

**ઉચ્ચ સ્થાનો** પર્વતના શિખર ઉપર અસત્ય દેવોને પૂજવા માટેની
બલિદાનની વેદીઓ.

જમાવશે. અને હવે પછી કદી તમે તેમના સંતાનોને હરી
લેશો નહીં."
13યહોવા મારા માલિક કહે છે: "બીજી પ્રજાઓ તારી
હાંસી કરતા કહેતી હતી કે,' ઈસ્રાએલ એવો દેશ છે જે
પોતાના માણસોને ભરખી જાય છે અને પ્રજાને નિ:સંતાન
બનાવે છે. 14તો હવે પછી તું કદી માણસોને ભરખીશ નહીં
અને તારા લોકોનાં સંતાનોને હરી લઈશ નહીં," આ યહોવા
મારા માલિકના વચન છે. 15"હવે પછી તારે કદી બીજા
લોકોના મહેણાં સાંભળવાનો કે વિદેશીઓની નિંદા સહેવાનો
વખત નહીં આવે. તું તારી પ્રજાને ફરીથી કદીયે ઠોકર
ખવડાવશે નહીં." આ યહોવા મારા માલિકના વચન છે.

## યહોવા પોતાના સારા નામની રક્ષા કરશે

16ફરીથી યહોવાની વાણી મને આ પ્રમાણે સંભાળાઈ:
17"ઓ મનુષ્યના પુત્ર, જ્યારે ઈસ્રાએલીઓ પોતાની ભૂમિમાં
વસતાં હતાં ત્યારે તેમણે તેને પોતાના વર્તાવ અને દુષ્કૃત્યોથી
અશુદ્ધ કરી હતી. મારી સામે તેઓ રજસ્વલા સ્ત્રીની જેમ
ચાલતાં હતાં. મારે મન તેમનો વર્તાવ ગંદો અને ધૃણાજનક
હતો. 18તેમણે આ ભૂમિને ખૂનથી અને મૂર્તિપૂજાથી પ્રદુષિત
કરી હતી. તેથી મારો રોષ તેઓ ઉપર સળગી ઊઠ્યો હતો.
19મેં તેમને બીજી પ્રજાઓમાં વેરવિખેર કરી નાખ્યા અને
વિદેશોમાં રઝળતા કરી દીધા. તેમના કૃત્યો અને વર્તાવ જેને
લાયક હતા તે જ સજા મેં તેમને કરી. 20પણ જ્યારે તેઓ જે
જે પ્રજાઓમાં ગયા તેમની વચ્ચે તેમણે મારા પવિત્ર નામને
બટ્ટો લગાડ્યો. લોકો તેમને વિષે એવું કહેવા લાગ્યા કે, 'આ
યહોવાના લોકો છે, અને એમને યહોવાના દેશમાંથી નીકળવું
પડ્યું છે.'
21"હું મારા પવિત્ર નામની ચિંતા કરું છું, કારણકે મારા
લોકોએ સમસ્ત જગતમાં મારા નામને તેઓ જ્યાં જયાં ગયા
છે ત્યાં ત્યાં બટ્ટો લગાડ્યો છે. 22એટલે તું ઈસ્રાએલીઓને
કહે કે, આ યહોવા મારા માલિકના વચન છે: 'ઓ
ઈસ્રાએલીઓ, હું આ જે કહું છું તે તમારે માટે નથી કરતો
પણ મારા પવિત્ર નામને માટે કરું છું, અને તમે જે વિદેશોમાં
ગયા હતા તેમની વચ્ચે બદનામી કરી છે. 23તમારે લીધે
કલંકિત થયેલા મારા નામની પવિત્રતા હું એ પ્રજાઓમાં
સિદ્ધ કરી બતાવીશ, અને જ્યારે હું તેમની આગળ તમારી
મારફતે મારી પવિત્રતા સિદ્ધ કરીશ ત્યારે લોકોને ખાતરી
થશે કે હું યહોવા છું.'"
24દેવ કહે છે, "હું તમને બધાને પરદેશોમાંથી બહાર
કાઢી એકત્ર કરીને તમારી પોતાની ભૂમિમાં પાછા લાવીશ.
25હું તમારા ઉપર પાવક જળનો છંટકાવ કરીને તમને
મૂર્તિપૂજાના પાપથી અને તમારી બધી અશુદ્ધિઓથી મુક્ત
કરીશ."
26દેવ કહે છે, "હું તમને નવું હૃદય આપીશ, અને તમારામાં
હું નવો આત્મા મૂકીશ. હું તમારું પથ્થર સમાન પાપી હૃદય
દૂર કરીશ અને તમને નવું પ્રેમાળ હૃદય આપીશ. 27હું
તમારામાં મારા પોતાના પ્રાણનો સંચાર કરીશ, તમે મારા
નિયમો પ્રમાણે ચાલો ને નિષ્ઠાપૂર્વક મારી આજ્ઞાઓનું પાલન
કરો એમ કરીશ. 28તમારા પૂર્વજોને આપેલા ઈસ્રાએલના
દેશમાં તમે વસશો. તમે મારી પ્રજા થશો અને હું તમારો દેવ
થઈશ."
29દેવ કહે છે, "હું તમને બધી અશુદ્ધિઓથી બચાવીશ. હું
અનાજને આજ્ઞા કરીશ અને તેની વૃદ્ધિ કરીશ, તમારે ત્યાં
દુકાળ કદી પડવા દઈશ નહીં, 30હું વૃક્ષોના ફળ અને ખેતીની
પેદાશમાં મબલખ વધારો કરીશ તેથી લોકોમાં તમારે કદી
દુકાળનું મહેણું સાંભળવાનું રહેશે નહીં. 31ત્યારે તમે તમારાં
ભૂતકાળના પાપ યાદ કરશો અને તમારા દુષ્કર્મોને લીધે
દુ:ખી થશો અને પોતાની જાતનો તિરસ્કાર કરશો.
32યહોવા મારા માલિક કહે છે, "પણ હંમેશા યાદ રાખો;
આ હું તમારે માટે કરતો નથી એની ખાતરી રાખજો, ઓ
ઈસ્રાએલીઓ, આને તમે તમારા દુષ્કર્મોથી થતી અપકીર્તિ
ને બેઆબરૂ સમજો."
33યહોવા મારા માલિકનું આ વચન છે: "જ્યારે હું તમને
તમારા પાપોથી શુદ્ધ કરીશ ત્યારે હું તમને ફરીથી ઈસ્રાએલમાં
તમારા ઘરે પાછા લાવીશ અને ઉજ્જડ થયેલા નગરોને
ફરીથી બાંધીશ. 34તમારા બંદીવાસ દરમ્યાન જે ભૂમિ વરસો
સુધી વેરાન પડી હતી અને તેની પાસેથી પસાર થનારા સર્વ
તમારા દેશને ખંઢેર જોઈને નવાઈ પામતા હતા તે ભૂમિ
ફરીથી ખેડાતી થશે. 35જ્યારે હું તમને પાછા: 'લાવીશ ત્યારે
તેઓ કહેશે,' દેવથી ત્યજાયેલી આ ભૂમિ હવે એદનવાડી
સમાન થઈ ગઈ છે! ખંડેર જેવા નગરોની આસપાસ કોટ
બાંધવામાં આવ્યા છે અને તેમાં ઘણા લોકો વસે છે!'" 36દેવ
કહે છે, "ત્યારે આજુબાજુની બચી ગયેલી પ્રજાઓ જાણશે કે
હું યહોવા છું અને મેં ખંડેર નગરોને ફરી બાંધ્યા છે અને
ખેતરોમાં પાક ઉગાડ્યો છે. હું યહોવા તે કહું છું અને હું આ
પ્રમાણે કરીશ."'
37યહોવા મારા માલિક કહે છે: "ઈસ્રાએલીઓની વિનંતી
હું સાંભળીશ. હજી હું તેઓ માટે એટલું કરવા તૈયાર છું કે
હું એમની ઘેટાંની જેમ વંશવૃદ્ધિ કરીશ. 38યરૂશાલેમમાં પવિત્ર
ઉજવણીને દિવસે બલિદાનના ઘેટાંનાં ટોળા ઊભરાય છે,
તેવી જ રીતે આ નાશ થઈ ગયેલા નગરોમાં માણસોના ટોળા
ઊભરાશે; અને ત્યારે લોકોને ખાતરી થશે કે હું યહોવા છું."

## સૂકાં હાડકાંઓનું સંદર્શન

37 યહોવાનો હાથ મારા પર આવ્યો અને યહોવાનો
આત્મા મને લઈ ગયો અને મને એક મેદાનમાં
મૂક્યો, જે મેદાન સૂકાં હાડકાથી ભરેલું હતું, 2તેમણે મને તે
હાડકા વચ્ચે આમતેમ ફેરવ્યો, જોઉં છું તો આખું મેદાન
હાડકાંથી છવાયેલું હતું. હાડકાંનો કોઈ પાર નહોતો અને તે
બધા તદન સુકાઈ ગયેલા હતા.
3યહોવા મારા માલિકે મને પ્રશ્ન કર્યો; "હે મનુષ્યના પુત્ર,
શું આ હાડકાં ફરીથી જીવતા માણસો બની શકે?"
મેં જવાબ આપ્યો, "યહોવા, તમે એકલા જ આ પ્રશ્નનો
ઉત્તર જાણો છો."

4તેણે મને કહ્યું, "તું મારા તરફથી એ હાડકાંઓને પ્રબોધ
કર. 'ઓ સૂકાં હાડકાઓ, યહોવાનો સંદેશો સાંભળો, 5યહોવા
મારા માલિક તમને આ પ્રમાણે કહે છે;'હું તમારામાં પ્રાણ
ફૂંકીશ અને તમે ફરી જીવતાં થશો. 6હું તમારા ઉપર સ્નાયુઓ
બાંધીશ, માંસ પૂરીશ, અને તમને ચામડીથી આવરી લઈ
તમારામાં પ્રાણ પૂરીશ એટલે તમે જીવતાં થશો અને તમને
ખાતરી થશે કે હું યહોવા છું.'"

7તેથી યહોવા મારા માલિકે મને કહ્યું હતું તેમ મેં વચનો
ઉચ્ચાર્યા હું બોલતો હતો ત્યારે જ ખખડાટ સંભળાયો અને
હાડકાં એકબીજા સાથે જોડાવા લાગ્યાં. 8હું જોતો હતો તેવામાં
હાડકાની આસપાસ સ્નાયુઓ અને માંસ આવી ગયાં. અને
તેઓને ચામડી વડે ઢાંકી દેવામાં આવ્યાં. પણ તેઓ હજુ
શ્વાસ લેતા નહોતા. 9પછી મારા માલિક યહોવાએ મને
કહ્યુ; "ઓ મનુષ્યના પુત્ર, તું પવનને પ્રબોધ કર, તું તેને કહે
કે યહોવા મારા માલિક કહે છે, 'હે પવન, ચારે દિશામાંથી
આવ અને આ શરીરોમાં ફૂંક માર જેથી તેઓ સજીવન થાય.'"

10તેથી તેના કહેવા પ્રમાણે મેં પ્રબોધવાનું શરૂ કર્યુ તેમનામાં
પ્રાણનો સંચાર થયો અને તેઓ સજીવન થઈને ઉભા થઈ
ગયા. જાણે મોટું સૈન્ય!

11ત્યારબાદ યહોવા મારા માલિકે મને કહ્યું, "ઓ મનુષ્યના
પુત્ર, આ હાડકા એ બધા ઈસ્રાએલી લોકો છે, તેઓ કહે છે,
'અમારા હાડકાં સૂકાઈ ગયા છે, આશા ઊડી ગઈ છે, અમે
કપાઈ ગયેલા છીએ.' 12તેથી પ્રબોધ કરીને તેઓને કહે કે
યહોવા મારા માલિક કહે છે: 'હું તમારા બંદીવાસની કબરો
ખોલી નાખીશ અને તમને ફરીથી ઊભા કરીશ અને ઈસ્રાએલ
દેશમાં પાછા લાવીશ. 13તમારી કબરો ખોલીને હું તમને
બહાર કાઢીશ ત્યારે તમને ખાતરી થશે કે હું યહોવા છું.
14પછી હું મારો આત્મા તમારામાં મૂકીશ અને તમે જીવશો
અને તમે તમારા પોતાના દેશમાં ઘરે પાછા ફરશો. ત્યારે
તમે જાણશો કે મેં યહોવાએ જે તમને વચન આપ્યું હતું તે
હું કરી બતાવું છું.'" આ યહોવા મારા માલિકના વચન છે.

### યહૂદા અને ઈસ્રાએલ ફરી એક થશે

15પછી યહોવાએ મને આ પ્રમાણે કહ્યું; 16"ઓ મનુષ્યના
પુત્ર, એક લાકડી લઈને તેના ઉપર લખ; 'યહૂદાનું રાજ્ય'.
પછી બીજી લાકડી લઈને તેના ઉપર લખ: 'યુસુફ(ઈફ્રાઈમ)નું
રાજ્ય'. 17હવે બંનેને જોડીને એક લાકડી બનાવી દે એટલે
તારા હાથમાં એકજ લાકડી રહેશે.

18"તારા દેશબંધુઓ જો તને કહે કે, આથી તમે શું સૂચવવા
માંગો છો, 19ત્યારે તારે તેમને કહેવું કે, 'આ યહોવા મારા
માલિકના વચન છે: "હવે હું યુસુફ(ઈફ્રાઈમ) લાકડી લઈને
હું એને યહૂદાની લાકડી સાથે જોડી દઉં છું. આ રીતે હું બે
લાકડી માંથી એક લાકડી બનાવી દઈશ અને એટલે મારા
હાથમાં એક જ લાકડી થઈ જશે.'

20"બંને લાકડીઓ તારા હાથમાં એવી રીતે પકડી રાખજે
કે લોકો તેને જોઈ શકે. અને પછી તું તેમને કહેજે કે આ
યહોવા મારા માલિકના વચન છે. 21'ઈસ્રાએલીઓ બીજી
પ્રજાઓમાં ચાલ્યા ગયા છે તેમને હું ત્યાંથી લઈ આવીશ,
ઠેકઠેકાણેથી એકત્ર કરીને તેમને પોતાની ભૂમિમાં પાછા
વસાવીશ. 22'હું મારી પોતાની ભૂમિમાં, ઈસ્રાએલના પર્વત
ઉપર તેમને એક જ પ્રજા બનાવીશ અને તે બધાનો એક જ
રાજા હશે. તેઓ ફરી કદી બે પ્રજાઓ નહીં રહે કે બે રાજ્યોમાં
વહેંચાઈ નહીં જાય. 23તેઓ મલિન મૂર્તિઓ દ્વારા તથા
અપરાધ આચરીને પોતાને અપવિત્ર કરવાનું બંધ કરશે.
કારણકે હું તેઓને સર્વ અશુદ્ધતામાંથી બચાવી લઈશ. ત્યારે
તેઓ સાચે જ મારા લોકો થશે અને હું તેઓનો દેવ થઈશ.

24"'મારા સેવક દાઉદ જેવો એક રાજા તેમના ઉપર રાજ્ય
કરશે. તે જ બધાનો એક માત્ર ગોવાળ હશે. તેઓ મારા
નિયમો અનુસાર ચાલશે અને મારી આજ્ઞાઓને માથે ચડાવી
તેનું પાલન કરશે. 25વળી મારા સેવક યાકૂબને મેં જે ભૂમિ
આપી હતી અને જેમાં તમારા પિતૃઓ રહેતા હતા તેમાં જ
તેઓ રહેશે, તેઓ અને તેમના બાળકો અને તેમના પણ
બાળકો ત્યા કાયમ માટે રહેશે. અને મારા સેવક દાઉદ જેવો
રાજા કાયમ તેમના ઉપર શાસન ચલાવશે.

26"'હું તેઓની સાથે શાંતિનો કરાર અનંતકાળને માટે
કરીશ, હું તેઓને આશીર્વાદ આપીશ. હું તેમને ફરી સ્થાપીશ
અને તેમની વંશવૃદ્ધિ કરીશ. અને તેમની વચ્ચે મારા મંદિરની
કાયમ માટે સ્થાપના કરીશ. 27હું મારું નિવાસસ્થાન તેઓની
વચ્ચે રાખીશ. અને તેઓનો હું દેવ થઈશ અને તેઓ મારી
પ્રજા થશે. 28જ્યારે મારું મંદિર તેઓ મધ્યે સદાને માટે
રહેશે ત્યારે બીજી પ્રજાઓ સમજી જશે કે હું, યહોવા,
ઈસ્રાએલને મારી પોતાની પ્રજા ગણું છું.'"

### ગોગની વિરૂદ્ધ દૈવી વાણી

38 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઈ: 2"ઓ
મનુષ્યના પુત્ર, માગોગ દેશમાંના જરોશ મેશેખ
અને તુબાલના મુખ્ય રાજકર્તા ગોગ તરફ તારું મુખ રાખ્
અને તેની વિરૂદ્ધ પ્રબોધ કર. 3તેને કહે કે, આ યહોવા મારા
માલિકના વચન છે; 'ઓ મેશેખ અને તુબાલના મુખ્ય રાજકર્તા
ગોગ, હું તારી સામે પડ્યો છું. 4હું તારા જડબામાં આંકડી
નાખીને તને પાછો ફેરવીશ; તારા, ભભકાદાર વસ્રો સજેલા
ઘોડાને, શસ્રસજ્જ ઘોડેસ્વારોને અને નાનીમોટી ઢાલોથી
સજ્જ અને તલવાર ચલાવતી તારી સમગ્ર સેનાને ઘસડી
જઈશ. 5એ સેનામાં પારસના, કૂશના અને પુટના માણસો
છે અને તે બધા ઢાલ અને ટોપથી સજ્જ છે. 6તારી સાથે
ગોમેર દેશની આખી સેના છે, છેક ઉત્તરના બેથ–તોગાર્માહની
સમગ્ર સેના છે અને બીજી અનેક પ્રજાઓના માણસો પણ
છે.

7"'હે ગોગ, તું તૈયાર રહેજે, તું તેઓનો સરદાર છે, સમગ્ર
સેનાને તૈયાર રાખજે. 8લાંબા સમય પછી એવો વખત આવશે
જ્યારે તને હાંકલ કરવામાં આવશે, ઘણાં વર્ષો પછી તું એવા
દેશ ઉપર ચડાઈ કરીશ, જ્યાંના મોતમાંથી ઊગરી ગયેલા
વતનીઓને જુદી જુદી પ્રજાઓમાંથી ફરી એકઠા કરવામાં

આવ્યાં હશે. લાંબા સમયથી વેરાન પડેલા ઈસ્રાએલના ડુંગરો
ઉપર તું ચડાઈ કરીશ, જ્યાં લોકોને અનેક પ્રજાઓમાંથી ફરી
એકઠા કરવામાં આવ્યાં હશે લાંબા સમયથી વેરાન પડેલા
ઈસ્રાએલના ડુંગરો ઉપર તું ચડાઈ કરીશ. જ્યાં અનેક
પ્રજાઓમાંથી આવેલા લોકો શાંતિ ને સુરક્ષિત રીતે રહેતાં
હશે. **9**તું, તારી વિશાળ સેના તથા તારી સાથે લડનારી બીજી
પ્રજાઓના લોકો વાવાઝોડાની જેમ આવી પહોંચી દેશમાં
વાદળની જેમ છવાઈ જશો.'"

**10**યહોવા મારા માલિક ગોગને કહે છે; "એ સમયે તારા
મનમાં ભૂંડા વિચારો આવશે અને તું દુષ્ટ યોજના વિચારી
કાઢશે. **11**તને થશે, 'હું આ અરક્ષિત દેશ ઉપર ચડાઈ કરું
અને એના દિવાલો કે દરવાજા કે લોખંડના સળીયા વગરના
નગરોમાં અને ગામોમાં શાંતિ અને સલામતીમાં વસતા લોકો
ઉપર હુમલો કરું. **12** એકવાર ખંઢેર થઈ ગયેલા એ નગરોમાં
ઘણાં દેશોમાંથી પાછા ફરેલા બધાં ઈસ્રાએલી લોકો વસે છે.
હવે તેઓ પાસે પુષ્કળ ઢોરઢાંખર અને વિપુલ સંપત્તિ છે.
હવે તેઓ બીજી બધી જાતિઓના કેન્દ્ર સ્થાને છે. હું તેઓ
પર હુમલો કરીશ અને ઢોરઢાંખર તથા મિલકત લૂંટી લઈશ
અને ખૂબ લૂંટ ભેગી કરીને લઈ જઈશ.'

**13**"શેબા અને દેદાનના લોકો તથા તાર્શીશના વેપારીઓ
અને આગેવાનો તને પૂછશે, 'તું લૂંટ ચલાવવા આવ્યો છે? શું
તેં સોનું, ચાંદી ઉપાડી જવા માટે અને ઢોરઢાંખર અને
માલસામાન ઉઠાવી જવા અને ભારે સંપત્તિ લૂંટી જવા માટે
સેના ભેગી કરી છે?'"

**14**તેથી દેવ કહે છે, "ઓ મનુષ્યના પુત્ર, તું ગોગને મારી
વાણી સંભળાવ, અને કહે કે, આ યહોવા મારા માલિકના
વચન છે: 'જે વખતે મારા લોકો ઈસ્રાએલીઓ શાંતિ અને
સુરક્ષિત રીતે રહેતા હશે. **15**તું ઉત્તરના છેડામાં આવેલા
તારા સ્થાનેથી અનેક પ્રજાઓમાંથી એકઠા કરેલા વિશાળ
અને પરાક્રમી ઘોડેસ્વાર સૈન્યને લઈને આક્રમણ કરવા
આવશે. **16**તું મારા લોકો ઈસ્રાએલીઓ ઉપર ચડી આવશે
અને આખા દેશ ઉપર વાદળની જેમ છવાઈ જશે. હવે પછી
હું તને મારા દેશ ઉપર ચડાઈ કરવા માટે મોકલીશ, જેથી
ઓ ગોગ, તારી મારફતે મેં બતાવેલો મારી પવિત્રતાનો પરચો
જોઈને બધી પ્રજાઓ જાણે કે હું કોણ છું.'"

**17**"ભૂતકાળમાં મારા સેવકો ઈસ્રાએલના પ્રબોધકો મારફતે
મેં જ્યારે એવી વાણી ઉચ્ચારાવી હતી કે, હું કોઈ પાસે
ઈસ્રાએલ ઉપર હુમલો કરાવીશ, ત્યારે મારા મનમાં તું જ
હતો." આ યહોવા મારા માલિકના વચન છે.

**18**યહોવા મારા માલિક કહે છે: "તે દિવસે, જ્યારે ગોગ
ઈસ્રાએલ ઉપર ચડાઈ કરશે, ત્યારે મારો રોષ ભભૂકી ઊઠશે.
**19**મારા પુણ્યપ્રકોપમાં અને મારા ક્રોધાગ્નિમાં હું પ્રતિજ્ઞા કરું
છું કે, તે દિવસે ઈસ્રાએલમાં ભયંકર ધરતીકંપ થશે. **20**મને
જોઈને દરિયાની માછલીઓ આકાશના પંખીઓ, જંગલના
પ્રાણીઓ અને પેટે ચાલનારા જીવો તેમ જ પૃથ્વી ઉપરના
બધાં માણસો ધ્રૂજી ઊઠશે. પર્વતો તૂટી પડશે, અને ખડકો
ઘસી પડશે અને ભીતો ભોંયભેગી થઈ જશે."

**21**યહોવા મારા માલિક કહે છે, "હું ગોગને બધી જાતની
આફતોથી હડબડાવી મૂકીશ. આ હું યહોવા તમારો માલિક
બોલું છું. તેના માણસો અંદરો અંદર તલવાર ચલાવશે. **22**હું
તેની સાથે, તેના સૈન્ય સાથે અને તેની સાથેના બધા લોકો
ઉપર રોગચાળા અને મૃત્યુથી, મૂશળધાર વરસાદથી, કરાંના
તોફાનોથી અને તેમની ઉપર ગંધક બાળીને, ન્યાય કરીશ.
**23**આ રીતે હું તમામ પ્રજાઓને બતાવીશ કે હું કેવો મોટો
અને પવિત્ર છું અને ત્યારે તેમને જાણ થશે કે હું યહોવા
છું."

### ગોગ અને તેના સૈન્યનું મૃત્યુ

**39** "ઓ મનુષ્યના પુત્ર, તું ગોગની વિરૂદ્ધ પ્રબોધ કર
અને કહે: યહોવા મારા માલિક તને આ કહે છે,
'મેશેખ તથા તુબાલના રાજકર્તા ગોગ, હું તારી વિરૂદ્ધ છું. **2**હું
તને ધૂમાવીને આગળ ધકેલી દઈશ. તને ઠેઠ ઉત્તરમાંથી
દોરીને ઈસ્રાએલના ડુંગરો ઉપર ચડાઈ કરવાને લવાશે. **3**હું
તારા ડાબા હાથમાંનું ધનુષ્ય તોડી પાડીશ અને તારા જમણાં
હાથમાંથી તીર છીનવી લઈશ. **4**તું અને તારી સમગ્ર સેના
તથા તારી સાથેની બધી પ્રજાઓ ઈસ્રાએલના ડુંગરો ઉપર
મૃત્યુ પામશો અને શિકારી પંખીઓ અને જંગલી પ્રાણીઓ
તમને ખાઈ જશે. **5**તમે ખુલ્લી જમીન ઉપર પડ્યાં રહેશો.'"
આ યહોવા મારા માલિક બોલે છે.

**6**દેવ કહે છે, "હું ગોગ પર અને દરિયાકિનારે સુરક્ષિત
વસતા તારા સર્વ મિત્ર રાજ્યોના લોકો પર અગ્નિ વરસાવીશ
અને તેઓ જાણશે કે હું યહોવા છું. **7**હું જોઈશ કે મારા
ઈસ્રાએલી લોકોમાં મારું નામ પવિત્ર ને જાણીતું થાય, અને
એને હું હવે કદી અપમાનિત થવા દઈશ નહીં; અને ત્યારે
તમામ પ્રજાઓને જાણ થશે કે હું યહોવા, ઈસ્રાએલનો
પરમપવિત્ર દેવ છું. **8**આ બધું બનવાનું જ છે, જરૂર
આ પ્રમાણે થશે જ આ યહોવા મારા માલિક બોલે છે, જે
ન્યાયનો દિવસ આવશે એમ મેં કહ્યું હતું તે આવવાનો
જ છે.

**9**"ઈસ્રાએલના નગરોના વતનીઓ બહાર નીકળશે અને
પોતાનાં હથિયારોના નાનીમોટી ઢાલ, ધનુષ્ય, બાણ ગદા
અને ભાલાંના તાપણાં, કરશે અને તે સાત વરસ સુધી ચાલશે.
**10**સાત વર્ષ સુધી તેઓને બળતણ માટે બીજું કશું વાપરવું
પડશે નહીં, માણસોને લાકડાં વીણવા વગડામાં જવું પડશે
નહીં કે લાકડા કાપવા જંગલમાં નહીં જાય, પણ હથિયારથી
જ તાપણાં સળગતા રાખશે. તેમને લૂંટનારાઓને તેઓ લૂટશે
અને તેમનું પડાવી લેનારનું તેઓ પડાવી લેશે." આ યહોવા
મારા માલિકના વચન છે.

**11**દેવ કહે છે, "એ દિવસે હું ગોગ માટે ઈસ્રાએલની ભૂમિમાં
મૃતસરોવરની પૂર્વે આવેલી મુસાફરોની ખીણ કબ્રસ્તાન તરીકે
આપીશ. તે મુસાફરોનો રસ્તો રોકશે કારણકે ત્યાં ગોગ અને
તેના સમગ્ર સૈન્યને દફનાવાશે અને એ ખીણ "ગોગના
સૈન્યની" ખીણ કહેવાશે. **12**એ તમામને દફનાવતા અને
દેશને સાફ કરતાં ઈસ્રાએલીઓને સાત મહિના લાગશે.

13પ્રત્યેક ઈસ્રાએલી તેમાં મદદ કરશે. કારણકે તે દિવસ ઈસ્રાએલ માટે મહિમાવંત વિજયનો દિવસ હશે જ્યારે હું મારો મહિમા પ્રગટ કરીશ." એવું યહોવા મારા માલિક કહે છે.

14દેવ કહે છે, "સાત મહિના પછી દેશમાં ફરતા રહી જમીન ઉપર બાકી રહી ગયેલાં શબો શોધી કાઢી અને તેઓને દફનાવીને દેશને સાફ કરવા માટે માણસો પસંદ કરવામાં આવશે. 15તે સમયે જો કોઈ વ્યક્તિ મનુષ્યનું હાડકુ જુએ તો તેણે હાડકા પાસે ચિહન મૂકવું. પછી કબર ખોદનારાઓ આવીને તેને ગોગના સૈન્યની ખીણમાં દાટી દે. 16ત્યાં જે નગર છે તે 'હામોનાહ' કહેવાશે અને આમ દેશ પાછો સ્વચ્છ થઈ જશે."

17આ યહોવા મારા માલિકના વચન છે, "ઓ મનુષ્યના પુત્ર, યહોવા મારા માલિક કહે છે, 'હવે પક્ષીઓને અને જંગલી પ્રાણીઓને બોલાવ અને તેઓને કહે: મહાબલિદાન રૂપ ઉજાણી માટે એકઠાં થાઓ પાસેના તથા દૂરના સર્વ ઈસ્રાએલના પર્વતો પર આવો, આવો, માંસ ખાઓ અને લોહી પીઓ! 18યોદ્ધાઓનું માંસ ખાઓ અને પૃથ્વીના રાજકર્તાઓનું લોહી પીઓ. એ બધા તમારા ઘેટાંબકરાં છે અને બાશાનના માતેલા બળદો છે. 19તૃપ્ત થાઓ ત્યાં સુધી તમે ચરબી ખાઓ અને જ્યાં સુધી નશો ના ચઢે ત્યાં સુધી તમે લોહી પીઓ. આ બલિદાનયુક્ત ઉજાણી મેં તમારા માટે જ તૈયાર કરી છે. 20મારા ભોજનસમારંભની મેજ પર તમે ઉજાણી માણો, ઘોડાઓ, ઘોડેસ્વારો અને શૂરવીર યોદ્ધાઓની ઉજાણી માણો."' એમ યહોવા મારા માલિક કહે છે.

21દેવ કહે છે, "આ રીતે હું બીજી પ્રજાઓ મધ્યે મારો મહિમા પ્રગટ કરીશ. ગોગને થયેલી શિક્ષા સર્વ લોકો જોશે અને તેઓ જાણશે કે મેં તે કર્યુ છે. 22તે દિવસથી ઈસ્રાએલીઓ જાણવા પામશે કે હું તેમનો દેવ યહોવા છું. 23બધી પ્રજાઓ જાણશે કે ઈસ્રાએલીઓએ પાપ કર્યા હતા, તેઓ મને વિશ્વાસઘાતી નીવડ્યા હતા. માટે તેમને દેશવટે જવું પડ્યું હતું. એથી મેં તેમનાથી વિમુખ થઈને તેમને તેમના શત્રુઓના હાથમાં સોંપી દીધા હતા, અને તેઓ બધા જ તલવારનો ભોગ બન્યા હતા. 24તેમનાં ભ્રષ્ટાચાર અને પાપોને ઘટે એ રીતે જ મેં તેમની સાથે વ્યવહાર રાખ્યો અને હું તેમનાથી વિમુખ થઈ ગયો હતો."

25"પણ હવે, હું યાકૂબના વંશજો ઈસ્રાએલીઓ ઉપર દયા કરી તેમનો ભાગ્યપલટો કરીશ. બંદીવાસનો અંત લાવીશ, અને તેઓની આબાદી પાછી આપીશ; કારણકે હું મારા પવિત્ર નામની પ્રતિષ્ઠા વિષે જાગૃત છું. 26તેઓ પાછા પોતાના વતનમાં શાંતિ ને સલામતીમાં રહેતા થશે. અને તેઓ કોઈનાથી ડરશે નહીં, ત્યારે મારા પ્રત્યે વિશ્વાસઘાતી થવાની સજા અને શરમ પૂરા થશે. 27હું તેઓને પોતાના શત્રુઓના દેશમાંથી ઘેર પાછા લાવીશ. હું તેમ કરીશ ત્યારે મારો મહિમા સર્વ પ્રજાઓ સમક્ષ દ્રશ્યમાન બનશે. તેમના મારફતે હું બીજી પ્રજાઓ સમક્ષ પવિત્ર મનાઈશ. 28અને ત્યારે મારા લોકો જાણશે કે હું તેમનો દેવ યહોવા છું, કારણ, મેં તેમને બીજી પ્રજાઓમાં દેશવટે મોકલ્યા હતા. અને હું જ તેમને પોતાના વતનમાં પાછા ભેગા કરનાર છું. એકને પણ બહાર રહેવા દેનાર નથી. 29અને ઈસ્ત્રાએલી કુળ પર મારો પ્રાણ રેડ્યા પછી ફરી કદી હું તેમનાથી વિમુખ નહીં થાઉં?" આમ યહોવા મારા માલિક કહે છે.

## નવા મંદિરનું સર્જન

40 અમારા દેશવટાના પચ્ચીસમે વર્ષે એટલે કે શહેરનો નાશ થયા પછી ચૌદમે વર્ષે, વર્ષની શરુઆતમાં, મહિનાના દશમાં દિવસે યહોવાનો હાથ મારી ઉપર આવ્યો અને તે મને ત્યાં લઈ ગયા.

2સંદર્શનમાં યહોવા મને ઈસ્રાએલ દેશમાં લઈ ગયા અને ઊંચા પર્વત પર મને બેસાડ્યો, ત્યાંથી દક્ષિણે મેં એક નગરમાં હોય તેવા મકાનો જોયા. 3તે મને તેમની નજીક લઈ ગયા અને મેં પિત્તળની જેમ ચળકતાં એક માણસને જોયો. તેણે માપવા માટેની દોરી અને માપદંડ હાથમાં પકડેલા હતાં, અને તે દરવાજા આગળ ઊભો હતો. 4તેણે મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર, ધારીને જો, અને ધ્યાન દઈને સાંભળ, હું તને જે કંઈ બતાવું તેના ઉપર બરાબર ધ્યાન આપ, કારણ, તને એટલા માટે જ અહીં લાવવામાં આવ્યો છે. તું જે જુએ તે બધું ઈસ્રાએલીઓને જણાવજે."


5એક મંદિરના વિસ્તારની ચારે તરફ દીવાલ હતી. એનો માપદંડ માણસના હાથમાં 'લાંબો હાથ'* વાપરતાં, 6 હાથ લાંબો હતો. અને તેણે દિવાલની પહોળાઈ માપી તે એક દંડ હતી અને દિવાલની ઊંચાઈ એક દંડ હતી.


6ત્યારબાદ તે પૂર્વ તરફના દરવાજે ગયો અને તેના પગથિયાં ચડીને તેણે બારસાખનું માપ લીધું તો તે એક દંડ પહોળી. 7રક્ષકોની ઓરડી એક દંડ લાંબી અને એક દંડ પહોળી હતી. રક્ષક ઓરડીઓની વચ્ચે પાંચ હાથનું અંતર હતું અને મંદિર તરફ જતી અંદરની પરસાળ એક દંડ લાંબી હતી. 8તેણે દરવાજાની મંદિર તરફની પરસાળ માપી. અને તે એક દંડ લાંબી હતી. 9તે 8 હાથ લાંબી હતી અને તેના થાંભલા 2 હાથ જાડા હતા, આ ઓસરી મંદિર તરફ જતી હતી. 10પરસાળની બન્ને બાજુ સરખા માપ ની ત્રણ ત્રણ ઓરડીઓ હતી અને તેમની વચ્ચેની ભીંતો પણ બધી સરખી જાડાઈની હતી. 11તે પછી એણે દરવાજાના પ્રવેશ ભાગની લંબાઈ પહોળાઈ માપી તેની પહોળાઈ 10 હાથ તથા લંબાઈ 13 હાથ હતી. 12દરેક રક્ષક ઓરડીઓ આગળ એક હાથ ઊંચી અને એક હાથ પહોળી પાળી હતી. એ ઓરડીઓ દરેક 6 હાથ લાંબી અને છ ઈંચ પહોળી હતી.

13એ પછી તેણે એક ઓરડીની પાછલી ભીતથી સામેની ઓરડીની પાછલી ભીત સુધીનું અંતર માપ્યું તો એક

**'લાંબો હાથ'** આ આંકણી "લાંબા હાથ" પર આધારિત હતી જે યાજકો દ્વારા પવિત્ર બાંદકામમાં વપરાતી હતી રાબીનીકમાં આને "મૂસાનો હાથ" ઓ કહેવાય છે. આ હાથ 20-5/8 અથવા (54.26 c.m.) અથવા પાંચ વેંત ટૂંકા ક્યૂબીટની સરખામણીમાં જે ચાર વેંત પહોળાઈ જેટલું હોય છે.

# હઝકિયેલ દ્વારા વર્ણિત મંદિરનું પુનઃ નિર્માણ




બહારના મેદાનનો પૂર્વી દ્વાર

Copyright © 2005 by World Bible Translation Center

દરવાજાથી સામેના દરવાજા સુધી 25 હાથ હતું. 14ને પછી,
તેણે બહારના થાંભલેથી માંડીને દરવાજા પાસેના

બીજા થાંભલા સુધી માપ લીધું અને તે 60 હાથ હતું.
15પરસાળની કુલ લંબાઈ પ્રવેશદ્વારથી ઓસરીના અંદરના
છેડા સુધી, 50 હાથ હતી. 16પરસાળની બંને તરફથી તથા
રક્ષક ઓરડીની પરસાળ તરફની બારીઓ સાંકડી થતી જતી
હતી. પ્રવેશભાગ તરફની પરસાળ તથા ઓસરીની ભીંતોમાં
પણ આ જ પ્રમાણે બારીઓ હતી. અને એ ઓસરી તરફની
ભીંતો ઉપર તાડના વૃક્ષો કોતરેલા હતાં.

### બહારનું મેદાન

17ત્યારબાદ તે માણસ મને દરવાજામાં થઈને મંદિરની
ફરતે આવેલાં બહારના ચોકમાં લઈ ગયો. તેની બહારની
ભીતને અડીને ત્રીસ ઓરડીઓ બાંધેલી હતી અને તેની
સામેની જગ્યા ફરસબંદીવાળી હતી. 18એ ફરસબંદી આખા
ચોકની ફરતે કરેલી હતી. અંદરના ચોક કરતાં આ બહારનો
ચોક થોડો નીચો હતો. 19થોડે ઊંચે એક દરવાજો હતો,
તેમાંથી અંદરના ઓરડામાં જવાતું હતું. પેલા માણસે બે
દરવાજા વચ્ચેનું અંતર માપ્યું તો તે 100 હાથ હતું. ઉત્તર
અને પૂર્વ દિશાનું માપ સરખું હતું.

20ત્યારબાદ તે માણસે બહારના ચોકમાં જવાનો ઉત્તર
તરફનો દરવાજો માપ્યો. 21આ દરવાજામાં પણ દરેક બાજુએ
ત્રણ રક્ષક ઓરડીઓ હતી, આ દરવાજાની રક્ષક ઓરડીઓના,
તેમની વચ્ચેની ભીંતના અને પરસાળના માપ પૂર્વ તરફના
દરવાજાના માપ પ્રમાણે જ હતાં, દરવાજાની લંબાઈ 50
હાથ હતી, બંને તરફની રક્ષક ઓરડીઓની છત વચ્ચેની
પહોળાઈ 25 હાથ હતી. 22આ દરવાજામાં ત્રણ બારીઓ,
ઓસરી અને તાડવૃક્ષની કોતરણીના પૂર્વના દરવાજાની જેમ
હતાં. સાત પગથિયાં ચડીને આ દરવાજામાં પહોંચાતું હતું.
23પૂર્વના દરવાજાની જેમ જ ઉત્તરના દરવાજા સામે અંદરના
ચોકમાં જવાનો એક દરવાજો હતો. આ બે દરવાજાઓ વચ્ચેનું
અંતર 100 હાથ હતું.

24પછી તે માણસ મને દક્ષિણના દરવાજે લઈ ગયો, તેણે
તેના માપ લીધાં અને તે પણ ઉપર પ્રમાણે પૂર્વના અને
ઉત્તરના દરવાજાઓના માપ જેટલા જ હતાં. 25બીજા
દરવાજાઓની માફક આ દરવાજાની ઓરડીઓને પણ
બારીઓ હતી. એ દરવાજો એકંદરે 50 હાથ લાંબો અને 25
હાથ પહોળો હતો. 26સાત પગથિયાં ચડીને એ દરવાજે
પહોંચાતું હતું, અને એનો મોટો ખંડ પણ ચોકની સામે જ
આવેલો હતો. ઓસરીમાં પડતી ભીંતો ઉપર તાડનાં વૃક્ષો
કોતરેલાં હતાં. 27અહીં પણ અંદરના ચોકમાં જવા માટે એક
દરવાજો હતો. પેલા માણસે આ બીજા દરવાજા સુધીનું અંતર
માપ્યું તો તે 100 હાથ થયું.

### અંદરનું મેદાન

28ત્યારબાદ તે માણસ મને દક્ષિણના દરવાજામાં થઈને
અંદરના ચોકમાં લઈ ગયો. તેણે તે દરવાજો માપ્યો તો તે
બીજા દરવાજા જેટલો જ થયો. તેની રક્ષક ઓરડીઓ, થાંભલા,
પરસાળ અને ઓસરીના માપ બીજા દરવાજાઓ જેટલાં જ
હતાં. 29આ દરવાજાની રક્ષક ઓરડીઓને તથા દરવાજાની
પરસાળમાં પણ બારીઓ હતી. બીજા દરવાજાની જેમ આ
દરવાજાની પણ લંબાઈ 50 હાથ અને પહોળાઈ 25 હાથ
હતી. 30ચોગરદમ પરસાળ હતી. દરેક 25 હાથ લાંબી અને
5 હાથ પહોળી. 31માત્ર એક તફાવત હતો કે તેના પ્રવેશદ્વાર
સુધી પહોંચવા સાતને બદલે આઠ પગથિયાં હતાં, તેના
થાંભલાં પર પણ બીજા થાંભલાની જેમ જ તાડવૃક્ષની કોતરણી
હતી.

32પછી તે મને અંદરના ચોકમાં પૂર્વ તરફ લાવ્યો; તેણે તે
દરવાજો માપ્યો; તે ઉપરના માપ પ્રમાણે થયો. 33તેની રક્ષક
ઓરડીઓ, મોટો ખંડ અને એની ભીંતો તથા બીજા દરવાજાના
માપ જેટલાં જ હતાં. આ દરવાજાની ઓરડીઓને પણ બારીઓ
હતી. એ દરવાજાની કુલ લંબાઈ 50 હાથ અને પહોળાઈ 25
હાથ હતી. 34મોટો ખંડ બહારના ચોકની સામે આવેલો
હતો. રસ્તાની બંને બાજુની ભીતો ઉપર તાડના વૃક્ષો કોતરેલા
હતા. આઠ પગથિયાં ચડીને એ દરવાજે પહોંચાતું હતું.

35પછી તે માણસ મને અંદરના ચોકમાં જવા માટેના
ઉત્તર તરફના દરવાજે લઈ ગયો. તેણે તેના માપ લીધાં તેના
માપ પણ બીજા દરવાજાઓ પ્રમાણે જ હતાં. 36તેની
રક્ષકઓરડીઓ, થાંભલાં, પરસાળ, અને ઓસરી તથા બારીના
માપ બીજા દરવાજાઓ પ્રમાણે જ હતાં. આ દરવાજાની પણ
લંબાઈ 50 હાથ અને પહોળાઈ 25 હાથ હતી. 37તેની પરસાળ
બહારના ચોકની સામે હતી અને તેની બંને તરફની ભીંતો
ઉપર તાડવૃક્ષની કોતરણી હતી. દરવાજે પહોંચવા માટે આઠ
પગથિયાં હતાં.

### બલિઓનો ઓરડો

38બહારના ચોકમાં અંદરના દરવાજાને અડીને એક નાની
ઓરડી હતી જેમાં થઈને ઓસરીમાં જવાતું હતું. અહીં
દહનાર્પણ માટેના પશુઓના શબોને ધોવામાં આવતા હતાં,
39મોટાં ખંડમાં ચાર મેજ હતાં–દરેક બાજુએ બબ્બે એની
ઉપર દહનાર્પણમાં કે પ્રાયશ્ચિતમાં અથવા દોષપ્રક્ષાલનના
બલિના પશુઓને વધેરવામાં આવતાં. 40ખંડની બહાર પણ
ચાર મેજ હતાં–ઉત્તરના દરવાજાની બંને બાજુએ બબ્બે.
41આમ ખંડની અંદર ચાર મેજ હતાં અને બહાર ચાર મેજ
હતાં. એટલે કુલ આઠ મેજ હતાં. જેના ઉપર પશુઓને
વધેરવામાં આવતાં. 42ત્યાં બીજી ચાર પથ્થરની મેજ હતી.
તે પર વધ કરવા માટેના છરા હતા. દરેક મેજ દોઢ હાથ
લાંબી, દોઢ હાથ પહોળી અને એક હાથ ઊંચી હતી.
43પરસાળની ભીંતે એક વેંત લાંબી આંકડીઓ લગાડેલી
હતી અને મેજ પર અર્પણ માટેનું માંસ હતું.

### યાજકોનાં ઓરડા

44પછી પેલો માણસ મને અંદરના ચોકમાં લઈ ગયો.
ત્યાં ઉત્તરના દરવાજાને અડીને એક ખાસ ઓરડો હતો.

જેનું મોઢું દક્ષિણ તરફ હતું. એવો જ એક ઓરડો દક્ષિણના
દરવાજે અડીને હતો. અને તેનું મોઢું ઉત્તર તરફ હતું. 45પેલા
માણસે મને કહ્યું, "ઉત્તરના દરવાજા પાસેની ઓરડી મંદિરમાં
સેવા કરનાર યાજકો માટે છે. 46અને દક્ષિણના દરવાજાની
ઓરડી વેદીની સંભાળ રાખનાર યાજકો માટે છે તેઓ
સાદોકના વંશજો છે. લેવીઓમાંથી માત્ર તેઓ જ યહોવાની
સેવા કરવા પાસે જઈ શકે છે."

47પછી પેલા માણસે આગળના અંદરના ચોકને માપ્યો.
તો તે 100 હાથ લાંબો અને 100 હાથ પહોળો હતો. વેદી
મંદિરની સામે ચોકમાં હતી.

### મંદિરનો પ્રવેશ– કક્ષ

48ત્યારપછી તે મને મંદિરના પ્રવેશદ્વારની પરસાળમાં
લઈ ગયો. તેણે એ પરસાળ માપી તો તે 5 હાથ લાંબી અને
5 હાથ પહોળી હતી. દરેક બાજુના દરવાજા 3 હાથ પહોળા
હતાં. 49ઓસરીની લંબાઈ 20 હાથ અને પહોળાઈ 12 હાથ
હતી. ત્યાં દસ પગથિયાં ચઢીને જવાતું હતું. એના પ્રવેશદ્વારની
બંને બાજુએ એક એક થાંભલો હતો.

### પરમપવિત્ર મંદિર

41 પછી તે મને પવિત્રસ્થાને લઈ આવ્યો અને તેના
પ્રવેશદ્વારની બારસાખનું માપ લીધું તો તે દરેક
બાજુએ 6 હાથ ઊંડી હતી. 2અને પહોળાઈ 10 હાથ હતી.
પ્રવેશદ્વારની બંને બાજુએ ભીતો પાંચ પાંચ હાથ જાડી હતી.
પવિત્ર સ્થાનની જ્યારે તેણે લંબાઈ માપી તો તે 40 હાથ
હતી અને પહોળાઈ 20 હાથ હતી.

### મંદિરનું પરમ પવિત્રસ્થાન

3પછી તે પવિત્રસ્થાનની પાછળના અંદરના ભાગમાં એટલે
પરમપવિત્ર મંદિરમાં ગયો. તેણે પ્રવેશ આગળના સ્તંભો
માપ્યા. તે દરેક 2 હાથ પહોળા હતા. તેનો પ્રવેશ 6 હાથ
પહોળો હતો અને તેની બંને તરફની ભીંતો 7 હાથ પહોળી
હતી. 4પછી તેણે પરમપવિત્ર સ્થાનનો ઓરડો માપ્યો તો તે
2 હાથ પહોળો અને 20 હાથ લાંબો હતો. પછી તેણે મને
કહ્યું, "આ અતિ પવિત્ર સ્થાન છે."

### મંદિરની ચારેબાજુના બીજા ઓરડા

5પછી તેણે મંદિરની બહારની ભીતની જાડાઈ માપી તો
તે 6 હાથ પહોળી હતી. અને સમગ્ર મંદિરમાં નાની ઓરડીઓ
4 હાથ પહોળી હતી. અને તેની બાજુની ઓરડી બાર ઈંચ
પહોળી હતી (મંદીરની આજુબાજુ). 6એ ઓરડીઓ એક
ઉપર એક આવેલી હતી. ત્રણ માળ મળીને કુલ 30 હતી.
મંદિરની ભીતની જાડાઈ દરેક માળે ઓછી થતી જતી હતી
એટલે દરેક માળે એ ભીતમાં ખાંચો રહેતો હતો. તેથી
ઓરડીઓ મંદિરની ભીતમાં કાણાં પાડ્યા વગર એ ખાંચાને
ટેકે રહી શકતી હતી. 7આ ઓરડીઓને લીધે મંદિરની
બહારની બાજુએથી ભીતો તળિયાથી તે મથાળા સુધી સરખી
જાડાઈની લાગતી હતી. મંદિરની ફરતે બાંધેલી ઓરડીઓની
બહારની બાજુએ દાદરો હતો. તેથી નીચેના માળથી વચલા
અને ઉપલા માળે જઈ શકાતું હતું.

8મેં જોયું કે મંદિર ઊંચા ઓટલા પર બાંધેલું હતું.
ઓરડીઓનો પાયો ઓટલા સાથે સમતલ હતો. ઓટલાની
ઊંચાઈ 6 હાથ હતી. 9આ ઓરડીઓની બહારની ભીંત 5
હાથ જાડી હતી. 10આ ઓરડીઓની અને યાજકોની
ઓરડીઓ વચ્ચે મંદિરની ચારેબાજુ 20 હાથનું અંતર હતું.
તે ફાજલ જગ્યા કહેવાતી હતી. 11ઓરડીઓમાં પ્રવેશવા
માટે ફાજલ જગ્યામાંથી એક ઉત્તર તરફ અને બીજો દક્ષિણ
તરફ એમ બે પ્રવેશ હતા. ફાજલ જગ્યા સાથે જોડાતા આ
બંને પ્રવેશની પહોળાઈ પાંચ પાંચ હાથ હતી.

12મંદિર પાછળની ખુલ્લી જગ્યાની પશ્ચિમ બાજુએ એક
મકાન હતું. તે 70 હાથ પહોળું અને 90 હાથ લાંબું હતું.
તેની ચારે બાજુની ભીતો 5 હાથ જાડી હતી. 13તે માણસે
મંદિરની બહારની બાજુનું માપ લીધું તો તે 100 હાથ લાંબું
હતું. અને ખુલ્લી જગ્યા, મકાન અને તેની ભીતો કુલ મળીને
100 હાથ થતા હતા. મંદિરની પછી તથા ચોકમાં થઈને
પશ્ચિમ છેડાના મકાન સુધીનું અંતર 100 હાથ હતું.
14મંદિરના આગલા ભાગની લંબાઈ બંને બાજુની ખુલ્લી
જગ્યા સહિત 100 હાથ હતી.

15તેણે પવિત્રસ્થાન પશ્ચિમે આવેલું મકાનનું અને તેની
બંને બાજુની ભીતોનું માપ લીધું તો તે 100 હાથ હતું.

16મંદિરનો પ્રવેશખંડ, મંડપ અને ગર્ભગૃહને બધે જ
ભોંયતળિયાથી તે બારીઓ સુધી લાકડાની તકતીઓ જડેલી
હતી. એ બારીઓ ઢાંકી દઈ શકાય એમ હતું. 17મંડપની
ભીતો ઉપર બારણાના મથાળા સુધી તાડના વૃક્ષો અને કરૂબો
કોતરેલા હતાં: 18પહેલાં એક તાડનું વૃક્ષ અને પછી એક
કરૂબ એ ક્રમમાં આખા મંડપની ફરતે કોતરેલું હતું. દરેક
કરૂબને બે મોઢાં હતાં. 19માણસનું મોઢું એક બાજુના તાડવૃક્ષ
તરફ હતું અને સિંહનું મોઢું બીજી બાજુના તાડવૃક્ષ તરફ
હતું. આખી ભીત ઉપર આ પ્રમાણે કોતરેલું હતું.
20ભોંયતળિયાથી તે બારણાના મથાળા સુધી કરૂબો તથા
ખજૂરીઓ ની કોતરણી કરેલી હતી.

21પવિત્રસ્થાનના બારણાં આગળની બારસાખો ચોરસ
હતી. અને તે જ પ્રમાણે પરમપવિત્ર સ્થાનના બારણાની
બારસાખો પણ ચોરસ હતી. 22પરમપવિત્ર સ્થાનમાં
લાકડાની વેદી હતી તે 3 હાથ ઊંચી અને 2 હાથ પહોળી
હતી, તેના ખૂણા, પાયા, તથા બાજુઓ લાકડાના બનેલા
હતા. તેણે મને કહ્યું કે, "આ યહોવાની સન્મુખ રહેનારી
મેજ છે."

23મંદિરને તથા પરમપવિત્ર સ્થાનને બે બારણાં હતાં.
24પ્રત્યેક બારણાને બે કમાડ હતાં, બે ફરતાં કમાડ હતાં;
એક બારણાને બે કમાડ, ને બીજા બારણાને પણ બે. 25ભીંતની
જેમ મંદિરના બારણાં પર પણ તાડવૃક્ષ અને કરૂબોની કોતરણી
હતી. ઓસરીના બારણા બહાર લાકડાનું એક છાપરૂં હતું.
26એ ઓસરીની બંને બાજુએ ભીંતોમાં બારીઓ હતી અને

બંને તરફ તાડવૃક્ષની કોતરણી હતી. મંદિરની બાજુની
ઓરડીઓ પર પણ છજા હતાં.

### યાજકોનાં ઓરડા

42 પછી પેલો માણસ મને બહારના ચોકમાં લઈ
ગયો અને ત્યાંથી તે મને ઉત્તરી દરવાજેથી લઇ
ગયો અને ઉત્તરી બાજુના મકાન તરફની બહારના પ્રાંગણની
સામેના ઓરડાઓમાં લઈ આવ્યો. 2ઉત્તરી દરવાજા પાસેના
મકાનની પહોળાઈ 50 હાથ અને લંબાઈ 100 હાથ હતી.
3આ ઈમારતની એક બાજુ, મંદિરની ફરતે 20 હાથની ખુલ્લી
જગ્યા તરફ પડતી હતી અને બીજી બાજુ બહારના પ્રાંગણની
ફરસબંદી તરફ પડતી હતી, એને ત્રણ માળ હતાં અને દરેક
માળ નીચેના માળ કરતાં થોડો અંદર લીધેલો હતો. 4આ
ઈમારતની ઉત્તર બાજુએ 10 હાથ પહોળી અને 100 હાથ
લાંબી પરસાળ હતી. મકાનના બારણાં ઉત્તરની બાજુએ
પરસાળ તરફ હતાં. 5ઉપલાં માળની ઓરડીઓ વચલા
માળની અને ભોંયતળિયાની ઓરડીઓ કરતાં સાંકડી હતી,
કારણ, ઓસરીને લીધે જગ્યા કપાઈ જતી હતી. 6આ
ઓસરીઓને ચોકમાંના બીજા મકાનોની જેમ થાંભલાનો
ટેકો ન હતો.

7એ ઓરડીઓની સમાંતર બહારના ચોક તરફ 50 હાથ
એક ભીત હતી. 8બહારના ચોક તરફ આવેલ ઓરડીની
હારની લંબાઈ 50 હાથ હતી, અને મંદિર તરફ આવેલ
ઓરડીઓની હારની લંબાઈ 100 હાથ હતી. 9બહારના
ચોકમાંથી આ ઓરડીઓમાં પ્રવેશતા એમની નીચે થઈને
પૂર્વ બાજુએ પ્રવેશવાનું હતું. 10મંદિરની પૂર્વ તરફ આવેલી
ઈમારતની દક્ષિણ બાજુએ પણ ઉત્તરના જેવી જ એક બીજી
ઈમારત હતી.

11એની ઓરડીઓ આગળ ઉત્તર બાજુની ઈમારત માફક
જ એક પરસાળ હતી. એનું માપ, એની રચના અને એનાં
બારણાં ઉત્તર બાજુની ઈમારત જેવા જ હતાં. 12એ ઈમારતની
દક્ષિણ બાજુએ પૂર્વને છેડે જ્યાંથી ભીંત શરૂ થતી હતી ત્યાં
બહારના ચોકમાં જવાનું બારણું હતું.

13પેલા માણસે મને કહ્યું, "આ બંને ઈમારતો પવિત્ર છે,
એમાં યહોવાની સેવા કરનાર યાજકો પરમપવિત્ર અર્પણો
ખાય છે એટલેકે યાજકો એમાં ખાદ્યાર્પણો, પાપાર્થાર્પણો અને
દોષાર્થાર્પણો મૂકે છે. 14મંદિરમાં એક વાર પ્રવેશ્યા પછી
યાજકોએ બહારના ચોકમાં જવું હોય તો તેમના વસ્રો ઉતારી
આ ઓરડીઓમાં મૂકવાના, કારણ કે તે વસ્રો પવિત્ર છે
લોકો પ્રવેશી શકે એ જગ્યાએ તેઓ જાય ત્યારે તેઓએ
બીજા વસ્રો પહેરવાં."

### મંદિરનાં બહારનો ભાગ

15જ્યારે તેણે મંદિરની અંદરના ભાગનું માપ લેવાનું પૂરૂ
કર્યું ત્યારે તે મને પૂર્વના દરવાજામાંથી બહાર લઈ ગયો
અને પછી ચારે બાજુનું માપ લેવા લાગ્યો. 16તેણે માપદંડ
લીધો અને પૂર્વ બાજુ માપી; તે 500 હાથ હતી. 17તેણે
માપદંડથી ઉત્તર બાજુ માપી; તે 500 હાથ હતી. 18તેણે
માપદંડથી દક્ષિણ બાજુ માપી; તે 500 હાથ હતી. 19તેણે
માપદંડથી પશ્ચિમ બાજુ માપી; તે 500 હાથ હતી. 20આમ
તેણે ચારેબાજુનો વિસ્તાર માપ્યો. એ ભીતથી ઘેરાયેલો ભાગ
ચોરસ હતો અને તેની દરેક બાજુ 500 હાથ લાંબી હતી.
ભીત મંદિરના પવિત્ર વિસ્તારને બાકીના વિસ્તારથી જુદી
પાડતી હતી.

### યહોવાનો મંદિરમાં પુન:પ્રવેશ

43 પછી પેલો માણસ મને પૂર્વ તરફના દરવાજે
લાવ્યો, 2એકાએક ઈસ્રાએલના દેવનો મહિમા પૂર્વ
તરફથી દેખાયો, તેમના આગમનનો અવાજ ધસમસતા
પાણીના ઘુઘવાટ જેવો હતો અને ભૂમિ દેવના મહિમાથી
પ્રકાશતી હતી. 3જે સંદર્શન પ્રથમ મને કબાર નદીને કિનારે
થયું હતું અને ફરીથી તે યરૂશાલેમ નગરનો નાશ કરવાને
આવ્યા ત્યારે થયું હતું તેના જેવું જ આ સંદર્શન પણ હતું. હું
ભૂમિ પર તેમની આગળ ઊંધો પડ્યો. 4યહોવાનો મહિમા
પૂર્વના દરવાજેથી મંદિરમાં આવ્યો.

5પછી આત્માએ મને ઉંચક્યો અને અંદરના ચોકમાં
લઈ ગયો, અને જ્યાં મેં જોયું તો મંદિર યહોવાના ગૌરવથી
ભરાઈ ગયું હતું. 6મેં સાંભળ્યુ કે મારી સાથે કોઈ મંદિરની
અંદરથી વાત કરી રહ્યું હતું. જ્યારે તે માણસ મારી
બાજુમાં ઊભો હતો. 7તેમણે મને કહ્યું; "હે મનુષ્યના પુત્ર,
આ મારું સિંહાસન અને પાદપીઠ છે. અહીં હું
ઈસ્રાએલીઓ વચ્ચે અનંતકાળ સુધી રહીશ. ઈસ્રાએલના
લોકો કે તેમના રાજાઓ હવે પછી કદી બીજા દેવોની પૂજા
કરીને કે તેમના રાજાઓના મૃતદેહો દ્વારા મારા પવિત્ર નામને
બટ્ટો લગાડશે નહીં 8તેઓએ મારા મંદિરની ભીતની નજીક
જ મૂર્તિના મંદિરો બાંધ્યા અને મૂર્તિઓની પૂજા કરી. તેઓએ
આ પ્રકારની દુષ્ટતાથી મારા પવિત્ર નામને કલંકિત કર્યું.
તેથી મેં તેઓને મારા ક્રોધમાં ભસ્મ કરી નાખ્યાં. 9હવે એ
લોકોએ બીજા દેવોની પૂજા કરવાનું છોડી દેવું જોઈએ
અને તેમના રાજાઓનાં મૃતદેહોને મારાથી દૂર હટાવી દેવા
જોઈએ. જો તેઓ એ પ્રમાણે કરશે તો હું તેમની વચ્ચે સદાકાળ
વસીશ.

10"ઓ મનુષ્યના પુત્ર, તું ઈસ્રાએલીઓને આ મંદિર બતાવ
જેથી તેઓ એના નકશાનો અભ્યાસ કરે, અને પોતાનાં પાપી
કૃત્યો માટે શરમાય, 11જો તેઓ પોતાનાં કૃત્યો માટે શરમાતા
હોય તો તું તેમને મંદિરનો નકશો સમજાવજે; એની યોજના,
એના દાખલ થવાના અને બહાર નીકળવાના માર્ગો, એનો
ઘાટ, એમાં બધું કેવી રીતે ગોઠવેલું છે તે, અને એનાં બધાં
નિયમો અને ધારાધોરણો, આ બધું તું તેમને માટે લખી લે,
જેથી તેઓ જોઈ શકે કે બધું કેવી રીતે ગોઠવેલું છે અને બધા
નિયમોનું પાલન કરી શકે. 12આ મંદિરનો નિયમ છે: પર્વતના
શિખર ઉપર જ્યાં મંદિર બાંધવામાં આવ્યું છે ત્યાં મંદિરની
આસપાસનો સમગ્ર વિસ્તાર પરમપવિત્ર છે. મંદિરનો આ
નિયમ છે.

## વેદી

13"પહેલાં વપરાયેલા માપને ધોરણે તો વેદીનું માપ
આ પ્રમાણે છે: વેદીના પાયાની ચારેબાજુ એક હાથ ઊંડી
અને એક હાથ પહોળી ખાળ હતી. એની બહારની બાજુએ
એક વેંત પહોળી કોર હતી. 14વેદીનો સૌથી નીચેનો ભાગ 2
હાથ ઊંચો હતો. એ પછીનો ભાગ એના કરતાં 1 હાથ
અંદર લીધેલો હતો અને તે 4 હાથ ઊંચો હતો એ પછીનો
ભાગ પણ 2 હાથ અંદર લીધેલો હતો. 15વેદીનું મથાળું
જેના ઉપર પ્રાણીઓનો બલિ હોમવામાં આવતા હતા તે 4
હાથ ઊંચું હતું. એના ચાર ટોચકાં બાકીના ભાગ કરતાં
ઊંચા હતાં. 16વેદીના મથાળાની લંબાઈ 12 હાથ અને
પહોળાઈ 12 હાથ એટલે સમચોરસ હતી. 17વચલો ભાગ
પણ સમચોરસ હતો. તેની દરેક બાજુ 14 હાથની હતી.
તેને દોઢ હાથ પહોળી, ફરતી ધાર હતી તેની ખાળ ચોતરફ
એક હાથ પહોળી હતી. વેદીના પગથિયાં પૂર્વ બાજુએ
આવેલાં હતાં."

18યહોવા મારા માલિકે મને કહ્યું, "ઓ મનુષ્યના પુત્ર,
'હું તને કહું તે ધ્યાનથી સાંભળ, વેદી જ્યારે બંધાઈ રહે
ત્યારે એના ઉપર બલિ હોમીને અને બલિના પશુઓનું લોહી
છાંટીને તારે એને સમર્પિત કરવી."

19યહોવા મારા માલિક કહે છે, "લેવી કુળના સાદોક
કુટુંબના યાજકો મારી હજૂરમાં સેવા માટે પાસે આવે
છે. પ્રાયશ્ચિત બલિ તરીકે ચડાવવા તેમને એક વાછરડો
આપવો. 20ત્યારે એનું થોડું લોહી લઈને વેદીના મથાળાના
ચારે શિંગડાને અને વેદીના વચલા ભાગના ચારે ખૂણાને
અને ફરતી કોરને લગાડવું. આ રીતે તારે વેદીની શુદ્ધિ
કરવી અને તેને બલિદાન મેળવવા તૈયાર કરવી.
21ત્યારપછી પાપાર્થાર્પણનો બળદ લઈને અને તેને
મંદિરની બહારને માટે નક્કી કરેલી જગ્યાએ સળગાવી
દેવો.

22"બીજે દિવસે તમારે ખોડખાંપણ વગરનો બકરો
પાપાર્થાર્પણબલિ તરીકે ધરાવવો અને તેના વડે વાછરડાથી
શુદ્ધ કરી હતી તેમ વેદીને શુદ્ધ કરવી. 23વેદીને પૂરેપૂરી શુદ્ધ
કરી રહ્યા પછી તમારે એક ખોડખાંપણ વગરનો વાછરડો
અને ખોડખાંપણ વગરનો મેંઢો લઈને અર્પણ કરવા. 24તેઓને
યહોવા સમક્ષ રજૂ કરવા અને યાજકોએ તેમના ઉપર મીઠું
ભભરાવવું અને તેમને યહોવાના દહનાર્પણ તરીકે અર્પણ
કરવા. 25સાત દિવસ સુધી દરરોજ તમારે ખોડખાંપણ વિનાનો
એક જુવાન બકરો પાપાર્થાર્પણબલિ તરીકે બલિદાન કરવો
વળી ખોડખાંપણ વિનાનું એક વાછરડું અને એક ઘેટો અર્પણ
કરવા.

26સાત દિવસ સુધી બલિદાનો માટે વેદી તૈયાર કરવી
અને તેને શુદ્ધ કરી સેવા કરાવવા સમર્પિત કરવી. 27સાત
દિવસ પછી આઠમા દિવસથી દરરોજ યાજકો વેદી પર લોકોના
દહનાર્પણો અને આભારસ્તુતિનાં અર્પણો બલિદાન કરે અને
હું તેમનો સ્વીકાર કરીશ." એમ યહોવા મારા માલિક કહે
છે.

## બહારનો દરવાજો

44 તે માણસ મને પાછો મંદિરની પૂર્વ બાજુએ આવેલા
બહારના દરવાજા આગળ લઈ આવ્યો. એ દરવાજો
બંધ હતો. 2યહોવાએ મને કહ્યું, "આ દરવાજો બંધ રાખવામાં
આવશે. એને કદી ઉઘાડવો નહીં. કોઈ માણસે એમાં થઈને
દાખલ ન થવું, કારણ, ઈસ્રાએલના દેવ યહોવા એમાં થઈને
દાખલ થયેલા છે, એને બંધજ રાખવો. 3રાજકુમાર અને
કેવળ રાજકુમાર જ ત્યાં બેસીને યહોવા સમક્ષ ભોજન લઈ
શકે, તેણે ઓસરીને માર્ગે જ અંદર આવવું અને બહાર જવું."

## મંદિરની પવિત્રતા

4પછી તે માણસ ઉત્તરના દરવાજેથી મંદિરની સામે આવ્યો.
મેં જોયું તો યહોવાના ગૌરવથી મંદિર ભરાઈ ગયું હતું. હું
ભૂમિ પર ઊંધો પડ્યો. 5યહોવાએ મને કહ્યું, "ઓ મનુષ્યના
પુત્ર, તું જે કંઈ જુએ ને સાંભળે છે ત્યાં ધ્યાન કેન્દ્રીત કર હું
તને યહોવાના મંદિરના નિયમો અને ધારાધોરણો કહું છું.
મંદિરના પ્રવેશદ્વાર અને પવિત્ર સ્થાનના બધા બહાર
નીકળવાના સ્થાનની ઉપર ખાસ ધ્યાન આપ. 6અને આ
બંડખોર ઈસ્રાએલી લોકોને કહે કે 'યહોવા મારા માલિક
કહે છે: હે ઈસ્રાએલ, તમે ઘણા ધિક્કારપાત્ર કૃત્યો કર્યા છે:
7મને રોટલી ભેદ અને રક્ત અર્પણ કરતી વખતે તમે
વિદેશીઓને, જેઓ હૃદયમાં અને શરીરમાં બેસુન્નત છે,
એવા લોકોને મારા પવિત્રસ્થાનમાં લઈ આવ્યા છો. આમ
કરીને તમે મંદિરને અશુદ્ધ કર્યુ છે અને મારા કરારનો ભંગ
કર્યો છે અને તમારા બીજા સર્વ પાપોની સાથે આ પાપનો
વધારો કર્યો છે. 8મારા મંદિરમાં જાતે ઉપાસના કરવાને બદલે
તમે એ માણસોને એ કામ સોંપી દીધું છે.'"

9યહોવા મારા માલિક કહે છે: "હૃદય અને શરીરમાં
બેસુન્નત એવા કોઈપણ વિદેશીઓને ને ઈસ્રાએલીઓ ભેગો
વસવાટ કરતા વિદેશીઓ સુદ્ધાંને મારાં મંદિરમાં પ્રવેશ
કરવાનો નથી. 10જ્યારે ઈસ્રાએલીઓ દેવથી દૂર જઈને મૂર્તિઓ
પાછળ ભટકી ગયા ત્યારે લેવીઓએ પણ મારો ત્યાગ કર્યો.
તેઓને તેમની બેવફાઈ માટે શિક્ષા થવી જ જોઈએ. 11તો
પણ તેઓ દરવાજાઓની ચોકી કરી શકે અને મંદિરના પરચુરણ
કામો કરે. તેઓ દહનાર્પણ માટે લાવવા પ્રાણીઓનો વધ
કરી શકે અને લોકોની સહાય કરવા હાજરી આપી શકે.
12પણ તેઓએ ઈસ્રાએલના લોકો તરફથી મૂર્તિની પૂજા કરી
હતી અને એમ કરીને લોકોને પાપમાં નાખ્યાં હતાં તેથી હું,
યહોવા મારા માલિક, પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, 'તેમણે તેમનાં
પાપોની સજા ભોગવવી પડશે.'"

13"તેઓ યાજકો તરીકે મારી સમક્ષ આવીને મારી સેવા
નહીં કરી શકે, તેઓ મારી પવિત્ર વસ્તુઓની પાસે કે
ગર્ભગૃહમાં નહી આવી શકે. તેમણે કરેલાં ધૃણાપાત્ર કૃત્યોની
આ સજા છે. 14તેઓ મંદિરની કાળજી રાખનારા, પરચુરણ
કામો કરનારા અને લોકોને મદદ કરનારા થશે.

15"લેવી વંશના સાદોકના કુળના યાજકોએ ઈસ્રાએલીઓ
જ્યારે મારાથી વિમુખ થઈ ગયા હતા ત્યારે પણ મંદિરમાં

મારી સેવા કરવાનું ચાલું રાખ્યું હતું એટલે તેઓ જ મારી
સેવા કરવા માટે મારી પાસે આવી શકશે. તેઓ ચરબી અને
લોહી ધરાવવા માટે મારી સમક્ષ ઊભા રહી શકશે." આ
યહોવા મારા માલિક બોલે છે. 16"તેઓ મંદિરમાં દાખલ
થઈ મારી વેદી પાસે આવી મારી સમક્ષ ઊભા રહી શકશે."
આ યહોવા મારા માલિક બોલે છે. 17"તેઓ જ્યારે મંદિરના
અંદરના ચોકમાં પ્રવેશે ત્યારે માત્ર શણનાં વસ્રો જ ધારણ
કરે. મંદિરના અંદરના ચોકમાં અથવા મંદિરમાં સેવા કરતી
વખતે ઊનના વસ્રો પહેરે નહીં. 18તેઓએ માથે શણની
પાઘડી પહેરવી અને શણની ઈજાર પહેરવાં. જે વસ્ત્રો
પહેરવાથી પરસેવો થાય તેવાં વસ્રો તેમણે પહેરવાં નહીં.
19મારી ઉપાસના પૂરી કરીને તેઓ બહારના ચોકમાં લોકો
પાસે જાય ત્યારે તેમણે ઉપાસના કરતી વખતે પહેરેલાં વસ્રો
ઊતારીને તેમને માટે ઠરાવેલી ઓરડીમાં મૂકી દેવા અને
બીજા વસ્રો પહેરવાં, જેથી એમનાં પવિત્ર વસ્રો દ્વારા લોકોમાં
પવિત્રતા ફેલાય નહીં

20"તેમણે માથે મુંડન પણ ન કરાવવું તેમ વાળ લાંબા
વધવા પણ ન દેવા. તેમણે ટૂંકા વાળ રાખવા. 21મંદિરના
અંદરના ચોકમાં પ્રવેશતા પહેલાં કોઈ પણ યાજકે દ્રાક્ષારસ
પીવો નહીં. 22તે છૂટાછેડા લીધેલી સ્રી કે વિધવા સાથે લગ્ન
કરી શકે નહીં. કેવળ ઈસ્રાએલી કુમારીકા સાથે અથવા
યાજકની વિધવા સાથે લગ્ન કરી શકે.

23"યાજકોએ મારા લોકોને પવિત્ર અને અપવિત્ર વચ્ચેનો
ભેદ સમજાવવો અને તેમણે શુદ્ધ શું અને અશુદ્ધ શું તે
સમજાવવું. 24જ્યારે કોઈ ઝઘડો ઊભો થાય ત્યારે તેમણે
મારા કાયદા અનુસાર ન્યાય ચૂકવવો. તેમણે મારાં ધારાધોરણો
મુજબ બધા તહેવારો ઉજવવા અને વિશ્રામવારની પવિત્રતા
જાળવી પાળવો, અને તે માટે કાળજી રાખવી. 25યાજકો
પોતાના પિતા, માતા, બાળક, ભાઈ અથવા કુંવારી બહેનના
અપવાદ સિવાય બીજી કોઈ પણ વ્યક્તિના મૃતદેહ પાસે
જાય નહીં અને પોતાને અશુદ્ધ કરે નહીં. 26શુદ્ધિ પછી
તેમણે સાત દિવસ જવા દેવા. પછી જ તે મંદિરમાં પોતાની
સેવા ફરીથી બજાવી શકે. 27અને ત્યારપછી અંદરના ચોકમાં
જઈ પાપાર્થાર્પણ ચડાવવો, જેથી તેઓ ફરી મંદિરમાં ઉપાસના
કરી શકે." આ યહોવા મારા માલિક બોલે છે.

28"તેમને ભાગે ઈસ્રાએલમાં કોઈ વારસાગત મિલકત
આવેલી નથી. હું જ તેમની મિલકત છું, વારસો છું અને તે
તેઓને માટે પૂરતું છે. 29અનન્બલિ, પાપાર્થાર્પણ અને
દોષપ્રક્ષાલનના બલિ એ જ તેમનો ખોરાક છે, અને
ઈસ્રાએલમાં મને અર્પણ કરેલું સર્વ કઈં તેમને મળશે.
30પહેલી ઊપજનો ઉત્તમ ભાગ અને મને ધરાવેલી
તમામ વસ્તુઓ યાજકને મળે. અને જ્યારે તમે નવા
અનાજની રોટલી બનાવો ત્યારે તમારે પહેલી રોટલી
યાજકને અર્પવી, જેથી તમારા ઘર ઉપર આશીર્વાદ ઊતરે.
31યાજકોએ કદી પણ કુદરતી રીતે મૃત્યુ પામેલા અથવા
હિંસક પ્રાણીનો શિકાર બની મૃત્યુ પામેલા કોઈ પણ પશુ કે
પંખીનું માંસ ખાવાનું નથી.

### પવિત્ર કામ માટે ભૂમિનાં ભાગલા

45 "જ્યારે તમે ચિઠ્ઠી નાખીને વંશો વચ્ચે જમીનની
વહેંચણી કરો ત્યારે 25,000 હાથ લાંબી અને
25,000 હાથ પહોળી જમીન યહોવા માટે જુદી કાઢવી. એ
બધી જ જમીન પવિત્ર ગણાશે. 2આ જમીનમાંથી 500 હાથ
લાંબો અને 500 હાથ પહોળો જમીનનો ટુકડો મંદિર માટે
જુદો કરવો અને તેની આજુબાજુ 50 હાથ જમીનનો પટ્ટો
ખાલી રાખવો. 3બધી જમીનમાંથી તમારે 25,000 હાથ લાંબો
અને 10,000 હાથ પહોળો ટુકડો અલગ કાઢવો. એમાં
મંદિર આવશે. એ પરમ પવિત્ર હશે.

4આ સમગ્ર વિસ્તાર દેશનો પવિત્ર ભાગ ગણાશે. અને
યહોવાની સન્મુખ રહીને પવિત્ર સ્થાનમાં જેઓ સેવા કરે
છે તે યાજકોના ઘરો અને મારું પવિત્રસ્થાન બાંધવા
ઉપયોગમાં લેવાશે. 5બાકીની જમીનનો ભાગ મંદિરના
પરચૂરણ કામો કરતા લેવીઓ માટે રાખવો. એની માલિકી
તેમની ગણાશે. એમાં તેમને વસવા માટે જગ્યાઓ હશે.

6"પવિત્ર ભૂમિની પાસે અડીને 25,000 હાથ લાંબો અને
5,000 હાથ પહોળો જમીનનો ટુકડો સર્વ ઈસ્રાએલના લોકો
માટે ખુલ્લો રહેશે. 7રાજકુમાર માટે પણ જમીન અલગ
રાખવામાં આવશે. રાજકુમારની મિલકત પવિત્ર વિસ્તારની
બન્ને બાજુએ હશે. અને નગરની મિલકત પૂર્વતરફ અને
પશ્ચિમ તરફ હશે. દરેક બાજુની લંબાઈ બીજાં કુળોને
આપવામાં આવેલી જમીન જેટલી જ હશે. 8ઈસ્રાએલની
જમીનમાં આ ભાગ રાજકુમારની મિલકત ગણાશે, જેથી
તેઓ લોકોને ત્રાસ ન આપે અને દેશનો બાકીનો ભાગ
ઈસ્રાએલના વંશજો પાસે રહેવા દે."

9યહોવા મારા માલિક કહે છે: "ઓ ઈસ્રાએલના શાસકો,
મારા લોકોને તેઓના પોતાના દેશમાં લૂંટવાનું અને છેતરવાનું
તથા તેઓને દેશમાંથી હાંકી કાઢવાનું બંધ કરો. પણ હંમેશા,
નીતિમત્તાને માર્ગે અને ન્યાયના માર્ગે ચાલો અને પ્રમાણિક
બનો," એમ યહોવા મારા માલિક કહે છે.

10"તમારે સાચાં માપ અને વજન વાપરવાં, તમારો
ભરવાનો એફાહ સાચો હોવો જોઈએ, તમારો બાથ સાચો
હોવો જોઈએ. 11પ્રવાહી અને અપ્રવાહી વસ્તુઓના માપ
માટે હોમેર તે તમારું અધિકૃત કરેલું એકમ રહેશે. અપ્રવાહી
વસ્તુઓ માટે નાનું એકમ એફાહ રહેશે અને પ્રવાહી વસ્તુઓ
માટે બાથ રહેશે; બંને એફાહ અને બાથ, હોમેરના દસમાં
ભાગ જેટલું છે. 12તમારો વજન કરવાનો વીસશેકેલ ગેરાનો
હોવો જોઈએ અને મીના 60 શેકેલનો હોવો જોઈએ.

13"આ ખાસ ભેટ તમારે રાજકર્તાને આપવાની રહેશે;
એક હોમેર ઘઉંમાંથી એફાહનો છઠ્ઠોભાગ, ને એક હોમેર
જવમાંથી એફાહનો છઠ્ઠો ભાગ.

14અને તમારા જૈતતેલનો એક ટકા ભાગ,

15ઈસ્રાએલના સારી રીતે પાણી પાયેલા મેદાનોમાં ચારેલા
ઘેટામાંથી 200 ઘેટાંએ તમારે એક ઘેટું વિશેષ અર્પણ તરીકે.

"ખાદ્યાર્પણ તરીકે, દહનાર્પણ તરીકે અને શાંત્યાર્પણ તરીકે
આપવું.

16"ઈસ્રાએલના બધા લોકોએ આ પ્રમાણેની ખાસ ભેટ રાજકુમાર આગળ લઈ જવી. 17અને રાજકુમાર ઈસ્રાએલની સમગ્ર પ્રજા તરફથી મારા ધણીને ચંદ્રદર્શનોએ, સાબ્બાથોએ અને બાકીના બધા ખાસ તહેવારોએ દહનાર્પણો, ખાદ્યાર્પણો અને પેયાર્પણો પૂરા પાડશે. ઈસ્રાએલના લોકોનાં પાપના પ્રક્ષાલન માટે પાપાર્થાર્પણો, ખાદ્યાર્પણો, દહનાર્પણો અને શાંત્યાર્પણો પૂરા પાડશે."

18આ યહોવા મારા માલિકના વચન છે: "પહેલાં મહિનાના પહેલા દિવસે તમારે ખોડખાંપણ વગરનો એક વાછરડો ધરાવી મંદિરની શુદ્ધિ કરવી. 19યાજકે વધ કરેલા પાપાર્થાર્પણનું લોહી લઈ તે મંદિરના ઉંબરે, યજ્ઞવેદીને ચાર ખૂણે અને અંદરની ઓસરીના બારણાની બારસાખે લગાડવું. 20જો કોઈપણ વ્યકિતએ ભૂલથી કે અજ્ઞાનતાથી પાપ કર્યુ હોય તો તે માટે તે મહિનાના સાતમા દિવસે પણ આ પ્રમાણે કરવું. મંદિર માટે આ રીતે તમારે પ્રાયશ્ચિત કરવું.

## પાસ્ખા પર્વની ઉજવણી સમયે ભેટ

21"પહેલા મહિનાના ચૌદમા દિવસે તમારે પાસ્ખાનો તહેવાર ઊજવવાની શરૂઆત કરવી. સાત દિવસ સુધી સૌએ બેખમીર રોટલી જ ખાવી. 22ઉત્સવને પહેલે દિવસે રાજકુમારોએ પોતાનાં અને ઈસ્રાએલની પ્રજાના પાપને માટે એક બળદ ને પાપાર્થાર્પણ તરીકે ધરાવવો. 23ઉત્સવના દિવસે તેણે ખોડખાંપણ વગરના સાત બળદો અને ખોંડખાંપણ વગરના સાત મેંઢાને દહનાપર્ણ તરીકે યહોવાને બલિ ચઢાવવા. અને તેણે પાપાર્થાર્પણ તરીકે દરરોજ એક બકરો હોમવો. 24હોમેલા દરેક બળદ અને ઘેટાં દીઠ સત્તર કિલો ખાદ્યાર્પણ અને ત્રણ લિટર જૈતૂનનું તેલ પણ ચડાવવાં. 25સાતમા મહિનાના પંદરમાં દિવસે શરૂ થતાં મંડવા પર્વ માટે પણ તેણે સાતે સાત દિવસ આવો જ બલિ, પાપાર્થાર્પણ, દહનાર્પણ, ખાદ્યાર્પણ અને જેતૂનના તેલના અર્પણ ચડાવવા."

## શાસક અને ઉત્સવ

46 આ યહોવા મારા માલિકના વચન છે: "અંદરના ચોકનો પૂર્વનો દરવાજો કામ કરવાના છ દિવસોએ બંધ રહેશે, પરંતુ વિશ્રામવારને દિવસે અને ચંદ્રદર્શને દિવસે એ ઉઘાડો રાખવો. 2રાજકુમારે બહારના પ્રાંગણમાંથી ઓસરીમાં થઈ અંદરના દરવાજાના થાંભલા આગળ ઊભા રહેવું. અને યાજકે તેના દહનાર્પણો હોમી દેવા અને શાંત્યાર્પણો ચડાવવા ત્યાં દરવાજા આગળના પ્રવેશદ્વારે તેણે જરૂર નીચા નમીને પ્રણામ કરી તેણે પાછા બહાર ચાલ્યા જવું. દરવાજો સાંજ સુધી બંધ ન કરવો. 3દરેક સબ્બાથ અને ચંદ્રદર્શન દિવસે બધા લોકોએ પણ દરવાજા આગળ નીચા નમીને યહોવાની ઉપાસના કરવી.

4સબ્બાથને દિવસે રાજકુમારે દહનાર્પણ તરીકે યહોવા સમક્ષ ખોડખાંપણ વગરના છ ઘેટા તથા ખોડખાંપણ વગરનો એક મેંઢો લાવવો. 5દરેક ઘેટા સાથે સત્તર કિલો ખાદ્યાર્પણ તથા દરેક મેંઢા સાથે જે કઈં ચડાવવું હોય તે લાવવું, ઉપરાંત આવા દરેક ખાદ્યાર્પણ દીઠ ત્રણ લિટર તેલ લાવવું. 6ચંદ્રદર્શન દિવસે તેણે ખોડખાંપણ વગરનો એક વાછરડો, ખોડખાંપણ વગરના છ ઘેટા અને એકમ મેઢો ધરાવવા. 7પ્રત્યેક વાછરડા અને મેંઢા દીઠ સત્તર કિલો ખાદ્યાર્પણ તથા દરેક ઘેંટા દીઠ યથાયોગ્ય અર્પણ ચડાવવું ઉપરાંત આવા દરેક ખાદ્યાર્પણ દીઠ ત્રણ લિટર તેલ પણ ચડાવવું.

8"રાજકર્તા અંદર આવે ત્યારે તેણે દરવાજાની ઓસરીમાં થઈને દાખલ થવું અને એ જ રસ્તે બહાર નીકળવું.

9"પરંતુ ઉત્સવને દિવસે જ્યારે લોકો યહોવાની ઉપાસના કરવા આવે ત્યારે જેઓ ઉત્તરને દરવાજેથી દાખલ થાય તેઓ પૂજા પછી દક્ષિણને દરવાજેથી બહાર જાય, અને જેઓ દક્ષિણને દરવાજેથી દાખલ થાય તેઓ ઉત્તરના દરવાજેથી, તેઓ જે રસ્તે આવ્યા હોય તે રસ્તે પાછા ન જાય, તેઓએ સામેના દરવાજેથી જવું. 10રાજકુમારે પણ તેમની સાથે તેમની જેમ જ અંદર આવવું અને તેમની જેમ જ બહાર જવું.

11"વાર તહેવારે દરેક બળદ કે મેંઢા દીઠ ખાદ્યાર્પણ તરીકે સત્તર કિલો અનાજ અને દરેક ઘેટા દીઠ યથાશકિત અર્પણ ચડાવવું, એ ઉપરાંત આવા દરેક ખાદ્યાર્પણ સાથે ત્રણ લીટર તેલ અર્પણ કરવું.

12"રાજકુમાર સ્વેચ્છાબલિ તરીકે દહનાર્પણ કે નૈવેદ્ય ચડાવવા ઈચ્છતો હોય ત્યારે તેને માટે અંદરના ઓસરીનો પૂર્વનો દરવાજો ખોલવો, તેણે એ બલિદાન અર્પણ કરવું અને તેના બહાર ગયા પછી દરવાજો પાછો બંધ કરી દેવો."

## દરરોજની ભેટ

13"દરરોજ યહોવાને દહનાર્પણ તરીકે ખોડખાંપણ વગરનો એક વર્ષની ઉંમરનો ઘેટો ચડાવવો, પ્રતિદીન સવારે આ અર્પણ કરવું. 14એની સાથે દરરોજ સવારે ત્રણ કિલો જેટલો લોટ અને તેને મોહવા માટે એક લિટર જેટલું તેલ ચડાવવું. આ ખાદ્યાર્પણ યહોવાને ચડાવવું એ કાયમનો નિયમ છે. 15દરરોજ સવારે યહોવાને ખાદ્યાર્પણ તરીકે એક ઘેંટુ અને ખાદ્યાર્પણ તથા તેલ ચડાવવાં."

## પોતાની સંતાનને શાસક દ્વારા ભૂમિ આપવાના નિયમ

16આ યહોવા મારા માલિકના વચન છે, "જો કોઈ રાજકુમાર પોતાના પુત્રને કઈં ઉપહાર આપે તો તેના પુત્રની માલિકી ગણાય કારણકે તે મિલ્કત કુટુંબની વારસાગત મિલ્કતનો ભાગ હશે. 17પણ જો રાજકુમાર એવો ઉપહાર પોતાના કોઈ સેવકને આપે તો તેની માલિકી તે સેવક પાસે ઋણમુકિતના વર્ષ સુધી રહે. અને ત્યારબાદ તે પાછી રાજા પાસે જાય. એ તેના પુત્રોની મિલકત ગણાય અને તેની માલિકી તેઓની ગણાય. 18રાજકુમારે લોકોની કોઈ મિલકત લઈ લેવી નહીં, તેણે પોતાને મળેલી જમીનમાંથી પોતાના પુત્રોને જમીન આપવી જેથી મારા લોકોમાંથી કોઈને પોતાની મિલકત ખોવાનો વખત આવે નહીં."

### વિશેષ રસોઈ ઘર

19ત્યારબાદ તે માણસ મને અંદરના ચોકમાં ઉત્તર તરફ યાજકો માટે જુદી રાખેલી ઓરડીઓ આગળ લઈ ગયો. તેણે મને ઓરડીઓની પશ્ચિમ બાજુએ એક જગ્યા બતાવીને કહ્યું, 20"આ જગ્યાએ યાજકો દોષાર્થાર્પણ અને પાપાર્થાર્પણ માંસ રાંધશે અને ખાદ્યાર્પણની રોટલી શેકશે અને તેને તેઓ બહારના પ્રાંગણમાં બહાર લઈ આવશે તો પણ તે લોકોમાં પવિત્રતા ફેલાવશે નહીં."

21ત્યારબાદ તે માણસ મને બહારના ચોકમાં લઈ જઈને તેને ચારે ખૂણે લઈ ગયો. એ દરેક ખૂણામાં એકએક ચોક હતો. 22એ દરેક ચોક માપમાં સરખા હતાં; 40 હાથ લાંબા અને 30 હાથ પહોળા, 23એ દરેકની આસપાસ ભીત હતી અને ભીતને અડીને ચૂલાઓ હતા. 24તે માણસે મને કહ્યું, "આ તો રસોડા છે, જ્યાં મંદિરના સેવકોએ લોકોના બલિદાનો રાંધવાના હતાં."

### મંદિરથી વહેતું પાણી

47 પછી તે માણસ મને મંદિરના દ્વાર પાસે પાછો લાવ્યો, મેં જોયું તો મંદિરના ઉંબરા તળેથી નીકળીને પાણી પૂર્વ તરફ વહેતું હતું, કારણ, મંદિર પૂર્વાભિમુખ હતું. એ પાણી યજ્ઞવેદીની અને મંદિરની દક્ષિણ બાજુએ થઈને જતું હતું. 2પછી તે માણસ મને ઉત્તરને દરવાજેથી બહાર લઈ આવ્યો અને ફેરવીને પૂર્વ દરવાજે લઈ ગયો. ત્યાં જમણી બાજુએથી થોડું થોડું પાણી નીકળતું હતું.

3હાથમાં માપદંડ લઈને તે પૂર્વ તરફ ગયો અને 1,000 હાથ ભર્યા પછી તેણે મને પાણીમાં ચલાવ્યો. પાણી પાટલી સમાં હતાં. 4એ પછી તેણે બીજા 1,000 હાથ અંતર માપ્યું અને ફરી મને પાણીમાં ચલાવ્યો અહીં પાણી ઘૂંટણસમાં હતાં. ફરીથી તેણે એક 1,000 હાથ અંતર માપ્યું, અને મને પાણીમાં ચલાવ્યો, અહીં પાણી કમરસમાં હતાં. 5બીજા 1,000 હાથ અંતર માપ્યું. હવે તે પાણી નદીમાં ફેરવાઈ ગયા હતાં, પાણી એટલાં ઊંડા હતાં કે તેમાં તરી શકાય. કોઈ ચાલીને સામે કિનારે જઈ શકે નહીં. 6તેણે મને કહ્યું "ઓ મનુષ્યના પુત્ર, આ બધું ધ્યાનમાં રાખજે."

7ત્યારબાદ તે મને પાછો નદીને કાંઠે લઈ ગયો અને મેં જોયું તો બંને કાંઠે પુષ્કળ વૃક્ષો ઊભાં હતાં. 8તેણે મને કહ્યું, "આ પાણી પૂર્વમાં વહેતું યર્દનકાંઠા સુધી જાય છે અને આખરે એ મૃતસરોવરને જઈને મળે છે. એ જ્યારે મૃતસરોવરને જઈને મળે છે ત્યારે તેના પાણીને મીઠું બનાવી દે છે. 9જ્યાં જ્યાં એ પાણી વહેશે ત્યાં ત્યાં બધી જાતના પ્રાણીઓ અને માછલાંઓ ઉભરાવા માંડશે. એ પાણીનો ઝરો મૃતસરોવરના પાણીને મીઠું બનાવી દેશે. અને એ જ્યાં જ્યાં થઈને વહેશે ત્યાં જીવન ફેલાવશે. 10મૃતસમુદ્રના કાંઠે માછીમારો ઊભા રહેશે અને એન–ગેદીથી છેક એન–એગ્લાઈમ સુધી સર્વ જગ્યાએ માછલાં પકડશે. તેનો કિનારો માછલી પકડવાની જાળો પાથરવાનું સ્થળ બની રહેશે અને ત્યાં મોટા સમુદ્રમાં છે તેમ વિવિધ પ્રકારની માછલીઓ હશે. 11પરંતુ કાંઠે આવેલા કાદવકીચડના તથા તળાવોના પાણી મીઠાં નહીં થાય, પણ મીઠું બનાવવાના કામમાં આવશે. 12એ નદીના બંને કાંઠાઓ ઉપર બધાં ફળઝાડો ઊગી નીકળશે, તેમના પાંદડાં કરમાશે નહીં અને તેમને ફળ આવતાં કદી અટકશે નહીં. દર મહિને તેમને નવા ફળ આવશે, કારણ, તેમને મળતું પાણી મંદિરમાંથી આવે છે, તેમના ફળ ખાવા માટે છે અને પાંદડાં દવા માટે છે."

### કુળસમૂહો માટે ભૂમિના ભાગલા

13યહોવા મારા માલિક કહે છે: "ઈસ્રાએલના બાર કુળ સમૂહોને જમીન વહેંચવા માટે આ સૂચનો છે: યૂસફના કુળને તેના પુત્રોની જાતિઓ એફ્રાઈમ અને મનાશ્શા માટે બે ભાગ મળશે. 14સર્વ કુળોને સરખો ભાગ મળશે, કારણકે તમારા પિતૃઓને આ દેશ આપવાની મેં પ્રતિજ્ઞા લીધી હતી અને તેમને તેનો વારસો મળશે. તેની હદ આ પ્રમાણે છે:

15"ઉત્તરની સરહદ ભૂમધ્ય સમુદ્રથી હેથ્લોન અને સદાદમાંથી પસુર થઈને 16હામાથ અનદ દમસ્ક અને હમાથની સરહદ વચ્ચે આવેલાં શેહરો બારોથાહ અને સિબ્રાઈમ થઈને હરાનની સરહદે આવેલા હાસેર–હાતીકોન સુધી જાય છે. 17આમ, ઉત્તરની સરહદ ભૂમધ્ય સમુદ્રથી એનોન શહેર સુધી જાય છે અને એની ઉત્તરે દમસ્કની સરહદ અને હમાથ આવેલા છે. આ થઈ ઉત્તરની સરહદ.

18"પૂર્વની સરહદ, દમસ્ક અને હૌરાનના પ્રદેશમાંથી પસાર થઈને દક્ષિણમાં જાય છે, અને યર્દન નદીની પૂર્વે આવેલાં ઈસ્રાએલના અને ગિલયાદના પ્રદેશ વચ્ચે જાય છે. આ થઈ પૂર્વ સરહદ.

19"દક્ષિણની સરહદ તામારથી મેરીબોથ કાદેશના જળસમૂહ આગળ થઈને મિસરની ખાડી પાસે થઈને મિસરની સરહદે આવેલા ભૂમધ્ય સમુદ્ર સુધી જાય છે. આ થઈ દક્ષિણ સરહદ.

20"પશ્ચિમસરહદે ભુમધ્ય સમુદ્રઆવેલો છેઅને હમાથના ઘાટ સામેના બિંદુ સુધી એજ સરહદની ગરજ સારે છે.

21"ઈસ્રાએલના કુળો મધ્યે આ સરહદોનો વિસ્તાર તમારે વહેંચી આપવો. 22તમારા પોતાના માટે અને તમારી મધ્યે પોતાના કુટુંબો સાથે વસતા પરદેશીઓ માટે આ દેશને વતન તરીકે વહેંચી આપવો. આ દેશમાં જન્મેલા વિદેશી માતાપિતાના બાળકો પણ દેશના વતની કહેવાશે. તમારા બાળકોની જેમજ તેઓને એક સરખા અધિકારો મળશે. 23વિદેશીઓ જે જાતિ વંશની ભેગા વસતા હોય તેની સાથે તેમને પણ ભાગ મળવો જોઈએ." આ મારા માલિક યહોવાના વચન છે.

### ઈસ્રાએલના કુળસમૂહો માટે ભૂમિ

48 "હવે કુળોના નામ અને તેઓને મળનાર પ્રદેશની વિગતો નીચે પ્રમાણે છે. ઉત્તરની સરહદે દાન કુળ; ભૂમધ્ય સમુદ્રની ઈશાનથી હમાથના કાંઠા સુધી, હ ઝાર–એનાન, અને દક્ષિણે આવેલા દમસ્ક અને ઉત્તરે આવેલા

હમાથની વચ્ચે સુધી  તે પ્રદેશની પૂર્વ અને પશ્ચિમ તરફની
આ સરહદો છે. 2આશેરનો વિસ્તાર દાનની દક્ષિણે છે અને
તેની પૂર્વની અને પશ્ચિમની સરહદો પણ તેના જેવી જ છે.
3આશેરની સરહદની લગોલગ પૂર્વ બાજુથી તે છેક પશ્ચિમ
બાજુ સુધીનો એક ભાગ નફતાલીનો. 4પછી મનાશ્શા કુળનો
પ્રદેશ નફતાલીની દક્ષિણે છે અને તેની પૂર્વની અને પશ્ચિમની
સરહદો તેના જેવી જ છે. 5મનાશ્શાની સરહદને અડીને
પૂર્વથી પશ્ચિમ સુધીનો એક ભાગ એફ્રાઈમનો પ્રદેશ છે.
6એફ્રાઈમની સરહદને અડીને પૂર્વથી પશ્ચિમ સુધીનો એક
ભાગ રૂબેનનો પ્રદેશ છે. 7રૂબેનની સરહદને અડીને પૂર્વથી
પશ્ચિમ સુધીનો એક ભાગ યહૂદાનો પ્રદેશ છે.

## ભૂમિનો વિશેષ ભાગ

8"એ પછીનો પૂર્વથી પશ્ચિમ સુધીનો ભાગ તે પવિત્રભૂમિ
છે. એ 25,000 હાથ પહોળી અને વંશજોને આપેલા ભાગ
જેટલી જ પૂર્વપશ્ચિમ લાંબી હશે. એની મધ્યમાં મંદિર આવશે.
9આમાંથી યહોવાને સમર્પણ કરેલો વિસ્તાર 25,000 હાથ
લાંબો અને 20,000 હાથ પહોળો હશે. 10આ પવિત્ર
ભૂમિમાંથી યાજકોને એક ભાગ મળશે. ઉત્તરદક્ષિણ 25,000
હાથ અને પૂર્વપશ્ચિમ 10,000 હાથ, એ ભાગના મધ્યસ્થાને
યહોવાનું મંદિર આવશે.

11આ પવિત્રભૂમિ સાદોકના વંશના યાજકો માટે રહેશે.
ઈસ્રાએલીઓ આડે માર્ગે ગયા હતા ત્યારે બીજા લેવીઓની
જેમ તેઓ આડે માર્ગે ગયા નહોતા પણ તેમણે વફાદારીપૂર્વક
મારી સેવા બજાવી હતી. 12આથી બીજા લેવીઓને જે ભાગ
મળે તેને અડીને જ એમને ખાસ ભાગ મળવો જોઈએ;
અને તે સૌથી પવિત્ર ગણાશે.

13"યાજકોના પ્રદેશની સરહદને અડીને લેવીઓનો પ્રદેશ
છે, તે 25,000 હાથ લાંબો અને 10,000 હાથ પહોળો છે.
14આ ખાસ પ્રકારની ભૂમિનો કોઈ પણ ભાગ વેચવામા
આવશે નહીં, તેમજ વેપાર કરવામાં અથવા વિદેશીઓ દ્વારા
તેનો ઉપયોગ કરવામાં આવશે નહીં. કારણકે આ શ્રેષ્ઠ ભૂમિ
યહોવાની છે અને તે પવિત્ર છે.

## શહેર સંપતિ માટે ભાગ

15"બાકી રહેલો 5,000 હાથ પહોળો અને 25,000 હાથ
લાંબો ટુકડો પવિત્ર નથી, પણ લોકોના સામાન્ય ઉપયોગ
માટે છે. લોકો ત્યાં રહે અને જમીનનો ઉપયોગ કરે. એની
મધ્યમાં શહેર આવી શકે. 16શહેર ચોરસ હોય અને તેની
ચારે બાજુ 4,500 હાથની જમીન હોય. 17નગરની આસપાસ
250 હાથ પહોળી ખુલ્લી જમીન રહેશે; તે ઘાસચારાની
જમીન બનશે. 18પવિત્રભૂમિની જોડેના ભાગમાં શહેર
બાંધ્યા પછી બાકી રહેલી જમીન–10,000 હાથ પૂર્વમાં અને
10,000 હાથ પશ્ચિમમાં તે શહેરમાં કામ કરતાં લોકો દ્વારા
ખેતીવાડી માટે ઉપયોગ કરવામાં આવશો. 19શહેરમાં કામ
કરતો કોઈપણ માણસ, પછી તે ગમે તે વંશનો હોય, એ
જમીન ખેડી શકે છે.

20"આ સમગ્ર વિસ્તાર, પવિત્રભૂમિ અને શહેરને પણ
સમાવતો સમગ્ર વિસ્તાર, ચોરસ હશે અને તેની દરેક બાજુ
25,000 હાથની  જમીન હશે.

21"આ મોટા વિસ્તારમાંથી પવિત્રભૂમિનો પ્રદેશ અને નગર
માટેનો પ્રદેશ છોડીને જે ભૂમિ બાકી રહે તે રાજકુમારનો
વિસ્તાર ગણાશે. પૂર્વમાં પવિત્રભૂમિની 25,000 હાથ લાંબી
સરહદથી પૂર્વ દિશાએ આવેલી સરહદ સુધીનો પ્રદેશ અને
એ જ પ્રમાણે પશ્ચિમે 25,000 હાથ લંબાઈની સરહદથી
પશ્ચિમ સરહદ સુધીનો પ્રદેશ આ બંને પ્રદેશો લંબાઈમાં
કુળોના પ્રદેશ પ્રમાણે છે અને રાજકુમારની માલિકીના ગણાશે.
આ બંને પ્રદેશોની મધ્યમાં પવિત્ર મંદિર અને પવિત્રભૂમિ
આવશે. 22રાજાની માલિકીના આ પ્રદેશોની મધ્યમાં ત્યાં
લેવીઓનો વિસ્તાર અને નગરનો વિસ્તાર આવશે.
રાજકુમારની માલિકીનો આ વિસ્તાર યહૂદા અને
બિન્યામીનના પ્રદેશની વચ્ચે હશે.

23"બાકીના કુળોને આપવામાં આવેલો જમીનનો ભાગ
આ પ્રમાણે છે: ઈસ્રાએલ દેશની પૂર્વ સરહદથી પશ્ચિમ સરહદ
સુધીનો એક ભાગ બિન્યામીનનો. 24બિન્યામીનના
વિસ્તારની દક્ષિણે આવેલો એક ભાગ શિમયોનનો. બંનેની
પૂર્વથી પશ્ચિમની સરહદ એક જ હશે. 25તેની પાસે
ઈસ્સાખારનો વિસ્તાર, પૂર્વથી પશ્ચિમ સુધી શિમયોનની
સરહદની દક્ષિણે હશે. 26ઝબુલોનનો જે પ્રદેશ છે તે પૂર્વથી
પશ્ચિમ સુધી ઈસ્સાખારની સરહદની દક્ષિણે હશે. 27ગાદનો
પ્રદેશ પૂર્વથી પશ્ચિમ સુધી ઝબુલોનની દક્ષિણે હશે.

28"ગાદના પ્રાંતની દક્ષિણ સરહદ તામારથી મેરીબાહ
કાદેશના રણદ્વીપ સુધી અને પછી વાયવ્ય દિશામાં મિસરની
સરહદથી ભૂમધ્ય સમુદ્ર સુધી જાય છે. 29યહોવા મારા
માલિકે કહ્યું, "આ રીતે તમારે ઈસ્રાએલના વંશજોને જમીન
વહેંચવી જોઈએ અને આ એમના  હિસ્સા ગણાશે."

## શહેરના દરવાજાઓ

30"નગરના દરવાજા આ પ્રમાણે છે: ઉત્તરની સરહદ ચાર
હજાર 4,500 હાથ લાંબી છે. 31નગરના દરવાજાના નામ
ઈસ્રાએલના કુળોના નામો પ્રમાણે રાખવા; ઉત્તરે ત્રણ દરવાજા
એક રૂબેનનો દરવાજો, એક યહૂદાનો દરવાજો, અને એક
લેવીનો દરવાજો; 32પૂર્વ બાજુની દિવાલનું માપ 4,500 હાથ
હશે. તેના ત્રણ દરવાજાઓ; યૂસફનો દરવાજો, બિન્યામીનનો
દરવાજો અને દાનનો દરવાજો.

33"દક્ષિણ બાજુની દિવાલની લંબાઈ 4,500 હાથ છે. તેના
ત્રણ દરવાજા શિમયોનનો દરવાજો, ઈસ્સાખારનો દરવાજો
અને ઝબુલોનનો દરવાજો.

34"પશ્ચિમ બાજુની દિવાલની લંબાઈ 4,500 હાથ છે અને
તેના ત્રણ દરવાજા ગાદનો દરવાજો, આશેરનો દરવાજો, અને
નફતાલીનો દરવાજો.

35"ચારે તરફ દિવાલની લંબાઈ 18,000 હાથ છે, અને તે
સમયથી શહેરને 'યહોવા શામ્માહ' કહેવાશે, જેનો અર્થ છે.
"યહોવા ત્યાં છે."

# યર્મિયાનો વિલાપ

### પોતાના વિનાશ પર યરૂશાલેમનો વિલાપ

1 એ શહેર કેવું એકલવાયું પડી રહ્યું છે! જે એક વાર
લોકોથી ધમધમતું હતું, દેશવિદેશમાં મહાન ગણાતું હતુ,
તે શા માટે વિધવા જેવું થઈ ગયુ? જે શહેરોની મહારાણી
જેવું હતું, તે બીજી પ્રજાઓનું ગુલામ કેમ થઈ ગયુ?
2તે રાત્રે પોક મૂકી રડે છે, ને તેના ગાલે અશ્રુધારા વહે છે;
આશ્વાસન આપનાર કોઈ રહ્યું નથી, તેણીના મિત્રોએ તેને
છેતરી છે અને તેણી જેઓને ચાહે છે તે તેના શત્રુ થયા છે.
3તેઓ વિદેશી પ્રજાઓ વચ્ચે સ્થિર થયા છે. અને તેમની
પાસે વિશ્રામનું સ્થળ નથી. યહૂદાની પ્રજા દેશવટે ગઈ છે.
તેમને સખત પરિશ્રમ કરવા માટે મજબૂર કરાય છે. જેઓએ
તેમનો પીછો કર્યો હતો તેમણે તેઓને પકડી લીધા છે. તેઓ
ભાગી શક્યા નહીં.
4સિયોનના માર્ગો આક્રંદ કરે છે ત્યાં કોઈ ઉત્સવોમાં આવતું
નથી; તેના દરવાજા ઉજ્જડ થઈ ગયા છે ને તેના યાજકો
આર્તનાદ કરે છે; તેની કુમારિકાઓ અતિ ઉદાસ થઈ ગઈ
છે, અને તે શહેર તેની કડવાશ અનુભવે છે.
5તે શહેરનાં શત્રુઓ તેના રાજકર્તા થઈ ગયા અને તે
શત્રુઓ સમૃદ્ધ થયા, તેમનાં અસંખ્ય પાપોના લીધે યહોવાએ
તેમને શિક્ષા કરી અને તેમને ખૂબ દુ:ખ ઉઠાવવા પડ્યા.
તેઓએ તે શહેરના લોકોને પકડીને તેમને તેમના બંદી
બનાવનારની સામે કૂચ કરાવડાવીને બંદીવાસ કર્યા.
6સિયોનના બધા મહત્વના લોકોએ તેને છોડી દીધી છે.
સરદારો ચારા વગરનાં હરણાં જેવાં; અને તેમને જેઓ પકડે
છે તેમનાથી દૂર ભાગી જવાની શકિત વગરના થઈ ગયાં છે.
7પોતાના દુ:ખ સંતાપનાં દિવસોમાં, યરૂશાલેમ અતીતની
સમૃદ્ધિ સંભારે છે. તેના લોકો શત્રુના હાથમાં પડ્યા છે.
કોઈ તેની સાથે જનાર નથી તેથી શત્રુઓ તેની પાયમાલી
જોઈ ઉપહાસ કરે છે.
8યરૂશાલેમે ઘોર અપરાધ કર્યો છે તેથી જ તે અશુદ્ધ સ્ત્રીની
જેમ થઈ પડ્યું છે. જેઓ તેને માન આપતા હતાં; તેઓ તેને
તુચ્છ ગણે છે, કારણકે, તેઓએ તેની નગ્નતા જોઈ લીધી છે.
અને તે પોતે મોં સંતાડીને નિ:સાસા નાખ્યા કરે છે.
9તેણીની અશુદ્ધતા તેના ઝભ્ભાની કિનારી સુધી ફેલાઈ
ગઈ હતી, જેઓ તેને પહેલા માન આપતાં હતા, અત્યારે
તેને નાપસંદ કરે છે, કારણકે તેઓએ તેની નગ્નતાને જોઈ છે.
અને તે પોતે જ નિ:સાસા નાખે છે અને પોતાનું મોઢું ફેરવી
લે છે.
10બધી કિંમતી વસ્તુઓ ઉપર શત્રુએ પોતાનો હાથ મૂક્યો
છે. ને તેણે પોતાના મંદિરમાં વિધર્મી પ્રજાને પ્રવેશ કરતી
જોઈ છે; જ્યાં યહોવાએ તે વિદેશીઓને પ્રવેશવાની મનાઈ
કરી હતી. 11તેના બધા લોકો આર્તનાદ કરે છે. તેઓ રોટલાની
ભીખ માંગે છે. ઝવેરાત આપી અન્ન ખરીદે છે; ને ભૂખ
શમાવી, નગરી પોકારે છે હે યહોવા, નજર કરો અને જુઓ;
મુજ અધમનો કેવો તિરસ્કાર થાય છે?
12"ઓ, જનાર સૌ લોકો, જરા નજર કરો; કોઈને ય મારા
જેવું દુ:ખ પડ્યું છે? જે યહોવાએ મને ક્રોધમાં આવીને દીધું
છે?"
13"ઉપરથી તેણે મારા હાડકામાં અગ્નિ મોકલ્યાં અને તે
તેઓને નિર્ગત કરે છે; તેણે મારા પગ માટે જાળ પાથરી છે
અને કેવી મને ભોંયે પછાડી છે! તેણે મને એકલી અટૂલી
છોડી દીધી અને હું આખો વખત રિબાતી રહી.
14"તેણે મારા પાપોનું પોટલું મારી ડોકે બાંધ્યું છે. મારી
શકિત તેના ભારથી ખૂટી પડી છે,મને મારા શત્રુઓના હાથમાં
સોંપી દેવામાં આવી છે જેની સામે જ્યાં હું ઉભી રહી શકતી
નથી."
15"યહોવાએ મારા શ્રેષ્ઠ યોદ્ધાઓને ધૂળ ચાટતાં કર્યા છે,
અને મારાં તરૂણ યોદ્ધાઓને કચડી નાખવા માટે ટૂકડીઓ
તૈયાર કરી છે. અને યહોવાએ યહુદાની કુંવારી દીકરીને
ખૂંદી નાખી છે, ખરાબર એવી જ રીતે જેમ દ્રાક્ષારસ બનાવવા
માટે કોઈ દ્રાક્ષને કચડે.
16"તેથી હું રડુ છું." અને તેથી મારી આંખો આંસુઓથી
ભીંજાય છે. મારા જીવનમાં જીવ લાવનાર અને આશ્વાસન
આપનાર કોઈ નથી, મારા સંતાનોનો નાશ થયો છે, કારણકે
શત્રુઓએ તેમને હરાવ્યાં છે."
17"મેં મદદ માટે, હાથ લાંબા કર્યા છે પણ મને આશ્વાસન
આપનાર કોઈ નથી. યહોવાએ મારી આસપાસના શત્રુઓને
મારી ઉપર હુમલો કરવા કહ્યું છે. અને તેઓ મને અસ્પૃશ્ય
ગણે છે ."
18યરૂશાલેમે કહ્યું, "યહોવા સારો છે જ્યારે તે મને શિક્ષા
કરે છે કારણકે મેં તેની વિરૂદ્ધ બંડ કર્યું છે. મહેરબાની કરીને
મને સાંભળો અને મારા દુ:ખને જુઓ. મારી જુવાની અને
કૌમાર્ય, કેદીઓની જેમ બંદીવાસમાં પસાર થયું છે."
19"મે મારા મિત્રોને હાંક મારી પણ તેઓએ મારો
વિશ્વાસઘાત કર્યો, મારા યાજકો અને વડીલો શહેરમાં ભૂખને
સંતોષવા ભિક્ષા માગતાં મરણ પામ્યા."

20"હે યહોવા, હું ભારે દુ:ખમાં છું, જો મારું હૃદય મારી ઊપર ચઢી બેઠું છે ને પેટ અમળાય છે; કારણકે, હું ખૂબ વિદ્રોહી હતો. રસ્તા ઉપર તલવાર મારાં સંતાનોનો સંહાર કરે છે; ને મોત ઘરમાંય છે ."

21"જ્યારે હું નિ:સાસા નાખતો હતો તે તેઓએ સાંભળ્યું છે. મને આશ્વાસન આપનાર કોઈ નથી; મારા બધા દુશ્મનોએ માર દુ:ખ વિષે સાંભળ્યું છે. તેઓ ખુશ છે કે આ બધું તેં પોતે કર્યુ છે. તેં જે દિવસ માટે વચન આપ્યું છે તે આવવા દે, તેઓને પણ મારા જેવા થવા દે."

22"તું તેમના બધાં દુષ્કૃત્યોને ધ્યાનમાં લે, જેવી રીતે મારા ગુનાની મને સજા થઈ છે તેવી જ રીતે તેઓને પણ તું સજા કર. તેવું કર કેમકે હું સતત નિ:સાસા નાખું છું અને મારું હૃદય પહેલેથી જ નબળું છે."

## યરૂશાલેમ પર યહોવાનો પ્રકોપ

2 યહોવાએ ક્રોધે ભરાઈને સિયોનનગર ઉપર અંધકાર ફેલાવ્યો છે; તેણે આકાશમાંથી દુનિયા પર ઈસ્રાએલના આકર્ષક ગૌરવને ટપકાવ્યો છે. જ્યારે તે ક્રોધે ભરાયો હતો ત્યારે તેના પાયાસનને પણ ભૂલી ગયો.

2નિષ્ઠુરતાથી યહોવાએ યહૂદાની ભૂમિનાં બધાં નગરો જમીનદોસ્ત કરી દીધાં છે; તેણે તેના બધા કિલ્લાઓ ક્રોધે ભરાઈને તોડી પાડ્યા છે; અને તેના શાશકોને અપમાન જનક રીતે નીચા પાડ્યા છે.

3તેણે ઈસ્રાએલની શકિત ભયંકર ક્રોધમાં આવીને હણી નાખી છે; તેણે તેઓને પોતાના શત્રુઓની વિરૂદ્ધ લડવા માટે મદદ કરી નહોતી. અને તેણે આજુબાજુનું બધુંયે ભડભડતા અગ્નિની જેમ બાળી નાખ્યું.

4અમને તેના દુશ્મનો સમજી તેણે અમારી વિરુદ્ધ ધનુષ્ય તાણ્યું તે અમારી ઉપર ત્રાટકવા પોતેજ તૈયાર થયો, ને સિયોનની બધી સોહામણી વ્યકિતઓનો તેણે સંહાર કર્યો, તેણે તેનો ક્રોધ અગ્નિની જેમ વરસાવ્યો.

5યહોવા શત્રુના જેવા હતા, તેમણે ઈસ્રાએલનો નાશ કર્યો. હાં, તેણે તેના મહેલો અને કિલ્લાઓનો નાશ કર્યો. તેણીને તેણે શોક કરવાનું નિમિત્ત આપ્યું.

6જ્યાં લોકો મંદિરમાં પૂજા કરતા હતાં ત્યાં તેઓનો નાશ થયો, જેમ જમીન પર ઘાસનો નાશ થાય છે.બધાં વિશ્રામવારો-ઉત્સવો ભૂલાઈ ગયા. તેના ગુસ્સાથી યાજકો અને રાજા ઘૃણિત થયાં હતાં.

7યહોવાએ પોતાની વેદીને નકારી અને તેણે પોતાના પવિત્ર સ્થાન ને જતું કર્યુ છે; તેણે દુશ્મનના હાથે તેણીના મહેલની દીવાલોનો નાશ કરાવ્યો. પહેલા અમે યહોવાના મંદિરમાં ઉત્સવના પોકારો કરતા હતા; હવે ત્યાં દુશ્મનો કોલાહલ મચાવે છે.

8તેણે સિયોનનગરીની દીવાલો તોડી પાડવાનો નિશ્ચય કર્યો છે, તેણે તેનું માપ લીધું હતું અને તેને તોડી પાડતાં થોભ્યો નહીં તેણે કિલ્લાની અંદરની અને બહારની દીવાલોને તોડી પાડી. એક સાથે તે બધી નાશ થઈને પડી હતી.

9તેના દરવાજા ખંડેરોની જેમ દટાયેલા પડ્યા છે, તેની કડીઓ જે બંધ કરવામાં આવતી હતી તે ભાંગી પડી છે, પ્રબોધકોને પણ યહોવા તરફથી દર્શન મળતું ન હતું.

10જુઓ, સિયોન નગરનાં આગેવાનો, ભૂમિ ઉપર મૂંગે મોઢે બેઠા છે. તેમણે માથા ઉપર; ધૂળનાખી છે. તેઓ એ સોગિયાં વસ્ત્ર પહેર્યા છે. અરે! સિયોનની કુમારિકાઓનાં માથાં, દુ:ખથી ભોંય સુધી નીચા નમી પડ્યાં છે!

11રડી રડી આંખોનું તેજ ઘટી ગયું છે, ને મારા આંતરડા કકળી ઊઠ્યા છે, મારુ હૃદય, લોકોના નાશ ને જોઈને ઓગળી રહ્યું છે; નગરનાં બાળકો રાજમાર્ગ પર મૂર્છિત થઈ પડ્યા છે.

12તેઓ પોતાની માતા પાસે રોટલી અને દ્રાક્ષારસની માંગણી કરે છે; જ્યારે તેઓ ઘવાયેલાઓની જેમ બેભાન થઈને શહેરની ગલીઓમાં પડ્યા છે, અથવા જ્યારે તેઓ પોતાની માતાની છાતી ઉપર મૃત્યુ પામે છે.

13તને શું કહું? ઓ યરૂશાલેમનગરી; હે કુંવારી સિયોનપુત્રી તને કોની ઉપમા આપું? તને કોની સાથે સરખાવી? તારી સાગર જેવી વિશાળ વેદનાનો ઉપાય કોણ કરશે?

14તમારા પ્રબોધકોએ કહ્યું કે તેમને સંદર્શન થયું હતું પણ તેઓ જુઠું બોલી રહ્યા છે અને તને છેતરે છે, અને તને તારા અપરાધો વિષે ન કહીને તેણે તને સુધરવાની તક જ નહોતી આપી.

15ઓ યરૂશાલેમ નગરી, તને જોઈને જતાં લોકો તાળી પાડીને તારી હાંસી ઊડાવે છે; માથું ધુણાવી ફિટકાર વરસાવે છે, "શું આ એજ સુંદરતાની મૂર્તિ અને જગતની આનંદનગરી છે!"

16શત્રુઓ મોં ઉઘાડી તારી હાંસી ઉડાવે છે, અને દાંત કચકચાવી ને ફિટકાર વરસાવે છે. આપણે જ એને પાયમાલ કરી છે, આપણે આ જ દિવસની; રાહ જોતા હતાં, જેની અમને પ્રતિક્ષા હતી અને અમને તે પ્રાપ્ત થયો છે.

17યહોવાએ જે વિચાર્યુ તે કર્યુ અને તે સાચું પડ્યું; તેનો ભય, જેમ તેણે પ્રાચીનકાળમાં ચેતવણી આપી હતી તેમ તેણે નિર્દયપણે ભયંકર વિનાશ કર્યો. અમને નીચા પડતા જોઈ શત્રુઓને ખુશ કરવા સારું આ તક આપી છે, તેણે તમારા શત્રુઓને ઘમંડી બનાવ્યા છે.

18ઓ સિયોનનગરી, તું સાદ ઊંચો કર; ને યહોવાને તારો આર્તનાદ સંભળાવ! તારી આંખે રાત દિવસ આંસુ વહે છે. વિસામો ન દે અને આંખને સુકાવા ન દે.

19રાત્રિના પ્રથમ પહોરે ઊઠી, મોટેથી પ્રાર્થના કર; અને યહોવા સમક્ષ પાણીની જેમ હૃદય ઠાલવ. ભૂખથી ચકલે ચકલે મૂર્ચ્છા પામતાં તારાં બાળકનો જીવ બચાવવા યહોવા આગળ-તારો ખોળો પાથર.

20આજુબાજુ જુઓ ઓ યહોવા! જો તું કોને કનડી રહ્યો છે? શું માતાઓ તેમના જ પોતાના બાળકોને ખાય? શું તારા યાજકો અને પ્રબોધકોને તારા જ પવિત્ર સ્થાનમાં મારી નાંખવામાં આવે?

21વૃદ્ધો અને બાળકો રસ્તાની ધૂળમાં રઝળે છે, કન્યાઓ અને યુવાનો તલવારનો ભોગ બન્યા છે; તારા રોષને દિવસે

તેં તેમનો સંહાર કર્યો છે; તમે નિર્દયપણે, તેઓને રહેંસી
નાખ્યાં છે.
22જાણે ઉત્સવનો દિવસ હોય તેમ, તેં ચારે બાજુથી મારા
ભયંકર દુશ્મનોને બોલાવ્યા છે. તારા રોષને દિવસે કોઈ
છટકવા ન પામ્યા. તેમણે લાડથી ઉછરેલાં સહુને વધેરી
નાખ્યાં છે અને શત્રુઓએ કોઈનેય જીવતો રાખ્યો નથી.

### યર્મિયાનો યહોવામાં વિશ્વાસ અને પશ્ચાતાપ

3 હું એક એવો માણસ છું જેણે યહોવાના રોષના દંડાનો
માર અનુભવ્યો છે.
2હું એ માણસ જેવો છું જેને અંધારા રસ્તા પર દીવા વગર
ચાલવા માટે ફરજ પડાઈ છે.
3ફક્ત મારી વિરૂદ્ધ જ તે ફરી ફરીને આખો વખત પોતાનો
હાથ ધૂમાવ્યા કરે છે.
4તેણે મારી ચરબી અને ચામડી ને નુકશાન પહોંચાડ્યું
છે. તેણે મારા હાડકાં ભાંગી નાખ્યા છે.
5દુ:ખ અને સંતાપની કોટડીમાં પૂરી તેણે મને કેવો રૂંધી
નાખ્યો છે!
6મરી ગયેલા માણસની જેમ. તેણે મને કયારનોય
અંધકારમાં પૂરી રાખ્યો છે.
7હું ક્યાંય છટકી ન જઈ શકુ તેથી તેણે મારી આસપાસ
કોટ ચણી લીધો છે. અને તેણે ભારે સાંકળોથી મને પકડી
લીધો છે.
8જ્યારે હું પોકાર કરીને સહાય માંગુ છું ત્યારે મારી તે
પ્રાર્થના પાછી વળે છે.
9તેણે ઘડેલા પથ્થરોથી મારા માર્ગોને બંધ કર્યા અને તેણે
તેને વાંકાચૂંકા ભૂલભૂલામણીભર્યા કર્યા છે.
10તે રીંછની જેમ મારી વાટ જોતો પડ્યો રહે છે, સિંહની
જેમ મને પકડવા સંતાઈ રહે છે.
11મેં લીધેલા માર્ગથી તેણે મને બહાર ખેંચી કાઢયો છે.
તેણે મારા ટૂકડે-ટૂકડા કરીને મને ત્યાં પડ્યો રહેવા દીધો છે.
12તેણે ધનુષ્ય પર બાણ ચઢાવ્યું છે અને તેને મારી સામે
તાક્યું છે.
13પોતાના જ ભાથાનાં બાણોથી તેણે. મારા મર્મસ્થાનો,
ભેદી નાખ્યાં છે.
14હું મારા લોકો સમક્ષ હાંસી પાત્ર થયો છું; તેઓ આખો
દિવસ મને ચીડવતા ગીતો ગાય છે.
15તેણે મારા જીવનને કડવાશથી ભરી દીધું છે. તેણે મને
કટુઝેરથી ભરી દીધો છે.
16તેણે મારા દાંત કાંકરાથી ભાંગી નાખ્યા છે, તેણે રાખમાં
રગદોળી દીધો છે.
17મારા હૃદયની શાંતિ હરાઈ ગઈ છે, સુંદર જીવન હોવું
એ શુ છે તે હું ભૂલી ગયો છું.
18હું કહું છુ કે મારી શકિત ખૂટી ગઈ છે અને યહોવા
તરફની મારી આશા નષ્ટ થઈ છે.
19યાદ કર કે હું તો માત્ર ગરીબ શરણાર્થી છું, અને હું
દિવસે દિવસે કડવા અનુભવમાંથી પસાર થાઉં છું.
20નિરંતર મારું ચિત્ત એનો જ વિચાર કર્યા કરે છે; અને
હું નાહિમ્મત થઈ જાઉં છું.
21એ હું મનમાં લાવું છું અને તેથી જ હું આશા રાખું છું.
22યહોવાની કરુણા, ખૂટી પરવારી નથી તેમ જ તેની
દયાનો પણ અંત આવ્યો નથી.
23દરરોજ સવારે તારી કૃપાઓ નવેસરથી મને મળે છે,
માણસ તારી ઉપર હંમેશા નિર્ભર રહી શકે.
24મેં કહ્યું, "મારી પાસે જે કંઈ છે તે યહોવા છે. તેથી હું
તેનામાં મારી આશા મૂકુ છું.
25જે તેનામાં વિશ્વાસ રાખે છે અને જેઓ તેની વાટ
જોવાનું ચાલુ રાખે છે. તેમના માટે યહોવા સારો છે.
26ચૂપ રહેવું અને યહોવા તમને બચાવે તેની રાહ જોવી
તે સારૂં છે.
27એ માણસ હજુ યુવાન હોય તે દરમ્યાન તે વ્યકિત
દુ:ખની ઝૂંસરી ઉપાડે એમાંજ એનું કલ્યાણ છે.
28જ્યારે યહોવા તેના પર ઝૂંસરી મૂકે છે, તેથી તેણે એકલા
શાંત બેસવું જોઈએ.
29ભલે તે તેનો ચહેરો ધૂળમાં દાટે, ત્યાં હજી પણ કદાચ
આશા હશે.
30જે મારે તેના ભણી ગાલ ધરો; અને બધા અપમાન
વેઠી લ્યો.
31યહોવા; આપણને હંમેશ ને માટે નકારશે નહીં.
32કારણ, સજા કરે છે અને દુ:ખ દે છે; છતાં તે કરુણાસાગર
હોઈ દયા રાખે છે.

33તે રાજીખુશીથી કોઈને પણ તે દુ:ખ દેતો નથી, અને
તેમને દુ:ખ આપીને તે ખુશ થતો નથી.
34જ્યારે પણ પૃથ્વી પરના કેદીને સિતમગાર દ્વારા કચડી
નાંખવામાં આવે છે ત્યારે,
35જ્યારે પણ કોઈનો હક્ક પડાવી લેવામાં આવે છે, 'પરમ
ઉચ્ચની હાજરીમાં ત્યારે'.
36જ્યારે પણ ન્યાય થતો નથી, યહોવાને તે મંજૂર નથી.
37યહોવાની આજ્ઞા વિના કોનું ધાર્યું થાય છે?
38પરાત્પર દેવની આજ્ઞાથી જ સુખ અને દુ:ખ બન્ને ઉત્પન્ન
થાય છે.
39પાપની સજા સામે કોઈ માણસે શા માટે ફરિયાદ કરવી
જોઈએ.
40આપણી રીતભાત તપાસીએ અને કસોટી કરીએ અને
આપણે યહોવા પ્રત્યે પાછા ફરીએ.
41બે હાથ જોડીને સાચા હૃદયથી આપણે. સ્વર્ગમાં વસતા
દેવને પ્રાર્થના કરીએ.
42બળવો કરીને અમે અપરાધ કર્યા છે અને તમે અમને
માફ કર્યા નથી.
43રોષે ભરાઈને તમે અમારો પીછો કર્યો છે અને નિર્દયી
રીતે અમારો વધ કર્યો છે.
44તમે, રોષના વાદળ પાછળ છુપાઈ ગયા છો ; અમારી
પ્રાર્થના, તમને ભેદીને પહોંચી શકતી નથી.

45તમે અમને, પ્રજાઓની વચમાં. કચરાપૂંજા અને ઉકરડા જેવા બનાવી મૂક્યા છે.
46અમારી વિરુદ્ધ મુખ ઉઘાડીને અમારા સર્વ શત્રુઓએ અમારી હાંસી કરી છે.
47અમે ભયભીત થયા છીએ, જાણે અમે ખાડામાં પડી ગયા હોઈએ એવું લાગે છે. અમે એકલા છીએ અને ભાંગી પડ્યા છીએ.
48મારા લોકોનો વિનાશ જોઈને મારી આંખોમાંથી ભાદરવાના નીર વહે છે.
49યહોવા આકાશમાંથી દ્રષ્ટિ કરીને જુએ ત્યાં સુધી.
50નિરંતર મારી આંખમાંથી આંસુઓ વહે છે.
51મારી નગરીની સર્વ કુમારીકાઓની. દશા જોઈને મારી આંખો સૂજી ગઈ છે.
52તેઓ કારણ વિના મારા શત્રુ થયા છે અને તેમણે પંખીની જેમ મારો શિકાર કર્યો છે.
53તેઓએ મને જીવતો ખાડામાં નાખ્યો છે અને તેમણે ઉપર પથ્થર ઢાંક્યો છે.
54મારા માથા ઉપર પાણી ફરી વળ્યાં અને હું બોલી ઉઠ્યો કે "હું મરી ગયો છું."
55ઓ યહોવા, કારાગૃહના નીચલા ભોંયરામાંથી. મેં તમારા નામનો પોકાર કર્યો.
56હું મદદ માટે ઘા નાખું છું અને મારી અરજ સાંભળીને તમે બંધન કરશો.
57તમે ચોક્કસ મારી હાંક સાંભળી ને આવ્યા, અને કહ્યું પણ ખરુ કે,"ડરીશ નહીં."
58ઓ યહોવા! તમે અમારો બચાવ કર્યો છે અને મારું જીવન બચાવ્યું છે.
59ઓ યહોવા, તમે મને થયેલા અન્યાય જોયા છે. તમે મારો ન્યાય કરો.
60મારા પ્રત્યેની તેમની વેરવૃત્તિ, અને મારી વિરુદ્ધના સર્વ કાવાદાવા તમે જોયા છે.
61હે યહોવા, તેઓએ કરેલી મારી નિંદા તથા તેઓએ મારી વિરૂદ્ધ કરેલા સર્વ કાવતરા તેં સાંભળ્યા છે.
62મારા વિરોધીઓ આખો દિવસ બખાળા કાઢે છે. તમે તેમના કાવાદાવા જાણો છો.
63પછી ભલે તેઓ બેઠા હોય કે ઉભા હોય, હું તો તેમની ઠઠ્ઠા મશ્કરીનું ધ્યેય બની ગયો છું.
64હે યહોવા, તમે તેમના હાથની કરણી પ્રમાણે તેઓને, બદલો આપજો.
65તમે તેઓની બુદ્ધિ જડ બનાવી દેજો અને તેમના પર શાપ વરસાવજો.
66ક્રોધે ભરાઈને પીછો પકડીને તમે તેમનો નાશ કરજો અને ઓ યહોવા! તમે તેમનો પૃથ્વી પરથી સંહાર કરજો.

### દેવનો રોષ અને યરૂશાલેમનો વિનાશ

4 સોનું જાંખું પડ્યું છે, ને કુંદન બદલાઈ ગયું છે. પવિત્ર પથ્થરો શેરીઓને ખૂણે વિખેરાઈને આમતેમ પડ્યા છે.
2સિયોનના અમૂલ્ય પુત્રો જે કુંદન જેવા છે. તેઓ શા માટે માટીના ઘડાના મૂલમા લેખાય છે?
3શિયાળ પણ પોતાના બચ્ચાને થાને વળગાડીને ધવડાવે છે પરંતુ મારી પ્રજા વગડાના શહામૃગ જેવી લાગણી શૂન્ય થઈ ગઈ છે.
4તરસને કારણે બાળકોની જીભ તાળવે ચોંટી છે, અને બાળકો ખોરાકને માટે ભીખ માંગી રહ્યા છે. પણ તેમ છતાં કોઈ તેમને કશું પણ આપતું નથી.
5પાંચ પકવાન ખાનારા રસ્તે રઝળીને મરે છે. રેશમી વસ્ત્રોમાં ઊછરેલાં ઉકરડે આળોટે છે.
6મારા લોકોએ સદોમ કરતા વધારે પાપ કર્યાં છે, અને સદોમમાં તો એકજ ક્ષણમાં બધુંજ નાશ પામ્યું છે; છતાં પણ કોઈ માણસે તેમને હાથ લગાડયો નથી.
7ચુનંદા વીરો હીમ કરતાં ય સ્વચ્છ હતાં, અને દૂધ કરતાં ય ધોળા હતા. તેમના શરીર પરવાળાં કરતાં ય લાલ હતાં અને તેમની નસો નીલમણી જેવી નીલ હતી.
8હાલ તેઓ રસ્તામાં પડયાં છે, ઓળખાતાય નથી. તેમના મોંઢા કાજળથી યે કાળા પડી ગયા છે; તેમની ચામડી હાડકા પર ચીમળાઈ ગઈ છે અને સુકાઈને લાકડા જેવી થઈ ગઈ છે.
9ભૂખથી મરનાર કરતાં તલવારથી મરનાર, વધારે નસીબદાર હતા; તેમના જીવનો અન્ન જળ વિના વહી ગયાં છે કારણકે ત્યાં લણવા માટે ધાન નહોતું.
10મારી પ્રજા ઉપર એવી આફત ઊતરી આવી કે કોમળ હૃદયની સ્ત્રીઓએ પોતાના પેટનાં છોકરાંને પોતાના હાથે રાંધીને ખાવા પડ્યાં.
11યહોવાએ પૂરેપૂરો પોતાનો ક્રોધ બતાવ્યો. અને તેમણે તેને આગની જેમ વરસાવ્યો હતો. સિયોનનગરીમાં એવી આગ ચાંપી હતી જે તેના પાયાને સુદ્ધાં ભરખી ગઈ.
12દુનિયાના કોઈ રાજા કે લોકોએ ધાર્યું નહોતું, કે યરૂશાલેમના શત્રુઓ તેમના દરવાજેથી પસાર થશે.

13પણ બન્યું એમ, પ્રબોધકોના પાપે; અને યાજકોના અન્યાયને કારણે; તેમણે નગરમાં ન્યાયીઓનું લોહી વહાવ્યું છે.
14તેઓ શેરીએ શેરીએ આંધળાઓની જેમ ભટકયાં. તેઓ લોહીથી એવા તો લથબથ હતાં કે કોઈ તેઓના વસ્ત્રોને અડકી શકતું નથી.
15તેઓને જ્યારે જોયા ત્યારે લોકો બૂમો પાડી ઉઠ્યા; હે અશુદ્ધ લોકો, અમને અડકશે નહીં, તેના કારણે તેઓ શહેરને છોડીને આમતેમ ભટકવા લાગ્યાં. રાષ્ટ્રો વચ્ચે પણ એમ કહેવામાં આવ્યું હતું કે, "તેઓ અમારી વચ્ચે હવે જરાપણ વધારે રહે નહીં."
16યહોવાએ જાતે જ તેમને વેરવિખેર કરી નાખ્યા. અને પછી તેમણે તેમના ભણી જોયું જ નહીં. તેમણે યાજકો પ્રત્યે આદર ન દાખવ્યો કે વડીલો પર જરાયે દયા ન રાખી.

17મદદની આશામાં સમય જોઈ જોઈ, અમારી આંખો પણ થાકી ગઈ. પ્રજા રક્ષકની આશાએ રાહ જોઈ રહી પરંતુ અમને બચાવવા કોઈ ન આવ્યું.

18દુશ્મનો અમારી પાછળ પડ્યા હતાં અને અમે રસ્તે ચાલી નહોતા શકતાં. અમારો અંત નજીક આવ્યો હતો અને અમારા દિવસો પૂરા થયા હતાં.

19આકાશના ગરૂડ કરતાંય ઝડપથી તેઓએ, અમારો પીછો કર્યો; પર્વતો પર પણ તેમણે અમારો પીછો કર્યો; ને રાનમાં પણ અમારી ઉપર તરાપ મારવા સંતાઈ ગયા.

20યહોવાથી અભિષિક્ત થયેલો જે અમારા માટે નાકમાંના શ્વાસ જેટલો મહત્વપૂર્ણ હતો તે અમારા શત્રુઓના બંદીવાસમાં બંદી થઈ પડ્યો હતો, અમે કહેતા હતા "અમે તેની છત્રછાયામાં અમારા શત્રુઓની વચ્ચે સુરક્ષિત છીએ."

21અદોમના લોકો આનંદ માણો, તમારામાંના જે ઉસ પ્રદેશમાં રહે છે તેઓએ બતાવવું જોઈએ કે યરૂશાલેમના લોકો જોડે જે થઈ રહ્યું છે તેનાથી ખુશ છે. પણ દુ:ખનો પ્યાલો તમારી પર પણ આવશે ત્યારે તમે ભાન ભૂલી જશો અને પોતાને નગ્ન કરી દેશો.

22ઓ સિયોન, તારાં પાપની સજ પૂર્ણ થઈ છે. હવે તને યહોવા દેશવટે નહીં રાખે. ઓ અદોમ, યહોવા તને તારા અપરાધની સજા, કરશે અને તારા પાપ ઉઘાડા કરશે.

## યહોવાની ઉપાસના

5 ઓ યહોવા, અમારા ઉપર શું શું વીત્યું છે તેનું સ્મરણ કર; ને અપમાન પર નજર કર.

2અમારો દેશ વિદેશીઓના હાથમાં ગયો છે, અમારા ઘરબાર પારકાઓના કબજામાં ગયા છે.

3અમે અનાથ અને નબાપા થઈ ગયા છીએ ને અમારી માતાઓ વિધવા થઈ ગઈ છે.

4પીવાના પાણીના પૈસા આપવા પડે છે. અને લાકડાં પણ વેચાતાં લેવા પડે છે.

5અમારી ડોક ઉપર ઝૂંસરી મૂકી અમને પશુની જેમ હાંકવામાં આવે છે. અમે હવે અનહદ થાકી ગાય છીએ; અમને વિશ્રામ મળતો નથી.

6અમારે પેટ ભરીને રોટલો મેળવવા માટે મિસર અને અશ્શૂર સામે હાથ જોડવા પડ્યા.

7પાપ કરનારા અમારા પિતૃઓ રહ્યા નથી. અમારે તેમના પાપની સજા ભેગવવી પડે છે.

8શાસન કરે છે ગુલામો અમારા ઉપર. તેમના હાથમાંથી અમને છોડાવનાર કોઈ નથી.

9જીવને જોખમે અમારે રોટલો મેળવવો પડે છે; વગડામાં તલવારનું જોખમ છે.

10દુકાળની ભડભડતી અગનજાળથી અમારી ચામડી ભઠ્ઠી જેવી તપી ગઈ છે.

11અમારી સ્ત્રીઓનો સિયોનમાં બળાત્કાર થાય છે, અને કુમારીકાઓનો યહૂદાના નગરોમાં.

12અમારા આગેવાનોને તેમના હાથ વડે લટકાવી દેવામાં આવે છે, અને વડીલોને કોઈ માન આપતું નથી.

13જુવાનો પાસે ચક્કી પીસાવવામાં આવે છે. અને છોકરાઓ લાકડાના ભારથી લથડી પડે છે.

14વડીલો હવે ચોરે બેસતા નથી જુવાનિયાઓએ ગાવાનું છોડી દીધું છે

15અમારા અંતરનો આનંદ મરી પરવાર્યો છે. અમારાં નૃત્યો આક્રંદમાં પરિણમ્યા છે.

16અમારે માથેથી મુગટ પડી ગયો છે, દુર્ભાગ્ય અમારૂ! કારણકે અમે, પાપ કર્યા છે.

17આને કારણે અમારા હૃદય બીમાર થઈ ગયા છે, અને આને લીધે અમારી આંખોએ અંધારા આવી ગયા છે.

18કારણકે સિયોનનો પર્વત ઉજ્જડ થઈ ગયો છે એ જગ્યા, જ્યાં શિયાળવાં શિકારની શોધમાં ભટકે છે.

19પણ, યહોવા, તમારૂ રાજ અમર તપે છે. પેઢી-દરપેઢી રાજ્યાસન ચાલુ રહે છે.

20તું શા કારણે અમને ભૂલી જાય છે? તેં શા માટે આટલા બધા દિવસ સુધી અમારો ત્યાગ કર્યો છે?

21અમને પાછા લઈ લે- ઓ યહોવા! ત્યારે અમે ફરીથી તારા થઈ જઈશું. અમને નવું જીવન આપ જેવું તે ઘણા વર્ષ પહેલા કર્યું હતું.

22શું તેં અમને સંપૂર્ણ નકાર્યા છે? કે પછી તમારા ક્રોધનો અંત નથી?

# યર્મિયા

1 બિન્યામીન પ્રદેશના અનાથોથ ગામના યાજક
કુળસમૂહના હિલ્કિયાના પુત્ર યર્મિયા પાસે દેવ તરફથી
આવેલા આ યહોવાના વચન છે. 2યહૂદિયાના રાજા
આમોનના પુત્ર યોશિયાના રાજ્યમાં તેરમે વર્ષે તેને યહોવાની
વાણી સંભળાઇ; 3વળી યોશિયાના પુત્ર યહોયાકીમના
રાજ્યશાસન દરમ્યાન તેમ જ તે પછી યોશિયાના પુત્ર
સિદકિયાના રાજ્યના અગિયારમા વર્ષ સુધી એ સંભળાતી
રહી. એ વર્ષના પાંચમા મહિનામાં યરૂશાલેમના લોકોને
દેશનિકાલ કરવામાં આવ્યા.

### યર્મિયાને દેવ તરફથી હાકલ

4યહોવાએ મને કહ્યું,
5"તને ગર્ભમાં ઘડ્યો તે પહેલા મેં તને પસંદ કર્યો હતો; તું
જન્મ્યો તે પહેલા મેં તને આ કામ માટે નક્કી કર્યો હતો,
આતો પ્રજાઓના પ્રબોધક થવા માટે મેં તને નીમ્યો હતો."
6મેં કહ્યું, "ઓ સર્વસમર્થ યહોવા! હું તેમ કરી શકું તેમ
નથી, મને બોલતા તો આવડતું નથી, હું તો હજી નાની
વયનો બાળક છું!"
7પરંતુ યહોવાએ કહ્યું, "'હું બાળક છું, 'એવું કહીશ નહીં.'
કારણ કે હું તને જે બધા લોકો પાસે મોકલું ત્યાં તારે જવાનું
જ છે, અને હું જે કંઈ તને કહું તે તારે તેમને જરૂર કહેવુ
પડશે. 8તે લોકોથી બીશ નહીં, કારણ, હું તારી જોડે રહી તારું
રક્ષણ કરીશ." આ યહોવાના વચન છે.
9પછી યહોવાએ પોતાનો હાથ લંબાવીને મારા મોંને સ્પર્શ
કર્યો અને મને કહ્યું,
"જો મેં મારાં વચનો તારા મૂખમાં મૂક્યા છે! 10આજે હું
તને પ્રજાઓ અને રાજ્યો ઉપર સત્તા આપું છું, તારે તોડી
પાડવાનું અને ઉખેડી નાખવાનું છે, વિનાશ કરવાનું અને
ઉથલાવી નાખવાનું છે, બાંધવાનું અને રોપવાનું છે."

### બે સંદર્શન

11પછી મને યહોવાએ કહ્યું, "યર્મિયા, જો! તું શું જુએ
છે?" મેં જવાબ આપ્યો, "બદામડીના ઝાડની ડાળીને હું
જોઈ શકુ છુ." 12પછી યહોવાએ મને કહ્યું, "તે જે કઈ જોયું
તે બરાબર છે, કારણ, હું તારા ઉપરના મારાં વચનો પૂરાં
કરવાની બાબતની ખાતરી કરવા ધ્યાનથી જોઉં છું."*
13ફરીવાર મને યહોવાનાં વચન સંભળાયા, "તને શું દેખાય
છે?"
મેં કહ્યું, "એક ઉકળતો ચરું દેખાય છે; એ ઉત્તર તરફથી
આ તરફ નમેલો છે."
14યહોવાએ કહ્યું, "ઉત્તરમાંથી જ આ દેશનાં સૌ વાસીઓ
ઉપર આફત ઉતરશે.
15હા! જુઓ, હું ઉત્તરમાં બધા રાજ્યોને બોલાવું છું. તેમના
રાજાઓ યરૂશાલેમના દરવાજા સામે તેની ફરતેની દીવાલની
સામે તેમ જ યહૂદિયાના બધા નગરોની સામે પોતપોતાનું
સિંહાસન માંડશે. આ યહોવાના વચન છે.
16મારા લોકોના સર્વ દુષ્કૃત્યો બદલ હું તેમને સજા
ફરમાવીશ. કારણ, તેમણે મને છોડીને બીજા દેવોની આગળ
ધૂપ કર્યા છે, પોતે બનાવેલી મૂર્તિઓની પૂજા પણ કરી છે.
17"તારા માટે તારે ઉભા થવું પડશે, તારો પોષાક પહેર
અને બહાર જા, અને હું તને જે ફરમાવું તે તું જઈને તેઓને
કહે. તેઓથી ડરીશ નહીં, નહીં તો હું તને તેઓની આગળ
ભયગ્રસ્ત ઠરાવીશ.
18અને તેના બદલે હું તને, તે શહેર જેની બાજુએ કિલ્લો
હશે તેવો બનાવીશ અને તને લોખંડી સ્તંભ જેવો અને
કાંસાની દીવાલ બનાવું છું જેથી તું રાજાઓ આગેવાનો, યાજકો
અને યહૂદિયાના બધા લોકો જે તારી વિરૂદ્ધ છે, તેમની સામે
ઊભો રહી શકે.
19તેઓ તારી સાથે યુદ્ધ કરશે, પણ તને હરાવી શકશે
નહીં, કારણ, હું તારે પડખે રહી તારું રક્ષણ કરીશ." આ હું
યહોવા બોલું છું.

### ઈસ્રાએલે કરેલો યહોવાનો નકાર

2 ફરીથી યહોવાએ મારી સાથે વાત કરીને આ પ્રમાણે
કહ્યું. 2"જા, અને યરૂશાલેમ સાંભળે તે રીતે ઘોષણા
કર:
"'આ યહોવાના વચન છે: મને યાદ છે કે જુવાનીમાં
તારી ભક્તિ કેવી અચળ હતી! નવાં નવાં પરણ્યાં ત્યારે તું
મારા ઉપર કેટલો પ્રેમ રાખતી હતી! તું રણમાં ઉજ્જડ પ્રદેશમાં
મારી પાછળ પાછળ આવી હતી.
3એ દિવસોમાં, ઓ ઈસ્રાએલ, તું મને સમર્પિત હતી
જાણે ફસલની પહેલી ઊપજ. જે કોઈ તને ખાવા ધાતું તેને
સજા થતી, તેને માથે આફત ઊતરતી." આ હું યહોવા
બોલું છું.

---

**ધ્યાનથી જોઉ છું** હિબ્રૂ ભાષામાં આ શબ્દ રમત છે. શેકેલ એટલે
બદામડીનું ઝાડ એટલે ધ્યાનથી જોવું.

4ઓ યાકૂબના કુટુંબો, ઈસ્રાએલના કુળસમૂહો, યહોવાની વાણીનો સંદેશો સાંભળો.

5યહોવા કહે છે, "તમારા પિતૃઓને મારામાં શો દોષ દેખાયો કે તેઓ મને છોડીને દૂર ચાલ્યા ગયા? તેઓ વિસાત વગરની મૂર્તિઓને ભજવા લાગ્યા અને પોતે વિસાત વગરના થઈ ગયા.

6તેઓએ પૂછયું નહી કે યહોવા ક્યાં છે? જે અમને મિસરમાંથી સલામત બહાર લાવ્યા અને અમને રેતી અને ખડકોની ભૂમિમાંથી દોરી ગયાં જ્યાં સદાકાળ દુકાળ અને અંધકાર હોય છે, જ્યાં નથી કોઈ માણસના ક્યારેય પગલાં પડ્યાં કે નથી કોઈ ત્યાં ક્યારેય વસ્યું"

7યહોવાએ કહ્યું "હું જ તેમને ફળદ્રુપ પ્રદેશમાં લઈ આવ્યો, જેથી તેઓ તેની મબલખ ઊપજ ભોગવે. પણ તેમણે તો તેમાં પ્રવેશ કરતાં વેંત તેને અશુદ્ધ બનાવ્યો મેં આપેલી ભૂમિને ઘૃણાપાત્ર બનાવી દીધી.

8યાજકોએ કદી પૂછયું નથી કે, 'યહોવા ક્યાં છે?' શાસ્ત્રના જાણકારોએ મને ઓળખ્યો નથી, લોકોના આગેવાનોએ મારી સામે બળવો કર્યો છે. પ્રબોધકોએ બઆલદેવની આરાધના કરી અને નકામા દેવોને ભજવામાં સમય બગાડ્યો."

9"આથી હું, યહોવા, ફરી એકવાર મારા લોકો સામે આરોપ મુકુ છું–તેમની અને તેમના વંશજો સામે.

10સાગર પાર કરી પશ્ચિમમાં જાઓ કે પૂર્વમાં તપાસ કરો. ધ્યાનથી જુઓ અને વિચાર કરો, આવું કદી બન્યું છે ખરું?

11કોઈ પ્રજાએ કદી દેવ બદલ્યા છે? ભલેને એ પછી નામના હોય? પરંતુ મારા લોકોએ તો પોતાના ગૌરવશાળી દેવના બદલામાં નકામી મૂર્તિઓને સ્વીકારી છે.

12આ જોઈને આઘાત પામો ઓ સ્વર્ગ આઘાત પામો અને સંપૂર્ણ વિનાશ પામો." આ યહોવાની વાણી છે.

13મારા લોકોએ બે પાપ કર્યા છે; તેમણે મારો ત્યાગ કર્યો છે, જે જીવનજળનું ઝરણું છે તેના જળનો ત્યાગ કર્યો છે, અને જેમાં જળ રહી શકતું નથી એવા ભાંગેલા ટાંકા તેઓએ પોતાને માટે બાંધ્યા છે.

14ઈસ્રાએલ શા માટે ગુલામોની પ્રજા બની છે? શા માટે તેને બંદીવાન બનાવી દૂર દેશમાં લઈ જવામાં આવી છે?

15તરૂણ સિંહોએ તેની સામે ગર્જના કરી છે, તેઓ ઘુરઘુરાટ કેમ કરે છે? એની ભૂમિ વેરાન કેમ થઈ ગઈ છે? એનાં શહેરો બળીને ખાક કેમ થઈ ગયા છે, ઉજ્જડ કેમ છે?

16અને હજી મેમ્ફિસના અને તાહપન્હેસના મિસરી સૈન્યે તારી ખોપરી તોડી નાખી. તારું માથું વાઢી નાંખશે.

17શુ આ સાચું નથી? કે તું જ આ તારી પર લાવ્યો છે? તે આવું તારા યહોવા દેવને છોડી દઈને કર્યું છે, જયારે તે તને માર્ગમાં દોરી રહ્યો હતો.

18અને હવે નીલ નદીનાં પાણી પીવા મિસર જવાનો શો અર્થ છે? અને ફ્રાત નદીનાં પાણી પીવા આશ્શૂર જવાનો શો અર્થ છે?

19તારા પોતાનાંજ દુષ્કૃત્યોના પરિણામ તું ભોગવશે, તારા પોતાનાજ ધર્મથી વિમુખ થવાની સજા તું ભોગવી રહ્યો છે, "તારી જાતે જો અને જાણ કે મારાથી, તારા યહોવા દેવથી મોઢું ફેરવી લેવું અને મારો ભય રાખ્યા વગર જીવવું એ કેટલું અનિષ્ટ અને નુકશાનકારક છે." આ સર્વસમર્થ યહોવાના વચન છે.

20"હા! ઘણા સમય પહેલા તેં તારી ધૂંસરી ભાંગી નાખી. અને દોરડાં જેણે તને તેની સાથે બાંધ્યો હતો તે તોડી નાખ્યા અને મને કહ્યું કે, 'હું તારો ગુલામ નહીં થાઉં.' અને દરેક ઊંચા પર્વત ઉપર તથા દરેક લીલા વૃક્ષની નીચે તે વારાંગનાની જેમ વર્તન કર્યુ છે.

21મેં તો તને ઉત્તમ દ્રાક્ષલત્તા માની, જાતવાન રોપો માની રોપી હતી, પણ તું તો ભ્રષ્ટ માણસોની આવી દુષ્ટ પેઢી જેવી કેવી રીતે બની?

22સાબુ તથા ખારો મોટા પ્રમાણમાં વપરાય તો પણ તે તમને શુદ્ધ કરી શકશે નહીં, યહોવા દેવ કહે છે કે તારા અપરાધોના ડાઘ સદા મારી આંખો સમક્ષ છે."

23તું કેવી રીતે કહી શકે કે, 'મેં મારી જાતને ભ્રષ્ટ નથી કરી અને, હું બઆલદેવની પાછળ નથી દોડી?' પેલા કોતરમાં તું શી રીતે વર્તી હતી તે યાદ કર, અને તેં જે કર્યુ તે કબૂલ કર. તું તો ઋતુમાં આવેલી સાંઢણી જેવી છે, જે ગાંડી થઈને ગમે તેમ દોડે છે.

24કામાવેશમાં છીંકારા કરતી રણમાં દોડી જાય છે વેતરે આવી હોય ત્યારે કોણ એને રોકી શકે? કોઈ નરે તેની પાછળ કાલાવાલા કરવાની જરૂર નથી. વેતરે આવતાં એ જાતે આવીને ઊભી રહેશે.

25જોજે, તારા પગની ખરી ઘસાઈ ન જાય, જોજે તારે ગળે પાણીનો શોષ ન પડે! પણ તું કહે છે, 'એ નહીં સાંભળું મને અજાણ્યાઓ પ્રત્યે પ્રીતિ છે અને મારે તેમની પાછળ જ જવું છે.'

26જેમ ચોર પકડાય ને ફજેત થાય તેમ તમે ઈસ્રાએલના લોકો ફજેત થશો, તમે બધા જ તમારા રાજાઓ, આગેવાનો, યાજકો અને પ્રબોધકો,

27તમે લાકડાંની અને પથ્થરની મૂર્તિઓને કહો છો, 'તમે અમારાં માબાપ છો.' તમે મારી તરફ પીઠ ફેરવી છે, 'મને તમારું મોં સુદ્ધાં બતાવતા નથી.' પણ આફત આવે છે ત્યારે મને હાંક મારો છો, 'યહોવા આવો, અમને બચાવો!'

28તમે પોતે બનાવેલા આ દેવોને શા માટે વિનંતી કરતા નથી? જો તેઓ કરી શકે તો ભલે આવીને તેઓ તમને મુશ્કેલીઓમાંથી ઉગારે ઓ યહૂદિયા, તારે તો જેટલાં નગર છે તેટલાં દેવોની મૂર્તિઓ છે.

29યહોવા કહે છે, "મારી વિરુદ્ધ તમે શા માટે ફરિયાદ કરો છો? મારી સામે તો તમારામાંના બધાએ બળવો કર્યો છે."

30"મેં તમારા બાળકોને માર્યા કે તમને સજા થાય પણ તે વ્યર્થ ગયું. તમારામાં કોઈ સુધારો થયો નથી. તમારી જ તલવાર ભૂખ્યા સિંહની જેમ તમારા પ્રબોધકોને ભરખી ગઈ."

31ઓ મારા લોકો, તમે તે કેવા છો? મારી વાત ધ્યાનથી સાંભળો! "શું હું તમારા માટે વેરાન વગડા જેવો કે ઘોર

અંધકારની ભૂમિરૂપ હતો! મારા લોકો શા માટે કહે છે કે
'અમે સ્વતંત્ર થયા છીએ; હવે અમે તેમની સાથે કોઈ સંબંધ
રાખવા માંગતા નથી?'
32શું કોઈ કન્યા કદી પોતાનાં ઘરેણાં ભૂલે? કોઈ નવવધૂ
પોતાની ચૂંદડી ભૂલે? તેમ છતાં ઓ મારી પ્રજા, ગણ્યા ગણાય
નહીં એટલા દિવસોથી તું મને ભૂલી ગઈ છે.
33પ્રેમીઓની પાછળ અભિસારે શી રીતે જવું એ તને
બરાબર આવડે છે. રીઢામાં રીઢી વેશ્યાને પણ તું શીખવી
શકે તેમ છે!
34તારા વસ્રોનો પાલવ લોહીથી ખરડાયેલો છે નિર્દોષ
ગરીબોના લોહીથી! તે કંઈ એ લોકોને તારા ઘરમાં ખાતર
પાડતાં પકડ્યા નહોતાં.
35અને છતાં તું કહે છે, 'દેવ રોષે ભરાય તેવું કોઈ કૃત્ય મેં
કર્યું નથી. મને ખાતરી છે તે ગુસ્સે થયા નથી.' તું કહે છે, 'મેં
પાપ નથી કર્યું', માટે હું તને આકરી શિક્ષા કરીશ.
36તું શા માટે આટલી સરળતાથી માર્ગ બદલે છે? જેમ
આશ્શૂરે તમને નીચા પાડયા છે તેમ મિસર પણ તમને
નીચા પાડશે.
37તેથી તુ પણ મિસરની બહાર તારો હાથ તારે માથે મુકીને
આવીશ કારણ કે મેં તેઓનો અસ્વીકાર કર્યો છે જેના પર તે
વિશ્વાસ મૂક્યો હતો. તેથી, તેઓ તારું ભલું નહી કરી શકે.
3 યહોવા કહે છે, "એક નિયમ છે, કોઈ માણસ પોતાની
પત્નીને છૂટાછેડા આપે અને તેણી તેને છોડીને જાય
અને બીજા માણસને પરણે, તો પછી પહેલો પતિ તેને પાછો
લઈ શકે ખરો!, ચોક્કસ નહીં – કારણ એ ક્ષેત્ર પૂરેપૂરું ભ્રષ્ટ
થયું નથી? ઓ ઈસ્રાએલી પ્રજા, તેં તો અનેક પ્રેમીઓ સાથે
વ્યભિચાર કર્યો છે! અને તે છતાં પણ તું પાછી આવવા માંગે
છે?"
2"જરા ઊંચી નજર કરીને ટેકરીઓ તરફ જો એવી કોઈ
જગ્યા છે જ્યાં તું વેશ્યાની માફક ન વર્તી હોય? ટાંપી બેઠેલા
રણમાંના આરબની જેમ તું રસ્તાની ધારે પ્રેમીઓની રાહ
જોતી બેઠી છે, અને તેં તારા અધમ વ્યભિચારથી અને દુષ્ટતાથી
ભૂમિને ભ્રષ્ટ કરી છે.
3આથી જ વરસાદને રોકવામાં આવ્યો છે અને ત્યાં પાછલો
વરસાદ પણ વરસ્યો નથી; પરંતુ હજી પણ તું બેશરમ
વારાંગનાની જેમ વર્તે છે. 4હજી થોડા સમય પહેલા જ તું
મને કહેતી હતી, "બાપુ, તમે તો મારા બાળપણના મિત્ર
છો, તમે હંમેશા મારી સાથે રિસાયેલા રહેશો?
5શુ તમે મારા ઉપર સદાય રોષમાં રહેશો? તેં મને આમ
કહ્યું હતું, પણ છતાં તેં તારાથી થાય એટલાં પાપ કર્યા."

### બે દુષ્ટ બહેનો ઈસ્રાએલ અને યહૂદિયા

6યોશિયા રાજા હતો ત્યારે યહોવા તરફથી મારી પાસે આ
સંદેશો આવ્યો, "પેલી બેવફા ઈસ્રાએલી પ્રજાએ શું કર્યુ તે તેં
જોયું? તે એકેએક ટેકરી ઉપર અને એકેએક ઘટાદાર વૃક્ષ
નીચે ગઈ અને ત્યાં તે વેશ્યાની જેમ વર્તી. 7મેં ધાર્યું હતું કે
'એક દિવસ તે મારી પાસે આવશે અને મારી થઈને રહેશે,
પણ તે પાછી આવી નહીં, તેની બેવફા બહેન યહૂદિયાએ
ઈસ્રાએલનું બંડ સતત નિહાળ્યું છે. 8તેણે એ પણ જોયું કે
વ્યભિચાર કરવા માટે મેં બેવફા ઈસ્રાએલને છૂટાછેડા આપી
હાંકી કાઢી છે, તેમ છતાં, એની બેવફા બહેન યહૂદિયા ડરી
નહીં, તેણે પણ જઈને વેશ્યાના જેવો વર્તાવ કર્યો. 9અને
તેના કારણે તે એટલી નફફટ થઈ ગઈ છે વ્યભિચારમાં કે
પથ્થર અને લાકડાના ટુકડાની પૂજા કરી તેણે ભૂમિને અશુદ્ધ
કરી છે. 10આ બધું છતાં, ઈસ્રાએલની બહેન યહૂદિયા સાચા
હૃદયથી મારી પાસે આવી નથી. એ માત્ર આવવાનો ઢોંગ
કરે છે." આ યહોવાના વચન છે.
11વળી યહોવાએ મને કહ્યું કે, "બેવફા યહૂદિયાની
તુલનામાં બેવફા ઈસ્રાએલ તો વધારે સતીસાધ્વી લાગે છે.
12તેથી જા અને ઉત્તર દિશામાં, આ શબ્દો જાહેર કરીને કહે,
અવિશ્વાસુ ઈસ્રાએલને 'મારી પાસે પાછા આવવા માટે કહે.'
એવું યહોવા કહે છે. 'હવે હું તેમની પર મારા ભવા નહીં
ચઢાવું કે તારી સામે ક્રોધે ભરાઈને નહીં જોઉં, કેમકે હું
દયાળુ છું' એવું યહોવા કહે છે. 'હું હંમેશના માટે ક્રોધે નહી
ભરાઉં.
13ફક્ત તારો દોષ કબૂલ કર કારણ કે તેં , તારા યહોવા
દેવ સામે બળવો કર્યો છે, પ્રત્યેક ઘટાદાર વૃક્ષ નીચે પારકા
દેવોની મૂર્તિઓની તેં પૂર્ણહૃદયપૂર્વક ઉપાસના કરી છે. તેં
મારો સાદ સાંભળ્યો નથી.'" આ યહોવાના વચન છે.
14"'પાછા આવો, ઓ બેવફા બાળકો, આ!" હું યહોવા
તમને કહું છું ,
"હા, હું જ તમારો માલિક છું. હું પ્રત્યેક શહેરમાંથી એક
જણને અને દરેક કુટુંબમાંથી હું બે જણને લઈને તેમને
સિયોન ઉપર પાછા લાવીશ. 15ત્યાં હું મને મનગમતાં
રાજકર્તાઓ તમને આપીશ; ને તેઓ જ્ઞાન તથા બુદ્ધિથી
તમારું પાલન કરશે. 16જો તમારો દેશ ફરી એક વખત
લોકોથી ભરપૂર થશે, તો"
"ભૂતકાળમાં યહોવાનો કરારકોશ તમારી પાસે હતો તે
સમયના 'સારા દિવસોની' તમે ઈચ્છા નહીં કરો. 'તમે કયારેય
એવું નહીં વિચારો કે આ દિવસો ભૂતકાળના દિવસો જેટલા
સારાં નથી. કરારકોશ ફરીથી બનાવાશે નહીં; 17તે વખતે
યરૂશાલેમ 'યહોવાનું રાજસિંહાસન' કહેવાશે. અને ત્યાં સર્વ
પ્રજાઓ યહોવાની પાસે આવશે અને તેઓ પોતાની ભૂંડી
ઈચ્છાઓને આધીન થવાની હઠ કદી કરશે નહીં, 18તે વખતે
યહૂદિયાના લોકો ઈસ્રાએલના લોકો સાથે જોડાઈ જશે, અને
તે બંને ભેગા મળીને ઉત્તરનાં દેશમાંથી નીકળી જે ભૂમિ મેં
તમારા પિતૃઓને પોતાના તરીકે આપી હતી તેમાં પાછા
આવશે." 19યહોવા કહે છે,
"ઓ ઈસ્રાએલ, 'મેં વિચાર્યુ કે હું તને મારા પુત્ર જેવો ગણું
અને તને એક રળિયામણી ભૂમિ, આખી દુનિયામાં સુંદરમાં
સુંદર ભૂમિ વારસામાં આપું.' મેં એમ માન્યું હતું કે તું મને
'પિતા' કહીને બોલાવશે અને મારાથી કદી વિમુખ નહીં
થાય. 20પણ તમે મારો વિશ્વાસઘાત કર્યો છે. તમે મારાથી
દૂર ચાલ્યા ગયા છો. અને અસંખ્ય વિદેશી દેવોને તમે સોંપાઈ

ગયા છો. વ્યભિચારી પત્ની પોતાના પતિનો ત્યાગ કરે તેવા
તમે થઈ ગયા છો." આ યહોવાના વચન છે.
21હું ઊચા પર્વતો ઉપર રું દન અને દયા યાચનાનો અવાજ
સાંભળું છું. યહોવા દેવથી દૂર ભટકી ગયેલા ઈસ્રાએલી
લોકોનો તે અવાજ છે.
22યહોવા કહે છે, "પાછાં આવો, ઓ બેવફા બાળકો! હું
તમારી બેવફાઈ દૂર કરીશ." અને લોકો જવાબ આપે છે,
"ઓ યહોવા, આ રહ્યા અમે, તમારી પાસે અમે આવીએ
છીએ, કારણ, તમે જ અમારા યહોવા દેવ છો.
23અમે જાણીએ છીએ કે ટેકરીઓ ઉપર અને પર્વતો ઉપર
જૂઠાં દેવોની કોલાહલ પૂર્વક પૂજા કરવી વ્યર્થ છે, માત્ર
અમારા યહોવા દેવ પાસેથીજ ઈસ્રાએલને મદદ મળી શકે
છે અને ઈસ્રાએલનું તારણ ફકત અમારા યહોવા દેવ તરફથીજ
શક્ય છે.
24અમે અમારા બાળપણથી જોયું છે. અમારા વડીલો
પાસે જે હતું તે બધું ઘેટાં-બકરાં, ઢોરઢાંખર તથા પુત્ર-પુત્રીઓ.
તેઓએ યાજકો પાછળ તથા મૂર્તિઓ પાછળ વેડફી નાખ્યું.
ઘૃણાસ્પદ દેવતા બઆલ એ બધાંને ભરખી ગયો છે.
25અમે લજ્જિત થયા છીએ અને અમે જેને લાયક છીએ
તે અપમાન સહન કરવા તૈયાર છીએ, કારણ કે અમે અને
અમારા વડીલોએ બાળપણથી જ અમારા યહોવા દેવની
વિરૂદ્ધ પાપ કર્યુ છે અને અમે તેમને આધીન થયા નથી,
અને અમે તેના હુકમોને માન્યા નથી."
4 યહોવા કહે છે, "ઓ ઈસ્રાએલ, જો તારે પાછા આવવું
હોય તો તું મારી પાસે જ પાછો આવ, તારી ઘૃણાસ્પદ
મૂર્તિઓ ફગાવી દે અને ફરીથી ખોટે માર્ગે જતો નહીં
2અને જો તું સત્યથી, ન્યાયથી તથા નીતિથી, 'યહોવા
જીવે છે' એવા સોગંદ ખાઈશ; તો સર્વ પ્રજાઓ તેનામાં
પોતાને આશીર્વાદિત કહેશે, તથા તેનામાં અભિમાન કરશે."
3યહૂદિયાના લોકોને અને યરૂશાલેમના વતનીઓને
યહોવા આ પ્રમાણે કહે છે,
"તમારાં વણ ખેડેલા ખેતર ખેડી નાખો, તમારાં બીજ
કાંટા ઝાંખરા વચ્ચે વાવશો નહીં;
4યહોવાનું શરણું સ્વીકારો, તમારાં હ્રદયનો મેલ ધોઈ
નાખો, રખેને તમારા દુષ્કૃત્યોને કારણે મારો રોષ અગ્નિની
જેમ ભભૂકી ઊઠે અને ઠાર્યો ઠરે જ નહીં અને ભડભડતો જ
રહે."

## ઉત્તર દિશામાં વિનાશ

5"યરૂશાલેમમાં અને સર્વ યહૂદિયામાં પોકારીને કહો કે
આખા દેશમાં ભય દર્શાવતું રણશિંગડું વગાડો. 'તમારા જીવ
બચાવવાને દોડો! કિલ્લેબંધ નગરોમાં નાસી જાઓ!'
6સંકેત ધ્વજ ઊંચો કરો, 'સિયોન ને' "હમણાં જ ભાગી
જાઓ. વિલંબ કરશો નહીં!" કારણકે હું યહોવા ઉત્તર તરફથી
તમારા ઉપર ભયંકર વિનાશ લાવું છું."
7"સિંહ" પોતાની જાડીમાંથી ચઢી આવ્યો છે; તે તો
પ્રજાઓનો વિનાશક છે; તારા દેશને ઉજ્જડ કરવા માટે તે
પોતાના રહેઠાણમાંથી બહાર નીકળ્યો છે; તારાં નગરો એવાં
ઉજ્જડ થશે કે, તેઓમાં કોઈ રહેવાસી જોવામાં આવશે
નહીં,
8માટે શોકનાં વસ્ત્રો ધારણ કરો, છાતી કૂટો અને વિલાપ
કરો, કારણ, યહોવાનો ઉગ્ર ક્રોધ હજુ શાંત પડ્યો નથી."
9યહોવાએ કહ્યું, "તે દિવસે રાજાઓ અને સરદારો ભયને
લીધે કાંપશે, યાજકોને તથા પ્રબોધકોને ભયને કારણે ભારે
આઘાત લાગશે."
10ત્યારે હું બોલ્યો, "ઓ યહોવા સર્વસમર્થ, તેં અમને
અને યરૂશાલેમના સર્વ લોકોને પૂર્ણપણે છેતર્યા છે તે તેઓને
કહ્યું, 'તમે શાંતિ પામશો.' પણ તમાર માથા ઉપર તો તલવાર
લટકી રહી છે."
11"તે સમય આવી રહ્યો છે, જ્યારે યરૂશાલેમના લોકોને
કહેવામાં આવશે કે અરણ્ય તરફથી તેઓના ઉપર બાળી
નાખે તેવા પવનો આવે છે. તે તો ઉપણવાના કે સ્વચ્છ
કરવાના ઉપયોગમાં આવે તેવો હશે નહીં.
12મારી તરફથી ખૂબ શક્તિશાળી પવન તમારી તરફ દોડયો
આવશે. હવે હું તમારી વિરૂદ્ધ મારો ચુકાદો જણાવીશ."
13જુઓ, તોફાની પવનની જેમ લશ્કર અમારા ઉપર ચઢી
આવશે. તેના રથો વાવાઝોડાની જેમ ધસતા આવે છે, તેના
ઘોડા ગરૂડ કરતાં પણ વેગીલા છે. ઓહ! ખરેખર અમે
ખલાસ થઈ ગયા.
14ઓ યરૂશાલેમ, તારા અંતરમાંથી પાપને ધોઈ નાખે, તો
કદાચ તું બચી જાય તું ક્યાં સુધી તારા અંતરમાં પાપી વિચારો
સંઘર્યા કરીશ?
15કારણકે દાનથી અને એફ્રાઈમના પર્વતો પરથી તમારા
માટેના ચુકાદાની જાહેરાત થઈ ચૂકી છે.
16"અન્ય લોકોને જાણ કરો, યરૂશાલેમમાં દાંડી પિટાવો.
યહૂદિયાના નગરો સામે યુદ્ધનાદો કરતા દૂરના દેશથી દુશ્મનો
આવે છે.
17જંગલી પ્રાણીની આસપાસ ભરવાડો ફરી વળે તે પ્રમાણે
તેઓ યરૂશાલેમને ઘેરી લે છે! કારણકે તેના લોકોએ યહોવા
વિરુદ્ધ બંડ પોકાર્યુ છે." યહોવા આ વચનો કહે છે.
18"ઓ યરૂશાલેમ તારાં પોતાનાં વર્તન અને કાર્યોને કારણે,
તેં મારી વિરૂદ્ધ બળવો કર્યો છે. માટે આ બધું તારા ઉપર
વિત્યું છે. આ તારી સજા છે! કેવી આકરી: તારા હ્રદયને એ
કેવું વીંધી નાખે છે!"

## યર્મિયાનું રૂદન

19અરે! ઓહ! માંરુ અંતર કેવું વલોવાય છે! મારી છાતી
કેવી ધડકે છે! હું શાંત રહી શકતો નથી, કારણ મેં રણશિંગડાનો
ધ્વનિ સાંભળ્યો છે.
20સંકટ પર સંકટ આવે છે, દેશ આખો ખેદાન મેદાન થઈ
ગયો છે, મારા તંબૂઓ એકાએક ઢળી પડ્યા છે. તેના
પડદાઓના લીરા ઊડે છે.
21મારે ક્યાં સુધી રણધ્વજ જોવો અને રણશિંગડાનો નાદ
સાંભળવો?

22દેવ કહે છે, "જ્યાં સુધી મારા લોકો મૂર્ખતા ન છોડે ત્યાં
સુધી, કારણ, મારા લોકો મૂરખ છે, તેઓ મને ઓળખતા
નથી; એ લોકો નાદાન બાળકો છે. એમને કશી સમજ નથી.
એ લોકો ભૂંડુ કરવામાં ઘણાં ચાલાક છે, પરંતુ સાચું આચરણ
કરતાં એમને આવડતું નથી."

## વિનાશ આવી ગયું

23મેં તેઓના દેશ પર ચારે દિશાઓમાં જ્યાં સુધી નજર
પહોંચે ત્યાં સુધી દ્રષ્ટિ કરી. સર્વત્ર વિનાશ વેરાયેલો હતો.
આકાશો પણ અંધકારમય હતા.
24મેં પર્વતો તરફ જોયું તો તે ધ્રૂજતા હતાં. બધા ડુંગરો
ડોલતા હતા.
25મેં દ્રષ્ટિ કરી તો કોઈ મનુષ્ય દેખાયું નહોતું. આકાશનાં
પંખીઓ સુદ્ધાં ઊડી ગયા હતા.
26મેં જોયું તો ખેતરો વેરાન થઈ ગયાં હતાં, બધાં નગરો
ભોંયભેગા થઈ ગયા હતાં, કારણ, યહોવા રોષે ભરાયા હતા.
27કારણ કે યહોવાએ કહ્યું હતું, "કે આખા દેશનો વિનાશ
થઈ જશે, પણ હું તેનો સંપૂર્ણ નાશ નહીં કરૂં.
28સમગ્ર પૃથ્વી ચિંતા કરશે અને આકાશ અંધકારમય
બની જશે. કારણ, યહોવા બોલી ચૂક્યો છે અને તેનો વિચાર
તે બદલનાર નથી, તેણે નિર્ણય કર્યો છે અને તેમાંથી ડગનાર
નથી."
29ઘોડેસવાર અને બાણાવળીનું નામ સાંભળતાં જ સમગ્ર
દેશ નાસભાગ કરે છે. કેટલાક જાડીમાં ભરાઈ જાય છે,
કેટલાક ડુંગરો ઉપર ચડી જાય છે. એકેએક શહેર સૂનું થઈ
જાય છે, કોઈ ત્યાં રહેતું નથી.
30તેં શા માટે તારા સૌથી સુંદર વસ્રો અને ઘરેણાં પહેર્યાં
છે. અને શા માટે આંખોમાં કાજળ લગાવીને આંખોને તેજસ્વી
કરી છે? તેનાથી તને લાભ થવાનો નથી. તારા પ્રેમીઓ,
પ્રજાઓ તારો ધિક્કાર કરે છે અને તારો વિનાશ કરવાનું
ઈચ્છે છે.
31હું કોઈની પ્રસવવેદનાની ચીસ જેવી ચીસ સાંભળું છું.
પ્રથમ બાળકને જન્મ આપતી વખતે પ્રસૂતિની વેદનાથી
કષ્ટાતી સ્ત્રીના સાદ જેવો અવાજ મેં સાંભળ્યો છે. એ તો
મારા લોકોનો અવાજ છે. તેઓ હાંફી ગયા છે તેઓ પોતાના
હાથને ખેંચી રહ્યા છે અને રડે છે, "અમે ડૂબી ગયા છીએ,
અમારો સંહાર કરી રહ્યા છે તેની સામે અમે બેભાન થઈ
રહ્યા છીએ."

## યહૂદિયાના લોકોના પાપ

5 યહોવા કહે છે, "યરૂશાલેમની ગલીએ ગલી શોધી
કાઢો તમારી ચારેબાજુ જાતે જોઈ વળો, તેના ચોરા
ચૌટા જોઈ વળો. ને જુઓ કે ન્યાયી તથા પ્રમાણિક એવો
એક માણસ પણ તમને મળે છે! અને જો તમને એવો એક
પણ માણસ મળે તો હું યરૂશાલેમને માફ કરું. 2લોકો પ્રતિજ્ઞા
લે છે અને મારામાં શ્રદ્ધા રાખે છે એમ કહે છે, પણ એ જૂઠું
બોલે છે."

3ઓ યહોવા, તમે વિશ્વાસુપણું ચાહો છો. તમે તેઓને
પ્રમાણિક બનાવવા પ્રયત્ન કર્યો. તમે તેઓને શિક્ષા કરી પણ
તેઓ સુધર્યા નહીં. તમે તેઓને પાયમાલ કર્યા છતાં પોતાના
પાપોથી પાછા ફરવા તેઓએ અસંમતિ દર્શાવી. અને પશ્ચાતાપ
નહીં કરવાનો તેઓએ નિરધાર કર્યો છે. તેઓ પાષાણથી
પણ વધુ કઠણ છે.
4પછી મેં કહ્યું, "તેઓ જ ગરીબ લોકો છે તેઓને કંઈ
ભાન નથી. હા, તેઓને યહોવાના માર્ગો ખબર નથી અને
તેમના દેવના કાયદાથી અજાણ છે."
5હું વડીલો પાસે તેમની સાથે વાત કરવા જઈશ, કારણ કે
તેઓ યહોવા તરફનો માર્ગ જાણે છે અને જેઓ દેવના
કાયદા જાણે છે, પણ તે લોકોએ દેવની ઝૂંસરી ભાંગી નાખી
છે અને જોતરો તોડી નાખ્યાં છે."
6આથી જંગલમાંથી સિંહ આવી તેમને ભોંયભેગા કરી
દેશે. વગડામાંથી વરૂ આવી તેને ફાડી ખાશે. તેમનાં શહેરો
ફરતે ચિત્તો આંટા માર્યા કરશે; નગરની બહાર જનારા દરેકને
તે ફાડી ખાશે, કારણકે તેઓનાં પાપ અતિઘણાં અને મારી
વિરૂદ્ધ તેઓનું બંડ અતિ ભારે છે. અસંખ્ય વાર તેઓ દેવથી
વિમુખ થયાં છે.
7દેવે કહ્યું, "હું તેમને કંઈ રીતે માફી આપું? તમારા બાળકોએ
મને છોડી દીધો છે અને મૂર્તિઓના નામે વચન આપ્યા છે.
મેં તેમને તેમના પેટ ભરાય ત્યાં સુધી ખવડાવ્યું, પણ તેઓ
વ્યભિચારી નીકળ્યાં. અને વેશ્યાઓનાં ઘરોમાં ભટકવા
લાગ્યા.
8તેઓ સારો ખોરાક ખવડાવીને મસ્ત બનાવેલા ઘોડા
જેવા છે દરેક પોતાની પાડોશીની સ્ત્રી તરફ કુદ્રષ્ટિ કરે છે.
9આ માટે મારે એમને સજા ન કરવી?" શું હું આવી
પ્રજાઓ ઉપર મારૂં વેર ન વાળું?
10"તેમની દ્રાક્ષાવાડીઓમાં પ્રવેશ કરો અને તેઓનો વિનાશ
કરો, પણ તેમનો સંપૂર્ણ વિનાશ ન કરો. તેની લીલી ડાળીઓ
કાપી નાખો, કારણકે એ મારી નથી. 11કારણ કે ઈસ્રાએલનાં
વંશ અને યહૂદિયાનાં વંશ બન્ને મને સંપૂર્ણપણે બેવફા
નીવડ્યા છે." આ યહોવાના વચન છે.
12તેઓએ એમ કહીને અસત્ય ઉચ્ચાર્યુ છે, "'યહોવા અમને
મુશ્કેલીમાં મૂકશે નહીં! અમારા ઉપર સંકટ આવી પડશે
નહીં, અમે દુકાળ કે યુદ્ધ જોઈશું નહીં!'
13જૂઠા પ્રબોધકો વાતોડિયા છે અને હવાભરેલા થેલા જેવા
છે. તેઓને કોઈ સંદેશો મળ્યો નથી. તેઓ જે આપત્તિ વિષે
કહે છે તે યહૂદિયા અને ઈસ્રાએલના લોકો ઉપર નહીં આવે
પરંતુ તેમના પોતાના ઉપર ચોક્કસ આવશે!"
14એથી સર્વસમર્થ યહોવા દેવ તેમના પ્રબોધકોને કહે છે:
"તમારી આ પ્રકારની વાતોને કારણે હું તમારા શબ્દોને અને
ભવિષ્યવાણીને પ્રચંડ અગ્નિમાં ફેરવી નાખીશ અને
બળતણના લાકડાની જેમ આ લોકોને હું ભસ્મ કરીશ."
15યહોવા કહે છે, "ઓ ઈસ્રાએલના લોકો, હું તમારી
સામે દૂરથી એક પ્રજાને લઈ આવું છું. એ પ્રાચીન અને
બળવાન પ્રજા છે, અને એની ભાષા તમે જાણતા નથી.

16તેઓ બધા પ્રચંડ યોદ્ધાઓ છે, તેમનાં ભાથામાં જીવલેણ
બાણ ભર્યા છે.
17તેઓ તમારી ફસલ અને તમારો ખોરાક ખાઈ જશે.
તેઓ તમારાં પુત્ર–પુત્રીને ભરખી જશે, તેઓ તમારાં ઘેટાં–
બકરાંને અને ઢોરઢાંખરને હોઈયાં કરી જશે તેઓ તમારી
દ્રાક્ષાવાડીઓને અને ફળઝાડોને સફાચટ કરી જશે; અને
તમે જેના ઉપર આધાર રાખો છો તે તમારા કિલ્લેબંધ નગરોને
તેઓ તોડી પાડશે. 18તેમ છતાં એ દિવસોમાં પણ– આ હું
યહોવા બોલું છું– હું તમારો સંપૂર્ણ નાશ નહીં કરું.
19અને યર્મિયા જ્યારે તમારા લોકો પૂછે, 'શા માટે યહોવા
આ શિક્ષા અમારા પર લાવ્યા છે?' ત્યારે તમે કહેજો, 'તમારા
વતનમાં રહીને તમે યહોવાનો નકાર કર્યો અને અન્ય દેવોની
પાછળ ભટકી ગયા. હવે તમે વિદેશીઓના દેશમાં તેઓની
ગુલામગીરી કરશો.'"
20યહોવા કહે છે, "યાકૂબના વંશજોને આની જાણ કરો,
યહૂદિયાના લોકોમાં આની ઘોષણા કરો:
21ધ્યાન દઈને સાંભળો, 'ઓ મૂરખ અને અક્કલ વગરના
લોકો! તમે છતી આંખે જોતા નથી, છતે કાને સાંભળતા
નથી; તમને મારો ભય નથી?'"
22આ હું યહોવા બોલું છું "મને જોઈને તમે થથરી નહીં
જાઓ? મેં સાગરને રેતીની પાળ બાંધી છે; એ પાળ કાયમી
છે; સાગર એને ઓળંગી શકે નહીં, સાગર ગમે તેટલો તોફાને
ચડે પણ કંઈ કરી શકે નહીં. એનાં મોજાં ગમે તેટલી ગર્જના
કરે પણ એને ઓળંગી નહિં શકે.
23પરંતુ આ લોકો તો હઠીલા અને બળવાખોરો છો.
તેઓ મારાથી દૂર ભટકી ગયા છે.
24પ્રતિવર્ષ હું તમને પ્રથમ તથા છેલ્લો વરસાદ આપું છું
અને વાવણીનો સમય આપું છું છતાં તમે તમારી જાતને
ક્યારેય કહેતા નથી. ચાલો, આપણા યહોવા દેવને માન
આપીએ."
25તમારા પોતાના દુષ્કર્મોથી વરસાદ તમારાથી વિમુખ
થઈ ગયો. અને તમારાં પોતાના પાપે તમને કુદરતના
આર્શીવાદથી વંચિત રાખ્યા છે.
26મારા લોકોમાં દુષ્ટ માણસો છે, અને પારધીઓ જેમ
ગુપ્ત રહીને શિકાર કરવાનો લાગ શોધે છે, તેમ તેઓ મનુષ્યને
પકડવા માટે ફાંદો માંડે છે.
27જેમ પાંજરું પક્ષીઓથી ભરાયેલું હોય છે, તેઓનાં ઘરો
વિશ્વાસઘાતથી ભરેલાં છે. પરિણામે તેઓ મહાન અને
શ્રીમંત થઈ ગયા.
28હૃષ્ટપુષ્ટ અને તેજસ્વી થયા છે. તેઓનાં દુષ્ટ કાર્યોની
કોઈ સીમા નથી. તેઓ અનાથોની બાબતે ને ન્યાય કરતા
નથી, તેમને સમૃદ્ધ થવાની કોઈ તક આપતાં નથી, અને
તેઓ નિર્ધનોના હકોનું રક્ષણ કરતાં નથી.
29આ બધાં માટે મારે તેમને સજા ન કરવી? એવી પ્રજાને
મારે બદલો ન આપવો?" આ હું યહોવા બોલું છું.
30યહોવા કહે છે, "દેશમાં ભયંકર આઘાતજનક વાતો
બની રહી છે:
31પ્રબોધકો જૂઠી વાણી ઉચ્ચારે છે, યાજકો મનમાની સત્તા
ચલાવે છે. અને મારા લોકોને એ ગમે છે! પણ અંત આવશે
ત્યારે તેઓ શું કરશે?"

### યરૂશાલેમ પર આક્રમણનો ભય

6 ઓ બિન્યામીનના લોકો, જીવ બચાવવા ભાગો,
યરૂશાલેમમાંથી નીકળી જાઓ! તકોઆમાં રણશિંગડું
વગાડો અને બેથ–હાક્કેરેમ ઉપર ચેતવણીનો દીવો પેટાવો!
સર્વને ચેતવણી આપો કે ઉત્તર તરફથી સામર્થ્યવાન લશ્કર
મહાવિનાશ કરવા આવી રહ્યું છે.
2તું ખૂબ સુંદર અને અડકવામાં નાજુક છે, પણ "સિયોનની
દીકરી, હું તારો નાશ કરવાનો છું."
3રાજવીઓ પોતાનાં લશ્કર લઈને ત્યાં આવે છે. એની
ફરતે તંબૂઓ નાંખે છે, દરેક જણ પોતાને ગમે તે જગ્યા
પચાવી પાડે છે.
4તેઓ કહે છે: "એની સામે યુદ્ધે ચડવા માટે તૈયાર થાઓ!
ચાલો, આપણે ભરબપોરે તેના ઉપર હુમલો કરીએ. હાય
રે! દિવસ તો ઢળી ગયો, સંધ્યાની છાયા લંબાતી જાય છે!
5તો ચાલો, આપણે તેના ઉપર રાતે હુમલો કરીને તેના
મહેલોનો નાશ કરીએ."
6આમ સર્વસમર્થ યહોવાએ આ પ્રમાણે કહ્યું છે, "તેણીના
વૃક્ષો કાપી નાખો અને યરૂશાલેમ ઉપર આક્રમણ કરવા
મોરચાઓ ઊભા કરો. આ નગર તો દંડને પાત્ર છે કારણકે
એમાં જુલમ સિવાય બીજું કશું નથી.
7જેમ ઝરો પાણીથી ઊભરાય છે તેમ એ દુષ્ટતાથી
ઊભરાય છે. નગરમાં મારઝૂડ અને લૂંટફાટ સિવાય કશું જ
સંભળાતું નથી, માંદગી અને ઘા સિવાય કશું જોવા
મળતું નથી.
8માટે યરૂશાલેમ, આ ચેતવાણી ઉપર તું ધ્યાન આપ.
નહીં તો ધૃણાથી હું તારો ત્યાગ કરીશ. તને વસ્તી વગરનું
વેરાન બનાવી દઈશ."
9સર્વસમર્થ યહોવાએ મને કહ્યું, "તમારા ઉપર એક પછી
એક આફત આવી પડશે અને ઈસ્રાએલમાં જે થોડાં બાકી
રહેલા હશે તેઓને શોધીને લઈ જવામાં આવશે. દ્રાક્ષા વેડનાર
વેલા પર ચૂંટાયા વગર રહી ગયેલી દ્રાક્ષાઓને એકત્ર કરવા
ફરીથી વેલાને તપાસી જુએ છે તેમ બચાવી લીધેલા મારા
થોડા લોકોને તું જરૂર જોતો હોઈશ."
10મેં જવાબ આપ્યો, "મારે કોને કહેવું? કોને ચેતવવા?
કોણ સાંભળશે? તેમના કાન તમારા વિષે કંઈ સાંભળવા
માંગતા નથી હા, તેઓ યહોવાના શબ્દોને નિંદાસ્પદ ગણે
છે, તેઓને તે ગમતાં નથી.
11પણ, યહોવા, હું તારા રોષથી ભર્યોભર્યો છું, હું એને
અંદર સમાવી શકતો નથી." ત્યારે યહોવાએ કહ્યું, "તો એને
મહોલ્લામાં રમતાં નાનાં બાળકો ઉપર અને ટોળે વળતા
તરુંણો ઉપર ઠાલવ, પતિ, પત્ની, અને ઘરડાઓ સુદ્ધાં બધા
જ એનો ભોગ બનશે.

12તેઓના શત્રુઓ તેઓનાં ઘરોમાં વાસો કરશે અને તેઓનાં ખેતરો તથા પત્નીઓ લઈ લેશે. કારણકે હું આ દેશના લોકોને શિક્ષા કરીશ." આ યહોવાના વચન છે.

13"કારણ કે તેઓ બધા સામાન્ય માણસથી માંડીને છેક ઉચ્ચ અધિકારી સુધી સર્વ તેમના લોભ દ્વારા ખોટાલાભો મેળવે છે, અને તેમના પ્રબોધકો અને યાજકો પણ તેવી જ છે તરામાણી રીતે વર્તે છે!

14તેઓ મારા લોકોના ઘાને સામાન્ય ઉઝરડા હોય એમ ઉપચાર કરે છે, તેઓ કહે છે કે, 'બરાબર છે, બધું બરાબર છે.' પણ લગારે બરાબર નથી.

15પોતાનાં અધમ કૃત્યોની તેમને લાજ શરમ આવે છે ખરી? લાજશરમ? એમને વળી લાજશરમ કેવી? તેઓ ભોંઠપણને ઘોળીને પી ગયા છે. તેથી બીજાની જેમ તેમનું પણ પતન થશે, હું જ્યારે તેમને સજા કરીશ ત્યારે તેઓ ઠોકર ખાઈને ભોંયભેગા થઈ જશે." આ યહોવાના વચન છે.

16હજુ પણ યહોવા તમને સમજાવે છે: "જુઓ, ભૂતકાળના વર્ષોમાં તમે દેવના માર્ગોમાં ચાલતા હતા. તો જે ઉત્તમ માર્ગ છે તેની શોધ કરીને તે માર્ગે ચાલો. ત્યાં તમારા આત્માને શાંતિ મળશે. પણ તમે પ્રત્યુત્તર આપો છો, 'ના, અમારે એવા રસ્તા ઉપર ચાલવું નથી!'

17તમને ચેતવણી આપવા મેં તમારા ઉપર ચોકીદારો નીમ્યા. 'રણશિંગડાનો અવાજ સાંભળજો, વિપત્તિ આવતી હશે, ત્યારે તે તમને ચેતવી દેશે.' પરંતુ તમે કહ્યું, 'ના, અમે તે તરફ ધ્યાન આપીશું નહીં.'

18આથી યહોવાએ કહ્યું, "ઓ પ્રજાઓ, તમે સાંભળો, અને જાણી લો કે મારા લોકોના શા હાલ થવાના છે.

19પૃથ્વીના લોકો, સાંભળો, અને નોંધી રાખો, કે તે લોકો પર હું આફત ઉતારનાર છું. એ એમના કાવાદાવાનું ફળ છે. તેમણે મારા શબ્દો કાને ધર્યા નથી અને તેમણે મારા કાનૂન નો અસ્વીકાર કર્યો છે."

20યહોવા કહે છે, "હવે મારી સમક્ષ શેબાથી દૂરદેશાવરથી મંગાવેલ ધૂપ-લોબાન બાળવાથી કાંઈ વળવાનું નથી. તમારી કિંમતી સુગંધીઓ સાચવી રાખો! હું તમારા અર્પણો સ્વીકારી શકતો નથી. તેમાં મને પ્રસન્ન કરતી સુગંધ નથી.

21યહોવા કહે છે, "તેથી હું મારા એ લોકોને ઠોકર ખવડાવીશ અને તેઓ ભૂમિ પર પછડાશે; પિતા અને પુત્ર, પડોશી અને મિત્ર બધા જ નાશ પામશે."

22યહોવા કહે છે, "ઉત્તરમાંથી એક પ્રજા આવી રહી છે, પૃથ્વીને દૂરને છેડે એક બળવાન પ્રજા યુદ્ધની તૈયારી કરી રહી છે.

23તેઓ ક્રૂર અને નિર્દય છે, શસ્ત્રસજ્જ થઇ ઘોડેસ્વારી કરતા આવે છે, તેઓની કૂચનો અવાજ ઘૂઘવતા સમુદ્ર જેવો છે. ઓ સિયોનની દીકરી તેઓ તારી વિરૂદ્ધ લડાઇ કરવા તૈયાર છે."

24લોકો કહે છે, "અમે સમાચાર સાંભળ્યા છે, અમારાં ગાત્રો ગળી ગયા છે. અમને વેદના જાગી છે, જાણે પ્રસુતિની વેદના.

25બહાર ખેતરોમાં જશો નહીં, રસ્તાઓ ઉપર મુસાફરી કરશો નહીં કારણકે સર્વત્ર શત્રુ છે અને સંહાર કરવાને તત્પર છે. ચારે તરફ ભય છે.

26ઓ મારા પ્રિય લોકો શોકનાં વસ્ત્રો ધારણ કરો, રાખમાં બેસો, અને એકના એક પુત્રને માટે હોય તેમ ભગ્નહૃદયે ચિંતા કર. કારણકે વિનાશ કરનાર સૈન્યો એકાએક આપણા ઉપર ચઢી આવશે.

27યર્મિયા, મેં તને ધાતુઓનો પારખનાર કર્યો છે, મારા લોકોની પરીક્ષા કર, અને તેઓનું મૂલ્ય નક્કી કર. તેઓ શું કહે છે તે તું સાંભળ. અને તેઓ શું કરે છે તે તું જો.

28"એ બધા અધમ બંડખોરો અને યહોવાની વિરૂદ્ધ દુષ્ટતા ભરેલી વાતો કરનારા નથી? તેઓ પિત્તળ જેવા કઠોર અને લોખંડ જેવા ક્રૂર છે.

29ધમણ ચાલે છે, વેગથી હવા ફૂંકે છે. અને શુદ્ધ કરનારો અગ્નિ વધુ પ્રબળ બની અતિશય ગરમી આપતો જાય છે. આવો અગ્નિ પણ તેઓને શુદ્ધ કરી શકતો નથી. કારણકે તેઓમાંથી કોઈ જ પ્રકારની શુદ્ધતા બહાર આવી શકે તેમ નથી. તો પછી શુદ્ધિકરણની પ્રક્રિયા શા માટે ચાલુ રાખવી? તે બધુંજ કચરો છે. અગ્નિ ગમે તેટલો પ્રબળ બને પણ તેઓ તો પોતાના દુષ્ટ માર્ગોમાં ચાલુ જ રહે છે.

30તેઓ 'નકારેલી ચાંદી એમ કહેવાય છે. કારણ કે યહોવાએ તેમનો નકાર કર્યો છે."

## અયોગ્ય ઉપાસના-વ્યર્થ પૂજા

7 પછી યહોવાએ યર્મિયાને કહ્યું, 2"યહોવાના મંદિરના પ્રવેશદ્વાર પાસે તું જા અને ત્યાં થઈને મારી ઉપાસના કરવા આવનાર સૌ યહૂદિયા વાસીઓની આગળ જાહેરાત કર; 3ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાનાં વચન સાંભળો,
તે કહે છે; 'તમારાં આચરણ અને કર્મો સુધારો, તો હું તમને આ સ્થળે રહેવા દઈશ. 4પરંતુ તે લોકોનો વિશ્વાસ કરતાં
નહીં જેઓ જૂઠું બોલતા એમ કહેતા રહે છે, "યહોવાનું મંદિર, યહોવાનું મંદિર, યહોવાનું મંદિર અહીયાં જ છે."
5કારણ કે જો તમે સાચે જ તમારો સ્વભાવ સુધારો અને તમારા કર્મો સુધારો અને તમે સાચે જ એકબીજા સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર કરો, 6અને જો તમે વિદેશીઓ, અનાથો અને વિધવાઓનું શોષણ ન કરો, અને જો તમે આ જગ્યાએ નિર્દોષનું લોહી ન રેડો અને જો તમે બીજા દેવો પાછળ દોડી તમારો પોતાનો જ વિનાશ ન નોતરો. 7તો હું તમને આ દેશમાં વસવા દઈશ. આ ભૂમિ મેં તમારા પિતૃઓને સદાકાળ માટે આપેલી છે.

8"'જરા જો કે તું શું કરી રહ્યો છે? શું તું હજી એ છેતરામણા શબ્દોમાં માને છે જે તને કોઈ રીતે મદદ ન કરી શકે? 9તમે
ચોરી કરો છો, ખૂન કરો છો, વ્યભિચાર કરો છો. ખોટા સોગંદ ખાઓ છો. બઆલદેવને ભોગ ચડાવો છો. અને અજાણ્યા જ બીજા દેવોની પાછળ પડો છો. 10અને પછી
અહીં આવી મારા મંદિરમાં મારી સમક્ષ ઊભા રહીને કહો છો, "અમે સુરક્ષિત છીએ," આ બધા અધમ કાર્યો કરવાને

સુરક્ષિત છો, એમને! 11તમે શું એમ માનો છો કે આ મરું
મંદિર એ ચોરલૂંટારાનો અડ્ડો છે? યાદ રાખજો, મેં જાતે આ
બધું જોયું છે.'" આ હું યહોવા બોલું છું.

12"એક વખત 'શીલો'ના મારા મંદિરે જાઓ, જ્યાં મારું
પ્રથમ નિવાસસ્થાન હતું. અને જોઈ આવો કે મારા લોકો
ઈસ્રાએલીઓની દુષ્ટતાને કારણે મેં તેના શા હાલ કર્યા છે!
13અને હવે, જ્યારે આ સર્વ દુષ્ટતા તમે કરી છે માટે હવે હું
તમારી સાથે પણ એવો જ વ્યવહાર કરીશ. મેં વારંવાર કહ્યું
છે કે યહોવા આ પ્રમાણે કહે છે, છતાં તમે મારું સાંભળ્યું
નહિં, મેં તમને સાદ કર્યો છતાં તમે પ્રત્યુત્તર ન આપ્યો.
14તેથી તમે મદદ માટે મંદિર પર ભરોસો રાખો છો, પણ મેં
જેમ 'શીલોહ'માં કર્યુ તેમ મારા નામથી ઓળખાતા આ
મંદિરનો અને તમારા પિતૃઓનો પ્રદેશ તથા તમને મેં આપેલા
આ સ્થળનો હું નાશ કરીશ. 15તમારા ભાઈઓને એટલે
એફ્રાઈમના લોકોને જેમ કર્યુ હતું તેમ હું તમને બંદીવાસમાં
મોકલી આપીશ."

16યહોવાએ મને કહ્યું, "યર્મિયા, એ લોકો માટે પ્રાર્થના
કરીશ નહી મારી આગળ કોઈ દલીલ કરીશ નહીં, કારણ, હું
સાંભળનાર નથી. 17તું જોતો નથી કે યહૂદિયાના નગરોમાં
અને યરૂશાલેમની શેરીઓમાં તેઓ શું કરી રહ્યા છે?
18આકાશની રાણી માટે ભાખરી બનાવવા બાળકો લાકડાં
વીણે છે, પુરુષો દેવતા સળગાવે છે અને સ્ત્રીઓ ગૂંદે છે.
બીજા દેવોને પણ તેઓ પેયબલિ ચડાવે છે. જાણે મારું
અપમાન ન કરતાં હોય? 19શું તેઓ ખરેખર મારું
અપમાન કરે છે? ખરું જોતાં તેઓ પોતાનું જ અપમાન
કરતાં નથી? પોતે જ શરમજનક નામોશી વહોરી લેતા નથી?"

20તેથી આ હું યહોવા બોલું છું, "મારો રોષાગ્નિ અને મારો
ક્રોધાગ્નિ આ જગ્યા ઉપર તેમ જ ખેતરો ઉપર ઊતરશે, અને
તે ઓલાવ્યો ઓલવાશે નહીં, ભભૂકતો જ રહેશે."

## યહોવા બલિ કરતા પોતાની ઉપાસના વધું ઈચ્છે

21ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાના આ વચન છે,
"મારા લોકો, ભલે તમે મને ચડાવેલી બલિ ભેગી આહુતિ
પણ લઈ લો અને એ બધું માંસ તમે ખાઈ જાઓ. 22કારણ
કે તમારા પિતૃઓને હું મિસરમાંથી લઈ આવ્યો હતો ત્યારે
મેં તેમને આહુતિ અને બલિદાન વિષે કશુંય નહોતું કહ્યું કે
કોઈ આજ્ઞાય ફરમાવી નહોતી ફક્ત મેં તેઓને કહ્યું હતું;
23'મને આધીન થાઓ અને હું તમારો દેવ થઈશ અને તમે
મારા લોકો થશો; હું તમને ફરમાવું છું તેટલું તમે કરો તો
તમે સુખી અને સમૃદ્ધ થશો!'

24"પરંતુ તેઓએ સાંભળ્યું નહીં, ને ધ્યાન પણ આપ્યું
નહીં, પોતાના દુષ્ટ હઠીલા વિચારો પ્રમાણે જ ચાલ્યા. સારા
બનવાને બદલે તેઓ વધારે ખરાબ થતા ગયા. આગળ
વધવાને બદલે પાછળ હટ્યા. 25તમારા પૂર્વજો મિસરમાંથી
બહાર આવ્યા ત્યારથી અત્યાર સુધી, સતત મેં મારા સેવકો
પ્રબોધકોને તમારી પાસે મોકલ્યા છે. 26છતાં તમે મારું
સાંભળ્યું નથી. ધ્યાન આપ્યું નથી. અને હઠીલા થઈને તમારા
પિતૃઓ કરતાં પણ વધારે બંડખોર થઈને વર્ત્યા છો. 27યર્મિયા,
તું જ્યારે તેમને આ વાત કરશે ત્યારે તેઓ સાંભળવાના
નથી, તું જો તેમને સાદ કરશે તો તેઓ જવાબ આપનાર
નથી. માટે યોગ્ય પ્રત્યુત્તરની આશા રાખીશ નહીં. 28માટે તું
એમને કહેજે, 'આ એ પ્રજા છે જે પોતાના દેવ યહોવાનું
સાંભળતી નથી કે સુધરતી નથી; સચ્ચાઈ મરી પરવારી
છે; એમને મોઢે હવે એનું નામ પણ સાંભળવા મળતું નથી."

## કતલની ખીણ

29"ઓ યરૂશાલેમ, શરમને કારણે તારું માથું મૂંડાવ, શોક
પાળ, અને પર્વતો ઉપર એકાંતમાં ચિંતા કર; કારણકે યહોવાએ
પોતાના રોષને કારણે આ લોકોનો નકાર કર્યો છે અને તેઓનો
ત્યાગ કર્યો છે. 30આવુ બન્યું કારણકે યહૂદિયાના લોકોએ
મારી સામે એવું શરમજનક કૃત્ય કર્યુ છે, કે તે મને ગમ્યું
નથી તેમણે મારું નામ ધરાવતા મંદિરમાં ધૃણાસ્પદ મૂર્તિઓ
મૂકી એને તેને અશુદ્ધ કર્યુ છે. 31તેમણે પોતાનાં પુત્રપુત્રીઓને
હોમવા બેન-હિન્નોમની ખીણમાં તોફેથ નામનો યજ્ઞકુંડ
બાંધ્યો છે. મેં એવી આજ્ઞા કરી જ નથી, એવો વિચાર સુદ્ધાં
મારા મનમાં કદી આવ્યો નથી." 32"એવો સમય આવે છે
જ્યારે 'તોફેથ' અથવા "બેન-હિન્નોમની ખીણ" નું નામ
બદલીને 'કતલની ખીણ' રાખવામાં આવશે અને તેઓને
દફનાવવા જગ્યા બાકી ન રહે ત્યાં સુધી તેમને તોફેથમાં
દફનાવવામાં આવશે પછી તેઓના મૃતદેહોને ખીણમાં નાખી
દેવામાં આવશે. 33પછી એ લોકોના મૃતદેહોને આકાશના
પંખીઓ અને જંગલી પશુઓ ખાશે અને તેમને ડરાવીને
હાંકી મૂકનાર કોઈ નહીં હોય, 34ત્યારે હું યહૂદિયાના
ગામોમાંથી અને યરૂશાલેમની શેરીઓમાંથી આનંદના અને
હર્ષના અવાજો અને વરવધૂના કિલોલ-હર્ષોલ્લાસ બંધ
કરીશ. જેથી સમગ્ર પ્રદેશ ઉજ્જડ વેરાન વગડો બની જશે."

8 યહોવા કહે છે, "જ્યારે એ સમય આવશે ત્યારે
યહૂદિયાના રાજાઓનાં અને તેમના આગેવાનોનાં,
યાજકોનાં અને પ્રબોધકોના તેમજ યરૂશાલેમના વતનીઓના
હાડકાં તેમની કબરોમાંથી બહાર કાઢવામાં આવશે. 2અને
તેઓનાં હાડકાં સૂર્ય, ચંદ્ર અને આકાશનાં નક્ષત્રો સમક્ષ
પાથરવામાં આવશે, જેમના ઉપર તેમને પ્રેમ હતો, જેમની
તેઓ પૂજા કરતા હતા, જેમની તેઓ સલાહ લેતા હતા. એ
હાડકાં ફરી ભેગાં કરવામાં કે દાટવામાં નહીં આવે, પરંતુ
પૃથ્વીના પટ ઉપર ખાતરરૂપ થઈ જશે.

3"અને આ દુષ્ટ પ્રજામાંથી જેઓ જીવતાં રહેશે તેઓને હું
જ્યાં જ્યાં વિખેરી નાખીશ ત્યાં ત્યાં તેઓ જીવવા કરતાં
મરવું વધારે પસંદ કરશે." એમ આ યહોવાના વચન છે.

## પાપ અને સજા

4તું એ લોકોને કહેજે આ યહોવાના વચન છે. "કોઈ પડી
જાય છે તો પાછો ઊભો થાય છે. કોઈ રસ્તો ભૂલે છે તો
પાછો ભૂલ સમજાતા સાચે રસ્તે પાછો ફરે છે.

5તો પછી તમે મારાથી મોં ફેરવીને ગયા છો તો પાછા કેમ
નથી ફરતા? તમે તમારી ભ્રામક મૂર્તિઓને વળગી રહો છો
અને પાછા આવવાની ના પાડો છો.

6મેં તમને ધ્યાનથી સાંભળ્યા છે, પણ કોઈ સાચું બોલતું
નથી, કોઈ પોતાની દુષ્ટતા માટે પશ્ચાતાપ કરતું નથી, કહેતું
પણ નથી કે, "અરે અમે આ શું કર્યુ?" જેમ ઘોડો યુદ્ધના
મેદાનમાં વેગથી ધસે છે તેમ તેઓ પાપનાં રસ્તા ઉપર
વેગથી આગળ વધે છે.

7આકાશમાં ઊડતો બગલો પણ પોતાના સ્થળાંતરનો સમય
જાણે છે, તેમ જ હોલો, અબાબીલ તથા સારસ પણ જાણે છે,
પ્રતિવર્ષ તેઓ સર્વ યહોવાએ તેમના માટે નિર્ધારિત કરેલા
સમયે પાછા ફરે છે; પરંતુ મારા લોકોને યહોવાના કાનૂનોનું
ભાન નથી.

8તમે એવું શી રીતે કહી શકો કે, 'અમે શાણા છીએ,
અમારી પાસે યહોવાની નિયમસંહિતા છે' શાસ્ત્રીઓએ જૂઠી
કલમો દ્વારા સંહિતામાં જૂઠ દાખલ કર્યુ છે!

9'શાણા માણસો લજ્જિત થશે તેઓ ડરી જશે અને તેમના
કામો ઉઘાડા પડી જશે. નોંધી રાખજો, આ યહોવાના શબ્દો
તેમણે નકાર્યા હતા. તેમની પાસે કેવું શાણપણ હોઈ શકે?

10હું તેમની પર દુકાળ, તલવાર અને બીમારી મોકલી
દઈશ. હું તેમની પર ત્યાં સુધી હુમલો કરીશ જ્યા સુધી તે
મરી નહીં જાય ત્યારે તેઓ આ ભૂમિ પર સદાને માટે નહી
રહે. જે મેં તેમને અને તેમના પિતૃઓને આપી હતી.

11તેઓ મારા લોકોના ઘા નો સામાન્ય ઉઝરડા હોય એમ
ઉપચાર કરે છે. તેઓ કહે છે કે, 'બરાબર છે, બધું બરાબર
છે.' પણ લગારે બરાબર નથી.

12મૂર્તિઓની પૂજા કરવાને લીધે શું તેઓને શરમ લાગે
છે? ના, તેઓને સહેજે શરમ લાગતી નથી; વળી શરમ શું છે
તે પણ તેઓ જાણતા નથી! તે કારણે હું જોઈશ કે આથી
બીજાની જેમ તેમનું પણ પતન થશે. હું જ્યારે તેમને સજા
કરીશ ત્યારે તેઓ ભોંયભેગા થઈ જશે." આ યહોવાના
વચન છે.

13યહોવા કહે છે કે, "હું તેઓનો સંપૂર્ણ નાશ કરીશ; વળી
દ્રાક્ષાવેલા પર કંઈ દ્રાક્ષો થશે નહીં, ને અંજીરીને અંજીર
લાગશે નહીં, ને પાંદડા ચીમળાશે; મેં તેઓને જે કંઈ આપ્યું
છે તે તેઓની પાસેથી જતું રહેશે." આ યહોવાના વચન છે.

14પછી યહોવાના લોકો કહેશે, "અહીં આપણે મરણ
પામવાની પ્રતિક્ષા શા માટે કરીએ? આવો, આપણે
કિલ્લેબંધ નગરોમાં જઈએ અને ત્યાં મૃત્યુ પામીએ, કારણકે
આપણા દેવ યહોવાએ આપણું મૃત્યુ જાહેર કર્યુ છે અને
આપણા સર્વ પાપોને કારણે દેવે આપણને ઝેરનો પ્યાલો
પીવાને આપ્યો છે.

15આપણે શાંતિની અપેક્ષા રાખી હતી પરંતુ કંઈ શાંતિ
થઈ નહીં, આપણે કુશળ સમયની રાહ જોઈ હતી પરંતુ
તેના બદલે ભય આવી પડ્યો."

16ઉત્તર દિશાની સરહદ ઉપરથી યુદ્ધના ભણકારા સંભળાઈ
રહ્યા છે. દુશ્મનો દાનના કુળસમૂહોના શહેર સુધી આવી
પહોંચ્યા છે; ત્યાંથી તેમના ઘોડાઓના છીકોંટા સંભળાય
છે, તેમના હણહણાટથી આખો દેશ ધ્રુજી ઊઠે છે, એ લોકો
આખો પ્રદેશ અને એમનું સર્વસ્વ, શહેરો અને તેના
વતનીઓને ભરખી જવા આવે છે."

17યહોવા કહે છે, "સાવધાન! હવે હું તમારા ઉપર સર્પો
અને નાગો મોકલું છું, એવા કે જેને કોઈ મંત્રથી વશ ન કરી
શકે, તે તમને કરડશે."

18દેવ મારું હૃદય થાકી ગયું છે, શોક મને ઘેરી વળે છે.

19સાંભળ! દુર સુધી દેશમાં મારા લોકોની ચીસ સંભળાય
છે, તેઓ કહે છે, "યહોવા હવે સિયોનમાં નથી? સિયોનના
રાજાઓનો રાજા એમાં વસતો નથી?" યહોવાએ પ્રત્યુત્તર
આપ્યો, "તમારી કોતરેલી મૂર્તિઓની પૂજા કરીને અને તમારા
વિદેશી દેવો દ્વારા શા માટે મને ક્રોધિત કર્યો છે?"

20લોકો કહે છે, "કાપણી પૂરી થઈ, ઉનાળો વિતી ગયો,
પણ આપણો ઉગારો ન થયો!"

21મારા લોકોના ઘા જોઈને મારું હૈયું ઘવાય છે, હું શોક
કરું છું અને હું વિશાદથી દિગ્મૂઢ થઈ ગયો છું.

22શું હવે ગિલયાદમાં દવા નથી? ત્યાં કોઈ વૈદ્ય નથી? તો
પછી મારા લોકોના ઘા રુઝાતા કેમ નથી?

9 મારું માથું જળાશય હોય તો કેવું સારું! મારી આંખો
આંસુના ઝરણાં હોય તો કેવું સારું! હું સદાકાળ ચિંતા
કર્યા કરું; મારા લોકોની હત્યાઓ માટે હું રાત–દિવસ કલ્પાંત
કર્યા કરું! 2અરે, હું તેઓથી દૂર ચાલ્યો જાઉં અને તેઓને
વીસરી જાઉં અને અરણ્યમાં મને રહેવા માટે કોઈ ઝૂંપડી
મળી જાય ને, તો હું મારા લોકોને છોડીને ત્યાં ચાલ્યો જાઉં!
એ બધા બેવફા લોકો છે, દગાબાજોની ટોળકી છે.

3યહોવા કહે છે, "તેઓ ધનુષ્યની માફક પોતાની જીભ
વાળીને પોતાનાં અસત્યના બાણો ફેંકે છે. તેઓ સત્યની
પરવા કરતા નથી અને તેઓ વધુ ને વધુ દુષ્ટ બનતા જાય
છે; તેઓ મારી પણ પરવા કરતા નથી."

4"પ્રત્યેક જણ પોતાના મિત્રથી સાવધ રહેજો, ભાઈનો
પણ વિશ્વાસ ન કરતા, કારણ, એકેએક ભાઈ યાકૂબ જેવો
દગાબાજ છે.

5અને એકેએક મિત્ર પોતાના મિત્રની નિંદાત્મક જૂઠી
વાતો ફેલાવે છે. દરેક જણ પોતાના મિત્રને છેતરે છે, કોઈ
સાચું બોલતું નથી, તેમની જીભ જૂઠું બોલવા ટેવાઈ ગઈ છે.

6તેઓ ખોટે માર્ગે ચડી ગયા છે, પાછા ફરી શકે એમ
નથી, અન્યાય ઉપર અન્યાય અને છેતરપિંડી ઉપર છેતરપિંડી
કર્યે જ જાય છે! મારી પાસે આવવાનો સંપૂર્ણ ઈન્કાર કરે
છે." આ યહોવાના વચન છે.

7તેથી સર્વસમર્થ યહોવા કહે છે, "હું તેઓને દુ:ખરૂપી
કુલડીમાં ઓગાળીશ. હું તેઓને શુદ્ધ કરીશ અને ધાતુની
જેમ હું તેઓની પરીક્ષા કરીશ, આ સિવાય તેઓને માટે હું
બીજું શું કરું?

8તેમની જીભ જીવલેણ બાણ જેવી છે, તેઓ જૂઠાણું જ
ઉચ્ચારે છે. બધા મોઢે મીઠું બોલે છે, પણ મનમાં એકબીજાને
ફસાવવાના ઘાટ ઘડે છે."

9યહોવા પૂછે છે, "આ બધા માટે મારે તેમને શું સજા ન
કરવી? આવી પ્રજા ઉપર શું મારો આત્મા વેર નહીં લે?"

10વિલાપ અને રુંદન કરતાં કરતાં હું તેઓના પર્વતો અને
ઘાસચારાના બીડો તરફ નજર કરું છું; તેઓ ઉજ્જડ થઈ
ગયા છે, તેમાં કોઈ જીવતું રહ્યું નથી. ઢોરનો અવાજ સંભળાતો
નથી અને પક્ષીઓ તથા જંગલી પ્રાણીઓ પણ ત્યાં નથી;
સર્વ નાસી ગયા છે.

11યહોવાએ કહ્યું, "યરૂશાલેમને હું ખંડેરોનો ઢગલો બનાવી
દઈશ, શિયાળોની બોડ બનાવી દઈશ, અને હું યહૂદિયાના
શહેરોને નિર્જન વગડામાં ફેરવી નાખીશ."

12મેં પૂછયું, "યહોવા, કોણ એવો શાણો છે જે આ સર્વ
સમજી શકે? તે સમજાવનાર યહોવાનો સંદેશાવાહક ક્યાં
છે? વળી આ દેશ શા માટે અરણ્ય જેવો થઈ ગયો છે કે તેમાં
થઈને મુસાફરી કરવાની કોઈ હિંમત કરતું નથી?

13યહોવાએ કહ્યું, "એનું કારણ એ છે કે લોકોએ એમને
માટે મેં રજૂ કરેલી નિયમસંહિતાનો ત્યાગ કર્યો છે. તેમણે
નથી મારું કહ્યું સાંભળ્યું કે નથી તેનું પાલન કર્યું.

14તેના બદલે તેઓએ પોતાને ગમ્યું તે કર્યું છે. અને
તેઓના પિતૃઓએ શીખવ્યા પ્રમાણે બઆલની મૂર્તિઓની
પૂજા કરી છે."

15આથી હું, ઈસ્રાએલનો દેવ, સર્વસમર્થ યહોવા, કહું છું
કે, "હવે હું આ લોકોને ખાવા માટે કડવી વેલ અને પીવા
માટે ઝેર આપવાનો છું.

16હું તેમને સમગ્ર વિશ્વમાં વિખેરી નાખીશ, તેઓ દૂરના
દેશોમાં વિદેશીઓ જેવા થશે; ત્યાં પણ વિનાશકારી તલવાર
તેઓનો પીછો કરશે. આમ તેઓનો સંપૂર્ણ નાશ થશે."

17સર્વસમર્થ યહોવા કહે છે, "પરિસ્થિતિઓનો વિચાર
કરીને દુ:ખનાં ગીતો ગાનારીઓને બોલાવો. દુ:ખનાં ગીતો
ગાવામાં જે પારંગત હોય તેને બોલાવો;

18જલદી કરો, તેમને કહો કે આપણે માટે જલ્દી દુ:ખનાંગીતો
ગાય, જેથી આપણી આંખોમાં ચોધાર આંસુ વહે અને આપણી
પાંપણો ભીંજાઈ જાય.'

19સિયોનમાં વિલાપના સ્વર સંભળાય છે: 'આપણો
વિનાશ કેટલો ભયંકર છે! આપણે કેવા શરમિંદા થવું પડ્યું?
આપણને આપણી ભૂમિ છોડવાની ફરજ પડી, કારણ કે
તેઓએ આપણા ઘરોને તોડી પાડયા છે.'"

20હા, ઓ, વિલાપ કરનારી સ્ત્રીઓ, દેવનો સંદેશો સાંભળો.
તે શું કહે છે તે ધ્યાનથી સાંભળો; "તમારી પુત્રીઓને અને
તમારી પડોશણોને મરશિયા ગાતાં શીખવો.

21'મૃત્યુ આપણી બારીઓમાં થઈને આપણી હવેલીઓમાં
અંદર ઊતર્યું છે. અને આપણા બાળકોને વધેરી નાખ્યા છે.
તેઓ હવે રસ્તા ઉપર રહ્યાં નથી, અને તરુણો જાહેર ચોકમાં
રહ્યાં નથી.'"

22યહોવા કહે છે: "તેઓને આ પ્રમાણે કહો, 'ખેતરમાં
ખાતરની માફક તથા કાપણી કરનારની પાછળ કલ્લા પડે
છે તેની માફક મૃત શરીરો ખેતરોમાં વિખરાયેલા હશે. અને
તેઓને દફનાવનાર કોઈ હશે નહીં.'"

23યહોવા કહે છે, "જ્ઞાનીએ પોતાના જ્ઞાનની કે બળવાને
પોતાના બળની કે ધનવાને પોતાના ધનની બડાશ મારી
અભિમાન કરવું જોઈએ નહીં.

24પરંતુ તેઓ ફક્ત આ એક બાબતમાં અભિમાન કરે કે
તેઓ મને સાચે જ ઓળખે છે અને સમજે છે કે હું નિષ્પક્ષ
અને ન્યાયી યહોવા છું અને મારી પ્રીતિ અવિચળ છે કારણ
કે આ જ મને પસંદ છે." આ યહોવાના વચન છે.

25યહોવા કહે છે કે, "એવો સમય આવે છે કે જ્યારે હું
સર્વ બે સુન્નતીઓને શિક્ષા કરીશ; 
26જ્યારે મિસર, યહૂદિયા,
અદોમ, આમ્મોન, અને મોઆબના વતનીઓને તેમજ જેઓ
રણમાં ભટકતા ફરે છે અને તે બધાં જેઓ પોતાના વાળના
ખૂણાઓ કાપે છે જેમને હું સજા કરનાર છું. કારણ, આ બધી
પ્રજાઓની સુન્નત થઈ નથી અને ઈસ્રાએલીઓના હૃદય
સુન્નત થયા નથી."

## યહોવા અને દેવ મૂર્તિઓ

10 ઓ ઈસ્રાએલના લોકો, યહોવા તમને જે સંદેશો
આપે છે તે ધ્યાનથી સાંભળો;

2તે કહે છે, "બીજી પ્રજાઓને રસ્તે જશો નહીં, તેઓ
કુંડળી તૈયાર કરે છે તથા ગ્રહોની સ્થિતિને આધારે પોતાનું
ભવિષ્ય જુએ છે. તેઓ ભવિષ્યકથન કરે તેથી ડરશો નહીં.
કારણકે તે સર્વ કેવળ જૂઠાણું છે.

3એ પ્રજાઓની મૂર્તિઓ કશા કામની નથી, એ તો
જંગલમાંથી કાપી આણેલું લાકડું છે; કારીગરે એને પોતાના
ઓજારોથી કોતરી છે.

4અને પછી સોનારૂપાથી શણગારી છે. એને હથોડા અને
ખીલાથી જડી દીધી છે, જેથી પડી ન જાય.

5ખેતરોમાં ઊભા કરેલા અસહાય ચાડિયાની જેમ તેઓના
દેવ ત્યાં ઊભા રહે છે! તે બોલી શકતા નથી, તે ચાલી શકતા
નથી તેથી ઊંચકીને લઈ જવા પડે છે. આવા દેવોથી ડરશો
નહીં, એ કશી ઈજા કરી શકે તેમ નથી, તેમ જ કશું ભલું
કરવાની પણ એમની શક્તિ નથી."

6ઓ યહોવા, તમારા જેવા બીજા કોઈ દેવ નથી. તમે
કેવા મહાન છો અને તમારા નામનો પ્રતાપ પણ કેવો
મહાન છે!

7હે લોકાધિપતિ, તમારો ભય કોને નહીં લાગે? તમારાથી
તો ડરીને જ ચાલવું જોઈએ. સર્વ પ્રજાઓનાં જ્ઞાનીમાં અને
બધા રાજાઓમાં તમારા જેવું કોઈ નથી.

8મૂર્તિઓની પૂજા કરનારા બન્ને અક્કલ વગરના અને
મૂર્ખ છે. તેઓ મૂર્તિઓ પાસેથી શિખામણ મેળવે છે જે માત્ર
લાકડાનાં ટુકડા છે.

9તાર્શીશથી ચાંદી અને ઉફાઝમાંથી સોનું લાવીને સોનીઓ
એમાંથી વરખ બનાવીને એને શણગારે છે અને જાંબુડીયા
અને કિરમજી રંગના કિંમતી વસ્ત્રો એમને પહેરાવે છે. એ
બધી મૂર્તિઓ કારીગરોએ બનાવેલી છે.

10પરંતુ યહોવા તો સાચેસાચ દેવ છે, એ જીવતાજાગતા
દેવ છે, શાશ્વત અધિપતિ છે. એ જ્યારે રોષે ભરાય છે ત્યારે

ધરતી ધ્રુજી ઊઠે છે; પ્રજાઓ એમના ક્રોધાગ્નિને ખમી શકતી
નથી.
11યહોવા કહે છે, અન્ય દેવોની પૂજા કરનારાઓને તમે
આ પ્રમાણે કહેજો: "જેમણે આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યુ
નથી, તેવા તમારા દેવો પૃથ્વી પરથી લોપ થઈ જશે."
12પરંતુ આપણા દેવે પોતાના સામર્થ્યથી પૃથ્વીને ઉત્પન
કરી, પોતાના ડહાપણથી પૃથ્વીને સ્થાપી, પોતાના કૌશલ્યથી
આકાશને વિસ્તાર્યુ.
13તોફાની વાદળોની ગર્જનાઓથી તેમના અવાજનો પડઘો
પડે છે, તે ધુમ્મસને પૃથ્વી ઉપરથી ઊંચે ચડાવે છે. જેથી
વીજળીને ચમકાવીને વરસાદ વરસાવે છે અને પોતાના
ભંડારમાંથી વાયુઓને મોકલે છે.
14તેની સરખામણીમાં બધા માણસો મૂર્ખ અને અજ્ઞાની
થઈ ગયા છે. દરેક સોની પોતે બનાવેલી મૂર્તિ જોઈને શરમાઇ
જાય છે, કારણ, એ બધી મૂર્તિઓ તો અસત્ય અને પ્રાણ
વગરની છે,
15નકામી છે, હાંસીપાત્ર છે. દેવ તેમને સજા કરશે ત્યારે
તેઓ નેસ્તનાબૂદ થઈ જશે.
16પણ યાકૂબનો દેવ એવો નથી; તે તો આખી સૃષ્ટિનો
સર્જનહાર છે, અને ઈસ્રાએલીઓને તે પોતાની પ્રજા ગણે
છે. તેનું નામ "સર્વસમર્થ યહોવા છે."

## વિનાશ આવી ગયો

17યહોવા કહે છે, "તમારામાંના જેઓ ઉપર ઘેરો નાખવામાં
આવ્યો છે તેઓ તમારો સામાન બાંધો અને હવે જવાને
માટે તૈયાર રહો."
18કારણકે તે એમ કહે છે કે, "આ વખતે હું એકાએક
તેમને આ દેશમાંથી બહાર ફેંકી દઈશ અને મોટી આપત્તિઓ
નીચે એમને કચડી નાખીશ, એક પણ માણસ બચવા પામશે
નહીં."
19લોકોએ કહ્યું, "અમારા ઘાની વેદના અસહ્યં છે, એ ઘા
કદી રૂઝાય તેમ નથી, અમે વિચાર્યુ કે; આતો ફકત એક
બિમારી જ છે અને અમે આ સહન કરી શકીશું."
20પણ અમારો તંબૂ હતો ન હતો થઈ ગયો છે, એનાં
દોરડાં તૂટી ગયા છે; અમારા પુત્રો અમને છોડીને ચાલ્યા
ગયા છે; એક પણ રહ્યો નથી; અમારો તંબૂ ફરી ઊભો કરનાર
કે એના પડદા બાંધનાર કોઈ નથી!"
21આનુ કારણ મારા લોકોના ઘેટાંપાળકો ભાન ભૂલી ગયા
છે; તેઓ યહોવાને અનુસરતા નથી તેથી સફળ થતા નથી.
અને તેમના બધા લોકો ઘેટાંઓના ટોળાની જેમ વેરવિખેર
થઈ ગયા છે.
22સાંભળો, ઉત્તર તરફથી આવતાં મોટાં સૈન્યોનો ભયંકર
અવાજ સાંભળો, તેઓ યહૂદિયાના નગરોને શિયાળવાની
કોતરોમાં ફેરવી નાખશે.
23ઓ યહોવા, હું જાણું છું કે માણસનું ભાગ્ય એના
હાથની વાત નથી. તે પોતાનો જીવનમાર્ગ નક્કી કરી
શકતો નથી.
24તેથી હે યહોવા, તમે અમને સાચે માર્ગે વાળો. અમને
પ્રમાણસર શિક્ષા કરો, રોષમાં આવીને નહીં, નહીં તો અમે
હતા ન હતા થઈ જઈશું.
25તમારો રોષ તમે બીજી પ્રજાઓ ઉપર ઉતારો, જે લોકો
તમને માનતા નથી, તમારું નામ લેતાં નથી. કારણ, તેઓ
યાકૂબના કુટુંબોને ખાઈ ગયા છે, તેમણે તેમનો અંત આણ્યો
છે, અને તેમના દેશને વેરાન બનાવી દીધો છે.

## યહોવા સાથેના કરારનું સ્મરણ

11 ફરીથી યર્મિયાને યહોવાની વાણી સંભળાઇ, 2"આ
કરારના શબ્દો ધ્યાનથી સાંભળ અને તે યહૂદિયાના
લોકોને અને યરૂશાલેમના વતનીઓને કહી સંભળાવ. 3તેમને
કહે, 'આ ઈસ્રાએલના દેવ યહોવાના વચન છે; જે માણસ
આ કરારનું પાલન કરતો નથી તેના ઉપર શાપ ઊતરશે!' 4જે
દિવસે હું તમારા પિતૃઓને લોખંડ ગાળવાની ભઠ્ઠી સમા
મિસરમાંથી બહાર લઈ આવ્યો ત્યારે મેં તેમની સાથે આ
કરાર કર્યો હતો. મેં તેમને કહ્યું હતું: જો તમે મારૂં કહ્યું
સાંભળશો અને મારી એકેએક આજ્ઞાનું પાલન કરશો.
5"તો તમે મારા લોકો થશો. અને હું તમારો દેવ થઈશ
અને હું તમારા પિતૃઓને આપેલું વચન પાળીશ, હું તમને
જ્યાં દૂધ અને મધની રેલમછેલ હોય તેવી ભૂમિ આપીશ.
અને મેં એ પ્રમાણે કર્યુ પણ છે."
પછી મેં જવાબ આપ્યો, "યહોવા હું એમ કહીશ."
6ત્યારબાદ યહોવાએ કહ્યું, "યહૂદિયાનાં નગરોમાં અને
યરૂશાલેમની શેરીઓમાં આ સંદેશો જાહેર કરો. તમારા
પિતૃઓએ દેવ સાથે કરેલા આ કરારને યાદ કરો. તમારા
પિતૃઓએ જે જે કરવાનું વચન દેવને આપ્યું હતું તે બધું
તમે કરો. 7આ કરારની શરતો ધ્યાનથી સાંભળો અને એનું
પાલન કરો, કારણ, હું જ્યારે તમારા પિતૃઓને મિસરમાંથી
બહાર લઈ આવ્યો હતો ત્યારે મેં તેમને સખત ચેતવણી
આપી હતી અને આજ સુધી આપતો રહ્યો છું કે, મારું કહ્યું
સાંભળો, 8પણ તેમણે સાંભળ્યું નહીં, અને દરેક જણ પોતાનું
હઠીલું અને દુષ્ટ મન કહે તેમ કરવા લાગ્યા. તેથી મેં તેમની
સાથે જે કરાર કર્યો હતો અને જેનું તેમણે પાલન કર્યુ નહોતું
તેમાં દર્શાવેલી બધી સજાઓ મેં તેમને માથે ઉતારી."
9ફરીથી યહોવાએ મારી સાથે વાત કરી અને કહ્યું,
"યહૂદિયાના અને યરૂશાલેમના લોકોએ મારી વિરૂદ્ધ કરેલું
કાવત્રું મેં શોધી કાઢયું છે. 10તેઓ પાછા પોતાના પિતૃઓના
પાપ કરવા લાગ્યા છે અને તેમની જેમ મારું કહ્યું સાંભળવાની
ના પાડે છે, તેઓ બીજા દેવોને માને છે અને તેમની પૂજા
કરે છે. ઈસ્રાએલે અને યહૂદિયાએ મેં એમના પિતૃઓ સાથે
કરેલા કરારનો ભંગ કર્યો છે."
11તેથી યહોવા કહે છે, "હું તેઓ ઉપર વિપત્તિઓ લાવનાર
છું અને તેમાંથી તેઓ બચી શકશે નહીં, તેઓ દયાની યાચના
કરશે ત્યારે હું તેઓની વિનંતીઓ સાંભળીશ નહીં. 12એટલે
યહૂદિયાના ગામોના અને યરૂશાલેમના વતનીઓ જઈને જે
મૂર્તિઓને તેઓ ધૂપ બાળે છે તેમને મદદ માટે ઘા નાખશે.

પણ આફતને વખતે એ દેવો તેમને કોઈ પણ રસ્તે ઉગારવાના
નથી. 13હે મારા લોકો, તમારા જેટલાં નગરો છે તેટલા
તમારા દેવો છે. અને યરૂશાલેમના વતનીઓએ શહેરમાં
જેટલા મહોલ્લા છે તેટલી યજ્ઞવેદીઓ ઘૃણાસ્પદ બઆલદેવ
માટે ચણી છે.
14"તેથી, ઓ યર્મિયા, એ લોકો માટે પ્રાર્થના કરીશ નહીં.
તેમના તરફથી કોઈ વિનંતી કે આજીજી કરીશ નહીં, કારણકે
સંકટના સમયે એ લોકો ઘા નાખશે તે હું સાંભળવાનો
નથી."
15યહોવા કહે છે, "ઓ મારી પ્રિય પ્રજા, તું મારા ઘરમાં
બેશરમ વર્તન કરે છે. તને અહીં શો અધિકાર છે તું શું
સમજે છે પ્રતિજ્ઞાઓ અને બલિદાનો તમારા વિનાશને
અટકાવી તમને ફરીથી જીવન તથા આનંદ આપી શકશે?"
16એક વખતે હું તમને મનોહર ફળથી લચી જતું જેતૂનનું
વૃક્ષ કહીને બોલાવતો હતો, પણ અત્યારે હું મોટા કડાકા
સાથે તારાં પાંદડાને સળગાવી મૂકું છું અને ડાળીઓને ભાંગી
નાખું છું.
17બઆલની આગળ ધૂપ બાળીને તથા બલિદાનો ચઢાવીને
ઈસ્રાએલે તથા યહૂદિયાએ દુષ્ટતા કરી છે અને તેથી સર્વસમર્થ
યહોવાએ પોતે રોપેલા આ વૃક્ષનો વિનાશ કરવાનો હુકમ
કર્યો છે."

### યર્મિયા વિરૂદ્ધ દુષ્ટ યોજનાઓ

18યહોવાએ પોતે મને જણાવ્યું જેથી હું સમજી શકુ પછી
તેણે મને બતાવ્યું કે તેઓ શું કરી રહ્યા છે. 19હું તો કતલખાને
દોરી જવાતા ગરીબ ઘેટા જેવો હતો. મને ખબર નહોતી કે
તેઓ મારી વિરૂદ્ધ કાવતરું રચી રહ્યા હતા અને કહેતા હતા
કે, "ઝાડ જોરમાં છે ત્યાં જ આપણે એને કાપી નાખીએ;
આપણે એને જીવતાનાં જગતમાંથી હતો ન હતો કરી નાખીએ,
એટલે એનું નામ પણ ભૂલાઈ જાય." 20ત્યારે મેં પ્રાર્થના
કરી, ઓ સર્વસમર્થ યહોવા! તું સાચો ન્યાય કરનાર છે, તું
માણસના મનને અને હૃદયને જાણે છે, મને જોવા દો કે તમે
તેમની ઉપર વેર વાળશો કારણ કે એ તું જ છે જેની પર મે
મારો બચાવ કરવા માટે વિશ્વાસ રાખ્યો છે.
21તેથી યહોવા એ કહે છે કે તને મારી નાખવાનું ષડયંત્ર
કરનાર અનાથોથના માણસોને હું સજા કરીશ તેઓ કહે છે:
"તું યહોવાના નામનો પ્રબોધ ન કરીશ નહી તો અમે તને
મારી નાખશું." 22તેથી યહોવા અનાથોથના લોકો વિષે આ
પ્રમાણે કહે છે, "હું તેમને સજા કરીશ, તેમના યુવાનો
તલવારથી મરશે અને તેમનાં પુત્રપુત્રી દુકાળમાં મરશે.
23પરંતુ જ્યારે અનાથોથના લોકોને શિક્ષા કરવાનો સમય
આવશે, ત્યારે હું તેમના ઉપર આફત ઉતારીશ અને એક
પણ વ્યકિત જીવતો રહેવા નહિં પામે."

### યર્મિયાની યહોવાને ફરિયાદ

12 ઓ યહોવા, હું તમારે વિષે ફરિયાદ કરું છું ત્યારે
સત્ય તમારે પક્ષે હોય છે. તેમ છતાં ન્યાયના એક
મુદ્દા વિષે મારે તને પૂછવું છે, દુષ્ટ માણસો કેમ સુખસમૃદ્ધિ
પામે છે? બદમાશો કેમ નિરાંતે જીવે છે?
2તમે તેઓને રોપો છો, તેઓનાં મૂળ ઊંડા જાય છે. અને
તેઓનો વેપાર વધતો જાય છે, તેઓ ઘણો નફો કરે છે. અને
ધનવાન થાય છે. તેઓ કહે છે, "દેવની કૃપાથી!" સાચા
હૃદયથી તેઓ તમારો આભાર માનતા નથી.
3ઓ યહોવા, તમે મને જાણો છો, તમારા પ્રત્યેની મારી
ભક્તિ તમે ક્યાંય જોઈ છે? એમને ઘેટાંની જેમ કતલખાને
ખેંચીને લઈ જા, અને કતલના દિવસ સુધી એમને રાખી
મૂક. 4અને હે યહોવા, ક્યાં સુધી ભૂમિ શોક કરશે? તેઓનાં
દુષ્ટ કાર્યોને કારણે ક્યાં સુધી ખેતરમાંનું લીલું ઘાસ પણ
સૂકાતું રહેશે અને આક્રંદ કરતું રહેશે! વનચર પશુ-પક્ષીઓ
પણ ચાલ્યા ગયા છે. દેશ ઉજ્જડ થઈ ગયો છે તેમ છતાં
લોકો કહે છે, "આપણે શું કરીએ છે તે દેવ જોઈ શકતો નથી!"

### દેવનો યર્મિયાને જવાબ

5યહોવાએ કહ્યું, "જો માણસો સાથે દોડતાં તું થાકી જાય
તો પછી ઘોડાઓ સાથે શી રીતે હોડમાં ઊતરશે? જો તું
સલામત પ્રદેશમાં નિશ્ચિંત નથી તો યર્દનના કાંઠે આવેલાં
જંગલમાં તારું શું થશે?
6અને આના કારણે તારા પોતાનાં ભાઈઓ અને તારા
પોતાના કુટુંબે પણ તને દગો દીધો છે. તેઓ તને મારી
નાખવા માટે તારી પીઠ પાછળ મોટી બૂમો પાડે છે. તેઓ
ગમે તેટલા મીઠા શબ્દોથી તારી સાથે વાત કરે છતાં પણ
તેમનો વિશ્વાસ કરીશ નહીં."

### યહોવાએ પોતાના લોકોનો અને યહૂદાનો ત્યાગ કર્યો

7પછી યહોવાએ કહ્યું, "મારા લોકોનો, મારા વારસાનો મેં
ત્યાગ કર્યો છે; મારી અતિપ્રિય પ્રજાને મેં શત્રુઓને સ્વાધીન
કરી છે.
8મારા લોકો જંગલમાંના સિંહની જેમ મારી સામે થયા
છે. અને મારી સામે ભયંકર ગર્જનાઓ કરે છે, તેથી હું
તેમનો તિરસ્કાર કરું છું.
9મારા પોતાના લોકો કાબરચીતરા બાજ જેવા છે; બીજા
બધાએ ચારેબાજુએથી તેમના પર હલ્લો કર્યો છે. ચાલો,
જંગલનાં સર્વ પશુઓ એકઠા થાઓ અને મિજબાનીમાં જોડાઈ
જાઓ.
10ઘણા ભરવાડોએ મારી દ્રાક્ષની વાડીનો નાશ કર્યો છે
અને મારું ખેતર પગ તળે ખૂંદી નાખ્યું છે. તેમણે મારા
રળિયામણા ખેતરને વેરાન વગડો બનાવી દીધું છે. અને
મારી નજર આગળ તેને ખેદાનમેદાન કરી નાખ્યું છે.
11તેઓએ આખી ભૂમિને વેરાન કરી નાખી છે, કારણકે
ત્યાં રહેતી કોઈપણ વ્યકિત તેની કાળજી લેતી નથી.
12વગડાના ઉજ્જડ ટેકરાઓ ઉપર થઈને ધાડપાડુઓના
ધાડાં ધસી આવ્યાં છે. કારણ કે મારી તલવાર બધું ભરખી
રહી છે. દેશનાં આ છેડાથી પેલા છેડા સુધી બધાના જીવને
અશાંતિ છે.

13મારા લોકોએ ઘઉં વાવ્યા છે અને કાંટા લણ્યા છે.
મહેનત તો ઘણી કરી છે, પણ કશું પ્રાપ્ત થયું નથી. મારા
ઉગ્ર રોષને લીધે તેઓની ફસલ નકામી ગઈ છે."

### ઈસ્રાએલના પડોશીયોને યહોવાના વચન

14યહોવા કહે છે," જે વારસો મેં મારી પ્રજાને, એટલે કે
ઈસ્રાએલને આપ્યો છે, તેને જ મારા દુષ્ટ પડોશીઓ આંચકી
લેવા માંગે છે, "તેથી યહોવા તેઓ વિષે કહે છે, "જુઓ, હું
તેઓની ભુમિમાંથી તેઓને ઉખેડી નાખીશ, અને હું તેમના
હાથમાંથી યહૂદિયાને ખૂંચવી લઈશ. 15પરંતુ ત્યારબાદ હું
પાછો આવીશ અને તમારા બધા ઉપર દયા દર્શાવીશ તથા
તમને તમારા પોતાના દેશમાં તમારા ઘરોમાં પાછા લાવીશ.
દરેક માણસને તેના પોતાના વારસામાં પાછો લાવીશ. 16અને
જો તેઓ મારા પોતાના નામે સોગંદ ખાતા શીખશે, એમ
કહીને,' જેવી રીતે યહોવા જીવે છે;' એજ પ્રમાણે જેવી રીતે
તેમણે મારી પૂજાને બઆલના સોગંદ ખાતા શીખવ્યા હતાં.
તો પછી તેઓ ખરેખર મારા પોતાના લોકો વચ્ચે ફરીથી
સ્થપાશે. 17પરંતુ જે કોઈ પ્રજા મને આધીન થવાનો ઈન્કાર
કરશે, તો હું તેને જડમૂળથી ઉખેડી નાખીશ અને તેનો નાશ
કરીશ." આ યહોવાના વચન છે.

### બંદીવાન થવાનો લોકોનો ડર

13 યહોવાએ મને આ પ્રમાણે કહ્યું, "જા, શણનો
અધોવસ્ત્ર ખરીદી લાવ અને તે પહેર. પણ તેને
પાણીમાં બોળીશ નહીં."

2આથી યહોવાના કહ્યા પ્રમાણે મેં કમરબંધ વેચાતો લીધો
અને મારી કમરે બાંધ્યો. 3યહોવાનો સંદેશો ફરીથી મારી
પાસે આવ્યો. આ વખતે તેમણે કહ્યું, 4"તેં જે કમરબંધ ખરીદી
લાવીને પહેર્યો છે તે લઈને એકદમ ફ્રાત નદીએ જા અને
ત્યાં ખડકોની ફાટમાં સંતાડી દે."

5તેથી મેં તેમ કર્યું; યહોવાએ કહ્યું હતું તે પ્રમાણે મેં તેને
ફ્રાત નદીએ જઈને સંતાડી દીધો. 6ઘણા દિવસો પછી યહોવાએ
મને કહ્યું, "એકદમ ફ્રાત નદીએ જા અને મેં તને કમરબંધ
સંતાડવા કહ્યો હતો તે પાછો લઈ આવ."

7આથી હું ફ્રાત નદીએ ગયો અને જે જગ્યાએ કમરબંધ
સંતાડ્યો હતો તે શોધી કાઢી અને ઉપાડ્યો તો ખબર પડી કે
તેને ફૂગ લાગી ગઈ હતી અને તૂટી જતો હતો. હવે તે
સંપૂર્ણપણે નકામો થઈ ગયો હતો!

8પછી યહોવાનો સંદેશ મારી પાસે આવ્યો, 9"આજ છે જે
યહોવાએ કહ્યું, જેવી રીતે કમરબંધ (અધોવસ્ત્ર) ખરાબ થઈ
જાય છે અને કશા કામનું નથી રહેતું હું યહૂદિયા અને
યરૂશાલેમના લોકોને નષ્ટ કરી નાખીશ. 10એ દુષ્ટ લોકોએ
મારું કહ્યું સાંભળવાની ના પાડી છે; તેઓ પોતાના હઠીલાં
મન કહે તેમ કરે છે, બીજા દેવોને માને છે, તેમની પૂજા કરે
છે અને તેમને પગે લાગે છે, આથી તેઓની દશા પણ આ
કમરબંધ જેવી થશે; તેઓ કશા કામના નહીં રહે." 11યહોવા
કહે છે, "જેમ કમરબંધ માણસની કમરે વળગી રહે તેમ
ઈસ્રાએલના અને યહૂદિયાના બધા લોકોને મેં મારી આસપાસ
વીંટાળ્યા હતા, જેથી તેઓ મારા લોકો બની શકે અને મારી
કીર્તિ થાય, મારા નામનું ગૌરવ વધે; પણ તેમણે મારું
સાંભળ્યું નહીં."

### યહૂદાને ચેતવણી

12"યર્મિયા, તું એ લોકોને કહે કે, 'આ ઈસ્રાએલના દેવ
યહોવાના વચન છે; દ્રાક્ષારસની દરેક બરણી દ્રાક્ષારસથી
ભરાઈ જવી જોઈએ' અને તેઓ જવાબ આપશે, 'અલબત્ત
અમે ઘણી સારી રીતે જાણીએ છીએ કે દરેક બરણી દ્રાક્ષારસથી
ભરાઈ જવી જોઈએ.' 13પણ તું તેઓને કહે; 'તમે મારા માટે
ગેરસમજ કરો છો. મારું કહેવું આ છે, કે દેશના બધાં
રહેવાસીઓને એટલેકે, દાઉદના રાજ્યાસન પર બેઠેલા
રાજાને, યાજકોને, પ્રબોધકોને અને સર્વ સામાન્ય લોકોને હું
છાકટાપણાથી ભરી દઈશ."' 14યહોવા કહે છે, "હું તેમને-
વડીલોને તેમજ જુવાનોને, એકબીજાની સાથે અથડાવીશ.
હું તેઓ પર દયા કે કરુણા દર્શાવીશ નહીં, પણ હું તેમનો
સંપૂર્ણ નાશ કરીશ." આ યહોવાના વચન છે.

15યહોવા કહે છે, "ઓ ઈસ્રાએલના લોકો, સાંભળો, ધ્યાન
આપો, ગર્વ છોડી દો!

16અંધારું થાય તે પહેલાં અને સંધ્યાં સમયે પર્વત
પરના પ્રવાસીની જેમ તમે ગબડી પડો તે પહેલાં તમારાં દેવ
યહોવાને સન્માન આપો, અને તે અને તમે જે પ્રકાશની
આશા રાખો છો તેને ધૂંધળા પડછાયા અને ગાઢ અંધકારમાં
ફેરવી નાખે છે.

17શું હજુ પણ તમે સાંભળવા ના પાડો છો? તો પછી
તમારા અભિમાનને લીધે ભગ્ન થયેલું મારું અંત:કરણ
એકાંતમાં શોક કરશે, મારી આંખોમાંથી આંસુઓની ધારાઓ
વહેશે કારણકે યહોવાના લોકોને બંધનાવસ્થામાં લઈ જવામાં
આવશે."

18યહોવાએ મને કહ્યું, "રાજાને અને રાજરાણીને કહે;
નીચે બેસો, કારણ, તમારા મહિમાવંત મુગટો તમારા શિર
ઉપરથી ઉતારી લેવામાં આવ્યા છે. હવે તે તમારા નથી
રહ્યા."

19દક્ષિણનાં શહેરો ઘેરાઈ ગયા છે; કોઈ તે ઘેરાને વીંધીને
ત્યાં પહોંચી શકે એમ નથી, આખા યહૂદિયાના લોકોને
દેશવટો દેવામાં આવ્યો છે, કોઈ કહેતાં કોઈ બાકી રહ્યું નથી.

20ઓ યરૂશાલેમ, આંખો ઊંચી કરીને જો! ઉત્તરમાંથી પેલા
દુશ્મનો આવી રહ્યા છે, જે લોકોને મેં તને સોંપ્યા હતા, જેને
માટે તું ગૌરવ લેતી હતી, તે ક્યાં છે?

21તારા પડોશી દેશોને જેને તે શિખવાડ્યું હતું અને જેમને
તેં મિત્રો ગણ્યા હતાં તેમને તારા ઉપર રાજકર્તાઓ તરીકે હું
બેસાડીશ. ત્યારે તને કેવું લાગશે? સ્ત્રીને પ્રસૂતિની વેદના
થાય તેવી વેદના અને કષ્ટ તું અનુભવશે.

22ત્યારે તને થશે કે, "મારે માથે આ બધું શા માટે ગુજર્યું?"
તારાં ભયંકર પાપને કારણે તને નવસ્ત્રી કરીને તારા ઉપર
બળાત્કાર કરવામાં આવ્યો છે. અને તારો નાશ કર્યો છે.

23હબસી કદી પોતાની ચામડી બદલી શકે? અથવા ચિત્તો
પોતાના ટપકાં દૂર કરી શકે? એ જો શક્ય હોય તો જ ખોટું
કરવાને ટેવાયેલી તું સત્કર્મ કરી શકે.
24"અરણ્યના સૂસવાટાભર્યા પવનથી ભૂસું ઊડી જાય છે
તેમ તમને હું વિખેરી નાખીશ.
25તારા ભાગ્યમાં એ જ છે, એજ મેં તારે માટે નીમ્યું
છે,"આ હું યહોવા બોલું છું. "કારણ તું મને ભૂલી ગઈ છે,
અને તે ખોટા દેવોમાં વિશ્વાસ મૂક્યો છે.
26હું તારા વસ્રો તારા મોઢા સુધી ઉપર લઈ જઈશ અને
તારાં પાપ ઉઘાડા કરીશ.
27તારા વ્યભિચાર, તારી કામવેગના હિસોટા, તારા હલકટ
વેશ્યાવેડા, ડુંગરો ઉપરનાં અને ખેતરોમાંના તારાં એ અધમ
કૃત્યો મેં જોયાં છે. ઓ યરૂશાલેમ, તારું આવી જ બન્યું છે!
તારે શુદ્ધ થવું જ નથી. ક્યાં સુધી આમને આમ ચલાવ્યા
કરીશ? તમારી મૂર્તિઓની પૂજાથી હું વાકેફ છું."

### મહાદુકાળ અને જૂઠા પ્રબોધકો

14 યહોવા શા માટે વરસાદને રોકી રાખતા હતાં તે
સમજાવતો આ સંદેશો યહોવા તરફથી યર્મિયા
પાસે આવ્યો;
2"યહૂદિયા શોકમાં છે, એનાં નગરો મરવા પડ્યા છે,
એનાં માણસો દુ:ખના માર્યા ભૂમિ પર ઢળી પડ્યા છે.
યરૂશાલેમમાંથી મદદ માટે પોકાર ઊઠે છે.
3ધનવાનો પોતાના ચાકરોને પાણી લાવવા માટે ટાંકા
પાસે મોકલે છે, પણ તેમાં પાણી હોતું નથી. તેઓ ખાલી
ઘડા લઈને પાછા ફરે છે; ચાકરો સંતાપથી અને હતાશ
થઈનેં દુ:ખને કારણે પોતાનાં માથાં ઢાંકે છે.
4વરસાદ વિના ધરતી સુકાઈ ગઈ છે. અને તેમાં તિરાડો
પડી છે. ખેડુતો હેબતાઈ ગયા છે. તેઓ પોતાનાં ચેહરા
છુપાવે છે.
5ઘાસની અછતને કારણે હરણી પણ પોતાનાં તાજાં જન્મેલા
બચ્ચાંનો ત્યાગ કરે છે.
6જંગલી ગધેડાં ઉજ્જડ ટેકરા ઉપર ઊભાં ઊભાં
શિયાળવાની જેમ હાંફે છે. તેમની આંખે જાંખ વળે છે
અને અંધારા આવે છે. કારણ કે, તેઓને ખાવા માટે ઘાસ
નથી."
7લોકો કહે છે, "અમારાં પાપો અમારી વિરુદ્ધ સાક્ષી પૂરે
છે, તેમ છતાં, ઓ યહોવા, તારા નામ ખાતર કઈંક કર અમે
અનેકવાર તારો ત્યાગ કર્યો છે, અમે તારી વિરૂદ્ધ પાપ કર્યું
છે!
8ઓ યહોવા, ઈસ્રાએલની એક માત્ર આશા, સંકટ સમયના
તારણહાર, તું અમારા દેશમાં પારકા જેવો કેમ છે? એક રાત
માટે મુકામ કરતા વટેમાર્ગુ જેવો કેમ થઈ ગયો છે?
9તમે પણ શું મૂંઝવણમાં છો? અમારો બચાવ કરવા શું
તમે નિ:સહાય છો? ઓ યહોવા, તમે અહીં અમારી મધ્યે
છો અને અમે તમારું નામ ધારણ કરીએ છીએ; અમે
તમારા લોક છીએ. ઓ યહોવા, હવે અમારો ત્યાગ કરશો
નહીં!" 10યહોવા આ લોકો વિષે કહે છે, "એ લોકોને
ભટકવામાં એટલો આનંદ આવે છે કે તેઓ પોતાના પગને
કાબૂમાં રાખી શકતાં નથી; આથી હું એમના ઉપર પ્રસન્ન
નથી. હું હમણા તેમના અપરાધો ને તેમનાં પાપોની સજા
કરનાર છું."
11ત્યારબાદ યહોવાએ મને કહ્યું, "મને આ લોકોને મદદ
કરવાનું કહેવા માટે થઈને મારી પ્રાર્થના કરીશ નહીં. 12એ
લોકો ઉપવાસ કરશે તોયે હું એમની પ્રાર્થના સાંભળનાર
નથી. તેઓ મને આહુતિ અને અન્નબલિ ચડાવે તોયે હું
પ્રસન્ન થનાર નથી. હું તેમનો યુદ્ધ દુષ્કાળ, અને રોગચાળાથી
અંત લાવીશ."
13પણ મેં કહ્યું, "ઓ મારા માલિક યહોવા, અહીંયાં પ્રબોધકો
તો તેમને એમ કહે છે કે, 'તમારે યુદ્ધ જોવું નહીં પડે કે
દુકાળ વેઠવો નહીં પડે. આ દેશમાં સદા શાંતિ અને સલામતી
રહેશે.'"
14ત્યારે યહોવાએ કહ્યું, "પ્રબોધકો મારે નામે જૂઠાણું
ચલાવે છે. મેં એમને મોકલ્યા નથી, મેં એમને કોઈ
આજ્ઞા આપી નથી. એ પ્રબોધકો તમને ખોટાં દિવ્યદર્શનો,
નકામી આગાહીઓ અને પોતાનાં ભ્રામક દિવાસ્વપ્નો
સંભળાવે છે. 15તેથી યહોવા કહે છે, મેં મોકલ્યા નહોતાં
છતાં જે જૂઠા પ્રબોધકો મારા નામે ભવિષ્ય ભાખે છે અને
કહે છે કે, 'આ દેશમાં યુદ્ધ થાય કે દુકાળ પડે એમ નથી.'
તેમના સંબંધમાં મારાં વચન આ પ્રમાણે છે: એ પ્રબોધકો
તલવાર અને દુકાળનો ભોગ બનશે. 16જે લોકોને પ્રબોધકો
ભવિષ્યવાણી સંભળાવે છે, તેમની પત્નીઓ, પુત્રો અને
પુત્રીઓ સહિત તલવાર અને દુકાળના ભોગ બની તેઓ
યરૂશાલેમના રસ્તાઓ ઉપર ફેંકાઈ જશે. કોઈ તેમને
દફનાવનાર પણ નહીં હોય. હું તેમને દુષ્ટતાના ફળ
ચખાડીશ."
17યહોવાએ મને કહ્યું, "તારે લોકોની આગળ આ પ્રમાણે
કહેવું; 'મારી આંખોમાંથી દિનરાત અવિરત અશ્રુધારા વહ્યા
કરો, કારણ, મારી પ્રજા દારૂણ આઘાતથી ઘવાઈને ઢળી પડી
છે.
18હું જો ખેતરોમાં જાઉં છું તો યુદ્ધમાં તલવારથી માર્યા
ગયેલાઓનાં મૃતદેહો ત્યાં પડ્યા છે; જો હું શહેરમાં જાઉં છું
તો ત્યાં લોકોને દુકાળથી પીડાતાં જોઉં છું. પ્રબોધકો અને
યાજકો સુદ્ધાં આમતેમ ભટક્યા કરે છે. શું કરવું તે તેમને
સૂઝતું નથી!'"
19લોકો કહે છે, "ઓ યહોવા, શું તમે યહૂદિયાને સંપૂર્ણપણે
ત્યજી દીધું છે? શું તમે યરૂશાલેમને ધિક્કારો છો? શું શિક્ષા
પછી પણ ત્યાં શાંતિ નહીં સ્થપાય? તે અમને સાજાપણું
આપશે તથા અમારા ઘા ઉપર પાટા બાંધશે એવું અમે માનતા
હતા. પરંતુ શાંતિ સ્થપાઈ નહીં અને સર્વત્ર ફક્ત સંકટ અને
ત્રાસ જ જોવા મળે છે.
20ઓ યહોવા, અમે અમારી દુષ્ટતા અને અમારા પૂર્વજોના
અપરાધ કબૂલ કરીએ છીએ; અમે પોતે પણ તારી વિરૂદ્ધ
પાપો આચર્યા છે.

21તારા નામ ખાતર અમારો ત્યાગ ના કરીશ, તારા ગૌરવ
પ્રતાપ સિંહાસન યરૂશાલેમને બેઆબરૂ ના કરીશ. અમારી
સાથેના તારા કરારનું સ્મરણ કર, તેનો ભંગ કરીશ નહીં.
22બીજી પ્રજાઓમાંના જૂઠા દેવોમાંથી કયો વિદેશી દેવ
વરસાદ લાવી શકે? અથવા આકાશ પોતાની જાતે ઝાપટાં
વરસાવી શકે, ઓ યહોવા, અમારા દેવ, માત્ર તમે જ તેમ
કરી શકો છો. તેથી મદદ માટે અમે તમારી જ આશા
રાખીશું."

### યર્મિયાની સતામણી–પ્રજા સર્વનાશને આરે

15 "મૂસા તથા શમૂએલ પણ જો મારી સમક્ષ ઊભા
રહે તોયે હું લોકો ઉપર દયા કરવાનો નથી. તેઓને
મારી નજર સમક્ષથી દૂર લઈ જા! 2અને તેઓ તને જો એમ
કહે; 'પણ અમે ક્યાં જઈએ?' ત્યારે તેઓને કહેજે: આ યહોવાના
વચન છે:
"'જેઓ રોગથી મૃત્યુ પામવાના છે તેમણે ત્યાં જવું, જેઓ
યુદ્ધમાં મૃત્યુ પામવાના છે તેમણે ત્યાં જવું, જેઓ દુષ્કાળથી
મૃત્યુ પામવાના છે તેમણે દુષ્કાળ તરફ જવું, અને જેઓ
બંદીવાસમાં જવા નિર્માયા છે તેમણે બંદીવાસમાં જવું.'
3મેં એ લોકોને માટે ચાર પ્રકારના અંત નિર્માણ કર્યા છે.
તલવાર તેમનો સંહાર કરશે, કૂતરાં તેમને ફાડી ખાશે,
આકાશના પંખીઓ એમને ખાઈ જશે, અને બાકી રહ્યા
તેમને જંગલી જાનવરો પૂરા કરશે.
4હિઝિક્યાના પુત્ર, યહૂદિયાના રાજા મનાશ્શાએ
યરૂશાલેમમાં કરેલાં દુષ્ટ કાર્યોને લીધે હું તમને આકરી શિક્ષા
કરીશ. અને તમને કરવામાં આવેલી શિક્ષાને લીધે પૃથ્વીના
સર્વ લોકો ભયભીત થશે."'
5યહોવા કહે છે, "કોણ તારી દયા ખાશે, ઓ યરૂશાલેમ?
કોણ તારે માટે શોક કરશે? તારી ખબર અંતર પૂછવાની
તસ્દી પણ કોણ લેશે?
6તમે મારો ત્યાગ કર્યો છે અને મારા તરફ પીઠ કરી છે;
તેથી તમારી વિરૂદ્ધ મારો હાથ ઉઠાવીને હું તમારો વિનાશ
કરીશ. દર વખતે તમને વધારાની તક આપીને હું થાકી ગયો
છું." આ યહોવાના વચન છે.
7પ્રદેશના દરવાજા આગળ મેં તેઓને ખંપાણીથી ઝાટક્યાં
છે; મેં મારા લોકોને નિ:સંતાન તથા નષ્ટ કર્યા છે; કારણકે
તેઓએ પોતાના સર્વ દુષ્ટ માર્ગો ત્યજીને મારા તરફ પાછા
ફર્યા નથી.
8અસંખ્ય સ્ત્રીઓને મેં વિધવા બનાવી છે. મેં તેમના
જુવાનોને ભરયુવાનીમાં મારી નાખ્યા છે; અને તેમની
માતાઓને વિલાપ કરાવ્યા છે; મેં તેમને એકાએક દુ:ખ અને
ભયના ભોગ બનાવ્યા છે.
9સાત સાત પુત્રોની માતા મૂર્છા ખાઈને પડી છે, શ્વાસ
લેવા માટે હવાતિયાં મારે છે. તે દિવસે તેને અંધારાં દેખાય
છે, તેની શરમ અને નામોશીનો પાર નથી. તમારામાંથી
જેઓ હજુ પણ જીવતાં હશે તેઓનો હું તમારા શત્રુઓ દ્વારા
સંહાર કરાવીશ." આ યહોવાના વચન છે.

### યર્મિયાએ ફરી દેવને ફરિયાદ કરી

10પછી યર્મિયાએ કહ્યું, "ઓ મા, તેં આ દુ:ખીયારાને શા
માટે જન્મ આપ્યો!, મારે દેશમાં બધા સાથે ઝગડો ને તકરાર
કરવાં પડે છે! મેં નથી કોઈની પાસે ઊછીનું લીધું કે નથી
કોઈને ઉછીનું આપ્યું, તેમ છતાં બધાં મને શાપ શા માટે
આપે છે?
11ઓ યહોવા, સાચે જ મેં તારી હૃદયપૂર્વક સેવા કરી
નથી? મારા દુશ્મનો જ્યારે આફતમાં આવી પડ્યા, દુ:ખમાં
આવી પડ્યા ત્યારે તેમના તરફથી તને મેં પ્રાર્થના નથી
કરી?"

### દેવે યર્મિયાને જવાબ આપ્યો

12"શું કોઈ માણસ સળીયા એટલે ઉત્તરના દેશનાં લોખંડ
તથા કાંસુ ભેળવીને બનાવેલા સળીયા ભાંગી શકે?
13હું તમારી મિલ્કતોને અને ખજાનાઓને લૂંટાવી દઈશ.
લોકોએ આના માટે કશું ભરવું નહી પડે. આનુ કારણ એ છે
કે આખા દેશમાં તમે બધાયે મારી વિરૂદ્ધ આચરેલા પાપ.
14હું તમને અજાણ્યા દેશમાં તમારા દુશ્મનોના ગુલામ
બનાવી દઈશ, કારણ મારો ક્રોધ તમારી ઉપર ભભૂકી ઊઠ્યો
છે અને મારો ક્રોધ જેને ઓલવી ન શકાય તેવો ભડભડતા
અગ્નિ જેવો છે."
15યર્મિયાએ કહ્યું, "ઓ યહોવા, તમે બધું જાણો છો મને
યાદ કરો ને મદદ કરો, મને સતાવનારા ઉપર વેર લો. જ્યારે
તમે તેમની સાથે ધીરજ રાખો છો ત્યારે તેઓ મને દૂર લઈ
ન જાય. જરા, જુઓ તો ખરા, તમારે ખાતર હું કેટકેટલાં
અપમાન સહન કરું છું!
16તમારા શબ્દોએ મને ટકાવી રાખ્યો છે; મારા ભૂખ્યા
આત્માનું તે ભોજન છે, તે મારા દુ:ખી હૃદયને આનંદિત
અને હર્ષિત કરે છે. ઓ સર્વસમર્થ યહોવા, તમારું નામ
ધારણ કરીને હું કેટલો ગર્વ અનુભવું છું.
17મેં કદી નિરર્થક મોજમજા કરનારાઓના સંગમાં
આનંદ માણ્યો નથી. તમે મને બનાવ્યો છે અને એમના
પ્રત્યે મારામાં પુણ્યપ્રકોપ જગાડ્યો છે તેથી હું અળગો
રહ્યો છું.
18મારાં દુ:ખોનો કોઈ પાર નથી, મારો ઘા અસાધ્ય કેમ
છે, રૂઝાતો કેમ નથી? તમારી મદદ ચોમાસામાં વહેતાં ઝરણાં
જેવી અચોક્કસ છે. કોઈવાર પૂર આવે અને પછી હાડકાં
જેવું એકદમ સૂકું હોય."
19યહોવાએ પ્રત્યુત્તર આપ્યો, "જો તું મારી પાસે પાછો
આવીશ તો હું તને મારી સેવામાં પાછો રાખીશ. તું જે કહે તે
નિરર્થક નહોતાં યથાયોગ્ય હોય તો હું તને મારાવતી બોલનારો
બનાવીશ. લોકો વળીને તારી પાસે આવવા જોઈએ, પણ
તારે તેમની પાસે જવાનું નથી.
20હું તને એ લોકો સામે પિત્તળની ભીત જેવો બનાવી
દઈશ, તેઓ તારી સામે લડશે પણ તને હરાવી નહીં શકે.
કારણ, તારું રક્ષણ કરવા અને તને બચાવવા હું તારી સાથે
જ છું." આ યહોવા વચન છે.

21"હા, આ દુષ્ટ માણસોના હાથમાંથી હું તને જરૂર બચાવીશ અને જુલમગારોના પંજામાંથી મુક્ત કરાવીશ." આ યહોવાના વચન છે.

## સર્વનાશ વિષેનું ભાવિકથન

16 બીજા એક પ્રસંગે મને યહોવાની વાણી સંભળાઈ; 2"તારે આ જગ્યાએ લગ્ન કરવા નહીં, કે છોકરાં છૈયાવાળા ન થવું."

3કારણ, આ જગ્યાએ જન્મેલા બાળકો વિષે અને તેમને જન્મ આપનાર માતાપિતા વિષે હું કહું છું કે, 4"તેઓ ભયંકર રોગોને લીધે મૃત્યુ પામશે કોઈ તેઓને માટે ચિંતા કરશે નહીં કે તેઓને દફનાવશે નહીં, પરંતુ તેઓના મૃતદેહો ખુલ્લા મેદાનમાં પડ્યા રહેશે અને મળની જેમ ભોંય પર સડી જઈ ખાતરરૂપ થશે. તેઓ યુદ્ધ કે દુકાળમાં મૃત્યુ પામશે અને તેઓના મૃતદેહોને પંખીઓ અને પશુઓ ફાડી ખાશે."

5"જે ઘર શોકમાં હોય ત્યાં જઈશ નહીં. તેમના શોકમાં ભાગ લેવા કે તેમને આશ્વાસન આપવા જઈશ નહીં." આ યહોવાના વચન છે.

6"કારણકે આ લોકો પાસેથી મેં મારી શાંતિ પાછી ખેંચી લીધી છે, મેં મારો પ્રેમ અને મારી દયા પાછા ખેંચી લીધા છે. આ દેશમાં ઊંચ કે નીચ જે કોઈ મરશે તેને નહીં કોઈ દફનાવે કે તેનો નહીં કોઈ શોક કરે: તેમને માટે નહીં કોઈ પોતાના શરીર પર ઘા કરે કે નહીં કોઈ માથું મુંડાવે. 7કોઈ તેને સાંત્વન આપવા શોક કરનારની સાથે ખાશે નહીં કે પીશે નહિં, પછી ભલે ને તેનાં માબાપ મૃત્યુ પામ્યા હોય.

8"જે ઘરમાં ખાવાપીવાની ઉજાણી ચાલતી હોય ત્યાં જઈને ખાવાપીવા બેસી જઈશ નહીં. 9કારણ, મેં ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાએ કહ્યું છે કે, 'હું અહીં આ દેશનાં સર્વ હાસ્યનો, આનંદના ગીતોનો, લગ્ન ઉત્સવોનો તથા વર-કન્યાનાં ગીતોનો અંત લાવીશ.'

10"તું આ લોકોને આ બધું કહેશે ત્યારે એ લોકો તને પૂછશે કે, 'યહોવાએ આ બધી ઘોર આફતો આપણે માથે નાખવાનું શાથી નક્કી કર્યું છે? આપણો શો અપરાધ છે? આપણે આપણા દેવ યહોવાનો શો ગુનો કર્યો છે?' 11ત્યારે તારે જવાબ આપવો; 'કારણ, તમારા પિતૃઓએ મારો ત્યાગ કર્યો હતો,' આ હું યહોવા બોલું છું. 'અને બીજા દેવોને માની તેમની પૂજા કરી હતી; તેમણે મારો ત્યાગ કર્યો હતો અને મારી નિયમસંહિતાનું પાલન કર્યુ નહોતું. 12અને તમે તમારાં પિતૃઓનાં કરતાં પણ વધારે દુષ્ટતા આચરો છો! તમારા હૃદયની ઈચ્છાઓ સંતોષાય ત્યાં સુધી તમે દુષ્ટતાની પાછળ જાઓ છો અને મને આધીન થવાનો ઈન્કાર કરો છો. 13આથી હું તમને આ દેશમાંથી ઉખાડી તમને અને તમારાં પિતૃઓને અજાણ્યા દેશમાં ફગાવી દેનાર છું. ત્યાં તમે રાતદિવસ વિદેશી દેવોને ભજ્યા કરજો. કારણ, હું તમારા ઉપર દયા રાખવાનો નથી."'

14યહોવા કહે છે, "જુઓ, હવે એ સમય આવે છે જ્યારે લોકો સોગંદ લેતી વખતે ક્યારેય નહીં કહેકે જેવી રીતે ચોક્કસ પણે યહોવા જીવે છે ઈસ્રાએલના લોકોને મિસરમાંથી બહાર લઈ આવ્યો હતો. 15પણ તેઓ કહેશે જેમ ચોક્કસ પણે યહોવા જીવીત છે તેમ ઈસ્રાએલીઓને ઉત્તરના પ્રદેશમાંથી અને પોતે તેમને જ્યાં હાંકી કાઢ્યા હતા તે બધા દેશોમાંથી પાછા લાવનાર યહોવાના સમ!' કારણકે, મેં તેમના પૂર્વજોને ભૂમિ આપી હતી તેમાં જ હું તેમને પાછા લાવીશ."

16યહોવા કહે છે, "હવે હું અનેક માછીમારોને મોકલીશ અને તેઓ એ લોકોને જાળમાં પકડી પાડશે. ત્યાર પછી હું અનેક શિકારીઓને મોકલીશ અને તેઓ તેમને એકેએક પર્વત ઉપરથી અને એકેએક ગુફામાંથી શોધી કાઢીને તેમનો શિકાર કરશે. 17કારણકે હું આખો વખત તેમનું અને તેમના પાપોનું નિરીક્ષણ કરું છું. તેથી મારાથી કશું છુપું રહેતુ નથી. 18હું તેમની પાસે તેમનાં પાપોનો અને દુષ્ટતાનો બમણો બદલો લઈશ, કારણ, તેમણે મારા દેશની ભૂમિને મડદાં જેવી ઘૃણાસ્પદ મૂર્તિઓથી ભરી દઈને અભડાવી છે."

19ઓ યહોવા, સંકટના સમયમાં મને બચાવનાર, મારું સામર્થ્ય તથા મારો ગઢ, સમગ્ર જગતમાંથી પ્રજાઓ તમારી પાસે આવશે અને કહેશે, "અમારા વડીલો મૂર્ખ હતા, કારણકે તેઓએ જૂઠા દેવોની તથા નિરર્થક મૂર્તિઓની પૂજા કરી હતી."

20માણસ કદી પોતાના દેવને બનાવી શકતો હશે? માણસના બનાવેલા હોય તે દેવ હોઈ જ ન શકે.

21યહોવા કહે છે, "તેઓ આવી કબૂલાત કરતા આવશે, તો હું મારું સામર્થ્ય અને પરાક્રમ તેઓને દેખાડીશ અને 'હું એકલો જ દેવ છું ને મારું નામ જ 'યહોવા છે' તેવું તેઓને સમજાવીશ."

## હૃદય પર લખેલ પાપ

17 યહોવા કહે છે, "યહૂદિયાનું પાપ લોઢાના ઢાંકણાથી તથા હીરાકણીથી લખેલું છે; તે તેઓના હૃદયની પાટી પર કોતરેલું છે અને તમારી વેદીઓનાં શિંગો પર કોતરેલું છે;

2કારણકે તેઓનાં પુત્રો ઊંચા પર્વતો પરનાં લીલાં ઝાડની પાસે તેઓની વેદીઓ તથા જુઠા દેવો અને તેઓની અશેરાદેવીનું સ્મરણ કરે છે.

3અરે, ખેતરમાંના મારા પર્વત, તમારાં સર્વ પાપોની કિંમત રૂપે હું તમારી સર્વ સંપત્તિ તમારા શત્રુઓને આપી દઈશ.

4મે તમને માલિકી માટે વારસો આપ્યો હતો તે તમે ગુમાવી દેશો. દેશમાં તમારા દુશ્મનોના ગુલામો તરીકે, જેના વિષે તમે કશું જાણતા નથી એ દેશમાં હું તમને મોકલી આપીશ. તમે મારા ક્રોધના અગ્નિ ને સળગાવ્યો છે અને તે સદાકાળ સળગતો રહેશે."

## લોકોમાં શ્રદ્ધા અને દેવમાં શ્રદ્ધા

5આ યહોવાના વચન છે, "એને શાપિત જાણો જે મારાથી વિમુખ થઈને માણસ ઉપર વિશ્વાસ રાખે છે, જે માટીના માનવીને પોતાનો આધાર માને છે!

6તે રાનમાંની સૂકી ઝાડીના જેવો છે. જે ઉજ્જડ મરું
ભૂમિમાં જ્યાં કોઈ વસી શકે એવી ખારી જમીનમાં ઊભો છે
અને તે જોઈ નહીં શકે કે ક્યારે સારી વસ્તુઓ આવશે.

7પરંતુ જે મારા ઉપર વિશ્વાસ રાખે છે અને મને પોતાનો
આધાર માને છે તેના ઉપર મારા આશીર્વાદ વરસશે.

8તે ઝરણાની ધારે રોપેલા ઝાડ જેવો છે, જેના મૂળિયા
પાણી તરફ ફેલાયેલાં છે; તાપ પડે તોય એને કશું ડરવા જેવું
નથી; એનાં પાંદડા લીલાછમ રહે છે. દુષ્કાળના વર્ષમાં
એને કશી ચિંતા નથી, એ ફળ આપતું જ રહે છે.

9માણસના મન જેવું કઈ કપટી નથી; એ એવું તો કુટિલ
છે કે તેને સાચે જ કોઈ જાણી શકતું નથી.

10માત્ર યહોવા તે જાણે છે, યહોવા સર્વ હૃદયોની તપાસ
કરે છે. અને તેના અભ્યંતરની પરિક્ષા કરે છે. જેથી પ્રત્યેકના
આચરણ પ્રમાણે એટલે તેણે કેવું જીવન વીતાવ્યું છે તેના
આધારે તેને તે યોગ્ય બદલો આપે છે.

11અન્યાયને માર્ગે ધન એકઠું કરનાર માણસ તો કોયલ
જેણે પોતે જન્મ આપ્યો નથી તેવા ઈંડાને સેવી રહી છે તેના
જેવો છે. અડધી ઉંમર થતાં એ ધન એને છોડી જશે; આખરે
તે મૂરખ ઠરશે."

12પરંતુ આપણું મંદિર, આપણો આશ્રય તો અનાદિકાળથી
ઉચ્ચસ્થાને મૂકેલું મહિમાવંત સિંહાસન છે.

13ઓ યહોવા, તું ઈસ્રાએલની આશા છે, જેઓ તારો ત્યાગ
કરશે તે બધા ફજેત થશે, ધૂળમાં લખેલા નામની જેમ તે
ભૂંસાઈ જશે, કારણકે તેમણે તમારો, જીવનના પાણીના
ઝરાનો ત્યાગ કર્યો છે.

## યર્મિયાની ત્રીજી ફરિયાદ

14ઓ યહોવા, તમે જો મને સાજો કરો તો હું સાચે જ
સાજો થઈ જઈશ. મને ઉગારો અને મારું ખરેખરું તારણ કરો
કારણ કે તમેજ એ છો જેની હું સ્તુતિ કરું છું.

15લોકો મારી મશ્કરી કરીને મને પૂછયા કરે છે,
"યહોવાના ધમકીના વચનો ક્યાં ગયા? જોઈએ તો ખરા
કેવાં સાચાં પડે છે!"

16યહોવા, મેં તમને એમનું ભૂંડું કરવાં આગ્રહ કર્યો નથી,
મેં આ આફતની આંધીનો દિવસ માગ્યો નથી, એ તમે જાણો
છો; મારે મોઢેથી શું નીકળ્યું હતું એની તને ખબર છે.

17મને ભયભીત ન કરશો. તમે તો સંકટ સમયના મારા
આશ્રય છે.

18મારા જુલમગારો ઉપર તમે મૂંઝવણો તથા મુશ્કેલીઓ
લાવો, પરંતુ મને શાંતિ આપો, હા, તેઓ ઉપર તમે બમણો
વિનાશ લાવો.

## સાબ્બાથ દિવસને પવિત્ર ગણવો

19યહોવાએ મને આ પ્રમાણે કહ્યું, "જા, જે દરવાજે
થઈને યહૂદિયાના રાજાઓ આવજા કરે છે તે 'જનતાના
દરવાજા' આગળ અને યરૂશાલેમના બધા દરવાજા
આગળ ઊભો રહે.

20"અને કહે: 'આ દરવાજામાંથી પસાર થનાર ઓ
યહૂદિયાના રાજાઓ, યહૂદિયાના બધા લોકો અને
યરૂશાલેમના વાસીઓ! તમે યહોવાની વાણી સાંભળો. 21આ
યહોવાના હુકમો છે: ધ્યાન રાખજો કે વિશ્રામવારને દિવસે
કોઈ બોજો ઉપાડશો નહીં કે યરૂશાલેમના દરવાજામાં થઈને
અંદર લાવશો નહીં. 22વિશ્રામવારના દિવસે ઘરમાંથી બોજો
ઉપાડી બહાર જશો નહિં અને કોઈ કામ કરશો નહિં!, તમારા
પિતૃઓને મેં આજ્ઞા આપી હતી તેમ વિશ્રામવારના દિવસને
પવિત્ર માનો. 23તમારા પૂર્વજોએ મારા હુકમોં માન્યાં નહીં,
તેઓએ તે ધ્યાન પર પણ લીધાં નહીં, અને હઠે ચડીને ન
તો સાંભળ્યું કે ન તો શિખામણ લીધી.'" 24યહોવા કહે છે,
"'હવે જો તમે મને આધીન થશો અને વિશ્રામવારને દિવસે
કોઈ કામ નહિં કરો તેને અલગ કરાયેલો–વિશિષ્ટ અને પવિત્ર
દિવસ માની તેની પવિત્રતા જાળવો.

25"'ત્યારે રાજાઓ જે દાઉદના સિંહાસન પર બેઠા છે
તેઓ આ શહેરના દરવાજામાંથી, રથો અને ઘોડાઓ પર
સવાર લશ્કરના સરદારો સાથે, અને યહૂદિયાના લોકો અને
યરૂશાલેમના વતનીઓ સાથે આવજા કરશે અને આ નગર
યરૂશાલેમ સદાકાળ હર્યુંભર્યુ વસેલું રહેશે. 26યહૂદિયાના
નગરોમાંથી, યરૂશાલેમની આસપાસના ગામોમાંથી,
બિન્યામીનના, નીચાણના તેમજ પહાડી પ્રદેશમાંથી અને
દક્ષિણમાંથી લોકો આહુતિ, બલિઓ, નૈવેદ્ય અને ધૂપ તથા
પૂજાપો લઈને મંદિરે આવશે.

27"'પરંતુ જો તમે મારું સાંભળશો નહીં અને વિશ્રામવાર
દિવસને પવિત્ર માનવાની ના પાડશો, તથા અન્ય દિવસોની
જેમ વિશ્રામવારને દિવસે પણ તમે યરૂશાલેમના
દરવાજાઓમાંથી વેપારની ચીજ–વસ્તુઓ લાવશો, તો હું
આ દરવાજાઓને આગ ચાંપીશ. તે અગ્નિ રાજમહેલ સુધી
ફેલાશે અને તેનો સંપૂર્ણ નાશ થશે અને અગ્નિની ભભૂકતી
જવાળાઓને કોઈ ઓલવી શકશે નહીં.'"

## કુંભાર અને માટી

18 યહોવાનું જે વચન યર્મિયાની પાસે આવ્યું તે એ
છે કે, 2"તું એકદમ કુંભારને ઘેર જા અને ત્યાં હું
તને મારે જે કહેવાનું છે તે કહીશ."

3પછી હું કુંભારને ઘેર ગયો. અને જોયું તો તે ચાક પર
કામ કરતો હતો. 4પરંતુ તે જે વાસણ ઘડતો હતો તે તેની
ઈચ્છા મુજબ તૈયાર થયું નહીં, તેથી તેણે તેને તોડીને ફરીથી
માટીનો પિંડ બનાવ્યો અને બીજીવાર વાસણ બનાવવાની
શરૂઆત કરી.

5પછી યહોવાની વાણી મને સંભળાઈ: 6"ઓ ઈસ્રાએલ,
આ કુંભારે જેમ માટીના પિંડનું જે કર્યું તેવું શું હું તમારી
સાથે ન કરી શકું? જેમ માટીનો પિંડ કુંભારના હાથમાં છે
તેમ તમે મારા હાથમાં છો. 7કોઈવાર હું કોઈ પ્રજાને કે
રાજયને ઉખેડી નાખવાની તોડી પાડવાની કે ખેદાનમેદાન
કરી નાખવાની ધમકી આપું, 8અને તે પ્રજા જો દુષ્ટ માર્ગેથી
પાછી વળે તો તેના ઉપર આફત ઉતારવાનો મેં કરેલો વિચાર

માંડી વાળું; 9અથવા કોઈવાર હું કોઈ પ્રજાને કે રાજ્યને મજબૂત અને સ્થિર કરવાનું વિચારું. 10પણ પછી તે પ્રજા પોતાના વિચારો બદલી નાખે અને દુષ્ટતા તરફ ફરે તથા મને આધીન થવાની ના કહે તો હું પણ મારા વિચારો ફેરવીશ અને મેં કહ્યું હતું તે પ્રમાણે હું તેઓને આશીર્વાદ આપીશ નહીં.

11"હવે જા અને યહૂદિયાના લોકોને અને યરૂશાલેમના વતનીઓને કહે કે, 'આ યહોવાના વચન છે: સાંભળો, હું તમારે માટે આફતની તૈયારી કરી રહ્યો છું. હું તમારી વિરૂદ્ધ યોજના ઘડી રહ્યો છું. માટે હવે તમારામાંનો એકેએક માણસ દુષ્ટ માર્ગેથી પાછો વળે, પોતાનાં આચરણ અને કર્મો સુધારે.'
12પણ તેઓ કહે છે કે, 'તારો સમય વેડફીશ નહીં. યહોવા કહે છે તે પ્રમાણે આચરણ કરવાનો અમારો કોઈ જ વિચાર નથી. અમે અમારી ઈચ્છા પ્રમાણે જ સર્વ પ્રકારના બંધનોથી મુક્ત અને સંપૂર્ણ હઠીલાઈથી તથા દુષ્ટતામાં જીવવાનું ચાલુ રાખીશું!'"

13તેથી યહોવા કહે છે, "બધી પ્રજાઓમાં જઈને પૂછો, 'કોઈએ કદી આવું સાંભળ્યું છે?' મારી પ્રજા ઈસ્રાએલે ભયંકર કૃત્ય કર્યુ છે.

14લબાનોન પર્વતોની ટોચ પરનો બરફ કદી જ ઓગળી જતો નથી. હોર્મોન પર્વતના ખડકોમાંથી વહેતાં ઠંડા પાણીના ઝરાઓ કદી સુકાઈ જતા નથી.

15પણ મારા લોકો મને ભૂલી ગયા છે. તેઓ નિરર્થક તુચ્છ મૂર્તિને ધૂપ ચડાવે છે. તેઓએ તેમના પૂર્વજોના સારા માર્ગોનો ત્યાગ કર્યો છે અને પગદંડી વગરના ગંદા રસ્તાઓ પર ચાલ્યા છે.

16તેમણે પોતાના દેશના એવા ભયંકર હાલ કર્યા છે કે લોકો સદા તેનો તિરસ્કાર કરશે. જતા આવતા સૌ કોઈ એની દશા જોઈને આભા બની માથું ધુણાવશે.

17મારા લોકોને હું પૂર્વના વાયરાની જેમ દુશ્મનો આગળ વેરવિખેર કરી નાખીશ. તેમની આફત ને વખતે હું તેમના તરફ પીઠ ફેરવીશ, જોઈશ સુદ્ધાં નહીં."

## યર્મિયાની ચોથી ફરિયાદ

18પછી લોકોએ કહ્યું, "આવો આપણે યર્મિયાને દૂર કરીએ, આપણી પાસે આપણા પોતાના યાજકો આપણને શીખવવા માટે, શાણા પુરુષો આપણને સલાહ આપવા માટે, તથા પ્રબોધકો આપણે શું કરવું તે આપણને કહેવા માટે છે. આપણને યર્મિયાની સલાહની જરાય જરૂર નથી. આપણે તેને ચૂપ કરી દઈએ. જેથી તે આપણી વિરૂદ્ધ કાંઈપણ વધારે બોલી શકે નહીં અને આપણને ફરીથી હેરાન કરે નહીં."

19યર્મિયાએ પ્રાર્થના કરી, "ઓ યહોવા, મને ધ્યાનથી સાંભળ! મારા દુશ્મનો મારી વિરૂદ્ધ જે કહે છે તે સાંભળ!

20ભલાઈનો બદલો બૂરાઈથી આપવાનો છે? તેમ છતાં, એ લોકો મારે માટે ખાડો ખોદી રહ્યા છે. તારો રોષ તેમના ઉપરથી ઊતરે એટલા માટે તારી સમક્ષ ઊભા રહીને મેં એમની વકીલાત કરી હતી તે યાદ કર.

21તો હવે તું એમના બાળકોને દુકાળને હવાલે કર. તેમને તલવારની ધારે મરવા દે. તેમની સ્ત્રીઓને પુત્રવિહોણી અને પતિવિહોણી થવા દે. પુરુષોને રોગથી અને જવાનો લડાઈમાં તલવારથી માર્યા જાય.

22અચાનક લશ્કરી ટૂકડીઓ તેઓ ઉપર આવી ચઢે અને તેઓનાં ઘરોમાંથી ચીસો સાંભળશે, જ્યારે તું તારું લશ્કર લઈને તેમની પર ચઢી આવે, કારણકે મને ખાડામાં પાડી નાખવા માટે તેઓએ ખાડો ખોધ્યો છે. અને મારા રસ્તામાં તેઓએ છૂપાં છટકાં ગોઠવી રાખ્યા છે.

23પણ, ઓ યહોવા, એમના મારો જીવ લેવા માટેનાં તમામ ખૂની કાવત્રાઓ તમે જાણો છો. તમે તેઓને માફ કરશો નહીં, એમનાં પાપકર્મો ભૂલશો નહિં, તેઓ તમારી સમક્ષ ઠોકર ખાઈને પછડાઈ પડો. તમારો રોષ ભભૂકી ઊઠ્યો હોય ત્યારે જ એમને સજા કરજો."

## તૂટેલ બરણી

19 ત્યારબાદ યહોવાએ યર્મિયાને કહ્યું, "જા, અને
એક માટીની બરણી ખરીદી લાવ, ત્યાર પછી
લોકોના કેટલાક આગેવાનોને અને કેટલાક યાજકોને તારી
સાથે લઈ લે. 2નગરનાં પૂર્વ દરવાજાએથી તેઓને બેન-
હિન્નોમની ખીણમાં લઈ જા, અને હું તને જે વચનો આપું
તે તું ત્યાં તેઓને કહી સંભળાવ. 3તું એમ કહેજે, 'સાંભળો,
ઓ યહૂદિયાના રાજાઓ અને યરૂશાલેમના વતનીઓ!
ઈસ્રએલના દેવ સર્વસમર્થ યહોવાના આ વચનો છે; હું આ
જગ્યા ઉપર એવી વિપત્તિ ઉતારનાર છું કે જે કોઈ સાંભળશે
તેનાં કાનમાં ગુંજ્યા કરશે. 4કારણકે ઈસ્રાએલે મારો ત્યાગ
કર્યો છે અને તેમણે વિદેશી દેવોને દહનાર્પણો ધરાવીને આ
સ્થાનને ભ્રષ્ટ કર્યુ છે. એ વિદેશી દેવો જેના વિષે તેમણે
તેમના પૂર્વજોએ તથા યહૂદિયાના રાજાએ પણ ક્યારેય
સાંભળ્યું નથી. તેમણે આ સ્થાનને નિર્દોષોના લોહીથી ભરી
દીધું છે. 5તેમણે બઆલદેવને માટે યજ્ઞવેદીઓ ઊભી કરી
છે. જ્યાં તેઓ પોતાનાં બાળકોની આહુતિ આપે છે. મેં કદી
એવી આજ્ઞા કરી જ નથી. એવો કોઈ વિચાર પણ મારા
મનમાં કદી આવ્યો જ નથી!'"

6યહોવા કહે છે, "'એવો દિવસ આવશે જ્યારે આ ખીણ
'તોફેથ' અથવા 'બેન-હિન્નોમ' થી ઓળખાશે નહીં પરંતુ
તેઓ તેને કતલની ખીણ કહેશે 7આ જગ્યાએ હું યહૂદિયા
અને યરૂશાલેમના લોકોની બધી યોજનાઓના માટીની
બરણીની જેમ ભૂક્કેભૂક્કા ઉડાવી દઈશ! હું તેમનો
તેમના દુશ્મનોને હાથે તલવારથી નાશ કરાવીશ, તેમના
મૃતદેહ હું પંખીઓને અને જંગલી પશુઓને ખાવા સોંપી
દઈશ. 8હું યરૂશાલેમને સંપૂર્ણ તારાજ કરી નાખીશ. ત્યાંથી
પસાર થનાર દરેક જોશે કે મેં તેને કેટલું ભારે નુકશાન
પહોંચાડ્યું છે! અને તે આ જોઈને આશ્ચર્ય પામશે, કે મે
તેનો કેવો નાશ કર્યો. 9તેઓના શત્રુઓ જેઓ તેઓનો જીવ
શોધે છે, તેઓ ઘેરો ઘાલીને તે બધાને સંકડામણમાં લાવશે,
તે વખતે તેઓ પોતાના પુત્રોનું તથા પોતાની પુત્રીઓનું

માંસ ખાય એવું હું કરીશ. તેઓ બધા એકબીજાનું માંસ
ખાશે.'
10"અને હવે, યર્મિયા, તારી સાથે લાવેલી બરણીને તું આ
માણસોના દેખતા તોડી નાખ. 11તેઓને કહે, 'યહોવા
સર્વસમર્થ તરફથી તમને આ સંદેશો છે; તેવીજ રીતે હું
યરૂશાલેમ શહેરને તોડી નાખીશ જેમ કુંભાર એક વાસણને
તોડી નાખે છે જેથી તેનું સમારકામ ક્યારેય ન થાય. તોફેથમાં
ઘણા બધા લોકોને દફનાવવામાં આવશે કારણ કે તેઓને
દફનાવવા માટે બીજી કોઈ જગ્યા નથી. 12આ ખીણમાં જેવું
હશે તેવું જ યરૂશાલેમમાં પણ હશે, કારણકે હું યરૂશાલેમને
પણ મૃતદેહોથી ભરી દઈશ.' 13'યરૂશાલેમનાં મકાનો,
યહૂદિયાના રાજાઓનાં મકાનો અને જે જે ઘરનાં છાપરાં
ઉપર લોકોએ આકાશનાં નક્ષત્રોને બલિદાન ચડાવ્યાં છે
અને બીજા, દેવોને પેયબલિ આપ્યા છે તે બધા મકાનો
'તોફેથ' જેવાં ભ્રષ્ટ બની જશે.'"
14યહોવાએ દૈવી વાણી ભાખવા યર્મિયાને તોફેથ મોકલ્યો
હતો, ત્યાંથી પાછા ફર્યા બાદ તે યહોવાના મંદિરના ચોકમાં
ઊભો રહ્યો અને બધા લોકોને ઉદ્દેશીને બોલ્યો,
15"ઈસ્રાએલનો દેવ સર્વસમર્થ યહોવા કહે છે; 'મેં વચન
આપ્યું છે તે મુજબ આ નગર તેમજ તેની આસપાસના
નગરો ઉપર સર્વ વિપત્તિઓ હું લાવીશ, કારણકે તમે લોકો
હઠીલા છો અને મારું કહ્યું માનતા નથી.'"

### યર્મિયા અને પાશહૂર

20 ઈમ્મેરનો પુત્ર યાજક પાશહૂર યહોવાના મંદિરના
રક્ષકોનો ઉપરી હતો. તેણે યર્મિયાને આવી
ભવિષ્યવાણી ભાખતો સાંભળ્યો, 2તેથી તેણે યર્મિયાની
ધરપકડ કરી અને તેને કોરડાથી ફટકાર્યો પછી તેણે તેને
મંદિરના બિન્યામીન દરવાજા આગળ સાંકળોથી બાધ્યો.
3બીજા દિવસે સવારે પાશહૂરે યર્મિયાને હેડમાંથી છૂટો કર્યો
ત્યારે યર્મિયાએ તેને કહ્યું, "યહોવા તને પાશહૂર નહીં કહે,
સર્વત્ર ત્રાસ કહેશે. 4કારણકે યહોવા તારા ઉપર તથા તારા
સર્વ મિત્રો ઉપર ભય મોકલશે અને તેઓના શત્રુઓની
તલવારોથી તેઓને તું મૃત્યુ પામતાં જોશે. આખો યહૂદિયા
હું બાબિલના રાજાને સોંપી દઈશ. તે તેમને કેદ કરીને બાબિલ
લઈ જશે અને ત્યાં તલવારથી મારી નાખશે. 5આ શહેરની
સર્વ સંપત્તિ, એના બધા ભંડારો અને કિમતી વસ્તુઓ,
યહૂદિયાના રાજાનો બધો ખજાનો હું તેમના શત્રુઓને સોંપી
દઈશ, શત્રુઓ લૂંટમાર કરીને એનો કબજો લેશે અને બાબિલ
લઈ જવામાં આવશે. 6તું, પાશહૂર, અને તારું કુટુંબ કેદ
પકડાશો, તમને બાબિલ લઈ જવામાં આવશે, અને ત્યાં
તમારું મોત થશે અને ત્યાં તમે દટાશો. તું અને તારા બધા
મિત્રો, જેમને તેં ખોટી ભવિષ્યવાણી સંભળાવેલી છે.'"

### યર્મિયાની પાંચમી ફરિયાદ

7પછી મેં કહ્યું, "ઓ યહોવા, તમે મને યુક્તિપૂર્વક છેતર્યો
છે. તમારા સંદેશાઓ આપવા માટે તમે મને દબાણ કર્યું.
કારણકે મારા કરતાં તમે અતિ બળવાન છો. પરંતુ હવે હું
બધા દિવસો હાંસીપાત્ર થયો છું અને સર્વ લોકો મારી મશ્કરી
કરે છે.
8જ્યારે જ્યારે હું બોલું છું ત્યારે ત્યારે ઘાટાં પાડીને એક જ
વાત કહેવાની છે, 'હિંસા અને વિનાશ!' ઓ યહોવા, તારી
વાણી સંભળાવવાને કારણે આખો દિવસ મારે હાંસી અને
નામોશી સહન કરવી પડે છે."
9હું જો એમ કહું કે, "હવે હું યહોવાને સંભારીશ નહીં,
એને નામે બોલું જ નહીં." તો તારી એ વાણી મારા અંગે
અંગમાં ભંડારાયેલી આગની જેમ મારા અંતરમાં ભડભડી
ઊઠે છે; અને હું તેને કાબૂમાં રાખવા મથું છું, પણ નથી
રાખી શકતો.
10ચારે બાજુથી હું તેઓની ધમકીઓ ઉચ્ચારાતી સાંભળું
છું અને મને ડર લાગે છે, તેઓ કહે છે, "આપણે ફરિયાદ
કરીશું. જેઓ મારા મિત્રો હતા તેઓ સાવધાનીથી મને નિહાળે
છે કે ક્યારે ભયંકર ભૂલ કરી બેસું. તે પોતે જ ફસાઈ જશે
અને ત્યારે આપણે તેના ઉપર આપણું વેર વાળીશું. તેઓ આ
પ્રમાણે કહે છે."
11પરંતુ મહાન યોદ્ધાની જેમ યહોવા મારી પડખે ઊભા
છે. તે પરાક્રમી તથા ભયાવહ છે. મારા જુલમગારો ખત્તા
ખાશે, તેઓ નહીં ફાવે, તેઓ નિષ્ફળ જતાં ભારે ફજેત થશે;
તેઓ બધી રીતે અપમાનિત થશે અને સદાને માટે તેઓ
ઉપર કલંક લાગશે.
12ઓ સર્વસમર્થ યહોવા, તમે સતનું પારખું કરો છો,
મારા મનનો અને હૃદયનો તાગ લો છો; અને હું ઈચ્છું છું કે
હું તમને એમના પર બદલો વાળતા જોવા પામું, કારણકે મેં
મારો દાવો ફક્ત તમને સોંપ્યો છે.
13યહોવાના ગીત ગાઓ, એમનાં ગુણગાન કરો. કારણ,
તેણે દુષ્ટોના હાથમાંથી દીનદલિતનું જીવન ઉગારી લીધુ છે.

### યર્મિયાની છઠ્ઠી ફરિયાદ

14તેમ છતાં મારા જન્મનો દિવસ શાપિત થાઓ!
15તને પુત્ર થયો છે એવી વધામણી મારા પિતાને આપનાર
માણસ શાપિત થાઓ.
16તે માણસના હાલ એ પુરાતન નગરોના જેવા થાવ.
જેનો યહોવાએ દયા રાખ્યા વગર નાશ કર્યો છે ભલે તેને
આખો દિવસ રણનાદ સંભળાય સવારમાં આર્તનાદ અને
બપોરે યુદ્ધનાદ સંભળાય,
17કારણકે, તેણે મને ગર્ભમાં જ પૂરો ન કરી નાખ્યો તો
મારી માતા જ મારી કબર બની હોત, તેનું ઉદર સદા માટે
મોટું રહ્યું હોત.
18હું કષ્ટો અને દુ:ખ સહન કરવા માટે, શરમાળ જીવન
જીવવા માટે શું કામ ગર્ભમાંથી બહાર આવ્યો?

### યરૂશાલેમની હારની ભવિષ્યવાણી

21 પછી જ્યારે સિદકિયા રાજાએ માલ્કિયાના પુત્ર
પાશહૂરને તથા માઅસેયા યાજકના પુત્ર સફાન્યાને

યર્મિયાની પાસે મોકલીને કહેવડાવ્યું કે, 2"બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર અમારી સામે યુદ્ધે ચઢ્યો છે માટે તમે અમારા તરફથી યહોવાને અરજ કરો, કદાચ તે અમારે ખાતર કોઈ ચમત્કાર કરે, જેથી નબૂખાદનેસ્સારને પાછા જવું પડે."

3ત્યારે યર્મિયાને યહોવાની વાણી સંભળાઈ, અને તેમણે તે લોકોને કહ્યું, "સિદકિયાને જઈને કહેજો કે, 4ઈસ્રાએલનો દેવ યહોવા આ પ્રમાણે કહે છે; 'કોટની બહાર ઘેરો ઘાલીને પડેલા બાબિલના રાજા અને તેની સેના સામે તમારા જે યોદ્ધાઓ લડી રહ્યા છે તેમણે પાછા હઠી શહેરની મધ્યમાં આવવું પડશે.

5"'કારણ, હું જાતે ભારે રોષ અને ક્રોધપૂર્વક પૂરા બળ અને પરાક્રમથી તમારી સામે ઝઝુમીશ. 6આ નગરમાં હું ભયંકર મરકી મોકલીશ અને માણસો તથા પશુઓ મૃત્યુ પામશે. 7અંતે હું રાજા સિદકિયાને તથા નગરમાં બચી ગયેલાઓને બાબિલના રાજા નબૂખાદનેસ્સારના હાથમાં સોંપી દઈશ. અને તે તેમની કત્લેઆમ ચલાવશે અને તેમના ઉપર જરાપણ દયા કે કરુંણા દર્શાવશે નહીં.'

8"તે તારે કહેવું પડશે તેવું યહોવા કહે છે: 'હું તમને જીવનના માર્ગ અને મૃત્યુના માર્ગ વચ્ચે પસંદગી કરવાની તક આપું છું. 9જે કોઈ આ શહેરમાં રહેશે તે યુદ્ધથી, દુકાળથી કે રોગથી મૃત્યુ પામશે, પણ જે કોઈ તમને ઘેરો ઘાલીને પડેલી બાબિલની સેનાને શરણે જશે તે બચવા પામશે કઈં નહીં તો યે તે જીવતો તો રહેશે જ. 10કારણકે આ નગરનું ભલું નહીં પણ વિનાશ કરવાનો મેં નિરધાર કર્યો છે, તેને બાબિલના રાજાના હાથમાં સોપી દેવામાં આવશે અને બાળીને રાખ કરી દેવામાં આવશે." આ યહોવાના વચન છે.

11"યહૂદિયાના રાજા દાઉદના વંશજને યહોવા કહે છે: ધ્યાનથી સાંભળ! 12ઓ દાઉદના ઘર, હંમેશા ન્યાય કરો, જે માણસ જુલ્મીઓના હાથે લૂંટાઈ ગયો છે તેને તેના હાથમાંથી છોડાવ, નહીં તો તારાં દુષ્ટકૃત્યોને કારણે મારો રોષ ભભૂકી ઊઠશે અને મારો ગુસ્સો જે અગ્નિ જેવો છે તે ઓલવ્યા વગર ભડભડયા કરશે.

13અરે, ઓ યરૂશાલેમ હું તારી વિરૂદ્ધ થઈ ગયો છું. ખીણ ઉપર ઝઝૂમતા ખડકની ધારે બેઠેલું તું એમ કહે છે કે, "કોણ મારા ઉપર હુમલો કરી શકે એમ છે, 'કોણ મારા ગઢમાં પ્રવેશી શકે એમ છે'" આ યહોવાના વચન છે.

14પરંતુ તારા પાપી કૃત્યોની ઘટતી સજા હું તને કરીશ. એમ યહોવા કહે છે: 'હું જંગલમાં અગ્નિ સળગાવીશ અને તે પોતાના માર્ગમાં આવનાર સર્વને મહેલ સહિત બાળીને ભસ્મિભૂત કરી નાખશે.'"

## દેવનું દુષ્ટ રાજાઓ વિષે ન્યાયાસન

22 પછી યહોવાએ મને યહૂદિયાના રાજાના મહેલમાં જઈને આ પ્રમાણે સીધી વાત કરવા કહ્યું:

2"'દાઉદના રાજ્યાસન પર બેઠેલા ઓ યહૂદિયાના રાજા, તું અને તારા અમલદારો તથા યરૂશાલેમના બધાં વતનીઓ હું જે કહું છું તે ધ્યાનથી સાંભળો. 3હું, યહોવા આ પ્રમાણે તમને કહું છું; ન્યાયથી અને સદાચારથી વર્તો, જે વ્યક્તિ તેના જુલ્મીના હાથે લૂંટાઈ ગઈ છે તેને બચાવો; પરદેશીઓ, અનાથો અને વિધવાઓ પ્રત્યે હિંસા આચરો નહીં આ સ્થાને નિર્દોષનું લોહી રેડશો નહીં. 4જે હું તને કહું છું જો તું સાચે જ કરે તો, હું ખાતરી કરીશ કે તે રાજાઓ જે દાઉદના રાજ્યાસન પર બેસે છે. તેઓ આ દ્વાર તરફથી જશે. તેઓ રથો ઉપર અને ઘોડા ઊપર સવારી કરશે અને તેઓના ચાકરો અને તેઓના લોકો પણ. 5પણ જો તમે મારી ચેતવણી તરફ ધ્યાન નહીં આપો ને મારું કહ્યું નહી કરો તો હું મારા પોતાના સમ ખાઈને કહું છું કે આ મહેલ ખંડેર બની જશે. આ હું યહોવા બોલું છું.'"

6યહૂદિયાના રાજમહેલ વિષે યહોવાએ કહ્યું છે કે,

"તું મારે મન ગિલયાદ જેવો, લબાનોન પર્વતના શિખર જેવો છે. તેમ છતાં હું સમ ખાઉ છું તને વેરાન અને વસ્તીહીન સ્થળ જેવું બનાવી દઈશ.

7હું તારો વિનાશ કરવા માટે માણસો નક્કી કરીશ. તેઓ દરેક જણ હાથમાં કુહાડો લઈને તારા ગંધતરૂના સુંદરમાં સુંદર સ્તંભોને કાપી નાખશે અને અગ્નિમાં હોમી દેશે.

8"તારાજ થયેલા આ નગરની પાસેથી પસાર થતાં ઘણી પ્રજાઓના લોકો એકબીજાને કહેશે, 'યહોવાએ શા માટે આ નગરનાં આવા હાલ કર્યા? શા માટે તેમણે આવા મહાન નગરનો વિનાશ કર્યો?' 9ત્યારે પ્રત્યુત્તર મળશે, 'કારણકે એ લોકોએ પોતાના દેવ યહોવા સાથેના કરારને ફગાવી દઈ બીજા દેવોની પૂજા કરી.'"

## રાજા યહોઆહાઝ વિરૂદ્ધ ન્યાય

10યહૂદિયાના લોકો, જે મૃત્યુ પામ્યા છે તેને માટે ચિંતા કરશો નહીં, તેમ તેનો શોક પણ ન કરશો; પણ જે ચાલ્યો ગયો છે તેને માટે હૈયાફાટ રૂદન કરજો, કારણ તે કદી પાછો આવવાનો નથી. તે કદી ફરી જન્મભૂમિના દર્શન કરવાનો નથી.

11તેના પિતા યોશિયા રાજાની જગ્યાએ ગાદીએ આવનાર શાલ્લૂમને બંદીવાસમાં લઈ જવામાં આવ્યો છે. તેના વિષે યહોવા કહે છે: 12"તેને જ્યાં કેદ પકડીને લઈ જવામાં આવ્યો છે તે દેશમાં જ તે મૃત્યુ પામશે અને આ ભૂમિને કદી જોવા પામશે નહીં."

## રાજા યહોયાકીમ વિરૂદ્ધ ન્યાય

13યહોયાકીમ રાજા તારી પર શરમ છે કારણ કે તે પ્રમાણિકતાથી અને અન્યાયથી લોકો પર દબાણ મુક્યું છે, કે તારી માટે તેઓ સખત કામ કરે અને જેની ઉપરની તરફ ઓરડા હોય તેવો મહેલ બનાવે. તેં જ તારા સાથી માણસોને તેમને તેમનો પગાર આપ્યા વગર કામ કરવા માટે દબાણ કર્યુ હતું.

14તે કહે છે, "હું મારા માટે જેમાં વિશાળ ઉપરી ઓરડાઓ હોય તેવો એક ભવ્ય મહેલ બંધાવીશ પછી તેમાં બારીઓ

મૂકાવીશ સુગંધીદાર એરેજકાષ્ટથી તેને મઢાવીશ તથા
મનમોહક કિરમજી રંગથી તેને રંગાવીશ."

15પરંતુ ભવ્ય મહેલ બનાવ્યા તેથી કાંઈ મહાન રાજા
થઈ શકાતું નથી! તારા પિતા યોશિયાએ શા માટે ઘણાં વર્ષો
સુધી રાજ કર્યુ? કારણકે તે ન્યાયી હતો અને સર્વ વ્યવહારમાં
પ્રમાણિક હતો. તેથી દેવે તેને આશીર્વાદ આપ્યા હતો.

16ગરીબો તથા જરૂરતમંદોને ન્યાય તથા સહાય પૂરી
પાડવામાં તેણે કાળજી રાખી તેથી તે બધી વાતે સુખી હતો.
આમ કરવાથી માણસ દેવની નજીક રહી શકે છે. આ
યહોવાના વચન છે.

17પણ તને તો સ્વાર્થ સિવાય બીજું કશું જોવાને આંખો જ
નથી, નથી તને નિર્દોષનું લોહી રેડવા અને ઘાતકી અત્યાચારો
કરવા સિવાય બીજા કશા વિચાર આવતા. આ યહોવાના
વચન છે.

18તે માટે યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમ
વિષે યહોવા કહે છે કે, "તે મૃત્યુ પામશે ત્યારે તેનું કુટુંબ
તેને માટે શોક કરશે નહિં, તેની પ્રજા પણ તેના મૃત્યુની
નોંધ લેશે નહિં. 'મારા માલિક! મારા રાજા!' એમ કરીને કોઈ
રડશે નહીં.

19એક ગધેડાંના જેવી તેની અંતિમ યાત્રા થશે તેને ઘસડીને
યરૂશાલેમના દરવાજા બહાર નાખી આવશે."

20ઓ યરૂશાલેમની પ્રજા, લબાનોનના પહાડ પર જઈને
ચીસ પાડ! બાશાનમાં જઈને પોકાર કર! અબારીમમાંથી
ચીસ પાડ! કારણ, તારા બધા મિત્રો પાયમાલ થઈ ગયા છે.

21જ્યારે તુ સમૃદ્ધ થતો હતો ત્યારે મેં તારી સાથે વાત કરી
હતી પણ તેં કહ્યું, "હું નહીં સાંભળું તારી યુવાનીથી માંડીને
તું આ રીતે વર્તતી આવી છે, તે કદી મારું કહ્યું કર્યુ નથી.

22તારા સર્વ આગેવાનો પવન દ્વારા ઘસડાઈ જશે. તારા
સર્વ મિત્રોને ગુલામો તરીકે દેશવટે લઈ જવામાં આવશે,
આખરે તારી દુષ્ટતાને કારણે તારી બદનામી થશે ને તું શરમ
અનુભવશે.

23લબાનોના એરેજવૃક્ષો મધ્યે ભવ્ય મહેલમાં સુખચેનથી
રહેવું ઘણું સારું છે. પરંતુ પ્રસૂતાની વેદનાની જેમ તારા
ઉપર આફત આવશે ત્યારે તારી દશા, કેવી દયાજનક હશે!"

## રાજા કોન્યાહ વિરૂદ્ધ ન્યાય

24જેમ સાચે જ હું જીવું છું, એવું યહોવા કહે છે, "જો
યહૂદિયાના રાજા, યહોયાકીન, રાજા યહોયાકીમના પુત્ર, જો
તું મારા જમણા હાથ પરની વીંટી હોત, તો મેં તેને મારા
હાથમાંથી દૂર કર્યો હોત. 25તું જેનાથી ડરે છે અને જે તારો
જીવ લેવા તાકે છે તે બાબિલના રાજા નબૂખાદનેસ્સાર અને
તેના સૈન્યના હાથમાં સોંપી દઈશ. 26હું તને તથા માતાને
આ દેશમાંથી બહાર ફેંકી દઈશ. અને તમે પરદેશી ભૂમિમાં
મૃત્યુ પામશો. 27અને તમે જ્યાં પાછાં જવા માટે ઝૂરતાં
હશો તે ભૂમિમાં કદી જવા પામશો નહીં."

28મેં કહ્યું, આ માણસ કોન્યાહ, ફૂટેલા અને ફેંકી દીધેલા
ઘડા જેવો છે. તેને તથા તેનાં બાળકોને દૂરના અજાણ્યા
પ્રદેશમાં ફેંકી દેવામાં આવ્યા છે. અને એક એવી ભૂમિમા
નાંખી દેવામાં આવ્યા છે જેને તેઓ જાણતા પણ નથી.

29ઓ ભૂમિ, ભૂમિ, ભૂમિ! તું યહોવાના વચન સાંભળ!

30યહોવા કહે છે: "'કે લખી નાંખ આ માણસને સંતાન
નહી થાય. જીવનમાં એ કદી સફળ નહીં થાય. એ કોઈ
વંશજ નહીં મૂકી જાય જે દાઉદના રાજ્યાસન ઉપર બેસે
અથવા ફરીથી યહૂદીઓ ઉપર રાજ કરે."'

## જૂઠા પ્રબોધકો વિરૂદ્ધ ચેતવણી યહોવાની વાણીનો ભાર

23 "ઈસ્રાએલના દેવ યહોવા તેમની પ્રજાના રખેવાળો
વિષે આ પ્રમાણે કહે છે, "જે ઘેટાંપાળકો મારા
બીડના ઘેટાંનો નાશ કરે છે, તથા તેઓને વિખેરી નાખે છે.
તેઓને હાય હાય!" આ યહોવાના વચન છે.

2તેની પ્રજાનું ધ્યાન રાખવાની જેમની ફરજ હતી તે
ઘેટાપાલકો માટે યહોવા આમ કહે છે, એ તમે છો જેણે મારા
ટોળાને વિખેરીને ભગાડી મૂક્યાં છે તમે ક્યારેય તેમની ઉપર
ધ્યાન નથી આપ્યું હવે હું તમે કરેલા દુષ્કૃત્યો માટે તમને
સજા કરીશ એવું યહોવા કહે છે. 3"પરંતુ મારા લોકોમાંના
બચેલાઓને હું જાતે જે દેશોમાં મેં તેમને હાંકી કાઢયા છે
ત્યાંથી પાછા એકત્ર કરીને, તેમની માતૃભૂમિમાં પાછા
લાવીશ. ત્યાં તેઓનો વંશવેલો ફૂલશે-ફાલશે અને વૃદ્ધિ
પામશે. 4હું એવા આગેવાનોની નિમણૂંક કરીશ જેઓ તેમની
સંભાળ રાખે. એટલે પછી તેમને બીવાનું કે ડરવાનું રહેશે
નહીં. તેમની સતત ગણતરી કરવામાં આવશે જેથી કોઈ
ભૂલું પણ નહિં પડે." આ યહોવાના વચન છે.

## પ્રમાણિક "અંકુર"

5યહોવા કહે છે, "એવો સમય આવી રહ્યો છે જ્યારે હું
દાઉદના સાચા વંશજને રાજા તરીકે પસંદ કરીશ. જે
ડહાપણપૂર્વક રાજ્ય શાસન કરશે અને દેશમાં ન્યાય અને
નીતિમત્તાની આણ વર્તાવશે.

6તેની કારકિર્દી દરમ્યાન યહૂદિયાનો અને ઈસ્રાએલનો
ઉદ્ધાર થશે અને તેઓ સુરક્ષિત રહેશે લોકો તેમને યહોવા
અમારૂં ન્યાયીપણું છે. એ નામે બોલાવશે."

7યહોવા કહે છે, "હવે એવો સમય આવશે, જ્યારે લોકો
સમ ખાતી વખતે એમ નહીં કહે કે, 'હું ઈસ્રાએલીઓને
મિસરમાંથી બહાર લાવનાર યહોવાના નામે સોગંદ લઉં
છું!' 8પણ એમ કહેશે કે , 'ઈસ્રાએલના વંશજોને ઉત્તરના
પ્રદેશમાંથી અને પોતે તેમને જ્યાં હાંકી કાઢયા હતા તે બધા
દેશોમાંથી ફરી પાછા લાવનાર યહોવાના સમ!' તેઓ તેમની
પોતાની ભૂમિમાં વસશે."

## જૂઠા પ્રબોધકો વિરૂદ્ધ ન્યાય

9અતિ કપટી જૂઠા પ્રબોધકોથી મારું હદય વ્યથિત થયું
છે. હું ભયથી જાગી જાઉં છું અને દ્રાક્ષારસ પીધેલાં માણસની
જેમ લથડીયાં ખાઉં છું, કારણકે તેઓ માટે ભયંકર શિક્ષા

રાહ જુએ છે, અને તેઓની વિરૂદ્ધ યહોવાએ ન્યાયાસનનાં
પવિત્ર વચનો ઉચ્ચાર્યા છે.
10કારણ કે દેશ વ્યભિચારીઓથી ભરાઈ ગયો છે; આ
શાપને કારણે દેશ ઘેરી વ્યથામાં છે અને દુકાળ પડ્યો છે.
લોકો ખોટા માર્ગે છે અને તેઓ પોતાની સત્તાનો યોગ્ય
ઉપયોગ કરતા નથી.
11યહોવા કહે છે, "પ્રબોધકો અને યાજકો બંને ભ્રષ્ટ થઈ
ગયા છે. મેં તેમને મારા મંદિરમાં પણ દુષ્ટતા આચરતા જોયા
છે. 12તેને લીધે તેઓના રસ્તાઓ અંધકારમય તથા લપસણા
થઈ ગયા છે. અંધકારમય જોખમી માર્ગ પર તેઓનો પીછો
પકડવામાં આવશે અને તેઓ પછડાશે. કારણકે હું તેમના
ઉપર વિપત્તિ લાવવાનો છું. જ્યારે તેઓનો સમય આવશે
ત્યારે તેઓને તેમનાં સર્વ પાપોની સજા કરવામાં આવશે.
13"મેં સમરૂનના પ્રબોધકોમાં ઘૃણાજનક વસ્તુઓ જોઈ
છે; તેઓએ બઆલ દેવને નામે પ્રબોધ કર્યો છે અને
ઈસ્રાએલીઓને ખોટે માર્ગે દોર્યા છે.
14પરંતુ યરૂશાલેમના પ્રબોધકોમાં તો મેં આનાથી પણ
ભયંકર કૃત્યો જોયાં છે; તેઓ વ્યભિચાર કરે છે, અને અન્યોને
છેતરે છે, દુષ્ટ માણસોને સાથસહકાર આપે છે જેથી
દુષ્ટતામાંથી કોઈ પાછું વળતું નથી; મારે મન તેઓ બધા
સદોમ અને ગમોરાના લોકો જેવા છે, જેઓ સંપૂર્ણ રીતે
ભ્રષ્ટ થઈ ગયા છે."
15તેથી સર્વસમર્થ યહોવા કહે છે, "હું તેઓને કડવી વેલ
ખવડાવીશ અને ઝેર પાઈશ કારણકે તેઓને લીધે આ દેશ
દુષ્ટતાથી ભરાઈ ગયો છે."
16સર્વસમર્થ યહોવા કહે છે, "મારા લોકોને મારી આ
ચેતવણી છે. જ્યારે આ જૂઠા પ્રબોધકો તમને પ્રબોધ કરે છે
અને તમને જૂઠી આશાઓ આપે ત્યારે તમે સાંભળશો નહીં.
તેઓ ધડમથા વગરની વાતો કરે છે, તેઓ મારાં મુખનાં
વચનો નથી કહેતાં.
17જેઓ મારી વાણીનો તિરસ્કાર કરે છે તેમને કહેવાય છે
કે, "તમારી સાથે બધું સારું થશે, જેઓ પોતાની ઈચ્છા
મુજબ વર્તે છે તેમને કહે છે કોઈપણ આફતથી તમારે
ગભરાવાની જરૂર નથી,
18હા, જ્યાં યહોવાએ પોતાનો સંદેશો જાહેર કર્યો હતો
ત્યાં આ બધા પ્રબોધકોમાંથી કોણ ત્યાં ઊભું હતું અને તેને
ધ્યાનથી સાંભળ્યો હતો? કોઈપણ પ્રબોધકે ધ્યાનથી
સાંભળવાની કાળજી રાખી છે ખરી?
19આ યહોવાના ક્રોધનો વંટોળ ચડ્યો છે; એ ઘૂમરી લેતો
લેતો દુષ્ટોને માથે અફળાશે.
20તેઓની વિરુદ્ધ જે શિક્ષા યહોવાએ ઉચ્ચારી છે તેનો
સંપૂર્ણ અમલ થશે નહીં ત્યાં સુધી તેમનો ક્રોધ શાંત થશે
નહીં. પાછળથી જ્યારે યરૂશાલેમનું પતન થશે ત્યારે મેં જે
કહ્યું છે તે તમે સમજી શકશો.
21યહોવાએ કહ્યું, "આ પ્રબોધકોને મેં મોકલ્યા નથી. છતાં
તેઓ દોડાદોડ કરે છે; મેં આ લોકોને કંઈ કહ્યું નથી. છતાં
તેઓ મારે નામે બોલે છે.
22તેઓ જો મારી મંત્રણામાં ઉપસ્થિત રહ્યા હોત તો મારા
લોકોને મારી વાણી સંભળાવી હોત અને તેમને ખોટે માર્ગેથી
અને ખોટાં કાર્યોથી પાછા વાળ્યા હોત."
23"શું હું એ દેવ છું કે જે કોઈ દૂરના સ્થળે રહે છે? અથવા
શું હું એ દેવ છું જે પોતાના લોકોની નજીક રહે છે?
24શું કોઈ મારાથી પોતાને સંતાડી શકે? શું હું
આકાશ તથા પૃથ્વીમાં સર્વત્ર હાજર નથી?" આ યહોવાના
વચન છે.
25તેઓ કહે છે, "ગઈ રાત્રે યહોવા તરફથી મને એક
સ્વપ્નદર્શન થયું. તે સાંભળો, 'અને પછી તેઓ મારા નામે
જૂઠી વાતો કરે છે.' 26આવું ક્યાં સુધી ચાલશે? જો તેઓ
'પ્રબોધકો' છે તો તેઓ જૂઠા પ્રબોધકો છે અને તેઓ જે કહે
છે તે સર્વ ઉપજાવી કાઢેલું છે. 27તેઓ એકબીજાને સ્વપ્નોની
વાત કહીને મારું નામ ભૂલાવી દેવાની કોશિશ કરે છે.
બરાબર એવીજ રીતે-જેમ તેમના પિતૃઓ મારું નામ ભૂલીને
બઆલદેવનું નામ લેતા થયા હતા. 28આ જૂઠા પ્રબોધકોને
પોતાનાં સ્વપ્નો કહેવા દો અને મારા સંદેશાવાહકોને પણ
વિશ્વાસપૂર્વક મારું પ્રત્યેક વચન કહેવા દો. ઘઉંની તુલનામાં
તેનાં ફોતરાની શી કિંમત? 29મારી વાણી આગ જેવી નથી?
ખડકના ચૂરેચૂરા કરનાર ઘણ જેવી નથી?
30"એટલે મારો વિરોધ એકબીજાના શબ્દો ચોરી લઈ એને
મારે નામે ખપાવનાર પ્રબોધકો સામે છે. 31જે પ્રબોધકો
પોતાની વાણીને મારી વાણી તરીકે ખપાવે છે. તેમની સામે
મારો વિરોધ છે. 32જુઓ હું તે બધા પ્રબોધકોની વિરૂદ્ધમાં છું
જેમના સ્વપ્નો કેવળ નિર્લજ્જ જૂઠાણાં છે અને જેઓ મારા
લોકોને જૂઠાણાં દ્વારા અને મોટી મોટી વાતો દ્વારા પાપમાં
દોરી જાય છે. મેં તેઓને મોકલ્યા નથી. અને મારા લોકને
માટે તેઓની પાસે કોઈ સંદેશો નથી, જેઓ તેમના માટે
કંઈક છે." એમ યહોવા કહે છે.

### યહોવાથી દુ:ખના સંદેશ

33પછી યહોવાએ મને કહ્યું, "જ્યારે લોકોમાંથી કોઈ એક
યાજક અથવા કોઈ પ્રબોધક તેમનામાંથી કોઈ તને પૂછે કે,
'યહોવાએ કયા સંદેશા દ્વારા તારી ઉપર બોજો * નાખ્યો છે?'
તો તારે જવાબ દેવો કે, 'તમે જ યહોવા ઉપર બોજારૂપ છો
અને તે તમને ફગાવી દેશે.'" એમ યહોવા કહે છે.
34"જો કોઈ પ્રબોધક કે યાજક કે કોઈ બીજો 'યહોવાની
વાણી ભારરૂપ છે.' એમ કહેશે તો હું તેને અને તેનાં કુટુંબને
ભારે પડીશ. 35તમે અંદરોઅંદર એકબીજાને પૂછી શકો છો,
'યહોવાનો સંદેશો શો છે? યહોવા શું કહે છે?" એવો જ
પ્રયોગ કરવો. 36આજ પછી, તમારે ક્યારે પણ 'યહોવાનો
બોજો ' એમ બોલવું નહી, જે કોઈ તેનો ઉપયોગ કરશે તે
ખરેખર મુશ્કેલીમાં મુકાઈ જશે કારણ કે તેઓ, મેં જે કહ્યું છે
તેનો અવળો અર્થ કરે છે અને લોકોને, એમ કહી છેતરે છે કે

**બોજો** હિબ્રૂ ભાષામાં "બોજો" આ હિબ્રૂ શબ્દ રમત છે. "બોજો" એટલે ભાર અને "બોજો" એટલે સંદેશ તરીકે વપરાય છે.

આ એ છે જે જીવતા જાગતા દેવ, આપણા યહોવા દેવ જે
દરેક વસ્તુ પર શાસન કરે છે.–કહે છે.
37"તમે આદરપૂર્વક પ્રબોધકને પૂછી શકો, 'યહોવાનો સંદેશ
શો છે? તેણે તમને શું કહ્યું છે?' 38મેં તમને આ શબ્દો નહીં
વાપરવા માટે ચેતવણી આપી છે છતાં જો તમે યર્મિયાને
પૂછો છો, 'યહોવા તરફથી આજે શું બોજ છે? 39પછી જે તમે
મને ભારરૂપ છો, તે ભાર હું ફેંકી દઈશ. તમને તથા આ
નગરને જે મેં તમને અને તમારા પિતૃઓને આપ્યું હતું.
મારી નજરથી બહાર કરી દઈશ. 40અને હું તમારાથી કદી
ભૂલાય નહીં એવી નામોશી અને નિરંતર નિંદા તથા સતત
અપમાન હું તમારા ઉપર આણીશ."'

### અંજીર સંબંધી યર્મિયાનું દર્શન

24 યહૂદિયાના રાજા યહોયાકીમના પુત્ર કોન્યાહને
બાબિલના રાજા નબૂખાદનેસ્સારે દેશ નિકાલ કર્યો
અને તેને યહૂદિયાના સરદારો તથા સુથારી અને લુહારી
કામનાં નિપૂણ કારીગરોને બાબિલમાં બંદીવાસમાં મોકલી
દીધા, પછી યહોવાના મંદિરની સામે બહાર મૂકેલી અંજીરની
બે ટોપલીઓ યહોવાએ મને દેખાડી. 2યરૂશાલેમમાં મંદિરની
સામે અંજીરની ભરેલી બે ટોપલીઓ મેં જોઈ એક ટોપલીમાં
તાજાં અને હમણાંજ પાકેલા અંજીર હતા. પરંતુ બીજી
ટોપલીમાં બગડી ગયેલા અને ખાવાને લાયક નહીં એવાં
અંજીર હતાં.
3પછી યહોવાએ મને કહ્યું, "યર્મિયા તું શું જુએ છે?" મેં
ઉત્તર આપ્યો, "અંજીર, તેમાનાં કેટલાક બહુ સારા છે અને
કેટલાંક ખૂબજ બગડી ગયા છે, તે એટલાં ખરાબ છે કે
ખવાય પણ નહીં."
4ત્યારે યહોવાએ મને કહ્યું, 5આ ઈસ્રાએલના દેવ યહોવાના
વચન છે. "યહૂદિયામાંથી જે લોકો દેશવટે ગયા છે. જેમને
મેં અહીંથી બાબિલમાં દેશવટે મોકલી આપ્યા છે તેમને હું
આ સારાં અંજીર જેવા સારા માનું છું. 6તેઓ સાથે સારો
વ્યવહાર કરવામાં આવે તેવું હું કરીશ અને તેઓને ફરીથી
આ દેશમાં પાછા લાવીશ. તેઓને સહાય કરીશ અને તેઓને
હાની થશે નહીં, હું તેઓને રોપીશ અને તેઓને ઉખેડી
નાખીશ નહીં. 7હું તેમને બુદ્ધિ આપીશ, જેથી તેઓ મને
ઓળખે કે હું યહોવા છું. પછી તેઓ મારા લોકો થશે અને હું
તેમનો દેવ થઈશ; કારણ, તેઓ પૂરા દિલથી મારી પાસે
પાછા આવશે.
8"પણ યહૂદિયાના રાજા સિદકિયા તો ખાઈ ન શકાય
તેવા સડેલા અંજીર જેવો હશે. સિદકિયા, અને તેના ઉચ્ચ
અમલદારો અને યરૂશાલેમમાંના બાકીના લોકોને, જેઓ
આ દેશમાં જ રહ્યાં હોય કે યહૂદિયાના તે બધાં લોકો જેઓ
મિસરમાં રહેતા હોય, એ બધા ખવાય પણ નહીં એવા
ખરાબ અંજીર જેવા હશે.
9"હું તે લોકોને સજા કરીશ તેમને થયેલી સજા જોઈને
પૃથ્વીના બધા લોકો થથરી જશે, લોકો યહૂદિયાના લોકોની
ઠેકડી ઉડાવશે, લોકો તેમના વિષે મજાક મશ્કરી કરશે અને
મેં તેમને જ્યાં જ્યાં વિખેરી નાખ્યાં છે ત્યાં લોકો તેમને શાપ
આપશે. 10હું તેમના ઉપર તલવાર, ભૂખમરો અને રોગચાળો
મોકલીશ તેઓ જ્યાં સુધી નષ્ટ ન થઈ જાય ત્યાં સુધી હું
તેમના પર ત્રાટકીશ પછી તેઓનું અસ્તિત્વ ભૂમિ પરથી
મટી જશે જે મેં તેમને અને તેમના પિતૃઓને આપી હતી."

### બંદીવાસ માટે યર્મિયાનો પ્રબોધ

25 યોશિયાનો પુત્ર રાજા યહોયાકીમ યહૂદિયા ઉપર
રાજ્ય કરતો હતો. તેના ચોથા વર્ષે યહૂદિયાના
સર્વ લોકો માટે યહોવા તરફથી યર્મિયા પાસે આ સંદેશો
આવ્યો. બાબિલના રાજા નબૂખાદનેસ્સારે તે વર્ષે રાજ કરવાનું
શરું કર્યું. 2અને યર્મિયા પ્રબોધકે યહૂદિયાના બધા લોકોને
તથા યરૂશાલેમના બધા વતનીઓને કહ્યું,
3"છેલ્લા ત્રેવીસ વર્ષથી, યહૂદિયાના રાજા આમ્મોનના
પુત્ર યોશિયાના શાસનનાં 13માં વર્ષથી તે આજ પર્યંત યહોવા
પોતાના સંદેશાઓ મને મોકલતો રહ્યો છે. મેં વિશ્વાસુપણે
તે તમારી આગળ પ્રગટ કર્યા છે, છતાં તમે તે પર ધ્યાન
આપ્યું નથી. 4વળી વર્ષોના વર્ષો સુધી યહોવાએ તમારી
પાસે પોતાના પ્રબોધકો મોકલ્યા હતા છતાં પણ તમે તેઓનું
સાંભળ્યું નહીં.
5તેમનો સંદેશો એ હતો કે, "તમે બધા તમારા દુષ્ટ વ્યવહાર
અને દુષ્ટ કૃત્યોમાંથી પાછા ફરો, તો તમે જે ભૂમિ યહોવાએ
લાંબા સમય પહેલાં તમને અને તમારા પિતૃઓને સદાને
માટે આપી હતી તેમાં રહી શકશો. 6તમે લોકો મૂર્તિઓની
પૂજા અને સેવા કરશો નહીં. તમારા પોતાના માટે બનાવેલી
વસ્તુઓથી મને ક્રોધિત કરશો નહી. તો હું તમને હાનિ
પહોંચાડીશ નહીં."
7"પરંતુ તમે મારું સાંભળ્યું નહીં, તમે તમારે માર્ગે આગળ
વધ્યા અને તમારી મૂર્તિઓ વડે મને ક્રોધિત કર્યો છે. તેથી
તમારા ઉપર આવી પડેલી સર્વ વિપત્તિને માટે તમે પોતે જ
જવાબદાર છો."
8અને હવે સર્વસમર્થ યહોવા કહે છે, "તમે મારું કહ્યું
માન્યું નથી. 9તેથી હું ઉત્તરના બધા કુળસમૂહોને અને
બાબિલના મારા સેવક નબૂખાદનેસ્સારને તેડાવી મંગાવીશ
તેમને હું આ દેશ સામે, એના વતનીઓ સામે અને
આસપાસની બધી પ્રજાઓ સામે યુદ્ધ કરવા લઈ આવીશ.
હું તેમનું નિકંદન કાઢી નાખીશ અને તેમની એવી હાલત
કરીશ જે જોઈને લોકો હેબતાઈ જશે. તેમની હાંસી ઉડાવશે
અને હંમેશને માટે તેમની નાલેશી થશે. 10હું તમારી ખુશી
અને લગ્નના ઉલ્લાસને છિનવી લઈશ અને તમારા નોકરી
ધંધા પડી ભાંગશે અને હું તમારા ઘરોમાં પ્રકાશતા દીવાઓને
ઓલવી નાખીશ. 11આ સમગ્ર દેશ ખેદાન-મેદાન અને
વેરાન થઈ જશે. અને એ લોકો સિત્તેર વર્ષ બાબિલના રાજાની
ગુલામીમાં ગાળશે.
12"અને જેટલા જલ્દી 70 વર્ષ પૂરાં થાય કે તરતજ હું
બાબિલના રાજા તથા તેના લોકોને તેનાં પાપોને લીધે
શિક્ષા કરીશ; તેમની ભૂમિને હું હંમેશને માટે ઉજ્જડ કરીશ."

13મેં જે જે કહેલું છે, આ ગ્રંથમાં લખેલું છે, અને યર્મિયાએ
એ લોકોની વિરૂદ્ધ જે જે આગાહી કરી છે તે બધું હું એ દેશ
ઉપર ગુજારીશ. 14તેઓ પોતે બળવાન પ્રજાઓ અને મહાન
રાજાઓના ગુલામ બનશે અને હું તેમને તેમના હાથનાં
કર્યા કૃત્યોનો બદલો આપીશ."

## વિશ્વના રાષ્ટ્રો સાથે ન્યાય

15ઈસ્રાએલના દેવ યહોવાએ મને આ પ્રમાણે કહ્યું, "મારા
ક્રોધથી છલોછલ ભરેલો દ્રાક્ષારસનો આ પ્યાલો મારા
હાથમાંથી લે. જે સર્વ પ્રજાઓની પાસે હું તને મોકલું તે
સર્વને તેમાંથી પીવડાવજે. 16તેઓ બધા એ પીધા પછી
લથડીયાં ખાશે. અને તેમની વચ્ચે મેં મોકલેલા યુદ્ધથી
ભાન ભૂલી જશે."

17આથી મેં યહોવાના હાથમાંથી તે પ્યાલો લીધો. અને
યહોવાએ મને જે જે પ્રજાઓમાં મોકલ્યો તેમને મેં પાયો.
18હું યરૂશાલેમ તથા યહૂદિયાના નગરોમાં ગયો અને તે
પ્યાલામાંથી તેઓના રાજાઓએ તથા સરદારોએ પીધું.
પરિણામે તે દિવસથી આજ સુધી તેઓ ઉજ્જડ, ધિક્કાર
પામેલા તથા શાપરૂપ થયેલા છે.

19મિસરના રાજા ફારુનને, તેના અમલદારોને તેના
દરબારીઓને અને બીજા બધા લોકોને મેં આ પીણું પાયું હતું.

20તેમ જ મિસરમાં વસતા બધા વિદેશીઓને, ઊસના
બધા રાજાઓને, પલિસ્તીઓનાં શહેરો આશ્કલોન, ગાજા
અને એક્રોનના રાજાઓને અને આશ્દોદના બચી ગયેલા
વતનીઓને,

21અદોમ, મોઆબ અને આમ્મોનના લોકોને,

22તૂરના અને સિદોનના બધા રાજાઓને ભૂમધ્ય કાંઠાના
બધા રાજાઓને, 23દદાન, તેમા અને બૂઝના શહેરોને, અને
એ બધાં જેઓએ તેમના વાળ પોતાના માથાની બાજુ પરથી
કાપ્યાં હતાં, 24અરબસ્તાનના રણમાં વસતી જાતીઓમાં
વસતા બધા રાજાઓને, 25ઝિમ્રીના એલામના તથા
માદીઓના સર્વ રાજાઓ; 26એક પછી એક નજીકના અને
દૂરના ઉત્તરના બધા રાજાઓને અને પૃથ્વીના પડ ઉપરના
બધાં રાજ્યોને સૌથી છેલ્લો બાબિલનો રાજા પણ એ પીશે.

27"પછી તું તેઓને કહેજે કે, સર્વસમર્થ યહોવા,
ઈસ્રાએલના દેવ કહે છે કે, 'પીધા જ કરો મદમસ્ત થઈને
ઊલટી કરો અને એવા પડી જાઓ કે ફરીથી ઊઠી ન
શકો. કારણ કે હું તમારા ઉપર ભયાવહ યુદ્ધો મોકલી રહ્યો
છું.'

28"જો તેઓ તારા હાથમાંથી પ્યાલો લઈને પીવાની ના
પાડે તો તારે તેમને કહેવું. 'આ સર્વસમર્થ યહોવાની આજ્ઞા
છે; તમારે એ પીવો જ પડશે! આ યહોવાના વચન છે.
29તારે આવું કરવું જ પડશે કારણ કે આ શહેર મારા નામથી
ઓળખાય છે. હું તેની ઉપર આફત લાવવામાંજ છું. અને
એવી અપેક્ષા રાખતો નહીં કે તને સજા નહી મળે. કારણ કે
હું આ સૃષ્ટિના બધા લોકો પર યુદ્ધ મોકલાવીશ."' આ
સર્વસમર્થ યહોવાના વચન છે.

30"'તારે તેઓની વિરૂદ્ધ પ્રબોધ કરવોજ પડશે. તેઓને
કહે કે યહોવા તેના પોતાના લોકોની વિરુદ્ધ તથા પૃથ્વી
ઉપર વસનારા સર્વની વિરુદ્ધ પોતાના પવિત્ર મંદિરમાંથી
ગર્જના કરશે. રસ બનાવવા માટે દ્રાક્ષ છુંદનારા લોકોની
જેમ તે ઘાંટા પાડશે.

31એમનો હોકારો પૃથ્વીના છેડા સુધી પહોંચશે. યહોવા
બધી પ્રજાઓ સામે આરોપ મૂકે છે, તે બધા માણસોને
અદાલતમાં ખડા કરે છે. તે દુષ્ટોનો તલવારથી સંહાર કરશે.'"
આ યહોવાના વચન છે.

32સર્વસમર્થ યહોવા જાહેર કરે છે, "જુઓ, આફત એક
દેશમાંથી બીજા દેશમાં, એક પ્રજામાંથી બીજી પ્રજામાં
ફેલાઈ રહી છે પૃથ્વીના દૂર દૂરને છેડેથી પ્રચંડ વાવાઝોડું
ફૂંકાય છે."

33તે દિવસે યહોવાએ જેમને મારી નાખ્યા હશે તેમના
મૃતદેહો પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી મળની જેમ
પડ્યા રહી ખાતરરૂપ થઈ જશે; કોઈ તેમને માટે શોક નહીં
કરે કે કોઈ તેમને ઉપાડીને દાટશે નહીં."

34હે દુષ્ટ આગેવાનો! રડો, પોક મૂકીને રડો, ઓ લોકોના
ઘેટાં પાલકો! તમારી કતલનો સમય આવી પહોંચ્યો છે.
તુટેલા માટલાના ટુકડાની જેમ તમે ચારેબાજુ વિખેરાઈ જશો.
35તમને હવે સંતાવાની જગ્યા મળશે નહીં, નાસી જવાને
રસ્તો પણ નહીં મળે. હવે લોકોના ગોવાળને ઉગારવાનો
કોઈ આરો નથી.

36સાંભળો, આગેવાનો આક્રંદ કરે છે, ઘેટાંપાલકો પોક
મૂકીને રૂદન કરે છે, કારણકે યહોવા તેમના દેશનો નાશ કરી
રહ્યાં છે.

37તેમના ભયંકર રોષને કારણે તેમના શાંત નિવાસો ખંડેર
થઈ રહ્યા છે.

38શિકારની શોધમાં ગુફામાંથી બહાર જતા સિંહની જેમ
યહોવા બહાર આવે છે. યહોવાના ભયંકર ક્રોધને લીધે
સૈન્યો વારંવાર ચઢી આવ્યાં, પરિણામે તેમની ભૂમિ વેરાન
વગડો થઈ ગઈ છે.

## મંદિર પર યર્મિયાનો બોધ

26 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના
રાજ્યની શરૂઆતમાં યહોવાએ યર્મિયાને આ
પ્રમાણે કહ્યું, 2"આ યહોવાના વચન છે: મંદિરના પ્રાંગણમાં
ઊભા રહીને યહૂદિયાના ગામોમાંથી જે લોકો મંદિરમાં
ઉપાસના કરવા આવે છે તે બધાને મેં તને જે કહેવા કહ્યું છે
તે એકપણ અક્ષર ભૂલ્યા વગર કહેજે. 3કારણકે કદાચ તેઓ
તે સાંભળે અને પોતાના દુષ્ટ માર્ગોથી પાછા ફરે અને તેઓનાં
દુષ્ટ કાર્યોને લીધે જે સર્વ શિક્ષા હું તેઓ ઉપર રેડી દેવાને
તૈયાર છું. તે હું તેઓ ઉપર ન મોકલું." 4વળી યહોવાએ મને
કહ્યું, 'તું એમને કહેજે, આ યહોવાના વચન છે. "જો તમે
મારું કહ્યું નહીં કરો, અને તમારા માટે ઠરાવેલી સંહિતાનું
પાલન નહીં કરો, 5તથા મેં વારંવાર મોકલેલા મારા જે સેવકો
પ્રબોધકોને તમે કદી સાંભળ્યા નથી. તેમનાં વચનો નહીં

સાંભળો. 6તો આ મંદિરના હું શીલોહ જેવા હાલ કરીશ
અને દુનિયાની પ્રત્યેક પ્રજામાં યરૂશાલેમને હું શાપરૂપ
કહીશ.'"

7યાજકો, પ્રબોધકો અને સર્વ લોકોએ યર્મિયાને યહોવાના
મંદિરમાં આ બધી વસ્તુઓ કહેતા સાંભળ્યો. 8યહોવાએ
તેને જે પ્રમાણે હુકમ કર્યો હતો તે મુજબ કહેવાનું યર્મિયાએ
જ્યારે પૂરૂં કર્યુ કે તરતજ યાજકોએ, પ્રબોધકોએ અને બધા
લોકોએ, તેને પકડ્યો અને કહ્યું તું હમણા જે બોલ્યો છે તેના
કારણે તું મૃત્યુ પામીશ. 9તેં શા માટે યહોવાના નામે એવી
ભવિષ્યવાણી ઉચ્ચારી કે, આ મંદિરની હાલત શીલોહ જેવી
થશે અને આ શહેર વેરાન અને વસ્તી વગરનું થઈ જશે?"
બધા લોકો યહોવાના મંદિરમાં યર્મિયાને ઘેરી વળ્યા.

10આ સાંભળીને યહૂદિયાના ઉચ્ચ અધિકારીઓ
રાજમહેલમાંથી મંદિરમાં પહોંચી ગયા અને યહોવાના
મંદિરના નવા પ્રવેશદ્વાર આગળ ગોઠવાઈ ગયા. 11પછી
યાજકોએ અને પ્રબોધકોએ અધિકારીઓ અને લોકોને
સંબોધીને કહ્યું, "આ માણસને મૃત્યુદંડની સજા થવી જોઈએ,
કારણ, એણે આ નગરની વિરૂદ્ધ ભવિષ્યવાણી ઉચ્ચારી છે તે
તમે બધાએ તમારા પોતાના કાને સાંભળી છે."

12ત્યારે યર્મિયાએ પોતાના બચાવમાં કહ્યું, "આ નગર
તથા મંદિરની વિરૂદ્ધ ભવિષ્યવાણી ઉચ્ચારવા માટે યહોવાએ
મને મોકલ્યો છે. મેં જે કહ્યું છે તેનો પ્રત્યેક શબ્દ તેમણે મને
આપ્યો છે. 13માટે હવે તમારાં આચરણ અને કર્મો સુધારો
અને તમારા દેવ યહોવાનું કહ્યું સાંભળો, તો કદાચ તે તમારા
ઉપર જે આફત ઉતારવાની પોતે ધમકી આપી હતી તે
ઉતારવાનું માંડી વાળે. 14જ્યાં સુધી આ બાબત મને લાગુ
પડે છે, હું તો તમારા હાથમાં છું. તમને જે યોગ્ય અને
તાર્કિક લાગે તે મને કરો. 15પણ એટલું ખાતરીથી માનજો કે
જો તમે મને મારી નાખશો તો તમે, આ શહેર અને એના
બધા વતનીઓ એક નિર્દોષ માણસના પ્રાણ લીધાના અપરાધી
ઠરશો. કારણ યહોવાએ મને ખરેખર આ બધું તમને કહી
સંભળાવવા મોકલ્યો છે."

16ત્યારે અધિકારીઓએ અને લોકોએ યાજકોને અને
પ્રબોધકોને કહ્યું, "આ માણસ મૃત્યુદંડને પાત્ર નથી. એણે
આપણા દેવ યહોવાને નામે આપણને સંભળાવ્યું છે."

17પછી દેશના કેટલાક વડીલો અને જ્ઞાની માણસો ઊભા
થયા અને આજુબાજુ ઊભા રહેલા સર્વ લોકોને સંબોધીને
કહ્યું, 18"યહૂદિયાના રાજા હિઝિક્યાના વખતમાં મોરાશ્તી
મીખાહ દૈવી વાણી ભાખતો હતો અને તેણે યહૂદિયાના
બધા લોકોને આ પ્રમાણે કહ્યું હતું."

આ સર્વસમર્થ યહોવાના વચન છે, "સિયોન ખેતરની
જેમ ખેડાઈ જશે, યરૂશાલેમ ખંડેર નો ઢગલો થઈ જશે,
અને હાલમાં જે જગ્યાએ મંદિર આવેલું છે ત્યાં જંગલ ઊગી
નીકળશે!"

19"શું યહૂદિયાના રાજા હિઝિક્યા અને યહૂદિયાના બધાં
લોકોએ આ માટે મીખાહને મારી નાખ્યો હતો? તેને બદલે,
હિઝિક્યાએ યહોવાનો ડર રાખીને તેની પાસે માફી નહોતી
માગી? આને કારણે યહોવાએ તેમના ઉપર જે આફત
ઉતારવાની ધમકી આપી હતી તે ઉતારવાનું માંડી વાળ્યું.
આ રીતે તો આપણે જ આપણા ઉપર મોટી આફત નોતરીશું."

20વળી શમાયાનો પુત્ર ઊરિયા કિર્યાથ-યઆરીમનો
વતની હતો અને યહોવાનો બીજો સાચો પ્રબોધક હતો.
યર્મિયાના સમયમાં તે પણ આ નગર તથા દેશની વિરૂદ્ધ
ભવિષ્યવચન કહેતો હતો. 21રાજા યહોયાકીમે પોતાના બધા
અમલદારો અને અંગરક્ષકો સહિત તેણે જે કહ્યું તે સાંભળ્યું
હતું. અને તેને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો જ્યારે
ઊરિયાને એની ખબર પડી ત્યારે ભયભીત થઈ મિસર ભાગી
ગયો. 22ત્યારે યહોયાકીમ રાજાએ ઊરિયાને બંદીવાન કરવા
માટે આખ્બોરના પુત્ર એલ્નાથાનને અને તેની સાથે કેટલાંક
માણસોને મિસરમાં મોકલ્યા. 23તેઓ તેને બંદીવાન બનાવીને
યહોયાકીમ રાજાની હજૂરમાં લઈ આવ્યા, ત્યારે રાજાએ
તેનો તલવારથી વધ કરાવ્યો, અને તેના મૃતદેહને હલકા
લોકોના કબ્રસ્તાનમાં દાટ્યો. 24પરંતુ શાફાનના પુત્ર અને
રાજવી મંત્રી અહીકામે યર્મિયાનો પક્ષ લીધો અને
ન્યાયસભાને સમજાવ્યું કે યાજકો પ્રબોધકો લોકોના હાથમાં
યર્મિયાને સોંપવો નહીં, કે તેઓ તેને મારી નાખે.

### યહોવાએ નબૂખાદનેસ્સારને શાસનકર્તા બનાવ્યો

27 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર સિદકિયાની
કારકિર્દીના આરંભમાં યર્મિયાની પાસે આ વચન
યહોવાની પાસેથી આવ્યું, 2"યહોવાએ મને કહ્યું તું તારે
માટે ધૂંસરી જોડતર બનાવ અને તે તારી ડોક પર મૂક, જેમ
ખેતર ખેડતા બળદની ડોક પર હોય છે. 3ત્યારબાદ અદોમ,
મોઆબ, આમ્મોન, તૂર અને સિદોનના રાજાઓને યહૂદિયાના
રાજા સિદકિયાના દરબારમાં આવેલા તેના એલચીઓ
મારફતે સંદેશા મોકલ: 4તેઓને કહે કે 'તમે જઈને તમારા
માલિકોને કહો કે સર્વસમર્થ યહોવા ઈસ્રાએલના દેવે આ
સંદેશો તમને મોકલાવ્યો છે, 5મેં પોતેજ મહાન સામર્થ્ય
અને શક્તિથી પૃથ્વીને અને એના ઉપર વસતાં માણસો
અને પશુઓને સર્જ્યા છે, અને હું ચાહું તેને એ આપી દઈ
શકું છું. 6તેથી હવે તમારા સર્વ દેશો મેં બાબિલના રાજા,
મારા સેવક, નબૂખાદનેસ્સારને સોંપ્યા છે. વળી જંગલી
પશુઓ પણ તેની સેવા કરે તેવું મેં ઠરાવ્યું છે. 7બધી પ્રજાઓ
તેના અને તેના પુત્રના અને પૌત્રના તાબામાં રહેશે, અને
અંતે જ્યારે તેના દેશનો વારો આવશે ત્યારે બળવાન પ્રજાઓ
અને મહાન રાજાઓ તેને તાબે કરશે તેને આધીન થાઓ
અને તેની સેવા કરો.

8"'બળવાન પ્રજા અને જે રાજ્ય, બાબિલની ઝૂંસરી નીચે
તમારી ગરદન મૂકો! જે કોઈ પ્રજા તેના ગુલામ બનવા ના
પાડશે તેને હું શિક્ષા કરીશ. તે પ્રજા ઉપર હું યુદ્ધ, દુકાળ
અને મરકી મોકલીશ જેથી અંતે તે બાબિલના હાથમાં સોંપાઈ
જાય. 9માટે તમારા પ્રબોધકો, જોશીઓ, જતિભૂવાઓ અને
જાદુટોણા કરનારાઓ જેઓ તમને કહે કે તમે બાબિલના
રાજાની સેવા કરશો નહીં તો તેની તરફ ધ્યાન ના આપશો.

10કેમકે તેઓએ તમને જૂઠું કહ્યું જો તમે તેમની સલાહ
માનશો અને બાબિલના રાજાના શરણે નહીં જાવ તો તમને
તમારી ભૂમિમાથી હાંકી કાઢવામાં આવશે. હા, હું તમારો
પીછો પકડીશ. અને તમે નાશ પામશો.

11"'પણ જો કોઈ પ્રજા બાબિલના રાજાની ધૂંસરી આગળ
ગરદન જુકાવી દેશે તો હું તેને પોતાની ભૂમિમાં સુખથી
રહેવા દઈશ. તેઓ ત્યાં ખેતી કરશે અને વસસે.'" આ
યહોવાના વચન છે. 12"'યહૂદિયાના રાજા સિદકિયાને આ
બધી બાબતો મે કહી, મેં કહ્યું, "તમે બાબિલના રાજાને
શરણે જાવ જેથી તમે જીવતા રહેશો. 13તારે તથા તારી પ્રજાએ
યુદ્ધ, દુષ્કાળ અને રોગચાળાથી શા માટે મરવું જોઈએ? જે
કોઈ પ્રજા બાબિલના રાજાની તાબેદારી ન સ્વીકારે તેની
યહોવાએ આ દશા કરવાની ધમકી આપેલી છે."'

14તેણે કહ્યું છે, "'પ્રબોધકોની વાત ના સાંભળશો જેઓએ
તમને કહ્યું છે કે તમારે બાબિલના રાજાની સેવા ન કરવી,
કારણ કે તેઓ જૂઠા છે. 15મેં તેમને મોકલ્યા નહોતા. તેઓ
મારા નામે તમને જૂઠાણા કહે છે. જો તમે તેઓનું સાંભળ્યા
કરશો તો હું તમને આ દેશમાંથી હાંકી કાઢીશ, અને તમે આ
ખોટું ભવિષ્ય ભાખનારા પ્રબોધકો સાથે નાશ પામશો."'

16ત્યારબાદ મેં યાજકોને અને બધા લોકોને આ પ્રમાણે
કહ્યું, "આ યહોવાના વચન છે: જે પ્રબોધકો તમને એમ કહે
છે કે, 'જુઓ, યહોવાના મંદિરની સાધનસામગ્રી થોડા જ
વખતમાં બાબિલમાંથી પાછી લાવવામાં આવશે તેમની વાત
સાંભળશો નહીં.' તેઓ તમને જૂઠું કહે છે; 17તે લોકોનું કહેવું
તમે સાંભળશો નહીં. બાબિલના રાજાની શરણાગતિ સ્વીકારો
જેથી તમે જીવતા રહેશો, શા માટે આખું શહેર નાશ પામે?
18જો તેઓ સાચા યહોવાના પ્રબોધકો હોય, જો તેઓ મારી
વાણી ઉચ્ચારતા હોય તો તેમણે અત્યારે મારી સર્વસમર્થ
યહોવાની એવી પ્રાર્થના કરવી કે મંદિરમાં અને યહૂદિયાના
રાજમહેલમાં અને યરૂશાલેમમાં બાકી રહેલી સાધનસામગ્રી
બાબિલ ચાલી ન જાય."

19બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર યહૂદિયાના રાજા
યહોયાકીમના પુત્ર યકોન્યાને તથા યહૂદિયાના તેમ જ
યરૂશાલેમના સર્વ કુલીન લોકોને યરૂશાલેમમાંથી બાબિલમાં
બંદીવાસમાં લઈ ગયો. 20ત્યારે મંદિરની સામેનો સ્તંભ,
મંદિરના આંગણામાંનો પિત્તળનો મોટો હોજ, ધાતુના પાયા
અને ક્રિયાકાંડ માટેના પાત્રો તે લઈ ગયો નહોતો. 21જે
પાત્રો યહોવાના મંદિરમાં, યહૂદિયાના રાજાના મહેલમાં
તથા યરૂશાલેમમાં હજુ રહેલા છે, તેના વિષે હું, ઈસ્રાએલનો
દેવ, સર્વસમર્થ યહોવા, આમ કહું છું; 22તે સર્વ ખજાનો
બાબિલ લઈ જવામાં આવશે અને હું જ્યાં સુધી તેઓ પર
ધ્યાન નહીં આપું ત્યાં સુધી તેઓ ત્યાં જ રહેશે. ત્યાર પછી
હું તે સર્વ ખજાનાને ફરીથી યરૂશાલેમ લાવીશ."

### જુઠો પ્રબોધક હનાન્યા

28 તે જ વર્ષે યહૂદિયાના રાજા સિદકિયાના શાસનની
શરૂઆતમાં ચોથા વર્ષનાં પાંચમા મહિનામાં
ગિબયોનના વતની આઝ્ઝુરના પુત્ર પ્રબોધક હનાન્યાએ
યહોવાના મંદિરમાં, યાજકો અને બધા લોકોની હાજરીમાં
કહ્યું, 2"સર્વસમર્થ યહોવા, ઈસ્રાએલના દેવ કહે છે;
'બાબિલના રાજાની ઝૂંસરી મેં તારા ઉપરથી હઠાવી લીધી
છે. 3બે વર્ષની અંદર હું બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર
યહોવાના મંદિરની જે સાધન-સામગ્રી બાબિલ લઈ ગયો
હતો તે બધી અહીં પાછી લાવીશ. 4તેમ જ હું યહૂદિયાના
રાજા યહોયાકીમના પુત્ર કોન્યાહને તેમ જ બાબિલમાં દેશવટે
ગયેલા યહૂદિયાના બધા લોકોને પાછા લવીશ, કારણ, હું
બાબિલના રાજાની સત્તા તોડી નાખીશ.'" આ યહોવાના
વચન છે.

5ત્યારબાદ પ્રબોધક યર્મિયાએ મંદિરમાં યાજકો અને બધા
લોકો સમક્ષ પ્રબોધક હનાન્યાને જવાબ આપ્યો: 6"આમીન!
યહોવા એ પ્રમાણે કરો. તમે જે વચનો ઉચ્ચાર્યા છે તેને તો
તમે સાચાં પાડો અને મંદિરની બધી સાધન-સામગ્રી અને
દેશવટે ગયેલા બધા લોકોને તે બાબિલથી ફરી અહીં લઈ
આવો.

7"તેમ છતાં મારે તને અને આ સૌ લોકોને જે કહેવાનું છે
તે સાંભળો. 8તારા અને મારા પહેલાં થઈ ગયેલા પ્રાચીન
પ્રબોધકોએ અનેક દેશો વિરુદ્ધ પ્રબોધ કર્યો હતો. અને હંમેશા
યુદ્ધ, દુકાળ તથા મરકી વિષે ચેતવણી આપી હતી. 9જ્યારે
પણ કોઈ પ્રબોધક સુખશાંતિની આગાહી કરે છે અને તેનાં
શબ્દો સાચાં પડે છે, ત્યારે ખાતરી થાય છે કે યહોવાએ તેને
મોકલ્યો છે."

10પછી પ્રબોધક હનાન્યાએ યર્મિયાની ડોક પર મૂકેલી
ઝૂંસરી લઈ લીધી અને તેને ભાંગી નાખી. 11તેણે બધા લોકો
સમક્ષ કહ્યું, "આ યહોવાના વચન છે; 'આ જ રીતે આજથી
બે વર્ષ પછી હું બાબિલના રાજા નબૂખાદનેસ્સારની ઝૂંસરી
બધી પ્રજાઓની ડોક ઉપરથી ઉઠાવી લઈને ભાંગી નાખીશ.'"

એ પછી યર્મિયા મંદિરમાંથી ચાલ્યો ગયો.

12ત્યારબાદ તરત જ યહોવાનો આ સંદેશો યર્મિયા પાસે
આવ્યો. 13"તું હનાન્યા પાસે જઈને તેને કહે કે, 'યહોવા કહે
છે, તેં લાકડાની ઝૂંસરી ભાંગી નાખી છે પરંતુ હું એની
જગ્યાએ લોઢાની ઝૂંસરીઓ મુકીશ. 14હા મેં આ બધી
પ્રજાઓની ડોક ઉપર લોઢાની ઝૂંસરી મૂકી છે અને તેઓ
બાબિલના રાજા નબૂખાદનેસ્સારના તાબામાં છે. તેઓ તેની
આજ્ઞા માનશે. આ હુકમને કોઈ બદલી શકશે નહીં, એમ
ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવા કહે છે, જંગલી પશુઓ
પણ નબૂખાદનેસ્સારનું દાસત્વ સ્વીકારશે.'"

15ત્યારબાદ યર્મિયાએ પ્રબોધકને કહ્યું, "સાંભળ હનાન્યા,
યહોવાએ તને મોકલ્યો નથી, અને તારે કારણે આ લોકો
જૂઠાણામાં માને છે, 16તેથી આ એ છે, જે યહોવા કહે છે, 'હું
પૃથ્વીના નકશા પરથી તારું નામોનિશાન મીટાવી દઈશ. આ
વર્ષના અંત પહેલા તું મૃત્યુ પામીશ. કારણ કે તેજ લોકો
પાસે દેવની આજ્ઞાનો અનાદર કરાવ્યો છે.'"

17અને સાચે બન્યું પણ એમ જ. પ્રબોધક હનાન્યા તે જ
વર્ષે સાતમા મહિનામાં મૃત્યુ પામ્યો.

### બાબિલમાં નિર્વાસિતો ઉપર યર્મિયાનો પત્ર

29 યકોન્યા રાજા, રાજમાતા, રાજ્યના અધિકારીઓ, કુળોના આગેવાનો અને કુશળ કારીગરોને બાબિલમાં બંદીવાન તરીકે નબૂખાદનેસ્સાર લઈ ગયો. 2ત્યારે બંદીવાસમાં ગયેલાઓમાંના બાકી રહેલા વડીલો, ત્યાંના યાજકો, પ્રબોધકો તથા જે લોકોને નબૂખાદનેસ્સાર યરૂશાલેમમાંથી બાબિલમાં લઈ ગયો હતો. 3તે બધાની પાસે યર્મિયા પ્રબોધકે, શાફાનનો પુત્ર એલઆસાહ તથા જેને યહૂદિયાના રાજા સિદકિયાએ બાબિલમાં, બાબિલના રાજા નબૂખાદનેસ્સારની પાસે મોકલ્યો હતો, તે હિલ્કિયાનો પુત્ર ગમાર્યા, તે બંનેની સાથે જે પત્ર મોકલ્યો, તેમાં આ પ્રમાણે લખેલું છે:

4યરૂશાલેમમાંથી બાબિલના બંદીવાસમાં તેમણે મોકલેલા સર્વ ઉપર સર્વસમર્થ યહોવા, ઈસ્રાએલના દેવ તરફથી આ સંદેશો છે: 5"ઘર બાંધો અને ઠરીઠામ થઈને રહો, વાડીઓ રોપો દ્રાક્ષાની અને તેનાં ફળો ખાઓ, કારણકે તમે ત્યાં ઘણાં વર્ષો સુધી રહેવાના છો. 6તમે પરણો અને પ્રજા પેદા કરો. પછી તમારાં છોકરાં-છોકરીઓને પરણાવો. જેથી તેઓ પણ પ્રજા પેદા કરે. તમારે તમારી સંખ્યા વધારવાની છે, ઘટવા દેવાની નથી. 7તે શહેરની શાંતિ અને સમૃદ્ધિ માટે કાર્ય કરો. જ્યાં મેં તમારો દેશનિકાલ કર્યો છે. તેના માટે પ્રાર્થના કરો. કારણ કે જ્યારે તે સમૃદ્ધ થશે ત્યારે તમે પણ આબાદ થશો." 8હું ઈસ્રાએલનો દેવ, સર્વસમર્થ યહોવા, તમને કહું છું કે "તમારામાંના પ્રબોધકોથી કે જોશીઓથી છેતરાશો નહીં, તેઓનાં સ્વપ્નો ઉપર ધ્યાન આપશો નહીં, 9કારણ, એ લોકો મારે નામે જૂઠ્ઠી વાણી ભાખે છે. મેં તેમને મોકલ્યા નથી," એમ યહોવા કહે છે.

10સત્ય તો આ છે: "તમે 70 વર્ષ બાબિલમાં રહેશો, પરંતુ ત્યાર પછી હું યહોવા આવીશ અને મેં આપેલા વચન પ્રમાણે સર્વ સારી બાબતો હું તમારે માટે કરીશ અને તમને ફરીથી યરૂશાલેમમાં પાછા લાવીશ. 11તમારા માટે મારી જે યોજનાઓ છે તે હું જાણું છું," એમ યહોવા કહે છે. "તે યોજનાઓ છે તમારા સારા માટે, નહીં કે તમારું ભૂંડું થાય તે માટે. તે તો તમને ઊજળું ભાવિ અને આશા આપવા માટે છે. 12તે સમય દરમિયાન તમે મારી પાસે આવીને પ્રાર્થના કરશો તો હું તમારું સાંભળીશ. 13તમે મારી શોધ કરશો તો મને પામશો, કારણ, તમારી શોધ પ્રમાણિક હૃદયની હશે."

14યહોવા કહે છે, "હા, હું તમને જરૂર મળીશ અને તમારી ગુલામીનો અંત લાવીશ અને તમારી સમૃદ્ધિ તમને પાછી આપીશ, અને જે જે પ્રજાઓમાં અને દેશોમાં મેં તમને વેરવિખેર કરી નાખ્યા હશે ત્યાંથી હું તમને પાછા એકઠા કરીશ; જ્યાંથી મેં તમને દેશવટે મોકલ્યા હતાં ત્યાંથી હું તમને પાછા લાવીશ." આ હું યહોવા બોલું છું.

15"પણ જે જૂઠાં પ્રબોધકો તમારી મધ્યે છે, તેઓનો તમે સ્વીકાર કરો છો અને કહો છો કે યહોવાએ તેમને મોકલ્યા છે."

16દાઉદની ગાદી ઉપર બેસનાર રાજાને વિષે અને આ શહેરમાં વસતાં સૌ લોકો વિષે, તમારા જે દેશબંધુઓ તમારી સાથે દેશવટે નહોતા આવ્યા તેમને વિષે સર્વસમર્થ યહોવાએ આ પ્રમાણે કહેલું છે: 17સર્વસમર્થ યહોવા કહે છે, "એ લોકોને હું યુદ્ધ, દુકાળ અને રોગચાળાનો ભોગ બનાવીશ; હું એમને ખાઈ ન શકાય એવાં સડેલાં અંજીર જેવા બનાવી દઈશ. 18હું, યુદ્ધ, દુકાળ અને મરકીથી તેઓનો પીછો કરીશ અને તેઓની એવી દશા કરીશ કે સમગ્ર દુનિયાના લોકો તે જોઈને ધ્રુજી ઊઠશે. અને મેં તેમને જે જે પ્રજાઓમાં વેરવિખેર કરી નાખ્યા છે તે પ્રજાઓમાં એ લોકોની નામોશી અને હાંસી થશે અને તેમનું નામ શાપરૂપ લેખાશે. 19આ બધું એટલા માટે બન્યું છે કે મારા પ્રબોધકો મારફતે મેં વારંવાર તેઓની સાથે વાત કરી પણ તેઓએ મારું સાંભળવાની ના પાડી દીધી." આ યહોવાના વચન છે. 20"અને તમે બધાં યહૂદિયાના બંધકો-જેને મેં યરૂશાલેમથી બાબિલ મોકલ્યાં હતાં દેવના વચનો સાંભળો તેથી બાબિલમાં બંદીવાન થયેલા તમે સર્વ યહૂદીઓ, યહોવાના વચનો સાંભળો."

21સર્વસમર્થ દેવ, ઈસ્રાએલના યહોવા કહે છે: "કોલાયાનો પુત્ર આહાબ, અને માઅસેયાનો પુત્ર સિદકિયા જેણે તમને મારા નામે ખોટી રીતે પ્રબોધ્યા હતાં તેમના માટે આમ કહે છે. જુઓ, તેઓનો જાહેરમાં શિરચ્છેદ થાય માટે હું તેઓને નબૂખાદનેસ્સારના હાથમાં સુપ્રત કરું છું. 22યહૂદિયાથી બાબિલ દેશવટે ગયેલા બધા માણસો કોઈ શાપ આપવા માગતા હશે ત્યારે એમ કહીને આપશે કે, 'યહોવા તારા હાલ સિદકિયા અને આહાબ જેવા કરો, જેમને બાબિલના રાજાએ જીવતા બાળી મૂક્યા હતા.' 23કારણકે આ માણસોએ મારા લોકો મધ્યે ભયંકર કૃત્યો કર્યા છે. તેઓએ પોતાના પાડોશીઓની પત્નીઓ સાથે વ્યભિચાર કર્યો છે અને મારા નામે જૂઠાણું પ્રગટ કર્યું કે મેં તેમને કહેવા માટે હુકમ કર્યો નહોતો. હું જાણું છું કેમ કે તેઓનાં સર્વ કૃત્યો મેં જોયાં છે." આ યહોવાના વચન છે.

### શમાયાને દેવનો સંદેશ

24ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાએ નેહેલામીના શમાયા વિષે યર્મિયાને એક સંદેશો આપ્યો. 25જ્યારે તમે પોતેજ યરૂશાલેમના બધાં લોકોને આ પત્ર તમારા પોતાના નામે મોકલ્યા, અને માઅસેયાના પુત્ર સફાન્યા અને બધા યાજકોને કહ્યું, 26'યહોવાએ તમને યાજક તરીકે યાજક યહોયાદાને સ્થાને નીમ્યા છે, અને મંદિરના અધિકારી તરીકે જે કોઈ ગાંડો માણસ પોતાને પ્રબોધક તરીકે ખપાવતો હોય તેને સજા કરવાના માંચડામાં મૂકવાની ફરજ આવી છે. 27તો પછી અનાથોથના યર્મિયા જે તમારી આગળ પોતાને પ્રબોધક તરીકે ખપાવવાનો પ્રયત્ન કરે છે, તેને ઠપકો કેમ નથી આપતા? 28કારણકે બાબિલમાં અહીં તેણે અમારા ઉપર લખ્યું છે કે, "અમારો બંદીવાસ લાંબા સમય સુધી ચાલશે. એણે અમને ઘર બનાવી અહી રહેવાનું કહ્યું અને વાડીઓ રોપીને તેના ફળોનો આનંદ માણવા કહ્યું."'

29યાજક સફાન્યા તે પત્ર લઈને યર્મિયા પાસે આવ્યો
અને તેને તે વાંચી સંભળાવ્યો. 30ત્યારે યહોવાએ યર્મિયાને
આ વાણી સંભળાવી: 31"બધા લોકોને જેમનો દેશ નિકાલ
કર્યો છે એમને આ સંદેશો મોકલજે: નેહેલામીના શમાયા
વિષે યહોવા આ પ્રમાણે કહે છે: 'શમાયાએ મારા મોકલ્યા
વગર તમને વાણી સંભળાવી છે અને તમે બધાં તેના જૂઠાણાને
માનવા લાગ્યા છો. 32માટે હું તેને તથા તેના પરિવારને
શિક્ષા કરીશ, મારા લોકો માટે જે સારી બાબતો મેં રાખી
મૂકી છે, તે તેના વંશજો જોવા પામશે નહીં, કારણકે તેણે
તમને યહોવાની વિરૂદ્ધ બંડ કરવાનું શીખવ્યું છે.'" આ હું
યહોવા બોલું છું.

## શિક્ષા પછી પુન:સ્થાપનનું વચન

30 યહોવા પાસેથી યર્મિયાને બીજો સંદેશો મળ્યો.
2ઈસ્રાએલના દેવ યહોવાના આ વચન છે. "મેં
તને જે જે કહ્યું છે તે બધું એક પોથીમાં નોંધી લે. 3કારણકે
ધ્યાનથી સાંભળ એ, દિવસ આવી રહ્યો છે કે જ્યારે હું મારા
લોકોના ઈસ્રાએલના અને યહૂદિયાના લોકોની સમૃદ્ધિને
ફરીથી સ્થાપીશ તેઓના પિતૃઓને જે ભૂમિ આપી હતી,
એમાં હું તેઓને પાછા લાવીશ. તેઓ તેનો કબ્જો મેળવશે
અને ફરીથી ત્યાં વસવાનું શરૂ કરશે."
4ઈસ્રાએલ અને યહૂદિયાના લોકોને યહોવા કહે છે: 5આ
યહોવાના વચન છે:
"મેં ભયની એક ચીસ સાંભળી છે, નહીં કે શાંતિની.
6તમારી જાતને પૂછો, વિચાર કરો કે કોઈ પુરું ષ બાળકને
જન્મ આપી શકે? તો પછી હું કેમ દરેક માણસને પ્રસુતિએ
આવેલી સ્ત્રીની જેમ પડખે હાથ દેતો જોઉં છું? બધાના
ચહેરા કેમ બદલાઈ ગયા છે, ધોળા પૂણી જેવા થઈ ગયા છે?
7અરેરે! એ ભયંકર દિવસ આવી રહ્યો છે! એના જેવો
દિવસ કદી ઊગ્યો નથી, યાકૂબના વંશજો માટે દુ:ખના દહાડા
આવે છે. પણ તેઓ સાજાસમા પાર ઊતરશે."
8સર્વસમર્થ યહોવા કહે છે, "તે દિવસે હું તેમની ડોક
ઉપરની ઝૂંસરી ભાંગી નાખીશ, અને તેમના બંધન તોડી
નાખીશ. વિદેશીઓ ફરી કદી એમને ગુલામ નહીં બનાવે,
9તેઓ પોતાના દેવ યહોવાની અને દાઉદની જેના એક વંશજને
હું તેમનો રાજા બનાવનાર છું. તેની સેવા કરશે. એમ યહોવા
કહે છે.
10"અને તમે, યાકૂબના વંશજો મારા સેવકો ગભરાશો
નહીં. કે ઈસ્રાએલીઓ, તમારે ભય રાખવાની જરૂર નથી. હું
તમને અને તમારા વંશજોને તમે જ્યાં બંદી છો તે દૂરના
દેશમાંથી છોડાવી લાવીશ, અને તમે પાછા સુખશાંતિપૂર્વક
રહેવા પામશો, કોઈ તમને ડરાવશે નહીં, 11કારણકે હું તમારી
સાથે છું અને હું તમારો બચાવ કરીશ," એમ યહોવા જણાવે
છે. "તમને જે પ્રજાઓમાં મેં વિખેરી નાખ્યા હતા તે લોકોનો
પણ જો હું સંપૂર્ણ રીતે વિનાશ કરું તો પણ હું તમારો
વિનાશ કરીશ નહીં, હું તમને તેવીજ રીતે અનુશાશિત કરીશ
અને તમે સાચેજ સજાથી ભાગી નહીં શકો."
12યહોવા પોતાની પ્રજાને કહે છે, "ઓ મારી પ્રજા, તારો
ઘા રૂઝાય એવો નથી, તારો ઘા જીવલેણ છે; 13તમારુ અહીંયા
કોઈ નથી જે તમારી બાબત ન્યાય કરી શકે તમારા ઘા ની
કોઈ દવા નથી. તેથી તમે સ્વસ્થ નહીં થઈ શકો.
14તારા બધા પ્રેમીઓ તને ભૂલી ગયા છે. હવે તેઓ તારી
સંભાળ રાખતા નથી. કારણ કે મેં તને કોઈ શત્રુની જેમ
ઘાયલ કર્યો છે. હા, નિર્દય માણસની જેમ મેં તને ઈજા
પહોંચાડી છે. કારણકે તારાં પાપ ઘણા વધી ગયા છે અને તે
તારો ઘણો મોટો અપરાધ છે.
15તારા ઘા વિષે રોક્કળ કરવાથી શું? તે ઘા રૂઝાય એવો
નથી, તારા અપરાધો ખૂબ જ નિંદાત્મક છે જેને લીધે તારા
દુ:ખનો અંત આવશે નહીં! તારા પાપો ઘણા મોટા છે માટે
તને વધુ શિક્ષા કરવાની મને ફરજ પડી.
16પણ હવે એ દિવસ આવી રહ્યો છે તે દિવસે તને કોળિયો
કરી જનારાઓ જ કોળિયો થઈ જશે. તારા બધા શત્રુઓને
કેદ કરવામાં આવશે, તારા ઉપર જુલમ ગુજારનારાઓ જ
જુલમનો ભોગ બનશે, તને લૂંટનારાઓ જ લૂંટાઈ જશે.
17હાં હું તને તારી તંદુરસ્તી પાછી આપીશ અને તારા
ઘાને રૂઝાવીશ, કારણ કે તારા શત્રુઓ કહેતા કે, 'સિયોન તો
ખંડેર બની ગયું છે, કોઈને તેની પડી નથી.'" આ હું યહોવા
બોલું છું.
18યહોવા કહે છે, "જ્યારે યાકૂબના વંશજોને બંદીવાસમાંથી
મુક્ત કરાશે અને તેમની ભૂમિ તેમને પાછી અપાશે અને
પ્રત્યેક કુટુંબ પર કરૂણા દર્શાવાશે; યરૂશાલેમને પોતાના ખંઢેર
ઉપર ફરી બાંધવામાં આવશે અને કિલ્લાને તેના યોગ્ય સ્થાને
ઊભો કરવામાં આવશે.
19બધા નગરો આનંદ તથા આભારસ્તુતિના અવાજોથી
ગૂંજી ઊઠશે. હું મારા લોકોની વૃદ્ધિ કરીશ અને તેઓને
મહાન તથા મહિમાવંત પ્રજા બનાવીશ.
20તેમનો સમાજ પાછો પહેલાના જેવો થશે; તે મારી
નજર સમક્ષ વ્યવસ્થિત થશે, અને એમના બધા
અન્યાયીઓને હું સજા કરીશ.
21તેઓને ફરીથી પોતાનો રાજા મળશે, જે પરદેશી નહીં
હોય, હું તેને મારી પાસે બોલાવીશ, અને તે મારી પાસે
આવશે. કારણકે વગર આમંત્રણે મારી પાસે આવવાની કોની
હિંમત છે?
22તમે મારા લોક થશો અને હું તમારો દેવ થઈશ."
23"જુઓ યહોવાનો ક્રોધ, દુષ્ટોના માથાને અથડાઈને,
ઝંઝાવાતથી ઘુમરાતા વંટોળની માફક ગર્જના કરતો ઘસી
રહ્યો છે. 24યહોવાની યોજના પ્રમાણે ભયંકર વિનાશ પ્રવર્તશે
નહીં, ત્યાં સુધી તેમનો ક્રોધ શાંત થાય તેમ નથી, હું જે
તમને કહી રહ્યો છું તે ભવિષ્યમાં તમને સમજાશે."

## નવું ઈસ્રાએલ

31 યહોવા કહે છે, "એવો સમય આવી રહ્યો છે જ્યારે
ઈસ્રાએલના સર્વ કુળસમૂહો મને દેવ માનશે અને
મારી પ્રજા થશે."

2અને યહોવા કહે છે, "જ્યારે ઈસ્રાએલે રાહત શોધી ત્યારે
જે લોકો તલવારથી બચી ગયા છે, તેઓને અરણ્યમાં કૃપા
મળી."
3ઈસ્રાએલી પ્રજા વિસામાની શોધમાં ફરતી હતી ત્યારે મેં
તેને દૂરથી દર્શન દીધાં હતાં. ઓ ઈસ્રાએલી પ્રજા, "હું અનંત
પ્રેમથી તને ચાહું છું , એટલે મારી કૃપા તારા ઉપર વરસાવ્યા
કરું છું.
4હું તને ફરીથી ઉપર ઉઠાવીશ અને તું પાછી ઊભી થશે.
ફરીથી તું કુમારિકાની જેમ ઝાંઝરથી શણગારાઈશ અને
આનંદથી નાચવા લાગીશ.
5તું ફરીથી સમરૂનના ડુંગરા ઉપર દ્રાક્ષની વાડીઓ રોપશે,
ને રોપનારાઓ એનાં ફળ ખાવા પામશે.
6એવો દિવસ જરૂર આવી રહ્યો છે. જ્યારે એફ્રાઈમના
પર્વતો ઉપરથી પહેરેગીરો પોકાર કરશે, 'ચાલો આપણે
સિયોનની યાત્રાએ જઈએ, આપણા દેવ યહોવાને દર્શને
જઈએ.'"
7યહોવા કહે છે, "યાકૂબને માટે આનંદપૂર્વક ગાઓ, મહાન
કોમ માટે જયજયકાર કરો. તેથી મુકતકંઠે સ્તુતિગાન કરીને
કહો, 'દેવ યહોવા તારા લોકોને ઈસ્રાએલના અવશેષને
બચાવ."
8હું તેઓને ઉત્તરમાંથી લાવીશ, ને પૃથ્વીના છેડાઓથી
તેઓને એકત્ર કરીશ. હું તેઓનાં અંધજનોને અને
લંગડાઓને, ગર્ભવતી તથા નાનાં બાળકોવાળી સ્ત્રીઓને
રઝળતા નહીં મૂકું. તેઓ એક મોટા સમુદાય ની જેમ અહીં
પાછા ફરશે.
9હું તેમને પાછા લાવીશ ત્યારે તેઓ રડતાં રડતાં અરજ
કરતાં કરતાં આવશે. હું તેમને ઠોકર ન વાગે એવા સપાટ
રસ્તે થઈને વહેતાં ઝરણાં આગળ લઈ જઈશ, કારણકે હું
ઈસ્રાએલનો પિતા છું અને એફ્રાઈમ મારો જયેષ્ઠ પુત્ર છે.
10ઓ વિશ્વની પ્રજાઓ, તમે યહોવાના વચન સાંભળો,
અને દૂર દૂરના દ્વીપોને તે જાણ કરો. 'જેણે ઈસ્રાએલના
લોકોને વેરવિખેર કરી નાખ્યા હતા તે પોતેજ તેમને એકત્ર
કરશે અને તેમની ઘેટાંપાલકની જેમ સંભાળ લેશે.'
11કારણકે યહોવાએ યાકૂબને બચાવ્યો છે, ને તેનાં કરતાં
બળવાનના હાથમાંથી તેને છોડાવ્યો છે.
12તેઓ આનંદના પોકાર કરતા સિયોનના પર્વત ઉપર
આવશે, અને યહોવાએ આપેલા ધાન્ય, દ્રાક્ષારસ, તેલ અને
ઢોરઢાંખર રૂપી સમૃદ્ધિથી ખુશખુશાલ થશે. તેમનું જીવન
સિંચેલી વાડી જેવું થશે અને તેઓનાં સર્વ દુ:ખો દૂર થઈ
ગયા હશે.
13ત્યારે કુમારિકાઓ આનંદ સાથે નાચી ઊઠશે અને યુવાનો
તથા વૃદ્ધો હરખાશે; કારણકે હું તેઓના શોકને હર્ષમાં ફેરવી
નાખીશ, હું તેઓને ખાતરી આપીશ અને તેઓને હર્ષિત
કરીશ, કારણકે તેઓનાં બંદીવાસનાં સર્વ દુ:ખો દૂર થઈ ગયા
હશે.
14હું યાજકોને પુષ્કળ ખોરાક આપીશ. અને મારી પ્રજા
મેં આપેલી ઉત્તમ વસ્તુઓથી ભરાઈ જશે."
15યહોવાએ ફરીથી મારી સાથે વાત કરીને કહ્યું, "રામાહમાં
ભારે રુદનનો અવાજ સંભળાય છે, રાહેલ પોતાનાં સંતાનો
માટે ઝૂરે કરે છે. તેને સાંત્વન આપી શકાય તેમ નથી.
કારણકે તેનાં સંતાનો મૃત્યુ પામ્યા છે."
16પરંતુ યહોવા કહે છે: "રોવાનું બંધ કરો, આંસુ લૂછી
નાખો, તારાં કષ્ટો વ્યર્થ નહીં જાય, તારા બાળકો દુશ્મનના
દેશમાંથી પાછા આવશે.
17તારા ભવિષ્ય માટે આશા છે; તારાં સંતાનો પોતાના
શહેરમાં પાછાં આવશે, એમ યહોવા કહે છે.
18મેં સ્પષ્ટ રીતે એફ્રાઈમના નિસાસા સાંભળ્યા છે, 'તમે
મને સખત સજા કરી છે; પણ જેમ વાછરડાને ઝૂંસરી માટે
પલોટવો પડે છે તેમ મને પણ સજાની જરૂર હતી, મને
તમારી તરફ પાછો વાળો અને પુન:સ્થાપિત કરો, કારણકે
ફક્ત તમે જ મારા યહોવા દેવ છો.
19મને જ્યારે સમજાયુ કે મેં શું કર્યુ છે ત્યારે મેં મારી
જાંઘપર થબડકો માર્યો હું લજ્જિત અને અપમાનિત થયો
છું, કારણ કે, જ્યારે હું જુવાન હતો ત્યારે મેં બંદનામી વાળા
કામો કર્યા હતા.'"
20યહોવા કહે છે, "ઓ ઈસ્રાએલ, તું ખરેખર મારો લાડકો
દીકરો છે! તું મને વહાલો છે! હું તને ગમે તેટલી વાર
ધમકાવું તોય પાછો તને યાદ કરું છું, અને મારું હદય તને
ઝંખે છે. હું ચોક્કસ તારા ઉપર અનુકંપા બતાવીશ.
21જ્યારે તું બંદીવાસમાં જાય ત્યારે રસ્તામાં ઈસ્રાએલનો
માર્ગ સૂચવતાં નિશાન કર. અને માર્ગદર્શક સ્તંભો બનાવ.
તું જે રસ્તે ગઈ હતી તે બરાબર ધ્યાનમાં રાખ. કારણકે હે
ઈસ્રાએલની કુમારી, તું ફરીથી તારાં નગરોમાં અહીં પાછી
ફરશે.
22ઓ જક્કી ભટકી ગયેલી દીકરી, તું ક્યાં સુધી
અવઢવમાં રહીશ? કેમકે યહોવાએ પૃથ્વી ઉપર એક નવી
વસ્તુ પેદા કરી છે. કોઈ સ્ત્રી પુરુષનું રક્ષણ કરે તેવી તે
અદ્વિતીય વાત છે."
23આ ઈસ્રાએલના દેવ, સર્વસમર્થ યહોવાના વચન છે:
"હું યહૂદિયાં અને તેના નગરોનું ભાગ્ય ફેરવી નાખીશ અને
તેથી તેઓ ફરીથી આ વચનો ઉચ્ચારશે કે, 'નીતિવંતોનું રહેઠાણ
એવો પવિત્રપર્વત, યહોવા તમને આશીર્વાદિત કરે!'
24"અને યહૂદિયા તથા તેના બધા ગામોમાં ખેડૂતો અને
ભરવાડો ભેગા રહેશે. 25હાં હું થાકેલા જીવને વિશ્રામ આપીશ
અને જેઓ નબળા થઈ ગયા છે તેમને મજબૂત બનાવીશ."
26ત્યારબાદ યર્મિયા જાગ્યો, તેણે કહ્યું, "આ ઊંઘ મને
મીઠી લાગી."
27યહોવા કહે છે, "એ દિવસો આવી રહ્યા છે જ્યારે
હુ ઈસ્રાએલને અને યહૂદિયાને માણસોને તથા તેના
પશુધનને પુષ્કળ વધારીશ. 28ભૂતકાળમાં જેમ હું તેમને
ઉખેડી નાખવા, તોડી પાડવા, ઉથલાવી પાડવા, નાશ કરવા,
અને હાનિ કરવા માટે નજર રાખતો હતો તેમ હવે તેમના
ઉપર કાળજી રાખીને તેઓને સંસ્થાપિત કરીશ." આ
યહોવાના વચન છે.

29"તે દિવસે પછી કોઈ એમ નહીં કહે કે, પિતૃઓના પાપની કિમત તેઓનાં બાળકો ચૂકવે છે.
30કારણકે દરેક માણસ પોતાના પાપને લીધે મરશે. જે ખાટી દ્રાક્ષ ખાશે તેના દાંત ખટાઈ જશે."

### નવો કરાર

31યહોવા કહે છે, "એ દિવસો આવી રહ્યા છે જ્યારે હું
ઈસ્રાએલ અને યહૂદિયા સાથે નવો કરાર કરીશ. 32મેં જ્યારે
એમના પિતૃઓને હાથ પકડીને મિસરમાંથી બહાર કાઢયા હતા ત્યારે તેમની સાથે જે કરાર કર્યો હતો તેવો આ કરાર નહીં હોય. હું તેમનો વિશ્વાસુ માલિક હોવા છતાં પણ તેમણે મારા કરારનું ઉલ્લંઘન કર્યુ.
33"પરંતુ હવે ઈસ્રાએલના લોકો સાથે જે કરાર કરીશ તે આવો હશે: હું મારા નિયમો તેમના અંતરમાં ઠસાવીશ અને તેમનાં હૃદય ઉપર લખીશ. હું તેમનો દેવ થઈશ. અને તેઓ
મારી પ્રજા થશે. 34તે સમયે યહોવાને ઓળખવા માટે
એકબીજાને શીખવવાની જરૂર રહેશે નહીં, કારણકે ત્યારે નાનાથી મોટા સુધી સૌ કોઈ મને ઓળખશે. હું તેમના દુષ્કૃત્યો માફ કરીશ અને તેમના પાપને ફરી સંભારીશ નહીં." આ યહોવાના વચન છે.

### યહોવા ઈસ્રાએલને કદી નહી છોડે

35"જેણે દિવસે પ્રકાશ આપવા માટે સૂર્ય અને રાત્રે પ્રકાશ આપવા માટે ચંદ્ર અને તારાઓ આપ્યા છે, જે સાગરને એવો મથે છે કે તેનાં તરંગો ગર્જના કરી ઊઠે, જેનું નામ સર્વસમર્થ યહોવા છે" તે કહે છે:
36"જો મેં કુદરતમાં સ્થાપેલી વ્યવસ્થા લોપ પામે તો જ ઈસ્રાએલનો વંશ પણ મારી પ્રજા તરીકે લોપ પામી શકે છે.
37જો ઉપરનું આકાશ માપી શકાય અને નીચેની ધરતીના તળીયાનો તાગ માપી શકાય તો જ હું ઈસ્રાએલની સમગ્ર પ્રજાનો તેમણે જે કઈ કર્યુ છે તે માટે તિરસ્કાર કરી શકુ." આ યહોવાના વચન છે.

### નવું યરૂશાલેમ

38યહોવા કહે છે, "સમય આવી રહ્યો છે જ્યારે યરૂશાલેમ
મારા નગર તરીકે હનામએલના બુરજથી તે ખૂણાના દરવાજા
સુધી ફરી બાંધવામાં આવશે. 39તે સરહદ પસાર કરીને આગળ
જશે. તે ઠેઠ ગારેબની ટેકરી સુધી જશે અને ત્યાથી દક્ષિણ
તરફ વળીને ગોઆહ જશે. 40કિદ્રોનથી ઠેઠ ઘોડાના દરવાજા
સુધી, સમગ્ર ખીણ અને દરેકે દરેક ખેતરને આ શહેરમાં શામેલ કરવામાં આવશે. જે યહોવા માટે પવિત્ર છે. અને આને ફરીથી કયારેય ઉખેડવામાં કે નાશ કરવામાં નહીં આવે."

### જમીન ખરીદવા પાછળનો સંકેત

32 યહૂદિયાના રાજા સિદકિયાના અમલના દસમાં વર્ષમાં નબૂખાદનેસ્સારના અઢારમાં વર્ષમાં
યર્મિયાને યહોવાની વાણી સંભળાઈ. 2તે વખતે બાબિલના
રાજાની સેના યરૂશાલેમને ઘેરો ઘાલીને પડી હતી અને પ્રબોધક યર્મિયા યહૂદિયાના રાજમહેલના રક્ષકઘરના ચોકમાં
કેદમાં પડેલો હતો; 3સિદકિયા રાજાએ યર્મિયાને કેદ કર્યો
હતો, કારણકે તેણે ભવિષ્યવચન કહેવાનું સતત ચાલું રાખ્યું
હતું કે "'બાબિલનો રાજા નગરને જીતી લેશે. 4અને રાજા
સિદકિયા બચવા નહીં પામે, તેને ચોક્કસ પણે બાબિલના રાજાના હાથમાં સોંપી દેવામાં આવશે, તે તેને રૂબરૂ મળશે
અને તેની સાથે વાત કરશે. 5તે સિદકિયાને બાબિલ લઈ
જશે અને હું તેને સંભારું નહીં ત્યાં સુધી તેણે ત્યાં રહેવું પડશે. તમે બાબિલવાસીઓ સામે લડશો તો યે વિજય નહીં પામો!'" આ તો યહોવાનું વચન છે.
6પછી યહોવાનો આ સંદેશો યર્મિયા પાસે આવ્યો: 7"તારા
કાકા શાલ્લૂમનો પુત્ર હનામએલ તારી પાસે આવીને તને કહેશે કે, 'અનાથોથનું મારું ખેતર તું ખરીદી લે, કારણ નજીકના સગા તરીકે તારો એ હક્ક છે.'
8"અને યહોવાના કહ્યા પ્રમાણે મારો પિતરાઈ ભાઈ હનામએલ રક્ષકઘરમાં ચોકમાં મારી પાસે આવ્યો અને બોલ્યો, 'બિન્યામીનના કુળસમુહના દેશમાંના અનાથોથમાં મારું જે ખેતર છે તે, તું વેચાતું લે; કારણકે વારસાનો તથા મૂલ્ય આપીને છોડાવવાનો હક્ક તારો છે.'
"તે તારે પોતાને માટે વેચાતું લે, ત્યારે મેં જાણ્યું કે આ તો
યહોવાનું વચન છે. 9તેથી 17 શેકેલ ચાંદી ચૂકવીને મેં
હનામએલ પાસેથી તે ખેતર વેચાતું લીધું. 10મેં વેચાણખત
કરી તેના ઉપર સહીસિક્કા અને સાક્ષી કરાવી અને કાંટા
ઉપર કિંમત ચૂકવી દીધી. 11ત્યાર પછી મે મહોર મારેલું
બંધ ખરીદખત લીધું જે નિયમો અને શરતો ધરાવતું હતું
અને તેની એક ઉઘાડી પ્રત પણ લીધી. 12અને જાહેરમાં
મારા પિતરાઈ ભાઈ હનામએલ, વેચાણખત ઉપર સહી કરનારા સાક્ષીઓની અને રક્ષકઘરના ચોકમાં તે વખતે હાજર હતા તે બધા યહૂદીઓની સાક્ષીમાં નેરિયાના પુત્ર માઅસેયાના પૌત્ર બારૂખના હાથમાં સુપ્રત કરી.
13"તેમનાં દેખતા જ મેં બારૂખને આ પ્રમાણે સૂચના
આપી: 14'આ બન્ને દસ્તાવેજ, મહોર મારેલું બંધ ખરીદખત
અને તેની ઉઘાડી પ્રત લઈલે અને તેને લાંબા વખત સુધી
સાચવવા માટે એક માટીના ઘડામાં મૂકજે. 15કારણકે
ઈસ્રાએલના સર્વસમર્થ યહોવાએ કહ્યું છે કે, "લોકો આ દેશમાં ફરીથી ઘરો, ખેતરો અને દ્રાક્ષની વાડીઓ ખરીદશે."'
16"દસ્તાવેજી નકલ બારૂખને આપ્યા પછી મેં પ્રાર્થના કરી:

17"ઓ સર્વસમર્થ યહોવા, તમેં તમારી પ્રચંડ શક્તિથી
આકાશ અને પૃથ્વી સર્જ્યા છે. તમારે માટે કશું અશકય
નથી. 18હજારો પ્રત્યે તું કરુંણા બતાવે છે, પણ માબાપનાં
પાપની સજા તેમનાં સંતાનોને કરે છે. તું મહાન અને
બળવાન છે. તારું નામ સર્વસમર્થ યહોવા છે. 19તારી
યોજના મહાન છે, તારાં કાર્યો પ્રચંડ છે, તારી આંખો
માણસોનું બધું જ હલનચલન જુએ છે, અને તું દરેકને

તેનાં કાર્યોને અનુરું પ બદલો આપે છે. 20તેં મિસરમાં
ચમત્કારો અને અદભૂત કાર્યો કરી નામના મેળવી
હતી અને ઈસ્રાએલમાં અને બીજી પ્રજાઓમાં આજ
સુધી તું એમ કરતો રહ્યો છે. 21મહાન ચમત્કારો અને
મહાપરાક્રમ દર્શાવીને તથા શત્રુને ભયભીત કરીને
તમે ઈસ્રાએલને મિસરની બહાર લઈ આવ્યા હતા.

22"ત્યારબાદ તેમના પિતૃઓને વચન આપ્યા પ્રમાણે
તેં આ ભૂમિ જ્યાં દૂધ અને મધની રેલમછેલ છે તેમને
આપી હતી. 23તેમણે આવીને એનો કબજો લીધો. પણ
તેમણે તારું કહ્યું ન કર્યું કે ન તારી નિયમસંહિતાનું
પાલન કર્યુ. તેમણે તારી બધી સૂચનાઓની અવગણના
કરી અને તેથી તે આ બધી આફત તેમની પર ઉતારી.

24"શત્રુએ નગરનાં સામે મજબૂત મોરચાઓ બાંધ્યા
છે. બાબિલનું સૈન્ય તલવાર વડે તથા નગરમાં પ્રવર્તતા
દુષ્કાળ અને મરકીને કારણે નગરને જીતી લેશે. તમે
કહ્યું હતું અને તમે નક્કી કર્યું હતું તે જ પ્રમાણે બની
રહ્યું છે તમે તમારી જાતે જોઈ શકો છો.

25"'અને છતાં, સર્વસમર્થ યહોવા મારા માલિક, તેં
મને આજ્ઞા કરી કે સાક્ષીઓના દેખતાં પૈસા ચૂકવીને
ખેતર ખરીદી લે; જોકે શહેર તો અત્યારે બાબિલ
વાસીઓના હાથમાં જઈ રહ્યું છે."

26પછી યર્મિયાને યહોવાની વાણી સંભળાઈ; 27'હું,
યહોવા, માનવ માત્રનો દેવ છું, શું મારા માટે કાંઈ અશક્ય
હોઈ શકે ખરું?" 28તેથી આ યહોવા કહે છે, "જુઓ, હું આ
નગર નબૂખાદનેસ્સાર ને સોંપી રહ્યો છું. 29જે ખાલદીઓ
લડી રહ્યાં છે, તેઓ આવીને તેને આગ લગાડી દેશે. તે
તેમના ઘરની સાથે સળગાવી દેશે, જેના છાપરા પર બઆલ
દેવના બલિદાન અર્પણો અને બીજા દેવોને ધરેલા પેયાર્પણો
હતા. આ બાબતે મને ખૂબ ક્રોધિત કરી દીધો. 30હા
ઈસ્રાએલના અને યહૂદિયાના લોકોએ તેમના ઈતિહાસના
પ્રારંભથીજ મારી નજરમાં અયોગ્ય ગણાય એવાં કાર્યો કર્યા
છે, અને પોતાના એ કાર્યોથી મારો રોષ વહોરી લીધો છે.
31આ નગર બાંધવામાં આવ્યું ત્યારથી આજદિન સુધી તેઓએ
હું ક્રોધિત થાઉં તેવા જ કાર્યો કર્યા છે. તેથી તેઓને દૂર
કરવાનો મેં નિરધાર કર્યો છે. 32ઈસ્રાએલના અને યહૂદિયાના
બધા લોકોએ તથા તેમના રાજાઓ યાજકો અને પ્રબોધકોએ
અને યહૂદિયાના માણસો અને યરૂશાલેમના લોકોએ દુષ્કૃત્યો
કર્યા છે, અને તેને કારણે હું એને મારી નજર આગળથી દૂર
કરવા માંગુ છું.

33"તેમણે મારા તરફ મોઢું નહીં, પીઠ ફેરવી છે, અને જોકે
હું તેમને સતત ઉપદેશ આપતો રહ્યો છું, છતાંય તેઓ
સાંભળતા નથી કે શીખતા નથી. 34તેઓએ મારા પોતાના
મંદિરમાં તેઓની ધિક્કારપાત્ર મૂર્તિઓની પૂજા કરીને તેને
પણ અપવિત્ર કર્યુ છે.

35"તેમણે હિન્નોમની ખીણમાં બઆલદેવ માટે
ઉચ્ચસ્થાનકો બાંધ્યા છે. ત્યાં તેઓએ મોલેખની સામે પોતાનાં
સંતાનોના અગ્નિમાં હોમીને બલિદાન આપ્યાં છે. મેં એવી
સૂચના તેઓને કદી આપી જ નથી. તેઓ આવા ધૃણાજનક
કાર્ય કરશે અને યહૂદિયાના લોકોને પાપમાં નાખશે. એવો
વિચાર મારા મનમાં આવ્યો જ નથી.

36"તેથી હવે ઈસ્રાએલના દેવ યહોવા આ નગર વિષે કહે
છે કે 'તેને તલવાર, દુષ્કાળ અને મરકી દ્વારા બાબિલના
રાજાના હાથમાં સુપ્રત કરવામાં આવશે.' 37મારા પુણ્યપ્રકોપ
અને ભયંકર રોષને લીધે એ લોકોને મેં જે જે દેશોમાં વેરવિખેર
કરી નાખેલા છે, ત્યાંથી એમને પાછા એકત્ર કરીશ, આ
જગ્યાએ પાછા લાવીશ અને શાંતિ અને સલામતીપૂર્વક અહીં
વસાવીશ. 38તેઓ મારા લોકો થશે અને હું તેઓનો દેવ
થઈશ. 39હું તેમને બધાંને સમાન અભિગમ અને જીવનનો
માર્ગ આપીશ જેથી તેઓને હર સમય મારો ભય રહેશે. આ
તેઓના પોતાના ભલા માટેજ અને ત્યાર પછી તેઓના
સંતાનોના ભલા માટે છે. 40હું તેઓની સાથે એક કાયમી
કરાર કરીશ, હું સદાય તેમની ભલાઈ કરતા અટકીશ નહીં,
અને તેમના હૃદયમાં મારે વિષે એવું દૈવત્વ ઉત્પન કરીશ કે
તેઓ કદી મારાથી વિમુખ ન થઈ જાય. 41એમનું કલ્યાણ
કરવામાં મને આનંદ આવશે અને હું તેમને પૂર્ણ હૃદયથી
આ ભૂમિ પર ફરીથી સુસ્થાપિત કરીશ."'

42હા, આ યહોવા કહે છે, "જેમ તેઓ ઉપર આ બધા દુ:ખ
અને સમસ્યાઓ હું લાવ્યો હતો તે જ રીતે હું તેઓને આપેલાં
વચન મુજબ તેઓનું સર્વ રીતે ભલું કરીશ. 43તમે જે ભૂમિને
વિષે એમ કહો છો કે, 'એ તો વેરાન થઈ જાણો, એમાં નહીં
માણસ વસે કે નહીં એમાં પશુ વસે.' એ તો બાબિલવાસીઓના
હાથમાં જ પડી જાણો. તેમાં લોકો ફરી ખેતર ખરીદશે.
44બિન્યામીન કુળસમૂહના પ્રદેશમાં, યરૂશાલેમની
આસપાસ, યહૂદિયાના ગામોમાં, પહાડી દેશોમાં, શેફેલાની
તળેટીમાં અને નેગેબમાં લોકો ખેતરો ખરીદશે, કિંમત ચૂકવશે,
અને સહીસીક્કા કરીને કરારો બનાવશે, કારણકે હું તેમનું
ભાગ્ય ફેરવી તેઓને સુખ-સમૃદ્ધિ આપીશ."

## શાંતિ અને સમૃદ્ધિ માટે દેવનું વચન

33 યર્મિયા હજી કેદી તરીકે રક્ષકઘરના ચોકમાં હતો
ત્યાં જ તેને બીજી વાર યહોવાની વાણી સંભળાઈ.
2આ પ્રમાણે યહોવા કહે છે જે જગતનો ઉત્પન કરનાર છે,
જે યહોવાએ તેને સ્થાપિત થાય તે માટે બનાવ્યું છે, યહોવા
તેનુ નામ છે. 3"તું મને હાંક માર અને હું તને જવાબ
આપીશ. આ સ્થળ જે બનવાનું છે તે વિષે કેટલાક ગાઢ
રહસ્યો હું તને જણાવીશ. 4આથી જ ઈસ્રાએલના દેવ યહોવા
આ નગરના ઘરો અને યહૂદિયાના રાજાઓના ઘરો માટે કહે
છે,જેને બાબિલના હુમાલાઓથી રક્ષણ મેળવવા માટે તોડી
નંખાયાં હતાં.

5"તેઓ બાબિલની વિરૂદ્ધ લડાઈ કરશે, પણ પછી તેઓ
એ લોકોના મૃત દેહથી પોતાના ઘરોને ભરી દેશે જેઓને મે
ગુસ્સાથી મારી નાખ્યા છે. આવું બનશે કારણકે, તેમણે
આચરેલા દુષ્કૃત્યોને લીધે મેં આ નગર છોડી દીધું છે.

6"છતાં એવો સમય આવશે ત્યારે હું તેના ઘા રૂઝાવીશ અને આરોગ્ય બક્ષીસ. હું તેના વતનીઓને સાજા કરી પૂર્ણ શાંતિ ને સલામતીનો અનુભવ કરાવીશ. 7હું યહૂદિયા અને ઈસ્રાએલને ફરીથી બાંધીશ અને તેઓનું ભાગ્ય ફેરવીને તેમને ઉજ્જવળ ભવિષ્ય આપીશ. 8તેમણે મારી વિરૂદ્ધ જે બધાં પાપો અને દુષ્કૃત્યો કર્યા છે તે હું ધોઈ નાખીશ, તથા તેઓને ક્ષમા આપીશ. 9પછી આ યરૂશાલેમ માટે પૃથ્વી પરની બધી પ્રજાઓ સમક્ષ આનંદનું , સ્તુતિનું અને ગૌરવનું કારણ થઈ પડશે. હું એને જે બધી સંપત્તિ બક્ષવાનો છું તેની વાત જ્યારે એ પ્રજાઓ જાણશે ત્યારે મેં એને બક્ષેલી સંપત્તિ અને સુખશાંતિથી ભયભીત થઈને કંપી ઉઠશે."

10"યહોવા કહે છે તે આ પ્રમાણે છે; આ દેશમાં, જે, તું કહે છે કે નાશ પામ્યું છે, માણસો અને પ્રાણીઓ વગરના યહૂદિયાના શહેરોમાંથી અને યરૂશાલેમની શેરીઓમાંથી જે હવે નિર્જન છે, ત્યાં ફરી એક વખત અવાજો સંભળાશે. 11વરવધૂના કિલ્લોલ કરતાં અવાજો અને યહોવા માટેના આભાર અર્પણોના આનંદિત ગીતો ફરી સંભળાશે. તે લોકો કહેશે,"સર્વસમર્થ યહોવાનો સૌ માનો આભાર, એ છે ભલાઈનો ભંડાર, એની કરૂણા અપરંપાર" લોકો આ પ્રમાણે કહેશે.

કારણ કે હું ફરીથી યહૂદિયા માટે સારી વસ્તુઓ કરીશ. આ યહોવાના વચન છે.

12સર્વસમર્થ યહોવા કહે છે, "આ જગ્યામાં એનાં માનવ કે પશુની વસ્તી વગરનાં ખંડેર ગામોં ફરીથી ઘેટાંબકરાંને આરામ કરાવતા ભરવાડોનું આશ્રયસ્થાન થશે. 13પહાડી દેશમાં, શેફેલાના ગામોમાં અને નેગેવ અને બિન્યામીન પ્રદેશમાં, યહૂદિયાના ગામોમાં અને યરૂશાલેમની નજીકના સ્થળોએ ફરી વાર ઘેટાં ગણતા ઘેટાંપાલકોના હાથ નીચેથી ઘેટાં પસાર થશે."

## સારી શાખા

14યહોવા કહે છે કે, "એવો દિવસ આવશે કે ઈસ્રાએલ તથા યહૂદિયાના હકમાં સર્વ સારું કરવાનું મેં આપેલું વચન હું પૂર્ણ કરીશ. 15એ સમયે હું દાઉદના કુળનો એક સાચો જ વંશજ પેદા કરીશ. જે નીતિ અને ન્યાયીપણાથી રાજ કરશે. 16તે સમયે યહૂદિયા તથા યરૂશાલેમના લોકો સમૃદ્ધ થશે અને તેઓ સુરક્ષામાં જીવશે. 'યહોવા આપણું ન્યાયીપણું' એ તેઓનું નામ હશે."

17કારણ કે યહોવા આ પ્રમાણે કહે છે, "ઈસ્રાએલની ગાદીએ બેસવા માટે દાઉદના કુટુંબમાં કદી વારસની ખોટ નહીં પડે, 18અને ત્યાં અર્પણ એવા બલિદાન, પ્રાણીઓના બલિદાન વગેરે માટે હવે લેવી વંશી યાજકનો કોઈ અભાવ નહીં હોય."

19ત્યારબાદ યહોવાનો આ સંદેશો યર્મિયા પાસે આવ્યો: 20મેં દિવસ તથા રાત સાથે મારો કરાર કર્યો છે: "દિવસ અને રાત પોતાના નિર્ધારિત સમયે જ આવે છે. આ કરારનો કદી ભંગ થઈ શકતો નથી. 21એ જ પ્રમાણે મેં મારા સેવક દાઉદ સાથે કરાર કર્યો છે કે, રાજ્યશાસન પર હંમેશા તેનો વંશજ રાજ કરશે. વળી લેવી કુળના યાજકો સાથે મેં કરાર કર્યો છે કે, તેઓ હંમેશા મારી સેવા કરશે અને આ કરારોનો પણ ભંગ થઈ શકે નહીં. 22આકાશમાંના અસંખ્ય તારાઓની જેમ અથવા સમુદ્રની અગણિત રેતીની જેમ હું મારા સેવક દાઉદના અને મારી સેવા કરનાર લેવીવંશી યાજકના કુળસમૂહોની વૃદ્ધિ કરીશ."

23યહોવાએ યર્મિયા સાથે ફરીથી વાત કરી અને કહ્યું; 24"લોકો શું કહે છે તે તેં સાંભળ્યું છે? 'યહોવાએ યહૂદિયા તથા ઈસ્રાએલને પસંદ કર્યા અને પછી ફરી તેઓનો ત્યાગ કર્યો! તેઓ હાંસી કરે છે અને કહે છે કે દેવની પ્રજા તરીકે ઈસ્રાએલની ગણના કરી શકાય તેમ નથી."

25પરંતુ યહોવાનો ઉત્તર આ છે: "દિવસ તથા રાત અને પૃથ્વી તથા આકાશના પરિભ્રમણનો સમય નિર્ધારિત કરેલો છે; 26એટલી ખાતરી છે કે યાકૂબના વંશજો અને મારા સેવક દાઉદ સાથેનો કરાર એ પણ એટલો જ ચોક્કસ છે. હું જરું ર ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબના વંશજો ઉપર રાજ કરવા માટે દાઉદના કોઈ વંશજને પસંદ કરીશ. હું તેઓ પર દયા દર્શાવીશ અને તેઓના ભાગ્યને બદલી નાખીશ."

## યહૂદાના રાજા સિદકિયાને ચેતવણી

34 બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર જે દેશો પર રાજ્ય કરતો હતો તે સર્વના સૈન્યો સાથે ચઢી આવ્યો અને યરૂશાલેમ તથા યહૂદિયાના નગરો સાથે યુદ્ધ કર્યું. તે સમયે યર્મિયા પાસે યહોવાનો આ સંદેશો આવ્યો:

2"ઈસ્રાએલના દેવ યહોવાના આ વચનો છે: જા અને યહૂદિયાના રાજા સિદકિયાને કહે કે આ મારાં વચન છે: 'હું આ યરૂશાલેમ શહેર બાબિલના રાજાના હાથમાં સોંપી દેનાર છું અને તે તેને બાળી મૂકશે. 3તું જાતે ભાગી શકશે નહીં. પણ તને બંદી બનાવી લઈ જવાશે અને બાબિલના રાજાને સુપ્રત કરી દેવામાં આવશે. તારે તેને મોઢામોઢ મળવાનું થશે અને તે તારી સાથે વાત કરશે. તે તને બાબિલમાં બંધક તરીકે લઈ જશે. 4તેમ છતાં, ઓ યહૂદિયાના રાજા સિદકિયા, હું યહોવા કહું છું કે, તું યુદ્ધમાં મૃત્યુ પામીશ નહીં. 5પરંતુ તું તારા લોકો મધ્યે શાંતિથી મૃત્યુ પામશે. જેમ તેમણે તારા પિતૃઓ માટે કર્યું હતું તેમ તારી યાદમાં તારા લોકો ધૂપસળી બાળશે, અને તેઓ તને દિલાસો આપશે અને ગાશે કે, "અરેરે, ઓ રાજા!'" આ યહોવાના વચન છે.

6તેથી પ્રબોધક યર્મિયાએ આ બધું શબ્દે શબ્દ યહૂદિયાના રાજા સિદકિયાને કહી સંભળાવ્યું. 7તે સમયે બાબિલનું સૈન્ય યહૂદિયાના બાકી રહેલા કિલ્લેબંદીવાળા નગરો યરૂશાલેમ, લાખીશ અને અઝેકાહની આસપાસ ઘેરો ઘાલતું હતું.

## લોકોએ એક કરાર તોડ્યો

8યહૂદિયાના રાજા સિદકિયાએ યરૂશાલેમના સર્વ ગુલામોને મુકત કરવાને લાગતા કરાર કર્યા પછી યર્મિયાને

યહોવાની વાણી સંભળાઈ. 9કારણકે રાજા સિદકિયાએ ફરમાન બહાર પાડ્યું હતું કે દરેક જણે પોતાનાં સ્ત્રી કે પુરુષ હિબ્રૂ ગુલામને છોડી દેવાના હતાં. અને કોઈએ પછી કોઈ જાતભાઈને ગુલામ રાખવાનો નહોતો.

10કરાર કરનાર બધા જ અમલદારો અને લોકો પોતાનાં સ્ત્રીપુરુષ ગુલામોને મુકત કરવા તથા તેમને હવે ગુલામ તરીકે ન રાખવા કબૂલ થયાં હતાં અને તેમણે એનું પાલન કરી તેમને છોડી મૂક્યાં. 11પાછળથી તેઓનાં મન બદલાઈ ગયાં અને તેઓએ ફરીથી પોતાના ચાકરોને ગુલામ બનાવ્યાં.

12એ વખતે યરૂશાલેમમાં યર્મિયાને યહોવાની વાણી સંભળાઈ; 13ઈસ્રાએલના દેવ યહોવાના આ વચન છે: "હું તમારા પિતૃઓને ગુલામીના દેશ મિસરની બહાર લઈ આવ્યો ત્યારે મેં તેમની સાથે કરાર કર્યો હતો કે, 14'તમે જે જાતભાઈને ગુલામ તરીકે ખરીદેલો હોય અને જેણે છ વર્ષ તમારી ગુલામી કરી હોય તેને તમારે સાતમે વર્ષે છોડી મૂકવો.' પરંતુ તમારા પિતૃઓએ મારું કહ્યું સાંભળ્યું નહીં અને તેના ઉપર ધ્યાન પણ આપ્યું નહીં. 15મેં તમને ફરમાવ્યું હતું તે પ્રમાણે મારી દ્રષ્ટિમાં જે યોગ્ય છે તે તમે તાજેતરમાં કર્યુ છે અને તમારા ગુલામોને મુકત કર્યા છે. અને જે મંદિર મારા નામથી ઓળખાય છે તેમા તમે મારી આગળ કરાર કર્યો હતો. 16પરંતુ હવે તમે ફરી ગયા, તમે ના પાડીને મારા નામનું અપમાન કર્યુ, અને તમે છોડી મૂકેલાં સ્ત્રીપુરુષ ગુલામને તમે પાછા લાવ્યાં અને ફરી ગુલામ બનાવ્યાં.

17"'તમે મારું સાંભળ્યું નથી અને ગુલામોને મુકત કર્યા નથી. તેથી હું તમને યુદ્ધ, દુકાળ અને મરકી, તલવાર, રોગચાળો અને દુકાળ દ્વારા મૃત્યુને હવાલે કરીશ. બીજા શહેરના લોકો જ્યારે તારી સાથે શું થયું છે એ સાંભળશે ત્યારે ભયભીત થઈ જશે. યહોવા આમ કહે છે. 18જેમણે મારા કરારનું ઉલ્લંઘન કર્યુ છે તેમને હું વાછરડા જેવા બનાવીશ જેને તેઓએ બે ટુકાડામાં કાપ્યાં હતાં અને કરાર બનાવતી વખતે તેની વચ્ચેથી પસાર થયા હતાં. 19તે લોકોને એટલે યહૂદિયાના તથા યરૂશાલેમના સરદારોને, ત્યાંના અધિકારીઓને, યાજકોને, તથા વાછરડાના બે ભાગો વચ્ચે થઈને ગયેલી દેશની સર્વ પ્રજાને. 20હું તેમનો જીવ લેવા ટાંપી રહેલા તેમના શત્રુઓના હાથમાં તેમને સોંપી દઈશ. અને તેમનાં શબ આકાશનાં પંખી અને જમીનનાં પશુઓ દ્વારા ખવાશે. 21યહૂદિયાના રાજા સિદકિયાને તથા તેના સરદારોને પણ હું તેઓના શત્રુઓના હાથમાં, એટલે એ જેઓ તેઓનો સંહાર કરવા માંગે છે તેઓના હાથમાં, ને બાબિલના રાજાનું જે સૈન્ય તમારી પાસેથી પાછું ગયું છે તેના હાથમાં સુપ્રત કરીશ. 22હું હુકમ કરીશ, અને બાબિલના સૈન્યોને પાછા બોલાવીશ, તેઓ આ નગર ઉપર હુમલો કરશે, એને જીતી લઈને બાળી મૂકશે. એ રીતે હું યહૂદિયાના નગરોને વસ્તીહીન ઉજ્જડ જગ્યા બનાવીશ.'" આ યહોવાના વચન છે.

## નિષ્ઠાવાન રેખાબીઓ

35 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના રાજ્યકાળ દરમ્યાન યહોવાનો આ સંદેશો યર્મિયા પાસે આવ્યો: 2"રેખાબીઓ પાસે જઈને તેમને વાત કર, તેમને મંદિરના એક ઓરડામાં લઈ આવ અને તેઓને પીવા માટે દ્રાક્ષારસ આપ."

3આથી હું હબાસીન્યાના પુત્ર યર્મિયાના પુત્ર યાઅજાન્યાને તથા તેના સર્વ ભાઈઓ અને પુત્રોને એટલે કે રેખાબીના સર્વ કુટુંબોના પ્રતિનિધિઓને મળવા ગયો. 4મંદિરમાં તેઓને ગદાલ્યાના પુત્ર હાનાન પ્રબોધકના પુત્રોને આપવામાં આવેલા ઓરડામાં લઈ આવ્યો. આ ઓરડો મહેલના અધિકારીના ઓરડા પાસે તથા મંદિરના દરવાન શાલ્લૂમના પુત્ર માઅસેયાના ઓરડાની બરોબર ઉપર હતો. 5પછી મેં તેઓની આગળ પ્યાલા તથા દ્રાક્ષારસ ભરેલા જગ મૂક્યા અને તેઓને તે પીવા માટે આમંત્રણ આપ્યું.

6પરંતુ તેઓએ કહ્યું, "ના, અમે દ્રાક્ષારસ પીતા નથી. કારણકે અમારા પિતૃઓ રેખાબના પુત્ર યોનાદાબે અમને આજ્ઞા કરી છે કે, 'તમે તેમજ તમારા પુત્રો કોઈ કાળે દ્રાક્ષારસ પીશો નહીં; 7વળી તેમણે અમને એમ પણ કહ્યું કે, અમારે કદી ઘર બાંધવા નહીં, કે અનાજ ઉગાડવું નહીં, તેમજ દ્રાક્ષાવાડીઓ રોપવી નહીં, તમારે એવી કોઈ મિલકત રાખવી નહીં એને બદલે તમારે જીવનભર તંબૂઓમાં જ રહેવું; તે પછી તમે આ ભૂમિમાં જ્યાં તમે વિદેશીઓ તરીકે રહો છો, લાંબા સમય સુધી જીવશો.' 8અમે આ સર્વ અમારા પિતૃઓ રેખાબના પુત્ર યોનાદાબે કહ્યા પ્રમાણે કર્યુ છે. ત્યારથી અમે, અમારી પત્નીઓએ, અમારા પુત્રો કે પુત્રીઓ અને અમે પોતે કદી દ્રાક્ષારસ પીતા નથી. 9અમે ઘરો બાંધ્યા નથી કે નથી રાખ્યા પોતાનાં ખેતરો કે નથી કરી અમે અનાજની વાવણી. 10અમે તંબૂઓમાં રહીએ છીએ અને અમારા પિતા યોનાદાબે અમને જે સર્વ આજ્ઞાઓ ફરમાવી હતી તે અમે સંપૂર્ણપણે પાળી છે, 11પણ જ્યારે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે આ દેશ ઉપર ચડાઈ કરી ત્યારે અમે નક્કી કર્યું કે, 'બાબિલવાસીઓના અને અરામના સૈન્યથી બચવા માટે અમારે યરૂશાલેમ ભાગી જવું.' અને આમ અમે યરૂશાલેમમાં વસીએ છીએ."

12ત્યારબાદ યહોવાનું વચન યર્મિયાની પાસે આ પ્રમાણે આવ્યું: 13 ઈસ્રાએલના દેવ યહોવા કહે છે: "યહૂદિયા અને યરૂશાલેમમાં જઈને કહે કે શું તમે મારાં વચનો સાંભળીને શિખામણ નહીં લો?" આ યહોવાના વચન છે. 14"રેખાબીઓ દ્રાક્ષારસ પીતા નથી, કારણકે તેઓના પિતા યોનાદાબે તેઓને તેમ કરવાની મનાઈ કરી છે. પણ હું તમારી સાથે વારંવાર બોલ્યો છું છતાં તમે મારું સાંભળતા નથી કે આધીન પણ થતાં નથી. 15મેં એક પછી એક પ્રબોધકોને તમારી પાસે મોકલીને કહેવડાવ્યું કે તમારા દુષ્ટ માર્ગોથી પાછા ફરો તથા અન્ય દેવોની પૂજા કરવાનું બંધ કરો. તો જે દેશ મેં તમને તથા તમારા પિતૃઓને આપ્યો છે તેમાં તમે વસશો;' પણ

તમે કાન ધર્યા નહીં, ને મારું સાંભળ્યું નહીં. 16રેખાબના પુત્ર યોનાદાબના પુત્રોએ પોતાના પિતૃઓએ જે આજ્ઞા તેઓને આપી, તે માની લીધી છે, પરંતુ આ લોકોએ મારું સાંભળ્યું નથી."

17અને તેથી હું કહું છું: "મેં જે જે આફતોની ધમકી આપી છે તે બધી હું યહૂદિયા અને યરૂશાલેમના વતનીઓ ઉપર ઉતારીશ. કારણ, મેં તેમને કહ્યું ત્યારે તેમણે સાંભળ્યું નહીં, અને મેં તેમને હાંકલ કરી ત્યારે તેમણે મને જવાબ ન આપ્યો." આ ઈસ્રાએલના દેવ, સર્વસમર્થ યહોવાના વચન છે."

18પછી યર્મિયાએ રેખાબીઓના કુળને કહ્યું, "સર્વસમર્થ યહોવા ઈસ્રાએલના દેવ કહે છે કે, 'તમે તમારા પિતૃઓ યોનાદાબની આજ્ઞા માની છે, તથા તેની સર્વ આજ્ઞાઓનું પાલન કર્યું છે, અને તમને જે કરવા કહ્યું તે પ્રમાણે જ તમે બધું કર્યું છે; 19માટે સર્વસમર્થ યહોવા, ઈસ્રાએલના દેવ કહે છે કે, રેખાબના પુત્ર યોનાદાબના વંશમાં મારી સેવા કરનારની ખોટ તને કદી પડશે નહીં.'"

## રાજા યહોયાકીમે યર્મિયાના ટીપણાંને બાળ્યું

36 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના ચોથા વર્ષમાં યહોવાનું આ વચન યર્મિયાની પાસે આવ્યું. 2"યોશિયાના શાસનમાં જ્યારે હું તારી સાથે પહેલી વાર બોલ્યો હતો ત્યારથી માંડીને આજસુધી મેં તને ઈસ્રાએલ અને યહૂદિયા તેમજ બીજી પ્રજાઓ વિષે જે જે કઈ કહ્યું હતું તે બધું એક ટીપણું લઈને તેના ઉપર લખી નાંખ. 3કદાચ હું યહૂદિયાના લોકો ઉપર જે આફતો ઉતારવાનું વિચારું છું તે તેઓ જાણવા પામે અને ખોટે રસ્તે જવાનું છોડી દે. તો હું તેમનાં દુષ્કૃત્યો અને પાપ માફ કરું."

4તેથી યર્મિયાએ નેરિયાના પુત્ર બારૂખને બોલાવ્યો અને યર્મિયાએ લખાવ્યું તે પ્રમાણે બારૂખે બધા ભવિષ્યવચનો લખ્યાં. 5ત્યારબાદ યર્મિયાએ બારૂખને આ પ્રમાણે કહ્યું, "મને યહોવાના મંદિરમાં જવાનો નિષેધ છે. 6માટે, તું ચોક્કસ જા અને મે તને જે યહોવાના વચનો લખાવ્યા છે તેને તું, એ બધા લોકોની સામે જે ઉપવાસના દિવસે મંદિરમાં આવ્યાં છે. તેની સામે વાંચ, ઉપરાંત તારે યહૂદિયાના સર્વ લોકો જેઓ પોતાના ગામમાંથી આવ્યા છે તેમની સામે પણ જરૂર વાંચવું. 7કદાચ તે લોકો યહોવાને આજીજી કરે અને ખોટે માર્ગેથી પાછા વળે; કારણ, યહોવાએ એ લોકોને ભારે રોષ ને ક્રોધપૂર્વક ધમકી આપેલી છે." 8યર્મિયાએ કહ્યું હતું તે મુજબ નેરિયાના પુત્ર બારૂખે કર્યું અને મંદિરમાં લોકોની આગળ સર્વ સંદેશાઓ વાંચી સંભળાવ્યાં.

9યોશિયાના પુત્ર યહોયાકીમ રાજાના અમલ દરમિયાન પાંચમા વર્ષે નવમા મહિનામાં યરૂશાલેમના બધા લોકોએ તેમજ યહૂદિયાનાં ગામોમાંથી ત્યાં આવેલા બધા માણસોએ યહોવા સમક્ષ ઉપવાસ પાળ્યો. એ વખતે યહોવાના મંદિરમાં બધા લોકોના સાંભળતા બારૂખે યર્મિયાના વચનો વાંચી સંભળાવ્યાં. શાફાન ચિટનીસના પુત્ર ગમાર્યાના ઓરડામાંથી તેણે આ વચનો વાંચી સંભળાવ્યાં, એ ઓરડો મંદિરના નવા દરવાજાના ઓટલા આગળ ઉપલા ચોકમાં આવેલો હતો.

11શાફાનના પુત્ર ગમાર્યાના પુત્ર મીખાયાએ યહોવા તરફથી આવેલા આ સંદેશાઓ સાંભળ્યાં. 12ત્યારે તે નીચે ઊતરીને મહેલનાં વહીવટી સભાખંડમાં ગયો. અલીશામા મંત્રી ત્યાં હાજર હતો. અને તેની સાથે શમાયાનો પુત્ર દલાયા, આખ્બોરનો પુત્ર એલ્નાથાન શાફાનનો પુત્ર ગમાર્યા, હનાન્યાનો પુત્ર સિદકિયા તથા બીજા બધા અમલદારો પણ ત્યાં હાજર હતાં. 13બારૂખ લોકોની સમક્ષ વાંચતો હતો તે સંદેશાઓ વિષે મીખાયાએ તેઓને કહી સંભળાવ્યું.

14પછી અમલદારોએ કૂશીના પુત્ર, શેલેમ્યાના પુત્ર, નથાન્યાના પુત્ર યેહૂદીને મોકલી બારૂખને કેહેવડાવ્યું, "જે ટીપણાંમાંથી તે લોકોને વાંચી સંભળાવ્યું છે,તે ટીપણું લઈને અહીં આવ."

15તેથી બારૂખ ટીપણું લઈને તેમની પાસે આવ્યો. તેમણે કહ્યું, "મહેરબાની કરીને બેસ અને એ ટીપણું અમને વાંચી સંભળાવ."

આથી બારૂખે તેમને તે વાંચી સંભળાવ્યું.

16બારૂખે તેમની સામે જે વાંચન કર્યું, તે જેવું તેઓએ સાંભળ્યું કે તેઓ એકબીજાની સામે ભયથી જોવા લાગ્યા અને બારૂખને કહ્યું, "તેં જે બધું વાંચ્યું છે તેના વિષે આપણે જરૂર રાજાને જણાવવું જોઈએ." 17પરંતુ પહેલા તું અમને જણાવ કે આ સંદેશાઓ તારી પાસે કેવી રીતે આવ્યા; "શું યર્મિયાએ પોતે આ સંદેશાઓ તને લખાવ્યા હતા?"

18તેથી બારૂખે ખુલાસો કર્યો, "યર્મિયાએ મને શબ્દે શબ્દ લખાવ્યો અને મેં તે ટીપણાંમાં શાહીથી લખી લીધો."

19પછી અધિકારીઓએ બારૂખને કહ્યું, "તું અને યર્મિયા ક્યાંક છુપાઈ જાઓ. તમે ક્યાં છો તે વિષે કોઈને પણ જાણ કરશો નહીં!"

20ત્યારબાદ અધિકારીઓએ મંત્રી અલીશામાની ઓરડીમાં તે ટીપણાંને સંતાડી દીધું અને તેઓ રાજાને તેની વાત કરવા ગયા.

21રાજાએ યહૂદીને ટીપણું લઈ આવવા મોકલ્યો, યહૂદી તે ટીપણું મંત્રી અલીશામાની ઓરડીમાંથી લઈ આવ્યો અને રાજાને તે વાંચીને સંભળાવ્યું. તે વખતે બધા અમલદારો રાજાની આજુબાજુ ઊભેલા હતા. 22તે સમયે રાજા તેના મહેલના શિયાળું ખંડમાં બેઠા હતા. નવમો મહિનો ચાલતો હતો. તેની આગળ સગડીમાં લાકડા બળતાં હતાં. 23યહૂદી ત્રણચાર ફકરા વાંચી રહે એટલે રાજા લહિયાની છરીથી તેટલો ભાગ કાપી લઈ બળતા લાકડામાં નાખી દેતો. આમને આમ આખું ટીપણું સગડીમાં હોમાઈ ગયું. 24આ બધું જ સાંભળ્યા પછી પણ રાજાએ કે તેના અમલદારોએ ન તો ગભરાટ વ્યકત કર્યા કે ન તો પશ્ચાતાપમાં કપડાં ફાડ્યાં;

25જોકે એલ્નાથાન, દલાયા અને ગમાર્યાએ રાજાને ટીપણું ન બાળવા કહ્યું હતું પણ તેના પર ધ્યાન આપ્યું નહોતું. 26પછી રાજાએ બારૂખ તથા યર્મિયાને પકડવા માટે યરાહમએલને, આઝસ્ત્રીએલના પુત્ર સરાયાને તથા

આબ્દએલના પુત્ર શેલેમ્યાને મોકલ્યા. પરંતુ યહોવાએ તેઓને સંતાડી રાખ્યા હતા.

27રાજાએ ટીપણાંને બાળી નાખ્યું, પછી યહોવાએ યર્મિયાને કહ્યું:

28"બીજું ઓળિયું લઈને તેના ઉપર યહૂદિયાના રાજા યહોયાકીમે બાળી મૂકેલા પહેલાના ટીપણાંમાં જે લખ્યું હતું
તે બધું લખી કાઢ. 29અને યહૂદિયાના રાજા યહોયાકીમને કહે કે, 'આ યહોવાના વચન છે: "તે પોતે આ ટીપણું બાળીને યર્મિયાને એમ કહીને ઠપકો આપ્યો છે કે તું આવું તો કેવી રીતે કહી શકે કે બાબિલનો રાજા આ દેશમાં ચોક્કસ પણે આવી અહીંના માણસોનો અને પશુઓનો સંહાર કરી
નાખશે?" 30આથી હું યહોવા તને કહું છું કે તારા પછી દાઉદની ગાદીએ બેસનાર કોઈ વંશજ તારો રહેશે નહીં, અને તારું શબ દિવસના બળબળતા તાપમાં અને રાત્રિની
કડકડતી ઠંડીમાં બહાર ફેકી દેવામા આવશે. 31હું તને, તારા વંશજોને તથા તારા અમલદારોને તેમનાં દુષ્કૃત્યો માટે સજા કરીશ, અને તમારા ઉપર, યરૂશાલેમના વતનીઓ ઉપર અને યહૂદિયાના લોકો ઉપર મેં જે જે અનિષ્ટ લાવવાની ધમકી આપી હતી તે તમારી ઉપર અવશ્ય ત્રાટકશે મેં તેઓને ધમકી આપી હતી પણ તેમણે સાંભળ્યું નહીં.'"

32ત્યારબાદ યર્મિયાએ બીજું ટીપણું લીધું અને નેરિયાના પુત્ર બારૂખ લહિયાને લખવા આપ્યું. પછી પહેલાં લખાયું હતું તે સર્વ તેણે બારૂખને ફરીથી લખાવ્યું, પરંતુ આ વખતે યહોવાએ તેમાં ઘણાં વચનો ઉમેર્યા.

## યર્મિયાને કારાવાસ

37 બાબિલના રાજા નબૂખાદનેસ્સારે યહૂદિયાના નવા રાજા તરીકે યહોયાકીમ રાજાના પુત્ર કોન્યાની નિમણૂંક કરી નહીં, પણ તેને બદલે તેણે યોશિયાના
પુત્ર સિદકિયાની પસંદગી કરી. 2યહોવાએ યર્મિયા દ્વારા જે વચનો કહેવડાવ્યા હતાં તે રાજા સિદકિયાએ તથા તેના અધિકારીઓએ તથા દેશમાં બાકી રહેલા લોકોએ સાંભળ્યાં નહીં.

3તેમ છતાં સિદકિયાએ શેલેમ્યાના પુત્ર યહૂકાલને તથા માઅસેયાના પુત્ર યાજક સફાન્યાને યર્મિયા પાસે મોકલીને કહેવડાવ્યું કે "તું અમારે માટે યહોવા આપણા દેવ પાસે પ્રાર્થના કર."

4એ વખતે યર્મિયાને લોકોમાં જવા આવવાની છૂટ હતી,
હજી તેને કેદમાં નાખવામાં આવ્યો નહોતો; 5દરમ્યાન ફારુનના લશ્કરે મિસરમાંથી કૂચ કરી, અને યરૂશાલેમને ઘેરો ઘાલીને પડેલા બાબિલવાસીઓએ, એની જાણ થતા જ ઘેરો ઉઠાવી લીધો.

6પછી યહોવાનું વચન યર્મિયા પ્રબોધકની પાસે આ પ્રમાણે
આવ્યું: 7"ઈસ્રાએલના દેવ યહોવા આ પ્રમાણે કહે છે કે, 'યહૂદિયાના જે રાજાએ તમને મારી પાસે પૂછવા મોકલ્યા, તેને કહો કે, જુઓ, તમને સહાય કરવાને ફારુનનું જે સૈન્ય મોકલ્યું છે, તે પોતાના મિસર દેશમાં પાછું જશે. 8અને
બાબિલવાસીઓ ફરી હુમલો કરશે તેઓ આ યરૂશાલેમ શહેર ને કબજે કરી એને બાળી મૂકશે.' 9આ હું યહોવા બોલું છું.
'તમે પોતાની જાતને છેતરશો નહીં, એમ ન માનશો કે બાબિલવાસીઓ તમારા દેશમાંથી કાયમ માટે પાછા જશે.
10જો તમે બાબિલના સમગ્ર સૈન્યનો નાશ કરો અને તેઓમાંના મુઠ્ઠીભર માણસો બચી જાય અને ઘાયલ થઈને પોતાના તંબુઓમાં રહે તો પણ તેઓ ઊઠશે અને તમને પરાજીત કરશે, અને આ નગરને બાળી નાખશે.'"

11અને ત્યારે, જયારે ફારુનનું સૈન્ય ત્યાં પહોચવાના કારણે બાબિલના સૈન્યે યરૂશાલેમને છોડી દીધુ. 12યર્મિયા
યરૂશાલેમ છોડીને પોતાના કુટુંબીઓની મિલકતમાંથી પોતાના ભાગ લેવા બિન્યામીનના પ્રદેશમાં જવા ઊપડ્યો.
13પરંતુ બિન્યામીનના દરવાજામાંથી યર્મિયા પસાર થતો હતો, ત્યારે હનાન્યાના પુત્ર શેલેમ્યાના પુત્ર ઈરિયા સંત્રીએ તેની ધરપકડ કરી અને કહ્યું કે, "તે બાબિલના પક્ષમાં જતો રહે છે અને તે રાજદ્રોહી છે."

14યર્મિયાએ કહ્યું, "ખોટી વાત છે, બાબિલવાસીઓ સાથે ભળી જવા માટે હું નથી જતો. આમ કરવાનો મારો કોઈ ઈરાદો નથી." પરંતુ ઈરિયાએ તેનું કહ્યું માન્યું નહીં અને તેને પકડીને અમલદાર આગળ રજૂ કર્યો, અમલદારો યર્મિયા
ઉપર ક્રોધે ભરાયા. 15તેમણે તેને ચાબુક મરાવી તેને મંત્રી
યહોનાથાનના ઘરમાં કેદ પૂરી દીધો. 16તેમણે તેના ઘરને કેદખાનામાં ફેરવી નાખ્યું હતું. તેમણે યર્મિયાને એક ધાતુના ટાંકામાં પૂરી દીધો અને લાંબા સમય સુધી તે ત્યાં જ રહ્યો.

17સમય જતાં સિદકિયા રાજાએ ગુપ્ત રીતે મહેલમાં તેડી મંગાવ્યો. રાજાએ તેને પૂછયું કે, "આજના દિવસોમાં શું યહોવા તરફથી તને કોઈ સંદેશો મળ્યો છે?"

યર્મિયાએ કહ્યું, "હા, સંદેશો મળ્યો છે. બાબિલના રાજાથી
તું હાર પામશે." 18ત્યારબાદ યર્મિયાએ રાજા સિદકિયાને પૂછયું, "મેં તમારું કે તમારા અમલદારોનું કે આ લોકોનું શું
બગાડ્યું છે કે તમે મને કેદ કર્યો છે. 19જે પ્રબોધકોએ તમને કહ્યું હતું કે, 'બાબિલનો રાજા તમારા ઉપર કે તમારા દેશ
ઉપર હુમલો નહીં કરે, તેઓ ક્યાં ગયા?' 20તેથી, મારા ધણી મારા રાજા, મહેરબાની કરીને મને સાંભળો, મારી નમ્ર વિનંતિ ધ્યાનમાં લો. મને પાછો મંત્રી યહોનાથાનને ઘેર ન મોકલશો, નહીં તો હુ ત્યાં મરી જઈશ."

21જ્યારે રાજા સિદકિયાએ આજ્ઞા કરી કે, યર્મિયાને કેદમાં ન મોકલવામાં આવે, પરંતુ તેને રાજમહેલની જેલમાં રાખવામાં આવે અને નગરમાં રોટલી ખલાસ થઈ જાય ત્યાં સુધી તેને રોજ તાજી બનાવેલી રોટલી આપવામાં આવે. આમ થવાથી યર્મિયા રાજમહેલની જેલમાં રહ્યો.

## યર્મિયાનો પાણીના ટાંકામાંથી બચાવ

38 પરંતુ જ્યારે માત્તાનનો પુત્ર શફાટ્યા, પાશહૂરનો પુત્ર ગદાલ્યા, શેલેમ્યાનો પુત્ર યુકાલ અને માલ્ખિયાનો પુત્ર પાશહૂરે યર્મિયા લોકોને જે કહેતો હતો તે
સાંભળ્યું: 2"આ યહોવાના વચન છે: 'જે કોઈ આ નગરમાં

રહેશે તે યુદ્ધ, દુષ્કાળ કે રોગચાળાથી મૃત્યુ પામશે, પણ જે કોઈ બાબિલવાસીઓને શરણે જવા બહાર ચાલ્યો જશે તે બચવા પામશે, કઈઁ નહીં તો તે જીવતો તો રહેશે જ.' 3અને આ નગર બાબિલના રાજાના લશ્કરના હાથમાં જશે, અને તેઓ તેનો કબજો લેશે."'

4ત્યારબાદ પેલા અમલદારોએ રાજાને કહ્યું, "આ માણસને મારી નાખવો જોઈએ. આવી વાતો કરીને એ આપણા યોદ્ધાઓને અને નગરમાં બાકી રહેલા લોકોને નાહિંમત બનાવી દે છે. એ આ લોકોનું હિત કરવા નથી માગતો પણ વિનાશ કરવા માંગે છે. તે દેશદ્રોહી છે."

5રાજા સિદકિયાએ કહ્યું, "સારું તમને યોગ્ય લાગે તેમ કરો. હું તમને રોકી શકતો નથી."

6આથી એ લોકોએ યર્મિયાને લઈ જઈને રક્ષકઘરના પ્રાંગણમાં આવેલા રાજકુમાર માલ્ખિયાના ધાતુંના ટાંકામાં તેને ઉતાર્યો. તેઓએ તેને દોરડા વડે નીચે ઉતાર્યો. ધાતુના ટાંકામાં પાણી નહોતું, પણ ફક્ત કાદવ હતો અને યર્મિયા એ કાદવમાં ખૂંપી ગયો.

7કૂશનો એબેદ-મેલેખે એ રાજમહેલમાં એક ખોજો હતો. તેણે સાંભળ્યું કે યર્મિયાને ધાતુના ટાંકામાં નાખવામાં આવ્યો છે. 8રાજા બિન્યામીન દરવાજા આગળ બેઠો હતો એવામાં એબેદ-મેલેખે આવીને તેને કહ્યું, 9"મારા ધણી મારા રાજા, આ લોકોએ પ્રબોધક યર્મિયા સાથે જે બધું કર્યુ છે તે ઘણું અનિષ્ટ થયું છે; એ લોકોએ તેને પાણીનાં ટાંકામાં નાખ્યો છે અને નગરમાં ખોરાક તો છે નહીં એટલે તે કદાચ ભૂખે મરી જશે."

10આ સાંભળીને રાજાએ એબેદ-મેલેખેને આજ્ઞા કરી કે તું અહીંથી ત્રીસ માણસને સાથે લઈને પ્રબોધક યર્મિયા મૃત્યુ પામે તે પહેલાં તેને બહાર ખેંચી કાઢ.

11એબેદ-મેલેખે પોતાની સાથે ત્રણ માણસો લઈને મહેલના ભંડારમાં ગયો. અને પોતાની સાથે કેટલાંક ફાટેલાં ચીથરાં લઈને દોરડા વડે ટાંકાંમાં યર્મિયાને પહોંચાડ્યા અને કહ્યું, 12"દોરડાથી તને હાનિ પહોંચે નહીં માટે આ જૂના ફાટેલાં કપડાને તારી બગલમાં મૂક." 13યર્મિયાએ તે પ્રમાણે કર્યું. અને તેને દોરડા વડે ધાતુના ટાંકામાંથી બહાર ખેંચી કઢાયો અને પહેલા જ્યાં હતો ત્યાં રક્ષકઘરમાં મોકલી અપાયો.

## સિદકિયાએ યર્મિયાને પ્રશ્ન પૂછયો

14રાજા સિદકિયાએ પ્રબોધક યર્મિયાને યહોવાના મંદિરમાં ત્રીજા દરવાજે તેડાવી મંગાવ્યો અને તેને કહ્યું, "મારે તને એક વાત પૂછવી છે મારાથી કશું છુપાવીશ નહીં."

15યર્મિયાએ સિદકિયાને કહ્યું, "હું તમને સત્ય હકીકત જણાવીશ તો તું મને મારી નાખશે અને જો હું સલાહ આપુ તો તું મારું સાંભળવાનો નથી."

16ત્યારે રાજા સિદકિયાએ ખાનગીમાં યર્મિયાને એવું વચન આપ્યું કે, "આપણને જીવન બક્ષનાર સર્વસમર્થ યહોવાના સમ ખાઈને કહું છું કે હું તને મારી નાખવા ઈચ્છતા લોકોના હાથમાં સોંપી દઈશ નહીં કે તને મારી નાખવા દઈશ નહિં."

17એટલે યર્મિયાએ સિદકિયાને કહ્યું, "ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાનાં આ વચન છે: 'જો તમે બહાર જઈને બાબિલના રાજાના શરણે જશો તો તમે તથા તમારું કુટુંબ જીવતાં રહેશો અને આ નગરને અગ્નિથી બાળી નાખવામાં આવશે નહીં. 18પરંતુ જો તમે બહાર જઈ તેને શરણે નહીં જાઓ તો તેઓનું સૈન્ય આ નગરને આગ લગાડશે અને તમે તેઓનાં હાથમાંથી બચવા નહીં પામો."'

19એટલે રાજા સિદકિયાએ યર્મિયાને કહ્યું, "મને યહૂદિયાના લોકોથી ડર લાગે છે, જેમણે બાબિલના સૈન્યની શરણાગતિ સ્વીકારી છે, મને તેમની બીક લાગે છે. કદાચ મને તેમનાં હાથમાં સોંપી દેવામાં આવે, તેઓ મારી સાથે કેવી રીતે વર્તશે તેની કોને ખબર?"

20યર્મિયાએ પ્રત્યુત્તર આપ્યો, "તને તેમના હાથમાં સોંપવામાં નહીં આવે. જો તું કેવળ યહોવાને આધીન થશે તો તારું જીવન બચી જશે અને બધા સારા વાનાં થશે. 21પરંતુ જો તમે બહાર જઈને તાબે થવાની ના પાડશો તો યહોવાએ મને આવું દિવ્યદર્શન આપ્યું છે: 22યહૂદિયાના મહેલમાં રહેતી સર્વ સ્ત્રીઓને બહાર લાવવામાં આવશે. અને તેઓને બાબિલના સૈન્યના અધિકારીઓને વહેંચી દેવામાં આવશે;" તેઓ જતાં જતાં ગાય છે:

તમારાં પરમમિત્રોએ તમને ખોટે રસ્તે દોર્યા છે, તેમણે તમારી પાસે પોતાનું ધાર્યુ કરાવ્યું છે. તમારા પગ કળણમાં ફસાઈ ગયા છે. અને તેઓ તમને છોડીને ભાગી ગયા છે.

23"તમારી બધી સ્ત્રીઓને અને તમારા બધાં બાળકોને બાબિલવાસીઓ સમક્ષ લઈ જવામાં આવશે, અને તમે પોતે પણ બચવા નહીં પામો; તમે પણ બાબિલના રાજાના કેદી બનશો અને આ નગરને બાળીને ભસ્મિભૂત કરી દેવામાં આવશે."

24એટલે સિદકિયાએ યર્મિયાને કહ્યું, "આ વચનોની કોઈને ખબર ન પડે, નહીં તો તારું આવી જ બન્યું જાણજે. 25જો અમલદારોને ખબર પડે કે હું તારી સાથે વાત કરતો હતો તો આપણે શું ચર્ચા કરી છે તે જાણવા માટે તેઓ તને મારી નાખવાની ધમકી પણ આપે. 26છતાં તું કેવળ એટલું જ કહેજે કે યહોનાથાનના ઘરમાં આવેલી કેદમાં મને પાછો મોકલે નહીં, હું ત્યાં મરી જઈશ, તેવી વિનંતી મેં રાજાને કરી હતી."

27બધા અમલદારોએ યર્મિયા પાસે આવીને તેને પૂછયું, અને તેણે રાજાએ તેને કહ્યું હતું તે પ્રમાણે જ બરાબર તેમને કહ્યું. તેઓ છાનામાના ચાલ્યા ગયા, કારણ તેમણે વાતચીત સાંભળી નહોતી.

28યરૂશાલેમને જીતી લેવામાં આવ્યું ત્યાં સુધી યર્મિયા રક્ષકઘરના ચોકમાં જ રહ્યો.

## યરૂશાલેમનું પતન

39 યહૂદિયાના રાજા સિદકિયાના અમલના નવમાં વર્ષના દસમાં મહિનામાં નબૂખાદનેસ્સારે પોતાની આખી સેના સાથે યરૂશાલેમ ઉપર ચડાઈ કરીને

તેને ઘેરો ઘાલ્યો. 2સિદકિયાના શાસનના અગિયારમાં વર્ષના
ચોથા મહિનાના નવમાં દિવસે તેઓએ નગરની બધી
દીવાલોને તોડી નાખીને ભંગાણ પાડ્યું. 3બાબિલના સૈન્યના
સર્વ અધિકારીઓ નગરમાં આવ્યાં અને વિજય પ્રાપ્ત કરીને
નગરનાં વચલા દરવાજામાં બેઠાં, સામ્ગારનબૂ, સાર્સખીમ,
રાબ-સારીસ અને રાજાનો મુખ્ય મદદનીશ નોર્ગલ શારએસેર
તથા અન્ય ત્યાં હાજર હતાં.

4સિદકિયા રાજાને તથા તેના સૈન્યને તેની ખબર પડી કે
નગર જીતી લેવાયું છે, ત્યારે તેઓ રાજાના બગીચાના રસ્તા
પરથી ભાગી ગયા. તેઓએ બે દીવાલો વચ્ચેના દરવાજામાંથી
નગર છોડ્યું અને યરદન નદી તરફ આગળ વધ્યાં. 5પરંતુ
બાબિલવાસીઓના લશ્કરે તેમનો પીછો કર્યો અને યરીખોના
મેદાનમાં સિદકિયાને પકડી પાડ્યો. તેઓ તેને કેદ પકડી
હમાથના પ્રદેશમાં રિબ્લાહ ખાતે બાબિલના રાજા
નબૂખાદનેસ્સાર સમક્ષ લઈ ગયા અને તેના ઉપર કામ
ચલાવવામાં આવ્યું. 6પછી બાબિલનાં રાજાએ સિદકિયાની
નજર સામે તેના પુત્રોનો વધ કર્યો તથા બાબિલના રાજાએ
યહૂદિયાના સર્વ રાજવી અધિકારીઓને પણ મારી નાખ્યા.
7ત્યારબાદ તેણે સિદકિયાની આંખો ફોડી નાખી તેને સાંકળે
બાંધી બાબિલ મોકલી આપ્યો.

8બાબિલવાસીઓએ રાજમહેલને અને લોકોના ઘરોને
બાળી મૂક્યા અને યરૂશાલેમની દીવાલ તોડી નાખી. 9બાકી
રહેલા લોકોને અને જેઓ બાબિલના લોકોને શરણે જતા
રહ્યાં હતાં તેમને રક્ષકોના નાયક નબૂઝારઅદાને બાબિલમાં
દેશવટો દીધો. 10તેણે વસ્તીમાંના ગરીબ લોકોને યહૂદિયામાં
રહેવા દીધા, જેમની પાસે કશું જ નહોતું, તેમને દ્રાક્ષની
વાડીઓ અને ખેતરો આપ્યાં.

11હવે નબૂખાદનેસ્સાર રાજાએ નબૂજારઅદાનને હુકમ
કર્યો કે તે યર્મિયાને શોધી કાઢે. 12તેણે કહ્યું, "તેને સહેજ
પણ ઈજા થવી જોઈએ નહીં, તેની સંભાળ રાખજે, અને તેને
જે જોઈએ તે બધું પૂરું પાડજે."

13તેથી નબૂજારઅદાનને મુખ્ય દરબારી નબૂશાઝબાનને
વડા અધિકારી નેર્ગાલ-શારએસેરને અને બાબિલના
રાજાના બધા મુખ્ય અમલદારોને મોકલ્યા. 14યર્મિયાને
કેદખાનામાંથી કાઢી લાવવા માટે તેઓએ સૈનિકોને મોકલ્યા,
યર્મિયાને ચોકીમાંથી બહાર કાઢયો, તે તેને ઘેર લઈ જવા
સારું શાફાનના પુત્ર અહીકામના પુત્ર ગદાલ્યાને સ્વાધીન
કર્યો; આમ તે પોતાના લોકો સાથે જ રહ્યો.

## અબેદ મેલેખને યહોવાનો સંદેશ

15યર્મિયા કેદખાનામાં જ હતો અને બાબિલનું સૈન્ય
યરૂશાલેમ પર ચઢી આવ્યું તે પહેલાં યહોવાનો આ સંદેશો
તેની પાસે આવ્યો હતો: 16"તું જઈને કૂશના એબેદ-મેલેખને
કહે કે, 'આ ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાના વચન છે:
મેં કહ્યા પ્રમાણે આ શહેર ઉપર આફત ઉતારનાર છું, હું
એનું ભલું કરનાર નથી. જે વખતે આ બનશે ત્યારે તું એ
જોવા હાજર હોઈશ: 17પણ તે દિવસે હું તને ઉગારી લઈશ,
તું જેમનાથી ડરે છે તે માણસોના હાથમાં તને નહીં સોંપી
દઉં. 18કારણ કે હું તને ચોક્કસ બચાવી લઈશ તું મરણ નહીં
પામે હું તારું જીવન બચાવીશ કારણ કે, તેં મારા ઉપર
વિશ્વાસ રાખ્યો હતો;'" આ યહોવાના વચન છે.

## વારસામાં પ્રાપ્ત ભૂમિમાં યર્મિયાનો નિવાસ

40 રક્ષકોની ટુકડીના નાયક નબૂજારઅદાને યર્મિયાને
રામામાંથી મોકલી દીધો, તે પછી તેને યહોવાની
વાણી સંભળાઈ, યરૂશાલેમ અને યહૂદિયાના બીજા જે લોકોને
કેદી તરીકે બાબિલ દેશવટે લઈ જતા હતા તેમની ભેગો
યર્મિયાને પણ ત્યાં લઈ જવાયો. 2સરદારે યર્મિયાને બોલાવ્યો
અને કહ્યું, "યહોવા તમારા દેવ તેમણે આપેલા વચન પ્રમાણે
આ વિપત્તિ દેશ ઉપર લાવ્યા છે. 3અને હવે એણે એ આફત
ઉતારી છે; એણે જે કરવાની ધમકી આપી હતી તે કરી છે,
કારણ, તમે યહોવા સામે પાપ કર્યું છે અને તેનું કહ્યું કર્યું
નથી. 4જો હવે હું તારા બંધનો છોડી નાખીશ અને તને
મુક્ત કરીશ. તારે જો મારી સાથે બાબિલ આવવું હોય તો
આવ, હું તારી સંભાળ રાખીશ. પરંતુ જો તારે મારી સાથે
બાબિલ ન આવવું હોય તો તેનો ય વાંધો નથી, જો, તારી
સમક્ષ પસંદગી કરવા માટે આખો દેશ પડેલો છે. તારે જ્યાં
જવું હોય ત્યાં તું જઈ શકે છે." 5પરંતુ યર્મિયા જવાબ આપે
તે પહેલાં જ નબૂજારઅદાને કહ્યું, "તું જો અહીં વસવાનો
નિર્ણય કરે તો પછી યહૂદિયા પાછો જા, કારણકે બાબિલના
રાજાએ ત્યાં ના લોકો ઉપર ગદાલ્યાને હાકેમ તરીકે નીમેલો
છે, અને તેની હકૂમત હેઠળના લોકો સાથે તું રહે. પરંતુ તેનો
નિર્ણય તારે કરવાનો છે; તું ઈચ્છે ત્યાં જઈ શકે છે."

ત્યારબાદ નબૂજારઅદાને થોડો ખોરાક અને નાણાં
યર્મિયાને આપ્યાં અને તેને વિદાય કર્યો. 6પછી યર્મિયા
ગદાલ્યા પાસે પાછો આવ્યો અને યહૂદિયા પ્રાંતમાં રહેલા
લોકો સાથે આવીને રહ્યો.

## ગદાલ્યાનું ટૂંકુ શાસન

7હવે જ્યારે વગડામાંના સૈનિકોના નેતાઓને અને તેના
માણસોએ સાંભળ્યું કે જેમને બંદીવાન તરીકે લઈ જવામાં
આવ્યા નથી એવા દેશમાં બાકી રહેલા ગરીબ લોકો ઉપર
બાબિલના રાજાએ ગદાલ્યાને હાકેમ તરીકે નીમ્યો છે. 8તેઓ
મિસ્પાહ ખાતે ગદાલ્યા પાસે આવ્યા, ત્યારે નથાન્યાનો પુત્ર
ઈશ્માએલ, કારેઆહના પુત્રો યોહાનાન અને યોનાથાન
તાન્હુમેથના પુત્ર સરાયા, નટોફાથીને એફાયના પુત્રો
માઅખાથીનો પુત્ર યજાન્યા તથા તેઓની ટૂકડીઓ
મિસ્પાહમાં ગદાલ્યાની પાસે આવ્યા.

9ગદાલ્યાએ તેમને અને તેમના માણસોને વચન આપ્યું
કે, "બાબિલવાસીઓને તાબે થતાં ડરશો નહીં. આ દેશમાં
ઠરીઠામ થઈને રહો અને બાબિલના રાજાની સેવા કરો. સૌ
સારાવાના થશે. 10જ્યાં સુધી મારો સવાલ છે, હું મિસ્પાહમાં
વસીશ. અને જ્યારે જ્યારે બાબિલવાસીઓ આવશે ત્યારે હું
તમને તેમની સામે રજુ કરીશ. પણ તમે દ્રાક્ષારસ, ફળ અને

તેલ ભેગા કરી શકો છો અને તમે જે ગામો કબજે કર્યા છે
તેમાં વસી શકો છો."
11તે ઉપરાંત મોઆબ, આમ્મોન તથા અદોમમાં અને
તેની પાસેના પ્રદેશોમાં વસતા યહૂદિયાના લોકોએ સાંભળ્યું
કે હજુ પણ થોડા લોકો વસવાટ કરે છે યહૂદિયામાં ગદાલ્યાને
તે બધાં લોકોનો નેતા તરીકે નીમવામાં આવ્યો જેમને તે
બાબિલ લઈ ગયો નથી. 12ત્યાર પછી તેઓ બધાં જુદા જુદા
સ્થળોએથી ગદાલ્યા પાસે આવ્યાં. તેમણે પુષ્કળ ફળ અને
દ્રાક્ષારસ ભેગાં કર્યા.
13પછી કારેહનો પુત્ર યોહાનાન તથા જે સૈન્યોના સરદારો
સીમમાં હતાં, તેઓ બધા મિસ્પાહમાં ગદાલ્યા પાસે આવ્યા
અને 14તેઓએ તેને કહ્યું, "શું તમને ખબર છે કે
અમ્મોનીઓના રાજા બાઅલીસે નથાન્યાના પુત્ર
ઈશ્માએલને તમારું ખૂન કરવા માટે મોકલ્યો છે?" પરંતુ
અહીકામના પુત્ર ગદાલ્યાએ તેમની વાત પર વિશ્વાસ મૂકયો
નહીં.
15કારેહના પુત્ર યોહાનાને મિસ્પાહમાં ગદાલ્યાને
ખાનગીમાં કહ્યું, "નથાન્યાના પુત્ર ઈશ્માએલને મારી નાખવા
માટે મને જવા દે, ને તે વાતની કોઈને ખબર પડશે નહીં; તે
શા માટે તને મારી નાખે? જે યહૂદિયાઓ પાછા ફર્યા છે
તેઓનું શું થશે? શેષ યહૂદિયાઓ તારી પાસે ભેગા થયા છે
તે શા માટે વિખેરાઈ જાય અને નાશ પામે?"
16પરંતુ અહીકામના પુત્ર ગદાલ્યાએ યોહાનાનને કહ્યું,
"તું આ પ્રમાણે ના કરીશ, હું તને આમ કરવા માટે મનાઈ
ફરમાવું છું, કારણકે ઈશ્માએલ વિષે તું જૂઠું બોલે છે."

### શાસનકર્તા ગદાલ્યાનું ખૂન

41 અલીશામાનો પુત્ર નથાન્યાનો પુત્ર ઈશ્માએલ
રાજવી કુટુંબનો સભ્ય અને રાજાના મુખ્ય
અધિકારીઓમાંનો એક હતો. તે દસ માણસો સાથે મિસ્પાહ
ખાતે અહીકામના પુત્ર ગદાલ્યાને મળવા આવ્યો. ગદાલ્યાએ
તેઓને ભોજન માટે આમંત્રણ આપ્યું. 2જ્યારે તેઓ ભોજન
લઈ રહ્યા હતાં ત્યારે ઈશ્માએલ તથા તેની સાથેના દસ
માણસો એકદમ ઊઠ્યા અને પોતાની તલવાર ખેંચીને
ગદાલ્યાને મારી નાખ્યો. 3ઈશ્માએલે ત્યાં મિસ્પાહમાં ગદાલ્યા
સાથે હાજર રહેલા યહૂદિયાના બધાં માણસોને અને
ખાલ્દીયોના યોદ્ધાઓને પણ મારી નાખ્યા.
4બીજા દિવસે, આ વાતની કોઈને ખબર પડે તે પહેલાં,
5શખેમ, શીલોહ તથા સમરૂનમાંથી એંસી માણસો યહોવાની
ભક્તિ કરવા માટે મંદિરમાં આવ્યા. તેઓએ પોતાની દાઢી
મૂંડાવેલી હતી તથા પોતાનાં કપડા ફાડ્યાં હતાં, અને પોતાના
શરીરો ઉપર ઘા કર્યા હતા. તેઓ અર્પણો તથા ધૂપ લઈને
આવ્યા હતા. 6નથાન્યાનો પુત્ર ઈશ્માએલ રડતો રડતો તેમને
મળવા મિસ્પાહથી નીકળ્યો, જ્યારે તેઓને મળ્યો ત્યારે કહ્યું,
"અરે, આવો, અહીકામના પુત્ર ગદાલ્યાને મળવા ચાલો,
અને શું થયું છે તે જુઓ!" 7તેઓ બધા શહેરની મધ્યમાં
પહોંચ્યા પછી ઈશ્માએલ તથા તેના માણસોએ દસ માણસો
સિવાય સર્વને મારી નાખ્યા અને તેઓના મૃતદેહોને
ટાંકામાં ફેંકી દીધા. 8પરંતુ તેઓમાંના દસ માણસોએ
ઈશ્માએલને કહ્યું, "અમને મારી ન નાખશો. અમારી પાસે
ઘઉં, જવ, તેલ અને મધ ખેતરોમાં સંતાડેલા છે." આથી
તેણે તેમને જીવતા રહેવા દીધા અને તેમના સાથીઓ ભેગા
મારી ન નાખ્યા. 9ઈશ્માએલે મૃતદેહોને જે ટાંકામાં નાખી
દીધા તે ઘણું મોટું હતું. આસા રાજાએ ઈસ્રાએલના રાજા
બાશાથી રક્ષણ મેળવવા મિસ્પાહના નગરને કિલ્લેબંધ કર્યું
ત્યારે તે બનાવ્યું હતું.
10ત્યારબાદ ઈશ્માએલ રાજકુમારીઓને તથા બાકી રહેલા
લોકોને બંધકો તરીકે લઈ ગયો. જેઓને રક્ષક ટૂકડીના સરદાર
નબૂજારઅદાને અહીકામના પુત્ર ગદાલ્યાના તાબામાં સોપ્યાં
હતાં. એ સર્વને લઈને તે અમ્મોન તરફ આગળ વધ્યો.
11પરંતુ નથાન્યાનો પુત્ર ઈશ્માએલે જે સર્વ ભૂંડા કાર્યો
કર્યા હતાં, તે વિષે કારેહના પુત્ર યોહાનાન અને સૈન્યના
સર્વ અધિકારીઓ, જે તેની સાથે હતા તેઓએ સાંભળ્યું.
12તેઓ પોતાના સર્વ માણસોને લઈને ઈશ્માએલની પાછળ
તેની સાથે યુદ્ધ કરવા માટે ગયા. તેઓએ ગિબયોન પાસેના
મોટા જળસમૂહ પાસે તેને પકડી પાડ્યો. 13ઈશ્માએલે જેમને
મિસ્પાહ ખાતે કેદ પકડ્યા હતા તે બધા માણસો યોહાનાન
અને તેની સાથેના સેનાનાયકોને જોઈને પ્રસન્ન થયા.
14ઈસ્માએલ જે બધા લોકોને મિસ્પાહ પાસે બંધક બનાવીને
લઈ ગયો હતો તેઓ પાછા ફરીને યોહાનાનની સાથે ગયા.
15પરંતુ ઈસ્માએલ આઠ માણસો સાથે છટકી ગયો અને
આમ્મોનના પ્રદેશમાં ભાગી ગયો.
16ગદાલ્યાને મારી નાખ્યાં પછી ઈશ્માએલ જે પુરુષો,
સ્ત્રીઓ, બાળકો અને અધિકારીઓને, ગિબયોનથી લઈ
આવ્યો હતો તે સર્વ બાકી રહેલા લોકોને પછી યોહાનાન
અને તેના સૈન્યના અધિકારીઓ પોતાની સાથે લઈ ગયા.

### મિસરમાં બચી નીકળવું

17તેઓ ત્યાંથી બાબિલવાસીઓથી બચવા મિસર જવા
નીકળ્યાં અને માર્ગમાં તેમણે બેથલેહેમ પાસે કિમ્હામ આગળ
મુકામ કર્યો. 18તેઓને ડર લાગતો હતો કારણકે બાબિલના
રાજાએ ગદાલ્યાને પસંદ કરીને નીમ્યો હતો અને ઈશ્માએલે
ગદાલ્યાને મારી નાખ્યો. હવે તે સમાચાર બાબિલ પહોંચશે
ત્યારે તેઓ શું કરશે.

### યર્મિયાને પ્રાર્થના કરવા અરજ

42 પછી કારેઆહનો પુત્ર યોહાનાન અને હોશાયાનો
પુત્ર યજાન્યા પણ બધા સેનાનાયકો; નાના મોટા
બધા લોકો સાથે પ્રબોધક યર્મિયા પાસે ગયા અને કહેવા
લાગ્યા. 2"કૃપા કરીને અમારી અરજ સાંભળો, અમારા તરફથી
અને બાકી રહેલા આ લોકો તરફથી તમારા દેવ યહોવાને
પ્રાર્થના કરો. 3તમે જુઓ છો કે અમે કેટલા બધા હતા અને
કેટલા ઓછા થઈ ગયા છીએ. તમે એવી પ્રાર્થના કરો જેથી
અમારા દેવ યહોવા અમારે ક્યાં જવું અને શું કરવું તે કહે."

4પ્રબોધક યર્મિયાએ કહ્યું, "ઠીક, મેં તમારી અરજ સાંભળી
છે. હું તમારી ઈચ્છા મુજબ તમારા દેવ યહોવાને પ્રાર્થના
કરીશ અને તે જે જવાબ આપશે તે તમને જણાવીશ. કશું
છુપાવીશ નહીં."

5ત્યારે તેમણે યર્મિયાને કહ્યું, "જો તમારી મારફતે યહોવાએ
આપેલી બધી સૂચનાઓનું અમે પાલન ન કરીએ તો ભલે
યહોવા અમારી વિરૂદ્ધ મજબૂત અને વિશ્વાસુ સાક્ષી બની
રહે. 6અમને પસંદ પડે ન પડે પણ અમે અમારા દેવ યહોવાનું
કહ્યું કરીશું, જેની પ્રાર્થના કરવા અમે તમને મોકલીએ છીએ.
અમે જો અમારા દેવ યહોવાનું કહ્યું કરીશું તો સૌ સારા વાનાં
થશે."

7દસ દિવસ પછી યર્મિયાને યહોવાએ પોતાનો જવાબ
આપ્યો. 8તે સાંભળી તેણે યહોવાને તથા તેની સાથેના બધા
સેનાનાયકોને તેમજ નાનામોટા બધા લોકોને તેડાવી
મંગાવ્યા. 9અને કહ્યું, "તમે મને ઈસ્રાએલના દેવ યહોવા
પાસે તમારી અરજ રજૂ કરવા મોકલ્યો હતો. તે કહે છે;
10'જો તમે ફરી આ દેશમાં જ નિવાસ કરશો તો હું તમને
આશીર્વાદ આપીશ, તોડી પાડીશ નહીં, તમારા મૂળીયાં
રોપીશ, ઉખેડી નાખીશ નહીં, કારણ તમારા ઉપર મેં આફત
ઉતારી તેનો મને પસ્તાવો થાય છે. 11બાબિલના રાજાથી
હવે તમે જરાય ડરશો નહીં, કારણકે તમારો બચાવ કરવા
તથા તેના હાથમાંથી તમને મુક્ત કરવા હું તમારી સાથે જ
છું. 12હું તમારા ઉપર દયા લાવીને તેના હૃદયમાં તમારે
માટે દયા જગાડીશ, અને તે તમને તમારાં વતનમાં પાછા
જવા દેશે.' આ યહોવાના વચન છે. 13'પરંતુ જો તમે
યહૂદિયામાં બાકી રહેલા લોકો, એમ કહેવાનુ ચાલુ રાખશો,
કે ના, અમે આ શહેરમાં નહીં રહીએ, તો તમે તમારા દેવ
યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરશો. 14અને એમ કહેશો કે,
"અમે આ દેશમાં રહેવા માગતા નથી. અમારે તો મિસર
જવું છે, જ્યાં અમારે યુદ્ધ જોવું ન પડે કે રણશિંગડાનો નાદ
સાંભળવો ન પડે તેમ ખાવા માટે અનાજની ય ખોટ ન
પડે. અમારે તો ત્યાં રહેવું છે.' 15તો યહોવાના વચન ધ્યાનથી
સાંભળો. ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાના આ વચન
છે, 'જો મિસર જવાનો અને ત્યાં ભાગી જવાનો તમારો
નિર્ણય હોય 16તો તમે જે યુદ્ધથી ડરો છો તે મિસરમાં પણ
તમારો પીછો નહીં છોડે, જે દુષ્કાળથી તમે ડરો છો તે
મિસરમાં પણ તમારો પીછો પકડશે, અને ત્યાં તમે મરી
જશો. 17તમારામાંથી જે લોકો મિસરમાં જઈને ત્યાં વસવાનો
આગ્રહ રાખે છે તે પ્રત્યેક માટે આ વિપત્તિઓ રાહ જોઈ
રહી છે. હા, તમે તલવાર, દુષ્કાળ અને મરકીથી મૃત્યુ પામશો.
ત્યાં હું તમારા ઉપર જે સર્વ વિપત્તિઓ લાવીશ તેમાંથી કોઈ
પણ બચવા પામશે નહીં.'

18"કારણ કે આ ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાના
વચન છે: 'જેમ મારો ક્રોધ અને રોષ યરૂશાલેમના વતનીઓ
ઉપર વરસ્યો હતો તેમ તે તમારા ઉપર વરસશે જો તમે
મિસર જશો તો. તમને જોઈને તે લોકો ભયભીત અને સ્તબ્ધ
બની જશે; લોકો તમારી હાંસી ઉડાવશે અને તમારું નામ
શાપરૂપ બની જશે. તમે ફરી કદી આ જગ્યા જોવા નહીં
પામો.'"

19યર્મિયાએ વધુમાં કહ્યું, "યહૂદિયામાં બાકી રહેલા લોકો,
તમને યહોવા કહે છે, 'તમે મિસર જશો નહીં.' આ બરાબર
સમજી લેજો. મેં આજે તમને ચેતવણી આપી દીધી છે. 20જો
તમે જશો તો તમારો જીવ ગુમાવશો, કારણ કે તમે તમારી
જાતેજ મને તમારા માટે વિનંતિ કરવા મોકલ્યો હતો અને
મને કહ્યું હતું, 'તમારા યહોવા દેવ તને જે કહે તે તું અમને
કહેજે અને અમે તેને આધીન થઈશું.' 21યહોવાએ મને જે
કહ્યું તે સર્વ મેં આજે તમને જણાવ્યું છે. પરંતુ અગાઉ ઘણી
વખત કર્યું હતું તેમ હમણાં પણ તમે આધીન થવાના નથી,
22અને તેથી તમે ચોખ્ખે ચોખ્ખું સમજી લો કે તમે જ્યાં
જવાનો આગ્રહ રાખો છો, તે મિસરમાં તમે યુદ્ધથી, દુષ્કાળથી
અને રોગચાળાથી મૃત્યુ પામશો."

### આધીન થવા લોકોનો ઈન્કાર

43 અને પછી જેવો યર્મિયાએ યહોવા તેમના દેવ
તરફથી આવેલો સંદેશો લોકોને કહેવાનું પુરું કર્યુ.
2હોશાયાના પુત્ર અઝાર્યાએ અને કારેઆહના પુત્ર
યોહાનાને તથા બીજા અભિમાની માણસોએ યર્મિયાને કહ્યું,
"'તું જૂઠું બોલે છે! અમે મિસરમાં જઈએ તેવું અમારા દેવ
યહોવાએ તને કહ્યું નથી!' 3નેરિયાના પુત્ર બારૂખે અમારી
વિરુદ્ધ કાવતરું કર્યુ છે અને આ પ્રમાણે અમને કહેવા તને
જણાવ્યું છે, જેથી અમે અહીં વસવાટ કરીએ અને બાબિલનું
સૈન્ય આવે ત્યારે તે અમને મારી નાખે અથવા ગુલામો
તરીકે અમને બાબિલ લઈ જાય."

4તેથી યોહાનાને, સેનાનાયકોએ અને સર્વ લોકોએ
યહોવાનું કહ્યું કરવાની અને યહૂદિયામાં રહેવાની ના પાડી.
5આથી યોહાનાન અને સેનાનાયકોએ યહૂદિયાના બાકી
રહેલા લોકોને, 6એ બધી સ્ત્રીઓ, પુરુષો અને બાળકો અને
રાજકુમારીઓ જેને રક્ષકોના નાયક નબૂઝારઅદાને ગદાલ્યાને
સોપ્યા હતાં, અને પ્રબોધક યર્મિયા, નેરિયાના પુત્ર બારૂખને
પણ. 7તેઓ યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને મિસર ગયા
અને ત્યાં તાહપાન્હેસ પહોંચ્યા.

8તાહપાન્હેસમાં યહોવાએ ફરીથી યર્મિયા સાથે વાત કરી,
અને કહ્યું: 9"તું મોટા પથ્થરો લે, પછી યહૂદિયાના માણસોને
ભેગા કર અને તેઓના દેખતા અહીં તહપાનેસમાં ફારુનના
મહેલના પ્રવેશદ્વાર આગળના ફરસબંધીવાળા માર્ગમાં એ
મોટા પથ્થરને દાટી દે." 10પછી યહૂદિયાના માણસોને આ
પ્રમાણે કહે, 'હે સર્વસમર્થ યહોવા ઈસ્રાએલના દેવ કહે છે
બાબિલના રાજા નબૂખાદનેસ્સારને હું ચોક્કસ અહીં મિસરમાં
લાવીશ. કારણકે તે મારો સેવક છે. આ જે પથ્થરો મેં જડેલાં
છે તેના ઉપર હું તેનું સિંહાસન સ્થાપન કરીશ. તેના ઉપર
તે પોતાનો રાજવી મંડપ ઊભો કરશે." 11તે આવીને મિસર
ઉપર હુમલો કરશે; જેઓ રોગચાળાથી મરવા નિર્માયેલા છે
તેઓ રોગચાળાથી મૃત્યુ પામશે, જેઓ કેદ પકડાવા નિર્માયા
છે તેઓ કેદ થશે અને જેઓ યુદ્ધમાં મરવા સર્જાયા છે તેઓ

યુદ્ધમાં મૃત્યુ પામશે. 12તે મિસરના દેવોનાં મંદિરોને અગ્નિથી
બાળીને ભસ્મ કરશે, તે લોકોને બંદીવાન બનાવી લઈ જશે.
જેમ કોઈ ભરવાડ પોતાની ચાદરમાંની જૂ વીણીને સાફ કરી
નાખે છે તેમ તે મિસરને વીણીને સાફ કરી નાખશે અને
વિજયી બનીને પાછો જશે. 13તે મિસરમાંના બેથ-શેમેશના
પૂજાસ્તંભો તોડી પાડશે અને મિસરના દેવોના મંદિરો બાળી
મૂકશે.'"

### યહૂદા અને મિસરના લોકોને યહોવાનો સંદેશ

44 મિસરના ઉત્તર ભાગમાં મિગ્દોલ, તાહપાન્હેસ,
નોફ અને પાથોસના પ્રદેશમાં વસતા
યહૂદિયાવાસીઓ વિષે યહોવાનો સંદેશો યર્મિયા પાસે આવ્યો.
2"ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાના આ વચન છે:
યરૂશાલેમ અને યહૂદિયાના બધા નગરો ઉપર મેં જે આફત
ઉતારી છે તે તમે જોઈ છે. આજે પણ એ નગરો ખંડેર
હાલતમાં અને વસ્તી વગરના છે. 3જે 'દેવો' ને તેઓએ કે
તમે તમારા પિતૃઓમાંથી પણ કોઈએ જાણ્યા નથી, તે દેવોની
તેઓએ પૂજા કરી; તેથી હું તેઓ ઉપર અતિ કોપાયમાન
થયો. 4મેં સતત મારા સેવકો પ્રબોધકો મોકલીને તેમને ચેતવ્યા
હતા કે, 'આ અધમ કૃત્ય કરશો નહીં; મને એની ચીડ છે.'
5પરંતુ તમારા વડવાઓએ સાંભળ્યું નહીં, અને પોતાના દુષ્ટ
માર્ગોથી પાછા ફર્યા નહીં; તેઓએ તો આ 'દેવો' આગળ
પોતાના બલિદાનો ચઢાવવાનું ચાલુ જ રાખ્યું. 6આથી મારો
કોપ યહૂદિયાના નગરોમાં અને યરૂશાલેમના મહોલ્લાઓમાં
અગ્નિની જેમ ભડભડી ઊઠ્યો અને તે શહેરો ખંડેર અને
વેરાન થઈ ગયાં, આજે પણ તેમની એ જ દશા છે, ઉજ્જડ
પડેલાં છે."

7અને હવે હું ઈસ્રાએલનો દેવ સર્વસમર્થ યહોવા કહું છું:
"આવી સમસ્યાઓ તમે તમારે માથે શા માટે નોતરો છો?
તમે શા માટે યહૂદિયાના સ્ત્રીઓ, પુરુષો, બાળકો અને ધાવણાં
બાળકોનો વિનાશ થવા દો છો? તમે શા માટે તમારી પાછળ
કોઈને બાકી રહેવા દેતા નથી? 8તમે મૂર્તિઓ બનાવી છે
અને અહીં મિસરમાં તેઓની પૂજા કરીને તેઓની આગળ
બલિ ચડાવી ધૂપ બાળ્યો છે. તેમ કરીને તમે મને વધુ
કોપાયમાન કર્યો છે અને તમારો સંપૂર્ણ વિનાશ કરવા તથા
તમને પૃથ્વીના સર્વ દેશોમાં શાપરૂપ તથા નિંદારૂપ કરવા
તમે મને ફરજ પાડી છે. 9તમારા પિતૃઓના પાપ, યહૂદિયાના
રાજાઓ તથા રાણીઓના પાપ, અને તમારા પોતાના દ્વારા
તથા તમારી પત્નીઓ દ્વારા યહૂદિયા તથા યરૂશાલેમની
શેરીઓમાં આચરવામાં આવેલા પાપ શું તમે ભૂલી ગયા?
10આજપર્યંત તમે તે માટે પશ્ચાતાપ કર્યો નથી, કે મેં તમારી
અને તમારા પિતૃઓની આગળ રજૂ કરેલા નિયમો અને
કાયદાઓનું પાલન કર્યુ નથી."

11તેથી ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવા કહે છે: "જુઓ,
હું તમારી ઉપર ભયાનક મુસીબતો મોકલવા માટે અને
યહૂદિયાના લોકોનો જડમૂળથી નાશ કરવા માટે કૃત નિશ્ચયી
છું. 12યહૂદિયાના બાકી રહેલા લોકો જેમણે મિસર જઈને
વસવાનો નિર્ધાર કર્યો છે, તેમને હું હતા ન હતા કરી નાખીશ.
તેઓ બધાજ મિસર દેશમાં નાશ પામશે; કોઈ યુદ્ધમાં મરશે
તો કોઈ દુકાળમાં મરશે. નાનામોટા સૌ યુદ્ધમાં કે દુકાળમાં
મરી પરવારશે. તેમની દશા જોઈને લોકો ભયભીત અને
સ્તબ્ધ બની જશે. સૌ તેમની હાંસી અને નાલેશી કરશે,
અને તેમનું નામ શાપરૂપ લેખાશે. 13યરૂશાલેમની જેમ જ
મિસરમાં વસનારાઓને પણ હું યુદ્ધ, દુષ્કાળ અને
રોગચાળાથી સજા કરીશ. 14યહૂદિયાના બાકી રહેલા જે ફરી
યહૂદિયા જઈને વસવાની આશાએ મિસરમાં જઈને વસ્યા
છે તેમાંથી કોઈ પણ જીવતો રહેવાનો નથી કે પાછો યહૂદિયા
જવા પામવાનો નથી, કારણ, થોડા ભાગી છૂટેલા સિવાય
કોઈ મારા કોપમાંથી બચી શકવાના નથી."

15આ સાંભળીને જેઓ જાણતા હતા કે તેમની પત્નીઓ
બીજા દેવોને બલી ચડાવે છે તે બધાએ અને ત્યાં ઊભેલી
બધી સ્ત્રીઓ જેઓ મોટા સમૂહમાં હતી તેમને તેમ જ
મિસરમાં પાર્થોસમાં વસતાં બધા માણસોને યર્મિયાએ કહ્યું,
16"તું અમારા માટે દેવનો સંદેશ લાવે છે, પણ અમે એ
સાંભળવાનાં નથી. 17અમે જે જે કરવાની પ્રતિજ્ઞા કરી છે તે
જ અમે ચોક્કસ કરીશું. અમે અને અમારા વડીલો, અમારા
રાજાઓ અને અમારા આગેવાનો જેમ યહૂદિયાના ગામોમાં
અને યરૂશાલેમમાં થાય છે તેમ આકાશની સમ્રાજ્ઞીને
બલિદાન અર્પણો અને પેયાર્પણો ચઢાવતા રહીશું. તે વખતે
અમને જોઈએ તેટલું ખાવા મળતું હતું, અમે ઘણા સુખી
અને સમૃદ્ધ હતા. 18પરંતુ જ્યારથી અમે આકાશની સામ્રાજ્ઞીને
આહુતિ આપવાનું અને પેયબલિ ચડાવવાનું બંધ કર્યુ ત્યારથી
અમે ભારે મુશ્કેલીઓ ભોગવીએ છીએ, યુદ્ધનો કે દુષ્કાળનો
અમે ભોગ થઈ પડ્યા છીએ."

19સ્ત્રીઓ બોલી ઊઠી, "શું તું એવું ધારે છે કે અમારા
પતિઓની સંમતિ વગર, તેઓની મદદ વિના 'આકાશની
સામ્રાજ્ઞી' ની પૂજા કરતા હતાં અને તેને પેયાર્પણ ચઢાવતા
હતાં તેમ જ તેની મુદ્રાવાળી રોટલીઓ તૈયાર કરી તેને અર્પણ
કરતા હતાં? ના, એવું નથી."

20પછી યર્મિયાએ એવો ઉત્તર આપનારા સૌ કોઈને,
સ્ત્રીઓને અને પુરુષોને કહ્યું, 21"તમે તથા તમારા વડીલો
તથા તમારા રાજાઓ અને સરદારો તેમજ દેશના બધા લોકો
યહૂદિયાના નગરોમાં અને યરૂશાલેમના મહોલ્લાઓમાં
મૂર્તિઓ આગળ ધૂપ બાળતા હતાં તને લાગે છે કે તેને તે
યાદ નથી? ચોક્કસ, તે આ બધું તેના મનમાં રાખે છે. 22તમે
જે દુષ્કર્મો કરતા હતા તે યહોવા વધુ વખત સહન કરી
શક્યા નહીં. તેથી તેમણે તમારો દેશ જેમ આજે છે તેમ
ઉજ્જડ, વેરાન, શ્રાપરૂપ અને નિર્જન કરી નાખ્યો. 23તમારા
ઉપર આ આફત આવી છે અને આજે પણ કાયમ છે તેનું
કારણ, તમે એ અર્પીને યહોવાનો અપરાધ કર્યો, તેનું કહ્યું
કર્યુ નહીં કે તેના નિયમો, કાયદાઓ અને આજ્ઞાઓનું પાલન
પણ ન કર્યુ."

24પછી યર્મિયાએ તે સ્ત્રીઓને તથા સર્વ લોકોને કહ્યું,
"મિસરમાં વસતા યહૂદિયાના નાગરિકો તમે સર્વ યહોવાનું

વચન ધ્યાનથી સાંભળો! 25સર્વ સમર્થ યહોવા ઈસ્રાએલના
દેવ કહે છે, 'જ્યા સુધી આ બાબત તને અને તારી પત્ની ને
લાગુ પડે છે, તેં એજ કર્યુ છે જે તે કહ્યું હતું, "તે કહ્યું હતું,
અમે સ્વર્ગની રાણીને બલિદાન અર્પણો અને પેયાર્પણો
ચઢાવીને અમારી પ્રતિજ્ઞા ચોક્કસ પાળીશું તેથી કોઈપણ ભોગે
તમે તમારી પ્રતિજ્ઞાઓ પૂરી કરો. 26પણ મિસરમાં વસતા
બધાં યહૂદીઓ, તમે મારા વચન ધ્યાનથી સાંભળો; હું મારા
મોટા નામનાં સમ ખાઈને કહું છું આ હું યહોવા બોલું છું, કે
આખા મિસરમાં હવે કોઈ પણ યહૂદી મારું નામ લઈ શકશે
નહીં. કોઈ પણ યહૂદી "યહોવાના સમ કહીને સમ લઈ
શકશે નહીં."

27"'સાવધાન, હું તમારા ઉપર મારી નજર રાખીશ પણ
તમારા ભલા માટે નહીં! તમારા ઉપર આફત આવે તેવું હું
કરીશ, અને તમે બધાં યુદ્ધ અને દુકાળથી સમાપ્ત થઈ
જશો. કોઈપણ બચવા નહીં પામે. 28તેમ છતાં મિસરમાં
વસતાં થોડા યહૂદીઓ મોતમાંથી ઊગરી જશે અને તેઓ
યહૂદિયા પાછાં જશે. ત્યારે બચવા પામેલા લોકોને ખબર
પડશે કે કોના વચન સાચાં છે, મારાં કે તેમના. 29હું તને આ
પ્રમાણે નિશાની આપીશ કે તેથી હું તને મિસરમાં શિક્ષા
કરીશ, કે જેથી તને ખબર પડે કે હું તારી ઉપર ખરેખર
ભયાનક વિપત્તિ લાવીશ. 30યહોવા કહે છે: જુઓ, જેમ મેં
યહૂદિયાના રાજા સિદકિયાને બાબિલના રાજા
નબૂખાદનેસ્સારના હાથમાં સોંપી દીધો, તેમ હું મિસરના
રાજા ફારુન હોફ્રાને તેના દુશ્મનના હાથમાં, તેનો જીવ લેવાની
શક્તિ લોકોના હાથમાં સોંપીશ.'"

## બારૂખને યહોવાનો સંદેશ

45 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના
અમલમાં ચોથા વર્ષ દરમ્યાન નેરિયાના પુત્ર
બારૂખે પ્રબોધક યર્મિયાએ લખાવ્યા પ્રમાણે આ શબ્દો એક
પોથીમાંથી લખી લીધા. 2ત્યારબાદ યર્મિયાએ તેને કહ્યું,
"બારૂખ, તારી બાબતમાં ઈસ્રાએલના દેવ યહોવા આ પ્રમાણે
કહે છે: 3તેં કહ્યું, 'મને ચિંતા! મારા જીવનમાં મુશ્કેલીઓની
ખોટ છે શું? અને હવે યહોવાએ તેમાં વધારો કર્યો છે! હું
નિસાસા નાખીને થાકી ગયો છું. હું આરામ અનુભવતો
નથી.'"

4યહોવા કહે છે, "બારૂખને આ પ્રમાણે કહે: 'આ દેશને મેં
બાંધ્યો છે, હવે હું તેનો નાશ કરીશ. જે મેં સ્થાપન કર્યું છે
તેને હું દૂર કરીશ. 5તું શું પોતાને માટે મહાન બાબતો શોધે
છે? તેવું કરીશ નહીં, જો કે આ સર્વ લોકો ઉપર હું ભારે
વિપત્તિ લાવીશ. પણ તું જ્યાં જશે ત્યાં હું તારું રક્ષણ કરીશ,
એજ તારો બદલો છે.'"

## રાષ્ટ્રો વિષે યહોવાનો સંદેશ

46 જુદા જુદા રાષ્ટ્રો વિષે યર્મિયાને આ સંદેશા
આપવામાં આવ્યા હતા.

## મિસર વિષે સંદેશ

2મિસર વિષે મિસરના રાજા ફારુનની સેનાને બાબિલના
રાજા નબૂખાદનેસ્સારે ફ્રાત નદીને કાંઠે આવેલા કાર્કમીશ
ખાતે યહૂદિયાના રાજા યહોયાકીમના અમલના ચોથા વર્ષ
દરમ્યાન હરાવી હતી તે પ્રસંગે મિસરની વિરૂદ્ધ આ સંદેશો
આપવામાં આવ્યો હતો.

3"હે મિસરના લોકો, તમે તમારાં શસ્રો સજીને યુદ્ધ કરવા
માટે આગળ વધો.

4ઘોડાઓ ઉપર જીન બાંધો અને તેના ઉપર સવાર થઈ
જાઓ! ટોપ પહેરીને સજ્જ થાઓ! ભાલાઓની ધાર તીણી
કરો! બખ્તર ધારણ કરો! 5પરંતુ હું આ શું જોઉં છું? તેઓ
ભયભીત થઈ ભાગે છે, તેમના શૂરવીરોને મારી હઠાવવામાં
આવ્યા છે. તેઓ પાછું જોયા વગર ઊભી પૂંછડીએ ભાગે છે.
ચારેકોર ભય વ્યાપી ગયો છે." આ હું યહોવા બોલું છું.

6"ખૂબ અતિ ઝડપથી દોડનાર કે અતિ શૂરવીર સૈનિકો
પણ બચી શકે નહીં ઉત્તર તરફ યુફ્રેતીસ નદી પાસે તેઓ
ઘવાઈને પડ્યા છે.

7નીલ નદીના પૂરની જેમ સમગ્ર દેશમાં ફેલાઈ જતું આ
શૂરવીર સૈન્ય કોણ છે?

8મિસર, નીલ નદીની જેમ ઉભરાય છે, જેમ નદીઓ
તેમના કાંઠા ઉપર પૂરથી ફરી વળે છે. તે કહે છે, 'હું ઉપર
ચડીશ અને આખી પૃથ્વી ને ઢાકી દઈશ, હું શહેરોને અને
તેના વતનીઓને તાણી જઈશ.'

9તો હે મિસરના ઘોડેસ્વારો, રથસવારો, અને શૂરવીર
યોદ્ધાઓ, આવો! કૂશના અને પુરના અને લૂદોના ઢાલ ધારણ
કરેલા ધનુર્ધારીઓ, તમે સર્વ આવો!"

10કારણકે આજે અમારા માલિક યહોવાનો દિવસ છે,
આજે તેનો વેર લેવાનો, પોતાના દુશ્મનો ઉપર વેર લેવાનો
દિવસ છે. આજે તેની તલવાર ધરાઈ ધરાઈને તેમને ખાઈ
જશે અને તૃપ્ત થતા સુધી તેમનું લોહી પીશે. અમારા માલિક
યહોવાએ ઉત્તરમાં ફ્રાત નદીને કિનારે યજ્ઞ માંડ્યો છે.

11હે મિસરની કુમારિકાઓ, ગિલયાદ જાઓ અને થોડી
ઔષધી લો. તમે ઘણી ઔષધી લીધી પણ તમે સ્વસ્થ નહીં
થાઓ.

12પ્રજાઓમાં તારી અપકીર્તિ સાંભળી છે. નિરાશા અને
પરાજયનો તારો વિલાપ સમગ્ર પૃથ્વી પર સંભળાય છે;
તારા 'શૂરવીર યોદ્ધાઓ 'અંદર અંદર અથડાય છે અને બંને
સાથે ભોંય પર પછડાય છે."

13યહોવાએ યર્મિયા પ્રબોધકને નબૂખાદનેસ્સાર માટે
આમ કહ્યું, "બાબિલના રાજા મિસરની ભૂમિ પર
હુમલો કર."

14"મિસરમાં જાહેર કરો, મિગ્દોલમાં અને નોફમાં તેમજ
તાહપાન્હેસમાં ઢંઢેરો પિટાવો, જણાવો કે, 'હોશિયાર! તૈયાર!
તમારી આસપાસ તલવાર વિનાશ સર્જી રહી છે.'

15શા માટે તારા બહાદુર યોદ્ધા ભાગી ગયા? તેઓ સામનો
ન કરી શક્યા કારણ કે યહોવાએ તેમને તેમના શત્રુઓની
સામે ચત્તાપાટ કરી દીધા હતાં.

16તેણે તેઓને લથડતા કરી દીધા છે. આથી શુ વધારે છે, તેઓ એક બીજા ઉપર પડીને કહેવા લાગ્યા કે, 'ચાલો, ઘરે જઈએ, કારણ કે તલવાર આપણને મારી નાખશે.'

17"મિસરના ફારુનનું નામ આપો, 'શકિતહીન, જે ડંફાસ તો બહુ મારે છે પણ અણીને વખતે કરતો કશું નથી.'"

18હું રાજાનો રાજા સર્વસમર્થ યહોવા, "મારા જીવના સમ ખાઈને કહું છું; પર્વતોમાં જેવો તાબોર, સાગર સમીપે જેવો કાર્મેલ તેવું બનશે.

19હે મિસરના પ્રજાજનો, તમારો સામાન બાંધો અને બંદીવાસ જવાને તૈયાર થાઓ. કારણકે મેમ્ફિસ નગરનો સંપૂર્ણ નાશ થશે. અને તે વસ્તીવિહીન તથા ઉજ્જડ થશે.

20"મિસર તો રૂડીરૂપાળી વાછરડી હતી. પણ ઉત્તરમાંથી એક અશ્વમાખ આવીને તેને ડંખ મારશે અને તેને દોડાવશે!

21તેના ભાડૂતી યોદ્ધાઓ પણ પાળેલા વાછરડા જેવા હતા, પણ તેઓ પણ બધા નાસી છૂટ્યા, કોઈ ટકી ન રહ્યો, કારણ, તેમની સજાનો દિવસ આવી પહોંચ્યો હતો, તેમના સર્વનાશનો ઘડો ભરાઈ ચૂક્યો હતો."

22"સાંભળો, નાસી જતા સર્પ જેવો મિસર અવાજ કરે છે; કારણ કે એના દુશ્મન જોરશોરથી ધસતા તેની સામે આવે છે, તેઓ વૃક્ષો તોડી પાડનારા લોકોની જેમ કુહાડા લઈ તેના ઉપર આવે છે." આ યહોવાના વચન છે.

23"જાણે કઠીયારા ઝાડ કાપતા ના હોય! તેમ તેઓ તેના ગાઢા જંગલો કાપી નાખે છે. કારણ કે તેઓ તીડોની જેમ અસંખ્ય છે, તેઓ ગણ્યાં ગણાય એમ નથી.

24મિસરના લોકોએ તેમની આબરૂ ગુમાવી છે, ઉત્તરના લોકોએ તેમને તેમના ગુલામ બનાવ્યા છે."

25ઈસ્રાએલનો દેવ સર્વસમર્થ યહોવા કહે છે, "હવે હું
નોશહેરના દેવ આમોનને, મિસરને, તેના દેવોને અને
રાજાઓને તથા ફારુનને અને તેના ઉપર વિશ્વાસ
રાખનારાઓને સજા કરનાર છું. 26હું તેમને તેમનો જીવ
લેવા તાકી રહેલા બાબિલના રાજા નબૂખાદનેસ્સારને સુપ્રત
કરી દઈશ. અને પછી મિસરમાં પાછી પહેલાંની માફક વસ્તી
થશે." આ હું યહોવા બોલું છું.

## ઉત્તરીય ઈસ્રાએલ માટે સંદેશ

27"ઓ મારા સેવક યાકૂબના વંશજો, ઓ ઈસ્રાએલીઓ! તમારે ડરવાની જરૂર નથી. કારણકે, હું તમને અને તમારા વંશજોને તમે જ્યાં બંદી છો તે દૂરના દેશમાંથી છોડાવી લાવીશ, અને તમે પાછા સુખશાંતિપૂર્વક રહેવા પામશો. કોઈ તમને ડરાવશે નહીં."

28યહોવા કહે છે કે, "હે યાકૂબ, મારા સેવક, ગભરાઈશ નહીં, કારણ, હું તમારી પડખે છું. જુદી જુદી પ્રજાઓની વચ્ચેં મેં તમને દેશવટો દીધો છે તે બધાનો હું અંત લાવનાર છું. પણ હું તમને મારીશ નહીં પણ હું ચોક્કસ તમને શિક્ષા કર્યા વિના છોડવાનો નથી. " આ યહોવાના વચન છે.

## પલિસ્તીઓ માટે યહોવાનો સંદેશ

47 જ્યારે ફારૂન અને મિસરનું સૈન્ય ગાઝા ઉપર ચઢી આવ્યું તે પહેલા, યહોવાએ પ્રબોધક યર્મિયા દ્વારા પલિસ્તીઓ માટે આ સંદેશો મોકલ્યો.

2આ યહોવાના વચન છે, "ઉત્તરમાંથી પૂર આવી રહ્યું છે અને પલિસ્તીઓના સમગ્ર દેશ પર તે ફરી વળશે. તે તેઓનાં નગરો તથા તેમાનાં સર્વસ્વનો નાશ કરશે. શૂરવીર પુરુષો ભયથી બૂમો પાડશે અને સર્વ પ્રજાજનો પોક મૂકીને રડશે."

3ઘોડાઓના દાબડાનો અવાજ અને રથના પૈડાની ઘરઘરાટી તીર્વ વેગથી દોડતાં રથોને કારણે પિતાઓ એટલાં નિ:સહાય હશેકે તેઓ પોતાના સંતાનો તરફ પાછા ફરીને જોયા વગર નાસી જશે.

4કારણકે, એ દિવસ આવી પહોંચ્યો છે, જ્યારે બધા જ પલિસ્તીઓનો સંહાર થવાનો છે, જ્યારે તૂર અને સિદોનની સાથે થનારા કોઈ રહેશે નહીં. યહોવા બધા પલિસ્તીઓનો– કાફતોરના ટાપુમાંથી આવી વસેલા સૌનો સંહાર કરનાર છે.

5ગાજા અને આશ્કલોનના નગરો ધૂળભેંગા કરવામાં આવશે, અને ખંડેર બની જશે. અનાકીમના વંશજો તમે કેવી રીતે પસ્તાવો અને રૂદન કરશો!

6ઓ યહોવાની શમશેર, તું ક્યારે શાંત થઈશ? ફરી તું મ્યાનમાં પાછી જા અને આરામ કર અને શાંત રહે!

7પણ યહોવાએ એને આજ્ઞા કરી હોય પછી એ આરામ શી રીતે કરે? કારણકે આશ્કલોન તથા સમુદ્રને કાંઠે વસનારાઓનો વિનાશ કરવાની તેણે તેને આજ્ઞા કરીને મેં દરિયાકાંઠાને સાફ કરવાનું સોંપ્યું છે."

## મોઆબના લોકોનું ભાવિ

48 ઈસ્રાએલના દેવ યહોવા મોઆબ વિષે આ પ્રમાણે કહે છે કે, "નબોનું આવી બન્યું! તે ભોંય ભેંગુ થઈ ગયું છે, કિર્યાથાઈમને લાંછન લાગ્યું છે, તે જીતાઈ ગયું છે. તેનો કિલ્લો તોડી પાડવામાં આવ્યો છે! હવે મોઆબનું ગૌરવ નથી રહ્યું!

2મોઆબનું ગૌરવ હવે રહ્યું નથી હેશ્બોનમાં મોઆબના શત્રુઓએ એના પતનની યોજના ઘડી છે. તેઓ કહે છે 'ચાલો, આપણે એને રાષ્ટ્ર તરીકે ભૂંસી નાખીએ.' માદમેન નગરને પણ ચૂપ કરવામાં આવશે; શત્રુઓની તલવાર તારો પીછો કરશે.

3સાંભળો, હેરોનાયિમમાંથી પોકાર સંભળાય છે; "હિંસા, વિનાશ."

4મોઆબ નષ્ટ થઈ ગયું છે, સોઆર સુધી તેનાં બાળકોનું આક્રંદ સંભળાય છે.

5કારણ કે તેઓ રડતાં રડતાં લૂહીથના ઢોળાવો ઉપર ચઢે છે. અને તેઓ દુ:ખથી વિલાપ કરતાં કરતાં હોરોનાયિમના ઢોળાવો ઉતરે છે.

6નાસો, તમારો જીવ લઈને નાસો! વગડાનાં જંગલી ગધેડા જેવા બનો.

7હા, તમે પોતાની સંપત્તિ અને આવડત ઉપર નિર્ભર
રહ્યાં છો, તમે પણ નાશ પામશો, તમારા મૂંગા દેવ કમોશ
દેશવટે જશે, તેના યાજકો અને અમલદારો તેની સાથે જશે.

8દરેક નગર ઉપર વિનાશ ઊતરશે, એક પણ શહેર બચવા
પામશે નહીં." આ હું યહોવા બોલું છું.

9"મોઆબ માટે મીઠું અલગ રાખો કારણકે તે ચોક્કસ
પડશે. તેના નગરો વસ્તી વિનાના ઉજ્જડ ખંડેર થઇ
જવાના છે.

10જે યહોવાનું કામ પૂરા દિલથી કરતા નથી તેને શાપ
હો! જે માણસ તલવારથી રક્તપાત કરતા નથી તેને ધિક્કાર
હો!"

11યહોવાએ કહ્યું, "પ્રાચીનકાળથી મોઆબ પર આક્રમણો
થયા નથી, ને તેને હેરાન કરવામાં આવ્યું નથી, તેનો દેશનિકાલ
કરવામાં આવ્યો નથી મોઆબ એવા દ્રાક્ષારસ જેવો છે કે
જેને એક પાત્રમાંથી બીજા પાત્રમાં રેડવામાં આવ્યો નથી.
તેનો સ્વાદ જેવો ને તેવો રહ્યો છે ને તેની સુગંધ બદલાઇ
નથી. "

12યહોવાએ કહ્યું છે કે, "આ લોકો મોઆબ શહેરને ખાલી
કરી નાખશે જેમ લોકો દ્રાક્ષારસની બરણી ખાલી કરે છે.
તેના નગરોનો જેમ લોકો માટીના ઘડાના ટૂકડે ટૂકડા કરી
નાખે છે તેમ નાશ કરવામાં આવશે."

13ત્યારે મોઆબનો કમોશદેવ વિષેનો ભ્રમ ભાંગી જશે,
જેમ ઈસ્રાએલનો બેથેલના દેવ વિષે ભાંગી ગયો હતો જેના
ઉપર તેણે વિશ્વાસ રાખ્યો હતો.

14"ઓ મોઆબના લોકો, આ રાજાઓના રાજા એવા સર્વસમર્થ
યહોવાના વચન છે. "તમારી હિંમ્મત કઇ રીતે થઇ આવુ
કહેવાની. કે 'અમે બહાદુર છીએ, કેળવાયેલા યોદ્ધાઓ
છીએ?'

15મોઆબ અને તેના નગરોનો નાશ થયો છે, તેના ચુનંદા
જુવાનો રહેંસાઇ ગયા છે. " આ સર્વસમર્થ યહોવાના
વચન છે.

16"હવે મોઆબનો વિનાશ હાથવેંતમાં છે, એનું પતન
વાયુવેગે આવી રહ્યું છે.

17ઓ મોઆબના મિત્રો, તેના માટે વિલાપ તથા રું દન
કરો. જુઓ, બળવાનો અને સ્વરૂપવાનો કેવા ધૂળધાણી થઇ
ગયા છે!

18ઓ દોબોનના લોકો, તમારા સન્માન જનક સ્થાન
ઉપરથી નીચે ઊતરો અને ભોંય ઉપર ધૂળમાં બેસો. કારણ કે
મોઆબનો વિનાશ કરનાર આવી પહોંચ્યો છે. અને તેણે
તમારા કિલ્લાઓનો નાશ કર્યો છે.

19ઓ અરોએરના લોકો, રસ્તે ઊભા રહીને ચોકી કરો,
ભાગી જતા લોકોને પૂછો. શું થયું છે?

20તેઓ તને જવાબ આપશે, મોઆબ ખંડેર થઇ ગયું છે;
રૂદન અને શોક કરો. આર્નોનના કિનારાઓ ઉપરથી જાહેર
કરો કે, મોઆબ ખેદાન મેદાન થઇ ગયું છે!

21મોઆબના ઉચ્ચ મેદાન પરના નગરો તે હોલોના,
યાહસાહ, મેફાઆથને સજા કરવામાં આવશે,

22દીબોન, નબો, બેથ દિબ્લાથાઈમ છે.

23કિર્યા-થાઈમ, બેથ-ગામૂલ, બેથ-મેઓન,

24કરીઓથ, બોસ્રાહ, અને મોઆબના સર્વ નગરો જે
નજીકમાં છે તે તથા જે દૂર આવેલા છે, આ બધાને સજા
થઈ છે.

25મોઆબનું બળ તોડી નાખવામાં આવ્યું છે, અને તેની
સત્તા રોળી નાખવામાં આવી છે." આ યહોવાના વચન છે.

26"મોઆબને છાકટો પીધેલો બનાવી દો! એણે યહોવાનો
વિરોધ કર્યો છે. એ એની ઊલટીમાં આળોટશે અને લોકોની
હાંસીનું પાત્ર થશે, સર્વ કોઇ તેનો તિરસ્કાર કરશે.

27શું તે ઈસ્રાએલની હાંસી કરી નહોંતી? શું તે તેઓને
ચોરોની ટોળી માની નહોતી? હા, જ્યારે પણ તેં તેમના વિષે
વાત કરી છે ત્યારે તેં તુચ્છકારથી તારું ડોકુ હલાવ્યુ છે.

28ઓ મોઆબના લોકો, તમારા નગરોમાંથી ભાગી જાઓ
અને ઊંડી સાંકડી ખીણોમાં પોતાના માળા બાંધીને રહેતા
કબૂતરોની માફક તમે ગુફાઓમાં રહો.

29મોઆબ અતિ ગર્વિષ્ઠ છે. અમે તેના અભિમાન, ઉદ્ધતાઈ
અને તુમાખી વિષે સાંભળ્યું છે."

30યહોવા કહે છે, "મને પોતાને એની ઉદ્ધતાઈની ખબર
છે. તેની ડંફાસો બધી ખોટી છે, અને તેનાં કાર્યો બધા
પોકળ છે.

31અને તેથી હું મોઆબને માટે ચિંતા કરું છું. સમગ્ર
મોઆબ માટે હું પોકે પોકે રડું છું અને કીરહેરસના માણસો
માટે હું શોક કરું છું.

32દ્રાક્ષાવાડીઓથી ભરપૂર સિબ્માના લોકો, હું યાઝેરના
કરતાં પણ તમારા માટે વધુ વિલાપ કરું છું. કારણકે વિનાશે
તમારી ફેલાયેલી ડાળીઓને કાપી નાખી છે અને તમારી
દ્રાક્ષાઓ તથા ઉનાળાનાં ફળોની ફસલને લઈ લીધી છે.
તેણે તમને ઉજ્જડ કરી મૂક્યા છે!

33મોઆબની રસાળ ભૂમિમાંથી ખુશી અને આનંદ અદ્રશ્ય
થઈ ગયાં છે, દ્રાક્ષારસના કોલુમાંથી દ્રાક્ષારસ વહેતો નથી.
દ્રાક્ષ ગૂંદતા ગૂંદતાં હવે કોઇ આનંદના પોકારો કરતું નથી.

34"તેના બદલે બધી જગ્યાએથી; હેશ્બોનથી એલાઆલે
સુધી; સોઆરથી હોરોનાયિમ સુધી અને ત્યાંથી એગ્લાથ
શલી-શીયા સુધી ભય અને વેદનાના પોકારો સંભળાય છે.
નિમ્રીમનાં પાણી પણ સુકાઇ ગયા છે. 35યહોવા કહે છે:
મોઆબ જૂઠા દેવોની પૂજા કરતું હતું અને મૂર્તિઓ આગળ
ધૂપ બાળતું હતું. તે સર્વ મેં બંધ કરાવી દીધું છે." આ
યહોવાના વચન છે.

36"આથી મારું હૃદય મોઆબ અને કીર-હેરેસ માટે
મારા હૃદયમાં શોક છે. કારણકે તેઓની સર્વ સંપત્તિ નાશ
પામી છે. 37હા, હરેક માણસનું માથું મૂડાયું છે અને બધા
માણસની દાઢી બોડવામાં આવી છે. તેઓના હાથ કાપાઓથી
ભરેલા છે. અને તેઓ સૌએ શણના વસ્રો પહેર્યા છે.
38મોઆબને ઘેરઘેર અને ચોરેચૌટે પસ્તાવા સિવાય કશું નથી,
કારણ, મેં મોઆબને જૂની અને નકામી બાટલીની જેમ
તેના ચૂરેચૂરા કર્યા છે." આ યહોવાના વચન છે.

39મોઆબ ભાંગી ગયું! રડો! મોઆબ શરમજનક રીતે પીછેહઠ કરે છે! મોઆબના બધા પાડોશીઓ એની હાંસી ઉડાવે છે!" આ યહોવાના વચન છે.

40કારણ કે આ યહોવા કહે છે, "જો, તેના શત્રુઓ એક ગરૂડની જેમ મોઆબ ઉપર ચકરાવો લે છે, અને તેની પર આક્રમણ કરે છે.

41તેનાં નગરોનો નાશ થશે, તેના મજબૂત કિલ્લાઓને કબજે કરવામાં આવશે. પ્રસૂતિની વેદનાથી પીડાતી સ્ત્રીઓની જેમ તેના શૂરવીર યોદ્ધાઓ ભયથી ધ્રૂજશે.

42પછી મોઆબનું નામોનિશાન મિટાઇ જશે. તેની પ્રજા નાશ પામશે, કારણકે, તેમણે મારો યહોવાનો વિરોધ કર્યો છે."

43યહોવા કહે છે, "અરે મોઆબ, તારા માર્ગમાં ભય, ફાંદો અને ખાડા તારી રાહ જોઈ રહ્યા છે.

44જે કોઈ માણસ ભયનો માર્યો ભાગી જશે તે ખાડામાં પડશે, જે ખાડામાંથી ઊભો થઈને બહાર આવશે તે પકડાઈ જશે, મોઆબને સજા કરવાનો સમય આવશે ત્યારે તેણે આ બધાંનો સામનો કરવો પડશે." આ યહોવાના વચન છે.

45"નાસી ગયેલા અસહાય નિર્વાસિતો હેશ્બોનની છાયા તળે વિશામો લે છે, પણ હેશ્બોનમાંથી આગ ભભૂકી નીકળે છે. સીહોનના રાજમહેલમાંથી જવાળાઓ લપકારા મારે છે, અને એ તોફાનીઓની ભૂમિને, મોઆબના સીમાડા અને પર્વતોને ભરખી જાય છે.

46ઓ મોઆબ, આ તે તમારી કેવી દશા! ઓ મોઆબના લોકો! ઓ કમોશદેવના ભકતો, તમારું આવી બન્યું! કારણ, તમારાં પુત્રો અને પુત્રીઓને કેદ પકડીને દેશવટે લઈ જવામાં આવ્યા છે."

47"પરંતુ યહોવા કહે છે, "ભવિષ્યમાં હું મોઆબનું ભાગ્ય પલટી નાખીશ, હું મોઆબને સંસ્થાપિત કરીશ."

અહીં મોઆબ અંગેનો ચુકાદો પૂરો થાય છે.

## અમ્મોનના લોકોનું ભાવિ

49 આમ્મોનના લોકો વિષે યહોવા આ પ્રમાણે કહે છે, "ઈસ્રાએલનું રક્ષણ કરનાર કોઈ સપૂતો નથી? શું તેને કોઈ પુત્રો નથી? તો પછી મિલ્કોમદેવના પૂજકોને ગાદનો પ્રદેશ શા માટે કબજે કરવા દે અને ત્યાં વસવા દે?

2તેથી એવો સમય આવી રહ્યો છે જ્યારે આમ્મોનના પાટનગર રાબ્બાહમાં રણહાક ગાજી રહેશે અને એ વેરાન ખંડેરોનો ઢગ બની જશે, એની શેરીઓ બળીને ભસ્મ થઈ જશે, અને ઈસ્રાએલ પોતાની ભૂમિ કબજે કરનારાઓની ભૂમિ કબજે કરશે." આ હું યહોવા બોલું છું.

3હે હેશ્બોન, વિલાપ કર. આમ્મોનમાંનું આયનગર નાશ પામ્યું છે! રાબ્બાહની સ્ત્રીઓ રું દન કરો, શોકના વસ્રો પહેરો, વાડામાં સંતાઈને રડો અને પ્રશ્ચાતાપ કરો. કારણકે તમારા દેવ મિલ્કોમ, તેના યાજકો અને અમલદારોનો દેશનિકાલ કરવામાં આવશે.

4તમારી ખીણોનું તમને અભિમાન છે, પરંતુ ટૂંક સમયમાં જ તે નાશ પામશે. ઓ આમ્મોનના બંડખોર લોકો તમારા ભંડાર ઉપર આધાર રાખી કહો છો કે,' કોણ અમારા ઉપર હુમલો કરી શકે એમ છે?"

5પરંતુ સર્વસમર્થ યહોવા કહે છે કે, "હું દરેક બાજુએથી તારા ઉપર વિપત્તિઓ લાવીશ તને આખી દુનિયામાં ચારેબાજુ દેશ નિકાલ માટે હાંકી કાઢવામાં આવશે. અને તારા શરણાર્થીઓની સંભાળ રાખનારું કોઈ નહીં હોય."

6"પરંતુ પાછળથી હું આમ્મોનીઓનું ભાગ્ય ફેરવી નાખીશ." આ યહોવાના વચન છે.

## અદોમના લોકોનું ભાવિ

7અદોમના લોકો વિષે યહોવા કહે છે, "તેમાનામાં કશી અક્કલ જ રહી નથી? તેમના સમજુ પુરુષો શમજણ ખોઈ બેઠા છે?

8તેમની અક્કલ બહેર મારી ગઈ છે? દદાનના રહેવાસીઓ, પાસુ ફરીને દોડો. સંતાઈ જાઓ! કારણ, એસાવના વંશજોની સજાનો સમય આવ્યો છે અને હું તેમના ઉપર વિનાશ ઉતારનાર છું,

9જ્યારે દ્રાક્ષ ઉતારનાર આવે છે ત્યારે તેઓ થોડી દ્રાક્ષ વેલ ઉપર રહેવા દે છે, રાતે ચોર આવે છે તો તે જોઈએ એટલું જ લઈ જાય છે.

10પરંતુ હું એસાવના વતનને સંપૂર્ણ ખાલી કરી નાખીશ. સંતાવાની કોઈ જગ્યા રહેશે નહીં, તેના બાળકો, તેના ભાઈઓ, તેના પડોશીઓ, સર્વ નાશ પામશે અને જાતેજ તેઓ બધા સમાપ્ત થઈ જશે.

11એમ કહેનાર કોઈ નહીં હોય કે, "તારાં આનાથ બાળકોને અહીં મૂકી જા, હું તેમને સંભાળીશ. તારી વિધવાઓ મારે વિશ્વાસે રહી શકે છે."

12યહોવા કહે છે, "જેણે સજાનો પ્યાલો પીવો ન જોઈએ
તેને પણ તે પીવો પડ્યો તો શું તને સજા થયા વગર રહેશે?
તારે સજા ચોક્કસ ભોગવવી જ પડશે, તારે એ પ્યાલો ચોક્કસ
પીવો જ પડશે," 13કારણ, હું મારા જીવના સમ ખાઈને કહું
છું કે "બોસ્રાહની દશા જોઈને લોકો હબકાઈ જશે, તેની હાંસી ઉડાવશે; તે વેરાન થઈ જશે અને લોકોમાં તેનું નામ શાપરૂપ લેખાશે. એના બધાં ગામો કાયમ માટે ખંડેર થઈ જશે."

14મેં યહોવા પાસેથી આ સંદેશો સાંભળ્યો છે, "તેમણે બધાં રાજ્યોમાં સંદેશાવાહક મોકલીને કહેવડાવ્યું છે કે અદોમની વિરુદ્ધ સર્વ એકત્રીત થાઓ અને તેનો નાશ કરો."

15યહોવા કહે છે કે, "જો, હું તને રાષ્ટ્રો વચ્ચે તુચ્છ બનાવીશ અને માનવજાત દ્વારા તિરસ્કૃત બનાવીશ.

16તું ઊંચા શિખરો ઉપર કરાડોની ધારે વસે છે, તેથી, તારી માથાભારે તુમાખીએ અને તારા અંતરના અભિમાને તને ખોટે રસ્તે દોરવ્યો છે, પરંતુ ગરૂડની સાથે તું શિખરો ઉપર વસવાટ કરે તો પણ હું તને ત્યાંથી નીચો પાડીશ." એમ યહોવા કહે છે.

17"તેથી અદોમ માન ને પાત્ર બનશે. ત્યાં જઈને જતાઆવતા સૌ કોઈ એની દશા જોઈને હબકાઈ જશે અને જ્યારે લોકો જોશે કે તેને કેવું ઘાયલ કરવામાં આવ્યું છે તો તેઓ સિસકારા બોલાવશે.

18સદોમ અને ગમોરાનો તથા તેમની આસપાસના ગામોનો નાશ થયો હતો તેવું જ અદોમનું પણ થશે; પછી ત્યાં કોઈ રહેશે નહીં, ત્યાં કોઈ માણસ ફરી ઘર નહીં કરે." આ યહોવાના વચન છે.

19"જુઓ, પેલો સિંહ કેવો યર્દનની ઝાડીમાંથી સદાય લીલાછમ ચરાણમાં ચડી આવે છે! એ જ રીતે હું પણ અચાનક એ લોકોની પાછળ પડી એમને હાંકી કાઢીશ અને મને ગમતા રાજકર્તાને ત્યાં ગોઠવી દઈશ. કારણ, મારા સમાન બીજું કોણ છે? કોણ મારી બરોબરી કરી શકે એમ છે?"

20માટે, અદોમ અને તેના લોકો વિષે મારી યોજના શી છે, તે સાંભળી લો; અને જેઓ તેમાનામાં રહે છે તેમની વિરુદ્ધ મેં ઘડેલી યોજના વિષે. નાનામાં નાના ઘેટાંને પણ ઘસડી જવાશે અને તેમાના નસીબે તેમના ઘેટાંના વાડાને પણ ભયત્રસ્ત કરવામાં આવશે.

21અદોમના પતનના અવાજથી પૃથ્વી થથરશે; તેમના આક્રંદના અવાજના પડઘા રાતા સમુદ્ર સુધી ગાજશે.

22સમડી જેવી રીતે ઝડપ મારી તૂટી પડે છે તેમ દુશ્મન બોસ્રા ઉપર તૂટી પડશે. અને તે દિવસે અદોમના યોદ્ધાઓ પ્રસુતિ વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ ગભરાઈ જશે."

## દમસ્કના લોકોનું ભાવિ

23દમસ્ક વિષે યહોવાની વાણી;

"હમાથ અને આર્પાદ નગરો ભયથી મૂંઝાઈ ગયા છે, તેમણે માઠા સમાચાર સાંભળ્યા છે. ચિંતાથી તેઓ સાગરની જેમ ખળભળી ઊઠ્યા છે. તેમને નિરાંત વળતી નથી.

24દમસ્ક લાચાર બની ગયું છે. તેના સર્વ લોકો પાછા ફરીને નાસે છે. પ્રસુતિની વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ ભય, પીડા તથા દુ:ખોએ તેના પર પક્કડ જમાવી છે.

25આ 'આનંદનું નગર' જે એક સમયે ખૂબ ગૌરવવતું હતું તે કેવું ત્યાગી દેવામાં આવ્યું છે."

26સર્વસમર્થ યહોવા કહે છે, "તે દિવસે તેના જુવાન માણસો નગર ચોકમાં મૃત્યુ પામશે. અને એના બધા યોદ્ધાઓ હારી જશે.

27અને હું દમસ્કની દીવાલો ઉપર આગ લગાડીશ અને તે બેનાહદાદના મહેલોને બાળીને ભસ્મ કરશે."

## કેદાર અને હાસોરના લોકોનું ભાવિ

28બાબિલના રાજા નબૂખાદનેસ્સારે જીતી લીધેલાં કેદાર અને હાસોરના વિષે યહોવાની આ ભવિષ્યવાણી છે; તેઓનો નાશ કરવા માટે બાબિલના રાજા નબૂખાદનેસ્સારને યહોવા મોકલી આપશે અને કહેશે,

"ચાલો, કેદારના કુળસમૂહો ઉપર હલ્લો કરો; પૂર્વના એ લોકોનો સંહાર કરો.

29તેઓનાં ઘેટાંબકરાં, તંબુઓ તથા ઘરનો સર્વ સામાન કબજે કરવામાં આવશે, તેઓનાં ઊંટોને લઈ જવામાં આવશે; ચારેબાજુ ભયની ચીસો પડશે, આપણે ચારેબાજુથી ઘેરાઈ ગયા છીએ અને આપણું પતન થયું છે."

30યહોવા કહે છે: "ભાગો ભાગો, તમારો જીવ બચાવવા નાસી જાઓ. હાર્સોના વતનીઓ, અરણ્યમાં દૂર દૂર સંતાઈ જાઓ! કારણકે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે તમારી વિરૂદ્ધ તમારો નાશ કરવા માટે કાવત્રું રચ્યું છે.

31યહોવાએ નબૂખાદનેસ્સાર રાજાને કહ્યું, ઊઠો, અને એ પ્રજા જે નિશ્ચિંત છે અને વિચારે છે કે તેના ઉપર કોઈ હુમલો નહીં કરે, તેમના નગરોને દરવાજા કે સળિયા નથી અને તેઓ બધાં પોતાનામાંજ વસે છે.'

32તેમનાં ઊંટો અને તેમનાં અસંખ્ય ઘેટાં લૂંટી લો! હું એ મૂંડેલા થોભિયા વાળાઓને ચારેકોર વિખેરી નાખીશ અને દરેક બાજુએથી તેમના ઉપર આફત ઉતારીશ." આ યહોવાના વચન છે.

33"હાસોર શિયાળવાંની બોડ બની જશે, કાયમ માટે તે વેરાન પ્રદેશ બની જશે, કોઈ ત્યાં વસશે નહીં કે કોઈ ત્યાં ઘર નહીં બનાવે." આ યહોવાના વચન છે.

## એલામના લોકોનું ભાવિ

34યહૂદિયાના રાજા સિદકિયાના અમલની શરૂઆતમાં પ્રબોધક યર્મિયાને એલામ વિષે યહોવાની વાણી દ્વારા સંદેશો આવ્યો.

35"આ સર્વસમર્થ યહોવાના વચન છે એલામનું બળ એનું ધનુષ્ય છે, હું એ ધનુષ્ય જ ભાંગી નાખનાર છું.

36અને એલામના લોકોને હું ચાર દિશામાં વિખેરી નાખીશ. તેઓ દેશનિકાલ થઈ વિશ્વના સર્વ દેશોમાં ફેલાઈ જશે."

37યહોવા કહે છે કે, "એલામનો નાશ કરવા તાકતા એના દુશ્મનોથી એને હું ભયભીત બનાવી દઈશ. હું ભયંકર રોષે ભરાઈ તેમના ઉપર આફત ઉતારીશ, તેઓ જડમૂળથી ઊખડી જાય ત્યાં સુધી હું તેમના ઉપર યુદ્ધ મોકલ્યા કરીશ." આ યહોવાના વચન છે.

38યહોવા કહે છે કે "હું એલામમાં મારું સિંહાસન સ્થાપીશ. અને ત્યાંના રાજાનો અને અમલદારોનો સંહાર કરી નાખીશ." આ યહોવાના વચન છે.

39"પણ ભવિષ્યમાં હું એલામનું ભાગ્ય ફેરવી નાખીશ. હું તે લોકોને પાછા લાવીશ." એમ યહોવા કહે છે.

## બાબિલના લોકોનું ભાવિ

50 યહોવાએ યર્મિયા પ્રબોધક મારફતે બાબિલ અને ખાલદીઓ વિરુદ્ધ આ સંદેશો મોકલાવ્યો,

2"સર્વ પ્રજાઓને આ સંદેશો કહો! ઢંઢેરો પિટાવો, બધી પ્રજાઓને જાહેર કરો, છુપાવશો નહીં, ખબર આપો કે, 'બાબિલ જીતાયું છે, બઆલ દેવની બેઆબરું થઈ છે, મરોદાખદેવના ફુરચા ઉડાવી દેવામાં આવ્યાં છે; બાબિલની મૂર્તિઓને

શરમજનક કરવામાં આવી છે, તેના દેવલાઓને ભાંગી નાખવામાં આવ્યાં છે.'

3કારણકે, ઉત્તરમાંથી એક પ્રજા તેના ઉપર ચડી આવે છે; તેઓ એ દેશને વેરાન બનાવી દેશે, જ્યાં કોઈ રહેશે નહીં, જ્યાંથી માણસો અને પશુઓ ભાગી જશે."

4યહોવા કહે છે, "તે દિવસોમાં, તે સમયે, તેઓ સાથે મળીને આવશે, તેઓ રડતાં રડતાં આવશે અને તેમના દેવ યહોવાની શોધ કરશે. તેમને ફક્ત તેઓજ અને બીજું કોઈ નહીં જોઈએ.

5તેઓ સિયોનના માર્ગ પૂછશે અને તેની તરફ આગળ વધશે. તેઓ કહેશે, 'આવો, કદી ભૂલી ન જવાય તેવો સનાતન કરાર કરીને આપણે યહોવા સાથેના સંબંધમાં જોડાઈએ.'

6"મારા લોકો ખોવાયેલાં ઘેટાં જેવા હતા, તેમના ઘેટાં પાલકોએ તેમને ભૂલા પડવા દીધા, અને પર્વતો ઉપર ગમે તેમ ભટકવા દીધા, તેઓ પોતાના માર્ગ ભૂલી ગયાં અને વાડામાં કઈ રીતે પાછા આવવું તે તેઓને યાદ રહ્યું નહીં.

7જે કોઈએ તેમને જોયા તેઓને મળ્યા તે સર્વ તેઓને ખાઈ ગયા, અને કહ્યું, તેઓ પર આક્રમણ કરવા અમે મુકત છીએ, કારણકે તેમણે યહોવા તેમના ખરેખરા પોષક (ચરાણ) વિરુદ્ધ જેમનો તેમના પૂર્વજોએ વિશ્વાસ કર્યો હતો પાપ આચર્યુ છે.

8ઈસ્રાએલના લોકો બાબિલમાંથી ભાગી જાઓ! ટોળાને દોરતા બકરાની જેમ આગળ થાઓ.

9કારણ કે, હું બળવાન પ્રજાઓના જૂથને બાબિલ વિરુદ્ધ ઉશ્કેરવાનો છું. તેઓ ઉત્તરમાંથી આવી એની સામે મોરચો માંડશે અને એને કબજે કરશે. તેમના બાણાવળીઓ કસાયેલા શિકારીની જેમ કદી ખાલી હાથે પાછા નહીં ફરે.

10બાબિલ લૂંટી લેવામાં આવશે અને એને લૂંટનારા ધરાઈ જાય ત્યાં સુધી લૂંટ ચલાવશે." આ યહોવાના વચન છે.

11યહોવા કહે છે, "ઓ બાબિલવાસીઓ, તમે મારી પોતાની ભૂમિને લૂંટી છે; તમે ભલે આનંદ માણો અને મોજ કરો, ગોચરમાં ઠેકડા મારતા વાછરડાની જેમ દોડો અને ઘોડાની જેમ હણહણો;

12તેમ છતાં તમારી માતૃભૂમિ બાબિલને બેઆબરૂ કરવામાં આવશે. તમારા જન્મદાતાઓની નામોશી કરવામાં આવશે; બીજી બધી સમૂહની પ્રજાઓમાં બાબિલનું સ્થાન સૌથી છેલ્લું રહેશે. તમારી ભૂમિ વેરાન સૂકું રણ બની જશે.

13મારા ક્રોધને કારણે તે નિર્જન બની જશે, તે વેરાન વગડો બની જશે. બાબિલ થઈને જતા સૌ કોઈ તેની હાલત જોઈને ભયભીત થઈ જશે અને તેના સર્વનાશને કારણે તેઓ સિસકારા બોલાવશે.

14બાબિલની આસપાસ રહેનારી પ્રજાઓ બાબિલ સામે યુદ્ધ માટે ગોઠવાઈ જાઓ, તેને ઘેરી લો, ઓ બાણાવળીઓ! તીર, વરસાવો અચકાશો નહીં, કારણ, તેણે મારી વિરૂદ્ધ અપરાધ કર્યો છે.

15તેની ચારે બાજુએથી રણનાદ જગાવો, જુઓ, તે શરણાગતિ સ્વીકારે છે! તેનો કોટ પડી ગયો છે, યહોવાએ બદલો લીધો છે, તેણે કર્યું હતું તેવું જ તેને કરો!

16બાબિલમાં કોઈને વાવવા કે લણવા દેશો નહીં. લોહીતરસી તલવારથી ભાગીને ત્યાંના બધા વિદેશીઓ પોતાના વતનમાં પાછા જશે.

17ઈસ્રાએલની પ્રજા તો એવાં ઘેટાં જેવી છે કે જેની પાછળ સિંહ પડ્યો હોય, પ્રથમ આશ્શૂરનો રાજા તેઓને ખાઈ ગયો. પછી બાબિલના રાજા નબૂખાદનેસ્સારે તેઓનાં હાડકા ચાવ્યાં."

18તેથી ઈસ્રાએલના દેવ, સર્વસમર્થ યહોવા કહે છે, "મેં જે રીતે આશ્શૂરના રાજાને સજા કરી હતી તે રીતે બાબિલના રાજાને અને તેના દેશને પણ સજા કરીશ.

19હું ઈસ્રાએલને પાછો એના ચરાણમાં લઈ આવીશ, તે કાર્મેલ પર્વત અને બાશાન ઉપર ચરશે. તેની ભૂખ એફ્રાઈમ અને ગિલ્યાદના ડુંગરો ઉપર સંતોષાશે."

20"જ્યારે એ સમય આવશે ત્યારે ઈસ્રાએલમાં અધર્મ શોધ્યો નહીં જડે, યહૂદિયામાં કોઈ પાપ શોધ્યું નહીં જડે, કારણકે, જેમને હું જીવતા રહેવા દઈશ તેમને માફ કરીશ." આ યહોવાના વચન છે.

21યહોવા કહે છે, "મેરાથાઈમના અને પેકોદના વતનીઓ પીછો પકડો, ચઢાઈ કરો, બંડખોર દેશ બાબિલનો હું ન્યાય કરવાનો છું; મેં તમને આજ્ઞા કરી છે તે પ્રમાણે તેઓનો સંહાર કરો.

22દેશમાં રણનાદ ગાજે છે અને ભયંકર વિનાશ થઈ રહ્યો છે.

23બાબિલને હથોડા સમાન બનીને જગતના દેશોના ભૂક્કા બોલાવી દીધા હતા. હવે એ હથોડો ભાંગી ગયો છે. બાબિલની તારાજી જોઈને લોકો આંચકો અનૂભવે છે.

24હે બાબિલ! મેં તારા માટે જાળ બિછાવી હતી અને તું તેમાં સપડાઈ ગયો છે. કારણકે તેં યહોવાની વિરૂદ્ધ યુદ્ધ કર્યું.

25યહોવાએ પોતાનો શસ્ત્રભંડાર ખોલ્યો છે અને પોતાના શત્રુઓ ઉપર પોતાનો ક્રોધાગ્નિ પ્રગટાવવા માટે શસ્રો બહાર કાઢયા છે. બાબિલ ઉપર જે આફત આવી પડશે તે યહોવા દેવ સર્વસમર્થ તરફથી હશે.

26હા, દૂરના દેશોમાંથી સૌ કોઈ તેના પર ચઢી આવો; તેના અનાજના ભંડારો ખોલી નાખો, લૂંટના માલનો અનાજની જેમ ઢગલો કરો, એનો નાશ કરો કશું જ બચવા ન દેશો તેના બધા રહસ્યનો નાશ કરો, કોઈ બાકી ન રહે,

27તેના સર્વ ઢોરઢાંખરને પણ મારી નાંખો, તેઓની હત્યા થવા માટે નીચે ઊતરી જવા દો! એમના દિવસો ભરાઈ ચૂક્યા છે! તેમની સજાનો દિવસ આવી પહોંચ્યો છે.

28ધ્યાનથી સાંભળો, બાબિલમાંથી જેઓ ભાગી છૂટ્યા હતા તે શરણાર્થીઓ, દેવે બાબિલના લોકો ઉપર બદલો લીધો છે એવું જાહેર કરવા માટે સિયોન આવ્યા. જેઓએ તેના મંદિરનો નાશ કર્યો છે તેના ઉપર દેવે વેર વાળ્યું છે.

29બાબિલની સામે બાણાવળીઓનો જમાવ કરો, ધનુષ્યબાણ ચલાવનારા સૌ કોઈ નગરને ચારે તરફથી ઘેરી લો. જેથી કોઈ ભાગી જવા પામે નહીં, તેના કૃત્યોનો તેને બદલો આપો, એણે બીજાની જે દશા કરી છે તે એની કરો. કારણકે, એ મારા પ્રત્યે ઈસ્રાએલના પરમપવિત્ર યહોવા પ્રત્યે તોછડાઈથી વર્ત્યો છે.

30તેથી યુવાન માણસો ચોકમાં માર્યા જશે. તેના તેજ દિવસે, તેના સર્વ યોદ્ધાઓ માર્યા જશે." આ યહોવાના વચન છે.

31આપણા માલિક સર્વસમર્થ યહોવા કહે છે, "હે અભિમાની લોકો! હું તમારી વિરૂદ્ધ છું. હવે તમને શિક્ષા કરવાનો સમય આવી ગયો છે.

32હે અભિમાની પ્રજા, તું ઠોકર ખાઈને પડશે, કોઈ તને મદદ નહીં કરે! હું તારા ગામોમાં આગ લગાડીશ અને તે આસપાસનું બધું બાળીને ભસ્મ કરી નાખશે."

33આ સર્વસમર્થ યહોવાના વચન છે, "ઈસ્રાએલના અને યહૂદિયાના લોકો ઉપર સિતમ ગુજારાઈ રહ્યો છે; તેમને કેદ પકડનારાઓ તેમને છટકવા દેતા નથી.

34પરંતુ તેઓનો ઉદ્ધારક મહાન છે. તેનું નામ 'યહોવા સર્વસમર્થ' છે. તે અસરકારક રીતે તેઓના મુકદમાની વકીલાત કરશે અને ઈસ્રાએલમાં અને જગતમાં શાંતિ લાવશે. પરંતુ બાબિલમાં અંધાધૂંધી પેદા કરશે."

35યહોવા કહે છે, "બાબિલવાસીઓને માથે, બાબિલના વતનીઓને માથે, તેના આગેવાનો અને સમજણા પુરુષોને માથે તલવાર ઝઝૂમે છે.

36તેના જૂઠા યાજકોને માથે પણ તલવાર ઝઝૂમે છે. તેમની અક્કલ બહેર મારી જશે. તેના યોદ્ધાઓને માથે પણ તલવાર ઝઝૂમે છે. તેમના હાથ હેઠા પડશે.

37તેના ઘોડાઓ તથા રથો યુદ્ધમાં નાશ પામશે. બીજા મિત્ર દેશોમાંથી આવેલા યોદ્ધાઓ સ્ત્રીઓ જેવા નિર્બળ થશે, તેની સર્વ સંપત્તિ લૂંટાઈ જશે.

38તેના જળાશયો સુકાઈ જશે, શા માટે? કારણકે સમગ્ર દેશ મૂર્તિઓથી ભરપૂર છે અને લોકો એ મૂર્તિઓ પ્રત્યેના પ્રેમમાં પાગલ થઈ ગયા છે.

39આથી ત્યાં બાબિલ નગરમાં વગડાના જાનવરો અને જંગલી વરૂઓ વાસો કરશે શહામૃગો ત્યાં વસશે. ત્યાં ફરી કદી માણસો વસશે નહીં અને યુગોના યુગો સુધી તે આમજ રહેશે."

40યહોવા કહે છે કે, "જેમ સદોમ તથા ગમોરા અને તેઓની આસપાસના નગરોનો નાશ કર્યો તેવી જ રીતે હું બાબિલનો નાશ કરીશ. તે સમયથી તે નગરોમાં કોઈ વસવાટ કરતું નથી, એવી જ રીતે ફરીથી કોઈ બાબિલમાં વસશે નહીં.

41જુઓ, ઉત્તરમાંથી એક પ્રજા, એક બળવાન પ્રજા આવી રહી છે; પૃથ્વીને દૂરને છેડે મોટા મોટા રાજાઓ યુદ્ધની તૈયારી કરી રહ્યા છે.

42લોકોએ ધનુષ અને તલવાર સજ્યાં છે; તેઓ ક્રૂર અને ઘાતકી છે. ઘોડે ચડીને સાગરની જેમ ગર્જના કરતા આવે છે. એકેએક માણસ, ઓ બાબિલ, તારી સામે યુદ્ધ માટે સજ્જ છે.

43જ્યારે બાબિલના રાજાએ આ સમાચાર સાંભળ્યાં ત્યારે તેના હાથ લાચાર થઈને હેઠા પડ્યા. પ્રસુતિની વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ એકાએક આવી પડેલા ભયને કારણે તે તીવ્ર વેદનાથી પીડાવા લાગ્યો."

44યહોવા કહે છે, "જેવી રીતે ચારો ચરતાં ઘેટાં ઉપર સિંહ તરાપ મારે તે જ પ્રમાણે હું બાબિલની ઉપર ત્રાટકીશ મને જે કોઈ ગમશે તેને હું તેમની ઉપર નીમીશ. મારા સમાન કોણ છે? અને કોણ મને પડકારી શકે છે? ક્યો ઘેટાપાળક મારી વિરૂદ્ધ ઊભો રહી શકે છે?"

45માટે હવે બાબિલ વિષે મારા મનમાં શી યોજના છે; તે સાંભળી લો; અને ખાલ્દિયાઓ માટે મેં ઘડેલી યોજનાઓ વિષે નાનામાં નાના ઘેટાંને પણ ઘસડી જવાશે અને તેમના નસીબે તેમના ઘેટાંના વાડાને ભયગ્રસ્ત કરાશે.

46બાબિલના પતનથી સમગ્ર પૃથ્વી થથરી ઉઠશે અને તેનો આર્તનાદ બધી પ્રજાઓમાં વિશ્વભરમાં સંભળાશે.

### બાબિલના પતનની આગાહી

51 યહોવા કહે છે કે, "જુઓ, હું બાબિલની વિરૂદ્ધ, તથા ખાલદીઓના સમગ્ર દેશની વિરૂદ્ધ હું વિનાશક વાયુ લાવીશ અને તે તેઓનો નાશ કરશે.

2હું વિદેશીઓને બાબિલમાં મોકલીશ; તેઓ તેને ઉપણશે અને દૂર સુધી ઉડાડી મૂકશે વિપત્તિના દિવસે તેઓ ચારે તરફથી તેના ઉપર ચઢી આવશે અને દેશને ચારેબાજુથી ઘેરી લઈ ઉજ્જડ કરી નાખશે.

3ભલે તેમના ધર્નુધારી માણસો પોતાના હથિયાર વાપરવા માટે તૈયાર ન હોય. તેમના સૈનિકોને બખ્તર પહેરવા દેશો નહીં તેઓના સૈનિકો ઉપર દયા ન બતાવશો તેમના સૈન્યનો નાશ કરો.

4ખાલદીઓના દેશમાં તેઓની હત્યા થઈને પડશે અને તેની શેરીઓમાં તેઓના મૃતદેહો પડ્યા રહેશે."

5કારણ કે, ઈસ્રાએલને તેમના સર્વસમર્થ યહોવા દેવ નીચું નહીં પાડે. બાબિલની ભૂમિ ઈસ્રાએલના સર્વસમર્થ યહોવા દેવની વિરુદ્ધ અપરાધોથી ભરેલી છે.

6બાબિલમાંથી ભાગી જાઓ! સૌ પોતપોતાના જીવ બચાવવા નાસી જાઓ! બાબિલના પાપે તમે મરશો નહીં, કારણકે બદલો લેવાનો આ યહોવાનો સમય છે. તે તેને ઘટતી સજા કરી રહ્યા છે.

7બાબિલ તો યહોવાના હાથમાં સોનાના પ્યાલા સમું હતું. તેણે સમગ્ર સૃષ્ટિને તેનો દ્રાક્ષારસ પીવડાવ્યો છે. પ્રજાઓએ તે પીધો અને તેઓ ઘેલા થયા.

8પરંતુ હવે બાબિલનું અચાનક પતન થયું છે. તે ભાંગ્યું છે. તેને માટે ચિંતા કરો, તેના ઘા માટે ઔષધી લઈ આવો. કદાચ તે સાજું થાય પણ ખરું.

9બાબિલના ઘા રૂઝવવા અમારાથી શક્ય તેટલો પ્રયત્ન અમે કર્યો પરંતુ તે સ્વસ્થ ન થયું. એને છોડી દઈને, ચાલો

આપણે સહુ પોતપોતાના દેશમાં પાછા ફરીએ, કારણકે તે અમાપ સજાને પાત્ર છે.

10યહોવાએ કહ્યું કે આપણે ન્યાયી છીએ. ચાલો, આપણા યહોવાએ જે સર્વ કર્યું છે તે આપણે યરૂશાલેમમાં જઈને કહી સંભળાવીએ.

11તમારાં બાણને ધારદાર બનાવો! તમારા ભાથાં ભરી લો! ઢાલ ઊંચી કરો! કારણકે બાબિલ ઉપર ચઢાઈ કરી તેનો વિનાશ કરવા યહોવાએ માદીઓના રાજાઓને કહ્યું છે. અનિષ્ટ આચરણ કરનાર મંદિરને અપવિત્ર કરનાર લોકો ઉપર આ રીતે યહોવા વેર વાળી રહ્યાં છે.

12બાબિલની દીવાલો ઉપર આક્રમણ કરવા માટે સંકેત આપો, સંરક્ષણ મજબૂત કરો અને ચોકિયાતોને શહેરની આસપાસ ગોઠવો. ઓચિંતો છાપો મારવા માટે છુપાઈને પડ્યા રહો, કારણ કે યહોવાએ જે કહ્યું છે તે સર્વ તે સંપૂર્ણ કરશે.

13તમે બાબિલની નદીઓને કાંઠે વસવાટ કરો અને તેની વિપુલ સમૃદ્ધિને માણો. તારો અંત આવ્યો છે; તારી જીવનદોરી કપાઈ જશે.

14સર્વસમર્થ યહોવાએ પોતાના નામના સમ ખાઈને પ્રતિજ્ઞા કરી છે કે, "હું તીડોના ટોળાંની જેમ ગણ્યા ગણાય નહીં તેટલા માણસોને તારી સામે લાવીશ અને તેઓ તારો પરાજય કરી વિજયનાદ કરશે."

15યહોવાએ પોતાની શકિત અને બુદ્ધિથી પૃથ્વીનું સર્જન કર્યું છે, પોતાના જ્ઞાનથી તેને સ્થિર કરીને સ્થાપી છે, પોતાના કૌશલથી આકાશને ફેલાવ્યું છે.

16જ્યારે તે બોલે છે ત્યારે આકાશમાં ગર્જના થાય છે. દુનિયાના દૂર દૂરના ખૂણેથી તે વાદળોને ઉપર ચઢાવે છે. તે વરસાદ લાવે છે અને સાથે વીજળી ચમકાવે છે, અને પવનને મોકલે છે.

17તેમની સરખામણીમાં સર્વ માણસો મૂર્ખ છે, તેમને કશી ખબર નથી. દરેક પોતે બનાવેલી મૂર્તિ જોઈને લજ્જિત થાય છે કારણકે તે બધી મૂર્તિઓ તો ખોટી છે. પ્રાણ વગરની છે.

18મૂર્તિઓ વ્યર્થ છે, હાંસીપાત્ર છે, તે ખોટી છે; દેવ તેમને સજા કરશે ત્યારે તે સર્વનો નાશ કરશે.

19પરંતુ યાકૂબનો દેવ એવો નથી; એ તો સમગ્ર સૃષ્ટિનો સર્જક છે, અને ઈસ્રાએલીઓને તે પોતાની પ્રજા ગણે છે, તેનું નામ સર્વસમર્થ યહોવા છે.

20યહોવા કહે છે, "ઓ બાબિલ નગરી, તું મારી ફરસી તથા યુદ્ધશસ્રો છે; તારા વડે હું સર્વ પ્રજાઓનું ખંડન કરીશ; અને તારા વડે હું રાજ્યોનો નાશ કરીશ;

21તારા વડે હું સૈન્યોને, ઘોડા તથા તેના સવારોને અને રથ તથા રથસવારોને કચડી નાખીશ,

22અને હા, સામાન્ય લોકોને પણ, એટલે વૃદ્ધોને તથા જુવાનોને, છોકરાઓને તથા કન્યાઓને, 23ઘેટાંપાળકોને તથા ઘેટાબકરાનાં ટોળાંને, ખેડૂતોને તથા બળદોને, કપ્તાનોને તથા અધિકારીઓને હું કચડી નાખીશ.

24બાબિલે તથા ખાલદીઆના બધાં લોકોને, તેમણે સિયોનમાં આચરેલા કુકર્મોને લીધે હું સજા કરીશ. તે હું તમારી નજર સામેજ કરીશ." એમ યહોવા કહે છે.

25યહોવા કહે છે, "ઓ બળવાન પર્વત બાબિલ, પૃથ્વીનો નાશ કરનાર, હું તારી વિરુદ્ધ મારો હાથ ઉગામીશ અને તારી ઊંચાઈઓ પરથી તને નીચે ગબડાવીશ, અને અગ્નિથી ભસ્મ થયેલા પર્વત જેવો કરી તને છોડી દઈશ.

26તારો કોઈપણ પથ્થર બાંધકામ માટે કે પાયાના પથ્થર તરીકે પણ નહીં વપરાય. તું સદાને માટે ખંડેર રહેશે." આ હું યહોવા બોલું છું.

27"પૃથ્વી પર ઝંડો ફરકાવો, બધી પ્રજાઓમાં રણશિંગડા ફૂંકાવો, બાબિલ સામે જેહાદ જગાવવાને પ્રજાને આહવાન આપો, અરારાટ, મિન્ની અને આશ્કનાઝના રાજ્યોને તેની સામે લડવા બોલાવો, તેની સામે હુમલો લઈ જવાને સેનાપતિ નીમો. તીડોના ટોળાંની જેમ ઘોડેસ્વારોને ભેગા કરો.

28તેની વિરૂદ્ધ માદીઓના રાજાઓ વિરુદ્ધ, અને તેના અધિકારીઓ અને અમલદારો સાથે તે સર્વ દેશોના લોકો જે
તે તેના રાજ્યનો ભાગ છે તેની વિરૂદ્ધ લડાઈને માટે તૈયારી
કર. 29પૃથ્વી ધણધણી અને ધ્રૂજી ઊઠે છે, કારણકે યહોવા
બાબિલને નિર્જન વગડાઉ સ્થળ બનાવવાની તેની યોજના
પાર પાડે છે.

30બાબિલના અતિ પરાક્રમી યોદ્ધાઓ હવે યુદ્ધ કરતા નથી. તેઓ કિલ્લાઓમાં ભરાઈ ગયા છે, તેઓ હિંમત હારી ગયા છે. અને સ્ત્રીઓ જેવા થઈ ગયા છે. આક્રમણ કરનારાઓએ તેઓનાં ઘરો બાળી નાખ્યા છે અને નગરના દરવાજાઓ તોડી નાખ્યા છે.

31"આખું શહેર કબ્જે થઈ ગયું છે" તેવું કહેવાને ચારેબાજુથી સંદેશાવાહકો એક પાછળ એક રાજા પાસે દોડી આવ્યા છે!

32નદી પાર કરવાના દરેક રસ્તાઓ કબ્જે કરાયા છે બરૂની ઝાડીઓને આગ લગાડવામાં આવી છે, અને સૈનિકો ગભરાઈ ગયા છે."

33ઈસ્રાએલના દેવ સર્વસમર્થ યહોવાના આ વચન છે: "બાબિલની સ્થિતિ તો ઘઉં ઝૂડવાની ખળી જેવી છે જ્યાં ઘઉં ઝૂડવાના છે તુરંતમાંજ ત્યાં લણણીની ઉપજને ધોકાવાનું શરું થશે."

34યરૂશાલેમ કહે છે, "બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર મને ખાઈ ગયો છે, મને ચૂસી લીધો છે, તેણે મને ખાલી પ્યાલાની જેમ એક બાજુએ ફગાવી દીધું છે. તે મને એક અજગરની જેમ આખે આખું ગળી ગયો છે, અમારી સંપત્તિથી તેણે પોતાનું પેટ ભર્યું છે અને અમારા પોતાના શહેરમાંથી અમને હાંકી કાઢયા છે."

35યરૂશાલેમના લોકો બોલી ઊઠશે, "અમારી ઉપર કરેલા દુષ્કૃત્યો બદલ બાબિલને સજા મળો! અમારું જે લોહી વહેવડાવવામાં આવ્યું છે તેની પૂરી કિંમત તેને ચૂકવવા દો!"

36આથી યહોવા પોતાના લોકોને કહે છે, "હું જાતે તમારો પક્ષ લઈશ અને તમારું વેર વાળીશ. હું

બાબિલની નદીને સૂકવી નાખીશ અને તેના ઝરણાંને વહેતા બંધ કરી દઈશ,

37અને બાબિલને ખંડેરનો ઢગલો બાનવી દઈશ. જ્યાં શિયાળવાં આવીને વસશે. લોકો તેની હાંસી અને નાલેશી કરશે અને કોઈ ત્યાં વાસો કરશે નહીં.

38બાબિલવાસીઓ બધા ભેગા થઈને સિંહની જેમ ગર્જના કરે છે. સિંહના બચ્ચાંની જેમ ઘુરઘુરાટ કરે છે.

39જ્યારે તેઓ પોતાના દ્રાક્ષારસથી મસ્ત બનશે ત્યારે હું તેઓને માટે અલગ પ્રકારની ઉજાણી તૈયાર કરીશ તેઓ બેભાન થઈને ભોંય પર પછડાય ત્યાં સુધી તેઓ પીયા જ કરે, એવું હું કરીશ. તેઓ સદાને માટે ઊંઘી જશે અને ફરીથી કદી જાગશે નહીં." એમ યહોવા કહે છે;

40"કતલ માટે લઈ જવાતા ઘેટાંઓની જેમ હું તેઓને લઈ જઈશ."

41બાબિલ વિષે યહોવા કહે છે; "જે નગરની પ્રસંશા સમગ્ર દુનિયા કરતી હતી તે નગરનું પતન થયું છે. બાબિલની આવી બિહામણી સ્થિતી જોઈ દુનિયાની પ્રજાઓ આઘાત અનુભવે છે.

42બાબિલ પર સમુદ્ર ફરી વળ્યો છે. તેના મોજાઓએ તેને ઢાંખી દીધું છે.

43તેના નગરો ખંડેર સ્થિતીમાં પડ્યાં છે. સમગ્ર દેશ સૂકા અરણ્ય સમાન થઈ ગયો છે. ત્યાં કોઈ રહેતું નથી અને તેમાં થઈને યાત્રીઓ પણ પસાર થતા નથી."

44યહોવા કહે છે, "હું બાબિલમાં બઆલદેવને સજા કરીશ અને તે જે ગળી ગયો છે તે તેના મુખમાંથી પાછું કાઢીશ. પ્રજાઓ તેની પાસે આવશે નહીં અને તેની પૂજા કરશે નહીં. અને બાબિલની ફરતે આવેલી દીવાલો પડી જશે.

45ઓ મારી પ્રજા, બાબિલમાંથી નાસી જાઓ; યહોવાના ભયંકર રોષમાંથી જીવ બચાવવા સૌ ભાગી જાઓ!

46હિંમત હારશો નહીં, દેશમાં ફેલાતી અફવાઓથી ગભરાઈ જશો નહીં, એક વરસે એક અફવા ફેલાય છે, અને બીજે વરસે બીજી– દેશમાં બધે આંતરિક યુદ્ધો અને મારફાડ ચાલી રહી છે.

47તેથી, જુઓ એવા દિવસો આવી રહ્યા છે, જ્યારે બાબિલની મૂર્તિઓને હું સજા કરનાર છું. આખો દેશ લજ્જિત થશે, અને તેનાં બધાં માણસો કપાઈને પડ્યા હશે;

48ઉત્તરમાંથી લોકો આવીને તેનો નાશ કરશે, અને ત્યારે આકાશ અને પૃથ્વી તેમજ તેમાંનું સર્વ કઈ બાબિલના પતનથી હર્ષના પોકારો કરશે." આ યહોવાના વચન છે.

49"બાબિલને કારણે સમગ્ર પૃથ્વીમાં માણસો કપાઈને પડ્યા છે અને હવે ઈસ્રાએલમાં હત્યા થયેલાઓને કારણકે બાબિલને પડ્યા વગર છૂટકો નથી.

50તમે જેઓ એની તલવારનો ભોગ બનતા બચી ગયા છો, તે ભાગી જાઓ! રોકાશો નહીં! દૂર દેશમાં યહોવાને સંભારજો, અને યરૂશાલેમને ભૂલશો નહીં."

51લોકો કહે છે, "એ અત્યાચારોની વાતો સાંભળીને આપણે સૌ લજવાઈ મરીએ છીએ, આપણે લજ્જિત થયા છીએ, કારણકે, વિદેશીઓ યહોવાના મંદિરના પવિત્ર સ્થાનોમાં પેસી ગયા છે."

52તેથી યહોવા કહે છે, "એવો સમય આવી રહ્યો છે જ્યારે હું બાબિલની મૂર્તિઓને સજા કરીશ અને સમગ્ર દેશમાં ઘવાયેલાઓનો આર્તનાદ સંભળાતો હશે.

53બાબિલ આકાશે પહોંચે તો પણ અને તે પોતાના ઉંચા કોટોની કિલ્લેબંધી કરે તો પણ હું તેને હતું ન હતું કરી નાખવા માણસો મોકલીશ." આ યહોવાના વચન છે.

54"સાંભળો, બાબિલમાંથી આવતા રૂદનસ્વર, અને જ્યાં ખાલદીઓ શાસન કરે છે ત્યાંથી આવતા ભયંકર વિનાશના અવાજો.

55યહોવા બાબિલનો વિનાશ કરી રહ્યા છે. અને તેના કોલાહલને શમાવી રહ્યા છે. શત્રુઓનું સૈન્ય મહાસાગરના તરંગોની જેમ ગર્જના અને ઘૂઘવાટા કરતું ધસી રહ્યું છે.

56હા, સંહાર કરનારાઓ બાબિલ ઉપર તૂટી પડ્યા છે; તેના યોદ્ધાઓ કેદ પકડાયા છે અને તેમનાં ધનુષ્ય તોડી પડાયા છે યહોવા તે યહોવા છે જે દુષ્કૃત્યો માટે સજા કરે છે; તે પૂરો બદલો લેશે."

57સર્વસમર્થ યહોવા કહે છે, "હું તેના સરદારોને, જ્ઞાની માણસોને, રાજકર્તાઓને, કપ્તાનીઓને, તથા શૂરવીર યોદ્ધાઓને ચકચૂર કરીશ, તેઓ અનંત નિંદ્રામાં પોઢી જશે, ફરી કદી જાગશે જ નહીં.

58બાબિલની મજબૂત દીવાલો ભોંયભેગી થઈ જશે, તેના ઊંચા દરવાજાને આગ ચાંપવામાં આવશે, જે બાંધવા માટે ઘણાં લોકોએ જાતને ઘસી નાખી હતી તે બધું ભસ્મ થઈ જશે, લોકોએ કરેલી બધી મહેનત ધૂળમાં મળી જશે."

## બાબિલ માટે યર્મિર્યાનો સંદેશ

59યહૂદિયાના રાજા સિદકિયાની શાસનના ચોથા વર્ષમાં
જ્યારે તેની સાથે યહૂદિયાનો રાજા માહસેયાના પુત્ર નેરિયાનો
પુત્ર સરાયા બાબિલ ગયો, ત્યારે જે સૂચનાઓ યર્મિયા પ્રબોધકે
સરાયાને આપી તે આ: સરાયા લશ્કરનો અફસર હતો.
60યર્મિયાએ એક પોથીમાં બાબિલ ઉપર આવનારી આફતનું
પૂરું ' વર્ણન અહીં જે બધું નોંધવામાં આવેલું છે તે લખી
કાઢયું હતું. 61તેણે સરાયાને કહ્યું, "જ્યારે તું બાબિલ પહોંચે
ત્યારે આમાંના શબ્દે શબ્દ અચૂક વાંચી સંભળાવજે અને
પછી કહેજે કે, 62'ઓ યહોવા, તે જાતે જાહેર કર્યુ છે કે આ
જગ્યાનો નાશ કરવામાં આવશે, અહીં ફરી કોઈ વાસો કરશે
નહીં. માણસ કે પશુ કોઈ નહિં; એ સદાકાળ ઉજ્જડ રહેશે.'
63જ્યારે તું આ પોથી વાંચી રહે ત્યારે એને પથરો બાંધીને
ફ્રાંત નદીની વચ્ચોવચ્ચ એમ કહીને નાખી દેજે કે, 64'આવા
જ હાલ બાબિલના થશે, યહોવા બાબિલ ઉપર એવી આફત
ઉતારનાર છે જેથી તે ડૂબી જાય અને ફરી કદી ઉપર આવે
નહીં.'"

અહીં યર્મિયાની વાણીના સંદેશાઓ પૂરા થાય છે.

### યરૂશાલેમનું પતન

52 સિદકિયા ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 21 વર્ષની હતી, તેણે યરૂશાલેમમાં અગિયાર વર્ષ રાજ્ય કર્યું. તેની માતાનું નામ હમૂટાલ હતું અને તે લિબ્નાના યર્મિયાની પુત્રી હતી. **2**સિદકિયાએ યહોયાકીમની જેમ જ યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યું. **3**હકીકત એ છે કે, યરૂશાલેમે અને યહૂદિયાએ યહોવાનો એટલો બધો રોષ વહોરી લીધો કે આખરે તેણે તેમને પોતાના સાન્નિધ્યમાંથી હાંકી કાઢયાં, અને સિદકિયાએ બાબિલ સામે છળકપટ કર્યું. **4**સિદકિયાના રાજ્યકાળમાં નવમે વર્ષે દસમાં મહિનાના દસમાં દિવસે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે પોતાની આખી સેના સહિત આવીને યરૂશાલેમ ઉપર હુમલો કર્યો. **5**તેણે એ શહેરને કબજે કર્યુ અને તેની ફરતે ઘેરો બાંધવા માટેની દીવાલો બાંધી રાજા સિદકિયાના શાસનમાં અગિયારમા વર્ષ સુધી આમ ચાલ્યું. **6**ચોથા મહિનાના નવમે દિવસે નગરમાં અન્નની ભારે તંગી વર્તાતી હતી અને લોકોને ખાવાનું મળતું નહોતું. **7**પછી નગરની દીવાલમાં એક બાકોરું પાડવામાં આવ્યું, અને રાતોરાત રાજા પોતાના આખા સૈન્ય સાથે રાજાના બગીચા પાસે આવેલા બે દીવાલો વચ્ચેના દરવાજેથી ભાગી ગયો, આમ બન્યું તે દરમ્યાન ખાલદીઓએ નગરને ઘેરી લીધું હતું તેમ છતા તેઓ યર્દનની ખીણ તરફ આગળ વધ્યા. **8**પરંતુ ખાલદીઓની સેનાએ તેનો પીછો પકડ્યો અને યરીખોના મેદાનમાં તેને પકડી પાડ્યો, અને તેની આખી સેના તેને છોડીને વેરવિખેર થઇ ગઇ. **9**બાબિલનો રાજા હમાથ રાજ્યના રિબ્લાહ નગરમાં હતો. તેઓ સિદકિયાને ત્યાં લઇ ગયા અને રાજા આગળ રજૂ કર્યો, અને તેણે તેના ઉપર કામ ચલાવ્યું. **10**બાબિલના રાજાએ રિબ્લાહ ખાતે સિદકિયાની નજર આગળ તેના પુત્રોને મારી નાખ્યાં અને યહૂદિયાના બધા અમલદારોને પણ મારી નાખ્યાં. **11**ત્યારબાદ રાજા સિદકિયાની આંખો ફોડી નાખવામાં આવી અને તેને સાંકળોથી બાંધીને બાબિલ લઇ જવામાં આવ્યો અને તેને આજીવન કેદ કરવામાં આવ્યો.

**12**બાબિલના રાજા નબૂખાદનેસ્સારના શાસનના ઓગણીસમા વર્ષના પાંચમા મહિનાના દસમાં દિવસે રક્ષક ટુકડીનો સરદાર નબૂઝારઅદાને યરૂશાલેમમાં પ્રવેશ કર્યો. **13**તેણે યહોવાના મંદિરને, રાજાના મહેલને અને શહેરના દરેક મોટા મકાનોને આગ ચાંપી. **14**તેના લશ્કરે યરૂશાલેમની ફરતેની દીવાલોને તોડી પાડી. **15**તેણે શહેરની બાકી રહેલી વસ્તીને, જેઓ બાબિલના રાજાના પક્ષમાં ચાલ્યા ગયા હતા તેમને અને રહ્યાસહ્યા કારીગરોને દેશવટો દીધો, **16**પરંતુ ફક્ત વસ્તીના ગરીબમાં ગરીબ વર્ગને છોડ્યો. તેઓએ તેમને મજુરી કરવા માટે ખેતરો અને દ્રાક્ષનીવાડીઓ આપી.

**17**ખાલદીઓ મંદિરમાંના પ્રવેશદ્વાર પાસે ઊભા કરેલા કાંસાના બે મોટા સ્તંભોને, કાંસાના હોજને અને પૈડાવાળી ઘોડીઓને ઉપાડીને બાબિલ લઇ ગયા. **18**વળી મંદિરમાં પૂજા માટે વપરાતા કૂડાં, પાવડીઓ, બુજારાં, ડોયાં, વાટકાં અને બધા જ વાસણો અને સાધનો પણ લઇ ગયા. **19**રાજાના અંગ રક્ષકોનો નાયક સોના ચાંદીની બધી વસ્તુઓ લઇ ગયો જેવીકે: કટોરાઓ, ધૂપદાનીઓ, કૂંડાઓ, ઘડાઓ, દીવીઓ, તપેલાઓ, વાટકાઓ વગેરે જે બધું પેયાર્પણો ચઢાવવા માટે વપરાતું હતું. **20**આ બધી વસ્તુઓ જે સુલેમાને બનાવડાવી હતી (બે સ્તંભો 'સમુદ્ર' નામે ઓળખાતો કાંસાનો હોજ, તેની નીચેના વીસ બળદો અને પૈડાંવાળી ઘોડી) તે બધી વજનમાં ખૂબ ભારે હતી.

**21**એક સ્તંભ 18 હાથ ઊંચો અને 12 હાથના પરીઘવાળો હતો; તે પોલો હતો અને તેની જાડાઇ ચાર આંગળ હતી. **22**દરેક સ્તંભની ટોચે પાંચ હાથનો (શિખર તરીકે ઓળખાતો) પિત્તળનો કળશ હતો. તેની બાર હાથની પહોળાઈની ચારે બાજુ તે પિત્તળના દાડમ વડે શણગારાયેલો હતો તે અંદરથી પોલો હતો અને એક હાથ જાડો હતો. **23**દરેક સ્તંભ ઉપર સો દાડમ હતા, પણ તેમાંથી છન્નુ જ નજરે જોઇ શકાતા હતાં.

**24**રક્ષકટુકડીના સરદાર નબૂઝારઅદાને મુખ્ય યાજક સરાયાને, તેના મદદનીશ સફાન્યાને અને મંદિરના ત્રણ મુખ્ય રક્ષકોને પોતાની સાથે લઇ ગયો. **25**તદુપરાંત તે લશ્કરના વડા અમલદારને, રાજાના સાત સલાહકારોને બંધક બનાવીને લઇ ગયો તે ઉપરાંત તે લહિયો જે સૈન્યમાં લોકોની ભરતી કરવા માટેનો મુખ્ય અધિકારી હતો તેને અને નગરના બીજા સાઠ મોભાદાર માણસોને પોતાની સાથે લઇ ગયો. **26**અને એ બધાને તે હમાથના પ્રદેશમાં આવેલા રિબ્લાહ ખાતે બાબિલના રાજા આગળ લઇ ગયો. **27**અને હામાથના દેશ રિબ્લાહમાં બાબિલના રાજાએ તેમને ફટકા મરાવીને મારી નંખાવ્યાં. આમ યહૂદિયાને પોતાના દેશમાંથી દેશવટે લઇ જવામાં આવ્યા. **28**નબૂખાદનેસ્સારના રાજ્યકાળના 7 વર્ષે બાબિલના બંદીવાસમાં લઇ જવાયેલાઓની સંખ્યા 3,023 હતી. **29**અને અઢારમાં વર્ષમાં 832 યરૂશાલેમવાસીઓને તે દેશવટે લઇ ગયો. **30**ફરીથી 5 વર્ષ બાદ 23 વર્ષે અંગરક્ષકોનો નાયક નબૂઝારઅદાન 745 યહૂદિયાવાસીઓને દેશવટે લઇ ગયો હતો.

આમ કુલ 4,600 માણસોને બંદીવાસમાં લઇ જવાયા.

### યહોયાકીનને મુક્ત કરવામાં આવ્યો

**31**બાબિલમાં યહૂદિયાના રાજા યહોયાકીનના દેશવટાના 37 વર્ષે બારમાં મહિનાના સત્તાવીસમા દિવસે બાબિલના રાજા એવિલ-મરોદાખે પોતે ગાદીએ આવ્યો તે જ વરસે યહૂદિયાના રાજા યહોયાકીમને માફી આપી અને તેને કારાવાસમાંથી મુક્ત કર્યો. **32**એણે તેના પ્રત્યે માયાળુ વર્તાવ રાખ્યો અને તેને બાબિલમાં પોતાની સાથેના બીજા રાજાઓ કરતાં ઊંચે આસને બેસાડ્યો. **33**આથી યહોયાકીમએ કારાવાસનાં કપડાં ઉતારી નાખી, એમણે આપેલાં નવાં વસ્ત્રો પહેર્યા, અને શેષજીવન રાજાના આશ્રિત તરીકે ગાળ્યું. **34**અને તે જીવ્યો ત્યાં સુધી રાજાએ તેના નિભાવ માટે કાયમી ભથ્થું બાંધી આપ્યું. જે તેને મૃત્યુ સુધી નિયમિત રીતે તેને આપવામાં આવ્યું.

# યશાયા

### બંડખોર પ્રજાને યહોવાનો સંદેશ

1 આમોસના પુત્ર યશાયાએ યહૂદિયામાં ઉઝિઝયા, યોથામ, આહાઝ અને હિઝિક્યા રાજાઓના અમલ દરમ્યાન સંદર્શનો જોયાં. તે સંદર્શનોમાંથી તેને સંદેશા મળ્યા. આ સંદેશાઓમાં યહોવાએ યરૂશાલેમ અને યહૂદિયામાં આવનાર દિવસોમાં શું બનવાનું હતું તે તેને બતાવ્યું.

2ઓ આકાશ અને પૃથ્વી! સાંભળો, કારણ, યહોવા બોલે છે;

"જે બાળકોને મેં ઉછેરીને મોટા કર્યા છે, તેઓએ મારી વિરુદ્ધ બંડ કર્યુ છે.

3બળદ જેમ પોતાના ધણીને ઓળખે છે અને ગધેડો પોતાના ધણીની ગભાણને ઓળખે છે; પણ ઈસ્રાએલને ડહાપણ અને સમજણ નથી."

4ઓહ! પાપી પ્રજા, હે અપરાધોથી લદાયેલા લોકો, હે કુકર્મીઓ હે વંઠી ગયેલા છોકરાં! તમે યહોવાનો ત્યાગ કર્યો છે. તમે ઈસ્રાએલના પવિત્ર દેવને તિરસ્કાર્યા છે.અને તેમનાથી તમે અજાણ્યાની જેમ વિમુખ થઈ ગયા છો.

5દેવ કહે છે, "ઓ મારા લોકો, શું હજુ તમારે વધારે માર ખાવો છે? તે આમ બળવા ઉપર બળવો કર્યા કરો છો? તમારું માથું રોગિષ્ઠ છે અને તમારાં હૃદય અને મન અશુદ્ધ છે.
6પગનાં તળિયાથી માંડીને તે માથા સુધી કોઈ અંગ સાજુ નથી; ફક્ત ઘા, ઉઝરડા અને દૂઝતા ઘા છે; નથી તમે તમારા ઘા સાફ કર્યા નથી પાટા બાંધ્યા, નથી તેના પર તેલ ચોપડવામાં આવ્યું.

7"તમારો દેશ ઉજ્જડ થઈ ગયો છે, તમારાં નગરો આગમાં ભસ્મ થઈ ગયાં છે; તમારી નજર આગળ પરદેશીઓ તમને લૂંટે છે અને તેઓની નજરે જે પડે છે તેનો નાશ કરે છે.
8સિયોન નગર બધી વસ્તુઓથી વંચિત થઈ ગયું છે જેમકે દ્રાક્ષની વાડીઓમાં આશ્રય અથવા કાકડીના ખેતર તે ઘેરાબંધ શહેર જેવું છે.
9જો સૈન્યોના દેવ યહોવાએ આપણામાંના થોડાકને બાકી રહેવા ન દીધા હોત તો આપણે નામશેષ થઈ ગયા હોત."

### દેવ સત્ય સેવા ઈચ્છે છે

10ઓ યરૂશાલેમના રાજકર્તાઓ અને પ્રજાજનો, તમે સદોમના અને ગમોરાના રાજકર્તાઓ અને પ્રજાજનો જેવા થઈ ગયા છો. તમે યહોવાની વાણી સાંભળો, આપણા દેવનો ઉપદેશ કાને ધરો.
11યહોવા કહે છે, તમારા અસંખ્ય યજ્ઞો મારી આગળ તમે કર્યા છે છતાં તે મારે કોઈ કામના નથી. તમારા પુષ્ટ ઘેટાંની મારે જરૂર નથી. તમારાં અર્પણો, ગોધા હલવાન તથા બકરાનું લોહી જોવાનું મને ગમતું નથી.

12"તમને મારા માટે અર્પણો લાવવા કોણે કહ્યું હતું? મારા મંદિરના આંગણાને હવે જરાપણ કચડો નહીં.

13"તમારા નકામા ખાદ્યાર્પણો લાવશો નહીં, ધૂપ તો મને તિરસ્કારરૂપ લાગે છે; ચંદ્રદર્શન, સાબ્બાથ દિવસો અને સંમેલનો એમાં કેવળ પાપીઓ જ ભેગા થાય છે.
14તમારી ચદ્રદર્શનને અને તમારા ઉત્સવોને હું ધિક્કારું છું. હું તે સહન કરી શકતો નથી.

15"પણ જો તમે મારી સામે તમારો હાથ ઉગામશો , ત્યારે હું મારી આંખો ફેરવી લઈશ. હવે વધારે હું તમારી પ્રાર્થનાઓને નહીં સાંભળું, કેમકે તમારો હાથ લોહીથી ખરડાયેલો છે.

16"સ્નાન કરીને શુદ્ધ થાઓ. મારી આંખ આગળ દુષ્કૃત્યો કરવાનું બંધ કરો, ભૂંડા કામ કરવાના છોડી દો. અને ભલું કરતાં શીખો.
17ન્યાયને માર્ગે ચાલો, જેમના પર ત્રાસ થાય છે તેમને બચાવો, અનાથનું રક્ષણ કરો, વિધવાઓ અને ગરીબોને મદદ કરો, તેમના પ્રત્યે માયાળુ બનો."

18યહોવા કહે છે, "આવો, આપણે એક સમજૂતી પર આવીએ. તમારા પાપના ડાઘ ગમે તેટલા ઘેરા હશે તો પણ હું તેને દૂર કરીશ. અને તમને તાજાં વરસેલાં હિમ જેવા ને ઊન જેવા શ્વેત બનાવીશ.

19"જો તમે રાજીખુશીથી આજ્ઞા પ્રમાણે વર્તશો ને કામ કરશો તો તમે ધરતીનો મબલખ પાક ભોગવવા પામશો.
20પરંતુ જો તમે મારી આજ્ઞાઓનું ઉલ્લંઘન કરશો તો તમે તલવારના ભોગ થઈ પડશો." આ યહોવા ના વચનો છે.

### યરૂશાલેમ દેવ પ્રત્યે વિશ્વાસ યોગ્ય નથી

21"જે નગર દેવને વફાદાર હતું અને સંપૂર્ણ ન્યાયથી વર્તતુ હતું. તે આજે કેવું ભ્રષ્ટ બની ગયું છે? ત્યાં ધર્મનિષ્ઠાનો વાસ હતો, પણ આજે તો ત્યાં ખૂનીઓ વસે છે.

22"ઓ યરૂશાલેમ, તું ચાંદીની હતી તે કલાઈની થઈ ગઈ છે; તું શુદ્ધ રહી નથી, તમારા દ્રાક્ષારસમાં પાણી મિશ્રિત કરવામાં આવ્યું છે, અગાઉ તમે શુદ્ધ ચાંદી અને શુદ્ધ દ્રાક્ષારસ જેવા હતા.
23તારા રાજકર્તાઓ જ બળવાખોર અને ચોરોના સાથીઓ થઈ ગયા છે. તેઓ લાંચના લાલચુ છે, ને નજરાણાં માટે વલખા મારે છે. તેઓ અનાથનું રક્ષણ કરતાં નથી, અને વિધવાઓની દાદ તેઓ સાંભાળતા નથી.

24તેથી , માલિક, સૈન્યોના દેવ યહોવા, ઈસ્રાએલના
સર્વસમર્થ દેવ, કહે છે! "તમે મારા શત્રુ બન્યા છો. તમારા
ઉપર વેર વાળીને હું સંતોષ પામીશ. 25હું પોતે તમારા પર
હાથ ઉગામીશ, તમને અગ્નિની ભઠ્ઠીમાં ગાળીશ અને શુદ્ધ
કરીશ. 26આદિકાળની જેમ હું તારા ન્યાયાધીશોને, અને
પૂર્વકાળની જેમ તારા મંત્રીઓને પાછા લાવીશ; ત્યાર પછી
તારું નામ 'ન્યાયનગર, ધર્મપુરી કહેવાશે.'"

27જેઓ ન્યાયી અને ભલા છે તેઓ યહોવા તરફ પાછા
ફરશે, સિયોનને અને તેના પશ્ચાતાપ કરનારા વતનીઓનો
ઉદ્ધાર થશે. 28પરંતુ ગુનેગારો અને પાપીઓનો એક સાથે
નાશ કરવામાં આવશે. અને જેઓ યહોવાનો ત્યાગ કરશે
તેઓ હતા ન હતા થઈ જશે.

29તમે એલોન વૃક્ષોની પૂજા કરતા હતા ને ઉપવનોને
ઉપાસના સ્થાન માની બેઠા હતા તેથી તમારે શરમાવું પડશે,
30તમારી દશા પાણી વગરના બગીચા જેવી અને કરમાએલાં
પાંદડાવાળાં વૃક્ષો જેવી થશે. 31તૃણ જેમ તણખાથી બળી
જાય તેમ ભલભલા માણસો પણ પોતાના દુષ્કૃત્યોથી બળી
જશે. અને કોઈ હોલાવવા નહીં આવે.

## યહોવાના પ્રકાશમાં ચાલો

2 એક બીજો સંદેશ જેની ભવિષ્યવાણી આમોસના પુત્ર
યશાયાએ યહૂદિયા અને યરૂશાલેમ માટે કરી, તે આ
પ્રમાણે છે.

2ભવિષ્યમાં, યહોવાના મંદિરનો પર્વત બીજા બધાં પર્વતો
કરતાં ઊંચો થશે. અને બીજા બધા શિખરોથી ઉંચો જશે.
દેશવિદેશનાં અસંખ્ય લોકોનો પ્રવાહ ત્યાં પગે ચાલતો
આવશે.

3દરેક જણ કહેશે, "ચાલો, આપણે યહોવાના પર્વત
પાસે, યાકૂબના દેવના મંદિર પાસે, ચઢી જઈએ; જેથી તે
આપણને પોતાનો જીવનમાર્ગ બતાવે અને આપણે તેના
માર્ગે ચાલીએ, કારણ, યહોવા સિયોનનગરી યરૂશાલેમમાંથી
પોતાનો ઉપદેશ આપનાર છે, અને તેની વાણી ત્યાંથી પ્રગટ
થનાર છે."

4તે વિદેશીઓમાં ન્યાય કરશે. તે અસંખ્ય પ્રજાઓનો ન્યાય
કરશે. ત્યારે લોકો તલવારને ટીપીને હળનાં ફળાં બનાવશે
તથા ભાલાંઓના દાંતરડાં બનાવશે; પ્રજાઓ એકબીજા સામે
તલવાર નહીં ઉગામે કે કદી યુદ્ધની તાલીમ નહીં લે.

5ઓ યાકૂબના વંશજો, આવો, આપણે યહોવાના પ્રકાશમાં
ચાલીએ. 6હે યાકૂબના કુળો, તમે તમારા લોકોને છોડી દીધા
છે. તેઓ પૂર્વ દેશોના અને પલિસ્તીના જંતરમંતર કામણટૂમણ
ને વહેમોમાં તથા વિદેશીઓના રસ્તા અને રીતરિવાજોને
અનુસરે છે. 7વળી તેમનો દેશ સોનાચાંદીથી ભરપૂર છે.
તેમના ભંડારનો કોઈ પાર નથી. તેમનો દેશ ઘોડાઓથી
ભરાઈ ગયો છે. તેમના રથોનો કોઈ પાર નથી. 8તેમનો દેશ
મૂર્તિઓથી ભરાઈ ગયો છે, તેઓ પોતાને હાથે ઘડેલી વસ્તુને
પૂજે છે. 9સૌ કોઈને નીચા પાડવામાં આવશે. સૌને નીચા
નમાવવામાં આવશે. તું એમને માફ કરીશ નહીં.

## દેવના શત્રુઓ ભયભીંત થશે

10પોતાને યહોવાની મહાનતા અને તેમની ભવ્યતાના
મહિમાંથી બચવા ખડકોમાં શરણ શોધો, જમીનમાં સંતાઈ
જાઓ.

11તે દિવસે માણસના ગર્વને નીચો નમાવવામાં આવશે.
અને ફક્ત યહોવાનો જ મહિમા કરવામાં આવશે.

12કારણ, સર્વસમર્થ યહોવાએ જે કઈ ગર્વિષ્ઠ અને
અભિમાની છે, જે કઈ ઊંચુ છે તે બધાને નમાવવા માટે
એક દિવસ નક્કી કરેલો છે. 13લબાનોનના ઊંચા દેવદાર
અને બાશાનના મજબૂત એલોનવૃક્ષોને નીચાં નમાવવામાં
આવશે. 14સર્વ ઊંચા ઊંચા પર્વતોને ડુંગરોને ભોંયભેગા
કરવામાં આવશે. 15સર્વ ઊંચા મિનારાને અને બધા જ
કિલ્લાના કોટોને ભોંયભેગા કરવામાં આવશે. 16બધાંજ મોટા
મોટાં ને ભવ્ય વહાણોને ડૂબાડી દેવામાં આવશે.

17તે દિવસે, માણસનો ગર્વ નીચો નમાવવામાં આવશે.
અને તેનું અભિમાન ઉતારી નાખવામાં આવશે. અને માત્ર
યહોવા એકલાનો જ મહિમા કરવામાં આવશે,

18અને બીજી મૂર્તિઓ તો બિલકુલ સમાપ્ત થઈ જશે.
19યહોવા ધરતીને ધ્રૂજાવવા આવે ત્યારે લોકો તેના રોષથી
અને તેના પ્રતાપના તેજથી બચવા પર્વતોની ગુફાઓમાં અને
જમીનની ફાંટોમાં ભરાઈ જશે.

20તે દિવસે માણસે પોતે બનાવેલી સોનાચાંદીની મૂર્તિઓને
ફેંકી દેશે. તેઓ એ બધી મૂર્તિઓને છછૂંદર અને ચામાચિડિયા
માટે ફગાવી દેશે.

21જ્યારે યહોવા પૃથ્વીને ધ્રૂજાવવા માટે આવે ત્યારે તેના
રોષથી અને તેના પ્રતાપના તેજથી બચવા લોકો પર્વતોની
ફાંટોમાં અને ખડકોની તિરાડોમાં ભરાઈ જશે.

22હવે માણસને ભરોસે રહેશો નહીં, કારણ એની શી
વિસાત છે? જેનો શ્વાસ તેના નસકોરામાં જ છે.

## યરૂશાલેમમાં ન્યાયશાસન વિષે ચેતવણી

3 જુઓ, સર્વસમર્થ દેવ યહોવા યરૂશાલેમમાંથી તથા
યહૂદિયામાંથી ટેકો તથા રોટલી અને પાણીનો સર્વ
આધાર લઈ લેનાર છે; 2તેમના વીરપુરુષો અને તેમના
યોદ્ધાઓ, તેમના ન્યાયાધીશો અને તેમના પ્રબોધકો, તથા
વડીલો; 3સેનાનાં સેનાપતિઓ, સરકારના નેતા, સલાહકાર
અને કુશળ કારીગરો તેમજ જાદુગરો એ બધાયને તે લઈ
લેનાર છે.

4"તે છોકરાઓને તેમના અધિકારીઓ ઠરાવશે અને નાના
બાળકો તેમના ઉપર શાસન કરશે. 5પાડોશીઓ એકબીજા
પર જુલમ કરશે. જુવાનો વૃદ્ધોની સામે વિદ્રોહ કરશે. ઉતરતી
કક્ષાના લોકો માણસોની અવગણના કરશે."

6એવો સમય આવશે જ્યારે માણસ પોતાના પિતાના ઘરમાં
પોતાના ભાઈને પકડીને કહેશે કે," તારી પાસે તો વસ્ત્ર પણ
છે; ચાલ, તું અમારો આગેવાન થા અને આ ખંડેરના ઢગલા
ઉપર રાજ્ય કર."

7ત્યારે તે બોલી ઊઠશે, "હું તો સુધારનાર થવાનો નથી;
વળી મારા ઘરમાં નથી ખાવાનું કે નથી પહેરવાનું ;તમે મને
લોકોનો આગેવાન ન બનાવશો."

8યરૂશાલેમ ચોક્કસ રીતે નાશ પામશે કારણકે યહૂદિયાના
લોકો પોતાના યહોવાની વિરુદ્ધ બોલ્યા છે. અને તેમને માન
આપતા નથી; તેઓ તેની ભવ્ય હાજરી છતાં વિદ્રોહી બન્યા
છે.

9તેઓના ચહેરા જ તેમની વિરુદ્ધ સાક્ષી પૂરે છે; તેઓ
સદોમના લોકોની જેમ પોતાના પાપનું પ્રદર્શન કરે છે. તેઓ
પાપને છુપાવતાં નથી; તેમનું ભવિષ્ય ભયંકર છે અફસોસ!
તેમણે પોતે જ આફત વહોરી લીધી છે.

10ન્યાયીને માટે સર્વ સારું થશે. માટે તેને કહે કે, "તારું
ભલું થશે. તને તારા સારા સુકૃત્યોનો બદલો મળશે જ!"
11પણ દુષ્ટ માણસને કહે; "દુષ્કૃત્યોના કરનારા દુ:ખી થશે,
તેમનું અકલ્યાણ થશે, તેઓ તેમના હાથે કરેલાં કૃત્યોનું ફળ
ભોગવશે." 12મારા લોકો ઉપર બાળકો અન્યાય કરે છે અને
સ્ત્રીઓ તેમના ઉપર રાજ્ય કરે છે. ઓ મારા લોકો, તમારા
આગેવાનો તમને ખોટે માર્ગે દોરે છે, જેથી તમને ખબર
પડતી નથી કે કયે રસ્તે જવું.

## પોતાના લોકો માટે દેવનો નિર્ણય

13યહોવા અદાલત ભરવાને તૈયાર થયા છે; 14અને
પ્રજાઓનો ન્યાય તોળવા ઉભા છે. "સૌ પ્રથમ તે વડીલો
તથા રાજાઓ ઉપર ગુસ્સો ઠાલવશે. કારણકે તેઓએ ગરીબો
વિરુદ્ધ લાંચ લીધી છે. તેઓએ ગરીબ ખેડૂતોને લૂંટીને પોતાના
ભંડારો ભર્યા છે. 15મારા લોકોને કચડી નાખવાનો અને
ગરીબોના ચહેરાને ધૂળમાં રગદોડવાનો તમને શો અધિકાર
છે?" આ યહોવા મારા માલિક સૈન્યોના દેવનાં વચન છે.

16વળી યહોવા કહે છે, "સિયોનની પુત્રીઓ ઘમંડી થઈ
ગઈ છે! તેઓ ઊંચી ડોક કરીને, રમતિયાળ આંખોથી ચારેબાજુ
જોતી અને રણકતા ઝાંઝરને ઝમકાવતી લયમાં ચાલે છે."

17તેથી મારા માલિક યહોવા સિયોનની પુત્રીઓના માથાને
ઊંદરીવાળા કરી નાખશે. તેઓના માથા બોડાં કરી દેશે, અને
તેઓના પાપ ઉઘાડાં પાડશે. 18પછી માલિક તેઓના માથાં,
પગ, તથા ગળા ફરતે પહેરવાના સર્વ આભૂષણો લઈ લેશે;
19ગળામાં તથા હાથ પર પહેરવાનાં ઘરેણાં, બુટ્ટી, પોંચી,
દુપટ્ટા; 20માથા પરના રૂમાલ, બાજુબંધ પગનાં ઝાંઝર, રેશમી
કમરપટ્ટા, સુગંધી દ્રવ્યો, માદળિયાં, 21વીંટીઓ,વાળીઓ,
22સુંદર વસ્ત્રો, ઝભ્ભાઓ, ટોપીઓ, અને બુરખાઓ,અલંકૃત
પર્સ, 23કિનારવાળા કપડાં, મલમલના કપડાં.

24પછી સુગંધને બદલે દુર્ગંધ, કમરબંધને બદલે દોરડું,
સુંદર અંબોડાને બદલે ટાલ, કીંમતી વસ્ત્રને બદલે ચીંથરો,
અને સુંદરતાને બદલે કુરુપતા રહેશે.

25સિયોનનગરીના પુરુષો તલવારનો ભોગ થઈ પડશે.
એના વીર યોદ્ધાઓ રણમાં ખપી જશે. 26પછી એના દરવાજા
પણ આક્રંદ કરશે અને મરશિયા ગાશે અને એ નગરીની દશા
સર્વસ્વ ગુમાવીને ભોંય પર બેઠેલી સ્ત્રીના જેવી થશે.

## લોકોનું શુદ્ધિકરણ

4 તે દિવસે સાત સ્ત્રીઓ એક પુરુષને પકડીને કહેશે કે,
"અમે અમારો પોતાનો રોટલો ખાઈશું અને અમારા
પોતાનાં વસ્ત્રો પહેરીશું. પણ તું અમને તારે નામે ઓળખાવા
દે, જેથી અમારું કુવારાંપણાનું મહેણું ટળે."

2તે દિવસે યહોવા ઈસ્રાએલના વૃક્ષો અને ખેતરોને સુંદર
અને મબલખ પાકથી ભરી દેશે. અને જમીનની પેદાશ
ઈસ્રાએલના બચી ગયેલા માણસો માટે અભિમાન અને
ગૌરવનો વિષય બની રહેશે. 3સિયોનમાં તથા યરૂશાલેમમાં
જેઓ બાકી રહ્યા હશે, જીવવા નિર્માયા હશે તેઓ પવિત્ર
કહેવાશે.

4જ્યારે માલિકે, ન્યાયના પાવક અગ્નિ વડે સિયોનની
પુત્રીઓના ગંદવાડને ધોઈ નાખ્યો હશે, અને યરૂશાલેમનું
રકત નિર્મળ કરી નાખ્યું હશે,

5યહોવા સિયોનના પર્વત ને અને ત્યાં ભેગા થયેલા લોકો
ને દિવસ દરમ્યાન વાદળ દ્વારા અને રાત દરમ્યાન જ્યોતિ
અને ધુમાડાથી ભરી દેશે. 6દિવસ દરમ્યાન તાપથી છાયા
તરીકે ને તોફાન તથા વરસાદથી રક્ષણ તથા આશ્રયસ્થાન
તરીકે યહોવાનો મહિમા ચંદરવાની જેમ છવાઈ જશે. કારણ
કે એકંદરે તો ત્યાં ચંદરવાનો મહિમા હશે.

## દેવની દ્રાક્ષવાટિકા

5 હવે હું મારા પ્રિયતમ અને જેને હું સ્નેહ કરું છું તેની
સમક્ષ તેની દ્રાક્ષવાટિકા વિષે ગીત ગાઉં છું. ફળદ્રુપ
ટેકરી ઉપર મારા પ્રિયતમની એક દ્રાક્ષની વાડી હતી.

2તેણે તેને ખેડી અને પથરા વીણી કાઢયા. અને અતિ
ઉત્તમ દ્રાક્ષીના વેલા રોપ્યા તેણે તેની વચ્ચે ચોકી કરવાની
છાપરી બાંધી અને દ્રાક્ષને પીલવા કુંડ ખોદી કાઢયો. એમાં
મીઠી દ્રાક્ષ થશે એવી તેને આશા હતી. પણ થઈ ત્યારે તેવી
મીઠી દ્રાક્ષ બિલકુલ નહોતી.

3દેવે કહ્યું. "હવે યરૂશાલેમ તથા યહૂદિયાના લોકો તમે
આ કિસ્સો સાંભળ્યો છે? તમે ન્યાય કરો!

4આથી વિશેષ હું શું કરી શક્યો હોત? મારી દ્રાક્ષવાટિકાએ
મને મીઠી દ્રાક્ષને બદલે ખાટી દ્રાક્ષ શા માટે આપી?

5માટે હવે સાંભળો, મારી દ્રાક્ષની વાડીનું હું શું કરીશ તે
તમને કહું છું;

હું એના વાડાઓ કાઢી અને તેનો નાશ થવા દઈશ, હું
એના વાડાઓ તોડી નાખીશ, તેને પગ નીચે કચડાવી દઈશ.

6અને હું તેને ઉજ્જડ રહેવા દઈશ, કોઈ એને કાપશે નહીં
અને કોઈ એને ખેડશે નહીં એમાં કાંટાઝાંખરા ઊગી નીકળશે.
હું વાદળોને આજ્ઞા કરીશ કે એમાં કોઈ વરસાદ ન વરસાવો."

7ઈસ્રાએલ સૈન્યોના દેવ યહોવાની દ્રાક્ષવાટિકા છે.
યહૂદિયાના માણસો અને છોડવાઓ જેને પ્રેમથી ઉછેર્યા છે.
તેણે આશા રાખી હતી ન્યાયની. પણ બદલો મળ્યો અન્યાય
નો! તેમણે આશા રાખી હતી સદાચારની પણ જે બધું તેણે
સાંભળ્યું તે મદદ માટેની બૂમો હતી!

8તમે માલમિલકતમાં ખેતરો અને મકાનો ખરીદીને ભેગાં
કર્યા જાઓ છો, એટલી હદ સુધી કે દેશમાં તમે એકલા જ
રહી જાઓ છો ને બીજા કોઈ માટે જગ્યા જ રહેતી નથી.
9પરંતુ સૈન્યોના દેવ યહોવાએ વચન આપ્યું છે કે "તમે
અણધારી આપત્તિઓ વેઠશો. મારા પોતાના કાનોથી મેં તેમને
આમ બોલતા સાંભળ્યાં છે. ઘણાં સુંદર ઘરો ઉજ્જડ પડ્યાં
રહેશે, કારણકે તેના માલિકો કાંતો માર્યા જશે અથવા ઘર
છોડીને જતાં રહેશે. 10દસ એકરની દ્રાક્ષની વાડીઓમાંથી
ફક્ત 6 ગેલન દ્રાક્ષરસ* ઉપજશે એક ઓમેર* બી વાવ્યાં
પછી પણ ફક્ત એક એફાહ અનાજ ઉપજશે."

11તમે સવારમાં વહેલા ઊઠીને દ્રાક્ષારસ જ પીયા કરો છો.
અને છાકટા થાઓ ત્યાં સુધી સાંજે મોડે સુધી જાગનારાઓ,
હવે તમારું આવી બન્યું છે એમ સમજો. 12તમારી
ઉજવણીઓમાં હંમેશા સારંગી અને વીણા, ખંજરી અને
વાંસળી, તથા દ્રાક્ષારસના પાન સાથે મોજમજા સંકળાયેલી
હોય છે. પણ યહોવા જે કરી રહ્યા છે તેની તેઓને ખબર
નથી.

13"પરિણામે મારા લોકો અજ્ઞાનતાને કારણે દેશનિકાલ
થયા છે, અને તેમના પ્રતિષ્ઠિત પુરુષો ભૂખ્યા થયા છે તે
તેમના સામાન્ય લોકો તરસથી મરશે. 14એથી શેઓલે અત્યંત
ક્ષુધાથી પોતાનું મોં પહોળું કર્યુ છે, તેમાં કુલીન લોકો અને
સામાન્ય લોકોનાં ખુશીથી કોલાહલ કરતાં ટોળાં હોમાઈ
જશે."

15સૌને નીચા પાડવામાં આવશે, સૌનું ગુમાન ઉતારવામાં
આવશે. સૌને નીચા નમાવવામાં આવશે. 16પરંતુ સૈન્યોના
દેવ યહોવા નિષ્ઠાપૂર્વક ન્યાય કરશે અને આમ કરીને પોતાની
મહાનતા પ્રગટ કરશે. પરમ પવિત્ર દેવ ન્યાયી આચરણ
કરીને બતાવશે કે તેઓ પવિત્ર છે. 17હલવાનો જાણે પોતાના
બીડમાં ચરતાં હોય તેમ ચરશે, ને ધનાઢયોના પાયમાલ
થયેલાં સ્થાનોને પારકાઓ ખાઈ જશે.

18જેઓ અન્યાયને અને પાપના બંધનને વળગી રહે છે,
અને તેને છોડી શકતા નથી, તેઓને અફસોસ! 19તમે કહો
છો કે, "દેવે ઉતાવળ કરવી જોઈએ. તેને તેનું કામ ઝડપથી
સ્થપાવા દો, જેથી અમે જોઈ શકીએ છીએ! ભલે ઈસ્રાએલના
પવિત્ર દેવ જે કરવા માગે છે તે ઝડપથી કરશે, અમે તે
જાણશું!"

20જે લોકો પાપને પુણ્ય અને પુણ્યને પાપ કહે છે. અંધકારને
પ્રકાશમાં અને પ્રકાશને અંધકારમાં ફેરવી નાખે છે, કડવાનું
મીઠું અને મીઠાનું કડવું કરી નાખે છે તેઓને અફસોસ! 21જે
લોકો પોતાની દ્રષ્ટિમાં બુદ્ધિમાન, ને પોતાની નજરમાં ડાહ્યા
છે, તેઓને પણ અફસોસ! 22તે લોકો દ્રાક્ષારસ પીવામાં શૂરા
છે અને મધોનું મિશ્રણ કરવામાં બહાદુર છે. તેઓને અફસોસ!
23તે લોકો લાંચ લઈને ગુનેગારને નિર્દોષ ઠરાવે છે અને
નિર્દોષને ગુનેગાર ઠરાવે છે. 24તેથી હવે જેમ વરાળ અને
સૂકું ઘાસ અગ્નિમાં બળીને ભસ્મિભૂત થઈ જાય છે, તેમ
તમારાં મૂળ સડી જશે અને તમારાં ફૂલ ચીમળાઈને ખરી
પડશે.

કારણ તમે સર્વસમર્થ યહોવાના ઈસ્રાએલના પરમ પવિત્ર
દેવના વચનોનો અનાદર કર્યો છે. 25માટે યહોવા પોતાના
લોકો ઉપર ખૂબ ગુસ્સે થયા છે; અને તેઓને કચડી નાખવા
માટે તેમણે પોતાનો હાથ લંબાવ્યો છે. ટેકરીઓ ધ્રૂજશે, અને
તેના લોકોના મડદાં શેરીઓમાં કચરાની જેમ ફેંકી દેવામાં
આવશે. તેમ છતાં તેમનો ક્રોધ શાંત થયો નથી; હજી તેમના
લોકો પર તેમનો હાથ ઉગામેલો જ છે.

## ઈસ્રાએલને સજા કરવા માટે દેવ સૈન્ય લાવશે

26આથી યહોવા દૂરથી લોકોને નિશાની કરે છે, પૃથ્વીને
છેડેથી તેમને સૌને બોલાવવા માટે તે સીટી વગાડે છે અને
જુઓ, તેઓ વેગથી સત્વરે આવી રહ્યા છે! 27કોઈને થાક
લાગતો નથી, કે કોઈ ઠોકર ખાતો નથી. નથી કોઈ ઝોકાં
ખાતો કે નથી કોઈ ઊંઘતો. કોઈ કમરબંધ ઢીલો કરતો નથી
કે કોઈ પગરખાંની દોરી છોડતો નથી. 28તેમના બાણ ધારદાર
કરેલા છે, અને ધનુષ નમાવીને ખેચેલા છે. તેમના ઘોડાની
ખરીઓ વજ્ર જેવી છે અને તેમના રથના ચક્રો વંટોળિયા
જેવા છે.

29તેમની ગર્જના સિંહની ગર્જના જેવી છે! તેઓ સિંહની
જેમ ઘૂરકાટ કરીને તેમનો ભક્ષ્ય પકડે છે. અને તેને ખૂબ
દૂર લઈ જાય છે, અને તેને બચાવવા ત્યાં કોઈ નથી. 30તેઓ
તે દિવસે તેમના શિકાર બનેલા ઈસ્રાએલીઓ સામે સાગરના
ઘૂઘવાટ જેવી ગર્જના કરશે. જો કોઈ ધરતી ઉપર ધારીને
જોશે તો તેને અંધકાર અને આફત દેખાશે, પ્રકાશ વાદળાંથી
ઘેરાતો દેખાશે.

## યશાયાને સેવાની સોંપણી

6 રાજા ઉઝ્ઝિયા જ્યારે મૃત્યુ પામ્યા તે વર્ષે મેં મારા
માલિકને ઊંચા અને ભવ્ય આસન પર બેઠેલા જોયા.
તેમના ઝભ્ભાની કિનારોથી મંદિર ભરાઈ ગયુ હતું. 2સરાફ
દેવદૂતો તેમની પાસે ઘુમરાતાં હતાં તેમને દરેકને છ પાંખો
હતી. બે પાંખો વડે તેઓ તેમના ચહેરા ઢાંકતા હતા, બીજી
બે પાંખો વડે તેમણે તેમના પગ ઢાંક્યાં હતાં અને બાકીની બે
પાંખોનો તેઓ ઉડવા માટે ઉપયોગ કરતાં હતાં. 3તેઓ
સામસામે એકબીજાને પોકારીને કહેતા, "સર્વસમર્થ યહોવા
પવિત્ર છે, પવિત્ર છે, પવિત્ર છે! આખી પૃથ્વીમાં તેમનુ
ગૌરવ વ્યાપી ગયું છે!"

4તેમના પોકારોથી બારસાખ પાયા સુધી હચમચી ઊઠી
અને મંદિર ધુમાડાથી ભરાઈ ગયું.

5ત્યારે હું પોકારી ઉઠ્યો, "અરેરે! મને શાપ દેવામાં આવશે!
કારણકે હું મેલા હોઠનો માણસ છું. અને મેલા હોઠના લોકો
વચ્ચે વસું છું. છતાં મેં મારી આ આંખો દ્વારા રાજાધિરાજ
સૈન્યોના દેવ યહોવાને નિહાળ્યાં."

---

**6 ગેલન દ્રાક્ષરસ** એક બાથ, એક બાથ એટલે લગભગ 6 ગેલન.

**એક ઓમેર** એટલે લગભગ 65 ગેલન બી વાવ્યા પછી એક એફાહ– એટલે કે લગભગ 6 ગેલન અનાજ ઉપજશે.

6પછી એક સરાફ દેવદૂત, વેદીમાંથી બળતો અંગારો લઈને સાણસી માં પકડીને, મારી પાસે ઊડતો ઊડતો આવ્યો. 7અને મારા મોંને અંગારો અડાડીને બોલ્યો; "જો, આ તારા હોઠને અડ્યો છે; તારો દોષ દૂર કરાયો છે અને તારા પાપો દૂર કરવામાં આવ્યા છે."

8પછી મેં યહોવાને એવું બોલતા સાંભળ્યાં કે, "હું કોને મોકલું? કોણ મારા સંદેશા લઈ જશે?"

એટલે મેં કહ્યું, "આ હું હાજર છું, મને મોકલો."

9ત્યારે યહોવાએ કહ્યું, "જા, ને આ લોકોને કહે કે, 'સાંભળ્યા કરો, પણ ન સમજો; જોયા કરો, પણ ન જાણો.' 10એ લોકોની બુદ્ધિ મંદ થઈ ગઈ છે, એમના કાન બહેરા થઈ ગયા છે, અને આંખ આંધળી થઈ ગઈ છે. આથી તેઓ આંખે જોઈ શકતા નથી કે કાને સાંભળી શકતા નથી. તેમજ બુદ્ધિથી સમજી શકતા નથી, એટલે તેઓ મારી પાસે પાછા ફરતા નથી અને સાજા થતા નથી."

11પછી મેં પૂછયું,"ક્યાં સુધી આમ ચાલ્યા કરશે, હે માલિક?"

તેણે કહ્યું, "શહેરો ખંડેર અને વેરાન બની જાય અને ઘરો માનવ વસ્તી વગરનાં બની જાય. અને ધરતી વેરાન અને ઉજ્જડ બની જાય ત્યાં સુધી."

12હું એ લોકોને દૂર દૂર મોકલી દઉં અનેઆખો દેશ વિશાળ વેરાનવગડો બની જાય ત્યાં સુધી. 13અને જો તેનો દસમો ભાગ પણ બચી જાય તો તેને ફરીથી બાળી નાખવામાં આવશે. જ્યારે મોટું ઝાડ કાપી નાખવામાં આવે છે ત્યારે ઠૂંઠા બાકી બચે છે. ઈસ્રાએલના બાકી રહેલા લોકો તે ઠૂંઠા જેવા હશે.

### યશાયા દેવનો સંદેશાવાહક

7 તે સમયે ઉઝ્ઝિયાનો પૌત્ર અને યોથામનો પુત્ર આહાઝ યહૂદિયામા શાસન કરતો હતો ત્યારે અરામના રાજા રસીને ઈસ્રાએલના રાજા રમાલ્યાના પુત્ર પેકાહ સાથે યરૂશાલેમ ઉપર ચડાઈ કરી, પણ તેને કબજે ન કરી શક્યો.

2જ્યારે યહૂદિયાના રાજાને એ સમાચાર મળ્યા કે "અરામીઓએ એફ્રાઈમ લોકો સાથે જોડાણ કર્યુ છે." ત્યારે રાજા અને પ્રજાના હૈયા વનનાં વૃક્ષો પવનથી ધ્રૂજે એમ ધ્રૂજવા લાગ્યાં.

3ત્યારબાદ યહોવાએ યશાયાને કહ્યું, "જા, તારા પુત્ર શઆર-યાશૂબને લઈને ધોબીઘાટને રસ્તે આવતા ઉપલા કુંડના નાળાના છેડે આહાઝને મળવા જાઓ.

4"અને તેને કહે કે, 'મક્કમ રહેજે. ગભરાઈશ નહીં અને હિંમત હારીશ નહીં અરામી રસીન અને રમાલ્યાનો પુત્ર તો ઓલવાઈ જતી મશાલ જેવા છે, તેમના ગુસ્સાથી તમે ડરશો નહીં. 5અરામીઓએ ઈસ્રાએલીઓ સાથે અને તેમના રાજા જે રમાલ્યાના પુત્ર છે તેની સાથે હાથ મિલાવીને તારી વિરુદ્ધ કાવત્રું રચ્યું છે. 6તેઓ કહે છે, અમે યહૂદિયા ઉપર ચઢાઈ કરીશું અને તેને કબજે કરીશું. પછી અમે યરૂશાલેમ ઉપર ચઢાઈ કરીશું અને ટાબેલના પુત્રને તેઓનો રાજા બનાવશું.'"

7પણ યહોવા મારા દેવ કહે છે, "આ યોજના સફળ થશે નહીં. 8કારણકે દમસ્ક, અરામની રાજધાની છે. અને રસીન દમસ્કનો નેતા છે. અને 65 વર્ષમાં એફ્રાઈમ પણ નાશ પામશે. 9સમરૂન એફ્રાઈમ ની રાજધાની છે. અને પેકાહ સમરૂન નો નેતા છે. શું તમે મારા શબ્દોને માનશો નહીં? હું તમારુ રક્ષણ કરું તેવું તમે ઈચ્છતા હો તો તમે, હું જે કહું તે વાતમાં શ્રદ્ધા રાખવાનું જરુર શીખો."

### ઈમ્માનુએલ – દેવ આપણી સાથે છે

10થોડા વખતમાં આહાઝ રાજા ઉપર યહોવાએ બીજો સંદેશો મોકલ્યો; 11"યહોવાને, તારા દેવને એંધાણી બતાવવા કહે પછી ભલે એ નીચામાં નીચા પાતાળમાંથી કે ઊંચામાં ઊંચા આકાશમાંથી બતાવે."

12પરંતુ આહાઝે કહ્યું, "ના, મારે એંધાણીની માંગણી કરી યહોવાની કસોટી કરવી નથી."

13ત્યારે યશાયાએ જવાબ આપ્યો, "સાંભળ, દાઉદના વંશજ. તું માણસોને વાજ આણીને ધરાયો નથી? તારે મારા દેવને પણ વાજ આણવો છે?" 14એટલે યહોવા પોતે તને એંધાણી બતાવશે:

જુઓ, એક જુવાન સ્ત્રીને ગર્ભ રહ્યો છે અને તે એક પુત્રને જન્મ આપશે. અને તેનું નામ 'ઈમ્માનુએલ' એટલે કે આપણી સાથે દેવ એવું પડશે.

15તે સારાસારનો વિવેક કરતો થાય ત્યાં સુધીમાં તો તે દહીં અને મધ ઉપર રહેતો થઈ ગયો હશે.

16એ બાળક નરસાનો ત્યાગ કરી સારાને પસંદ કરતા શીખશે. તે પહેલા તું જેનાથી ભયભીત થાય છે તે બે રાજાઓના દેશો ઉજ્જડ થઈ જશે.

17"એફ્રાઈમ યહૂદિયાથી જુદો પડ્યો ત્યાર પછી આવ્યા નહોતા એવા દિવસો યહોવા તારા પર, તારી પ્રજા પર તથા તારા બાપના કુટુંબ પર લાવશે. તે આશ્શુરના રાજાને બોલાવી લાવશે.

18"તે દિવસે યહોવા મિસરની નદીની દૂરની શાખાઓમાંથી સીટી મારીને માખીઓને અને આશ્શુરમાંથી મધમાખીઓને બોલાવશે. 19તે બધી આવીને કરાડોની બખોલમાં અને ખડકોની ફાંટોમાં વાસો કરશે, જાંખરા અને બીડો તેમનાથી ઢંકાઈ જશે. 20તે દિવસે યહોવા નદીને સામે કાંઠેથી ભાડે લાવેલા અસ્રા વડે તમારું માથું અને શરીર મૂંડી નાખશે, અને તમારી દાઢી પણ છોલી નાખશે.

21"તે દિવસે પ્રત્યેક માણસ એક વાછરડું અને બે ઘેટાં પાળી શકશે. 22અને તે તેઓથી દૂધ મેળવશે જે ફકત દહીં ખાવા જેટલું જ પૂરતું થશે. અને જે બધા પ્રદેશમાં બાકી રહી ગયા હશે તે બધાં દહીં અને મધ ખાશે. 23તે દિવસે જે જે જગ્યાએ 1,000 ચાંદીના ટુકડાના મૂલના 1,000 દ્રાક્ષના વેલાઓ હતા ત્યાં ત્યાં કાંટા અને જાંખરા ઊગશે. 24માણસ, ધનુષબાણ લઈને ત્યાં ફકત શિકાર કરવા જશે, કારણ, કાંટા અને જાંખરાથી બધો પ્રદેશ છવાઈ ગયો હશે. 25પહેલાં જે ટેકરાઓ ઉપર કોદાળી વડે ખેતી થતી હતી ત્યાં કાટાં અને

જાંખરાની બીકથી કોઈ પગ સુદ્ધાં મૂકશે નહીં, ત્યાં બળદોને
છૂટા મૂકવામાં આવશે અને બકરા ચરશે."

### એંધાણી રૂપ યશાયાનો પુત્ર

8 યહોવાએ મને કહ્યું, "એક મોટું ટીપણું લઈને તેના
ઉપર માહેર-શાલાલ-હાશ-બાઝ'* એમ બધા વાંચી
શકે તે પ્રમાણે મોટા અક્ષરે સાદી ભાષામાં લખ."'
2અને યાજક ઉરિયાને અને બેરેખ્યાના પુત્ર ઝર્ખાયાને તે
લખાય તે દરમ્યાન સાક્ષી તરીકે રહેવાનું મેં પૂછયું, કારણકે
તેઓ વિશ્વાસુ માણસો છે. 3પછી મેં પ્રબોધિકા સાથે જાતિય
સમાગમ કર્યો, તેને ગર્ભ રહ્યો અને પુત્ર અવતર્યો. પછી
યહોવાએ મને કહ્યું, "તું એનું નામ ઝડપી લૂંટાલૂંટ રાખ.
4કારણકે એ 'બા' કે 'બાપા' બોલતો થાય તે પહેલાં દમસ્કની
સંપત્તિ અને સમરૂનની લૂંટ ઉપાડીને આશ્શુરના રાજા સમક્ષ
લઈ જવામાં આવશે."
5ફરી વાર યહોવા મારા દેવે મારી સાથે વાત કરી અને
કહ્યું; 6"કારણ કે યરૂશાલેમના લોકો મદદ માટે મારા પર
આધાર રાખતા નથી જે સિલોઆમના સ્થિર પાણી જેમ છે.
ઉલ્ટાનું, તેઓ રેસીન અને રમાલ્યાના પુત્રથી ડરેલા છે.
7તેથી હું યહોવા યહૂદિયા ઉપર ફ્રાત નદીના ધસમસતાં
અને વેગીલા જળપ્રવાહને લઈને આવીશ, હું આશ્શૂરના
રાજા તથા તેના સમગ્ર બળવાન સૈન્ય સાથે આવીશ.
જળપ્રવાહ ઉભરાઈ જશે અને સમગ્ર તટ પ્રદેશને સપાટામાં
લઈ લેશે. 8તે યહૂદિયામાં ધસી જશે, અને આગળ વધતા
વધતા તે તેના ગળા સુધી પહોંચશે, અને તેના પાણી તમારી
સમગ્ર ભૂમિમાં ફરી વળશે અને તેને ભરી દેશે." પરંતુ દેવ
આપણી સાથે છે!

### યહોવા પોતાના સેવકોનું રક્ષણ કરે છે

9ઓ રાષ્ટ્રો! તમે અમારું ભૂંડુ કરવા નીકળ્યા છો. પણ
તમે સફળ થઈ શકશો નહીં, તમે છિન્નભિન્ન થઈ જશો, હે
દૂરના રાષ્ટ્રો, તમે બધા સાંભળો; અમારી સામે યુદ્ધ કરવા
તમારી જાતને સુસજ્જ કરો હા, અને નાશ પામો! 10અમારી
સામે આક્રમણ કરવાની યોજનાઓ તૈયાર કરો, તમારી
વ્યૂહરચનાઓ વિકસાવો, સભાઓ બોલાવો; અને નાશ પામો!
કારણકે યહોવા અમારી સાથે છે.

### યશાયાને ચેતવણી

11યહોવાએ મને જોરથી પકડીને એ લોકોને માર્ગે જતો
રોક્યો, અને મને આ મુજબ કહ્યું, 12"કહેવાતા કાવતરાની
જેનાથી આ લોકો ડરે છે, ચિંતા કરશો નહીં તે લોકો જેનો ડર
રાખે છે, તેનાથી ગભરાશો નહીં:
13તમારે તો માત્ર મને, સર્વસમર્થ યહોવાને જ પવિત્ર
માનવો. અને મારાથી જ ડરીને ચાલવું. 14તમારે માટે તીર્થરૂપ
હોવા છતાં એ લોકો માટે હું એવા પથરારૂપ થઈ પડીશ
જેની સાથે તેઓ ભટકાય; એની સાથે જ ઈસ્રાએલના,
યહૂદિયાના અને યરૂશાલેમના લોકો અથડાશે અને એના
ઉપર જ ઠોકર ખાશે, એ લોકોને માટે હું ફાંસલા અને જાળ
જેવો બની રહીશ. 15ઘણા ઠોકર ખાઈને પટકાશે અને
છિન્નભિન્ન થઈ જશે. ઘણા જાળમાં સપડાશે અને પકડાશે."
16"આ કરાર હું બંધ કરી દઉં છું. આ ઉપદેશને મહોર
મારીને મારા શિષ્યોને સુપ્રત કરું છું. "
17યહોવાની સહાય માટે હું આશા રાખીશ. જો કે હાલમાં
તે પોતાનું મુખ સંતાડે છે છતાં પણ મારી આશા ફક્ત તેમનામાં
જ છે.
18"હું અને મારા સંતાનો, જે મને યહોવાએ આપ્યા છે,
સૈન્યોના દેવ યહોવાની એંધાણીઓ છીએ, જેઓ સિયોન
પર્વત પર વસે છે."
19જ્યારે તેઓ તમને કહે કે, "ભૂવાઓ પાસે, ને ઝીણે સાદે
બડબડનાર જંતરમંતર કરનારની પાસે જઈને ખબર કાઢો;
ત્યારે મારે જવાબ આપવો કે લોકોએ પોતાના દેવની પાસે
જઈને ખબર કાઢવી નહીં? જીવતાની ખાતર મરેલાં પાસે
ખબર કાઢવા જવું?"
20 આપણે જરૂર આપણા કાયદા અને પુરાવા સમક્ષ જવું
જોઈએ. જે લોકો પેલી બીજી વસ્તુઓ કરે છે તેઓ પરોઢનો
પ્રકાશ નહીં જુએ.
21ભૂખથી અને દુ:ખથી પીડાતા લોકો આખા દેશમાં
ભટકશે. ભૂખના માર્યા ગુસ્સે થઈને તેઓ પોતાના રાજાને
અને દેવને શાપ આપશે, અને ઊંચે આકાશ તરફ 22અને
નીચે પૃથ્વી પર, અલબત્ત દરેક જગ્યાએ તેઓને દુ:ખ, અભેદ્ય
અંધકાર અને વેદના જ મળશે. તેમને અંધકારમાં ધકેલી
દેવામાં આવશે.

### મસીહા આગમન વિષે ભવિષ્યવાણી

9 પરંતુ જે ભૂમિ પર સંકટ આવ્યું હતું, તે પ્રદેશમાં અંધકાર
નહીં રહે. પ્રથમ તેણે ઝબુલોન તથા નફતાલીના દેશને
તિરસ્કારપાત્ર બનાવી દીધો હતો. અને છેવટે તેણે યર્દન
અને ગાલિલની નદીને પેલે પાર, સમુદ્રના રસ્તે આવેલા
રાષ્ટ્રોને પ્રતિષ્ઠા આપાવી.
2અંધકારમાં યાત્રા કરનારા લોકોએ તે મહાન પ્રકાશ જોયો
છે; મૃત્યુની છાયાના પ્રદેશમાં વસવાટ કરનારાઓ પર
"પ્રકાશનું તેજ" પથરાયું છે.
3કારણકે ઈસ્રાએલ ફરીથી મહાન કહેવાશે, યહોવાએ
પ્રજાની વૃદ્ધિ કરી છે અને તેણીનો આનંદ વધાર્યો છે. કાપણીમાં
થતાં આનંદ પ્રમાણે, તેમ જ લોક લૂંટ વહેંચતા આનંદ માણે
છે તે મુજબ તેઓ તારી સન્મુખ આનંદ કરે છે. 4કારણકે
ભૂતકાળમાં તમે જેમ મિધાનની સેનાને હાર આપી હતી.
તેમ એ લોકોને ભારરૂપ ઝૂંસરી તેમના ખભા ઉપર પડતી
લાકડી, તેમને હાંકનારનો પરોણો તમે ભાંગી નાખ્યો છે.
5સૈનિકોના ધમ ધમ કરતા જોડાં, ને લોહીમાં બોળેલાં
વસ્રો, તે બધાયને બળતણની જેમ અગ્નિમાં સળગાવી દેવામાં

**માહેર-શાલાલ-હાશ-બાઝ** ઈસાઈઆહનાં પુત્રોમાંના એકનું નામ છે જેનો અર્થ થાય છે, "લૂંટારો પોતાનો લૂંટનો માલ લેવા ઝડપથી આવે છે."

આવશે. 6કારણકે આપણને એક બાળક અવતર્યુ છે, આપણને
એક પુત્રનું વરદાન આપવામાં આવ્યું છે. "તેના ખભા ઉપર
રાજ્યાધિકારની નિશાની છે. તે એક અદભૂત સલાહકાર,
સમર્થ દેવ, શાશ્વત પિતા અને શાંતિનો રાજકુમાર કહેવાશે."
7તેનું રાજ્ય વિશાળ હશે; ત્યાં સદાને માટે અખંડ શાંતિ
પ્રવર્તતી હશે. તે દાઉદના રાજસિંહાસન ઉપર બેસશે. ધર્મ
અને ન્યાયના પાયા ઉપર પોતાની રાજ્યસત્તાની પ્રતિષ્ઠા કરીને
રાજ્ય કરશે. આજથી તે અનંત કાળ સુધી.
સૈન્યોના દેવ યહોવાનો સાચો પ્રેમ સિદ્ધ થશે.

## દેવ ઈસ્રાએલને સજા કરશે

8યહોવાએ ઈસ્રાએલ વિરુદ્ધ યાકૂબના વંશજો વિરુદ્ધ
પોતાનો ફેંસલો જણાવ્યો છે. 9ઈસ્રાએલના પાટનગર
સમરૂનના સૌ વતનીઓને એની જાણ થશે.
એ લોકો તો પોતાના અભિમાન અને તુમાખીમાં કહે છે
કે, 10"ભલે ઈંટો પડી ગઈ, હવે આપણે ઘડેલાં પથ્થરોથી
બાંધીશું. ઉંબરના પાટડા તોડી નાખવામાં આવ્યા છે. પણ
આપણે એની જગ્યાએ સાગના લાવીશું."
11પરંતુ યહોવાએ તેમના દુશ્મનોને તેમની વિરુદ્ધ ઉશ્કેર્યા
છે; 12પૂર્વમાંથી અરામીઓ અને પશ્ચિમમાંથી પલિસ્તીઓ
ઈસ્રાએલને એક જ કોળિયામાં મુખ પહોળું કરીને ગળી
જશે. આ બધું થવા છતાં યહોવાનો રોષ ઊતર્યો નથી. અને
તેમનો હાથ હજી ઉગામેલો જ રહ્યો છે.
13આમ છતાં એ લોકો પોતાને ઘા કરનાર સર્વસમર્થ દેવ
પાસે પાછા આવ્યાં નથી કે તેનું શરણું તેમણે સ્વીકાર્યુ નથી.
14આથી યહોવા એક દિવસે ઈસ્રાએલનાં માથું, પૂંછડી, નાડ
અને બરૂ કાપી નાખશે. 15વડીલો અને સન્માનનીય પુરુષો
તે માથું અને ખોટો ઉપદેશ કરનાર પ્રબોધકો તે પૂંછડી.
16આ લોકોના આગેવાનોએ તેમને અવળે માર્ગે ચડાવ્યા
છે. તેમને ભૂલા પાડ્યા છે. 17આથી યહોવા તેમના યુવાનો
પ્રત્યે રાજી થશે નહીં. તેમજ અનાથો અને વિધવાઓ પ્રત્યે
જરાયે સહાનુભૂતિ દાખવશે નહીં. બધાજ દુરાચારીઓ છે,
દેવને શું જોઈએ છે તે જાણવાની કોઈને કાળજી નથી, એકે
એક વ્યકિત અનિષ્ટ વસ્તુઓ બોલે છે, આ બધાને લીધે
યહોવાનો ગુસ્સો ઓછો નથી થયો અને તેમનો બાહુ હજી
પણ ઉગામેલો જ છે.
18માણસોની દુષ્ટતા આગની જેમ ભભૂકી ઊઠી છે. અને
એ કાંટાઝાંખરાને ભરખી જાય છે. જંગલની ઝાડીને પણ
એ બાળી મૂકે છે. અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં
ચડે છે.
19સમગ્ર ભૂમિ સૈન્યોના દેવ યહોવાના રોષથી સળગી
ઊઠી છે. અને લોકો એ આગમાં ઈંધણરૂપ બન્યા છે. કોઈ
પોતાના સગા ભાઈને પણ છોડતો નથી. 20બધા એકબીજાનું
માંસ ખાય છે. જમણી બાજુ બચકું ભરે છે તોયે ભૂખ્યો રહે
છે અને ડાબી બાજુ બચકું ભરે તોય સંતોષ પામતો નથી.
21મનાશ્શાના વંશજો અને એફ્રાઈમના વંશજો એક બીજાને
બચકાં ભરે છે અને બંને ભેગા થઈને યહૂદિયાને ખાવા ધાય
છે, આને લીધે યહોવાનો રોષ ઓછો થયો નથી અને તેનો
હાથ હજી ઉગામેલો જ રહ્યો છે.

## આશ્શૂરને થનારી શિક્ષા

10 તમે અન્યાયી કાયદા ઘડો છો અને અન્યાયી
ચુકાદાઓ લખો છો; 2અને આ રીતે ગરીબોને ન્યાય
મળતો અટકાવો છો અને દલિતોના હક છીનવી લો છો.
અને વિધવાઓની અને અનાથોની યાતનાઓમાંથી તમે લાભ
મેળવો છો. 3સજાને દિવસે, જ્યારે દૂર દેશથી તમારા ઉપર
વિનાશ ઊતરશે ત્યારે તમે શું કરશો? કોની પાસે મદદ માટે
દોડશો? તમારી માલમિલ્કત ક્યાં મૂકી જશો? 4યુદ્ધમાં કપાઈને
પડ્યા વગર કે કેદ પકડાઈ નીચી મૂંડીએ ઘસડાયા વિના
તમારો છૂટકો જ નથી. તમારા કર્મોને લીધે યહોવાનો રોષ
નહીં ઉતરે. તેનો હાથ હજી ઉગામેલો જ રહેશે.
5દેવે કહ્યું, "આશ્શુર તો મારા ગુસ્સાનો દંડૂકો છે, તેના
હાથમાં મારા ગુસ્સાની લાઠી છે! 6હું તેને અધર્મી પ્રજા સામે
મોકલું છું, મારો રોષ જગાડનાર લોકો સામે જઈ તેમને
લૂંટવા, તેમની માલમિલ્કત પડાવી લેવા અને રસ્તા ઉપરના
કીચડની જેમ તેમને રોળી નાખવા જણાવું છું.
7"તેનો પોતાનો વિચાર તો જુદો જ છે, તેના મનમાં જુદી
જ યોજના છે. વિનાશ કરવાનો જ તેનો વિચાર છે, અનેક
પ્રજાઓનો સંહાર કરવાનો તેનો નિર્ધાર છે. 8તે કહે છે, 'મારા
સેનાપતિઓ બધાં રાજા નથી? 9કાલ્નો અને કાર્કમીશ, હમાથ
અને આર્પાહ, દમસ્ક અને સમરૂન બધાંના મેં એકસરખા
હાલ કરી નાખ્યા છે. 10મારો હાથ જ્યાં યરૂશાલેમ અને
સમરૂન કરતાં ચડિયાતાં દેવલાઓ હતાં એવાં રાજ્યોમાં પહોંચી
ગયો છે. 11તો જે રીતે સમરૂન અને ત્યાંના દેવોના જેવા
હાલહવાલ કર્યા છે, તેવા હાલહવાલ શું હું યરૂશાલેમનાં
અને ત્યાંની મૂર્તિઓના નહીં કરું?'"
12પણ સિયોન પર્વત ઉપર અને યરૂશાલેમમાં પોતાનું
કામ પતાવ્યા પછી યહોવા આશ્શુરના રાજાને તેની ઉદ્ધત
બડાશો માટે અને તેના તુમાખી ભર્યા અભિમાન માટે સજા
કરશે.
13આશ્શુરનો રાજા કહે છે, "મારા પોતાના બાહુબળથી
અને ડહાપણથી મેં આ કર્યુ છે; હું કેટલો ચતુર છું? રાષ્ટ્રોની
સરહદોને મેં હઠાવી દીધી છે. તેમના ભંડારો લૂંટ્યા છે, અને
આખલાની જેમ તેમના રાજાઓને પગ નીચે કચડ્યા છે.
14રેઢા પડેલા માળાનાં ઈંડાની જેમ પ્રજાની સંપત્તિ મારા
હાથમાં આવી પડી છે. મેં આખી દુનિયા ઉપાડી લીધી છે;
નથી એકે પાંખ ફફડી, કે નથી એકે ચાંચ ઉઘડી કે નથી
કોઈએ ચીં' કર્યુ."

## આશ્શુરની શકિત પર દેવનું નિયંત્રણ

15શું કુહાડી તેના વાપરનાર આગળ બડાશ હાંકશે? શું
કરવત તેના ખેંચનાર આગળ શેખી મારશે? એ તો લાઠી
તેના ઘૂમાવનારને ઘૂમાવે અથવા છડી જે લાકડું નથી એવા
માણસને ઉપાડે એના જેવી વાત છે!

16સૈન્યોના દેવ યહોવા તેના પડછંદ યોદ્ધાઓમાં ભયંકર
બિમારીઓ મોકલશે; તેમનાં દેહમાં અગ્નિ જેવી જવાળા
ભડભડતી રહેશે. 17ઈસ્રાએલના દિવારૂપ પવિત્ર દેવ જ
અગ્નિની પ્રચંડ જવાળા બની જશે. અને તે એક દિવસમાં
પેલા કાંટાઝાંખરાને બાળીને ભસ્મીભૂત કરી નાખશે. 18તેના
વન ઉપવનના વૈભવને, કોઈ માંદા માણસને તેનો રોગ
સમાપ્ત કરી નાખે તેમ સંપૂર્ણ રીતે સમાપ્ત કરી નાખશે.
19વનમાં બાકી રહેલા ઝાડ એટલાં ઓછાં હશે કે એક બાળક
પણ તેને ગણી શકે.

20તે સમયે ઈસ્રાએલના બચવા પામેલા માણસો પોતાને
ઘા કરનાર દેશ ઉપર આધાર રાખવાનું છોડી દઈ
સાચેસાચ ઈસ્રાએલના પવિત્ર દેવ ઉપર આધાર રાખતા થશે;
21બાકી રહેલા યાકૂબના વંશજો મહાબળવાન દેવ પાસે પાછા
આવશે.

22ઈસ્રાએલીઓ સાગરની રેતી જેટલા હશે તોયે તેમાંથી
ફક્ત થોડા બાકી રહેલા માણસો જ પાછા આવશે, એમનો
વિનાશ નિર્માઈ ચૂક્યો છે, અને પ્રતિશોધ તો પૂરની જેમ
આવી રહ્યો છે. 23સૈન્યોના દેવ યહોવાએ, પોતે જાહેર કર્યું
હતું તે મુજબ સમગ્ર ભૂમિનો વિનાશ કરવા કૃત નિશ્ચય છે.

24તેથી મારા માલિક સૈન્યોના અધિપતિ યહોવા આ મુજબ
કહે છે, "ઓ સિયોનમાં વસવાટ કરતા મારા લોકો આશ્શૂરના
લોકો મિસરના લોકોની જેમ લાઠીથી તમને મારે અને દંડા
ઉગામે તોયે તમે તેમનાથી બીશો નહીં. 25કારણકે થોડા જ
સમયમાં મારો ક્રોધ તેમનો વિનાશ કરશે."

26હું, સૈન્યોનો દેવ યહોવા, મેં, જેમ રાવેનના ખડક પાસે
મિદ્યાનના લોકોને માર્યા હતા તેમ આશ્શૂરના લોકોને
ફટકારીશ. અને હું તેમની સામે દંડ ઉગામીશ જેમ મેં
સમુદ્ર પર આવેલા મિસર પર કર્યુ હતું તેમ.

27તે દિવસે આશ્શૂરનો બોજો તમારા ખભા ઉપરથી ઊતરી
જશે અને તેની ધૂંસરી તમારી ડોક ઉપરથી ફગાવી દેવામાં
આવશે.

## ઈસ્રાએલ પર આશ્શુરી સૈન્યનું આક્રમણ

28તે આયાથ આવી પહોંચ્યો છે, તે મિગ્રોનમાં થઈને
ગયો છે; મિખ્માશમાં તે પોતાનો સરસામાન રાખે છે. 29તેઓ
ખીણની પાર આવ્યા છે; ગેબામાં તેઓએ ઉતારો કર્યો છે;
રામા થથરે છે, શાઉલનું ગિબયાહ નાસાનાસ કરે છે;

30હે બાથ ગાલ્લીમ, હાંક માર; હે લાઈશાહ, કાળજી
પૂર્વક સાંભળ, હે અનાથોથ, તેને જવાબ દે. 31માદમેનાહના
લોકો નાસભાગ કરે છે ગેબીનના લોકો જીવ બચાવવા
ભાગે છે. 32હુમલાખોરો આજે જ નોબમાં મુકામ કરશે.
અને સિયોનના પર્વત ભણી, યરૂશાલેમ ભણી તે મુઠ્ઠી
ઉગામશે.

33પરંતુ અમારા માલિક સૈન્યોના દેવ યહોવા, ફટકા સાથે
કોઈ વૃક્ષની ડાળીઓની જેમ તેમને કાપી નાખશે; તે ઊંચા,
મજબૂત ઝાડોને કાપી નાખશે અને તેને જમીન પર ફેંકી
દેશે; 34કુહાડીથી કપાતાં જંગલના ઝાડોની જેમ તે તેમને
કાપી નાખશે અને લબાનોનનાં ભવ્યમાં ભવ્ય વૃક્ષો પણ
ધરાશાયી થઈ જશે.

## શાંતિના રાજ્યનું નિર્માણ

11 દાઉદનો રાજવંશ એક વૃક્ષ સમાન છે. તેને કાપી
નાખવામાં આવ્યું છે. પરંતુ યશાઈના ઠૂંઠામાંથી
ફણગો ફૂટશે અને તેના મૂળિયામાંથી એક ડાળી ઉગવાની
શરું થશે. 2યહોવાનો આત્મા, સુબુદ્ધિ તથા સમજદારીનો
આત્મા, વિવેકબુદ્ધિ તથા પરાક્રમનો આત્મા. જ્ઞાન તથા
યહોવાના ભયનો આત્મા તેના પર રહેશે. 3તે યહોવાના
ભયમાં હરખાશે; અને પોતાની આંખે જોયા પ્રમાણે તે ન્યાય
કરશે નહીં. ને પોતાના કાને સાંભળ્યા પ્રમાણે તે નિર્ણય
કરશે નહીં;

4પણ તે ગરીબોનો પ્રમાણિકપણે ન્યાય કરશે અને દેશના
દુ:ખીજનોનો સચ્ચાઈથી ન્યાય કરશે. અન્યાયીઓને તેનો
નિર્ણય દંડની જેમ પ્રહાર કરશે. તેનો ચુકાદો દુષ્ટોનો સંહાર
કરશે. 5તેનાં સર્વ કાર્યોમાં ન્યાય અને નીતિ હશે.

6ત્યારે વરુઓ અને ઘેટાંઓ સાથે વસશે અને ચિત્તો લવારાં
સાથે એક ઝોકમાં સૂશે; વાછરડાં અને સિંહ ભેગા ચરશે
અને નાનાં બાળકો પણ તેમને ચરાવવા લઈ જશે. 7ગાય
અને રીંછ ભેગા મળીને ખાશે અને તેમનાં બચ્ચાં પણ ભેગા
સૂશે. સિંહો ઢોરની જેમ ઘાસ ખાશે. 8નાનાં બાળકો નાગના
રાફડા ઉપર રમશે. ઝેરી સાપના દરને સ્પર્શશે.

9યહોવાના આખા પવિત્ર પર્વત ઉપર ન તો કોઈ કોઈનું
બુરૂં કરે ન તો કોઈ કોઈને ઈજા કરે; કારણ, જેમ સાગર
જળથી ભરેલો હોય છે તેમ દેશ યહોવાના જ્ઞાનથી ભર્યો
ભર્યો હશે.

10તે દિવસે રાજા, યશાઈ નો વંશજ લોકોને એકત્ર કરવા
પતાકારૂપ બની રહેશે. દેશવિદેશની પ્રજાઓ તેની આસપાસ
ભેગી થશે. તે અને તેનું નિવાસસ્થાન મહિમાવંતુ થશે.

11તે દિવસે મારા માલકિ આશ્શૂર, ઉત્તરી મિસર, દક્ષિણ
મિસર, કૂશ, એલામ, બાબિલ, હમાથ અને દરિયાપારના
પ્રદેશોમાંથી પોતાના લોકોમાંના જેઓ હજી બાકી રહેલા
હશે તેમને પાછા લાવવા બીજીવાર પોતાનો હાથ વિસ્તારશે
અને પોતાની શકિતનો પરચો બતાવશે; 12પ્રજાઓની સમક્ષ
"ધ્વજા" ફરકાવીને તે પૃથ્વીના ચારે ખૂણેથી ઈસ્રાએલ અને
યહૂદિયાના વેરવિખેર થઈ ગયેલા લોકોને ભેગા કરશે.

13ન તો ઈસ્રાએલ યહૂદિયાની ઈર્ષ્યા કરશે કે ન તો યહૂદિયા
ઈસ્રાએલનું દુશ્મન રહેશે. 14તેઓ બંને ભેગા મળીને
ખભેખભા મિલાવી પશ્ચિમમાં પલિસ્તીઓ ઉપર તૂટી પડશે
અને પૂર્વના લોકોને લૂંટી લેશે અદોમ અને મોઆબ તેમની
મૂઠીમાં આવશે અને આમ્મોનના લોકો તેમની આણ
સ્વીકારશે.

15યહોવા રાતા સમુદ્રમાંથી રસ્તો કરશે અને ફ્રાત નદી
ઉપર પોતાનો હાથ હલાવીને પ્રચંડ પવનને મોકલશે અને
તેને સાત પ્રવાહમાં વહેંચી નાખશે જેથી તે સહેલાઈથી ઓળંગી
શકાય. 16યહોવાના લોકો ઈસ્રાએલીઓ મિસરમાંથી બહાર

આવ્યા ત્યારે તેમને માટે હતો તેવો જ માર્ગ એ લોકોના જેઓ આશ્શુરમાં બાકી રહેલા હશે તેમને માટે પણ નિર્માણ થશે.

### દેવનાં સ્તુતિગાન

12 તમે તે દિવસે ગાશો: "ઓ યહોવા હું તમારો, આભાર માનું છું! તમે મારા પર રોષે ભરાયા હતા, હવે તમારો; રોષ શમી ગયો છે અને તમે મને પ્રેમ આપ્યો છે.

2દેવ મારા ઉદ્ધારક છે; અને હવે મને વિશ્વાસ બેઠો છે અને ડર રહ્યો નથી; મારો આશ્રય દેવજ છે; ને મારા રક્ષણહાર એજ છે ને એજ મારા ઉદ્ધારક બન્યા.

3અને તમે ઉદ્ધારના ઝરણામાંથી આનંદભેર પાણી ભરશો."

4તમે તે દિવસે કહેશો કે; "યહોવાની સ્તુતિ ગાવ, અને તેના નામનું આહવાહન કરો; સર્વ પ્રજામાં તેનાં કાર્યોની ઘોષણા કરો; તેનું નામ સર્વોપરી છે એવું જાહેર કરો."

5યહોવાની ઝળહળતી સિદ્ધિઓ માટે તમે તેના સર્વદા ગુણગાન ગાઓ; ને સમગ્ર દુનિયામાં એની જાણ કરો.

6ઓ સિયોનનાં વાસીઓ, આનંદના પોકાર કરો, ઈસ્રાએલના મહાન પરમ પવિત્ર દેવ છે. અને, તમારા સૌની વચ્ચે વસે છે.

### બાબિલની પડતી ને વિજયનું દર્શન

13 આમોસના પુત્ર યશાયાને બાબિલ વિષે યહોવાએ સંદર્શન આપ્યું તે આ રહ્યું :

2"ઉજ્જડ પર્વત પર ધ્વજા ઊંચે ફરકાવો. તેઓને ઊંચે સાદે હાંક મારો, હાથના ઈશારા કરો કે તેઓ ઉમરાવોના દરવાજા પર ત્રાટકે."

3દેવ કહે છે, "મેં મારા પસંદ કરેલા યોદ્ધાઓને મારા સૈનિકોને, મારા વિશ્વાસુ લડવૈયાઓને મારો વિરાટ ગુસ્સો બતાવવાનો મેં હુકમ કર્યો છે.

4સાંભળો! પર્વતો ઉપર મોટી મેદનીનો કોલાહલ સંભળાય છે! ભેગા થતાં રાજ્યોનો અને પ્રજાઓનો શોરબકોર સાંભળો! સૈન્યોના દેવ યહોવા, યુદ્ધ માટે સૈન્યોને ભેગાં કરે છે.

5યહોવા અને તેના ક્રોધનો અમલ કરનારા યોદ્ધાઓ દૂર દૂરના દેશમાંથી, ક્ષિતિજને પેલે પારથી સમગ્ર દેશનો નાશ કરવા આવી રહ્યા છે."

6આક્રંદ કરો, કારણકે યહોવાનો સમય આવી ગયો છે. સર્વ શક્તિશાળી તરફથી સર્વનાશ આવશે. 7બધા લોકોના હાથ ખોટા થઈ જશે. તેમના હૃદય હારી જશે. 8તેઓ દુ:ખ અને વેદના અનુભવશે પ્રસવવેદના ભોગવતી સ્ત્રી જેમ તેઓ કષ્ટ પામશે; તેઓ ગભરાઈ જશે અને ડરથી એકબીજા સામે અનિમેષ દ્રષ્ટિથી જોયા કરશે.

### બાબિલ વિરુદ્ધ દેવનો ન્યાય

9જુઓ, યહોવાનો દિવસ આવે છે; તે રોષ અને ભયંકર ક્રોધથી નિર્દય બનીને ધરતીને ઉજ્જડ કરી નાખશે અને તેના પાપીઓનો સંહાર કરશે; 10આકાશના તારા અને નક્ષત્રો પ્રકાશ આપતાં બંધ થઈ જશે. સૂર્ય ઊગતાની સાથે ઘોર અંધકાર થઈ જશે અને ચંદ્ર પ્રકાશ આપશે નહીં.

11સર્વસમર્થ યહોવા કહે છે, "હું જગત ઉપરનાં પાપો માટે આફત ઉતારીશ તેમના ગુનાઓ માટે દંડ ફટકારીશ. હું ઉદ્ધત વ્યક્તિઓનું અભિમાન ઉતારીશ.

12જુલમગારોની તુમાખીને ધૂળ ચાટતી કરી નાખીશ ઓફીરના શુદ્ધ સોનાની માફક લોકો પણ દુર્લભ થઈ જશે. 13હું મારા ભયંકર રોષના દિવસે આકાશને ધ્રૂજાવી મૂકીશ અને પૃથ્વી આકાશમાં પોતાના સ્થાનેથી ખસી જશે."

14બાબિલમાં વસતા વિદેશીઓ જેની પાછળ શિકારીઓ પડ્યાં છે એવાં હરણાંની જેમ અથવા રેઢાં મૂકેલાં ઘેટાંની જેમ, પોતાને વતન પોતાના લોકોમાં ભાગી જશે. 15બાબિલમાં રહેતા દરેક જણ જે પકડાઈ ગયાં છે, તેઓને ભાલાથી વીંધી નાખવામાં આવશે અને પકડાયેલો દરેક જણ તલવારનો ભોગ બનશે. 16તેમનાં બાળકોને તેમનાં દેખતાં પછાડીને મારી નાખવામાં આવશે, તેમનાં ઘરો લૂંટી લેવામાં આવશે અને તેમની સ્ત્રીઓની લાજ લૂંટવામાં આવશે.

17"કારણકે હું માદીઓને બાબિલની વિરુદ્ધ ઉશ્કેરીશ અને ચાંદીના કે સોનાના મોટા જથ્થા વડે તેઓ રીઝશે નહીં, 18બાબિલના યુવાનો, બાળકો કે વૃદ્ધો ઉપર લશ્કરના સૈનિકો દયા દાખવશે નહીં.

19"સદોમ અને ગમોરાહનો નાશ યહોવાએ આકાશમાંથી આગ મોકલીને કર્યો હતો. તે જ પ્રમાણે રાજ્યોમાં સૌથી ગૌરવવાન, ખાલ્દીઓના વૈભવ અને ગર્વરૂપ બાબિલ તેમના હાથે ખેદાનમેદાન થઈ જશે. 20એમાં ફરી કદી વસ્તી થશે નહીં, દીર્ઘકાળ પર્યંત એમાં કોઈ વસશે નહીં, કોઈ ભટકતી ટોળી પણ ત્યાં તંબૂ તાણશે નહીં, કોઈ ભરવાડ ત્યાં ઘેટાબકરાંને પણ નહીં બેસાડે. 21પણ ત્યાં જંગલી પ્રાણીઓ વસવાટ કરશે અને તેનાં ઘરો ઘુવડોથી ભરાઈ જશે; ત્યાં શાહમૃગનો વાસ થશે અને રાની બકરાં કૂદાકૂદ કરશે. 22એનાં આલીશાન મકાનોમાં અને એનાં રંગમહેલોમાં વરુ અને શિયાળવાં ભૂંકતા રહેશે. એના દિવસો ભરાઈ ગયા છે, એનો સમય પૂરો થઈ ગયો છે."

### ઈસ્રાએલ પર દેવની કૃપાદ્રષ્ટિ થશે

14 કારણકે યહોવા યાકૂબ પર દયા લાવશે અને ફરીથી તેમનો સ્વીકાર કરશે. અને તેઓને પોતાની ભૂમિ ઈસ્રાએલમાં વસાવશે; વિદેશીઓ તેઓની સાથે જોડાશે. અને તેઓ પોતાને યાકૂબના વંશજો સાથે જોડશે. 2ઘણી પ્રજાઓ તેમને તેમના પોતાના વતનમાં જવામાં સાથ આપશે, અને યહોવાની આપેલી ભૂમિમાં ઈસ્રાએલીઓએ લોકોને દાસ અને દાસીઓ તરીકે રાખશે; અને તેમને કેદ પકડનારાઓને તેઓ કેદ પકડશે અને તેમના પર અન્યાય કરનારાઓ ઉપર તેઓ રાજ્ય કરશે. 3હે ઈસ્રાએલના લોકો, યહોવા તમને તમારા કલેશથી તથા તમારા સંતાપથી અને તમે વેઠેલી સખત મજૂરીમાંથી તમને મુક્તિ આપશે.

### બાબિલના રાજા વિષે એક ગીત

4તે દિવસે તમે મહેણાં મારીને બાબિલના રાજાને કહેશો
કે, "સિતમગાર કેવો શાંતિથી પડ્યો છે," તેનો ઉગ્ર રોષ કેવો
શાંત પડ્યો છે!
5યહોવાએ તારી દુષ્ટ સત્તાને કચડી નાખીને તારા દુષ્ટ
શાસનનો અંત કર્યો છે."
6તમે તમારા ક્રોધમાં મારા લોકોનું દમન કર્યુ છે. તમે
તેઓને સતત માર્યા છે, તમે તમારા ક્રોધમાં તેમના ઉપર
ડંખીલુ શાસન કર્યુ છે તમે પ્રજાની ઉપર જુલમ ગુજારતાં
અટક્યા નથી. 7સમગ્ર વિશ્વ હવે નિરાંતે શાંતિ ભોગવે છે.
લોકો એકાએક ગીતો ગાઈ ઉઠે છે.
8ઓ બાબિલનાં રાજા, તારી દશા જોઈને સરુના વૃક્ષો અને
લબાનોનના ગંધતરુઓ આનંદમાં આવીને કહે છે, "તું કબરમાં
સૂતો ત્યારથી કોઈ કઠિયારો અમને કાપવા આવ્યો નથી!"
9પાતાળમાં રહેલા શેઓલમાં ખળભળાટ અને ઉશ્કેરાટ
મચી ગયો છે. અને તે તમે જ્યારે આવો ત્યારે તમારું સ્વાગત
કરવા માટે આતુર છે. પૃથ્વી પરના બધા રાજાઓ ના આત્માઓ
તમારું અભિવાદન કરવા પોતાના આસન પરથી ઉભા થઈ
ગયા છે."
10તેઓ બધાં તને જોઈને બોલી ઊઠે છે. "તું પણ અમારા
જેવો નબળો નીકળ્યો! અમારામાંનો એક બની ગયો!"
11તારા વૈભવનો તથા તારા ગૌરવ માટે વાગતી વીણાના
સંગીતનો અંત આવ્યો છે. તું શેઓલમાં* પહોંચી ગયો છે.
તારી પથારી અખસિયાની (કીડાની) છે અને કૃમિ જ તારું
ઓઢણ છે!
12હે તેજસ્વી તારા, પ્રભાતના પુત્ર, તું ઊંચે આકાશમાંથી
કેમ પડ્યો છે! બીજી પ્રજાઓનો નાશ કરનાર, તને કાપી
નાખીને ભોંયભેગો કરવામાં આવ્યો છે.
13તું તારા મનમાં એમ માનતો હતો કે, હું આકાશમાં ઉંચે
ચડીશ, અને પ્રચંડ નક્ષત્રો કરતાં પણ ઊંચે મારું સિંહાસન
માંડીશ, આકાશના ઘુમ્મટની ટોચે દેવોની સભાના પર્વત
ઉપર બેસીશ;
14હું વાદળોથી પણ ઉપર જઈશ અને પરાત્પર દેવ સમાન
બનીશ."
15પણ તું તો અધોલોકમાં આવી પડ્યો છે, પાતાળને તળિયે
પહોંચી ગયો છે!
16જ્યારે જે કોઈ તને જોશે તે તારા તરફ ટીકી રહેશે અને
વિચાર કરશે કે, "શું આ એ માણસ છે, જેણે પૃથ્વીને ધ્રૂજાવી
હતી, રાજ્યોને ડોલાવ્યા હતાં જેણે જગતને અરણ્ય સમાન
બનાવી દીધું હતું.
17નગરોને ખેદાનમેદાન કરી નાખ્યા હતાં. અને જેણે
કદી પોતાના કેદીઓને છોડી મૂકીને ઘેર જવા દીધા
નહોતા?
18બીજી બધી પ્રજાના રાજાઓ માનપૂર્વક પોતપોતાની
કબરમાં સૂતેલા છે.
19પણ તને તો કબર પણ મળી નથી. તારા શબને
તિરસ્કારપૂર્વક ફેંકી દેવામાં આવ્યું છે. તારું કચડાયેલું શબ,
યુદ્ધમાં વીંધાઈ ગયેલા યોદ્ધાઓથી વીંટળાઈને એક ખાડાના
ખડક તળિયે પડ્યું છે.
20તારા નામનું કોઈ સ્મારક ઊભું કરવામાં આવશે નહીં
કારણકે તેં તારા લોકોનો તેમજ તારા દેશનો નાશ કર્યો છે.
તારી ગાદી પર તારો પુત્ર આવશે નહીં, તારા જેવા કુકર્મીના
વંશજોનું નામોનિશાન પણ ન રહેવું જોઈએ.
21એમના પૂર્વજોના પાપ માટે તેમની હત્યાઓ કરો, જેથી
તેઓ ફરીથી ઊભા થઈ શકે નહીં, દેશને જીતી શકે નહીં
અને પૃથ્વીના નગરોને ફરીથી બાંધે નહીં."
22સર્વસમર્થ યહોવા કહે છે, "હું બાબિલની સામે થઈશ,
હું તેનું નામોનિશાન ભુંસી નાખીશ, એનો વંશવેલો નિર્મૂળ
કરી નાખીશ.
23"હું તેને શાહુડીનું વતન તથા પાણીના ખાબોચિયાં જેવું
બનાવી દઈશ; હું વિનાશનો સાવરણો ચલાવીશ અને બધું
સાફ કરી નાખીશ." આ સર્વસમર્થ યહોવાના વચન છે.

### દેવ આશ્શુરને પણ સજા કરશે

24સૈન્યોના દેવ યહોવા સમપૂર્વક કહે છે, "મારી યોજના
પ્રમાણે જ બધું થશે. મારી ઈચ્છા અનુસાર જ બધું બનશે.
25હું મારા દેશનાં ડુંગરો ઉપર આશ્શુરને પગ તળે રોળી તેનો
ભૂક્કો ઉડાવી દઈશ. ત્યારે તેની ઝૂંસરી મારા લોકો ઉપરેથી
ઊતરી જશે. તેનો બોજો તેમના ખભા પરથી ઊતરી જશે.
26આ યોજના સમગ્ર વિશ્વ માટે ઘડવામાં આવી છે. બધી
પ્રજાઓ સામે આ હાથ ઉગામેલો છે."
27સર્વસમર્થ યહોવાની આ યોજના છે, "અને એને કોણ
સમાપ્ત કરી શકે? તેમણે હાથ ઉગામ્યો છે, એને પાછો કોણ
વાળી શકે?"

### પલિસ્તીઓને દેવનો સંદેશ

28જ્યારે રાજા આહાઝનું અવસાન થયું તે વર્ષ દરમ્યાન
આ પ્રમાણે દૈવી વાણી સંભળાઈ.
29હે સર્વ પલિસ્તીઓ, તમને મારનારી લાઠી ભાંગી ગઈ
છે તેથી આનંદમાં નાચશો નહીં, કારણકે એક સાપમાંથી
બીજો એક વધારે ભયંકર સાપ જન્મ લે છે, અને તેમાંથી
હજી બીજો ઊડતો સાપ પેદા થાય છે. 30પરંતુ મારા ગરીબ
અને દીનદલિત લોકો રોટલો પામશે અને શાંતિથી રહેશે.
ઓ પલિસ્તીઓ! હું દુષ્કાળ મોકલી તમારા લોકોને જડમૂળથી
ઉખેડી નાખીશ. કોઈ તેમાંથી ઉગરી શકશે નહીં.
31ઓ પલિસ્તી દેશનાં નગરો, આક્રંદ કરો, ઓ પલિસ્તીઓ,
તમે સૌ ભયથી થથરી ઊઠો! કારણ ઉત્તરમાંથી તોફાનની
જેમ સૈન્ય આવે છે અને એમાં કોઈ ભાગેડુ નથી.
32બીજા દેશમાંથી આવેલા સંદેશવાહકોને શો જવાબ
આપવો? એ જ કે, યહોવાએ સિયોનની સ્થાપના કરી છે

---

**શેઓલ** શેઓલ એ જગ્યા છે જ્યાં હિબ્રુ માન્યતા પ્રમાણે બધા મૃતલોકો ત્યાં જાય છે. સામાન્ય રીતે તે સજાની જગા હોય છે એવું મનાતું નથી.

અને ત્યાં જ તેના ગરીબ અને કચડાયેલા લોકો આશ્રય
મેળવશે.

## મોઆબને ઠપકાનું વચન

15 મોઆબ વિષે દેવવાણી આર અને કીર રાતોરાત
ખેદાનમેદાન થઈ ગયાં અને મોઆબ ઉજ્જડ થયું
છે, નષ્ટ થયું છે.
2દિબોનના લોકો પર્વત પર અને ઉચ્ચસ્થાનકે રડવાને
જાય છે. મોઆબના લોકો નબો અને મેદલા માટે આક્રંદ કરે
છે. બધા જ માણસોએ શોકને લીધે માથું મૂંડાવી નાખ્યું છે,
અને દાઢી બોડાવી નાખી છે;
3બધા જ શોકની કંથા પહેરીને રસ્તા ઉપર ફરે છે. અને
છાપરે ચડીને ચોરેચૌટે આક્રંદ અને રોકકળ કરે છે, અને
પોક મૂકીને આંસુ સારે છે.
4હેશ્બોન અને એલઆલેહના લોકો પોકેપોક રડે છે; તેમનો
અવાજ યાહાસ સુધી સંભળાય છે; તેથી મોઆબના સશસ્ત્ર
યોદ્ધાઓ પણ થથરી જાય છે, તેમના છક્કા છૂટી જાય છે.
5મારું હૃદય મોઆબને માટે રૂદન કરે છે! ત્યાંના લોકો
સોઆર અને એગ્લાથ-શલીશિયા ભાગી ગયા છે. તેઓ રડતાં
રડતાં લૂહિથનો ઘાટ ચડે છે, હોરોનાયિમને રસ્તે તેઓ હૈયાફાટ
રૂદન કરે છે.
6નિમ્રીમનાં જળાશય અરણ્ય તુલ્ય થાય છે; ઘાસ સુકાઈ
ગયું છે. તૃણ સમાપ્ત થઈ ગયું છે. લીલોતરીનું નામોનિશાન
નથી.
7આથી લોકો પોતાની માલમિલ્કત અને જે કઈં સંઘરેલું
છે, તે લઈને વિલોની ખીણની સામેપાર ચાલ્યા જાય છે.
8કારણકે સીમની આસપાસ રોકળનો અવાજ પહોંચી ગયો
છે; તેના આક્રંદના પડઘા એગ્લાઈમ અને બએર-એલીમ
સુધી સંભળાય છે.
9દીમોનમાં પાણી લોહી લોહી થઈ ગયા છે, તેમ છતાં દેવ
દીમોનને માથે હજી મોટી આફત ઉતારશે; મોઆબના જે
થોડા લોકો બચી ગયા છે તેમના ઉપર એક સિંહ ત્રાટકશે.

## કૂશને ચેતવણી

16 રણમાં આવેલા સેલા નગરમાંથી મોઆબના લોકો
ડુંગર પર આવેલા યરૂશાલેમમાં વસતા દેશના
અમલદારોને માટે હલવાન મોકલો.
2પોતાના માળામાંથી હાંકી કઢાયેલા પંખીઓની જેમ
મોઆબના લોકો અર્નોન નદી પાર કરવાના માર્ગે આમતેમ
ભટકે છે.
3તેઓ યહૂદિયાના લોકોને કહે છે, "અમને સલાહ આપો,
ન્યાય કરો, મધ્યાહને તારી છાયા રાતના જેવી કર; કાઢી
મૂકેલાઓને સંતાડ; શરણાર્થીઓનો વિશ્વાસઘાત કરીશ
નહીં."
4અમને મોઆબમાંથી હાંકી કાઠવામાં આવ્યા છે, અમને
તમારે ત્યાં વસવા દો. અમારો નાશ કરનાર હાથમાંથી અમારું
રક્ષણ કરો. જ્યારે અત્યાચાર બંધ પડ્યો હશે અને અન્યાયનો
અંત આવ્યો હશે. અને દેશને પગતળે રોળી નાખનારાઓ
જ્યારે દેશમાંથી ચાલ્યા ગયા હશે
5ત્યારે દાઉદનો એક વંશજ તેના સિંહાસન ઉપર બેસસે
અને તે દયા અને નિષ્ઠાપૂર્વક રાજ્ય કરશે. તે ન્યાય અને
ધર્મની સ્થાપના કરવા સદા તત્પર રહેશે.
6યહૂદિયાના લોકો કહે છે, અમે મોઆબના ઘમંડ વિષે
સાંભળ્યું છે, કેવો ભારે ઘમંડ! તેના અભિમાન, તેના અહંકાર
તથા તેની ઉદ્ધતાઈ વિષે અમે સાંભળ્યું છે, પણ તેની બડાશો
બધી ખોટી છે.
7આથી, મોઆબીઓએ મોઆબ માટે આક્રંદ કરવું જ રહ્યું,
ભારે આફતમાં તેઓ આવી જશે. અને કીર-હરેસેથની
કિસમીસની કેક સંભારીને શોક કરશે. 8કારણ, હેશ્બોનમાં
ખેતરો કસ વગરનાં થઈ ગયા છે. સિબ્માહની દ્રાક્ષની વાડીઓ
ખેદાનમેદાન થઈ ગઈ છે. એક સમય એવો હતો જ્યારે એ
દ્રાક્ષની વાડીઓ બાલ-ગોયિમ અને યાઝેર સુધી પહોંચતી
હતી. અને ત્યાંથી ઠેઠ રણ સુધી ફેલાતી હતી; અને પશ્ચિમમાં
એની શાખાઓ સમુદ્રની સામે પાર સુધી પહોંચતી હતી.

## મોઆબ વિષે એક શોક ગીત

9"એટલે હું યાઝેરના લોકોની સાથે સિબ્માહની દ્રાક્ષકુંજો
માટે રડીશ, હે હેશ્બોન, તથા એલઆલેહ, હું તને મારાં
આંસુઓથી સિંચીશ, કારણકે તમારો પાક લણનારાઓનો
કલશોર સંભળાતો નથી,
10તમારી વાડીઓમાંથી આનંદ લોપ પામ્યા છે, દ્રાક્ષકુંજોમાં
ગીતો ગવાતા બંધ થઈ ગયા છે; આનંદના પોકાર કોઈ કરતું
નથી, કે કોઈ દ્રાક્ષારસ બનાવવા માટે દ્રાક્ષો ગૂંદતું નથી, બધા
લણનારાઓનો કલશોર શમી ગયો છે.
11આથી મારું હૃદય મોઆબને માટે વીણાની જેમ રણજણી
ઊઠે છે, અને કિર-હરેસેથને માટે મારો અંતરાત્મા કકળે છે.
12મોઆબના લોકો પર્વત પરનાં ઉચ્ચસ્થાનકોએ પ્રાર્થના
કરવા જઈ જઈને થાકી જશે તોયે કશું વળવાનું નથી."
13યહોવાએ ભૂતકાળમાં મોઆબ વિષે ઉચ્ચારેલાં વચનો
આ પ્રમાણે છે. 14અને હવે યહોવા કહે છે કે, "ત્રણ વર્ષ પૂરાં
થતાં જ મોઆબની જાહોજલાલી તુચ્છ થઈ જશે અને તેની
વસ્તી વિશાળ હોવા છતાં બહુ જ ઓછા લોકો બાકી રહેશે
અને તે પણ તુચ્છ ગણાશે; શેષ બહુ થોડો સમુદાય રહેશે તે
પણ વિસાત વગરનો રહેશે."

## ઈસ્રાએલ તથા અરામનું પતન

17 દમસ્કને લગતી દૈવીવાણી "જુઓ દમસ્ક નગર
નહીં કહેવાય એવું થઈ જશે, તે ખંડેરનો ઢગલો
થઈ જશે.
2અરામના નગરો કાયમને માટે ઉજ્જડ બની જશે, ત્યાં
ઘેટા -બકરાનાં ટોળાં નિરાંતે આવીને બેસશે અને કોઈ તેમને
હાંકી કાઢશે નહીં.
3ઈસ્રાએલના કોટકિલ્લા અને દમસ્કની રાજસત્તા જતાં
રહેશે વળી ઈસ્રાએલીઓની જાહોજલાલીની જે દશા થઈ તે

જ દશા અરામના બાકી રહેલા લોકોની થશે." સર્વસમર્થ
યહોવાના આ વચન છે.

4તે દિવસે ઈસ્રાએલમાંથી યાકૂબની જાહોજલાલી જતી
રહેશે અને ગરીબી આવી પડશે અને તેની સમૃદ્ધિ ઓસરી
જશે,

5એ લણીને અનાજ ભેગું કરી લીધેલાં ખાલી ખેતર જેવું,
થઈ જશે. તે રફાઈમની ખીણમાંના અનાજના ડૂંડા લણી
લીધેલા કોઈ ખેતર જેવું થઈ જશે.

6ફક્ત રહ્યાં ખડ્યાં થોડાં ડૂંડા ત્યાં વેરાયેલા પડ્યાં હશે.
જેમ કોઈ જેતૂનના ઝાડને હલાવ્યા પછી છેક ઉપરની ડાળી
ઉપર બે ત્રણ ફળ રહે, અથવા ગાઢા પાંદડાવાળી ડાળીએ
ચારપાંચ જેતૂન રહે, તેવું ઈસ્રાએલનું થશે એમ સૈન્યોના
દેવ યહોવાએ કહ્યું હતું.

7આખરે તેઓ પોતાના ઉત્પન્નકર્તા દેવનું સ્મરણ કરશે
અને ઈસ્રાએલના પવિત્ર યહોવાનો આદરસત્કાર કરશે. 8તે
દિવસે તેઓ મદદ માટે મૂર્તિઓ આગળ વિનંતી કરશે નહીં
તથા તેઓ પોતાના જ હાથે બનાવેલી મૂર્તિઓની પૂજા કરશે
નહીં ત્યારે તેમને અશેરા સ્તંભ અને ધૂપ વેદીઓ માટે માન
રહેશે નહીં.

9તે દિવસે તેમનાં કિલ્લેબંદીવાળાં શહેરો, ઈસ્રાએલીઓ
આવતાં હિવ્વીઓ અને અમોરીઓએ ત્યજી દીધેલાં સ્થાનો
જેવાં થઈ ગયાં હતાં તેવા થઈ જશે બધું વેરાન થઈ જશે.

10ઓ ઈસ્રાએલના લોકો, તમે તમારા ઉદ્ધારક દેવને,
ખડકની જેમ તમારું રક્ષણ કરનારને ભૂલી જઈને બીજા
દેવની પૂજા માટે બગીચા બનાવો છો.

11પણ તમે રોપો તે જ દિવસે તેને ફણગાં ફૂટે અને વાવો
તે જ સવારે તેને ફૂલ બેસે, તોયે શોકના અને અસાધ્ય
વેદનાના દિવસ આવે ત્યારે એનો ફાલ અલોપ થઈ જશે.

12સાંભળો! સમુદ્રની ગર્જના જેવી ગર્જના કરતાંય મોટી
માનવમેદનીની ગર્જના સંભળાય છે. વળી લોકોના ઘોંઘાટ!
પ્રચંડ જલરાશિના ઘૂઘવાટની જેમ ઘૂઘવાટા કરે છે.

13લોકો સાગરના મોજાના ઘૂઘવાટની જેમ ઘુઘવાટા કરે
છે. પણ દેવ તેઓને ઠપકો આપશે ને તેઓ ભાગી જશે જાણે
પર્વત ઉપર પવનથી ઊડી જતી ધૂળ; જાણે વંટોળિયા આગળ
ઘૂમરાતી ધૂળ.

14જુઓ, સવાર થતા પહેલાં તેઓ નષ્ટ થશે જોકે સંધ્યાકાળે
તો તેઓ કેર વર્તાવતા હતા! આ છે આપણને લૂંટનારાઓનું
ભાગ્ય. અને અમારી ધનસંપત્તિનું હરણ કરનારની દશા.

## કૂશને વિનાશની ચેતવણી

18 અરેરે! કૂશની નદીઓને પેલે પાર પાંખોના ફફડાટ
વાળા દેશનું દુર્ભાગ્ય! 2તે દેશ નીલનદીને માર્ગે
પાણી ઉપર સરકટના વહાણોમાં એલચીઓ મોકલે છે:

વેગવાન કાસદો, તમે એ લોકો પાસે જાઓ, જે કદાવર
અને સુંવાળી ચામડીવાળાં છે, જેનાથી દૂરનાં અને નજીકના
સૌ ડરે છે, જે બળવાન અને પરાક્રમી છે, જેના દેશની
ભૂમિને અનેક નદીઓ સીંચે છે. 3હે જગતના સર્વ રહેવાસીઓ,
ને પૃથ્વી પર રહેનારાઓ, જ્યારે યુદ્ધ માટેની મારી ધજા
પર્વત પર ઊંચી કરવામાં આવે ત્યારે ધ્યાન આપજો! જ્યારે
હું રણશિંગડું વગાડું ત્યારે સાંભળજો,

4કારણ, યહોવાએ મને આ પ્રમાણે કહ્યું છે, "ગ્રીષ્મના
બળબળતા બેઠા તડકાની જેમ, કાપણીની ઋતુંની ગરમીમાં
જામતાં ઝાકળની જેમ, હું શાંત બેઠો મારા નિવાસસ્થાનેથી
જોયા કરીશ. 5પરંતુ પછી, વેડવાની ઋતું પહેલાં, ફૂલ બેસતાં
બંધ થયાં હોય અને ફૂલની પાકી દ્રાક્ષ થવા માંડી હોય ત્યારે
ધારિયાથી ડાંખળીઓને કાપી નાખવામાં આવે છે અને વધી
ગયેલી ડાળીઓને કાપીને લઈ જાય છે. 6તેમ એ લોકોને
કાપી નાખીને પર્વત ઉપર શિકારી પંખીઓને માટે જંગલી
પશુઓને માટે મૂકી દેવામાં આવશે; અને જંગલી પક્ષી તે
પર ઉનાળો કાઢશે. અને જગતનાં સર્વ પશુઓ તે ઉપર
શિયાળો કાઢશે."

7એક પ્રજા, સૈન્યોના દેવ યહોવાના નામ ઉપર, યહોવા
માટે અર્પણો લઈને સિયોન પર્વત પરના મંદિરમાં આવશે
તેઓ ઉંચા અને સુંવાળી ચામડીવાળા લોકો છે, જેમનાથી,
દૂર અથવા નજીક રહેતા દરેક ડરે છે, અને જેની ભૂમિને
અનેક નદીઓ સીંચે છે.

## મિસરના વિનાશની ભવિષ્યવાણી

19 મિસર વિષે દૈવવાણી; જુઓ, યહોવા વેગીલા વાદળ
ઉપર સવારી કરીને મિસર આવે છે, અને મિસરની
મૂર્તિઓ તેને જોઈને ધ્રૂજવા માંડશે, અને મિસરની હિંમત
જતી રહેશે.

2દેવ કહે છે, "હું મિસરીઓને મિસરીઓ સામે ઉશ્કેરીશ,
અને તેઓ લડશે અંદરોઅંદર, પડોશીની સામે પડોશી,
શહેરની સામે શહેર અને રાજ્ય સામે રાજ્ય. 3મિસર તેને
લીધે હિંમત હારી જશે; અને હું તેની યોજના ઊંધી વાળીશ,
અને તેઓ મૂર્તિઓને, મૃતાત્માઓને, તાંત્રિકોને અને
પ્રેતાત્માઓને પ્રશ્ન પૂછશે."

4આ સર્વસમર્થ યહોવાના વચન છે., "હું મિસરીઓને
જુલમી રાજાના હાથમાં સોંપી દઈશ, જે તેમના ઉપર રાજ્ય
કરશે. 5નીલ ના પાણી સૂકાઈ જશે, નદીનાં પાણી ઓછાં
થઈને સુકાઈ જશે. 6નદીઓ ગંધ મારશે; મિસરની નહેરો
ખાલી થઈને સુકાઈ જશે; નાળાં સુકાઈ જશે. ગંધાઈ ઊઠશે,
અને બરુ અને કાશ ચીમળાઈ જશે. 7નીલ નદીને કાંઠે
આવેલી તમામ લીલોતરી અને તેની આસપાસ જે કંઈ વાવ્યું
છે તે બધું સૂકાઈ જશે. પવનમાં ઊડી જશે. અને તેનું કોઈ
નામો નિશાન નહીં રહે.

8"માછીઓ શોક કરશે, નીલમાં ગલ નાખનારાઓ આક્રંદ
કરશે. અને પાણીમાં જાળ નાખનારાઓ નાસીપાસ થશે.
9પીંજેલા શણનું કામ કરનારા તથા સુતરાઉ કાપડના વણનારા
નિરાશ થશે. 10તેણીના (મિસરના) પાયાઓ હચમચી જશે
અને બધા કામદારો નિરાશ થઈ જશે.

11"સોઆનના રાજકર્તાઓ બિલકુલ મૂર્ખ છે, ફારુનના
ડાહ્યા ગણાતા મંત્રીઓ પણ અક્કલ વગરની સલાહ આપે

છે. તેઓ ફારુન આગળ એવું કેવી રીતે કહી શકે કે, "અમે
પ્રાચીન કાળના જ્ઞાની પુરુષોના અને રાજાઓના વંશજ
છીએ?"
12ઓ હારુન, તારા એ જ્ઞાની પુરુષો ક્યાં છે? હોય તો
આગળ આવે અને સર્વસમર્થ યહોવાએ મિસરનું શું કરવા
ધાર્યુ છે તે તને જણાવે અને સમજાવે.
13સોઆનના રાજકર્તાઓ બેવકૂફ છે, નોફના રાજકર્તાઓ
ભ્રમમાં છે; મિસરના આગેવાનોએ જ દેશને ખોટે રસ્તે ચડાવ્યો
છે. 14યહોવાએ તેમની બુદ્ધિને ભમાવી છે, અને જેમ પીધેલો
માણસ ઊલટી કરતો લથડિયાં ખાય છે, તેમ તેઓએ મિસરને
તેનાં તમામ કામોમાં ખોટે રસ્તે ચડાવ્યો છે. 15કોઈપણ
વ્યક્તિ, મહત્વની કે બિન મહત્વની, તે સમયે મિસરને
બચાવી નહીં શકે.
16તે દિવસે મિસરીઓ સર્વસમર્થ યહોવાને પોતાની સામે
હાથ ઉગામતો જોઈને સ્ત્રીની જેમ ભયભીત થઈને થથરવા
લાગશે. 17યહૂદિયાનો દેશ મિસરને બિહામણો લાગશે.
સર્વસમર્થ યહોવાએ મિસરના જે હાલ કરવા ધાર્યા છે તેને
લીધે યહૂદિયાનું નામ સાંભળતાં વેંત મિસરીઓ થથરી જશે.
18તે સમયે મિસરમાં પાંચ નગરો એવાં હશે જ્યાં કનાનોની
ભાષા બોલાતી હોય
અને જ્યાં સૈન્યોના દેવ યહોવાના સોગંદ લેવાના હોય
તેમાનું એક " વિનાશનું નગર" કહેવાશે. 19તે સમયે મિસર
દેશમાં યહોવાની એક યજ્ઞવેદી હશે અને મિસરની સરહદે
યહોવાનો એક સ્તંભ હશે. 20એ મિસર દેશમાં સર્વસમર્થ
યહોવાની એંધાણી અને સાક્ષીરૂપ બની રહેશે. તેઓ જ્યારે
જુલમગારના અન્યાયથી ત્રાસીને યહોવાને ધા નાખશે ત્યારે
તેમને એક તારક તથા રક્ષક મોકલશે તે તેઓને છોડાવશે,
21યહોવા મિસરીઓને પોતાનો પરચો બતાવશે અને પછી
મિસરીઓ તેને પ્રેમ કરશે અને યહોવાને બલિદાન અર્પણો
આપીને તેની ઉપાસના કરશે અને યહોવાને વચનો આપીને
અને તેને પરિપૂર્ણ કરીને તેને પ્રસન્ન કરશે. 22યહોવા મિસર
પર ઘા કરશે. અને પછી ઘાને રૂઝવશે, મિસરીઓ યહોવા
તરફ વળશે અને તે તેમની અરજ સાંભળી તેમના ઘા રૂઝવશે.
23તે દિવસે મિસરથી આશ્શુર સુધી ધોરી માર્ગ હશે અને
આશ્શૂરના લોકો મિસર અને મિસરના લોકો આશ્શૂર આવશે
અને મિસરના અને આશ્શૂરના લોકો ભેગા પૂજા કરશે.
24તે દિવસે મિસર તથા આશ્શૂરની સાથે ત્રીજો ઈસ્રાએલ
ભળશે, તે પૃથ્વી પર આશીર્વાદ રૂપ થઈ જશે. 25સર્વસમર્થ
યહોવા તેમને એમ કહીને આશીર્વાદ આપશે કે, "મારી પ્રજા
મિસર મારા હાથનું સર્જન આશ્શૂર અને મારું પોતાનું વતન
ઈસ્રાએલ, સુખી રહો!"

## દિગંબર પ્રબોધકની એંધાણી

20 જેવર્ષમાં આશ્શૂરના રાજા સાર્ગોને મોકલેલા
સેનાધિપતિએ આશ્દોહ ઉપર ચડાઈ કરીને તેણે
એ જીતી લીધું. 2તે સમયે જ યહોવાએ આમોસના પુત્ર
યશાયાને કહ્યું હતું, "જા તેં પહેરેલા શોકના વસ્રો ઉતારી
નાખ અને તારા પગમાંથી જોડા ઉતારી નાખ." અને તેણે એ
પ્રમાણે કર્યુ હતું, અને તે નવસ્રો તથા ઉઘાડે પગે ફરવા
લાગ્યો.
3પછી આશ્દોદ જીતાયું ત્યારે યહોવાએ કહ્યું, "મારો સેવક
યશાયા ત્રણ વર્ષ પર્યંત મિસર અને કૂશની જે હાલત થવાની
છે તેની એંધાણી રૂપે વસ્ત્ર વિના ફર્યો છે. 4તેજ રીતે આશ્શુરનો
રાજા મિસરના અને કૂશના કેદીઓને જુવાનોને તેમજ વૃદ્ધોને
નવસ્રા અને ઉઘાડા પગે, તેમના કુલા દેખાતા હાંકીને લઈ
જશે જેનાથી મિસરને શરમાવું પડશે. 5જેમણે જેમણે કૂશ
અને મિસર ઉપર મદાર બાંધી બડાશ હાંકી હશે તેઓ ભોંઠા
પડશે અને લજવાશે."
6અને તે દિવસે આ કાંઠાનો રહેવાસી કહેશે કે, "જુઓ,
આપણું આશાસ્પદ, જ્યાં આશ્શૂરના રાજાના હાથમાંથી બચવા
માટે આપણે જેની મદદ લેવા દોડી ગયા હતા, તેના આ
હાલ થયા! તો આપણે હવે કેવી રીતે બચીશું?"

## બાબિલનાં વિનાશનું પુરોદર્શન

21 સમુદ્ર નજીકના વેરાન પ્રદેશને લગતી દૈવવાણી:
દક્ષિણમાં વાવંટોળિયાના સુસવાટાની જેમ,
રણમાંથી, ભયાનક પ્રદેશમાંથી સૈન્ય આવી રહ્યું છે.
2મેં એક દુ:ખદાયી સંદર્શન જોયું છે; વિશ્વાસઘાતી
છેતરતોજ જાય છે અને વિધ્વંસી વિનાશ કર્યે જ જાય છે.
કોઈ કહે છે," હે એલામ, ચઢાઈ કર! ઘેરો ઘાલ; હે માદાય!
હું બાબિલને આપેલા દુ:ખભર્યા નિ: સાસાનો અંત લાવીશ."
3તે જોઈને વેદનાથી મારા અંગો કળે છે, પ્રસુતાની પીડા
જેવી પીડા મને ઘેરી વળે છે, હું એવો બાવરો થઈ ગયો છું કે
કશું સાંભળી શકતો નથી, એવો ભયભીત થઈ ગયો છું કે
કશું જોઈ શકતો નથી. 4મારા મગજને ચક્કર આવે છે, હું
ભયથી ધ્રૂજુ છું, જે સંધ્યાને હું ઝંખતો હતો તે જ મને
ભયથી થથરાવી રહ્યો છે.
5ત્યાં જોઉં છું તો ભાણાં પીરસાઈ ગયાં છે, જાજમ પથરાઈ
ગઈ છે, "લોકો ખાય છે, પીએ છે," ત્યાં હુકમ છૂટે છે.
"સરદારો ઊઠો, યુદ્ધ માટે ઢાલોને તૈયાર કરો."
6પછી યહોવા મારા દેવે મને એમ કહ્યું કે, "જા, ચોકીદાર
ગોઠવી દે; અને એને કહે કે જે જુએ તેની ખબર કરે. 7જો તે
બબ્બેની હારમાં ઘોડેસ્વારોને આવતા જુએ, માણસોને ગધેડા
ઉપર અને ઊંટ ઉપર બેસીને આવતા જુએ તો ખૂબ ધ્યાનથી
નજર રાખે."
8પછી તે ચોકીદારે સિંહની જેમ પોકાર કર્યો, "હે યહોવા
મારા દેવ, હું આખો દિવસ ચોકીના બુરજ પર ઊભો રહું છું,
આખી રાત હું મારી જગ્યાએ ઊભો રહી ચોકી કરુ છું.
9જુઓ, આ મનુષ્યોની સવારી, બબ્બે સાથે ચાલનાર
ઘોડેસવારો આવે છે."
તેણે ઉત્તરમાં કહ્યું, "બાબિલ પડ્યું છે, પડ્યું છે; તેના
દેવોની બધી મૂર્તિઓને તેણે ભાંગી નાખીને ભોંયભેંગી
કરી છે."

10"હે મારા લોકો, તમને ઝૂડવામાં અને ઝાટકવામાં આવ્યા છે, પણ હવે સર્વસમર્થ યહોવા, ઈસ્રાએલના દેવ પાસેથી મેં જે સાંભળ્યું છે, મેં તે જ તમને જણાવ્યું છે."

### અદોમ માટે દેવનો સંદેશ

11દુમાને લગતી દૈવવાણી, મને કોઈક આદોમથી વારંવાર પૂછી રહ્યું છે, "હે ચોકીદાર, આજે રાત્રે શું બની રહ્યું છે? હે ચોકીદાર આજે રાત્રે શું બની રહ્યું છે? "

12ચોકીદારે કહ્યું, "સવાર થાય છે, ને રાત પણ, જો તમારે પૂછવું જ હોય તો પૂછો; પાછા આવો."

### અરબસ્તાન માટે દેવનો સંદેશ

13રણ પ્રદેશ વિષે દેવવાણી. ઓ દેદાનના કાફલાઓ, તમે રણ પ્રદેશના! ઝાંખરાઓ વચ્ચે રાત પસાર કરશો. 14તેમાંના રહેવાસીઓ, તરસ્યાની પાસે જળ લાવો; ભાગી આવેલાઓને સામે જઈને રોટલો આપો!

15કારણ, એ લોકો તલવારથી, તાતી તલવારથી, ખેંચેલા ધનુષથી અને ભીષણ યુદ્ધથી ભાગીને આવ્યા છે.

16પછી યહોવાએ મને એમ કહ્યું કે, "એક જ વર્ષ જે ભાડે રાખેલા મજૂરોના કામના વર્ષ પ્રમાણે ગણતરી કરેલ છે, પૂરું થતાં જ કેદારની બધી જાહોજલાલીનો અંત આવશે. 17અને કેદારના શૂરવીર ધનુર્ધારીઓમાંના થોડા જ બાકી રહેશે." આ ઈસ્રાએલના દેવ યહોવાનાં વચન છે.

### યરૂશાલેમ વિષે ભવિષ્યવાણી

22 સંદર્શન ખીણને લગતી દૈવવાણી: દરેક વ્યક્તિ ક્યાં જઈ રહી છે? તેઓ પોતાના ઘરની ટોચ પર કેમ દોડી ગયા છે?

2અરે, શોરબકોરથી ભરપૂર, ઘોંઘાટ કરનાર નગર, રંગીલા નગર, તારા નિવાસીઓ જેઓ મૃત્યુ પામ્યા છે તેઓ તલવારથી નથી મરાયા અને તેઓ યુદ્ધમાં પણ માર્યા ગયા નથી.

3તમારા સૌ સેનાપતિઓ તેઓ વધારે દૂર પહોંચે તે પહેલા તેમના શત્રુઓએ તેમને ધનુષ્ય બાણ વાપર્યા વગર પકડી પાડ્યા છે. 4એટલે હું કહું છું કે, "મને એકલો રહેવા દો, મને દુ:ખમાં રોવા દો, મારા પોતાના લોકોના વિનાશ માટે મને દિલાસો આપવાની તસ્દી ન લેશો."

5કારણકે, આ સૈન્યોના દેવ યહોવાએ મોકલેલો ભયનો, વિનાશનો અને અંધાધૂંધીનો દિવસ છે. સંદર્શનની ખીણમાં આવેલો કોટ તોડી પાડવામાં આવ્યો છે. અને મદદ માટે ઊઠેલા પોકારના પડઘા પર્વતોમાં ગાજી ઊઠ્યા છે. 6એલામના લશ્કરે બાણોથી સજ્જ થઈને ઘોડા તથા રથો તૈયાર કર્યા છે. કીરના યોદ્ધાઓએ પોતાની ઢાલો ધારણ કરી છે. 7યહૂદિયાની સૌથી રળિયામણી ખીણો રથોથી ભરાઈ ગઈ છે અને ઘોડેસ્વારો યરૂશાલેમના દરવાજા આગળ આવી ઊભા. 8યહૂદિયા રક્ષણ વગરનું નિરાધાર થઈ ગયું.

અને તે દિવસે તમે શસ્ત્રાગારમાં સંઘરેલા શસ્ત્રો તપાસી જોયાં. 9વળી તમે દાઉદનગરમાં કોટમાં પડેલાં અનેક ભંગાણોની તપાસ કરી. 10અને ત્યાર પછી તમે યરૂશાલેમનાં ઘરોની ગણતરી કરી, અને કોટનું સમારકામ કરવા માટે ઘરોને પાડી નાખ્યાં. 11અને તમે નીચલો કુંડ પાણીથી ભરી લીધો, અને પ્રાચીન પુલ ની બે દીવાલો વચ્ચે ટાંકી બનાવી પરંતુ આ બધાંનું લાંબા સમય પહેલાં નિર્માણ કરનાર અને તેનું ધ્યાન રાખનાર દેવનો તમે ન તો વિચાર કર્યો કે ન તેને સંભાર્યો.

12વળી તે દિવસે સર્વસમર્થ યહોવા દેવે તો તમને રડવાનું, છાતી કૂટવાનું, માથું મૂંડાવી શોકની કંથા પહેરવાનું કહેતા હતા,

13પરંતુ તેને બદલે તમે તો આનંદોત્સવ કર્યો,

ઢોર વધેર્યા, ઘેટાં માર્યા, માંસ ખાધું અને દ્રાક્ષારસ પીધો અને વિચાર્યુ કે, આજે ખાઈ પી લઈએ, કારણ, કાલે તો આપણે મરી જવાનું છે.

14સૈન્યોના દેવ યહોવાએ મને દર્શન આપીને વચન આપી કહ્યું "તેમના જીવન કાળ દરમ્યાન તે તેમની દુષ્ટતા ને માફ નહીં કરે." આ સૈન્યોના દેવ યહોવાના વચનો છે.

### શેબ્ના માટે દેવનો સંદેશ

15સર્વસમર્થ યહોવા મારા દેવે મને કહ્યું, "શેબ્ના, જે રાજમહેલનો કારભારી છે તેની પાસે જઈને તેને કહે કે, 16'અહીં તારે શું કામ છે, તને અહીં શો અધિકાર છે કે તેં તારે માટે પર્વત ઉપર ખડકમાં કબર ખોદાવી છે? હું તને જોરથી ઝાટકી નાખીશ.

17"હે શૂરવીર માણસ, યહોવા તને કઠોરતાથી હચમચાવવામાં જ છે. 18તે તને જરૂર દડાની જેમ લપેટીને વિશાળ પ્રદેશમાં ફેંકી દેશે અને ત્યાં તારું મૃત્યુ થશે. તારાં ભભકાદાર રથો ત્યાં જ રહેશે, તેં તારા ધણીના નામને બદનામ કર્યુ છે."

19યહોવા કહે છે, "હા, હું તને તારા પદસ્થાન ઉપરથી દૂર હાંકી કાઢીશ, ને તને તારા હોદ્દા પરથી ઉથલાવી નાખીશ. 20અને તેજ દિવસે હું મારા સેવક હિલ્કિયાના પુત્ર એલ્યાકીમને તેડાવી મંગાવીશ, 21અને તેને તારો હોદ્દાનો પોશાક આપીશ, તેને તારો કમરબંધ બાંધીશ, અને તારો અધિકાર તેને સોંપીશ. તે યરૂશાલેમના વતનીઓના અને યહૂદિયાના લોકોના પિતાને સ્થાને ગણાશે.

22"હું દાઉદના મહેલની ચાવી તેને સુપ્રત કરીશ, એને તે ઉઘાડશે તેને કોઈ બંધ નહીં કરી શકે, અને એને તે બંધ કરશે તેને કોઈ ઉઘાડી નહીં શકે. 23હું તેને મજબૂત રીતે ખોડેલા ખીલાની જેમ સ્થિરપણે સ્થાપીશ, અને તેના પિતાના કુટુંબને માટે તે ભારે ગૌરવરૂપ બની રહેશે. 24તેઓ તેના બાપના ઘરના સર્વ વૈભવ, કુટુંબ–પરિવાર, પ્યાલાં જેવા નાનાં પાત્રથી તે શિરોઈ જેવા પાત્ર સુધી, તે સર્વ તેના પર લટકાવી રાખશે.

25"અને પછી એક દિવસ તેને સ્થાને મજબૂત રીતે ખોડેલો ખીલો ઊખડી જશે. અને તેના ઉપર લટકતો બધો ભાર

ભોંયભેગો થશે અને તેના ટૂકડે ટૂકડા થઈ જશે." આ યહોવાના વચન છે.

## તૂર વિષે ભવિષ્યવાણી

23 તૂરને લગતી દેવવાણી, ઓ તાર્શીશના જહાજો, મોટેથી આક્રંદ કરો! કારણ, તૂર ખેદાનમેદાન થઈ ગયું છે; સાયપ્રસથી પાછા ફરતાં તમને આ સમાચાર મળે છે.

2હે સાગરકાંઠાના રહેવાસીઓ, "હે સિદોનના વેપારીઓ," આક્રંદ કરો. તમારા માણસો દરિયો ઓળંગી ગયા, અને સાગરોને ખેડતા હતા. 3અને શિહોરમાં ઉગાડેલા પાકથી અને નીલ નદીને કાંઠે ઉગાડેલા અનાજમાંથી લાભ પામ્યા હતાં અને અનેક રાષ્ટ્રો સાથે વેપાર કર્યો હતો.

4જરા શરમાઓ, હે સિદોનનગરી હતાશ સાગરકાંઠાનો દુર્ગ થઈને પોકારી ઊઠે છે કે,

હું એવી સ્રી જેવી છું કે જેણે ક્યારેય બાળકને જન્મ આપ્યો નથી અને જેણે છોકરાઓ મોટા કર્યા નથી કે છોકરીઓને ઉછેરી નથી.

5મિસરમાં સમાચાર પહોંચશે ત્યારે તેઓ તૂરની ખબર સાંભળીને શોકમાં ડૂબી જશે.

6હે સાગર કાંઠાના લોકો, આક્રંદ કરતાં તાર્શીશ ચાલ્યા જાઓ.

7તમારી એક વખતની આનંદી નગરીમાં હવે કેવળ વિનાશ જ રહ્યો છે. તમારો ભૂતકાળનો ઈતિહાસ કેટલો ભવ્ય હતો! તારા વતનીઓ દૂરના દેશોમાં જઈ વસ્યા હતા.

8જે તૂર બાદશાહી નગર હતું, જેના વેપારીઓ સરદારો હતા અને જેના શાહસોદાગરોની પૃથ્વીમાં સૌથી વધુ શાખ હતી તે તૂરની આવી હાલત કરવાનું કોણે વિચાર્યુ?

9આ બધી જાહોજલાલીનો ગર્વ ઉતારવા અને પૃથ્વીના સર્વ માનવંતાઓને અપમાનિત કરવા સર્વસમર્થ યહોવાએ વિચાર્યુ છે.

10હે તાર્શીશના જહાજો, તમે તમારા દેશમાં પાછા ફરો, કારણ અહીં કોઈ બંદર હવે રહ્યું નથી.

11યહોવાએ સમુદ્ર વિરુદ્ધ પોતાનો હાથ ઉગામ્યો છે; તે પૃથ્વીના સામ્રાજ્યોને ધ્રૂજાવે છે. આ મહાન વેપારી નગર અને તેના સામર્થ્યનો વિનાશ કરવા તેમણે આજ્ઞા આપી છે,

12યહોવએ કહ્યું છે, "ઓ સિદોનનગરી તારા સુખનો અંત આવ્યો છે. તારા લોકો ઉપર અન્યાય કર્યો છે; તેઓ સાયપ્રસ ચાલ્યા જશે તોયે ત્યાં પણ તેમને આરામ મળવાનો નથી."

13ખાલદીઓની ભૂમિને જુઓ આ એ રાષ્ટ્ર છે જે હવે અસ્તિત્વ ધરાવતું નથી, આશ્શુરે તેને રણના લોકો માટે વસાવ્યો; તેઓએ તેના બૂરજો ઊભા કર્યા અને એક કિલ્લો બાધ્યો. તેઓએ એનાં મહેલને ભોંયભેંગા કર્યા; અને તેનો વિનાશ કર્યો.

14ઓ સાગરખેડુ વહાણોના તાર્શીશના ખલાસીઓ, તમે આક્રંદ કરો; કારણકે તમારો કિલ્લો નાશ પામ્યો છે.

15તે વખતે એક રાજાની કારકિર્દી સુધી, 70 વર્ષ સુધી, તૂર ભૂલાઈ જશે. 70 વર્ષ પૂરાં થતાં તેની દશા પેલાં ગીતમાંની વારાંગના જેવી થશે.

16હે ભૂલાઈ ગયેલી વારાંગના, વીણ, લઈને નગરમાં ફરી વળ; મધુરા સ્વરો છેડી ગીત ઉપર ગીત ગા, જેથી લોકો તને ફરી સંભારે.

17સિત્તેર વર્ષ પૂરાં થયા પછી યહોવા તૂરની મુલાકાત લેશે, ને તૂર ફરીથી પોતાનો ધંધો શરૂ કરશે, પૃથ્વીનાં સર્વ રાજ્યો સાથે તે વેપાર કરશે. 18પણ તેની કમાણી તથા પગાર યહોવાને અર્પણ કરવામાં આવશે; ખજાનામાં તેનો સંગ્રહ કરાશે નહીં, એની કમાણીમાંથી યહોવાના ભક્તો માટે પુષ્કળ ખાવા-પીવાનું અને કપડાલત્તા ખરીદવામાં આવશે.

## પૃથ્વી સંબંધી દેવનું ન્યાયશાસન

24 જુઓ! યહોવા ભૂમિનો નાશ કરી નાખશે; તે તેનો વિનાશ કરીને તેને રસકસ વગરની બનાવશે. તે ધરતીના પડને ઉપરતળે કરી નાખે છે અને તેના પર વસતા સર્વજનને વેરવિખેર કરી નાખે છે.

2બધાની દશા સરખી થશે; યાજકો, અને લોકો, સેવકો અને ધણીઓ, દાસીઓ અને શેઠાણીઓ, ખરીદનારાઓ અને વેચનારાઓ, ઉછીનું લેનારા અને આપનારા, લેણદારો અને દેણદારો. 3સમગ્ર પૃથ્વી બિલકુલ ઉજ્જડ અને વેરાન થઈ જશે, તેને લૂંટી લેવામાં આવશે, કારણકે આ યહોવાના વચન છે. 4પૃથ્વી સૂકાઈ જાય છે અને સંકોચાઈ જાય છે, સૂકી ભૂમિ નકામી થઈ જાય છે અને ક્ષીણ થઈ જાય છે. પૃથ્વી અને આકાશ બંને ક્ષીણ થતા જાય છે.

5પૃથ્વી તેના વસનારાઓથી ભ્રષ્ટ થઈ છે, કારણકે તેમણે ઉપદેશનું ઉલ્લંઘન કર્યુ છે, અને કાયદાઓ તોડ્યાં છે. તેઓએ દેવ સાથેના પ્રાચીન કરારનો ભંગ કર્યો છે. 6આથી શાપ પૃથ્વીને ભરખી રહ્યો છે અને એમાં વસનારાઓ પોતાના ગુનાની સજા ભોગવી રહ્યા છે. આથી પૃથ્વીની વસ્તી ઘણી ઘટી ગઈ છે અને માત્ર થોડા જ બચવા પામ્યા છે.

7દ્રાક્ષના વેલા કરમાઈ ગયા છે તેથી દ્રાક્ષનો દ્રાક્ષારસ બનતો નથી, જેઓ મોજ માણતા હતા તેઓ નિસાસા નાખે છે. અને રૂદન કરે છે. 8વીણાનું સુમધુર સંગીત અને ખંજરીનો અવાજ સંભળાતો બંધ થઈ ગયો છે. આનંદના દિવસોનો અંત આવ્યો છે. 9હવે લોકો ગીત ગાતાં ગાતાં દ્રાક્ષારસ પીતા નથી, તેમને જવસુરા કડવો લાગે છે.

10નગરી ઉજ્જડ અને વેરાન થઈ ગઈ છે; બધાં ઘરો બંધ થઈ ગયાં છે કોઈ વ્યક્તિ તેમાં પ્રવેશી શકતું નથી. 11નગરમાં રસ્તાઓ પર લોકો પોકાર કરે છે, કારણ દ્રાક્ષારસ મળતો નથી. આનંદોત્સવ ઉપર અંધકારની છાયા ઊતરી છે, ધરતી પરથી આનંદને દેશવટો દેવાયો છે; 12સમગ્ર નગર ખંડેર થઈ ગયું છે; તેના દરવાજાઓ તોડી પાડવામાં આવ્યા છે.

13પૃથ્વી પરના લોકો, જાણે જૈતુન વૃક્ષને ઝૂડી નાખ્યા હોય તેવા અથવા દ્રાક્ષ ચૂંટી લીધા પછી દેખાતા દ્રાક્ષવેલા જેવા લાગે છે.

**14**પરંતુ બચી ગયેલા તે થોડા લોકો મોટા સાદે આનંદના ગીતો ગાશે. તેઓ યહોવાના મહાત્મ્યને લીધે પશ્ચિમમાં હર્ષનાદ કરશે.

**15**પૂર્વમાં જેઓ છે તેઓ પણ યહોવાના મહિમાની ઘોષણા કરશે. અને દરિયાકાંઠે રહેનારા લોકો પણ ઈસ્રાએલના યહોવા દેવની સ્તુતિ કરશે.

**16**પૃથ્વીના બધા છેડેથી આપણે "ન્યાયી એક" ની સ્તુતિ સાંભળશું પણ અફસોસ! "હું તો ક્ષીણ થતો જઉં છું, મારા માટે કોઈ આશા નથી. દગાબાજી કરનારા દગાબાજી કરે જાય છે અને દિવસે દિવસે તેઓની દગાબાજીમાં વધારો થતો જાય છે.

**17**હે પૃથ્વીવાસીઓ, તમારા માટે ભય, ખાડો અને ફાંસલો જ છે.

**18**જે ડર લાગે તેવા સમાચારથી જેઓ દૂર ભાગી જાય છે તેઓ ખાડામાં પડશે અને જે ખાડામાંથી બહાર નીકળશે તે ફાંસલામાં સપડાશે." આકાશમાંથી મૂસળધાર વરસાદ વરસશે, પૃથ્વીના પાયા હચમચી જશે.

**19**પૃથ્વીનો સંપૂર્ણ વિનાશ થશે, એમાં મોટી મોટી તિરાડો પડશે, અને ભીષણતાથી ધ્રૂજી ઊઠશે.

**20**પૃથ્વી પીધેલાની જેમ લથડિયાં ખાશે, તોફાનમાં ફસાયેલા તંબુની જેમ ઝોલા ખાશે, પૃથ્વીના પાપનો ભાર વધી ગયો છે, તેનું એવું પતન થશે કે પછીથી તે ફરીથી ઊઠી શકશે નહીં,

**21**તે દિવસે યહોવા આકાશમાંના સૈન્યોને, તથા પૃથ્વી પરના અભિમાની રાજાઓને તથા અધિકારીઓને શિક્ષા કરશે.

**22**તે સર્વને કેદીઓની જેમ એકઠાં કરવામાં આવશે અને જ્યાં સુધી તેઓનો ન્યાય કરીને શિક્ષા કરવામાં નહીં આવે ત્યાં સુધી બંદીખાનામાં કેદ કરી રાખવામાં આવશે.

**23**સર્વસમર્થ યહોવા યરૂશાલેમમાં સિયોન પર્વત ઉપર રાજા થશે અને લોકોના આગેવાનો સમક્ષ તેનો મહિમા ઝળહળી ઊઠશે. એટલે ચંદ્ર શરમનો માર્યો મોં સંતાડશે, સૂર્ય લજવાઈને ઝાંખો થઈ જશે.

### યહોવાના સ્તુતિગાન કરો

**25** ઓ યહોવા, તમે મારા દેવ છો, હું તમારા ગુણગાન ગાઈશ અને તમારા નામની સ્તુતિ કરીશ, તમે અદભૂત કાર્યો કર્યા છે; તમે લાંબા સમય પહેલાં ઘડેલી યોજનાઓ પૂરેપૂરી પાર ઊતરી છે.

**2**તમે સમૃદ્ધ નગરોને ઉજ્જડ કરો છો. તમે કિલ્લેબંધ નગરોને ખંડેરોનો ઢગ બનાવી દીધાં છે. તમે વિદેશીઓના ગઢનો વિનાશ કરી નાખ્યો છે. તેઓ તે ફરીથી બાંધશે નહીં.

**3**તેના કારણે સામર્થ્યવાન લોકો તમારી સમક્ષ ભયથી થથરશે; ક્રૂર લોકો તમને આધીન થશે અને તમારા નામનો મહિમા કરશે.

**4**પણ હે યહોવા, તડકામાં તમે નિર્ધનોનો પડછાયો છો, મુશ્કેલીઓમાં તમે દુ:ખી લોકોનો આશ્રય છો, વાવાઝોડા સામે રક્ષણ છો, તમે નિર્દય લોકો સામે તેમને આશ્રય આપો છો જેઓ શિયાળાના ધોધમાર વરસાદ જેવા છે.

**5**તે ક્રૂર લોકો સૂકા પ્રદેશમાં વાતી લૂ જેવા હતા, પરંતુ તમે ક્રૂર વિદેશીઓનો વિજય ઉન્માદ દબાવી દીધો છે જેવી રીતે વાદળની છાયા ગરમીને ઓછી કરી નાખે છે તેમ.

### પોતાના સેવકો માટે દેવનો સમારોહ

**6**સર્વસમર્થ યહોવા સિયોન પર્વત ઉપર બધા લોકો માટે મિષ્ટાનની અને ઉત્તમ પીણાની ઉજાણી તૈયાર કરશે.

**7**આ સિયોન પર્વત પર, યહોવા સમગ્ર પ્રજાઓના શોકનાં
વાદળોને દૂર કરશે અને તેમની ઉપર ફેલાયેલા દુ:ખના કફનને
દૂર કરશે; **8**તે સદાને માટે મૃત્યુને મિટાવી દેશે.યહોવા મારા
માલિક બધાનાં, આંસૂ લૂછી નાખશે, અને સમગ્ર પૃથ્વી પર
પોતાના લોકો તરફથી મળતી અપકીર્તિ લઈ જશે. આ
યહોવાના શબ્દો છે.

**9**તે દિવસે સૌ લોકો એમ કહેશે, "એ આપણો ઉદ્ધાર કરશે એવી જેને વિષે આપણે આશા સેવતા હતા તે આપણો દેવ આ છે, આપણે જેની પ્રતિક્ષા કરતા હતા તે આ યહોવા છે, અને તેણે આપણો ઉદ્ધાર કર્યો છે; માટે ચાલો, આપણે આનંદોત્સવ કરીએ."

**10**યહોવા, તેનો હાથ આ પર્વત પર ટેકવશે પરંતુ જેમ તણખલાને પગ નીચે કચડીને કચરાના ઢગલા પર ફેંકી દેવામાં આવે છે તેમ ફેંકી દેશે. અને મોઆબને પગ નીચે કચડી નાખવામાં આવશે.

**11**જેમ કોઈ તરનારો તરવા માટે પોતાના હાથથી પાણીને પાછું ધકેલે છે તેમ દેવ તેઓને પાછા હઠાવશે, તે તેઓના ઘમંડનો અને સર્વ દુષ્ટ કાર્યોનો અંત લાવશે.

**12**યહોવા મોઆબના કિલ્લાઓની ઊંચી ભીતોને તોડી પાડશે. ભોંયભેગી કરી દેશે ને ધૂળમાં મેળવી દેશે.

### ભાગ્યપરિવર્તન અને સ્તુતિગાન

**26** તે દિવસે યહૂદિયામાં લોકોના મૂખે આ ગીતો ગવાશે: અમારું નગર મજબૂત છે. અમારું રક્ષણ કરવાને માટે યહોવાએ કોટ અને કિલ્લા ચણેલા છે.

**2**દરવાજા ઉઘાડી નાખો જેથી ધર્મને માર્ગે ચાલનારી પ્રજા જે વફાદાર રહે છે તે ભલે અંદર આવે.

**3**ઓ યહોવા, જેમનાં ચિત્ત ચલિત થતાં નથી તેમને તું પૂરેપૂરી શાંતિમાં રાખે છે કારણકે તેઓ તારા ઉપર વિશ્વાસ રાખે છે.

**4**સદા યહોવા ઉપર ભરોસો રાખો, તે જ આપણો કાયમનો આધાર છે,

**5**ઊંચી ઊંચી હવેલીઓમાં વસનારાઓને તેણે નીચા નમાવ્યાં છે, તેમના ગગનચુંબી નગરને તેણે તોડી પાડીને ભોંયભેગુ કરી નાખ્યું છે. ધૂળ ચાટતું કર્યું છે.

**6**તે પગ તળે કચડાય છે, ને દીનદલિતોના પગ તળે તે રોળાય છે.

7ધર્મને માર્ગે ચલાનારનો રસ્તો સુગમ છે; તમે યહોવા એને સરળ બનાવો છો.

8અમે તમારા નિયમોને માર્ગે ચાલીએ છીએ, અને તમારી જ પ્રતિક્ષા કરીએ છીએ, તમારું નામસ્મરણ એ જ અમારા પ્રાણની એકમાત્ર ઝંખના છે.

9આખી રાત હું તમારા માટે ઉત્કંઠિત રહ્યો છું; મારા ખરા હૃદયથી આગ્રહપૂર્વક હું તમને શોધીશ; કારણકે જ્યારે તમે પૃથ્વીનો ન્યાય કરીને શિક્ષા કરો છો ત્યારે લોકો પોતાની દુષ્ટતાથી પાછા ફરે છે અને યોગ્ય માર્ગે વળે છે.

10પણ દુષ્ટ લોકો પ્રત્યે કૃપા દર્શાવાય તો પણ તેઓ નીતિમત્તા શીખતા નથી; સદાચારી લોકોથી ભરેલી આ ભૂમિમાં પણ તેઓ અધર્મ આચરે છે, અને તમારા ગૌરવનો સહેજ પણ આદર કરતા નથી.

11ઓ યહોવા , તમે તમારો હાથ ઉગામ્યો છે, પણ તમારા દુશ્મનો તે જોતા નથી, તમારા લોકો માટેનો તમારો પ્રેમ કેવો ઉગ્ર છે તેનું ભાન થતાં તેઓ લજવાય! તમારા શત્રુઓ માટે રાખી મૂકેલા અગ્નિથી તેઓને ભસ્મ કરો.

12હે યહોવા, તમે અમને મહેરબાની કરીને સુખ-શાંતિ આપો, અમારા ખોટા કાર્યો બદલ તમે અમને અત્યાર પહેલા સજા આપી દીધી છે.

### દેવ પોતાના લોકોને નવું જીવન આપશે

13ઓ અમારા દેવ યહોવા, તમારા સિવાયના બીજા હાકેમોએ અમારા ઉપર હકૂમત ચલાવી છે પણ અમે તો માત્ર તને જ સ્વીકારીએ છીએ.

14પહેલાં જેઓએ અમારી ઉપર શાસન કર્યુ હતું, તેઓ મૃત્યુ પામ્યાં અને ચાલ્યા ગયા છે; તેઓ હવે ફરીથી કદી જ પાછા આવી શકે તેમ નથી. તેમ તેઓની વિરુદ્ધ થયા અને તેઓનો નાશ કર્યો અને તેઓનું નામનિશાન પણ રહ્યું નથી.

15યહોવાની સ્તુતિ થાઓ! હે યહોવા, તમે અમારી પ્રજાની વૃદ્ધિ કરી છે, અમારા દેશના બધા જ સિમાડા વિસ્તાર્યા છે.

16હે યહોવા, તેઓના દુ:ખમાં તેઓએ તમારી શોધ કરી, જ્યારે તમે તેઓને શિક્ષા કરી ત્યારે તેઓએ તમને પ્રાર્થના કરી.

17હે યહોવા, કોઈ ગર્ભવતી સ્ત્રીનો પ્રસવકાળ આવ્યો હોય ત્યારે પ્રસુતિની વેદનામાં ચીસો પાડે છે તેવી પીડા અમને થતી તમારી સન્મુખ અમારી આ દશા થઈ હતી.

18અમે પણ સ્ત્રીની પ્રસવવેદના જેવી વેદનાથી પીડાયા પણ પરિણામ કાંઈ આવ્યું નહીં. અમારા સર્વ પ્રયત્નો છતાં, અમે જગતના લોકોને જીંદગી આપી નહોતી.

19છતાં પણ અમારી પાસે આ ખાતરી છે: "જેઓ દેવના છે તેઓ ફરીથી સજીવન થશે. તેઓના શરીરો ઊઠશે. હે ધૂળમાં રહેનારાઓ તમે જાગૃત થાઓ, ને મોટેથી હર્ષનાદ કરો; કારણકે તમારું ઝાકળ પ્રકાશનું ઝાકળ છે, તે જેમ વનસ્પતિને સજીવન કરે છે તેમ યહોવા મૃત્યુલોકમાં સૂતેલાઓને સજીવન કરશે."

### ન્યાય પુરસ્કાર અને સજા

20આવો, મારા લોકો, તમારા ઘરમાં પ્રવેશ કરો અને બારણાં વાસી દો. તમારા શત્રુઓ વિરુદ્ધ યહોવાનો રોષ ઉતરે ત્યાં સુધી થોડો સમય સંતાઈ રહો.

21જુઓ, પૃથ્વી ઉપરના સર્વ લોકોને તેમના પાપની સજા કરવા યહોવા આકાશમાંથી આવી રહ્યા છે, પૃથ્વી પોતાના ઉપર રેડાયેલું લોહી ઉઘાડું કરશે, તે પોતાના ઉપર માર્યા ગયેલાઓને ઢાંકી નહીં રાખે.

### યહોવા ઈસ્રાએલની રક્ષા કરશે.

27 તે દિવસે યહોવા પોતાની ભયાવહ અને સખત મોટી મજબૂત તલવાર વડે વેગવાન ગૂંચળીયા સાપ લિવિયાથાનને એટલે સમુદ્રના અજગરને શિક્ષા કરશે.

2તે દિવસે યહોવા પોતાની સુંદર રળિયામણી દ્રાક્ષવાટીકા વિષે ગાશે:

3"હું યહોવા મારી દ્રાક્ષાવાડીની ચોકી કરું છું, હું વારંવાર એને પાણી પાઉં છું. રખેને કોઈ એને ઈજા પહોંચાડે માટે રાતદિવસ હું એની ચોકી કરું છું.

4હું હવે દ્રાક્ષાવાડી પ્રત્યે ક્રોધિત નથી, પણ હવે અહીં જો કાંટા અને જાંખરા ઊગે તો હું તેનો સામનો કરી તેને બાળીને ભસ્મ કરી નાખીશ.

5પરંતુ જો મારી દ્રાક્ષવાડીને મારું સંરક્ષણ જોઈતું હોય તો તેને મારી સાથે સમાધાન કરવા દો, હા, તેને મારી સાથે સમાધાન કરવા દો.

6પછી એવો સમય આવશે જ્યારે ઈસ્રાએલી યાકૂબના વંશજના લોકો દ્રાક્ષના વેલાની જેમ પોતાનાં મૂળ નાખશે; તે જમીનમાં તેના દ્રાક્ષ વેલાની જેમ ફૂલશે-ફાલશે, અને સમગ્ર પૃથ્વીને ફળોથી ભરી દેશે."

7ઈસ્રાએલના શત્રુઓને યહોવાએ જેવો માર માર્યો છે. તેવો એને નથી માર્યો, શત્રુઓની જેવી હત્યા કરી છે તેવી એની નથી કરી.

8યહોવાએ પોતાના લોકોને દેશવટે મોકલીને સજા કરી હતી, ઊગમણા પવન જેવી સખત ઝાપટ મારીને તેમને હઠાવી દીધા હતા.

9પરંતુ જ્યારે ઈસ્રાએલીઓ બીજા દેવોની વેદીઓના બધા પથ્થરોને ચૂનાની માફક પીસી નાખ્યા અને એક પણ ધૂપની વેદીને અને અશેરાહ દેવીના એક પણ સ્તંભને પણ રહેવા દીધો નહીં આથી, તેમનાં પાપોનું પ્રાયશ્ચિત થશે અને તેમનાં પાપો દૂર થશે.

10તેનાં કોટવાળાં નગરો ઉજ્જડ અને ખાલી પડી રહેશે. તેના ઘરોનો ત્યાગ કરીને વેરાન બનાવી દેવામાં આવશે. તેની શેરીઓમાં ઘાસ ઊગી નીકળશે, ત્યાં વાછરડાં ચરશે, ત્યાં બેસશે ને ડાળખાં-પાંદડાં ખાશે. 11તેના વૃક્ષોની ડાળીઓ

જ્યારે સૂકાશે ત્યારે તેઓને ભાંગી નાખવામાં આવશે; અને
સ્ત્રીઓ આવીને તેમને બળતણ તરીકે વાપરશે; કારણ, એ
પ્રજા સમજણ વગરની છે.
અને તેથી એનો સર્જનહાર દેવ, એના ઉપર દયા નહીં
લાવે, એના ઉપર કૃપા નહીં કરે.
12તે દિવસે યહોવા ફ્રાંત નદીથી તે મિસરની સરહદ સુધી
ખળીમાંના અનાજને ઝૂડવાનું શરૂ કરશે. અને તમને
ઈસ્રાએલના લોકોને એકે એકને ભેગા કરશે.
13તે દિવસે મોટું રણશિંગુ ફૂંકવામાં આવશે અને જેઓ
આશ્શૂર દેશમાં ખોવાઈ ગયા હતા અથવા તો મિસર જવા
માટે ફરજ પડી હતી તેઓને યરૂશાલેમમાં યહોવાના પવિત્ર
પર્વત ઉપર તેમની ઉપાસના કરવાને પાછા એકત્ર કરવામાં
આવશે.

## ઉત્તરના રાજ્ય સમરૂનને ચેતવણી

28 એફ્રાઈમના ધનવાન લોકો અહંકારી, શરાબી અને
પૌષ્ટિક ખોરાકથી હષ્ટપુષ્ટ થયેલાં છે. પરંતુ તેઓ
જંગલી ફૂલ કે પાંદડાના હારની જેમ ક્ષીણ થઈ જશે.
2કારણકે યહોવા મારા દેવ તમારી વિરુદ્ધ આશ્શુરના મહાન
સૈન્યને મોકલશે; તે કરાના ભયંકર તોફાનની જેમ તમારા
ઉપર, વિનાશ વેરનાર વાવાઝોડાની જેમ, તોફાને ચડેલાં
ઊભરાતાં પાણીના ધસમસતા પૂરની જેમ ધસી આવશે ને
તેમને ભોંયભેગા કરીને પછાડશે.
3ઈસ્રાએલના છાકટા આગેવાનોના તુમાખીભર્યા "મુગટો"
પગ તળે રોળાશે.
4અને તેમના માથાં ઉપરનાં કરમાતાં ફૂલો જેવી તેમની
જાહોજલાલી હશે અને પૌષ્ટિક ખોરાકથી હષ્ટપુષ્ટ અને ઋતુંનાં
પહેલાં પાકેલાં અંજીર જેવી થશે, જે નજરે ચડતાં જ ચૂંટાઈને
ખવાઈ જાય છે.
5યહોવાના જે લોકો બચી ગયા હશે તેઓ માટે છેવટે
સર્વસમર્થ યહોવા પોતે "મહિમાનો મુગટ" અને "સૌંદર્યનો
તાજ થશે." 6તે ન્યાયાસન ઉપર બેસનારાઓમાં ન્યાયની
ભાવના પ્રેરશે અને દુશ્મનોથી નગરના દરવાજાઓનું રક્ષણ
કરનારાઓને બહાદુર બનાવશે. 7યાજકો અને પ્રબોધકો પણ
દ્રાક્ષારસ પીને લથડીયાં ખાય છે; દ્રાક્ષારસથી તેમના ચિત્ત
ડહોળાઈ ગયા છે, તેઓ દિવ્ય દર્શનના અર્થઘટનમાં ગોથાં
ખાય છે, ચુકાદો આપવામાં ગૂંચવાય છે. 8તેઓનાં બધાં મેજ
ઊલટીથી ભરાઈ ગયાં છે, કોઈ જગ્યા ચોખ્ખી રહેવા પામી
નથી.

## દેવ પોતાના લોકોને મદદ કરવા ઈચ્છે છે

9લોકો કહે છે, "યશાયા પોતાના મનમાં શું સમજે છે કે
આપણી સાથે આ પ્રમાણે વાત કરે? અમે શું હમણા જ
બોલતા શીખ્યા હોય એવા નાનાં બાળકો છીએ? "
10પણ તે આ પ્રમાણે સંભળાશે, "ત્સવ, લે સ્તવ,*
સ્તવ, લે સ્તવ, કવ, લેકવ, કવ, લેકવ, ઝર શામ, ઝર
શામ!"
11એટલે યહોવા તેમને પાઠ ભણાવવા વિચિત્ર ભાષા
બોલનાર વિદેશીઓને મોકલશે.
12તેણે તેઓને કહ્યું હતું કે, "અહીં વિશ્રામ છે. થાક્યા
હોય તે વિશ્રામ કરે. અહીં શાંતિ છે," પણ તેમણે કાને ન
ધર્યુ.
13તેથી હવે યહોવાના શબ્દો પણ તેમને આ પ્રમાણે
સંભળાશે, "ત્સ, લેત્સવ, સ્ત, લેસ્તવ, કવ, લેકવ, કવ, લેકવ,
કવ, લેકવ, ઝર શામ, ઝર શામ," તેથી તેઓ પોતાના રસ્તે
જવાનું રાખે, અને ઠોકર ખાઈને પાછા પડે, તૂટી પડે અને
સપડાવીને કબ્જે કરાય.

## દેવના ન્યાયથી કોઈ નથી બચી સકતું

14માટે યરૂશાલેમના લોકો ઉપર રાજ્ય કરતા ઓ ઘમંડી
માણસો, યહોવાના વચન સાંભળો! 15કારણકે તમે એમ
કહો છો કે, અમે મૃત્યુ સાથે કરાર કર્યો છે, અમે શેઓલની
સાથે સમજૂતી કરી છે; જ્યારે વિનાશનો ચાબખો વીંઝાશે
ત્યારે તે અમને સ્પર્શ કરશે નહીં, કારણકે અમે જૂઠાણાનો
આશ્રય લીધો છે અને અમારી જાતને જુઠ્ઠાણામાં છુપાવી
દીધી છે.
16તેથી યહોવા મારા દેવ કહે છે, "જુઓ, હું સિયોનમાં
પાયાનો પથ્થર મૂકું છું, જે નક્કર અને મજબૂત છે. જે
માણસ વિશ્વાસ રાખે છે તે ગભરાતો નથી.
17"હું ન્યાયની દોરી અને ધર્મનો ઓળંબો લઈ ચણતર
કરીશ, કરાંનું તોફાન તમારા જૂઠાણાના આશ્રયને ઘસડીને
લઈ જશે, અને પાણીનું પૂર તમારી સંતાઈ જવાની જગા પર
ફરી વળશે. 18ત્યારે તમારો મૃત્યુ સાથેનો કરાર રદ થશે,
અને શેઓલ સાથેની તમારી સમજૂતી ટકશે નહીં, જ્યારે
વિનાશનો ચાબખો વિંઝાશે ત્યારે તમે તેનાથી પટકાઈ
પડશો.
19"તે જેટલી વાર વિંઝાશે તેટલી વાર તે તમને પકડશે;
પ્રતિદિન સવારે રાતદિવસ તે વિંઝાશે, એના સમાચાર માત્રથી
ભય વ્યાપી જશે.
20"તમે તૈયાર કરેલી પથારી એટલી ટૂંકી છે કે તેના પર
સૂઈ શકાય નહીં; અને ઓઢવાનું એટલું સાંકડું છે કે તમને
ઢાંકી શકે નહીં."
21કારણકે તે પરાસીમના પર્વત ઉપર અને ગિબયોનની
ખીણમાં રોષે ભરાઈ ઉભો થઈ જશે, અને અસાધારણ તથા
અનોખું કાર્ય કરશે! 22એટલે હવે તમે હાંસી ઉડાવશો
નહીં. નહીં તો તમારી સાંકળો મજબૂત થઈ જશે. સૈન્યોના
દેવ યહોવાએ છોડેલી આખા દેશના વિનાશની આજ્ઞા મેં
સાંભળી છે.

---

**ત્સવ, લે સ્તવ,** શાબ્દિક રીતે "નિયમ પછી નિયમ, રેખા પછી રેખા, થોડું અહીં, થોડું ત્યાં" આ મૂળાક્ષર શિખવા માટે થઈને બાળકો માટેના ગીતના શબ્દો છે. તેનો અર્થ એ છે કે લોકોએ તેમના વિજેતાઓ સાથે બોલવા માટે નવી ભાષા શીખવી પડશે અથવા તો તેમના વિજેતા બોલશે તે વાણી તેમના માટે અર્થહીન જેવી હશે કારણ કે તેઓ તેને સમજતા નથી.

### યહોવા ન્યાયપૂર્વક સજા કરશે

23ધ્યાનથી મારા શબ્દો સાંભળો! 24શું ખેડુત ખેતર ખેડ્યા
જ કરે અને વાવણી જ ન કરે એવું બને ખરું? તે શું ચાલુ
જમીન ખોધા જ કરે છે અને રાંપડી જ ફેરવ્યા કરે છે?
25તેની જમીનની સપાટી સરખી કરીને તે તેમાં સૂવા કે જીરું
વાવતો નથી? અને ચાસમાં ઘઉં, ને નક્કી કરેલી જગ્યાએ
જવ, ને યોગ્ય ઋતુંમાં શું તે બાજરી વાવતો નથી?

26કારણકે તેને તેના દેવે શિક્ષણ આપીને યોગ્ય શિક્ષા
આપી હોય છે. 27કારણકે સૂવા ધારદાર શસ્રથી મસળાતા
નથી કે જીરા ના દાણા ઉપર ગાડાનું પૈડું ફેરવાતું નથી. સૂવા
લાકડીથી ઝુડાય છે અને જીરું ઝૂડીયાથી ઝૂડાય છે.

28ઘઉં સરળતાથી દળાય છે તેથી તે તેને સતત ઝાડ્યા
કરતો નથી અને એક વ્યક્તિ અનાજ ના દાણા ઉપર ગાડાનું
પૈડું ફેરવે છે છતાં પણ તે દાણાને તોડી નાખતો નથી. 29યહોવા
સર્વ સમર્થ અદ્ભુત છે, જેની સલાહ અદભૂત અને જેનું
શાણપણ અજબ છે.

### યરૂશાલેમ ઉપર ઝઝૂમતા સંકટના વાદળ

29 યહોવાની યજ્ઞવેદી સમી ઓ યરૂશાલેમનગરી,
તને અફસોસ! જ્યાં દાઉદે પડાવ નાખ્યો હતો તે
નગરીને અફસોસ! વર્ષ પર વર્ષ જવા દો, ઉત્સવોનું ચક્ર
ફરવા દો; 2ત્યારબાદ દેવ તારા ઉપર આફત ઉતારશે, તારે
ત્યાં શોક અને આક્રંદ વ્યાપી જશે. તું યજ્ઞવેદી જેવી લોહી
નીગળતી થઈ જશે. 3"તારી આસપાસ યહોવા છાવણીઓ
નાખશે, બુરજો બાંધી તને ઘેરો ઘાલશે અને તારી સામે
સૈન્યો ઊભા કરશે,

4તું ભોંયભેગી થઈ જશે અને ભૂમિ પર પડી પડી તું
બોલશે. તું ધૂળમાં રગદોળાશે; ત્યાં જમીનમાંથી તારો અવાજ
આવશે. તને દફનાવી દીધી છે તે ભૂમિમાંથી પ્રેતના જેવો
તારો ધીમો અવાજ આવશે."

5પણ ત્યાં તો તારા ઘાતકી શત્રુઓનું સૈન્ય ધૂળની જેમ
અને ફોતરાની જેમ ઊડી જશે. 6હું સૈન્યોનો દેવ યહોવા
ગર્જના, ધરતીકંપ અને વંટોળિયો અને અગ્નિની જવાળાઓ
મારફતે તેઓ ઉપર ઊતરી આવીશે. 7અને તું દેવની યજ્ઞવેદી
સમી એની સામે લડતી અને તને ભીંસમાં લેતી બધી
પ્રજાઓનું સૈન્ય એના બધા સરંજામ સાથે સ્વપ્નની જેમ,
રાત્રિએ દેખાતા આભાસની જેમ અલોપ થઈ જશે. 8જેમ
કોઈ ભૂખ્યો માણસ સ્વપ્નમાં આરોગે અને જાગે ત્યારે ભૂખ્યો
ને ભૂખ્યો હોય છે, અથવા કોઈ તરસ્યો માણસ સ્વપ્નમાં
પાણી પીએ પણ જાગે ત્યારે તરસ્યો ને તરસ્યો હોય છે;

તેમ તારા શત્રુઓ તારા પર ભવ્ય વિજય મેળવવાનું સ્વપ્ન
જોશે, પણ તેથી તેઓનું કાંઈ વળશે નહીં.

9શું તમે વિસ્મિત થઈ અચંબો પામો છો? શું તમે વિશ્વાસ
કરી શકતા નથી? તો પછી આગળ વધો અને આંધળા થઈ
જાઓ! તમે છાકટા થયા છો, પણ દ્રાક્ષારસથી નહીં! તમે
લથડિયાં ખાઓ છો પણ દ્રાક્ષારસને લીધે નહીં! 10કારણકે
યહોવાએ તમારા ઉપર પુષ્કળ નિદ્રાનો આત્મા રેડી દીધો
છે. તેમણે તમારા પ્રબોધકોની આંખો બંધ કરી છે. અને
દ્રષ્ટાઓનાં મગજ ઢાંકી દીધાં છે.

11બધાંય દિવ્યદર્શન તમારા માટે સિક્કો મારી બંધ કરેલા
ગ્રંથના શબ્દો જેવા થઈ ગયા છે; કોઈ વાંચી શકે એવા
વ્યક્તિને આપીને કોઈ કહે કે, આ વાંચ, તો તે કહે છે કે,
"હું નથી વાંચી શકતો, કારણ, એને સિક્કો મારી બંધ કરેલો
છે." 12અને વાંચી ન શકે એવા માણસને આપીને કહે છે કે,
આ વાંચ તો તે કહે છે કે, "મને વાંચતા નથી આવડતું."

13યહોવા મારા માલિક કહે છે, "આ લોકો મારી પાસે
આવવાની માત્ર વાતો જ કરે છે, અને કેવળ શબ્દોથી મને
માન આપે છે, પરંતુ તેમનું હૃદયતો મારાથી દૂર જ છે.
તેઓની ઉપાસના તો તેઓએ કંઠસ્થ કરેલા માનવીય હુકમો
જ છે. 14તેથી એ લોકોને મારે ફરીથી પરચો બતાવવો પડશે,
એટલે કે એમના જ્ઞાનીઓનું જ્ઞાન નાશ પામશે અને એમના
બુદ્ધિશાળી વ્યક્તિઓની બુદ્ધિનો લોપ થશે."

15જેઓ યહોવાથી પોતાની યોજનાઓ સંતાડવાનો પ્રયત્ન
કરે છે. જેઓ અંધકારમાં કામ કરે છે અને કહે છે કે, "અમને
કોણ જોનાર છે!, અમને કોણ ઓળખે છે?"

16તમે કેટલા મૂર્ખ છો! શું માટી અને કુંભાર એકજ સ્તરના
ગણાય? ઘડો કુંભારને એમ ન કહી શકે કે, "તે મને નથી
બનાવ્યો શું તું કશું સમજતો નથી."

### એક સારો સમય આવી રહ્યો છે

17થોડા જ વખતમાં લેબેનોનના ગાઢ જંગલો ખેતરો જેવા
ગણાશે અને ખેતરો ફક્ત ઝાડીઓ જેવાજ ગણાશે. 18તે દિવસે
બહેરો ગ્રંથ વંચાતો સાંભળશે અને અભેદ્ય અંધકાર દૂર થતાં
આંધળાની આંખો જોશે; 19દીનજનો અને ગરીબો ફરી
ઈસ્રાએલના પરમપવિત્ર યહોવા તરફથી મળતાં સુખ અને
આનંદ ભોગવશે.

20-21કારણ, જુલ્મીઓનો અંત આવ્યો હશે અને હાંસી
ઉડાવનાર હતો ન હતો થઈ ગયો હશે; અને બધા દુષ્કર્મો
કરવાને ટાંપી રહેનારા, જેઓ બીજાને ગુનેગાર ઠરાવવા માટે
ખોટી સાક્ષી આપનારા, ન્યાયાધીશોને લાંચ આપવાનો પ્રયત્ન
કરનારા, તથા પાયા વગરની દલીલથી નિર્દોષને ન્યાય મળતો
રોકનારા નાશ પામ્યા હશે.

22તે માટે જેણે ઈબ્રાહિમનો ઉદ્ધાર કર્યો, તે યહોવા યાકૂબના
વંશજો વિષે કહે છે કે, "તેમણે હવે કદી શરમાવું નહીં પડે,
તેમનો ચહેરો કદી ફિક્કો નહીં પડી જાય. 23કારણકે મેં જે
તેમના માટે કર્યુ છે તેને, તે તથા તેના બાળકો જોશે ત્યારે
તેઓ મારા નામનું સન્માન કરશે. તેઓ યાકૂબના પવિત્ર
દેવની સ્તુતિ કરશે અને ઈસ્રાએલના દેવનો આદર કરશે.
24જેઓ ભૂલા પડ્યા છે તેઓ જ્ઞાન પામશે અને જેઓ
બડબડાટ કરે છે તેઓ પણ શિખામણ માથે ચડાવશે."

### મિસર સાથે નિરર્થક કરાર

30 યહોવા કહે છે કે, "બંડ કરનારા ઉદંડ મારા
બાળકોને અફસોસ! તેઓ યોજનાઓ ઘડે છે છતાં

તે મારી યોજના નથી; તેઓ સંધિઓ કરે છે પણ તે મારા માન્ય કરેલી નથી. તેઓ પાપ ઉપર પાપ ખડક્યે જાય છે, પણ તેઓ મારા આત્માને અનુસરતા નથી; 2તેઓ મને પૂછયાં વીના મિસરની છાયામાં શરણું લેવા એના રાજા હારુનના રક્ષણમાં આશ્રય લેવા મિસર જવા નીકળી પડ્યા છે!

3"પણ ફારુનનો આશ્રય લેવા જતાં તેમની માત્ર ફજેતી જ થશે, અને મિસરની છાયામાં શરણું લેવાથી માનહાની જ થશે. 4જો કે તેના અમલદારો શોઆનથી લઈને હાનેસ સુધી મુસાફરી કરે છે. 5પણ તેઓ કઈ કામના નથી, જેઓ તેમના ઉપર આધાર રાખે છે તેને તેમના તરફથી માત્ર અપમાન અને અપયશ જ મળશે, મદદ નહીં."

### દેવનો સંદેશ યહૂદિયાને

6દક્ષિણના રણનાં પશુઓને લગતી દૈવવાણી; "એ એલચીઓ હાડમારી અને કષ્ટોભર્યા પ્રદેશમાં થઈને, જ્યાં સિંહો વસે છે, ઝેરી નાગ અને ઊડતા સાપ વસે છે, તેમાં થઈને ગધેડાં અને ઊંટો ઉપર લાદીને મિસરની પ્રજા માટે ભેટસોગાદો લઈ જાય છે. 7પણ એ પ્રજાથી એમને કશો લાભ થાય એમ નથી. કારણ, મિસરની સહાય મિથ્યા છે, તેની કશી વિસાત નથી; અને માટે જ મેં મિસરનું નામ "દૈવત વગરનો દૈત્ય" પાડ્યું છે.

8યહોવાએ મને કહ્યું, "હવે તું જઈને લોકોના દેખતાં એક તકતી ઉપર લખી નાખ, અને તેને ટીપણાંમા કોતરી નાખ જેથી ભવિષ્યમાં સદાને માટે એ સાક્ષી તરીકે કામ આવે,

9કારણકે તેઓ બળવાખોર લોકો અને બેવફા બાળકો છે. તેઓ યહોવાના ઉપદેશને સાંભળતા નથી." 10તેઓ દષ્ટાઓને કહે છે, "જોશો નહીં." પ્રબોધકોને કહે છે, "અમને સત્ય સંભળાવશો નહીં, અમને મીઠી મીઠી વાતો અને ભ્રામક દર્શનો વિષે કહેજો. 11રસ્તો છોડો, અમારા માર્ગમાંથી ખસી જાઓ, ઈસ્રાએલના પરમપવિત્ર દેવની વાત અમારી આગળ ન કરશો."

### યહૂદિયાને ફક્ત દેવથી મદદ મળે છે

12આથી ઈસ્રાએલના પરમપવિત્રદેવ પ્રત્યુત્તર આપે છે: "તમે આ ચેતવણીની ઉપેક્ષા કરો છો, અને અન્યાયમાં અને છળકપટમાં માનો છો અને એના ઉપર જ આધાર રાખો છો, 13એટલે જેમ ભીતમાં પહોળી ફાટ પડે છે અને તે તૂટી પડે છે અને થોડી ક્ષણોમાં જ કકડભૂસ નીચે પડે છે તેમ તમારા ઉપર અચાનક વિનાશ આવી પડશે. 14જેમ કોઈ ઘડાને જોરથી ફટકો મારે અને તેના ઝીણા ઝીણા ટુકડા થઈ જાય અને તેમાં એક પણ ટૂકડો એવો ન રહે, જેના વડે ચૂલામાંથી અંગારો અથવા ટાંકામાંથી પાણી લઈ શકાય, એવી તમારી દશા થશે."

15કારણકે ઈસ્રાએલના પવિત્ર યહોવા દેવ કહે છે, "કેવળ મારી તરફ પાછા ફરીને અને મારી વાટ જોઈને તમે બચાવ પામી શકશો. શાંત રહેવામાં અને ભરોસો રાખવામાં તમારું સામર્થ્ય રહેલું છે." પરંતુ તમારામાં આમાનું કશું નથી.

16એટલે તમે કહ્યું, "ના, અમે તો ઘોડા પર બેસીને ભાગી જઈશું." એટલે હવે તમારે ભાગવું પડશે. તમે કહ્યું, "અમે તો પવનવેગી ઘોડા ઉપર ભાગી જઈશું." એટલે હવે તમારો પીછો પકડનારાઓ પવનવેગે તમારો પીછો પકડશે. 17તેઓમાંનો એક તમારા એક હજારને ભગાડી મૂકશે! તેઓમાંના પાંચ તમને એવી રીતે વિખેરી નાંખશે કે તમારામાંથી કોઈ બે વ્યક્તિઓ ભેગી નહીં રહે. તમે દૂરના પર્વતોની ટોચ ઉપરના એકલા ધ્વજદંડની જેમ મૂઠીભર બાકી રહેશો.

18તેમ છતાં યહોવા તમારા ઉપર કૃપા કરવાની રાહ જોઈ રહ્યો છે, તમારા ઉપર દયા કરવાને તલપી રહ્યો છે; કારણકે યહોવા તો ન્યાયનો દેવ છે, તેને ભરોસે રહેનાર સર્વ આશીર્વાદિત છે.

19ઓ યરૂશાલેમમાં સિયોન પર રહેનારી પ્રજા, હવે ફરી તમારે રડવું નહીં પડે. તમારો પોકાર કાને પડતાં યહોવા જરૂર તમારા ઉપર કૃપા કરશે. ઘા સાંભળતા વેંત તે જવાબ આપશે.

### દેવ પોતાના લોકોની મદદ કરશે

20યહોવા તમને સંકટરૂપી રોટલી અને વિપત્તિરૂપી પાણી આપે છે તો પણ તમને શિક્ષણ આપવા તે તમારી સાથે રહેશે. તમે તમારી પોતાની આંખોથી તમારા શિક્ષકને જોશો. 21જ્યારે તમે આડાઅવળા જશો કે તરત જ પાછળથી એવી વાણી તમને સંભળાશે કે, "આ રહ્યો તમારો માર્ગ, તેના પર તમે ચાલો."

22જ્યારે તમે તમારી ચાંદીથી મઢેલી અને સોનાથી રસેલી મૂર્તિઓને અપવિત્ર માનીને ઉકરડાની જેમ ફેંકી દેશો અને કહેશો, અહીંથી દૂર થા.

23તમે જમીનમાં બી વાવશો તેને માટે યહોવા વરસાદ મોકલશે અને જમીન પુષ્કળ પાક આપશે; તથા તમારાં ઢોરઢાંખરાં માટે ભરપૂર ચારો મળશે. 24અને તે દિવસે તમારાં ઢોર વિશાળ ચરાઓમાં ચરશે, અને જમીનને ખેડનાર બળદો અને ગધેડાં પણ સારું સારું ખાણ ખાવા પામશે. 25શત્રુઓની હત્યાને દિવસે, જ્યારે તેમના બુરજો જમીન પર ઢળી પડતા હશે ત્યારે દરેક પર્વત અને દરેક ટેકરી ઉપર પાણીનાં ઝરણાં વહેતાં હશે.

26જે દિવસે યહોવા પોતાના લોકોના ઘા જે તેણે તેના લોકો પર કર્યા હતાં, તેને રૂઝવી દેશે તે દિવસે ચંદ્રનો પ્રકાશ સૂર્યના પ્રકાશ જેવો અને સૂર્યનો પ્રકાશ સાતગણો, સાત દિવસના પ્રકાશ જેટલો ઉજ્જવળ થઈ જશે.

27જુઓ, અહીં યહોવા પોતે સામર્થ્ય અને મહિમા સાથે દૂર દૂરથી આવે છે. તેનો ક્રોધ ભભૂકે છે, અને ધુમાડાના વાદળો ઉપર ઊડે છે. તેના હોઠો કોપથી ભરેલા છે, ને તેની જીભ બળતા અગ્નિ સરખી છે; 28તેનો શ્વાસ ગળા સુધી આવતી ધસમસતી નદી જેવો છે. તે પ્રજાઓને વિનાશની ખાઈમાં ઘસડી જાય છે. લોકોના જડબામાં, તેમને ખોટે રસ્તે દોરી જવા માટે લગામ મૂકે છે.

29પણ તમે તો ઉત્સવની રાત્રે જેમ ગીતો ગવાય છે તેમ
ગીતો ગાશો; ઈસ્રાએલના આધારરૂપ યહોવાના મંદિરની
યાત્રાએ વાંસળી વગાડતા વગાડતા યાત્રાળુઓ જતા હોય
તેમના જેવો આનંદ તમે અંતરમાં અનુભવશો.
30યહોવા પોતાનો પ્રતાપી અવાજ સૌને સંભળાવશે અને
પોતાનો પ્રચંડ કોપ સર્વભક્ષી અગ્નિની જવાળારૂપે, મૂશળધાર
વરસાદરૂપે, વાવાઝોડારૂપે અને કરારૂપે ઉતારશે. 31યહોવાના
અવાજથી આશ્શૂરના લોકો શિક્ષા પામશે. એક સમયે
યહોવાએ તે પ્રજાનો શિક્ષાની લાકડી તરીકે ઉપયોગ કર્યો
હતો. 32જ્યારે યહોવા તેઓને શિક્ષા કરશે ત્યારે યહોવાના
લોકો વાજીંત્રોના નાદ સાથે ગાયનોથી આનંદ કરશે.
33આશ્શુરના રાજાને અગ્નિદાહ દેવા માટે લાંબા સમયથી
ખાડો તૈયાર રાખવામાં આવેલો છે, એને ખોદીને ઊંડો અને
પહોળો કરેલો છે, એમાં પુષ્કળ લાકડાં ખડકેલાં છે; અને
યહોવાનો શ્વાસ ગંધકના પ્રવાહની જેમ તેને સળગાવે છે.

### "યરૂશાલેમની રક્ષા યહોવા કરશે"

31 તેઓ સહાયને માટે મિસર ચાલ્યા જાય છે, ને
ઘોડાઓ પર આધાર રાખે છે; અને રથો પુષ્કળ
હોવાથી તેમના પર ભરોસો રાખે છે, ને સવારો ઘણા સમર્થ
હોવાથી તેમના પર આધાર રાખે છે; પણ તેઓ યહોવા
ઉપર, ઈસ્રાએલના પરમપવિત્ર દેવ તરફ તેઓ દ્રષ્ટિ કરતા
નથી, કે તેની મદદ માંગતા નથી, 2તેમ છતાં યહોવા બધું
સમજે છે અને આફત લાવે છે, ને પોતાની ધમકી ફોક થવા
દેતા નથી. તે દુષ્ટોનાં સંતાનોને અને તેમને મદદ કરનારાઓને
સજા કરશે.
3મિસરીઓ પણ માણસ છે, દેવ નથી; તેમના ઘોડા પણ
હાડમાંસના બનેલા છે, અમર નથી. જ્યારે યહોવા હાથ
ઉગામશે ત્યારે મદદ કરનાર ઠોકર ખાશે અને મદદ લેનાર
પડી જશે, અને તેઓ બધા જ એકી સાથે સમાપ્ત થઈ જશે.
4કારણકે, યહોવાએ મને એમ કહ્યું છે કે, "જેમ કોઈ સિંહ
શિકાર ઉપર ઊભો રહીને ઘૂરકે છે, અને ભરવાડોનું ટોળું
તેની સામે આવે છે તોયે તેમની બૂમરાણથી તે ગભરાતો
નથી કે નથી તેમના હાકોટાથી ભાગી જતો."
તેમ હું સર્વસમર્થ યહોવા, સિયોનના પર્વત ઉપર તેને
પક્ષે લડવા ઊતરી આવીશ અને મને કોઈ રોકી શકશે નહીં.
5જે રીતે પક્ષી પોતાના બચ્ચાનું રક્ષણ કરવા માળા ઉપર
પાંખો પ્રસારે તેમ હું સર્વસમર્થ યહોવા યરૂશાલેમનું રક્ષણ
કરીશ અને તેનો મોક્ષ કરીશ.
6"ઓ ઈસ્રાએલના લોકો, તમે જેનો ભારે અપરાધ કર્યો
છે તેની પાસે પાછા આવો. 7કારણ, તે દિવસ આવી રહ્યો છે
જ્યારે તમારાંમાંનો દરેક જણ તમારા પોતાના પાપી હાથે
બનાવેલી ચાંદીની અને સોનાની મૂર્તિને ફગાવી દેશે.
8માણસની નહીં એવી તલવારથી આશ્શૂરનું પતન થશે,
માણસની નહીં હોય તેવી તલવારથી તેનો સંહાર થશે. તે
રણસંગ્રામમાંથી ભાગી જશે અને તેના જુવાનજોધ યોદ્ધાઓને
મજૂરીએ વળગાળવામાં આવશે; 9તેનો રાજા ભયને લીધે
ભાગી જશે અને તેના સરદારો એવા તો બીશે કે ધ્વજને
છોડીને નાસી જશે."
આ યહોવાના વચન છે, જેની ભઠ્ઠીનો અગ્નિ યરૂશાલેમમાં
ભડભડ બળે છે.

### ઈસ્રાએલની શાંતિ માટે અગમવાણી

32 જુઓ, એવો સમય આવશે જ્યારે રાજા ધર્મથી
રાજ્ય કરશે અને અમલદારો ન્યાયથી તેનો અમલ
ચલાવશે. 2તે લોકો ઈસ્રાએલને તોફાન અને વાવાઝોડા સામે
રક્ષણ પૂરું પાડશે. તે તેને રણમાં વહેતી નદી જેવી તાજગી
આપશે. ઈસ્રાએલ માટે તે ગરમ અને સૂકા પ્રદેશમાં શીતળ
છાંય અર્પનાર મહાન ખડક સમાન બનશે. 3પછી, જેઓ
જોઈ શકે છે તેમની આંખો બંધ નહીં થાય અને જેઓ
સાંભળી શકે છે તેમના કાન શ્રવણ કરશે. 4ઉતાવળા માણસો
જોઈ વિચારીને વર્તન કરશે, અને જે લોકો બોલતાં થોથવાય
છે તે સ્પષ્ટ બોલશે. 5ત્યારબાદ મૂર્ખને કોઈ ખાનદાન નહીં
કહે, કે ધૂર્તને કોઈ આદરપાત્ર નહીં કહે.
6કારણકે મૂર્ખ મૂર્ખની જેમ બોલે છે, અને તે મનમાં દુષ્ટ
મનસૂબા ઘડે છે. તે અધર્મ આચરે છે, યહોવા વિષે પણ
વિપરીત બોલે છે, ભૂખ્યાને ભૂખ્યું રાખે છે અને તરસ્યાને
પાણી પાતો નથી. 7અને પેલા ધૂર્તની રીત પણ દુષ્ટ હોય છે;
તે દુષ્ટ યુક્તિ પ્રયુક્તિઓ વાપરે છે, તે રંક લોકોને દુ:ભવવાનો
પ્રયત્ન કરે છે અને તેમને કાયદાના ન્યાયાલયમાં ઠગે છે.
8છતાં ભલા માણસો ભલાઈ કરવાનું ચાલુ રાખશે.

### ખરાબ સમય આવી રહ્યો છે

9એશઆરામમાં જીવન વ્યતિત કરતી સુખવાસી સ્ત્રીઓ,
ઊઠો અને મારી વાણી સાંભળો; ઓ બેદરકાર પુત્રીઓ, મારાં
વચનો ઉપર ધ્યાન આપો! 10હે સ્ત્રીઓ, અત્યારે તમને કશી
ચિંતાફિકર નથી, પણ વરસ પૂરું થતાં જ તમે ધ્રૂજી ઊઠશો,
કારણ, દ્રાક્ષની ભેગી કરવાની ઋતું પૂરી થઈ ગઈ હશે અને
તમે કઈં ભેગું કર્યું નહીં હોય.
11હે એશઆરામી સ્ત્રીઓ, કંપી ઊઠો! હે સ્ત્રીઓ, ધ્રૂજી
ઊઠો! તમારા રોજબરોજના વસ્રો દૂર કરો અને શણના કપડાં
પહેરીલો. 12પાકથી ભરપૂર એવા તમારાં ખેતરો અને ફળદાયક
દ્રાક્ષ વાડીઓ માટે તમારી દિલગીરી વ્યકત કરવા તમે
તમારી છાતી કૂટો.
13તમારી ભૂમિમાં કાંટા અને ઝાંખરા ઊગી નીકળ્યા છે.
એક વખતના આનંદભર્યા નગરો અને સુખી ઘરો માટે
આક્રંદ કરો.
14કારણ, મહેલ સૂનો પડ્યો છે અને કોલાહલભર્યું શહેર
ઉજ્જડ થઈ ગયું છે; ઘરો અને બુરજો કાયમના ખંડેર થઈ
ગયાં છે, જ્યાં ગધેડાઓ આનંદથી હરેફરે છે અને ઘેટાંબકરાં
ચરે છે.
15પરંતુ છેવટે દેવ આપણા ઉપર સ્વર્ગમાંથી ચૈતન્ય
વરસાવસે, અને ત્યારે પછી રણ પ્રદેશ ખેતીની જમીન જેવો
ફળદ્રુપ બની જશે અને ખેતર ભૂમિ જંગલ જેવી ફળદ્રુપ

બની જશે. 16ત્યારે સમગ્ર મરુભૂમિમાં અને લીલી ધરતીમાં સર્વત્ર ધર્મ અને ન્યાય વાસો કરશે, 17અને ન્યાયીપણાને પરિણામે કાયમી શાંતિ અને સુરક્ષા રહેશે. 18ત્યારે મારા લોકો શાંતિભર્યા દેશમાં અને સુરક્ષાભર્યા તંબૂઓમાં નિશ્ચિંત થઈને રહેશે.

19પરંતુ જંગલો નાશ પામશે નગરનો ધ્વંસ થશે. 20સુખી છો તમે જેઓ દરેક ઝરણાની ધારે બી વાવો છો અને તમરા બળદોને અને ગધેડાને ચરાણમાં છૂટથી ચરવા દે છે.

## યહોવાને મદદ માટે ધા

33 તું અલબત્ત, બીજાને લૂંટે છે, પણ તું લૂંટાયો નથી! તું દગાબાજી કરે છે ખરો, પણ તારી સાથે કોઈએ દગાબાજી કરી નથી! પણ જ્યારે તારી ખરાબીઓ પૂરી થશે, ત્યારે તું ખરેખર લૂંટાશે; જ્યારે તું તારી દગાબાજી નો અંત લાવીશ ત્યારે ખરેખર તારી સાથે દગાબાજી થશે.

2"ઓ યહોવા, અમારા ઉપર કૃપા કરો, અમને તમારી જ આશા છે. રોજે રોજ અમારું રક્ષણ કરો અને મુશ્કેલીના સમયે અમારી રક્ષા કરો.

3તમારી ધમકીની ગર્જના સાંભળીને લોકો નાસી જાય છે, તમારા ઊઠતાં બરાબર જ પ્રજાઓ વેરવિખેર થઈ જાય છે.

4યુદ્ધની લૂંટ, જાણે તીડ અને તીતીઘોડા ખાઈ રહ્યાં હોય તેમ ભેગી કરવામાં આવશે.

5યહોવા પરમ્મોચ્ચ સ્થાન પામ્યા છે, તે સિયોનને ન્યાય, ભલાઈ અને સદાચારનું નિવાસસ્થાન બનાવશે.

6તે પોતાની પ્રજાને સ્થિરતા તારણ, ડહાપણ અને જ્ઞાન આપશે. યહોવાનો ભય સિયોનની પ્રજાનો ખજાનો છે.

7પણ જુઓ, હમણા વીર પુરુષો મદદ માટે પોકાર કરી રહ્યા છે, અને શાંતિ કરવા ગયેલા એલચીઓ પોક મૂકીને રડે છે.

8રાજમાર્ગો ઉજ્જડ થઈ ગયા છે, કારણકે કોઈ વટેમાર્ગુ નથી, કરારોનો ભંગ કરવામાં આવ્યો છે, વચન પ્રતિબદ્ધતાને માન અપાતું નથી. નગરો ધૃણિત થઈ ગયા છે, ત્યાં લોકો વિષે કોઈ વિચારતું નથી.

9ભૂમિ આક્રંદ કરે છે, ઝૂરી મરે છે; લબાનોન ઉજ્જડ થઈ ગયું છે, શારોનની ફળદ્રુપ ભૂમિ વગડો બની ગઈ છેં અને બાશાન અને કાર્મેલના જંગલો તેમનાં પાંદડા ખેરવી નાખે છે.

10યહોવા કહે છે, "હવે હું ઉપર ઉઠીશ અને સામર્થ્ય દેખાડીશ. 11'તમે સૂકા ઘાસને ધારણ કરો છો અને તણખલાને જન્મ આપો છો. તમારો શ્વાસ જ તમને અગ્નિની જેમ ભરખી જશે. 12જેમ કાંટાઓને કાપીને અગ્નિમાં ફેંકવામાં આવે તેમ તમારા યોદ્ધાઓને પૂરેપૂરા બાળી નાખવામાં આવશે.

13"ઓ દૂર દૂર તેમ જ નજીક વસનારાઓ, મેં શું શું કર્યુ છે તે સાંભળી મારું સામર્થ્ય જાણી લો."

14સિયોનમાં પાપીઓ ધ્રૂજે છે, દુષ્ટો થથરે છે, અને પૂછે છે, "આ ભડભડતા અગ્નિમાં આપણામાંથી કોણ રહી શકે? આ સદાય બળતી જવાળામાં આપણામાંથી કોણ બચી શકે?"

15જે માણસ ધર્મને માર્ગે ચાલે છે અને સાચું બોલે છે, જે શોષણથી મળેલી લક્ષ્મીનો તિરસ્કાર કરે છે, જે લાંચને હાથથી ઝાટકી ખંખેરી નાખે છે, જે હિંસાની વાત સાંભળી કાનમાં આંગળી ઘાલે છે અને જે પાપ જોઈને આંખ મીંચી દે છે, તે. 16આ પ્રકારના સર્વ લોકો ઉચ્ચસ્થાનોમાં રહેશે. પર્વતોના ખડકો તેઓની સુરક્ષાના કિલ્લા બનશે. તેઓને ખોરાક પૂરો પાડવામાં આવશે અને તેઓને પૂરતું પાણી મળી રહેશે.

17તમે ફરીવાર રાજાને (દેવને) એક સુવિશાળ દેશ ઉપર પૂરા વૈભવપૂર્વક રાજ્ય કરતો જોવા પામશો. 18ભૂતકાળના ભયને યાદ કરીને તમે વિચારશો "ક્યાં ગયા એ કર ઉઘરાવનારા પરદેશી? ક્યાં ગયા પેલા વિદેશી જાસૂસો? 19કારણકે તેઓનો નાશ થશે; તમે સમજી શકો નહીં તેવી વિચિત્ર તોતડી બોબડી ભાષાવાળા આ ક્રોધી અને હિંસક લોકો નાશ પામશે.

## દેવ યરૂશાલેમને બચાવશે

20આપણા ઉત્સવોની નગરી યરૂશાલેમ તરફ નજર કર! ત્યાં તું સુરક્ષિત નિવાસસ્થાન જોવા પામશે, જે સ્થિર સ્થાવર તંબુ જેવું હશે, જેની ખીંટીઓ કદી ઉખેડવાની નથી, જેની દોરીઓ કદી તૂટવાની નથી. 21ત્યાં સૈન્યોના દેવ યહોવા આપણને તેની ભવ્યતા સાથે દર્શન દેશે. આપણે વિશાળ નદીઓ અને ઝરણાંઓના પ્રદેશમાં વસીશું. ત્યાં કોઈ શત્રુઓના વહાણો નહીં આવે. 22કાણરકે યહોવા આપણા ન્યાયાધીશ આપણા શાસક, અને આપણા રાજા છે; તે આપણી સંભાળ રાખશે અને આપણો બચાવ કરશે. 23શકિતશાળી વહાણોના દોરડાં ઢીલાં થઈ જશે અને તેના કૂવાસ્થંભો ભાંગી જશે, જેથી તે સઢ ફેલાવી શકશે નહીં. તેઓની સંપત્તિ દેવના લોકો દ્વારા વહેંચી લેવામાં આવશે. જેઓ અપંગ છે તેઓ પણ પોતાનો હિસ્સો પ્રાપ્ત કરશે.

24અને હવે ઈસ્રાએલના કોઈ વતનીને એવું કહેવાનો વારો નહીં આવે કે, "અમે માંદા છીએ." કારણકે યહોવા તે લોકોને તેઓના પાપની માફી આપશે.

## શત્રુઓને માથે લટકતી તલવાર

34 ઓ પૃથ્વી પરની સર્વ પ્રજાના લોકો, અહીં આવો અને સાંભળો; સમગ્ર પૃથ્વી અને તેમાં વસતાં સૌ કોઈ, સાંભળો! 2કારણકે યહોવા સર્વ પ્રજાઓ અને તેમની સેનાઓ ઉપર રોષે ભરાયો છે, અને તેણે તેમનો સંપૂર્ણ નાશ કરવાનો નિર્ધાર કર્યો છે. 3તેમના હત્યા થયેલાંઓનાં શબોને રઝડતાં મૂકી દેવામાં આવશે, અને તે ગંધાઈ ઊઠશે પછી પર્વતો ઉપરથી તેઓનું રકત વહેશે. 4આકાશના બધાં નક્ષત્રો અલોપ થઈ જશે, આકાશ ઓળિયાની જેમ સંકેલાઈ જશે, અને બધાં તારામંડળ દ્રાક્ષના વેલા પરથી પાંદડા ખરે તેમ ખરી પડશે.

5"યહોવાની તલવાર આકાશમાં ઝઝૂમી રહી છે, જુઓ,
હવે એ તલવાર યહોવાએ જેમનો નાશ કરવાનો નિર્ધાર
કર્યો છે તે અદોમના લોકો ઉપર ઊતરે છે. 6યહોવાની તલવાર
લોહીથી તરબતર અને ચરબીથી લથબથ જાણે ઘેટાં-બકરાંના
બલિના લોહીથી તરબતર અને તેમની ચરબીથી લથબથ
થઈ જશે. કારણ, યહોવાએ પાટનગર બોસ્રાહમાં યજ્ઞ માંડ્યો
છે અને અદોમમાં ભારે હત્યા શરૂ કરી છે. 7જંગલી ગોધાઓ
અને વાછરડાંઓની જેમ મહા બળવાનોનો નાશ થશે.
યુવાનો-પ્રૌઢોનો પણ નાશ થશે. તેઓની ભૂમિ લોહીથી
તરબોળ થશે અને તેની ધૂળ ચરબીથી ફળદ્રુપ થશે.

8કારણકે, એ યહોવાનો વેર વાળવાનો સમય હશે,
સિયોનના શત્રુઓ ઉપર બદલો લેવાનો સમય હશે.
9અદોમની નદીઓ સળગતાં કોલસા અને ડામરથી ભરાઇ
જશે. અને તેની માટી ગંધકની થઇ જશે; અને તેની ભૂમિ
બળતા ડામરમાં ફેરવાઈ જશે. 10અદોમના આ ન્યાયકાળનો
કદી અંત આવશે નહીં. તેનો ધુમાડો સદા ઉપર ચડ્યા કરશે.
તેની ભૂમિ પેઢી દર પેઢી અરણ્ય જેવી પડી રહેશે; અને કોઇ
પણ તેમાં નિવાસ કરશે નહીં. 11પણ ત્યાં ગીધ અને ઘુવડનો
વાસ થશે. યહોવા તેને ખેદાન-મેદાન અને વેરાન બનાવી
દેશે. 12તે જગ્યા' ખાલીપણાની ભૂમિ' કહેવાશે અને તેના
રાજા તથા અધિકારીઓ થોડા જ સમયમાં નાશ પામશે.

13તેના રાજમહેલમાં અને એના કિલ્લાઓ ઉપર કાંટા
અને ઝાંખરા ઊગી નીકળશે. ત્યાં શિયાળવાની બોડ હશે
અને ત્યાં શાહમૃગનો વાસ થશે.

14ત્યાં રાની બિલાડીઓ અને વરુઓનો ભેગા થશે અને
જંગલી બકરીઓ એકબીજાને પોકારશે; અને ત્યાં નિશાચર
રાક્ષસ આરામ કરવા આવી ભરાશે. 15ઘુવડો ત્યાં માળો
બાંધશે. ઈંડા મૂકશે અને સેવીને બચ્ચાં જન્મતા તેમને પોતાની
પાંખોમાં ભેગા કરશે. ત્યાં એક પછી એક સમડીઓ ભેગી
થશે. 16યહોવાના ગ્રંથમાં શોધીને વાંચો; અને યહોવા જે
કરવાના છે તે જુઓ. તેમાંની એકપણ વિગત તે બાકી રાખશે
નહીં, તેમાનું એક પણ પ્રાણી પોતાના સાથી વગરનું ખબર
પડશે નહીં, કારણકે યહોવા આ પ્રમાણે બોલ્યા છે અને
તેમનો આત્મા તે સર્વને સત્ય પુરવાર કરશે. 17તેમણે દરેકનો
ભાગ ચિઠ્ઠી નાખીને નક્કી કરી આપ્યો છે, તેણે પોતાને હાથે
દોરી માપીને તેમને ભૂમિનો ભાગ વહેંચી આપ્યો છે, તેઓ
સદાસર્વદા એ ભોગવશે અને પેઢી દર પેઢી તેમાં નિવાસ
કરશે.

## પાણીના ઝરણાં અને પુણ્યપંથ

35 તે દિવસોમાં મરુભૂમિ આનંદોલ્લાસથી નાચી
ઊઠશે, સૂકી તરસી ધરતી સુંદર ફૂલોથી ખીલી
ઉઠશે, આનંદોદ્ગારથી ગાજી ઊઠશે. 2તે ખીલશે અને તેને
ફૂલો આવશે અને આનંદથી ભરેલી હશે અને ગુંજતી હશે.
તેને લબાનોન પર્વતની સુંદર ભવ્યતા અને કાર્મેલ ગિરિ
તથા શારોનની લીલીછમ ધરતીનો વૈભવ પ્રાપ્ત થશે; કારણકે
યહોવા તેઓ બધાંનો મહિમા આપણા દેવની ભવ્યતા
જોશે. 3જેઓ હારેલા છે તેમને હિંમત આપો, જેઓ ડગમગી
રહ્યા છે તેઓને સ્થિર કરો, ભયભીત થયેલાઓને કહો કે,
હિંમત રાખો!' 4જેઓ ચિંતાતુર છે, "તેઓને કહો દ્રઢ થાઓ,
ડરશો નહીં; જુઓ, તમારા દેવ! તમારો ઉદ્ધાર કરવા અને
તમારા શત્રુઓને સજા કરવા આવે છે."

5પરંતુ જ્યારે તે આવશે ત્યારે અંધજનોની આંખો ઊઘડી
જશે અને બહેરાઓના કાન ખૂલી જશે. 6લૂલાં-લંગડાં
હરણાની જેમ તેઓ ઠેકડા મારશે અને મૂંગાની જીભ મોટેથી
હર્ષનાદ કરીને ગાવા માંડશે. તે વખતે મરુભુમિમાં વહેળા
વહેવા લાગશે.

7લોકો વહેળાને જોશે ધગધગતી રેતીના સરોવર બની
જશે, અને સૂકી ભૂમિના ઝરણાં બની જશે. જ્યાં શિયાળવાનો
વાસ છે તે વેરાન ભૂમિમાં ચારેબાજુ લીલોતરી ઊગી નીકળશે.
8તેમાં થઈને એક રાજમાર્ગ જતો હશે અને તે, "પવિત્ર
માર્ગ" કહેવાશે. એના ઉપર કોઈ અપવિત્ર માણસ ચાલશે
નહીં. કોઈપણ યાત્રી, એક મૂર્ખ પણ ત્યાં તે રસ્તા પર ભૂલો
પડી જશે નહીં. 9ત્યાં કોઈ સિંહ નહીં હોય કે કોઈ જંગલી
પ્રાણી ત્યાં ભટકતું નહી હોય. માત્ર ઉદ્ધાર પામેલાઓ જ
તેના પર ચાલશે.

10યહોવાએ જે લોકોની ખંડણી ચૂકવી છે તેઓ અનંતકાળ
સુધી આનંદના ગીતો ગાતાં આ માર્ગે થઈને સિયોનમાં પોતાને
ઘેર જશે. કારણકે તેઓનાં સર્વ દુ:ખો અને તેમની પાછળ
હર્ષોલ્લાસ હશે; દુ:ખ અને શોક ભાગી ગયા હશે.

## યરૂશાલેમ ઉપર આશ્શુરની સેનાનું આક્રમણ

36 હિઝિક્યા રાજાની કારકિર્દીના અમલના ચૌદમા
વર્ષે આશ્શૂરના રાજા સાન્હેરિબે યહૂદિયાના બધાં
કિલ્લેબંદી નગરો ઉપર ચડાઇ કરી તે કબ્જે કરી લીધાં.
2લાખિશથી આશ્શૂરના રાજાએ મુખ્ય સંદેશવાહકને મોટા
લશ્કર સાથે રાજા હિઝિક્યા પાસે યરૂશાલેમ મોકલ્યા, અને
તેમણે યરૂશાલેમ પહોંચીને ધોબીઘાટને રસ્તે આવતા ઉપલા
તળાવના ગરનાળા આગળ પડાવ નાખ્યો, અને રાજાને
તેડાવ્યો; 3એટલે ઈસ્રાએલના હિલ્કિયાનો પુત્ર એલ્યાકીમ
જે મહેલનો કારભારી હતો, રાજાનો મંત્રી શેબ્ના તથા
આસાફનો પુત્ર જે નોંધણીકાર હતો, યોદ્ધાહ તે બધાં સાથે
મળીને નગરની બહાર તેને મળવા ગયા.

4મુખ્ય સંદેશવાહકે તેમને કહ્યું, "જાવ હિઝિક્યાને જઈને
કહો કે, આશ્શુરના મહાન રાજાનો આ સંદેશ છે;

તને આટલો બધો આત્મવિશ્વાસ શાથી છે? 5તું શું એમ
માને છે કે, મુત્સદીગીરી અને લશ્કરી બળ માત્ર ખોખલાં
શબ્દો લઈ શકે છે? તું કોના ઉપર આધાર રાખીને મારી સામે
બળવો પોકારે છે? 6મિસર ઉપર? મિસર તો ભાંગેલું બરું છે;
જે કોઈ એનો આધાર લે છે તેના હાથ ચિરાઈ જાય છે
મિસરનો રાજા તો એવો છે જે કોઈ તેના ઉપર વિશ્વાસ રાખે
છે તેના એવા હાલ થાય છે.

7તમે કદાચ એમ કહેશો કે, "અમે તો અમારા દેવ યહોવા
ઉપર આધાર રાખીએ છીએ." પણ તમારા એ જ દેવનાં

થાનકોને અને વેદીઓને હિઝિક્યાએ જ હઠાવી દીધાં છે
અને યહૂદિયા અને યરૂશાલેમના લોકોને એમ જણાવ્યું કે,
'તમારે એક જ વેદી આગળ ઉપાસના કરવાની છે."
8જુઓ, મારા ધણી આશ્શૂરના રાજા સાથે કરાર કરી લો, હું
તમને બે હજાર ઘોડા આપવા તૈયાર છું, જો તમે એટલા
સવારો મેળવી શકતા હો તો. 9તમે એવું કેમ વિચારો છો કે
તમે મારા ધણીના નાનામાં નાના અમલદારને સુદ્ધાં હરાવી
શકશો, જ્યારેં તમે રથો અને ઘોડાઓ માટે મિસર ઉપર
આધાર રાખો છો?
10શું તમે એમ માનો છો કે હું યહોવાના કહ્યા વિના આ
ભૂમિને જીતી લેવા અહીં આવ્યો છું? યહોવાએ મને કહ્યું,
"તું જઈને તેનો નાશ કર!"
11એલ્યાકીમ, શેબ્ના અને યોઆહે વડા અમલદારને કહ્યું,
"મહેરબાની કરીને અમારી સાથે અરામીમાં બોલો. અમે એ
ભાષા સમજીએ છીએ. કોટ ઉપરના લોકોના સાંભળતાં
અમારી સાથે યહૂદિઓની ભાષામાં ના બોલશો."
12પણ સંદેશવાહકે પ્રત્યુત્તર આપ્યો, "કેવળ તું અને તારો
માલિક જ નહીં પરંતુ યરૂશાલેમમાં વસનારા દરેક વ્યક્તિ
આ સાંભળે તેવું મારા ધણી ઈચ્છે છે, કારણકે તેઓ પોતાની
વિષ્ટા ખાવા માટે અને પોતાનો પેશાબ પીવા માટે નિયત
થયેલાં છે."
13પછી સંદેશવાહકે ટટાર ઊભા રહીને ઊંચા સાદે
યહૂદિઓની ભાષામાં કહ્યું, "આશ્શુરના રાજાધિરાજનો સંદેશો
સાંભળો; 14રાજા કહે છે; હિઝિક્યાથી ભોળવાશો નહીં; એ
તમને નહીં બચાવી શકે. 15યહોવા જરૂર આપણું રક્ષણ
કરશે, આ શહેર કદી આશ્શુરના રાજાના હાથમાં જવાનું
નથી.' એમ કહીને હિઝિક્યા તમને યહોવા ઉપર આધાર
રાખવા સમજાવે તો માનશો નહીં.
16એની વાત સાંભળશો નહીં, હું આશ્શુરનો રાજા તો
એમ કહું છું કે, મારી સાથે સંધિ કરો, મારે તાબે થાઓ; તો
તમારામાંના એકેએક જણ પોતાની દ્રાક્ષની વાડીનાં અને
અંજીરીના ફળ ખાવા પામશે અને પોતાની ટાંકીનું પાણી
પીવા પામશે; 17અને છેલ્લે, હું તમને તમારા દેશ જેવા જ
એક દેશમાં મોકલી આપીશ, જ્યાં પુષ્કળ અનાજ અને દ્રાક્ષારસ
છે.
18પરંતુ સાવધ રહેજો! હિઝિક્યા તો તમને કદાચ એમ
કહીને ગેરમાર્ગે દોરે છે કે, 'યહોવા આપણું રક્ષણ કરશે.'
બીજી પ્રજાના દેવે મારા હાથમાંથી એના દેશને બચાવ્યો
છે ખરો? 19હમાથ અને આર્પાદની મેં કેવી દશા કરી હતી તે
શું તમને યાદ નથી? શું તેઓના દેવો તેઓને બચાવી શક્યા?
અને સફાર્વાઈમ તથા સમરૂનનું શું થયું? તેઓના દેવો હાલ
ક્યાં છે? 20આ બધા દેશોના દેવોમાંથી કોણે પોતાના દેશને
મારા સામર્થ્યમાંથી છોડાવ્યા છે? યહોવા યરૂશાલેમને મારા
હાથમાંથી છોડાવી શકશે એમ તમે માનો છો શું?"
21બધા લોકો મૂંગા રહ્યાં, અને એક પણ શબ્દ ઉચ્ચાર્યો
નહીં, કારણકે હિઝિક્યાએ તેઓને કહ્યું હતું કે તેઓએ
જવાબમાં કશું કહેવું નહીં,
22પછી મહેલના મુખ્ય કારભારી હિલ્કીયાના પુત્ર
એલ્યાકીમ, મંત્રી શેબ્ના અને નોંધણીકાર આસાફના પુત્ર
યોઆહએ દુ:ખના માર્યા પોતાનાં કપડાં ફાડી નાખ્યાં, અને
હિઝિક્યા પાસે જઈને સંદેશવાહકે જે કહ્યું હતું તે કહી
સંભળાવ્યું.

### યરૂશાલેમને દેવ મુક્તિ અપાવશે

37 જ્યારે હિઝિક્યા રાજાએ તે સાંભળ્યું ત્યારે તેણે
પોતાનાં કપડાં ફાડી નાખ્યાં, શોક-કંથા ઓઢી
લીધી અને પોતે યહોવાના મંદિરમાં ચાલ્યો ગયો. 2તે દરમ્યાન
તેણે પોતના મહેલના મુખ્ય કારભારી એલ્યાકીમને, મંત્રી
શેબ્નાને તેમ જ યાજકોના આગેવાનોને શોકકંથા ઓઢાડીને
આમોસના પુત્ર યશાયા પ્રબોધક પાસે મોકલ્યા.
3તેમણે જઈને કહ્યું, "હિઝિક્યાએ આ પ્રમાણે કહેવડાવ્યું
છે: આજે અમારે માટે દુ:ખનો દિવસ છે; નિરાશા અને
આપત્તિનો દિવસ છે, બાળક અવતરવાની શકિત વિનાની
સ્ત્રી જેવી અમારી દશા છે. 4આશ્શુરના રાજાના મુખ્ય
સંદેશવાહકે જીવતા દેવની મશ્કરી અને નિંદા કરી છે; યહોવા,
તમારા દેવે તે સાંભળી છે, એ શબ્દો માટે યહોવા તેમને
જરૂર શિક્ષા કરશે, ઓ યશાયા, અમે જે બચી ગયા છીએ
તેઓ માટે પ્રાર્થના કર!"
5તેથી રાજા હિઝિક્યાના મંત્રીઓ યશાયા પાસે આવ્યા.
6પછી તેણે તેમને પ્રત્યુત્તર આપ્યો. "તમારા ધણીને જઈને
કહો કે, આ યહોવાના વચન છે: 'આશ્શુરના રાજાના નોકરોને
મોઢે મારી નિંદાના જે વચનો તેં સાંભળ્યા છે તેનાથી ગભરાઈશ
નહીં. 7હું એને એવી પ્રેરણા કરવાનો છું કે એક અફવા
સાંભળી તે પોતાને દેશ પાછો ચાલ્યો જશે, અને ત્યાં હું
એનો તલવારથી વધ કરાવીશ.'"

### આશ્શુરના સૈન્યનું યરૂશાલેમ છોડી જવું

8આશ્શુરનો સંદેશવાહક પાછો ફર્યો, "ત્યારે તેને સમાચાર
મળ્યા કે, રાજા, લાખિશ છોડી જઈ લિબ્નાહ સામે લડી
રહ્યો છે એટલે તે તેને ત્યાં જઈને મળ્યો 9ત્યાં આશ્શુરના
રાજાને એવા સમાચાર મળ્યા કે કૂશનો રાજા તિર્હાકાહ
તેમની સામે લડવા આવે છે. એટલે તેણે સંદેશ
વાહકોને યહૂદિયાના રાજા હિઝિક્યા પાસે મોકલી કેવડાવ્યું,
10તું જેના પર આધાર રાખીને બેઠો છે તે તારો દેવ તને એમ
કહે છે કે:
'યરૂશાલેમ આશ્શુરના રાજાના તાબામાં જવાનું નથી.' તો
તેથી ભોળવાઈ જતો નહીં.
11આશ્શુરના રાજાઓ જ્યાં ગયા છે તેના પરિણામો શું
આવ્યા છે તે તું યાદ રાખ. કારણકે તેઓનો વિરોધ કરનાર
દરેક નો તેઓએ પૂરેપૂરો વિનાશ કરી નાખ્યો છે. શું તું માને
છે કે તું છટકી જઈશ, જ્યારે તેઓ તેમ ન કરી શક્યા?
12ગોઝાન, હારાનનાં નગરો અથવા રેસેફ અથવા તલાસ્સારમાં
રહેતા એદેનના લોકોને શું તેઓના દેવો બચાવી શક્યા? ના,
13અને હમાથના રાજા, આર્પાદના રાજા અને સફાર્વાઈમ,

હેના તથા ઈવ્વાહ નગરના રાજાઓનું શું થયું તે ભૂલી જશો નહીં.

### હિઝિક્યાની દેવને પ્રાર્થના

14હિઝિક્યાએ કાસદો પાસેથી કાગળ લઈને વાંચ્યો કે તરત
જ તેણે મંદિરમાં જઈને યહોવા સમક્ષ તેને ખુલ્લો
મુક્યો. 15પછી હિઝિક્યાએ યહોવાને આ પ્રમાણે પ્રાર્થના
કરી:

16ઓ સર્વસમર્થ યહોવા, કરૂબો પર બિરાજમાન
ઈસ્રાએલના દેવ, તમે જ પૃથ્વીના બધા રાજ્યોનો એક માત્ર
દેવ છો. તમે જ આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યુ છે. 17દેવ
યહોવા, હવે અમને કાન દઈને સાંભળો. દેવ યહોવા, આંખ
ઉઘાડીને જુઓ, સાન્હેરીબે તમારું જીવતા જાગતા દેવનું
અપમાન કરવા જે શબ્દો કહેવડાવ્યા છે તે સાંભળો.

18એ વાત સાચી છે, દેવ યહોવા, કે આશ્શુરના રાજાઓએ
સર્વ દેશોની પ્રજાઓનું નિકંદન કાઢી નાખ્યું છે. 19તેમના
દેવોને અગ્નિમાં પધરાવી દીધાં છે! પણ એ તો દેવો નહોતા,
પરંતુ માણસના હાથ વડે બનાવેલી વસ્તુ, ફક્ત લાકડા અને
પથ્થર હતા, અને તેથી તેમણે તેમનો નાશ કર્યો હતો. 20પણ
હવે, ઓ અમારા દેવ યહોવા, અમને તેમના હાથમાંથી બચાવ,
જેથી પૃથ્વીના સર્વ રાજ્યો જાણી શકે કે તમે જ એક માત્ર
દેવ છો."

### દેવનો હિઝિક્યાને જવાબ

21પછી આમોસના પુત્ર યથાયાએ હિઝિક્યા રાજાને આ
સંદેશો મોકલાવ્યો: "ઈસ્રાએલના યહોવા દેવ કહે છે કે,
આશ્શુરના રાજા સાન્હેરીબની વિરુદ્ધ કરેલી પ્રાર્થનાનો મારો
પ્રત્યુત્તર આ મુજબ છે:

22"ઓ સાન્હેરીબ, તને યરૂશાલેમ નગરી તુચ્છકારી કાઢે
છે, તારી હાંસી ઉડાવે છે, અને તારી પાછળ ગર્વથી માથું
ઉછાળે છે.

23તેં કોને મહેણું માર્યું છે! કોની નિંદા કરી છે! તેં કોની
સામે અવાજ ઉઠાવ્યો છે, ને તિરસ્કારભરી દ્રષ્ટિ કરી છે?
ઈસ્રાએલના પરમપવિત્ર યહોવા તરફ!

24તારા નોકરો મારફતે તેં મારું અપમાન કર્યુ છે; તે કહ્યું
છે કે, "મારા રથમાં બેસીને મેં મહાન પરાક્રમો કર્યા છે, હું
પર્વતોં ચઢયો છું અને તેના શિખરો ઉપર પહોચ્યો છું.
લબાનોનના ઊંચામાં ઊંચા શિખર ઉપર હું ચડ્યો છું, મેં
ઊંચામાં ઊંચા એરેજવૃક્ષોને તથા સૌથી ઉત્તમ દેવદારના
વૃક્ષોને કાપી નાખ્યા છે, મેં તેઓના ઊંચામાં ઊંચા પર્વતોને
જીતી લીધા અને તેઓના ગાઢ જંગલોમાં પહોચ્યો છું.

25મેં જીતેલી ભૂમિમાં કૂવા ખોદાવીને પરભોમના પાણી
પીધાં છે, અને મારા પગનાં તળિયાથી મેં મિસરની બધી
નદીઓને સૂકવી નાખી છે."

26'પણ શું તને ખબર નથી કે મેં ઘણા સમય અગાઉ આ
બધી યોજના બનાવી હતી? અને અત્યારે મેં એને હકીકત
બનાવી છે. મેં તારી પાસે કિલ્લેબંદીવાળાં નગરોનો નાશ
કરાવી ખંડેરોનો ગંજ ખડકાવ્યો છે.' 27ત્યાંના રહેવાસીઓ
શક્તિહીન, ભયભીત, અને હાંફળાફાંફળા બની ગયા હતા.
અને વગડાના છોડ જેવા, કુમળા ઘાસ જેવા છાપરા ઉપર
ઊગી નીકળેલા ને લૂથી બળી ગયેલા ઘાસ જેવા બની ગયા
હતા.

28પરંતુ હું જાણું છું તું ક્યારે ઉભો થાય છે, ક્યારે તું બેસી
જાય છે, ક્યારે તું બહાર જાય છે, ક્યારે તું અંદર આવે છે,
તથા તું જે કરે છે તે સર્વ હું જાણું છું અને મારી વિરુદ્ધ જે
રીતે તું રોષે ભરાયો છે તે પણ હું જાણું છું.

29કારણકે મારી વિરુદ્ધના તારા રોષ વિષે અને તારી ઉદ્ધતાઈ
વિષે મેં સાંભળ્યું છે. તેને લીધે હું તારા નાકમાં મારી કડી
તથા તારા હોઠોની વચ્ચે મારી લગામ નાખીને જે માર્ગે તું
આવ્યો છે તે જ માર્ગે તારા પોતાના દેશમાં તને પાછો દોરી
જઈશ."""

### હિઝિક્યાને યહોવાનો સંદેશ

30પછી યશાયાએ હિઝિક્યાને કહ્યું, "તારા માટે આ એંધાણી
છે, આ વર્ષે તમે આપમેળે ઊગી નીકળેલા દાણા ખાશો,
પછીના વર્ષે પહેલા વર્ષના પાકમાંથી ઉગાડેલા અનાજ ખાશો.
પણ ત્રીજા વર્ષે તમે વાવશો અને લણશો, દ્રાક્ષની વાડીઓ
કરશો અને તેના ફળ ખાશો.

31"યહૂદિયાના વંશના રહ્યાસહ્યા માણસો જેના મૂળ ઊંડા
ગયાં છે એવા છોડની જેમ ફૂલશે-ફાલશે; 32કારણ,
યરૂશાલેમમાં અને સિયોન પર્વત ઉપર કેટલાક માણસો બચી
જવા પામશે. સર્વસમર્થ યહોવાના ઉત્કટ પ્રેમને પ્રતાપે આ
બધું સિદ્ધ થશે."

33એટલે, આશ્શુરના રાજાના સંબંધમાં યહોવાની વાણી
આ મુજબ છે: "તે આ શહેરમાં પ્રવેશ નહીં કરે; તેમ તે એની
સામે બાણ પણ નહીં છોડે, ઢાલ લઈને એની સામે નહીં
આવે, તેમ એની સામે મોરચો પણ નહીં માંડે,

34એ જે રસ્તે આવ્યો તે જ રસ્તે પાછો જશે, આ શહેરમાં
તે પ્રવેશ નહીં કરે. આ હું યહોવા બોલું છું.

35મારે પોતાને માટે તેમ જ મારા સેવક દાઉદને માટે હું
આ શહેરનું રક્ષણ કરીશ અને તેને ઉગારી લઈશ."

36તે જ રાત્રે યહોવાના દૂતે આશ્શુરીઓની છાવણીમાં
જઈને 1,85,000 યોદ્ધાઓને મોતને ઘાટ ઉતાર્યા; લોકોએ
સવારે ઊઠીને જોયું તો તેઓની આગળ એ બધા મરેલા
પડ્યા હતા. 37પછી આશ્શુરનો રાજા સાન્હેરીબ પોતાના દેશ
નિનવેહ પાછો ફર્યો.

38એક દિવસ તે પોતાના દેવ નિસ્રોખના મંદિરમાં પૂજા
કરતો હતો એવામાં તેના પુત્રો આદ્રામ્મેલેખે અને શારએસેરે
તેને તલવારથી મારી નાખી અરારાટ ભાગી ગયા. તેનો પુત્ર
એસાર-હાદ્દોન તેના પછી ગાદીએ આવ્યો.

### હિઝિક્યાના આયુષ્યમાં પંદર વર્ષની વૃદ્ધિ

38 એ દિવસો દરમ્યાન રાજા હિઝિક્યા માંદો પડ્યો
અને આમોસનો પુત્ર યશાયા પ્રબોધક તેની

મુલાકાત લેવાને ગયો અને યહોવા તરફથી તેને સંદેશો આપ્યો:
"આ યહોવાના વચન છે: 'તારા કુટુંબની છેલ્લી વ્યવસ્થા
કરવી હોય તો કરી લે, કારણ, તારું મોત આવી રહ્યું છે, તું
જીવવાનો નથી.'"

2હિઝિક્યાએ ભીત તરફ મોં કરી યહોવાને આ પ્રમાણે
પ્રાર્થના કરી: 3"ઓ યહોવા, હું તમારી સાક્ષીએ એકનિષ્ઠાથી
અને સચ્ચાઈપૂર્વક જીવન વીતાવુ છું. અને તમારી નજરમાં
જે સારું હોય તે જ કરતો રહ્યો છું." પછી તે કટુતાપૂર્વક ખૂબ
રડ્યો.

4પછી યહોવાએ યશાયાને બીજો એક સંદેશો કહ્યો; 5"તું
પાછો જઈને હિઝિક્યાને કહે કે, આ તારા પિતૃ દાઉદના દેવ
યહોવાના વચન છે; 'મેં તારી પ્રાર્થના સાંભળી છે અને તારા
આંસુ જોયાં છે. હું તારા આયુષ્યમાં પંદર વર્ષ વધારી આપીશ.
6હું તને અને આ નગરને આશ્શુરના રાજાના હાથમાંથી
ઉગારી લઈશ."

7યશાયાએ કહ્યું, "યહોવાએ જે વચન કહ્યાં છે, તે તે પૂરાં
કરશે. તેની આ નિશાની છે; 8જુઓ, આહાઝના છાયાયંત્ર
પ્રમાણે એ સૂર્યના પડછાયાને દસ આંક પાછો હઠાવશે!"
અને તરત જ પડછાયો દસ આંક પાછો હઠી ગયો."

9હિઝિક્યા રાજાએ માંદગીમાંથી સાજા થયા પછી પોતાનો
અનુભવ વિષે આ ગીત લખ્યું:

10મને થયું હતું: મારા જીવનના મધ્યાહને જ મારે
શેઓલને દ્વારે જવું પડે છે, મારા આયુષ્યના શેષ વર્ષો કપાઈ
જાય છે.

11"હવે પછી કદી આ જીવલોકમાં હું યહોવાને જોવા
નહીં પામું. આ દુનિયામાં વસતા માણસને હું કદી નજરેય
નહીં ભાળું.

12મારા ડેરાંતંબૂ સમેટી લેવામાં આવ્યા છે, જેમ કાપડને
શાળ ઉપરથી કાપી નાખવામાં આવે છે તેમ, મારો
જીવનપટ કાપી નાખવામાં આવ્યો છે. સમગ્ર દિવસ દરમ્યાન
દેવ મને મારા જીવનના અંતની નજીક અને નજીક લઈ
આવે છે.

13રાત આખી મેં કલ્પાંત કર્યુ છે; જાણે સિંહોએ ફાડી મારા
ટૂકડા કર્યા હોય, સાંજ થાય ન થાય ત્યાં તો દેવ મારા
જીવનનો અંત લાવશે.

14ટિટોડીની જેમ હું ટળવળું છું, હોલાની જેમ હું આક્રંદ
કરું છું, મારી આંખ નભ તરફ જોઈ જોઈ થાકી ગઈ છે! ઓ
યહોવા મારા માલિક, હું મુશ્કેલીમાં છું તમે મને ઉગારી
લેવાનું વચન આપો."

15હું શું કહું? મારા માલિકને શું કહું? તેણે જ આ કર્યુ છે
મારો જીવ એવો ખાટો થઈ ગયો છે, ઊંઘ બિલકુલ ઊડી
ગઈ છે મારી.

16ઓ મારા માલિક, હું કેવળ તારે માટે જ જીવીશ. તેં
મને સાજો કર્યો છે અને જીવવા દીધો છે.

17મારી બધી વેદના શમી ગઈ છે, તેં મારા જીવનને
વિનાશની ગર્તામાંથી બચાવ્યું છે. તેં મારા બધાં પાપોને વિસારે
નાખી દીધાં છે.

18જેઓ પહોંચી ગયા છે મૃત્યુલોકમાં, નથી કરી શકતાં
ગુણગાન તેઓ તારા. જેઓ શેઓલમાં પહોંચી ગયા છે તેઓ
તારા વચન પર વિશ્વાસ રાખી શકતા નથી.

19હું આજે કરું છું તેમ જીવંત, હા, ફક્ત જીવંત વ્યક્તિ
સ્તુતિ કરી શકે છે તમારી. વડવાઓ પોતાની સંતતિને તેં
પાળેલા વચન અને વિશ્વાસુપણાની વાત કરે છે.

20"યહોવા મને તમે બચાવી લીધો છે, તેથી જીવનભર
અમે તારા મંદિરમહીં, વીણા વગાડતાં વગાડતાં ગીતો ગાઈશું."

21યશાયાએ કહ્યું હતું, "અંજીરીમાંથી લેપ બનાવી તેના
ગૂમડા પર લગાવો એટલે તે સાજો થશે."

22વળી હિઝિક્યાએ પૂછયું હતું, "હું યહોવાના મંદિરમાં
જઈશ તેની કઈ નિશાની યહોવા આપશે?"

## બાબિલમાંથી આવેલા કાસદો

39 આ અરસામાં બાલઅદાનનો પુત્ર મેરોદાખ–
બાલઅદાને બાબિલનો રાજા હતો. થોડા સમય
પછી તેણે હિઝિક્યા ઉપર પોતાની શુભેચ્છાઓ તથા ઉપહારો
મોકલાવ્યાં. હિઝિક્યા મરણતોલ માંદગીમાંથી સાજો થયો છે
તેવા સમાચાર તેને મળ્યા હતા. 2હિઝિક્યા ખૂબ રાજી થયો
અને તેમને પોતાનો આખો ભંડાર તેમાંના સોનું ચાંદી, સુગંધી
દ્રવ્યો અને મૂલ્યવાન તેલથી ભરેલો ખજાનો બધું જ બતાવ્યું
તેના મહેલમાં કે આખા રાજ્યમાં એવું કશું જ બાકી રહ્યું
નહોતું જે તેમને ન બતાવ્યું હોય.

3ત્યારે પ્રબોધક યશાયાએ આવીને હિઝિક્યાને પૂછયું, "તે
લોકો શું કહે છે? તેઓ ક્યાંથી આવ્યા છે?"

હિઝિક્યાએ પ્રત્યુત્તર આપ્યો, "તેઓ દૂર દૂરના દેશ
બાબિલનથી આવ્યા છે."

4યશાયાએ પૂછયું, "એ લોકોએ તારા મહેલમાં શું શું
જોયું?"

હિઝિક્યાએ કહ્યું, "એ લોકોએ મારા મહેલમાં સર્વસ્વ
જોયું છે. મારા ભંડારમાં એવું કશું જ નથી જેં મેં એમને ન
બતાવ્યું હોય."

5ત્યારે યશાયાએ કહ્યું, "સર્વસમર્થ યહોવાના વચન
સાંભળ, તે કહે છે: 6'એવો વખત આવી રહ્યો છે જ્યારે તારા
મહેલમાંનુ બધું જ, તારા વડવાઓએ આજ સુધી જે કઈં
ભેગું કર્યુ છે તે બધું જ, બાબિલ ઘસડાઈ જશે, કશું જ બાકી
નહીં રહે.' 7અને તારા પોતાના જ પુત્રોને લઈ જઈને
બાબિલના રાજાના મહેલમાં નોકરો–ખોજાઓ બનાવવામાં
આવશે."

8હિઝિક્યાએ કહ્યું, "તમે યહોવાના જે વચનો સંભળાવ્યાં
તે સારાં છે." તેણે વિચાર્યુ કે, "હું જ્યાં સુધી જીવીશ ત્યાં
સુધી તો શાંતિ અને સુરક્ષા કાયમ રહેશે ને!"

## આશ્વાસનના શબ્દો

40 તમારા દેવની આ વાણી છે: "આશ્વાસન હા, મારા
લોકોને આશ્વાસન આપો. 2યરૂશાલેમ, સાથે
સૌમ્યતાથી વાત કરો તેને જણાવો કે તેના દુ:ખના દહાડા

પૂરા થયા છે, તેના પાપનું પ્રાયશ્ચિત પૂરું થયું છે, તેણે યહોવાના હાથે તેના બધા દોષોની બમણી સજા મેળવી છે."

3કોઈનો સાદ સંભળાય છે: "મરુભૂમિમાં યહોવાને માટે રસ્તો તૈયાર કરો; આપણા દેવને માટે રણમાં સીધો અને સપાટ રાજમાર્ગ બનાવો.

4બધી ખીણોને પૂરી દો અને બધા પર્વતો અને ડુંગરોને સપાટ બનાવી દો. ખરબચડી જમીનને સરખી બનાવી દો. અને ખાડા-ટેકરાને સમથલ બનાવી દો.

5પછી યહોવાનો મહિમા પ્રગટ થશે અને સમગ્ર માનવજાત તે જોવા પામશે. આ યહોવાના મુખના વચન છે."

6એક અવાજ કહે છે, "સાદ પાડ." હું પૂછું છું, "શો સાદ પાડું?" જવાબ મળે છે, સર્વ મનુષ્ય ઘાસ જ છે, ને તેમનું સર્વ સૌદર્ય ખેતરના ફૂલ જેવું છે:

7દેવના શ્વાસથી ઘાસ ચીમળાઈ જાય છે અને ફૂલો કરમાઈ જાય છે; નાશવંત માનવી પણ તેના જેવો જ છે.

8ઘાસના તણખલાં સૂકાઈ જાય છે, ફૂલો કરમાઈ જાય છે, પણ આપણા દેવની વાણી સદા કાયમ રહે છે.

### મોક્ષ: દેવના શુભ સમાચાર

9હે સિયોનને માટે શુભ સમાચાર લાવનારા! તું પર્વતની ટોચે ચઢી જા, મોટા સાદે પોકાર કર! હે યરૂશાલેમ માટે શુભ સમાચાર લાવનારા લોકો, તમારાં અવાજ ઊંચા કરો, ગભરાશો નહીં યહૂદિયાના નગરોને કહો, "આ તમારા દેવ છે!"

10હા, મારા માલિક યહોવા દેવ તેમના પૂરા સામર્થ્ય સહિત પધારે છે, તે પોતાના મજબૂત હાથથી દરેકને પોતાના શરણે આવવા માટે દબાણ કરે છે. તે તેની પ્રજાને વળતર તરીકે પોતાની સાથે લાવે છે, અને આ પ્રજા જે તેના કામનો બદલો છે તેઓ તેની આગળ ચાલે છે.

11તે ગોવાળની જેમ પોતાના ટોળાંનું પાલન કરે છે; તે પોતના હાથમાં હલવાનોને ઊંચકી લેશે અને વિયાએલી ઘેટીઓને હળવે હળવે દોરી જશે.

### દેવે દુનિયા બનાવી તે તેનો શાસનકર્તા છે

12સમુદ્રના જળને ખોબામાં લઈને કોણે માપ્યાં છે અને આકાશને કોણે પોતાના વેંતથી માપ્યું છે? સમગ્ર પૃથ્વીનું તથા પર્વતો અને ટેકરીઓનું વજન ત્રાજવાના પલ્લામાં કોણે તોળ્યું છે?

13યહોવાના આત્માનો તાગ કોણે મેળવ્યો છે? કોણે તેમને સલાહ આપી છે?

14કોણ તેમને શીખવી શકે કે સલાહ આપી શકે?

શું તેમને કોઈ વ્યકિત સલાહ આપે તે ઉચિત છે? શું યોગ્ય છે અને શ્રેષ્ઠ શું છે તે જાણવા કોઈના સૂચનની શું તેમન જરૂર છે?

15અરે, એમને મન પ્રજાઓ તો ડોલમાંથી ટપકતાં પાણીના ટીપા સમાન છે, ત્રાજવાને ચોંટેલી રજ બરાબર છે. ટાપુઓ ધૂળના કણ જેવા હલકા છે.

16આખો લબાનોન પર્વત એના યજ્ઞ માટે પૂરતાં લાકડાં કે હોમવા માટે પુરતાં પશુઓ પૂરાં પાડી શકે એમ નથી. 17તેમની આગળ બધી પ્રજાઓ કશી વિસાતમાં નથી, તેમને મન એ બધી નહિવત, શૂન્યવત છે.

### દેવ શું છે લોકો કલ્પના પણ નથી કરી શકતા

18તમે દેવની તુલના શાની સાથે કરશો? તમે તેમનું વર્ણન કઈ રીતે કરી શકશો?

19શું મૂર્તિની સાથે? મૂર્તિને તો કારીગર ઢાળે છે, સોની સોનાના પતરાથી મઢે છે અને રૂપાના હાર ચઢાવે છે,

20નિર્ધન માણસ તેના અર્પણ તરીકે લાકડું પસંદ કરે છે તે સડતું નથી પછી તે કુશળ કારીગર પાસે એવી મૂર્તિ બનાવડાવે છે જે પોતાની જગ્યાએથી પડે નહીં કે હાલી પણ શકે નહી.

21શું તમે અજ્ઞાત છો? તમે સાંભળ્યું નથી? તમને અગાઉથી કહ્યું નહોતું? પૃથ્વીનો પાયો કોણે નાખ્યો એ તમને ખબર નથી?

22એ તો સૃષ્ટિના નભોમંડળ ઉપર બિરાજમાન એવા દેવ છે. અને ત્યાંથી તો પૃથ્વી ઉપરના લોકો ક્ષુદ્ર કીડી જેવા લાગે છે! તેમણે આકાશને ચંદરવાની જેમ ફેલાવ્યું છે, અને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે.

23તે જગતનો ન્યાય કરે છે, તે ભલભલા મોટાને વિસાત વિનાના કરી દે છે અને જગતના રાજકર્તાઓને શૂન્યમાં મેળવી દે છે.

24હજી હમણાંજ માંડ રોપાયા હોય. માંડ વવાયા હોય. માંડ તેમણે ધરતીમાં મૂળ નાખ્યાં હોય, ત્યાં તો તેમના ઉપર તેઓ ફૂંક મારે છે અને તેઓ કરમાઈ જાય છે; વાવાઝોડું આવી તેમને તરણાંની જેમ ઘસડી જાય છે.

25પછી પવિત્ર યહોવા પૂછે છે, "તમે મારી સરખામણી કોની સાથે કરશો? મારી બરોબરી કોણ કરી શકે છે?"

26આકાશ તરફ દ્રષ્ટિ કરો અને વિચારો કે એ બધાં ગ્રહનક્ષત્રોને કોણે સર્જ્યા છે? જે તેમને લશ્કરની જેમ ગણી ગણીને લઈ આવે છે અને એ બધાંને નામ દઈને બોલાવે છે તેનું સામર્થ્ય એટલું પ્રચંડ છે, તેની શકિત એટલી પ્રબળ છે કે તેમાંનું કોઈપણ હાજર થયા વગર રહેતું નથી."

27તો પછી હે યાકૂબ તું શા માટે ફરિયાદ કરે છે, ઓ ઈસ્રાએલ! તું શા માટે કહે છે કે, "મારી હાલતની યહોવાને ખબર નથી, હું ન્યાય માગું છું તેના પર એ ધ્યાન આપતા નથી?"

28શું તમે હજુ પણ સમજતાં નથી? હજુ પણ તમે એ જાણી શક્યા નથી કે યહોવા સાશ્વત દેવ છે તે આ વિશાળ વિશ્વના સર્જનહાર છે, એ કદી થાકતા નથી કે હારતા નથી; તેના જ્ઞાનનો તાગ કોઈ પામી શકે તેમ નથી

29તે થાકેલા તથા નિર્ગત થયેલાંને જોમ અને નિર્બળને બળ આપે છે.

30તરુણો કદાચ થાકીને હારી જાય, ભરયુવાનીમાં આવેલા પણ લથડીને પટકાઈ પડે,

31પરંતુ યહોવા ઉપર વિશ્વાસ રાખનારાઓને નવું બળ મળી રહે છે. તેઓ ગરૂડના જેવી પાંખો ઉપર ઊડે છે; તેઓ દોડે છે પણ થાકતા નથી, તેઓ આગળ ને આગળ ધપતા રહે છે, કદી હારતા નથી કે નથી નિર્ગત થતા.

### ઈસ્રાએલને દેવની સહાય

41 યહોવા પુછે છે, "સમુદ્રની પેલે પારના દેશો, મારી આગળ મૌન જાળવો, સાંભળો, તમારી સબળ દલીલો રજૂ કરો, સજ્જ થાઓ, મારી પાસે આવો અને બોલો, અદાલત તમારા પ્રશ્ન માટે તૈયાર છે.

2પૂર્વમાંથી આ વ્યક્તિને કોણે ઊભી કરી છે, જેને પગલે પગલે વિજય મળે છે? તેને ઊભો કરનાર બીજો કોઈ નહી પણ યહોવા પોતે જ છે. એમની તલવારથી તેઓ રજકણની જેમ વેરાઈ જાય છે. અને એનાં ધનુષથી તેઓ તરણાંની જેમ ઊડી જાય છે.

3તે તેઓને પીછો પકડે છે અને રોકાયા વગર આગળ વધે છે એના પગ ધરતીને તો અડતા સુદ્ધાં નથી.

4આરંભથી આ બધું કરાવનાર કોણ છે? અનાદિ કાળથી માનવજાતના સર્વ વ્યવહારને માર્ગદર્શન આપીને આ સર્વ પરાક્રમી કાર્યો કરનાર કોણ છે? એ હું યહોવા છું, હું પહેલો હતો અને છેલ્લો પણ હું જ હોઈશ.

5સમુદ્રની પેલે પાર દૂર દેશાવરના લોકો મારા કાર્યો જોઈને ભયભીત થઈ ગયા, પૃથ્વી એક છેડાથી બીજા છેડા સુધી ધ્રૂજી ઊઠી. બધા ભેગા થઈને આવ્યા."

6દરેક જણે પોતાના પાડોશીને મદદ કરી અને પોતાના ભાઈઓને ઉત્તેજન આપ્યું. 7સુથાર સોનીને ઉત્તેજન આપે છે, હથોડીથી મૂર્તિને લીસી બનાવનાર એરણ પર ઘણ મારનાર ઉત્તેજન આપે છે, તેઓએ કહ્યું, 'સાંધો મજબૂત થયો છે.' તે ખીલા સાથે મૂર્તિને એવી જડે છે કે પડી ન જાય.

### યહોવાજ આપણને બચાવી શકે છે

8"પણ ઈસ્રાએલ, તું તો મારો સેવક છે, યાકૂબ, મેં તને પસંદ કર્યો છે, તું મારા મિત્ર ઈબ્રાહિમના કુળનો છે.

9મેં તને ધરતીને છેડેથી ઉપાડી લીધો છે, અને દૂર દૂરના ખૂણેથી તને બોલાવ્યો છે. મેં તને મારો સેવક કહ્યો છે, 'મેં તને પસંદ કર્યો છે,' તારો ત્યાગ કર્યો નથી.

10ગભરાઈશ નહીં, કારણકે હું તારી સાથે જ છું. તું નાહિંમત થઈશ નહીં, હું તારો દેવ છું, હું તને બળ આપીશ, તને મદદ કરીશ; હું મારા વિજયવંત જમણા બાહુ વડે તને ટેકો આપીશ.

11હવે તમારા ઉપર ગુસ્સે થનારાં સર્વ સૈન્યો વિમાસણમાં પડ્યા છે અને વિખેરાઈ ગયા છે. જે કોઈ તમારો વિરોધ કરશે તે મૃત્યુ પામશે.

12તમારી સાથે યુદ્ધે ચડનારા સૌ કોઈ નાશ પામશે, અને શૂન્યમાં મળી જશે. તેઓની શોધ કરશો તો પણ તેઓ તમને જડશે નહીં; કોઈનું નામનિશાન નહીં રહે.

13હું, તારો દેવ યહોવા તારો જમણો હાથ પકડું છું અને કહું છું, ડરીશ નહીં, હું તારી મદદમાં છું.

14હે ઈસ્રાએલ, તું નબળો થઈ ગયો છે કીડા અથવા મંકોડાની જેમ, છતાં તું ગભરાઈશ નહીં, કારણકે હું તને મદદ કરીશ." હું તમારો યહોવા, તમારો તારક છું; હું ઈસ્રાએલનો પવિત્ર દેવ યહોવા છું.

15"જો હું તને દાણાંના ફોતરાં છૂટાં પાડવાનાં તીક્ષ્ણ દાંતાવાળા નવા સાધનમાં ફેરવી નાખીશ, તું પર્વતોને અને ટેકરીઓને રોળીને ભૂકો કરી નાખશે.

16તું તેને ઉપણશે; વાયુ તેઓ સર્વને ઉડાડી મૂકશે અને વાવાઝોડું તેઓને વિખેરી નાખશે. પરંતુ તું યહોવાના આનંદથી ભરપૂર થશે; ઈસ્રાએલના પરમપવિત્ર દેવનાં પ્રતાપે તું આનંદ અને ગૌરવ અનુભવીશ."

17"દુ:ખી અને દરિદ્રીઓ પાણી શોધશે પણ મળશે નહીં, તેઓની જીભો તરસથી સુકાઈ જશે. ત્યારે તેઓ મને પોકાર કરશે અને હું તેમનો પોકાર સાંભળીશ; હું ઈસ્રાએલનો દેવ, તેમનો ત્યાગ નહીં કરું.

18હું તેઓને માટે ઉજ્જડ ડુંગરોમાં નદીઓ વહેવડાવીશ અને ખીણોની વચ્ચે ઝરણાં આપીશ! અરણ્યમાં પાણીના સરોવરો થશે અને સૂકી ધરતીમાં ઝરા વહેવા માંડશે.

19હું અરણ્યમાં દેવદાર ઉગાડીશ; બાવળ, મેંદી અને જેતૂન ઉગાડીશ. વળી હું રણ પ્રદેશમાં ચિનાર, સરલ અને સરુના ઝાડ જોડાજોડ ઉગાડીશ.

20પ્રત્યેક વ્યક્તિ આ ચમત્કાર જોશે અને કબૂલ કરશે કે દેવે, ઈસ્રાએલના પવિત્ર યહોવાએ આ પ્રમાણે કર્યુ છે."

### યહોવાની ખોટા દેવોને ચેતવણી

21યહોવા, યાકૂબના મહાન રાજા કહે છે, "શું તમારા કિસ્સાની રજૂઆત કરો! તમારો ઉત્તમ બચાવ રજૂ કરો! 22તમારી મૂર્તિઓ બહાર લઈ આવો અને તેમને કહેવા દો કે ભવિષ્યમાં શું બનવાનું છે, ભૂતકાળના બનાવોનો અર્થ સમજાવો, જેથી અમે તેનો વિચાર કરી શકીએ."

23હા, જો તમે દેવ હો તો આવનાર દિવસોમાં શું બનવાનું છે તે કહો! અથવા કંઈક એવું કરીને અમારા ઉપર પ્રભાવ પાથરો જે ઉપયોગી હોય અથવા નુકશાનકારક હોય.

24"પણ ના, તમારી કશી વિસાત જ નથી! તમે શું ધૂળ કરવાના હતાં! જે તમને પૂજે છે તે પણ તમારા જેવો જ કેવળ મૂર્ખ જ છે!"

### ફક્ત યહોવાજ દેવ છે

25"હું એક જણને ઉત્તરમાંથી બોલાવી લાવ્યો અને તે આવ્યો; પૂર્વમાંથી તે મારા નામે બોલાવે છે, અને કોઈ કુંભાર માટીનો ઢગલો ખૂંદતો હોય એમ તે રાજકર્તાઓને ખૂંદતો આવશે."

26મારા સિવાય તમને કોણે કહ્યું હતું કે આ પ્રમાણે થશે? બીજા કોણે અગાઉથી કહ્યું હતું કે આમ થવાનું છે જેથી આપણે એમ કહી શકીએ કે તેઓ સાચા હતાં? કોઈએ તેમ કહ્યું નહોતું! તેઓએ તો આના વિષે સાંભળ્યું પણ નહોતું!

27મેં યહોવાએ જ સિયોનને કાસદ મારફતે શુભસમાચાર મોકલ્યા હતા કે, "જુઓ! જુઓ! આ વસ્તુઓ હવે બની રહીં છે."

28પણ જ્યારે તમારી મૂર્તિઓ વચ્ચે જોયું, ત્યાં કોઈ સલાહકાર નથી, કોઈપણ નહીં જે હું જ્યારે સવાલ પૂછું ત્યારે જવાબ આપી શકે. મેં પ્રશ્ન કર્યો ત્યારે તેમના એક પણ દેવે પ્રત્યુત્તર આપ્યો નહીં.

29તેઓ સર્વ સાચે જ વ્યર્થ છે; જુઓ, એ દેવલાં કેવા નકામા છે! એમનાં કામોમાં કોઈ ભલીવાર નથી; તેમની મૂર્તિઓ તો ખાલી હવા છે.

## યહોવાનો સેવક

42 યહોવા કહે છે, "જુઓ, આ મારો સેવક છે, જેનો મેં હાથ જાલ્યો છે, એ મારો પસંદ કરેલો છે, જેના પર હું પ્રસન્ન છું, એનામાં મેં મારા આત્માનો સંચાર કર્યો છે, અને તે જગતના સર્વ લોકોમાં ન્યાયની આણ વર્તાવશે.

2તે પોતાનો સાદ ઊચો કરશે નહીં, અને શેરીઓમાં ચોરેચૌટે ઝઘડા કરી બૂમરાણ મચાવશે નહીં.

3તે ઊઝરડાયેલા બરુને ભાંગી નાખે નહીં કે મંદ પડેલી વાટને હોલાવી નાખે નહીં, તે નિષ્ઠાપૂર્વક ન્યાયની આણ વર્તાવશે.

4તે નબળો નહી પડે કે હારશે નહી, જ્યાં સુધી સમગ્ર પૃથ્વી ઉપર ન્યાયીપણું સ્થપાશે નહીં અને જ્યાં સુધી કિનારાના દેશો તેના કાયદાની પ્રતિક્ષા કરશે."

## યહોવા સૃષ્ટિનો શાસનકર્તા અને સર્જનહાર છે

5જે યહોવા દેવે આકાશોને ઉત્પન્ન કરીને ફેલાવ્યા છે, પૃથ્વી તથા તેમાંની વનસ્પતિથી ધરતીને વિસ્તારી છે અને એના ઉપર હરતાંફરતાં સર્વમાં શ્વાસ અને પ્રાણ પૂર્યા છે તે દેવ યહોવાની આ વાણી છે.

6"હું યહોવા છું, મેં તને ધર્મ સ્થાપનાર્થે બોલાવ્યો છે, હું તારું રક્ષણ કરીશ અને મદદ કરીશ, કારણકે મારા લોકોની સાથે કરેલા મારા કરારને અંગત સમર્થન આપવા મેં તને તેઓ પાસે મોકલ્યો છે. લોકોને મારી તરફ દોરી લાવનાર પ્રકાશ પણ તું જ થશે.

7તારે અંધજનોની આંખો ઉઘાડવાની છે. અને અંધકારમાં સબડતાં કેદીઓને કારાગારમાંથી બહાર કાઢવાના છે."

8હું યહોવા છું, તે મારું નામ છે, હું મારો મહિમા બીજા જૂઠા દેવોને નહીં લેવા દઉં, તેમ મારી સ્તુતિ હું કડારેલી મૂર્તિઓને નહીં લેવા દઉં.

9મેં આપેલી દરેક ભવિષ્યવાણી સત્ય પૂરવાર થઈ છે અને હું ફરીથી નવી ઘટનાઓની ભવિષ્યવાણી ભાખું છું. તે ઘટનાઓ ભવિષ્યમાં બને તે પહેલાં હું તે તમને જણાવું છું.

## દેવની સ્તુતિ

10યહોવા સમક્ષ નવું ગીત ગાઓ: સમગ્ર પૃથ્વી તેના સ્તુતિગાનથી ગાજી ઊઠો! હે સાગરખેડુઓ અને સાગરના સૌ જીવો, હે દરિયા કિનારાના પ્રદેશના રહેવાસીઓ, તેની સ્તુતિ ગાઓ!

11અરણ્યના નગરો, હે કેદારવંશી રણવાસીઓ અને સેલાના રહેવાસીઓ, આનંદથી પોકારી ઊઠો! પર્વતો ઉપરથી હર્ષનાદ કરો!

12પશ્ચિમના દરિયાકાંઠે રહેનારા લોકો, તમે યહોવાનો મહિમા કરો. સૌ તેમના પરાક્રમી સામર્થ્યનાં ગીત ગાઓ.

13યહોવા શૂરવીરની જેમ યુદ્ધને ઝનૂને ચડીને ધસી જાય છે; તે ગર્જના કરે છે, યુદ્ધનાદ જગાવે છે અને પોતાના દુશ્મનોને માત કરે છે

## દેવ સહનશીલતા રાખે છે

14યહોવા કહે છે, "લાંબા વખત સુધી હું શાન્ત રહ્યો છું, મેં મૌન જાળવ્યું છે અને હું ગમ ખાઈ ગયો છું, હવે હું પ્રસવ વેદનાથી પીડાતી સ્રીની જેમ બૂમો પાડી ઊઠીશ; હું ઊંડા શ્વાસ લઈશ.

15હું પર્વતો અને ડુંગરોને ભોંયભેગા કરી નાખીશ, તેમની બધી લીલોતરીને ચિમળાવી દઈશ; હું નદીઓનાં ભાઠાં બનાવી દઈશ અને તળાવોને સૂકવી નાખીશ.

16પછી હું આંધળાઓને દોરીશ, એવે રસ્તે ચલાવીશ જેની તમને ખબર નથી. તેમની આગળ હું અંધકારને પ્રકાશમાં ફેરવી નાખીશ. અને ખરબચડા રસ્તાને સીધા બનાવી દઈશ. આ બધું હું કરીશ. અને કશું બાકી નહીં રાખું.

17પરંતુ જેઓ મૂર્તિઓમાં વિશ્વાસ રાખે છે અને તેઓને દેવ તરીકે માને છે તેઓ મોટી નિરાશામાં આવી પડશે. તેઓને હાંકી કાઢવામાં આવશે."

## ઈસ્રાએલે દેવનું ના સાંભળ્યું

18યહોવા કહે છે, "ઓ બહેરા માણસો, સાંભળો! ઓ આંધળા માણસો, જુઓ!

19મારા નોકર જેવું આંધળું કોણ છે? મારા સંદેશવાહક જેવું બહેરું કોણ છે? મારા નક્કી કરેલા એક યહોવાના નોકર જેવું આંધળું કોણ છે?

20તે જુએ છે ઘણું પણ કંઈ યાદ રાખતો નથી; તેના કાન ખુલ્લા છે, પણ તે કંઈ સાંભળતો નથી."

21યહોવાએ પોતાના નિયમોને મહાન અને સાચે જ મહિમાવંત બનાવ્યા છે. પોતે ન્યાયી છે તે આખા જગતને દર્શાવવા તેમણે તેનું આયોજન કર્યુ છે.

22તેમ છતાં એ પ્રજા એવી નીકળી કે લૂંટાઈ ગઈ, એનું બધું હરાઈ ગયું; એ બધા ફસાઈ ગયા છે અને કારાગારમાં પૂરાયા છે, તેમને છોડાવનાર કોઈ નથી, તેઓ લૂંટાઈ ગયા છે છતાં પાછું આપો' કહેનાર પણ કોઈ નથી.

23તમારામાંથી કોઈ મારી વાત ધ્યાનથી સાંભળે એમ છે? કોણે ઈસ્રાએલીઓને લૂંટારાઓને સોંપી દીધા! શું એ યહોવા

નહોતા? તેમણે યહોવાનો ગુનો કર્યો હતો, તેઓ તેમના
માર્ગે જવા માગતા નહોતા, તેના નિયમોનું પાલન કરવાની
ના પાડતા હતા. 24કોણે યાકૂબને લૂંટારાઓને સુપ્રત કર્યો છે,
તથા ઈસ્રાએલને લૂંટનારાઓને સ્વાધીન કર્યો છે? જે
યહોવાની વિરુદ્ધ આપણે પાપ કર્યુ છે તેમણે શું એમ કર્યુ
નથી? તે લોકો તેમના માર્ગે ચાલવા રાજી નહોતા. તેથી
તેમણે તેમના ઉપદેશોને પણ ધ્યાનમાં લીધા નહીં, 25માટે
તેમણે એમના ઉપર પોતાનો ક્રોધાગ્નિ વરસાવ્યો અને યુદ્ધની
આફત ઉતારી, તેઓ અગ્નિની જવાળાઓથી ઘેરાઇ ગયા હતા
છતાં સમજ્યા નહીં, દાઝ્યા હતા છતાં ચેત્યા નહીં અને
બળી મર્યા.

### યહોવાનું અભયદાન

43 પણ હવે, યાકૂબના સર્જનહાર અને ઈસ્રાએલના
ઘડવૈયા યહોવા તને કહે છે, "ડરીશ નહીં, હું
તારો ઉદ્ધાર કરીશ, મેં તને તારું નામ દઈને બોલાવ્યો છે
અને તું મારો પોતાનો છે. 2જ્યારે તું અગાધ જળમાં થઈને
પસાર થતો હશે ત્યારે હું તારી સાથે રહીશ, તું નદીમાં થઈને
જતો હશે ત્યારે તેના વહેણ તને તાણી નહીં લઇ જાય,
અગ્નિમાં થઈને તું ચાલશે તો તું દાઝી નહીં જાય; જવાળાઓ
તને બાળશે નહીં. 3કારણ કે હું યહોવા તારો દેવ છું, હું
ઈસ્રાએલનો પવિત્ર યહોવા છું, હું ઈસ્રાએલનો પવિત્ર યહોવા
તારો ઉદ્ધારક છું, તારી મુક્તિના બદલામાં મેં મિસર આપ્યો
છે, તારે બદલે કૂશ તથા સબાં આપ્યાં છે. 4મેં તારે માટે
થઈને બીજા બધાં લોકોને વિનિયોગ કર્યો છે, કારણકે મારી
દ્રષ્ટિમાં તું મૂલ્યવાન અને સન્માનપાત્ર છે, મેં તારા પર
પ્રીતિ કરી છે.

### દેવ પોતાના સંતાનોને ઘેર લાવશે

5"તું ડરીશ નહીં, હું તારી સાથે છું. હું તારા લોકોને પૂર્વમાંથી
અને પશ્ચિમમાંથી લઈ આવી ઘરભેગા કરીશ. 6હું ઉત્તરને
કહીશ, તેમને જવા દે અને દક્ષિણને કહીશ, તેમને રોકતો
નહીં. મારા પુત્ર-પુત્રીઓને દૂર દૂરથી ઠેઠ ધરતીને છેડેથી
પાછા લાવો.

7એ બધાં મારે નામે ઓળખાય છે, એમને બધાંને મેં
મારો મહિમા ગાવા માટે સર્જ્યા છે, ઘડ્યા છે, નિર્માણ
કર્યા છે."

### દુનિયા માટે ઈસ્રાએલ દેવની સાક્ષી છે

8યહોવા કહે છે, "આ પ્રજા, જે આંખો હોવા છતાં દેખતી
નથી, કાનો હોવા છતાં સાંભળતી નથી, તેને સામે લાવો.
9બધી પ્રજાઓ ભેગી થઈ જાઓ. તેમના દેવોમાંથી આ બધું
પહેલેથી કહ્યું હતું, અથવા જે ઘટનાઓ બની ચૂકી છે તેની
આગાહી કરી હતી! તેઓ પોતાનો દાવો પૂરવાર કરવા
સાક્ષીઓ રજૂ કરે છે, જેઓ એમની વાત સાંભળીને કહે કે,
આ સત્ય છે."

10યહોવા કહે છે, "તું મારો સાક્ષી છે, તું મારો સેવક છે, હું
જેને મેં પસંદ કર્યો છે, જેથી તું જાણી શકે અને મારા પર
વિશ્વાસ મૂકી શકે અને સમજી શકે કે ફક્ત હું જ દેવ છું.
11હું, હું જાતે જ યહોવા છું અને મારા સિવાય કોઈ તમારો
ઉદ્ધાર કરી શકે તેમ નથી; 12આગાહી કરનાર હું જ છું,
ઉદ્ધારક હું જ છું, નહીં કે તમારામાંનો કોઇ વિધર્મી દેવ, તમે
મારા સાક્ષી છો અને હું જ દેવ છું યહોવા કહે છે. 13હું જ
દેવ છું, છેક સૃષ્ટિના સર્જન પહેલાના કાળથી હું જ દેવ છું.
મારા હાથમાંથી કોઈ છોડાવી શકે તેમ નથી; હું જે કાંઈ કરું
છું તેને કોઇ રોકી શકતું નથી."

14યહોવા, તમારો તારક, ઈસ્રાએલનો પવિત્ર દેવ કહે છે:
"તમારી માટે હું બાબિલ સામે લશ્કર મોકલીશ, તેના
કારાવાસના સળિયાઓને હું ભોય પર ઢાળી દઈશ અને
તેમનો વિજયનાદ આક્રંદમાં ફેરવાઇ જશે. 15હું યહોવા છું,
તમારો પરમપવિત્ર દેવ છું, ઈસ્રાએલનો સર્જનહાર અને
તમારો રાજા છું."

### યહોવા ફરી પોતાના લોકોને બચાવશે

16ભૂતકાળમાં યહોવાએ સમુદ્રમાં થઈને માર્ગ કર્યો હતો,
ધસમસતા જળમાં રસ્તો કર્યો હતો; 17"તે રથને અને ઘોડાને,
અને સમગ્ર યોદ્ધાઓના સૈન્યને બહાર દોરી ગયો. બધાજ
ઢળી પડ્યા, પાછા બેઠા થવા પામ્યા નહીં, તેઓ સૌ ઓલવાઈ
ગયા, તેઓ વાટની જેમ ઓલવાઈ ગયા. 18પરંતુ હવે તે સર્વ
ભૂતકાળનું સ્મરણ કરવાની જરૂર નથી. પહેલાં મેં જે કર્યુ
હતું તેનો વિચાર ન કરો. 19કારણકે હું એક નવું કામ કરવાનો
છું. જુઓ, મેં તેમની શરૂઆત કરી દીધી છે! શું તમે જોઈ
શકતા નથી? મારા લોકો માટે અરણ્યમાં હું માર્ગ તૈયાર
કરીશ અને રાનમાં તેઓને માટે નદીઓ ઉત્પન્ન કરીશ!
20જંગલી પ્રાણીઓ, વરુઓ અને શાહમૃગો સુદ્ધાં મને માન
આપશે, કારણ, હું મરુભૂમિમાં પાણી પૂરું પાડીશ. સૂકા રણમાં
નદીઓ વહેવડાવીશ, જેથી મારા પસંદ કરેલા લોકો પાણી
પીવા પામે. 21 એ લોકોને મેં મારે માટે બનાવ્યા છે, તેથી
તેઓ મારી સ્તુતિ જાહેર કરશે."

22યહોવા કહે છે, "ઓ ઈસ્રાએલીઓ, તમે મારી ઉપાસના
કરતાં નથી, તમે તો મારાથી કંટાળી ગયા છો! 23તમે મને
દહનાર્પણ તરીકે ઘેટાંને અર્પણ કર્યા નથી તમે યજ્ઞોથી મારો
આદર કર્યો નથી. મેં કંઈ બહુ ભારરૂપ યજ્ઞો માગ્યા નહોતા
કે તમને મારા માટે ધૂપ પેટાવવા માટે દબાણ કર્યુ નહોતું.
24તમે કંઈ મારે માટે ધૂપસળી પાછળ પૈસા ખર્ચ્યા નથી
કે મને બલિદાનોની ચરબીથી તૃપ્ત કર્યો, તમે તો કેવળ
પાપ અર્પણ કર્યા છે, અને તમારા એ અન્યાયોથી હું થાકી
ગયો છું.

25"હા, હું એ જ છું, હું એકલો જ મારા પોતાના નામની
માટે તમારાં સર્વ પાપ ભૂંસી નાખું છું અને ફરીથી કદી હું
તેનું સ્મરણ કરતો નથી. 26ઓ ઈસ્રાએલીઓ, આપણે સાથે
ન્યાયાલયમાં જઈએ, મારા પરનો તમારો આરોપ રજૂ કરો,
તમારી દલીલો રજૂ કરીને તમારી નિર્દોષતા સાબિત કરો.

27તમારા આદી પુરુષે મારી વિરુદ્ધ પાપ કર્યુ હતું. તમારા પ્રબોધકો અને યાજકોએ મારી સામે બળવો કર્યો હતો, 28આ કારણે જ મેં તમારા યાજકોને ભ્રષ્ટ કર્યા છે, ને યાકૂબ શાપરૂપ તથા ઈસ્રાએલને નિંદાપાત્ર કર્યા છે, અને તેમને વિનાશને માર્ગે મોકલ્યા છે.”

## મૂર્તિપૂજા પર પ્રહાર– દેવ માત્ર એક

44 યહોવા કહે છે, “હે યાકૂબ, મારા સેવક, ઈસ્રાએલ,” મારા પસંદ કરેલા, મને સાંભળ. 2“હું જ તારો સર્જનહાર છું, જ્યારથી તું જનમ્યો હતો ત્યારથી હું તને મદદ કરી રહ્યો છું. હે યાકૂબ, મારા સેવક મારા પસંદ કરાયેલા યેશુરુંન, હું તને આ કહું છું તું ભયભીત થઈશ નહીં.

3“હું તમારી તરસ છીપાવવા ભૂમિ પર પુષ્કળ પાણી વરસાવીશ. સૂકી ધરતી ઉપર ઝરણાં વહાવીશ. તારી સંતતિ ઉપર હું મારી શકિત ઉતારીશ. તારા વંશજો ઉપર મારા આશીર્વાદ વરસાવીશ. 4તેઓ વહેતાં ઝરણાંની ધારે પાણીમાં ઊગી નીકળતા ઘાસની જેમ તથા નદી કાંઠે ઊગી નીકળતા નેતરના ઝાડોની જેમ વૃદ્ધિ પામશે,

5“તેથી તેઓ બધા પોતાને યહોવાના સેવક અને યાકૂબના વંશજો તરીકે ઓળખાવવામાં ગૌરવ લેશે. તેઓ કહેશે કે તેઓ યહોવાની માલિકીના છે અને ‘ઈસ્રાએલીઓ’ તરીકે ઓળખાય.”

6 ઈસ્રાએલનો રાજા અને તેના ઉદ્ધારક સર્વસમર્થ યહોવા આ પ્રમાણે કહે છે: “હું જ આદિ છું અને હું જ અંત છું મારા સિવાય દેવ નથી. 7આવનાર ભવિષ્યમાં શું બનશે તે વિષે તમને મારા સિવાય કોણ કહી શકે છે? જો કોઈ કહી શકે તેમ હોય તો તેઓને કહેવા દો અને તેઓનું પરાક્રમ સાબિત કરવા દો. પ્રાચીનકાળથી જે પ્રમાણે મેં કર્યુ છે તેમ તેઓને કરવા દો. 8ઓ મારા લોકો, ગભરાશો નહીં, ડરશો નહીં, પ્રાચીનકાળથી મેં એ બધું કહ્યું નથી? મેં જાહેર નથી કર્યુ? તમે મારા સાક્ષી છો. મારા સિવાય અન્ય કોઈ દેવ છે? મારા સિવાય બીજો કોઈ ખડક નથી.”

## ખોટાં દેવો નકામાં છે

9જેઓ મૂર્તિ બનાવે છે તે બધા કેવા તુચ્છ છે? તેઓ જેને મોંઘીમૂલી ગણે છે તે મૂર્તિઓ કશા કામની નથી, તેમના સાક્ષીઓ કંઈ દેખતા નથી અને જાણતાં કંઈ નથી કે સાક્ષી આપી શકે. એટલે આખરે એમની ફજેતી થવાની છે.

10કોણ દેવની મૂર્તિ બનાવશે જે તેને સહેજ પણ સહાય કરી શકતી નથી? 11જરા થોભો અને જુઓ આ સર્વ મૂર્તિઓની પૂજા કરનારા ભેગા થશે અને તેમની ફજેતી થશે. અને મૂર્તિઓને ઘડનારા સર્વ કારીગરો પણ માણસો જ છે. તેમને ભેગા થઈને મારી સામે ઊભા તો રહેવા દો; બધા ધ્રૂજી ઊઠશે અને ફજેત થશે.”

12લુહાર ધાતુને અગ્નિમાં તપાવીને હથોડાથી ટીપી ટીપીને ઘાટ આપે છે. પોતાના બળવાન બાહુ વડે ઘડતાં ઘડતાં તે ભૂખ્યો થાય છે અને થાકી જાય છે. ને તરસથી પાણી પીધા વિના નબળો અને નિર્ગત થઈ જાય છે.

13સુથાર લાકડા પર દોરી છાંટે છે, ચાકથી રૂપરેખા દોરે છે, ફરસીથી કોતરી કાઢે છે, કંપાસથી માપ લે છે, તેને માણસોનો આકાર આપે છે, પછી સુંદર મૂર્તિ બનાવી મંદિરમાં સ્થાપે છે.

14માણસ જઈને એરેજવૃક્ષને કાપે છે, અથવા જંગલમાંથી બીજું કોઈ વૃક્ષ પસંદ કરે છે, અથવા દેવદારનો રોપો રોપે છે જે વરસાદ પડતાં મોટો થાય છે. 15પછી તે લાકડાનો કેટલોક ભાગ બળતણ તરીકે પોતાને હૂંફાળા બનાવવા માટે વાપરે છે અને તેના ઉપર રોટલી શેકે છે. બાકી રહેલા લાકડામાંથી તે પોતાને માટે દેવ બનાવે છે–લોકો ભકિત કરી શકે માટે દેવ બનાવે છે! પગે લાગવા માટે તે મૂર્તિઓ ઘડે છે. 16અડધાં લાકડાને તે ઈંધણ તરીકે વાપરે છે, તેના ઉપર તે માંસ શેકે છે અને તૃપ્ત થાય ત્યાં સુધી ખાય છે પોતાની જાતને તપાવે છે અને કહે છે, “વાહ! કેવું સરસ તાપણું છે! હવે હૂંફ વળી.” 17બાકીના ભાગમાંથી તે કોઈ દેવની મૂર્તિ બનાવે છે, તેને પગે લાગીને તેની પૂજા કરે છે, તે તેની પ્રાર્થના કરે છે અને કહે છે, “મારો ઉદ્ધાર કરો, કારણ તમે મારા દેવ છો!”

18એ લોકો કશું જાણતા નથી કે સમજતા નથી. એમની આંખો ઉપર અને ચિત્ત ઉપર અજ્ઞાનના પડ જામ્યા છે એટલે એ લોકો નથી કશું જોઈ શકતા કે નથી કશું સમજી શકતા. 19એવો માણસ કદી વિચાર કરતો નથી, “આ તો લાકડાંનો ટુકડો છે! મેં તેને અગ્નિમાં બાળીને તાપણી કરી છે. અને રોટલી તથા માંસ શેકવા તેનો ઉપયોગ કર્યો છે, તો પછી બાકી રહેલું લાકડું તેનો દેવ કેવી રીતે બની શકે? તો શું મારે ફક્ત આ લાકડાના ટુકડા આગળ નમવું જોઈએ?”

20પોતાને મૂર્ખ બનાવનાર મનુષ્ય રાખ ખાવાનું ચાલુ રાખે છે; તેના ભ્રમિત ચિત્તે તેને ભમાવ્યો છે; તેનો ઉદ્ધાર થાય એમ નથી, કારણ, તે એટલું પણ સમજતો નથી કે, “મારા જમણા હાથમાં છે એ તો જૂઠી વસ્તુ છે.”

## સાચા યહોવા દેવ ઈસ્રાએલના મદદગાર છે

21યહોવા કહે છે, “હે યાકૂબ, આટલી વાતનું ધ્યાન રાખજે, હે ઈસ્રાએલ, તું મારો સેવક છે. મેં તને ઉત્પન્ન કર્યો છે, અને હું તને મદદ કરવાનું ક્યારેય ભૂલી જઈશ નહીં.

22મેં તારા અપરાધોને વાદળની જેમ હઠાવી દીધા છે. તારા પાપોને ધુમ્મસની જેમ વિખેરી નાખ્યાં છે. તું મારી પાસે પાછો આવ, કારણ હું તારો ઉપાસક છું.”

23ઓ આકાશ, હર્ષના પોકાર કરો, કારણ, આ કાર્ય યહોવાનું છે! આનંદના લલકાર કરો, ઓ પૃથ્વીના ઊંડાણો! આનંદના ગીત ગાઓ, ઓ પર્વતો, જંગલો અને જંગલના વૃક્ષો! કારણ, યહોવાએ યાકૂબનો ઉદ્ધાર કરીને ઈસ્રાએલ દ્વારા પોતાનો મહિમા પ્રગટ કર્યો છે! 24તને ઘડનારા, તારા મુકિતદાતા યહોવા એમ કહે છે, “સર્વનો સર્જનહાર હું યહોવા છું; મેં એકલાએ આકાશોને વિસ્તાર્યા છે. મેં જ્યારે આ પૃથ્વીને પાથરી ત્યારે મારી મદદમાં કોણ હતું?”

25હું દંભી પ્રબોધકોને જુઠ્ઠા પાડું છું અને તેઓ જે બનાવો વિષે કહે છે તેના કરતાં જુદા જ બનાવો દઈને હું તેઓને ખોટા પાડું છું. હું જ્ઞાનીઓના વચન પાછા ખેંચાવું છું અને તેમના જ્ઞાનને મૂર્ખાઈ ઠરાવું છું. 26પણ મારા સેવકોનાં વચનને હું સાચાં ઠરાવું છું. અને મારા સંદેશાવાહકો મારફતે પ્રગટ કરેલા ઉદ્દેશો પાર પાડું છું.

યેરૂશાલેમને હું કહું છું, "તારે ત્યાં ફરી વસ્તી થશે," "યહૂદિયાના શહેરોને હું કહું છું," તમે ફરી બંધાશો, તમારાં ખંડેરો હું ફરી ઉભા કરીશ.

27સાગરને હું કહું છું, "તું સુકાઈ જા, તારી નદીઓને હું સૂકવી નાખીશ."

28હું કોરેશને કહું છું, "તું તો મારો મોકલેલો પ્રજાનો પાલક છે, અને તું મારા બધા મનોરથો પૂર્ણ કરશે; અને તું યરૂશાલેમને ફરી બાંધવાનો અને મંદિરનો પાયો નાખવાનો આદેશ આપશે."

### યહોવા– એક માત્ર સાચા દેવ

45 પોતાના અભિષિક્ત કોરેશને યહોવા આ મુજબ કહે છે: "મેં તારો જમણો હાથ પકડ્યો છે; દેશદેશના લોકોને હું તારી આગળ નમાવીશ. રાજાઓને તેમનો રાજવી ઝભ્ભો ઉતરાવી દઈશ; તારી આગળ બધાં નગરોના દરવાજા ખૂલી જશે, કોઈ દરવાજો બંધ નહીં રહે."

2"કોરેશ, હું તારી આગળ જઈને પર્વતોને સપાટ કરીશ અને પિત્તળના દરવાજાઓને તથા લોખંડની ભૂંગળોને ભાંગી નાખીશ. 3અને હું તને અંધારા ભોંયરામાં ભંડારી રાખેલા ગુપ્ત ખજાના આપીશ: ત્યારે તને ખાતરી થશે કે તને નામ દઈને બોલાવનાર હું યહોવા છું. ઈસ્રાએલનો દેવ છું.

4મારા સેવક યાકૂબને લીધે અને મારા પસંદ કરાયેલ સેવક ઈસ્રાએલ માટે, મેં તને નામ દઈને બોલાવ્યો છે અને તું મને ઓળખતો નથી છતાં મેં તને મોટો મોભ્ભો આપ્યો છે.

5હું યહોવા છું મારા સિવાય બીજો દેવ નથી. તું મને ઓળખતો નથી, છતાં હું તને શસ્રોથી સજ્જ કરીશ.

6અને પૂર્વથી પશ્ચિમ સુધી સર્વ પ્રજાઓ જાણશે કે બીજો કોઈ દેવ નથી. હું યહોવા છું, હું એકલો જ દેવ છું.

7હું જ પ્રકાશનો સર્જક છું અને અંધકારનો ઉત્પાદક છું. સુખદુ:ખ એ મારી સર્જત છે, હું યહોવા આ બધું કરું છું.

8હે આકાશો, તમે ઉપરથી વરસો, હે વાદળાંઓ, તમે ન્યાયીપણાની વૃષ્ટિ કરો; ધરતી ઊઘડી જાય, ને તેમાંથી તારણ ઉદ્દ્ભવો; ન્યાયના ફૂલો ખીલી ઊઠો! હું યહોવા આ બધું કરું છું.

### દેવ સૃષ્ટિનું નિયંત્રણ કરે છે

9"જે માણસ પોતાના સર્જનહારની સામે દલીલ કરે છે તેને અફસોસ! શું માટીના ઠીકરા જેવો માણસ પોતાના ઘડનારની સાથે દલીલમાં ઊતરે? 10શું માટી કુંભારને કહી શકે, 'તું શું બનાવે છે?' અથવા 'તારા બનાવેલા કૂજાને હાથા નથી?' જે બાપને પૂછે કે, તે કોને જન્મ આપ્યો છે? અને સ્ત્રીને કહે કે, 'તું કોને જન્મ આપવા કષ્ટાય છે તેને અફસોસ!'"

11યહોવા, ઈસ્રાએલના પવિત્રતમ સૃષ્ટા કહે છે:

"મારા બાળકો વિષે પ્રશ્ન પૂછવાનો તને શો અધિકાર છે? મારા પોતાના હાથે કરેલા કાર્યો વિષે મને પ્રશ્ન કરનાર તમે કોણ?

12મેં એકલાએ જ આ પૃથ્વીનું સર્જન કર્યુ છે. અને પૃથ્વી પર માનવનું સર્જન કર્યુ છે. મેં મારા પોતાને હાથે જ આકાશને ફેલાવ્યું છે અને મારી આજ્ઞાથી જ નક્ષત્રમંડળ ચાલે છે.

13મેં જ કોરેશને વિજયને માટે ઊભો કર્યો છે, અને હું એની આગળ માર્ગો સીધા અને સપાટ કરીશ. એ મારું નગર પુન:સ્થાપિત કરશે અને બંદીવાન થયેલા મારા લોકોને છોડાવશે. એમ કરવામાં સારો બદલો મેળવવાની તે ઈચ્છા રાખશે નહીં." આ સર્વસમર્થ યહોવાના વચન છે.

14યહોવા ઈસ્રાએલને આ પ્રમાણે કહે છે: "મિસરની સંપતિ અને કૂશના વેપારીઓ તેમજ સબાના કદાવર માણસો તારે શરણે આવશે અને તારા દાસ બનશે. તેઓ આવીને સાંકળે જકડાઈને તારી પાછળ પાછળ ચાલશે." તેઓ તને પ્રણામ કરીને તારી આગળ અરજ કરશે. અને કહેશે,

દેવ તારી સાથે જ છે, એના સિવાય બીજો કોઈ દેવ નથી."

15ઓ ઈસ્રાએલના દેવ, ઓ તારક, તમે સાચે જ રહસ્યમય અને અકળ રીતે કાર્ય કરો છો.

16મૂર્તિઓની પૂજા કરનારાઓ અને બનાવનારાઓ સર્વ નિરાશ અને લજ્જિત થશે.

17પરંતુ ઈસ્રાએલને યહોવાએ ઉગારી લીધું છે. સદાને માટે ઉગારી લીધું છે, તેનો ફજેતો કદી નહીં થાય, તેને કદી શરમાવું નહીં પડે.

18યહોવા આકાશનો સર્જનહાર છે. તે દેવ છે. તેણે આ પૃથ્વીની રચના કરી છે. ઘડી છે અને સ્થિર કરીને સ્થાપી છે એને સૂની રહેવા માટે નહીં, પણ વસવા માટે તેણે બનાવી છે. યહોવા કહે છે, "હું યહોવા છું. મારા સિવાય બીજું કોઈ નથી."

19હું કંઈ અંધકારના પ્રદેશના કોઈ ખૂણામાંથી ગુપ્ત રીતે બોલ્યો નથી; હું જાહેરમાં કહું છું; "મેં ઈસ્રાએલના લોકોને એમ નહોતું કહ્યું કે, 'મને શૂન્યમાં શોધજો.' હું યહોવા સાચું અને ચોખ્ખેચોખ્ખું બોલું છું."

### યહોવા સિદ્ધ કરે છે કે તેઓજ દેવ છે

20યહોવા કહે છે, "યુદ્ધમાંથી બચી ગયેલી તમે દેશવિદેશની સર્વ પ્રજાઓ એકઠી થઈને આવો. જેઓ લાકડાની મૂર્તિઓને ઉપાડીને ફેરવે છે, તારી શકે એમ નથી એવા દેવની જેઓ પૂજા કરે છે તેઓ મૂરખ છે. 21આગળ આવો અને તમારો દાવો રજૂ કરો; ભેગા મળીને નક્કી કરો.

"ભૂતકાળમાં કોણે આ ભવિષ્ય ભાખ્યું હતું? કોણે આ પહેલાથી કહ્યું હતું? શું હું એ યહોવા નહોતો? મારા સિવાય બીજો કોઈ દેવ નથી, જે વિજયવંત અને ઉદ્ધાર કરવા માટે

સમર્થ હોય. 22ઉદ્ધારને માટે પૃથ્વીની સર્વ પ્રજાઓને મારા તરફ જોવા દો! કારણકે હું દેવ છું: અને મારા સિવાય બીજો કોઈ નથી.

23"મેં મારી જાત ઉપર સમ લીધાં છે, મેં વચન આપ્યું છે, હું તેને તોડીશ નહીં. કારણકે તે સત્ય છે કે પૃથ્વીની સર્વ પ્રજાઓ મારી સમક્ષ ઘૂંટણિયે પડશે અને મારા નામ પ્રત્યેની વફાદારી પોતાની જીભેજ કબૂલ કરશે. 24મારા વિષે લોકો જાહેર કરશે," યહોવા મારું સામર્થ્ય અને ન્યાયીપણું છે.'"

અને જેઓ તેમના પ્રત્યે ક્રોધિત થયેલા છે તેઓ બધા તેમની પાસે આવશે અને ફજેત થશે. 25 ઈસ્રાએલની સર્વ પેઢીઓ યહોવામાં ન્યાયી ઠરશે અને વિજય પામી જયજયકાર કરશે.

## બાબિલના જૂઠા દેવો

46 યહોવા કહે છે, "બેલને નમાવી દીધું છે,નબો વિરોધ કરે છે, તેમની મૂર્તિઓ ઢોરો ઉપર લાદવામાં આવી છે, જે મૂર્તિઓને તમે માથે લઈને ફરતા હતા તે અત્યારે થાકેલાં જનાવરો ઉપર ભાર રૂપે લદાઈ છે. 2શું આથી ઉત્તમ તેઓ કશું જ કરી શકતા નથી? તેઓ બધા વાંકા વળે છે, તેઓ નમી જાય છે; તેઓ ભારથી પોતાને બચાવી શકતા નથી. વળી તેઓ પોતે બંદીવાન થયા છે.

3"ઓ યાકૂબના વંશજો, ઈસ્રાએલના બાકી રહેલા સર્વ લોકો મારું કહ્યું સાંભળો: મેં તમારું સર્જન કર્યુ છે અને તમારો જન્મ થયો ત્યરથી મેં તમારી સંભાળ રાખી છે. 4તમે વૃદ્ધ થશો ત્યારે પણ હું એ જ રહેવાનો છું. તમારા વાળ ધોળા થતા સુધી હું તમને ઉપાડીશ. મેં તમને ઉત્પન્ન કર્યા છે અને હું તમારી સંભાળ રાખીશ. હું તમને ઊચકી રાખીશ અને હું તમારો ઉદ્ધારક થઈશ.

5"આ કોની સાથે તમે મારી તુલના કરશો? કોણ મારો બરોબરિયો છે? મારા જેવો બીજો કોણ છે? 6એવા પણ કેટલાક લોકો છે જેઓ કોથળીમાંથી સોનું ઠાલવે છે અને ચાંદી ત્રાજવે તોળે છે અને સોનીને રોકે છે, તે તેમાંથી મૂર્તિ ઘડે છે અને એ લોકો તેને પગે લાગી તેની પૂજા કરે છે. 7તેઓ તેને પોતાના ખભે ઉપાડીને ફેરવે છે અને તેને સ્થાને તેની સ્થાપના કરે છે. તે ત્યાં જ ઊભી રહે છે, ત્યાંથી તે કદી ખસી શકતી નથી. કોઈ તેને ઘા નાખે તો એ ઉત્તર આપતી નથી, કે નથી તેને સંકટમાંથી ઉગારી શકતી.

8"હે પાપી, લોકો, આ યાદ કરો! ફરી વિચાર કરો અને તમારી સ્મૃતિ તાજી કરો! 9ભૂતકાળની જુની વાતોનું સ્મરણ કરો! એક માત્ર હું જ દેવ છું, બીજો કોઈ નથી, એક માત્ર હું જ દેવ છું, મારા સમાન કોઈ નથી.

10"ભવિષ્યમાં જે બનવાનું છે તે વિષે તમને કોણ કહી શકે? મારી ઈચ્છા પ્રમાણે જ બધું બનશે કારણકે મને જેમ ગમે તેમ હું કરું છું. 11હું પૂર્વમાંથી  એક શકરાબાજને– દૂરદૂરના દેશમાંથી એક માણસને બોલાવું છું, જે મારી યોજના પાર ઉતારશે. આજે હું જે બોલ્યો છું તે બનશે, મારી ઈચ્છાઓને હું પાર પાડીશ.

12"ઓ દુષ્ટ હઠીલા માણસો, મારું કહ્યું ધ્યાનથી સાંભળો! 13તમે માનો છો કે વિજય દૂર છે, પણ હું વિજય નજીક લાવી રહ્યો છું. એ દૂર નથી. હું જે મુક્તિ લાવનાર છું તેમા હવે વિલંબ થાય એમ નથી. હું સિયોનને મુક્ત કરીશ, અને મારા ગૌરવ સમા યરૂશાલેમ તથા ઈસ્રાએલને હું પુન:સ્થાપિત કરીશ."

## બાબિલ વિષે ચુકાદો

47 યહોવા કહે છે, "ઓ અપરાજીત બાબિલ નગરી, તું નીચે ઉતર અને ધૂળમાં બેસ. રાજ્યાસન ઉપરથી ઊતરીને ભોંય પર બેસ. તું કુંવારી કન્યા જેવી વણજીતાયેલી નગરી હતી, પણ હવે તું સુંવાળી કે કોમળ રહી નથી.

2ઘંટી લઈને તારે લોટ દળવો પડશે; બુરખો કાઢી નાખી. ઘાઘરો ઊંચો લઈ, પગ ઉઘાડા કરીને નદીનહેરો ઓળંગવી પડશે. 3તારું શરીર ઉઘાડું થશે અને તું લજવાશે. હું તારા ઉપર વેર લઈશ અને હું કોઈને પણ છોડીશ નહીં.

4'ઈસ્રાએલના પવિત્ર દેવ,' જેમનું નામ સૈન્યોના દેવ યહોવા છે, તે આપણને બંધનાવસ્થામાંથી  છોડાવશે.'"

5"ઓ બાબિલની પ્રજા, અંધારા ખૂણામાં મૂંગી બેસી રહે, કારણ 'હવે કોઈ તને રાષ્ટ્રોની મહારાણી કહેનાર નથી.'

6કારણ કે બાબિલ, હું મારા ઈસ્રાએલી લોકો ઉપર રોષે ભરાયો હતો. તેં તેમનું અપમાન કર્યુ હતું, મેં તેમને તારા હાથમાં સોંપ્યા હતા. પરંતુ તે તેમના પ્રત્યે દયા ન બતાવી, તે વૃદ્ધો ઉપર પણ તારી ધૂંસરીનો ભાર નાખ્યો.

7તેં કહ્યું, 'હું સદાસર્વદા સમ્રાજ્ઞી રહીશ.' તેં કદી આ બધું ધ્યાનમાં ન લીધું અને એનું પરિણામ શું આવશે એનો કદી વિચાર ન કર્યો.

8તું, એશઆરામની પ્રેમી, જે સુરક્ષામાં વસે છે, અને સર્વ પ્રજાઓમાં પરાક્રમી હોવાની મોટાઈ કરનાર, તારા પાપ સંબંધી મારો ન્યાયચુકાદો સાંભળ; તું કહે છે, "મારાથી વધારે મહાન કોઈ નથી! મને કદી વૈધવ્ય આવવાનું નથી; કે હું કદી સંતાનોના નુકશાન સહન કરવાનો નથી."

9સારું, હવે આ સાંભળીલે એ બે આફતો એકે દિવસે એક ક્ષણમાં તારે માથે આવી પડશે તારા બધા કામણટૂમણ અને બધા જાદુમંત્રો છતાં સંતાનનો વિયોગ અને વૈધવ્ય પૂરેપૂરાં તારે વેઠવા પડશે.

10તારી દુષ્ટતામાં સુરક્ષિત રહીને તેં માન્યું હતું, 'કોઈ જોનાર નથી.' તારી હોશિયારી અને તારી લુચ્ચાઈ તને ગેરરસ્તે દોરી ગઈ અને તેં માન્યું કે, 'હું જ માત્ર છું અને મારા સિવાય બીજું કોઈ નથી.'

11તેથી અચાનક જ તારા ઉપર એવી આફત આવી પડશે જેને તું નિવારી નહીં શકે, તારા ઉપર એવી વિપત્તિ આવશે જેને તું કોઈ મંત્રતંત્રથી દૂર નહિ કરી શકે તારી કલ્પનામાં પણ નહીં હોય એટલી ખરાબ તે હશે.

12બાળપણથી જાદુમંત્ર અને કામણટૂમણ તું વાપરતી આવી છે તેને વળગી રહે, કદાચ તે કામ આવી શકે અને તું શત્રુઓને ડરાવી શકે.

13તને જાતજાતની સલાહો મળશે છતાં તારું કશું ચાલે તેમ નથી. તારા ભવિષ્યવેત્તાઓ અને જ્યોતિષીઓ, જેઓ તારા ભવિષ્યની આગાહી કરે છે ભલે તને મદદ કરે.

14જુઓ, તેઓ અગ્નિમાં બાળી નાખવામાં આવતા સૂકા ઘાસ જેવા નકામા છે. તેઓ પોતાનો પણ બચાવ કરી શકે તેમ નથી! તેઓ તાપવા લાયક અંગારા કે પાસે બેસવા લાયક સગડી નહીં થશે. તેઓ તરફથી તને સહેજ પણ સહાય મળશે નહીં.

15બાળપણથી તારી સાથે વહેવાર રાખતા જ્યોતિષીઓ અને સલાહકારો પોતપોતાના રસ્તે ચાલ્યા જશે, કોઈ તને બચાવવા કે સહાય કરવા રહેશે નહીં."

## યહોવાના હાથમાં ભાવિ

48 યહોવા કહે છે, "ઓ યાકૂબના વંશજો. તમે સાંભળો, તમે ઈસ્રાએલને નામે ઓળખાઓ છો, તમે યહૂદિયાના ફરજંદો છો: તમે યહોવાના નામે સમ ખાઓ છો અને ઈસ્રાએલના દેવની ભક્તિ કરવાનો દાવો કરો છો, પણ સાચેસાચ કે સાચી શ્રદ્ધાથી નહીં."

2અને છતાં તમે પોતાને પવિત્ર નગરીના નાગરિક કહેવડાવો છો અને જેનું નામ સૈન્યોના દેવ યહોવા છે એવા ઈસ્રાએલના દેવ પર આધાર રાખો છો.

3યહોવા કહે છે, "ભૂતકાળના બનાવોની મેં અગાઉથી આગાહી કરી હતી, મારે પોતાને મોઢે મેં એ જાહેર કર્યુ હતું, અને પછી એકાએક મેં અમલ કર્યો અને એ સાચું પડ્યું.

4મને ખબર હતી કે તમે હઠીલા હતા, તારા ડોકના સ્નાયુદ્ધો લોખંડ જેવા હતા, અને તારું કપાળ પિત્તળ જેવું
હતું. 5તેથી મેં તમને લાંબા સમય પહેલાંથી એ બધું કહી રાખ્યું હતું, જેથી તમે એમ ન કહી શકો કે, 'આ તો મારી મૂર્તિએ કર્યુ છે, મારી કોતરેલી અને ઢાળેલી મૂર્તિઓના હુકમથી એ બન્યું છે.'"

## ઈસ્રાએલને સ્વચ્છ કરવા માટે દેવ સજા કરે છે

6"તમે મારા ભવિષ્યકથનો વિષે સાંભળ્યું છે અને તેમને પરિપૂર્ણ થતાં પણ જોયા છે. છતાં તેની સાથે સહમત થવાની તેં સંમત્તિ દર્શાવી નથી. હવે હું તને નવી બાબતો વિષે કહું છું જે મેં અગાઉ કહ્યું નથી, હું તને એક ગુપ્ત બાબત કહું છું જે તેં પહેલા સાંભળી નથી.

7એ ઘટનાઓ પહેલાં બની નહોતી, અત્યારે જ મારી ઈચ્છાથી બને છે, એને વિષે તમે અત્યાર સુધી કશું સાંભળ્યું નથી, જેથી તમે એમ ન કહો કે, 'અરે! આ તો અમે જાણતા હતા.'

8હા, હું તને સંપૂર્ણ નવી બાબતો કહેવાનો છું, કારણકે હું સારી રીતે જાણું છું કે તું દગાબાજ અને બાળપણથી જ તું બંડખોર છે, તું ભ્રષ્ટતાથી ભરેલો છે.

9મારા નામની માટે મેં મારા ક્રોધને રોકી રાખ્યો હતો, મારી પ્રતિષ્ઠાને માટે મેં સંયમ રાખ્યો હતો, તમારો નાશ નહોતો કર્યો.

10મેં તને વિશુદ્ધ કર્યો, પણ ચાંદી જેવો નહીં. મેં તને મુશ્કેલીઓની ભઠ્ઠીમાં તાપ્યો.

11કેવળ મારા પોતાના માટે, હા, મારા પોતાના માટે, હું કાર્ય કરીશ, જેથી મારું નામ ભ્રષ્ટ થાય નહીં હું મારું ગૌરવ બીજા કોઈને આપીશ નહીં."

12યહોવા કહે છે, "ઓ યાકૂબના વંશજો, મારા પસંદ કરેલા ઈસ્રાએલીઓ, મને સાંભળો! હું જ દેવ છું. હું જ આદી છું અને હું જ અંત છું.

13મેં મારે પોતાને હાથે આ પૃથ્વીનો પાયો નાખ્યો હતો, અને આ આકાશને પાથર્યુ હતું. હું જ્યારે તેમને બોલાવું છું ત્યારે તેઓ ઉભા થાય છે.

14"તમે બધા એકઠા થાઓ અને સાંભળો, તમારી સર્વ મૂર્તિઓમાંથી કોણે તમને આ પ્રમાણે કહ્યું," યહોવા કોરેશ ઉપર પ્રેમ કરે છે. બાબિલનાં સામ્રાજ્યનો અંત લાવવા યહોવા તેનો ઉપયોગ કરશે. તે ખાલદીઓના સૈન્યનો વિનાશ કરશે.

15"મેં મારી જાતે જ આ આગાહી કરી હતી અને કોરેશને હાંક મારીને બોલાવ્યો છે; હું તેને અહી લઈ આવ્યો છું અને તેને સફળ બનાવીશ.

16મારી નજીક આવો, અને આ સાંભળો શરુઆતથી જ હું જાહેરમાં જે થવાનું છે તે સ્પષ્ટ શબ્દોમાં કહેતો આવ્યો છું અને આ બધું બન્યું તે બધો સમય હું હાજર હતો."

અને હવે મારા માલિક યહોવાએ મને તેની શક્તિ સાથે મોકલ્યો છે.

17ઈસ્રાએલના પરમપવિત્ર દેવ યહોવા તમારા તારક એમ કહે છે કે,

"હું યહોવા તારો દેવ છું, હું તારા હિત માટે તને ઉપદેશ આપું છું, તારે જે માર્ગે જવું જોઈએ તે માર્ગે હું તને લઈ જાઉં છું.

18તેં જો મારી આજ્ઞાઓ કાને ધરી હોત તો કેવું સારું થાત! તારી સુખસમૃદ્ધિ સદા સરિતા સમી વહેતી હોત અને વિજય પામીને તું સાગરના તરંગો જેમ ઊછળતો રહ્યો હોત.

19તારી સંતતિની સંખ્યા રેતી જેટલી અને તારા વંશજો તેના કણ જેટલા થયા હોત અને તેમનાં નામ મારી નજર આગળથી ભૂંસાઈ ગયા ન હોત."

20છતાં હજી બાબિલમાંથી બહાર ચાલ્યા જાઓ. ખાલદિયામાંથી ભાગી જાઓ, અને ત્યાંથી પાછા ફરતાં હર્ષનાદ સાથે પોકાર કરો, ઘોષણા કરો, અને પૃથ્વીના છેડા સુધી એના સમાચાર મોકલો કે, "યહોવાએ પોતાના સેવક યાકૂબના વંશજોનો ઉદ્ધાર કર્યો છે.

21તેમણે તેઓને અરણ્યમાંથી દોર્યા ત્યારે તેઓને તરસ વેઠવી પડી નહોતી. કારણકે તેણે તેમને માટે ખડકમાંથી પાણી કાઢયું હતું; તેણે ખડકને તોડી નાખ્યો અને પાણી ખળખળ કરતું વહેવા લાગ્યું."

22પરંતુ યહોવા કહે છે, "દુષ્ટોને કદી સુખશાંતિ હોતી નથી."

## યહોવાનું પોતાના લોકોને આશ્વાસન

49 હે દૂર દેશાવરના લોકો, ધ્યાન દઈને સાંભળો! હું જન્મ્યો તે પહેલાથી યહોવાએ મને બોલાવ્યો હતો, જ્યારે હું મારી માતાના ગર્ભમાં હતો ત્યારે જ તેણે મને નામ આપ્યું હતું.

2તેમણે મારી વાણીને મર્મભેદી તલવાર બનાવી, અને મને પોતાના હાથની છાયામાં છુપાવી દીધો. તેણે મને તીક્ષ્ણ બાણ બનાવી અને ભાથામાં સંતાડી દીધો.

3તેમણે મને કહ્યું, "તું, ઈસ્રાએલ, મારો સેવક છે, તું મારો મહિમા વધારનાર છે."

4પરંતુ હું તો એમ વિચારતો હતો કે, "મારી મહેનત પાણીમાં ગઈ. મેં મારી શકિત નકામી, વ્યર્થ વાપરી. તેમ છતાં, મને ખાતરી છે કે યહોવા મને ન્યાય આપશે અને તે મને બદલો આપશે."

5"હું માતાના ગર્ભમાં હતો ત્યારથી યહોવાએ મને પોતાનો સેવક નીમ્યો હતો, જેથી હું યાકૂબના વંશજોને, ઈસ્રાએલના લોકોને, પાછા એને ચરણે લાવું. તેણે મારો મહિમા કર્યો અને મને બળ આપ્યું." આ યહોવા કહે છે:

6"ઈસ્રાએલને મારા માટે પુનઃસ્થાપિત કરવા ઉપરાંત તું વધારે કામ કરીશ, પૃથ્વીની સર્વ પ્રજાઓમાં તારણ પહોંચાડવા હું તને તેઓ માટેનો પ્રકાશ બનાવીશ."

7જેને લોકો ધૃણાની નજરે જુએ છે, જેનો તિરસ્કાર સર્વ પ્રજાઓ કરે છે, જે અન્યાયી શાસકોનો ગુલામ છે, તેને ઈસ્રાએલનો ઉદ્ધારક પવિત્ર દેવ કહે છે, "તને જોઈને રાજામહારાજાઓ માનપૂર્વક ઊભા થઈ જશે, અને સરદારો પગે પડશે," એકવચની, અને તને પસંદ કરનારા ઈસ્રાએલના પવિત્ર દેવને પ્રતાપે આ થશે.

## મુક્તિનો દિવસ

8યહોવા કહે છે, "તમારો બચાવ કરવાનો સમય આવશે ત્યારે હું તમારા પ્રત્યે ભલાઈ દેખાડીશ અને તમારા સહાય માટેના પોકારો હું સાંભળીશ, હું તમારું રક્ષણ કરીશ અને સર્વ લોકો સાથેના મારા કરારના મધ્યસ્થ તમને બનાવીશ, ઉજ્જડ થયેલી જગ્યામાં હું તમને ફરીથી વસાવીશ.

9હું બંદીવાનોને કહીશ, 'જાઓ તમે મુક્ત છો!' અને જેઓ અંધકારમાં છે તેઓને કહીશ, 'બહાર પ્રકાશમાં આવો!' તેઓ પર્વત ઉપર ચરનારા ઘેટાં જેવા થશે.

10તેઓને ભૂખ કે તરસ લાગશે નહીં; તેઓને લૂ તથા તાપ વેઠવા પડશે નહીં. કારણકે યહોવા પોતાની ભલાઈથી તેઓને દોરતા રહેશે અને તેમને પાણીના ઝરા આગળ લઈ જશે.

11હું દરેક પર્વતને સપાટ રસ્તો બનાવી દઈશ અને દરેક માર્ગને પૂરીને સરખો કરીશ,

12જુઓ, મારા લોકો ઉત્તરના તથા પશ્ચિમના તેમજ દક્ષિણના પ્રદેશોમાંથી પાછા ફરશે."

13હે આકાશો, હર્ષનાદ કરો; અને હે પૃથ્વી, તું આનંદ કર; હે પર્વતો, તમે જયઘોશ કરવા માંડો, કારણકે યહોવાએ પોતાના લોકોને આશ્વાસન આપ્યું છે, અને પોતાની દુ:ખી પ્રજા પર કરુણા દર્શાવી છે.

## સિયોન તરછોડેલ સ્ત્રી છે

14છતાં સિયોનના લોકો કહે છે, "યહોવાએ અમારો ત્યાગ કર્યો છે, અમારો નાથ અમને ભૂલી ગયો છે."

15પરંતુ યહોવા કહે છે, "કોઈ માતા પોતાના બાળકને કઈ રીતે ભૂલી જઈ શકે? પોતાના પેટના સંતાનને હેત કરવાનું કઈ રીતે ભૂલી જઈ શકે? કદાચ માતા ભૂલી જાય, પણ હું તને નહીં ભૂલું.

16જો, મેં તારા નામનું છૂંદણું મારી હથેળી ઉપર છૂંદાવ્યું છે, અને યરૂશાલેમ નગરના કોટકાંગરાને હું સતત સંભાર્યા કરું છું.

17તને ફરી બાંધનારાઓ થોડા જ સમયમાં આવી પહોંચશે. અને તારો નાશ કરનારા સર્વને ભગાડી મૂકશે."

## ઈસ્રાએલીઓ પાછા ફર્યા

18જરા ઊંચી નજર કરીને ચારે બાજુ જો! તારા લોકો કેવા ભેગા મળીને તારી પાસે પાછા આવે છે! હું યહોવા, મારા પ્રાણનાં સમ ખાઈને પ્રતિજ્ઞા કરું છું કે "તું તેમને આભૂષણની જેમ ધારણ કરશે, અને નવવધૂની જેમ તેમના વડે તારી જાતને શણગારશે.

19તું ખેદાન-મેદાન થઈ ગઈ હતી, તું ખંડેરની ભૂમિ બની ગઈ હતી એ સાચું, પણ હવે તારા વતનીઓ માટે તારી સરહદ અત્યંત સાંકડી પડશે. અને તને ખેદાનમેદાન કરી નાખનારાઓ તો દૂર ચાલ્યા ગયા હશે.

20દેશવટાના દિવસોમાં જન્મ ધારણ કરનારાં બાળકો પાછાં આવશે અને તેને કહેશે, 'અમારે વધારે જગ્યાની જરૂર છે! કેમ કે આ જગ્યા તો ખીચોખીચ ભરાઈ ગઈ છે!'

21પછી તું મનમાં વિચાર કરશે, હું તો સંતાન વિહોણી ત્યકતા હતી આ બધા બાળકો મને થયા શી રીતે? 'હું તો એકલીઅટૂલી હતી, ત્યારે એમને ઉછેર્યા કોણે? એ આવ્યાં ક્યાંથી?'"

22યહોવા મારા દેવ કહે છે, "જુઓ, હું વિદેશીઓ તરફ મારો હાથ ઊંચો કરીશ , અને લોકો તરફ મારો ધ્વજ રાખીશ. અને તેઓ તારા પુત્રોને પોતાના ખોળામાં ઊંચકીને અને તારી પુત્રીઓને ખભા ઉપર બેસાડીને તારી પાસે પાછા લાવશે.
23રાજાઓ તેમના પાલકપિતા થશે અને તેમની રાણીઓ તેમની ધાવ થશે. તેઓ તને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરશે અને તમારા ચરણની રજ ચાટશે; ત્યારે તું જાણશે કે હું યહોવા છું, જેઓ મારો વિશ્વાસ કરશે તેઓ કદી જ નિરાશ થશે નહીં."

24શકિતશાળી માણસના હાથમાંથી શિકારને કોણ પાછો ઝૂંટવી શકે? અત્યાચારી રાજવી પાસે બંદીવાનોને મુક્ત કરાવવાની માગણી કોણ કરી શકે?

25પણ યહોવા કહે છે કે, "જોરાવરના હાથમાંથી લૂંટનો માલ ઝૂંટવી લેવાશે જ, અને દુષ્ટના હાથમાંથી કેદીને છોડાવાશે

જ. તારી સામે જેઓ લડતા હશે તે બધાની સાથે હું લડીશ અને તારાં બાળકોને હું પોતે બચાવીશ.

26હું તારા દુશ્મનોને તેમનું પોતાનું માંસ ખવડાવીશ અને જાણે દ્રાક્ષારસ પીધો હોય એમ તેઓ પોતાનું જ લોહી પીને છાકટા બનશે, અને આખી માનવજાતને ખાતરી થશે ક હું, યહોવા તારો તારક અને ઉદ્ધારક અને યાકૂબનો મહાન પરાક્રમી દેવ છું."

## યહોવાનો આજ્ઞાધીન સેવક

50 યહોવા પૂછે છે, "શું મેં તમને મારા લેણદારોને વેચી દીધા છે? તેને લીધે શું તમે અહીં આવ્યા નથી? મેં તમારી માતાને છૂટાછેડા આપીને કાઢી મૂક્યાનું ફારગતિપત્ર ક્યાં છે? ના, તમારા અપરાધોને લીધે જ તમે પોતાને વેંચી દીધા હતા અને તમારું દેવું ચૂકવવાને માટે જ તમારી માતાને પણ કાઢી મૂકવામાં આવી હતી.

2હું તમારો ઉદ્ધાર કરવા આવ્યો ત્યારે અહીં કેમ કોઈ હતું નહીં? મેં બૂમ પાડી ત્યારે કેમ કોઈએ જવાબ ન આપ્યો? શું તમને એમ લાગ્યું કે મારો હાથ તમારો ઉદ્ધાર કરવા સમર્થ નથી! શું મારામાં તમને બચાવવાની શકિત નથી? જુઓ, મારી આજ્ઞાથી સાગર સૂકાઈ જાય છે, અને ઝરણા રણ બની જાય છે. તેમાંની માછલીઓ પાણી વિના ગંધાઈ ઊઠે છે અને તરસે મરી જાય છે.

3આકાશ જાણે શોક પાળતું હોય તેમ હું તેને અંધકારથી આચ્છાદિત કરુ છું."

## દેવના સેવક દેવના ભરોસે

4યહોવા મારા દેવે મને શું કહેવું તે શીખવીને મોકલ્યો છે, તેથી હું થાકેલાને ઉત્સાહના વેણ કહી શકુ પ્રતિ પ્રભાતે તે મને ઊંઘમાંથી ઊઠાડે છે અને તેમની ઈચ્છાને સમજવાનું સામર્થ્ય મને આપે છે.5યહોવા મારા દેવે મારા કાન ઉઘાડ્યા છે, મેં નથી આજ્ઞાભંગ કર્યો કે નથી પાછા પગલા ભર્યા. 6મારનાર તરફ મેં પીઠ ધરી છે અને વાળ ખેંચી કાઢનારની આગળ મારા ગાલ ધર્યા છે. અપમાન કરનાર અને થૂંકનારથી મેં મારુ મુખ સંતાડ્યું નથી. 7પરંતુ યહોવા મારા માલિક મારી સહાયમાં ઊભા છે, તેથી કોઈ અપમાન મને નડતું નથી. મેં મારું મુખ પથ્થર જેવું દ્રઢ અને મજબૂત કર્યુ છે; મને ખાતરી છે કે મારી લાજ નહી જાય.

8મને ન્યાય આપનાર નજીકમાં છે; હવે મારી સામે યુદ્ધ કરવાની હિંમત કોણ કરી શકે? ક્યાં છે મારા દુશ્મનો? તેમને મારી સામે આવવા દો! 9જુઓ, યહોવા મારા દેવ મને સહાય કરશે, પછી મને અપરાધી ઠરાવી શકે એવો કોણ છે? જેમ જીવાત જૂના કપડાંને ખાઈ જાય છે તેમ મારા સર્વ શત્રુઓનો નાશ થશે!

10તમારામાંથી એવો કોઈ છે જે યહોવાનો ડર રાખતો હોય અને તેના સેવકની આજ્ઞા પાળતો હોય? હોય તો તે અંધારામાં દીવા વગર ચાલતો હોય તોય યહોવાના નામ ઉપર શ્રદ્ધા રાખે અને તેનો આધાર લે.

11"પણ તમે બધા તો અગ્નિ પેટાવો છો અને ઝાડના ઠૂંઠા બાળો છો. તો જાઓ, અગ્નિની જવાળાની વચ્ચે અને તમે જાતે ચેતવેલાં ઝાડના ઠૂંઠા વચ્ચે ચાલો. યહોવાને હાથે તમારી આ દશા થવાની છે. તમે દુ:ખમાં જ સબડવાનાં છો અને વિપત્તિમાં જ પડ્યા રહેવાના છો."

## યહોવાના લોકો અને દેવનો ભય

51 યહોવા કહે છે, "ઓ ન્યાયની અપેક્ષા રાખનારાઓ, મને પ્રાપ્ત કરવા ઈચ્છનારાઓ. મારુ કહ્યું સાંભળો! જે ખડકમાંથી તમને તોડી નાખવામાં આવ્યા છે તેનો ખ્યાલ કરો, જે ખાણમાંથી તમને ખોદી કાઢવામાં આવ્યા છે, તેનો વિચાર કરો. 2અને હા, તમારા પૂર્વજો ઈબ્રાહિમ અને સારાનો વિચાર કરો. મેં જ્યારે તેને બોલાવ્યો ત્યારે તેને એકે સંતાન નહોતું. મેં તેને આશીર્વાદ આપ્યા અને તે એકના અનેક થયા."

3યહોવા સિયોનને-એના ખંડેરમાં વસતા બધા લોકોને સાંત્વના આપવા માગે છે. તે તેની ઉજ્જડ થઈ ગયેલી ભૂમિને એદન જેવા ઉપવન માં ફેરવી નાખશે. ત્યાં આનંદોત્સવ વ્યાપી જશે અને સ્તુતિનાં ગીતો સંભળાશે.

4"ઓ મારા લોકો, મારી વાત ધ્યાનથી સાંભળો! ઓ મારી પ્રજા, મારી વાત કાને ધરો! કારણકે, હું મારો ઉપદેશ પ્રજાઓને સંભળાવું છું, અને મારો નિયમ તેમને પ્રકાશ આપશે.

5હું તમને મુકિત આપવા આવી રહ્યો છું; મારો વિજય હાથવેંતમાં છે, હુ પ્રજાઓ ઉપર શાસન કરીશ; તે દરિયા કિનારાના દેશો મારી વાટ જોશે, અને મારા આગમનની તેઓ આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરશે.

6ઊંચે આકાશ તરફ જુઓ અને નીચે પૃથ્વી તરફ નજર કરો! આકાશ ધુમાડાની જેમ અલોપ થઈ જશે, અને પૃથ્વી વસ્રની જેમ જીર્ણ થઈ જશે, અને તેના લોકો ડાંસની જેમ મરી જશે. પરંતુ મારું તારણ સદાકાળ રહેશે મારા ન્યાયનો ક્યારેય અંત નહીં આવે;

7ધર્મને ઓળખનારાઓ, મારા નિયમોને હૈયે રાખનારાઓ, મારું કહ્યું સાંભળો! લોકોના મહેણાંટોણાંથી ગભરાશો નહીં, લોકનિંદાથી ડરશો નહીં,

8માટે જેમ જીવાત કપડાંનો નાશ કરે છે અને વાંતરી ઊનને કોતરી કાઢે છે. તેમ તેઓનો નાશ થશે, પણ મારો ન્યાય સદાકાળ ટકી રહેશે અને મારું તારણ પેઢી દર પેઢી રહેશે."

## દેવનું સામર્થ્ય તેના લોકોની રક્ષા કરે છે

9હે યહોવાના બાહુ, જાગૃત થાઓ! ઊઠો અને સામર્થ્યના વસ્રો ધારણ કરો, પ્રાચીન કાળનાં, સમયો પૂર્વે જેમ જાગ્યા હતા તેમ જાગો. જેણે રહાબ રાક્ષસને વીંધી નાખી તેના ટુકડા કરી નાખ્યા, અને જેણે અજગરને વીંધ્યો, તે જ તું નથી?

10જેણે સાગરને, તેનાં અગાધ જળને સૂકવી નાખ્યાં, જેણે તારણ પામેલાઓને પાર ઉતારવા માટે સાગરનાં ઊંડાણોમાં થઈને માર્ગ કરી આપ્યો, તે જ તું નથી?

11હવે એવો સમય આવશે જ્યારે યહોવા દ્વારા ઉગારાયેલા સર્વ લોકો ફરીથી ગાતાં ગાતાં સિયોન પાછા આવશે. તેઓ અનંત આનંદ તથા હર્ષથી ભરપૂર હશે; દુ:ખ તથા શોક સર્વ જતાં રહેશે.

12યહોવા કહે છે, "તમને હિંમત આપનાર હું પોતે બેઠો છું. મર્ત્ય માણસથી, તરણા જેવા માણસથી ભયભીત થવાનું શું કારણ છે?"

13તમે તમારા સર્જનહાર યહોવાને ભૂલી ગયા છો, જેણે આ આકાશનો વિસ્તાર કર્યો છે અને પૃથ્વીનો પાયો નાખ્યો છે! હજી તમે આખો વખત તમારો નાશ કરવા તૈયાર થયેલા જુલમગારના રોષથી શા માટે ફફડ્યા કરો છો? એ જુલમગારનો રોષ તમને શું કરવાનો હતો?

14જેઓ બંધનમાં છે તેઓ મુક્ત થશે, તેઓ કારગારમાં મરવા નહીં પામે. તેમ તેમને કદી રોટલાની ખોટ નહીં પડે.

15"હું તમારો દેવ યહોવા છું, હું સાગરને ખળભળાવીને ગર્જના કરતા મોજાં પેદાં કરું છું." મારું નામ સૈન્યોના દેવ યહોવા છે. 16મેં આકાશને વિસ્તાર્યું છે અને પૃથ્વીનો પાયો નાખ્યો છે અને સિયોનના લોકોને કહ્યું છે કે, તમે મારી પ્રજા છો. મેં તમારા મોઢામાં મારી વાણી મૂકી છે અને મારા બાહુની છાયામાં તમને આશ્રય આપ્યો છે."

### દેવે ઈસ્રાએલને સજા કરી

17હે યરૂશાલેમ જાગૃત થા, જાગૃત થા! તેં યહોવાને હાથે તેના રોષનો પ્યાલો પીધો છે, તું એ પ્યાલો પૂરેપૂરો પી ગયો છે અને લથડે છે. 18તારે પેટે જન્મેલા અને તે ઉછરેલા બધા પુત્રોમાંથી એકે એવો નથી જે તારો હાથ પકડી તને માર્ગ બતાવે. 19વિનાશ અને પાયમાલી, દુષ્કાળ અને યુદ્ધ આ બે આફતો તારે માથે આવી છે ત્યારે કોણ તને આશ્વાસન આપે? કોણ તને હિંમત આપે?

20કારણકે તારા પુત્રો મૂર્છિત થઈને શેરીઓમાં પડ્યા છે. તેઓ જાળમાં ફસાયેલા હરણાંની જેમ લાચાર થયેલા છે. તારા દેવનો પુણ્યપ્રકોપ તેમના ઉપર પૂરેપૂરો ઊતર્યો છે.

21માટે, તું, જે ઘવાયેલી છે અને દ્રાક્ષારસ ન પીધાં છતાં લથડિયા ખ ાય છે. 22પોતાના લોકોનો પક્ષ લેનાર તારા દેવ યહોવા એમ કહે છે કે, "જો, હું તારા હાથમાંથી મારા રોષનો પ્યાલો, તને લથડિયાં ખવડાવનારનો પ્યાલો લઈ લઉં છું, હવે તારે એ પીવો નહીં પડે. 23હું તારા ત્રાસગારોના હાથમાં એ આપીશ, જેઓ તને કહેતાં હતાં કે, જમીન પર મોઢું નીચે કરીને સૂઈ જા કે, જેથી અમે તારા ઉપર થઈને જઈએ; તેં તારી પીઠને સપાટ જમીન જેવી પરંતુ તેમને ચાલવાના રસ્તા જેવી બનાવી દીધી હતી."

### યહોવા પોતાના લોકોને પુન:સ્થાપિત કરશે

52 હે સિયોન, જાગૃત થા, જાગૃત થા, હે યરૂશાલેમ, પવિત્ર નગર, તારાં સુંદર વસ્રો તું પહેર; કારણકે હવે જે લોકોએ દેવ તરફ પૂંઠ ફેરવી છે તે પાપીઓ તારા દરવાજાઓમાં પ્રવેશી શકશે નહીં.

2હે યરૂશાલેમ નગરી, ઉભી થા અને તારા પરની ધૂળ ખંખેરી નાખ, હે સિયોનની બંદીવાન પુત્રી, તારી ડોક ઉપરની ગુલામીની ઝૂંસરી કાઢી નાખ.

3કારણકે યહોવા કહે છે કે, "તમે વિના મૂલ્ય વેચાયા હતા, અને નાણા વિના તમે પાછા લવાશો."

4કારણકે યહોવા જે દેવ છે તેણે કહ્યું આરંભમાં તમે વસવાટ કરવા માટે મિસર ગયા હતા, પછી આશ્શુરના લોકોએ તમારા ઉપર વિના કારણ જુલમ કર્યો. "

5અને હવે યહોવા પૂછે છે, "અને અત્યારે હું અહીં શું જોઉં છું? તમને વિના મૂલ્યે ગુલામ બનાવવામાં આવ્યા છે, તમારા ઉપર શાસન ચલાવનારાઓ ઊંચા સ્વરે બોલે છે અને દિનપ્રતિદિન મારા નામની સતત નિંદા કરે છે."

6"પણ એવો દિવસ આવે છે જ્યારે તમને મારા નામના પરચાની ખબર પડશે અને તેઓને ખાતરી થશે કે તમારી સાથે બોલનાર હું જ છું."

7કે સુખશાંતિના સંદેશ લાવનારના પગલાં પર્વતો ઉપર કેવાં શોભાયમાન લાગે છે! તે તારણના શુભ સમાચાર આપે છે અને વિજયની ઘોષણા કરે છે, "તમારા દેવ શાસન કરે છે એમ તે સિયોન પાસે જાહેર કરે છે." 8નગરના ચોકીદારો ઉંચે સાદે એકી સાથે હર્ષનાદ કરે છે. કારણ, તેઓ યહોવાને સિયોનમાં પાછો આવતો નજરો નજર નિકાળે છે.

9ઓ યરૂશાલેમનાં ખંડેરો, એકી સાથે પોકાર કરો, હર્ષનાદ કરો! કારણ, યહોવા પોતાના લોકોને સુખના દહાડા બતાવશે અને યરૂશાલેમને મુક્તિ અપાવશે. "તમારા દેવ શાસન કરે છે" એમ તે સિઓન પાસે જાહેર કરે છે.

10સર્વ પ્રજાઓનાં દેખતાં યહોવાએ પોતાનો પવિત્ર ભુજ લંબાવ્યો છે, પૃથ્વી પરની દરેક વ્યક્તિ આપણા દેવનું તારણ જોશે. 11બહાર નીકળો, બાબિલમાંથી બહાર આવો! કોઈ અશુદ્ધ વસ્તુને અડશો નહીં. ઓ મંદિરની સાધનસામગ્રી ઉપાડનારાઓ, તમારી જાતને શુદ્ધ રાખો!

12તમારે ઉતાવળા થઈને નાસી જવાનું નથી અને પોતાનો જીવ બચાવવા અધીરા થવાનું નથી; કાણરકે યહોવા તમારી આગળ છે. ઈસ્રાએલના દેવ તમારું રક્ષણ કરશે.

### દેવની યાતના સહન કરતો સેવક

13"જુઓ, મારો સેવક સમૃદ્ધ થશે; તેને ઊંચે ને ઊંચે ચડાવવામાં આવશે, તેની ખૂબ ઉન્નતિ થશે.

14"પહેલાં તેને જોઈને ઘણા હેબતાઈ ગયા હતા; એનું રૂપ એવું તો વિરૂપ થઇ ગયું હતું કે જાણે માણસ જ ન લાગે.

15"પરંતુ હવે અનેક પ્રજાઓ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ જશે. અને રાજાઓ આશ્ચર્ય પામીને સ્તબ્ધ થઈ જશે. કારણકે કોઈએ કહ્યું ના હોય એવું તેઓ જોશે, અને પહેલાં કદી સાંભળ્યું ન હોય એવું નજરે ભાળશે."

### દુ:ખી પુરુષ અને પીડાનો અનુભવી

53 આપણે જે સાંભળ્યું તે કોણે માન્યું હોત? એમાં યહોવાનો હાથ હશે એવું કોણે ઓળખ્યું હોત?

2તે યહોવાની આગળ છોડની જેમ ઊગી નીકળ્યો હોત.
એનામાં નહોતું રૂપ કે નહોતી આંખોને આકર્ષતી સુંદરતા કે
નહોતી મનમોહક આકૃતિ. 3લોકોએ તેની અવગણના કરી
અને તેનો નકાર કર્યો. તે દુ:ખી અને વેદના પામેલો માણસ
હતો. તે આપણી પાસે આવ્યો ત્યારે આપણે તેના તરફ પીઠ
ફેરવી દીધી અને આપણું મુખ અવળું ફેરવી લીધું. તે
ધિક્કારાયેલો હતો અને આપણે તેની ચિંતા કરી નહીં.

4તેમ છતાં તેણે આપણાં વીતકો પોતા ઉપર લઈ લીધાં,
આપણી બિમારીઓ પોતે વહોરી લીધી. આપણે તો એમ
માન્યું કે તેને સજા થઈ છે, દેવે તેને આઘાત કરીને દુ:ખમાં
નાંખ્યો છે; 5પણ તે તો આપણે કરેલા અપરાધો માટે વિંધાયો
હતો અને આપણા દોષ માટે રીબાયો હતો. એણે ભોગવેલી
સજાને કારણે આપણે સુખશાંતિ ભોગવીએ છીએ અને તેને
પડેલા ચાબખાથી આપણે સાજાસમાં છીએ. 6આપણે રસ્તો
ભૂલી ગયા અને ઘેટાંની જેમ રઝળી ગયા. પણ યહોવાએ
આપણા બધાનો દોષ તેને માથે નાખ્યો.

7તેના ઉપર ત્રાસ ગુજારવામાં આવ્યા અને તેને સંકટમાંથી
પસાર થવું પડ્યું તેમ છતાં તેણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો
નહીં. તેને હલવાનની જેમ વધ કરવા લાવવામાં આવ્યો;
અને જેમ ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે તેમ
તેણે પોતાને દોષિત ઠરાવનારની આગળ પોતાનું મોં ખોલ્યું
નહીં. 8તેને પકડવામાં આવ્યો, ને તેનો ન્યાય તોળીને તેને
લઈ ગયા, તેનું શું થયું તેનો વિચાર સરખો કોઈએ કર્યો
નહીં, જીવતાં માણસોની દુનિયામાંથી તેનો વિચ્છેદ કરવામાં
આવ્યો, મારા લોકોના ગુનાઓ માટે તેને ઘાયલ કરી નાખવામાં
આવ્યો.

9તે દુષ્ટો વચ્ચે તેની કબર બનાવવામાં આવી હતી અને
તેનો મકબરો ધનિકો વચ્ચે મૂકવામાં આવ્યો હતો, જો કે તેણે
કોઈ હિંસા આચરી નહોતી કે કોઈ કપટ ઉચ્ચાર્યું નહોતું.

10તેમ છતાં તેને કચરવાની અને વિપત્તિઓમાંથી પસાર
કરવાની યહોવાની યોજના હતી. પણ જ્યારે તેના જીવનનું
પશ્ચાતાપાર્પણ થશે ત્યારે તે પોતાનાં વંશજોને જોવા પામશે,
તે લાંબુ જીવન જીવશે અને દેવની યોજના તેના દ્વારા સફળ
થશે.

11તેની બધી વેદનાઓને અંતે તે પ્રકાશ જોવા પામશે
અને પરમ તૃપ્તિ અનુભવશે. પ્રભુ કહે છે, "આમ મારો
નિર્દોષ સેવક અનેકોને નીતિમાન બનાવશે, અને તેમની
સજા પોતાને માથે લઈ લેશે."

12તેથી હું તેને પરાક્રમી તથા મહાન માણસોની જેમ યુદ્ધની
લૂંટનો ભાગ આપીશ, કારણ, તેણે પોતાનું જીવન આપી
દીધું હતું, અને પોતાની ગણતરી ગુનેગારોમાં થવા દીધી
હતી, તેણે અનેકોનાં પાપો પોતાને માથે લઈ લીધાં હતાં
અને ગુનેગારોને માટે તેણે પ્રાર્થના કરી હતી."

### ઈસ્રાએલ પ્રત્યે યહોવાનો પ્રેમ

54 ઓ સંતાનવિહોણી, વાંઝણી સ્ત્રી સમી યરૂશાલેમ
નગરી, તું મુક્ત કંઠે ગીત ગા, આનંદના પોકાર
કર! કારણ, યહોવાના આશીર્વચન છે કે, સોહાગણ સ્ત્રી
કરતાં ત્યક્તાને વધારે સંતાન અવતરશે.

2તારો તંબૂ વિશાળ બનાવ, તારા તંબૂના પડદા પહોળા
કર, તેની દોરી ઠેઠ સુધી લંબાવ અને ખીલા બરાબર ઠોકી દે;

3કારણકે તું તારી સરહદો ચારે બાજુએ વિસ્તાર તારા વંશજો
બીજી પ્રજાઓના તાબા હેઠળના પ્રદેશો કબજો કરશે અને
વેરાન નગરોને વસતાં કરશે.

4ગભરાઈશ નહીં; તારે ફરી શરમાવું નહીં પડે, તારે
શરમાવાનું હવે કોઈ કારણ નહીં રહે. તારી યુવાવસ્થાની
શરમ અને તારા વૈધવ્યના દુ:ખને હવેથી સંભારવામાં આવશે
નહીં.

5કારણકે તારા સર્જનહાર જ તારા 'પતિ' થશે. "યહોવા
સર્વસમર્થ" તેમનું નામ છે; ઈસ્રાએલના પવિત્ર દેવ અને
સમગ્ર પૃથ્વીના યહોવા, તારા ઉદ્ધારક છે.

6તું દુ:ખમાં ડૂબેલી ત્યક્તા જેવી છે. તારા દેવ, યહોવા,
તને પાછી બોલાવીને કહે છે કે, "જુવાનીમાં જેનો હાથ
પકડ્યો હતો તેને શી રીતે ત્યજી શકાય?"

7યહોવા કહે છે, "મેં ક્ષણ વાર માટે તારો ત્યાગ કર્યો હતો.
પણ હવે પુષ્કળ સહાનુભૂતિથી હું તને પાછી લાવીશ.

8ક્રોધના આવેશમાં ક્ષણભર મેં તારાથી મોં ફેરવ્યું હતું.
પણ હવે ચિરંતન કરુણાથી પ્રેરાઈને હું તારા ઉપર દયા કરીશ."
એમ તારો ઉદ્ધાર કરનાર યહોવા કહે છે.

### દેવ હંમેશા પોતાના લોકોને પ્રેમ કરે છે

9દેવ કહે છે "આ તો નૂહના વખતના જેવું છે, જેમ તે
વખતે મેં પ્રતિજ્ઞા કરી હતી કે હું ફરી કદી પૃથ્વી ઉપર
પ્રલયજળ નહીં લાવું. તેમ આજે હું તને વચન આપું છું કે
ફરી કદી હું તારા ઉપર ગુસ્સો કરીશ નહી, કે તને ઠપકો
દઈશ નહીં."

10યહોવા કહે છે "ભલે પર્વતો ખસી જાય અને ડુંગરોનું
અસ્તિત્વ નાશ પામે, પણ મારી ભલાઈ હંમેશા તમારી
સાથે રહેશે. તમારી સાથે કરેલો મારો શાંતિનો કરાર કદી
ખંડિત થશે નહીં." એમ તમારા ઉપર દયા કરનાર યહોવા
કહે છે.

11"ઓ દુ:ખી, ઝંઝાવાતની થપાટો ખાતી આશ્વાસન
વિહોણી નગરી! હું તને નીલમના પાયા ઉપર ફરીથી ચણી
લઈશ અને મૂલ્યવાન પથ્થરોમાંથી તમારા ઘરની ભીતો
બનાવીશ.

12તારા બુરજો માણેકના બંધાવીશ, તારા દરવાજા લાલ
પથ્થરના અને તારો આખો કોટ રત્નોનો બનાવીશ.

13"તારાં બધાં સંતાનો મારા પોતાના શિષ્યો બનશે, અને
તેઓ સુખશાંતિ અનુભવશે;

14પ્રમાણિકતાથી તારી પ્રતિષ્ઠા થશે. ત્રાસ તારાથી દૂર
રહેશે અને તને કશાનો ડર રહેશે નહીં. તું ત્રાસથી સદંતર
મુક્ત રહેશે.

15જો કોઈ પ્રજા તારી વિરુદ્ધ યુદ્ધ કરવા આવે તો તને
શિક્ષા કરવાના હેતુથી હું તેઓને તારી પાસે મોકલીશ નહીં.

જો તેઓ યુદ્ધ કરશે તો પણ તેઓનો નાશ કરવામાં આવશે કેમ કે હું તારા પક્ષમાં છું.

16"ભઠ્ઠીમાં અંગારાને વીંઝણા નાખનાર અને જુદાંજુદાં કામ માટે હથિયારો ઘડનારા લુહારનો સર્જનહાર હું છું, બધું નાશ કરનારા 'સંહારકને' પેદા કરનાર પણ હું જ છું.

17"પરંતુ હવે તારી વિરુદ્ધ વાપરવા માટે બનાવેલ કોઈ પણ હથિયાર કામ આવશે નહીં, અને ન્યાયલયમાં તારી સામેના એકેએક આરોપને હું ખોટા પાડીશ, તને ન્યાય મળશે. "મારા સેવકોનો આ વારસો છે, હું તેમને વિજય અપાવીશ," આ યહોવાના વચન છે.

## યહોવાને શોધનારાને આશીર્વાદ

55 યહોવા કહે છે, "અરે, શું કોઈ તરસ્યા છે? તમારી પાસે પૈસા ન હોય તો પણ આવો અને પીઓ! આવો, વગર પૈસે અનાજ લઈ જાઓ અને ખાઓ, અને દૂધ અને દ્રાક્ષારસ વિના મૂલ્યે લઈ જાઓ.

2જે ખવાય એવું નથી એની પાછળ શા માટે પૈસા ખર્ચો છો? જેનાથી તૃપ્તિ નથી તેની પાછળ તમારી મજૂરી શા માટે ખર્ચી નાખો છો? મારું કહ્યું ધ્યાનથી સાંભળો, અને ઉત્તમ ખોરાક ખાવ.

3"મારી પાસે આવો, હું કહું છું તે સાંભળો. મારું સાંભળશો તો જીવન પામશો. હું તમારી સાથે કાયમનો કરાર કરીશ. મેં દાઉદને જે ઉપકારો કરવાનું વચન આપ્યું હતું તે તમારા ઉપર કરીશ.

4મેં તેને લોકોની આગળ મારો સાક્ષી બનાવ્યો હતો. તેને મેં પ્રજાઓનો નેતા અને શાસક બનાવ્યો હતો."

5તમે પણ અજાણી પ્રજાઓ ઉપર અધિકાર ચલાવશો. અને તે પ્રજાઓ તમારી પાસે દોડી આવશે. કારણકે ઈસ્રાએલના પરમ પવિત્ર યહોવાએ તમારું સન્માન કર્યું છે."

6યહોવા જડે એમ છે ત્યાં સુધીમાં તેને શોધી કાઢો, તે નજીક છે ત્યાં સુધીમાં તેને બોલાવો.

7દુષ્ટ માણસો પોતાના દુષ્ટ આચરણોનો ત્યાગ કરે; અને પાપીઓ પોતાના પાપી વિચારો છોડી દે; તેઓ યહોવા પાસે પાછા ફરે; એ તેમના ઉપર દયા કરશે; આપણા દેવને ચરણે પાછા વળે; તે પૂરી માફી આપશે.

## દેવને લોકો સમજી શકવાના નથી

8યહોવા કહે છે, "મારા વિચારો એ તમારા વિચારો નથી અને તમારા રસ્તા એ મારા રસ્તા નથી.

9કારણકે જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે તેમ મારા માર્ગો તમારા માર્ગોથી અને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે."

10"વરસાદ અને બરફ આકાશમાંથી આવે છે અને ધરતીને જળથી સીંચ્યા વગર પાછા વળતા નથી; તેથી જ ધરતી ફૂલેફાલે છે અને વાવવા માટે બીજ અને ખાવા માટે અનાજ આપે છે.

11તે જ રીતે મારા વચનો મુખમાંથી નીકળે છે અને હંમેશ ફળ આપે છે. મારી ઈચ્છા પ્રમાણે તે કાર્ય પૂરું કર્યા વગર અને મેં સોંપેલું કાર્ય સિદ્ધ કર્યા વિના એ પાછો ફરતો નથી."

12"તમે બાબિલમાંથી આનંદપૂર્વક નીકળી પડશો અને સુરક્ષિત રીતે તમને દોરી જવામાં આવશે. તમારી આગળ પર્વતો અને ડુંગરો આનંદના પોકારો કરીને અને જંગલના વૃક્ષો તાળીઓ પાડીને તમને આવકારશે.

13એક વખતે જ્યાં કાંટા–ઝાંખરા હતા ત્યાં દેવદાર અને મેંદી ઊગી નીકળશે. આ પરાક્રમને કારણે યહોવાના નામનો મહિમા અમર થશે. એ શાશ્વત સ્મારકરૂપ પરાક્રમ અને ક્યારેય ન ભૂંસાય તેવી નિશાની થશે."

## વિદેશીઓનો સમાવેશ અને આશીર્વાદ

56 યહોવા કહે છે, "સર્વની સાથે ન્યાય અને પ્રમાણિકતાથી વર્તો. ધર્મને અનુસરો, કારણ હું મુક્તિ આપવાની તૈયારીમાં છું, અને ધર્મને વિજયી બનાવનારો છું."

2જે માણસ વિશ્રામવારની પવિત્રતા જાળવી તેનું પાલન કરે અને બધાં દુષ્કર્મોથી દૂર રહે તે માણસ પરમસુખી છે! જે માણસ ભૂંડું કરવાથી પોતાને પાછો રાખે છે તે આશીર્વાદિત
છે. 3યહોવાને શરણે આવેલા વિદેશીએ એમ ન કહેવું કે, "યહોવા મને પોતાના લોકોથી ખરેખર જુદો રાખશે," અને કોઈ વ્યંઢળે એમ ન કહેવું કે, "હું તો સુકાઈ ગયેલું જાડ છું."

4કારણ યહોવાના વચન છે, "જે વ્યંઢળ વિશ્રામવારનું પાલન કરશે અને મારા કરારને દ્રઢતાથી વળગી રહેશે.
5તેના માટે, હું મારા મંદિરમાં, એની ભીતો વચ્ચે, મારા પુત્રો અને પુત્રીઓંથી પણ ચડિયાતું સ્મારક અને નામ રચી આપીશ. હું તેને એવું અમર નામ આપીશ જે કદી નાશ ન પામે."

6વળી જે વિદેશીઓ મારે શરણે આવ્યા છે, જેઓ મારી સેવા કરે છે, મારા નામ ઉપર પ્રેમ કરે છે, મારા સેવકો છે, અને જે કોઈ મારા વિશ્રામવારની પવિત્રતા જાળવી તેનું પાલન કરે છે, અને મારા કરારને દ્રઢતાપૂર્વક વળગી રહે છે.
7યહોવા કહે છે, "તેમને હું મારા પવિત્ર પર્વત ઉપર લઈ આવી મારા પ્રાર્થનાગૃહમાં આનંદનો અનુભવ કરાવીશ. તેણે યજ્ઞવેદી ઉપર ચડાવેલાં દહનાર્પણો અને યજ્ઞનો હું પ્રસન્નતા પૂર્વક સ્વીકાર કરીશ. મારું મંદિર બધા લોકો માટે, પ્રાર્થના કરવા માટેનું સ્થળ બની રહેશે."

8ઈસ્રાએલના વેરવિખેર થયેલાંઓને એકઠા કરનાર પોતે યહોવા દેવના મુખના આ વચનો છે, "જેઓને ભેગા કર્યા છે તેમની ભેગા બીજાઓને પણ હું ભેગા કરતો રહીશ."

## દેવની ઉપાસના માટે લોકોને આમંત્રણ

9આવો, વનવગડાંના પશુઓ, જંગલનાં પશુઓ, આવો અને ઘેટાંને ખાઓ;

10કારણકે ઈસ્રાએલના બધાં ચોકીદારો સર્વ આંધળા છે અને કંઈ જાણતા નથી તેઓ મૂંગા કૂતરા, છે જે ભસતા નથી,

તેના જેવા છે. તેઓ જમીન પર લાંબા થઈને સૂઈ રહેવાનું,
આરામ કરવાનું તથા સ્વપ્નો જોવાનું પસંદ કરે છે.

11તેઓ બધા ખાઉધરા કૂતરા છે, જે કદી ધરાતા નથી,
તેઓ એવા ઘેટાં પાળકો છે જે કશું સમજતા નથી. તેઓ
ફક્ત પોતાના જ હિતનો વિચાર કરે છે ને શક્ય હોય તેટલું
પોતાના માટે મેળવવાનો પ્રયત્ન કરે છે.

12પ્રત્યેક વ્યક્તિ કહે છે, "ચાલો, હું દ્રાક્ષારસ લઈ આવું
અને આપણે ધરાઈને પીએ અને ઉજાણી કરીએ; અને
આવતીકાલ આજના કરતાં પણ વધારે સરસ હશે!"

## દેવનો ડર અને ઉદ્ધારનું વચન

57 સારા માણસો મરી જાય છે, પણ કોઈ વિચાર
કરતું નથી; ધર્મિષ્ઠ માણસો પોતાના સમય અગાઉ
મૃત્યુ પામે છે. શા માટે આવું બને છે તે કોઈ સમજતું નથી.
ભૂંડા દિવસો અને આફતમાંથી ઉગરવા માટે દેવ તેઓને
ઉપાડી લે છે તે તેઓ સમજતા નથી.

2દેવનો ડર રાખીને સત્યને માર્ગે ચાલનારાઓ મૃત્યુમાં
શાંતિ અને આરામ પામે છે.

3"પરંતુ તમે જાદુગરના પુત્રો, વ્યાભિચારી અને વારાંગનાના
સંતાનો! અહીં પાસે આવો.

4તમે કોની મશ્કરી કરો છો? તમે કોની સમક્ષ મોં પહોળું
કરી, જીભ કાઢી ચાળા પાડો છો? શું તમે પાપીઓનાં અને
જૂઠાઓના સંતાનો નથી?

5કામાગ્નિથી પીડાતા તમે એકેએક દેવદાર વૃક્ષ નીચે
વિષયભોગ કરો છો, ખાડીમાં અને ખડકોની ફાટોમાં
બાળકોનો ભોગ આપો છો.

6ખાડીમાંના સુંવાળા પથ્થરો તમારો વારસો છે, તમે તેનેજ
લાયક છો તમે તેમને પેયાપર્ણ અને ખાદ્યાર્પણ ચડાવો છો.
યહોવા કહે છે, "શું આ બધાને હું નજર અંદાજ કરીશ?"

7તમે ઊંચા ઊંચા પર્વતો ઉપર બલિદાનો અર્પણ કરવા
જાઓ છો અને વિજાતિય વ્યવહાર કરો છો.

8તમારા ઘરના મુખ્ય બારણા અને બારસાખ પાછળ તમે
તમારી અશ્લીલ મૂર્તિઓ ગોઠવી છે. તમે મારો ત્યાગ કર્યો
છે. "ઓ મારી પ્રજા, તું તો વારાંગના જેવી છે! મને છોડીને
તારી પહોળી પથારી ઉપર નવસ્ત્રી થઈને સૂતી છે, અને
તું મનપસંદ માણસો સાથે સોદા કરી તારી કામવાસના
સંતોષે છે.

9તેં સુગંધીદાર ધૂપ તથા અત્તર મોલેખ દેવને ભેટ
તરીકે અર્પણ કર્યા છે. સંદેશવાહકોને દૂર દૂરના શેઓલમાં
મોકલે છે.

## ઈસ્રાએલે દેવનો વિશ્વાસ કરવો જોઈએ ન કે મૂર્તિઓનો

10"લાંબી યાત્રાથી તું થાકી જાય છે પણ તું અટકતી નથી.
તેં તારી ઈચ્છાઓને બળવત્તર કરી અને તારી શોધમાં તું
આગળ વધતી ગઈ.

11તું કોનાથી આટલી બધી ગભરાય છે? કે તું અસત્ય
બોલી? તું મને કેવી રીતે ભૂલી ગઈ અને મારો સહેજ પણ
વિચાર કર્યો નહીં? શું હું લાંબા સમય સુધી શાંત રહ્યો એટલે
તું મારો ડર રાખતી નથી?

12પરંતુ હવે હું તારાં એ પુણ્ય કૃત્યો અને 'ન્યાયીપણું'
જાહેર કરીશ; એ બંનેમાંથી એક પણ તારો બચાવ કરી નહીં
શકે.

13તું તારા બચાવ માટે ધા નાખીશ ત્યારે આ તારાં ભેગાં
કરેલાં દેવલાં તારી મદદે આવવાનાં નથી. પવન તેમને તાણી
જશે, અરે એક ફૂંક પણ તેમને ઉડાડી મૂકશે, પણ જે મારું
શરણું સ્વીકારશે તે ધરતીનો ધણી થશે અને મારા પવિત્ર
પર્વતનો માલિક બનશે."

## યહોવા પોતાના ભક્તોને મદદ કરશે

14વળી તે વખતે હું કહીશ: સડક બાંધો, રસ્તાઓ ફરીથી
તૈયાર કરો. મારા લોકોના રસ્તાઓમાંથી ખડકો અને પથ્થરો
દૂર કરો. અને મારા લોકો માટે સરળ માર્ગ તૈયાર કરો.

15જે અનંતકાળથી ઉચ્ચ અને ઉન્નત છે તેવા પવિત્ર દેવ
આ પ્રમાણે કહે છે, "હું ઉન્નત અને પવિત્ર સ્થાનમાં વસું
છું, પણ જેઓ ભાંગી પડ્યા છે અને નમ્ર છે તેમની સાથે
પણ હું રહું છું. નમ્ર લોકોમાં હું નવા પ્રાણ પૂરું છું અને
ભાંગી પડેલાઓને ફરી બેઠા કરું છું.

16કારણકે હું સદાકાળ તમારી ઉપર ગુસ્સો કરીશ નહીં,
અને આખો વખત તમને ઠપકો આપ્યા કરીશ નહીં. કારણ,
બધામાં પ્રાણ પૂરનાર, હું જ છું. જો એમ ન હોય તો મારાજ
સર્જેલા બધાં લોકો મારી સામે મૂર્છિત થઈ જશે.

17તેમનાં લોભ અને પાપને કારણે ગુસ્સે થઈને મેં તેમને
ફટકાર્યા હતાં અને મેં તેમનાથી મારી જાતને છુંપાવી દીધી
હતી. છતાં તેમણે હઠપૂર્વક મનમાન્યા માર્ગે જવાનું ચાલુ
રાખ્યું.

18તેઓ ક્યે માર્ગે ગયા છે એ મેં જોયું છે, તેમ છતાં હું
તેઓને સાજા કરીને ઘા રૂઝવીશ. હું તેઓને સાચો માર્ગ
દેખાડીશ, હિંમત અને આશ્વાસન આપીશ;

19જેઓ દૂર છે તેમજ પાસે છે તેઓને શાંતિ થાઓ, કારણકે
હું તે બધાને સાજા કરીશ."

20પણ દુષ્ટ માણસો તો તોફાની સાગર જેવા છે, જે કદી
શાંત રહેતા નથી, જેના જળ ડહોળાઈને કાદવ અને કચરો
ઉપર લાવે છે. 21"દુષ્ટોને કદી શાંતિ હોતી નથી, એવું મારા
દેવ કહે છે."

## સાચો ઉપવાસ

58 યહોવા કહે છે, "કોઈ પણ સંકોચ વિના મોટે સાદે
પોકાર કર. રણશિંગા જેવો તારો સાદ ઊંચો કર.
મારા લોકો યાકૂબના વંશજોને તેઓના પાપ વિષે જણાવી દે.

2રોજ રોજ તેઓ મારી ઉપાસના કરવા આવે છે તેઓ કહે
છે કે તેમને મારા માર્ગો જાણવાનું ગમે છે જોકે તેઓ
ન્યાયનું આચરણ કરનારી પ્રજા છે અને જેમણે પોતાના

દેવના શાસનનો અંત લાવ્યો નથી. તેઓએ મારી પાસે
ન્યાયની અને સત્યની માગણી કરી અને તેઓ દેવની નજીક
રહેવા માગે છે એવું લાગે છે."
3લોકો પૂછે છે, "યહોવા, તમે જો જોતા જ ન હોય તો
પછી અમે ઉપવાસ શા માટે કરીએ? તું જો ધ્યાન જ ન
આપતો હોય તો અમે શા માટે અમારી જાતને નમાવીએ?"
પરંતુ યહોવા તેમને કહે છે, "તમે ઉપવાસ કરો છો ત્યારે
પણ તમે તમારી મરજી મુજબ કરો છો અને તમારા મજૂરો
ને ત્રાસ આપો છો. 4જુઓ, તમે ઉપવાસ કરો છો અને તેજ
સમયે તમે લડો-ઝગડો અને એક બીજા સાથે હિંસક
મારામારી કરો છો, પછી ઉપવાસ કરવાનો અર્થ શો? આ
પ્રકારના ઉપવાસથી તમારો સાદ સ્વર્ગે નહીં પહોંચે. 5શું હું
તમારી પાસેથી આ પ્રકારના ઉપવાસ સ્વીકારું છું જેમાં આ
પ્રમાણે  પ્રાયશ્ચિત કરવું અને હવામાં બરૂની જેમ માથું
નમાવવું અને શોકના વસ્ત્રો પહેરીને પોતાના શરીર ઉપર
રાખ ચોપડવી? શું  તમને લાગે છે કે યહોવા આ પ્રકારના
ઉપવાસને સ્વીકારે છે?
6"ના, હું એવા પ્રકારના ઉપવાસ સ્વીકારીશ જેમાં તમે
ન્યાયથી વર્તો અને કચડાયેલાને મુક્ત કરો. 7તમારે ભૂખ્યા
સાથે વહેંચીને ખાવું, ઘર વગરનાને પોતાના ઘરમાં આશરો
આપવો, ઉઘાડાને જોતાં તેને વસ્ત્ર પહેરાવવાં. અને
માનવબંધુઓને ભીડમાં જોઈને આંખ આડા કાન કરવાં
નહીં."
8જો તમે આ બાબતોનો અમલ કરશો તો દેવ પોતાનો
મહિમાવંત પ્રકાશ તમારા પર પાડશે; અને તમારા ઘા જલદી
રૂઝાઇ જશે; તમારો સદાચાર તમને આગળ દોરી જશે અને
યહોવાનો મહિમા તમને અનુસરશ. અને તમારી પાછળ
યહોવાનો મહિમા પણ આવતો હશે. 9ત્યારબાદ તમે યહોવાને
વિનંતી કરશો તો તે તમને અવશ્ય પ્રત્યુત્તર આપશે, તે
ઝડપથી પ્રત્યુત્તર આપતાં કહેશે; હા હું આ રહ્યો."

## દેવના લોકોએ દયા કરવી જોઇએ

તમારે કેવળ આટલું કરવાનું છે: "નિર્બળ ઉપર ત્રાસ
આપવાનું બંધ કરો. કોઈના તરફ આંગળી ચીંધીને ખોટા
આક્ષેપો કરવાનું છોડી દો; 10જો ભૂખ્યાઓને તમે તમારો
રોટલો આપો અને દિન દુઃખીજનની આંતરડી ઠારો, તો પ્રકાશ
અંધકારમાં પ્રકાશી ઊઠશે અને સંધ્યાકાળ તમારે માટે બપોરની
જેમ ઝળાંહળાં થશે.
11હું સતત તમને દોરતો રહીશ, અને મરુભૂમિમાં પણ
તમને કશાની ખોટ નહીં પડવા દઉં. હું તમારા અંગોમાં બળ
પૂરીશ. અને તમે જળ સીંચેલી વાડી જેવા, સદા વહેતાં ઝરા
જેવા બની જશો.
12ઘણા સમયથી ખંડેર પડેલા તમારા નગરોને તમારાં
સંતાનો ફરીથી બાંધશે, અને "ભીતો અને શેરીઓને બાંધનારા
લોકો" એવા નામથી તમે ઓળખાશો.
13જો તમે પવિત્ર વિશ્રામવારને પાળશો અને તે દિવસે
તમારો પોતાનો ધંધો તથા મોજમજા કરશો નહીં, પણ તમે
વિશ્રામવારને આનંદોત્સવનો યહોવાનો પવિત્ર દિવસ
જાણીને તે વિષે આનંદથી બોલશો અને તમારાં કાર્યો બંધ
રાખીને યહોવાનો આદર કરશો, તેમ જ તમારી પોતાની
ઈચ્છાઓને અને આનંદપ્રમોદને અનુસરસો નહીં અને ખાલી
વાતોમાં સમય નહીં વિતાવો.
14તો પછી તમે યહોવાને ઉત્સવ કરશો અને યહોવા
તમને ધરતીનાં ઊંચા શિખરો ઉપર સ્થાપિત કરશે, અને
તમને તમારા પૂર્વજ યાકૂબનો વારસો ભોગવવા મળે એવું
કરશે. આ યહોવાના પોતાના વચન છે.

## પાપ સંબંધી ચેતવણી ને યહોવાની સહાય

59 જુઓ, યહોવાનો હાથ કઈં એવો નિર્બળ નથી કે
તે તમારો બચાવ ન કરી શકે અથવા તેનો કાન
એવો બહેરો નથી કે સાંભળી ન શકે. 2પણ તમારા પાપોએ
તમારી અને દેવની વચ્ચે આડશ ઊભી કરી છે; તમારાં
પાપને કારણે તે તેમને દર્શન આપતો નથી કે નથી સાંભળતો.
3તમારા હાથ લોહીથી ને અપરાધોથી ખરડાયેલા છે ને
તમારી જીભ જૂઠું બોલે છે અને દગાફટકાથી વાત કરે છે.
4અદાલતમાં સાચી ફરિયાદ કરવાં કોઈ જતું નથી. સૌ પોકળ
દલીલો ઉપર આશા બાંધે છે, ને સૌ કોઈ જૂઠાણું ચલાવે છે.
દુષ્ટ મનસૂબા ઘડે છે અને અધર્મ આચરે છે. 5તેઓ સાપનાં
ઈંડા સેવે છે અને કરોળિયાનાં જાળાં ગૂંથે છે જે એ ઈંડા
ખાય છે તે મોતને ભેટે છે ને જે ઈંડુ ફૂટે છે તેમાંથી સાપ
નીકળે છે.
6તેમનાં જાળાં કઈં વસ્ત્ર તરીકે કામ આવવાનાં નથી, કોઈ
તેને પહેરી શકવાનું નથી.
તેમનાં કર્મો કુકર્મો છે અને તેમના હાથ હિંસા આચરે છે.
7દુષ્ટ કૃત્યો કરવા તેમના પગ દોડી જાય છે, ને નિર્દોષનું
લોહી રેડવા તેઓ ઉતાવળા થાય છે, તેઓ હંમેશા કાવાદાવાના
જ વિચાર કરતા હોય છે, અને પોતાની પાછળ વિનાશ અને
પાયમાલી મુક્તા જાય છે,
8તેઓ શાંતિનો માર્ગ જાણતા નથી. તેમના માર્ગમાં કોઈ
ન્યાય નથી. તેમના માર્ગો છેતરામણા છે અને એ માર્ગે
જનારા કોઈને શાંતિ મળતી નથી.

## ઈસાએલના પાપોથી મુશ્કેલીઓનું આવવું

9તેથી આપણને ન્યાય મળતો નથી, આપણી મુક્તિ હજી
દૂર છે. અમે અજવાળાની આશા રાખીએ છીએ, પણ જુઓ
અંધકારમાં; તેજ ઝંખીએ છીએ અને અંધકારમાં અટવાઈએ
છીએ. 10આપણે અંધજનની જેમ ભીંતે હાથ દઈને ફાંફા
મારીએ છીએ, આપણે ભરબપોરે જાણે અંધારી રાત્રિ હોય
એમ ઠોકર ખાઈએ છીએ જાણે આપણે ભટકતાં મૃત લોકો
ના હોઈએ!
11આપણે બધા રીંછની જેમ ઘૂરકીએ છીએ ને હોલાની
જેમ કણસીએ છીએ. આપણે ન્યાયને ઝંખીએ છીએ પણ
ન્યાય મળતો નથી, તારણની આશા રાખીએ છીએ, પણ તે
અમારાથી દૂર રહે છે.

12હે યહોવા, અમે તારા અનેક અપરાધો કર્યા છે અને અમારાં પાપ અમારી વિરુદ્ધ સાક્ષી પૂરે છે. અમને અમારા પાપોનું ભાન છે, અમારા પાપ અમે જાણીએ છીએ.

13તારી સામે અમે બળવો કર્યો છે અને તારો નકાર કર્યો છે અમે તમને, અમારા દેવને અનુસરવાનું છોડી દીધું છે, અમે ઘોર ત્રાસ અને બળવાની વાતો કરીએ છીએ, અમે જૂઠાણાંઓ વિચારીએ છીએ અને તેનેજ ઉચ્ચારીએ છીએ.

14અમે ન્યાયને પાછો કાઢીએ છીએ અને ધર્મને આઘો રાખીએ છીએ. સત્ય નગરનાં ચોકમાં ઠોકર ખાય છે, અને પ્રમાણિકતાને પ્રવેશવા દેવામાં આવતી નથી.

15હા, સત્યનો સદંતર અભાવ છે, અને જે સત્યને વળગી રહેવા પ્રયત્ન કરે છે તેના ઉપર આક્રમાણ થાય છે. યહોવાએ સર્વ દુષ્ટતા નિહાળી છે અને પાપની વિરુદ્ધ કોઈ પગલું લેવામાં આવ્યું નથી તેથી તે નારાજ થાય છે.

16યહોવાએ આ જોયું છે અને તે ન્યાયના અભાવથી અપ્રસન્ન થયા છે. દીનદલિતોની સાથે થવા કોઈ તૈયાર નથી એ જોઈને તે નવાઈ પામ્યા છે. આથી તે પોતાના જ બાહુબળથી અને ન્યાયીપણાથી વિજય પ્રાપ્ત કરશે.

17તે મુકિતનું બખ્તર ચડાવશે અને માથે વિજયનો ટોપ ધારણ કરશે, વેરના વાઘા પહેરશે અને ઉપર ક્રોધનો ઝભ્ભો ઓઢશે.

18તે દરેકને તેના કર્મ પ્રમણે બદલો આપશે. શત્રુઓ ઉપર રોષ ઉતારશે, દુશ્મનોને દંડ દેશે અને દૂર દેશાવરના લોકોને પણ સજા કરશે.

19ત્યારબાદ પૂર્વથી પશ્ચિમ સુધી લોકો તેના નામથી ડરશે અને તેના પ્રતાપથી થરથર ધ્રૂજશે; કારણ તે ધસમસતા પૂરની અને પ્રચંડ વાયુની જેમ ધસી આવશે.

20પણ સિયોનને માટે, પોતાના લોકોમાંથી જેઓ પાપથી પાછા ફર્યા હશે તેમને માટે તો તે ઉદ્ધારક રૂપે આવશે. આ યહોવાના પોતાના વચન છે.

21યહોવા કહે છે, "આ મારો તમારી સાથેનો કરાર છે; મેં મારો આત્મા જે તારા પર છે, ને મારાં વચનો જે તારા મુખમાં મૂક્યા છે તે તારા મુખમાંથી, તારા સંતાનના મુખમાંથી, તથા તારા સંતાનના સંતાનનાં મુખમાંથી સર્વકાળપર્યંત અલોપ થનાર નથી."

## દેવના લોકો માટે ભાવિ મહિમા

60 "ઓ યરૂશાલેમ, પ્રકાશી ઊઠ! તારા ઉપર યહોવાનો મહિમા ઉદય પામ્યો છે ને તે ઝળહળી રહ્યો છે.

2જુઓ, પૃથ્વી પર હજી અંધકાર છવાયેલો છે અને લોકો હજી ઘોર તિમિરમાં છે, પણ તારા ઉપર યહોવા ઉદય પામે છે અને તેનો મહિમા તારા ઉપર પ્રગટે છે.

3લોકો તમારા પ્રકાશ તરફ આવશે; તેમના પરાક્રમી રાજાઓ પણ તમારા ચળકતા ઉજાસને નિહાળવા આવશે.

4જરા ઊંચી નજર કરીને ચારે તરફ જો; બધા ભેગા થઈને તારા તરફ આવે છે. દૂર દૂરથી તારાં પુત્રો આવશે અને તારી પુત્રીઓને તેમની આયાઓ તેડીને લાવશે,

5એ જોઈને તમારી આંખો ખુશીથી ચળકશે અને તમારાં હૃદયો પ્રફુલ્લિત થશે, સમુદ્રની સંપત્તિ તમારી પાસે આવશે, દૂર દેશાવરોની સમૃદ્ધિ તમને અપાશે.

6ઊંટોના ટોળાથી તમારો દેશ છવાઈ જશે. તેઓ મિદ્યાન અને એફાહમાંના પ્રદેશમાંથી આવશે, શબાથી પણ બધાં આવશે; સોનું અને લોબાણ લઈને આવશે, યહોવાનાં યશોગાન ગાતાં ગાતાં આવશે.

7કેદારના અને નબાયોથનાં બધાં ઘેટાંબકરાં તારા વિધિવત યજ્ઞ માટે લાવવામાં આવશે અને યહોવાની યજ્ઞ વેદી ઉપર તેને પ્રસન્ન કરવા બલિ તરીકે હોમાશે અને તે એના મહિમાવંતા મંદિરનો મહિમા વધારશે.

8વાદળની જેમ અને પોતાના માળા તરફ જતાં કબૂતરોની જેમ ઊડતાં આ શું જાય છે?

9હા, એ તો દૂર દેશાવરના વહાણ ભેગાં થઈને આવે છે અને તાર્શિશના વહાણો એમાં આગળ છે. તેઓ તમારા દેવ યહોવાને નામે, તને મહિમાવંત બનાવનાર ઈસ્રાએલના પરમપવિત્ર દેવને નામે, તારાં સંતાનોને સોનાચાંદી સાથે દૂર દૂરથી પાછાં આવે છે."

10યહોવા યરૂશાલેમને કહે છે, "વિદેશીઓ આવશે અને તારા નગરોના કોટને ફરી બાંધશે. અને તેમના રાજાઓ તારા ગુલામ બનશે. કારણ ક્રોધ ચડતાં મેં તને પ્રહાર કર્યો હતો. પણ હવે હું મારી કૃપામાં તારા પર દયા કરીશ.

11તારા દરવાજા સદાય ખુલ્લા રહેશે, રાતે કે દિવસે કદી બંધ થશે નહીં, જેથી તેમાં થઈને વિદેશી રાજાઓ પોતાની સમૃદ્ધિ લઈને આવે.

12પરંતુ જે પ્રજા કે રાજ્ય તારી તાબેદારી સ્વીકારવાની ના પાડશે તેનો નાશ થશે, તે ખેદાનમેદાન થઈ જશે.

13લબાનોનનાં ગૌરવરૂપ ચિનાર, સરલ અને સરુનું કિમતી લાકડું મારા પવિત્ર ધામની શોભા વધારવા, મારી પાદપીઠનો મહિમા કરવા તારી પાસે લાવવામાં આવશે.

14જેઓએ તારા પર ત્રાસ કર્યો તેઓના પુત્રો તારી પાસે નમતા આવશે; અને જેઓએ તને તુચ્છ માન્યું તેઓ સર્વ તારા પગનાં તળિયાં સુધી નમશે; અને તેઓ તને 'યહોવાનું નગર', 'ઈસ્રાએલના પવિત્ર દેવનો મહિમાવંત પર્વત એવા નામથી તેઓ સંબોધશે.'"

## નવું ઈસ્રાએલ શાંતિનો દેશ

15"તું એક નગરી હતીં જે ત્યકતા અને તિરસ્કૃત હતી, કોઈ તારામાંથી પસાર થતું નહોતું; પણ હું તને કાયમ માટે માનવંતી અને આનંદના ધામરૂપ બનાવીશ.

16વિદેશી ભૂમિઓ અને તેના રાજામહારાજાઓ તારું પોતાની માતાની જેમ પાલન કરશે, ત્યારે તને ખબર પડશે કે હું, યહોવા તારો તારક છું, હું યાકૂબનો મહાબળવાન દેવ, તારો રક્ષક છું.

17હું તમને કાંસાને બદલે સોનું અને લોખંડને બદલે ચાંદી તેમજ લાકડાને બદલે કાંસુ અને પથ્થરને બદલે લોઢું

આપીશ. તારા પ્રશાસક શાંતિ અને ન્યાયપૂર્વક શાસન ચલાવે
એમ હું કરીશ,
18તારી ભૂમિમાં હિંસાનું, વિનાશનું કે પાયમાલીનું નામ
સાંભળવા નહીં મળે. તમારી ભીતો 'તારણ' કહેવાશે અને
તમારાં દરવાજાઓ 'સ્તુતિ' કહેવાશે.
19તને દિવસ દરમ્યાન પ્રકાશ માટે સૂર્યની કે રાત્રે પ્રકાશ
માટે ચંદ્રની જરૂર નહીં રહે, કારણ, હું તારો દેવ યહોવા,
તારો શાશ્વત પ્રકાશ બની રહીશ, અને તારો દેવ તારો મહિમાં
હશે.
20તારો સૂર્ય હવે કદી આથમશે નહીં કે તારો ચંદ્ર છુપાશે
નહીં, કારણ, હું યહોવા તારો શાશ્વત પ્રકાશ બની રહીશ
અને તારા દુ:ખના દિવસોનો અંત આવશે.
21વળી તમારા સર્વ લોકો ધાર્મિક થશે. તેઓ સદાકાળ
પોતાના દેશનું વતન પામશે, કારણકે હું મારા પોતાના હાથે
તેઓને ત્યાં સ્થાપીશ; અને એમ મારો મહિમા થશે.
22છેક નાનું કુટુંબ પણ સંખ્યામાં વૃદ્ધિ પામીને કુળસમૂહ
બનશે. ને જે નાનકડું ટોળું છે તે વૃદ્ધિ પામીને પરાક્રમી
પ્રજા બનશે. હું યહોવા, સમયની સંપૂર્ણતાએ તે સર્વ પૂર્ણ
કરીશ."

## મુક્તિનું સ્વાગત

61 યહોવા મારા માલિકે, તેનો આત્મા મારામાં મૂક્યો
છે, કારણ, તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને
દિનદુ:ખીઓને શુભસમાચાર સંભળાવવા, ભાંગેલા હૈયાના
ઘા રૂઝાવવા કેદીઓને છૂટકારાની ને બંદીવાનોને મુક્તિની
જાહેરાત કરવા મોકલ્યો છે. 2જે લોકો શોક કરે છે તેઓને
એમ કહેવા મને મોકલ્યો છે કે તમારા માટે યહોવાની
કૃપાનો દિવસ આવી પહોંચ્યો છે. અને તમારા શત્રુઓ માટે
યહોવાના કોપનો દિવસ આવી પહોંચ્યો છે. 3તેણે મને સૌ
દુ:ખીઓને સાંત્વના આપવા, તેમનો શોક હર્ષમાં ફેરવવા,
એમનાં ભારે હૈયાને સ્તુતિનાં ગીતો ગાતાં કરવા મોકલ્યો છે.
એ લોકો યહોવાએ પોતાના મહિમા માટે રોપેલાં 'ધર્મનાં
વૃક્ષો કહેવાશે.'
4"પ્રાચીન ખંડેરોનો તેઓ જીર્ણોદ્ધાર કરશે, અગાઉ
ભોંયભેગા થઈ ગયેલાં મકાનોને ફરી ઊભા કરશે, પેઢીઓથી
ઉજ્જડ પડી રહેલાં નગરોને નવેસરથી બાંધશે.
5"ઓ મારા લોકો વિદેશીઓ તમારી સેવા કરશે, તેઓ
તમારા ઘેટાંબકરાંને ચારશે અને તમારાં ખેતરોમાં મજૂરી
કરશે. 6પરંતુ તમે લોકો 'યહોવાના યાજકો' તથા આપણા
'દેવના સેવકો' ગણાશો. તમે બીજી પ્રજાઓની સમૃદ્ધિ
ભોગવશો અને તેમની સંપત્તિથી શોભશો.
7"તમારે બેવડી શરમ અનુભવવી પડી હતી, અપમાન
અને તિરસ્કાર વેઠવાં પડ્યા હતાં તેથી હવે તમને તમારા
પોતાના દેશમાં બમણી સંપત્તિ પ્રાપ્ત થશે, અને તમે શાશ્વત
આનંદ ભોગવશો. 8યહોવા કહે છે, હું યહોવા ન્યાયને ચાહું
છું, હું લૂંટ અને અયોગ્ય કાર્યને ધિક્કારું છું. હું દુ:ખ સહન
કરતા મારા લોકોને વિશ્વાસુપણે બદલો આપીશ અને તેઓની
સાથે સદાકાળનો કરાર કરીશ. 9તેઓના વંશજો સર્વ પ્રજાઓમાં
ખ્યાતિ પામશે; અને સર્વ લોકો જાણશે કે દેવે જેઓને ખૂબ
આશીર્વાદિત કર્યા છે તે આ લોકો છે."

## દેવનો સેવક વિનાશમાંથી બચાવ લાવ્યો

10"યહોવાના ઉપકારોનું સ્મરણ થતાં મારા હૈયામાં આનંદ
શમાતો નથી. મારા દેવને સંભારતાં મારું હૈયું હર્ષથી ઊભરાય
છે; કારણ, તેણે મને તારણનાં વસ્ત્રો પહેરાવ્યા છે અને મને
ન્યાયીપણાંનો ઝભ્ભો પહેરાવ્યો છે. લગ્નનાં વસ્ત્રોમાં સજ્જ
થયેલા વરરાજા જેવો અથવા રત્નાલંકારોથી શણગારાયેલી
જાણે વધૂ જેવો હું છું. 11જેવી રીતે પૃથ્વી તેની વનસ્પતિઓનું
નવ સર્જન કરે છે, અથવા એક બગીચો તેમાં રોપેલા બીજોને
ઉગાડે છે, યહોવા જગતની પ્રજાઓને પોતાનો ન્યાય અને
મહિમા બતાવશે."

## યરૂશાલેમ ઉદ્ધાર માટે પ્રાર્થના

62 "હું સિયોન પર પ્રેમ કરું છું. યરૂશાલેમનો ઉદ્ધાર
ન થાય ત્યાં સુધી હું મૂંગો નહીં રહું. તેનો વિજય
મશાલની જેમ ભભૂકી ન ઊઠે ત્યાં સુધી હું દેવને પોકારવાનું
બંધ નહીં કરું, અને હું વિશ્રામ લઈશ નહીં.
2સર્વ પ્રજાઓ તારું ન્યાયીપણું જોશે. તારા મહિમાથી તે
રાજાઓની આંખો અંજાઈ જશે; અને યહોવા તને એક નવું
નામ આપશે.
3તું યહોવાના હાથમાં ઝળહળતો તાજ, તારા દેવના હાથમાં
રાજમુગટ બની રહેશે.
4પછી તને કોઈ "ત્યકતા" નહીં કહે, તારી ભૂમિને કોઈ
"વેરાન" નહીં કહે. પણ તને સૌ "યહોવાની પ્રિયતમા"
કહેશે, અને તારી ભૂમિ "સોહાગણ" કહેવાશે, કારણ, યહોવા
તારા ઉપર પ્રેમ રાખે છે અને તારી ભૂમિનો તે માલિક થશે.
5ઓ યરૂશાલેમ, તારો નિર્માતા (શિલ્પી) જેમ એક યુવાન
એક યુવતી સાથે લગ્ન કરે છે, તેમ તારી સાથે લગ્ન કરશે,
અને જેમ કોઈ વર કન્યાથી હર્ષ પામે છે તેમ તારો દેવ
તારાથી આનંદ પામશે."

## દેવ પોતાનું વચન પાળશે

6"ઓ યરૂશાલેમ, મેં તારા કોટ ઉપર પહેરેગીરો ગોઠવ્યા
છે, તેઓ રાતે કે દિવસે કદી મૂંગા નહીં રહે.
ઓ યહોવાને યાદ કરાવનારાઓ, તમે પોતે જંપશો નહીં,
7અને જ્યાં સુધી યહોવા યરૂશાલેમની ફરી પ્રતિષ્ઠા કરી
તેને પૃથ્વી પર પ્રશંસાનું પાત્ર ન બનાવે ત્યાં સુધી તેને
જંપવા દેશો નહીં.
8યહોવા પોતાના સામર્થ્યથી વચન આપે છે કે, "હવે કદી
હું તારું ધાન્ય શત્રુઓને ખાવા નહીં આપું. અથવા વિદેશીઓને
તારી મહેનતથી બનેલો દ્રાક્ષારસ નહીં પીવાં દઉં.
9પરંતુ ધાન્ય લણનારા જ તે ખાઈને મારી સ્તુતિ કરશે,
અને દ્રાક્ષને ભેગી કરનારા જ મારા મંદિરના ચોકમાં તેનો
દ્રાક્ષારસ પીશે."

10દરવાજામાંથી જાઓ અને લોકો માટે રસ્તો તૈયાર કરો. બાંધો રાજમાર્ગ ને પથરા હઠાવી દો. પ્રજાઓ ઉપર ઊંચે ધ્વજ ફરકાવો.

11જુઓ, પૃથ્વીના છેડા સુધી યહોવા ઘોષણા કરે છે, "યરૂશાલેમના લોકોને જણાવો કે, આ તમારો મુક્તિદાતા આવે છે, પોતે મુક્ત કરેલા લોકોને સાથે લઈને આવે છે."

12હું તેમને ઘણા ઉપહારો આપીશ, અને તેઓ "પવિત્ર પ્રજા" "યહોવાએ મુક્ત કરેલા લોકો" કહેવાશે. અને યરૂશાલેમ "ઈપ્સિતા" "અત્યક્તા નગરી" દેવથી આશીર્વાદિત શોધી કાઢેલી ભૂમિ કહેવાશે.

## યહોવાનો પ્રજાઓ ઉપર વિજય

63 અદોમના નગર બોસ્રાહથી આ કોણ આવે છે? કિરમજી રંગના શોભાયમાન વસ્રોમાં સજ્જ થઈને વીરત્વ ભરી ચાલે આ કોણ આવે છે? એ તો હું યહોવા છું. "તમારું તારણ પ્રગટ કરું છું. તમારો ઉદ્ધાર કરવાને શક્તિમાન" અને સમર્થ એવો હું યહોવા છું.

2"કૂંડીમાં દ્રાક્ષ ગુંદનારા વસ્રની જેમ તારાં વસ્રો લાલ કેમ છે?"

3"મેં એકલાએ દ્રાક્ષ ગૂંદી છે. મને મદદ કરવા માટે ત્યાં કોઈ ન હતું. મારા ક્રોધમાં મેં મારા શત્રુઓને દ્રાક્ષાની જેમ ગૂંદી નાખ્યા, રોષે ભરાઈને મેં તેમને રોળી નાખ્યા અને તેમના લોહીની પિચકારી મારાં વસ્રો ઉપર ઊડી અને મારાં વસ્રો બધાં ખરડાઈ ગયા.

4કારણ, શત્રુઓને સજા કરી મારા પોતાના લોકોને મુક્ત કરવાનો મેં નક્કી કરેલો સમય આવી ચૂક્યો છે.

5મેં આજુબાજુ નજર નાખી પણ કોઈ મારી મદદે આવ્યું
નહીં. મારી સાથે આવનાર કોઈ નથી એ જોઈને હું અચંબામાં
પડી ગયો. 6તેમ છતાં મારા બાહુએ મને વિજય અપાવ્યો,
મારા ક્રોધમાં મેં વિદેશી પ્રજાઓને કચડી નાખી અને તે સર્વ લથડિયાં ખાઈને જમીન પર પડી ગઈ."

## યહોવા પોતાના લોકો પર દયાળુ રહ્યાં

7યહોવાના ઉપકારો હું સંભારીશ અને આપણે માટે એણે જે કાંઈ કર્યુ છે તે માટે હું તેના ગુણગાન ગાઈશ. પોતાની અપાર કરુણા અને દયાથી પ્રેરાઈને તેણે ઈસ્રાએલના લોકોનું ભારે મોટું કલ્યાણ કર્યુ છે.

8તેણે કહ્યું, "ખરેખર તેઓ મારી પ્રજા છે, મારા સંતાન છે; તેઓ મને દગો નહીં દે."

9અને તેમણે તેમને બધાં સંકટોમાંથી ઉગારી લીધા. તેમને બચાવવા માટે તેમણે કોઈ દૂત નહોતો મોકલ્યો, તે જાતે આવ્યા હતા. તેમણે ઊંચકીને ભૂતકાળમાં બધો સમય તેમને ઉપાડ્યા કર્યા.

10આમ છતાં તેઓએ દગો કરીને તેમની વિરુદ્ધ બળવો કરી તેમના પવિત્ર આત્માને દુભાવ્યો. એ પછી તે તેમના દુશ્મન બન્યા અને જાતે તેમની સામે યુદ્ધે ચડ્યા.

11પછી તેમણે તેમના સેવક મૂસાના જૂના દિવસો યાદ કર્યા અને કહેવા લાગ્યા, પોતાના લોકોના આગેવાનને સમુદ્રમાંથી પાર ઉતારનાર યહોવા ક્યાં છે? તેમનામાં પોતાના આત્માનો સંચાર કરનાર એ ક્યાં છે?

12પોતાના સંપૂર્ણ સામર્થ્યથી મૂસાની સાથે રહેનાર ક્યાં છે? પોતાના લોકોને માટે જળના બે ભાગ કરી તેમને સમુદ્રમાંથી દોરી લાવી અમર કીર્તિ પ્રાપ્ત કરનાર ક્યાં છે?

13જેણે અમને જાણે મેદાન પર ઘોડો ચાલતો હોય તેમ ઊંડાણમાં એવી રીતે ચલાવ્યા કે અમે ઠોકર ખાધી નહીં, તે
ક્યાં છે? 14ખીણમાં ઊતરી જનારાં ઢોરની જેમ તેઓ યહોવાના
આત્માથી વિશ્રામ પામ્યા; તે મુજબ તે પોતાને માટે મહિમાવંત નામ કરવા માટે તમારા લોકોને દોર્યા.

15ઓ યહોવા, ઉપર સ્વર્ગમાંથી નીચે દ્રષ્ટિ કર, તારા ભવ્ય અને પવિત્ર ધામમાંથી દ્રષ્ટિપાત કર. ક્યાં છે તારી શક્તિ? ક્યાં છે તારી અમારા પ્રત્યેની હૃદયની ઘેલછા? ક્યાં છે તારો ઊભરાતો પ્રેમ અને તારી દયા? એને તું અટકવતો લાગે છે!

16હજુ પણ સાચે જ તમે અમારા પિતા છો! જો ઈબ્રાહિમ અને ઈસ્રાએલ(યાકૂબ) અમારો અસ્વીકાર કરે તોયે, હે યહોવા, તું અમારો પિતા છે, પ્રાચીન સમયથી તું 'અમારો ઉદ્ધારક' એ નામથી ઓળખાતો આવ્યો છે.

17હે યહોવા, શા માટે તમે અમારાં હૃદયો કઠણ કર્યા અને અમને તમારા માર્ગોથી વાળ્યાં છે? પાછા આવો, તમારા સેવકોને ખાતર, જે કૂળો તમારા જ છે.

18થોડા સમય માટે, તમારા પવિત્ર લોકો તમારા પવિત્ર ધામને ધરાવતા હતાં, પણ હવે અમારા શત્રુઓએ તમારા મંદિરને રોળી નાખ્યું છે.

19અમારા ઉપર તું રાજ્ય ન કરતો હોય એ રીતે, અમે તારી પ્રજા ન હોઈએ એ રીતે, અમે ઘણો સમય વિતાવ્યો!

## યહોવા અમારા પ્રજાપતિ

64 તમે આકાશ ફાડીને નીચે ઉતરી આવો! જેથી પર્વતો તમારી હાજરીમાં કંપી ઊઠે!

2તમારા મહિમાનો અગ્નિ જંગલોને બાળી નાખે અને મહાસાગરોના પાણીને ઉકાળીને સૂકવી નાખે; પ્રજાઓ તમારી સમક્ષ ધ્રૂજી ઊઠે, ત્યાર પછી જ તમારા શત્રુઓ તમારી કીર્તિ અને સામર્થ્યને સમજી શકશે.

3અમારી કલ્પનામાં ન આવે તેવાં પ્રભાવિત ભયંકર કામો જ્યારે કરતાં હતાં તેવા એક સમયે તમે જ્યારે નીચે અવતરણ કર્યુ, અને પર્વતોએ તમને નિહાળ્યા ત્યારે તેઓ ભયથી કંપી ઊઠ્યા!

4કારણકે પ્રાચીન સમયથી આજ સુધી કોઈપણ વ્યક્તિ, બીજા કોઈપણ વિષે જોયુ કે સાંભળ્યું નથી, સિવાય કે આપણા દેવ, જેણે તેઓની પ્રતિક્ષા કરનારાઓના હિતમાં કાર્ય કર્યા છે.

5આનંદથી ભલાં કાર્યો કરનારાઓને તથા દેવના માર્ગે ચાલનારા સૌને તમે આવકારો છો. પરંતુ અમે દેવનો ભય રાખનારા નથી; અમે સતત પાપ કર્યા કરીએ છીએ અને

અમારા સમગ્ર જીવન દરમ્યાન પાપી જ રહ્યા છીએ. તેથી અમારા ઉપર તમારો રોષ ભારે છે, અમે કઈ રીતે બચી શકીએ?

6અમે બધા અપવિત્ર થઈ ગયા છીએ. અમારાં ધર્મકાર્યો સુદ્ધાં મેલાં વસ્ત્રો જેવા છે. અમે બધાં પાંદડાની જેમ ચીમળાઈ ગયા છીએ અને અમારાં પાપ પવનની જેમ અમને તાણી જાય છે.

7કોઈ તમારી ઉપાસના કરતા નથી, કે કોઈ તમને વળગી રહેવા પ્રયત્ન કરતું નથી. તેં તારું મુખ અમારાથી ફેરવી લીધું છે અને અમને અમારાં દુષ્કર્માને હવાલે કરી દીધા છે.

8ઓ યહોવા, હવે તમે અમારા પિતા છો; અમે માટી અને તમે પ્રજાપતિ છો. અમે સર્વ તમારા હાથોની કૃતિઓ છીએ.

9ઓ યહોવા, વધારે કોપ કરશો નહીં, અમારાં પાપ સદા સંભારશો નહીં! જરા અમારા સામું જુઓ! અમે બધા તમારી પ્રજા છીએ.

10તમારાં પવિત્ર નગરો અત્યારે નિર્જન પ્રદેશ જેવા થઈ ગયા છે, સિયોન વેરાન થઈ ગયું છે. યરૂશાલેમ ઉજ્જડ અરણ્ય થઈ ગયું છે.

11અમારું પવિત્ર અને ભવ્ય મંદિર, જ્યાં અમારા પિતૃઓ તમારી સ્તુતિ કરતા હતા તે બળીને ખાખ થઈ ગયું છે; જે જોઈને અમે આનંદ પામતા હતા, તે બધું ખંડેર બની ગયું છે. 12આમ છતાં, ઓ યહોવા, શું તમે સહાય કરવાની ના કરશો! શું તમારું હૃદય નહીં દ્રવે? શું હજુ પણ તમે શાંત રહેશો અને અમને અપાર વેદના આપતા રહેશો?

## ધર્મદ્રોહીની સજા

65 યહોવા કહે છે; "પહેલા કદી મારા વિષે જાણવાની કાળજી કરી નહોતી એવા લોકો હવે મને શોધી રહ્યા છે. પહેલા કદી મને તેઓ શોધતા નહોતા, છતાં હું તેમને મળવા તૈયાર હતો. એ પ્રજા મને નામ દઈને પોકારતી નહોતી છતાં મેં તેમને કહ્યું કે, 'આ રહ્યો હું. આ રહ્યો હું.'

2"એ બળવાખોર લોકોને વધાવી લેવા મેં આખો દિવસ હાથ પહોળા કર્યા, પણ તેઓ સ્વછંદી બની ખોટે માર્ગે ચાલે છે, 3સતત મારા મોઢા આગળ મને ગુસ્સો ચડે એવું કરે છે. તેઓ ઉપવનોમાં જઈને બીજા દેવોને બલિદાન આપે છે, અને તેમની વેદી ઉપર ધૂપ ચઢાવે છે 4અને રાત્રે તેઓ કબ્રસ્તાનમાં અને ગુફાઓમાં જાય છે; તેઓ ડુક્કરનું માંસ ખાય છે અને તેમના પાત્રો અશુદ્ધ પ્રાણીઓમાંથી બનેલા રસાથી ભરેલા હોય છે,

5"તેમ છતાં તેઓ એકબીજાને કહે છે, 'મારી વધારે નજીક ન આવશો, નહીં તો હું તમને પવિત્ર બનાવી દઈશ!' તેઓ મને ગૂંગળાવે છે; તેઓ મને સતત ક્રોધિત કરે છે."

## ઈસ્રાએલને સજા મળવી જોઈએ

6"જુઓ, આ સત્ય મારી આગળ નોધેલું છે; એનો બદલો આપ્યા વગર હું જંપીશ નહીં.

7"હું તેઓના પાપોનો જ નહી પરંતુ તેઓના પિતૃઓના પાપોનો પણ બદલો તેઓને આપીશ. કારણકે તેઓએ પણ પર્વતો ઉપર ધૂપ બાળ્યો છે અને ટેકરીઓ ઉપર મારું અપમાન કર્યુ છે. હું તેઓના અપરાધોનો પૂરો બદલો વાળી આપીશ."

## દેવ ઈસ્રાએલને બધી રીતે નષ્ટ નહીં કરે

8યહોવા કહે છે, "જેમ ઝૂમખામાં નવો દ્રાક્ષારસ મળે છે ત્યારે, તેનો નાશ કરશો માં, કારણકે તેમાં આશીર્વાદ છે એમ લોકો કહે છે; તેમ હું મારા સેવકોને માટે કરીશ, જેથી તે સર્વ લોકોનો નાશ ન થાય. 9હું યાકૂબના વંશજો અને યહૂદિયાના લોકોને આશીર્વાદ આપીશ અને તેમને મારા આ પર્વતીય પ્રદેશના વારસો બનાવીશ. મારા પસંદ કરેલા લોકો, મારા સેવકો ત્યાં વાસો કરશે. 10જેઓએ મારી શોધ કરી છે તેવા મારા લોકોને માટે શારોનના મેદાનોને ફરીથી ઘેટાં–બકરાં અને ઢોર–ઢાંખરથી ભરી દેવામાં આવશે અને આખોરની ખીણ તેઓનું ગોચર બની રહેશે.

11"પરંતુ તમે મારો ત્યાગ કરનારા છો, મારા પવિત્ર પર્વત સિયોનને ભૂલી ગયા છો, ભાગ્યદેવતાઓને થાળ ધરાવો છો અને એમને જાતજાતનાં દ્રાક્ષારસની પ્યાલીનું નૈવેધ ચડાવો છો; 12તેથી તમને તો હું તલવારને ઘાટ ઉતારીશ. તમારા બધાની હત્યા કરવામાં આવશે, કારણ, મેં તમને બોલાવ્યા પણ તમે જવાબ ન આપ્યો; હું બોલ્યો પણ તમે કાને ન ધર્યુ. મારી નજરમાં જે ખોટું હતું એ તમે કર્યુ અને મને જે પસંદ નહોતું તે તમે પસંદ કર્યુ."

13આથી યહોવા મારા માલિક કહે છે, "મારા સેવકો ખાવા પામશે પણ તમે ભૂખ્યા રહેશો, મારા સેવકો પીશે પણ તમે તરસ્યા રહેશો. મારા સેવકો ખુશી થશે પણ તમે ફજેત થશો.

14મારા સેવકો આનંદથી ગીતો ગાશે પણ તમે ભગ્નહૃદય થઈને રડશો, અને અંતરના સંતાપને લીધે આક્રંદ કરશો.

15મારા અપનાવેલા સેવકો શાપ આપવામાં તમારા નામનો ઉપયોગ કરશે. હું યહોવા, મારા માલિક તમારું મોત નીપજાવીશ. પણ હું મારા સેવકોને નવું નામ આપીશ.

16છતાં દેશમાં જે કોઈ વ્યક્તિ બીજા કોઈને આશીર્વાદ આપશે, તે તે વ્યક્તિને સત્ય દેવને નામે આશીર્વાદ આપશે. જે કોઈ દેશમાં સમ ખાશે તે, વિશ્વાસપાત્ર દેવના નામના સમ ખાશે. કારણ પહેલાની મુશ્કેલીઓ ભૂલાઈ ગઈ હશે અને મારી આંખથી સંતાઈ ગઈ હશે."

## એક નવો સમય આવી રહ્યો છે

17યહોવા કહે છે, "જુઓ, હું નવું આકાશ અને પૃથ્વી સર્જુ છું. પહેલાની સૃષ્ટિને કોઈ સંભારશે નહીં, તેનું કોઈને સ્મરણ પણ નહીં થાય.

18પરંતુ હું જે સર્જુ છું, તેથી તમે ખુશ થઈને સદા આનંદોત્સવ કરો, કારણ, હું એક યરૂશાલેમનું સર્જન કરીશ, જે મારા માટે આનંદ લાવશે અને જેના લોકો મારાથી ખુશખુશાલ હશે.

19હું યરૂશાલેમમાં આનંદ પામીશ અને ત્યાં રહેતા લોકોથી ખુશ રહીશ. ત્યાં ફરીથી રૂદન તથા આક્રંદ નો અવાજ સંભળાશે નહીં.

20ત્યાં નવાં જન્મેલા બાળકો થોડા દિવસ જીવીને મૃત્યુ પામશે નહીં; પૂરું આયુષ્ય ભોગવ્યા વિના કોઈ વૃદ્ધ મૃત્યુ પામશે નહીં; અને સો વરસ પૂરાં ન જીવવું એ શાપરૂપ મનાશે.

21લોકો જે ઘર બાંધશે તેમાં રહેવા પામશે, જે દ્રાક્ષની વાડીઓ રોપશે તેના ફળ ખાવા પામશે.

22કોઈ ઘર બાંધે ને કોઈ વસે, કોઈ વાડી રોપે ને કોઈ ખાય એવું નહીં બને. વૃક્ષની જેમ મારા લોકો લાંબું જીવશે. મારા અપનાવેલા લોકો પોતાના પરિશ્રમના ફળ ભોગવવા પામશે.

23તેઓની મહેનત વ્યર્થ નહીં જાય, અને તેમણે ઉછેરેલા બાળકો આફતનો ભોગ નહીં બને, કારણ, હું યહોવા, તેમને અને તેમના સંતાનોને આશીર્વાદ આપીશ.

24તેઓ મને પોકારે તે પહેલાં જ હું જવાબ આપીશ, તેઓ બોલે ના બોલે ત્યાં તો મેં સાંભળી લીધું હશે.

25વરૂ તથા ઘેટાનું બચ્ચું સાથે ચરશે, સિંહ બળદની જેમ કડબ ખાશે, અને ઝેરી સર્પો કદી ડંખ મારશે નહીં! મારા આખા પવિત્ર પર્વતમાં તેઓ ઉપદ્રવ કરશે નહીં ને વિનાશ કરશે નહીં." એમ યહોવા કહે છે.

### યહોવાનો મહિમા અવશ્ય પ્રગટ થશે

66 યહોવા કહે છે, "આકાશ મારું રાજ્યાસન છે, અને પૃથ્વી મારી પાદપીઠ છે; તમે મારું મંદિર ક્યાં બાંધશો? મારું નિવાસસ્થાન ક્યાં ઊભું કરશો?

2આ આખું વિશ્વ તો મેં જ બનાવેલું છે અને એ બધું તો મારું જ છે." "હું એવા લોકોનું સન્માન કરીશ, જેઓ દીનદુઃખી હોય કચડાયેલા અને ભાંગી પડેલા હોય, અને જે મારી આજ્ઞા માથે ચડાવતો હોય અને જે મારાં વચન સમક્ષ ધ્રૂજતો હોય.

3પરંતુ જે લોકો પોતાની જાતે પોતાના માર્ગની પસંદગી કરીને પોતાનાં પાપોમાં આનંદ માને છે અને જૂઠા દેવોને ધૂપ અર્પણ કરે છે, તેમને હું શ્રાપ આપીશ. દેવ તેમના અર્પણોને માન્ય રાખશે નહીં, આવા માણસો દેવની વેદી પર બળદનું બલિદાન આપે તે મનુષ્યના બલિદાન સમાન ગણાશે અને તેનો સ્વીકાર થશે નહીં. પણ જો તેઓ ઘેટાંનું ખાદ્યાર્પણ લાવે તો તે દેવની દ્રષ્ટિમાં કૂતરાં અથવા ડુક્કરના રકતનું અર્પણ કરવા જેવું ધિક્કારપાત્ર ગણાશે!

4હું તેઓ જેનાથી ડરે છે એવી આફતો જ પસંદ કરીને એમને માથે ઉતારીશ. કારણકે મેં હાંકમારી ત્યારે તેઓએ પ્રત્યુત્તર ન આપ્યો. મેં તેઓને સંબોધ્યા ત્યારે તેઓએ સાંભળ્યું નહીં; મારી નજરે જે ખોટું હતું તે તેઓએ કર્યુ. અને મને ન ગમે તેવું તેઓએ પસંદ કર્યુ."

5યહોવાના વચનથી ધ્રૂજનારા, અને જેઓ દેવનો ભય રાખે છે તેઓ આ વચન સાંભળો: "તમારા ભાઈઓ તમારો દ્વેષ કરે છે અને મારા નામ પ્રત્યેના વિશ્વાસુપણાને લીધે તમને કાઢી મૂકે છે, તમારો બહિષ્કાર કરી મહેણાં મારે છે; 'અમે જોઈએ તો ખરાં કે યહોવા પોતાનો મહિમા કેવો પ્રગટ કરે છે અને તમે કેવા ખુશ થાઓ છો!' પરંતુ તેઓ પોતે જ ફજેત થશે."

### સજા અને નવી પ્રજા

6સાંભળો, નગરમાં આ સર્વ કોલાહલ ઊઠે છે, મંદિરમાંથી અવાજ સંભળાય છે! એ પોતાના દુશ્મનો ઉપર વેર વાળતા યહોવાનો અવાજ છે.

7"પ્રસવવેદના થતાં પહેલાં બાળકને જન્મ આપનારી સ્ત્રી
જેવી આ મારી પવિત્ર નગરી છે. 8આવું કદી કોઈએ જોયું છે
કે સાંભળ્યું છે? શું એક જ દિવસમાં કદી કોઈ દેશ અસ્તિત્વમાં
આવે ખરો? સિયોનને પ્રસવ વેદના વેઠવી પડશે નહીં, અને
તે પહેલાં એ દેશને જન્મ આપશે. 9યહોવા તમારા દેવ પૂછે
છે કે, પ્રસુતિકાળ પાસે લાવીને પછી પ્રસવ નથાય એવું શું
હું કરીશ? ના, એમ હું કદી નહીં કરું."

10યહોવા કહે છે, "યરૂશાલેમ ઉપર પ્રેમ રાખનારાઓ, તેની સાથે તમે પણ આનંદો, હર્ષોલ્લાસ માણો! એને માટે આક્રંદ કરનારાઓ, હવે તેના આનંદમાં આનંદ માનો;

11માતાની શાતાદાયક છાતીએ ધાવીને બાળક જેમ ધરપત અનુભવે છે તેમ તમે એની ભરી ભરી સમૃદ્ધિ ભોગવીને તૃપ્તિ પામશો."

12યહોવા કહે છે, "હું એના ઉપર સરિતાની જેમ સુખશાંતિ વહાવીશ અને ઊભરતા વહેણાની જેમ પ્રજાઓની સમૃદ્ધિ રેલાવીશ તમે ધાવશો; કેડે ઊંચકી લેવાશો, ખોળામાં તમને ખૂબ લાડ લડાવાશે.

13નાનાં બાળકોને જેમ તેની મા આશ્વાસન આપે છે, તે પ્રમાણે હું તમને આશ્વાસન આપીશ; અને યરૂશાલેમમાં તમે સૌ આશ્વાસન પામશો."

14તમે જ્યારે યરૂશાલેમને જોશો ત્યારે તમારા હૃદયમાં આનંદ થશે; તમારી તંદુરસ્તી લીલોતરીની જેમ ઉગશે. યહોવાનો ભલાઈનો હાથ તેમના લોકો ઉપર છે, અને તેમનો કોપ તેમના શત્રુઓ ઉપર છે, તે સર્વ પ્રજાઓ જોઈ શકશે.

15યહોવા અગ્નિની જેમ, વાવંટોળ જેવા રથો સાથે પ્રખર
રોષથી અને ભભૂકતા ક્રોધાગ્નિથી આઘાત કરવાને આવી રહ્યા
છે. 16યહોવા આગ અને તલવારથી આખી માનવજાતનો
ન્યાય તોળશે, અને ઘણા યહોવાને હાથે માર્યા જશે.

17જેઓ દેહશુદ્ધિ કરી, સરઘસ કાઢી બીજા દેવોનાં ઉપવનમાં પૂજા કરવા પ્રવેશ કરે છે, "જેઓ ભૂંડનું માંસ, ઉંદર અને સાપોલિયાનાં મના કરાયેલા માંસની ઉજાણી કરે છે તે બધાનો તેમના કૃત્યો અને વિચારો સાથે દુઃખદ અંત આવશે.

18"તેઓ શું કરી રહ્યા છે અને તેઓ શું વિચારી રહ્યા છે તે
સર્વ હું જોઈ શકુ છું. તેથી હું સર્વ પ્રજાઓને યરૂશાલેમમાં
એકઠી કરીશ અને ત્યાં તેઓ મારો મહિમા જોશે. 19હું તેમને
એક એંધાણી આપીશ અને તેમનામાંના બચી ગયેલાઓને

જુદી જુદી પ્રજાઓમાં મોકલીશ. હું તેમને લીબિયા અને લ્યુડ તેમના કાર્યકુશળ ધર્નુધારીઓ સાથે, અને તાર્શીશ, (પુટ અને બુદમા,) અને તુબાલ અને ગ્રીસ તથા દૂર દૂરના દરિયાપારના દેશોમાં, જ્યાંના લોકોએ મારા ઉપદેશો સાંભળ્યાં નથી કે મારો મહિમા જોયો નથી, અને મારા મોકલેલા એ લોકો ત્યાંની પ્રજાઓમાં મારો મહિમા પ્રગટ કરશે.
20અને યહોવાને માટે ઉપહાર તરીકે દરેક પ્રજાઓમાંથી તારા સર્વ ભાઈઓને પાછા લાવશે. ત્યાંથી તેઓને મારા પવિત્ર પર્વત યરૂશાલેમમાં ઘોડાઓ પર, રથોમાં, પાલખીઓમાં ખચ્ચરો પર તથા ઊંટડીઓ પર બેસાડીને કાળજીપૂર્વક લાવવામાં આવશે, એમ યહોવા કહે છે. કાપણીના સમયમાં જેમ અર્પણોને યહોવાનાં શુદ્ધ પાત્રોમાં મંદિરમાં લાવવામાં આવે તેમ તેઓ યહોવાની સમક્ષ અર્પણ રૂપ થશે.
21તેઓમાંના કેટલાકને હું મારા યાજકો અને લેવીઓ બનાવીશ એમ યહોવા કહે છે.

22"હું જે નવું આકાશ અને પૃથ્વી બનાવવાનો છું તે મારી નજર સમક્ષ કાયમ રહેશે, તેમ તમારા વંશજો અને તમારું નામ પણ કાયમ રહેશે.
23વળી યહોવા કહે છે કે, દર મહિને ચદ્રદર્શને દિવસે અને દર અઠવાડિયે વિશ્રામવારને દિવસે આખી માનવજાત મારી આગળ ઉપાસના કરવા આવશે.

24"અને તેઓ બહાર જશે ત્યારે મારી સામે બળવો કરનારાંના મડદાં તેઓ જોશે; કારણકે તેઓનો કીડો કદી મરનાર નથી; તેઓનો અગ્નિ ઓલવાશે નહીં; અને તેઓ સમગ્ર માણસજાતને ધિક્કારપાત્ર થઈ પડશે."

# ગીતોનું ગીત

1 સુલેમાનનું આ સર્વોતમ ગીત. પ્રેમિકા પોતાના પ્રેમીને:

### પ્રેમિકાને પોતાના પ્રેમી પ્રતિ

2તારા ચુંબનોથી તું મને નવડાવી દે; કારણ, તારો પ્રેમ દ્રાક્ષારસથી ઉત્તમ છે.

3કેવી સરસ છે તારા અત્તરની ખુશ્બો! તારું નામ અત્તર જેવું મહાન છે! તેથીજ બધી કુમારિકાઓ તને પ્રેમ કરે છે!

4હે મારા પ્રેમી, મને લઈજા તારી સાથે; ચાલ, ચાલને આપણે ભાગી જઈએ, રાજા મને તેના રાજમહેલમા લાવ્યો છે.

### યરૂશાલેમની સ્ત્રીઓ પુરુષને :

ઓહ! કેવાં આનંદ માણીશું અહીં આપણે; અમે તારા માટે ખૂબ ખુશ થઈશું અને તારી પ્રસંશા કરશું તારો પ્રેમ; દ્રાક્ષારસથી પણ વધારે સારો છે, બધી યુવાન સ્ત્રીઓ તને શુભ આશયથી પ્રેમ કરે છે.

### કન્યાના વચન સ્ત્રીઓને :

5હે યરૂશાલેમની પુત્રીઓ, હું રંગે શ્યામ છતાં સ્વરૂપવાન છું, મારી શ્યામલતા કેદારના તંબુઓના જેવી અથવા સુલેમાનના તંબૂના પડદાઓ સમાન છે-જુઓ.

6હું રંગે શ્યામ છું તેથી મારી સામે એકીટશે જોશો નહીં. આ સૂર્યના તડકાએ બાળી નાખી છે; મારા ભાઈઓ પણ કોપાયમાન થયા'તા; અને દ્રાક્ષાવાડીની કરવા રખવાળી, ત્યાં મને મોકલી આપી. તેથી હું શ્યામ થઈ ગઈ મેં મારી પોતાની દ્રાક્ષાવાડી નથી સંભાળી.

### સ્ત્રીના વચનો પુરુષને :

7હે પ્રાણપ્યારા, મને જણાવ તો ખરો કે, આજે કયાં જઈ રહ્યો છે ઘેટાં-બકરાં ચરાવવા? બપોરે તેમને વિસામો ક્યાં આપે છે તે તો કહે; તારા સાથીદારોના ટોળાની સાથે બુરખાવાળી સ્રીની જેમ હું ભટકુ , તે કરતાં તારી સંગત સારી.

### પુરુષના વચનો સ્ત્રીને : સુલેમાન

8હે વિશ્વસુંદરી! જો તને ખબર ના હોય તો, ટોળાને પગલે પગલે, આવજે ભરવાડના નેસડા સુધી, અને ત્યાં ચારજે તારા ઘેટાં ને લવારાં. 9મારી પ્રિયતમા! મેં તને સરખાવી છે, ફારુનના રથોના ઘોડાની સુંદરતા સાથે.

10તારા ગાલ ઉપર તારા આભૂષણો સુંદરતાથી લટકે છે અને તારી ગરદન હીરા જડિત હાંસડી થી ચમકે છે.

11અમે તારા માટે, રૂપું જડેલા સોનાના આભૂષણો બનાવડાવશું .

### સ્ત્રીનાં વચન:

12રાજાએ મેજ ગોઠવ્યું છે અને તેને તેજાના વડે સરસ સુગંધિત કર્યુ છે.

13મારો પ્રિયતમ મારા સ્તનોની વચ્ચે કસ્તુરીની થેલી જેવો લાગે છે.

14મને મારો પ્રિયતમ, એન.ગેદીની મેંદીના પુષ્પગુચ્છ જેવો લાગે છે.

### સુલેમાન :

15મારી વહાલી, તું કેટલી સુંદર લાગે છે હા ખરેખર ખુબ સુંદર! અને આ તારી આંખો પણ કેવી પારેવા જેવી નમણી લાગે છે.

16હે પ્રિયતમા, તું સુંદર છે, તું મનોહર છે; વળી આપણી સેજ પણ લીલાછમ ઘાસની જેમ છે.

17આપણા ઘરના ધાબાના મોભ પરના વૃક્ષના અને આપણી છતના વળીયા દેવદાર વૃક્ષોના બનેલા છે.

2 હું શારોન નું ગુલાબ છું, અને ખીણોની ગુલછડી છું.

### સુલેમાન :

2હા, કાંટાઓ મધ્યે જેમ ગુલાબ હોય, એમ યુવતીઓ વચ્ચે મારી પ્રિયતમા છે.

### કન્યા:

3સ્ત્રી જેમ ફળોના બાગમા સર્વોતમ સફરજનનું વૃક્ષ, તેમ યુવાનો વચ્ચે મારો પ્રિયતમ ઉત્તમ છે;

### કન્યાના વચન સ્ત્રીને :

તેના છાંયડામાં મને ખૂબ સુખ મળે છે; અને તેના ફળનો સ્વાદ મીઠો હોય છે.

4ભોજન કરવાને તે મને ઘેર લઈ આવ્યો, અને મારા પર પ્રીતિ રૂપ ધ્વજ તેણે ફરકાવ્યો.

5સુકી દ્રાક્ષોથી મારું પોષણ કરો અને સફરજનથી મને બળવાન બનાવો; કારણ કે હું પ્રેમપીડિત છું.

6મારા મસ્તક નીચે છે તેનો ડાબો હાથ, અને આલીંગન કરે છે મને તેનો જમણો હાથ.

7હે યરૂશાલેમની યુવતીઓ, તમે મને જંગલમાં વસતી ચપળ મૃગલીઓ અને જંગલી હરણીઓના નામે વચન આપો કે યર્થાથ સમય આવે નહીં ત્યાં સુધી પ્રેમને જગાડશો નહીં.

### કન્યા :

8અરે! આ અવાજ તો મારા પ્રિયતમનો; જુઓતો ખરા,પર્વતો પર કૂદકા મારતો મારતો અને ખીણોને વટાવતો તે અહીં આવી રહ્યો છે.

9ચપળ અને યુવાન છે મારો પ્રિયતમ,'મૃગલા જેવો.' જુઓ, હવે તો તે દીવાલની પાછળ ઊભો રહી બારીઓમાંથી ડોકીયા કરે છે.

10મારા પ્રિયતમે મને કહ્યું, "પ્રિયતમા, મારી સુંદરી, ઊઠ,અને બહાર આવ.

11શિયાળો સમાપ્ત થયો છે હવે, અને શિયાળુ વરસાદ પણ પૂરો થઈ ગયો છે.

12પુષ્પો જમીન પર ખીલવા લાગ્યાં છે; હવે વૃક્ષોને કાપકૂપ કરીને વ્યવસ્થિત કરવાનો સમય આવ્યો છે. આપણા દેશમાં કબૂતરોને ગીતગાંતા સાંભળી શકાય છે.

13અંજીરના ઝાડ ઉપર લીલાં અંજીર પાકી રહ્યાં છે, અને દ્રાક્ષવાડીમાં ખીલતી નવી દ્રાક્ષોને સૂંઘો! પ્રિયે,મારી સુંદરી, ઊઠીને નીકળી આવ."

14તું ભેખડ ઉપર નાની ગુફામાં છુપાયેલી 'કબૂતરી' જેવી છો. મને તારું સુંદર શરીર બતાવ અને તારો મધુર અવાજ સાંભળવા દે.

### કન્યાના વચન સ્ત્રીને :

15પેલાં નાનાં નાનાં શિયાળવાં દ્રાક્ષાવાડીમાં નાસભાગ કરી રહ્યાં છે, તમે મારા માટે પકડો. અત્યારે આપણી દ્રાક્ષાવાડી ફૂલોથી ઝૂમી રહી છે.

16મારો છે પ્રિયતમ મારો, ને હું પણ છું તેની જ; તે પોતાના ટોળાં સફેદ કમળોની વચ્ચે ચરાવે છે.

17દિવસ આથમી જાય અને પડછાયા ઉતરી જાય તે પહેલા, હે મારા પ્રિયતમ, તું પાછો આવ અને પર્વતો પરના વિહરતા ચપળ હરણાં અને મૃગલા સમાન તું થા.

### કન્યા :

3 મારા પ્રાણપ્રિયને મેં રાત્રે મારા પલંગમાં શોધ્યો, પણ તે મને મળ્યો નહીં.

2હું શહેરની ગલી ગલી અને રસ્તા ફરી વળી; છતાંય મારી સઘળી શોધખોળ નિષ્ફળ નીવડી.

3નગરમાં રોન ફરતાં ચોકીદારોનો મને ભેટો થયો; મેં તેઓને પૂછયું, "મારા પ્રાણપ્રિયને તમે જોયો?"

4થોડા સમય પછી મને મળ્યો મારો પ્રિયતમ, પકડી લીધો મેં તેને, તે લાવી નિવાસસ્થાને; ને ખેંચી ગઈ મુજ જનેતાના શયનખંડમાં; ત્યાં સુધી નહીં છોડ્યાં મેં મારા પ્રિયતમને.

### કન્યાના વચન સ્ત્રીને :

5હે યરૂશાલેમની યુવતીઓ, હું તમને; હરણીઓના તથા મૃગલીઓના સમ દઈને; વિનવું છું કે યર્થાથ સમય આવ્યા પહેલાં પ્રેમને જગાડશો નહીં.

### યરૂશાલેમની યુવાન કન્યાઓ :

6રણ તરફથી આવતી, આ સ્ત્રી, જે મધુર સુગંધી ધૂપ બાળીને બનાવેલાં ધુમાડાંના સ્તંભ જેવી લાગે છે તે કોણ છે?

7જુઓ, આ તો સુલેમાનની બગી છે; તેની સાથે છે ઈસ્રાએલી સૈન્યના સાંઈઠ શ્રેષ્ઠ સૈનિક.

8તેઓ કુશળ તલવારબાજ અને અનુભવી અંગરક્ષકો છે, રાત્રિના ભયને કારણે દરેકની કમરે તલવાર લટકે છે.

9લબાનોનના કાષ્ટમાંથી બનાવ્યો છે રથ, સુલેમાન રાજાએ પોતાના ઉપયોગાર્થે.

10તેણે તેના સ્તંભ ચાંદીના અને છત સોનાની, ને આસન બનાવ્યું જાંબુડા રંગનું; અંદરથી તે પ્રેમપૂર્વક શણગારાયેલી હતી. યરૂશાલેમની કન્યાઓ દ્વારા.

### કન્યા :

11"ઓ સિયોનની યુવતીઓ, જાઓ અને જુઓ સુલેમાન રાજાને, એના આનંદના દિવસે એટલે તેના લગ્નના દિવસે તેની માતાએ તેને પહેરાવ્યો છે, તે મુગટસહિત નિહાળો તેને.

### સુલેમાન :

4 તું કેવી સુંદર અને મનોહર છે; મારી પ્રિયતમા! તારા બુરખા પાછળ તારી કબૂતર જેવી આંખો છે; તારા ચહેરા પર લટકતી કેશની લટો જાણે ગિલયાદ પર્વતના ઢાળ પરથી નીચે આવતાં ઝરણા જેવી લાગે છે!

2તારા દાંત તરતની કતરાયેલ અને ધોયેલ ઘેટીના જેવા સફેદ છે. પ્રત્યેક ઘેટીને છે બબ્બે બચ્ચાં, કોઈ નથી અહીં એકલી.

3તારા હોઠ લાલ ચટક રંગના રેશમના તાંતણા જેવા છે, ને કેવું સુંદર છે તારું મુખ! તારા બુરખાની પાછળ, તારા ગાલ દાડમના અડધિયા જેવા દેખાય છે!

4શસ્રગૃહ થવા માટે બાંધેલો દાઉદ નો બુરજ, જેમા હજારો ઢાલો એટલે યોદ્ધાઓની સર્વ ઢાલો લટકાવેલી છે, તેના જેવી છે ગરદન તારી.

5સફેદ કમળોની વચ્ચે ચારો ચરતાં હરણના જોડીયાં બચ્ચાં જેવાં છે, જાણે બંન્ને સ્તન તારા.

6દિવસ આથમે અને ઓળા ઉતરી જાય ત્યારે ત્યાં સુધી હું કસ્તૂરી અને લોબાનની સુગંધ ધરાવતા પર્વતો પર જઈશ.

7તું અતિ સુંદર છે મારી પ્રિયતમા, તારા અંગે અંગમા કોઈ ખોડ નથી.

8હે નવોઢા, લબાનોનથી તું આવ મારી સાથે; આપણે અમાન પર્વતના શિખર પર જઈએ અને સેનિરની ટોચ પરથી નિહાળીશું; આપણે હર્મન પર્વતની ટોચ પરથી નીચે જ્યાં સિંહોના રહેઠાણ છે ત્યાં ચિત્તાઓ શિકારની શોધમાં ફરે છે.

9મારી સંગીની, હે મારી નવોઢા, તેં મારું હૃદય હરી લીધું છે. હું તારી આકર્ષક આંખોથી અને તારા ગળાના હારના એક મણકાથી સંમોહિત થઈ ગયો છું.

10મારી સંગીની, મારી નવોઢા તારો પ્રેમ કેવો મધુર છે! સાચેજ તે દ્રાક્ષારસથીય વધુ મધુર છે, તારા પ્રેમની સુવાસ કોઈપણ સુગંધિત દ્રવ્યો કરતાં વધારે મધુર છે.

11મારી નવોઢા મધપુડાની જેમ ટપકે છે મીઠાશ તારા હોઠમાંથી; તારી જીભ તળે મધને દૂધ છે; અને તારા વસ્રોની ખુશ્બો છે, લબાનોનના દેવદારોના વૃક્ષોની ખૂશ્બો જેવી છે.

12મારી સંગીની, મારી નવોઢા, તું બંધ કરેલી વાડી; બાંધી દીધેલો ઝરો, અથવા પૂરી દીધેલાં કૂવા જેવી છો!

13તું જાણે દાડમડીઓના બગીચા જેવી છે જેમાં મેંહદીના છોડવાઓ અને મધુર સુગંધિત મૂળિયાઓ છે.

14કેસર, તજ, મધુર સુગંધી વૃક્ષો અને સર્વ પ્રકારના શ્રેષ્ઠ તેજાના પણ ખરા.

15હે પ્રિયે, તું બાગમાંના ફુવારા જેવી, નદીના વહેતાં પાણી જેવી, તથા લબાનોનના વહેતાં ઝરણાં જેવી છે તું હે પ્રિયા.

**કન્યા :**

16હે ઉત્તરના વાયુ, તું જાગ્રત થા, અને હે દક્ષિણના વાયુ, તું આવ, મારા બગીચામાં થઈને તું પસાર થા, જેથી તેની સુવાસ સર્વત્ર ફેલાય, મારો પ્રિયતમ પોતાના બગીચામાં આવે અને તેના શ્રેષ્ઠ ફળો આરોગે.

**સુલેમાન** :

5 હે મારી સંગીની, મારી નવોઢા, હું આવ્યો છું મારા બાગમાં; મેં એકઠાં કર્યાં છે મારા બોળને સુગંધી દ્રવ્યો; ને મેં ખાધું છે મધ મારાં મધપૂડામાંથી; મેં પીધો છે મારો દ્રાક્ષારસ મેં મારા દૂધની સાથે;

**સ્ત્રીઓ : સ્ત્રીના શબ્દો તેના પ્રેમીઓને :**

હે મિત્રો, ખાઓ; હે વ્હાલાઓ, પીઓ; હા પુષ્કળ પીઓ.

**કન્યા :**

2હું સૂતી હોઉં છું પણ મારું હૃદય જાગૃત હોય છે. મારા પ્રિયતમનો સાદ! તે ખટખટાવે છે દરવાજો મારા શયનખંડનો, ને કહે છે, "મારી પ્રિયતમા, મારી વ્હાલી * મારી (ક્ષતિહીન) સંપૂર્ણ, મારી સુંવાળી સ્ત્રી, મારે માટે બારણું ખોલ; મારા વાળ રાત્રિના ઝાકળથી ભરેલા છે, તેથી મારું માથું જાકળથી ભીજાઈ ગયું છે પ્રિયે!"

3"મે મારું વસ્ર કાઢયું છે; તે હું કેવી રીતે ફરી પહેરું? મેં મારા ચરણ ધોયા છે; હું તેમને શા માટે મેલા કરું?"

4મારા પ્રિયતમે કાણામાંથી તેનો હાથ અંદર નાખ્યો અને હું ઉત્તેજનાથી ભરાઈ ગઈ.

5હું બારણું ખોલવા કૂદી પડી અને સાંકળ ખોલવા ગઈ ત્યારે મારા હાથમાંથી અત્તર અને મારી આંગળીઓમાંથી બોળ ટપકવા લાગ્યું.

6મેં મારા પ્રિયતમને માટે દ્વાર ઉઘાડ્યું; પણ મારો પ્રિયતમ ત્યાંથી ખસી ગયો હતો; તે બોલ્યો, તે સમયે મારું મન નાહીમ્મત થઈ ગયું હતું; મેં તેને શોધ્યો પણ જડ્યો નહીં. મે તેને બોલાવ્યો, પણ તેણે મને કઈં ઉત્તર આપ્યો નહીં.

7નગરની ચોકી કરતાં ચોકીદારોએ મને જોઈ; તેમણે મને મારી અને ઘાયલ કરી, નગરની દીવાલ પાસે ફરજ બજાવતાં ચોકીદારે મારો ઘુમટો ચીરી નાખ્યો.

8હે યારૂશાલેમની કન્યાઓ; હું તમને સમ દઉં છું કે, જો તમને મારો પ્રિયતમ મળે, તો તેને કહેજો કે હું પ્રેમની બિમારીથી પીડિત છું.

**યરૂશાલેમની સ્ત્રીનો જવાબ કન્યાને :**

9ઓ શ્રેષ્ઠ સુંદરી, અમને કહે કે, તારા પ્રિયતમમાં બીજાના કરતાં એવું શું છે કે, તું અમને આવી આજ્ઞા કરે છે?

**કન્યાનો જવાબ યરૂશાલેમની સ્ત્રીને:**

10મારો પ્રિયતમ ઉજળો મનોહર બદામી રંગનો છે, અને ફૂટડો છે, દશહજાર પુરુષોમાં તે શ્રેષ્ઠ છે!

11તેનું માથું ઉત્તમ પ્રકારના સોના જેવું છે, તેની લટો લહેરાતી અને કાગડાના રંગ જેવી કાળી છે.

12તેની આંખો નદી પાસે ઊભેલા શુદ્ધ શ્વેત હોલા જેવી છે; તે દૂધમાં નહાતી તથા યોગ્ય રીતે બેસાડેલી છે.

13તેના ગાલ સુગંધીત દ્રવ્ય તેજાના ઢગલા જેવા, તથા તેના ઓષ્ઠ મધુર સુગંધવાળા ફૂલો જેવા છે; જેમાંથી કસ્તૂરી ઝરતી હોય ગુલછડીઓ જેવા તેના હોઠ છે!

14તેના હાથ સોનાની પોંચી જે કિંમતી પથ્થરોથી જડવામાં આવી છે. તેનું શરીર નીલમ જડિત સફેદ હાથીદાંત જેવું છે.

15તેના પગ શુદ્ધ સુવર્ણના પાયા પર ઊભા કરેલા આરસપહાણના સ્તંભો જેવા છે, તે લબાનોનના ઊમદા દેવદાર વૃક્ષો જેવો ઊંચો ઊભો રહે છે.

16તેનું મુખ અતિ મધુર અને મનોહર છે, હે યરૂશાલેમની યુવતીઓ, આવો છે મારો પ્રિયતમ ને મારો મિત્ર.

**યરૂશાલેમની યુવાન કન્યાઓ:**

6 હે સર્વોતમ સુંદરી! તારો પ્રિયતમ કઈ દિશા તરફ ગયો છે– એતો જણાવ; અમે તેને તારી સાથે શોધીએ.

---

**મારી વ્હાલી** શાબ્દિક રીતે "મારી બહેન."

**કન્યા:**

2મારો પ્રિયતમ પોતાના બાગમાં આનંદ કરવા તથા મધુર
સુવાસિત કમળ વીણવા ગયો છે.
3હું મારા પ્રિયતમની છું અને મારો પ્રિયતમ મારો જ છે;
તે સફેદ કમળોની વચ્ચે પોતાને આનંદિત કરે છે!

**સુલેમાન :**

4હે મારી પ્રિયતમા, તું તિર્સાહ જેવી સુંદર, યરૂશાલેમ
જેવી ખૂબસૂરત, ધ્વજાઓ સહીતના સૈન્ય જેવી ભયાવહ
છે, 5તારાં નેત્ર મારી તરફથી ફેરવી લે, કારણ, તેઓએ મારો
પરાજય કર્યો છે. તારા કેશ, જાણે ગિલયાદ પર્વતના ઢોળાવો
પરથી ઉતરી આવતાં ઝરણાં જેવા છે.
6ધોવાઈને બહાર નીકળેલી ઘેટીઓના ટોળાં જેવા તારા
દાંત છે કે, જેઓમાંની દરેક બબ્બે બચ્ચાં જણે છે અને
તેઓમાંના કોઈએ પોતાના બચ્ચાં ગુમાવ્યાં નથી.
7તારા ફેલાયેલા વાળ પાછળ, તારા લમણાં દાડમની ફાડ
જેવા છે.
8ત્યાં સાઈઠ રાણીઓ છે ને ઉપપત્નીઓ એંસી છે; અને
અગણિત યુવતીઓ છે.
9પણ મારી વ્હાલી, મારી પ્રિયતમા તો એકજ છે; પોતાની
માતાની એકની એક, અને પિતાની વહાલી. યરૂશાલેમની
યુવતીઓ તારી સામે જુએ છે અને તને ધન્યવાદ આપે છે;
રાણીઓ અને ઉપપત્નીઓ તારી પ્રશંસા કરે છે.

**સ્ત્રીઓ દ્વારા તેણીની પ્રશંસા:**

10પ્રભાતના જેવી પ્રકાશિત કાંતિવાળી, ચંદ્ર જેવી સુંદર,
સૂર્ય જેવી ડાઘ વગરની; ધ્વજાઓ સહિતના સૈન્ય જેવી
ભયંકર એ કોણ છે? તેઓ પૂછે છે,

**કન્યા :**

11વસંતૠતુ ખીલી છે કે કેમ; દ્રાક્ષાવેલાને કૂંપળો ફૂટી
છે કે કેમ; દાડમડીને મોર આવ્યો છે કે કેમ; તે જોવા માટે
હું અખરોટના બગીચામાં થઈને ખીણમાં ગઈ.
12હું કંઈ સમજુ તે પહેલા તો મેં મારી જાતને મારા લોકોના
રાજકુમારની બાજુના રથમાં બેસેલી જાણી.

**યરૂશાલેમની યુવાન કન્યાઓ :**

13હે શૂલ્લામી! પાછી આવ, પાછી આવ; પાછી ફર પાછી
ફર કે અમે તને નિહાળીએ.

**કન્યા :**

નાહનાઈમના નૃત્યની જેમ શૂલ્લામીને જોવા તમે શા
માટે આટલા ઉત્સુક છો?

**સુલેમાન :**

7 હે રાજકુંવરી, ચંપલોમાં તારા પગ કેવા સુંદર દેખાય
છે! તારા ગોળાકાર નિતંબ કુશળ કારીગરે કંડારેલા
ઝવેરાત જેવા છે!
2તારી નાભી જાણે સુંદર ગોળાકાર પ્યાલો, જેમા દ્રાક્ષારસ
કદી ખૂટતો નથી. તારું પેટ ખીલેલા ફૂલોથી શણગારેલી ઘઉંની
ઢગલીના જેવું છે.
3તારાં બે સ્તન જાણે હરણી મૃગલીના મનોહર જોડિયા
બચ્ચાં જેવા છે!
4હાથીદાંતના બુરજ જેવી છે તારી ગરદન; તારી આંખો
જાણે બાથ-રાબ્બીમના નગર દરવાજા પાસે આવેલા
હેશ્બોનના ઝરા! તાંરુ નાંક જાણે દમસ્કની ચોકી કરતો
લબાનોનનો બુરજ!
5તારું મસ્તક કાર્મેલ પર્વત સમું છે. તારા કેશ ઘનઘોર
ઘટાં જેવા છે. તારા વળાંકોમાં રાજા પોતે બંદીવાન બની
ગયો છે.
6અહા! મારી પ્રિયતમા, તું કેવી સુંદર છે! તથા વિનોદ
કરવા લાયક અને આનંદદાયક છે!
7તાડના વૃક્ષ જેવી તું ઊંચી અને સુડોળ છે; અને તારા
સ્તનો તેના ફળો જેવા છે!
8મેં કહ્યું, "હું તાડના વૃક્ષ પર ચઢી જાઉં; તેના ફળો હું
લઉં, તારા સ્તન દ્રાક્ષની લૂમો જેવા થાય! તારા શ્વાસની
સુગંધ સફરજન જેવી થાય!
9તારું મુખ ઉત્તમ દ્રાક્ષારસ જેવું થાય!"તે દ્રાક્ષારસ સીધો
મારા પ્રિયતમ પાસે જાય, અને તેના હોઠો તથા દાંત ઉપર
સરળતાથી વહે."

**કન્યા કહે છે સુલેમાનને:**

10હું તેની પ્રિયતમા છું અને તે મારા માટે તીવ્ર ઝંખના
રાખે છે.
11હે મારા પ્રિયતમ! ચાલ, આપણે ખેતરમાં જઈએ; અને
મહેંદીના છોડવાઓ વચ્ચે રાત વિતાવીએ.
12આપણે વહેલા ઊઠીને દ્રાક્ષાવાડીઓમાં જઈએ;
દ્રાક્ષાવેલાને મોર આવ્યો છે તેનાં ફૂલ ખીલ્યાં છે કે નહીં, ને
દાડમડીઓને ફૂલ બેઠાં છે કે નહીં, તે આપણે જોઈએ; ત્યાં
હું તને મારી પ્રીતિનો અનુભવ કરાવીશ.
13 ત્યાં મદનવેલ તેની સુગંધ પ્રસરાવે છે; વળી આપણાં
આંગણામાં સર્વ પ્રકારના જૂના અને નવા તરેહ તરેહનાં
ફળો છે, મારા પ્રિયતમ, મેં તેને કાળજી પૂર્વક તારા માટે
સાચવી રાખ્યા છે.

**કન્યા :**

8 જો તું મારી માએ ધવડાવેલો મારો સગો ભાઈ હોત તો
કેવું સારું થાત! હું તો કોઈની ચિંતા કર્યા વિના જાહેરમાં
તને ચુંબન કરું, અને છતાં આના માટે મને કોઈએ ધિક્કારી
ન હોત. 2હું તને મારી માતાના ઘરમાં લઈ આવત અને
તેના શયનખંડમાં, મેં તને મારા દાડમમાંથી નીચોવેલો
મસાલેદાર દ્રાક્ષાસવ આપ્યો હોત.
3તેનો ડાબો હાથ મારા મસ્તક નીચે હોત, અને જમણા
હાથથી મને આલિંગન કર્યું હોત.

4ઓ યરૂશાલેમની યુવતીઓ, મને વચન આપો કે જ્યાં સુધી યોગ્ય સમય ન આવે ત્યાં સુધી તમે પ્રેમને જગાડશો નહી."

### યરૂશાલેમની કન્યાઓ :

5પોતાના પ્રિયતમ સાથે રણમાંથી આવતી આ સ્ત્રી કોણ છે?

### યુવતીના શબ્દો :

સફરજનના વૃક્ષ નીચે તારી માતા પ્રસુતિપીડા અનુભવતી હતી અને તેણે ત્યાં જન્મ આપ્યો'તો એ વૃક્ષ નીચે જ મેં તારા પ્રેમને જાગૃત કર્યો છે."

### યુવતી :

6મને તારા હૃદયની મુદ્રા તરીકે અથવા તારા બાહુ પરની મુદ્રા તરીકે મને સ્થાપન કર. કારણકે પ્રેમ મૃત્યુ સમાન બળવાન છે અને ઈર્ષા કબર જેવી ક્રૂર છે, અતિ પ્રજવલિત આગની જેમ તે ભડકે બળે છે અને તેની જવાળા ઘણી પ્રબળ છે.
7ધસમસતાં પાણીનો પ્રવાહ પ્રેમજવાલાને હોલવી શકે નહીં, જળપ્રલયના પાણી એને ખેંચી જતાં નથી! જે વ્યક્તિ પ્રેમને ખરીદવાનો પ્રયત્ન કરે છે તેને લોકો ધિક્કારે છે. પછી ભલેને તેણે પોતાની સઘળી સંપતિ આપી દીધી હોય તો પણ.

### યુવતીના ભાઈઓ :

8અમારી એક નાની બહેન છે, હજી તો એનાં સ્તન પણ ઉપસ્યાં નથી, હવે એની સગાઈની વાત લઈને કોઈ આવે તો અમારી બહેન માટે અમે શું કરીએ?"

9જો તે દીવાલ હોય તો, અમે તેને ચાંદીથી શણગારશું અને જો તે પ્રવેશદ્વાર હોય તો અમે તેને પાટીયા વડે ઢાંકીને મઢી દેશું."

### યુવતી :

10હું દીવાલ છું અને મારા સ્તન બુરજો જેવા છે, તેની દ્રષ્ટિમાં હું તેને સંતોષ-શાંતિ લાવી શકુ તેવી છું.

### પુરુષ :

11સુલેમાનની બઆલ હામોનમાં એક દ્રાક્ષાવાડી હતી જે તેણે ખેડૂતોને ભાડે આપી દરેક ખેડૂતને તે પેટે ચાંદીના એક હજાર સિક્કા લાવીને આપવાના હતા.

12મારી દ્રાક્ષાવાડી મારી પોતાની છે. હે સુલેમાન, તું તારા હજાર શેકેલ રાખી લે અને ભલે દરેક ખેડૂત પાસે બસ્સો શેકેલ રહે."

### સુલેમાનઃ

13હે બગીચાઓમાં વસનારી, મારા મિત્રો તારો અવાજ સાંભળી રહ્યાં છે, મને પણ સાંભળવા દે.

### યુવતી :

14હે મારા પ્રિયતમ, તું વહેલો આવ. સુગંધી દ્રવ્યોના પર્વત પર તું હવે સાબર જેવો બન અથવા યુવાન મૃગ જેવો બન.

# સભાશિક્ષક

## જ્ઞાનની વ્યર્થતા

1 યરૂશાલેમના રાજા દાઉદના પુત્ર સભાશિક્ષકનાં વચનો.
2જે બધું અસ્તિત્વ ધરાવે છે તે બધુંજ નકામું છે સભા
શિક્ષક કહે છે. સઘળું નિરર્થક છે. 3મનુષ્ય કોઈપણ શ્રમ
દુનિયા પર કરે, પણ તે પછી અંતે તેને શું મળવાનું ?
4એક પેઢી જાય છે ને બીજી આવે છે; પરંતુ દુનિયા સદા
ટકી રહે છે. એનાથી કોઈ ફેર પડતો નથી. 5સૂર્યોદય થાય
છે, અને સૂર્યાસ્ત પણ થાય છે અને ફરી તે ઊગવા માટે
ઉતાવળ કરે છે.
6પવન દક્ષિણ તરફ વાય છે અને ઉત્તર તરફ વળે છે
આમ તે મૂળ માર્ગ ઉપર પાછો ફરે છે અને પોતાની ગતિમાં
આમથી તેમ ફર્યા કરે છે.
7સર્વ નદીઓ વહેતી વહેતી જઈને સાગરમાં મળે છે તો
પણ સમુદ્ર ભરાઈ જતો નથી; જે જગ્યાએ નદીઓ જાય છે
ત્યાંથી તેઓ પાછી આવે છે.
8બધીજ વસ્તુઓ કંટાળાજનક છે તેનું પૂરું વર્ણન મનુષ્ય
કરી શકે તેમ નથી. ગમે તેટલું જોવાથી આંખો થાકતી નથી
અને કાન પૂરેપૂરું સાંભળતા નથી.

## કશુંજ નવું નથી

9 ઈતિહાસનું કેવળ પુનરાવર્તન થાય છે, જે થઈ ગયું છે
તે જ થવાનું છે; અને જે કરવામાં આવ્યું છે તે જ કરવામાં
આવશે; ખરેખર દુનિયા પર કશું જ નવું નથી.
10 એવી કોઈ બાબત છે કે જેના વિષે લોકો કહી શકે કે તે
નવું છે? ઘણા સમય અગાઉ તે પહેલેથીજ બન્યુ હતું. તે
આપણી સામે આવ્યું છે. 11ભૂતકાળની પેઢીઓનું સ્મરણ
નથી; અને ભવિષ્યમાં આવનારી પેઢીઓ વિષે તેના પછી
આવનારી પેઢીને પણ તેનું સ્મરણ નહીં હોય

## શું જ્ઞાનથી આનંદ પ્રાપ્ત થાય છે

12હું સભાશિક્ષક, યરૂશાલેમમાં રહેનાર ઈસ્રાએલનો રાજા
હતો. 13વિશ્વમાં જે કાંઈ બને છે તેની શોધ કરવા અને
સમજવા મે મારા ડહાપણને રોકી રાખ્યું. દેવે મનુષ્યને
કરવા માટે એ કષ્ટમય શ્રમ આપ્યો છે. 14પણ દુનિયા પર
લોકો જે કરે છે તે સર્વ બાબતો મેં જોઈ છે. એ સર્વ નિરર્થક
તથા હવામાં બાચકાં ભરવાની કોશિષ કરવા જેવું છે. 15જે
વાકું છે તેને સીધું કરી શકાતું નથી, અને જે કાંઈ અનુપસ્થિત
છે તે લક્ષમાં લઈ શકાતું નથી.
16 મેં મારી જાતને કહ્યું, "જુઓ, યરૂશાલેમમાં મારી અગાઉ
થઈ ગયેલા અન્ય રાજાઓ કરતાં વધારે જ્ઞાની છું. મારા
મનને જ્ઞાન અને વિદ્યાનો ખૂબ અનુભવ મળ્યો છે.
17પછીં મેં જ્ઞાન તથા ગાંડપણ અને મૂર્ખતા સમજવા
માટે સંપૂર્ણ રીતે પ્રયત્નો કર્યા. પણ ત્યારે મને સમજાયું કે
આ પણ પવનને પકડવા જેવું હતું. 18કારણ કે અધિક જ્ઞાનથી
આપત્તિમાં અધિક વૃદ્ધિ થાય છે. અને વિદ્યા-ડહાપણ વધે
તેમ શોક વધે છે, દુ:ખ પણ વધે છે."

## 'આનંદ પ્રમોદની નિરર્થકતા'

2 તેથી મેં મારી જાતને કહ્યું,"ચાલ ત્યારે,હવે ભરપૂર આનંદ
કર, હવે હું તારી પરીક્ષા કરીશ; માટે મોજશોખ કરી
લે; પણ મને સમજાયું કે આ પણ નકામું કામ છે. 2મેં
હાસ્ય-વિનોદ વિષે જણાવ્યું કે, હંમેશા હસતા રહેવું તે પણ
મૂર્ખાઈ છે; તેનાથી શું ભલું થાય? "
3પછી મેં મારા અંત:કરણમાં શોધ કરી કે હું મારા દેહને
દ્રાક્ષારસથી તરબોળ કરું. તેમ છતાં મારા અંત:કરણનું ડહાપણ
તેવું ને તેવું જ રહે. વળી માણસોએ દુનિયા ઉપર પોતાના
સઘળા આયુષ્ય પર્યંત શું કરવું સારું છે,તે મને સમજાય ત્યાં
સુધી મૂર્ખાઈ ગ્રહણ કરું.

## શું સખત પરિશ્રમથી આનંદ પ્રાપ્ત થાય છે?

4પછી મેં મારે પોતાને માટે મોટાં કામો ઉપાડ્યાં. મે
પોતાને માટે મહેલો બંધાવ્યાં અને દ્રાક્ષાવાડીઓ રોપાવી.
5મેં મારા પોતાને માટે બાગ-બગીચા બનાવડાવ્યા અને
સર્વ પ્રકારનાં ફળો આપે તેવી વાડીઓ રોપાવી. 6મેં મારાં
વૃક્ષોને પાણી પીવડાવવાં માટે જળાશયો અને નહેરો બંધાવ્યા
જેનાથી વનમાં ઉછરતાં વૃક્ષોને પણ પાણી સિંચાય. 7મેં
પુરુષ નોકરો અને સ્ત્રી નોકરો ખરીદ્યા. મારા ઘરમાંજ જન્મેલાં
ગુલામો પણ મારી પાસે હતા. અગાઉ થઈ ગયેલા રાજાઓ
પાસે હોય તેનાથીય ઘણાં વધારે ઢોરઢાંખરાં મારી પાસે હતાં.
8મેં મારા માટે ઘણું સોનું ચાંદી અને રાજાઓનું તથા
પરગણાંનું ખાનગી દ્રવ્ય પણ ભેગું કર્યું; મેં પોતાને માટે
ગવૈયા, ગાનારીઓ તથા જેમાં પુરુષો આનંદ માણે છે, તે
એટલે અતિ ઘણી ઉપપત્નીઓ, મેળવી .
9આ રીતે હું બળવાન અને શકિતશાળી થયો. અને જેઓ
યરૂશાલેમમાં મારી અગાઉ થઈ ગયા હતાં તે સર્વ કરતાં હું

વધારે સમૃદ્ધિ પામ્યો; મારા જ્ઞાને મને આ બાબતો કરવા માટે શક્તિમાન કર્યો. 10મને જે પસંદ હતું તે મેં પ્રાપ્ત કર્યુ. અને કોઈ પણ પ્રકારનાં આનંદથી મેં મારી જાતને રોકી નહીં. સખત પરિશ્રમમાં પણ મેં મારી જાતને રોકી નહીં. સખત પરિશ્રમમાં પણ મેં ઘણો આનંદ મેળવ્યો. આ આનંદ મારા સઘળા પરિશ્રમનો કેવળ બદલો હતો.

11ત્યારે જે બધાં કામો મેં હાથે કર્યા હતા તે પર, અને જે મહેનત કરવાનો મેં શ્રમ ઉઠાવ્યો હતો તે પર મેં નજર કરી; તો એ સઘળું વ્યર્થ તથા હવામાં બાચકાં ભરવા જેવું દેખાયું અને દુનિયા ઉપર મને કંઈ લાભ દેખાયો નહીં.

## હોઈ શકે જ્ઞાન આનો જવાબ

12હવે મેં ડહાપણ, ગાંડપણ અને મૂર્ખતાના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ શરું કર્યો. જ્યારે એક રાજાની જગ્યાએ બીજો રાજા આવે છે તો નવા રાજાએ કાંઈ નવું કરવાનું નથી. દરેક વસ્તુ બધી પહેલેથીજ કરી લીધેલી છે. 13પછી મેં જોયું કે જેટલે દરજ્જે અજવાળું અંધકારથી શ્રેષ્ઠ છે, તેટલે દરજ્જે જ્ઞાન મૂર્ખાઇ થી શ્રેષ્ઠ છે. 14કારણકે ડાહ્યો માણસ જોઈ શકે છે જ્યારે મૂર્ખ દ્રષ્ટિહીન છે, તો પણ મેં જોયું કે ડાહ્યા અને મૂર્ખ, બંનેના પરિણામ સરખાજ આવે છે.

15ત્યારે મેં મારા મનમાં વિચાર્યુ કે, જેમ મૂર્ખને થાય છે તેમ મને પણ થશેજ, ત્યારે મને તેનાં કરતાં વધારે બુદ્ધિમાન હોવામા શો લાભ? ત્યારે મેં મારા મનમાં કહ્યું કે, એ પણ નિરર્થક છે. 16મૂર્ખ કરતાં જ્ઞાનીનું સ્મરણ વધારે રહેતું નથી; ડાહ્યો અને મૂર્ખ બંન્ને મૃત્યુ પામશે અને આવનાર દિવસોમાં બન્ને ભૂલાઈ જશે.

## શું ખરેખર આનંદ સત્યજીવનમાં છે?

17તેથી હવે હું જીવનને ધિક્કારું છું. દુનિયા પર થતાં કાર્યો મને કષ્ટદાયક લાગ્યાં, તે સર્વ નિરર્થક તથા હવામાં બાચકાં ભરવાં જેવું છે.

18જે પરિશ્રમ મેં દુનિયા પર કર્યો તેના પર મને ધિક્કાર ઉપજ્યો; કારણ કે મારા પછી થનાર વારસ માટે મારે તે મૂકી જવું પડશે. 19કોઈ કહી શકશે ખરું કે મારો વારસ ડાહ્યો થશે કે મૂર્ખ? છતાં જેના માટે મેં આ દુનિયામાં પરિશ્રમ કર્યો અને મારા જ્ઞાનનો ઉપયોગ કર્યો તેનો ધણી તે બનશે. પરંતુ આ પણ મૂર્ખાઈ ભર્યુ છે.

20તેથી મેં દુનિયા પર જે સર્વ કામો માટે પરિશ્રમ કર્યો હતો તે પ્રત્યે હું નિરાશ થઈ ગયો. 21મનુષ્ય પોતાના જીવનમાં ડાહપણ,જ્ઞાન તથા કુશળતાથી પોતાના કામ કરે, પણ એ સર્વ એક દિવસ એવી વ્યક્તિના હાથમાં જશે જેણે તેના માટે કઈ કામ કર્યું નથી. કોઈ પણ જાતની કિંમત ચૂકવ્યાં વિના તે વારસ બને છે.આ મૂર્ખતા છે અને સાથે અન્યાય છે.

22પોતાનું સર્વ કામ સફળતાથી કરવા માટે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને માણસ દુનિયામાં પરિશ્રમ કરે છે પણ તેમાંથી તેને શું પ્રાપ્ત થાય છે?

23કારણકે તેના બધા દિવસો શોકમય તથા તેનો સઘળો પરિશ્રમ દુ:ખરૂપ છે; રાત્રે પણ તેનું મન ચિંતાગ્રસ્ત હોવાથી વિશ્રાંતિ ભોગવતું નથી. એ પણ નિરર્થક છે.

24તેથી આખરે હું આ નિર્ણય પર આવ્યો છું કે માણસે સંતોષથી ખાવું, પીવું અને પોતાના દૈનિક કામમાં આનંદ માણવો, તેનાં કરતાં વધારે સારું બીજું કશું નથી. પછી મને ખ્યાલ આવ્યો કે આ પ્રમાણે વસ્તુઓ દેવજ બનાવે. 25પરંતુ દેવની કૃપા વિના કોણ ખાઈ શકે અથવા સુખ ભોગવી શકે? 26જે લોકો દેવને પ્રસન્ન કરે છે તેઓને તે ડહાપણ જ્ઞાન તથા આનંદ આપે છે; પણ પાપીને તે અતિ ભારે પરિશ્રમ આપે છે તેથી તે સંગ્રહ કરે અને ધનવાન બને, અને જેઓ દેવને પ્રસન્ન કરે છે તેઓને માટે તે ધન મૂકીને જાય, અહીં પણ આપણે મૂર્ખતાથી નિરર્થક હવામાં બાચકાં ભરવા જેવું કરીએ છીએ.

## પ્રત્યેક વસ્તુ માટે યોગ્ય સમય

3 સંસારમાં પ્રત્યેક વસ્તુને માટે યોગ્ય ઋતુ, અને પ્રત્યેક પ્રયોજનો માટે યોગ્ય સમય હોય છે;

2જન્મ લેવાનો સમય, મૃત્યુ પામવાનો સમય, છોડ રોપવાનો સમય અને રોપેલાંને ઉખેડી નાંખવાનો સમય;

3મારી નાંખવાનો સમય અને જીવાડવાનો સમય; તોડી પાડવાનો સમય અને બાંધવાનો સમય;

4રડવાનો સમય અને હસવાનો સમય; શોક કરવાનો સમય અને નૃત્ય કરવાનો સમય; આલિંગન કરવાનો સમય; તથા આલિંગન કરવાથી દૂર રહેવાનો સમય;

5પત્થરો ફેંકી દેવાનો સમય અને પત્થરો એકઠાં કરવાનો સમય; 6શોધવાનો સમય; ગુમાવવાનો સમય; રાખવાનો સમય; ફેંકી દેવાનો સમય;

7ફાડવાનો સમય; સીવવા કરવાનો સમય; શાંત રહેવાનો સમય; બોલવાનો સમય;

8પ્રેમ કરવાનો સમય; ધિક્કારવાનો સમય; યુદ્ધનો સમય શાંતિનો સમય.

## દેવ પોતાની દુનિયાનું નિયંત્રણ કરે છે

9આટલો બધો સખત પરિશ્રમ કરવાથી માણસને શું ફળ પ્રાપ્ત થાય છે? 10દેવે જે ધંધો મનુષ્યોને તેઓને કાર્યરત રાખવા આપ્યો છે તે મેં જોયો છે. 11યહોવાએ પ્રત્યેક વસ્તુ ને તેના યોગ્ય સમયમાં સુંદર બનાવી છે.જો કે દેવે મનુષ્યનાં હૃદયમાં સનાતનપણું મુક્યું છે. છતાં શરૂઆતથી અંત સુધીનાં દેવનાં કાર્યો મનુષ્ય સમજી શકતો નથી.

12હું જાણું છું કે, પોતાના જીવન પર્યંત આનંદ કરવું ને ભલું કરવું, તે કરતાં તેના માટે બીજું કંઇ શ્રેષ્ઠ નથી. 13તેણે ખાવું, પીવું અને પરિશ્રમથી જે સિદ્ધ કર્યુ છે તેનાથી સંતોષ અનુભવવો, કારણકે આ દેવ તરફથી પ્રાપ્ત થયેલું કૃપાદાન છે.

14મને ખબર છે કે દેવ જે કંઈ કરે છે તે ભવિષ્યમાં સદાને માટે રહેશે; તેમાં કશો વધારો કે ઘટાડો કરી શકાય

નહી, આમા દેવનો મુખ્ય હેતુ એ છે કે માણસ દેવનો ડર
રાખે. 15જે હાલમાં છે તે અગાઉ થઈ ગયું છે; અને જે
થવાનું છે તે પણ અગાઉ થઈ ગયેલું છે; અને જે વીતી ગયું
છે તેને દેવ પાછું શોધી કાઢે છે.

16વળી મેં આ દુનિયામાં જોયું કે સદાચારની જગ્યાએ
અનિષ્ટ હતું; અને ન્યાયની જગ્યાએ અનિષ્ટ હતું. 17મેં
મારી જાતને કહ્યું,"યહોવા ન્યાયીનો અને દુષ્ટનો ન્યાય કરશે,
કારણકે પ્રત્યેક પ્રવૃતિ માટે અને પ્રત્યેક કાર્ય માટે યોગ્ય
સમય હોય છે."

### શું મનુષ્યો જાનવરો જેવા છે?

18પછીં મે મારા મનમાં વિચાર્યુ કે, "યહોવા મનુષ્યની
કસોટી કરે છે. જેથી તેઓ જાણે કે તેઓ પશુ સમાન છે.
અને પશુઓથી વધારે સારા નથી. 19કારણકે પશુઓના જે
હાલ થાય છે તે જ હાલ મનુષ્યનાં થાય છે. મૃત્યુ બંને માટે
છે, બંને એક સરખીજ હવા લે છે તેથી મનુષ્ય જાતને
પશુઓ કરતાં વધારે લાભ મળતો નથી. કેવી વ્યર્થતા! 20એકજ
જગ્યાએ સર્વ જાય છે; સર્વ માટીમાંથી આવ્યાં છે, ને અંતે
સર્વ માટીમાં જ મળી જાય છે. 21મનુષ્ય આત્મા ઉપર જાય
છે અને પશુ આત્મા નીચે પૃથ્વીમાં જાય છે, તેની ખબર
કોને છે? "

22તેથી મેં જાણ્યું કે માણસ પોતાના કામમાં આનંદ માણે,
તેથી વધારે સારું કાંઈ નથી. એ જ તેનો ભાગ છે; ભવિષ્યમાં
શું બનવાનું છે તે તેને કોઈ દેખાડી શકે તેમ નથી.

### સર્વત્ર ત્રાસ અને દુ:ખ

4 ત્યારબાદ મેં પાછા ફરીને વિચાર કર્યો, અને દુનિયાપર
થતાં ત્રાસ અને દુ:ખ નિહાળ્યાં. ત્રાસ સહન
કરનારાઓનાં આંસુ લૂછનાર અને તેમને સાંત્વના આપનાર
કોઈ નહોતું; તેઓના પર ત્રાસ કરનારાઓ શકિતશાળી હતાં.
2તેથી મને લાગ્યું કે જેઓ હજી જીવતાં છે તેઓ કરતાં
જેઓ મૃત્યુ પામ્યા છે તેઓ વધારે સુખી છે; 3વળી તે બંને
કરતાંય જેઓ હજી જન્મ્યાં જ નથી અને જેઓની આંખોએ
ત્રાસ અને દુનિયાપર થતાં ભૂંડા કૃત્યો જોયા નથી તે વધારે
સુખી છે.

### શા માટે આટલો સખત પરિશ્રમ?

4વળી મેં જોયું કે કાર્ય કરવામાં આવડત અને પરિશ્રમને
લીધે માણસ અને તેના પાડોશી વચ્ચે ઈર્ષા ઉત્પન્ન થાય
છે. એ પણ વ્યર્થ તથા હવામાં બાચકાં ભરવાં જેવું છે.

5મૂર્ખ કામ કરતા નથી અને પોતાની જાત પર બરબાદી
લાવે છે. 6અતિ પરિશ્રમ કરી અને પવનને પણ પકડવાના
પ્રયત્નો કરી પુષ્કળ કમાવું તે કરતાં શાંતિસહિત થોડું કમાવું
વધારે સારું છે.

7ત્યારબાદ હું પાછો ફર્યો, અને મેં દુનિયાઉપર વ્યર્થતા
જોઈ.8જો માણસ એકલું હોય, અને તેને એક પુત્ર કે એક
ભાઈ પણ ન હોય; છતાંય તે વધુ ધન પ્રાપ્ત કરવાં જોરદાર
પરિશ્રમ કર્યા કરે છે "તેને સંતોષ નથી પણ આ પરિશ્રમ તે
કોના માટે કરે છે? શા માટે તે પોતાને આનંદથી દૂર રાખે છે?
"આ સર્વ પરિશ્રમ ફક્ત અક્કલહીન છે! અને તે ખોટનો
ધંધો છે.

### મિત્રો અને પરિવારથી શકિત મળે છે

9એક કરતાં બે ભલા; કારણકે બંનેએ સાથે મળીને કરેલી
મહેનતનું ઘણું વધારે સારું ફળ તેઓને મળે છે.

10જો બેમાંથી એક પડે તો બીજો તેને મદદ કરે છે; પરંતુ
માણસ એકલો હોય અને તેની પડતી થાય તો તેને મદદ
કરનાર કોઈજ મળે નહીં અને ત્યારે તેની સ્થિતિ દયાજનક
થાય છે.

11જો બે જણા સાથે સૂઈ જાય તો તેઓને એક બીજાથી
હૂંફ મળે છે. પણ એકલો માણસ હૂંફ કેવી રીતે મેળવી શકે?

12 એકલા માણસને હરકોઈ હરાવે, પણ બે જણ મળીને
જીતી શકે છે; ત્રેવડી વણેલી દોરી સહેલાઈથી તૂટતી નથી.

### લોકો રાજનીતિ અને પ્રસિદ્ધિ

13કોઈપણ વૃદ્ધ અને મૂર્ખ રાજા કે જે કોઈની સલાહ
સાંભળતો ન હોય, તેનાં કરતાં ગરીબ પણ જ્ઞાની યુવાન
સારો હોય છે. 14આ યુવાન જેલમાંથી મુકત થઈને રાજા
બની શકે છે. અથવા તે દરિદ્રી પરિવારમાં જન્મ્યો હોય તો
પણ રાજા થઈ શકે છે. 15દુનિયા પરનાં સર્વ મનુષ્યોને મેં
જોયા તો તેઓ બધા રાજાના વારસ બનેલા આ યુવાનની
સાથે હતાં. 16અસંખ્ય લોકો તેની સન્મુખ ઊભા હતાં,
તો પણ તેના પછીની પેઢીનાં લોકો તેનાથી ખુશ નહોતા.
તેથી ખરેખર એ પણ નિરર્થક અને હવામાં બાચકા ભરવા
જેવું છે.

### દેવનો આદર

5 દેવના મંદિરમાં તમે જાઓ ત્યારે તમારાં પગલાં સંભાળો.
ભૂંડુ આચરણ કરે છતાં તે બાબતમાં સભાન ન રહે
તેવા મૂર્ખ માણસોના જેવા યજ્ઞાર્પણો લાવવા કરતાં દેવનાં
વચનો ધ્યાનથી સાંભળવા તે વધારે ઉચિત છે.2તારા મુખે
અવિચારી વાત કરીશ નહીં, દેવની સન્મુખ કંઈપણ બોલવા
માટે તારું અંત:કરણ ઉતાવળું ન થાય; કારણકે દેવ આકાશમાં
છે, અને તું તો પૃથ્વી પર છે; અને તારા શબ્દો તો થોડા જ
હોય.

3કારણકે અતિશય શ્રમની ચિંતાથી રાત્રે સ્વપ્નો આવે છે
અને બહુ બોલવાથી મૂર્ખની મૂર્ખાઈ ઉઘાડી પડી જાય છે.

4જ્યારે તમે દેવ સમક્ષ જે પ્રતિજ્ઞા લીધી હોય તો તે પૂર્ણ
કરવામાં વિલંબ ન કરો. કારણકે દેવ મૂર્ખાઓ પર રાજી નથી
હોતા; તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરો. 5તમે પ્રતિજ્ઞા લો અને પાળો
નહીં તેના કરતાં તમે પ્રતિજ્ઞા ના લો તે વધારે ઉચિત છે.
6તમે તમારી જાત પાસે પાપ કરાવવા દેતા નહીં, દેવના
સંદેશવાહકને તમે એમ કહેતા નહીં કે તમારાથી ભૂલમાં
વચન અપાઈ ગયું હતું, કારણકે એ દેવને હજી વધારે ગુસ્સે

કરાવશે. અને કદાચ તમારી સમૃદ્ધિ નષ્ટ કરશે. 7કારણકે અતિશય સ્વપ્નોમાં રાચવાથી, વ્યર્થ વિચારો કરવાથી અને જાઝું બોલવાથી આવું બને છે માટે તું યહોવાનો ડર રાખ.

### પ્રત્યેક અધિકારીની ઉપર એક અધિકારી છે

8જો તમે ગરીબો પર થતાં અત્યાચાર અને દેશમાં ન્યાયને ઊંધા વાળતા અતિશય ત્રાસને જુઓ, તો તે વાતથી આશ્ચર્ય પામશો નહીં, કારણકે પ્રત્યેક અધિકારી તેનાથી ઊંચા અધિકારીના હાથની નીચે છે અને ઊંચો અધિકારી તેના પર દેખરેખ રાખનારની નજર હેઠળ છે. .9પ્રદેશમાંથી મળેલો નફો તે બધાંને મળે છે. અને રાજા પણ તેના ખેતરોનો ગુલામ છે.

10પૈસાનો લોભી પોતાની પાસે જે છે તેનાથી તૃપ્ત થશે નહીં; અને સમૃદ્ધિનો પ્રેમી–લોભી પોતાની આવકથી કદી સંતોષ પામશે નહીં; આ બધું પણ વ્યર્થ છે.

11જેમ તમારી પાસે શ્રીમંતાઈ વધતી જાય છે તેમ તેનો ઉપભોગ કરનારા પણ વધે છે; અને તેથી તેનાં માલિકને તો તે વપરાતી નજરે જોયા સિવાય બીજો શો લાભ થાય?

12શ્રમ કરનાર મનુષ્ય ઓછું ખાય કે વધારે, પણ તે શાંતિથી ઊંઘી જાય છે. ધનવાન ચિંતા કર્યા કરે છે અને તેની સમૃદ્ધિ તેને શાંતિથી ઊંઘવા દેતી નથી.

13 મેં ત્યારબાદ દુનિયામાં સર્વત્ર એક ગંભીર બાબત જોઈ, એટલે સંપત્તિનો ધણી પોતાની હાનિને માટે જ દ્રવ્ય–સંગ્રહ કરી સંપત્તિ વધારે છે. 14પરંતુ ખોટા સાહસને કારણે સંપત્તિ ચાલી જાય છે અને તેના પોતાના પુત્રોના હાથમાં પણ કઈં આવતું નથી

### ખાલી હાથ આવ્યાં છે અને ખાલી હાથ જવાના છે

15માતાના ગર્ભાશયમાંથી મનુષ્ય નગ્નસ્થિતિમાં બહાર આવે છે અને જાય છે ત્યારે એ જ સ્થિતિમાં વિદાય લે છે. સખત પરિશ્રમ કરીને જે કાંઈ પ્રાપ્ત કર્યુ છે તેમાંથી તે કઈં પણ સાથે લઈ જતો નથી.

16આ પણ એક ભારે દુ:ખ છે કે, જેવો તે આવ્યો હતો તે જ સ્થિતિમાં તેને પાછા જવું પડે છે; તે પવનને માટે પરિશ્રમ કરે છે અને અંતે સર્વ ઢસડાઈ જાય છે. 17વળી તેનું સમગ્ર આયુષ્ય અંધકારમાં જાય છે. અને શોક, રોગ અને ક્રોધથી તે હેરાન થાય છે.

### પોતાના જીવનના કર્મોમાં મોજમઝા કરો

18જુઓ, મને મનુષ્યનાં માટે જે બાબત સારી લાગી તે એ છે કે, દેવે તેને આપેલા આયુષ્યના સર્વ દિવસોમાં ખાવું પીવું, અને દુનિયામાં જે સઘળો શ્રમ કરે છે તેમાં મોજમજા માણવી; કારણકે એ જ તેનો ભાગ છે.

19અને જો મનુષ્યને દેવ તરફથી સંપત્તિ પ્રાપ્ત થાય અને તેના ઉપભોગ માટે સારી તંદુરસ્તી પ્રાપ્ત થાય તે વધારે સારું છે. તેથી તેને પોતાના કામમાં આનંદ માણવો અને તેને મળતો ભાગ સ્વીકારવો –ખરેખર આ જ સાચી દેવ તરફથી મળતી ભેટ છે. 20તેનાં જીવનનાં દિવસોનું તેને બહુ સ્મરણ રહેશે નહીં; કારણકે તેના અંત:કરણનો આનંદ તો તેને દેવે આપેલો ઉત્તર છે.

### અર્થવિહિન જીવનનો અનુભવ

6 મેં આ દુનિયામાં બીજી જાતનું દુ:ખ નિહાળ્યું છે, જે ઘણા લોકોને અસર કરે છે. 2દેવે કેટલાંક મનુષ્યોને ધન–સંપત્તિ અને સન્માન પુષ્કળ પ્રમાણમાં આપ્યા છે પરંતુ તેઓને તે સર્વનો ઉપભોગ કરવાં તંદુરસ્તી આપી નથી. તેઓના મૃત્યુ પછી બીજાઓ તે બધું ભોગવે છે! આ પણ વ્યર્થતા છે, ભારે દુ:ખ છે!

3જો કોઈ મનુષ્યને 100 સંતાનો હોય અને તે દીર્ઘાયુષ્ય ભોગવે પણ જો તે સુખી ન હોય અને તેના મૃત્યુ પછી તેને કોઈ યાદ ન કરે; તો હું કહું છું કે, એના કરતાં તો તે મરેલો જ જન્મ્યો હોત તો વધારે સારું હતું. 4આવા બાળકનો જન્મ વ્યર્થ અને અંત અંધકારમય હોય છે; તેને નામ પણ અપાતું નથી. 5વળી તેણે સૂર્યના દર્શન પણ કર્યા નથી, અને તેણે કશું જાણ્યું પણ નથી; છતાં પણ તેની દશા પેલા વૃદ્ધ અને દુ:ખી માણસ કરતાં સારી છે. 6જો તેનું આયુષ્ય હજાર વર્ષ કરતાં બમણું હોય, અને છતાંય તે કઈં સુખ ભોગવે નહીં; તો તેનો અર્થ શો? શું છેવટે બધાં એકજ ઠેકાણે નથી જતા?

7ડાહ્યાં અને વિશેષમાં મૂર્ખા, સર્વ કોઈ પોતાના પેટ માટે શ્રમ કરે છે. છતાં પેટનો ખાડો કદી પૂરાતો નથી. 8વળી મૂર્ખ કરતાં જ્ઞાનીને શું વધારે લાભ મળે છે? છતાં એક ગરીબ માણસ જીવનની મુશ્કેલીઓ સામે કેમ ચાલવું તે કેવી રીતે જાણે? 9આ ભટકતી અનંત ઈચ્છાઓ કરતાં આપણી પાસે જે હોય તેમાં સંતોષ માનવો તે વધારે ઈષ્ટ છે; એ પણ વ્યર્થ હવામાં બાચકાં ભરવાં જેવું છે.

10જે કાંઈ બની રહ્યું છે તેનું પહેલેથી ભૂતકાળમાં વર્ણન થઈ ગયું એ જાણીતું છે કે લોકો, તેઓ કરતા કોઈ વધારે બળવાન હોય તો જીરવી શકતા નથી. 11વધારે બોલવાથી બોલેલું અર્થહીન થઈ જાય છે, તો બોલવું જ શા માટે? 12કારણ કે મનુષ્ય છાંયડાની જેમ પોતાનું જીવન વ્યર્થ ગુમાવે છે, તેના જીવનનાં સર્વ દિવસોમાં તેને માટે શું ઈષ્ટ છે તે કોણ જાણે છે? કારણકે કોઈ માણસની પાછળ દુનિયામાં શું થવાનું છે, તે તેને કોણ કહી શકે?

### સંપત્તિ કરતાં શ્રેષ્ઠ જ્ઞાન છે

7 મૂલ્યવાન અત્તર કરતાં મનુષ્યની સારી શાખ અતિ મૂલ્યવાન છે. મનુષ્યનાં જન્મદિન કરતાં તેનો મૃત્યુદિન વધારે સારો છે.

2ઉત્સવોની ઉજવણીમાં  સમય બગાડવો તેનાં કરતાં દફનવિધીમાં પસાર કરવો તે વધુ સારું છે. કારણકે પ્રત્યેક વ્યકિતએ એક દિવસ મરવાનું છે. સમય છે તો તે વિષે વિચારવું વધારે સારું છે.

3દુ:ખ એ હાસ્ય કરતા વધારે સારું છે. મોઢા પરનું દુ:ખ અંત:કરણને શુદ્ધ બનાવે છે.

4ડાહ્યો મનુષ્ય પોતાના મૃત્યુ વિષે વધારે વિચારે છે. મૂર્ખ પોતાના વર્તમાનને સારી રીતે માણવામાં મગ્ન રહે છે.

5મૂર્ખ મનુષ્ય આપણી પ્રશંસા કરે તેનાં કરતાં ડાહ્યો માણસ આપણને ઠપકો આપે તે વધારે સારું છે!

6કારણકે જેમ અગ્નિમાં કાંટા ઝડપથી સળગી જાય છે તેમ મૂર્ખનું હાસ્ય લાંબો સમય ટકતું નથી, એ વ્યર્થ પણ છે. 7ખરેખર લાંચથી ડાહ્યો મનુષ્ય મૂર્ખ બને છે; તે તેની સમજશકિતનો નાશ કરે છે.

8કોઈ બાબતનાં આરંભ કરતાં તેનો અંત સારો છે; અને અભિમાની મનુષ્ય કરતાં ધૈર્યવાન મનુષ્ય સારો છે.

9ક્રોધ કરવામાં કદી ઉતાવળા ન થવું- તે તો મૂર્ખતાની નિશાની છે. ક્રોધ મૂર્ખોના હૃદયમાં રહે છે.

10"ભૂતકાળનાં દિવસો હાલનાં કરતાં વધારે સારા શા માટે હતા," એમ નહીં કહો કારણ કે આ વિશે પૂછવા માટે તમને પ્રેરે છે તે ડહાપણ નથી.

11ડહાપણ વારસા માટે સારૂં છે; અને જીવવા માટે તે વધુ ઉત્તમ છે. 12દ્રવ્ય આશ્રય છે તેમ બુદ્ધિ પણ આશ્રય છે; પરંતુ જ્ઞાનની ઉત્તમતા એ છે કે, તે પોતાના માલિકના જીવનની રક્ષા કરે છે.

13દેવનાં કામનો વિચાર કરો; જે તેણે વાંકુ કર્યુ છે, તેને સીધું કોણ કરી શકશે? 14ઉન્નતિનાં સમયે આબાદીનો આનંદ માણો. વિપત્તિકાળે વિચાર કરો; દેવ આપણને સુખ-દુ:ખ બંને આપે છે. જેથી દરેકને અનુભૂતિ થાય કે ભવિષ્યમાં શું થશે તે માણસ શોધી શકતો નથી.

## લોકો ખરેખર સારા નથી થઈ શકતા

15 આ બધું મેં મારા જીવનનાં વ્યર્થપણામાં જોયું છે. કેટલાક સારા માણસો સારાં પણું હોવા છતાં યુવાનવયે જ મૃત્યુ પામે છે જ્યારે કેટલાંક દુષ્ટ લોકો દુષ્ટતામાં રાચીને પણ લાંબુ આયુષ્ય ભોગવે છે. 16તેથી તમે વધુ પડતાં સારાં ન થાઓ કે વધુ પડતાં ડાહ્યાં ન થાઓ! શા માટે પોતાનો વિનાશ નોતરવો? 17અતિશય દુષ્ટ ન થાઓ તેમજ મૂર્ખ પણ ન થાઓ! શા માટે અકાળે મોત નોતરવું?

18તમારે જે કરવાના જ છે તે સર્વ કાર્યો તમે કરો; એવું ન થવું જોઈએ કે તમે એક કાર્ય કરો અને બીજું પડતું મૂકો અને જો તમે દેવનો ડર રાખો, તો તમે બંને કરવામાં સફળ થશો. 19દસ અમલદારો નગરમાં હોય તેનાં કરતાં ડાહ્યા માણસને બુદ્ધિ વધારે શકિતશાળી બનાવે છે. 20સમગ્ર વિશ્વમાં એક પણ માણસ એવો નથી જે હંમેશા સારુંજ કરતો હોય અને કદીય તેણે પાપ ના કર્યુ હોય.

21કોઈ લોકો જે કહે તે દરેક વાત સાંભળવી નહીં, અથવા તો તમારે તમારા નોકરને તમારી વિષે બૂરું બોલતાં સાંભળવો જોઈએ! 22કારણકે તમારું અંત:કરણ જાણે છે કે તમે કેટલીય વાર બીજાની વિરૂદ્ધ બોલો છો!

23મેં હોશિયાર થવા મારાથી શક્ય સર્વ પ્રયત્નો કર્યા છે; મેં જાહેર કર્યુ કે, હું હોશિયાર થઈશ;" પણ તે વાત મારાથી દૂર રહી. 24ડહાપણ ઘણે દૂર અને ઊંડુ છે, તેને મેળવવું ઘણું મુશ્કેલ છે. તેનો પાર કોણ પામી શકે? 25મેં ડહાપણની શોધમાં મારું મન લગાડ્યું અને સર્વ સ્થળોએ તેને શોધ્યું તેમજ તેનાં કારણો તપાસ્યાં. જેથી દુષ્ટતા મૂર્ખાઈ છે, અને મૂર્ખામી ગાંડપણ છે તે હું પૂરવાર કરી શકું.

26તેથી મે જાણ્યું કે મૃત્યુ કરતાં પણ એક વસ્તુ વધારે કષ્ટ દાયક છે, તે છે એક સ્ત્રી, જે એક ફાંસલા અને એક જાળ જેવી છે તથા જેના હાથ સાંકળ સમાન છે તે દેવતુલ્ય વ્યકિતને આકર્ષવાનો પ્રયત્ન કરે છે તે તેનાથી નાસી છૂટશે; પરંતુ પાપી તેની જાળમાંથી છટકી શકતાં નથી.

27સભાશિક્ષક કહે છે: "બધી વસ્તુઓને સાથે મેળવીને હું આ નિર્ણય પર આવ્યો છું."

28હું જે મેળવી શકતો નથી તે હું શોધ્યાજ કરું છું માણસોમાં, હજારોમાં એક મને મળ્યો છે,પણ સ્ત્રીઓમાં એક પણ એવી મળી નથી.

29"અંતે મને ફકત એટલીજ સત્ય હકીકત જાણવા મળી છે કે, દેવે માનવજાતને પ્રમાણિક અને દયાળુ બનાવી છે, પરંતુ તેઓએ ઘણી યુકિતઓ શોધી કાઢી છે.

## દેવની શ્રેષ્ઠ આધીનતા

8 બુદ્ધિમાન પુરુષ જેવો કોણ છે? પ્રત્યેક વાતનો અર્થ કોણ જાણે છે? જ્ઞાનથી માણસોનો ચહેરો ચમકે છે અને તેના ચહેરાની કઠોરતા ઓછી થાય છે.

2રાજાની આજ્ઞાનું પાલન કર કારણકે તે માટે તેં દેવ સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે. 3ફરજપાલનના માર્ગમાંથી નાસી જવાનો પ્રયત્ન ન કરતો, તને તે ગમતું ન હોય, તો પણ તેમ કરજે, કારણકે રાજા બધુંજ પોતાની ઈચ્છા પ્રમાણે કરે છે. 4કારણકે રાજાનો હુકમ સર્વોપરી છે, તેના નિર્ણયને કોઈ પ્રશ્ન કરી શકે તેમ નથી? 5જે કોઈ રાજાની આજ્ઞાનું પાલન કરે છે તેને કોઈ પણ પ્રકારની શિક્ષા થશે નહીં, તેનું કહ્યું ક્યારે કરવું અને કેવી રીતે કરવું તે ડાહ્યો માણસ શોધી કાઢે છે.

6જો કે મનુષ્યનાં જીવનમાં ભારે મુશ્કેલીઓ આવે છે; તો પણ દરેક બાબત માટે યોગ્ય સમય અને યોગ્ય રીત હોય છે. 7એટલા માટે ભવિષ્યમાં શું થવાનું છે તેની તેને ખબર નથી. કારણકે કોઈ પણ તેને કહી શકે તેમ નથી.

8તેનો પોતાનો શ્વાસ રોકવાની શકિત કોઈ માણસમાં હોતી નથી; અને મૃત્યુકાળ ઉપર કોઈ પણ આધીન નથી; કોઈ પોતાના માટે બીજા કોઈને યુદ્ધમાં મોકલી શકે નહીં. અને જે તે કરે છે તેને દુષ્ટ બચાવી શકતો નથી.

9આ બધું મે જોયું છે. અને આ દુનિયામાં માણસો એકબીજાને નુકશાન પહોંચાડે છે, દુનિયામાં જે દરેક કામ થાય છે તેમાં મેં મારું અંત:કરણ લગાડ્યું છે, ને ઊંડો વિચાર કર્યો છે.

10મેં દુનિયામાં એવું પણ જોયું છે કે દુષ્ટ માણસને દફનાવી પાછા ફરતાં તેનાં મિત્રો તેના ભૂંડા કાર્યોને ભૂલી જાય છે અને જે નગરમાં તેણે પાપ કર્યા હોય ત્યાં જ તેનાં વખાણ કરે છે, કેવું વિચિત્ર!

### ન્યાય ઈનામ અને દંડ

11દુષ્કર્મી ને  દંડ આપવાની આજ્ઞા ત્વરાથી અમલમાં મૂકાતી નથી. અને તેથી લોકોનું હૃદય દુષ્ટકાર્ય કરવામાં નિશ્ચિંત રહે છે.

12જો દુષ્ટ પાપી મનુષ્ય સેંકડો  દુષ્કર્મ કર્યા પછી પણ દીર્ઘાયુષ્ય ભોગવે છે, છતાં હું સારી રીતે જાણું છું કે યહોવાનો ભય રાખનારાઓનું ભલું થશે. 13સારું જીવન નહીં જીવનારા દુષ્ટ લોકો સાંજના પડછાયાની જેમ તેઓનું જીવન લંબાવી શકતા નથી, કારણકે તેઓ દેવનો ડર રાખતા નથી.

14દુનિયા પર બીજી નિરર્થક વસ્તુઓ છે કે, સારા માણસોને જાણે તેઓ ખરાબ હોય તેમ શિક્ષા પામે છે અને દુષ્ટ જાણે કે તેઓ સારા હોય તેમ સારા ફળ પામે છે. આ પણ અર્થહિન છે! 15તેથી મેં તેઓને વિનોદ કરવાની ભલામણ કરી, કારણકે ખાવું-પીવું તથા મોજમજા કરવી તેનાં કરતાં માણસને માટે દુનિયા પર કોઈ શ્રેષ્ઠ નથી; કારણકે દેવે તેને દુનિયા ઉપર જે આયુષ્ય આપ્યું છે તેનાં બધાં દિવસોની મહેનતનાં ફળોમાંથી તેને એટલુંજ મળશે.

### દેવ બધું કરે છે તે આપણે સમજી નથી સકતા

16તેથી હું જાતે જ્ઞાન સંપાદન કરવામાં, તથા દુનિયામાં થતાં કામો જોવામાં પ્રવૃત રહ્યો, કારણકે એવા મનુષ્યો પણ હોય છે કે જેઓની આંખોને દિવસે કે રાત્રે ઊંઘ મળતી નથી. 17પરંતુ દેવ જે કાંઈ કરે છે એનો અર્થ તે પામી શકે તેમ નથી. કદાચ કોઈ જ્ઞાની માણસ એમ માને કે એ સર્વ જાણે છે, પણ હકીકતમાં તે કશું જાણતો નથી, તેનો પત્તો મેળવવા માણસ ગમે તેટલી મહેનત કરે તો પણ તેને તે મળશે નહીં; અરે! તે કોઈ બુદ્ધિમાન વ્યક્તિ હોય, તો પણ તે તેની શોધ કરી શકશે નહીં

### પ્રત્યેકનો અંત એક સમાન

9 એ બાબતમાં મેં જ્યારે કાળજીપૂર્વક તપાસ કરી તો મને જાણવા મળ્યું કે દરેકના કાર્યનું ફળ સદાચારી અને જ્ઞાની લોકો માટે પણ દેવ પર નિર્ભર છે. પણ કોઈ જાણતું નથી કે તેને પ્રેમ મળશે કે ધિક્કાર અથવા તેની પાસે શું આવશે?

2બધા લોકો; સારા કે ખરાબ, પ્રમાણિક કે દુષ્ટ, અર્પણો અર્પનાર કે નહીં અર્પનાર સૌનું ભાવિ એક જ છે, સારો માણસ અને પાપી, જે પ્રતિજ્ઞા લે છે અને જે નથી લેતો સર્વ સમાન છે.

3સર્વ મનુષ્યોની ગતિ એકજ થવાની છે, એ તો જે બધાં કામ દુનિયામાં થાય છે તેઓમાંનો એક અનર્થ છે; વળી માણસોનું અંતઃકરણ ભૂંડાઈથી ભરપૂર છે, જ્યાં સુધી તેઓ જીવે છે ત્યાં સુધી તેઓના હૃદયમાં ગાંડપણ હોય છે, અને તે પછી તેઓ મૃતાત્માઓમાં ભળી જાય છે. કારણકે તેઓને કોઈ આશા નથી. તેમને તો સામે ફકત મૃત્યું જ દેખાય છે.
4જેઓ હજુપણ જીવે છે તેઓ નિશંક રહી શકે;
કારણકે જીવતો કૂતરો મૂએલા સિંહ કરતાં સારો છે.

5જીવતાં મનુષ્યો એટલું જાણે છે કે એક દિવસ તેઓ મરી જશે. પરંતુ મરેલાંઓ તો કશુંજ જાણતાં નથી. તેઓને કોઈ બદલો મળતો નથી.તેઓની સ્મૃતિ પણ નાશ પામી  જાય છે. 6પ્રેમ,ઈર્ષ્યા, ધિક્કાર, અને જે કાંઈ તેઓના જીવનકાળ દરમ્યાન તેઓમાં હતું તે ભૂતકાળ બની ગયું છે અને હવે દુનિયામાં જે કાંઈ થઈ રહ્યું છે તેમાં તેઓને કોઈ લેવાદેવા નથી.

### જીવનમાં મોજ કરો જેવી રીતે તમે કરી શકો

7તેથી જા, ખાનપાન કર અને જીવનનો આનંદ માણ, દેવ સમક્ષ તે માન્ય છે. 8સુંદર શ્વેત વસ્રો સદા ધારણ કર. અને તારા મસ્તકને અત્તરની ખોટ કદી પડવા દઈશ નહીં. 9દુનિયા પર જે ક્ષણિક જીવન તેણે તને આપ્યું છે, તે તારી પત્ની, જેના પર તું પ્રેમ કરે છે, તેની સાથે આનંદથી વિતાવ, કારણકે દેવે તને જે પત્ની આપી છે તે તારા દુનિયા પરનાં ભારે પરિશ્રમનો ઉત્તમ બદલો છે. 10જે કાંઈ કામ તારે હાથ લાગે તે હૃદયપૂર્વક કર; કારણકે જે તરફ તું જાય છે તે શેઓલમાં કઈ પણ કામ, યોજના, જ્ઞાન અથવા બુદ્ધિ નથી.

### સૌભાગ્ય? દુર્ભાગ્ય? આપણે શું કરી શકીએ?

11ફરી પાછું મેં જાણ્યું કે હંમેશા વેગવાન સ્પર્ધા જીતતા નથી અને યુદ્ધોમાં બળવાનની હંમેશા જીત થતી નથી. અને ડાહ્યાં હંમેશા તેઓની રોટલી માટે કમાતા નથી. અને બુદ્ધિ હંમેશા ધન ઉપજાવતી નથી. તેમજ ચતુર હંમેશા દયા (આશીર્વાદ) દ્રષ્ટિ પામતા નથી. સમય અને આડી અવળી આકસ્મિક ઘટના તો દરેકને બને છે.

12મનુષ્ય પણ પોતાનો સમય જાણતો નથી; કેમ કે જેમ માછલાં ક્રૂર જાળમાં સપડાઈ જાય છે અને જેમ પક્ષીઓ ફંદામાં ફસાય છે, તેમજ ભૂંડો સમય માણસો ઉપર એકાએક આવી પડે છે, અને તેમને ફસાવે છે

### જ્ઞાનની શક્તિ

13વળી માણસોના વ્યવહારમાં મેં એક બીજી જ્ઞાનની બાબત જોઈ અને મારા ઉપર તેની ઉંડી અસર થઈ. 14ઓછી વસ્તીવાળું એક નાનું નગર હતું, એક બળવાન રાજા પોતાના સૈન્ય સાથે નગર પર ચડી આવ્યો. અને તેને આજુબાજુ મોટો યુદ્ધની સામગ્રીઓથી ઘેરો ઘાલ્યો. 15હવે આ નગરમાં એક ખૂબ ગરીબ પણ ડાહ્યો માણસ રહેતો હતો. તે જાણતો હતો કે નગરને કેવી રીતે બચાવવું પોતાની બુદ્ધિ અને સલાહથી તેણે નગરને બચાવ્યું પણ થોડા સમય પછી સર્વ તેને ભૂલી ગયા.16ત્યારે મેં કહ્યું કે, બળ કરતાં બુદ્ધિ ઉત્તમ છે; તેમ છતાં ગરીબ માણસની બુદ્ધિને તુચ્છ ગણવામાં આવે છે, અને તેનું કહેવું કોઈ સાંભળતું નથી.

17પરંતુ શાશકોના મૂર્ખો વચ્ચેના બૂમબરાડાં કરતાં ડાહ્યાં માણસના થોડાં  શાંત બોલ વધારે સારા છે.

18યુદ્ધનાં શસ્રો કરતાં ડહાપણ ઉત્તમ છે; પણ એકજ પાપી માણસ ઘણા સારા લોકોનો નાશ કરી શકે છે.

### ડહાપણથી વર્તન-વ્યવહાર કરો

10 જેમ મરેલી માખીઓ મઘમઘતા અત્તરને દૂષિત કરી દે છે; તેવી જ રીતે થોડી મૂર્ખાઇ ભરી ક્રિયા ડહાપણ અને સન્માનને નબળું પાડી દે છે.

2ડાહ્યાં માણસનું હૃદય તેને સાચી દિશા બાજુએ દોરે છે; પણ મૂર્ખનું એજ હૃદય તેને ખોટી અને મૂર્ખ બાજુ પર દોરે છે. 3વળી મૂર્ખ પોતાને રસ્તે જાય છે ત્યારે તેની બુદ્ધિ ખૂટી જાય છે; અને તે દરેક ને કહે છે કે હું મૂર્ખ છું.

4જ્યારે તારો શાશક તારા પર ગુસ્સે થાય તો તું ત્યાંથી નાસી ન જતો. કારણકે તું જે સાંત્વન લાવે છે તેનાથી મોટા પાપો વડે થયેલો ગુસ્સો પણ ઠંડો પડી જાય છે.

5મેં આ દુનિયામાં એક અનુચિત ચીજ જોઈ છે, અને તે છે શકિતશાળી શાશક દ્વારા થયેલી ભૂલ; 6મૂર્ખાને મોટી સત્તાઓ મળે છે જ્યારે ધનવાનોને નીચા સ્થળે લાવવામાં આવે છે! 7મેં ગુલામોને ઘોડે સવાર થયેલા અને રાજકર્તાઓને ગુલામોની જેમ પગે ચાલતાં જોયા છે.

### દરેક કામ પોતાને માટે ખતરનાક છે

8જે ખાડો ખોદે છે તે જ તેમાં પડે છે! અને જે વાડમાં છીંડુ પાડે છે તેને સાપ કરડે છે. 9જે પથ્થરની શિલા તેને જે ખસેડે છે તેનેજ કદાચ ઈજા પહોચાડે અને કઠિયારાને કદાચ લાકડું જ ભયમાં મૂકી દે.

10બુઠ્ઠી કુહાડી વાપરવામાં ધારદાર કરતા વધારે શકિતની જરૂર પડે છે; તે ડહાપણ તમને તમારું કામ સરળ કરવામાં મદદ કરે છે.

11સાપ જો તેને મંત્રથી વશ કર્યા પહેલા જ કરડી જાય તો મદારી નકામો છે.

12ડહાપણભર્યા શબ્દો મનને આનંદ આપે છે, પણ મૂર્ખના બોલ તેનો પોતાનો જ નાશ નોતરે છે.

13તેનાં મૂળના શબ્દોનો આરંભ મૂર્ખાઈ; અને તેના બોલવાનું પરિણામ નુકસાનકારક ગાંડપણ છે. 14મૂર્ખ માણસ વધારે બોલે છે, પણ ભવિષ્ય વિષે કોઈ જાણતું નથી. પણ કોઈ કહી શકે તેમ નથી કે કાલે શું થવાનું છે?

15કામ મૂર્ખને થકવી નાખે છે જે નગરમાં જવાનો પોતાનો રસ્તો પણ શોધી શકતો નથી.

### કામનું મુલ્ય

16જે દેશનો રાજા બાળક જેવો નાદાન હોય અને જેના સરદારો સવારમાં ઉજાણીઓ માણે છે તે દેશનો ઉદ્ધાર અશક્ય છે! 17એ દેશને આશીર્વાદ છે જેનો રાજા ઉમદા ગુણ લક્ષણ વાળો છે અને જેના નેતાઓ વધુ પડતું ખાતા નથી કે પીધેલ હોતા નથી.

18આળસથી છાપરું નમી પડે છે; અને આળસુ હાથ ઘરમાં છિદ્ર વાટે ચૂવા દે છે.

19ઉજાણી મોજમજાને માટે ગોઠવવામાં આવે છે, અને દ્રાક્ષાનો રસ જીવનને ખુશી આપે છે. પૈસાથી બધું જ મળે છે.

### નિંદા પૂર્ણ વાતો

20રાજાને કે ધનવાનને તારા મનમાં પણ શાપ ન આપીશ; કારણકે, વાયુચર પક્ષી તે સાંભળીને વાત લઈ જાય છે.

### ઉદારતાનું ઈનામ

11 તારી રોટલી પાણી પર નાખ, કારણકે ઘણાં દિવસો પછી તે તને પાછી મળશે.

2તારી પાસે જે છે તે ઘણાંઓમાં વહેંચી દે તને ખબર નથી કદાચ ભવિષ્યમાં એવો ખરાબ સમય આવે.

3પાણીથી ભરેલાં વાદળાં વરસાદ લાવે છે; જાડ દક્ષિણ તરફ પડે કે ઉત્તર તરફ, તે પડે ત્યાં જ પડ્યું રહે છે.

4જે માણસ પવન પર ધ્યાન રાખ્યાં કરે છે તે વાવશે નહીં; અને જે માણસ વાદળ જોતો રહેશે તે કાપણી કરશે નહીં.

5તું જાણતો નથી ગર્ભવતી સ્રીનાં ગર્ભમાં જીવ કેવી રીતે પ્રવેશે છે તેમજ દેહ કેવી રીતે બંધાય છે તેવીજ રીતે તું તે પણ જાણતો નથી કે સર્જનહાર દેવ કઈ રીતે કાર્ય કરે છે.

6સવારમાં બી વાવ, ને સાંજે તારા કામમાંથી વિશ્રાન્તિ લઈશ નહીં; કારણકે આ સફળ થશે કે તે સફળ થશે, અથવા તે બંને સરખી રીતે સફળ થશે તે તું જાણતો નથી.

7સાચેજ અજવાળું રમણીય છે, ને સૂર્યને જોવો એ આંખને રુચિકર છે. 8જો માણસ લાંબુ આયુષ્ય ભોગવે તો તેણે જીવનનાં સર્વ દિવસો પર્યંત આનંદ કરવો. પરંતુ તેણે અંધકારના દિવસો પણ યાદ રાખવા, કારણકે તે ઘણા હશે, જે કાંઈ બધું બને છે તે વ્યર્થતા જ છે.

### યુવાનીમાં દેવની સેવા કરો

9હે યુવાન, તારી યુવાવસ્થાનો આનંદ લે; અને તારા હૃદયની ઈચ્છાઓ પૂરી કર, યુવાવસ્થા અદભૂત છે! પણ યાદ રાખ, તું જે કાઈ કરે, દેવ તેનો અભિપ્રાય બાંધશે. 10માટે તારા હૃદયમાંથી ગુસ્સો અને નિરાશાને ફગાવી દે. પણ તું પોતેજ અનિષ્ટથી દૂર રહેજે; કારણકે યુવાવસ્થા વ્યર્થ છે.

### યુવાનોને સલાહ

12 તારી યુવાવસ્થાના દિવસોમાં તું યહોવાનું સ્મરણ કર. તું જીવનનો આનંદ માણી શકે તેવાં ભૂંડા વર્ષો અને દિવસો આવે તે પહેલાં તારી યુવાનીમાં તારા યહોવાને ભૂલી જઈશ નહીં.

2જ્યારે તારી આંખો ચંદ્ર, સૂરજ અને તારાઓ જોવા ખૂબજ નિર્બળ બનશે, અને જ્યારે વાદળો વરસાદ લઈ પાછા ફરશે ત્યારે તું તેમને યાદ કરી શકશે નહીં.

3તે દિવસે જે ઘરનું નિયંત્રણ કરવાવાળાઓ ધ્રુજશે, બળવાન વાંકા વળી જશે, અને દળનારી સ્રીઓ થોડી હોવાથી તેમનો તોટો પડશે, અને બારીઓ અંધારી થઈ જશે જેથી તું તેમાંથી જોઈ નહીં શકે. 4અને બજાર તરફના બારણા બંધ કરી દેવામાં આવશે; અને ત્યારે દળવાનો અવાજ ધીમો

થશે. અને માણસ પક્ષીના અવાજથી જાગી ઊઠશે, ને સર્વ ગાનારી સ્ત્રીઓ શાંત થઈ જશે;

5જે ઉંચે જાય છે તેને પડવાની બીક લાગશે. જે રસ્તા પર ચાલતો હશે તે ત્યાં જતા ડરશે. બદામનું ઝાડ ફાલશે. તીડ પોતે ધીમે ધીમે સાથે ઘસડાશે. બધી ઈચ્છાઓ મરી પરવારશે અને દરેક જણ પોતાના અનંત અનાદિ ઘેર જશે.

## મૃત્યુ

6તે દિવસે જીવનરૂપી રૂપેરી દોરી તૂટી જશે અને સોનેરી પ્યાલો ભાંગી જશે, અને ગાગર ઝરા આગળ ફૂટી જશે, અને કૂવા ઉપર જ ગરગડી ભાંગી જશે;

7અને તારી કાયા જેમ અગાઉ હતી તેવીજ પાછી ધૂળ થઈ જશે. અને દેવે તને જે આપેલો તે શ્વાસ તેમની પાસે
પાછો જશે. 8તેથી સભાશિક્ષક કહે છે; વ્યર્થતાની વ્યર્થતા, સઘળું તદન વ્યર્થ છે.

## સમાપ્તિ

9વળી સભાશિક્ષક સમજુ હતો; તેથી તેણે જે જાણ્યું તે સર્વને શીખવવા લાગ્યો; તે વિચાર કરીને ઘણા નીતિવચનો
શોધી કાઢતો, અને તેમને નિયમસર ગોઠવતો. 10સભાશિક્ષકે
સત્ય વચનો, શોધી કાઢવાનો અને જે સત્ય હતા તે લખવાનો
પ્રયત્ન કર્યો. 11જ્ઞાની માણસનો ઉપદેશ પરોણીની અણીદાર ધાર જેવો છે અને સભાશિક્ષકોનાં ઉપદેશ કે જે માત્ર એકજ પાદરી દ્વારા આપવામાં આવેલાં છે, તે સજ્જડ જડેલા ખીલાની
જેમ તેમનાં મનમાં ઠસી રહેશે. 12પણ મારા પુત્ર, મારી
શિખામણ માન; ઘણાં પુસ્તકો રચવાનો કંઈ પાર નથી; તેમનો અતિ અભ્યાસ કરવાથી શરીર થાકી જાય છે.

13આ મારી વાતનો ઉપસંહાર છે; દેવનો ભય રાખ અને તેની આજ્ઞાઓનું પાલન કર, પ્રત્યેક માણસની એ સંપૂર્ણ
ફરજ છે. 14કારણકે આપણે જે કરીએ, ભલું કે ભૂંડુ, તે
સર્વનો, એટલે પ્રત્યેક ગુપ્ત બાબતનો દેવ ન્યાય કરશે.

# નીતિવચનો

### નીતિવચનોનો હેતુ

1 ઈસ્રાએલના રાજા દાઉદના પુત્ર સુલેમાનનાં નીતિવચનો:
2વ્યક્તિ માટે આ પુસ્તકનો હેતુ છે કે તે જ્ઞાન અને
શિક્ષણ શીખે જેનાથી તે ઊંડી સમજ આપે તેવા શબ્દો સમજી
શકે. 3કે તેને વિચાર પૂર્વકની વર્તણૂકની, સારાસારના વિવેકની
અને ન્યાયની કેળવણી મળે. 4કે ભોળા માણસો ચતુર બને,
યુવાનોને જ્ઞાન તથા વિવેકબુદ્ધિ મળે. 5જો ડાહ્યો માણસ
સાંભળશે તો તેનું ડહાપણ વધશે. અને સમજુ માણસ ને
દોરવણી મળે. 6કે તેઓ કહેવતો અને દ્રષ્ટાંતો તથા જ્ઞાનીઓના
વચનો અને તેમના કોયડાઓ પણ સમજી શકશે.
7યહોવાનો ભય એ જ્ઞાનનું મૂળ છે. પણ મૂર્ખ જ્ઞાન અને
શિક્ષણને વ્યર્થ ગણે છે.

### સુલેમાન પોતાના બાળકોને ઉપદેશ આપે છે

8મારા દીકરા, તારા પિતાનો ઉપદેશ સાંભળ, અને તારી
માતાનું શિક્ષણ નકારીશ નહીં. 9એ તારા મસ્તક પર ફૂલોના
મુગટ અને ડોકમાં કંઠના હાર રૂપ બની રહેશે.

### ચેતવણી અધર્મ લોકોથી બચો

10મારા દીકરા, દુષ્ટ પાપીઓ જો તને લલચાવે તો તું
એમની વાતો માનતો નહીં. 11જો તેઓ તને કહે કે "અમારી
સાથે ચાલ, કોઈની હત્યા કરવા માટે આપણે સંતાઈ રહીએ;
અને જે નિર્દોષ છે તેને ફસાવવા છુપાઈ રહીએ. 12જેમ
કબર જીવતા માણસોને ગળી જાય છે તેમ આપણે તેમને
ગળી જઈશું. 13વિવિધ પ્રકારનો કિમતી માલ આપણા હાથમાં
આવશે, આપણે આપણાં ઘર લૂંટથી ભરીશું. 14તું અમારી
સાથે જોડાઈ જા. અને અમારો ભાગીદાર થા: આપણા સૌનો
ભાગ સિલકમાં સરખો રહેશે.
15મારા દીકરા, એમના માર્ગે ચાલતો નહીં, તેમના
માર્ગે તારા પગ મૂકતો નહીં. 16કારણ, તેમના પગ દુષ્ટ
પાપ કરવા ઉતાવળા હોય છે અને હત્યા કરવાને દોડી
જતા હોય છે.
17કારણકે જ્યારે પક્ષીઓ સાવધ હોય ત્યારે જાળ પાથરવી
તે નિરર્થક છે. 18તેઓ અન્યની હત્યા કરવા સંતાય છે પણ
હત્યા એમની જ થાય છે. બીજાનો જીવ લેવા જાય છે.
અને પોતાનો જીવ ગુમાવે છે. 19પ્રત્યેક ધનના લોભીના
માર્ગો આવા જ છે. આવું ધન તેના માલિકોનું જ સત્યાનાશ
વાળે છે.

### ચતુર સ્ત્રી

20જ્ઞાન શેરીઓમાં મોટે અવાજે બોલાવે છે. તેણી જાહેર
સ્થળોએ બૂમો પાડે છે. 21તેણી ઘોંઘાટવાળા રસ્તા પર બૂમો
પાડે છે અને શહેરને દરવાજે ઊભી રહીને બૂમો પાડે છે.
22હે ભોળિયાઓ, તમે ક્યાં સુધી ભોળપણને વળગી રહેશો?
ઓ ટિખળી લોકો, તમે ક્યાં સુધી ટિખળ કરવામાંથી આનંદ
મેળવશો? ઓ મૂર્ખાઓ, ક્યાં સુધી તમે જ્ઞાનનો તિરસ્કાર
કરશો? 23જો તમે મારી ચેતવણી સાંભળશો તો હું મારા
વિચારો તમારી આગળ ઠાલવીશ અને મારા શબ્દો તમને
જણાવીશ.
24પરંતુ મેં તમને બોલાવ્યા અને તમે ના પાડી. મેં મારો
હાથ લંબાવી ઈશારો કર્યો પણ કોઈએ તેની કાળજી કરી
નહી; 25તમે મારા સર્વ ઉપદેશ ફગાવી દીધા છે અને મારી
ચેતવણીને પણ ગણકારી નથી. 26તેથી જ્યારે તમારી ઉપર
મુશ્કેલીઓ આવશે ત્યારે હું હાસ્ય કરીશ; જ્યારે તમારા પર
ભય આવશે ત્યારે હું તમારી મશ્કરી કરીશ. 27એટલે જ્યારે
ભય તમારી ઉપર વંટોળિયાની જેમ ફરી વળશે, વિપત્તિઓ
ફૂટી નીકળશે, સંકટ અને વેદના તમારા પર આવશે.
28ત્યારે તેઓ મને બોલાવશે તો પણ હું ઉત્તર આપીશ
નહીં, તમે મને વિસ્તૃત રીતે શોધશો પણ હું તમને મળીશ
નહીં. 29કારણ, તેઓએ જ્ઞાનનો તિરસ્કાર કર્યો છે અને તેમણે
યહોવાનો ડર રાખ્યો નથી. 30મારી સલાહ માની નહોતી
અને મારી બધી ચેતવણીઓની ઉપેક્ષા કરી હતી. 31તેથી
તેઓને તેમના કર્મના ફળ મળશે અને તેમને તેમની પોતાની
સલાહો ભારે પડશે.
32આમ, મૂર્ખોના અવળા રસ્તા તેમને મૃત્યુના મુખમાં
લઈ જાય છે . અને મૂર્ખોની બેદરકારી તેમનો વિનાશ નોતરે
છે. 33પરંતુ જે કોઈ મારું કહ્યું સાંભળશે તે સુરક્ષિત રહેશે.
અને કોઈપણ જાતના નુકશાન થવાના ભય વિના શાંતિ
અનુભવશે.

### જ્ઞાનનાં વરદાન

2 મારા દીકરા, જો તું મારાં વચનોનો અંગીકાર કરશે
અને મારી આજ્ઞાઓ અંતરમાં સંઘરી રાખશે,
2ડહાપણની વાત ધ્યાનથી સાંભળીને, સમજણ માં તારું
ધ્યાન દોરીશ; 3અને જો તું અંર્તદ્રષ્ટિમાટે પોકાર કરશે અને
સમજણ શકિત માટે આક્રંદ કરીશ. 4અને તું જો ચાંદીની
જેમ અને છૂપાવેલા ખજાનાની જેમ તેને શોધશે. 5તો તને

યહોવાના ભયનું ભાન થશે. અને તને દેવનું જ્ઞાન પ્રાપ્ત થશે.

6કારણકે યહોવા જ્ઞાનના દાતા છે, તેના મુખમાંથી જ્ઞાન અને સમજણ શકિત પ્રગટે છે. 7તે નીતિમાન લોકોને વ્યવહારિક ક્ષમતા આપે છે પ્રમાણિકતાથી રહેતા લોકોની રક્ષા કરે છે. 8તે ન્યાયના માર્ગની રક્ષા કરે છે અને તેને વફાદાર લોકોની કાળજી લે છે. 9ત્યારે તને સમજાશે કે દરેક સાચો અને સારો રસ્તો સત્ય ન્યાયી અને પ્રમાણિક હોય છે; 10ત્યારે શાણપણ તારા હૃદયમાં પ્રવેસશે અને જ્ઞાન તારા આત્માને ખુશીથી ભરી દેશે.

11ત્યારે વિવેકબુદ્ધિ તારું ધ્યાન રાખશે અને સમજણ તારું રક્ષણ કરશે. 12ખરાબ માર્ગેથી અને વક્રોકિત બોલનાર માણસોથી તને ઉગારી લેશે; 13જેઓ સદાચારના માર્ગ ત્યજીને અંધકારને માર્ગે ચાલે છે. 14જેઓ દુષ્ટતા આચરવામાં આનંદ માણે છે, અને છળકપટ કરવામાં જ તેમને મજા પડે છે. 15જેઓના રસ્તા આડા છે, અને જેમના પગલા છેતરામણાં છે તેમનાથી તારું રક્ષણ કરશે.

16વળી સમજ કે તે તને વ્યભિચારી સ્ત્રીઓથી અને તેમની લોભામણી વાણીથી બચાવશે. 17જે પોતાના પતિને જેની સાથે જુવાનીમાં તેણે લગ્ન કરેલા તેને છોડી દે છે અને દેવ સાથે કરેલો પોતાનો કરાર વિષે ભૂલી જાય છે; 18તેનું ઘર મૃત્યુની ખાઈમાં ઊતરી જાય છે અને તેનો માર્ગ મૃત્યુલોકમાં જાય છે. 19તેની પાસે જનારાઓમાંથી કોઈ પાછો ફરતો નથી, કે જીવનનો માર્ગ સંપાદન કરી શકતો નથી.

20માટે તું સજ્જનોને માર્ગે ચાલજે અને ન્યાય અને સત્યના રસ્તા પર ટકી રહેજે. 21કારણકે, પ્રમાણિક માણસો જ પૃથ્વી પર જીવતા રહેશે. સંનિષ્ઠ અને નિર્દોષ માણસો જ એમાં વસશે. 22પણ દુષ્ટોનું પૃથ્વી પરથી નિકંદન નીકળી જશે. અને જેઓ અવિશ્વાસુ છે તેમને સમૂળગા ઉખેડી નાખવામાં આવશે.

## નીતિમત્તાથી રહેવું તમારું જીવન વધારશે

3 મારા દીકરા! મારો ઉપદેશ ભૂલી જઈશ નહીં. પરંતુ તારા હૃદયમાં મારી આજ્ઞાઓને સંઘરી રાખજે, 2કારણકે એ તને દીર્ઘ પૂર્ણ જીવન અને શાંતિ આપશે.

3પ્રેમ અને વફાદારી તારો ત્યાગ ન કરે, વિશ્વસનીયતાને તું તારી ડોકે બાંધી રાખજે, અને તારા હૃદયપર લખી રાખજે; 4આ રીતે તું દેવ તથા માણસોની દ્રષ્ટિમાં કૃપા અને સફળતા પામશે.

## યહોવામાં વિશ્વાસ રાખો

5યહોવા ઉપર તારા પૂર્ણ હૃદયથી ભરોસો રાખ. અને તારી પોતાની સમજણ પર આધાર રાખીશ નહીં. 6તું જ્યાં પણ જાય, તેનો આભારમાન, અને તે તને સાચે માર્ગે દોરશે અને તને સફળ બનાવશે. 7તું તારી પોતાની જાતને શાણો ન માનીશ; યહોવાનો ડર રાખજે અને પાપથી દૂર રહેજે. 8તેથી તારું શરીર તંદુરસ્ત રહેશે અને તારા હાડકાં બળવંત રહેશે.

## યહોવાને અર્પણ કરો

9તારા ધનથી અને તારા પહેલા પાકથી યહોવાનું સન્માન કર. 10 એમ કરવાથી તારા અન્નના ભંડાર હર્યાભર્યા રહેશે અને તારા દ્રાક્ષારસના કુંડો દ્રાક્ષારસથી ઊભરાઈ જશે

## યહોવાનો દંડ સ્વીકાર કરો

11મારા દીકરા, યહોવાની શિક્ષાને નકારીશ નહીં, અથવા તેના ઠપકાથી કંટાળી જઈશ નહીં. 12કારણકે યહોવા જેના ઉપર પ્રેમ રાખે છે તેને અનુશાશિત કરે છે, જેમ બાપ પોતાના દીકરાને, જે તેને ખુબ પ્યારો છે, તેને ઠપકો આપે છે.

## વિવેક અને જ્ઞાન

13તેનાથી વધારે સુખી કોણ હોઈ શકે જેને જ્ઞાન મળ્યું છે અને જેણે સમજશકિત મેળવી છે. 14કારણકે તેણીનો નફો ચાંદીથી વધારે છે, અને તેનો લાભ ચોખ્ખા સુવર્ણના લાભ કરતાં શ્રેષ્ઠ છે. 15તેણી કીંમતી પથ્થરો કરતાં પણ વધારે મૂલ્યવાન છે. તારી માલિકીની કોઈપણ વસ્તુ એની સાથે સરખાવાય તેમ નથી.

16તેણીના જમણા હાથમાં દીર્ઘાયુંષ્ય છે અને તેણીના ડાબા હાથમાં સમૃદ્ધિ અને સન્માન છે. 17તેણીના માર્ગો સુખદાયક અને તેના રસ્તા શાંતિપૂર્ણ છે. 18જેઓ તેણીને વીટંળાય છે તેને માટે એ સંજીવનીવેલ છે, અને જેઓ તેણીને દ્રઢતાથી પકડી રાખે છે તેઓ સુખી થાય છે.

19યહોવાએ પૃથ્વીને જ્ઞાનથી અને આકાશને સમજશકિતથી ભરીને સ્થાપી દીધાં છે. 20તેના જ્ઞાનને પ્રતાપે પાતાળમાંથી પાણીના ઝરણા ફૂટી નીકળ્યા છે, અને વાદળોમાંથી વરસાદ વરસે છે.

21મારા દીકરા, તેઓને તારી નજર આગળથી દૂર થવા દઈશ નહીં, વ્યવહારૂ ક્ષમતા, વિવેકબુદ્ધિ, અને સામર્થ્યને પકડી રાખજે. 22તો તેઓ તને જીવન આપશે અને તારા ગળાનો હાર બની રહેશે. 23પછી તું તારા માર્ગે સુરક્ષિત જઈ શકીશ અને ઠોકર ખાઈને લથડશે નહીં. 24સૂતી વખતે તને કોઈ ડર રહેશે નહીં. અને તું મીઠી નિંદર લઈ શકીશ. 25ઓચિંતા ભયથી કે દુષ્ટ માણસો પર આવતા સર્વનાશથી તું ગભરાઈશ નહીં. 26કારણકે યહોવા તારી જોડે રહેશે અને તારા પગને ફસાઈ જતાં બચાવશે.

## આદર્શ જીવનનું જ્ઞાન

27જો કોઈને તારી મદદની જરૂર હોય અને તું સમર્થ હો તો ના પાડીશ નહીં. 28જો તારી પાસે હોય તો તારા પાડોશીને એમ ના કહીશ કે," જાઓ,ફરીથી આવજો, આવતીકાલે હું આપીશ.

29તારો પાડોશી તારા લીધે જીવે છે અને પોતાને સુરક્ષિત અનુભવે છે તેની સામે અનિષ્ટ યોજના કરીશ નહીં.

30જો કોઈ માણસે તમારું નુકશાન કર્યુ ના હોય તો તેની સાથે કારણ વગર વિખવાદ કરીશ નહીં. 31દુષ્ટ માણસની ઈર્ષ્યા ન કરશો, અને તેનો એક પણ માર્ગ પસંદ ન કરશો.

32કારણકે છેતરપિંડી કરનારા માણસોને યહોવા દુ:ખી કરે
છે. વાંકા માણસોને યહોવા ધિક્કારે છે પણ પ્રમાણિક માણસોને
તે પોતાના અંગત ગણે છે.
33દુષ્ટ માણસોના ઘર ઉપર યહોવા શાપ ઉતારે છે. પણ
સાચા માણસોના ઘર ઉપર તેમના આશીર્વાદ ઉતરે છે.
34તે ટીખળી માણસોની ટીખળ કરે છે અને જેઓ નમ્ર છે
તેના માટે કૃપાળુ છે.
35જ્ઞાનીઓને ગૌરવનો વારસો મળશે પરંતુ મૂર્ખોને
અપકીર્તિ જ મળશે.

## જ્ઞાનની ફળશ્રુતિ

4 "ઓ પુત્રો, પિતાનો ઉપદેશ ધ્યાનથી સાંભળો, અને
સમજણ મેળવવા માટે ધ્યાન આપો. 2હું તમને ઉત્તમ
સૂચનાઓ આપુ છું. મારા ઉપદેશનો ત્યાગ કરશો નહીં."
3જ્યારે હું મારા પિતાના ઘરનો સભ્ય હતો, જ્યારે હું મારી
માતાની દ્રષ્ટિએ એકનો એક યુવાન દીકરો હતો. 4ત્યારે મારા
પિતાએ મને શિક્ષણ આપીને કહ્યું હતું કે," તારા હૃદયમાં
મારા શબ્દો સંઘરી રાખજે, અને મારા આજ્ઞાઓને રાખજે
અને તું જીવીશ. 5જ્ઞાન પ્રાપ્ત કર, બુદ્ધિસંપાદન કર; મારું
કહ્યું યાદ રાખજે, એમાંથી જરાય ચળીશ નહીં. 6જ્ઞાનનો
ત્યાગ ન કરીશ, તેણી તારું રક્ષણ કરશે, તેના ઉપર પ્રેમ
રાખજે, તેણી તારી સંભાળ રાખશે.
7જ્ઞાન પ્રાપ્ત કરવાનું પહેલું પગથિયું છે: જ્ઞાન મેળવો!
તારા સર્વસ્વને ભોગે પણ જ્ઞાન પ્રાપ્ત કરજે. 8તું એમનું
સન્માન કરીશ તો એ તને ઊંચે ચડાવશે; તું જો તેને ભેટીશ,
તો તે તને પ્રતિષ્ઠિત કરશે. 9તેણી તને હારનો શણગાર અને
સુશોભિત મુગટ પહેરાવશે.
10"હે મારા પુત્ર, મને ધ્યાનથી સાંભળ અને મારા શબ્દોનો
સ્વીકાર કર તો તારું આયુષ્ય વધશે. 11હું તને જ્ઞાનનો માર્ગ
બતાવીશ અને તને પ્રમાણિકતાને માર્ગે દોરીશ. 12જેથી ચાલતી
વખતે તને કોઈ બાધા પડે નહીં અને દોડતી વખતે ઠોકર
વાગે નહીં, એનું જીવની જેમ સંભાળ રાખજે. 13આ શિક્ષાને
તું મજબૂતીથી વળગી રહેજે, તેને છોડતો નહીં, તેની કાળજી
રાખજે કારણકે તેજ તારું જીવન છે. "
14"દુષ્ટ માણસોના માર્ગે જઈશ નહીં, ખરાબ માણસોને
રસ્તે પગ મૂકીશ નહીં. 15તે રસ્તાથી દૂર રહેજે, તેની પાસે
જઈશ નહીં. તેમાંથી છૂટો પડીને નીકળી જજે. 16એ દુષ્ટ
લોકોને કોઈનું નુકશાન કર્યા વિના ઊંઘ આવતી નથી. અને
કોઈને પછાડ્યા ન હોય તો તેમની ઊંઘ ઊડી જાય છે.
17કારણકે તેઓ પાપનો રોટલો ખાય છે અને હિંસાનો દ્રાક્ષારસ
પીએ છે. "
18"પણ સદાચારીઓનો માર્ગ પરોઢિયાના પ્રકાશ જેવો છે,
જે દિવસ ચઢતાં સુધીમાં વધું ઉજ્જવળ અને ઉજ્જવળ
પ્રકાશિત થતો જાય છે. 19જ્યારે દુષ્ટોનો માર્ગ અંધકારમય
છે, જેમાં પોતે શા માટે ઠોકર ખાધી છે તે પણ તેઓ જાણી
શકતા નથી.
20દીકરા, મારા વચનો ઉપર ધ્યાન આપ, અને મારા
ઉપદેશને કાને ધર. 21તારી આંખ આગળથી તેને દૂર થવા
દઈશ નહીં, તેને તારા હૈયામાં સંઘરી રાખજે. 22જે કોઈ તેને
મેળવે તેના માટે તે જીવન છે. અને તેમને પૂર્ણ સ્વાસ્થ્ય
આપે છે.
23કોઈપણ બીજી વસ્તુ કરતાં સૌથી વધારે તારાં હૃદયની
કાળજી રાખજે. કારણ એમાંથી જ જીવનમાં ઝરણાં વહે છે.
24જૂઠું બોલીશ નહીં અને ભ્રષ્ટવાણી બોલીશ નહીં. 25તારી
આંખો સામી નજરે જુએ. અને તારી સીધી નજર સામેના
રસ્તા ઉપર રાખજે. 26તારા ચરણોના માર્ગની યોજના કરજે.
અને તારો સમગ્ર માર્ગ સુરક્ષિત હશે. 27જમણે કે ડાબે વળ્યા
વિના સીધા માર્ગે ચાલ્યો જજે. દુષ્ટ પાપને માર્ગે પગ મૂકીશ
નહીં.

## વ્યભિચાર સામે ચેતવણી

5 " મારા દીકરા, મારા ડહાપણને સાંભળજે અને મારા
શાણા શિક્ષણ પર ધ્યાન આપજે. 2જેથી કરીને તારી
વિવેકબુદ્ધિ જળવાઈ રહે, અને તારી વાણીમાં જ્ઞાન આવે.
3કારણકે અજાણી સ્ત્રીના હોઠોમાંથી મધ ટપકે છે. અને
તેની વાણી તેલ કરતા સુંવાળી હોય છે. 4પણ તેણીનો અંત
વિષ જેવો કડવો અને બેધારી તલવાર જેવો તીક્ષ્ણ હોય છે.
5તેણીના પગ મૃત્યુ સુધી પહોંચે છે અને તેણીનાં પગલાં
શેઓલમાં પહોંચે છે. 6તેણી સાચા રસ્તે જવાની મનાઈ કરે
છે અને તેણીને ખબર નથીકે પોતાના માર્ગથી તેણી રખડી
પડશે."

## વ્યભિચાર વિનાશનું કારણ છે

7"તેથી મારા પુત્રો, મારી વાત સાંભળો, અને હું જે કહું છું
તેનાથી દૂર થઈશ નહીં. 8પરસ્ત્રીથી સો ગાઉ દૂર રહેજે અને
તેના ઘરનાં બારણાં પાસે જતો નહીં. 9રખેને તું તારી સંપતિ
ખોઈ બેસે અને તારું જીવન નિર્દય ઘાતકી માણસોના હાથમાં
જાય. 10રખેને તારી શક્તિ પારકાને મળે અને તારી મહેનતના
ફળ બીજાના કુટુંબને મળે. 11તું અંત સમયે આક્રંદ કરીશ
જ્યારે તારું હાડમાંસ અને શરીરનો વિનાશ થઈ જશે. 12અને
તું કહીશ કે," મેં કેમ શિક્ષણને ધિક્કાર્યુ અને મારા અંત:કરણના
ઠપકાને તુચ્છ ગણ્યો! 13શા માટે મેં મારા ગુરૂજનોનું કહ્યું
માન્યું નહીં, અને મને શિક્ષણ આપનારાઓ પ્રત્યે ધ્યાન
નહોતું રાખ્યું! 14હું તો લોકોની દરેક અનિષ્ટ વસ્તુઓમાં
સંકળાયેલો હતો."

## પોતાની પત્ની સાથે મોજ કર

15"તારા પોતાના ટાંકામાંથી અને તારા પોતાના કૂવાના
ઝરણામાંથી જ પાણી પીજે. 16તારા પાણીના ઝરાને શેરીઓમાં
ઉભરાવા દઈશ નહીં. 17એ પાણી ફક્ત તારા એકલા માટેજ
હો, તારી સાથેના બીજાઓ માટે નહી. 18ભલે એ તારા
ઝરણાઓને ઘણી સંતતિ મેળવવાના આશીર્વાદ મળે. તારી
પોતાની યુવાન પત્ની સાથે તું સમાગમનો આનંદ માણ.

19જે હરણી જેવી સુંદર અને પર્વતીય મૃગલી જેવી જાજરમાન
નારી છે તેના સ્તનોથી તું સદા સંતોષ પામ અને તેના
પ્રેમમાં જ તું નિરંતર મગ્ન રહે. 20"મારા પુત્ર, શા માટે તારે
પરસ્ત્રી પર મોહિત થવું જોઈએ? શા માટે તારે પરસ્ત્રીના
શરીરને આલિંગન આપવું જોઈએ? "

21કારણકે, માણસના પ્રત્યેક વર્તન-વ્યવહાર ઉપર
યહોવાની નજર હોય છે. અને તે જે કાંઈ કરે છે તેના ઉપર
તે ધ્યાન રાખે છે. 22દુરાચારી તે તેમના પાપો સપડાવે છે
અને તેમના પાપો તેમને દોરડાની જેમ જકડી રાખે છે.
23કારણકે, સંયમના અભાવે તે મરી જશે અને તેની મૂર્ખતા
ને કારણે તે છકી જશે.

## પ્રકીર્ણ વચનો

6 "મારા દીકરા, તું જો તારા પાડોશીનો જામીન થયો
હોય, જો તેં કોઈને બદલે પારકાને માટે કોલ આપ્યો
હોય કે અંગૂઠો આપ્યો હોય, 2જો તું તારા શબ્દોથી બંધાઈ
ચૂક્યો હોય, જો તું વચનોને લીધે સપડાયો હોય, 3તો તારા
પાડોશીના હાથમાં સપડાયો છે. મારા પુત્ર, તું આટલું કરીને
છૂટો થઈ જજે; તું એકદમ જા. તારા પાડોશીની આગળ નમી
જઈને કાલાવાલા કર. 4સૌથી પહેલા સૂઈશ નહીં. અને
તારી પાંપણોને ઢળવા દઈશ નહીં. 5હરણું જેમ શિકારીના
હાથમાંથી ભાગી જાય અથવા પંખી જેમ પારધી પાસેથી
છૂટી જાય, તેમ તું તારી જાતને છોડાવી લેજે.

## આળસુના બનો

6"ઓ આળસુ, કીડી પાસે જા; તે કેમ જીવે છે તે જોઈને
હોશિયાર થા. 7તેના પર કોઈ મુકાદમ નથી, કોઈ આજ્ઞા
કરનાર નથી, કે કોઈ ધણી નથી. 8છતાં તે પાક વખતે પોતાનાં
અનાજનો સંગ્રહ કરે છે અને કાપણીની મોસમમાં પોતાનો
ખોરાક ભરી રાખે છે."

9"ઓ આળસુ. તું ક્યાં સુધી પડ્યો રહીશ? તું ક્યારે ઊંઘમાંથી
ઊઠીશ?" 10હજી તું કહે છે કે, "એક નાનકડી ઊંઘ એક
નાનકડું ઝોકું અને હાથજોડીને નાનો અમથો આરામ. 11તો
તું જાણજે કે ચોરની જેમ અને હથિયારબંધ ધાડપાડુની જેમ
ગરીબી તારા પર ત્રાટકશે.

## દુષ્ટ માણસ

12નકામો અને દુષ્ટ માણસ ગેરમાર્ગે દોરનારી વાતો કરશે.
13તે પોતાની આંખોથી મીચકારા મારી, પગથી ધૂળમાં
નિશાનીઓ કરશે અને આંગળીથી ઈશારો કરશે. 14તેના
મનમાં કપટ છે તે વિધ્વંસી અનિષ્ટો ઘડે છે અને હંમેશા
તકરારો મોકલે છે. 15આથી અચાનક તેના પર વિપત્તિના
વાદળ ઘેરાય છે. અને તે એકાએક ભાંગીને ભૂક્કા થઈ જાય
છે, તે ફરી બેઠો થઈ શકતો નથી.

## એ સાત વાતો જેને યહોવા ધૃણા કરે છે

16 યહોવા સખત અણગમતી સાત વસ્તુઓમાંથી છ
વસ્તુને ધિક્કારે છે.
17 તુમાખીભરી આંખો, જૂઠાબોલાની જીભ, નિર્દોષના
લોહીથી ખરડાયેલા હાથ,
18 દુષ્ટ કાવતરાં રચનાર હૃદય, નુકશાન કરવા દોડી
જતા પગ,
19 શ્વાસેશ્વાસે જૂઠું બોલનાર જૂઠો સાક્ષી. અને સ્નેહી
સંબંધીઓમાં કુસંપનું બીજ વાવનાર માણસ.

20"મારા દીકરા, તારા પિતાના આજ્ઞાઓને માનજે. અને
તારી માતાની શિખામણો ભૂલીશ નહીં. 21એને સદા તારા
હૃદયમાં બાંધી રાખજે અને તારા કંઠની આજુબાજુ લટકાવી
દેજે. 22તું જ્યારે જ્યારે ચાલતો હોઈશ ત્યારે એ તને માર્ગ
બતાવશે, તું ઊંઘતો હશે ત્યારે એ તારી ચોકી કરશે. અને તું
જાગતો હશે ત્યારે એ તારી સાથે વાતચીત કરશે.

23તેમની આજ્ઞા એ દીપક છે, અને નિયમ પ્રકાશ છે;
અને ઠપકો તથા ચેતવણી એ જીવનના માર્ગદર્શક છે. 24એ
તારું ભૂંડી સ્ત્રીથી રક્ષણ કરશે અને, અપવિત્ર સ્ત્રીની
લોભામણી વાણીથી ઉગારી લેશે. 25તેના રૂપ સૌંદર્યની કામના
કરતો નહીં અને તેના આંખના મટકાથી સપડાઈશ નહીં.
26કારણકે વારાંગનાને તો પુરુષે રોટલાનો ટૂકડો આપવો જ
પડે છે જ્યારે પરણેલી સ્ત્રીની વાસનાભૂખતો પુરુષના
જીવનને લઈને સંતોષાય છે.

27જો કોઈ માણસ અંગારા હૈયે ચાંપે તો તેનું પહેરણ
સળગ્યા વગર રહે? 28જો કોઈ માણસ અંગારા પર ચાલે તો
શું તેના પગ દાઝ્યા વગર રહે? 29એટલે કોઈ તેના પાડોશીની
પત્ની પાસે જાય છે, અને તેને સ્પર્શ કરે છે તેને સજા થયા
વિના રહેતી નથી.

30જો કોઈ માણસ ભૂખ સંતોષવા ચોરી કરે તો લોકો તેના
માટે માન નથી ગુમાવી બેસતા. 31પણ જો તે પકડાય છે તો
તેણે તેનું સાતગણું આપવું પડે છે. એનો અર્થ એવો થાય કે
પોતાના ઘરની સઘળી સંપત્તિ સોંપી દેવી પડે તો પણ.

32જે પરસ્ત્રી સાથે વ્યભિચાર કરે છે તે અક્કલ વગરનો
છે, તે પોતાની જાતે પોતાનું જીવન બરબાદ કરે છે. 33તેના
નસીબમાં તેને માર તથા અપમાન જ મળશે અને તેનું
કલંક કદી ભૂંસાશે નહીં.34કારણકે ઈર્ષ્યાથી ધણીનો રોષ
ભભૂકી ઊઠશે અને તે વેર વાળતી વખતે જરાય કાચું રાખશે
નહીં. 35તે કોઈ પગાર સ્વીકારશે નહીં અને કોઈપણ પ્રકારની
લાંચ તેને શાંત પાડી શકશે નહીં.

## મોહપાશ

7 મારા પુત્ર મારા વચનો પાળજે. અને મારા આજ્ઞા યાદ
રાખજે. 2તારે જીવવું હોય તો મારી આજ્ઞાઓનું પાલન
કરજે, અને મારા ઉપદેશને તારી આંખની કીકીની જેમ
જાળવજે, 3એને તારી આંગળીએ બાંધજે, એને તારા હૃદય
પર લખજે. 4શાણપણને કહેજે તું મારી બહેન છે, અને
સમજણને "તું મારું કુટુંબ છે." 5જેથી એ બંને તને વ્યભિચારી
સ્ત્રીથી બચાવશે. પોતાના શબ્દો વડે ઉપરાણું કરનાર
પરસ્ત્રીથી તારું રક્ષણ કરશે.

6કારણકે એક વખત મેં મારા ઘરની બારી નજીક ઊભા
રહીને જાળીમાંથી સામે નજર નાખી; 7અને ત્યાં મેં ઘણાં
અણઘડ યુવાનોને જોયા. તેમાં એક અક્કલહીન યુવાન મારી
નજરે પડ્યો. 8 એક સ્ત્રી ના ઘરના ખૂણા પાસેથી તે બજારમાંથી
પસાર થતો હતો, તે સીધો તેણીના ઘર તરફ જતો હતો.
9દિવસ આથમ્યો હતો, સાંજ પડવા આવી હતી અને રાતનું
અંધારું ફેલાતું હતું. 10અચાનક એ સ્ત્રી તેને મળવા બહાર
આવી, તેણે વારાંગના જેવા વસ્ત્રો પહેર્યા હતાં અને એના
મનમાં કપટ હતું. 11તે ધ્યાનાકર્ષક અને બળવાખોર સ્ત્રી
હતી. તેના પગ પોતાના ઘરમાં કદી ટકતા ન હતા; 12કોઈવાર
ગલીઓમાં, ક્યારેક બજારની જગ્યામાં, તો કોઈવાર ચોકમાં
શેરીના-ખૂણે લાગ તાકીને ઊભી રહેતી હતી. 13તે સ્ત્રીએ
તેને પકડ્યો અને ચુંબન કર્યુ અને નિર્લજ્જ મોઢે તેને કહ્યું કે,
14આજે રાત્રે મારે મારા શાંત્યાર્પણો ખાવા પડશે આજે મેં
પ્રતિજ્ઞા લીધી છે; આજે મેં મારા વચનો પૂર્ણ કર્યા છે. 15તેથી
હું તને મળવા બહાર આવી છું. હું ક્યારની તને શોધતી
હતી આખરે તું મળ્યો ખરો. 16મેં મારા પલંગ ઉપર સુંદર
ચાદરો પાથરી છે આ ચાદરો મિસરથી આવી છે! 17મેં મારી
શૈયાને બોળ, અગર, અને તજથી સુગંધીદાર બનાવી છે.
18ચાલ, આપણે પરોઢ થતાં સુધી પ્રેમકેલિ કરીએ, આખી
રાત મોજમાં મગ્ન થઈ પ્રેમની મજા માણીએ. 19મારો ધણી
ઘેર નથી તે લાંબી મુસાફરીએ ગયો છે. 20તે પોતાની સાથે
રૂપિયાની થેલી લઈ ગયો છે. અને છેક પૂનમ લગી તે પાછો
આવનાર નથી.”

21તે તેને ઘણા મીઠાં શબ્દોથી સમજાવે છે અને સુંવાળી
વાતોથી વહાલથી તે તેને ખેંચી જાય છે. 22અચાનક તે જેમ
બળદ કસાઈવાડે જાય, અને જેમ ગુનેગારને સજા માટે
સાંકળે બાંધીને લઈ જવાય તેમ જલ્દીથી તેની પાછળ જાય
છે. 23આખરે તેનું કાળજુ તીરથી વીંધાય છે; જેમ કોઈ પક્ષી
પોતાનો જીવ જશે એમ જાણ્યા વગર જાળમાં ધસી જાય છે,
તેમ તે જાય છે.

24માટે, હે પુત્રો, સાંભળો, અને મારા મુખના શબ્દો પર
લક્ષ આપો.

25તારું હૃદય તેણીના રસ્તે વળે નહીં. તેના રસ્તાઓમાં
રખડતો નહીં. 26કારણ, તેણે ઘણાને ઘાયલ કર્યા છે, તેમને
મારી નાખ્યાં છે અને અસંખ્ય માણસોના પ્રાણ લીધા છે.
27તેનું ઘર મૃત્યુ લોકના માર્ગે છે.કે, જે મૃત્યુનાં ઓરડામાં
પહોંચાડે છે.

## જ્ઞાનનું સ્તવન

8 જ્ઞાન બોલાવે છે અને સમજણ મોટેથી બૂમો પાડે છે.
2ડુંગરની ટોચે, રસ્તે ઘાટે, ચોરેચૌટે

3અને શહેરમાં પ્રવેશવાના દરવાજા આગળ ઊભાં ઊભાં
તે મોટે સાદે કહે છે:

4ઓ માણસો, હું તમને પોકાર કરીને કહું છું હું પ્રત્યેક
માણસને સાદ પાડું છું.

5ઓ અજ્ઞાની લોકો, શાણપણ શીખો, અને હે મૂર્ખાઓ
તમે સમજણ હોવાનું શીખો.

6સાંભળો, હું તમને ઉત્તમ વાતો કહેવાનો છું. અને જે
સાચું છે તેજ હું તમને શીખવીશ.

7હું સાચું જ બોલીશ, જૂઠાને હું ધિક્કારું છું.

8મારા મુખના સઘળા શબ્દો પ્રમાણિક છે, હું તમને જૂઠું
કે ગેર માર્ગે દોરનારું નહીં બોલું.

9સમજુ માણસો માટે મારા શબ્દો સ્પષ્ટ છે. અને
જ્ઞાનીઓને માટે તે યથાયોગ્ય છે.

10રૂપાને બદલે મારી સલાહ લ્યો અને ઉત્તમ સોનાને
બદલે જ્ઞાન પ્રાપ્ત કરો.

11કારણકે જ્ઞાન રત્નો કરતા વધારે મૂલ્યાવાન છે. એની
તોલે મોંઘામાં મોંઘી વસ્તુ પણ ન આવે.

## જ્ઞાન શું કરે છે

12હું જ્ઞાન છું, વિવેકબુદ્ધિ મારી સાથે રહે છે, અને હું
જ્ઞાન અને ચતુરાઈ ધરાવું છું.

13યહોવાનો ભય એટલે પાપને ધિક્કારવું, અભિમાન,
ઉદ્ધતાઈ, કુમાર્ગ, અને વાંકાબોલાપણાને હું ધિક્કારું છું.

14મારી પાસે સારી સલાહ અને જ્ઞાન છે. મારી પાસે ઊંડી
સમજ અને શક્તિ છે.

15મારે લીધે જ રાજાઓ રાજ્ય કરે છે અને રાજકર્તાઓ
ન્યાય તોલે છે.

16મારે લીધે રાજકુમારો શાસન કરે છે અને ઊમદા લોકો
સાચો ચુકાદો આપે છે.

17મારા પર પ્રેમ રાખનારાઓ પર હું પ્રેમ રાખું છું. અને
જે મને ઉત્સુકતાથી શોધે છે તે મને પામે છે.

18ધન અને સન્માન મારા હાથમાં છે. મારી પાસે ટકાઉ
સંપત્તિ અને સદાચાર છે.

19મારા ફળ સોના કરતાં ચડિયાતા છે. અને મારી પેદાશ
ઊંચી જાતની ચાંદી કરતાં શ્રેષ્ઠ છે.

20હું સદાચારને માર્ગે ચાલું છું, મારો રસ્તો ન્યાયનો છે.

21મારા ઉપર પ્રેમ રાખનારને હું સમૃદ્ધિ આપું છું અને
તેમના ભંડારો ભરપૂર કરું છું.

22યહોવાએ સૃષ્ટિક્રમનાં આરંભમાં, લાંબા સમય અગાઉ
મારું સર્જન કર્યુ.

23લાંબા સમય અગાઉ, પૃથ્વીનું સર્જન થયા પહેલા મારૂં
સ્થાપન કરવામાં આવ્યું હતું.

24જ્યારે કોઈ સાગરો નહોતા, જ્યારે પાણીથી ભરેલા
ઝરણાઓ નહોતા ત્યારે મારો જન્મ થયો હતો.

25પર્વતોના પાયા નંખાયા તે પહેલાં, ડુંગરો થયા તેના
પણ પહેલાં મારો જન્મ થયો હતો.

26હજી યહોવાએ પૃથ્વી સર્જી નહોતી કે ખેતરો પણ
સર્જ્યા નહોતાં. અરે! ધૂળની કણી પણ સર્જી નહોતી પણ
ત્યારે મારું અસ્તિત્વ હતું.

27જ્યારે તેણે આકાશને એને સ્થાને સ્થાપ્યું, અને સાગર
ઉપર ક્ષિતિજને ગોઠવી હતી ત્યારે મારું અસ્તિત્વ હતું.

28જ્યારે તેણે  અંતરિક્ષને સ્થિર કર્યુ; અને ઝરણાંને સમુદ્ર
નીચે વહાવ્યાં.
29જ્યારે તેણે સાગરની હદ નક્કી કરી અને તેનું ઉલ્લંઘન
કરવાની તેણે મના ફરમાવી. અને જ્યારે તેણે પૃથ્વીના પાયા
નાખ્યા.
30ત્યારે કુશળ કારીગર તરીકે હું તેની સાથે હતી; અને હું
દિનપ્રતિદિન તેને આનંદ આપતી હતી; અને આખો વખત
હું તેની સામે નૃત્ય કરતી હતી.
31તેની ભરીભાદરી વસ્તીવાળી પૃથ્વી પર મને મજા
આવતી હતી. અને માણસોની સંગતમાં મને આનંદ આવતો
હતો. *
32માટે ઓ મારા પુત્રો, મારું સાંભળો; કારણકે જેઓ મારા
માર્ગ ચાલે છે તેઓ સુખ પામે છે.
33મારો ઉપદેશ સાંભળીને જ્ઞાની થાઓ, અને સુધારણાની
ઉપેક્ષા કરશો નહીં.
34તે વ્યકિત આશીર્વાદિત છે, જે મારું સાંભળે છે અને
હંમેશા મારા દરવાજે, તથા મારા પ્રવેશદ્વાર આગળ મારી
રાહ જુએ છે.
35કારણકે જે મને પામ્યો છે તે જીવન પામ્યો છે અને
યહોવાની કૃપા પામ્યો છે.
36પણ જે મારી સામે પાપ કરે છે, તે પોતાને, નુકશાન
પહોંચાડે છે; જેઓ મને ધિક્કારે છે, તેઓ મૃત્યુ સાથે પ્રેમ
કરે છે.

## જ્ઞાન–અજ્ઞાનની ઉજવણી

9 જ્ઞાને પોતાનું ઘર બાંધ્યું છે. તેણીએ પોતાના સાત
સ્તંભો કોતરી કાઢયા છે; 2તેણીએ માંસ અને દ્રાક્ષારસ
તૈયાર કર્યા છે; અને મેજ ગોઠવીને તૈયાર કર્યુ છે. 3તેણીએ
પોતાની દાસીઓને શહેરમાં ઊંચામાં ઊંચા સ્થાનેથી આ
જાહેર કરવા મોકલી છે કે, 4"કોઈ ભોળું હોય, તે અહીં અંદર
આવે;" અને બુદ્ધિહીન લોકોને તેણી કહે છે, 5"આવો, મારી
સાથે ભોજન લો અને મેં રેડેલો દ્રાક્ષારસ પીઓ. 6"તમારા
સરળ માર્ગો છોડી દો તો જીવવા પામશો, સમજદારીને
માર્ગે ચાલો."
7જે ઉદ્ધત માણસને ઠપકો આપેછે તે અપમાનિત થાય
છે. જે દુષ્ટ માણસને સુધારવા જાય છે તે દુ:ભાય છે. 8ઉદ્ધત
માણસને ઠપકો ન આપો, નહીં તો તે તારો તિરસ્કાર કરશે,
જ્ઞાની માણસને ભૂલ બતાવશો તો તે તમને પ્રેમ કરશે. 9જો
તમે જ્ઞાની વ્યકિતને સલાહ આપશો તો તે વધુ જ્ઞાની બનશે.
અને સારી વ્યકિતને શિક્ષણ આપશો તો તેના જ્ઞાનમાં વૃદ્ધિ
થશે.
10યહોવાથી ડરવું એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે, પવિત્ર
જ્ઞાન એ સમજણની શરૂઆત છે. 11જ્ઞાનને લીધે તારું આયુષ્ય
લાંબુ થશે અને તારા જીવનના વર્ષો વધશે. 12જો તું જ્ઞાની
હોય તો એ તારા લાભની વાત છે.જો તું ઉદ્ધત થઈશ, તો
તારે તેની કિંમ્મત ચૂકવવી પડશે.
13બેવકુફી (અજ્ઞાન), કકાસિયણ મૂર્ખ અને સમજણ
વગરની છે. 14તે નગરની ઊંચી જગ્યાઓ ઉપર અને પોતાના
ઘરને બારણે બેસે છે. 15ત્યાંથી તેણી પોતાને માર્ગે ઝડપથી
પસાર થતા લોકોને બોલાવે છે. 16"જે કોઈ મૂર્ખ હોય, તે
અહીં અંદર આવે; અને બુદ્ધિહીનને તેણી કહે છે! 17ચોરીને
પીધેલું પાણી મીઠું લાગે છે, અને છુપાવીને ખાધેલો રોટલો
સ્વાદિષ્ટ લાગે છે."
18પરંતુ એ લોકોને ખબર નથી કે ત્યાં તો મોત ભમે છે.
અને તેના મહેમાનો શેઓલ તરફ આગળ વધી રહ્યાં છે.

## સુલેમાનના નીતિવચનો

10 જ્ઞાની પુત્ર પોતાના પિતાને હર્ષ ઉપજાવી સુખી
કરે છે. અને મૂર્ખ પુત્ર પોતાની માતાને ભારરુપ
છે. 2કુમાર્ગે પ્રાપ્ત કરેલી સંપત્તિથી કશો લાભ નથી. પરંતુ
સદાચારી જીવન વ્યકિતને મોતથી ઉગારે છે.
3યહોવા સદાચારી માણસને ભૂખ્યો રાખતા નથી, પણ તે
દુષ્ટ માણસની ઈચ્છાઓને નકારે છે.
4આળસુ હાથ ગરીબી લાવે છે. પણ ઉધમીઓનો હાથ
તેને ધનવાન બનાવે છે.
5લણણી વખતે ડાહ્યો પુત્ર સંગ્રહ કરે છે પણ નિર્લજ્જ
પુત્ર કાપણીના સમયે સૂઈ રહે છે.
6સદાચારીના માથા ઉપર આશીર્વાદ ઊતરે છે; પણ
દુરાચારીનું મોઢું હિંસાને છુપાવે છે.
7સદાચારીનું સ્મરણ આશીર્વાદ છે. પરંતુ દુરાચારીનું નામ
તો સડી જાય છે.
8જ્ઞાની હૃદયવાળો  આજ્ઞાને અનુસરશે: પણ લવારી કરનારો
મૂર્ખ પાયમાલ થશે.
9જે વ્યકિત પ્રમાણિકપણે જીવે છે તે સુરક્ષિત છે, પરંતુ
કુટિલ રસ્તે ચાલનાર ઉઘાડો પડે છે.
10જે વ્યકિત આંખ મિંચકારે છે તે મુશ્કેલીઓ વહોરે છે.
અનેપરંતુ લવારી કરનાર નાશ પામશે.
11સદાચારી વ્યકિતની વાણી જીવનનો ફુવારો છે, પરંતુ
દુષ્ટોનું મોઢું હિંસાને છુપાવે છે.
12ધિક્કાર ઝગડા ઊભા કરે છે પણ પ્રીતિ બધા ગુનાઓને
ઢાંકે છે.
13જ્ઞાની માણસની જીભને ટેરવે શાણપણ રહે છે.જ્યારે
મૂર્ખને પીઠે ડફણાં પડે છે.
14જ્ઞાની લોકો વિધાનો સંગ્રહ કરે છે; પરંતુ મૂર્ખનું મોઢું
ઝડપી નાશ નોતરે છે.
15ધનવાનની સંપતિ કિલ્લેબંધ નગર છે, પરંતુ દરિદ્રોની
દરિદ્રતા તેમને ચિંતાતુર રાખે છે.
16સદાચારી માણસની કમાણી જીવન છે, પણ દુષ્ટમાણસે
તેનાપાપો માટે ચૂકવ્યું છે.
17જે સૂચનોને સ્વીકારે છે, તે જીવનના રસ્તે છે, * પણ
જેઓ ઠપકાને ગણકારતા નથી તેઓ ભૂલો કરે છે.

---

**અને . . . આવતો હતો.** એટલે કે લોકો હું ખુશી પામતો હતો.

**જીવનના રસ્તે છે** સાચામાર્ગે જાય છે, અથવા તો બીજાને સાચામાર્ગે
દોરે છે.

18જે દ્વેષ છુપાવે છે તે જૂઠાબોલો છે, પણ કૂથલી કરનાર મૂર્ખ છે.
19બહુ બોલાય ત્યાં પાપ થવાનું જ. જીભ પર લગામ રાખનાર તે ડાહ્યો છે.
20સદાચારીની જીભ ચોખ્ખી ચાંદી જેવી છે, પરંતુ દુષ્ટનું હૃદય મૂલ્યહીન છે.
21ન્યાયી માણસની વાણી અનેકોને પોષે છે, પણ મૂર્ખાઓ બુદ્ધિના અભાવે મોતને ભેટે છે.
22યહોવાના આશીર્વાદ ધનવાન બનાવે છે, અને યહોવા તેમાં મુશ્કેલીઓ ઉમેરતો નથી.
23દુષ્ટ યોજનાઓ મૂર્ખોને આનંદ આપે છે પરંતુ શાણપણ પ્રાપ્ત કરવું એ સમજુને મન આનંદ છે.
24દુરાચારી જેનાથી ડરે છે તે જ તેને માથે આવી પડે છે, જ્યારે સદાચારી જે ઇચ્છે છે તે જ તેને મળે છે.
25વાવાઝોડું પસાર થતાં દુરાચારીનું નામ નિશાન રહેતું નથી. પણ સદાચારી માણસ હંમેશાં અડીખમ ઉભો રહે છે.
26જેમ દાંતને કડવું પીણું અને આંખોને ધુમાડો તેમ આળસુ નોકર, જે માણસ તેને કામે મોકલે છે તેના માટે આફત રૂપ છે.
27યહોવાથી ડરીને ચાલનારનું આયુષ્ય વધે છે, પણ દુષ્ટ વ્યક્તિનુ આયુષ્ય ઘટે છે.
28ન્યાયીની આશાનું પરિણામ આનંદ છે; પણ દુષ્ટ વ્યક્તિની આશાઓ ભાંગીને ભૂક્કો થઈ જશે.
29જેઓ પ્રમાણિકતાથી જીવે છે, તેમના માટે યહોવાનો માર્ગ કિલ્લારૂપ છે; પરંતુ અનિષ્ટ આચરનારા માટે વિનાશરૂપ છે.
30ન્યાયીઓને કદી ખસેડવામાં આવશે નહીં, પરંતુ દુષ્ટો ક્યાંય ઠરીઠામ થઈ કાયમ રહેશે નહીં.
31ન્યાયીઓના મુખે ડહાપણ ઝરે છે, પરંતુ છેતરામણા શબ્દો નાશ પામે છે.
32સંતોષકારક અને ઉચિત શું છે તે ન્યાયીની વાણી જાણે છે. પરંતુ દુષ્ટોની વાણી છેતરામણી હોય છે.

11 ખોટાં ત્રાજવાનોયહોવાને ગુસ્સો છે. પણ સાચાં કાટલાં જોઈ તેને આનંદ થાય છે.
2અહંકાર આવે એટલે અપમાન આવ્યું જ જાણવું; પણ નમ્રતા જ્યાં હોય ત્યાં જ્ઞાન હોય છે.
3પ્રમાણિક માણસની વિશ્વસનીયતા તેને દોરે છે, પણ ધોખેબાજની વક્રતા તેના દુષ્ટ ઈરાદાને છુપાવે છે.
4જ્યારે દેવ કોપાયમાન થાય ત્યારે સંપત્તિ કામ નહીં આવે, પણ પ્રમાણિકતા, વ્યક્તિને મોતથી ઉગારે છે.
5પ્રમાણિક માણસની નીતિમત્તા તેનો માર્ગ સાફ કરે છે, પણ ખરાબ વ્યક્તિની દુષ્ટતા જ તેને પછાડે છે.
6માણસો પોતાની ભલાઈથી બચી જશે. પરંતુ કપટ કરનારા તેમની પોતાની ઈચ્છાઓની જ જાળમાં ફસાય છે.
7દુષ્ટ માણસનું મોત આવતાં તેની અભિલાષાનો અંત આવે છે, તેણે પોતાની સંપત્તિમાં રાખેલી આશાનો પણ અંત આવે છે.
8સદાચારી લોકો સંકટમાંથી ઊગરી જાય છે અને તેને બદલે દુષ્ટો તેમાં ફસાય છે.
9દુષ્ટ માણસ પોતાની વાણીથી પાડોશીઓનો નાશ નોતરે છે. પરંતુ ન્યાયી તેના જ્ઞાનવડે બીજાઓને ઉગારે છે.
10ન્યાયી વ્યક્તિ સફળ થાય છે ત્યારે આખું નગર હરખાય છે; અને દુષ્ટોનો નાશ થાય છે ત્યારે હર્ષના નાદ સંભળાય છે.
11સદાચારીના આશીર્વાદથી નગરની ઉન્નતિ થાય છે, પણ દુરાચારીની વાણીથી તેનો નાશ થાય છે.
12જે વ્યક્તિ પોતાના મિત્રો માટે ખરાબ બોલે છે તેનામાં અક્કલ હોતી નથી. પણ સમજુ માણસ મૂંગો રહે છે.
13કૂથલી ખોર વ્યક્તિ છૂપી વાત બહાર પાડી દે છે, પણ વિશ્વાસુ વ્યક્તિ રહસ્ય સાચવે છે.
14જ્યાં સલાહકાર નથી, ત્યાં પ્રજા નાશ પામે છે. અનેક સલાહકારોમાં સુરક્ષા રહેલી છે.
15અજાણ્યાના જામીન થનાર ને વેઠવું પડે છે; જે બાયંધરી લેવાનું ટાળે છે તે સુરક્ષિત છે.
16સુશીલ સ્ત્રી સન્માન શોધે છે; જ્યારે હિંસક માણસો ધન શોધે છે.

17દયાળુ માણસ પોતાની જાતનું ભલું કરે છે, પણ ક્રૂર માણસ પોતાના દેહને દુ:ખમાં નાખે છે;
18દુષ્ટ કર્મો કરનાર પોતાનો જૂઠાણાનો પગાર મેળવે છે પણ જે નીતિમત્તાનું બીજ વાવે છે તે સાચો હોવા બદલ વળતર મેળવે છે.
19જે નીતિમત્તાને 'હા' પાડે છે તે જીવશે; પણ જે ખરાબ વસ્તુઓનો પીછો કરે છે તે પોતાનું જ મોત આમંત્રે છે.
20યહોવા માટે કપટી લોકો ધૃણાસ્પદ છે; પણ જેઓ નીતિમત્તાથી જીવે છે તેઓ તેને આનંદરુપ છે.
21ખાતરી રાખજો દુષ્ટને સજા થયા વગર નહીં રહે, પણ સદાચારીઓનાં સંતાનો સજામાથી છટકી જશે.
22 અક્કલ વગરની સુંદર સ્ત્રીની સુંદરતા નાકમાં નથણી જેવી છે.
23ભલા માણસોની ઈચ્છાઓ સારી વસ્તુઓમાં પરિણમે છે, પરંતુ દુષ્ટોની ઈચ્છાઓ ફકત ગુસ્સામાંજ વિરમે છે.
24કોઈ છૂટે હાથે આપે તોય વધે છે, કોઈ વધુ પડતી કરકસર કરે તોયે કંગાળ થાય છે.
25જે બીજાને આર્શીવાદ આપે છે તે સમૃદ્ધ થાય છે.
26અનાજ સંઘરી રાખનારને લોકો શાપ દે છે, પણ વેચનાર ઉપર આશીર્વાદ વરસાવે છે.
27જેઓ ભલું શોધે છે તેઓ કૃપા મેળવે છે. ખોટું શોધે છે તેનું ખોટું થાય છે.
28જેઓ પોતાની સંપત્તિ ઉપર વિશ્વાસ કરે છે તેઓ વિનાશને આરે જઈને પડે છે, પણ સદાચારી તંદુરસ્ત છોડની, જેમ ફૂલેફાલે છે.
29જે પોતાના જ કુટુંબને દુ:ખી કરે છે, તે કંઈ નહીં મેળવે. અને મૂર્ખ માણસ જ્ઞાનીનો દાસ બનશે.

30ન્યાયી માણસ જે કરે તે સંજીવનીના ફળ સમાન છે. પણ શાણો માણસ આત્માઓને મેળવે છે.

31નીતિમાંન લોકોને ભલાઈનો બદલો મળતો હોય તો દુષ્ટો અને પાપીને તો બદલો મળે જ મળે.

12 જે વ્યક્તિને જ્ઞાન વહાલું છે તેને શિખામણ પણ વહાલી છે, પણ જે વ્યક્તિ સુધારણાને ધિક્કારે છે તે ઢોર જેવો છે.

2ભલા માણસો યહોવાની કૃપા મેળવે છે, પણ જેઓ દુષ્ટ યોજનાઓ ઘડે છે તેઓ સજા પામે છે.

3દુષ્ટતા દ્વારા વ્યક્તિ સુરક્ષિત ઉભી ન રહીં શકે, ન્યાયનાં મૂળ કદી નહીં ઉખડે.

4ઉમદા સ્ત્રી પતિને મુકુટ રૂપ છે, પણ નિર્લજ્જ સ્ત્રી તેનાં હાડકાને સડા રૂપ છે.

5ભલાના વિચાર ભલા હોય છે, ખોટાના મનસૂબા કપટભર્યા હોય છે.

6દુરાચારી લોકોની વાણી લોહિયાળ હોય છે, પણ પ્રમાણિક લોકોનું મોઢું તેમને બચાવે છે.

7દુષ્ટો એકવાર નાશ પામ્યા એટલે કંઈ બચતું નથી, પણ સદાચારીનું ઘર અચલ રહે છે.

8લોકો વ્યક્તિની, તેની વિવેક બુદ્ધિ પ્રમાણે પ્રસંશા કરે છે, પણ જેનું હૃદય દુષ્ટ છે તે તિરસ્કૃત થશે.

9અન્ન વગરના સમ્માન કરતાં મામૂલી વ્યક્તિ થઈને નોકર થવું એ વધારે સારૂં છે.

10ભલો માણસ પોતાના પશુના જીવની સંભાળ રાખે છે પણ દુષ્ટ માણસ ક્રૂર હોય છે.

11પોતાની જમીન ખેડનારને પુષ્કળ અન્ન મળશે; પણ નકામી વસ્તુઓની પાછળ દોડનાર અક્કલ વગરનો છે.

12દુષ્ટ લોકો અનિષ્ટ યોજનાઓની ઈચ્છા રાખે છે પણ સદાચારીના મૂળ તો ફળદ્રુપ છે.

13દુષ્ટ માણસ પોતાની જ બંધી પાપી વાતોમાં સપડાય છે, ભલો માણસ મુશ્કેલીમાંથી હેમખેમ બહાર આવે છે.

14 એક વ્યક્તિ પોતે બોલેલા શબ્દોને કારણે સારાપણાથી ભરાઈ જાય છે, તેને તેના કામનો બદલો મળે છે.

15મૂર્ખ સમજે છે કે હું સાચો છું, પણ જે વ્યક્તિ સલાહ સાંભળે છે તે ડાહી છે.

16મૂર્ખ પોતાનો ગુસ્સો તરત પ્રગટ કરી દે છે, પણ ચતુર માણસ અપમાન ગળી જાય છે.

17 એક ભરોસાપાત્ર સાક્ષી સત્ય કહે છે, પણ જૂઠો સાક્ષી છેતરે છે.

18વગર વિચારવાળી વાણી તલવારની જેમ ઘા કરે છે પણ જ્ઞાની વ્યક્તિના શબ્દો ઘા રૂઝાવે છે.

19જે હોઠ સત્ય બોલે છે તેઓ શાશ્વત રહે છે અને જૂઠા બોલી જીભ ક્ષણિક રહે છે.

20જેઓ ભૂંડી યોજનાઓ કરે છે તેમનાં મન કપટી છે; પણ શાંતિની સલાહ આપનાર સુખ પામે છે.

21સજ્જન પર કદી આફત આવતી નથી, પરંતુ દુષ્ટો મુશ્કેલીઓથી ભરેલા હોય છે.

22યહોવા અસત્યને ધિક્કારે છે, પણ સાચા માણસ પર પ્રસન્ન રહે છે.

23ચતુર માણસ જ્ઞાનને છુપાવે છે, પણ મૂર્ખ પોતાની મૂર્ખાઈ છાપરે ચડીને જણાવે છે.

24ઉધમીનો હાથ અધિકાર ભોગવશે; પરંતુ આળસુ-એદી માણસ પાસે મજૂરી કરાવવામાં આવશે.

25ચિંતાઓ વ્યક્તિને ગમગીન બનાવે છે, પણ પ્રોત્સાહક શબ્દો તેને ખુશ કરે છે.

26ભલો સાચો માણસ પોતાના પડોશીને સાચો માર્ગ બતાવે છે, દુર્જન તેને આડે માર્ગે દોરે છે.

27આળસુ વ્યક્તિ પોતે કરેલો શિકાર રાંધતો નથી. પણ ઉધમી માણસ મહામૂલી સંપત્તિ માણે છે.

28ન્યાયીપણાનો રસ્તો એ જીવન છે. એને માર્ગે મોત તો છે જ નહીં.

13 જ્ઞાની પુત્ર પોતાના પિતાની સૂચનાઓ સાંભળે છે, ઉદ્ધત પુત્ર ઠપકાને ગણકારતો જ નથી.

2સજ્જન પોતાની વાણીનાં હિતકારી સુફળ ભોગવે છે, પરંતુ દગાબાજ કપટી તો હિંસાનો જ ભૂખ્યો હોય છે.

3મોં સંભાળીને બોલનાર પોતાના જીવનું રક્ષણ કરે છે. પરંતુ જીભને છૂટી મૂકનાર વિનાશ નોતરે છે.

4આળસુ ઈચ્છે છે ઘણું, પણ પામતો કશું નથી; પણ ઉધમી વ્યક્તિ પૂર્ણરીતે સંતુષ્ટ હોય છે.

5સદાચારી જૂઠને ધિક્કારે છે, પણ દુર્જન શરમ અને અપમાન લાવે છે.

6સદાચાર ભલા માણસોનું રક્ષણ કરે છે; પણ દુરાચાર પાપીઓને પછાડે નાખે છે,

7કેટલાક કશું ન હોવા છતાં ધનવાન હોવાનો દંભ કરે છે, તો કોઈ ભંડાર ભરેલા હોવા છતાં કંગાળ હોવાનો દેખાવ કરે છે.

8ધનવાન વ્યક્તિ પૈસા આપીને પોતાનો જીવ બચાવે છે, પણ નિર્ધન વ્યક્તિને પોતાના જીવ માટે ધમકી સાંભળવી પડતી નથી.

9સદાચારીઓનો દીવો ઉજવળતાથી પ્રકાશે છે, પરંતુ દુરાચારીનો દીવો હોલવી નાખવામાં આવશે.

10અભિમાનથી તો કેવળ ઝઘડો જ થાય છે; સલાહ માનવામાં ડહાપણ છે.

11સરળતાથી મેળવેલી સંપત્તિ ટકતી નથી. પણ સખત પરિશ્રમથી મેળવેલી સંપત્તિની વૃદ્ધિ થાય છે.

12આકાંક્ષા પૂરી થવામાં વિલંબ થતાં હૈયુ ભારે થઈ જાય છે, ઈચ્છાઓની પરિપૂર્ણતા જ જીવન છે.

13શિખામણને નકારનાર આફત નોતરે છે, પણ આજ્ઞાઓનો આદર કરનારને બદલો મળે છે.

14જ્ઞાનીઓનો ઉપદેશ જીવનસ્રોત છે, તે વ્યક્તિને મૃત્યુના સકંજામાંથી ઉગારી લે છે.

15સારી સમજશક્તિ સન્માન પામે છે, વિશ્વાસઘાતી લોકો, વિનાશને નોતરે છે.

16પ્રત્યેક વિચક્ષણ માણસ સમજદારીથી વર્તે છે. પણ મૂર્ખ પોતાની મર્ખાઈ જાહેર કરે છે.

17એક દુષ્ટ સંદેશાવાહક મુશ્કેલીમાં મૂકાઈ જાય છે; પણ વિશ્વાસુ સંદેશવાહક સાંત્વન લાવે છે.

18સૂચનોને ફગાવી દેનારના ભાગ્યમાં ગરીબી અને અપમાન છે, સુધારાઓને સ્વીકારનારને સન્માન મળે છે.

19ઈચ્છાની તૃપ્તિ આત્માને મીઠી લાગે છે; પણ દુષ્ટતાથી પાછા વળવું એ મૂર્ખોને માટે આઘાત જનક લાગે છે.

20જો તું જ્ઞાની માણસોની સંગત કરશે, તો તું જ્ઞાની થશે. પરંતુ જે મૂર્ખની સોબત કરે છે તેના બૂરા હાલ થાય છે.

21દુર્ભાગ્ય પાપીનો પીછો પકડે છે, પણ ભલા માણસોને સારી વસ્તુઓ બદલા રૂપે મળે છે.

22એક ભલો માણસ પોતાનાં છોકરાંના છોકરાને માટે વારસો મૂકી જાય છે; અને પાપીનું ધન પુણ્યશાળી માટે ભરી મૂકવામાં આવે છે.

23ગરીબના ખેતરમાં ભલે ઘણું અનાજ ઊપજે, પણ તે અન્યાયથી આચકી લેવામાં આવે છે.

24જે પોતાના બાળકને શિસ્તપાલનની કેળવણી આપતો નથી તે પોતાના બાળકનો દુશ્મન છે; પરંતુ તેના પર પ્રીતિ કરનાર તેને વેળાસર શિક્ષા કરે છે.

25સજ્જન પેટ ભરીને ખાય છે, પણ દુર્જનનું પેટ ખાલીને ખાલી રહે છે.

14 દરેક ડાહી સ્ત્રી પોતાનું ઘર ઊભું કરે છે, પણ એક મૂર્ખ સ્ત્રી તેણીના પોતાને હાથે તેનો નાશ કરે છે.

2જે પોતાની વિશ્વસનીયતામાં ચાલે છે તે યહોવાનો ડર રાખે છે. પણ જેના માર્ગો વાંકા છે તે તેને ધિક્કારે છે.

3મૂરખના મોઢામાં અભિમાનનો દંડો છે, પણ જ્ઞાની વ્યક્તિની વાણી રક્ષણ કરે છે.

4બળદ ન હોય તો ગમાંણ સાફ જ રહે છે. પરંતુ મબલખ પાક બળદના બળથી જ પાકે છે.

5સાચો સાક્ષી જૂઠું બોલે નહીં, પણ જૂઠો સાક્ષી શ્વાસે શ્વાસે જૂઠું બોલે છે.

6હાંસી ઉડાવનાર જ્ઞાન શોધે છે પણ પામતો નથી, ડાહી વ્યક્તિ પાસે જ્ઞાન સહેલાઈથી આવે છે.

7મૂર્ખ માણસથી આઘા રહેવું, તેની પાસે તને જ્ઞાની શબ્દો સાંભળવા નહીં મળે,

8વિચક્ષણ માણસનું ડહાપણ, વિચારીને કાળજી પૂર્વક પગ મૂકવામાં છે, પણ મૂર્ખની મૂર્ખાઈ તેને ગેરમાર્ગે દોરે છે.

9મૂર્ખ પ્રાયશ્ચિતને હસવામાં ઉડાવે છે, પણ ભલા માણસો દેવની કૃપા મેળવે છે.

10જ્યારે કોઈ વ્યક્તિનું હ્રદય વ્યથિત હોય છે ત્યારે ફક્ત તે વ્યક્તિજ તેનું દુ:ખ અનુભવે છે. એજ રીતે, જ્યારે કોઈ વ્યક્તિ સુખી હોય છે ત્યારે કોઈ અજાણ્યો તેના સુખમાં જોડાઈ શક્તો નથી.

11દુર્જનનું ઘર બરબાદ થઈ જશે, પણ સજ્જન વ્યક્તિના તંબૂ સમૃદ્ધ થશે.

12એક રસ્તો એવો છે જે એક વ્યક્તિને લાગે છે કે તે સારો છે, પણ અંતે તો મોતનો રસ્તો નિવડે છે.

13 એવું પણ બની શકે કે જ્યારે એક વ્યક્તિ હસતી હોય, ત્યારે તેનું હ્રદય વ્યથિત હોય અને હર્ષનો અંત શોકમાં આવે છે.

14દુષ્ટ વ્યક્તિ તેના કુકર્મોની સજા ભાગવે છે અને ભલી વ્યક્તિ પોતાનાં કર્મોનું ફળ માણે છે.

15 એક ભલી વ્યક્તિ બધું માની લે છે, પણ ચતુર માણસ જોઈ જોઈને પગ મૂકે છે.

16જ્ઞાની માણસ ચેતતો રહે છે અને આફતને ટાળે છે, પણ મૂર્ખ હેતુ વિહીન છે અને વધુ પડતો વિશ્વાસ ધરાવે છે.

17જલ્દી ક્રોધ કરનાર મૂર્ખાઈ કરી બેસે છે, અને દુષ્ટ યોજનાઓ ઘડનાર ધિક્કાર પામે છે.

18ભોળા લોકો મૂર્ખાઈનો વારસો પામે છે; પણ ચતુર લોકોને વિદ્યાનો મુગટ પહેરાવવામાં આવે છે.

19દુર્જનોને સજ્જનો આગળ ઝૂકવું પડે છે, તેમને સદાચારીઓને બારણે નમવું પડે છે.

20ગરીબને પોતાના પાડોશીઓ પણ ધિક્કારે છે, પરંતુ ધનવાનને ઘણા લોકો ચાહે છે.

21બીજાને હલકા ગણનાર પાપમાં પડે છે, પણ ગરીબ પર દયા કરનાર સુખ પામે છે.

22ભૂંડી યોજનાઓ ઘડનાર ભૂલા પડે છે, સારી યોજનાઓ ઘડનારને પ્રેમ અને વિશ્વાસ મળે છે.

23જ્યાં મહેનત ત્યાં બરકત પણ ખાલી વાતો જ થાય ત્યાં દળદર.

24જ્ઞાનીઓનો મુગટ તેઓની સંપત્તિ છે. મૂર્ખાઈ એ મૂર્ખો માટેનો બદલો છે.

25સાચો સાક્ષી જીવ બચાવે છે, પણ કપટી માણસ જૂઠાણા શ્વસે છે.

26યહોવા માટેનો ભય લોકોને મજબૂત સુરક્ષા આપે છે, તેનાં સંતાનને તે આશ્રય આપે છે.

27મોતના ફાંસલામાંથી છૂટી જવાને માટે યહોવાનો ભય જીવન સ્રોત છે.

28જાઝી પ્રજા તે રાજાનું ગૌરવ છે; પણ પ્રજા વગર શાસક નાશ પામે છે.

29જેનામાં વધારે ધીરજ છે તે વધારે સમજુ છે, પણ ઝટ ગુસ્સે થનાર મૂર્ખાઈનું પ્રદર્શન કરે છે.

30હ્રદયની શાંતિ શરીરનું જીવન છે; પણ ઈર્ષ્યા હાડકાનો સડો છે.

31ગરીબને રંજાડનાર તેના સર્જનહારનું અપમાન કરે છે. પણ ગરીબ ઉપર રહેમ રાખનાર તેને સન્માને છે.

32જ્યારે મુશ્કેલીઓ આવે છે, દુરાચારીનું પતન થાય છે પરંતુ ન્યાયી વ્યક્તિ પોતાના મૃત્યુમાં પણ શ્રદ્ધા રાખે છે.

33સમજુ વ્યક્તિના હ્રદયમાં જ્ઞાન વસે છે, તે મૂર્ખની વચ્ચે પણ જાણીતું છે.

34ન્યાયી પણાથી પ્રજા મહાન બને છે, પણ પાપતો પ્રજાનું કલંક છે.

35બુદ્ધિમાન સેવક પર રાજાની કૃપા હોય છે, પણ નિર્લજ્જ સેવકો પર તેનો રોષ ઉતરે છે.

15 નમ્ર જવાબથી ક્રોધ શમી જાય છે. પણ કઠોર વચનથી રોષ ભભૂકી ઊઠે છે.

2જ્ઞાની વ્યક્તિની વાણી જ્ઞાન ઊચ્ચારે છે, પરંતુ મૂર્ખની વાણી મૂર્ખાઈથી ઉભરાય છે.

3યહોવાની દ્રષ્ટિ સર્વત્ર હોય છે તે ભલા અને ભૂંડા બધાં પર લક્ષ રાખે છે.

4ઘા રૂઝવે એવી વાણી જીવનવૃક્ષ છે, પણ વક્રવાણી આત્માને તોડી નાખે છે.

5મૂર્ખ, પિતાની સૂચનાઓને તુચ્છ ગણે છે; પણ ઠપકાને ગંભીરતાથી લક્ષમાં લેનાર શાણો થાય છે.

6સજ્જનના ઘરમાં ધનનો ભંડાર છે. પણ દુર્જનની કમાણીમાં આફત હોય છે.

7જ્ઞાની વ્યક્તિની વાણી જ્ઞાન ફેલાવે છે, પણ મૂર્ખનું હૃદય મૂર્ખતા ફેલાવે છે.

8દુષ્ટના યજ્ઞાર્પણને યહોવા ધિક્કારે છે; પરંતુ સજ્જનની પ્રાર્થનાથી તે પ્રસન્ન થાય છે.

9દુષ્ટ વ્યક્તિઓના આચારને યહોવા ધિક્કારે છે; પરંતુ નીતિમત્તાને માર્ગે ચાલનાર ઉપર તે પ્રેમ દાખવે છે.

10સદમાર્ગને ત્યજી જનારને આકરી સજા થશે. અને ઠપકાનો તિરસ્કાર કરનાર મરી જશે.

11શેઓલ તથા અબદોન* યહોવા સમક્ષ ખુલ્લાં છે. તો પછી માનવ હૃદયની તો વાત જ શી!

12તુમાખી રાખનારને કોઈ ઠપકો આપે તે ગમતું નથી. અને તે જ્ઞાની વ્યક્તિની પાસે જવા પણ ઈચ્છતો નથી.

13જો અંતરમાં આનંદ હોય તો ચહેરો પ્રફુલ્લિત રહે છે. પરંતુ મનમાં શોક હોય તો મન ભાંગી જાય છે.

14જ્ઞાની વ્યક્તિ જ્ઞાનની પિપાસા રાખે છે. પરંતુ મૂર્ખનો આહાર મૂર્ખાઈ છે.

15દરરોજ કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં મૂકાય તો તે બહુ ખરાબ છે. પણ સુખી હૃદય એ સતત ચાલતી ઊજવણી છે.

16મુશ્કેલીઓ સાથેની વિપુલ સંપતિ કરતાં યહોવા પ્રત્યેના ભયની સાથે થોડું હોવું વધારે સારું છે.

17સરસ માંસ ધિક્કારથી ખાવાં કરતા સાદા શાકભાજી પ્રેમથી ખાવા વધારે સારા છે.

18ગરમ મિજાજનો વ્યક્તિ કજિયા ઊભા કરે છે. પણ ધીરજવાન વ્યક્તિ બોલાચાલીને શાંત પાડે છે.

19આળસુ વ્યક્તિનો માર્ગ કાંટાથી ભરાઈ ગયો છે; પણ સજ્જનનો માર્ગ વિઘ્નોથી મુક્ત છે.

20ડાહ્યો પુત્ર પિતાને સુખ આપે છે, પણ મૂર્ખ પુત્ર પોતની માતાને ધિક્કારે છે.

21અજ્ઞાનીને મૂર્ખાઈ આનંદરુપ લાગે છે; પણ સમજુ માણસ સીધે રસ્તે ચાલે છે.

22સલાહ વગરની યોજના ધૂળમાં મળે છે, પરંતુ અનેક સલાહકાર હોય તો તે સફળ થાય છે.

23પોતાના હાજરજવાબીપણાથી વ્યક્તિ ખુશ થાય છે; યોગ્ય સમયે બોલાયેલો શબ્દ કેટલો સરસ લાગે છે!

24જ્ઞાની માણસ માટે એક જીવન તરફ જતો રસ્તો છે જે તેને શેઓલ* તરફ જતા રસ્તેથી પાછો વાળે છે.

25યહોવા અભિમાનીનું ઘર તોડી પાડે છે, પણ વિધવાની હદ તે કાયમ રાખશે.

26દુષ્ટ લોકોની યોજનાઓ યહોવા ધિક્કારે છે, પરંતુ તેમની દ્રષ્ટિએ દયાળુ શબ્દો પવિત્ર છે.

27જે લોભી છે તે પોતાના કુટુંબને માથે આફત નોતરે છે, પરંતુ જે લાંચને ધિક્કારે છે તે શાંતિથી જીવે છે.

28સજ્જન જવાબ આપતાં પહેલાં વિચાર કરે છે, પણ દુર્જન પોતાના મોઢે ભૂંડી વાતો વહેતી મૂકે છે.

29યહોવા પોતાને દુર્જનથી દૂર રાખે છે, પણ તે સજ્જનની પ્રાર્થના સાંભળે છે.

30આંખોની ચમક જોઈ હ્રદયને આનંદ થાય છે. અને શુભ સમાચાર હાડકાને તંદુરસ્ત બનાવે છે.

31જીવનપ્રદ શિખામણ સાંભળનારની ગણતરી સાધુઓમાં થાય છે.

32સૂચનાઓનો ત્યાગ કરનાર પોતે પોતાના જ જીવનને તુચ્છ ગણે છે. પણ સુધરવા માટેની શિક્ષા સાંભળનાર સમજણ મેળવે છે.

33યહોવાથી ડરીને ચાલવું એ જ જ્ઞાનની સૂચના છે; સન્માન પામતાં પહેલા નમ્ર બનવું જરૂરી છે.

16 માણસો મનમાં સંકલ્પ કરે છે; પણ છેલ્લો નિર્ણય તો યહોવાના હાથમાં છે.

2વ્યક્તિને પોતાનું બધું આચરણ સાચું લાગે છે પરંતુ યહોવા તેના અંતરને પારખે છે.

3તમારા કામો યહોવાને સોંપી દે એટલે તમારી યોજનાઓ સફળ થશે.

4યહોવાએ પ્રત્યેક વસ્તુને પોતપોતાના હેતુ માટે સર્જી છે; હા, દુષ્ટોને પણ, સંકટના કાળ માટે સર્જ્યા છે.

5એકેએક અભિમાની વ્યક્તિને યહોવા ધિક્કારે છે, ખાતરી રાખજો તેને સજા થયા વગર નહીં રહે.

6દયા તથા સત્યતાથી પાપનું પ્રાયશ્ચિત થાય છે, અને યહોવાનો ડર વ્યક્તિને દુષ્ટતાથી વાળીને દૂર રાખે છે.

7યહોવા જ્યારે કોઈ વ્યક્તિના જીવનથી ખુશ થાય છે ત્યારે તેના દુશ્મનોને પણ તેની સાથે શાંતિથી રાખે છે.

8અન્યાયથી મળતા ભંડાર કરતા ન્યાયથી મળતી મૂડી સારી.

9વ્યક્તિનું મન માર્ગ પસંદ કરે છે, પરંતુ માત્ર યહોવા જ તેના પગલાને નક્કી કરે છે.

---

**શેઓલ તથા અબદોન** એટલે મૃત્યુની દુનિયા માટેના હિબ્રુ શબ્દો છે.

**શેઓલ** શેઓલએ દુનિયા જયાં લોકો મૃત્યુ પામ્યા પછી જાય છે મૃત્યુલોક.

10રાજાના મુખમાં પ્રેરણાત્મક નિર્ણયો વસે છે, તે જ્યારે ન્યાય કરે છે ત્યારે ભૂલ કરતો નથી.

11બધાં સમતોલ ત્રાજવાં અને તેની સાથે વપરાતાં વજનનાં કાટલાંની બાબતમાં યહોવા ચિંતિત છે.

12અનિષ્ટ વસ્તુઓ કરવી એ રાજા માટે અક્ષમ્ય છે, સારા કામોથી રાજગાદી સ્થાપિત થાય છે.

13સાચી વાણીથી રાજાઓ રીઝે છે, અને સત્યવાદી ઉપર તેઓ પ્રેમ રાખે છે.

14રાજાનો રોષ યમદૂતો જેવો છે; પણ શાણી વ્યક્તિ તેના ગુસ્સાને શાંત પાડે છે.

15જ્યારે રાજાનું મુખ પ્રસન્ન હોય છે ત્યારે જીવન સુરક્ષિત હોય છે, એની કૃપા વરસાદના વાદળ જેવી છે.

16સોના કરતાં જ્ઞાન મેળવવું એ ઉત્તમ છે! અને ચાંદી કરતા સમજણ મેળવવી વધારે યોગ્ય છે.

17પ્રમાણિક માણસનો માર્ગ દુષ્ટતાથી દૂર હોય છે, જોઈવિચારીને ચાલનાર પોતાનો જીવ બચાવે છે.

18અભિમાન વિનાશની  પહેલાં આવે છે, અને પતનની પહેલાં અભિમાની વર્તણૂક આવે છે.

19દીનદલિતો સાથે નમ્રતા રાખવી તે અભિમાનીની લૂંટના ભાગીદાર થવા કરતાં વધારે સારું છે.

20સૂચનાઓ સમજશે તે સારપ મેળવશે, યહોવા ઉપર વિશ્વાસ રાખનાર સુખી થશે.

21શાણા હદયવાળી વ્યક્તિ સમજુ કહેવાશે; તેની મીઠી વાણી જ્ઞાનનો વધારો કરે છે.

22જેની પાસે સમજ હોય તેને માટે સમજણ જીવનદાતા છે, પણ મૂર્ખ માટે શિક્ષા એ મૂર્ખાઈ છે.

23જ્ઞાની હદય વ્યક્તિની વાણીને દોરવણી આપે છે અને તે હોઠ ઉપર જ્ઞાનનો વધારો કરે છે.

24મીઠી વાણી મધ જેવી છે, સ્વાદે મીઠી અને હાડકા
માટે તંદુરસ્ત. 25એક એવો પણ માર્ગ હોય છે જે લાગે સીધો
પણ લઈ જાય છે મૃત્યુ તરફ.

26'પેટ કરાવે વેઠ', તેનું મોઢું માણસને જંપીને બેસવા દેતું નથી.

27નકામો માણસ દુષ્ટ યોજનાઓ ઘડે છે. તેની જીભે બળબળતો અગ્નિ છે.

28દુષ્ટ માણસ કજિયા–કકાસ કરાવે છે, લોકો વિષે અનિષ્ટ બોલનારી વ્યક્તિ મિત્રોમાં ફૂટ પડાવે છે.

29હિંસક માણસ પોતાના પાડોશીને છેતરીને ખરાબ માર્ગે દોરી જાય છે.

30આંખ મટકાવનાર વ્યક્તિ મુશ્કેલી લાવનારી યોજનાઓ કરે છે, અને હોઠ ભીડનાર વ્યક્તિ કંઈક અનિષ્ટ કરી રહી હોય છે.

31માથે પળિયાં એ ગૌરવનો તાજ છે; સત્યને માર્ગે ચાલનારને એ મળે છે.

32ધૈર્યવાન વ્યક્તિ શકિતશાળી યોદ્ધા કરતાં વધું ઈચ્છનીય છે; અને જે પોતાના મિજાજને કાબૂમાં રાખે છે તે શહેર જીતનાર કરતાં ઉત્તમ છે.

33લોકો દ્વારા સોગઠીઓ નાખવામાં આવે છે, પણ નિર્ણય તો તે બધાંયનો યહોવાના હાથમાં છે.

17 જે ઘરમાં કજિયા–કકાસ હોય અને ત્યાં મિજબાની હોય તો તેના કરતાં શાંતિસહિત રોટલો સૂકો મળે તો તે વધારે સારો.

2ડાહ્યો નોકર નકામા પુત્ર ઉપર અમલ ચલાવશે અને ભાઈઓ સાથે વારસામાંથી ભાગ લેશે.

3ચાંદીની પરીક્ષા કુલડી કરે છે. સોનાની પરીક્ષા ભઠ્ઠી કરે છે. પણ અંત:કરણની પરીક્ષા યહોવા કરે છે.

4જે કોઈ અનિષ્ટ વાત સાંભળે છે તે દુષ્ટ વ્યક્તિ છે, જે કોઈ કિન્નાખોરી ભરેલી વાતો સાંભળે છે તે જુઠ્ઠો છે.

5જે ગરીબની મશ્કરી કરે છે તે તેના સર્જનહારદેવની નિંદા કરે છે; જે કોઇ કોઈની વિપત્તિને જોઈને રાજી થાય છે તે શિક્ષા પામ્યા વગર રહેશે નહીં.

6છોકરાનાં છોકરાં વૃદ્ધ પુરુષનો મુગટ છે; અને સંતાનોનો મહિમા તેઓના પૂર્વજ છે.

7મૂર્ખના મુખમાં ઉમદા વાણી શોભતી નથી, તો પછી મહાપુરુષના મુખમાં જૂઠી વાણી કેવી રીતે શોભે?

8જેઓ લાંચ આપે છે તેના માટે તે નસીબવંતુ માદળીયું છે. તે જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં તે ઉદય પામે છે.

9દોષ જતો કરવાથી મૈત્રી વધે છે. પણ તેને જ વારંવાર સંભારવાથી મૈત્રી તૂટે છે.

10તેજીને ટકોર ને મૂર્ખને ડફણા મૂર્ખને સો ફટકા કરતાં બુદ્ધિમાનને એક ઠપકાનો ઘા વધારે ઊંડી અસર કરે છે.

11દુર્જન હંમેશા આફતો શોધ્યા કર્યા કરે છે.આથી તેની સામે નિર્દય દૂત મોકલવામાં આવશે.

12જેનાં બચ્ચાં છીનવી લીધાં હોય એવી રીંછણ કોઈને મળજો; પણ મૂર્ખાઈ કરતો મૂર્ખ કોઈને ન મળો.

13જે કોઈ ભલાઈનો બદલો ભૂંડાઈથી વાળે છે, તેના ઘરમાંથી ભૂંડાઈ દૂર થશે નહીં.

14ઝગડાની શરૂઆત બંધમાં પડેલી તિરાડ જેવી છે; લડાઈ ફાટી નીકળે તે પહેલાં જ વાતનો નિવેડો લાવી દો.

15દોષિતને જે નિર્દોષ ઠરાવે અને નિર્દોષને જે સજા કરે તે બન્નેને યહોવા ધિક્કારે છે.

16મૂર્ખના હાથમાં પૈસા શા કામના? તેનામાં અક્કલ તો છે નહીં, તે થોડો જ જ્ઞાન ખરીદવાનો છે?

17મિત્ર સદા મિત્ર જ રહે છે, ખરો ભાઈ મુશ્કેલીઓને વહેંચી લેવાજ જન્મ્યો હોય છે.

18અક્કલ વગરનો માણસ જ બીજાના દેવાનો જામીન થાય છે.

19પાપ ગમતું હોય છે તેને કજિયો ગમે છે; જે દ્વારમાર્ગ વિશાળ બનાવે છે તે વિનાશ નોતરે છે.

20કુટિલ હદયના માણસનું કદી ભલું થતું જ નથી, વાંકાબોલો માણસ વિપત્તિમાં પડે છે.

21મૂર્ખને પેદા કરનાર દુ:ખી થાય છે, મૂર્ખના બાપને કદી આનંદ થતો નથી.

22આનંદી હૈયું એ ઉત્તમ ઔષધ છે, પણ ભારે હૈયું શરીરને સૂકવી નાખે છે.
23દુર્જન છૂપી રીતે લાંચ લે છે અને પછી અન્યાય કરે છે.
24બુદ્ધિમાન વ્યક્તિની આંખ જ્ઞાન ઉપર જ મંડાયેલી હોય છે, પણ મૂર્ખની આંખ ચોગરદમ ભટકે છે.
25મૂર્ખ પુત્ર પિતાને માટે વ્યથા રૂપ અને માતાને માટે કડવાશ રૂપ લાગે છે.
26નિર્દોષને દંડ કરવો એ સારું નથી, તેવીજ રીતે નેતાને તેની વિશ્વસનીયતા માટે દંડ ફટકારવો
27સાચો જાણકાર કરકસરથી બોલે છે, જે મગજ ઠંડુ રાખે એ ડાહ્યો છે.
28બોલે નહીં તે મૂર્ખ પણ ડાહ્યામાં ગણાય, મોઢું સીવેલું રાખે તો તે ડાહ્યો ગણાય છે.

18 એકલો માણસ ફક્ત પોતાની ઈચ્છાઓ વિશેજ વિચારે છે અને બધી સારી સલાહોને ગુસ્સાથી નકારે છે.
2મૂર્ખને સમજવામાં રસ નથી હોતો, તેને ફક્ત પોતાના મંતવ્યોને જ રજૂ કરવા હોય છે.
3જ્યારે દુરાચાર આવે છે ત્યારે ધિક્કાર તેને અનુસરે છે, જ્યારે અપકીર્તિ આવી એટલે શરમ પણ આવે છે.
4શાણી વ્યક્તિની વાણી, ઊંડા પાણી, વહેતું ઝરણું અને જ્ઞાનના ફુવારા જેવી છે.
5ન્યાયાલયમાં દુર્જનની તરફેણ કરીને નિર્દોષ વ્યક્તિને અન્યાય કરવો એ સારું નથી.
6મૂર્ખ બોલે બોલે કજિયા કરાવે છે અને શબ્દે શબ્દે ડફણાં મારે છે.
7મૂર્ખની વાણી તેનો વિનાશ નોતરે છે. અને તે પોતાની શબ્દોનીજ જાળમાં સપડાય છે.
8કૂથલીના શબ્દો સ્વાદિષ્ટ ભોજન જેવા હોય છે, તે તરત ગળે ઉતરી જાય છે અને શરીરના અંતરતમ ભાગમાં પહોચી જાય છે.
9વળી જે પોતાનાં કામ પ્રત્યે શિથિલ છે તે વિનાશકારી વ્યક્તિનો ભાઈ છે.
10યહોવાનું નામ મજબૂત મિનારો છે, જ્યાં ભાગી જઈને સજ્જન સુરક્ષિત રહે છે.
11ધનવાન માને છે કે, મારું ધન મારું કિલ્લેબંદીવાળું નગર છે, ઊંચો કોટ છે.
12અભિમાન વિનાશને નોતરે છે, નમ્રતા પછી સન્માન પ્રાપ્ત થાય છે.
13સાંભળ્યા પહેલા જવાબ આપવામાં મૂર્ખાઈ તથા લજ્જા છે.
14વ્યક્તિનું જીવનતત્વ તેને બિમારી દરમ્યાન મજબૂત રાખે છે, પણ તૂટેલા જીવનતત્વને કોણ જાળવી રાખશે?
15બુદ્ધિશાળી વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત કરવા મથે છે, જ્ઞાની વ્યક્તિના કાન જ્ઞાન શોધે છે.
16વ્યક્તિની ભેટ તેને માટે માર્ગ ખુલ્લો કરે છે, અને મહત્વની વ્યક્તિની સમક્ષ લઈ જાય છે.
17ન્યાયાલયમાં પહેલા બોલે તે સાચો લાગે, પણ બીજો આવીને તેની ઊલટ તપાસ કરે છે.
18સમર્થ વ્યક્તિ વચ્ચેનો મામલો જામીનથી નીપટાવાય છે.
19દુભાયેલા ભાઈને મનાવવો ગઢ જીતવા કરતાં કપરું છે; કિલ્લાની ભોગળ ફૂટે પણ ઝગડો ન મટે.
20વ્યક્તિ જેવું બોલે છે તેવાં ફળ તે ભોગવે છે; પોતાની વાણીનો બદલો તેને ચોક્કસ મળશે.
21જન્મમૃત્યુ જીભના સામર્થ્યમાં છે; અને જીભ તેને જે પ્રેમ પૂર્વક વાપરે છે, તેઓ તે પ્રમાણે બદલો મેળવે છે.
22સુપત્ની પામ્યો તેને સારી ચીજ મળી જાણવી, અને યહોવાની કૃપા પામ્યો જાણવો.
23ગરીબ કાલાવાલા કરે છે; પરંતુ તવંગર ઉદ્ધતાઈથી જવાબ આપે છે.
24થોડા મિત્રો આફત લાવી શકે છે; પરંતુ એક ખાસ પ્રકારનો મિત્ર છે કે જે એક ભાઈ કરતા વધુ નિકટ છે.

19 જૂઠા બોલો અને મૂર્ખ તવંગર કરતાં સત્યવકતા અને પ્રમાણિકપણે વર્તનાર ગરીબ વ્યક્તિ સારી..
2જ્ઞાન વગરની આકાંક્ષા સારી નહીં, ઉતાવળે ચાલનાર રસ્તો ભૂલે.
3વ્યક્તિ પોતાની મૂર્ખાઈથી પાયમાલ થાય છે અને પછી યહોવાને દોષ દે છે.
4સંપત્તિ મિત્રોનો વધારે છે પણ ગરીબના મિત્રો તેને છોડી જાય છે.
5જૂઠો સાક્ષી સજા પામ્યા વગર રહેજ નહીં. જે શ્વાસે શ્વાસે જૂઠું બોલે છે તે છટકવા પામતો નથી.
6દાનેશ્વરીની સૌ ખુશામત કરે છે. ઉપહાર આપનારના સૌ કોઈ મિત્ર બને છે.
7જે દરિદ્રીને તેના બધાં સગાં ધિક્કારે છે; તેનાથી તેના મિત્રો વધારે દૂર થઈ જશે જ્યારે દરિદ્રી તેઓને બોલાવશે તેઓ અદ્રશ્ય થઈ જશે.
8જે જ્ઞાન મેળવે છે તે પોતાનું હિત સાધે છે. જે સારાસારનો વિવેક જાળવે છે તે સારી વસ્તુને મેળવે છે.
9જૂઠો સાક્ષી સજા પામ્યા વગર રહે નહીં, જે શ્વાસે શ્વાસે જૂઠું બોલે છે તે અવશ્ય નાશ પામશે.
10મૂર્ખને એશો આરામ જરાય શોભતા નથી અને ગુલામ રાજકુમારો ઉપર શાશન કરે તે તેનાથી પણઓછું શોભે.
11ક્રોધને કાબૂમાં રાખવો એ ડાહી વ્યક્તિનું લક્ષણ છે ક્ષમા આપવી એ તેમની ગરિમા છે.
12રાજાનો ક્રોધ સિંહની ગર્જના જેવો છે; પણ તેની કૃપા ઘાસ પરનાં જાકળ જેવી છે.
13મૂર્ખ પુત્ર પોતાના પિતાને વિપત્તિ રૂપ છે. કજિયાળી પત્ની ચૂતા છાપરાં જેવી છે. જેમાંથી પાણી ટપક્યાં કરે છે.
14ઘર અને ધનતો પિતા તરફથી વારસામાં મળે છે, પણ હોશિયાર વહુ તો યહોવાનુ ઈનામ છે.
15આળસ ભરનિદ્રામાં નાખે છે અને આળસુ વ્યક્તિ ક્ષુધિત થાય છે.

16જે આજ્ઞાનું પાલન કરે છે તે જીવન જીવે છે, પણ જે
તેના પ્રત્યે બેદરકાર છે તે મૃત્યુ પામે છે.
17ગરીબ ઉપર દયા રાખનાર યહોવાને ઉછીનું આપે છે.
યહોવા એ સુકૃત્યનો બદલો આપશે.
18સુધારવાની આશા હોય ત્યાં સુધી તમારા બાળકને શિક્ષા
કરજો; તેને પોતાની જાતને વિનાશ કરવામાં મદદ કરશો
નહીં.
19ઉગ્ર ક્રોધીને સજા ભોગવવી પડશે, જો તું તેને બચાવવા
જશે, તો તારે વારંવાર તેમ કરવું પડશે.
20સલાહ સાંભળીને સૂચનો સ્વીકારો; પછી અંતે તમે
ડાહયા બનશો.
21વ્યકિતના મનમાં અનેક યોજનાઓ હોય છે, પણ ફક્ત
યહોવાની ઈચ્છાઓ જ પ્રચલિત રહેશે.
22વ્યકિતની વફાદારી બીજાને તેની સાથે રહેવા માટે આકર્ષે
છે. જૂઠાબોલા અપ્રમાણિક થવાં કરતાં ગરીબ રહેવું વધારે
સારું.
23જે કોઈ યહોવાનો ભય રાખે છે તે જીવન પામે છે, તે
ભય વગર સંતોષથી રહેશે.
24આળસુ પોતાનો હાથ થાળીમાં મૂકે છે ખરો, પણ તેને
પોતાના મોં સુધી ઉઠાવવાનું મન થતું નથી.
25ઉદ્દંડ વ્યકિતને દંડો ફટકારો જેથી સરળ લોકો પાઠ
ભણે, જો તમે ડાહી વ્યકિતને સુધારાઓ આપશો તો તે જ્ઞાન
મેળવશે.
26જે પુત્ર પોતાના પિતાને હેરાન કરે છે અને
પોતાની માતાને કાઢી મૂકે છે તે નિર્લ્લજ્જ અને નામોશી
ભરેલું છે.
27હે મારા પુત્ર,જો તું સૂચનાઓ સાંભળવાનું બંધ કરીશ,
તો તું જ્ઞાનના શબ્દોને ખોઈશ.
28દુષ્ટ સાક્ષી ન્યાયની વિડંબના કરે છે. અને દુષ્ટ લોકો
અનિષ્ટને ગળી જાય છે.
29 ઊદ્ધત લોકો માટે શિક્ષા અને મૂર્ખાની પીઠને સારું
ડફણાં તૈયાર થાય છે.

20 દ્રાક્ષારસ હાંસી ઊડાવનાર છે, જવસોમનું પીણું
દંગો મચાવે છે; જે કોઈ સુરાપાનને લીધે ખોટેમાર્ગે
જાય છે તો ડાહ્યો નથી.
2રાજાની ધમકી સિંહની ગર્જના જેવી છે; તેનો રોષ વહોરી
લેનાર પોતાના જ જીવ ને જોખમમાં મૂકે છે.
3ઝગડાથી દૂર રહેવું સન્માનીય છે, પણ મૂરખ ઝગડો
કરવા માટે ઊતાવળો હોય છે.
4આળસુ વ્યકિત ઉચિત સમયે ખેડ કરતો નથી, અને
કાપણી વખતે પાક લેવા જાય છે, ત્યારે તેને કશું મળતું
નથી.
5વ્યકિતના મનની યોજના ઊંડા પાણી જેવી છે, પણ
સમજણો ચતુર માણસ તેને બહાર કાઢી લાવશે.
6ઘણાલોકો દાવો કરે છે કે તેઓ વિશ્વાસુ મિત્રો છે; પણ
જેના પર વિશ્વાસ રાખી શકાય એવો માણસ ક્યાં મળે?
7નીતિમત્તાને માર્ગે ચાલનારી, વ્યકિત સુંદર જીવન જીવે
છે. અને તેની પછી તેના બાળકો આશીર્વાદિત છે.
8ન્યાયાસન ઉપર બેઠેલો રાજા પોતાની આંખથીજ દુષ્ટને
ઓળખી કાઢે છે.
9કોણ કહી શકે કે, મારું અંતર સાફ છે અને હું પાપથી
ચોખ્ખો થયો હું?
10આપવા-લેવાનાં જુદાં કાટલાં અને જુદાં માપ બંનેથી
યહોવાને ગુસ્સો છે.
11બાળક પણ તેના આચરણ ઉપરથી પરખાય છે કે તેનાં
કાર્યો શુદ્ધ અને સાચાં છે કે કેમ?
12સાંભળતો કાન ને દેખતી આંખ બંને યહોવાએ
બનાવ્યાં છે.
13ઊંઘ સાથે પ્રીત કરશો તો તમે બધું ખોઈ બેસશો આંખ
ઊઘાડી રાખશો તો ભરપેટ ખાવા પામશો.
14આ તો ખરાબ છે, ખરાબ છે, એવું ખરીદનાર કહે છે;
પણ પછીથી પોતાની ખરીદી વિષે બડાશ મારે છે.
15ત્યાં સોનું છે અને ત્યાં માણેક છે, પણ જ્ઞાની વાણી તો
કિંમતી રત્નો જેવી છે.
16અજાણ્યાના જામીન થનારનાં કપડાં લઈ લેવાં અને તે
અવેજમાં રાખવાં.
17છેતરપિંડીથી મેળવેલો રોટલો મીઠો તો લાગે છે પણ
પછી મોમાં રેતી ને કાંકરા રહી જાય છે.
18દરેક યોજના સલાહથી પરિપૂર્ણ થયેલી છે માટે શાણી
સલાહ માટે યુદ્ધ કરો.
19જે વ્યકિત ખાનગી વાતોને બહાર પાડે છે તે કૂથલી
કરનારો છે. માટે વાતોડિયા-લપલપિયા સાથે સંબંધ ન
રાખવો.
20માતાપિતાને શાપ આપનારનો દીવો ઘોર અંધકારમાં
ઓલવાઈજશે.
21વારસો જલદીથી મેળવવામાં આવે છે, પણ તેનું પરિણામ
આખરે સુખદાઈ હોતું નથી.
22હું ભૂંડાઈનો બદલો લઈશ, એવું તારે ન કહેવું જોઈએ;
યહોવાની રાહ જોજે તે તને ઉગારી લેશે.
23જુદાં જુદાં કાટલાંથી યહોવાને ગુસ્સો છે; ખોટો કાંટો
સારો નથી.
24યહોવા વ્યકિતના પગલાંને દોરે છે, તો પછી વ્યકિત
તેનો માર્ગ શી રીતે સમજી શકે?
25વગર વિચાર્યે બાધા લેવી અને બાધા લીધાં પછી વિચાર
કરવા બેસવું એ ફાંદામાં ફસાવા બરાબર છે.
26જ્ઞાની રાજા દુષ્ટોને તારવી કાઢે છે, અને તેમને સખત
સજા કરે છે.
27વ્યકિતનો અંતરાત્મા યહોવાનો દીવો છે, તે તેના અંતરનો
ખૂણે-ખૂણો તપાસે છે.
28વફાદારી અને સત્ય રાજાનું રક્ષણ કરે છે. તેનું રાજ્યાસન
વફાદારી ઉપર ટકેલું છે.
29યુવાનોનું ગર્વ તેઓનું બળ છે; અને સફેદવાળ વૃદ્ધોની
ગરિમા છે.

30ચાબખા અને ઘા દુષ્ટતાને ભૂંસી નાખે છે. ફટકા અંતરના ઊંડાણ સુધી પહોંચે છે.

21 રાજાનું મન યહોવાના હાથમાં છે; તે તેને પાણીના પ્રવાહની જેમ પોતાની ઈચ્છા પ્રમાણે વળે છે.

2વ્યકિતને લાગે છે કે પોતાના પ્રત્યેક પગલાં સાચા છે, પણ યહોવા તેના હૃદયને ઓળખે છે.

3યહોવાને બલિદાન કરતાં ધર્મ અને ન્યાય વધારે પસંદ છે.

4ઘમંડી આંખો ,ઘમંડી વર્તણૂક અને મશાલ જે દુષ્ટોને દોરે છે, તે બધાં પાપ યુકત છે.

5વિચારીને ઉધમ કરનાર બરકત પામે છે. ઉતાવળી વ્યકિત નિર્ધન બને છે.

6જે છેતરપીંડીથી સંપત્તિ મેળવે છે તે ઊડી જતી વરાળ જેવું અને મૃત્યુને આમંત્રવા જેવું છે.

7દુષ્ટ લોકોનો અત્યાચાર તેને ઘસડી જાય છે, કારણકે, તેઓ ન્યાયને માર્ગે ચાલવાનો ઈન્કાર કરે છે.

8અપરાધીનો માર્ગ વાંકોચૂંકો છે પરંતુ પવિત્રના કાર્યો ન્યાયી હોય છે.

9કજિયાખોર સ્ત્રીની સાથે ઘરમાં રહેવા કરતાં ધાબાના ખુણામાં રહેવું વધારે સારું છે.

10દુષ્ટ વ્યકિત અનિષ્ટ વસ્તુઓ ઇચ્છે છે. તે પોતાના પાડોશીઓ સાથે દયાળુતાથી વર્તતો નથી.

11જ્યારે ઘમંડી વ્યકિતને શિક્ષા થાય છે ત્યારે જ સરળ વ્યકિત શાણો બને છે ઉપદેશ મળતા શાણી વ્યકિતના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે.

12ન્યાયી લોકો દુષ્ટના ઘર ઉપર નજર રાખે છે અને તેમના દુષ્ટમાર્ગોના પરિણામો પાસે તેમને મોકલી આપે છે.

13જે ગરીબની બૂમ સાંભળીને પોતાના કાન બંધ કરે છે તેનો પોકાર પણ કોઈ સાંભળશે નહીં.

14છૂપી રીતે આપેલ ઈનામથી ક્રોધ શમી જાય છે, છુપાવેલ લાંચથી ભારે રોષ શમી જાય છે.

15ભલી વ્યકિત ન્યાય થતો જોઈને પ્રસન્ન થાય છે, પણ દુર્જન ડરી જાય છે,

16સમજણનો માર્ગ છોડીને ચાલનાર મૃતકોના સંગાથે રહી જાય છે.

17જે મોજશોખનો આશક છે તે તેની જરૂરિયાતની વસ્તુઓથી વંચિત રહે છે. અને દ્રાક્ષારસ અને તેલનો આશક કયારે પણ ધનવાન નહીં બને.

18દુષ્ટ લોકો નીતિમાન લોકોની વસૂલી છે અને ધોખાબાજ લોકો પ્રમાણિક માણસો માટેનો મુકિતદંડ છે.

19કજિયાખોર અને ગુસ્સાવાળી પત્ની સાથે રહેવા કરતાં ઉજ્જડ પ્રદેશમાં જઈ રહેવું સારું.

20જ્ઞાની વ્યકિતના મકાનમાં મૂલ્યવાન ભંડાર તથા તેલ છે; પણ મૂર્ખ તેને સ્વાહા કરી જાય છે.

21નીતિમત્તા અને વફાદારીના માર્ગે ચાલનારને જીવન, નીતિમત્તા અને સન્માન મળે છે.

22જ્ઞાની વ્યકિત લડવૈયાથી ભરેલા નગર પર હુમલો કરીને જે કિલ્લાનો તેમને આધાર છે તેની ઉપર આક્રમણ કરી શકે છે.

23જે કોઈ મોં અને જીભ ઉપર કાબૂ રાખે છે તે પોતાની જાતને આફતથી દૂર રાખે છે.

24અભિમાની અને ઘમંડી વ્યકિત હાંસીપાત્ર છે; તેનાં પ્રત્યેક કાર્યમાં અહંકાર દેખાય છે.

25આળસુ વ્યકિતની ઈચ્છાઓ જ તેને મારી નાખે છે. કારણ, તેના હાથ કામ કરવાની ના પાડે છે.

26દુર્જન આખો દિવસ લોભ જ કર્યા કરે છે. પરંતુ ધર્મી છૂટે હાથે આપે છે.

27દુર્જને ચડાવેલો ભોગ યહોવા ધિક્કારે છે, પછી જો ખોટા વિચારોથી ચડાવ્યો હોય તો પૂછવું જ શું?

28જૂઠી સાક્ષી પૂરનારનું નખ્ખોદ જશે, પરંતુ જે વ્યકિત ધ્યાનથી સાંભળે છે તેની જીત થશે.

29દુર્જન અનિષ્ટ કરવા માટે કૃત્તનિશ્ચયી હોય છે; પણ સજ્જન વ્યકિત તો પોતાનો માર્ગ સત્ય છે તે જાણે છે.

30કોઈ જ્ઞાન, કે કોઈ યુકિતનું યહોવા આગળ કશું જ ચાલતું નથી.

31યુદ્ધના દિવસ માટે ઘોડો તૈયાર કરવામાં આવે છે પરંતુ વિજય તો યહોવાના હાથમાં હોય છે.

22 વિપુલ સંપત્તિ કરતાં સારી પ્રતિષ્ઠા અને સોનારૂપાં કરતાં ય ઉચ્ચ આદર વધારે ઈચ્છવાજોગ છે.

2દરિદ્રી અને દ્રવ્યવાન એક બાબતમાં સરખા છે કારણકે યહોવાએ બંનેને સજર્યા છે.

3ડાહ્યો વ્યકિત આફતને આવતી જોઈને સંતાઇ જાય છે. મૂર્ખ વ્યકિત આગળ વધતી રહે છે અને દંડાય છે.

4નમ્રતા અને યહોવા માટેનો આદર રાખવાથી સંપત્તિ, સન્માન અને જીવન મળે છે.

5વક્ર વ્યકિતના માર્ગમાં કાંટા અને છટકા હોય છે; પણ જે વ્યકિતને જીવન વહાલું છે તે તેનાથી દૂર રહે છે.

6બાળકને યથાર્થ માર્ગ વિષે શિક્ષણ આપો તો એ જ્યારે વૃદ્ધ થશે ત્યારે પણ તે માર્ગ તે છોડશે નહીં.

7ધનવાન ગરીબ ઉપર દોર ચલાવે છે અને દેણદાર લેણદારનો ગુલામ છે.

8જે અન્યાયના બી વાવશે તે વિપત્તિ લણશે અને તેમાં ક્રોધની સોટી તેનો અંત લાવશે.

9દાનેશ્વરી વ્યકિત પર આશીર્વાદ ઊતરશે; કારણકે તે પોતાના અન્નમાંથી દરિદ્રીને આપે છે.

10ઘમંડી વ્યકિતને હાંકી કાઢો એટલે ઝઘડો પણ જશે. તકરાર અને ગાળાગાળીનો અંત આવશે.

11જે વ્યકિતનું હૃદય નિર્મળ છે અને જે મીઠી વાણી બોલે છે, રાજા તેનો મિત્ર થશે.

12યહોવાની દ્રષ્ટિ જ્ઞાનની રક્ષા કરે છે ને ધોખાબાજ માણસોની વાણીને ઊંધી પાડે છે.

13આળસુ માણસ બહાનુ કાઢે છે–રસ્તામાં તો સિંહ બેઠો છે, બહાર નીકળું તો ફાડી જ ખાય.

14પરસ્ત્રીનું મુખ ઊંડી ખાઈ જેવું છે, જે તેમાં પડે છે તેના ઉપર યહોવાનો કોપ ઉતરે છે.

15 એક યુવાન વ્યક્તિના હૃદયમાં મૂર્ખાઇ વસે છે પરંતુ શિસ્તનો દંડો તેને તેનામાંથી દૂર હાંકી કાઢશે.

16જે ધનવાન થવા માટે ગરીબને ત્રાસ આપે છે અથવા ધનવાનને ઈનામ આપે છે તે પોતે તો ગરીબ જ રહે છે.

### ત્રીસ બોધવચનો

17જ્ઞાની માણસોના શબ્દો ધ્યાનથી સાંભળ, અને હું તને જે સલાહ આપું છું તેમાં તારું ચિત્ત લગાડ. 18જો તું તેને ખુશ ગણતો હોય અને તું તેને તારા હૃદયમાં સંઘરી રાખીશ તો તેઓ સદા તારા હોઠ પર રહેશે. 19હું તને આજે આ બધું એટલા માટે કહું છું કે યહોવા ઉપર તારો વિશ્વાસ બેસે. 20મેં તારા માટે શિખામણ અને જ્ઞાનની ત્રીસ કહેવતો લખી રાખી છે, 21આના દ્વારા તું સત્ય જ્ઞાન પામીશ અને તેથી તું ભરોસા પાત્ર અહેવાલ લઈને તને જેણે મોકલ્યો છે તેની પાસે જઈ શકે.

*– 1 –*

22ગરીબને લૂંટીશ નહીં, કારણકે તે ગરીબ છે, તેમજ ગરીબને ન્યાયાલયમાં હેરાન કરીશ નહીં. 23કારણકે યહોવા તેમનો પક્ષ લેશે અને તેમનું હરી લેનારના પ્રાણ હરી લેશે.

*– 2 –*

24ક્રોધી માણસ સાથે મિત્રતા ન કર; અને ગુસ્સો કરનારનો સંગ ન કર. 25રખેને તું તેના જેવું વર્તન કરતાં શીખે અને જીવને જોખમમાં નાખે.

*– 3 –*

26કોઈનો જામીન થતો નહીં કે કોઈના દેવાની જવાબદારી લઈશ નહીં. 27જો તારી પાસે દેવું ચૂકવવા માટે કઈં પણ નહીં હોય તો તારી તળેથી તે તારી પથારી લઈ જશે.

*– 4 –*

28તારા પિતૃઓએ તોડેલા જૂના સીમાના પથ્થર હઠાવીશ નહીં.

*– 5 –*

29પોતાના કામમાં કુશળ માણસને તું જુએ તો જાણજે કે, તે તો રાજાઓની હાજરીમાં રહેશે, રેંજીપેંજી માણસની હાજરીમાં નહીં રહે.

*– 6 –*

23 જ્યારે તું કોઈ શાશક સાથે ખાવા બેસે ત્યારે તું કોની સાથે બેઠો છે તે ધ્યાનમાં રાખજે. 2અને જો તારી ભૂખ પ્રબળ હોય તો તારે ગળે છરી મૂક. 3સ્વાદિષ્ટ વાનગીઓમાટે ઝૂરીશ નહીં, કારણકે તે ખોરાક છેતરામણો હોય છે.

*– 7 –*

4ધનવાન થવા માટે તન તોડીને વૈતરું ના કરીશ, હોશિયાર થઈને પડતું મૂકજે. 5તે (ધન) આંખના પલકારામાં ઊડીજશે. પૈસો પોતાના માટે પાંખો ઉગાડશે. આકાશમાં ઊડતાં ગરૂડની જેમ તે ઉડી જાય છે.

*– 8 –*

6કંજૂસને ત્યાં ભાણું ખાઈશ નહી, કે તેની સ્વાદિષ્ટ વાનગીની તું ઈચ્છા રાખતો નહીં. 7કારણકે, એ તારા ગળામાં વાળની જેમ ચોંટી જશે. તેં તને"ખાઓ, પીઓ" કહેશે તો ખરો, પણ મનથી નહિં કહે. 8તેં ખાધેલો કોળીયો પણ તારે ઓકી કાઢવો પડશે, અને તેં કરેલાં વખાણ નકામાં જશે.

*– 9 –*

9મૂર્ખને શિખામણ આપીશ નહીં, તારી સમજુ સલાહનો પણ તે તિરસ્કાર કરશે.

*– 10 –*

10અસલની હદના પથ્થરો ખસેડીશ નહિં, અને અનાથના ખેતરોમાં પ્રવેશ કરીશ નહીં. 11કારણ, તેમનું રક્ષણ કરનાર બળવાન છે; તે તારા વિરૂદ્ધ તેમનો પક્ષ લેશે.

*– 11 –*

12શિસ્તમાં ચિત્ત પરોવ અને જ્ઞાનને તારા કાને ધર.

*– 12 –*

13બાળકને ઠપકો આપતાં વિચલીત થઈશ નહીં. જો તું તેને ફટકારીશ તો તે કંઈ મરી જશે નહીં. 14તારે તેને ફટકારવું, અને તેને મૃત્યુથી ઉગારવો.

*– 13 –*

15બેટા, જો તું ડાહ્યો થઈશ તો મારું હૃદય હરખાશે. 16તારા મોઢે જ્ઞાનના સારા શબ્દો સાંભળીને હું રાજી થઈશ.

*– 14 –*

17તારા મનમાંય પાપીની ઈર્ષ્યા ન કરીશ, પણ હંમેશા યહોવાથી ડરીને ચાલજે. 18તો તારું ભવિષ્ય ઉજ્જવળ છે અને તારી આશા વ્યર્થ નહીં જાય.

*– 15 –*

19મારા દીકરા, મારી વાત સાંભળ અને ડાહ્યો થા, અને તારા ચિત્તને સાચા માર્ગે દોરજે. 20દ્રાક્ષારસ પીનારાઓનો અથવા તો જેઓ છૂટથી માંસ ખાય છે તેનો સંગ કરીશ નહીં. 21કારણકે, દ્રાક્ષારસ પીનારાઓ અને ખાઉધરાઓ કંગાળ દશાને પામે છે. અને ઊંઘ તેમને ચીથરાથી ઢાંકી દેશે.

*– 16 –*

22તારા પોતાના પિતાનું કહ્યું સાંભળ, એ તારા જન્મદાતા
છે; અને તારી જનેતાનો વૃદ્ધાવસ્થામાં ધિક્કારીશ નહીં.
23સત્યને ખરીદજે પણ વેચીશ નહીં; હા, જ્ઞાન, સુધારણા
અને સમજણ ખરીદજે પણ તેને વેચીશ નહીં. 24નીતિમાન
પુત્રના પિતા આનંદથી હરખાય છે, અને જે પુત્ર શાણો છે
તે તેના જન્મદાતાને આનંદ આપશે. 25તારા માતાપિતા
પ્રસન્ન થાય એવું કર. અને તારી જનેતાનું હૈયુ હરખાય
એવું કર.

*– 17 –*

26મારા દીકરા, મને તારૂં હૃદય આપ અને ભલે તારી
આંખો મારા માર્ગોને લક્ષમાં રાખ. 27વારાંગના એ ઊંડી
ખાઈ છે અને પરસ્ત્રી એ આફતોથી ભરેલો કૂવો છે. 28તે
લૂંટારાની જેમ સંતાઈને તાકી રહે છે. અને ઘણા પુરુષોને
અવિશ્વાસુ બનાવે છે.

*– 18 –*

29કોને મુશ્કેલી છે? કોણ ગમગીન છે? કોણ ઝઘડે છે?
કોણ ફરિયાદ કરે છે? કોણ વગર કારણે ઘવાય છે? કોની
આંખો લાલ છે? 30જેઓ દ્રાક્ષારસ જ પીધા કરે છે અને
જેઓ દ્રાસારસના નવાં નવાં મિશ્રણોની શોધમાં હોય છે.
31પ્યાલામાં ચળકતા દ્રાક્ષારસ સામે જોઈશ નહીં, કારણકે,
એ સહેલાઈથી ગળે ઊતરી જાય છે. 32અને આખરે તે સર્પની
જેમ કરડે છે, અને નાગની જેમ ડસે છે.

33તારી આંખો ચિત્રવિચિત્ર વસ્તુઓ જોશે અને તારે મોઢેથી
ઉલટસૂલટ વાણી નીકળશે. 34તને એવું થશે કે, હું સમુદ્રમાં
હાલકડોલક થતાં વહાણમાં સૂતો છું. 35તું કહેશે કે, "કોઈએ
મને માર્યુ પણ મને વાગ્યું નહીં, કોઈએ મને ઝૂડ્યો પણ
મને ખબર પડી નહીં, હું ક્યારે જાગીશ? ચાલો ફરી એકવાર
પી નાખીએ."

*– 19 –*

24 દુર્જનોની ઈર્ષ્યા કરીશ નહીં કે તેમની સાથે
રહેવાની ઈચ્છા સેવીશ નહીં. 2કારણ, તેમનાં મન
હિંસાના વિચારો કરે છે અને તેમના મોઢેથી ઉપદ્રવની વાણી
નીકળે છે.

*– 20 –*

3જ્ઞાન વડે ઘર બંધાય છે; સમજદારીથી તે સ્થિર થાય છે.
4અને શાણપણથી તેના ઓરડા બધીજ જાતની મૂલ્યવાન
અને સુખદાયક વસ્તુઓથી ભરાય છે.

*– 21 –*

5શરીરબળ કરતાં બુદ્ધિબળ સારું, જ્ઞાની વ્યક્તિ શક્તિશાળી
વ્યક્તિ કરતાં વધારે મહાન છે. 6કુશળ યોજનાથી યુદ્ધ જીતાય
છે, અને અનેક સલાહકારોથી વિજય નિશ્ચિત બને છે.

*– 22 –*

7ડહાપણ મૂરખના ગજા બહારની વસ્તુ છે, તેથી તે જાહેર
સભામાંપોતાનું મોંખોલી શકતો નથી.

*– 23 –*

8જે ભૂંડુ કરવા માટે યુક્તિઓ રચે છે, તેને લોકોમાં ઉપદ્રવી
માણસ તરીકે ઓળખાય છે. 9મૂર્ખ પાપ ભરેલી યોજનાઓ
ઘડ્યા કરે છે, લોકો જે વ્યક્તિ બડાઈ હાંકે છે તેને
ધિક્કારે છે.

*– 24 –*

10સંકટ આવતાં જો તમે તમારી હિંમત હારી બેસશો તો
તમે નબળા છો.

*– 25 –*

11જેઓને મોત માટે ઘસડી જવામાં આવતા હોય તેમને
છોડાવ, જેઓ લથડતે પગે હત્યા માટે જઈ રહ્યા હોય તેમને
ઉગારી લે. 12જો તું કહે કે, "અમે તો એ જાણતા નહોતા," તો
જે અંત:કરણોની ચકાસણી કરે છે તે શું જાણતો નહોત? અને
જે તારા જીવનનો રક્ષક છે તે શું જાણતો ન હોત? અને તે
પ્રત્યેક વ્યક્તિને તેમનાં કર્મ પ્રમાણે પાછું આપશે?

*– 26 –*

13બેટા,મધ ખા; તે ગુણકારી છે, એનો સ્વાદ મીઠો છે.
14જાણો કે જ્ઞાન તમારા જીવનમાટે સારૂં છે; જો તું તેને
પ્રાપ્ત કરે તો તારું ભાવિ ઉજ્જવળ છે, તારી આશા વ્યર્થ
નહીં જાય.

*– 27 –*

15હે દુષ્ટ માણસ, સજ્જનનાં ઘર આગળ લાગ જોઈ બેસી
રહીશ નહીં, તેના ઘર પર આક્રમણ કરીશ નહીં. 16કારણકે,
સજ્જન સાત વાર પડશે તોયે પાછો ઊભો થશે, પણ દુર્જન
વિપિત્તિ આવતાં ભાંગી પડે છે, પાયમાલ થઈ જાય છે.

*– 28 –*

17દુશ્મનની પડતી જોઈને હરખાઈશ નહીં, અને તે ગબડે
ત્યારે રાજી ન થઈશ; 18નહીં તો યહોવા એ જોશે અને નારાજ
થશે, અને તેના ઉપરથી પોતાનો રોષ પાછો ખેંચી લેશે.

*– 29 –*

19જેઓ દુષ્કર્મો કરે છે તેની ઉપર ગુસ્સે થતો નહીં કે
દુર્જનની ઈર્ષ્યા કરતો નહીં. 20કારણકે, દુર્જનને કોઈ ભાવિ
નથી, તેનો દીવો હોલવાઈ જશે,

*– 30 –*

21બેટા, યહોવાથી અને રાજાથી ડરીને ચાલજે, બળવાખોરો
સાથે કશો સંબંધ રાખીશ નહીં; 22કારણ, તેમના તરફથી

અચાનક આફત આવી પડે છે, અને કોને ખબર છે કે બંને
કેવી પાયમાલી મોકલશે?

### અસંખ્ય બોધ વચનો

23આ જ્ઞાનીઓના શબ્દો છે, ન્યાયમાં પક્ષપાત બતાવવો
તે યોગ્ય નથી. 24ગુનેગારને નિર્દોષ ઠરાવનારને બધા લોકો
શાપ દેશે, પ્રજાઓ તેને ઠપકો આપશે. 25પણ જેઓ દોષીને
ઠપકો આપશે તેમનું ભલું થશે. તેમના પર આશીર્વાદ ઊતરશે.
26સાચો જવાબ મૈત્રીભર્યા ચુંબન જેવો છે.
27તારૂં બહારનું કામકર, જમીન ખેડ, અને તારૂં ઘર બાંધ.
28કારણવગર તારા પાડોશી વિરૂદ્ધ સાક્ષી પૂરીશ નહીં,
તારે મોઢે તેની વિરૂદ્ધ ખોટું બોલીશ નહીં.
29એવું ના કહીશ કે, "એણે મારી સાથે વર્તાવ રાખ્યો છે
તેવો જ હું એની સાથે રાખીશ, એણે જે કર્યુ છે તેને હું પાછું
વાળી દઈશ.
30હું આળસુ વ્યક્તિના ખેતર માંથી જઈને તથા મૂઢ
માણસની દ્રાક્ષાવાડી પાસેથી પસાર થતો હતો. 31ત્યારે મેં
જોયું તો બધે જાંખરા ઊગી નીકળ્યાં હતાં. જમીન કાંટાથી
છવાઈ ગઈ હતી. અને પથ્થરની વાડ તૂટી પડી હતી. 32એ
જોઈને મેં વિચાર કર્યો, એ ઉપરથી હું શીખ્યો કે, 33થોડું
ઊંઘો, થોડું ઘોરો, હાથ જોડીને થોડો આરામ કરો. 34એમ
કરવાથી દરિદ્રતા લૂંટારાની જેમ તથા હથિયારધારી યોદ્ધા ની
જેમ જરૂરિયાતો આવી પહોંચશે.

### સુલેમાનના નીતિવચનો ગુચ્છ બીજો

25 આ પણ સુલેમાનનાં નીતિવચનો છે. જે
યહૂદિયાના રાજા હિઝિક્યાના માણસોએ ઉતારી
લીધાં હતાં
2કોઈ બાબત ગુપ્ત રહે તેમાં દેવનો મહિમા છે, કાંઈ
બાબત શોધી કાઢવી એમાં રાજાનો મહિમા છે.
3આકાશની ઊંચાઈને પૃથ્વીની ઊંડાઈની જેમ રાજાનું
મન પણ અગાધ છે.
4ચાંદીમાંથી નકામો ભાગકાઢી નાખો એટલે રૂપાનો કારીગર
તેમાંથી વાસણ બનાવી શકશે. 5રાજા પાસેથી દુષ્ટોને દૂર
કરો એટલે તેનું સિંહાસન ન્યાયવડે સ્થિર થશે.
6રાજાની હાજરીમાં પોતાની બડાઈ ન કરવી. મહત્વના
માણસોની જગ્યાએ ઊભા ન રહેવું. 7ઉમરાવ ના દેખતાં
તને નીચે ઉતારવામાં આવે તેના કરતાં "આમ આવો" કરીને
ઉપર બેસાડે એ વધું સારું છે.
8તેં જે જોયું હોય તેને વિશે ન્યાયાલયે દોડી જવામાં
ઉતાવળ ન કરીશ, કારણ, જ્યારે તને તારો પાડોશી, ખોટો
સાબિત કરશે તો તું શું કરીશ?
9તારા પાડોશી સાથેના વિવાદ નું જરૂર તું નિરાકરણ કર,
પણ બીજા કોઈની ગુપ્ત વાત ખુલ્લી ન કરતો. 10રખેને એ
સાંભળી જનાર તારી નિંદા કરે અને તારી કાયમની બદનામી
થાય.
11ઔચિત્યપૂર્વક બોલેલો શબ્દ રૂપાની ટોપલીમાંનાં
સોનાનાં ફળ જેવો છે.
12જ્ઞાની વ્યક્તિનો ઠપકો કાને ધરનારને માટે સોનાની
કડી અને સોનાના ઘરેણાં જેવા છે.
13વફાદાર સંદેશાવાહક તેના મોકલનાર માટે ઉનાળામાં
બરફ જેવો શીતલ હોય છે, તે પોતાના ધણીના આત્માને
ફરીથી તાજો કરે છે.
14જેએમ કહે છે કે તે ભેટ આપશે, પણ કોડીય આપતો
નથી, તે વરસાદ વગરના વાદળ અને વાયુ જેવો છે.
15ધીરજ થી અધિકારીને પણ કદાચ મનાવી શકાય, અને
કોમળ જીભ હાંડકાને ભાગે છે.
16જો તને મધ મળ્યું હોય, તો જોઈએ તેટલું જ ખા;
કારણકે જો તું વધારે પડતું ખાઈશ તો તું વમન કરીશ. 17તું
તારા પાડોશીના ઘરમાં ક્વચિત જ જા; નહીં તો તે તારાથી
કંટાળીને તારો ધિક્કાર કરશે.
18પોતાના પાડોશી વિરૂદ્ધ જૂઠી સાક્ષી પૂરનાર માણસ
હથોડી, તલવાર તથા તીક્ષ્ણ તીર જેવો છે. 19સંકટ સમયે
ધોખાબાજ માણસ પર મૂકેલો વિશ્વાસ સડેલા દાંત અને
ઊતરી ગયેલા પગ જેવો છે.
20ઉદાસ વ્યક્તિની આગળ ગીતો ગાવાં તે ઠંડીમાં બંડી
કાઢી લેવા જેવું છે, અથવા ઘા ઉપર સરકો રેડવા જેવું છે.
21જો તારો શત્રુ ભૂખ્યો હોય તો તેને ખાવા માટે રોટલો
આપ. અને તરસ્યો હોય તો પીવા માટે પાણી આપ. 22એમ
કરવાથી તું તેના માથા ઉપર સળગતો કોલસો મૂકતો હોઈશ.
અને યહોવા તને તેનો બદલો આપશે.
23ઉત્તરનો પવન વરસાદ લાવે છે; કુથલીં ક્રોધિત દેખાવ
લાવે છે.
24કજીયાખોર સ્ત્રીની સાથે ઘરમાં અંદર રહેવાં કરતાં
ધાબાના ખૂણામાં વાસ કરવો સારો.
25દૂર દેશથી આવતા શુભ સમાચાર તરસ્યા ગળા માટે
શીતલ પાણી જેવા લાગે છે.
26જે સજ્જન માણસ દુષ્ટ માણસની સામે પડે છે તે
ડહોળાયેલા ઝરણા કે ઝેર ભરેલા કૂવા જેવો છે.
27વધુ પડતું મધ ખાવું સારું નહીં, પોતાની મોટાઈ પોતે
ગાવામાં મોટાઈ નથી.
28જે વ્યક્તિ પોતાની જાત પર કાબૂ ધરાવતો નથી તે
માણસ કોટ વગરનાં નગર જેવો છે.

### મૂર્ખ વિષે બોધ વચન

26 ઉનાળામાં હિમ અને કાપણી કરતી વખતે વરસાદ
કમોસમનો ગણાય તેમ મૂરખને સન્માન શોભતું
નથી.
2જેમ ભટકતી ચકલી, અને જેમ ઉડતું આબાબીલ પક્ષી
છે. તેમ વિનાકારણે આપેલો શાપ અદ્ધર જ રહેશે.
3ઘોડાને માટે ચાબૂક, અને ગધેડાને માટે લગામ હોય છે,
તેમ મૂર્ખોની પીઠને માટે દંડો છે.

4મૂર્ખને તેની મૂર્ખાઈ પ્રમાણે જવાબ ન આપવો, રખેને તું પણ તેના જેવો થઈ જાય. 5મૂર્ખને તેની મૂર્ખતા પ્રમાણે જ ઉત્તર આપ. જેથી તે જાણી શકે કે તે પોતાને માને છે તેટલો બુદ્ધિશાળી નથી.

6જે વ્યક્તિ પોતાનો પગ કાપી નાખે છે તે પોતાની જાત સાથે હિંસા કરે છે. તેવીજ રીતે જે કોઈ મૂર્ખ મારફત સંદેશો મોકલાવે છે.

7મુશ્કેલીઓ માગવા બરાબર છે. મૂર્ખના મોઢામાં શાણી વાત એ લંગડાના પગ જેવું નકામું છે.

8જે વ્યક્તિ મૂર્ખને માન આપે છે, તે વ્યક્તિ ગોફણનો પથ્થર બાંધે.*

9જેમ પીધેલાના હાથમાં કાંટાની ડાળી હોય છે તેવીજ રીતે મૂર્ખના મોઢામાં સારી વાત.

10મૂર્ખને કે એક દારૂડિયા ને કામે રાખનાર કોઈને પણ વીંધનાર બાણાવાળીની જેમ સૌને નુકસાન કરે છે.

11જેમ કૂતરો ઉલટી કરેલું ફરી ખાય છે તેમ મૂર્ખ કરેલી ભૂલ ફરી ફરીને કરે છે.

12પોતાને જ્ઞાની સમજનાર માણસ કરતાં મૂર્ખ સારો, એને સુધરવાની આશા છે.

### આળસુ વ્યક્તિના બોધ વચન

13આળસુ બહાના કાઢે છે, "રસ્તામાં સિંહ છે, ગલીઓમાં સિંહ છે."

14જેમ બારણું તેના મિજાગરા પર ફરે છે, તેમ આળસુ પથારી માં ફર્યા કરે છે.

15આળસુ પોતાનો હાથ થાળીમાં નાખે છે ખરો; પણ તેને પાછો પોતાના મોં સુધી લાવતાં થાક લાગે છે.

16હોંશિયારીથી ઉત્તર આપી શકે તેવા સાત માણસો કરતાં આળસુ પોતાની નજરે પોતાને વધારે ડાહ્યો ગણે છે.

17વ્યક્તિ, જે તેનો પોતાનો ન હોય તેવા કજિયામાં દખલ કરે છે, તે કૂતરાના કાન પકડનારના જેવો છે.

18જેઓ ખોયણાં, તીર તથા પ્રાણઘાતક વસ્તુઓ ફેંકે છે તે
ઘેલો માણસ છે. 19તેવી જ વ્યક્તિ પોતાના પાડોશીને છેતરીને, 'એ તો હું મશ્કરી કરતો હતો.' એમ કહેનાર છે.

20બળતણ ન હોવાથી અગ્નિ હોલવાઈ જાય છે; અને કુથલી ખોર ન હોય ત્યાં કજિયા સમી જાય છે.

21જેમ અંગારા કોલસાને, અને અગ્નિ લાકડાને સળગાવે છે; તેમ કંકાસ ખોર માણસ કજિયા સળગાવે છે.

22નિંદા કરનાર વ્યક્તિના શબ્દો સ્વાદિષ્ટ કોળિયા જેવા લાગે છે; તે શરીરના અંતરતમ ભાગમા ઊતરી જાય છે.

23કુટિલ હૃદય અને મીઠી વાણી એ અશુદ્ધ ચાંદીનો ઢોળ
ચઢાવેલાં માટીના વાસણ જેવો છે. 24ધિક્કારવા લાયક માણસ
મનમાં દગો રાખે છે. પણ પોતાની વાણીથી તેને છુપાવે છે.
25જ્યારે તે મીઠી મીઠી વાતો કરે ત્યારે વિશ્વાસ ન કરવો,
કારણ, તેના હૃદયમાં ઘણી દુષ્ટ યોજનાઓ છે. 26વ્યક્તિ
દંભથી તિરસ્કારને છુપાવે છે, પણ તેની દુષ્ટતા જાહેર સભાસામે ઉઘાડી પડી જશે.

27જે ખાડો ખોદે તે પડે, ને જો કોઈ વ્યક્તિ પથ્થર ગબડાવે તો તે પથ્થર ગબડીને તેના પર જ પાછો આવીને પડે.

28જૂઠી જીભે પોતે જેઓને ઘાયલ કર્યા છે, તેમનો તે દ્વેષ કરે છે; અને ખુશામત કરનાર વ્યક્તિને લોકો નકારે છે.

27 આવતી કાલની બડાશ મારીશ નહીં, કારણ, આવતીકાલે શું થઈ જાય તે તું જાણતો નથી.

2તારાં વખાણ બીજાને કરવા દે, તારે મોઢે ન કર; પારકો ભલે કરે, તું ન કર.

3પથ્થર વજનદાર હોય છે, અને રેતી ભારે હોય છે; પરંતુ મૂર્ખની ઉશ્કેરણી બંને કરતા ભારે હોય છે.

4રોષ ભયંકર હોય છે અને ક્રોધ કપરો હોય છે, પણ ઈર્ષ્યા આગળ કોણ ટકી શકે?

5છુપાવેલા પ્રેમ કરતાં ઉઘાડો ઠપકો સારો છે.

6મિત્રના ઘા પ્રમાણિક હોય છે, દુશ્મનનાં ચુંબન શંકાશીલ હોય છે.

7ધરાયેલાને મધ પણ કડવું લાગે છે, જ્યારે ભૂખ્યાને કડવું પણ મીઠું લાગે છે.

8પોતાનું ઘર છોડીને ભટકતી વ્યક્તિ એટલે પોતાનો માળો છોડી દીધેલા પક્ષી જેવી છે.

9તેલ અને અત્તરથી મન પ્રસન્ન થાય છે, મિત્રની મીઠાશ વ્યક્તિની પોતાની સલાહ કરતાં વધારે સારી છે.

10તારા પોતાના મિત્રને તથા તારા પિતાના મિત્રને ન ત્યજીશ. વિપત્તિને સમયે તારા ભાઈને ઘેર ન જઈશ. દૂરના ભાઈ કરતાં નજીકનો પાડોશી સારો.

11બેટા, જ્ઞાની થા અને મારા હૃદયને આનંદથી ભરી દે, જેથી મને મહેણાં મારનારને હું જવાબ આપી શકુ.

12ચતુર વ્યક્તિ આફતને આવતી જોઈને તેને ટાળે છે, અવિચારી માણસ આગળ વધતો રહે છે અને તેને લીધે સહન કરે છે.

13અજાણ્યાનો જામીન થનારનાં કપડાં લઈ લેવાં, અને જો તે દુરાચારી સ્ત્રીનો જામીન થાયતો તેને તાબામાં પકડી લેવો.

14જે કોઈ પરોઢિયે ઊઠીને પોતાના મિત્રને મોટે સાદે આશીર્વાદ દે છે, તે તેને શાપ સમાન લાગશે.

15ચોમાસામાં ચૂતું છાપરું ને કજિયાળી સ્ત્રી બંને બરાબર.

16જે તેણીને રોકી શકે તે પવનને રોકી શકે, અને પોતાના જમણા હાથમાં લગાવેલા તેલની સુગંધ પણ પકડી શકે.

17લોઢું લોઢાને તેજ બનાવે છે, તેમ એક મિત્ર બીજા મિત્રને તેજ બનાવે છે.

18જે અંજીરી સાચવે તે અંજીર ખાય, જે પોતાના ધણીની કાળજી કરે છે તે માન પામે છે.

19જેમ માણસોનો ચહેરો પાણીમાં પ્રતિબિંબિત થાય છે, તેવીજ રીતે એક માણસનું હૃદય બીજા માણસના હૃદયમાં પ્રતિબિંબિત થાય છે.

---

**ગોફણનો પથ્થર બાંધો** એટલે કે પથ્થરને ફેંકાતો અટકાવવો. આવી ક્રિયાનો કોઈ અર્થ નથી.

20જેમ શેઓલ અને એબેદોન કદી તૃપ્ત થતાં નથી; તે જ રીતો માણસની આંખો કદી તૃપ્ત થતી નથી.

21રૂપું ગાળવા સારું કુલડી અને સોનાને માટે ભઠ્ઠી હોય છે તેમ વ્યકિતની પરીક્ષા બીજા તેની પ્રશંસા કરે તેના પરથી થાય છે.

22ઘંટીમાં અનાજની જેમ દળાય તોયે મૂર્ખની મૂર્ખાઇ ન જાય.

23તારાં ઘેટાંબકરાંની પરિસ્થિતીથી બરાબર માહિતગાર રહે. તારા ઢોરઢાંખરની પૂરતી સંભાળ લે. 24કારણ ધન સદા ટકતું નથી ને રાજમુગટ કાયમ રહેતો નથી. 25સૂકું ઘાસ વઢાઇ જાય ત્યાં નવું ઘાસ ફૂટે છે, પર્વત પરની વનસ્પતિઓ ભેગી કરી લેવામાં આવે છે. 26ઘેટાં તને વસ્ત્રો આપે છે, અને બકરાં તારાં ખેતરનું મૂલ્ય છે; 27વળી બકરીનું દૂધ તને, તારા કુટુંબને અને તારી દાસીઓના ગુજરાન માટે ચાલશે.

28 કોઈ પાછળ ન પડ્યું હોય તોયે દુષ્ટ વ્યકિત ભાગે છે, પણ ભલી વ્યકિત તો સિંહની જેમ હિંમતવાન હોય છે. 2ગુનાથી ભરેલા દેશમાં તેના રાજકર્તાઓ વારંવાર બદલાય છે. પણ સમજુ અને શાણા રાજકર્તા હેઠળ તે દીર્ઘકાળ પર્યંત સ્થિરતા અનુભવે છે.

3અસહાયને રંજાડતી ગરીબ વ્યકિત પાકનો તદન નાશ કરનાર વરસાદની હેલી જેવો છે.

4જેઓ નિયમથી દૂર વળી જાય છે, તેઓ દુર્જનને વખાણે છે, પણ તે પાળનારા તેમનો વિરોધ કરે.

5દુષ્ટ માણસો ન્યાય સમજતાં નથી; પણ જેઓ યહોવાને શોધે છે તેઓ આ સઘળી બાબતો સમજે છે.

6અવળા માર્ગે ચાલનારા ધનવાન કરતાં પ્રમાણિકપણે ચાલનારો ગરીબ વધારે સારો.

7જે પુત્ર નિયમને અનુસરે છે તે ડાહ્યો છે. પરંતુ નકામા લોકોની સોબત રાખનાર પુત્ર પિતાના નામને બટ્ટો લગાડે છે.

8જે કોઈ વ્યાજખોરી અને, વધુ પડતી નફાખોરીથી સંપત્તિની વૃદ્ધિ કરે છે તે તે દરિદ્રી પર દયા રાખનારને માટે તેનો સંગ્રહ કરે છે.

9જે વ્યકિત નીતિનિયમ પાળતો નથી તેની પ્રાર્થના બેસ્વાદ હોય છે.

10જે કોઈ પ્રમાણિકને કુમાર્ગે ભટકાવી દે છે, તે તેના પોતાના જ ખાડામાં પડે છે, પણ નિર્દોષ માણસનું ભલું થાય છે.

11ધનવાન પોતાને ડાહ્યો માને છે પણ શાણો ગરીબ તેના દ્વારા સત્ય જાણે છે,

12જ્યારે ન્યાયી વિજયી થાય છે ત્યારે આનંદોત્સવ મચી જાય છે. પણ દુર્જનો સત્તા ઉપર આવે ત્યારે લોકો સંતાઇ જાય છે.

13જે પોતાના અપરાધોને ઢાંકે છે, તેની આબાદી થશે નહીં, પણ જે કોઈ તેને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે.

14જે હંમેશા સાવધ રહે છે તે સુખી છે, પણ જે નઠોર બની જાય છે તે દુ:ખી થશે.

15ગરીબો પર રાજ્ય કરતો દુષ્ટ રાજકર્તા ત્રાડ નાખતા સિંહ જેવો અને ધસી આવતા રીંછ જેવો છે.

16સમજણ વગરનો શાસનકર્તા જુલમો વધારે છે, પણ લાંચનો જેને તિરસ્કાર છે તે લાંબો સમય રાજ્ય કરશે.

17ખૂન માટે દોષી વ્યકિત કબર તરફ આગળ વધશે, કોઈ તેને મદદ કરશો નહીં.

18જે પ્રમાણિકતાથી ચાલે છે તે સુરક્ષિત છે, જે પોતાના માર્ગેથી ફંટાય છે. તેની અચાનક પડતી થશે.

19ખેડ કરશે તે પેટ ભરીને જમશે, પરંતુ જેઓ નકામી વસ્તુઓની પાછળ દોડે છે તેઓ ખૂબ ગરીબ રહેશે.

20વિશ્વાસુ વ્યકિત આશીર્વાદથી ભરપૂર થશે. પરંતુ ઉતાવળે ધનવાન થવા જનારને સજા થયા વગર રહેશે નહીં.

21પક્ષપાત કરવો એ યોગ્ય નથી; છતાં માણસ રોટલાના ટૂકડા માટે ગુનો કરે છે.

22લોભી વ્યકિત પૈસાદાર થવા માટે દોડે છે, પણ તેને ખબર નથી કે પોતાના ઉપર દ્રરિદ્રતા આવી પડશે.

23પ્રશંસા કરે છે તેના કરતાં જે વ્યકિત ઠપકો આપે છે તેને વધુ કૃપા મળશે.

24જે પોતાના માતાપિતાને લૂંટે અને કહે કે, એમાં પાપ નથી, તે નાશ કરનારનો સોબતી છે.

25જે વ્યકિત લોભી મનની હોય છે તે ઝઘડા જગાવે છે, પણ જે યહોવા ઉપર વિશ્વાસ રાખે છે તે સફળ થશે.

26જે માણસ પોતાની જાત ઉપર વિશ્વાસ રાખે છે તે મૂર્ખ છે; પણ જે કોઈ ડહાપણથી વર્તે છે તેનો બચાવ થશે.

27ગરીબને આપનારને ત્યાં ખૂટવાનું નથી, પણ જે આંખમીંચામણાં કરશે તે ઘણા શાપ પામશે.

28દુર્જનો સત્તા પર આવે ત્યારે લોકો સંતાઇ જાય છે. જ્યારે તેઓની પડતી આવે છે ત્યારે સજ્જનોની વૃદ્ધિ થાય છે.

29 જે માણસ વારંવાર ઠપકો પામ્યા છતાં પોતાની ડોક અક્કડ રાખે છે, તે અકસ્માત નાશ પામશે, તેનો કોઈ ઉપાય રહેશે નહીં.

2જ્યારે ન્યાયી લોકો સત્તા પર આવે છે ત્યારે લોકો આનંદોત્સવ કરે છે, પણ દુર્જનના હાથમાં સત્તા આવે છે ત્યારે તેઓ નિસાસા નાખે છે.

3જે કોઈ જ્ઞાનને પ્રેમ કરે તે પોતાના પિતાને આનંદ આપે છે; પણ જે વારાંગના સાથે સબંધ રાખે છે તે પોતાની છે તે સંપત્તિ પણ ગુમાવે છે.

4નીતિમાન ન્યાયી રાજા દેશને સ્થિરતા અર્પે છે, પણ ભેટ મેળવવાનું ચાહે છે તે તેનો નાશ કરે છે.

5જે પાડોશીના ખોટા વખાણ કરે છે તે તેને ફસાવવા જાળ પાથરે છે.

6દુર્જન પોતાના પાપનાં ફાંદામાં ફસાય છે. સજ્જન આનંદકિલ્લોલ કરે છે.

7સજ્જન ગરીબોના હિતની ચિંતા રાખે છે. દુર્જનને તે સમજવાની પણ પડી નથી.

8જેઓ ઉદ્ધત છે તેઓ શહેર ઉશ્કેરે છે, પરંતુ હોશિયાર
રોષને સમાવે છે.
9જો ડાહ્યો માણસ મૂર્ખ સાથે ન્યાયાલયમાં જાય તો તો
મૂર્ખ ડાહી વ્યકિત પર ગુસ્સે થશે અને હસશે, અને ત્યાં
કાંઈ સૂઝાવ નહીં હોય.
10લોહી તરસ્યા માણસો પ્રમાણિક માણસો ઉપર વેર રાખે
છે, અને તેઓ ન્યાયી માણસોને મારી નાખવા માટે ઝૂરે છે.
11મૂર્ખ પોતનો ક્રોધ બહાર ઠાલવે છે, પણ ડાહી વ્યકિત
પોતાની જાતને કાબૂમાં રાખે છે.
12કોઈ શાસનકર્તા જૂઠાંણું કાને ધરે છે, તો તેના બધા
અમલદારો દુષ્ટ થઈ જાય છે.
13ગરીબને જેઓ તેમને તકલીફ આપે છે તેમનામાં એક
સમાનતા છે. યહોવાએ તેમને જીવન આપ્યુ છે.
14જે રાજા વિશ્વાસુપણાથી ગરીબોનો ન્યાય કરે છે, તેનો
હોદ્દો સદાને માટે સ્થિર રહેશે.
15દંડો તથા ઠપકો જ્ઞાન આપે છે; પણ સ્વતંત્ર મૂકેલું
બાળક પોતાની માને ફજેત કરે છે.
16દુર્જનો સત્તા ઉપર આવે છે ત્યારે પાપ વધે છે, પણ
સજ્જનો તેમની પડતી થતી જોશે.
17તું તારા પુત્રને અનુશાશિત કરીશ તો તે તારા માટે
આશીર્વાદ રૂપ હશે, તે તારા હૈયાને હરખાવશે.
18જ્યાં દૈવી સંદેશ નથી, ત્યાં લોકો સ્વેચ્છાચારી બની
જાય છે, પણ જે દેવના કાનૂનને વળગી રહે છે તે સુખી છે.
19ગુલામોને એકલા શબ્દથી સુધારી ન શકાય, કારણ, તે
સમજશે પણ ગણકારશે નહીં.
20તમે ઝડપથી બોલતા માણસને જુઓ છો? તેના કરતાં
મૂર્ખ માટે વધારે આશા છે.
21નાનપણથી લાડમાં ઉછરેલો ગુલામ પછીથી કજીયાખોર
થઈ જાય છે.
22ક્રોધી માણસ ઝઘડા જગાવે છે, અને ટૂંકા મિજાજની
વ્યકિત ઘણા ગુના કરે છે.
23અભિમાન વ્યકિતને અપમાનિત કરે છે, પણ નમ્રતાથી
વ્યકિત સન્માન મેળવે છે.
24ચોરનો ભાગીદાર પોતાનો જ દુશ્મન છે; તેને જુબાની
આપવા માટે બોલાવાય છે, પણ સાક્ષી નથી પૂરતો.
25વ્યકિતનો ભય એ છટકુ છે, પણ જે યહોવા પર વિશ્વાસ
રાખે છે તે સુરક્ષિત છે.
26સૌ કોઈ શાશકની કૃપા શોધે છે, પણ ન્યાય તો યહોવા
પાસેથી જ મળી શકે છે.
27પણ સજ્જનો દુર્જનોને તિરસ્કારે છે અને દુર્જનો સાચા
માર્ગે ચાલનારને ધૂત્કારે છે.

### યાકેહના પુત્ર આગૂરના બોધ વચન

30 આ, માસાહના યાકેહના પુત્ર આગૂરના વચનો
છે. માનવીનો બોધ: ઈથીએલ અને ઉક્કાલને.
2નિશ્ચિતરીતે હું માણસોની વચ્ચે મહામૂર્ખ છું. હું માનવ
જેવો નથી. મારામાં માણસ જેવી બુદ્ધિ નથી.
3જ્ઞાન શીખ્યો નથી કે નથી મને પવિત્ર વસ્તુંનું જ્ઞાન.
4આકાશમાં કોણ ચડ્યો છે ને પાછો નીચે ઊતર્યો છે?
કોણે હવાને મૂઠ્ઠીમાં બાંધી રાખી છે? કોણે પાણીને પોતાના
ઝભ્ભા માં બાંધ્યું છે? પૃથ્વીની સીમાઓ બધી કોણે સ્થાપી
છે? જો તું જાણતો હોય, તો તેનું નામ શું છે? અને તેના
પુત્રનું નામ શું છે?
5દેવનું પ્રત્યેક વચન પારખેલું છે; જેઓ તેમનામાં આશ્રય
શોધે છે તેમના માટે તે ઢાલ છે. 6તેના વચનોમાં તું કશો
ઉમેરો કરીશ નહીં, નહીં તો તે તને ઠપકો આપશે ને તું જૂઠા
તરીકે પૂરવાર થઈશ."
7હે યહોવા, મેં તમારી પાસે બે વરદાન માંગ્યા છે; મારા
મૃત્યુ પહેલાં મને તેની ના પાડીશ નહીં. 8અસત્ય અને
વ્યર્થતાને મારાથી દૂર રાખજે, મને દરિદ્રતા કે દ્રવ્ય પણ ન
આપ; મને જરૂર જેટલો રોટલો આપજે. 9નહીં તો કદાચ હું
વધારે સંતુષ્ટ હોત અને તને નકારત અને કહેત કે, યહોવા
કોણ છે? અથવા હું કદાચ ગરીબ હોત અને ચોરી કરત અને
પછી મારા દેવના નામને ભ્રષ્ટ કર્યુ હોત.
10નોકરની ખરાબ વાતો જે ખોટી છે તે તેના માલિક
આગળ ન કર. રખેને તે તને શાપ દે, ને તેણે જે કર્યું હતું તેને
માટે તું દોષપાત્ર ઠરે.
11એવી પણ એક પેઢી છે કે, જે પોતાના પિતાને શાપ
આપે છે અને પોતાની માને આશીર્વાદ દેતી નથી.
12એવી પણ એક પેઢી છે,જે પોતાને પવિત્ર માને છે, પણ
તે પોતાની મલિનતામાંથી સ્વચ્છ થતી નથી.
13એવી પણ એક પેઢી છે, જેમના ઘમંડનો પાર નથી
અને જેઓ સૌને તુચ્છકારની નજરે જુએ છે.
14એવી પણ એક પેઢી છે, જેમનાં દાંત તલવાર જેવા
અને તેમના જડબા છરી જેવા હોય છે; તેઓ પૃથ્વી પરથી
કંગાળોને અને લોકોમાંથી જરૂરિયાત મંદોને ભરખી જાય છે.
15જળો ને બે દીકરીઓ છે. તેઓ "આપો! આપો!" એમ
ચીસો પાડે છે. જે કયારેય તૃપ્ત ન થાય, તેવી ત્રણ વસ્તુઓ
છે. પરંતુ ચાર, એવા છે કે જે કદી'બસ' કહેતા નથી: 16એટલે
શેઓલ; વાંઝણીનું ઉદર, તરસી જમીન અને અગ્નિ, જે કદી
'બસ' કહેતા નથી.
17જે આંખ તેના પિતાની મશ્કરી કરે છે અને તેની માતાની
આજ્ઞા માનવાની ના પાડે છે.તેની આંખને ફોડી નાંખો અને
ગીધડા ખાઈ જાઓ.
18ત્રણ વસ્તુઓ એવી છે, જેમારા માટે આશ્ચર્યજનક છે,
પરંતુ ચાર, એવી છે જે મને સમજાતી નથી; 19આકાશમાં
ઊડતા ગરૂડની ચાલ, ખડક ઉપર ચાલતા સાપની ચાલ,
મધદરિયે તરતા વહાણની ચાલ, અને યુવાન સ્ત્રી સાથેના
પુરુષના વ્યવહાર.
20વ્યભિચારી સ્ત્રીની રીત આવી હોય છે: તેણી ખાય છે
અને મોં લૂછી નાખે છે અને કહે છે કે," મેં કશું ખોટું કર્યુ
નથી."
21ત્રણ વસ્તુઓથી ધરતી ધ્રૂજે છે, પરંતુ ચાર,જે એનાથી
સહન થતી નથી; 22રાજગાદીએ બેઠેલો ગુલામ, અને

ખોરાકની વિપુલતા માણતો મૂરખ, 23પરણવા પામેલી પ્રેમથી વંચિત રહેલી સ્ત્રી, અને શેઠાણીની જગ્યાએ આવેલી ગુલામડી.

24પૃથ્વી પર ચાર વસ્તુ એવી છે, જે નાની છે, પણ અત્યંત હોશિયાર છે.

25કીડી કંઈ બળવાન પ્રજા નથી, પણ તેઓ ઉનાળામાં પોતાનો ખોરાક ભેગો કરે છે.

26ખડકમાં રહેતા સસલાં પણ નિર્બળ પ્રજા છે, તો પણ તેઓ સર્વ પોતાનાં રહેઠાણ ખડકોમાં બનાવે છે.

27તીડોનો કોઈ રાજા હોતો નથી. છતાં તેઓ બધાં ટોળાબંધ નીકળે છે.

28ગરોળીને તમે તમારાં હાથમાં પકડી શકો, છતાં તે રાજાઓના મહેલમાં પણ હોય છે.

29ત્રણ પ્રાણીઓના પગલાં દમાદાર હોય છે, હા, ચારની ચાલ દમાદાર હોય છે.

30એટલે સિંહ પશુઓમાં સૌથી બળવાન છે, અને કોઈને લીધે પીછે હઠ કરતો નથી.

31ઠસ્સાથી ચાલતો કૂકડો તથા બકરો; તેમજ પોતાની પ્રજાને દોરતો રાજા જેની સામે થઈ શકાય નહીં.

32જો તે ગર્વ કરવાની બેવકૂફી કરી હોય અને કોઈ ભૂંડો વિચાર તે કર્યો હોય, તો માંડી વાળજે.

33કારણકે દૂધ વલોવ્યાથી દહીં નીકળે, અને નાક રગડવાથી લોહી નીકળે, તેમ ક્રોધને છંછેડવાથી ઝગડો ઊભો થાય છે.

## રાજા લમૂએલના બોધ વચન

31 માસાઅ પાસેથી રાજા લમૂએલના નીતિવચનો જે તેને તેની માતાએ શિખવાડયા હતાં.

2"ઓ મારા પુત્ર, ઓ મારા ગર્ભના દીકરા, હે મારી
પ્રતિજ્ઞાઓના દીકરા, છે. 3તારી શક્તિ સ્ત્રીઓ ઉપર ન ખર્ચીશ,
તેમ તારી સત્તા એ રાજાઓનો નાશ કરનારા ઉપર ન વાપરીશ.
4દ્રાક્ષારસ પીવો તે રાજાનું કામ નથી, ઓ લમૂએલ; દ્રાક્ષારસની
પાછળ ઝૂરવું એ રાજકર્તાનું કામ નથી. 5કારણકે પીવાને
લીધે તેઓ પોતાના નિયમો ભૂલી જાય છે અને
કચડાયેલાઓને નિષ્પક્ષન્યાય આપી શકે નહીં. 6જેઓ
મરવાની અણી પર હોય તેને દ્રાક્ષારસ, અને જેઓ દુભાયેલા
હોય તેને દ્રાક્ષારસ આપવો. 7તેઓ દ્રાક્ષારસ પી શકશે અને
પોતાની ગરીબી ભૂલી જશે અને પોતાનાં દુ:ખોને સંભારશે
નહીં. 8જે પોતામાટે બોલી શકતો નથી તેને માટે તું બોલ
અને તું નિરાધારોના હકનો પક્ષ કર.9અને તેનો સાચો ન્યાય
કર, દીનદુ:ખીઓના અને જરૂરતમંદનાં હક્કનું રક્ષણ કર.

## પરિપૂર્ણ પત્ની

10*સમર્થ પત્ની કોને મળે? હીરામાણેક કરતાં પણ એનું મૂલ વધારે છે.

11તેનો પતિ તેના ઉપર પૂરો વિશ્વાસ રાખે છે, અને તેને સંપતિની કોઈ ખોટ નથી.

12તે જીવનભર પોતાના પતિનું ભલું જ કરે છે, કદી ખોટું કરતી નથી.

13તે ઊન અને શણ ભેગું કરે છે અને તેને ખંતથી પોતાના હાથે કાંતવામાં આનંદ માણે છે.

14તે વેપારીના વહાણ જેવી છે, તે દૂરથી અન્ન લઈ આવે છે.

15ઘરનાં સર્વને માટે નાસ્તો તૈયાર કરવા તે પરોઢ થતાં પહેલાં ઊઠી જાય છે, અને તેની દાસીઓ માટે દિવસભરના કામનું આયોજન કરે છે.

16તે બહાર જાય છે, ખેતર તપાસે છે અને ખરીદે છે. પોતાના નફામાંથી તે પોતાના હાથો વડે તે દ્રાક્ષની વાડી કરે છે.

17તે ખડતલ અને ભારે ઉધમી છે. તે કમર કસીને બાંય ચડાવીને કામ કરે છે.

18તે પોતાના વેપારના નફાનો ખ્યાલ રાખે છે. તેથી રાતભર તેનો દીવો હોલવાતો નથી.

19તે એક હાથે પૂણી પકડે છે ને બીજે હાથે તકલી ચલાવે છે.

20તે ગરીબોને ઉદાર મને આપે છે અને દીનદુ:ખીને છૂટે હાથે મદદ કરે છે.

21તેનાં ઘરના સભ્યો માટે તેને શિયાળાની બીક નથી. તેનાં આખા કુટુંબે ઊનનાં કિરમજી વસ્ત્ર પહેરેલાં છે.

22તે પોતાને માટે રજાઈઓ બનાવે છે; તેનાં વસ્ત્રો ઝીણા મલમલનાં તથા જાંબુડા રંગના છે.

23તેનો પતિ નગર દરવાજે આદર પામે છે અને દેશનાં મુખ્ય આગેવાનોમાં તેની ઊઠબેસ છે.

24તે વસ્ત્રો અને કમરબંધ વણીને વેપારીઓને વેચે છે.

25શક્તિ અને પ્રતિષ્ઠા તેના વસ્ત્રો છે. તે ભવિષ્ય વિષે ચિંતિત નથી. તેને વૃદ્ધાવસ્થાનો ડર નથી.

26તેના મોઢામાંથી જ્ઞાનની વાતો નીકળે છે. નમ્ર સૂચનો તેની જીભમાંથી નીકળે છે.

27તે પોતાના ઘરમાં બધા કામની દેખરેખ રાખે છે. અને તે કદી આળસ કરતી નથી.

28તેનાં સંતાનો જીવનમાં ઊંચે ઊડે છે, અને તેને ધન્યવાદ આપે છે. અને તેના પતિ તેના વખાણ કરે છે અને પ્રશંસા કરતાં કહે છે;

29જગતમાં ઘણી ઉમદા સ્ત્રીઓ છે, પણ તું તે સર્વ કરતાં ઉત્તમ છે.

30લાવણ્ય ભ્રામક છે ને સૌંદર્ય ક્ષણિક છે. પરંતુ યહોવાનો ડર રાખનાર સ્ત્રીની પ્રંશસા થવી જોઈએ.

31તેના કામની પ્રસંશા કરો અને ભલે તે તેને નગર દરવાજે પ્રતિષ્ઠા અપાવે.

---

**વચન 10-31** આ હિબ્રૂમાં અંર્તલિપિકા છે, કવિતાની દરેક કડી હિબ્રુ ભાષાના દરેક પછીના મૂળાક્ષરથી ચાલુ થાય છે.

# ગીત શાસ્ત્ર

## ભાગ પહેલો

### ગીત 1

1 દુષ્ટ લોકોની સલાહ જેઓ સ્વીકારતાં નથી; પાપીઓનાં માર્ગમાં જેઓ ઉભા રહેતા નથી; દેવની હાંસી ઉડાવનારા સાથે બેસતાં નથી; તેઓ સાચેજ સુખી છે, તેઓને ધન્ય છે.
2 યહોવાના નિયમશાસ્રથી તેઓ આનંદ માણે છે, રાત દિવસ યહોવાનાં વચનોનું જે મનન કરે છે; અને યહોવામય જીવન જીવવાં વિચાર્યા કરે છે,
3 તેઓ નદી કિનારે રોપાયેલાં વૃક્ષો જેવા છે, એ વૃક્ષો ઋતુ પ્રમાણે ઉત્તમ ફળો આપે છે; તેઓનાં પાંદડા કદી કરમાતાં નથી. તેઓ જે કાંઇ કામ કરે છે, તેમાં સફળ થાય છે .
4 પણ દુષ્ટો એવા નથી હોતા, તેઓની વાત જુદી છે. તેઓ ખરેખર પવનમાં ઉડતાં ફોતરાં જેવાં છે.
5 તેથી દુષ્ટો ન્યાયાસન આગળ ટકશે નહીં; ન્યાયીઓની સભામાં પાપીઓ ઊભા રહી શકશે નહીં.
6 યહોવા ન્યાયીઓની સંભાળ રાખે છે પરંતુ તે દુષ્ટ લોકોનો વિનાશ કરે છે.

### ગીત 2

1 બીજા રાષ્ટ્રના લોકો શા માટે ધાંધલ કરે છે? શા માટે તેઓ આવી નિરર્થક યોજનાઓ ઘડે છે?
2 કારણ, આ રાષ્ટ્રના રાજાઓ અને નેતાઓ, યહોવા અને તેણે પસંદ કરેલા રાજાઓની વિરૂદ્ધ જોડાયા છે.
3 તેઓ કહે છે, "આવો આપણે, દેવના બંધન તોડી પાડીએ. ગુલામીમાંથી મુકત થઇ જઇએ."
4 આકાશમાં બેઠેલા યહોવા તેમના પર હસે છે. મારો માલિક તેમની મજાક કરે છે.
5 અતિ ક્રોધમાં બોલી તેઓને ઠપકો આપશે, દેવના પ્રકોપથી સૌ અતિ ત્રાસ પામશે.
6 યહોવા કહે છે, "મારા પવિત્ર સિયોન પર્વત પર મેં મારા રાજાને અભિષિક્ત કર્યો છે."
7 મને સાંભળો, ઓ લોકો, હું તમને યહોવાના ઠરાવને વિષે કહીશ. યહોવાએ મને કહ્યુ, "તું મારો પુત્ર છે. આજે હું તારો પિતા થયો છુ."
8 તું મારી પાસે માંગ એટલે હું તને સર્વ જાતની પ્રજાઓ આપીશ.
9 તેમના પર લોઢાનાં દંડથી રાજ કર કે જે તેઓને વિખેરી નાખે જેવી રીતે લોઢાનો સળિયો માટીના ઘડાને તોડી નાખે. તેમજ તું કરજે.
10 પૃથ્વીના રાજવીઓ, તમે સૌ સમજણ રાખો, હજુ સમય છે, સત્તાધીશો તમે હવે આ બોધ લો.
11 યહોવાની સેવા આદર અને પ્રેમથી કરો. અને ભયથી થર થર કાંપો.
12 તેના પુત્રને ચુંબન કરો, જેથી તે રોષે ન ચઢે અને તારો નાશ ન થાય. કારણ કે યહોવા કોઇપણ સમયે તેનો કોપ દેખાડવા તૈયાર છે. જેઓ યહોવા પર ભરોસો રાખે છે તેઓ આશીર્વાદીત છે.

### ગીત 3

*પોતાના પુત્ર આબ્શાલોમથી નાસી જતી વખતનું દાઉદનું ગીત.*

1 "હે યહોવા, મારા વેરીઓ ઘણા વધી ગયા છે; ઘણા લોકો મારું ખોટું ઇચ્છનારા છે.
2 મને દેવ કદી તારશે નહીં, એમ પણ મારા વિષે અનેક લોકો કહે છે."
3 પણ હે યહોવા, તમે મારી ઢાલ છો; તમે મારું ગૌરવ છો; શરમથી ઝૂકી ગયેલા મારા માથાને ફકત તમેજ ઉપર ઊઠાવી શકશો.
4 હું મારી વાણીથી યહોવાને વિનંતી કરું છું, ત્યારે તે પોતાના પવિત્ર પર્વત પરથી, તેમના મંદિરમાંથી મને ઉત્તર આપે છે.
5 પછી હું શાંતિથી સૂઇ જાઉં છું, સવારે જાગીશ પણ ખરો! કારણ યહોવા મારું રક્ષણ કરે છે.
6 જે હજારો શત્રુઓએ મને ઘેરી લીધો છે તેઓથી હું જરાય ડરીશ નહીં.
7 હે યહોવા, ઉઠો; મારું તારણ કરો મારા દેવ; એમ હું તમને હાંક મારીશ; કારણકે તમે મારા સર્વ શત્રુઓના જડબાં પર પ્રહાર કર્યા છે અને તે દુષ્ટોના તમે દાંત તોડી નાખ્યાં છે.
8 યહોવાની પાસે તારણ છે, લોકો પર તમારો આશીર્વાદ ઉતારો.

## ગીત 4

*નિર્દેશક માટે, તારવાળાં વાજીંત્રો સાથે ગાવા*
*માટે. દાઉદનું ગીત.*

1 મારા ઉમદા દેવ, હું જ્યારે પ્રાર્થના કરું ત્યારે, મને
ઉત્તર આપજો, મારી પ્રાર્થના સાંભળીને તમારી કૃપા
વરસાવજો, મને મારી મુશ્કેલીઓમાં રાહત આપજો.
2 હે મનુષ્યો! કયાં સુધી મારા માટે ખરાબ બોલશો?
ક્યાં સુધી મને કહેવા માટે નવા જૂઠાણાં શોધશો?
તમે તો તે જૂઠાણાં કહેવાનું ચાહો છો.

3 તમારે જાણવું જોઈએ કે યહોવા તેમના વિશ્વાસુ
અનુગામીને સાંભળે છે. તેથી હું હાંક મારીશ ત્યારે
યહોવા જરૂર મને સાંભળશે.
4 તમે ગુસ્સે થયા હશો પણ પાપતો કરશોજ નહીં,
જ્યારે તમે પથારીમાં સૂવા જાવ ત્યારે તમારાં હૃદયમાં
ઉંડે સુધી વિચાર કરો અને શાંત થઈ જાવ.
5 યહોવાને ઉમદા અને યોગ્ય અર્પણો ચઢાવો અને
યહોવા પર ભરોસો રાખો.
6 એવું પુછનાર તો ઘણા છે, "અમને દેવની સુંદરતા
કોણ બતાવશે? હે યહોવા! તમારા ચમકતા ચહેરાનો
પ્રકાશ અમને બતાવો!"
7 હે યહોવા ઋતુંનો પાક જોઈ લોકો પ્રસન્નતા પામે
છે. પરંતુ તે કરતાં અધિક પ્રસન્નતા તમે મારા હૃદયમાં
મૂકી છે.
8 હું સૂઈ જઈશ ને શાંતિથી ઉંઘી પણ જઈશ, કારણ; હે
યહોવા! તમેજ એક મને સુરક્ષાથી સુવા દો છો.

## ગીત 5

*સંગીત નિર્દેશક માટે, બંસરી વાદ્ય માટે, દાઉદનું ગીત.*

1 હે યહોવા મારી પ્રાથના પર કાન ધરીને જરા, મારા
ચિંતન પર લક્ષ રાખો.
2 હે દેવ, મારા રાજા, મારી અરજ જરા સાંભળો; કારણ,
હું માત્ર તમારી જ પ્રાર્થના કરીશ, અન્યની નહીં.
3 હે યહોવા નિત્ય સવારે તમે મારો અવાજ સાંભળો
છો, જ્યારે હું તમારી સમક્ષ પ્રાર્થના કરું છું. અને હું
તમારા જવાબની આશા રાખીને રાહ જોઉં છુ.
4 હે યહોવા, મને ખબર છે, તમે દુષ્ટતાથી પ્રસન્ન
થાવ તેવા દેવ નથી; તમે કોઈની ભૂંડાઈ કે પાપ
સાંખી લેતા નથી.
5 તમે ઉદ્ધત લોકોનો અસ્વીકાર કરો છો, અને અનિષ્ટ
કરનારાને ધિક્કારો છો.
6 હે યહોવા તમે જૂઠું બોલનારાઓનો નાશ કરો છો,
તમે ખૂનીઓ અને ગુપ્ત રીતે બીજાને ઈજા પહોચાડવા
યોજના કરતાં લોકોનો તિરસ્કાર કરો છો.
7 હે યહોવા, ડરથી અને આદરથી હું તમારા પવિત્ર
મંદિરની સામે ઘૂંટણિયે પડીશ.
8 હે યહોવા! તમારા ન્યાયી અને સાચા માર્ગે મને
ચલાવો. કારણ કે મારા દુશ્મનો મારા દરેક પગલાં પર
નજર રાખે છે; મને સમજાવો, મારે શું કરવું અને ક્યાં
જવું.
9 કારણ, તેમની વાણીમાં કોઈ સચ્ચાઈ નથી, તેઓનું
હૃદય નીચતાથી ભરેલું છે. તેઓ મધુરભાષી છે! તેઓનું
ગળું એક ઉઘાડી કબર જેવુ છે. તે પોતાની જીભે
પ્રશંસા કરે છે.
10 હે દેવ! એ સૌને તમે દોષી, ગણો, અને તેમને તેમના
પોતાના જ છટકામાં સપડાવા દો તેમને તેમના પાપના
બોજ તળે કચડાઈ જવા દો કારણ કે તેઓ તમારી
વિરૂદ્ધ થઈ ગયાં છે.
11 પરંતુ જેમને તમારામાં વિશ્વાસ છે તેને ખૂબ સુખી
કરો– તેમને હંમેશ માટે આનંદિત કરો, તેઓનું રક્ષણ
કરો, જેઓ જેઓ તમારા નામને ચાહે છે તેઓ આનંદિત
થશે.
12 હે યહોવા, જ્યારે તમે સજ્જન લોકોને આશીર્વાદ
આપો છો, ત્યારે તમે તેની આજુબાજુ રક્ષણ કરતી
ઢાલ જેવા છો.

## ગીત 6

*નિર્દેશક માટે; તારવાળાં વાજીંત્રો સાથે અને શમીનીથ*
*સાથે ગાવા માટે. દાઉદનું ગીત.*

1 હે યહોવા! તમારા ક્રોધમાં, મને ધમકાવશો નહીં,
અને તમારા રોષમાં, મને શિક્ષા કરશો નહીં.
2 હે યહોવા! મારા પર દયા કરો, કારણ, હું માંદો અને
દુર્બળ છું. હે યહોવા, મને સાજો કરો, કારણ, મારા
હાડકા બહુ દુ:ખે છે.
3 હું ઘણો ભયભીત છું; મારું મન ભય અને અતિ
વ્યથાથી ભરાઈ ગયું છે. હે યહોવા, મને મદદ કરવામાં
ક્યાં સુધી વિલંબ કરશો?
4 હે યહોવા! પાછા આવો, મારો જીવ બચાવો. કૃપા
કરી દયા દાખવી મને મરણથી બચાવો.
5 મૃત લોકો પોતાની કબરોમાં તમને યાદ કરતાં નથી,
મૃત્યુની જગ્યાએ કોઈપણ તમારી સ્તુતિ કરતું નથી.
6 આખી રાત પ્રાર્થના કરીને અને નિ:સાસા નાખીને હું
નિર્બળ થયો છું, રોજ રાત્રે મારા આંસુઓથી મારું
બિછાનું ભીંજવું છું.
7 મારા શત્રુઓએ મને આપેલ કષ્ટોને લીધે શોકને
કારણે રૂદનથી મારી આંખો દુર્બળ બની ગઈ છે.
8 ઓ ભૂંડુ કરનારાઓ, મારાથી બધા દૂર થઈ જાઓ.
કારણ, યહોવાએ મારા વિલાપનો સાદ સાંભળ્યો છે.
9 યહોવાએ મારા કાલાવાલા સાંભળ્યા છે, મારી સર્વ
પ્રાર્થનાઓ માન્ય કરશે યહોવા.
10 મારા બધા શત્રુઓ ભયભીત અને નિરાશ થશે.
ઓચિંતા કઈ થશે અને તેઓ બધા લજ્જિત બની
ચાલ્યા જશે.

## ગીત 7

*દાઉદનું બિન્યામીનીતે કૂશના પુત્ર શાઉલના સંદર્ભમાં ગાયેલું યહોવાનું ગીત.*

1 હે યહોવા મારા દેવ, હું તમારો વિશ્વાસ કરું છું. મારી પાછળ પડેલા શત્રુઓથી તમે મારી રક્ષા કરો ને મને બચાવો.

2 રખેને સિંહની જેમ તે મને ચીરીને ફાડી નાખે, મને છોડાવનાર કોઈ ના હોય, એવું થવા દેશો નહીં.

3 હે મારા યહોવા દેવ! જો મેં એમ કર્યુ હોય; તો મારા હાથમાં કઈ ભૂડાઈ હોય.

4 અને જો મેં શાંતિમાં મારી સાથે રહેનારનું નુકશાન કર્યુ હોય, અને વિના કારણે કોઈ શત્રુ પર હુમલો કર્યો હોય અને તેમની પાસેથી વસ્તુઓ લૂંટી હોય.

5 તો ભલે મારા શત્રુઓ મને પકડીને મારો નાશ કરે, અને તેઓ મારું પતન કરે; અને મને ધૂળમાં રગદોળી નાખે! અને મારા આત્માને મૃત્યુની જગ્યાએ ધકેલી દેવાય.

6 હે યહોવા! કોપ કરીને ઉઠો, મારા શત્રુઓના ક્રોધની સામે ઊભા થાઓ, હે યહોવા, મારા માટે જાગૃત થાઓ અને ન્યાયની માગણી કરો.

7 હે યહોવા સર્વ પ્રજાઓને તમારી સમક્ષ એકત્ર કરો. તમારા રાજ્યાસન પર ઉચ્ચસ્થાને પુન: બિરાજો.

8 હે યહોવા, તમે સર્વ લોકોનો ન્યાય કરો છો, મને જાહેરમાં ન્યાયી ઠરાવો, અને તેઓ સમક્ષ મને તમે નિર્દોષ ને પ્રમાણિક સાબિત કરો.

9 હે યહોવા, દુષ્ટ લોકોના દુષ્ટ કાર્યોનો અંત લાવો. ન્યાયી અને નિષ્પક્ષ લોકોને ટેકો અને સામર્થ્ય આપો, કારણ કે તમે ન્યાયી દેવ છો, અને બધાના હૃદય અને આત્મા જોઈ શકો છો.

10 દેવ મારી ઢાલ છે, જે સત્ય અને ન્યાયી હૃદયવાળાને તારે છે.

11 દેવ ન્યાયી ન્યાયાધીશ છે, તે સત્યતાથી ન્યાય કરે છે; તે સર્વ દુષ્ટો પર, હંમેશા કોપાયમાન થાય છે.

12 જો માણસ પાપનું પ્રાયશ્ચિત નહીં કરે, તો તેની તીક્ષ્ણ તલવાર તે કરશે. તેણે પોતાના ધનુષને તાણીને સિદ્ધ કર્યુ છે.

13 યહોવાએ તેને માટે ભયંકર હથીયાર સજ્જ કર્યા છે. અને પોતાના તીરોને અગ્નિથી સળગતાં કર્યા છે.

14 એક દુષ્ટ માણસ દુષ્ટ કૃત્યો કરવાની યોજના બનાવે છે. તે દુષ્ટ કૃત્યોનો ગર્ભ ધારણ કરે છે અને જૂઠને જન્મ આપે છે.

15 તેણે ખાડા અને ખાઈ ખોધ્યા છે. અને તે પોતેજ તેમાં જઈને પડશે.

16 પોતાના દુષ્કૃત્યોથી તે પોતેજ મુશ્કેલીમાં મુકાશે; તે પોતાની ઉગ્રતાથી પોતેજ ત્રાસ સહન કરશે.

17 હું યહોવાનો આભાર માનું છું, અને તેમની પ્રશંસા કરું છુ. કારણ, તે ન્યાયી છે. હું પરાત્પર યહોવાના નામને સન્માનવા સ્તોત્ર ગાઈશ.

## ગીત 8

*નિર્દેશક માટે, "ગિત્તીથ સાથે ગાવાનું" દાઉદનું ગીત.*

1 હે યહોવા, અમારા દેવ! સમગ્ર પૃથ્વી પર તમારું નામ ઉત્તમ છે. ને તમારો મહિમા આકાશમાં ભરપૂર છે.

2 નવજાતો અને બાળકોના મુખમાંથી તમારી સ્તુતિની ગાથાઓ પ્રગટી છે. તમારા શત્રુઓને ચૂપ કરી દેવા માટે તમે તેમને આ શકિતશાળી ગીતો આપ્યા છે.

3 હે યહોવા, જ્યારે રાત્રે હું આકાશદર્શન કરું છું. ને ચંદ્ર તથા તારાઓથી ભર્યુ નભ નિહાળું છું, ત્યારે તમારા હાથનાં અદ્ભૂત કૃત્યો વિષે હું વિચારું છું.

4 પછી મને આશ્ચર્ય થાય છે, કે માનવજાત શું છે, જેનું તમે સ્મરણ કરો છો ? માણસો તે કોણ છે કે તેઓને તમે ધ્યાનમા લો છો?

5 કારણ, તમે એને દેવ કરતાં થોડોજ ઊતરતો સર્જ્યો છે, અને તેનાં માથા પર, મહિમા ને માનનો મુગટ મૂકયો છે.

6 તમેજ તેને, તમે ઉત્પન્ન કરેલી સૃષ્ટીનો અધિકાર આપ્યો છે. અને તે સઘળી સૃષ્ટિનો, તમે તેને કારભારી બનાવ્યો છે.

7 એટલે સર્વ ઘેટાં તથા બળદો, અને જંગલી પ્રાણીઓનો પણ.

8 વળી આકાશનાં પક્ષીઓ, સમુદ્રમાં રહેતા માછલાં તથા જીવોનો પણ.

9 હે યહોવા, અમારા દેવ! સમગ્ર વિશ્વમાં તમારું નામ સૌથી મહાન છે.

## ગીત 9

*નિર્દેશક માટે. રાગ: "બેન નો અલઅમોથ"*
*દાઉદનું ગીત.*

1 હું યહોવાની, મારા સંપૂર્ણ હૃદયથી આભારસ્તુતિ કરીશ; અને તેમના અદભૂત કૃત્યો હું પ્રત્યેક વ્યકિત સમક્ષ પ્રગટ કરીશ.

2 હે દેવ, હું તમારામાં આનંદ પામીશ અને ખુશ થઈશ. સૌથી ઉંચા દેવ હું તમારી પ્રશંશા કરતાં સ્તોત્રો ગાઈશ.

3 મારા સર્વ શત્રુઓ પાછા ફરીને તમારાથી ભાગશે અને તેઓ ઠોકર ખાઈને નાશ પામશે.

4 અને ન્યાયાસન પર બેસીને તમે સાચો ન્યાય કર્યો છે. તમે મને ન્યાય કરીને મારી સજા નિશ્ચિત કરી છે.

5 હે યહોવા તમે વિદેશી રાષ્ટ્રોને, અન્ય પ્રજાઓને અને દુષ્ટ લોકોનો નાશ કર્યો છે. અને તમે સદાને માટે તેઓના નામ ભૂંસી નાખ્યાં છે.

6 હે યહોવા, સર્વ શત્રુઓનો અંત આવ્યો છે. ને સદાકાળ
માટે નાશ પામ્યા છે. જે નગરો તમે પાયમાલ કર્યા
છે, તેના નામોનિશાન નથી રહ્યાં.
7 પરંતુ યહોવા સદાકાળ રાજા તરીકે બિરાજે છે; અને
તેમની રાજગાદી સદા ન્યાય કરવાં સ્થાયી છે.
8 તે જગતનો ન્યાય નિશ્પક્ષતાથી કરે છે. અને તે રાષ્ટ્રોનો
ન્યાય પ્રમાણિકતા થી કરે છે.
9 યહોવા, ત્રાસીને હેરાન થયેલા લોકોને કિલ્લારૂપ થશે,
તે સર્વ સંકટોમાં સહુ લોકોના ગઢ થશે.
10 જેઓ તમારૂં નામ જાણે છે તેઓ તમારો વિશ્વાસ
કરશે, કારણકે તમારી પાસે મદદ માટે આવેલાંઓને
તમે કયારેય તરછોડયા નથી.
11 યરૂશાલેમમાં વસનાર યહોવાના સ્તુતિગાન ગાઓ;
ભૂલી ન શકાય તેવાં તેમના કૃત્યો જગતને જણાવો.
12 કારણ જે ન્યાય શોધતા હોય છે તેઓને તે યાદ રાખે
છે.* તેઓ રૂદન કરતા ગરીબ લોકોને મદદ કરવાનું
ભુલતાં નથી.
13 "હે યહોવા, તમે મારા પર દયા કરો, મને મોતના
મુખમાંથી બચાવો, મને કેવું દુ:ખ છે! તે તમે જુઓ.
14 જેથી પછી હું યરૂશાલેમના દરવાજે બધા લોકોની
સમક્ષ તમારી સ્તુતિ ગાઈશ. અને તમારા રક્ષણમાં
ખુશ રહીશ."
15 જે રાષ્ટ્રોએ બીજાઓ માટે ખાડા ખોધ્યા હતા, તેઓ
પોતેજ ખાડામાં પડયા છે. તેઓ પોતે ગોઠવેલા
છટકામાં પોતેજ સપડાયા છે.
16 યહોવાએ ન્યાયી ચુકાદાઓ આપીને, પોતાની
ઓળખાણ આપી છે. અને દુષ્ટો પોતાનીજ પ્રપંચી
જાળમાં ફસાઇ ગયા છે.
17 દેવને ભૂલનારા દુષ્ટોને નરકમાં ધકેલી દેવાશે.
યહોવાને ભૂલનારા સઘળાં લોકો શેઓલમાં જશે.
18 ભિખારીઓ કદીય ભૂલાઇ જશે નહીં. ગરીબોની આશા
હંમેશ માટે નિરાશામાં નહીં ફેરવાય.
19 હે યહોવા, ઊઠો; માણસને વધુ બળવાન થવા ન
દેશો! ભલે રાષ્ટ્રોનો ન્યાય તમારી સન્મુખ થાય.
20 હે યહોવા, તેઓને ભયભીત કરો, જેથી તેઓ એમ
જાણે કે તેઓ માત્ર સામાન્ય મનુષ્યો છે.

## ગીત 10

1 હે યહોવા, તમે શા માટે આઘા ઊભા રહો છો? સંકટ
સમયે અમને તમારી ખૂબ જરૂર છે, તમે પાછા કયાં
સંતાઈ ગયા છો?
2 દુષ્ટ ઉધ્ધત પ્રપંચીઓ ગરીબોને સતાવે છે અને ગરીબ
લોકો દુષ્ટ લોકોની યોજનાઓમાં ફસાઈ જાય છે.
3 ખરેખર દુષ્ટ લોકો તેમની દુષ્ટ ઈચ્છાઓનું અભિમાન
કરે છે; લોભીઓને યહોવામાં વિશ્વાસ હોતો નથી,
અને તેઓ તેમની નિંદા કરે છે.
4 દુષ્ટ, અતિ અભિમાની, ઉદ્ધત માણસો માને છે કે
દેવ છે જ નહીં; દેવ તરફ ફરવાનો વિચાર સુદ્ધાં જરાય
તેઓ કરતાં નથી.
5 તેમ છતાં જે કરે છે તે સર્વમાં તે સફળતા મેળવે છે;
ને તેઓ પોતાના શત્રુઓને હરાવે છે. દેવનો ન્યાય
તેમનાથી ઘણો ઊંચો છે.
6 "હું ડગનાર નથી, મને અથવા મારા વંશજોને પેઢીઓ
સુધી કોઈ વિપત્તિ નહી આવે." એવી બડાઈ તેઓ
હાંકે છે.
7 તેમનું મોઢું જુઠ્ઠાણાંઓથી અને શ્રાપોથી ભરેલું છે.
તેમની જીભ દુષ્ટ યોજનાઓને જન્મ આપે છે.
8 નિર્દોષ લોકોને ઓચિંતો હુમલો કરીને મારી નાખવા
માટે ગુપ્ત જગ્યાઓમાં બેસે છે. કોઈ કમનસીબ
વ્યકિતને પસાર થતો જોવા માટે તેઓ છુપાઈ જાય
છે.
9 જેમ સિંહ ગુફામાં છુપાઈને ગુપ્ત જગામાં ભરાઈ રહે
છે; અને જેમ શિકારી શિકારને ફસાવે છે તેમ તે
ગરીબોને પોતાની જાળમાં ફસાવે છે.
10 તેઓના બળ આગળ ગરીબો દબાઈને નીચા નમી
જાય છે, અને લાચાર બની તેઓના પંજામાં સપડાઈ
જાય છે.
11 તે પોતાના હૃદયમાં વિચાર કરે છે "આ શું થઈ રહ્યું
છે? દેવ ભૂલી ગયા છે? તેમણે પોતાનું મુખ જોયુ
નથી સંતાડી રાખ્યુ છે. અને શું તે કદી જોશે નહીં?"
12 હે યહોવા, હે દેવ, ઊઠો! તમારો હાથ ઉંચો કરીને
દુષ્ટ લોકોને શિક્ષા કરો અને ગરીબને ભૂલશો નહીં.
13 હે દેવ! દુષ્ટો શા માટે તમારો દુરુપયોગ કરે છે? શા
માટે તેઓ તેમનાં હૃદયમાં વિચારે છે કે દેવ તેમની
પાસે કયારેય જવાબ નહીં માગે?
14 હે યહોવા, તેઓ જે કાંઈ કરી રહ્યાં છે તે તમે જુઓ
છો. તેમના દુષ્ટ આચરણની નોંધ તમે લીધી છે,
તેઓની નજરમાં હંમેશા ઉપદ્રવ અને ઈર્ષા હોય છે.
તમે તો અનાથનાં બેલી છો, હવે તેઓને શિક્ષા કરો,
હે યહોવા, ગરીબ માણસની દૃષ્ટિ મદદ માટે તમારા
પર જ છે તમે લોકોમાં, નિરાધારની સહાય માટે
જાણીતા છો.
15 દુષ્ટ લોકોના હાથ તમે તોડી નાખો. તેમાંથી એકને
પણ છોડશો નહીં અનિષ્ટ કરનારાઓનો દુષ્ટતાથી
નાશ કરો જ્યાં સુધી તેમાંનો એક પણ બાકી ન રહે.
16 આવનાર સદાકાળનો યહોવા રાજા છે. વિદેશી રાષ્ટ્રોને
તેના દેશમાંથી ભૂંસી નંખાયા છે.
17 હે યહોવા, તમે નમ્રની અભિલાષા જાણો છો; તમે
તેઓના પોકારો સાંભળશો અને સહાય કરશો. ને
તેઓના વ્યથિત હૃદયોને દિલાસો આપશો.

---

**કારણ ... યાદ રાખે છે** મૂળ પ્રમાણે, "લોહી શોધતા." જે માણસને મારી નાંખવામાં આવ્યો હોય તેનો પરિવાર મારનારને સજા અપાવવા ન્યાયાલયમાં જઇ શકે. અહી, દેવ ન્યાયધીશ જેવા છે જે બીજા લોકોથી પિડીત લોકોને સાંભળે છે.

18 અનાથ તથા ત્રસ્ત, લોકોનો ન્યાય કરો જેથી પૃથ્વીનો કોઇ પણ માણસ તેમના દમનનો ભોગ બનનારા લોકોને હવે પછી ડરાવે કે ત્રાસ આપે નહીં.

## ગીત 11

*નિર્દેશક માટે." દાઉદનું ગીત."*

1 યહોવા પર હું ભરોસો રાખું છું , તો પછી "શા માટે તમે મને, સુરક્ષા માટે પક્ષીની જેમ ઊડીને મારા પર્વતો પર નાસી જવાનું કહો છો?"

2 કારણ કે દુષ્ટ લોકો તેમના ધનુષ્યની પણછ ખેંચે છે જુઓ, તેમણે પણછ પર તેમના તીર ચઢાવ્યાં છે. તેઓ અચાનક આક્રમણ કરવા માટે જાડીમાં છુપાઇ ગયા છે, અને તેઓ પ્રામાણિક માણસોના હૃદયમાં તીર વીંધવાનું ધ્યેય રાખે છે.

3 જ્યારે સમાજના પાયાઓનો જ નાશ થઇ ગયો છે, તો પછી સારા લોકો શું કરી શકે?

4 યહોવા હજુ પોતાના પવિત્ર મંદિરમાં છે. યહોવાનું રાજ્યાસન આકાશમાં છે. તે સ્વર્ગમાંથી શાસન કરે છે. અને તેમની આંખો લોકો જે કરે છે તે બધું જુએ છે. અને તેઓ સારા છે કે ખરાબ તેને પારખે છે.

5 યહોવા ઉમદા માણસોની પરીક્ષા કરે છે પણ દુષ્ટ અને અન્યાયી લોકોને ધિક્કારે છે.

6 દુષ્ટ લોકો પર વરસાદની જેમ વરસાવવા માટે તે અગ્નિ અને ગંધકનુ નિર્માણ કરશે અને તેઓ ગરમ લૂ સિવાય કંઇ નહીં મેળવે.

7 કારણ , યહોવા ન્યાયી છે ને ન્યાયીપણાને ચાહે છે, જે પવિત્ર ને ન્યાયી છે, તેજ તેનું મુખ જોઇ શકશે.

## ગીત 12

*નિર્દેશક માટે, શેમીનીથ મુજબ ગાવા માટે..*
*દાઉદનું ગીત.*

1 હે યહોવા, રક્ષા કરો; દેવથી ડરનારાઓનો નાશ થઇ રહ્યો છે તો પછી વિશ્વમાં વિશ્વાસુ માણસો કયાં મળશે?

2 લોકો તેમના પોતાના પાડોશીઓ સાથે જૂઠું બોલે છે. લોકો જૂઠાણાંથી એકબીજાની ખોટી પ્રશંસા કરે છે.

3 પણ યહોવા પ્રશંસા કરનારા હોઠોનો અને બડાઇ કરનારી જીભોનો નાશ કરશે.

4 તેઓએ એમ કહ્યું , "અમારી જીભથી અમે જીતીશું; હોઠ અમારા પોતાના છે. અમારો કોણ માલિક છે જે અમને અટકાવે?"

5 યહોવા કહે છે, "હવે હું ઊભો થઇશ અને તમારું રક્ષણ કરવા આવીશ, કારણ કે ગરીબો લૂટાયા તેને લીધે તેઓ નિ:સાસા લઇ રહ્યાં છે. તેઓને જે સુરક્ષાની જરૂર છે તે હું તેમને આપીશ."

6 યહોવાના શબ્દો સાત વખત ભઠ્ઠીમાં તપાવેલી ચાંદી જેવા સાચા અને પવિત્ર છે.

7 હે યહોવા, તેઓને સંભાળજો; આ દુષ્ટ પેઢીથી તેમને સદાય બચાવજો.

8 દુષ્ટ લોકો શિકારની શોધમાં ચારેબાજુ ફરતાં હોય છે. અને લોકોમાં આવા નકામાં લોકોને માન મળે છે.

## ગીત 13

*નિર્દેશક માટે. "દાઉદનું ગીત"*

1 હે યહોવા, ક્યાં સુધી તમે મને ભૂલી જશો? શું સદાને માટે? હું નિ:સહાય છું, તમે ક્યાં સુધી મારાથી મુખ ફેરવશો?

2 આખો દિવસ મારું હૃદય દુ:ખથી ભરાઇ ગયું છે અને હું મારી જાતને પૂછયા કરું છું; જો તમે મને ભૂલી ગયા હો તો કયાં સુધી મારે વિચારવું કે તમે મને ભૂલી ગયા છો? કયાં સુધી મારા હૃદયમાં આ દુ:ખનો અનુભવ કરવો? કયાં સુધી મારા દુશ્મનો મને જીતતા રહેશે?

3 હે યહોવા, મારા દેવ, ધ્યાન દઇ અને મારા સવાલોના જવાબ આપો. જ્યાં સુધી હું મૃત્યુનિંદ્રામાં ન પડું ત્યાં સુધી મારી આંખોમાં જયોતિ પ્રગટાવો.

4 શત્રુઓને કહેવા દેશો નહીં કે, અમે તેની ઉપર વિજય મેળવ્યો છે. મારી હાર જોવામાં તેઓને રાજી ન કરતાં.

5 મેં હંમેશા તમારી કૃપા પર ભરોસો રાખ્યો છે. તમારી પાસેથી મુક્તિ મેળવવામાં મારા હૃદયને આનંદ મળશે.

6 યહોવા સમક્ષ હું ગાયન ગાઇશ, કારણ, યહોવાએ મારા પર કૃપા કરી છે.

## ગીત 14

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 મૂર્ખ, દુષ્ટ માણસ માને છે: "દેવ છે જ નહીં." તે માણસ ભ્રષ્ટ અને અનૈતિક છે. તેવા માણસો દુષ્ટ, તિરસ્કારપાત્ર કૃત્યો કરે છે. તેઓમાં કોઇ સત્કર્મ કરનાર નથી.

2 યહોવા સ્વર્ગમાંથી બધાંને જુએ છે એ જાણવા માટે, કે કોઇ ડાહ્યાં લોકો છે કે જેમને દેવની મદદની જરૂર છે.

3 પણ ના! ત્યાં કોઇ નથી. બધાએ સાચો રસ્તો છોડી દીધો છે અને યહોવાથી દૂર થઇ ગયા છે.

4 તેઓ રોટલીની જેમ મારા લોકોને ખાય છે, ને તે દુષ્કર્મો કરનારાઓ દેવને નથી જાણતા. તેઓ નથી યહોવાને પ્રાર્થના કરતા કે નથી તેની ઉપાસના કરતાં.

5 જુઓ! તેઓ ભયભીત થઇ ગયા છે, કારણ યહોવા, ન્યાયીઓની સાથે છે.

6 દુષ્ટ લોકો ગરીબ લોકોની શિખામણની મજાક ઉડાવે છે. પણ ગરીબોને તો યહોવાનું રક્ષણ અને આશ્રય છે.

7 ભલે ઈસ્રાએલનું તારણ સિયોન પર્વત પર આવે. જ્યારે યહોવા ઈસ્રાએલીઓને તેમની સ્વતંત્રતા પાછી લાવી.

આપશે ત્યારે યાકૂબ પ્રસન્ન થશે. અને ઈસ્રાએલ સુખી થશે.

## ગીત 15

*દાઉદનું ગીત.*

1 હે યહોવા, તમારા પવિત્ર મંડપમાં કોણ નિવાસ કરશે? તમારા પવિત્ર પર્વત પર આવીને કોણ રહેશે?
2 જે સાધુશીલતા પાળે છે, જે ન્યાયથી વર્તતા હૃદયથી સત્ય બોલે છે.
3 તે કદી બીજા લોકો માટે ખરાબ બોલતો નથી, તે તેના પરિવાર માટે શરમજનક વાત કયારેય કરતો નથી. તે કયારેય પોતાના મિત્રનું ભૂંડુ કરતો નથી; ને કયારેય પોતાના પાડોશીને હાની પહોંચાડતો નથી
4 તેની દૃષ્ટિમાં પાપી માણસ વખોડવાને પાત્ર છે. જેઓ યહોવાનો ભય અને આદર રાખે છે તેને તે માન આપે છે. તેને નુકશાન સહન કરવું પડે તો પણ પોતાના વચન કયારેય તોડતો નથી.
5 તે તેણે ધીરેલાં નાણાં ઉપર બહુ ઊંચું વ્યાજ લઈને તે કોઈનું શોષણ નથી કરતો. તે નિર્દોષ માણસો સામે જૂઠી સાક્ષી દઈને કદી લાંચ નથી લેતો. જેઓ આ રીતે જીવે છે તે હંમેશા સુરક્ષિત રહેશે.

## ગીત 16

*દાઉદનું મિખ્તામ.*

1 હે યહોવા મારી રક્ષા કરો, કારણ કે હું તમને આધીન છુ.
2 મે યહોવાને કહ્યુ છે, "તમે મારા માલિક છો. મારી પાસે જે બધું સારું છે તે ફકત તમારી પાસેથી જ આવ્યું છે.
3 પૃથ્વી પર યહોવાથી ડરનારા સંતો ઉત્તમ છે; એવાં સ્રી પુરુષના સંગમાંજ મને આનંદ મળે છે.
4 જેઓ યહોવાને બદલે બીજા દેવોની પૂજા કરવા દોડે છે તે સર્વ દુ:ખના દરિયામાં ડૂબી જશે. હું તેઓની મૂર્તિ પર ચડાવાતા લોહીના અર્પણોમાં જોડાઈશ નહીં. હું તેમના દેવોના નામ કદી પણ ઉચ્ચારીશ નહીં.
5 યહોવા, તમે મારા વારસાનો તથા મારા પ્યાલાનો ભાગ છો. હે યહોવા, તમે મને સહાય કરો! તમે મને મારો ભાગ આપો !
6 આનંદદાયક સ્થાનમાં મારા સુશોભિત વારસાનો ભાગ મને મળ્યો છે.
7 મને બોધ આપવા માટે હું યહોવાની પ્રશંસા કરું છું. રોજ રાત્રે તે મને જ્ઞાન આપે છે અને મારે શું કરવું તે મને જણાવે છે.
8 મેં યહોવાને સદા મારી સામે રાખ્યા છે, તેથી મને કદી પડવાનો કે ઠોકર ખાવાનો ડર નથી. હું તેમના જમણા હાથ પાસેજ છું, ત્યાંથી મને કોઈ ખસેડી શકે તેમ નથી.
9 તેથી મારું હૃદય ભરપૂર આનંદમાં છે. ને મારો આત્મા પણ ખુશ છે; તેથી મારું શરીર સુરક્ષિત રહેશે.
10 કારણ, તમે મારો આત્મા, શેઓલને સોંપશો નહીં. તમે તમારા ભક્તોને કબરમાં સડવા જવા દેશો નહીં.
11 તમે પોતેજ મને જણાવો છો, જીવનમાં ક્યા માર્ગે મારે જવું. તમારી હાજરીથી સંપૂર્ણ આનંદ છે. તમારી જમણી બાજુએ અનંતકાલીન અને અસીમ સુખો છે.

## ગીત 17

*દાઉદની પ્રાર્થના.*

1 હે યહોવા, મને સાંભળો! ન્યાય માટેની મારી પ્રાર્થના પર ધ્યાન આપો; કારણકે હું પ્રમાણિક છુ અને સત્ય બોલું છુ, જે ન્યાયી છે તે જ મેં કર્યુ છે તો મારી નમ્ર પ્રાર્થના સાંભળો.
2 હે યહોવા, મારો ન્યાય તમારી પાસેથી આવશે, તમે સત્યને જોઈ શકો છો.
3 તમે મારા હૃદયને ઊંડાણમાંથી જોયું છે. તમે રાત્રે મારી સાથે હતા. તમે મારું પારખું કર્યુ છે અને મારો કોઈ દોષ કાઢયો નથી. હું કદી ખરાબ યોજના કરતો નથી, અને તે તમે જાણો છો.
4 મેં સદા તમારી આજ્ઞાનું પાલન કર્યુ છે, અને જુલમીઓના માર્ગથી હું દૂર રહ્યો છું. ને ક્રૂર દુષ્ટ માણસોની મેં કદી સંગત કરી નથી.
5 મારા પગલાં તમારા માર્ગોમાં સ્થિર રહ્યાં છે, ને મારો પગ કદી લપસ્યો નથી.
6 હે દેવ, મારી વિનંતી છે કે તમે મારી પ્રાર્થના સાંભળો અને તેનો જવાબ આપો.
7 ભરોસો રાખીને જેઓ તમારી પાસે, શત્રુઓની વિરૂદ્ધ સહાય માંગે છે; તેઓને તમે તમારા જમણા હાથે તમારી અદ્દભૂત કરુણા બતાવી બચાવી લો છો.
8 તમારી આંખની કીકી સમજીને તમે મારી રક્ષા કરો. અને તમારી પાંખોની છાયા નીચે મને સંતાડી દો.
9 મને લૂંટવા પ્રયત્ન કરતા દુષ્ટ લોકોથી મને બચાવો, મને ચારેબાજુ ઘેરી વળેલા ભયજનક શત્રુઓથી મુકત કરો.
10 તેઓ તો દયાહીન અને ઉદ્ધત છે, તેઓના મોઢે તેમની બડાઈ સાંભળો.
11 તેઓ અમને ડગલે ડગલે ઘેરીને ઊભા છે. તેઓની આંખો અમને ભૂમિ પર પછાડવાને તાકી રહી છે.
12 તેઓ સિંહની જેમ શિકારને ફાડી ખાવા આતુર છે. અને ત્રાટકવાની રાહ જોતા છુપાઈ ગયેલા સિંહના બચ્ચાના જેવા છે.

13 હે યહોવા, તમે ઉઠો; આવો અને શત્રુઓની સામે થાઓ, તેઓને પાડી નાખી, પરાજીત કરી દો, અને તમારી તલવાર વડે મને દુષ્ટોથી બચાવો.
14 હે યહોવા, તમારી શકિત દ્વારા દુષ્ટ લોકોને આ દુનિયામાંથી આ સજીવોની દુનિયામાંથી દૂર કરો. પરંતુ જે લોકો મદદ માટે તમારી પાસે આવ્યાં છે, હે યહોવા તેમને ખાવા માટે પુષ્કળ આપો તેથી તેમનાં બાળકો પાસે પણ પુષ્કળ હશે અને તેથી તેઓ તેમનાં પૌત્રો માટે પણ પૂરતું બચાવી શકે.
15 પણ હું ન્યાય પૂર્વક વર્ત્યો છું તેથી હું તમારો ચહેરો જોઈ શકું, અને તમને જોઈને મને સંતોષ થશે.

## ગીત 18

*નિર્દેશક માટે. યહોવાના સેવકનું ગીત, જે દિવસે યહોવાએ તેને તેના બધાં શત્રુઓના હાથમાંથી તથા શાઉલનાં હાથમાંથી છોડાવ્યો, તે દિવસે તેણે યહોવાને આ ગીતનું વચન કહ્યું..*

1 "હે યહોવા, મારા સામર્થ્ય, હું તમને ચાહું છું."
2 યહોવા મારો ખડક, મારો મજબૂત કિલ્લો છે. દેવ મારો ખડક છે. તે મારું આશ્રયસ્થાન છે. તે મારી ઢાલ છે. તેની શકિત મારું રક્ષણ કરે છે.* પર્વતોમાં ખૂબ ઉંચાઈ પર તે મારું સુરક્ષાનું સ્થાન છે.
3 યહોવા સ્તુતિપાત્ર છે. હું તેમને વિનંતી કરીશ અને મારું સર્વ શત્રુઓથી રક્ષણ થશે.
4 મને મૃત્યુનાં બંધનોએ ઘેરી લીધો છે. અને દુષ્ટતાનાં મોજાં મારા પર ફરી વળ્યાં છે.
5 શેઓલનાં બંધનોએ મને બધી બાજુએથી ઘેરી લીધો છે. મૃત્યુનો ગાળિયો; મારી સામેજ આવી પડ્યો છે.
6 મને મારા સંકટમાં સહાય કરવાં મેં યહોવાને કરુણાભરી વિનંતી કરી તેમણે પોતાના પવિત્રસ્થાનમાં મારો અવાજ સાંભળ્યો, અને તેનાં કાનમાં મારી અરજ પહોંચી ગઈ.
7 ત્યારે ધરતી થરથર ધ્રુજી ઊઠી ને પર્વતોના પાયા ખસી ગયા, ને હલવા લાગ્યા. પર્વતો ધ્રુજી ઊઠ્યા, કારણ, યહોવા કોપાયમાન થયા હતાં.
8 તેમનાં નસકોરાંમાંથી ધુમાડો નીકળવા લાગ્યો, અને દેવના મુખમાંથી ભસ્મ કરનાર અગ્નિ નીકળવા લાગ્યો. તેમનામાંથી સળગતાં તણખા નીકળ્યાં.
9 તેમણે આકાશને ચીર્યુ અને પગની નીચે કાળા વાદળા સાથે નીચે ઉતર્યા.
10 તેઓ કરૂબ પર ચડીને દેવદૂત પર ઊડતા હતાં. અને તેઓ પવનમાં ઉંચે ઊડતા હતાં.
11 તેમણે પોતાની આસપાસ અંધકારથી ઢાંકી દીધું છે. અને પોતાના માર્ગને મેઘજળનાં ગાઢ વાદળોથી ઢાંકી દિધેલ છે.
12 એકાએક તેમના ઉજ્જવળ ધડાકા સાથે વીજળી ચમકી. પરિણામે ત્યાં કરાં વરસવાં લાગ્યા અને આગના તણખાં ઝર્યા.
13 યહોવાએ આકાશમાંથી ગર્જના કરી. ને પરાત્પર દેવે મોટો અવાજ કાઢયો. એના પરિણામે ત્યાં કરા પડ્યા અને વીજળીના ચમકારા થયા.
14 તેણે તેના વીજળીના તીક્ષ્ણ બાણો મારાં બધાં શત્રુઓ પર છોડ્યા અને તેમને મુંજવીને વિખેરી નાખ્યાં.
15 પછી હે યહોવા, તમારી આજ્ઞાથી, જુઓ, સમુદ્રનાં તળીયાં દેખાયા. તમારાં નસકોરાનાં શ્વાસથી ધરતીના પાયા ઉઘાડા થઇ ગયા.
16 તેમણે હાથ લંબાવી મને આકાશમાંથી પકડી લીધો અને મહા વિપત્તિના ઊંડા જળમાંથી મને બહાર ખેંચી લીધો.
17 તેમણે મને મારા બળવાન શત્રુથી અને દ્વેષીઓથી બચાવ્યો, કારણ કે તેઓ મારા કરતા જોરાવર હતા ને મને ધિક્કારતાં હતા.
18 મારી વિપત્તિનાં દિવસોમાં તેઓ મારા પર તૂટી પડ્યા, અને હું તો અતિ નિર્બળ હતો, પરંતુ યહોવાએ મને સ્થિર રાખ્યો.
19 તેઓ મને ખુલ્લી જગ્યામાં દોરી ગયાં. અને એ તેઓ હતાં કે જેણે મને બચાવ્યો, કારણકે તેઓ મારાથી ખુશ હતા.
20 મને યહોવાએ, મારા ન્યાયીપણાનું ફળ આપ્યું છે, મારા જીવનની શુદ્ધતા પ્રમાણે તેમણે મને પાછું વાળી આપ્યું છે.
21 કારણ કે મેં યહોવાની આજ્ઞા પાળી છે, ને મેં તેમની વિમુખ થઈને ભૂંડાઈ કરી નથી.
22 હું તેમનાં સર્વ નિયમોને કાળજીપૂર્વક અનુસર્યો છું. મેં તેમની આજ્ઞા હંમેશા સન્મુખ રાખી છે અને તેમાની એકેય આજ્ઞાની અવગણના કરી નથી.
23 હું તેમની સાથે વિશુદ્ધ અને પ્રમાણિક હતો. અને મેં મારી જાતને અનિષ્ટ અને અયોગ્ય કરવાથી દૂર રાખી છે.
24 યહોવાએ મારું ન્યાયીપણુ અને મારા હાથની શુષ્કતા જોઈને તે પ્રમાણે મને પ્રતિદાન દીધું છે.
25 હે યહોવા, જેઓ તમારી પ્રત્યે વિશ્વાસુ છે, તેને તમે વિશ્વાસુ છો. જેઓ તમારી પ્રત્યે એકનિષ્ઠ છે, એને તમે એકનિષ્ઠ છો.
26 જેઓ શુદ્ધ અને સારા છે તેમની સાથે તમે શુદ્ધ અને સારા છો. પણ જેઓ હીન અને ચાડીયા છે તેઓને તમે પડકારી શકો છો.
27 તમે ગરીબ લોકોને બચાવો છો, અને અભિમાની લોકોને અપમાનિત કરો છો.
28 યહોવા, મારા દેવ! તમે મારા હૃદયમાં દીવાં પ્રગટાવો છો! મારા અંધકારને તમે પ્રકાશમાં ફેરવ્યો છે.

---

**તેની . . . કરે છે** મૂળ પ્રમાણે: "તે મારા તારણનું શીંગ છે."

29 તમારા સામર્થ્ય વડે હું હવે કિલ્લો પણ કૂદી જાઉ છું. અને કોઈપણ સૈન્યની ટૂકડી પર હું આક્રમણ કરી શકું છું.
30 દેવનો માર્ગ તો પરિપૂર્ણ છે અને યહોવાનો શબ્દ પારખેલો છે. જેઓ તેના પર ભરોસો રાખે છે, તે સઘળાની એ ઢાલ છે.
31 કારણ, યહોવા વિના બીજા દેવ કોણ છે? તેનાં વિના ખડક સમાન બીજું કોણ છે?
32 તેમની શકિતથી તેઓ મને ભરી દે છે અને પવિત્ર જીવન જીવવાં માટે મને સહાય કરે છે.
33 તે મારા પગોને હરણીની જેવું દોડવાં જેવા બનાવે છે અને ઉંચાઈઓ પર પણ મને સ્થિર રાખે છે.
34 મારા હાથોને તેઓ લડતાં શીખવે છે. પિત્તળનું ધનુષ્ય ખેંચવાની શકિત તેઓ મને આપે છે.
35 તમે ઢાલ બનીને મને સંરક્ષણ આપ્યુ છે, તમારા જમણા હાથથી તમે મને ટેકો આપ્યો છે, અને મને વારંવાર મદદ કરી છે.
36 તમે મને ઝડપથી દોડવામાં મદદ કરી છે, જેથી મારા પગ કદી લપસ્યાં નથી.
37 હું મારા શત્રુઓને તેઓની પાછળ પડીને જરૂર પકડી પાડીશ. અને તેઓનો નાશ ન થાય ત્યાં સુધી પાછો ફરીશ નહી.
38 હું તેઓને એવા સખત પછાડીશ કે તેઓ ફરી ઊભા નહીં થઈ શકે. તેઓ મારા પગે પડશે અને હું તેમની ડોક પર પગ મૂકીશ.
39 કારણ તમે મને શકિતરૂપી શસ્ત્રથી સજ્જ કર્યો છે. મારી સામે થનારને તમે મારે તાબે કર્યા છે.
40 શત્રુઓની ડોક પર પ્રહાર કરવાની તમે મને તક આપી હતી. તેથી જેઓએ મારો તિરસ્કાર કર્યો છે, તે સર્વેનો મેં સંહાર કર્યો છે.
41 તેઓએ ઘણી બૂમો પાડી છતાં તેઓને બચાવનાર કોઈ નહોતું. હા, તેઓએ યહોવાને વિનંતી કરી, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં.

42 પવનથી ફૂંકાતી ધૂળની જેમ તેમને મેં વિખેરી નાખ્યાં છે અને ગલીઓમાંની ધૂળની જેમ તેમને કચડી નાખ્યાં છે.
43 તમે મને મારા વિરૂદ્ધ લડતાં લોકોથી બચાવો. મને બીજા રાષ્ટ્રોનો રાજા બનાવો. જે લોકોને હું જાણતો પણ નથી તેઓ મારી સેવા કરશે.
44 મારે શરણે પરદેશીઓ આવ્યાં છે. ને મારો હુકમ સાંભળતાં જ તેઓ મારી આજ્ઞાને આધીન થાય છે.
45 પરદેશીઓ હિંમત ગુમાવી બેઠા છે, ને ધ્રૂજતાં ધ્રૂજતાં તેઓ કિલ્લાની બહાર આવે છે.
46 યહોવા જીવતા જાગતા દેવ છે. મારા રક્ષકને ધન્ય હો; મારો ઉદ્ધાર કરનાર દેવની મહાનતાનો પ્રચાર કરો.
47 યહોવા મારા દુશ્મનોને શિક્ષા કરે છે અને રાષ્ટ્રોને મારા તાબામાં મૂકે છે.
48 તે મારા શત્રુઓથી મને છોડાવે છે. અને મારી સામે થનાર પર મને વિજય અપાવે છે. મારી લાજ લૂંટનાર માણસથી, મને બચાવે છે.
49 માટે હે યહોવા, વિદેશીઓમાં હું તારી સ્તુતિ કરીશ, અને હું તારા નામનાં સ્તોત્ર ગાઈશ.
50 યહોવા તેમના દ્વારા પસંદ કરેલા રાજાઓને ઘણા વિજયો મેળવવામાં મદદ કરે છે, યહોવા પોતે અભિષિકત કરેલા રાજાઓ પ્રતિ દયા બતાવે છે. યહોવા દાઉદ તથા તેનાં વંશજો પ્રતિ હંમેશા વિશ્વાસુ રહેશે.

## ગીત 19

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 આકાશો દેવનાં મહિમા વિષે કહે છે. અંતરિક્ષ તેના હાથે સર્જન થયેલી અદ્ભુત વસ્તુઓ વિષે કહે છે.
2 પ્રત્યેક નવો દિવસ તેના સર્જનની સાચી વધારે વાતો કહે છે. દરેક રાત દેવના સામર્થ્ય વિષે વધારે કહે છે.
3 ત્યાં વાણી નથી ત્યાં શબ્દો નથી. કોઈ અવાજ સાંભળાતો નથી,
4 પણ તેમનો "અવાજ" આખી પૃથ્વી પર જાય છે, સમગ્ર જગત તેના છેડાઓ સુધી તેમના "શબ્દો" સાંભળે છે. તેમણે સૂર્ય માટે એક મંડપ નાખ્યો છે.
5 તે સૂર્ય પોતાના ઓરડામાંથી પરણવા નીકળતા વરરાજા જેવો છે, તે દોડની સ્પર્ધાના આનંદિત, તેજસ્વી અને બળવાન ખેલાડી જેવો છે.
6 તે આકાશને એક છેડેથી નીકળી અને તેના બીજા છેડા સુધી પરિક્રમણ કરે છે. તેની ઉષ્ણતા પામ્યા વિના કોઈ બાકી રહી જતું નથી.
7 યહોવાના પવિત્ર વચનો સંપૂર્ણ છે. તે આત્માને તાજગી આપે છે. યહોવાની વાણી, ખરેખર વિશ્વાસપાત્ર છે. તે મૂર્ખને ડાહ્યાં થવા માટે મદદ કરે છે.
8 યહોવાની વિધિઓ યથાર્થ ને સત્ય છે. તેઓ હૃદયને ભરપૂર આનંદ આપે છે. યહોવાની આજ્ઞાઓ નિર્મળ છે. જે આંખોને પ્રકાશ આપે છે.
9 યહોવા માટેનો ભય શુદ્ધ અને અનાદિ છે. યહોવાના ઠરાવો નિષ્પક્ષ અને સાચા છે. તેઓ સંપૂર્ણપણે ન્યાયી છે.
10 તે શુદ્ધ સોના કરતાંય વધુ, પસંદ કરવા યોગ્ય છે. ને વળી મધપૂડાનાં ટીપાં કરતાંય તે ખરેખર વધારે મીઠાં છે.
11 કારણ, તમારા ઉપદેશ તેના સેવકોને ચેતવણી આપે છે અને તેઓ જેઓ તેનું સદા પાલન કરે છે, તેઓને સફળતા આપે છે.
12 મારા હૃદયમાં છુપાયેલા પાપોને હું જાણી શકતો નથી, છાની રીતે કરેલા પાપોમાંથી મને શુદ્ધ કરો અને મુકત કરો.

13 મને કોઈનું ખરાબ કરવાના વિચારો અને પાપથી દૂર રાખો અને તેમ કરતા અટકાવો. મને ખરાબ કાર્ય ન કરવા માટે તમે સહાય કરો. ત્યારે જ હું દોષમુક્ત અને પૂર્ણ થઈ અને મહાપાપ કરવામાંથી બચી જઈશ.
14 મારા રક્ષક અને ઉદ્ધારક યહોવા; મારા મુખના શબ્દો, તથા હૃદયનાં વિચારો જે હું તમારી સમક્ષ વ્યક્ત નથી કરી શક્યો, તે તમે સદા માન્ય રાખો.

## ગીત 20

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 સંકટનાં દિવસોમાં યહોવા, મારી પ્રાર્થના સાંભળી તને ઉત્તર આપે; યાકૂબનાં દેવ, સર્વ પ્રકારની વિપત્તિમાં તારી રક્ષા કરે.
2 ભલે તેઓ પોતાના પવિત્ર સ્થાનમાંથી તેમની મદદ મોકલે અને તમને સિયોનમાંથી શક્તિ આપે.
3 તારા કરેલા સર્વ અર્પણોને યાદ રાખી, અને તારું દહનાર્પણ સ્વીકારે.
4 તને તારી ઈચ્છા પ્રમાણે આપે અને તારી સર્વ યોજનાઓને પાર પાડે.
5 તમારી મુક્તિ અમને સુખી બનાવશે, ભલે યહોવા તમારી બધી વિનંતિઓનો સ્વીકાર કરે.
6 યહોવાએ પોતે જેને અભિષિક્ત કર્યા છે, તેને વિજય અપાવે છે, તે પવિત્ર આકાશમાંથી પોતાના જમણા હાથની તારક શક્તિથી તેને જવાબ આપશે.
7 કોઈ રાષ્ટ્રો પોતાના સૈન્યો અને શસ્રો વિષે અભિમાન કરે છે, બીજા કોઈ તેમના રથો અને ઘોડાઓ પર અભિમાન કરે છે. પણ અમે અમારા દેવમાં વિશ્વાસ રાખીએ છીએ. અમે અમારા યહોવાના નામના પોકાર કરીશું.
8 તેઓ નમીને પડી ગયા છે. પણ આપણે અડગ ઊભા રહીશુ.
9 હે યહોવા અમારા રાજાને વિજય આપો. અમે ભાર પૂર્વક વિનંતી કરીએ છીએ તમે જવાબ આપો.

## ગીત 21

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 હે યહોવા, તમારી શક્તિથી રાજા ખૂબ આનંદ પામે છે. તમારા તારણથી તેને એટલો બધો ગર્વ અને આનંદ થાય છે.
2 કારણ કે તમે તેને તેનાં હૃદયની ઈચ્છા પ્રમાણે આપ્યું છે. તેના હોઠે કરેલી અરજીને તમે કદી નકારી નથી.
3 કારણ કે તમે તેને સફળતાં અને સમૃદ્ધિ આપી રાજ્યાસન પર બેસાડ્યો છે. અને પ્રેમથી તમે તેના માથે શુદ્ધ સોનાનો મુગટ પહેરાવ્યો છે.
4 હે યહોવા, રાજાએ તમારી પાસે જીવન માંગ્યુ, અને તમે તેને સર્વકાળ રહે તેવું દીર્ધાયુષ્ય આપ્યું.
5 તમે તેને જે વિજય અપાવ્યો તેનાથી તેની કિર્તિમાં ઘણો વધારો થયો. તમે તેને કૃપાના અને ગૌરવના વસ્રોથી શણગાર્યો છે.
6 કારણ કે તમે તેને હંમેશા આશીર્વાદ આપો છો. અને તમે તેને તમારી સમક્ષ રહેવાનો આનંદ આપો છો.
7 કારણ રાજા યહોવાનો ભરોસો કરે છે. અને તેને કદીય પરાત્પર દેવની કૃપાથી વંચિત કરવામાં નહીં આવે.
8 તમે તમારા તમામ શત્રુઓને પકડી લેશો અને તમારો જમણો હાથ શોધી કાઢશે કે કોણ તમને ધિક્કારે છે.
9 જયારે તમે પ્રગટ થશો ત્યારે તેઓ તમારી પવિત્ર ઉપસ્થિતિના દિવ્ય અગ્નિમાં નાશ પામશે. તેઓ યહોવાના કોપથી ગળી જશે અને તેમનો કોપાગ્નિ તેમને બાળીને રાખ કરી દેશે.

10 યહોવા પૃથ્વી પરના તેઓના પરિવારોનો વિનાશ કરશે; માણસ જાતમાંથી તેમના વંશજો નાશ પામશે.
11 કારણ, હે યહોવા આ માણસોએ તમારી વિરુદ્ધ કાવતરું કર્યુ છે. છતાં તેઓને કદાપિ સફળતાં મળવાની નથી.
12 તમારી પણછથી તમે તેઓ પર જે નિશાન તાકયું છે. તે જ્યારે તેઓ જોશે, ત્યારે તેઓએ પાછા હટી જવું પડશે.
13 હે યહોવા, તમારા મહાન સામર્થ્ય માટે અમે તમારી; સ્તુતિ કરીએ છીએ; અને તમારા મહાન કર્મોની ઉજવણી કરવા સ્તુતિગીતો બનાવી ગાઈશું.

## ગીત 22

*નિર્દેશક માટે. ઢાળ: "પરોઢનું હરણ." દાઉદનું ગીત.*

1 હે મારા દેવ, તમે મને કેમ ત્યજી દીધો છે? મારા દેવ, તમે શા માટે સહાય કરવાની ના પાડો છો? શા માટે મારો વિલાપ સાંભળતાં નથી?
2 હે મારા દેવ! દિવસ દરમ્યાન હું રૂદન કરૂં છું અને તમને પ્રાર્થના કરું છું, પરંતુ તમે મારી પ્રાર્થનાનો જવાબ દેતા નથી. હું તમને આખી રાત દરમ્યાન સતત બોલાવું છું.
3 દેવ, તમે પવિત્ર છો તમે ઈસ્રાએલની પ્રંશસાના સિંહાસન પર બિરાજો છો.
4 અમારા પૂર્વજોએ, તમારા પર ભરોસો રાખ્યો હતો. અને તેઓએ ભરોસો રાખ્યો હોવાથી તમે તેઓને છોડાવ્યા.
5 જ્યારે તેઓએ તમને પ્રાર્થના કરી, તમે તેમને મદદ કરી અને તેમને બચાવ્યાં. તેઓએ તમારામાં વિશ્વાસ રાખ્યો અને તેઓ નિરાશ થયા નહોતા!
6 હું, માણસ નથી, પણ હું તો માત્ર કીડો છું. સમગ્ર માનવ જાત મારો તિરસ્કાર કરે છે. અને મને તુચ્છ ગણે છે.

7 જેઓ મને જૂએ છે, તેઓ બધાં મારી હાંસી કરે છે. અને તેઓ મો મરડી–ડોકુ ધુણાવી ને અડવી વાણી બોલે છે.

8 તેઓ મારી મશ્કરી કરતાં કહે છે, "તે જરૂર તને ઉગારશે કારણ તે તને ખૂબ પસંદ કરે છે."

9 હે યહોવા, અગાઉ તમે મને કેવી મદદ કરી હતી. તમે મને માતાના ઉદરમાંથી સુરક્ષિત બહાર લાવ્યાં હતા. હું જ્યારે મારી માતાને ધાવતો હતો ત્યારે પણ તમે મારી સંભાળ લઇને વિશ્વાસ જગાવ્યો હતો.

10 હું જન્મથી જ તમારા હાથમાં સોંપાયેલ છું. મારા બાળપણથી જ તમે મારા દેવ છો.

11 તમે મારાથી જરાય આઘા ખસશો નહીં કારણ મારા માથે સંકટ આવ્યુ છે. અને મને સહાય કરે તેવું મારી સાથે કોઈ નથી.

12 ઘણા ભયંકર શત્રુઓએ,મને ઘેરી લીધો છે. બાશાનના આખલા, મારી ચારેબાજુએ ફરી વળ્યા છે.

13 જેમ ફાડી ખાનાર સિંહ ગર્જના કરતો પોતાના શિકાર પર આક્રમણ કરે છે, તેમ તેઓ પોતાના મોં ખુલ્લા રાખીને મારી તરફ ધસી આવે છે.

14 જેમ પાણી વહી જાય તેમ, મારી શકિત પણ ચાલી ગઈ છે. જેમ સાંધામાંથી હાડકાં ઢીલા થઈ છૂટા પડી જાય છે, તેમ મારું હૃદય પણ મીણનાં જેવું પોચું થઈ અને આંતરડામાં ઓગળી ગયું છે.

15 મારું બળ માટીનાં વાસણના એક તુટેલા ટુકડા જેવુ સુકુ થઈ ગયું છે. મારી જીભ મારા મુખના તાળવે ચોંટી જાય છે. અને મને ધૂળભરી મૃત્યુશૈયા ઉપર નાખી દેવામા આવ્યો છે.

16 કારણ, મારી આસપાસ કૂતરાં ફરી વળ્યા છે; અને મને દુષ્ટોની ટોળીએ ઘેરી લીધો છે અને તેઓએ મારા હાથપગ વીંધી નાખ્યા છે.

17 હું મારા શરીરનાં સર્વ હાડકાં ગણી શકુ છું. આ માણસો કેટલા દુષ્ટ અને ક્રૂર છે! તેઓ ધારી ધારી ને કેવા જુએ છે!

18 તેઓ, મારા વસ્રો, અંદરો અંદર વહેંચી લે છે અને મારા ઝભ્ભા માટે અંદરો અંદર ચિઠ્ઠી નાખે છે.

19 હે યહોવા, મારાથી દૂર ન જશો . હે દેવ! હે મારા આશ્રય; મારા સામર્થ્ય, મારી મદદે આવો.

20 મને આ તલવારથી બચાવો, મારી રક્ષા કરી મારું મૂલ્યવાન જીવન પેલાં કૂતરાઓથી બચાવો.

21 મને સિંહોના જડબામાંથી બચાવો. તે બળદોના શિંગડાઓથી મારું રક્ષણ કરો. *

22 હું તમારી વિષે મારા બધા ભાઈઓને વાત કરીશ. હું ભરી સભામાં તમે કરેલી અદભૂત વસ્તુઓ વિષે વાત કરીશ."

23 હે યહોવાનો ભય રાખનારાઓ! તેમના ગુણગાન ગાઓ. તમે બધા યાકૂબના વંશજો, તેને માન આપો. હે ઈસ્રાએલી પરિવારો, તેમનો ભય રાખો.

24 તે ગરીબને જ્યારે મુસીબતો હોય, ત્યારે કદી એમની અવગણના નથી કરતા. તેઓ કદી તેમનું મુખ એમનાથી છુપાવતા નથી. તેઓ મદદ માટે તેમને પોકાર કરે છે ત્યારે તેઓ તેમને સાંભળે છે.

25 મોટી મંડળીમાં; હું તમારી કૃપાથી તમારી સ્તુતિ કરું છું ; સર્વ ભય રાખનારાઓની સામે, હા, હું મારી માનતા પૂરી કરીશ.

26 દરિદ્રીજનો ખાઈને તૃપ્ત થશે, જેઓ યહોવાને શોધે છે, તેઓ તેમની કૃપા પ્રાપ્ત કરશે, અને તેઓ હર્ષનાદ અને અવિનાશી આનંદથી તેમની સ્તુતિ કરશે.

27 ભલે દૂર દેશના લોકો યહોવાનું સ્મરણ કરે અને તેમની પાસે પાછા ફરે. ભલે રાષ્ટ્રોના બધા કુટુંબો નીચે નમીને યહોવાની ઉપાસના કરે.

28 કારણ, યહોવા રાજા છે, અને તે સર્વ પ્રજા ઉપર રાજ કરે છે.

29 બધા લોકો, જેઓ મજબૂત અને તંદુરસ્ત છે તેઓએ ખાધું છે અને યહોવા સમક્ષ નીચે નમ્યા છે – હા, એ બધાં જેઓ મૃત્યુ પામવાની તૈયારીમાં છે અને તે પણ લોકો જેઓ અત્યાર સુધીમાં મરણ પામ્યા છે તે બધાં યહોવાની સામે નીચા નમશે.

30 યહોવાનાં અદ્ભુત કર્મો વિષે આવતી પેઢી પણ સાંભળશે, ને આપણાં સર્વ સંતાનો પણ તેમની સેવા કરશે.

31 આવનાર પેઢીઓ જે જન્મી નથી તેઓને પણ તેમનાં સર્વ ચમત્કાર વિષે પ્રગટ કરીને કહેશે. અને તેમનું ન્યાયીપણું પ્રગટ થશે.

## ગીત 23

*દાઉદનું ગીત.*

1 યહોવા મારા પાલનકર્તા છે. તેથી મને કદી, કશી ખોટ પડશે નહી.

2 તે મને લીલાં બીડમાં સુવાડે છે. અને મને શાંત જળની તરફ દોરી જાય છે.

3 તે મને નવું સામર્થ્ય ને તાજગી આપે છે. તેમનાં નામનો મહિમા વધે તે માટે તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.

4 મૃત્યુની કાળી ખીણમાં પણ મારે ચાલવાનું હશે તો હું ડરીશ નહીં; કારણ હે યહોવા, તમે મારી સાથે છો, તમારી લાકડી તથા છડી મને આશ્વાસન આપે છે.

5 તમે મારા દુશ્મનોની સામે મારું મેજ ગોઠવો છો. અને માથા ઉપર તેલ રેડો છો. મારો પ્યાલો તમે વરસાવેલા આશીર્વાદથી છલકાઈ જાય છે.

---

**બળદોના શિંગડાઓથી મારું રક્ષણ કરો** અક્ષરસ: તમે મને બળદના શિંગડાઓથી જવાબ આપ્યો છે.

6 તમારી ભલાઈ અને દયા મારા જીવનનાં સર્વ
દિવસોમાં મારી સાથે રહેશે. અને હું યહોવાની સાથે
તેના ઘરમાં લાંબા સમય સુધી રહીશ.

## ગીત 24

*દાઉદનું ગીત.*

1 આ પૃથ્વી યહોવાની છે! અને જગતનું સર્વ કાંઈ પણ
તેનુંજ છે, આ જગત અને જગતમાં રહેનારા સર્વ
તેનાંજ છે.
2 તેમણે સમુદ્રો પર તેમનો પાયો નાંખ્યો છે. અને તેમણે
નદીઓ પર સ્થાપન કર્યુ છે.
3 યહોવાના પર્વત પર કોણ ચઢી શકશે? તેમનાં
નિવાસસ્થાનમાં કોણ પ્રવેશી શકશે? તેનાં
પવિત્રસ્થાનમાં કોણ ઊભો રહી શકશે?
4 ફક્ત તેઓ જેમના હાથ શુદ્ધ છે અને હૃદય નિર્મળ
છે, તેઓએ મારા નામના જૂઠાં સમ લીધા નથી, તેઓ
જેમણે ખોટાં વચનો આપ્યાં નથી, અને જૂઠુ બોલ્યાં
નથી. તેઓજ યહોવાના પર્વત પર ચઢી શકશે.
5 તેઓ યહોવાના આશીર્વાદ પ્રાપ્ત કરશે અને પોતાના
તારણ કરનારા દેવથી તેઓ ન્યાયીપણું પામશે.
6 તેઓ પેઢીના લોકો છે જેઓ યાકૂબના દેવને શોધતાં
આવ્યાં છે.
7 પ્રવેશદ્વારો તમારાં માથા ઊંચા કરો! હે પ્રાચીન
પ્રવેશદ્વારો ઊઘડી જાઓ અને, માનવંત રાજા અંદર
આવશે!
8 તે ગૌરવવાન રાજા કોણ છે? એ સામર્થ્યવાન બળવાન
યહોવા છે, તે યહોવા જે યુદ્ધમાં પરાક્રમી છે.
9 પ્રવેશ દ્વારો, તમારા માથાં ઊંચા કરો. અને ગૌરવવાન
રાજાને અંદર આવવા દો. હે પ્રાચીન પ્રવેશદ્વારો ઉઘડી
જાઓ; અને માનવંત રાજા અંદર આવશે!

10 આ ગૌરવવાન રાજા કોણ છે? યહોવા આકાશોના
સર્વ સૈન્યોનો માલિક અને ગૌરવવાન રાજા છે.

## ગીત 25

*દાઉદનું ગીત.*

1 હે યહોવા, મારી જાતને તને સોપું છું.
2 હું હમેશા તમારો વિશ્વાસ કરું છું. તો મારી સાથે કોઈ
એવી વસ્તુ ન બને કે જેથી મારે શરમાવું પડે. મારા
શત્રુઓને મારી ઉપર હસવા દેતા નહીં.
3 જેઓ યહોવામાં વિશ્વાસ રાખે છે તેઓએ કદી કશાથી
પણ શરમાવાનું નહીં રહે. પણ વિશ્વાસઘાતીઓની
માનહાનિ થશે. તેઓને તેમના વિશ્વાસઘાતથી કોઈ
ફાયદો નહીં થાય.
4 હે યહોવા, મારે ક્યા માર્ગ જવું, તે તમે મને બતાવો;
ને ચાલવાનો યોગ્ય માર્ગ તમે મને બતાવો.
5 મને માર્ગદર્શન અને જ્ઞાન આપો કારણ, તમેજ માત્ર
મારા તારણ આપનાર છે. હું આખો દિવસ તમારી
રાહ જોઉ છુ.
6 હે યહોવા, તમારી કૃપા અને તમારી પ્રેમાળ દયાળુતાને
યાદ રાખો કારણ તે સનાતન છે.
7 જુવાનીનાં પાપ અને અપરાધનું સ્મરણ ન કરો. હે
યહોવા, તમારા શુભ નામને માટે, તમારી કૃપા અને
અનુકંપા સાથે મને યાદ કરો.
8 યહોવા સારા અને પ્રમાણિક છે, તેથી તેઓ પાપીઓને
સાચા માર્ગે દોરે છે, અને તેઓ તેમને શું ન્યાયી અને
નિષ્પક્ષ છે તે શીખવે છે.
9 તેઓ નમ્ર લોકોને ન્યાયી બનવા માટે દોરે છે અને
તેઓ તેમને તેમના માર્ગે જીવવાનું શીખવે છે.
10 જે લોકો તેના પવિત્ર કરાર અને કાયદાઓનું પાલન
કરે છે તેમનાં તરફ યહોવા દયાળુ અને વિશ્વાસુ છે.
11 હે યહોવા, મારા પાપ તો ઘણાં છે, તમારા નામના
મહિમા માટે મને ક્ષમા કરો.
12 યહોવાથી ડરે એવા માણસો કયાં છે? શ્રેષ્ઠ જીવન
જીવવાનો શ્રેષ્ઠ રસ્તો પસંદ કરવાનું તેમને યહોવા
શીખવશે.
13 તે માણસ પર યહોવાના આશીર્વાદ રહેશે; ને તેનાં
સંતાન પૃથ્વીનો વારસો પામશે.
14 જેઓ યહોવાનો ભય અને તેમના માટે માન રાખે
તેઓની સાથે તેઓ પોતાના રહસ્યો વહેંચે છે. તેઓ
તેઓને તેમનો કરાર શીખવે છે.
15 સહાય માટે મારી દ્રષ્ટિ સદાય યહોવા તરફ છે, કારણ,
તે એકલાં જ મારા પગ ફાંદામાંથી કાઢશે.
16 હે યહોવા, હવે તમે આવો, ને મારા પર દયા કરો. હું
નિરાશ્રિત, દુ:ખી, નિ:સહાય અને એકલો છું.
17 મારી મુસીબતો અને સમસ્યાઓ દિનપ્રતિદિન વધુ
ખરાબ થતા જાય છે. હે યહોવા, તે બધામાંથી મને
મુક્ત કરો.
18 મારા દુ:ખને વેદના પર જરા નજર કરો, અને કૃપા
કરી સર્વ પાપની ક્ષમા કરો.
19 મારા શત્રુઓ ઘણાં છે તે જરા જુઓ; તેઓ કેટલી
ક્રૂરતાથી મારી ઘૃણા કરે છે તે જુઓ.
20 મારું રક્ષણ કરો અને મારો જીવ બચાવો. લાજ જવા
દેતા નહીં મારી, કારણ, હું તમારો વિશ્વાસ કરું છું.
21 મારા પરાક્રમીપણા તથા ન્યાયીપણાના, તમે રક્ષક
બનો. કારણ, રક્ષણ માટે હું તમારી આશા રાખું છું.
22 હે યહોવા! હવે તમે ઈસ્રાએલને સર્વ સંકટોમાંથી
છોડાવો.

## ગીત 26

*દાઉદનું ગીત.*

1 હે યહોવા, મારો ન્યાય કરો, હું સદા પ્રમાણિકપણે
વર્ત્યો છું. મારો યહોવા પરનો વિશ્વાસ કદાપિ ડગ્યો

નથી. મારી વિરૂદ્ધના લોકોની સામે મને સર્વ આક્ષેપોમાંથી નિર્દોષ જાહેર કરો.
2 હે યહોવા, પૂરી તપાસ કરી, મારી પરીક્ષા કરો; મારા અંત:કરણની ઈચ્છાઓને પણ કસોટીની એરણે ચઢાવી પરીક્ષા કરો.
3 કારણ, હું તમારી કૃપા મારી સગી આંખે નિહાળું છું. અને હું હંમેશા સત્યો દ્વારા જીવી રહ્યો છું.
4 મેં ક્યારેય દુરાચારીઓની સંગત કરી નથી. હું ક્યારેય નકામા લોકો સાથે જોડાયો નથી.
5 હું દુષ્ટોની સંગતને ધિક્કારું છું ને દુષ્ટોની મંડળીમાં કદાપિ બેસીશ નહીં.
6 હું મારી નિર્દોષતા સાબિત કરવા મારા હાથ ધોઈશ; હે યહોવા, એ પ્રમાણે જ હું વેદીની પ્રદક્ષિણા કરીશ.
7 હું આભારસ્તુતિનાં ગીત ત્યાં ગાઉં છું અને તમારા સર્વ ચમત્કારી કર્મ પ્રગટ કરું છું.
8 હે યહોવા! મને પ્રિય છે તમારુ મંદિર, અને તે જગ્યા જ્યાં તમારુ ગૌરવ છે.
9 પાપીઓ સાથે મારો સર્વનાશ કરશો નહીં. માણસોની સાથે મને મારી નાખશો નહીં.
10 તેઓ હમેશા ધૃણાજનક કૃત્યો કરે છે. અને તેમના જમણા હાથ લાંચરુસ્વતથી ભરેલાં છે.
11 હે યહોવા, હું તેઓના જેવો નથી, હું પ્રમાણિકપણાના માર્ગે ચાલું છું, મારા પર દયા કરી મારો બચાવ કરો.
12 યહોવાએ મને પડી જવા દીધો નથી, નથી દીધો મને લપસવા. માટે હું યહોવાની સ્તુતિઓ ગાઈશ. જેમણે લોકોને ભેગાં કર્યા છે તેઓ વચ્ચે હું ઊભો છું

## ગીત 27

*દાઉદનું ગીત.*

1 મારું તારણ અને પ્રકાશ છે, યહોવા. શા માટે મારે કોઈથીય ડરવું? મારા જીવનનું સામર્થ્ય છે, યહોવા. શા માટે મારે કોઈનાથી ડરવું?
2 જ્યારે દુષ્ટ શત્રુઓ મારો સંહાર કરવા આવશે, ત્યારે તેઓ ઠોકર ખાઈને નીચે પડશે.
3 ભલે સૈન્ય મારી વિરૂદ્ધ છાવણી નાખે, તો પણ હું જરાય ડરવાનો નથી; ભલે એ મારી વિરૂદ્ધ યુદ્ધ કરે; પણ મને યહોવા પર ભરોસો છે કે, તેઓ મારું રક્ષણ કરશે.
4 હું એકજ વસ્તુ માંગુ છું યહોવાથી, "મારા જીવનના સર્વ દિવસો પર્યંત મને યહોવાનાં મંદિરમાં બેસવા દો જેથી સદા યહોવાના દિવ્ય સૌંદર્યનું અવલોકન કરી શકુ અને તેમના પવિત્ર કિલ્લાઓની મુલાકાત કરું."
5 સંકટના સમયે તેઓ ખરેખર મને પોતાના પવિત્ર મંડપમાં સંતાડી દેશે. અને મને તેમની સુરક્ષિત જગ્યાએ લઈ જશે.
6 મારા શત્રુઓ મને ઘેરી વળ્યા છે, પણ તેમને હરાવવા યહોવા મારી મદદ કરશે. હું તેના મંડપમાં હર્ષનાદ સાથે અર્પણો ચઢાવીશ. હું સ્તુતિગીતો ગાઈશ, અને તેઓ જે મારો આભાર યહોવાને વ્યકત કરે.
7 હે યહોવા, મારી વિનંતી સાંભળો મારા પર દયા કરીને મને જરૂરી સહાયતા આપો.
8 મારું હૃદય તમારા વિષે કહે છે કે તમે ઈચ્છો છો કે અમે તમને શોધીએ, તેથી હે યહોવા! હું તમારી પાસે તમારૂં મુખડું શોધવા આવું છું.
9 હે યહોવા, હું તમારી પાસે આવું છું. તમે તમારું મુખ મારાથી ફેરવશો નહીં. તમારા આ સેવક પર ગુસ્સો ન કરો, અને મને ધક્કો મારી કાઢી ન મૂક્યો એ તમે જ છો જેણે મને ભૂતકાળમાં મદદ કરી છે. હે મારા તારણહાર, મારા દેવ, હવે મને છોડી ન દેતા અને મને ત્યજી ન દો.

10 જો મારા માતાપિતાએ મને ત્યજી દીધો છે, પરંતુ યહોવા તો પણ મને સાંભળશે અને સ્વીકારશે.
11 હે યહોવા, મને કહો, હવે મારે શું કરવું? હું શત્રુઓથી ઘેરાએલો છું અને તમારી મદદની રાહ જોઉં છું. માટે હવે મને તમે સત્કર્મના સરળ માર્ગે દોરી જાઓ.
12 હે યહોવા, મને મારા શત્રુઓના હાથમાં સુપ્રત ન કરો. કારણકે તેઓએ મારા ઉપર ખોટા આરોપો મૂક્યાં છે તથા તેઓ હંમેશા મને નિષ્ઠુરતાથી ઈજા પહોંચાડવાની યોજનાઓ કરે છે.
13 હું આશા રાખું છું કે યહોવા ખરેખર મને ફરીથી છોડાવશે, અને હું જીવનમાં તેમની દયાનો અનુભવ કરીશ.
14 તું યહોવાની રાહ જોજે, ધૈર્ય ગુમાવીશ નહીં; તેઓ જરૂર આવશે અને તને બચાવશે; બળવાન થા અને હિંમત રાખ; હા, તું યહોવાની રાહ જોજે, તેઓ તને સહાય કરશે.

## ગીત 28

*દાઉદનું ગીત.*

1 હે યહોવા! તમને મદદ માટે પ્રાર્થના કરૂં છું. હે મારા ખડક, તારા કાન બંધ નથી રાખતો, કારણકે તું મારા મદદના પોકાર નો જવાબ નહીં આપે તો મારી ગણના કબરમાંના મૃત લોકો જેવી જ થશે.
2 હે યહોવા! મદદ માટેની મારી બૂમો સાંભળો. તમારી સૌથી પવિત્ર જગ્યા તરફ હું હાથ ઊંચા કરું છું; અને તમારી સહાય માટે ખરા મનથી પ્રાર્થના કરું છું.
3 મને દુષ્ટતા કરનારા અને પાપીઓ વચ્ચે ધકેલી ન દેતા. તે નીચ લોકો તેમના પડોશીઓને "સલામ" * કરે છે પરંતુ તેઓ તેમની વિરૂદ્ધ દુષ્ટતા કરવાની યોજના કરી રહ્યાં છે.

---

**સલામ** આ હિબ્રુ શબ્દનો અર્થ છે શાન્તિ. એ શબ્દ સત્કાર માટે વપરાતો હતો.

4 તમે તેમને તેમની દુષ્ટતા પ્રમાણે ફળ આપજો, તેમને તેમની સર્વ દુષ્ટતાનો તમે બદલો વાળી આપજો; જે ભારી શિક્ષાને તેઓ યોગ્ય છે, તમે તેમને તે શિક્ષા કરો.
5 તેઓ યહોવાની, તેમના મહાન કર્મોની અને તેમના હાથનાં કામોની સંપૂર્ણ અવગણના કરે છે; જૂનાં પુરાણાં મકાનની જેમ યહોવા તેઓને તોડી પાડશે ને ફરી કદી સ્થાપિત કરશે નહીં.
6 યહોવાની સ્તુતિ થાઓ, કારણ, તેમણે મારા કાલાવાલા સાંભળ્યા છે.
7 યહોવા મારું સામર્થ્ય અને ભયસ્થાનોમો મારી ઢાલ છે. મારા હૃદયે તેમનો ભરોસો રાખ્યો છે અને મને તેમની સહાય મળી છે. મારા હૃદયમાં અત્યંત આનંદ થાય છે તેમની સ્તુતિ ગાઈને હું તેમનો આભાર માનું છું.
8 યહોવા તેમનાં લોકોને મજબૂત બનાવે છે. યહોવા તારણહાર છે, અને તેમના પસંદ કરેલાઓનું સામર્થ્ય છે.
9 હે યહોવા, તમારા લોકોનો તમે ઉદ્ધાર કરો, અને તમારા વારસાને આશીર્વાદ આપો. વળી તેઓનું હંમેશા પાલનપોષણ કરી તમારા લોકોને ઊંચકી રાખો.

## ગીત 29

*દાઉદનું ગીત.*

1 હે પરાક્રમી યહોવાના દૂતો, તમે સૌ તેમની સ્તુતિ કરો; તેમના ગૌરવ અને સામર્થ્ય માટે સૌ યહોવાની સ્તુતિ કરો.
2 યહોવાના ગૌરવ માટે સ્તુતિ કરો. યહોવાના ભવ્ય નામ માટે તમે ગાઓ તમારા પવિત્ર વસ્રો પહેરીને આવો અને તેમની ઉપાસના કરો આવો અને તેમનું ભજન કરો.
3 યહોવાનો સાદ સમુદ્રો પર ગાજે છે; ગૌરવવંતા દેવ મહાસાગર પર ગર્જના કરે છે.
4 યહોવાનો અવાજ તેમની શકિત નિરૂપે છે, યહોવાનો સાદ તેમનો મહિમા નિરૂપે છે.
5 યહોવાના અવાજથી ગંધતરુઓ ભાંગી ગયા છે લબાનોનનાં વિશાળ ગંધતરુઓ યહોવા તોડે છે.
6 યહોવા હેર્મોન પર્વતને અને લબાનોનનાં પર્વતોને, ધ્રુજવે છે. તે તેમને વાંછરડાની જેમ કૂદાવે છે.
7 યહોવાનો અવાજ વીજળીઓને ભેદી અને ગર્જના કરે છે.
8 યહોવાના સાદના પડધા રણને, અને કાદેશના એ રણને ધ્રુજાવે છે.
9 યહોવાનો અવાજ દેવદારના વૃક્ષોને ધ્રુજાવે છે અને બધા ઉપાસના કરનારાઓ તેના મંદિરમાં સ્તુતિ કરે છે. 'યહોવાનો મહિમા થાય.'
10 જળપ્રલય સમયે યહોવા, સત્તાસ્થાને ત્યાં બિરાજમાન થયા હતા. અને યહોવા સર્વકાળ રાજા તરીકે બિરાજમાન થનાર છે.
11 યહોવા પોતાના લોકોને સામર્થ્ય આપશે, અને તેઓને શાંતિનો આશીર્વાદ આપશે.

## ગીત 30

*મંદિરની પ્રતિષ્ઠા માટેનાં ગીતોમાંનુ. દાઉદનું ગીત.*

1 હે યહોવા, હું તમારી સ્તુતિ કરીશ, કારણ તમે મને મુશ્કેલીઓમાંથી બહાર કાઢયો છે. તમે મારા શત્રુઓને વિજયનો આનંદ લેવા દીધો નથી.
2 હે યહોવા મારા દેવ, મેં તમને અરજ કરી, ને તમે મને સાજો કર્યો.
3 હે યહોવા, તમે મને શેઓલમાંથી પાછો કાઢી જીવતો રાખ્યો છે! તમે મને કબરમાં પડવા દીધો નથી.
4 હે દેવના વિશ્વાસુ અનુયાયીઓ, તમે સૌ તેમની પ્રશસ્તિ ગાઓ. અને તેમના પવિત્ર નામની સ્તુતિ ગાઓ.
5 તેમનો કોપ તો કેવળ ક્ષણિક છે, પણ તેમની કૃપા "જીવન"ભર માટે છે. રૂદન ભલે આખી રાત રહે, પણ સવારમાં હર્ષનાદ થાય છે.
6 હું જ્યારે નિર્ભય અને સુરક્ષિત હતો, ત્યારે મેં કહ્યું હતું, "હું ડગીશ નહીં." હું સમજતો હતો કે આ સ્થિતિ સદાય રહેશે.
7 હે યહોવા, તમે મારા પર કૃપા કરી મને પર્વતની જેમ સ્થિર બનાવ્યો છે, પણ પછી મારાથી મુખ આડુ ફેરવીને તમે મને ભયભીત કર્યો છે.
8 હે યહોવા, મેં તમને પોકાર કર્યો અને મેં તમને વિનંતી કરી.
9 "હે યહોવા! હું મરી જઈશ તો તમારું શું સારું થશે? મારી કબરની ધૂળ તમારી પ્રશસ્તિ કરી શકશે? શું તમારી વિશ્વસનીયતા વિષે કહી શકશે?
10 હે યહોવા, મારા પર દયા કરો, મારી અરજીને સાંભળો મને સહાય કરો."
11 પછી તમે મારા દુ:ખનું સુખ કર્યુ, અને રૂદનને બદલે મૃત્યુ આપ્યું; મારા શોકના વસ્ત્રો ઉતારી લીધા અને મને ઉત્સાહથી ઢાંકી દીધો.
12 કબરમાં શાંત પડી રહેવાને બદલે, હું આનંદપૂર્વક યહોવાની સ્તુતિ કરીશ; હે યહોવા, મારા દેવ, હું સદાય તમારી આભારસ્તુતિ કરીશ.

## ગીત 31

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 હે યહોવા! હું તમારી ઉપર આધાર રાખું છું મને નિરાશ ન કરશો. મારી સાથે હમેંશા સારા રહેજો અને મને કૃપા આપતા રહેજો.

2 હે યહોવા, મને સાંભળો, ઉતાવળથી મારી મદદે આવો!
મારા ખડક બનો. મારી સુરક્ષાની જગ્યા બનો. મારો
કિલ્લો બનો અને મને બચાવો.
3 દેવ મારા ખડક અને કિલ્લો છો, તેથી તમારા
નામને માટે મને દોરવણી આપો અને મને માર્ગદર્શન
આપો.
4 મારા શત્રુઓએ પાથરેલી ગુપ્ત જાળમાંથી મને બચાવો.
કારણ તમે મારો કિલ્લો છો.
5 હું, મારો આત્મા તમારા હાથમાં સોંપુ છું; હે સત્યના
દેવ યહોવા, તમે મારો ઉદ્ધાર કર્યો છે.
6 જૂઠ્ઠા દેવોની પૂજા કરનારને હું ધિક્કારું છું, હું ફક્ત
યહોવામાં ભરોસો કરું છું; યહોવા, હું તમારી દયાથી
આનંદથી હરખાઇશ તમે મારું સઘળું દુ:ખ જોયું છે,
મારા આત્માની વ્યથા નિહાળી છે.
8 તમે મને શત્રુઓના હાથમાં સોંપ્યો નથી, તમે મારા
પગ વિશાળ જગ્યા પર સ્થિર કર્યા છે.
9 હે યહોવા; હું સંકટમાં છું, હિંમત હારી ગયો છું, મારા
પર દયા કરો; શોકથી મારું શરીર, આંખને મારો પ્રાણ
ક્ષીણ થાય છે.

10 મારા જીવનનો અંત આવે છે. ઉદાસીમાં મારા વર્ષો
નિ:સાસામાં પસાર થાય છે. મારા પાપોએ મારી શક્તિ
હણી લીધી છે. અને મારા હાડકા બરડ થઇ રહ્યાં છે.
11 મારા બધા દુશ્મનો મને મ્હેણાં મારે છે, અને મારા
પાડોશીઓ મારી હાંસી ઉડાવે છે. મારા સબંધીઓને
મારો ભય લાગે છે; તેથી તેઓ મને અવગણે છે.
જેઓ મને જુએ છે તેઓ તેમના મુખ ફેરવી લે છે.
12 મૃત્યુ પામેલ મનુષ્યની જેમ હું વિસરાઇ ગયો છું; હું
ફેંકી દીધેલાંને ફુટી ગયેલાં વાસણ જેવો છું.
13 મેં ઘણાં લોકોને મારી બદનક્ષી કરતાં સાંભળ્યા છે.
તેઓ ભેગા થઇને મારી વિરૂદ્ધ મને મારી નાખવાની
યોજના અને કાવતરાં કરે છે.
14 પરંતુ હે યહોવા! હું તમારો વિશ્વાસ કરૂં છું મેં કહ્યું,
"ફક્ત તમેજ મારા દેવ છો."
15 મારા જીવનની બધીજ બીનાઓ તમારા હાથમાં છે.
મારા પર દયા કરો અને મને દુશ્મનોથી અને જેઓ
મારો પીછો કરી રહ્યાં છે તેમનાથી બચાવો.
16 તમારા સેવક ઉપર તમારા મુખનો પ્રકાશ ફરીથી પાડો.
અને મારા પર તમારી કૃપા દર્શાવી મારો બચાવ કરો.
17 હે યહોવા, હું નિરાશ થઇશ નહિં; કારણકે મેં તમને
પ્રાર્થના કરી છે. દુષ્ટજનોને લજ્જિત કરી અને ચૂપચાપ
તેઓને કબરોમાં સુવડાવી દો.
18 જૂઠા હોઠ મૂંગા થાઓ; તેઓ ડંફાસ મારે છે અને
સજ્જનોની વિરૂદ્ધ દ્વેષભાવ રાખીને ખરાબ વાતો કહે
છે.
19 જે ઉદારતા તમારા ભકતોને ખાતર તમે, રાખી મુકી
છે, તે તમે તમારે ભરોસે રહેનાર માટે ખૂબ દાખવી
છે. અને તમારો ભય રાખનારા માટે તમારો આશીર્વાદ
મહાન છે.
20 તમે તમારી સંમુખ તેઓને સંતાડી રાખશો, અને તેમનું
કાવતરાબાજો વિરૂદ્ધ રક્ષણ કરશો. તમે તમારા મંડપમાં
તેમને સુરક્ષિત રાખશો અને તેમને અનિષ્ટ જીભોથી
બચાવશો.
21 યહોવાની જરૂર પ્રશસ્તિ થાય, કારણ તેણે મારા પર
અસીમ પ્રેમ વરસાવ્યો છે. જ્યારે દુશ્મનોએ નગરને
ઘેરી લીધું હતું ત્યારે તેમણે મારા પર અદભૂત દયા
દાખવી.
22 અધીરતાથી મેં કહીં દીધું હતું કે, યહોવાએ મને તરછોડી
દીધો છે, વિચાર કર્યા વિના હું એવું બોલ્યો હતો છતાં
મારી અરજ તમે સાંભળી.
23 હે યહોવાના સર્વ ભક્તો, તમે તેમનાં પર પ્રેમ રાખો;
વિશ્વાસુઓની તેઓ રક્ષા કરે છે, અને અભિમાનીને
શિક્ષા કરે છે.
24 તમારામાંના બધાં, જેઓ યહોવાની મદદની રાહ જુએ
છે. ભલે તમારા હ્રદય નિર્ભય અને હિંમતવાન બને,
અને તમે સહુ ભલે બળવાન બનો!

## ગીત 32

*દાઉદનું માસ્કીલ.*

1 જેના દોષને માફી મળી છે, ને જેનું પાપ ઢંકાઇ ગયું
છે તેને ધન્ય છે અને તે જ સુખી છે.
2 જેને યહોવા દોષિત ગણતા નથી ને જેનો આત્મા
કપટથી રંગાએલો નથી તે માણસ આશીર્વાદિત છે.
3 હું ભયંકર પાપી છું તેનો હું સ્વીકાર કરતો ન હતો, તે
દિવસથી મારી વ્યથા વધી ગઇ ને મારા હાડકાં જીર્ણ
થઇ ગયા.
4 આખો દિવસ ને આખી રાત, તમારો ભારે હાથ મારા
પર હતો. જેમ ઉનાળાની ગરમીમાં જળ સુકાઇ જાય
તેમ મારી શક્તિ હણાઇ ગઇ હતી.
5 પણ મેં મારા બધાં પાપો તમારી સમક્ષ કબૂલ કરવાનો
નિર્ણય લીધો. મે મારા પાપોને છુપાવવાનું બંધ કર્યુ.
મે પોતાને કહ્યું, "હું મારા પાપો યહોવા સમક્ષ
કબૂલ કરીશ." અને તમે મારા પાપો બદલ મને ક્ષમા
આપી.
6 તેથી જ્યારે દેવનાં અનુયાયીઓને તેમનાં પાપનું ભાન
થાય, ત્યારે તેઓ પ્રાર્થના કરીને તેમનાં પાપની કબૂલાત
કરશે. અને જો પ્રચંડ પૂરની જેમ મુશ્કેલીઓ આવશે
તો પણ તે તેઓ સુધી પહોંચી શકશે નહી.
7 જીવનનાં સર્વ સંકટોમાં તમે મારી છુપાવવાની જગ્યા
છો, તમે સંકટોમાં ઉગારી લો છો; મારી આસપાસ
તમારા સ્તુતિગીતો ગવાય છે.
8 યહોવા કહે છે, "જીવનનાં પ્રત્યેક તબક્કે તારે ક્યાં
માર્ગે જવું તે હું તને બતાવીશ, હું તારો સતત ખ્યાલ
રાખી, તને હંમેશા સાચો બોધ આપીશ.

9 ઘોડા તથા ખચ્ચરને કે જેને સમજ નથી તેને કાબૂમાં રાખવા માટે લગામની જરૂર છે. તું તેમનાં જેવો અણસમજુ થઈશ નહીં.”
10 દુષ્ટ લોકોને ઘણી તકલીફો સહન કરવી પડે છે. પણ જેઓ દેવમાં વિશ્વાસ કરે છે, તેઓ તો યહોવાનાં સાચા પ્રેમથી ઘેરાયેલાં રહેશે.
11 હે સદાચારી લોકો, યહોવાથી આનંદીત થાઓ અને પ્રસન્ન થાઓ . હે શુદ્ધ હૃદયી માણસો, હર્ષના પોકાર કરો.

## ગીત 33

1 હે ન્યાયી લોકો, હરખાઓ; યહોવામાં શુદ્ધ હૃદયવાળા લોકો માટે યહોવાની સ્તુતિ કરવી સારી છે.
2 વીણા વગાડી, યહોવાની સ્તુતિ કરો, દસ તારનું વાજીંત્ર વગાડી ગાઓ; સ્તુતિના મધુર ગીતો આનંદથી ગાઓ.
3 યહોવાના નૂતન ગીતો ગાઓ; વાજીંત્રોને સંગીત વાદ્યો કુશળતાથી અને મોટેથી વગાડો.
4 યહોવાનો પ્રત્યેક શબ્દ ન્યાયી છે, તેનાં સર્વ કાર્ય ભરોસાપાત્ર છે.
5 તે ન્યાય અને નિષ્પક્ષતાને ચાહે છે. પૃથ્વી તેમનાં માયાળુ પ્રેમથી ભરાઇ ગઈ છે.
6 એમણે શબ્દોચ્ચાર કર્યો અને અકાશનું નિર્માણ થયું, અને તેમના મુખમાંના શ્વાસે આકાશના સમગ્ર તારાઓની રચના કરી.
7 તેમણે સમુદ્રો બનાવ્યાં અને મશકની માફક પાણી ભેગા કર્યાં અને તેના અતિશય ઊંડાણોને વખારોમાં ભરી રાખે છે.
8 સમગ્ર પૃથ્વી યહોવાથી બીઓ, ને પૃથ્વીવાસી! ભય રાખો તેનો અને આદર કરો.
9 કારણ, તેઓ બોલ્યા અને સૃષ્ટિ ઉત્પન્ન થઈ; અને તેમણે આજ્ઞા કરી ને તે સ્થિર થઈ.
10 તેઓ તેમનો વિરોધ કરતી પ્રજાઓની યોજનાઓને નિષ્ફળ બનાવે છે. જુઓ, યહોવા બધા લોકોની યોજનાઓને નિરર્થક બનાવે છે.
11 યહોવાની યોજનાઓ સદાકાળ ટકે છે. તેમણે કરેલી ધારણા પેઢી દર પેઢી રહે છે.
12 જે પ્રજાના યહોવા દેવ છે, અને જેઓને તેમણે પોતાના લોકો તરીકે પસંદ કર્યા છે. તેઓને ધન્ય છે.
13 યહોવાનું નિવાસસ્થાન આકાશ છે, ત્યાંથી તે સર્વ માનવજાત પર, નજર રાખે છે.
14 હા, તે આકાશમાંથી, સૃષ્ટિમાં વસતા સર્વ જીવોને ધ્યાનથી જુએ છે.
15 યહોવા સર્વના હૃદયના સર્જનહાર છે, અને તેઓ જે કાંઇ કરે છે તે એ સમજે છે.
16 રાજા ફકત તેના સુસજ્જ સૈન્યના બળથી જીતી ન શકે. બળવાન યોદ્ધો ફકત પોતાની બહાદુરીથી બચી જતો નથી.
17 યુદ્ધમાં વિજય માટે ઘોડાઓ પર આધાર રાખવો વ્યર્થ છે, તેઓ પોતાના બાહુબળથી કોઇને ઉગારી શકતા નથી.
18 યહોવા તેઓની નજર અને સંભાળ રાખે છે જેઓ તેનો ભય રાખે છે; ને તેમનો આદર કરે છે જેઓ તેમની કૃપાની રાહ જુએ છે.
19 તે તેઓના જીવને મૃત્યુ થી બચાવે છે, અને દુષ્કાળ સમયે તેઓને જીવતા રાખે છે.
20 અમે પૂર્ણ શ્રદ્ધાથી અમારી રક્ષા માટે યહોવાની પ્રતિક્ષા કરીએ છીએ, તે અમારા સાચા સહાયક છે, અને તે અમારી ઢાલ છે.
21 અમે યહોવામાં આનંદિત છીએ. અમે તેમનામાં ભરોસો રાખીએ છીએ. અમને તેમનાં પવિત્ર નામમાં વિશ્વાસ છે.
22 હે યહોવા, અમે રાહ જોઈ અને તમારી આશા રાખી છે કે તમારી કૃપા અમારા પર થાય.

## ગીત 34

*દાઉદનું ગીત. એ ત્યારે લખાયું હતું જ્યારે તેણે ગાંડપણનો ઢોંગ કર્યો જેથી અબીમેલેખ તેને કાઢી મુકે. દાઉદ આ રીતે તેનાથી નાસી છુટ્યો.*

1 હું હમેશા યહોવાની પ્રશંશા કરીશ, અને હું હંમેશા તેમના મહિમા વિષે વાત કરીશ.
2 મારો આત્મા યહોવાની મોટાઇ કરશે. આથી નમ્ર માણસો મારી સ્તુતિ સાંભળશે અને આનંદિત થશે.
3 આપણે સૌ સાથે મળી યહોવાની સ્તુતિ કરીએ. અને તેના નામનો મહિમા વધારીએ.
4 યહોવાને મેં પ્રાર્થના કરી અને તેમણે મારી પ્રાર્થનાનો ઉત્તર આપ્યો. તેમણે મને જે બધી વસ્તુઓનો ભય હતો તેમાથી બચાવ્યો.
5 જેઓ યહોવાની કૃપા પામ્યા છે, તેઓના મુખ પ્રકાશિત છે; તેઓના મુખ પર કોઇ નિરાશા કે ગ્લાનિ નથી.
6 આ લાચાર માણસે યહોવાને પોકાર કર્યો અને તે સાંભળીને તેમણે તેને સર્વ સંકટોમાંથી ઉગાર્યો.
7 યહોવાનો દૂત, યહોવાના ભક્તોની આસપાસ પડાવ નાખે છે અને તેમને મુશ્કેલીમાંથી ઉગારે છે, તેમનું રક્ષણ કરે છે.
8 યહોવા કેટલાં ઉમદા છે તેનો અનુભવ કરો અને શીખો. જેઓ તેમના ઉપર આધાર રાખે છે તેઓ નસીબદાર છે.
9 યહોવાનાં પવિત્ર અનુયાયીઓ યહોવાનો ભય રાખે છે અને તેમનો આદર કરે છે; કેમકે, તેને કોઇ વસ્તુની કમી નથી.
10 અને કદાચ તંગી પડે સિંહના બચ્ચાંને ભૂખ વેઠવી પડે છે, પણ દેવની સહાય શોધનારને ઉત્તમ વસ્તુઓની તાણ પડતી નથી.

11 મારા બાળકો આવો, મને સાંભળો; "હું તમને યહોવાનો
આદર કરતાં શીખવીશ."
12 સુખી-લાંબા જીવનની ઈચ્છા કોને છે? અને
તમારામાંથી જીવન વહાલું કોને છે?
13 તો હંમેશા તમારી જીભ પર કાબૂ રાખો; ને તમારા
હોઠોને જૂઠું બોલવાથી દૂર રાખો.
14 દરેક દુષ્ટ વસ્તુથી દૂર રહો ને ભલું કરો. શાંતિ શોધી
અને તેની પાછળ લાગો.
15 યહોવાની આંખો હંમેશા સત્યનિષ્ઠ લોકો પર નજર
રાખે છે. તેમની મદદ માટેની પ્રાર્થના સાંભળવા માટે
તેમનો કાન સદા ખુલ્લો હોય છે.
16 દુષ્ટ માણસોની યાદને પૃથ્વી પરથી ભૂંસી નાંખવાનો
યહોવાએ સંકલ્પ કર્યો છે.
17 યહોવા ન્યાયીઓના પોકાર સાંભળે છે, અને તેઓને
સર્વ સંકટોમાંથી છોડાવે છે.
18 યહોવા હંમેશા તેઓની સાથે હોય છે જેમના હૃદય
ભાંગી ગયા છે. જેમનો આત્મા કચડાઈ ગયો છે અને
જેઓ નમ્ર છે તેમને યહોવા મુક્તિ આપે છે.
19 ન્યાયી માણસનાં જીવનમાં ઘણા દુ:ખો આવે છે,
પણ કૃપાળુ યહોવા તેમને તે સર્વમાંથી ઉગારે છે.
20 યહોવા તેનાં સર્વ હાડકાંનું રક્ષણ કરે છે, તેઓમાંનું
એકપણ ભાંગવામાં આવતું નથી.
21 દુષ્ટો પોતાની જ દુષ્ટતાથી નાશ પામશે, અને
ન્યાયીઓના દ્વેષીઓ દોષિત ઠરશે.
22 યહોવા પોતાના સેવકોના પ્રાણોનો ઉદ્ધાર કરે છે;
યહોવામાં ભરોસો રાખનારાઓમાંથી કોઈ દોષિત ઠરશે
નહીં.

## ગીત 35

*દાઉદનું ગીત.*

1 હે યહોવા, મારી વિરૂદ્ધ યુદ્ધ કરનારા સામે તમે યુદ્ધ
કરો; મારી ઉપરના તેઓના આક્રમણ સામે તમે યુદ્ધ
જાહેર કરો.
2 તમે ઢાલ અને બખ્તર ધારણ કરી ઊભા રહો, ને મારું
રક્ષણ કરો.
3 ભાલો હાથમાં લઈને મારી પાછળ પડેલાને અટકાવો,
મારા આત્માને ખાત્રીથી કહો કે, "તમેજ મારો ઉદ્ધાર
કરનાર છો."
4 જેઓ મારા જીવના તરસ્યા છે, તઓની ફજેત થઈને
તેઓ બદનામ થાઓ; જેઓ મારું નુકશાન ઈચ્છે છે,
તેઓ રઝળી પડો ને પાછા હઠો.
5 તેઓ પવનથી ઊડતાં ભૂંસા જેવાં થાય, અને તેમને
યહોવાનો દૂત હાંકી કાઢે.
6 હે યહોવા તેઓનો માર્ગ અંધકારમય ને લપસણો
થાવ; યહોવાનો દૂત તેમની પાછળ પડો.
7 તેઓનું ખરાબ નથી કર્યુ છતાં તેઓએ મારા માટે ફાંદો
ગોઠવ્યો છે, વગર કારણે જીવ લેવા ખાડો ખોધ્યો છે.
8 તેમનાં પર અચાનક વિપત્તિ આવી પડો, પોતાના
ફાંદામાં તેઓ પોતેજ ફસાઈ જાઓ; પોતાના ખોદેલા
ખાડામાં પડી તેઓનો સંહાર થાઓ.
9 પણ હું યહોવાથી આનંદિત થઈશ, અને તેમની
મુક્તિમાં સુખી થઈશ.
10 મારું સમગ્ર વ્યક્તિત્વ પોકારશે, "હે યહોવા, તમારા
જેવું છે કોણ? જે લાચારને બળવાનથી બચાવે છે, ને
કંગાલને લૂંટનારથી છોડાવે છે."
11 નિર્દય લોકો જૂઠી સાક્ષી આપે છે, અને જેના વિષે મેં
કદી સાંભળ્યું નથી; તેના માટે મારા પર આરોપ
મુકે છે.
12 તેઓ ઉપકારને બદલે અપકાર કરે છે, તેઓ મારા
આત્માને રડાવે છે અને દુ:ખી કરે છે.
13 તેઓ જ્યારે બિમાર હતા, ત્યારે મેં ઉપવાસ કરીને
કંતાનના વસ્રો પહેરીને મારી દિલગીરી બતાવી હતી.
તેમનાં માટે પ્રાર્થના કરવાથી મને જે મળ્યું તે શું આ
છે?
14 તે લોકો જાણે મારા ભાઈઓ અને મારા નજીકનાં
મિત્રો હોય તેવો વર્તાવ મેં તેમની સાથે રાખ્યો; જેમ
કોઈ માણસ તેની માતા જે મૃત્યુ પામી છે તેના માટે
શોક કરે, તેમ હું તેમના માટે દુ:ખી હતો.
15 તેઓ ટોળામાં ભેગા થયાં. અને મારી પડતી વખતે
તેઓ આનંદિત હતાં. તે લોકો સાચા મિત્રો ન હતાં.
હું તેમને ઓળખતો પણ ન હતો. પરંતુ તેઓ મને
ઘેરી વળ્યા અને મારા પર હુમલો કર્યો અને ચૂપ રહ્યાં
નહીં.
16 તેઓએ મારી હાંસી ઉડાવી અને મારી વિરૂદ્ધ ખરાબ
ભાષા બોલ્યા, તેઓએ મારા તરફ દાંત કચકચાવીને
ગુસ્સો વ્યકત કર્યો.
17 હે યહોવા, મારા માલિક ક્યાં સુધી શાંત બેસી રહી
જોયાં કરશો? તેઓના ખૂની હુમલાઓથી મારા પ્રાણને
બચાવી લો. મારા મૂલ્યવાન જીવનને આ સિંહોથી
બચાવી લો.
18 હે યહોવા, હું મહામંડળીમાં તમારી આભારસ્તુતિ
કરીશ. ઘણા લોકોની સભામાં હું તમારી પ્રસંશા કરીશ.
19 મારા જૂઠા શત્રુઓને મારા પર હસવા દેશો નહીં. આ
દુશ્મનો જેઓ વિના કારણ મને ધિક્કારે છે તેઓ મારા
તરફ આંખ પણ ન મીચકારે.
20 કારણ, તેઓ ખરેખર શાંતિની યોજનાઓ કરતાં નથી.
ગુપ્ત રીતે તેઓ આ દેશનાં શાંતિપ્રિય લોકોનું અનિષ્ટ
કરવાની યોજનાઓ કરે છે.
21 તેઓ મોટેથી કહે છે કે "તેઓએ અયોગ્ય આચરણ
કરતાં મને જોયો છે, તેઓ કહે છે" અમે તને અમારી
પોતાની આંખે એ પ્રમાણે કરતાં જોયો છે."
22 હે યહોવા, તમે તેના વિષે બધુંજ જાણો છો, હવે તમે
શાંત બેસી રહેશો નહીં; અને મને તરછોડી દૂર થશો
નહીં.

23 હે યહોવા, ઊઠો! મને ન્યાય કરવા જાગૃત થાઓ.
મારા માલિક ઊભા થાઓ અને મારા કિસ્સાનો બચાવ
કરો.
24 હે યહોવા, મારા દેવ તમારા ન્યાયીપણાથી મારો ન્યાય
કરો. મારા શત્રુઓને મારા પર હસવા દેશો નહીં.
25 તેમને એમ કહેવાની તક આપશો નહીં, કે "તેમનાથી
વિમુખ થવાની અમારી ઈચ્છા પરિપૂર્ણ થઈ છે અને
તેમનો વિનાશ કર્યો છે."
26 કોઈના નાશ નુકશાનમાં આનંદ પામનારાં સર્વેની
ફજેતી થાવ અને તેઓ લજ્જિત થાવ. મારી વિરૂદ્ધ
બડાઈ કરનારા સઘળા અપમાનિત થઈ અને શરમાઈ
જાઓ.
27 જે લોકો મને નિર્દોષ ઠરાવવા માંગતા હોય તેઓ હર્ષ
મનાવે અને સુખી થાય. તેઓ હંમેશા કહો, "યહોવા
મહાન છે! તે તેમના સેવકો સુખી થાય અને શાંતિ
પામે તેવું ઈચ્છે છે."
28 મારી જીભ આખો દિવસ તમારી નિષ્પક્ષતાની વાતો
કરશે અને તમારી પ્રસંશાની સ્તુતિઓ ગાશે.

## ગીત 36

*નિર્દેશક માટે. યહોવાના સેવક દાઉદનું ગીત.*

1 દુષ્ટના ગહન હૃદયમાં પાપ તેને લલચાવે છે. અને
દુષ્ટ કાર્યો કરવા પ્રેરે છે; તેના હૃદયમાં દેવનો ભય કે
જે તેને પાપ કરતાં અટકાવે.
2 તે પોતાના મનમાં, અભિમાન કરે છે કે મારા અન્યાય
પ્રગટ થશે નહીં. અને મારો તિરસ્કાર થશે નહીં.
3 તેના શબ્દો મૂલ્યહીન જૂઠાણા અને છેતરપિંડીવાળા
છે. તેણે ડાહ્યું અને ભલું રહેવાનું છોડી દીધું છે.
4 તે રાત્રે પલંગમાં જાગતો રહે છે, ને કપટ કરવાની
યોજના ઘડે છે; તે અન્યાયના માર્ગમાં ઊભો રહે છે.
ને તે દુષ્ટતાથી કંટાળતો નથી.
5 હે યહોવા, તમારો સનાતન પ્રેમ આકાશ જેટલો વિશાળ
છે, અને તમારું વિશ્વાસપણું વાદળો સુધી પહોંચે છે.
6 તમારી નિષ્પક્ષતા ઊંચામાં ઊંચા પર્વતથી *પણ ઉંચી
છે. અને તમારો ન્યાય અતિ ગહન અને અગાથ છે.
અને તમે માનવજાત અને પ્રાણીઓનું રક્ષણ કરો છો.
7 હે યહોવા, તમારી અવિરત કૃપા કેવી અમૂલ્ય છે!
તમારી પાંખોની છાયામાં સર્વ માનવીઓ આશ્રય
લે છે.
8 તમારા આશીર્વાદોથી તેઓને ખૂબજ તૃપ્તિ થશે, તમારી
સુખ–સમૃદ્ધિની નદીમાંથી તે પાણી પીશે.
9 કારણ, તમારી પાસે જીવનનો ઝરો છે, અને અમે
તમારા અજવાળામાં પ્રકાશ જોશું.
10 હે યહોવા, જેઓ તમને સાચી રીતે ઓળખે છે, તેમના
પર તમારી દયા બતાવવાનું ચાલુ રાખજો, અને જેમના
હૃદય ચોખ્ખા છેં, તેમની સાથે ન્યાયીપણું ચાલુ રાખજો.
11 મને ઘમંડીઓના પગ નીચે કચડાવા દેશો નહીં, દુષ્ટ
લોકોના હાથ હાંકી કાઢે નહીં, તે તમે જોજો.
12 "જુઓ! અન્યાય કરનારાઓનું કેવું પતન થયું છે!
તેઓ એવા ફેંકી દેવાયા છે કે પાછા ઊઠી શકશે નહીં."

## ગીત 37

*દાઉદનું ગીત.*

1 દુષ્ટ લોકો પ્રતિ ગુસ્સે થઈશ નહીં. અને અન્યાય
કરનારની ઈર્ષા કરતો નહીં.
2 કારણ તેઓ તો ઘાસ અને લીલા છોડવા જેવાં છે, જે
ચીમળાઈને મરી જશે.
3 યહોવાનો વિશ્વાસ કર અને સત્કર્મ કર, તો તું તારા
દેશમાં રહીશ અને તે (યહોવા) વિશ્વસનીયતાથી જે
આપે તેનો આનંદ માણ.
4 યહોવા સાથેના તારા સબંધોનો આનંદ માણ; ખાત્રી
રાખ કે તારા હૃદયની ઈચ્છાઓ તેના (યહોવા) દ્વારા
પૂર્ણ થશે.
5 તું જે કંઈ કર્મ કરે તે સર્વ યહોવાને આધીન કર, તું
એના પર ભરોસો રાખ તે તારા સર્વ કામ ફળીભૂત
કરશે.
6 તે તારું ન્યાયીપણું પ્રભાતની જેમ પ્રકાશિત કરશે,
અને તારા પ્રમાણિકપણાને બપોરના સૂર્ય ની જેમ
તેજસ્વી કરશે. અને તારી નિર્દોષતાની સર્વ માણસોને
જાણ થશે.
7 શાંત થા યહોવાની સમક્ષતામાં, અને ધીરજથી જો
તેમની વાટ, જે કુયુકિતઓથી ફાવી જાય છે એમના
પર તું ખીજવાતો નહિં.
8 ખીજાવાનું બંધ કર.અને તારો ગુસ્સો ત્યાગી દે, આટલો
બેચેન ન બન કે તું પણ કંઈક અનિષ્ટ કામ કરી બેસે.
9 કારણ, દુષ્કર્મીઓનો વિનાશ થશે. અને જેઓ
યહોવાની મદદની રાહ જુએ છે તેમને ભૂમિ મળશે.
10 થોડા સમયમાં દુષ્ટ લોકોનો જડમૂળથી નાશ થઈ જશે.
તું તેમને શોધવાની સખત મહેનત કરીશ તોપણ તને
તેમના નામોનિશાન નહીં મળે.
11 નમ્ર લોકોને પ્રાપ્ત થશે વતન (દેવનું વચન), તેઓને
સર્વ વસ્તુઓનો આશીર્વાદ મળશે. તેઓને મનની
અદ્ભૂત શાંતિ મળશે અને સુખી થશે.
12 દુષ્ટો ન્યાયીઓની વિરૂદ્ધ ખરાબ યુકિતઓ ઘડે છે
અને તેમની જ સામે પોતાના દાંત પીસે છે.
13 યહોવા જુએ છે કે તેમનો કાળ નજક આવ્યો છે; તેથી
યહોવા તે દુષ્ટ માણસોની હાંસી ઉડાવે છે.
14 દુષ્ટોએ દરિદ્રી અને કંગાળનો, તથા સત્ય આચરણ
કરનારનો સંહાર કરવા ખુલ્લી તલવાર લીધી છે ને
ધનુષ્યથી નિશાન તાક્યું છે.
15 તેઓની પોતાની જ તલવાર તેઓના પોતાના જ
હૃદયને વિંધશે; અને તેઓના ધનુષ્યને બાણ ભાંગી
નાંખવામાં આવશે.

---

**ઊંચામાં ઊંચા પર્વત એટલે.** "અલનો પર્વત."

16 નીતિમાન લોકો પાસે જે અલ્પ છે તે દુષ્ટ લોકોની વિપુલ સંપત્તિ કરતાં વધારે સારું છે.
17 કારણ, દુષ્ટ લોકોના હાથોની શકિતનો નાશ કરવામાં આવશે પણ યહોવા નીતિમાન લોકોની કાળજી લેશે અને તેમને ટેકો આપશે.
18 યહોવાને યથાર્થીઓના સર્વ પ્રસંગોની ખબર છે, તેની દ્રષ્ટિમાં તેઓ નિર્દોષ છે, તેઓને વારસો સદાય ટકી રહેશે
19 યહોવા તેઓની વિકટ સંજોગોમાં પણ કાળજી રાખે છે, દુષ્કાળનાં સમયે પણ તે સર્વે તૃપ્ત થશે.
20 પણ દુષ્ટો અને યહોવાના શત્રુઓ, ઘાસની જેમ ચીમળાઈ જશે, ને ધુમાડા ની જેમ અદ્રશ્ય થઈ જશે.
21 દુષ્ટો ઉછીનું લે છે ખરા પણ પાછું કદી આપતા નથી, ન્યાયી જે આપવામાં ઉદાર છે, તે કરુણાથી વર્તે છે.
22 જેઓ યહોવાથી આશીર્વાદિત છે, તેઓ પૃથ્વીનું વતન પામશે, પણ જેઓ દેવથી અભિશાપિત છે તેઓનો અવશ્ય સંપૂર્ણ વિનાશ થશે.
23 યહોવા ન્યાયીને માર્ગ બતાવે છે, અને તેના પગલાં સ્થિર કરે છે. યહોવા પ્રસન્ન થાય છે તેથી તેનું જીવન સ્થિર કરે છે.
24 તેઓ ઠોકર ખાશે છતાં પડશે નહીં, કારણ કે તેમને ટેકો આપવા માટે અને સ્થિર રાખવાં માટે યહોવા ત્યાં છે.
25 હું યુવાન હતો ને હવે વૃદ્ધ થયો છું. છતાં ન્યાયીને તરછોડ્યા હોય કે તેનાં સંતાન ભીખ માંગતા હોય એવું કદાપિ મેં જોયું નથી.

26 તે ન્યાયીઓ છે ઉદાર, તેઓ હંમેશા પોતાની પાસે જે છે તે છૂટથી બીજાને આપે છે. તેઓના સર્વે સંતાનોને યહોવાના આશીર્વાદ મળશે.
27 જો તમને હંમેશને માટે જીવવાની ઈચ્છા હોય તો ખોટું કરવાથી દૂર રહો અને બીજાનું ભલું કરો.
28 કારણ, યહોવા ન્યાય અને પ્રમાણિકતાને ઈચ્છે છે. તે તેમના વિશ્વાસુ ભકતોને કદી છોડી દેતાં નથી તે તેમનું સદા રક્ષણ કરશે. અને દુષ્ટોનાં સંતાનોનો વિનાશ કરશે.
29 ન્યાયીઓ વતનનો વારસો પામશે, અને સદાકાળ ત્યાં નિવાસ કરશે.
30 ન્યાયીની વાણી ડાહપણ ભરેલી છે, તેની જીભ સદા ન્યાયની વાત કરે છે.
31 તેમનાં પોતાના હૃદયમાં યહોવાનું નિયંત્રણ છે, ને તેમાંથી તે કદાપિ ચલિત થતાં નથી.
32 દુષ્ટો સદા ન્યાયી માણસોની જાસૂસી કરે છે. અને તેઓને મારી નાખવાના લાગ શોધતાં ફરે છે.
33 પણ યહોવા દુષ્ટ માણસોના હાથમાં ન્યાયીઓને પડવા દેશે નહીં. ભલે તેઓને ન્યાયાલયોમાં લઈ જાય તોય તેઓ દોષિત ઠરાવાશે નહીં.
34 ધીરજથી યહોવાની રાહ જુઓ અને તેના માર્ગને અનુસરો. અને યહોવા તમને વિજયી કરશે અને તમને જે દેશનું વચન અપાયેલું હતું તે તમને વારસામાં મળશે. અને તમે દુષ્ટ લોકોનો નાશ થતો જોશો.
35 અનુકુળ ભૂમિમાં રોપેલાં લીલા વૃક્ષની જેમ, મેં દુષ્ટને મોટા સામર્થ્યમાં ફેલાતો જોયો.
36 હું ફરી ત્યાં થઈને ગયો ત્યારે તે ત્યાં નહોતો; મેં તેને શોધ્યો પરંતુ તેનો પત્તો મળ્યો નહી.
37 હવે જે નિર્દોષ છે તેનો વિચાર કરો. જે પ્રમાણિક છે તેનો વિચાર કરો. શાંતિપ્રિય લોકો તેમના વંશજો માટે ઉજ્જવળ ભવિષ્ય પામશે.
38 દુષ્ટો સમૂળગા વિનાશ પામશે, અંતે તેઓના વંશજોનો અંત આવશે.
39 યહોવા ન્યાયીઓનો ઉદ્ધાર કરે છે. સંકટ સમયે માત્ર યહોવા જ તેમનું તારણ–આશ્રયસ્થાન છે.
40 જે યહોવા પર ભરોસો રાખે છે, તેઓને તેઓ દુષ્ટોથી છોડાવીને તારે છે; તેઓની આવીને સહાય કરે છે; કારણ, તેમણે તેનો આશરો લીધો છે.

## ગીત 38

*સંભારણું– દાઉદનું ગીત.*

1 હે યહોવા, તમે ક્રોધમાં આવી મને ઠપકો આપશો નહીં, અને તમારા ગુસ્સામાં મને તમે શિક્ષા કરશો નહીં.
2 તમારા બાણોએ મને વીંધી નાખ્યો છે; અને તમારા હાથે મને કચડી નાખ્યો છે.
3 તમારા ગુસ્સાને લીધે મારું શરીર જરાપણ તંદુરસ્ત નથી. મારા પાપોને લીધે અને તમારી શિક્ષાને લીધે મારા બધા હાડકાઓ ઈજા પામ્યા છે.
4 મારાં માથા પર પાપો અને અન્યાયનો ભાર વધી ગયો છે, ભારે બોજાની જેમ તે મને અસહ્ય થઈ પડ્યો છે.
5 મારી મૂર્ખાઈને કારણે ઘા પડી ગયા છે. અને ઘા પણ કોહવાઈને ગંધાઈ ઊઠ્યા છે.
6 હું લથડી ગયો છું ને વાંકો વળી ગયો છું, અને આખો દિવસ હું શોક કર્યા કરું છું.
7 મારી કમરમાં અસહ્ય બળતરા થાય છેં, અને મારું શરીર રોગગ્રસ્ત થઈ ગયું છે.
8 હું નિર્બળ થઈને કચડાઇ ગયો છું, હૃદયની વેદનાને કારણે નિ:સાસા નાખું છું.
9 હે યહોવા, તમને મારી સર્વ ઈચ્છાની ખબર છે,મારા એ નિ:સાસાથી તમે અજાણ્યા નથી.
10 મારા હૃદયના ધબકારા વધી ગયા છે આંખોનું તેજ ઘટી ગયું છે. ને શકિત ઘટી ગઈ છે.
11 મારા રોગનાં ભયથી, મારા સ્નેહીજનો ને મિત્રો દૂર થઈ ગયા છે, અને મારા સગાસબંધી સૌ કોઈ, મારાથી જૂદા જઈ રહે છે.

12 શત્રુઓ મને મારવા ફાંદા ગોઠવે છે, મારું અહિત કરનારા હાનિકારક વાતો કરે છે.
13 મારી વિરૂદ્ધ આખો દિવસ કપટી કાવતરા કરે છે. પણ હું તો બહેરા માણસની જેમ સાંભળતો નથી, પોતાનું મોઢું ઉઘાડી ન શકું એવો હું મૂંગો માણસ છું.
14 સાંભળી ન શકે, ઉત્તર ન આપી શકે, હું એવા માણસ જેવો છું.
15 હે યહોવા, મારા દેવ, હું તમારી વાટ જોઉં છું; હે યહોવા, હું આશા રાખું છું કે તમે મને ઉત્તર આપશો.
16 મેં કહ્યું, "મારો પગ લપસે ત્યારે, મારી વિરૂદ્ધ બડાઈ કરનારા મારી દુ:ખદ પરિસ્થિતિ જોઇને કદાચ આનંદ પામે.
17 હું હવે કોઈપણ સમયે ઢળી પડીશ, મારું દુ:ખ હંમેશા મારી સાથે છે.
18 હું મારા પાપ ને અન્યાય કબુલ કરું છુ; અને મારા પાપ માટે હું બહુ દિલગીર છું.
19 વિના કારણે જેઓ મારા શત્રુ થયા છે, તેઓ અતિ પ્રબળ છે; વિના કારણ જેઓ મારો તિરસ્કાર કરે છે તેઓની સંખ્યા વધી છે.
20 ભલાઈ ને બદલે દુષ્ટતા પાછી વાળે છે, અન્યાયથી તેઓ મારો તિરસ્કાર કરે છે, કારણ, હું જે સારું છે તેને અનુસરું છું.
21 હે યહોવા, તમે મને તરછોડશો નહી, હે મારા દેવ, મરાથી દૂર ન થશો.
22 હે યહોવા, મારા તારણના દેવ, તમે જલદી આવો અને મને મદદ કરો!

## ગીત 39

*નિર્દેશક માટે. યદૂથૂન માટે. દાઉદનું ગીત.*

1 મેં કહ્યું, "મારા આચાર વિચારની હું સંભાળ રાખીશ; મારી જીભે હું પાપ કરીશ નહી. જ્યાં સુધી, દુષ્ટો મારી આસપાસ હશે હું મારા મોઢા પર લગામ રાખીશ."
2 સત્ય બોલવાનું હતું પણ હું બોલ્યો નહીં, છાનોમાનો મૂંગો ઊભો રહ્યો; ત્યારે મારી આંતરિક વ્યથા વધી અને મારો શોક વધી ગયો.
3 મારા હૃદયમાં આગ ભભૂકતી હતી, અગ્નિ સળગી ઊઠ્યો મારા વિચારનો; અને અંતે હું મારી જીભે બોલ્યો.
4 હે યહોવા, મને જણાવો; કે પૃથ્વી પર મારું આયુષ્ય કેટલુ છે? મારું જીવન કેવું ક્ષણભંગુર છે, તે મને સમજાવો.
5 તમે મને જીવવા માટે ખૂબ ટૂંકો સમય આપ્યો છે! મારું ટૂંકુ જીવન તમારી તુલનામાં કંઇ નથી. પ્રત્યેક વ્યકિતનું જીવન ઝડપથી અદ્રશ્ય થઈ જતાં વાદળ જેવું છે.
6 મનુષ્યનું અસ્તિત્વ તો ફક્ત આરસીમાંનું પ્રતિબિંબ છે, તે જે કરે છે તે મૂલ્યહીન છે. તે સંપત્તિનો સંચય કરે છે પણ જાણતો નથી કે તેના મૃત્યુ પછી તે કોને મળશે?
7 હે યહોવા, મારે શું આશા હોય? તમેજ મારી આશા છો!
8 હે યહોવા મને મારા પાપોમાંથી ઉગારો, દુષ્ટ માણસની જેમ મને તિરસ્કૃત ન થવા દો.
9 હે યહોવા, હું મૂંગો રહ્યો છું હું તમારી સમક્ષ મારા મોઢેથી ફરિયાદ કરીશ નહીં; કારણ, તમે જે કર્યુ છે એ હું જાણું છું.
10 હે યહોવા, હવે મને વધુ શિક્ષા ન કરશો, તમારા પ્રબળ હાથના પ્રહારે હું ખરેખર નષ્ટ જેવોજ થઈ ગયો છું.
11 યહોવા, જીવન જીવવાનો સાચો રસ્તો શિખવવા માટે તમે જે લોકો ખોટાં કાર્યો કરે છે તેને શિક્ષા કરો છો એ લોકો જે વસ્તુ ઈચ્છે છે અને જેની ઈચ્છા રાખે છે તેનો તમે નાશ કરો છો. જેમ ઉધઈ કપડાનો નાશ કરે છે. હા, અમારાં જીવન એક નાના વાદળ જેવાં છે. જે જલ્દી અદ્રશ્ય થઈ જાય છે.
12 હે યહોવા, મારી પ્રાર્થના ધ્યાનથી સાંભળો. મારા આંસુઓની અવગણના ન કરશો, આ જીવનમાં હું તમારી સાથે એક યાત્રી જેવો છું, મારા પિતૃઓની જેમ હું અહી એક કામચલાઉ વતની છું.
13 મૃત્યુ પછી હું પૃથ્વી પરથી જાઊ તે પહેલાં તમારી વેધક દ્રૃષ્ટી મારા પરથી દૂર કરો; જેથી ખરેખર બળ પામું ને ફરીથી આનંદ પામું.

## ગીત 40

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 મેં ધીરજથી સહાય માટે યહોવાની વાટ જોઈ, તેમણે મારી વિનંતી સાંભળી અને મને ઉત્તર આપ્યો.
2 યહોવાએ મને ઉંચકીને કબરની બહાર કાઢયો, તેમણે મને તે કાદવમાંથી બહાર કાઢયો, તેમણે મારા પગને અચળ ખડક પર ગોઠવ્યાં અને મારા પગલા સ્થિર કર્યા.
3 તેમણે આપણા દેવનું સ્તોત્ર મારા મુખમાં મૂક્યું છે, એટલે ધણા નવું ગીત, જોશે અને બીશે; ને યહોવા પર ભરોસો રાખશે.
4 જે યહોવાનો વિશ્વાસ કરે છે તે નસીબદાર છે. તે દૈત્યો પાસે અને ખોટા દેવ પાસે મદદ માટે જતો નથી.
5 હે યહોવા, મારા દેવ, તમે અમારા માટે મહાન ચમત્કારો કર્યા છે. તમારી પાસે અમારા માટે અદભૂત યોજનાઓ છે. તમારા જેવું કોઈ નથી ! હું તે અસંખ્ય અદભૂત કૃત્યોના વિષે વારંવાર કહીશ.
6 તમારે ખરેખર અર્પણોની અને ખધાર્પણની જરૂર નથી. તમને અર્પણ થનાર દહનાર્પણો અથવા પાપાર્થાપણો તમે માંગ્યા નથી. તમે મારા કાન ઉઘાડ્યા છે જેથી હું તમારો સાદ સાંભળી શકું.

7 મેં કહ્યું, "હું મારા વિષે પ્રબોધકોએ ગ્રંથમાં લખાએલી ભવિષ્યવાણી પ્રમાણે આવ્યો છું.
8 હે મારા દેવ, હું તમારી ઈચ્છાનુસાર કાર્ય કરવાને માટે રાજી છું. તમારો કાયદો મારા હૃદયમાં છે.
9 એક મહા સભામાં તમારાં ન્યાયના શુભ સમાચારની જાહેરાત કરી, હે યહોવા, તમે જાણો છો કે મેં ક્યારેય મારું મોઢું બંધ નથી રાખ્યું.
10 મેં કયારેય તમારી નિષ્પક્ષતાને મારા હૃદયમાં છુપાવી નથી. મેં મહાસભામાં તમારી વિશ્વસનીયતા અને તારણ વિષે જાહેરાત કરી હતી.
11 હે યહોવા, તમારી અખૂટ દયા મારાથી પાછી ન રાખશો. તમારો સાચો પ્રેમ હંમેશા મારી રક્ષા કરે છે."
12 કારણ, મારા માથે સમસ્યાઓનો ઢગલો ખડકાયો છે; મારા અસંખ્ય પાપોનાં બોજ નીચે હું દબાઈ ગયો છું મારા પાપો મારા માથાના વાળથીયે વધારે છે. મેં મારી હિંમત ગુમાવી છે.
13 હે યહોવા, કૃપા કરો ને મારી રક્ષા;કરો. હે યહોવા, હવે મને સહાય કરવા ઉતાવળ કરો.
14 હે યહોવા, જેઓ મને મારી નાંખવાનો પ્રયત્ન કરે છે તેઓ ફજેત થાઓ, અને પરાજય પામો જેઓ મારું નુકશાન કરવા માગે છે તેઓ શરમથી નાસી જાય તેવું કરો.
15 જેઓ, મારી મજાક કરે છે; તેઓ પરાજયથી પાયમાલ થાઓ.
16 યહોવા પર અને તેના તારણ પર પ્રેમ કરનાર સર્વના હિતમાં, તેમના યહોવાના આનંદનો ભાગ સદા કાયમ રહો. ઉદ્ધાર ચાહનારા નિરંતર કહો, "યહોવા કેટલાં મહાન છે!"
17 હું દીન દરિદ્રી છું, મારી ચીંતા કરો; હે મારા દેવ! તમે મારા સહાયક મુક્તિદાતા છો; માટે હવે વિલંબ ન કરશો.

### ગીત 41

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 જે દરિદ્રીની ચિંતા કરે છે, તે યહોવાથી આશીર્વાદિત છે; સંકટ સમયે ખરેખર યહોવા તેને વિપત્તિમાંથી છોડાવે છે.
2 તેનું યહોવા રક્ષણ કરે છે, ને તેને જીવંત રાખે છે; તે તેનાં શત્રુઓના બળને નષ્ટ કરે છે, અને જાહેરમાં તેને માન આપે છે જેથી તે સંસારમાં સુખ પામે છે.
3 યહોવા તેને બીમારીના બિછાના પર ટકાવી રાખશે, અને મંદવાડમાં તેનાં દુ:ખ અને ચિંતા લઈ લેશે.
4 મેં પ્રાર્થના કરી, "હે યહોવા; મારા પર દયા રાખશો અને મને મારી માંદગીમાંથી સાજો કરજો, કારણકે મેં કબૂલાત કરી હતી કે મેં તમારી વિરૂદ્ધ પાપ કર્યા છે."
5 મારા શત્રુઓ આ બધી ખરાબ વસ્તુઓ મારી વિરૂદ્ધ કહે છે, "તે ટૂંક સમયમાં મૃત્યુ પામશે. તેનું નામ સમગ્ર સંસારમાંથી વિસરાઈ જશે."
6 મારી માંદગીમાં મુલાકાતે આવી , ઢોંગ કરી મિત્રતાનો દાવો કરે છે, ને હૃદયમાં અન્યાયનો સંગ્રહ કરે છે; જ્યારે તે બહાર જાય છે તો નામોશી કરી અને તે જાહેર કરે છે, અને નિર્બળતાની હાંસી ઉડાવે છે.
7 મારો દ્વેષ કરનારા અંદરો અંદર કાનમાં વાતો કરે છે, અને મારા વિષે તે અત્યંત ખરાબ કલ્પના કરે છે.
8 તેઓ કહે છે; "તેની માંદગી એવી પ્રાણઘાતક છે કે તે પથારીમાં પડ્યો છે ને પાછો ઊઠવાનો નથી."
9 મારો જે શ્રેષ્ઠ મિત્ર હતો, જેની સાથે મેં ઘણીવાર ભોજન લીધું હતુ ને મને જેના પર ભરોસો હતો, તે મારી વિરૂદ્ધ થઈ ગયો છે.
10 હે યહોવા, મારા પર કૃપા કરો, અને મને ફરી સાજો કરો; મને પથારીમાંથી ઊઠાડો, જેથી હુ તેમનો ઈલાજ કરું.
11 તમે મારા પર પ્રસન્ન છો એની મને ખબર છે; તમે મારા પર શત્રુઓને વિજય આપ્યો નથી.
12 હું નિર્દોષ હતો અને તમે મને ટેકો આપ્યો હતો. તમારી સમક્ષ હંમેશા ઉભો રહેવા તમે મારી મદદ કરી.
13 ઈસ્રાએલનાં દેવ યહોવા પુરાતન કાળથી તે અનંતકાળ સુધી સ્તુત્ય રહે. આમીન તથા આમીન.

## ભાગ બીજો

### ગીત 42

*નિર્દેશક માટે. કોરાહનાં કુટુંબનું માસ્કીલ.*

1 હરણ જેમ પાણીના ઝરણાં માટે તલપે છે, તેમ હે યહોવા હું તમારા માટે તલપું છું.
2 મારો આત્મા જીવતા દેવ માટે તરસે છે. હું મારી જાતને એમની સમક્ષ ક્યારે હાજર કરી શકીશ?
3 રાત દિવસ આંસુ મારું ભોજન થયું છે. શત્રુ મહેણા મારે છે "તારા દેવ ક્યાં છે?"
4 હે મારા આત્મા, તે સમય કયાંથી વીસરી શકાય? ઉત્સવના દિવસોમાં હું મોટા લોકસમુદાયમાંથી પસાર થયો, જેઓ આનંદથી યહોવાના સ્તુતિગીતો ગાતા હતાં અને હું સૌને એક સાથે દેવના મંદિરમાં દોરી જતો હતો. એનું સ્મરણ કરતાં, મારું હૃદય ભાંગી જાય છે.
5 હે મારા આત્મા, તું ઉદાસ કેમ થયો છે? તું આટલો અસ્વસ્થ અને વ્યાકુળ શીદ થયો છે? દેવની મદદ માટે રાહ જો! તેમની કૃપા અને મદદ માટે હું હજી પણ તેમની પ્રાર્થના કરીશ.
6 હે મારા દેવ, મારો આત્મા નિરાશ થયો છે. તેથી હું તમારી કૃપાનું મિઝાર પર્વત પરથી જયાં હેર્મોન પર્વત અને યર્દન નદી મળે છે ત્યાંથી હું સ્મરણ કરૂં છું.

7 ઘરતીના ઊંડાણનું પાણી ભાંગી ને ધોધમાં પડવાનો
અવાજ મને સંભળાય છે. તમારા બધા મોજાઓ અને
મોટા મોજાઓ મારા પર ફરી વળ્યા છે.
8 અને છતાં યહોવા મારા માટે તેમનો સાચો પ્રેમ
પ્રતિદિન દર્શાવે છે. અને રોજ રાત્રે હું તેમના સ્તુતિગીત
ગાઉં છું , એટલે મારા જીવનદાતા દેવની પ્રાર્થના
કરૂં છું.
9 દેવ મારા ખડક છે, હું તેમને કહીશ કે, "તમે કેમ
ભુલી ગયા? મને કેમ ત્યજી દીધો છે? શા માટે
શત્રુઓના જુલ્મ મારે સહન કરવા પડે?"
10 તારો દેવ ક્યાં છે એમ મશ્કરીમાં રોજ પૂછીને, મારા
શત્રુઓના મહેણાં મારા હાડકાં ને કચરી નાખે છે.
11 હે મારા આત્મા, શા માટે તું આટલો દુ:ખી છે? તું શા
માટે આટલો અસ્વસ્થ અને વ્યાકુળ બની ગયો છે?
દેવની મદદ માટે રાહ જો! તેમની કૃપા અને મદદ
માટે હું હજુ પણ તેમને પ્રાર્થના કરીશ.

## ગીત 43

1 હે દેવ, મને ન્યાય કરો, અને મને નિર્દોષ પુરવાર
કરો. અને જે તમારો સંનિષ્ઠ અનુયાયી નથી તેવાથી
મને બચાવો, તેવા ઠગ અને છેતરપીંડી કરનારા
માણસથી મને બચાવો.
2 કારણ, હે દેવ, તમે મારું સામર્થ્ય છો. તમે શા માટે
ત્યજી દીધો? દુશ્મનોની ક્રૂરતાને લીધે હું શોક કરતો
ફરૂં છું.
3 હે યહોવા, તમારું સત્ય અને પ્રકાશ પ્રગટ કરો; જેથી
હું માર્ગદર્શન મેળવું અને તેઓ મને તમારા પવિત્ર
પર્વતમાં તથા તમારા મંડપમાં લાવે.
4 તમે મારા અતિઆનંદ છો, તમારી વેદી પાસે હું
જઈશ, અને હે દેવ, મારી વીણા સાથે હું તમારી
આભારસ્તુતિ ગાઈશ.
5 હે મારા આત્મા, તું શા માટે આટલો બધો દુ:ખી અને
ઉદાસ છે? અને તું શા માટે બેચેન છે ? દેવની મદદની
રાહ જો, હજીયે હું તેની કૃપા અને મદદ માટે પ્રાર્થના
કરીશ.

## ગીત 44

*નિર્દેશક માટે. કોરાહનાં કુટુંબનું ગીત. માસ્કીલ.*

1 હે દેવ, તમે પુરાતન કાળમાં, પિતૃઓના સમયે, જે
મહાન કૃત્યો કર્યા હતા, તેના વિષે તેઓએ અમને
કહ્યું ; તે અમે અમારા કાને સાંભળ્યું છે.
2 વિદેશીઓની પ્રજાને તારાજ કરી, તમે તમારા હાથે
હાંકી કાઢી, ઈસ્રાએલીઓને એક છેડાથી બીજા છેડા
સુધી તેઓને ત્યાં વસાવ્યા હતા.
3 જેણે તેમને વિજય અપાવ્યો, તે તેમની તલવારો ન
હતી. અને તેમને તે ભૂમિનો કબજો લેવા દીધો હતો.
તેઓ પોતાના હાથની શક્તિથી પોતાનું રક્ષણ કરી
શક્યાં ન હતા, પરંતુ તમારા જમણા હાથે, તમારા
ભુજે તમારા દૈવી પ્રકાશે તેઓને બચાવ્યાં હતા. તમે
તેઓને તમારી બહાદુરીથી વિજયી બનાવ્યાં હતા,
કારણ, તમે તેમનાથી પ્રસન્ન હતાં.
4 હે દેવ, તમે મારા રાજા છો. આજ્ઞા આપો અને યાકૂબના
લોકોને વિજય સુધી દોરી જાવ.
5 અમે અમારા શત્રુઓને માત્ર તમારી સહાયથી
હરાવીશું; અને તમારા નામે અમે અમારા વેરીઓને
કચરી નાંખશું.
6 હું મારા ધનુષ પર ભરોસો રાખતો નથી, 'તલવાર'
પણ મારો બચાવ કરી શકશે નહીં.
7 તમે અમારા શત્રુના લશ્કરથી અમારી રક્ષા કરી છે,
જેઓ અમારો દ્વેષ કરે છે તેઓને તમે લજ્જિત કરો છો
8 આખો દિવસ પર્યંત અમો દેવની સ્તુતિ કરીશું! અમે
સદાકાળ તમારા નામની આભારસ્તુતિ ચાલુ રાખીશું!
9 પણ હે યહોવા તમે અમને ત્યજી દીધા છે અને
શરમિંદા કર્યા છે. તમે અમારી સાથે યુદ્ધ માટે આવ્યાં
ન હતાં.
10 તમે શત્રુઓ આગળ અમારી પીછેહઠ કરાવી છે, અને
તેઓએ અમને તેમની ઈચ્છા મુજબ લૂંટ્યા છે.
11 તમે અમને ત્યજી દીધાં છે, અમારી હાલત બલી
માટેનાં ઘેટાઓ જેવી થઈ છે, અને તમે અમને વિદેશી
પ્રજાઓમાં વિખેરી નાખ્યા છે.
12 તમે અમને નજીવી કિંમતમાં વેચી દીધાં છે, શું તમારી
નજરમાં અમારી કોઈ કિંમત નથી ?
13 અમારા પાડોશીઓ આગળ તમે, અમને નિંદા રૂપ
બનાવ્યાં છે; અને અમારી આસપાસનાં લોકો સમક્ષ
અમને હાંસીરૂપ બનાવ્યા છે.
14 રાષ્ટ્રો વચ્ચે તમે અમને તિરસ્કાર અને હાંસીને પાત્ર
બનાવ્યા છે. તેઓ અમારી સામે જોવે છે, તેઓના
માથા હલાવે છે અને અમારા પર હસે છે.
15 આખો દિવસ હું મારૂં કલંક જોઉં છું અને મારૂં માથું
શરમથી ઝૂકી ગયું છે.
16 કારણ, મારી નિંદા થાય છે ને મારા વિષે ખરાબ
બોલાય છે. જુઓ, મારા શત્રુ ને વેર વાળનારા આવું
કરે છે.
17 ભલે, આ બધું અમારા પર આવી પડ્યું, તોય અમે
તમને ભૂલી નથી ગયા; ને તમારા કરાર પ્રતિ
વિશ્વાસઘાતી નથી થયા.
18 અમારું હૃદય તમારાથી પાછું હઠી ગયું નથી, ને તમારા
માર્ગથી, અમે એક ડગલું પણ ચલિત થયા નથી.
19 તો પણ તમે અમને શિયાળવાની જગામાં કચડ્યાં છે;
ને અમને તમે મોતની ગાઢ છાયાથી ઢાંકી દીધાં છે
20 જો અમે અમારા દેવની આરાધના ભૂલી ગયા હોત
અને પારકા દેવોની તરફ અમારા હાથ ફેલાવ્યા હોત,
21 તો શું દેવે તે જાણ્યું ન હોત? હા, યહોવા સર્વના
હૃદયનું રહસ્ય જાણે છે.

22 પરંતુ તમારે કારણે જ અમે આખો દિવસ વધેરાતા
જઈએ છીએ! માર્યા જઈએ છીએ. તમારે કારણે અમને
બલી માટે દોરી જવાતાં ઘેટાં જેવા ગણવામાં આવે છે.
23 હે યહોવા, જાગૃત થાઓ સતેજ થાઓ! સતેજ થાઓ!
હવે ઊંઘસો નહીં; અને અમને સદાને માટે, દૂર કરશો
નહીં.
24 તમે તમારું મુખ અમારાથી શા માટે અવળું ફેરવો
છો? તમે અમારા સંકટો અને સતામણીની અવગણના
શા માટે કરો છો?
25 અમો ધૂળમાં નીચે મ્હો રાખીને પડયાં છીએ અને
અમારા પેટ જમીનમાં દબાઈ રહ્યાં છે.
26 હે દેવ, અમને મદદ કરવા ઊઠો અને તમારી અનુંકંપાને
કારણે અમને બચાવી લો.

## ગીત 45

*નિર્દેશક માટે. રાગ: "શોશાન્નિમ." કોરાહના કુટુંબનું
માસ્કીલ. પ્રેમનું ગીત.*

1 મારૂં મન સુંદર શબ્દોથી ભરાઈ ગયું છે. મેં રાજા માટે
કવિતા રચી છે. હું તેનું પઠન કરૂં છું. મારૂં મન શ્રેષ્ઠ
લેખકની જેમ ઘણા શબ્દોથી ભરાઈ ગયું છે.
2 તમે કોઈ પણ માણસ કરતાં વધારે દેખાવડા છો.
તમારાં શબ્દો ભલમનસાઈથી ભરેલાં છે. તમો દેવ
દ્વારા સદાને માટે આશીર્વાદ પામેલા છો.
3 હે પરાક્રમી, તમે તમારી તલવાર કમરે બાંધો; અને
ગૌરવથી પ્રતાપ પરિધાન કરો.
4 તમે ભવ્ય દેખાઓ છો, જાઓ, અને ભલાઈ અને
ન્યાયની લડતમાં વિજયી થાઓ. પ્રભાવશાળી કાર્યો
કરવા માટે તમારી શકિતશાળી જમણી બાહુ
કેળવાયલી છે.
5 તમારા તીક્ષ્ણ બાણો તારા શત્રુઓના હૃદયો વીંધે છે,
તેઓ તમારા ચરણોમાં ઢળી પડે છે અને લોકો તમારા
શરણે આવે છે.
6 હે દેવ, તમારૂં રાજ્યાસન સનાતન છે અને તમારો
રાજદંડ એ તમારૂં ન્યાયી શાસન છે.
7 તમને ન્યાયપ્રિયતા પર પ્રીતિ છે, ને દુષ્ટતા પ્રતિ
તિરસ્કાર છે; માટે સર્વસમર્થ દેવ, હા, તારા દેવે; તને
સર્વ કરતાં શ્રેષ્ઠ ગણીને આનંદના તેલે અભિષિકત
કર્યો છે.
8 હાથીદાંતના મહેલોમાં તારાં વસ્રો બોળ, અગરને
તજની સુગંધથી કેવા મહેકે છે, ને તારનાં વાધો તને
આનંદ આપે છે.
9 તમારી માનીતી સ્રીઓમાં ઘણી રાજકુમારીકાઓ છે.
શુદ્ધ સોનામાંથી બનાવેલો મુગટ પહેરેલી રાણી તમારી
જમણે ઊભી છે.
10 હે રાજકન્યા, હું કહું તે તું કાને ધર; ને પછી વિચાર
કર; તારા લોકોને ભૂલીજા અને તારા બાપનું ઘર
ભૂલીજા.
11 તારા સૌદર્યમાં મોહિત થઈને રાજા અતિ આનંદ
પામે છે, એ તો તારા સ્વામી છે, માટે તેની
સેવાભકિત કર.
12 તૂરના ધનવાન લોકો તમારા માટે ભેટ સોગાદો લઈને
તમને મળવા આવશે.
13 અતિ સુંદર રાજકન્યા, જનાનખાનામાં રાહ જુએ છે;
તેનાં સુંદર જરીનાં વસ્રોમાં, સોનાના તાર વણેલા છે.
14 તેણીએ સુંદર, શણગારેલા વસ્ત્રો પરિધાન કર્યા છે.
તેણીને રાજા પાસે લઈ જવામાં આવે છે. તમારા માટે
લાવવામાં આવેલી કુમારિકાઓ તેને અનુસરે છે.
15 જ્યારે રાજમહેલમાં તેઓ પ્રવેશ કરશે ત્યારે તેઓ
આનંદ ને ઉત્સાહથી ભરેલાં હશે.
16 તારા વંશજો તારા પછી શાસન કરશે. તું તેમને સમગ્ર
પ્રદેશના હાકેમ બનાવીશ.
17 હું તારું નામ સદા સર્વ પેઢીઓમાં અત્યંત પ્રિય
કરીશ; પૃથ્વી પરનાં સર્વ લોક સદા તારી આભારસ્તુતિ
કરશે.

## ગીત 46

*નિર્દેશક માટે. કોરાહના કુટુંબનું ગીત. અલામોથ સાથે ગાવાનું.*

1 દેવ આપણો આશ્રય, ને આપણું સામર્થ્ય છે; આપણે
અનુભવ કર્યો છે કે, સંકટ સમયનાં તેઓ સાથી,
ત્વરિત મદદ કરનાર હાજરાહજુર છે.
2 માટે જ્યારે પૃથ્વી પર ભારે ધરતીકંપ થાય, અને પર્વતો
તૂટી ને સમુદ્રમાં પડે, તો પણ આપણે સૌએ ડરવાની
જરૂર નથી.
3 ભલે સમુદ્રનાં પાણી વિશાળકાય મોજાથી ગર્જના કરે,
ને પર્વતો ધ્રૂજી ઉઠે.
4 ત્યાં એક નદી છે અને ઝરણાંઓ છે જે દેવનાં નગર
પરાત્પર દેવના પવિત્રસ્થળમાં સુખને વહેતું રાખે છે.
5 દેવ સ્વયં તે નગરમાં વસે છે. દેવ પરોઢિયે તેની
સહાય કરશે, તેથી નગરનું પતન ક્યારેય નહીં થાય.
6 ભયથી ધ્રુજશે વિદેશીઓ, અને ડગમગી જશે રાજ્યો;
જ્યાં યહોવા ગર્જના કરશે એટલે પૃથ્વી ગઈ પીગળી.
7 આપણી સાથે આકાશી સૈન્યોના અધિકારી યહોવા
છે; આપણો આશ્રય યાકૂબનાં દેવ આપણી રક્ષા
કરે છે.
8 આવો અને યહોવાના પ્રરાક્રમો જુઓ. તેમણે કરેલાં
પ્રભાવશાળી કાર્યો જુઓ.
9 તેઓ પૃથ્વીના છેડાઓ સુધી યુદ્ધોને બંધ કરી દે છે,
ધનુષ્યને ભાંગી નાખે છે, ને ભાલાને કાપી નાખે છે;
અને રથોને એ અગ્નિથી સળગાવી દે છે.
10 દેવ કહે છે, "લડાઈ બંધ કરો, નિશ્ચૈ જાણો, કે હું દેવ
છું, સર્વ રાષ્ટ્રો મારો આદર કરશે. અને હું પૃથ્વી પર
સૌથી મહાન માનવામાં આવીશ."
11 સૈન્યોના યહોવા આપણી સાથે છે, યાકૂબનાં દેવ
સદા આપણો બચાવ કરે છે.

## ગીત 47

*નિર્દેશક માટે. કોરાહનાં કુટુંબનું ગીત.*

1 આવો તમે, હે સર્વ લોકો, અભિવાદન કરો, આનંદથી મોટા અવાજે દેવના સ્તુતિગાન કરો.
2 કારણ, પરાત્પર યહોવા, સમગ્ર પૃથ્વીના, રાજાધિરાજ એ અતિ ભયાવહ છે.
3 તે બીજા રાષ્ટ્રોને આપણા તાબામાં અને આપણા શાસન નીચે મૂકે છે.
4 તે આપણા માટે આપણો વારસો પસંદ કરે છે, અને એટલે જ તેમણે, પોતાના વહાલા યાકૂબની ઉત્તમતા પસંદ કરી છે.
5 હા, આનંદના પોકારો સાથે અને રણશિંગડાના નાદ સાથે, યહોવા રાજગાદી પર ચઢી ગયા છે.
6 દેવનાં સ્તોત્રો ગાઓ આપણા રાજાના સ્તોત્રો ગાઓ; પ્રશંસા કરતાં ગીતો ગાઓ.
7 દેવ સમગ્ર પૃથ્વીના સમ્રાટ છે. તેમની પ્રશંસાના ગીતો ગાઓ.
8 તે પોતાનાં પવિત્ર રાજ્યાસન પર બિરાજમાન છે, અને સર્વ પ્રજાઓ પર રાજ કરે છે.
9 ઈબ્રાહિમનાં દેવના લોકો સાથે બધાં રાષ્ટ્રોના નેતાઓ ભેગા થયા છે. બધાં રાષ્ટ્રોના બધા નેતાઓ દેવની માલિકીના જ છે, દેવ સર્વોચ્ચ છે.

## ગીત 48

*ગાયન; કોરાહનાં કુટુંબનું ગીત.*

1 યહોવા મહાન છે, આપણ દેવના નગરમાં અને તેમનાં પવિત્ર પર્વતો પર તેમની ઘણી સ્તુતિ થાય છે.
2 કેવું સિયોન પર્વતની ઊંચાઈએ આવેલું અતિ સુંદર નગર; આખી પૃથ્વીના આનંદરૂપ, મહાન રાજાનું નગર, સર્વ લોકો જોઈ શકે તેવું, રમ્ય, આનંદરૂપ દ્રશ્ય, કેવું અદભૂત છે!
3 તે નગરના મહેલોમાં દેવ આશ્રયની જગ્યા તરીકે ઓળખાય છે.
4 પૃથ્વીના સર્વ રાજાઓ એકત્ર થયા, અને એકત્ર થઈ સૌ નગર પર કૂચ કરીને ગયા.
5 જ્યારે તેઓએ તે જોયું ત્યારે તેઓ સૌ વિસ્મય પામી ગયા, ભયથી ગભરાઈ ગયાં તેથી ઝડપથી પાછા ચાલ્યા ગયા.
6 તેમને ભયથી ધ્રુજારી થઈ ગઈ અને પ્રસૂતીની પીડા જેવું કષ્ટ થયું.
7 દેવ તમે તેમને બરાબર એવી રીતે ધ્રુજાવ્યા જેમ તમે પૂર્વનાં શકિતશાળી વાયુ વડે તોતીંગ વહાણોને ભાંગી નાંખો છો.
8 આપણે દેવની શકિત વિષે સાંભળ્યું છે. આપણે તેને સૈન્યોના યહોવા દેવના નગરમાં, આપણા દેવના નગરમાં હવે તે આપણે પોતે નિહાળીએ છીએ યરૂશાલેમનું સદાકાળ માટે, દેવે સ્થાપન કર્યુ છે.
9 હે યહોવા, તમારા મંદિરમાં તમારી અચળ કૃપા વિષે અમે મનન કર્યુ છે.
10 હે દેવ, સમગ્ર પૃથ્વી પર તમારું નામ જાણીતું છે, પૃથ્વીની સીમા પર્યંત તમારી સ્તુતિ થાય છે; તમારો જમણો હાથ ન્યાયથી ભરેલો છે.
11 તમારા શુભ નિર્ણયને કારણે સિયોન પર્વત આનંદ પામશે અને યહૂદિયાનાં નગરો હરખાશે.
12 સિયોનની આસપાસ આંટા મારો અને નગર તરફ જુઓ; અને તેના બુરજોની ગણતરી કરો.
13 તેનો કોટ ધ્યાનથી જુઓ , ને તેના મહેલોની મુલાકાત લ્યો; જેથી તમે તે વિષે તમારાં સંતાનોને કહી શકો.
14 કારણ, આ દેવ આપણા સનાતન દેવ છે જે આપણને સદાય દોરી જશે.

## ગીત 49

*નિર્દેશક માટે. કોરાહનાં કુટુંબનું ગીત.*

1 હે સર્વ પ્રજાજનો, તમે આ સાંભળો; હે વિશ્વવાસી લોકો તમે સાંભળો.
2 નિમ્ન કક્ષના હો કે ઉચ્ચકક્ષનાં, શ્રીમંત હો કે દરિદ્રી, તમે સૌ માણસો મારા શબ્દો પર ધ્યાન આપો.
3 હું બુદ્ધિ વિષે મારા મુખેથી બોલીશ; મારા હૃદયમાંથી નિકળતા ઉદ્દગારો જ્ઞાન વિષે હશે.
4 હું દ્રષ્ટાંત પર કાન લગાડીશ, અને વીણા પર મારો મર્મ ખોલીશ.
5 જ્યારે સંકટો આવે છે ત્યારે, ચારેબાજુથી મને શત્રુઓ ઘેરી લે એવા દુષ્ટોના સકંજામાં મારે ડરવાની જરૂર નથી.
6 જેઓ પોતાની સંપત્તિ પર ભરોસો રાખે છે, તેઓ કેટલાં ધનવાન છે, તેનું અભિમાન કરે છે.
7 તેઓ કોઈ પોતાના ભાઈને કોઈ રીતે છોડાવી શકતાં નથી; દેવને તે તેનાં બદલામાં ખંડણી આપી શકતાં નથી.
8 માનવ-જીવનની એટલી મોટી કિંમત છે કે દુન્યવી સંપત્તિથી તેનો મૃત્યુદંડ ચૂકવી શકાતો નથી.
9 જેથી તે સદાકાળનું જીવન પામે, અને નરકનાં ખાડાની શિક્ષાથી બચી જાય.
10 બધા લોકો સાક્ષી છે કે વિદ્વાન મૃત્યુ પામે છે, અને મૂર્ખ તેમજ હેવાન માણસો પણ મૃત્યુ પામે છે. અને તેઓ તેમની પાછળ તેમની સંપત્તિ બીજાઓ માટે મૂકી જાય છે.
11 તેઓ જમીનજાગીરનેપોતાના નામથી ઓળખાવે છે, જાણેકે સદાકાળને માટે તે તેઓની જ રહેવાની હોય; અને જાણે તેઓ સદાકાળ અધિકાર ભોગવવાના હોય.
12 માણસો ભલે ધનવાન હોય, પણ તેઓ અહીં કાયમ માટે રહેવાના નથી. જેવી રીતે બીજા પ્રાણીઓ મરી જાય છે તેમ તેઓ પણ મૃત્યુ પામશે.
13 એવા મૂર્ખ લોકો જેમણે તેમની સંપત્તિનો વિશ્વાસ રાખ્યો હતો, અંતે તો તેમનો અંત એવોજ આવશે.

14 પેલા લોકો બરાબર ઘેટા જેવાજ છે. કબર તેમનો
વાડો બનશે અને મૃત્યુ તેમનો ભરવાડ બનશે. જ્યારે
પેલાં અભિમાની લોકોના શરીરો તેમના વૈભવી ઘરોથી
ખૂબ દૂર કબરોમાં ધીમેથી સડી જશે તે દિવસે
નિષ્ઠાવાન લોકો વિજયી બનશે.
15 દેવ મને મોતની પકડમાંથી છોડાવશે કારણ કે તેઓ
મને તેમની સાથે રહેવા લઇ જશે.
16 કારણ, તે લોકો ધનવાન છે, અને વૈભવી મકાનો
ધરાવે છે એટલા માટે તે લોકોથી ડરશો નહીં.
17 તેઓ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેઓ સાથે કશુંય
લઇ જઇ શકશે નહીં અને તેમનો વૈભવ તેમની પાછળ
તેમની કબરોમાં જવાનો નથી.
18 ધનવાન વ્યક્તિ તેના જીવનકાળ દરમ્યાન, પોતાની
જાતને મહાન ગણતી હશે, અને પોતાની જાતને
ધન્યવાદ આપ્યા હશે કે તે મહાન હતા, તેની દુન્યવી
સફળતાઓ માટે લોકોએ પ્રશંસા કરી હતી.
19 પરંતુ આખરે તો તે પણ તેના પૂર્વજોની જેમ મૃત્યુ
પામશે અને પછી તે જીવનનું અજવાળું ક્યારેય પણ
નહીં જુએ.
20 જે વ્યક્તિ પાસે દુન્યવી વૈભવ છે, પણ આત્મિક
સમજ નથી; તે વ્યક્તિ બુદ્ધિહીન નાશ પામનાર પશુ
સમાન છે.

## ગીત 50

*આસાફનું ગીત.*

1 યહોવા, દેવોના દેવ બોલ્યા છે, તે સમગ્ર માનવ
જાતને પૂર્વથી પશ્ચિમ સુધી બોલાવે છે.
2 સિયોનમાંથી દેવ સર્વોચ્ચ સુંદરતા સાથે પ્રકાશે છે.
3 આપણા દેવ આવે છે, તેઓ મૌન રહેશે નહીં, ભસ્મ
કરનાર અગ્નિ આગળ આવે છે, તેમની આસપાસ
મહાતોફાન જાગશે.
4 તેઓ અહીં પોતાના લોકોનો ન્યાય કરવા આવ્યાં છે.
જ્યારે તેઓ પોતાના લોકોનો ન્યાય કરશે ત્યારે તેઓ
પૃથ્વી અને આકાશોને સાક્ષીઓ તરીકે બોલાવશે.
5 જેઓએ મારી સાથે કરાર કર્યા છે, બલીદાન અર્પણ
કરી અને પોતાનું સર્વ મને અર્પણ કર્યુ છે; એવાં
ભક્તોને મારી પાસે ભેગા કરો.
6 દેવ પોતેજ ન્યાયાધીશ છે તેમનું ન્યાયીપણું આકાશો
પ્રગટ કરશે.
7 હે મારા લોકો હું કહું તે સાંભળો, "હે ઈસ્રાએલ, હું
તારી વિરૂદ્ધ સાક્ષી પૂરીશ; કારણકે હું દેવ છું, હા, હું
તારો દેવ છું.
8 મારી વેદી પર તમે જે યજ્ઞો કરો છો, મારી સામે જે
નિરંતર દહનાર્પણો થાય છે. તે માટે, હું તને ઠપકો
દઇશ નહીં.
9 હું તમારા ઢોરવાડામાંથી બળદો નહીં લઉં કે તમારા
નેસડામાંથી બકરાં નહીં લઉં.
10 કારણકે અરણ્યનાં પ્રત્યેક પશુ અને ડુંગરો પરનાં હજારો
પ્રાણી મારાં છે.
11 હું પર્વત પરના સર્વ પક્ષીઓને ઓળખું છું, અને
જગતનાં સર્વ હિંસક પ્રાણીઓ પણ મારા જ છે.
12 જો હું ભૂખ્યો હોઇશ, તોય તમને કહીશ નહીં, કારણ
સમગ્ર સૃષ્ટિનું સર્વ મારું જ છે.
13 શું હું બળદોનું માંસ ખાંઉ? અથવા બકરાઓનું
રકતપાન કરું?"
14 તેથી તમારા દેવ માટેના આભાર અર્પણો લઇ આવો
અને તમે આપેલા વચનો પરિપૂર્ણ કરો.

15 "મારામાં વિશ્વાસ રાખીને સંકટ સમયે મને પ્રાર્થના
કરો, હું તમારી રક્ષા કરીશ અને પછી તમે મારો મહિમા
કરી શકશો."
16 પણ દુષ્ટ લોકોને દેવ કહે છે, "શા માટે તમે મારા
કાયદાઓ વિષે બોલો છો? શા માટે તમારે મારા કરાર
વિષે વાત કરવી જોઇએ?
17 મારા નિયમોનો તે તિરસ્કાર કર્યો છે અને મારી શિસ્તની
તેં અવગણના કરી છે.
18 જો તમે એક ચોરને જુઓ છો, તો તમે તેની સાથે
જોડાવા દોડો છો. અને તમે વ્યભિચારીઓ સાથે
વ્યભિચારમાં જોડાઓ છો.
19 તારું મુખ શાપ આપે છે, અને તારી વાણી અસત્ય
વદે છે. અને તારી જીભનો ઉપયોગ તું કપટની
ચાલમાં કરે છે.
20 તું તારા પોતાનાં ભાઈની નિંદા કરે છે, ને તારી માતાના
પુત્રની બદનામી કરે છે.
21 તમે આ ખરાબ વસ્તુઓ કરી છતાં મેં કાંઈ કહ્યું નહીં.
તેથી તમે વિચાર્યુ કે હું હતો તમારા જેવો, પણ હવે
આવ્યો છે સમય, મારા માટે તમારી સામે આ આરોપો
મૂકવાનો અને તમારા મોઢાં પર ઠપકો આપવાનો !
22 તમે કે જે દેવને ભૂલી ગયા છો, તમારા ટુકડા કરૂં તે
પહેલા તમારે આ સમજવાનુ છે કે તમને
બચાવવાવાળું કોઇ નહીં હોય.
23 જે વ્યક્તિ આભારસ્તુતિનાં અર્પણો અર્પણ કરે છે તે
મને માન આપે છે. જે ન્યાયને માર્ગે ચાલે છે તે
વ્યક્તિનું રક્ષણ કરવાં હું મારી શક્તિ બતાવીશ."

## ગીત 51

*નિર્દેશક માટે. દાઉદનું ગીત. જ્યારે નાથાન પ્રબોધક દાઉદને મળ્યો, બાથશેબા સાથે પાપ કર્યા ત્યાર પછી લખાયું છે.*

1 હે પ્રેમાળ દયાળુ દેવ! મારા પર દયા કરો. તમારી
મહાન સહાનુભૂતિથી મારા પાપો ભૂંસી નાખો.
2 હે યહોવા, મારા અપરાધ ને પાપોથી મને ધુઓ અને
પરિશુદ્ધ કરો.
3 હું મારા શરમજનક કૃત્યોની કબૂલાત કરું છું, હું હંમેશા
મારા પાપો વિશે વિચારું છું .

4 મેં તમારી વિરૂદ્ધ પાપ કર્યા છે, હા તમારી વિરૂદ્ધ; જે
ભયંકર કૃત્યો મેં કર્યા છે તે તમે જોયા છે. તેથી તમે
તમારા નિર્ણયો અને મારી વિરૂદ્ધ લીધેલા ઠરાવોમાં
સાચા અને ન્યાયી છો.
5 હું પાપમાં જન્મ્યો હતો, મારી માતાએ પાપમાં મારો
ગર્ભ ધારણ કર્યો.
6 તમે માંગો છો અંત:કરણની સત્યતા અને પ્રમાણિકતા,
મારામાના ઊંડાણમાં સાચું જ્ઞાન મૂકો!
7 મારા પાપો ઝુફાથી દૂર કરો, જેથી હું શુદ્ધ થઈશ; અને
તેથી મને હિમથી પણ શ્વેત બનાવવા માટે ધુઓ.
8 મને સુખ અને આનંદ આપો, અને ભલે મારા હાડકાં,
જે તમે કચડી નાંખ્યા હતાં તે ફરીથી આનંદ પામે.
9 મારા પાપો તરફ જોશો નહીં, ભૂંસી નાખો મારા સર્વ
પાપ.
10 હે દેવ, મારામાં નવું શુદ્ધ હૃદય ઉત્પન્ન કરો, અને
મારા આત્માને મજબૂત કરો !
11 મને તમારી સન્મુખતામાંથી સદાકાળ માટે દૂર કરશો
નહીં, અને તમે મારી પાસેથી તમારો પવિત્ર આત્મા
છીનવી ન લેશો.
12 જ્યારે તમે મને બચાવતા જે આનંદ આપ્યો હતો તે
મને પાછો આપો. મારા આત્માને મજબૂત, તૈયાર
અને તમને અનુસરવા તત્પર બનાવો.
13 ત્યારે ઉલ્લંઘન કરનારાઓને હું તમારા માર્ગો
શીખવીશ, અને એ પાપીઓ તમારા તરફ ફરશે.
14 હે મારા દેવ, મારા તારણહાર; મને મૃત્યુદંડથી બચાવો;
હું આનંદથી તમારી સ્તુતિ ગાઈશ, અને હું તમારી
નિષ્પક્ષતા વિષે બોલીશ.
15 હે યહોવા, તમે મારા હોઠ ઉઘાડો; મારું મુખ સ્તુતિ
પ્રગટ કરશે.
16 તમે યજ્ઞોથી રીઝતા નથી, નહીં તો હું તે અર્પણ કરત;
તમને વેદી પર અર્પણ કરેલાં દહનાર્પણ પસંદ નથી.
17 દેવને જે અર્પણ જોઈએ છે તે છે ભંગિત, ખેદિત,
પશ્ચાતાપી આત્મા. હે દેવ, નમ્ર અને આજ્ઞાંકિત
હૃદયના વ્યક્તિનો અસ્વીકાર તમે કરશો નહીં.
18 દેવ, તમે સિયોનનું ભલું કરો, અને યરૂશાલેમની
આજુબાજુ તમે ફરી દીવાલ બાંધો.
19 અને પછી તમારી વેદી પર, સાંઢનાં અર્પણ થશે, અને
તમને યોગ્ય યજ્ઞોથી તથા અખંડ દહનાર્પણોથી
પ્રસન્ન કરાશે.

## ગીત 52

*નિર્દેશક માટે. દાઉદનું માસ્કીલ, જ્યારે દોએગ અદોમીએ આવીને શાઉલને ખબર આપી કે, "દાઉદ અહીમેલેખને ત્યાં આવ્યો છે," તે વખતે લખાયેલું છે.*

1 અરે ઓ જુલમગાર, તું તારા દુષ્ટ કાર્યો વિષે શા
માટે અભિમાન કરે છે? તું લગાતાર દેવને અપકીર્તિ
કરનાર છે?
2 તું દુષ્ટ યોજનાઓ બનાવે છે. તારી જીભ અણીદાર
અસ્રા જેવી છે. તારી જીભ દુષ્ટતા કરવા જૂઠું બોલ્યા
કરે છે.
3 તું ભલાઈ કરતાં વધારે દુષ્ટતા ચાહે છે, તું સત્ય
કરતાં વધારે અસત્ય આચરે છે.
4 તું અને તારી જૂઠી જીભ લોકોને ઈજા કરવા માંગે છે.
5 પણ દેવ તને નીચો પાડશે, અને તને ઘરમાંથી ખેંચી
કાઢશે; અને ઈહલોકમાંથી તને ઉખેડી નાંખશે.
6 નિષ્પક્ષો આ જોશે અને ભય રાખશે, તેઓ ડર રાખશે
અને દેવને માન આપશે તેઓ હસશે અને કહેશે.
7 "જે પુરુષે દેવનો આશ્રય ન કર્યો , અને દુષ્કર્મોને
વળગી રહ્યો તે પોતાના આ ધન પર ભરોસો રાખીને
રહ્યો."

8 પણ હું તો દેવનાં મંદિરમાં આબાદી પામતાં
જૈતવૃક્ષ જેવો છું. હું હંમેશા દેવની કૃપા પર ભરોસો
રાખીશ.
9 હે યહોવા, તમે જે કાંઈ કર્યુ છે, તે માટે હું સદાકાળ
સ્તુતિ કરીશ. તમારા સંતોની સામે તમારું નામ ઉત્તમ
છે, એવું હું પ્રગટ કરીશ.

## ગીત 53

*નિર્દેશક માટે. માહલાથ સાથે ગાવાનું. દાઉદનું માસ્કીલ.*

1 માત્ર મૂર્ખ, દુષ્ટ માણસ પોતાના મનમાં કહે છે, "દેવ
છે જ નહીં" તેનું હૃદય દુષ્ટતાથી ભરેલું છે. તેવા
માણસો ઘૃણાને પાત્ર અને દુષ્ટ કૃત્યો કરે છે. તેઓમાં
કોઈ સારા કૃત્યો કરનાર નથી.
2 દેવ આકાશમાંથી નીચે મનુષ્યો ઉપર દૃષ્ટિ કરીને
તપાસ કરે છે કે એવી કોઈ વ્યકિત છે જેને સાચી
સમજ હોય; ને મનથી દેવની શોધ કરતી હોય.
3 તેઓમાંનાં દરેક માર્ગ–ભ્રષ્ટ થયા છે, અને તેઓ સઘળા
અશુદ્ધ થયા છે; કોઈ વ્યકિત ન્યાયી જીવન જીવતી
નથી. ભલું કરનાર હવે કોઈ રહ્યુ નથી.
4 દેવ કહે છે, "દુષ્ટ કરનારાઓ શું આ નથી સમજતા?
મારા લોકોને તે જાણે રોટલી ખાતાં હોય તેમ ખાઈ
જાય છે. તેઓ દેવ પાસે જતા નથી , અને કદી પ્રાર્થના
કરતાં નથી."
5 તેઓ અચાનક ભયભીત થઈ જશે, જોકે કશું ડરવા
જેવું નહીં હોય. દેવે તે બધા દુષ્ટ લોકોને નકાર્યા છે.
તેથી દેવના લોકો તેમને હરાવશે, અને દેવ તે દુષ્ટ
લોકોના હાડકાને વિખેરી નાખશે.
6 સિયોનમાંથી દેવ જલદી આવે અને ઈસ્રાએલને
બચાવે! યહોવા પોતે પોતાના લોકોને બંધનમાંથી
છોડાવશે અને તેમને પાછા તેમના વતનમાં લાવશે,
અને પછી યાકૂબ ખુશ થશે, તથા ઈસ્રાએલ આનંદિત
થશે.

## ગીત 54

*નિર્દેશક માટે. વાજીંત્ર સાથે ગાવા માટે દાઉદનું માસ્કીલ. જ્યારે ઝીફીઓએ આવીને શાઉલને કહ્યું કે "દાઉદ અમારી વચ્ચે સંતાઈ રહ્યો છે." ત્યારનું ગીત.*

1 હે યહોવા દેવ, તમારા નામે મને બચાવો; અને તમારા પરાક્રમથી મારો ન્યાય કરો.
2 હે દેવ, મારી પ્રાર્થના સાંભળો; મોઢાંની વાતો કાને ધરો.
3 વિદેશનાં માણસો મારી વિરૂદ્ધ થયા છે, તેઓ અતિ ક્રૂર છે, મારો જીવ લેવા ઈચ્છે છે. 'દેવ છે' એ હકીકતની તેમને દરકાર નથી.
4 યહોવા દેવ, મને સહાય કરનાર છો, મારા જીવનનો એજ આધાર છે.
5 યહોવા મારા શત્રુઓને દુષ્ટતાનો બદલો આપશે, હે દેવ, તમારા સત્ય વચનો પ્રમાણે દુષ્ટોનો અંત લાવો.
6 હું તમારી પાસે, રાજીખુશીથી મારા અર્પણો લાવું છું; હે યહોવા, હું તમારા શુભ નામની સ્તુતિ કરીશ.
7 દેવે મારી, સર્વકાળે સર્વ સંકટમાં રક્ષા કરી છે; મારા શત્રુઓ પર વિજય અપાવ્યો, તે મેં નજરે નિહાળ્યું છે.

## ગીત 55

*નિર્દેશક માટે. સંગીતનાં વાજીંત્રો સાથે. ગાવા માટેનું દાઉદનું માસ્કીલ.*

1 હે દેવ, મારી પ્રાર્થનાને સાંભળો; મારી દયા માટેની પ્રાર્થનાની અવગણના કરશો નહીં.
2 હે યહોવા, મને ધ્યાનથી સાંભળો; ને મને ઉત્તર આપો; હું શોકને કારણે અશાંત છું; અને હું વિલાપ કરું છું.
3 દુશ્મનો મારી સામે બૂમો પાડી રહ્યાં છે. તેઓએ મને ધમકી આપી ગુસ્સામાં અને ધિક્કારથી મારા પર હુમલો કર્યો. તેઓ મારા ઉપર તકલીફો લાવ્યા.
4 મારા હૃદયમાં ઘણી વેદના થાય છે, અને મૃત્યુની ધાકે મારા પર કબજો જમાવ્યો છે.
5 મારું શરીર ભયથી ધ્રુજે છે, હું ભયથી ઘેરાઈ ગયો છું.
6 મને કબૂતરની જેમ પાંખ હોત, તો કેવું સારું! કે હું દૂર ઊડી શકત અને વિશ્રામ કરત.
7 હું રણમાં દૂર સુધી ઊડી જાત અને ત્યાં મુકામ કરત.
8 વિનાશકારી પવનનાં તોફાનથી હું ઉતાવળે નાસીને આશ્રયસ્થાને પહોંચત.
9 હે યહોવા, આ દુષ્ટજનોમાં અંદરો અંદર ગેરસમજ ઊભી કરો, મેં એકબીજાની વિરૂદ્ધ નગરમાં હિંસક ઝગડા જોયાં છે.
10 આખા શહેરમાં રાત–દિવસ હિંસા અને ઉપાધિ છે, શહેરમાં ક્રૂરતા અને દુષ્ટતા પ્રવર્તી રહી છે.
11 નગરમાં કેવાં વિનાશકારી પરિબળો સક્રિય છે! જ્યાં જુઓ ત્યાં રસ્તામાં છેતરપિંડી ને જુલમ છે.
12 મને મહેણાં મારનાર કે નિંદા કરનાર, મારા શત્રુ ન હતા; એ તો મારાથી સહન કરી શકાત; મારી વિરૂદ્ધ ઊઠનાર મારો વેરી ન હતો, નહીં તો હું સંતાઈને નાસી છૂટ્યો હોત.
13 પણ તે તો તારા મારા જેવો માણસ, મારો મિત્ર ને મારો સાથીદાર છે.
14 આપણે એકબીજાની સાથે સુખે વાતો કરતાં હતાં. અને જનસમુદાય સાથે દેવના મંદિરમાં જતા હતા.
15 એકાએક તેમના પર મોત આવો, ને જીવતા શેઓલમાં ઉતરી પડો, કારણ, તેઓનાં ઘરોમાં પાપ થાય છે, તેઓનાં અંતરનાં ઊંડાણોમાં દુષ્ટતા છે.
16 હું તો દેવને પોકાર કરીશ, તેથી યહોવા, મારું તારણ કરશે.
17 પણ હું, મારા દુ:ખમાં; સવારે બપોરે ને રાત્રે દેવને સાદ કરીશ; અને તે મારી પ્રાર્થના સાંભળશે.
18 હું ઘણા યુદ્ધોમાં લડ્યોં છું; પરંતુ દેવે હંમેશા મને બચાવ્યો છે અને મને સુરક્ષિત રીતે પાછો લાવ્યો છે.
19 દેવ અનાદિકાળથી રાજ્યાસન પર બિરાજમાન છે, તે તેઓને તેઓના શબ્દો સાંભળીને નમાવશે, તેઓ યહોવાનો ભય રાખતાં નથી ને પોતાના માર્ગ પણ બદલતાં નથી.
20 તેઓએ તેમનાં મિત્રો પર હુમલો કર્યો છે, તેઓએ તેમની સાથે કરેલા કરારનો ભંગ કર્યો છે.
21 તેના શબ્દો છે માખણ જેવાં સુંવાળા,પણ તેનું હૃદય યુદ્ધનાં વિચારોથી ભરેલુ છે. શબ્દો તેલ કરતાય વધુ નરમ છે, પણ તે શબ્દો છરીની જેમ કાપે છે.
22 તમારી ચિંતાઓ યહોવાને સોંપીદો, અને તે તમને નિભાવી લેશે, તેઓ ક્યારેય સદાચારી લોકોને પરાજીત થવા દેતા નથી.
23 હે દેવ તમે મારા શત્રુઓને વિનાશની ખાઈમાં ધકેલી દો છો.
24 ખૂની–કપટી પોતાનું અડધું આયુષ્ય પણ નથી ભોગવી શકતાં. પરંતુ મારા રક્ષણ માટે તો હું તમારો ભરોસો રાખીશ.

## ગીત 56

*નિર્દેશક માટે. રાગ: "દૂરના ઓકમાં કબૂતર." દાઉદનું મિખ્તામ, ગાથામાં પલિસ્તીઓએ તેને પકડ્યો તે વખતે લખાયેલું છે.*

1 હે દેવ દયા કરો મારા પર, શત્રુઓ મને નડી રહ્યાં છે તેઓ મારી વિરૂદ્ધ સતત લડે છે.
2 મારા શત્રુઓ સતત મારા પર હુમલો કરી રહ્યાં છે. ઘણા લડવૈયાઓ મારી સામે ઊભા થયા છે.
3 જ્યારે મને બીક લાગશે ત્યારે, હું તમારો ભરોસો કરીશ.
4 હું દેવની કૃપાથી તેમના વચન માટે સ્તુતિ કરું છું. દેવ પર આધાર રાખું છું, તેથી મને જરાપણ બીક નથી. માત્ર મરણાધીન માનવી મને શું કરે તેમ છે?

5 મારા શત્રુઓ હંમેશા મારા શબ્દોને મચડી નાખે છે. અને મારી વિરૂદ્ધ કાવતરા કરે છે.
6 તેઓ એકઠા થાય છે ને સંતાઈ રહે છે, તેઓ મારા પગલાં પકડે છે, જીવ લેવાની રાહ જુએ છે.
7 યહોવા, તેમને તેમના દુષ્ટ કૃત્યો માટે દેશનિકાલ કરો. તેમને વિદેશી રાષ્ટ્રોનો કોપ સહન કરવા દો.
8 તમે મારી બધી વેદના જોઈ છે. તમે મારા આંસુઓથી જ્ઞાત છો. તમે તેને તમારી શીશીમાં સંઘર્યો છે. અને તે બધાંયનો તમે હિસાબ રાખ્યો છે.
9 હું જે સમયે વિનંતી કરું છું, તે સમયે શત્રુઓ પાછા ફરશે; હું ખાત્રી પૂર્વક જાણું છું કે દેવ મારા પક્ષે છે.
10 હું દેવની તેમનાં વચનને માટે સ્તુતિ કરીશ, હું યહોવાની તેનાં વચન માટે સ્તુતિ કરીશ.
11 મને દેવ પર ભરોસો છે, હું જરાય ડરનાર નથી, પછી માણસ મને શું કરનાર છે?
12 હે યહોવા, મેં તમને વચનો આપ્યા છે, અને હું તેમને પરિપૂર્ણ કરીશ, હું તમને મારી આભારસ્તુતિ અર્પણ કરીશ.
13 કારણકે મને તમે મૃત્યુમાંથી બચાવ્યો છે, તમે મારા પગને લથડતાં બચાવ્યાં છે, જેથી હું જીવનનાં અજવાળામાં દેવની સામે જીવી શકુ.

## ગીત 57

*નિર્દેશક માટે: રાગ: "વિનાશ કરતો નહીં" દાઉદનું મિખ્તામ. તે શાઉલથી ભાગી જઈને ગુફામાં રહેતો હતો તે વખતનું ગીત.*

1 હે દેવ, મારા પર દયા કરો, કારણ, હું તમારા પર ભરોસો રાખું છું, આ તોફાન શમી જાય ત્યાં સુધી હું; તમારી પાંખોની છાયામાં આશ્રય લઈશ.
2 હું પરાત્પર દેવને પ્રાર્થના કરીશ, તે દેવને જે મારી સંપૂર્ણ સંભાળ રાખે છે.
3 તે સ્વર્ગમાંથી સહાય મોકલશે અને મને બચાવશે. જેઓ મને નુકશાન કરવા માગે છે તેમનાથી મને ઉગારશે.
4 મારું જીવન જોખમમાં છે. હું માનવભક્ષી સિંહોનાં જેવા હિંસક દુશ્મનોથી ઘરાયો છું. તેમના દાંત તીર ને ભાલાં જેવા છે, તેમની જીભ જાણે ધારદાર તલવાર સમાન છે.
5 હે યહોવા, તમે સ્વર્ગોથી પણ ઉપર ઊંચે છો. તમારો મહિમા પૃથ્વીને ઢાંકે છે.
6 મારા શત્રુઓએ મારા માટે ફાંદો ગોઠવ્યો છે, મને પ્રબળ દુશ્મનોએ નીચો નમાવી દીધો છે; તેઓએ મારા માર્ગમાં ખાડો ખોધ્યો છે; જુઓ! તેમાંજ તેઓ પોતે પડી ગયા છે.
7 હે દેવ! મારું હૃદય તૈયાર છે, મારું હૃદય તમારો વિશ્વાસ કરવા માટે અડગ છે. હું દેવની સ્તુતિઓ ગાઈશ.
8 હે મારા આત્મા, મારી વીણા અને તંબુરાઓ જાગ્રત થાઓ, હું પ્રભાતમાં વહેલો જાગીશ, ને હું પરોઢને આવકાર આપીશ.
9 હે યહોવા, હું રાષ્ટ્રો વચ્ચે તમારી પ્રશંસાના ગીતો ગાઈશ. બધા લોકો પાસે હું તમારા વિષે ગાઈશ.
10 તમારો પ્રેમ એટલો મહાન છે કે તે આભને આંબે છે. તમારી વિશ્વસનીયતા પણ આકાશ જેટલી ઉંચે પહોંચે છે.
11 હે દેવ, તમે સ્વર્ગોની ઉપર ઉંચે છો. સમગ્ર સંસારને તમારો મહિમા આવરી લે છે.

## ગીત 58

*નિર્દેશક માટે. રાગ " વિનાશ કરતો નહીં" દાઉદનું મિખ્તામ.*

1 ઓ ન્યાયાધીશો, શું ખરેખર જે ન્યાય છે તે તમે બોલો છો? શું ખરેખર તમે લોકોનો નિષ્પક્ષપણે ન્યાય કરો છો?
2 ના, તમે કેવળ દુષ્ટતા કરવાના વિચાર કરો છે તમારા હાથે જ તમે પૃથ્વી પર હિંસા થાય તેવું કરો છો.
3 દુષ્ટ માણસો જન્મથીજ ખોટા માર્ગે વળે છે; ત્યારથી જ દેવથી દૂર થાય છે, ને અસત્ય બોલે છે.
4 તેઓનું વિષ સાપના વિષ જેવું છે, તેઓ તેમનાં કાન બંધ રાખે છે, તેઓ બહેરા સાપ જેવાં છે.
5 ગારુડી અતિ કુશળતાથી મહવર વગાડે છે, છતાંય તેનો સાદ સંભળાતો નથી.
6 હે દેવ, તમે તેઓના દાંત તોડી નાંખો; હે યહોવા, તમે યુવાન સિંહોની દાઢો તોડી પાડો.
7 સૂકી ધરતી પર જેમ પાણી ચૂસાઈ જાય તેમ તેમને અદ્રશ્ય થવા દો; સુકાયેલા ઘાસની જેમ તેઓને કચડાઈ અને ચગદાઈ જવા દો.
8 તમે તેઓને કાદવમાં ઓગળતી જતી ગોકળગાય જેવાં, અને જેણે સૂર્ય કદી જોયો નથી તેવા સમય પહેલા જન્મેલા મૃતબાળકના જેવા કરો.
9 તમારા હાંલ્લાંને કાંટાનો તાપ લાગે તે પહેલાં, પછી તે લીલા હોય કે સૂકા, તો પણ, વંટોળીયો પળવારમાં ઘસડીને લઈ જશે તેમ તેનાથી પણ વધુ ઝડપે યુવાન અને વૃદ્ધનો નાશ થાઓ.

10 દુષ્ટ લોકોએ તેના તરફ કરેલાં દુષ્ટ કાર્યો માટે તેને શિક્ષા થતી જોઈને સજ્જન વ્યકિતને આનંદ થશે, તે એક સૈનિક જેવો થશે, જેણે તેનાં શત્રુઓને હરાવ્યાં છે.*
11 માટે લોકો કહેશે; ન્યાયીજનને અવશ્ય બદલો મળે છે, સંસારમાં ખરેખર ન્યાય કરનાર દેવ છે.

---

**તે એક ... હરાવ્યા છે** મૂળ પ્રમાણે, "તે તેનો પગ નીચ માણસોના લોહીથી ધોસે."

## ગીત 59

*નિર્દેશક માટે. રાગ: "વિનાશ કરતો નહીં" દાઉદનું મિખ્તામ-શાઉલે તેને મારવા માટે ઘરની ચોકી કરવા માણસો મોકલ્યા તે વખતે લખાયેલું ગીત.*

1 હે મારા દેવ, મારા શત્રુઓથી મારી રક્ષા કરો; અને
મારી વિરૂદ્ધ જેઓ ઊઠે છે, તેઓથી તમે મને ઉગારો.
2 દુષ્ટતા કરનારાઓથી તમે મને બચાવો; અને ખૂની
માણસોથી તમે મને બચાવો.
3 ઘાતકી માણસો છુપાઈ રહીને મારો જીવ લેવા કેવા,
રાહ જોઈ રહ્યાં છે! હે યહોવા, મેં કોઈ પાપ કર્યુ છે કે
કોઈ અપરાધ કર્યો છે, કે જેથી વિપત્તિ મારા ઉપર
આવી છે એવું નથી.
4 જોકે મારો દોષ ન હોવા છતાં તેઓ અહીં ધસી આવ્યા
છે અને મારા ઉપર હુમલો કરવાની તૈયારી કરે છે. હે
યહોવા, જાગ્રત થાઓ, આ બધું જુઓ, અને મને
સહાય કરો.
5 હે યહોવા, સૈન્યોનાં દેવ; ઈસ્રાએલનાં દેવ, જાગૃત
થાઓ; આ વિદેશી પ્રજાઓને શિક્ષા કરો; તમે કપટ
કરનાર દુષ્ટ અપરાધીઓ પર જરાય દયા રાખશો
નહીં.
6 પાછા આવે છે તેઓ સંધ્યાકાળે, અને તેઓ કૂતરાની
જેમ ઘૂરકે છે; નગરની આસપાસ ફેરા ખાય છે ને
ચોરી છુપીથી આંટા મારે છે.
7 તેઓ અપમાનો અને ધમકીઓ ઉચ્ચારે છે. તેઓના
હોઠોમાંથી તલવારની જેમ શબ્દો નીકળે છે. તેઓને
કોણ સાંભળે છે તેની ચિંતા નથી.
8 હે યહોવા, તમે તેઓને હસી કાઢો; અને વિદેશી પ્રજાની
હાંસી ઉડાવો.

9 હે દેવ, મારા સામર્થ્ય! હું તમારી વાટ જોઈશ; તમે
મારી સુરક્ષાનો ઊંચો મજબૂત ગઢ છો.
10 યહોવા મારો કૃપાળુ દેવ મને મદદ કરવા આગળ
આવશે. તે મને શત્રુઓનો પરાજય જોવા દેશે.
11 દેવ, હમણાં તેઓનો સંહાર ન કરશો, કે મારા માણસો
ભૂલી જાય. હે યહોવા, અમારી ઢાલ, વિખેરી નાખો
અને તેમને તમારા સામર્થ્યથી હરાવો.
12 તેઓ બધા પોતાના મુખનાં શબ્દોથી શાપ આપી પાપ
કરે છે, તેઓના જ હોઠે અસત્ય બોલે છે, પોતાના જ
અભિમાનમાં તેઓને ફસાઈ જવા દો.
13 તમે તમારા ક્રોધમાંજ તેઓનો સંહાર કરો; જેથી સંપૂર્ણ
વિનાશ થાય; પછી સર્વ લોકો જાણશે કે ઈસ્રાએલમાં
દેવ રાજ કરે છે, અને તેમનો જ અધિકાર સમગ્ર
પૃથ્વી પર છે.
14 સંધ્યાકાળે દુષ્ટો પાછા આવી કૂતરાની જેમ ઘૂરકે છે,
અને તેઓ ચોરી છૂપીથી નગરમાં ફરે છે.
15 ખાવા સારું ખોરાક માટે તેઓ રખડે છે, તેઓને સંતોષ
ન થાય ત્યારે ઘૂરકે છે.
16 પણ હું તો તમારા સામર્થ્યનું ગીત ગાઈશ, સવારમાં
હું તમારી કૃપા વિષે ગાઈશ, કારણ તમે મારા મજબૂત
ગઢ છો; સંકટના સમયે સુરક્ષિત સ્થળ છો.
17 હે મારા સામર્થ્ય, હું તમારા સ્તોત્રો ગાઉં છું; કારણ
તમે મારા મજબૂત ગઢ છો, દેવ, તમે મને પ્રેમ
કરનારા છો.

## ગીત 60

*નિર્દેશક માટે. રાગ : "કરાર નું કમળ" શિખામણ માટે દાઉદનું મિખ્તામ, તે અરામ-નાહરાઈમ તથા અરામ-સોબાહ સાથે લડ્યો, ને યોઆબે પાછા ફરીને ખારના નીચાણમાં અદોમમાંના 12,000 સૈનિકો માર્યા તે સમયે લખાયેલું ગીત.*

1 હે દેવ, તમે અમને ત્યજી દીધા છે.અમારું કવચ તૂટી
ગયું છે. હે યહોવા, તમે અમારા પર કોપાયમાન
થયા છો. મહેરબાની કરીને અમને ફરીથી સંપૂર્ણ
બનાવી દો.
2 તમે ધરતીકંપ કરીને પૃથ્વીને ચીરી નાખી છે. હે યહોવા,
તેને ફરીથી યથાર્થ બનાવી દો. જુઓ તેના પાયા હલી
ગયા છે.
3 તમે તમારા લોકોને અતિ વિકટ સમયમાં લઈ ગયાં
છો, તમે મારેલી લપડાકોએ અમને લથડીયાં
ખવડાવ્યાં છે.
4 તમે તમારી બીક રાખનારાઓને ધ્વજા આપી છે,
અને ચેતવણી આપી છે જેથી તેઓ વિનાશમાં રક્ષા
પામે.
5 આવો અને તમારા જમણા હાથથી અમને બચાવો.
મારી પ્રાર્થનાનો જવાબ આપો અને જેને તમે પ્રેમ
કરો છો તેમને તમે બચાવો.
6 જ્યારે દેવે તેમનાં પવિત્ર સ્થાનમાંથી કહ્યું, "વિજય
પામીને હું શખેમનાં ભાગ પાડીશ; અને સુક્કોથની
ખીણ મારા લોકમાં વહેંચીશ," ત્યારે હું ખૂબ ખુશ
થયો.
7 ગિલયાદ મારું છે, મનાશ્શા મારું છે; અને એફ્રાઈમ
મારું શિરસ્રાણ છે. યહૂદા મારો રાજદંડ બનશે.
8 યોઆબ મારા પગ ધોવા માટેનો વાટકો છે, અને જે
મારા પગરખાં લઈ જાય છે તે અદોમ મારૂં ગુલામ
છે. હું ફિલીસ્તીનીઓને હરાવીશ અને વિજયના પોકાર
કરીશ."
9 મોરચાબંધ અદોમ નગરમાં મને કોણ લાવશે? અને
તેના પર વિજય મેળવીને કોણ પ્રવેશ કરાવશે?
10 હે દેવ, શું તમે અમને ત્યજી દીધા છે? તમે અમારા
સૈન્ય સાથે આગેકૂચ કરતાં નથી.
11 હા યહોવા, અમારા શત્રુઓ વિરૂદ્ધ તમે અમારી સહાય
કરો; કારણ, માણસોની સહાય વ્યર્થ છે.
12 દેવના સાથથી અમે પરાક્રમો કરશું; કારણ, તેજ અમારા
શત્રુઓને કચડી નાંખશે.

## ગીત 61

*નિર્દેશક માટે. તારવાળાં વાજીંત્ર સાથે ગાવા માટે. દાઉદનું ગીત.*

1 હે દેવ, મારા પ્રાર્થના ગીતો સાંભળો અને મારી અરજી પર ધ્યાન આપો.

2 જ્યારે મારું હૃદય વ્યાકુળ થશે ત્યારે પૃથ્વીને છેડેથી હું આપને પ્રાર્થના કરીશ! હું પોતે સુરક્ષાનો મજબૂત ખડક ચઢી શકતો નથી, તેથી તમે, મને લઈ જજો.

3 તમે મારૂં આશ્રય છો અને મજબૂત બૂરજ છો જે મને મારા શત્રુઓથી બચાવે છે!

4 સદાકાળ હું તારા મંડપમાં રહીશ, અને તારી પાંખોના આશ્રયે રહીશ.

5 હે દેવ, મેં તમને કરેલી પ્રતિજ્ઞાઓ તમે સ્વીકારી છે. જેઓ તમારો ડર રાખે છે અને તમારો આદર કરે છે તેને તમે ઉપહાર આપો છો.

6 રાજાના વર્ષોમાં વૃદ્ધિ કરો જેથી તે આવનાર પેઢીઓ સુધી જીવે.

7 તે સદાકાળ દેવની સન્મુખ રહેશે. તેની રક્ષા કરવા સત્ય ને કૃપા તૈયાર રાખજો.

8 હું, નિરંતર તમારા નામની સ્તુતિ ગાઈશ અને દરરોજ મારી પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરીશ.

## ગીત 62

*નિર્દેશક માટે. યદૂથૂનની રીત મુજબ ગાવા માટે. દાઉદનું ગીત.*

1 દેવ સમક્ષ મારો આત્મા શાંત રહે છે. મારી રક્ષા કરવા તેની ધીરજથી રાહ જોઉં છું, કારણ ફક્ત તેજ મારૂં રક્ષણ કરી શકે છે.

2 હા, તે એકલાંજ મારા ખડક–તારક, અને રક્ષક છે, તે મારા ગઢ છે; સમર્થ શત્રુઓ પણ મને પરાજય આપી શકે તેમ નથી, પછી મને શાનો ભય?

3 જે વ્યક્તિ નમી ગયેલી ભીંત કે ભાગી ગયેલી વાડ જેવી નિર્બળ છે, તેના ઉપર તમે સર્વ માણસો ક્યાં સુધી આક્રમણ કરશો?

4 તેઓ તેને તેનાં શ્રેષ્ઠ સ્થાનેથી, નીચે પાડી દેવા ચાહે છે; તેઓ જૂઠથી હરખાય છે, અને મુખેથી આશીર્વાદ આપે છે, પરંતુ હૃદયથી શાપ આપે છે.

5 મારો આત્મા દેવ સમક્ષ શાંતિથી અને ધૈર્યથી રાહ જુએ છે. હું અપેક્ષા રાખુ છું કે તે મારી રક્ષા કરે; કારણ, તે એકલોજ મને બચાવી શકે તેમ છે.

6 હા, તે એકલા જ મારા ખડક, તારક અને ગઢ છે, હું ઉથલાઇ જનાર નથી.

7 દેવમાં મારું ગૌરવ તથા તારણ છે, મારો સામર્થ્યનો ખડક અને આશ્રય પણ દેવમાંજ છે.

8 હે લોકો, દેવનો હંમેશા ભરોસો કરો, અને તમારી શું મનોકામના છે તે તેને કહો. આપણા સૌનો આશ્રય દેવ છે.

9 ખરેખર લોકો મદદ કરી શકતા નથી દેવની સાથે સરખાવીએ તો, તેઓ કાંઈજ નથી; ફકત તમારી દમન અને દબાણથી હવાના એક સુસવાટા સમાન છે.

10 દમન કરીને બળજબરીથી વસ્તુઓ લેવાની તમારી શકિત પર આધાર રાખશો નહીં. લૂંટ કરીને મેળવવું છે એવું વિચારશો નહીં. જો તમે ધનવાન બનો તો, તમારી સંપત્તિ તમને મદદ કરશે એવો આધાર રાખશો નહીં.

11 દેવ એકવાર બોલ્યાં છે, ને મેં બે વાર સાંભળ્યું છે: "સામર્થ્ય દેવ પાસે છે."

12 ઓ યહોવા, કૃપા પણ તમારીજ છે, તમે પ્રત્યેક વ્યકિતને કર્માનુસાર તેના કર્મનું ફળ આપો છો.

## ગીત 63

*દાઉદનું ગીત. તે યહૂદિયાના અરણ્યમાં હતો તે વખતનુ ગીત.*

1 હે દેવ, તમે મારા દેવ છો; તમારી શોધમાં હું કેટલું ફર્યો? જળ ઝંખતી વેરાન સૂકી ભૂમિની જેમ; તમારે માટે મારો આત્મા કેટલો તલસે છે! ને દેહ તલપે છે.

2 તેથી તમારું સામર્થ્ય તથા ગૌરવ જોવા, પવિત્રસ્થાનમાં હું અપેક્ષા રાખું છું.

3 કારણ, તમારી કૃપા જીવન કરતાં ઉત્તમ છે તેથી જ હું તમારી પુષ્કળ સ્તુતિ કરું છું.

4 હું તમારી સ્તુતિ મૃત્યુપર્યંત કરીશ, ને હું બે હાથ જોડીને પ્રાર્થના કરીશ.

5 જાણે કે મેં શ્રેષ્ઠ ખોરાક ખાધો હોય તેમ મારો આત્મા તૃપ્તિ અનુભવશે, આનંદી હોઠોથી મારું મુખ તમારી સ્તુતિ કરશે.

6 મારી પથારીમાં હું તમારૂં સ્મરણ કરું છું, અને મધરાતે તમારૂં ધ્યાન ધરું છું.

7 તમે મને સહાય કરી છે, અને હું તમારી પાંખોની છાયામાં હરખાઇશ.

8 મારા આત્માએ તમારો કેડો પકડ્યો છે, તેથી મને તમારો જમણો હાથ ઊંચકી રાખે છે.

9 જેઓ મારું જીવન નષ્ટ કરવાની યોજના ઘડે છે, તેઓ જરૂર પૃથ્વીના ઉંડાણમાં ધકેલાઇ જશે.

10 તેઓ તલવારથી માર્યા જશે, અને જંગલી શિયાળો દ્વારા ખવાઇ જશે.

11 પરંતુ રાજા દેવમાં આનંદ કરશે, અને તેમાંના દરેકે જેણે તેમને આજ્ઞાંકિત રહેવા વચન આપ્યાં, તે તેમની સ્તુતિ કરશે, અને જૂઠાઓનાં મોંઢા બંધ કરી દેવાશે.

## ગીત 64

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 હે યહોવા, મારી ફરિયાદનો પોકાર સાંભળો , શત્રુ તરફના ભયથી મને ઉગારો.

2 દુષ્ટ લોકો મારી વિરૂદ્ધ કાવતરાં કરે છે અને મારી
સામે ગુપ્ત યોજનાઓ ઘડે છે. તેમનાથી મને છુપાવી
દો.
3 તેઓએ તેમની જીભને તલવાર જેવી તિક્ષ્ણ બનાવી
છે. તેમનાં કડવાં શબ્દો તીર જેવાં છે, જે પાછા ખેંચાઇને
વીંધવા માટે તૈયાર છે.
4 તેઓ જાડીમાં છુપાય છે અને નિર્દોષો ઊપર તેમનાં
તીર ચલાવે છે. તેઓ ઓચિંતો જ હુમલો કરીને તેઓને
મારી નાખે છે. આમ કરતાં તેઓ ગભરાતા નથી.
5 તેઓ પોતાની દુષ્ટ ધારણા, દ્રઢ કરે છે; અને ગુપ્ત
જાળ બીછાવવા મસલત કરે છે; તેઓ કહે છે: "અમને
અહીં જોનાર કોણ છે?"
6 તેઓ દુષ્ટ કૃત્યો કરવા માટે યોગ્ય તકની ચતુરાઈથી
રાહ જુએ છે; તેઓનાં હૃદયનાં ઊંડાણમાં દુષ્ટ વિચારો
અને ખરાબ યોજનાઓ છે.
7 પણ દેવ પોતે તેઓને "બાણ" મારશે, અને એકાએક
તેજ તેઓને વીંધી નાંખશે.
8 દેવ તેઓના પોતાના શબ્દો તેમની વિરૂદ્ધ ફરે તેમ
કરશે. અને તેઓ ઠોકર ખાશે; જે કોઈ તેઓને જોશે તે
સર્વ આશ્ચર્યથી માથા ધુણાવશે.
9 ત્યારે લોકોને દેવનો ભય લાગશે. અને તેઓ દેવનાં
કૃત્યો વિશે બીજાઓને કહેશે અને દેવનાં અદ્ભૂત
કાર્યો વિષે બીજાઓને શીખવશે.
10 સદાચારીઓ યહોવામાં આનંદ માણશે. તે દેવ પર
આધાર રાખે છે. અને બધાં સાચા અનુયાયીઓ તેની
સ્તુતિ ગાશે.

## ગીત 65

*નિર્દેશક માટે. પ્રશંસાનું દાઉદનું ગીત.*

1 હે દેવ, સિયોનમાં અમે તમારી સ્તુતિ કરતાં શાંતપણે
વાટ જોઈએ છીએ; અને અમે અમારી પ્રતિજ્ઞાઓ
પૂર્ણ કરીએ છીએ.
2 તમે હંમેશા લોકોની પ્રાર્થનાઓ સાંભળો છો, અને
તેથી બધાં તમારી પાસે પ્રાર્થના સાથે આવશે.
3 અમારા પાપો આપણા માટે ખૂબ ભારે બન્યાં છે,
પણ તમે સર્વ પાપોને ભૂંસી નાંખો છો.
4 તેઓ કે જેઓને તમારા પવિત્ર મંડપનાં આંગણાઓમાં
તમારી નજીક પહોંચવા તમે પસંદ કર્યા છે, તેઓ
આશીર્વાદિત છે. તમારા ઘરની, એટલે તમારા પવિત્ર
મંદિરની સારી વસ્તુઓથી, અમે તૃપ્ત થયા છીએ.
5 હે તારણનાં દેવ, ન્યાયીકરણથી તમે અદ્ભૂત કૃત્યો
વડે અમને ઉત્તર દેશો; તમે પૃથ્વીની સર્વ સીમાઓના
તથા દૂરનાં સમુદ્રો સુધી, તમે સર્વ માનવ જાતનાં
એકમાત્ર આશ્રય છો.
6 દેવે તેમની અદભૂત શકિતથી પર્વતો રચ્યાં. તેઓ
સામર્થ્યથી સુસજજીત હતા.
7 તોફાની "સમુદ્રોને" અને મોજાઓની ગર્જનાને, તથા
લોકોનાં હુલ્લડને તમે શાંત કરો છો.
8 આખી પૃથ્વી પરના લોકો દેવનાં મહિમાવંત કાર્યો
નિહાળશે, અને આશ્ચર્ય પામશે. સૂર્યનાં ઉદય અને
અસ્તનાં સ્થળોએ તમે આનંદનાં ગીતો ગવડાવશો.
9 તમે એ છો જે પૃથ્વીની સંભાળ લે છે અને ભૂમિને
પાણી આપે છે. દેવની નદીઓ પાણીથી ભરેલી છે
જેથી તેના લોકોને સારી ફસલ મળે.
10 તમે ખેતરનાં ચાસોને વરસાદનું પાણી આપો છો,
વરસાદનાં જાપટાંથી તમે ભૂમિને નરમ કરો છો, અને
તેમાં થતી ફસલને આશીર્વાદ આપો છો.
11 તમે વર્ષને પુષ્કળ ફસલથી આશીર્વાદિત કરી હતી.
તમે ઋતુઓના ચક્રને ખૂબ વિપુલતાથી પૂર્ણ કરો.
12 વેરાન ખેતરો ઘાસથી ભરાઇ ગયા છે અને ઘાસથી
ભરેલી ટેકરીઓ આનંદથી ભરાઇ ગઇ છે.
13 વળી ઘાસનાં બીડો ઘેટાઓના ટોળાથી ઢંકાઇ જાય
છે, અને ખીણો, ભરપૂર અનાજના પાકથી ઢંકાયેલી
છે; આખી પૃથ્વી હર્ષનાદનાં પોકાર કરે છે . અને હા,
તેઓ ગીતો ગાય છે.

## ગીત 66

*નિર્દેશક માટે. સ્તુતિગીત.*

1 હે સર્વ પૃથ્વીવાસી લોકો, તમે દેવ સન્મુખ હર્ષના
ગીત ગાઓ.
2 તેમનાં નામનાં ગૌરવની સ્તુતિ ગાઓ. સ્તુતિગાનથી
તેમનો આદર કરો.
3 દેવને કહો, તમારા કામ કેવાં અદ્ભૂત છે! શત્રુઓ
તમારા સામર્થ્યથી તમારી આગળ નમે છે.
4 આખી પૃથ્વીની બધી પ્રજાઓ તમારી આગળ નમી
જશે, અને તમારી ઉપાસના કરશે, તેઓ તમારા
નામનાં ગૌરવની સ્તુતિ ગાશે.
5 આવો, અને દેવના મહાન કૃત્યો નિહાળો કેવાં
આશ્ચર્યકારક કાર્યો તેમણે લોકો માટે કર્યા છે!
6 સૂકવી નાંખ્યો તેણે સમુદ્રને, તેનાં લોકોએ પગે ચાલીને
નદી પાર કરી. ત્યાં અમે તેનામાં આનંદિત થયા.
7 તે પોતાના પરાક્રમમાં સદાકાળ રાજ કરે છે; હંમેશા
રાજ કરે છે, પ્રજાઓની સર્વ હિલચાલ; તેની આંખો
જુએ છે, બંડખોર પ્રજાજનો દેવ વિરૂદ્ધ માથું ઊંચુ
નહીં કરે.
8 હે પ્રજાજનો, આપણા દેવને, ધન્યવાદ આપો અને
તેનાં સ્તવનનો ધ્વનિ સંભળાવો.
9 તે આપણા આત્માને જીવનમાં સુરક્ષિત રાખે છે,
અને આપણા પગને લપસી જવા દેતાં નથી.
10 હે યહોવા તમે અમારી કસોટી કરી છે; અમને ચાંદીની
જેમ અગ્નિથી શુદ્ધ કર્યા છે.
11 તમે અમને તમારી જાળમાં પકડ્યાં છે; અને અમારી
પીઠ પર ભારે બોજો મૂક્યો છે.

12 તમે અમારા શત્રુઓને અમારા ઉપર ચાલવા દીધાં, અમને અગ્નિ અને પાણીમાંથી ચાલવું પડ્યું; પણ તમે અમને અંતે સંપત્તિ અને સમૃદ્ધિનાં સ્થળે લઈ આવ્યા.
13 દહનાર્પણો લઈને હું તમારા મંદિરમાં આવીશ, હું તમારી સન્મુખ માનતાઓ પૂર્ણ કરીશ.
14 હું સંકટમાં હતો ત્યારે મેં તમારી સમક્ષ પ્રતિજ્ઞાઓ લીધી હતી.
15 તેથી હું તમારી પાસે આ પુષ્ટ બકરાં, ઘેટાં અને વાછરડાં લાવ્યો છું; તમારી સમક્ષ દહનાર્પણોની ધૂપ પહોંચશે.
16 હે દેવનાં ભકતો, તમે સર્વે સાંભળો; તેમણે મારા હકમાં જે કાંઈ કર્યુ છે તે હું તમને કહીશ.
17 મેં મારા મુખે તમને અરજ કરી, અને મારી જીભે તેમનું સ્તવન કર્યુ.
18 જો હું મારા હૃદયમા દુષ્ટતા કરવાનો ઈરાદો રાખું તો યહોવા મારું નહી સાંભળે.
19 પણ દેવે ચોક્કસ મારું સાંભળ્યું છે, અને મારી પ્રાર્થના પર કાન ધર્યા છે.
20 સ્તુતિ હો દેવની, તેમણે મારી પ્રાર્થના નકારી કાઢી નથી, કે મારા પરની કૃપા તેમણે અટકાવી નથી.

## ગીત 67

*નિર્દેશક માટે. વાજીંત્રો સાથે સ્તુતિનું ગીત.*

1 હે દેવ, અમારા પર કૃપા કરો, અને આશીર્વાદ આપો; ને અમારા પર તમારા મુખનો પ્રકાશ આવવા દો.
2 દેવ પૃથ્વી પરનો પ્રત્યેક વ્યકિત તમારા માર્ગો વિષે ભલે શીખે. ભલે બધીજ પ્રજાઓ તમારી તારણની શકિત વિષે જાણે.
3 હે દેવ, પૃથ્વીના સર્વ લોકો તમારી આભારસ્તુતિ કરે.
4 પ્રજાઓ આનંદ કરશે અને હર્ષથી ગાશે; કારણ, પૃથ્વી પરની પ્રજાઓ ઉપર તમે રાજ કરશો; અને લોકોનો અદલ ઈન્સાફ કરશો.
5 હે દેવ, લોકો આભારસ્તુતિ કરે; હે પ્રજાઓ, તમે તેમનો આભાર માનો.
6 પૃથ્વીએ આપણને તેનો વિપુલ પાક આપ્યો છે. હા, યહોવા આપણા દેવ આપણને આશીર્વાદ આપશે.
7 દેવ આપણને આશીર્વાદ આપે, પૃથ્વીનાં સર્વ લોકો દેવનો ભય રાખો.

## ગીત 68

*નિર્દેશક માટે. પ્રશસાનું દાઉદનું ગીત.*

1 હે દેવ ઊઠો, તમારા શત્રુઓ વિખરાઈ જાઓ; તેનાં સર્વ શત્રુઓ તેની પાસેથી ભાગી જાઓ.
2 તેઓને ધુમાડાની જેમ ઉડાવી નાંખો, જેમ મીણ અગ્નિથી ઓગળી જાય છે; તેમ દુષ્ટો દેવ સન્મુખ નાશ પામો.
3 પણ ન્યાયીઓ આનંદ કરો, અને હર્ષ પામો દેવ સન્મુખ; હા, સૌ અતિ આનંદ કરો.
4 દેવ સમક્ષ ગીત–ગાન કરો, તેમનાં નામનાં સ્તુતિગાન કરો; જે રેતીનાં રણમાં તેનાં રથ પર સવારી કરે છે. રણમાં તેમના માટે સડકો બાંધો ; જેમનું નામ છે યાહ,* તેમની સામે ઉલ્લાસ કરો.
5 આ દેવ, પોતાના પવિત્ર સ્થાનમાં અનાથનાં પિતા ને વિધવાઓનાં રક્ષક છે.
6 દેવ એકાકી લોકોને ઘર આપે છે. કેદીઓને બંધનમાથી મુકત કરે છે અને સંપન્ન કરે છે. પણ બંડખોરોને સૂકા અને વેરાન પ્રદેશમાં રહેવાની ફરજ પાડે છે.
7 હે દેવ, જ્યારે તમે લોકોની આગળ આગળ ચાલ્યાં, અને તમે વેરાન રણમાં કૂચ કરી.
8 દેવ, ઈસ્રાએલનાં દેવ સિનાઈ પર્વત પાસે આવ્યાં અને ધરા ધ્રુજી ઊઠી અને આકાશ ઓગળી ગયું.
9 હે દેવ, તમે ધોધમાર વરસાદ મોકલ્યો; અને સૂક્કીભઠ્ઠ જમીનને તાજી કરી.
10 ત્યાં તમારી પ્રજાએ કાયમી વસવાટ કર્યો, હે દેવ, તમે તમારી સમૃદ્ધિથી દરિદ્રીઓની ભૂખ ભાંગી.
11 જ્યારે યહોવાએ આદેશ આપ્યો, સ્ત્રીઓનું મોટું ટોળું બધી જગ્યાએ હતું. લોકોને તે વિષે તું સારા સમાચાર વિષે કહે.
12 "ઉતાવળથી રાજાઓ અને તેના સૈન્યો ભાગી જાય છે અને ઘરે સ્રીઓ લડાઈમાં કરેલી લૂંટ વહેંચી લે છે.
13 જેઓ ઘેર રહ્યાં છે તેમને રૂપાથી મઢેલી અને સુવર્ણથી ચળકતી કબૂતરની પાંખો મળશે."
14 જેમ સાલ્મોનના હિમાચ્છાદિત શિખરોનો બરફ પીગળી જાય છે, તેમ જુઓ દેવે તેઓના શત્રુઓને વિખેરી નાંખ્યા છે.
15 બાશાનનો પર્વત દેવનો ભવ્ય પર્વત છે, બાશાનનો ઘણાં શીખરોવાળો પર્વત ઘણો મજબૂત છે.
16 હે પર્વતો, શા માટે તમે સિયોન પર્વતની અદેખાઈ કરો છો? કે જેને યહોવા પોતાને રહેવા માટે ઈચ્છતા હતાં જ્યાં તે સદાકાળ રહેશે.
17 યહોવા, પોતાના અસંખ્ય રથો સાથે સિનાઈના પર્વત પરથી આવે છે; અને તે પોતાના પવિત્ર મંદિરમાં આવે છે.
18 જ્યારે તે ઉંચાઈ પર જાય છે, તે બંદીવાનોની કૂચને ઘેરે છે, જે લોકો તેમની વિરૂદ્ધ થયા હતા તેમની પાસેથી તથા માણસો* પાસેથી ભેટો સ્વીકારવા યહોવા દેવ ત્યાં નિવાસ કરવાં ગયા.

---

**યાહ**, આ દેવ માટેનું હિબ્રુ નામ છે. આ સામાન્ય રીતે "યહોવા" જેમ ભાષાંતરિત થતું હિબ્રુ નામ છે.

**જે . . . તથા માણસો** "તેણે માણસોને ભેટો તરીકે લીધા." આથવા, "તેણે માણસોને ભેટો આપી," પૌરાણીક સાવરીઆક અને અરમાનીક અનુવાદો પ્રમાણે.

19 ધન્ય છે યહોવાને, કે જેઓ રોજ આપણો બોજો ઊંચકી લે છે, અને તેઓજ સૌનું તારણ કરે છે.

20 તેઓજ આપણને મૃત્યુથી મુકત કરે છે, યહોવા જ આપણા તારણના દેવ છે.

21 પણ દેવ પોતાનાં શત્રુઓનાં માથા ફોડી નાખશે, કારણ, તેઓ અપરાધના માર્ગો છોડી દેવાની ના પાડે છે.

22 યહોવા મારા માલિકે કહ્યું, "હું તેમને બાશાનથી પાછા લાવીશ, પરંતુ શત્રુઓને ઊંડા સમુદ્રમાંથી પાછા લાવીશ.

23 જેથી ભલે તમે શત્રુઓનાં રકતમાં ચાલો, અને તમારા કૂતરાઓની જીભને પણ તે ભલે ચાખવા મળે."

24 હે દેવ, તેઓ તમારી વિજયકૂચ જોશે! તેઓ મારા રાજાને, વિજય કૂચને દોરતા મારા પવિત્ર દેવને જોશે.

25 આગલી હરોળમાં ગાયકો કૂચ કરતાં આવે છે. તેમના પછી સંગીતકારો, અને તેઓ ડફલી વગાડતી કન્યાઓથી ઘેરાયેલા છે.

26 હે મંડળો, તમે દેવની સ્તુતિ કરો; ઈસ્રાએલના સંતાનો તમે યહોવાની સ્તુતિ કરો. કારણ, એ ઈસ્રાએલનાં ઝરા સમાન છે.

27 બિન્યામીનનું નાનું કુળ ત્યાં આગેવાની આપે છે, યહૂદાના સરદારો, ઝબુલોન-નફતાલીના સરદારો તેઓની સભા પાછળ છે.

28 હે દેવ, હે યહોવા! તમારી તાકાત બતાવો અને અગાઉ તમે અમારે માટે કર્યુ હતું તેમ, તમારી મહાન શક્તિની અમારી ભલાઈ માટે જાણ થાય.

29 યરૂશાલેમનાં તમારાં મંદિરમાં પૃથ્વીનાં રાજાઓ ઉપહારો લઈને આવે છે.

30 બરુઓ વચ્ચે છુપાયેલા "પ્રાણીઓને" ઠપકો આપો, રાષ્ટ્રોના "વાછરડાઓના" વચ્ચેના "આખલાઓનાં ટોળાઓને" પણ ઠપકો આપો, જેથી તેઓ તમારે શરણે આવે અને તમારા માટે ચાંદીની ભેટો લાવે, યુદ્ધમાં આનંદ માણનારાઓને વિખેરી નાંખો.

31 મિસરવાસીઓ તમારા માટે તેમની સંપત્તિ લઈને આવશે. કૂશનાં લોકો દેવને તેઓની અર્પણ પ્રશંસા આપવાં ઉતાવળા થશે.

32 હે પૃથ્વીના સર્વ રાજ્યો તમે દેવ સમક્ષ ગાઓ, અને યહોવાનું સ્તવન કરો.

33 પુરાતન કાળનાં આકાશોમાં થઈને વાદળ પર સવારી કરનારા, એ અને જેમનાં પરાક્રમી અવાજથી આકાશમાં ગર્જના થાય છે તે દેવની સ્તુતિ કરો.

34 પરાક્રમ કેવળ દેવનું છે, તેમની સત્તા ઈસ્રાએલ પર છે; તેમનું સામર્થ્ય આકાશોમાં છે; પરાક્રમ પણ આકાશોમાં છે.

35 હે દેવ, તમે તમારા પવિત્ર સ્થાનોમાં અતિ મહિમાવાન અને ભયાવહ છો, ઈસ્રાએલના દેવ જેઓ પોતાના લોકોને સામર્થ્ય તથા પરાક્રમ આપે છે, તેમને ધન્ય હો!

## ગીત 69

*નિર્દેશક માટે. રાગ: "શોશાન્નીમ." દાઉદનું ગીત.*

1 હે દેવ, મારા માથા સુધી પાણી ચઢી આવ્યું છે, મારી રક્ષા કરો.

2 કીચડમાં હું ઊંડે ને ઊંડે ખૂપતો જાઉં છું, જ્યાં ઊભા રહેવાને પણ આધાર નથી, હું ઊંડા જળમાં આવી પડ્યો છું, જળપ્રલયે મને ડૂબાડી દીધો છે.

3 હું રડી રડીને નિર્ગત થઈ ગયો છું અને મારું ગળું સુકાઈ ગયું છે. મારા દેવની વાટ જોતાં, આંખોનું તેજ ઘટી ગયું છે.

4 જેઓ વિના કારણે મારો દ્વેષ કરે છે, તેઓ મારા માથાનાં વાળથી વધારે છે; હું નિર્દોષ છું છતાં મારો સંહાર કરવાની યોજના ઘડનારાં વધુ શક્તિશાળી બન્યાં છે. તે શત્રુઓ મારા વિષે અસત્ય બોલે છે. કહે છે મેં વસ્તુઓ ચોરી હતી. તેઓએ મેં જે વસ્તુઓ ચોરી ન હતી તેનું ભરણ કરવા મને ફરજ પાડે છે.

5 હે દેવ તમે મારી મૂર્ખાઈ જાણો છો, અને મારા પાપો તમારાથી છુપાવેલા નથી.

6 હે યહોવા સૈન્યોના દેવ, મારા લીધે તમારા અનુયાયીઓ શરમીંદા ન થાય. ઈસ્રાએલનાં ઓ દેવ, ભલે જેઓ તમને શોધવા નીકળ્યા છે તેઓનું મારા લીધે અપમાન ન થાય.

7 મેં તમારા માટે શરમ સહન કરી છે, ને મારું મુખ પણ શરમથી ઢંકાયેલું છે.

8 મારા ભાઈઓને મન હું પારકા જેવો છું, ને મારી માના પુત્રને મન હું પરદેશી જેવો થયો છું.

9 કારણ, મારું હૃદય, દેવ અને તેનાં મંદિર માટેના ઉત્સાહથી ઉત્તેજીત થયું છે. જેઓ તમારું અપમાન કરે છે તેમના અપમાનો મારી ઉપર આવ્યાં છે.

10 જ્યારે હું યહોવા સમક્ષ રૂદન અને ઉપવાસ કરું છું, ત્યારે તેઓ મારી મશ્કરી કરીને નિંદા કરે છે.

11 જ્યારે હું મારા પાપનું દુ:ખ પ્રગટ કરવા અને આત્માનું રાંકપણું દર્શાવવાં તાટનાં વસ્ત્ર ધારણ કરું છું, ત્યારે તેઓ મારી મશ્કરી કરે છે.

12 ભાગોળમાં બેસનારાઓ મશ્કરી કરે છે. અને છોકરાઓ મારા વિષે રાસડા ગાય છે.

13 પરંતુ હે યહોવા, તમારી કૃપાનાં સમયમાં મેં તમારી પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું છે તમારાં ભરપૂર પ્રેમમાં, તારણની સત્યતાએ પ્રત્યુતર આપો.

14 મને કીચડમાંથી કાઢો, મને ઊંડા પાણીમાં ડૂબવાં દેશો નહીં અને દ્વેષીઓથી મારી રક્ષા કરો.

15 રેલ સંકટ મારા પર ફરી ન વળે, સાગરનાં ઉંડાણ મને ગળી ન જાય; અને ડરાવનાર કબરમાં મારી રક્ષા કરો.

16 હે યહોવા, મારી પ્રાર્થનાનો ઉત્તર આપો; કારણ, તારી કૃપા સારી છે; તમારા પુષ્કળ વાત્સલ્ય મુજબ મારા તરફ વળો.

17 તમારું મુખ તમારા આ દાસથી છુપાવશો નહીં, હું
અપાર સંકટોમાં છું, મને જલદી ઉત્તર આપો.
18 હે યહોવા, આવો, મારા આત્માની રક્ષા કરો! મને
મારા સર્વ શત્રુઓથી મુક્ત કરો.
19 તમે જાણો છો કે મારે શરમ અપમાન અને હિણપદ
સહન કરવાં પડે છે. મારા શત્રુઓએ મારી સાથે
કરેલી વસ્તુઓ તમે જોઈ છે.
20 નિંદાથી શરમે મારું હૃદય ભાંગ્યું છે, અને હું લાંબુ
જીવવા માટે ખૂબ દુર્બળ બની ગયો છું. દિલાસો અને
આરામ બતાવનારની રાહ જોઈ પરંતુ મને કોઈ પણ
મળ્યું નહીં.
21 ખોરાકને બદલે મને પિત્ત ખાવા મળ્યું, ને તરસ લાગતાં
મને સરકો પાવામાં આવ્યો.
22 ભલે તેમનું મેજ તેમના માટે છટકું બને, અને તેમનું
મૈત્રીભોજન તેમનો ફાંસલો બને.
23 ભલે તેઓની આંખો કંઈપણ જોવા માટે જાંખી બને,
અને ભલે તેઓ અંધ બની જાય. અને ભલે તેમની
કમરો નબળી બને. 24 ભલે તમે તમારો કોપ તેઓ પર
વરસાવો, તમારો ક્રોધાગ્નિ તેઓને પકડી પાડે.
25 તેમનાં ઘરો ઉજ્જડ થાઓ, ને તેમાં કદી કોઈ નિવાસ
કરે નહીં.
26 કારણ, જેને તમે શિક્ષા કરી છે તેઓ તેની પૂઠ પકડે
છે, ને જેને તમે ઘાયલ કર્યો છે, તેનાં દુ:ખની વાત
કરે છે.
27 તેઓને શિક્ષા કરો જેને તેઓ પાત્ર છે. તમે કેટલાં
સારા છો તે તેમને ન બતાવો.
28 જીવન પુસ્તકમાંથી આ લોકોનાં નામ ભૂસી નાખો,
સારા લોકોનાં નામોની યાદીના પુસ્તકમાં તેમનાં નામો
સાથે ન મૂકો.
29 પણ હે દેવ હું તો નિ:સહાય અને ઉદાસ છું; હે દેવ,
મારી રક્ષા કરો અને મને ઉપર ઊઠાઓ.
30 પછી હું ગીત ગાઈને દેવના નામનું સ્તવન કરીશ, ને
આભાર માનીને તેમનાં નામની હું સ્તુતિ કરીશ.
31 અને તે બળદનાં અથવા વાછરડાંનાં બલિદાન કરતાં
તેમને વધુ આનંદ આપશે.
32 નમ્ર જનો તે જોઈને આનંદ પામશે, દેવને શોધનારાઓ
તમારા હૃદયો નવું જીવન પામો.
33 કારણ યહોવા દરિદ્રીઓની અરજ સાંભળે છે, અને
તેમનાં જે લોકો બંદીવાન છે તેઓનાથી તેઓ પોતાનું
મુખ આડું ફેરવતાં નથી.
34 આકાશો તથા પૃથ્વી તેમનું સ્તવન કરો; સમુદ્રો તથાં
તેમાનાં સર્વ જળચર તેમની સ્તુતિ કરો.
35 કારણ, દેવ સિયોનને બચાવશે, અને યહૂદાનાં નગરોનું
નવનિર્માણ કરશે; તેનાં લોકો તે નગરોમાં વસવાટ
કરશે અને તે જન્મભૂમિનો કબજો મેળવશે.
36 વળી તેનાં સેવકોનાં સંતાન દેશનો વારસો પામશે,
તેમનાં નામ પર પ્રિતિ રાખનારા તેમાં વસશે.

## ગીત 70

*નિર્દેશક માટે. દાઉદનું એક ગીત – લોકોને યાદ રાખવા માટે.*

1 હે દેવ મારું રક્ષણ કરો; હે યહોવા, મને સહાય કરવાં
દોડી આવો.
2 જેઓ મારો પ્રાણ લેવા ઈચ્છે છે તેઓ નિરાશ થાઓ
અને મુંજાઈ જાઓ. જેઓ મારું અનિષ્ટ ઈચ્છે છે તેઓ
પાછા પડો અને શરમ અનુભવો.
3 જેઓ મારી મશ્કરી કરે છે, તેઓ પોતાના પરાજયથી
લજ્જિત થાઓ.
4 જેઓ તમારું મુખ શોધે છે, તેઓ તમારામાં આનંદ
કરો અને હર્ષ પામો; જેઓ તમારા તારણ પર પ્રેમ કરે
છે તેઓ પોકારીને કહો દેવને મહાન માનો.
5 પણ હું તો દરિદ્રી અને લાચાર છું, હે યહોવા, ઝટ
તમે મારી મદદે આવો; તમેજ એકલાં મારા સહાયક
ઉદ્ધાર કરનાર છો; હે યહોવા, હવે જરાપણ વિલંબ ન
કરો.

## ગીત 71

1 હે યહોવા, મેં તમારું શરણું લીધું છે. મને શરમિંદો
કરશો નહીં.
2 મારા તરફ ન્યાયી થાઓ, અને મને મુક્ત કરો; મારી
રક્ષા કરો, મારા તરફ વળો અને મારા તરફ કાન ધરી
મારો ઉદ્ધાર કરો.
3 જ્યાં હું સદાને માટે રહી શકુ તેવો ગઢ તમે થાઓ,
તમે મને તારવાની આજ્ઞા કરી છે કારણકે તમે મારા
ખડક અને મારો ગઢ છો.
4 મારા દેવ, તમે મને દુષ્ટોના ઘાતકી અન્યાયી
હાથોમાંથી બચાવો.
5 ઓ યહોવા, ફક્ત તમેજ મારી આશા છો! મેં બાળપણથી
તમારો વિશ્વાસ કર્યો છે.
6 હું ગર્ભસ્થાનમાં હતો ત્યારથી તમે મારા આધાર રહ્યાં
છો. મારી માતાનાં ઉદરમાંથી મને કાઢનારા તમેજ
છો. ઓ દેવ હું હંમેશા તમારી સ્તુતિ ગાઈશ.
7 હું બીજા લોકો માટે એક દ્રષ્ટાંત બન્યો છું. પણ તમે
તો મારો શક્તિશાળી આશ્રય છો.
8 તમારી સ્તુતિથી મારું મુખ ભરપૂર થશે, આખો દિવસ
તમારા ગૌરવની ભરપૂર વાતો થશે.
9 વૃદ્ધાવસ્થા કાળે, મારી શક્તિ ખૂટે ત્યારે મને તરછોડી
ને મારો ત્યાગ ન કરો.
10 મારા શત્રુઓ જેઓ મારી વિરૂદ્ધ વાતો કરે છે, મારો
પ્રાણ લેવાં તાકી રહ્યાં છે; ને તેઓ અંદરો અંદર મસલત
કરે છે.
11 તેઓ કહે છે, "દેવે તેને ત્યજી દીધો છે, આપણે પાછળ
દોડીને તેને પકડી પાડીએ; કારણકે તેને છોડાવનારું
કોઈ નથી."
12 હે દેવ, મારાથી દૂર ન જશો; તમે મારી પાસે આવવાં
ઉતાવળ કરો; અને મને સહાય કરો.

13 મારા આત્માનાં દુશ્મનો ફજેત થઈને નાશ પામો; મને ઉપદ્રવ કરવાને મથનારાઓ નિંદા ને અપમાનથી ઢંકાઈ જાઓ.
14 પણ હું તમારી નિત્ય આશા રાખીશ; અને વધુંને વધું સ્તુતિ કરીશ.
15 તમારાં ન્યાયીપણાનાં અને ઉદ્ધારનાં કૃત્યો મારું મુખ આખો દિવસ પ્રગટ કરશે. તેઓની સંખ્યા કેટલી મોટી છે તે હું જાણતો નથી.
16 હે યહોવા, સર્વસમર્થ! હું આવીશ, અને તમારાં અદભૂત કાર્યોને પ્રગટ કરીશ! તમારા ન્યાયીપણા વિષે લોકોને જણાવીશ.
17 હે દેવ, મારા બાળપણમાં તમે મને શીખવ્યું છે, ત્યારથી હું તમારા ચમત્કરો વિષે જણાવતો રહ્યો છું.
18 હે દેવ, હું હવે ઘરડો થયો છું ને વાળ પણ સફેદ થયાં છે, ત્યારે મારો ત્યાગ ન કરશો. તમારા સર્વ ચમત્કારો વિષે હું નવી પેઢી અને તેનાં સંતાનોને જણાવું, તે માટે મને સમય આપો.
19 હે દેવ, તમારું ન્યાયીપણું અતિશય ઉચ્ચ છે; હે યહોવા, તમે મોટાં કામો કર્યા છે; તમારા જેવો બીજો કોણ છે?
20 ઘણાં ખેદજનક સંકટો તમે અમને દેખાડ્યાં છે; તમે પૃથ્વીનાં ઊંડાણોમાંથી અમને પાછા કાઢી લાવશો; તમે અમને પુનર્જીવિત કરશો .
21 તમે મને અગાઉ કરતાંય વધારે માન આપશો, અને પાછા ફરીને મને દિલાસો પણ આપશો.
22 હું તમારું સિતાર સાથે સ્તવન કરીશ, હે મારા દેવ, હું તમારી સત્યતાનું સ્તવન કરીશ; હે ઈસ્રાએલનાં પવિત્ર દેવ; હું વીણા સાથે તમારા સ્તોત્રો ગાઈશ.
23 હું તમારી સ્તુતિ કરીશ ત્યારે મારા હોઠો હર્ષનો પોકાર કરશે, અને ઉદ્ધાર પામેલો મારો આત્મા અતિશય આનંદ પામશે.
24 મારી જીભ આખો દિવસ તમારી દયા અને તમારા ન્યાયીપણાની વાતો કરશે જેઓ મને હાની પહોંચાડવા ઈચ્છે છે તેઓને લજ્જિત અને અપમાનિત કરાયાં છે.

## ગીત 72

*ગીત સુલેમાનને.*

1 હે દેવ, તમે રાજાને ન્યાય કરવા માટે તમારા જ્ઞાન અને અધિકાર આપો, ને રાજાનાં પુત્રોને તમારું ન્યાયીપણું આપો.
2 તેઓ તમારા લોકોનો નિષ્પક્ષતાથી ન્યાય કરશે. તમારાં ગરીબ લોકોને તેઓ ન્યાય કરશે.
3 પર્વતો અને ડુંગરો ન્યાયીપણે લોકો માટે, શાંતિ, આબાદી ને સમૃદ્ધિ લાવશે.
4 તે લોકોમાં ન્યાય કરશે દીનદુ:ખીઓનો, દરિદ્રીઓનાં દીકરાઓનો ઉદ્ધાર કરશે; ને જુલમગાર પાપીઓને કચડી નાંખશે.
5 તે લોકો, તેઓની પેઢી દર પેઢી આકાશમાં સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી બીઓ અને રાજાને માન આપે.
6 જેમ ખેતરો પર વરસાદ પડે છે વરસાદનાં જાપટાં જમીન પર પડે છે તેમ રાજા રહે.
7 તેના શાસનકાળમા ન્યાયીઓની આબાદી થશે, અને જ્યાં સુધી ચંદ્ર રહેશે શાંતિ ટકી રહેશે.
8 વળી સમુદ્રથી સમુદ્ર સુધી અને યુફ્રેતિસ નદીથી પૃથ્વીના છેડા સુધી તે રાજ કરશે.
9 તેની સમક્ષ રણવાસીઓ નમશે, અને તેનાં સર્વ શત્રુઓ ધૂળ ચાટશે.
10 ને તાર્શીશના રાજાઓ, અને ભૂમધ્ય સમુદ્રના કિનારાના રાજાઓ, તેમના માટે ભેટો લાવશે અને શેબાના રાજાઓ તેમની ખંડણી તેઓ પાસે લાવશે.
11 ને સર્વ રાજાઓ તેને નમન કરશે, અને સર્વ રાષ્ટ્રો તેની સેવા કરશે.
12 કારણકે તે ગરીબ અને જરુરીયાત વાળા લોકોને બચાવે છે જે તેમને મદદ માટે પોકારે છે, પણ જેમનો કોઈ મદદગાર નથી તેમને તે બચાવે છે.
13 તે લાચાર દરિદ્રીઓ પર દયા બતાવશે, અને દરિદ્રીઓનાં આત્માનું તારણ કરશે.
14 તે તેઓનાં આત્માઓને જુલ્મ અને હિંસાથી છોડાવશે; તેઓની નજરોમાં તેઓનું રક્ત મૂલ્યવાન છે.
15 શેબાનું સોનું તેમને આપવામાં આવશે, રાજા ઘણું લાંબુ જીવો! તેમના માટે પ્રાર્થનાઓ થશે; ધન્યવાદ આપશે સર્વ લોકો સદા તેને આશિષ આપશે.
16 દેશમાં પર્વતોનાં શીખરો પર પુષ્કળ ધાન્યનાં ઢગલાં થશે, તેનાં ફળ લબાનોનનાં ફળ જેવાં થાઓ, ઘાસની જેમ વધશે નગરનાં રહેવાસીઓ.
17 તેમનાં નામનો સર્વકાળ આદર કરવામાં આવશે; અને તેમનું નામ સૂર્ય તપે ત્યાં સુધી ટકશે; તેમનાથી સર્વ લોકો આશીર્વાદ પામશે; તેમને દેશનાં સર્વ લોકો ધન્યવાદ આપશે.
18 ઈસ્રાએલનાં દેવ, યહોવા દેવને ધન્ય હજો; એકલા તેઓજ આશ્ચર્યકારક કર્મો કરે છે.
19 તેમનાં મહિમાવંત નામની સર્વદા સ્તુતિ થાઓ! સમગ્ર પૃથ્વી તેમનાં મહિમાથી ભરપૂર થાઓ!
20 અહીં પૂર્ણ થાય છે પ્રાર્થનાઓ ઈશાઈનાં પુત્ર દાઉદની.

# ભાગ ત્રીજો

## ગીત 73

*આસાફના સ્તુતિગીત.*

1 જેઓના હૃદય શુદ્ધ છે ઈસ્રાએલ પર; તેમનાં પર ખરેખર દેવ કૃપાવાન છે.
2 પરંતુ હું લગભગ લપસ્યો અને પાપ કરવા લાગ્યો,
3 કારણ જ્યારે મેં પેલા દુષ્ટ લોકોની શાંતિ અને સમૃદ્ધિ જોઈ.

4 તેઓને જીવનપર્યંત મુશ્કેલી આવતી નથી, અને તેઓ
સમૃદ્ધ અને બળવાન થતાં જાય છે.
5 તેમનાં પર માનવજાતનાં દુ:ખો આવતાં નથી; અને
બીજાઓની જેમ તેઓને પીડા થતી નથી.
6 તેઓનો ગર્વ ગળાની કંઠી જેવો છે, જે હીરાની જેમ
ચમકે છે; તેઓએ હિંસા રૂપી વસ્ત્ર ધારણ કર્યા છે.
7 તેઓ જે વસ્તુઓને જુએ છે તેને વધુ ને વધુ રાખવા
ઈચ્છે છે; તેને પ્રાપ્ત કરવાના માર્ગો હંમેશા શોધે છે.
8 તેઓ અન્યોની મશ્કરી કરે છે અને ધિક્કારથી વાત
કરે છે, તેમણે અન્યો પર કેવી રીતે દમન કર્યું તેના
વિષે અભિમાનથી બોલે છે.
9 સ્વર્ગની વિરૂદ્ધ તેઓ બણગાં ફૂંકે છે, તેઓની જીભ
અભિમાનથી વાતો કરે છે; પૃથ્વી પર.
10 તેથી દેવના લોકો પણ તેમની તરફ વળે છે અને તેઓ
જે કહે તે સ્વીકારે છે. *
11 તેઓ પૂછે છે, "જે કાંઈ બની રહ્યું છે, તે વિષે શું દેવ
માહિતગાર છે? શું પરાત્પરમાં કાંઈ જ્ઞાન છે?"
12 દુષ્ટ લોકોને જુઓ તો તેઓ હંમેશા ચિંતામુકત હોય
છે; અને તેઓ શાંતિમાં રહીને, સંપત્તિ વધારતા
જાય છે.
13 મે મારું હૃદય શુદ્ધ રાખ્યું છે, અને મારા હાથ નિર્દોષ
રાખ્યાં છે; પણ તેથી કોઈ વિશેષ ફાયદો નથી.
14 કારણ, હું આખો દિવસ પીડાયાં કરું છું, અને દર
સવારે મને શિક્ષા થાય છે.
15 પરંતુ જો મેં આ પ્રમાણે કહેવાનો નિર્ણય કર્યો હોત,
તો મેં તમારા લોકોનો વિશ્વાસઘાત કર્યો હોત.
16 જ્યારે મેં તે સમજવા ઊંડો વિચાર કર્યો, ત્યારે મને
લાગ્યું કે તે સમજવું મારે માટે બહુ કઠીન છે.
17 પછી હું દેવના પવિત્રસ્થાનમાં એક દિવસ ધ્યાન
કરવા માટે ગયો, ત્યાં હું આખરે દુષ્ટ લોકો વિષે
તેમનાં ભવિષ્ય અને તેમના અંત વિષે સમજ્યો.
18 તમે તેઓને લપસણી જગ્યાએ મૂકો છો, અને તેઓને
વિનાશમાં ફેંકી દો છો.
19 તેમની સુખસમૃદ્ધિનો તત્કાળ અંત આવશે, અને
તેઓ અનંતકાળ પર્યંત ત્રાસ પામશે.
20 તેઓનું વર્તમાન જીવન કેવળ એક સ્વપ્ન જેવું છે,
માનવ સ્વપ્નમાંથી જાગી વાસ્તવિકતા નિહાળે છે;
તેમ તેઓ જાગ્રત થશે, હે યહોવા સત્ય સબંધી
નીશ્ચે.
21 જ્યારે હું આ બધી વસ્તુઓ વિષે વિચારતો હતો ત્યારે
મારું હૃદય ઉદાસ બની ગયું.
22 કેટલો મૂર્ખ અને અજ્ઞાની છું , હું તે જાણી શક્યો; હે
દેવ, તમારી સમક્ષ હું તો હતો માત્ર એક પશુ જેવો.
23 પરંતુ, તેમ છતાંય, હું હંમેશા તમારી સાથે છું. અને
તમે મારા જમણા હાથને પકડી રાખ્યો છે.
24 તમારા જ્ઞાન અને સલાહથી જીવનપર્યંત તમે દોરવણી
આપશો; અને પછી તમે મારો સ્વીકાર કરશો
મહિમાવંત સ્વર્ગમાં.
25 સ્વર્ગમાં તમારા વિના મારું બીજું કોણ છે; અને પૃથ્વી
પર મને બીજું કોઈ પ્રિય નથી.
26 મારી તંદુરસ્તી ભલે મને છોડી જાય, મારું હૃદય ભલે
તૂટી જાય, પણ મારી પાસે ખડક છે જેને હું ચાહું છું
મારી પાસે દેવ સદાકાળ માટે છે.
27 પરંતુ તેઓ જે દેવથી દૂર છે તેમનો વિનાશ થશે. અને
જેઓ તમને વફાદાર રહેતા નથી, તેમનો સંપૂર્ણ નાશ
તમારા દ્વારા થશે.
28 પરંતુ હું દેવની નજીક રહ્યો છું અને તે મારા માટે સારું
છે! મેં મારા દેવ યહોવાને મારો આશ્રય બનાવ્યો છે!
હું તમારા બધાં અદભૂત કૃત્યો વિષે કહેવા આવ્યો
હતો.

## ગીત 74

*આસાફનું માસ્કીલ.*

1 હે દેવ તમે અમને સદાને માટે શા માટે ત્યજી દીધા
છે? તમે તમારાં ઘેટાનાં ટોળા સામે હજી આજેય
ગુસ્સામાં છો?
2 હે યહોવા, સ્મરણ કરો; પુરાતન સમયમાં તમે લોકોને
પસંદ કરીને ખરીદ્યા. તમે લોકોને બચાવ્યાં અને તેમને
તમારા પોતાના બનાવ્યા. સ્મરણ કરો સિયોન પર્વત,
જે જગ્યાએ તમે રહો છો.
3 દેવ આવો અને આ પ્રાચીન ખંડેરમાંથી ચાલ્યા આવો.
પવિત્રસ્થાનને શત્રુઓએ કેટલું મોટું નુકશાન કર્યુ છે!
4 તમે જ્યાં અમારીમુલાકાત લો છો, તે સ્થળમાં શત્રુ
ગર્જના કરે છે; પોતાનો વિજય દર્શાવવા તેઓએ
પોતાની ધ્વજાઓ ઊભી કરી છે.
5 તેઓ જંગલનાં વૃક્ષો પર કુહાડા ઉગામનારાઓના
જેવા છે.
6 તેઓ તેનું તમામ નકશીદાર કામ કુહાડી-હથોડાથી
તોડી નાંખે છે.
7 તેઓએ તમારા પવિત્ર સ્થાનને આગ લગાડી છે.
તેઓએ તમારાં રહેઠાણનો નાશ કર્યો છે.
8 તેઓએ તેમને પોતાને કહ્યું હતું: "તેમને પૂરેપૂરા કચડી
નાંખીએ." તેઓએ દેશમાંના દેવના બધાં સભા
સ્થાનોને બાળી મૂક્યાં.
9 અમે તમારા લોકો છીએ દર્શાવતી એક પણ નિશાની
બચી નથી, નાશ પામ્યાં છે સર્વ પ્રબોધકો, આ સર્વનો
અંત ક્યારે? કોણ કરી શકે?
10 હે દેવ, ક્યાં સુધી અમારા શત્રુઓ તમારા નામનું
અપમાન કરશે? શું તમે તેઓને સદા આમ કરવા દેશો?
11 શા માટે તમે વિલંબ કરો છો? શા માટે તમારા સામર્થ્યને
અટકાવી રાખો છો? હાથ ઉગામીને તેઓ પર તમારો
અંતિમ ઘા કરો.

---

**તેથી… સ્વીકારે છે** આ છંદ હિબ્રૂમાં સમજવો મુશ્કેલ છે.

12 પુરાતન કાળથી, દેવ મારા રાજા છે. દેવ પૃથ્વીના એક
છેડાથી બીજા છેડા સુધી લોકોનું રક્ષણ કરે છે.
13 તમે તમારા મહાન પરાક્રમ વડે રાતા સમુદ્રનાં બે
ભાગ પાડ્યાં, વળી તમે પાણીમાં મહા મત્સ્યોનાં માથાં
ફોડી નાંખ્યા.
14 પેલા પ્રચંડ પ્રાણીઓના માથાઓને ટૂકડે ટૂકડા કરીને
ભાંગી નાખ્યા અને તેમના શરીરને રણનાં પ્રાણીઓને
ખાવા માટે આપી દીધાં.
15 તમારા લોકોને પાણી પૂરુ પાડવાં, ઝરણાં અને નદીઓ
સઘળે વહેવડાવી; નિરંતર વહેતી નદીઓને સૂકવીને
તમે સૂકી ભૂમિનો રસ્તો તૈયાર કર્યો .
16 દિવસ અને રાત બંને તમારા છે, અને તમેજ સૂર્ય
અને ચંદ્રનું સર્જન કર્યુ છે.
17 પૃથ્વીની સીમાઓ, સ્થાપન તમેજ કરી છે; ઉનાળો–
શિયાળો ઋતુઓ પણ તમે બનાવી છે.
18 હે યહોવા, શત્રુઓ તમારી મશ્કરી કરે છે, મૂર્ખ લોકો
તમારા નામનો તિરસ્કાર કરે છે, આ વસ્તુઓ યાદ
રાખો.
19 હે યહોવા, તમારા હોલાનો જીવ હિંસક પ્રાણીઓનાં
હાથમાં, જવા દેશો નહીં; તમારા લોકોને, ભૂલશો
નહીં અને હિંસક પ્રાણીઓથી બચાવો.
20 હે યહોવા, તમે કરેલો કરારનું સ્મરણ કરો, આ દેશના
અંધકારમય ભાગમાં હિંસા વ્યાપક બની છે.
21 હે દેવ, તમારા આ દુ:ખી લોકોનું સતત અપમાન
થવા ના દેશો. દરિદ્રીઓ અને લાચારોને તમારું સ્તવન
કરવાને કારણ આપો.
22 હે દેવ તમે ઉઠો અને તમારી લડાઈમાં લડો! મૂર્ખો
આખો દિવસ તમારું અપમાન કરે છે, તેનું સ્મરણ
કરો.
23 જેઓ તમારી વિરૂદ્ધ થયા છે અને નિત્ય ઊંચા ને
ઊંચા ચઢે છે તે તમારા શત્રુઓની ધાંધલ અને
બરાડાઓને તમે ના વિસરશો.

## ગીત 75

*નિર્દેશક માટે. રાગ: "ના કરશો વિનાશ."*
*આસાફના સ્તુતિગીતો માંનુ એક.*

1 હે યહોવા, અમે તમારો પુષ્કળ આભાર માનીએ છીએ,
તમારું નામ સન્નિધ છે; માટે તમારો આભાર માનીએ
છીએ. લોકો તમારા આશ્ચર્યકારક કામો પ્રગટ કરે છે
2 યહોવાએ પ્રત્યુતર આપ્યો, "હા, હું ચોક્કસપણે ચુકાદા
માટે સમય પસંદ કરીશ અને નિષ્પક્ષતાથી ન્યાય
કરીશ.
3 પૃથ્વી અને તેનાં બધાં નિવાસીઓ કદાચ ધ્રૂજતાં હશે,
અને પડવાની તૈયારીમાં હશે પણ હું તેને સ્થિર કરીશ."
4 "મેં ધમંડીઓને અભિમાન નહીં કરવાં ચેતવણી આપી
છે અને દુષ્ટોને મેં કહ્યું છે, કે ઘમંડ કરીને ડંફાસ ન
મારો.'
5 ડોક ઉંચી કરીને અભિમાન સાથે ન બોલો ઘમંડ
કરીને ડંફાસ ન મારો."
6 તેથી જે લોકોને મહત્વના બનાવે તે નથી પૂર્વમાંથી કે
નથી પશ્ચિમમાંથી આવતો. તે રણ પર્વતોમાંથી પણ
નથી આવતો.
7 પણ દેવ છે, ને તે જ ન્યાયાધીશ છે; તે એકને નીચે
પાડી નાખે છે, અને બીજાને ઊંચો કરે છે.
8 યહોવાના હાથમાં કડક ક્રોધના દ્રાક્ષારસનો પ્યાલો
છે; ને ન્યાય ચુકાદો છે જે પૃથ્વી પરના દુષ્ટો પર રેડી
દેવાય છે. અને દુષ્ટોએ તેને છેલ્લાં ટીપાં સુધી પીવો
પડશે.
9 પરંતુ હું તો સદાકાળ બીજાઓને આ બાબતો માટે
કહીશ. અને હું યાકૂબનાં દેવની સ્તુતિઓ ગાઈશ.
10 યહોવા કહે છે, "હું દુષ્ટ લોકોનાં સામર્થ્યને નષ્ટ
કરીશે, પરંતુ હું સજ્જનોનાં સામર્થ્યની વૃદ્ધિ કરીશ."

## ગીત 76

*નિર્દેશક માટે. વાજીંત્રો સાથે.*
*આસાફનું સ્તુતિ ગીત.*

1 યહૂદીયામાં દેવ જાણીતા છે, ઈસ્રાએલમાં તેમના
નામનો ઊંચો આદર છે.
2 તેમનો મંડપ યરૂશાલેમમાં છે, અને તેમનું
નિવાસસ્થાન સિયોનમાં છે.
3 ત્યાં તેણે ચળકતાં બાણોને ભાંગી નાખ્યાં, ને ઢાલ–
તલવારને શસ્ત્ર ભાંગી નાખ્યાં.
4 દેવ તમે તમારા શત્રુઓને જ્યાં હરાવ્યાં તે ટેકરીઓ
પાછળથી તમે આવો છો ત્યારે તમે મહિમાવંત લાગો
છો.
5 જેઓ શૂરવીર છે, તેઓ લૂંટાયા છે, ને ચિર નિંદ્રાવશ
થયા છે; અને કોઈ પરાક્રમીઓના હાથથી કાંઈ પણ
થઈ શક્યું નથી.
6 હે યાકૂબના દેવ, તમારી હાંકથી રથ અને ઘોડા બંને
ચિરનિદ્રામાં પડ્યાં છે.
7 દેવ તમે ભયાવહ છો, તમે કોપાયમાન હો ત્યારે
તમારી સામે કોણ ઊભું રહી શકે?
8 તમે આકાશમાંથી ન્યાય ચુકાદો ફરમાવ્યો, અને ધરતી
ભયભીત બની શાંત થઈ ગઈ.
9 હે દેવ, તમે ન્યાય કરવા માટે તથા દેશના નમ્ર લોકોને
બચાવવા માટે ઊભા થયા છો.
10 તમારો માણસો વિરૂદ્ધ કોપ તમારી ખચીત પ્રશંસા
કરાવશે; અને તમારો જે કોપ બાકી રહ્યો તે તમે તમારી
કમરે બાંધશો.
11 જે પ્રતિજ્ઞાઓ તમે યહોવા તમારા દેવની સમક્ષ લીધેલી
છે તે તમે પૂર્ણ કરો. ભયાવહ દેવ સમક્ષ તમે સૌ,
તમારા ઉપહારો અર્પો.
12 પૃથ્વી નરેશો તેમનો ભય રાખે છે, કારણ સરદારોનો
ગર્વ તે તોડી નાખે છે.

## ગીત 77

*નિર્દેશક માટે.*

*યદૂથૂનની રીત પ્રમાણે રચાયેલું.આસાફનું ગીત.*

1 મે યહોવાને મદદ માટે પોકાર કર્યો; મારી વિનંતી સાંભળે તે માટે પોકાર કર્યો.
2 જ્યારે મારા માથે ભારે સંકટ આવ્યું મેં સહાય માટે યહોવા તરફ દ્રૃષ્ટિ કરી. મેં તેમને આકાશ તરફ હાથ ઊંચા કરીને આખી રાત પ્રાર્થના કરી જ્યાં સુધી મારા હકમાં કંઈ કરશે નહીં ત્યાં સુધી દિલાસો પામીશ નહીં.
3 હું દેવનું સંભારું છું, અને નિ:સાસાની શરુઆત કરું છું. મને શું થાય છે તે કહેવા માટે હું પ્રાર્થના કરવાનો પ્રયત્ન કરું છું, પરંતુ હું નિર્બળ અને લગભગ મૂર્છિત થાઊં છું.
4 તમે મને સૂવામાંથી જાગતો રાખ્યો હું ખૂબ મુશ્કેલીમાં હતો કે બોલી શકું.
5 હું વિચાર કરું છું અગાઉના દિવસો અને પૂર્વનાં વર્ષોનો.
6 તે સમયે આનંદના ગીતોથી મારી રાત્રિઓ ભરપૂર હતી, હું મનન કરી બદલાયેલી સ્થિતિ વિષે આત્મખોજ કરું છું.
7 "શું યહોવા સર્વકાળ માટે ત્યજી દેશે? ફરીથી કદી તે શું પ્રસન્ન થશે નહીં?
8 શું અદ્રશ્ય થઇ ગયો તેમનો અચળ પ્રેમ? શું નિષ્ફળ ગયાં તેમણે અમને આપેલા વચન?"
9 અમારા પર કૃપા કરવાનુ દેવ શું ભૂલી ગયાં? શું તેમણે તેમની સહાનુભૂતિને કોપમાં બદલી નાખી?
10 પછી મેં મારી જાતે વિચાર્યુ, "મને જે સૌથી વધારે અસ્વસ્થ કરે છે તે આ છે."
11 શું પરાત્પર દેવે તેમનું સામર્થ્ય બતાવવાનું બંધ કર્યુ છે? અને હું તેમનાં અગાઉનાં ચમત્કાર સંભારીશ.
12 હું તમારાં સર્વ કામોનું મનન કરીશ, અને તમારા કૃત્યો વિષે વિચાર કરીશ.
13 હે યહોવા, તમારા માર્ગો પવિત્ર છે, તમારા જેવા મહાન કોઈ દેવ નથી!
14 તમે ચમત્કારો અને અદભૂત કાર્યો કરવાવાળા દેવ છો, તમે રાષ્ટ્રોને તમારું સામર્થ્ય બતાવી દીધું.
15 તમે તમારા લોકો યાકૂબ અને યૂસફનાં બાળકોને તમારા મહાન સામર્થ્યથી બચાવ્યાં છે.
16 તમને રાતા સમુદ્રે જ્યારે નિહાળ્યાં ત્યારે તે ભયભિત થયો, અને તેનાં ઊંડાણો પણ ધ્રૂજી ઊઠ્યા'તા.
17 વાદળોએ પાણી વરસાવ્યું, ગર્જનાના પડઘા આકાશે પાડ્યાં; વીજળીરૂપી બાણો ચોતરફ ઊડ્યા.
18 મેઘ ગર્જનામાંથી ભયંકર ઘોંઘાટ આવ્યો ગર્જનાનો વીજળીઓ ચમકી અને જગતને પ્રકાશિત કર્યુ. અને પૃથ્વી કંપીને ડોલી.
19 તમારો માર્ગ તો સમુદ્રમાં, અને વાટો હતી મહાજળમાં; તમારા પગલાં કોઈનાં જોવામાં આવ્યાં નહીં.
20 તમે મૂસા તથા હારુનની મારફતે, તમારા લોકોને ઘેટાનાં ટોળાની માફક દોર્યા.

## ગીત 78

*આસાફનું માસ્કીલ.*

1 મારા લોકો, મારો ઉપદેશ સાંભળો; મારા મુખના શબ્દોને તમે ધ્યાનથી સાંભળો.
2 હું દ્રષ્ટાંતો દ્વારા તમારી સાથે વાત કરીશ, અને હું ભૂતકાળનાં રહસ્યોની વાત સમજાવીશ.
3 જે વાત આપણે સાંભળી છે તથા જાણી છે; જે આપણા પૂર્વજોએ આપણને કહી છે.
4 યહોવાના મહિમાવંત સ્તુતિપાત્ર કૃત્યો, તેમનું પરાક્રમ અને આશ્ચર્યકર્મો આપણા સંતાનોથી આપણે સંતાડીશું નહીં; આપણે આપણી ભાવિ પેઢીને જણાવીશું.
5 કારણકે તેમણે યાકૂબ સાથે તેમનો કરાર કર્યો અને તેણે ઈસ્રાએલને નિયમ આપ્યો, તેમણે આપણા પૂર્વજોને આદેશ આપ્યો કે તેમણે તેમના બાળકોને આ બાબતમાં કહેવું.
6 જેથી આવતી પેઢીનાં જે બાળકો જન્મે તેઓ તે જાણે, અને તેઓ મોટા થઈને પોતાનાં સંતાનોને તે જણાવે.
7 જેથી તેઓ સહુ દેવનો આધાર રાખે, અને દેવનાં અદભૂત કાર્યોને વિસરી જાય નહીં, અને તેમની આજ્ઞાઓને પાળે.
8 વળી તેઓ પોતાના પિતૃઓ જેવા હઠીલા, બંડખોર, અવિશ્વાસુ અને દેવને પોતાનું અંત:કરણ સોંપવાનો નકાર કરનાર ન થાય.
9 એફ્રાઈમના લોકો શસ્રસજ્જ હતાં છતાં તેઓએ યુદ્ધદિને પીછેહઠ કરી.
10 કારણ, તેમણે દેવનો કરાર પાળ્યો નહીં; અને તેમના નિયમ પ્રમાણે વર્તવાની ના પાડી.
11 તેમણે કરેલા અદભૂત ચમત્કારો તેઓએ નિહાળ્યા હતા, છતાં તેમનાં કૃત્યો વિસરી ગયાં.
12 તેઓના પિત્રુઓએ મિસર દેશમાં, સીઓનનાં મેદાનમાં; દેવે કરેલા ચમત્કારો જોયા હતાં.
13 તેમણે તેઓની સમક્ષ સમુદ્રનાં બે ભાગ કર્યા હતાં, તેઓને તેમાં થઈને સામે પાર મોકલ્યા હતાં તેઓની બંને બાજુએ પાણી દિવાલની જેમ સ્થિર થઇ ગયું હતું,
14 વળી તે તેઓને દિવસે મેઘથી અને આખી રાત, અગ્નિનાં પ્રકાશથી દોરતો.
15 તેમણે રણમાં ખડકને તોડીને, ઊંડાણમાંથી વહેતું હોય તેમ પુષ્કળ પાણી તેઓને આપ્યું.
16 પછી તેમણે ખડકમાંથી પાણી કાઢયું, અને વહેતી નદીની જેમ પ્રવાહ વહેવડાવ્યો.
17 તેમ છતાં તેઓએ દેવ વિરૂદ્ધ પાપ કરવાનું ચાલું જ રાખ્યું, અને અરણ્યમાં પરાત્પર દેવ વિરૂદ્ધ બંડ કરતાં રહ્યા.

18 તેઓએ હઠીલાઈ કરીને દેવની કસોટી કરી, દેવ તેઓને
આપતા'તા તે કરતાં જુદાજ ખોરાકની માગણી કરી.
19 તેઓ દેવની વિરૂદ્ધ બોલ્યાં અને કહ્યું, "શું રણમાં તે
ભોજન મોકલી શકે?
20 તેમણે ખડકને મારીને, પાણીના ઝરણાં વહેવડાવ્યાં
તે સાચું છે; શું તે આપણને રોટલી આપી શકે છે?
અને તેમનાં લોકોને માંસ આપી શકે?"
21 તેઓએ જે કહ્યું તે સાંભળ્યા પછી, યહોવા કોપાયમાન
થયા, તેઓ ઈસ્રાએલ પર ભારે કોપાયમાન થયા અને
યાકૂબ પર બહુજ ગુસ્સે થયા.
22 કારણ, તેમણે દેવમાં તેમનો વિશ્વાસ મૂક્યો નહીં,
અને તેમના તારણની શકિતનો વિશ્વાસ કર્યો નહીં.
23 છતાં તેમણે આકાશોને આજ્ઞા આપી, અને સ્વર્ગનાં
દ્વાર ખોલી નાખ્યાં.
24 તેઓના ખોરાક માટે માન્નાની વૃષ્ટિ કરી; અને તેમણે
સ્વર્ગમાંથી ભોજન આપ્યું.
25 તેઓએ દેવદૂતોનો ખોરાક ખાધો! અને તેઓ તૃપ્ત
થયા, ત્યાં સુધી યહોવાએ ભોજન આપ્યું.
26 દેવે તેમનાં મહાન સામર્થ્યથી દક્ષિણ પૂર્વનો પવન
ફૂંકાવ્યો.
27 તેમણે ધૂળની જેમ માંસ અને સમુદ્રની રેતીની જેમ
પક્ષીઓ તેમનાં પર વરસાવ્યા.
28 તેમણે તેઓની છાવણી મધ્યે અને તેઓનાં તંબુઓની
ચોપાસ પક્ષીઓ પાડ્યાં.
29 લોકોએ ધરાઈ રહ્યાં ત્યાં સુધી ખાધું, યહોવાએ તેઓને,
માગણી પ્રમાણે આપ્યું.
30 પણ તેઓ તેમની ભૂખનું નિયંત્રણ કરી શક્યાં નહીં,
અને માંસ હજી પણ તેમના મોં મા હતું.
31 પછી તેમની સામે યહોવાનો કોપ પ્રગટ્યો, અને તેમણે
ઈસ્રાએલમાં જેઓ સૌથી વધુ શકિતશાળી હતા તેમને
મારી નાખ્યાં, તેમણે શ્રેષ્ઠ યુવાનોને મારી નાખ્યાં.
32 આમ છતાં લોકો પાપ કરતાં રહ્યાં, અને તેમના
ચમત્કારો પર ભરોસો કર્યો નહીં.
33 દેવે તેઓના વ્યર્થ જીવનનો અંત આપત્તિઓ સાથે
કર્યો.
34 જ્યારે જ્યારે તેમણે તેમાંના કેટલાંકને મારી નાખ્યા,
ત્યારે બીજાઓ તેમના તરફ વળ્યા, અને તેમની મદદ
માંગી.
35 ત્યારે તેઓએ યાદ કર્યુ કે, દેવ તેઓના ખડક છે,
અને પરાત્પર દેવ તેઓના તારક છે.
36 પરંતુ તેઓએ પોતાના મુખે તેની પ્રસંશા કરી, અને
પોતાની જીભે તેની સમક્ષ જૂઠું બોલ્યા.
37 તેઓનાં હૃદય યહોવા પ્રત્યે વિશ્વાસુ નહોતા; તેઓ
કરારને વફાદાર નહોતા.
38 તેમ છતા તેમણેં દયા દર્શાવી, તેઓનાં પાપોની ક્ષમા
આપી, નાશ ન કર્યો; તેમણે ઘણીવાર ક્રોધ સમાવી
દીધો; અને પોતાનો પૂરો કોપ પ્રગટ કર્યો નહીં.
39 યહોવાએ સંભાર્યુ, કે તેઓ કેવળ ક્ષુદ્ર છે; અને એક
ક્ષણમાં પસાર થતાં વાયુ જેવો છે.
40 તેઓએ વર્ષો દરમ્યાન કેટલીયવાર, રણમાં યહોવા
વિરૂદ્ધ બંડ કર્યુ; અને રાનમાં દુ:ખી કર્યા.
41 વારંવાર તેઓએ દેવની કસોટી કરી અને તેઓએ
ઈસ્રાએલના પવિત્ર યહોવાને દુ:ખી કર્યા.
42 તેઓ દેવનાં મહાન સામર્થ્યને ભૂલી ગયા, તથા તેમણે
શત્રુઓથી તેઓને બચાવ્યાં હતાં, તે ભૂલી ગયાં.
43 યહોવાએ મિસરમાં ચમત્કારિક ચિન્હો અને
સીઓનનાં મેદાનમાં આશ્ચર્યકર્મો કર્યા હતાં, તે પણ
ભૂલી ગયા.
44 તેણે તેઓની નદીઓને તથા તેઓના વહેળાઓને લોહી
વહેતાં બનાવી દીધાં, જેથી તેઓ પી ન શકે.
45 તેમણે મધમાખીઓનું મોટું ઝૂંડ મોકલ્યું, અને જે
તેઓને કરડ્યા, અને દેડકાઓએ બધી વસ્તુઓનો
નાશ કર્યો.
46 તેઓની ફસલ તેમણે કાતરાઓને આપી હતી, ને
તેઓનો બધો જ પાક તીડો ખાઈ ગયા હતા.
47 તેમણે તેઓની દ્રાક્ષવાડીઓન, તથા હિમથી તેઓના
ગુલ્લર ઝાડોનો નાશ કર્યો હતો.
48 ખેતરોમાં તેઓના ઢોરઢાંખર પર આકાશમાંથી મોટાં
કરાનો માર પડ્યો, અને ઘેટાનાં ટોળા પર વિજળીઓ
પડી.
49 દેવે પોતાનો કોપ તેઓ પર પ્રગટ કર્યો, તેમનો રોષ,
ગુસ્સો અને તિરસ્કાર; તેઓની વિરૂદ્ધ નાશ કરનારા
દૂતો મોકલ્યા.
50 તેમણે પોતાના કોપ માટે રસ્તો ખૂલ્લો કર્યો; અને
મિસરવાસીઓના જીવન બચાવ્યાં નહીં, પણ તેઓને
વિપત્તિ તથા માંદગીને સોંપી દીધા.
51 પછી તેણે સર્વપ્રથમ, મિસરનાં સર્વ પ્રથમ જનિતને
મારી નાખ્યા; તેઓના હામનાં પ્રથમ જનિત નર
બાળકોને તંબુઓમાં માર્યા.
52 પરંતુ પોતાના લોકોને તે ઘેટાનાં ટોળાની જેમ બહાર
લાવ્યાં; અને રણમાં થઈને તેઓને સુરક્ષિત ચલાવ્યા.
53 તેઓને તેમણે એવા સુરક્ષિત ચલાવ્યાં કે તેઓ બધા
નહીં, પરંતુ સમુદ્રના પાણી શત્રુઓ પર ફરી વળ્યાં.
54 તેણે તેઓને તેની પવિત્ર ભૂમિમાં, ડુંગરોવાળા દેશ
તરફ જે તેઓએ તેમની શકિતથી લીધો હતો તેમા
ચાલતાં કર્યા.
55 અને તેમણે અન્ય રાષ્ટ્રોને તે જમીનમાંથી આગળ
કાઢી મૂક્યા. ઈસ્રાએલનાં પ્રત્યેક કુટુંબસમુહને કાયમ
વસવાટ કરવા માટે જમીનનો હિસ્સો આપ્યો.
56 છતાં ત્યારે પણ, તેઓએ પરાત્પર દેવની કસોટી કરવાનું
અને તેમની વિરૂદ્ધ બંડ કરવાનું ચાલુ રાખ્યું અને
તેમની આજ્ઞાઓનું અનુસરણ કરવાનો ઈન્કાર કર્યો.
57 તેઓ દેવ પાસેથી દૂર થયા તેઓ તેમનાં પૂર્વજોની
જેમ દેવને અવિનયી થયાં. ફેંકનાર તરફ પાછા ફરતાં,

વાંકા શસ્રની જેમ તેઓ પૂર્વજોની જેમ દિશા બદલતા હતા.*
58 તેઓએ ઊંચા સ્થાનો બનાવીને અને જૂઠાં દેવોની મૂર્તિથી દેવને ગુસ્સે કર્યા.
59 જ્યારે તેઓનાં કૃત્યો દેવે જોયાં દેવનો ક્રોધ પ્રબળ થયો, અને પોતાના લોકોનો ત્યાગ કર્યો.
60 પછી માણસો મધ્યે તે નિવાસ કરતા; એ શીલોહના મંડપનો તેમણે ત્યાગ કર્યો.
61 દેવે બીજા લોકોને પોતાના લોકોને પકડવાં દીધા. દુશ્મનોએ દેવનું "સુંદર રત્ન" લઈ લીધું.
62 તેમણે પોતાના લોકોનો સંહાર થવા દીધો, કારણકે, તેમનો ક્રોધ અતિ વધારે હતો.
63 તેઓના યુવાનો અગ્નિથી નાશ પામ્યાં; અને તેઓની કન્યાઓ તેઓનાં લગ્નગીતો ગવાય તે પહેલાંજ મૃત્યુ પામી.
64 યાજકોનો વધ થયો અને તેઓની વિધવાઓ તેઓ માટે રૂદન કરે તે પહેલાં તેઓ પણ મૃત્યુ પામી.
65 ત્યારે ઊંઘમાંથી કોઈ જાગે તેમ તથા દ્રાક્ષારસમાંથી શૂરવીર પુરૂષને શૂરાતન આવે તેમ યહોવા ઊઠ્યા.
66 તે તેમના શત્રુઓ તરફ ઢળ્યા, તેમણે તેઓને પાછા વાળ્યા અને તેઓને કાયમ માટે હિણપદ કર્યા.
67 દેવે યૂસફના પરિવારનો અસ્વીકાર કર્યો, અને એફ્રાઈમના પરિવારનો પણ સ્વીકાર કર્યો નહીં.
68 પણ યહૂદા કુળને તથા જેના ઉપર તે પ્રેમ કરતા હતા તે સિયોન પર્વતને તેમણે પસંદ કર્યો.
69 ત્યાં તેમણે પર્વત જેવું ઉન્નત અને સદા માટે સ્થાપન કરેલી પૃથ્વી જેવું અચળ પોતાનું પવિત્રસ્થાન બાંધ્યું.
70 તેમણે ઘેટાંની સંભાળ રાખનાર દાઉદને પોતાના સેવક તરીકે પસંદ કર્યો.
71 જ્યાં એ ઘેટા ચારતો હતો ત્યાંથી દેવ તેને લઈ આવ્યા અને પોતાના લોકો, યાકૂબનાં સંતાન અને ઈસ્રાએલનાં લોકોના પાલક તરીકે અને દેવની સંપત્તિના પાલક તરીકે નિયુક્ત કર્યો.
72 દાઉદે તેમને શુદ્ધ હૃદયથી અને કૌશલ્ય સભર શાણપણથી દોર્યા.

## ગીત 79

*નિર્દેશક માટે. આસાફના સ્તુતિગીતોમાંનુ.*

1 હે દેવ, વિદેશી રાષ્ટ્રોએ તમારા લોકો પર આક્રમણ કર્યુ છે. અને તમારા પવિત્ર મંદિરને અશુદ્ધ કર્યુ છે.અને તેમણે યરૂશાલેમન તારાજ કર્યુ છે.
2 તેઓએ તમારા સેવકોનાં મૃતદેહોને જંગલી પક્ષીઓને ખાવા માટે આપ્યાં છે અને તેઓએ તમારા વફાદાર અનુયાયીઓના મૃતદેહોને ખાવા માટે જંગલી પશુઓ છોડ્યા છે.
3 તેઓએ, યરૂશાલેમની આસપાસ, પાણીના રેલાની જેમ રકત વહેવડાવ્યું છે; ત્યાં મૃતદેહોને દફનાવનાર કોઈ નથી.
4 અમારી આસપાસ આવેલી પ્રજાઓ અમારી નિંદા, તિરસ્કાર કરે છે, અને અમારા પાડોશીઓ મશ્કરી કરે છે.
5 હે યહોવા, તમે અમારા ઉપર ક્યાં સુધી કોપાયમાન રહેશો ? તમારા કોપનો અગ્નિ ક્યાં સુધી સળગતો રહેશે?
6 તમે જે વિદેશીઓ જાણતા નથી તેઓ ઉપર તમારો ક્રોધ ઉતારો, જે રાજ્યની પ્રજાઓ તમારા નામે અરજ કરતી નથી .
7 કારણ તેઓએ યાકૂબનો વિનાશ કર્યો છે અને તેના વતનને ઉજ્જડ કર્યુ છે.
8 હે યહોવા, અમારા પૂર્વજોનાં પાપોને લીધે અમને દોષિત ઠરાવશો નહીં; અમારા પર તમારી દયા કરવામાં વિલંબ કરશો નહીં કારણ, બહુ દુર્દશામાં આવી પડ્યાં છીએ.
9 હે અમારા તારણના દેવ, અમારી સહાય કરો, તમારા નામના મહિમાને માટે, હે દેવ અમારી રક્ષા કરો, તમારા નામની માટે, અમને અમારા પાપોની માફી આપો.
10 રાષ્ટ્રો શા માટે એવું કહે છે " ક્યાં છે તેઓના દેવ?" તેઓએ તમારા લોકોનું લોહી વહેવડાવ્યું છે, તેમને એવી રીતે શિક્ષા કરો કે અમારી આંખો જુએ અને લોકો તેના વિષે જાણે.
11 બંદીવાનોના નિ:સાસા તમારી આગળ પહોંચો; તમારા હાથના પરાક્રમે મૃત્યુદંડ પામેલાઓનું રક્ષણ કરો.
12 હે યહોવા, જે અમારા પડોશી રાષ્ટ્રો તમારું અપમાન કરે છે તેઓને તમે સાત ગણી સજા કરો.
13 પછી નિરંતર અમે તમારી આભારસ્તુતિ કરીશું, તમારા લોક તથા ચારાના ઘેટા પેઢી દર પેઢી તમારું સ્તવન કરીશું.

## ગીત 80

*નિર્દેશક માટે. રાગ: "કમળ નો કરાર."*

*આસાફનું સ્તુતિગીત.*

1 હે ઈસ્રાએલનાં ભરવાડ, અમારી પ્રાર્થના સાંભળો; તમે તે જાણો છો જેણે યૂસફના લોકોને ઘેટાંની જેમ દોર્યા હતા. કરૂબ દેવદૂત પર બેઠેલા હે દેવ, અમને દર્શન આપો!
2 તમારું સામર્થ્ય બતાવો, એફ્રાઈમ, બિન્યામીન અને મનાશ્શા આવો અને અમને બચાવો !

**ફેંકનાર ... હતા** મૂળ પ્રમાણે : પક્ષીઓના શિકાર કરવામાં વપરાતી એક વાંકી લાકડી. સરખી રીતે ફેંકતા તે સીધી ઉડે છે અને જમીન તરફ નમે છે અને એકાએક હવાંમાં ઉંચી થાય છે, કોઈવાર ફેંકનારની પાસે પાછી આવે છે. મૂળ પ્રમાણે "ઉડતું ધનુષ" અથવા "વાંકુ ધનુષ."

3 હે દેવ, અમને તમે સ્વીકારો; તમારા મુખ પર પ્રકાશ
પાડો એટલે અમારો ઉદ્ધાર થાય.
4 હે યહોવા, સૈન્યોના દેવ, ક્યાં સુધી ક્રોધાયમાન રહીને
અમારી પ્રાર્થનાઓ નકારશો?
5 તમે તમારા લોકોને આંસુવાળી રોટલી ખવડાવી છે
અને પુષ્કળ આંસુઓ પાયાં છે.
6 તમે અમને અમારા પાડોશીઓને લડવા માટે યુદ્ધના
નિશાન બનાવ્યાં છે; અમારી હાંસી કરે છે અમારા
શત્રુઓ.
7 હે યહોવા, સૈન્યોના દેવ અમને સંસ્થાપિત કરો, તમારા
મુખનો પ્રકાશ અમારા પર પાડો, જેથી અમારો ઉદ્ધાર
થાય.
8 તમે વિદેશી રાષ્ટ્રોને હાંકી કાઢયા અને અહીં
"દ્રાક્ષાવેલો" રોપ્યો.
9 તમે ભૂમિને સરખી સાફ કરી, તેમાં દ્રાક્ષાવેલાના મૂળ
નાંખ્યા, અને તેનાથી દેશ ભરપૂર થયો.
10 તેની છાયાથી પર્વતો ઢંકાઈ ગયા, અને તેની વિશાળ
લાંબી ડાળીઓથી દેવદારનાં વૃક્ષો ઢંકાઈ ગયા.
11 તેણે પોતાની ડાળીઓ સમુદ્ર સુધી પ્રસારી અને તેની
ડાંખળીઓ નદી સુધી પ્રસારી.
12 તમે તેનો કોટ એવી રીતે કેમ તોડ્યો છે? કે જેથી રસ્તે
જતાં મુસાફરો તેની દ્રાક્ષો ચૂંટી લે છે?
13 જંગલમાંથી ડુક્કરો આવીને તેને ભેલાડે છે, અને રાની
પશુઓ તેને ખાઈ જાય છે.
14 હે સૈન્યોના દેવ, તમે પાછા આવો, આકાશમાંથી નીચે
દ્રષ્ટિ કરો, અને આ દ્રાક્ષાવેલાની રક્ષા કરો.
15 તમે તમારા જમણા હાથે જેને રોપ્યો છે, અને તમે
બળવાન કર્યો છે, જે દીકરાને પોતાને માટે, તેનું
રક્ષણ કરો.
16 તમારા "દ્રાક્ષાવેલા"ને કાપી નાખ્યો છે અને અગ્નિથી
બાળી નાખ્યા છે. તમારા ક્રોધથી તમારા લોકો નાશ
પામશે.
17 તમારા જમણા હાથે જે માણસ છે, અને તમે તમારા
પોતાના માટે જે માનવપુત્રને બળવાન કર્યો છે તેના
પર તમારો હાથ રાખો.
18 તમારાથી અમે કદી વિમુખ થઈશું નહીં; અમને
પુનર્જીવન આપો, અને અમે તમારા નામમાં પ્રાર્થના
કરીશું .
19 હે સૈન્યોના દેવ યહોવા, અમને સંસ્થાપિત કરો;
તમારા મુખનો પ્રકાશ અમારા પર પાડો જેથી અમારો
ઉદ્ધાર થાય.

## ગીત 81

*નિર્દેશક માટે. રાગ: "ગિત્તિથ."આસાફના ગીતોમાંનુ એક.*

1 દેવ, જે આપણું સામર્થ્ય છે તેમની સમક્ષ સ્તુતિ ગાઓ,
યાકૂબના દેવ સમક્ષ હર્ષનાદ કરો.
2 ઢોલક અને સિતાર અને મધુર વીણા સાથે તેમના
સ્તુતિ-ગાન ગાઓ.
3 રણશીંગું વગાડો! આવો અને પુનમનો દિવસ ઉજવો,
નૂતન ચંદ્રનો પવિત્ર દિવસ અને અન્ય સર્વ પવિત્રપર્વો;
ઉમંગે ઊજવો.
4 ઈસ્રાએલનાં લોકો માટે તે કાયદો છે, દેવે યાકૂબને તે
હુકમ આપ્યો છે.
5 જ્યારે તે મિસરમાંથી ઈસ્રાએલીઓને લાવ્યાં ત્યારે
દેવે યૂસફ* સાથે કરાર કર્યો; જ્યાં અમે એક ભાષા
સાંભળી જે અમે સમજ્યાં નથી.
6 દેવ કહે છે, "મેં તમારા ખભાને બોજથી મુક્ત કર્યા,
મેં તમારા હાથોને વજનદાર ટોપલાંથી મુક્ત કર્યા.
7 સંકટમાં તમે મને પોકાર કર્યો, તેથી મેં તમને છોડાવ્યાં;
ગુપ્તસ્થાનમાંથી ગર્જના દ્વારા મેં પ્રત્યુતર આપ્યો; તે
પાણી નથી એવી ફરિયાદ કરી મરીબાહ આગળ મેં
તમારી પરીક્ષા કરી."
8 "હે મારા લોકો, સાંભળો; હે ઈસ્રાએલ માત્ર મારું
સાંભળો; હું તમને "કડક ચેતવણી આપું છું.
9 અન્ય દેવતાઓની આરાધના તમારે કદાપિ કરવી નહીં,
અને ઘરમાં મૂર્તિ રાખવી નહીં.
10 કારણ, મિસર દેશમાંથી તમને બહાર કાઢી લાવનાર
હું 'યહોવા' તમારો દેવ છું ! તમારું મુખ ઉઘાડો અને
હું તેને ભરી દઈશ. હું તમને ખવડાવીશ.
11 પણ ના! મારા લોકો મને નહીં સાંભળે; ઈસ્રાએલ
મારી ચેતવણી સ્વીકારવા ઈચ્છતુ નથી.
12 તેથી તેઓને, મેં જવા દીધા તેમના અંધારિયાં તથા
હઠીલા માર્ગે; અને તેઓની ઈચ્છા પ્રમાણે જીવવા
દીધા.
13 મારા લોકો મારું સાંભળે તો કેવું સારું! અરે, ઈસ્રાએલ
મારું અનુસરણ કરે અને મારા માર્ગો પર ચાલે તો કેવું
સારું!
14 તો હું તેઓના શત્રુઓને પરાજીત કરું અને વહેલા
નમાવું; અને તેઓના વેરીની વિરૂદ્ધ, મારો હાથ
ઝડપથી ઉપાડું!"
15 જેઓ યહોવાને ધિક્કારે છે તેઓ તેમની સામે ભયથી
ધ્રૂજશે; પણ તેમની સજા તો સદાને માટે રહેશે.
16 પરંતુ તમને તેઓ, શ્રેષ્ઠ ઘઉંથી તૃપ્ત કરશે; અને તમને,
ખડકમાંના મધથી. સંતોષ આપશે."

## ગીત 82

*આસાફના સ્તુતિગીતોમાંનુ.*

1 દૈવી સભામાં દેવ ન્યાયાધીશ તરીકે ઊભા રહે છે.
2 દેવ કહે છે, "તમે ક્યાં સુધી ખોટો ન્યાય કરવાનું
ચાલુ રાખશો? ક્યાં સુધી તમે દુષ્ટો ઉપર વિશેષ કૃપા
કરવાનું ચાલુ રાખશો?"

---

**યૂસફ** અહીં તેનો અર્થ છે યૂસફનો પરિવાર, ઈસ્રાએલી લોકો.

3 "તમે નિર્ધન અને અનાથને ન્યાય કરો, ગરીબ અને લાચારને તેમના હકો પાછા મેળવવા મદદ કરો.
4 નિર્ધન અને લાચાર ને છોડી મૂકો તેમને દુષ્ટોની પકડમાંથી મુકત કરો.
5 તેઓ જાણતા નથી કે સમજતાં નથી; તેઓ અંધકારમાં ચાલે છે. જ્યારે દુનિયા તેમની આજુબાજુ નીચે ઉતરી રહી છે."
6 મેં તમને કહ્યું કે "તમે સર્વ દેવો અને પરાત્પર દેવના દીકરાઓ છો.
7 તો પણ માણસની જેમ મૃત્યુ પામશો અને અન્ય સરદારની જેમ પડશો પણ."
8 હે દેવ ઊઠો, ને પૃથ્વીનો ન્યાય કરો; કારણ, સર્વ પ્રજાઓ તમારા હાથમાં છે.

## ગીત 83

*આસાફના સ્તુતિગીતોમાંનુ.*

1 હે દેવ, તમે છાના ન રહો; હે દેવ, તમે ચૂપ ન રહો; અને નિષ્ક્રિય ન રહો.
2 જુઓ, તમારા શત્રુઓ હુલ્લડ મચાવે છે. અને જેઓ તમને ધિક્કારે છે તેમણે તમારી સામે માથું ઊંચું કર્યું છે.
3 તેઓ તમારા લોકો વિરૂદ્ધ કપટભરી યોજનાઓ કરે છે, અને તમારા જેઓ તમને મૂલ્યવાન છે, તેઓની વિરૂદ્ધ પ્રપંચ રચે છે.
4 તેઓ કહે છે;"ચાલો, પ્રજા તરીકેના તેમના અસ્તિત્વનો આપણે સંપૂર્ણ નાશ કરીએ; જેથી ઈસ્રાએલ ના નામનું સ્મરણ કદી ન રહે.
5 તેઓ નિર્ણય સર્વાનુમતે કરે છે, અને યોજનાઓ કરે છે; તેઓ તમારી વિરૂદ્ધ રાષ્ટ્ર સંઘ રચે છે.
6 તંબુમાં રહેનાર અદોમીઓ, ઈસ્રાએલીઓ, મોઆબીઓ તથા હાગ્રીઓ.
7 ગલાલ, તથા આમ્મોન ને અમાલેક; અને તૂર દેશના લોકો પલિસ્તીઓ.
8 તેઓની સાથે આશ્શૂર સામેલ થાય છે; અને લોતના વંશજોને સહાય કરી છે.
9 તમે જે મિધાન સાથે વ્યવહાર કર્યો હતો, કીશોન નદી પર સીસરા તથા યાબીન સાથે; તેવોજ વ્યવહાર તમે તેઓની સાથે કરો.
10 એન-દોરમાં તેઓ નાશ પામ્યા, અને ભૂમિ મૃતદેહોના કહોવાણથી ફળદ્રુપ થઈ.
11 જેમ ઓરેલ તથા ઝબેબ મૃત્યુ પામ્યા, તેમ તેઓના સર્વ શૂરવીરો મૃત્યુ પામો; સર્વ અધિકારીઓના હાલ ઝેબા તથા સાલ્મુન્ના જેવા થાઓ.
12 તેઓએ કહ્યું, ચાલો આપણે પોતાને માટે સુંદર દેવનો પ્રદેશ કબજે કરીએ.
13 હે મારા દેવ તેઓને વંટોળિયાની ધૂળ જેવા; અને પવનથી ઊડતાં ફોતરાં જેવા કરો.
14 જેમ અગ્નિ જંગલોને ભસ્મ કરે છે, અને આગ પર્વતોને સળગાવે તેમ વિનાશ કરો.
15 તમારા વંટોળિયાઓ અને તોફાનોથી તેમનો પીછો કરો અને તેમને ડરાવો.
16 તેઓ લજ્જિત થઈ પોતાનાં મુખ સંતાડે તેમ કરો. હે દેવ, તેઓ તમારું નામ શોધે.
17 તેઓ હંમેશા લજ્જિત થાઓ, અને ગૂંચવાઈ જાઓ; તેઓ અપમાનિત થાઓ અને નાશ પામો.
18 જેથી તેઓ જાણે કે તમારું નામ છે', યહોવા' અને તમે એકલાં જ સમગ્ર પૃથ્વી પર પરાત્પર દેવ છો.

## ગીત 84

*નિર્દેશક માટે. ગિત્તિથ સાથે ગાવા માટે કોરાહના કુટુંબનું સ્તુતિગીત.*

1 હે આકાશી સૈન્યોનાં યહોવા, તમારું નિવાસસ્થાન કેવું સોહામણું છે!
2 તમારા આંગણામાં આવવા માટે મારો આત્મા ખૂબ ઉત્સુક છે; જીવતા જાગતા યહોવા દેવ માટે મારું હૃદય તથા મારો દેહ હર્ષનાદ કરશે.
3 હે આકાશી સૈન્યોના, યહોવા મારા રાજા, મારા દેવ, ચકલીઓને પોતાનું રહેવાનું સ્થાન તથા અબાબીલને પોતાનાં બચ્ચાં રાખવા માળો બાંધવા તમારી વેદીની પાસેજ છે તે સ્થાન મળ્યું છે.
4 તમારા ઘરમાં વસનારાઓને ધન્ય છે, તેઓ સદા તમારા સ્તુતિગીત ગાશે.
5 જેઓ યહોવામાં બળવાન, અને જેઓનાં હૃદય તમારા માર્ગો માટ ઉત્સુક છે, તેઓ ધન્ય છે.
6 તેઓ બાકાની ખીણમાંથી યાત્રા કરે છે. જેને દેવે પાણીના ઝરા જેવી બનાવી છે. પાનખર ઋતુંની વર્ષા પાણીનો ઝરો બનાવે છે. *
7 તેઓ વધારે ને વધારે સામર્થ્યવાન, થતા આગળ વધે છે; તેઓમાંનો દરેક જણ સિયોનમાં, દેવ સમક્ષ હાજર થાય છે.
8 હે સૈન્યોના દેવ યહોવા; મારી પ્રાર્થના સાંભળો; હે યાકૂબના દેવ, મને ધ્યાનથી સાંભળો.
9 હે દેવ અમારી ઢાલને જુઓ; તમે જેને રાજા તરીકે અભિષિકત કર્યા છે, તેમના પર કૃપાદ્રષ્ટિ કરો.

10 કારણ, અન્યસ્થળનાં હજાર દિવસ કરતાં તારા આંગણામાંનો એક દિવસ શ્રેષ્ઠ છે, દુષ્ટોના તંબુમાં રહેવુ તે કરતાં મારા દેવના મંદિરમાં દરવાન થવું, તે મને વધારે પસંદ છે.

---

**પાનખર ... બનાવે છે** અથવા "શિક્ષક આશીર્વાદો આપે છે." આ એક બીજી રીત હોય શકે એમ કહેવા માટે કે દેવ આપણા શિક્ષક છે અને તેઓ આપણને ઘણા આશીર્વાદો આપે છે.

11 કારણકે યહોવા દેવ સૂર્ય તથા ઢાલ છે, યહોવા કૃપા
તથા ગૌરવ આપશે; ન્યાયથી વર્તનારને માટે તે કંઈ
પણ શ્રેષ્ઠ બાબત બાકી રાખશે નહીં.
12 હે સૈન્યોના યહોવા તેને ધન્ય છે; જે રાખે છે ભરોસો
તમારા ઉપર.

## ગીત 85

*નિર્દેશક માટે. કોરાહના દીકરાઓનું એક સ્તુતિગીત*

1 હે યહોવા, તમારા દેશ ઉપર તમે તમારી કૃપા દર્શાવી
છે. અને તમે યાકૂબના બંદીઓને આ દેશમાં પાછા
મોકલી આપ્યા છે.
2 તમારા લોકોના પાપો તમે માફ કર્યા છે; અને તમે
તેઓના બધા પાપોનું પ્રાયશ્ચિત કર્યુ છે.
3 તેથી હવે તમારા કોપનો ભસ્મ કરનારા ક્રોધનો અંત
આવ્યો છે.
4 હે મારા દેવ, અમારા તારનારા, તમારા પર પ્રેમ કરવામાં
તમે અમને સંસ્થાપિત કરો. જેથી ફરી કદી તમારે
અમારા ઉપર ક્રોધીત ન થવું પડે.
5 શું તમે સદા અમારા પર કોપાયમાન રહેશો? શું તમારો
કોપ પેઢી દર પેઢી લંબાવાશે?
6 હે યહોવા અમને પુન:પ્રસ્થાપિત કરો જેથી અમે,
તમારા લોકો ફરી તમારામાં આનંદ પામીએ.
7 તમારો પ્રેમ અને દયા, અમારા ઉપર રેડી દો. અને
અમને તમારું તારણ પમાડો.
8 યહોવા દેવ જે કહે છે તે હું કાળજી પૂર્વક સાંભળુ છું.
યહોવા તેના લોકોને અને તેના વફાદાર અનુયાયીઓને
શાંતિનું વચન આપે છે; પરંતુ તેઓ તેમની મૂર્ખાઇ
તરફ ચોક્કસ પાછા ન વળે.
9 જેઓ તેમનો ભય રાખે છે તેમને દેવનું રક્ષણ છે.
બહુ જલદી અમારી ભૂમિ પર અમે માન પૂર્વક
રહીશું.
10 કૃપા અને સત્યતા એકબીજાની સાથે મળેલી છે;
ન્યાયીપણા ને શાંતિએ એકબીજાને ચુંબન કર્યુ છે.
11 પૃથ્વીમાંથી સત્ય ઉપર ઉંચે જાય છે. અને ન્યાયીપણું
આકાશમાંથી વરસશે.
12 હા, યહોવા 'કલ્યાણ' આપશે;' અને આપણો દેશ
મબલખ પાક ઉપજાવશે.
13 તેમનું ન્યાયીપણું આગળ ચાલશે, અને તેમનાં પગલા
માટે માર્ગ તૈયાર કરે છે.

## ગીત 86

*દાઉદની પ્રાર્થના.*

1 હે યહોવા, મને ધ્યાનથી સાંભળો અને મને ઉત્તર
આપો; કારણ કે હું નિર્ધન તથા અસહાય છું.
2 મારા જીવનની રક્ષા કરો, કારણ હું તમારો વફાદાર
અનુયાયી છું, હે મારા દેવ, તમારા પર આસ્થા રાખનાર
સેવકને બચાવો.
3 હે યહોવા, મારા ઉપર દયા કરો, કારણ; આખો દિવસ
હું તમારી સમક્ષ પોકાર કરું છું .
4 હે યહોવા તમારા સેવકને આનંદ આપો; હે યહોવા,
હે માલિક હું મારું જીવન તારા હાથમાં સોંપુ છું.
5 હે માલિક, તમે સારા; અને ક્ષમા કરનાર છો. સહાયને
માટે તમને પ્રાર્થના કરનારા ઉપર તમે બંધનમુક્ત
પ્રેમ દર્શાવો.
6 હે યહોવા, મારી પ્રાર્થના સાંભળો; મારી કૃપા માટેની
પ્રાર્થના સાંભળો.
7 મારા સંકટના ટાણે હું તમને પોકાર કરીશ, ને મને
ખાત્રી છે તમે મને ઉત્તર આપશો.
8 હે યહોવા, અન્ય દેવોમાં તમારા જેવો દેવ કોઈ નથી;
અને તમારા જેવા પરાક્રમો પણ કોઈનાય નથી.
9 હે યહોવા, તમે જે રાષ્ટ્રોનું સર્જન કર્યુ છે તે બધાં
આવીને તમને પ્રણામ કરશે; અને તેઓ તમારા નામનું
બહુમાન કરશે.

10 કારણ તમે મહાન દેવ છો, અને અદભૂત ચમત્કારના
કરનાર છો; તમેજ એકલાં દેવ છો.
11 હે યહોવા, તમે તમારા માર્ગ શીખવો; અને હું તે
માર્ગ ઉપર ચાલીશ અને સત્યનું પાલન કરીશ, તમારા
નામનો આદર કરવાને મારા હૃદયને એકાગ્ર કરો.
12 હે યહોવા, મારા દેવ, મારા પૂર્ણ અંત:કરણથી હું તમારી
સ્તુતિ કરીશ; અને હું તમારા નામને સર્વદા મહિમા
આપીશ.
13 કારણ, મારા પર તમારી અનહદ કૃપા છે; તમે કબરનાં
ઊંડાણથી મારી રક્ષા કરી છે.
14 હે દેવ ઘમંડી અને ઉદ્ધત માણસો મારી સામા થયા
છે; અને ક્રૂર અને દુષ્ટ માણસો મારો સંહાર કરવા
માટે મારી પાછળ પડ્યાં છે તેઓ તમારું સન્માન
કરતાં નથી.
15 પણ હે યહોવા, તમે તો દયા ને કરુણાથી ભરપૂર છો;
તમે ક્રોધ કરવામાં ધીમા પણ નિરંતર કૃપા અને
સત્યતાથી ભરપૂર છો.
16 મારી તરફ ફરો, ને મારા પર દયા કરો; તમારા આ
દાસને તમારું વરદાન આપો. મારી રક્ષા કરો, હું તમારો
વફાદાર પુત્ર છું.
17 તમારી શુભેચ્છાના ચિન્હ મને આપો; મારા શત્રુઓ
તે જોશે અને નિરાશ થશે, કારણ હે યહોવા એ
તમે છો જેણે મને મદદ કરી છે, અને દિલાસો
આપ્યો છે.

## ગીત 87

*કોરાહના પરિવારનાં સ્તુતિગીતોમાંથી એક.*

1 તેમણે તેનો પાયો પવિત્ર પર્વત ઉપર સ્થાપન કર્યો છે.
2 યાકૂબના સર્વ નગરો કરતા, સિયોનના દરવાજાઓને
દેવ વધુ ચાહે છે.

3 હે દેવના નગર, તમારા વિષે અદભૂત વાતો કહેવાય
છે.
4 જેઓ મને જાણે છે તેમની વચ્ચે હું મિસર અને
બાબિલનો એક યાદીમાં ઉમેરો કરીશ; મારા કેટલાક
લોકો પલિસ્તી, તૂર અને કુશમાં જન્મ્યા છે.
5 વળી સિયોન વિષે કહેવાશે કે: "આ માણસ સિયોનમાં
જન્મેલો હતો, અને તે માણસ પણ ત્યાં જન્મ્યો હતો;
દેવે તે શહેર બાંધ્યુ અને તેની સ્થાપના કરી.
6 યહોવા પોતાના બધા લોકોની એક યાદી રાખે છે,
જેમાં દરેક જન્મ્યો હતો તે જગ્યાનો સમાવેશ થાય છે.
7 વળી તેઓ ઉત્સવમાં ગીત ગાશે, મારું સર્વસ્વ
યરૂશાલેમમાં છે."

## ગીત 88

*કોરાહના કુટુંબનું એક સ્તુતિગીત. નિર્દેશકને – દર્દનાક
બિમારી વિષે, હેમાન એઝ્રાહીનું માસ્કીલ.*

1 હે યહોવા, મારા તારણના દેવ, મેં રાતદિવસ તમારી
વિનંતી કરી છે.
2 હવે તમે મારી પ્રાર્થના સાંભળો, મારા પોકાર તમારે
કાને ધરો.
3 કારણ, મારું જીવન મુશ્કેલીઓથી ભરેલું છે, અને હું
જલદીથી મૃત્યુ પામીશ.
4 હું કબરમાં ઊતારનાર ભેગો ગણાયેલો છું, અને લાચાર
સ્થિતિમાં આવી પડ્યો છું.
5 હું મૃત્યુ પામેલાઓની વચ્ચે પડેલા મૃતદેહ જેવો છું.
જેઓ યુદ્ધમાં મરાયા હતાં અને કબરમાં દટાયા હતાં.
અને હવે તમે તેઓને યાદ કરતાં નથી. તેઓ તમારી
કાળજી થી દૂર રખાયાં છે, હું તેમના જેવો છું.
6 તમે મને છેક નીચલા ખાડામા ધકેલી દીધોં, તેવા
ઊંડાણોમાં અતિશય અંધકાર હોય છે.
7 મારા ઉપર તમારો કોપ અતિ ભારે છે, તમારા સર્વ
મોજાંથી હું દુ:ખમાં ડુબી ગયો છું;
8 તમે મારા મિત્રો પાસે મારો તિરસ્કાર કરાવ્યો છે,
મારાથી તેઓ દૂર નાસે છે; હું ફાંદામા ફસાઈ ગયો છું,
અને તેમાંથી બહાર નીકળી શકતો નથી.
9 દુ:ખને લીધે મારી આંખો ક્ષીણ થાય છે ; હે યહોવા,
મેં તને સદા અરજ કરી છે અને તારી સન્મુખ મેં
મારા હાથ જોડ્યાં છે.
10 શું તમે મૂએલાં સમક્ષ ચમત્કારો દેખાડશો? શું તેઓ
ઊઠીને તારી આભારસ્તુતિ કરશે?
11 શું તારી કૃપા કબરમાં જાહેરમાં કરવામાં આવશે? કે
વિનાશમાં તારું વિશ્વાસપણું?
12 શું અંધકારમાં તારાં કૃત્યો જે છે આશ્ચર્યકારક, તે વિષે,
અને વિસ્મરણના દેશમાં તમારાં ન્યાયીપણાંનાં કૃત્યો
વિષે જણાવવામાં આવે છે?
13 પણ હે યહોવા, સહાય માટે હું વિનંતી કરું છું,
દરરોજ સવારે મારી પ્રાર્થના તમારી સમક્ષ આવશે.
14 હે યહોવા, તમે મને ત્યજો છો શા માટે? શા માટે તમે
તમારું મુખ મારાથી ફેરવો છો?
15 મારી યુવાવસ્થાથી જ; મારા પર દુ:ખ આવી પડ્યાં છે.
હું તમારા ગુસ્સાથી દુ:ખી થયો છું. હું અસહાય છું.
16 તમારો ઉગ્ર કોપ મારા પર આવી પડ્યો છે, તમારા
તરફથી મને ત્રાસ થાય છે; અને તેથી હું ભાંગી
પડ્યો છું.
17 મને જળપ્રલયની જેમ ઘેરી લે છે, આખો દિવસ;
અને તેઓએ મને ડૂબાડી દીધો છે.
18 તમે મારા મિત્રોને અને સબંધીઓને મારાથી દૂર કર્યા
છે. ફક્ત અંધકાર જ મિત્ર તરીકે મારી પાસે છે.

## ગીત 89

*એથાન એઝ્રાહીનું માસ્કીલ.*

1 યહોવાની કૃપા વિષે હું સદા ગાઈશ, સર્વ પેઢી સમક્ષ
વિશ્વાસ પ્રગટ કરીશ.
2 મે કહ્યું છે, "તમારો સાચો પ્રેમ સદાકાળ અવિચળ છે,
અને તમારી વિશ્વસનીયતા આકાશની જેમ સતત
રહે છે."
3 યહોવા દેવ કહે છે, "મેં મારા પસંદ કરેલા એક
સાથે કરાર કર્યા છે; અને મારા સેવક દાઉદને વચન
આપ્યું છે.
4 તારા સંતાનને હું સદા ટકાવી રાખીશ; અને
વંશપરંપરાગત તારું સ્થિર રાજ્યાસન રાખીશ."
5 પણ હે યહોવા, તમારા ચમત્કારોની સ્તુતિ આકાશો
કરશે, અને પવિત્ર વ્યકિતઓની સભા તમારી
વિશ્વસનીયતા વિષે ગાશે.
6 આકાશમાં કોણ છે એવું જેની તુલના થાય યહોવા
સાથે? "દૈવી" જનોમાં તેના જેવો કોણ છે?
7 પવિત્રજનોની સભા દેવથી ડરે છે અને આદર આપે
છે. જેઓ તેમની આસપાસ છે તે સર્વ કરતાં, દેવ
ભયાવહ અને સન્માનનીય છે.
8 હે સૈન્યોના દેવ યહોવા; તમારા જેવું શકિતશાળી
બીજું કોણ છે ? તમે સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર છો.
9 સમુદ્રના ગર્વ ઉપર તમે અધિકાર ચલાવો છો;
તમારા શબ્દોચ્ચાર તોફાની ઊછળતાં મોજાઓને
શાંત કરે છે.
10 તમે એ છો જેણે રાહાબને હરાવ્યો છે. તમારી
શકિતશાળી ભુજાઓએ તમારા શત્રુઓને વિખેરી
નાખ્યાં છે.
11 આકાશો અને પૃથ્વી તમારાં છે, કારણ; તમે જગત
તથા તેના સર્વસ્વને સ્થાપન કર્યા છે.
12 ઉત્તર તથા દક્ષિણ તમારાથી ઉત્પન્ન થયા છે; તાબોર
ને હેર્મોન તમારા નામે હર્ષનાદ કરે છે .
13 તમારો હાથ બળવાન છે, ને તમારા ભુજમાં પરાક્રમ
છે, તમારો જમણો હાથ ઊંચો છે, મહિમાવંત
સામર્થ્યમાં.

14 ન્યાયીપણું તથા ન્યાય તમારા રાજ્યના પાયામાં છે; તમારું વિશ્વાસપણું અને પ્રેમ સર્વ કૃત્યોમાં પ્રગટ થાય છે.
15 હે યહોવા, ધન્ય છે આનંદદાયક નાદને જાણનાર લોકોને, જેઓ ચાલે છે તમારા મુખના પ્રકાશમાં.
16 આખો દિવસ તમારા નામમાં આનંદ માણે છે; અને તમારા ન્યાયીપણાંથી તેઓને ઊંચા કરાય છે.
17 તમે તેમની અદભૂત શકિત છો. અને તમારી ઈચ્છા પ્રમાણે તેઓની વૃદ્ધિ થાય છે.
18 હા, યહોવા અમારી ઢાલ છે, અમારો ઈસ્રાએલનો પવિત્ર રાજા છે.
19 તમારા ભકતોને તમે દર્શનમાં કહ્યું, "મેં સહાય કરી છે જે પરાક્રમી છે તેને; અને એક યુવાનને મેં સામાન્ય લોકોમાંથી પસંદ કરીને ઊંચો કર્યો છે.
20 મારો સેવક દાઉદ મને મળ્યો છે; મેં તેને મારા પવિત્ર તેલથી અભિષિક્ત કર્યો છે.
21 મારો હાથ તેને ટકાવી રાખશે; અને મારો ભુજ સામર્થ્ય આપશે.

22 "તેનાં શત્રુઓ તેને હરાવી નહીં શકે. અને દુષ્ટ લોકો તેની ઉપર વિજય પામી શકશે નહીં.
23 તેમનાં શત્રુઓને તેમની સમક્ષ હું પાડી નાખીશ; અને હું તેમના દ્વેષીઓનો પણ નાશ કરીશ.
24 પરંતુ મારું વિશ્વાસપણું ને મારી કૃપા તેમની સાથે ચાલુ રહેશે; ને હું નિરંતર પ્રેમ રાખીશ; મારા નામને માટે પણ હું તેમને મહાન બનાવીશ.
25 હું, તેના હાથ સમુદ્ર પર સ્થાપન કરીશ; અને નદીઓ પર તેનો જમણો હાથ.
26 તે મને કહેશે; તમે મારા પિતા છો તમે મારું રક્ષણ કરનાર ખડક છો, તમે મારા દેવ છો જે મને બચાવે છે.
27 હું એની સાથે, મારા પ્રથમજનિત પુત્રની જેમ વ્યવહાર કરીશ; અને તેને પૃથ્વી પર સૌથી મહાન બળવાન રાજા બનાવીશ.
28 મારી કૃપા તેના પર સદા રહેશે, અને મારો વિશ્વાસપાત્ર કરાર સદાકાળ તેની પાસે રહેશે!"
29 હું તેમની વંશાવળી સદાને માટે પ્રસ્થાપિત કરીશ. સ્વર્ગના અવિનાશી દિવસો જેમ, તેના શાસનનો અંત આવશે નહીં.
30 જો તેનાં સંતાનો મારા નિયમોનો ભંગ કરશે, અને મારા હુકમોને નહીં અનુસરે.
31 જો તેઓ મારા કાનૂનોને તોડશે, અને મારી આજ્ઞાઓ પ્રમાણે નહીં જીવે,
32 તો હું તેમને તેમના પાપોની શિક્ષા કરીશ, અને તેમનાં અન્યાયને ફટકાથી જોઈ લઈશ.
33 પરંતુ હું મારી કૃપા તેમની પાસેથી લઈ લઈશ નહીં, અને હું તેમને અવિશ્વાસુ નહીં બનું.
34 ના, હું મારા કરારનું ખંડન નહીં કરું, મેં તેમને જે વચન આપ્યું છે તે હું કદાપિ નહીં બદલું.
35 મેં એકવાર તારી પવિત્રતાના, સમ ખાધા છે હું દાઉદ સાથે જૂઠું બોલીશ નહીં .
36 તેમનાં સંતાન સર્વકાળ ટકશે, અને સૂર્યની જેમ તેમની હકૂમત, સર્વદા ટકશે.
37 તેમનું શાસને મારા વિશ્વાસુ સાક્ષી ચંદ્રની જેમ અચળ રહેશે."
38 પરંતુ, દેવ, તમે તમારા અભિષિકતને ત્યજી દીધાં છે, તિરસ્કાર કર્યો છે અને સજા કરી છે.
39 તમે તમારા સેવક સાથે કરેલો કરાર રદ કર્યો છે, તમે રાજાના મુગટને કચરામાં ફેંકી દીધો હતો.
40 તેનું રક્ષણ કરનાર દીવાલોને તમે તોડી પાડી છે, અને તેના દરેક કિલ્લાને તમે ખંડેર બનાવ્યાં છે.
41 માર્ગે જનારા સર્વ કોઈ તેને લૂંટી લે છે, અને પાડોશીઓથી તે અપમાનિત થાય છે.
42 તમે તેમના વેરીઓને તેમની વિરૂદ્ધ બળવાન કર્યા છે. અને તેમના સર્વ શત્રુઓને તમે, આનંદિત કર્યા છે.
43 તમે તેમની તલવાર નીચી પાડી છે, અને તેમને યુદ્ધમાં સહાય નથી કરી.
44 તેના ગૌરવનો તમે અંત આણ્યો છે અને તેમનું રાજ્યાસન ઉથલાવી મૂક્યું છે.
45 તેના યુવાનીના દિવસો તમે ટૂંકા કર્યા છે અને તમે તેને શરમાવ્યો છે.
46 હે યહોવા, ક્યાં સુધી આમ ચાલ્યા કરશે? શું તમે આમ છુપાઈ રહેશો સદાકાળ? શું તમારો કોપ અગ્નિની જેમ સળગતો રહેશે?
47 હે યહોવા, તમે માનવજીવનને કેટલું ટૂંકુ બનાવ્યું છે તે જરા સંભારો; શું તમે માનવજાતનું નિર્માણ વ્યર્થતાને માટે કર્યુ છે?
48 છે કોઈ એવો જે જીવશે ને મરણ દેખશે નહીં? શેઓલના કબજામાંથી પોતાનો આત્મા કોણ છોડાવશે?
49 હે યહોવા, તમારી અગાઉની કૃપા ક્યાં છે જેનું તમે તમારી વિશ્વસનીયતા દ્વારા દાઉદને વચન આપ્યું હતું.
50 હે યહોવા, તમારા સેવકોનું અપમાન કરનાર તે બધાં લોકોને હું સહન કરું છું તે શરમનું સ્મરણ કરો.
51 હે યહોવા, તમારા શત્રુઓએ મારું અપમાન કર્યુ, અને તેઓએ તમારા પસંદ કરેલા રાજાનું પણ અપમાન કર્યુ!
52 યહોવાની સદાય સ્તુતિ કરો. આમીન તથા આમીન!

## ભાગ ચોથો

### ગીત 90

*દેવના ભકત મૂસાની પ્રાર્થના.*

1 હે દેવ, સર્વ પેઢીઓમાં તમે અમારું નિવાસસ્થાન થયા છો.

2 તમે પૃથ્વી અને જગતને રચ્યાં હતાં અને પર્વતો ઉત્પન્ન થયા હતાં; તે પહેલાંથી તમેજ દેવ છો; તમારી શરૂઆત નથી કે અંત નથી.
3 તમે મનુષ્યોને ધૂળમાં પાછા લઈ જાઓ છો, અને કહો છો; મનુષ્યપુત્રો પાછા ફરો.
4 કારણ, તમારી દ્રષ્ટિમાં હજાર વર્ષો વીતી ગયેલી કાલનાં જેવાં છે! અને રાતના એક પહોર જેવાં છે!
5 તમે અમને, પાણીના પ્રવાહની જેમ ઘસડી જાઓ છો; અમારું જીવન એક સ્વપ્ન જેવું છે, અને સવારમાં અમે જોઈ ચૂક્યા હોઈએ છીએ કે અમે ઘાસ જેવાં છીએ.
6 તે સવારે ખીલે છે અને વધે છે સાંજે સૂકાઈ જાય છે ને પછી ચીમળાય છે.
7 કારણ, તમારા કોપથી; અમારો નાશ થાય છે, અને તમારા રોષથી, અમને ત્રાસ થાય છે.
8 તમે અમારાં બધાં પાપો, અને અમારા ગુપ્ત પાપો બાબત પણ જાણો છો અને તે બધાં તમે જોઈ શકો છો.
9 તમારા રોષમાં અમારા સર્વ દિવસો વીતી જાય છે; નિ:સાસાની જેમ અમે વર્ષો પૂરાં કરીએ છીએ.
10 અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલાં છે; કેટલાંક તેમનાં બળને કારણે એંસી વર્ષ પણ જીવે. તો પણ શ્રેષ્ઠ વર્ષો મિથ્યા ગર્વ, શ્રમ, તથા દુ:ખ માત્ર છે; કારણ તે ઝડપથી પસાર થઈ જાય છે અને અમારો અંત આવી જાય છે.
11 તમારા ક્રોધના બળને અને કોપને કોણ જાણી શકે? અને તમને ઘટે છે તેવો તમારો ભય કોણ રાખી શકે?
12 અમારા જીવન કેટલાં ટૂંકા છે તે તમે અમને શીખવો, જેથી અમે ખરેખર જ્ઞાની બની શકીએ.
13 હે યહોવા, અમારી પાસે પાછા આવો; પાછા આવો અને તમારા સેવકોને દિલાસો આપો.
14 પ્રત્યેક સવારે અમને તમારી કૃપાથી ભરી દો. જેથી અમે અમારા સર્વ દિવસો સુખ અને આનંદમાં વિતાવીએ.
15 અમારા અગાઉનાં દુ:ખોનાં પ્રમાણમાં અમને વધુ આનંદ આપો; અમારી પીડાના વરસોના બદલામાં અમને સારા વર્ષો આપો.
16 તમારા સેવકોને ફરીથી, તમારા ચમત્કારો દેખાડો; અને તમારો મહિમા તેઓના પુત્રો પર દેખાડો.
17 અમારા યહોવા દેવની કૃપા અમારા પર થાઓ; અને અમને સફળતા આપો; અમારાં સર્વ કૃત્યોને તમે કાયમ માટે સ્થાપન કરો .

## ગીત 91

1 પરાત્પર દેવના આશ્રયસ્થાનમાં જે વસે છે, તે સર્વસમર્થની છાયામાં રહેશે.
2 હું યહોવાને કહું છું કે, "તમે મારો આશ્રય અને ગઢ છો મારા દેવ, હું તમારો વિશ્વાસ કરું છું."
3 કારણકે તે તને સર્વ ફાંદાઓથી અને જીવલેણ રોગ મરકીથી બચાવશે.
4 તેની પાંખો પ્રસરાવીને તે તારું રક્ષણ કરશે, તમને તેની પાંખો નીચે આશ્રય મળશે, તેઓ તમારું રક્ષણ કરતી ઢાલ અને દીવાલ જેવાં હશે.
5 હવે તું રાત્રે બીશ નહીં કે દિવસે ઊડતા તીરોથી તું બીશ નહીં.
6 અંધકારમાં ફેલાતા ભયંકર ચેપી રોગથી કે મધ્યાહને આવતી પ્રાણઘાતક બિમારીથી તું ગભરાઈશ નહીં.
7 તારી બાજુએથી હજાર અને તારે જમણે હાથ પડશે દશહજાર, છતાં તને સ્પર્શી શકશે નહીં.
8 તે તમે તમારી પોતાની આંખોથી જોશો કે દુષ્ટ લોકોને કેવી સજા થાય છે!
9 શા માટે? કારણ તમે યહોવાનો વિશ્વાસ કરો છો. તમે પરાત્પર દેવને તમારી સુરક્ષિત જગ્યા બનાવ્યાં છે.
10 તેથી તમારા પર કોઈ અણધારી આફત આવશે નહીં, તમારી પાસે તમારા રહેઠાણની જગ્યાની નજીક કોઈ બિમારી આવશે નહીં.
11 કારણ, તું જ્યાં જાય છે ત્યાં દેવ તારું રક્ષણ કરવા માટે તેના દેવદૂતોને આજ્ઞા કરશે.
12 તેઓ તેને પોતાના હાથોમાં ધરી રાખશે, જેથી તારો પગ માર્ગમાં ખડકો સાથે અફળાય નહીં.
13 માર્ગમાં સિંહ મળે કે પગ પડે ઝેરી સાપ ઉપર , તો પણ તું સુરક્ષિત રહેશે; હા, તું તેઓને છૂંદી નાંખશે પગ નીચે.
14 યહોવા કહે છે; "તે મને ચાહે છે તેથી હું તેને મુકત કરીશ, હું તેને મહાન બનાવીશ, કારણકે તે મારું નામ જાણે છે.
15 તે પોકાર કરશે એટલે હું ઉત્તર દઈશ; સંકટમાં હું તેની સાથે રહીશ અને તેને છોડાવીને સન્માનીશ.
16 હું તેને દીર્ઘ આયુષ્યથી તૃપ્ત કરીશ, અને હું મારું તારણ તેને આપીશ."

## ગીત 92

*વિશ્રામવાર માટેનું સ્તુતિગીત.*

1 યહોવાની સ્તુતિ કરવી અને આભાર વ્યકત કરવો અને તમારા નામના પરાત્પર દેવના સ્તોત્ર ગાન કરવા તે સારું છે.
2 દસ તારવાળા વાજીંત્રની સંગીતમાં અથવા સિતાર કે વીણાના મધુર સ્વર સાથે ગાવું તે ખરેખર સારું છે.
3 પ્રત્યેક સવારે તેમના માટે તમારો પ્રેમ વ્યકત કરો, અને પ્રત્યેક રાત્રે તેમનામાં તમારો વિશ્વાસ વ્યકત કરો.

4 હે યહોવા, તમે મારા કૃત્યોથી મને આનંદ પમાડ્યો
છે; હું તમારા હાથે થયેલાં કામને લીધે હર્ષનાદ કરીશ.
5 હે યહોવા, તમારા કૃત્યો કેવાં મહાન છે! તમારા વિચારો
બહુ ગહન છે.
6 ઊંડો વિચાર ન કરી શકે તેવા લોકો તે સમજી શકતાં
નથી, અને મૂર્ખ માણસ કદાપિ તેનો અર્થ પામી શકતો
નથી.
7 દુષ્ટ માણસો ઘાસની જેમ પુષ્કળ ઉગે છે, ભૂંડુ કરનાર
દરેક જગ્યાએ ફૂટી નીકળે છે. પણ તેમનો સદાને
માટે વિનાશ થશે.
8 પણ, હે યહોવા, તમે સર્વકાળનાં પરાત્પર દેવ છો.
9 હે યહોવા, તમારા શત્રુઓ અવશ્ય નાશ પામશે; અને
સર્વ ભૂંડુ કરનારાઓ, વિખેરાઈ જશે.
10 પણ તમે મને, જંગલી આખલાના જેવો, બળવાન
કર્યો છે; મને મૂલ્યવાન તેલ ચોળવામાં આવ્યું છે, જે
ચેતનવંતો બનાવે.
11 મેં નજરે નિહાળ્યું છે ને મારા શત્રુઓની હાર થઈ છે;
અને મેં સાંભળ્યું છે, કે મારા દુષ્ટ દુશ્મનોને ભગાડી
મૂકવામાં આવ્યા છે.
12 સદાચારી લોકો તાડના વૃક્ષની જેમ ખીલશે અને
લબાનોનના દેવદાર વૃક્ષોની જેમ વધશે.
13 યહોવાનાં મંદિરમાં જેઓને રોપવામાં આવેલ છે; તેઓ
આપણા યહોવાનાં આંગણામાં ખીલી ઊઠશે.
14 તેઓ ઘડપણમાં પણ ફળધારક થશે, અને તેઓ તાજાં
લીલાં વૃક્ષો જેવાં હશે.
15 તેથી તેઓ કહેશે કે, "યહોવા સારા અને પ્રમાણિક છે.
તેઓ મારા ખડક છે, અને તેમના વિશે કઈં અન્યાયી
નથી.

## ગીત 93

1 યહોવા રાજા છે, ભવ્યતા અને સામર્થ્યને તેણે વસ્રોની
જેમ ધારણ કર્યા છે તેણે જગતને તેવી રીતે પ્રસ્થાપિત
કર્યુ છે કે તે અચળ રહેશે.
2 હે દેવ, પુરાતન કાળથી તમારું રાજ્યાસન સ્થપાયેલું
છે; તમે સદાકાળ અસ્તિત્વ ધરાવો છો!
3 હે યહોવા, નદીઓએ ગર્જનાકરી છે. વહેતી નદીઓએ
તેમનો અવાજ વધાર્યો છે અને પોતાના મોજાં ઊંચા
ઉછાળ્યાં છે.
4 તમે વધુ ગર્જના કરતાં સમુદ્રોથી વધારે શકિતશાળી
છો, અને સમુદ્રોના મોજાઓથી વધારે બળવાન. ઉપર
વાળો દેવ યહોવા, ખરેખર તાકતવર છે.
5 તમારા કરારો સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર છે, તમારું
મંદિર લાંબા સમય સુધી પવિત્ર રહે.

## ગીત 94

1 હે દેવ યહોવા, ખોટું કરનારને તમે શિક્ષા કરો છો, હે
બદલો લેનારા દેવ! દર્શન આપો !
2 હે પૃથ્વીના ન્યાયાધીશ, ઊઠો અને ગર્વિષ્ઠોને યોગ્ય
શિક્ષા કરો.
3 હે યહોવા, ક્યાં સુધી તમે દુષ્ટ લોકોને તેમની
હસીમજાક કરવા દેશો? કેટલી વધારે?
4 તેઓ અભિમાન યુકત વાતો કરે છે; અને સર્વ અન્યાય
કરનારા વડાઈ કરે છે.
5 હે યહોવા, તેઓ, તમારા લોકો પર જુલમ કરે છે;
અને તેઓ તમારા વારસોને દુ:ખ દે છે.
6 તેઓ વિધવાઓ અને વિદેશીઓની ભારે હત્યા કરે
છે; અનાથની હત્યા કરે છે.
7 તેઓ કહે છે,"દેવ અમને જોતા નથી. યાકૂબના દેવ
ધ્યાન આપતા નથી."
8 ઓ મૂર્ખ લોકો, ડાહ્યાં થાઓ! ઓ અજ્ઞાની લોકો તમે
ક્યારે ડાહ્યાં થશો?
9 જે કાનનો ઘડનાર છે, તે નહીં સાંભળે? આંખનો
રચનારો જે છે તે શું નહિં જુએ?

10 જે રાષ્ટ્રોને શિસ્તમાં રાખે છે, તે શું તમને સખત
ઠપકો આપતા નથી? દેવ લોકોને તેઓ જે જાણે છે તે
શીખવે છે.
11 યહોવા સારી રીતે જાણે છે માનવજાતના વિચારો
કેવાં વ્યર્થ અને મર્યાદિત છે!
12 હે યહોવા, તમે જેને શિસ્તમાં રાખો છો અને
તમારા નિયમશાસ્ર શીખવો છો, તેઓને આશીર્વાદ
મળેલા છે.
13 તમે તેના પર સંકટના દિવસો નથી આવવા દેતા,
દુષ્ટને માટે ખાડો ખોદાય ત્યાં સુધી.
14 યહોવા, પોતાના લોકોને તરછોડશે નહીં; ને પોતાના
વારસાનો ત્યાગ કરશે નહીં.
15 કારણ, ન્યાય પાછો વળશે અને તે ન્યાયીપણું લાવશે
અને સર્વ સદાચારી લોકો તેને અનુસરસે.
16 મારો પક્ષ લઈને દુષ્ટોની સામે કોણ ઉભું રહેશે?
દુષ્કર્મીઓથી મારું રક્ષણ કરવા કોણ મારી બાજુમાં
ઉભું રહેશે?
17 યહોવાએ મારી સહાય ન કરી હોત તો હું જરૂર મૃત્યુ
પામ્યો હોત.
18 જ્યારે મેં વિચાર્યુ કે હું હવે પડવાનો છું ત્યારે યહોવા
દેવે મને ટેકો આપ્યો.
19 હે યહોવા, મારા મન અને હૃદય ચિંતા અને પરેશાનીથી
ભરાઇ ગયા હતાં. પરંતુ તમે મને દિલાસો આપ્યો
અને મને સુખી બનાવ્યો.

20 હે દેવ, ચોક્કસ, તમે દુષ્ટ શાસકોને ટેકો આપતા નથી
જેઓએ પોતાના નિયમો દ્વારા લોકોનું જીવન વધારે
મુશ્કેલ બનાવી દીધું છે.
21 તેઓ સારા લોકો પર હુમલો કરે છે; તેઓ નિર્દોષને
દોષિત ઠરાવીને તેમને મૃત્યદંડ આપે છે.

22 પણ યહોવા મારા ગઢ છે, અને દેવ મારા સામર્થ્યવાન ખડક છે; અને હું તેમનો આશ્રય લઉં છું.
23 દેવ દુષ્ટ માણસોના પાપ પ્રમાણે તેઓને બદલો આપ્યો છે; અને તે બધાનો સંહાર કરશે, તેઓની દુષ્ટતાને કારણે, યહોવા આપણા દેવ તેઓનો જરૂર સંહાર કરશે.

## ગીત 95

1 આવો, યહોવા સમક્ષ આપણે ગાઈએ; આપણા તારણના ખડક સમક્ષ હર્ષનાદ કરીએ.
2 તેની હજૂરમાં આભારસ્તુતિ સાથે આવીએ; અને આપણે તેની સમક્ષ સ્તુતિગાન કરીએ.
3 કારણ, યહોવા મહાન દેવ છે; તે સર્વ દેવો પર મહાન રાજા છે.
4 તેમનાં હાથમાં પૃથ્વીનાં ઊંડાણો છે ; અને ઊંચા પર્વતોના માલિક પણ તે છે.
5 જેણે સમુદ્ર બનાવ્યો અને કોરી ભૂમિ પણ બનાવી તેમના તે માલિક છે.
6 આવો આપણે તેને ભજીએ અને નમીએ; ને આપણા કર્તા યહોવાને ઘૂંટણીયે પડીએ.
7 કારણ તે આપણા દેવ છે, આપણે તેના ચારાના લોક અને તેનાં હાથના ઘેટાં છીએ. આજે જો તમે તેની વાણી સાંભળો તો કેવું સારું!
8 દેવ કહે છે, "ઈસ્રાએલી લોકોએ અરણ્યમાં મરીબાહમાં તથા માસ્સામાં, પોતાના હૃદય કઠણ કર્યા, તેવું તમે કરશો નહીં.
9 તમારા પિતૃઓએ મારી કસોટી કરી, પરંતુ પછીથી તેઓએ જોયું કે હું શું કરી શકું છું!"

10 યહોવા દેવ કહે છે, "ચાળીસ વર્ષ સુધી મેં તે પેઢીને સહન કરી છે પણ જ્યારે હું તેમનાથી કંટાળ્યો મેં કહ્યું; તે લોકો અવિનયી છે. તેઓએ મારા માર્ગો કદી શિખ્યાં નથી.
11 મેં મારા અતીશય ક્રોધમાં પ્રતિજ્ઞા લીધી કે મેં તેઓ માટે નક્કી કરેલા વિશ્રામમાં વચનનાં દેશમાં, તેઓ કદાપિ પ્રવેશ કરશે જ નહીં."

## ગીત 96

1 યહોવા સમક્ષ નવું ગીત ગાઓ! સમગ્ર પૃથ્વી પર સર્વત્ર એ ગીત ગાઓ, યહોવા સમક્ષ ગાઓ. 2 તેમના નામને ધન્યવાદ આપો; તેનું તારણ પ્રગટ કરો, દિનપ્રતિદિન.
3 પ્રજાઓને તેના મહિમા વિષે જણાવો અને બધા લોકોને તેમના ચમત્કારો વિષે કહો.
4 કારણ, યહોવાની મહાનતા અવર્ણનીય છે; અને તે બહુ સ્તુત્ય છે; તેજ માત્ર ભયાવહ દેવ; સર્વ "દેવોની" ઉપર છે.
5 મૂર્તિઓ માત્ર છે સર્વ લોકોના "દેવો," પણ યહોવાએ આકાશોને ઉત્પન્ન કર્યા છે.
6 ભવ્યતા અને મહિમા તેમની સામે ચમકે છે. સામર્થ્ય અને સૌન્દર્ય તેમના પવિત્ર મંદિરમાં છે.
7 હે વિશ્વની સર્વ પ્રજાઓ, યહોવા એકલા જ છે મહિમાવાન અને પરાક્રમી; તે તમે કબૂલ કરો ને તેમને માન આપો .
8 યહોવાને ઘટે છે ગૌરવ જે તે તેમને આપો, તેમની આરાધના કરવાને તેમના મંદિરે તમારા અર્પણો લઈને જાઓ.
9 પવિત્ર જીવનોની સુંદરતા ધારણ કરી, યહોવાની ઉપાસના કરો; અને ધ્રૂજો સમગ્ર પૃથ્વી તેમની સમક્ષ.
10 પ્રજાઓની વચ્ચે જાહેર કરો, "યહોવા એ છે જે જગત પર શાસન કરે છે અને ટકાવી રાખે છે, તેથી તેનો વિનાશ થશે નહીં. બધાં લોકોનો નિષ્પક્ષતાથી ન્યાય કરશે.
11 આકાશો આનંદ પામો! હે પૃથ્વી, સુખી થાવ! હે ગર્જના કરતા સમુદ્રની વિશાળતા, હર્ષથી પોકારો.
12 ખેતરો અને તેમાં જે કઈં ઊગે છે તે સર્વ સુખી થાઓ હે વનનાં સર્વ વૃક્ષો, હર્ષ સાથે ગાઓ.
13 પૃથ્વીનો ન્યાય કરવાને, યહોવા આવે છે; તે સર્વ પ્રજાઓનો ન્યાય કરશે; અને જગતને સત્યતાને યથાર્થપણે.

## ગીત 97

1 યહોવા શાસન કરે છે. હે પૃથ્વી, આનંદિત થાઓ! હે દૂરનાં પ્રદેશો, સુખી થાઓ!
2 તેની આસપાસ મેઘ ને અંધકાર છે; ન્યાયીપણું તથા ન્યાય તેના રાજ્યાસનનો પાયો છે.
3 અગ્નિ તેમની આગળ ચાલે છે અને તેમનાં સર્વ શત્રુઓને ભસ્મ કરે છે.
4 તેમની વીજળીઓ; જગતને ચમકાવે છે અને પ્રકાશિત કરે છે; તે જોઈને પૃથ્વી થરથર કાંપે છે.
5 પૃથ્વી પરના બધાં પર્વતો સમગ્ર પૃથ્વીના માલિક યહોવા સમક્ષ મીણની જેમ પીગળી ગયાં.
6 તેનું ન્યાયીપણું આકાશો પ્રગટ કરે છે; અને સર્વ લોકોએ તેનો મહિમા જોયો છે.
7 મૂર્તિઓનું પૂજન કરનારા અને તેના વિષે ડંફાસ હાંકનારા સહુ શરમાઓ, તેમના "દેવો" નમશે અને યહોવાની ઉપાસના કરશે.
8 હે યહોવા, તમારા અદલ ન્યાયથી સિયોન આનંદ પામ્યું, તે સાંભળી યહૂદિયાની દિકરીઓ હરખાઈ.
9 હે યહોવા, સમગ્ર પૃથ્વીના પરાત્પર દેવ છો; અને તમે સર્વ દેવો કરતાં શ્રેષ્ઠ છો.
10 હે યહોવા પર પ્રેમ કરનારાઓ, તમે દુષ્ટતાને ધિક્કારો, તે પોતાના ભક્તોના આત્માઓનું રક્ષણ કરે છે. તે તેઓને દુષ્ટોના હાથમાંથી છોડાવે છે.

11 સજ્જનો પર તેજ પ્રકાશે છે, જેઓના હૃદય શુદ્ધ છે તેઓને સુખથી ભરી દેવામાં આવે છે.
12 હે ન્યાયી લોકો, તમે યહોવામાં આનંદ કરો; અને તેનાં પવિત્ર નામને માન આપો!

## ગીત 98

*સ્તુતિગીત.*

1 યહોવા સમક્ષ, કોઈ એક નવું ગીત ગાઓ; એના એવાં અદભૂત કાર્યો સાચે. એણે પવિત્ર બાહુબળનાં પુણ્ય પ્રતાપે; જીત પ્રાપ્ત કરી છે.
2 યહોવાએ પોતાની તારણ શકિત બતાવી છે, તેમણે તેમનું ન્યાયીપણું પ્રજાઓ સમક્ષ પ્રગટ કર્યુ છે.
3 તેણેપોતાનો સાચો પ્રેમ તથા વિશ્વાસીપણું ઈસ્રાએલના લોકો માટે સંભાર્યા છે. બધા દૂરના રાષ્ટ્રોએ બધી સીમાઓએ તેમાં વસતાં પોતાની સગી આંખે જોયું કે, આપણા દેવે તેમના લોકોન કેવી રીતે બચાવ્યા.
4 હે જગતનાં લોકો, યહોવાની આગળ હર્ષનાદ કરો. આનંદ અને ઉત્સાહથી તેમની સ્તુતિ ગાઓ.
5 તમે સિતારનાં તાર સાથે તાર મેળવો, સૂર સાથે યહોવાના સ્તોત્રો ગાઓ.
6 આપણા રાજા યહોવા સમક્ષ આનંદના પોકારો કરો! ભૂંગળા અને રણશિંગડા જોરથી વગાડો.
7 સઘળા સમુદ્રો ને ત્યાં સંચરનારા ગર્જી ઊઠો, આખું જગત અને આ ધરતી પર રહેનારાં ગાજો.
8 નદીઓના પ્રવાહો તાળી પાડો ને પર્વતો ગાન પોકારો; હર્ષનાદ કરો,
9 યહોવા ધરતી પર ન્યાય શાસન કરવાં, પધારે છે.

## ગીત 99

1 યહોવા રાજા છે, પ્રજાઓ તેમની સમક્ષ કાપો ,કરૂબીમ પર તે બિરાજે છે, સમગ્ર પૃથ્વી કાપો.
2 સિયોનમાં યહોવા મહાન છે તે સર્વ પ્રજાઓમાં પ્રતિષ્ઠિત છે!
3 તેઓ તમારા મહાન અને ભયાવહ નામની સ્તુતિ કરો; તે પવિત્ર છે.
4 સામર્થ્યવાન રાજા ન્યાયને ચાહે છે, હે દેવ, તમે ભલાઈનું સર્જન કર્યુ છે અને તમે ભલમનસાઈ અને ન્યાય ઈસ્રાએલમાં સ્થાપિત કર્યો છે.
5 આપણા દેવ યહોવા વૃદ્ધિ પામો, અને તેમના ચરણોમાં તેમના પાયાસન પાસે આવો અને તેની ઉપાસના કરો, તે પવિત્ર છે.
6 તેમના યાજક, મૂસા હારુન અને શમુએલે, સહાયને માટે વિનંતી કરી; ત્યારે તેમણે તેઓને ઉત્તર આપ્યો.
7 તેમણે મેઘસ્તંભમાંથી તેમની સાથે વાત કરી, તેઓ તેમને આપેલા તેના આદેશો અને કાયદાને અનુસર્યા.
8 હે યહોવા, અમારા દેવ, તેં તેઓને ઉત્તર દીધો; જો કે તેં તેઓના કામનો બદલો વાળી દીધો. તો પણ તેઓને ક્ષમા કરનાર દેવ તો તું હતો.
9 આપણા યહોવા દેવને પ્રતિષ્ઠિત કરો પવિત્ર પર્વત પર તેમની ઉપાસના કરો, કેમ કે આપણા દેવ યહોવા પવિત્ર છે.

## ગીત 100

*આભારસ્તુતિનું ગીત.*

1 હે પૃથ્વીના લોકો, યહોવા સમક્ષ ગાઓ!
2 આનંદથી યહોવાની સેવા કરો, હર્ષથી સ્તુતિગાન કરતાં; તેમની સમક્ષ આવો.
3 અને તમે જાણો, યહોવા તે જ દેવ છે; તેણે આપણને ઉત્પન્ન કર્યા છે, અને આપણે તેનાંજ છીએ; આપણે તેમનાં લોકો અને આપણે તેમનાં ઘેટા છીએં.
4 આભારસ્તુતિ સાથે તેમના દરવાજામાંથી પ્રવેશો, અને સ્તવન કરતાં તેના આંગણામાં આવો; આભાર માનીને તેનાં નામને આશીર્વાદ આપો.
5 કારણ, યહોવા માયાળું છે, તેમની કૃપા સર્વકાળ છે; અને પેઢી દરપેઢી તેમનું ન્યાયીપણું ટકી રહે છે.

## ગીત 101

*દાઉદનું ગીત.*

1 હે યહોવા, હું તમારા માટે આ ગીત ગાઈશ. હું તમારી કૃપા અને ન્યાય વિષે ગાઈશ.
2 હે યહોવા,હું મારા ઘરમાં શુદ્ધ હૃદય સાથે સંભાળપૂર્વક શુદ્ધ જીવન જીવીશ. તમે મારી પાસે ક્યારે આવશો?
3 હલકી અને દુષ્ટ બાબતોનો નકાર કરવાં મને મદદ કરો; અને સર્વ પ્રકારની અપ્રમાણિક બાબતો; જેમાં મારો કોઈ લાગભાગ ન હોય તેને ધીક્કારવા મને મદદ કરો.
4 હું ઠગ અને અપ્રમાણિક લોકોનો અસ્વીકાર કરીશ, અને હું દરેક દુષ્ટથી પણ દૂર રહીશ.
5 હું જે કોઈ તેમનાં પાડોશીઓની વિરૂદ્ધમાં ખાનગીમાં બોલે છે તેમને અટકાવીશ. જેની આંખો અને હૃદય અભિમાનથી ભરેલાં છે; તેમને હું સહન કરીશ નહીં.
6 હું આખા દેશમાં ભરોસાપાત્ર લોકોની ખોજ કરીશ અને તેઓને મારા મહેલમાં રહેવા દઈશ, ફક્ત જેઓ સંપૂર્ણ પ્રમાણિક છે તેઓ મારી સેવા કરશે.
7 વિશ્વાસઘાતી લોકો મારા ઘરમાં રહી શકશે નહીં, જૂઠું બોલનારા કોઈ મારી નજીક રહેશે નહીં.
8 આ દેશમાં રહેતા દુષ્ટ લોકોનો હું હંમેશા વિનાશ કરીશ, હું તે દુષ્ટ લોકોને યહોવાના નગરમાંથી જબરદસ્તીથી બહાર મોકલી આપીશ.

## ગીત 102

*એક ગરીબ માણસની પ્રાર્થના. જ્યારે તે દુ:ખી હોય છે ત્યારે તે દેવને ફરિયાદ કરે છે.*

1 હે યહોવા, મારી પ્રાર્થના સાંભળો; મારા પોકારને કાન પર આવવા દો.

2 સંકટ ને દુ:ખના સમયમાં તમે, મારાથી મુખ અવળું
ના ફેરવો; કાન ધરીને તમે મને સાંભળો; અને તમે
મને જલ્દી ઉત્તર આપો.
3 કારણ, મારા દહાડા; ધુમાડાની જેમ વીતી જાય છે,
અને મારા હાડકાં ખોયણાની જેમ બળે છે.
4 મારું હૃદય તો, ઘાસના જેવું, કપાયેલું અને ચીમળાયેલું
છે; તે એટલે સુધી કે; રોટલી ખાવાનું પણ હું ભુલી
જાઉં છું.
5 મારા ઘેરા વિષાદ ને નિ:સાસાને કારણે ફક્ત ચામડીથી
ઢંકાયેલા હાડપિંજર જેવો હું થઈ ગયો છું.
6 હું દૂરના રણનાં ઘુવડ જેવો થઈ ગયો છું; વિધ્વંસની
વચ્ચે જીવતા એક ઘુવડ જેવો.
7 હું જાગતો પડ્યો રહું છું, એકાકી છાપરે બેઠેલી
એકલવાયી ચકલીના જેવો.
8 મારા શત્રુ આખો દિવસ મને મહેણા મારે છે; અને
બીજાને શાપ દેવા મારા નામનો ઉપયોગ કરે છે.
9 રોટલીને બદલે હું રાખ ખાઉં છું; મારા આંસુ વહીને
મારા પ્યાલામાં પડે છે;

10 તે તમારા રોષ તથા કોપને કારણે છે; કેમકે તમે મને
ઊંચો કરી નીચે ફેંકી દીધો છે.
11 મારા દિવસો નમતી છાયા જેવા છે; ઘાસની જેમ હું
કરમાઈ ગયો.
12 પરંતુ હે યહોવા, તમે સદાકાળ શાસન કરશો! પેઢી
દર પેઢી સુધી તમે યાદ રહેશો.
13 મને ખબર છે; તમે ચોક્કસ આવશો અને તમે સિયોન
ઉપર તમારી કૃપા વરસાવશો. તમારા વચન પ્રમાણે,
મદદ કરવાનો અને તેના પર કૃપા વરસાવવાનો આજ
સમય છે.
14 કારણકે તમારા સેવકો તેની દીવાલનાં પ્રત્યેક પથ્થરને
ચાહે છે, અને તેની શેરીઓની ધૂળ પ્રત્યે તેઓ મમતા
ધરાવે છે.
15 પ્રજાઓ બીશે અને યહોવાના નામનો આદર કરશે,
અને તેમના રાજાઓ તમારા ગૌરવનો આદર કરશે!
16 કારણ, યહોવા સિયોનને ફરીથી બાંધશે; અને તે તમારી
સમક્ષ પોતાનાં સંપૂર્ણ મહિમા સહિત પ્રગટ થશે!
17 તે લાચાર અને દુ:ખીની પ્રાર્થનાઓ સાંભળશે; અને
તેમની પ્રાર્થનાની અવગણના કરી નથી.
18 આવનાર પેઢી માટે આ સર્વ બાબતોની નોંધ કરો;
જેથી તેઓ યહોવાની સ્તુતિ કરે. અને જે લોકો હજી
જન્મ્યા નથી તે યહોવાની સ્તુતિ કરશે.
19 તેઓને કહો કે; દેવે સ્વર્ગમાંથી નીચે પૃથ્વી પર દૃષ્ટિ
કરી છે.
20 તે બંદીવાનોની પ્રાર્થના સાંભળશે, જેઓ મૃત્યુ માટે
દોષી ઠરાવાયા હતા તેઓને મુક્ત કરશે.
21 પછી સિયોનનાં લોકો યહોવાનું નામ જાહેર કરશે
અને તેઓ યરૂશાલેમમાં તેમની સ્તુતિ કરશે.
22 તે વખતે યહોવાની સેવા કરવા માટે લોકો તથા પૃથ્વીનાં
રાજ્યો એકઠાં થશે.
23 મારા જીવનનાં મધ્યાહને તેમણે મારી શક્તિ ઘટાડી
ને મારા દિવસો ટૂંકા કર્યા.
24 મેં તેમને પોકાર કર્યો, "ઓ દેવ, તમે સદા સર્વકાળ
જીવંત છો! મને મારા જીવનના મધ્યાહને મરવા ન
દેશો.
25 તમે યુગો પહેલાં પૃથ્વીનો પાયો નાંખ્યો હતો અને
તમારા હાથો વડે આકાશો રચ્યાં હતાં.
26 એ સર્વ પણ નાશ પામશે તમે સર્વકાળ છો; તેઓ
જૂના થશે, ફાટી ગયેલાં કપડા જેવાં થશે; અને માણસ
જૂનું વસ્ર ફેંકી નવું ધારણ કરે, તેમ તમે પણ તેઓને
બદલી નાંખશો.
27 પરંતુ તમે, હે દેવ, તમે કદી બદલાતાં નથી; અને
તમારા વર્ષોનો કદી અંત આવશે નહીં.
28 તમારા સેવકોનાં બાળકો અહીં વસશે, અને તેમનાં
વંશજો તમારી સમક્ષ પ્રસ્થાપિત થશે."

## ગીત 103

*દાઉદનું ગીત.*

1 હે મારા આત્મા, યહોવાની સ્તુતિ કર,! હા સંપૂર્ણ
હૃદયથી દેવનાં પવિત્ર નામને આશીર્વાદ આપ.
2 હે મારા આત્મા, યહોવાની સ્તુતિ કરો! ભૂલીશ નહીં
તું કે તેઓ અદભૂત કાર્યો તારા ભલા માટે કરે છે.
3 તારાં સઘળાં પાપ તે માફ કરે છે; અને તારાં સર્વ રોગ
મટાડે છે.
4 અનંત નાશમાંથી તે તને છોડાવી લે છે, ને નર્કમાંથી;
અને પ્રેમભરી ભલાઈ અને કૃપાથી નવાજે છે.
5 તારા જીવનને તે ઉત્તમ વસ્તુઓથી ભરી દે છે; જેથી
તારી યુવાની ગરૂડની જેમ તાજી કરાય છે.
6 જેઓ જુલમથી હેરાન થયેલા છે, તે સૌને માટે એ
'યહોવા' ન્યાયનાં કામ, ને ચુકાદા કરે છે.
7 મૂસા તથા ઈસ્રાએલનાં લોકો સમક્ષ; તેમણે તેમના
માર્ગો અને તેમના કાર્યો પ્રગટ કર્યા હતા.
8 યહોવા, દયાળુ અને ક્ષમાશીલ છે. તે દયા તથા પ્રેમથી
ભરપૂર છે, પણ તે ગુસ્સે થવામાં ધીમાં છે.
9 યહોવા, હંમેશા ટીકા કરતાં નથી, અને તે કદીય સદાને
માટે ગુસ્સામાં રહેતા નથી.
10 તેઓ આપણા પાપ પ્રમાણે આપણી સાથે નથી વર્ત્યા.
તેમણે આપણને આપણા અન્યાયી કાર્યો પ્રમાણે શિક્ષા
કરી નથી.
11 કારણ તેના ભક્તો પરની તેની કૃપા, જેટલું આકાશ
પૃથ્વીથી ઊંચુ છે તેટલી છે.
12 પૂર્વ જેટલું દૂર છે પશ્ચિમથી, એટલાં દૂર કર્યા છે
આપણાં પાપ તેમણે આપણાથી.
13 જેમ પિતા પોતાના સંતાનો પર દયાળુ છે; તેમ યહોવા
પોતાના ભક્તો પર દયાળુ છે.

14 કારણકે તે જાણે છે બંધારણ આપણું; માત્ર ધૂળ છીએ આપણે; એવું તે સંભારે છે.
15 આપણા જીવનનાં દિવસો ઘાસ જેવાં છે, અને તે ફૂલની જેમ ટૂંકા અને થોડા છે.
16 પવન તેના પર થઈને વાય છે, ને તે ઊડી જાય છે; અસ્તિત્વની નિશાની રહેતી નથી, અને તે નષ્ટ થઈ જાય છે.
17 પણ યહોવાની કૃપા તેમના ભક્તો પર; અનાદિકાળથી તે અનંતકાળસુધી છે. અને તે તેનું ન્યાયીપણું તેના બીજા વંશજોને સર્વદા બતાવવાનું ચાલુ રાખશે.
18 જેઓ તેમનો કરાર અનુસરે છે; અને તેમની આજ્ઞાઓનું પાલન કરે છે તે તેમને મદદ કરે છે.
19 દેવે આકાશમાં રાજ્યાસન સ્થાપ્યું છે; ને ત્યાંથી તે સર્વ ઉપર શાસન ચલાવે છે.
20 તેમના હુકમનો અમલ કરનારાં અને તેમની આજ્ઞાઓને સાંભળનારા; સમર્થ દૂતો, તમે યહોવાને ધન્યવાદ આપો .
21 હે યહોવાનાં સૈન્યો તમો બધા, જે તેમના સેવકો છો તે જે ઈચ્છે છે તે કરો છો, તેમની સ્તુતિ કરો!
22 યહોવાનાં રાજ્યમાં સર્વત્ર તેમનાં ઉત્પન્ન કરેલા છે; હે મારા આત્મા તેમની સ્તુતિ કર; દેવની સ્તુતિ કર!

## ગીત 104

1 હે મારા આત્મા, યહોવાની સ્તુતિ કર! હે મારા યહોવા દેવ, તમે ઘણા મહાન છો તમે માન અને ગૌરવના વસ્રો ધારણ કર્યા છે.
2 તમે પ્રકાશથી વિંટળાયેલા છો, અને તમે આકાશને મંડપની જેમ ફેલાવો છો.
3 તમારા આકાશી ઘરનો પાયો; તમે અંતરિક્ષના પાણી પર નાખ્યો છે; વાદળાં તમારા રથ છે, અને તમે પવનની પાંખો પર સવારી કરો છો;.
4 તમે (વાયુઓને) પવનોને તમારા દૂત બનાવો છો, અને તમારા સેવકો અગ્નિના ભડકા છે!
5 તમે પૃથ્વીને તેનાં પાયા પર સ્થીર કરી છે, જેથી તે કદી ચલિત થાય નહીં.
6 તમે પૃથ્વીને વસ્રની જેમ ઊંડાણથી ઢાંકી છે; અને પાણીએ તેનાં પર્વતોને ઢાંકી દીધાં છે.
7 તમે આદેશ આપ્યો અને પાણી દૂર ધસી ગયાં, તમે તમારી ગર્જનાના અવાજથી પોકાર કર્યો અને પાણી દૂર ધસી ગયાં.
8 તમે જણાવેલી સપાટી સુધી પર્વતો ઊંચા થયાં; અને ખીણો ઊંડી થઈ ગઈ.
9 તમે મહાસાગરોને હદ બાંધી આપી; જેથી તે ઓળંગે નહીં અને પૃથ્વીને ઢાંકી ન દે.
10 તમે ખીણોમાં વહેતાં ઝરણાં બનાવ્યાં; અને પર્વતોમાં વહેતી નદીઓ બનાવી.
11 તેઓ સર્વ પ્રાણીઓને પાણી પૂરું પાડે છે; અને ગધેડાઓ ત્યાં તરસ છીપાવે છે.
12 પક્ષીઓ ઝરણાંઓને કિનારે માળા બાંધે છે; અને વૃક્ષોની ડાળીઓ મધ્યે ગાયન કરે છે.
13 તમે પર્વતો પર વરસાદ વરસાવો છો; અને પૃથ્વી તમારાં કામનાં ફળથી તૃપ્ત થાય છે.
14 તે ઢોરને માટે ઘાસ ઉપજાવે છે, તે આપણને ખેડવા છોડ આપે છે, અને તે છોડો આપણને જમીનમાંથી ખોરાક આપે છે.
15 દેવે આપણને ખુશ કરવા માટે દ્રાક્ષ આપી, આપણી ત્વચાને નરમ કરવા તેલ અને શરીરને ટકાવી રાખવા રોટલી આપે છે.
16 યહોવાનાં વૃક્ષ, એટલે લબાનોનનાં દેવદારો; જે તેણે રોપ્યાં હતાં ને તેઓ ધરાયેલાં છે.
17 ત્યાં પક્ષીઓ પોતાના માળા બાંધે છે; વળી દેવદાર વૃક્ષ બગલાઓનું રહેઠાણ છે.
18 ઊંચા પર્વતો પર; જંગલી બકરાને અને ખડકોમાં સસલાને રક્ષણ અને આશ્રય મળે છે.
19 દેવે પવિત્ર સભાઓનાં નિર્ધાર માટે ચંદ્રનું સર્જન કર્યું, ક્યારે આથમવું એ સૂર્ય હંમેશા જાણે છે.
20 રાત્રિ અને અંધકાર તમે મોકલો છો; જંગલનાં પ્રાણીઓ ત્યારે બહાર આવે છે.
21 પછી સિંહનાં બચ્ચાં શિકાર માટે ગર્જના કરે છે; તેઓ દેવ પાસે પોતાનું ભોજન માંગે છે.
22 પરોઢિયે તેઓ ગૂપચૂપ જંગલોમાં પાછા જાય છે; અને પોતાની ગુફાઓમાં સૂઈ જાય છેં.
23 માણસ પોતાનો ઉદ્યમ કરવાં બહાર નીકળે છે; અને સાંજ સુધી પોતપોતાના કામ કરે છે.
24 હે યહોવા, કેટલા છે તારા સર્જનો! તમે બહુ બુદ્ધિપૂર્વક તેમને બનાવ્યા છે. તમારી બનાવેલી વસ્તુઓથી પૃથ્વી ભરપૂર છે.
25 જુઓ આ વિશાળ મહાસાગરમાં નાના અને મોટા કેટલા અસંખ્ય જીવો, તેની અંદર છે!
26 અને જુઓ, વહાણો તેમાં આવ જા કરે છે; વળી સમુદ્રમાં રમવાને મગરમચ્છ પેદા કર્યા છે.
27 તમે તેઓને યોગ્ય ટાણે ખાવાનું આપો છો; તેથી આ સઘળાં જીવો તમારી વાટ જુએ છે.
28 તમે જે કાંઈ આપો છો તે તેઓ વીણે છે; તમે તમારો હાથ ખોલો છો ત્યારે તેઓ બધાં ઉપકારથી તૃપ્ત થાય છે
29 તમે જ્યારે તેમની પાસેથી પાછા ફરો છો ત્યારે તેઓ ડરી જશે, તેઓનો પ્રાણ તેઓને છોડે છે અને તેઓ નબળા થઈને મૃત્યુ પામે છે તેમનાં શરીર પાછાં માટી બની જાય છે.
30 પછી, જ્યારે તમે તમારો આત્મા મોકલો છો તેઓ ઉત્પન્ન થાય છે; અને ફરીથી પૃથ્વીની સપાટી; તેઓથી ભરપૂર થાય છે.

31 યહોવાનો મહિમા સદાકાળ ટકી રહો; અને પોતાના
સર્જનથી યહોવા આનંદ પામો.
32 જ્યારે યહોવા પૃથ્વી પર દૃષ્ટિ કરે છે, ત્યારે તે ડરથી
કંપે છે; ને જ્યારે તે પર્વતોને સ્પર્શે છે ત્યારે તેમનામાંથી
ધૂમાડો નીકળે છે.
33 હું જીવનપર્યંત યહોવાની પ્રશંસાનાં ગીતો ગાઈશ; હું
મારા છેલ્લા શ્વાસ સુધી યહોવાની સ્તુતિ કરીશ.
34 તેમના માટેનાં મારા શબ્દો વડે તે પ્રસન્ન થાઓ
કારણકે યહોવા મારા સર્વ આનંદનું ઉદ્દભવ
સ્થાન છે.
35 પૃથ્વીમાંથી સર્વ પાપીઓ નાશ પામો અને દુષ્ટોનું
અસ્તિત્વ મીટાવી દેવામાં આવે હે મારા આત્મા,
યહોવાની સ્તુતિ કર! યહોવાની સ્તુતિ કર, હાલેલૂયા!

## ગીત 105

1 યહોવાનો આભાર માનો, તેના નામની સ્તુતિ કરો.
તેમનાં કૃત્યો લોકોમાં પ્રસિદ્ધ કરો.
2 યહોવા સમક્ષ ગાઓ, તેનાં સ્તોત્ર ગાઓ; તેમનાં
ચમત્કારોનું મનન કરો ને સૌને તે જણાવો.
3 તમે યહોવાનાં પવિત્ર નામનું અભિમાન કરો;
યહોવાની આરાધના કરનારાઓ આનંદ કરો.
4 યહોવાને તથા તેનાં સામર્થ્યને શોધો; સદા- સર્વદા
તમે તેનાં મુખને શોધો.
5 તેણે જે આશ્ચર્યકારક કર્મો કર્યા છે તે; ને તેનાં ચમત્કરો
ને તેનાં ન્યાયચુકાદા યાદ રાખો.
6 તમે લોકો દેવના સેવક ઈબ્રાહિમના વંશજો છો, તમે
યાકૂબના વંશજો છો. અને તમે યહોવાની પસંદગીના
લોકો છો.
7 તેઓ આપણા દેવ યહોવા છે; તેમના સાચાં નિર્ણયો
સમગ્ર પૃથ્વીમાં પ્રસિદ્ધ છે.
8 તે પોતાનો કરાર સર્વદા યાદ રાખે છે; અને હજાર
પેઢીઓને આપેલું વચન પાળે છે.
9 એટલે તેમણે ઈબ્રાહિમ સાથે કરાર કરેલો; અને તેમણે
ઈસહાક પ્રત્યેની પ્રતિજ્ઞા લીધેલી,

10 તેમણે યાકૂબ માટેના કાયદા તરીકે, તેનું સ્થાપન કર્યું,
અને તેમણે ઈસ્રાએલ માટે સર્વકાળનો કરાર બનાવ્યો.
11 તેમણે કહ્યું "કનાન દેશ હું તમને આપીશ; અને તે
સર્વદા તમારું પોતાનું વતન થશે."
12 જ્યારે યહોવાએ આ કહ્યું તેઓ; અલ્પ સંખ્યામાં
હતાં તેઓ કનાન દેશમાં ફક્ત પ્રવાસીઓ તરીકે જ
હતાં.
13 તેઓ, એક દેશથી બીજે દેશ ફરતાં; અને એક રાજ્યમાંથી
બીજા રાજ્યમાં.
14 તેમણે તેઓ પર કોઈને દુર્વ્યવહાર કરવા દીધો નહીં;
દેવે રાજાઓને તેમને ઈજા નહીં કરવાની ચેતવણી
આપી.
15 દેવ કહે છે, "તેમણે ચેતવણી આપી; મારા
અભિષિક્તોને રંજાડશો નહીં; ને મારા પ્રબોધકોને
તકલીફ આપશો નહીં."
16 તેમણે કનાનની ભૂમિમાં દુષ્કાળ આવવા દીધો; અને
અન્નનો આધાર તેમણે તોડી નાંખ્યો.
17 પછી તેમણે તેઓની પહેલાં યૂસફને મિસર મોકલ્યો,
અને તેને ગુલામ તરીકે વેચ્યો.
18 બંદીખાનામાં તેઓએ; તેના પગોએ સાંકળો બાંધી,
અને તેઓએ લોખંડનો પટ્ટો તેના ગળે બાંધ્યો.
19 દેવના શબ્દે પૂરવાર કર્યુ કે તે યૂસફ સાચો હતો ત્યાં
સુધી યૂસફ જેલમાં રહ્યો.
20 પછી રાજાએ માણસો મોકલીને તેને છોડાવ્યો; અને
લોકોના અધિપતિઓએ તેનો છુટકારો કર્યો .
21 પછી રાજાએ યૂસફને તેના મહેલનો તેમજ તેની સર્વ
મિલકતનો વહીવટ સોંપ્યો.
22 અને યૂસફે રાજાના અમલદારો ને સૂચનાઓ આપી
વૃદ્ધ નેતાઓને સમજાવ્યું.
23 પછી યાકૂબ મિસરમાં આવ્યો; અને ત્યાં હામનાં દેશમાં
પોતાના પુત્રોની સાથે રહ્યો.
24 દેવે તેમની વૃદ્ધિ કરી, અને તેમના દુશ્મનો કરતાં
વધારે બળવાન કર્યા.
25 દેવે મિસરવાસીઓને ઈસ્રાએલીઓ વિરૂદ્ધ કર્યા; અને
મિસરવાસીઓએ તેનો ધિક્કાર કર્યો અને તેઓને
ગુલામ બનાવ્યાં.
26 પણ યહોવાએ મૂસાને તેના પ્રતિનિધિ તરીકે મોકલ્યો
અને તેની સાથે તેમણે યાજક તરીકે પસંદ કરેલા
હારુનને મોકલ્યો.
27 દેવે તેમને હામની ભૂમિ પર મોકલ્યા; ભયાવહ
ચમત્કાર કરવા.
28 દેવે પૃથ્વી પર ખૂબ ગાઢ અંધકાર મોકલ્યો,
છતાંય મિસરવાસીઓએ તેમને ધ્યાનથી સાંભળ્યાં
નહોતા.
29 અને તેમણે તેમના દેશનાં સમગ્ર પાણીને લોહીમાં
ફેરવી દીધું; અને સર્વ માછલાં મારી નાંખ્યા.
30 પછી દેશ પર અસંખ્ય દેડકા ચઢી આવ્યાં; તે રાજાનાં
ખાનગી ઓરડામાં ઘૂસી ગયાં.
31 યહોવાએ આદેશ આપ્યો, અને જૂ'ઓ મિસરમાં એક
છેડાથી બીજા છેડા સુધી ફેલાઈ ગઈ.
32 તેણે વરસાદને બદલે કરા મોકલ્યાં; અને વીજળીની
સાથે ધસી ગયા અગ્નિ.
33 તેમણે તેઓનાં દ્રાક્ષવેલાઓ તથા અંજીરીના ઝાડોનો
નાશ કર્યો. અને તેમની આખી સરહદો પરનાં બધાં
વૃક્ષો તોડી પાડ્યાં.
34 તેઓ બોલ્યા; અને ત્યાં અગણિત તીતીઘોડા તથા તીડો
આવ્યા.
35 તેઓ તેઓના દેશની સર્વ વનસ્પતિ ખાઈ ગયાં; અને
જમીનનાં બધાં ફળ ભક્ષ કરી ગયાં.

36 તેઓનાં દેશમાંના સર્વ પ્રથમજનિતને મારી નાખ્યા,
દેવે તેમના બધા સૌથી મોટા પુત્રોને મારી નાંખ્યા.
37 તેઓ તેમના લોકોને, તેમના સોના ચાંદી સાથે, સુરક્ષિત
રીતે પાછા લઈ આવ્યાં અને તેઓમાંથી કોઈ ગબડ્યું
કે પડ્યું નહીં.
38 તેઓ ગયાં ત્યારે મિસરવાસી આનંદ પામ્યાં; કારણકે
તેઓ તેમનાથી ત્રાસ પામ્યાં હતાં.
39 યહોવાએ મેઘસ્તંભથી તેઓ પર છાયા કરી; અને
રાત્રે પ્રકાશ માટે અગ્નિસ્તંભ આપ્યો.
40 જ્યારે તેઓએ માંગ્યુ ત્યાર લાવરિઓ લાવ્યાં; અને
આકાશમાંથી માન્ના રૂપે રોટલીઓથી તૃપ્ત કર્યા.
41 તેમણે ખડક તોડ્યો ત્યાં પાણી નીકળ્યું; જે નદી
થઈને સૂકી ભૂમિમાં વહેવા માંડ્યુ.
42 તેમણે પોતાના સેવક ઈબ્રાહિમને આપેલા પોતાના
વચનનું સ્મરણ કર્યુ.
43 તેઓ પોતાના લોકોને, પોતાના પસંદ કરેલાઓને,
ખુશીથી પાછા લઈ આવ્યાં.
44 તેમણે તેઓને પરદેશીઓની ભૂમિ આપી; અને તે અન્ય
લોકોએ બનાવેલી વસ્તુઓ તેમને વારસા રૂપે મળી.
45 તેઓ ભરોસો કરે અને તેનાં કાયદાઓનું પાલન કરે
અને તેના માર્ગોને અનુસરે તેથી યહોવાએ આ કર્યુ;
હાલેલૂયા!

## ગીત 106

1 હાલેલૂયા! યહોવાનો આભાર માનો, કારણકે તે ભલા
છે, તેમનો સાચો પ્રેમ સદાકાળ છે!
2 યહોવાના મહાન કૃત્યો કોણ વર્ણવી શકે? તેમની
સંપૂર્ણ સ્તુતિ કોણ કરી શકે?
3 ધન્ય છે તેઓને જેઓ ન્યાયને અનુસરે છે, અને
હંમેશા જે સાચું છે તે જ કરે છે.
4 હે યહોવા, તમે તમારા લોકો પર કૃપા કરો; ત્યારે મને
યાદ રાખશો, અને; તમે જેઓને બચાવ્યાં છે તે લોકોમાં
મારો સમાવેશ કરવાનું યાદ રાખશો.
5 જેથી તમારાં પસંદ કરેલાઓનું કલ્યાણ હું જોઉં; તમારી
પ્રજાનાં આનંદમાં હું પણ આનંદ માણું; અને તમારા
વારસોની સાથે હું હર્ષનાદ કરું.
6 અમારા પિતૃઓની જેમ અમે પણ પાપ કર્યુ છે; અમે
અન્યાય કર્યા છે, અમે દુષ્ટતા કરી છે.
7 મિસરમાના તમારાં ચમત્કારોમાંથી અમારા પિતૃઓ
કાઈં શિખ્યાં નહીં , અને તેઓ તમારો પ્રેમ અને દયા
જલ્દી ભૂલી ગયા, તેઓએ રાતા સમુદ્ર પાસે તમારી
વિરૂદ્ધ બંડ પોકાર્યુ.
8 તો પણ, પોતાના નામની માટે તેણે તેમને તાર્યા; અને
તેઓને પોતાના પરાક્રમ દેખાડવાં માટે.
9 તે દેવે રાતા સમુદ્રને આદેશ આપ્યો એટલે તે સૂકાઈ
ગયો, અને તેણે અમારા પિતૃઓને ઊંડા સમુદ્રમાંથી
રેતીના રણ જેવી સૂકી ભૂમિ પર દોર્યા.
10 તેમણે તેઓને, વેરીઓના હાથમાંથી તાર્યા; અને
દુશ્મનનાં હાથમાંથી તેઓને છોડાવ્યાં.
11 તેઓનાં દુશ્મનો પર પાણી ફરી વળ્યું ; તેઓમાંનો
એકેય બચ્યો નહીં સૌ ડૂબી ગયાં.
12 ત્યાર પછી જ તેના લોકોએ તેમનાં શબ્દો પર વિશ્વાસ
કર્યો અને તેમની પ્રશંસામાં સ્તુતિ ગાઇ.
13 તેઓ તેમનાં કૃત્યો જલદી ભૂલી ગયાં; તેમની સલાહ
સાંભળવા, ધીરજ રાખી નહીં.
14 રણમાં તેઓ પોતાની ઈચ્છાઓને આધીન થયા, અને
વેરાન ભૂમિમાં દેવની પરીક્ષા કરી!
15 યહોવાએ તેમની માંગણીઓ પૂરી કરી; પણ પછી
તેણે તેમના પર ભયંકર રોગ મોકલી આપ્યો.
16 તેઓએ છાવણીમાં મૂસાની ઈર્ષા કરી, તથા યહોવાના
પવિત્ર યાજક હારુનની ઈર્ષ્યા કરી.
17 તેથી પૃથ્વીએ મોં ખોલ્યુ અને; દાથાન, અબીરામ
અને તેમના સમૂહને ગળી ગઇ.
18 આકાશમાંથી અગ્નિ તેમની છાવણીમાં આવ્યો, અને
આ દુષ્ટ માણસોને તે ભરખી ગયો.
19 તેઓએ સિનાઇ પર્વત પર હોરેબ આગળ વાછરડો
બનાવ્યો ; ને એ મૂર્તિની પૂજા કરી.
20 તેઓએ આ પ્રમાણે તેમના મહિમાવંત દેવને બદલી
નાખ્યા, ઘાસ ખાનાર ગોધાની પ્રતિમા સામે!
21 આ રીતે તેઓ, પોતાના ચમત્કારિક કાર્યો વડે મિસરને
બચાવનાર દેવને ભૂલી ગયાં!
22 તેઓ "આ લાલ સમુદ્ર પાસે કરેલા ભયંકર કામો ને
પોતાના તારણને, ભૂલી ગયાં."
23 યહોવાએ તેમનો વિનાશ કરવો હતો પણ મૂસા, દેવનો
પસંદ કરેલો, દેવના વિનાશી કોપને શાંત પાડવા તેમની
સામે ઊભો રહ્યો. અને મૂસાએ તેમને રોક્યા, જેથી
તેમણે લોકોનો વિનાશ ન કર્યો. *
24 તેમણે તે મનોહર દેશને તુચ્છ ગણ્યો; અને તેઓએ
તેની વાતનો વિશ્વાસ કર્યો નહીં.
25 તેઓ પોતાના મંડપોમાં જઈને પોતાની અંદરો અંદર
દેવની વિરૂદ્ધ ફરિયાદ કરી, ને યહોવાના આદેશોનો
અનાદર કર્યો.
26 તેથી યહોવાએ રેતીનાં રણમાં તેમને મારી નાખવા
સમ લીધા.
27 તેઓ તેમના વંશજોને દૂર ફેંકી દેશે, અને તેઓને
પ્રજાઓમાં વિખેરી નાખશે.
28 પછી પેઓરમાં આપણા પિતૃઓ, બઆલનાં ભજનમાં
જોડાયા; એટલુંજ નહીં પણ તેમણે મૃતાત્માઓને

---

**અને ...કર્યો** મૂળ પ્રમાણે: દેવે કહ્યું કે તેમાં તેમનો વિનાશ કરશે. પણ મૂસા, દેવના પસંદ કરેલો વચ્ચે પડ્યો અને દેવનો વિનાશ કરવા માટેના કોપને પાછો હટાવ્યો. આ બતાવે છે કે મૂસા એક સૈનિક જેવો હતો જે નગરની દીવાલની બખોલમાં ઊભા રહીને શત્રુઓના સૈનિકો (દેવના કોપ) થી નગર (ઇસ્રાએલ) ની રક્ષા કરી.

અર્પણ કર્યા અને બલિદાનમાંથી તેમણે તે ખાધાં પણ
ખરાં.
29 યહોવાને આ બધી બાબતો દ્વારા તેઓએ કોપાયમાન
કર્યા; તેથી તેઓ મધ્યે જીવલેણ રોગ મરકી ફાંટી
નીકળ્યો.
30 ફીનહાસે પ્રાર્થના કરી ત્યાં સુધી; તે ચાલુ રહ્યો અને
પછી પ્લેગ અટકી ગયો હતો.
31 પેઢી દરપેઢી સર્વકાળપર્યંત ન્યાયીપણાને અર્થે તેનું
આ કામ તેના હકમાં યાદ કરાશે.
32 મરીબામાં ઈસ્રાએલીઓએ દેવને ક્રોધિત કર્યા; મૂસાએ
તેઓને કારણે કઈંક ખરાબ કર્યું.
33 તેઓના વર્તનને કારણે મૂસા ગુસ્સે થયા હતાં; અને
તે પોતાને મોઢે અવિચારી વાણી બોલ્યા.
34 યહોવાએ, કનાનીઓનો નાશ કરવાની આજ્ઞા કરી
હતી; તેઓએ તેમનો નાશ કર્યો નહીં.
35 પણ તેઓ પરદેશીઓ સાથે ભળી ગયા; અને તેઓના
દુષ્ટ માર્ગો અપનાવ્યા.
36 તેઓએ તેઓની જડ મૂર્તિઓની પૂજા કરી ; અને તે
તેઓને ફાંદા રૂપ થઈ પડ્યું.
37 વળી તેઓએ ભૂતોનેપોતાના નાનાં દિકરાઓ અને
દિકરીઓના બલિદાનો આપ્યાં .
38 તેઓએ તેઓના પુત્ર અને પુત્રીઓનું નિર્દોષ લોહી
વહેવડાવ્યું; અને કનાનની મૂર્તિઓ સમક્ષ બલિદાન
કર્યુ, આમ દેશ લોહીથી ભ્રષ્ટ થયો.
39 તેમનાં દુષ્ટ કાર્યોથી તેઓ અપવિત્ર બન્યા; કારણ,
દેવની દ્રષ્ટિમાં તેમનો મૂર્તિઓ પ્રત્યેનો પ્રેમ
વ્યભિચાર હતો.
40 તેથી યહોવાનો કોપ, પોતાના લોકો સામે સળગી
ઊઠ્યો; અને પોતાના વારસોથી કંટાળી ગયા, ને તેમના
પર ધૃણા થઈ.
41 તેમણે તેઓને, વિદેશીઓના હાથમા સોંપી દીધાં; અને
તેમના શત્રુઓએ તેમના ઉપર રાજ કર્યુ.
42 તેઓના શત્રુઓએ પણ તેઓને કચડ્યા; અને, તેઓના
હાથ નીચે પડીને તેઓ તાબેદાર થયા.
43 વારંવાર યહોવાએ મુક્ત કર્યા ગુલામીમાંથી; છતાં દેવ
વિરૂદ્ધ બંડ કરવાનું ચાલુ રાખ્યુ; અને પોતાના પાપને
લીધે તેઓ તારાજ થયા.
44 તેમ છતાં યહોવાએ તેમની પ્રાર્થનાઓ સાંભળી, અને
તેઓની આફતો તરફ તેમણે ધ્યાન આપ્યું.
45 યહોવાએ તેમની સાથે કરેલો તેમનો કરાર યાદ કર્યો
અને તેઓ પ્રતિ, તેમનો મહાન પ્રેમ દર્શાવ્યો.
46 જે શત્રુઓએ તેના લોકો કેદ કર્યા હતાં, દેવે તેઓની
પાસે તેમનાં પર કરુણા દર્શાવડાવી.
47 હે યહોવા, અમારા દેવ, અમને તાર; પ્રજાઓ મધ્યેથી
અમને ફરીથી એકત્ર કરો; જેથી અમે તમારા
પવિત્રનામનો આભાર માનીએ, અને સ્તુતિ ગાઈને
તમારો જયજયકાર કરીએ.
48 હે ઈસ્રાએલના દેવ યહોવા, અનાદિકાળથી અનંતકાળ
સુધી સ્તુત્ય મનાઓ; સર્વ લોકો આમીન કહી, અને
યહોવાની સ્તુતિ કરો!

## ભાગ પાંચમો

### ગીત 107

1 યહોવાનો આભાર માનો કારણ તે ઉત્તમ છે; અને
તેમની કૃપા સર્વકાળપર્યંત ટકે છે.
2 જે યહોવાના છોડાવાયેલા છે તેઓએ આ પ્રમાણે
કહેવું જોઈએ, કે દેવે તેઓને તેમના શત્રુઓથી
બચાવ્યા.
3 પૃથ્વીના દૂર દૂરનાં ખૂણે ખૂણેથી અને પૂર્વ, પશ્ચિમ,
ઉત્તર દક્ષીણ દિશામાંથી તેમણે પોતાના લોકોને સાથે
ભેગા કર્યા.
4 કેટલાંક ઉજ્જડ માર્ગે રણમાં ભટકતાં હતાં અને
તેઓને વસવા નગર ન મળ્યું.
5 તેઓ ભૂખ્યાં અને તરસ્યાં હતાં, અને નબળા પડી
રહ્યાં હતાં.
6 પોતાના સંકટમાં તેઓએ યહોવાને પોકાર કર્યો, અને
યહોવાએ તેઓને દુ:ખમાંથી છોડાવ્યાં.
7 યહોવા તેઓને, જ્યાં તેઓ વસવાટ કરી શકે તેવા
નગરમાં સીધે રસ્તે દોરી ગયાં.
8 દેવની કૃપા માટે તથા માનવ જાત માટે તેમણે કરેલાં
અદભૂત કાર્યો માટે ભલે તેઓ દેવનો આભાર માને.
9 કારણકે તે તરસ્યા આત્માને સંતોષે છે, ને ભૂખ્યા
આત્માને ઉત્તમ વાનાથી તૃપ્ત કરે છે.
10 કારણ કે તેઓએ દેવના આદેશ સામે બંડ પોકાર્યુ હતું
તેમણે પરાત્પર દેવના બોધનો તિરસ્કાર કર્યો હતો.
11 કેટલાંક લોકોને અંધારી જેલમાં સળિયા પાછળ તાળું
મારીને કેદ કરવામાં આવ્યાં હતાં.
12 તેઓ તેમની મુશ્કેલીઓથી નરમ થઈ ગયાં છે. તેઓ
લથડીને નીચે પડ્યાં, છતાં તેમને મદદ કરનાર કોઈ
ન હતું.
13 તેઓએ પોતાના સંકટમાં યહોવાને પોકાર કર્યો; એટલે
તેણે તેઓને દુ:ખમાંથી તાર્યા.
14 તે તેઓને અંધકાર અને મરણછાયામાંથી કાઢી લાવ્યાં;
અને બંધન તોડી નાંખ્યા.
15 ભલે આભાર માને તેઓ યહોવાનો તેમની કૃપા માટે
અને વિસ્મયજનક કાર્યો જે તેઓ માનવજાત માટે
કરે છે.
16 તેણે બંદીખાનાના પિત્તળના દરવાજા તોડી નાખ્યા
અને તેઓની લોખંડની ભૂંગળો પણ તોડી નાખી.
17 મૂર્ખ લોકો પોતાના પાપથી તથા પોતાની ભૂંડાઈથી;
સંકટમાં આવી પડે છે.
18 સર્વ પ્રકારના ખોરાકથી, તેઓના જીવ કંટાળી જાય
છે; અને મૃત્યુ તરફ પહોંચી જાય છે.

19 પોતાના સંકટોમા તેઓ યહોવાને પોકારે છે; અને
યહોવા તેઓને દુ:ખમાંથી તારે છે.
20 તેઓ પોતાનું વચન મોકલીને તેમને સાજા કરે છે,
અને તેણે તેઓને કબરમાંથી ઉગાર્યા છે.
21 ભલે આભાર માને તેઓ યહોવાનો તેમની કૃપા માટે
અને વિસ્મયજનક કાર્યો જે તેઓ માનવજાત માટે
કરે છે.
22 તેમને દેવને આભારસ્તુતિનાં અર્પણો આપવા દો.
યહોવાના કાર્યોને ગીતો દ્વારા પ્રગટ થવા દો.
23 જે નાવિકો સમુદ્રમાં એક બાજુએથી બીજી બાજુ સુધી
નૌકા વિહાર કરે છે અને સમુદ્ર પર કૌશલ્યનું કામ
કરે છે,
24 તેઓ પણ દેવની કાર્યશક્તિ નિહાળે છે; અને અદ્ભૂત
કૃત્યો ઊંડાણોમાં જુએ છે.
25 તે આજ્ઞા આપે છે તો તોફાની પવનો ચડી આવે છે;
તેથી મોજાઓ ઊંચા ઊછળે છે.

26 મોજા સાથે તેઓના વહાણો ઊંચા ઊંચકાય છે; અને
પાછા ઊંડાણમાં પટકાય છે; લાચાર સ્થિતિમાં
ખલાસીઓની હિંમત ઓગળી જાય છે.
27 તેઓ પીધેલાની જેમ આમતેમ ડોલતા લથડે છે; અને
તેમ તેઓની બુદ્ધિ બહેર મારી જાય છે.
28 તેઓ સંકટમાં હોય ત્યારે પોકારે છે; 'યહોવાને', તે
તેઓને દુ:ખમાંથી કાઢે છે.
29 તેણે તોફાનને અટકાવ્યા તથા મોજાઓને શાંત
કર્યા છે.
30 પછી તેઓ મહાસાગરની સ્થિરતાનો આનંદ માણે
છે અને દેવ તેઓને તેમની પસંદગીના બંદરે દોરી
જાય છે.
31 તેમની આ કૃપા તથા માનવજાતને માટેના, તેનાં
અદભૂત કાર્યો માટે; તેઓને યહોવાનો આભાર
માનવા દો.
32 યહોવાને મોટા મનાવો લોકોની સભામાં; અને
વડીલોના મંડળમાં તેઓની સ્તુતિ કરો.
33 તે જ્યાં નદીઓ છે ત્યાં રણ કરી દે; અને જ્યાં ઝરા
વહે છે ત્યાં તરસી ભૂમિ કરી દે.
34 વળી ત્યાં વસતાં લોકોની દુષ્ટતાને કારણે, ફળદ્રુપ
ભૂમિને ખારવાળી બનાવે છે.
35 વળી તે રણમાં સરોવર કરે છે; ઉત્પન્ન અને કોરી
ભૂમિમાં તે ઝરણાંઓને વહેતા કરે છે
36 અને ત્યાં ભૂખ્યાં જનોને વસવાં લાવે છે; જેથી તેઓ
પોતાને રહેવા માટે નગર બાંધે છે.
37 તેઓ ખેતરમાં વાવેતર કરે છે; અને દ્રાક્ષાવાડીઓમા
રોપણી કરીને; તેઓ તેનાં ફળની ઊપજ ઉત્પન કરે
છે.
38 તે આશીર્વાદ આપે છે, તેથી તેમની પુષ્કળ વૃદ્ધિ
થાય છે ; અને ઢોર-ઢાંખર પણ વધે છે .
39 પરંતુ જેમ સમય પસાર થાય છે, તેમ તેમની વસ્તિ
જુલ્મો વિપત્તિઓ અને શોકથી ઓછી થાય છે તેમની
સંખ્યામાં ઘટાડો થયો છે.
40 અમીર-ઉમરાવો ઉપર તે અપમાન લાવે છે, અને
રખડતાં કરી દે છે માર્ગ વિનાના રણમાં.
41 પણ પછી દેવ તે ગરીબ લોકોને તેમનાં દુ:ખોમાંથી
બહાર કાઢયા અને તેમના કુટુંબોની સંખ્યા વધારી જે
ઘેટાંના ટોળાઓની જેમ વધી હતી.
42 તે જોઇને ન્યાયીઓ આનંદ પામશે; અને સઘળાં
અન્યાયીઓનાં મોઢા બંધ થશે.
43 જેનામાં શાણપણ છે, તે આ બધું ધ્યાનમાં લેશે; અને
યહોવાના અવિકારી પ્રેમ વિષે વિચાર કરશે.

## ગીત 108

*દાઉદ નું ગીત.*

1 હે દેવ, મેં મારા હદય અને આત્માને તૈયાર કર્યા છે,
હું તમારી સ્તુતિ કરીશ ગીતો ગાઈશ અને તમારી
સમક્ષ ખુશ થઈશ.
2 જાગો, ઓ વીણા અને સારંગી; ચાલો આપણે પ્રભાતને
જગાડીએ.

3 "હે યહોવા, હું પ્રજાઓની તથા બીજા લોકોની વચ્ચે
પણ તમારી સ્તુતિ કરીશ, હું તમારા સ્તોત્ર ગાઈશ."
4 કારણ, તમારી કૃપા આકાશ કરતાંય મોટી છે અને
તમારું વિશ્વાસુપણું વાદળો સુધી પહોંચે છે.
5 હે દેવ, સ્વર્ગથીય ઊંચા ઊઠો! ભલે સમગ્ર દુનિયા
તમારું ગૌરવ જુએ!
6 દેવ, તમારા પ્રિય મિત્રોની રક્ષા માટે આ કરો, તમે
તમારા મહાસામર્થ્ય સહિત આવો અને તેમને
ઉગારો.
7 દેવ તેમના પવિત્ર મંદિરમાંથી બોલ્યા, "હું યુદ્ધ જીતીશ
અને આનંદ પામીશ હું આ ભૂમિ વહેંચીશ, અને
તેમને શખેમ તથા સુકકોથની ખીણ આપીશ.
8 ગિલયાદ અને મનાશ્શા પણ મારા છે; એફ્રાઈમ
માથાનો ટોપ છે અને, યહૂદીયા મારો રાજદંડ છે.
9 મોઆબ મારા પગ ધોવાનો વાટકો બનશે. અદોમ
મારા ખાસડા ઊંચકી લાવશે, હું પલિસ્તીઓને
હરાવીશ અને જયનાદ કરીશ!"

10 મને કોટબંધ નગરમાં કોણ લઈ જશે? અને મને
અદોમમાં કોણ દોરી જશે.
11 હે યહોવા, શું તમે અમને તરછોડ્યાં છે? હે દેવ, તમે
અમારા સૈન્યને તજ્યું છે?
12 અમને અમારા શત્રુઓ સામે મદદ કરો, અમને મદદ
કરો લોકો તરફની મદદ નકામી છે!
13 અમે દેવની સહાયથી પરાક્રમો કરીશું; હા, એ જ
અમારા શત્રુઓને કચડી નાંખશે.

## ગીત 109

*નિર્દેશક માટે. દાઉદના સ્તુતિગીતોમાંનુ એક*

1 હે મારા દેવ, તમે તે એક છો જેની હું સ્તુતિ કરું છું તમે મૌન ધારણ કરીને દૂર ઊભા ન રહો.

2 કારણ, દુષ્ટ અને કપટી માણસો મારા પર આક્ષેપો મૂકે છે; તેઓ મારી સામે પોતાની જીભે જ જૂઠું બોલે છે.

3 તેઓએ મને તિરસ્કૃત શબ્દોથી ઘેરી લીધો છે; તેમને વિના કારણ મારી સાથે લડાઈ કરવી છે.

4 તેઓ મારી પ્રીતિનાય બદલામાં મારા શત્રુ થયા છે ; પણ હું તો તેઓ માટે પ્રાર્થના કરું છું .

5 તેઓ ઉપકારને બદલે અપકાર કરે છે; અને મારી પ્રીતિને બદલે તેઓ દ્વેષ કરે છે.

6 મારા શત્રુનો સામનો કરવા માટે એક દુષ્ટ માણસને નિયુક્ત કરો. અને તેને એક અપ્રમાણિક ન્યાયાધીશ સામે ઊભો રાખો.

7 અને તેનો મુકદમો ચાલે ત્યારે ભલે તેને 'દોષી' ઠરાવાય, અને ભલે દેવ દ્વારા તેની પ્રાર્થના પાપથી ભરેલી ગણાય.

8 તેનાં આયુષ્યનાં વર્ષો થોડાં અને ટૂંકા થાઓ; અને તેનું પદ કામ લેવાંને બીજાં આગળ આવો.

9 તેમના સંતાનો પિતૃવિહોણા થાઓ; અને તેની પત્ની વિધવા થાઓ.

10 તેનાં સંતાનો રખડી રખડીને ભીખ માંગો; ઉજ્જડ થયેલા પોતાના ઘરોમાંથી તેઓને હાંકી કાઢો, અને તેઓ રોટલાં માગી ખાય.

11 જોરજુલમથી લેણદાર તેમનું બધું લઇ જાઓ; તેમનાં મહેનતનાં ફળ પરાયા લૂંટી જાઓ.

12 તેના પર દયા દાખવનાર કોઈ ન રહો;

13 ભલે મારા શત્રુઓ અને તેના પરિવારોનો નાશ થાય! અને ભલે આવતી પેઢીમાંથી તેનું નામ સંપૂર્ણ પણે ભૂંસાઈ જાય!

14 યહોવાને ભલે યાદ રહો; તેના બાપદાદાના પાપો! માતાપિતાના પાપની તેને સજા મળે! અને તેનાં પાપો પ્રત્યે તે (દેવ) આંખ આડા કાન ન કરે!

15 તે પાપો યહોવાની નજરમાં નિત્ય રહો; જેથી તેનું પૃથ્વી પરથી નામનિશાન ઉખેડી નાખવામાં આવે!

16 કારણ, તેણે બીજાઓ પ્રત્યે માયાળુ બનવા ના પાડી છે; અને ગરીબોની સતામણી કરી છે; અને ભગ્નહૃદયી માણસોને મારી નાખ્યા છે.

17 બીજાઓને શાપ દેવાનું તેને ગમતું હતું; ભલે શાપો તેની ઉપર આવે. તેણે બીજા કોઈને કદી આશીર્વાદ આપ્યા નથી; તેથી ભલે આશીર્વાદોને તેનાથી દૂર રહેવા દો.

18 શાપોને તેના વસ્રો થવા દો! શાપોને તેનું પીવાનું પાણી થવા દો! શાપોને તેના શરીર પરનું તેલ થવા દો.

19 પહેરવાના વસ્રની જેમ તે તેને ઢાંકનાર થાઓ; અને કમરબંધની જેમ તે સદા વીંટળાઈ રહો.

20 જેઓ મારા શત્રુ છે, અને જેઓ મારા આત્માની વિરૂદ્ધ બોલનાર છે; તેઓને આ યહોવા તરફની શિક્ષા છે.

21 પણ હે યહોવા દેવ, તમે મારા માલિક છો! ને તમારા નામને માટે મારા ભલા માટે કામ કરો; તમારી કૃપા ઉત્તમ છે, યહોવા, મારો ઉદ્ધાર કરો.

22 હું ગરીબ છું ને તંગી અનુભવું છું; ને મારું હૃદય ઊંડે સુધી ઘાયલ થયું છે.

23 મારું જીવન સંધ્યા સમયના પડછાયાની જેમ અંત પામે છે. મને તીડની જેમ ખંખેરી નાખ્યો હોય તેવું લાગે છે.

24 ઉપવાસથી મારાં ઘૂંટણ નબળા પડ્યાં છે; અને પુષ્ટિ વિના મારું માંસ ઘટી ગયું છે.

25 હું સર્વ માણસો માટે નિષ્ફળતાનું પ્રતિક બન્યો છું; જ્યારે મને જુએ છે ત્યારે પોતાના માથા હલાવે છે.

26 હે યહોવા, મારા દેવ, મને મદદ કરો; મને ઉગારો, તમે કૃપાળુ અને પ્રેમાળ છો.

27 જેથી હે યહોવા, આ તારે હાથે તેં જ કર્યુ છે એમ તે સર્વ લોકો જાણે.

28 તેઓ ભલે મને શાપ આપે, હું તેની કાળજી કરીશ નહીં; કારણ તમે મને આશીર્વાદ આપો છો; જ્યારે તેઓ મારા પર હુમલો કરે ત્યારે તેમને હારવા દો, પછી હું તમારો સેવક આનંદ પામીશ.

29 મારા શત્રુઓ વસ્રની જેમ લાજથી ઢંકાઈ જાઓ! અને ડગલાની જેમ તેઓ નામોશીથી ઢંકાઈ જાઓ.

30 પરંતુ હું યહોવાનો વારંવાર આભાર માનીશ; અને હું તેમની ઘણા લોકોમાં સ્તુતિ ગાઈશ.

31 કારણકે તે ઊભા રહે છે ગરીબ અને ભૂખ્યાંઓની જોડે; અને જેઓ તેમને મોતની સજા કરવાનો પ્રયત્ન કરે છે; તેમનાથી તે અસહાય લોકોને બચાવે છે.

## ગીત 110

*દાઉદનું ગીત.*

1 યહોવાએ મારા ધણીને કહ્યું, "જ્યાં સુધી; હું તારા દુશ્મનોને હરાવું અને તેઓને તારી સમક્ષ નીચા નમાવું, ત્યાં સુધી તું મારી જમણી તરફ બેસ."

2 યહોવા સિયોનમાંથી તારા સામર્થ્યનો રાજદંડ મોકલશે; તારા શત્રુઓ પર રાજ કર.

3 તારા લોકો તારા યુદ્ધને દિવસે તારી સાથે જોડાવવા ઈચ્છશે. સવારે તેં તારા પવિત્ર વસ્રો ધારણ કરેલા છે. તારી યુવાવસ્થાનું જોર તને દોરવે છે.

4 યહોવાએ પ્રતિજ્ઞા કરી, "તું મલ્ખીસદેકની જેમ, સદાને માટે યાજક છે; તેમનું આ વચન તે કદી રદબાતલ કરશે નહીં."

5 તારી રક્ષા માટે, તારી પાસે માલિક ઊભા છે; તે ઘણા રાજાઓનો પોતાના ક્રોધને દિવસે નાશ કરશે.

6 તે સર્વ પ્રજાઓને શિક્ષા કરશે; અને તેમની પ્રજાઓના પ્રદેશ મૃતદેહથી ભરી દેશે, અને તેની વિશાળ ભૂમિમાં માથાઓને છૂંદી નાંખશે.
7 તે માર્ગમાંના ઝરાઓમાંથી પાણી પીશે; નવી તાજગી સાથે પોતાનું માથું ઊંચુ કરશે.

## ગીત 111

1 હાલેલૂયા! ન્યાયીઓની સભામાં અને મંડળીઓમાં હું ખરા હૃદયથી યહોવાનો આભાર માનીશ.
2 યહોવાના કાર્યો મહાન છે; લોકોને જે સારી વસ્તુઓ જોઈએ છે જે દેવ પાસેથી આવે છે.
3 તેના કાર્યો યશસ્વી અને અદ્ભૂત છે. અને તેની નિષ્પક્ષતા સદાકાળ ટકે છે.
4 દેવે તેના ચમત્કારોને અવિસ્મરણીય સ્મૃતિ બનાવી દીધાં છે. યહોવા દયાળુ અને કૃપાળુ છે.
5 તે તેના અનુયાયીઓને ખોરાક પૂરો પાડે છે, ને તે પોતાના વચનોને કદી ભૂલતા નથી.
6 તેણે તેના લોકોને બીજા રાષ્ટ્રોની જમીન આપી છે. અને આ રીતે તેમને તેના સામર્થ્યભર્યા કૃત્યો દેખાડ્યા છે.
7 તેમણે જે કાંઈ કર્યુ છે તેમાં સત્યતા ને ન્યાય છે; તેમની સર્વ આજ્ઞાઓ વિશ્વાસને યોગ્ય છે.
8 કારણ, આ નિયમો સત્યમાંથી અને વિશ્વાસુપણામાંથી ઉદ્દભવ્યા છે; તેઓ સદાને માટે અચળ છે.
9 દેવે તેના લોકોને સ્વતંત્રતા આપી છે. અને તેમણે તેઓની સાથે એક સનાતન કરાર બનાવ્યો છે. તેમનું નામ પવિત્ર તથા ભયાવહ છે.
10 દેવ માટે માન અને ડરથી ડાહપણ શરૂ થાય છે. જે લોકો તેના આદેશોનું પાલન કરે છે તેઓ ડાહ્યા છે. તેના માટે સદાય સ્તુતિના ગાન ગવાતા રહેશે.

## ગીત 112

1 યહોવાની સ્તુતિ થાઓ! જે દેવનો ડર રાખે છે અને માન આપે છે તે ધન્ય છે. અને જેઓ ખુશીથી તેની આજ્ઞાને અનુસરે છે તેઓ આશીર્વાદિત છે.
2 તેઓનાં સંતાન પૃથ્વી પર બળવાન થશે; અને ન્યાયીઓના વંશજો સાચા અર્થમાં આશીર્વાદ પામશે.
3 તેમના ઘરમાં ધનદોલતની વૃદ્ધિ થશે; અને તેમનું ન્યાયીપણુ કદી વિસરાશે નહીં.
4 સારા લોકો માટે અંધકારમાં પ્રકાશ પ્રગટ થાય છે; તેઓને માટે દેવ ભલા, દયાળુ અને કૃપાળુ છે.
5 વ્યકિત માટે દયાળુ અને ઉદાર થવું તે સારું છે, વ્યકિત માટે એ તેના બધાં વ્યવહારમાં ન્યાયી રહેવું તે સારું છે.
6 તે વ્યકિત કદી પડશે નહીં તેથી સારા માણસનું સ્મરણ રહેશે સર્વકાળ.
7 તે ખરાબ સમાચારથી ડરતો નથી; અને શું થશે તેની પણ થિંતા કરતો નથી તે દેવ પર ભરોસો રાખી દ્રઢ રહે છે.
8 તેનું અંત:કરણ શાંત અને સ્થિર રહે છે; તેથી તે ડરશે નહીં. શત્રુઓ પર જીત મેળવશે.
9 તેણે ઉદારતાથી નિર્ધનોની મદદ કરી છે, અને તેનું ન્યાયીપણું સર્વકાળ ટકે છે; અને તે મોટું સન્માન પ્રાપ્ત કરશે.
10 જ્યારે દુષ્ટો આ જોશે ત્યારે ગુસ્સે થશે, તેઓ ક્રોધમાં પોતાના દાંત પીસશે; અને દુબળા થઈ જશે, દુષ્ટોની યોજનાઓ નિષ્ફળ જશે.

## ગીત 113

1 યહોવાની સ્તુતિ કરો, હે યહોવાના સેવકો; સ્તુતિ કરો, યહોવાના નામની સ્તુતિ કરો.
2 યહોવાનું નામ આ સમયથી તે સર્વકાળ સ્તુત્ય થાઓ;
3 સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી યહોવાના નામની સ્તુતિ કરો.
4 યહોવા, સર્વ પ્રજાઓ પર સર્વોપરી અધિકારી છે; અને તેનું ગૌરવ આકાશો કરતાં મોટું છે.
5 આપણા દેવ યહોવા જેવો છે કોણ? જે ઉચ્ચસ્થાનમાં પોતાનું રહેઠાણ રાખે છે.
6 આકાશો ને પૃથ્વીથી યહોવા ઘણા ઊંચા છે. પોતાને નીચા નમાવે છે, તેથી તેને જોવા તેમણે નીચું જોવુ પડે.
7 રાંકને ધૂળમાંથી તેં ઉઠાવી લે છે; અને ભૂખ્યાઓને કચરાનાં ઢગલામાંથી.
8 અને બેસાડે છે પોતાના લોકોને અમીર ઉમરાઓ સાથે; રાજકુમારોની મધ્યે.
9 તે નિ:સંતાન સ્રી ને સંતાન આપે છે; અને સુખી થશે માતા, હાલેલૂઆ! ભલે યહોવાની સ્તુતિ થાઓ.

## ગીત 114

1 જ્યારે ઈસ્રાએલીઓ વર્ષો પૂર્વે મિસરમાંથી નીકળ્યાં, તેથી પરભાષા બોલનાર લોકોમાંથી યાકૂબનું કુટુંબ નીકળ્યું.
2 પછી યહૂદીયા દેવનું નવું ઘર અને ઈસ્રાએલ દેશ તેમનું રાજ્ય બન્યાં.
3 તેઓને આવતા જોઈને લાલ સમુદ્ર બે ભાગમાં વહેંચાઈ ગયો; યર્દન નદી પાછી વળી અને દૂર દોડી ગઈ.
4 પર્વતો ઘેટાંઓની માફક કૂદ્યા અને ડુંગરો ગાડરની જેમ કૂદ્યા.
5 અરે લાલ સમુદ્ર! તને શું થઈ ગયું કે તું બે ભાગમાં વહેંચાઈ ગયો? યર્દન નદી, શું થયું તારા પાણીનું? શા માટે તમે પાછા હઠી ગયા?

6 અરે પર્વતો, તમે શા માટે ઘેટાંની જેમ કૂધ્યા? અને ડુંગરો તમે કેમ હલવાનોની જેમ કૂધ્યા?
7 હે પૃથ્વી, માલિક સમક્ષ, યાકૂબના યહોવા દેવની સમક્ષ તું થરથર કાંપ.
8 તેણે ખડકમાંથી પાણી વહેતું કર્યુ તેણે ચકમકમાંથી જળનાં ઝરણા વહાવ્યાં.

## ગીત 115

1 હે યહોવા, અમારું નહીં, તમારું નામ થાઓ મહિમાવાન; તમારી કૃપા અને તમારા વિશ્વાસુપણા માટે સર્વ સ્તુતિ કરે.
2 પ્રજાઓ શા માટે એમ પૂછે છે: "તમારા દેવ ક્યાં છે?"
3 કારણ અમારા દેવ સ્વર્ગમા છે અને તેમની ઈચ્છા પ્રમાણે કાર્ય કરે છે.
4 તેઓના દેવો સોના ચાંદીના જ છે; અને તે ઘડવાનું કામ પણ છે તે માણસોના હાથનું.
5 મોંઢા છે તેઓને છતાં બોલતાં નથી; આંખો છે તેઓને છતાં જોઈ શકતાં નથી.
6 તેઓને કાન છે છતાં સાંભળતા નથી; નાક છે પણ તેઓ સૂંઘી શકતા નથી.
7 હાથ છે તેઓને પણ ઉપયોગ કરતાં નથી; પગ છે તેઓને છતાં તે ચાલી શકતા નથી. પોતાના ગળામાંથી અવાજ કાઢી શકતા નથી.
8 જેઓ તેમને બનાવશે, અને વિશ્વાસ કરશે તેઓ બધાં જલ્દી તેમના જેવા ન્યાયી થશે.
9 ઓ ઈસ્રાએલ, યહોવામાં તમારી શ્રદ્ધા રાખો. તે તારો તારણહાર છે અને તે તારી ઢાલ છે.
10 હે હારુનપુત્રો, યહોવામાં તમારી શ્રદ્ધા રાખો, તે તમારો તારણહાર અને તમારી ઢાલ છે.
11 ઓ યહોવાના અનુયાયીઓ તેમનામાં તમારો વિશ્વાસ રાખો, તે તમારા મદદગાર ને ઢાલ છે.
12 યહોવાએ આપણને સંભાર્યા છે, તે આપણને આશીર્વાદઆપશે; ઈસ્રાએલપુત્રોને અને હારુનપુત્રોને પણ તે આશીર્વાદ આપશે.
13 હે યહોવાના ભકતો, નાનામોટાં સૌને તે આશીર્વાદ આપશે.
14 યહોવા ખચીત તમારા છોકરાંની તથા તમારી વૃદ્ધિ કર્યા કરશે.
15 હા, આકાશ અને પૃથ્વીના સર્જક; યહોવા પોતે, તમને આશીર્વાદ આપશે.
16 આકાશો તો યહોવાના પોતાના છે, પણ પૃથ્વી આપી છે તેણે માણસોને.
17 મૃત્યુ પામેલાઓ, કબરમાં ઊતરનારાઓ પૃથ્વી પર યહોવાના સ્તોત્ર નથી ગાઈ શકતા.
18 પણ આજથી અમે સર્વકાળપર્યંત યહોવાની સ્તુતિ કરીશું. હાલેલૂયા! યહોવાની સ્તુતિ થાઓ.

## ગીત 116

1 યહોવા જ્યારે મારી પ્રાર્થનાઓ સાંભળે છે અને તેના ઉત્તર આપે છે તે મને ગમે છે.
2 તેણે પોતાના કાન મારા તરફ ધર્યા છે; માટે હું તેમની પ્રાર્થના જીવનપર્યંત કરીશ.
3 હું સપડાઈ ગયો હતો મરણની જાળમાં; મને લાગતું હતું જાણે હું શેઓલમાં હોઉં; અને મને મળ્યાં હતાં સંકટ ને શોક.
4 ત્યારે મેં પોકાર કર્યો યહોવાના નામનો, "હે યહોવા મને બચાવો."
5 યહોવા ન્યાયી અને કૃપાળુ છે; આપણા દેવ ખરેખર માયાળુ છે.
6 યહોવા અસહાયનું રક્ષણ કરે છે; હું છેક લાચાર બની ગયો તો; ત્યારે તેણે મને બચાવ્યો'તો.
7 હે મારા આત્મા, વિશ્રામ કરો! કારણકે યહોવા તમારી સંભાળ રાખે છે;
8 તમે મારા પ્રાણને મૃત્યુથી અને મારી આંખોને આંસુથી અને મારા પગોને લથડવાથી ઉદારતાથી બચાવ્યાં છે.
9 હું જીવલોકમાં જીવતો રહીશ; અને યહોવાની સેવા કરવાનું ચાલુ રાખીશ.
10 "હું ઘણો દુ:ખી છું," મે જ્યારે એમ કહ્યું ત્યારે પણ મેં તે માનવાનું ચાલું રાખ્યું છે.
11 મારા ગભરાટમાં મેં કહી દીધું હતું કે, "સર્વ માણસો જૂઠા છે."
12 યહોવાના મારાં પર થયેલા સર્વ ઉપકારોનો હું તેને શો બદલો આપું?
13 મારું રક્ષણ કરવા માટે તેમની માટે હું દ્રાક્ષારસનું અર્પણ લઈ જઈશ; અને હું દેવના નામે પોકારીશ.
14 મેં જે માનતા લીધી છે યહોવા સમક્ષ, તે હું તેના સર્વ લોક સમક્ષ પૂર્ણ કરીશ.
15 યહોવાની દ્રષ્ટિમાં તેના ભકતનું મૃત્યુ કિંમતી છે.
16 હે યહોવા, તમે મને મારા બંધનોથી મુક્તિ આપી છે, ઓ યહોવા, ખરેખર હું તમારો દાસ; તમારો ગુલામ છું, દીકરો છું તમારી દાસીનો.
17 હું તમારી માટે આભાર અર્પણો લઈ આવીશ, અને હું યહોવાના નામે પોકારીશ.
18 મેં યહોવા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાઓ; તેમનાં સર્વ લોકો સમક્ષ હું પૂર્ણ કરીશ.
19 હે યરૂશાલેમ! તારી અંદર યહોવાના મંદિરમાં સ્તુતિ થાઓ, યહોવાની સ્તુતિ થાઓ.

## ગીત 117

1 પૃથ્વીનાં સર્વ લોકો યહોવાને મોટા મનાઓ. બધી પ્રજાઓ સર્વ સ્થળે યહોવાની સ્તુતિ કરો.
2 કારણકે તેમની અનહદ કૃપા આપણા પર છે; દેવની સત્યતા ટકે છે સર્વકાળ; યહોવાની સ્તુતિ હો.

## ગીત 118

1 યહોવાનો આભાર માનો; કારણકે તે ભલા છે તેમનો
સાચો પ્રેમ સદાય રહે છે.
2 ઈસ્રાએલના પ્રજાજનો, તેમની સ્તુતિ કરો આ શબ્દોથી,
"તેમની કૃપા સદાય રહે છે."
3 હારુન પુત્રો, આ પ્રાર્થના ગીત ગાઓ, "તેમનો સાચો
પ્રેમ સદાય રહે છે."
4 યહોવાના અન્ય ભકતો, તમે પણ કહો કે; "તેમનો
સાચો પ્રેમ સદાય રહે છે."
5 મારા સંકટમાં મેં યહોવાને વિનંતી કરી; તેમણે મને
ઉત્તર આપી ને મને બચાવ્યો.
6 યહોવા મારા પક્ષમાં છે, મને ડર શાનો? પૃથ્વી પરનો
માણસ મને શું કરી શકે?
7 યહોવા મને મદદ કરશે, તે મારા પક્ષમાં છે; તેથી
મારી સગી આંખે હું મારા શત્રુઓને પરાજીત થતાં
જોઈશ.
8 માણસો પર ભરોસો રાખીએ તે કરતાં; યહોવા પર
ભરોસો રાખીએ તે વધુ સારુ.
9 સમર્થ રાજાઓના આશ્રયે જવું તે કરતાં; યહોવામાં
આશ્રય મેળવવો તે વધું સારો.
10 બધી પ્રજાઓએ મને ઘેરી લીધો છે,પણ હું યહોવાનું
નામ લઈને તેમને પરાજીત કરીશ.
11 હા, મને શત્રુઓએ ઘેર્યો હતો ખરેખર તેમણે મને
ઘેર્યો હતો; પણ યહોવાના નામ ઉપર હું તેમને
હરાવીશ.
12 તેઓએ મને મધમાખીઓની જેમ ઘેર્યો હતો; પણ
તેઓ સળગતાં કાંટાની જેમ તુરંતજ ઓલવાઈ ગયા.
હું તેમને યહોવાનું નામ લઈને હરાવીશ.
13 ઓ મારા શત્રુઓ, તમે મારો વિનાશ કરવા ઘણી
મહેનત કરી. પણ મને યહોવાએ સહાય કરી.
14 પણ યહોવા મારું સામર્થ્ય છે ને વિજયગીત છે; તે જ
મારું તારણ થયા છે.
15 સદાચારીઓના મંડપમાં, વિજયોત્સવના હર્ષનાદ
સંભળાય છે, યહોવાનો જમણો હાથ બહાદુરીના કાર્યો
કરે છે.
16 યહોવાનો જમણો હાથ ઊંચો થયેલો છે; અને
યહોવાનો જમણો હાથ પરાક્રમ કરે છે.
17 હું મરીશ નહીં પણ હું જીવતો રહીશ; અને યહોવાએ
કરેલા સર્વ કાર્યોને ઉચ્ચારીશ.
18 યહોવાએ મને ભારે શિક્ષા કરી, પણ તેણે મને મૃત્યુને
સ્વાધીન કર્યો નથી.
19 ન્યાયીપણાનું પ્રવેશદ્વાર ઉઘાડો, હું તેમા થઈને જઈશ;
અને યહોવાનો આભાર માનીશ.
20 એ દ્વાર યહોવાની સમક્ષ જવાનું છે; યહોવાનો ભય
રાખનાર ન્યાયીઓ તેમાં જશે.
21 હે યહોવા, તમે મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો છે;
અને મારો ઉદ્ધાર કર્યો, હું તમારો આભાર માનું છું.
22 જે પથ્થરને ઘર બાંધનારાઓએ નકાર્યો હતો; તે જ
ખૂણાનો મુખ્ય પથ્થર થયો છે.
23 આ કાર્ય તો યહોવાથી થયું છે; આપણી દ્રષ્ટિમાં તે
આશ્ચર્યકારક છે.
24 યહોવાએ આપણને આ દિવસ આપ્યો છે; આપણે
આનંદોત્સવ કરીએ.
25 હે યહોવા, અમારી ઉપર દયા રાખ અને અમને ઉગાર,
હે યહોવા, અમારી પર દયા કર અને મહેરબાની
કરીને અમને સફળ બનાવો.

26 યહોવાને નામે જે આવે છે તેને ધન્ય છે; દેવના
મંદિરમાંથી અમે તમને આશીર્વાદ દીધો છે.
27 યહોવા દેવ છે અને તે અમારો પ્રકાશ છે. બલિદાન
માટે બાંધેલા ઘેટાને વેદીના શિંગ તરફ લઈ જતાં
ઉત્સવના સરઘસમાં તમે બધાં જોડાઈ જાઓ.
28 તમે મારા યહોવા, હું તમારો આભાર માનીશ; તમે
મારા દેવ છો, હું તમને મોટા મનાવીશ.
29 યહોવાનો આભાર માનો, તે ઉત્તમ છે; અને તેમની
કૃપા સર્વકાળ ટકે છે.

## ગીત 119

*આલેફ*

1 જેઓ પવિત્ર જીવન જીવે છે, તથા યહોવાના નિયમોને
અનુસરે છે તેઓ આશીર્વાદિત છે.
2 જેઓ પૂર્ણ હૃદયથી યહોવાની શોધ કરે છે અને હંમેશા
યહોવાના કરારનું પાલન કરે છે, તેઓ સર્વ
આશીર્વાદિત છે.
3 તેઓ કદી ખરાબ કામ કરતા નથી, અને તેઓ યહોવાના
ન્યાયી માર્ગની કેડીએ ચાલે છે.
4 તમે અમને નિયમો આપ્યાં છે, તમે અમને તે હુકમોનું
કાળજીપૂર્વક પાલન કરવા કહ્યું છે.
5 હું મારા કાર્યો તમારા કાનૂનો સાથે સુમેળમાં રહે તેમ
ઈચ્છુ છું .
6 પછી જ્યારે હું તમારા બધાં આદેશોનો અભ્યાસ કરીશ
હું ક્યારેય શરમિંદો નહિં થાઉં.
7 તમારા ખરા ન્યાયથી હું માહિતગાર થઈશ; ત્યારે
શુદ્ધ હૃદયથી હું તમારો આભાર માનીશ.
8 હું તમારા કાયદાઓને અનુસરીશ, તેથી કૃપા કરી
મને છોડશો નહીં!

*બેથ*

9 યુવાન માણસ કેવી રીતે પોતાનું જીવન શુદ્ધ રાખી
શકે? તમારા હુકમોને અનુસરીને તે કરી શકે છે.
10 મે મારા ખરા હૃદયથી સેવ્યો છે તને; તારી આજ્ઞાઓથી
ચૂકીને મને ભટકવા ન દે.
11 મેં તમારા શબ્દો કાળજી પૂર્વક મારા હૃદયમા રાખી
મૂક્યા છે; જેથી, હું ફરી પાપ ન કરું તમારી વિરૂદ્ધ.

12 યહોવાની સ્તુતિ થાય! કૃપા કરીને મને તમારા
કાયદાઓ શીખવો.
13 હું તમારા બધાં નિયમો વિષે વાત કરીશ.
14 સંપત્તિ કરતાં તમારા નિયમોમાં મને વધુ આનંદ
મળે છે.
15 હું તમારા કાયદાઓની ચર્ચા કરું છું, હું તમારા જીવન
જીવવાના માર્ગને અનુસરું છું.
16 હું તમારા કાયદાઓને માનું છું હું તેમને ભૂલી જઇશ
નહીં.

*ગિમેલ*

17 મને તમારા સેવકને બદલો આપો; જેથી હુ જીવિત
રહું અને તમારા આદેશનું પાલન કરું.
18 તમારા નિયમશાસ્ત્રની આશ્ચર્યકારક વાતોનું
અવલોકન કરવા માટે; મારી આંખો ઉઘાડો.
19 પૃથ્વી પર હું તો એક યાત્રી છું; તારી આજ્ઞાઓ મારાથી
સંતાડ નહીં.
20 મારું હૃદય તમારા કાયદાઓ માટે હંમેશા તીવ્ર ઝંખના
કરે છે.
21 તમે ઉદ્ધત લોકોને જેઓ તમારી આજ્ઞાઓને માનતા
નથી. તેમને ઠપકો આપો છો.
22 મહેણાં ને અપમાનને મારાથી દૂર કરો; કારણકે મેં
તારાં નિયમો માન્યાં છે.
23 સરદારો પણ આસનો પર બેઠાબેઠા મારી વિરૂદ્ધ બોલતા
હતાં; પણ તારા સેવકે તમારા નિયમોનું મનન તો
કર્યુ છે.
24 હું તમારા નિયમોને માનું છું. અને હા, તેઓ મારા
સલાહકારો પણ છે.

*દાલેથ*

25 હું મૃત્યુ પામવાની તૈયારીમાં છું. જેમ તમે વચન
આપ્યું હતું તે પ્રમાણે તમે મારું પુનરૂત્થાન કરો.
26 મેં મારા માર્ગો પ્રગટ કર્યા; અને તે મને ઉત્તર આપ્યો;
મને તારા નિયમો શીખવ.
27 તમારા કાનુનોને સમજવામાં મારી મદદ કરો, જેથી
હું તમારા અદભૂત કાર્યો વિશે ચર્ચા કરી શકુ.
28 વ્યથાને કારણે, હું રૂદન કરું છું, દુ:ખને કારણે મારું
હૃદય ભારે થઇ ગયું છે, તમે આપેલા વચન પ્રમાણે
મારું પુનરૂત્થાન કરો.
29 તમે મને પ્રત્યેક ભૂંડાઈથી દૂર રાખો; કૃપા કરીને
મને તમારા નિયમોને આધીન થવાનું શીખવો.
30 તમને વફાદાર થવાનું મે પસંદ કર્યુ છે. તમારા
શાણા નિર્ણયો વિષે વિચારવાનું મે સતત ચાલું
રાખ્યું છે.
31 હું વળગી રહ્યો છું તમારી આજ્ઞાઓને; મારે લજ્જિત
થવું પડે એવું થવા ન દેશો.
32 તમારી આજ્ઞાઓના માર્ગમાં હું જીવન જીવીશ; કારણ
તમે મારી સમજશકિત ખીલવો છો અને મારા હૃદયને
પ્રફુલ્લિત કરો છો.

*હે*

33 હે યહોવા, તમારા કાયદા મને શીખવો; અને પછી હું
તેને કાળજીપૂર્વક અનુસરીશ.
34 મને સમજણ આપો, એટલે હું તમારા નિયમ પાળીશ;
હા, મારા અંત:કરણથી માનીશ.
35 મને તમારા આદેશોના માર્ગે દોરો. કારણકે હું તેમાં
આનંદ માણું છું.
36 તમારા કરાર પર ધ્યાન આપવા માટે મને મદદ કરો
નહીં કે, કેવી રીતે ધનવાન બનવું તેના પર.
37 વ્યર્થતામાંથી તમે મારી દ્રષ્ટિ ફેરવો; અને તમારા માર્ગે
જીવન જીવવા માટે મને મદદ કરો.
38 તમારું જે વચન ભય ઉપજાવનારું છે; તે તારા સેવકના
લાભમાં દ્રઢ કર.
39 જે અપમાનનો મને ડર છે; તે મારાથી દૂર કરો; કારણકે
તારાં ન્યાયવચનો ઉત્તમ છે.
40 તમારા નિયમોને આધીન થવાનું હું ઝંખુ છું; મારા
ન્યાયીપણાંમાં તમે મારા જીવનને સંભાળી રાખો.

*વાવ*

41 હે યહોવા તમારો અવિકારી પ્રેમ અને તમારા વચન
પ્રમાણે તમારું તારણ મારા પર આવો.
42 તે મને અપમાનિત કરવાવાળાને જવાબ આપવા માટે
સક્ષમ કરશે, હું તમારા શબ્દોનો વિશ્વાસ કરું છું.
43 ક્યારેય મારા મુખમાંથી સત્યને દૂર ન લઈ જશો, હું
તમારા ચપળ નિર્ણયો ઉપર આધાર રાખું છું.
44 હું સદાય તમારા નિયમોને આધીન રહીશ.
45 તમારા શિક્ષણને આધીન થવામાં મેં ચિત્ત લગાડ્યું
છે; તેથી જીવન જીવવામા હું સ્વતંત્રતા અનુભવીશ.
46 હું રાજાઓ સાથે તમારા કરાર વિષે વાત કરીશ, અને
તેઓ (રસ પૂર્વક સાંભળશે અને) મને મૂંઝવણમાં
મુકશે નહીં.
47 તમારા નિયમો મને બહુ પ્રિય છે; તમારી આજ્ઞાઓમાં
હું આનંદ માણું છું.
48 હું તમારા આદેશોની સ્તુતિ કરું છું, હું તેને ચાહું છું
અને હું તેના વિશે ચર્ચા કરું છું.

*ઝાઈન*

49 હું તમારો સેવક છું, કૃપા કરીને મને આપેલા તમારા
વચનને યાદ કરો, તે વચન મને આશા આપે છે.
50 મને મારા દુ:ખમા આશ્વાસન મળ્યું છેં; અને તમારા
વચને મને જીવાડ્યો છે.
51 અભિમાની લોકો મારી મજાક કરે છે, પણ હું તમારા
શિક્ષણમાંથી પાછો હઠ્યો નથી.

52 હે યહોવા, પુરાતન કાળથી પ્રચલિત તમારા ચપળ
નિર્ણયોને મેં મારા બાળપણથીજ યાદ રાખ્યા છે. અને
મને હંમેશા સાંત્વન મળ્યું છે.
53 જે ભૂંડાઓ તમારી આજ્ઞાની અવગણના કરે છે; તેઓ
પર મને ક્રોધ ઉપજે છે.
54 તમારા આ નિયમો મારા માટે આનંદદાયક સ્તોત્ર
બન્યા છે ઘરે.
55 હે યહોવા, મને રાત્રે તમારા નામનું; સ્મરણ થાય છે,
અને હું તમારા નિયમો પાળુ છું.
56 આ મારું આચરણ છે: હું તમારા આદેશોનું પાલન
કરું છું.

*ખેથ*

57 હે યહોવા, મારો વારસો છો તમે; હું વચનો પાળીશ
તમારા, એમ મે કહ્યું છે.
58 મેં મારા હૃદયની ઉત્કંઠાથી તમારી કૃપાની માંગણી
કરી છે; તમારા વચન પ્રમાણે તમે મારા ઉપર દયા
કરો.
59 મેં મારા જીવનના રસ્તાઓ વિષે વિચાર કર્યો છે,
અને પછી વળ્યો છું તમારા કરાર તરફ.
60 તમારી આજ્ઞાઓ પાળવા માટે મેં ઉતાવળ કરી છે;
જરાય મોડું કર્યુ નથી .
61 મને દુષ્ટોનાં બંધનોએ ઘેરી લીધો છે; પણ તમારા
નિયમોને હું ભુલ્યો નથી.
62 હું મધરાતે ઊઠીને તમારા ન્યાયી નિર્ણયો બદલ તમારો
આભાર માનીશ.
63 જે કોઈ તમારો ભય રાખે છે, તમારામાં વિશ્વાસ
રાખે છે, અને તમારા આદેશોનું પાલન કરે છે તે
મારા મિત્રો છે.
64 હે યહોવા, પૃથ્વી તમારી કૃપાથી ભરેલી છે, મને
તમારા કાયદાઓ શીખવો .

*ટેથ*

65 હે યહોવા, તમે તમારા સેવકને વચન આપ્યા પ્રમાણે,
મારા માટે સારું જ કર્યુ છે.
66 મને યોગ્ય ચપળતા શીખવો અને મને જ્ઞાન આપો,
હું તમારા આદેશોનો વિશ્વાસ કરું છું.
67 મેં દુ:ખ સહ્યું તે પહેલા મેં ઘણી ખોટી વસ્તુઓ કરી,
પણ હાલમાં હું તમારા આદેશ પાળું છું.
68 તમે સારા છો અને સારું કરો છો; મને તમારા કાયદાઓ
શીખવો.
69 ઘમંડી લોકો મારા વિશે જૂઠું બોલે છે, પણ હું તમારાં
નિયમો ખરા હૃદયથી પાળીશ.
70 તેઓનું અંત:કરણ સ્થૂળ છે; પણ હું તો તારા નિયમમાં
પરમાનંદ પામું છું.
71 મેં જે સહન કર્યુ તે મારા સારા માટે પૂરવાર થયું, એ
રીતે હું તમારા નિયમો શીખ્યો.
72 હજારો સોના ચાંદી કરતાં તમારા મુખનો નિયમ મારે
માટે વધુ મૂલ્યવાન છે.

*યોદ*

73 તમે તમારા હાથેથીજ મને ઘડ્યો છે અને બનાવ્યો
છે; તમારી આજ્ઞાઓ શીખવો; અને તેનું પાલન
કરવાની સમજ આપો.
74 તમારો ભય રાખનારા, મને જોઈને આનંદ પામશે;
કારણ મેં તમારી અને તમારા વચનોની આશા રાખી
છે.
75 હે યહોવા, હું જાણું છું કે તમે આપો છો તે નિર્ણયો
સાચા અને ન્યાયી હોય છે. અને મને પીડા આપવાનું
તમારા માટે ન્યાયી હતું.
76 તમારા વચન પ્રમાણે તમારા સેવકને તમારી કૃપાથી
આશ્વાસન ને પ્રેમ મળો.
77 હું જીવતો રહું તે માટે તમારી દયા મારી પાસે આવવા
દો, તમારા શિક્ષણને હું માનું છું.
78 ભલે અભિમાનીઓ લજ્જા પામો; તેઓ મારા વિષે
જૂઠું બોલ્યા છે અને ખોટી રીતે મારા પર આક્ષેપ કર્યા
છે. છતાં હું તો તમારા ઉપદેશોની ચર્ચા કરું છું.
79 ભલે તમારા અનુયાયીઓ, જેઓ તમારો આદર કરે
છે અને જેમને તમારા કરાર વિષે જ્ઞાન છે; તેઓ
મારી પાસે આવો.
80 તમારા નિયમોથી આધીનતામાં મારું હૃદય નિર્દોષ
શુદ્ધ રહો; તમારી દરેક ઈચ્છાને ચાહવામાં મારી સહાય
કરો; જેથી મારે પોતાના વિષે લજવાવું ન પડે, જોજો.

*કાફ*

81 મારો જીવ તમારા વિનાશમાંથી બચવા માટે વ્યથિત
છે. હું તમારા આદેશોમાં આશા રાખું છું.
82 તમે જે વસ્તુઓ માટે વચન આપેલું તેના માટે રાહ
જોવાનું મેં ચાલુ રાખ્યું છે. જેને કારણે મારી આંખો
નબળી થઈ રહી છે. તમે મને ક્યારે આશ્વાસન
આપશો?
83 હું કચરાના ઢગલા પર પડેલી સૂકાયેલા ચામડાની
કોથળી જેવો થઈ ગયો છું, પણ હું તમારા નિયમોને
ભૂલતો નથી.
84 કેટલા દિવસ છે તારા સેવકના? તમે મને
સતાવનારાઓનો ન્યાય ક્યારે કરશો?
85 જે ગર્વિષ્ઠો તમારા નિયમો પ્રમાણે નથી વર્તતા; તેઓએ
ખાડા ખોધ્યા છે મારા માટે.
86 તેઓ વિના કારણ મને ત્રાસ આપે છે. મદદ કરો,
તમારા સર્વ હુકમો ભરોસાપાત્ર છે.
87 તેઓએ લગભગ મને મારી નાખ્યો, છતાં મેં તમારા
આદેશોનું પાલન કરવાનું છોડ્યું નહીં.
88 તમારી કૃપા પ્રમાણે તમે મને જીવાડો; એટલે હું તમારા
મુખની શિખામણ પાળીશ.

*લામેદ*

89 હે યહોવા, તમારું વચન આકાશમાં સદાકાળ સ્થિર છે.

90 તમારું વિશ્વાસપણું પેઢી દરપેઢી કાયમ રહે છે; તમે જ ધરતી સ્થાપી છે અને તે નભી રહી છે.

91 તમારા ન્યાયી નિર્ણયોને કારણે દરેક વસ્તુ આજની તારીખ સુધી અસ્તિત્વ ધરાવે છે; કારણ, તે સર્વ તમારા સેવકો છે.

92 જો મેં આનંદ માણ્યો ન હોત તમારા નિયમમાં; તો હું મારા દુ:ખમાંજ નાશ પામ્યો હોત.

93 હું કદી ભૂલીશ નહીં તમારા શાસનોને, કારણકે તમે મને તેઓથીજ જીવાડ્યો છે.

94 હું તમારો છું મારું રક્ષણ કરો; કારણ, મેં સદા તમારા શાસનોને શોધ્યા છે.

95 દુષ્ટો મારો નાશ કરવાનો લાગ જોઈ રહ્યા છે; છતાં હું શાંત રહીને વચનોમાં ધ્યાન રાખીશ.

96 મેં જોયું છે કે પ્રત્યેક વસ્તુઓને તેની પોતાની સીમાઓ હોય છે, પરંતુ તમારા આદેશની તો સીમા જ નથી.

*મેમ*

97 તમારા નિયમો પર હું કેવો પ્રેમ રાખું છું! હું આખો દિવસ તેમના વિષે વાતો કરતો રહું છું.

98 મારા શત્રુઓના કરતાં તમારી આજ્ઞાઓ મને વધુ બુદ્ધિમાન કરે છે; કારણકે મારી પાસે સર્વદા છે.

99 મારામાં મારા શિક્ષકો કરતાં વધારે શાણપણ છે કારણ કે હું તમારા કરાર વિષે અભ્યાસ અને ચર્ચા કરતો રહું છું.

100 વૃદ્ધોના કરતાં હું વિશેષ જાણું છું ; કારણકે મેં તમારા નિયમો પાળ્યાં છે.

101 હું તમારું વચન પાળી શકું તે માટે મેં; મારા પગ સર્વ ભૂંડા માર્ગોથી પણ પાછા વાળ્યા છે.

102 તમારા ન્યાયી આદેશોને મેં ત્યજ્યા નથી; કારણકે તમે મને તે શીખવ્યા છે.

103 મારી રૂચિને તમારાં વચનો કેવા મીઠા લાગે છે! મારા મુખને તે મધથીય વધુ મીઠા લાગે છે.

104 તમારાં શાસનોથી મને સમજણ મળે છે; માટે હું દરેક જૂઠા માર્ગને ધિક્કારું છું.

*નુન*

105 મારા પગોને માટે તમારાં વચન દીવારૂપ છે; મારા માર્ગમા પ્રકાશ પાથરી, તે મને ઠોકર ખાતાં બચાવે છે.

106 એવી પ્રતિજ્ઞા મેં કરી હતી, "હું તમારા યથાર્થ ન્યાય શાસનો પાળીશ," ને મેં તે પાળ્યા પણ ખરા.

107 હે યહોવા, હું દુ:ખમાં કચડાઈ ગયો છું; તમારા વચનો પ્રમાણે મારું પુનરૂત્થાન કરો.

108 હે યહોવા, મારા મુખનાં રાજીખુશીથી આપેલાં અર્પણોનો તમે સ્વીકાર કરો; અને તમારાં ન્યાય વચનો મને શીખવો.

109 મારો પ્રાણ સદા મારી મુઠ્ઠીમાં છે; છતાં હું ભૂલતો નથી તારા નિયમને.

110 દુષ્ટ શત્રુઓએ મારે માટે પાશ રાખ્યો છે; છતાં હું તમારાં શાસનોથી ભાગી ગયો નથી.

111 હું તમારા કરારોને સદાકાળ અનુસરીશ; કારણ, તે મારા હ્રદયનો આનંદ છે.

112 મેં મારા જીવનનાં અંત સુધી સદા તમારા નિયમોનું પાલન કરવા માટે મારા હ્રદયથી જવાબદારી સ્વીકારી છે.

*સામેખ*

113 બેવડી માનસિકતા ધરાવતા લોકોને હું ધિક્કારું છું. પણ હું તમારા નિયમોને ચાહું છું.

114 તમેજ મારી ઓથ તથા ઢાલ છો; મને તમારી આજ્ઞાની આશા છે.

115 દુષ્ટ મન વાળા માણસો મારાથી દૂર રહો, જેથી હું મારા યહોવાની આજ્ઞાઓ પાળું.

116 તમારા વચન મુજબ મને ટેકો આપો જેથી હું જીવી શકું. મારી આશાઓને નિરાશ ન કરો.

117 મને ટકાવી રાખો, જેથી હું બચી શકુ. અને સદાય હું તમારા નીતિ નિયમોનો અભ્યાસ કરીશ.

118 હે યહોવા, જેઓ તમારા નિયમોનો ભંગ કરે છે તેનો તમે અસ્વીકાર કરો છો, કારણકે તમે તેમનાં છેતરામણા માર્ગોને પ્રગટ કરો છો.

119 તમે પૃથ્વીના સર્વ દુષ્ટોને કચરાની જેમ ફેંકી દો છો; માટે હું તમારા નિયમોને પ્રેમ કરું છું.

120 હું તમારા ભયથી કાંપુ છું, હું ડરું છું અને તમારા કાનૂનોનો આદર કરું છું.

*હાયિન*

121 મેં જે સારું અને સાચું છે તે કર્યુ છે; યહોવા, મને મારા પર જુલ્મ કરનારના હાથમાં ન સોંપો.

122 તમારા સેવક એવા મારા માટે સારી વસ્તુઓ તૈયાર કરો. ઉદ્ધત લોકોને મારા પર જુલમ કરવા ન દો.

123 તમારા તારણની અને ન્યાયી વચનની રાહ જોતાં જોતાં મારી આંખો નિસ્તેજ થઈ ગઈ.

124 તમારી કૃપા પ્રમાણે તમારા સેવકની સાથે વર્તજો; અને તમારા નિયમો મને શીખવજો.

125 હું તો તમારો સેવક છું, મને શાણપણનું વરદાન આપો, જેથી હું તમારા કરારને જાણી શકુ.

126 હે યહોવા, હજુ સમય છે કઈંક પગલા ભરો; કારણકે દુષ્ટ માણસોએ નિયમોનું ખંડન કર્યુ છે.

127 જ્યારે હું સોના કરતાં, શુદ્ધ સોના કરતાય વધુ તમારી આજ્ઞાઓ પર પ્રેમ રાખું છું.

128 તમારા શાસનો પ્રમાણે હું મારી સર્વે વર્તણૂંક યથાર્થ રાખું છું યથાર્થ; અને હું દરેક જૂઠા માર્ગને ધિક્કારું છું.

*યે*

129 તમારા નિયમો અદભૂત છે; તેથી હું તેમને આધીન છું.
130 તમારા શબ્દો એક તિરાડ જેવા છે જે અંધારા ઓરડામાં પ્રકાશ પાથરે છે, અને તેથી એક સામાન્ય માણસ પણ સમજી શકે છે.
131 તમારાં વચનો માટે મને ઉત્સુકતા છે; હું મારું મો ઉઘાડીને તલપી રહ્યો છું.
132 તમારા પર પ્રેમ કરનારાઓ સાથે તમે જે રીતે વર્તો છો; તેમ તમે મારા તરફ જોઈને મારા પર દયા કરો દેવ.
133 હે યહોવા, તમારા શબ્દથી મને દોરો. કોઈપણ દુષ્ટતાને મારા પર શાસન ન કરવા દો.
134 જુલ્મી માણસોમાંથી મને બચાવો, જેથી હું તમારા આદેશોનું પાલન કરી શકુ.
135 તમારા સેવક પર તમારા મુખનો પ્રકાશ પાડો; અને તમારા બધાં નિયમો મને શીખવો.
136 તેઓ તમારા નિયમો પાળતાં નથી, તેથી મારી આંખોમાંથી ચોધારા આંસુ વહે છે.

*સોદ*

137 હે યહોવા, તમે ન્યાયી છો, તમારા ન્યાયવચનો યથાર્થ છે.
138 તમે તમારા ન્યાયી કરારો અમને આપ્યા, ખરેખર અમે તેમનો વિશ્વાસ કરી શકીએ.
139 તમારા માટેનો મારો ઉત્સાહ મને ક્ષીણ કરી રહ્યો છે, કારણ મારા શત્રુઓ તમારા નિયમોને ભૂલી ગયાં છે.
140 તમારા શબ્દો તદન નિર્મળ છે; અને તેથી આ તમારો સેવક તમારા શબ્દોને ચાહે છે.
141 જો કે હું યુવાન છું અને લોકો મને માન આપતાં નથી, હું તમારા આદેશને કદી ભૂલી જતો નથી.
142 તમારું ન્યાયીપણું તો અનંતકાળ ટકશે; તમારા ઉપદેશો સાચા અને વિશ્વસનીય છે.
143 મને ઉપાધિઓ અને આપત્તિઓએ જકડી લીધો છે. પરંતુ તમારા આદેશમાં મારી પ્રસન્નતા રહે છે.

*કોફ*

144 તમારા નિયમો સદાકાળ ન્યાયયુકત છે, માટે મને સમજણ આપ, જેથી હું જીવતો રહીશ.
145 મેં ખરા હૃદયથી અરજ કરી છે, હે યહોવા મને ઉત્તર આપ; હું તમારા નિયમોનું પાલન કરીશ.
146 'મારું રક્ષણ કરો' મેં તમને પ્રાર્થના કરી છે; એટલે હું તમારા નિયમોનું પાલન કરીશ.
147 પ્રભાત થતાં પહેલા મેં પ્રાર્થના કરી; અને મે તમારી વાતની આશા રાખી.
148 તારા વચનનું મનન કરવા માટે; મારી આંખો રાતના છેલ્લા પ્રહર અગાઉ ઉઘડી ગઈ હતી.
149 તમારી કૃપા પ્રમાણે મારી વાણી સાંભળો; હે યહોવા, તમારા ન્યાયવચનો પ્રમાણે મને જીવાડો.

150 તમારા નિયમનો ભંગ કરનારા અને દુષ્ટ પ્રપંચ ઘડનારા મારા પર હુમલો કરવા આવી રહ્યાં છે.
151 હે યહોવા, તમે મારી નજદીક છો; અને તમારી સર્વ આજ્ઞાઓ સત્ય છે.
152 લાંબા સમય પૂર્વે તમારા કરારમાંથી મેં જાણ્યું કે તમે તેઓને સદાને માટે સ્થાપ્યાં છે.

*રેશ*

153 મારા સંકટ સામે જુઓ અને મારી રક્ષા કરો; કારણ, હું તમારો નિયમ ભૂલતો નથી.
154 મારી લડતને લડો અને મને બચાવો! મને તમારા વચન પ્રમાણે જીવવા દો.
155 દુષ્ટ અન્યાયીઓથી તારણ દૂર રહે છે; કારણકે તે તમારા નિયમો શોધતા નથી.
156 હે યહોવા તારી કરુણા ઘણી મહાન છે; તારાં ન્યાયવચનો પ્રમાણે મને જીવાડ.
157 મને સતાવનારા, મારા શત્રુઓ ઘણા છે; છતાં હું તારા નિયમોથી પાછો હઠી ગયો નથી.
158 જ્યારે મેં વિશ્વાસઘાતીઓને જોયા; ત્યારે મેં તેમનો અસ્વીકાર કર્યો; કારણકે, તેઓ તમારા કાનૂનોનું પાલન કરતાં નથી.
159 હું તમારા શાસનો પર કેટલો બધો પ્રેમ રાખુ છું, તે ધ્યાનમાં લેજો હે યહોવા, તમારી કૃપા અનુસાર તમે મને જીવાડો.
160 તમારા બધાં શબ્દો અથથી તે ઈતિ સુધી સત્ય છે; અને તમારા સર્વ ન્યાયી નિર્ણયો અનંતકાળ સુધી ટકવાના છે.

*શીન*

161 મને સરદારોએ વિના કારણ સતાવ્યો છે ; પણ મારું હૃદય તમારાં વચનોનો ભય રાખે છે.
162 જેમ કોઈકને મોટો ખજાનો મળે તેમ તમારા શબ્દો મને રાજી કરે છે.
163 હું અસત્યને ધિક્કારું છું, હું તેમનો તિરસ્કાર કરું છું પરંતુ હું તમારા ઉપદેશોને ચાહું છું.
164 તમારા યથાર્થ અને ન્યાયી નિર્ણયોને કારણે, હું દિવસમા સાત વખત તમારી સ્તુતિ કરું છું.
165 તમારા નિયમ પર પ્રેમ રાખનારાઓને અત્યંત શાંતિ મળે છે; તેઓને કોઈ પણ વસ્તુ ઠોકર ખવડાવી શકે તેમ નથી.

166 હે યહોવા, તમારા તારણની મેં આશા રાખી છે; કારણ, મે તમારી આજ્ઞાઓ પાળી છે.
167 હું તમારા કરારને અનુસર્યો અને તેથી હું તેમના પર ઘણો પ્રેમ રાખું છું.
168 હું તમારા બધાં આદેશો અને કાનૂનોને અનુસર્યો છું, હે યહોવા, હું જે કરું તે બધી વસ્તુ તમે જાણો છો.

*તાવ*

169 હે યહોવા, મારી પ્રાર્થનાઓ સાંભળો; અને તમે વચન આપ્યું છે તે પ્રમાણે મને સમજણ આપો.
170 મારી પ્રાર્થનાને તમારી સમક્ષ આવવા દો; અને તમારા વચન પ્રમાણે મને ઉગારો.
171 મારા હોઠો તમારી સ્તુતિ ઉચ્ચારશે, કારણકે, તમે મને તમારા કાનૂનો શીખવો છો.
172 મને તમારા વચનોનો જવાબ આપવા દો, અને મને મારું ગીત ગાવા દો. કારણ કે, તમારી આજ્ઞાઓ પૂર્ણ ન્યાયી છે.
173 મને મદદ કરવા તમારો હાથ તૈયાર થાઓ કારણ કે, મેં તમારાં આદેશોને અનુસરવાનું પસંદ કર્યુ છે.
174 હે યહોવા, હું તારા તારણ માટે અભિલાષી છું; તમારો નિયમ એ જ મારો આનંદ.
175 મારા આત્માને જીવાડો જેથી હું તમારી સ્તુતિ કરી શકું; તમારા ન્યાયવચનો મને મદદરૂપ થાઓ.
176 હું ભૂલા પડેલા ઘેટાની જેમ ભટકી ગયો છું; તમે આવો અને મને તમારા સેવક ને શોધી કાઢો. કારણકે હું તમારા આદેશોને ભૂલ્યો નથી.

## ગીત 120

*મંદિર સુધી; ચઢીને જવાનું ગીત.*

1 મારા સંકટોમાં મે યહોવાને પોકાર કર્યો; અને તેમણે મને સાંભળ્યો ને ઉત્તર આપ્યો.
2 હે યહોવા, જૂઠા હોઠોથી તથા છેતરામણી જીભથી તમે મારા આત્માને બચાવો.
3 હે કપટી જૂઠા લોકો, તમે શું મેળવશો? તમારા જૂઠાણાંથી તમને શો લાભ થશે?
4 તને તીક્ષ્ણ બાણોથી વીંધવામા આવશે; અને ધગધગતા અંગારાથી તને દઝાડાશે.
5 અફસોસ હું મેશેખમાં રહું છું અને કેદારનાં તંબુઓમાં વસું છું.
6 જે શાંતિ પર દ્વેષ રાખે છે તેની સાથે રહીને હવે તો હું ધરાઇ ગયો છું.
7 જ્યારે મેં કહ્યું, "મારે શાંતિ જોઇએ છે. હું શાંતિ ચાહું છું." ત્યારે તે લોકોને લડાઇ જોઇતી હતી.

## ગીત 121

*મંદિર તરફ ચઢવા માટેનું ગીત.*

1 હું પર્વતો તરફ મારી આંખો ઊંચી કરું છું, મને સહાય ક્યાંથી મળે?
2 આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કરનાર યહોવા પાસેથી મને સહાય મળે છે.
3 તે તમને ઠોકર ખાવા દેશે નહીં, કે લપસવા દેશે નહી. તે જે તમારી દેખરેખ રાખે છે તે ઘસઘસાટ ઊંઘી જનાર નથી.
4 જુઓ, ઇસ્રાએલનો જે રક્ષક છે તે ઊંઘતો નથી અને નિંદ્રાવશ થતો નથી.
5 યહોવા જમણે હાથે તમારી ઉપર પોતાની છાયા પાડશે; યહોવા તમારા રક્ષક છે.
6 સૂર્ય દિવસ દરમ્યાન તમને નુકશાન નહીં કરે, અને ચંદ્ર રાત્રિ દરમ્યાન તમને દુ:ખ નહીં પહોચાડે.
7 યહોવા, તારું દરેક આપત્તિઓમાં રક્ષણ કરશે. યહોવા તમારા આત્માની રક્ષા કરશે.
8 તમે જે બધું કરશો તેમા યહોવા તમારી પર નજર રાખશે. તે હમણાંથી તે સર્વકાળ સુધી તમારી દેખરેખ રાખશે.

## ગીત 122

*મંદિરે ચઢવાનું ગીત.*

1 યરૂશાલેમમાં, યહોવાના મંદિરમાં જવાનું મને કહ્યું તેથી મને ખૂબ આનંદ થયો.
2 અને હવે અમે પણ યરૂશાલેમનાં દરવાજાઓમાં ઊભા રહ્યા.
3 ફરી એક વખત યરૂશાલેમ એક સંગઠિત નગર તરીકે બંધાયું છે.
4 ઇસ્રાએલની સર્વે જમાતો જે યહોવાની પોતાની છે તેઓ તેમનો આભાર માનવા; અને તેમના નામની સ્તુતિ ગાવા ત્યાં જશે.
5 જુઓ! ત્યાં નગરનાં દરવાજાઓ પાસે દાઉદના રાજવંશના રાજાઓએ લોકોનો ન્યાય કરવા તેમના રાજ્યાસનો ઊભા કર્યા છે.
6 યરૂશાલેમની શાંતિને માટે પ્રાર્થના કરો; જેઓ તેમને ચાહે છે તેને ત્યાં શાંતિ મળો.
7 ઓ યરૂશાલેમ, તારા નગરકોટની અંદર શાંતિ થાઓ; અને તારા નગરના મહેલોની અંદર કુશળતા થાઓ.
8 મારા ભાઇઓ તથા મારા મિત્રો માટે હું પ્રાર્થી રહ્યો છું. તારામાં શાંતિ થાઓ.
9 યહોવા અમારા દેવના મંદિરને માટે હું પ્રાર્થના કરું છું કે શુભ વસ્તુઓ તમારી સાથે થશે.

## ગીત 123

*મંદિરે ચઢવાનું ગીત.*

1 ઓ આકાશના રાજ્યાસન પર બિરાજનાર દેવ; હું તારા ભણી આંખ ઊંચી કરું છું.
2 જેમ સેવક પોતાના માલિક તરફ જોયા કરે; જેમ દાસીની આંખો પોતાની શેઠાણીને જોયા કરે; તેમ અમારી આંખો અમારા દેવ યહોવાની દયા થાય ત્યાં સુધી તેના ભણી તાકી રહે છે.

3 અમારા પર દયા કરો, હે યહોવા દયા કરો; ખરાબ વ્યવહારથી અમે કંટાળી ગયા છીએ.
4 પેલા આળસુ અને ઉદ્ધત લોકો તરફથી અમારા પર પૂરતું અપમાન અને દોષારોપણ થયું.

## ગીત 124

*મંદિર પર ચઢવા માટેનું દાઉદનું ગીત.*

1 ઈસ્રાએલના લોકો કબૂલ કરતાં કહે; જો યહોવા અમારા પક્ષમાં ન હોત.
2 હા, જ્યારે લોકોએ અમારા પર હુમલો કર્યો; ત્યારે જો યહોવા અમારા પક્ષમાં ના હોત.
3 તો દુશ્મનો અમને જીવતા ગળી ગયા હોત; અને તેઓના કોપથી અમારો નાશ થયો હોત.
4 ત્યારે પાણીની રેલમાં અમે તણાઇ ગયા હોત; અને પાણીએ અમને ડૂબાડી દીધા હોત.
5 તે અભિમાની માણસોએ અમને પાણીમાં ડૂબાડી દીધા હોત.
6 યહોવાને ધન્ય છે કે જેણે અમને તેઓના દાંતમાં શિકાર તરીકે પકડાવા ન દીધા, ને તેમણે અમારો નાશ થવા દીધો નહીં.
7 જેમ પારધીની જાળમાંથી પક્ષી છટકી જાય; તેમ અમારા જીવ બચી ગયા છે; જાળ તૂટી ગઈ છે ને અમે બચી ગયા છીએ.
8 આકાશ અને પૃથ્વીના સર્જનહાર; યહોવા જ અમારા મદદગાર છે.

## ગીત 125

*મંદિર ચઢવાનું ગીત.*

1 જેઓ યહોવામાં વિશ્વાસ કરે છેં, સિયોન પર્વત જેવો અચળ છે, તેઓને કદી હલાવામાં આવશે નહી તેઓ સદાકાળ ટકી રહેશે.
2 જેમ યરૂશાલેમની આસપાસ આવેલા પર્વતો તેઓનું સદાકાળ રક્ષણ કરે છે; તેમ યહોવા પોતાના લોકોની આસપાસ છે અને સદાકાળ સૌનું રક્ષણ કરે છે.
3 કારણકે દુષ્ટ લોકો સદાકાળ ભલા માણસોના પ્રદેશ ને તાબામાં રાખી ન શકે, નહી તો સારા લોકો દુષ્કર્મ કરવાનું શરુ કરે.
4 હે યહોવા, જેઓ સારા છે; અને જેઓના હૃદય યથાર્થ અને પવિત્ર છે તેમની ભલાઈ કરો.
5 દેવ, કુટીલ લોકોને જેઓ અન્ય દુષ્કર્મો કરવા વાળા લોકોની સાથે કુટીલ કર્મો કરે છે તેમને દૂર લઈ જાય છે. ઈસ્રાએલમાં શાંતિ પ્રસરે!

## ગીત 126

*મંદિરે ચઢવા માટેનું ગીત.*

1 જ્યારે યહોવા બંધકોને સિયોનમાં પાછા લઈ આવ્યા, ત્યારે અમે સ્વપ્ન જોતાં હોઈએ એવું લાગ્યું.
2 અમે અતિ આનંદ અને ઉત્સાહથી ગીતો ગાયા કરતાં હતાં; ત્યારે વિદેશીઓએ કહ્યું; "યહોવાએ તેઓને માટે અદ્ભૂત કામો કર્યા છે."
3 યહોવાએ અમારે માટે મોટા કામ કર્યા છે જેથી અમે આનંદ-મંગલ માનીએ છીએ.
4 હે યહોવા, અમારાં બંધકોને પાછા લાવો, અને તેમને પાણીથી ભરેલા રણના ઝરણાંની જેમ ધસમસતાં આવવાની રજા આપો.
5 આંસુ પાડતાં પાડતાં જેઓ વાવે છે; તેઓ હર્ષનાદ કરતાં કરતાં લણશે.
6 જે કોઈ મૂઠ્ઠીભર બીજ લઈને રડતાં વાવણી કરવા જાય છે; તે ગીતો ગાતો આનંદ ભેર પાકનાં પૂળા ઊંચકીને પાછો આવે છે

## ગીત 127

*સુલેમાનનું મંદિર ચઢવા માટેનું ગીત.*

1 જો યહોવા ઘર ના બાંધે તો; બાંધનારાઓનો શ્રમ વ્યર્થ છે, અને જો યહોવા નગરનું રક્ષણ ન કરે તો; ચોકીદારનો ચોકી પહેરો સમયની બરબાદી છે!
2 જીવવા માટે વહેલી સવારથી મોડી રાત સુધી સખત પરિશ્રમ કરવાનો કોઈ અર્થ નથી, કારણકે તે તેમને ચાહનારા પ્રત્યેકને આરામ આપે છે.
3 બાળકો યહોવા પાસેથી મળેલી ભેટ છે.* તેઓ માતાના દેહમાંથી મળેલું ઈનામ છે.
4 યુવાવસ્થામાંના પુત્રો તો; બળવાન વીર યોદ્ધાનાં હાથમાંના તીક્ષ્ણ બાણ જેવા છે.
5 જે માણસનો ભાથો તેનાથી ભરેલો છે; તેને ધન્ય છે.
6 જ્યારે તે નગરનાં દરવાજે શત્રુઓ સામે લડશે ત્યારે તે પરાજિત નહીં થાય. કારણકે તેનાં પુત્રો તેનો બચાવ કરશે.

## ગીત 128

*મંદિરે ચઢવાનું ગીત.*

1 જેઓ યહોવાનો ભય રાખે છે અને તેના માર્ગમાં ચાલે છે; તે સર્વને ધન્ય છે.
2 તેઓ જાત પરિશ્રમથી કમાયેલી વસ્તુઓનો આનંદ માણશે. તેઓ સુખી થશે અને તેઓ આશીર્વાદિત હશે.
3 તારી પત્ની તારા ઘરના અંત:પુરમાં ફળવત દ્રાક્ષાવેલાના જેવી થશે; તારા સંતાનો તારી મેજની આસપાસ જૈતુન વૃક્ષના રોપા જેવા થશે.
4 જે યહોવાથી ડરે છે તેને એવો આશીર્વાદ મળશે.

---

**બાળકો … ભેટ છે** મૂળ પ્રમાણે "વારસામાં મળેલુ" સામાન્યપણે આનો અર્થ એ છે કે દેવે ઈસ્રાએલના પ્રત્યેક પરિવારને આપેલી જમીન. આ જમીન તે ભેટ હતી જે ખરેખર પરિવારથી કદી બહાર નથી ગઈ. કોઈ વ્યક્તિ જમીન વહેચી શકે, પરંતુ વિશ્રામવર્ષના (જુબીલી) સમયે તે જમીન પરિવારને પાછી આપી દેવામાં આવતી.

5 યહોવા તને સિયોનમાંથી આશીર્વાદ આપશે; તમે
યરૂશાલેમની સારી વસ્તુઓનો આનંદ માનશો,
જીવનના સર્વ દિવસો પર્યંત.
6 તું પોતાના સંતાનોનાં સંતાનો જોશે; ઈસ્રાએલને શાંતિ
થાઓ.

## ગીત 129

*મંદિર ચઢવા માટેનું ગીત.*

1 ઈસ્રાએલને કહેવા દો, "મારી યુવાવસ્થાથી મારી પાસે
ઘણાં દુશ્મનો હતાં."
2 મારી યુવાવસ્થાથી મારી પાસે ઘણા દુશ્મનો હતા
પણ તેઓ મને હરાવી ન શક્યા!
3 પીઠ પર લાંબા અને ઊંડા કાપા પડ્યા તેટલો માર્યો,
હળથી ખેતરમાં ચાસ પાડ્યા હોય તેમ.
4 પરંતુ યહોવા તો ન્યાયી છે, દુષ્ટ લોકોએ મને બાંધેલા
દોરડાં ને (બંધનોને) તેણે કાપ્યાં છે.
5 સિયોનને ધિક્કારનારા બધાં અપમાનિત થાઓ અને
હારીને ભાગી જાય.
6 તેઓ છાપરા ઉપર અંકુરિત થતા ઘાસ જેવા થાઓ; જે
વૃદ્ધિ પામ્યાં પહેલા સુકાઈ જાય છે.
7 જેથી કાપનાર પોતાનો હાથ અને પૂળા બાંધનાર
પોતાની બાથ ભરી શકતો નથી.
8 તેઓની પાસેથી જનારા એવું કહેતા નથી, "યહોવાનો
આશીર્વાદ તમારા પર હો! યહોવાના નામે આશિષ
આપીએ છીએ અમે."

## ગીત 130

*મંદિરે ચઢવા માટેનું ગીત.*

1 હે યહોવા, સંકટોનાં ઉંડાણમાંથી મેં તમને મદદ માટે
પોકાર કર્યો.
2 હે યહોવા, મારી હાકલ સાંભળ; અને મદદ માટેની
મારી હાકલ પર તમારા કાન ધ્યાન આપે.
3 હે યહોવા, અમારા માલિક; જો તમે ખરેખર અમને
અમારા પાપો માટે શિક્ષા કરી હોત, તો કોઈનું અસ્તિત્વ
રહેત નહીં.
4 પરંતુ તમે લોકોને માફી આપો છો, તેથી તમે આદર
પામશો.
5 તેથી હું મોટી આશા સાથે યહોવાની વાટ જોઉ છું,
મારો આત્મા તેમની રાહ જુએ છે, હું તેમના વચન
પર આધાર રાખું છું.
6 પહેરો ભરનાર સંત્રી પ્રભાતની રાહ જુએ તે કરતાં
વિશેષ હું યહોવાની રાહ જોઉં છું.
7 હે ઈસ્રાએલ, યહોવામાં તમારો વિશ્વાસ મૂકો, કારણ,
તે દયાળુ ને કૃપાળુ છે અને તે; આપણને બચાવવા
આપણી પાસે આવે છે.
8 તેઓના બધાં પાપોને માટે તે પોતે ઈસ્રાએલને માફ
કરશે.

## ગીત 131

*મંદિરે ચઢવા માટેનું ગીત.*

1 ઓ યહોવા હું ગર્વિષ્ઠ નથી, હું કદી અગત્યના માણસ
તરીકે વર્તતો નથી. હું મારી જાતને કદીય "મહાન
વસ્તુઓ" સાથે સંડોવતો નથી જે કરવું મારા માટે
અતિ ભયપ્રદ હોય.
2 મેં મારી જાતને શાંત કરી છે. મારો આત્મા સ્વસ્થ
અને શાંત છે. મારો આત્મા માતાના બાહુમાં ધાવણથી
તૃપ્ત થયેલ બાળક જેવો છે.
3 હે ઈસ્રાએલ, યહોવા પર હંમેશા અને સદાય ભરોસો
રાખ.

## ગીત 132

*મંદિર પરના ચઢાણ માટેનું ગીત.*

1 હે યહોવા, જે સર્વ કષ્ટો દાઉદે સહન કર્યા હતાં તેને
યાદ કરો.
2 યાકૂબના સમર્થ દેવ સમક્ષ તેણે પ્રતિજ્ઞા લીધી હતી;
હા યહોવા સમક્ષ તેણે શપથ લીધા હતાં.
3 "જ્યાં સુધી હું યહોવાને માટે મકાન ન મેળવું; અને
યાકૂબનાં સમર્થ દેવ માટે નિવાસસ્થાન તૈયાર ન
કરું;
4 ત્યાં સુધી હું મારા ઘરમાં જઈશ નહીં; ત્યાં સુધી મારા
પલંગ પર ઊંઘીશ નહીં.
5 વળી મારી આંખોને ઊંઘ અને મારા પોપચાને નિદ્રા
આવવા દઈશ નહીં."
6 દેવ, અમે તેના વિષે એફ્રાથાહમાં સાંભળ્યું, અમને તે
કરારકોશ કિર્યાથ યેરામ ના જંગલના ખેતરોમાં મળ્યો.
7 પણ હવે ચાલો આપણે મંદિરમા, દેવના કાયમી ઘરમાં
જઈએ; ચાલો આપણે દેવની ચરણરજ લેવા નીચે
નમીએ.
8 હે યહોવા ઊઠો અને, તમે તમારા શકિતશાળી કોષની
સાથે તમારા વિશ્રામસ્થાનમાં આવો.
9 તમારા યાજકો ન્યાયીપણાથી આશીર્વાદિત થાઓ;
અને તારા ભકતો હર્ષનાદ કરો.
10 તમારા સેવક દાઉદને માટે દેવ, તમે જે એકને પસંદ
કરીને અભિષિકત કર્યા છે તેનો અસ્વીકાર ન કરો.
11 યહોવાએ દાઉદની સાથે સત્ય પ્રતિજ્ઞા કરી, "હું તારી
ગાદી પર તારા વંશજોને મૂકીશ" તેથી તે તેનું વચન
તોડશે નહીં.
12 જો તારા પુત્રો મારો કરાર, અને જે નિયમો હું તેમને
શીખવું તે પાળે; તો તેઓના સંતાનો પણ તારી ગાદીએ
સદાકાળ બેસશે.
13 હે યહોવા, તમે સિયોનને તમારા નિવાસસ્થાન તરીકે
પસંદ કર્યુ છે.
14 તમે કહ્યું છે, "મારા સદાકાળના વિશ્રામનું આ સ્થળ
છે. હું અહીં બિરાજમાન થઈશ." મેં તેમ કરવા ચાહ્યું
હતું.

15 હું આ સિયોનને સમૃદ્ધ બનાવી અને અનાજથી ભરી દઈશ. અને હું સિયોનમાં ગરીબ લોકોને ભરપૂર અનાજથી સંતોષીશ.
16 હું તેના યાજકોને તારણનો ઝભ્ભો પહેરાવીશ; મારા પરમ ભક્તો આનંદથી ગાશે.
17 દાઉદની શકિત આ જગ્યાએ, મજબૂત બનશે. "મારા અભિષિક્ત માટે મેં દીવો તૈયાર કર્યો છે."
18 તેના શત્રુઓને હું શરમથી ઢાંકી દઈશ; પણ તે પોતે એક ગૌરવી રાજા બનશે.

## ગીત 133

*મંદિરે ચઢવા માટેનું દાઉદનું ગીત.*

1 ભાઈઓ સહુ સંપીને રહે તે કેવું સરસ અને શોભાયમાન છે!
2 તેં માથે ચોળેલા, દાઢી સુધી, હા, હારુનની દાઢી સુધી અને તેના વસ્રની કોર સુધી ઉતરેલા મૂલ્યવાન તેલનાં જેવું છે.
3 વળી તે હેર્મોન પર્વત પરના તથા સિયોનના પર્વતો પરના ઝાકળ જેવું છે.
4 કારણકે, યહોવાએ આપણને સિયોનમાં શાશ્વત જીવનનાં આશીર્વાદ આપ્યાં છે.

## ગીત 134

*મંદિર પર ચઢવા માટેનું ગીત.*

1 હે યહોવાના સેવકો, રોજ રાત્રે યહોવાના મંદિરમાં સેવા કરતાં સેવકો; તમે યહોવાને સ્તુત્ય માનો.
2 પવિત્રતામાં તમારા હાથ ઊંચા કરો અને યહોવાની સ્તુતિ કરો.
3 સિયોનમાંથી યહોવા, જેણે આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યુ છે તમને આશીર્વાદ આપે!

## ગીત 135

1 યહોવાના નામની સ્તુતિ કરો; હે યહોવાના સેવકો, તમે તેમની સ્તુતિ કરો.
2 યહોવાના મંદિરમાં, આપણા દેવનાં મંદિરમાં; આંગણામાં ઊભા રહેનારા તેમની સ્તુતિ કરો.
3 યહોવાની સ્તુતિ કરો કારણ, તે ભલા છે; તેના નામની સ્તુતિ કરો, કારણકે તે આનંદદાયક છે.
4 યહોવાએ પોતાને માટે યાકૂબને પસંદ કર્યો છે; ઈસ્રાએલને પોતાની ખાસ સંપતિ થવા માટે.
5 હું યહોવાની મહાનતા જાણું છું, સર્વ દેવો કરતાં તે મહાન છે.
6 આકાશમાં પૃથ્વી પર, સમુદ્રોમાં અને ઊંડામાં ઊંડા સમુદ્રોમાં યહોવાએ જે ઈચ્છયું તે કર્યુ.
7 તે પાણીની વરાળને ઊંચે લઈ જઈ તેના વાદળાં બાંધે છે; અને સમગ્ર પૃથ્વી પર ફેલાવે છે; તે વિજળી મોકલી વરસાદને વરસાવે છે; પોતાના ખજાનામાંથી તે વાયુને બહાર કાઢે છે.
8 મિસરમાં તેણે માણસોના ને પશુઓના પ્રથમજનિતોનો વિનાશ પણ કર્યો.
9 તેણે હારુન અને તેના અધિકારીઓ વિરૂદ્ધ પોતાની નિશાનીઓ અને ચમત્કારો સમગ્ર મિસરમાં મોકલ્યા.
10 તેમણે શૂરવીર પ્રજાઓનો નાશ કર્યો; અને પરાક્રમી રાજાઓનો પણ તેણે નાશ કર્યો.
11 અમોરીઓના રાજા સીહોનને, તથા બાશાનના રાજા ઓગને; અને કનાનના સર્વ રાજ્યોને તેણે પરાજય આપ્યો.
12 તેમના દેશને તેણે પોતાના લોક ઈસ્રાએલને વારસામાં આપ્યો.
13 હે યહોવા, તારું નામ અનંતકાળ છે; હે યહોવા, તારું સ્મરણ પેઢી–દરપેઢી ટકી રહેનાર છે.
14 યહોવા પોતાના લોકોનો ન્યાય કરશે; તે તેના સેવકો પ્રતિ દયાળુ થશે.
15 બીજા રાષ્ટ્રોના મૂર્તિદેવો તો સોના ચાંદીના છે. તેઓ માણસોના હાથે જ બનેલા છે.
16 તેઓને મોં છે છતાં તે બોલતી નથી; આંખો હોય છે છતાં તેઓ જોતાં નથી.
17 કાન હોય છે છતાં તેઓ સાંભળતા નથી; અને તેઓના મુખમાં શ્વાસ હોતો નથી.
18 જેઓ તેને બનાવે છે તેઓ પણ તેના જેવા જ થશે; અને જેઓ તેમના પર ભરોસો રાખે છે તેઓ પણ તેના જેવાં જ થશે.
19 હે ઈસ્રાએલનું કુળ, યહોવાની સ્તુતિ કરો! હે હારુનનું કુળ, યહોવાની સ્તુતિ કરો!
20 હે લેવીના યાજકો, યહોવાનો ધન્યવાદ માનો, હે જેઓ યહોવાનો ભય રાખો છો અને આદર કરો છો, યહોવાની પ્રસંશા કરો!
21 યહોવા યેરૂશાલેમમાં નિવાસ કરે છે; યરૂશાલેમના સર્વ લોકો, યહોવાની સ્તુતિ કરો. સિયોનમાંથી ધન્ય હોજો, યહોવાની સ્તુતિ કરો!

## ગીત 136

1 યહોવાની સ્તુતિ કરો, કારણકે તે ઉત્તમ છે; તેમનો સાચો પ્રેમ સર્વકાળ ટકે છે.
2 સર્વ દેવોના દેવની સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
3 દેવોના દેવની સ્તુતિ કરો! તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
4 દેવની સ્તુતિ કરો જે એકલાજ મહાન ચમત્કારો સર્જે છે! એમની ભલાઈ સદાય રહે છે.
5 જેણે પોતાના ડાહપણ વડે આકાશો ઉત્પન્ન કર્યા છે; તેની સ્તુતિ કરો; કારણકે તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
6 જેણે પાણી પર ભૂમિને વિસ્તારી છે, તેની સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ છે.

7 આકાશોમાં જેમણે મહાન જ્યોતિઓ બનાવી છે તેમની
સ્તુતિ કરો, તેમની ભલાઈ સદાય ટકે છે!
8 દિવસ પર અમલ ચલાવવા જેમણે સૂર્ય બનાવ્યો છે
તેની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે
છે.
9 રાત્રિ પર અમલ ચલાવવાં જેમણે ચંદ્ર અને તારા
બનાવ્યાં છે તેમની સ્તુતિ કરો; તેમનો સાચોપ્રેમ
અનંતકાળ ટકે છે.
10 મિસરના પ્રથમજનિતોનો જેમણે સંહાર કર્યો; તેમની
સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
11 વળી તેઓની પાસેથી ઈસ્રાએલને છોડાવનારની સ્તુતિ
કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
12 પોતાના બળવાન ભુજ અને લાંબા કરેલા હાથ વડે
જે તેઓને છોડવી લાવ્યા; તેમની સ્તુતિ કરો; તેમનો
સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
13 તેઓની આગળ માર્ગ કરવા જેમણે લાલ સમુદ્રના બે
ભાગ કર્યા તે યહોવાની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ
અનંતકાળ ટકે છે.
14 સમુદ્રમાં થઈને જે તેઓને સુરક્ષિત સામે પાર લઈ
ગયા; તેમની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ
ટકે છે.
15 ફારુન તથા તેની ફોજને લાલ સમુદ્રમાં ઉથલાવી
નાખનારની સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ
ટકે છે.
16 રણમાં થઈને પોતાના લોકોને જેમણે દોર્યા; તેમની
સ્તુતિ કરો; તેમની કૃપા અનંતકાળ છે.
17 જેણે મોટા રાજાઓને હરાવ્યા છે તેમની સ્તુતિ કરો.
તેમની ભલમનસાઈ સદાકાળ રહે છે!
18 જેણે મહાન રાજાઓનો સંહાર કર્યો છે તેની સ્તુતિ
કરો; તેમની ભલાઈ સદાય રહે છે.
19 અમોરીઓના રાજા સિહોનનો જેમણે સંહાર કર્યો;
તેમની સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ
ટકે છે.
20 બાશાનના રાજા ઓગનો જેમણે સંહાર કર્યો; તેમની
સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ રકે છે.
21 જેમણે આ રાજાઓની ભૂમિ ઈસ્રાએલને ભેટ તરીકે
સદાકાળ માટે આપી, તેમની સ્તુતિ કરો. તેમનો સાચો
પ્રેમ અનંતકાળ ટકે છે.
22 જેમણે તે પોતાના સેવક ઈસ્રાએલને વારસામાં
આપ્યો તેની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ
ટકે છે.
23 જેમણે અમારી નબળાઈઓમાં અમને સંભાર્યા; તેની
સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
24 અમારા શત્રુઓથી જેમણે અમારો બચાવ કર્યો, તેની
સ્તુતિ કરો; તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
25 દરેક સજીવને ખોરાક પૂરો પાડે છે; તેમની સ્તુતિ
કરો, તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
26 આકાશોના દેવની આભારસ્તુતિ કરો; કારણકે તેમનો
સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.

## ગીત 137

1 અમે બાબિલની નદીઓને કાંઠે બેઠા; સિયોનનું સ્મરણ
થયું ત્યારે અમે રડ્યાં.
2 એટલે અમે વીણાઓ વગાડવી બંધ કરી; અને નેતરના
વૃક્ષની ડાળીઓ પર ટાંગી દીધી.
3 અમારા બંધકોએ અમને આનંદી ગીતો ગાવા કહ્યું;
જેઓએ અમને યાતના આપી હતી તેઓએ અમને
જણાવ્યું કે, ફક્ત તેમને ખુશ કરવા સિયોનનાં
ગીતોમાંનુ કોઈ એક ગીત ગાઓ.
4 આ વિદેશી ભૂમિ પર આપણે યહોવાના ગીતો કેવી
રીતે ગાઈ શકીએ?
5 હે યરૂશાલેમ, જો હું તને ભૂલી જાઉં તો એવું થાઓ,
"મારો જમણો હાથ તંતુવાદ્યની કળા ભૂલી જાય."
6 જો હું યરૂશાલેમનું સ્મરણ ન કરું, અને મારા ઉત્તમ
આનંદ કરતાં પણ તેને શ્રેષ્ઠ ન માનું તો મારી જીભ
મારા તાળવાને ચોટી જાય અને હું ફરી કદી ય ગાઈ
શકુ નહીં.
7 હે યહોવા, બેબિલોનના સૈન્યે યરૂશાલેમને કબજે
કર્યુ તે દિવસે અદોમીઓએ જે કહ્યું તે તમે ભૂલી ન
જતાં; તેઓએ કહ્યું હતું, "તેને જમીનદોસ્ત કરી નાખો."
8 ઓ બેબિલોન તે અમારો નાશ કર્યો છે એજ રીતે
તારો નાશ કરવામાં આવશે જે માણસ તને યોગ્ય
સજા આપે તેને આશીર્વાદ આપ.
9 હા, જે માણસ તારાં બાળકોને ખડક પર અફાળીને
મારી નાખશે; તે ધન્ય કહેવાશે.

## ગીત 138

*દાઉદને સમર્પિત એક ગીત.*

1 હે યહોવા, હું મારા ખરા હૃદયથી તમારી આભારસ્તુતિ
ગાઈશ; હું તમારા સ્તુતિગાન દેવોની સમક્ષ ગાઈશ.
2 તમારી વફાદારી અને સાચા પ્રેમ માટે, હું તમારા
પવિત્ર મંદિર તરફ નીચે નમીશ, હું તમારો
આભાર માનીશ અને સ્તુતિ ગાઈશ કારણ કે તમારા
શબ્દોએ તમારા નામને બધી વસ્તુઓ કરતાં ઉચ્ચપદે
મૂક્યું છે.
3 મેં પ્રાર્થના કરી તે જ દિવસે તમે મને ઉત્તર આપ્યો;
અને આત્મબળ આપી મને બળવાન કર્યો.
4 હે યહોવા, પૃથ્વીનાં સર્વ રાજાઓએ તમારા મુખનાં
વચન સાંભળ્યાં છે; તેથી તેઓ તમારી સ્તુતિ કરશે.
5 તેઓ યહોવાના માર્ગો વિષે ગીત ગાશે, કારણકે
યહોવાનો મહિમા મહાન છે!
6 જો કે યહોવા સર્વોચ્ચ (સ્થાને બિરાજે) છે. તે નિર્ધન
અને રાંક લોકોની કાળજી લે છે. પણ ગર્વિષ્ઠ માણસોને
તો તે દૂરથીજ ઓળખે છે.

7 ભલે સંકટો મારા પર આવી પડે, તો પણ તમે મને સુરક્ષિત પાર ઉતારજો; મારા શત્રુઓના ક્રોધની સામે તું તારો હાથ લાંબો કરજે તમારા પરાક્રમથી તમે મને બચાવજો.

8 યહોવા મારા જીવનને માટે તેમની યોજનાઓ સાકાર કરશે; હે યહોવા, તમારી કૃપા, સદાકાળ વહેતી રહે છે; મને તરછોડશો નહીં; કારણ તમે જ મારા ઉત્પન્નકર્તા છો.

## ગીત 139

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 હે યહોવા, તમે મારા હૃદયની પરીક્ષા કરી છે; અને તમે મારા વિષે બધું જાણો છો.

2 મારું બેસવું તથા ઊઠવું તમે જાણો છો; મારા વિચારો પણ તમે વેગળેથી સમજો છો.

3 તમે જાણો છો હું ક્યાં જઈ રહ્યો છું અને હું ક્યારે સુઈ જાઉ છું. હું જે બધું કરું છું તે તમે જાણો છો.

4 હું બોલું તે અગાઉ તમે જાણો છો, કે હું શું કહેવા ઈચ્છુ છું.

5 તમે મને આગળને પાછળ ઘેરી લીધો છે; અને તમે તમારા હાથે મને ઝીલી રાખ્યો છે.

6 આવું જ્ઞાન અતિ ભવ્ય અને અદભૂત છે; તે અતિ ઉચ્ચ છે, હું તેને કહી શકતો નથી.

7 તમારા આત્મા પાસેથી હું ક્યાં જાઉં? તમારી હાજરી માંથી હું ક્યા નાસી જાઉ?

8 જો હું આકાશમાં જાઉં તો તમે ત્યાં છો; જો હું શેઓલમાં જાઉં તો પણ તમે ત્યાં જ છો.

9 જો હું પરોઢિયાની પાંખો પર સમુદ્રોને પેલે પાર ઘણે દૂર જાઉં

10 તો ત્યાં પણ મને તમારો હાથ દોરશો; તમારું સામર્થ્ય મને સહાય કરશે.

11 જો હું અંધકારમાં સમાઈ જવાનો પ્રયત્ન કરું તો રાત્રિ મારી આસપાસ પ્રકાશરૂપ થશે.

12 અંધકાર પણ મને સંતાડી શકતો નથી યહોવાથી; તમારી આગળ રાત પણ દિવસની જેમ પ્રકાશે છે; અંધકાર અને પ્રકાશ બંને છે તમારી દ્રષ્ટિમાં સમાન.

13 મારું અંતઃકરણ તમે ઘડ્યુ; અને મારી માતાના ઉદરમાં મારી રચના તમે કરી છે.

14 ભય તથા નવાઈ પમાડે તે રીતે મારી રચના થઈ; માટે હું તમારી આભાર સ્તુતિ ગાઈશ; હું સારી રીતે જાણું છું કે તમારાં કાર્યો ખરેખર અદભૂત છે!

15 જ્યારેમારી માતાનાં ગર્ભાશયમાં સંતાઈને*` મારી રચના થતી હતી ત્યારે પણ તમે મારાં હાડકાને બનતા નિહાળ્યાં હતા અને જ્યારે મારું શરીર આકાર લેતુંહતું.

16 તમારી આંખોએ મારું બીજાંકુર તે સમયે જોયુ હતુ જ્યારે મારા શરીરના એકેય અવયવે આકાર લીધો ન હતો. પછી તમે મારા શરીરના અંગોને વધતા જોયા, તમે તેને તમારા પુસ્તકમાં દરરોજ એ જેમ જેમ આકાર લેતા ગયા તેમ નોંધ્યા. અને તેમાનાં એકેય ગુમ થયેલ નથી!

17 હે દેવ, તારા વિચારો મારા માટે કેટલાં કિંમતી છે! દેવ તમે ઘણું બધું જાણો છો!

18 જો હું તમારા વિચારોને ગણવાનો પ્રયત્ન કરું તો તેઓ રેતીના કણ કરતાંય વધારે થાય, અને જ્યારે હું તેમને ગણવાનું પૂરું કરીશ, તો હજી પણ હું તારી સાથે હોઈશ!

19 હે યહોવા, તમે દુષ્ટોનો ખચીત સંહાર કરો; અને લોહી તરસ્યા ખૂનીઓ મારાથી દૂર થાઓ.

20 તેઓ તમારા નામની નિંદા બહુ કરે છે; અને તમારી વિરૂદ્ધ મગરુરીથી ઊભા રહે છે; તેઓ કેટલા મૂર્ખ છે!

21 હે યહોવા, તમારો દ્વેષ કરનારાઓનો શું હું દ્વેષ ન કરું? જેઓ તમારી સામે ઊઠે છે; શું હું તેઓનો ધિક્કાર ન કરું?

22 હું તેઓને સંપૂર્ણ રીતે ધિક્કારું છું; હું તમારા શત્રુઓને મારા શત્રુઓ ગણું છું.

23 હે યહોવા, મારી પરીક્ષા કર; અને મારું અંતઃકરણ ઓળખ; મારી કસોટી કર અને મારા વિચારોને પકડ.

24 તમને દુઃખ થાય તેવી બાબત તમને મારામાં દેખાય તો મને જણાવો; અને સનાતન માર્ગે મને દોરી જાઓ.

## ગીત 140

*નિર્દેશક માટે. દાઉદનું ગીત.*

1 હે યહોવા, દુષ્ટ માણસોથી મને મુકત કરો; જુલમગારોથી તમે મારું સદા રક્ષણ કરો.

2 તેઓ પોતાના અંતરમાં દુષ્ટ યોજનાઓ ઘડે છે; ને રોજ રોજ નવા ઝગડા ઊભા કર્યા કરે છે.

3 તેઓએ પોતાની જીભ સાપની જેવી તીક્ષ્ણ બનાવી છે; અને તેઓની જીભની નીચે નાગનું વિષ છે.

4 હે યહોવા, દુષ્ટોના હાથોમાંથી મને બચાવો; જેઓએ મને હાની પહોંચાડવાની યોજના કરી છે; એવા હિંસક માણસોથી તમે મને બચાવો.

5 આ ગર્વિષ્ઠ માણસોએ મને પકડવા છટકુ ગોઠવ્યું છે; આચકો મારીને મને ઊંચે ખેંચીને હવામાં લટકતા છોડવા માટે જાળ પાથરી છે; તેઓ મારા ઉપર જાળ નાખવા જાડીમાં છુપાયા છે.

6 મેં યહોવાને કહ્યું; તમે મારા દેવ છો; હે યહોવા, દયા માટેની મારી અરજ સાંભળો.

---

**મારી ... સંતાઈને** મૂળ પ્રમાણે માતાના ગર્ભાશયમાં "ધરતીના ઊંડામાં ઊંડા ભાગો" જે જગ્યાનાં વિષે આપણે કાંઈ જાણતા નથી તે કહેવાની આ રીત છે.

7 ઓ યહોવા, મારા સમર્થ તારક; યુદ્ધના દિવસે તમે મારા શિરનું રક્ષણ કરો છો.

8 ઓ યહોવા, આ દુષ્ટો જે ઈચ્છે છે તે તેમની પાસે ન હોય તેઓની યોજનાઓને સફળ થવા દેશો નહીં; નહીં તો તેઓ ઊંચા ઊઠશે.

9 તેઓના કાવતરાંની જાળમાં તેઓ જ ફસાય; તેવું થાઓ; મારું ભૂંડુ થાય તે માટે તેમણે જે યોજનાઓ કરી છે તેનાથી તેઓનો જ નાશ થાય તેવું થાઓ.

10 ધગધગતા અંગારા તેમના મસ્તક પર પડો; અથવા તેઓને અગ્નિમાં ફેંકી દેવામાં આવે; અથવા તો ઊંડા ખાડાઓમાં નાખવામાં આવે; જ્યાંથી તેઓ કદી બચી શકે નહીં.

11 જૂઠું બોલનારાઓને આ દેશમાં રહેવા દેશો નહીં, તે દુષ્ટ હિંસક માણસોનો શિકાર અને વિનાશ થવા દો!

12 મને જાણ છે; યહોવા નિર્ધન લોકોનો નિષ્પક્ષતાથી ન્યાય કરશે, અને ગરીબોનો હક જાળવશે.

13 યહોવાનો ભય રાખનારા ન્યાયીઓ ખરેખર તમારા નામનો આભાર માનશે; કારણકે, યથાર્થ મનુષ્યો તમારી સક્ષમતામાં જીવશે.

## ગીત 141

*દાઉદનું ગીત.*

1 યહોવા, જલ્દીથી મને ઉત્તર આપો; કારણકે, મેં પ્રાર્થના કરી છે. મદદ માટેનો પોકાર સાંભળો.

2 મારી પ્રાર્થના તારી સંન્મુખ ધૂપ જેવી થાઓ મારા ઊંચા થયેલા હાથો તે વેદી પરના સંધ્યાકાળના દહનાર્પણોની જેમ તમને સ્વીકાર્ય હો!

3 હે યહોવા, મારા મુખને બંધ રાખવા અને મારા હોઠોને બીડેલા રાખવા મને સહાય કરો.

4 મારા હ્રદયમાં કંઈ દુષ્ટ વસ્તુ પ્રવેશે નહીં, જેથી દુષ્કર્મો કરનારની સાથે તેમના દુસ્કાર્યોમાં હું જોડાઉં નહીં અને તેઓ જે કરવા ચાહે છે તેમાં હું તેમને સાથ ન આપું.

5 જો કોઈ ન્યાયી માણસ મને સુધારે હું તેમને સારી વસ્તુ કરવા તરીકે સમજીશ. તેમનો ઠપકો માથા પર તેલ નાખવા જેવો રહેશે. હું કદાપિ આવા સ્વાસ્થ્ય વર્ધકનો નકાર ન કરું! પણ ખરાબ લોકોનાં દુષ્ટ કૃત્યો વિરૂદ્ધ હું પ્રાર્થના કરીશ.

6 તેઓના નેતાઓને પર્વતની ટોચ ઉપરથી પાડી નાખવામાં આવે. તેઓ સાંભળશે અને અનુભવશે કે મારાં શબ્દો સાચા અને સારા છે.

7 જેમ કોઈ જમીન ખેડે અને આજુબાજુ ગંદકી ફેલાવે, તેમ અમારાં હાડકાં કબરના પ્રવેશ આગળ વિખરાયેલાં હતા.

8 પણ હે યહોવા દેવ હું મદદ માટે તમારી તરફ જોઉં છું. હું તમારો વિશ્વાસ કરું છું. મારા આત્માનો નાશ ન થવા દો.

9 તેઓએ મારા માટે ગોઠવેલા ફાંદાથી અને ભૂંડુ કરનારાઓએ ગોઠવેલી જાળમાથી મને બચાવો.

10 દુષ્ટો પોતાની જાળમાં ફસાઇ જાય, અને તમે મારી રક્ષા કરો.

## ગીત 142

*દાઉદ ગુફામાં હતો તે સમયે લખાયેલી તેની પ્રાર્થના. દાઉદનું માસ્કીલ.*

1 હું મોટા સાદે યહોવાને આજીજી કરું છું; અને દયા માટે ઊંચા સ્વરે વિનંતી કરું છું.

2 હું તેમની આગળ મારી ફરિયાદો વરસાવું છું અને મારી મુશ્કેલીઓ વિષે હું તેમને જણાવું છું.

3 હું બેહોશ થવાનો હોઉં, ત્યારે મને શું થાય છે તે તમે જાણો છો પણ; જે રસ્તે હું ચાલું છું; તેમા તેઓએ ફંદા ગોઠવ્યા છે.

4 જ્યારે હું આજુબાજુ જોઉં છું, હું કોઈ મિત્રને જોતો નથી, જે મને મદદ કરી શકે, અથવા મારી સંભાળ રાખી શકે અથવા મારો બચાવ કરી શકે.

5 હે યહોવા, મારી પ્રાર્થનામાં મે તમને પોકાર કર્યો અને કહ્યું, "યહોવા, મારા સંતાવાની જગ્યા માત્ર તમેજ છો આ જીવનમાં મારી પાસે જે બધું છે તે તમે છો."

6 મારા પોકારો સાંભળો, કેમકે હું દુ:ખી છું; જેઓ મારી પાછળ પડ્યાં છે તેમનાથી મને બચાવો; કારણકે તેઓ મારા કરતાં વધુ બળવાન છે.

7 મને બંદીવાસમાંથી બહાર લાવો, જેથી હું તમારો આભાર માની શકુ. તમારી સર્વ મદદને માટે દેવનો ભય રાખનારા મારી સાથે આનંદ કરશે તમે મારા માટે ઉદાર છો.

## ગીત 143

*દાઉદનું ગીત.*

1 હે યહોવા, મારી પ્રાર્થના સાંભળો, મારી આજીજીનો જવાબ આપો અને મને બતાવો કે તમે ભલા અને ન્યાયી છો.

2 હે યહોવા, મારી, તમારા સેવકની, ચકાસણી ન કરો, કારણ કે તમારી આગળ કોઇ નિર્દોષ મળશે નહીં.

3 મારા શત્રુઓ મારી પાછળ પડ્યા છે; તેઓએ મને જમીન પર પછાડ્યો છે, અને અંધકારમાં પૂરી દીધો છે, જાણે હું મરી ગયો હોઉં તેમ.

4 માટે મારો આત્મા ઘણો મુંઝાઇ ગયો છે; અને મારું અંત:કરણ સ્તબ્ધ થઈ ગયું છે.

5 હું ભૂતકાળનાં વર્ષો સ્મરું છું; તે વખતે તમે મહિમાવંત ચમત્કારો કર્યા હતાં; તેનું મનન કરું છું.

6 હું મારા હાથ તમારા ભણી પ્રસારું છું; સૂકી ધરતીની જેમ મારો જીવ તમારા માટે તલસે છે.

7 હે યહોવા, મને જલ્દી જવાબ દો કારણકે હવે હું
નબળો થતો જાઉં છું; તમે મારાથી મોઢું ફેરવશો, તો
હું મૃત્યુ પામીશ.
8 મને પ્રભાતમાં તમારી કૃપા અનુભવવા દો; કારણકે,
હું તમારા પર ભરોસો રાખું છું. જે માર્ગે મારે ચાલવું
જોઈએ તે મને બતાવો, કારણકે, હું મારું જીવન તમારા
હાથોમાં મૂકું છું.
9 મારા શત્રુઓથી તમે મારી રક્ષા કરો; સંતાવા માટે હું
તમારે શરણે આવ્યો છું.
10 મને તમારી ઈચ્છા પ્રમાણે વર્તવાનું શીખવો; કારણકે
તમે મારા દેવ છો; તમારો ઉત્તમ આત્મા મને સત્યને
માર્ગે દોરી જાઓ.
11 હે યહોવા, તમારા નામને માટે મને જીવાડો; તમારા
ન્યાયીપણાથી મને મુશ્કેલીમાંથી બચાવો.
12 મારા પ્રત્યેની કૃપાથી તમે મારા શત્રુઓનો નાશ કરો;
અને મારા આત્માને સતાવનારાઓનો સંહાર કરો;
કારણકે હું તમારો સેવક છું.

## ગીત 144

*દાઉદનું સ્તુતિગાન.*

1 યહોવા, મારો ખડક છે, તેની સ્તુતિ કરો તે મારા
હાથને અને મારી આંગળીઓને યુદ્ધમાં લડતાં શીખવે;
તે મને યુદ્ધ માટે પ્રશિક્ષણ આપે છે.
2 તે મારો ગઢ છે; મારો કિલ્લો છે; મારું સામર્થ્ય અને
મારી સુરક્ષા છે; તે મારા રક્ષક છે; તે મારા લોકોને
મારે તાબે કરે છે. યહોવા મારો સાચો પ્રેમ છે.
3 હે યહોવા શા માટે તમે લોકોને મહત્વના ગણો છો?
તમે માણસોની નોંધ પણ શા માટે લો છો?
4 લોકોના જીવન તો પવનના સૂસવાટા જેવા હોય છે.
લોકોના જીવન તો પસાર થઈ રહેલા પડછાયા જેવા
હોય છે.
5 હે યહોવા, તમારાં આકાશોને નીચે નમાવીને ઊતરી
આવો; પર્વતોને સ્પર્શ કરો; એટલે તેઓ ધુમાડામાં
ફેરવાઈ જશે.
6 વિજળી ચમકે અને મારા શત્રુઓ વિખેરાઈ જાય.
તમારા "બાણ" ચલાવીને તેઓને વીંધી મૂકો.
7 સ્વર્ગમાંથી નીચે ઊતરી આવો અને મને શત્રુઓના
સમુદ્રમાંથી ઉગારો મને બહાર ખેંચી કાઢો, અને
વિદેશીઓથી મને બચાવો.
8 તેઓ જૂઠું બોલે છે, તેઓ છેતરપિંડી કરે છે.
9 હે યહોવા, દસ તારવાળાં વાજીંત્ર સાથે હું તમારી
સમક્ષ નવું ગીત ગાઈશ, તમારી સ્તુતિનું ગીત ગાઈશ.
10 તે રાજાઓને વિજય આપે છે; તે પોતાના સેવક
દાઉદને ઘાતકી તલવારથી બચાવનાર છે.
11 આ શત્રુઓથી; આ જૂઠાઓથી; મારી રક્ષા કરો; આ
વિદેશીઓ જે છેતરપિંડી કરે છે તે લોકોથી તમે મને
ઉગારો.
12 અમારા પુત્રો પોતાની યુવાવસ્થામાં વધેલા રોપા જેવા
થાઓ; અમારી પુત્રીઓ રાજમહેલના શણગારેલી
ખૂણાની થાંભલીઓ જેવી થાઓ.
13 અમારી વખારો વિવિધ જાતના બધાં અનાજથી ભરપૂર
થાઓ; અને તે અમને હંમેશા મળતું રહે અમારાં ઘેટાં
અમારા વાડાઓમાં હજારોને દશ હજારો બચ્ચાં
જણનાર થાઓ.
14 અમારા બળદો ખેતરોની પેદાશથી લાદેલા થાઓ;
અમારા નગર પર શત્રુઓનું આક્રમણ ન થાઓ;
સર્વત્ર શાંતિ વિસ્તરો; શેરીઓમાં કોઈ અપરાધ
ન કરો.
15 જે પ્રજાનું આ સત્ય વર્ણન છે; તે પ્રજાને ધન્ય હો. જે
પ્રજાના દેવ યહોવા છે તેઓને ધન્ય છે.

## ગીત 145

*દાઉદનું ગીત.*

1 હે મારા દેવ, મારા રાજા, હું તમારા નામનું ગૌરવ
વધારીશ! હું તમારા નામની સ્તુતિ સદાય અને
હંમેશા કરીશ!
2 હું પ્રતિદિન તમારી પ્રશંસા કરીશ, અને સદા હું તમારા
નામની સ્તુતિ ગાઈશ.
3 યહોવા મહાન છે તે બહુ જ સ્તુતિપાત્ર છે; તેમની
મહાનતાનો તાગ પામી શકાય તેમ નથી.
4 પેઢી–દરપેઢી તમારાં કામની પ્રશંસા થશે; અને તમારા
પરાક્રમનાં કાર્યો પ્રગટ કરાવાશે.
5 હું તમારી મહાનતા અને તમારા મહિમા વિષે બોલીશ;
હું તમારા અદ્ભૂત ચમત્કારો વિષે ચર્ચા કરીશ.
6 લોકો તમારાં પરાક્રમી કૃત્યોનું સામર્થ્ય પ્રગટ કરશે; હું
તમારી મહાનતા વર્ણવીશ.
7 તેઓ તમારા અનહદ પરોપકારનું સ્મરણ કરીને
તમારી કીર્તિ ગજાવશે; અને તમારા ન્યાયીપણા વિષે
ગીતો ગાશે.
8 યહોવા દયાળુ અને ભલા છે; તે ક્રોધ કરવામાં ધીમા
અને પ્રેમથી ભરપૂર છે.
9 તેઓ પ્રત્યેક પ્રત્યે ભલા છે; અને તે જે કરે છે, તેમાં
તેમની દયાની પ્રતીતિ થાય છે.
10 હે યહોવા, જે બધાં તમારું સર્જન છે તે બધાં તમારો
આભાર માનો, અને તમારા અનુયાયીઓ તમારી
સ્તુતિ કરે.
11 તેઓ ભેગા મળીને તમારા રાજ્યના મહિમા વિષે
વાત કરશે; અને તમારું પરાક્રમ પ્રગટ કરશે.
12 જેથી સર્વ લોકો તમારા ચમત્કાર વિષે, તથા તમારા
રાજ્યના મહિમા વિષે અને પ્રતાપ વિષે જાણે.
13 કારણકે તમારા રાજ્યનો અંત કદી આવતો નથી; અને
તમારું શાસન પેઢી–દરપેઢી ચાલું રહે છે.
14 ભંગિત થયેલ સૌનો આધાર યહોવા પોતે છે; બોજા
તળે કચડાયેલાઓને તે બળવાન કરે છે.

15 સર્વ કોઈ તમને આતુરતાથી જોઈ રહ્યાં છે. અને તેઓની જરૂરિયાત પ્રમાણે તમે અન્ન પૂરું પાડો છો.
16 પ્રત્યેક જીવંત વસ્તુની ભૂખ અને તરસ તમે સતત સંતોષો છો.
17 યહોવા જે કઈ કરે છે તે સર્વમાં પ્રમાણિક અને દયાથી ભરપૂર છે.
18 જેઓ પ્રમાણિક પણે તેમને મદદ માટે પોકારે છે; તેઓની સાથે યહોવાની આત્મીયતા રહે છે.
19 યહોવાનો ભય રાખનારા, અને તેમના પર ભરોસો રાખનારાઓની મનોકામનાઓ પૂર્ણ કરે છે; સદાય માટેની તેમની વિનંતીઓ સાંભળીને તેઓને છોડાવે છે.
20 તેમના પર પ્રેમ રાખનારા સર્વ કોઈનું તે રક્ષણ કરે છે; પણ દુષ્ટોનો નાશ કરે છે.
21 હું મારા મુખે યહોવાની સ્તુતિ કરીશ; તેમના પવિત્ર નામની સ્તુતિ દરેક જણ સદાકાળ કરતો રહેશે!

## ગીત 146

1 યહોવાની સ્તુતિ કરો. હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર.
2 મારા જીવન પર્યંત હું યહોવાની સ્તુતિ કરીશ; મારા જીવનનાં છેલ્લા શ્વાસ સુધી હું તેમનાં સ્તુતિગીતો ગાઈશ.
3 તમે રાજાઓ કે માણસોનો ભરોસો ન રાખો, કારણકે તેમની પાસે ઉગારવાની શકિત નથી.
4 તેનો આત્મા તેમને છોડી જાય છે, અને તેમનું શરીર ધૂળમાં પાછું મળી જાય છે; અને તેમની બધી યોજનાઓ નકામી જાય છે.
5 જે માણસને સહાય કરનાર યાકૂબના દેવ છે; અને જેની આશા તેનાં દેવ યહોવામાં છે; તે આશીર્વાદિત છે.
6 યહોવાએ પૃથ્વી તથા આકાશો, સમુદ્રો તથા તેમાંના સર્વસ્વનું સર્જન કર્યુ છે, તે પોતાના પ્રત્યેક વચનનુ પાલન કરે છે.
7 તે કચડાયેલાઓનો ન્યાય જાળવી રાખે છે, તે ભૂખ્યાઓને અનાજ પૂરું પાડે છે યહોવા કેદીઓને મુકત કરાવે છે.
8 યહોવા આંધળાને દેખતા કરે છે; યહોવા ભારે બોજથી દબાયેલાઓનો બોજો હલકો કરે છે, કારણકે યહોવા ન્યાયી માણસને પ્રેમ કરે છે.
9 યહોવા નિરાશ્રિતોનું રક્ષણ કરે છે; અને અનાથો તથા વિધવાઓની કાળજી લે છે; પણ દુષ્ટોની યોજનાઓને ઊંધી વાળે છે.
10 યહોવા સદાકાળ રાજ કરશે, હે સિયોન તમારા દેવ પેઢી દર પેઢી રાજ કરશે. યહોવાની સ્તુતિ થાઓ!

## ગીત 147

1 તે ભલા છે માટે યહોવાની સ્તુતિ થાઓ. આપણા દેવનાં સ્તુતિગીતો ગાઓ. કારણકે તે સારું અને ગમતું છે.
2 યહોવા યરૂશાલેમને બાંધે છે; તે ઈસ્રાએલી લોકો જેઓ બંદીવાન બનાવાયા હતાં તેઓને ભેગા કરશે અને પાછા લાવશે.
3 હૃદયભંગ થયેલાઓને તે સાજા કરે છે; ને તે તેઓના ઘા રૂઝવે છે ને પાટા બાંધે છે.
4 તે તારાઓની ગણતરી કરે છે; અને તેઓને નામ દઈને બોલાવે છે.
5 આપણા દેવ કેવા મહાન છે! તેમના સામર્થ્યનો પાર નથી! તેમના જ્ઞાનની કોઈ સીમા નથી.
6 યહોવા નમ્રજનોને આધાર આપે છે; પરંતુ દુષ્ટોને અપમાનિત કરે છે.
7 દેવે કરેલા ઉપકારો માટે તેમનો આભાર માનો; આપણા યહોવાના સિતાર સાથે સ્તોત્રગીત ગાઓ.
8 તે આકાશને વાદળોથી ઢાંકે છે; પૃથ્વીને માટે તે વરસાદ તૈયાર કરી રાખે છે તે પહાડો પર ઘાસ ઉગાડે છે.
9 પશુઓને તેમજ પોકાર કરતાં કાગડાનાં બચ્ચાંને પણ તે જ ખોરાક આપે છે.
10 દેવની ખુશી યુદ્ધના ઘોડાઓની શકિતમાં અને બળવાન સૈનિકોમાં નથી.
11 પણ જેઓ તેમનો ભય રાખે છે; ને યહોવાની કૃપા માટે વાટ જુએ છે; તેથી યહોવા ખુશ રહે છે.
12 હે યરૂશાલેમ, તમે યહોવાની સ્તુતિ કરો; હે સિયોન, તમારા દેવની સ્તુતિ કરો.
13 કારણ, તેમણે તારા સર્વ શત્રુઓ વિરૂદ્ધ, તારા દરવાજાઓને સુરક્ષિત કર્યા છે. અને તારા કુળના સર્વ સંતાનોને આશીર્વાદિત કર્યા છે.
14 તે તમારા સમગ્ર દેશમાં શાંતિ સ્થાપે છે; અને તે તારા કોઠારોને અનાજથી ભરપૂર કરે છે.
15 તે પોતાની આજ્ઞા પૃથ્વી પર મોકલે છે; અને તેનું વચન અતિ વેગથી દોડે છે.
16 તે જમીનને ઢાંકવા સફેદ ઊન જેવો બરફ મોકલે છે અને ધૂળ જેવી હવામાંથી બરફનાં કરાંની વૃષ્ટિ કરે છે.
17 તે આકાશમાંથી પથ્થરની જેમ પડતાં કરા મોકલે છે અને તેણે મોકલેલી ટાઢ આગળ કોણ ઊભું રહી શકે?
18 તે પોતાનું વચન મોકલીને તેમને ઓગળાવે છે; તે પોતાના પવનને ફૂંકાવાની આજ્ઞા કરે છે; અને સર્વ નદીઓમા પાણી વહેતાં થાય છે.
19 દેવે યાકૂબને તેમનો આદેશ આપ્યો, તેમણે તેમના કાયદાઓ અને નિયમો પણ ઈસ્રાએલને આપ્યા.
20 અન્ય કોઈ પ્રજા સાથે તેમણે આ પ્રમાણે કર્યુ નથી; અન્ય પ્રજાઓએ તેમની આજ્ઞાઓ જાણી નથી. યહોવાની સ્તુતિ થાઓ.

## ગીત 148

1 યહોવાની સ્તુતિ કરો! સ્વર્ગમાંથી તેમની સ્તુતિ કરો!
ઊંચાઇઓ પરથી તેમની સ્તુતિ કરો!
2 તમે બધાં દેવદૂતો તેમની સ્તુતિ કરો; તેમનાં સર્વ
સૈન્યો તેમની સ્તુતિ કરો!
3 સૂર્ય તથા ચંદ્ર, તમે તેની સ્તુતિ કરો! સર્વ ઝગઝગતાં
તારા તેમની સ્તુતિ કરો!
4 ઊંચામાં ઊંચા સ્વર્ગમાં યહોવાની સ્તુતિ કરો! આકાશ
ઉપરના પાણી તેમની સ્તુતિ કરો!
5 તમે બધાં જેનું તેમણે સર્જન કર્યુ છે તે યહોવાનાં
નામની સ્તુતિ કરો; કારણ તેના હુકમથીજ તમે જન્મ્યા.
6 દેવે આ બધી વસ્તુઓ સદા, સદાકાળ માટે સ્થાપન
કરી છે તેમણે જે કાયદાઓ પ્રસ્થાપિત કર્યા છે તેનો
અંત કદાપિ આવશે નહીં.
7 હે પૃથ્વી પરના બધાં જ જીવો, તમે યહોવાની સ્તુતિ
કરો; હે મહાસાગરનાં ઊંડાણોમાં વસતાં સૌ જીવો
તેમની સ્તુતિ કરો.
8 અગ્નિ તથા કરા, હિમ તથા મેઘ; આંધીના વાયુ, જે
એનુ વચન પૂરુ કરે છે; તે.
9 તમે પર્વતો તથા ડુંગરો; ફળવૃક્ષો તથા સર્વ દેવદારો.
10 હિંસક પ્રાણીઓ તથા સર્વ પશુઓ; પેટે ચાલનારાં
જીવજંતુ તથા ઊડનારાં પક્ષીઓ;
11 પૃથ્વીના રાજાઓ, અને સર્વ પ્રજાઓ, તથા તેઓના
અધિકારીઓ તેમજ ન્યાયાધીશો;
12 યુવાનો અને કન્યાઓ, વૃદ્ધો અને બાળકો;
13 તમે સર્વ યહોવાની સ્તુતિ કરો કારણકે ફકત તેમનું
એકલાનું જ નામ પ્રતિષ્ઠાપાત્ર છે! સ્વર્ગ અને પૃથ્વી
પરની તમામ વસ્તુઓ તેમની સ્તુતિ કરો!
14 તે તેમના લોકોની તાકાત વધારશે, તેના વફાદાર
અનુયાયીઓ તેમની સ્તુતિ કરો. સર્વ ઈસ્રાએલીઓ
જે લોકો તેમની ખૂબ નજીક છે તે તેમની સ્તુતિ કરો.

## ગીત 149

1 યહોવાની સ્તુતિ કરો; તેમની સમક્ષ નવું ગીત ગાઓ;
અનુયાયીઓની સભામાં તેની સ્તુતિ કરો.
2 ઈસ્રાએલ, તમારા સર્જનહારનાં અસ્તિત્વનો તમે
આનંદ કરો; સિયોનના લોકો, તમારા રાજાની
નિકટતાનો આનંદ મનાવો.
3 તેઓ તેના નામની સ્તુતિ નૃત્યસહિત કરો; ડફ તથા
વીણાથી તેનાં સ્તોત્ર ગીત ગાઓ.
4 કારણકે યહોવા પોતાના લોકોમાં આનંદ માને છે; ને
નમ્રજનોનો ઉદ્ધાર કરે છે.
5 તેમનાં અનુયાયીઓ તેમના ગૌરવથી હરખાય છે;
પથારીમાં સૂતા હોય ત્યારે પણ તમે આનંદના ગીતો
ગાઓ.
6 તેઓના કંઠમાંથી યહોવાની ઉત્તમ સ્તુતિ ગવાઓ;
અને તેઓના હાથમાં બેધારી તલવાર રહો.
7 તેઓ બીજા રાષ્ટ્રોને સજા કરે અને તેમને પાઠ ભણાવે.
8 તેઓના રાજાઓને અને આગેવાનોને; લોખંડની
સાંકળોથી બાંધે.
9 અને તેઓને દેવના આદેશ મુજબ તેઓ સજા કરે!
યહોવા તેમના બધાં અનુયાયીઓનો આદર છે.
યહોવાની સ્તુતિ કરો.

## ગીત 150

1 યહોવાની સ્તુતિ કરો! તેમના મંદિરમાં તેમની
સ્તુતિ કરો! તેમના શકિતશાળી આકાશમાં તેમની
સ્તુતિ કરો!
2 તેનાં પરાક્રમી કાર્યો માટે તેમની સ્તુતિ કરો; તેમની
અજોડ મહાનતા માટે તેમની સ્તુતિ કરો.
3 રણશિંગડા વગાડીને તેમની સ્તુતિ કરો; સિતાર તથા
વીણાથી તેમની સ્તુતિ કરો.
4 ખંજરી તથા નૃત્યસહિત તેમની સ્તુતિ કરો; સારંગી
તથા શરણાઈ સાથે તેમની સ્તુતિ કરો.
5 ઝાંઝોના મોટા અવાજ સાથે તેમની સ્તુતિ ગાઓ,
ઝાંઝોના પ્રચંડ અવાજ સાથે તેમની સ્તુતિ કરો!
6 સર્વ જીવંત જીવજંતુ, શ્વાસોચ્છવાસ લેનારાં
સર્વ યહોવાની સ્તુતિ કરો, તમે સૌ તેમની સ્તુતિ
કરો!

# અયૂબ

## અયૂબની કસોટી

1 ઉસ નામના દેશમાં અયૂબ નામે એક માણસ રહેતો હતો.તે ભલો, પ્રમાણિક અને દેવથી ડરનાર અને દુષ્ટ વસ્તુ કરવાની મનાઈ કરતો હતો. 2તેનો પરિવાર મોટો હતો. અયૂબને સાત પુત્રો અને ત્રણ પુત્રીઓ મળી કુલ દશ સંતાન હતા. 3તેની પાસે મિલકતમાં 7,000 ઘેટાં, 3,000 ઊંટ, 500 જોડ બળદ, 500 માદાગધેડીઓં અને અનેક નોકર-ચાકર હતાં.સમગ્ર પૂર્વવિસ્તારમાં અયૂબના જેવો કોઈ ધનાઢય માણસ ન હતો.

4અયૂબના સર્વ પુત્રોમાં રિવાજ હતો, દરેક પુત્ર પોતપોતાના જન્મદિનની ઉજવણીમાં પોતાનાં ભાઈબહેનોને નિમંત્રણ આપતા.એ સમયે સૌ સાથે મળીને ખાતાંપીતા અને આનંદપ્રમોદ કરતાં. અયૂબના પુત્રો વારા પ્રમાણે તેઓને ઘરે ઉજવણી રાખતા અને તેઓ તેઓની બહેનોને આમંત્રણ આપતા. 5તેના સંતાનો એ ઉજવણી કર્યા પછી અયૂબ વહેલી સવારમા ઊઠતો અને દહનાર્પણ કરતો. તે વિચારતાં, "મારા સંતાનોએ કદાચ ચિંતાહીન થઈને તેઓની ઉજવણી પર દેવ વિરૂદ્ધ કોઈ પાપ કર્યુ હોય." અયૂબ હંમેશા આ દહનાર્પણ કરતો જેથી તેના સંતાનોને તેઓના પાપોની માફી મળી જાય.

6એક દિવસ સ્વર્ગનાં દેવદૂતો યહોવા સામે ભેગા થયા હતા. તેઓની અંદર દુષ્ટ શેતાન પણ ઉપસ્થિત હતો. 7યહોવાએ શેતાનને પૂછયું, "તું ક્યાં ગયો હતો? શેતાને યહોવાને જવાબ આપ્યો. "હું પૃથ્વી પર આમતેમ ભટકતો હતો."

8પછી યહોવાએ શેતાનને કહ્યું, "તો પછી તેં મારા સેવક અયૂબને જોયો હશે! તે ભલો, પ્રમાણિક, દેવથી ડરનાર, અનિષ્ટ વસ્તુનો ઈન્કાર કરનાર છે."

9શેતાને કહ્યું, "અયૂબ કારણ વિના દેવની ઉપાસના કરે છે? 10તમારા રક્ષણથી તેનું જીવન, તેનું ઘર, તેની સંપતિ બધુંજ સુરક્ષિત છે. તે જે કઈ કરે છે તેમાં તમે તેને સફળ બનાવ્યો છે. હા, તમે તેને આશીર્વાદ આપ્યા છે. તે એટલો શ્રીમંત છે કે તેના ગાયના અને ઘેટા બકરાના ઘણનાઘણ આખા દેશભરમાં છે. 11એક વાર તેની સંપત્તિને સ્પર્શ કરો, પછી જુઓ, એ કેવો તમારી સામો થાય છે? તે તમને તમારી સામે જ શાપ આપે છે કે નહીં?"

12યહોવાએ શેતાનને કહ્યું, "જો, તેની તમામ ચીજો હું તને સોપું છુ; પણ તેને નુકસાન કરતો નહીં" એ પછી દુષ્ટ યહોવાની હાજરી છોડી ચાલ્યો ગયો.

## અયૂબનું બધું જતું રહ્યું

13એક દિવસ તેના પુત્રો અને તેની પુત્રીઓ તેઓનો મોટા ભાઈના ઘરમાં ખાતા હતા અને દ્રાક્ષારસ પીતા હતા. તે સમયે 14એક સંદેશવાહક આવ્યો અને અયૂબને જણાવ્યુ, "તમારા બળદો ખેતર ખેડતા હતા અને પાસે ગધેડા ચરતાં હતા. 15એટલામાં અચાનક શબાઈમ લોકોએ અમારા પર હુમલો કર્યો. અને તમારા બધા પશુઓને ઊપાડી ગયા અને બધા સેવકોને મારી નાંખ્યા, ફકત હું જ બચી ગયો. તેથી હું તમને આ સમાચાર આપવા આવ્યો."

16જ્યારે એક સંદેશવાહક આ કહેતો હતો, બીજો સેવક આવ્યો અને કહ્યું, "આકાશમાંથી વીજળી પડી છે અને ગાયના ઘણો અને સેવકો બળીને રાખ થઈ ગયા છે. ફકત હુંજ બચી ગયો તેથી તમને હું આ દુ:ખદ સમાચાર કહેવા આવ્યો છું."

17તે બોલવાનું પૂરું કરે તે પહેલા, એક ત્રીજો સંદેશવાહક આવ્યો અને કહ્યું, "કાસ્દીઓએ સૈનિકોના ત્રણ ટોળા મોકલ્યા. તેઓએ અમારા પર હુમલો કર્યો અને ઊંટો લઈ લીધા. તેઓએ સેવકોને મારી નાંખ્યા. તમને આ સમાચાર આપવા ફકત હું જ બચી ગયો છુ."

18જ્યારે તે આ કહેતો હતો, ત્યાં હજી એક આવ્યો અને કહ્યું, "તારા પુત્રો તથા તારી પુત્રીઓ તેમના મોટાભાઈના ઘરમાં ખાતા હતા અને દ્રાક્ષારસ પીતા હતાં. 19પછી રણમાથી અણધાર્યો જોરદાર પવન આવ્યો અને ઘરને ફૂંકી માર્યુ. ઘર તમારા પુત્રો અને પુત્રીઓ પર પડી તેમને મારી નાખ્યા ફકત હુંજ રહી ગયો છુ. તેથી હું તમને આ સમાચાર આપવા આવ્યો."

20પછી અયૂબ ઊભો થયો. તેણે શોકમાં તેના કપડાં ફાડી નાખ્યાં, માથું મૂંડાવી નાંખ્યું અને જમીન પર પડીને દેવને ઉપાસના કરી. 21કહ્યું કે,

"મારી માતાના ગર્ભસ્થાનમાંથી હું નગ્ન આવ્યો હતો અને મારા મૃત્યુ સમયે પણ મારી પાસે કશું જ નહીં હોય.યહોવાએ આપ્યું, અને યહોવાએ લઈ લીધું છે; યહોવાના નામને ધન્ય હો."

22આ બધું બની ગયું, પણ અયૂબે દુષ્ટતા કરી નહીં. દેવે ખોટું કર્યુ હતું એમ તેણે કહ્યું નહીં.

## શેતાન દ્વારા ફરી અયૂબને દુ:ખ આપવું

2 ફરી એક વખત દેવદૂતો યહોવાની સમક્ષ હાજર થયા
ત્યારે તેઓની સાથે શેતાન પણ આવીને યહોવાની

આગળ હાજર થયો. 2યહોવાએ શેતાનને પૂછયું, "તું ક્યાં
જઈ આવ્યો?"
શેતાને યહોવાને કહ્યું, "હું પૃથ્વી પર ચારે તરફ ભટકતો
હતો."
3યહોવાએ શેતાનને પૂછયું કે, "શું તે મારા સેવક અયૂબને
ધ્યાનથી જોયો છે? પૃથ્વી પર તેના જેવો કોઈ નથી. તે ભલો,
પ્રમાણિક, દેવથી ડરનાર, અનિષ્ટ કર્મો કરવાનો ઈન્કાર કરનાર
છે. એને હેરાન કરવાને તે મને પડકાર ફેક્યો અને તે પણ
કોઈ કારણ વગર,અને તે છતાં પણ તે તેની પ્રમાણિકતાને
દ્રઢતાથી વળગી રહ્યો છે."
4શેતાને યહોવાને જવાબ આપ્યો, "માણસ કોઈપણ ભોગે
પોતાનું જીવન બચાવતો હોય છે.તે ચામડીને બદલે ચામડી
પણ આપે છે. 5તમે તેના શરીરને સ્પર્શ કરો અને માંદગી
આપો.પછી જુઓ, એ તમારી સામો થશે અને તમારા પર
શાપ વરસાવશે."
6પછી યહોવાએ શેતાનને કહ્યું કે, "જા, હું એને તારા
હાથમાં સોંપુ છું.તારે એનું જે કરવું હોય તે કરજે; ફક્ત તેનો
જીવ બચાવજે." 7પછી યહોવા પાસેથી શેતાન ચાલ્યો ગયો,
તેણે અયૂબને તેના પગના તળિયાથી તે તેના માથા સુધી
દુ:ખદાયક ગૂંમડાથી ભરી દીધો. 8તેથી અયૂબ ધૂળમાં બેઠો,
અને તેની ખંજવાળ મટાડવા તેના ઘા ને ખંજોળવા તેણે
માટીના એક તૂટેલા ટૂકડાને ઊપયોગ કર્યો. 9એની પત્નીએ
તેને કહ્યું, "તમે હજુ પણ દેવને વળગી રહ્યાં છો? તમે દેવ
પર શાપ વરસાવો અને જીવનનો ત્યાગ કરો!"
10પરંતુ અયૂબે ઉત્તર આપ્યો, "તું તો એક મૂર્ખ સ્ત્રીની
જેમ બોલે છે, શું આપણે દેવના હાથથી માત્ર સુખ જ
સ્વીકારવાનું, દુ:ખ નહીં?" આવા દુ:ખમાં પણ અયૂબે કદી
દેવની વિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથીં.

## અયૂબના મિત્રોનું આગમન અને આશ્વાસન

11આ અયૂબ પર આવી પડેલી આફતોની વાત તેના ત્રણ
મિત્રોના જાણવામાં આવી. તેઓએ તેમના ઘર છોડ્યા એક
બીજાને સાથે મળ્યા. તેઓ અયૂબ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા
અને તેને આશ્વાસન આપવા જવા માટે સંમત થયા. તે
મિત્રોના નામ તેમાનથી અલીફાઝ, શુઆરથી બિલ્દાદ અને
નાઅમાંથી સોફર હતાં. 12તેઓએ દૂરથી અયૂબને જોયો અને
હવે તે ઓળખી ન શકાય તેવો થઈ ગયો હતો તેથી તેઓ
મોટે અવાજે રડ્યાં, શોકના માર્યા પોતાના વસ્રો ફાડી નાંખ્યા
અને તેઓનો શોક વ્યક્ત કરવા તેઓ તેઓના માથા પર રેતી
વરસાવવા લાગ્યાં. 13તેઓ સાત દિવસ અને સાત રાત તેની
સાથે જમીન પર બેઠા. તેઓ એક શબ્દ પણ બોલ્યા નહીં.
કારણકે તેઓએ જોયું કે અયૂબનું દુ:ખ ખૂબ વિશાળ હતું.

## અયૂબનો આર્તનાદ અને અફસોસ

3 અયૂબ જન્મ્યો હતો તે દિવસને શાપ દે છે. 2અયૂબે
કહ્યું; 3"મને એમ થાય છે હું જન્મ્યો તે દિવસ હંમેશ
માટે અર્દશ્ય થઈ જાય!
4મને થાય છે તે દિવસ અંધકારમાં જ હોત, અને હું
ઈચ્છું છું દેવ તે દિવસ ભૂલી જાય! મને થાય છે તેઓએ
કહ્યું કે 'તે એક છોકરો છેં,' તે રાત આવી ન હોત! હું ઈચ્છું
છું તે દિવસે કોઈ રોશની ઝળકતી ન હોત.
5હું ઈચ્છું છું તે દિવસ અંધકાર ભર્યો હોત એવો કાળો
જેવું કાળું મૃત્યુ, હું ઈચ્છું છું,, તે દિવસે વાદળો સંતાઈ ગયા
હોય, હું ઈચ્છું છું,, હું જન્મ્યો તે દિવસથી કાળાં વાદળો
પ્રકાશને બિવડાવી ભગાડી મૂકે,

6હું ઈચ્છું છું અંધકાર તે રાત્રિને પાસે રાખે, પંચાગમાં તે
સુખનો દિવસ કોઈ મહિનામાં ન હોય પણ તે ન ગણાય.
7તે રાત્રિ કોઈ વસ્તુ ઉત્પન કરે નહી, તે રાત્રે આનંદની
એકપણ બૂમ ન સંભળાય.
8કેટલાક જાદૂગરો હંમેશા અજગરને જગાડવા આતુર હોય
છે. તો તેઓને હું જન્મ્યો હતો તે દિવસને શ્રાપ ઉપર શ્રાપ
આપવા દો.
9તે દિવસના પ્રભાતના તારા અંધકારમાં રહે, તે રાત્રિ
ભલે સવાર થવાની રાહ જોયા કરે પરંતુ પ્રકાશ ન આ ઉગતા
સૂર્યના પહેલા કિરણોને ન જોવે.
10તે રાત્રિ મારા જન્મ કરાવ્યા વગર રહી નહી તેથી મને
આ મુશ્કેલીઓ દેખાયા વગર રહી નહીં.
11હું જ્યારે જન્મ્યો ત્યારે મરી કેમ ન ગયો? જન્મવાને
બદલે હું મરી કેમ ગયો નહીં?
12મારી માતાએ શા માટે મને તેના ઘૂંટણો પર રાખ્યો?
માતાએ શા માટે મને સ્તન પાન કરાવ્યું?
13જ્યારે હું જન્મ્યો ત્યારેજ મરી ગયો હોત તો અત્યારે
મને શાંતિ હોત મને થાય છે હું આરામમાં ઊંઘતો હોત.
14જેઓ અગાઉ પૃથ્વી પર રાજાઓ અને વિદ્વાન માણસો
સાથે રહેતા હતા તે માણસોએ પોતાને માટે મકાનો બંધાવ્યા
હતા તે આત્યારે નાશ પામી ગયા છે અને સમાપ્ત થઈ
ગયા છેં.
15અને હું ધનવાન રાજકર્તાઓ સાથે જેમણે તેમના ઘરો
અઢળક સોના અને ચાંદીથી ભરી દીધેલા છે શાંતિમય અને
સુખદાયી થઈ ગયો હોત!
16મરેલું જન્મે અને જમીનમાં દાટી દેવાયું. શા માટે હું
એ બાળક ન હતો? મને થાય છે જેણે દિવસનો પ્રકાશ જોયો
નથી હું તે એક બાળક જેવો હોત!
17અધમ માણસો જ્યારે કબર ભેગા થાય છે ત્યારે હેરાન
કરવાનું બંધ કરે છે. અને જે લોકો થાકેલા છે તેઓને કબરમાં
શાંતિ લાગે છે.
18કેદીઓને પણ કબરમાં આરામ મળે છે કારણકે તેઓને
ચોકીદારો તેના પર બૂમો પાડતા તે સંભળાતું નથી.
19બધાજ જાતના લોકો કબરમાં છે–મહત્વશીલ અને
મહત્વ વગરના લોકો ગુલામ તેના ધણીથી મુક્ત છે.
20માણસ જે પીડા ભોગવી રહ્યો છે શા માટે જીવતા રહ્યાં
કરવું છે. એક દુ:ખી આત્માવાળા માણસને શા માટે જીવન
આપવું જોઈએ?

21તે માણસને મરવાની ઈચ્છા છે પણ મોત આવતું નથી. તે દુ:ખદાયી માણસ છુપાયેલા ખજાના કરતા મોતને વધારે શોધે છે.

22તે લોકો તેઓની કબર મળવા માટે ખુશ થશે. તેઓ તેઓની સમાધિ મેળવવાથી આનંદ પામશે.

23પરંતુ દેવ તેઓની આસપાસ રક્ષા કરતી એક દિવાલ છે અને તેઓનું ભવિષ્ય ગુપ્ત રાખે છે.

24જ્યારે ખાવાનો સમય થાય છે ત્યારે હું માત્ર દુ:ખથી નિસાસો નાખું છું આનંદનો નહીં અને મારી ફરિયાદો બહાર પાણીની જેમ રેડાય છે.

25મને ડર છે કે મને કાંઈ ભયંકર થવાનું છે અને બરોબર તેમજ થયું.

26હું શાંત રહીં શકતો નથી, હું સ્વસ્થ થઈ શકતો નથી, હું આરામ કરી શકતો નથી, હું ખૂબજ ઉદ્વિગ્ન થયો છું. જેની મને વધારે બીક લાગતી હતી તેજ મને થયું."

### તેમાનના એલિફાઝનો સંવાદ

4 પછી તેમાનના એલિફાઝે જવાબ આપ્યો કે,
2"શું, હું તને એકાદ બે શબ્દ કહું તો તું સહન કરી શકીશ? અને હવે હું કહ્યાં વગર પણ કેવી રીતે રહી શકું?

3જો, તેં ઘણા લોકોને સલાહ આપી, અને તેં અનેક દુર્બળ હાથોને મજબૂત કર્યા.

4તારા શબ્દોએ પડતાને ઊભા કર્યા છે, અને જે લોકો પોતાની જાતે પગભર નથી તેમને તેં પ્રબળ કર્યા.

5પરંતુ હવે જ્યારે મુશ્કેલીઓ તારે માથે આવી પડી છે, તું ઉત્સાહ ભંગ થઈ ગયો છે, જ્યારે તારો વારો આવ્યો છે ત્યારે તું ગભરાઈ જાય છે.

6દેવ પ્રત્યેના તારા ભયમાં તને ખરેખર વિશ્વાસ છે? તારી વિશ્વસનીયતાને કારણે તું આશા રાખે છે?

7વિચારી જો, નિર્દોષ લોકો કદી નાશ પામ્યા છે? કદી એક સારી વ્યક્તિનો નાશ થયો છે?

8મને એવો અનુભવ છે કે, જેઓ પાપ અને અડચણો વાવે છે તેઓ જ તે લણે છે.

9દેવની એક ફૂંકથી જ તેઓ ઊડી જાય છે, તેમના એક કોપના ફૂંફાડા માત્રથી જ તેઓ ફેંકાઈ જાય છે.

10દુષ્ટો બરાડા પાડે છે અને સિંહની જેમ ઘુરકે છે. પરંતુ દેવ દુષ્ટોને મૂંગા કરી દે છે, અને તેઓના દાંત તોડી નાખે છે.

11હા, તે દુષ્ટ લોકો, શિકાર શોધી ન શકે તેવા સિંહ જેવા છે. તેઓ મરી જાય છે અને તેઓના બચ્ચાં રખડી પડે છે.

12હમણા એક ગુપ્ત વાત મારી પાસે આવી, અને તેના ભણકારા મારા કાને પડ્યા.

13જ્યારે રાત્રે નિદ્રા માણસને ઘેરી વળે છે ત્યારે રાતનાં સંદર્શનો પરથી આવતા વિચારોમાં–

14હું ભયથી ધ્રુજી ગયો અને મારા સર્વ હાડ થથરી ઊઠ્યાં.

15ત્યારે એક પ્રેતઆત્મા મારા મોંને સ્પર્શીને પસાર થઈ ગયો અને મારા રૂવાડાં ઉભા થઈ ગયાં.

16તે સ્થિર ઊભો રહ્યો, પણ હું તેનું સ્વરુપ ઓળખી શક્યો નહીં. એક આકૃતિ મારી સમક્ષ આવીને ઊભી રહી, અને ત્યાં શાંતિ હતી. પછી મેં એક ખૂબજ શાંત અવાજ સાંભળ્યો.

17'શું માણસ દેવ કરતાં વધારે ન્યાયી હોઈ શકે? શું તે તેના સર્જનહાર કરતાં વધારે પવિત્ર હોઈ શકે?

18જુઓ, તેને તેના સ્વર્ગના સેવકોમાં વિશ્વાસ નથી; એ તો એના દેવદૂતોનો પણ વાંક કાઢે છે.

19તો વસ્તુત: લોકો વધારે ખરાબ છે! લોકો પાસે માટીના ઘરો જેવા શરીર છે. તેમના પાયા ગંદવાડમાં હોય છે. તેઓને કચરીને મારવું તે ફૂદું મારવા કરતાં પણ સહેલું છે.

20તેઓ સવારમાં જીવતા હોય છે પણ સાંજ પડતા તો મૃત્યુ પામે છે. તેઓ સદાને માટે ચાલ્યા જાય છે, કોઈ તેઓની ચિંતા કરતું નથી.

21જો તેઓના તંબૂના દોરડાં ઉપર તાણ્યાં હોય તો આ લોકો ડહાપણ વગરના મરી જાય છે."

### પશ્ચાતાપ કરવા એલિફાઝની અયૂબને અરજ

5 "હાંક મારી જો હવે; તને જવાબ આપનાર કોઈ છે ખરું? તું હવે ક્યા દેવદૂતને શરણે જશે?

2ક્રોધ મૂર્ખ માણસને મારી નાખે છે, ઈર્ષ્યા મૂર્ખનો નાશ કરે છે.

3મેં મૂર્ખ માણસને જડ નાંખતા જોયો છે, પણ પછી અચાનક આફત આવી પડે છે.

4તેનાં સંતાનોને મદદ કરવાવાળું કોઈ નથી, તેઓ ન્યાયાલયમાં ભાગી પડ્યાં છે. અને તેઓનો બચાવ કરે એવું કોઈ નથી.

5તેઓનો ઊભો પાક ભૂખ્યા લોકો ખાઈ જાય છે, થોરકાંટામાંથી પણ તેઓ લૂંટી જાય છે. તેઓની સંપત્તિનો ઉપયોગ તેઓને બદલે બીજા કરે છે!

6જટિલ સમસ્યાઓ ધરતીમાંથી નથી ઉગતી, અને મુશ્કેલીઓ જમીનમાંથી નથી ફૂટતી.

7પરંતુ જેમ અગ્નિ તણખો પેદા કરે છે તેવીજ રીતે મનુષ્ય જટિલ સમસ્યાઓનો સામનો કરવા જ જન્મ્યો છે.

8અને જો તમે મને પૂછો તો હું દેવ પાસે જઈશ અને તેમની સામે મારો કિસ્સો રજુ કરીશ.

9દેવ, ઘણી અશક્ય અને મહાન વસ્તુઓ કરે છે જે લોકો સમજી શકતા નથી. તે અગણિત ચમત્કારો કરે છે.

10તે પૃથ્વી પર વર્ષા વરસાવે છે અને ખેતરોમાં જળ પહોંચાડે છે.

11તે ગરીબ અને નમ્ર લોકોને ઉચ્ચ બનાવે છે. તથા શોકાતુરોને ઊંચે ચઢાવી સુરક્ષા આપે છે અને શાંતિ આપે છે.

12તે ચાલાક, દુષ્ટ લોકોની યોજનાઓ બગાડી નાખે છે. જેથી તેઓ સફળ ન થાય.

13વિદ્વાન લોકો પણ તેઓના પોતાના જ છળકપટ માં ફસાઈ જાય છે. દેવ તેમના દુષ્ટકર્મોનો નાશ કરે છે.

14ધોળે દહાડે તેઓ અંધારાને ભટકાય છે, તેઓ અંધજનની જેમ ખરે બપોરે રાતની જેમ ફાંફા મારે છે.

15દેવ, ગરીબને મોતમાંથી બચાવે છે. તે તેઓને મજબૂત લોકોના બળથી બચાવે.

16તેથી ગરીબને આશા રહે છે દુષ્ટોનું મોઢું ચૂપ કરી દેવામાં આવશે.

17દેવ જેને સુધારે છે તે ભાગ્યશાળી છે, માટે તું સર્વ સમર્થ દેવની શિક્ષાની અવજ્ઞા કરીશ નહીં.

18કારણકે તે કાપે છે અને સાંધે પણ છે, ઘા કરે છે અને ઘા રુઝાવે પણ છે.

19તેઓ તમને છ આફતોમાંથી બચાવશે, સાતમીથી તમને દુ:ખ થશે નહીં.

20તેઓ તમને દુષ્કાળના સમયે મૃત્યુમાંથી અને યુદ્ધના સમયે તલવારના ત્રાસમાંથી બચાવી લેશે.

21નિંદાખોરોથી તું સુરક્ષિત રહીશ, અને આફતની સામે પણ તું નિર્ભય રહીશ.

22વિનાશ અને દુષ્કાળને તું હસી કાઢીશ.અને પૃથ્વી પરનાં હિંસક પશુઓથી તું ગભરાઈશ નહીં,

23તારા ખેતરના પથ્થરો પણ તારી દલીલમાં ભાગ લેશે, જંગલી જાનવરો પણ તારી સાથે સુલેહ કરશે.

24તું બહાર હોઈશ ત્યારે પણ તારે તારા ઘરની કશી ચિંતા કરવાની રહેશે નહીં, અને તું તારા પોતાના વાડાને તપાસી જોઈશ, તો બધું સુરક્ષિત હશે.

25તને પુષ્કળ સંતાનો થશે અને પૃથ્વી પરના ઘાસની જેમ તારા વંશજો પણ ઘણા હશે.

26તું જેમ લણણીની ઋતું સુધી ઘંઉ ઊગે છે તેમ, તું તારી બરોબર પાકી ઉંમરે તારી કબરમાં જઈશ.

27અમે આ વસ્તુઓનો અભ્યાસ કર્યો અને અમે જાણીએ છીએ કે તેઓ સાચા છે. તારા પોતાના ભલા માટે મારી આ સલાહને તું ધ્યાનમાં લે."

### અયૂબનો જવાબ

6 પછી અયૂબે આ મુજબ જવાબ આપ્યો:

2"અરે! મારા દુ:ખો અને વેદનાઓને ત્રાજવે તોળી શકાય એમ હોત તો!

3તો એ સમુદ્રોની રેતી કરતા પણ વજનમાં વધારે હોત. મારા વચનો મૂર્ખ જેવા લાગવાનું એજ કારણ છે.

4સર્વસમર્થ દેવે મને તેના બાણથી ભરી દીધો છે. તેમના વિષમય બાણથી મારું શક્તિસામર્થ વીંધાઈ ગયું છે. દેવના ભયાનક શસ્રો મારી સામે મૂકાયા છે.

5જંગલી ગધેડા જ્યારે ઘાસ મળે છે ત્યારે ભૂંકતા નથી. જ્યારે ઘાસ મળતું હોય ત્યારે બળદો બરાડા પાડતા નથી.

6મીઠા વગરનો બેસ્વાદ ખોરાક કોણ ખાય? અથવા ઈડાના સફેદ ભાગનો કોઈ સ્વાદ હોય છે?

7હું તેને અડવા નથી માગતો; એ જાતના ખાવાનાથી હું થાકી ગયો છું.

8અરે! દેવ મારી પ્રાર્થના સ્વીકારે અને મારી આશા પૂરી કરે!

9મને થાય છે દેવ મને કચરી નાખે, જરા આગળ વધે અને મને મારી નાખે.

10અને જો એ મને મારી નાખે, તો મને એક વાતનો દિલાસો થશે, મને એક વાતની ખુશી થશે, કે આટલું બધું દુ:ખ હોવા છતાં મે પવિત્ર દેવની આજ્ઞા પ્રમાણે ચાલવાની ના પાડી નથી.

11હવે મારામાં એવું તે કર્યુ બળ છે કે હું સહન કર્યે જાઉં? અને એવો તે ક્યો મારો અંત આવવાનો છે કે હવે હું ધીરજ રાખું?

12શું હું કાંઈ પથ્થર જેવો મજબૂત છું? શું મારું શરીર કાંસાનું બનેલું છે?

13અત્યારે મને મારી જાતને મદદ કરવાની શકિત નથી કારણકે મારી પાસેથી સફળતા લઈ લીધી છે.

14મુસીબતમાં પડેલા માણસને એના મિત્રોનો સાથ હોવો જોઈએ, તે સર્વસમર્થ દેવને ત્યજીદે તો પણ.

15પણ તમે, મારા ભાઈઓ, મને વિશ્વાસુ ન હતા. હું તમારા પર વિશ્વાસ કરી શકુ નહી; તમે ઝરણાં જેવા છો જે કોઈવાર વહે છે અને બીજી કોઈવાર નહી.

16ઝરણાઓ ઘેરા હોય છે જ્યારે તેઓ બરફ અને હિમથી ભરેલા હોય છે.

17પરંતુ ગરમીમાં તે શોષાઈ જાય છે, અને એમના પેટ સૂકાઈ જાય છે;

18વેપારીઓ વળાંક ને અનુસરીને જતા જતા રણમાં આવી જાય છે અને તેઓ અદૃશ્ય થઈ જાય છે.

19તેમાન ના વેપારીઓ પાણીની શોધ કરે છે. શીબાના મુસાફરો આશાપૂર્વક રાહ જુએ છે.

20તેઓને ખાત્રી હતી કે તેઓને પાણી મળશે, પરંતુ તેઓ નિરાશ થયા હતા.

21તેવીજ રીતે તમે મારા કઠિન સમયમાં ગભરાઈ જઈને મારાથી મોઢું ફેરવી અને મને મદદ કરવાની ના પાડી હતી.

22મેં તને પૂછયું હતું! કે, મેં તમારી સલાહ માટે પૂછયું હતું?

23શું મે તમને કહ્યું, 'મને મારા શત્રુના પંજામાંથી બચાવો? હેરાન કરનારાઓથી મને મુકત કરો? પણ તમે મને મુકત રીતે તમારી સલાહ આપી.

24મને કહો મેં શું પાપ કર્યુ છે? મને શીખવો અને હું તમને અટકાવીશ નહી.

25સત્ય વચન ઘણાં અસરકારક હોય છે. પણ તમારી દલીલો કાંઈપણ પૂરાવા કરતી નથી.

26શું તમે માનો છો કે તમે મને ફકત શબ્દોથી સુધારી શકો? પણ હતાશ માણસના શબ્દો પવન જેવા હોય છે?

27અનાથોના ભાગની વસ્તુઓ જીતવા માટે તમે કદાચ જુગાર પણ રમો એવા છો. અથવા તમારા મિત્રોના ભોગે નફો કરો છો.

28મારી સામે જુઓ! હું તમારી આગળ જૂઠું નહીં બોલું.

29આટલેથી અટકી જાવ મને અન્યાય ન કરો! આટલેથી અટકો! મેં કાઈ ખોટું કર્યુ નથી.

30તમે એમ માનો છો હું જૂઠું બોલું છું? સાચું અને ખોટુ એ બે વચ્ચેનો ભેદ હું પારખી શકતો નથી?"

## દેવ સમક્ષ અયૂબનો સવાલ

7 અયૂબે કહ્યું, "શું પૃથ્વી પર માણસે મુશ્કેલીઓ વેઠવી પડતી નથી? શું માણસનું જીવન મહેનતાણું આપી કામે રાખેલ કામદાર જેવી નથી?

2એતો આતુરતાથી છાંયડાની રાહ જોનાર સેવક અને પોતાના પગારની રાહ જોનાર મહેનતાણુ લઈ કામે રહેલા કામદાર જેવી છે.

3મારે અર્થહીન મહિનાઓ અને કંગાળ રાત્રિઓ પસાર કરવી પડે છે.

4હું જ્યારે સૂવા જાઉ છું 'ત્યારે પહેલા વિચારું છું ઊઠવાના સમયને થવાને કેટલી વાર લાગશે?' રાત્રિ પસાર થયા કરે છે. હું સૂર્ય ઊગે ત્યાં સુધી પડખા ફેરવ્યા કરું છુ.

5મારા શરીર પર ધૂળ જામી જાય છે અને એમાં કીડા પડ્યાં છે. મારી ચામડી સૂકાઈને તરડાઈ ગઈ છે.

6મારા દિવસો વણકરના હાથ કરતા વધુ ઝડપી છે. અને આશાઓ વિનાનો મારા જીવનનો અંત આવે છે.

7દેવ યાદ રાખજો, મારું જીવન માત્ર એક શ્વાસ છે. હું ફરી કંઈ સારું જોઈશ નહી.

8દેવ, તમે મને ફરી જોશો નહીં; થોડીવાર પછી તમે મને શોધશો પણ હું ચાલ્યો ગયો હોઈશ.

9જેમ વાદળાં વિખેરાઈ અને અલોપ થઈ જાય છે, જે કબરમાં જાય છે ને ફરી કદી ઊપર આવશે નહીં.

10તે પોતાને ઘેર ફરી કદી પાછો ફરશે નહીં, તે કુટુંબથી અને ઘરથી હમેશ માટે દૂર થઈ જશે.

11મને મારો ઊભરો ઠાલવવા દો, મારો આત્મા સંકટમાં છે તેથી હું શાંત રહીશ નહીં. હું બોલીશ; મારા આત્માની વેદનાને કારણે હું મારું દુ:ખ રડીશ.

12હે દેવ! તમે મને એકલો શા માટે મૂકતા નથી? શું હું સમુદ્ર કે સમુદ્રનું પ્રચંડ પ્રાણી છું કે તમે મારો ચોકી-પહેરો રાખો છો?

13જ્યારે હું એમ કહું છું, "હવે પથારીમાં સૂઈ જાઉં ત્યારે મને ચેન પડશે, મને કળ વળશે.

14ત્યારે તમે મને ભયાનક સ્વપ્નો દ્વારા બીવડાવો છો. અને સંદર્શનોથી મને ગભરાવો છો.

15ત્યાં હું જીવવા ને બદલે ગુંગળાઈને મરી જાઉ તો વધારે સારું.

16હવે હું ત્રાસી ગયો છું. મારે કાયમ માટે જીવવું નથી. મને એકલો રહેવા દો. મારા જીવનનો કોઈ અર્થ નથી!

17દેવ, તમે મનુષ્યને મહત્વપૂર્ણ શા માટે ગણો છો? તમારે શા માટે તેને માન આપવું જોઈએ તમે શા માટે તેના પર ધ્યાન આપવાની પણ તસ્દી લો છો?

18રોજ સવારે તમે તેની મુલાકાત કરો છો અને તમે પ્રત્યેક ક્ષણે તેની કસોટી કરો છો?

19શા માટે તમે મને છોડી દેતાં નથી? હું મારું થૂંક ગળું એટલો સમય પણ તમે મને એકલો કેમ મૂકતા નથી?

20દેવ, તમે લોકો ઊપર ધ્યાન આપો, જો મે પાપ કર્યુ હોય કાંઈ વાંધો નહી, હું શું કરી શકુ? તમે શા માટે મને તમારું નિશાન બનાવ્યો છે? જેથી હું બોજારૂપ થઈ ગયો છું?

21તમે મને ખોટુ કરવા બદલ શા માટે સીધી રીતે માફ કરતા નથી? તમે મારા પાપોને શા માટે સીધી રીતે માફ કરતા નથી? થોડાજ સમયમાં હું મરી જઈશ અને માટીમાં મળી જઈશ. તમે મને શોધશો પણ હું ત્યાં હોઈશ નહીં. ચાલ્યો ગયો હોઈશ."

## બિલ્દાદ શૂહીનો અયૂબને જવાબ

8 ત્યારે બિલ્દાદ શૂહીએ અયૂબને જવાબ આપ્યો,
2"તું ક્યાં સુધી આવી વાતો કર્યા કરીશ? તારા તોફાની શબ્દો ક્યાં સુધી વંટોળિયાની જેમ તારા મુખમાંથી નીકળ્યા કરશે?

3શું દેવ અન્યાય કરે છે? સર્વસમર્થ દેવ, જે વસ્તુ સાચી છે શું તેને બદલે છે?

4જો તારા સંતાનોએ તેમની વિરૂદ્ધ પાપ કર્યા હશે તેણે તેમને તે માટે સજા કરી છે.

5જો તું ખંતથી દેવની શોધ કરશે અને એમની કરુણા યાચશે,

6અને તું જો પવિત્ર અને સારો હોઈશ તો એ તને ઝડપથી મદદ કરવા આવશે અને તને તારાં કાયદેસરના ઘર પાછા આપી દેશે.

7પછી તારી પાસે પહેલા હતું તેના કરતા ઘણું વધારે હશે.

8તું પહેલાની પેઢીઓને પૂછી જો! જાણી લે આપણા પિતૃઓ શું શિખ્યા હતા?

9આપણે તો આજકાલના છીએ, અને કાંઈજ જાણતા નથી. અહીં પૃથ્વી પરનું આપણું જીવન પડછાયા જેવું અલ્પ છે.

10તેઓ કદાચ તને શિખવી શકશે. કદાચ તેઓ તને તેઓ જે બાબત શિખ્યા હોય તે શિખવી શકે.

11શું કાદવ વિના કમળ ઊગે? જળ વિના બરુ ઊગે?

12ના, જો પાણી સૂકાઈ જાય તો તેઓ પણ સૂકાઈ જશે.

13લોકો જે દેવને ભૂલી જાય છે તે પેલા બરુઓ જેવા છે. જે વ્યક્તિ દેવને ભૂલી જાય છે તેને આશા રહેશે નહી.

14તે માણસ પાસે અઢેલવા માટે કાંઈ નથી. તેની સુરક્ષા કરોળિયાના ઝાળા જેવી છે.

15જો એક વ્યક્તિ કરોળિયાના ઝાળાને અઢેલી ને ટેકો લે તો તે તૂટી જાય તે કરોળીયાના ઝાળાનો આશ્રય લે છે પણ તે તેને ટેકો આપશે નહી.

16તે માણસ વનસ્પતિના એક છોડ જેવો છે જેની પાસે પુષ્કળ પાણી અને સૂર્ય પ્રકાશ છે. તેની ડાળીઓ આખા બગીચામાં ફેલાય છે.

17પથ્થર પર ઉગવાની જગ્યા શોધતા તે જથ્થાબંદ પથ્થરોને ઢાંકી દે છે.

18પણ જો એને એકવાર ઊખેડવામાં આવે તો પછી એ ઊગ્યાં હતાં કે નહીં એની ખબર પણ પડે નહીં.

19આ તો તેના માર્ગનું સુખ છે, અને જમીનમાંથી બીજા છોડ ઊગી નીકળે છે!

20પરંતુ દેવ નિર્દોષ લોકોને કદી અસમર્થ કરશે નહીં, અને અધર્મીને કદી મદદ કરશે નહીં.

21તેઓ તારા ચહેરાને હાસ્યથી અને તારા હોઠોને આનંદના પોકારોથી ભરી દેશે!

22તારો તિરસ્કાર કરનારા દુશ્મનો શરમથી છુપાઇ જશે અને દુષ્ટોના ઘરબાર બરબાદ થઈ જશે."

### અયૂબનો વળતો જવાબ

9 ત્યારે અયૂબે જવાબ આપ્યો:

2"હા, હું જાણું છું કે તું સાચું બોલે છે. પરંતુ દેવ સાથેની દલીલ માણસ કેવી રીતે જીતી શકે?

3જો દેવ તેની સાથે દલીલ કરે, તો દેવના 1,000 પ્રશ્નોમાંથી શું ઓછામાંઓછો એકનો જવાબ તે આપી શકશે?

4તે વિદ્વાન છે સર્વસમર્થ છે, કોઈપણ માણસ ઈજા પામ્યા વગર દેવ સામે લડી શકે તેમ નથી.

5તે દેવ જ્યારે ગુંસ્સે થાય છે ત્યારે પર્વતોને હલાવી દે છે અને તેઓને તેની જાણ પણ થતી નથી.

6દેવ પૃથ્વીને હલાવવા ધરતીકંપો મોકલે છે. દેવ પૃથ્વીના પાયાઓ હલાવી નાખે છે.

7જો તે આજ્ઞા કરે તો સૂર્ય ઊગશે નહી, અને એ તારાઓને ગોંધી શકે છે જેથી તેઓ ઝગમગી શકે નહીં.

8તેણે એકલે હાથે આકાશને પાથર્યુ છે, એ સમુદ્રના મોજા પર ચાલે છે.

9તેણે સપ્તર્ષિ, મૃગશીર્ષ તથા કૃત્તિકા બનાવ્યા છે. તેણે દક્ષિણી આકાશના નક્ષત્રો સર્જ્યા છે.

10દેવ અદભુત વસ્તુઓ કરે છે જે લોકો સમજી શકતા નથી. અને કોઈ ગણી શકે તેનાથી વધારે આશ્ચર્યો.

11તે મારી બાજુમાંથી પસાર થાય છે; પણ હું તેમને જોઈ શકતો નથી તે આગળ ચાલ્યા જાય છે પણ હું તેમને જોઈ શકતો નથી.

12તે જો ઓચિંતાના આવે અને તેમને જે કઈ જોઈતું હોય તે ઝડપમારી પડાવી લે તો. તેમને કોણ રોકી શકે? તેને કોણ પૂછી શકે, 'તમે આ શું કરો છો?'

13દેવ તેમનો ગુસ્સો રોકશે નહીં રહાબનાં મદદગારો પણ દેવથી ડરે છે. માણસનો ગર્વ તેની સામે ઓગળી જાય છે.

14તો પછી માત્ર મારા જેવા કઈ દલીલોને બળે એની સામે ઊભા રહી શકે?

15નિર્દોષ હોવા છતાં હું તેમને જવાબ આપી શકતો નથી મારા ન્યાયાધીશ પાસે દયાની ભીખ માંગું એટલું જ હું કરી શકું.

16હું જો એની સામે ફરિયાદ કરું અને તે જવાબ આપે તો. મને ખાત્રી છે તે મારું સાંભળશે નહીં.

17તે મને કચરી નાખવા દેવ તોફાન મોકલશે. કારણ વગર તે મને વધારે ઘાયલ કરશે.

18તે મને શ્વાસ લેવા દેશે નહી, પણ મને મુશ્કેલીઓથી ભરપૂર કરી દેશે.

19હું દેવને હરાવી શકીશ નહીં તે ખુબજ શકિતશાળી છે. હું દેવને ન્યાયાલયમાં લઈ જઈને મારી તરફ નિષ્પક્ષ રહેવાનો આગ્રહ કરી શકીશ નહીં.

20હું નિર્દોષ છું પણ હું જે કાંઈ કહું છું તેમાં હું ગુનેગાર જ દેખાઉ છું હું નિર્દોષ છું પણ જ્યારે હું બોલુ છુ, મારુ મોઢુ મને અપરાધી સાબિત કરે છે.

21હું નિર્દોષ છુ, પણ શું વિચાર કરવો તે હું જાણતો નથી. હું મારા પોતાના જીવનને ધિક્કારું છું.

22'માણસ કદાચ ભલે વાંક વગરનો કે અનિષ્ટ હોય પરંતુ દરેકને સરખીજ વસ્તુ થાય છે. તે બધાનો નાશ કરે છે.'

23જ્યારે કોઈ ભયંકર વસ્તુ બની જાય અને એક નિર્દોષ માણસને મારી નાખવામાં આવે તો શું દેવ તેના પર હસશે?

24જ્યારે દુષ્ટ માણસ એક પ્રદેશને કબ્જામાં લઈ લે છે, તો શું દેવ નેતાઓને શું થઈ રહ્યું છે તે જેવા માટે રોકે છે? એ જો સાચું હોય તો પછી દેવ કોણ છે?

25મારા દિવસો એક દોડવીર કરતા પણ વધારે ઝડપથી પસાર થઈ જાય છે. મારા દિવસો પસાર થઈ રહ્યા છે અને તેમા કોઈ આનંદ નથી.

26ઝડપથી પસાર થતા વહાણની જેમ અંતે પોતાના શિકાર પર તૂટી પડતા ગરૂડની જેમ મારાં દિવસો ચાલ્યાં જાય છે.

27જો હું એમ કહું 'હું મારા દુ:ખ વિષે ભૂલી જઈશ. અને ખુશ થઈને દેવ સામે ફરિયાદ ન કરવાનો નિર્ણય કરું.'

28વાસ્તવમાં કશું બદલાતું નથી. વ્યથા હજી પણ મને ડરાવે છે. હું જાણું છું કે તમે મને નિર્દોષ નહીં ગણો.

29હું પહેલેથીજ ગુનેગાર ઠરાયો છું. તો હું ફોકટ શા માટે શ્રમ કરું છું? હું તો કહું છું ભૂલી જાઓ એને.

30જો હિમથી હું મારું શરીર ધોઉં અને સાબુથી મારા હાથ ચોખ્ખાં કરું.

31તો પણ દેવ મને કાદવના ખાડામાં નાખી દેશે: અને મારા પોતાનાં જ વસ્રો મને ધૃણા કરશે.

32હું મારો પોતાનો બચાવ કરી શકતો નથી કારણકે તમે મારા જેવા માણસ નથી. આપણે એક બીજાને ન્યાયાલયમાં મળી શકીએ તેમ નથી. તમે માણસ હોત તો આપણે સારી રીતે વાદ–વિવાદ કરી શક્યાં હોત.

33મારી ઈચ્છા છે, કોઈ આડતિયો હોત કે જે બંને પક્ષને સાંભળી શકે. હું ઈચ્છું છુ એવું કોઈ હોત જે આપણને બંનેને ન્યાય કરી શક્યો હોત.

34હું ઈચ્છું છુ, દેવનો શિક્ષા દંડ લઈલે એવું કોઈ હોત, તો પછી દેવ મને ક્યારેય ડરાવશે નહી.

35તો હું દેવનો ડર રાખ્યા વગર તેને મોઢામોઢ કહી દઈશ. પણ હમણાં હું એમ કરી શકું તેમ નથી.

### અયૂબની જન્મ સબંધી દિલગીરી

10 હું જીવનથી કંટાળી ગયો છું. હું મુક્ત રીતે ફરિયાદ કરીશ. હું દુ:ખ અને કડવાશથી બોલીશ.

2હું દેવને કહીશ કે, 'મને દોષિત ન ઠરાવો; તમે મારી સાથે શા માટે ઝગડો કરો છો તે મને બતાવો.

3દેવ, શું મને દુ:ખ આપીને તમને આનંદ મળે છે? એવું લાગે છે તમે જે સર્જન કર્યુ છે તેની તમને કાળજી નથી. અથવા તો કદાચ તમે દુષ્ટ લોકોની યોજનાઓથી ખુશ થાઓ છો.

4શું તને ચર્મચક્ષુ છે. અથવા શું તું માણસની જેમ જુએ છે?

5શું તમારું જીવન અમારા જીવન જેટલું ટૂંકુ છે? તમારું જીવન માણસના જીવન જેટલું ટૂંકુ છે.

6કે તમે મારી ભૂલ શોધો છો અને મારા પાપ શોધો છો.

7તમે સારી રીતે જાણો છો કે હું નિર્દોષ છું. તમે જાણો છો કે તમારા હાથમાંથી મને કોઈ બચાવી શકે તેમ નથી.

8તમે તમારા પોતાના હાથે મને ઘડ્યો છે, સર્જ્યો છે; પરંતુ હવે તેઓ ભેગા થઈને મારો વિનાશ કરે છે.

9યાદ રાખો હું માટીમાંથી બનેલો છું. શું હવે તમે મને પાછો માટીમાં મેળવી દેશો?

10તમે મને એક બાટલીમાંથી બીજીમાં એમ દૂધની જેમ રેડ્યો છે અને મને ચીઝની જેમ વલોવો છો.

11તમે મને ચામડી અને માંસથી મઢી લીધો. તમે મને હાડકાં અને સ્નાયુઓથી વણી લીધો છે.

12તમે મને જીવન, આપ્યું, મારી સાથે દયાળુ રહ્યાં, તમે મારું ધ્યાન રાખ્યું અને મારા આત્માનું રક્ષણ કર્યુ.

13છતાં તમારા હૃદયમાં તો તમે આ છુપાવ્યું હતું. હું જાણું છું કે તમારા મનમાં આ હતું:

14તમે જોતા હતાં કે હું પાપ કરું છું કે નહીં, એવા ઈરાદાથી કે જો હું પાપ કરું તો મને શિક્ષા કર્યા વગર છોડવો નહીં.

15જો હું પાપ કરું તો મારે માટે બહુ ખરાબ થશે. પણ જો હું નિર્દોષ હોઈશ તો પણ હું મારું માથું ઊપર ઉઠાવી શકીશ નહી. હું ખૂબજ શરમિંદો અને મુંઝાયેલો છું.

16જો હું અભિમાની હોઉ તો તમે સિંહની જેમ મારી પાછળ છો અને ફરીથી તમે મારી સામે તમારી અદભૂત શક્તિ બતાવો છો.

17તમે મારી વિરુદ્ધ નવા સાક્ષીઓ લાવો છો અને મારા ઉપર તમારો રોષ વધારો છો. અને મારો સામનો કરવા એક પછી એક સૈન્ય મોકલો છો.

18તો પછી તમે મને શા માટે ગર્ભમાંથી બહાર કાઢયો? એના કરતાં તો હું મૃત્યુ પામ્યો હોત, કોઈએ મને જોયો સુદ્ધાં ન હોત તો એ કેવું સારું થાત!

19હું ઈચ્છું છું હું ક્યારેય જીવ્યો ન હોત! હું ઈચ્છું છું હું મારી માતાના ગર્ભમાંથી સીધો કબરમાં લઈજવાયો હોત.

20તમને ખબર નથી કે હું હવે થોડા સમય માટે જીવવાનો છું?

21મૃત્યુના પડછાયા અને અંધકાર નો પ્રદેશ, કે જ્યાંથી કોઈ પાછા આવતું નથી ત્યાં હું જાઉ તે પહેલા મારી પાસે જે થોડો સમય બચ્યો છે તેનો આનંદ મને માણી લેવા દો.

22આ મૃત્યુ દેશ તો મધ્યરાત્રિના ઘોર અંધકાર જેવો દેશ છે; એ તો મૃત્યુછાયાનો દેશ છે જ્યાં બધું અસ્તવ્યસ્ત છે તથા પ્રકાશ પણ મધ્યરાત્રિના જેવો કાળો ડિબાંગ લાગે છે.'"

### સોફાર નાઅમાથીનો અયૂબને જવાબ

11 ત્યારે નાઅમાથીના સોફરે અયૂબને ઉત્તર આપ્યો::
2"આટલા બધા શબ્દો નિરૂત્તર રહેશે? જો કોઈ માણસ પૂરતું લાંબુ બોલે તો તે તેને સાચો ઠરાવશે?

3શું તું વિચારે છે કે વાતો કરીને તું બીજા માણસોને ચૂપ કરી દઈશ? તું શું વિચારે છે કે તું દેવની મશ્કરી કરીશ અને તને કોઈ ઠપકો નહીં આપે?

4કારણકે તું કહે છે, 'હું જે કહું છું તે સાચું છે. હું દેવની નજરમાં નિર્દોષ છું.'

5હું ઈચ્છું છું દેવ બોલશે અને તને કહશે કે પોતે શું વિચારે છે!

6દેવ તને ડહાપણના રહસ્ય વિષે કહેશે. તે તને કહેશે કે દરેક વાત ને બે બાજુ હોય છે. અને તું ખાતરી રાખજે કે તે તને તારા દોષોની પાત્રતાથી ઓછી સજા આપે છે.

7અયૂબ, શું તું ખરેખર માને છે કે તું દેવને સમજે છે? તું સર્વસમથ દેવને સમજી શકતો નથી.

8તું સ્વર્ગની વસ્તુઓ બાબત કાંઈ કરી શકશે નહીં. મૃત્યુના સ્થળ બાબત તું કાંઈ જાણતો નથી.

9દેવ પૃથ્વી કરતાં પણ મહાન અને સમુદ્ર કરતાં પણ વિશાળ છે.

10તે ધસી જઈને કોઈની ધરપકડ કરે; અને તેનો ન્યાય કરવા તેને ન્યાયાલયમાં ઊભો કરી દે તો તેમ કરતાં તેમને કોણ અટકાવી શકે?

11સાચેજ દેવ જાણે છે કોણ નિરર્થક છે. જ્યારે દેવ અનિષ્ટ જુએ છે ત્યારે તે તેને યાદ રાખે છે.

12એક જંગલી ગધેડો એક માણસને જન્મ ન આપી શકે, અને એક મૂરખ બુદ્ધિશાળી અને ડાહ્યો કદી પણ બની ન શકે.

13પણ અયૂબ, તારે તારા હૃદયને માત્ર દેવની સેવા કરવા માટેજ તૈયાર કરવું જોઈએ અને તેની પ્રાર્થના કરવા તારે તારા હાથ ઊપર કરવા જોઈએ.

14જો તારા હાથ પાપથી ભરેલા હોય તો તેને સ્વચ્છ કરી નાખ! તારાં ઘરમાં અનિષ્ટ ને દાખલ થવા દેતો નહીં

15પછી તું દેવ સામે શરમાયા વગર જોઈ શકશે અને વિના બીકે દેવ સમક્ષ ઊભો રહી શકશે.

16વહી ગયેલા પાણીની જેમ તું તારું દુ:ખ ભૂલી જઈશ. અને તારા દુ:ખો ભૂતકાળ બની જશે.

17તારું જીવન મધ્યાનના સૂર્યથી પણ વધુ ઊજળું થશે. અને અંધકાર પણ પ્રભાતના પ્રકાશ જેવો બની જશે.

18પછી તું સુરક્ષા અનુભવીશ કારણકે ત્યાં આશા છે. દેવ તારી સંભાળ લેશે અને તને વિસામો આપશે.

19તું નિરાંતે સૂઈ શકશે અને તને કોઈ હેરાન કરશે નહીં. અને ઘણા લોકો તારી પાસે મદદ માગવા આવશે.

20દુષ્ટ લોકો કદાચ મદદ માગશે, પરંતુ તેઓ તેમની મુશ્કેલીમાંથી છટકી શકશે નહી. તેમની આશાઓ તેમને મૃત્યુ સુધી દોરી જશે."

## અયૂબનો ઉત્તર

12 ત્યારે અયૂબે ઉત્તર આપ્યો કે,
2"હા, તમેજ પ્રજાના ડાહપણનો ભંડાર છો; તમારા મૃત્યુની સાથે ડહાપણ પણ મરી પરવારશે!

3પરંતુ તમારી જેમ મને પણ ડહાપણ અને અક્કલ છે; અને હું તમારા કરતાં ઊતરતો નથી; હા, એ બધું કોણ નથી જાણતું?

4'એક દિવસ દેવ મારી પ્રાર્થના સાંભળતા હતા;' પણ હવે તો મારા મિત્રો પણ મારી પર હસે છે, હું ખરેખર સાચો છું અને નિર્દોષ છું છતાં તેઓ હસે છે.

5જે લોકોને મુશ્કેલીઓ નથી, તેઓ જે લોકોને મુશ્કેલીઓ છે તેમનો તિરસ્કાર કરે છે સ્થિર માણસ જેના પગ લથડી રહ્યાં છે તેને છેતરે છે.

6ચોર ડાકુઓના ઘર આબાદ થાય છે. તેઓ સુખથી જીવે છે અને દેવને પડકારનારાઓ સુરક્ષિત હોય છે; તેઓની તાકાત એ જ તેમનો દેવ છે.

7પરંતુ પશુઓને તમે પૂછો તો તે તમને શીખવશે, જો પક્ષીઓને પૂછો તો તે તમને કહેશે.

8પૃથ્વીને પૂછો, તે તમને શીખવશે; સમુદ્રમાંની માછલીઓને પૂછો તો તે તમને માહિતી આપશે.

9દરેક વ્યકિત જાણે છે કે આ સર્વનું યહોવાએ સર્જન કર્યુ છે.

10બધાંજ જીવો મનુષ્ય પણ દેવના જ હાથમાં રમે છે.

11જેમ મારું મુખ સારા ભોજનનો સ્વાદ પારખે છે તે જ રીતે જ્યારે હું સાંભળું છું ત્યારે મારું મન સત્યની પરખ કરે છે 12અમે કહીયે છીએ, 'વૃદ્ધ પુરૂષોમાં ડહાપણ હોય છે, અને પાકી વયમાં સમજણ હોય છે.'

13પરંતુ ખરું ડહાપણ અને સામર્થ્ય તો દેવનાં જ છે. સમજ અને સત્તા તો તેની પાસે જ છે.

14તે મહા પરાક્રમી છે. તે જે કાંઈ ફાડી નાખે છે તે ફરીથી બાંધી શકાતું નથી જ્યારે. તે માણસને કેદ કરે છે, ત્યારે કોઈ તેને છોડાવી શકતું નથી.

15જ્યારે તે વરસાદને અટકાવે છે એટલે જમીન સૂકાઈ જાય છે અને જ્યારે તે વરસાદને છોડી દે છે ત્યારે પાણી પૃથ્વી પર ફરી વળે છે.

16દેવ સર્વસમર્થ છે અને હંમેશા જીતે છે. છેતરનારા અને છેતરાયેલાં બંને તેનાં હાથમાં જ રમે છે.

17એ ભલભલા રાજમંત્રીઓની બુદ્ધિ હરી લે છે અને ભલભલા ન્યાયકર્તાઓને મૂર્ખા બનાવે છે.

18તે રાજાઓ ભલે લોકોને કેદમાં પૂરે, પણ દેવ તે લોકોને મુક્ત કરે છે અને તેમને શક્તિશાળી બનાવે છે.

19તે દેવ યાજકો પાસેથી તેમની સત્તા આંચકી લે છે સરકારી અધિકારીઓને તેમની નોકરીમાંથી કાઢી મુકે છે.

20વિશ્વાસપાત્ર સલાહકારોને એ ચૂપ કરે છે, એ વડીલોનું શાણપણ પણ છીનવી લે છે.

21દેવ રાજકુમારો ઉપર તિરસ્કારકરે છે. તે શક્તિશાળીઓની સત્તા આંચકી લે છે.

22દેવ ગુપ્તમાં ગુપ્ત રહસ્ય પણ પ્રગટ કરે છે તે મૃત્યુ જેવી કાળી જગ્યાએ પણ પ્રકાશ પહોચાડે છે.

23તે રાષ્ટ્રને મોટું બનાવે છે પછી તેના લોકોને વિખેરી નાખે છે.

24તે પૃથ્વીના લોકોના રાજાઓની અને પ્રમુખોની સમજશક્તિ હણી લે છે અને તેઓને દિશા-વિહોણા અરણ્યમાં માર્યા માર્યા રખડતાં હોય તેવા,

25ઘોર અંધકારમાં અથડાતાં અને છાકટા માણસની જેમ લથડતાં તેઓને કરી મૂકે છે."

## અયૂબનું ન્યાયીપણું અને વ્યક્તિત્વ

13 અયૂબે કહ્યું "તમે જે કંઈ મને કહ્યું તે બધું તો મેં મારા કાનેથી સાંભળ્યું છે, જોયું છે અને હું એ બધું સમજું છું. 2તમે જે બધુ જાણો છો તે હું પણ જાણું છુ. તમે જેવા હોશિયાર છો તેવોજ હું છું. 3પણ મારે સર્વ સમર્થ દેવ સાથે મોઢાંમોઢ વાત કરવી છે. મારે એમની સાથે વિવાદ કરવો છે. 4તમે ત્રણ જણા તમારી અજ્ઞાનતાને જૂઠાણાથી છૂપાવવાની કોશિશ કરો છો. તમે બધાં ઊંટવૈદ જેવા છો. જે કોઈને સાજા કરી શકતા નથી. 5તમે મૂંગા રહ્યા હોત તો સારું હતું! કારણકે એમાં તમારું ડહાપણ જણાત.

6"હવે મારી દલીલો સાંભળો, મારી બાબત પર ધ્યાન આપો.

7શું તમે દેવ માટે જૂઠું બોલશો? શું તમે સાચે એમ માનો છો કે દેવ તમારી પાસે જૂઠુ બોલાવવા માગે છે.

8શું તમે દેવનો મારી સામે બચાવ કરવા પ્રયત્ન કરી રહ્યાં છો? તમે પક્ષપાત કરો છો તમે દેવનો પક્ષ પસંદ કરો છો કારણકે તે દેવ છે એટલા માટે.

9સાવચેત રહેજો, તમે જે કાંઈ કરો છો એ બધું તે જાણે છે. શું તમે એમ માનો છો કે તમે જેમ માણસને મૂર્ખ બનાવો છો તેમ દેવને પણ બનાવી શકશો?

10તમે જાણો છો કે જો તમે ન્યાયાલયમાં કોઈ વ્યકિતનો પક્ષ ફક્ત તે મહત્વપૂર્ણ વ્યકિત છે તે માટે લો છો તો દેવ તમને ધિક્કારશે.

11દેવની મહાનતા તમને ડરાવે છે, તેમ નથી તમે તેનાથી ડરો છો.

12તમારાં બધા જોરદાર સૂત્રો નિરર્થક છે અને તમારી બધી દલીલો કોઈ કામની નથી.

13હવે તમે છાના રહો, મને બોલવા દો અને જે થવાનું હોય તે થવા દો.

14હું મારું જીવન જોખમમાં મૂકવાં તૈયાર છું, હું મારો જીવ મૂઠીમાં લઈને ફરવા તૈયાર છું. ભલે ગમે તે થાય.

15આમ કહેવાને કારણે દેવ ભલે મને મારી નાખે, હું તેમની રાહ જોઈશ; તેમ છતાં હું તેમની સમક્ષ મારો બચાવ જરૂર રજૂ કરીશ.

16ફક્ત એ જ મારી બચત હશે. કારણકે દુષ્ટ લોકોની દેવ સામે ઊભા રહેવાની હિંમત હોતી નથી.

17હવે તમે મારી વાત સહેજ ધ્યાનથી સાંભળો.

18હું કાળજીપૂર્વક મારી દલીલો રજૂ કરીશ. અને હું જાણું છું કે હું નિર્દોષ છૂટીશ.

19મને કોણ ખોટો ઠરાવી શકે એમ છે? જો કોઈ પણ હોય તો હું તત્કાળ ચૂપ થઈ જઈશ.

20હે દેવ! માત્ર બે વસ્તુ તમે મને આપો, પછી હું તમારાથી મારું મુખ સંતાડીશ નહીં.

21મને સજા કરવાનું બંધ કરો અને મને ડરાવવાનું બંધ કરો!

22પછી જો તમે મારી સાથે બોલશો તો હું તમને જરૂર જવાબ આપીશ. અથવા મને બોલવા દો અને તમે જવાબ આપો.

23મને કહો,"મેં શું ખોટું કર્યુ છે? મને મદદ કરો! મારાં પાપ અને અપરાધ મને જણાવો.

24શા માટે તમે મારાથી મુખ ફેરવી લો છો? શા માટે તમે મારી સાથે તમારા દુશ્મન જેવું વર્તન કરો છો?

25શું તમે પવનથી ખરી પડેલા પાંદડાને શિક્ષા કરશો? શું તમે સૂકા નિરર્થક તણખલાની પાછળ પીછો કરશો? હું તો એવો છું.

26તમે મારી વિરુદ્ધની તમામ ભૂંડી બાબતો લખો છો અને મારી યુવાવસ્થાના પાપોની સજા મને આપો છો;

27હે દેવ, તમે મારા પગમાં બેડીઓ બાંધો છો, તમે મારા બધા રસ્તાઓ ધ્યાનથી નિરખો છો, અને મારું એકેએક ડગલું તપાસો છો.

28માણસ નીચે પડી સડી ગયેલ વૃક્ષ જેવો છે અને ઊધઈથી ખવાઈ ગયેલા વસ્ર જેવો છે."

### અયૂબની સમસ્યા અને દેવનો વ્યવહાર

14 અયૂબે કહ્યું "માણસ કેવો નિર્બળ છે, તેનું આયુષ્ય
અલ્પ છે અને સંકટથી ભરપૂર છે. 2જેમ ફૂલ ખીલે
છે અને થોડીવારમાં કરમાઈ જાય છે, વાદળ પસાર થઈ
જાય છે અને તેની છાયા જતી રહે છે મનુષ્યનું જીવન એક
પડછાયા જેવું છે કે જે અહી ટૂંકા સમય માટે રહે છે અને
પછી તે અદૃશ્ય થઈ જાય છે. 3શું આવા નિર્બળ માનવીની
સામે જોવાની ચિંતા તમે કરો છો? શું ન્યાય મેળવવા માટે
તેને તમારી સમક્ષ ઊભો કરવામાં આવશે?

4"કોણ અશુદ્ધ વસ્તુમાંથી શુદ્ધ વસ્તુ બનાવી શકે? કોઈપણ નહીં.

5તમે માણસના આયુષ્યના મહિનાઓ એવાં મર્યાદિત કરી નાંખ્યા છે કે તેને ઓળંગી શકે નહીં; તેના મહિનાઓની ગણતરી તમારા હાથમાં છે.

6તેથી દેવ અમારી સામે જોવાનું બંધ કરો. અમને એકલા રહેવા દો, દિવસને અંતે ભાડૂતી મજુરને મળતા મહેનતાણાની જેમ અમને અમારા વળતરનો આનંદ માણવા દો.

7ઝાડને પણ આશા છે. એ ભલે કપાઈ ગયું હોય; એ પાછું વિકાસ પામી શકે છે અને એને નવાં અંકુર ફૂટી શકે છે.

8તેનાં મૂળિયા કદાચ જમીનમાં ઊગે અને તેના ઠૂંઠા જમીનમાં સૂકાઈ જાય.

9તે છતાંપણ તે જો ફરતે પાણી સૂંઘે તો એ નવા છોડની જેમ ડાળીઓ ઉગાડી શકે.

10પરંતુ માણસ જો મૃત્યુ પામે છે તો તે સમાપ્ત થઈ જાય છે.જ્યારે તે મરી જાય છે એ ચાલ્યો જાય છે.

11જેમ સાગરમાંથી પાણી ઊડી જાય છે, અને નદી ક્ષીણ થઈને સુકાઈ જાય છે;

12તેમ માણસ મરી જઈને ક્યારેય પાછો ઊઠતો નથી; જ્યાં સુધી આકાશોનું અસ્તિત્વ ન રહે ત્યાં સુધી માણસ ફરીથી તેની ઊંઘમાંથી જાગશે નહીં.

13હું ઈચ્છું છું તમે મને શેઓલમાં સંતાડો, અને તમારો ક્રોધ શમી જાય ત્યાં સુધી છુપાવી રાખો, અને મને ઠરાવેલ સમય ઠરાવી આપીને યાદ રાખો તો કેવું સારું!

14માણસ મૃત્યુ પામ્યાં પછી શું તે ફરીથી સજીવન થશે ખરો? જ્યાં સુધી મને મુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી હું રાહ જોઈશ.

15દેવ તમે મને બોલાવશો ત્યારે હું તમને જવાબ આપીશ. પછી હું જેનું તમે સર્જન કર્યુ છે, તમારા માટે મહત્વનો હોઈશ.

16પછી તમે મારાં એકેએક પગલાંને નજરમાં રાખશો, પણ મારા દુષ્કૃત્યો તમને યાદ નહીં આવે.

17તમે મારા પાપોને એક થેલામાં બાંધશો, અથવા તમે મારા ગુનાઓ ઉપર ચીતરશો!

18પર્વતો પડીને નષ્ટ થાય છે, અને ખડકો પોતાની જગ્યાએથી ચળી જાય છે.

19પથ્થરો પર સતત વહેતું પાણી તેને ઘસારો પહોચાડે છે. પાણીના પૂર પૃથ્વી પરની જમીનને ધોઈ નાખે છે અને તેવીજ રીતે દેવ, તમે મનુષ્યની આશાઓનો વિનાશ કરી નાખો છો.

20તમે મનુષ્યને સંપૂર્ણ રીતે હરાવ્યો અને પછી તે દૂર ચાલ્યો જાય છે. તમે તેને ઉદાસ બનાવીને, દૂર મોકલી દો છો.

21તેના સંતાનો આદરપાત્ર થયાં છે કે નહીં, તેની તેને જાણ નથી; અથવા જો તેઓ નીચે લવાયા હોય તો અપમાનિત કરાયા હોય, એ વિષે પણ તે અજાણ છે.

22તે માત્ર પોતાના દેહનું દુ:ખ અનુભવી શકે છે અને મોટેથી પોતાના માટે રડે છે."

## એલિફાઝ તેમાનીનો બીજો સંવાદ

15 પછી એલીફાઝ તેમાનીએ જવાબ આપ્યો:
2"અયૂબ જો તું ખરેખર બુદ્ધિમાન હોત તો રડતા શબ્દોથી તું ઉત્તર ન આપત. શું કોઈ શાણો માણસ, પોલા શબ્દોથી દલીલ કરે?
3તને એવું લાગે છે કે શાણો માણસ નકામા શબ્દો અને અર્થ વગરની વાતોથી દલીલ કરશે?
4અયૂબ, જો તારી પાસે તારા પોતાના રસ્તા હોત તો કોઈએ પણ દેવને માન આપ્યું કે ઉપાસના કરી ન હોત
5તું જે વાતો કરે છે તે તારા પાપો બતાવે છે. અયૂબ, તું ચતુરાઇ ભરેલા શબ્દો વડે તારા પાપ છૂપાવવાનો પ્રયત્ન કરે છે.
6હું નહીં, તારા શબ્દો જ તને દોષિત ઠરાવે છે, હા,તારી વાણી જ તારું પાપ પોકારે છે.
7તું જ પહેલવહેલો જન્મ્યો છે એમ તું માને છે? શું પર્વતો ઉત્પન્ન થયા તે પહેલાં તું જન્મ્યો હતો?
8દેવની ગુપ્ત યોજનાઓ વિષે તમે સાંભળ્યું છે ખરું? શું તને એમ છે તું એકજ બુદ્ધિશાળી વ્યકિત છે?
9અમારી પાસે ન હોય એવું ક્યું જ્ઞાન તારી પાસે છે? અમારાં કરતાં તમારામાં કઇ વિશેષ સમજદારી છે?
10જેઓ તમારા પિતા કરતાં પણ મોટી ઉમરનાં છે તે વૃદ્ધ અને અનુભવવાળાં માણસો અમારા પક્ષે છે!
11દેવ તમને આશ્વાસન આપવાની કોશિષ કરે છે, પણ એ તમારા માટે પૂરતું નથી. અમે તમને દેવનો સંદેશો નમ્રતા પૂર્વક કહ્યો.
12તમે શા માટે ઉશ્કેરાઈ જાઓ છો? આંખો શા માટે કાઢો છો?
13તમે તમારો ગુસ્સો દેવની ઉપર કેમ ઠાલવો છો? તમે શા માટે આમ બોલો છો?
14શું માણસ પવિત્ર હોઈ શકે? સ્ત્રી જણ્યો માનવી કદી નિર્દોષ હોઈ શકે?
15દેવદૂતોનો પણ ભરોસો કરતો નથી. તેમની દ્રષ્ટિએ તો આકાશો પણ સ્વચ્છ અને શુદ્ધ નથી!
16મનુષ્યતો અધમમાં અધમ છે. મનુષ્ય મલિન અને અપ્રમાણિક છે. પછી માણસનું શું તે જે પાપોને પાણીની જેમ પી જાય છે.

17"હું કહું તે સાંભળો; અને હું તો મેં જે જોયું છે, જાણ્યું છે તે જ કહેવાનો છું.
18આવા જ અનુભવો જ્ઞાની માણસોને થયેલા છે. તેઓ તેઓનાં પિતૃઓ પાસેથી જે શીખ્યા હતા તે કાંઇ પણ તેઓએ છૂપાવ્યું નથી.
19એકલા આપણા પિતૃઓનેજ તેઓની પોતાની ભૂમિ આપવામાં આવી હતી. કોઇ વિદેશીઓ તેઓની ભૂમિમાથી પસાર થતા નહીં. તેઓ જે તેમના પિતાઓ પાસે શિખ્યા તેમાંથી કાઈ પણ છૂપાવ્યું નથી. તેઓએ જ આ ડહાપણ ભરેલી શિખામણ આપેલી છે.
20એક દુષ્ટ માણસ તેના આખા જીવન પર્યંત પીડા ભોગવે છે. દુષ્ટ લોકોના દહાડા બહુ ટૂંકા હોય છે.
21દરેક અવાજ તેને ડરાવે છે. જે સમયે તે વિચારે છે કે તે સુરક્ષિત છે ત્યારે તેના દુશ્મનો આવી અને તેના પર હૂમલો કરશે.
22અંધકારમાંથી છટકવાની એને કોઇ આશા નથી.કોઇક જગ્યાએ ત્યાં એક તલવાર તેને મારવાની રાહ જોઇ રહી છે.
23તે ખોરાક માટે ભટકે છે પરંતુ તે ક્યાં મેળવે છે? તે જાણે છે કે મૃત્યુના દિવસો નજીક છે.
24સંકટ તથા વેદના તેને ભયભિત કરે છે; યુદ્ધને માટે સજ્જ થયેલા રાજાની જેમ તેઓ તેના પર વિજય મેળવે છે.
25તેણે દેવની સામે પોતાની મુઠ્ઠી ઉગામી છે અને સર્વસમર્થ દેવની સામે લડે છે.
26તે દુષ્ટ વ્યકિત બહુ દુરાગ્રહી છે. મજબૂત ઢાલથી સજ્જ થઈને તે દેવને પડકાર કરે છે.
27એ દુષ્ટ માણસ છકી ગયેલો, પુષ્ટ અને ધનવાન છે. તે માણસ કદાચ ચરબી યુકત અને ધનવાન હશે.
28પરંતુ તેના નગરો ખંડેર બની જશે, તેના ઘરનો નાશ થઇ જશે અને તેનું ઘર ઉજ્જડ થઇ જશે.
29એ ધનવાન નહીં રહે એની સમૃદ્ધિ ટકશે નહીં. તે તેની સંપતિ ટકશે નહીં.
30દુષ્ટ માણસ અંધકારમાંથી બચશે નહીં, તે એક વૃક્ષ જેવો થશે જેની કુમળી ડાળીઓ જવાળાઓથી બળી જાય છે અને પવનમાં ફૂંકાઇ જય છે.
31દુષ્ટ માણસે નિરર્થક બાબતોમાં વિશ્વાસ કરીને પોતાને મૂર્ખ બનાવવો જોઈએ નહી. કારણકે તેને કાંઇ મળશે નહીં.
32દુષ્ટ માણસ તેના જીવનનો અંત આવે તે પહેલા વૃદ્ધ થશે અને કરમાઇ જશે, તે સૂકી શાખા જેવો થશે.
33તે જેની કાચી દ્રાક્ષ ખરી પડે એવા દ્રાક્ષના વેલા જેવો, જેનું અપકવ ફળ ખરી પડે એવા જૈતુનના વૃક્ષ જેવો છે,
34કારણકે દેવ વિનાના લોકો પાસે કાઇ હોતું નથી. જેઓ પૈસાને પ્રેમ કરે છે, તેઓના ઘરો અગ્નિથી નાશ પામી જશે.
35દુષ્ટ લોકો હમેશા હેરાન કરવા માટે દુષ્ટ યોજનાઓ બનાવે છે. તેઓ હંમેશા લોકોને છેતરવાની યોજનાઓ બનાવતા હોય છે."

## અયૂબનો પ્રત્યુતર

16 ત્યારે અયૂબે પ્રત્યુતર આપ્યો,
2"આ બધું તો મેં પહેલાં સાંભળેલું છે. તમારો તો આશ્વાસન પણ ત્રાસદાયક છે.
3શું તમારી રાડારાડનો અંત નથી? તમારી સાથે શું ખોટું થયું છે કે તમે આ પ્રમાણે દલીલો કર્યા કરો છો.
4જો તમારી જગ્યાએ હું હોત તો હું આ પ્રમાણે જ બોલી શક્યો હોત. મેં તમારી સામે ડાહી વાતો કરી અને માથું હલાવ્યું હોત.
5દિલગીરી દુ:ખ જો હું સહન કરું જો હું ચૂપ રહું પણ ના! એવી રીતે નહીં, માત્ર મૌખિક રીતેજ હું તમને હિંમત આપી

શક્યો હોત,માત્ર મારા હોઠ ફફડાવીને જ હું તમને આશ્વાસન આપી શક્યો હોત.

6જો કે હું બોલું તો પણ મારું દુ:ખ દૂર થવાનું નથી; અને જો હું ચૂપ રહું તો મને કેવી રીતે આરામ મળે?

7સાચેજ દેવ! તમે મારી શકિત લઈ લીધી છે, તમે મારા આખા કુટુંબનો નાશ કર્યો.

8હે દેવ! તમે મને કેવો હાડપિંજર જેવો બનાવી દીધો છે! લોકો એને મારાં પાપોનું પરિણામ માને છે.

9દેવ મારા પર હુમલો કરે છે, તે મારી સાથે ઉદ્વિગ્ન છે અને મારા શરીરને કાપીને અલગ કરે છે. દેવ મારી સામે તેના દાંત પીસે છે. મારા દુશ્મનો મારી સામે ધિક્કારથી જોવે છે.

10લોકો મારી આજુબાજુ ટોળે વળી ગયા. તેઓ મારી મશ્કરી કરે છે અને મારા મોઢા પર તમાચો મારે છે.

11દેવે મને દુષ્ટ લોકોને સોંપી દીધો છે; તેણે દુષ્ટ લોકોને મને ઈજા પહોંચાડવાની મંજૂરી આપી છે.

12હું સુખચેનમાં હતો, ત્યારે તેણે મને કચડી નાંખ્યો; હા, તેમણે મને ગરદનમાંથી પકડ્યો અને મારા ટૂકડેટૂકડા કરી નાખ્યા. દેવે અભ્યાસ માટે મારો નિશાન તરીકે ઉપયોગ કર્યો .

13દેવના ધનુર્ધારી માણસોએ મને ઘેરી લીધો છે. તેઓ મારા મૂત્રપિંડોમાં બાણો મારે છે. તે દયા દાખવતા નથી. તે મારા પિત્તાશય ને જમીન પર ઢોળે છે.

14મારાં પર તે વારંવાર આક્રમણ કરે છે અને યોદ્ધાની જેમ તે મારા પર તૂટી પડે છે

15હું ખૂબ ઊદાસ છું તેથી મે આ શોકના વસ્ત્રો પહેર્યા છે, હું અહી ધૂળ અને રાખ પર હાર માનીને બેઠો છું.

16રડી રડીને મારું મોં લાલ થઈ ગયું છે. મારી આંખોની આજુબાજુ કાળા કુંડાળા પડી ગયાં છે.

17હું કોઈ ઉપર ક્રૂર થયો ન હતો. મારી પ્રાર્થનાઓ પવિત્ર અને સાચી છે.

18હે પૃથ્વી ન્યાય માટે તલસતાં મારા લોહીને તું ઢાંકી દઈશ નહીં. મારી ફરિયાદ માટે પોકારતાં મારા અવાજને તું દાટી દઈશ નહીં.

19હજુ પણ સ્વર્ગમાં કોઈ છે જે મારી તરફેણમાં બોલે છે. ઉપર કોઈ છે જે મારી સાક્ષી પૂરશે.

20મારા મિત્રો મારી વિરુદ્ધ બોલે છે જયારે હું દેવ સામે આંસુ ટપકાવું છું.

21જેમ એક વ્યકિત તેના મિત્ર માટે દલીલો કરે તે દેવ સામે મારા માટે બોલે છે .

22થોડાજ વર્ષો માં હું એ જગ્યાએ જઈશ જ્યાંથી હું પાછો ફરવાનો નથી."

### અયૂબની દુ:ખદ અભિવ્યક્તિ

17 "હું ત્રાહિત છું. મારો આત્મા રૂંધાય છે. હું જીવનને આરે આવી ઊભો છું, હવે કબ્રસ્તાન સિવાય મારે માટે કોઈ મારી રાહ જોતું નથી.

2મારી આજુબાજુ હવે માત્ર મારી હાંસી કરનારાઓ જ રહ્યાં છે; અને જ્યારે તેઓ કઠોર વચનો બોલે છે, હું તેઓને નજરમાં રાખું છું.

3દેવ, મને બતાવો કે તમે ખરેખર મને આધાર આપો છો. બીજુ કોઈ મને આધાર નહીં આપે.

4હે દેવ!, તમે જ તેઓને આ સમજવા દીધું નથી, તેથી તમે તેઓને જીતવા દેશો નહીં.

5તમે જાણો છો, લોકો શું કહે છે, 'જ્યારે એક માણસ પોતાની સંપતિનો હિસ્સો મેળવવા માટે પોતાના મિત્રોને વાત કરે છે, તેના બાળકો અંધ બની જશે.'

6દેવે મને લોકોમાં હાંસીપાત્ર બનાવ્યો છે; તેથી લોકો મારા મોઢા પર થૂંકે છે.

7દુ:ખથી આંસુ સારવાથી હવે મારી આંખે અંધારા આવે છે, અને મારાં અંગો પડછાયા જેવા બની ગયા છે.

8ન્યાયી લોકો આને લીધે ઉદ્વિગ્ન છે. નિર્દોષ લોકો, જેઓ દેવની કાળજી કરતાં નથી તેને લીધે વ્યથિત છે.

9છતાંય સજ્જન પુરૂષો પોતાના માર્ગમાં ટકી રહેશે અને પ્રમાણિક નીતિવાન અધિકાધિક બળવાન થતાં રહેશે.

10પરંતુ તમે બધા રહેવા જ દો, પાછળ આવો, મને તમારી વચ્ચે એકપણ શાણો માણસ નહીં મળે.

11મારું જીવન પસાર થતું જાય છે. મારી યોજનાઓ નષ્ટ થઈ ગઈ છે. મારી આશાઓ અદ્રશ્ય થઈ ગઈ છે.

12પણ મારા મિત્રો રાત ને દિવસ માને છે, અંધકાર હોવા છતાં તેઓ કહે છે," પ્રકાશ નજીકમાં છે."

13હું કદાચ આશા રાખુંકે કબર મારું નવું ઘર બને. હું કબરના અંધકારમાં પથારી પાથરવાની પણ કદાચ આશા રાખું.

14મેં કબરને એમ કહ્યું છે કે, 'તમે મારા પિતા છો.' મેં કીડાઓને કહ્યું છે કે, 'તમે મારી માતા અને બહેનો છો.'

15તો પછી હવે, મારે માટે કોઈ આશા રહી ખરી? કોણ જોશે, મારા માટે કોઈ આશા છે કે નહીં?

16મારી આશા, નીચે મૃત્યુલોક સુધી જશે? આપણે માટીમાં સાથે મળી જશું?"

### બિલ્દાદ શૂહીનો જવાબ

18 એટલે બિલ્દાદ શૂહીએ જવાબ આપ્યો કે,

2"અયૂબ, તું ક્યાં સુધી આમ શબ્દોને પકડવા જાળ ફેલાવ્યા કરીશ?સમજદાર થા પછી અમે તારી સાથે વાત કરીએ.

3તમે અમને શા માટે ઢોર જેવા ગણો છો? અને શા માટે અમને મૂર્ખ માનો છો?

4અયૂબ, તું જ તારા ક્રોધથી તારી જાતને દુ:ખ પહોંચાડી રહ્યો છે. શું તારા માટે લોકોએ પૃથ્વી છોડીને જવું? શું તમે વિચારો છો કે માત્ર તમારા સંતોષ માટે દેવ પર્વતોને હલાવશે?

5હા, દુષ્ટ લોકોનું તેજ બહાર ચાલ્યું જશે. તેનો અગ્નિ બળતો બંધ થઈ જશે.

6તેના પ્રકાશિત ઘરમા આંધારુ થશે. તેની પાસેનો દીવો હોલવાઈ જશે.

7તેનાં મજબૂત પગલાં નબળાં પડે છે. તેની અનિષ્ટ ઈચ્છાઓ તેને નીચે પાડે છે.

8તે ફાસલા માં ચાલે છે; તેના પગ એમાં ફસાઈ જાય છે.

9ફાસલો તેના પગની પાની પકડી લે છે, એના પાશમાં તે જકડાઇ જાય છે.

10જમીન પર જાળ સંતાઈને પડી હશે, તેનાં માર્ગમાં એ પાથરેલી હશે.

11એની ચારેકોર ભય તેની પર ત્રાટકવા ટાંપી રહ્યાં છે. દરેક પગલું તેની પાછળ તે ભરે છે, ડર હશે.

12ગંભીર આફતો તેના માટે ભૂખી છે. વિનાશ અને વિધ્વંસ તેને નીચો પાડવાં રાહ જોઈને ઊભા હોય છે.

13ભયંકર બિમારીઓ તેની ચામડીને કોરી ખાશે. એના હાથ, પગ કોહવાઈ જશે.

14એ જે ઘરમાં નિરાંતે જીવે છે એમાંથી એને બહાર ખેંચી કાઢવામાં આવે છે અને એને ભયના રાજાની હાજરીમાં લાવવામાં આવશે.

15એના ઘરને આગ લગાડવામાં આવે છે. એના ઘર પર ગંધક છાંટવામાં આવે છે.

16તેની નીચેથી મૂળીયાં સડી જાય છે, તેની ઉપરની શાખાઓ સુકાઈ જાય છે. તેથી તે મૃત્યુ પામશે.

17આ દુનિયામાં તેનું નામનિશાન રહેશે નહીં. એને કોઈ પણ યાદ કરશે નહીં.

18પ્રકાશમાંથી તેને અંધકારમાં ધકેલી દેવામાં આવશે અને જગતમાંથી તેને હાંકી કાઢવામાં આવશે.

19તેને કોઈ સંતાન કે પૌત્ર, પૌત્રીઓ હશે નહીં. તેના કુટુંબમાંથી કોઈ જીવતું નહીં રહે.

20પશ્ચિમના લોકો દિગમૂઢ થઈ જશે જ્યારે તેઓ સાંભળશે કે તે દુષ્ટ માણસને શું થયું. અને પૂર્વના લોકો ભયને કારણે તેમના વાળ ખેચી નાખશે.

21દુષ્ટ લોકોના ઘરને ખરેખર આમ થશે, જે દેવની ચિંતા કરતો નથી, તેની આવી દશા થશે."

## અયૂબનો પ્રત્યુતર

19 ત્યારબાદ અયૂબે જવાબ આપ્યો:

2"તમે ક્યાં સુધી મને આવો ત્રાસ આપ્યા કરશો? અને મહેણાં મારીને મને કચડ્યા કરશો?

3તમે પહેલેથીજ મારું દસ વખત નીચા જોણું કર્યુ છે. જયારે તમે મારા પર હુમલો કરો છો, તમને શરમ આવતી નથી!

4જો મેં પાપ કર્યુ પણ હોય, તો તે મારી સમસ્યા છે. તે તમને દુ:ખ નહીં પહોંચાડે.

5તમારે ફક્ત તમારી જાતને મારી કરતા સારી દેખાડવી છે. તમે કહો છો કે મારી સમસ્યા એ મારો દોષ છે.

6આટલું સમજી લ્યો દેવે મને વિના વાંકે દંડ્યો છે અને મને ફાંસલામાં પકડી લીધો છે તે સાચું છે.

7જો હું એમ બૂમો પાડું, "મારી મદદ કરો, મારા ઉપર હુમલો થયો છે." તો કોઈ મારી મદદે આવતું નથી. જો હું ચીસો પાડુ, તોય મને ન્યાય મળતો નથી.

8દેવે મારો માર્ગ બંધ કરી દીધો છે.તેણે મારા રસ્તાઓને અંધકારથી ઢાંકી દીધા છે.

9એમણે મને બેઆબરુ કર્યો છે અને અપમાનિત પણ કર્યો છે. મારા માથા પરનો મુગટ ઉતારી નાંખ્યો છે.

10જ્યાં સુધી મારો વિનાશ ન થાય ત્યાં સુધી ચારે બાજુથી તે મારા પર પ્રહાર કરે છે. મારી આશાઓ ઝાડની જેમ મૂળમાંથી ઉખેડાઈ ગઈ.

11તદુપરાંત તેમણે પોતાનો બધો રોષ મારી વિરુદ્ધ પ્રગટ કર્યો છે, તેઓ મને પોતાનો શત્રુ જેવો ગણે છે.

12તેણે તેનું આખું સૈન્ય મારી સામે મૂકી દીધું છે, મારી આજુબાજુ હુમલો કરવા માટે ઊંચી મજબૂત ઈમારતો બાંધી છે. અને મારા ઘરની આસપાસ છાવણીઓ નાખી છે.

13તેમણે મને મારા ભાઈભાંડુઓ અને સાથીઓથી વિખૂટો પાડ્યો છે. હું બધાય સ્વજનોમાં અજાણ્યા જેવો લાગું છું.

14સગાંવહાંલાઓએ મને ત્યજી દીધો છે. મારા મિત્રો પણ મને ભૂલી ગયા છે.

15મારા ઘરમાં જે મુલાકાતીઓ રહે છે તે તથા મારા નોકરો પણ મને પારકા જેવો ગણે છે. તેઓને હું વિદેશી જેવો લાગુ છું.

16મારા નોકરને હું બોલાવું છું અને તે આવતો નથી. જો હું મદદ માટે આજીજી કરું તો પણ તે જવાબ આપતો નથીં.

17મારી પત્ની, મારા શ્વાસનેજ ધિક્કારે છે, અને મારા સગા ભાઈઓ પણ મારો તિરસ્કાર કરે છે.

18નાનાં બાળકો પણ મારો તિરસ્કાર કરે છે; અને જ્યારે હું ઊઠું છું ત્યારે તેઓ મને ખરાબ શબ્દો કહે છે.

19મારા ગાઢ મિત્રો મારો તિરસ્કાર કરે છે. મારા સૌ પ્રિયજનો મારી વિરૂદ્ધ થઈ ગયાં છે.

20હું ખૂબ પાતળો છું, મારાં હાડકાંમાંથી મારી ચામડી ઢીલાશથી લટકે છે. મારામાં થોડોકજ જીવ બાકી રહ્યો છે.

21હે મારા મિત્રો, મારા પર દયા કરો, કારણકે દેવ મારી વિરૂદ્ધ થઈ ગયા છે.

22શા માટે દેવની જેમ તમે પણ મારી પાછળ પડ્યાં છો? મેં વેઠેલા દુ:ખોથી પણ તમને સંતોષ નથી થતો શું?

23હું ઈચ્છું છું, કોઈ હું શું બોલું છું તે યાદ રાખે અને તે એક ચોપડીમાં લખે. હું ઈચ્છું છું મારા શબ્દો ટીપણી પર લખાય.

24હું ઈચ્છું છું કે, હું જે કહું છું તે લોખંડની કલમથી સીસા પર અંકિત કરવામાં આવે અથવા ખડક પર કોતરવામાં આવે તો તે સદાય રહેશે.

25હું જાણું છું કે મારો છૂટકારો કરવાવાળું કોઈ છે. હું જાણુ છું તે જીવે છે. અને આખરે તે અહીં પૃથ્વી પર ઊભો રહેશે અને મારો બચાવ કરશે.

26મારી ચામડી ઉતરડાઈ જશે અને મારો દેહ પડી જશે પછી હું મારા દેવને મળીશ.

27હા, હું તેમને મારી પોતાની આંખો વડે જોઈશ.બીજું કોઇ નહીં હું પોતેજ દેવને જોઈશ અને તે મને મનમાં કેટલો ક્ષુબ્ધ અનુભવ કરાવે છે તે હું તમને કહી શકતો નથી.

28તમે કદાચ કહો, "અમે અયૂબને હેરાન કરશું. અને તેનો વાંક કાઢવા કઈક કારણ શોધશું."

29તલવારથી તમારે ડરવું જોઈએ; કારણકે દેવ ગુનેગાર ને સજા આપે છે. તમને સજા આપવા દેવ તલવારનો ઊપયોગ કરશે. ત્યારે તમને ખબર પડશે કે ચુકાદાનો એક સમય છે."

## સોફાર નાઅમાથીનો પ્રત્યુતર

20 પછી નાઅમાથી સોફરે પ્રત્યુત્તર આપ્યો:
2"હવે હું અકળામણ અનુભવું છું અને જવાબ આપવાને અધીરો બની ગયો છું.

3તમે તમારા જવાબોથી અમારું અપમાન કર્યું! પણ હું ચાલાક છું અને તને કેવી રીતે જવાબ આપવો તે જાણું છું.

4શું તને ખબર નથી કે, પ્રાચીન કાળથી, એટલે કે મનુષ્ય પૃથ્વી પર આવીને વસ્યો ત્યારથી

5દુષ્ટ લોકોની કીર્તિ ક્ષણભંગુર છે, તથા નાસ્તિકનો આનંદ ક્ષણિક છે.

6એનું ઘમંડ ભલેને આકાશ જેટલું ઉંચુ થાય, એનું મસ્તક ભલેને વાદળોને આંબી જાય;

7પણ એ પોતાના જ મળની જેમ હંમેશને માટે નાશ પામે છે. જેમણે એને જોયો છે તેઓ પૂછે છે; 'એ ક્યાં છે?'

8સ્વપ્નની જેમ તે અદ્રશ્ય થઈ જશે. રાત્રિના સંદર્શનની જેમ તે અદ્રશ્ય થઈ જશે?

9જેણે તેને જોયો હતો, તે તેને ફરી કદી જોઈ શકશે નહીં. તેનું કુટુંબ તેની સામે ક્યારેય નહી જોવે.

10દુષ્ટ માણસનાં સંતાનો એ ગરીબ પાસેથી જે લીધું હતું તે પાછું આપશે.

11તે જ્યારે જુવાન હતો, તેના હાડકા મજબૂત હતા. પણ તેના બાકીના શરીરની જેમ, તેઓ ધૂળમાં મળીજશે.

12તેણે પોતાની દુષ્ટતાના સ્વાદમાં આનંદ માણ્યો છે. દુષ્ટતાને તેણે પોતાના મુખમાં ધીમે ધીમે ઓગળવા દીધી છે.

13દુષ્ટ માણસ અનિષ્ટ ને માણે છે. તે તેનાથી છૂટવા માગતો નથી. તે તેના મોઢામાં સાકરના ટૂકડા જેવું છે.

14પરંતુ તેનાં પેટમાં એ અનિષ્ટ ઝેરમાં બદલાઈ જશે. તે તેની અંદર કડવા ઝેર જેવું થઈ જશે, સાપના ઝેર સમાન.

15એણે જે ધનસંપતિ ચાઉં કરી હોય છે તે એણે ઓકી નાખવી પડે છે. દેવ એનાં પેટમાંથી એ કઢાવે છે.

16એણે જે શોષી લીધું હતું તે સાપનું ઝેર હતું. સાપનો એ ડંખ એને મારી નાંખે છે.

17તેણે હડપ કરી લીધેલી વસ્તુઓ તેને આનંદ આપશે નહીં, તેને દૂધ અને મધની નદીઓનો આનંદ મળશે નહીં.

18એણે મહેનતથી જે મેળવ્યું છે તે ભોગવ્યાં વિનાજ એને પાછું આપવું પડશે. જે ધનસંપતિ એ કમાયો છે તે એ માણી શકશે નહીં.

19કારણકે એણે ગરીબોને રંજાડ્યાં છે ને તરછોડ્યાં છે, બીજાના બાંધેલા ઘર પચાવી પાડ્યાં છે.

20તે કદી ધરાયો નથી. તેની ધનસંપતિ તેને બચાવી શકશે નહીં.

21તે જ્યારે ખાય છે, કાંઈ બાકી રહેતું નથી. તેની સફળતા સતત રહેતી નથી.

22એ સિદ્ધિના શિખરે હશે ત્યારે જ આફતો તેને હંફાવશે. તેની આફતો સંપૂર્ણ શકિત પૂર્વક તેના ઉપર ઊતરી પડશે.

23જ્યારે તેનું પેટ તેને જે જોઈએ છે તેનાથી ભરાયું હશે, દેવ તેની સામે ભભૂકતા ક્રોધનો વરસાદ વરસાવશે. દેવ તેના પર સજાનો વડસાદ વરસાવશે.

24જો એ લોઢાની તલવારમાંથી છટકી જશે તો કાંસાનું બાણ એને વીંધી નાખશે.

25તેના પેટમાંથી બાણ આરપાર નીકળી જશે, અને પીઠમાંથી ભોંકાઈને બહાર આવશે. તેની ચળકતી ધાર તેના પિત્તાશયને વીંધી નાખશે. તે ભયથી આઘાત પામશે.

26તેનો ખજાનો અંધકારના ઊંડાણમાં ખોવાઈ જશે. પ્રચંડ અગ્નિ કે જેનો કોઈ માનવે આરંભ કર્યો નથી. તેના માલ સામાનનો નાશ કરશે અને તેનું જે કાંઈ બાકી છે તે સર્વ ભસ્મીભૂત થઈ જશે.

27આકાશ તેનો ગુનો ઉઘાડો પાડશે; પૃથ્વી એની વિરુદ્ધ સાક્ષી પૂરશે.

28જે દિવસે દેવનો પ્રકોપ ફાટી નીકળશે તે દિવસે ધસમસતાં પૂરમાં એનાં ઘરબાર તણાઈ જશે.

29દેવ દુષ્ટ લોકોને આ પ્રમાણે કરશે અને આ એજ છે જે તે તેમને આપવાની યોજના કરે છે. "

## અયૂબનો જવાબ

21 પછી અયૂબે જવાબ આપ્યો અને કહ્યું;
2"હું જે કહું તે ધ્યાનથી સાંભળો અને મને એટલો તો દિલાસો આપો. 3મારા બોલી રહ્યા પછી ભલે તમે મારી હાંસી કરજો. પણ હું બોલું છું ત્યાં સુધી ધીરજ રાખો.

4શું મારી ફરિયાદ માણસ સામે છે? હું શા માટે અધીરો ના થાઉં?

5મારી દશા તો જુઓ! અને આઘાત પામજો મહેરબાની કરીને તમારા મોઢા પર તમારો હાથ મૂકી અને ઢાંકી દેશો.

6હું યાદ કરું છું અને ગભરાઈ જાઉં છું. હું ભયથી ધ્રૂજી ઊઠું છું.

7શા માટે દુષ્ટ માણસો લાંબુ જીવે છે? શા માટે તેઓ વૃદ્ધ થાય છે અને સફળ રહે છે?

8દુષ્ટ લોકો તેમના સંતાનોને મોટાં થતા જોવે છે. દુષ્ટ લોકો પોતાના પૌત્ર-પૌત્રીઓને જોવા માટે જીવે છે.

9એમનાં ઘર સુરક્ષિત હોય છે, તેઓ ડરતા નથી તેઓને સજા આપવા માટે દેવ લાકડીનો ઊપયોગ કરતા નથી.

10તેઓના બળદો જાતીય સંબધ બાંધવામાં કદી નિષ્ફળ જતા નથી. તેઓની ગાયો વાછરડાંઓને જન્મ આપે છે અને વાછરડાંઓ મરેલા જન્મતા નથી.

11દુષ્ટ લોકો તેઓના સંતાનોને ઘેટાંના બચ્ચાંઓની જેમ બહાર રમવા મોકલે છે. તેઓના સંતાનો આસપાસ નાચે છે.
12તેઓ નાચગાનમાં પોતાનો સમય પસાર કરે છે, તેઓ વાંસળી, સારંગી અને ખંજરીના તાલે ગાય છે અને ઝૂમે છે.
13દુષ્ટ લોકો તેઓના જીવન દરમ્યાન સફળ થવાનો આનંદ માણે છે. ત્યાર પછી તેઓ મૃત્યુ પામે છે અને પીડા વગર તેઓની કબરમાં જાય છે.
14પરંતુ દુષ્ટ લોકો દેવને કહે છે, 'અમને એકલા મૂકી દો' તમે અમારી પાસે શું કરાવવા માગો છો તેની અમને ચિંતા નથી.
15તેઓ કહે છે, 'સર્વસમર્થ દેવ કોણ છે? અમારે તેમની સેવા શા માટે કરવી જોઈએ? શું એમને પ્રાર્થના કરીને કાંઈ નહીં વળે?'
16એ સાચું છે કે દુષ્ટ લોકો પોતાની જાતે સફળ થયા નથી. હું તેઓની સલાહ પ્રમાણે અનુસરી શકતો નથી.
17પણ દેવ અવારનવાર કેટલીવાર દુષ્ટ લોકોનો દીવો ફૂંક મારીને ઓલવે છે? કેટલીવાર દુષ્ટ લોકોને સમસ્યાઓ હોય છે?
18આપણે એને કેટલીવાર હવામાં ખરસલાંની જેમ ઊડી જતો જોયો છે? વંટોળિયામાં ફોતરાની જેમ ફૂકાંઈ જતો જોયો છે?
19તમે કહેશો, 'દેવ તેઓના પાપની સજા તેઓના સંતાનોને કરે છે.' પણ દેવ જો તેઓને સજા કરે, તોજ તેઓને જાણ થશે કે તેઓ તેઓના પોતાના પાપોને લીધેજ સજા ભોગવી રહ્યાં છે!
20પાપીને પોતાની સજા જોવા દો. તેને સર્વસમર્થ દેવનો ક્રોધ અનુભવવા દો.
21જ્યારે દુષ્ટ માણસના જીવનનો અંત આવે છે, અને તે મરી જાય છે, તે તેની પાછળ રહેલા કુટુંબની ચિંતા કરશે નહીં.
22માણસ શું દેવને પાઠ ભણાવી શકશે? દેવ ઉચ્ચ સ્થાનના લોકોનો પણ અભિપ્રાય બાંધે છે.
23કોઈ માણસ મરી જાય છે ત્યાં સુધી તંદુરસ્ત રહે છે, ત્યાં સુધી સુખચેનમાં રહે છે.
24તેના શરીરને સારું પોષણ મળ્યું હતું અને તેના હાડકાં હજીપણ મજબૂત હતા.
25પરંતુ બીજો તો પોતાના જીવનમાં કષ્ટ ભોગવતો મૃત્યુ પામે છે, અને કદી સુખનો અનુભવ કરતો નથી.
26પણ માટીમાં તો એ બંને એક સાથે મળી જાય છે અને જીવડાં તેઓ બંને ઉપર પથરાઈ જાય છે અને તેને ઢાંકી દે છે.
27જુઓ, તમારા વિચારો હું જાણું છું અને હું જાણું છું તમે મને દુ:ખ પહોચાડવા માગો છો.
28તમે કહો છો, 'એ મહાશયનું ઘર ક્યાં છે? એ દુષ્ટ માણસ વસતો હતો તે જગા ક્યાં છે?'
29શું તમે રસ્તે જનારાઓને પૂછયું? તમે ખાત્રીપૂર્વક તેઓની વાતો માનશો?
30ભૂંડા માણસ સંકટના સમયે બચી જાય છે. દેવના કોપમાંથી દુષ્ટ ઊગરી જાય છે.
31તેણે જે દુષ્કર્મો કર્યા તે માટે તેને કોઈ જાહેરમાં ઠપકો આપી શકતું નથી. તેણે જે કર્યુ છે તે માટે તેને સજા આપનાર કોઈ નથી.
32ઊલટું તેની કબરનુ રક્ષણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેને માન અપાય છે.
33એની કબરમાં માટી પણ એની આસપાસ નરમાશથી પથરાઈ જાય છે. એની સ્મશાનયાત્રામાં એની આગળ અને પાછળ મોટી મેદની હોય છે.
34અને તમે! શા માટે મને ખોટો આશ્વાસન આપો છો? તમારા એક એક જવાબ સદંતર જૂઠા છે."

### એલીફાઝનો ત્રીજો સંવાદ

22 ત્યારે એલિફાઝ તેમાનીએ જવાબ આપ્યો કે,
2"શું કોઈપણ માણસ દેવને ઉપયોગી છે? ડાહ્યામાં ડાહ્યો માણસ પણ દેવને ઉપયોગી છે ખરો?
3તું સાચી રીતે જીવે તો પણ તેથી દેવને શું? તારું વર્તન ગમે તેટલું નિર્દોષ હોય તો પણ તેથી દેવને શો ફાયદો?
4અયૂબ, દેવ તને શા માટે સજા આપે છે, અને તારો વાંક કાઢે છે? તું તેની ઉપાસના કરે છે એટલા માટે?
5તારા અનિષ્ટો ઘણા ભયંકર છે, તારાં પાપ પાર વિનાનાં છે.
6કદાચ તે તારા ભાઈને થોડા પૈસા ઊછીના આપ્યા હોય અને તે તને પાછા આપશે તેની સુરક્ષાનો પૂરાવો આપવાનો આગ્રહ કર્યો હોય. કદાચ એમ હોય કે તે ઉછીના પૈસાના દેણા માટેના વચન તરીકે ગરીબ માણસના કપડાં લીધા હોય. તે આ કદાચ કારણ વગર કર્યુ છે.
7કદાચ તમે તરસ્યાને પાણી પાયું નહી હોય, તમે ભૂખ્યાને રોટલો આપ્યો નહી હોય.
8અયૂબ, તમે પુષ્કળ વાડી જમીનની માલિકી ધરાવો છો. અને લોકો તમને માન આપે છે.
9કદાચ તમે વિધવાઓને ખાલી હાથે પાછી વાળી છે. તમે કદાચ આનાથોને છેતર્યા છે.
10તેથી તારી ચારેતરફ ફાંસલો છે, અને અણધારી આફત તને ડરાવી મૂકે છે.
11એટલા માટે તું અંધકારમાં જોઈ શકતો નથી, અને પુરના પાણી તને ઢાંકી દે છે.
12શું દેવ આકાશમાં, ઊચ્ચ સ્થાનમાં, સ્વર્ગમાં નથી? તારાઓની ઊંચાઈ જો, તેઓ કેટલાં ઊંચા છે.
13અને છતાં તું કહે છે, 'દેવ શું જાણે છે? કાળા વાદળોની* આરપાર જોઈને તે આપણા વિશે અભિપ્રાય કેવી રીતે આપી શકવાનો છે?
14જેવો તે આકાશની ધાર પર ચાલે છે, ગાઢ વાદળ તેને એવી રીતે ઢાંકી દે છે કે તે કાંઈ જોઈ શકતો નથી.'

---

**કાળા વાદળો** વાદળાં તેની દ્રષ્ટિને ધૂંધલી કરી નાખે છે.

15અયૂબ, તું પ્રાચીન માર્ગમા ચાલી રહ્યો છે જેના પર દુષ્ટ લોકો પહેલા ચાલતા હતા.

16તે દુષ્ટ લોકો, તેઓનો મૃત્યુનો સમય આવે તે પહેલાંજ નાશ પામી ગયા હતા.

17કારણકે તેઓ દેવને કહેતા હતાં કે, 'તમે અમારાથી દૂર ચાલ્યા જાઓ; સર્વસમર્થ દેવ તમે અમને શું કરી શકવાનાં છો?'

18તે છતા પણ દેવે જ એમનાં ઘર ખજાનાથી ભર્યા હતા ના! હું દુષ્ટ લોકોની સલાહ પ્રમાણે અનુસરી શકતો નથી.

19ભલા લોકો તેમનો નાશ થતો જોઈને ખુશ થશે. અને નિર્દોષો દુષ્ટો પર હસશે.

20તેઓ કહે છે, 'જુઓ, બાકી રહેલા અમારા દરેક શત્રુઓનો નાશ થઈ ગયો છે. અને અગ્નિ તેઓની સંપતિને ભરખી જાય છે.'

21અયૂબ, હવે તું તારી જાતને દેવને સમર્પિત કરી દે, અને તેની સાથે સુલેહ કર, જેથી તારું ભલું થશે.

22કૃપા કરીને એના મોઢેથી એનો બોધ સાંભળ અને સ્વીકાર કર. એની વાણી તારા હૃદયમાં ધારણ કર!

23જો તું સર્વસમર્થ દેવ પાસે પાછો વળ અને તારો પુનરોદ્ધાર થશે. પાપને તારા ઘરથી દૂર રાખજે.

24જો તું તારું ધન ધૂળ સમાન ગણીશ અને કંચનને કથીર સમાન માનીશ,

25ભલે સર્વસમર્થ દેવ તારું સોનું અને ચાંદીનો સંગ્રહ બને.

26તો સર્વસમર્થ દેવ તારો પરમ આનંદ બની જશે. અને તું દેવ સામે નજર મેળવીશ.

27તું જે કઈં અરજ કરીશ તે એ સાંભળશે, તો પછી તું તારી બાધા પૂરી કરી શકીશ.

28તારી સર્વ યોજનાઓ સફળ થશે. તારા માર્ગમાં આકાશનું તેજ ઝળહળશે.

29દેવ અભિમાનીને પાડે છે અને નમ્રને બચાવે છે.

30તે જેઓ નિર્દોષ નથી તેઓને પણ ઉગારે છે, તારા હાથ ચોખ્ખા હશે તો તારો પણ પુનર્જન્મ થશે."

## અયૂબ નો જવાબ

23 ત્યારે અયૂબે જવાબ આપ્યો કે,

2"આજે પણ મારી વાણીમાં ફરિયાદ અને કડવાશ છે. કારણકે હું હજી પણ પીડા સહન કરું છું.

3હું ઈચ્છું છું, હું જાણતો હોત, હું દેવને ક્યાં શોધી શકીશ. હું તેના સ્થાને આવી શકત!

4હું મારી દલીલો દેવને સમજાવીશ મારી નિર્દોષતા બતાવવા મારું મોઢું દલીલોથી ભરેલું હશે.

5મારે જાણવું છે, દેવ મારી દલીલોના જવાબ કેવી રીતે આપે છે. મારે દેવના જવાબો સમજવા છે.

6શું દેવ તેની શક્તિનો મારી સામે ઊપયોગ કરશે? ના, હું જે કઈં કહું તે જરૂર સાંભળશે.

7હું એક પ્રમાણિક માણસ છું દેવ મને મારી દલીલો કહેવા દેશે. પછી મારો ન્યાયાધીશ મને મુક્ત કરશે.

8પણ હું પૂર્વમાં આગળ વધું છું અને એ ક્યાંય જડતાં નથી. હું પશ્ચિમમાં જોઉં છું અને એ ક્યાંય નજરે પડતા નથી.

9જ્યારે દેવ ઉત્તરમાં કામ કરે છે તે ત્યાં દેખાતા નથી. જ્યારે દેવ દક્ષિણ તરફ ફરે છે તે ત્યાં પણ દેખાતા નથી.

10પણ દેવ તો જાણે છે કે હું ક્યા માર્ગે જાઉં છું . એ મને કસી જોશે ત્યારે હું સુવર્ણ જેવો શુદ્ધ પુરવાર થવાનો છું.

11હું દેવના માર્ગોમાં રહ્યો છું. તેમને પગલે ચાલ્યો છું. હું આમતેમ ભટકી ગયો નથી.

12તેમણે જે આજ્ઞાઓ કરી છે એનું હું પાલન કરું છું. હું મારું ધાર્યુ નહીં એનું ધાર્યું કરૂં છું.

13પરંતુ દેવ બદલાતા નથી. કોઈપણ તેની સામે ઊભું રહી શકતું નથી. દેવ તેને જે કરવું હોય તેજ કરે છે.

14તેમણે મારે માટે જે યોજના બનાવી છે તે પ્રમાણે જ તે કરશે. અને તેની પાસે મારે માટે બીજી ઘણી યોજનાઓ છે.

15એજ કારણે હું તેમની હાજરીમાં ધ્રૂજું છું. જ્યારે હું આ બાબતો વિશે વિચાર કરું છું ત્યારે હું તેનાથી ગભરાઈ જાઉં છું.

16દેવે મારું મન નબળું પાડી દીધું છે. એમાં સર્વસમર્થ દેવે ડર પેસાડી દીધો છે.

17મારી સાથે બનેલા દુષ્ટ બનાવો. મારું મુખ ઢાંડતા કાળા વાદળ જેવા છે. પણ તે અંધકાર મને ચૂપ રહેવા દેશે નહીં."

## દેવના વ્યવહાર સામે સવાલ

24 "સર્વસમર્થ દેવ, લોકોનું કયારે બૂરું થવાનું છે તે કેમ જાણે છે? પરંતુ તેના અનુયાયીઓ તે એવું કાંઈક ક્યારે કરવાના છે તેનું ભવિષ્ય ભાખી શકતા નથી."

2કારણકે દુષ્ટો પારકાની જમીન પચાવી પાડવાં સંપતિની આંકણી કરનારાઓને બદલી નાખે છે, તેઓ ઘેટાંબકરાં ચોરી જાય છે અને ચરાવે છે.

3તેઓ અનાથોની માલિકીના ગધેડાઓને ચોરી જાય છે અને વિધવાની માલિકીના બળદોને જ્યાં સુધી તે તેનું દેવું તેઓને ચૂકવે નહીં ત્યાં સુધી લઈ લે છે.

9બાપ વગરના ગરીબ સંતાનો વેચાવા માટે માતાના ખોળામાંથી ઊપાડી લેવામાં આવે છે. ઉછીના લીધેલા નાણાંની જામીનગીરી તરીકે બાળકોને રાખવામાં આવે છે.

4તેઓ ઘર વગરના એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા ગરીબોનો પીછો કરે છે. અને બધા ગરીબ લોકોને આ દુષ્ટ લોકોથી છુપાવાની ફરજ પાડવામાં આવે છે.

5જગલી ગધેડાની જેમ, ગરીબોએ કામ અને ખોરાકની શોધમાં ભટકવું પડે છે. તેઓ ખોરાકની શોધમાં બહાર જવા માટે વહેલી સવારે ઉઠે છે તેઓના સંતાનો માટે ખોરાક મેળવવા તેઓ મોડી સાંજ સુધી કામ કરે છે.

6ગરીબ લોકોએ ખેતરમાં સૂકું ઘાસ અને પરાળ કાપતા મોડી રાત સુધી કામ કરવું જોઈએ. તેઓએ દ્રાક્ષની વાડીમાં દ્રાક્ષ ભેગી કરીને ધનવાન લોકો માટે કામ કરવું જોઈએ.

7તેઓ અન્ય લોકોના ખેતરોમાં કામ કરે છે અને દુષ્ટ લોકોનું વધ્યું ઘટ્યું ખાવાનું ખાય છે.
8તેઓ આખી રાત વસ્રો વિના ઉઘાડા સૂઈ જાય છે ઠંડીમાં ઓઢવા માટે એમની પાસે કાંઈ હોતું નથી.
10તેઓને વસ્ત્ર વિના ઉઘાડા ફરવું પડે છે તેઓ જથ્થાબંધ અનાજ દુષ્ટ લોકો માટે ઊંચકે છે છતાં પણ તેઓ ભૂખ્યાં રહે છે.
11તેઓને જેતૂન નું તેલ કાઢવાની અને દ્રાક્ષો પીલીને તેનો રસ કાઢવાની ફરજ પાડવામાં આવે છે. તેમ છતાં તેઓ તે તેલનો કે દ્રાક્ષાસવનો ઉપયોગ કરી શકતાં નથી, તેઓ તો તરસ્યા જ રહે છે.
12નગરોમાં મરતાં લોકોના દુ:ખદાયક અવાજો તમે સાંભળી શકો છો. હાડકાઓ રાડો પાડે છે, ઘવાયેલા મદદ માટે બરાડી ઊઠે છે તે છતાં દેવ તેઓનું સાંભળતા નથી.
13"એવા લોકો પણ છે જે પ્રકાશ સામે બળવો કરે છે, તેઓ જાણતા નથી દેવની શું જરૂરિયાત છે? અને તેઓ દેવને જે રીતે જોઈએ છે તેમ રહેતા નથી.
14અજવાળું થતાં ખૂની માણસ ગરીબો અને રંક લોકોના ખૂન કરવાં નીકળી પડે છે ને રાત પડે ને ચોરી કરવાં ફર્યા કરે છે.
15જે વ્યકિત વ્યભિચાર કરે છે, તે સાંજે પરોઢ થવાની રાહ જુએ છે. 'તને લાગે છે તેને કોઈ જોઈ શકે તેમ નથી ' તે છતાં પણ તે તેનું મોઢું ઢાંકે છે.
16રાત પડે ત્યારે ચોરો ઘરોમાં ખાતર પાડે છે; પણ દિવસમાં તેઓ તેઓના પોતાના ઘરમાં પૂરાઈ ને રહે છે અને અજવાળાથી દૂર રહે છે.
17અંધારી રાત એ તેઓની સવાર છે; અંધકારના ભય સાથે તેઓ ફક્ત મિત્રતાજ રાખે છે.
18દુષ્ટ માણસને પૂરનાં પાણી તાણી જાય છે. એની જમીનને દેવનો શાપ લાગે છે. તેથી તેઓ દ્રાક્ષની વાડીમાંથી દ્રાક્ષો એકઠી કરશે નહીં.
19અનાવૃષ્ટિ તથા ગરમીમાં બરફ ઓગળી જાય છે તેમ મૃત્યુ પાપીઓનો નાશ કરે છે.
20તેની માતા તેને ભૂલી જશે. કીડો મગ્નથી તેનું ભક્ષણ કરી જશે, તેને કોઈ સંભારશે નહીં, દુરાચારી માણસ કોહવાયેલાં વૃક્ષની જેમ તૂટી પડે છે.
21સ્રીઓ કે જેને સંતાન થઈ શકે નહીં, દુષ્ટ લોકો દુ:ખ પહોચાડે છે. તેઓએ લાચાર વિધવાઓને સહાય કરવાની ના પાડી છે.
22દુષ્ટ લોકો તેઓનું બળ શકિતશાળી માણસોના નાશ કરવામાં વાપરે છે. દુષ્ટ લોકો કદાચ સત્તા મેળવે પણ તેઓ પોતાના જીવનનો કોઈ વિશ્વાસ કરી શકતા નથી.
23હા, દેવ તેઓને સુરક્ષાની ભાવનામાં આરામથી રહેવા દે છે. પરંતુ તેઓના માર્ગો ઉપર દેવની નજર છે.
24ઘડીક માટે દુષ્ટ માણસ ઊંચો આવે છે પણ પછી તે મળતો નથી. બીજા દરેક ની જેમજ તે ધાન્યની જેમ કપાઈ જશે.
25કોણ કહી શકશે આ સાચું નથી? કોણ પૂરવાર કરી શકશે કે મારા શબ્દો ખોટા છે?"

### બિલ્દાદ શૂહીનો ઉત્તર

25 પછી બિલ્દાદ શૂહીએ ફરીથી ઉત્તર આપ્યો અને
કહ્યું; 2"દેવ કર્તા-હર્તા છે. તે લોકોને તેનાથી ડરે એવા. અને તેને માન આપે તેવા બનાવે છે, તે ઉપર તેના રાજ્યમાં શાંતિ જાળવે છે.
3તેની સેનાની સંખ્યા કોણ ગણી શકે તેમ છે? તેના તારાઓ કોઈ ગણી શકે તેમ નથી.* દેવનો સૂર્ય દરેક પર સરખો, પ્રકાશ આપે છે.
4દેવની સમક્ષ ઊભો રહી શકે તેવો શુદ્ધ અને ન્યાયી માણસ કોણ છે?
5દેવની નજરમાં ચંદ્ર અને તારાઓ પણ નિર્મળ નથી. અને પ્રકાશિત નથી.
6લોકો એવા પવિત્ર નથી. લોકો જંતુ જેવા છે, મૂલ્યહીન જીવડાં જેવા છે."

### અયૂબનો જવાબ

26 પછી અયૂબે ઉત્તર આપ્યો અને કહ્યું કે;
2"હા, તમે ખૂબ પ્રોત્સાહન આપનારા છો અને તમે મારા દુર્બળ હાથને મજબૂત બનાવ્યા છે. બિલ્દાદ, સોફર અને એલિફાઝ, તમે આ થાકેલા, પજવાયેલા માણસને ખુબ મદદ કર્તા રહ્યાં છો!
3હા, તમે શાણપણ વગરના આ માણસને અદભૂત શિખામણ આપી ! તમે ખરેખર દેખાડ્યું તમે કેવા જ્ઞાની છો!
4તમે કોની મદદથી બોલો છો? તમને કોના આત્માએ પ્રેરણા આપી છે?"
5પૃથ્વી તળે પાણીમાં તે મરેલાઓના આત્મા ભયથી ધ્રૂજે છે.
6દેવની સમક્ષ શેઓલ ઉઘાડું છે, અને વિનાશને કોઈ ઢાંકણ નથી,
7દેવે ઉત્તરીય આકાશને ખાલી અંતરિક્ષ પર લંબાવ્યું છે અને પૃથ્વીને શૂન્યાવકાશ પર લટકાવી છે.
8એમણે ગાઢ વાદળામાં પાણી ભર્યું છે અને છતાં પાણીના ભારથી વાદળ ફૂટતા નથી.
9દેવ આખા ચંદ્રનું મોઢૂં સંતાડી દે છે. તે તેના પર વાદળાંઓ પાથરી અને સંતાડી દે છે.
10દેવે સમુદ્ર પર જે જગ્યાએ પ્રકાશ અને અંધકાર મળે છે, ગોળાકાર જેવી ક્ષિતિજ અંકિત કરી.
11જ્યારે દેવ તેઓને ડરાવે છે, આકાશનાં આધારસ્તંભો હાલવા લાગે છે.
12દેવની શકિત સમુદ્રને શાંત કરે છે. પોતાના ડહાપણથી તેણે રહાબનો* નાશ કર્યો છે.

---

**તેના . . . તેમ નથી** દેવની સ્વર્ગની સેના તેનો અર્થ કદાચ બધા દેવદૂતો અથવા તો આકાશના સઘળા તારાઓ એમ થાય.

**રહાબ** સંમ્ભવત મગરમચ્છ, અથવા ભીમકાય સમુદ્ર પ્રાણી.

13એમના શ્વાસથી આકાશ સ્વચ્છ રહે છે, એમણે એમના બળથી ભાગી જતાં સાપને હણ્યો છે.

14આ તો માત્ર થોડીકજ અદભૂત ચીજો દેવ કરે છે. આપણે તો માત્ર દેવનો મંદ રવ જ સાંભળીએ છીએ. કોઈ ખરેખર જાણી શકતું નથી કે દેવ કેવા મહાન અને શકિતશાળી છે."

## અયૂબનો અંતિમ બચાવ

27 અયૂબે તેની વાર્તા કહેવાનું ચાલુ રાખ્યું.

2"જે દેવે મારો ન્યાયનો હક છીનવી લીધો છે, જે સર્વસમર્થ દેવે મારા જીવનને દુ:ખી બનાવી દીધું છે, તેમના નામના સમ ખાઈને કહું છું;

3જ્યાં સુધી હું જીવું છું અને દેવનો શ્વાસ મારા નસકોરામાં છે,

4જૂઠી બાબત મારા હોઠ પર નહીં આવે, મારી જીભ અસત્ય નહીં ઉચ્ચારે.

5તમે લોકો સાચા છો તે હું કદી જ સ્વીકારીશ નહીં; હું મૃત્યુ પામું ત્યાં સુધી મારી નિર્દોષતા જાહેર કર્યા કરીશ.

6હું મારી નિર્દોષતાને વળગી રહીશ; હું તેને કદી છોડીશ નહીં હું જીવું ત્યાં સુધી મારો અંતરઆત્મા મને કદી દુ:ખ પહોચાડશે નહીં.

7લોકો મારી વિરુદ્ધ થઈ ગયા છે. હું ઈચ્છુ છું મારા દુશ્મનોને સજા થાય જેવી રીતે દુષ્ટ માણસોને સજા થવી જોઈએ.

8જો માણસ દેવની કાળજી કરતો નથી તો તે મરી જાય ત્યારે તેની પાસે કોઈ આશા રહેતી નથી. દેવ જ્યારે તેનું જીવન લઈ લે છે, તે વ્યકિત ને કોઈ આશા રહેતી નથી.

9તે દુષ્ટ વ્યકિત દુ:ખમાં આવી પડશે અને દેવને મદદ માટે પોકારશે. પરંતુ દેવ તેને સાંભળશે નહીં.

10તે વ્યકિતએ આખો વખત દેવની પ્રાર્થના કરવી જોઈતી હતી.

11દેવનાં સામર્થ્ય વિષે હું તમને શીખવીશ. સર્વસમર્થ દેવની યોજનાઓ હું છુપાવીશ નહીં.

12તમે તમારી પોતાની આંખોથી દેવની શકિત જોઈ છે ને? છતાં મારી સાથે તમે શા માટે વ્યર્થ વાતો કરો છો?

13દેવ પાસેથી દુષ્ટ માણસનો ભાગ, તથા સર્વસમર્થ દેવ પાસેથી દુષ્ટોને મળતો વારસો આ છે

14જો તેમનાં સંતાનોની વૃદ્ધિ થાય, તો તે તલવારથી હત્યા થવા માટે છે. અને તેના વંશજો ભૂખમરાને કારણે મૃત્યુ પામશે.

15તેમાંથી જેઓ બચી જશે તેઓ રોગ અને મૃત્યુના ભોગ બનશે. અને તેની વિધવા શોક કરશે નહીં.

16જો દુષ્ટ લોકો ધૂળની જેમ પુષ્કળ સંપત્તિ એકઠી કરે, તો પણ ઢગલાબંધ કપડાં ઢગલાબંધ માટીની જેમ ધરાવે છે.

17પરંતુ અંતમાં તેઓને બદલે ભલા લોકો તેમના વસ્ત્રો પહેરશે અને નિર્દોષ લોકો તેની ચાંદી તેઓમાં વહેંચી લેશે.

18તેણે બાંધેલા ઘર કરોળિયાના જાળાં જેવા અને ચોકીદારના છાપરા જેવા છે.

19દુષ્ટ જ્યારે સૂવા જાય છે ત્યારે એ કદાચ ધનવાન હોય, પણ જ્યારે તે આંખ ખોલે છે ત્યારે બાકી કાંઈ હોતું નથી.

20તે ગભરાયેલો હશે. તે એક જળપ્રલય જેવું લાગશે, એવું, જાણેકે એક વંટોળિયો આવ્યો હતો અને બધું ઉપાડી ને લઈ ગયો.

21પૂર્વનો વાયુ તેને ઉપાડીને લઈ જાય છે એટલે તે લોપ થાય છે; વંટોળિયો તેને તેની જગ્યાએથી બહાર ખેચી જાય છે.

22દુષ્ટ વ્યકિત કદાચ વંટોળિયાના જોરથી બચવાનો પ્રયત્ન કરે પણ તેફાન તેના પર દયા વગર તૂટી પડશે.

23માણસો તાળી પાડશે કારણકે તે દુષ્ટ વ્યકિત ભાગી ગયો છે. જેવો તે તેના ઘરમાંથી ભાગે છે તેઓ તેના તરફ સીટી વગાડશે.

## જ્ઞાનનાં ગુણગાન

28 "ત્યાં ચાંદીની ખાણો છે. ત્યાં સોનું ગાળી તેને શુદ્ધ બનાવવા માટે એક જગ્યા છે.

2લોઢું જમીનમાંથી ખોદી કાઢવામાં આવે છે, અને તાંબુ ખડકમાંથી ગાળવામાં આવે છે.

3માણસ અંધકારને ભેદે છે, કાળમીંઢ ખડકોને ખોદી કાઢે છે, ખાણમાં ઊંડામાં ઊંડે ઊતરીને કંઈક ખોળે છે.

4ખનીજ ધાતુની શિરાના ચિહન દ્વારા કામદારો જમીનની અંદર નીચે ઊંડાણમા ખોદે છે. તેઓ, લોકો રહે છે તેનાથી દૂર એવી જગ્યાએ જયાં કોઈ કદી ગયું નથી ત્યાં રહે છે. તેઓ જમીનમાં નીચે ઊંડા ઊતરે છે.

5ધરતીની ઉપર અનાજ ઊગે છે પણ નીચે તો બધું અલગ જ છે જાણે અગ્નિથી ઓગળી ગયું હોય

6તેના ખડકોમાંથી નીલમણિઓ મળે છે, અને તેમાંથી સોનાના ગઠ્ઠા નીકળે છે.

7શિકારી બાજ પક્ષીની આંખે પણ તે જમીનની નીચેનો રસ્તો દેખાતો નથી. શિકારી પક્ષી પણ તે રસ્તો જાણતા નથી.

8વિકરાળ પશુ પણ ત્યાં પહોંચ્યુ નથી.મદોન્મત સિંહના પગ પણ ત્યાં પડ્યા નથી.

9પરંતુ લોકો જાણે છે, કેવી રીતે અચલ ખડકોને કોતરી કાઢવા અને પર્વતોના મૂળિયાઓને કેવી રીતે ઊખાડી નાખવા.

10તેઓ ખડકોમાં ભોંયરાઓ ખોદી અને બધા ખડકોના ખજાનાઓ જુએ છે.

11તેઓ નદીઓના મૂળ શોધી કાઢે છે અને છૂપાયેલી વસ્તુઓને પ્રકાશમાં લાવે છે.

12પરંતુ તમને અનુભૂત જ્ઞાન ક્યાં મળે? સમજશકિત ક્યાં મળી શકે?

13આપણે જાણતા નથી કે અનુભૂત જ્ઞાન કેટલું કિંમતી છે. પૃથ્વીપરના લોકો ધરતીમાં ખોદીને અનુભૂત જ્ઞાન મેળવી શકતા નથી.

14સમુદ્રો કહે છે, 'એ અમારી પાસે પણ નથી;' મહાસાગરો કહે છે, 'એ અમારી પાસે નથી.'

15તે સરસમાં સરસ સોનાથી ખરીદી શકાય નહીં. આખી દુનિયામાં અનુભૂત જ્ઞાન ખરીદવા માટે ચાંદી પર્યાપ્ત નથી.

16ઓફીરના સોનાને ધોરણે કે મૂલ્યવાન ગોમેદ કે નીલમને ધોરણે તેની કિંમત થાય નહીં.

17સોના કે હીરા સાથે તેની તુલના થઈ શકે તેમ નથી. કે સોનાના પાત્રથી પણ તે ખરીદી શકાય તેમ નથી.

18એની આગળ પરવાળાં કે રત્નની કોઈ તુલના થાય તેમ નથી. એ માણેકથી પણ વધુ ઊંચુ છે.

19કૂશ દેશના પોખરાજ પણ અનુભૂત જ્ઞાન જેટલા કિંમતી નથી. શુદ્ધ સુવર્ણથી પણ તમે અનુભૂત જ્ઞાન ખરીદી શકો નહીં.

20તો અનુભૂત જ્ઞાન ક્યાંથી આવે છે? આપણને સમજશક્તિ ક્યાંથી મળી શકે?

21અનુભૂત જ્ઞાન પૃથ્વી પરની દરેક સજીવ વસ્તુ થી છૂપાયેલું છે. આકાશના પક્ષી પણ અનુભૂત જ્ઞાનને જોઈ શકતા નથી.

22વિનાશ તથા મૃત્યુ કહે છે કે, 'અમે અમારા કાનોએ તેની અફવા સાંભળી છે.'

23એક દેવ માત્રજ તે તરફનો માર્ગ જાણે છે, એને એના રહેઠાણની ખબર છે.

24કારણકે એને ધરતીના છેડાની જાણ છે, આકાશની નીચે જે કંઈ છે તે બધું એ જોઈ શકે છે. 25જ્યારે દેવે પવનમાં સામર્થ્ય મૂક્યું અને પાણીના માપ લીધાં.

26જ્યારે તેમણે વરસાદ માટે નિયમ ઠરાવ્યો અને મેઘગર્જીત વાવાઝોડાનો માર્ગ નક્કી કર્યો,

27તે વખતે દેવે અનુભૂત જ્ઞાન જોયું હતું. અને તે વિશે ધ્યાનપૂર્વક વિચાર્યુ. દેવે જોયું હતું અનુભૂત જ્ઞાનની કેટલી મહત્તા હતી અને તે મંજૂર કર્યુ.

28એણે માણસને કહ્યું, "યહોવાનો ડર અને તેમનો આદરભાવ કરવો એજ અનુભૂત જ્ઞાન. દુષ્ટતાથી દૂર રહેવું તે છે સમજશક્તિ."

### અયૂબનો રોષ

29 વધુમાં અયૂબે અનુસંધાનમાં કહ્યું;

2"હું ઈચ્છું છું મારું જીવન થોડા મહિના પહેલા હતું તેવું હોત. તે વખતે દેવ મારું ધ્યાન રાખતા હતા અને મારી સંભાળ લેતા હતા.

3ત્યારે એનો દીપક મારા પર ઝળહળતો હતો અને એના પ્રકાશથી હું અંધકારમાં ચાલી શકતો હતો. દેવે મને જીવવા માટેનો સાચો રસ્તો બતાવ્યો હતો.

4હું એ દિવસો માટે ઈચ્છું છું જ્યારે હું સફળ હતો અને દેવ મારા નિકટના મિત્ર હતા.

5તે વખતે સર્વસમર્થ દેવ મારી સાથે હતા અને મારા સંતાનો મને વીંટળાયેલા રહેતા હતાં.

6તે વખતે જીવન સારું હતું, હું મારા પગ દૂધની તરથી ધોતો અને મારી પાસે પુષ્કળ પ્રમાણમાં સારામાં સારુ તેલ હતું.*

7એ દિવસોમાં હું જ્યારે નગરના દરવાજે જતો ત્યારે આદરપાત્ર આગેવાનોની વચ્ચે જાહેર સભાના સ્થળમાં હું બેઠો હતો.

8ત્યારે યુવાનો મને જોઈને માર્ગ મૂકતા હતાં અને વૃદ્ધો ઊભા થઈને મને માન આપતા હતાં.

9નેતાઓ પણ મને જોઈને બીજાઓને ચૂપ કરવા માટે બોલવાનું બંધ કરી દેતા અને મોં પર તેઓના હાથ મૂકતાં.

10નગરનાં ઉચ્ચ અધિકારીઓ ધીમા અવાજે બોલ્યા. તેઓની જીભ તેઓના મોઢાના તાળવે ચોંટી ગઈ.

11મેં જે કહ્યું તે લોકોએ સાંભળ્યુ અને પછી મારા વિશે સારી વાતો કરી. મેં જે કર્યુ તે લોકોએ જોયું અને પ્રસંશા કરી.

12કારણકે જ્યારે ગરીબોએ મદદ માટે બોલાવ્યો, મેં અનાથને મદદ કરી, કે જેની સંભાળ લે તેવું કોઈ ન હતું.

13જેઓ મરવા પડ્યા હતાં તેઓ મને આશીર્વાદ આપતા હતાં. વિધવાઓના હૈયા હું ઠારતો હતો.

14સદાચારી રહેવું એ મારા વસ્ત્રો હતા. પ્રમાણિક વર્તન એ મારો ઝભ્ભો અને ફેંટો હતા.

15હું અંધજનોની આંખ સમાન હતો. તેઓને જ્યાં ક્યાંય પણ જવાની ઈચ્છા હતી, મેં તેઓને રસ્તો બતાવ્યો. અને હું લંગડા માટે પગ સમાન હતો. તેઓ જ્યાં જવાં માંગતા હતા હું તેઓને ઊંચકીને લઈ ગયો.

16ગરીબો સાથે હું તેઓના પિતાની જેમ વર્તતો. મેં લોકોને ન્યાયાલયમાં તેઓની દલીલો જીતવા મદદ કરી જેઓને હું જાણતો પણ ન હતો.

17મેં દુષ્ટ લોકોને તેઓની શક્તિનો દુરુપયોગ કરતા રોક્યા અને નિર્દોષ લોકોને તેઓથી બચાવ્યા.*

18હું આખો વખત વિચાર કરતો કે હું મારી આસપાસ મારા કુટુંબ સાથે લાંબુ જીવન જીવીશ.

19મેં વિચાર્યુ હું નીરોગી છોડ જેના મૂળિયા ને ખૂબ પાણીછે અને જેની શાખાઓ ઝાકળથી ભીની છે તેના જેવો તંદુરસ્ત અને મરદાન પુરુષ થઈશ.

20મેં વિચાર્યું દરેક નવો દિવસ તેજસ્વી અને નવી અને ઉત્તેજિત વસ્તુઓથી ભરેલો હશે.*

21લોકો મને ધ્યાનથી સાંભળતા હતાં, તેઓ શાંતિ પૂર્વક મારી સલાહ ની રાહ જોતા હતા.

---

**સારામાં સારુ તેલ હતું** અર્થ તેની પાસેના ખડકમાં તેલના ઝરણાં હતા. એ અર્થ કે અયૂબપાસે એટલુ બધુ તેલ હતું કે તે વેદીના પર પડતું હતું જે યોબે દેવને ભેટ આપી હતી.

**મેં દુષ્ટ લોકોને . . . બચાવ્યા** અર્થ મેં તેઓના દાંત ભાંગીને તેની જકડમાંથી નિર્દોષ લોકોને બચાવ્યા.

**મેં વિચાર્યુ . . . ભરેલો હશે** અર્થ મારા આત્મા ને દરેક દિવસ નવો લાગે છે. અને મારા હાથ હમેશા એટલા મજભૂત છે કે રોજ નવું ધનુષ લઈ મારી શકુ છું.

22મારા બોલી રહ્યાં પછી એ કોઈ દલીલ કરતા ન હતા. કારણકે મારી સલાહથી તેઓને સંતોષ થતો હતો.

23જેમ પ્રતિકૂળ સમયમાં વરસાદની રાહ જોવાતી હોય તેવી રીતે લોકોએ મારી સલાહ માટે આતુરતાપૂર્વક રાહ જોઈ. મારા શબ્દો જાણે વસંત ઋતુનો વરસાદ હોય. તેમ તેઓ તેનો આસ્વાદ માણી રહ્યાં હતા.

24હું તેઓ પર હસતો, અને તેઓ વિશ્વાસ કરી શકતા નહીં. મારા સ્મિતે તેઓને સારું લગાડ્યું.

25હું એમની વચ્ચે વડીલની જેમ બેસી અને તેઓની બધી બાબતોનો ઉકેલ લાવતો. હું છાવણીમાં તેના લશ્કર સાથેના એક રાજા જેવો હતો, અને જ્યારે તેઓ નિરાશ-હતાશ થતા ત્યારે હું તેમને હિંમત અને આશ્વાસન આપતો હતો."

### અયૂબનો આક્રોશ

30 "પરંતુ હવે જે મારી કરતાં ઉંમર માં નાના છે. તેઓ પણ મારી મશ્કરી ઉડાવે છે. અને તેઓના પિતા એટલા લાયકાત વગરના હતા કે હું તેઓને મારા ઘેટાંઓનું ધ્યાન રાખનાર કૂતરાઓ સાથે પણ રાખીશ નહીં.

2એ યુવાન માણસોના પિતાઓ મને મદદ કરવા માટે ખૂબ નિર્બળ છે. તેઓ વૃદ્ધ અને થાકેલા છે. તેઓના સ્નાયુઓ
હવે મજબૂત અને કઠણ રહ્યાં નથી. 3ખાવા માટે કંઈ ન
હોવાને કારણે તેઓ ભૂખ્યા રહે છે. તેથી તેઓ રણની સૂકી
ધૂળ ખાય છે. 4તેઓ રણમાં મીઠાના છોડ ખેંચી કાઢે છે અને
સાવરણીના છોડના મૂળીયાં ખાય છે.

5તેઓના નાગરિક તરીકેના હક પણ છીનવી લેવાયા હતાં. લોકો તેઓની પાછળ દોડતા હતા જાણે તેઓ ચોર હોય અને પીછો થઈ રહ્યો હોય.

6તેઓ ખીણમાં, ખડકોમાં, ગુફાઓમાં, અને ખાડાઓમાં રહે છે.

7તેઓ પશુની જેમ ઝાડીઓમાં બરાડો પાડે છે. તેઓ ઝાડ નીચે સમૂહમાં ભેગા થાય છે.

8તેઓ દેશમાંથી કાઢી મૂકાયેલા નામ વગરના નિરર્થક લોકોનો એક સમૂહ છે.

9હવે તે માણસોના પુત્રો અનુપ્રાસ વાળી કવિતા ગાઈ અને મારી મશ્કરી કરે છે! હું તેઓ મધ્યે મશ્કરી રૂપ બન્યો છું!

10તેઓ મારા પ્રત્યે ધૃણા કરે છે અને મારી પાસે આવતા નથી. મારા મોં પર થૂંકતા પણ તેઓ અચકાતા નથી.

11દેવે મારા ધનુષ્યની દોરી લઈ લીધી છે અને મને દુર્બળ બનાવી દીધો છે.

12તેઓ મારી જમણી બાજુથી મારા પર હૂમલો કરે છે તેઓ મારા પગે ફટકો મારી પાડી દે છે. કબજે કરેલા નગર જેવું મને લાગે છે હુમલો કરવા અને મારો નાશ કરવા તેઓએ ગંદા ટેકરા મારી દિવાલ સામે બાંધ્યા છે.

13તેઓ રસ્તા તોડી નાખે છે જેથી હું ભાગી ન શકું. મારો નાશ કરવામાં તેઓ સફળ થયા છે. તેઓને કોઈની મદદની જરૂર નથી.

14તેઓ દિવાલમાં એક કાણું પાડે છે. તેઓ તેની આરપાર ધસી જાય છે અને પથ્થરો મારી પર પડે છે.

15હું ભયથી ધ્રૂજુ છું, એ યુવાન માણસો જેમ પવન વસ્તુઓને ફૂંકી નાખે તેમ મારા સ્વમાન પાછળ પડ્યા છે. મારી સુરક્ષા વાદળોની જેમ ચાલી ગઈ છે.

16હવે મારું જીવન લગભગ લુપ્ત થઈ ગયું છે અને હું મરવાની અણી પર છું દુ:ખના દિવસોએ મને ગળે લાવી દીધો છે.

17રાત્રી દરમ્યાન મારા હાડકાઓને પીડા થાય છે, પીડા મને સતાવવાનું છોડતી નથી.

18દેવે મારો કાંઠલો પકડ્યો અને મારા વસ્ત્રોને ચોળીને બગાડી નાખ્યા છે.

19દેવે મને કાદવ- કીચડમાં ફેંકી દીધો છે. હવે હું ધૂળ ને રાખ જેવો બની ગયો છું.

20હે દેવ, હું કાલાવાલા કરું છું, પણ તમે મારું સાંભળતા નથી. હું તમારી સમક્ષ આવીને ઊભો છું પણ તમે મારી સામે નજર કરતા નથી.

21તમે મારા પ્રત્યે નિષ્ઠુર થઈ ગયા છો તમે તમારી શક્તિનો ઉપયોગ મને ઈજા પહોંચાડવામાં કરો છો.

22દેવ તમે મજભૂત પવનને મને ફૂંકી દેવા દો છો. તમે મને હવાના તોફાનમાં ઊછાળો છો.

23હું જાણું છું કે તમે મને મોતને ઘાટ ઉતારી રહ્યા છો, જ્યા બધા જીવંત માણસોને મળવાનું છે ત્યાં તમે મને લઈ જાઓ છો.

24મુશ્કેલીમાં આવી પડેલો માણસ મદદને માટે કાલાવાલા કરે છે અને હાથ લંબાવે છે.

25બીચારા લાચાર દુ:ખી માનવીઓ માટે મેં આંસુ સાર્યા નથી? દીનદુ:ખિયાઓ માટે મારું હદય શું રડી ઊઠ્યું નથી?

26તેમ છતાં મેં જ્યાં સારી વસ્તુની આશા રાખી હતી ત્યાં મને ખરાબ વસ્તુ મળી, જ્યાં મેં પ્રકાશની આશા રાખી હતી ત્યાં મને અંધકાર મળ્યો.

27મારું અંતર ઉકળે છે. દુ:ખનો અંત આવતો નથી. અને
પીડા હજી તો શરૂજ થઈ છે. 28હું રાહત વિના, આખો
વખત ઉદાસ અને ઉત્સાહ ભંગ રહું છું. જાહેર સભામા
ઊભો રહું છું અને મદદ માટે બૂમો પાડુ છું.

29હવે હું રડતાં શિયાળવા જેવો અને ચીખતાં શાહમૃગો જેવો બની ગયો છું.

30મારી ચામડી કાળી પડી ગઈ છે અને ખરી પડી છે. મારું શરીર તાવથી તપી ગયું છે.

31તેથી મારી વીણામાંથી હવે વેદનાના સૂર ટપકે છે, મારી વાંસળીમાંથી હવે વ્યથાનું સંગીત વહે છે.

31 "મેં મારી આંખો સાથે કરાર કર્યો છે; કે કોઈ કુમારિકા સામે લાલસાભરી નજરે જોવું નહીં.

2સર્વસમર્થ દેવ, લોકોને માટે શું કરે છે? તેના સ્વર્ગમાંનાં નિવાસસ્થાનથી લોકોને બદલો કેવી રીતે આપે છે?

3શું તે દુરાચારીઓને માટે વિપત્તિ અને ખોટું કરનારાઓ માટે વિનાશ મોકલી આપતા નથી?

4શું તે મારા આચરણ નથી જોતા? અને મારા બધાં પગલાં
નથી ગણતા?

5જો મેં કપટ ભરેલો આચાર કર્યો હોય, અથવા જો મારો
પગ કોઈને છેતરવા તરફ વળ્યો હોય;

6જો દેવ ચોક્કસ માપનું ત્રાજવું ઊપયોગમાં લે તો તેને
જાણ થશે કે હું નિર્દોષ છું.

7જો હું સત્યના માર્ગથી પાછો ફર્યો હોઉં, મારી આંખોએ
મારા હ્રદયને અનિષ્ટ કરવા દીધું હોય અથવા તો જો મેં
બીજા કોઈની નાની વસ્તુ પણ આંચકી લીધી હોય, તો દેવને
જાણ થઈ જશે.

8તો બીજાઓ માટે મારું વાવેલું અનાજ ખાવાનું અને
મારા ઉગાવેલા છોડ ઊખેડી નાખવાનું યોગ્યજ હશે.

9મારું હ્રદય જો પર સ્રીમાં લપટાયું હોય. જો મેં મારા
પાડોશીના બારણે તેની પત્ની સાથે વ્યભિચાર કરવાની રાહ
જોઈ હોય.

10તો ભલે મારી પત્ની બીજા પુરુષ માટે રસોઈ કરે. અને
ભલે બીજા પુરુષો તેની સાથે સૂવે.

11કારણકે જાતીય પાપ એ શરમજનક પાપ છે. એ તો
ભયંકર શિક્ષાને પાત્ર છે.

12એ તો એક અગ્નિ છે જે તમામ વસ્તુઓને સળગાવી
નાખે છે. મેં જે કાઈ વાવ્યું છે તેને તે ઉખાડી શકે તેમ છે.

13મેં મારા કર્મચારીઓનો હક કદી ડૂબાડી દીધો નથી.

14મેં જો એમ કર્યુ હોય તો જ્યારે દેવ મારી સામે આવીને
ઊભા રહેશે તો હું શું કરીશ? જ્યારે તે પૂછશે મેં શું કર્યુ, તો
મારે શું કહેવું જોઈએ?

15કારણકે જે દેવે મને સર્જ્યો છે એણેજ મારાં નોકરચાકરોને
સર્જ્યા છે આપણી માતાઓના ગર્ભની અંદર દેવે આપણને
સૌને આકાર આપ્યા છે.

16મેં ગરીબોને કશું આપ્યું ન હોય તેવું કદી બન્યું નથી
અને વિધવાઓને મેં કદી રડાવી નથી.

17અનાથો ભૂખ્યા હોય ત્યારે મેં એકલપેટાની જેમ કદી
ખાધું નથી. 18હું જુવાન હતો ત્યારથી મેં એમના પિતાની
જેમ એમની સંભાળ લીધી છે અને વિધવાઓને તો મેં
પહેલેથી જ મદદ કરી છે. 19અને કોઈને ઠંડીથી થરથરતા
અથવા તો એક ગરીબ માણસને ડગલા વગરનો જોઈને.

20મેં હમેશા તેઓને કપડાં આપ્યા તેઓને હૂંફાળા કરવા
મેં મારા પોતાના ઘેટાંઓનું ઊનઆપ્યું અને તેઓએ મને
હ્રદયપૂર્વક આશીર્વાદ આપ્યા.

21મેં એક આનાથ મદદ માગવા માટે તે જ્યારે દરવાજા
પર આવ્યો, ઠોંસો માર્યો ન હતો.

22જો મેં આવું કશું કર્યુ હોય તો મારો હાથ તોડી નાંખવામાં
આવે અને તેને ખભામાંથી ખેંચી કાઢવામાં આવે!

23પણ મેં કાંઈ ખોટુ કર્યુ નથી. હું દેવની શિક્ષાથી ડરું છું.
તેની મહાનતા મને ડરાવે છે.

24મેં મારી ધનસંપત્તિ પર કદી આધાર રાખ્યો નથી, અને
હંમેશા મદદ કરવા માટે મને દેવમાં વિશ્વાસ હતો. મેં કદી
કહ્યું નથી શુદ્ધ સ્વર્ણ , 'તુંજ મારી એકમાત્ર આશા છે.'

25હું ધનવાન છું પણ તેથી હું અભિમાની નથી. હું ખૂબ
પૈસા કમાયો. પણ તે એકજ એવી વસ્તુ નથી જેનાથી હું
સુખી થયો.

26મેં તેજસ્વી સૂર્ય કે સુંદર ચંદ્રની પુજા કરી નથી.

27હું સૂર્ય અને ચંદ્રની પૂજા કરું એવો મૂર્ખ ન હતો.

28તે પણ એક પાપ છે જેની સજા થવીજ જોઈએ. જો મેં
એવી કોઈપણ વસ્તુની ઉપાસના કરી હોયતો હું દેવને
વિશ્વાસુ રહ્યો હોઈશ નહીં.

29હું મારા શત્રુના દુ:ખે કદી ખુશ થયો નથી. તેઓની
મુશ્કેલીમાં મેં કદી હાંસી નથી ઉડાવી.

30મે મારા મુખને મારા દુશ્મનોને શાપ આપવાનું અને
તેઓ મરી જાય તેમ ઈચ્છવાનું પાપ કદી કરવા દીધું નથી.

31મારા ઘરમાં દરેક જણ જાણે છે કે હું અજાણ્યાને કાયમ
ખાવાનું આપું છું.

32પરદેશીને માર્ગમાં ઊતારો કરવો પડતો નહોતો; પણ
મુસાફરને માટે મારા બારણાં હંમેશા ઉઘાડાં હતાં.

33જો આદમની જેમ મેં મારાં પાપ સંતાડ્યાં હોય,

34લોકો કદાચ શું કહેશે એવો મને કદી ડર લાગ્યો નથી.
ડરે મને કદી ચૂપ રહેવા દીધો નથી. એણે મને કદી બહાર
જતા રોક્યો નથી. લોકોના મારા પરના ધિક્કારથી હું ડરતો
નથી.

35ઓ, હું ઈચ્છું છું, મને કોઈ સાંભળતું હોત! મને મારી
બાજુ સમજાવવા દો. હું ઈચ્છું છું સર્વસમર્થ દેવ મને જવાબ
આપે. હું ઈચ્છું છું તેને જે લાગે મેં ખોટું કર્યુ છે તે લખી
નાખે.

36તો હું એને મારે ખભે લટકાવીશ. હું રાજમુગટની જેમ
તેને પહેરીશ. 37હું મારા એકેએક પગલાનો અહેવાલ તેને
આપીશ. હું મારું માથું ઊંચુ રાખીને એની સામે ઊભો રહીશ.

38મેં મારી જમીન કોઈ પાસેથી ચોરી નથી કોઈપણ મને
તેની ચોરી માટે દોષિત ઠરાવી શકે તેમ નથી.

39મેં હંમેશા ખેડૂતોને તેના ખોરાક માટે પૈસા ચૂકવ્યા, જે
મને આ જમીનમાંથી મળ્યા મેં કદી બીજા માણસની જમીન
તેને મારી નાખીને ઝૂંટવવાની કોશિષ કરી નથી.

40જો મેં કોઈ આવી ખરાબ ચીજ કરી હોય તો એવું થજો
કે મારી જમીનમાં ઘંઉ અને જવને બદલે કાંટા અને ખડ
ઉગે!" અયૂબનું નિવેદન પૂરું થયું.

## એલીહૂનું ઉદ્દબોધન

32 પછી અયૂબના ત્રણ મિત્રોએ અયૂબને જવાબ
આપવાનું મૂકી દીધુ કારણકે અયૂબને એટલો
આત્મ વિશ્વાસ હતો કે તે પોતે સાચે નિર્દોષ હતો. 2પરંતુ
રામના કુળનો બુઝનો વંશજ બરખેલનો પુત્ર એલિહૂ અયૂબ
પર ગુસ્સે થયો હતો, કારણકે અયૂબ પોતાને નિર્દોષ અને
દેવને દોષિત માનતો હતો. 3વળી તેના ત્રણ મિત્રો વિરુદ્ધ
પણ તેનો ક્રોધ ચઢયો, કેમ કે તેઓ તેની વાતોનો ઉત્તર
આપી શક્યા નહોતા, તો પણ તેઓએ અયૂબને દોષિત ઠરાવ્યો
હતો. 4તેઓ બોલતા હતાં ત્યારે એલિહૂ બોલ્યા વિના બેસી

રહ્યો હતો, કારણકે તેઓ એનાથી ઉંમરમાં મોટા હતા; 5પણ જ્યારે એણે જોયું કે એ ત્રણેના મોંમા ઉત્તર નથી ત્યારે એને રોષ થયો હતો. 6બુઝનો વંશજ બારાકેલના પુત્ર અલીહૂએ ઉત્તર આપતા કહ્યું,

"હું નાનો છું, અને તમે ઘણા વૃદ્ધ છો; માટે હું દબાઇ ગયો, અને મારો મત તમને જણાવવાની મારી હિંમત ચાલી નહીં.

7મને લાગ્યું, 'મોટેરાઓએ બોલવું જોઇએ, વયોવૃદ્ધોએ એમનું જ્ઞાન શીખવવું જોઇએ.'

8પરંતુ માણસમાં રહેલો આત્મા વ્યક્તિને ડાહ્યો બનાવે છે. એ સર્વસમર્થ દેવનો શ્વાસ લોકોને સમજાવે છે.

9માત્ર મોટી ઉંમરવાળા બુદ્ધિમાન હોય છે, એમ નથી, અને વૃદ્ધો ન્યાય સમજે છે એમ હંમેશા હોતું નથી.

10માટે હું કહું છું, 'મને સાંભળો; હું પણ મારો મત દર્શાવીશ.'

11જુઓ, જ્યારે તમે બોલતા હતા ત્યારે મેં રાહ જોઇ. જ્યારે તમે શબ્દો શોધતા હતા હું તમારી દલીલો સાંભળતો હતો.

12તમને મેં ધ્યાનથી સાંભળ્યા, પણ તમે કોઇએ અયૂબને ખોટો પાડ્યો નહીં. અયૂબને સામો જવાબ આપ્યો નહીં.

13તમે ત્રણ જણાઓ કહી ન શકો કે તમને જ્ઞાન મળ્યુ . દેવે નહીં લોકોએ અયૂબની દલીલોનો જવાબ આપવો જેઇએ.

14એ મારી સાથે દલીલમાં ઊતર્યો નથી, અને હું તમારી જેમ સામે જવાબ આપીશ નહીં.

15અયૂબ, તેઓ દલીલ હારી ગયા છે, તેઓ કંઇ વધારે સામો જવાબ આપતા નથી, એમની પાસે હવે શબ્દો રહ્યા નથી.

16અયૂબ, તને જવાબ આપવા હું આ માણસોની રાહ જોતો હતો. પણ તેઓ ચૂપ રહ્યા. તેઓએ તમારી સાથે દલીલ કરવાનું બંધ કર્યુ છે.

17ના, હવે હું મારે જે કંઇ કહેવાનું છે તે કહીશ, હું જે વિચારું છું તે કહીશ.

18મારી પાસે ઘણી બાબતો કહેવા માટે છે. કે જેનો ધડાકો કરવાની હું તૈયારીમાં જ છું.

19હું દ્રાક્ષારસની તે નવી બાટલી જેવો છું કે જે હજી ખોલી ન હોય. હું તે નવા દ્રાક્ષારસના ઢાંકણા જેવો છું કે જે ખોલાયા પછી ઊડવાની તૈયારીમાં હોય છે.

20સારા લાગવા માટે મારે બોલવું જ જોઇએ, મારે બોલવું જ જોઇએ અને અયૂબની દલીલોનો જવાબ આપવો જ જોઇએ.

21હું કોઇનો પક્ષ નહીં લઉં, હું કોઇની પ્રશંસા નહીં કરું.

22મને પ્રશંસા કરતા નથી આવડતું, જો હું એમ કરું તો દેવ મને કબરની તરફ મોકલી દેશે!"

### અયૂબને એલીહૂનો ઠપકો

33 "અને હવે, અયૂબ, હું જે કહું તે કૃપા કરીને ધ્યાનથી સાંભળ.

2જો, હવે મેં મારું મોં ખોલ્યું છે, મારી જીભ બોલવાની તૈયારી માં છે.

3મારું હ્દય પવિત્ર છે, તેથી હું પ્રમાણિકતા થી બોલીશ, મારા હોઠો હું જે જાણું છું એ વિશે સચ્ચાઇથી બોલશે.

4દેવના આત્માએ મને ઉત્પન્ન કર્યો છે, સર્વસમર્થ દેવના શ્વાસ મને જીવન આપે છે.

5જો તારાથી બની શકે તો તું મને ઉત્તર આપ; તારી દલીલો વિચારી લે અને મારી સાથે દલીલ કર.

6દેવની નજરમાં તો હું તારા જેવો જ છું હું પણ માટીમાંથી જ પેદા થયો છું.

7તારે મારાથી ડરવા જેવું કાંઇ નથી. હું તારી સાથે કઠોર નહીં થાઉં.

8મારી સુનાવણી માં તમે કહ્યું છે, 'તમારા એ શબ્દો મેં સાંભળ્યા હતા.'

9હું નિર્મળ છું, મે ખોટું કાંઇ કર્યુ નથી.

10દેવ મારી વિરુદ્ધ થવા બહાનું શોધી કાઢે છે, દેવ મારી સાથે એક શત્રુ જેવો વર્તાવ કરે છે.

11તે મારું એકેએક પગલું ધ્યાનથી જુએ છે.'

12જો, હું તને કહું છું કે એમાં તું સાચો નથી. દેવ માણસથી બહુ મહાન છે.

13"તું શા માટે એમની સાથે દલીલ કરે છે કે એ તારા એક પણ સવાલનો જવાબ આપતા નથી?

14દેવ વારંવાર બોલે છે આમ કે તેમ અનેક રીતે બોલતા હોય છે, પણ માણસ સમજતો નથી.

15જ્યારે માણસો ગાઢ નિદ્રામાં હોય કે પથારી પર ઝોકાં ખાતાં હોય, અને સ્વપ્નમાં, અથવા રાતના સંદર્શનમાં પડ્યાં હોય;

16દેવ લોકોના કાન ખોલી નાખે છે. અને એમને ચેતવણી આપીને ભયભીત કરે છે.

17અને એમ એ માણસને પાપ કરતાં અટકાવે છે, અભિમાનથી બચાવે છે,

18દેવ, લોકોને ચેતવણી આપે છે જેથી તે તેઓને કબરમાં જતાં બચાવી શકે. માણસને વિનાશમાંથી બચાવવા માટે દેવ આમ કરે છે.

19તદુપરાંત, દેવ માણસને પથારીવશ કરીને સતત તેના હાડકાઓ માં પીડા મારફતે તે તેઓને સમજાવે છે.

20પછી તે માણસ ખાઇ શકતો નથી. તે માણસને એટલી બધી પીડા થાય છે કે તેને સારમાં સારા ભોજનનો પણ અણગમો થાય છે.

21એનું શરીર સુકાઇ જાય છે અને ચામડી નીચેથી હાડકાં દેખાઇ આવે છે.

22તે વ્યક્તિ, કબરની પાસે છે. અને તેનુ જીવન મૃત્યુની નજીક છે.

23દેવને હજારો દેવદૂતો છે. કદાચ તે દેવદૂતો માંથી એક તે વ્યક્તિ પર બરોબર નજર રાખે.

24અને એના પર દયાળુ થઈને દેવને કહે છે, 'એને કબરમાં
ધકેલો નહીં, તેના પાપનો ચુકાદો કરવા મેં એક રસ્તો શોધી
કાઢયો છે.
25તો એનો દેહ ફરીથી પાંગરે છે, એ ફરીથી જ્યારે તે
યુવાન હતો તેવો બની જાય છે.
26તે દેવને પ્રાર્થના કરે છે, અને દેવ તેની પ્રાર્થના નો
જવાબ આપે છે. અને તે વ્યકિત આનંદ માં આવી જઇ
બૂમો પાડશે અને દેવની ઉપાસના કરશે. અને ફરીથી તે
સારું જીવન જીવવા લાગશે.
27તે માણસ પોતાના મિત્રની આગળ કબૂલ કરશે, 'મેં
પાપ કર્યુ હતું. મેં સારા ને ખરાબ માં બદલાવ્યુ હતું. પરંતુ
દેવે હું જે સજાને પાત્ર હતો તે મને આપી નહીં.
28તેમણે મને મોતના મુખમાંથી બચાવ્યો છે. હવે હું
ફરીથી જીવનનો આનંદ માણી શકીશ.'
29દેવ તો માણસની સાથે એકવાર, બેવાર, વારંવાર આમ
વર્તે છે. 30તે મનુષ્યને ચેતવવા અને તેના આત્માને કબરમાંથી
બચાવવા જેથી તે માણસ જીવનનો આનંદ માણી શકે.
31હે અયૂબ, હવે હું જે કહું તે ધ્યાનથી સાંભળ! તું મૌન
રહે અને મને બોલવા દે.
32પણ અયૂબ, તારે જો મારી સાથે સંમત થવું ન હોય, તો
બોલવાનું ચાલુ રાખ તારી દલીલ મને કહે કારણકે હું તને
નિર્દોષ જાહેર કરવા માગુંછુ
33પણ જો તમારે કાંઈ કહેવાનું જ ન હોય, મારું સાંભળો,
છાના રહો અને હું તમને ડહાપણના જ્ઞાનના પાઠ શીખવીશ."

34 એલીહૂએ અનુસંધાનમાં આગળ બોલતા કહ્યું;
2"હે શાણા માણસો, તમે મારા શબ્દો સાંભળો;
અને હે જ્ઞાનીઓ તમે મારા કહેવા પર ધ્યાન આપો.
3જેમ જીભ સ્વાદને ઓળખી શકે છે તેમ કાન શબ્દોને
પારખી શકે છે.
4ચાલો આપણે પસંદ કરીએ સાચું શું છે, ચાલો આપણે
નક્કી કરીએ સારું શું છે.
5કારણકે અયૂબે કહ્યું છે, 'હું નિર્દોષ છું અને, દેવ મારી
સાથે ન્યાયી નથી.
6હું નિર્દોષ છું છતાં હું જૂઠા બોલો તરીકે ગણાઉં છું; એમણે
મને સતત જીવલેણ પ્રહાર કર્યો છે; પણ મેં કંઈ વાંક ગુનો
કર્યો નથી.'
7અયૂબના જેવો બીજો કોણ છે? અયૂબ જેટલી સરળતાથી
પાણી પીએ છે તેટલી સરળતાથી દેવની મશ્કરી કરે છે.
8એને દુષ્ટ લોકોની સંગત ગમે છે, એ દુષ્ટ લોકોની સાથે
ફરે છે.
9એણે કહ્યું છે,'દેવને ખુશ કરવાથી કોઈનું ભલું થયું નથી.'
10તેથી હે શાણા માણસો, મારું સાંભળો દેવ કદી કંઇ ખોટું
કરેજ નહીં, અને સર્વસમર્થ દેવ કદી કંઇ અનિષ્ટ કરે નહીં.
11તે માણસે જે કર્યુ હશે તેનો બદલો તે માણસને દેવ
વાળી દેશે
12દેવ ખોટું કરેજ નહીં, અન્યાય કરેજ નહીં. આના કરતાં
વધારે સાચું કોઈ વિધાન નથી.
13પૃથ્વી પર કામગીરી બજાવવા માટે કોઈએ દેવને પસંદ
કર્યા નથી. કોઇએ દેવને આખી દુનિયાની જવાબદારી સોંપી
નથી. દેવેજ બધી વસ્તુઓ બનાવી છે અને તે વસ્તુઓ પર
હમેશા તેમની જ સત્તા રહી છે.
14જો દેવ પોતાનો આત્મા અને શ્વાસ પૃથ્વી પરથી
લઈ લે.
15તો તમામ સજીવોનો વિનાશ થાય અને માણસ જાત
પાછી ધૂળ ભેગી થઈ જાય.
16જો તમારામાં સમજ શકિત હોય તો મને સાંભળો!
મારા શબ્દો ધ્યાનમાં રાખો
17દેવ જો ન્યાયને ધિક્કારે, તો એ કદી રાજ ચલાવી શકે?
દેવ સારા અને શકિતશાળી છે. શું તને લાગે છે તું તેને
દોષિત ઠરાવી શકીશ?
18શું દેવ કદી રાજાઓને કહે છે, 'તમે નકામા છો' અથવા
રાજકુમારોને, 'તમે દુષ્ટ છો?'
19દેવ રાજકર્તાઓને બીજા લોકો કરતા વધારે પ્રેમ કરતા
નથી, ધનવાનોને ગરીબ લોકો કરતા વધારે પ્રેમ કરતા નથી.
કારણકે બધા તેના હાથે સર્જાયેલા છે. 20એક ક્ષણમાં, મધરાતે
પણ, તેઓ મૃત્યુ પામે છે. જ્યારે દેવ પ્રહાર કરે છે, બળવાન
પણ મરી જાય છે. મહાન લોકો અદ્રશ્ય થઈ જાય છે અને
માણસનો હાથ સંડોવાયેલો નથી.
21કારણકે, દેવની નજર માણસની ચાલચલગત પર હોય
છે. એ એનું એકેએક પગલું જુએ છે.
22દુષ્ટ માણસને સંતાડી, શકે એવો કોઈ પડદો કે અંધકાર
નથી.
23દેવને લોકોની વધુ પરીક્ષા કરવા માટે સમય પસંદ
કરવાની જરૂર નથી. દેવને લોકો વિશે અભિપ્રાય આપવા
તેમને સામે લાવવાની જરૂર નથી.
24જો શકિતશાળી લોકો પણ દુષ્કર્મ કરે, તો દેવને તેઓને
પ્રશ્ન કરવાની જરૂર નથી. તે સર્વથા તે લોકોનો વિનાશ કરશે
અને બીજાઓને નેતા તરીકે નિયુકત કરશે.
25તેથી દેવ, જાણે છે લોકો શું કરે છે એજ કારણે દેવ
રાતોરાત દુષ્ટ લોકોને હરાવશે અને તેઓનો નાશ કરશે.
26દેવ દુષ્ટ લોકોને તેઓએ જે દુષ્કર્મો કર્યા છે તેને માટે
સજા કરશે. અને બીજાઓ જ્યારે જોતા હશે ત્યારે દેવ તેઓને
સજા કરશે.
27કારણકે તેઓ દેવથી પાછા ફરી ગયા છે, તેઓ એના
માર્ગને અનુસરવા માગતા નથી.
28તેમનો પોકાર દેવ સુધી પહોંચે છે અને દેવ એ દુ:ખી
લોકોનો સાદ સાંભળે છે.
29પણ જો દેવ તેઓને મદદ ન કરવાનો નિશ્ચય કરે છે તો
કોઈપણ દેવને દોષિત ઠરાવી શકે તેમ નથી. જો દેવ પોતે
લોકોથી સંતાઇ જાય તો કોઇ તેને શોધી શકે તેમ નથી.
30અને જો તે લોકોને પાપ કરવાનું કારણ શાસન છે તો
દેવ તેને તેની સત્તા પરથી ઊતારી નાખશે.
31એવું થશે, સિવાય કે તે દેવને કહે 'હું ગુનેગાર છું, હવે
પછી હું કદી પાપ કરીશ નહી.

32દેવ, હું તમને જોઈ શકતો નથી તે છતાં મને જીવવાની સાચી રીત મને શીખવશો જો મેં ખોટું કર્યુ હોય તો હું ફરી એવું કરીશ નહીં.'

33 અયૂબ, તને દેવ પાસેથી ફળ જોઈએ છે. પણ તારે તે બદલવું નથી. અયૂબએ તારો નિર્ણય છે અને મારો નથી. મને કહે તું શું જાણે છે.

34ડાહ્યો માણસ મને સાંભળશે ડાહ્યો માણસ કહેશે.

35'અયૂબ જ્ઞાન વગર બોલે છે. એના શબ્દોમાં કોઈ તાત્પર્ય નથી.'

36મને લાગે છે અયૂબને વધારે સજા થવી જોઈએ. કારણકે અયૂબ અમને દુષ્ટ માણસો જેવા જવાબ આપે છે. અંત સુધી તેની કસોટી થવી જોઈએ.

37અયૂબ તેના બીજા પાપોમાં બળવાખોરીનો ઉમેરો કરે છે. અયૂબ ત્યાં અમારું અપમાન કરી અમારી પહેલા બેસે છે. અને તે દેવની મશ્કરી કરે છે."

35 વળી એલીહૂએ અનુસંધાનમાં કહ્યું;
2"તું એમ માને છે કે આમ કહેવું તે યોગ્ય છે? તું કહે છે; 'દેવ કરતા હું વધારે સાચો સત્ય પરાયણ છું.'

3અયૂબ, તું દેવને પૂછ, 'જો કોઈ દેવને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે તો તેને શું ફાયદો થાય? જો મે પાપ ન કર્યા હોત તો મને વધારે ફાયદો થાત?'

4હું તને અને તારા બધા મિત્રોને એક સાથે જવાબ આપીશ.

5ઊંચે તારી સામેના આકાશમાં જો! જો વાદળાં કેટલાં ઊંચા છે!

6અયૂબ, જો તમે પાપ કરો, તો તેમાં દેવને કોઈ રીતે હાનિ થવાની નથી. જો તમારી પાસે ખૂબ પાપ ભર્યા હોય તો તેમાં દેવને કાંઈ થવાનું નથી.

7અને અયૂબ, જો તું સારો હોય તો તે કોઈ રીતે દેવને સહાય રૂપ નથી. તારી પાસેથી દેવને કાંઈ મળવાનું નથી.

8અયૂબ, તુ જે કાંઈ સારું કે ખરાબ કાર્ય કરે છે તે તારી જેમ ફક્ત બીજાઓને અસર થાય છે. તેઓ દેવને મદદ કે હાનિ કરતા નથી.

9જો દુષ્ટ લોકોને હાનિ થાય તો તેઓ મદદ માટે પોકાર કરશે. તેઓ શકિતશાળી લોકો પાસે જાય છે અને મદદ માંગે છે.

10પરંતુ તે દુષ્ટ લોકો, તેઓને મદદ કરવાનું દેવને કહેતા નથી. તેઓ કહેશે નહીં મારા સર્જનહાર દેવ ક્યાં છે? દેવ જેઓ ઉત્સાહ ભંગ છે, તેઓને મદદ કરે છે. તો તે ક્યાં છે?

11જે દેવે આપણને પશુઓ અને પંખીઓ કરતાં વધારે સમજુ બનાવ્યા છે તો તે ક્યાં છે!

12તેઓ બૂમો પાડે છે પણ કોઈ એમને સાંભળતું નથી, કારણકે એમનામાં અનિષ્ટનું અભિમાન હોય છે.

13એ સાચું છે, દેવ તેઓની નિરર્થક માંગણીઓ પર ધ્યાન આપશે નહીં. સર્વસમર્થ દેવ તેઓ તરફ જરા પણ ધ્યાન આપશે નહીં.

14તેથી અયૂબ, તું કહે છે કે તું તેને જોતો નથી. ત્યારે દેવ તેને સાંભળશે નહીં તું કહે છે કે તું દેવને મળવાની તકની રાહ જુએ છે અને તારી નિર્દોષતા સાબિત કરે છે.

15અયૂબ, વિચારે છે કે દેવ દુષ્ટ લોકોને સજા કરતા નથી. તે વિચારે છે કે દેવ પાપ જોતા નથી.

16તેથી અયૂબ, તેની અર્થ વગરની વાતો ચાલુ રાખે છે. અયૂબ જાણે તે મહત્વશીલ હોય તેમ વર્તે છે. એ સહેલાઈથી જાણી જવાય છે કે અયૂબને તે શેના વિશે બોલે છે તેની તેને ખબર નથી."

36 વળી અલીહૂએ આગળ અનુસંધાનમાં કહ્યું;
2"જરા લાંબો સમય મને નિભાવી લે, દેવ પાસે થોડા, વધુ શબ્દો છે જે તેમને કહેવા ઈચ્છે છે.

3હું મારું જ્ઞાન એકેએક સાથે વહેચીશ, દેવે મારું સર્જન કર્યુ અને તે ન્યાયી છે તે હું સાબિત કરીશ.

4હું તને જણાવું છું તે ખરેખર સત્ય છે કેમ કે હું સંપૂર્ણ જ્ઞાની છું.

5દેવ મહા બળવાન છે પણ એ કોઈનો તિરસ્કાર કરતા નથી. દેવ ખૂબ શકિતશાળી છે, પણ ખૂબ વિદ્વાન પણ છે.

6એ દુષ્ટોને જીવતા રહેવા દેતા નથી પણ ગરીબોનો ન્યાય કરે છે.

7જે સચ્ચાઈ થી રહે છે, તે લોકો પર દેવ નજર રાખે છે. તે રાજાઓને સિંહાસન પર બેસાડે છે અને તેઓ સદાય ઉચ્ચ સ્થાન પર રહે છે.

8તેથી જો લોકોને સજા થઈ છે, જો તેઓ સાંકળ અને દોરડા થી બંધાયેલા છે, તો તેઓએ કાંઈક ખોટું કર્યુ છે.

9અને દેવ તેને કહેશે, તેઓએ શું કર્યુ હતું. દેવ તેને કહેશે કે તેઓએ પાપ કર્યા હતા. દેવ તેઓને કહેશે તેઓ ઉદ્ધત હતા.

10દેવ તેઓને પાપ કરવાનું મૂકી દેવાનો આદેશ આપશે અને તેઓને તેની ચેતવણી સાંભળવાની ફરજ પાડશે.

11તેઓ જો એનું માને અને એની સેવા કરે તો તેઓ તેમનું બાકીનું જીવન સમૃદ્ધિમાં ગાળશે તેઓના વર્ષો સુખથી ભરેલા હશે.

12પરંતુ જો તેઓ એનું ન માને તો તેઓ અજ્ઞાનમાંજ મૃત્યુ પામે અને મૃત્યુલોકમાં પહોંચી જાય.

13લોકો જે દેવની ચિંતા કરતા નથી જ્યારે આખો વખત તેઓ દુ:ખી રહે છે. દેવ તેઓને શિક્ષા કરે છે ત્યારે પણ તેઓ તેમને મદદ માટે પ્રાર્થના કરતા નથી.

14તે લોકો, જ્યારે તેઓ હજુ જુવાન હશે ત્યારે દેવદાસીની જેમ મરી જશે.

15પણ દેવલોકોને તેઓના દુ:ખ દ્વારા નરમ બનાવે છે. દેવ તે દુ:ખ દ્વારા લોકોને જગાડી અને તેને સાંભળતા કરે છે.

16તેણે તને દુ:ખમાંથી દૂર કર્યો છે તેણે તને નિરાંતનું જીવન આપ્યું છે. તેણે તને પુષ્કળ પ્રમાણમાં ખોરાક પીરસ્યો છે.

17પરંતુ હવે અયૂબ, તું દોષિત ઠરાયો. તેથી તને એક દુષ્ટ વ્યક્તિની જેમ સજા થઈ.

18હવે તમે સાવધ રહેજો, જેથી સમૃદ્ધિ તમને ફોસલાવે નહીં, લાંચ તમારું મન બદલાવે નહીં.

19દુ:ખમાં તારી અઢળક સમૃદ્ધિ તને શા કામની? તારી શક્તિ તારા શા કામની?
20રાતે આવવાની ઈચ્છા કરતો નહીં. લોકો રાત્રિમા અલોપ થઈ જવાનો પ્રયત્ન કરે છે. તેઓ વિચારે છે કે તેઓ પોતાને દેવથી સંતાડી શકશે.
21અયૂબ, તે ખૂબજ પીડા ભોગવી છે. પણ અનિષ્ટ પસંદ કરતો નહીં કંઈ પણ ખોટું નહીં કરવાની, સાવચેતી રાખજે.
22જો, દેવની શક્તિ અનંત છે.એના જેવો ગુરુ છે કોણ?
23એમણે શું કરવું એ કોઈ એમને કહી શકે ખરું? તમે ખોટું કર્યુ છે એમ એમને કોણ કહી શકે?'
24તેમણે પ્રતાપી કાર્યો કરેલા છે. તેમણે કરેલાં મહાન કાર્યો માટે તેમની સ્તુતિ કરો. લોકોએ દેવની સ્તુતિ વર્ણવતા ઘણા ગીતો લખ્યા છે.
25દેવે જે કાઈં કર્યુ છે તે બધાએ જોયું છે, દૂર દેશાવરમાં પણ લોકો તે વસ્તુઓ જોઈ શકે છે.
26દેવ એટલાં મહાન છે કે આપણે તેમને સમજી શકતા નથી. કેટલા સમયથી દેવ છે તે કોઈ સમજી શકે એમ નથી.
27દેવ, પૃથ્વી પરથી પાણીને ઊંચે લઈ જઈ અને તેનું ઝાકળ અને વરસાદમાં રૂપાંતર કરે છે.
28જે વાદળોમાંથી પૃથ્વી પર વરસે છે અને અનેક લોકો પર પડે છે.
29દેવ કેવી રીતે વાદળો પાથરે છે, અને તેમાં થતી ગર્જનાઓને કોઈ સમજી શકે છે ખરું?
30જુઓ, દેવ પૃથ્વી પર વિજળી ફેલાવે છે અને મહાસાગરના ઊંડામાં ઊંડા ભાગને ઢાંકી દે છે.
31દેવ ઉપરના પોતાના અદ્ભૂત અંકુશ વડે, તે લોકો પર શાસન કરે છે અને તેઓને ભરપૂર ખોરાક પૂરો પાડે છે.
32તેઓ પોતાના હાથમાં એ વીજળીને પકડે છે અને જ્યાં તેને પાડવી હોય ત્યાં પાડે છે.
33ગર્જના ચેતવણી આપે છે કે તોફાન નજીક આવી રહ્યું છે. તેથી ગાયો પણ જાણે છે કે તે તોફાન નજીક આવી રહ્યું છે."

### દેવના પરાક્રમની પ્રશંસા

37 વીજળી અને ગર્જના મને બીવડાવે છે. મારું હૃદય મારી છાતીમાં ધડકારા કરે છે.
2દેવની ગર્જના તથા તેના મુખમાંથી નીકળતી વાચા ધ્યાન થી સાંભળ.
3આખા આકાશને એ વીજળીથી ઝળકાવે છે, એ ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી ફરે છે.
4વીજળીનો ચમકારો થાય ત્યાર પછી દેવની ગર્જનાના અવાજ સાંભળી શકાય છે દેવ તેનાઅદભૂતઅવાજમાં ગર્જના કરે છે. જ્યારે વીજળી ચમકે છે દેવનો અવાજ ગર્જે છે.
5તેમની ગર્જનાનો અવાજ ભવ્ય હોય છે. જે મહાન વસ્તુઓ તે કરે છે તે આપણે સમજતા નથી.
6દેવે હિમને કહ્યું, 'પૃથ્વી પર પડો' દેવે વરસાદને કહ્યું, "પૃથ્વી પર મૂશળધાર વરસો."
7અને આ રીતે એ માણસોને કામે જતાં અટકાવે છે, જેને લીધે તેઓ સમજશે કે તે શું કરી શકે છે.
8ત્યારે પશુઓ તેમની ગુફામાં ભરાઈ જાય છે અને એમાં પડ્યાં રહે છે.
9દક્ષિણ દિશામાંથી ઝંઝાવાત આવે છે, ઉત્તર દિશામાંથી ઠંડા પવનો ઊતરી આવે છે.
10દેવના શ્વાસથી બરફ બને છે, અને સમુદ્રો થીજી જાય છે.
11તે વાદળોને પાણીથી ભરી દે છે અને તેમાં વીજળીઓ ચમકાવે છે.
12દેવ વાદળોને આખી પૃથ્વી પર વિખેરાઈ જવાનો આદેશ આપે છે વાદળો દેવની આજ્ઞા પ્રમાણે કરે છે.
13દેવ પૂર લાવી લોકોને શિક્ષા કરવા આથવા તો પાણી લાવી પોતાનો પ્રેમ દર્શાવવા. વાદળો બનાવે છે.
14હે અયૂબ, સાંભળ, જરા થોભ, અને દેવની અદ્ભૂત લીલાનો ખ્યાલ કર!
15દેવ વાદળોને કેવી રીતે નિયંત્રણમાં રાખે છે અને વાદળોમાંથી વીજળીને કેવી રીતે ચમકાવે છે એ શું તું જાણે છે?
16તે કેવી રીતે હવામાં વાદળાંને અદ્ધર સમતુલીત રાખે છે તે તું જાણે છે? વાદળો દેવના અદભૂત સર્જનોનું એક દ્રષ્ટાંત છે અને દેવ તેઓ વિષે સર્વ જાણે છે.
17પણ અયૂબ, તું આ બાબતો જાણતો નથી. તું એટલુંજ જાણે છે કે તને જ્યારે પરસેવો થાય ત્યારે તારા કપડાં તારી ચામડી ને ચોંટી જાય છે. અને જ્યારે દક્ષિણ દિશામાંથી હુફાળો પવન વાય છે ત્યારે બધું શાંત અને સૂમસામ થઈ જાય છે.

18શું તમે પથરાયેલા આકાશને ચકચકીત કરેલા પીતળની જેમ ચમકીલુ બનાવામાં દેવને મદદ કરી શકશો?
19અયૂબને કહેવા દો કે અમારે દેવને શું કહેવું ! અમારા મગજમાં અંધકાર છે! અમે એની સાથે દલીલો કરી શકતા નથી.
20હું દેવને કહીશ નહી કે મારી ઈચ્છા તેની સાથે બોલવાની હતી. એતો પોતેજ પોતાનો વિનાશ માગવા જેવું થશે.
21હવે પવને વાદળોને વાળીઝૂડી નાંખ્યા છે અને આકાશને ચોખ્ખું કર્યુ છે અને ત્યાં હવે એટલું બધુ અજવાળું છે કે અમે સૂર્ય સામે જોઈ શકતા નથી.
22તે જ રીતે આકાશમાંથી આપણી ઉપર આવતા અને આંખોને આંજી દેતા દેવના ભવ્ય પ્રતાપ સામે પણ આપણે જોઈ શકતા નથી.
23સર્વસમર્થ દેવ મહાન છે! આપણે તેને સમજી શકતા નથી. દેવ ખૂબજ શક્તિશાળી છે પણ તે આપણી સાથે ન્યાયી છે. દેવને આપણને નુકસાન પહોચાડવું ગમતું નથી.
24એ કારણથી લોકો દેવનો આદર કરે છે. પણ જે અભિમાની છે અને પોતાની જાતને વિદ્વાન માને છે, દેવ તે લોકોને માન આપતા નથી."

### યહોવાએ આપેલો જવાબ

38 પછી યહોવાએ ઝંઝાવાતની વચમાંથી અયૂબને જવાબ આપતાં કહ્યું;
2"મૂર્ખતાથી મારી સલાહને પડકારનાર આ વ્યક્તિ કોણ છે?"
3તારી કમર બાંધ; કારણકે હું તને પૂછીશ, અને તું મને જવાબ આપીશ, જવાબ આપવાનો તારો વારો છે.
4જ્યારે મેં પૃથ્વીના પાયા નાખ્યા ત્યારે તું ક્યાં હતો? તું બહુ સમજે છે તો એ તો કહે કે
5પૃથ્વીને ઘડવા માટે એનાં તોલમાપ કોણે નક્કી કર્યા હતાં? દુનિયાને એક માપરેખાથી કોણે માપી હતી?
6એના મજબૂત પાયાં શાના ઉપર નાંખવામાં આવ્યા છે? તેની જગ્યામાં પહેલો પથ્થર કોણે મૂક્યો?
7પ્રભાતના તારાઓએ સાથે ગીત ગાયું અને દેવદૂતોએ જ્યારે તે થઈ ગયું ત્યારે આનંદથી બૂમો પાડી!
8સમુદ્રને પૃથ્વીના ઊંડાણમાંથી ધસી આવતા રોકવા દરવાજાઓ કોણે બંધ કર્યા હતા?
9વાદળાં અને ગાઢ અંધકાર રૂપી વસ્રો મેં તેને પહેરાવ્યાં?
10મે તેની બાજુઓની હદ બનાવી અને બંધ દરવાજાઓની સીમાઓ પાછળ તેને મૂકી.
11મે સમુદ્રને કહ્યું, 'તું અહીં સુધી ગતિ કરજે, અહીંથી આગળ ઉલ્લંઘન કરીશ નહીં. તારા પ્રચંડ તરંગો અહીં અટકી જશે.'

12શું આ પ્રભાત થાય છે તે તમારા આદેશથી થાય છે? સવારે સૂર્યના કિરણોએ કઈ દિશામાં ઊગવું તે શું તમે નક્કી કરો છો?
13અયૂબ, તે ક્યારે પણ પ્રભાતના પ્રકાશને પૃથ્વીને ઝૂંટવી લઈને દુષ્ટ લોકોને તેઓની સંતાવાના સ્થાનેથી ધ્રૂજાવી નાખવાનું કહ્યું છે?
14પ્રભાતનો પ્રકાશ ટેકરીઓ અને ખીણોને દ્રષ્ટિ ગોચર કરે છે. જ્યારે દિવસનો પ્રકાશ પૃથ્વી પર પડે છે, ત્યારે તે જગ્યાઓની આકૃતિ, કપડાની ઘડીની જેમ બહાર દેખાય છે. તે સ્થળો પોચી માટી પર મહોર છાપ વડે પડેલી છાપ જેવો આકાર લે છે.
15દુષ્ટ લોકોને દિવસનો પ્રકાશ ગમતો નથી. જ્યારે તે તેજથી, પ્રકાશે છે, તે તેઓને તેઓના દુષ્કર્મોની યોજના કરતા રોકે છે.
16અયૂબ, તું કદી સમુદ્રના ઉદ્ગમસ્થાનના ઊડાણમાં ગયો છે ખરો? તું ક્યારેય મહાસાગરની સપાટી પર ચાલ્યો છે?
17શું તે કદી મૃત્યુના દ્વાર જોયા છે? તમે કદી મૃત્યુની અંધારી જગ્યાના દ્વાર જોયા છે?
18તું જાણે છે પૃથ્વી કેટલી વિશાળ છે. આવું જ્ઞાન તારી પાસે હોય તો તે મને કહે!
19પ્રકાશનું ઉદગમસ્થાન ક્યાં છે? અંધકારની જગ્યાક્યાં છે? મને જણાવ.
20તમે પ્રકાશ અને અંધકારને તે જે સ્થાનેથી આવ્યા હતા, ત્યાં પાછા લઈ જઈ શકો છો? તમે તેના ઉદ્ભવસ્થાને જઈ શકો છો?
21આ બધું તો તું જાણે છે, કારણકે ત્યારે તારો જન્મ થઈ ચૂક્યો હતો ને! અને તું તો ઘણો અનુભવી વૃદ્ધ ખરું ને?
22હિમનું સ્થાન તથા જ્યાં કરાનું ઉદ્ભવસ્થાન અને સંગ્રહસ્થાન છે, શું તે જોયાં છે?
23મેં હિમ અને કરાની જગ્યાઓને આફતના સમય અને લડાઈ અને યુદ્ધના સમય માટે બચાવી રાખી છે.
24તમે કદી જ્યાં સૂર્ય ઊગે છે, જ્યાં તે પૂર્વ તરફના પવનને આખી પૃથ્વી પર ફૂંકાવે છે તે સ્થળે ગયા છો?

25વરસાદના પ્રચંડ પ્રવાહ માટે નાળાં અને ખીણો કોણે ખોધ્યા છે? ગર્જના કરતો વીજળીનો માર્ગ કોણે બનાવ્યો છે?
26જ્યાં માનવીએ પગ પણ નથી મૂક્યો એવી સૂકી અને ઉજ્જડ ધરતી પર તે ભરપૂર વરસે છે.
27જેથી ઉજ્જડ તથા વેરાન જમીન તૃપ્ત થાય અને લીલોછમ ઘાસચારો ફૂટી નીકળે, તે માટે ત્યાં વરસાદ કોણ મોકલે છે?
28શું વરસાદનો કોઈ જનક છે? ઝાકળનાં બિંદુઓ ક્યાંથી આવે છે?
29કોના ગર્ભમાંથી કરા ને કોણ જન્મ આપે છે?
30પાણી પથ્થર ના ચોસલા જેવું થઈ જાય છે, અને મહાસગાર પણ થીજી જાય છે.
31આકાશના તારાઓને શું તું પકડમાં રાખી શકે છે? શું તું કૃતિકા અથવા મૃગશીર્ષના બંધ નક્ષત્રોને છોડી શકે છે?
32શું તું રાશિઓને નક્કી કરેલા સમયો અનુસાર પ્રગટ કરી શકે છે? શું તું સપ્તર્ષિને તેના મંડળ સહિત ઘેરી શકે છે?
33શું તું અવકાશને અંકુશમાં લેવાના સિદ્ધાંતો જાણે છે? શું તું તેઓને પૃથ્વી પર શાસન કરાવી શકે છે?
34શું તમે તમારો અવાજ વાદળાં સુધી પહોંચાડી શકો છો? જેથી તમે પુષ્કળ વરસાદ લાવી શકો?
35શું તમે વીજળીને આજ્ઞા કરી શકો છો? એ તમારી પાસે આવીને કહેશે, 'અમે અહીંયા છીએ સાહેબ, તમને શું જોઈએ છે?' તમારે તેને જ્યાંજયાં લઈ જવી હશે શું તે જશે?
36અયૂબ, લોકોને વિદ્વાન કોણ બનાવે છે? તેઓમાં ઊંડું જ્ઞાન કોણ મૂકે છે?
37બધાં વાદળોની ગણતરી કરી શકે અથવા પાણી ભરેલી આકાશની મશકો રેડી શકે એવો પર્યાપ્ત વિદ્વાન કોઈ છે?
38જેથી ધરતી પર સર્વત્ર ધૂળ અને ઢેફાં પાણીથી પલળીને એકબીજા સાથે ચોંટી જાય છે.
39શું તમે સિંહણને માટે શિકાર પકડી શકો? શું તમે સિંહણના બચ્ચાંની ભૂખને સંતોષી શકો છો?
40જ્યારે તેઓ તેમની બોડમાં લપાઈને બેઠા હોય ત્યારે અથવા ઝાડીમાં સંતાઈને તેઓના શિકાર પર તરાપ મારવા તૈયાર બેઠા હોય ત્યારે,

41જ્યારે કાગડીનાં બચ્ચાં તેઓના માળામાં ભૂખે ટળવળતાં હોય અને દેવને પોકારતાં હોય ત્યારે તેઓને ખોરાક કોણ પૂરો પાડે છે?

39 "ડુંગર પરની જંગલી બકરીઓ કેવી રીતે બચ્ચાંને જન્મ આપે છે તે શું તું જાણે છે? જંગલી હરણાં બચ્ચાને જન્મ આપે ત્યારે તમે એમને જોયાં છે?

2તમે તેને જાણો છો પર્વતની બકરી અને હરણે કેટલા મહિનાઓ સુધી તેઓના બચ્ચાંઓને પેટમાં રાખવા જોઈએ? તમે જાણો છો તે ક્યારે પ્રસવ કરશે?

3તે પ્રાણીઓ નીચે સૂવે છે, તેઓને પ્રસૂતિ પીડાનો અનુભવ થાય છે અને તેઓ તેઓના બચ્ચાને જન્મ આપે છે.

4આ બચ્ચાં વનવગડામાં ઊછરે છે અને મોટાં થાય છે. પછી તેઓ પોતાની માતાને છોડીને જાય છે અને પાછા ફરતાં નથી.

5જંગલી ગધેડાંને કોણે છૂટો મૂક્યો? અથવા જંગલી ગધેડાના બંધ કોણે છોડી નાંખ્યા છે?

6મેં જંગલી ગધેડાઓ માટે રણને ઘર તરીકે રહેવા દીધુ છે. મેં તેઓને રહેવા માટે ખારી જમીન આપી છે.

7જંગલી ગધેડાઓ ઘોંઘાટવાળા નગરો પર હસે છે. અને કોઈ તેઓને અંકુશમાં લઈ શકતા નથી.

8જંગલી ગધેડાઓ પર્વતો પર રહે છે, કે જે તેઓનું ચરાણ છે. અને તેઓ તેઓનો ખોરાક શોધી કાઢે છે.

9શું તમારી સેવા કરવામાં જંગલી બળદો આનંદ માનશે ખરા? તેઓ તમારી ગમાણમાં રાત્રે આવીને તે રહેશે ખરાં?

10જમીન ખેડવા માટે તમે તેને ઉપયોગમાં લઈ શકશો? શું તે તમારા માટે હળ ખેંચશે?

11જંગલી બળદ ખૂબ શકિતશાળી છે! પણ તમારું કામ કરાવવા માટે શું તમે તેની અપેક્ષા કરી શકશો?

12ખળામાંથી દાણા લાવીને વખારમાં ભરવા માટે તેના પર ભરોસો રાખી શું તેને મોકલશો?

13શાહમૃગ પોતાની પાંખો આનંદથી હલાવે છે. તેની પાંખો અને પીછાઓ બગલાં ની પાંખો જેવા નથી.

14તે પોતાનાં ઈંડા જમીન પર મૂકે છે અને તેઓ રેતીમાં હૂંફાળા થાય છે.

15કોઈ પગ મૂકીને ઈંડાને છૂંદી નાંખશે અથવા જંગલી પ્રાણીઓ તેમનો નાશ કરી નાખશે તેની તેને ચિંતા નથી.

16તે પોતાના કચ્ચાં બચ્ચાં વિષે એવી બેદરકાર રહે છે કે જાણે તે બચ્ચાં તેના પોતાના હોય જ નહીં. તે મરી જાય તો પણ તેને તેમની કશી ચિંતા હોતી નથી. કે તેની તે બધી મહેનત નિરર્થક થઈ ગઈ હતી.

17કારણકે દેવે તેને બુદ્ધિહીન સરજી છે; તેને અક્કલ પણ આપી નથી.

18પરંતુ તે જ્યારે કૂદે છે અને દોડવા લાગે છે, તે ઘોડા અને તેના સવાર પર હસે છે, કારણકે તે કોઈપણ ઘોડા કરતાં વધુ ઝડપથી દોડી શકે છે.

19શું ઘોડાને તમે બળ આપો છો? એની ડોકને કેશવાળીથી તમે ઢાંકી છો?

20તીડની જેમ તમે એને કુદાવો છો? એનો હણહણાટ કેવો ભવ્ય અને ભયજનક હોય છે?

21એક ઘોડો ખુશ છે કારણકે તે ખૂબ બળવાન છે. તે તેની પગની ખરીથી જમીન ખોતરે છે અને યુદ્ધમાં ઝડપથી દોડી જાય છે.

22એ ડરતો નથી, એ ડર ઉપર હસે છે. એ તલવાર જોઈને પાછો પડતો નથી.

23સૈનિકના તીરો નું ભાથું ઘોડાની બાજુમા જતા ધ્રુજે છે. ભાલો અને બીજા શસ્ત્રો જે તેનો સવાર ઊંચકીને લઈ જાય છે તે સૂર્યથી ચળકે છે.

24ઘોડો ઊશ્કેરાઇ જાય છે. તે ખૂબ ઝડપથી જમીન પર દોડે છે. જ્યારે રણશીંગાનો અવાજ તે સાંભળે છે, તે સ્થિર રહી શકતો નથી.

25ભેરીના નાદે નાદે એ હણહણે છે. યુદ્ધની ગંધ તેને દૂરથી આવે છે. સેનાપતિઓના હુકમો અને હકોટા એ સમજી લે છે.

26બાજ પક્ષી કેવી રીતે આકાશમાં ઊડે છે અને પોતાની પાંખો દક્ષિણ તરફ ફેલાવે છે તે શું તે શીખવ્યું છે?

27શું તારી આજ્ઞાથી ગરૂડ પક્ષી ઊંચે ઊડે છે? શું તેં તેને પર્વતોમાં ઉંચે માળો બાંધવાનું કહ્યું હતું?

28ગરૂડ પર્વતના શિખર પર રહે છે. ભેખડ એ ગરૂડો નો કિલ્લો છે.

29ત્યાંથી તે પોતાનો શિકાર શોધી કાઢે છે, તેની આંખો તેને દૂરથી શોધી કાઢે છે.

30તેનાં કચ્ચાં બચ્ચાં પણ લોહી ચૂસે છે, અને જ્યાં મડદાં પડ્યાં હોય ત્યાં જાય છે."

40 યહોવાએ અયૂબને ઉત્તર આપતાં કહ્યું કે,

2"અયૂબ, તે સર્વસમર્થ દેવ સાથે દલીલ કરી છે? તે મને ખોટું કરવા માટે દોષિત ઠરાવ્યો. હવે તું કબૂલ કરીશ કે તું ખોટો છે? શું તું મને જવાબ આપીશ?"

3ત્યારે અયૂબે યહોવાને જવાબ આપ્યો કે,

4"મારી કશીજ વિસાત નથી. હું તમને કેવી રીતે જવાબ આપી શકું? મારા મોં પર મારો હાથ રાખીને હું મૌન રહું છું.

5હું એક વખત બોલ્યો, પણ, હું ફરીથી બોલીશ નહીં. હું બે વખત બોલ્યો, પણ હવે હું વધારે કહીશ નહી."

6પછી યહોવાએ વંટોળિયામાંથી અયૂબને જવાબ આપ્યો:

7તું અયૂબ, તારી જાતને કાબૂમાં રાખ અને હું પ્રશ્ન પૂછું તેનો જવાબ આપવા તૈયાર થા.

8અયૂબ, શું તું માને છે કે હું ગેરવાજબી છુ? તું કહે કે હું ખોટું કરવા માટે દોષિત છું, તેથી શું તું નિર્દોષ દેખાઈ શકીશ?

9તારે મારા જેવાં બાવડાં છે? મારી જેમ તું ગર્જના કરી શકે છે?

10તો તું જો દેવ સમાન હોય, તો તું ગર્વ કરી શકે. જો તું
દેવ સમાન હોય, તો માન અને પ્રતિષ્ઠા ને વસ્ત્રો ની જેમ
ધારણ કરી શકીશ.
11જો તું દેવ સમાન હોય, તો તું તારો ક્રોધ વ્યકત કરી
શકીશ અને ઘમંડીઓને પછાડીશ.
12હાં અયૂબ! એ ગર્વિષ્ઠ લોકો સામે જો અને તેઓને નમ્ર
બનાવ. દુષ્ટો જ્યાં ઊપસ્થિત હોય, કચરી નાખ.
13સર્વ ગર્વિષ્ઠ લોકો ને મલિનમાં દાટી દો. તેઓના શરીરોને
ઢાંકી દો અને તેઓની કબરોમાં મૂકી દો.
14જો તમે એવું કરી શકશો તો હું પણ તમારા વખાણ
કરીશ મને ખાતરી થશે કે તમે તમારા પોતાના બળથી પોતાને
બચાવી શકશો.
15ગેંડાની સામે જો. તારી સાથે મેં ગેંડાને ઉત્પન્ન કર્યો છે,
તે બળદની જેમ ઘાસ ખાય છે.
16તેના પેટમાંના સ્નાયુઓ ખુબજ બળવાન છે તેના
શરીરમાં ઘણી શક્તિ છે.
17એની પૂંછડી દેવદાર વૃક્ષની જેમ ટટ્ટાર ઊભી રહે છે,
એની પગની પિંડીના સ્નાયુઓ કેવા મજબૂત છે!
18તેના હાડકાં કાંસા જેવા છે. તેના પગ લોખંડના સળિયા
જેવા મજબૂત છે.
19મારા પ્રાણીના સર્જનોમાં ગેંડો અતિ અદભૂત છે. જો
કોઈ તેનું સર્જન કરવાનો દાવો કરે તો ભલે તે મારી સાથે
તલવાર લઈને લડવા આવે.
20જંગલનાં બીજાં પ્રાણીઓ જ્યાં વસે છે તેવા પર્વતો પરથી
તેને ઘાસ મળી રહે છે.
21તે કાદવ કીચડવાળી જગ્યામાં કમળના છોડ નીચે
પડી રહે છે. તે વૃક્ષના થડની વચ્ચે કાદવ કીચડમાં
સંતાય છે.
22કમળના છોડો તેને પોતાની છાયાથી ઢાંકે છે; તે નદી
પાસે ઉગતા નેતરના ઝાડ નીચે રહે છે.
23જો નદીમાં પૂર આવે, તો ગેંડો ભાગી જશે નહી. તે
યર્દન નદી તેના મોઢા પર પાણી ઊડાડે તો પણ તે ગભરાતો
નથી.
24તેને આંકડીમાં ભરાવીને કોણ તેને પકડી શકે? તેના
નાકમાં નથ કોણ નાખી શકે છે?

41 "અયૂબ, શું તું મહાકાય સમુદ્રના પ્રાણીને માછલી
પકડવાના આંકડાથી પકડી શકે છે? શું તું તેની
જીભ દોરીથી બાંધી શકશે?
2શું તેના નાકમાં નથ નાખીને તું તેને નાથી શકે છે? તેના
જડબામાં આંકડી ભરાવી શકે છે?
3શું તેને છોડી દેવા માટે તે તને કાલાવાલા કરશે? શું તે
તારી સાથે નમ્રતાથી બોલશે?
4શું તે તારી સાથે એવો કરાર કરશે કે તે આજીવન તારો
ગુલામ રહેવા સંમત થશે?
5શું તું તેની સાથે પાળેલા પક્ષીઓની જેમ રમી શકશે? શું
તું તેને દોરડે થી બાંધશે જેથી તારી નોકરાણીઓ તેની સાથે
રમી શકે?
6શું તારી પાસેથી લિબ્યાથ* ખરીદવા માટે વેપારીઓ
કોશીશ જરશે? તેઓ વેપારીઓની વચ્ચે તેને વહેંચી
નાખશે?
7શું કાટાળું અસ્રથી તેની ચામડીને છેદી શકાય? શું અણીદાર
ભાલો તેના માથામાં ભોંકી શકાય?
8તારો હાથ તેના માથા પર મૂકશે ત્યારે જે યુદ્ધ થશે તે
તને લાંબા સમય સુધી યાદ રહેશે. તું ફરીથી એવું ક્યારેય
કરશે નહીં,
9શું તને લાગે છે તું મહાકાય સમુદ્ર પ્રાણીને હરાવી શકશે?
ભૂલી જા! એમાં કોઈ આશા નથી. તેને જોઈનેજ તું ગભરાઈ
જઈશ.
10તેને છંછેડીને ગુસ્સે કરે એવો હિંમત વાળો કોઈ નથી.
તો મારી સામે કોણ ઊભો રહી શકે?
11મારે કોઈને કાંઈ દેવાનું નથી. અંતરિક્ષ નીચેની સમગ્ર
વસ્તુઓ મારી છે.
12હવે મારે, તેના પગ, મજબૂત સ્નાયુઓના સામર્થ્ય તથા
તેના શરીરના આકર્ષક આકાર વિષે બોલવું જ જોઈએ.
13તેની ચામડીને કોઈ ભોંકી શકે તેમ નથી. તેની ચામડી
એક બખ્તર જેવી છે.
14તેનું મોઢું કોણ ઉઘાડી શકે? કારણકે તેના દાંત લોકોને
બીવડાવે છે.
15મહાકાય સમુદ્ર પ્રાણીની પીઠ પર ઢાલ સંપૂર્ણ પણે બંધ
છે.
16તે ઢાલો એક બીજાની એટલી નજીક છે કે તેમની વચ્ચે
હવા પણ જઈ શકતી નથી.
17તે એકબીજા સાથે એવાં સજ્જડ ચોટેલાં હોય છે કે
તેમને કશાથી ઉખેડી શકાય નહીં.
18તે છીંકે છે ત્યારે તે વિજળી નાં ચમકારા બહાર નીકળતા
હોય એવું લાગે છે. તેની આંખો સવારના સૂરજની જેમ
ચમકે છે.
19તેના મુખમાંથી અગ્નિની જવાળાઓ નીકળે છે અને
અગ્નિની ચિનગારીઓ વછૂટે છે.
20ઊકળતા ઘડા નીચેના બળતાં ખડની જેમ મહાકાય
સમુદ્ર પ્રાણીના નાકમાંથી ધુમાડા નીકળે છે.
21મહાકાય સમુદ્ર પ્રાણીના ઉચ્છવાસથી કોલસા પણ
સળગી ઊઠે છે. તેના મુખમાંથી ભડકા નીકળે છે.
22તેની ડોકમાં બળ છે લોકો ગભરાઈ અને તેનાથી દૂર
ભાગી જાય છે.
23તેની ચામડી પર કોઈ હળવા ચિહન નથી. તે લોઢા
જેવું કઠણ છે.
24તેનું હૃદય ખડક જેવું મજબૂત અને ઘંટીના પથ્થર જેવું
સખત છે. તેને કોઈ ડર નથી.
25તે મહાકાય સમુદ્ર પ્રાણી જ્યારે ઊભું થાય છે ત્યારે
સૌથી બળવાન પણ તેનાથી ડરી જાય છે. તે જ્યારે તેની
પૂંછડી હલાવે છે ત્યારે તેઓ ભાગી જાય છે.

---

**લિબ્યાથન** મુળ પ્રમાણે આ નામ સમુદ્ર પ્રાણીનું છેં.

26મહાકાય સમુદ્ર પ્રાણીને તલવાર, ભાલો અને અણીદાર શસ્ત્ર મારવામાં આવે તો તે ફેંકાઈને પાછા આવે. તે શસ્ત્રો તેને જરાપણ ઈજા પહોંચાડી શકે તેમ નથી.

27તેની આગળ લોખંડ ઘાસ જેવું અને કાંસુ સડી ગયેલા લાકડા જેવું છે.

28તે તેના પર તીરના મારથી પણ ગભરાતો નથી.પથ્થરની શિલા પણ તેને વાગીને ખરસલા ની જેમ પાછી ફરે છે.

29જ્યારે લાકડાની ગદા મહાકાય સમુદ્ર પ્રાણીને વાગે છે ત્યારે તેને તો તે સળીનો ટૂકડો હોય તેમ લાગે છે, અને તેની ઉપર ફેંકેલા ભાલાને તે હસી કાઢે છે.

30તેના પેટની ચામડી પરનાં ભિંગડા ઠીકરાં જેવાં કઠણ અને ધારદાર હોય છે.તેના ચાલવાથી કાદવમાં ચાસ જેવાં નિશાન પડે છે.

31મહાકાય સમુદ્ર પ્રાણીને ઊકળતા પાણીના ઘડાની જેમ હલાવે છે. ઊકળતા તેલની જેમ તે પરપોટો ઊડાવે છે.

32જ્યારે મહાકાય સમુદ્ર પ્રાણી તરે છે ત્યારે તે તેની પાછળ માર્ગ કરી મૂકે છે, તે પાણીને હલાવી નાખે છે. અને પાછળ સફેદ ફીણ મૂકી દે છે.

33પૃથ્વી પર બીજું કોઈપણ પ્રાણી તેનાં જેવું નિર્ભય સર્જાયું નથી.

34તે સૌથી ગર્વિષ્ઠ પ્રાણીની પણ ઉપેક્ષા કરે છે. તે સર્વ ગર્વિષ્ઠ પ્રાણીઓનો રાજા છે." અને મેં યહોવાએ તેનું સર્જન કર્યુ છે."

### અયૂબનો જવાબ

42 ત્યારે અયૂબે યહોવાને જવાબ આપતાં કહ્યું;

2"હું જાણું છું કે તું ધારે તે બધુંજ કરી શકે છે. તને કોઈ અટકાવી શકે તેમ નથી.

3યહોવા તેં આ પ્રશ્ન પૂછયો: "આવી મૂર્ખ બાબતો બોલવાવાળો આ કોણ છે?" મેં એવી ઘણી વસ્તુઓની વાત કરી જે હું સમજી શકતો નથી, મારા માટે અતિ અદભુત વસ્તુઓ જેને હું જાણતો નથી.

4તેં કહ્યું હતું કે,"સવાલ પૂછવાનો વારો મારો છે ને જવાબ આપવાનો વારો તારો છે.'

5આજ સુધી મેં તારા વિષે પહેલા સાંભળ્યું જ હતું પરંતુ હવે મેં તને નજરે નિહાળ્યો છે.

6અને યહોવા, મને શરમ આવે છે. હું ખૂબ દિલગીર છું. જેવો હું ધૂળ તથા રાખ પર બેસુ, હું મારું હૃદય અને જીવન બદલવાનું વચન આપું છું."

### યહોવા અયૂબને એની સંપતિ પાછી આપે છે

7યહોવાએ આ બધું અયૂબને કહ્યું, પછી એણે અલિફાઝને
કહ્યું, "હું તારા પર અને તારા બંને મિત્રો પર પણ ગુસ્સે થયો
છું, કારણકે તમે, અયૂબ મારા સેવકની જેમ, મારા વિષે સાચું
બોલ્યા નહીં." 8તેથી અલિફાઝ, બળદો અને સાત નર ઘેટા
લાવી આપ આ મારા સેવક માટે લઈ આવ તેઓને મારી
નાખ અને તેઓને તારા પોતાને માટે દહનાર્પણ કર. મારો
સેવક અયૂબ તમારે માટે પ્રાર્થના કરશે અને હું તેની પ્રાર્થના
સાંભળીશ પછી હું તને સજા નહીં આપું, જેને તું લાયક છે.
તને સજા થવીજ જોઈએ કારણકે તું બહુ મૂર્ખ હતો. તું મારા
વિષે સાચું બોલ્યો નહીં. પણ મારો સેવક અયૂબ મારા વિષે
સાચું બોલ્યો હતો."

9અલિફાઝ, બિલ્દાદ, અને સોફારે યહોવાની આજ્ઞા પ્રમાણે કર્યુ અને યહોવાએ અયૂબની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

10ત્યારબાદ અયૂબે એના ત્રણ મિત્રો માટે પ્રાર્થના કરી.
પછી યહોવાએ ફરીથી એનું ભાગ્ય ફેરવી નાખ્યું અને પૂર્વે
એની પાસે જેટલું હતું એનાથી બેવડું એને આપ્યું. 11અયૂબના
બધાંજ ભાઈઓ બહેનો અને અગાઉના મિત્રો અયૂબને મળવા
આવ્યાં અને એમણે એનાં ઘરમાં એની સાથે ભોજન કર્યુ.
એમણે એમની સહાનુભૂતિ પ્રગટ કરી અને દેવે એની પર
જે દુ:ખ નાખ્યું એ માટે એને દિલાસો આપ્યો. દરેક જણે
એને ચાંદીનો ટૂકડો અને એક એક સોનાની વીંટી આપી.

12યહોવાએ અયૂબને વધારે આશીર્વાદ એની પાછલી
ઉંમરમાં આપ્યાં. હવે અયૂબની પાસે 14,000 ઘેટાં, 6,000
ઊંટ, 2,000 બળદ અને 1,000 ગધેડાની જોડ હતી.13તેને
પણ સાત પુત્રો અને ત્રણ પુત્રીઓ હતાં. 14અયૂબની સૌથી
મોટી પુત્રીનું નામ યમીમાહ, વચલીનું નામ કસીઆહ અને
સૌથી નાનીનું નામ કેરન-હાપ્પૂખ હતું. 15સમગ્ર દેશમાં
અયૂબની પુત્રીઓ જેવી અન્ય કોઈ સુંદર સ્રીઓ ન હતી.
એમના પિતાએ તેઓના ભાઈઓની સાથો સાથ વારસો
આપ્યો.

16ત્યાર પછી અયૂબ બીજા 140 વર્ષ સુધી જીવ્યો; અને
તે પોતાના સંતાનો, પૌત્ર-પૌત્રી, પ્રપૌત્ર-પ્રપૌત્રી અને તેના
સંતાનોને જોવા સુધી જીવ્યો. 17આ પ્રમાણે સારું જીવન
જીવીને અયૂબ સંપૂર્ણ વૃદ્ધ વયે મૃત્યુ પામ્યો.

# એસ્તેર

### રાણી વાશ્તી પદભ્રષ્ટ

1 આ બધું બન્યું ત્યારે અહાશ્વેરોશ રાજા, ભારતથી કૂશ
સુધીના એકસો સત્તાવીસ પ્રાંતોનો સમ્રાટ હતો. 2રાજા
અહાશ્વેરોશ પાટનગર સૂસામાં તેના સિંહાસન પર
મહેલમાંથી રાજ્ય કરતો હતો.
3તેના અમલના ત્રીજા વર્ષે તેણે પોતાના બધા અમલદારો
અને દરબારીઓને એક ઉજાણી આપી. તે સમય દરમ્યાન
ઈરાન તથા માદાયના લશ્કરી આગેવાનો અને મહત્વના
નેતાઓ પણ ઉજાણીમાં હાજર હતા; 4તે સમયે એણે તેમની
સમક્ષ એકસો એંસી દિવસ સુધી પોતાના રાજ્યની વિપુલ
સંપત્તિનું અને પોતાના રાજવૈભવનું પ્રદર્શન કર્યુ. 5 180
દિવસની ઉજવણી ને અંતે રાજાએ પાટનગર સુસાનાં સર્વે
લોકોને, સૌથી વધારે મહત્વની વ્યકિતઓથી માંડીને સૌથી
ઓછા મહત્વના લોકોને ઉજાણી આપી, જે સતત સાત દિવસો
સુધી મહેલના ઉધાનમાં રાખવામાં આવી હતી. 6ત્યાં લટકતાં
સફેદ અને ભૂરા રંગના શણના કપડા જેને સફેદ શણની
અને જાંબુડી રંગની દોરીઓ વડે ચાંદીની કડીઓ પર અને
આરસના સ્તંભો દ્વારા લગાડવામાં આવ્યા હતાં. સોનાચાંદીના
પલંગો આરસ અને બીજા ભાતભાતના મૂલ્યવાન પથ્થરોની
ફરશ ઉપર ગોઠવ્યા હતા. 7અનેકવિધ પ્રકારના આકારના
સોનાનાં પાત્રોમાં દ્રાક્ષારસ પીરસવામાં આવ્યો હતો. રાજાએ
પોતાને શોભે એ રીતે દ્રાક્ષારસ છૂટથી પીવડાવ્યો હતો.
8રાજાએ દ્રાક્ષારસ પીવા સંબંધી નિયમ કર્યો હતો; દરેક વ્યક્તિ
પોતાની ખુશી પ્રમાણે ભલે પીએ, પરંતુ કોઈને વધારે પીવા
માટે ફરજ પાડવી નહીં. રાજાએ પોતાના મહેલના સર્વ
કારભારીઓને હુકમ કર્યો હતો કે, તે દરેકને પોતપોતાની
ઈચ્છા મુજબ પીવા દેવું.
9રાણી વાશ્તીએ પણ સ્ત્રીઓ માટે અહાશ્વેરોશ રાજાના
રાજમહેલમાં એક ઉજાણી આપી હતી.
10ઉજાણીના સાતમા દિવસે રાજા દ્રાક્ષારસ પીને ખુબ
નશામાં હતાં અને તેણે પોતાની સેવા કરતા 7 ખોજાઓ
મહૂમાન, બિઝથા, હાર્બોના, બિગ્થા, અબાગ્થા, ઝેથાર અને
કાર્કાસને બોલાવ્યા અને હુકમ કર્યો કે, 11"રાણી વાશ્તીને
તેણીનો મુગટ પહેરાવીને લાવો, જેથી આગેવાનો અને
મહત્વના લોકો તેના સૌદર્યનું દર્શન કરે. રાણી સાચેજ બહુ
સુંદર હતી.
12પરંતુ જ્યારે ખોજાઓએ રાજાના આદેશ વિષે રાણીને
કહ્યું ત્યારે તેણે આવવાનો ઈન્કાર કર્યો. આથી રાજાને ખૂબ
ગુસ્સો ચડ્યો અને તે ક્રોધથી ભભૂકી ઊઠ્યો. 13તેથી રાજાએ
બુદ્ધિમાન માણસોની કાનૂની નિષ્ણાંતોની અને હાલના
વિષયોમાં જાણકારોની સલાહ લીધી, કારણ, રાજા માટે કાનૂન
અને વ્યવસ્થાના નિષ્ણાતોની સલાહ લેવાનો ત્યારે રિવાજ
હતો. 14બુદ્ધિમાન માણસો જે રાજાની ખૂબ નજીક હતાં તે
કાર્શના શેથાર આદમાથા, તાર્શીશ, મેરેસ, માર્સના, અને
મમૂખાન જેવા સૌથી નજીકના માણસો હતા. એ સાતે યર્શીયા
અને માદાયના નેતાઓ હતા. તેઓ રાજાને સીધા મળી
શકતા હતા અને રાજ્યમાં ઉંચી પદવીઓ ધરાવતા હતાં.
15રાજાએ તેઓને પ્રશ્ન કર્યો, "દરબારીઓ મારફતે
પહોંચાડવામાં આવેલી રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે
કાયદેસર રીતે રાણી વાશ્તી સામે શાં પગલાં લેવાં જોઈએ?"
16પછી રાજા અને તેના અમલદારો સમક્ષ મમૂખાને કહ્યું
કે, "વાશ્તી રાણીએ કેવળ રાજા વિરૂદ્ધ જ નહીં પરંતુ
અહાશ્વેરોશના સામ્રાજ્યના પ્રત્યેક અધિકારી તથા પ્રત્યેક
નાગરિક વિરૂદ્ધ અપરાધ કર્યો છે. 17બધીજ સ્ત્રીઓને રાણીના
વર્તનની જાણ થશે અને તેઓ પણ પોતાના પતિ પ્રત્યે અનાદર
કરવા પ્રેરાશે, તેઓ પોતાના પતિઓને કહેશે કે, ' અહાશ્વેરોશ
રાજાએ વાશ્તી રાણીને પોતાની સન્મુખ આવવા આજ્ઞા કરી
પણ રાણીએ તેનુ પણ પાલન કર્યુ નહીં.
18તેજ દિવસે ઈરાન તથા માદાયના આગેવાનો અને
અમલદારોની પત્નીઓ જેને રાણીના જવાબની જાણ થઈ
તેઓ પોતાના પતિઓની સાથે એની વાત કરવાની અને
તેને પરિણામે સમગ્ર રાજ્યમાં અવિનય અને ક્રોધ મોટી
માત્રામાં ફેલાઈ જશે,
19જો રાજાને પસંદ પડેતો અમારી સલાહ આ છે: જેને
ઈરાન અને માદાયના કાનૂનોમાં લખવામાં આવશે અને
તેને બદલી શકાશે નહીં શાહી ફરમાન બહાર પાડો: "વાશ્તી
રાણીએ અહાશ્વેરોશ ની હાજરીમાં ક્યારેય ન આવવું જોઈએ."
પછી આપ બીજી કોઈ વધુ પાત્રતાવાળી સ્ત્રીને રાણી બનાવો.
20આ શાહી ફરમાન આખા સામ્રાજ્યમાં જાહેર થશે પછી
બધીજ સ્ત્રીઓ પોતાના પતિને માન આપશે પછી તે મહાન
અને અગત્યનો હોય કે અગત્યનો ન હોય.
21રાજા તથા તેના અધિકારીઓને મમૂખાનની સલાહ
પસંદ પડી અને તે પ્રમાણે કર્યુ. 22તેણે રાજ્યનાં બધાં પ્રાંતોમાં
તેઓની સ્થાનિક ભાષામાં પત્રો મોકલી આપ્યાં તે પત્રોને
દરેક પ્રાંતની ભાષામાં જાહેરાત કરવામાં આવી કે, પ્રત્યેક
પુરુષ જ પોતાના કુટુંબનો ઉપરી હોવો જોઈએ.

### એસ્તેરને રાણીપદ

2 જ્યારે અહાશ્વેરોશ રાજાનો ગુસ્સો શમી ગયો ત્યારે તેણે વાશ્તી રાણી વિશે વિચાર્યુ અને તેને યાદ કર્યુ કે, તે કેવી રીતે વર્તી હતી અને તેણીની સામે કેવા પગલાં ભરવામાં આવ્યાં હતાં. 2રાજાના અંગત સેવકોએ સલાહ આપી, ચાલો રાજ્યની સૌથી વધુ સ્વરૂપવાન કુમારિકાઓની શોધ થાય અને તેઓને તમારી પાસે લાવીએ. 3ભલે રાજા દરેક પ્રાંતમાં આ કામને માટે લોકોને નીમે. તેઓ જુવાન સૌદર્યવાન કુમારિકાઓને પસંદ કરીને પાટનગર સુંસામાં મહેલના જનાનખાનામાં લઈ આવે. જનાનખાના પર નીમેલા રાજાના ખોજા હેગેની સંભાળ નીચે તેઓ રહે. આ કુમારિકાઓને સૌદર્યના ઉપચારો હેગે પુરી પાડશે. 4પછી જે કન્યા રાજાને સૌથી વધુ પસંદ પડે તે કુમારિકા વાશ્તીને બદલે રાણી થાય. આ સલાહ રાજાને ગમી, તેણે તરતજ આ યોજનાનો અમલ કર્યો.

5પાટનગર સૂસામાં એક યહૂદી રહેતો હતો. તેનું નામ મોર્દખાય હતું. તે બિન્યામીન ટુકળીના, કીશના પુત્ર શિમઈના પુત્ર યાઈરનો પુત્ર હતો. 6 જ્યારે નબૂખાદનેસ્સાર રાજાએ યરૂશાલેમનો નાશ કર્યો અને યહૂદાના રાજા યહોયાકીન અને તે બીજા અનેક યહૂદીઓની સાથે દેશ નિકાલ કરાવી તેને બંદીવાન તરીકે બાબિલ લઈ જવાયો હતો. 7તેના કાકાની પુત્રી હદાસ્સાહ ઊર્ફે એસ્તેરને માબાપના મૃત્યુ પછી મોર્દખાયએ પોતાની પુત્રી તરીકે ખોળે લીધી હતી. અને તેને ઉછેરીને મોટી કરી હતી. એ કુમારિકાનો દેહ ઘાટીલો અને મુખ રૂપાળું હતું.

8રાજાનો હુકમ બહાર પડ્યા પછી ઘણી કુમારિકાઓને પાટનગર સૂસા લાવીને હેગેને સોંપવામાં આવી હતી. એસ્તેરને પણ રાજાના મહેલમાં લઈ જઈને હેગેને સોંપવામાં આવી હતી. 9જ્યારે હેગેએ એસ્તેરને જોઈ ત્યારે તે તેનાથી ખૂબજ પ્રભાવિત થયો અને તેને પ્રસન્ન રાખવા તેણે પોતાનાથી બનતું બધુંજ કર્યુ. તેણે એસ્તેર માટે તરતજ સૌદર્ય પ્રસાધનો અને વિશિષ્ટ ખોરાકની વ્યવસ્થા કરી આપી અને રાજમહેલમાંથી તેને સાત ચૂંટેલી દાસીઓ પણ આપી, ઉપરાંત તેણીને અને તેણીની દાસીઓને જનાનખાનાનો શ્રેષ્ઠ ભાગ રહેવા માટે આપ્યો. 10પોતે યહૂદી છે તેવું એસ્તેરે કોઈને જણાવ્યું ન હતું કારણકે મોર્દખાયે તેને તેમ કરવાની ના પાડી હતી. 11એસ્તેરની શી સારસંભાળ અને નિયતિ વિષે પૂછપરછ કરવા માટે મોર્દખાય પ્રતિદિન સ્ત્રીઓના કક્ષોના ચોગાન સામે આગળ પાછળ ચાલ્યા કરતો.

12રાજા અહાશ્વેરોશ ની સામે કુમારિકાઓના દરેકના વારા આવે તે પહેલાં તેઓને છ માસ સુધી સુગંધી પદાર્થો વડે માવજત આપવામાં આવતી. પછી બીજા છ માસ તેઓને તેલો અને સૌદર્ય માવજતો આપવામાં આવતી. આમ તેઓની બાર માસ સુધી કાળજી લઈ તૈયાર કરવામાં આવતી. 13જ્યારે અહાશ્વેરોશ રાજા પાસે જવાનો કુમારિકાનો વારો આવે ત્યારે તેને જનાનખાનામાંથી જે કંઈ ગમે તે આપવામાં આવતું. 14સાંજે તે કુમારિકા મહેલમાં જતી અને સવારે બીજી સ્રીના જનાનખાનામાં પાછી ફરતી, જેની સંભાળ રાજાની ઉપપત્નીઓનો રક્ષક જે ખોજો શાઆશ્ગાઝની દેખરેખ હેઠળ હતી. રાજાને તે ખાસ પસંદ પડી હોય અને તેને નામ લઈને બોલાવે તેજ કુમારિકા રાજા પાસે ફરી જતી.

15એસ્તેરનો વારો જ્યારે રાજા પાસે જવાનો આવ્યો ત્યારે તેણે કોઈપણ વસ્તુની માગણી ન કરી અને તેણીએ હેગેની સલાહ સ્વીકારી કે તેણીએ શું લેવું (હેગે રાજાના જનાનખાનાનો અખત્યાર સંભાળતો ખોજો હતો. એસ્તર તેના કાકાની દીકરીની દત્તક પુત્રી હતી.) બીજી કુમારિકાઓએ જ્યારે તેને જોઈ ત્યારે તેઓએ તેની ખૂબ પ્રશંસા કરીને પ્રસન્નતા વ્યક્ત કરી. એસ્તેર તે સૌનુ મન હરી લીધું જેઓએ તેણીને જોઈ. 16રાજા અહાશ્વેરોશના શાસનના સાતમા વર્ષે દસમા એટલે કે ટેબેથ મહિનામાં તેને રાજા પાસે લઈ જવામાં આવી ત્યારે બીજી કુમારીકાઓ કરતાં રાજાને તે વધારે પસંદ પડી.

17અને રાજા એસ્તેરથી બહુંજ ખુશ હતો અને તે એસ્તેરને પ્રેમ કરતો અને બીજી કોઈ કુમારિકાઓ કરતાં એસ્તેરને વધારે માન્ય રાખતો. તે એસ્તેરથી એટલો બધો પ્રસન્ન થયો કે તેણે સોનાનો મુગટ તેણીના માથા ઉપર મૂક્યો અને વાશ્તી રાણીની જગ્યાએ તેને રાણી તરીકે જાહેર કરી. 18ત્યારપછી રાજાએ એસ્તેરના માનમાં પોતાના અમલદારોને અને દરબારીઓને મોટો ભોજન સમારોહ આપ્યો. વળી તેણે રાજ્યના બધા પ્રાંતોમાં રજા જાહેર કરી અને રાજાને શોભે એવી ભેટોની લ્હાણી કરી.

### કાવત્રાં વિશે જાણતો મોર્દખાય

19ત્યારબાદ જ્યારે બીજીવાર સુંદર કુમારિકાઓને એકત્રિત કરવામાં આવી તે સમયે મોર્દખાય રાજાના દરવાજાની બાજુમાં બેઠો હતો. 20મોર્દખાયની સૂચના પ્રમાણે એસ્તેરે પોતે યહૂદી છે તેવું કોઈને જણાવ્યું ન હતું. હજુપણ તે મોર્દખાયના ઘરમાં રહેતી હતી ત્યારે તેણી જેમ તેની સૂચનાઓનું પાલન કરતી હતી તે જ પ્રમાણે પાળવાનું તેણે ચાલુ રાખ્યું હતું.

21જ્યારે મોર્દખાય રાજાના દરવાજાની બાજુમાં બેઠો હતો જ્યારે રાજાના દરવાજાના માર્ગે ચોકી કરતા બે અધિકારીઓ બિગ્થાન અને તેરેશ જે રાજાથી ગુસ્સે થયા હતા અને તેમણે અહાશ્વેરોશનું ખૂન કરવાનું કાવત્રું રચ્યું. 22મોર્દખાયને તેની જાણ થતાં તેણે રાણી એસ્તેરને વાત કરી, અને તેણે મોર્દખાયનું નામ દઈને રાજાને જાણ કરી. 23તપાસ કરતાં તે સાચુ નીકળ્યું બંને ચોકીદારોને ફાંસીએ ચડાવવામાં આવ્યાં. આ બધી વાતો રાજાના કાળવૃત્તાંતના પુસ્તકમાં રાજાની સામે લખવામાં આવી હતી.

### યહૂદીઓના વિનાશ માટે હામાનની યોજના

3 ત્યારબાદ થોડા સમય પછી અહાશ્વેરોશ રાજાએ અગાગી હામ્મદાથાના પુત્ર હામાનને ઊંચી પદવીએ ચઢાવ્યો. તેને બધા અમલદારોથી ઉંચી પદવી આપવામાં

આવી. 2અને રાજાની આજ્ઞાથી રાજાના બધા સેવકો રાજાના દરવાજે હામાનને નીચા નમીને પ્રણામ કરવા લાગ્યા; પરંતુ મોર્દખાયએ તેમ કર્યુ નહીં અને માન આપવાની ના પાડી. 3તેથી દરવાજે રહેલા રાજાના સેવકોએ મોર્દખાયને પૂછયું; "તું શા માટે રાજાની આજ્ઞાનો ભંગ કરે છે? "

4આ રીતે તેઓ રોજ તેને પૂછતા હતા અને તે તેમની વાત સાંભળતો નહોતો, તેણે તેઓને એટલું જ કહ્યું કે "તે એક યહૂદી હતો." તે લોકોએ આ બાબતની જાણ હામાનને કરી, એ જાણવા માટે કે તે મોર્દખાયની વર્તણૂંક સહન કરે છે કે કેમ. 5જ્યારે હામાને જોયું કે મોર્દખાય તેને નીચો નમતો નથી કે તેને માન આપતો નથી ત્યારે તે ખૂબજ ગુસ્સે થયો, 6અને મોર્દખાય યહૂદી છે એવી જાણ થતાં ફક્ત મોર્દખાયનો જીવ લઈને સંતોષ માનવાને બદલે તેણે આખા સામ્રાજ્યમાંથી એકેએક યહૂદીનો નાશ કરવાનો નિશ્ચય કર્યો.

7રાજા અહાશ્વેરોશના અમલના બારમા વર્ષ પહેલા એટલે કે નિશાન મહિનામાં હામાને ફાંસીનો દિવસ નક્કી કરવા ચિઠ્ઠીઓ નાંખી. બારમો મહિનો એટલે કે અદારનો મહિનો પસંદ થયો.* 8ત્યારે હામાને રાજાને કહ્યું, "આપના રાજ્યના બધા પ્રાંતોમાંની બીજી પ્રજાઓ વચ્ચે એક પ્રજાના લોકો પ્રસરેલા છે; બીજા બધા લોકો કરતાં તેમના રીત રિવાજો જુદા છે અને તેઓ આપ નામદારના કાનૂનો સુદ્ધાં માનતા નથી. તેમને નભાવી લેવા તે તમારા હિતમાં છે."

9"માટે જો આપને યોગ્ય લાગે તો એમનો નાશ કરવાની આજ્ઞા ફરમાવો, તો જેઓ આજ્ઞાનું પાલન કરશે તેઓને હું દશ હજાર ચાંદીના સિક્કાઓ રાજભંડારમાં લઈ જવા માટે આપીશ."

10"એ સાંભળીને રાજાએ પોતાની આંગળી ઉપરથી રાજમુદ્રા કાઢીને યહૂદીઓના દુશ્મન અગાગી હામાન કે જે હામ્મદાથાનો પુત્ર હતો તેને આપી. 11અને રાજાએ હામાનને કહ્યું," એ નાણાં અને એ લોકો પણ છો તારા હાથમાં રહેતાં, તારે જેમ કરવું હોય તેમ કર."

12ત્યારબાદ પહેલા મહિનાને તેરમે દિવસે રાજાના મંત્રીઓને, બોલાવવામાં આવ્યાં; અને હામોનની આજ્ઞાઓ પ્રમાણે અમલદારો પર, દરેક પ્રાંતના સૂબાઓ પર, તથા દરેક પ્રજાના આગેવાનો પર, અર્થાત પ્રત્યેક પ્રાંતની લિપિમાં અને પ્રત્યેક પ્રાંતની ભાષામાં અને અહાશ્વેરોશ રાજાને નામે તે આદેશો લખાયા અને રાજાની મુદ્રિકાથી તેના ઉપર મહોર મારવામાં આવી.

13સંદેશાવાહકો મારફત એ પત્રો રાજાના બધા પ્રાંતોમાં મોકલવામાં આવ્યા જેમાં આજ્ઞા હતી કે, બારમા એટલે કે અદાર મહિનાના તેરમા દિવસે એકજ દિવસમાં બધાંજ યહૂદી જુવાન અને વૃદ્ધો સ્ત્રી–પુરુષો સહિતની હત્યા કરવામાં આવે અને તેમને સાફ કરી નાખવામાં આવે, તેમની માલમિલકત લૂંટાઈ જવી જોઈએ.

14આ આદેશની નકલને બધાં પ્રાંતોમાં નિયમ તરીકે વહેચવી તેનું જાહેરમાં પ્રદર્શન કરવું જેથી નિર્ધારિત સમયે રાજ્યનાં બધાં લોકો તે દિવસ માટે તૈયાર જ રહે. 15સંદેશાવાહકોએ આ હુકમનામાની જાહેરાત સૌપ્રથમ સૂસાનાં પાટનગરમાં કરી. પછી સંદેશવાહકો આ આદેશપત્રોને દરેક પ્રાંતમાં આપવા ગયા. સુસાનું સમગ્ર નગર ભયભીત થઈ ગયું અને મુંઝવણમાં મૂકાઈ ગયું. પણ રાજા અને હામાન દ્રાક્ષારસ માણી રહ્યાં હતાં.

### મદદ માટે એસ્તેરને મોર્દખાયની વિનંતી

4 જ્યારે મોર્દખાયે આ બધું જાણ્યું ત્યારે તેણે પોતાનાં વસ્રો ફાડ્યાં, શરીરે રાખ ચોળી ટાટ પહેર્યુ, અને મોટા સાદે રડતો રડતો નગરમાં નીકળી પડ્યો. 2તે છેક મહેલના દરવાજે જઈને બહાર ઊભો રહ્યો, કારણકે ટાટ પહેરીને અંદર પ્રવેશવાની કોઈનેય પરવાનગી ન હતી. 3જ્યાં જ્યાં રાજાની આજ્ઞા પહોંચી ગઈ તે બધા પ્રાંતોમાં યહૂદીઓમાં શોક ફેલાઈ ગયો અને લોકો ઉપવાસ કરી રડવા લાગ્યા અને છાતી કૂટવા લાગ્યા. ઘણા તો ટાટ પહેરીને રાખ પાથરીને તેમાં સૂતાં.

4જ્યારે એસ્તેરની દાસીઓએ તથા ખોજાઓએ આવીને તેને મોર્દખાય વિષે કહ્યું, ત્યારે તે ખૂબ દુ:ખી થઈ ગઈ. મોર્દખાય ટાટ વસ્રો કાઢી બદલી નાખે તે માટે તેણીએ વસ્રો મોકલી આપ્યાં. પરંતુ મોર્દખાયે તેનો અસ્વીકાર કર્યો. 5પછી એસ્તેરે રાજાએ તેણીની સેવામાં નીમેલા ખોજા હથાખને બોલાવી તેને મોર્દખાય પાસે જઈ તેને શેની તકલીફ છે અને શાથી તે પૂછી લાવવાની આજ્ઞા કરી. 6હથાક મોર્દખાય પાસે મહેલના દરવાજે ગયો. 7 અને તેણે મોર્દખાય પાસેથી તેની સાથે શું બન્યું હતું તે બધી વાત સાંભળી. હામાને યહૂદીઓનો નાશ કરવા માટે રાજ્યની તિજોરીમાં જે નાણાં આપવાનું વચન આપ્યું હતું તેનો ચોક્કસ આંકડો પણ મોર્દખાયે તેને કહ્યો. 8વળી તેઓનો નાશ કરવાનો હૂકમ સૂસામાં કરવામાં આવ્યો હતો, તેની નકલ તેણે તેને આપી કે, તે એસ્તેરને તે દેખાડે; અને તેને વિનંતી કરે કે રાજાની હજૂરમાં જઈને તે પોતાના લોકોને માટે કાલાવાલા કરીને તેમને બચાવવા અરજ કરે. 9પછી હથાકે પાછા ફર્યા બાદ મોર્દખાયનું કહેલું બધું એસ્તેરને કહ્યું.

10એટલે એસ્તેરે હથાકને કહ્યું કે, જા, અને મોર્દખાયને આ મુજબ કહે, 11"આ કાનૂન રાજાના બધાંજ આગેવાનો અને પ્રાંતોના બધાંજ લોકો જાણે છે કે કોઈપણ સ્ત્રી કે પુરુષ વગર પરવાનગીથી છેક અંદરના સભામંડળમાં જઈ શકતું નથી કારણ કે જે કોઈ બોલાવ્યાં વગર તેમ કરે તો તેને મૃત્યુની સજા કરવામાં આવે છે સિવાય કે રાજા તે વ્યકિત સામે પોતાનો સોનાનો રાજદંડ ધરે. પણ છેલ્લા એક મહિનાથી રાજાએ મને બોલાવી નથી."

12એસ્તેરનો સંદેશો તેણે જઈને મોર્દખાયને કહી સંભળાવ્યો. 13જવાબમાં મોર્દખાયે એસ્તેરને કહેવડાવ્યું, "તું

---

**રાજા ... પસંદ થયો** હામાને તારીખ (વધ માટેની) નક્કી કરવા માટે ચિઠ્ઠીઓ નાખી તે સમયમાં ચિઠ્ઠીને પુર કહેવામાં આવતું.

એવું ના વિચારતી કે તું રાજમહેલમાં રહેતી હોવાથી જ્યારે બધાં યહૂદીઓની હત્યા થાય ત્યારે તું બચી જશે?" 14"જો તે સમયે તું મૌન રહીશ અને યહૂદીઓને બચાવવા માટે કાઈ નહીં કરે તો બીજી કોઈ રીતે ચોક્કસ યહૂદીઓ માટે મદદ અને રાહત મોકલાશે, પરંતુ તારુ તથા તારાં પિતાના કુટુંબનો નાશ થશે. અને કોને ખબર છે કે તને રાણીપદ કદાચ આવા સમય માટેતો પ્રાપ્ત થયું હશે?"

15ત્યારે એસ્તેરે તેઓને કહ્યું કે, તમારે મોર્દખાયને એવો જવાબ આપવો કે, 16જા, સૂસામાં જેટલા યહૂદીઓ છે તે સર્વને ભેગા કર. અને તમે સર્વ આજે મારે માટે ઉપવાસ કરો, ત્રણ દિવસ સુધી રાત્રે કે દિવસે તમારે કોઈએ ખાવું-પીવું નહીં; હું અને મારી દાસીઓ પણ એ જ રીતે ઉપવાસ કરીશું. જો કે એ પણ નિયમ વિરૂદ્ધ છે તો પણ હું રાજાની હજૂરમાં જઈશ; જો મારો નાશ થાય તો ભલે થાય.

17ત્યારે મોર્દખાય પોતાને રસ્તે ગયો અને એસ્તેરે તેને જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે તેણે કર્યુ.

## એસ્તેરની રાજાને અરજ

5 ત્રીજા દિવસે એસ્તેર રાણીનો પોષાક પહેરીને રાજાના ખંડની સામે મહેલની અંદરના પ્રવેશમાં જઈને ઊભી રહી. એ વખતે રાજા રાજમહેલના પ્રવેશદ્વાર આગળ સિંહાસન પર બિરાજેલ હતા. 2તેમણે એસ્તેરને દરબારમાં ઊભેલી જોઈ અને તેને જોઈને ખુશ થયા તેમણે સોનાનો રાજદંડ લંબાવ્યો. એટલે એસ્તેરે જઈને રાજદંડની અણીને સ્પર્શ કર્યો.

3રાજાએ પૂછયું," રાણી એસ્તેર, તારી શી ઈચ્છા છે? તારી શી માગણી છે? તું અડધું રાજ માગશે તો પણ તે તને આપવામાં આવશે."

4એસ્તેરે કહ્યું, "આપ નામદાર જો મારા પર પ્રસન્ન હો તો આજે મેં રાખેલી ઉજાણીમાં આપ હામાન સાથે પધારો."

5એટલે રાજાએ નોકરોને કહ્યું કે, હામાનને જલદી હાજર કરો કે જેથી આપણે એસ્તરના કહેવા મુજબ કરી શકીએ.

તેથી રાજા તથા હામાન એસ્તેરની ઉજાણીમાં આવ્યા. 6દ્રાક્ષારસ પીતાં પીતાં રાજાએ એસ્તેરને કહ્યું, "એસ્તેર રાણી, તારી ખરેખર શી માગણી છે તે કહે, અડધા રાજ સુધી હું તે મંજૂર કરીશ."

7ત્યારે એસ્તેરે પ્રત્યુત્તર આપ્યો, "મારી અરજ તથા મારા અંતરની ઈચ્છા આ છે; 8જો આપની મારા પર કૃપાદ્રષ્ટિ હોય, અને જો આપને મારી અરજ પ્રમાણે ઈનામ આપવાની તથા મારી વિનંતી પ્રમાણે આપ આપવા માગતા હો તો આવતી કાલે પણ આપ તથા હામાન આજ રીતે ઉજાણીમાં પધારો. આવતી કાલે હું આપની આગળ મારી ઈચ્છા પ્રગટ કરીશ.

## મોર્દખાય પર ક્રોધિત હામાન

9ત્યારે તે દિવસે ઉજાણીમાંથી વિદાય લેતી વખતે હામાન ખુશ-ખુશાલ દેખાતો હતો! પાછા જતાં તેણે મોર્દખાયને દરવાજામાં બેઠેલો જોયો, તેણે જોયું કે તેને જોઈને તે ઊભો થયો નહીં કે બીકથી થથર્યો પણ નહીં, તેથી હામાન ખૂબજ ક્રોધે ભરાયો. 10તેમ છતાં હામાને ગુસ્સા પર કાબૂ રાખ્યો અને ઘેર પાછો આવ્યો અને તેની પત્ની ઝેરેશ તથા તેના મિત્રોને ભેગા કર્યા. 11તેઓની સમક્ષ પોતાની પુષ્કળ સમૃદ્ધિ, પોતાનાં સંતાનોની વિશાળ સંખ્યા, કેવી રીતે રાજાએ તેનું સન્માન કર્યુ અને તેને બીજા બધા આગેવાનોથી ઉંચી પદવી આપી તેની બડાઈ હાંકવા લાગ્યો. 12પછી તેણે કહ્યું: એસ્તેર રાણીએ જે આપેલી ઉજાણીમાં તેણીએ મારા અને રાજા સિવાય બીજા કોઈને પણ આમંત્રણ આપ્યું નહોતું અને આવતી કાલે પણ તેણીએ મને રાજા સાથે ઉજાણી માટે આમંત્રણ આપ્યું છે. 13પરંતુ જ્યાં સુધી પેલા યહૂદી મોર્દખાયને હું રાજાના દરવાજા આગળ બેઠેલો જોઉં ત્યાં સુધી આ સર્વ મને કંઈ સંતોષ આપતું નથી."

14ત્યારે તેની પત્ની તથા મિત્રોએ તેને સલાહ આપી, "પંચોતેર ફૂટ ઊંચો ફાંસીનો માચડો તૈયાર કરાવ અને સવારે રાજા પાસેથી મોર્દખાયને તે ઉપર લટકાવી મારી નાખવાની પરવાનગી લઈ આવ. અને આમ થશે ત્યારે તું આનંદથી રાજા સાથે ઉજાણી માણી શકશે."

આ સલાહ હામાનને પસંદ પડી અને તેણે ફાંસીનો માચડો તૈયાર કરવાનો હુકમ કર્યો.

## મોર્દખાયનું સન્માન

6 તે રાત્રે રાજાને ઊંઘ આવી નહીં; તેથી તેણે તેના શાસન ની વિગતો માટે કાળવૃત્તાંતોનું પુસ્તક મંગાવ્યું જેને તેની સમક્ષ વાંચવામાં આવ્યું. 2તેમાં લખેલું હતું કે રાજાના બે ખોજાઓ કે જેઓ દ્વારની ચોકી કરતા હતાં તે બિગ્થાના અને તેરશે રાજાનું ખૂન કરવાનું કાવતરું ઘડ્યું હતું અને તેની ખબર મોર્દખાયે આપી હતી.

3આ ઉપરથી રાજાએ પૂછયું કે, "એ માટે મોર્દખાયને શું માન-મોભો કે ઈનામ આપવામાં આવ્યાં છે? ત્યારે રાજાની સેવામાં દરબારીઓ હતા તેમણે જણાવ્યું કે, મોર્દખાયને કંઈ જ આપવામાં આવ્યું નથી."

4તેથી રાજાએ પૂછયું, "ત્યાં પ્રાંગણમાં કોણ છે?" હવે બન્યું એવું કે એ જ ક્ષણે હામાન મોર્દખાયને ફાંસીએ ચડાવવાનું રાજાને પૂછવાં રાજમહેલના બહારના પ્રાંગણમાં દાખલ થયો હતો, 5તેથી રાજાના સેવકોએ તેને કહ્યું કે, પ્રાંગણમાં હામાન ઊભો છે."

રાજાએ કહ્યું, " એને અંદર લઈ આવો."

6અને હામાન દાખલ થયો એટલે રાજાએ તેને સવાલ કર્યો, "રાજા જેનું બહુમાન કરવા ઈચ્છતો હોય તે માણસ માટે શું કરવું જોઈએ? હામાને વિચાર્યુ કે,"

રાજા મારું નહીં તો બીજા કોનું બહુમાન કરવાના હતા?

7એટલે હામાને રાજાને કહ્યું કે, જે માણસને પ્રેમથી માન આપવા રાજા ઈચ્છતા હોય તેને માટે 8રાજા પોતે પહેરતા હોય તે પોશાક મંગાવે અને રાજા પોતે જેના પર સવારી કરતા હોય તે ઘોડો મંગાવી તેનું માથું રાજચિન્હથી શણગારો; 9પછી એ લાંબા ઝભ્ભાઓ અને ઘોડો રાજાના સૌથી વધુ

માનવંતા મુખિયાને સોંપો અને તે માણસને એ પોશાક
પહેરાવવા અને તેને ઘોડા પર બેસાડી નગરની ગલીઓમાં
તેને ફેરવો એમ જાહેર કરતા, "રાજા જેનું બહુમાન કરવા
ઈચ્છે છે તે વ્યક્તિનું આવી રીતે સન્માન કરવું."એમ જાહેર
કરવામાં આવે.

10ત્યારે રાજાએ હામાનને કહ્યું, "ઝટ જા અને પોશાક
અને ઘોડો લઈ આવીને રાજમહેલના દરવાજે બેઠેલા યહૂદી
મોર્દખાયને તેં કહ્યું તે પ્રમાણે તું કર; તું જે બોલ્યો છે તે
સઘળામાંથી કઈં જ રહી જવું જોઈએ નહી.

11આથી હામાને પોશાક અને ઘોડો લઈ જઈને મોર્દખાયને
સજાવ્યો અને તેને ઘોડા ઉપર બેસાડીને શહેરના ચોકમાં
થઈને,' રાજા જેનું બહુમાન કરવા ઈચ્છે છે તેને આ રીતે
સન્માને છે.' એમ પોકાર કરતાં કરતાં ફેરવ્યો.

12પછી મોર્દખાય પાછો મહેલને દરવાજે આવ્યો અને
શરમાયેલો અને દુભાયેલો હામાન મોં છુપાવીને ઝડપથી
ઘેર ચલ્યો ગયો. 13પછી તેણે પોતાની પત્ની ઝેરેશને અને
બધા મિત્રોને તેણે જે બન્યું હતું તે બધું કહી સંભળાવ્યું.
ત્યારે હમાનની પત્ની અને તેને સલાહ આપનારા માણસોએ
કહ્યું "જો મોર્દખાય એક યહૂદી હોય, તો તું ન જીતી શકે;
તારું પતન શરૂ થઈ ગયું છે ચોક્કસ તું નાશ પામીશ."

14હજીતો તેઓ વાત કરી રહ્યાં હતાં એટલામાં રાજાના
માણસો આવી પહોંચ્યા અને એસ્તેરે તૈયાર કરેલી ઉજાણીમાં
હામાનને ઉતાવળે લઈ ગયા.

### હામાનને ફાંસીની સજા

7 રાજા તથા હામાન રાણી એસ્તેરની દ્રાક્ષારસની
ઉજાણીમાં જમવા ગયા. 2બીજે દિવસે પણ દ્રાક્ષારસ
પીતાંપીતાં રાજાએ એસ્તેરને પૂછયું; એસ્તેર રાણી, તારી અરજ
શી છે? તે તને આપવામાં આવશે; તારી વિનંતી શી છે? તારે
શું જોઈએ છે? તું જે માગશે તે હું તને આપીશ, અડધું રાજ
પણ હું તને આપવા તૈયાર છું."

3રાણી એસ્તેરે કહ્યું, "જો આપ મારા ઉપર પ્રસન્ન થયા
હો અને જો આપને આ યોગ્ય લાગતું હોય તો મારી એટલી
વિનંતી છે કે મને અને મારા લોકોને જીવવા દો. 4મને અને
મારા લોકોને, મારી નાખવા માટે, અમારું અસ્તિત્વ મિટાવી
દેવા માટે, વેચી દેવામાં આવ્યાં છે, જો અમને ફક્ત ગુલામ
તરીકે વેચી દેવામાં આવ્યાં હોત તો મેં કંઈપણ માંગ્યું ન
હોત, કારણ, તેથી અમારી દશા એટલી ખરાબ ન થઈ હોત
કે જેને માટે મારે આપ નામદારને તસ્દી આપવી પડે."

5"તું શી વાત કરે છે? અહાશ્વેરોશે ભારપૂર્વક પૂછયું;
કોણ છે એ માણસ જેણે આવું કરવાની ધૃષ્ટતા કરી છે? તે
ક્યાં છે?"

6એસ્તેરે જવાબ આપ્યો, "આ દુષ્ટ હામાન અમારો
શત્રુ છે,"

આ સાંભળીને હામાન રાજા અને રાણી ની સામે ડરવા
લાગ્યો. 7રાજા તો ગુસ્સામાં ઉજાણી છોડીને રાજમહેલમાં
બગીચામાં ચાલ્યો ગયો. હામાન સમજી ગયો કે રાજાએ
તેને મારવાનું નક્કી કરી લીધું હતું. તેથી તે રાણી એસ્તેર
પાસે જીવનની માફી માંગવા ગયો. 8જ્યારે રાજા મહેલના
બગીચામાંથી ઉજાણી રૂમમાં પાછો આવ્યો ત્યારે એસ્તરની
દયા યાચવા હામાન એસ્તરના પલંગ પર પડી રહ્યો હતો.
આ જોઈને રાજા બોલ્યો; "શું મારા મહેલમાં મારા દેખતાં જ
રાણી ઉપર બળાત્કાર કરવા માગે છે?"

રાજાના મોઢામાંથી આ શબ્દો નીકળતાંજ રાજાના સેવકોએ
હામાનનું મોઢું ઢાંકી દીધું. 9જે ખોજાઓ રાજાની સન્મુખ તે
વખતે હાજર હતા તેઓમાંના એક, જેનું નામ હાર્બોનાહ
હતું તેણે કહ્યું કે, મોર્દખાય, જેણે કાવત્રાની માહિતી આપીને
રાજાની મદદ કરી હતી, તેને લટકાવવા માટે હામાને પોતાના
ઘરની પાસે પંચોતેર ફુટનો ફાંસી નો માંચડો કરાવ્યો છે.

રાજાએ કહ્યું, "હામાનને તેના પર ફાંસી આપો."

10એટલે હામાને મોર્દખાયને માટે તૈયાર કરેલી ફાંસી
ઉપર તેને પોતાને ચડાવી દેવામાં આવ્યો. તે પછી રાજાનો
ગુસ્સો શમી ગયો.

### રાજાનો આદેશ યહૂદીઓની મદદ માટે

8 તે જ દિવસે રાજા અહાશ્વેરોશે રાણી એસ્તેરને
યહૂદીઓના શત્રુ હામાનનાં ઘરબાર અને માલમિલકત
આપી દીધાં. અને એસ્તેરે મોર્દખાય સાથેનો પોતાનો સંબંધ
જણાવતાં મોર્દખાયને રાજા સમક્ષ લાવવામાં આવ્યો.
2રાજાએ હામાન પાસેથી પાછી લીધેલી રાજમુદ્રાવાળી વીંટી
આંગળીએથી ઉતારીને મોર્દખાયને આપી, અને એસ્તેરે તેને
હામાનનાં ઘરબાર અને માલમિલકત સંભાળવાનું સોંપ્યું.

3રાણી એસ્તેર ફરીથી એકવાર રાજાના દરબારમાં આવી
અને રાજાના પગમાં પડીને આંસુઓ ભરેલી આંખો સાથે
અગાગી હામાને યહૂદીઓની વિરૂદ્ધ ઘડેલું કાવતરું રદ કરવા
કાલાવાલા કરવા લાગી.

4પછી રાજાએ એસ્તેર તરફ સોનાનો રાજદંડ ધર્યો, એટલે
તે ઊઠીને રાજાની સમક્ષ ઊભી રહી. 5તેણીએ કહ્યું, "જો
રાજાને આ યોગ્ય લાગતું હોય, અને જો તમે મારાથી પ્રસન્ન
હો અને જો રાજાને વિચાર સારો લાગે તો અગાગી હામાને
યહૂદીઓનો નાશ કરવાનો જે હુકમ રાજાના સર્વ પ્રાંતોમાં
મોકલી આપ્યો છે તેને રદ કરતો આદેશ તમે મોકલી આપો;
6કારણ, મારા લોકો ઉપર આફત ઊતરે એ જોવાનું હું શી
રીતે સહન કરું? હું મારા પોતાના કુટુંબનો નાશ થતો જોઈ હું
કેમ સહન કરી શકું?"

7ત્યારે અહાશ્વેરોશ રાજાએ યહૂદી મોર્દખાય તથા રાણી
એસ્તેરને કહ્યું, "મેં હામાનનું ઘર અને મિલકત એસ્તેરને
સોંપી છે તથા હામાનને ફાંસી ઉપર લટકાવવામાં આવ્યો
છે કેમ કે તેણે યહૂદીઓનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.
8રાજાને નામે બહાર પાડવામાં આવેલો અને રાજાના
સિક્કાવાળો એક હુકમ કદી રદ થઈ શકતો નથી. માટે હવે
તું મારે નામે યહૂદીઓને માટે તને સૌથી યોગ્ય લાગે એવી
આજ્ઞા બહાર પાડી દે અને રાજમુદ્રાથી તેના પર સિક્કો
મારી દે."

9આથી ત્રીજા એટલેકે સિવાન મહિનાના ત્રેવીસમા દિવસે
રાજાના મંત્રીઓને બોલાવવામાં આવ્યા અને બરાબર
મોર્દખાયના કહેવા પ્રમાણે યહૂદીઓને લગતો એક હુકમ
હિંદુસ્તાનથી તે કૂશ સુધીના એકસો ને સત્તાવીશ પ્રાંતના
સુબાઓ, રાજ્યપાલો, અને અમલદારોને તે પ્રાંતની
ભાષાઓમાં અને લિપિમાં, તેમજ યહૂદીઓની ભાષા અને
લિપિમાં લખાવવામાં આવ્યો. 10મોર્દખાયે આ હુકમ રાજાના
નામે લખાવ્યો અને રાજાની મુદ્રાથી સિક્કો મારીને રાજાની
સેવામાં વપરાતા ઝડપી ઘોડાઓ ઉપર સવારી કરતા
સંદેશાવાહકો દ્વારા સર્વ જગ્યાઓએ આ પત્રો મોકલી
આપવામાં આવ્યા.

11એ પત્રોમાં તેણે કોઈપણ શહેરમાં રહેતા
યહૂદીઓને સ્વરક્ષણ માટે ભેગા થવાની અને તેમના
ઉપર હુમલો થાય તો કોઈપણ પ્રાંતની કોઈપણ જાતની
સેનાને મારી નાખવાની તેમના સ્રી અને બાળકો મારી
નાખવાની, તેમનો નાશ કરવાની અને તેમજ તેમને
લૂંટી લેવાની છૂટ આપી.

12આ હુકમ રાજા અહાશ્વેરોશના બધાજ પ્રાંતોમાં એકજ
દિવસે એટલે કે બારમા અર્થાત અદાર મહિનાના તેરમા
દિવસે અમલમાં આવવાનો હતો. 13વળી આ કાનૂનની એક
એક નકલ સર્વ પ્રાંતોમાં અને રાજ્યમાં જાહેરાત કરવા માટે
મોકલી આપવામાં આવી. અને તે એક કાયદો બની ગયો
જેના દ્વારા યહૂદીઓ પોતાના શત્રુઓનો સામનો કરવા અને
તેમના પર બદલો લેવા માટે પોતાની જાતને તૈયાર કરી શકે.
14રાજાની આજ્ઞાથી સંદેશાવાહકો ઝડપી ઘોડાઓ પર સવાર
થઈ રવાના થયા. આ કાનૂન રાજધાની સૂસામાં પણ પ્રકાશિત
કરવામાં આવ્યો.

15જ્યારે મોર્દખાય રાજા પાસેથી નીકળ્યો ત્યારે તેણે સફેદ
અને ભૂરા રંગના વસ્રો માથે મોટો સોનાનો મુગટ અને ઝીણા
શણનો જાંબુડી રંગનો ઝભ્ભો પહેર્યા હતાં. આખા સૂસા
શહેરે આનંદથી ઉજવણી કરી. 16યહૂદીઓએ ખૂબ આનંદ
અને ખુશીથી ઉજવણી કરી. રાજાના પ્રાંતોમાં વસતા બાકી
રહેલા યહૂદીઓ પોતાના રક્ષણ માટે અને શત્રુઓથી છૂટકારો
પામવા માટે સાથે એકઠા થયા તેઓએ 75,000 શત્રુઓને
મારી નાખ્યા પણ તેઓએ કોઈની વસ્તુઓ લૂટી નહીં.

17જે જે નગર તથા પ્રાંતમાં રાજાનો આદેશ પહોંચ્યો
યહૂદીઓમાં આનંદ વ્યાપી ગયો અને હર્ષ પ્રદર્શિત કરવા
માટે તે ઉત્સવનો દિવસ બની રહ્યો, અને તેઓએ તે
મહાઆનંદપૂર્વક ઊજવ્યો. ઘણાં લોકોએ પોતાને યહૂદી તરીકે
ઓળખાવ્યા કારણકે તે લોકો યહૂદીઓથી ડરી ગયા હતા.

## યહૂદીઓનો શત્રુઓ પર વિજય

9 હવે બારમા એટલે કે અદાર મહિનાના તેરમા દિવસે
રાજાનો હુકમ અમલમાં આવવાનો હતો, એ દિવસે
યહૂદીઓના દુશ્મનોએ તેમને કચડી નાખવાની આશા રાખી
હતી. પણ બન્યુ તેનાથી ઊલટું જ; યહૂદીઓએ દુશ્મનોને
કચડી નાખ્યા. 2તે દિવસે અહાશ્વેરોશ રાજાના સર્વ પ્રાંતોમા
યહૂદીઓ પોતપોતાનાં નગરોમાં એકઠા થયા, જેથી તેઓનું
નુકશાન કરવાની જે લોકો કોશિશ કરતા હતા, તેઓના ઉપર
તેઓ હાથ નાખે; તેઓની વિરૂદ્ધ કોઈ ઉભો રહી શક્યું નહીં;
કારણકે તેઓ બધા તેમનાથી ડરેલા હતા. 3અને પ્રાંતોના
બધાં અમલદારો, સૂબાઓ, રાજ્યપાલો, અને રાજાના
વહીવટકર્તાઓ યહૂદીઓને મદદ કરી કારણકે. તે બધાં
મોર્દખાયથી ડરેલા હતા. 4મોર્દખાય રાજમહેલમાં ખૂબ
મહત્વનો બની ગયો હતો, તેની નામના બધાં પ્રાંતમા ફેલાઈ
ગઈ હતી. તેની શકિત દિવસે દિવસે વધતી ગઈ.

5નક્કી કરેલા દિવસે યહૂદીઓએ પોતાના શત્રુઓની હત્યા
કરી. વિરોધીઓ સાથે તેઓએ મન ફાવે તેવું વર્તન કર્યુ.
6પાટનગર સૂસામાં યહૂદીઓએ પાંચસો માણસોને મારી
નાખીને તેઓનો નાશ કર્યો. 7વળી તેઓએ પાર્શાન્દાથા,
દાલ્ફોન, આસ્પાથા, 8પોરાથા, અદાલ્યા, અરિદાથાને,
9પાર્માશ્તાને, અરીસાય, અરીદાય તથા વાઈજાથાને. 10આ
રીતે તેઓએ યહૂદીઓના શત્રુ હામ્મદાથાના પુત્ર હામાનના
દશ પુત્રોને, તેઓએ મારી નાખ્યા; પણ તેઓએ તેમને લૂંટી
લીધા નહીં અને તેમની કોઈપણ વસ્તુને હાથ લગાડ્યો નહીં.

11સૂસામાં મારી નાખવામાં આવેલા માણસોની સંખ્યા તે
જ દિવસે રાજાને જાહેર કરવામાં આવી. 12તેણે રાણી એસ્તેરને
જણાવ્યું, "પાટનગર સૂસામાં યહૂદીઓએ પાંચસો માણસો
અને હામાનના દસ પુત્રોને મારી નાખ્યા છે, તો પછી તેમણે
રાજ્યના બીજા પ્રાંતોમાં તું મારા દ્વારા શું કરાવા માંગે છે!
માગ, માગ, જે માગે તે આપુ તારે બીજું શું જોઈએ છે? માંગ
અને તે મંજુર થશે."

13ત્યારે એસ્તેરે તેને જણાવ્યું કે, "જો રાજાને ગમે તો
સૂસામાં જે યહૂદીઓ છે તેઓને આજના હુકમ પ્રમાણે કાલે
પણ તેમજ કરવા દેવામાં આવે. અને હામાનના દશે પુત્રોને
ફાંસીને માચડે લટકાવવા જોઈએ."

14રાજા સંમત થયા અને પાટનગર સૂસામાં હુકમ જાહેર
કરવામાં આવ્યો. હામાનના દશ પુત્રોના મૃત શરીરને ફાંસી
ઉપર લટકાવવામાં આવ્યા. 15સૂસામાંના યહૂદીઓ અદાર
મહિનાને ચૌદમે દિવસે પણ ભેગા થયા. તેઓએ સૂસામાં
ત્રણસો માણસોને મારી નાખ્યા; પણ લૂંટ પર તેઓએ હાથ
નાખ્યો નહીં.

16રાજાના પ્રાંતોમાં વસતા બાકીના યહૂદીઓ પણ પોતાનો
બચાવ કરવા અને શત્રુઓથી છૂટકારો મેળવવાં માટે ભેગા
થયા. તેમણે પંચોતેર હજાર શત્રુઓનો સંહાર કર્યો; પણ
તેમણે કોઈની કોઈ વસ્તુ લૂંટી નહીં. 17આ તો અદાર મહિનાના
તેરમા દિવસે બન્યું. ચૌદમે દિવસે તેમણે વિશ્રાંતી લીધી
અને તે દિવસે તેમને ઉજવણી કરીને આનંદોત્સવ ઊજવ્યો.

## પૂરિમનું પર્વ

18પણ સૂસામાં યહૂદીઓ આદાર મહિનાના તેરમા તથા
તેના ચૌદમા દિવસે સ્વરક્ષણ માટે ભેગા થયા; પંદરમા દિવસે
તેઓએ તે દિવસે ઉજાણી કરી અને વિશ્રાંતિ લીધી. 19આ

કારણથી જ યહૂદીઓ જેઓ કોટ વિનાના ગામડાંઓમાં અને
શહેરોમાં રહે છે, તેઓ અદાર માસના ચૌદમા દિવસને
ઉત્સવના દિવસ તરીકે ભેટો આપી અને ઉજાણી કરીને ઉજવે
છે. 20મોર્દખાયે આ સર્વ બનાવોને લખી અને અહાશ્વેરોશ
રાજાના નજીકના તેમજ દૂરના પ્રાંતોના સર્વ યહૂદીઓ ઉપર
પત્રો મોકલ્યા.21તેણે જણાવ્યું કે દર વર્ષે અદાર મહિનાનો
ચૌદમો અને પંદરમો દિવસ ઊજવવો. 22કારણ, એ દિવસે
યહૂદીઓએ પોતાના દુશ્મનોનો નાશ કર્યો હતો અને એ
મહિનામાં તેમનો શોક આનંદમા પલટાઈ ગયો હતો, અને
તેમના દુ:ખના દિવસો આનંદના દિવસોમાં બદલાઈ ગયા
હતાં જેમાં એકબીજાને ભેટ આપવી અને ગરીબોને દાન
આપવું.

23આથી યહૂદીઓએ મોર્દખાયની સૂચના મુજબ દરેક
વર્ષે તેજ સમયે તહેવાર ઉજવવાનું શરૂ કર્યુ હતું અને રિવાજ
પાળવાનો ચાલુ રાખવાનું માથે લીધું.

24યહૂદીઓના દુશ્મન અગાગી હામ્મદાથાના પુત્ર હામાને
યહૂદીઓને સાફ કરી નાખવાની યોજના કરી હતી. અને
તેઓનો સંહાર કરવા અને વિનાશ કરવા ચિઠ્ઠીઓ (એટલે
"પૂર") નાખી હતી; 25પરંતુ જ્યારે તે વાતની રાજાને ખબર
પડી ત્યારે તેણે પોતાના પત્રો દ્વારા આજ્ઞા કરી કે, હામાને જે
દુષ્ટ યોજના યહૂદીઓ વિરૂદ્ધ યોજી હતી તે અને તેના
કુટુંબીઓને જ તેનો ભોગ બને; અને હામાનને તેના સંતાનો
સાથે ફાંસીએ લટકાવડાવો જોઈએ.

26આથી "પૂર" નામ ઉપરથી આ ઉત્સવના દિવસો પૂરીમ
તરીકે ઓળખાયા, એ મોર્દખાયના પત્રમાં જે લખ્યું હતું તે
પ્રમાણે જ ઉજવાયા તેને કારણે તેમણે જાતે જે નજરોનજર
જોયું હતું અને તેમના ઉપર જે વીત્યું હતું, 27યહૂદીઓએ
પોતાના તરફથી, પોતાના વંશજો તરફથી અને યહૂદીધર્મ
પાળનારાઓ તરફથી પ્રતિવર્ષ આ બે દિવસો ચૂક્યા વગર
ઠરાવેલ સમયે અને મોર્દખાયની સૂચના મુજબ અચૂક
ઊજવવાનું માન્ય રાખ્યું. 28એ દિવસોને, વંશપરંપરાગત
પ્રત્યેક કુટુંબમાં ઉજવવાના હતાં, તેઓએ પ્રત્યેક પ્રાંતમાં,
તથા પ્રત્યેક નગરમાં તેને ઉજવ્યાં, જેથી એ પૂરીમના દિવસો
યહૂદીઓ દ્વારા ઉજવવાનું બંધ ન થાય, અને તેઓના વંશજોએ
કદી તે ભૂલવું જોઈએ નહીં.

29ત્યારબાદ અબીહાઈલની પુત્રી રાણી એસ્તેર અને યહૂદી
મોર્દખાયે, બીજા પત્રને સંપુર્ણ અધિકાર સાથે પ્રમાણિત કરવા,
પૂરીમ વિષે એક અધિકારીક પત્ર લખ્યો. 30તેથી મોર્દખાયે
અહાશ્વેરોશના રાજ્યમાં એકસો સત્તાવીસ પ્રાંતોમાંના સર્વ
યહૂદીઓને સાચી શાંતિ પાઠવતા પત્રો મોકલ્યા 31તે પત્રો
એ જાણવા માટે મોકલવામાં આવ્યા હતા કે પૂરીમનાં દિવસો *
યહૂદી મોર્દખાય અને રાણી એસ્તરે આપેલા આદેશ પ્રમાણે
એના નિર્ધારિત સમયે ઉજવવામાં આવેલા હતા. આ તેઓએ
તે બે વિશ્રામવારોને તેમના અને તેમના વંશજોને માટે નક્કી
કર્યા 32તેઓ આ એસ્તેરના પત્રે વિશ્રામવારને યાદ રાખશે
જેમ તેઓ ઉપવાસ અને વિલાપના દિવસો યાદ રાખે છે.
"પૂરીમ" વિશેના નિયમો પાકા કર્યા; અને પુસ્તકમાં આ
બાબતો લખવામાં આવી હતી.

### મોર્દખાયનું સન્માન

10 અહાશ્વેરોશ રાજાએ રાજ્યના સર્વ પ્રદેશો ઉપર
તથા સમુદ્રના ટાપુઓ પર કર નાખ્યા. 2તેના મહાન
શૌર્યના તથા તેના સામર્થ્યના સર્વ કૃત્યો, તથા જે ઉચ્ચ
પદવીએ રાજાએ મોર્દખાયને ચઢાવ્યો હતો તેની સંપૂર્ણ
માહિતી ઈરાનના તથા માદાયના રાજાઓનાં ઈતિહાસના
પુસ્તકોમાં લખેલી છે. 3યહૂદી મોર્દખાયનો દરજ્જો રાજા
પછીનો હતો. યહૂદીઓમાં તે આદર પાત્ર બન્યો અને ઘણો
લોકપ્રિય હતો. આમ બન્યું કારણ કે તેણે પોતાના લોકોના
ભલા માટે પરિશ્રમ કર્યો અને તેમની કાળજી રાખી તેણે
બધાં યહૂદીઓ માટે શાંતિ લાવી હતી.

---

**તે પત્રો … પૂરીમનાં દિવસ** ઉજવણી નિશ્ચિત સમયે કરવા માટે
નક્કી કરવા માટે મોકલવામાં આવ્યા હતાં જેને યહૂદી મોર્દખાય
અને રાણી એસ્તેર તેમના માટે કાનૂની બનાવ્યા હતાં જેથી.

# નહેમ્યા

## નહેમ્યાની પ્રાર્થના

1 હખાલ્યાનો પુત્ર નહેમ્યાનું વૃત્તાંત. આર્તાહશાસ્તાનાં
શાસનના વીસમા વર્ષમાં કિસ્લેવ માસમાં હું પાટનગર
સૂસામાં હતો ત્યારે. 2યહૂદાથી મારા એક સગાવહાલા હનાની
યહૂદિયાના બીજા કેટલાક માણસો સાથે આવ્યો; અને
બંદીવાસમાંથી બચેલાઓમાંના જે યહૂદિયાઓ હતા, તેઓ
તથા યરૂશાલેમ વિષે મેં તેમને પૂછયું.
3તેઓએ મને કહ્યું કે, "જેઓ બચી ગયા હતા અને જે
પ્રાંતમાં રહે છે તેઓ ખૂબ મુશ્કેલીમાં છે. યરૂશાલેમની
આજુબાજુની દીવાલમાં ભંગાણ પડી ગયા છે, અને દરવાજા
બાળી નાખવામાં આવ્યા છે."
4જ્યારે એ સમાચાર મેં સાંભળ્યા ત્યારે હું નીચે બેસીને
રડવા લાગ્યો. કેટલાક દિવસો સુધી મેં શોક પાળ્યો. અને
ઉપવાસ કરીને આકાશના દેવ સમક્ષ મેં પ્રાર્થના કરી. 5મેં
કહ્યું;

"હે યહોવા આકાશના દેવ, ઓ મહાન અને ભયાવહ
દેવ! જે પોતાના કરારને પાળે છે! તે પોતાના કરારને જે
તેને ચાહે છે અને જે તેની આજ્ઞાનું પાલન કરે છે તેની
સાથે વફાદારી પૂર્વક પાળે છે.
6કૃપયા તમારા સેવકની અરજ ધ્યાનથી સાંભળો
અને તમારી આંખો ઉઘાડી રાખો. અને મારી પ્રાર્થના
સાંભળો; "ઈસ્રાએલીઓ તમારા સેવકો માટે રાતદિવસ
હું તમારી સમક્ષ તમને પ્રાર્થના કરું છું અમે ઈસ્રાએલના
લોકોએ તમારી વિરૂદ્ધ જે પાપ આચર્યા છે તેની હું
કબૂલાત કરું છું. 7અમે તમારી વિરૂદ્ધ સાચેજ પાપ
કર્યો છે, અમે, બધાંએ તમારા સેવક મૂસા મારફતે તમે
જે આજ્ઞાઓ, નિયમો તથા કાનૂનો અમને આપ્યાં હતાં
તેનો અનાદર કરીને અમે પાપ કર્યુ છે.
8તમે મૂસાને જણાવ્યું હતું તે યાદ કરો, "જો તમે
બેવફા નીવડશો તો હું તમને બીજી પ્રજાઓમાં વેરવિખેર
કરી નાખીશ. 9પરંતુ જો તમે મારી પાસે પાછા આવશો
અને મારી આજ્ઞાઓનું પાલન કરશો અને તેનો અમલ
કરશો, તો તમારા વંશજો પૃથ્વીના છેડા સુધી વેરવિખેર
થઈ ગયા હશે તોયે હું તેમને મારા નામ માટે મેં જે
સ્થાન પસંદ કર્યુ છે ત્યાં પાછા લાવીશ."
10તેઓ તમારા સેવકો અને પ્રજા છે, જેઓને તમે
તમારા મહાન સામર્થ્ય વડે અને તમારાં બાહુબળથી
બચાવ્યાં છે. 11ઓ યહોવા, તારા સેવકની પ્રાર્થના
ધ્યાનપૂર્વક સાંભળ, અને તારા તે સેવકોની પ્રાર્થના
સાંભળ જેઓ તમારો આદર કરવામાં આનંદ માણે છે
આજે તમે તમારા સેવકને સફળતા આપો. અને જ્યારે
હું રાજા પાસે જઈને તેમની મદદ માગું ત્યારે રાજા
મારા તરફ દયાભાવ દર્શાવે એ અરસામા હું રાજાનો
પાત્રવાહક હતો.

## રાજાનું નહેમ્યાને યરૂશાલેમ મોકલવું

2 વીસમા વર્ષના ચોથા નિસાન મહિનામાં રાજા
આર્તાહશાસ્તાના રાજ્યમાં, જ્યારે રાજા ભોજન કરતો
હતો ત્યારે દ્રાક્ષારસ લઈને મેં તેને આપ્યો. આ અગાઉ હું
ઉદાસ ચહેરે રાજા સમક્ષ ગયો ન હતો. 2તેથી, રાજાએ મને
સવાલ કર્યો, "તું આવો ઉદાસ શા માટે દેખાય છે? તું માંદો
તો લાગતો નથી, એટલે જરૂર તારા મનમાં કોઈ ભારે ખેદ
હોવો જોઈએ."
આ સાંભળી હું બહુ ગભરાઈ ગયો. 3છતાં મેં રાજાને
જવાબ આપ્યો, "રાજાસાહેબ, ચિરંજીવ રહો; હું કેમ ઉદાસ
ના હોઉં? કારણકે જે નગરમાં મારા પિતૃઓને દફનાવવામાં
આવ્યાં છે તે ખંડેર થઈ ગયું છે, અને નગરના દરવાજા
અગ્નિથી બળીને ભસ્મ થઈ ગયા છે."
4રાજાએ મને પૂછયું, "તું મારી પાસેથી શું ઈચ્છે છે?"
ત્યારે મેં આકાશના દેવને પ્રાર્થના કરી. 5અને મેં રાજાને
જવાબ આપ્યો, "જો તમે પ્રસન્ન હો અને તમને ઠીક લાગે
તો મને યહૂદા જવાની રજા આપો. કારણકે હું તે શહેરને
ફરીથી બાંધી શકુ જ્યાં મારા પૂર્વજોને દફનાવ્યા હતાં."
6રાજાની સાથે રાણી પણ હાજર હતી, રાજાએ મને કહ્યું,
"ત્યાં તારે કેટલો સમય લાગશે? અને તું ક્યારે પાછો આવશે?"
આમ મને જવા માટે રજા મળી ગઈ! મેં તેમની સાથે
મારો જવાનો સમય નક્કી કર્યો! 7ત્યારબાદ મેં રાજાને કહ્યું,"જો
આ વાત રાજાને પ્રસન્ન કરે તો મને ફ્રાંત નદીની પશ્ચિમે
આવેલા પ્રદેશના સૂબાઓ ઉપર પત્રો આપજો, જેથી તેઓ
મને પોતાના પ્રદેશમાંથી પસાર થઈને યહૂદામાં જવા દે.
8તથા બીજો એક પત્ર રાજાના વનરક્ષક આસાફ ઉપર પણ
આપશો જેથી તે મંદિરની નજીકના કિલ્લાનો દરવાજો ફરી
બાંધવા માટે, નગરની દીવાલ માટે, અને મારા ઘર માટે,
ઈમારતી લાકડું આપે."
મારા ઉપર મારા દેવની કૃપા હોવાથી રાજાએ મારી અરજ
માન્ય કરી.

9પછી હું યુફ્રેતિસ નદીની પશ્ચિમ તરફના પ્રાંતોમાં આવ્યો
અને ત્યાંના પ્રશાસકોને મેં રાજાના પત્રો આપ્યા. રાજાએ
મારી સાથે સૈન્યના અધિકારીઓ તથા ઘોડેસવારો મોકલ્યા
હતા. 10પરંતુ જ્યારે હોરેનના સાન્બાલ્લાટ અને અમ્મોની
અમલદાર ટોબિયાએ આના વિષે જાણ્યું કે કોઈ ઈસ્રાએલીઓનું
ભલું કરવા આવ્યું છે ત્યારે તેઓ ખૂબ નારાજ થયા.

### યરૂશાલેમની દીવાલનું નિરીક્ષણ કરતો નેહેમ્યા

11ત્યારબાદ હું યરૂશાલેમ પહોંચ્યો, અને ત્યાં ત્રણ દિવસ
હતો. 12જ્યારે રાત્રે હું ઉઠ્યો તો થોડા માણસો લઈને બહાર
નીકળ્યો; યહોવાએ યરૂશાલેમ વિષે મારા હૃદયમાં જે યોજના
મૂકી હતી તેના વિષે મેં કોઈને કશુંય જણાવ્યું નહોતું, હું જે
જાનવર પર સવાર હતો ફક્ત તે એકજ જાનવર મારી સાથે
હતું. 13રાત્રે હું ખીણનો દરવાજો પસાર કરીને અજગરકુંડ
થઈને છેક કચરાના દરવાજા સુધી ગયો; તેમ જતાં રસ્તામાં
મેં યરૂશાલેમની દીવાલમાં પડેલા ભંગાણ અને તેના બળી
ગયેલા દરવાજાનું નિરક્ષણ કર્યુ. 14પછી ત્યાંથી આગળ ચાલીને
કારંજાના દરવાજામાંથી પસાર થઈને રાજાના તળાવ તરફ
ગયો. પણ હું જે જાનવર પર સવાર હતો તેને પસાર થવા
માટે પૂરતી જગ્યા ન હતી. 15તેથી હું અંધકારમાં દીવાલનું
નિરક્ષણ કરતો ખીણ સુધી ગયો. પછી હું પાછો વળ્યો અને
ખીણના દરવાજામાંથી પ્રવેશીને પાછો ફર્યો. 16અધિકારીઓને
હું ક્યાં ગયો હતો અથવા હું શું કરતો હતો તે વિષે કશી જ
ખબર પડી નહીં, કારણકે મેં મારી યોજના સંબંધી કોઈને
કઈજ જણાવ્યું ન હતું, યહૂદિયાઓને, યાજકોને, ઉમરાવોને
અધિકારીઓને સુદ્ધાં નહીં. અરે, જેઓ આ કાર્ય કરવાના
હતા તેઓમાંથી પણ કોઈનેય નહીં.

17પછી મેં તેઓને કહ્યું, "આપણે કેવી દુર્દશામાં છીએ તે
તમે જુઓ છો, યરૂશાલેમ ખંડેર બનીને પડેલું છે, તેના દરવાજા
અગ્નિથી ભસ્મીભૂત થયેલા છે; ચાલો, યરૂશાલેમને ફરતી
દીવાલો બાંધીએ, જેથી આપણે વધારે ધિક્કારપાત્ર ન થઈએ."

18મે એમને કહ્યું કે મારા દેવનાં હાથે મને આશીર્વાદ
આપ્યા અને રાજાએ મને જે કહ્યું હતું તે પણ મેં તેમને કહી
સંભળાવ્યું. તેથી તેઓ બોલી ઊઠ્યા, "ચાલો બાંધવા શરૂ
કરી દઈએ." એમ કહીને તેઓએ ઉત્સાહપૂર્વક કામ કરવાનું
શરૂ કર્યુ. 19પરંતુ હોરોનના સાન્બાલ્લાટે, અમ્મોની અધિકારી
ટોબીયાએ તથા અરબી ગેશેમે આ સાંભળીને અમારી હાંસી
કરી, અને અમારો તિરસ્કાર કરીને કહ્યું, "આ શું છે જે તમે
કરી રહ્યાં છો? શું તમે રાજાની સામે બંડ કરવા ઈચ્છો છો?"

20ત્યારે મેં તેઓને જવાબ આપ્યો, "આકાશના દેવ અમને
સફળતા આપશે. અમે તેના સેવકો છીએ અને અમે બાંધકામ
શરૂ કરવાના છીએ. પરંતુ તમારે અહીં યરૂશાલેમમાં તમારો
કોઈ ભાગ નથી, કોઇ દાવો નથી, કે નથી કોઈ અધિકાર!"

### નગરની દીવાલની મરામત

3 મુખ્ય યાજક એલ્યાશીબે ઘેટાં દરવાજાનું નવસરથી
બાંધકામ ચાલું કર્યુ, પછી તેણે તેની પ્રતિષ્ઠા કરી અને
પછી તેનાં બારણાં ચઢાવ્યાં; તેઓએ છેક હમ્મેઆહના ગુંબજ
સુધી અને ત્યાંથી છેક હનાનએલના ગુંબજ સુધી દીવાલને
પવિત્ર બનાવી.

2યાજકો પાસે યરીખોના માણસો કામ કરતા હતા. અને
ઈમ્રીનો પુત્ર ઝાક્કૂરે તેમની નજીક દીવાલ ફરી બાંધી.

3હસ્સેનાઆહ વંશજોએ માછલી દરવાજો બાંધ્યો; તેમણે
તેની પાસે બારસાખ ઊભી કરી અને બારણાં, આગળા અને
ભોગળ ચડાવી દીધાં.

4એ પછીના ભાગની મરામત હાક્કોસના પુત્ર ઊરિયાના
પુત્ર મરેમોથે કરી. તેની પાસે મસેઝાબએલનો પુત્ર બેરેખ્યાનો
પુત્ર મશુલ્લામ મરામત કરતો હતો. તેની પાસે બાઅનાનો
પુત્ર સાદોક મરામત કરતો હતો.

5તેમની પછી, તકોઆના માણસો સમારકામ કરતા હતા.
પરંતુ તેમના આગેવાનોએ તેમના ધણીના કામમાં મદદ કરી
નહીં. 6પાસેઆહના પુત્ર યોયાદા તથા બસોદ્યાનો પુત્ર
મશુલ્લામ જૂના દરવાજાની મરામત કરતાં હતાં; તેઓએ
તેના પાટડા ગોઠવ્યા, તેના કમાડો ચઢાવ્યા, અને મિજાગરાં
જડીને દરવાજાના સળિયા બેસાડ્યા.

7તેની પછીના ભાગનું સમારકામ ગિબયોની મલાટ્યાએ
અને મેરોનોથી યાદોને કર્યુ, તેઓ ગિબયોન અને મિસ્પાહના
હતાં. જે સ્થળો ફ્રાંત નદીની પશ્ચિમ બાજુના પ્રશાશકની
તાબેદારીમાં હતા.

8એ પછીના ભાગમાં હાર્હયાનો પુત્ર ઉઝ્ઝિયેલ સમારકામ
કરતો હતો તે સોની હતો. સુગંધી દ્રવ્યો બનાવનાર હનાન્યાએ
યરૂશાલેમનું સમારકામ છેક પહોળી દીવાલ સુધી કર્યુ.

9પછીના ભાગનું સમારકામ હૂરના પુત્ર રફાયાએ કર્યુ, જે
અડધા ઉપરાંત યરૂશાલેમનો પ્રશાશક હતો.

10તેની પાસે હરૂમાફનો પુત્ર યદાયા પોતાના ઘરની સામે
મરામત કરતો હતો. અને તેની પાસે હાશાબ્નયાનો પુત્ર
હાટ્ટુશ મરામત કરતો હતો. 11હારીમનો પુત્ર માલ્કિયા, તથા
પાહાથમોઆબનો પુત્ર હાશ્શૂબ બીજા એક ભાગની તથા
ભઠ્ઠીઓના બુરજની મરામત કરતા હતા.

12હાલ્લોહેશનો પુત્ર શાલ્લુમ, જે યરૂશાલેમના બીજા
અડધા ભાગનો પ્રશાશક હતો, તે તેની પુત્રીઓ સાથે તેની
પછીના ભાગનું સમારકામ કરતો હતો.

13હાનૂન અને ઝાનોઆહના માણસોએ ખીણના
દરવાજાનું સમારકામ કર્યુ હતું. તેઓએ તે બાંધીને તેના
કમાડ ચઢાવ્યાં અને તેમને મિજાગરાં જડ્યાં તથા દરવાજાના
સળિયા બેસાડ્યા. તે પછી તેઓએ કચરા દરવાજા સુધી
1,000 હાથ જેટલી દીવાલનું સમારકામ કર્યુ હતું.

14કચરાના દરવાજાનું સમારકામ રેખાબના પુત્ર
માલ્કિયાએ કર્યું હતું. તે બેથહાક્કેરેમ પ્રાંતનો પ્રશાશક હતો.
તેણે તેને કમાડો ચઢાવ્યાં તેને મિજાગરા જડ્યાં અને દરવાજાના
સળિયા બેસાડ્યા.

15કોલહોઝેહનો પુત્ર શાલ્લૂમ મિસ્પાહ પ્રાંતનો પ્રશાસક
હતો. તેણે કારંજાના દરવાજાનું સમારકામ કરી ફરી બનાવ્યો
અને તેને ઉપરથી ઢાંકી દીધો અને તેનાં બારણા, આગળા

અને દરવાજાના સળિયા ચડાવ્યાં. વળી તેણે રાજાના
બગીચાને અડીને આવેલા શેલાહના તળાવની દીવાલ,
દાઉદના શહેરથી નીચે આવતા પગથિયાં સુધી બાંધી.
16એ પછી  નહેમ્યા, જે આઝબૂકનો પુત્ર હતો અને
બેથ-સુરના અડધા પ્રાંતનો પ્રશાસક હતો, તેણે દાઉદની
કબરોની સામે વાળી જગ્યાથી લઈને ખોદીને બનાવેલા તળાવ
સુધી અને શૂરવીરોના ઘર સુધીના ભાગનું સમારકામ કરાવ્યું.
17તેના પછી બાનીના પુત્ર રહૂમની આગેવાની હેઠળ
તેના પછીના ભાગની મરામત લેવીઓ કરતા હતા, તેની
પછી હશાબ્યા, જે કઈલાહના અડધા જીલ્લાનો પ્રશાશક તે
હશાબ્યાએ પોતાના ભાગની મરામત કરતો હતો.
18તેના પછીનું સમારકામ બાવ્વાય જે હેનાદાદનો પુત્ર
હતો અને કઈલાહ જીલ્લાના અડધા ભાગનો પ્રશાશક હતો,
તેની આગેવાની નીચે તેના સબંધીઓએ આ કામ કર્યુ.
19તેના પછી યેશૂઆનો પુત્ર એઝેરે અન્ય ભાગનું
સમારકામ કર્યુ. એઝેર મિસ્પાના અડધા ભાગનો પ્રશાશક
હતો આ ભાગ સામેના રસ્તાથી લઈને તે જગ્યાએ જતો
હતો જ્યાં ખૂણા પર શસ્રો મૂકવામાં આવતા હતાં. 20ઝાક્કાયનો
પુત્ર બારૂખે એના પછીના ભાગનું મરામત કર્યુ જે દરવાજાના,
ખૂણાથી લઈને મુખ્ય યાજક  એલ્યાશીબના ઘરના બારણાં
સુધી જતો હતો. 21એના પછીના  એલ્યાશીબના ઘરના
બીજા છેડા સુધીના ભાગની મરામત હાક્કોસના પુત્ર
ઊરિયાના પુત્ર મરેમોથે કરી. 22પછીના ભાગની આસપાસ
રહેતા યાજકોએ મરામત કરી.
23તેના પછી બિન્યામીન તથા હાશ્શૂબે અન્ય ભાગની
મરામત કરી જે તેમના ઘરની પોતાના ઘરનાં આગળના
ભાગની મરામત કરી. અઝાર્યા જે માઅસેયાનો પુત્ર જે
અનાન્યાનો પુત્ર હતો  પોતાના ઘર પાસે તેણે બાજુના ભાગની
મરામત કરી.
24હેનાદાદનો પુત્ર બિન્નૂઈ અઝાર્યાના ઘરથી તે ખૂણાના
વળાંકથી માંડીને, દીવાલના ભાગની મરામત કરી.
25ઉઝાયનો પુત્ર પાલાલ ખાંચા સામે તથા જે બુરજ રાજાના
ઉપલા મહેલ પાસે ચોકીદારોના આંગણામાં હતો તેની સામે
મરામત કરતો હતો. તેની પછી પારોશના પુત્ર પદાયા મરામત
કરતો હતો.
26અને મંદિરના સેવક જે ઓફેલમાં રહેતા હતા, તેઓએ
પૂર્વની બાજું પાણીના દરવાજાથી તે બહાર પડતા બુરજ
સુધીના ખૂણાનું સમારકામ કર્યુ.
27તેના પછી તકોઈઓ બહાર પડતાં મોટા બુરજ સામેથી
તે છેક ઓફેલની દીવાલ સુધી અન્ય એક ભાગની મરામત
કરી. 28ઘોડા દરવાજા ઉપરની મરામત યાજકોએ કરી; દરેક
જણ પોતપોતાના ઘરની મરામત કરતો હતો. 29તેમના પછી
ઈમ્મેરનો પુત્ર સાદોકે પોતાના ઘરની સામેના ભાગની
મરામત કરી. તેના પછી શખાન્યાનો પુત્ર શમાયાએ મરામત
કરી હતી. 30તેના પછી શેલેમ્યાનો પુત્ર હનાન્યા અને
સાલાફનો છઠ્ઠો પુત્ર હાનૂને બીજા એક ભાગની મરામત
કરી. તેના પછી બેરેખ્યાનો પુત્ર મશુલ્લામે તેના ઘરની સામે
વાળા ભાગની મરામત કરી. 31માલ્કિયા નામના સોનીએ
મંદિરના સેવકો અને વેપારીઓના ઘરો સુધીનું, અને નિરીક્ષણ
દરવાજાની સામે દીવાલના ખૂણા ઉપરની ઓરડીનું સમારકામ
કર્યુ. 32દીવાલના ખૂણાની બાજુની ઓરડી તથા ઘેટાં દરવાજા
વચ્ચેના ભાગનું સમારકામ સોનીઓ તથા વેપારીઓ કરતા
હતા.

### સાન્બાલ્લાટ અને ટોબિયા

4 અમે યરૂશાલેમની દીવાલનું બાંધકામ ફરીથી કરી રહ્યા
હતા તેવી ખબર સાન્બાલ્લાટને પડી ત્યારે તે અસ્વસ્થ
થઈ બહુ રોષે ભરાયો, અને તેણે યહૂદીયાઓની હાંસી ઉડાવી.
2તે પોતાના મિત્ર અને સમરૂનની સેનાની સામે બોલ્યો,
"આ નિર્બળ યહૂદીયાઓ શું કરી રહ્યાં છે? શું તેઓ આને
ફરીથી નવું બનાવશે? શું તેઓ બલિ ચઢાવશે? શું તેઓ આ
કામ એક દિવસમાં પુરું કરી નાખશે? શું તેઓ ધૂળ ઢેફાંના
ઢગલામાંથી ફરીથી પથ્થર બનાવશે જે બળીને રાખ થઈ
ગયા છે."
3આમોની ટોબિયા જે તેની બાજુમાં ઊભો હતો તેણે કહ્યું
"તેઓ બાંધી રહ્યાં છે તે દીવાલ ઉપર એક શિયાળવું ચઢે
તોય તે તૂટી પડશે!"
4ત્યારે મેં મારી પ્રાર્થનામાં કહ્યું, "જુઓ ઓ, અમારા દેવ,
અમારી મશ્કરી કરવામાં આવે છે; તેઓના ઉપહાસને તેમનાજ
માથે માર અને તેઓ પોતાની જાતેજ, તેઓને વિદેશમાં
બંદીવાસમાં લઈ જવામાં આવો. 5તેઓનાં પાપ ના સંતાડો.
તેઓના પાપ ભૂંસી નાખશો નહીં, કારણકે તેઓએ
બાંધનારાઓનું તેમના મોઢા ઉપરજ અપમાન કર્યુ છે."
6તેથી અમે તો દીવાલ બાંધતા જ રહ્યાં અને લોકોનો
ઉત્સાહ એટલો બધો હતો કે, સમગ્ર દીવાલ તેની નિર્ધારિત
ઊંચાઈથી અડધી તો જોતજોતામાં બંધાઈ ગઈ.
7પરંતુ જ્યારે સાન્બાલ્લાટ અને  ટોબિયાને, આરબો,
અમ્મોનીઓ અને આશ્દોદીઓને જાણ થઈ કે, યરૂશાલેમનાં
દીવાલની મરામતનું કામ આગળ વધી રહ્યું છે અને દીવાલમાં
પડેલા ગાબડાં પૂરાવા માંડ્યા છે. ત્યારે તેઓ ખૂબ ગુસ્સે
થઈ ગયા. 8તેઓ બધાં ભેગા થયા અને યરૂશાલેમ વિરૂદ્ધ
લડવા માટે અને એમને નિષ્ફળ બનાવવા માટે કાવત્રું કર્યુ.
9પણ અમે અમારા દેવને પ્રાર્થના કરી અને તેમની સામે
ચોકી કરવા રાતદિવસનો પહેરો ગોઠવી દીધો.
10યહૂદાના લોકોએ કહ્યું કે, "મજૂરોની શકિત ઘટતી જાય
છે, અને ત્યાં એટલી બધી ગંદકી છે કે આ દીવાલ અમે ફરી
બાંધી શકતા નથી. 11અમારા શત્રુઓએ  કહ્યું, 'આપણે તેમના
પર તૂટી પડીશું અને તેમને ખબર પડે અને જુએ તે પહેલાં
તેમને મારી નાખીશું. આપણે કામ પણ અટકાવી દઈશું.'
12તેઓની પડોશમાં જે યહૂદીયાઓ રહેતાં હતાં, તેઓએ
અમારી પાસે દસવાર આવીને કહ્યું કે, 'તેઓ જ્યાં રહે છે
ત્યાથી આવી રહ્યાં છે આપણી વિરૂદ્ધ ભેગા થઈ રહ્યાં છે.'"
13તેથી મેં દીવાલની પાછળ ખુલ્લી જગ્યાઓમાં સૌથી
નીચેના ભાગમાં બેસાડ્યાં અને લોકોને તેઓનાં વંશો પ્રમાણે,

તલવારો, ભાલાઓ તથા ધનુષ્યબાણ વડે તેમને શસ્રસજ્જ
કર્યા. 14જ્યારે મેં જોયું શું થઇ રહ્યું છે. ત્યારે મેં ઉભા થઈને
ઉમરાવો, અધિકારીઓ, અને બીજા લોકોને ઉદ્દેશીને કહ્યું,
"તમારે તે લોકોથી ડરવું નહીં; આપણા યહોવા કેવા મહાન
અને ભયાવહ છે તે યાદ કરીને તમારા દેશબંધુઓ અને પુત્રો,
પુત્રીઓ માટે, તથા પત્નીઓ અને તમારા ઘર માટે લડજો."

15અમારા વિરોધીઓને ખબર પડી કે અમને તેઓના
કાવત્રાની જાણ થઈ ગઈ છે અને યહોવાએ તેઓની યોજના
નિષ્ફળ બનાવી છે. પછી અમે સર્વ દીવાલ સમારવા ગયા.
16તે દિવસથી મારા માણસોના અડધા માણસો બાંધકામ
કરતા અને બાકીના ભાલા ઢાલ. તીરકામઠાં અને બખ્તર
ધારણ કરીને ચોકી કરતા ઊભા રહેતા. અને યહૂદાના બધાં
લોકોને આગેવાનો તેમની જોડે રહીને પીઠબળ પુરું પાડતાં.
17જેઓ દીવાલ બાંધતા હતા તેઓ, અને વજન ઉપાડતા
હતા તેઓ બધાં એક હાથથી કામ કરતાં, ને બીજા હાથમાં
શસ્ત્ર રાખતાં; 18બાંધકામ કરનારાઓ પણ કમરે તલવાર
લટકાવેલી રાખી કામ કરતા હતા, મારી બાજુમાં રણશિંગડું
ફૂંકનાર હતો. 19મેં ઉમરાવો, અધિકારીઓ, અને બાકીના
લોકોને ઉદ્દેશીને કહ્યું, "કામ મોટું છે અને ખૂબ ફેલાયેલું છે,
આપણે દીવાલની ફરતે ઘણાં દૂર સુધી પથરાયેલા છીએ.
20તમે જ્યાં પણ હો જ્યારે રણશિંગડાનો અવાજ સાંભળો
ત્યારે એકીસાથે બધા લોકો દોડીને મારી પાસે ભેગા થઈ
જજો, આપણા દેવ આપણા માટે યુદ્ધ લડશે."

21આ રીત અમે નિર્માણ નું કામ કરતા; અને અમારાંમાંના
અડધા સવારથી રાતે તારા નીકળતા સુધી અડધા હાથમાં
ભાલા લઈને ચોકી કરતા.

22મેં તેઓને તે સમયે એમ કહ્યું, "દરેક પુરુષ અને તેનો
મદદગાર યરૂશાલેમમાં જ રહે, જેથી તેઓ રાત્રે અમારું
રક્ષણ કરે અને દિવસે કામ કરે." 23આમ, હું મારા સગાંવહાંલા,
મારા સેવકો મારી પાછળ ચાલતા અંગરક્ષકો કોઈ કદી કપડા
ઉતારતા નહીં, અને જ્યારે અમે પાણી મેળવવા જતાં ત્યારે
અમે દરેક જણ અમારા શસ્ત્રો પકડી રાખતાં.

## નહેમ્યાએ ગરીબોને મદદ કરી

5 ત્યાં યહૂદીયાઓ વિરૂદ્ધ લોકોએ તથા તેઓની સ્ત્રીઓએ
જબરો મોટો પોકાર કર્યો. 2એમાંના કેટલાક કહેવા
લાગ્યાં, "અમારા પુત્રો તથા અમારી પુત્રીઓ સહિત અમે
ઘણાં માણસો છીએ; અમને અનાજ આપો કે જેથી અમે તેને
ખાઈને જીવતાં રહીએ."

3તો બીજા કેટલાંક કહેવા લાગ્યાં, "અમે આ દુકાળમાં
અનાજ ખરીદવા માટે અમારાં ખેતરો, દ્રાક્ષાવાડીઓ તથા
ઘરો ગીરો મૂકી રહ્યાં છીએ."

4તો વળી બીજા કેટલાક એમ કહેવા લાગ્યા કે, "રાજાને
મહેસૂલ ભરવા માટે અમે અમારા ખેતરો તથા દ્રાક્ષાવાડીઓ
સામે કરજ લીધું છે. 5અને જોકે અમે અને અમારા સગાંવહાંલા
સરખાંજ રકતમાંસના બનેલા છીએ અને અમારાં બાળકો
તેમના જેવાજ છે, તેમ છતાં અમારે અમારાં પુત્રપુત્રીઓને
ગુલામ તરીકે વેચવા પડે છે. અને અમારી કેટલીક પુત્રીઓ
પર બળાત્કાર પણ થયો છે. અમે તદન નિરુપાય છીએ;
કારણકે બીજા લોકો અમારાં ખેતરો તથા દ્રાક્ષાવાડીઓના
માલિક બની બેઠાં છે."

6તેઓની આ ફરીયાદ સાંભળીને હું બહુ ક્રોધિત થયો,
7ત્યારે મેં મનમાં વિચાર કર્યો અને ઉમરાઓ તથા અમલદારો
સામે આરોપ મૂકીને કહ્યું, "તમે બધા પોતાના સગાંવહાંલા
પાસેથી બહુ આકરું વ્યાજ લો છો." મેં તેનું નિવારણ કરવાં
તે બધાંની સભા બોલાવી, 8'અને તેમને કહ્યું પરદેશીઓને
ગુલામ તરીકે વેચાઈ ગયેલા યહૂદીયાઓને અમે બને ત્યાં
સુધી છોડાવતાં આવ્યા છીએ; અને હવે તમેજ તમારા
પોતાનાજ ભાઈઓને ગુલામ તરીકે વેચી રહ્યાં છો, જેમને
અમારે જ છોડાવવા પડશે ને?"

તેઓ મૂંગા થઈ ગયા અને કંઈ બોલી ન શક્યા. 9વળી મેં
કહ્યું, "તમે આ બધું ખોટું કરી રહ્યા છો! શું તમારે દેવથી
ડરીને ચાલવું નથી જેથી આપણા શત્રુઓ વિદેશીઓ આપણી
હાંસી ન ઉડાવે. 10તે ઉપરાંત હું, મારા સગાવહાલાં તથા
મારા સેવકો, તેઓને પૈસાને અનાજ ધીરતા આવ્યા છીએ.
તો હવે તમે વ્યાજ લેવાનું બંધ કરો. 11અને હવે મહેરબાની
કરીને અત્યારે જ તેમના ખેતરો, દ્રાક્ષની વાડીઓ, જૈતૂનના
બગીચા અને તેમનાં ઘરબાર પાછાં આપી દો, અને તેમની
પાસે તમારું જે કંઈ લેણું હોય, પછી એ નાણાં હોય, અનાજ
હોય, દ્રાક્ષારસ હોય કે તેલ હોય તે બધું માંડી વાળો."

12પછી તેમણે કહ્યું, "અમે બધું પાછું સોંપી દઈશું અને
હવે અમે બીજી કોઈ વસ્તુની માંગ નહીં કરીએ. અમે તમારા
કહ્યા પ્રમાણે કરીશું." તેથી મેં યાજકોને બોલાવીને તેઓની
પાસે સમ લેવડાવ્યાં તેઓ પોતાનું વચન પાળશે. 13ત્યારબાદ
મેં મારા કપડા પર પડેલી ઘડીઓ ખંખેરતા કહ્યું, "જે માણસ
પોતાનું વચન ન પાળે તેની પાસેથી દેવ તેનું ઘર અને
મિલકત આ રીતે ખંખેરી લો; એને ખંખેરીને ખાલી કરી
નાખો." તેથી ત્યાં ભેગા થયેલા બધા લોકો બોલી ઊઠ્યા,
"આમીન!" પછી તેઓએ યહોવાની સ્તુતિ કરી. અને તેઓ
બધા આપેલા વચન પ્રમાણે વર્ત્યા. 14તદુપરાંત જે સમયથી
યહૂદાના દેશમાં મારી પ્રશાસક તરીકે નિમણૂંક થઈ ત્યારથી,
એટલે આર્તાહશાસ્તા રાજાના વીસમા વર્ષથી તે બત્રીસમા
વર્ષ સુધી, બાર વર્ષના પ્રશાસકના હોદ્દામાં મેં તથા મારા
ભાઈઓએ પ્રશાસકને જે ખાવાનું અપાતું હતું તે બાધું નથી.
15મારી પહેલાનાં પ્રશાસકો લોકોને ભારરૂપ થઈ પડ્યા હતા;
તેઓ લોકો પાસેથી ખોરાક અને દ્રાક્ષારસ તેમજ 40 શેકેલ
ચાંદી* લેતા હતા. તે ઉપરાંત તેમના નોકર લોકો ઉપર
ત્રાસ ગુજારતા તે તો જુદું. પણ મેં દેવથી ડરીને તેમની સાથે
એવો વર્તાવ કર્યો નહોતો. 16વળી, હું એ કિલ્લાના બાંધકામમાં
મંડી રહ્યો, ને અમે કંઈપણ જમીન ખરીદી નહીં; અને મારા
સર્વ ચાકરો પણ તે કામ કરવા ભેગાં થયાં હતાં.

17મારી સાથે 150 થી વધારે અમલદારો અને બીજા
યહૂદીયાઓ મારા ટેબલ પર જમતા હતા. આજુબાજુની

---

**40 શેકેલ ચાંદી** 1 પૌન્ડ, અથવા 1/2 કિલોગ્રામ.

પ્રજાઓમાંથી જે લોકો આવતા તે તો જુદા. 18દરરોજ એક બળદ, છ ઉત્તમ ઘેટાં, રંધાતા હતા. અને દર દસ દિવસે પીપડા ભરીને દ્રાક્ષારસ પૂરો પાડવામાં આવતો હતો. તો પણ મેં પ્રશાશક તરીકેનું ખાધાં ખોરાકી ભથ્થું માગ્યું નહીં, કારણકે આ લોકો પર ભારે બોજો હતો. 19હે મારા દેવ, મેં આ લોકો માટે જે જે કર્યુ છે તે બધું યાદ કરી મારું ભલું કરજે.

### અધિક સમસ્યાઓ

6 જ્યારે સાન્બાલ્લાટ, ટોબિયા, અરબી ગેશેમ અને અમારા બીજા દુશ્મનોને ખબર મળ્યા કે મેં દીવાલો ફરી બાંધી છે, અને તેમાં એક પણ બાકોરૂં રહ્યું નથી, ભલે આ સાચું હોય પણ જોકે તે વખતે હજી મેં દરવાજાને બારણાં ચડાવ્યાં નહોતાં. 2ત્યારે સાન્બાલ્લાટ અને ગેશેમે મને સંદેશો મોકલ્યો કે, "ચાલો આપણે ઓર્નોના મેદાનમાં એક દીવાલ વગરના નગરમાં સાથે મળીએ," પરંતુ તેઓ મને નુકશાન પહોચાડવા માંગતાં હતાં.

3તેથી મેં તેઓની પાસે સંદેશાવાહક મોકલીને આ જવાબ આપ્યો કે, "હું એક મોટું ચણતર કામ કરવામાં રોકાયેલો છું. માટે મારાથી આવી શકાય તેમ નથી. હું જો તમને મળવા આવું તો કામ અટકી પડે. હું એવું શું કામ કરું?"

4તેઓએ મને એ જ સંદેશો ચાર વખત મોકલ્યો અને દરેક વખતે મેં તેમને એ જ પ્રત્યુતર આપ્યો. 5એટલે પાંચમી વખતે સાન્બાલ્લાટે પોતાના સેવકને હાથમાં એક ખુલ્લો પત્ર આપીને મારી પાસે મોકલ્યો; 6તે આ પ્રમાણે હતો, "પ્રજાઓમાં એવી અફવા ચાલે છે, ને ગેશેમ પણ કહે છે કે, તું અને યહૂદીયાઓ બળવો કરવાનું વિચારો છો, અને તે કારણથી જ તેં દીવાલની મરામત કરવા માંડી છે." એમ પણ કહેવાય છે કે તું પોતે એમનો રાજા બનવાની ઈચ્છા રાખે છે. 7અને યરૂશાલેમ વિષે તને માહિતી આપવા માટે અને યહૂદામાં રાજા છે તેમ કહેવા માટે તે પ્રબોધક નીમ્યા છે. રાજા આ અફવા વિષે સાંભળશે. તેથી ચાલ, આપણે સાથે યોજના ઘડીયે.

"રાજાને આ અફવાની જાણ થયા વગર રહેવાની નથી. માટે આવો આપણે મળીને યોજના બનાવીએ."

8ત્યારે મેં તેને કહેવડાવ્યું કે, "તું જાણે છે કે તું જૂઠું બોલે છે. એ તો તારા મનની માત્ર કલ્પના જ છે."

9કારણ કે તેઓ અમને ડરાવવા માગતા હતા, એમ વિચારીને કે તેમના હાથ ચણતરકામ અટકાવશે અને તે પૂરું નહીં થાય પણ "હે દેવ, મારા હાથ મજબૂત કરો."

10એ સમયે હું, દલાયાના પુત્ર શમાયાને ઘેર ગયો, દલાયા મહેટાબએલનો પુત્ર હતો. તે પોતાનાજ ઘરમાં પૂરાયો હતો. તેણે કહ્યું; "આપણે દેવનાં ઘરમાં, મંદિરની મધ્યમાં મળીએ અને આપણે મંદિરના બારણાં વાસી દઈએ, કારણકે તેઓ તને મારી નાખવા માટે આવનાર છે."

11ત્યારે મેં કહ્યું, "શું મારા જેવા માણસે નાસી જવું જોઈએ? મારા જેવો માણસ જીવ બચાવવા મંદિરમાં ભરાય? હું નહીં જાઉં."

12પછી મને ખ્યાલ આવ્યો કે દેવે તેને મોકલ્યો ન હતો પણ ટોબીયાએ અને સાન્બાલ્લાટે એને મારી વિરૂદ્ધ ભવિષ્યવાણી કરવા મહેનતાણું આપીને રોક્યો. 13શમૈયાને મને ગભરાવા માટે ભાડે રાખ્યો હતો, જેથી હું પાપ કરૂં. અને તેને પરિણામે તેમને મારા નામને કલંક લગાડવાની અને મારી હાંસી ઉડાવવાની તક મળે.

14ઓ મારા દેવ! ટોબિયાને ને સાન્બાલ્લાટને તેઓએ કરેલા કાર્ય પ્રમાણે તું યાદ રાખજે, ને નોઆધ્યા પ્રબોધિકા તથા બાકીના પ્રબોધકો, જેઓ મને ડરાવવા ઈચ્છતા હતાં, તેઓને પણ યાદ રાખજે.

### દીવાલનું સમારકામ સમાપ્ત

15દીવાલનું કામ બાવન દિવસોમાં એલુલ મહિનાના પચીસમાં દિવસે પૂરું થયું. 16જ્યારે અમારી આજુબાજુના અમારા શત્રુઓએ એ સાંભળ્યું ત્યારે તેઓ અતિશય ઉદાસ થઈ ગયા અને તેમને આ વાત સમજાઈ કે આ કામ તો અમારા દેવની મદદથી જ પૂરું થયું છે.

17તદઉપરાંત તે સમયે યહૂદાના ઉમરાવોએ ટોબિયા પર ઘણા પત્રો લખ્યા હતા, તેમજ ટોબિયાએ પણ તેમને પત્રો મોકલ્યાં હતા. 18યહૂદાના ઘણા લોકોએ તેને વફાદાર રહેવાના સમ ખાધા હતા, કારણકે તે આરાહનો પુત્ર શખાન્યાનો જમાઈ હતો; અને તેનો પુત્ર યહોહાનાન બેરેખ્યા પુત્ર મશુલ્લામની પુત્રી સાથે પરણ્યો હતો. 19તેમણે મને તેના સુકૃત્યો વિષે કહ્યું હતું. અને પછી તેઓએ તેને તે સર્વ કહ્યું જે મેં તેમને કહ્યું હતું, અને મને ડરાવવા માટે ટોબિયાએ અનેક ધમકીઓ આપતા પત્રો મોકલ્યા હતા.

7 હવે દીવાલ બંધાઈ ચૂકી હતી અને તેના દરવાજાઓ જગ્યા પર ઊભા કરવામાં આવ્યાં હતા અને દ્વારપાળો, ગવૈયાઓ અને લેવીઓની નિમણૂંક કરવામાં આવી. 2ત્યારે યરૂશાલેમનાં વહીવટની જવાબદારી મેં મારા કુટુંબી હનાનીને અને કિલ્લાના સેનાપતિ હનાન્યાને સોંપી દીધી કારણ કે તે ઘણો વિશ્વાસુ હતો તથા બીજા કરતાં દેવથી વિશેષ ડરનારો હતો. 3મેં તેમને કહ્યું, "દિવસ ચઢે ત્યાં સુધી યરૂશાલેમના દરવાજા ખોલવા નહીં, અને જ્યારે હજી પહેરેગીરો ચોકી કરતા હોય ત્યારે તમારે દરવાજા બંધ રાખી અને દરવાજા પર કમાડ વાસી દેવા. યરૂશાલેમના વતનીઓમાંથી તમારે પહેરેગીરો નીમવા. કેટલાક ચોક્કસ જગ્યાએ ચોકીઓ સંભાળે અને બાકીના પોતાના ઘર આગળ ચોકી કરે."

### દેશવટેથી પાછા ફરેલાંઓની નામાવલી

4શહેરનો વિસ્તાર ખૂબ મોટો હતો પણ વસ્તી ઓછી હતી અને વધારે ઘરો બંધાયા નહોતા. 5મારા દેવે મને પ્રેરિત કર્યો કે, ઉમરાવોને, અધિકારીઓને અને લોકોને સાથે બોલાવવા અને તેમને ભેગા કરી તેમની કુટુંબવાર નોંધ કરવી. દેશવટેથી જેઓ સૌથી પહેલા આવ્યાં હતા તેઓની વંશાવાળીની યાદી મને મળી, તેમાં મને આ લખાણ જોવા મળ્યું કે,

6બાબિલના રાજા નબૂખાદનેસ્સાર દ્વારા જેઓનો દેશનિકાલ કરવામાં આવ્યો હતો. જેઓને બંદીવાન બનાવીને લઈ જવાયાં હતા, તે પ્રાંતના આ લોકો છે તેઓ યહૂદાના પોતપોતાના નગરોમાં અને યરૂશાલેમમાં પાછા આવ્યા.
7એટલે જેઓ ઝરૂબાબેલ્લે, યેશૂઆ, નહેમ્યા, અઝાર્યા, રાઆમ્યા, નાહમાની, મોર્દખાય, બિલ્શા, મિસ્પરેથ, બિગ્વાય, નહૂમ તથા બાઅનાહની સાથે આવ્યાં તેઓ આ બધાં છે:

ઈસ્રાએલના લોકોના પુરુષોની સંખ્યા;

| | | |
|---|---|---|
| 8 | પારોશના વંશજો | 2,172 |
| 9 | શફાટ્યાના વંશજો | 372 |
| 10 | આરાહના વંશજો | 652 |
| 11 | પાહાથ-મોઆબના વાશજો એટલે કે યેશૂઆ તથા યોઆબના વંશજો, | 2,818 |
| 12 | એલામના વંશજો | 1,254 |
| 13 | ઝાત્તૂના વંશજો | 845 |
| 14 | ઝાક્કાયના વંશજો | 760 |
| 15 | બિન્નૂઈના વંશજો | 648 |
| 16 | બેબાયના વંશજો | 628 |
| 17 | આઝગાદના વંશજો | 2,322 |
| 18 | અદોનીકામના વંશજો | 667 |
| 19 | બિગ્વાયના વંશજો | 2,067 |
| 20 | આદીનના વંશજો | 655 |
| 21 | આટેરના વંશજો એટલે હિઝક્ય | l 98 |
| 22 | હાશુમના વંશજો | 328 |
| 23 | બેસાયના વંશજો | 324 |
| 24 | હારીફના વંશજો | 112 |
| 25 | ગિબિયોનના વંશજો | 95 |
| 26 | બેથલેહેમના તથા નટોફાહના મનુષ્યો | 188 |
| 27 | અનાથોથના મનુષ્યો | 128 |
| 28 | બેથ-આઝમાવેથના મનુષ્યો | 42 |
| 29 | કિર્યાથ-યઆરીમના કફીરાહના તથા બએરોથના મનુષ્યો | 743 |
| 30 | રામાના તથા ગેબાના મનુષ્યો | 621 |
| 31 | મિખ્માસના મનુષ્યો | 122 |
| 32 | બેથેલના તથા આયના મનુષ્યો | 123 |
| 33 | નબોના બીજા નગરના મનુષ્યો | 52 |
| 34 | એલામના બીજા શહેરના વંશજો | 1,254 |
| 35 | હારીમના વંશજો | 320 |
| 36 | યરીખોના વંશજો | 345 |
| 37 | લોદના વંશજો, હાદીદના વંશજો તથા ઓનોના વંશજો | 721 |
| 38 | સનાઆહના વંશજો | 3,930 |
| 39 | યાજકો; યદાયાના વંશજો, યેશૂઆના કુટુંબનાં | 973 |
| 40 | ઈમ્મેરના વંશજો | 1052 |
| 41 | પાશહૂરના વંશજો | 1,247 |
| 42 | હારીમના વંશજો | 1,017 |
| 43 | લેવીઓ ; યેશૂઆ અને કાદ્મીએલ અને, હોદૈયાના વંશજોમાંના | 74 |
| 44 | ગવૈયાઓ: આસાફના વંશજો | 148 |
| 45 | દ્વારપાળો; શાલ્લૂમના વંશજો, આટેર, ટાલ્મોન, આક્કૂબ, હટીટા અને સોબાયના વંશજો | 138 |

46 મંદિરના સેવકો; સીહા, હસૂફા અને, ટાબ્બાઓથના વંશજો:
47 કેરોસના વંશજો, સીઆના વંશજો, પાદોનના વંશજો:
48 લબાનાહના વંશજો, હગાબાના વંશજો, સાલ્માયના વંશજો:
49 હાનાનના વંશજો, ગિદ્દેલના વંશજો, ગાહારના વંશજો:
50 રઆયાના વંશજો, રસીનના વંશજો, નકોદાના વંશજો:
51 ગાઝઝામના વંશજો, ઉઝઝાના વંશજો, પાસેઆહના વંશજો:
52 બેસાયના વંશજો, મેઉનીમના વંશજો, નફૂશશીમના વંશજો:
53 બાકબૂકના વંશજો, હાકૂફાહના વંશજો, હર્હૂરના વંશજો;
54 બાસ્લીથના વંશજો, મહિદાના વંશજો, હાર્શાના વંશજો;
55 બર્કોસના વંશજો, સીસરાના વંશજો, તેમાહના વંશજો;
56 નસીઆહના વંશજો અને હટીફાના વંશજો.

57સુલેમાનના સેવકોના વંશજો. સોટાયના વંશજો, સેફેરેથના વંશજો, પરીદાના વંશજો,
58 યાઅલાના વંશજો દાર્કોનના વંશજો ગિદ્દેલના વંશજો;
59 શફાટ્યાના વંશજો; હાટ્ટીલના વંશજો, પોખેરેથ-હાસ્સબાઈમના વંશજો અને આમોનના વંશજો;
60 મંદિરના બધાં સેવકોની તથા સુલેમાનના સેવકોના વંશજો સર્વ મળીને 392 હતા.

61કેટલાક લોકો તેલમેલાહ, તેલ-હાર્શા, કરૂબ, આદ્દોન, તથા ઈમ્મેરમાંથી આવ્યા, પરંતુ તેઓ તેમના કુટુંબના પિતૃઓને કે તેમની વંશાવળીને સાબિત કરી શક્યા નહોતા કે તેઓ ઈસ્રાએલના છે.
62 તેઓ દલાયાના વંશજો, ટોબિયાના વંશજો તથા નકોદાના વંશજો 642 હતા.

63યાજકોમાંના: હબાયાના વંશજો, હાકકોસના વંશજો અને બાર્ઝિલ્લાયના વંશજોએ ગિલયાદી બાર્ઝિલ્લાયની પુત્રીઓમાંથી એકની સાથે પરણ્યો હતો. માટે તેઓના નામ પરથી તેનું નામ એ પડ્યું.

64 તેઓ તેઓના પરિવારના પૂર્વજોને સાબિત કરી ન
શક્યા તેથી તેઓને યાજક તરીકે કાર્ય કરવા દેવામાં
આવ્યું નહિં કારણ તેઓ અયોગ્ય ગણાતા હતાં.
65પ્રશાશકે તેઓને કહ્યું કે જ્યાં સુધી, "ઉરીમ અને
તુમ્મીમ ધારણ કરનાર એક યાજક ઊભો થાય
નહીં ત્યાં સુધી તેઓએ પરમ પવિત્ર વસ્તુઓમાંથી
ખાવું નહીં."

66આખા સમૂહની કુલ સંખ્યા 42,360 હતી. 67જેમા સેવક
અને સેવીકાઓની ગણત્રી કરી નહોતી જેઓ 7,337 હતાં
અને 245 ગાયક અને ગાયીકાઓ હતા. 68તેઓ પાસે 736
ઘોડા અને 245 ખચ્ચર હતાં. 69તેઓ પાસે 435 ઊંટ અને
6,720 ગધેડાં હતાં.

70પૂર્વજોના કુટુંબોમાંના મુખ્ય આગેવાનોમાંથી કેટલાકે
આ કામ માટે ભેટ આપી હતી. પ્રશાસકે 8 1/2 કિલો*
સોનું, પચાસ પાત્રો અને 530 યાજકવસ્ત્રો ભંડારમાં આપ્યાં
હતા. 71અન્ય પિતૃઓનાં કુટુંબોના આગેવાનોમાંથી કેટલાકે
170 કિલો* સોનું તથા 2200 માનેહ* ચાંદી આ કામ માટે
ભંડારમાં આપ્યાં. 72બાકીના લોકોએ જે આપ્યું તે 170 કિલો
સોનું, 2,000 માનેહ* રૂપું તથા 67 યાજકવસ્ત્ર હતાં.

73હવે યાજકો, લેવીઓ, દ્વારપાળો, ગવૈયાઓ, થોડાં લોકો,
મંદિરના સેવકો, તથા સર્વ ઈસ્રાએલીઓ તેમનાં પોતપોતાનાં
નગરોમાં વસ્યા.

## એઝરા દ્વારા નિયમશાસ્રનું વાચન

8 બધા લોકો પાણી દરવાજાના સામેના ચોગાનમાં ભેગા
થયા અને તેમણે લહિયા એઝરાને, યહોવાએ
ઈસ્રાએલને જે નિયમશાસ્ર ફરમાવ્યુ હતું તે પુસ્તક લાવવા
માટે પૂછયું. 2અને તેથી સાતમાં મહિનાનાં પહેલા દિવસે
યાજક એઝરા, સ્ત્રીઓ અને પુરુષો તેમજ સમજણાં થયેલાં
બાળકોની સભા સમક્ષ નિયમ લઈ આવ્યો. જેઓ સાંભળીને
સમજી શકતા હતાં. 3અને પાણીના દરવાજા સામેના ચોક
આગળ તે ઊભો રહ્યો અને પરોઢથી તે બપોર સુધી તેણે
સ્ત્રી, પુરુષો અને તેઓ જે સમજી શકે તેમની સમક્ષ તે
નિયમોનું વાચન કર્યુ. તેઓ સર્વ ખૂબ ધ્યાનપૂર્વક નિયમશાસ્ર
સાંભળતા હતા.

4આ માટે ઊભા કરેલા લાકડાંના મંચ ઉપર લહિયો એઝરા
ઊભો હતો, તેની જમણી બાજુએ માત્તિથ્યા, શેમા, અનાયા
ઊરિયા, હિલ્કિયા, અને માઅસેયા; અને તેની ડાબી બાજુએ
પદાયા મીશાએલ, માલ્કિયા, હાશુમ, હશ્બાદાનાહ, ઝખાર્યા,
અને મશુલ્લામ ઊભા હતા.

5એઝરા બધા કરતાં ઊંચે ઉભેલો હતો. તેણે સર્વ લોકોના
દેખતાં તે નિયમશાસ્ર ઊઘાડ્યું; તેને ઉઘાડતો જોતાં જ તેઓ
બધા ઊભા થઈ ગયા. 6ત્યારબાદ એઝરાએ મહાન દેવ
યહોવાને ધન્યવાદ આપ્યા. સર્વ લોકોએ કહ્યું, "આમીન
આમીન" અને પોતાના હાથ આકાશ તરફ ઊંચા કર્યા અને
ભૂમિ સુધી નીચે નમીને પોતાના મુખ ભૂમિ તરફ રાખીને
યહોવાની પૂજા કરી.

7યેશૂઆ, બાની, શેરેબ્યા, યામીન, આક્કૂબ, શાબ્બથાય,
હોદિયા, માઅસેયા, કલીટા, અઝાર્યા, યોઝાબાદ, હાનાન
અને પલાયાએ એમ બધા લેવીઓએ પોતપોતની જગ્યાએ
ઊભેલા કુળસમૂહોને નિયમશાસ્ત્રની સમજણ આપી.
8તેમણે ગ્રંથમાંથી, દેવના નિયમશાસ્ત્રમાંથી વાંચ્યુ, અને
જેવાંચ્યુ તેનો અર્થ સ્પષ્ટ કરીને સમજાવ્યો જેથી લોકો સમજી
શકે. 9સંહિતાના વચનો સાંભળતા સાંભળતા એ લોકો રડતાં
હતાં તેથી પ્રશાસક નહેમ્યાએ એઝરા જે યાજક અને લહિયો
હતો તથા લોકોને શિક્ષણ આપનાર લેવીઓએ સર્વ લોકોને
કહ્યું; "આ દિવસ તમારા દેવ યહોવાને માટે પવિત્ર છે, માટે
શોક કરતાં હોય તેવી રીતે વર્તવું નહીં પરંતુ બધાં લોકો
જેમણે નિયમશાસ્રના વચનો સાંભળ્યાં તે બધાં લોકો રડ્યાં."

10પછી તેણે તેમને કહ્યું "હવે આગળ વધો, સારું સ્વાદિષ્ટ
ભોજન ખાઓ, પીઓ અને જેઓની સ્થિતિ ન હોય તેમને
સૌને માટે મિષ્ટાન મોકલવામાં આવ્યા, કારણ, આજનો દિવસ
આપણા યહોવાનો પવિત્ર દિવસ છે. ઉદાસ થશો નહીં,
કારણ, યહોવાનો આનંદ એ જ તમારું બળ છે."

11"છાના રહો, કારણકે આજનો દિવસ પવિત્ર છે; માટે
ઉદાસ ન થાઓ, એમ કહીને લેવીઓએ સર્વ લોકોને શાંત
પાડ્યાં."

12આથી બધાં લોકોએ જઈને ખાધુંપીધું, બીજાઓને તેમના
હિસ્સા મોકલ્યા અને તેઓ ઘણાંજ આનંદમાં હતા. કારણ
તેમને જે શાસ્રવચનો વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં તે
તેઓ સમજ્યાં હતા.

13બીજે દિવસે સમગ્ર પ્રજાના કુટુંબના આગેવાનો, યાજકો
અને લેવીઓ સાથે નિયમશાસ્રના શબ્દનો અભ્યાસ કરવા
શાસ્રી એઝરા સમક્ષ ભેગા થયા.

14પછી તેઓને ખબર પડી કે નિયમમાં એવું લખેલું છે કે
યહોવાએ મૂસા મારફતે એવી આજ્ઞા જણાવી હતી કે સાતમા
મહિનાનાં ઉત્સવ દરમ્યાન ઈસ્રાએલીઓએ કામચલાઉ
તંબૂમાં રહેવું જોઈએ; 15એટલે તેમણે યરૂશાલેમમાં અને
બીજા બધાં શહેરોમાં ઢંઢેરો પિટાવીને એવું જાહેર કરવું કે,
"ડુંગરો ઉપર જાઓ અને નિયમમાં લખ્યા પ્રમાણે કામચલાઉ
તંબુ બનાવવા માટે જેતૂનની, જંગલી જેતૂનની, મેંદીની અને
ખજૂરીની તેમજ બીજા ઘટાદાર વૃક્ષોની ડાળીઓ લઈ આવો."

16એ સાંભળીને લોકો જઈને તે પ્રમાણે લઈ આવ્યા, ને
તેઓમાંના દરેક પોતાના ઘરના ધાબા પર, પોતાનાં
આંગણામાં, દેવના મંદિરના આંગણામાં, પાણીના દરવાજાના
ચોકમાં તથા એફ્રાઈમના દરવાજાના ચોકમાં કામચલાઉ
તંબુઓ બાંધવા માટે તેનો ઉપયોગ કર્યો. 17બંદીવાસમાંથી

---

**8 1/2 કિલો** 1,000 દારીક, અથવા 19 પૌન્ડ.

**170 કિલો** 20,000 દારીક, અથવા 375 પૌન્ડ.

**2200 માનેહ** લગભગ 1 1/3 ટઁન અથવા 1,350 કિલિ.

**2,000 માનેહ** લગભગ 1 1/4 ટઁન અથવા 1,250 કિલિ.

જેઓ પાછા આવ્યા હતા તેમણે બધાએ કામચલાઉ તંબુઓ
બાંધીને તેમાં વાસ કર્યો. નૂનના પુત્ર યહોશુઆના દિવસોથી
માંડીને આજપર્યંત ઈસ્રાએલીઓએ કદી આવું કર્યુ નહોતું.
18સાત દિવસોના આ પર્વના પ્રત્યેક દિવસે તેણે દેવના
નિયમશાસ્રમાંથી વાંચન કર્યુ અને તેઓએ સાત દિવસ ઉત્સવ
રાખ્યો અને આઠમા દિવસે પૂર્ણાહુતિ સભા હતી જેવી રીતે
કાયદામાં જણાવ્યું છે તેમ.

### ઈસ્રાએલના લોકોનું પ્રાયશ્ચિત

9 એ જ મહિનાને ચોવીસમાં દિવસે ઈસ્રાએલી લોકો
શોકકથા પહેરીને અને માથે ધૂળ નાખીને ઉપવાસ
કરવા ભેગા થયા. 2તે બધાં જેઓના પૂર્વજ ઈસ્રાએલી હતા,
તેઓએ પોતાને વિદેશીઓથી જુદા કર્યા અને તેઓએ ઉભા
થઈને પોતાના અને પોતાના પૂર્વજોના પાપ કબૂલ કર્યા.
3અને ત્રણ કલાક સુધી પોતાના દેવ યહોવાના નિયમશાસ્રનું
પુસ્તક વાચ્યું:બીજા ત્રણ કલાક સુધી તેઓએ પાપ કબૂલ
કરીને તેમના યહોવા દેવની ઉપાસના કરી. 4પછી આ લોકો
લેવીઓના ઊંચા આસન ઉપર ઊભા રહીને તેમના યહોવા
દેવને મોટેથી બુમો પાડતા, તેમના નામ; યેશૂઆ, બાની,
કાચ્રીએલ, શબાન્યા, બુન્ની, શેરેબ્યા, તથા કનાની હતા.
5ત્યારબાદ લેવીઓ, યેશૂઆ, કાચ્રીએલ, બાની,
હશાબ્નયા, શેરેબ્યા, હોદિયા, શબાન્યા, અને પથાહ્યાંએ કહ્યું,
"ઊભા થાઓ અને તમારા યહોવા દેવની સ્તુતિ કરો,
જે અનાદિ અનંત છે, ધન્ય છે તારું મહિમાવંતુ નામ જે
કોઈપણ ધન્યવાદ અને પ્રશંસાની પરિસીમાથી પર છે."
6તુંજ એક માત્ર યહોવા છો, તેં આકાશ અને સૌથી
ઉંચુ સ્વર્ગ, તારા, પૃથ્વી અને જે બધી વસ્તુ તેમાં છે, અને
સમુદ્ર અને તેમાં જે બધું છે તેં બધું બનાવ્યું. બધાંને
જીવતા રાખ્યાં છે, અને આકાશના તારાઓ પણ તને નમન
કરે છે!
7તું તે જ યહોવા દેવ છો કે જેણે ઈબ્રામને પસંદ કર્યો, તેં
જ તેને ખાલ્દીઓના ઉરમાંથી બહાર કાઢયો અને તેં જ તેનું
નામ ઈબ્રાહિમ પાડ્યું.
8તેનું અંત:કરણ તે તારી પ્રત્યે વિશ્વાસુ જાણ્યું; તેં તેની
સાથે એક કરાર કર્યો અને તેને કનાનીઓનો, હિત્તીઓનો,
અમોરીઓનો, પરિઝઝીઓનો, યબૂસીઓનો, અને
ગિર્ગાશીઓનો દેશ તેના વંશજોને આપવાનું તેને વચન આપ્યું
તું ન્યાયી હોવાથી તે તારૂં વચન પાળ્યું છે.
9તેં મિસરમાં અમારા પિતૃઓનાં દુ:ખ જોયાં, અને રાતા
સમુદ્ર આગળ તેઓનો પોકાર સાંભળ્યો;
10તેં ફારુનને અને તેના બધા સેવકોને અને તેની ભૂમિની
બધી એંધાણીઓ બતાવીને આશ્ચર્યો સર્જ્યા. કારણ કે તું
જાણતો હતો કે તેઓ અમારા પૂર્વજો કરતા સારી રીતે વર્તતા
હતાં અને સારા હતાં, તે તારા નામને પ્રતિષ્ઠિત કર્યુ જે આજ
સુધી છે.
11તેં તેમની સામે સમુદ્રને વિભાજીત કર્યો. જેથી તેઓ
તેમાંથી કોરી જમીન પરથી જઈ શકે. તેં તેઓની પાછળ
પડેલાઓને ઊંડા સાગરમાં ફેંકી દીધા, અને જેમ એક પથ્થરને
વિશાળ સમુહમાં ફેકવામાં આવે.
12તું દિવસે તેઓને વાદળના સ્તંભ રૂપે દોરતો હતો, અને
રાત્રે અગ્નિના સ્તંભરૂપે તેમનો માર્ગ ઉજાળતો હતો.
13તું સિનાઈ પર્વત પર પણ ઊતરી આવ્યો; તું આકાશમાંથી
તેઓની સાથે બોલ્યો; તેં તેઓને વાસ્તવિક હુકમો સાચા
કાયદાઓ અને હિતકારી આજ્ઞાઓ આપી.
14તેં તારા પવિત્ર સબ્બાથ વિષે તેમને જ્ઞાન આપ્યું, અને
તારા સેવક મૂસા મારફતે તેઓને માટે તારી આજ્ઞાઓ કાનૂનો,
અને નિયમો જણાવ્યાં.
15તેઓ ભૂખ્યા હતા ત્યારે તેં તેઓને આકાશમાંથી રોટલી
આપી. તેઓ તરસ્યા હતા ત્યારે તેં ખડકમાંથી પાણી
વહેવડાવ્યું. જે વતન તેં તેઓને આપવા માટે વચન આપ્યું
હતું તેમાં પ્રવેશ કરવા તથા તેને જીતી લેવા તમે તેઓને
આજ્ઞા આપી. 16પરંતુ તેઓ અને અમારા પૂર્વજો અભિમાની
અને હઠીલા હતા અને તેઓ અક્કડ થયા અને તેઓએ
તારી આજ્ઞાઓની અવગણના કરી.
17તેઓ સમક્ષ તેં જે ચમત્કારો કર્યા હતા તે ભૂલી જઈને
તેમણે તારૂં કહ્યું કરવાની ના પાડી. તેઓ અક્કડ થઈ ગયાં
અને તેમણે મિસર જઈ ફરી ગુલામી સ્વીકારવાનો વિચાર
સુદ્ધાં કર્યો. પણ તું તો ક્ષમાશીલ, દયાળુ અને પ્રેમાળ દેવ
છો; તું ઝટ ક્રોધ કરતા નથી. તારી કરૂણાનો પાર નથી; તેથી
તેં તેમનો ત્યાગ ન કર્યો.
18તેઓએ પોતાના માટે વાછરડાનું પૂતળું બનાવી અને
કહ્યું "આ અમારાં દેવ છે!" જે તમને મિસરમાંથી બહાર
કાઢી લાવ્યા હતાં, આમ તેઓએ ઘણી દેવ નિંદા કરી.
19છતાંય તેં અપાર કરૂણા બતાવી તેમને વગડામાં છોડી
ન દીધાં, દિવસે વાદળના સ્તંભે તેમને દોરવાનું અને રાત્રે
અગ્નિના સ્તંભે તેમના ચાલવાના માર્ગને ઉજાળવાનું ચાલુ
રાખ્યું. 20વળી બોધ આપવા માટે તેં તારો ઉત્તમ આત્મા
તેમને આપ્યો, અને તેં તેમને શ્રેષ્ઠ આહાર પણ ખવડાવવાનું
બંધ કર્યુ નહીં; અને તેઓની તૃષા છીપાવવા તેં તેઓને જળ
આપ્યું.
21 40 વર્ષ સુધી તેં રણમાં તેમની સંભાળ લીધી, તે
સમય દરમ્યાન તેઓને કશાની ખોટ પડી નહોતી; ન તેમનાં
વસ્રો ઘસાઈ ગયા કે ના તેમના પગ ફૂલી ગયા.
22તેં તેઓને રાજ્યો તથા પ્રજાઓ આપ્યા. તેથી તેઓએ
હેશ્બોનના રાજા સિહોન તથા બાશાનના રાજા ઓગની ભૂમિ
લઈ લીધી.
23વળી તેં તેઓના વંશજોની આકાશના તારાઓની જેમ
વૃદ્ધિ કરી, અને જે દેશ વિષે તેં તેઓના પૂર્વજોને કહ્યું હતું કે,
તેઓ તેમાં પ્રવેશ કરીને તેમની ભૂમિ પ્રાપ્ત કરશે, તેમાં તું
તેઓને લાવ્યો.
24જ્યારે તેઓએ એ ભૂમિમાં પ્રવેશ કરીને એનો કબજો
લીધો, ત્યારે તેં ત્યાંના વતની કનાનીઓને તેમની આગળ
નમાવી દીધા અને ત્યાંના રાજાઓને અને લોકોને તેમના
હાથમાં જે કરવું હોય તે કરવા સોંપી દીધા.

25પછી તેઓએ કિલ્લાવાળાં નગરો તથા રસાળ ભૂમિવાળા પ્રદેશ લઈ લીધાં; તેઓએ સર્વ ઉત્તમ વસ્તુઓથી ભરપૂર ઘરો, ટાંકાઓ, દ્રાક્ષાવાડીઓ, જૈતવાડીઓ, તથા પુષ્કળ ફળનાં વૃક્ષો તેઓના કબજામાં આવ્યાં; તેથી તેઓ ધરાય ત્યાં સુધી ખાધું, આ સર્વ સમૃદ્ધિઓથી તેઓ તૃપ્ત થયા, અને હષ્ટપુષ્ટ થયાં અને તારી મહાન કૃપાથી આનંદ પામ્યા.

26પરંતુ આ બધુંય હોવા છતાં તેઓ તમને આધીન રહ્યા નહીં. અને તારી વિરૂદ્ધ બંડ પોકાર્યુ. તેઓએ તમારા નિયમશાસ્ત્રને નકાર્યા. અને જે પ્રબોધકોએ તેઓને તારા તરફ પાછા ફરવા કહ્યું તેઓને તેઓએ મારી નાખ્યા. વળી તેઓએ બીજાં અનેક ભયંકર કૃત્યો કર્યા.

27માટે તેં તેઓને તેમના શત્રુઓનાં હાથમાં સોંપી દીધા, જેઓએ તેમને ત્રાસ આપ્યો. તેઓએ પોતાના સંકટ સમયે તારી આગળ પોકાર કર્યો, ત્યારે તેં સ્વર્ગમાંથી સાંભળ્યું; અને મહાન દયાળુ હોવાથી તેં તેઓને ઉદ્ધારકો આપ્યા કે, જેમણે તેઓને દુશ્મનોના હાથમાંથી બચાવ્યાં.

28પરંતુ તેઓએ પછી આરામ કર્યો, અને ફરી તેઓએ તારી સન્મુખ દુષ્કૃત્યો કર્યાં; તે માટે તેં તેઓને તેમના દુશ્મનોના હાથમાં સોપી દીધા. જેથી તેમના દુશ્મનો તેમના ધણી બન્યાં, પરંતુ જ્યારે ફરીથી તે લોકોએ તમને પોકાર કર્યો ત્યારે તમે આકાશમાંથી સાંભળ્યો, અને તમે તેઓને કેટલીયે વાર બચાવ્યા કેમકે તું દયાળુ છો.

29અને તેં તેમને તારી સંહિતાનું પાલન કરવા માટે ફરી ચેતવણી આપી. પરંતુ ઘમંડી વર્તણૂક કરીને તેઓએ તારા કાનૂનોનું પાલન ન કર્યુ; જેના પાલનથી મનુષ્યને જીવન મળે છે એવા તારા નિયમોના વિરૂદ્ધ તેમણે પાપ કર્યુ, ને તેઓના ખભા હઠીલા હતા તેઓની ગરદન અક્કડ હતી અને તેમણે તારું કહ્યું માન્યું નહીં.

30છતાં પણ તેં ઘણાં વરસો સુધી ધીરજ રાખી, તારા આત્મા દ્વારા અને તારાં પ્રબોધકો દ્વારા તેં તેમને ચેતવ્યા, પણ તેમણે કાને ન ધર્યુ. ત્યારે તેં તેમને વિદેશીઓના હાથમાં સોંપી દીધા.

31છતાં પણ તું મહાન દયાળુ દેવ હોવાથી તે લોકોનો છેક અંત આણ્યો નહીં. કે તેઓનો ત્યાગ કર્યો નહીં, કારણકે તું કૃપાળુ તથા દયા કરનારો દેવ છો.

32ઓ અમારા દેવ, ઓ મહાન શકિતશાળી અને ભયાવહ દેવ; અનંત પ્રેમથી તું કરારનું પાલન કરે છે. અમારા ઉપર, અમારા રાજાઓ, અમારા આગેવાનો, અમારા યાજકો, અમારા પ્રબોધકો અને તમારી આ સમગ્ર પ્રજા ઉપર આશ્શૂરના રાજાઓના સમયથી આજપર્યંત જે યાતનાઓ થઈ છે, તે ઓછી છે એમ ન ગણીશ.

33અમારા ઉપર જે કઈં વીત્યું છે તેમાં તું દેવ તો ન્યાયી જ રહ્યો છે. તેં તો તારી ઈમાનદારી સાચવી છે, ખોટું તો અમે કર્યુ છે.

34અમારા રાજાઓ, અમારા અધિકારીઓ, અમારા યાજકો અને અમારા પિતૃઓ તારા કાનૂનોને અનુસર્યા નહીં કે તારી ચેતવણીઓ કે હુકમો પ્રત્યે ધ્યાન આપ્યું નહીં.

35જ્યારે તેઓ પોતાનાજ રાજ્યમાં હતાં અને મહાન ઉદાત્તતા ધરાવતાં હતાં, ત્યારે તેં તેઓને વિશાળ ફળદ્રુપ જમીન આપી, ત્યારે તેઓએ તારી સેવા ના કરી અને તેઓએ પોતાની ભૂંડાઈથી પાછા ફરવાનો પણ ઈન્કાર કર્યો.

36પરંતુ અમારી તરફ જુઓ, અમે તે જમીનમાં ગુલામ છીએ જે તેં અમારા પૂર્વજોને આપી હતી, જેથી તેઓ એના ફળો અને ઉત્તમ ઉપજનો આનંદ માણી શકે.

37અમારાં પાપોને કારણે જે રાજાઓને તેં અમારા ઉપર વિજય અપાવ્યો છે તેઓ આ દેશમાંથી પુષ્કળ ઊપજ પ્રાપ્ત કરે છે, તેઓનો અમારા શરીરો તથા અમારાં ઢોરઢાંખર ઉપર અધિકાર છે અને અમે તેઓની ઈચ્છા મુજબ તેઓની સેવા કરીએ છીએ. અમે મોટાં સંકટમાં આવી પડ્યાં છીએ!

38આ બધી બાબતોને લીધે અમે ફરીથી એક કરારનામું કરીએ છીએ. અને તેની નોંધ કરીને તેના પર અમારા અધિકારીઓ, અમારા લેવીઓ અને યાજકો પોતપોતાની મહોર મારે છે.

10 મહોર મારેલા કરાર ઉપર હખાલ્યાનો પુત્ર પ્રશાશક નેહેમ્યા અને સિદકિયાના નામ છે; 2સરાયા, અઝાર્યા, યર્મિયા; 3પાશહૂર, અમાર્યા, માલ્કિયા, 4હાટ્ટૂશ, શબાન્યા, માલ્લૂખ, 5હારીમ મરેમોથ ઓબાદ્યા, 6દાનિયેલ, ગિન્નથોન, બારૂખ, 7મશુલ્લામ, અબિયા, મિયામીન 8માઆઝયા, બિલ્ગાય, અને શમાયા. આ બધા યાજકો છે.

9અને લેવીઓ : યેશૂઆ, તે અઝાન્યાનો પુત્ર, બિન્નૂઈ, હેનાદાદના પુત્રોમાંનો એક કાદ્મીએલ, 10અને તેમના સગાંવહાંલા, શબાન્યા, હોદિયા, કલીટા, પલાયા, હાનાન, 11મીખા, રહોબ, હશાબ્યા, 12ઝાક્કૂર, શેરેબ્યા, શબાન્યા, 13હોદિયા, બાની અને બનીનુ,

14લોકોના આગેવાન: પારોશ, પાહાથ-મોઆબ, એલામ, ઝાત્તુ, બાની, 15બુન્ની, આઝગાદ, બેબાય, 16અદોનિયા, બિગ્વાય, આદીન, 17આટેર, હિઝિક્યા, અઝઝૂર, 18હોદિયા, હાશુમ, બેસાય, 19હારીફ, અનાથોથ, નેબાય, 20માગ્પીઆશ, મશૂલ્લામ, હેઝીર, 21મશેઝાબએલ, સાદોક, યાદૂઆ, 22પલાટ્યા, હાનાન, અનાયા, 23હોશિયા, હનાન્યા, હાશ્શૂબ, 24હાલ્લોહેશ, પિલ્હા, શોબેક, 25રહૂમ, હશાબ્નાહ, માઅસેયા, 26અહિયા, હાનાન, આનાન, 27માલ્લૂખહારીમ તથા બાઅનાહ.

28બાકીના લોકો, યાજકો, લેવીઓ, દ્વારપાળો, ગવૈયાઓ, મંદિરના સેવકો અને તે દરેક જેણે ભૂમિના લોકોથી પોતાને જુદા પાડ્યાં હતાં, તેમની પત્નીઓ, તેમના પુત્રો, અને પુત્રીઓ સાથે અને જેમનામાં જ્ઞાન અને સમજણ છે. 29તેઓએ પોતાના સગાંવહાંલા અને ઉમરાવો સાથે મળીને, દેવના નિયમ પ્રમાણે ચાલવાના સમ ખાધા, જે દેવના સેવક મૂસાએ આપ્યા હતા, કે અમે યહોવા અમારા દેવની આજ્ઞા અને નિયમોનું આદેશ અનુસાર પાલન કરીશું અને તેમના હુકમોને માનીશું.

30"અમે અમારી પુત્રીઓ બીજી ભૂમિના લોકોને આપશું નહીં તેમ તેમની પુત્રીઓ અમારા પુત્રો માટે લઈશું નહીં.

31"વળી જો ભૂમિના લોકો કશુંક વેચવા માટે અથવા અનાજ
લાવશે તો અમે તે સાબ્બાથના દિવસે કે બીજા કોઈ પવિત્ર
દિવસે ખરીદીશું નહીં. પ્રત્યેક સાતમે વર્ષે અમે ભૂમિને ખેડશું
નહીં અને અમારું બધું લેણું માફ કરીશું.
32"અમે અમારા પોતાના દેવના મંદિરની પૂરતી કાળજી
રાખવા માટે પ્રતિવર્ષ 1/3 શેકેલ* આપવાનો નિયમ કરશું.
33પવિત્ર રોટલી,* નિત્યના ખાદ્યાર્પણો માટે, નિત્યના
દહનાર્પણો માટે, સાબ્બાથ અને ચંદ્રદર્શન માટે, તે ઉત્સવો
માટે જે ઉજવવા માટે અમને નિયમશાસ્રમાં જણાવાયું છે,
અને પવિત્ર અર્પણો માટે પૈસાની જરૂર છે, આ ઈસ્રાએલ
માટે પ્રાયશ્ચિત કરવા પાપાર્થાપણો અને દેવના મંદિરનાં સર્વ
કામો કરવા માટે જરૂરી છે.
34"ત્યારબાદ નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે, અમારા દેવ
યહોવાની વેદી પર બાળવા માટે, અમારા પિતૃઓનાં પરિવારો
પ્રમાણે પ્રતિવર્ષ ઠરાવેલા ચોક્કસ સમયે અમારા દેવના
મંદિરમાં લાકડાંઓના અર્પણો લાવવા માટે, અમે, યાજકો,
લેવીઓ તથા લોકો વચ્ચે ચિઠ્ઠીઓ નાખી.
35"અમે પ્રતિવર્ષ, અમારી ભૂમિનો પ્રથમ પાક અને દરેક
વૃક્ષના પ્રથમ ફળો યહોવાના મંદિરમાં લાવવા માટે નિયમ
પણ બનાવીએ છીએ.
36"વળી, નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે, અમારાં પુત્રોમાંના
પ્રથમજનિત, અને પશુઓ અને ઢોરઢાંખરના તથા
ઘેટાંબકરાંનાં પ્રથમજનિતને અમારા યહોવાના મંદિરમાં,
અમારા દેવના મંદિરનાં યાજકો પાસે લાવશું.
37"અમે અમારા યાજકોને તથા દેવનાં મંદિરની ઓરડીમાં
અમારા બાંધેલા લોટનો પહેલો ભાગ, અને દરેક વૃક્ષના
ફળો, દ્રાક્ષારસ અને તેલનું અર્પણ લાવીશું. વળી અમારી
ભૂમિની પેદાશમાંથી પ્રત્યેક વસ્તુનો દશમો ભાગ અમે
લેવીઓ માટે લાવીશું. કારણ કે અમારા સર્વ દેશના નગરોમાંથી
દશાંશ એકત્ર કરવાની જવાબદારી લેવીઓની છે. 38અમારા
બધાં ખેતીવાડીવાળાં ગામોમાંથી ઊપજનો દશમો ભાગ
ઉઘરાવવા આવનાર લેવીઓને અમારી જમીનની ઊપજનો
દસમો ભાગ આપીશું. દસમો ભાગ ઉઘરાવતી વખતે હારુનના
વંશના એક યાજક લેવીઓની સાથે રહેશે, અને લેવીઓએ
ઉઘરાવેલા દસમા ભાગનો દસમો ભાગ દેવના મંદિરનાં
ભંડારમાં લઈ જશે અને એક ઓરડામાં મુકશે. 39તેથી
ઈસ્રાએલીઓ અને લેવીઓએ પોતે ઉઘરાવેલાં બધાં
અનાજના અર્પણો, દ્રાક્ષારસ, તેલ વગેરે ભંડારના
ઓરડાઓમાં લાવવાં, જ્યાં મંદિરની સેવાની સામગ્રી
રાખવામાં આવે છે, અને જ્યાં તે વખતે સેવા કરતા યાજકો,
દ્વારપાળો તથા ગાયકો રહે છે. આમ અમે સૌ અમારા દેવનાં
મંદિરની અવગણના નહીં કરીએ."

## યરૂશાલેમમાં નવાં લોકોનો પ્રવેશ

11 લોકોના તમામ આગેવાનો યરૂશાલેમમાં વસ્યા અને
બાકીના લોકોમાંથી દસ માણસમાંથી એક માણસ
માટે પવિત્ર નગરી યરૂશાલેમમાં વસે તે માટે ચિઠ્ઠીઓ
નાખવામાં આવી. જ્યારે બાકીના નવજણ અન્ય નગરોમાં
જઈને વસ્યા. 2યરૂશાલેમમાં રહેવા માટે જે લોકો
રાજીખુશીથી આગળ આવ્યા, તે સર્વ માણસો ઉપર લોકોએ
આશીર્વચન ઉચ્ચાર્યા.
3આ યરૂશાલેમમાં રહેતાં પ્રાંતના આગેવાનો છે તેમ છતાં
યહૂદીયાના નગરોમાં સહુ પોતપોતાની ભૂમિ પર પોતપોતાના
ગામમાં રહેતાં હતાં; ઈસ્રાએલના લોકો, યાજકો, લેવીઓ,
મંદિરના સેવકો, અને સુલેમાનના સેવકોના વંશજો. 4કેટલાક
યહૂદાના અને કેટલાક બિન્યામીનના લોકો યરૂશાલેમમાં
રહેતા હતા તેઓ આ છે. અથાયા ઉઝ્ઝિયાનો પુત્ર, (ઉઝ્ઝિયા
ઝખાર્યાનો, ઝકાર્યા અમાર્યાનો, અમાર્યા શફાટ્યાનો, શફાટ્યા
મહાલાલેલનો, મહાલાલેલ પેરેશના વંશજોમાંથી હતો.)
5અને માઅસેયા (માઅસેયાને બારુંખનો પુત્ર, બારુંખ
કોલહોઝેહનો, કોલહોઝેહ હઝાયાનો, હઝાયા અદાયાનો,
અદાયા યોયારીબનો, યોયારીબ ઝખાર્યાનો, ઝકાર્યા
શીલોનીનો.) 6પેરેશના સર્વ વંશજો જેઓ યરૂશાલેમમાં વસ્યા
તેઓ 468 પરાક્રમી પુરુષો હતા.
7આ બિન્યામીનો છે સાલ્લુ મશુલ્લામનો પુત્ર, (મશુલ્લામ
યોએલનો, યોએલ પદાયાનો, કોલાયાનો પુત્ર પદાયા હતો,
જે માઅસેયાનો પુત્ર હતો, જે ઈથીએલનો પુત્ર હતો, અને
ઈથીએલ યશાયાનો.) 8અને તેના સગાંવહાંલા ગાબ્બાય,
સાલ્લાય, તેઓ કુલ 928 હતા. 9ઝિખ્રીનો પુત્ર, યોએલ,
તેઓનો આગેવાન હતો; હાસ્સનૂઆહનો પુત્ર યહૂદા એ
નગરના પ્રભુત્વનો દ્વિતીયક્રમનો ઉપરી હતો.
10યાજકોમાંના: યોયારીબનો પુત્ર યદાયા, યાખીન,
11સારાયા હિલ્કિયાનો પુત્ર, હિલ્કિયા મશુલ્લામનો,
મશુલ્લામ સાદોકનો, સાદોક મરાયોથનો, મરાયોથ
અહિટુબનો પુત્ર હતો જે દેવના મંદિરનો કારભારી હતો,
12અને તેમના સગાંવહાંલા જેઓ મંદિરનું કામ કરતા હતા,
તેઓ 822 હતા; યહોરામ પલાલ્યાનો પુત્ર હતો જે આમ્સીનો
પુત્ર હતો આમ્સી ઝખાર્યાનો પુત્ર હતો જે પાશહૂરનો પુત્ર
હતો અને પાશહૂર માલ્કિયાનો પુત્ર હતો, 13તથા તેના
સગાંવહાંલા જેઓ પોતાના કુટુંબોના આગેવાનો હતાં તેઓ
242 હતાં; ઈમ્મેરના પુત્ર મશિલ્લેમોથના પુત્ર આહઝાયના
પુત્ર અઝારએલનો પુત્ર અમાશસાય, 14તથા તેઓના
સગાંવહાંલા, એ પરાક્રમી પુરુષો 128 હતા; હાગ્ગદોલીમનો
પુત્ર ઝાબ્દીએલ તેઓનો ઉપરી હતો.
15લેવીઓમાંથી; હાશ્શૂબનો પુત્ર શમાયા (હાશ્શૂબ તે
આઝ્રીકામનો પુત્ર હતો, તે હશાબ્યાનો પુત્ર હતો અને હશાબ્યા
બુન્નીનો પુત્ર હતો); 16શાબ્બથાય તથા યેઝાબાદ,

**1/3 શેકેલ** લગભગ 4 ગ્રામ.

**પવિત્ર રોટલી** આ પવિત્ર રોટલી તે મંદિરમાં લેવાતી ખાસ રોટલી હતી, આ રોટલી કેવીરીતે બનાવાતી હતી અનેકેવીરીતે વપરાતી હતી તે લેવિય. 24:5-9 વિભાગમાં સમજાવવામાં આવ્યું છે. આ રોટલી 'દાઉદ અને તેના લોકો' 1 શમુએલ 21:1-6 માટે પણ મહત્વની હતી.

(શાબ્બથાય અને યેઝાબાદ લેવીઓના આગેવાન હતાં જેઓ
દેવના મંદિરના બહારના કામકાજ પર દેખરેખ રાખતા હતા;)
17અને પ્રાર્થના તથા આભારસ્તુતિનો આરંભ કરવામાં
આસાફના પુત્ર ઝાબ્દીના પુત્ર મીખાનો પુત્ર માત્તાન્યા મુખ્ય
હતો ને બાકબુક્યા પોતાના સગાઓમાં બીજો હતો તથા
યદૂથૂનના પુત્ર ગાલાલના પુત્ર શામ્મૂઆનો પુત્ર આબ્દા
હતો. 18પવિત્ર નગરમાં સર્વ મળીને લેવીઓ 284 હતા.

19દ્વારપાળ આક્કૂબ, ટાલ્મોન તથા તેનાં સગાંઓ, જે
દરવાજાની રખેવાળી કરતા હતા 172,

20ઈસ્રાએલનાં બાકીના, લોકો, યાજકો, તથા લેવી યહૂદાના
નગરોમાં રહેતા હતા, દરેક જણ પોતાના કુટુંબની જમીન
પર. 21પણ મંદિરના સેવકો ઓફેલમાં રહેતા હતા. સીહા
અને ગિશ્પા તેના આગેવાન હતા.

22મીખાનાપુત્ર માત્તાન્યાના, પુત્ર હશાબ્યાના પુત્ર બાનીનો
પુત્ર ઉઝિઝ યરૂશાલેમમાં રહેતા લેવીઓના આગેવાન હતો,
અને ઉઝિઝના પિતા અને પિતૃઓ ગવૈયા હતા, તે આસાફના
વંશજો હતા. તેઓ દેવના મંદિરના કામનો કારભાર સંભાળતા
હતાં. 23તેમના વિષે રાજાનો એક હુકમ હતો, અને ગાયકો
માટે નિયમ, જેની દરરોજ જરૂર પડતી હતી. 24યહૂદાના
પુત્ર ઝેરાહના વંશજ મશેઝાબએલનો પુત્ર પેથાહ્યા
જનસંપર્કના સર્વ વહીવટમાં રાજાને મદદ કરતો હતો.

25અને તેમના ખેતરો અને ગામડાઓ માટે યહૂદાના લોકો
આ ગામમાં રહ્યાં: કિર્યાથઆર્બા અને તેના ગામ, દિબોન
અને તેના ગામ, યકાબ્સએલ અને તેના ગામમાં, 26અને
યેશુઆમાં મોલાદાહમાં, બેથ-પેલેટમાં 27હસાર-શુઆલમાં
અને બેરશેબા અને તેના ગામોમાં 28સિકલાગમાં, મખોનાહ
અને તેનાં ગામોમાં, 29એન-રિમ્મોનમાં, સોરાહમાં યાર્મૂથમાં,
30ઝાનોઆહમાં, અદુલ્લામ અને તેઓના ગામમાં. લાખીશ
અને તેના ખેતરોમાં, અઝેકાહ તથા એના ગામમાં. આમ
લોકોએ બેર-શેબાથી હિન્નોમની ખીણ સુધી છાવણી દરેક
ઠેકાણે નાખી.

31બિન્યામીન કુળના લોકો જ્યાં વસ્યા તે નગરો આ પ્રમાણે
હતા: ગેબા, મિખ્માસ, આયા, બેથેલ, તેઓની આસપાસના
ગામો સાથે હતા. 32અનાથોથ, નોબ, અનાન્યા, 33હાસોર,
રામા, ગિત્તાઈમ, 34હાદીદ, સબોઈમ, નબાલ્લાટ, 35લોદ,
ઓનો અને કારીગરોની ખીણ. આ સર્વ સ્થળોએ તેઓ વસ્યા
હતા. 36અને યહૂદામાં રહેતા કેટલાક લેવીઓના સમુહો
બિન્યામીનનો ભાગ બન્યા.

## યાજકો અને લેવીઓ

12 શઆલ્તીએલના પુત્ર ઝરુબ્બાબેલ અને યેશૂઆની
સાથે જે યાજકો આવ્યાં તેઓનાં નામની યાદી:
સરાયા, યર્મિયા, એઝરા, 2અમાર્યા, માલ્લૂખ, હાટ્ટૂશ,
3શખાન્યા, રહૂમ, મરેમોથ, 4ઈદ્દો, ગિન્નથોઈ, અબિયા,
5મીયામીન, માઆદ્યા, બિલ્ગાહ, 6શમાયા, યોયારીબ યદાયા,
7સાલ્લૂ, આમોક હિલ્કિયા અને યદાયા યેશૂઆના સમયમાં
આ લોકો યાજકોના અને તેના સંબંધીઓના આગેવાનો હતા.

8વળી તેઓની સાથે આવેલા લેવીઓ આ હતા: યેશૂઆ,
બિન્નૂઈ, કાદ્મીએલ, શેરેબ્યા, યહૂદા, માત્તાન્યા માતાન્યાએ
પોતાના સગાંવહાલાંની સાથે આભાર સ્તુતિનું ગીતનું
માર્ગદર્શન આપ્યું. 9સેવા દરમ્યાન લેવીઓના સગાંવહાંલા
બાકબુક્યા અને ઉન્નો તેમની વિરૂદ્ધ ઉભા રહ્યાં હતાં. 10યેશૂઆ
યોયાકીમનો પિતા હતો. યોયાકીમ એલ્યાશીબનો પિતા હતો.
એલ્યાશીબ યોયાદનો પિતા હતો; 11યોયાદા યોનાથાનનો
પિતા હતો; યોનાથાન યાદૂઆનો પિતા હતો.

12યોઆકીમ મુખ્ય યાજકના હાથ નીચે જે યાજકો સેવા
કરતા હતા તેઓના આગેવાનોના નામ નીચે પ્રમાણે છે.

સારાયા ગોત્રનો આગેવાન મરાયા; યર્મિયા ગોત્રનો
આગેવાન હનાન્યા;

13 એઝરા ગોત્રનો આગેવાન મશૂલ્લામ, અમાર્યા
ગોત્રનો આગેવાન યહોહાનાન;

14 મેલીકુ ગોત્રનો આગેવાન યોનાથાન; શબાન્યા
ગોત્રનો આગેવાન યોસેફ;

15 હારીમ ગોત્રનો આગેવાન આદના; મરાયોથ
ગોત્રનો આગેવાન હેલ્કાય;

16 દ્દો ગોત્રનો આગેવાન ઝખાર્યા; ગિન્નથોન ગોત્રનો
આગેવાન મશુલ્લામ;

17 અબિયા ગોત્રનો આગેવાન ઝિખ્રી; મિન્યામીન
તથા મોઆદ્યા ગોત્રનો આગેવાન પિલ્ટાય;

18 બિલ્ગાહ ગોત્રનો આગેવાન શામ્મૂઆ; શમાયા
ગોત્રનો આગેવાન યહોનાથાન;

19 યોયારીબ ગોત્રનો આગેવાન માત્તાનાય; યદાયા
ગોત્રનો આગેવાન ઉઝિઝ;

20 સાલ્લાય ગોત્રનો આગેવાન કાલ્લાય; આમોક
ગોત્રનો આગેવાન એબેર;

21 હિલ્કિયા ગોત્રનો આગેવાન હશાબ્યા; યદાયા
ગોત્રનો આગેવાન નથાનિયેલ.

22લેવીઓ માટે એલ્યાશીબ, યોદાયા, યોહાનાન અને
યદૂઆના સમયમાં કુટુંબોના આગેવાનોની સંપૂર્ણ યાદી તૈયાર
થઈ હતી, એવી એક યાદી યાજકોને માટે પર્શયાના રાજા
દાર્યાવેશના શાસન દરમ્યાન પણ તૈયાર કરી હતી.

23 લેવીય કુટુંબોના આગેવાનોના નામ એલ્યાશીબના
પુત્ર યોહાનાનના સમય સુધીજ ઈતિહાસના
પુસ્તકમાં નોંધ કરવામાં આવી હતી.

24 લેવીઓના મુખ્ય આગેવાનો આ પ્રમાણે હતા,
હશાબ્યા, શેરેબ્યા તથા કાદ્મીએલનો પુત્ર યેશૂઆ,
તથા તેઓના સગાંવહાંલા આ સમૂહો સામસામે
ઊભા રહીને ગાતાં વારાફરતી પોતપોતાના સમયે
દેવના મનુષ્ય દાઉદની આજ્ઞા પ્રમાણે, સ્તુતિના
ગીત ગાતા હતા.

25 માત્તાન્યા, બાકબુક્યા, ઓબાદ્યા, મશુલ્લામ,
ટાલ્મોન અને આક્કૂબ, તેઓ ભંડારોના દરવાજાની
ચોકી કરતાં દ્વારપાળો હતા.

26 તેઓ યોસાદાકના પુત્ર યેશૂઆના પુત્ર યોયાકીમના
સમયમાં તેમજ પ્રશાશક નહેમ્યાના સમયમાં
તથા એઝરા યાજક જે લહિયો હતો તેના સમયમાં
હતા.

## કોટની પ્રતિષ્ઠા

27યરૂશાલેમની દીવાલની પ્રતિષ્ઠાને પ્રસંગે લોકોએ
લેવીઓને તેઓની સર્વ જગ્યાઓમાંથી શોધી કાઢયા અને
તેમને, દેવની આભારસ્તુતિનાં ગાયનો ગાવા, તથા ઝાંઝો,
સિતાર અને વીણાઓ વગાડતાં ઉત્સાહથી પ્રતિષ્ઠાપર્વ પાળવા
માટે તેઓ યરૂશાલેમમાં લાવે તેઓએ પ્રતિષ્ઠા વિધિ ખૂબ
ઉત્સાહપૂર્વક ઉજવી.

28ગવૈયાઓના પુત્ર યરૂશાલેમની આસપાસના
મેદાનમાંથી તથા નટોફાથીઓનાં ગામોમાંથી એકઠા થયા;
29વળી તેઓ બેથ ગિલ્ગાલથી તથા ગેબાના અને
આઝમાવેથના પ્રદેશમાંથી પણ એકઠા થયા; કારણકે
ગવૈયાઓએ પોતાને માટે યરૂશાલેમની આસપાસ ગામો
બાંધ્યા હતાં.

30યાજકોએ તથા લેવીઓએ પોતાની જાતને પવિત્ર કરી
અને પછી લોકોને, દરવાજાઓને તથા દીવાલોને પણ પવિત્ર
કર્યા.

31ત્યાર પછી મેં યહૂદાના આગેવાનોને બે મોટા સમૂહ
બનાવી દેવનો આભાર માનવા ભેગા કર્યા તેઓ ચાલતા
ચાલતા આભાર સ્તુતિના ગીત ગાતા હતા અને એક સમુહ
દીવાલની ધારેધારે ચાલીને "કચરાના દરવાજા" પાસે ગયા.
32હોશાયા તેઓની પાછળ ચાલતો હતો અને યહૂદાના અડધા
આગેવાનો તેની પાછળ ચાલતા હતા. 33તેમાં અઝાર્યા,
એઝરા, મશુલ્લામ, 34યહૂદા, બિન્યામીન, શમાયા અને
યર્મિયાનો સમાવેશ થતો હતો. 35તથા યાજકોના સમૂહમાંના
કેટલાક રણશિંગડા લઈને ચાલ્યા; ઝખાર્યા પણ તેમાંનો એક
હતો, (ઝખાર્યા યોનાથાનનો પુત્ર હતો યોનાથાન શમાયાનો
પુત્ર, જે માતાન્યાનો પુત્ર હતો તે મીખાહનો પુત્ર હતો,
મીખાહ ઝાક્કરનો પુત્ર હતો, અને ઝાક્કર આસાફનો પુત્ર
હતો.) 36અને તેના સગાંવહાંલા દરમ્યાન, શમાયા તથા
અઝારએલ, મિલલાય, ગિલલાય, માસાય, નથાનએલ,
યહૂદા તથા હનાની, તેઓ દેવના માણસ દાઉદના વાજીંત્રો
લઈને ચાલ્યા. અને લહિયો એઝરા તેઓની આગળ ચાલતો
હતો; 37તેઓ 'ઝરાના દરવાજા' પાસે આવ્યા. ત્યાંથી તેઓ
સીધા આગળ ચાલીને દાઉદના શહેરના પગથિયાં પર ચઢયા
જ્યાં દીવાલ દાઉદના ઘરની ઉપર થઈને જાય છે અને પછી
પૂર્વ તરફ 'પાણીના દરવાજા' તરફ વળી જાય છે.

38આભારસ્તુતિ કરનારાઓની બીજી ટોળી તેઓની ડાબી
બાજુ તરફ ગઈ. હું બાકીના અડધા લોકો સાથે દીવાલ પર
તેની પાછળ ગયો અને ભઠ્ઠીના મિનારાને વટાવીને પહોળી
દીવાલ સુધી ગયો, 39અને ત્યાંથી એફ્રાઈમ દરવાજાના ઉપર,
'જૂનો દરવાજો,' મચ્છી દરવાજો, હનાનેલનો બૂરજ અને
એકસોનો બૂરજ વટાવીને ઘેટાં-દરવાજા સુધી ગયો.
ચોકીદારના દરવાજા આગળ આવીને અમે અટકયા. 40પછી
બંને આભાર સ્તુતિના ગાયક વૃંદના સમૂહો દેવના મંદિરમાં
ઉભા રહ્યાં. હું તથા મારી સાથે અડધા અધિકારીઓ પણ
મંદિરમાં ઊભા રહ્યાં; 41પછી આ યાજકો તેમની જગ્યાએ
ઉભા રહ્યાં. એલ્યાકીમ, માઅસેયા, મિન્યામીન, મીખાયા,
એલ્યોએનાય, ઝખાર્યા, હનાન્યા, એ યાજકો રણશિંગડા
લઈને ઊભા રહ્યાં; 42અને યાજકો માઅસેયા, શમાયા,
એલઆઝાર, ઉઝિઝ, યહોહાનાન, માલ્કિયા, એલામ અને
એઝેર અને ગવૈયાઓએ તેમના નેતા યિઝ્રાહ્યાની સાથે ગાતા
હતાં.

43તે દિવસે તેમણે પુષ્કળ બલીઓ અર્પી તથા આનંદોત્સવ
કર્યો; કારણકે દેવે તેઓને આનંદથી અને સુખથી ભરપૂર
કર્યા હતા; વળી સ્ત્રીઓએ તથા બાળકોએ પણ આનંદ કર્યો;
તે આનંદ એવો ભારે હતો કે તેનો ધ્વનિ યરૂશાલેમથી ઘણે
દૂર સુધી સંભળાતો હતો.

44તે દિવસે અર્પણો, દશાંશો, અને પ્રથમ ફળોના અર્પણો
નિયમો પ્રમાણે એકત્ર કરીને તેને ભંડારોમાં મૂકવા માટે
માણસોની નિમણૂંક કરવામાં આવી. આ અર્પણો યાજકો
તથા લેવીઓને આપવામાં આવતા હતા. યહૂદાના લોકો
યાજકો તથા લેવીઓની સેવાથી ખૂબ જ પ્રસન્ન હતા.
45તેઓએ, ગવૈયાઓએ તથા દ્વારપાળોએ પોતાના દેવની
સેવા કરી, તથા દાઉદ તથા તેના પુત્ર સુલેમાનની આજ્ઞા
પ્રમાણે લોકોને પવિત્ર કર્યા. 46કારણકે પ્રાચીનકાળમાં દાઉદના
અને આસાફના સમયમાં ગાયકોનો એક આગેવાન થતો
હતો. વળી દેવના સ્તવનના તથા આભારસ્તુતિના ગીતો
પણ હતા.

47ઝરુબ્બાબેલના તથા નહેમ્યાના સમયમાં સર્વ
ઈસ્રાએલીઓએ ગવૈયાઓને તથા દ્વારપાળોને દરરોજ તેમનો
હિસ્સો આપ્યો જે લેવીઓને માટે હતું તે તેઓએ એક બાજુ
મુકી દીધું, અને લેવીઓએ જે આરોનના વંશજો માટે હતું
તે એક બાજુ મૂક્યું.

## નહેમ્યાની અંતિમ આજ્ઞા

13 તે દિવસે મૂસાની સંહિતા લોકોને વાંચી
સંભળાવવામાં આવી હતી. ત્યાં તેમને એવું લખાણ
મળ્યું કે કોઈપણ અમ્મોનીને કે મોઆબીને દેવના સમાજમાં
કદી દાખલ ન કરવો. 2કારણકે એ લોકો ઈસ્રાએલીઓને
માટે નાસ્તાપાણી લઈને સામે મળવા આવ્યા નહોતા, બલ્કે
તેમણે ઈસ્રાએલીઓને શાપ આપવા માટે પૈસા આપીને
બલામને રોક્યો હતો; જોકે આપણા દેવે તે શાપને આશીર્વાદમાં
ફેરવી નાખ્યો હતો.3જ્યારે લોકોએ આ નિયમ સાંભળ્યો
ત્યારે સર્વ વિદેશીઓને ઈસ્રાએલમાંથી કાઢી મૂકવામાં આવ્યા
હતા.

4પરંતુ આ અગાઉ યાજક એલ્યાશીબ જોડે એક ઘટના
ઘટી, જેને દેવના મંદિરની ઓરડીનો કારભારી નીમ્યો હતો
તે ટોબિયાના સગાંમાંથી એક હતો. 5ટોબિયાને તે વિશાળ
ઓરડી વાપરવા માટે આપી જે ઓરડીમાં ખાદ્યાર્પણો, ધૂપ,

વાસણો તથા અનાજ, નવો દ્રાક્ષારસ અને જૈતતેલના દશાંશ
રાખવામાં આવતા હતા. આ વસ્તુઓ નિયમ પ્રમાણે લેવીઓ,
ગવૈયાઓ તથા દ્વારપાળોને આપવામાં આવતી હતી અને
આમાંની થોડી વસ્તુઓ યાજકો માટે પણ રાખવામાં આવતી
હતી.

6તે સમયે જ્યારે આ બધું ચાલતું હતું ત્યારે હું યરૂશાલેમમાં
નહોતો, કારણ, રાજા આર્તાહશાસ્તાના અમલના બત્રીસમાં
વર્ષે હું રાજાને મળવા બાબિલ ગયો હતો. ત્યાર પછી મેં
રાજા પાસે રજા માંગી. 7અને પાછો યરૂશાલેમ આવ્યો. ત્યારે
મને ખબર પડી કે એલ્યાશીબે દેવના ઘરના ચોકમાં ટોબિયાને
ઓરડી આપીને ભૂલ કરી છે. 8ત્યારે હું ઘણો ક્રોધિત થયો
અને મેં તે ઓરડીમાંથી ટોબિયાનો સર્વ સામાન બહાર ફેંકી
દીધો. 9પછી મેં તે ઓરડીને સંપૂર્ણપણે શુદ્ધ કરવાનો હુકમ
કર્યો. પછી હું દેવના ઘરના પાત્રો, ખાદ્યાર્પણો અને ધૂપ
પાછાં લાવ્યો.

[s]10મને એ પણ ખબર પડી કે લેવીઓ અને યાજકો
પોતપોતાના ખેતર ઉપર પાછા ફર્યા હતા, કારણ, તેમને
તેમનો જે ભાગ મળવા પાત્ર હતો તે તેઓને ન મળ્યો. 11મેં
તરત જ આગેવાનોને તેની ફરિયાદ કરી અને કહ્યું, "તમે
દેવના મંદિરની શા માટે અવગણના કરી છે?" ત્યારબાદ મેં
સર્વ લેવીઓને પાછા બોલાવ્યા અને ફરીથી તેઓને ફરજ
ઉપર મંદિરમાં નીમ્યા. 12ત્યારબાદ બધા ઈસ્રાએલીઓ
અનાજ, દ્રાક્ષારસ અને તેલનો 10મો ભાગ ભંડારમાં લાવવા
લાગ્યા.

13અને મેં યાજક શેલેમ્યા તથા સાદોક લહિયો, અને
લેવી પદાયાને ભંડાર સંભાળવા મૂક્યા અને મેં તેમની મદદમાં
માત્તાન્યાના પુત્ર, ઝાક્કૂરના પુત્ર હનાનને તેઓને મદદ
કરવા નીમ્યો. આ માણસોની શાખ ઘણી સારી હતી. તેઓનું
કામ પોતાના સાથી લેવીઓને પ્રમાણિકપણે પૂરવઠાની
વહેંચણી કરી આપવાનું હતું.

14હે મારા દેવ, આ સારાં કાર્યોને યાદ રાખજો અને દેવના
મંદિર માટે અને તેમની સેવા માટે મેં જે સારા કામ કર્યા છે
તે ભૂલી જશો નહીં.

15એક દિવસ હું જ્યારે બહાર યહૂદામાં હતો, ત્યારે મેં
કેટલાક લોકોને સાબ્બાથના દિવસે દ્રાક્ષા પીલવાનું કામ કરતા
જોયા તથા અનાજની ગુણો અંદર લાવી ગધેડા પર લાદતાં
હતાં અને સબ્બાથવાળા દિવસે દ્રાક્ષારસ, દ્રાક્ષ, અંજીર તથા
સર્વ પ્રકારના ભાર યરૂશાલેમમાં લાવતા જોયાં. તેથી મેં
તેમને ત્યાંજ ચેતવણી આપી અને એ બધી વસ્તુઓ વેચવાની
મનાઈ કરી.

16તૂરથી આવેલા કેટલાક લોકો જેઓ યરૂશાલેમમાં રહેતાં
હતાં તેઓ પણ માછલી અને બીજી બધી જાતનો માલ
લઈને આવ્યાં અને તેને સાબ્બાથના દિવસે યહૂદાના લોકો
અને યરૂશાલેમમાં પણ વેચ્યો. 17મેં યહૂદાના ઉમરાવોને
ફરિયાદ કરી અને કહ્યું, "આ કઈ રીતનું અનિષ્ટ છે? તમે
પોતાનું સામાન્ય કામ વિશ્રામવારના દિવસે કરી રહ્યાં છો?
18તમારા પિતૃઓએ પણ બરાબર આ કર્યુ હતું અને તેથી
આપણા દેવે આપણા ઉપર અને આ નગર ઉપર આ બધાં
દુ:ખો વરસાવ્યા હતાં. તમે વિશ્રામવારને ભ્રષ્ટ કરીને
ઈસ્રાએલ ઉપર નવેસરથી દેવનો રોષ ઉતારો છો?"

19તેથી મેં તેઓને આજ્ઞા કરી કે શુક્રવારની રાતે અંધારું
થતાં નગરના દરવાજાઓ બંધ કરવામાં આવે અને
વિશ્રામવારનો દિવસ પૂરો થાય ત્યાં સુધી તેને ઉઘાડવામાં
ન આવે. મારા કેટલાક સેવકોને મેં દરવાજા આગળ ગોઠવી
દીધા. કે જેથી વિશ્રામવારે કોઈપણ જાતનો માલ અંદર
લાવવામાં ન આવે. 20એક બે વખત તો જુદી જુદી જાતના
માલના વેપારીઓ રાત્રે યરૂશાલેમ બહાર પડી રહ્યા. 21પણ
મેં તેમને ચેતવણી આપી કે, "તમે રાત્રે નગરની દીવાલ
આગળ કેમ પડી રહો છો? જો ફરી એ પ્રમાણે કરશો તો
તમારી સામે પગલાં લઈશ." ત્યાર પછી તેઓ સાબ્બાથના
દિવસે ક્યારેય આવ્યા નહી.

22અને મેં લેવીઓને પોતાની જાતને પવિત્ર કરવાની અને
દરવાજો સાચવવાની આજ્ઞા કરી, જેથી સાબ્બાથનો દિવસ
પવિત્ર રહે. ઓ મારા દેવ, આ બધું પણ યાદ રાખી મારા પર
કૃપા કરજે, ઓ કરુણાના સાગર, મારા ઉપર દયા રાખજે
કારણ કે તારી કરૂણા અપાર છે.

23હવે તે સમય દરમ્યાન મારા જાણવામાં આવ્યું કે કેટલાક
યહૂદીઓએ આશ્દોદી, અમ્મોની તથા મોઆબી સ્ત્રીઓ સાથે
લગ્ન કર્યા છે. 24અને તેઓમાંના અડધા બાળકો આશ્દોદી
ભાષા બોલે છે, અને તેઓ યહૂદાની ભાષા બોલી શકતા
નથી. તેને બદલે બીજા લોકોની ભાષા બોલતા હતા. 25તેથી
મેં તેઓને તેમની બૂરાઈ માટે કહ્યું અને તેમને શ્રાપ આપ્યો
તેઓમાંના કેટલાકને મેં માર્યા તેઓના વાળ ખેંચી કાઢયા,
ને તેઓ પાસે દેવનાં સમ લેવડાવ્યા કે, અમે અમારી પોતાની
પુત્રીઓને તેઓના પુત્રો સાથે પરણાવશું નહીં અને તેઓની
પુત્રીઓને અમારી કે અમારા પુત્રો સાથે પરણાવશું નહીં.
26ઈસ્રાએલના રાજા સુલેમાને શું આવી સ્ત્રીઓને કારણે
પાપ કર્યુ નહોતું? જો કે ઘણાં રાષ્ટ્રોમાં તેના જેટલો મહાન
રાજા કોઈ નહોતો. તે પોતાના દેવનો વહાલો હતો અને દેવે
તેને સર્વ ઈસ્રાએલીઓ ઉપર રાજા ઠરાવ્યો હતો. તેમ છતાં
વિદેશી સ્ત્રીઓએ તેને પાપ કરવા પ્રેર્યો હતો. 27શું અમે
તમારા વિષે પણ સાંભળીએ કે તમે વિદેશી સ્ત્રીઓ સાથે
લગ્ન કરીને આપણા દેવની વિરૂદ્ધ મહા પાપ આચર્યા છે.

28હવે યોયાદાના પુત્રોમાંથી એકે, યોયાદા મુખ્ય યાજક
એલ્યાશિબનો પુત્ર હોરોની સાન્બાલ્લાટનો જમાઈ હતો.
તેથી મેં તેને મારી આગળથી દૂર હાંકી કાઢયો.

29ઓ મારા દેવ, યાદ કર કે તે લોકોએ યાજકો તથા
લેવીઓનો કરારનો ભંગ કરીને યાજક પદને કલંકિત કર્યુ છે,

30આ રીતે મેં એ લોકોને બધી વિદેશી વસ્તુઓથી મુકત
કર્યા. અને મેં યાજકો તથા લેવીઓને માટે તેમની ફરજો
માટે નિયમો બનાવ્યા.

31અને મેં ઠરાવેલા સમયે કાષ્ટાર્પણ માટે અને પ્રથમ
ફળોના અર્પણ માટે વ્યવસ્થા કરી જ્યારે તે નિર્ધારિત હતું.

"ઓ દેવ, આ યાદ કરી મને આશીર્વાદ આપજે!"

# એઝરા

## કોરેશની બંદીવાનોને મુક્તિ સમયે મદદ

1 ઈરાનના રાજા કોરેશના અમલ દરમ્યાન પહેલા વર્ષે યહોવાએ યર્મિયા દ્વારા આપેલાં વચન સાચા પડે એ માટે ઈરાનના રાજા કોરેશને પ્રેરણા કરી કે, તેણે પોતાના આખા રાજ્યમાં લેખિત ઢંઢેરો પિટાવવો;

2"ઈરાનના રાજા કોરેશ જાહેર કરે છે કે:

આકાશના દેવ યહોવાએ મને પૃથ્વી પરનાં બધાં રાજ્યો આપ્યાં છે, અને તેણે પોતે મને તેને માટે યહૂદામાં આવેલ યરૂશાલેમમાં મંદિર બંધાવવાની જવાબદારી સોંપી છે. 3તેથી યરૂશાલેમાં આવેલા ઈસ્રાએલના દેવ યહોવાનું મંદિર ફરીથી બાંધવા માટે રાજ્યમાંના કોઈ પણ યહૂદીયાઓ યહૂદામાં આવેલા યરૂશાલેમમાં જઈ શકશે. તેનો દેવ તેની સાથે રહ્યો. યરૂશાલેમમાં એ જ દેવની પૂજા થાય છે. 4એટલા માટે કોઈપણ જગ્યાએ જ્યાં એમાંનો કોઈ બાકી રહેલો હોય તો તેની જગ્યાના લોકો તેને યરૂશાલેમનાં મંદિરનાં બાંધકામ માટે યથાશક્તિ સોના, ચાંદી, સામાન, પશુઓ અને અર્પણ આપીને મદદ કરે."

5તેથી યહૂદા અને બિન્યામીનના કુળસમૂહોના બધાં આગેવાનો, યાજકો, લેવીઓ અને યહોવા દ્વારા પ્રેરાયેલાઓ યરૂશાલેમમાં યહોવાનું મંદિર બાંધવા જવા તૈયાર થયા. 6તેમના આજુબાજુના પાડોશીઓએ તેમને આ બધાં અર્પણ ઉપરાંત સોનાચાંદીનાં પાત્રો, સામાન, ઢોરઢાંખર તથા કિમતી ભેટ આપી. 7વળી રાજા કોરેશે પણ તેમને યહોવાના મંદિરમાંથી વસ્તુઓ આપી. આ વસ્તુઓ નબૂખાદનેસ્સાર રાજાએ યરૂશાલેમના યહોવાના મંદિરમાંથી લઈ જઈને પોતાના દેવોના મંદિરમાં મૂકી હતી.

8તદુપરાંત ઈરાનના કોરેશ રાજાએ ખજાનચી મિથ્રદાથ પાસે તે વસ્તુઓને લાવ્યો અને તેણે આ વસ્તુઓ યહૂદાના આગેવાન શેશ્બાસ્સારને સોંપી દીધી.

9આ તે બધી વસ્તુઓ છે જે કોરેશ રાજા યહોવાના મંદિરમાંથી બહાર લાવ્યો હતો: 30 સોનાની થાળીઓ, 1000 ચાંદીની થાળીઓ અને 29બીજા વાસણો, 10 30 સોનાના કટોરા, 410 ચાંદીના જુદા જુદા પ્રકારના પ્યાલાઓ, 1000 અન્ય ચીજ વસ્તુઓ, 11સોનાચાંદીનાં સર્વ પાત્રો મળીને 5,400 હતાં, જ્યારે બંદીવાનો બાબિલથી યરૂશાલેમ આવ્યા, ત્યારે આ બધાં પાત્રો શેસ્બાસ્સાર પોતે પોતાની સાથે લાવ્યો.

## પાછા ફરેલા બંદીવાનોની નામાવલી

2 બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર યહૂદાના જે લોકોને બંદીવાન કરીને બાબિલ લઈ ગયો હતો, તેઓમાંથી જે માણસો છૂટીને યરૂશાલેમમાં તથા યહૂદામાં પોતપોતાના નગરમાં પાછા આવ્યા તેઓનાં નામોની યાદી આ પ્રમાણે છે: 2તેઓમાં યેશૂઆ, નહેમ્યા, સરાયા, રએલાયા, મોર્દખાય, બિલ્શાન, મિસ્પાર, બિગ્વાય, રહૂમ, તથા બાઅનાહની ઝરુબ્બાબેલની સાથે આવ્યા.

ઈસ્રાએલી લોકોની સંખ્યા:

| | | |
|---|---|---|
| 3 | પરોશના વંશજો | 2,172 |
| 4 | શફાટાયાના વંશજો | 372 |
| 5 | આરાહના વંશજો | 775 |
| 6 | પાહાથ-મોઆબના વંશજો, યેશૂઆ તથા યોઆબના વંશજો | 2,812 |
| 7 | એલામના વંશજો | 1,254 |
| 8 | જાત્તુના વંશજો | 945 |
| 9 | જાક્કાયના વંશજો | 760 |
| 10 | બાનીના વંશજો | 642 |
| 11 | બેબાયના વંશજો | 623 |
| 12 | આઝગાદના | 1,222 |
| 13 | અદોનીકામના વંશજો | 666 |
| 14 | બિગ્વાયના વંશજો | 2,056 |
| 15 | આદીનના વંશજો | 454 |
| 16 | હિઝિકયાના આટેરના વંશજો | 98 |
| 17 | બેસાયના વંશજો | 323 |
| 18 | યોરાહના વંશજો | 112 |
| 19 | હાશુમના વંશજો | 223 |
| 20 | ગિબ્બારના વંશજો | 95 |
| 21 | બેથલહેમના વંશજો | 123 |
| 22 | નટોફાહના મનુષ્યો | 56 |
| 23 | અનાથોથના મનુષ્યો | 128 |
| 24 | આઝમાવેથના વંશજો | 42 |
| 25 | કિર્યાથ-આરીમના, કફીરાહના અને બએરોથના વંશજો | 743 |
| 26 | રામાને ગેબાના વંશજો | 621 |
| 27 | મિખ્માસના મનુષ્યો | 122 |
| 28 | બેથેલ ને આયના મનુષ્યો | 223 |

29 નશ્બોના વંશજો 52
30 માગ્બીશના વંશજો 156
31 બીજા શહેરના (પુત્રો)
એલામના વંશજો 1,254
32 હારીમના વંશજો 320
33 લોદના, હાદીદના અને
ઓનોના વંશજો 725
34 યરીખોના વંશજો 345
35 સનાઆહના વંશજો 3,630
36 યાજકો; યદાયાના વંશજો,
યોશૂઆના વંશજો 973
37 ઈમ્મેરના વંશજો 1,052
38 પાશહુરના વંશજો 1,247
39 હારીમના વંશજો 1,017

40લેવીઓ: હોદાવ્યાના, યેશૂઆના તથા કાદમીએલના
વંજશો 74

41ગવૈયાઓ; આસાફના વંશજો 128

42મંદિરના દ્વારપાળોના વંશ: શાલૂમ, આટેર, ટાલ્મોન,
આક્કૂબ, હટીટા અને શોબાયના વંશજો, 139

43મંદિરના સેવકો; સીહા, હસૂફા અને ટાબ્બાઓથના
વંશજો;
44 કેરોસ, સીઅહા અને પાદોનના વંશજો;
45 લબાનાહ, હાગાબાહ અને આક્કૂબના વંશજો;
46 હગાબા, શામ્લાય, અને હાનાનના વંશજો:
47 ગિદેલ, ગાહાર, અને રાયાના વંશજો;
48 રસીન, નકોદા અને ગાઝ્ઝામના વંશજો;
49 ઉઝ્ઝા, પાસેઆહ અને બેસાયના વંશજો;
50 આસ્નહ મેઉનીમ અને નફીસીમના વંશજો:
51 બાકબૂક, હાકૂફા અને હાહૂરના વંશજો;
52 બાસ્લૂથ, મહીદા અને હાર્ષાના વંશજો;
53 બાર્કોસ, સીસરા, અને તેમાહના વંશજો;
54 નસીઆહ અને હટીફાના વંશજો:

55સુલેમાનના સેવકોના વંશજો: સોટાય, હાસ્સોફેરેથ અને
પરૂદાના વંશજો:
56 યાઅલાહ, દર્કોન અને ગિદેલના વંશજો:
57 શફાટ્યા, હાટ્ટીલ અને પોખેરેશના વંશજો
હાસ્બાઈમ અને આમીના વંશજો;
58 મંદિરના સર્વ સેવકો અને સુલેમાનના સેવકોના
વંશજો 392 હતા.

59તેલ–મેલાહ, તેલ હાર્શા, ખરૂબ, અદાન, તથા ઈમ્મેરમાંથી
પાછા આવેલા લોકો અને, જેઓ ઈસ્રાએલીઓમાંના હતાં
એમ સાબિત કરવા માટે પોતાના પૂર્વજોની વંશાવળી દેખાડી
શક્યા નહીં, તેઓ આ છે:
60 તેમાં દલાયા, ટોબિયા, અને નકોદાના ગોત્રના 652
વંશજોનો સમાવેશ થતો હતો.
61 યાજકોના ત્રણ કુટુંબો: હબાયાના વંશજો,
હાક્કોસના વંશજો અને બાર્ઝિલ્લાય જે ગિલયાદી
બાર્ઝિલ્લાયની પુત્રીઓમાંથી એકને પરણી લાવ્યો
હતો ને જેથી તેનું એ નામ પાડ્યું હતું તેના વંશજો.

62તેઓએ સર્વ વંશાવળીમાં તપાસ કરી પણ તેઓનાં નામ
મળ્યાં નહીં, તેથી તેઓ અશુદ્ધ ગણાયા ને યાજકપદમાંથી
બરતરફ થયા. 63ઉરીમ અને તુમ્મીમ દ્વારા તપાસ કરીને કે
તેઓ સાચેજ યાજકોના વંશજો છે, કે નહી એ નક્કી થાય
ત્યાં સુધી પ્રશાશકે અર્પણોના હિસ્સામાંથી પણ ખાવાની
તેઓને મના કરી હતી.
64સર્વ મળીને કુલ 42,360 માણસો યહૂદા પાછા આવ્યા.
65તદુપરાંત 7,337 દાસદાસીઓ તથા ગાયકગણના સભ્યો
એવા 200 સ્ત્રી પુરુષો પાછા ફર્યા. 66તેઓ પાસે 736 ઘોડા
અને 245 ખચ્ચરો, 67435 ઊંટ અને 6,720 ગધેડાં હતાં.
68દેશવટેથી પાછા ફરેલા ટોળાઓ યરૂશાલેમમાં યહોવાના
મંદિરે પહોંચ્યા ત્યારે કેટલાંક કુટુંબના વડીલોએ જુના સ્થાને
મંદિર ફરી બાંધવા માટે સ્વેચ્છાએ દાન આપ્યાં, 69પ્રત્યેક
વ્યક્તિએ પોતાની યથા શકિત પ્રમાણે બાંધકામ માટે આપ્યુ.
500 કિલો સોનું;* 3,000 કિલો ચાંદી* અને યાજકો માટે
100 પોષાકો આપ્યા.
70યાજકો, લેવીઓ તથા બીજા કેટલાક લોકો યરૂશાલેમમાં
તથા નજીકના ગામોમાં વસ્યા, ગવૈયાઓ, દ્વારપાળો અને
મંદિરના સેવકો અને બાકી બચેલાં ઈસ્રાએલીઓ પોતાના
નગરમા વસ્યા.

### વેદીના જીર્ણોદ્ધારનો પ્રારંભ

3 ઈસ્રાએલના પુત્રો પોતાનાં નગરોમાં વસ્યા પછી, સાતમો
માસ આવ્યો ત્યારે તેઓ બધા યરૂશાલેમમાં ભેગા થયા.
2યોસાદાકનો પુત્ર યેશૂઆએ તેના યાજકો સાથે તથા
શઆલ્તીએલનો પુત્ર ઝરુબાબ્બેલ અને તેના સાથીઓએ
ઈસ્રાએલના દેવની વેદી ફરીથી બાંધી, જેથી દેવના સેવક
મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે તેની ઉપર દહનાર્પણો ચઢાવી
શકાય.
3આજુબાજુના બીજા લોકોનો ડર હોવા છતાં તેમણે
પહેલાંને સ્થાને જ વેદી ઊભી કરી અને તેના ઉપર સવાર
સાંજ યહોવાને દહનાર્પણો આપવાનું શરૂ કર્યુ. 4તેઓએ
મૂસાના નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે માંડવાપર્વ ઊજવ્યો
અને નિયમ પ્રમાણે દરરોજ જોઈતા પ્રમાણમાં દહનાર્પણો
ચઢાવ્યા. 5એના પછી લોકોએ નિત્યનાં દહનાર્પણો,

**500 કિલો સોનું** પ્રાચીન માપ પ્રમાણે લગભગ 1,000 દારિક.

**3,000 કિલો ચાંદી** પ્રાચીન માપ પ્રમાણે લગભગ 5,000 માનેહ.

ચંદ્રદર્શનના દિવસની ઉજવણીના અર્પણો તથા બીજાં વાર્ષિક
પર્વોની ઉજવણીનાં અર્પણો ચઢાવ્યા જે યહોવાને માટે પવિત્ર
હતા એ લોકોએ ઉપહાર પણ અર્પણ કર્યા.
6તેઓએ સાતમા મહિનાના પ્રથમ દિવસથી યહોવાને
હોમયજ્ઞો ચઢાવવાનું શરૂ કર્યુ; પરંતુ યહોવાના મંદિરનો
પાયો હજી નંખાયો ન હતો.

## મંદિરના જીર્ણોદ્ધારનો પ્રારંભ

7તેમણે કડિયાઓને અને સુથારોને પૈસા આપ્યા અને
સિદોન અને તૂરના લોકોને ખોરાક પાણી અને તેલ મોકલ્યાં,
જેથી તેઓ લબાનોનથી સમુદ્રમાર્ગે યાફા સુધી દેવદારનું
લાકડું લઈ આવે. ઈરાનના રાજા કોરેશે એ માટે પરવાનગી
આપી હતી.
8બીજા વર્ષના બીજા મહિનામાં યરૂશાલેમમાં દેવના
મંદિરમાં પહોચ્યા પછી, શઆલ્તીએલનો પુત્ર ઝરુબ્બાબેલે
અને યોસાદાકનો પુત્ર યેશૂઆએ તેમના બીજા જાતભાઈઓની
મદદ વડે, યાજકો લેવીઓ અને દેશવટેથી યરૂશાલેમ પાછા
ફરેલા બાકીના બધા લોકોની મદદથી મંદિરનું ખરેખરું
બાંધકામ શરૂ કર્યુ. તેમણે વીસ વર્ષના અને તેથી મોટા
લેવીઓને યહોવાના મંદિરનાં બાંધકામની દેખરેખ રાખવા
નીમ્યા. 9આ સમગ્ર યોજના ઉપર દેખરેખ રાખવાનું કામ
યેશૂઆ, કાદમીએલ અને તેના પુત્રો, હેનાદાદ અને તેઓના
પુત્રો તથા સબંધીઓને સોંપવામા આવ્યું. તેઓ સર્વ લેવીઓ
હતા. 10જ્યારે યહોવાના મંદિરનો પાયો નાખવાનું કામ પૂરું
થયું ત્યારે, યહોવાની સ્તુતિ કરવા માટે તેઓએ ઈસ્રાએલના
રાજા દાઉદના હુકમ પ્રમાણે, યાજકોને તેઓના પોશાક
પહેરાવીને રણશિંગડા સાથે તથા લેવીઓને તેમના હાથમાં
ઝાંઝની જોડી આપીને ઊભા રાખ્યા. 11તેઓએ યહોવાની
સ્તુતિ અને આભાર ગીત ગાયાં; "દેવ ભલા છે અને તેમનો
પ્રેમ તથા દયા ઈસ્રાએલીઓ ઉપર સદાકાળ રહેશે." ત્યારે
બધા લોકો ઊંચે સાદે યહોવાની સ્તુતિ કરવા લાગ્યા, કારણ;
યહોવાના મંદિરનો પાયો નંખાઈ ચૂક્યો હતો.
12ઘણા યાજકો, લેવીઓ અને કુટુંબના આગેવાનો અને
વડીલો, જેમણે પહેલાનું મૂળ મંદિર જોયું હતું તેઓ પોતાની
નજર સામે પાયો નંખાતો જોઈને રડી પડ્યા, પણ બીજા
ઘણા લોકો મોટે સાદે હર્ષના પોકારો કરતા હતા. 13તેથી
લોકોના પોકારો હર્ષના છે કે વિલાપના છે તે પારખી શકાતા
નહોતા, કારણકે લોકો દૂટ દૂર સુધી સંભળાય એટલે મોટે
અવાજે પોકારો કરતા હતા.

## શત્રુઓ તરફથી મંદિરનો વિરોધ

4 યહૂદા અને બિન્યામીનના દુશ્મનોને ખબર પડી કે
દેશવટેથી પાછા આવેલા લોકો ઈસ્રાએલના દેવ
યહોવાનું મંદિર બાંધે છે. 2એટલે તેઓએ ઝરુબ્બાબેલ અને
કુટુંબના વડીલો પાસે આવીને કહ્યું, "અમે પણ તમારી સાથે
મંદિર બાંધવાના કામમાં જોડાવા માગીએ છીએ, કારણ,
અમે પણ તમારી જેમ તમારા દેવના ઉપાસક છીએ અને
અમને અહીં વસાવનાર આશ્શૂરના રાજા એસાર–હાદ્દોનના
વખતથી એને યજ્ઞો અર્પણ કરતા આવ્યા છીએ."
3ઝરૂબાબ્બેલ, યેશુઆ અને ઈસ્રાએલી કુટુંબના બીજા
વડવાઓએ કહ્યું, "અમારા દેવનું મંદિર બાંધવામાં તમારે
અમારી સાથે જોડાવું નહીં. ઈરાનના રાજા કોરેશે અમને
ફરમાવ્યા પ્રમાણે અમે એકલાજ યહોવાનું મંદિર બાંધીશું."
4ત્યારબાદ દેશના લોકોએ યહૂદિયાઓને ડરાવીને ના
હિંમત બનાવી તેમને આગળનું બાંધકામ કરતા રોકવાનો
પ્રયત્ન કર્યો. 5તેઓએ તેમના વિરૂદ્ધ સલાહકારો ભાડેથી
રાખ્યા આ માણસોએ તેમની યોજનાઓને નિષ્ફળ
બનાવવાનો પ્રયત્ન કર્યો કોરેશ રાજાના સમગ્ર રાજ્યકાળ
દરમ્યાન અને દાર્યાવેશ રાજા ગાદી પર આવ્યો ત્યાં સુધી
આમ ચાલ્યું.
6ત્યારબાદ રાજા અહશ્વેરોશના અમલની શરૂઆતમાં તે
લોકોએ યહૂદા અને યરૂશાલેમના વતનીઓ વિરૂદ્ધ લેખિત
ફરિયાદ કરી.

## યરૂશાલેમના બાંધકામ વિરૂદ્ધ શત્રુઓ

7વળી ઈરાનના રાજા આર્તાહશાસ્તાના અમલ દરમ્યાન
બિશ્લામે, મિથ્રદાથ, તાબએલે અને તેમના બીજા સાથીઓએ
રાજાને પત્ર લખ્યો. એ પત્ર અરામી ભાષામાં લખેલો હતો.
તેનું ભાષાંતર કરીને સંભળાવવાનું હતું.
8આમાં મુખ્યત્વે પ્રશાશક રહૂમે અને મંત્રી શિમ્શાયે,
આર્તાહશાસ્તા રાજા પર યરૂશાલેમ વિરૂદ્ધ પત્ર મોકલ્યો.

9આ પત્રમાં સામેલ થનારાઓની યાદી: શાસન કર્તા
રહૂમે અને મંત્રી શિમ્શાય અને તેમના સાથીદારો;
ન્યાયાધીશો અને અધિકારીઓ તેઓ ત્રિપોલીસના,
ઈરાનના, ઈરેખના અને બાબિલના લોકો, સુસના
એલામીઓ, 10અને બાકીની બધી પ્રજાઓ, જેઓને
મહાન અને સજ્જન રાજા અશૂરબનિપાલ સમરૂનનાં
ગામોમાં અને ફ્રાંત નદીની પશ્ચિમના બીજા પ્રદેશમાં
લાવ્યો હતો તેમને ત્યાં વસાવ્યા.
11પત્ર નીચે મુજબ છે: રાજા આર્તાહશાસ્તા પ્રત્યે
લિ.

ફ્રાંતની પશ્ચિમના પ્રાંતના તેમના સેવકોના પ્રણામ.
12અમે તમારું ધ્યાન ખેચીએ છીએ કે, બાબિલથી
યરૂશાલેમ મોકલવામાં આવેલા યહૂદિયાઓ
બળવાખોર અને દુષ્ટ નગરનું ફરીથી બાંધકામ કરી
રહ્યા છે. તેઓ નગરના કિલ્લાની દીવાલ બાંધી રહ્યાં
છે અને પાયાનું સમારકામ કરી રહ્યાં છે. 13એટલે હવે
અમારે રાજાને જણાવવું જોઈએ કે, જો એ નગર બંધાશે
એના કિલ્લાની દીવાલો પૂરી થશે, તો તેઓ ખંડણી,
કરવેરા કે જકાત આપશે નહીં, તેથી આખરે રાજ્યની
ઉપજમાં ઘટાડો થશે.

14અમે તમારી સેવામાં છીએ એટલે તમને આ રીતે લજ્જિત થતા જોઈ રહેવું અમને યોગ્ય લાગતું નથી તેથી અમે આપ નામદારને આ હકીકત જણાવીએ છીએ.

15અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે તમારા પૂર્વજોની અધિકૃત નોંધોની તપાસ કરો તો, તમને ખબર પડશે કે આ નગર કેવું બંડખોર હતું, કેટલાક રાજાઓ અને પ્રજાઓ વિરૂદ્ધ વિદ્રોહ કરવા માટેના એક લાંબા ઈતિહાસના કારણે તેને પાયમાલ કરવામાં આવ્યું હતું.

16તેથી અમે તો આપ નામદારને નિવેદન કરીએ છીએ કે, "જો એ નગરો બંધાઈ જશે ને એના કોટ પૂરા થશે, તો નદી પાર આપનુ શાસન પશ્ચિમના પ્રદેશમાં રહેશે નહીં."

17એટલે રાજાએ આ પ્રમાણે જવાબ મોકલ્યો:

પ્રશાસક રહૂમ, સચીવ શિમ્શાય તથા સમરૂન અને ફ્રાંતની પશ્ચિમના પ્રદેશમાં વસતા તેમના બીજા સાથીઓ સદગૃહસ્થો પ્રત્યે. શુભકામના.

18તમે મોકલેલ પત્ર મને મળ્યો અને તેને અનુવાદ કરાવીને મને વાંચી સંભળાવાયો છે. 19મેં કાર્યાલયોમાં તપાસ કરાવી છે અને શોધી કાઢયું છે કે યરૂશાલેમના લોકોએ ભૂતકાળમાં ઘણાં રાજાઓ સામે બળવો કર્યો છે. બળવો અને દગો ખરેખર તેઓને માટે સામાન્ય બાબત છે. 20યરૂશાલેમમાં પ્રતાપી રાજાઓ પણ છે અને તેમણે ફ્રાત પારના સમગ્ર પ્રદેશ ઉપર સત્તા ભોગવી છે અને કરવેરા વસૂલ કર્યા છે.

21માટે હવે તમારે એવો હુકમ કરવો જોઈએ કે, "એ લોકોની પ્રવૃત્તિ બંધ થાય, અને બીજી આજ્ઞા આપના તરફથી થતાં સુધી એ નગર ન બંધાય. 22સાવધાન રહો, હવે આ બાબતની જરાપણ અવગણના કરશો નહીં, નહીં તો રાજ્યને વધારે નુકશાન થશે."

23જ્યારે આર્તાહશાસ્તા રાજાનો આ પત્ર રહૂમ અને શિમ્શાય અને તેમના બીજા સાથીઓને વાંચી સંભળાવવામાં આવ્યો ત્યારે તેઓ ઝડપથી યરૂશાલેમ ધસી ગયા અને જોરજુલમથી યહૂદીયાઓને કામ કરતાં રોકી દીધા.

### મંદિરનું બાંધકામ સ્થગિત

24અને એ જ રીતે યરૂશાલેમમાંના યહોવાના મંદિરનું કામ થંભી ગયું હતું અને ઈરાનના રાજા દાર્યાવેશના બીજા વર્ષ સુધી તે સ્થગિત જ રહ્યું હતું.

5 પરંતુ તે સમયે પ્રબોધકો હાગ્ગાય તથા ઉદ્દોના પુત્ર ઝખાર્યાએ ઈસ્રાએલના દેવ યહોવાના નામે જેઓની તેમના ઉપર કૃપા હતી યહૂદા તથા યરૂશાલેમમાં જે યહૂદીયાઓ હતા, તેઓને ભવિષ્યવાણી સંભળાવી. 2ત્યારે શઆલ્તીએલના પુત્ર ઝરુબ્બાબેલ તથા યોસાદાકના પુત્ર યેશુઆએ યરૂશાલેમમાં યહોવાનું મંદિર બાંધવાનું શરૂ કરી દીધું. દેવના પ્રબોધકો તેમને ટેકો આપતાં હતાં. 3પરંતુ તે જ સમયે યુફ્રેતિસ નદીની પશ્ચિમ તરફના પ્રદેશનો પ્રશાશક તાત્તનાય અને શથાર-બોઝનાય તથા તેઓના સાથીદારો યરૂશાલેમ આવ્યા અને પૂછયું, "આ મંદિર ફરીથી બાંધવાની અને લાકડાનું કામ પુરું કરવાની પરવાનગી તમને કોણે આપી છે?" 4પછી તેઓએ પૂછયું, "જે માણસો આ મંદિર બાંધે છે તેમના નામ શાં છે?"

5પરંતુ યહૂદીઓના વડીલો ઉપર તેઓના દેવ યહોવાની કૃપાદ્રષ્ટિ હતી, માટે આ બાબત દાર્યાવેશને કાને પહોંચ્યા પછી રાજાનો જવાબ આવે ત્યાં સુધી તેમને કામ કરતા અટકાવવામાં આવ્યા નહીં.

6તાત્તનાય પ્રશાશક, શથાર-બોઝનાય તથા બીજા અધિકારીઓએ દાર્યાવેશ રાજા ઉપર નીચે પ્રમાણે પત્ર મોકલ્યો:

7પ્રતિ: દાર્યાવેશ રાજા: સલામ!

8ક્ષેમકુશળ હશો. આપને વિદિત થાય કે અમે યહૂદા પ્રાંતમાં મહાન દેવના મંદિરમાં ગયાં હતા એ મંદિર પથ્થરની મોટી શિલાઓથી બાંધવામાં આવી રહ્યું છે, એની ભીંતોએ લાકડાની તખ્તીઓ જડવામાં આવે છે, ખૂબ સફળતાપૂર્વક અને ઉત્સાહથી કામ ચાલી રહ્યું છે. 9અમે ત્યાં આગેવાનોને પૂછયું, "તમને આ મંદિરનું બાંધકામ કરવાની અને તેનું લાકડાનું કામ પુરું કરવા માટે કોણે પરવાનગી આપી છે?" 10અમે તેમના નામ પણ પૂછયાં, જેથી અમે આપને જણાવવા માટે આગેવાનોના નામની યાદી તૈયાર કરી શકીએ. 11તેઓએ અમને ઉત્તર આપ્યો કે,

"અમે આકાશ અને પૃથ્વીના દેવના સેવકો છીએ; ઈસ્રાએલના એક મહાન રાજાએ ઘણાં વર્ષો પહેલાં બંધાવેલ મંદિરનો અમે જીર્ણોદ્ધાર કરીએ છીએ. 12અમારા પિતૃઓએ સ્વર્ગના દેવને ગુસ્સે કર્યા, તેથી તેણે તેઓનો ત્યાગ કર્યો. તેણે નબૂખાદનેસ્સાર રાજા દ્વારા આ મંદિરનો નાશ કરાવ્યો અને રાજાએ લોકોનો દેશનિકાલ કરીને બાબિલ મોકલ્યા."

13પણ બાબિલના રાજા કોરેશે પોતાના રાજ્યના પહેલા વર્ષમાં દેવના આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની પરવાનગી આપી. 14ઉપરાંત દેવના મંદિરની સોના ચાંદીની વસ્તુઓ નબૂખાદનેસ્સાર યરૂશાલેમના દેવના મંદિરમાંથી કાઢીને બાબિલના મંદિરમાં લઈ ગયો હતો, ને તે બધી વસ્તુઓ કોરેશ રાજાએ બાબિલના મંદિરમાંથી પાછી લઈને શેશબાસ્સારને સોંપી જેને તેણે પ્રશાશક નિમ્યો હતો;

15"રાજાએ તેને સૂચના આપી કે તે સર્વ વસ્તુઓ યરૂશાલેમના મંદિરમાં પાછી મોકલે અને દેવના મંદિરને તેની અસલ જગ્યાએ બંધાવે." 16પછી શેશબાસ્સારે આવીને દેવના એ મંદિરનો પાયો યરૂશાલેમમાં નાખ્યો; અને ત્યારથી તેનું બાંધકામ ચાલુ છે, તે હજી પૂરું થયું નથી.

17તેથી આપ નામદારને યોગ્ય લાગે તો બાબિલના
ભંડારમાં તપાસ કરાવશો કે રાજા કોરેશે યરૂશાલેમમાં
દેવનું મંદિર ફરી બાંધવાની પરવાનગી આપી હતી કે
કેમ, અને આ બાબતમાં આપનો નિર્ણય જણાવશો.

### દાર્યાવેશનો વટહુકમ

6 એ પછી દાર્યાવેશ રાજાએ બાબિલના ભંડારોના
કાર્યાલયમાં તપાસ કરવાનો હુકમ કર્યો. 2ત્યારે માદાય
પ્રાંતના 'એકબાતાના' કિલ્લામાંથી એક લેખ મળી આવ્યો;
એમાં આ ટીપ્પણી હતી;

3"રાજા કોરેશે પોતાના શાસનના પ્રથમ વર્ષ દરમ્યાન
યરૂશાલેમમાં આવેલા દેવના મંદિરના સંબંધમાં આ
હુકમ ફરમાવ્યો હતો, લોકોનું યજ્ઞો અર્પણ કરવાનું જે
સ્થાન છે એ સ્થાન પર મંદિર ફરી બાંધવું. તેના પાયાઓ
જાળવી રાખવા એની ઊંચાઈ 90 ફુટ અને પહોળાઈ
90 ફુટ રાખવી. 4ભીંતોમાં મોટા પથ્થરના ત્રણ થર
અને નવા લાકડાનો એક થર રાખવો. તમામ ખર્ચ
રાજભંડારમાંથી કરવો. 5તદુપરાંત યરૂશાલેમના
મંદિરમાંથી નબૂખાદનેસ્સાર જે સોના ચાંદીના વાસણો
બાબિલ લઈ આવ્યો હતો તે પાછાં સોંપી દેવા, તે બધાં
પાછા યરૂશાલેમના દેવના મંદિરમાં લઈ જઈ ત્યાં તેના
મૂળસ્થાને ફરી ગોઠવી દેવાં."

6ત્યારબાદ દાર્યાવેશે આ મુજબ હુકમ બહાર પાડ્યો:
ફ્રાંતની પશ્ચિમે આવેલા પ્રદેશના સૂબા તાત્તનાઈ, શથર–
બોઝનાઈ અને તેમના સાથી અમલદારો જોગ. તેઓએ
ત્યાથી દૂર રહેવું. 7દેવના મંદિરના બાંધકામમાં તમારે
વિઘ્નો ન નાખવા યહૂદાના પ્રશાસક અને યહૂદીયાઓના
આગેવાનો દેવનું મંદિર એના અસલ સ્થાને ફરીથી
બાંધે.

8યહૂદીયાઓના વડીલોને દેવનું મંદિર બાંધવામાં
તમારે મદદ કરવી એવું મારું ફરમાન છે: એનો સમગ્ર
ખર્ચો ફ્રાત પારના પ્રદેશના મહેસૂલમાંથી થતી રાજ્યની
આવકમાંથી અચૂક ચૂકવી દેવો. જેથી કામ અટકી પડે
નહીં. 9આકાશના દેવને દહનાર્પણો અર્પવા માટે
યરૂશાલેમના યાજકોને જુવાન વાછરડાં, બકરા, ઘેટાં,
હલવાનો, તથા ઘઉં, મીઠું, દ્રાક્ષારસ અને તેલ તેઓ જે
કઈ માગે તે બધું અચૂક દરરોજ પૂરું પાડવું. 10જેથી
તેઓ આકાશના દેવને પ્રસન્ન કરવા માટે સુવાસિત
દહનાર્પણો કરે, અને રાજાના તથા તેના પુત્રોના
દીર્ધાયુષ્ય માટે પ્રાર્થના કરે.

11વળી એવો હુકમ પણ કર્યો છે કે, "જે કોઈ આ
હુકમનું ઉલ્લંઘન કરે તેના ઘરનો એક મોભ ખેંચી
કાઢવામાં આવશે. અને તેનું ઘર કચરાનો ઢગલો કરી
નાખવું. 12જે રાજાઓ કે પ્રજાઓ યરૂશાલેમના દેવના
મંદિરનો ફેરફાર કરવાનો કે વિનાશ કરવાનો પ્રયત્ન
કરશે તેનો ભલે દેવ વિનાશ કરે."

હું દાર્યાવેશ તમને આ હુકમ કરું છું. તેનું સંપૂર્ણ
વફાદારીથી પાલન કરવામાં આવે.

### મંદિરની પ્રાણપ્રતિષ્ઠા

13ત્યારપછી ફ્રાંતની પશ્ચિમના પ્રદેશના સૂબા તાત્તનાઈએ,
શથેર–બોઝનાઈએ અને તેમના સાથીઓએ રાજા દર્યાવેશે
મોકલેલી આજ્ઞાનું અક્ષરશ: પાલન કર્યુ. 14યહૂદીયાઓના
વડીલોએ પણ પ્રબોધકો હાગ્ગાય અને ઈદ્દોના પુત્ર ઝખાર્યાના
વચનોથી પ્રેરાઈને મંદિરનું બાંધકામ ફરીથી ચાલુ કર્યુ અને
તેમનું ઉદેશ્ય પુરું કર્યુ. તેઓએ ઈસ્રાએલના દેવના ફરમાન
મુજબ તથા કોરેશ, દાર્યાવેશ અને આર્તાહશાસ્તા અને
ઈરાનના રાજાઓના ફરમાન મુજબ બાંધકામને પૂરું કર્યુ.
15એ મંદિર રાજા દાર્યાવેશના રાજ્યના છઠ્ઠા વર્ષે અદાર
મહિનાના ત્રીજે દિવસે પૂર્ણ થયું હતું.

16ત્યારબાદ ઈસ્રાએલીઓએ યાજકોએ, લેવીઓએ અને
દેશવટેથી પાછા ફરેલા બાકીના બધા લોકોએ ભારે
આનંદપૂર્વક એ મંદિરનું સમર્પણ ઉજવ્યું.

17તેમણે 100 બળદો, 200 ઘેટાં, 400 હલવાન, અને બાર
બકરાની આખા ઈસ્રાએલ માટેની પાપાર્થાપણની બલી આપી.
18ત્યારબાદ તેમણે મૂસાના ગ્રંથમા લખ્યા મુજબ યાજકોને
અને લેવીઓને દેવનાં મંદિરની સેવા પૂજા કરવા ટૂકડીવાર
ફરીથી નીમી દીધા.

### પાસ્ખાપર્વ

19દેશવટેથી પાછા ફરેલા માણસોએ પહેલા મહિનાના
ચૌદમા દિવસે પાસ્ખાનું પર્વ ઊજવ્યું. 20બધાજ યાજકો અને
લેવીઓએ પોતાનું શુદ્ધિકરણ કર્યુ હતું અને તેઓ હવે વિધિવત્ત
શુદ્ધા હતાં. લેવીઓએ બંદીવાસમાંથી આવેલા સર્વ લોકો
તેમના સગાંવહાંલા યાજકો અને પોતાને માટે પાસ્ખાના
હલવાનનો વધ કર્યો. 21ઈસ્રાએલી જેઓ દેશવટેથી પાછા
આવ્યા હતા તેઓએ પાસ્ખા ખાધું, કેટલાક બીજાઓએ
ઈસ્રાએલના દેવ યહોવાને શોધવા પોતાને પ્રજાની
અશુદ્ધિઓથી જુદા કર્યા અને ઈસ્રાએલના દેવ યહોવા પાસે
આવ્યા. તેઓએ તેમની સાથે ખાધું પણ ખરું. 22સાત દિવસ
સુધી તેમણે આનંદભેર બેખમીર રોટલીનું પર્વ ઊજવ્યું. તેઓ
ખૂબ આનંદમાં હતા કારણકે યહોવાએ આશ્શૂરના રાજાના
હૃદયમાં ઈસ્રાએલીઓ પ્રત્યે સદ્ભાવ જગાડી તેમના દેવ
યહોવાના મંદિરના કામમાં તેમને મદદ કરવા પ્રેર્યા હતાં.

### એઝરાનું યરૂશાલેમમાં આગમન

7 ઈરાનના રાજા આર્તાહશાસ્તાના શાસનમાં એઝરા
બાબિલથી યરૂશાલેમ આવ્યો પોતાના કુટુંબના ઈતિહાસ
પ્રમાણે એઝરા સરાયાનો પુત્ર હતો; સરાયા અજાર્યાનો પુત્ર
હતો. અજાર્યા હિલ્કિયાનો પુત્ર હતો; 2હિલ્કિયા શાલ્લૂમનો
પુત્ર હતો; શાલ્લૂમ સાદોકનો પુત્ર હતો; સાદોક અહિટૂબનો
પુત્ર હતો. 3અહિટૂબ અમાર્યાનો પુત્ર હતો; અમાર્યા
મરાયોથનો પુત્ર હતો; 4મરાયોથ ઝરાહાનો પુત્ર હતો; ઝરાહા

ઉઝ્ઝીનો પુત્ર હતો; ઉઝ્ઝી બુક્કીનો પુત્ર હતો 5બુક્કી
અબિશુઆનો પુત્ર હતો. અબિશુઆ ફીનહાસનો પુત્ર હતો;
ફીનહાસ એલઆજારનો પુત્ર હતો; એલઆજાર પ્રમુખ યાજક
હારુનનો પુત્ર હતો.

6એઝરા બાબિલથી આવ્યો તે એક મહાન શિક્ષક હતો.
જે ઈસ્રાએલના દેવ યહોવાએ આપેલા મૂસાના નિયમશાસ્ત્રમાં
ઘણો નિપૂણ હતો. તેના પર યહોવાની કૃપા હતી તેથી રાજાએ
તેની સર્વ અરજ મંજૂર રાખી. 7-8કેટલાક યાજકો લેવીઓ,
ગવૈયાઓ, દ્વારપાળો મંદિરના સેવકો અને કેટલાક બીજા
ઈસ્રાએલીઓ સાથે રાજા આર્તાહશાસ્તાના શાસનના સાતમા
વર્ષના પાંચમા મહિનામાં તે યરૂશાલેમ પહોંચ્યો. 9એઝરાએ
પ્રથમ માસના પ્રથમ દિવસે બાબિલથી ઊપડવાનું નક્કી
કર્યુ હતું, અને તેના ઉપર તેના દેવ યહોવાના ચારે હાથ
હતા એટલે તે પાંચમા મહિનાના પહેલે દિવસે યરૂશાલેમ
આવી પહોંચ્યો હતો. 10એઝરાએ પોતાનું આખું જીવન
યહોવાના નિયમોનો અભ્યાસ કરવામાં, તેને આચારમાં
ઉતારવામાં અને ઈસ્રાએલીઓને તેનાં કાનૂનો અને આજ્ઞાઓ
સમજાવવામાં ગાળ્યું હતું.

## એઝરાને આર્તાહશાસ્તાનો પત્ર

11રાજા આર્તાહશાસ્તાએ આ પત્ર યાજક એઝરાને આપ્યો,
જે યહોવાના નિયમશાસ્ત્રનો અને યહોવાએ ઈસ્રાએલને
આપેલા હુકમોનો શિક્ષક હતો.

12રાજાઓનાં રાજા આર્તાહશાસ્તા તરફથી:
આકાશના દેવનું નિયમશાસ્ત્ર શિખવનાર શિક્ષક એઝરા
યાજકને ક્ષેમકુશળ:

13હું આથી આજ્ઞા ફરમાવું છું કે મારા રાજ્યમાંના
ઈસ્રાએલીઓમાંથી તેમના યાજકોમાંથી કે
લેવીઓમાંથી જે કોઈ પોતાની રાજીખુશીથી યરૂશાલેમ
જવા ઈચ્છે તેમને તારી સાથે જવા દેવા.

14મેં અને મારા સાત સલાહકારોએ તારા દેવનો જે
નિયમ તારી પાસે છે તેની બાબતમાં યહૂદામાં અને
યરૂશાલેમમાં શી સ્થિતિ છે તે તપાસવા માટે તને
મોકલ્યો છે.

15અને અમે તમને તમારી સાથે લઈ જવા માટે
ચાંદી અને સોનું આપી રહ્યાં છીએ આ ઈસ્રાએલના
દેવ માટે ભેટ છે, જે યરૂશાલેમમાં નિવાસ કરે છે.
16તદુપરાંત તારે બાબિલના સર્વ રાજ્યોમાંથી
યરૂશાલેમના દેવના મંદિર માટે ચાંદી તથા સોનું
સ્વૈચ્છિક અર્પણ તરીકે યહૂદીયાઓ અને તેઓના યાજકો
પાસેથી ઉઘરાવવું.

17આ બધી ભેટો સાથે બળદો, ઘેટાં, હલવાન,
ખાદ્યાર્પણ તથા પેયાર્પણ પણ ચોક્કસ ખરીદવામાં આવે,
જ્યારે તમે યરૂશાલેમ પહોંચો ત્યારે તે સર્વ અર્પણોનું
યરૂશાલેમમાં તમારા દેવના મંદિરની વેદી ઉપર
બલિદાન ચઢાવવામાં આવે. 18જે કંઈ સોનુંચાંદી વધે
તેનો ઉપયોગ તમારા દેવને પ્રસન્ન કરવા, જેમ તને
અને તારા સાથીઓને ઠીક લાગે તે રીતે કરવો. 19તમારા
દેવના મંદિરની સેવા માટે જે વાસણો તને આપવામાં
આવ્યાં છે તે તારે પૂરેપૂરા યરૂશાલેમમાં દેવને આપી
દેવાં. 20અને જો તારા દેવનાં મંદિર માટે બીજા કશાની
તને જરૂર પડે તો તું રાજ્યની તિજોરીમાંથી જરૂર વાપરી
શકે છે.

21હું રાજા આર્તાહશાસ્તા ફ્રાંત નદી પારના પ્રાંતના
સર્વ ખજાનચીઓને હુકમ કરું છું કે આકાશના દેવના
નિયમના લહિયા યાજક એઝરા જે કંઈ માગે તે તમારે
વિના વિલંબે પૂરું પાડવાનું છે. 223,400 કિલો ચાંદી,*
16,300 કિલો ઘઉં,* 600 ગેલન* દ્રાક્ષારસ અને
600 ગેલન તેલથી પ્રમાણ વધી ન જાય; મીઠું જોઈએ
તેટલું આપવું. 23આકાશના દેવ પોતાના મંદિર માટે
જે કંઈ ફરમાવે તે બધું તમારે તાબડતોબ કરવાનું છે,
નહીં તો કદાચ મારા રાજ્ય ઉપર અને મારા વંશજો
ઉપર તેમનો રોષ ઊતરે.

24અને તમને એ પણ જણાવવામાં આવે છે કે, કોઈ
પણ વધારાનો કરવેરો યાજકો, લેવીઓ, ગાયકો,
દ્વારપાળો કે મંદિરના સેવકો કે દેવના મંદિરના બીજા
કર્મચારીઓ પાસેથી લેવાનો નથી. 25અને એઝરા, તું
તને દેવે જે બુદ્ધિ આપી છે તે વડે ન્યાયાધીશો અને
અન્ય અધિકારીઓની પસંદગી કર અને ફ્રાંત નદીની
પશ્ચિમ તરફ વસતા જે લોકો તારા દેવના નિયમો જાણે
છે તેઓ ઉપર વહીવટ ચલાવવા તેઓને નિયુક્ત કર;
જો તેઓને યહોવાના નિયમશાસ્ત્રનું જ્ઞાન ના હોય તો
તારે તેઓને શીખવવું 26દેવના નિયમશાસ્ત્રનું તથા
રાજાના કાનૂનનું પાલન કરવાની ના પાડનારને
તાત્કાલિક મૃત્યુદંડ અથવા દેશમાંથી હદપાર કરવાની
સજા અથવા તેનો સામાન જપ્ત કરવાની અથવા કેદની
સજા કરવી.

## એઝરાની દેવને સ્તુતિ

27ત્યારે એઝરાએ કહ્યું, "અમારા પૂર્વજોના દેવ યહોવાની
સ્તુતિ હો! કારણ કે તેણે રાજાને યરૂશાલેમના યહોવાના
મંદિરનો મહિમાં વધારવાની પ્રેરણા કરી છે.

28અને તેમણે રાજાને, તેના મંત્રીઓને અને બધા ઉચ્ચ
અધિકારીઓને મારા પ્રત્યે સદ્ભાવના ધરાવતા કર્યા છે.
મને ખબર છે કે મારા ઉપર મારા યહોવા દેવની કૃપા હતી
તેથી મેં ઈસ્રાએલના આગેવાનોને મારી સાથે યરૂશાલેમ
જવા માટે ભેગા કર્યા."

---

**3,400 કિલો ચાંદી** પ્રાચીન તોલમાપ પ્રમાણે 3 3/4 ચાંદી, અથવા 100 તોલંત ચાંદી.

**16,300 કિલો ઘઉં** પ્રાચીન તોલમાપ પ્રમાણે 600 બુશેલ, અથવા 100 કોરી ઘઉં.

**600 ગેલન** પ્રાચીન માપ પ્રમાણે લગભગ 2,200 લિટર અથવા 100 બાથ.

## એઝરા સાથે પાછાં ફરેલાં આગેવાનોની યાદી

8 આર્તાહશાસ્તા રાજાના શાસનકાળ દરમ્યાન બાબિલથી
મારી સાથે જેઓ આવ્યા હતા તેઓનાં કુટુંબના
વડવાઓના નામ આ મુજબ છે: 2ફીનહાસના વંશજોમાંનો
ગેર્શોમ; ઈથામારના વંશજોમાંનો દાનિયેલ; દાઉદના
વંશજોમાંનો શખાન્યાનો પુત્ર હાટ્ટૂશ. 3પારોશના વંશજોમાંનો
ઝખાર્યા; તેની સાથે વંશવાળી મુજબ 150 પુરુષો નોંધાયા
હતા. 4પાહાથ-મોઆબના વંશજોમાંથી ઝરાહ્યાનો પુત્ર
એલ્યહોએનાય; તેની સાથે 200 પુરુષો હતા. 5શખાન્યાના
વંશજોમાંનો યાહઝીએલનો પુત્ર; તેની સાથે ત્રણસો પુરુષો
હતા. 6આદીનના વંશજોમાંનો યોનાથાનનો પુત્ર એબેદ; તેની
સાથે 50 પુરુષો હતા. 7એલામના વંશજોમાંના અથાલ્યાનો
પુત્ર યશાયા; તેની સાથે સિત્તેર પુરુષો હતા. 8શફાટ્યાના
વંશજોમાંના મિખાયેલનો પુત્ર ઝબાદ્યા; તેની સાથે 80 પુરુષો
હતા. 9યોઆબના વંશજોમાંના યહીએલનો પુત્ર ઓબાદ્યા;
તેની સાથે 218 પુરુષો હતા. 10શલોમીથના વંશજોમાંના
યોસિફયાનો પુત્ર તેની સાથે 160 પુરુષો હતા. 11બેબાયના
વંશજોમાનાં બેબાયનો પુત્ર ઝર્ખાયા; તેની સાથે 28 પુરુષો
હતા. 12અઝગાદના વંશજોમાંના હક્કાટનનો પુત્ર યોહાનાન;
તેની સાથે એકસો દશ પુરુષો હતા. 13છેલ્લા અદોનીકામના
વંશજો હતા; તેઓનાં નામ આ છે; અલીફેલેટ, યેઉએલ,
શમાયા, ને તેઓની સાથે 60 પુરુષો હતા. 14બિગ્વાયના
વંશજોમાંના ઉથાય તથા જાબ્બૂદ; તેઓની સાથે 70પુરુષો
હતા.

## યરૂશાલેમમાં પુન:પ્રયાણ

15અમે નદીને કિનારે એકઠા થયા જે આહવા તરફ વહેતી
અને ત્યાં ત્રણ દિવસ માટે પડાવ નાખ્યો. તે દરમ્યાન મેં
બંદીવાસમાંથી આવેલા લોકોની યાદી તપાસી તો મને ખબર
પડી કે તેમાં યાજકો હતા પણ એક પણ લેવી નોંધાયો ન
હતો. 16તેથી મેં એલીએઝેર, અરીએલ, શમાયા, એલ્નાથાન,
યારીબ, નાથાન ઝખાર્યા અને મશુલ્લામ તથા લેવી
આગેવાનોને તેડાવ્યા. વળી મેં યોયારીબ અને એલ્નાથાનને
પણ બોલાવ્યા, કારણકે તેઓ ખૂબ અભ્યાસી માણસો હતા.
17અને તેમને આશ્શૂરના યહૂદી સમાજના આગેવાન ઈદ્દો
પાસે મોકલ્યા, અને તેમની મારફતે ઈદ્દોને અને આશ્શૂરમાં
રહેતા તેના જાતભાઈઓને અમારા દેવનાં મંદિર માટે સેવકો
મોકલવા કહેવડાવ્યું. 18અને અમારા ઉપર દેવના ચાર હાથ
હતા એટલે તેમણે અમારી પાસે નીચે પ્રમાણે સેવકો મોકલ્યા:

ઈસ્રાએલના પુત્ર લેવીના પુત્ર માહલીનો વંશજ શેરેબ્યા,
તેના ભાઈઓ અને તેના પુત્રો, કુલ 18 પુરુષો. શેરેબ્યા ખૂબ
હોશિયાર માણસ હતો.

19મરારીના વંશજો હશાબ્યા અને યશાયા, તેના ભાઈઓ
તથા તેઓના પુત્રો કુલ 20 પુરુષો.

20દાઉદે તથા તેના સરદારોએ મંદિરની સેવાને માટે જે
નથીનેમને નીમ્યા હતા, તેઓમાંના 220 ને; એ બધાનાં
નામ દર્શાવેલા હતાં.

21અમે આહવા નદીને કિનારે હતા ત્યારે મેં ઉપવાસની
જાહેરાત કરી, જેથી અમે અમારા દેવની આગળ પોતાને
નમ્ર બનાવીએ; અમે પ્રાર્થના કરી કે તે અમારું, અમારા
બાળકોનું તથા અમારા સામાનનું મુસાફરી દરમ્યાન રક્ષણ
કરે. 22શત્રુઓથી માર્ગમાં અમારું રક્ષણ કરવા માટે રાજા
પાસે પાયદળના સૈનિકો અને ઘોડેસવારોની માગણી કરતાં
મને શરમ આવી. કારણ અમે રાજાને કહ્યું હતું કે, "જે કોઈ
દેવની આરાધના કરે છે તેના ઉપર દેવ પ્રસન્ન થાય છે
અને તેમનું કલ્યાણ કરે છે, પણ જે કોઈ તેના પ્રત્યે વિમુખ
હોય છે તેના ઉપર તેનો ભયંકર કોપ ઉતરે છે." 23આથી
અમે ઉપવાસ કર્યો અને સુરક્ષિત મુસાફરી માટે દેવને પ્રાર્થના
કરી, અને તેણે અમારી પ્રાર્થના સાંભળી.

24પછી મેં યાજકોમાંથી બાર આગેવાનોને પસંદ કર્યા, મેં
શેરેબ્યાને, હશાબ્યાને તથા તેના ભાઈઓમાંથી દસને પસંદ
કર્યા; 25મેં તે બધું સોનુ ચાંદી અને બીજી વસ્તુઓનું વજન
કર્યુ જે રાજાએ, તેના સલાહકારોએ, અધિકારીઓએ અને
ત્યાં હાજર રહેલા બધાં ઈસ્રાએલીઓએ દેવના મંદિર માટે
આપ્યું હતું. 26મેં તેમને 22,100 કિલો ચાંદી, 3,400 કિલો
વજનના ચાંદીના વાસણો, 3,400 કિલોગ્રામ સોનું. 27સોનાનાં
20 ઘડાઓ, જેનું વજન 8 1/2 કિલોગ્રામ હતું, અને પિત્તળના
બે વાસણો, જે સોના જેટલાંજ કિંમતી હતાં તે આપ્યાં. 28અને
તે યાજકોને કહ્યું, "તમે યહોવાને સમર્પિત થયેલા છો, તેમ
આ વાસણો પણ યહોવાને સમર્પિત થયેલા છે. આ સોનું
અને ચાંદી તમારા પિતૃઓના દેવ યહોવાને સ્વેચ્છાએ
ધરાવેલી ભેટ છે."

29મેં તેઓને કહ્યું, "આ ખજાનાને કાળજીપૂર્વક સંભાળજો;
મંદિરે પહોંચો ત્યાં સુધી એનું રક્ષણ કરજો. ત્યાં યહોવાના
મંદિરના ભંડારના ઓરડાઓમાં યાજકોના અને લેવીઓના
આગેવાનો તથા યરૂશાલેમના ઈસ્રાએલીઓનાં કુટુંબના
વડાઓની સમક્ષ વજન કરીને સોંપી દેજો."

30આથી યાજકોએ અને લેવીઓએ યરૂશાલેમ દેવના મંદિરે
લઈ જવા માટે ચાંદી, સોનું અને વાસણો સંભાળી લીધાં.

31અમે પહેલા મહિનાને બારમે દિવસે આહવા નહેરથી
યરૂશાલેમ આવવા ઊપડ્યા. અમારા ઉપર દેવના ચાર હાથ
હતા અને તેણે માર્ગમાં દુશ્મનોનાં હુમલાથી અને ચોર
લૂંટારાથી અમારું રક્ષણ કર્યુ. 32અને આમ અમે યરૂશાલેમ
પહોંચ્યા પછી અમે ત્રણ દિવસ આરામ લીધો. 33અને ચોથે
દિવસે, યાજક ઉરિયાનો પુત્ર મરેમોથ, ફીનહાસનો પુત્ર
એલઆઝાર, યેશુઆનો પુત્ર યોઝાબાદ અને બિન્નુઈનો પુત્ર
નોઆદ્યાએ ચાંદી, સોનું અને બીજી કિંમતી વસ્તુઓનું અમારા
દેવનાં મંદિરમાં વજન કર્યુ.

34દરેક વસ્તુઓનું ગણીને વજન કરવામાં આવ્યું હતું
અને તે સમયે સોના અને ચાંદીનું કુલ વજન નોંધી લેવાયું
હતું.

35ત્યારપછી જેઓ દેશવટેથી પાછા ફર્યા હતા તેમણે આખા
ઈસ્રાએલ તરફથી યહોવાને બાર બળદો અર્પણ કર્યા, 96
ઘેટાં, 77 ઘેટાંઓ દહનાર્પણ તરીકે, અને પાપાર્થાર્પણ તરીકે

બાર બકરા ધરાવ્યાં; તેઓએ આ બધુંજ યહોવાને દહનાર્પણ
રૂપે ચડાવ્યું.
36રાજાનો હુકમ ફ્રાત નદીની પશ્ચિમ તરફના સર્વ રાજ્યોમાં
તેના સરદારોને તેમજ પ્રશાશકોને જણાવવામાં આવ્યો અને
તે નેતાઓએ લોકોને અને દેવના મંદિરનેં ઘણોજ સહકાર
આપ્યો.

### બિનયહૂદીઓ સાથેના લગ્ન-વિરૂદ્ધ એઝરાનો બોધ

9 પરંતુ આ બધું પૂરું થયા પછી કેટલાક આગેવાનો મારી
પાસે આવ્યા ને કહ્યું, "ઈસ્રાએલના લોકો, યાજકો અને
લેવીઓએ પોતાની જાતને દેશમાં રહેતા વિદેશી લોકોથી
જુદી પાડી નથી. તેઓએ કનાનીઓ, હિત્તીઓ, પરિઝિઝઓ,
યબૂસીઓ, આમ્મોનીઓ, મોઆબીઓ, મિસરવાસીઓ અને
અમોરીઓના ધૃણાપાત્ર રીત રિવાજો અને માર્ગો અપનાવ્યા
છે. 2તેમણે આ લોકોની સ્ત્રીઓને પોતાની અને પોતાના
પુત્રોની પત્ની તરીકે સ્વીકારી છે; આમ પવિત્ર લોકોની
પ્રદેશના લોકો સાથે ભેળસેળ થઈ ગઈ છે. આ પાપ
કરવાવાળામાં આગેવાનો અને અમલદારો જ પહેલા છે."
3મેં જ્યારે આ સાંભળ્યું ત્યારે મેં મારાં વસ્ત્ર ફાડ્યાં, મારા
માથાના તથા દાઢીના વાળ ખેંચી કાઢયાં અને હું અતિશય
સ્તબ્ધ થઈ બેસી ગયો. 4આ સમયે બંદીવાસવાળાઓના
પાપને લીધે ઈસ્રાએલના દેવના વચનોથી જેઓ ધ્રુજતા હતા.
તે સર્વ મારી પાસે ભેગા થયા; સાંજના હોમયજ્ઞ સુધી હું
સ્તબ્ધ થઈને બેસી રહ્યો.
5સાંજના હોમયજ્ઞનો સમય થતાં હું શોકમગ્ન થઈને
બેઠો હતો ત્યાંથી ઊઠ્યો અને મારાં ફાટેલા ઝભ્ભા અને
ઉપરણાં સાથે જ ઘૂંટણીએ પડી મારા દેવ યહોવા તરફ હાથ
લંબાવી હું બોલ્યો,
6"ઓ મારા દેવ મારી નામોશીનો પાર નથી. તારી સામે
જોતાં પણ મને શરમ આવે છે. અમારાં પાપોનો ઢગલો
અમારાં માથાથી પણ ઊંચો થઈ ગયો છે અને અમારા અપરાધ
ઠેઠ ઊંચા આકાશને અડે છે. 7અમારા પિતૃઓના સમયથી
અમે ઘણા અપરાધ કર્યા છે; અમે અમારા રાજા તથા અમારા
યાજકોએ અમારા પાપોને કારણે અમારી જાતને અન્ય દેશોના
રાજાઓને હવાલે કરી દીધી છે અને અમે તલવારને,
બંદીવાસને, લૂંટફાટને અને બેઆબરૂને વશ થયા છીએ અને
અમને અપમાનિત કરવામાં આવ્યા છે. આજે અમે એજ
બેહાલ દશામાં છીએ.
8પરંતુ ટૂંકા સમય માટે તમે, અમારા દેવે અમારા ઉપર
કૃપા કરીને અમારામાંથી કેટલાંકને ઉગારી લીધા છે અને
આ પવિત્ર ભૂમિમાં અમને આશ્રયસ્થાન આપ્યું છે. તમે
અમારી આંખોમાં તેજ આપ્યું છે અને અમારી ગુલામ દશામાં
તમે અમારામાં નવા પ્રાણ પૂર્યા છે: 9કારણ, અમે તો ગુલામ
છીએ. તેમ છતાં અમારી ગુલામ દશામાં પણ તમે અમને
ભૂલી નથી ગયા, અને તમે ઈરાનના રાજાના હૃદયમાં અમારા
માટે દયા જગાડી છે અને તેમણે અમને જીવતદાન તો
આપ્યુંજ છે, ઉપરાંત અમારા દેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરી
ફરી બાંધવાની પરવાનગી આપી છે, અને યહૂદામાં અને
યરૂશાલેમમાં અમને દીવાલ આપી છે.
10હવે, ઓ દેવ, અમે તમને શું કહીએ? કારણકે અમે
ફરીથી તમારી આજ્ઞાઓ પાળી નથી અને તમારાથી દૂર ભટકી
ગયા છીએ. 11દેવે, તેમના સેવકો પ્રબોધકો મારફત અમને
ચેતવ્યા હતા કે જે ભૂમિ અમને વારસામા મળવાની છે તે
ત્યાંના રહેવાસીઓના ભયંકર રીતરિવાજને લીધે તદન અશુદ્ધ
થયેલી છે અને એક છેડાથી બીજા છેડા સુધી તેમાં વ્યાપેલી
અશુદ્ધિઓને લીધે ભ્રષ્ટ થયેલી છે. 12માટે તમારી પુત્રીઓને
તેમના પુત્રો સાથે પરણાવશો નહીં તેઓએ અમને કહ્યું હતું,
અને તમારા પુત્રોને તેમની પુત્રીઓ સાથે પરણાવશો નહીં;
અને એ લોકોની સુખ સમૃદ્ધિ માટે કશું કરશો નહીં. તો જ
તમે બળવાન બનશો, એ ભૂમિની ઉત્તમ ઉપજને માણી
શકશો, અને તમારા વંશજોને એ સદાકાળ માટે વારસામાં
આપતા જશો.
13અમારા દુષ્ટ કર્મોને લીધે તથા અમારા મોટા અપરાધને
લીધે અમારા પર જે કઈ વીત્યું છે, તે સર્વ ને માટે, હે
યહોવા અમારા દેવ, જેટલી થવી જોઈએ તે કરતાં તમે અમને
થોડી શિક્ષા કરી છે; વળી અમારામાંથી તમે આટલાને બચાવી
પણ લીધાં છે. 14તે છતાં અમે તમારા હુકમોનો અનાદર
કરીને ફરી આ ધિક્કારપાત્ર કૃત્યો કરનાર લોકોની સાથે
આંતરવિવાહ કરીશું? તો પછી શું તું અમારા ઉપર કોપાયમાન
થઈને અમારો એવો વિનાશ નહીં કરશે કે કઈપણ અથવા
કોઈપણ ન બચે?
15ઓ ઈસ્રાએલના દેવ યહોવા, તું ન્યાયી છે તેથી જ
અમે આજે છીએ એટલા ઊગરવા પામ્યા છીએ. અમે
અપરાધીઓ તમારી સમક્ષ ઊભા છીએ, જુઓ. અમારા
અપરાધને કારણે અમને તમારી સમક્ષ આવવાનો કોઈ
અધિકાર નથી."

### લોકોની પોતાનાં પાપોની કબૂલાત

10 એઝરા દેવનાં મંદિર આગળ પગે પડીને રડતો
રડતો પ્રાર્થના કરતો હતો અને અપરાધની કબૂલાત
કરતો હતો, તે દરમ્યાન ઈસ્રાએલી સ્રીઓ, પુરુષો અને
બાળકોનું એક મોટું ટોળું તેની આજુબાજુ ભેગું થઈ ગયું
અને હૈયાફાટ રૂદન કરવા લાગ્યું. 2ત્યારે એલામના એક
વંશજ યહીએલના પુત્ર શખાન્યાએ એઝરાને કહ્યું, "આપણે
આ દેશની વિધર્મી સ્ત્રીઓને પરણીને દેવનો અવિશ્વાસ
કર્યો છે. તેમ છતાં ઈસ્રાએલીઓ માટે હજી આશા છે. 3હવે
આપણે આપણા દેવ સમક્ષ કરાર કરીએ કે આપણે આ
સ્ત્રીઓને તેમના પુત્રો સાથે હાંકી કાઢશું. અમે આ પ્રમાણે
તમારી અને દેવથી ડરીને ચાલનારા બીજાઓની સલાહ
પ્રમાણે કરીશું. દેવના નિયમનું પાલન થવું જ જોઈએ. 4ઊઠો,
આ કામ તમારું છે. અમે તમને ટેકો આપીશું. હિંમત રાખો
અને કામ પાર ઉતારો."
5ત્યારે એઝરાએ ઊઠીને મુખ્ય યાજકોને, લેવીઓને તથા
સર્વ ઈસ્રાએલીઓને સમ ખવડાવ્યા કે અમો એ વચન

પ્રમાણે જ કરીશું. તેથી તેઓએ સમ ખાધા. 6ત્યારબાદ
એઝરાએ મંદિર સામેની તેની જગ્યા છોડી અને એલ્યાશીબના
પુત્ર યહોહાનાનની ઓરડીમાં પ્રવેશ્યો. અને દેશવટેથી પાછા
ફરેલા ઈસ્રાએલીઓએ દીધેલા છેહથી શોકમાં ને શોકમાં
અન્નજળ લીધા વગર તેણે ત્યાં જ રાત ગાળી. 7તેઓએ
ઢંઢેરો પિટાવીને આખા યહૂદામાં તથા યરૂશાલેમમાં તથા
જેઓ બધાં બંધક બનાવાયા હતાં તે બધાંને યરૂશાલેમમાં
ભેગા થવા માટે કહેવડાવ્યું. 8અને ત્રણ દિવસમાં જે કોઈ
આવી નહીં પહોચે તેની બધી માલમિલકત જપ્ત કરવામાં
આવશે અને તેમને બંધકોના સમૂહમાંથી દૂર કરવામાં આવશે
આ આગેવાનો અને વડીલોનો નિર્ણય હતો."

9આથી ત્રણ દિવસની અંદર યહૂદાના અને બિન્યામીનના
પ્રદેશના બધા લોકો યરૂશાલેમમાં ભેગા થયા અને નવમા
મહિનાના વિસમાં દિવસે તેઓ બધા દેવના મંદિરનાં
પ્રાંગણમાં બેઠા પ્રસંગને અનુરૂપ તેઓ બધાં ગંભીર અને
મૂશળધાર વરસાદમાં થરથર ધ્રૂજતાં હતાં. 10પછી યાજક
એઝરાએ ઊભા થઈને કહ્યું, "તમે વિધર્મી સ્ત્રીઓને પરણીને
યહોવાને છેહ દીધો છે, અને ઈસ્રાએલના અપરાધમાં વધારો
કર્યો છે. 11માટે હવે તમારા પિતૃઓના દેવ યહોવા આગળ
પાપોની કબૂલાત કરો અને તેની ઈચ્છાને અનુસરીને તમારી
નજીક વસતા અન્ય દેશોના લોકોથી અને તમારી વિધર્મી
પત્નીઓથી અલગ થઈ જાઓ."

12ત્યારે આખી સભા મોટે સાદે બોલી ઊઠી, "જરૂર, તમે
કહો તે પ્રમાણે કરવું જ જોઈએ. 13પણ તમે લોકો ઘણા છો,
ને આ વખતે ઘણો વરસાદ પડે છે, તેથી આપણે બહાર
ઊભા રહી શકતા નથી, વળી આ કામ એક બે દિવસનું પણ
નથી; આ બાબતમાં અમે તો મોટું પાપ કર્યું છે. 14આપણા
આગેવાનો આખા સમાજનું પ્રતિનિધિત્વ કરે, અને દરેક
શહેરમાં તમારામાંના જેઓ વિધર્મી સ્ત્રીઓને પરણ્યા છે
તેઓ વડીલો અને ન્યાયાધીશો સાથે ઠરાવેલ સમયે હાજર
થાય, જ્યાં સુધી આપણા ઉપરથી આ કારણે ભભૂકી ઊઠેલો
દેવનો કોપ ઉતરી ન જાય."

15આનો કેવળ અસાહેલનો પુત્ર યોનાથન તથા તિકવાહનો
પુત્ર યાહઝયા એ વાતના વિરોધી થયા; અને તેમને લેવીઓ
મશુલ્લામ તથા શાબ્બાથયિ ટેકો આપ્યો. બાકીના લોકોએ
એનો સ્વીકાર કર્યો.

16તેથી બંધકોએ પણ તે પ્રમાણે કર્યુ યાજક એજારાએ તે
તે કુટુંબના પ્રતિનિધિ તરીકે કેટલાંક કુટુંબના વડાઓને પસંદ
કર્યા અને તેમનાં નામની યાદી બનાવી. દસમા મહિનાના
પહેલા દિવસે તેમણે આ બાબતની તપાસ શરૂ કરી 17અને
પહેલા મહિનાના પહેલા દિવસ સુધીમાં તેમણે વિધર્મી
સ્ત્રીઓને પરણેલાં બધા માણસોની તપાસ પૂરી કરી.

### વિધર્મી સ્ત્રીઓને પરણેલા પુરુષોની નામાવલી

18યાજકોના કુટુંબોમાં નીચેના માણસો વિધર્મી સ્ત્રીઓને
પરણેલા માલૂમ પડ્યા હતા, તેઓ આ મુજબ છે: યેશુઆના
વંશજોમાંના, યોશાદાકનો પુત્ર તથા તેના ભાઈઓ
માઅસેયા,અલીએઝેર, યારીબ તથા ગદાલ્યા. 19એ બધાએ
પોતાની પત્નીઓને હાંકી કાઢવાનું વચન આપ્યું અને દરેકે
પોતાના પાપના પાપાર્થાર્પણ તરીકે એક ઘેટો ધરાવ્યો;

20ઈમેરના વંશજોમાંથી હનાની અને ઝબદીયા;

21હારીમના વંશજોમાંથી માઅસેયા, એલિયા, શમાયા,
યહિયેલ, અને ઉઝિયા,

22પશહુરના વંશજોમાંથી એલ્યોએનાઈ, માઅસેયા,
ઈશમાએલ, નથાનએલ, યોજાબાદ અને એલઆસાહ.

23લેવીઓમાંથી યોજાબાદ, શિમઈ, કેલાયા (કેલીટા પણ
કહેવાય છે), પથદીયા યહૂદા અને એલિએઝેર.

24ગાયકોમાંથી એલિયાશિબ; દ્વારપાળોમાંથી શલુમ, ટેલમ
અને ઉરી. 25અન્ય ઈસ્રાએલીઓમાં; પારોશના વંશજોમાંના;
રામ્યાહ, યિઝિઝયા, માલ્કિયા, મીયામીન, એલઆઝાર,
માલિક્યા તથા બનાયા.

26માત્તાન્યા, ઝર્ખાયા, યહીએલ, આબ્દી, યરેમોથ તથા
એલીયા તે બધાં એલામના વંશજોમાંથી.

27જાત્તૂના વંશજોમાંના; એલ્યોએનાય, એલ્યાશીબ,
માત્તાન્યા, યરેમોથ, જાબાદ તથા અઝીઝા.

28બેબાયના વંશજોમાંના; યહોહાનાન, હનાન્યા, જાબ્બાથ
તથા આથ્લાય.

29બાનીના વંશજોમાંના; મશુલ્લામ, માલ્લૂખ, અદાયા,
યાસૂબ, શેઆલ તથા યરેમોથ. 30પાહાથમોઆબના
વંશજોમાંના; આદના, કલાલ, બનાયા, માઅસેયા, માત્તાન્યા,
બસલએલ, બિન્નૂઈ તથા મનાશ્શા.

31હારીમના વંશજોમાંના અલીએઝેર, યિશિયા, માલ્કિયા,
શમાયા, શિમયોન, 32બિન્યામીન, માલ્લૂખ તથા શર્માયા.

33હાશુમના વંશજોમાંના; માત્તનાય, માત્તાત્તાહ, જાબાદ,
અલીફેલેટ, યરેમાઈ, મનાશ્શા તથા શિમઈ,

34લિગ્વાયના વંશજોમાંના; માઅદાય, આમ્રામ, ઉએલ;
35બનાયા, બેદયા, કલૂહુ; 36વાન્યા, મરેમોથ, એલ્યાશીબ;
37માત્તાન્યા, માત્તનાય, યાઅસુ;

38બિન્નુઈના વંશજોમાંથી શિમી, 39નાથાન, અદાયા,
40મખનદબાઈ, શાહશાદ, શારાઈ 41ઈઝરેલ, શલમિયા,
શમારીયા, 42શાબ્લૂમ, અમરીયા અને યોસેફ;

43નબોના વંશજોમાંના; યેઈએલ, માત્તિથ્યા, જાબાદ,
ઝબીના, યિદો, યોએલ તથા બનાયા.

44એ સર્વ પરદેશી સ્ત્રીઓને પરણ્યાં હતાં; તેઓમાંના
કેટલાકને તે સ્ત્રીથી છોકરાં થયાં હતાં.

# કાળવૃત્તાંતનું બીજું પુસ્તક

### સુલેમાનની જ્ઞાન માટેની પ્રાર્થના

1 દાઉદનો પુત્ર સુલેમાન પોતાના રાજ્યમાં બળવાન થયો.
કારણકે તેના દેવ યહોવા તેની મદદમાં હતા. દેવે તેનો
મહિમા ખૂબ વધાર્યો. **2**તેણે લશ્કરના સર્વ અધિકારીઓને,
ન્યાયાધીશોને તેમજ આગેવાનો અને ઈસ્રાએલના કુટુંબના
વડીલોને ગિબયોનમાં એકત્ર કર્યા. **3**ત્યારબાદ સુલેમાન,
સૌને ગિબયોન પર્વતની ટોચે લઈ ગયો જ્યાં દેવનો મુલાકાત
મંડપ હતો, જે મૂસા અને તેના લોકોએ તેમની અરણ્યની
મુસાફરી દરમ્યાન તે બાંધ્યો હતો. **4**દેવનો કરારકોશ ત્યાં ન
હતો કારણકે દાઉદ દેવનો કરાર કોશ કિર્યાથ-યાઆરીમથી
યરૂશાલેમ લઈ આવ્યો હતો જ્યાં તેણે તેના માટે એક નવો
મંડપ તૈયાર કર્યો હતો. **5**વળી હૂરના પુત્ર ઉરીના પુત્ર બસાલેલે
જે કાંસાની વેદી બનાવી હતી તે ગિબયોનના પવિત્રમંડપની
સામે હતી; સુલેમાન તથા એકત્ર થયેલા અધિકારીઓએ
તથા આગેવાનોએ ત્યાં યહોવાની ઉપાસના કરી. **6**સુલેમાને
યહોવાની સામે મુલાકાતમંડપ પાસે જે પિત્તળની વેદી હતી.
તેના પર 1,000 દહનાર્પણો ચઢાવ્યા.

**7**તે દિવસે રાત્રે દેવે સુલેમાનને દર્શન આપ્યા અને કહ્યું,
"માગ માગ, તારી જે ઈચ્છા હોય તે માગ હું તને તે અવશ્ય
આપીશ." **8**સુલેમાને કહ્યું, "ઓ દેવ, તમે મારા પિતા દાઉદ
પ્રત્યે બહુ જ ભલાઈ અને દયા દર્શાવ્યાં હતાં, અને હવે તમે
મને રાજ્ય સોંપ્યું છે. **9**હવે ઓ દેવ યહોવા, મારા પિતા
દાઉદને આપેલું વચન હવે પૂરું કરો. તમે મને ધરતીની
ધૂળના કણ જેટલા અગણિત લોકોનો રાજા બનાવ્યો છે.
**10**હવે તમે મને ડહાપણ અને જ્ઞાન આપો, જેથી હું આ
લોકોને દોરવણી આપી શકું, કારણ, આ તમારી મહાન પ્રજાને
માર્ગદર્શન કોણ કરી શકે?"

**11**દેવે સુલેમાનને કહ્યું, "તારો અભિગમ સારો છે, તેં ધન,
સંપત્તિ કે જાહોજલાલી અથવા તારા દુશ્મનોનાં મોત કે
પોતાના માટે દીર્ઘાયુની પણ માગણી કરી નથી, પણ તારા
ઉપર હું ડહાપણ અને જ્ઞાનની વર્ષા કરીશ જેથી તું મારા
લોકો ઊપર શાશન કરી શકે જેમનો મેં તને રાજા બનાવ્યો
છે. **12**ઉપરાંત, હું તને એવાં તો ધન, સંપત્તિ અને જાહોજલાલી
આપીશ કે જેવાં તારી પહેલાંના કોઈએ પણ ન ભોગવ્યાં
હોય કે તારી પછી કોઈ ભોગવશે નહીં." **13**ત્યારબાદ
ગિબયોનના ઉચ્ચસ્થાનેથી, મુલાકાત મંડપથી પાછા
યરૂશાલેમ આવીને સુલેમાને ઈસ્રાએલ ઉપર રાજ્ય કરવા
માંડ્યું.

### સેના અને સંપત્તિ ઊભી કરતો સુલેમાન

**14**સુલેમાને રથો અને ઘોડાઓની એક મોટી સેના ઊભી
કરી. તેની પાસે 1,400 રથો અને12,00 ઘોડા હતા, તેમાંના
કેટલાક તેણે રથ રાખવાના નગરોમાં રાખ્યા અને બાકીના
પોતાની પાસે યરૂશાલેમમાં રાખ્યા. **15**એના શાસન
દરમિયાન યરૂશાલેમમાં સોનું ને ચાંદી કાંકરા જેટલાં સસ્તાં
થઈ ગયાં હતાં અને મૂલ્યવાન દેવદાર વૃક્ષોનું ઈમારતી
લાકડું સામાન્ય ગુલ્લરકાષ્ટની જેમ મળતું થઈ ગયું હતું.
**16**સુલેમાનના ઘોડા મિસર અને ક્યું ના હતા; રાજાના સોદાગરો
એ ઘોડાઓની ખરીદી ક્યું માં કરી હતી. **17**મિસરથી 600
ચાંદીના શેકેલ ભાવે રથો આયાત કરવામાં આવતા હતા.
અને ઘોડા 150 ચાંદીના શેકેલ ભાવે, હિત્તીઓના તેમજ
અરામના બધા રાજાઓ પણ ઘોડા અને રથો એ આડતિયાઓ
પાસેથી આયાત કરતા હતા.

### મંદિરના બાંધકામનું આયોજન

2 સુલેમાને યહોવાને માટે એક મંદિર અને પોતાને માટે
એક રાજમહેલ બાંધવાનો નિર્ધાર કર્યો. **2**તેણે 70,000
લોકોને હમાલ તરીકે સામાન ઊંચકવા માટે, 80,000
માણસોને પર્વતોમાં પથ્થરો કાપવા માટે તથા 3,600 લોકોને
તેઓના ઉપર દેખરેખ રાખવા મુકાદમો તરીકે રાખ્યા.

**3**ત્યારબાદ સુલેમાને તૂરના રાજા હૂરામને સંદેશો મકલ્યો
કે, "તમે મારા પિતા દાઉદને રાજમહેલ બાંધવા માટે સુખડનું
લાકડું મોકલ્યું હતું. **4**અત્યારે હું મારા દેવ યહોવા માટે
મંદિર બાંધવા માંગુ છું, જ્યાં તેની સમક્ષ નિત્ય ધૂપ થાય,
નિત્ય એની સામે રોટી અર્પિત થતી રહે, વિશ્રામવારોએ,
અમાસને દિવસે અને અમારા દેવ યહોવા દ્વારા ઠરાવાયેલા
બીજા ઉત્સવોને દિવસે સવારે ને સાંજે આહુતિ અપાય,
કારણકે ઈસ્રાએલને માથે એ કાયમી ફરજ છે.

**5**"હું જે મંદિર બાંધવાનો છું તે ઘણું મોટું થવાનું છે,
કારણ, અમારો દેવ સર્વ દેવો કરતા મોટો છે. **6**પરંતુ તેમને
માટે યોગ્ય નિવાસસ્થાન કોણ બાંધી શકે? અપાર ઊંચામાં
ઊંચું આકાશ પણ તેને સમાવી શકતું નથી. તો પછી હું કોણ
કે તેને માટે મંદિર બાંધું? એ તો માત્ર તેની સમક્ષ ધૂપ કરીને
તેમનું ભજન કરવાનું સ્થાન જ બનશે.

**7**"તેથી સોના ચાંદીનું, અને પિત્તળ તથા લોખંડનું કામ
કરનારા કુશળ કારીગરો; તથા કિરમજી, લાલ અને આસમાની

રંગના કાપડ નું શું કરવું એ જાણનાર લોકોને મારી પાસે ને મોકલી આપો. વળી મારા પિતા દાઉદે પસંદ કરેલા યહૂદિયા અને યરૂશાલેમના કારીગરો સાથે કામ કરી શકે તેવા કોતરણી કામના નિષ્ણાંત કારીગરોને મોકલી આપો. 8વળી, મને દેવદારનું, પાઈનના વૃક્ષનું અને ઓલ્ગમંના વૃક્ષનું લાકડું પણ મોકલાવશો, કારણ, મને ખબર છે કે તમારા માણસો દેવદારમાં વૃક્ષો પાડવામાં પાવરધાં છે. મારા માણસો તમારા માણસો સાથે કામ કરશે. 9તેઓને સહાય કરવા માટે હું મારા માણસો મોકલી આપીશ. હું જે મંદિર બાંધુ છું તે માટે પુષ્કળ પ્રમાણમાં ઈમારતી લાકડું જોઈશે કારણકે તે મંદિર બહુ જ મોટું અને અતિ ભવ્ય બનશે. 10તમારા વૃક્ષો પાડનારા માણસો માટે હું 1,25,000 બુશેલ ઘઉં, 1,25,000 બુશેલ જવ, 1,15,000 ગેલન દ્રાક્ષારસ અને 1,15,000 ગેલન તેલ મોકલીશ."

11તૂરના રાજા હૂરામે રાજા સુલેમાનને પત્ર દ્વારા નીચેનો જવાબ મોકલ્યો, "યહોવાને તેના લોકો માટે પ્રેમ છે માટે તેણે આપને તેમના રાજા બનાવ્યા છે." 12હૂરામે વધુમાં લખ્યું છે, "ઈસ્રાએલના દેવ યહોવાનો જય હો! તેણે આકાશ અને પૃથ્વી બનાવ્યાં છે, અને રાજા દાઉદને જ્ઞાની, બુદ્ધિશાળી અને સમજુ પુત્ર આપ્યો છે, જે યહોવાને માટે મંદિર અને પોતાને માટે રાજમહેલ બંધાવનાર છે. 13હું તમારી પાસે મારા પ્રખ્યાત અને નિપુણ કારીગર હુરામ-અલીને મોકલું છું. તે ઘણો હોંશિયાર છે. 14એનાં માતા દાનવંશના અને પિતા તૂરના છે. એ સોના-ચાંદીનું, કાંસાનું અને લોઢાનું પથ્થરનું અને લાકડાનું તેમજ જાંબુડીયા, કિરમજી અને ભૂરા રંગના કિંમતી કાપડનું કામ કરવામાં કુશળ છે. વળી, એ બધી જાતનું કોતરકામ કરવામાં પણ હોશિયાર છે. એને સોંપેલી કોઈપણ ભાત એ કોતરી શકે છે. એ મારા ધણી અને આપના પિતા દાઉદના કારીગરો અને આપના કારીગરો સાથે કામ કરી શકે તેમ છે.

15"તેથી તમારા જણાવ્યા મુજબ ઘઉં, જવ, તેલ અને દ્રાક્ષારસ મોકલી આપો. 16અમે લબાનોનમાંથી આપને જોઈતાં બધાં લાકડાં કાપીશું, અને દરિયાઇ માર્ગે યાફા સુધી પહોંચાડીશું. ત્યાંથી તેને યરૂશાલેમ પહોંચાડવાની જવાબદારી તમારી રહેશે."

17સુલેમાને પોતાના પિતા દાઉદે કરાવેલી વસ્તીગણતરીની જેમ ઈસ્રાએલમાં વસતા બધા વિદેશીઓની વસ્તીગણતરી કરાવી તો તેમની સંખ્યા 1,53,000 અને છસો જેટલી થઈ. 18તેણે તેઓમાંના 70,000ને મજૂરો તરીકે, 80,000ને પથ્થરોની ખાણોમાં કામ કરવા અને 36,000ને છસોને આ લોકો પાસે કામ કરાવવા મુકાદમ તરીકે નીમ્યા.

## મંદિરના બાંધકામનો પ્રારંભ

3 સુલેમાને યહોવાનું મંદિર બાંધવાની શુરુઆત કરી, જ્યા એના પિતા દાઉદને મોરિયા પર્વત ઉપર યહોવાએ દર્શન આપ્યા હતા. એ જગ્યા યબૂસી ઓર્નાની ઘઉં ઝૂડવાની ખળી ઉપર હતી. સુલેમાન બાંધકામ શુરુ કરે તે પહેલા દાઉદે તે જગ્યા તૈયાર કરી હતી. 2સુલેમાને બાંધકામની શરૂઆત પોતાના શાશનના ચોથા વર્ષના બીજા મહિનામાં કરી.

3હવે સુલેમાને દેવનું મંદિર બાંધવા માટે જે પાયો નાખ્યો હતો તે જૂના પ્રમાણિત માપ મૂજબ 60 હાથ લાંબો અને 20 હાથ પહોળો હતો. 4મંદિરના આગળના પ્રાગણની લંબાઈ, મંદિરની પહોળાઈ જેટલી 20 હાથ હતી, અને ઊંચાઈ 20 હાથ હતી, એનો અંદરનો ભાગ સુલેમાને શુદ્ધ સોનાથી મઢાવ્યો હતો. 5મંદિરની અંદરના મોટા ઓરડાની અંદરની દીવાલોને દેવદારના પાટિયાંથી જડી દીધેલી હતી અને તેમને શુદ્ધ સોનાથી મઢી દીધી હતી અને તેમના ઉપર ખજૂરીઓ તથા સાંકળીઓ કોતરેલી હતી. 6તેણે એ મંદિરને રત્નોથી શણગાર્યુ. અને તેમાં તેણે પારવેઈમની ભૂમિનું સોનું વાપર્યુ હતું. 7તેણે મંદિરનો અંદરનો ભાગ, તેના ઉંબરા, તેની પરસાળો તેની ભીંતો અને તેના બારણાં સોનાથી મઢાવ્યાં અને ભીતો ઉપર કરૂબોના ચિત્રો કોતરાવ્યાં હતાં.

8મંદિરમાં એક તરફ પરમ પવિત્રસ્થાન હતું, તેનું માપ: પહોળાઈ 20 હાથ અને ઊંચાઈ 20 હાથ હતી. તેને સોનાથી મઢવામાં આવ્યું હતું. જેનું વજન લગભગ 20,400 કિલો જેટલું હતું. 9સોનાના ખીલાઓનું વજન 1 1/4 પૌન્ડ હતું અને ઉપરના ઓરડાઓને પણ સોનાથી મઢાવ્યા હતાં. 10તેણે પરમ પવિત્ર સ્થાન કરૂબ દેવદૂતોની બે પૂતળાં ઘડાવ્યાં અને તેને સોનાથી મઢાવ્યા. 11એ કરૂબ દેવદૂતોની પાંખોનો કુલ વિસ્તાર 20 હાથનો હતો. એક કરૂબ દેવદૂતની એક પાંખ પાંચ હાથ ફેલાઈને મંદિરની ભીંતને અડતી હતી અને બીજી પાંખ, 5 હાથ ફેલાઈને બીજા કરૂબ દેવદૂતની પાંખને અડતી હતી. 12એજ રીતે બીજા કરૂબ દેવદૂતની એક પાંખ ફેલાઈને મંદિરની બીજી ભીંતને અડતી હતી. અને બીજી પાંખ પહેલા કરૂબ દેવદૂતની પાંખને અડતી હતી 13આ પ્રમાણે કરૂબ દેવદૂતોની પાંખો 20 હાથ ફેલાયેલી હતી; તેઓ પોતાના પગ ઉપર ઊભા રહેલા, ને તેઓનાં ચહેરા અંદરની તરફ વળેલા હતાં અને તેઓ પગપર ટટ્ટાર ઉભાં હતાં.

14તેણે નીલા, જાંબુડા, અને ઉજળા લાલ રંગના લીનનના પડદા બનાવ્યા, ને તેના ઉપર કરૂબ દેવદૂતોની આકૃતિ નું ભરતકામ કરેલું હતું.

15મંદિરની આગળ 35 હાથ ઊંચા બે સ્તંભ ચણાવ્યા અને તેઓ પર 5 હાથ ઊંચા કળશ મૂક્યા, 16તેણે તોરણો બનાવડાવીને તે સ્તંભોના મથાળાં ફરતે બાંધ્યા અને 100 દાડમો કરાવી તે તોરણે મુકાવ્યાં. 17એ બે સ્તંભો તેણે મંદિરની સામે ઊભા કરાવ્યા, એક જમણી બાજુએ અને એક ડાબી બાજુએ. જમણી બાજુના સ્તંભનુ નામ "યાખીન" અને ડાબી બાજુનાનું નામ "બોઆઝ" રાખ્યું.

## હૂરામનું કાર્ય અને મંદિર માટેની સામગ્રી

4 ત્યારબાદ તેણે કાંસામાંથી 20 હાથ લાંબી, 20 હાથ પહોળી અને 10 હાથ ઊંચી વેદી બનાવડાવી.

2તેણે ઢાળેલી ધાતુનો હોજ પણ કરાવ્યો. એનો આકાર ગોળ
હતો, અને તેનો વ્યાસ 10 હાથ હતો. એ 5 હાથ ઊંચો હતો
અને તેનો પરિઘ 30 હાથનો હતો. 3એ હોજની ફરતે બહારની
બાજુએ બળદના પૂતાળાની બે હારમાળા હતી, દરેક તેના
પરિઘમાં દસ હાથ ગોળ હતી. જે હોજની સાથે જ ઢાળેલી
હતી. 4એ હોજ બાર બળદની પ્રતિમા ઉપર ગોઠવેલો હતો.
ત્રણના મોંઢા ઉત્તર તરફ અને ત્રણના મોંઢા પૂર્વ અને ત્રણના
મોંઢા પશ્ચિમ અને ત્રણના મોંઢા દક્ષિણ તરફ હતા. તેમની
પૂછડીઓ અંદરના ભાગમાં હતી. હોજ એ બળદો પર
બેસાડેલો હતો. 5એની જાડાઈ ત્રણ ઈંચ હતી. અને તેનો
આકાર ખીલેલાં કમળ જેવો હતો. તેમાં 17,500 ગેલન
પાણી સમાતું હતું.

6એ કુંડ યાજકોને હાથપગ ધોવા માટે કરાવ્યો હતો. તેણે
દહનાર્પણના પશુને ધોવા માટે દસ કૂંડીઓ કરાવી અને
પાંચ ડાબી બાજુએ અને પાંચ જમણી બાજુએ મૂકાવી.

7સુલેમાને, આ દીપવૃક્ષ માટે બનાવેલી યોજના અનુસાર,
સોનાનાં દશ દીપવૃક્ષ બનાવ્યાં; અને પછી તેણે આ દીપવૃક્ષો
મંદિરમાં અંદર મૂકાવ્યાં પાંચ જમણી તરફ અને પાંચ ડાબી
તરફ.

8સુલેમાને 10 મેજ બનાવીને મંદિરમાં મૂકાવ્યાં. એણે
મંદિરમાં 5 મેજ જમણી બાજુએ અને 5 મેજ ડાબી
બાજુએમૂક્યા. વળી તેણે સોનાના 100 કટોરા બનાવ્યાં. 9તેણે
યાજકો માટે અલગ ચોક કરાવ્યો એણે સામાન્ય લોકો માટે
એક મોટું પ્રાંગણ બનાવ્યું. તેના દરવાજા ત્રાંબાથી મઢેલા
હતાં. 10યાજકો માટેનો મોટો કાંસાને હોજ મંદિરના બહારના
ભાગમાં અગ્નિ ખૂણામાં મૂકવામાં આવ્યો હતો.

11હુરામે કૂંડા, પાવડા અને ડોયા પણ બનાવ્યાં. આ રીતે
તેણે દેવના મંદિરમાં રાજા સુલેમાન તરફથી માથે લીધેલું
મંદિરનું બધું કામ પૂરું કર્યુ. 12એટલે બે સ્તંભો, વાટકા તથા
સ્તંભોની ટોચો ઉપર બે કળશ, તથા સ્તંભોની ટોચો ઉપરના
કળશોને ઢાંકવા સારુ બે જાળીઓ, 13અને એ બે જાળીને
માટે 400 દાડમ; એટલે સ્તંભો ઉપરના કળશોને ઢાંકનાર
દરેક જાળીને માટે દાડમની બબ્બે હારો બનાવી. 14તેણે
ઘોડીઓ બનાવી અને તેના ઉપર કટોરાઓ મૂક્યાં. 15એક
કુંડ અને એને જેના ઉપર મૂક્યો હતો એ બાર બળદો.
16રાખ માટેના કૂંડા, પાવડીઓ અને ચીપિયા. 17આ બધી
વસ્તુઓ, મુખ્ય કારીગર હુરામે, યહોવાના મંદિર માટે, રાજા
સુલેમાન તરફથી અપાયેલા કાંસામાંથી બનાવી. આ બધું
તેણે સુકકોથ અને સરેદાહની વચ્ચેની યર્દન નદીની ખીણમાં
માટીનાં બીબા વાપરીને બનાવ્યું હતું. 18સુલેમાને એ વસ્તુઓ
મોટા જથ્થામાં બનાવી, અને એમાં વપરાયેલા કાંસાના
વજનનો કોઈ હિસાબ નહોતો.

19તદુપરાંત સુલેમાને દેવના મંદિર માટે બીજા સાધનો
પણ બનાવડાવ્યાં; સોનાની વેદી, અને રોટી ધરાવવાનો
સોનાનો બાજઠ. 20યજ્ઞવેદી આગળ મૂકવા માટેનું દીપવૃક્ષ
જેનાં શુદ્ધ સોનામાંથી બનાવેલી દીવીઓમાં અખંડ જ્યોત
બળતી હોય. 21શુદ્ધ સોનાનાં ફૂલ, કોડિયાં, ચીપિયા,
22દીપવૃક્ષો સાફ કરવાની કાતરો, કટોરાઓ, ચમચા અને
સગડીઓ– આ સર્વ શુદ્ધ સોનાનાં બનાવ્યાં. તેમજ મંદિરના
સર્વ દરવાજા સોનાથી મઢવામાં આવ્યા.

5 યહોવાના મંદિર માટે સુલેમાને ઠરાવેલા બધાં કામ
પૂરાં થયા ત્યારે તેણે પોતાના પિતા દાઉદે યહોવાને
સમર્પિત કરેલી તમામ ભેટો સોનું, ચાંદી અને બીજી બધી
સામગ્રી લાવીને દેવના મંદિરના ભંડારમાં મૂકી દીધી.

### કરારકોશની મંદિરમાં સ્થાપના

2ત્યારબાદ સુલેમાને, યહોવાના કરારકોશને સિયોનમાંથી
લઈ આવવા માટે, ઈસ્રાએલના બધા આગેવાનોને બધા
કુળસમૂહોના અને કુટુંબોના વડીલોને બોલાવ્યા.
3ઈસ્રાએલના સર્વ પુરુષો એથાનિમ એટલે કે સાતમા
મહિનામાં માંડવાપર્વને ટાણે રાજા સમક્ષ ભેગા થયા.

4ઈસ્રાએલના સર્વ વડીલો આવી ગયા એટલે લેવીઓએ
કરારકોશ ઉપાડ્યો. 5લેવીઓ તથા યાજકો કરારકોશને અને
મુલાકાતમંડપને તેમાની બધી પવિત્ર સાધનસામગ્રી સહિત
ઉપાડી મંદિરે લઈ ગયા. 6રાજા સુલેમાને અને ભેગા થયેલા
આખા ઈસ્રાએલી સમાજે કરારકોશ સમક્ષ ગણ્યાં ગણાય
નહી એટલા ઘેટાં અને બળદોની આહુતિ ચડાવી. 7ત્યારબાદ
યાજકો યહોવાના કરારકોશને તેને સ્થાને ગર્ભગૃહમાં લઈ
આવ્યાં એટલેકે પરમ પવિત્ર સ્થાનમાં કરૂબ દેવદૂતોની પાંખો
નીચે. 8કરારકોશ અને તેને ઊંચકવાના દાંડાઓ ઉપર કરુબ
દેવદૂતોની પાંખો ફેલાયેલી હતી અને તેઓ ઉપર છાયા
કરતી હતી. 9કરારકોશના દાંડા ઘણા લાંબા હતા અને
પરમપવિત્ર સ્થાનની બહારના ભાગમાંથી દેખાતા હતા;
પરંતુ દરવાજાની બહારથી દેખાતા નહોતા. આજે પણ
કરારકોશ ત્યાં જ છે.

10ઈસ્રાએલીઓ મિસરમાંથી બહાર આવ્યા ત્યારે
યહોવાએ તેમની સાથે કરેલા કરારની પથ્થરની બે તકતીઓ
મૂસાએ હોરેબ પર્વત ખાતે કરારકોશમાં મૂકી હતી તે સિવાય
તેમાં બીજું કશું નહોતું.

11બધા યાજકોએ પોતાને વિશુદ્ધ કર્યા હતાં જ્યારે યાજકો
પવિત્ર સ્થાનમાંથી બહાર આવ્યા. ત્યારે તેઓ સાથે ઉભા
હતાં પણ હમેશ મુજબના સમૂહમાં ન હતાં. 12તે વખતે
લેવીઓ યહોવાની આરાધના કરતા હતા. ગાયકગણમાં
આસાફ, હેમાન, યદૂથૂન અને તેઓના સર્વ પુત્રો અને ભાઈઓ
હતા. તેઓ સફેદ લીનન ના ઝભ્ભા પહેરીને વેદીની પૂર્વ
બાજુએ ઊભા હતા. તેઓ સંગીત સાધનો વગાડતા હતા.
રણશિંગડા વગાડતા 120 યાજકો તેઓની સાથે હતા.
13વાજિંત્રો વગાડનારા અને ગીત ગાનારા એક સૂરે યહોવાની
આરાધના કરતા હતા. અને આભાર માનતા હતા. તેઓના
ગીતો સાથે રણશિંગડા, જાંઝ, અને અન્ય વાજીંત્રોનો મોટો
અવાજ દૂર સુધી ફેલાતો હતો. તેઓ સર્વ પણ યહોવાની
સ્તુતિ કરતા હતા, અને આભાર માનતા હતા: "દેવ ઉત્તમ
છે! તેમનો પ્રેમ સર્વકાળ ટકે છે."

14તે જ સમયે તેજસ્વી વાદળ રૂપે યહોવાનું ગૌરવ ઉતરી
આવ્યું. અને મંદિર તેનાથી ભરાઈ ગયું, તેથી યાજકો સેવા
કરવા માટે મંદિરમાં ઊભા રહી શક્યાં નહીં.
6 તે પ્રસંગે સુલેમાને પ્રાર્થના કરી: "યહોવા તમે કહ્યું છે
કે હું ગાઢ અંધકારમાં રહીશ. 2પરંતુ મેં તમારા માટે
મંદિર બંધાવ્યું છે, જેમાં તમે સદાકાળ નિવાસ કરી શકો."

## સુલેમાનનું મંદિરમાં ઉદબોધન

3ત્યારબાદ રાજાએ સમગ્ર ઈસ્રાએલી સમાજ જ્યાં ઊભો
હતો તેના તરફ ફરીને આશીર્વાદ આપતાં કહ્યું, 4"ઈસ્રાએલના
દેવ યહોવાનો જય હો! તેમણે મારા પિતા દાઉદને જે વચન
આપ્યું હતું તે પોતાના સામર્થ્યથી પાળ્યું છે. તેમણે મારા
પિતા દાઉદને કહ્યું હતું કે, 5'તે દિવસથી મારા નિવાસ માટે
મંદિર બાંધવા ઈસ્રાએલના કોઈ કુળસમૂહના પ્રદેશમાંથી
કોઈ શહેર પસંદ કર્યુ નહોતું તેમ મારા લોકો ઈસ્રાએલીઓ
ઉપર શાસન કરવા માટે મેં કોઈ માણસની પસંદગી કરી
નહોતી, જ્યારથી મેં ઈસ્રાએલના લોકોને મિસરમાંથી બહાર
કાઢયા ત્યારથી. 6પણ હવે એ નગર તરીકે મેં યરૂશાલેમને
અને ઈસ્રાએલી રાજા તરીકે દાઉદને પસંદ કર્યો છે.'
7"મારા પિતા દાઉદે યહોવા, ઈસ્રાએલના દેવના નામનું
મંદિર બાંધવાનો નિશ્ચય કર્યો હતો પણ યહોવાએ કહ્યું, 8'તે
મારા નામનું મંદિર બાંધવાનો વિચાર કર્યો છે, અને એ
વિચાર સારો છે, 9તેમ છતાં તારે એ મંદિર બાંધવાનું નથી,
તારો સગો પુત્ર મારા નામનું મંદિર બાંધશે.' 10હવે યહોવાએ
પોતાનું વચન પાળ્યું છે, યહોવાએ વચન આપ્યા પ્રમાણે હું
મારા પિતા દાઉદ પછી ઈસ્રાએલની ગાદીએ આવ્યો છું.
11અને મેં ઈસ્રાએલના દેવ યહોવાના નામનું મંદિર બાંધ્યું
છે. અને તેમાં કરારકોશ મૂક્યો છે. આ કરારકોશમાં યહોવા
અને ઈસ્રાએલના લોકો વચ્ચે થયેલો કરાર છે.

## સુલેમાનની પ્રાર્થના

12યહોવાની વેદીની સમક્ષ, સમગ્ર ઈસ્રાએલી સમાજની
સન્મુખ ઊભા રહીને સૌના દેખતા પ્રાર્થના કરવા માટે પોતાના
હાથ પ્રસાર્યા. 13સુલેમાને એક મોટો મંચ બનાવ્યો હતો,
આ મંચ કાંસાનો બનાવેલો હતો અને તે 5 હાથ લાંબો, 5
હાથ પહોળો અને 3 હાથ ઊંચો હતો; અને તેને ચોકની
વચ્ચે મૂક્યો હતો, સુલેમાન તેના ઉપર ઊભો રહ્યો. સર્વ
લોકોની હાજરીમાં સુલેમાને ઘૂંટણ ટેકવી આકાશ તરફ હાથ
પસારીને પ્રાર્થના કરી;
14"ઓ યહોવા ઈસ્રાએલના દેવ, આકાશમાં કે પૃથ્વી પર
તારા જેવો બીજો કોઈ દેવ નથી. તારા સર્વ કરારો તે પૂર્ણ
કર્યા છે. અને જેઓ તારી શરણે આવવા ઈચ્છે છે અને તારી
ઈચ્છા પૂર્ણ કરવા આતુર છે, તેના પ્રત્યે તું કૃપાળુ છો. 15તમે
તારા સેવક મારા પિતા દાઉદને આપેલું વચન પાળ્યું છે, તે
તારા મોઢેથી જે કહ્યું તે આજે તે તારા હાથથી કરી બતાવ્યું
છે. 16અને હવે, ઓ યહોવા, ઈસ્રાએલના દેવ, તે તારા
સેવક દાઉદને જે બીજું વચન આપ્યું હતું તે પૂરું કર. તે એને
એમ કહ્યું હતું કે, 'જો તારા વંશજો સંભાળીને ચાલશે અને
તારી જેમ મારા નિયમોનું સદા પાલન કરશે તો મારી નજર
હેઠળ ઈસ્રાએલની ગાદી ઉપર સદા તારો વંશજ બેસશે.'
17માટે ઈસ્રાએલના ઓ દેવ યહોવા, હવે તું તારા સેવક
મારા પિતા દાઉદને આપેલું એ વચન કૃપા કરીને પૂર્ણ કર.
18"પરંતુ ઓ દેવ, તું કદી માણસો ભેગા પૃથ્વી પર વસે
ખરો? અરે, ઊંચામાં ઊંચુ સ્વર્ગ સુદ્ધાં તને ધારણ ન કરી શકે,
અને ન તો મેં બંધાવેલ મંદિર તને સમાવી શકે. 19ઓ
યહોવા, મારા દેવ, મારી પ્રાર્થનાઓ ધ્યાનમાં લેવા તથા
દયા કરવા હું તને વિનંતી કરું છું. હાલ હું જે પ્રાર્થના કરું છું
તે તું સાંભળ. 20રાતદિવસ તારી દ્રષ્ટિ આ મંદિર ઉપર ઠરેલી
રહો. આ સ્થાન ઉપર રહો, જેને વિષે તેં કહ્યું હતું કે, 'મારું
નામ એમાં વાસો કરશે.' 21તારા સેવકો અને તારા લોકો આ
મંદિર તરફ જોઈને જે પ્રાર્થના કરે તે સાંભળજે; તમારા પરમ
ધામ સ્વર્ગમાંથી તું એ સાંભળજે અને સાંભળીને એમના
ગુના માફ કરજે.
22"જ્યારે કોઈ વ્યક્તિ પાપ માટે દોષિત ઠરે, ગુનો કરે,
અને તે અહીં પોતાની નિર્દોષતા પૂરવાર કરવાના સમ લે,
23ત્યારે આકાશમાંથી તેનું સાંભળીને તેનો ન્યાય કરજો. જો
તે જૂઠું બોલતો હોય તો તેને શિક્ષા કરજો અને સાચું બોલતો
હોય તો તેને ક્ષમા કરજો.
24"જ્યારે પાપ કરવાને કારણે તારા લોકો ઈસ્રાએલીઓ
દુશ્મનો સામે હારી જાય, અને જો તેઓ પાછા તારા તરફ
વળે, તારું નામ લે અને આ મંદિરમાં તને પ્રાર્થના અને
વિનવણી કરે, 25તો તું આકાશમાંથી સાંભળજે, તારા લોકો
ઈસ્રાએલીઓના પાપ માફ કરજે અનેતું તેમને અને એમના
પિતૃઓને જે ભૂમિ આપી હતી તેમાં તેમને પાછા લાવજે.
26"તારા ઈસ્રાએલી લોકો, તારી વિરૂદ્ધ પાપ કરવાને કારણે
અને આકાશમાંથી વરસાદ ન વરસે અને જો તેઓ આ
મંદિરમાં આવીને પ્રાર્થના કરે, તારું નામ લે, અને તારી સજા
પામીને પશ્ચાતાપ કરે, 27તો તું આકાશમાંથી સાંભળજે, અને
તારા સેવકોનો ગુનો માફ કરજે, અને શું સારું છે તે તેમને
શીખવજે. અને તારા લોકોને વતન તરીકે આપેલા તેઓના
દેશમાં વરસાદ મોકલજે.
28"જો દેશમાં દુષ્કાળ પડે, જીવલેણ રોગ ફેલાય, ખેતરના
પાકમાં રોગ આવે, ઈયળો પડે કે તીડ પાકનો નાશ કરે
અથવા શત્રુઓ તારા લોકના નગરોને ઘેરો ઘાલે કોઈપણ
મુશ્કેલી આવી પડે 29ત્યારે તારા લોકો ઈસ્રાએલીઓમાંનો
જે કોઈ આ મંદિર તરફ હાથ પસારીને પોતાની મુશ્કેલી અને
દુ:ખને જાણીને પ્રાર્થના અને આજીજી કરે. 30તો તારા
આકાશના નિવાસસ્થાનમાંથી તે સાંભાળીને માફી આપજે.
અને પ્રત્યેકને યોગ્ય બદલો આપજે, કારણ, તું અંતર્યામી છે
તું જ બધા માણસોના અંતરને જાણે છે. 31એ રીતે તેઓ
તારાથી ડરીને ચાલશે અને અમારા પિતૃઓને તે જે ભૂમિ
આપી હતી, તેમાં જીવનભર તેઓ તારી આજ્ઞાનું પાલન
કરશે.

32"અને કોઈ વ્યક્તિ જે ઈસ્રાએલીઓમાંનો નથી એવો કોઈ વ્યક્તિ દૂર દેશથી તારા મહાન નામની અને પ્રચંડ શક્તિની કીર્તિ સાંભળીને આવે અને આ મંદિર તરફ જોઈને પ્રાર્થના કરે, 33તો તારા નિવાસસ્થાન આકાશમાંથી તે સાંભળીને તેઓની વિનંતી માન્ય કરજે. ત્યારે પૃથ્વીની સર્વ પ્રજાઓ તારી ખ્યાતિ વિષે સાંભળશે અને તારા ઈસ્રાએલી લોકોની જેમ તારો ડર રાખશે અને તેઓ જાણશે કે મેં જે મંદિર બાંધ્યું છે, તે સાચેજ તારું છે.

34"જો તારા લોકોને તું જે કોઈ માર્ગે મોકલે તે માર્ગે તેઓ પોતાના શત્રુઓની સામે યુદ્ધ કરવા જાય, ને આ નગર જે તેં પસંદ કર્યુ છે ને મેં જે મંદિર તારા નામને માટે બાંધ્યું છે, તેની તરફ મુખ ફેરવીને તેઓ તારી પ્રાર્થના કરે; 35તો તું તેઓની પ્રાર્થના તથા અરજી સાંભળીને તેઓનો પક્ષ લેજે અને તેમને ન્યાય મેળવવા માટે મદદ કરજે.

36"જો તેઓ કોઈ તારી વિરૂદ્ધ પાપ કરે, કોણ નથી કરતું? અને તું રોષે ભરાઈને તેઓને દુશ્મનોના હાથમાં સોંપી દે. અને તેઓ તેમને કેદ કરીને પોતાના દેશમાં લઈ જાય પછી એ દૂર હોય કે નજીક હોય, 37અને એ વિદેશમાં તેમને ભાન થાય અને તેઓ પશ્ચાતાપ કરી તને વિનવે કે, અમે પાપ કર્યુ છે, અને દુષ્ટ વર્તન કર્યુ છે'એમ કહીને પાછા ફરે,' 38અને જો તેઓ પૂરા મનથી તારી તરફ પાછા વળે અને તેં તેમના પિતૃઓને આપેલી ભૂમિ અને તેં પસંદ કરેલા શહેર તથા તારા નામ માટે મેં બાંધેલા આ મંદિર તરફ મોં કરીને પ્રાર્થના કરે. 39તો તું તારા ધામ આકાશમાંથી તેમની પ્રાર્થના અને વિનવણી સાંભળજે અને તેમને ન્યાય મેળવવા માટે મદદ કરજે, અને તારા લોકોને તેમણે તારી વિરૂદ્ધ કરેલાં બધાં પાપો માટે ક્ષમા કરજે. 40હવે, હે મારા દેવ, આ મંદિરમાં થતી પ્રાર્થના માટે તારી આંખ ઉઘાડી રાખજે, અને જાગૃત રહીને ધ્યાન આપજે.

41"ઓ દેવ યહોવા, ઊઠો, તું અને તારું સામર્થ્ય દર્શાવતો કરારકોશ તારા વિશ્રામસ્થાને આવી જાઓ. ઓ દેવ યહોવા, તારા યાજકો વિજયી વસ્રથી શુશોભિત થાય, અને ભલે તારા અનુયાયીઓ સમૃદ્ધિ પામે અને આનંદોત્સવ મનાવે.

42ઓ દેવ યહોવા, તેં જેનો અભિષેક કર્યો છે તેનાથી વિમુખ ન થઈશ. તારા સેવક દાઉદ પ્રત્યેનો તારો શાશ્વત પ્રેમ સંભારી કૃપાનું સ્મરણ કર."

## મંદિરમાં પ્રતિષ્ઠાપન

7 સુલેમાને પ્રાર્થના પૂરી કરી એટલે આકાશમાંથી અગ્નિએ ઊતરીને દહનાર્પણ અને હોમબલિઓને ભસ્મીભૂત કર્યા અને યહોવાના ગૌરવથી મંદિર ભરાઇ ગયું. 2જેથી યાજકો યહોવાના મંદિરમાં પ્રવેશ કરી શક્યાં નહીં. વળી યહોવાના ગૌરવથી મંદિર ભરાઇ ગયું હતું. 3તમામ ઈસ્રાએલીઓએ અગ્નિને ઉતરતો અને યહોવાના ગૌરવને મંદિર ઉપર સ્થિર થતો જોઈને ફરસબંદી ઉપર લાંબા થઈને પ્રણામ કર્યા. અને યહોવાનો આભાર માન્યો, અને એમ કહ્યું, "તે ભલાઈનો ભંડાર છે, તેની કરૂણા શાશ્વત છે."

4ત્યારબાદ રાજાએ અને સર્વ લોકોએ મંદિરનું અર્પણ કાર્ય કરી, યહોવા સમક્ષ તેઓએ હોમબલિઓ આપ્યાં. 5રાજા સુલેમાને 22,000 બળદ અને 1,20,000 ઘેટાનું બલિદાન આપ્યું. આ રીતે, રાજાએ અને બધા લોકોએ મંદિરનું સમર્પણ કર્યુ. 6યાજકો પોતપોતાના કામ પ્રમાણે નિયત સ્થાને ઊભા રહ્યા, એ જ રીતે લેવીઓ પણ યહોવાના કીર્તન વખતે વગાડવા માટે દાઉદે બનાવેલાં વાજીંત્રો લઈને ઊભા રહ્યા અને દાઉદે રચેલા સ્તવનો ગાવા લાગ્યાં કે, "તે ભલાઈનો ભંડાર છે, અને તેની કરુણા શાશ્વત છે." તેમની બાજુમાં યાજકો રણશિંગડાં ફૂંકતા હતા. બધા ઈસ્રાએલીઓ ત્યાં ઊભા હતા.

7ત્યારબાદ સુલેમાને યહોવાના મંદિરની આગળ આવેલા ચોકનો વચલો ભાગ પણ પવિત્ર કર્યો. ત્યાં તેણે દહનાર્પણો, ખાદ્યાર્પણો તથા શાંત્યાર્પણોના ચરબીવાળા ભાગો ધરાવ્યાં. કારણ સુલેમાને જે પિત્તળની વેદી બનાવડાવી હતી તેમાં આ બધી બલિઓ સમાઈ શકે એમ ન હતી.

8આ રીતે સુલેમાને અને સર્વ ઈસ્રાએલીઓએ ઉત્તરમાં ઠેઠ હમાથની ઘાટીથી તે દક્ષિણમાં મિસર સુધીના સમગ્ર સમુદાયે સાત દિવસ સુધી ઉત્સવ ઊજવ્યો. 9અને આઠમે દિવસે ખાસ મુલાકાત રાખી કરી. કારણ કે સાત દિવસ સુધી વેદીના સમર્પણની ઉજવણી કરી હતી અને સાત દિવસ સુધી તે લોકોએ ઉજવણી કરી. 10સાતમા મહિનાના ત્રેવીસમા દિવસે સુલેમાને લોકોને પોતપોતાને ઘેર મોકલી દીધા. યહોવાએ દાઉદનું, સુલેમાનનું, અને પોતાની ઈસ્રાએલી પ્રજાનું જે કલ્યાણ કર્યુ હતું તેથી આનંદ અને હર્ષથી છલકતાં હૈયે સૌ છૂટા પડ્યા.

## સુલેમાનને દેવ દર્શન

11આમ સુલેમાને દેવનાં મંદિરનું અને પોતાના મહેલનું બાંધકામ પૂર્ણ કર્યુ. જે કાંઈ તેણે વિચાર્યુ હતું તે બધું જ તેણે પૂર્ણ કર્યુ. 12તેથી રાત્રે યહોવાએ તેને દર્શન આપ્યા અને કહ્યું, "મેં તમારી પ્રાર્થના સાંભળી છે અને મને હોમયજ્ઞ અર્પવા માટે આ સ્થાન પસંદ કર્યુ છે. 13હું આકાશના દ્વાર બંધ કરી દઉં અને વરસાદ ન વરસે, અથવા હું તીડોને પાક ખાઈ જવાની આજ્ઞા કરું, અથવા લોકોમાં રોગચાળો મોકલું, 14તે વખતે મેં જેમને પોતાના કર્યા છે તે લોકો મારે શરણે આવીને પ્રાર્થના કરે અને મારુ માર્ગદર્શન માગે અને ખોટે માર્ગેથી પાછા ફરે તો હું આકાશમાંથી સાંભળીશ અને તેમનાં પાપોને માફ કરીશ અને તેમની ભૂમિને સ્વસ્થ કરી દઈશ. 15આ સ્થળે કરેલી પ્રત્યેક પ્રાર્થના સંબંધી હું જાગ્રત રહીશ અને તે સાંભળીશ. 16કારણકે મારા સદાકાળના નિવાસસ્થાન માટે મેં આ મંદિરને પસંદ કરીને પવિત્ર કર્યુ છે. મારી આંખો અને મારું અંત:કરણ સદા અહીં જ રહેશે."

17"તારા પિતા દાઉદની જેમ જો તું મને આધીન રહેશે, હું જે કઈં કહું તે બધું કરશે અને મારા નિયમો અને કાનૂનોનું પાલન કરશે, 18પછી હું કહીશ, તે તું અને તારા વંશજો હંમેશા ઈસ્રાએલના રાજા બની રહો કરીશ. એવું વચન મે તારા પિતા દાઉદને આપ્યુ હતું"

19"પણ જો તમે મારાથી વિમુખ થઈ જશો અને મારી આજ્ઞાઓ અને મારા કાનૂનોનો ત્યાગ કરી બીજા દેવોની આરાધના અને સેવા કરશો, 20તો મેં તમને જે ભૂમિ આપી છે તેમાંથી તમને ઉખેડી નાખીશ અને મને અર્પણ કરેલા આ મંદિરનો હું ત્યાગ કરીશ અને આ જગ્યામાં કાંઈક ખરાબ બન્યું હતું તેના માટે આ મંદિરને હું પ્રસિદ્ધ કરીશ. 21તેની ખ્યાતિને બદલે ત્યાં થઈને પસાર થનારાઓ આશ્ચર્ય પામી પૂછશે, 'યહોવાએ આ દેશ અને આ મંદિરની આવી દુર્દશા શા માટે કરી?' 22અને જવાબ મળશે, 'કારણકે એ લોકોએ પોતાને મિસરમાંથી બહાર લાવનાર પોતાના પિતૃઓના દેવ યહોવાનો ત્યાગ કર્યો અને બીજા દેવોનો અંગીકાર કરીને તેમની સેવાપૂજા કરવા માંડી, એ કારણથી યહોવાએ આ બધી આફતો તેમના પર ઉતારી છે."

## સુલેમાને વસાવેલા નગરો

8 સુલેમાનને યહોવાનું મંદિર અને પોતાનો રાજમહેલ બાંધતા વીસ વર્ષ થયાં હતાં. 2રાજા હૂરામે સુલેમાનને નગરો આપ્યા હતા, હવે સુલેમાને તે નગરોને ફરી બાંધ્યાં પછી તે લોકોને શહેરમાં રહેવા લઈ આવ્યો. 3ત્યારબાદ તેણે હમાથ-સોબા જઈને તે કબ્જે કર્યું. 4અને તેણે રણમાં આવેલા તદમોને ફરીથી બંધાવ્યું અને હમાથમાં શહેરો બંધાવ્યા જ્યા લશ્કરી પડાવ હતો. 5તેણે ઉપરના બેથ-હેરોન અને નીચેના બેથ-હેરોન કિલ્લેબંધીવાળા બનાવ્યાં. તેણે શહેરોને સળિયા જડેલા દરવાજાઓ સાથે મજબૂત કિલ્લામાં ફેરવી નાખ્યા. 6તેઓને પણ કોઠારના કેન્દ્રો બનાવ્યા ઉપરાંત બાલાથ અને પોતાની માલિકીના બધા લશ્કરી થાણા વાળા શહેરો, એના રથો અને ઘોડાઓ જેમાં રાખવામાં આવ્યા હતાં તે નગરી તથા પોતે યરૂશાલેમમાં, લબાનોનમાં તથા પોતાના તાબાના આખા પ્રદેશમાં જે જે બંધાવવાનું ધાર્યુ હતું તે બધું એણે બંધાવ્યું.

7હિત્તીઓ, અમોરીઓ, પરીઝીઓ, હિવ્વીઓ, યબૂસીઓ વગેરે બિન ઈસ્રાએલી લોકોમાંના જેઓ દેશમાં બાકી રહ્યા હતા, 8એટલેકે જેઓનું ઈસ્રાએલીઓ નિકંદન કાઢી શક્યા નહોતા, તેઓ પાસે સુલેમાને ગુલામનું કામ કરાવડાવ્યું જે આજે પણ ચાલુ છે. 9પણ ઈસ્રાએલીઓને માથે સુલેમાને વેઠ નાખી નહોતી, તેઓ તેના યોદ્ધા, સેનાનાયકો, રથસેનાના તથા અશ્વસેનાના નાયકો તરીકે કામ કરતા હતાં. 10લોકો ઉપર દેખરેખ રાખનાર અધિકારીઓની કુલ સંખ્યા 250 હતી.

11સુલેમાન ફારુનની કુંવરીને તેને માટે બંધાવેલ ખાસ ઘરમાં લઈ આવ્યો, તેણે કહ્યું, "દાઉદ રાજાના મહેલમાં તેણે રહેવું જોઈએ નહીં, કારણકે યહોવાનો કરારકોશ ત્યાં હતો તેથી તે સ્થાન પવિત્ર છે."

12ત્યારબાદ સુલેમાને મંદિરની સામે બંધાવેલી વેદી ઉપર યહોવાને, મૂસાની આજ્ઞા મુજબ, તે દહનાર્પણો ચઢાવવાનું શરૂ કર્યુ. 13દરરોજ, વિશ્રામવારને દિવસે, ચંદ્રદર્શનને દિવસે, તથા ત્રણ વાર્ષિક ઉત્સવોને દિવસે એટલે કે બેખમીર રોટલીને ઉત્સવ, સપ્તાહોના પર્વનો ઉત્સવ, અને સંગ્રહપર્વના ઉત્સવને દિવસે સુલેમાન મૂસાની આજ્ઞા પ્રમાણે બલિદાનો અર્પણ કરતો હતો. 14તેણે દેવના સેવક પોતાના પિતા દાઉદે તૈયાર કરેલા આયોજન મુજબ સેવાપૂજાનાં કાર્યો માટે યાજકોની ટોળી નક્કી કરી, રોજની વિધિ અનુસાર યાજકોને સેવાપૂજામાં મદદ કરવા લેવીઓની ટૂકડીઓની નિમણૂંક કરી, અને દરેક દરવાજે દરવાનોની ટૂકડી પણ નક્કી કરી. 15દાઉદે યાજકોને, લેવીઓને અને ભંડારોને લગતી જે આજ્ઞાઓ આપી હતી તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું.

16આમ, યહોવાના મંદિરના પાયાથી માંડીને એની સમાપ્તિ સુધીનું સુલેમાનનું બધું કામ પૂર્ણ કર્યુ.

17પછી સુલેમાન અદોમ દેશમાં દરિયાકિનારે આવેલાં એસ્યોનગેબેર અને એલોથ નગરોમાં ગયો. 18હૂરામે પોતાના અમલદારો મારફતે સુલેમાન માટે અનુભવી નાવિકો સાથે હોડીઓ મોકલી આપી, તેઓ સુલેમાનના માણસો સાથે ઓફીર જઈને ત્યાંથી 15,300 કિલો સોનું લઈ આવ્યાં અને તે સુલેમાનને પહોંચાડ્યું.

## શેબાની રાણીની મુલાકાત

9 સુલેમાનનાં અદ્દભૂત ડહાપણ અને તેની કીર્તિ સાંભળીને શેબાની રાણી, તેની કસોટી કરવા માટે અઘરા પ્રશ્નો લઈને યરૂશાલેમ આવી, તે પોતાની સાથે અંગરક્ષકો અને અમલદારોનો મોટો રસાલો અને ઊંટ ઉપર લાદીને અત્તરો, પુષ્કળ સોનું અને ઝવેરાત લઈને આવી હતી. 2સુલેમાન આગળ આવીને તેણે પોતાના મનમાં હતાં તે બધાં પ્રશ્નો પૂછયા અને સુલેમાને તેના બધા જ પ્રશ્નોના જવાબ આપ્યા. 3એક પ્રશ્ન પણ એવો નહોતો જેનો સુલેમાન જવાબ ન આપી શકે. શેબાની રાણીએ જાણ્યું કે સુલેમાન સાચે જ જ્ઞાની હતો અને તેના મહેલની સુંદરતા અવર્ણનીય હતી. 4શેબાની રાણીની થાળીમાં પીરસાતી વાનગીઓ, આસપાસ બેઠેલા દરબારીઓ, તેના સેવકો તથા સુંદર પોષાકોમાં અંગરક્ષકો, વહીવટી અમલદારો તથા યહોવાના મંદિરમાં ધરાવાતા દહનાર્પણો જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ. 5પછી તેણે રાજાને કહ્યું, "મેં મારા દેશમાં તમારા વિષે તથા તમારા જ્ઞાન વિષે જે સાંભળ્યું હતું તે બધું સાચું હતું. 6અહીં આવીને મેં મારી આંખોએ આ જોયું નહોતું ત્યાં સુધી હું તે માનતી નહોતી, મેં કલ્પના કરી હતી તેના કરતાં તમારું જ્ઞાન અતિ વિશાળ છે! 7તમારી રાણીઓ કેટલી સુખી છે! સદા તમારી તહેનાતમાં રહેતા અને તમારી જ્ઞાનવાણી સાંભળતા આ દરબારીઓ પણ કેટલાં ભાગ્યશાળી છે! 8યહોવા તમારા દેવની સ્તુતિ થાઓ! એ તમારા પર પ્રસન્ન છે ઈસ્રાએલ પર તે એટલો બધો પ્રેમ કરે છે કે તેમણે તમારા જેવો ન્યાયી રાજા તેઓને આપ્યો છે. દેવ ઈચ્છે છે કે સદાને માટે ઈસ્રાએલ મહાન અને બળવાન રાજ્ય બને."

9ત્યારબાદ તેણે રાજાને 4,080 કિલો સોનું, પુષ્કળ અત્તરો અને ઝવેરાત ભેટ ધર્યુ. શેબાની રાણીએ રાજા સુલેમાનને ભેટ ધરેલાં અત્તરો કદી કોઈએ જોયાં નહોતાં.

10હૂરામ રાજાના નાવિકો અને સુલેમાન રાજાના સેવકો
ઓફીરથી સોનું લાવ્યા, વળી સાથે ચંદનના લાકડા અને
મૂલ્યવાન રત્નો પણ લાવ્યા. 11એ ચંદનના લાકડામાંથી
રાજાએ યહોવાના મંદિરના અને મહેલના પગથિયા, અને
ગાયકગણ માટે સિતાર, અને વીણા બનાવડાવ્યાં. આવાં
સુંદર વાજીંત્રો યહૂદીયા દેશમાં અગાઉ કદી હતા નહી.
12રાજા સુલેમાને શેબાની રાણીને તેણે જે જે માંગ્યું હતું તે
બધું આપ્યું. ઉપરાંત, રાણી સુલેમાન માટે જે ભેટસોગાદ
લઈ આવી હતી તેટલી ભેટસોગાદો રાજાએ તેને આપી હતી
તે જુદી, ત્યારબાદ તે પોતાના રસાલા સાથે પોતાને દેશ
પાછી ફરી.

## સુલેમાનની ભવ્ય સંપત્તિ

13રાજા સુલેમાનને પ્રતિ વર્ષ 22,644 કિલો સોનું આવતું
હતું. 14આ તો વેપારીઓ ને ધંધાદારીઓ જે સોનું લાવ્યાં
હતા તે ઉપરાંતનું હતું. તથા અરબસ્તાનના રાજવીઓ તથા
પ્રાંતોના સૂબાઓ પણ રાજાને સોનુંચાંદી આપતા હતા. 15રાજા
સુલેમાને સોનાની 200 ઢાલો ઘડાવી. અને દરેક ઢાલમાં
લગભગ સાડાસાત પૌંડ સોનું વપરાયું હતું. 16વળી તેણે
ટીપેલાં સોનાની 300 નાની ઢાલો ઘડાવી અને એવી દરેક
ઢાલો આશરે પોણાચાર પૌન્ડ સોનાની બનેલી હતી. એ
ઢાલો તેણે લબાનોનના 'વનગૃહ' કહેવાતા મહેલમાં મૂકાવી.
17સુલેમાન રાજાએ પોતાના માટે એક હાથીદાંતનું મોટું
સિંહાસન બનાવડાવ્યું અને તેને સોનાથી મઢાવ્યું. 18એ
સિંહાસનના છ પગથિયાં અને પગ મૂકવાનો બાજઠ પણ
સોને મઢેલા હતાં. સિંહાસની દરેક બાજુએ હાથ ટેકવાના
હાથા હતા અને તેના દરેક હાથાની બાજુમાં એક સિંહનું
પૂતળું હતો. 19છ પગથિયાં ઉપર દરેક છેડે એક એક એમ
બાર સિંહો ઊભા હતા. બીજા કોઈપણ રાજ્યમાં આવું
સિંહાસન કદી બનાવવામાં આવ્યું નહોતું. 20સુલેમાન
રાજાના સર્વ પ્યાલાઓ શુદ્ધ સોનાનાં હતા અને લબોનોન
વનગૃહના સર્વ પાત્રો સોનાનાં હતાં. તે દિવસોમાં ચાંદીની
કોઈ વિસાત નહોતી. 21દર ત્રણ વર્ષે રાજાના વહાણો, હૂરામ
રાજાના નાવિકો સાથે તાર્શીશ જતાં અને ત્યાંથી સોનું-ચાંદી,
હાથીદાંત, વાંદરા અને મોર લાવતાં.
22આમ પૃથ્વીના સર્વ રાજાઓમાં રાજા સુલેમાન સૌથી
શ્રેષ્ઠ, શ્રીમંત અને જ્ઞાની હતો, 23સમગ્ર દુનિયાના સર્વ
રાજાઓ દેવે સુલેમાનને જે જ્ઞાન આપ્યું હતું તે સાંભળવા
માટે એના દરબારમાં આવતા, 24તેઓ બધા પ્રતિવર્ષ એક
યા બીજી વસ્તું ભેટ સોગાદો રૂપે લઈને આવતા: સોનાચાંદીના
વાસણો, કીમતી વસ્રો, શસ્રો, અત્તરો, ઘોડાઓ અને ખચ્ચરો.
25સુલેમાન પાસે ઘોડાઓ અને રથો માટે 4,000 તબેલા
તેમજ 12,000 ઘોડેસવારો હતા, એમાંના કટેલાંક એણે
રથનગરોમાં રાખ્યા અને બાકીના પોતાની પાસે યરૂશાલેમમાં
રાખ્યા. 26યુફ્રેટીસના બધા રાજાથી માંડીને પલિસ્તીઓની
ભૂમિ સુધી અને મિસરની સરહદ સુધી તેની આણ વર્તાતી
હતી. 27સુલેમાને યરૂશાલેમમાં ચાંદીનો જથ્થો એટલા વિપુલ
પ્રમાણમાં વધારી દીધો કે તે રસ્તા પરના પથ્થરો જેવી સામાન્ય
થઈ ગઈ. વળી દેવદારવૃક્ષોનું મુલ્યવાન લાકડું નીચાણ
જમીનના ગુલ્લરકાષ્ટ વૃક્ષ જેવું સામાન્ય થઈ ગયું હતું.
28સુલેમાનને માટે મિસર અને બીજા બધા દેશોમાંથી ઘોડા
આયાત કરવામાં આવતા હતા.

## સુલેમાનનું મૃત્યુ

29સુલેમાન રાજાના જીવનની બાકીની વિગતો પ્રબોધક
નાથાને લખેલા ઈતિહાસમાં, શીલોની-અહિયાના પ્રબોધના
પુસ્તકમાં અને નબાટના પુત્ર યરોબઆમ વિષે દ્રો પ્રબોધકને
થયેલાં દર્શનના પુસ્તકમાં આપવામાં આવેલી છે. 30સુલેમાન
રાજાએ યરૂશાલેમમાંથી સમગ્ર ઈસ્રાએલ ઉપર 40 વર્ષ રાજ
કર્યુ. 31ત્યારબાદ તે પિતૃલોકને પામ્યો અને તેને તેના પિતા
દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો
પુત્ર રહાબઆમ રાજગાદી પર આવ્યો.

## રહાબઆમે મૂર્ખતાપૂર્ણ કામ કર્યુ

10 રહાબઆમનો રાજ્યાભિષેક કરવા માટે
ઈસ્રાએલના સર્વ આગેવાનો શખેમના શહેરમાં
ભેગા થયા હતા. 2જ્યારે સુલેમાન રાજા હતો ત્યારે યરોબઆમ
તેનાથી ભાગીને મિસરમાં રહ્યો. એ દરમ્યિાન નબાટના પુત્ર
યરોબઆમના મિત્રોએ તેને સમાચાર મોકલ્યા કે સુલેમાન
મૃત્યુ પામ્યો છે. તેથી તે મિસરમાંથી પાછો ર્ક્યો. 3કારણકે
માણસ મોકલીને તેને ત્યાંથી તેડાવ્યો હતો. યરોબઆમે તથા
સર્વ ઈસ્રાએલીઓએ આવીને રહાબઆમને વિનંતી કરી કે
4"તમારા પિતાએ અમારા પર ભારે ઝૂંસરી મૂકી હતી; માટે
હવે તું એ આકરી ગુલામીની ભારે ઝૂંસરી હળવી કર, એટલે
અમે તારે તાબે રહીશું. અને અમારા રાજા તરીકે સ્વીકારીશું."
5રહાબઆમે હ્યું, "જાઓ, તમે મને ત્રણ દિવસની મુદત
આપો, ત્યાર પછી પાછા આવજો." તેથી તેઓ ચાલ્યા ગયા.
6ત્યારબાદ રહાબઆમે તેના વડીલોની સલાહ લીધી જેઓ
તેના પિતા સુલેમાન, જીવતા હતાં ત્યારે તેની સાથે હતાં.
તેણે પૂછયું, "આ લોકોને શું જવાબ આપવાને તેની તમે મને
શી સલાહ આપો છો?"
7તેમણે કહ્યું, "જો આપ એ લોકો સાથે માયાળુપણે વર્તશો
અને તેમની સાથે મીઠાશથી વાત કરી તેમને પ્રસન્ન રાખશો
તો તેઓ સદાને માટે આપના તાબેદાર થઈને રહેશે."
8પરંતુ વડીલોએ આપેલી સલાહને તેણે ફગાવી દીધી
અને પોતાની સાથે ઊછરેલા અને પોતાની તહેનાતમાં
રોકાયેલા જુવાનિયાઓની સલાહ લીધી. 9તેણે પૂછયું, "મિત્રો,
અમારા લોકો પર જે ઝૂંસરી લાદેલી હતી તેને મારે હળવી
કરવી એવી એ લોકોની વિનંતી છે તેનો જવાબ શો આપવાની
તમે મને સલાહ આપો છો?"
10જુવાનિયાઓએ કહ્યું, "તમે તે લોકોને એવો જવાબ
આપો કે, 'મારા પિતાની કમર કરતાં મારી ટચલી આંગળી
વધારે જાડી છે!' 11'મારા પિતાએ તમારા ઉપર ભારે ઝૂંસરી
લાદી હતી, હું એને વધુ ભારે બનાવીશ, મારા પિતા તમને

ચાબૂકથી ફટકારતા હતા, હું તમને લોખંડના ટુકડા બાંધેલા
કોરડાથી ફટકારીશ.'"
12રાજા રહાબઆમનો નિર્ણય સાંભળવા માટે ત્રણ દિવસ
પછી યરોબઆમ તથા લોકો તેની પાસે પાછા આવ્યા.
13રાજાએ તેઓની સાથે ઊદ્ધતાઈથી વાત કરી, વૃદ્ધ મંત્રીઓની
સલાહ તેણે નકારી કાઢી. 14અને જુવાનિયાઓની સલાહ
પર ધ્યાન આપ્યું. તેણે તેઓને કહ્યું, "મારા પિતાએ તમારા
ઉપર ભારે ઝૂંસરી લાદી હતી, હું એને હજી વધારે ભારે
બનાવીશ. મારા પિતા તમને ચાબુકથી ફટકારતા હતા, હું
તમને લોખંડના ટુકડા બાંધેલા કોરડાથી ફટકારીશ." 15આમ,
રાજાએ લોકોની વાત પર ધ્યાન આપ્યું નહીં, યહોવાએ
શીલોના અહિયા મારફતે નબારના પુત્ર યરોબઆમે દેવ
તરફથી જે ભવિષ્યકથન પ્રગટ કર્યુ હતું તે પૂર્ણ કરવા દેવે
તેમ થવા દીધું હતું.
16રાજાનું કહ્યું સાંભળ્યા પછી ઈસ્રાએલી લોકોએ રાજા
તરફ પીઠ ફેરવી અને ચાલ્યા ગયા. ગુસ્સે થઈને તેણે પોકાર
કર્યો, "દાઉદ અને તેના કુટુંબને ભૂલી જાઓ! અમે અન્ય
કોઈને અમારો રાજા બનાવીશું, રહાબઆમ ભલે યહૂદાના
કુળ પર રાજ કરે, ચાલો આપણે ઘેર જઈએ!" પછી લોકો
ચાલ્યા ગયા. 17આમ, બધા ઈસ્રાએલીઓ પોતપોતાને ઘેર
ચાલ્યા ગયા, અને રહાબઆમ યહૂદાના પ્રદેશમાં વસતા
ઈસ્રાએલીઓ ઉપર રાજ્ય કરતો હતો.
18રાજા રહાબઆમે અદોનિરામને ઈસ્રાએલીઓ પાસે
મોકલ્યો અદોનિરામ વેઠ મજૂરોનો ઉપરી હતો. પરંતુ
ઈસ્રાએલીઓએ તેને મારી નાખ્યો. આથી રાજાને રથમા
બેસીને યરૂશાલેમ ભાગી જવું પડ્યું. 19આજ દિવસપર્યંત
ઈસ્રાએલ પ્રજાએ દાઉદના વંશજોને પોતાના પર રાજ કરવા
દીધું નથી.

## રહાબઆમનું યહૂદિયા પર શાસન

11 રહાબઆમે યરૂશાલેમ આવીને યહૂદા અને
બિન્યામીનના કુળસમૂહના કુલ 1,80,000 ચુનંદા
યોદ્ધાઓને ભેગા કર્યા. 2પરંતુ યહોવાએ દેવભકત શમાયાને
કહ્યું કે, 3"યહૂદાના રાજા અને સુલેમાનના પુત્ર રહાબઆમને
અને સર્વ ઈસ્રાએલીઓને જે યહૂદા અને બિન્યામીનમાં રહે
છે તેઓને કહે કે:
4'આ યહોવાના વચન છે: તમારા ભાઈઓ સામે લડવા
જશો નહીં, ભલે સૌ કોઈ પોતપોતાને ઘેર પાછા જાય, જે
કાંઈ બન્યું છે તે ફકત મારી ઈચ્છાથી જ બન્યું છે.'" તેમણે
યહોવાનું કહ્યુ માન્યું અને યરોબઆમની સાથે લડવાનું
માંડી વાળ્યું.

## યહૂદાને શક્તિશાળી બનાવતો રહાબઆમ

5રહાબઆમ યરૂશાલેમમાં રહ્યો. અને યહૂદાના કેટલાંક
શહેરોની કિલ્લેબંદી કરાવી. તેણે કિલ્લેબંદી કરાવેલા શહેરો
આ પ્રમાણે છે: 6બેથલેહેમ, એટામ, તકોઆ 7બેથ-સુર, સોખો,
અદુલ્લામ 8ગાથ,મારેશાહ, ઝીફ, 9અદોરાઈમ, લાખીશ
અઝેકાહ 10સોરાહ, આયલોન, અને હેબ્રોન, આ શહેરો
યહૂદામાં અને બિન્યામીનમાં આવેલાં છે, 11તેણે ત્યાં મજબૂત
કિલ્લા બંધાવ્યા અને તેમાં અનાજ, તેલ અને દ્રાક્ષારસનો
સંગ્રહ કરી ત્યાં સૈન્યોના વડાઓને મૂકયા. 12પ્રત્યેક નગરના
શાસ્રાગારમાં નગરનું રક્ષણ કરવા માટે તેણે ઢાલો અને
ભાલાઓ મૂક્યા, આમ, યહૂદા અને બિન્યામીન તેને વફાદાર
રહ્યાં હતા.
13યાજકો અને લેવીઓ ઉત્તરના રાજ્યમાંથી પોતાના
ઘરબાર ત્યજીને તેની સાથે સહમત થવા માટે આવી ગયાં.
14યરોબઆમ રાજાએ તેઓને ફરજ પરથી છૂટા કર્યા હતા
અને કહ્યું હતું કે હવે તમારે યહોવાના યાજકો તરીકે કામ
કરવું નહીં. 15તેઓના સ્થાને તેણે બીજાઓને યાજકો બનાવ્યા.
આ યાજકોએ લોકોને ઉચ્ચસ્થાનોમાં, યરોબઆમે બનાવેલ
વાછરડાં અને બકરીઓના પૂતળાંની પૂજા કરવા માટે લોકોને
ઉત્તેજન આપ્યું. 16ઈસ્રાએલની બધી ટોળીઓમાંથી
યહોવાના જેટલા ભકતો હતા તે બધાએ યાજકો અને
લેવીઓની પાછળ પાછળ, યહોવા પોતાના પિતૃઓના દેવને
બલિ ચડાવવા યરૂશાલેમ આવ્યા. 17એ લોકોએ આને કારણે
યહૂદાના રાજ્યના બળમાં વધારો કર્યો અને ત્રણ વર્ષ સુધી
તેમણે રહાબઆમને ટેકો આપ્યો, કારણ, એ ત્રણ વર્ષ દરમ્યાન
તે દાઉદ અને સુલેમાનને પગલે ચાલ્યો હતો.

## રહાબઆમનું કુટુંબ

18રહાબઆમે માહલાથ સાથે લગ્ન કર્યુ. માહલાથનો પિતા,
દાઉદનો પુત્ર યરીમોથ હતો અને તેની માતા દાઉદના ભાઈ
એલીઆબની પુત્રી અબીહાઈલ હતી. 19તેઓને ત્રણ પુત્રો
થયા; યેઉશ, શર્માયા અને ઝહામ, 20ત્યારબાદ તે
આબ્શાલોમની પુત્રી માઅખાહને પરણ્યો અને તેનાથી તેને
અબિયા, અત્તાઈ, ઝિજા અને શલોમિથ જન્મ્યા. 21પોતાની
બધી પત્નીઓ અને ઉપપત્નીઓ કરતાં રહાબઆમ માકા
ઉપર વધારે પ્રેમ રાખતો હતો. તેને બધી મળીને 18 પત્નીઓ
અને 60 રખાતો હતી. અને તેમનાથી તેને 28 પુત્રો અને 60
પુત્રીઓ થઈ હતી.
22રહાબઆમે માઅખાહના પુત્ર અબિયાને બધા
ભાઈઓમાં વડો નીમ્યો અને તેને પોતાના પછી રાજા
બનાવવાની દ્રષ્ટિએ પાટવી કુંવર ઠરાવ્યો. 23રહાબઆમે
યુક્તિપૂર્વક તેના બીજા પુત્રોને યહૂદિયા અને બિન્યામીનના
બધા પ્રદેશોમાં કિલ્લેબંદ નગરોમાં રહેવા માટે મોકલી દીધા.
તેણે તેઓને મોટા સાલિયાણાં બાંધી આપ્યા. અને પ્રત્યેકને
ઘણી સ્રીઓ સાથે પરણાવ્યા.

## મિસરના રાજાનો યરૂશાલેમ પર વિજય

12 જ્યારે રહાબઆમનું રાજ્ય સ્થિર થયું અને ને
બળવાન બન્યો ત્યારે તેણે અને યહૂદાના કુળસમૂહે
યહોવાની સંહિતાનો માર્ગ છોડી દીધો. 2તેઓએ યહોવાની

આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યુ તેથી રહાબઆમ રાજાના શાસનના પાંચમે વર્ષે મિસરના રાજા શીશાકે યરૂશાલેમ ઉપર 12,000 રથો તથા 60,000 સવારો લઈને હુમલો કર્યો. 3મિસરમાંથી તેની સાથે અસંખ્ય લૂબીઓ, સુક્કીઈઓ તથા કૂશીઓ આવ્યા હતા. 4યહૂદિયાના તાબાનાં કિલ્લાવાળાં નગરો સર કરતો કરતો તે યરૂશાલેમ સુધી આવી પહોંચ્યો.

5રહાબઆમ તથા યહૂદિયાના સરદારો, જેઓ પ્રબોધક શીશાકને લીધે યરૂશાલેમમાં એકઠા થયા હતા તેઓની પાસે શમાયા પ્રબોધકે આવીને તેઓને કહ્યું કે, "તમે મને અને મારા કાનૂનોને ત્યજી દીધા છે, માટે મેં પણ તમને શીશાકના હાથમાં સોંપી દીધાં છે." એમ યહોવા કહે છે.

6ઈસ્રાએલના આગેવાનો અને રાજાઓ પોતે નમ્ર થઈને બોલ્યા, "યહોવાની વાત ન્યાયી છે."

7યહોવાએ જ્યારે જોયું કે એ લોકો શરણે થઈ ગયા છે ત્યારે તેણે ફરી શમાયાને પોતાની વાણી સંભળાવી કે, "એ લોકો શરણે થઈ ગયા છે એટલે હું એમનો નાશ નહીં કરું; હું એમને થોડીવારમાં રાહત આપીશ, હું મારો રોષ શીશાક મારફતે યરૂશાલેમ પર નહીં ઉતારું. 8પરંતુ એ લોકોએ શીશાકના ગુલામ થવું પડશે, અને ત્યારે તેમને સમજાશે કે મારી સેવા કરવામાં અને વિદેશી રાજાઓની સેવા કરવામાં શો ફેર છે."

9મિસરના રાજા શીશાકે યરૂશાલેમ ઉપર ચઢાઈ કરી અને તે યહોવાના મંદિરમાં તથા રાજમહેલના બધા ભંડાર લૂંટી ગયો. તે સુલેમાને બનાવડાવેલી સોનાની ઢાલો સહિત બધું જ લઈ ગયો. 10રહાબઆમ રાજાએ તેમને ઠેકાણે પિત્તળની ઢાલો બનાવડાવીને રાજાના મહેલમાં દ્વારપાળોના તથા અમલદારોના હાથમાં સોંપી. 11જ્યારે જ્યારે રાજા યહોવાના મંદિરમાં જતો ત્યારે ત્યારે રક્ષકો તે ઢાલ લઈને આવતા અને પછીથી શસ્રાગારમાં મૂકી દેતા.

12રહાબઆમ યહોવાને શરણે થઈ ગયો, વળી યહૂદામાં ઘણાં સારા લોકો હતા તેથી યહોવાએ તેનો સંપૂર્ણ નાશ ન કર્યો.

13આમ, રહાબઆમ રાજાએ યરૂશાલેમમાં બળવાન થઈને રાજ્ય કર્યુ. તે ગાદીએ આવ્યો અને ત્યારે તેની ઉંમર 41 વર્ષની હતી. તેણે યહોવાએ ઈસ્રાએલના બધા કુળસમૂહોના પ્રદેશોમાંથી પોતાના નામની સ્થાપના માટે પસંદ કરેલા નગર યરૂશાલેમમાં 17 વર્ષ સુધી રાજ્ય કર્યુ. રહાબઆમની માતા આમ્મોનની હતી અને તેનું નામ નામા હતું. 14યહોવાની ઉપાસના સાચા હૃદયથી ન કરીને રહાબઆમે ખોટું આચરણ કર્યુ.

15રહાબઆમનાં અમલના બધા જ કૃત્યો પહેલેથી તે છેલ્લે સુધી, શમાયા પ્રબોધકની તથા ઈદ્દો દ્રષ્ટાની તવારીખમાં વંશાવળીના અનુક્રમે નોંધેલા છે. રહાબઆમ અને યરોબઆમ વચ્ચે સતત યુદ્ધ ચાલ્યા કર્યુ. 16અંતમાં રહાબઆમ પિતૃલોકને પામ્યો અને તેને દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો; અને તેની જગ્યાએ તેનો પુત્ર અબિયા રાજા થયો.

## યહૂદાનો રાજા અબિયા

13 રાજા યરોબઆમના અમલના અઢારમા વર્ષે અબિયા યહૂદિયાનો રાજા થયો. 2તેણે ત્રણ વર્ષ રાજ્ય કર્યુ. તેની માતાનું નામ મીખાયા હતું. તે ગિબિયાહના ઉરીએલની પુત્રી હતી. અબિયા અને યરોબઆમ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું.

3અબિયા 4,00,000 ચુનંદા શૂરવીર યોદ્ધાઓની સાથે આવ્યો અને યરોબઆમ 8,00,000 ચુનંદા શૂરવીર લડવૈયાઓને લઈને સામે આવ્યો.

4જ્યારે ઈસ્રાએલનું સૈન્ય એફ્રાઈમના પર્વતીય પ્રદેશમાં આવેલા સમારાઈમ આવી પહોંચ્યું, ત્યારે રાજા અબિયાએ રાજા યરોબઆમ અને ઈસ્રાએલના સૈન્યને મોટા સાદે કહ્યું, 5"સાંભળો! યરોબઆમ અને સર્વ ઈસ્રાએલીઓ, શું તમે નથી જાણતા કે ઈસ્રાએલના યહોવા દેવે વચન આપ્યું છે કે દાઉદના સંતાનો જ ઈસ્રાએલ ઉપર સદાકાળ રાજ કરશે? 6તેમ છતાં દાઉદના પુત્ર સુલેમાનના નોકર નબાટના પુત્ર યરોબઆમે પોતાના માલિક સામે બળવો કર્યો છે, 7અને કેટલાક નકામા અને અનિષ્ટ માણસો તેની સાથે મળી ગયા છે. અને સુલેમાનનો પુત્ર રહોબઆમ નાદાન અને મૂર્ખ હતો, અને તેમનો સામનો ન કરી શકે એવો હતો. તેઓ રહોબઆમ કરતા શકિતશાળી હતા.

8"અને હવે તમે દાઉદના વંશજોના રાજ્યને હરાવવાની વાત કરો છો, જેને યહોવાએ શાસન કરવાની શકિત આપી હતી. અને તમે વિશાળ સમૂહ છો અને યરોબઆમે બનાવડાવેલી સોનાના વાછરડાની મૂર્તિઓને તમારા દેવ તરીકે સાથે લઈને તમે આવ્યા છો! 9તમે હારુનના વંશજોને – યહોવાના યાજકોને અને લેવીઓને હાંકી કાઢયા છે અને વિદેશી લોકોની જેમ તમે મનગમતા યાજકો નીમ્યા છે! જે કોઈ એક વાછરડો અને સાત ઘેટાં લઈને યાજક બનવા આવે તેને તમે જેઓ દેવ નથી તેમની સેવા કરવા માટે યાજક બનાવી દો છો.

10"પરંતુ અમારા માટે તો યહોવા જ અમારા દેવ છે; અને અમે તેમને ત્યજી દીધા નથી. ફકત હારુનના વંશજો અમારા યાજકો છે અને માત્ર લેવીઓ જ યાજકોને તેઓના કામમાં મદદ કરે છે. 11તેઓ રોજ સવારે તથા સાંજે દહનાર્પણો અને સુવાસિત ધૂપનું દહન કરે છે અને પવિત્ર મેજ ઉપર પ્રદર્શિત કરવા માટેની રોટલી મૂકે છે. દરરોજ સાંજે સોનાના દીપવૃક્ષ પર દીવાઓ પ્રગટાવે છે. કારણકે યહોવા અમારા દેવની આજ્ઞાઓને અનુસરવા અમે કાળજી રાખીએ છીએ; પણ તમે તો તેમને ત્યજી દીધા છે. 12જુઓ, અમારા દેવ અમારી આગળ અને અમારી સાથે છે, અને તેના યાજકો રણશિંગા લઈને તમારી સામે યુદ્ધનાદ કરે છે, "હે ઈસ્રાએલપુત્રો, તમારા પિતૃઓના યહોવા દેવની સામે ન લડો; તેમાં તમે જીતી શકશો નહીં."

13પણ યરોબઆમે પોતાના લશ્કરની એક ટૂકડીને યહૂદાવાસીઓની પાછળ જઈ છુપાઈ રહેવા મોકલી આપી, એટલે મુખ્ય લશ્કર યહૂદાવાસીઓની સામે રહ્યું અને

છુપાયેલા માણસો તેમની પાછળ રહ્યા. 14યહૂદાએ પાછળ
જોયું; તો જુઓ, પોતાની આગળ તથા પાછળ યુદ્ધની તૈયારી
કરી રાખી હતી; ત્યારે તેઓએ યહોવાને આજીજી કરી, ને
યાજકોએ રણશિંગડા વગાડ્યાં. 15યહૂદિયાના સૈનિકોએ મોટા
સાદે પોકાર કર્યો. જ્યારે તેઓએ પોકાર કર્યો ત્યારે દેવે અબિયા
રાજા અને યહૂદિયા સૈન્યનો એવો ઉપયોગ કર્યો કે યરોબઆમ
રાજા અને ઈસ્રાએલનું સૈન્ય હારવા લાગ્યું. 16તેથી
ઈસ્રાએલીઓ યહૂદાવાસીઓથી ભાગવા લાગ્યા, પણ દેવે
તેમને યહૂદાવાસીઓના હાથમાં સોંપી દીધા. 17અબિયાએ
અને તેની સેનાએ તેમનો સખત પરાજય કર્યો, ઈસ્રાએલના
શ્રેષ્ઠ યોદ્ધાઓમાંથી 5,00,000 સૈનિકો ખપી ગયા. 18આમ,
તે સમયે ઈસ્રાએલીઓ હારી ગયા, ને યહૂદાના સૈન્યનો
વિજય થયો, કારણકે તેઓએ પોતાના પિતૃઓના દેવ યહોવા
પર ભરોસો રાખ્યો હતો,

19અબિયાએ યરોબઆમનો પીછો પકડી તેના કબજામાંથી
આસપાસના કસબા સહિત બેથેલ, યશાનાહ, અને એફ્રોન
નગરો લઈ લીધો.

20અબિયા જીવતો હતો ત્યાં સુધી યરોબઆમ ફરી
શક્તિશાળી બની શક્યો નહી અને આખરે યહોવાએ તેને
સજા કરી અને તે મરી ગયો. 21પરંતુ અબિયાનું બળ વધતું
ગયું; તે 14 સ્રીઓ સાથે પરણ્યો, તેને 22 પુત્રો તથા 16
પુત્રીઓ થયાં. 22અબિયાનો બાકીનો ઈતિહાસ, તેનાં કાર્યો
તેનાં આચરણ અને તેનાં વચનો પ્રબોધકના ટીકાગ્રંથમા
નોંધેલા છે.

14 એ પછી અબિયા પિતૃલોકને પામ્યો, અને તેને
દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો, તેના પછી
તેનો પુત્ર આસા યહૂદિયાનો રાજા બન્યો. તેના શાસનકાળના
પ્રથમ દશ વર્ષ દરમિયાન દેશમાં શાંતિ હતી.

## આસા રાજા યહોવાને આધીન

2આસાએ એના દેવ યહોવાની નજરમાં સારું અને યોગ્ય
ગણાય એવું આચરણ કર્યુ. 3તેણે પારકી મૂર્તિઓની વેદીઓ
અને પર્વતો પરનાં ઉચ્ચસ્થાનો તોડી પાડ્યાં. તેણે પૂજાસ્તંભો
ભાંગી નાખ્યા, અને અશેરા દેવીના લાકડાના થાંભલા કાપી
નાખ્યા. 4અને યહૂદાના લોકોને તેમના પિતૃઓના દેવ
યહોવાની સેવાપૂજા કરવાનો અને તેના કાનૂનો અને
આજ્ઞાઓનું પાલન કરવાનો હુકમ કર્યો. 5તેણે યહૂદાના પ્રત્યેક
શહેરમાંના ટેકરી ઉપરના થાનકોનો અને ધૂપવેદીઓનો નાશ
કર્યો. તેના અમલ દરમિયાન રાજ્યમાં શાંતિ રહી. 6તેને
લીધે સમગ્ર યહૂદિયામાં તે કિલ્લાવાળા નગરો બાંધી શક્યો.
તે ભૂમિને યહોવાએ શાંતિ આપી.

7તેણે યહૂદાના લોકોને કહ્યું, "ચાલો, આપણે આ શહેરો
નવેસરથી બાંધીએ, તેમની ફરતે કોટ કરીએ અને તેના બુરજો
અને ભોગળોવાળા દરવાજા મૂકીએ, આ ભૂમિ હજી આપણી
છે કારણ, આપણે આપણા દેવ યહોવાની સેવાપૂજા કરીએ
છીએ અને તેણે આપણા ઉપર દયા કરી આપણને બધી
બાજુએથી શાંતિ અને સલામતી આપી છે." આથી
તેમણે નગરો બાંધવા માંડ્યાં અને એ કામ સફળતાપૂર્વક
પાર ઉતાર્યુ.

8આસા પાસે ઢાલ અને ભાલાથી સજ્જ 3,00,000
યહૂદાવંશીઓ, અને 2,80,000 ઢાલ ધનુષ્યથી સજ્જ
બિન્યામીન વંશીઓનું સૈન્ય હતું. એ બધા જ શૂરવીર યોદ્ધાઓ
હતા.

9કૂશ દેશનો સેનાપતિ ઝેરાહ 10,00,000 સૈનિકો અને
300 રથનું સૈન્ય લઈને આસા સામે યુદ્ધ કરવા આવ્યો અને
તે મારેશાહ સુધી આવી પહોંચ્યો. 10આસા તેનો સામનો
કરવા બહાર પડ્યો અને તેણે મારેશાહ આગળ સફાથાના
મેદાનમાં સેનાને યુદ્ધ માટે ગોઠવી.

11આસાએ પોતાના દેવ યહોવાને અરજ કરી, "હે યહોવા,
બળવાનની વિરૂદ્ધ નિર્બળને સહાય કરનાર, તારા સિવાય
બીજો કોઈ નથી; હે યહોવા, અમારા દેવ, અમને સહાય કર;
અમને માત્ર તારો જ આધાર છે. અને તારું નામ લઈને જ
અમે આ મોટા સૈન્યની સામે આવ્યા છીએ, હે યહોવા, તું
અમારો દેવ છો. લોકો તારી ઉપર વિજયી ન થાય, એ
જોજે."

12યહોવાએ આસા અને યહૂદાવાસીઓને હાથે કુશીઓને
હરાવી દીધા અને તેઓ ભાગવા લાગ્યા. 13આસા અને તેના
માણસોએ ગરાર સુધી તેમનો પીછો કર્યો. યહોવા અને તેની
સેના આગળ કુશીઓ છિન્નભિન્ન થઈ ગયા; તેથી ઘણા
કુશીઓ મરી ગયા કે તેઓ બીજુ લશ્કર ઊભુ કરી શક્યા
નહી. યહૂદાવાસીઓએ મોટા જથ્થામાં લૂંટ ભેગી કરી.
14તેમણે ગરારની આસપાસના બધાં શહેરોનો નાશ કર્યો,
કારણ, યહોવાએ લોકોને ભયભીત બનાવી દીધાં હતા, તેમણે
બધા શહેરો લૂંટી લીધા, અને તેમને એ શહેરોમાંથી પુષ્કળ
લૂંટ મળી, 15તેઓએ નગરોને લૂંટી લીધા અને ઘેટાંપાળકોનાં
ઢોર રાખવાના માંડવા તોડી નાખ્યા અને સંખ્યાબંધ ઘેટાં
તથા ઊંટો લઈને અંતે તેઓ યરૂશાલેમ પાછા આવ્યા.

## આસામા પરિવર્તન

15 ત્યારબાદ ઓદેદના પુત્ર અઝાર્યામાં યહોવાનો
આત્મા પ્રવેશ્યો. 2તેથી તે આસાને મળવા ગયો,
ને કહ્યું, "આસા તથા યહૂદા અને બિન્યામીનના બધા લોકો,
મારી વાત સાંભળો, જ્યાં સુધી તમે યહોવા સાથે રહેશો ત્યાં
સુધી તે તમારી સાથે રહેશે, તમે જો તેને શોધશો તો તે તમને
મળશે. જો તમે તેનો ત્યાગ કરશો તો તે તમારો ત્યાગ કરશે.
3ઘણા લાંબા સમયથી ઈસ્રાએલી લોકોએ સાચા દેવની પ્રાર્થના
કરી ન હતી, અને તેઓને તે વિષેનું શિક્ષણ આપવા માટે
ત્યાં કોઈ યાજક ન હતો. દેવના કાનૂનો અનુસર્યા વિના
તેઓ જીવન પસાર કરતા હતા. 4પરંતુ જ્યારે પોતાના સંકટના
સમયે તેમણે ઈસ્રાએલના દેવ યહોવા તરફ વળી તેની શોધ
આદરી ત્યારે તે તેમને પ્રાપ્ત થયા. 5તેઓએ દેવ વિરૂદ્ધ
બળવો પોકાર્યો હતો તેથી તે સમયે કોઈને શાંતિ નહોતી,
દેશ દરેક રીતે મુશ્કેલીમાં આવી પડ્યો હતો અને સર્વત્ર
ગુનાઓ વધી રહ્યા હતા. 6પ્રજાઓ અને નગરો એકબીજા

સાથે લડીને પાયમાલ થતાં હતાં. કારણકે દેવ તેઓને દરેક
પ્રકારની આફતો વડે શિક્ષા કરતા હતા. 7પણ હવે તમે
બળવાન બનજો અને હિંમત હારશો નહીં. તમને તમારા
કાર્યો ના ફળ મળશે."

8જ્યારે આસાએ દિવ્યવાણીના વચનો ઓદેદની
ભવિષ્યવાણીમાં સાંભળ્યા ત્યારે તેણે હિંમત રાખીને યહૂદા
તથા બિન્યામીનના દેશમાંથી તથા જે શહેરો તેણે એફ્રાઈમના
પર્વતીય પ્રદેશમાં જીતી લીધાં હતાં તે બધામાંથી ઘૃણાસ્પદ
મૂર્તિઓને હઠાવી દીધી. અને યહોવાના મંદિરની સામેની
વેદી તેણે ફરી બંધાવી.

9ત્યારબાદ તેણે યહૂદા અને બિન્યામીનના બધા લોકોને
પોતાની સામે આવવા હુકમ કર્યો, યહોવા દેવ રાજા આસાની
સાથે છે, તે જાણીને એફ્રાઈમ, મનાશ્શા અને શિમયોન
પ્રદેશોમાંથી ઈસ્રાએલમાં વસવા આવેલાં લોકોને ભેગા
કરવાનો હુકમ કર્યો.

10આશાના અમલ દરમિયાન પંદરમા વર્ષના ત્રીજા
મહિનામાં તેઓ યરૂશાલેમમાં ભેગા થયા. 11અને તેમણે તે
દિવસે પોતે જે લૂંટ સાથે લાવ્યા હતા તેમાંથી 700 બળદો
અને 7,000 ઘેટાંનાં હોમબલિ તેઓએ યહોવાને ચડાવી.
12તેમણે પોતાના પિતૃઓના દેવ યહોવાની સાચા હૃદયથી
ઉપાસના કરવાનો કરાર કર્યો; 13નાનો હોય કે મોટો, સ્ત્રી
હોય કે પુરુષ જે કોઈ ઈસ્રાએલનાં દેવ યહોવાની ઉપાસના
ન કરે તેને મૃત્યુદંડ દેવાનું ઠરાવવામાં આવ્યું. 14ત્યારબાદ
તેમણે શરણાઈ અને રણશિંગડા ને તુરાઈઓ વગાડીને મોટા
સાદે યહોવા સમક્ષ પ્રતિજ્ઞા લીધી. 15તે બધા ખૂબ આનંદમાં
હતા કારણકે તેઓએ પોતાના પૂરા અંત:કરણથી અને સંપૂર્ણ
ઈચ્છાથી દેવ સાથે આ કરાર કર્યો હતો. અને દેવને સર્વશ્રેષ્ઠ
સ્થાન આપીને યહોવાને શોધ્યા. તે તેઓને મળ્યા; અને
તેમણે તેઓને ચોતરફ શાંતિ આપી અને સલામતી બક્ષી.

16આસાએ પોતાની દાદી માંઅખાહને પણ રાજમાતા
પદેથી ભ્રષ્ટ કરી, કારણકે તેણે અશેરાની પૂજા માટે અશ્લીલ
મૂર્તિ કરાવી હતી. આસાએ મૂર્તિને તોડી તેના ભૂક્કેભૂક્કા
કરી નાખ્યા અને કિદ્રોનની ખીણમાં સળગાવી દીધી. 17જો
કે ઈસ્રાએલમાંથી ટેકરી ઉપરના સ્થાનકો દૂર કરવામાં આવ્યા
નહોતા. તેમ છતાં આસા જીવનભર યહોવાને સંપૂર્ણ વફાદાર
રહ્યો.

18તેના પિતાએ તેમજ તેણે પોતે યહોવાને ધરાવેલી બધી
ભેટો સોનુંરૂપું, અને વાસણો બધું યહોવાના મંદિરમાં જમા
કરાવી દીધું. 19આસા રાજાની કારકિર્દીના પાંત્રીસ વર્ષ સુધી
ત્યાં બીજું કોઈ યુદ્ધ કે લડાઈ થયા નહીં.

## આસાના રાજ્યકાળનો અંત

16 રાજા આસાના અમલના છત્રીસમા વર્ષમાં
ઈસ્રાએલના રાજા બાશાએ યહૂદા ઉપર ચઢાઈ
કરી તેના રાજા આસા પાસે આવતાં લોકોની નાકાબંધી કરવા
માટે રામાની કિલ્લેબંદી કરી. 2એટલે આસાએ યહોવાના
મંદિરના અને રાજમહેલના ભંડારોમાંથી સોનુચાંદી બહાર
કાઢી દમસ્કમાં રહેતા અરામના રાજા બેનહદાદને મોલકી
સંદેશો મોકલાવ્યો કે, 3"તારા પિતા અને મારા પિતા વચ્ચે
સલામતીનો કરાર કરેલો હતો તે આપણે તાજો કરીએ, જો,
આ ચાંદી અને સોનું મેં મોકલ્યું છે. ઈસ્રાએલના રાજા બાઅશા
સાથેનો તારો કરાર તોડી નાખ, જેથી તે પાછો ચાલ્યો જાય."

4બેનહદાદ સંમત થયો અને તેણે પોતાના સેનાપતિઓને
ઈસ્રાએલનાં શહેરો ઉપર ચઢાઈ કરવા મોકલી આપ્યા: તેમણે
ઈયોન, દાન, આબેલ-માઈમ અને નફતાલીનાં સંગ્રહાલય
શહેરો જીતી લીધાં. 5જ્યારે બાઅશાને આની જાણ થઈ ત્યારે
તેણે રામાની કિલ્લેબંદી કરવાનું છોડી દીધું, અને બધું કામ
બંધ કરાવી દીધું. 6ત્યારબાદ રાજા આસાએ યહૂદાના બધા
માણસોને સાથે લીધા અને તેઓ જે પથ્થર અને લાકડાં વડે
બાશા રામામાં કિલ્લેબંદી કરતો હતો તે ઉઠાવી ગયા, અને
તેના વડે તેમણે ગેબા અને મિસરમાં કિલ્લેબંદી કરી.

7તે જ સમયે હનાની પ્રબોધક આસા રાજા પાસે ગયો
અને તેને કહે, "તમે દેવ યહોવાને બદલે અરામના રાજા
ઉપર ભરોસો રાખ્યો છે તેથી ઈસ્રાએલના રાજાનું લશ્કર
તમારા હાથમાંથી છટકી ગયું છે. 8કુશીઓ અને લૂબીઓનું
લશ્કર પણ ઘણું મોટું હતું અને તેમની પાસે અસંખ્ય રથો
અને ઘોડેસવારો હતા. તેમ તું યહોવાને ભરોસે રહ્યો હતો
એટલે તેણે તેમને તારા હાથમાં સોંપી દીધા હતા. 9યહોવાની
દ્રષ્ટિ સમગ્ર પૃથ્વી પર ફરતી હોય છે. અને જેઓનું અંત:કરણ
યહોવા પ્રત્યે સંપૂર્ણ છે તેઓને તે શોધે છે, જેથી તેઓને
મદદ કરીને તે પોતાનું મહાન સામર્થ્ય પ્રગટ કરે છે. તે કેવી
મૂર્ખાઈ કરી છે! હવેથી તારે યુદ્ધો ખેલવા પડશે."

10પ્રબોધકના આ શબ્દોથી આસાને હનાની પર ખૂબ
ગુસ્સો આવ્યો ને તેણે તેને કેદમાં પૂરી દીધો. એ જ વખતે
તેણે ઘણાં પ્રજાજનો લોકો ઉપર પણ કેર વર્તાવ્યો.

11આસાના રાજ્યના બધા બનાવો પહેલેથી તે છેલ્લે સુધી
યહૂદાના અને ઈસ્રાએલના રાજાઓના વૃતાંતમાં નોંધાયેલા
છે. 12તેના રાજ્યના 39મા વર્ષે તેને પગનો રોગ પડ્યો. અને
તે વધતો જ ગયો. તેણે યહોવાને શરણે જવાને બદલે વૈદોની
સલાહ લીધી. 13તે એના અમલના 41મા વર્ષે તો પિતૃલોકને
પામ્યો અને તેને દાઉદનગરમાં તેણે પોતાના માટે ખોદાવેલી
કબરમાં દફનાવવામાં આવ્યો. 14તેમણે તેના શરીરને સુગંધી
દ્રવ્યોથી ભરેલી કબરમાં સુવડાવ્યો તાબંતમાં મૂક્યા બાદ
તેની દફનવિધિ વખતે તેના લોકોએ બહુ મોટા પ્રમાણમાં
ધૂપ બાળ્યા.

## યહોશાફાટના શાસનનો પ્રારંભ

17 ત્યારબાદ તેનો પુત્ર યહોશાફાટ રાજા બન્યો. અને
ઈસ્રાએલથી સુરક્ષિત રહેવા તેણે યહૂદાને
શકિતશાળી બનાવ્યું. 2તેણે યહૂદાના બધાં કિલ્લેબંદીવાળા
નગરોમાં લશ્કર ગોઠવ્યું, અને આખા યહૂદાના તેમજ તેના
પિતાએ કબજે કરેલાં એફ્રાઈમનાં શહેરોમાં સૂબાઓ મૂક્યા,

3યહોવા તેની સાથે હતા કેમ કે તેના પિતૃ દાઉદ શરૂઆતના
વર્ષોમાં જે માર્ગે ચાલ્યા તે માર્ગ પર જ યહોશાફાટ ચાલ્યો.

તેણે મૂર્તિઓની પૂજા કરી નહીં. 4ઈસ્રાએલના પ્રદેશમાં વસતા
લોકો કરતાં તેનું જીવન જુદા જ પ્રકારનું હતું. તે તેના પિતૃઓના
દેવની આજ્ઞાઓને આધીન રહીને જીવન ગુજારતો હતો.
5આથી યહોવાએ તેના હાથમાં યહૂદા પરની સત્તા કાયમ
રાખી, આખું યહૂદા તેને ભેટસોગાદ આપતું હતું. અને તે
પુષ્કળ કીર્તિ અને સંપત્તિ પામ્યો. 6તે યહોવાની સેવામાં
ગૌરવ લેતો હતો અને તેણે યહૂદામાંની ટેકરીઓ ઉપરના
સ્થાનકોનો તેમજ પૂજાસ્તંભોનો પણ નાશ કર્યો.

7તેના શાસનકાળના ત્રીજા વર્ષે તેણે પોતાના અમલદારો
બેન–હાયિલ, ઓબાદ્યા, ઝખાર્યા, નથાનએલ અને
મીખાયાને 8લેવીઓ શમાયા, નથાન્યા, ઝબાદ્યા, અસાહેલ,
શમીરામોથ, યહોનાથાન, અદોનિયા, ટોબીયા, અને
ટોબ્દોનિયા તેમજ યાજકો એલિશામા અને યહોરામ સાથે
યહૂદાના ગામેગામ ઉપદેશ કરવા મોકલ્યા.
9"દેવનાનિયમશાસ્ત્રના" પુસ્તકની નકલો તેઓ પોતાની
સાથે લઈ ગયા. અને યહૂદિયાનાં સર્વ ગામોમાં જઈને લોકોને
નિયમશાસ્ત્રનું શિક્ષણ આપ્યું.

10આથી યહૂદાની આસપાસના બધા પ્રદેશોમાં રાજાઓ
યહોવાથી ડરવા લાગ્યા, અને તેમણે યહોશાફાટ સાથે લડાઈ
કરી નહીં. 11કેટલાક પલિસ્તિ લોકો ખંડણી તરીકે તેની પાસે
ઉપહાર તરીકે ચાંદી લઈને આવ્યા. રણના રહેવાસીઓ પણ
7,700 બકરીઓ અને 7,700 ઘેટાંની ભેટ લઈને આવ્યા.

12યહોશાફાટ ઉત્તરોત્તર વધુને વધુ મહત્વ પ્રાપ્ત કરતો
ગયો અને તેણે યહૂદામાં કિલ્લાઓ અને ભંડાર માટે નગરો
બાંધ્યા 13અને તેણે યહૂદાના શહેરોમાં ઘણું કામ કર્યુ. તેણે
રાજધાની યરૂશાલેમમાં મોટું સૈન્ય રાખ્યું. 14યરૂશાલેમમાં
તેણે શૂરવીર યોદ્ધાઓનું થાણું ઉભું કર્યુ હતું અને તેની
કુળસમૂહવાર યાદી નીચે પ્રમાણે છે:

યહૂદાના સેનાનાયકો– યહૂદાના મુખ્ય સેનાપતિ અદના
અને તેના હાથ નીચે 3,00,000 સૈનિકો; 15તેના પછી
યહોહાનાન અને તેના હાથ નીચે 2,80,000 સૈનિકો; 16તેના
પછી યહોવાને સ્વેચ્છાએ આત્મસમર્પણ કરનાર અમાસ્યા
જે ઝિખ્રીનો પુત્ર હતો તેના હાથ નીચે 2,00,000 સૈનિકો.

17બિન્યામીનના કુળસમૂહના સેનાનાયકો: શૂરવીર
એલ્યાદાહ અને તેના હાથ નીચે 2,00,000 ધનુષ્ય અને
ઢાલથી સજ્જ સૈનિકો; 18તેના પછી યહોજાબાદ અને તેના
હાથ નીચે 1,80,000 યુદ્ધ માટે સજ્જ યોદ્ધાઓ. 19આ સર્વ
સૈન્યો હતા. અને તે પાટનગરના રાજાની પાસે હતા. સમગ્ર
યહૂદા રાજ્યના કિલ્લેબંદીવાળાં નગરોમાં રાજાએ જેમને
નિયુક્ત કર્યા હતા તે સૈન્યો તો જુદા.

## પ્રબોધક મીખાયાની ચેતવણી

18 યહોદાના રાજા યહોશાફાટે પુષ્કળ સંપત્તિ અને
લોકપ્રિયતા પ્રાપ્ત કરી. તેણે તેના પુત્રનું સગપણ
ઈસ્રાએલના રાજા આબાહની પુત્રી સાથે કર્યુ. 2થોડાં વરસો
પછી તે આહાબને મળવા સમરૂન ગયો. આહાબ તેને અને
તેના રસાલાને માટે મોટી સંખ્યામાં બકરીઓ અને બળદનું
બલિદાન આપ્યું અને તેને રામોથ–ગિલયાદ ઉપર હુમલો
કરવા ભોળવ્યો. 3આહાબે યહોસાફાટને કહ્યું, "તમે મારી
સાથે રામોથ–ગિલયાદ આવશો?" યહોશાફાટે કહ્યું, "આપણે
બે કાઈ જુદા નથી. મારા સૈનિકો એ તમારા જ સૈનિકો છે.
આપણે સાથે મળીને આપણી લડાઈ લડીશું." 4પણ પહેલાં
યહોવાને પ્રશ્ન કરો કે, "તમારી શી ઈચ્છા છે તે કૃપા કરીને
કહો."

5તેથી ઈસ્રાએલના રાજાએ આશરે 400 પ્રબોધકોને
બોલાવીને ભેગા કર્યા, અને તેમને પૂછયું, "અમારે રામોથ–
ગિલયાદ ઉપર હુમલો કરવો કે રોકાઈ જવું?" તેમણે કહ્યું,
"હુમલો કરો. દેવ એ તમારા હાથમાં સોંપી દેશે."

6યહોશાફાટે પૂછયું, "અહીં યહોવાનો બીજો કોઈ પ્રબોધક
નથી, જેને આપણે પ્રશ્ન કરી શકીએ?"

7ઈસ્રાએલના રાજાએ કહ્યું, "બીજો એક છે જેની મારફતે
આપણે યહોવાને પ્રશ્ન કરી શકીએ, પણ મને તેનો તિરસ્કાર
છે, કારણ, તે કદી મારે વિષે સારું ભવિષ્ય ભાખતો નથી,
હંમેશા માઠું ભવિષ્ય જ ભાખે છે, તે તો ઈમ્લાનો પુત્ર
મીખાયા છે." યહોશાફાટ બોલી ઉઠ્યો, "નામદાર, એવું ન
બોલશો."

8આથી ઈસ્રાએલના રાજાએ એક અમલદારને બોલાવીને
કહ્યું, "મીખાયાને તાબડતોબ બોલાવી લાવ."

9ઈસ્રાએલનો રાજા અને યહૂદાનો રાજા બાદશાહી પોશાક
પહેરીને સમરૂનના દરવાજાની આગળ બે સિંહાસન પર
બેઠેલા હતા. બધા પ્રબોધકો પોત પોતાનો સંદેશો, એક મોટી
ખુલ્લી જગ્યામાં તેમની સામે આપી રહ્યાં હતા. 10એમાંનો
એક સિદકિયા કે જે ખનાનાનો પુત્ર હતો જેણે પોતાના માટે
લોખંડના શિંગડા બનાવડાવ્યા હતાં. તે બોલ્યો, "આ,
યહોવાનાં વચનો છે; આવાં શિંગડાઓ વડે આપ અરામીઓને
મારીને પૂરા કરી નાખશો.'"

11સર્વ પ્રબોધકોએ એવો જ પ્રબોધ કર્યો છે કે, "રામોથ–
ગિલયાદ પર ચઢાઈ કરીને વિજયી થા; કારણકે યહોવા તે
તારા હાથમાં સોંપી દેશે."

12મીખાયાને તેડવા મોકલેલ માણસોએ મીખાયાને કહ્યું,
"ખ્યાલ રાખજો કે બધા પ્રબોધકોએ એક અવાજે રાજાને
માટે સારું ભવિષ્ય ભાખ્યું છે. તમે પણ તેમના જેવું જ
ભવિષ્ય ભાખજો અને વિજયની આગાહી કરજો."

13પણ મીખાયાએ કહ્યું, "યહોવાના સોગંદ, હું તો મારા
દેવ જે કહેશે તે જ ભાખીશ."

14મીખાયા રાજાની સન્મુખ આવ્યો ત્યારે રાજાએ તેને
કહ્યું, "મીખાયા, અમે રામોથ–ગિલયાદ પર ચઢાઈ કરીએ કે
રોકાઈ જઈએ?" મીખાયાએ કહ્યું, "ચઢાઈ કરો અને વિજય
પામો. એ તમારા હાથમાં આવશે."

15પરંતુ રાજાએ કહ્યું, "યહોવાને નામે મને કેવળ સત્ય જ
કહેવા માટે મારે તારી પાસે કેટલી વાર સમ લેવડાવવાં?"

16એટલે મીખાયાએ કહ્યું, "મેં બધા ઈસ્રાએલીઓને
ભરવાડ વગરનાં ઘેટાંની જેમ પર્વતો ઉપર વેરવિખેર થઈ
ગયેલા જોયા છે, અને મેં યહોવાને બોલતા સાંભળ્યાં છે કે,

'એ લોકોનો કોઈ ધણીધોરી નથી. તેથી તેઓ ભલે શાંતિથી ઘેર જતા.'"

17આ સાંભળીને ઈસ્રાએલના રાજા આહાબે યહોશાફાટને કહ્યું, "મેં તમને નહોતું કહ્યું કે, એ કદી મારે વિષે સારું ભવિષ્ય ભાખતો જ નથી. માઠું જ ભવિષ્ય ભાખે છે."

18મીખાયાએ વધુમાં કહ્યું, "હવે યહોવાની વાણી સાંભળો;" મેં યહોવાને તેના સિંહાસન ઉપર બિરાજેલા જોયા છે, તેને ડાબે અને જમણે હાથે બધા દેવદૂતો તેની તહેનાતમાં ઊભા હતા. 19યહોવાએ કહ્યું કે, 'કોણ ઈસ્રાએલના રાજા આહાબને ફોસલાવીને રામોથ-ગિલયાદ લઈ જાય કે ત્યાં તે માર્યો જાય?' ત્યારે એકે આમ કહ્યું, ને બીજાએ તેમ કહ્યું. 20પછી એક આત્માએ આગળ આવીને યહોવાની સન્મુખ ઊભા રહીને કહ્યું કે, 'હું તેને ફોસલાવીશ'- યહોવાએ તેને પૂછયું કે, 'શી રીતે?' 21તેણે કહ્યું, 'હું જઈને તેના બધા પ્રબોધકોને મોઢે જૂઠી ભવિષ્યવાણી ઉચ્ચારાવીશ.' યહોવા બોલ્યા, 'તું જરૂર તેને લલચાવવામાં સફળ થશે. જા અને એ પ્રમાણે કર.'

22"તેથી આપ જોઈ શકો છો કે યહોવાએ આપના બધા પ્રબોધકોને મોઢે જૂઠી ભવિષ્યવાણી ઉચ્ચારાવી છે. કારણ, તેણે આપને માથે આફત ઉતારવાનું નક્કી કર્યુ છે."

23ત્યારે કનાનનો પુત્ર સિદકિયા મીખાયા પાસે ગયો અને તેના ગાલ પર તમાચો મારીને બોલ્યો, "તું જૂઠો છે, યહોવાનો આત્મા મને ત્યજીને તારામાં ક્યારે આવ્યો? 24મીખાયાએ જવાબ આપ્યો, "એ તો તું જે દિવસે ભાગી જઈને અંદરના ખંડમાં છુપાઈ જશે ત્યારે તને ખબર પડશે."

25ઈસ્રાએલના રાજાએ કહ્યું, "મીખાયાને ગિરફતાર કરો. અને તેને આમોન, શહેરના પ્રશાસક અને રાજકુંવર યોઆશને સોંપી દો, અને કહો, 26'રાજાનો એવો હુકમ છે કે આને કેદમાં પૂરો અને હું સુરક્ષિત પાછો આવું ત્યાં સુધી જીવતો રહે એટલા જ રોટલા ને પાણી સિવાય કશું આપશો નહીં.'"

27મીખાયાએ જણાવ્યું, "જો તું સુરક્ષિત પાછો ફરે તો યહોવા મારા દ્વારા બોલ્યા નથી એમ માનજે." પછી આસપાસ ઊભા રહેલા લોકો તરફ ફરીને તેણે કહ્યું, "મેં જે કહ્યું તેની નોંધ લો."

## રામોથ-ગિલયાદ પર આહાબનું મૃત્યુ

28પછી ઈસ્રાએલનો રાજા અને યહૂદાનો રાજા યહોશાફાટ સૈન્યો સાથે રામોથ-ગિલયાદ ઉપર ચઢાઈ કરવા ગયા. 29ઈસ્રાએલના રાજાએ યહોશાફાટને કહ્યું, "યુદ્ધમાં જતી વખતે હું વેશપલટો કરીશ પણ તમે તમારો બાદશાહી પોશાક પહેરી રાખજો." આમ ઈસ્રાએલના રાજાએ વેશપલટો કર્યો અને યુદ્ધમાં ગયો.

30હવે અરામના રાજાએ પોતાના રથીઓને એવો હુકમ આપ્યો હતો કે, "તમારે ઈસ્રાએલના રાજા સિવાય બીજા ગમે તેના ઉપર હુમલો કરવો નહીં." 31રથાધિપતિઓએ યહોશાફાટને જોયો ત્યારે તેઓએ એમ ધાર્યુ કે, "એ ઈસ્રાએલનો રાજા છે." માટે તેઓ તેની સાથે લડવાને આવ્યા; એટલે યહોશાફાટે બૂમ પાડી, ને યહોવાએ તેને મદદ કરી; અને દેવે તેઓનાં મન ફેરવ્યાં, જેથી તેઓ તેની પાસેથી જતા રહ્યાં. 32રથાધિપતિઓએ જોયું કે એ તો ઈસ્રાએલનો રાજા નથી, ત્યારે તેને પકડવાની કોશિષ મૂકી દીધી.

33પરંતુ એક યોદ્ધાએ અમસ્તુ જ બાણ છોડ્યું અને તેણે ઈસ્રાએલના રાજાને બખતરના સાંધા આગળથી વીંધી નાખ્યો. આહાબે પોતાના સારથીને કહ્યું, "રથ ફેરવીને મને યુદ્ધભૂમિની બહાર લઈ જા. હું ઘવાયો છું." 34તે દિવસે યુદ્ધ વધુને વધુ ભીષણ બનતું ગયું. સાંજ થતાં સુધી અહાબ, અરામિઓ તરફ મોં રાખીને રથમાં ટટ્ટાર બઠો હતો. પછી તે મરી ગયો.

19 યહૂદાનો રાજા યહોશાફાટ શાંતિથી યરૂશાલેમમાં પોતાના ઘરમાં પાછો ફર્યો. 2ત્યારે પ્રબોધક હનાનીનો પુત્ર યેહૂ તેને મળવા ગયો અને બોલ્યો, "તમે દુષ્ટોને મદદ કરી છે અને યહોવાના દુશ્મનો સાથે મૈત્રી બાંધી છે તેથી યહોવા તમારા ઉપર રોષે ભરાયા છે; 3જોકે તેં કેટલાંક સારાં કામો પણ કર્યા છે; તમે દેશમાંથી પૂજા-સ્તંભોનો નાશ કર્યો છે અને દેવની ઉપાસના કરવાનું મનથી ચાલુ રાખ્યું છે."

## યહોશાફાટ ન્યાયાધીશોને નીમ્યા

4તેથી યહોશાફાટ ફરીથી ઈસ્રાએલ ગયો નહીં, પણ યરૂશાલેમમાં રહ્યો. પછીથી તેણે બેરશેબાથી માંડીને એફ્રાઈમના પહાડી પ્રદેશ સુધી મુસાફરી કરી અને તેઓના પિતૃઓનાં દેવનું ભજન કરવા ઉત્તેજન આપ્યું. 5તેણે દેશમાં, એટલે યહૂદાના સર્વ કિલ્લેબંદી નગરોમાંના પ્રત્યેક નગરમાં, ન્યાયાધીશો નીમ્યા. 6અને તેમને કહ્યું, "પૂર્ણ વિચાર કરીને તમારી ફરજ બજાવજો, કારણ, તમે માણસને નામે નહીં પણ યહોવાને નામે ન્યાય કરો છો. તમે જ્યારે ચૂકાદો આપો છો ત્યારે યહોવા તમારી સાથે હોય છે. 7માટે યહોવાથી ડરીને ચાલજો, જે કંઈ કરો તે સાવચેતીપૂર્વક કરજો, કારણ, યહોવા આપણો દેવ અન્યાય, પક્ષપાત અને લાંચ સહન કરતા નથી."

8ઉપરાંત યહોશાફાટે યરૂશાલેમમાં પણ અદાલતો સ્થાપી અને લેવીઓ, યાજકો, કુટુંબોના આગેવાનોને ન્યાયાધીશ તરીકે નિમણૂંક કર્યા. 9અને તેમને આ પ્રમાણે આદેશ આપ્યો, "તમારે યહોવાને માથે રાખીને વફાદારીથી અને પ્રામાણિકપણે ફરજ બજાવવી. 10બીજાં શહેરોમાં રહેતા બંધુઓમાંથી જે કોઈ ફરિયાદ, ઝઘડો આવે, પછી તે ખૂનમરકીને લગતો હોય કે નિયમો અને આજ્ઞાઓના ઉલ્લંઘનનો હોય; તમારે લોકોને ચેતવણી આપવી કે ખોટું કામ ન કરે અને તેઓને ન્યાયી નિર્ણય લેવા માટે સહાય કરવી નહીં તો રખેને દેવનો કોપ તમારા ઉપર અને તેઓ ઉપર ઉતરે. જો તમે આ પ્રમાણે વર્તશો તો તમારી જવાબદારી યોગ્ય રીતે પૂરી કરી શકશો અને તમે ગુનેગાર ઠરશો નહીં. 11બધી ધાર્મિક બાબતોમાં મુખ્ય યાજક અમાર્યા તમારા પ્રમુખ રહેશે અને રાજ્યને

લગતી તમામ બાબતોમાં યહૂદાના વંશના વડા ઈશ્માએલના
પુત્ર ઝબાધ્યા તમારા પ્રમુખ રહેશે. લેવીઓ તમારા ચિટનીસ
તરીકે કામ કરશે, હિંમતપૂર્વક કામ લેજો; સત્ય અને
પ્રમાણિકતાને વળગી રહો, નિર્દોષનું રક્ષણ કરવામાં દેવ તમારા
પક્ષે રહેશે."

### યહોશાફાટે યુદ્ધનો સામનો કર્યો

20 કેટલાક સમય પછી એવું બન્યું કે મોઆબીઓ
અને અમ્મોનીઓએ કેટલાંક મઉનીઓ સાથે
મળીને યૂહૂદા ઉપર આક્રમણ કર્યુ. 2યહોશાફાટને ખબર
મોકલાવી કે, "તમારી તરફ એક લશ્કર મૃતસમુદ્રને સામે
કિનારે આવેલા અદોમથી આગળ વધી રહ્યું છે," અને તે
લોકો હાસસોન તામાર એટલે કે એનગેદી સુધી આવી પણ
પહોંચ્યા છે. 3યહોશાફાટ ગભરાઈ ગયો અને તેણે યહોવાને
પ્રાર્થના કરવાનો નિશ્ચય કર્યો. અને આખા યહૂદામાં ઉપવાસ
જાહેર કર્યો. 4બધા યહૂદાવાસીઓ યહોવાની મદદ માંગવા
ભેગા થયા.

5યરૂશાલેમમાં મળેલી યહૂદાના લોકોની સભામાં
યહોશાફાટ યહોવાના મંદિરના નવા ચોક સામે ઊભો થયો.
6અને બોલ્યો,

"ઓ યહોવા, અમારા પિતૃઓના દેવ, તું સ્વર્ગાધીપતિ છે
અને બધી પ્રજાઓના રાજ્યો ઉપર તારી જ આણ પ્રવર્તે છે.
તારું બળ અને સામર્થ્ય એવું છે કે કોઈ તારી સામે થઈ શકે
તેમ નથી. 7ઓ દેવ, તેં જ આ દેશના મૂળ વતનીઓને આ
ભૂમિમાંથી હાંકી કાઢી તારા મિત્ર ઈબ્રાહિમના વંશજોને,
તારા પોતાના લોકો ઈસ્રાએલીઓને એ આપી હતી. 8તેઓ
તેમાં વસ્યા અને તેમણે તારા નામ માટે એક મંદિર બાંધ્યું.
9અને કહ્યું કે, 'આ મંદિરમાં તારો વાસ છે. એટલે જો અમારા
ઉપર કોઈ આફત આવે– યુદ્ધ આવે કે પૂર આવે, રોગચાળો
આવે કે દુકાળ આવે તો અમે આ મંદિરમાં તારી સમક્ષ
ઊભા રહીને એ સંકટ સમયે તને યાદ કરીશું અને તું અમારી
પ્રર્થના સાંભળી અમને બચાવી લેશે.'

10"અને હવે જો, આ અમ્મોનીઓ, મોઆબીઓ અને
અદોમીઓ આવ્યા છે. અમે ઈસ્રાએલીઓ મિસરમાંથી
આવતા હતા ત્યારે તમે અમને એ લોકોના દેશમાં દાખલ
થવા દીધા નહોતા એટલે અમે એક તરફ વળી ગયા, અને
એ લોકોનો નાશ ન કર્યો. 11અને હવે જો, એ લોકોનો નાશ
ન કર્યો, જો, તમે અમને જે તમારા વતનનો વારસો આપ્યો
છે તેમાંથી અમને કાઢી મૂકવાને તેઓ આવ્યા છે, જો, તેઓ
અમને કેવો બદલો આપે છે! 12ઓ અમારા દેવ યહોવા, તું
તેમને સજા નહીં કરે? કારણ, અમે અમારા ઉપર આક્રમણ
કરતા એ મોટા સૈન્ય આગળ લાચાર છીએ, શું કરવું એની
અમને સમજ પડતી નથી, અમે તો તારા ઉપર આધાર
રાખીએ છીએ."

13યહૂદાના બધા લોકો, નાનામોટાં બાળકો અને સ્રીઓ
સુદ્ધા યહોવા સમક્ષ ઊભાં હતા. 14પછી એ સભાની વચ્ચે
યહોવાનો આત્મા યાહઝીએલ ઉપર આવ્યો, યાહઝીએલ
લેવી આસાફના વંશજ માત્તાન્યાના પુત્ર, યેઈયેલના પુત્ર
બનાયાના પુત્ર, ઝર્ખાયાનો પુત્ર હતો. 15તેણે કહ્યું, "ઓ
યહૂદાના બધા પ્રજાજનો, યરૂશાલેમના બધા વતનીઓ અને
રાજા યહોશાફાટ ધ્યાનથી સાંભળો, યહોવા તમને કહે છે:
'ડરશો નહીં; આ મોટા સૈન્યથી ગભરાઈ જશો નહીં, આ
યુદ્ધ પણ દેવનું છે. 16આવતીકાલે તમે જાઓ, અને તેમના
પર હુમલો કરો. તેઓ 'સીસના ઢોળાવ' થઈને આવે છે,
યરુએલના રણની સામે ખીણને છેડે તમારો તેમની સાથે
ભેટો થશે. 17તમારે લડવાની જરૂર નહીં પડે. તમે મક્કમપણે
ઊભા રહેજો અને જોયા કરજો કે યહોવા તમને શી રીતે
બચાવી લે છે. ઓ યહૂદા અને યરૂશાલેમ, ગભરાશો નહીં.
આવતીકાલે તેમનો સામનો કરવા બહાર પડજો, યહોવા
તમારે પક્ષે છે.'"

18ત્યારબાદ રાજા યહોશાફાટે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા
અને યહૂદા તથા યરૂશાલેમના સર્વ લોકોએ પણ દંડવત
પ્રણામ કરીને યહોવાનું ભજન કર્યુ. 19ત્યાર પછી કોહાથ
અને કોરાહના કુળસમૂહોના લેવીઓએ ઈસ્રાએલના દેવ
યહોવાની ઊંચા સ્વરે સ્તુતિ કરવા માંડી.

20બીજે દિવસે તેઓ સવારમાં વહેલા ઊઠ્યા અને
'તકોઆના વગડા' તરફ જવા નીકળી પડ્યા. તેઓ જતા
હતા ત્યારે યહોશાફાટે ઊભા થઈને કહ્યું, "યહૂદાવાસીઓ
અને યરૂશાલેમના વતનીઓ, મને ધ્યાનથી સાંભળો: જો
તમે તમારા દેવ યહોવા ઉપર વિશ્વાસ રાખશો તો તમારે
કોઈથી ડરવાનું રહેશે નહીં જો તમે તેમના પ્રબોધકો ઉપર
વિશ્વાસ રાખશો તો તમારો વિજય થશે."

21પછી લોકોના આગેવાનો સાથે મંત્રણા કર્યા પછી, તેણે
જેઓ યહોવાના માટે ગાય છે અને એની મહાન પવિત્રતાની
સ્તુતિ કરે છે તેવાઓને સૌથી આગળ કર્યા અને તેઓ ગાવા
લાગ્યા, "યહોવાની સ્તુતિ કરો, કારણ, તેની કરૂણા શાશ્વત
છે." 22જેવું તેઓએ ગાયન અને સ્તુતિ શરૂ કર્યુ, યહોવાએ
અમ્મોનિઓ, મોઆબીઓ અને સિર પર્વતના લોકો દ્વારા
અચાનક હુમલો કરાવીને તેમને પછાડયા અને તેમનો
પરાજય કર્યો. 23અમ્મોન અને મોઆબના સૈન્યોએ સેઈર
પર્વતના સૈન્યની વિરૂદ્ધ લડીને તેનો સંપૂર્ણ નાશ કર્યો, તેમ
કર્યા પછી તેઓ માંહેમાંહે યુદ્ધ કરીને એકબીજાનો સંહાર
કરવા લાગ્યાં.

24તેથી યહૂદાના માણસો જ્યારે અરણ્ય તરફ નજર કરી
શકાય તેવી જગ્યાએ આવી પહોંચ્યા ત્યારે તેમણે શત્રુઓના
સૈન્ય તરફ ફરીને જોયું અને તેમણે ચારે બાજુ ભૂમિ ઉપર
મૃતદેહો પડેલાં જોયા. એકપણ જીવતો નહોતો. 25યહોશાફાટ
રાજા અને તેના લોકો લૂંટ એકત્ર કરવા લાગ્યા. તેઓને નાણાં,
પોશાક અલંકારો અને રોજીંદા જીવનની વસ્તુસંગ્રહ કરી
અને લઈ લીધી. આ લૂંટ એટલી બધી હતી કે તે બધી લઈ
જવા માટે તેઓને ત્રણ દિવસ લાગ્યા. 26ચોથે દિવસે તેઓ
બારખાની ખીણમાં ભેગા થયા, અને ત્યાં તેમણે યહોવાની
સ્તુતિ કરી તેથી તે જગ્યાનું નામ "બરાખાહ પાડવામાં આવ્યું
અને આજે પણ એ ખીણ એ જ નામે ઓળખાય છે.

27ત્યારબાદ યહૂદા અને યરૂશાલેમના બધા માણસો યહોશાફાટને મોખરે રાખી આનંદપૂર્વક પાછા નગરમાં ગયા, કારણ યહોવાએ તેમને શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યાનો આનંદ માણવાનો અવસર આપ્યો હતો. 28તેઓ સિતાર વીણા અને રણશિંગડાંના સરોદો સાથે યરૂશાલેમમાં પ્રવેશ કરીને યહોવાના મંદિરમાં દાખલ થયા.

29અગાઉ બન્યુ હતું તે જ રીતે આજુબાજુના રાજ્યોએ સાંભળ્યું કે યહોવાએ પોતે જ ઈસ્રાએલના દુશ્મનો સાથે યુદ્ધ કર્યુ હતું, ત્યારે તેઓ દેવથી ભયભીત થઈ ગયા. 30આમ, યહોશાફાટના રાજ્યમાં શાંતિ હતી, કારણકે દેવે તેને સર્વ બાજુએથી સર્વ પ્રકારની શાંતિ આપી હતી.

### યહોશાફાટના રાજ્યકાળનો અંત

31આમ, યહોશાફાટે યહૂદા ઉપર રાજ્ય કર્યુ. તે જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર 35 વર્ષની હતી. અને તેણે યરૂશાલેમમાં 25 વર્ષ રાજ કર્યુ. શિલ્હીની પુત્રી અઝુબાહ તેની મા થતી હતી. 32તે પોતાના પિતા આસાને પગલે ચાલ્યો અને તેના માર્ગથી ચલિત થયો નહીં. તેણે યહોવાની દૃષ્ટિએ યોગ્ય ગણાય એવું આચરણ કર્યુ. 33પણ ટેકરી ઉપરના સ્થાનકો દૂર કરવામાં આવ્યા નહોતાં અને લોકોનાં હૃદય હજી પોતાના પિતૃઓનાં દેવ પ્રત્યે પૂરેપૂરાં વળ્યાં નહોતાં.

34યહોશાફાટના શાસનના બાકીના બનાવો શરૂઆતથી તે અંત સુધી હનાનીના પુત્ર યેહૂના વૃત્તાંતમાં નોંધાયેલા છે. આ બનાવોની નોંધ કરી અને તેની નકલ કરીને તેનો ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

35તેના જીવનના અંતકાળમાં યહૂદાના રાજા યહોશાફાટે ઈસ્રાએલના રાજા અહાઝ્યા સાથે કરાર કર્યો. અહાઝ્યા ઘણો દુષ્ટ હતો. 36તેની સાથે મળીને યહોશાફાટે અસ્યોન-ગેબેરમાં બનાવેલ વહાણને તાર્શીશ મોકલ્યા. 37પણ મારેશ્શાહના વતની દોદાવાહૂના પુત્ર અલીએઝેરે યહોશાફાટની વિરૂદ્ધ ભવિષ્યવાણી ભાખી કે, "તેં અહાઝ્યા સાથે મૈત્રી કરી છે તેથી યહોવા તારા વહાણોને ભાંગી નાખશે." તેથી એ વહાણો નાશ પામ્યાં અને તેઓ કદી તાર્શીશ પહોંચી શક્યાં નહિ.

21 યહોશાફાટ પિતૃલોકને પામ્યો અને તેને દાઉદના નગરમાં તેના પૂર્વજો સાથે દફનાવવામાં આવ્યો. તેનો પુત્ર યહોરામ તેની જગ્યાએ યહૂદાનો રાજા બન્યો. 2તેને છ ભાઈઓ હતા: અઝાર્યા, યહોયેલ, ઝખાર્યા, અઝાર્યા, મીખાએલ અને શફાટિયા. એ બધા યહૂદાના રાજા યહોશાફાટના પુત્રો હતા, 3અને તેણે એમને ઘણા ઉપહાર આપ્યા સોનું, ચાંદી, કીંમતી વસ્તુઓ, અને યહૂદામાં કિલ્લેબંદીવાળા નગરો. પણ રાજગાદી તેણે યહોરામને આપી હતી. કારણકે તે સૌથી મોટો હતો.

### યહૂદાના યહોરામનો દુષ્ટ અમલ

4રાજા તરીકે સ્થિર થયા પછી યહોરામે તેના ભાઈઓને તથા ઈસ્રાએલના કેટલાક આગેવાનોને મારી નાખ્યા. 5બત્રીસ વર્ષની ઉંમરે તે રાજગાદીએ આવ્યો, અને યરૂશાલેમમાં તેણે આઠ વર્ષ રાજ કર્યુ. 6તે આહાબની પુત્રીને પરણ્યો હતો એટલે તેણે આહાબના કુટુંબની જેમ ઈસ્રાએલના રાજાઓને પગલે ચાલી યહોવાની દ્રષ્ટિએ ખોટું ગણાય તેવું આચરણ કર્યુ. 7તેમ છતાં યહોવા દાઉદના વંશનો નાશ કરવા રાજી નહોતા, કારણ, તેણે દાઉદ સાથે કરાર કરીને તેને વચન આપ્યુ હતું કે, "હું તારા વંશનો દીવો સદાસર્વદા સળગતો રાખીશ."

8એના અમલ દરમ્યાન અદોમના લોકોએ બળવો પોકાર્યો અને પોતાને યહૂદાથી સ્વતંત્ર જાહેર કર્યા પછીથી તેઓએ પોતાની પસંદગીથી પોતાના રાજા ચુટ્યાં. 9યહોરામે તેના લશ્કરી અધિકારીઓ અને રથો સાથે અદોમ તરફ કુચ કરી, અદોમીઓએ તેઓને ચારે તરફથી ઘેરી લીધા પરંતુ યહોરામે તેમના ઉપર રાત્રે આક્રમણ કર્યુ અને પોતાના લશ્કર અને રથોની મદદથી તેઓને હરાવી દીધા. યહોરામ અને તેનું લશ્કર પાછું યહૂદા ભાગી ગયું. 10પણ આજ સુધી યહૂદાની ઝૂંસરી પોતાના પરથી ફેંકી દેવામાં અદોમ સફળ રહ્યો હતો. પછી લિબ્નાહે પણ યહૂદા સામે બળવો કર્યો. કારણકે યહોરામ તેના પિતૃઓના દેવ યહોવા દૂર ભટકી ગયો હતો. 11યહૂદાની ટેકરીઓ ઉપર સ્થાનકો બાંધ્યા હતાં, યરૂશાલેમના વતનીઓ મૂર્તિપૂજા કર્યા કરતા હતા. અને આખા યહૂદાને ખોટે માર્ગે ચડાવ્યું હતું.

12ત્યારબાદ એલિયા પ્રબોધકે તેના ઉપર પત્ર લખ્યો, "તારા પિતૃ દાઉદના યહોવા દેવ કહે છે: 'તારા પિતા યહોશાફાટ અને આસા રાજા જે સારા માર્ગો પર ચાલ્યા તે માર્ગો ઉપર તું ચાલ્યો નથી. 13પરંતુ તું ઈસ્રાએલના રાજાઓને પગલે ચાલ્યો છે, અને આહાબના કુટુંબે ઈસ્રાએલના લોકોને મારાથી વિમુખ કરી દીધા હતા તેમ તેં યરૂશાલેમના અને યહૂદાના લોકોને મારાથી વિમુખ બનાવી દીધા છે અને તારા કરતાં સારા એવાં તારા ભાઈઓને તેં મારી નાખ્યા છે.

14એટલે હું તારા ઉપર, તારી પ્રજા ઉપર, તારા વંશજો ઉપર, તારી પત્નીઓ ઉપર અને બધી મિલકત ઉપર કદાચ ભયંકર રોગ લાવીશ. 15તને પોતાને આંતરડાનો જીર્ણ રોગ લાગુ પડશે અને આખરે એ રોગને કારણે તારાં આંતરડાં બહાર નીકળી પડશે.'"

16પછી યહોવાએ કૂશીઓ વચ્ચે વસતા પલિસ્તીઓ અને અરેબિયનોને યહોરામ ઉપર ચઢાઈ કરવા ઉશ્કેર્યા. 17તેમણે યહૂદા ઉપર હુમલો કર્યો અને દેશ પર આક્રમણ કર્યુ અને રાજાના મહેલમાં જે કાંઈ હાથ આવ્યું તે બધું તેઓ લૂંટી ગયા રાજાનાં પુત્રો અને પત્નીઓને પણ લઈ ગયા; એક માત્ર સૌથી નાનો પુત્ર અહાઝ્યા બચી ગયો.

18આ બધું બની ગયા પછી યહોવાએ તેને આંતરડાના અસાધ્ય રોગનો ભોગ બનાવ્યો. 19બે વર્ષ સુધી તે બહુ જ પીડાયો, તેનાં આંતરડા બહાર નીકળી પડ્યાં અને ભારે

વેદના સહીને તે મૃત્યુ પામ્યો. તેની પ્રજાએ તેના પિતાના
માનમાં જે હોળી પ્રગટાવી હતી તેવી એના માનમાં પ્રગટાવી
નહીં. 20તે ગાદીએ આવ્યો ત્યારે તે બત્રીસ વર્ષનો હતો અને
તેણે યરૂશાલેમમાં આઠ વર્ષ રાજ કર્યુ. તે મૃત્યુ પામ્યો ત્યારે
કોઈએ તેને માટે શોક કર્યો નહીં. તેને યરૂશાલેમમાં
દફનાવવામાં આવ્યો પણ રાજાઓનાં ખાસ કબ્રસ્તાનમાં
નહીં.

## યહૂદાના અહાઝ્યાનું શાસન

22 ત્યારબાદ યરૂશાલેમનાં લોકોએ તેના સૌથી નાના
પુત્ર અહાઝ્યાને તેના પછી રાજા બનાવ્યો, કારણ,
આરબો સાથે જે ધાડપાડુઓએ છાવણી ઉપર હુમલો કર્યો
હતો તેમણે એના બીજા બધા મોટા પુત્રોને મારી નાખ્યા
હતા. તેથી યહોરામનો પુત્ર અહાઝ્યા યહૂદાનો રાજા થયો.
2તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 22 વર્ષની હતી અને
તેણે યરૂશાલેમમાં એક વર્ષ રાજ્ય કર્યુ. તેણે એજ કામ કર્યા
જે આહાબના કુટુંબીઓએ કર્યા હતા. 3કારણકે તેની માતા
તેને દુષ્ટ સલાહ આપતી હતી. 4તેથી તે પણ આહાબના
કુટુંબને પગલે ચાલ્યો, અને આહાબના કુટુંબની જેમ તેણે
યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યુ, કારણકે
આહાબના કુટુંબીઓ જ એના પિતાના અવસાન પછી એને
સલાહ આપતા હતા જેને પરિણામે તે પાયમાલ થયો.

5તેઓની ભૂંડી સલાહ માનીને અહાઝ્યાએ ઈસ્રાએલના
રાજા, યહોરામ સાથે મિત્રતા બાંધી, યહોરામ આહાબનો
પુત્ર હતો. અરામના રાજા હઝાએલ સામે તેણે યુદ્ધ જાહેર
કર્યુ હતું. અહાઝ્યા પણ પોતાનું સૈન્ય લઈને આ યુદ્ધમાં
સામેલ થવા રામોથ-ગિલયાદ ગયો. યહોરામ આ યુદ્ધમાં
ઘાયલ થયો.

6અને તે રામોથ આગળ અરામના રાજા હઝાએલ સાથે
લડતાં પડેલાં ઘામાંથી સાજો થવા માટે પાછો ઈસ્રાએલ
ચાલ્યો ગયો, એ ઘવાયેલો હતો તેથી અહાઝ્યા તેની ખબર
કાઢવા યિઝ્એલ ગયો.

7અહાઝ્યાએ યહોરામને મળવા જવા યહોવાએ પ્રેર્યો
હતો, જેથી તેનો વિનાશ થાય. એ મુલાકાત દરમ્યાન તે
યહોરામની સાથે જઈને નિમ્શીના પુત્ર યેહૂને પડકાર્યો,
યેહૂને આહાબના કુટુંબનો નાશ કરવા માટે યહોવાએ નિર્મિત
કર્યો હતો. 8યેહૂ એ કામમાં રોકાયેલો હતો તેવામાં તેને
યહૂદાના અમલદારોનો અને અહાઝ્યાની સેવામાં રહેતાં
તેનાં કુટુંબીઓનો ભેટો થઈ ગયો, અને તેણે તેમને મારી
નાખ્યાં અને પછી તે અહાઝ્યાની શોધમાં ગયો. 9અહાઝ્યા
સમરૂનમાં સંતાઈ ગયો હતો. ત્યાંથી તેને પકડીને યેહૂ પાસે
લઈ આવ્યા અને તેને ત્યાં મારી નાખ્યો, તેમણે તેને દફનાવ્યો
ખરો, કારણકે, તેમણે કહ્યું કે, "એ યહોવાના સાચા ભકત
યહોશાફાટનો વંશજ છે."

પછી અહાઝ્યાનુ કુટુંબ કોઈ રાજ કરવા જેટલું બળવાન
રહ્યું નહીં.

## રાણી અથાલ્યા

10જ્યારે અથાલ્યાએ પોતાના પુત્ર અહાઝ્યાના મૃત્યુના
સમાચાર સાંભળ્યા ત્યારે તેણીએ યહૂદાના સમગ્ર રાજકુટુંબને
મરાવી નાખ્યું. 11ત્યારે રાજકુંવરી યહોશાબએ અહાઝ્યાના
પુત્ર યોઆશને અને તેની આયાને લઈ જઈ શયનખંડમાં
પૂરી દીધા. યહોશાબ, રાજા યોરામની પુત્રી અને યાજક
યહોયાદાની પત્ની હતી. તેણી અહાઝ્યાની બહેન પણ થતી
હતી. અથાલ્યા યોઆશને મારી ન શકી કારણકે યહોશાબએ
તેને સંતાડી દીધો હતો. 12તે છ વરસ સુધી યાજકોની સાથે
યહોવાના મંદિરમાં છુપાઈ રહ્યો. તે સમય દરમિયાન
અથાલ્યા દેશ ઉપર રાજ્ય કરતી હતી.

## યાજક યહોયાદા અને રાજા યોઆશ

23 અથાલ્યા રાણીના શાસનકાળના સાતમા વર્ષે
યહોયાદાએ હિંમતવાન બનીને યેરોહામના પુત્ર
અઝાર્યાને, યહોહાનાન પુત્ર ઈશ્માએલને, ઓબેદનો પુત્ર
અઝાર્યાને, અદાયાના પુત્ર માસેયાને, તથા ઝિખ્રીનના પુત્ર
અલીશાફાટને, અને બીજાઓને બોલાવડાવી તેમની સાથે
કોલકરાર કર્યા. 2તેઓએ સમગ્ર યહૂદામાં ફરીને યહૂદાના
બધાં નગરોમાં લેવીઓને તેમજ ઈસ્રાએલી કુટુંબોના વડીલ
આગેવાનોને યરૂશાલેમમાં એકઠા કર્યા. 3અને એ સમગ્ર
સમૂહે દેવનાં મંદિરમાં રાજા સાથે કરાર કર્યો.

યહોયાદાએ તેમને કહ્યું, "રાજાનો કુંવર શાસન કરશે.
દાઉદના વંશજો જ રાજા થશે એવું યહોવાએ વચન આપ્યું
હતું તે મુજબ જ થશે. 4તમારે બધાએ આ પ્રમાણે કરવાનું
છે: તમારી ત્રણ ટૂકડી છે. તેમાંથી યાજકો અને લેવીઓની
જેજે ટૂકડીઓ વિશ્રામવારે ફરજ પર રહેવાનું છે તેણે
દરવાજાની ચોકી કરવી; બીજી ટૂકડીએ રાજમહેલની ચોકી
કરવી, 5અને ત્રીજી ટૂકડીએ પાયાના દરવાજાની ચોકી કરવી
અને બધા લોકોએ યહોવાના મંદિરના પ્રાંગણમાં રહેવું. 6પરંતુ
યાજકો તથા જે લેવીઓ સેવા કરતા હોય તેઓના સિવાયના
કોઈએ યહોવાના મંદિરમાં પ્રવેશ કરવો નહીં; ફક્ત તેમણે
જ અંદર જવું, કારણકે તેઓ પવિત્ર છે; પરંતુ સર્વ લોકોએ
યહોવાના નિયમોનો અમલ કરવો. 7લેવીઓએ પોતાની
તલવાર હાથમાં રાખીને રાજાની આસપાસ ગોઠવાઈ તેનું
રક્ષણ કરવું. જે કોઈ મંદિરમાં પ્રવેશવાનો પ્રયત્ન કરે તેને
મારી નાખવો. રાજા જ્યાં જાય ત્યાં તેમણે તેની સાથે રહેવું."

8મુખ્ય યાજક યહોયાદાની આજ્ઞાનું લેવીઓએ તથા સર્વ
યહૂદાવાસીઓએ અક્ષરશ: પાલન કર્યુ. યાજક યહોયાદાએ
સમૂહમાંથી કોઈને પણ છોડ્યા નહીં. તેથી દરેક આગેવાન
તેના માણસો સાથે આવ્યાં તે બન્ને પ્રકારના માણસો જેઓ
વિશ્રામવારને દિવસે અંદર આવ્યા અને જેઓ વિશ્રામવારને
દિવસે બહાર ગયા. 9પછી યાજક યહોયાદાએ રથાધિપતિઓને
રાજા દાઉદે યહોવાના મંદિરમાં આપેલાં ભાલા અને નાની-
મોટી ઢાલો વહેંચી આપ્યાં; 10અને એ લોકોના હાથમાં
હથિયાર સાથે મંદિરના જમણી બાજુ અને ડાબી બાજુ સુધી
વેદી અને મંદિરને ઘેરીને રાજાનું રક્ષણ કરવા ગોઠવી દીધા.

11ત્યારબાદ યહોયાદા રાજકુંવરને લઈ આવ્યો અને તેના
માથા ઉપર રાજમુગટ પહેરાવ્યો. પછી તેણે તેના હાથમાં
નિયમશાસ્રાના ગ્રંથની નકલ આપી તેને રાજા જાહેર કર્યો.
ત્યારબાદ, યહોયાદા અને તેના પુત્રો દ્વારા તેનો રાજ્યાભિષેક
કરાયા બાદ તેઓએ રાજા ઘણું જીવો' ના પોકારો કર્યા.

12અથાલ્યા રાણીએ, લોકોની ભાગદોડનો અવાજ અને
રાજાની સ્તુતિના પોકારો સાંભળ્યા ત્યારે શું બની રહ્યું છે તે
જોવા માટે તે મંદિરમાં દોડી આવી. 13ત્યાં તેણે રાજાને
પ્રવેશદ્વાર આગળ મંચ ઉપર ઊભેલો જોયો. તેની પાસે લશ્કરી
અધિકારીઓ અને રણશિંગડાં વગાડનારાઓ ઊભા હતા.
દેશનાં દરેક ભાગોમાંથી આવેલા લોકો આનંદ કરીને
રણશિંગડાં વગાડતા હતા. ગાયકો વાજિંત્રો સાથે ગીતો ગાઈને
દેવની સ્તુતિ કરતાં હતાં અથાલ્યાએ પોતાનાં વસ્રો ફાડ્યાં
અને તેણે મોટે સાદે બૂમ પાડી, "રાજદ્રોહ, રાજદ્રોહ!"

14યાજક યહોયાદાએ સેનાનાયકોને હુકમ કર્યો, "એને
મંદિરની બહાર લશ્કરની વચ્ચે લઈ જાઓ અને જે કોઈ
એની સાથે આવે તેની હત્યા કરો." પછી યાજકે ચેતવણી
આપતાં કહ્યું, "યહોવાના મંદિરમાં એનો વધ કરવાનો નથી."
15તેથી તેઓ તેને પકડીને રાજમહેલ સુધી લઈ ગયા અને
ત્યાં "ઘોડા-દરવાજાના" પ્રવેશ દ્વાર પાસે તેનો વધ કર્યો.

16તે પછી યહોયાદાએ ગંભીર કરાર કર્યો કે, તે પોતે રાજા
અને લોકો યહોવાના જ બનીને રહેશે. 17અને પછી બધા
લોકોએ બાલને મંદિરે જઈ તેને તોડી નાખ્યું; તેમણે તેની
વેદીઓ અને મૂર્તિઓ ભાંગી નાખી અને ઘઆલને યાજક
મત્તાનને વેદીઓની સામે જ મારી નાખ્યો.

18ત્યારબાદ મૂસાના નિયમશાસ્રના જણાવ્યા પ્રમાણે
યહોયાદાએ, યજ્ઞો અર્પણ કરવા માટે લેવીઓમાંથી યાજકોની
નિમણૂંક કરી. દાઉદ રાજાના સમયમાં જે કુટુંબો સેવા આપતા
હતા તેઓને એ જ સેવાઓ સોંપી. તેઓ યહોવા માટે કામ
કરતાં આનંદથી ગીતો ગાતા હતા. 19પછી તેણે યહોવાના
મંદિરના દરવાજાઓ આગળ દ્વારપાળો ગોઠવી દીધા જેથી
કોઈ પણ રીતે અશુદ્ધ હોય એવો માણસ તેમાં દાખલ ન
થાય. 20ત્યારબાદ રક્ષકદળના નાયકોને, આગળપડતા
પુરુષોને, અમલદારોને તથા દેશના બધા લોકોને સાથે લઈને
રાજાને મંદિરની બહાર લઈ જવામાં આવ્યો અને પછી
યહોવાનાં મંદિરના 'ઊપલા દરવાજાથી' રાજમહેલમાં લઈ
જવાઈને તેને રાજસિંહાસન ઉપર બેસાડી દેવાયો.

21દેશનાં સર્વ લોકો ખૂબ આનંદ પામ્યા હતા અને નગરમાં
સર્વત્ર શાંતિ વ્યાપી ગઈ હતી કારણકે રાણી અથાલ્યા મૃત્યુ
પામી હતી.

### રાજા યોઆશ દ્વારા મંદિરનું પુન:નિર્માણ

24 યોઆશ ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર સાત
વર્ષની હતી. અને તેણે યરૂશાલેમમાં ચાળીશ વર્ષ
રાજ કર્યુ. તેની માતાનું નામ સિબ્યા હતું. તે બેરશેબાની
હતી. 2યહોયાદા યાજકના જીવનકાળ દરમિયાન યોઆશે
યહોવાને પ્રસન્ન કરવા પૂરાં ઉમંગ-ઉત્સાહથી કામ કર્યુ.
3યહોયાદાએ બે સ્ત્રીઓ સાથે તેનાં લગ્ન કરાવ્યાં અને તેના
પુત્રો અને પુત્રીઓ થયા.

4યોઆશે યહોવાના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું નક્કી
કર્યુ. 5આથી તેણે યાજકોને અને લેવીઓને એકઠા કરીને
કહ્યું, "યહૂદાના ગામેગામ જઈને બધા ઈસ્રાયલીઓ પાસેથી
તમારા દેવ યહોવાના મંદિરની મરામત માટે વાર્ષિક લાગો
ઉઘરાવો. જાઓ, જલદી કરો."

6પણ લેવીઓએ કામમાં વિલંબ કર્યો. આથી રાજાએ મુખ્ય
યાજક યહોયાદાને બોલાવ્યો અને કહ્યું, "તમે શા માટે
યહોવાના સેવક મૂસાએ પવિત્ર મંડપ માટે ઈસ્રાએલના
લોકો ઉપર નાખેલાં કર અને યહૂદા અને યરૂશાલેમમાં
રહેતા લેવીઓ પાસેથી કર ઉઘરાવ્યો નથી?"

7દુષ્ટ અથાલ્યાના અનુયાયીઓએ યહોવાના મંદિરને લૂંટી
લીધું હતું. દેવના ભજનને માટે સમર્પિત કરેલા પાત્રો
મંદિરમાંથી લઈ જઈને પૂજા માટે તેઓએ બઆલના મંદિરમાં
મૂક્યાં હતાં.

8રાજાએ એક પેટી બનાવડાવીને યહોવાના મંદિરના
દરવાજા બહાર મૂકાવી. 9અને આખા યહૂદામાં અને
યરૂશાલેમમાં લેવીઓએ એવો ઢંઢેરો પિટાવ્યો કે યહોવાના
સેવક મૂસાએ રણમાં ઈસ્રાએલીઓ પર જે કર નાખ્યો હતો
તે લોકોએ લાવવો જોઈએ. 10બધા આગેવાનો અને બધા
લોકો ઉત્સાહપૂર્વક લાગો લઈ આવીને એ પેટીમાં નાખવા
લાગ્યાં. 11પેટી ભરાઈ જતી ત્યારે એ પેટી રાજાના અમલદાર
આગળ લઈને આવતા, અને જ્યારે તેમને ખાતરી થતી કે
પેટી બરાબર ભરાઈ ગઈ છે ત્યારે રાજાનો મંત્રી અને મુખ્ય
યાજકનો અમલદાર આવીને તે ખાલી કરતાં અને ત્યારબાદ
તેને પાછી તેની જગ્યાએ લઈ જતા. રોજ આ પ્રમાણે કરવામાં
આવતું અને મોટી રકમ ભેગી થતી. 12રાજા અને યહોયાદા
એ રકમ દેવના મંદિરનાં કામ ઉપર દેખરેખ રાખનારા
અધિકારીને સોંપી દેતા, તેમણે કડિયાઓ અને સુથારોને
મંદિરના જીર્ણોદ્ધાર માટે રોક્યા. લોખંડનું અને પિત્તળનું
કામ કરનાર કારીગરોને પણ મરામત કરવા માટે રોક્યા.

13કારીગરો કામે લાગી ગયા અને તેમણે યહોવાના મંદિરના
જીર્ણોદ્ધારનું કામ પૂરું કર્યુ; તેમણે દેવના મંદિરને પહેલાનાં
જેવું મજબૂત બનાવી દીધું. 14બધું જ કામ પૂરું થતાં તેઓ
વધેલાં નાણાં રાજાની અને યહોવાની આગળ લઈ આવ્યા,
અને તેમાંથી મંદિરમાં પૂજા માટે વાપરવાના વાસણો અને
બીજાં સોનાચાંદીના વાસણો મંદિર માટે બનાવડાવવામાં
આવ્યાં. યહોયાદા જીવ્યો ત્યાં સુધી મંદિરમાં હંમેશા
દહનાર્પણ અપાતાં રહ્યાં.

15યહોયાદા ઘરડો થયો અને એકસોને ત્રીસ વર્ષની ઉંમરે
અવસાન પામ્યો. 16અને તેને રાજાઓ ભેગો દાઉદનગરમાં
દફનાવવામાં આવ્યો. કારણ, તેણે ઈસ્રાએલમાં દેવની અને
તેના મંદિરની સારી સેવા બજાવી હતી.

17યહોયાદાના મૃત્યુ પછી યહૂદાના આગેવાનો રાજાને
સલામ ભરવા આવવા લાગ્યા અને રાજા હવે તેમની સલાહ

લેતો થયો તેઓએ તેને ખોટી સલાહ આપી. 18તે આગેવાનોએ તેમના વંશજોના દેવ યહોવાનું મંદિર છોડી દીધું અને અશેરાદેવીની ને બીજાં દેવદેવીઓની મૂર્તિઓની પૂજા કરવા માંડી. તેમના આ દોષને કારણે યહૂદા અને યરૂશાલેમ ઉપર યહોવાનો રોષ ઊતર્યો. 19યહોવાએ તેમને પોતાના તરફ પાછા લાવવા માટે તેમની વચ્ચે પ્રબોધકો મોકલ્યા. પરંતુ તેમનો સંદેશો તેમણે સાંભળ્યો નહીં.

20પછી યહોયાદાના પુત્ર ઝખાર્યા ઉપર દેવનો આત્મા આવ્યો. અને તેણે લોકોની સમક્ષ ઊભા થઈને કહ્યું, "શા માટે તમે યહોવાની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને આફત વહોરો છો? તમે યહોવાને છોડી દીધા છે એટલે તેણે તમને છોડી દીધા છે.

21પરંતુ તેઓ બધા તેની વિરૂદ્ધ એક થઈ ગયા અને રાજાના હુકમથી તેમણે તેને મંદિરના પ્રાંગણમાં તેના પર પથ્થર ફેકીને મારી નાખ્યો. 22ઝર્ખાયાના પિતા યહોયાદાએ પોતાના પ્રત્યે બતાવેલી વફાદારીને ભૂલી જઈને રાજા યોઆશે તેના પુત્રને મારી નાખ્યો. મરતાં મરતાં ઝર્ખાયા કહેતો ગયો કે, "યહોવા આ જુઓ અને એનો બદલો લો!"

23એક વર્ષ પૂરું થતાં અરામીઓની સેનાએ યોઆશ ઉપર ચડાઈ કરી. તેમણે યહૂદા અને યરૂશાલેમ ઉપર હુમલો કર્યો અને લોકોના બધા આગેવાનોને મારી નાખ્યા અને લૂંટનો માલ રાજાને દમસ્ક મોકલી આપ્યો. 24અરામીઓએ હુમલો કર્યો ત્યારે તેમનું લશ્કર કઈં મોટું નહોતું; તેમ છતાં યહોવાએ યહૂદાની ભારે મોટી સેના ઉપર તેમને વિજય અપાવ્યો. કારણ, એ યહૂદાના લોકોએ પોતાના પિતૃઓના દેવ યહોવાનો ત્યાગ કર્યો હતો, આમ અરામીઓએ યોઆશને ઘટતી સજા કરી. 25અરામીઓ યોઆશને સખત ઘવાયેલી હાલતમાં મૂકી ગયા અને ત્યાર પછી તેના પોતાના અમલદારોએ યાજક યહોયાદાના પુત્રના મૃત્યુનું વેર લેવા તેની સામે ગુપ્તયોજના ઘડી તેને પથારીમાં જ મારી નાખ્યો. આમ તે મરણ પામ્યો અને તેને દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો. જો કે રાજાઓના કબ્રસ્તાનમાં તો નહી જ.

26જે સેવકોએ તેની સામે કાવત્રું કરીને તેને મારી નાખ્યો હતો તેઓ આબધાં હતાં; ઝાબાદ અને યહોઝાબાદ. આમ્મોનની શિમાથ તે ઝાબાદની માતા હતી અને યહોઝાબાદની માતા તે મોઆબની શિમ્રીથ હતી. 27યોઆશનાં છોકરાની વિગતો, તેની સામે પ્રબોધકોએ ઉચ્ચારેલી અનેક ચેતવણીઓ, તેમજ તેણે કરાવેલી મંદિરની મરારત વગેરે વિષે રાજાઓના વૃત્તાંતના ગ્રંથમાં લખ્યું છે. તેના પછી તેનો પુત્ર અમાસ્યા ગાદીએ આવ્યો.

### રાજા અમાસ્યાનો અમલ અને મૂર્તિપૂજા

25 અમાસ્યા ગાદી પર આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી. તેણે યરૂશાલેમમાં ઓગણત્રીસ વર્ષ રાજ કર્યું. તેની માતાનું નામ યહોઆદાન હતું અને તે યરૂશાલેમની હતી. 2તેણે યહોવાની દ્રષ્ટિએ જે યોગ્ય હતું તે કર્યું. પણ હંમેશા તે પૂરા હૃદયથી તેમ કરતો ન હતો. 3રાજા તરીકે તે સ્થિર થયો ત્યારે તેણે પોતાના પિતાના ખૂનીઓને મારી નાખ્યા.

4જો કે તેણે તેઓનાં બાળકોને મારી નાખ્યા નહીં, મૂસાના નિયમમાં લખેલી દેવની આજ્ઞાને તે આધીન થયો, "બાળકોના પાપોને કારણે પિતા માર્યા ન જાય, અને પિતાના પાપોને કારણે બાળકો માર્યા ન જાય, પ્રત્યેક પોતાનાં પાપની શિક્ષા ભોગવે છે."

5ત્યારબાદ અમાસ્યાએ રાજ્યના બધા લોકોને– યહૂદાના તેમજ બિન્યામીનના વંશના લોકોને ભેગા કર્યા, અને તેમને કુટુંબવાર હજાર હજારના અને સો સોના નાયકો નીચે ગોઠવી દીધા. 20 વરસના અને તેની ઉપરનાની તેણે ગણતરી કરી તો 3,00,000 ચુનંદા યોદ્ધાઓ થયા. તેઓ બધા ઢાલ અને ભાલાથી યુદ્ધ કરવાને સજ્જ હતા. 6એ પછી તેણે ઈસ્રાએલમાંથી 1,00,000 શૂરવીરોને 3,400 કિલો ચાંદી આપવાની કહીને ભાડે રાખ્યા. 7પણ એવામાં એક દેવના માણસે આવીને તેને કહ્યું, "મહારાજ, ઈસ્રાએલી સેનાને તમારી સાથે આવવા ન દેશો, કારણ એ એફ્રાઈમીઓ સાથે યહોવા નથી. 8એ લોકો જો તમારી સાથે આવશે તો તમે ગમે તેટલી ધીરતાપૂર્વક લડશો તો પણ દેવ તમને દુશ્મનો આગળ પરાજય અપાવશે. કારણ, જયપરાજય આપવો એ એના હાથની વાત છે."

9અમાસ્યાએ કહ્યું, "પણ મેં જે ચાંદી આપી છે તેનું શું?" દેવના માણસે ઉત્તર આપ્યો, "યહોવા તને એથી પણ વિશેષ આપવાને સમર્થ છે."

10આથી અમાસ્યાએ એફ્રાઈમમાંથી જે સૈનિકો આવ્યા હતા તેમને જુદા પાડીને ઘેર પાછા મોકલી દીધા. એ લોકો યહૂદા ઉપર ભારે રોષે ભરાયા અને ધૂંધવાતા ધૂંધવાતા ઘેર ગયા.

11ત્યારપછી અમાસ્યા પોતાના સૈન્યને હિંમતપૂર્વક મીઠાની ખીણમાં લઈ ગયો અને ત્યાં તેણે અદોમના 10,000 માણસોને કાપી નાખ્યા. 12યહૂદાના માણસોએ બીજા 10,000ને જીવતા કેદ પકડ્યા અને તેમને કરાડની ટોચે લાવી ત્યાંથી હડસેલી મૂક્યા. આથી તેમના બધાના ભૂક્કા ઊડી ગયા. નીચેના ખડકો ઉપર પછડાઈને તેઓ મૃત્યુ પામ્યા.

13આ દરમ્યાન ઈસ્રાએલના જે સૈન્યને ઘેર મોકલી દીધું હતું તેઓએ બેથ-હેરોનથી સમરૂન સુધીના યહૂદાના શહેરોમાં લૂંટ ચલાવી. તેઓ 3,000 માણસોને મારી નાખીને, મોટી લૂંટ એકત્ર કરીને ચાલ્યા ગયા.

14અદોમીઓને હરાવીને અમાસ્યા પાછો આવ્યો અને જે અદોમીઓના પૂતળાં સાથે લઈ આવ્યો હતો તેની તેણે પોતાના દેવો તરીકે સ્થાપના કરી પછી તેણે તેની પૂજા કરવાનું અને તેમની સામે ધૂપ બાળવાનું શરૂ કર્યું. 15આથી યહોવા તેના ઉપર ખૂબ કોપાયમાન થયા અને તેમણે એક પ્રબોધકને તેની પાસે મોકલ્યો. તેણે અમાસ્યાને કહ્યું, "તમે એ લોકોના દેવો પાસેથી સલાહ શા માટે લીધી જે દેવો પોતાના માણસોને પણ તમારા હાથમાંથી બચાવી શક્યા નહોતા?"

16પરંતુ રાજાએ ગુસ્સે થઈને કહ્યું, "મેં તારી સલાહ ક્યાં માંગી છે? ચૂપ રહે, નહીં તો હું તને મારી નાખીશ." પ્રબોધકે જતાં જતાં ચેતવણી આપી, "હું જાણું છું કે દેવે તારો નાશ કરવાનો નિર્ણય કર્યો છે કારણકે તે આ મૂર્તિઓની પૂજા કરી છે, અને મારી સલાહ માની નથી."

17એ પછી યહૂદાના રાજા અમાસ્યાએ સલાહ મસલત કરીને યેહૂના પુત્ર યહોઆહાઝના પુત્ર યહોઆશ પાસે સંદેશાવાહક મોકલી કહેવડાવ્યું કે, "ચાલો, આપણે મોઢા મોઢ મળીએ."

18પછી ઈસ્રાએલના રાજા યહોઆશે (યોઆશે) એમ કહીને વળતો જવાબ મોકલ્યો કે, "લબાનોનના એક નાનકડાં જાંખરાએ લબાનોનના દેવદારને સંદેશો મોકલ્યો, 'મારા પુત્ર સાથે તારી પુત્રી પરણાવ.' પણ લબાનોનના એક જંગલી પશુએ ત્યાંથી પસાર થતી વખતે પેલા જાંખરાને પોતાના પગ તળે કચડી નાંખ્યુ.' 19મેં અદોમ સર કર્યુ છે' એમ તું કહે છે, અને તેથી તારું મગજ ફાટી ગયું છે. અદોમ ઉપર વિજય મળવાથી તું ઘણો અભિમાની થઈ ગયો છે, પણ મારી સલાહ છે કે તું તારે ઘેર રહે અને મારી સાથે યુદ્ધ કરીશ નહીં, રખેને તું અને સમગ્ર યહૂદા ભારે નુકશાન વહોરી લો."

20પણ અમાસ્યાએ સાંભળ્યું નહીં. કારણકે તેઓ અદોમના દેવને ભજતા હતા. લડાઈમાં યહૂદા હારી જાય એમ દેવ ઈચ્છતા હતા. તેથીજ તેમણે અમાસ્યાને ઈસ્રાએલ સામે લડાવ્યો. 21માટે ઈસ્રાએલના રાજા યોઆશે ચઢાઈ કરી; અને તે તથા યહૂદાનો રાજા અમાસ્યા યહૂદાના બેથશેમેશમાં એકબીજાને સામસામે મળ્યા. 22યહૂદાના માણસો ઈસ્રાએલના માણસોથી હારીને પોતપોતાને ઘેર ભાગી ગયા. 23પણ ઈસ્રાએલનો રાજા યોઆશ યહૂદાના હારી ગયેલા રાજા અમાસ્યાને કેદ કરીને યરૂશાલેમ લઈ ગયો. ત્યાં તેણે એફ્રાઈમના દરવાજાથી ખૂણાના દરવાજા સુધીનો 200 હાથ જેટલો યરૂશાલેમનો કોટ તોડી નંખાવ્યો. 24વળી દેવના મંદિરમાંથી જે બધું સોનું-ચાંદી તથા જે સર્વ પાત્રો તેને મળ્યા હતાં તે લઈને તે સમરૂન પાછો ફર્યો. આ બધી વસ્તુઓ ઓબેદ-એદોમના તાબામાં હતી-તે રાજાના મહેલમાંથી પણ સંપત્તિ લઈ આવ્યો હતો અને થોડા કેદીઓને પણ સમરૂન પાછા લાવ્યો હતો.

25ઈસ્રાએલના રાજા યહોઆહાઝના પુત્ર યેહોઆશ મૃત્યુ પછી યહૂદાના રાજા યોઆશનો પુત્ર અમાસ્યા 15 વર્ષ જીવ્યો. 26અમાસ્યાનાં બાકીના કૃત્યો પહેલેથી તે છેલ્લે સુધી યહૂદાના તથા ઈસ્રાએલના રાજાઓના પુસ્તકમાં નોંધેલા છે. 27અમાસ્યા યહોવાનું અનુકરણ ન કરતાં અવળે માર્ગે ચાલવા લાગ્યો તે સમયથી યરૂશાલેમમાં લોકોએ તેની વિરૂદ્ધ બંડ કર્યુ. તેથી તે લાખીશ ભાગી ગયો, પણ લાખીશ સુધી તેનો પીછો કરવામાં આવ્યો અને તેને ત્યાં જ ઠાર કરવામાં આવ્યો. 28ત્યારબાદ તેનો મૃતદેહ ઘોડા ઉપર યરૂશાલેમ લાવવામાં આવ્યો અને ત્યાં દાઉદના નગરમાં તેના પિતૃઓ ભેગો દફનાવવામાં આવ્યો.

## રાજા ઉઝિઝયાનું શાસન

26 યહૂદાના બધા લોકોએ 16 વર્ષની ઉંમરના થયેલા ઉઝિઝયાને પસંદ કર્યો અને તેને તેના પિતા અમાસ્યા પછી રાજા બનાવ્યો. 2અમાસ્યાના અવસાન પછી ઉઝિઝયાએ એલોથ યહૂદા માટે પાછું મેળવ્યું અને તેને ફરી બંધાવ્યું.

3યરૂશાલેમમાં તેણે 52 વર્ષ રાજ કર્યુ તેની માતા યખિલ્યા યરૂશાલેમની વતની હતી. 4તે પોતાના પિતા અમાસ્યાને માર્ગે ચાલ્યો, અને યહોવાની દ્રષ્ટિમાં તે સારો રાજા હતો. 5ઝખાર્યાની હયાતીમાં ઉઝિઝયા દેવને પ્રસન્ન કરવા હંમેશા આતુર હતો. ઝખાર્યાએ લોકોને દેવની સેવા કરવાનો સાચો રસ્તો બતાવ્યો હતો. જ્યારે રાજા દેવના માર્ગે ચાલ્યો ત્યારે દેવે તેને સફળતા આપી.

6તેણે પલિસ્તીઓ ઉપર ચઢાઈ કરી ગાથ, યાબ્નેહ અને આશ્દોદની દીવાલો તોડી પાડી અને તેણે આશ્દોદની નજીક અને પલિસ્તીઓના બાકીના પ્રદેશમાં શહેરો બંધાવ્યાં. 7દેવે તેને પલિસ્તીઓ, ગૂર-બઆલમાં વસતા આરબો અને મઉનીઓની વિરુદ્ધ મદદ કરી. 8અમ્મોનીઓ ઉઝિઝયાને ખંડણી ભરવા લાગ્યા. તેની કીર્તિ ઠેઠ મિસરની સરહદ લગી ફેલાઈ, કારણ, તે ખૂબ બળવાન બની ગયો હતો.

9એ ઉપરાંત તેણે યરૂશાલેમમાં 'ખૂણાના દરવાજા,' ખીણના દરવાજા અને કિલ્લા દરવાજા પાસે અને દીવાલનાં વળાંક પાસે બુરજો બંધાવ્યા. 10તેણે રણમાં પણ બુરજો બંધાવ્યા અને અનેક કૂવાઓ ખોદાવ્યા, કારણ, તેની પાસે નીચાણના પ્રદેશમાં તેમજ ઉચ્ચ પ્રદેશમાં ઘણાં ઢોરો હતાં. તેને ખેતીવાડીનો શોખ હતો, એટલે એણે દ્રાક્ષવાડીઓ ઉગાડનાર અને ફળદ્રૂપ ભૂમિમાં અને પર્વતીય પ્રદેશોમાં કામ કરનાર ખડૂતો રાખ્યા હતા.

11ઉઝિઝયા પાસે યુદ્ધ માટે સજ્જ તાલીમ પામેલી સેના હતી, અને મહામાત્ર યેઈએલ અને અધિકારી માઅસેયાએ રાજાના એક સેનાપતિ હનાન્યાના હાથ નીચે તૈયાર કરેલી યાદી પ્રમાણે તેની ટૂકડીઓ પાડવામાં આવી હતી. 12સેનાનાયકોની કુલ સંખ્યા 2,600 હતી. 13તેમના નેતૃત્વ હેઠળ 3,07,500 સૈનિકોનું તાલિમબદ્ધ સૈન્ય હતું અને તે દુશ્મનો સામે રાજાનું રક્ષણ કરતું હતું. 14ઉઝિઝયાએ આખા સૈન્ય ને ઢાલો, ભાલાઓ, ટોપાઓ, બખ્તરો, ધનુષ્ય અને ગોફણો માટે પથ્થરો આપ્યાં હતાં. 15કુશળ શોધકોએ શોધેલાં યુદ્ધના નવાં યંત્રોનું ઉઝિઝયાએ યરૂશાલેમમાં ઉત્પાદન કર્યુ. આ યંત્રો બુરજો પરથી અને દીવાલોને ખૂણેથી બાણો અને મોટા કદનાં પથ્થરો ફેંકવા માટે ઉપયોગી હતા. તેની કીર્તિ ઘણે દૂર સુધી ફેલાઈ ગઈ. તેને ઘણી બધી મદદ મળી અને તે એક સામર્થ્યવાન રાજા બની ગયો.

16પણ જેમ જેમ તેનું બળ વધતું ગયું તેમ તેમ તે અભિમાની બનતો ગયો અને તેમાંથી તેનો વિનાશ થયો. તેણે ધૂપની વેદી ઉપર ધૂપ ચડાવવા માટે યહોવાના મંદિરમાં પ્રવેશ કરીને યહોવાનો ગુનો કર્યો. 17યાજક અજાર્યાએ યહોવાના 80 બહાદુર યાજકો સાથે રાજા ઉઝિઝયાની પાછળ પાછળ

જઈ તેને રોકીને કહ્યું, 18"ઉઝ્ઝિયા, યહોવાને ધૂપ ચડાવવાનો તમને અધિકાર નથી. એ અધિકાર તો એ સેવા માટે પવિત્ર બનાવવામાં આવેલ હારુનના વંશજોને જ છે. પવિત્ર સ્થાનમાંથી બહાર નીકળો. તમે યહોવાનો ગુનો કર્યો છે. હવે યહોવા દેવ તરફથી તમને સન્માન મળશે નહીં."

19એટલે ઉઝ્ઝિયાને ક્રોધ ચઢયો; તેના હાથમાં ધૂપ કરવા માટે ધૂપદાન હતું; યાજકો પર તે કોપાયમાન થયા હતા, એટલામાં ધૂપવેદીની પાસે યહોવાના મંદિરમાં યાજકોના દેખતાં તેના કપાળમાં કોઢ ફૂટી નીકળ્યો. 20મુખ્ય યાજક અજાર્યા અને બીજા યાજકોએ તેના તરફ જોયું તો તેના કપાળ ઉપર કોઢ જણાયો, અને તેને એકદમ મંદિરની બહાર હડસેલી મૂક્યો. યહોવાએ તેને સજા કરી હતી. તેથી તે પોતે પણ બહાર જવા માટે આતુર હતો. 21પોતાના મૃત્યુ સુધી ઉઝ્ઝિયા કોઢી જ રહ્યો અને એકાંતવાસમાં જીવ્યો. તે મંદિરથી અને પોતાના લોકોથી અલગ કરાયેલો હતો. તેના પુત્ર યોથામે રાજાનો વહીવટ સંભાળી લીધો અને દેશના લોકોનો ન્યાય કરવાનું કામ કર્યુ. 22ઉઝ્ઝિયાના રાજ્યના બીજા બનાવો પરથી પહેલેથી છેલ્લે સુધી પ્રબોધક યશાયા–આમોસના પુત્રે નોંધેલું છે. 23ઉઝ્ઝિયા પોતાના પિતૃઓની સાથે ઊંઘી ગયો; અને તે કોઢિયો છે એમ કહીને તેઓએ તેને રાજાઓના કબ્રસ્તાન પાસેના ખેતરમાં તેના પિતૃઓની સાથે ન દફનાવતાં પાસેના ખેતરમાં તેને દફનાવ્યો પછી તેનો પુત્ર યોથામ નવો રાજા બન્યો.

### રાજા યોથામનો અમલ

27 યોથામ ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 16 વર્ષ રાજ્ય કર્યુ. તેની માતાનું નામ યરૂશા હતું. અને તે સાદોકની પુત્રી થતી હતી. 2તેના પિતા ઉઝ્ઝિયાએ જે સઘળું કર્યુ હતું તે પ્રમાણે તેણે યહોવાની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યુ; પરંતુ યહોવાના મંદિરમાં તે જતો નહી; પણ લોકોએ ભ્રષ્ટ કાર્યો કરવાનું ચાલુ રાખ્યું. 3તેણે યહોવાના મંદિરનો ઉપલો દરવાજો બંધાવ્યો અને ઓફેલના કોટનું ઘણું બાંધકામ કરાવ્યું. 4તેણે યહૂદાના પહાડી પ્રદેશમાં નગરો બંધાવ્યાં અને જંગલોમાં કિલ્લાઓ અને બુરજો ચણાવ્યા. 5તેણે અમ્મોનીઓના રાજા સાથે યુદ્ધ કરી તેને હરાવ્યો, અને તે વરસે અમ્મોનીઓએ તેને 3,400 કિલો ચાંદી, 10,000 માપ ઘઉં, તથા 10,000 માપ જવ સતત ત્રણ વર્ષ સુધી તેને આપતાં રહ્યાં.

6યોથામ પોતાના બધા નિર્ણયો દેવના માર્ગોને અનુસરીને લે તો હતો. તેથી તે ઘણો બળવાન બનવા પામ્યો. 7યોથામના રાજ્યના બીજા બનાવોની, તેના બધા યુદ્ધોની અને તેના રાજ્યવહીવટની નોંધ ઈસ્રાએલ અને યહૂદાના રાજાઓના વૃત્તાંતમાં લેવામાં આવેલી છે. 8તે જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 16 વર્ષ શાસન કર્યુ. 9ત્યારપછી તે પિતૃલોકને પામ્યો અને તેને દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર આહાઝ ગાદીએ આવ્યો.

### રાજા આહાઝનો શાસનકાળ

28 આહાઝ જ્યારે રાજા બન્યો ત્યારે તેની ઉંમર 20 વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 16 વર્ષ રાજ્ય કર્યુ. 2પોતાના પિતૃ દાઉદની જેમ યહોવા પ્રસન્ન થાય એવું આચરણ કરવાને બદલે તે ઈસ્રાએલના રાજાઓને પગલે ચાલ્યો અને તેણે બઆલદેવોની મૂર્તિઓ પણ ઢળાવી. 3તેણે બેનહિન્નોમની ખીણમાં ધૂપબાળવા શરુ કર્યા. અને ઈસ્રાએલીઓના પ્રવેશ પહેલાં યહોવાએ જે પ્રજાઓને હાંકી કાઢી હતી તેમના ઘૃણાજનક રિવાજોને અનુસરીને પોતાના પુત્રોને પણ બલી તરીકે અગ્નિમાં હોમી દીધા. 4તેણે પર્વતો પર આવેલાં ઉચ્ચસથાનકોમાં અને પર્વત ઉપરના પ્રત્યેક લીલા વૃક્ષ નીચે યજ્ઞો કરીને ધૂપ બાળ્યાં.

5આથી યહોવા તેના દેવે તેને અરામીઓના રાજાના હાથમાં સોંપી દીધો; તેઓએ તેના લશ્કરને હરાવ્યું અને તેની પ્રજામાંથી ઘણા માણસોને બંદીવાન કરી દમસ્ક લઈ ગયા. યહોવાએ તેને ઈસ્રાએલના રાજા પેકાહ દ્વારા હરાવ્યો. પેકાહ રમાલ્યાનો પુત્ર હતો. 6ઈસ્રાએલનો રાજા પેકાહ જે રમાલ્યાનો પુત્ર હતો. તેણે એક જ દિવસમાં 1,20,000 શૂરવીર યોદ્ધાઓને કાપી નાખ્યા. કારણકે તેમણે તેમના પિતૃઓના દેવ યહોવાની અવજ્ઞા કરી હતી. 7એફ્રાઈમના શૂરવીર ઝિખ્રીએ રાજાના કુંવર માઅસેનાહને અને રાજમહેલના કારભારી હાઝ્રીકામને તેમજ રાજાના મુખ્યમંત્રી એલ્કાનાહને મારી નાખ્યા.

8ઈસ્રાએલીઓના લશ્કરે પોતાના જાતભાઈઓમાંથી 2,00,000 સ્ત્રીઓ અને બાળકોનો કેદ પકડ્યાં, ઉપરાંત, પુષ્કળ લૂંટનો માલ પણ કબ્જે કરી તેઓ સમરુન લઈ આવ્યા. 9ત્યાં ઓદેદ નામે યહોવાનો એક પ્રબોધક રહેતો હતો. તે સમરુન પાછા ફરતાં ઈસ્રાએલી લશ્કરને મળવા ગયો અને તેણે કહ્યું, "યહોવા તમારા પિતૃઓના દેવ યહૂદાના લોકો ઉપર ક્રોધે ભરાયા હતા અને તેથી તેણે તેમને તમારા હાથમાં સોંપી દીધા, પણ તમે તેમને મારી નાખીને દેવને તમારા ઉપર ગુસ્સે કર્યા છે. 10અને હવે તમે યહૂદા અને યરૂશાલેમમાં સ્ત્રીપુરુષોને તમારાં ગુલામ બનાવવા માંગો છો. તમારા દેવ યહોવાની આગળ તમે લોકો ક્યાં ઓછા ગુનેગાર છો? 11માટે હવે મારું કહેવું સાંભળો, આ તમારા સગાઓને તેઓનાં ઘરે પાછાં મોકલી આપો, કારણકે યહોવાનો ઉગ્ર કોપ તમારા ઉપર છે. 12ત્યારબાદ કેટલાક એફ્રાઈમી આગેવાનો યોહાનાનનો પુત્ર અજાર્યા, મશિલ્લેમોથનો પુત્ર બેરેખ્યા, શાલ્લુમનો પુત્ર હિઝિક્યા અને હાદલાઈનો પુત્ર અમાસા યુદ્ધમાંથી પાછા ફરતા ઈસ્રાએલી માણસોની સામે ગયા.

13અને તેમને કહ્યું, "તમે આ કેદીઓને અમારા દેશમાં લાવશો નહીં. તમે જે કરવા માંગો છો એથી અમે યહોવા આગળ ગુનેગાર ઠરીશું, અને અમારા પાપોમાં વધારો થશે. આમ પણ અમારા ગુના ઓછા નથી. અને યહોવાનો ભયંકર રોષ ઈસ્રાએલ ઉપર ઝઝૂમે છે."

14આથી લશ્કરના માણસોએ કેદીઓ અને લૂંટનો સામાન અમલદારોને અને ભેગા થયેલા લોકોને સોંપી દીધો. 15પછી

અગાઉ જણાવેલ ચાર આગેવાનોએ લૂંટમાંથી કપડાં લઈને
બંદીવાનોમાંથી જે સ્ત્રીઓ અને બાળકોને જરૂર હતી તેઓને
તે પ્રમાણે વહેંચી આપ્યા, તેમજ પગરખાં, ખોરાક અને
દ્રાક્ષારસ પણ આપ્યાં, વળી જેઓ બીમાર અને વૃદ્ધ હતાં
તેઓને ગધેડા ઉપર બેસાડીને ખજૂરીઓનાં નગર યરીકોમાં
તેઓનાં કુટુંબ પાસે લઈ ગયા. પછી બંદીવાનો સાથે ગયેલી
ટૂકડી સમરૂન પાછી ફરી.

16એ વખતે રાજા આહાઝે આશ્શૂરના રાજાને પોતાની
વહારે આવવા કહેવડાવ્યું. 17કારણ, અદોમીઓ ફરી એકવાર
યહૂદા ઉપર ચડી આવ્યા અને ઘણા લોકોને બંદીવાન તરીકે
પકડી ગયા. 18પલિસ્તીઓએ પણ નીચાણના પ્રદેશોમાં તેમજ
દક્ષિણનાં શહેરો ઉપર હુમલો કર્યો અને આજુબાજુના
ગામડાઓ સહિત બેથ-શેમેશ, આયાલોન, ગદેરોથ, સોખો
તેમજ તિમ્નાહ અને ગિમ્ઝો કબજે કર્યા, અને તેમાં વસવાટ
કર્યો. 19આહાઝ યહૂદાના લોકોને પાપ કરવા માટે પ્રોત્સાહન
આપતો હતો. અને તે યહોવાને વફાદાર રહ્યો નહોતો એટલે
યહોવાએ યહૂદાના લોકોને નીચા પાડ્યા. 20આશ્શૂરનો રાજા
તિલ્ગાથ-પિલ્નેસેરે આવ્યો ખરો પણ તેને મદદ કરવાને
બદલે તેણે તેને ઘેરો ઘાલ્યો. 21આહાઝે યહોવાના મંદિરને,
રાજમહેલે અને પોતાના અમલદારોનાં ઘરોને લૂંટીને એ
લૂંટનો માલ આશ્શૂરના રાજાને આપ્યો પણ કશું વળ્યું નહીં.

22અતિ સંકટના આ સમયે રાજા આહાઝ વધુને વધુ
પાપ કરતો ગયો. 23દમસ્કના સૈન્યે તેને હાર આપી હતી,
તેથી તેણે તેઓના દેવના બલિદાનો કર્યા, તેણે માન્યું કે જો
એ દેવોએ અરામના રાજાઓને સહાય કરી તો આ બલિદાનો
ચઢાવવાને લીધે એ દેવો મારી પણ મદદ કરશે." પણ તેમ
કરવાથી ઊલટું તેનું અને યહૂદીયાના લોકોનું મોટું નુકશાન
થયું.

24આહાઝે યહોવાના મંદિરમાં વાસણો ભાંગી નાખ્યા,
અને યહોવાના મંદિરના બારણાં બંધ કરી યરૂશાલેમમાં
શેરીએ શેરીએ બીજા દેવોની વેદી ચણાવી, 25અને યહૂદાના
એકે એક ગામમાં તેમને ધૂપ ચડાવવા ટેકરી પરનાં સ્થાનકો
ઊભાં કર્યા; અને એમ કરીને પોતાના પિતૃઓના દેવ યહોવાનો
રોષ વહેરી લીધો.

26તેના રાજ્યના બીજા બનાવો અને તેના જીવનની વિગતો
યહૂદા અને ઈસ્રાએલના રાજાઓનાં વૃત્તાંતમાં નોંધેલી છે.
27પછી આહાઝ પિતૃલોકને પામ્યો અને તેને યરૂશાલેમમાં
દફનાવવામાં આવ્યો, પરંતુ તેને રાજાઓના કબ્રસ્તાનમાં
દફનાવવામાં આવ્યો નહીં, તેના પછી તેનો પુત્ર હિઝિક્યા
ગાદી પર આવ્યો.

## રાજા હિઝિક્યા દ્વારા મંદિરનું શુદ્ધિકરણ

29 પચીસ વર્ષની ઉંમરે હિઝિક્યા યહૂદાનો રાજા
બન્યો અને તેણે યરૂશાલેમમાં 29 વર્ષ રાજ્ય કર્યુ.
તેની માતાનું નામ અબિયા હતું. તે ઝખાર્યાની પુત્રી હતી. 2
હિઝિક્યાએ પોતાના પિતૃ દાઉદની જેમ યહોવાની દ્રષ્ટિએ
યોગ્ય ગણાય એવું આચરણ કર્યુ.

3તેના શાસનના પહેલા વર્ષના પહેલા મહિનામાં તેણે
યહોવાના મંદિરના બારણા ખોલી નાંખ્યાં અને તેમની
મરામત કરાવી. 4ત્યારબાદ તેણે યાજકોને અને લેવીઓને
બોલાવીને પૂર્વ તરફના ચોકમાં ભેગા કરી કહ્યું, 5"લેવીઓ,
મારી વાત સાંભળો; અત્યારે તમે વિધિપૂર્વક દેહશુદ્ધિ કરો,
અને તમારા પિતૃઓના દેવ યહોવાના મંદિરની પણ શુદ્ધિ
કરો, અને એ પવિત્ર ધામમાં જે કઈં ગંદવાડ પેસી ગયો છે
તે બધો હઠાવી દો. 6આપણા પિતૃઓ યહોવાને બેવફા હતા.
અને તેમણે આપણા દેવ યહોવાની દ્રષ્ટિએ ખરાબ ગણાય
એવું વર્તન કર્યુ છે. તેમણે તેનો ત્યાગ કર્યો હતો, અને તેના
મંદિરથી વિમુખ થઈ ગયાં હતાં. 7તેમણે મંદિરના દરવાજા
બંધ કરી દીધા હતા, દીપ ઓલવી નાખ્યા હતા, અને
ઈસ્રાએલના દેવના પવિત્રસ્થાનમાં ધૂપ કે દહનાર્પણ
ચડાવવાનું બંધ કરી દીધું હતું. 8આથી યહોવાનો કોપ યહૂદા
અને યરૂશાલેમ ઉપર ઉતર્યો છે અને તેણે, તમે જુઓ છો
તેમ, તેમના એવા હાલ કર્યા છે કે જેઓ તેમની સામે જુએ
છે તેઓ તેની સામે સ્તબ્ધતાથી હાંફે છે. 9આ કારણે આપણા
પિતૃઓ યુદ્ધમાં માર્યા જાય છે. અને આપણા પુત્રો, પુત્રીઓ
અને પત્નીઓ બંદીવાન બન્યાં છે. 10હવે મેં ઈસ્રાએલના
યહોવા દેવ સાથે કરાર કરવાનો નિશ્ચય કર્યો છે, જેથી તેનો
ભયંકર રોષ આપણા ઉપરથી ઊતરી જાય, 11માટે, મારા
પુત્રો, વખત બગાડશો નહીં, કારણ, યહોવાએ તેની સેવાપૂજા
કરવા માટે અને તેને ધૂપ આપવા માટે તમને જ પસંદ
કર્યા છે."

12-14ત્યારબાદ કામ કરવા માટે લેવીઓ આગળ આવ્યા;
કહાથના કુટુંબમાંથી અમાસાયનો પુત્ર માહાથ, તથા
અઝાર્યાનો પુત્ર યોએલ, મરારીના કુટુંબોમાંથી: આબ્દીનો
પુત્ર કીશ તથા યહાલ્લેલએલ નો પુત્ર અજાર્યા; ગેર્શોનીઓના
કુટુંબમાંથી ઝિમ્માહનો પુત્ર યોઆહ, તથા યોઆહનો પુત્ર
એદેન; અલીસાફાનના વંશજોમાંથી શિમ્રી તથા યેઉએલ;
આસાફના વંશજોમાંના ઝખાર્યા તથા માત્તાન્યા; હેમાનના
વંશજોમાંના યહૂએલ અને શિમઈ; યદૂથૂનના વંશજોમાના
શમાયા તથા ઉઝ્ઝીએલ, 15તેઓએ પોતાના ભાઈઓને ભેગા
કર્યા, ને પોતાને પવિત્ર કરીને તેઓ યહોવાના વચનથી
રાજાની આજ્ઞા પ્રમાણે યહોવાના મંદિરને શુદ્ધ કરવા સારુ
અંદર ગયા, 16યાજકો યહોવાના મંદિરના અંદરના ભાગમાં
સાફસૂફ કરવા ગયા, ને જે સર્વ કચરો યહોવાના મંદિરમાંથી
તેઓને મળ્યો તે તેઓ યોહોવાના મંદિરના આંગણામાં બહાર
લાવ્યા, અને લેવીઓ તે કચરો કિદ્રોન નાળા આગળ બહાર
લઈ ગયા. 17તેમણે પહેલા મહિનાના પહેલા દિવસે શુદ્ધિનો
વિધિ શરૂ કર્યો અને ચોકો વગેરે શુદ્ધ કરી આઠમે દિવસે
તેઓ યહોવાના મંદિરની દેવડીએ પહોંચ્યા. ત્યારબાદ આઠ
દિવસ સુધી તેમણે મંદિરની શુદ્ધિ કરી અને પહેલા મહિનાના
સોળમા દિવસે કામ પૂરું કર્યુ.

18ત્યારબાદ તેમણે રાજમહેલમાં જઈ રાજા હિઝિક્યાને
કહ્યું, "અમે દહનાર્પણ ચડાવવાની વેદી અને તેને લગતાં
સાધનો, તેમજ ધરાવેલી રોટી મૂકવાના બાજઠ અને તેને

લગતાં સાધનો સહિત આખું મંદિર શુદ્ધ કર્યુ છે. 19વળી
રાજા આહાઝ ધર્મભ્રષ્ટ થઈ ગયો હતો ત્યારે તેણે હઠાવી
દીધેલાં બધાં પૂજાના સાધનો અમે પાછા લાવી શુદ્ધ કર્યા
છે, તે બધાં અત્યારે યહોવાની વેદી આગળ મૂકેલાં છે."

20બીજે દિવસે સવારે રાજા હિઝિક્યાએ શહેરના
અમલદારોને ભેગા કર્યા અને તેમને સાથે લઈને તે યહોવાને
મંદિરે ગયો. 21એ લોકો સાત બળદ, સાત મેંઢા અને સાત
ઘેટા, સાત નર બકરાંને રજવાડી કુટુંબ માટે,મંદિર માટે અને
યહૂદા માટે પાપાર્થાપણ તરીકે લઈ આવ્યા અને રાજાએ
હારુનના વંશજોને અર્થાત્ યાજકોને યહોવાની વેદી ઉપર
બલિદાન અર્પણ કરવા જણાવ્યું. 22આથી યાજકોએ બળદોને
વધેર્યા અને તેમનું લોહી વેદી પર છાંટ્યું. ત્યારબાદ તેણે
ઘેટાંઓને વધેર્યા અને તેનું લોહી વેદી પર છાંટ્યું. પછી નર
બકરા વધેરી તેમનું લોહી વેદી ઉપર છાંટ્યું. 23ત્યારબાદ
યાજકો દ્વારા પ્રાયશ્ચિતના બલિના બકરાને રાજાની અને
સભાની સમક્ષ લાવવામાં આવ્યા. અને તેમણે તેમના ઉપર
હાથ મૂક્યા. 24યાજકોએ તેમનો વધ કરી તેમનું લોહી સમગ્ર
ઈસ્રાએલના પાપના પ્રાયશ્ચિત રૂપે વેદી ઉપર છાંટયું. રાજાનું
એવું ફરમાન હતું કે આખા ઈસ્રાએલ તરફથી દહનાર્પણ
તેમજ પાપાર્પણ બંને ચડાવવા. તે મુજબ આ થયું.

25યહોવાના મંદિરમાં રાજાએ લેવીઓને જાંઝો, સિતારો,
અને વીણાઓ આપ્યા હતી, આ વ્યવસ્થા દાઉદ તથા દૃષ્ટા
ગાદ અને નાથાન પ્રબોધકોએ ઠરાવ્યા મુજબની હતી, આ
માટે તેઓને પ્રબોધકો દ્વારા યહોવા તરફથી સૂચનાઓ મળી
હતી. 26લેવીઓ પાસે દાઉદનાં વાજીંત્રો હતાં. અને યાજકો
પાસે રણશિંગડાં હતાં. 27એટલે હિઝિક્યાએ વેદી ઉપર
દહનાર્પણ ચડાવવાનો હુકમ કર્યો; અને દહનાર્પણ ચડાવવાનું
શરૂ થતાં જ યહોવાની સ્તુતિ પણ શરૂ થઈ અને તેની સાથે
જ ઈસ્રાએલના રાજા દાઉદના વાજીંત્રો સહિત રણશિંગડા
પણ વાગી ઊઠ્યાં. 28સમગ્ર સભાએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા,
સંગીતકારો ગાવા લાગ્યા. અને રણશિંગડા વગાડનારાઓએ
રણશિંગડા ફૂંક્યા,

29દહનાર્પણ આપવાનું પૂરું થયું અને રાજા અને સમગ્ર
સભાએ સાષ્ટાંગ નમસ્કાર કરીને આરાધના કરી. 30અને રાજા
હિઝિક્યાએ તથા તેના અમલદારોએ લેવીઓને દાઉદ અને
પ્રબોધક આસાફે રચેલાં યહોવાનાં સ્તોત્રો ગાવા આજ્ઞા કરી.
આથી તેમણે ઉલ્લાસપૂર્વક સ્તોત્રો ગાયાં અને સાષ્ટાંગ
નમસ્કાર કરી દેવની પૂજા કરી. 31ત્યારબાાદ હિઝિક્યાએ
કહ્યું, "હવે તમે યહોવાની સેવાને સમર્પિત થયા છો. આગળ
આવો, અને યહોવાના મંદિર માટે હોમબલિ અને આભારના
બલિ લઈ આવો." આથી સભાજનો હોમબલિ અને
આભારના બલિ લઈ આવ્યા, અને જેમની ઈચ્છા હતી
તેઓ દહનાર્પણો લઈ આવ્યા. 32સભાજનો જે દહનાર્પણો
લાવ્યા હતાં તેમાં 70 બળદો, 100 ઘેટાં, અને 200 લવારાં
હતાં; આ યહોવાના હોમબલિના પશુ હતાં. 33વળી પવિત્ર-
અર્પણ તરીકે 600 બળદ તથા 300 ઘેટાં ચઢાવવામાં આવ્યાં,
34પણ યાજકો ઓછા હોવાથી એ સર્વ દહનાર્પણો તેઓ
ઉતરડી શક્યા નહીં, માટે તેઓના ભાઈ લેવીઓએ એ કામ
પૂરું થતાં સુધી તથા યાજકોએ પોતાને પવિત્ર કર્યા ત્યાં સુધી
તેઓને મદદ કરી; કેમ કે પોતાને પવિત્ર કરવા વિષે યાજકો
કરતાં લેવીઓ વધારે કાળજી રાખતાં હતા. 35વળી દહનાર્પણો,
શાંત્યાર્પણો અને પેયાર્પણો પણ પુષ્કળ હતાં. એ પ્રમાણે
યહોવાના મંદિરની સેવા કરવાની વ્યવસ્થા કરવામાં આવી.
36આ રીતે ફરી યહોવાના મંદિરમાં ઉપાસના ચાલુ કરવામાં
આવી અને હિઝિક્યા અને બધા લોકો ખૂબ આનંદમાં આવી
ગયા. કારણકે બધુ ખૂબ જલ્દી બની ગયું.

### હિઝિક્યા પાસ્ખાપર્વ ઉજવે છે

30 એ પછી હિઝિક્યાએ સમગ્ર ઈસ્રાએલના અને
યહૂદાના લોકોને સંદેશો મોકલ્યો અને એફ્રાઈમ
અને મનાશ્શાના લોકોને પત્રો લખ્યા અને તેમને ઈસ્રાએલના
દેવ યહોવાના માનમાં પાસ્ખાનું પર્વ ઉજવવા યરૂશાલેમમાં
યહોવાના મંદિરમાં આવવા જણાવ્યું. 2રાજા, તેના
અધિકારીઓ અને યરૂશાલેમના લોકોએ નિર્ણય કર્યો કે વર્ષના
બીજા મહિનામાં, પાસ્ખાપર્વ ઉજવવો. 3પરંતુ પૂરતી સંખ્યામાં
યાજકો પવિત્ર થયા ન હતા, અને યરૂશાલેમમાં ઘણો લોકો
નહોતા, તેથી તેઓ પ્રથમ મહિનામાં સમયસર પાસ્ખા પર્વ
ઉજવી ન શક્યા. 4આ કરાર રાજાને તેમજ સમગ્ર સભાને
સ્વીકાર્ય હતો. 5આથી એવું નક્કી કરવામાં આવ્યું કે દાનથી
તે બેર-શેબા સુધી સમગ્ર ઈસ્રાએલમાં એવો ઢંઢેરો કરાવવો
કે, બધા લોકોએ ઈસ્રાએલના દેવ યહોવાના માનમાં પાસ્ખાનું
પર્વ ઉજવવા માટે યરૂશાલેમ આવવું, કારણ, બહુ ઓછા
માણસોએ કાનૂનમાં લખેલી સૂચનાઓ મુજબ ઉજવ્યું હતું.
6રાજાના અને તેના અમલદારોના પત્રો લઈને કાસદો સમગ્ર
ઈસ્રાએલમાં અને યહૂદામાં પહોંચી ગયા. રાજાની આજ્ઞા
પ્રમાણે કહ્યું કે,

હે ઈસ્રાએલ પુત્રો, તમો ઈબ્રાહિમ, ઈસહાક અને
ઈસ્રાએલના દેવ યહોવા પ્રત્યે પાછા વળો, જેથી આશ્શૂરના
રાજાઓના પંજામાંથી તમારામાંના જે બચી ગયા છે, તેમના
પ્રત્યે યહોવા પાછો વળે. 7તમારા પૂર્વજોએ- વડીલો અને
દેશબંધુઓ જેવા થશો નહીં; એમણે તો પોતાના પિતૃઓના
દેવ યહોવાનો દ્રોહ કર્યો હતો અને યહોવાએ તેમને વિનાશના
મોંમા સોંપી દીધા હતા તે તમે જોયું છે; 8હવે તમે અમારા
પિતૃઓના જેવા હઠીલા થશો નહીં. યહોવાને તાબે થાઓ.
સદાને માટે એણે જેને પવિત્ર કર્યું છે તે પરમપવિત્ર સ્થાનમાં
આવો, તમારા દેવ યહોવાની સેવા કરો, જેથી તેનો રોષ
તમારા ઉપરથી ઊતરી જાય. 9જો તમે સાચા દિલથી યહોવા
તરફ પાછા વળશો તો તમારા દેશબંધુઓ અને તમારા પુત્રો
ઉપર તેમને બાન પકડનારાઓ દયા કરશે અને તેઓ પાછા
આ ભૂમિમાં આવી શકશે, કારણ, તમારો દેવ યહોવા કૃપાળુ
અને દયાળુ છે. તમે જો તેના તરફ પાછા વળશો તો એ
તમારાથી વિમુખ નહીં રહે."

10સંદેશવાહકો એફ્રાઈમ અને મનાશ્શાઅને ઠેઠ ઝબુલોન
સુધી ગામેગામ ફરી વળ્યા, પણ લોકોએ તેમની હાંસી ઉડાવી

અને હસી કાઢયા. 11જોકે આશેર મનાશ્શા અને ઝબુલોનમાં થોડા માણસો સમજી ગયા અને તેઓ યરૂશાલેમમાં આવ્યા. 12પણ દેવે યહૂદાના લોકોને એવી પ્રેરણા કરી કે રાજાએ અને તેના અમલદારોએ યહોવાની આજ્ઞાથી જે ફરમાવ્યું હતું તે એક મતે તેમણે માથે ચઢાવ્યું.

13બેખમીર રોટલીનું પર્વ મે માસમાં કરવા માટે મોટો લોકસમુદાય યરૂશાલેમમાં એકત્ર થયો. 14તેઓએ યરૂશાલેમમાં આવેલી અન્ય દેવોની વેદીઓનો નાશ કર્યો, સર્વ ધૂપવેદીઓ તોડી નાખી અને તેઓને કિદ્રોન નાળામાં નાખી દીધી. 15લોકોએ બીજા મહિનાના ચૌદમાં દિવસે પાસ્ખાનાં હલવાન વધ કર્યા. યાજકો અને લેવીઓ શરમીદા થઈ ગયા હતા અને તેઓએ પોતાને પવિત્ર કર્યા અને યહોવાનાં મંદિરમાં દહનાર્પણો કર્યા. 16પછી તેઓ, મૂસાના નિયમ મુજબ પોતાના દરજ્જા પ્રમાણે પોતપોતાની જગ્યાએ ઊભા રહ્યાં; યાજકોએ લેવીઓ પાસેથી રકત લઈને વેદી પર છાંટ્યું. 17જે લોકો ભેગા થયા હતા તેઓમાંના ઘણાએ વિધિપૂર્વક દેહશુદ્ધિ કરી નહોતી, એટલે એ લોકો રિવાજ પ્રમાણે પાસ્ખાના હલવાન ચડાવી શકે એમ નહોતા. આથી તેમના વતી યહોવા માટે હલવાનો પવિત્ર કરીને, પાસ્ખાના બલિ ચડાવવાનું કામ લેવીઓને સોંપવામાં આવ્યું.

18ખરું જોતાં, એફ્રાઈમ, માનાશ્શા, ઈસ્સાખાર અને ઝબુલોનના ઘણાંખરાં માણસોએ દેહશુદ્ધિ કરી નહોતી, છતાં તેમણે વિધિપૂર્વક નિયમો પાળ્યા વગર જ પાસ્ખાનું ભોજન લીધું હતું. પણ હિઝિક્યાએ તેમને માટે પ્રાર્થના કરી કે, 19"કૃપાળુ યહોવા જે કોઈ પોતાના પિતૃઓના દેવ યહોવાની અંત:કરણથી ઉપાસના કરે છે તેના દોષ માફ કરો– પછી ભલે તેણે વિધિપૂર્વક દેહશુદ્ધિ ન કરી હોય." 20યહોવાએ હિઝિક્યાની પ્રાર્થના સાંભળી અને લોકોને કશી ઈજા ન કરી. 21આ રીતે ઈસ્રાએલી લોકોએ યરૂશાલેમમાં સાત દિવસ સુધી બહુ આનંદ સાથે બેખમીર રોટલીના પાસ્ખાપર્વની ઉજવણી કરી. તે દરમ્યાન લેવીઓ અને યાજકો દરરોજ ગીતો અને વાજીંત્રો સાથે યહોવાની સ્તુતિ કરતા હતા. 22હિઝિક્યા રાજાએ લેવીઓને દેવળમાં ઉત્તમ સેવા આપવા બદલ અત્યંત પ્રશંસા કરી. આમ સાત દિવસ સુધી ઉજવણી ચાલુ રાખી, અને શાંત્યર્પણોના બલિદાન અર્પવામાં આવ્યાં અને લોકોએ તેઓના પિતૃઓના દેવ યહોવાનો આભાર માન્યો અને તેમની સ્તુતિ કરી.

23ત્યારબાદ સમગ્ર સંઘ બીજા સાત દિવસ સુધી ઉત્સવ ઉજવવા માટે સંમત થયો. અને તેમણે બીજા સાત દિવસ સુધી આનંદોત્સવ કર્યો. 24કારણકે, યહૂદાના રાજા હિઝિક્યાએ સંઘ તરફથી ધરાવવા માટે 1,000 બળદો અને 7,000 ઘેટાં પૂરા પાડ્યા હતા, અને તેના અમલદારોએ એ ઉપરાંત બીજા 1,000 બળદો અને 10,000 ઘેટાં આપ્યા હતાં અને યાજકોએ મોટી સંખ્યામાં દેહશુદ્ધિ કરી હતી. 25એ યાજકો અને લેવીઓ સહિત યહૂદાના સમગ્ર સંઘે તેમજ ઈસ્રાએલથી આવેલા સમગ્ર સંઘે તથા જે વિદેશીઓ ઈસ્રાએલથી આવ્યા હતા તેમજ જેઓ યહૂદામાં વસતાં હતા એ બધાએ આનંદોત્સવ માણ્યો. 26યરૂશાલેમમાં પણ ભવ્ય આનંદ ઉત્સવ ઉજવાયો. જે ઈસ્રાએલના રાજા સુલેમાનના સમય પછી કદી થયો જાણ્યો નથી. 27ત્યારબાદ યાજકો અને લેવીઓએ ઊભા થઈ આશીર્વાદ આપ્યા, તેમનો અવાજ દેવના પવિત્ર નિવાસમાં–સ્વર્ગમાં પહોંચ્યો અને દેવે તેમની પ્રાર્થના સ્વીકારી.

## હિઝિક્યાએ શરૂ કરેલી સુધારણા

31 ત્યારબાદ હાજર રહેલાં બધા ઈસ્રાએલીઓ યહૂદાના ગામડાઓમાં ઊપડી ગયા, અને ત્યાંના પૂજાસ્તંભો તોડી પાડ્યાં, અશેરાદેવીની પ્રતિમાઓ, ટેકરી ઉપરનાં થાનકો અને વેદીઓ ભાંગી નાખ્યાં. અને સમગ્ર યહૂદા, બિન્યામીન, એફ્રાઈમ અને મનાશ્શાના વંશના પ્રદેશોમાંથી તેમનું નામેનિશાન મિટાવી દીધું. એ પછી બધા ઈસ્રાએલીઓ પોતપોતાના ગામમાં પોતપોતાને ઘેર પાછા ફર્યા.

2તે પછી હિઝિક્યાએ યાજકોને અને લેવીઓને ફરી ટોળીવાર ગોઠવી દીધા અને દરેક યાજકને કે લેવીને તેણે કરવાનું ચોક્કસ કામ નક્કી કરી આપ્યું– પછી તે દહનાર્પણ આપવાનું હોય કે શાંત્યાર્પણ ધરવાનું હોય, કે મંદિરના જુદા જુદા ભાગોમાં સેવાપૂજા કરવાનું હોય, સ્તોત્રો ગાવાનું હોય કે ભજન–કીર્તન કરવાનું હોય, 3રાજાએ પોતાના અંગત ઢોરઢાંખરમાંથી દરરોજ સવારે તેમજ સાંજે, તથા વિશ્રામવારોએ, ચંદ્રદર્શનને દિવસે અને ખાસ પર્વોને દિવસે યહોવાના નિયમમાં લખ્યા અનુસાર ચડાવવાના દહનાર્પણની જોગવાઈ કરી આપી. 4વળી તેણે યરૂશાલેમના લોકોને આજ્ઞા કરી કે તેઓ પોતાની ઉપજનો થોડો ભાગ યાજકો તથા લેવીઓ પાસે લાવે, જેથી તેઓ દેવના નિયમશાસ્ત્ર પ્રત્યે પોતાને સંપૂર્ણ સમય આપી શકે. 5રાજાનું ફરમાન બહાર પડતાં જ ઈસ્રાએલીઓએ અનાજનો, દ્રાક્ષારસનો, તેલનો, મધનો અને બધી જ ખેતીવાડીની પેદાશનો પહેલો ફાલ ઉદાર હાથે આપ્યો. વળી એટલી જ ઉદારતાથી તેઓ દરેક વસ્તુમાંથી દસમો ભાગ લઈ આવ્યા. 6યહૂદાના ગામોમાં વસતા ઈસ્રાએલીઓ અને યહૂદિયોઓ પણ તેમના દસમા ભાગના ઢોર અને ઘેટાં લઈ આવ્યા અને બીજી ભેટોનો દસમો ભાગ લઈ આવ્યા જે યહોવાને સમર્પિત કરાયો હતો અને તેના ઢગલે ઢગલા ખડકતા ગયા.

7તેમણે આ ઢગલા ખડકવાનું ત્રીજા મહિનામાં શરૂ કર્યુ અને સાતમાં મહિનામાં પૂરું કર્યુ. 8હિઝિક્યાએ અને તેના અમલદારોએ આવીને એ ઢગલા જોઈ યહોવાને અને તેના લોકો ઈસ્રાએલીઓને ધન્યવાદ આપ્યા.

9હિઝિક્યાએ યાજકોને અને લેવીઓને એ ઢગલાઓ વિષે પૂછયું. 10અને મુખ્ય યાજક સાદોકવંશથી અજાર્યાએ જણાવ્યું કે, "લોકોએ યહોવાના મંદિરમાં ભેટો લાવવાનું શરૂ કર્યુ, ત્યારથી અમને પૂરતું ખાવાનું મળી રહે છે. અને એ ઉપરાંત પુષ્કળ વધે છે, કારણ યહોવાએ પોતાના લોકોને પુષ્કળ બરકત આપી છે, આ મોટો ઢગ તો જે કઈ વધ્યું તેનો છે."

11ત્યારે હિઝિક્યાએ યાજકોને યહોવાના મંદિરમાં કોઠારો કરાવી લેવાને ફરમાવ્યું ને તેમ કરવામાં આવ્યું. 12યાજકો પ્રમાણિકપણે દસમો ભાગ અને યહોવાને સમર્પવાની બીજી બધી ભેટો લાવ્યાં, લેવી કોનાન્યા એની સંભાળ રાખતો હતો અને તેનો ભાઈ શિમઈ તેનો મદદનીશ હતો. 13રાજા હિઝિક્યાએ અને મંદિરના મુખ્ય કારભારી અજાર્યાએ કોનાન્યાના અને તેના ભાઈ શિમઈના હાથ નીચે કામ કરવા યહિયેલ, અજાઝ્યા , નહૈથ, અસોહલ યરિમોથ, યોજાબાદ, એલિયેલ, યિસ્માખ્યા, માહાથ, અને બનાયાની નિમણૂંક કરી. 14પૂર્વના દરવાજાના દ્વારપાળ લેવી યિમ્નાહના પુત્ર કોરેને દેવને ધરાવેલી બધી ભેટો સ્વીકારવાની અને તેમની ફાળવણી કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. 15એદન, મિનિયામીન, યેશુઆ, શમાયા, અમાર્યા અને સખાન્યાએ કોરેને મદદ કરી યાજકોના નગરોમાં તેઓ રહ્યાં અને નાના મોટા સૌ લેવીબંધુઓને તેમના વર્ગ અનુસાર તેમના ભાગની ફાળવણી કરતા હતાં. 16ગમે તે કુળના હોય તોયે, જે કાંઇ યહોવાના મંદિરમાં આવતું તે બધા લોકોમાં કે જે 3 વર્ષ અને તેનાથી ઉપરની ઉંમરના હોય કે જે મંદિરમાં કામ કરવા માટે તેમની જવાબદારી નિભાવવા આવ્યા હોય તેમના વર્ગ અનુસાર ભાગ વહેંચવામાં આવતો હતો. 17યાજકોની નોંધણી કુટુંબવાર કરવામાં આવી હતી. જ્યારે વીસ વર્ષના અને તેથી વધુ ઉંમરના લેવીઓની નોંધણી તેમની ફરજો અને દરજ્જા વાર કરવામાં આવી હતી. 18આ રીતે, નોંધાયેલા સર્વ કુટુંબોના બાળબચ્ચાઓને, પત્નીઓને અને બાળકોને પણ તેઓ ખોરાક આપતા હતા, કારણકે તેઓ પોતાનો સર્વ સમય અને શકિત મંદિરનું કામ કરવામાં વાપરતા હતા અને તેઓ પાસે આવકનું બીજું કોઈ સાધન હતું નહીં. 19વળી જે હારુનના વંશજો યાજકો હતા તેઓ પોતાના દરેક નગરની આસપાસના ગામડામાં રહેતા હતા. તેઓને માટે પણ કેટલાક ચૂંટેલા માણસોને નીમવામાં આવ્યા હતા, જેથી તેઓ યાજકોમાંના સર્વ પુરુષોને તથા લેવીઓમાં જેઓ વંશાવાળી પ્રમાણે ગણાયા હતા તેઓ સર્વને ભાગ વહેંચી આપે.

20સમગ્ર યહૂદામાં આ વ્યવસ્થા અમલમાં હતી. હિઝિક્યાએ યહોવા પોતાના દેવ સામે, સાચું અને સારૂં ગણાય એવું આચરણ કર્યુ. 21તેણે યહોવાના મંદિરની સેવા અર્થે અને ધર્મસંહિતાને તેની આજ્ઞાઓના પાલન અર્થે જે જે કર્યુ તે બધું સાચા હૃદયથી તે દેવ પ્રત્યેની પૂર્ણ નિષ્ઠાથી કર્યુ. અને તેને સફળતા મળી.

### યહૂદા ઉપર આશ્શૂરનું આક્રમણ

32 હિઝિક્યા રાજાએ આ સેવાભકિતના કાર્યો નિષ્ઠાપૂર્વક કર્યા પછી આશ્શૂરના રાજા સાન્હેરીબે યહૂદા ઉપર ચઢાઈ કરી અને કિલ્લેબંદીવાળાં શહેરો સામે પડાવ નાખ્યો અને તેમને હુમલો કરીને કબજે કરવાનો હુકમ આપ્યો. 2જ્યારે હિઝિક્યાએ જોયું કે સાન્હેરીબ આવ્યો છે તે યરૂશાલેમ ઉપર હલ્લો કરવા આવ્યો છે. 3ત્યારે હિઝિક્યાએ પોતાના સરદારો અને અધિકારીઓને યુદ્ધ અંગે મંત્રણા કરવા બોલાવ્યા. નગરની બહાર આવેલા પાણીના ઝરાઓને બંધ કરી દેવા એવું નક્કી કરવામાં આવ્યું. 4મોટી સંખ્યામાં લોકો ભેગા થયા અને તેમણે બધાં ઝરાને બંધ કરી દીધાં અને એ વિસ્તાર, પ્રદેશમાંથી પસાર થતાં વહેતા ઝરણાને પણ બંધ કરી દીધા. તેમણે વિચાર્યુ કે, "આશ્શૂરના રાજા જ્યારે અહીં આવે ત્યારે તેમને મબલખ પાણી શા માટે મળવા દેવું?" 5હિઝિક્યાએ સંરક્ષણની પાકી વ્યવસ્થા કરી, અને કિલ્લાની દીવાલ જ્યાં જ્યાં તૂટી ગઈ હતી, ત્યાં ત્યાં તેનું સમારકામ કર્યુ, બુરજો બાંધીને તથા કિલ્લાની બહાર બીજી દીવાલ ચણીને તેણે નગરને વધુ સુરક્ષિત બનાવ્યું. "દાઉદનું નગર" નામે ઓળખાતા નગરના જૂના ભાગને તેણે ફરીથી બંધાવ્યુ. અને મોટી સંખ્યામાં હથિયારો અને ઢાલો બનાવડાવ્યાં. 6તેણે લશ્કરના સેનાપતિઓની નિમણૂંક કરી અને તેમને શહેરના દરવાજા પાસેના ચોકમાં એકઠા કરી પાનો ચડાવવા આ પ્રમાણે કહ્યું, 7"તમે બળવાન તથા બહાદુર થાઓ અને આશ્શૂરના રાજાથી કે તેના મોટા સૈન્યથી ડરશો નહીં. કારણકે આપણી સાથે જે એક દેવ છે તે તે બધાં કરતાં અતિ મહાન છે, 8તેની પાસે મોટું સૈન્ય છે પણ તેઓ માત્ર માણસો છે, જ્યારે આપણાં યુદ્ધો લડવા આપણી સાથે યહોવા આપણા દેવ છે." હિઝિક્યાના ભાષણથી લોકો ઉત્સાહિત થયા હતાં.

9તે પછી પોતાના લશ્કર સાથે લાખીશની બહાર પડાવ નાખીને રહેલા આશ્શૂરના રાજા સાન્હેરીબ યહૂદાના રાજા હિઝિક્યાને અને યરૂશાલેમમાં વસતા બધા યહૂદીઓને માણસો મોકલીને સંદેશો પાઠવ્યો કે, 10"આશ્શૂરના રાજા સાન્હેરીબનો સંદેશો સાંભળો, 'તમે કોના ઉપર ભરોસો રાખીને યરૂશાલેમની ઘેરાબંધી સહન કરી રહ્યા છો? 11"યહોવા અમારા દેવ અમને આશ્શૂરના રાજાના હાથમાંથી બચાવશે," એમ હિઝિક્યા તમને કહે છે, "તે તમને છેતરે છે, તમે દુકાળ અને તરસથી મરી જશો." 12શું એ જ હિઝિક્યાએ ટેકરી પરના દેવના પૂજા સ્થળને ખસેડી તથા તેની વેદીઓ તોડીને યહૂદિયાને તથા યરૂશાલેમને સૂચના નહોતી આપી કે તમારે એક જ વેદી આગળ પૂજા કરવી તથા તેનાજ ઉપર તમારે ધૂપ બાળવો? 13તમને ખબર નથી કે મેં અને મારા પિતૃઓએ બીજા દેશોના લોકોના શા હાલ કર્યા છે? એ દેશોની એક પણ પ્રજાના દેવો તેમને મારાથી કદી બચાવી શક્યા છે? 14મારા પિતૃઓએ ઉચ્છેદી નાખેલી પ્રજાઓના દેવોમાંથી મને એક નામ તો બતાવો જે પોતાના લોકોને અમારાથી બચાવી શક્યા હોય? તો પછી તમારા દેવ તમને શી રીતે બચાવવાના છે? 15હિઝિક્યાથી ભોળાવાશો નહીં, એનાથી આમ છેતરાશો નહી, એની વાત માનશો નહીં, કારણ કોઈપણ પ્રજાનો કે રાજ્યના કોઈપણ દેવ પોતાના લોકોને મારાથી કે મારા પૂર્વજોથી બચાવી શક્યા નથી. તો પછી તમારા દેવ શું કરવાના હતાં?"

16આ મુજબ, સંદેશવાહકે, યહોવા દેવની, અને દેવના સેવક હિઝિક્યાની વિરૂદ્ધ કાંઇક બીજી વસ્તુઓ કીધી.

17ઉપરાંત સાન્હેરીબ પોતે પણ ઈસ્રાએલના દેવ યહોવાનું
અપમાન કરતા પત્રો લખ્યા હતા. તેમાં તેણે લખ્યું હતું કે,
"જેમ બીજા દેશોની પ્રજાઓના દેવો પોતાના લોકોને મારાથી
બચાવી શક્યા નથી તેમ હિઝિક્યાના દેવ પણ એની પ્રજાને
મારાથી નહીં બચાવી શકે." 18સંદેશવાહકોએ જેમણે પત્ર
વાંચ્યા તેમણે નગરની દિવાલ પર એકઠાં થયેલાં લોકોને
યહૂદીભાષામાં મોટે અવાજે ધમકીઓ આપીને તેઓને
ડરાવીનો યરૂશાલેમને કબ્જે કરવા પ્રયત્નો કર્યા.
19યરૂશાલેમના દેવ પણ જગતના બીજા લોકોના દેવો જેવા
માણસે ઘડેલા દેવ હોય એમ તેઓ તેને વિષે બોલતા હતા.

20આ પરિસ્થિતિમાં રાજા હિઝિક્યાએ અને અમોસના
પુત્ર યશાયા પ્રબોધકે આકાશમાંના દેવની પ્રાર્થના કરી અને
દેવનેઘા નાખી. 21આથી યહોવાએ એક દેવદૂતને મોકલ્યો.
તેણે આશ્શૂરના રાજાની છાવણીમાંના બધા યોદ્ધાઓને,
સેનાપતિઓને અને અમલદારોને કાપી નાંખ્યા, અને
સાન્હેરીબને શરમિંદા બનીને પોતાને દેશ પાછું જવું પડ્યું તે
પોતાના દેવના મંદિરમાં ગયો અને ત્યાં તેના પોતાના જ
કોઈ પુત્રએ તેને તલવારથી કાપી નાખ્યો. 22આ રીતે યહોવાએ
હિઝિક્યાને તથા યરૂશાલેમના રહેવાસીઓને આશ્શૂરના રાજા
સાન્હેરીબના હાથમાંથી તથા સર્વના હાથમાંથી ઉગારી લીધા,
ને ચારે બાજુથી તેઓનું રક્ષણ કર્યુ. 23ઘણાં લોકો યરૂશાલેમમાં
યહોવાને માટે અર્પણો લાવ્યા, તથા યહૂદાના રાજા હિઝિક્યાને
ઉત્તમ વસ્તુઓ ભેટમાં આપી; આ સમયથી તે સર્વ પ્રજાઓમાં
નામાંકિત થયો.

24પછીથી હિઝિક્યા માંદો પડ્યો, અને મરણપથારીએ હતો,
ત્યાંથી તેણે યહોવાને પ્રાર્થના કરી; તેના જવાબમાં તેને એક
ચમત્કાર આપવામાં આવ્યો. 25છતાં પણ હિઝિક્યાએ પોતાના
પર થયેલા ઉપકારનો બદલો યોગ્ય રીતે વાળ્યો નહીં; તેથી
હિઝિક્યા પર, તેમજ યહૂદિયા તથા યરૂશાલેમ પર દેવ
કોપાયમાન થયો. 26ત્યારે તેનો ગર્વ ગળી ગયો અને તેણે
અને યહૂદા અને યરૂશાલેમના વતનીઓએ પણ ભૂલ કબૂલ
કરી. આથી હિઝિક્યાના જીવન દરમ્યાન યહોવાનો રોષ
ફરી તેમના પર ઊતર્યો નહીં.

27હિઝિક્યા પુષ્કળ સંપત્તિ અને કીર્તિ પામ્યો. તેણે સોનું
ચાંદી, રત્નો, અત્તરો, ઢાલ અને બીજી કિંમતી વસ્તુઓ રાખવા
ભંડારો 28તેમજ અનાજની ફસલ, દ્રાક્ષારસ અને તેલ માટે
કોઠારો, અને બધી જાતનાં ઢોર માટે તબેલા-કોઠાર તથા
ઘેટાં માટે વાડા બંધાવ્યા. 29વળી તેણે નગરો બંધાવ્યા, અને
પુષ્કળ ઘેટાબકરાના ટોળાં તથા ઢોરઢાંખર પણ ભેગા કર્યા.
દેવે તેને સાચેજ પુષ્કળ સંપત્તિ આપી હતી. 30એ જ
હિઝિક્યાએ ગિહોનના ઉપરથી વહેતા ઝરણાંને બંધ કરી
તેના પાણીને સીધાં દાઉદનગરની પશ્ચિમે વાળ્યાં, હિઝિક્યાએ
જે કંઈ હાથમા લીધું તેમાં તે સફળ થયો.

31બાબિલના સત્તાવાળાઓએ દેશમાં બનેલા ચમત્કાર
વિશે તેને પૂછવા મોકલેલા દૂતોની બાબતમાં જ દેવે તેનો
ત્યાગ કર્યો હતો, પણ તે ફક્ત તેની પરીક્ષા કરવા અને તેના
મનમાં શું છે તે જાણવા માટે જ.

32હિઝિક્યાની અન્ય વાતો અને તેણે જે સારા કાર્યો કર્યા
હતા તે વિશેની નોંધ આમોસના પુત્ર યશાયા પ્રબોધકના
પુસ્તકમાં તથા યહૂદાના અને ઈસ્રાએલના રાજાઓનાં
ઈતિહાસના પુસ્તકમાં નોંધેલી છે. 33આખરે હિઝિક્યા
પિતૃલોકને પામ્યો અને તેને તેના પિતૃઓ સાથે દાઉદના
વંશજોના કબ્રસ્તાનમાં ઉપરના ભાગમાં દફનાવવામાં
આવ્યો, તે મૃત્યુ પામ્યો ત્યારે યહૂદિયાના બધા લોકોએ
અને યરૂશાલેમના બધાં વતનીઓએ તેનું સન્માન કર્યુ અને
તેના પછી તેનો પુત્ર મનાશ્શા ગાદીએ આવ્યો.

### યહૂદાનો રાજા મનાશ્શા

33 મનાશ્શા બાર વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો અને
તેણે 55 વર્ષ યરૂશાલેમમાં રાજ્ય કર્યુ.
2ઈસ્રાએલીઓને ખાતર યહોવાએ જે પ્રજાઓને હાંકી કાઢી
હતી તે પ્રજાઓના ધૃણાજનક આચારોનું અનુસરણ કરી
તેણે યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ.
3એના પિતા હિઝિક્યાએ ટેકરી ઉપરનાં જે સ્થાનકો તોડી
પાડ્યા હતાં તે એણે ફરી બંધાવ્યાં, બઆલદેવને માટે વેદીઓ
ચણાવી, અશેરાદેવીની પ્રતિમાઓ ઊભી કરાવી, અને
આકાશના બધાં નક્ષત્રોની સેવાપૂજા કરવાનું શરું કર્યુ. 4જે
મંદિરને વિષે યહોવાએ એમ કહ્યું હતું કે, "યરૂશાલેમમાં
મારું નામ સદાકાળ કાયમ રહેશે." તે મંદિરમાં અન્ય દેવોની
તેણે વેદીઓ બંધાવી. 5તે મંદિરના બંને આંગણામાં તેણે
તારાઓની પૂજા કરવા વેદીઓ બંધાવી. 6હિન્નોમની ખીણમાં
મનાશ્શાએ પોતાનાં જ બાળકોનો હોમયજ્ઞ કર્યો. તેણે
મેલીવિદ્યા જાણનારા ભૂવાઓની સલાહ લીધી. તેણે સર્વ
પ્રકારની ભૂંડાઈને ઉત્તેજન આપ્યું. આમ યહોવાને તેણે ઘણા
ગુસ્સે કર્યા, અને તેમનો ગુસ્સો વહોરી લીધો. 7મનાશ્શાએ
દેવના એ મંદિરમાં મૂર્તિ સ્થાપન કરી કે જેના માટે દેવે
દાઉદ અને તેના પુત્ર સુલેમાને કહ્યું હતું કે, "જે મંદિર,
માણસો તથા શહેરને મેં મારુંનામ રાખવા માટે પસંદ કર્યુ
છે, કે ઈસ્રાએલના બીજા કોઈપણ શહેરો કરતાં, તે શહેર
યરૂશાલેમ છે. 8અને જો તમે મારી આજ્ઞાઓને એટલે કે
મૂસાએ તમને આપેલા સર્વ નિયમો અને સૂચનાઓને
આધીન રહેશો તો તમારા પિતૃઓને મેં આપેલા આ દેશમાંથી
ઈસ્રાએલને હું કદી કાઢી મૂકીશ નહીં."

9પરંતુ મનાશ્શાએ યહૂદાના અને યરૂશાલેમનાં
વતનીઓને ગેરમાર્ગે દોર્યા, જેથી તેમણે યહોવાએ
ઈસ્રાએલીઓને ખાતર જે પ્રજાઓનું નિકંદન કાઢયું હતું તેમના
કરતાં પણ ભૂંડા કાર્યો કર્યા.

10યહોવાએ મનાશ્શાને અને તેના લોકોને ચેતવણી આપી
પરંતુ તેમણે તે તરફ લક્ષ ન આપ્યું. 11તેથી યહોવાએ
આશ્શૂરના રાજાના સેનાપતિઓને તેમની સામે મોકલ્યા
અને તેઓ મનાશ્શાને આંકડીએ વતી પકડીને જંજીરથી
જકડી બાબિલ લઈ ગયા. 12મનાશ્શા સંકટમાં ફસાઈ ગયો
એટલે તેણે પોતાના દેવ યહોવાને પ્રસન્ન કરવાનો પ્રયત્ન
કર્યો, અને તેની સમક્ષ ખૂબ ખૂબ પશ્ચાતાપ કર્યો. 13તેણે

પ્રાર્થના કરતાં દેવે તેની પ્રાર્થના સાંભળી, તેની અરજ મંજૂર
રાખી અને તેને પાછો યરૂશાલેમમાં લાવી ફરી ગાદીએ
બેસાડ્યો ત્યારે મનાશ્શાને ખાતરી થઈ કે યહોવા જ દેવ છે.
14આમ બન્યા પછી તેણે દાઉદના નગરની બહારની
દિવાલ ફરી બાંધી, અને કિદ્રોન ખીણમાં ગિહોનના ઝરાની
પશ્ચિમ બાજુએ મચ્છી દરવાજા સુધી તે દિવાલ બાંધી, આ
દિવાલ ઓફેલ પર્વતની બહારની બાજુથી લેવામાં આવી
હતી અને ત્યાં ઘણી ઊંચાઈ સુધી બાંધવામાં આવી હતી
પછી તેણે યહૂદાના સર્વ કિલ્લાવાળા નગરોમાં તેના
સેનાપતિઓને મૂક્યા. 15તેણે અન્ય દેવોને તથા યહોવાના
મંદિરમાંથી પેલી મૂર્તિને, તથા જે સર્વ વેદીઓ તેણે યહોવાના
મંદિરના પર્વત પર તથા યરૂશાલેમમાં બાંધી હતી, તે સર્વને
કાઢીને નગર બહાર નાખી દીધી. 16તેણે યહોવાની વેદી ફરી
બંધાવી. અને ત્યાં શાંત્યાર્પણ અને આભારબલિ ચડાવ્યાં
અને યહૂદાના લોકને ઈસ્રાએલના દેવ યહોવાની સેવાપૂજા
કરવા માટે ફરમાવ્યું. 17તેમ છતાં લોકોએ ટેકરી ઉપરનાં
સ્થાનકોને હોમબલિ ચડાવવાનું ચાલું રાખ્યું, જો કે એ
હોમબલિ તેઓ ફક્ત પોતાના દેવ યહોવાને જ ચડાવતા
હતા.
18મનાશ્શાના બાકીના કાર્યો, તેણે કરેલી તેમના દેવની
પ્રાર્થના, અને ઈસ્રાએલના દેવ યહોવાનો સંદેશો તેને આપનાર
પ્રબોધકોનાં વચનો ઈસ્રાએલના રાજાઓના વૃત્તાંતમાં
નોંધાયેલા છે. 19તેણે કરેલી પ્રાર્થના અને દેવે આપેલો તેનો
જવાબ, તેનાં બધાં પાપો, યહોવા પ્રત્યેની તેની બિનવફાદારી
અને પસ્તાવો કર્યા પહેલાં તેણે ક્યાં ક્યાં ટેકરી પરનાં સ્થાનકો
અને અશેરાદેવીનાં પ્રતીકો ઊભા કર્યા હતાં અને મૂર્તિઓની
સ્થાપના કરી હતી તે બધું પ્રબોધકના વૃત્તાંતમાં નોંધેલું છે.
20અંતે મનાશ્શા પિતૃલોકને પામ્યો અને તેને તેના મહેલમાં
દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર આમોન ગાદીએ
આવ્યો.

### યહૂદાનો રાજા આમોન

21આમોન રાજા થયો ત્યારે તે બાવીસ વર્ષનો હતો; તેણે
યરૂશાલેમમાં બે વર્ષ રાજ્ય કર્યુ. 22જેમ તેના પિતા મનાશ્શાએ
કર્યુ હતું તેમ તેણે યહોવાની દ્રષ્ટિમાં જે ભૂંડું હતું તે જ કર્યુ.
તેના પિતા મનાશ્શાએ કોતરેલી મૂર્તિઓ બનાવી હતી તે
સર્વને આમોને હોમબલિ આપ્યાં; ને તેઓની પૂજા કરી.
23જેમ તેનો પિતા મનાશ્શાહ નમ્ર, થઈ ગયો હતો તેમ તે
યહોવાની આગળ થયો નહીં; પણ આમોન ઉત્તરોત્તર અધિક
પાપો કરતો ગયો. 24જેમ તેના પાપો વધતાં ગયા, તેના
દરબારીઓએ તેની વિરૂદ્ધ કાવતરું કર્યુ. અને તેને મહેલમાં
જ મારી નાંખ્યો. 25પણ દેશના લોકોએ, બધા કાવતરાખોરોને
મારી નાંખ્યા અને એના પુત્ર યોશિયાને ગાદીએ બેસાડ્યો.

### યહૂદાનો રાજા યોશિયા

34 જ્યારે યોશિયા ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર
આઠ વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 31
વર્ષ રાજ્ય કર્યુ. 2યહોવાની દ્રષ્ટિએ યોગ્ય ગણાય એવું આચરણ
તેણે કર્યુ સહેજ પણ આમ કે તેમ ફંટાયા વગર તે પોતાના
પિતૃ દાઉદને પગલે ચાલ્યો. 3તેના શાસનના આઠમે વર્ષે તે
હજી કાચી ઉંમરનો જ હતો ત્યારે, તેણે પોતાના પિતૃ દાઉદના
દેવની ભક્તિ કરવાનું શરૂ કર્યુ. બારમે વર્ષે તેણે ટેકરી ઉપરનાં
સ્થાનકો, અશેરાદેવીની પ્રતિમાઓ અને બીજી બધી મૂર્તિઓ
હઠાવી યહૂદા અને યરૂશાલેમનું શુદ્ધિકરણ કરવાનું શરૂ કર્યુ.
4તેણે પોતાની દેખરેખ નીચે બઆલદેવની વેદીઓ ભાંગી
નંખાવી અને તેની પાસેની ધૂપની વેદીઓ તોડી પડાવી.
અને કોતરેલી અને ઢાળેલી અશેરાદેવીની અને બીજી બધી
મૂર્તિઓ ભંગાવી નંખાવી. તેણે તેમનો દળીને ભૂકો કરાવી
તેને તેઓની કબર ઉપર ભભરાવ્યો જેઓ આ મૂર્તિઓને
બલિ ચઢાવતાં હતાં. 5તેણે તે લોકોના યાજકોના હાડકાં
તેમની વેદીઓ ઉપર બાળી નંખાવ્યાં અને એ રીતે યહૂદાની
અને યરૂશાલેમની શુદ્ધિ કરી. 6તેણે આ પ્રમાણે મનાશ્શા,
એફ્રાઈમ, શિમયોન, અને ઠેઠ નફતાલીના નગરોમાં કર્યું
અને આસપાસના ખેદાન-મેદાન થઈ ગયેલા વિસ્તારોમાં
પણ તેણે આમ જ કર્યુ.
7સમગ્ર ઈસ્રાએલમાં તેણે વેદીઓ ભાંગી નંખાવી અને
અશેરાદેવીના સ્તંભો તોડી પાડ્યાં અને તેણે મૂર્તિઓ તોડી
પડાવી તેમનો દળીને ભુકો કરી નંખાવ્યો, ને બધી ધૂપની
વેદીઓનો નાશ કરાવ્યો. ત્યારપછી તે પાછો યરૂશાલેમ
આવ્યો.
8દેશનું અને મંદિરનું શુદ્ધિકરણ કર્યા પછી તેના શાસનના
અઢારમા વર્ષે, તેણે અસાલ્યાના પુત્ર સાફાનને તથા નગરના
સૂબા માઅસેયાને તથા ઈતિહાસકાર યોઆહાઝના પુત્ર
યોઆહને પોતાના દેવ યહોવાનું મંદિર ફરી બાંધવા, મરામત
કરાવવા મોકલ્યા.
9તેમણે મુખ્ય યાજક હિલ્કિયા પાસે જઈને દેવના મંદિર
માટે ઉઘરાવાયેલી બધી ચાંદી તેને આપી. એ ચાંદી લેવીઓ
દ્વારા મનાશ્શા, એફ્રાઈમના દરવાજેથી અને ઈસ્રાએલના
બાકીના ભાગમાંથી ઉઘરાવાયેલી હતી, તેમજ યહૂદામાંથી
બિન્યામીનના પ્રદેશમાંથી તેમજ યરૂશાલેમના વતનીઓ
પાસેથી પણ તેમણે ચાંદી ઉઘરાવી હતી. 10ત્યારબાદ એ
ચાંદી યહોવાના મંદિરમાં ચાલતા કામ ઉપર દેખરેખ
રાખનારાઓને સોંપવામા આવી અને તેમણે એ ચાંદી મંદિરની
મરામત કરવા માટે 11સુથારોને અને કડિયાઓને આપી
દીધી. જેથી તેઓ યહોબાના યહૂદાના રાજાઓ દ્વારા ભંગાર
થઈ જવા દીધેલાં મોભ અને પાટિયા માટે લાકડું તેમજ
ઘડેલા પથ્થર ખરીદી શકે.
12એ માણસો પ્રમાણિકતાથી કામ કરતા હતા. મરારીના
કુટુંબના લેવીઓ યાહાથ અને ઓબાદ્યા અને કહાથના
કુટુંબના ઝખાર્યા અને મશુલ્લામ તેમના ઉપર દેખરેખ રાખતા
હતા. લેવીઓ બધા કુશળ સંગીતકાર હતા. 13કુલીઓ ઉપર
તેમજ જુદાં જુદાં કામોના કારીગરો ઉપર પણ તેઓ જ નજર
રાખતા હતા. કેટલાક લહિયા, કારકુનો અને દ્વારપાળો તરીકે
કામ કરતા હતા.

## નિયમના પુસ્તકની પ્રાપ્તી

14જે પૈસા લોકોએ યહોવાના મંદિરમાં સંગ્રહ કરેલા હતા.
તે તેઓ કાઢતા હતા, તેવામાં મૂસા મારફતે આપવામાં આવેલી
યહોવાનું નિયમનું પુસ્તક મળી આવ્યું. 15તેણે રાજમંત્રી
શાફાનને કહ્યું, "યહોવાના મંદિરમાંનું નિયમનું પુસ્તક મને
મળ્યું છે;" અને પુસ્તક તેને આપી દીધું. 16સાફાન તે પુસ્તક
રાજા પાસે લઈ ગયો અને કહ્યું, "આપના સેવકો તેમને
સોંપેલું કામ કરી રહ્યાં છે. 17તેમણે યહોવાના મંદિર માટે
આવેલી ચાંદી બહાર કાઢી લીધી છે, અને મુકાદમોને અને
કારીગરોને સોંપી દીધી છે. " 18રાજમંત્રી શાફાને રાજાને એ
પણ કહ્યું કે, "યાજક હિલ્કિયાએ મને એક પુસ્તક આપ્યું
છે." અને તેણે તે રાજા સમક્ષ વાંચી સંભળાવ્યું. 19નિયમશાસ્ત્ર
પુસ્તકમાંના વચનો સાંભળીને રાજાએ શોકથી પોતાના વસ્ત્રો
ફાડી નાખ્યાં 20અને હિલ્કિયાને, શાફાનના પુત્ર અહીકામને,
મીખાહના પુત્ર આબ્દોનને, મંત્રી શાફાનને તથા સેવક
અસાયાને હુકમ કર્યો કે, 21"તમે જાઓ, મારે ખાતર, તેમજ
ઈસ્રાએલમાં તથા યહૂદામાં બાકી રહેલાઓને ખાતર, મળી
આવેલા પુસ્તકનાં વચનો સંબંધી યહોવાની સલાહ પૂછો;
કેમ કે યહોવાનો રોષ આપણા ઉપર થયો છે તે ભયંકર છે,
કારણકે આ પુસ્તકમાં જે જે લખેલું છે તે પ્રમાણે આપણા
પિતૃઓએ યહોવાનું વચન પાળ્યું નથી."

22આ માણસો હુલ્દાહ પ્રબોધિકા પાસે ગયા અને રાજાની
મુશ્કેલી જણાવી. હુલ્દાહ પ્રબોધીકા શાલ્લુમની પત્ની હતી.
હસ્રાહના પુત્ર તોકહાથનો પુત્ર શાલ્લુમ રાજાના
વસ્ત્રભંડારનો ઉપરી હતો. હુલ્દાહ યરૂશાલેમનાં નવા
ભાગમાં રહેતી હતી. 23પ્રબોધકોએ ઉત્તર આપ્યો, ઈસ્રાએલના
યહોવા દેવ કહે છે કે "જે માણસે તમને મોકલ્યો તેને કહો
24આ ઈસ્રાએલના દેવ યહોવાના વચન છે; 'હું આ જગ્યા
ઉપર અને એના વતનીઓ ઉપર આફત ઉતારનાર છું,
યહૂદાના રાજા સમક્ષ વાંચવામાં આવેલા પુસ્કતમાં લખેલા
બધા શાપો અમલમાં આણનાર છે. 25કારણ, એ લોકોએ
મને છોડી દઈને અન્ય દેવોને બલિ ચડાવ્યા છે અને પોતાનાં
બધાં કૃત્યોથી મારો રોષ વહોરી લીધો છે. મારો રોષ આ
જગ્યા સામે ભડભડી રહ્યો છે અને એ શાંત પડવાનો નથી.'

26"આ બાબતમાં યહોવાને પૂછવા માટે તમને મોકલનાર
રાજાને કહી દો કે જે વાતો તમે થોડા સમય પહેલા સાંભળી
છે તે માટે, ઈસ્રાએલના યહોવા કહે છે, 27"આ જગ્યા અને
એના વતનીઓ વિરૂદ્ધ મેં ઉચ્ચારેલી ચેતવણી સાંભળીને
તારું હૃદય પીગળી ગયું છે, અને પશ્ચાતાપથી તેં તારા કપડાં
ફાડ્યાં છે અને તું મારી સમક્ષ રડી પડીને મને પગે લાગ્યો
છે, તેથી મેં પણ તારી અરજ સાંભળી છે, 28હું આ જગ્યા
અને તેના વતનીઓ ઉપર જે આફતો ઉતારનારો છું તે તારે
નજરે જોવી નહીં પડે, તે પહેલાં તું તારા પિતૃઓ ભેગો થઈ
જશે અને શાંતિથી કબરમાં પહોંચી જશે.'" આ જવાબ લઈને
તેઓ રાજા પાસે ગયા.

29પછી રાજાએ યહૂદા અને યરૂશાલેમના સર્વ વડીલોને
એકત્ર થવાની આજ્ઞા કરી. 30તેણે યાજકો, લેવીઓ અને
નાનામોટા સર્વ લોકોને પોતાની સાથે મંદિરમાં એકત્ર કર્યા.
રાજાએ મંદિરમાંથી મળી આવેલા કરારનાં પુસ્તકમાંથી વચનો
વાંચી સંભળાવ્યા. 31ત્યારબાદ મંચ ઉપર ઊભા રહીને રાજાએ
યહોવા સમક્ષ યહોવાને અનુસરવાની, અને તેની બધી
આજ્ઞાઓ, કાનૂનો અને નિયમોનું પૂર્ણ હૃદયથી પાલન
કરવાની, અને તે રીતે પુસ્તકમાં લખેલી કરારની બધી શરતોનો
અમલ કરવાની પ્રતિજ્ઞા લીધી. 32ત્યારબાદ તેણે
બિન્યામીનના લોકો અને યરૂશાલેમમાં જેઓ હાજર હતા
તેઓ બધા પાસે કરારનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી.
એ પછી યરૂશાલેમમાં વતનીઓએ પોતાના પિતૃઓના દેવ
યહોવા સાથેનો કરાર પાળ્યો પણ ખરો. 33યોશિયાએ યહૂદીઓ
જે પ્રદેશમાં રહેતા હતા ત્યાંથી સર્વ મૂર્તિઓ દૂર કરી, અને
તેમના દેવ યહોવાનું ભજન કરવા આજ્ઞા કરી. તેના બાકીના
જીવનકાળ દરમિયાન સર્વ લોકો તેઓના પિતૃઓના દેવ
યહોવાની સેવામાં ચાલુ રહ્યાં, યહોવાના માર્ગે ચાલવામાં
તેઓ જરા ય પાછા ન પડ્યાં.

## યોશિયા પાસ્ખાપર્વની ઉજવણી

35 ત્યારબાદ યોશિયાએ જાહેર કર્યુ કે એપ્રિલ
મહિનાના ચૌદમા દિવસે યરૂશાલેમમાં
પાસ્ખાપર્વ ઉજવવામાં આવશે. તે સાંજે પાસ્ખાના હલવાનો
વધ કરવામાં આવ્યો. 2તેણે યાજકોને પોતપોતાને સ્થાને ફરી
નીમ્યા અને તેમને યહોવાના મંદિરમાં પોતાની ફરજ
બજાવવા માટે ઉત્તેજન આપ્યું. 3પછી તેણે લેવીઓ, જેઓ
યહોવાને સમર્પિત ઈસ્રાએલના શિક્ષકો હતાં તેમને કહ્યું કે,
"ઈસ્રાએલના રાજા દાઉદના પુત્ર સુલેમાને બંધાવેલા મંદિરમાં
પવિત્ર કોશ મૂકો. હવે એને તમારે ખભે ઉપાડવાની જરૂર
નથી, હવે તમે યહોવા તમારા દેવની અને તેના લોકો,
ઈસ્રાએલીઓની સેવા કરો; 4ઈસ્રાએલના રાજા દાઉદ અને
તેના પુત્ર સુલેમાનની સૂચનાઓમાં લખ્યા પ્રમાણે તમે
કુટુંબવાર ટૂકડીઓમાં ગોઠવાઈ જાઓ. જેથી 5સામાન્ય
પ્રજાજનોના પ્રત્યેક કુળસમૂહદીઠ લેવીઓની એક ટૂકડી
સેવામાં હોય. 6પાસ્ખાનો બલિ વધેરો, તમારી દેહશુદ્ધિ કરો
અને તમારા ભાઈઓ માટે બધી તૈયારી કરો, જેથી તેઓ
મૂશા મારફતે અપાયેલી યહોવાની આજ્ઞાનું પાલન કરી શકે."

7પાસ્ખાનાં અર્પણો માટે રાજાએ લોકોને 30,000 હલવાનો
અને લવારાં આપ્યો. વળી 3,000 જવાન બળદો પણ આપ્યાં.
8રાજાના અધિકારીઓએ રાજીખુશીથી યાજકોને અને
લેવીઓને અને બાકીના લોકોને દાન આપ્યાં. મંદિરના
અધિકારીઓ હિલ્કિયા, ઝખાર્યા અને યહીયેલે યાજકોને
પાસ્ખાનાં અર્પણો તરીકે 2,600 ઘેટાં અને બકરા તથા 300
બળદો આપ્યા. 9લેવીઓના આગેવાનો, કોનાન્યા, શમાયા,
નથાનએલ, અને તેના ભાઈઓ હશાબ્યા, યેઈએલ, અને
યોજાબાદે પાસ્ખાનાં અર્પણો માટે લેવીઓને 5,000
ઘેટાંબકરા અને 500 જવાન બળદો આપ્યાં.

10પૂજાની વ્યવસ્થા કરતાં યાજકો પોતાને સ્થાને અને
લેવીઓ પોતપોતાની ટૂકડીઓમાં રાજાના હુકમ મુજબ

ગોઠવાઈ ગયા. તેમણે પાસ્ખાના બલિનો વધ કરવા
માંડ્યો; 11તેઓએ પાસ્ખાના પશુઓની બલિ ચડાવી
લેવીઓ બલિ ચડાવેલા પશુઓની ચામડી ઊતારતા હતા.
પછી યાજકોએ લેવીઓએ આપેલું લોહી વેદી ઉપર
છાંટયું. 12અને દહનાર્પણમાં હોમવાના ભાગ જુદા પાડી
સામાન્ય પ્રજાજનોના કુટુંબોને મૂસાનાં નિયમોમાં જણાવ્યા
મુજબ યહોવાને ચડાવવા માટે, વહેંચી આપતા હતા. એવું
જ બળદોનું પણ કરવામાં આવ્યું. 13મૂસાના નિયમોમાં
જણાવ્યા પ્રમાણે તેઓએ પાસ્ખાનાં હલવાનો અગ્નિમાં
શેક્યાં અને પવિત્ર અર્પણોને તપેલાં, કઢાઈઓ અને
તાવડાઓમાં ઉકાળી ઝટપટ પ્રજાને પીરસી દીધાં. 14ત્યારબાદ
તેમણે પોતાને માટે અને યાજકોને માટે ખાવાનું બનાવ્યું.
યાજકો જે હારુનના વંશજો હતા તેઓ ખૂબ વ્યસ્ત હતા
તેથી પોતાનું ખાવાનું બનાવવા અસમર્થ હતાં, તેઓ અંધારુ
થાય ત્યાં સુધી બલિ ચડાવતા હતા. 15આસાફના કુળના
ગાયકો, આસાફ, હેમાન, અને રાજનબી, યદૂથૂન દાઉદે
ઠરાવેલા નિયમ મુજબ પોતાને સ્થાને ઊભા રહ્યાં, દ્વારપાળો
પણ પોતપોતાને દરવાજે ઊભા રહ્યાં. તેમને પોતાનું
સ્થાન છોડાવાની જરૂર નહોતી પડી કારણ, તેમના
જાતભાઈઓ લેવીઓએ તેમને માટે બધી તૈયારી કરી
હતી.

16આ રીતે, તે દિવસે રાજા યોશિયાની આજ્ઞા પ્રમાણે
યહોવાની સેવાપૂજાની બધી વ્યવસ્થા કરવામાં આવી,
પાસ્ખાની ઉજવણી થઈ અને યહોવાની વેદી ઉપર દહનાર્પણ
ચડાવવામાં આવ્યું. 17ત્યાં હાજર રહેલા ઈસ્રાએલીઓએ એ
વખતે પાસ્ખાનું પર્વ અને બેખમીર રોટીનો ઉત્સવ સાત
દિવસ સુધી ઉજવ્યાં. 18પ્રબોધક શમુએલના વખતથી
ઈસ્રાએલમાં કદી પાસ્ખાનું પર્વ આ રીતે ઊજવાયું નહોતું.
ઈસ્રાએલના કોઈપણ રાજાએ યોશિયાની પેઠે પાસ્ખાનું પર્વ
યાજકો, લેવીઓ, હાજર રહેલા બધા યહૂદાવાસીઓ તથા
ઈસ્રાએલવાસીઓ અને યરૂશાલેમના વતનીઓ સાથે કદી
ઊજવ્યું નહોતું. 19 યોશિયાના રાજ્યને અઢારમે વર્ષે આ
પાસ્ખાપર્વ ઊજવવામાં આવ્યું હતું.

### યોશિયાનું મૃત્યુ

20આ બધું બન્યા પછી, જ્યારે યોશિયાએ મંદિર બાંધવાનું
પૂરુ કરી નાખ્યું હતું ત્યારે, મિસરનો રાજા નખો યુદ્ધ કરવા
માટે ફ્રાતના કાંઠા પરના કાર્કમીશ ઉપર ચઢી આવ્યો. યોશિયા
તેની સામે લડવા ગયો. 21પરંતુ નખોએ દૂતો મોકલીને
કહેવડાવ્યું કે, "ઓ યહૂદાના રાજા, તારે ને મારે શો ઝઘડો
છે? આજે હું તારી સાથે લડવા નથી આવ્યો, પણ જેની સાથે
મારે દુશ્મનાવટ છે તે રાજા સાથે લડવા આવ્યો છું, અને
યહોવાએ મને ઉતાવળ કરવા કહ્યું છે. દેવ મારા પક્ષે છે,
તેની આડે આવીશ નહીં, નહીં તો તે તારો નાશ કરશે."
22પણ યોશિયાએ તેનું સાંભળ્યું નહીં. અને તેની સાથે લડવા
માટે પોતે વેશપલટો કર્યો. દેવની આજ્ઞાથી ઉચ્ચારાયેલાં
નખોના વચન તેણે કાન પર લીધાં નહીં, અને મગિદોના
મેદાનમાં તે યુદ્ધે ચડ્યો. 23બાણાવળીઓને તેના ઉપર મારો
ચલાવ્યો અને તેણે પોતાના અંગરક્ષકોને કહ્યું, "મને લઈ
જાઓ, હું સખત ઘવાયો છું."

24તેઓ તેને તેના રથમાંથી ઉપાડી બીજા રથમાં મૂકી
પાછો યરૂશાલેમ લઈ ગયા, ત્યાં તે મૃત્યુ પામ્યો અને તેને
પિતૃઓની કબરો વચ્ચે દફનાવવામાં આવ્યો, સમગ્ર યહૂદાએ
અને યરૂશાલેમે તેનો શોક પાળ્યો. 25યર્મિયા પ્રબોધકે તથા
મંદિરના ગાયકવૃંદે પણ તેના માટે વિલાપ કર્યો. આજ દિવસ
સુધી તેના મૃત્યુ વિષે વિલાપના ગીતો ગવાય છે, અને આ
ગીતો વિલાપના અધિકૃત પુસ્તકમાં નોંધેલા છે.

26યોશિયાનાં બાકીનાં કૃત્યો, તથા યહોવાના
નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે કરેલાં તેના સુકૃત્યો, 27તથા
તેના બીજાં કામો, પહેલેથી તે છેલ્લે સુધી, ઈસ્રાએલ અને
યહૂદાના રાજાઓના ઈતિહાસના પુસ્તકમાં નોંધેલા છે.

### યહોઆહાઝનો અમલ

36 દેશના લોકોએ યોશિયાના પુત્ર યહોઆહાઝને
નવા રાજા તરીકે પસંદ કર્યો. 2તે જ્યારે ગાદીએ
આવ્યો ત્યારે તેની ઉંમર 23 વર્ષની હતી અને તેણે
યરૂશાલેમમાં ત્રણ મહિના રાજ્ય કર્યુ. 3ત્યારબાદ મિસરના
રાજા નખોએ તેને જેલમાં નાખ્યો અને યહૂદાના દેશ ઉપર
3,400 કિલોગ્રામ ચાંદીની અને 34 કિલોગ્રામ વજનદાર
સોનાની વાર્ષિક ખંડણી નાખી અને યહોઆહાઝનો એ રીતે
દંડ કર્યો. 4તથા તેની જગ્યાએ તેના ભાઈ એલ્યાકીમને
યહૂદાનો અને યરૂશાલેમનો રાજા બનાવ્યો, અને તેનું નામ
બદલીને યહોયાકીમ રાખ્યું નખો તેના ભાઈ યહોઆહાઝ
ને મિસર ઉપાડી ગયો.

### યહૂદાનો રાજા યહોયાકીમ

5યહોયાકીમ ગાદીએ આવ્યો ત્યારે તેની ઊંમર 25 વર્ષની
હતી અને તેણે યરૂશાલેમમાં અગિયાર વર્ષ રાજ્ય કર્યુ.

6તેણે દેવ યહોવાની દ્રષ્ટિએ ખોટું ગણાય એવું આચરણ
કર્યુ. આથી બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર તેના ઉપર
ચડી આવ્યો અને તેને સાંકળ બાંધી બાબિલ લઈ ગયો.
7વળી તે યહોવાના મંદિરની કેટલીક સામગ્રી પણ બાબિલ
લઈ ગયો અને તેને પોતાના મહેલમાં રાખી. 8યહોયાકીમના
રાજ્યમાં બીજા બનાવો, તેણે ઘૃણાજનક કાર્યો કર્યા હતાં
અને જેને માટે તેને ગુનેગાર ઠરાવવામાં આવ્યો હતો તે બધું
ઈસ્રાએલના અને યહૂદાના રાજાઓનાં વૃત્તાંતમાં નોંધાયેલું
છે, તેના પછી તેનો પુત્ર યહોયાકીન ગાદીએ આવ્યો.

### યહૂદાનો રાજા યહોયાકીન

9યહોયાકીન જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 18
વર્ષની હતી. તેણે માત્ર ત્રણ માસ અને ત્રણ દિવસ રાજ્ય
કર્યુ. દેવની દ્રષ્ટિમાં તે ભૂંડાઈનું રાજ્ય હતું. 10ત્યારબાદ
વસંતઋતુમાં નબૂખાદનેસ્સાર રાજાએ તેને બાબિલ
બોલાવ્યો. તે વખતે મંદિરમાંથી ઘણો ખજાનો બાબિલ લઈ

જવામાં આવ્યો. નબૂખાદનેસ્સાર રાજાએ યહોયાકીનના
ભાઈ સિદકિયાને યહૂદા અને યરૂશાલેમમાં નવા રાજા તરીકે
નીમ્યો.

## યહૂદાનો રાજા સિદકિયા

11સિદકિયા ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 21 વર્ષની
હતી. અને તેણે યરૂશાલેમમાં અગિયાર વર્ષ રાજ્ય કર્યુ. 12તેણે
તે દેવ યહોવા વિરૂદ્ધ પાપ કર્યુ, અને યહોવાના મુખ્ય પાત્ર
પ્રબોધક યર્મિયાનું કહ્યું તેણે માથે ચડાવ્યું નહીં.

## યરૂશાલેમનો વિનાશ

13વળી તેણે નબૂખાદનેસ્સાર સામે બળવો કર્યો. જેને
વફાદાર રહેવાને તેણે દેવને નામે સમ ખાધા હતા. તે જક્કી
હતો અને તેણે ઈસ્રાએલના દેવ યહોવાને શરણે પાછા
વળવાની હઠપૂર્વક ના પાડી. 14ઉપરાંત યહૂદાના બધા
આગેવાનો, યાજકો અને લોકો વધુ બગડતા અને બગડતા
ગયા. તેઓ આજુબાજુની પ્રજાઓના દેવોની મૂર્તિઓને પૂજતા
હતા, આમ તેઓએ યરૂશાલેમમાં આવેલા યહોવાના મંદિરને
ભ્રષ્ટ કર્યુ જે તેણે પાવન કર્યુ હતું. 15તેઓના પિતૃઓના દેવ
યહોવાએ વારંવાર પોતાના પ્રબોધકો મોકલીને તેઓને
ચેતવણી આપી, કારણકે પોતાના લોકો પર અને પોતાના
મંદિર ઉપર તેને દયા આવતી હતી. 16પણ તેમણે દેવના
સંદેશવાહકોની ઠેકડી ઉડાવી, દેવના વચનોની ઉપેક્ષા કરી,
અને પ્રબોધકોને હસી કાઢયા, એટલે સુધી કે આખરે તેમના
ઉપર યહોવાનો રોષ એવો તો ઊતર્યો કે કોઈ ઉપાય ન રહ્યો.
17ત્યારે યહોવાએ બાબિલના રાજાને તેમના ઉપર ચડાઈ
કરવા મોકલ્યો. બાબિલના રાજાએ તેમના યુવાન માણસોને
જ્યારે તેઓ મંદિરની અંદર જ હતાં ત્યારે મારી નાખ્યાં.
હદમાં જ કાપી નાખ્યા, તેણે સ્ત્રી કે પુરુષ, વૃદ્ધ કે યુવાન,
સાજાં કે માંદા કોઈનેય છોડ્યાં નહીં. દેવે તેમને બધાંને તેના
હાથમાં સુપ્રત કર્યા હતાં. 18તે યહોવાના મંદિરની નાનીમોટી
બધી જ સામગ્રી તેમજ મંદિરમાંના, રાજાના અને તેના
અમલદારોના ખજાના, બધુંજ બાબિલ લઈ ગયો. 19તેણે
મંદિર બાળી મૂક્યું. યરૂશાલેમની દિવાલ ભોંયભેગી કરી
નાખવામાં આવી હતી. તેના મહેલોને આગ ચાંપી અને
બધી જ કિંમતી વસ્તુઓનો નાશ કર્યો. 20હત્યાઓમાંથી
બચી જવા પામેલાઓને તે બાબિલ બાન પકડી ગયો, અને
ઈરાનીઓ સત્તા પર આવ્યા ત્યાં સુધી તેઓ તેના તથા તેના
વંશજોના ગુલામ રહ્યાં. 21આ રીતે યર્મિયા મારફતે
ઉચ્ચારાયેલી યહોવાની વાણી સાચી પડી. ભૂમિ 70 વર્ષો
સુધી વેરાન થઈ જશે. લોકો દ્વારા વિશ્રામવર્ષની વિશ્રાંતિ *
ન પાળવા માટેની આ ભરપાઈ હશે.”

22યર્મિયા પ્રબોધક દ્વારા આપવામાં આવેલી ભવિષ્યવાણી
પૂર્ણ થાય માટે ઈરાનના રાજા કોરેશના પહેલા વર્ષમાં
યહોવાએ કોરેશને પ્રેરણા કરી કે તે તેના સમગ્ર રાજ્યમાં
એક લેખિત ઢંઢેરો પ્રગટ કરે:

23આકાશના યહોવા દેવે મને પૃથ્વીના સર્વ રાજ્યો આપ્યા
છે; તેણે મને તેને માટે યહૂદામાં આવેલા યરૂશાલેમમાં મંદિર
બાંધવા કહ્યું છે તેના લોકોમાંથી તમારામાં જે કોઈ હોય તે
ભલે જાય. તેના દેવ યહોવા તેને સાથ આપો.

---

**વિશ્રામવર્ષની વિશ્રાંતિ** મૂસાના નિયમ પ્રમાણે દર સાતમે વર્ષે
(વિશ્રામ વર્ષ) ભૂમિને વણ ખેડેલી રાખીને તેને વિશ્રાંતિ આપવી

# કાળવૃત્તાંતનું પહેલું પુસ્તક

### વંશાવળીઓની નોંધ – આદમથી નૂહ

1 આદમ, શેથ, અનોશ; 2કેનાન, મહલાલએલ, યારેદ; 3હનોખ, મથૂશેલા, લામેખ; નૂહ.

4નૂહના પુત્રો: શેમ, હામ તથા યાફેથ.

### યાફેથના વંશજો

5યાફેથના પુત્રો; ગોમેર, માગોગ, માદાય, યાવાન, તુબાલ, મેશેખ તથા તીરાશ.

6ગોમેરના પુત્રો; આશ્કનાજ, રીફાથ અને તોગાર્માહ.

7યાવાનના પુત્રો; એલિશા, તાર્શીશ, કિત્તીમ તથા દોદાનીમ.

### હામના વંશજો

8હામના પુત્રો; કૂશ, મિસરાઈમ, પૂટ તથા કનાન.

9કૂશના પુત્રો: સબાહ, હવીલાહ, સાબ્તાહ, રાઅમાહ તથા સાબ્તેકા, રાઅમાહના પુત્રો; શબા અને દદાન.

10કૂશનો બીજો એક પુત્ર નિમ્રોદ હતો જે પૃથ્વીપરનો સૌથી પહેલો શક્તિશાળી યોદ્ધો હતો.

11મિસરાઈમ આ બધાનો પિતૃ હતો; લૂદીમ, અનામીમ, લહાબીમ, નાફતુહીમ, 12પાથરૂસીમ, કાસ્લુહીમ (પલિસ્તી કાસ્લુહીમ થી ઉતરી આવ્યાં હતાં) અને કાફતોરીમ.

13કનાનના પુત્રો હતાં સિદોન જ્યેષ્ઠ પુત્ર અને હેથ. 14યબૂસી, અમોરી, ગિર્ગાશી; 15હિવ્વી, આર્કી, સીની; 16આર્વાદી, સમારી તથા હમાથી.

### શેમનાં વંશજો

17શેમના પુત્રો; એલામ, આશ્શૂર, આર્પાકશાદ, લૂદ, અરામ, ઉસ, હૂલ, ગેથેર, તથા મેશેખ.

18આર્પાકશાદથી શેલાહ થયો, ને શેલાહથી એબેર થયો.

19એબેરને બે પુત્રો હતાં; એકનું નામ પેલગ હતું, કારણ તેના સમયમાં જગતના લોકોમાં વિભાજન થયું હતું; એના ભાઈનું નામ યોકટાન 20અને તેના પુત્રો હતાં, આલ્મોદાદ, શેલેફ, હસાર્માવેથ, યેરાહ; 21હદોરામ, ઉજાલ, દિકલાહ, 22એબાલ, અબીમાએલ, શખા, 23ઓફીર, હવીલાહ અને યોઆબ, આ બધા યોકટાનના વંશજો હતાં.

### ઈબ્રાહિમના વંશજો

24શેમ, આર્યાકશાહ, શેલાહ, 25એબેર, પેલેગ, રેઉ, 26સરૂગ, નાહોર, તેરાહ, 27ઈબ્રામ (એટલે ઈબ્રાહિમ.)

28ઈબ્રાહિમના પુત્રો: ઈસહાક, અને ઈશ્માએલ.

### હગારના વંશજો

29આ તેમનીં વંશાવળી છે. ઈશ્માએલના પુત્રો હતા; નબાયોથ જયેષ્ઠ પુત્ર, કેદાર, આદબએલ, મિબ્સામ, 30મિશ્મા, દૂમાહ, માસ્સા, હદાદ, તેમા, 31યટુર, નાફીશ અને કેદમાહ. આ ઈશ્માએલના પુત્રો હતાં.

### કટૂરાહના પુત્રો

32ઈબ્રાહિમનાં ઉપપત્ની કટૂરાહના પુત્રો; ઝિમ્રાન, યોકશાન, મદાન, મિદ્યાન, યિશ્બાક અને સૂઆહ થયા.

33મિદ્યાનના પુત્રો હતાં; એફાહ, એફેર, હનોખ, અબીદા અને એલ્દાઆહ, આ સર્વ કટૂરાહના વંશજો હતા.

### ઈબ્રાહિમના પુત્રો

34ઈબ્રાહિમ ઈસહાકનો પિતા હતો. ઈસહાક, એસાવ અને ઈસ્રાએલને પિતા હતો.

35એસાવના પુત્રો; અલીફાઝ, રેઉએલ, યેઉશ, યાલામ તથા કોરાહ.

36અલીફાઝના પુત્રો; તેમાન, ઓમાર, સફી, ગાતામ, કનાજ, તિમ્ના તથા અમાલેક.

37રેઉએલના પુત્રો: નાહાથ, ઝેરાહ, શામ્માહ તથા મિઝ્ઝાહ.

### સેઈરનું કુટુંબ

38સેઈરના પુત્રો: લોટાન, શોબાલ, સિબયોન, અનાહ, દિશોન, એસેર, તથા દીશાન.

39લોટાનના પુત્રો; હોરી અને હોમામ અને લોટાનની બહેન તિમ્ના હતી.

40શોબાલના પુત્રો; આલ્યાન, માનાહાથ, એબાલ, શફી તથા ઓનામ. સિબયોનના પુત્રો; આયાહ તથા અનાહ.

41અનાહનો પુત્ર; દિશોન, દિશોનના પુત્રો; હામ્રાન, એશ્બાન, યિથ્રાન તથા કરાન.

42એસેરના પુત્રો; બિલ્હાન, ઝાઅવાન તથા યાઅકાન, દિશાનના પુત્રો: ઉસ તથા આરાન.

### અદોમના રાજાઓ

43ઈસ્રાએલમાં કોઈપણ રાજાએ રાજ કર્યું તે અગાઉ આ બધાં રાજા હતાં; બયોરનો પુત્ર બેલા, જે દીનહાબાહ નગરમાં રહેતો હતો.

44બેલા મૃત્યુ પામ્યો પછી બોસ્રાહના વતની ઝેરાહનો પુત્ર યોબાબ રાજા બન્યો.

45યોબાબના મૃત્યુ પછી તેમાનીઓના દેશનો હૂશામ રાજા બન્યો.

46હૂશામના મૃત્યું પછી બેદાદનો પુત્ર હદાદ રાજા બન્યો. હદાદે મોઆબના મેદાનમાં મિદ્યાનીઓને હરાવ્યા તેના નગરનું નામ અવીથ હતું.

47હદાદના મુત્યુ પછી તેની જગ્યાએ માસ્રેકાહના સામ્લાહે રાજ કર્યુ.

48સામ્લાહના મૃત્યુ બાદ તેની જગ્યાએ નદી પરના રહોબોથના શાઉલે રાજ કર્યુ. 49શાઉલના મૃત્યુ પછી આખ્બોરનો પુત્ર બઆલ–હાના રાજા થયો.

50બઆલ– હાનાના મૃત્યુ પછી પાઉ નગરનો હદાદ રાજા થયો. તેની પત્નીનું નામ મહેટાબએલ હતું. તે મેજાહાબની પુત્રી માટેદની પુત્રી હતી. 51હદાદ મૃત્યુ પામ્યા પછી અદોમના સરદારો હતાં: તિમ્ના, અલિઆહ, યથેથ, 52આહોલીબામાહ, એલાહ, પીનોન, 53કેનાઝ, તેમાન, મિબ્સાર, 54માગ્દીએલ અને ઈરામ. આ બધા અદોમના સરદારો હતા.

### ઈસ્રાએલના વંશજો

2 ઈસ્રાએલના પુત્રો આ છે: રૂબેન, શિમયોન, લેવી, યહૂદા,
ઈસ્સાખાર, ઝબુલોન, 2દાન, યૂસફ, બિન્યામીન,
નફતાલી, ગાદ તથા આશેર.

### યહૂદાના પુત્રો

3યહૂદાના પુત્રો: એર, ઓનાન અને શેલાહ, એ ત્રણેની માતા કનાની સ્રી બાથશુઆ હતી. યહૂદાનો જ્યેષ્ઠપુત્ર એરે એવું કર્યુ જે યહોવાની નજરમાં અનિષ્ટ હતું અને યહોવાએ તેનું મોત નિપજાવ્યું. 4પછી યહૂદાની પુત્રવધૂ તામાર અને યહૂદા પેરેસ ઝેરાહના માતાપિતા બન્યાં. આમ યહૂદાને પાંચ પુત્રો હતા.

5પેરેસના પુત્રો: હેસ્રોન અને હામૂલ,

6ઝેરાહના પુત્રો હતાં: ઝિમ્રી, એથાન, હેમાન, કાલ્કોલ અને દર્દા તેઓ બધા થઈને કુળ પાંચ હતા.

7કાર્મીનો પુત્ર; આખાર કે જે દેવને સમર્પિત વસ્તુઓની ચોરી કરીને ઈસ્રાએલપર સંકટ લાવવાનો હતો.

8એથાનનો પુત્ર: અજાર્યા હતો.

9હેસ્રોનના પુત્રો: યરાહમએલ, રામ અને કલૂબાય.

### રામના વંશજો

10રામનો પુત્ર આમ્મીનાદાબ હતો અને તેનો પુત્ર નાહશોન હતો તે યહૂદીયાઓનો આગેવાન હતો. 11નાહશોનનો પુત્ર સાલ્મા હતો અને તેનો પુત્ર બોઆઝ હતો. 12બોઆઝ ઓબેદનો પિતા હતો અને ઓબેદ યશાઈનો પિતા હતો. 13યશાઈનો જયેષ્ઠપુત્ર અલીઆબ, બીજો અબીનાદાબ, ત્રીજો શિમઆ; 14ચોથો નથાનિયેલ, પાંચમો રાદાય, 15છઠ્ઠો ઓસેમ, અને સાતમો દાઉદ; 16તેમની બહેનો સરૂયા, તથા અબીગાઈલ હતી. સરૂયાના પુત્રો; અબીશાય, યોઆબ, તથા અસાહેલ, એ ત્રણ. 17અબીગાઈલે અમાસાને જન્મ આપ્યો અને અમાસાના પિતા ઈશ્માએલી યેથેર હતા.

### કાલેબના વંશજો

18હેસ્રોનના પુત્ર કાલેબ, તેની પત્ની અઝુબાહ દ્વારા ચયેલા પુત્ર યરીઓથનનો પિતા હતો. તેના પુત્રો હતા: યેશેર, શોબાબ તથા આર્દોન. 19અઝુબાહના મૃત્યુ પછી કાલેબ એફ્રાથને પરણ્યો જેણે હૂરને જન્મ આપ્યો. 20હૂરનો ઊરી અને ઊરીનો બસાલએલ.

21પાછળથી 60 વર્ષની વયે હેસ્રોન ગિલયાદના બાપ માખીરની પુત્રીને પરણ્યો અને તેની સાથે જાતિય સંબંધ કરતાં સગૂબ જનમ્યો. 22સગૂબનો યાઈર, યાઈર ગિલયાદનાં 23 શહેરોનો ધણી હતો. 23પાછળથી ગશૂર અને અરામના લોકોએ ત્યાંનાં 60 શહેરો જીતી લીધાં; એમાં યાઈરનાં ગામોનો તથા કનાથ અને તેની આસપાસનાં ગામોનો સમાવેશ થતો હતો. એ બધાંમાં ગિલયાદના પિતા માખીરના વંશજો વસતા હતા.

24હેસ્ત્રોનના મૃત્યુ પછી કાલેબને તેના પિતા હેસ્ત્રોનની વિધવા એફ્રાથા સાથે જાતિય સંબંધ હતો અને તેનાથી તેણીએ તકોઆના સ્થાપક આશ્શૂરને જન્મ આપ્યો.

### યરાહમએલના વંશજો

25હેસ્રોનના જ્યેષ્ઠ પુત્ર યરાહમએલને પાંચ પુત્રો હતા: જ્યેષ્ઠ પુત્ર રામ, પછી બૂનાહ, ઓરેન, ઓઝેમ અને અહિયા. 26યરાહમએલને અટારાહ નામે બીજી પત્ની હતી, તેનાથી ઓનામ જન્મ્યો હતો.

27યરાહમએલના જ્યેષ્ઠ પુત્ર રામના પુત્રો: માઆસ, યામીન અને એકેર.

28ઓનામના પુત્રો: શામ્માય અને યાદા. શામ્માયના પુત્રો: નાદાબ અને અબીશૂર. અબીશૂર અબીહાઈલને પરણ્યો હતો.

29તેનાથી તેને આહબાન અને મોલીદ જનમ્યાં હતા.

30નાદાબના પુત્રો: સેલેદ અને આપ્પાઈમ, સેલેદ અપુત્ર અવસાન પામ્યો હતો.

31આપ્પાઈમનો પુત્ર: યિશઈ, યિશઈનો પુત્ર શેશાન અને શેશાનનો પુત્ર આહલાય,

32શામ્માયના ભાઈ યાદાના પુત્રો: યેથેર અને યોનાથાન, યેથેર અપુત્ર અવસાન પામ્યો.

33યોનાથાનના પુત્રો: પેલથ અને જાજા, આ બધા યરાહમએલના વંશજો હતા.

34શેશાનને પુત્ર નહોતો, ફકત પુત્રીઓ જ હતી, અને ત્યાં યાર્હા નામે એક મિસરી ચાકર હતો, 35તેની સાથે તેણે પોતાની

પુત્રીને પરણાવી હતી, અને તેને આત્તાય નામે એક પુત્ર
થયો હતો. 36આત્તાયનો પુત્ર નાથાન, તેનો પુત્ર ઝાબાદ,
37તેનો પુત્ર એફલાલ, તેનો પુત્ર ઓબેદ, 38તેનો પુત્ર યેહૂ,
તેનો પુત્ર અજાર્યા, 39તેનો પુત્ર હેલેસ, તેનો પુત્ર એલઆસાહ,
40તેનો પુત્ર સિસ્માય, તેનો પુત્ર શાલ્લૂમ, 41તેનો પુત્ર યકામ્યા
અને યકામ્યાનો પુત્ર અલીશામા થયો

## કાલેબનું કુટુંબ

42યરાહમએલના ભાઈ કાલેબના પુત્રોમાં આ બધાં હતા;
જયેષ્ઠપુત્ર મેશા, જે ઝીફનો પિતા હતો; અને હેબ્રોનના પિતા
મારેશાહના પુત્રો.
43હેબ્રોનના પુત્રો: કોરાહ, તાપ્પુઆહ, રેકેમ તથા શેમા.
44શેમા રાહામનો પિતા અને રાહામ યોર્કેઆમનો પિતા હતો.
રેકેમ શામ્માયનો પિતા હતો.
45શામ્માયનો પુત્ર માઓન હતો; માઓન બેથસૂરનો પિતા
હતો. 46દાસી એફાહથી થયેલા કાલેબના પુત્રો હતાં: હારાન,
મોસા, અને ગાઝેઝ તથા હારાનનો એક પુત્ર હતો તેનુ નામ
ગાઝેઝ હતું.
47યહદાયના પુત્રો: રેગેમ, યોથામ, ગેશાન, પેલેટ, એફાહ
તથા શાઆફ 48કાલેબની ઉપપત્ની માઅખાહને પેટે શેબેર
તથા તિર્હનાહ થયા. 49વળી તેને પેટે માદમાન્નાહનો પિતા
શાઆફ, માખ્બેનાનો પિતા શવા તથા ગિબયાના પિતા થયા;
કાલેબની પુત્રી આખ્સાહ હતી.
50આ બધા કાલેબના વંશજો હતાં. એફ્રાથથી જન્મેલા
હૂરને શોબાલ નામે પુત્ર હતો. જેણે કિર્યાથયઆરીમ સ્થાપ્યું
હતું. 51સાલ્મા, જેણે બેથલેહેમ સ્થાપ્યું હતું, અને હારેફ,
જેણે બેથગાદેર સ્થાપ્યું હતું.
52કિર્યાથયઆરીમનો સ્થાપક શોબાલ, રઆયાનો પિતા
હતો. મનુહોથના અર્ધા ભાગના લોકો, 53અને
કિર્યાથયઆરીમનું કુટુંબો:, અને યિથ્રી, પૂથી, શુમાથી અને
મિશ્રાઈ, સોરઆથી અને એશતાઓલીઓ આલોકોન્ વંશજ
હતાં.
54સાલ્માના વંશજો હતાં: બેથલેહેમ, નટોફાથીઓ, આટ્રોથ,
બેથ-યોઆબના લોકો તથા માનાહાથીઓનો અર્ધો ભાગ
અને સોરઈઓ હતા. 55યાબ્બેસમાં વસતા લહિયાઓના કુટુંબો
હતાં: તિરઆથીઓ, શિમઆથીઓ અને સૂખાથીઓ. આ સર્વ
બેથ રેખાબના કુટુંબના પૂર્વજ હામ્માથથી ઉતરી આવેલા
કેનીઓ હતાં.

## રાજા દાઉદના વંશજો

3 દાઉદને હેબ્રોનમાં જે પુત્રો થયા તેમાં યિઝ્રએલી
અહીનોઆમથી જન્મેલો આમ્મોન, દાઉદ રાજાનો
જયેષ્ઠ પુત્ર હતો. બીજો પુત્ર કાર્મેલની અબીગાઈલથી જન્મેલો
દાનિયેલ હતો.
2દાઉદનો ત્રીજો પુત્ર ગશૂરના રાજા તાલ્માયની પુત્રી
માઅખાહથી જન્મેલો આબ્શાલોમ હતો. ચોથો હાગ્ગીથનો
પુત્ર અદોનિયા હતો.
3પાંચમો શફાટ્યા જેની માતા અબીટાલ હતી, અને છઠ્ઠો
યિથ્રઆમ જેની માતા એગ્લાહ હતી.
4આ છ પુત્રો હેબ્રોનમાં જન્મ્યાં હતાં. જયાં દાઉદે 7 વર્ષ
અને 6 માસ રાજ કર્યુ હતું. યરૂશાલેમમાં તેણે 33 વર્ષ રાજ
કર્યુ હતું
5અને ત્યાં તેને આમ્મીએલની પુત્રી બાથ-શૂઆથી
જન્મેલા પુત્રો: શિમઆ, સોબાબ, નાથાન અને સુલેમાન,
6દાઉદને બીજા નવ પુત્રો હતા: યિબ્હાર, અલીશામા,
અલીફેલેટ. 7નોગાહ, નેફેગ, યાફીઆ; 8અલીશામા, એલ્યાદા
અને અલીફેલેટ. 9તેની ઉપપત્નીઓના પુત્રો ઉપરાંત એ
સઘળા દાઉદના પુત્રો હતા અને તામાર તેઓની બહેન હતી.

## દાઉદ પછીના યહૂદાના રાજાઓ

10સુલેમાનનો પુત્ર રહાબઆમ, તેનો પુત્ર અબિયા, તેનો
પુત્ર આસા, તેનો પુત્ર યહોશાફાટ; 11તેનો પુત્ર યહોરામ,
તેનો પુત્ર અહાઝયા, તેનો પુત્ર યોઆશ; 12તેનો પુત્ર અમાસ્યા
તેનો પુત્ર અઝાર્યા, તેનો પુત્ર યોથામ; 13તેનો પુત્ર આહાઝ,
તેનો પુત્ર હિઝિક્યા, તેનો પુત્ર મનાશ્શા; 14તેનો પુત્ર આમોન,
તેનો પુત્ર યોશિયા હતો.
15યોશિયાના પુત્રો; તેના જયેષ્ઠપુત્ર યોહાનાન; બીજો
યહોયાકીમ; ત્રીજો સિદકિયા; ચોથો શાલ્લૂમ,
16યહોયાકીમના પુત્રો; તેનો પુત્ર યખોન્યા, તેનો પુત્ર
સિદકિયા.

## બાબિલમાં બંદિવાન દાઉદનું કુટુંબ

17બંદીવાન યખોન્યાના પુત્રો; તેનો પુત્ર શઆલ્તીએલ.
18માલ્કીરામ, યદાયા, શેનઆસ્સાર, યકામ્યા, હોશામા તથા
નદાબ્યા.
19પદાયાના પુત્રો: ઝરુબ્બાબેલ તથા શિમઈ;
ઝરુબ્બાબેલના પુત્રો: મશુલ્લામ તથા હનાન્યા; તેઓની
બહેન શલોમીથ હતી: 20અને હશુબાહ, ઓહેલ, બેરેખ્યા,
હસાદ્યા તથા યુશાબહેસેદ, એ પાંચ ઝરૂબ્બાબેલના બીજા
પુત્રો હતાં. 21હનાન્યાના પુત્રો; પલાટ્યા અને તેનો પુત્ર
યશાયા, તેનો પુત્ર રફાયા, તેનો પુત્ર અર્નાન, તેનો પુત્ર
ઓબાદ્યા, તેનો પુત્ર શખાન્યા,
22શખાન્યાનો વંશજ શમાયા, શમાયાના છ પુત્રો; શમાયા
હાટુશ, યિગઆલ, બારિયા, નઆર્યા, તથા શાફાટ.
23નઆર્યાના ત્રણ પુત્રો: એલ્યોએનાય, હિઝિક્યા તથા
આઝ્રીકામ. 24એલ્યોએનાયના સાત પુત્રો: હોદાવ્યા,
એલ્યાશીબ, પલાયા,આક્કૂબ, યોહાનાન, દલાયા તથા
અનાની.

## યહૂદાના અન્ય વંશજો

4 યહૂદાના પુત્રો: પેરેસ, હેસ્રોન, કાર્મી, હૂર તથા શોબાલ.
2શોબાલનો પુત્ર રઆયા યાહાથનો પિતા હતો. યાહાથ
અહૂમાય અને લાહાદનો પૂર્વજ હતો. સોરાથીઓ એમના
વંશજો છે.

3એટામના વંશજો: યિઝ્રએલ, યિશ્મા તથા યિદબાશ,
હાસ્સલએલ્પોની તેની પુત્રી.
4ગદોરના પિતા પનુએલ, તથા યહૂશાના પિતા એઝેર,
તેઓ બેથલેહેમના પિતા એફ્રાથાહનો જયેષ્ઠ પુત્ર હૂરના
પુત્રો હતા.
5તકોઆના પિતા આશ્હૂરને બે પત્નીઓ હતી. હેલઆહ
તથા નાઅરાહ. 6તેને નાઅરાહને પેટે અહૂઝ્ઝામ, હેફેર,
તેમની અને હાઅહાશ્તારી થયા. 7હેલઆહથી તેને જન્મેલા
પુત્રો: સેરેથ, ઝોહાર, એથ્નાન અને હાક્કોસ. 8આનૂમ અને
સોબેબાહનો પિતા હાક્કોસ હતો; વળી તે હારુનના પુત્ર
અહાહેલના નામથી ઓળખાતા અહાહેલ કુળસમૂહોનો
પૂર્વજ હતો.
9યાબેસ પોતાના ભાઈઓ કરતાં વધારે નામાંકિત હતો,
તેની માતાએ તેનું નામ યાબેસ પાડ્યું કારણકે તેણીએ કહ્યું
"તેને જન્મ આપતી વખતે મને ઘણી પીડા સહન કરવી
પડી હતી." 10યાબેસે ઈસ્રાએલના દેવને પ્રાર્થના કરી, હું
તમને, પ્રાર્થના કરું છું કે, તમે મને આશીર્વાદ આપો અને
મારી ભૂમિનો વિસ્તાર કરો, "તમે મારી સાથે રહો અને મને
ગોચર ભૂમિ આપો જેથી મને પરિશ્રમ કરવો ન પડે." દેવે
તેની પ્રાર્થના માન્ય રાખી.
11-12રેખાહના વંશજો; શૂહાહનો ભાઈ કેલૂબ હતો, તેનો
પુત્ર મહીર થયો. તે એસ્તોનનો પિતા હતો. એસ્તોન બેથરાફા,
પાસેઆહ અને તહિન્નાહના પિતા તે એશ્થોન હતા. તહિન્નાહ
ઈર્નાહાશના પિતા હતા.
13કનાઝના પુત્રો: ઓથ્નીએલ અને સરાયા, ઓથ્નીએલના
પુત્રો; હથાથ અને મઓનોથાય. 14મઓનોથાય ઓફ્રાહના
પિતા હતા, સરાયા યોઆબના પિતા હતા. યોઆબ
"કારીગરોની ખીણ"નો સ્થાપક હતો તે એમ ઓળખાતી હતી
કારણ કે તેઓ ત્યાં કારીગરો હતા.
15યફૂન્નેહના પુત્ર કાલેબના પુત્રો: ઈરૂ, એલાહ અને
નાઆમ, એલાહનો પુત્ર: કનાઝ.
16યહાલ્લેલએલના પુત્રો: ઝીફ, ઝીફાહ તીર્યા અને
અસારએલ.
17-18એઝાહના પુત્રો: યેથેર, મેરેદ, એફેર, અને યાલોન,
મેરેદ મરિયમ, શામ્માય અને યિશ્બાહનો પિતા હતો.
એશ્તમોઆના સંસ્થાપક મેરેદની પત્ની મિસરની હતી, તે
યેરેદગદોરીઓના સંસ્થાપક હેબેર સોખો ના સંસ્થાપકઅને
યકુથીએલ(ઝાનાઈઓના સંસ્થાપક)ની માતા હતી. આ બધાં
પુત્રો મેરેદની પત્ની મિસરની બિથિયા જે ફારુનની પુત્રી
હતી તેના હતા.
19હોદિયા નહમની બહેનને પરણ્યો હતો, તેમના વંશજો
કેઈલાવાસી ગર્મી લોકોના તેમજ એશ્તમોઆવાસી માઅખાથી
લોકોના પૂર્વજો હતા. 20શિમોનના પુત્રો: આમ્મોન, રિન્નાહ,
બેન-હાનાન અને તીલોન, યિશઈના પુત્રો: ઝોહેથ અને
બેન-ઝોહેથ, 21યહૂદાના પુત્ર શેલાહના પુત્રો: લેખાહના
પિતા એર, મારેશાહના પિતા લાઅડાહ, તથા બેથ-
આશ્બેઆના રહેવાસીઓ, એટલે જેઓ શણનાં ઝીણાં વસ્ત્ર
વણનારા કુળસમૂહો હતા, તેઓનાં કુટુંબો; 22યોકીમ,
કોઝેબાના લોકો, યોઆશ તથા સારાફ, જેણે મોઆબની સ્ત્રી
સાથે લગ્ન કર્યા હતા અને મોઆબમાં રહેવા ગયો હતો
પરંતુ પાછળથી પ્રાચીન નોંધો પ્રમાણે લેહેમમાં પાછો ફર્યો
હતો. 23એ લોકો કુંભાર હતા અને નટાઈમ અને ગદેરાહમાં
રહેતા હતા, અને રાજાની નોકરી કરતા હતા.

## શિમયોનના પુત્રો

24શિમયોનના પુત્રો; નમૂએલ, યામીન, યારીબ, ઝેરાહ
અને શાઉલ, 25શાઉલનો પુત્ર શાલ્લુમ, તેનો પુત્ર મિબ્સામ,
તેનો પુત્ર મિશ્મા, 26મિશ્માના પુત્રો: પુત્ર હામ્મુએલ, તેનો
પુત્ર ઝાક્કૂર, ને તેનો પુત્ર શિમઈ. 27શિમઈને 16 પુત્રો તથા
6 પુત્રીઓ હતી; પણ તેના ભાઈઓને ઘણાં સંતાન નહોતાં,
તેમજ તેઓનું આખું કુળસમૂહ યહૂદાના કુળસમૂહોની જેમ
વૃદ્ધિ પામ્યું નહિં.
28તેઓ બેરશેબામાં, મોલાદાહમાં, હસારમાં શૂઆલમાં;
29બિલ્લાહમાં એસેમમાં, તોલાદમાં, 30બેથુએલમાં;
હોર્માહમાં; સિકલાગમાં; 31બેથ-માર્કાબોથમાં, હસાર-
સૂસીમમાં, બેથ-બીરઈમાં તથા શાઅરાઈમમાં રહેતા હતા,
દાઉદના સમય સુધી એ નગરો પર તેઓ શાસન કરતાં હતાં.
32તેઓના પાંચ શહેરો હતા એટામ, આઈન, રિમ્મોન, તોખેન
તથા આશાન; 33તથા બઆલ સુધી તે જ નગરોની ચારે
તરફના સર્વ ગામો પણ તેઓનાં હતાં, એ તેઓનાં રહેઠાણ
હતાં, તેઓએ પોતાની વંશાવળી રાખેલી છે.
34મશોબાબ, યામ્લેખ, અમાસ્યાનો પુત્ર યોશાહ;
35યોએલ તથા અશીએલના પુત્ર સરાયા જેનો પુત્ર યોશિબ્યા
અને તેનો પુત્ર યેહૂ; 36એલ્યોએનાય, યાઅકોબાહ, યશોહાયા,
અસાયા, અદીએલ, યસીમીએલ તથા બનાયા; 37શમાયાના
પુત્ર શિફ્રી, તેનો પુત્ર યદાયા, તેનો પુત્ર આલ્લોન, તેનો પુત્ર
શિફઈ, તેનો પુત્ર ઝીઝા. 38આ બધા પુરુષો પોતાનાં કુટુંબોના
સરદારો હતા; તેઓનાં કુટુંબો બહુ વૃદ્ધિ પામ્યાં.
39ઢોરઢાંખરને માટે ઘાસચારાની શોધમાં તેઓ ખીણની
પૂર્વ બાજુ ગદોર સુધી પહોંચ્યાં હતાં. 40તેઓને ઉત્તમ ચરાણ
મળ્યું, તે પ્રદેશ શાંત અને સુરક્ષિત હતો, હામના વંશજો ત્યાં
ભૂતકાળમાં રહેતા હતાં. 41યહૂદીયાના રાજા હિઝિક્યાના
સમયમાં આ આગેવાનોએ તે પ્રદેશ પર ચઢાઈ કરી, હામના
વંશજોના તંબુઓ અને મકાનોનો નાશ કર્યા, અને તેના
વતનીઓને મારી નાખી તેનો કબજો મેળવ્યો.
42ત્યારબાદ શિમયોનના કુળસમૂહના 500પુરુષો સેઈર
પર્વત સુધી ગયા, તેઓના સરદારો પલાટ્યા, નઆર્યા, રફાયા,
અને ઉઝ્ઝીએલ હતા, એ સર્વ યિશઈના પુત્રો હતા. 43ત્યાં
આગળ જે અમાલેકીઓ બચી ગયા હતા તેઓનો તેઓએ
સંહાર કર્યો, ત્યારથી તેઓ ત્યાં વસેલા છે.

## રૂબેનના વંશજો

5 ઈસ્રાએલનો જયેષ્ઠ પુત્ર રૂબેન હતો, પણ તેણે પોતાના
પિતાની એક પત્ની સાથે મેળાપ કરી પિતાનું અપમાન

કર્યુ હતું, તેથી તેનો જયેષ્ઠપણાનો હક્ક તેના ભાઈ યૂસફને
આપવામાં આવ્યો હતો. 2પોતાના ભાઈઓ કરતાં યહૂદા
વધુ બળવાન નીવડયો, કારણ તેના વંશમાંથી એક રાજા
થયો હતો, પણ યૂસફને મોટા પુત્રનો હક્ક મળ્યો હતો.
3ઈસ્રાએલના જયેષ્ઠપુત્ર રૂબેનના પુત્રો: હનોખ, પાલ્લુ, હેસ્રોન
તથા કાર્મી.

4યોએલના વંશજો: તેનો પુત્ર શમાયા, તેનો પુત્ર ગોગ,
તેનો પુત્ર શિમઈ; 5તેનો પુત્ર મીખાહ, તેનો પુત્ર રઆયા,
તેનો પુત્ર બઆલ; 6તેનો પુત્ર બએરાહ, જેને આશ્શૂરનો
રાજા, તિગ્લાથ–પિલ્નેસેર બંદીવાન કરીને લઈ ગયો હતો; તે
રૂબેનીઓના કુળસમૂહના સરદાર હતાં.

7તેઓની પેઢીઓની વંશાવળી ગણાઈ, ત્યારે તેઓનાં
કુળસમૂહો પ્રમાણે તેના ભાઈઓ આ હતા: એટલે મુખ્ય
યેઈએલ, પછી ઝખાર્યા. 8યોએલના પુત્ર શેમાના પુત્ર
આજાઝનો પુત્ર બેલા, જેઓ અરોએરમાં છેક નબો તથા
બઆલમેઓને લગી રહેતા હતા. 9તેઓ, અરણ્યના પૂર્વ
છેડાથી તે છેક ફ્રાત નદી સુધી વસેલા હતા કારણ કે
ગિલયાદ દેશમાં તેઓ પાસે ઢોરોની સંખ્યા બહુ મોટી હતી.
10શાઉલ રાજાના સમયમાં તેઓએ યુદ્ધમાં હાગ્રીઓને
હરાવ્યા અને તેઓ ગિલયાદની પૂર્વ બાજુએ તેમના તંબૂ
તાણીને વસ્યા.

### ગાદના વંશજો

11ગાદના કુળસમૂહો તેઓની સામી બાજુએ આવેલા
બાશાન દેશમાં સાલખાહ સુધી વસતા હતા. 12યોએલ જેષ્ઠ
હતો, બીજો શાફામ, અને ત્યાર પછી યાનાઈ, અને શાફાટ
બાશાનમાં હતા.

13તેઓના સંબંધીઓ મિખાયેલ, મશુલ્લામ, શેબા, યોરાય,
યાકાન, ઝીઆ અને એબેર, એ કુળ સાત હતા. 14બૂઝના
વંશજો હતાં: યાહદો, તેનો પુત્ર યશિશાય, તેનો પુત્ર મિખાયેલ,
તેનો પુત્ર ગિલયાદ, તેનો પુત્ર યારોઆહ, તેનો પુત્ર હૂરી,
તેનો પુત્ર અબીહાઈલ, 15ગુનીના પુત્ર આબ્દીએલનો પુત્ર
અહીં તેના કુળનો આગેવાન હતો.

16આ કુટુંબ–કુળ બાશાનના પ્રદેશમાં આવેલા ગિલયાદમાં,
તેના નાના ગામડાં ઓમાં, તથા શારોનના સર્વ ગૌચરોમાં
વસતા હતાં.

17યહૂદીયાના રાજા યોથામના સમયમાં તથા ઈસ્રાએલના
રાજા યરોબઆમના સમયમાં તેઓ સર્વ ગાદના કુટુંબના
ઈતિહાસમાં નોંધાયા હતા.

### યુદ્ધ માટે તૈયાર સૈનિકો

18રૂબેનના પુત્રો, ગાદીઓ, તથા મનાશ્શાનું અર્ધુ કુળસમૂહ,
તેઓમાં ઢાલ તથા તલવાર બાંધી શકે એવા, ધનુર્વિદ્યા
જાણનારા, યુદ્ધકુશળ, યુદ્ધમાં જઈ શકે એવા શૂરવીર પુરુષો
44,760 હતા. 19તેઓએ હાગ્રીઓની, યટૂરની, નાફીશની
તથા નોદાબની સાથે યુદ્ધ કર્યુ. 20તેઓએ યુદ્ધમાં દેવને વિનંતી
કરી; કારણ કે તેઓ તેમના પર શ્રદ્ધા રાખતા હતા; તેથી
તેઓની વિરૂદ્ધ તેઓને દેવની સહાય મળવાથી હાગ્રીઓ
તથા જે સર્વ તેઓની સાથે હતા, તેઓ તેઓથી હારી ગયા.
21તેઓએ લૂંટમાં 50,000 ઊંટ, 2,50,000 ઘેટાં, 2,000 ગધેડાં
અને 1,00,000 બંદીવાનો કબજે કર્યા. 22તેઓમાંના ઘણાખરા
તો માર્યા ગયા હતા, કેમ કે તે યુદ્ધ દેવનું હતું. તેઓ એમની
જગ્યાએ બંદીવાસ થતાં સુધી વસ્યા.

23મનાશ્શાનું અર્ધ કુળસમૂહ બાશાનથી બઆલ–હેર્મોન,
સનીર અને હેર્મોન પર્વત સુધીના વિસ્તારમાં ફેલાઈ ગયું
હતું. તેઓની સંખ્યા બહુજ મોટી હતી. 24તેઓના સરદારો
આ હતા; એફેર, યિશઈ, અલીએલ, આઝીએલ, યર્મિયા,
હોદાવ્યા, તથા યાહદીએલ; એ પરાક્રમી શૂરવીરો તથા
નામાંકિત પુરુષો પોતપોતાના કુળના સરદારો હતા. 25તેઓએ
પોતાના પિતૃઓના દેવ વિરૂદ્ધ પાપ કર્યુ, તેઓની આગળથી
દેશના જે લોકોનો વિનાશ દેવે કર્યો હતો, તેઓના દેવોનુ
આવાહન કરીને તેઓ ધર્મભ્રષ્ટ થયા.

26ઈસ્રાએલના દેવ આશ્શૂરના રાજા પૂલનું તથા આશ્શૂરના
રાજા તિલ્ગાથ–પિલ્નેસેરનું મન ઉશ્કેર્યું, તેથી તેણે તેઓને,
એટલે રૂબેનીઓને, ગાદીઓને તથા મનાશ્શાના
અર્ધકુળસમૂહને, પકડી લઈ જઈને તેઓને હલાહ; હાબોર,
હારામ અને ગોઝાન નદીને કાંઠે લાવીને ત્યાં આજપર્યંત
તેઓ રહે છે.

### લેવીના વંશજો

6 લેવીના પુત્રો: ગેર્શોમ, કહાથ તથા મરારી.
2કહાથના પુત્રો: આમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને
ઉઝ્ઝીએલ.

3આમ્રામનાં સંતાન: હારુન, મૂસા અને મરિયમ હારુનના
પુત્રો: નાદાબ, અબીહૂ, એલઆઝાર અને ઈથામાર.

4એલઆઝાર, તેનો પુત્ર ફીનહાસ, તેનો પુત્ર આબીશૂઆ,
5તેનો પુત્ર બુક્કી, તેનો પુત્ર ઉઝ્ઝી 6તેનો પુત્ર ઝરાહયા,
તેનો પુત્ર મરાયોથ, 7તેનો પુત્ર અમાર્યા, તેનો પુત્ર અહિટૂબ,
8તેનો પુત્ર સાદોક, તેનો પુત્ર અહીમાઆસ, 9તેનો પુત્ર
અઝાર્યા, તેનો પુત્ર યોહાનાન, 10તેનો પુત્ર અઝાર્યા,
યરૂશાલેમમાં સુલેમાને બંધાવેલા મંદિરનો યાજક હતો.
11અઝાર્યાનો પુત્ર અમાર્યા, તેનો પુત્ર અહિટૂબ, 12તેનો પુત્ર
સાદોક, તેનો પુત્ર શાલ્લૂમ, 13તેનો પુત્ર હિલ્કિયા, તેનો પુત્ર
અઝાર્યા, 14તેનો પુત્ર સરાયા અને તેનો પુત્ર યહોસાદાક,

15જ્યારે યહોવાએ નબૂખાદનેસ્સારને યહૂદા અને
યરૂશાલેમ ઉપર વિજય અપાવ્યો તે સમયે યહોસાદાકને
દેશનિકાલ કરવામાં આવ્યો.

### લેવીના અન્ય વંશજો

16લેવીના પુત્રો હતાં: ગેર્શોમ, કહાથ અને મરારી,
17ગેર્શોમના પુત્રો: લિબ્ની અને શિમઈ.

18કહાથના પુત્રો: આમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને
ઉઝ્ઝીએલ.

19મરારીના પુત્રો: માહલી અને મૂશી, લેવીઓના કુળનાં
હતા.
20ગેર્શોમના વંશજો: પેઢીના ક્રમ પ્રમાણે: લિબ્ની, એનો
પુત્ર યાહાથ, એનો પુત્ર ઝિમ્માહ, 21એનો પુત્ર યોઆહ,
એનો પુત્ર યિદ્રો, એનો પુત્ર ઝેરાહ અને એનો પુત્ર યેઆથરાય.
22કહાથના વંશજો: પેઢીના ક્રમ પ્રમાણે; એનો પુત્ર
આમ્મીનાદાબ, એનો પુત્ર કોરાહ, એનો પુત્ર આસ્સીર,
23એનો પુત્ર એલ્કાનાહ, એનો પુત્ર એબ્યાસાફ, એનો પુત્ર
આસ્સીર, 24એનો પુત્ર તાહાથ, એનો પુત્ર ઉરીએલ, એનો
પુત્ર ઉઝિઝયા, એનો પુત્ર શાઉલ,
25એલ્કાનાહના વંશજો આ પ્રમાણે છે: અમાસાય તથા
અહીમોથ, 26એલ્કાનાહની વંશાવળી: એલ્કાનાહનો પુત્ર
સોફાય, એનો પુત્ર નાહાથ, 27એનો પુત્ર અલીઆબ, એનો
પુત્ર યરોહામ, એનો પુત્ર એલ્કાનાહ
28શમુએલના પુત્રો હતાં: જયેષ્ઠપુત્ર યોએલ તથા બીજો
એબિયા.
29મરારીના પુત્રો : મરારીનો પુત્ર માહલી, માહલીનો પુત્ર
લિબ્ની, અને લિબ્નીનો પુત્ર શિમઈ, તથા શિમઈનો પુત્ર
ઉઝ્ઝાહ, 30ઉઝ્ઝાહ પુત્ર શિમઆ, શિમઆનો પુત્ર હાગ્ગિયા
અને હાગ્ગિયાનો પુત્ર અસાયા.

### મંદિરના ગાયકગણો

31કરાર કોશને મુલાકાત મંડપમાં લાવ્યા, પછી દાઉદ
રાજાએ ત્યાં યહોવાની સ્તુતિ કરવા માટે ગાયકગણો અને
તેમના આગેવાનો નીમ્યા. 32સુલેમાને યહોવાનું મંદિર
યરૂશાલેમમાં બાંધ્યું નહોતું. ત્યાં સુધી તેઓ ગાયન કરીને
મુલાકાત મંડપનાં તંબુ આગળ સેવા કરતાં હતા, તેઓ અનુક્રમે
વારા પ્રમાણે સેવા માટે હાજર રહેતા હતા.
33ગાયકગણોના આગેવાનોનાં નામ અને કુટુંબ:
ગાયકગણનો આગેવાન હેમાન કહાથના કુટુંબનો હતો, તેના
પૂર્વજો: યોએલ – શમુએલનો પુત્ર; 34તેનો અલ્કાનાહનો
પુત્ર, તેનો યરોહામનો પુત્ર, તેનો અલીએલનો પુત્ર, તેનો
તોઆહનો પુત્ર, 35તેનો સૂફનો પુત્ર, તેનો એલ્કાનાહેનો પુત્ર,
તેનો માહાથનો પુત્ર, તેનો અમાસાયનો પુત્ર, 36તેનો
એલ્કાનાહનો પુત્ર, તેનો યોએલનો પુત્ર, તેનો અઝાર્યાનો
પુત્ર, તેનો સફાન્યાનો પુત્ર, 37તેનો તાહાથનો પુત્ર, તેનો
આસ્સીરનો પુત્ર, તેનો એબ્યાસાફ કોરાનો પુત્ર, 38તેનો
યિસ્હારનો પુત્ર, તેનો કહાથનો પુત્ર, તેનો લેવીનો પુત્ર,
તેનો ઈસ્રાએલનો પુત્ર હતો.
39હેમાનનો મદદનીશ, અને સાથીદાર આસાફ હતો તે
તેને જમણે હાથે ઊભો રહેતો હતો. આસાફના પૂર્વજો: તેનો
બેરેખ્યાનો પુત્ર, તેનો શિમઆનો પુત્ર હતો. 40શિમઆન
મિખાયેલનો પુત્ર, તેનો બાઅસેયાનો પુત્ર, તેનો માલ્કિયાનો
પુત્ર હતો. 41માલ્કિયાને એથ્નીનો પુત્ર,તેનો ઝેરાહનો પુત્ર,
તેનો અદાયાનો પુત્ર હતો. 42અદાયાને એ એથાનનો પુત્ર,
તેનો ઝિમ્માહનો પુત્ર, તેનો શિમઈનો પુત્ર હતો. 43શિમઈને
યાહાથનો પુત્ર, તેનો ગેર્શોમનો પુત્ર, તેનો લેવીનો પુત્ર હતો.
44હેમાનનો બીજો મદદનીશ એથાન મરારીનો વંશજ હતો.
તે હેમાનને ડાબે હાથે ઊભો રહેતો હતો. એથાનના પૂર્વજો:
તેનો કિશીનો પુત્ર, તેનો અબ્દીનો પુત્ર, તેનો માલ્લૂખનો
પુત્ર હતો. 45માલ્લૂખને હશાબ્યાનો પુત્ર, તેનો અમાસ્યાનો
પુત્ર, તેનો હિલ્કિયાનો પુત્ર હતો. 46હિલ્કિયાને આમ્સીનો
પુત્ર, તેનો બાનીનો પુત્ર, તેનો શેમેરનો પુત્ર હતો 47શેમેરને
માહલીનો પુત્ર, તેનો મુશીનો પુત્ર, તેનો મરારીનો પુત્ર,
તેનો લેવીનો પુત્ર હતો.
48તેઓનાં સગાંઓ, બીજા સર્વ લેવીઓ–મુલાકાત
મંડપમાં, દેવના ઘરમાં જુદી જુદી સેવાઓ માટે નિમાયેલા
હતાં. 49પણ હારુન તથા તેના વંશજો દહનાર્પણની વેદી પર
તથા ધૂપવેદી પર, પરમપવિત્રસ્થાનના સર્વ કામને સારું,
તથા ઈસ્રાએલને માટે પ્રાયશ્ચિત કરવા સારુ, દેવના સેવક
મૂસાએ જે સર્વ નિયમો અને કાનૂનો આપ્યા હતાં તે મુજબ
અર્પણ ચઢાવતા હતા.

### હારુનના વંશજો

50હારુનના પુત્રો આ છે; તેનો પુત્ર એલઆઝાર,
એનો પુત્ર ફીનહાસ, એનો પુત્ર અબીશૂઆ. 51અબીશૂઆનો
પુત્ર બુક્કી, એનો પુત્ર ઉઝ્ઝી, એનો પુત્ર ઝરાયા.
52ઝરાયાનો પુત્ર મરાયોથ, એનો પુત્ર અમાર્યા, એનો પુત્ર
અહીટૂબ. 53અહીટૂબનો પુત્ર સાદોક અને એનો પુત્ર
અહીમાઆસ.

### લેવીઓનું ઘર

54આ એ જગ્યાઓ છે જ્યાં હારુનના વંશજો રહેતા હતાં;
તેમની સીમાઓની અંદર ચિઠ્ઠીઓ ફેંકીને કહાથીઓને રહેઠાણો
માટે એક ભાગ આપવામાં આવ્યો હતો. 55તેઓને તેઓએ
યહૂદીયા દેશમાં હેબ્રોન તથા તેની આજુબાજુનાં તેનાં પાદરો
આપવામાં આવ્યા હતાં. 56પણ તે નગરનાં ખેતરો તથા તેનાં
ગામો તેઓએ યફુન્નેહના પુત્ર કાલેબને આપ્યાં. 57વળી
આસપાસના ગોચરો સાથેનાં આશ્રયનગરો: લિબ્નાહ, યાત્તીર,
એશ્તમોઆ, 58હીલેન, દબીર, 59આશાન અને બેથ–શમેશ.
60બિન્યામીનના કુળસમૂહે યાજકોને બીજા તે નગરો તેમનાં
ગોચરો સાથે આપ્યાં હતાં, જેમાં ગેબા, આલ્લેમેથ અને
અનાથોથનો પણ સમાવેશ થાય છે.
61કહાથના બાકીના પુત્રોને ચિઠ્ઠીઓ નાખવાથી એફ્રાઈમ,
દાન, તથા મનાશ્શાના અર્ધકુળસમૂહમાંથી દશ નગરો મળ્યાં.
62ગેર્શોમના પુત્રોને તેઓનાં કુળસમૂહો માટે ઈસ્સાખારના
કુળમાંથી, આશેરના કુળમાંથી, નફતાલીના કુળમાંથી, અને
બાશાનમાં રહેતા મનાશ્શાનો ટોળી તરફથી થોડો હિસ્સો
મળીને તેર નગરો મળ્યાં.
63મરારીના વંશજોને, તેઓનાં કુળસમૂહો પ્રમાણે, રૂબેનના
કુળમાંથી, ગાદના કુળમાંથી તથા ઝબુલોનના કુળમાંથી
ચિઠ્ઠીઓ નાખવાથી બાર નગરો મળ્યાં.
64ઈસ્રાએલપુત્રોએ લેવીઓને એ નગરો તેઓનાં પાદરો
સહિત આપ્યાં. 65તેઓએ યહૂદાના કુળસમૂહોમાંથી,

શિમયોનના કુળસમૂહોમાંથી તથા બિન્યામીનના કુળ
સમૂહોમાંથી, આ નગરો જેઓનાં નામ આપેલાં છે તે, ચિઠ્ઠીઓ
નાખીને આપ્યાં.

66કહાથનાં કુળસમૂહોને એફ્રાઈમના કુળ પાસેથી 67તેના
ગોચરો સાથે અપાયેલાં આશ્રયનગરો: એફ્રાઈમના પર્વતીય
પ્રદેશમાં આવેલું શખેમ તેનાં ગોચરો સાથે; ગેઝેર તેનાં ગોચરો
સાથે; 68યોકમઆમ તેનાં ગોચરો સાથે; બેથહોરોન તેનાં ગોચરો
સાથે; 69આયાલોન તેનાં ગોચરો સાથે; અને ગાથ-રિમ્મોન
તેનાં ગોચરો સાથે; 70કહાથનાં કુટુંબોને મનાશ્શાના
અર્ધકુળસમૂહ પાસેથી ગોચરો સાથે ઈસ્રાએલીઓ દ્વારા
અપાયેલાં આશ્રયનગરો: આનેર તેનાં ગોચરો સાથે; અને
બિલહામ તેનાં ગોચરો સાથે.

## ઘર પ્રાપ્ત કરતા અન્ય લેવીઓ

71ગેર્શોમના કુટુંબોને મનાશ્શાના અર્ધકુળસમૂહ પાસેથી
ગોચરો સાથે અપાયેલા શહેરો આ પ્રમાણે હતાં: બાશાન
પ્રદેશનું ગોલાન તેનાં ગોચરો સાથે; અને આશ્તારોથ તેનાં
ગોચરો સાથે. 72વળી ઈસ્સાખારના કુળસમૂહો તેઓને ગોચરો
સાથે કેદેશ તેનાં ગોચરો સાથે; દાબરાથ તેનાં ગોચરો સાથે;
73રામોથ તેનાં ગોચરો સાથે; અને આનેમ તેનાં ગોચરો સાથે
આપ્યાં.

74આશેરના કુળસમૂહે તેઓને ગોચરો સાથે આબ્દોનં
માશાલ, 75હુક્કોક તેનાં ગોચરો સાથે; અને રહોબ તેનાં ગોચરો
સાથે આપ્યાં.

76નફતાલીના કુળસમૂહે તેઓને ગોચરો સાથે ગાલીલનું
કેદેશ તેનાં ગોચરો સાથે; હામ્મોન તેનાં ગોચરો સાથે; અને
કિર્યાથાઈમ તેનાં ગોચરો સાથે; આપ્યાં

77ઝબુલોનના કુળસમૂહે રિમ્મોન તેનાં ગોચરો સાથે; અને
તાબોર શહેરો અને તેનાં ગોચરો સાથે; મરારીનાં કુટુંબોને
આપ્યાં.

78રૂબેનના કુળસમૂહે તેઓને બેસેર તેનાં ગોચરો સાથે;
યાહસાહ તેનાં ગોચરો સાથે; 79કદેમોથ તેનાં ગોચરો સાથે;
અને મેફાઆથ નગરો ગોચરો સાથે આપ્યાં. આ નગરો યર્દન
નદીની સામી બાજુએ આવેલા રણમાં છે.

80ગાદના કુળસમૂહે તેઓને ગિલયાદમાંનું રામોથ તેનાં
ગોચરો સાથે; માહનાઈમ તેનાં ગોચરો સાથે; 81હેશ્બોન તેનાં
ગોચરો સાથે; અને યાઝેર નગરો ગોચરો સાથે આપ્યાં.

## ઈસ્સાખારના વંશજો

7 ઈસ્સાખારના પુત્રો: તોલા, પૂઆહ, યાશૂબ તથા શિમ્રોન
એ ચાર. 2તોલાના પુત્રો: ઉઝઝી, રફાયા, યરીએલ,
યાહમાય, યિબ્સામ અને શમુએલ હતાં તેઓ પોત પોતાના
કુટુંબોના આગેવાનો હતા. દાઉદ રાજાના સમયમાં આ
કુટુંબોમાંના 22,600 પુરુષો શૂરવીર યોદ્ધાઓ હતા. 3ઉઝઝીનો
પુત્ર યિઝ્રાહયા હતો. યિઝ્રાહયાના પુત્રો: મિખાએલ, ઓબાધા,
યોએલ અને યિશ્શીયા હતાં, આ બધાં પાંચેય તેમના કુટુંબોના
આગેવાનો હતા. 4દાઉદ રાજાના સમયમાં તેઓનાં કુટુંબોમાંથી
36,000 યોદ્ધાઓ સૈન્યમાં હતા કારણ કે, આ પાંચ આગેવાનોને
ઘણી પત્નીઓ હતી અને ઘણાં પુત્રો હતા.

5ઈસ્સાખારના કુળસમૂહના સર્વ કુટુંબોમાંથી યુદ્ધને માટે
ઉપલબ્ધ એવા પુરુષોની સંખ્યા 87,000 હતી, તેઓ શૂરવીર
યોદ્ધાઓ હતા, તેઓનાં નામ વંશાવળીમાં સામેલ કરેલાં છે.

## બિન્યામીનના વંશજો

6બિન્યામીનના ત્રણ પુત્રો હતાં: બેલા, બેખેર અને
યદીઅએલ.

7બેલાના પુત્રો: એસ્બોન ઉઝઝી, ઉઝઝીએલ, યરીમોથ
અને ઈરી. આ પાંચ શૂરવીર યોદ્ધાઓ કુટુંબોના આગેવાનો
હતા અને તેઓના સૈન્યની સંખ્યા 22,034 હતી.

8બેખેરના પુત્રો: ઝમીરાહ, યોઆશ, અબીએઝેર,
એલ્યોએનાય ઓમ્રી, યરેમોથ, અબિયા, અનાથોથ તથા
આલેમેથ એ સર્વ બેખેરના પુત્રો. 9તેઓની વંશાવળી પ્રમાણે
તથા પેઢીઓ પ્રમાણે તેમની ગણતરી કરતાં તેઓ 20,200
પરાક્રમીને શૂરવીર પુરુષો, પોતાના પિતૃઓનાં કુટુંબોના
સરદારો હતા.

10યદીઅએલનો પુત્ર બિલ્હાન, બિલ્હાનના પુત્રો: યેઉશ,
બિન્યામીન, એહૂદ, કનાઅનાહ, ઝેથાન, તાશીશ તથા
અહીશાહાર. 11એ સર્વ યદીઅએલના પુત્રો હતા તેઓના
પિતૃઓનાં કુટુંબોના સરદારો, 17,200 પરાક્રમીને શૂરવીર
પુરુષો હતા કે, જેઓ લડાઈ વખતે સૈન્યમાં જવાને લાયક
હતા.

12ઈરના પુત્રો: હુપ્પીમ તથા શુપ્પીમ; અને આહેરનો પુત્ર
હુશીમ હતો.

## નફતાલીના વંશજો

13નફતાલીના પુત્રો: યાહસીએલ, ગુની, યેસેર તથા
શાલ્લૂમ; તેઓનાં માતા બિલ્હાહ હતાં.

## મનાશ્શાના વંશજો

14મનાશ્શાના વંશજો: અરામી ઉપપત્નીને પેટે તેને
આસ્રીએલ જન્મ્યો અને ગિલયાદના પિતા માખીરને પણ
જન્મ તેણે જ આપ્યો. 15માખીર હુપ્પીમ તેમ જ શુપ્પીમ
માટે બે પત્નીઓ લાવ્યો, એની બહેનનું નામ માઅખાહ
હતું. બીજા પુત્રનું નામ સલોફહાદ હતુ. સલોફહાદને ફક્ત
પુત્રીઓ જ થઈ.

16માખીરની પત્ની માઅખાહને પુત્ર થયો; તેણે તેનું નામ
પેરેશ પાડયું. તેના ભાઈનું નામ શેરેશ હતું; તેના પુત્રો ઉલામ
તથા રેકેમ હતાં.

17ઉલામનો પુત્ર બદાન, મનાશ્શાના પુત્ર માખીરના પુત્ર
ગિલયાદના વંશજો હતાં.

18તેની બહેન હામ્મોલેખેથને પેટે ઈશહોદ, અબીએઝેર
તથા માહલાહ થયાં.

19શમીદાના પુત્રો આહ્યાન, શેખેમ, લિકહી તથા અનીઆમ
હતાં.

### એફ્રાઈમના વંશજો

20એફ્રાઈમના વંશજો: એફ્રાઈમનો પુત્ર શૂથેલાહ હતો;
એનો પુત્ર બેરદ, એનો પુત્ર તાહાથ, એનો પુત્ર એલઆદાહ,
એનો પુત્ર તાહાથ, 21એનો પુત્ર ઝાબાદ એના પુત્રો: શૂથેલાહ,
એસેર તથા એલઆદ, તેમના દેશના મૂળ રહેવાસીઓને
ગાથના પુરુષોએ મારી નાખ્યા, કારણ કે તેઓનાં ઢોરઢાંખરને
લઈ જવા માટે તેઓ ઊતરી આવ્યાં હતાં.

22તેઓના પિતા એફ્રાઈમે ઘણા દિવસો સુધી શોક કર્યો,
ને તેના ભાઈઓ તેને સાંત્વના આપવા આવ્યા. 23પછી
તેની પત્ની ગર્ભવતી બની , ને તેણે પુત્રને જન્મ આપ્યો, ને
તેણે તેનું નામ બરીઆહ પાડયું, કારણ કે તેના કુટુંબની
દુર્દશા થઈ હતી. 24તેને શેઅરાહ નામની એક પુત્રી હતી
તેણે નીચેનું તથા ઉપરનું બેથ–હોરોન તથા ઉઝઝેન–શેઅરાહ
બાંધ્યાં.

25એફ્રાહિમનો પુત્ર રેફા હતો રેફાનો પુત્ર રેશેફ હતો અને
રેશેફનો પુત્ર તેલાહ હતો અને પુત્ર તાહાન હતો; 26એનો
પુત્ર લાઅદાન, એનો પુત્ર આમ્મીહૂદ; એનો પુત્ર અલીશામા;
27એનો પુત્ર નૂન, ને એનો પુત્ર યહોશુઆ હતો.

28તેઓનાં વતન તથા તેઓનાં રહેઠાણ બેથેલ તથા તેના
કસબાઓ હતા, ને પૂર્વ તરફ નાઅરાન, પશ્ચિમ તરફ ગેઝેર
તથા તેના કસબાઓ; વળી શખેમને તેના કસબાઓ અને
અઝઝાહ તથા તેના કસબાઓ સુધી હતા; 29અને તેનો પુત્ર
રેફાહ હતો અને બેથશઆન તથા તેના કસબાઓ, તાઅનાખ
તથા તેના કસબાઓ ત્યાં હતા. મગિદો તથા તેના કસબાઓ,
દોર તથા તેના કસબાઓ મનાશ્શાના વંશજોના હતાં. આ
બધી જગ્યાઓ પર ઈસ્રાએલના પુત્ર યૂસફના વંશજો
રહેતા હતાં.

### આશેરના વંશજો

30આશેરના પુત્રો: યિમ્નાહ, યિશ્વાહ, યિશ્વી, બરીઆહ,
તેમની બહેન સેરાહ.

31બરીઆના પુત્રો: હેબેર અને માલ્કીએલ જે બિઝાઈથનો
પિતા હતો.

32હેબેરના પુત્રો: યાફલેટ, શોમેર, હોથામ, તેમની બહેન
શૂઆ હતી.

33યાફલેટના પુત્રો: પાસાખ, બિમ્હાલ અને આશ્વાથ.

34શેમેરના પુત્રો: અહીં, રોહગાહ, યહુબ્બા અને અરામ,

35તેના ભાઈ હેલેમના પુત્રો: સોફાહ, યિમ્ના, શેલેશ અને
આમાલ,

36સોફાહના પુત્રો: સૂઆહ, હાર્નેફેર, શૂઆલ, બેરી, યિમ્રાહ.
37બેસેર, હોદ, શામ્મા, શિલ્શાહ, યિથ્રાન તથા બએરા,

38યેથેરના પુત્રો: યફુન્નેહ, પિસ્પાહ, તથા અરા.

39ઉલ્લાના પુત્રો: આરાહ, હાન્નીએલ તથા રિસ્યા.

40એ બધા આશેરના વંશજો હતા; તેઓ પોતાના પિતૃઓનાં
કુટુંબોના ચૂટી કાઢેલા સરદારો તથા પરાક્રમીને શૂરવીર પુરુષો
હતા; અને વંશાવળી મુજબ યુદ્ધના કામ માટેની તેઓની
ગણતરી કરતાં તેઓ 26,000 પુરુષો હતા.

### રાજા શાઉલનો પરિવાર ઈતિહાસ

8 બિન્યામીનનો જયેષ્ઠ પુત્ર બેલા, બીજો આશ્બેલ, ત્રીજો
આહરાહ: 2ચોથો નોહાહને પાંચમો રાફા હતો.

3બેલાને આ પુત્રો હતા: આદ્દાર, ગેરા, અબિહુદ,
4અબીશૂઆ, નામાન, અહોઆહ; 5ગેરા, શફૂફાન અને
હૂરામ.

6એહૂદના વંશજો ગેબામાં વસતાં કુટુંબોના આગેવાનો હતા.
યુદ્ધમાં તેઓને બંદીવાન કરીને માનાહાથમાં લઈ જવામાં
આવ્યા. 7તેઓનાં નામ આ પ્રમાણે છે: નામાન, અહિયા,
ગેરા (જેણે તેઓને દેશવટો અપાવ્યો), ઉઝઝી અને અહીહૂદનો
પિતા હતો.

8શાહરાઈમે તેની પત્નીઓ હુશીમ અને બાઅરાને
છૂટાછેડા આપી દીધા, પણ મોઆબ દેશમાં 9તેની નવી પત્ની
હોદેશથી યોબાબ, સિબ્યા, મેશા, માલ્કામ, 10યેઉસ, શાખ્યા
અને મિર્માહનો જન્મ થયો. આ તેના પુત્રો તેમના કુટુંબોના
આગેવાનો બન્યા. 11તેની પત્ની હુશીમથી અબીટુબ અને
એલ્પાઆલ થયા હતા.

12એલ્પાઆલના પુત્રો: એબેર, મિશઆમ, તથા શેમેદ,
જેણે ઓનો તથા લોદ તેમના કસબાઓ સહિત વસાવ્યાં;
13તેના બીજા પુત્રો બરીઆહ ને શેમા હતાં.તેઓ કુટુંબોના
આગેવાનો હતા અને આયાલોનમાં રહેતા હતા. તેઓએ
ગાથના રહેવાસીઓને હાંકી કાઢયા.

14એલ્પાલનાં પુત્રો: આહ્યો શાશાક અને યેરેમોથ,
15બરીઆના પુત્રો; ઝબાધા, અરાદ, એદેર, 16મિખાએલ
યિશ્પાહ અને યોહા. 17એલ્પાઆલનાં પુત્રો હતો; ઝબાધા,
મશુલ્લામ, હિઝકી, હેબેર. 18યિશ્મરાય, યિઝલીઆ, અને
યોબાબ,

19-21શિમઈના પુત્રો; યાકીમ, ઝિખ્રી, જાબ્દી, અલીએનાય,
સિલ્લાથાય, અલીએલ, અદાયા, બરાયા, અને શિમ્રાથ.

22-25શાશાકનાં પુત્રો; યિશ્પાન, એબેર, અલીએલ
આબ્દોન, ઝિખ્રી, હાનાન, હનાન્યા, એલામ, આન્થોથીયા
યિફદયા અને પનુએલ

26-27યરોહામનાં પુત્રો હતો: શામ્શરાય, શહર્યા,અથાલ્યા,
યાઅરેશ્યા, એલિયા અને ઝિખ્રી

28આ બધાં તેમના સમયમાં કુટુંબોના આગેવાનો હતાં
અને યરૂશાલેમમાં રહેતા હતાં.

29ગિબયોનના પિતા યેઈએલ* ગિબયોનમાં રહેતા
હતાં.તેમની પત્નીનું નામ માઅખાહ હતું. 30તેનાં પુત્રો:
જયેષ્ઠ પુત્ર આબ્દોન, સૂર, કીશ બઆલ, નાદાબ, 31ગદોર,
આહ્યો, ઝેખેર, 32અને મિકલોથ જે શિમઆહ પિતા હતાં.આ
બધા કુટુંબો યરૂશાલેમમાં પોતાના ભાઈઓ સાથે રહેતાં
હતાં.

33નેર કીશના પિતા હતાં અને કીશ શાઉલના પિતા હતાં.
શાઉલનાં પુત્રો; યોનાથાન માલ્કી–શૂઆ, અબીનાદાબ અને
એશ્બઆલ.

---

**યેઈએલ** હિબ્રુમાં આ શબ્દ નથી સરખાવો 9:35 પણ ગ્રીકમાં અને
બીજા પ્રાચીન અનુવાદમાં છે.

34યોનાથાનનો પુત્ર મરીબબઆલ હતો. મરીબબઆલનો
પુત્ર મીખાહ હતો. 35મીખાહના પુત્રો: પીથોન, મેલેખ, તારેઆ
અને આહાઝ.
36આહાઝ યહોઆદાહના પિતા હતાં. યહોઆદાહના પુત્રો:
આલેમેથ, આઝમાવેથ અને ઝિમ્રી, મોસા ઝિમ્રીનો પુત્ર
હતો. 37મોસા બિનઆનો પૂર્વજ હતો, બિનઆના પુત્રો:
રાફાહ શફાહનો પુત્ર એલઆસાહ એલઆસાહનો પુત્ર
આસેલ. 38આસેલના છ પુત્રો હતાં; આઝ્રીકામ, બો અરૂ,
ઈશ્માએલ, શઆર્યા, ઓબાધ્યા અને હાનાન.
39આસેલના ભાઈ એશેકના પુત્રો: જયેષ્ઠ પુત્ર ઉલામ,
બીજો યેઉશ ને ત્રીજો અલીફેલેટ. 40ઉલામના પુત્રો પરાક્રમી
શૂરવીર, પુરુષો અને તીરંદાજ હતા, તેઓને ઘણા પુત્રો ને
પુત્રોના પુત્રો એટલે 150 જેટલા હતાં. એ સર્વ બિન્યામીન
વંશજો હતાં.

## બેબિલોનના બંદીવાસમાંથી પાછા ફરેલા લોકો

9 આ પ્રમાણે સર્વ ઈસ્રાએલીઓની ગણતરી તેમની
વંશાવલી પ્રમાણે કરવામાં આવી; તેઓની નોંધ
ઈસ્રાએલના રાજાઓના પુસ્તકમાં છે. યહૂદીયા દેશના લોકોને
મૂર્તિપૂજા કરવાને કારણે બાબિલમાં બંદીવાન તરીકે લઈ
જવામાં આવ્યાં. 2પોતપોતાનાં દેશનાં શહેરોમાં જે પ્રથમ
રહેવા આવ્યા તે ઈસ્રાએલીઓ હતાં, યાજકો, લેવીઓ તથા
મંદિરમાં કામ કરવાવાળા સેવકો હતા.
3યહૂદાના પુત્રોમાંના બિન્યામીનના પુત્રોમાંના,
એફ્રાઈમના તથા મનાશ્શાના પુત્રોમાનાં જેઓ યરૂશાલેમમાં
રહેતા હતા તેઓ આ છે:
4યહૂદાના પુત્ર પેરેસના વંશજોમાંથી બાનીના પુત્ર ઈમ્રીના
પુત્ર ઓમ્રીના પુત્ર આમ્મીહૂદનો પુત્ર ઉથાય.
5બીજું કુટુંબ શીલોનીઓનું હતું. શીલોનીનો જ્યેષ્ઠ પુત્ર
અસાયા અને તેના પુત્રો.
6ઝેરાહના પુત્રો; યેઉએલ અને તેનાં કુટુંબીજનો સર્વ મળીને
690 હતાં.
7બિન્યામીનના કુળસમૂહના હાસ્સેનુઆહના પુત્ર
હોદાવ્યાહના પુત્ર મશુલ્લામનો પુત્ર સાલ્લૂ; 8યરોહામનો
પુત્ર યિબ્નિયા, મિખ્રીના પુત્ર ઉઝઝીનો પુત્ર એલાહ,
યિબ્નિયાના પુત્ર રેઉએલના પુત્ર શફાટ્યાનો પુત્ર મશુલ્લામ;
9તેઓની વંશાવળી પ્રમાણે તેઓના ભાઈઓ 956 જેટલા હતા.
એ સર્વ પુરુષો તેઓના પિતૃઓનાં કુટુંબોનાં સરદારો હતાં.
10જે યાજકો પાછા ફર્યા તે યદાયા, યહોયારીબ અને યાખીન
11અજાર્યા જે અહિટૂબના પુત્ર મરાયોથના પુત્ર સાદોકના
પુત્ર મશુલ્લામના પુત્ર હિલ્કયાનો પુત્ર– દેવના મંદિરનો
મુખ્ય કારભારી હતો. 12ત્યાં અદાયા યહોરામનો પુત્ર હતો.
યહોરામ પાશ્હૂરનો પુત્ર હતો. પાશ્હૂર મલ્કિયાહનો પુત્ર
હતો. અને ત્યાં અદીએલનો પુત્ર માઅસાય હતો. અદીએલતે
યાહઝેરાહનો પુત્ર હતો. યાહઝેરાહતે મશુલ્લામનો પુત્ર હતો
અને મશુલ્લામ મશિલ્લેમીથનો પુત્ર હતો. મશિલ્લેમીથ
ઈમ્મેરનો પુત્ર હતો.
13આ બધાં અને તેઓના ભાઈઓ, તેઓના પિતૃઓનાં
કુટુંબોના સરદારો, 1,760 યાજકો હતા. તેઓ દેવના મંદિરની
સેવાના કામમાં ઘણા કુશળ પુરૂષો હતાં.
14લેવીઓમાંના મરારીના કુળસમૂહોના; તેના પુત્ર
હશાબ્યા; હશાબ્યાના પુત્ર આઝ્રીકામ; આઝ્રીકામના પુત્ર
હાશ્શૂબ; હાશ્શૂબના પુત્ર શમાયા. 15બાકબાક્કાર, હેરેશ તથા
ગાલાલ ને આસાફના પુત્ર ઝિખ્રીના પુત્ર મીખાનો પુત્ર
માત્તાન્યા. 16ઓબેધ્યા એ શમ્માયાનો પુત્ર હતો. શમ્માયા
ગલાલનો પુત્ર હતો. ગલાલ યેદૂથૂનનો પુત્ર હતો, અને બેરેખ્યા
આસાનો પુત્ર હતો. આસા એલ્કાનાહનો પુત્ર હતો. તેઓ
નટોફાથીઓના ગામોના રહેવાસીઓ હતાં.
17દ્વારપાળો; શાલ્લુમ મુખ્ય દ્વારપાળ આક્કુબ, ટાલ્મોન,
અને અહીમાન અને તેના સગાવહાલા. 18આ બધાં લેવી
કુળસમૂહના હતા. પૂર્વ દિશાના રાજદ્વારની જવાબદારી તેમના
માથે હતી. 19શાલ્લુમ તે કોરનો પુત્ર, તે એબ્યાસાફનો પુત્ર,
તે કોરાહનો પુત્ર, અને શામ્મુલ અને તેના પિતાના કુટુંબના
તેના ભાઈઓ, એટલે કોરાહીઓ, તેઓ મંડપના દ્વારપાળો
હતા; તેઓના પિતૃઓ પવિત્ર મંડપના પ્રવેશદ્વાર ની રક્ષા
કરતાં હતાં. 20ત્યારે એલઆજારનો પુત્ર ફીનહાસ તેઓનો
પ્રથમ ઉપરી હતો અને યહોવા તેની સાથે હતા. 21મશેલેમ્યાનો
પુત્ર ઝખાર્યા પવિત્રમંડપનો દ્વારપાળ હતો.
22એ સર્વને દરવાજાના દ્વારપાળ તરીકે પસંદ કરવામાં
આવ્યા હતાં. તેઓ 212 જણા હતાં. તેઓ પોતપોતાનાં ગામોમાં
તેમની વંશાવળી મુજબ ગણાયા હતાં તેઓને દાઉદે તથા
પ્રબોધક શમુએલે ચોક્કસ નક્કી કરેલા કામ પર નીમ્યા
હતા. 23આમ તેઓનું તથા તેઓના વંશજોનું કામ યહોવાના
મંદિરનાં દ્વારોની એટલે પવિત્રમંડપની વારા પ્રમાણે ચોકી
કરીને સંભાળ રાખવાનું હતું. 24દ્વારપાળો ચારેબાજુએ હતા.
એટલે પૂર્વ, પશ્ચિમ ઉત્તર તથા દક્ષિણ 25તેઓના જે ભાઈઓ
તેઓનાં ગામોમાં હતા, તેઓને સાત સાત દિવસને અંતરે
વારાફરતી તેઓની સાથે ભાગ લેવા આવવાનું હતું;
26ચાર મુખ્ય દ્વારપાળો લેવીઓ હતાં. દેવના મંદિરની
ઓરડીઓ અને ભંડારો સંભાળવાની મોટી જવાબદારી તેઓ
ઉપર હતી. 27તેઓની જવાબદારી મહત્વની હોવાથી તેઓ
દેવના ઘરની પાસે દરેક રાત ગુજારતાં હતાં અને પ્રતિદિન
સવારે દરવાજાઓ ઉઘાડતા હતા.
28તેઓમાંના કેટલાકને બલીદાન અને આરાધનામાં
વપરાતા વિવિધ પાત્રોની જવાબદારી સોંપી હતી. તેઓ
ચોકસાઈથી પાત્રો બહાર લઈ જતા અને પાછા લાવતા.
29બીજાઓ વાસણોની અને બધી ઉપાસનાની સામગ્રીની
તેમજ લોટ, દ્રાક્ષારસ, તેલ, ધૂપ અને અત્તરોની સંભાળ
રાખતા હતાં. 30અત્તરોની મેળવણી કરવાનું કામ યાજકોનું
હતું. 31નૈવેદ્ય માટે ભાખરી શેકવાની કાયમી જવાબદારી
કોરાહના વંશના શાલ્લુમના મોટા પુત્ર લેવી મત્તિથ્યાની
હતી.કારણકે તે વિશ્વાસપાત્ર હતો. 32દરેક વિશ્રામવારે મેજ
પર પ્રદર્શિત કરવા માટેની તાજી રોટલી બનાવવાની
જવાબદારી કોરાહના વંશના બીજા કેટલાંક માણસોની હતી.

33કેટલાંક લેવી કુટુંબોને મંદિરમાં સંગીતનું કામ સોંપવામાં
આવ્યુ હતું. એ કુટુંબના વડાઓ મંદિરનાં જ મકાનોમાં રહેતા
હતાં અને તેમને રાત દિવસ ફરજ બજાવવાની હોવાથી
તેમને બીજી સેવાઓમાંથી મુક્ત રાખવામાં આવ્યા હતા.
34એ બધાં વંશાવળી મુજબ લેવીઓના કુટુંબના વડા હતાં
અને યરૂશાલેમમાં રહેતા હતાં.

## રાજા શાઉલનો કુટુંબ ઈતિહાસ

35યેઈએલ ગિબયોનનો સંસ્થાપક હતો. તે ગિબયોનમાં
રહેતો હતો તેની પત્નીનું નામ માઅખાહ હતું. 36યેઈએલના
પુત્રો: આબ્દોન જયેષ્ઠ પુત્ર, સૂર, કીશ, બઆલ, નેર, નાદાબ
હતાં, 37ગદોર, આહ્યો, ઝખાર્યા અને મિકલોથ. 38મિકલોથ
તેના પુત્ર શિમઆમ સાથે યરૂશાલેમમાં તેના કુટુંબીજનોની
નજીક રહેતો હતો.
39નેર કીશના પિતા હતા, કીશ શાઉલના પિતા હતા અને
શાઉલ યોનાથાન, માલ્કીશૂઆ, અબીનાદાબ અને
એશ્બઆલના પિતા હતા.
40યોનાથાન મરીબબઆલના પિતા હતા. મરીબબઆલ
મીખાહના પિતા હતા.
41મીખાહના પુત્રો: પીથોન, મેલેખ, તાહરેઆ અને
આહાઝ. 42આહાઝ યારાહના પિતા હતા, યારાહના પુત્રો:
આલેમેથ, આઝમાવેથ અને ઝિમ્રી. ઝિમ્રીનો પુત્ર મોસા
હતો. 43મોસાના વંશજો: બિનઆ, તેનો પુત્ર રફાયા, રફાયાનો
પુત્ર એલઆસાહ અને તેનો પુત્ર આસેલ
44આસેલને છ પુત્રો હતા: આઝ્રીકામ, બોખરું, ઈશ્માએલ,
શઆર્યા, ઓબાધા અને હાનાન.

## રાજા શાઉલનું મૃત્યુ

10 પલિસ્તીઓ ઈસ્રાએલીઓ સામે ગિલ્બોઆના
ડુંગર ઉપર યુદ્ધે ચઢ્યા. ઘણા ઈસ્રાએલીઓ માર્યા
ગયા અને બાકી રહ્યા તે ભાગી ગયા. 2પછી પલિસ્તીઓએ
શાઉલનો અને તેના પુત્રો યોનાથાન, અબીનાદાબ અને
માલ્કીશૂઆનો પીછો પકડ્યો અને ત્રણે પુત્રોને મારી નાખ્યા.
3શાઉલની આસપાસ ખૂંખાર યુદ્ધ મચ્યુ હતું, અને કેટલાંક
તીરંદાજોએ તેની પાસે પહોંચી જઈ તેને સખત ઘાયલ
કર્યો.
4ત્યારે શાઉલે જે માણસ તેના બાણ ઉપાડી રહ્યો હતો
તેને કહ્યું, "તારી તલવાર કાઢી મને હુલાવી દે, નહીં તો આ
બે સુન્નતી માણસો આવીને મારી હાંસી ઉડાવશે,"
પરંતુ બખ્તર ઉપાડનારની હિંમત ચાલી નહીં એટલે તેણે
ના પાડી. આથી શાઉલે પોતે તલવાર ખેંચીને તેની ધાર
ઉપર પડતું મુક્યું 5શાઉલને મૃત્યુ પામેલો જોઈને બખ્તર
ઉપાડનાર પણ પોતાની તલવાર ઉપર પડતું મુકી મોતને
ભેટ્યો. 6આમ શાઉલ અને તેના ત્રણ પુત્રો એક સાથે મૃત્યુ
પામ્યા અને તેના વંશનો અંત આવ્યો.
7ખીણમાં વસતા સર્વ ઈસ્રાએલીઓએ જ્યારે જોયું કે
ઈસ્રાએલી સેના ભાગી ગઈ છે અને શાઉલ અને તેના
પુત્રો મૃત્યુ પામ્યા છે.ત્યારે તેઓ પોતાનાં ગામો છોડીને
ચાલ્યા ગયા. પછી પલિસ્તીઓએ આવીને તેમાં વસવાટ
કર્યો.
8બીજે દિવસે પલિસ્તીઓએ યુદ્ધમાં મૃત્યુ પામેલાઓના
શરીરો ઉપરથી લૂંટ ભેગી કરવા પાછા ગયા ત્યારે તેઓએ
શાઉલ અને તેના પુત્રોના શબ જોયાં. 9તેઓએ શાઉલનું
બખ્તર ઉતારી લીધું અને તેનું માથું કાપી નાખ્યું. પછી
સમગ્ર દેશમાં વધામણી આપવા સંદેશાવાહકો મોકલ્યા અને
તેઓની મૂર્તિઓ આગળ ઉજવણી કરી. 10શાઉલના બખ્તરને
તેઓએ પોતાના દેવના મંદિરમાં લટકાવ્યું.દાગોનના મંદિરમાં
ભાલા ઉપર તેનું માથું મુક્યું.
11પલિસ્તીઓએ શાઉલના આ હાલ કર્યા છે એની જાણ
યાબેશ-ગિલયાદના લોકોને થઈ. 12ત્યારે ત્યાંના બધા
યોદ્ધાઓ શાઉલ અને તેના પુત્રના શબ શોધવા નીકળી
પડ્યા અને તેઓએ તેમને પાછાં લઈ આવી યાબેશમા એક
ઓકના ઝાડ નીચે તેમનાં અસ્થિ દફનાવ્યાં, અને પછી
તેઓએ સાત દિવસના ઉપવાસ કર્યા.
13શાઉલને મરવું પડ્યું કારણ, તે યહોવાને બેવફા નીવડ્યો
હતો, તેણે યહોવાની આજ્ઞા માની નહોતી અને યહોવાને
પ્રશ્ન કરવાને બદલે મેલીવિધા જાણનારની સલાહ લીધી.
14આથી યહોવાએ તેનો વધ કર્યો અને તેનું રાજ્ય યસાઈના
પુત્ર દાઉદને સોંપી દીધું.

## ઈસ્રાએલના રાજા તરીકે દાઉદ

11 ત્યારબાદ સર્વ ઈસ્રાએલીઓએ હેબ્રોનમાં ભેગા
થઈને દાઉદને કહ્યું, "અમે તમારા જ કુટુંબીજનો
છીએ. 2ભૂતકાળમાં જ્યારે શાઉલ અમારો રાજા હતો ત્યારે
પણ તમે જ ઈસ્રાએલી સેનાની આગેવાની લેતા હતાં, અને
તમારા દેવ યહોવાએ તમને કહ્યું હતું કે, 'મારા લોકોની ,
ઈસ્રાએલની સારસંભાળ લેનાર માણસ તું છે, તું જ તેમનો
શાસનકર્તા થવાનો છે.'"
3આથી ઈસ્રાએલના બધા આગેવાનો રાજા દાઉદ પાસે
હેબ્રોનમાં આવ્યા અને દાઉદે યહોવાની સાક્ષીએ તેમની
સાથે હેબ્રોનમાં કરાર કર્યો અને તેમણે દાઉદનો ઈસ્રાએલના
રાજા તરીકે અભિષેક કર્યો, અને એ રીતે યહોવાએ શમુએલને
આપેલું વચન પરિપૂર્ણ થયું.

## યરૂશાલેમ કબ્જે કરતો દાઉદ

4પછી દાઉદ અને આખુ ઈસ્રાએલ યરૂશાલેમ જે યબૂસ
તરીકે ઓળખાતું ત્યાં ગયાં; ત્યાં યબૂસી અને તેના મૂળ
વતનીઓ રહેતાં હતાં. 5યબૂસના રહેવાસીઓએ તેઓને
નગરમાં પ્રવેશવા દીધા નહીં. તો પણ દાઉદે સિયોનનો કિલ્લો
જીતી લીધો.તે પાછળથી દાઉદનગર તરીકે ઓળખાયો.
6દાઉદે કહ્યું, "જે કોઈ યબૂસીઓને મારવામાં પહેલ કરશે
તેને સરસેનાપતિ બનાવવામાં આવશે." યોઆબ બીન
સરૂયાએ સૌથી પહેલો હુમલો કર્યો અને તેથી તેને સરસેનાપતિ
બનાવવામાં આવ્યો.

7દાઉદે એ ગઢમાં વસવાટ કર્યો અને તેથી તેનું નામ દાઉદ-નગર પડ્યું. 8દાઉદે મીલોથી લઈને બધી બાજુ બાકીના શહેરને ફરીથી બંધાવ્યા બાકીનું શહેર પછી યોઆબે બંધાવ્યા. 9આમ દાઉદ ઉત્તરોત્તર બળવાન થતો ગયો, કારણકે સર્વસમર્થ યહોવા દેવ તેની સાથે હતાં.

### ત્રણ નાયકો

10દાઉદનાં પરાક્રમી મુખ્ય યોદ્ધાઓ જેમણે તેને ટેકો આપ્યો હતો અને યહોવાએ વચન આપ્યા પ્રમાણે સમગ્ર ઈસ્રાએલનો રાજા થવામાં તેને મદદ કરી હતી. તેમની યાદી આ પ્રમાણે છે; 11પહેલો હાખ્મોની કુળનો યાશોબઆમ જે રાજાની ખાસ સેનાનો નાયક હતો.

તેણે ભાલા વડે 300 માણસોને એકી સાથે રહેંસી નાખ્યા હતા. 12વીર ત્રિપુટીનો બીજો અહોહીનાં વંશનો એલઆજાર હતો. તે દોદોનો પુત્ર હતો. 13જ્યારે પલિસ્તીઓ પાસ-દામ્મીમમાં યુદ્ધ માટે ભેગા થયા ત્યારે એ જવના એક ખેતરમાં દાઉદની સાથે હતો. સૈન્ય પલિસ્તિઓથી ભાગી ગયું હતું. 14પણ એલઆઝાર ભાગ્યો નહી અને તેણે પલિસ્તીઓ પર હુમલો કર્યો. યહોવાએ તેને ભવ્ય વિજય અપાવ્યો.

15બીજી વખતે પલિસ્તીઓની એક ટુકડીએ જ્યારે રફાઈમની ખીણમાં છાવણી નાખી હતી ત્યારે ત્રીસ શૂરવીરોમાંના ત્રણ અદુલ્લામની ગુફા નજીકના ખડક આગળ દાઉદને જઈને મળ્યાં.

16તે વચને દાઉદ ત્યાં સંતાયેલો હતો અને પલિસ્તિઓની છાવણી બેથલેહેમમાં હતી. 17દાઉદને તીવ્ર ઈરછા થઈ અને તેણે પુછયું, "ઓ, બેથલેહેમના દરવાજા બાજુ આવેલા કૂવાનુ પાણી પીવાની ઈચ્છા થઈ છે."

18એટલે આ વીરત્રિપુટી પલિસ્તીઓની છાવણીમાં થઈને બેથલેહેમ પહોંચી તેઓએ કૂવામાથી પાણી કાઢયું અને દાઉદ પાસે લઈ આવ્યા.દાઉદે તે પીવા ના પાડી. પણ યહોવા સમક્ષ તે પાણી અર્પણ તરીકે રેડી દીધું. 19તેણે કહ્યું, "આ પાણી હું પીઉં એમ બને કેવી રીતે? હે દેવ! એ તો પોતાના પ્રાણ જોખમમાં મૂકનાર આ શૂરવીરોનું લોહી પીધા બરોબર થાય. પોતાના જીવના જોખમે એ લોકો એ લાવ્યા છે." આથી તેણે તે પીવાની ના પાડી. આ 'વીરત્રિપુટી' ઓના આવા કામો હતાં.

### અન્ય બહાદુર સૈનિકો

20યોઆબનો ભાઈ અબીશાય એ ત્રણ શૂરવીરોનો સરદાર હતો. એક વખત તેણે ભાલા વડે 300 દુશ્મનો સાથે યુદ્ધ કરી તેમને પૂરા કર્યા હતાં અને તે ત્રિપુટીમાં પ્રખ્યાત બની ગયો હતો. 21ત્રણ શૂરવીરોમાં તે સૌથી વધુ પ્રખ્યાત હતો અને તેથી તેમનો સરદાર બન્યો, પણ તે પહેલા ત્રણેય માંથી એક નહતો.

22યહોયાદાનો પુત્ર કાબ્સેએલ ગામના બનાયાનો પરાક્રમી યોદ્ધો હતો. તેણે મોઆબના બે પ્રખ્યાત કદાવર પુરુષોને મારી નાખ્યા હતા. વળી એક વાર હિમ પડતું હતું ત્યારે કોતરમાં ઊતરીને તેણે એક સિંહને મારી નાખ્યો હતો. 23વળી, સાડાસાત ફૂટ ઊંચા મહાકાય મિસરીને મારનાર પણ એ જ હતો. એ મિસરી પાસે સાળના પાટડા જેવો મોટો ભાલો હતો. પણ બનાયા ફક્ત એક લાકડી લઈને તેની સામે પહોંચી ગયો. અને તેના હાથમાંથી ભાલો ઝૂંટવી તેના જ ભાલા વડે તેને મારી નાંખ્યો. 24ત્રિપુટીમાં તે પ્રખ્યાત થયો અને 25ત્રીસ શ્રેષ્ઠ યોદ્ધાઓમાં તે ઘણો પ્રખ્યાત હતો. દાઉદે તેને પોતાના અંગરક્ષકોનો નાયક બનાવ્યો હતો. તે ત્રિપુટીમાંનો એક નહોતો છતાં પણ.

### ત્રીસ શૂરવીરો

26દાઉદનાં બીજા શૂરવીરોનાં નામ આ પ્રમાણે છે; યોઆબનો ભાઈ અસાહેલ, બેથલેહેમના દોદોનો પુત્ર એલ્હાનાન, 27હરોદનો વતની શામ્મોથ, પલોનનો વતની હેલેસ; 28ઈરા,-ઈક્કેસનો પુત્ર અને તકોઆનો વતની, અનાથોથનો વતની અબીએઝેર, 29હુશાનો વતની સિબ્બખાય, અયોહીનો વતની ઈલાહ; 30નટોફાનો વતની માહરાય, હેલેદબાનાનો પુત્ર અને નટોફાનો વતની, 31બિન્યામીનના ગિબયાહનો વતની ઈથાય-રિબાયનો પુત્ર, પિરઆથોનનો વતની બનાયા; 32ગાઆશની ઘાટ પાસેનો વતની હૂરાય, આર્બાથનો વતની અબીએલ, 33બાહરૂમનો વતની આઝમાવેથ, શાઆલ્બોનીનો વતની એલ્યાહબા, 34ગેઝોનીના હાશેમના પુત્રો, હારારીનો વતની શાગેનો પુત્ર યોનાથન, 35હારારી સાખારનો પુત્ર અહીઆમ, ઉરનો પુત્ર અલીફાહ, 36મખેરાથનો વતની હેફેર પલોનનો વતની અહિયા, 37કાર્મેલનો વતની હેસ્રો અને એઝબાયનો પુત્ર નાઅરાય, 38નાથાનનો ભાઈ યોએલ, હાગ્રીનો પુત્ર મિબ્હાર, 39આમ્મોનનો પુત્ર સેલેક, બેરોથનો પુત્ર નાહરાય-જે સરૂયા પુત્ર યોઆબનો શસ્રવાહક હતો; 40યિથ્રોના ઈરા, અને ગારેબ, 41ઉરિયા હિત્તી, આહલાયનો પુત્ર જાબાદ, 42રૂબેનના કુળસમૂહના શિજાનો પુત્ર અદીના, જે રૂબેનના કુળના આગેવાનોમાંનો એક હતો. અને તેની સાથે બીજા ત્રીસ હતા. 43માઅખાહનો પુત્ર હાનાન, મિથ્નાનનો વતની યહોશાફાટ,

44આશતરોથી ઉઝ્ઝિયા, હોથામનો પુત્ર શામા અને અરોએરનો યેઈએલ. 45શિમ્રીનો પુત્ર યદીઅએલ, યદીઅએલનો ભાઈ તીસાનો વતની યોહા, તીસી; 46માહવીનો પુત્ર અલિએલ, એલ્નાઆમના પુત્ર યરીબાય તથા યોશાવ્યા ને મોઆબી યિથ્માહ. 47યાઅસીએલ, ઓબેદ અને મસોબાનો વતની અલીએલ.

### દાઉદ સાથે ભળતા પરાક્રમી સૈનિકો

12 દાઉદને કીશના પુત્ર શાઉલ નજીક આવવાની મનાઈ હતી.અને તે સિકલાગમાં રહેતો હતો. ત્યારે યુદ્ધમાં મદદ કરી શકે એવા અનેક વીર યોદ્ધાઓ આવી ને તેની સાથે જોડાયા. 2તેઓ બિન્યામીન કુળસમૂહના, શાઉલના

જાતભાઈઓ જ હતા, અને તીર ચલાવવામાં કે ગોફણથી
પથ્થર ફેંકવામાં સવ્યસાચી હતા.
3તેમના નાયકો ગિબયાથી શમાઆહના પુત્ર અહીએઝરા
અને યોઆશ હતા.યોદ્ધાઓ નીચે પ્રમાણે હતા: અઝમાવેથના
પુત્ર યઝીએલ અને પેલેટ. અનાથોથના બરાખાહ અને યેહૂ,
4ગિબયોનનો ઈશ્માયા, જે "ત્રીસ શૂરવીરો"માં નો એક અને
તેમનો એક આગેવાન હતો. ગદેરાના યર્મિયા, યાહઝીએલ,
યોહાનાન અને યોજાબાદ, 5હારુફના એલઉઝાય, યરીમોથ,
બઆલ્યા, શમાર્યા અને સફાટ્યા, 6કોરાહના વંશજો,
એલ્કાનાહ યિશિયા, અજારએલ, યોએઝેર, અને
યાશોબઆમ; 7અને ગદોરના યરોહામના પુત્ર યોએલાહ
અને ઝબાધા.

### ગાદના કુળસમૂહો

8ગાદ કુળસમૂહના પણ કેટલાક માણસો શાઉલને છોડીને
વગડાના ગઢમાં દાઉદની સાથે ભળી ગયા. તેઓ બળવાન
અને કેળવાયેલા યોદ્ધાઓ હતા. અને ભાલો અને ઢાલ
વાપરવામાં પાવરધા હતા. તેઓ સિંહ જેવા વિકરાળ અને
પર્વત ઉપરનાં હરણાં જેવા ચપળ હતા.
9એઝર તેમનો નાયક હતો. અને ઓબાધા બીજો, અરીઆબ
ત્રીજો, 10મિશ્માન્નાહ ચોથો, યર્મિયા પાંચમો, 11છઠ્ઠો આત્તાય,
સાતમો અલીએલ, 12આઠમો યોહાનાન, નવમો
એલ્જાબાદ.13દશમો યર્મિયા, અને અગિયારમા ક્રમે
માખ્બાન્નાય હતો.
14ગાદના કુળસમૂહોમાંના તેઓ સૈન્યના સરદારો હતા;
તેઓમાંનો જે સૌથી નબળો હતો તે સોની બરાબર હતો, ને
તેઓમાંનો જે સૌથી મહાન તે હજારની બરાબર હતો. 15પહેલા
મહિનામાં જ્યારે યર્દન નદી પોતાના કાંઠા પર થઈને ઊભરાતી
હતી ત્યારે તેઓએ તેને ઓળંગી જઈને એના પૂર્વ અને
પશ્ચિમ કાંઠે વસતા લોકોને ભગાડી મૂક્યા હતા.

### દાઉદ સાથે ભળતા અન્ય સૈનિકો

16બિન્યામીન અને યહૂદાના કુળસમૂહના કેટલાંક માણસો
ગઢમાં દાઉદ પાસે આવ્યા. 17દાઉદ તેમની સામે ગયો અને
બોલ્યો, "જો તમે મિત્ર તરીકે મને મદદ કરવા આવતા હો
તો હું તમારું સ્વાગત કરું છું. મારી સાથે જોડાઈ જાઓ. પણ
મેં કંઈ નુકશાન કર્યુ ન હોવા છતાં તમે દગો કરીને મને મારા
દુશ્મનોના હાથમાં સોંપી દેવાની ઈરછાથી આવ્યા હો, તો
આપણા પિતૃઓના દેવ એ ધ્યાનમાં લો અને તમને સજા
કરો."
18તે જ વખતે દેવના આત્માએ'ત્રીસ વીરો' ના નાયક
અમાસાઈમાં પ્રવેશ કર્યો અને તે બોલી ઊઠ્યો:
"ઓ દાઉદ અમે તમારા પક્ષે છીએ, ઓ યશાઈ પુત્ર, અમે
તારી સાથે છીએ, તારો જય હો! તારા સાથીઓનો જય હો!
દેવ તારી સહાયમાં છે!"
દાઉદે તેમને આવકાર આપ્યો અને તેમને પોતાની
ટૂકડીઓના નાયક બનાવ્યા.
19દાઉદ જ્યારે શાઉલ સાથે લડવા પલિસ્તીઓ ભેગો જતો
હતો ત્યારે મનારશાના કુળસમૂહના કેટલાક માણસો ફૂટી
જઈને તેની સાથે મળી ગયા હતા. જો કે દાઉદે પલિસ્તિઓને
ખરેખર મદદ કરી નહોતી; ખુદ તેમના રાજવીઓએ નિર્ણય
કર્યા પછી એવું કહીને તેને જાકારો દીધો હતો કે, "જો એ
ફૂટીને પોતાના ધણી શાઉલને મળી ગયો તો આપણા મસ્તક
જશે." 20જ્યારે દાઉદ સિકલાગ જતો હતો ત્યારે મનારશાના
વંશના નીચેના માણસો એ પોતાના લોકોને છેતરીને તેની
સાથે જોડાયા હતાં; આદનાહ, યોજાબાદ યદીઅએલ,
મિખાયેલ, અલીહૂ અને સિલ્લથાય. એ બધા જ મનાશ્શાના
લોકોના આગેવાન હતા અને તેઓ હર એક હજાર હજાર
યોદ્ધાઓના નાયકો હતાં. 21એ બધા ટુકડીના નાયક તરીકે
દાઉદને મદદ કરતા હતા, કારણ તેઓ બધાજ કસાયેલા
યોદ્ધા હતા એટલે પાછળથી તેઓ લશ્કરમાં સેનાપતિઓ
થયા.
22રોજ રોજ માણસો દાઉદ પાસે આવતા જ રહ્યા અને એ
રીતે તેનું લશ્કર ઘણું મોટું થઈ ગયું.

### દાઉદ સાથે હેબ્રોનમાં મળતા અન્ય સૈનિકો

23યહોવાએ વચન આપ્યા પ્રમાણે શાઉલને બદલે દાઉદને
રાજા બનાવવા માટે જે યોદ્ધાઓ હેબ્રોન ખાતે આવી મળ્યા
તેમની સંખ્યા નીચે મુજબ છે;
24યહૂદાના કુળસમૂહના ઢાલ અને ભાલાધારી 6,800,
યુદ્ધ માટે સજ્જ યોદ્ધાઓ;
25શિમયોનના કુળસમૂહના: 7,100 વીર યોદ્ધાઓ;
26લેવીના કુળસમૂહના 4,600 યોદ્ધાઓ; 27ઉપરાંત
હારુનના કુળના યહોદાની આગેવાની હેઠળ 3,700 યોદ્ધાઓ;
28તરુણ પરાક્રમી યોદ્ધો સાદોક અને તેના કુળના 22 નાયકો;
29બિન્યામીનના કુળસમૂહના; 3,000 શાઉલ એ વંશનો
જ હતો. અને એમાંના મોટા ભાગના અત્યાર સુધી એને
વફાદાર રહ્યા હતા.
30એફ્રાઈમના કુળસમૂહના 20,800 વીર યોદ્ધાઓ, જેમણે
બધાએ જ પોતપોતાના કુળમાં ખ્યાતિ મેળવી હતી.
31મનાશ્શાના અર્ધા કુળસમૂહના:18,000 યોદ્ધાઓ જેમણે
જઈને દાઉદને રાજા જાહેર કરવાને ચૂંટી મોકલ્યા હતાં;
32ઈસ્સાખારના 200 આગેવાનો, જેઓ ઈસ્રાએલે ક્યારે
અને કેવા પગલાં લેવા તેનો નિર્ણય કરવામાં કુશળ હતા.
અને તેમના હાથ નીચેના બધા સગાવહાલા.
33ઝબુલોનના કુળસમૂહના યુદ્ધ માટે સારું પ્રશિક્ષણ
પામેલાં અને બધી જાતનાં શસ્રોથી સજ્જ એવા બહાદુર
અને ટેકીલા 50,000 માણસો;
34નફતાલીના કુળસમૂહના 1000 નાયકો અને તેમના
37,000 ઢાલ અને ભાલાથી સજ્જ યોદ્ધાઓ.
35દાનના કુળસમૂહના 28,600 શિક્ષણ પામેલા યોદ્ધાઓ;
36આશેરના કુળસમૂહના 40,000 શિક્ષણ પામેલા
યોદ્ધાઓ.

37રૂબેન, અને ગાદ અને મનાશ્શાના અર્ધા કુળસમૂહના
શિક્ષણ પામેલા અને બધા પ્રકારના શસ્રો સજ્જ 1,20,000
યોદ્ધાઓ, તેઓ યર્દનની પેલે પાર ના હતાં.
38આ સર્વ યોદ્ધા શસ્ર સાથે સજ્જ થઈને દાઉદને
ઈસ્રાએલનો રાજા બનાવવાના એકમાત્ર હેતુથી હેબ્રોન આવ્યા
હતાં. એકંદરે ઈસ્રાએલના સર્વ નેતાઓ આવું ઈચ્છતા હતાં.
39તેઓએ દાઉદ સાથે ત્રણ દિવસ ઉજાણી માણી કારણકે
તેઓ માટે પૂરી તૈયારી કરવામાં આવી હતી. 40પાસેના લોકો
અને દૂરના ઈસ્સાખાર, ઝબુલોન અને નફતાલી લોકો ગધેડાં,
ઊંટો, ખચ્ચરો અને બળદો પર ખોરાક લઈ આવ્યા. મોટા
જથ્થામાં મેંદા, અંજીરના ચકતાં, દ્રાક્ષની લૂમો, દ્રાક્ષારસ,
તેલ અને મોટી સંખ્યામાં ઢોરઢાંખર અને ઘેટાં ઉજવણી માટે
લાવવામાં આવ્યાં, કારણકે આખો દેશ આનંદોત્સવ મનાવતો
હતો.

## કરારકોશને પાછો લાવ્યા

13 દાઉદે પોતાની સેનાના યોદ્ધાઓ, જે 1000
માણસોની ટુકડીના અને 100 માણસોની ટુકડીના
સેના નાયક હતા તેમની સાથે વાત કરી. 2પછી
ઈસ્રાએલીઓના એકત્ર થયેલા લોકોને સંબોધીને કહ્યું, "જો
તમને સૌને મંજૂર હોય અને આપણા યહોવાની એવી ઈચ્છા
હોય તો આપણે સમગ્ર ઈસ્રાએલના બાકીના દેશબંધુઓને
તેમજ આજુબાજુની ભૂમિ સહિતના પોતાનાં શહેરોમાં વસતા
યાજકોને અને લેવીઓને સંદેશો મોકલીને આપણી સાથે
જોડાવા માટે તેઓને આમંત્રણ આપીએ. 3આપણા દેવનો
કરારકોશ પાછો લાવીએ કારણકે શાઉલ જીવતો હતો. ત્યારથી
આપણે ત્યાં ઉપાસના કરી નહોતી."
4સમગ્ર સભા તેમની સાથે સહમત થઈ, કારણ બધા
લોકોની દ્રષ્ટિએ એજ યોગ્ય હતું.
5તેથી દાઉદે મિસરની સરહદે આવેલા શિહોરથી માંડીને
છેક લેબો હમાથ સુધીના દેશભરના બધા ઈસ્રાએલીઓને
કરારકોશ કિર્યાથ-યઆરીમથી યરૂશાલેમ લઈ આવવા માટે
ભેગા કર્યા. 6પછી દાઉદ અને બધા ઈસ્રાએલીઓ, જે યહોવાનું
નામ ધરાવે છે ને જેના ઉપરના કરૂબો ઉપર દેવ યહોવા
બિરાજે છે તે કરારકોશ લઈ આવવા યહૂદામાં આવેલા
બાઅલાહ મુકામે ગયા.
7તેઓએ અબીનાદાબના ઘરમાંથી દેવના કોશને લઈને
નવા ગાડામાં મૂક્યો. ઉઝઝા અને આહ્યો ગાડું હાંકતા હતાં.
8દાઉદ અને બધા ઈસ્રાએલીઓ દેવની સમક્ષ વીણા,
સારંગી, ખંજરી, મંજીરા અને રણશીંગડા વગાડીને જોરશોરથી
નાચતા અને ગાતા હતાં.
9જ્યારે તેઓ કિદોનની ખળી આગળ આવ્યા ત્યારે બળદોને
ઠોકર વાગી એટલે ઉઝઝાએ કોશને પડી જતો અટકાવવા
હાથ લંબાવીને તેને પકડ્યો. 10તે કોશને અડક્યો તેથી
યહોવાનો રોષ તેના પર ભભૂકી ઊઠ્યો. તેમણે ઉઝઝાને
માર્યો અને તે દેવ સમક્ષ મૃત્યુ પામ્યો. 11યહોવાએ આમ
ઉઝઝા ઉપર આક્રમણ કર્યુ. એથી દાઉદને ચીડ ચડી. અને
તેણે તે જગ્યાનું નામ "પેરેસ-ઉઝઝા" પાડ્યું જે આજે પણ તે
જ નામે ઓળખાય છે.
12દાઉદને તે દિવસે દેવનો ભય લાગ્યો અને તે બોલ્યો,
"હું 'દેવના કોશ' ને મારે ઘેર શી રીતે લઈ જાઉં?" 13આથી
દાઉદ કોશને પોતાને ઘેર દાઉદનગરમાં ન લઈ ગયો, પણ
ગાથના વતની ઓબેદ-અદોમની પાસે લઈ ગયો. 14ત્રણ
મહિના સુધી દેવનો કોશ ઓબેદ-અદોમના કુટુંબ સાથે હતો
અને યહોવાએ ઓબેદ-અદોમના કુટુંબ અને તેના સર્વને
આશીર્વાદ આપ્યા.

## દાઉદને ઘેર યરૂશાલેમમાં બાળકો જન્મ્યાં

14 તૂરના રાજા હિરામે દાઉદ પાસે એલચીઓ મોકલ્યા
અને તેમની સાથે મહેલ બાંધવા માટે ગંધતરુનું
લાકડું, કડીયાઓ અને સુથારો મોકલી આપ્યા. 2હવે દાઉદને
ખાતરી થઈ ગઈ કે, યહોવાએ તેને ઈસ્રાએલ ના રાજા તરીકે
સ્થાપ્યો છે અને પોતાના ઈસ્રાએલી લોકો માટે થઈને તેના
રાજ્યને મહાન બનાવે છે.
3યરૂશાલેમમાં દાઉદે વધારે પત્નીઓ કરી અને તેને વધુ
પુત્રપુત્રી જન્મ્યાં. 4તેને યરૂશાલેમમાં થયેલા બાળકોનાં નામ
આ પ્રમાણે છે; શામ્મુઆ, શોબાબ, નાથાન, સુલેમાન,
5યિબ્હાર, અલીશૂઆ, અલ્પેલેટ, 6નોગાહ, નેફગ, યાફીઆ,
7અલીશામા, બએલ્યાદા અને અલીફેલેટ.

## પલિસ્તીઓને હરાવતો દાઉદ

8જ્યારે પલિસ્તીઓએ સાંભળ્યું કે હવે દાઉદનો સમગ્ર
ઈસ્રાએલના રાજા તરીકે અભિષેક કરવામાં આવ્યો છે, ત્યારે
તેઓ ભેગા મળીને તેની શોધમાં નીકળી પડ્યા. દાઉદે જ્યારે
આ વિષે સાંભળ્યું ત્યારે તે તેમનો સામનો કરવા નીકળી
પડ્યો. 9પલિસ્તીઓએ આવીને રફાઈમની ખીણમાં જમાવટ
કરી. 10દાઉદે દેવની સલાહ લીધી, "હું પલિસ્તીઓ ઉપર
હુમલો કરુ? તું તેમને મારા હાથમાં સોંપી દેશે?"
યહોવાએ જવાબ આપ્યો, "હુમલો કર. હું તેઓને તારા
હાથમાં સોંપી દઈશ."
11આથી દાઉદે બઆલ-પરાસીમ આગળ તેમના પર
હુમલો કરી તેમને હરાવ્યા. દાઉદે કહ્યું, "જેવી રીતે પાણી
ભંગાણ પાડે તેમ દેવે મારા દુશ્મનોમાં ભંગાણ પાડ્યું છે"
તેથી તે જગ્યાનું નામ 'બઆલ-પરાસીમ' રાખવામાં આવ્યું.
12પલિસ્તીઓ તેમની મૂર્તિઓને પાછળ મૂકીને ચાલ્યા ગયા
હતાં, દાઉદની આજ્ઞાથી તે બધી મૂર્તિઓ બાળી નાખવામાં
આવી.

## પલિસ્તીઓ પર ફરી વિજય

13પલિસ્તીઓએ ફરી ખીણમાં જમાવટ કરી. 14દાઉદે ફરીથી
દેવની સલાહ લીધી અને દેવે જવાબ આપ્યો, "આગળથી
તેમની ઉપર હુમલો કરીશ નહીં, પરંતુ ફરીને તેમની પાછળ
જઈ મેંદીના છોડ નજીક હુમલો કરજે. 15જ્યારે તું છોડને

મથાળે પગરવ જેવો અવાજ સાંભળે ત્યારે તું હુમલો કરજે,
કારણ, એ દેવ તારી આગળ પલિસ્તીઓની સેનાને હરાવવા
માટે નીકળી પડ્યો હશે.” 16દાઉદે દેવની સલાહ પ્રમાણે કર્યુ
અને તેણે ગિબયોનથી ઠેઠ ગેઝેર સુધી પલિસ્તીઓના લશ્કરને
હાંકી કાઢ્યું. 17દાઉદની ખ્યાતિ સર્વત્ર પ્રસરી ગઈ અને
યહોવાએ બધી પ્રજાઓને તેનાથી ભયભીત બનાવી દીધી.

## યરૂશાલેમમાં કરારકોશની સ્થાપના

15 યરૂશાલેમમાં દાઉદે દાઉદનગરમાં પોતાના માટે
આવાસ બાંધ્યા અને ’દેવના કોશ’ માટે નવો મંડપ
બંધાવ્યો. 2ત્યારપછી તેણે કહ્યું, “ફક્ત લેવીઓએ જ દેવનો
કોશ ઊંચકવો. કારણકે તેમનો કોશ ઊંચકવા માટે તથા તેમની
સેવા કરવા માટે યહોવાએ તેઓને પસંદ કર્યા છે.”
3તેથી યહોવાના કોશને માટે યરૂશાલેમમાં તૈયાર કરેલી
જગ્યાએ તેને લઈ જવા માટે તેણે સર્વ ઈસ્રાએલીઓને ભેગા
કર્યા. 4વળી તેણે હારુનના વંશજોને તથા લેવીઓને પણ
ભેગા કર્યા. 5કહાથના કુળમાંથી ઉરીએલની આગેવાની હેઠળ
તેના 120 કુટુંબીઓ, 6મરારીના કુળસમૂહમાંથી અસાયાની
આગેવાની હેઠળ તેના 220 માણસો હતા. 7ગેર્શોમના
કુળસમૂહમાં મુખ્ય યોએલ, તથા તેના ભાઈઓ 130;
8અલીસાફાનના કુળસમૂહમાંથી શામાયાની આગેવાની હેઠળ
તેના 200 કુટુંબીઓ. 9હેબ્રોનના કુળસમૂહમાંથી અલીએલની
આગેવાની હેઠળ તેના 80 કુટુંબીઓ; 10અને ઉઝ્ઝિએલના
કુળમાંથી આમ્મીનાદાબની આગેવાની હેઠળ તેના 112
કુટુંબીઓ આવ્યા.

## લેવીઓ અને યાજકો સાથે વાત કરતો દાઉદ

11ત્યારબાદ દાઉદે યાજકો સાદોક અને અબ્યાથારને તથા
લેવી આગેવાનો ઉરીએલ, યસાયા, યોએલ, શમાયા,
અલીએલ, અને આમ્મીનાદાબને તેડાવ્યા. 12અને કહ્યું, “તમે
લેવી વંશના કુળસમૂહોના આગેવાનો છો. તમે અને તમારા
કુટુંબીઓ તમારી જાતને પવિત્ર કરીને ઈસ્રાએલના દેવ
યહોવાના કોશને મેં તેને માટે તૈયાર કરેલા મંડપમાં લઈ
આવજો 13તમે પહેલી વખતે ઉપાડ્યો, નહિ માટે યહોવા
આપણા દેવ આપણા પર ક્રોધે ભરાયા, કારણ આપણે તેની
સૂચના પ્રમાણે તેને પકડયો નહોતો.”
14તેથી યાજકોએ અને લેવીઓએ ઈસ્રાએલના દેવ
યહોવાના કોશને લઈ આવવા માટે પોતાની જાતને પવિત્ર
કરી. 15યહોવાએ મૂસાને આજ્ઞા આપી હતી તે પ્રમાણે
લેવીઓએ દેવના કોશના દાંડા પોતાના ખભા ઉપર મૂકીને
તેને ઊંચક્યો.

## ગાયકો

16પછી દાઉદે લેવીઓના આગેવાનોને તેમના અમુક
કુટુંબીઓની વીણા, સિતાર, અને મંજીરા વગાડી આનંદના
ગીતો મોટે સ્વરે ગાવા માટે નિમણૂક કરવા કહ્યું.
17આથી લેવીઓએ નીચેના સંગીતકારોની નિંમણૂક કરી;
હેમાન– યોએલનો પૂત્ર, આસાફ– બેરેખ્યાનો પુત્ર અને
મરારીના કુટુંબમાંથી કૂશાયાનો પુત્ર એથાન. 18તથા તેઓના
મદદનીશ તરીકે પસંદ થયેલાઓની યાદી: ઝખાર્યા,
યઅઝીએલ, શમિરામોથ, અહીએલ, ઉન્ની, અલીઆબ,
બનાયા, માઅસેયા, માત્તિથ્યા, અલિફલેહૂ, મિકનેયા: અને
દ્વારપાળો ઓબેદ-અદોમ ને યેઈએલ.
19આ સંગીતકારોમાંથી હેમાન, આસાફ અને એથાને
કાંસાનાં મંજીરાં વગાડવાના હતાં; 20ઝખાર્યા યઝીએલ,
શમીરામોથ, યહીએલ, ઉન્ની, અલીઆબ, માઅશેયા અને
બનાયાએ “આલામોથ”ના સૂર પ્રમાણે વીણા વગાડવાની
હતી; 21અને માત્તિથ્યા, અલિફલેહૂ મિકનેયા, ઓબેદ-
અદોમ, યહિએલ અને અઝાઝ્યાએ “સેંમીનીથ” ના સૂર
પ્રમાણે સિતાર વગાડવાની હતી. 22લેવીઓનો એક આગેવાન
કનાન્યા સંગીતમાં કુશળ હતો. તેથી તેને આ બધાનો ઉપરી
નિમવામાં આવ્યો.
23બેરખ્યા એલ્કાનાહને કોશના દ્વારપાલ તરીકે સેવા
આપવાની હતી. 24અને યાજકો, શબાન્યા, યોશાફાટ,
નથાનએલ, અમાસાઈ, ઝખાર્યા, બનાયાર અને અલીએઝેરને
દેવના કોશ સમક્ષ ચાંદીના રણશિંગા વગાડવાના હતાં અને
ઓબેદ-અદોમ અને યહિયાએ પણ કોશના દ્વારપાલ તરીકે
સેવા આપવાની હતી.
25દાઉદ, ઈસ્રાએલના વડીલો અને સૈન્યના ઉચ્ચ
અમલદારો ઓબેદ-અદોમના ઘરમાંથી યહોવાના કરાર
કોશને બહુ આનંદ અને ઉલ્લાસ સાથે યરૂશાલેમ લઈ આવવા
માટે ગયા. 26યહોવાના કરારકોશ ઊંચકનારા લેવીઓને જ્યારે
દેવે સહાય કરી ત્યારે તેઓએ તેને સાત બળદો તથા સાત
ઘેટાનું અર્પણ કર્યું. 27કોશ ઊંચકનારા સર્વ લેવીઓ,
ગાયકગણના સભ્યો અને ગાયકગણના આગેવાન કનાન્યાએ
શણના ઝભ્ભા પહેર્યા હતાં. દાઉદે પણ શણનો એફોદ પહેર્યો
હતો.
28આમ સર્વ ઈસ્રાએલી લોકો હર્ષનાદ કરતા, શરણાઈ
રણશિંગડા, ઝાંઝ, સિતાર, વીણા વગાડી મોટી ગર્જના કરતા
કરતા યહોવાના કરારકોશ લઈ આવ્યાં.
29જ્યારે કરારકોશ દાઉદનગરમાં લાવવામાં આવ્યો ત્યારે
શાઉલની પુત્રી મીખાલે બારીમાંથી જોયું, તો રાજા દાઉદ
આનંદમાં આવીને નાચતો હતો. અને એ જોઈને તેના દિલમાં
રાજા પ્રત્યે ધૃણા થઈ.
16 દાઉદે બાંધેલા નવા મંડપમાં દેવનો કોશ લાવવામાં
આવ્યો અને દેવની સમક્ષ દહનાર્પણ અને
શાંત્યાર્પણ ધરાવ્યાં. 2અર્પણોની વિધિ પૂરી થઈ પછી દાઉદે
યહોવાના નામે લોકોને આશીર્વાદ આપ્યા. 3પછી તેણે હાજર
રહેલી પ્રત્યેક ઈસ્રાએલી વ્યકિતને સ્ત્રી તથા પુરુષને સમાન
રીતે એક રોટી, થોડું ખજૂર અને કિસમિસની એક એક ભાખરી
વહેંચી આપી.
4યહોવાના કોશ સમક્ષ સેવા કરવા, યાજક તરીકે
ઈસ્રાએલના યહોવા દેવની સેવા કરવા, લોકોને તેની વિષે

યાદ દેવડાવવા માટે અને તેની સતત આભારસ્તુતિ કરવા;
દાઉદે કેટલાંક લેવીઓને નિમ્યા. 5આસાફ આગેવાન હતો
અને જાંઝ વગાડતો હતો. ઝખાર્યા, યહઝીએલ, શમીરામોથ,
યહીએલ, માત્તિથ્યા, અલીઆબ, બનાયા, ઓબેદ-આદોમ
અને યેઈએલ સિતાર અને વીણા વગાડતા હતાં. 6યાજકો
બનાયા અને યઝિયેલેને યહોવાના દેવના કોશ સમક્ષ આખો
વખત ચાંદીનું રણશિંગુ તે સમયે વગાડવાનુ હતું, 7જ્યારે
દાઉદે આસાફ અને તેના કુટુંબીજનોને યહોવાની સ્તુતિ કરવા
માટે લોકોને દોરવા માટે કહ્યું.

## દાઉદની આભારસ્તુતિ

8યહોવાના નામની ઘોષણા કરો અને તેઓનો ધન્યવાદ
માનો. પ્રજાઓ માટેના તેના અદભુત કાર્યોની સ્તુતિ ગાઓ.
9એના ગુણ-ગાન ગાઓ, અને એના સ્તુતિગાન કરો. તેના
સર્વ અદભૂત કાર્યો વિષે વાતો કરો.
10તમે તેના પવિત્ર નામથી ગર્વિષ્ઠ થાઓ, તમે યહોવાના
ભકતો, આનંદો!
11યહોવાને અને તેના સામર્થ્યને ખોળો. સદાસર્વદા તેના
મુખને શોધો.
12એનાં અનુપમ કાર્યો, એના ચુકાદા અને ચમત્કાર ને
યાદ કરો.
13તમે યહોવાના દાસ ઈસ્રાએલના વંશજો છો, તમે
યાકૂબના વંશજો છો જેને તેમણે પસંદ કર્યા છે
14તે આપણા યહોવા દેવ છે. તેનો ન્યાય સમગ્ર પૃથ્વી
પર છે.
15જે આજ્ઞા, તેણે હજારો પેઢીઓને આપી હતી તે કરારને
તમે સદાકાળ યાદ રાખજો.
16તેણે ઈબ્રાહિમની સાથે જે કરાર કર્યો અને તેણે ઈસહાકને
જે વચન આપ્યું.
17યાકૂબને માટે એ જ વચન કાનૂન તરીકે અને ઈસ્રાએલને
માટે સદા કાળના કરાર તરી કે રહેશે.
18તેણે કહ્યું, "હું તને આ કનાન દેશ આપીશ." તે તારી
પોતાની જ માલિકીની ભૂમિ બની રહેનાર છે."
19તે સમયે તમે સંખ્યામાં થોડાજ હતાં. છેક થોડાંજ, ને
પાછા તમે પારકા હતાં.
20એક દેશથી બીજે ને એક પ્રજામાંથી બીજી પ્રજામાં
તેઓ ભટક્યા કરતા.
21છતા યહોવાએ કોઈ અત્યાચાર થવા દીધો નહીં, એમને
માટે તેણે રાજાઓને શિક્ષા કરી.
22"મારા અભિષિક્તોને કોઈ અડશો નહીં, મારા પ્રબોધકોને
કોઈ ઉપદ્રવ કરશો નહીં."
23સૌ પૃથ્વીવાસી, યહોવાના ગુણગાન કરો, દિનપ્રતિદિન
સૌ તેના વિજયગાન ગાઓ.
24દેશવિદેશમાં લોકો સમક્ષ તેના ગૌરવ અને મહિમાની
વાત કરો. એમની અદ્ભૂત પરાક્રમ-ગાથા સંભળાવો.
25યહોવા, પરમ સ્તુત્ય ને મહાન છે, એ સર્વ દેવો કરતાં
ભયાવહ છે.
26સર્વ લોકોના દેવ તો કેવળ મૂર્તિઓ છે! પરંતુ યહોવાએ
તો આકાશો બનાવ્યા છે.
27યહોવાની આજુબાજુ ઝળહળ પ્રકાશની આભા છે, તેનો
આવાસ આનંદથી ભરેલો છે.
28તમે બધી પ્રજાઓ, યહોવાના ગૌરવ અને સામર્થ્ય વિષે
બોલો.
29યહોવાના નામનું ગૌરવ કરો; તમે તેની સમક્ષ અર્પણ
લઈ આવો, તમે શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને તેના ચરણોમાં
તમારું માથુ નમાવો.
30સમગ્ર પૃથ્વી તેની સમક્ષ થથરે છે, અને એણે સ્થાપિત
કરેલું જગ સદા અચલ રહે છે.
31ભલે આકાશો આનંદ કરે ને પૃથ્વી હરખાય. "યહોવા
રાજા છે" એવી ઘોષણા ભલે પ્રજાઓમાં થાય.
32સમુદ્ર તથા તેમાં જે છે તે ગર્જના કરે છે, ખેતરો તથા
તેઓમાં જે છે, તે સર્વ ઉત્સાહ કરે છે.
33અરણ્યાનાં વૃક્ષો યહોવા સમક્ષ હર્ષનાદ કરશે, કારણકે
તે પૃથ્વીનો ન્યાય કરવા આવે છે.
34યહોવાનો આભાર માનો કારણ કે તે ભલા છે, તેની
કૃપા હંમેશ હંમેશના માટે રહે છે.
35"હે દેવ અમને તારણ કરનાર, તમે અમારો ઉદ્ધાર કરો,
બીજી પ્રજાઓથી અમારી રક્ષા કરો અને અમને એકત્રિત
કરો. અમે સહુ તમારા પવિત્રનામનો આભાર માનીશું; અમે
તમારી સ્તુતિ ગાવા માટે ગૌરવ લઈશું."
36હે યહોવા, ઈસ્રાએલના દેવ, અનાદિકાળથી તે અનંતકાળ
પર્યંત તમે સ્તુત્ય થાઓ.
સર્વ લોકોએ આમીન કહીને યહોવાની સ્તુતિ કરી.
37દાઉદેયહોવાની સામે કોશની સેવા કરવા માટે આસાફની
અને તેના કુટુંબીઓની કાયમ માટે નિમણૂંક કરી. 38ઓબેદ-
અદોમ જે યદૂથૂનનો પુત્ર હતો તે અને હોસાહ ને તેઓના
અડસઠ સબંધીઓને દ્વારપાળો તરીકે નીમવામાં આવ્યાં.
39યાજક સાદોક અને તેના યાજકોના કુટુંબને ગિબયોનની
ટેકરી ઉપર આવેલા યહોવાના મંડપ ની સેવામાં મૂક્યા.
40તેમણે યહોવાએ ઈસ્રાએલ માટે ફરમાવેલી સંહિતામાં કહ્યા
પ્રમાણે દરરોજ સવારે અને સાંજે યજ્ઞવેદી ઉપર યહોવાને
દહનાર્પણ ચડાવવાનું હતું. 41તેમની સાથે તેણે હેમાન અને
યદૂથૂનને તેમ જ યહોવાની શાશ્વત કરુણા બદલ તેનાં
સ્તવનગાન કરવા માટે ખાસ પસંદ કરેલા બીજા માણસોને
મૂક્યા. 42એમણે અને યદૂથૂને ચાંદીના રણશિંગડાં, ખંજરી
અને ભજન સાથે વગાડવાનાં અન્ય વાજીંત્રો દેવ સમક્ષ
વગાડવાના હતા. યદૂથૂનના પુત્રોને દ્વારપાળનું કામ સોંપવામા
આવ્યું હતું. 43પછી બધા સૌ સૌને ઘેર ચાલ્યા ગયા અને
દાઉદ પોતાના કુટુંબને આશીર્વાદ આપવા પાછો આવ્યો.

## દેવનું દાઉદને વચન

17 પોતાના નવા મહેલમાં થોડો સમય રહ્યા પછી દાઉદે
પ્રબોધક નાથાનને કહ્યું, "જો હું દેવદારના કાષ્ટના
મહેલમાં રહું છું. પરંતુ યહોવાનો કરારકોશ મંડપમાં છે!"

2નાથાને દાઉદને કહ્યું, "આપના મનમાં જે હોય તે કહો, કારણ, દેવ આપની પડખે છે."

3પરંતુ તે જ રાત્રે નાથાનને યહોવાની વાણી સંભળાઈ. 4"જા, અને મારા સેવક દાઉદને આ સંદેશો આપ, 'તું મારે માટે રહેવાનું મંદિર બાંધવાનો નથી." 5હું ઈસ્રાએલીઓને મિસરમાંથી બહાર લઈ આવ્યો ત્યારથી આજપર્યંત હું કદી કોઈ મકાનમાં રહ્યો નથી. હું એક મંડપમાંથી બીજા મંડપમાં ફરતો રહું છું. 6ઈસ્રાએલીઓ સાથેના મારા પ્રવાસ દરમ્યાન મેં કદી મારી પ્રજાના ભરવાડ તરીકે નિમેલા નેતાઓમાંના કોઈને કદી એમ પૂછયું છે કે, તેમણે મારા માટે દેવદારનું મકાન કેમ બાંધ્યુ નથી?'

7"મારા સેવક દાઉદને કહે, 'સર્વસમર્થ યહોવાનાં આ વચન છે; તું ચરાણમાં ઘેટાં ચરાવતો હતો. ત્યાંથી લઈને મેં તને મારા લોકો ઈસ્રાએલીઓનો આગેવાન બનાવ્યો હતો. 8તું જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં હું તારી સાથે રહ્યો છું.અને તારી આગળના બધા દુશ્મનોનો મેં નાશ કર્યો છે. હું તને પૃથ્વીના મહાપુરૂષો જેવો વિખ્યાત બનાવીશ. 9હું મારા લોકો ઈસ્રાએલીઓને માટે એક સ્થાન મુકરર કરીશ અને તેઓને તેમાં સ્થિર કરીને વસાવીશ; ત્યાં તેઓ વસશે અને કોઈ તેમને રંજાડશે નહીં અગાઉ, બનતું હતું તેવું થશે નહીં. 10જ્યારે મે મારા લોકો ઈસ્રાએલીઓ પર ન્યાયાધીશો નિયુક્ત કર્યા હતા. પરંતુ તારા સર્વ શત્રુઓને તારે શરણે લાવીશ, અને હું હવે જાહેર કરું છું હું તારા વંશજોને રાજા બનાવીશ.

11"'અને જ્યારે તારો સમય પૂરો થશે અને જઈને તું તારા પિતૃઓની સાથે જોડાઈશ, ત્યારે હું તારા સગા પુત્રને ગાદીએ બેસાડીશ અને તેના રાજ્યને સુરક્ષિત કરીશ. 12તેજ મારે માટે મંદિર બાંધાવશે. અને હું તેની રાજગાદીને કાયમ કરીશ. 13હું તેનો પિતા થઈશ અને તે મારો પુત્ર થશે. મેં તારા પુરોગામી ઉપરથી મારી કૃપાદ્રષ્ટિ પાછી ખેંચી લીધી હતી તેમ હું એના પ્રત્યે કદીય દયાળુ થવાનું બંધ નહીં કરૂં. 14હું એના હાથમાં મારા લોકો અને મારું રાજ્ય સોંપીશ. અને તેની ગાદી હંમેશા સુરક્ષિત રહેશે.'"

15પછી નાથાન દાઉદ રાજા પાસે ગયો અને યહોવાએ દર્શનમાં જે કહ્યું હતું તે સર્વ તેને કહી સંભળાવ્યું.

### દાઉદની પ્રાર્થના

16ત્યારબાદ રાજા દાઉદ યહોવા સમક્ષ ગયો અને તેની સામે બેસીને બોલ્યો, "ઓ યહોવા દેવ, હું કોણ અને મારું કુટુંબ કોણ? કે તેં મને આટલે ઊંચે સુધી ઊઠાવ્યો છે. 17અને તેમ છતાં, ઓ દેવ, એટલું પૂરતું ન હોય તેમ તે તારા સેવકના દૂરના ભવિષ્યના વંશજો માટે પણ વચન આપ્યું છે અને તું તો મને અત્યારથી જ એક મહાપુરૂષ ગણીને ચાલે છે. 18તેં તારા સેવકને જે માન આપ્યું છે તે વિષે તો હું વધુ શું કહું? તું તારા સેવકને બરાબર ઓળખે છે; 19ઓ યહોવા, મારા પ્રત્યે તમારું માયાળુપણું અને તમારી ઉદારતા અતિઘણાં થયા છે અને તમે આ અદભૂત વચનો મને આપ્યાં છે, એ સર્વ તમારી મહાન ઉદારતાને કારણે છે. 20ઓ યહોવા, અમે તમારા સમાન અન્ય કોઈ દેવ વિષે સાંભળ્યું નથી.તમારા સિવાય અન્ય કોઈ દેવ નથી. 21પૃથ્વીના પટ પર તમારા ઈસ્રાએલી લોકો જેવા કોઈ લોકો છે ખરા, જેમનો ગુલામીમાંથી ઉદ્ધાર કરી પોતાના કરી લેવા માટે દેવ જાતે ગયા હોય, જેમને માટે તમે મહાન અને ભીષણ કાર્યો કર્યા હોય, જેમને મિસરમાંથી છોડાવી લાવી તેમના માર્ગમાંથી અનેક પ્રજાઓને હાંકી કાઢી હોય? 22તમે તમારા લોકો ઈસ્રાએલીઓને સદાને માટે અપનાવી લીધા છે અને, ઓ યહોવા, તમે તેમના દેવ બન્યા છો.

23"અને હવે, ઓ યહોવા, તમે તમારા સેવક અને તેમના વંશ માટે જે વચન આપ્યું છે તેનું કાયમ માટે પાલન કરજો અને તમે જે કહ્યું છે તે પ્રમાણે કરજો. 24જેથી સદાકાળ તમારા નામનો મહિમા થાય, અને લોકો કહે કે, 'સર્વસમર્થ યહોવા ઈસ્રાએલના દેવ છે.' અને એ રીતે તમારા સેવક દાઉદનો વંશ તમારી નજર નીચે અવિચળ રહેશે.

25"ઓ મારા દેવ, તમારા આ સેવકના વંશને રાજગાદી ઉપર સ્થાપવાનો તમારો ઈરાદો તમે મારી આગળ પ્રગટ કર્યો છે તેથી હું તમારી આગળ આવી પ્રાર્થના કરવાની હિંમત કરું છું. 26ઓ યહોવા, તમેજ દેવ છો, અને તમેજ તમારા સેવકને આ શુભ વચન આપ્યુ છે. 27આ સેવકના વંશને આશીર્વાદ આપવાની કૃપા કરશો, જેથી તે સદાસર્વદા તમારી નજર નીચે રહે. જ્યારે તમે તમારા આશીર્વાદ આપ્યા છે તો એ આશીર્વાદ હંમેશા માટે રહો."

### દુશ્મનો પર દાઉદનો વિજય

18 એ પછી દાઉદે પલિસ્તીઓને હરાવી તેમને તાબે કર્યા અને તેમના હાથમાંથી ગાથ અને તેની આસપાસના ગામો કબ્જે કરી લીધાં. 2તેણે મોઆબીઓને પણ હરાવ્યાં, તેઓ તેના તાબેદાર બન્યા અને તેને ખંડણી ભરવા લાગ્યા.

3એ પછી દાઉદે ફ્રાત નદીની આસપાસના પ્રદેશ ઉપર કબજો જમાવવા જતા સોબાહના રાજા હદારએઝેરને હમાથ આગળ હરાવ્યો. 4દાઉદે તેની પાસેથી તેના 1,000 રથ, 7,000 ઘોડેસવારો અને 20,000 પાયદળ કબજે કર્યા. તેણે રથોના સર્વ ઘોડાની પગની નસો કાપી નાખી, પણ તેણે પોતાના 100 રથોને માટે પૂરતાં ઘોડાઓને બચાવી રાખ્યાં.

5દમસ્કના અરામીઓ સોબાહના રાજા હદારએઝેરની વહારે આવ્યાં તો દાઉદે 22,000 અરામી સૈનિકોને મારી નાખ્યા. 6અને તેમના પ્રદેશમાં લશ્કરી થાણાં સ્થાપ્યાં. તેઓ દાઉદના તાબેદાર બની ગયા અને તેને ખંડણી ભરવા લાગ્યાં.આમ દાઉદ જ્યાંજ્યાં ગયો ત્યાં ત્યાં યહોવાએ તેને વિજય અપાવવામાં મદદ કરી.

7દાઉદ, હદારએઝેર રાજાના સેવકોની સોનાની ઢાલો યરૂશાલેમમાં લઈ આવ્યા. 8વળી તેણે હદારએઝર શહેરો ટિબ્હાથ અને કૂનમાંથી પુષ્કળ કાંસુ પણ કબજે કર્યુ. સુલેમાને પાછળથી કાંસાનો મોટો કુંડ, થાંભલાઓ અને વાસણો મંદિર માટે તૈયાર કરાવ્યાં.

9હમાથના રાજા તોઉએ સાંભળ્યું કે દાઉદે સોબાહના રાજાહદારએઝેરના સૈન્યનો નાશ કર્યો છે, 10તેણે પોતાના પુત્ર હદોરામને દાઉદને સત્કાર કરવા અને હદારએઝેરને યુદ્ધમાં હરાવવા માટે ધન્યવાદ આપવા મોકલ્યો.કારણ, હદારએઝેરને તોઉ સાથે વિગ્રહ ચાલ્યાં કરતો હતો. હદોરામ પોતાની સાથે સોના-ચાંદી અને કાંસાના વાસણો લઇ ગયો હતો. 11તે બધાં દાઉદે યહોવાના મંદિરની સેવા માટે સમર્પી દીધાં. એ જ રીતે, તેણે જીતેલી બધી પ્રજાઓ અદોમ, મોઆબી, અમ્મોનીઓ, પલિસ્તીઓ અને અમાલેકીઓ પાસેથી કબજે કરેલું સોનું ચાંદી તેણે યહોવાને અર્પણ કરી દીધું.

12સરૂયાના પુત્ર અબીશાયે મીઠાની ખાણમાં 18,000 અદોમીઓને મારી નાંખ્યા. 13સમગ્ર અદોમ પ્રદેશમાં લશ્કરી થાણાં ગોઠવ્યાં. બધા અદોમીઓ હવે દાઉદના તાબેદાર બની ગયા.આમ, દાઉદ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં યહોવાએ તેને વિજય અપાવ્યો.

## દાઉદના મહત્વના કામદારો

14દાઉદે સમગ્ર ઈસ્રાએલ પર રાજ્ય સ્થાપ્યું, અને સમગ્ર રાષ્ટ્રમાં નીતિમત્તા અને ન્યાયને સ્થાપિત કર્યા. 15સરુયાનો પુત્ર યોઆબ સૈન્યનો સેનાપતિ હતો. અહીલૂદનો પુત્ર યહોશાફાટ ઈતિહાસકાર હતો. 16અહીટૂબનો પુત્ર સાદોક અને અલ્યાથારનો પુત્ર અહીમેલેખ યાજકો હતા. શાવ્શા રાજાનો લહિયો હતો. 17યહોયાદાનો પુત્ર બનાયા રાજાના અંગરક્ષકો કથેરીઓ અને પલેથીઓનો ઉપરી હતો.અને દાઉદના પુત્રો રાજાની તહેનાતમાં રહેતા માણસોમાં મુખ્ય હતા.

## દાઉદનું અમ્મોનીઓ સાથે યુદ્ધ

19 થોડા સમય પછી અમ્મોનીઓના રાજાનું અવસાન થયું. એટલે તેના પછી તેના પુત્રને રાજા બનાવાયો. 2દાઉદે વિચાર્યુ, "નાહાશે મારા પ્રત્યે દાખવ્યો હતો તેવો સદભાવ મારે તેના પુત્ર હાનુન પ્રત્યે રાખવો જોઈએ." તેથી દાઉદે હાનુનના પિતાના મૃત્યુનું આશ્વાસન આપવા માણસો મોકલી આપ્યા. પણ જ્યારે દાઉદના માણસો હાનુન પાસે આશ્વાસન આપવા અમ્મોન પહોંચ્યા.

3ત્યારે અમ્મોની સરદારોએ હાનુનને કહ્યું, "તમે શું એમ માનો છો કે તમારા પિતાને માન આપવાના હેતુથી દાઉદે આ માણસોને આશ્વાસન આપવા મોકલ્યા છે? એ માણસો તો તેના જાસૂસો છે અને આ દેશને શી રીતે જીતી લેવો એની બાતમી મેળવવા આવ્યા છે."

4આથી રાજા હાનૂને રાજા દાઉદનાં રાજદૂતોનું અપમાન કર્યુ. તેઓની દાઢી અડધી મૂંડાવી નાખી અને તેઓનો પોષાક મધ્યમાંથી કાપી નાખ્યો જેના કારણે તેઓના શરીર ઉઘાડાં દેખાય. પછી તેણે તેઓને શરમજનક સ્થિતિમાં દાઉદ પાસે પાછા મોકલ્યા.

5જ્યારે કેટલાક લોકોએ દાઉદને ખબર આપી કે તેમના માણસોના શા હાલ કરવામાં આવ્યા છે, ત્યારે તેણે તેમને મળવા માણસો મોકલ્યા, કારણ, તેઓ ખૂબ શરમાતા હતા, દાઉદે તેમને કહેવડાવ્યું કે, "તમારી દાઢી પાછી ઊગે ત્યાં સુધી યરીખોમાં રહેજો, પછી જ અહીં આવજો.

6જ્યારે આમ્મોનીયોને ભાન થયું કે તેઓ દાઉદની નજરમાં ધિક્કારપાત્ર બન્યા હતાં, હાનૂન અને અમ્મોનીઓએ, અરામ નાહરાઈમમાંથી, અરામ-માઅખાહમાંથી અને સોબાહમાંથી રથો તેમજ અશ્વદળો ભાડેથી મેળવવા માટે 34,000 કિલો ચાંદી મોકલી આપી. 7તેણે 32,000 રથો ભાડે રાખ્યા અને માકાના રાજા તથા તેના સમસ્ત સૈન્યનો પગાર ચૂકવી આપવા ગોઠવણ કરી. આ સર્વ સૈન્યે મેદેબા આગળ છાવણી નાખી. જે અમ્મોનીઓ પોતપોતાના શહેરમાંથી ભેગા થયા હતાં તેઓ ત્યાં તેમની સાથે જોડાયા.

8દાઉદને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેણે યોઆબને પોતાના શૂરવીરો અને આખી સેના સાથે મોકલી આપ્યો. 9અમ્મોનીઓ બહાર આવીને શહેરના દરવાજા આગળ ગોઠવાઈ ગયા અને તેમની મદદે આવેલા રાજાઓ ખુલ્લા મેદાનમાં ચાલ્યા ગયા.

10જ્યારે યોઆબે જોયું કે પોતાના ઉપર આગળપાછળથી બંને બાજુએથી હુમલો થવાનો છે. ત્યારે તેણે ઈસ્રાએલના ચુનંદા લડવૈયાઓને પસંદ કરીને અરામીઓની સામે ગોઠવી દીધા. 11બાકીનું સૈન્ય તેણે પોતાના ભાઈ અબીશાઈની સરદારી હેઠળ મૂકી દીધું. અને તેમણે અમ્મોનીઓની સામે મોરચો માંડ્યો. 12યોઆબે તેના ભાઈને કહ્યું, "જો અરામીઓ મારા પર વિજયી થાય તો તું આવીને મને મદદ કરજે અને જો અમ્મોનીઓ તારા પર વિજય પામે તો હું આવીને તને મદદ કરીશ.

13હિમ્મતવાન થા અને પુરુષાતન દેખાડ કે આપણે દેવનાં નગરો અને આપણા લોકોનો બચાવ કરીએ. યહોવાનેજે શ્રેષ્ઠ લાગે તે કરે."

14જ્યારે યોઆબ અને તેના માણસો અરામીઓ સામે યુદ્ધ કરવા આગળ વધ્યા ત્યારે અરામીઓ ભાગવા લાગ્યા. 15અને અમ્મોનીઓએ તેમને ભાગતા જોયા એટલે તેઓ પણ અબીશાયથી ભાગીને શહેરમાં ભરાઇ ગયા. પછી યોઆબ પાછો યરુશાલેમ આવી ગયો.

16અરામીઓ સમજી ગયા કે પોતે ઈસ્રાએલીઓને હાથે હાર ખાધી છે. એટલે તેમણે સંદેશાવાહકો મોકલીને નદી પારના બીજા અરામીઓને હદારએઝેરના સેનાપતિ શેફાખની આગેવાની હેઠળ બોલાવી લીધા.

17આ સમાચાર મળતાં જ દાઉદે ઈસ્રાએલની આખી સેના ભેગી કરી યર્દન નદી ઓળંગીને તેમની સામે મોરચો માંડ્યો.યુદ્ધ શરૂ થયું અને ઈસ્રાએલીઓએ અરામીઓને ભગાડી મૂક્યાં. 18અરામીઓ ફરીથી ઈસ્રાએલીઓ આગળથી નાસવા લાગ્યા. દાઉદે અરામના 7,000 સૈનિકો અને 40,000 બીજા સૈનિકોને મારી નાખ્યા. અરામના સૈન્યના સેનાપતિ શોફાખને પણ તેણે મારી નાખ્યો.

19જ્યારે હદારએઝેરના માણસોએ જોયું કે તેમણે ઈસ્રાએલીઓને હાથે હાર ખાધી છે.ત્યારે તેમણે દાઉદ સાથે

સુલેહ કરી અને તેની શરણાગતિ સ્વીકારી.ત્યારબાદ અરામીઓ અમ્મોનીઓની મદદ કરવા રાજી નહતા.

20 વસંત ઋતું બેસતાં સામાન્ય રીતે રાજાઓ યુદ્ધે ચડે છે ત્યારે યોઆબે સેનાનું માર્ગદર્શન કરી અમ્મોનના પ્રદેશનો સંપૂર્ણ વિનાશ કરી નાખ્યો અને પછી તે રબ્બાહ આવ્યો અને તેને ઘેરો ઘાલ્યો. પણ દાઉદ યરૂશાલેમમાં જ રહ્યો, યોઆબે શહેર ઉપર હુમલો કર્યો અને તે જીતી લીધું.

2દાઉદે રાબ્બાહના રાજા મિલ્કોમના મસ્તક પરથી મુગટ લઈ લીધો અને તેને તેના પોતાના મસ્તક પર મૂક્યો. આ મુગટ સોનાનો બનેલો હતો. અને તેમાં રત્નો જડેલાં હતાં. તેનું વજન 75 પૌન્ડ હતું. દાઉદે નગરમાંથી પુષ્કળ લૂંટનો માલ ભેગો કર્યો હતો. 3તેણે નગરનાં લોકોને બહાર લાવીને કરવતો, તીકમો અને કુહાડીઓથી કરવાનું કામ સોંપ્યુ.અમ્મોનીઓ રાજા સાથેના વ્યવહારમાં દાઉદની આ રીત હતી. પછી દાઉદ અને તેનું સૈન્ય યરૂશાલેમ પાછું ફર્યુ.

## પલિસ્તિના મહારથીઓ હણાયા

4કેટલાંક સમય પછી ગેઝરમાં પલિસ્તીઓ સાથેનું યુદ્ધ ફરી ફાટી નીકળ્યું. એ વખતે હુશાના સિબ્બખાયએ રફાઈમના એક વંશજ સિપ્પાયને મારી નાખ્યો. અને પલિસ્તીઓ હારી ગયા.

5પલિસ્તીઓ સામે ફરી યુદ્ધ ફાટી નીકળ્યું.અને યાઈરના પુત્ર એલ્હાનને લાહનીને મારી નાખ્યો, જે ગાથના ગોલ્યાથનો ભાઈ હતો અને તેના ભાલાનો દાંડો વણકરની તોર જેટલો જાડો હતો.

6ગાથ પાસે ફરી યુદ્ધ થયું. ત્યાં એક કદાવર સૈનિકને હાથે અને પગે છ છ આંગળા હતા. તે પણ એક રફાઈઓમાંનો હતો. 7અને જ્યારે તેણે ઈસ્રાએલને પડકાર્યુ ત્યારે દાઉદનાં ભાઈ શામ્માના પુત્ર યોનાથાને તેને મારી નાખ્યો.

8આ બધા રફાઈઓ દાઉદ અને તેના માણસોને હાથે માર્યા ગયા હતાં.

## અમંગળ વસ્તીગણતરી

21 પછી શેતાન ઈસ્રાએલીઓ સામે લડવા તૈયાર થયો. તેણે દાઉદને વસ્તી ગણતરી કરવા ભડકાવ્યો. 2આથી દાઉદે યોઆબને અને લશ્કરી વડા અધિકારીઓને કહ્યું, "જાઓ અને બેર-શેબાથી દાન સુધી સમગ્ર ઈસ્રાએલની વસ્તી ગણતરી કરો. અને પછી આવીને જણાવો કે મારી પ્રજાની વસ્તી કેટલી છે."

3પરંતુ યોઆબે વાંધો લેતા જણાવ્યું, "યહોવા પ્રજાની વસ્તીને બમણી કરે તોયે, એ બધા આપ નામદારના સેવકો જ નથી? આપ શા માટે ઈસ્રાએલને દોષિ ઠરાવવા ચાહો છો? અને તમે ઈસ્રાએલને અપરાધી શા માટે ઠરવો છો?"

4પરંતુ રાજાની આજ્ઞા આગળ યોઆબનું કાંઈ ચાલ્યુ નહીં. સમગ્ર ઈસ્રાએલ દેશમાં ફરીને તે યરૂશાલેમ પાછો ફર્યો. 5યોઓબે વસતી ગણતરીના આંકડા દાઉદને આપ્યા; લશ્કરમાં જોડાઈ શકે ને શસ્ત્ર ચલાવી શકે તેવા પુખ્ત માણસો ઈસ્રાયેલમાં 11,00,000 અને યહૂદીયામાં તે 4,70,000 હતાં. 6યોઆબને રાજાની આજ્ઞા એટલી અણગમતી લાગી હતી કે તેણે લેવીની અને બિન્યામીનની ગણતરી જ કરી ન હતી. 7આ બધી કાર્યવાહીથી દેવ નારાજ થયા અને તેથી તેણે ઈસ્રાયેલને શિક્ષા કરી.

## ઈસ્રાએલને સજા કરતા દેવ

8એટલે દાઉદે દેવને કહ્યું, "આમ કરવામાં મેં ઘોર પાપ કર્યુ છે, પણ હવે આ સેવકનો દોષ કૃપા કરીને માફ કરો.આ કામ માટે મેં ઘોર અપરાધ કર્યો છે."

9તેથી યહોવાએ દાઉદના પ્રબોધક ગાદને કહ્યું, 10"જા, અને દાઉદને કહે, 'યહોવા આ મુજબ જણાવે છે: હું તારી સમક્ષ ત્રણ વસ્તુ રજૂ કરું છું.તું ગમે તે એક પસંદ કર, અને જે તું પસંદ કરે તે પ્રમાણે હું કરીશ.'"

11ગાદ દાઉદ પાસે ગયો અને યહોવાએ જે કહ્યું, "તે જણાવ્યું. અને પૂછયું, 'તું શું પસંદ કરે છે? 12ત્રણ વરસનો દુષ્કાળ પડે. અથવા ત્રણ મહિના સુધી દુશ્મનો તલવાર લઈને તારો પીછો પકડી તને હેરાન કરે, અથવા ત્રણ દિવસ સુધી યહોવાની તલવાર કામે લાગે, સમગ્ર દેશમાં રોગચાળો ફાટી નીકળે અને યહોવાનો દૂત આખા ઈસ્રાયેલમાં વિનાશનું તાંડવ ખેલે.' હવે તું વિચાર કરીને કહે, કે મને મોકલનાર માટે શો જવાબ આપવો."

13એટલે દાઉદે ગાદને કહ્યું, "હું ભારે મુશ્કેલીમાં આવી પડ્યો છું, પણ હું માણસોના હાથમાં પડવા કરતાં હું યહોવાના હાથમાં પડુ એ વધારે સારું છે, કારણ, તે અનંત કૃપાળુ છે."

14આથી યહોવાએ ઈસ્રાએલમાં રોગચાળો મોકલ્યો અને 70,000 ઈસ્રાએલીઓ મૃત્યુ પામ્યા. 15પછી દેવે યરૂશાલેમનો નાશ કરવા એક દેવદૂતને મોકલ્યો, પણ તે નાશ કરવાની અણી ઉપર હતો ત્યારે યહોવાને દયા આવી અને તેણે કહ્યું, "બસ કર, બહુ થયું, હવે તારો હાથ પાછો ખેંચી લે." એ વખતે યહોવાનો દૂત યબૂસિની ઓર્નાનની ખળી પાસે ઉભો હતો.

16દાઉદે ઉપર નજર કરીને જોયું તો યહોવાનો દૂત આકાશ અને પૃથ્વી વચ્ચે ઉઘાડી ખેંચેલી તલવાર લઈને યરૂશાલેમ તરફ પોતાના હાથ લંબાવી ઊભો હતો. કંતાન પહેરેલા દાઉદ અને વડીલોએ ભૂમિ ઉપર લાંબા થઈને પ્રણામ કર્યા. 17અને દાઉદે દેવને પ્રાર્થના કરી, "વસતી ગણતરીનો હુકમ આપીને મેં પાપ કર્યુ છે. આ ઘેટાઓએ શું કર્યુ છે? ઓ યહોવા મારા દેવ મારો અને મારા કુટુંબનો નાશ કરો, પણ તમારા લોકોનો નાશ ન કરો."

18ત્યારબાદ યહોવાના દૂતે ગાદને કહ્યું કે, "તું દાઉદને જઈને કહે કે, યબૂસી ઓર્નાનના ખળામાં યહોવાને પૂજવા એક વેદી બાંધે." 19યહોવાને નામે ગાદે જે કહ્યું હતું તે મુજબ દાઉદ ચાલી નીકળ્યો.

20ઓર્નાને પાછું વળીને જોતાં દેવદૂતને જોયો. તેના પુત્રો નાસી ગયા અને છુપાઈ ગયા, પણ ઓર્નાન ઘઉં ઝૂડતો

રહ્યો. 21જ્યારે ઓર્નાને દાઉદને આવતો જોયો ત્યારે તે
ખળીમાંથી બહાર આવ્યો અને તેણે દાઉદને સાષ્ટાંગ દંડવત
પ્રણામ કર્યા.
22દાઉદે તેને કહ્યું, "તું મને તારી ખળીની જગ્યા આપ
જેથી હું યહોવાને માટે યજ્ઞવેદી બાંધુ.તો જ લોકોમાં ફેલાયેલો
રોગચાળો બંધ થશે. હું તને એની પૂરેપૂરી કિંમત ચૂકવીશ."
23ઓર્નાને કહ્યું, "લઈ લો, અને આપ મુરબ્બીને જેમ ઠીક
લાગે તેમ તેનું કરો. આ બળદોનું પણ દહનાર્પણ કરજો, આ
ઝૂડવાના પાટિયા ઈંધણ તરીકે વાપરજો અને આ ઘઉંને
ખાદ્યાર્પણ તરીકે ચડાવજો. હું બધું જ આપને સોંપી દઉં છું."
24પણ રાજા દાઉદે ઓર્નાનને કહ્યું, "ના પૂરી કિંમતે હું તે
ખરીદીશ. યહોવાને અર્પણ કરવા માટે તારું જે છે તે હું
મફત લઈ શકું નહીં. જેની કિંમત મેં ચૂકવી નથી તેનું અર્પણ
હું તેમને નહીં ચડાવું."
25પછી દાઉદે ઓર્નાનને એ જમીનના માટે 15 પૌન્ડ
સોનું આપ્યું. 26અને ત્યાં યહોવાને પૂજવા માટે તેણે વેદી
બાંધી અને તેના ઉપર તેણે દહનાર્પણ કર્યુ તેણે તેની ઉપર
શાત્યાર્પણ કર્યુ અને યહોવાનું આવાહન કર્યું. વેદી ઉપર
અગ્નિ ઉતારીને યહોવાએ તેને જવાબ આપ્યો. 27યહોવાએ
દૂતને તલવાર મ્યાન કરવા કહ્યું અને દૂતે તે પ્રમાણે કર્યું.
28જ્યારે દાઉદે જોયું કે ઓર્નાનના ખળીમાં યહોવાએ તેની
પ્રાર્થનાનો જવાબ આપ્યો છે ત્યારે તેણે ત્યાં યજ્ઞ અર્પ્યા.
29એ વખતે મૂસાએ વગડામાં બનાવેલો યહોવાનો પવિત્ર
મંડપ અને દહનાર્પણની વેદી હજી ગિદયોનના ઉચ્ચસ્થાન
પર હતાં. 30પરંતુ યહોવાના દૂતની તલવારનો દાઉદને એટલો
બધો ડર લાગતો હતો કે યહોવાને દર્શને પણ જઈ શકતો
નહોતો.

22 પછી દાઉદે કહ્યું, "આ યહોવાનું મંદિર હશે અને
આ ઈસ્રાએલ માટેની દહાનાર્પણની વેદી હશે."

## મંદિરના બાંધકામની તૈયારી

2દાઉદે ઈસ્રાએલમાં રહેતા બધા વિદેશીઓને ભેગા
કરવાનો હુકમ આપ્યો. અને તેમને દેવનું મંદિર બાંધવા
માટે પથ્થરો ઘડવા સલાટ તરીકે કામે લગાડી દીધા. 3તેણે
બારણાં માટે ખીલા અને મિજાગરા બનાવવા પુષ્કળ લોઢું
ભેગું કર્યુ અને જોખ્યું જોખાય નહીં એટલું કાંસુ, 4અને પાર
વગરનું દેવદારનું લાકડું પણ ભેગું કર્યું. સિદોન અને તૂરના
લોકો દાઉદ માટે પુષ્કળ દેવદારનુ લાકડું લઈ આવ્યા હતાં.
5દાઉદે જણાવ્યું, "મારો પુત્ર સુલેમાન યુવાન અને
બિનઅનુભવી છે. યહોવા માટે જે મંદિર બાંધવાનું છે તે
ખૂબ ભવ્ય અને દેશવિદેશમાં વિખ્યાત થવું જોઈએ. એટલે
તેના માટે બધો જ સામાન મારે જ ભેગો કરવો જોઈએ."
આથી તેણે પોતાના મૃત્યુ પહેલા બાંધકામની સર્વ સામગ્રી
એકઠી કરી તૈયાર કરી નાખી.
6પછી તેણે પોતાના પુત્ર સુલેમાનને બોલાવી ઈસ્રાયેલના
દેવ યહોવા માટે એક મંદિર બાંધવાની આજ્ઞા કરી. 7તેણે
કહ્યું, "પુત્ર મેં યહોવા દેવને માટે મંદિર બાંધવાનો નિશ્ચય
કર્યો હતો. 8પણ યહોવાએ મને કહ્યું, 'તે મારા દેખતાં પુષ્કળ
ખૂનરેજી કરી છે અને મોટાં યુદ્ધો કર્યા છે, એટલે તારે મારા
માટે મંદિર બાંધવાનું નથી; 9પણ તને એક પુત્ર થશે; તે
શાંતિપૂર્વક રાજ્ય કરશે, કારણકે આસપાસના શત્રુ દેશો તરફથી
હું તેને સુરક્ષિત બનાવીશ. તેને સુલેમાન નામ અપાશે અને
તેના રાજ્યકાળ દરમ્યાન ઈસ્રાએલ શાંતિ અનુભવશે. 10તે
મારે માટે મંદિર બાંધશે. તે મારો પુત્ર થશે અને હું તેનો
પિતા થઈશ, અને હું ઈસ્રાએલમાં તેનું શાસન કાયમ કરીશ.'"
11"હવે, પુત્ર સુલેમાન, ભલે તમારા દેવ યહોવા તને
સહાય કરે અને તેણે કહ્યા પ્રમાણે એમનું મંદિર બાંધવામા
તને સફળતા મળે તે માટે આશીર્વાદ આપે. 12તારા દેવ
યહોવા તને શાણપણ અને વિવેકબુદ્ધિ આપે જેથી તે તને
ઈસ્રાયેલમાં રાજ્યસત્તા આપે ત્યારે તું એના નિયમ મુજબ
રાજ્ય ચલાવે. 13યહોવાએ ઈસ્રાયેલને માટે મૂસાને જે નિયમો
અને કાનૂનો જણાવેલાં છે તેનું તું કાળજીપૂર્વક પાલન કરશે
તો જ તું સફળ થશે. બળવાન થજે, મક્કમ રહેજે. હિંમત
હારીશ નહીં કે ગભરાઈશ નહીં.
14"મેં પુષ્કળ મહેનત કરીને યહોવાના મંદિર માટે 3750
ટન સોનું, 37,500 ટન ચાંદી, અને જોખ્યું જોખાય નહીં
તેટલું કાંસુ અને લોઢું એકઠાં કર્યા છે. લાકડાં અને પથ્થર
પણ મેં ભેગા કર્યા છે, પણ તારે થોડા વધારે એકઠાં કરવા
પડશે. 15તારી પાસે પુષ્કળ કારીગરો છે, સલાટો, કડીયાઓ,
સુથારો 16અને સોનાચાંદીના અને કાંસાના તથા લોઢાના
બધી જાતના કામમાં અસંખ્ય કારીગરો પણ છે. માટે હવે
કામ શરૂ કરી દે અને યહોવા તને સહાય કરો."
17પછી દાઉદે ઈસ્રાયેલના સર્વ આગેવાનોને આજ્ઞા કરી કે
તેઓ તેના પુત્રને આ કાર્યમાં મદદ કરે. 18વળી તેણે કહ્યું,
"યહોવા તમારા દેવ તમારી સાથે છે. આસપાસની પ્રજાઓ
સાથે તેમણે તમને શાંતિ આપી છે, કારણકે યહોવાના નામમાં
અને તેમના લોકોને માટે મેં તેઓ પર જીત મેળવી છે.
19આથી હવે પૂરા હૃદયથી યહોવા, તમારા દેવના હૂકમોને
પાળો. ઊભાથાવ અને યહોવા આપણા દેવ માટે પવિત્રસ્થાન
બનાવો. ટૂંક સમયમાં તમે યહોવાના કરાર કોશને અને
દેવના પવિત્ર વાસણોને મંદિરમાં લાવશો જે યહોવાને નામે
સમર્પિત કરવામાં આવશે."

## લેવીઓની ફરજો

23 હવે દાઉદ ઘણો વૃદ્ધ થયો હતો તેથી તેણે તેના
પુત્ર સુલેમાન પાસે ઈસ્રાએલના રાજા તરીકે રાજ્ય
કરવાનું શરૂ કરાવ્યું. 2દાઉદે ઈસ્રાએલના બધા આગેવાનોને,
યાજકોને અને લેવીઓને બોલાવ્યા. 3ત્રીસ વર્ષના અને તેની
ઉપરના લેવીઓની ગણતરી કરવામાં આવી તો પુરુષોની
સંખ્યા 38,000 થઈ. 4એમાંના 24,000 ને યહોવાના મંદિરની
સેવા સોંપવામાં આવી. 6,000 ને અમલદારો અને ન્યાયાધીશો
નીમવામાં આવ્યા. 5ચાર હજારને દ્વારપાળો તરીકે નીમવામાં
આવ્યા અને 4,000ને દાઉદે બનાવેલા વાજીંત્રો સાથે
યહોવાની સ્તુતિ ગાવા માટે નિયુક્ત કરવામાં આવ્યા."

6પછી દાઉદે તેમને ગેર્શોન, કહાથ અને મરારી કુળસમૂહની
વંશાવળી પ્રમાણે તેઓને ત્રણ જૂથમાં વહેંચી દીધા.

### ગેર્શોનનું કુળસમૂહ

7ગેર્શોનના પુત્રો હતાં: લાઅદાન અને શિમઈ.
8લાઅદાનના પુત્રો; પહેલો યહિયેલ પછી ઝેથામ અને
યોએલ, એમ કુળ ત્રણ. 9એ લોકો લાઅદાનના વંશજોનાં
કુટુંબોના વડા હતાં. શિમઈને ત્રણ પુત્રો હતા: શલોમોથ,
હઝીએલ, અને હારાન.

10શિમઈને ચાર પુત્રો હતાં: યાહાથ, ઝીઝાહ, યેઉશ, અને
બરીઆહ. 11યાહાથ જેષ્ઠ હતો અને ઝીઝાહ બીજો હતો;
યાહાથ અને બરીઆને ઘણાં પુત્રો ન હતાં તેથી તેઓ એક જ
કુટુંબ તરીકે ગણાયા.

### કોહાથનું કુળસમૂહ

12કેહાથના પુત્રો: આમ્રામ, ઈસહાર, હેબ્રોન અને
ઉઝ્ઝીયેલ, કુળ ચાર.

13આમ્રામનાપુત્રો: હારુન અને મૂસા. હારુનને અને તેના
વંશજોને કાયમને માટે જુદા પાડવામાં આવ્યા હતાં. તેમણે
ઉપાસનાની સાધનસામગ્રી સંભાળવાની હતી, યહોવા
આગળ ધૂપ કરવાનો હતો, તેની યાજક તરીકે સેવા કરવાની
હતી, અને તેને નામે આશીર્વાદ આપવાના હતાં.

14દેવના સેવક મૂસાના વંશજોને લેવીઓમાં ગણવામાં
આવ્યા હતાં. 15મૂસાને બે પુત્રો હતાં: ગેર્શોમ અને એલીએઝેર,
16ગર્શોમનો સૌથી મોટો પુત્ર હતો; શબુએલ, 17એલીએઝરનો
સૌથી મોટો પુત્ર રહાબ્યા; એલીએઝરને બીજા પુત્રો ન હતાં,
પણ રહાબ્યાને ઘણા હતાં.

18ઈસહારનો સૌથી મોટો પુત્ર શલોમીથ.

19હેબ્રીનના પુત્રો; સૌથી મોટો યરિયા, બીજો અમરિયા,
ત્રીજો યાહઝીએલ અને ચોથો યકામઆમ. 20ઉઝ્ઝીયેલના
પુત્રો; સૌથી મોટો મિખાહ અને બીજો યિશિયા.

### મરારીનું કુળસમૂહ

21મરારીના પુત્રો; મહલી અને મુશી. માહલીના પુત્રો;
એલઆઝાર અને કીશ. 22એલઆઝાર મરી ગયો ત્યારે તેને
કોઈ પુત્ર નહોતો.બધી પુત્રીઓ જ હતી. તેના ભાઈ કીશના
પુત્રો તેમને પરણ્યા. 23મૂશીને ત્રણ પુત્રો હતાં માહલી, એદર
અને યરેમોથ.

### લેવીના કામ

24લેવીના વંશજોના વીસ વર્ષ અને તેથી વધારે ઉંમરના
પુરુષોની ગણતરી કરીને ઉપર પ્રમાણે વિભાગો અને
પેટાવિભાગોમાં તેઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું. યહોવાના
મંદિરમાં જુદી જુદી સેવાઓ માટે તેઓને નિયુક્ત કરવામાં
આવ્યાં.

25દાઉદે કહ્યું, " ઈસ્રાએલના યહોવા દેવે આપણને શાંતિ
બક્ષી છે. યહોવા હંમેશા યરૂશાલેમમાં નિવાસ કરશે. 26હવે
લેવીઓને પવિત્ર મંડપ અને તેની સામગ્રીને લઈને એક
સ્થળેથી બીજે સ્થળે લઈ જવાની જરૂર પડશે નહીં."

27મૃત્યુ પહેલા દાઉદે જે છેલ્લું કામ કર્યુ તે લેવીના
કુળસમૂહના વંશજોની ગણતરી જે વીસ વરસ કે તેથી વધારે
ઉંમર વાળા હતા.

28લેવીઓને સોંપાયેલા કામ; યાજકોને એટલે હારુનના
વંશજોને મંદિરમાં બલિદાનની વિધિમાં મદદ કરવી.
આંગણાઓની તેમજ ઓરડાઓની જવાબદારી યહોવાના
પવિત્ર મંદિરમાંની પવિત્ર વસ્તુઓના શુદ્ધિકરણમાં મદદ
કરવી. 29દેવને ધરાવેલી રોટલી માટે, ખાદ્યાર્પણ માટેના લોટ
માટે ખમીર વગરની ભાખરી માટે, શેકેલા નૈવેદ્ય માટે તેલથી
મોયેલા લોટ માટે તેમજ મંદિરમાં ધરાવેલી વસ્તુઓના વજન
અને માપ માટે તેઓજ જવાબદાર હતાં. 30વળી, તેમણે જ
દરરોજ સવારે અને સાંજે યહોવાના ભજન-કીર્તન કરવાનાં
હતાં. 31વિશ્રામવાર, ચંદ્ર દર્શન અને અન્ય તેહવારોને દિવસે
યહોવાને દહનાર્પણો ચડાવતી વખતે તેમણે ઠરાવેલી
સંખ્યામાં સતત યહોવાની સેવામાં મદદમાં રહેવાનું હતું.
32લેવીઓએ મુલાકાત મંડપની અને પવિત્રસ્થાનની સંભાળ
રાખવાની હતી. તેઓ તેમના હારુનવંશી સંબંધીઓને
યહોવાનાં મંદિરની સંભાળ રાખવામાં મદદ કરવાની હતી.

### યાજકોની ફરજો

24 હારુનનાં વંશજોને પણ જૂથોમાં વહેંચી નાખવામાં
આવ્યા હતાં. હારુનને પુત્રો હતાં; નાદાબ, અબીહુ,
એલઆઝાર અને ઈથામાર. 2નાદાબ અને અધીહુ તેમના
પિતા જીવતા હતાં એ દરમ્યાન જ નિ:સંતાન મરી ગયા
હતાં. આથી એલઆજાર અને ઈથામાર યાજકપદે આવ્યા.
3દાઉદે એલઆઝારના વંશજ સાદોક અને ઈથામારના વંશજ
અહીમેલેખેની મદદથી હારુનના કુળસમૂહોને તેમની ફરજ
પ્રમાણે જૂથોમાં વહેંચી નાખ્યા. 4એલઆઝાર વંશજો
ઈથામારના વંશજો કરતાં સંખ્યામાં વધારે હતાં, આથી
એલઆઝારના વંશજોનાં જુદાં-જુદાં કુટુંબના સોળ જૂથ
પાડવામાં આવ્યા અને ઈથમારના વંશજોનાં કુટુંબોના આઠ
જૂથ પાડવામાં આવ્યાં. અને એ દરેક જૂથનો આગેવાન તે
પોતાના કુટુંબનો વડો હતો. 5બન્ને, એલઆઝારના વંશજો
અને ઈથામારના વંશજોમાં પ્રખ્યાત માણસો મંદિરના
અધિકારીઓ હતા. તેથી ચિઠ્ઠીઓ નાખીને જુદા જુદા જૂથોને
તેમની ફરજો સોંપવામાં આવી હતી.

6નથાનયેલનો પુત્ર, લેવી કુળસમૂહનો શમાયા,
નોંધણીકાર હતો. આ બધું કામ તે રાજા તથા સાદોક યાજક,
અબ્યાથારના પુત્ર અહીમેલેખ તથા યાજકો અને લેવીઓના
મુખ્ય આગેવાનોની હાજરીમાં તે કરતો હતો. એલઆઝારના
કુળકુટુંબોએ અને ઈથામારના કુળ કુટુંબોએ ફરજોને વહેંચી
લીધી હતી.

7પહેલું સમૂહ યહોયારીબનું હતું; બીજુ સમૂહ યદાયાનું
હતું;

8ત્રીજું સમૂહ હારીમનું હતું; ચોથું સમૂહ સેઓરીમનું હતું;

9પાંચમું સમૂહ માલ્કિયાનું હતું; છઠ્ઠું સમૂહ મીયામીનનું
હતો;
10સાતમું સમૂહ હાક્કોસનું હતું; અબિયાનું સમૂહ
અલિયાનું હતું;
11નવમું સમૂહ યેશુઆનું હતું; દસમું સમૂહ શખાન્યાનું
હતું;
12અગિયારમું સમૂહ એલ્યાશીબનું હતું; બારમું સમૂહ
યાકીમનું હતું;
13તેરમું સમૂહ હુપ્પાહનું હતું; ચૌદમું સમૂહ યશેબસાખનું
હતું;
14પંદરમું સમૂહ બિલ્ગાહનું હતું, સોળમું સમૂહ ઈમ્મેરનું
હતું;
15સત્તરમું સમૂહ હેઝીરનું હતું; અઢારમું સમૂહ
હાપ્પીસ્સેસનું હતું;
16ઓગણીસમું સમૂહ પથાહ્યાનું હતું; વીસમું સમૂહ
યહેઝકેલનું હતું;
17એકવીસમું સમૂહ યાકીનનું હતું; બાવીસમુ સમૂહ
ગામૂલનું હતું;
18ત્રેવીસમું સમૂહ દલાયાનું હતું; ચોવીસમું સમૂહ
માઆઝયાનીનું હતું;
19આ બધાં માણસોને યહોવાના મંદિરમાં જવા માટે અને
ઈસ્રાએલના દેવ યહોવાએ જણાવ્યા મૂજબ આ માણસોના
વડવા હારુને નક્કી કરેલી ફરજો બજાવવા માટે નીમવામાં
આવ્યા હતાં.

## બાકીના લેવીઓ

20લેવી કુટુંબના બાકીના વંશજો નીચે મુજબ છે: આમ્રામનો
વંશજ શુબાએલ અને શુબાએલનો વંશજ યહોદીયા;
21રહાબ્યાનો વંશજ યિશ્શિયા જે આગેવાન હતો;
22ઈસહારના વંશજ શલોમોથનો વંશજ યાહાથ;
23હેબ્રોનના પુત્રો; સૌથી મોટો યરિયા, બીજો અમરિયા,
ત્રીજો યાહઝીએલ અને ચોથો યકામઆમ;
24ઉઝીયેલના વંશજ મીખાહનો પુત્ર શામીર;
25મીખાનો ભાઈ યિશ્શિયા, યિશ્શિયાનો પુત્ર ઝખાર્યા;
26મરારીના વંશજો; માહલી, મુશી અને તેનો પુત્ર
યાઅઝીયાહ,
27મરારીના વંશજજો વચ્ચે એના પુત્ર યાઅઝીયાના
મારફતે: શોહેમ, ઝકુકર અને ઈબ્રી.
28માહલીના પુત્રો; એલઆઝાર અને કીશ. એલઆઝારને
પુત્ર નહોતો. 29કીશનો યરાહમએલ.
30મુશીના પુત્રો; માહલી, એદેર અને યરિમોથ.
આ બધા તેમના પૂર્વજોની વંશાવળી પ્રમાણે નોંધેલા
લેવીઓના વંશજો હતા.
31બરાબર તેમના કુટુંબી હાદનના વંશજોની માફક આ
કુટુંબોમાં પણ મોટા અને નાના કુટુંબનો ભેદ રાખ્યા વિના
ચિઠ્ઠીઓ ફેંકી ને તેમની ફરજો નક્કી કરવામાં આવી હતી.
આ બંધુ રાજા દાઉદ, સદોક, અહીમેલખ અને યાજકોના
આગેવાનોની અને લેવીય કુટુંબને સાક્ષી રાખીને કરવામાં
આવ્યું હતું.

## મંદિરના સંગીતકારોની ફરજો

25 દાઉદે અને તેના મુખ્ય અમલદારોએ આસાફના,
હેમાનના અને યદૂથૂનના કુટુંબને સેવા માટે
નિમ્યા. તેમને સારંગી, વીણા અને ઝાંઝ વગાડતાં વગાડતાં
ભવિષ્યવાણી કરવાની હતી. તેમના નામો તથા એમની
સેવાના પ્રકાર નીચે પ્રમાણે છે;
2આસાફના પુત્રો હતા; ઝક્કૂર, યૂસફ, નથાન્યા અને
અશ્શારએલાહ. આ બધા આસાફના પુત્રો હતાં અને તે
તેઓનો આગેવાન હતો તે રાજાની સૂચના મુજબ દેવની
ભવિષ્યવાણી કરતો હતો.
3યદૂથૂનના છ પુત્રો હતાં; ગદાલ્યા, સરી, યશાયા, શિમી,
હશાબ્યા અને મત્તિથ્યા. એ છ પોતાના પિતા યદૂથૂનની
આગેવાની હેઠળ વીણા વગાડતાં અને ભવિષ્યવાણી કરતા,
અને તેઓ યહોવાનો આભાર માનતા અને તેની સ્તુતિ કરતાં
હતાં.
4હેમાનના પુત્રો: બુક્કિયા, મત્તાન્યા, ઉઝઝીએલ,
શબુએલ, યરીમોથ, હનાન્યા, હનાની, અલિઆથાહ,
ગિદાલ્તી, રોમામ્તી-એઝેર, યેશ્બકાશાહ, માલ્લોથી હોથીર
અને માહઝીઓથ. 5દેવે પોતે વચન આપ્યા મુજબ રાજાના
દૃષ્ટા હેમાનને તેનું ગૌરવ વધારવા ચૌદ પુત્રો અને ત્રણ
પુત્રી આપ્યાં હતાં. 6એ બધા પોતપોતાના પિતાની આગેવાની
હેઠળ, યહોવાના મંદિરમાં સારંગી, વીણા અને ઝાંઝની સંગાથે
ગાતા અને રાજાએ સોંપેલા કામ. મુજબ દેવના મંદિરમાં
સેવા બજાવતા. 7યહોવાના કીર્તન ગાવાની તાલીમ પામેલા
તેમના કુટુંબીઓ બીજા લેવીઓ સાથે ગણાતાં કુશળ
સંગીતકારોની કુળ સંખ્યા 288 ની હતી. 8કામની વહેંચણી
માટે જુવાન ઘરડા, ઉસ્તાદ અને શાગીર્દ સૌએ ચિઠ્ઠી નાખી
હતી.
9પ્રથમ ચિઠ્ઠી આસાફના સમૂહની નીકળી: એમાં કુળ બાર
માણસો હતાં જેમાં યોસેફ, તેના ભાઈઓ અને પુત્રોનો
સમાવેશ થતો હતો.
બીજી ચિઠ્ઠી ગદાલ્યાની: તેના ભાઈઓની અને પુત્રોની
નીકળી તેઓ કુળ બાર હતા.
10ત્રીજી ચિઠ્ઠી જાક્કૂરની; તેના પુત્રોની અને તેના
ભાઈઓની નીકળી. તેઓ કુળ બાર હતાં.
11ચોથી ચિઠ્ઠી મિસરીની; તેના પુત્રોની અને તેના
ભાઈઓની નીકળી. જે બધાં કુળ મળીને બાર હતા.
12પાંચમી ચિઠ્ઠી નથાન્યાની: તેના ભાઈઓ અને પુત્રો
મળીને કુળ બાર હતાં.
13છઠ્ઠી બુક્કિયાની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ
બાર હતાં. 14સાતમી યશારએલાહની: તેના પુત્રો અને
ભાઈઓ મળીને કુળ બાર હતાં.
15આઠમી યશાયાની; તેના પુત્રો અને ભાઈઓ મળીને
કુળ બાર હતાં.

16નવમી મત્તાનિયાની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

17દશમી શિમઈ; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

18અગિયારમી અજારએલ; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

19બારમી હશાબ્યાની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

20તેરમી શુબાએલની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

21ચૌદમી માત્તિથ્યાની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

22પંદરમી યરેમોથની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

23સોળમી હનાન્યાની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

24સત્તરમી યોશબકાશાહની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

25અઢારમી હનાનની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

26ઓગણીશમી માલ્લોથીની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

27વીસમી એલિયાથાહની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

28એકવીસમી હોથીરની; તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

29બાવીસમી ગિદાલતીની;તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

30ત્રેવીસમી માહઝિઓથની;તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

31ચોવીસમી રોમામ્તી-એઝરની;તેના પુત્રો અને ભાઈઓ મળીને કુળ બાર હતાં.

### મંદિરના દ્વારપાળો-રક્ષકો

26 કોરાહ કુટુંબમાંથી દ્વારપાળોના સમૂહ નીચે મુખ્ય હતાં: આસાફના વંશજોના કોરેનો પુત્ર મશેલેમ્યા.
2મશેલેમ્યાના પુત્રો હતાં; ઝર્ખાયા જ્યેષ્ઠ પુત્ર હતો, બીજો યદીઅએલ હતો, ત્રીજો ઝબાધા, ચોથો યાથ્નીએલ, 3પાંચમો એલામ, છઠ્ઠો યહોહાનાન, સાતમો એલ્યહોએનાઈ.

4આ બધાં ઓબેદ-અદોમને પુત્રો હતાં: સૌથી મોટો શમાયા, બીજો યહોજાબાદ, ત્રીજો પુત્ર યોઆહ, ચોથો પુત્ર શાખાર હતો, નથાનએલ પાંચમો પુત્ર હતો, 5છઠ્ઠો
આમ્મીએલ, સાતમો યિસ્સાખાર, અને આઠમો પેઉલથ્થાઈ. આ પુત્રો આપીને દેવે તેને આશીર્વાદ આપ્યા હતાં. 6શમાયાના
પુત્રો બહુ નામાંકિત હતાં અને તેઓના ગોત્રમાં તેઓ ઉચ્ચ અધિકારના સ્થાને હતાં. 7તેઓનાં નામ: ઓથ્ની, રફાએલ, ઓબેદ, અને એલજાબાદ. તેના ભાઈઓ અલિહૂ અને સમાખ્યા બહાદૂર પુરુષો હતાં. 8આ બધા ઓબેદ-અદોમના
વંશજો હતાં. તેઓ, એમના પુત્રો અને ભાઈઓ મળીને કુળ 62 હતાં. અને તે બધા શક્તિશાળી પુરુષો હતાં. અને મંદિરમાં સેવા કરવાને લાયક હતાં.

9મશેલેટ્યાના પુત્રો અને ભાઈઓ મળી કુળ અઢાર શક્તિશાળી બહાદુર માણસો હતાં.

10મરારીની વંશજોના હોસાહએ તેના પુત્રોમાંથી એક શિમ્રીને સમૂહના નેતા તરીકે પસંદ કયો. જો કે તે જયેષ્ઠ
પુત્ર ન હતો. 11હિલ્કિયા બીજો હતો, ત્રીજા નંબરે ટબાલ્યા.ચોથા નંબરે ઝખાર્યા હતા, હોસાહના પુત્રો અને ભાઈઓની કુળ સંખ્યા તેર હતી.

12આ બધાં દ્વારપાળો તેમના આગેવાનો દ્વારા ક્રમવાર નોંધવામાં આવ્યા હતાં. તે પોતાના કુટુંબો પ્રમાણે વારા ફરતી યહોવાના મંદિરમાં સેવા બજાવતા હતા. 13નાનાંમોટાં બધાં
કુટુંબોએ ચિઠ્ઠી નાખી નિર્ણય કર્યો કે દરેક દરવાજા પર કોણ ચોકી કરશે.

14પૂર્વનો દરવાજો શેલેમ્યાને ભાગે આવ્યો. ત્યારબાદ એના હોશિયાર પુત્ર સલાહકાર ઝખાર્યાને માટે ચિઠ્ઠી ઉપાડવામાં આવી તો તેને ભાગે ઉત્તરનો દરવાજો આવ્યો. 15ઓબેદ-
અદોમને ભાગે દક્ષિણનો દરવાજો આવ્યો, અને તેના પુત્રોને ભાગે કોઠાર આવ્યો. 16પશ્ચિમ તરફના દરવાજાની અને ઉપર
જતા માર્ગ પર આવેલા શાલ્લેખેથ દરવાજાની જવાબદારી શુપ્પીમ અને હોસાહને સોંપવામાં આવી.

પહેરા વારાફરતી બદલતા રહેતા હતાં; 17'પૂર્વને દરવાજે'
દરરોજ છ, લેવી રહેતા તથા, ઉત્તરને દરવાજે ચાર, 'દક્ષિણને દરવાજે' ચાર, અને દરેક કોઠાર ઉપર બબ્બે. 18પશ્ચિમના
દરવાજાની ઓશરી તરફના રસ્તાનું રક્ષણ કરવા ચાર રક્ષકો અને ખુદ ઓશરીનું રક્ષણ કરવા બે રક્ષકો હતાં.

19એમ કોરાહના અને મરારીના વંશજોને દ્વારપાલોનું કામ વહેંચી આપવામાં આવ્યું હતું.

### તિજોરીના તથા અન્ય અધિકારીઓ

20અહિયાની આગેવાની નીચે બીજા લેવીઓને દેવનાં મંદિરના ખજાનાની અને પવિત્રસ્થાનની રખેવાળી કરવાની જવાબદારી સોંપાઈ હતી.

21આ માણસો ગેર્શોનના કુળસમૂહના લાઅદાનના વંશજો હતાં. યહીએલી તેઓનો આગેવાન હતો. 22યહીએલનો પુત્રો
ઝેથામ અને તેનો ભાઈ યોએલ પણ તે બધામાં હતાં. તેઓ યહોવાના મંદિરના કોઠારની સંભાળ રાખતાં હતાં.

23તેમાંથી કેટલાક આમ્રામનાં યિસ્હારના, હેબ્રોનના અને ઉઝ્ઝીએલના વંશજો હતા. 24શબુએલ ભંડારનો મુખ્ય
અધિકારી હતો. શબુએલ ગેર્શોમનો પુત્ર હતો અને ગેર્શોમ મૂસાનો પુત્ર હતો. 25એલીયેઝરના વંશજો શબુએલનાં સગા
થતા હતાં; એલી યેઝરનો પુત્ર રહાબ્યા હતો, રહાબ્યાનો પુત્ર યશાયા હતો, યોરામ યશાયાનો પુત્ર હતો, યોરામનો પુત્ર ઝિખ્રી હતો અને ઝિખ્રીનો પુત્ર શલોમોથ હતો. 26એ
શલોમોથ અને તેના કુટુંબીઓ રાજા દાઉદે, કુટુંબોના

વડાઓએ, હજાર સૈનિકોના અને સો સૈનિકોના નાયકોએ
તથા બીજા ઉચ્ચ અમલદારો દ્વારા અર્પણ કરાયેલી ભેટોના
ભંડારની સંભાળ રાખતા હતાં.
27એ લોકોએ યુદ્ધો દરમ્યાન મળેલી લૂંટમાંનો કેટલોક
ભાગ યહોવાના મંદિરને ભેટ તરી કે આપ્યો હતો. 28દૃષ્ટા
શમુએલ, કીશનો પુત્ર શાઉલ, નેરનો પુત્ર આબ્નેર, સરૂયાનો
પુત્ર યોઆબે અથવા બીજું કોઈપણ વ્યકિત ભેટ લાવે તે
બધાની કાળજી રાખવાની જવાબદારી શેલોમોથ અને તેના
ભાઈઓને સોંપવામાં આવી હતી.
29યિસ્હારના વંશજોમાંથી કનાન્યા અને તેના પુત્રોને
ઈસ્રાએલના વહીવટી અધિકારીઓનું અને ન્યાયાધીશોનું
કામ સોંપવામાં આવ્યું હતું. 30યર્દન નદીની પશ્ચિમે આવેલા
ઈસ્રાએલ દેશના વિસ્તારની જવાબદારી હેબ્રોન વંશજોમાંથી
હશાબ્યા અને તેના 1,700 કુટુંબીજનોને સોંપવામાં આવી.
તેઓ સર્વ નામાંકિત હતાં અને તે વિસ્તારમાં જાહેર વહીવટ
અને યહોવાની સેવા માટેના જવાબદાર અધિકારીઓ હતાં.
31દાઉદના રાજ્યના ચાળીસમા વર્ષે હેબ્રોનના કુટુંબની
વંશાવળી તપાસતા એના કાબેલ માણસો ગિલયાદમાં આવેલા
યઝેરમાં વસતા માલૂમ પડ્યા હતાં. 32રાજા દાઉદે 2,700
આવા કાબેલ માણસોને– કુટુંબવડાઓને રૂબેન, ગાદ અને
મનાશ્શાના અર્ધા કુળસમૂહના પ્રદેશનો ધાર્મિક અને રાજકીય
વહીવટ સંભાળવાનું કામ સોંપ્યું.

### મંદિરના રક્ષકોની ફરજો

27 રાજ્યની સેવામાં રોકાયેલા સર્વ ઈસ્રાએલીઓ
એટલે કે કુટુંબના વડાઓ, 'હજાર સૈનિકોના
અને'સો' સૈનિકોના નાયકો અને અધિકારીઓની સંખ્યા દરેક
જૂથમાં 24,000ની હતી. વરસ દરમ્યાન દર મહિને જુદા
જુદા જૂથો ફરજ બજાવતાં હતાં.
2પહેલા મહિનાની ટૂકડીનો 24,000 માણસોના જૂથનો
નાયક, જાબ્દીએલનો પુત્ર યાશોબઆમ હતો. 3એ પેરેસનો
વંશજ હતો. દર વર્ષે પ્રથમ માસની જવાબદારી તેની હતી.
4બીજા મહિનાની ટૂકડીનો નાયક અહોહીના વંશનો દોદાઈ
હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતાં.
5ત્રીજા મહિનાની ટૂકડીનો નાયક યાજક યહોદાયાનો પુત્ર
બનાયા હતો.તેના હાથ નીચે 24,000 માણસો હતાં. 6આ
બનાયા 30 શૂરવીરોમાં મુખ્ય હતો. એનો પુત્ર અમિજાબાદ
એની ટોળીનો હતો.
7ચોથા મહિનાની ટૂકડીનો નાયક યોઆબનો ભાઈ
અસાહેલ હતો. એના પછી એનો પુત્ર ઝબાદીયા એની
જગ્યાએ આવ્યો હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતાં.
8પાંચમા મહિનાની ટૂકડીનો નાયક યિઝ્રાહીનો વંશજ
શામ્હૂથ હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતાં.
9છઠ્ઠા મહિનાની ટૂકડીનો નાયક તકાંઓનો ઈક્કેશનો પુત્ર
ઈરાતો તેના હાથ નીચે 24,000 માણસો હતાં.
10સાતમા મહિનાની ટૂકડીનોનાયક એફ્રાઈમ ના વંશજ
પલોનનો હેલેસ હતો જેના હાથ નીચે 24,000 માણસો હતાં.
11આઠમા મહિનાની ટૂકડીનોનાયક ઝેરાહ સમૂહનો
હુશાનો સિબ્બખાય હતો. તેના હાથ નીચે 24,000 માણસો
હતાં.
12નવમા મહિનાની ટૂકડીનો નાયક બિન્યામીનનો વંશજ
અનાથોથનો અબિયેઝર હતો. તેના હાથ નીચે 24,000
માણસો હતાં.
13દશમા મહિનાની ટૂકડીનો નાયક ઝેરાહના વંશજ
નટોફાનો મહરાઈ હતો.તેના હાથ નીચે 24,000 માણસો
હતાં.
14અગિયારમા મહિનાની ટૂકડીનો નાયક એફ્રાઈમ
કુળસમૂહનો પિરઆથોનનો બનાયા હતો. તેના હાથ નીચે
24,000 માણસો હતાં.
15બારમા મહિનાની ટૂકડીનો નાયક ઓથ્નીએલનો વંશજ
નટોફાનો હેલેદ હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતાં.

### કુળસમૂહોના આગેવાનો

16 ઈસ્રાએલના કુળસમૂહો ઉપર નિયુકત થયેલા ઉચ્ચ
અધિકારીઓની યાદી:
રૂબેનના કુળસમૂહ ઉપર ઝિખ્રીનો પુત્ર અલીએઝેર;
શિમયોનના કુળ ઉપર માઅખારનો પુત્ર શફાટ્યા;
17લેવીના કુળ ઉપર કમુએલનો પુત્ર હશાબ્યા; હારુનના
વંશજો ઉપર સાદોક;
18યહૂદિયાના કુળ સમૂહ ઉપર દાઉદ રાજાનો ભાઈ અલિહૂ;
ઈસ્સાખારના કુળ સમૂહ ઉપર મિખાયેલનો પુત્ર ઓમ્રી;
19ઝબુલોનના કુળ ઉપર ઓબાધાનો પુત્ર યિશમાયા;
નફતાલીના કુળ ઉપર આઝ્રીએલનો પુત્ર યરેમોથ;
20એફ્રાઈમના કુળ ઉપર અઝાઝયાનો પુત્ર હોશિયા;
મનાશ્શાના અર્ધકુળ ઉપર પદાયાનો પુત્ર યોએલ,
21ગિલયાદમાં વસતાં મનાશ્શાના અર્ધકુળ ઉપર
ઝખાર્યાનો પુત્ર યિદો; બિન્યામીનના કુળ ઉપર આબ્નેરનો
પુત્ર યાઅસિએલ; 22દાનના કુળસમૂહ ઉપર યરોહામનો પુત્ર
અજારએલ. તેઓ ઈસ્રાએલનાં કુળોના અધિકારીઓ હતા.

### વસ્તીગણતરી કરતો દાઉદ

23દાઉદે તેની પ્રજામાંથી 20 વર્ષથી નીચેનાની
વસ્તીગણતરી કરાવી નહોતી, કારણકે યહોવાએ
ઈસ્રાએલીઓની સંખ્યા આકાશના તારા જેટલા અગણિત
બનાવવાનું વચન આપ્યું હતું. 24સરૂયાના પુત્ર યોઆબે
વસ્તીગણતરી શરુ કરી પણ તેણે પૂરી કરી નહોતી. કારણકે
ઈસ્રાએલ ઉપર દેવનો રોષ ઊતર્યો હતો. અને એટલે એ
વસ્તીગણતરીના આંકડા રાજા દાઉદના રાજ્યના ઈતિહાસમાં
નોંધાયા નહોતાં.

### રાજાના અમલદારો

25અદિયેલનો પુત્ર અઝમાવેથ રાજાનો કોઠાર સંભાળતો
હતો. ઉઝિઝયાનો પુત્ર યોનાથાન જિલ્લાનાં નગરોના,
ગામડાંના અને કિલ્લાઓના ભંડાર સંભાળતો હતો.

26કલુબનો પુત્ર એઝ્રી , જેઓ ખેતરમાં કામ કરતાં હતાં તેની ઉપર દેખરેખ રાખતો હતો;

27રામાથી શિમી દ્રાક્ષારસની વાડીઓ ઉપર દેખરેખ રાખતો હતો; શેફમનો ઝબ્દી દ્રાક્ષારસના ભંડાર ઉપર દેખરેખ રાખતો હતો;

28ગેદરનો બઆલ-હાનાન જેતૂનનાં વૃક્ષ અને નીચાણના પ્રદેશમાં થતાં અંજીર ઉપર દેખરેખ રાખતો હતો; યોઆશ તેલના ભંડાર ઉપર દેખરેખ રાખતો હતો;

29શારોનો શિટ્રાય શારોનના મેદાનમાં ચરતાં ઢોરો ઉપર દેખરેખ રાખતો હતો; શાફાટ તે અદલાઈનો પુત્ર હતો ને ખીણોમાં ચરતાં ઢોરો ઉપર દેખરેખ રાખતો હતો,

30ઈશ્માએલી ઓબીલ ઊંટોની સંભાળ રાખતો હતો. મેરોનોથી યેહદયા ગધેડાંની સંભાળ રાખતો હતો;

31હાગ્રી યાઝીઝ ઘેટાંબકરાં સંભાળતો હતો.

આ બધા માણસો રાજા દાઉદની મિલકત સંભાળનાર અમલદારો હતાં.

32દાઉદના કાકા યોનાથાન નિપુણ સલાહકાર અને એક લહિયો હતાં. હાખ્મોનીના પુત્ર યહીએલ રાજાના પુત્રોની
સાથે હતો. 33અહીથોફેલ રાજાનો સલાહકાર હતો; અને હુશાય
આર્કી રાજાનો મિત્ર હતો. 34બનાયાનો પુત્ર યહોદાયા અને
અબ્યાથાર હતાં. અહીથોફેલના મદદનીશ યોઆબ, રાજાના સૈન્યનો સેનાધિપતિ હતો.

## સુલેમાનને મંદિર માટેનાં સૂચનો

28 દાઉદે ઈસ્રાએલના બધા અધિકારીઓને યરૂશલેમમાં ભેગા કર્યા.એમાં કુળસમૂહોના આગેવાનો, રાજ્યની સેવામાં રોકાયેલા અમલદારો, હજાર હજારની અને સો સોની ટુકડીઓના નાયકો, રાજાની અને તેના પુત્રોની તમામ મિલકત અને ઢોરને સંભાળનાર વહીવટદારો, તેમજ દરબારીઓ, શૂરવીરો, ટૂંકમાં બધાજ મહત્વના માણસોનો સમાવેશ થતો હતો.

2દાઉદ રાજાએ તેઓ સમક્ષ ઊભા થઈને સંબોધન કરતાં કહ્યું, "મારા ભાઈઓ, અને મારાં પ્રજાજનો, મારી વાત સાંભળો, મારો વિચાર આપણા દેવ યહોવાના કરારકોશ માટે એક કાયમી સ્થાન બાંધવાનો હતો, જે આપણા દેવ માટે પાયાસન
જેવું બનશે. અને મેં તેની તૈયારીઓ પણ કરી હતી; 3પરંતુ,
દેવે મને કહ્યું, 'તારે મારે નામે મંદિર બાંધવાનું નથી, કારણ, તે ઘણાં યુદ્ધો કર્યા છે. અને પુષ્કળ લોહી રેડ્યું છે.'

4"તેમ છતાં ઈસ્રાએલના યહોવા દેવે મારા પિતાના કુળસમૂહમાંથી ઈસ્રાએલ ઉપર રાજ્ય કરવા માટે મને સહાય માટે પસંદ કર્યો, કારણ, તેણે રાજકર્તા વંશ તરીકે યહુદાના કુળસમૂહને પસંદ કર્યો અને તે યહૂદાનાં કુળસમૂહમાંથી મારા પિતાના કુટુંબને પસંદ કર્યુ. અને તેઓ મારા એટલાં બધાં કૃપાળુ હતાં કે પિતાના પુત્રોમાંથી તેમણે મને સમગ્ર
ઈસ્રાએલનો રાજા બનાવ્યો. 5અને મારા બધા પુત્રોમાંથી-
કારણ, યહોવાએ મને ઘણા પુત્રો આપ્યા છે- યહોવાના રાજ્ય સમાન ઈસ્રાએલની રાજગાદી ઉપર બેસવા માટે સુલેમાનને પસંદ કર્યો.

6અને મને જણાવ્યું, 'તારો પુત્ર સુલેમાન મારે માટે મંદિર બંધાવશે, કારણકે, મેં તેને મારા પુત્ર તરીકે પસંદ કર્યો છે.
અને હું તેનો પિતા થઈશ. 7જો તે મારા કાનૂનોનું પાલન
આજે કરે છે તેમ દ્રઢતાથી કરતો રહેશે તો હું તેની રાજ્યસત્તા કાયમ માટે સ્થાપન કરીશ.'"

8ત્યારબાદ દાઉદે સુલેમાન તરફ ફરીને કહ્યું, "આથી હવે આખા ઈસ્રાએલની, એટલે કે યહોવાના સમાજની સમક્ષ અને યહોવાની સમક્ષ હું તમને સૌને તમારા દેવ યહોવાની આજ્ઞાઓનો અભ્યાસ કરવાનું અને અનુસરવાનું જણાવું છું. જેથી તમે આ સમૃદ્ધ ભૂમિના માલિક રહો અને તમારા પછી તમારા વંશજોને એ કાયમ માટે વારસામાં આપી જઈ શકો.

9"અને મારા પુત્ર સુલેમાન, તું તારા પિતાના દેવનો સ્વીકાર કર અને તેની પૂરા હૃદયપૂર્વક અને રાજીખુશીથી સેવા કર, કારણ, યહોવા અંતર્યામી છે અને તે માણસના બધા વિચારો અને હેતુઓ જાણે છે, જો તું તેની શોધ કરીશ તો તે તારી આગળ પ્રગટ થશે પરંતુ જો તું તેનો ત્યાગ કરીશ તો તે સદા
માટે તારો ત્યાગ કરશે. 10તું એટલું યાદ રાખજે જે યહોવાએ
તને મંદિર બાંધવા માટે પસંદ કર્યો છે; મન મજબૂત રાખી એ કામ પૂરું કરજે."

11પછી દાઉદે સુલેમાનને મંદિર, તેનું પ્રાંગણ અને તેની આસપાસના મકાનોનો નકશો આપ્યો તેણે તેને ભંડારના, માળ ઉપરની ઓરડીઓ, અંદરની ઓરડીઓ અને દયાસન
માટે ઓરડીનો નકશો પણ આપ્યો. 12યહોવાના મંદિરનું
પ્રાગણ બહારની ઓરડીઓ, દેવના મંદિરના ભંડારો અને લોકો જે ભેટો અર્પણ કરે તે રાખવાના કોઠારનો નકશો આપ્યો.
13તદુપરાંત યાજકો અને લેવીઓના સમૂહો વિષે, યહોવાના
મંદિરની ઉપાસનાને લગતાં સર્વ કાર્યો વિષે તથા એ સેવામાં
વપરાતાં વાસણો વિષે પણ તેણે કહ્યું. 14જુદી જુદી સેવામાં
વપરાતા સોનાનાં વાસણો માટે કેટલું સોનું વાપરવું, અને
ચાંદીના વાસણો માટે કેટલી ચાંદી વાપરવી, 15સોના-ચાંદીની
દિવીઓ અને તેના કોડિયા માટે કેટલા સોનુ-ચાંદી વાપરવાં,
16ધરાવેલી રોટીઓ માટેના બાજઠોમાંના દરેકમાં કેટલું સોનું
વાપરવું, અને ચાંદીના બાજઠો માટે કેટલી ચાંદી વાપરવી,
17ચીપિયા, કટોરા અને રકાબીઓ માટે કેટલું ચોખ્ખુ સોનું
વાપરવું, દરેક સોનાની થાળીઓ માટે કેટલું સોનું વાપરવું
અને ચાંદીની થાળી માટે કેટલી ચાંદી વાપરવી, 18ધૂપની
વેદી માટે કેટલું ચોખ્ખું સોનું વાપરવું, અને રથ માટે કેટલું ચોખ્ખુ સોનું વાપરવું તથા યહોવાના કરારકોશ ઉપર પાંખ પ્રસારીને ઊભેલા કરૂબ દેવદૂતો માટે કેટલું ચોખ્ખું સોનું વાપરવું તે કહ્યું.

19અને તેણે કહ્યું, "આ બધી નકશાની વિગતો યહોવાએ મને આપ્યા મુજબ તારા માટે મેં લખી રાખી છે.

20વળી દાઉદે પોતાના પુત્ર સુલોમાનને કહ્યું, "બળવાન અને નિર્ભય બન અને કામ શરૂ કર. આવું જંગી કામ જોઈને

ગભરાઈ જતો નહી. કારણકે યહોવા મારા દેવ તારી
સાથે રહેશે, અને તને છોડેશે નહી અને તારો ત્યાગ નહી
કરે. જ્યાં સુધી યહોવાના મંદિરનું બાંધકામ તું પૂરું કરે ત્યાં
સુધી. 21યાજકોની અને લેવીઓની દેવના મંદિરમાં સેવા
કરવા માટેની ટુકડીઓ મેં નક્કી કરી છે. તે બધાં કામોમાં
કુશળ કારીગરો તને હોંશે હોંશે મદદ કરશે અને બધા
અમલદારો તેમજ લોકો પણ તારી આજ્ઞાનું પાલન
કરવા તત્પર રહેશે."

### લોકો તરફથી મંદિરના બાંધકામ માટે ભેટ-સોગાદો

29 ત્યારબાદ રાજા દાઉદે સમગ્ર સભાને ઉદેશીને કહ્યું,
"દેવે મારા પુત્ર સુલેમાનને એકલાને જ પસંદ
કર્યો છે, પણ તે હજી નાદાન છોકરો છે અને કામ મોટું
છે,કારણકે, આ મંદિર માણસ માટે નથી પણ દેવ યહોવા
માટે છે. 2મેં મારી તમામ શકિત અનુસાર મારા દેવના મંદિર
માટે તૈયારી રાખી છે.સોનાની વસ્તુઓ માટે, સોનું, ચાંદીની
વસ્તુઓ માટે ચાંદી, કાંસાની વસ્તુઓ માટે કાંસા, લોખંડની
વસ્તુઓ માટે લોખંડ, લાકડાની વસ્તુઓ માટે લાકડું,
બેસાડવા માટે ગોમેદ પથ્થરો, જડાવકામ માટે દરેક જાતનાં
રત્નો અને પુષ્કળ પ્રમાણમાં આરસપહાણ તૈયાર રાખ્યો છે.
3તદુપરાંત, પવિત્રસ્થાનના બાંધકામ માટે મારો ફાળો આપવા
ઉપરાંત મારા ભંડારમાં જે કાંઈ સોનું અને ચાંદી છે તે બધું
હું મારા દેવના મંદિર માટે આપી દઉં છું. 4લગભગ એકસો
દશ ટન ઊંચી જાતનું સોનું, અને લગભગ 260 ટન ચોખ્ખી
ચાંદી મંદિરની ભીંતોને ઢાંકવા; 5અને કારીગરો જે વસ્તુઓ
બનાવવાના છે તેને મઢવા આપી દઉં છું. હવે તમારામાંથી
કોણ યહોવાને માટે છૂટે હાથે આપવા ઈચ્છે છે?"

6ત્યારે કુટુંબોના વડાઓ, ઈસ્રાએલના કુળસમૂહોના
આગેવાનો,'હજાર હજાર'ના અને 'સો સો' ના નાયકો, 7અને
રાજાની મિલકતના વહીવટદારોએ દેવના મંદિરનાં કાર્ય માટે
રાજીખુશીથી 190 ટન સોનું, 5,000 સીક્કા 375 ટનથી વધારે
ચાંદી, 675 ટનથી વધારે કાંસા અને આશરે 3,750 ટન
લોખંડ આપવાની તૈયારી બતાવી. 8વળી, જેમની પાસે રત્નો
હતાં તેમણે રત્નો યહોવાના મંદિરના ભંડારને આપી દીધાં.
એનો વહીવટ ગેર્શોનનો વંશજ યેહીએલ કરતો હતો. 9આ
લોકોએ યહોવાને માટે ઉદાર મનથી અને હોંશે હોંશે આપ્યું
અને એ જોઈને સૌ કોઈને ખૂબ આનંદ થયો અને રાજા
દાઉદ પણ પ્રસન્ન થયો.

### દાઉદની સુંદર પ્રાર્થના

10સર્વ ઉપસ્થિત સભા જનો સમક્ષ દાઉદે યહોવાની સ્તુતિ
અને પ્રાર્થના કરતાં કહ્યું,

"યહોવા અમારા પૂર્વજ ઈસ્રાએલના દેવ તમારી સદા
સર્વદા સ્તુતિ હો!

11યહોવા તમે જ મહાન, શકિતશાળી, ગૌરવવંત, ભવ્ય
અને પ્રતાપી દેવ છો. આ પૃથ્વી ઉપર અને આકાશમાં જે
કઈં છે તે સર્વ તમારું છે. અને એ બધાં ઉપર તમારી જ
સત્તા સર્વોપરી છે, યહોવા તમે સર્વરાજ્યોની ઉપર છો.

12ધન અને યશ આપનાર તમે જ છો, તમે જ સર્વ પ્રજા
ઉપર શાસન કરનાર છો. અને સામર્થ્ય અને સત્તા તમારા
હાથમાં જ છે; તમેજ સૌને માનપાન અને શકિત પ્રદાન
કરો છો,

13અને અત્યારે, ઓ અમારા દેવ અમે તમારો આભાર
માનીએ છીએ, અને તમારા મહિમાવંત નામની સ્તુતિ કરીએ
છીએ.

14પરંતુ આ પ્રમાણે દાન કરનાર હું કે મારી પ્રજા કોણ?
કારણકે સર્વસ્વ તમારું જ છે. અને તમારા તરફથી જ મળેલું
છે જે અમે તમને આપીએ છીએ.

15કારણકે અમે અમારા પૂર્વજોની જેમ તમારી આગળ
યાત્રી છીએ, આ ભૂમિ પર અમારુ જીવન પડછાયા જેવું
છે. જેની આગળ અમે કઈ પણ જોઈ શકતા નથી.

16ઓ અમારા દેવ યહોવા, તમારા પવિત્ર નામ માટે મંદિર
બાંધવા અમે ભેગી કરેલી બધી સંપત્તિ તમારા તરફથી મળેલી
છે, એ બધું તમારું જ છે.

17હું જાણું છું, મારા દેવ કે તમે અંતરને તપાસો છો, અને
ખરા મનની સચ્ચાઈ તમને ગમે છે, અને આ બધું મેં
સ્વેચ્છાએ સાચા હૃદયથી અર્પ્યુ છે. અને અત્યારે અહીં
હાજર રહેલ તમામ લોકો તમને સ્વેચ્છાએ ભેટ-સોગાદો
અર્પે છે તે જોઈને મને આનંદ થાય છે.

18ઓ યહોવા અમારા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાક અને
ઈસ્રાએલના દેવ તમારા લોકોનાં હૃદયમાં આવી ભકિત સદા
દ્રઢ રાખે અને તેમના હૃદયને તમારા પ્રત્યે સમર્પિત રાખશે.

19મારા પુત્ર સુલેમાનને સંપૂર્ણ સમર્પિત હૃદય આપો જેથી
તે તમારી બધી જ આજ્ઞાઓ, કાનૂનો અને નિયમોનું નિષ્ઠાપૂર્વક
અનુસરણ કરે, અને જેને માટે મેં આ બધી તૈયારી કરી છે તે
મંદિર બાંધે."

20ત્યારબાદ દાઉદે સર્વ લોકોને જણાવ્યું, "યહોવા તમારા
દેવની સ્તુતિ કરો!" અને લોકોએ યહોવા તેમના પૂર્વજના
દેવ સમક્ષ નમીને તેમની સ્તુતિ કરી અને રાજાનું સન્માન
કર્યુ.

### રાજા બનતો સુલેમાન

21બીજે દિવસે યહોવાના માટે તેઓએ 1,000 બળદો,
1,000 ઘેટાં અને 1,000 બકરાંઓનું યજ્ઞબલિ આપ્યું અને
તેઓએ પેયાર્પણ પણ કર્યુ તેમણે બધા ઈસ્રાએલીઓ વતી
ઘણી બલીઓ આપી. 22પછી, તે દિવસે, યહોવા સમક્ષ
ખાંધુપીધું ને તેમણે ખૂબ આનંદ કર્યો. ત્યારબાદ તેમણે દાઉદના
પુત્ર સુલેમાનને બીજીવાર રાજા જાહેર કર્યો અને તેનો
યહોવાને નામે શાસક તરીકે અને સાદોકનો યહોવાના ઉચ્ચ
યાજક તરીકે અભિષેક કર્યો.

23આમ, સુલેમાન પોતાના પિતા દાઉદ પછી યહોવાએ
સ્થાપેલી રાજગાદી ઉપર આવ્યો. તેણે સફળતાપૂર્વક રાજ્ય
કર્યુ. અને સમગ્ર ઈસ્રાએલે તેની આજ્ઞા માથે ચડાવી. 24તમામ

અધિકારીઓએ અને યોદ્ધાઓએ તેમજ રાજા દાઉદના બધા
પુત્રોએ રાજા સુલેમાન પ્રત્યે વફાદારીના સમ લીધાં.

## દાઉદનું મૃત્યુ

**25**યહોવાએ સુલેમાનને ઈસ્રાએલની નજરમાં ખૂબ મોટો
કર્યો અને ઈસ્રાએલના કોઈપણ રાજાએ પહેલાં કદીય ભોગવી
ના હોય તેવી જાહોજલાલી તેને આપી **26**યિશાઈ પુત્ર દાઉદે
સમગ્ર ઈસ્રાએલ ઉપર શાસન કર્યું. **27** ઈસ્રાએલ ઉપર તેનું
રાજ્ય 40 વર્ષ ચાલ્યું; હેબ્રોનમાંથી તેણે સાત વર્ષ અને
યરૂશાલેમમાંથી 33વર્ષ રાજ્ય કર્યુ હતું. **28**તેણે સંપત્તિ અને
સન્માન સાથે દીર્ધાયુ ભોગવી ખૂબ મોટી ઉંમરે દેહ છોડ્યો,
અને તેના પુત્ર સુલેમાને તેના પછી શાસન કર્યું.

**29**રાજા દાઉદના શાસનમાં બનેલા બધા જ બનાવો પહેલેથી
છેલ્લે સુધી દ્રષ્ટા શમુએલ, પ્રબોધક નાથાન અને પ્રબોધક
ગાદના ગ્રંથોમાં નોંધેલા છે. **30**આ લખાણ બતાવે છે કે તેણે
કેવી રીતે રાજ્ય કર્યુ શાં શાં અદભૂત કાર્યો તેણે કર્યા, અને
તેના ઉપર, ઈસ્રાએલ ઉપર અને જગતના બધાં રાજ્યો પર
શું શું વિત્યું.

# રાજાઓનું બીજું પુસ્તક

### અહાઝ્યા માટે સંદેશ

1 આહાબના મૃત્યુ પછી મોઆબે ઈસ્રાએલ સામે બળવો કર્યો. 2જયારે અહાઝ્યા સમરૂનમાં તેના મહેલના ઉપરના ખંડમાં હતો અને ઝરૂખામાંથી પડી ગયો હતો અને પથારીવશ હતો. ત્યારે ઈજા પામ્યા પછી તેણે પોતાના માણસોને, એક્રોનના દેવ બઆલ-ઝબૂબ પાસે એમ કહીને મોકલ્યા કે "જાણી આવો કે હું આ માંદગીમાંથી સાજો થઈશ?"

3પરંતુ યહોવાના દૂતે તિશ્બેના એલિયાને જણાવ્યું, "અહાઝ્યાના સંદેશવાહકો પાસે જા, તેઓને પૂછી જો, 'શું ઈસ્રાએલમાં કોઈ દેવ નથી? તો શા માટે તમે બઆલઝબૂબ પાસે એવું પૂછવા એક્રોન જાઓ છો કે રાજાને સારું થશે કે નહિં? 4તમે આવું બધુ કર્યુ છે તેથી યહોવા એ કહ્યું છે તું જે પથારીમાં પડયો છે એમાંથી ઊઠવાનો નથી. તું જરૂર મરી જશે." ત્યાર પછી એલિયા ચાલ્યો ગયો.

5સંદેશવાહકો રાજા પાસે પાછા ગયા એટલે રાજાએ તેઓને પૂછયું, "તમે શા માટે આટલા જલદી પાછા આવ્યા?"

6તેમણે કહ્યું, "એક માણસ અમને મળવા આવ્યો અને તેણે અમને કહ્યું કે, જે રાજાએ તમને મોકલ્યા છે તેની પાસે પાછા જાઓ અને તેને કહો કે, 'આ યહોવાના વચન છે; ઈસ્રાએલમાં કોઈ દેવ નથી કે તમે એક્રોનના દેવ બઆલ-ઝબૂબને જઈને પ્રશ્ન કરો છો? આને કારણે, તું જે પથારીમાં પડયો છે તેમાંથી ઊઠવાનો નથી, તું જરૂર મરી જશે.'"

7રાજાએ પૂછયું, "તમને જે માણસ મળ્યો હતો અને જેણે તમને આ બધું કહ્યું તે કેવો હતો?"

8તેમણે કહ્યું, "તે વાળની રુંવાટી વાળો માણસ હતો અને તેણે તેની કમર ફરતે ચામડાનો પટ્ટો પહેર્યો હતો."

રાજા બોલ્યો, "એ તો તિશ્બેનો એલિયા!"

### અહાઝ્યાના માણસોને ભસ્મ કરતો અગ્નિ

9ત્યાર પછી રાજાએ પચાસ સૈનિકોના એક નાયકને તેની ટુકડી સાથે એલિયા પાસે મોકલ્યો. તે જયારે ત્યાં પહોંચ્યો ત્યારે તેમણે તેને એક ટેકરીની ટોચે બેઠેલો જોયો. પેલા નાયકે તેને કહ્યું, "હે દેવના માણસ, રાજાએ તને નીચે આવવાની આજ્ઞા કરી છે."

10એલિયાએ જવાબ આપ્યો, "જો હું દેવનો માણસ હોઉં તો સ્વર્ગમાંથી નીચે અગ્નિ વરસો અને તું અને તારા સૈનિકો અહી મરી જશો!" તેથી આકાશમાંથી અગ્નિ નીચે વરસ્યો અને બધા સૈનિકોના મૃત્યુ થયા.

11રાજાએ પચાસ સૈનિકોના બીજા નાયકને પચાસ સૈનિકો સાથે ફરી મોકલ્યો અને તેણે જઈને કહ્યું! "હે દેવના માણસ! રાજાએ કહેવડાવ્યું છે કે 'તારે અત્યારે જ આવવું પડશે.'"

12એલિયાએ કહ્યું, "જો હું દેવનો માણસ હોઉં તો આકાશમાંથી અગ્નિ વરસશે અને તું તથા તારા પચાસ સૈનિકો અહીં મરી જશે." ફરીથી સ્વર્ગમાંથી અગ્નિ વરસ્યો અને બધા સૈનિકોને મારી નાંખ્યા.

13ફરી પાછા રાજાએ બીજા પચાસ સૈનિકોને દેવના માણસ પાસે મોકલ્યા, પચાસ સૈનિકોના ત્રીજા નાયકે એલિયા પાસે આવી તેની આગળ ઘૂંટણિયે પડી વિનંતી કરી કે, "હે દેવના માણસ, કૃપા કરીને મારું જીવન તથા આ મારા પચાસ સૈનિકોના જીવન બચાવશો. 14છેક સ્વર્ગમાંથી વરસેલા અગ્નિએ અમારી પહેલા આવેલા બન્ને નાયકોનો સંહાર કર્યો હતો. તું ચોક્કસ જાણ પણ હવે અમારા ઉપર દયા કર."

15યહોવાના દૂતે એલિયાને કહ્યું, "એની સાથે જા, ગભરાઈશ નહિં." તે તેની સાથે રાજા પાસે ગયો.

16અને બોલ્યો, "આ યહોવાનાં વચન છે: કારણકે'તેં એક્રોનના દેવ બઆલઝબૂબને પ્રશ્ન કરવા સંદેશવાહકો મોકલ્યા હતા, તેથી તું હમણા જે પથારીમાં પડયો છે તેમાંથી ઊઠવાનો નથી, તું ચોક્કસપણે મરી જશે."

### અહાઝ્યાનું સ્થાન લેતો યહોરામ

17અને જેમ એલિયાએ કહ્યું હતું તેમ યહોવાના શબ્દો સાચા પડ્યાં અને રાજા મૃત્યુ પામ્યો. તેને પુત્ર નહતો એટલે તેનો ભાઈ યહોરામ ઈસ્રાએલીઓનો રાજા બન્યો. યહૂદાના રાજા યહોરામ જે યહોશાફાટનો પુત્ર હતો-તેના શાસનના બીજા વર્ષમાં આ બન્યું

18અહાઝ્યાના શાસન દરમ્યાન બનેલા બાકીના બનાવો ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ વિષેના પુસ્તકમાં આલેખવામાં આવ્યાં છે.

### એલિયાને લઈ જવાની યહોવા યોજના ઘડે છે

2 જયારે યહોવા માટે એલિયાને વંટોળિયા મારફતે આકાશમાં લઈ લેવાનો સમય આવ્યો, ત્યારે એલિયા અને એલિશા ગિલ્ગાલથી આવી રહ્યાં હતા.

2એલિયાએ એલિશાને કહ્યું, "તું અહીં રહે, કારણ કે યહોવાએ મને બેથેલમાં જવાનું કહ્યું છે."

પણ એલિશાએ કહ્યું, "યહોવાના અને તમારા સમ, હું તમને છોડીને જવાનો નથી."

3આથી તેઓ બન્ને બેથેલ ગયા. બેથેલમાં રહેતા પ્રબોધકોનો સંઘ એલિશાને મળવા આવ્યો અને તેમણે તેને કહ્યું, "ખબર છે કે, યહોવા આજે તારા ધણીને તારાથી દૂર લઈ જવાના છે!"

એલિશાએ કહ્યું, "મને ખબર છે, હવે કશું બોલશો નહિં."

4પછી એલિયાએ કહ્યું, "એલિશા, તું અહી રોકાઈ જા, યહોવા મને યરીખો મોકલે છે."

એલિશાએ ફરીથી જવાબ આપ્યો, "યહોવાના અને તમારા સમ હું તમને છોડીને જવાનો નથી." અને તેઓ યરીખો ગયા.

5યરીખોમાં રહેતા પ્રબોધકોના સંઘે એલિશા પાસે જઈ તેને કહ્યું, "તને ખબર છે કે, યહોવા આજે તારા ધણીને તારાથી દૂર લઈ જવાના છે?"

તેણે કહ્યું, "મને ખબર છે, હવે કશું બોલશો નહિં."

6એલિયાએ કહ્યું, "એલિશા, તું અહી રહી જા, યહોવા તો મને યર્દન મોકલે છે."

પણ તેણે જવાબ આપ્યો, "યહોવાના અને તમારા સમ હું તમને છોડીને જવાનો નથી." અને તેઓ આગળ ચાલ્યા.

7પચાસ પ્રબોધકો તેમની પાછળ પાછળ ગયા. જ્યારે તેઓ યર્દન નદી પાસે ઊભા રહ્યા, ત્યારે પ્રબોધકો તેમનાથી અંતર રાખીને દૂર ઉભા રહ્યાં. 8એલિયાએ પોતાનો ઝભ્ભો લઈ તેનો વીંટો વાળી તેના વડે પાણી ઉપર પ્રહાર કર્યો અને તે સાથે નદીનું પાણી જમણી અને ડાબી બાજુ વહેંચાઈ ગયું અને તેઓ પલળ્યાં વગર નદી ઓળંગી ગયા.

9જ્યારે તેઓ નદીની સામે પાર પહોંચી ગયા ત્યારે એલિયાએ એલિશાને કહ્યું, "દેવ મને તારી પાસેથી લઈ લે તે પહેલાં હું તારે માટે શું કરું? તારી શી ઈચ્છા છે?"

એલિશાએ કહ્યું, "તમારી પાસે છે તેનાથી બમણી દૈવી શક્તિ મને આપો"

10એલિયાએ કહ્યું, "તારી માંગણી મુશ્કેલ છે, મને તારી પાસેથી લઈ લેવાતો જો તું જોઈ શકીશ તો તારી ઈચ્છા પૂરી થશે; પણ જો તું જોવા ન પામે તો એ પૂરી નહિં થાય."

### એલિયાને સ્વર્ગમાં લેતા દેવ

11આમ વાતો કરતાં કરતાં આગળ જતા હતા એવામાં એકાએક તેમની બે જણની વચ્ચે અગ્નિરથ દેખાયો, અગ્નિના બે ઘોડા એ રથને જોડેલા હતા. આ અગ્નિરથે એલિયા અને એલિશાને જુદા પાડી દીધા અને વંટોળિયાએ આવીને એલિયાને આકાશમાં ઉઠાવી લીધો.

12એલિશાએ એ જોયું અને તે બોલી ઊઠયો, "ઓ મારા બાપ! બાપ રે બાપ! તમે તો ઈસ્રાએલનો રથ અને તેના ઘોડેસ્વાર છો!"

પછી એલિયા તેને દેખાતો બંધ થઈ ગયો ત્યારે એલિશાએ પોતાનો ઝભ્ભો ફાડીને તેના બે ટુકડા કરી નાખ્યા. 13પછી એલિયાનો ઝભ્ભો પડી ગયો હતો તે તેણે ઉપાડી લીધો, અને પછી તે યર્દનને કિનારે જઈને ઊભો રહ્યો.

14એલિયાના ઝભ્ભા વડે તેણે નદીના પાણી પર પ્રહાર કર્યો, તે મોટેથી બોલ્યો, "એલિયાના દેવ યહોવા કયાં છે?" અને પાણી બે ભાગમાં વહેચાઈ ગયું, એલિશા નદી પસાર કરી ગયો.

### એલિયા વિશે પૂછતા પ્રબોધકો

15યરીખોના પ્રબોધકોના સંઘે તેને દૂરથી જોયો અને કહ્યું, "એલિયાની શકિત એલિશા ઉપર ઊતરી છે." તેઓ તેને મળવા આવ્યા અને આદરપૂર્વક તેને પ્રણામ કર્યા. 16તેઓએ એલિશાને કહ્યું, "ધણી, તમે અમને માત્ર આજ્ઞા કરો એટલે શકિતશાળી એવા અમારા પચાસ માણસો જશે અને તમારા ધણીની શોધ કરશે, કદાચ યહોવાએ તેમને લઈને કોઈ પર્વત પર અથવા ખીણમાં ફેંકી દીધા હોય."

પણ એલિશાએ તેઓને ના પાડી.

17પણ તેમણે તેને એટલો બધો આગ્રહ કર્યો કે આખરે કંટાળીને હા પાડી. આથી તેમણે પચાસ માણસોને મોકલ્યા. તેમણે ત્રણ દિવસ સુધી શોધખોળ કરી પણ પત્તો ન લાગ્યો. 18તેઓ પાછા આવ્યા, ત્યાં સુધી એલિશા યરીખોમાં જ રહ્યો હતો, તેણે તેઓને કહ્યું, "તમે જશો નહિં એવું મેં તમને નહોતું કહ્યું?"

### પાણી શુદ્ધ કરતો એલિશા

19હવે યરીખો નગરના કેટલાક આગેવાનો એલિશાને મળવા આવ્યા તેઓએ તેમને કહ્યું, "ધણી, આપ જોઈ શકો છો કે અમારું શહેર કેવું રમણીય છે! પણ અહીંનું પાણી સારું નથી અને દેશમાં સ્ત્રીઓને કસુવાવડ થઈ જાય છે."

20તે બોલ્યો, "એક નવો વાટકો લાવો અને તેમાં થોડું મીઠું મૂકો."

લોકો લઈ આવ્યા. 21એટલે તેણે ઝરણા પાસે જઈને તેમાં મીઠું નાખીને કહ્યું, "આ યહોવાના વચન છે: 'હું આ પાણીને શુદ્ધ કરું છું. હવે પછી એનાથી કોઈને મોત કે કસુવાવડ નહિં આવે.'" 22પાણી શુદ્ધ થઈ ગયું અને એલિશાએ કહ્યા પ્રમાણે આજ સુધી એ પાણી શુદ્ધ રહ્યું છે.

### એલિશાની ઠેકડી ઉડાળતા બાળકો

23ત્યાંથી તે બેથેલ જવા નીકળ્યો અને તે રસ્તે થઈ જતો હતો એવામાં શહેરમાંથી કેટલાંક નાનાં બાળકો આવીને તેમની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યાં, તેઓ બૂમ પાડવા લાગ્યાં, "એઈ, ટાલિયા, આગળ જા."

24એલિશાએ પાછળ ફરી તેમને જોયાં અને યહોવાના નામે તેમને શ્રાપ આપ્યો, તે જ વખતે જંગલમાંથી બે રીંછણો આવી અને બાળકોમાંથી બેંતાળીસને રહેંસી નાખ્યા.

25ત્યાંથી પછી એલિશા કાર્મેલ પર્વત પર ગયો અને ત્યાંથી સમરૂન પાછો ફર્યો.

## યહોરામ ઈસ્રાએલનો રાજા થયો

3 યહૂદાના રાજા યહોશાફાટના શાસન દરમ્યાના અઢારમા વર્ષે આહાબનો પુત્ર યહોરામ સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો, અને તેણે બાર વર્ષ રાજય કર્યુ. 2તેણે યહોવાને નારાજ કરે તેવી વસ્તુઓ કરી હતી, જો કે તેના કાર્યો એ છેક એના માતા પિતાના કાર્યો જેવા નહોતા, કારણ, એણે એના પિતાએ ઊભુ કરેલુ બઆલનું પૂતળું પૂજાસ્થળેથી કાઢી નાખ્યુ હતું. 3તેમ છતાં તે નબાટના પુત્ર યરોબઆમ જેણે ઈસ્રાએલી લોકોને પાપ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું –તેના પાપને વળગી રહ્યો.

## મોઆબનું ઈસ્રાએલ વિરુદ્ધ બંડ

4મોઆબનો રાજા મેશા ઘેટાં ઉછેરતો હતો, અને તે ઈસ્રાએલના રાજાને નિયમિત એક લાખ ઘેટાંનાં બચ્ચાં અને એક લાખ ઘેટાનું ઊન વસુલીરૂપે આપતો હતો. 5જયારે આહાબ મૃત્યુ પામ્યો ત્યારે મોઆબના રાજાએ ઈસ્રાએલના રાજા સામે બળવો કર્યો,

6એટલે રાજ્ય યહોરામ સમરૂનથી બહાર નીકળી ને ઈસ્રાએલના બધા માણસોને યુદ્ધ માટે ભેગા કર્યા. 7પછી તેણે યહૂદાના રાજાને સંદેશો મોકલ્યો કે, "મોઆબના રાજાએ મારી સામે બળવો કર્યો છે. મોઆબ ઉપર હુમલો કરવામાં તમે મને સાથ આપશો?"

તેણે જવાબ આપ્યો, "જરૂર, આપણે બે કંઈ જુદા નથી; મારા સૈનિકો એ તમારા જ સૈનિકો છે, મારા ઘોડા એ તમારા જ ઘોડા છે.

## એલિશાની સલાહ માંગતા ત્રણ રાજાઓ

8તેણે પૂછયું,: "આપણે હુમલો કરવા કયો રસ્તો લેવો જોઈએ?"

યહોરામે જવાબ આપ્યો, "અદોમના રણમાંથી પસાર થતો રસ્તો."

9આમ, ઈસ્રાએલનો રાજા યહોરામ યહૂદાના રાજા અને અદોમના રાજાને સાથે લઈ યુદ્ધે ચડયો. સાત દિવસ સુધી ચકરાવાવાળે રસ્તે કૂચ કર્યા પછી લશ્કર માટે કે સરસામાન ઉપાડતાં જાનવરો માટે પાણી ખૂટી ગયું. 10ત્યારે ઈસ્રાએલનો રાજા બોલી ઊઠયો, "અફસોસ! યહોવાએ આપણને ત્રણ રાજાઓને મોઆબીઓના હાથમાં સોંપી દેવા માટે જ ભેગાં કર્યા છે!"

11પણ યહોશાફાટે કહ્યું, "અહી કોઈ યહોવાનો પ્રબોધક નથી, જેના મારફતે આપણે યહોવાને પ્રશ્ન કરી શકીએ?"

ઈસ્રાએલના રાજાના એક અમલદારે કહ્યું, "એલિશા અહીં છે, તે શાફાટનો પુત્ર હતો જે એલિયાની સેવામાં રહેતો હતો."

12યહૂદાના રાજાએ કહ્યું, "યહોવા તેના દ્વારા બોલે છે."

આથી ઈસ્રાએલનો રાજા, યહોશાફાટ અને અદોમનો રાજા તેની પાસે ગયા.

13પણ એલિશાએ ઈસ્રાએલના રાજાને કહ્યું, "મારી પાસે તમારું શું દાંટયું છે? તમે તમારા માતા પિતાના જૂઠા પ્રબોધકો પાસે જાઓ."

ઈસ્રાએલના રાજાએ તેને કહ્યું, "ના! યહોવાએ અમને ત્રણ રાજાઓને મોઆબીઓના હાથમાં સોંપી દેવા માટે જ બોલાવ્યા છે!"

14એલિશાએ કહ્યું, "હું જેમની સેવા કરું છું તે સર્વસમર્થ યહોવાના સમ, યહૂદાના રાજા યહોશાફાટ પ્રત્યે મને માન છે, તેથી જ હું તમારા ભણી જોઉં છું નહિં તો મેં નજર સરખી કરી ના હોત. 15હવે કોઈ વીણા વગાડનારને મારી પાસે લઈ આવો."

અને બન્યું એવું કે જ્યારે વીણા વગાડનારે વીણા વગાડવા માંડી એટલે યહોવાની શકિત એલિશામાં આવી. 16અને તે બોલ્યો, "આ યહોવાનાં શબ્દો છે: આ ખીણને ખાડાંથી ભરી દો. 17તમે બધા વરસાદ કે પવન જોવા પામશો નહિં; પણ આ કોતર પાણીથી ભરાઈ જશે. અને તેમાં તમે, તમારું લશ્કર અને જાનવરો માટે પીવા પૂરતું પાણી હશે. 18પણ આ યહોવાની દ્રષ્ટિએ જાણે ઓછું હોય તેમ તે મોઆબને જ તમારા હાથમાં સોંપી દેશે. 19તમે તેમનાં બધાંજ સારાં સારાં અને કિલ્લે બંદીવાળા નગરોને ભોંયભેગા કરી નાખશો, બધાંજ સારાં વૃક્ષોને કાપી નાખશો, બધાંજ ઝરણાંને પૂરી દેશો, અને પ્રત્યેક ખેતરને તેમાં પથ્થર નાખીને નકામાં બનાવી દેશો."

20પછી ખરેખર એમ જ થયું. બીજે દિવસે સવારમાં યજ્ઞ કરવાને વખતે અદોમની દિશામાંથી પાણી વહેવા લાગ્યું અને આખો દેશ જળબંબાકાર થઈ ગયો.

21જયારે મોઆબીઓને ખબર પડી કે ત્રણ રાજાઓ તેમની સાથે યુદ્ધ કરવા આવ્યા છે, ત્યારે હથિયાર ધારણ કરી શકે એવા એકેએક પુખ્ત વયના માણસને બોલાવવામાં આવ્યો, અને સરહદ ઉપર ગોઠવી દેવામાં આવ્યો. 22બીજે દિવસે સવારે સૂર્યના લાલ રંગનો પ્રકાશ પાણી પર પડયો એટલે મોઆબીઓને પાણી રકત જેવું દેખાયું!

23તેઓ બોલી ઊઠયા, "આ તો લોહી છે! રાજાઓ અંદર અંદર લડ્યા હોવા જોઈએ અને તેમણે એકબીજાને કાપી નાખ્યા હોવા જોઈએ. માટે ચાલો, આપણે તેઓની છાવણીમાં જઈને લૂંટ ચલાવીએ."

24પરંતુ જયારે મોઆબીઓ ઈસ્રાએલીની છાવણીએ આવ્યા ત્યારે ઈસ્રાએલીઓએ ઉભા થઈને મોઆબીઓની સામે હુમલો કર્યો અને પછી મોઆબીઓ ત્યાથી ભાગવા લાગ્યા. ઈસ્રાએલીઓએ મોઆબીઓને પૂર્ણરીતે હરાવ્યા. 25તેમણે નગરોને ભોંયભેગા કરી નાખ્યાં, દરેક માણસે એકએક પથર નાખીને દરેક ખેતરને પથ્થરથી ભરી દીધાં. બધા ઝરણાંને તેમણે બંધ કરી દીધા, અને બધાંજ સારાં વૃક્ષો કાપી નાખ્યાં, આખરે તેમણે કીર–હરેસેથ ને ઘેરો ઘાલ્યો

અને પથ્થરથી હુમલો કરવા માટે ગોફણિયાઓનો ઉપયોગ
કર્યો.
26જયારે મોઆબના રાજાએ જોયું કે, યુદ્ધનું પરિણામ
પોતાની વિરૂદ્ધ જાય છે ત્યારે તેણે સાતસો તલવારધારી
સૈનિકોને ભેગા કર્યા, અને અદોમના રાજાના સૈનિકોને તોડી
પાડવાનો પ્રયાસ કર્યો. જોકે તેના પ્રયત્નોમાં તે સફળ ન
થયો. 27મોઆબના રાજાએ તેના પછી તેનો જયેષ્ઠ પુત્ર જે
રાજા થવાનો હતો તેને લઈને નગરના કોટ પર તેનું બલિદાન
ચઢાવ્યું, આથી ઈસ્રાએલીઓ એટલા તો બેબાકળા બની ગયા
કે, તેઓએ પીછે હઠ કરીને પોતાને દેશ પાછા ચાલ્યા ગયા.

## એલિશાએ પ્રબોધકની વિધવાને મદદ કરી

4 પ્રબોધકોના સંઘના એક પ્રબોધકની પત્નીએ એલિશાને
કહ્યું, "આપનો સેવક મારો પતિ મરી ગયો છે, આપ
જાણો છો કે તે યહોવાથી ડરીને ચાલતો હતો, હવે એક
લેણદાર આવ્યો છે અને તે મારા બે પુત્રોને લઈ જઈ ગુલામ
બનાવવા માગે છે."
2એલિશાએ કહ્યું, "હું તને શી મદદ કરી શકું? તું મને એ
કહે કે તારી પાસે ઘરમાં શું છે?"
તે સ્રીએ જવાબ આપ્યો, "થોડુંક તેલ છે, એ સિવાય બીજું
કશું જ નથી."
3એટલે એલિશાએ કહ્યું, "તો બહાર જઈને તારા બધા
આડોશી-પાડોશી પાસેથી ખાલી વાસણો અને બરણીઓ
માગી લાવ. 4પછી પાછી આવીને તું તારાં બાળકો સાથે
અંદર જઈને બારણાં વાસી દેજે. પછી તારી પાસે જે તેલ છે
તેને પેલાં વાસણોમાં અને બરણીમાં રેડવા માંડજે અને જેમ
જેમ ભરાઈ જાય તેમ તેમ બરણીઓ બાજુએ મૂકતી જજે."
5પેલી સ્રીએ ત્યાંથી જઈને બાળકો સાથે ઘરમાં જઈ બારણાં
વાસી દીધાં, બાળકો જેમ જેમ તેને બરણીઓ આપતાં ગયાં
તેમ તેમ તે તેમાં તેલ રેડતી ગઈ. 6જયારે બધી બરણીઓ
ભરાઈ ગઈ ત્યારે તેણે બાળકોને કહ્યું, "મને બીજી બરણી
આપ."
ત્યારે તેણે કહ્યું, "હવે બરણી રહી નથી." એટલે તેલ
વહેતું બંધ થઈ ગયું!
7પછી સ્રીએ જઈને દેવના માણસને આ વાત જણાવી
એટલે દેવના માણસે તેને કહ્યું, "તું જઈને એ તેલ વેચીને
તારું દેવું ભરપાઈ કરી દેજે, અને જે નાણાં બાકી રહે તે તારા
બાળકો માટે રાખી લેજે."

## એલિશાને ખંડ આપતી શૂનેમ્મની સ્ત્રી

8એક દિવસ એવું બન્યું કે એલિશા શૂનેમ્મ ગયો હતો.
ત્યાં એક ધનવાન સ્રીએ તેને રહેવા અને જમવા માટે
આમંત્રિત કર્યો આથી તે જયારે જયારે એ બાજુ આવતો,
ત્યારે ત્યારે ત્યાં રોકાતો અને જમતો.
9એ સ્રીએ એક વાર પોતાના પતિને કહ્યું, "મને ખાતરી છે
કે જે માણસ હંમેશા આપણે ત્યાં આવે છે તે દેવનો માણસ
હોવો જોઈએ. 10તો આપણે એને માટે એક નાની ઓરડી
બનાવીએ અને તેમાં એક પથારી, એક મેજ, એક ખુરસી
અને એક દીવાની વ્યવસ્થા કરીએ, તેથી એ જયારે અહીં
આવે ત્યારે અહીં આ: ઓરડીમાં રહી શકે."
11એક દિવસ એલિશા ત્યાં આવ્યો. ત્યારે એ ઉપરની
ઓરડીમાં જઈને આરામ કરવા પથારીમાં સૂતો, 12તેણે પોતાના
નોકર ગેહઝીનને કહ્યું, "મારે એ સ્રીની સાથે વાત કરવી છે
માટે તું શૂનેમ્મની પત્નીને બોલાવ."
નોકરે બોલાવી એટલે તે આવીને દેવના માણસ સામે
ઊભી રહી. 13દેવના માણસે નોકરને કહ્યું, "તું એને એમ
કહે કે, 'તેં અમારા માટે આટલી બધી તકલીફ ઉઠાવી છે તો
અમે તારા માટે શું કરીએ?" રાજા કે લશ્કરના સેનાપતિ તારું
ધ્યાન રાખે કે તને બીજી કોઈ મદદ જોઈએ છે?'"
પણ તે સ્રીએ જવાબ આપ્યો, "હું મારા પોતાના માણસો
વચ્ચે રહું છું અને હું સુખી છું."
14થોડીવાર પછી દેવના માણસે નોકર ગેહઝીનને પૂછયું,
"આપણે તેને માટે શું કરી શકીએ?"
ગેહઝીને જવાબા આપ્યો, "એક વાત છે: કે તેની પાસે
એક વસ્તુ નથી અને તે પુત્ર અને એનો પતિ ઘરડો છે."
15એલિશાએ કહ્યું, "એને પાછી બોલાવ."
નોકરે તેને બૂમ પાડી અને તે બારણામાં આવીને ઊભી
રહી. 16એટલે દેવના માણસે કહ્યું, "આવતે વર્ષે આ વખતે
તારા ખોળામાં બાળક હશે."
પણ તેણે કહ્યું, "ના, દેવભકત! આપ દેવના ભકત છો!
આ દાસીને છેતરશો નહિં."

## શૂનેમ્મની સ્ત્રીને પુત્ર થયો

17પણ એ બાઈને ગર્ભ રહ્યો જ, અને એલિશાએ કહ્યું હતું
તે પ્રમાણે, તે વખતે પુત્ર અવતર્યો.
18પછી તે બાળક મોટો થયો એક દિવસ એના પિતા
ખેતરમાં લણનારાઓ સાથે કામ કરતા હતા, ત્યાં તેમની
મુલાકાતે ગયો. 19એકાએક માથું દુ:ખતા તેણે તેના પિતાને
ફરિયાદ કરી,
તેથી તેના પિતાએ પોતાના એક નોકરને કહ્યું, "તું છોકરાને
તેની માતા પાસે ઘેર લઈ જા."
20તેથી તે છોકરાને ઘેર લઈ ગયો, તે (છોકરો) તેની
માતાના ખોળામાં બપોર સુધી બેઠો અને પછી મૃત્યુ
પામ્યો.

## શૂનેમ્મની સ્ત્રી એલિશાને મળવા જાય છે

21પછી તે સ્રીએ પોતાના પુત્રના મૃતદેહને ઉપાડીને દેવના
માણસના ઓરડામાં લાવીને તેની પથારીમાં સૂવડાવી દીધો
અને પછી તેણી બારણું વાસી ને બહાર ચાલી ગઈ. 22પછી
તેણે પોતાના પતિને કહ્યું, "મને એક ગધેડો અને એક નોકર
મોકલી આપો, કારણ કે હું જલ્દીથી દેવના માણસ પાસે જઈ
શકું અને પાછી આવી શકું."
23તેના પતિએ પૂછયું, "આજે કેમ? આજે નથી પડવો કે
નથી વિશ્રામવાર."

પણ સ્રીએ જવાબ આપ્યો, "બધું સારું થશે, સૌ સારા
વાનાં થશે."
24ગધેડા પર જીન નંખાવીને તેણે નોકરને કહ્યું, "ઉતાવળ
કરજે, અને સિવાય કે હું તને કહું ધીમો પડતો નહીં."
25આમ, તે નીકળી પડી અને કાર્મેલ પર્વત ઉપર આવી
ત્યારે એલિશાએ તેને દૂરથી જોઈને ગેહઝીનને કહ્યું, "જો
શૂનેમ્મથી પેલી સ્રી આવી રહી છે. 26દોડતો જા, તેને મળ
અને પૂછ કે, તું કુશળ તો છે ને? તારો પતિ કુશળ છે ને?
તારો પુત્ર કુશળ તો છે ને?" તે સ્રીએ જવાબ આપ્યો, "હા"
27તે ટેકરી ઉપર દેવભક્ત એલિશાના પગમાં પડી, તેને
દૂર કરવા ગેહઝીન આગળ આવ્યો પણ એલિશાએ કહ્યું, "એ
છો રહેતી, એના માથે ભારે દુ:ખ છે, અને યહોવાએ એ વાત
મારાથી છુપાવી છે, મને કહ્યું નથી."
28તે સ્રી બોલી, "મારા યહોવા! મેં આપની પાસે પુત્ર
માગ્યો હતો? મેં એમ નહોતું કહ્યું કે, મને છેતરશો નહિં?"
29એલિશાએ કહ્યું, "ગેહઝીન, કમર કસ, મારી લાકડી લે
અને દોડતો જા, રસ્તે કોઈ મળે તો તેને પ્રણામ કરવા પણ
રોકાઈશ નહિં, મારી લાકડી તે બાળકના મોંઢા પર મૂકજે."
30પણ છોકરાની માતાએ કહ્યું, "યહોવાના સમ, તમારા
સમ; હું આપને છોડવાની નથી. આથી એલિશા ઊઠયો
અને તેની સાથે ગયો.
31ગેહઝીને તે લોકો કરતાં વહેલાં પહોંચી જઈને લાકડી
છોકરાના મોં ઉપર મૂકી, પણ જીવનાં કોઈ લક્ષણ જણાયાં
નહિં, આથી તેણે પાછા જઈ એલિશાને જણાવ્યું કે, "છોકરો,
હજુ જાગ્યો નથી."

### પુર્નજીવિત થતો શૂનેમ્મી સ્ત્રીનો પુત્ર

32એલિશા પછી ઘરમાં દાખલ થયો અને ત્યા તેની પથારીમાં
મરેલો છોકરો પડેલો હતો. 33તેણે ઓરડામાં જઈને બારણાં
વાસી દીધાં. તે બે જણ અંદર રહ્યા, પછી તેણે યહોવાને
પ્રાર્થના કરી. 34ત્યાર પછી તે પલંગ પર ચઢીને છોકરાની
ઉપર લાંબો થયો તેણે પોતાનું મોઢું છોકરાના મોઢાં ઉપર,
આંખ છોકરાની આંખ ઉપર અને હાથ છોકરાના હાથની
ઉપર એટલે છોકરાના શરીરમાં ગરમાવો આવ્યો.
35પછી એલિશા ઊભો થયો અને ઓરડામાં આંટા મારી
ફરી છોકરા ઉપર સૂઈ ગયો. પછી છોકરાને સાત વખત છીંક
આવી અને પોતાની આંખો ઉઘાડી.
36પછી પ્રબોધકે ગેહઝીનને બૂમ પાડી અને કહ્યું,
"શૂનેમ્મની સ્ત્રીને બોલાવ." એટલે તેણે તેણીને બોલાવી. તે
આવી એટલે એલિશાએ તેને કહ્યું, "લે આ તારો પુત્ર."
37તે સ્રીએ અંદર જઈને જમીન પર લાંબા થઈને તેમને
પ્રણામ કર્યા.અને પછી પોતાના બાળકને લઈને બહાર ચાલી
ગઈ.

### ઝેરી શાક અને એલિશા

38એલિશા ગિલ્ગાલ પાછો ફર્યો. તે સમયે ત્યાં દુષ્કાળ
પડ્યો હતો. એક દિવસ જ્યારે પ્રબોધકોનો સમૂહ તેની પાસે
બેઠા હતા; ત્યારે તેણે પોતાના નોકરને કહ્યું, "એક મોટું તપેલું
અગ્નિ પર ચઢાવીને પ્રબોધકોના સમૂહ માટે માંસની વાનગી
રાંધવા માટે મૂકો."
39એક જણ ખેતરમાં દવાના મૂળિયાઓ ભેગા કરવા ગયો
ત્યાં તેણે એક વેલામાંથી તેના ગોળ નાના ફળ તોડીને માંસની
વાનગી રંધાતી હતી તેમાં નાખ્યાં. પણ બીજુ કોઈ આ જાણતું
નહોતું.
40પછી તેમણે માણસોને આવીને ખાવા માટે બોલાવ્યા
જેવી તેમણે માંસની વાનગી ચાખી, તેઓ બોલી ઊઠયાં,
"દેવના માણસ, આ તપેલામાં તો મોંત ભર્યું છે!" અને તેઓ
તે ખાઈ શકયાં નહિં.
41ત્યારે એલિશાએ કહ્યું, "તો થોડોલોટ લાવો." એ લોટ
તેણે તપેલામાં નાખ્યો અને કહ્યું, "હવે માણસોને પીરસી
દો." અને આ વખતે તપેલામાં કંઈ વાંધો નહોતો.

### પ્રબોધકોને પોષતો એલિશા

42બઆલ–શાલીશાહથી એક માણસ એલિશા પાસે, પહેલા
પાકના જવમાંથી બનાવેલા વીસ રોટલા અને ભરેલાં
દાણાવાળાં તાજાં કણસલાં લઈને આવ્યો. એલિશાએ કહ્યું,
"આ લોકોને તે ખાવા આપી દો."
43પણ તેના નોકરે કહ્યું, "સો માણસોને હું આ શી રીતે
પીરસું?"
છતાં એલિશાએ કહ્યું, "તું તારે લોકોને પીરસી દે. આ
યહોવાનાં વચન છે; 'એ લોકો ખાઈ રહેશે અને વધશે પણ
ખરું."
44તેણે લોકોને પીરસી દીધું અને તેઓ ખાઈ રહ્યા અને
યહોવાના કહેવા મુજબ વધ્યું પણ ખરું.

### સેનાપતિ નામાનનો કોઢ મટી ગયો

5 અરામના રાજાની સેનાનો સેનાપતિ નામાન તેના
રાજાનો માનીતો અને કૃપાપાત્ર હતો, કારણ, યહોવાએ
એની મારફતે અરામીઓને વિજય અપાવ્યો હતો. તે વીર
યોદ્ધો હતો, પણ તે કોઢથી પીડાતો હતો.
2અરામના દળો ઈસ્રાએલમાં થઈને પાછાં ફરતાં હતા
ત્યારે કેટલાંક બંદીવાનો સાથે એક નાની છોકરીને પણ તેઓ
ગુલામ તરીકે પકડી ગયા હતા. તેને નામાનની પત્નીની
દાસી તરીકે રાખવામાં આવી હતી. 3તેણે પોતાની શેઠાણીને
કહ્યું, "હું ઈચ્છું છું કે મારા શેઠ પ્રબોધક પાસે સમરૂનમાં
જાય તેઓ તેના ચામડીના રોગનો ઈલાજ કરશે!"
4નામાને જઈને પોતાના રાજાને કહ્યું કે, ઈસ્રાએલ દેશની
છોકરી આમ કહે છે.
5અરામના રાજાએ કહ્યું, "સારું, તું જરુંર જા, હું ઈસ્રાએલના
રાજા ઉપર તને પત્ર લખી આપીશ."
આથી નામાન 10 મણ ચાંદી, 6,000 સોનામહોર અને 10
પોશાક લઈને સમરૂન જવા ઉપડયો. 6તેણે ઈસ્રાએલના
રાજાને પત્ર આપ્યો, જે નીચે મુજબ હતો, "હું મારા સેવક

નામાનને તમારી પાસે મોકલું છું, તમે એનો ચામડી નો રોગ
કોઢ મટાડશો."
7જેવો ઈસ્રાએલના રાજાએ પત્ર વાંચ્યો, તે ગભરાઈ ગયો
અને પોતાનાં કપડાં એમ કહેતા ફાડી નાખ્યાં, "કે હું તે કંઈ
દેવ નથી કે જે મરેલા માણસને જીવતો કરે? એણે મને આ
માણસને એનો રોગ મટાડવા માટે મોકલી આપ્યો છે! જરૂર
એ મારી સાથે યુદ્ધ કરવા માગે છે!"
8પણ જ્યારે દેવના માણસ એલિશાના જાણવામાં આવ્યુ
કે ઈસ્રાએલના રાજાએ પોતાનાં વસ્ત્ર ફાડયાં છે, ત્યારે તેણે
તેને સંદેશો મોકલ્યો: "તું શા માટે ગભરાઈ ગયો છે? તું
નામાનને મારી પાસે મોકલ, એટલે એ જાણશે કે અહીં
ઈસ્રાએલમાં યહોવાનો એક સાચો પ્રબોધક છે."
9તેથી પોતાના રથો અને માણસો સાથે નામાન પ્રબોધકના
ઘરે ગયો અને તેના બારણા સામે આવીને ઊભો રહ્યો.
10એલિશાએ અંદર રહીને જ તેને કહેવડાવ્યું કે 'તું યર્દન
નદીએ જા; અને તેમાં સાત વખત સ્નાન કર, તારો કોઢનો
રોગ મટી જશે અને તું શુદ્ધ થશે.'
11પણ નામાન તો ગુસ્સે થઈને બબડતો બબડતો ચાલ્યો
ગયો કે, "હું તો એમ ધારતો હતો કે, તે બહાર આવી મારી
પાસે ઊભો રહી, પોતાના દેવ યહોવાનું નામ લઈ, રોગવાળા
ભાગ ઉપર હાથ ફેરવી કોઢ મટાડી દેશે. 12દમસ્કની નદીઓ
અબાનાહ અને ફાર્પાર ઈસ્રાએલની બીજી નદીઓ કરતાં
વધારે સારી નથી? તેમાં સ્નાન કરીને હું રોગમુકત ન થઈ
શકું? આમ તે પાછો ફરીને ગુસ્સામાં ને ગુસ્સામાં ચાલ્યો
ગયો.
13પણ તેના નોકરોએ તેની પાસે જઈને તેને કહ્યું, "પ્રબોધકે
આપને કોઈ મુશ્કેલ કાર્ય કરવા માટે કહ્યું હોત તો તમે કર્યુ
હોત કે નહિ? તેથી તેની આજ્ઞાને આધીન અવશ્ય થાઓ.
જાઓ સ્નાન કરીને શુદ્ધ થાઓ!"
14આથી તેણે જઈને દેવભક્ત એલિશાએ કહ્યા પ્રમાણે
યર્દનમાં સાત વખત ડૂબકી મારી, એટલે તેની ચામડી,
બાળકની ચામડી જેવી ચોખ્ખી થઈ ગઈ. 15ત્યાર પછી તે
પોતાના આખા રસાલા સાથે દેવભક્ત એલિશા પાસે પાછો
જઈ તેમની સામે ઊભો રહીને બોલ્યો, "હવે મને ખાતરી
થઈ કે; ઈસ્રાએલ સિવાય પૃથ્વી પર કયાંય દેવ નથી; હવે
આપ આ સેવકની એક ભેટ સ્વીકારવાની કૃપા કરો."
16પણ એલિશાએ કહ્યું, "જે યહોવાનો હું સેવક છું તેના
સમ ખાઈને કહું છું કે, હું કોઈ ભેટ સ્વીકારીશ નહિં."
નામાને તેને કંઈક સ્વીકારવા માટે આગ્રહ કર્યો, પણ તેણે
માન્યું નહિં, 17ત્યારે નામાન બોલ્યો, "આપ ના જ પાડો છો
તો આ સેવકને બે ખચ્ચર માટી આપો, કારણ, હું હવે યહોવા
સિવાય બીજા કોઈ દેવને દહનાર્પણ કે યજ્ઞો ચડાવવાનો
નથી. 18માત્ર આટલી એક બાબતમાં હું યહોવાની ક્ષમા
યાચું છું, અને તે એ કે મારા રાજા જયારે રિમ્મોન દેવના
મંદિરમાં પૂજા કરવા જાય છે ત્યારે મારા હાથનો ટેકો લે છે.
અને તેઓ ત્યાં પગે લાગે છે. ત્યારે હું પણ પગે લાગું છું.
યહોવા, આ સેવકને આટલી ક્ષમા કરો."
19એલિશાએ કહ્યું, "સારું, શાંતિથી જા,"
પછી નામાન સ્વદેશ જવા રવાના થયો. 20ત્યાં દેવભક્ત
એલિશાના નોકર ગેહઝીને મનમાં કહ્યું, "શું મારા શેઠેઆ
અરામી નામાનને તે જે ભેટ લાવ્યો તે સ્વીકાર્યા વિના જ
એમને એમ જવા દીધો? યહોવાના સમ. હું દોડતો તેની
પાછળ જાઉ છું અને તેની પાસેથી કંઈ લઈ આવું છું."
21એમ વિચારીને ગેહઝીને નામાનની પાછળ દોડતો
નીકળી પડયો. જયારે નામાને તેને પોતાની પાછળ દોડતો
જોયો ત્યારે તે રથમાંથી તેને મળવા કૂદી પડયો અને બોલ્યો,
"બધું કુશળ તો છે ને?"
22તેણે કહ્યું, "બધું કુશળ છે. મારા શેઠે મને મોકલ્યો
છે.તેણે કહ્યું કે, 'એફ્રાઈમના ટેકરી પ્રદેશના પ્રબોધકોના
સમૂહમાંથી બે યુવાનો હમણાં જ આવ્યા છે, તેમને લગભગ
34 કિલો ચાંદી અને બે જોડી કપડાં જોઈએ છે."
23નામાને કહ્યું, "જરૂર; લો 68 કિલો લઈ જાઓ." આ
રીતે નામાને તેને ખૂબ કિંમતી એવાં બે જોડ વસ્ત્રો આપ્યાં,
અને બે થેલામાં લગભગ 68 કિલો ચાંદી આપી: તે તેણે તેના
નોકરોને તેઓ ગેહઝીનની આગળ ચાલવા લાગ્યા. 24જયારે
ગેહઝીન એલિશા રહેતો હતો તે ટેકરી પર પહોંચ્યો ત્યારે
તેણે પેલા બે માણસો પાસેથી વસ્તુઓ લઈને ઘરમાં મૂકી
દઈ તેમને મોકલી દીધા, પછી તેઓ રસ્તે પડયા.
25જયારે તે અંદર જઈને પોતાના શેઠની આગળ ઊભો
રહ્યો ત્યારે અલિશાએ કહ્યું, "ગેહઝીન, તું કયાં ગયો હતો?"
ગેહઝીને કહ્યું, "કયાંય નહિં."
26પણ એલિશાએ કહ્યું, "જયારે રથમાંથી કૂદીને કોઇ તમને
મળવા આવ્યું ત્યારે મારો આત્મા તમારી સાથે નહોતો? આ
કંઈ ભેટ લેવાનો પ્રસંગ છે? આ કંઈ પૈસા, કપડાં, જેતૂનની
વાડીઓ, અને દ્રાક્ષની વાડીઓ ઘેટાં અને બળદો તથા દાસ
અને દાસીઓ લેવાનો પ્રસંગ છે? 27એથી નામાનનો કોઢ
તને અને તારા વંશજોને કાયમનો વળગશે."
તે ક્ષણેજ ગેહઝીનને તરત જ કોઢ ફૂટી નીકળ્યો, અને
તેની ચામડી હિમ જેવી સફેદ થઈ ગઈ અને તે એલિશા થી
દૂર ચાલ્યો ગયો.

## એલિશા અને કુહાડી

6 એક દિવસે પ્રબોધકોના પુત્રો એલિશાની પાસે ગયા
અને તેને કહ્યું, "તું જાણે છે કે અમારી રહેવાની જગ્યા
ઘણી સાંકડી છે, 2માટે અમે યર્દન જઈએ અને દરેક જણ
એક એક મોટું લાકડું લઈ આવીએ અને રહેવા માટે નિવાસ
બાંધીએ."
એલિશાએ કહ્યું, "જાઓ."
3ત્યારે એક જણ બોલ્યો, "આપ પણ આ સેવકો સાથે
આવવાની કૃપા કરો."
એલિશાએ કહ્યું, "સારું, હું આવીશ."
4અને તે તેમની સાથે ગયો. યર્દન પહોંચીને તેમણે લાકડાં
કાપવા માંડયાં. 5પણ થયું એવું કે એક જણ લાકડા કાપતો
હતો, એવામાં તેનો કુહાડો ઊડીને જળમાં જઈ પડયો, તે

બોલી ઊઠયો, "ગુરુજી, એ કુહાડો તો કોઈનો માગી લાવેલો હતો!"

6દેવના માણસ એલિશાએ પૂછયું, "કયાં પડયો?"

એટલે પેલાએ જગ્યા બતાવી પછી એલિશાએ એક લાકડી કાપીને તે જગ્યાએ નાખી અને લોખંડના કુહાડાને તરતો કર્યો. 7પછી તેણે કહ્યું, "ઉપાડી લે." અને પેલા માણસે હાથ લંબાવીને તે ઉપાડી લીધો.

## ઈસ્રાએલ હડપ કરવા પ્રયત્નશીલ અરામ

8અરામનો રાજા ઈસ્રાએલ સામે યુદ્ધે ચડયો હતો, એ દરમ્યાન તેણે પોતાના અમલદારોને ચર્ચા કરવા ભેગા કરી કહ્યું, "આપણે અમુક અમુક જગ્યાએ હુમલો કરવા માગીએ છીએ."

9પણ દેવભક્ત એલિશાએ ઈસ્રાએલના રાજાને સંદેશો મોકલી ચેતવ્યો કે, "અમુક જગ્યાએ સાવધ રહેજો, કારણ, અરામીઓ ત્યાં હુમલો કરનાર છે."

10આથી ઈસ્રાએલના રાજાએ દેવના માણસ એલિશાએ કહેલી જગ્યાએ માણસો મોકલી આપ્યા. એલિશા દરેક વખતે ચેતવણી આપતો રહ્યો અને રાજા સાવધ થઈ જતો. આવું એક બે વાર નહિં અનેક વાર બન્યું.

11આથી અરામનો રાજા ખૂબ વ્યથિત થઇ ગયો અને તેણે પોતાના અમલદારોને ભેગા કરી કહ્યું, "તમારામાંથી કોણ ફૂટી ગયો છે અને આપણી વાત ઈસ્રાએલના રાજાને જણાવી દે છે? કોણ છે તે?"

12ત્યારે એક અમલદાર બોલ્યો, "મુરબ્બી રાજા, કોઈ નહિં, પણ ઈસ્રાએલમાં રહેતા પ્રબોધક એલિશા તમે તમારા શયનખંડમાં પણ જે શબ્દો ઉચ્ચારો છો તે ઈસ્રાએલના રાજાને કહી દે છે."

13રાજાએ કહ્યું, જાઓ, અને શોધી કાઢો કે તે કયાં છે, "જેથી હું તેને માણસો મોકલીને પકડાવી લઉં."

તેને પછી જણાવવામાં આવ્યું કે, "પ્રબોધક અત્યારે દોથાનમાં છે."

14એટલે તેણે એક મોટી ટુકડી રથો અને ઘોડાઓ સાથે ત્યાં મોકલી અને તેમણે રાતે પહોંચી જઈ શહેરને ઘેરી લીધું. 15બીજે દિવસે વહેલી સવારે એલિશાનો ચાકર વહેલો ઊઠયો અને બહાર ગયો, તો તેણે એક સૈન્યની ટુકડીને રથો અને ઘોડાઓ સહિત શહેરને ઘેરો ઘાલીને પડેલી જોઈ, તે બોલી ઊઠયો, "હે શેઠ, હવે તમે શું કરશો?"

16તેણે કહ્યું, "ગભરાઈશ નહિં, કારણ, તેમના કરતાં આપણે પક્ષે માણસો વધારે છે."

17પછી એલિશાએ યહોવાને પ્રાર્થના કરી કે, "ઓ યહોવા, તેની આંખો ખોલી નાખો અને તેને જોવા દો પછી."

યહોવાએ તેના ચાકરની આંખ ખોલી નાખી પછી ચાકરને એ જોઈને આશ્ચર્ય થયું કે નગરની આજુબાજુ ના પર્વતો અગ્નિ રથો અને ઘોડાઓથી ભરાઇ ગયા હતાં.

18અરામીઓ એલિશા તરફ ધસી આવ્યા, એટલે એલિશાએ યહોવાને પ્રાર્થના કરી, "હે યહોવા, તેઓને અંધ બનાવી દો."

અને યહોવાએ એલિશા એ કહ્યા પ્રમાણે તેમને આંધળા બનાવી દીધા. 19પછી એલિશાએ તેમને કહ્યું, "તમે ખોટા રસ્તા પર છો. આ ખરું નગર નથી. તમે મારી પાછળ આવો તમે જેને શોધો છો તેની પાસે હું તમને લઈ જઈશ." પછી તે તેમને સમરૂન પાસે દોરી ગયો. 20તેઓ જ્યારે ત્યાં આવી પહોંચ્યા ત્યારે તરત જ એલિશાએ પ્રાર્થના કરી, "હે યહોવા, હવે તેઓની આંખો ઉઘાડો અને તેઓને જોવા દો."

પછી યહોવાએ તેઓની આંખો ઉઘાડી. તેઓએ જોયું કે તેઓ બરાબર ઈસ્રાએલના પાટનગર સમરૂનની વચ્ચોવચ છે. 21ઈસ્રાએલના રાજાએ તેમને જોયા ત્યારે તેણે એલિશાને કહ્યું, "ધણી, હું એમનો વધ કરું?"

22તેણે જવાબ આપ્યો, "વધ ન કરીશ, જયારે તું તારી તલવાર અને ધનુષને જોરે માણસોને કેદ પકડે છે ત્યારે પણ તેમનો વધ કરે છે ખરો? એમને ખાવાપીવાનું આપ અને પાછા પોતાના રાજા પાસે જવા દે."

23આથી રાજાએ તેમને સારું ખાવાનું આપ્યું, તેમનું ધ્યાન રાખ્યું અને તેઓને તેઓના રાજા પાસે પાછા સ્વદેશ મોકલી દીધા. ત્યારબાદ અરામી ધાડપાડુ ટૂકડીઓએ ઈસ્રાએલ પર કદી હુમલો કર્યા નહિં.

## સમરૂનમાં ભયંકર ભૂખમરો

24આ પછી એવું બન્યું કે, અરામના રાજા બેન-હદાદે પોતાનું આખું લશ્કર ભેગું કર્યુ અને સમરૂનને ઘેરો ઘાલ્યો. 25શહેરમાં લોકો ભારે ભૂખમરો વેઠતા હતા. ઘેરો એટલો લાંબો ચાલ્યો હતો કે ગધેડાનું 1 માથું ચાંદીના 80 સિક્કામાં વેચાતું હતું. પા કિલો "કબૂતરની હગારના" 5 ચાંદીના સિક્કા પડતા હતા.

26એક દિવસ ઈસ્રાએલનો રાજા નગરના કોટ ઉપરથી પસાર થતો હતો ત્યારે એક સ્રી તેની સામે આવી અને તેને અરજ કરી, "હે રાજા, અમને મદદ કરો!"

27રાજાએ કહ્યું, "જો યહોવા તને મદદ ન કરતા હોય તો હું તને કયાંથી મદદ કરવાનો હતો? તને આપવા માટે મારી પાસે નથી અનાજ કે નથી દ્રાક્ષારસ."

28પછી રાજાએ તેને પૂછયું, "શી બાબત છે?"

પેલી સ્રીએ કહ્યું, "આ સ્રીએ મને એમ કહ્યું હતું કે, 'તું તારો પુત્ર આપ અને આપણે આજે તેને ખાઈશું અને મારાને આવતી કાલે ખાઈશું.' 29તેથી અમે મારા પુત્રનું માંસ રાંધીને ખાધું, બીજે દિવસે મેં જયારે તેને કહ્યું, 'હવે તારા પુત્રને મારી નાખ કે આપણે તેનું માંસ ખાઈએ.' ત્યારે તેણે તેને સંતાડી દીધો."

30જેવું રાજાએ આ સાંભળ્યું કે તેણે દુ:ખના માર્યા પોતાનાં વસ્ત્રો ફાડી નાખ્યાં. જ્યારે રાજા નગરના કોટ પરથી જતો હતો ત્યારે લોકોએ જોયું કે રાજાએ તેના કપડાં ની નીચે શણના કપડાં પહેર્યા હતાં.

31તે બોલ્યો, "જો આજે હું શાફાટના પુત્ર એલિશાનું માથું તેના ધડ પર રહેવા દઉં તો યહોવા મારી આવી અને આથી ય ખરાબ હાલત કરો!"

32એલિશા પોતાના ઘરમાં બેઠો હતો અને તેની સાથે વડીલો બેઠા હતા. રાજાએ અગાઉથી એક સંદેશવાહક મોકલ્યો હતો, પણ તે પહોંચે તે પહેલાં જ એલિશાએ વડીલોને કહ્યું હતું કે, "જોયું? એ જન્મજાત ખૂનીએ મારું માથું ઉડાવી દેવાને માણસ મોકલ્યો છે. સાવધ રહેજો. સંદેશવાહક આવે ત્યારે બારણાં વાસી દેજો અને તેને અંદર પ્રવેશવા દેશો નહિં, એની પાછળ જ આવતા એના રાજાનાં પગલાં નથી સંભળાતાં?"

33હજી તો એલિશા આ વાત કરતો હતો ત્યાં જ રાજા આવી પહોંચ્યો, અને બોલ્યો, "આ આફત જરૂર યહોવા તરફથી આવેલી છે! મારે યહોવા પાસેથી વધારે મદદની અપેક્ષા શા માટે રાખવી જોઈએ?"

7 એલિશાએ જવાબ આપ્યો, "આ યહોવાનાં વચન છે: આવતી કાલે આ સમયે સમરૂનના બજારમાં 1શેકેલની સાટે 1માપ લોટ અને 1શેકેલ સામે 2માપ જવ વેંચાશે.

2ત્યારે રાજાના અંગત મદદનીશે દેવના માણસ એલિશાને જવાબ આપ્યો, "જો યહોવા આકાશમાં બારીઓ કરે તો પણ એ વાત બની શકે શું?"

અને તેણે કહ્યું કે, "જો તું તે નજરે જોશે, પણ તેમાંથી ખાવા પામશે નહિં."

### અરામી તંબૂ ખાલી જોતા રોગીઓ

3હવે નગરના દરવાજા આગળ ચાર લોકો જેઓને ચામડીનો રોગ થયો હતો તેઓ એકબીજાને પૂછતાં હતા, "આપણે શા માટે બેઠાં છીએ? 4જો આપણે શહેરમાં જવાનો વિચાર કરીએ તો ત્યાં ભૂખમરો છે, અને આપણે મરી જઈશું. જો આપણે અહીં રહીએ છીએ તો ય આપણું મોત નિશ્ચિત છે, તો ચાલો, આપણે અરામીઓની છાવણીમાં ચાલ્યા જઈએ; તેઓ જો આપણને જીવતદાન આપશે, તો આપણે જીવી જઈશું, અને મારી નાખશે તોયે શું, મરી જઈશું!"

5આથી સંધ્યા સમયે તેઓ અરામીઓની છાવણીએ જવા નીકળી પડયા; પણ જયારે તેઓ છાવણીની હદમાં પહોચ્યાં ત્યારે ત્યાં કોઈ નહોતું.

6કારણ, યહોવાએ એવું કર્યુ કે અરામીઓને રથો, ઘોડાઓ અને મોટા સૈન્યના અવાજ જેવો અવાજ સંભળાયો, અને તેથી છાવણીમાં વાત ફેલાઈ ગઈ કે, "ઈસ્રાએલના રાજાએ હિત્તીઓના અને મિસરના રાજાઓને આપણા ઉપર હુમલો કરવા ભાડે રાખ્યા છે."

7તેથી સંધ્યાકાળે જ તેઓ તેમના ઘોડાઓ, તંબુઓ અને બીજી બધી વસ્તુઓ છોડીને ભાગી ગયા, અને તેઓએ તેમનો તેમજ પડાવ છોડી દીધો અને તેમનો જીવ બચાવવા માટે ભાગી ગયા.

### દુશ્મનના પડાવમાં રોગીઓ

8રકતપિત્તના રોગીઓ છાવણીમાં પહોંચીને એક તંબુમાથી બીજા તંબુમાં ગયા, ત્યાં તેઓએ ખાધું-પીધું, વળી તેઓને સોનું ચાંદી અને વસ્ત્રો જે મળ્યું તે લઈ લીધું અને તેને સંતાડી દીધું.

9પછી તેઓએ એકબીજાને કહ્યું, "આપણે જે કરી રહ્યાં છીએ તે બરાબર નથી. આ તો ઉજવણીનો દિવસ છે અને આપણે નગરના લોકોને જણાવતા નથી! જો આપણે સવાર સુધી રાહ જોઈશું તો એ તો ગુનો હશે તેથી ચાલો, આપણે રાજાના મહેલ પાસે પાછા જઈએ અને રાજાને કહીએ કે શું થયું હતું."

### ખુશખબર આપતા રોગીઓ

10આથી તેઓ ઊપડયા, અને નગરના દરવાજાના ચોકીદારોને બૂમ પાડીને કહ્યું, "અમે અરામીઓની છાવણીએ ગયા હતા, ત્યાં કોઈ માણસો ન હતાં કે ન હતો કશો અવાજ, ફકત ઘોડા અને ગધેડાં બાંધેલાં હતાં, અને તંબૂઓ જેમના તેમ ઊભા હતા."

11પછી દરવાજાના ચોકીદારોએ બૂમ પાડીને રાજાના મહેલમાં ખબર પહોંચાડી. 12હજી તો અંધારું હતું ત્યાં જ ઊઠીને રાજાએ પોતાના અમલદારોને કહ્યું, "અરામીઓએ શું કર્યુ છે તે હું તમને કહું છું, તે લોકો જાણે છે કે આપણે ભૂખે મરીએ છીએ, આથી તેઓ છાવણી છોડીને વગડામાં સંતાઈ ગયા છે. તેમણે એમ ધાર્યુ છે કે, 'એ લોકો શહેરમાંથી બહાર આવશે એટલે આપણે તેમને જીવતા પકડી લઈશું અને શહેરમાં દાખલ થઈ જઈશું.'"

13રાજાના અમલદારોમાંના એકે કહ્યું, "તમે કોઈને સત્ય જાણવા ત્યાં મોકલશો તો સારું થશે. ભલે થોડા માણસો નગરમાં બાકી બચેલા ઘોડામાંથી પાંચ ઘોડાને લઈને જાય,આ ઘોડાઓ જો મરી જશે તો તેમનું નશીબ ઈસ્રાએલના નશીબથી જુદું નહીં હોય આખરે તો આપણે બધાં પણ મરી જવાના છીએ."

14આથી તેમણે બબ્બે ઘોડા જોડેલા બે રથ તૈયાર કરાવ્યા અને અરામીઓ ક્યાં સંતાઇ ગયા છે તેની તપાસ કરવા માટે બે રથચાલકોને મોકલવામાં આવ્યા."

15તેઓ યર્દન સુધી પાછળ પાછળ ગયા, તો આખો રસ્તો અરામીઓએ ગભરાટમાં ને ગભરાટમાં ફેંકી દીધેલાં વસ્ત્રો અને સરસામાનથી છવાઈ ગયેલો હતો. સંદેશવાહકોએ પાછા આવીને રાજાને ખબર આપી.

16પછી લોકોએ બહાર જઈને અરામીઓની છાવણી લૂંટી લીધી, અને યહોવાએ કહ્યું હતું તેમ એ દિવસે સમરૂનના બજારમાં એક માપ મેંદો એક શેકેલે અને બે માપ જવ એક શેકેલે વેચાયાં

17રાજાએ પોતાના અંગત મદદનીશને શહેરના દરવાજાની ચોકી કરવા રોકયો હતો; પણ લોકોએ તેને ત્યાં જ પગ તળે છૂંદીને મારી નાખ્યો. આમ રાજા જયારે દેવના માણસ એલિશાને મળવા આવ્યો હતો ત્યારે એલિશાએ જે વસ્તુની ભવિષ્યવાણી કરી હતી તે સાચી પડી. 18એલિશાએ રાજાને કહ્યું હતું કે, "આવતી કાલે, આ વખતે સમરૂનને દરવાજા

પાસે એક માપ મેંદો એક શેકેલે અને બે માપ જવ એક
શેકેલે વેચાશે." આમ પણ પ્રબોધકે રાજાને કહ્યું હતું. 19ત્યારે
એ અમલદારે કહ્યું હતું કે, "યહોવા આકાશમાં બારીઓ પાડે
તો યે આ સાચું પડે એમ છે કે ખરું?" અને એલિશાએ
જવાબ આપ્યો હતો કે, "તું તારી સગી આંખે એ જોવા પામશે.
જો કે એમાનું કશું તું ખાવા નહિં પામે."
20અને એમ જ બન્યું; લોકોએ તેને દરવાજા આગળ જ
પગ નીચે કચડી નાખ્યો અને તે મરી ગયો.

## શૂનેમ્મની સ્ત્રીની સંપતિનું પુન:સ્થાપન

8 જે સ્રીના છોકરાને એલિશાએ ફરી સજીવન કર્યો હતો
તેને તેણે કહ્યું હતું કે, "તું તારા પરિવાર સાથે ચાલી જા
અને જયાં નિવાસ મળે ત્યાં કોઈ પરદેશમાં રહે, કારણ,
યહોવા દેશમાં સાત વર્ષનો દુષ્કાળ પાડનાર છે અને તે
આવી પહોંચ્યો જાણ."
2તે સ્રીએ ઝટપટ દેવના માણસ એલિશાન કહેવા પ્રમાણે
કર્યુ; તે તેના કુટુંબ સાથે નીકળી પડી, અને સાત વર્ષ સુધી
પલિસ્તીઓના દેશમાં રહી. 3સાત વર્ષ પૂરાં થતાં તેણે પાછાં
આવીને પોતાનું ઘર અને જમીન પાછાં મેળવવા માટે રાજાને
જઈને ફરિયાદ કરી.
4હવે બન્યું એવું કે રાજા એલિશાના નોકર ગેહઝીનની
સાથે વાત કરતો હતો, તે કહેતો હતો, "દેવના માણસ
એલિશાએ કરેલા બધા ચમત્કારોની તું મને વાત કર."
5ગેહઝીને રાજાને એલિશાએ સજીવન કરેલા છોકરાની
વાત કરતો હતો ત્યાં જ તે સ્ત્રીએ રાજાને પોતાનું ઘર અને
જમીન પાછાં અપાવવા વિનંતી કરી, એટલે ગેહઝીન બોલ્યો,
"મારા મુરબ્બી અને રાજા, આ જ તે સ્રી છે અને આ જ તેનો
છોકરો છે, જેને એલિશાએ સજીવન કર્યો હતો."
6રાજાએ તે સ્રીને પૂછયું, "શું આ સાચી વાત છે?"
સ્રીએ કહ્યું, "હા, એવું જ બન્યું હતું." તેથી રાજાએ એક
અધિકારીને આજ્ઞા કરી કે આ સ્ત્રીની માલિકીનું જે સર્વ છે
તે તેને સોંપી દેવામાં આવે અને તેની ગેરહાજરીમાં તેની
જમીનમાં આ જ સુધી થયેલી ઊપજનાં નાણાં પણ તેને
આપવામાં આવે.

## હઝાએલને એલિશા પાસે મોકલતો બેન-હદાદ

7પછી એલિશા અરામના પાટનગર દમસ્ક માં ગયો , ત્યાં
બેન-હદાદ, રાજા માંદગીમાં પથારીવશ હતો, અને તેને ખબર
મળી કે "દેવના માણસ છેક આપણે આંગણે આવ્યા છે."
8જ્યારે રાજાએ એ જાણ્યું, ત્યારે તેણે હઝાએલને કહ્યું,
"કંઈ ભેટ લઈને એલિશા ને મળવા જા. તેમની મારફતે
યહોવાને પ્રશ્ન કરીને જાણી લાવ કે, હું આ માંદગીમાંથી
સાજો થઈશ કે કેમ."
9આથી હઝાએલ દમસ્કની ઉત્તમોત્તમ વસ્તુઓથી લાદેલાં
40 ઊંટો ભેટ રૂપ સાથે લઈને એલિશાને મળવા ગયો. દેવના
માણસ સમક્ષ જઈ તેમની સામે ઊભા રહીને તેણે કહ્યું,
"તમારા બેટા અરામના રાજા બેન-હદાદે મને તમને એ
પૂછવા મોકલ્યો છે કે, 'હું મારી માંદગીમાંથી સાજો થઈશ
ખરો?"
10એલિશાએ જવાબ આપ્યો, "જા અને તેને એમ કહે કે,
'તું ચોક્કસ સાજો નહી ં થાય.' કારણ કે યહોવાએ મને
જણાવ્યું કે તું જરૂર મરણ પામશે."

## હઝાએલ વિષે પ્રબોધ કરતો એલિશા

11પછી એલિશા તેની સામે જ્યાં સુધી તે ક્ષોભ પામ્યો
ત્યાં સુધી અનિમેષ દ્રષ્ટિ થી જોતો રહ્યો પછી દેવનો માણસ
રડી પડયો.
12હઝાએલે પૂછયું, "સાહેબ, કેમ રડો છો?"
એલિશાએ કહ્યું, "કારણ તમે ઈસ્રાએલીઓને જે જે નુકસાન
કરવાના છો તેની મને ખબર છે: તમે તેમના કિલ્લાઓ
બાળી મૂકશો, તેમના ચુનંદા યોદ્ધાઓની હત્યા કરશો, તેમનાં
બાળકોને ભોંય પર પછાડશો, અને તેમની સગર્ભા સ્રીઓનાં
પેટ ચીરી નાખશો."
13હઝાએલ બોલ્યો, "પણ આ સેવક તે શી વિસાતમાં? હું
તો એક કૂતરો માત્ર છું એવું મોટુ કામ શી રીતે કરી શકું?"
એલિશાએ કહ્યું, "તું અરામનો રાજા થવાનો છે તે યહોવાએ
મને બતાવ્યું છે."
14હઝાએલ એલિશા પાસેથી નીકળીને પાછો પોતાના
રાજા પાસે આવ્યો. તેણે તેને પૂછયું, "એલિશાએ તને શું
કહ્યું?"
તેણે જવાબ આપ્યો, "એલિશાએ મને તમારા સાજા થવાની
જાણ કરી છે."

## બેન-હદાદ મારતો હઝાએલ

15બીજે દિવસે હઝાએલે એક ધાબળો લીધો. તેને પાણીમાં
પલાળ્યો, પછી તેને રાજાના મોં પર વીટાળી દીધો. રાજા
ગૂંગળાઈને મરણ પામ્યો, તેની જગ્યાએ હઝાએલ રાજા થયો.

## રાજ શરૂ કરતો યોરામ

16તે આહાબના પુત્ર યોરામનું ઈસ્રાએલ પરના શાસનનું
પાંચમું વર્ષ હતું જ્યારે યહોશાફાટનો પુત્ર યહોરામ યહૂદાનો
રાજા થયો. 17યહોરામ ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 32
વર્ષની હતી, અને તેણે યરૂશાલેમમાં આઠ વર્ષ રાજ્ય કર્યુ.
18તે આહાબની પુત્રીને પરણ્યો હતો એટલે તેણે આહાબના
કુટુંબની જેમ ઈસ્રાએલના રાજાઓને પગલે ચાલી યહોવાની
નજરમાં ખોટું ગણાય એવું આચરણ કર્યુ. 19પરંતુ યહોવા
યહૂદાનો વિનાશ કરવા માગતાં નહોતા કારણ કે તેમનો
પોતાનો સેવક દાઉદ જેને તેમણે વચન આપ્યું હતું કે, હું
તારા વંશનો દીવો હંમેશા ઝળહળતો રાખીશ.
20યહોરામના શાસનકાળ દરમ્યાન, અદોમીઓ યહૂદાના
શાસનમાંથી છૂટા પડી ગયા અને પોતાના માટે એક રાજા
પસંદ કર્યો.
21યહોરામ પોતાના બધા રથો લઈને યર્દન નદીને સામે
કાંઠે અને તેના રથના સેનાપતિઓ સાથે સાઈર ચાલ્યો ગયો.

પછી રાત્રે ઊઠીને અદોમીઓ ઉપર હુમલો કર્યો જેણે તેને
ઘેરી લીધા હતા.પણ તેની લશ્કરી ટૂકડીઓ પોતાના ઘરે
પાછી દોડી ગઈ.

22આ રીતે અદોમે બળવો કર્યો હતો અને યહૂદાના શાસન
માંથી મુક્તિ મેળવી હતી. જે આજ દિવસ સુધી આ પ્રમાણે
જ છે. લિબ્નાહે પણ યહૂદા સામે આજ રીતે બળવો કર્યો
હતો.

23યહોરામના શાસન દરમ્યાનનાં બીજાં બનાવો અને
તેણે કરેલા કાર્યો "યહૂદાના રાજાઓના ઈતિહાસ નામક
પુસ્તકમાં લખાયેલા છે."

24ત્યાર પછી યહોરામ પિતૃલોકને પામ્યો. અને તેને
દાઉદના નગરમાં તેના પિતૃઓ ભેગો દફનાવવામાં આવ્યો,
તેના પછી તેનો પુત્ર અહાઝ્યા ગાદીએ આવ્યો.

### રાજ શરૂ કરતો અહાઝ્યા

25જયારે યહોરામનો પુત્ર અહાઝ્યા રાજા બન્યો તે સમયે
ઈસ્રાએલમાં આહાબનો પુત્ર યોરામ ઈસ્રાએલ પર શાસન
કરતો હતો અને આ તેના શાસનનું બારમું વર્ષ ચાલતું હતું.

26અહાઝ્યા રાજા થયો ત્યારે તે બાવીસ વર્ષનો હતો, પણ
તેણે યરૂશાલેમમાં માત્ર એક વર્ષ સુધી રાજ્યકર્યુ, તેની માતાનું
નામ અથાલ્યા હતું તે ઈસ્રાએલના રાજા ઓમ્રીની પુત્રી
હતી.

27તે આહાબના કુટુંબને પગલે ચાલ્યો અને આહાબના
કુટુંબની જેમ તેણે યહોવાની નજરમાં ખોટું ગણાય એવું
આચરણ કર્યુ. કારણ, તે એ કુટુંબ સાથે લગ્ન સંબંધથી જોડાયેલો
હતો.

### હઝાએલ સામેના યુદ્ધમાં ઘાયલ યોરામ

28અહાઝ્યા આહાબના પુત્ર યોરામ જોડે અરામના રાજા
હઝાએલ સામે રામોથ ગિલયાદ મુકામે યુદ્ધે ચડયો પણ
અરામીઓએ યોરામને ઘાયલ કર્યો. 29રાજા યોરામ જે
અરામના રાજા હઝાએલ સાથે લડતાં ઘાયલ થયો હતો તે
તેમાંથી સાજો થવા પાછો યિઝ્રએલ ચાલ્યો ગયો તે માંદો
હતો તેથી અહાઝ્યા તેની ખબર કાઢવા યિઝ્રએલ ગયો.

### યેહૂનો રાજયાભિષેક

9 આ સમય એલિશાએ યુવાન પ્રબોધકોમાંના એકને
બોલાવીને કહ્યું, "તું તૈયાર થા; અને તેલની આ બરણી
લઈને રામોથ-ગિલયાદ જા. 2તું ત્યાં પહોંચે એટલે નિમ્શીના
પુત્ર યહોશાફાટના પુત્ર યેહૂને શોધી કાઢજે, તેને પોતાના
મિત્રોથી છૂટો પાડજે અને અંદરની ઓરડીમાં લઈ જજે.
3પછી આ તેલની કુપ્પીમાંથી તેના માથા ઉપર તેલ રેડજે
અને કહેજે કે, 'આ યહોવાનાં વચન છે, હું તારો ઈસ્રાએલના
રાજા તરીકે અભિષેક કરું છું.' પછી બારણાં ઉઘાડીને જીવ
લઈને ભાગી જજે."

4તેથી યુવાન પ્રબોધક રામોથ-ગિલયાદ જવા તરતજ
નીકળ્યો. 5તે ત્યાં પહોંચ્યો ત્યારે તેણે લશ્કરના ઉપલા
અમલદારોને ભેગા થયેલા જોયા. તે બોલ્યો, "સેનાપતિ
સાહેબ, હું આપને માટે એક સંદેશો લાવ્યો છું." યેહૂએ
પૂછયું, "તે કોને માટે છે?" અને તેણે કહ્યું, " સાહેબ, તમારા
માટે."

6પછી યેહૂ ઊઠીને ઘરમાં ગયો અને પ્રબોધકે તેના માથા
ઉપર તેલ રેડી દીધું અને કહ્યું, "આ ઈસ્રાએલના દેવ યહોવાનાં
વચન છે, 'હું તારો યહોવાના લોકો ઈસ્રાએલીઓના રાજા
તરીકે અભિષેક કરું છું. 7તારે તારા રાજા આહાબના કુટુંબને
મારી નાખવાનું છે. ઈઝેબેલ અને તેણીના કુટુંબને મારીને હું
મારા સેવકો એવા પ્રબોધકોના ખૂનનો બદલો લઈશ.
આહાબના આખા કુટુંબનો નાશ કરવાનો છે. 8હું આહાબના
કુટુંબના પ્રત્યેક માણસનો સંહાર કરીશ. 9નબાટના પુત્ર
યરોબઆમના કુટુંબનો અને અહિયાના પુત્ર બાઅશાના
કુટુંબનો મેં નાશ કર્યો છે તેમજ આહાબના કુટુંબનો પણ હું
નાશ કરીશ. 10યિઝ્રએલમાં આહાબની પત્ની ઈઝેબેલનું
માંસ કૂતરા ખાશે અને તેને દાટનાર કોઈ હશે નહિં.'"

પછી તેણે બારણું ઉઘાડયું અને દોડી ગયો.

### યેહૂને રાજા ઘોષિત કરતા નોકરો

11યેહૂ તેના મિત્રોની પાસે પાછો ગયો. તેઓમાંના એકે
તેને પૂછયું, "પેલા પાગલ માણસને શું જોઈતું હતું? બધું
કુશળ તો છે ને?"

યેહૂએ જવાબ આપ્યો, "તમને તે માણસ કેવા પ્રકારની
વાતો કરે છે તે ખબર છે?"

12અમલદારો બોલી ઊઠયા, "વાત ઉડાવો નહિં, સાચેસાચું
કહી દો." ત્યારે યેહૂએ કહ્યું, 'તેના કેહવાનો સાર આ હતો:
તેણે કહ્યું આ યહોવાના વચન છે: હું તો તારો ઈસ્રાએલના
રાજા તરીકે અભિષેક કરું છું,'"

13એ વાત સાંભળીને તે લોકોએ પોતાના ઝભ્ભા ઉતારી
નાખી તેને ચરણે પગથિયાંના પથ્થર ઉપર પાથરી દીધા,
અને રણશિંગડું વગાડી પોકાર કર્યો. "યેહૂ રાજા છે!"

### યિઝ્રએલ જતો યેહૂ

14આ રીતે નિમ્શીના પુત્ર યહોશાફાટના પુત્ર યેહૂએ યોરામ
સામે કાવત્રું કર્યું, દરમ્યાન યોરામ અને ઈસ્રાએલનું આખું
લશ્કર અરામના રાજા હઝાએલ વિરૂદ્ધ રામોથ -ગિલયાદમાં
ઈસ્રાએલનું રક્ષણ કરતાં હતાં.

15પણ ઘાયલ થયા પછી યોરામ સાજો થવા માટે યિઝ્રએલ
પાછો ફર્યો હતો, જે માણસો ત્યાં યેહૂની સાથે હતા તેઓને
યેહૂએ કહ્યું, "જો તમે મને રાજા બનાવવા ઈચ્છતા હો તો
આપણે અહી જે વાત કરી છે તેની તમારામાંથી કોઈપણ
યિઝ્રએલમાં જઈને આ વાત કહેશે નહી."

16પછી યેહૂ પોતાના રથમાં બેસીને યિઝ્રએલ જવા
નીકળ્યો, કારણ, યોરામ ત્યાં પથારીવશ હતો અને યહૂદાનો
રાજા અહાઝ્યા ત્યાં ગયો હતો.

17યિઝ્રએલના બૂરજ ઉપરના ચોકીદારે યેહૂને તેના લશ્કર
સાથે આવતો જોઈને બૂમ પાડી, "એક ટૂકડી દેખાય છે."

ત્યારે યોરામે કહ્યું, "એક ઘોડેસ્વારને મોકલીને પૂછાવો કે
તેઓ શાંતિ માટે આવે છે કે કેમ?"
18ઘોડેસ્વાર યેહૂને મળ્યો અને કહ્યું, "રાજા પૂછે છે કે,
'તમે શાંતિ માટે આવ્યા છો કે નહી?'"
યેહૂએ કહ્યું, "અમે શાંતિ માટે આવ્યા છીએ કે નહીં તેનું
તારે શું કામ છે?" આવો, મને અનુસરો ચોકીદારે રાજાને
ખબર આપ્યા કે, "આપણો માણસ ત્યાં જઈને તેમને મળ્યો
છે, પણ તે પાછો ફર્યો નથી."
19રાજાએ બીજો ઘોડેસ્વાર મોકલ્યો, તેણે ત્યાં પહોંચીને
કહ્યું, "રાજા પૂછાવે છે કે, તમે શાંતિ માટે આવો છો ને?"
યેહૂએ કહ્યું, "અમે શાંતિ માટે આવ્યા છીએ કે નહીં તેનું
તારે શું કામ છે? આવો મને અનુસરો"
20ચોકીદારે ખબર આપ્યા, "આપણો માણસ ત્યાં ગયો
હતો અને તેને મળ્યો છે, પણ પાછો ફર્યો નથી. તેની ઘોડા
પર બેસવાની રીત પરથી લાગે છે કે એ યેહૂ છે, કારણ કે તે
અહીં ગાંડાની જેમ આવી રહ્યો છે."
21યોરામે કહ્યું, "મારો રથ તૈયાર કરો."
અને રથ તૈયાર થતાં જ ઈસ્રાએલનો રાજા યોરામ અને
યહૂદાનો રાજા અહાઝ્યા પોતપોતાના રથમાં યેહૂનો સામનો
કરવા નીકળી પડયા અને નાબોથના ખેતર આગળ તેનો
ભેટો થઈ ગયો.
22યોરામે યેહૂને જોતાં જ પૂછયું, "શાંતિમાટે આવ્યો
છે ને?"
યેહૂએ કહ્યું "તમારા માતાં ઈઝેબેલ મૂર્તિપૂજા અને
કામણટૂમણ કર્યા કરતાં હોય ત્યારે શાંતિ કયાંથી હોય?"
23આ સાંભળીને યોરામે રથ ફેરવીને ભાગતાં ભાગતાં
અહાઝ્યાને બૂમ પાડીને કહ્યું, "દગો દગો, અહાઝ્યા!"
24પણ યેહૂએ ધનુષ ચડાવીને યોરામને બે ખભા વચ્ચે
વીંધી નાખ્યો; બાણ તેના હૃદયને વીંધીને પાર નીકળી ગયું
અને તે રથમાં જ ઢળી પડયો.
25યેહૂએ પોતાના મદદનીશ બિદકારને કહ્યું, "એને
ઉપાડીને નાબોથના ખેતરમાં નાખી દે. યાદ છે, તું અને હું
એના બાપ આહાબની પાછળ પાછળ ઘોડે બેસીને આવતા
હતા ત્યારે યહોવાએ તેની વિરૂદ્ધ એવી સજા ઉચ્ચારી કે, આ
પોતે યહોવાનાં વચન છે; 26"ગઈકાલે મેં નાબોથનું અને
તેના પુત્રોનું રકત નજરે નિહાળ્યું છે. હું પ્રતિજ્ઞા કરું છુ કે,
'એ જ ખેતરમાં હું તારા ઉપર બદલો લઈશ.' આ હું યહોવા
બોલું છું. માટે એને ઉપાડીને ખેતરમાં ફેંકી દે અને યહોવાની
વાણી સાચી પાડ."
27યહૂદાના રાજા અહાઝ્યાએ જ્યારે આ બધું જોયું કે
તરત જ તે બેથ-હાગ્ગાનને રસ્તે ભાગી ગયો. પણ યેહૂએ
તેનો પીછો પકડયો. અને કહ્યું, "એને પણ મારી નાખો."
યિબ્લઆમ પાસે આવેલા ગુરના ચઢાવ આગળ તેઓએ
તેને તેના રથમાં મારી નાખ્યો તેણે મગિદોમાં આશરો લીધો.
અને તે ત્યાં મૃત્યુ પામ્યો. 28ત્યાં જ તેનું અવસાન થયું તેના
નોકરો તેને રથમાં યરૂશાલેમ લઈ ગયા અને દાઉદના નગરમાં
પિતૃઓ સાથે કબરમાં દફનાવ્યો. 29આહાબના પુત્ર યોરામના
ઈસ્રાએલ ઉપરના શાસનના અગિયારમાં વર્ષે અહાઝ્યા એ
યહૂદા પર રાજ્ય કરવાનું શરું કર્યુ.

## ઈઝેબેલનું ભયંકર મૃત્યુ

30યેહૂ યિઝ્રએલ પહોચી ગયો, ઈઝેબેલને બધી વાતની
જાણ થઈ ગઈ હતી, તેણે આંખોનો શણગાર કર્યો, માથું
ઓળ્યું અને બારીમાંથી જોવા લાગી. 31જેવો યેહૂ નગરના
દરવાજે પહોચ્યો કે તરત જ તે બોલી, "ઓ ખૂની, તું તો તારા
ધણીનો ખૂની છે! તું અહીં શાંતિ થી આવ્યો છો?"
32યેહૂએ બારી તરફ ઊંચું જોયું અને કહ્યું, "મારા પક્ષે
કોણ છે? કોઈ છે?"
બેત્રણ અમલદારોએ ઉપરથી તેના તરફ જોયું. 33એટલે તે
બોલ્યો, "તેણીને નીચે ફેકી દો."
તેથી તે લોકોએ તેણીને નીચે ફેંકી દીધી તેના લોહીંમાંથી
થોડું ભીત ઉપર છંટાયું અને થોડું ઘોડાઓ ઉપર પડ્યું જેમણે
તેને કચડી ને મારી નાખી હતી.
34પછી તે ખાવા અને પીવા માટે અંદર ગયો અને કહ્યું,
"આ શાપિત સ્રીને લઈ જાવ અને; તેને દફનાવો; કારણ કે
આખરે તો તે રાજાની પુત્રી હતી."
35જ્યારે તેઓ દફનાવવા ગયા ત્યારે હાથની હથેળી સિવાય
બીજું કઈ ન મળ્યું. 36તેમણે પાછા આવીને યેહૂને વાત કરી
ત્યારે તે બોલ્યો, "યહોવાએ પોતાના સેવક તિશ્બેના દેવના
માણસ મારફત ઉચ્ચારેલાં આ વચન છે; 37'યિઝ્રએલના
પ્રદેશમાં કૂતરાઓ ઇઝેબેલના મૃત શરીરનું માંસ ખાશે, આ
મૃતદેહ ઈસ્રાએલની ભૂમિ નું ખાતર બનશે; અને કોઈને
ખબર નહી પડે કે આ ઈઝેબેલનું શરીર હતું.'"

## યેહૂ સમરૂનના અમલદારોને લખે છે

10 આહાબને 70 પુત્રો હતા જે સમરૂનમાં રહેતા
હતા. યેહૂએ સમરૂન શહેરના અમલદારોને,
વડીલોને અને આહાબના વંશજોના વાલીઓને લખ્યું;
2"તમારા રાજાનાં પુત્રો તમારા પાસે છે, તમારી પાસે રથ
અને ઘોડા છે, તમારી પાસે કિલ્લેબંધ નગરો અને શસ્રો પણ
છે. 3એટલે આ પત્ર પહોંચતાં જ તમારા ધણીના વંશજોમાંથી
જે સૌથી સારો અને લાયક હોય તેને તેના પિતાની રાજગાદીએ
બેસાડો અને તમારા ધણીના વંશ માટ યુદ્ધે ચડો."
4પણ તેઓ ભયભીત થઈ ગયા અને બોલ્યા, "બબ્બે
રાજાઓ તેની સામે ટકી ન શકયા, તો પછી આપણે તે કેવી
રીતે કરશું?" 5આથી મહેલના મુખ્ય કારભારીઓએ,
વડીલોએ, અમલદારોએ અને છોકરાઓના વાલીઓએ યેહૂને
સંદેશો મોકલ્યો કે, "અમે આપના તાબેદાર છીએ. આપ જે
કહેશો તે અમે કરીશું, પણ અમે કોઈને રાજા જાહેર કરવાના
નથી. આપને જે ઠીક લાગે તેમ કરો."

## આહાબનાં સંતાનો મારતા સમરૂનના વડીલો

6ત્યારે યેહૂએ તેમને બીજો પત્ર લખ્યો અને જણાવ્યું, "જો
તમે મારે પક્ષે હો, અને મારું કહ્યું કરવા તૈયાર હો તો આવતી

કાલે આ વખતે તમારા રાજાના પુત્રોનાં માથા લઈને યિઝ્રએલમાં મારી સમક્ષ હાજર થઈ જાઓ." રાજાના 70 રાજકુમારોને શહેરના આગેવાન માણસો પાસે (સાથે) હતાં જેઓ તેમની સુખાકારી માટે જવાબદાર હતાં.

7જયારે આ પત્ર તેમને પહોંચ્યો ત્યારે તેમણે રાજાના 70 રાજકુમારોને મારી નાખ્યા અને તેમનાં માથાં કરંડિયામાં ભરીને યેહૂને યિઝ્રએલ મોકલી આપ્યાં. 8સંદેશવાહકે આવીને યેહૂને ખબર આપી કે, "એ લોકો રાજકુંવરોનાં માથાં લઈ આવ્યા છે."

ત્યારે તેણે કહ્યું, "બે ઢગલા કરીને એ માથાં કાલ સવાર સુધી શહેરના દરવાજા આગળ રહેવા દો."

9બીજે દિવસે દરવાજામાંથી બહાર આવીને લોકોને કહ્યું, "તમારો કોઈ દોષ નથી. એ તો હું છું કે જેણે મારા ધણીની સામે કાવતરું કરીને તેને મારી નાખ્યો; પણ આ બધાને કોણે મારી નાખ્યા? 10તમે એ જરૂર સમજી લો કે યહોવાએ આહાબના કુટુંબ વિરૂદ્ધ ઉચ્ચારણો કર્યા છે અને તેણે જે કહ્યું છે એ બધુંજ બનશે. યહોવાએ પોતાના સેવક એલિયા મારફતે સંદેશો મોકલ્યો હતો અને તેણે જે કહ્યું હતું તે સાચું કરી બતાવ્યું છે."

11ત્યાર પછી યેહૂએ આહાબના વંશના યિઝ્રએલમાં બાકી રહેલા સૌને તેમજ તેના ઉમરાવોને, નિકટના મિત્રોને અને તેના યાજકોને મારી નાખ્યા, કોઈને જીવતો જવા ન દીધો.

### અહાઝ્યાના સબંધીઓ મારતો યેહૂ

12પછી યેહૂ સમરૂન જવા નીકળ્યો. 13રસ્તામાં તેને અહાઝ્યાના (સબંધીઓ) મળ્યા, તેણે તેમને પૂછયું, "તમે કોણ છો!"

તેમણે કહ્યું, "અમે અહાઝ્યાના સબંધીઓ છીએ અને અમે રાજાનાં અને રાણીનાં સંતાનોને મળવા જઈએ છીએ."

14યેહૂએ કહ્યું, "એ લોકોને જીવતા કેદ પકડો."

તેમને જીવતા પકડવામાં આવ્યા પછી ત્યાં જે ખાડો હતો તેની પાસે તેમને મારી નાખવામાં આવ્યા. એ લોકો 42 હતા, તેમને એકને પણ જીવતો જવા ન દીધો.

### યહોનાદાબને મળતો યેહૂ

15ત્યાંથી નીકળીને તે જવા લાગ્યો ત્યારે સામેથી રેખાબનો પુત્ર યહોનાદાબ તેને મળવા આવતો હતો. તેમણે એકબીજાની કુશળતા પૂછી.

પછી યેહૂએ તેને કહ્યું, "હું તારા પ્રત્યે જેવો વિશ્વાસુ છું તેવો તું મારા પ્રત્યે છે?"

યહોનાદાબે કહ્યું, "હા છું."

પછી યેહૂએ કહ્યું, "તારો હાથ મને આપ."

અને યેહૂએ તેને રથમાં પોતાની બાજુએ ખેંચી લીધો.

16યેહૂએ તેને જણાવ્યું, "તું મારી સાથે ચાલ, અને યહોવાને માટે મેં શું શું કર્યુ છે તે જો!"

પછી તેણે યહોનાદાબને પોતાની સાથે રથમાં બેસાડી દીધો. 17સમરૂનમાં દાખલ થતાં જ તેણે ત્યાં બચવા પામેલા આહાબના કુટુંબીજનોની હત્યા કરી, અને આમ, યહોવાએ એલિયાને કહ્યું હતું તે મુજબ તેના વંશનો નાશ કર્યો.

### બઆલના સેવકોને બોલાવતો યેહૂ

18પછી યેહૂએ બધાં લોકોને ભેગા કરીને કહ્યું, "આહાબે તો બઆલ દેવની થોડી પૂજા કરી હતી, પણ યેહૂ તેની ઘણી વધારે પૂજા કરનાર છે. 19બઆલના તમામ પ્રબોધકો અને યાજકોને બોલાવો. તેઓની સાથે તેઓના બધાજ અનુયાયીઓને પણ હાજર રાખો. એક પણ વ્યકિત બાકી રહેવો જોઈએ નહિં. કારણ કે આપણે, બઆલના ભકતોએ ભેગા થઈને તેની પૂજા માટે મોટી ઉજવણી કરવાની છે. બઆલના માણસોમાંનો જે કોઈ અહીં નહિં આવે તેને મારી નાખવામાં આવશે."

પણ બઆલના ભકતોને મારી નાખવા માટેનું યેહૂનું આ ષડયંત્ર હતું. 20યેહૂએ હુકમ કર્યો. "બઆલને માટે એક પવિત્ર મેળો બોલાવો.' અને મેળો બોલાવવામાં આવ્યો. 21યેહૂએ પોતે સમગ્ર ઈસ્રાએલમાં સંદેશવાહકો મોકલ્યા અને બઆલના બધાજ સેવકો ભેગા થયા. એક પણ માણસ આવ્યા વગર રહ્યો નહિં. તે બધા બઆલના મંદિરમાં એક છેડાથી બીજા છેડા સુધી ખીચોખીચ ભરાયા.

22પછી યેહૂએ પૂજાનાં વસ્ત્રોના ભંડારીને કહ્યું, "બઆલના બધા સેવકો માટે વસ્ત્રો લાવ."

એટલે તે લઈ આવ્યો. 23પછી યેહૂ અને રેખાબનો પુત્ર યહોનાદાબ લોકોને સંબોધન કરવા મંદિરના અંદરના ભાગમાં ગયા; તેઓએ કહ્યું, "જેઓ બઆલનું ભજન કરે છે તેઓજ અહીં હોવા જોઈએ તે ખાસ ધ્યાનમાં રાખજો. જેઓ યહોવાનું ભજન કરે છે તેઓમાંનો કોઈ અહીં હોવો જોઈએ નહિં!" 24પછી તે યજ્ઞો અને દહનાર્પણો આપવા અંદર ગયો.

યેહૂએ 80 માણસોને બહાર ગોઠવ્યા હતા અને તેમને કહ્યું હતું કે, "હું તમને સોંપી દઉં છું. એમાંના કોઈને પણ તમારામાનો જે કોઈ જીવતો જવા દેશે તે પોતે જીવતો નહિં રહે."

25દહનાર્પણ પછી તેણે નાયકો અને ચોકીદારોને કહ્યું, "અંદર જાઓ અને બધાંને મારી નાખો, એકનેય જવા દેશો નહી."

ચોકીદાર અને નાયકોએ અંદર જઈને એકેએકની હત્યા કરતાં કરતાં છેક બઆલના મંદિરના ગર્ભગૃહ સુધી પ્રયાણ કર્યુ. 26બઆલના મંદિરમાં જે સ્થંભ હતો તેને તેઓ બહાર લઈ આવ્યા અને તેને બાળી મૂકયો. 27આ રીતે તેઓએ બઆલના સ્તંભનો વિનાશ કરી નાખ્યો. તેઓએ બઆલના દેવનું મંદિર તોડી પાડ્યું અને તે જગ્યાને જાહેર શૌચાલય બનાવી દીધું જે આજે પણ છે.

28આ રીતે યેહૂએ ઈસ્રાએલમાંથી બઆલને સંપૂર્ણ રીતે સમાપ્ત કરી નાખ્યું. 29જે ઈસ્રાએલ પાસે પાપ કરાવતો હતો તે નબાટના પુત્ર યરોબઆમને ફકત યેહૂ રોકી ન શક્યો. બેથેલ અને દાનમાં ચાલતી સોનાના વાછરડાને પૂજવાની પ્રણાલીને તે બંધ ન કરી શક્યો.

### યેહૂનું ઈસ્રાએલ પર રાજ

30પછી યહોવાએ યેહૂને કહ્યું, "આહાબના પરિવારનો નાશ
કરવા માટેની મારી આજ્ઞાનું પાલન તે કર્યુ છે તેથી હું તારા
પુત્રને, પૌત્રને અને પ્રપૌત્રીને એમ ચોથી પેઢી સુધી તારા
વંશજોને ઈસ્રાએલની ગાદી પર બેસાડીશ."

31પણ યેહૂએ યહોવાના આદેશોનું હૃદય પૂર્વક પાલન ન
કર્યુ. યરોબઆમ ઈસ્રાએલ પાસે જે પાપ કરાવતો હતો તે
કરવામાંથી પોતે દૂર રહી શક્યો નહીં.

### ઈસ્રાએલને હરાવતો હઝાએલ

32તે દિવસોમાં યહોવાએ ઈસ્રાએલને નાનું બનાવવાની
શરુઆત કરી. હઝાએલે તેમને તેમના પોતાનાજ પ્રદેશમાં
હરાવીને તેમની ભૂમિ કબજે કરી. 33યર્દનથી પૂર્વ તરફ,
અર્નોન નદી પાસે અરોએર સુધી, આખો પ્રદેશ જીતી લીધો,
તેમાં ગિલયાદ અને બાશાનનો પ્રદેશ જેમાં ગાદના રૂબેનના
અને મનાશ્શાના કુળસમૂહોના લોકો રહેતા હતા, તે આવી
જતો હતો.

### યેહૂનું મૃત્યું

34યેહૂના રાજયનાં બીજાં બનાવો અને કાર્યો ઈસ્રાએલના
રાજાઓના વૃત્તાંતમાં નોંધેલા છે. 35પછી યેહૂ પિતૃલોકને
પામ્યો, અને તેને સમરૂનમાં દફનાવવામાં આવ્યો. 36તેના
પછી તેનો પુત્ર યહોઆહાઝ ગાદીએ આવ્યો. યેહૂએ ઈસ્રાએલ
ઉપર સમરૂનમાં અઠ્ઠાવીસ વર્ષ રાજ કર્યુ હતું.

### યહૂદાની અથાલ્યાનું શાસન

11 અહાઝ્યાની માતા અથાલ્યાએ જાણ્યું કે તેનો પુત્ર
મરણ પામ્યો છે, તે સમયે તેણે રાજાના કુટુંબનો
સંહાર કરવાનું શરૂ કર્યુ.

2પણ રાજકુમારોની હત્યા ચાલતી હતી ત્યાં અહાઝ્યાની
બહેન અને રાજા યોરામની પુત્રી યહોશેબાએ અહાઝ્યાના
પુત્ર યોઆશને અને તેની આયાને લઈ જઈને શયનખંડમાં
પૂરી દીધાં આમ, તેણે તેને અથાલ્યાથી છુપાવી દીધો અને
તેનો વધ થતો રહી ગયો,

3તે છ વર્ષ સુધી આયા સાથે યહોવાના મંદિરમાં છુપાઈ
રહ્યો અને એ દરમ્યાન અથાલ્યા દેશ પર રાજ કરતી રહી.

4સાતમે વર્ષે મુખ્ય યાજક યહોયાદાએ રાજાના અને
મહેલના રક્ષણદળને અને તેના નાયકોને બોલાવી મંગાવ્યા.
અને તેમને મંદિરમાં પોતાની પાસે બોલાવ્યા તેણે તેમની
સાથે યહોવાના મંદિરમાં કરાર કર્યો. પછી તેણે તે લોકોને
રાજકુમારને બતાવ્યો અને તેમની પાસે વચન લેવડાવ્યા.

5"તમારે આ પ્રમાણે કરવાનું છે: તમારી પાસે સૈન્યની
ત્રણ ટૂકડી છે, જેઓ વિશ્રામવારે ફરજ પર આવે છે. તેમાની
એક ટૂકડીએ મહેલની ચોકી કરવાની છે.

6બીજી અને ત્રીજી ટૂકડીના માણસો મુખ્ય દરવાજે અને
પાછળના દરવાજે ચોકી કરે. આ રીતે તમે લોકોને મંદિરથી
દૂર રાખી શકશો.

7જેઓને વિશ્રામવારે રજા છે તે બે ટુકડીઓએ યહોવાના
મંદિરે પહેરો ભરી પોતપોતાનાં શસ્રો સાથે રાજાનું રક્ષણ
કરવાનું છે. જે કોઈ તમારી હરોળને ભેદવાનો પ્રયત્ન કરે
તેને મારી નાખવાનો છે. 8રાજા જયાં જયાં જાય કે આવે,
ત્યાં ત્યાં તમારે તેની સાથે રહેવાનું છે."

9તેથી અધિકારીઓએ યહોયાદાની આજ્ઞાનું પાલન કર્યુ,
તેમણે વિશ્રામવારે કામ ન કરતા પોતાના બધા માણસોને
એકઠા કર્યા અને તેમને લઈને તેઓ યાજક યહોયાદા પાસે
આવ્યા.

10યાજકે સો સૈનિકોની ટૂકડીના નેતાને રાજા દાઉદના
ભાલા અને ઢાલ આપ્યાં જે યહોવાના મંદિરમાં રખાયા હતાં.
11પછી એ રક્ષકો શસ્ર સજીને મંદિરના દક્ષિણ ખૂણાથી તે
ઉત્તર ખૂણા સુધી, વેદીને અને યહોવાના મંદિરને ઘેરીને
રાજાનું રક્ષણ કરવા ગોઠવાઈ ગયા. 12પછી યહોયાદા રાજકુંવર
યોઆશને સંતાડયો હતો ત્યાંથી બહાર લઈ આવ્યા. અને
તેના માથા પર રાજમુગટ મૂકયો. તેને કરારની નકલ આપી
અને રાજા તરીકે તેનો અભિષેક કર્યો. લોકોએ તાળીઓ પાડીને
પોકાર કર્યો, "રાજા ઘણું જીવો."

13લોકોનાં પોકાર સાંભળીને અથાલ્યા યહોવાના મંદિરે
પહોંચી ગઈ. 14જઈને જોયું તો લોકો ટોળે વળ્યાં હતાં અને
રીતરિવાજ મુજબ રાજા મંચ ઉપર ઊભો હતો, અને બધાં
દેશજનો હર્ષના પોકારો કરીને રણશિંગડાં વગાડતાં હતા.
અથાલ્યાએ રોષમાં આવી પોતાનાં કપડાં ફાડી નાખ્યાં અને
તે જોરથી બૂમ પાડી ઊઠી, "રાજદ્રોહ! રાજદ્રોહ!"

15યાજક યહોયાદાએ સેનાના નાયકોને હુકમ કર્યો, "એને
મંદિરની બહાર લઈ જાઓ, યહોવાના મંદિરમાં એનો વધ
કરવાનો નથી, અને જે કોઈ એની સાથે આવે તેની હત્યા
કરો."

16તેથી તે લોકોએ તેને પકડી લીધી અને ઘોડાને દરવાજેથી
તેને રાજમહેલમાં લઈ ગયા ત્યાં તેનો વધ કર્યો.

17યહોયાદા રાજાએ, યહોવા અને પ્રજા વચ્ચે કરાર કર્યો
કે તેઓ બધા યહોવાને વિશ્વાસુ રહેશે. તેણે રાજા અને પ્રજા
વચ્ચે પણ કરાર કર્યો.

18પછી દેશના બધા લોકોએ બઆલના મંદિરે જઈ તેને
તોડી પાડયું. તેમણે તેની વેદીઓ અને મૂર્તિઓ તોડી નાખી
અને બઆલના યાજક માતાનને વેદીઓ સામે જ મારી
નાખ્યો.

યાજકે યહોવાના મંદિરનું રક્ષણ કરવા માટે ચોકીદારો
ગોઠવી દીધા. 19પછી રાજાના અને મહેલના રક્ષકદળના
નાયકોને તથા દેશના બધા લોકોને સાથે લઈ રાજાને યહોવાના
મંદિરમાંથી રક્ષકોને દરવાજે થઈને રાજમહેલમાં પહોંચાડી
દીધો. યહોઆશે રાજ સિંહાસન ઉપર આસન લીધું.
20અથાલ્યાનો રાજમહેલમાં વધ કરવામાં આવ્યો હતો એટલે
દેશના બધા લોકો ખૂબ આનંદમાં આવી ગયા, અને શહેરમાં
સર્વત્ર શાંતિ વ્યાપી ગઈ.

21યહોઆશ જ્યારે રાજ કરવા આવ્યો ત્યારે તેની ઉંમર
સાત વર્ષની હતી.

## યહોઆશ શાસન કરે છે

12 યેહૂના ઈસ્રાએલના રાજા તરીકેના શાસનના સાતમે
વર્ષે યહોઆશ રાજા બન્યો હતો, અને તેણે
યરૂશાલેમમાં ચાળીસ વર્ષ રાજ કર્યુ હતું. તેની માનું નામ
સિબ્યા હતું અને તે બેરશેબાની હતી. 2યહોયાદા યાજકના
ઉપદેશાનુસાર તેણે જીવન પર્યંત યહોવાની નજરમાં સાચાં
ગણાય એવાં કાર્યો કર્યા હતાં. 3તેમ છતાં ઉચ્ચસ્થાનોનો
નાશ કરવામાં આવ્યો નહોતાં, અને લોકોએ ત્યાં ધૂપ
ચડાવવાનું અને દહનાર્પણો ચાલુ રાખ્યા હતાં.

## યહોઆશનો મંદિર જીર્ણોદ્ધારનો હુકમ

4યહોઆશે યાજકોને કહ્યું હતું કે, "મંદિરમાં દાપા તરીકે
આવેલી રકમ, માથાદીઠ ઉઘરાવેલી જકાત, તથા લોકોએ
સ્વેચ્છાએ મંદિરમાં આપેલી રકમ યાજકોએ સ્વીકારવી
જોઈએ. 5અને જયાં જયાં મંદિરમાં સમારકામ કરવાની જરૂર
હોય ત્યાં ત્યાં સમારકામ કરાવે.

6પરંતુ યાજકોએ યહોઆશ રાજાના ત્રેવીસમા વર્ષ સુધી
મંદિરમાં જરૂરી કોઈપણ પ્રકારનું સમારકામ કરાવ્યું નહોતું.
7તેથી રાજાએ બીજા યાજકોને બોલાવડાવ્યા, અને તેમને
પૂછયું, "તમે મંદિરનું સમારકામ કેમ કરાવતા નથી? હવેથી
તમારે તમારા ભંડારમાંથી કોઈ પૈસા લેવાના નથી, કારણ કે
તે પૈસા તમને મંદિરના સમારકામ માટે આપવામાં આવ્યા
હતાં."

8યાજકો લોકો પાસેથી કોઈ પૈસા ન લેવા તેમજ મંદિરનું
સમારકામ બંધ કરાવવા માટે કબૂલ થયાં. 9પછી યહોયાદા
યાજકે એક મોટી પેટી બનાવડાવી, તેના ઢાંકણામાં કાણું
પડાવ્યું અને તેણે એ પેટીને મંદિરના પ્રવેશદ્વાર પાસે
બલિદાનની વેદીની જમણી બાજુએ મૂકાવી. મંદિરના દરવાજે
કામ કરતા યાજકો લોકો મંદિરમાં જે કોઈ પૈસા લાવતા તે
બધાં તે પેટીમાં નાખતા.

10તેમાં મૂકેલાં નાણાંથી પેટી જયારે ભરાઈ જતી ત્યારે
રાજાનો નાણામંત્રી અને મુખ્ય યાજક એ નાણાં ગણીને
થેલીઓમાં મૂકતાં હતાં. 11પછી એ તોળેલાં-ગણેલાં નાણાં
તેઓ સમારકામ પર દેખરેખ રાખનારાઓને આપતા હતા.
તેઓ આ નાણાં સુથાર, કડિયા, 12લાકડાના વેપારીઓ, પથ્થર
અને ઈંટના વેપારીઓ, અને જેઓએ યહોવાના મંદિરના
બાંધકામ માટે સામગ્રી આપી હોય તેમને અને યહોવાના
મંદિરના સમારકામ માટેની સામગ્રી લેવા માટે આપતા
હતા.

13આ નાણાં યાજકો યહોવાના મંદિર માટે વાપરતા હતાં
પણ ચાંદીનાં પ્યાલા, કાતરો, વાસણો, રણશિંગડાં અથવા
કોઈપણ જાતના સોના-ચાંદીના વાસણો આ પૈસામાંથી નહોતા
લેતાં. 14પણ તેઓ આ નાણાંમાંથી કારીગરોને મજૂરી ચૂકવતા
અને સમારકામનું ખર્ચ કરતા. 15જે દેખરેખ રાખનારા
મુકાદમોને એ નાણાં કારીગરોને ચૂકવવા માટે આપવામાં
આવતાં હતાં તેમની પાસે કશો હિસાબ માગવામાં આવતો
નહોતો, કારણ કે તેઓ પ્રમાણિક અને વિશ્વાસુ હતા.

16દોષાર્થાર્પણ તથા પાપાર્થાર્પણ માટે આપેલાં નાણાં
યહોવાના મંદિરમાં લાવવામાં આવતાં નહિં; એ સીધાં
યાજકોને તેમના પોતાના ઉપયોગ માટે આપવામાં આવતાં
હતાં. આ નાણાં પેલી પેટીમાં મૂકવામાં આવતાં નહિં.

## યરૂશાલેમને ઈસ્રાએલથી બચાવતો હઝાએલ

17આ અરસામાં અરામનો રાજા હઝાએલ ગાથની સામે
યુદ્ધે ચડયો અને તેને કબજે કરી યરૂશાલેમ ઉપર હુમલો
કરવાની તૈયારી કરવા લાગ્યો.

18તેથી યહૂદીયાના રાજા યહોઆશે તેના પિતૃઓએ, એટલે
કે યહૂદીયાના રાજાઓ યહોશાફાટે, યહોરામે તથા
અહાઝયાએ જે સર્વ પવિત્ર વસ્તુઓ અર્પણ કરી હતી તે
તથા તેની પોતાની અર્પણ કરેલી વસ્તુઓ, તેમજ યહોવાના
મંદિરના તથા રાજાના મહેલના ભંડારમાંથી જે સોનું મળી
આવ્યું તે સર્વ લઈને અરામના રાજા હઝાએલ પર મોકલ્યાં;
એટલે તે યરૂશાલેમથી જતો રહ્યો.

## યહોઆશનું મૃત્યુ

19યહોઆશના બીજાં કાર્યો અને તેના શાસન દરમ્યાન
બનેલા બનાવો યહૂદાના રાજાઓના ઈતિહાસના પુસ્તકમાં
લખાયેલા છે.

20તેના પોતાના નોકરો તેની વિરૂદ્ધ થઈ ગયાં. અને
સિલ્લાના માર્ગ પર આવેલા મિલ્લો મુકામે તેના પોતાના
ઘરમાં તે માર્યો ગયો. 21તેને ઈજા કરીને મારનાર લોકો
શિમઆથનો પુત્ર યોઝાખાર અને શોમેરનો પુત્ર યહોઝાબાદ
હતા.

તેમણે તેને દાઉદના નગરમાં તેના પિતૃઓ ભેગો દફનાવી
દીધો અને તેના પુત્ર અમાસ્યાને તેની પછી રાજા બનાવવામાં
આવ્યો.

## યહોઆહાઝનું શાસન

13 જ્યારે યહૂદાના રાજા યોઆશ રાજયકાળના
ત્રેવીસમા વર્ષમાં હતો ત્યારે યેહૂનો પુત્ર યહોઆહાઝ
ઈસ્રાએલનો રાજા બન્યો. તેણે સમરૂનમાં સત્તર વર્ષ રાજ
કર્યુ.

2તેણે યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ
કર્યુ અને નબાટના પુત્ર યરોબઆમે જે પાપકર્મો કર્યા હતા
તે ચાલુ રાખ્યાં, તેણે તે વસ્તુઓ છોડી નહીં. 3તેથી યહોવા
ઈસ્રાએલીઓ ઉપર ગુસ્સે થયા. અને તેણે તેમને વર્ષો સુધી
અરામના રાજા હઝાએલને અને તેના પુત્ર બેન-હદાદને
ગુલામ તરીકે સોંપી દીધાં.

## ઈસ્રાએલીઓ પર દયાળુ દેવ

4પરંતુ યહોઆહાઝે યહોવાને પ્રસન્ન કરવા પ્રાર્થના કરી
અને યહોવાએ તેની પ્રાર્થના સાંભળી, કારણ અરામના રાજાએ
ઈસ્રાએલના લોકોને કેવો ત્રાસ આપ્યો હતો તે તેણે જોયું
હતું.

5યહોવાએ ઈસ્રાએલને એક મુકિતદાતા આપ્યો અને તેણે
ઈસ્રાએલીઓને અરામના પંજામાંથી મુકત કર્યા અને તેઓ
ફરી પોતાનાં ઘરમાં પહેલાંની જેમ સુખશાંતિમાં રહેવા લાગ્યા.
6છતાં યરોબઆમે તેમની પાસે જે પાપકર્મો કરાવ્યાં હતાં
તે તેમણે છોડયાં નહિં સમરૂનમાં અશેરા દેવીની એક પ્રતિમા
પણ હતી..

7યહોઆહાઝ પાસે કોઈ સૈન્ય નહોતું સિવાય કે 50
ઘોડેસવાર, 10 રથ અને 10,000 સૈનિકો કારણ કે અરામના
રાજાએ તેના બાકીના સૈન્યનો નાશ કરી નાખ્યો હતો.

8યહોઆહાઝના શાસનના બીજાં બનાવો અને તેણે કરેલાં
કાર્યો ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં
લખાયેલા છે. 9પછી યહોઆહાઝ મરી ગયો અને તેને
સમરૂનમાં દફનાવવામાં આવ્યો, પછી તેનો પુત્ર યોઆશ
ગાદી પર બેઠો.

## યોઆશનું ઈસ્રાએલ પર શાસન

10જ્યારે યહૂદાના રાજા યોઆશના શાસનના સાડત્રીસ
વર્ષમાં હતો ત્યારે યહોઆહાઝનો પુત્ર યહોઆશ સમરૂનમાં
ઈસ્રાએલનો રાજા થયો અને તેણે સોળ વર્ષ રાજ કર્યુ 11તેણે
યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યુ અને
નબાટના પુત્ર યરોબઆમે જે પાપ કર્મો કર્યા હતાં તે કરવાનું
તેણે ચાલું રાખ્યું તેણે તે વસ્તુઓ છોડી નહીં. 12રાજાનું
શાસન, તેમાં બનેલા અને તેણે કરેલાં મહાન કાર્યો તેણે
યહૂદાના અમાસ્યા સામે લડેલી લડાઈ સહિત, બધું
ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલું
છે. 13અને, યહોઆશ મરી ગયો અને તેને સમરૂનમાં
ઈસ્રાએલના બધા રાજાઓ ભેગો દફનાવવામાં આવ્યો પછી,
તેની જગ્યાએ, યરોબઆમ રાજા બન્યો.

## એલિશાની મુલાકાતે યહોઆશ

14જયારે એલિશા ભયંકર માંદગીમાં પથારીવશ થઈ ગયો
ત્યારે ઈસ્રાએલનો રાજા યહોઆશ તેની પાસે જઈને રડવા
લાગ્યો અને બોલ્યો, હે મારા પિતા! મારા પિતા! તમે તો
ઈસ્રાએલના રથ અને ઘોડેસ્વાર છો!"

15એલિશાએ કહ્યું, "ધનુષબાણ લઈ આવ."

અને તેણે ધનુષબાણ મંગાવ્યાં. 16પછી એલિશાએ રાજાને
કહ્યું, "ધનુષ ઉપર બાણ ચડાવ." અને તેણે ચડાવ્યું, એલિશાએ
પોતાના હાથ તેના હાથ પર મૂકયા અને કહ્યું, 17"પૂર્વ તરફની
બારી ઉઘાડી નાખ." અને યહોઆશે તેમ કર્યુ પછી એલિશાએ
કહ્યું,"બાણ છોડ." અને તેણે છોડયું,

એટલે એલિશા બોલ્યો, "એ અરામ ઉપરના યહોવાના
વિજયનું બાણ હતું. તું અરામને એફક પાસે પૂરેપૂરી હાર
આપીશ!"

18"હવે બીજા બાણ ઉપાડી લે." એલિશાએ કહ્યું, રાજાએ
બાણ ઉપાડી લીધાં એટલે એલિશાએ કહ્યું, "જમીન પર
પછાડ." રાજાએ ત્રણ વાર પછાડયાં અને પછી તે અટકી
ગયો.

19તેથી દેવના માણસ એલિશા તેના પર ગુસ્સે થયા અને
રાજાને કહ્યું, "તારે જમીનમાં પાંચ કે છ બાણ મારવા જોઈતા
હતાં. જો એમ કર્યુ હોત તો અરામીઓનો સંપૂર્ણ નાશ થઈ
જાય ત્યાં સુધી તેં તેઓને પરાજય આપ્યો હોત, હવે તું
અરામને ફકત ત્રણ જ વાર હરાવી શકીશ."

## એલિશાની સમાધિ પાસે અદ્ભૂત વસ્તુ

20ત્યારબાદ એલિશાનું મૃત્યુ થયું અને તેને દફનાવવામાં
આવ્યો. વરસોવરસ મોઆબી દરોડાખોરોની ટોળીઓ દેશ
પર આક્રમણ કરતી હતી. 21એક વખત થોડાં લોકો
(ઈસ્રાએલીઓ) એક માણસને દફનાવતા હતા. જેવા
ઈસ્રાએલીઓએ મોઆબી સૈનિકોને જોયા, લોકો મૃતદેહને
એલિશાની કબરની અંદર ફેંકી દઈને ભાગી ગયા. જેવો મૃતદેહ
એલિશાનાં હાડકાંને અડ્યો કે મૃત માણસ જીવતો થઈ ગયો
અને ઊભો થઈ ગયો.

## ઈસ્રાએલી શહેરો ફરી જીતતો યહોઆશ

22યહોઆહાઝના સમગ્ર રાજયશાસન દરમ્યાન અરામના
રાજા હઝાએલે ઈસ્રાએલીઓ પર ત્રાસ ગુજાર્યો હતો. 23પણ
યહોવાએ કૃપા કરીને તેમની દયા ખાધી. ઈબ્રાહિમ, ઈસહાક
અને યાકૂબ સાથે કરેલા કરારને કારણે તેની તેમના પ્રત્યે
કૃપાદષ્ટિ હતી અને તેમનો નાશ કરવાની તેની ઈચ્છા નહોતી,
તેમ અત્યાર સુધી તેણે તેમને પોતાની નજરથી દૂર પણ કર્યા
નથી."

24અરામનો રાજા હઝાએલ મૃત્યુ પામ્યો અને તેનો પુત્ર
બેનહદાદ તેની ગાદીએ આવ્યો. 25ત્યાર પછી યહોઆશે
તેમને ત્રણ વખત પરાજય આપ્યો, અને જે શહેરો હઝાએલના
પિતા બેનહદાદે તેના પિતા યહોઆહાઝ પાસેથી લઈ લીધાં
હતાં તે પાછાં કબજે કર્યાં.

## યહૂદામાં અમાસ્યાનું રાજ

14 ઈસ્રાએલના રાજા યહોઆહાઝના પુત્ર યોઆશને
બીજે વર્ષે યહૂદાના રાજા યોઆશનો પુત્ર અમાસ્યા
રાજ કરવા લાગ્યો. 2તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25
વર્ષની હતી, અને તેણે યરૂશાલેમમાં 29 વર્ષ રાજ કર્યુ. તેની
માનું નામ યહોઆદીન હતું અને તે યરૂશાલેમની હતી.
3અમાસ્યાએ યહોવાની દ્રષ્ટિએ યોગ્ય ગણાય એવું આચરણ
કર્યુ. જો કે છેક પિતૃ દાઉદના જેવું તો નહિં જ, તે બધી
બાબતમાં પોતાના પિતા યોઆશને પગલે ચાલ્યો. 4પણ તેણે
મહત્વના સ્થાનકોનો મહત્વની જગ્યાઓનો નાશ નહોતો
કર્યો. અને લોકોએ ત્યાં બલિદાનો અર્પણ કરવાનું અને ધૂપ
પેટાવવાનું ચાલુ રાખ્યું હતું.

5તેનું શાસન સુસ્થાપિત થઈ ગયા પછી તરતજ તેણે પોતાના
પિતાનું ખૂન કરનારા અમલદારોને મારી નાખ્યા, 6પણ તેમના
બાળકોને જીવતા રહેવા દીધા, કારણ, મૂસાની સંહિતામાં
યહોવાએ જણાવેલું છે કે, "સંતાનોના ગુના માટે મા-બાપને

કે મા-બાપના ગુના માટે સંતાનોને દેહાંતદંડ ન દેવો, પ્રત્યેકને
તેના પોતાના પાપ માટે જ દેહાંતદંડ દેવો."
7અમાસ્યાએ 10,000 અદોમીઓને મીઠાની ખીણમાં
હરાવ્યા અને તેણે સેલા નગરને કબજે પણ કરી લીધું તેણે
તેનું નામ યોક્તએલ પાડયું અને આજે એ જ નામે
ઓળખાય છે."

### યહોઆશ વિરુદ્ધ યુદ્ધ ઈચ્છતો અમાસ્યા

8પછી અમાસ્યાએ ઈસ્રાએલના રાજા યહોઆશને સંદેશો
મોકલીને પડકાર કર્યો, "તારું સૈન્ય લઈને યુદ્ધ માટે આવી
જા." 9રાજા યહોઆશે અમાસ્યાને જવાબ આપ્યો, "લબાનોન
કાંટાળી ઝાડીએ લબેનોનના એરેજવૃક્ષને સંદેશો મોકલ્યો
છે, 'મારે તારી દીકરી જોઈએ છે મારા પુત્રની પત્ની બનવા
માટે.' પણ લેબેનોનના જંગલી પશુઓએ આવીને કાંટાળી
ઝાડીને કચડી નાખી. 10સાચેજ તેં અદોમનો નાશ કર્યો છે
માટે તને એનો ખૂબ ગર્વ છે. પણ મારી સલાહ છે કે તારી
જીતથી સંતોષ માન અને તારા ઘેર જ બેસી રહે. તારા
પોતાના પર અને યહૂદા પર એમ બંને પર શા માટે આફત
નોતરે છે?"
11છતાં અમાસ્યાએ સાંભળવાની ચિંતા કરી નહિં, તેથી
ઈસ્રાએલનાં રાજા યહોઆશ યુદ્ધે ચડયો, તે અને અમાસ્યા
યહૂદામાં આવેલા બેથશેમશ આગળ બળનું પારખું કરવા
ભેગા થયા. 12ઈસ્રાએલીઓએ યહૂદાના લોકોને હરાવ્યા
અને તેઓ પોતાને ઘેર ભાગી ગયા. યહૂદાના રાજા અમાસ્યાને
પકડયો અને યરૂશાલેમ ગયા. 13ત્યાં તેણે એફ્રાઈમ દરવાજાથી
તે ખૂણાના દરવાજા સુધીનો 400 હાથની યરૂશાલેમની ભીત
તોડી પાડી. 14તેણે બધું સોનું ચાંદી, મંદિરમા મળી શકે તે
બધાં વાસણો, અને રાજમહેલનો ખજાનો લઈ લીધો અને
બંધકોને પણ લઈને તે સમરૂન પાછો ગયો.
15યહોઆશના શાસનનાં બીજાં બનાવો, તેનો વિજય અને
યહૂદાના રાજા અમાસ્યા સાથેનાં તેનાં યુદ્ધો તે બધું
ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા
છે. 16આમ યહોઆશ પિતૃલોકને પામ્યો અને તેને
ઈસ્રાએલના રાજાઓ ભેગો સમરૂનમાં દફનાવવામાં આવ્યો,
તેના પછી તેનો પુત્ર યરોબઆમ રાજગાદી પર આવ્યો.

### અમાસ્યાનું મૃત્યુ

17ઈસ્રાએલના રાજા યહોઆશના મૃત્યુ પછી યહૂદાનો
રાજા અમાસ્યા 15 વર્ષ જીવ્યો. 18અમાસ્યાના શાસન
દરમ્યાનના બીજા બનાવો યહૂદાના રાજાઓના ઈતિહાસ
નામક પુસ્તકમાં લખાયેલા છે. 19તેની સામે યરૂશાલેમમાં
કાવતરું રચવામાં આવ્યું, તેથી તે લાખીશ ભાગી ગયો, પણ
લાખીશ સુધી તેના દુશ્મનોએ હત્યારા મોકલીને તેનો પીછો
કર્યો અને ત્યાં જ તેને મારી નાખવામાં આવ્યો. 20ઘોડસવારો
મારફતે તેના મૃતદેહને યરૂશાલેમ લાવવામાં આવ્યો અને
તેને દાઉદના નગરમાં તેના પિતૃઓ ભેગો દફનાવવામાં
આવ્યો.

### યહૂદા પર રાજ શરૂ કરતો અઝાર્યા

21યહૂદાના બધા લોકોએ 16 વર્ષની ઉંમરના તેના પુત્ર
અઝાર્યાને પસંદ કર્યો અને તેના પિતા પછી તેને રાજા બનાવ્યો.
22અમાસ્યાના અવસાન પછી અઝાર્યાએ એલાથ યહૂદા માટે
પાછું મેળવ્યું અને તેને ફરી બંધાવ્યું.

### યરોબઆમ બીજાનું ઈસ્રાએલ પર રાજ

23યહૂદાના રાજા યહોઆશના પુત્ર અમાસ્યાના શાસનના
15મા વર્ષે યહોઆશનો પુત્ર યરોબઆમ સમરૂનમાં
ઈસ્રાએલનો રાજા થયો અને તેણે 41 વર્ષ રાજ કર્યું. 24તેણે
યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યુ. નબાટના
પુત્ર યરોબઆમ તેણે ઈસ્રાએલીઓને પાપકર્મો કરવા પ્રેર્યા
હતાં તે એણે છોડયાં નહિં, 25ઈસ્રાએલના દેવ યહોવાએ
પોતાના સેવક ગાથ-હેફેરના પ્રબોધક આમિત્તાયના પુત્ર યૂના
મારફતે ઉચ્ચારેલી વાણી પ્રમાણે યરોબઆમે હમાથના ઘાટથી
તે મૃતસરોવર સુધીની ઈસ્રાએલની સરહદ પાછી મેળવી
લીધી, 26કારણ, યહોવાએ જોઈ લીધું હતું કે ઈસ્રાએલને
કેવાં આકરાં કષ્ટો સહન કરવાં પડે છે અને ઈસ્રાએલની સાથે
ચડે એવું કોઈ રહ્યું નહોતું. 27પણ યહોવાએ ઈસ્રાએલના
નામને ધરતીના પડ પરથી ભૂંસી ન નાખવાનો નિશ્ચય કર્યો
હતો, આથી તેમણે યહોઆશના પુત્ર યરોબઆમ મારફત
તેમણે તેઓને વિજય અપાવ્યા.
28યરોબઆમના શાસનના બીજા બનાવો, તેણે મેળવેલા
વિજયો અને તેના પરાક્રમો અને તેણે દમસ્ક અને હમાથ
પર ઈસ્રાએલનો કબજો પાછો મેળવી આપ્યો એ બધું
ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં નોંધાયેલું
છે. 29પછી યરોબઆમ બીજો મૃત્યુ પામ્યો અને તેને
ઈસ્રાએલના રાજાઓ ભેગો સમરૂનમાં દફનાવવામાં આવ્યો.
તેના પછી તેનો પુત્ર ઝખાર્યા રાજગાદી પર આવ્યો.

### યહૂદા પર શાસન કરતો અઝાર્યા

15 ઈસ્રાએલના રાજા યરોબઆમના રાજયના 27મા
વર્ષે અમાસ્યાનો પુત્ર 'અઝાર્યા' યહૂદાનો રાજા થયો.
2તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 16 વર્ષની હતી. તેણે
52 વર્ષ યરૂશાલેમમાં રાજ કર્યું, તેની માતાનું નામ યખોલ્યા
હતું, અને તેનું વતન યરૂશાલેમ હતું. 3તેણે પોતાના પિતા
અમાસ્યાની જેમ યહોવાની દૃષ્ટિએ યોગ્ય ગણાય તેવું આચરણ
કર્યું. તે ભલો રાજા હતો. 4મહત્વના ઉચ્ચસ્થાનોનો નાશ
કર્યો નહિં, લોકોએ ત્યાં બલિદાનો આપવાનું અને ધૂપસળી
પેટાવવાનું ચાલુ રાખ્યું હતું.
5યહોવાએ તેને રકતપિત્તનો રોગી બનાવ્યો, અને મરતાં
સુધી તે રોગથી પીડાતો રહ્યો. તેથી તેને બધા કાર્યોથી મુકત
કરવામાં આવ્યો અને તે પોતાના ઘરમાં એકલો રહેતો હતો,
તેનો પુત્ર યોથામે મહેલનો કબજો લઈને દેશના લોકો પર
શાસન કર્યું.

6હવે અઝાર્યાનાં શાસનના બીજા બનાવો, યહૂદાના
રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે. 7તે
મૃત્યુ પામ્યો અને તેને દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો,
તેના પછી તેનો પુત્ર યોથામ રાજા બન્યો.

### ઝખાર્યાનું ઈસ્રાએલ પર ટૂંક્ક શાસન

8યહૂદાના રાજા અઝાર્યાના રાજયના 38માં વર્ષે
યરોબઆમનો પુત્ર ઝખાર્યા સમરૂનમાં ઈસ્રાએલનો રાજા
થયો, અને તેણે 6 મહિના રાજ કર્યુ. 9તેણે તેના પિતૃઓની
જેમ યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ,
તેણે નબાટના પુત્ર યરોબઆમે ઈસ્રાએલીઓ પાસે જે પાપકર્મો
કરાવ્યાં હતાં તે પાપકર્મો છોડયાં નહિં.
10યાબેશના પુત્ર શાલ્લૂમે તેની વિરૂદ્ધ કાવતરું કર્યુ. ઈબ્લામ
ખાતે તેને મારી નાખ્યો અને તેના પછી તે પોતે ગાદીએ
આવ્યો. 11ઝખાર્યાના શાસનનાં બીજા બનાવો અને તેના
વિજયો ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં
લખાયેલા છે. 12આમ, યહોવાએ યેહૂને જે કહ્યું હતું તે સાચું
પડયું કે, "4 પેઢી સુધી તારા વંશજો ઈસ્રાએલની ગાદી પર
બેસશે." અને એમ જ થયું.

### શાલ્લૂમનું ઈસ્રાએલ પર ટૂંક શાસન

13ઈસ્રાએલના નવા રાજાનું નામ શાલ્લૂમ હતું તેના પિતાનું
નામ યાબેશ હતું. તેણે સમરૂનમાં 1 માસ રાજ કર્યુ. એ રાજા
થયો ત્યારે યહૂદામાં ઉઝિઝયા રાજા છેલ્લા 39 વર્ષથી રાજ
કરતો હતો.
14ત્યારબાદ ગાદીના પુત્ર મનાહેમ તિર્સાહથી જઈને
સમરૂનમાં પ્રવેશ કરી શાલ્લૂમને મારી નાખ્યો, અને તેના
પછી પોતે ગાદીએ આવ્યો.
15રાજા શાલ્લૂમ અને તેણે કરેલાં કાવતરા તેના વર્ણનો
ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં
લખાયેલા છે.

### મનાહેમનું ઈસ્રાએલ પર રાજ

16એ સમય દરમ્યાન મનાહેમ તિર્સાહથી આવ્યો અને
તિફસાહને હરાવ્યો તેણે નગરમાં તથા આજુબાજુના પ્રદેશોમાં
વસતાં સૌ લોકોનો સંહાર કર્યો; કારણ કે એ લોકોએ તેનો
માટે નગરનાં દ્વાર ખોલ્યાં નહોતાં, તેણે નગરની સર્વ સગર્ભા
સ્ત્રીઓનાં પેટ ચીરી નાખ્યાં.
17યહૂદાના રાજા અઝાર્યાએ 39 વર્ષો સુધી શાસન કર્યુ
અને તે વર્ષે ગાદીનો પુત્ર મનાહેમ ઈસ્રાએલનો રાજા થયો.
અને તેણે સમરૂનમાં 10 વર્ષ શાસન કર્યુ. 18તેણે યહોવાની
દ્રષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યુ. તેણે નબાટના
પુત્ર યરોબઆમે શરું કરેલા પાપકર્મો કરવાનાં ચાલુ રાખ્યાં.
તેણે તે છોડ્યા નહીં.
19તેના શાસન દરમ્યાન આશ્શૂરના રાજા પૂલે ઈસ્રાએલ
પર આક્રમણ કર્યુ. ઈસ્રાએલમાં પોતાની સત્તા મજબૂત
કરવામાં તેની મદદ મેળવવા માટે મનાહેમે તેને 34,000
કિલો* ચાંદી આપી. 20આ પૈસા મેળવવા માટે મનાહેમે
ધનવાન લોકો પર કર નાખ્યો, દરેક પાસેથી 50 શેકેલ ચાંદી
તેથી આશ્શૂરનો રાજા દેશમાં ન રહેતાં પાછો ચાલ્યો ગયો.
21મનાહેમના શાસનના બીજાં બનાવો અને તેણે કરેલા કાર્યો
ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા
છે. 22આમ, મનાહેમ મૃત્યુ પામ્યો અને તેને દફનાવવામાં
આવ્યો. તેના પછી, તેનો પુત્ર પકાહ્યા સિંહાસન પર બેઠો.

### પકાહ્યાનું ઈસ્રાએલ પર રાજ

23યહૂદાના રાજા અઝાર્યાના રાજયના 50મે વર્ષે
મનાહેમનો પુત્ર 'પકાહ્યા' સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો
અને તેણે 2 વર્ષ રાજ કર્યુ. 24તેણે યહોવાની દૃષ્ટિએ અયોગ્ય
ગણાય તેવું આચરણ કર્યુ હતું. તેણે નબાટના પુત્ર યરોબઆમે
જે પાપકર્મો શરુ કર્યા હતાં તે કરવાનું ચાલુ રાખ્યું તેણે તે
વસ્તુઓ છોડી નહીં.
25રમાલ્યાનો પુત્ર પેકાહ તેનો સેનાપતિ હતો, તેણે તેની
સામે બળવો કર્યો અને કાવતરું કર્યુ જેમાં તેણે સમરૂનનાં
રાજમહેલના કિલ્લામાં 50 માણસોને મારી નાંખ્યા. તેણે
અને ગિલયાદના 50 માણસોએ પકાહ્યાને, આર્ગોબ અને
આર્યેહને પણ ત્યાં મારી નાખ્યા. પછી પોતે ગાદી પર બેઠો.
26પકાહ્યાના શાસનના બીજ બનાવો ઈસ્રાએલના
રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે.

### પેકાહનું ઈસ્રાએલ પર રાજ

27યહૂદાના રાજા અઝાર્યાના રાજયના 52 મેં વર્ષે પેકાહ
સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો, જે રમાલ્યાનો પુત્ર હતો
તેણે 20વર્ષ રાજ કર્યુ. 28તેણે યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય
તેવું આચરણ કર્યુ. નબાટના પુત્ર યરોબઆમે ઈસ્રાએલીઓ
પાસે જે પાપકર્મો કરાવ્યાં હતાં તે કરવાનું તેણે ચાલું રાખ્યું
તેણે તે વસ્તુઓ છોડી નહીં.
29ઈસ્રાએલના રાજા પેકાહના શાસન દરમ્યાન આશ્શૂરનો
રાજા તિગ્લાથ-પિલેસેરથી ચડી આવીને ઈયોન, આબેલ
બેથ-માઅખાહ, યાનોઆહ, કેદેશ, હાસોર, ગિલયાદ તેમ
જ ગાલીલ અને નફતાલીના બધા પ્રદેશને સર કરી લીધાં
અને ત્યાંના લોકોને આશ્શૂરમાં બંદી બનાવીને લઈ ગયો.
30યહૂદાના રાજા ઉઝિઝયાના પુત્ર યોથામના શાસનના
20મા વર્ષે એલાહના પુત્ર હોશિયાએ રમાલ્યાના પુત્ર પેકાહ
વિરૂદ્ધ કાવત્રું કરી તેને મારી નાખ્યો અને પોતે રાજા બન્યો.
31પેકાહના શાસનનાં બાકીના બનાવો અને બીજાં કાર્યો
ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં
લખાયેલા છે.

### યહૂદા પર રાજ કરતો યોથામ

32ઈસ્રાએલના રાજા રમાલ્યાના પુત્ર પેકાહના શાસનના
બીજા વર્ષ દરમ્યાન ઉઝિઝયાનો પુત્ર યોથામ યહૂદાનો રાજા

---

**34,000 કિલો** 1,000 તાલંત.

થયો. 33તે જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની
હતી. તેણે યરૂશાલેમ પર 16 વર્ષ શાસન કર્યુ. સાદોકની
પુત્રી યરૂશા તેની માતા હતી. 34તેણે પોતાના પિતા ઉઝ્ઝિયાની
જેમ યહોવાની દ્રષ્ટિએ યોગ્ય ગણાય તેવું આચરણ કર્યુ. 35પરંતુ
અગત્યની જગ્યાના થાનકોને હજી દૂર કરવામાં આવ્યાં
નહોતાં, અને લોકોએ હજી ત્યાં બલિદાનો અર્પણ કરતાં
હતાં અને ધૂપ બાળતા હતાં. (તે એ વ્યક્તિ હતો જેણે યહોવાના
મંદિરનો ઉપરનો દરવાજો બંધાવ્યો હતો.) 36યોથામના શાસન
દરમ્યાન બનેલા બાકીના બનાવો યહૂદાના રાજાઓના
ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે.

37એ સમય દરમ્યાન યહોવાએ અરામના રાજા રસીનને
અને રમાલ્યાના પુત્ર પેકાહને યહૂદા ઉપર ચડાઈ કરવા
મોકલવા માંડયા.

38પછી યોથામ મૃત્યુ પામ્યો, અને દાઉદના નગરમાં તેને
દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર આહાઝ રાજા
બન્યો.

## આહાઝનું યહૂદા પર શાસન

16 રમાલ્યાના પુત્ર પેકાહના શાસનનું 17મું વર્ષ ચાલતું
હતું યહૂદાના રાજા યોથામનો પુત્ર આહાઝ રાજા
બન્યો.

2જ્યારે તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 20 વર્ષની
હતી, તેણે યરૂશાલેમ ઉપર 16 વર્ષ શાસન કર્યુ, તેણે દાઉદની
જેમ પોતાના દેવ યહોવાની દષ્ટિએ યોગ્ય ગણાય એવું કંઈ
કર્યુ નહીં. 3તે ઈસ્રાએલી રાજાઓને પગલે ચાલ્યો; તેણે પોતાના
પુત્રને પણ અગ્નિની આરપાર ચલાવ્યો હતો. આ એ લોકો
દ્વારા અનુસરાતી ધૃણાજનક પ્રણાલી હતી જેમને
યહોવાએ ઈસ્રાએલમાંથી હાંકી કાઢયા હતાં જ્યારે તેમણે
ઈસ્રાએલ પર હુમલો કર્યો હતો 4ત્યારે ડુંગરોને ટેકરીઓ
ઉપરનાં થાનકોએ, અને દરેક ઘટાદાર વૃક્ષો નીચે તે યજ્ઞો
અને ધૂપ ચડાવતો.

5આ સમય દરમ્યાન અરામના રાજા રસીન અને
ઈસ્રાએલના રાજા પેકાહ બિન રમાલ્યાએ યરૂશાલેમ ઉપર
ચડાઈ કરી આહાઝને ઘેરી લીધો, પણ તેને નમાવી ન શકયા.
6તે જ સમયે અરામના રાજા રસીને એલાથને પાછું કબજે
કરી લીધું ને તેણે એલાથમાંથી યહૂદીઓને હાંકી કાઢયાં.
અરામીઓ એલાથમાં આવીને ત્યાં વસ્યા. આજ સુધી તેઓ
ત્યાં જ છે.

7પછી આહાઝે આશ્શૂરના રાજા તિગ્લાથ પિલેસેરને
સંદેશવાહકો મોકલીને કહેવડાવ્યું કે, "હું આપના પુત્ર બરાબર
છું. અને આપનો સેવક છું, આવો, અને ઈસ્રાએલના રાજાઓ
અને અરામીઓ સામે લડવામાં મારી મદદ કરો." 8આહાઝે
મંદિરમાંના અને રાજમહેલના ભંડારમાંના સોનું તથા ચાંદી
લઈને આશ્શૂરના રાજાને ભેટ મોકલી આપ્યાં. 9આશ્શૂરના
રાજાએ તેની વિનંતી માન્ય રાખી અને દમસ્ક પર ચડાઈ
કરી તે કબજે કર્યુ. અને ત્યાંના વતનીઓને કીરમાં દેશવટો
આપ્યો અને અરામના રાજા રસીનને મારી નાખવામાં આવ્યો.

10રાજા આહાઝ જયારે આશ્શૂરના રાજા તિગ્લાથ પિલેસેરને
મળવા દમસ્ક ગયો ત્યારે તેણે દમસ્કની વેદી જોઈ, પછી
તેણે એ વેદીનાં બધાં માપ સાથેની આકૃતિ યાજક ઉરિયાને
મોકલી. 11પછી દમસ્કથી આહાઝે મોકલેલી રૂપરેખા
પ્રમાણે યાજક ઉરિયાએ યરૂશાલેમમાં એક વેદી બંધાવી.
આહાઝ દમસ્કથી પાછો ફરે તે પહેલાં તેણે વેદી તૈયાર કરાવી
દીધી.

12રાજાએ પાછા આવીને વેદી જોઈ, તેની પાસે જઈ,
ઉપર ચડી, 13અને પોતાના તરફથી દહનાર્પણ, ખાદ્યાર્પણ
અને પેયાર્પણ ચડાવ્યાં અને પોતે ચડાવેલાં શાંત્યાર્પણનાં
પશુઓનું લોહી વેદી ઉપર છાંટયું.

14મંદિરની આગળ ઉભી કરેલી કાંસાની વેદીને તેણે
ખસેડીને નવી વેદીની ઉત્તર તરફ મૂકાવી દીધી. એટલે કે
મંદિર અને નવી વેદીની વચ્ચે. 15પછી રાજા આહાઝે યાજક
ઉરિયાને આજ્ઞા કરી કે, "હવેથી તમારે સવારની આહુતિ
અને સાંજનું અર્પણ અને રાજાના અર્પણો બધા લોકોની
આહુતિ અને પેયાર્પણો બધુ આ મોટી વેદી ઉપર જ ચડાવવું.
દરેક બલિદાનોનું લોહી અને બધાં અર્પણોનું લોહી તેની
ઉપર જ છાંટવું. કાંસાની વેદી ફકત મારી એકલાનીજ રહેશે."
16યાજક ઉરિયાએ રાજાના કહ્યા પ્રમાણે બધું કર્યુ.

17રાજા આહાઝે ખસતી ઘોડીઓની આડી પાટડીઓ કાઢી
નાખી, અને તેમાથી કૂડીઓ હટાવી દીધી, અને કાંસાના
બળદો ઉપર જ્યાં તેમને રાખી હતી ત્યાંથી ઉપાડીને પથ્થરની
ઘોડી ઉપર મૂકી દીધી. 18આશ્શૂરના રાજાને પ્રસન્ન કરવા
માટે તેણે મંદિરમાંથી પડદાવાળી બેસવાની જગ્યા અને
બહારનો દરવાજો પણ દૂર કરી નાખ્યો.

19આહાઝના શાસનનાં બીજાં બધાં કાર્યો યહૂદાના
રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે. 20અને
એ પછી રાજા આહાઝ મૃત્યુ પામ્યો અને તે પિતૃઓ ભેગો
પોઢી ગયો, અને તેને દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો,
તેના પછી તેનો પુત્ર હિઝિક્યા ગાદીએ આવ્યો.

## હોશિયાનું ઈસ્રાએલ પર શાસન

17 યહૂદાના રાજા આહાઝના શાસનનું 12મું વર્ષ
ચાલતું હતું તે સમયે, એલાહનો પુત્ર હોશિયા
સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો અને તેણે 9 વર્ષ શાસન
કર્યુ, 2તેણે યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ
કર્યુ. જો કે ઈસ્રાએલના આગળના રાજાઓ જેવું નહિં.

3આ આશ્શૂરના રાજા શાલ્માનેસેરે હોશિયાને હરાવ્યો અને
હોશિયા તેનો ગુલામ બની ગયો અને તેને ખંડણી આપતો
હતો.

4પણ હોશિયાએ તેને દગો આપ્યો અને મિસરના રાજા
'સો'ને સંદેશો મોકલ્યો. અને તે ખંડણી ભરતો હતો તે પણ
ભરી નહીં પાછળથી જ્યારે રાજાને આની ખબર પડી ત્યારે
તેને પકડીને કેદમાં પૂર્યો.

5પછી આશ્શૂરનો રાજા સમગ્ર દેશ પર ચઢી આવ્યો, ને
સમરૂન સુધી આવીને 3 વર્ષ સુધી તેને ઘેરો ઘાલ્યો.

6હોશિયાના શાસનના 9મે વરસે આશ્શૂરનો રાજા
સમરૂન કબજે કરવામાં સફળ થયો અને તે આશ્શૂરમાં
ઈસ્રાએલીઓને લઈ આવ્યો. તેણે તેમને હલાહ શહેરમાં,
ગોઝાનની નદી, હાબોર નદીને પાસે અને માદીઓના નગરમાં
વસાવ્યા.

7આમ થવાનું કારણ એ હતું કે, ઈસ્રાએલીઓએ તેમને
મિસરના રાજા ફારુનની ચુંગાલમાંથી છોડાવી, મિસરની
બહાર લાવનાર પોતાના દેવ યહોવાનો ગુનો કર્યો હતો તેમણે
બીજા દેવોની પૂજા કરવા માંડી હતી, 8તેઓ યહોવાએ હાંકી
કાઢેલી પ્રજાના રિવાજો તથા ઈસ્રાએલના રાજાઓએ શરું
કરેલા રિવાજો અનુસરવા લાગ્યા. 9તેમના યહોવા દેવની
દ્રષ્ટિએ અયોગ્ય હતું તેવું આચરણ ઈસ્રાએલીઓએ ગુપ્તરીતે
કર્યુ. તેઓએ તેમના બધાં શહેરોમાં, નિરીક્ષણ બુરજથી માંડીને
કિલ્લેબંધ નગરોમાં ઉચ્ચસ્થાનકો બાંધ્યાં. 10તેમણે દરેક
ઉચ્ચસ્થાન ઉપર અને ઘટાદાર વૃક્ષ નીચે સ્તંભો અને
અશેરાદેવીનાં પ્રતીકો ઊભાં કર્યા, 11અને યહોવાએ જેમને
હાંકી કાઢયા હતાં તે લોકોની જેમ ઉચ્ચસ્થાનકો પર દહનાર્પણ
અને આહવાહન કરવા લાગ્યા.તેમની આ વર્તણૂક થી
યહોવાનો રોષ ભભૂકી ઊઠયો. 12યહોવાએ તેમને કહ્યું હતું
કે, "આ તમારે કરવાનું જ નથી." તેમ છતાં તેમણે મૂર્તિપૂજા
શરૂ કરી.

13ઈસ્રાએલ અને યહૂદાના લોકોને યહોવાએ પ્રબોધકો
અને દ્રષ્ટાઓ દ્વારા ચેતવણી આપી. જેઓએ તેમને કહ્યું,
"તમારા અનિષ્ટ રસ્તાઓથી પાછા વળો અને મારા આદેશોનું
પાલન કરો જે મેં તમારા પિતૃઓને આપ્યો હતો અને મારા
સેવક પ્રબોધકો દ્વારા તમને કહેવડાવ્યો હતો.

14પણ ઈસ્રાએલીઓએ તેમના આદેશોનું પાલન ન કર્યુ
અને પોતે જે કરતા હતાં તે કરવાનું ચાલુ રાખ્યું. તેઓ તેમના
વડવાઓની જેમ જીદી હતા અને તેમને જે ગમ્યું તેજ કર્યુ.
તેમને યહોવા તેમના દેવ પર વિશ્વાસ નહોતો. 15તેમણે
યહોવાના હુકમોની, તેમના પિતૃઓએ કરેલા કરારની
અવગણના કરી તેમજ તેણે તેમને આપેલી ચેતવણીઓની
કાળજી ન કરી. તેઓએ નકામી મૂર્તિઓની પૂજા કરી.
આસપાસની પ્રજાઓનું અનુકરણ કર્યુ આ વસ્તું જેની
યહોવાએ તેમને ન કરવાની આજ્ઞા આપી હતી.

16તેમણે તેમના પોતાના યહોવા દેવની આજ્ઞાઓનો ત્યાગ
કર્યો અને તેમણે પોતાના માટે ઢાળાના બે પોઠિયા
બનાવડાવ્યાં. તેમણે અશેરાદેવીની મૂર્તિ કરાવી અને
આકાશનાં બધાં નક્ષત્રોની અને બઆલદેવની સેવાપૂજા કરવા
માંડી. 17તેમણે પોતાનાં સંતાનોને હોમયજ્ઞમાં હોમ્યાં. તેમણે
ભવિષ્ય જોવાનું શરું કર્યુ અને કામણટૂંમણ કરવાનું પણ શરૂ
કર્યુ. યહોવાની દ્રષ્ટિએ જે અયોગ્ય હતું એવા આચરણને
તેમણે અનુસર્યુ. અને આ રીતે પોતાની જાતને વેચી મારી
જેનાથી યહોવા નારાજ થયા ગુસ્સે ભરાયા. 18આ બધાને
કારણે યહોવાનો રોષ ઈસ્રાએલ સામે ભભૂકી ઊઠયો અને
તેણે તેમને પોતાની નજર આગળથી દૂર કર્યા. ફકત યહૂદાનું
કુળસમૂહ રહ્યું.

### યહૂદાના લોકો પણ દોષિત

19યહૂદાના લોકોએ પણ પોતાના યહોવા દેવની
આજ્ઞાઓની અવજ્ઞા કરી અને ઈસ્રાએલીઓના દુષ્ટ માર્ગોનું
તેઓએ અનુકરણ કર્યુ.

20તેથી યહોવાએ બધા ઈસ્રાએલીઓનો ત્યાગ કર્યો, તેમને
સજા કરી, અને તેમને ધાડપાડુઓને સોંપી દીધા અને છેલ્લે
તેમને પોતાની નજર આગળથી દૂર કર્યા. 21જયારે ઈસ્રાએલ
દાઉદના ઘરમાંથી છૂટું પડી ગયું ત્યારે ઈસ્રાએલીઓએ
નબાટના યરોબઆમને રાજા બનાવ્યો; તેણે ઈસ્રાએલીઓને
યહોવા વિરૂદ્ધ પાપ કરવા પ્રેર્યા અને ભયંકર પાપમાં નાખ્યા.
22તેમણે ખૂબ મુશ્કેલીઓનો સામનો કર્યો યરોબઆમે જે
પાપ કર્યા હતા તે ઈસ્રાએલીઓએ કરવાનું ચાલુ રાખ્યું.
23આખરે પ્રબોધકોએ જે ભવિષ્યકથન કર્યુ હતું તે બધુંજ
બન્યું. એટલે સુધી કે યહોવાએ તેઓને પોતાની નજર
આગળથી દૂર કર્યા. ઈસ્રાએલીઓને તેમનું વતન છોડવું
પડ્યું અને તેમને આશ્શૂર જવા માટે વિવરા કરવામાં આવ્યા,
અને આજે પણ તેઓ ત્યાં જ છે.

### સમરૂનના લોકોની શરૂઆત

24આશ્શૂરના રાજાએ બાબિલ, કૂથાહ,આવ્વા, હમાથ અને
સફાર્વાઈમના લોકોને લાવીને ઈસ્રાએલીઓને બદલે
સમરૂનનાં શહેરોમાં વસાવ્યા. આથી તેઓએ સમરૂનનો
કબજો લઈ તેનાં નગરોમાં વસવાટ કર્યો. 25પણ જ્યારે
તેઓએ ત્યાં વસવાનું શરૂ કર્યુ ત્યારે તેઓએ યહોવાની
આરાધના કરી નહોતી, તેથી યહોવાએ તેઓની પાસે સિંહ
મોકલ્યા, અને સિંહોએ તેઓમાંના કેટલાકને મારી નાખ્યા.
26આશ્શૂરના રાજાને કહેવામાં આવ્યું કે, "જે લોકોને દેશ
છોડાવીને તમે સમરૂનના નગરોમાં વસાવ્યા છે, તેઓને એ
દેશના દેવની ઉપાસનાની વિધિની ખબર નથી, આથી તેણે
તેમની વચ્ચે સિંહો મોકલ્યા છે અને તે સિંહો એમને ખાઈ
જશે, કારણ, તેમને પ્રદેશના દેવની ઉપાસનાની વિધિની
ખબર નથી."

27આથી આશ્શૂરના રાજાએ એવી આજ્ઞા કરી કે,
"સમરૂનમાંથી દેશ નિકાલ કરેલા યાજકોમાંથી એકને ત્યાં
પાછો મોકલો, જેથી તે ત્યાં જઈને રહે અને લોકોને દેશના
દેવની ઉપાસના કરવાનો રસ્તો શીખવે." 28તેથી એક યાજક
બેથેલમાં આવ્યો અને તેણે બાબિલમાંથી આવેલા લોકોને
યહોવાની ઉપાસના કેવી રીતે કરવી એની વિધિ શીખવી.

29છતાં પ્રત્યેક પ્રજાના લોકોએ પોતપોતાના દેવોની મૂર્તિઓ
બનાવવાનું ચાલુ રાખ્યું અને તેને સમરૂનના લોકોએ
ઉચ્ચસ્થાનો ઉપર ઊભાં કરેલાં થાનકોમાં મૂકી. તેમની
આજુબાજુના નગરના લોકોએ પણ તેમની ઈચ્છા મુજબ
કર્યુ. 30બાબિલના લોકો સુક્કોથ-બનોથને પૂજતા હતા. કૂથના
લોકો નેર્ગાલને, હમાથના લોકો અશીમાને, 31અને આવ્વાના
લોકો નિબ્હાઝ અને તાર્તાકને પૂજતા હતા, તો સફાર્વાઈમના
લોકો અદ્રામ્મેલેખ અને અનામ્મેલેખને પોતાનાં બાળકોની
અગ્નિમાં આહુતિ આપતાં હતાં.

32આ લોકો યહોવાની પણ પૂજા કરતા હતા, અને તેમણે
પોતાનામાંથી કોઈકને કોઈ એકને યાજક નિયુકત કર્યો જે
તેઓના મુખ્યસ્થાનોની મૂર્તિઓની સેવાપૂજા કરતો હતો.
33તેઓ યહોવાની પૂજા કરતા હતા અને સાથો સાથ પોતે જે
દેશમાંથી આવ્યા હતા તેની વિધિ પ્રમાણે પોતાના દેવોની
પણ પૂજા કરતા હતા.

34આજે પણ તે લોકોમાં આ જ વસ્તુ કરે છે. યાકૂબ જે
ઈસ્રાએલ કહેવાયો–ના વંશજોને યહોવાએ જે પ્રમાણે
સૂચનાઓ આપી હતી તે પ્રમાણે તેઓ યહોવાની ઉપાસના
કરતાં નથી. 35યહોવાએ તેઓની સાથે કરાર કર્યો હતો કે
તેઓએ વિદેશીઓના કોઈ–દેવોની પૂજા કરવી નહિં અને
તેઓને યજ્ઞો અર્પણ કરવાં નહિં. 36જે તમને પોતાની મહાન
શકિત દ્વારા મિસરમાંથી બહાર લઈ આવ્યા હતાં તમારે ફકત
યહોવાની જ ઉપાસના કરવાની છે, તમારે ફકત તેના જ
પગે પડવાનું છે અને યજ્ઞો અર્પવાનાં છે.

તેને અને ફકત તેનેજ માટે બલિદાન અર્પણ કરવાના છે.
37નિયમો કાયદા સૂચના અને હૂકમો જે તેણે (યહોવાએ)
તમને આપ્યા છે, તેનું તમારે જીવન પર્યત નિષ્ઠા પુર્વક
પાલન કરવાનું છે. તમારે બીજા કોઈ દેવની સેવા કરવાની
નથી. 38યહોવાએ જણાવ્યું હતું, "મેં તારી સાથે જે કરાર કર્યો
છે તેને તારે કદી ભૂલવાનો નથી, અને તેથી તારે અન્ય
દેવોની પૂજા કદી કરવી નહિં. 39તારે કેવળ યહોવાની ભકિત
કરવી, એ જ એક એવો છે જે તને તારા સર્વ શત્રુઓથી
બચાવશે."

40પણ ઈસ્રાએલીઓએ તે સાંભળ્યું નહિં ને અન્ય દેવોનું
આહવાહન કરવાનું ચાલુ રાખ્યું. 41આમ, એ લોકો યહોવાની
પણ ઉપાસના કરતા અને પોતાની મૂર્તિઓની પણ પૂજા
કરતા, અને તેમનાં સંતાનો તેમજ તેમનાં સંતાનોનાં સંતાનો
પણ આજે તેમના પિતૃઓની વિધિઓને વળગી રહ્યાં છે.

## યહૂદાના રાજા હિઝિક્યાનું રાજ

18 ઈસ્રાએલના રાજા એલાહના પુત્ર હોશિયાના
શાસનના 3જા વર્ષે આહાજનો પુત્ર હિઝિક્યા
યહૂદાનો રાજા થયો. 2તે રાજા થયો ત્યારે તેની ઉંમર 25
વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 29 વર્ષ રાજ કર્યુ, તેની
માતાનું નામ અબીયા હતું અને તે ઝખાર્યાની પુત્રી હતી.

3તેણે પોતાના પિતૃ દાઉદની જેમ યહોવાની દૃષ્ટિએ યોગ્ય
એવું આચરણ કર્યુ.

4તેણે ઉચ્ચસ્થાનો પરની સમાધિઓ દૂર કરી, અશેરાદેવીની
મૂર્તિ કાપી નાખી અને મૂસાએ તૈયાર કરાવેલા કાંસાના સાપને
તોડી ટુકડા કરી નાખ્યા, કારણ કે ત્યાં સુધી ઈસ્રાએલીઓ
તેને બલિદાનો અર્પણ કરતા હતા, તેણે તેઓને કહ્યું આ તો
ફકત કાંસાનો ટૂકડો છે.

5તેણે ઈસ્રાએલના દેવ યહોવા ઉપર વિશ્વાસ રાખ્યો હતો
તેની પેહલાં થઈ ગયેલા કે તેની પછી થયેલા યહૂદાના
રાજાઓમાં કોઈપણ તેના જેવો નહોતો. 6તે યહોવાને સંપૂર્ણ
નિષ્ઠાવાન હતો અને નિષ્ઠાવાનીમાં તે કદી ચલિત થયો નહોતો,
અને યહોવાએ મૂસાને જણાવેલી આજ્ઞાઓનું તે પાલન કરતો
હતો.

7આથી યહોવા તેની મદદમાં રહ્યાં અને તે જે કોઈ
જવાબદારી સ્વીકારતો તેમાં સફળ થતો, તેણે આશ્શૂરના રાજા
સામે બળવો કર્યો અને તેની તાબેદારી સ્વીકારવાની ના
પાડી. 8તેણે દૂર ગાઝા સુધીના પલિસ્તીઓને હરાવ્યા અને
નાના ગામોથી માંડીને મોટા કિલ્લેબંધીવાળાં શહેરો તેણે
જીતી લીધા.

## સમરૂનને કબ્જે કરતા આશ્શૂરીઓ

9યહૂદાના રાજા હિઝિક્યાના શાસનના 4થા વર્ષે એટલે કે
ઈસ્રાએલમાં હોશિયા રાજાના શાસનનું 7મું વર્ષ ચાલતું હતું
આશ્શૂરના રાજા શાલ્માનેસેરે ઈસ્રાએલ પર આક્રમણ કર્યુ
અને સમરૂન નગરને ઘેરો ઘાલ્યો, અને તે કબજે કર્યુ. 10તેણે
તે 3વર્ષ પછી કબજે કર્યુ. ઈસ્રાએલમાં, રાજા હોશિયા તેના
શાસનના 9માં વર્ષમાં હતો અને તે વર્ષે રાજા હિઝિક્યા તેના
યહૂદા પરના શાસનના છઠ્ઠા વર્ષમાં હતો. તે સમય દરમ્યાન,
સમરૂન નગરનું પતન થયું. 11તે વખતે આશ્શૂરનો રાજા
ઈસ્રાએલી લોકોને પકડીને લઈ ગયો. તેણે તેઓને આશ્શૂરના
નગર હલાહમાં, ગોઝાન પ્રદેશમાં, હાબોર નદીના કિનારા
પર અને માદીઓનાં નગરોમાં વસાવ્યા. 12આમ થવાનું કારણ
એ હતું કે તેઓ પોતાના દેવ યહોવાની આજ્ઞા માનતા નહોતા
અને યહોવાના કરારનો તેમજ યહોવાના સેવક મૂસાએ
જણાવેલી એકેએક આજ્ઞાઓનો ભંગ કરતા હતા. તેઓએ
પોતાના યહોવા દેવની વાણી સાંભળી નહિં અને તેમની
ઈચ્છા મુજબ ચાલ્યા નહિં.

## યહૂદા લેવા તત્પર આશ્શૂરીઓ

13હિઝિક્યાના અમલના 14માં વર્ષે આશ્શૂરના રાજા
સાન્હેરીબે યહૂદાનાં બધાં કિલ્લેબંદી નગરો ઉપર ચડાઈ
કરીને તે કબજે કરી લીધાં. 14ત્યારે યહૂદાના રાજા હિઝિક્યાએ
લાખીશ સુધી પહોંચેલા આશ્શૂરના રાજાને સંદેશો મોકલ્યો
કે, "મારી ભૂલ થઈ છે, તું મારી પાસેથી પાછો જા, તું જે
શરતો મારી આગળ રજૂ કરીશ તેનો હું સ્વીકાર કરીશ."

આથી આશ્શૂરના રાજાએ 11 ટન ચાંદીની અને એક ટન
સોનાની વસુલી માગી લીધી. 15હિઝિક્યાએ તેને યહોવાના
મંદિરમાંની અને રાજમહેલના ભંડારમાંથી બધી ચાંદી આપી
દીધી; 16તે સમયે તેણે, યહોવાના મંદિરમાં સોનાના પતરાંથી
મઢેલા બારણાં અને બારસાખોને કાપી નાખ્યાં તેણે તે બધુંય
આશ્શૂરના રાજાને આપી દીધું.

## માણસોને યરૂશાલેમ મોકલતો આશ્શૂરનો રાજા

17લાખીશથી આશ્શૂરના રાજાએ સેનાપતિઓને, અને તેના
મહત્વના અમલદારોને વિશાળ લશ્કર સાથે યરૂશાલેમ
મોકલ્યા. અને તેમણે યરૂશાલેમ પહોંચીને ધોબીઘાટને ધોરી
માર્ગ પર આવેલા ઉપલા તળાવના ગરનાળા આગળ પડાવ

નાખ્યો, 18અને રાજાને તેડાવ્યો; એટલે રાજાના મહત્વના અમલદારો હિલ્કિયાનો પુત્ર એલ્યાકીમ જે મહેલનો મુખ્ય કારભારી હતો, રાજયમંત્રી શેબ્ના અને આસાફનો પુત્ર યોઆહ જે નોંધણીકાર હતો એ સૌને તેમને મળવા મોકલ્યા.
19સેનાપતિઓએ તેમને કહ્યું કે, હવે તમે હિઝિક્યાને જઈને કહો કે, આશ્શૂરનો રાજા કહે છે કે,

"તને આટલો બધો આત્મવિશ્વાસ શેનાથી છે? 20શું તું એમ સમજે છે કે, ખાલી મોઢાની વાતો, મુત્સદીગીરી અને લશ્કરી બળનું સ્થાન લઈ શકે છે? તું કોનો અધાર રાખીને મારી સામે બંડ પોકારે છે? 21મિસરીઓ ઉપર? મિસર તો ભાગેલા બરુ જેવું છે; જે કોઈ એનો આધાર લે છે તેમના હાથ કપાઈ જાય છે. મિસરના રાજા ફારુનનો વિશ્વાસ કે આધાર રાખી શકાય નહીં." 22અને કદાચ તમે એવું કહો, 'અમને મુશ્કેલીઓ અને પીડામાંથી બચાવવા માટે અમે યહોવા ઉપર વિશ્વાસ રાખીએ છીએ,' તો શું એ તમે નહોતા કે જેણે, ઉચ્ચસ્થાનો, જ્યાં યહોવાને યજ્ઞો કરાતાં હતાં તેનો નાશ કર્યો? અને એ તમે નહોતા કે જેણે યહૂદા અને યરૂશાલેમના લોકોને કહ્યું હતું કે તેઓએ ફકત યરૂશાલેમમાં પૂજા કરવી જોઈએ?"
23તેથી હવે હું તમને કહું છું, "મારા ધણી આશ્શૂરના રાજા સાથે સોદો કરી શકે તેવા 2,000 સૈનિકો તમારી પાસે હોય તો હું તમને 2,000 આપવા તૈયાર છું. 24તમે મારા ઘણીના સેવકોનાં એકપણ કપ્તાનને કેવીરીતે હરાવી શકો? જો તમે રથો અને ઘોડાઓ માટે મિસર ઉપર આધાર રાખો તો? 25તમે શું એમ માનો છો કે, હું આ દેશને ખેદાન-મેદાન કરવા ચડી આવ્યો છું. તે યહોવાની સંમતિ વગર આવ્યો હોઈશ? યહોવાએ પોતે મને કહ્યું છે કે, "તું આ દેશ પર ચડાઈ કરી એને ખેદાનમેદાન કરી નાંખ."

26એલ્યાકીમ, શેબ્ના અને યોઆહે સેનાપતિઓને કહ્યું, "મહેરબાની કરીને અમારી સાથે અરામીમાં બોલો, અમે એ ભાષા સમજીએ છીએ અમારી સાથે યહૂદીઓની ભાષામાં ના બોલશો. કારણકે બધા લોકો જેઓ દિવાલ પર છે તેઓ સમજી જશે કે તમે શું કહી રહ્યાં છો!"
27પણ સેનાપતિએ કહ્યું, "શું અમારા રાજાએ મને તમારી સાથે અને તમારા રાજાની સાથે જ વાત કરવા મોકલ્યો છે? તેણે મને આ કોટ પરના લોકોને પણ કહેવા મોકલ્યો છે કારણ કે? તેમણે પણ તમારી જેમ પોતાનાં મળમૂતર ઉપર જીવવું પડશે."
28પછી આશ્શૂરના આ સંદેશવાહકે પેલા કોટ પર ઊભેલા લોકો સાંભળે તે રીતે મોટા સાદે હિબ્રૂ ભાષામાં કહ્યું, "આશ્શૂરના રાજાધિરાજનો સંદેશ સાંભળો: 29રાજા કહે છે, "હિઝિક્યાથી ભોળવાશો નહિં, એ તમને મારા હાથમાંથી કદાપિ બચાવી શકશે નહિં.' 30હિઝિક્યાને અનુમતિ ન આપશો કે તે તમને યહોવા પર આધાર એમ કહીને રખાવે, "યહોવા ચોક્કસપણે આપણને બચાવશે અને આ નગરનું આશ્શૂરના રાજાના હાથે પતન નહીં થાય."
31તમે હિઝિક્યા રાજાનું ચોક્કસ સાંભળશો નહિં, કારણકે આશ્શૂરનો રાજા કહે છે,"મારી સાથે સુલેહ કરો અને મારી પાસે આવો. પછી તમે દરેક તમારા પોતાના દ્રાક્ષના વાડાના અને અંજીરના ઝાડોના ફળનો આનંદ માણશો. અને તમારા પોતાના કૂવાનું પાણી પીશો." 32ત્યાં સુધી અહીં તમારા દેશમાં તમે શાંતિથી રહી શકો છો.ત્યાર પછી હું તમને તમારા દેશ જેવાજ એક દેશમાં લઈ જઈશ, અનાજ અને દ્રાક્ષારસનો દેશ, રોટલી અને દ્રાક્ષની વાડીઓનો દેશ, જૈતુન અને મધનો દેશ-તમે આમ કરો જેથી તમે મરશો નહીં પણ જીવી જશો પણ જ્યાંરે હિઝિક્યા રાજા તમને કહેકે યહોવા તમને ઉગારશે તો તેને સાંભળશો નહીં. 33કોઈપણ પ્રજાના દેવે મારા હાથમાંથી એના દેશને બચાવ્યો છે ખરો? 34હમાથ અને આર્પાદના દેવો કયાં છે? કયાં છે સફાર્વાઈમ, હેના અને ઈવ્વાહના દેવો? એ દેવો સમરૂનને મારા હાથમાંથી છોડાવવા સમર્થ હતા ખરા? 35આ બધા દેશોના દેવોમાંથી કયા દેશના દેવો પોતાના દેશને મારા હાથમાંથી છોડાવી શક્યા? તો કેવી રીતે યહોવા યરૂશાલેમને મારા હાથમાંથી છોડાવશે?"
36બધા લોકો મૂંગા રહ્યા, કોઈ એક શબ્દ પણ બોલ્યું નહિં. કારણ, રાજાએ હુકમ કર્યો હતો કે, "કોઈ એને જવાબ ન આપશો."
37મહેલોના મુખ્ય કારભારી હિલ્કિયાનો પુત્ર એલ્યાકીમ, મંત્રી શેબ્ના અને આસાફનો પુત્ર નોંધણીકાર યોઆહ, હિઝિક્યા રાજાની પાસે ગયા. તેઓએ નિરાશ થઈને પોતાનાં વસ્ત્રો ફાડયાં અને આશ્શૂરના રાજાના મુખ્ય સેનાપતિએ જે કહ્યું હતું તે તેને કહી સંભળાવ્યું.

## પ્રબોધક યશાયાની યહૂદા માટે મધ્યસ્થી

19 હિઝિક્યા રાજાએ તેઓની પાસેથી સંદેશો સાંભળ્યો તરત જ તેણે પોતાનાં વસ્ત્રો ફાડયાં. ત્યાર પછી તેણે શણનાં વસ્ત્રો પહેર્યા પછી તે યહોવાના મંદિરમાં પ્રાર્થના કરવા ગયો.
2તેણે મહેલના કારભારી એલ્યાકીમને, મંત્રી શેબ્નાને તથા વડીલ યાજકોમાંના કેટલાકને જે બધાએ શણનાં વસ્ત્રો પહેર્યા હતા, તેમને આમોસના પુત્ર યશાયા પ્રબોધક પાસે સંદેશો આપવા મોકલ્યા. 3તેમણે જઈને કહ્યું, હિઝિક્યાએ આ પ્રમાણે કહેવડાવ્યું છે: આજે અમારા માટે દુ:ખનો દિવસ છે, સજાનો અને નામોશીનો દિવસ છે; કેમ કે બાળક જન્મવા તૈયાર છે, પણ તેને જન્મ આપવાની શકિત માતા પાસે નથી, એવી અમારી દશા છે. 4આશ્શૂરના રાજાએ પોતાના સેનાપતિઓને અમારા યહોવાની મશ્કરી કરવા મોકલ્યા છે. તમારા દેવ યહોવા તેના શબ્દો સાંભળો અને તેને સજા કરે, તેથી હવે બાકી રહેલાઓ માટે પ્રાર્થના કરો."

5રાજા હિઝિક્યાના મંત્રીઓએ યશાયા પાસે આવીને
રાજાનો સંદેશો જણાવ્યો. 6યશાયાએ જવાબ આપ્યો, "જાવ
અને તમારાં રાજાને કહો," યહોવા કહે છે કે આશ્શૂરના
રાજાના સેવકો એ મારા વિષે ખોટી વાતો કરી હતી તેનાથી
તમે ગભરાશો નહીં." 7જુઓ, હું તેનામાં એક આત્મા મૂકીશ,ને
તે એક અફવા સાંભળીને પોતાના દેશમાં પાછો જશે; પછી
હું તેને તેના પોતાના દેશમાં તલવારથી મારી નાખીશ."

## હિઝિક્યાને ચેતવતો આશ્શૂરનો રાજા

8 આશ્શૂરનો વડો અમલદાર પાછો ફર્યો ત્યારે તેને સમાચાર
મળ્યા કે, રાજા લાખીશ તેને છોડી જઈ લિબ્નાહ સામે લડી
રહ્યો છે એટલે તે તેને ત્યાં જઈને મળ્યો.
9આશ્શૂરના રાજાને એવા સમાચાર મળ્યા કે કુશનો રાજા
તિર્હાકાહ તેના પર ચડાઈ કરવા આવે છે એટલે તેણે ફરી
યહૂદાના રાજા હિઝિક્યાને પત્ર મોકલી કહેવડાવ્યું કે,
10"તું, યહૂદાના રાજાહિઝીક્યાને જરુર કહેજે કે તું
જેના ઉપર વિશ્વાસ રાખીને બેઠો છે તે તારો યહોવા
દેવ તને એમ કહીને છેતરે નહીં કે,"યરૂશાલેમ
આશ્શૂરના રાજાના તાબામાં જવાનું નથી." 11તું તો
સારી રીતે જાણે છે કે આશ્શૂરના રાજાઓ જ્યાં ગયા
ત્યાં તેઓએ શું કર્યુ છે તેઓએ સર્વનાશ કર્યો છે, તો
પછી એ તને કયાંથી છોડવાનો છે? 12પ્રજાઓના દેવો,
જેનો મારા પૂર્વજોએ વિનાશ કર્યો હતો તેમને બચાવી
શક્યા? તેમાં ગોઝાન, હારાન, રેસેફ અને તલાસ્સારમાં
રહેતા એદેનના લોકોનો સમાવેશ થાય છે?" 13હમાથના
રાજાની, આર્પાદના રાજાની, સફાર્વાઈમના રાજાની તથા
હેનાના અને ઈવ્વાહના રાજાની કેવી દશા થઈ?

## યહોવાને પ્રાર્થના કરતો હિઝિક્યા

14હિઝિક્યાએ સંદેશવાહકો પાસેથી પત્ર લીધો, પછી તે
યહોવાના મંદિરમાં ગયો અને યહોવાની સમક્ષ એ પત્ર
ખુલ્લો કરીને વાંચ્યો. 15પછી હિઝિક્યાએ યહોવા આગળ
પ્રાર્થના કરી કે, હે ઈસ્રાએલના દેવ યહોવા, "જેમનું આસન
કરૂબના દેવદૂતો ઉપર છે, પૃથ્વી પરનાં સર્વ લોકોના દેવ તમે
એકલા જ છો, તમે આકાશ અને પૃથ્વીના સર્જનહાર છો.
16હે યહોવા, તમે કાન દઈને સાંભળો, તમારી આંખો ઉઘાડો
અને જુઓ, અને ધ્યાનથી સાંભળો કે કેવી રીતે સાન્હેરીબ
હાજરાહજુર દેવની મશ્કરી કરે છે. 17હવે યહોવા, ખરેખર
આશ્શૂરના રાજાઓએ પ્રજાઓનો તથા તેમના દેશોનો નાશ
કર્યો છે. 18અને તેમના દેવોને અગ્નિમાં પધરાવી દીધા છે!
પણ એ દેવો નહોતા, એ તો માણસોના હાથની બનાવેલી
વસ્તુ, ફકત પથ્થર અને લાકડાં હતાં, અને તેથી જ તેમણે
તેમનો નાશ કર્યો હતો. 19પણ હવે, ઓ અમારા દેવ યહોવા,
અમને તેમના હાથમાંથી ઉગારો અને પૃથ્વીનાં બધાં રાજયોને
ખબર પડવા દો કે તમેજ એક માત્ર દેવ છો."
20પછી આમોસના પુત્ર યશાયાએ હિઝિક્યાને સંદેશો
પહોંચાડયો કે, "ઈસ્રાએલના દેવ યહોવા આમ કહે છે કે,
"તે આશ્શૂરના રાજા સાન્હેરીબ વિરૂદ્ધ મને પ્રાર્થના કરી
હતી. મેં તારી પ્રાર્થના સંભળી છે."
21તેના વિષે યહોવા જે વચન બોલ્યા છે તે આ છે:
"સિયોનની કુંવારી પુત્રી તને તુચ્છ ગણે છે, તિરસ્કાર
સહિત તારી હાંસી ઉડાવે છે; યરૂશાલેમની પુત્રીએ તારા
તરફ પોતાનું ડોકુ ધુણાવ્યું છે.
22તમે કોની મજાક કરી છે? કોની ટીકા કરી છે? તેં કોની
સામે અવાજ ઉઠાવ્યો છે,ને ઉદ્ધતાઈભરી નજર કરી છે? તે
ઈસ્રાએલના પવિત્ર દેવ નથી!
23તારા નોકરો મારફત તેં યહોવા વિષે ખરાબ વાતો કરી
છે. તે કહ્યું છે કે, "મારા રથો વડે હું પર્વતોના શિખર પર,
લબાનોનના દૂરતમ ખૂણાઓ માં ચઢયો છું, તેનાં સૌથી ઊંચા
એરેજવૃક્ષોને તથા તેનાં ઉત્તમ દેવદારનાં વૃક્ષોને મેં કાપ્યા;
હું જંગલના સૌથી ગીચ પ્રદેશોમાં પ્રવેશ્યો.
24મેં જીતેલાં પ્રદેશોમાં કૂવા ખોદીને પરભોમનાં પાણી
પીધાં છે, અને મારા પગનાં તળિયાથી મેં મિસરની બધી
નદીઓ સૂકવી નાખી છે.
25"તેં સાંભળ્યું નથી પણ મેં વિચારી જ રાખ્યું હતું. પ્રાચીન
કાળથી મેં એની યોજના કરી હતી અને અત્યારે મેં એ
પરિપૂર્ણ કરી છે. મેં તને કિલ્લેબંધ શહેરોને ખંડેરોમાં બદલવા
દીધા હતાં.
26તેથી ત્યાંના રહેવાસીઓ શકિતહીન, ભયભીત અને
હાંફળાં-ફાંફળાં બની ગયાં હતાં, અને વગડાના છોડ જેવાં,
કુમળા ઘાસ જેવાં, ધાબા ઉપર ઊગી નીકળેલાં ને લૂથી બળી
ગયેલા ઘાસ જેવાં બની ગયાં હતાં.
27તારું નીચે બેસવું, તારું બહાર જવું, તારું અંદર આવવું
તથા મારા પર તારું કોપાયમાન થવું એ સર્વ હું જાણું છું.
28મારા પર ક્રોધ કરવાને લીધે હું તારા નાકમાં કડી
પહેરાવવાનો છું અને તારા મોંમા લગામ નાખવાનો છું
અને જે રસ્તે તું આવ્યો એ જ રસ્તે હું તને પાછો વાળી
દેવાનો છું."

## હિઝિક્યાને યહોવાનો સંદેશ

29પછી યહોવાએ હિઝિક્યાને કહ્યું, 'આ તારા માટે આ
ચિન્હ છે. આ વરસે તમે આપમેળે ઊગી નીકળેલા દાણા
ખાશો, અને બીજે વરસે એના દાણાંમાંથી પાકેલું અનાજ
ખાશો, અને ત્રીજે વર્ષે તમે વાવજો અને લણજો, દ્રાક્ષની
વાડીઓ કરજો અને તેનાં ફળ ખાજો. 30યહૂદાના વંશના
રહ્યાસહ્યા માણસો, જેનાં મૂળ ઊંડાં ગયાં છે એવા છોડની
જેમ ફૂલશે-ફાલશે; 31કારણ કે યરૂશાલેમમાં અને સિયોન
પર્વત ઉપર કેટલાક માણસો બચી જવા પામશે, યહોવાની
આસ્થાના પ્રતાપે આ બધું સિદ્ધ થશે.
32"એટલે આશ્શૂરના રાજાના સંબંધમાં યહોવાની વાણી
આ પ્રમાણે છે, "તે આ શહેરમાં પ્રવેશ નહિં કરે; તેમ તે
એની સામે બાણ પણ નહિં વીંધે, ઢાલ લઈને એની સામે
નહિં આવે, તેમ એની સામે મોરચો નહીં માંડે ઘેરો ઘાલવાનો
ઢોળાવ પણ નહીં બાંધે.

33એ જે રસ્તે આવ્યો તે રસ્તે પાછો જશે. આ શહેરમાં તે
પ્રવેશ નહિં કરે. આ હું યહોવા બોલું છું.
34મારે પોતાને માટે તેમજ મારા સેવક દાઉદને માટે હું
આ નગરનું રક્ષણ કરીશ અને એને ઉગારી લઈશ."

### આશ્શૂરી સેનાનો વિનાશ

35એ જ રાત્રે યહોવાના દૂતે જઈને આશ્શૂરીઓની
છાવણીમાં 1,85,000 માણસોને મારી નાખ્યા, અને સવારે
લોકો એ જાગીને જોયુ તો બધા મરેલાં પડ્યાં હતાં.
36તેથી આશ્શૂરનો રાજા સાન્હેરીબ પાછો ઘરે જતો રહ્યો.
તે નિનવેહમાં રહ્યો. 37એક દિવસ તે પોતાના દેવ નિસ્રોખના
મંદિરમાં પૂજા કરતો હતો ત્યારે તેના પુત્રો અદામ્મેલેખે અને
શારએસેરે તેને તલવારથી મારી નાખી 'અરારાટ' દેશમાં ભાગી
ગયા. તેનો પુત્ર એસાર–હાદોન તેના પછી ગાદીએ આવ્યો
અને રાજ કર્યું.

### હિઝિક્યાની માંદગી

20 આ સમય દરમ્યાન રાજા હિઝિક્યા મરણતોલ
માંદગીમાં સપડાયો, ત્યારે આમોસના પુત્ર યશાયા
પ્રબોધકે તેની મુલાકાતમાં રાજાને કહ્યું, 'આ યહોવાનાં વચન
છે, "તારા કુટુંબની છેલ્લી વ્યવસ્થા જે કરવી હોય તે કરી લે,
મરણની તૈયારી કર, હવે તું સાજો થવાનો નથી.
2ત્યારે હિઝિક્યાએ ભીત તરફ મોં કરી યહોવાને આ પ્રમાણે
પ્રાર્થના કરી; 3"ઓ યહોવા, એટલું ધ્યાનમાં રાખજે, અને
યાદ રાખજે કે હું સફળ અને પ્રમાણિક જીવન જીવ્યો છું
અને તે ચોધાર આંસુએ રડી પડયો.
4યશાયા ત્યાંથી નીકળીને નગરની અધવચ પહોંચ્યો તે
પહેલાં એમ બન્યું કે તેને યહોવાની વાણી સંભળાઈ, કે 5"તું
પાછો જઈને મારા લોકોના આગેવાન હિઝિક્યાને કહે કે,
'આ તારા પિતૃ દાઉદના દેવ યહોવાનાં વચન છે: મેં તારી
પ્રાર્થના સાંભળી છે અને તારાં આંસુ જોયાં છે. હું તને સાજો
કરીશ અને આજથી 3જે દિવસે તું મંદિરે જઈશ. 6હું 15 વર્ષ
તારું આયુષ્ય વધારીશ. તને અને આ શહેરને આશ્શૂરના
રાજાના હાથમાંથી ઉગારી લઈશ. મારી પોતાની અને મારા
સેવક દાઉદને આપેલ વચન માટે હું એનું રક્ષણ કરીશ."
7યશાયાએ કહ્યું, "અંજીરની પોટીસ લાવીને તેના ગૂંમડા
ઉપર લગાવો અને રાજા સાજો થઈ જશે."

### હિઝિક્યાનો સંકેત

8પછી હિઝિક્યાએ યશાયાને પૂછયું, "યહોવા મને સાજો
કરી દેશે અને હું 3 દિવસમાં મંદિરે જઈશ એની એંધાણી
શી?"
9યશાયાએ કહ્યું, "આ એંધાણી યહોવા તરફથી આવે છે.
હાં તેમણે જેનું વચન આપ્યું હતું તે જરુર કરે છે. આ પડછાયો
10 ડગલા આગળ જાય કે 10 ડગલા પાછો જાય."
10ત્યારે હિઝિક્યાએ કહ્યું, પડછાયાને 10 ડગલા આગળ
જવું તો સહેલું છે, પણ એ 10 ડગલા પાછળ જાય એમ
કરો."
11પ્રબોધક યશાયાએ યહોવાને મોટેથી પોકાર કર્યો,
પડછાયાને 10 ડગલા પાછળ હઠાવ્યો આ રીતે સૂર્ય આહાઝના
સૌર–ઘડિયાલ ઉપર ક્ષીણ થયો.

### બાબિલનો માણસ અને હિઝિક્યા

12તે સમયે બાબિલના રાજા બાલઅદાનના પુત્ર બરોદાખ–
બાલઅદાને કેટલાક માણસોને શુભેચ્છા પત્રો અને ભેટ લઈને
હિઝિક્યા પાસે મોકલ્યા કારણ કે તેણે તેની માંદગીના સમાચાર
જાણ્યા હતા. 13હિઝિક્યાએ તેઓનો આભાર માન્યો અને
તેઓને પોતાનો આખો ખજાનો બતાવ્યો, તેના ભંડારના
બધાજ ચાંદી, સોનું, સુગંધી દ્રવ્યો, મૂલ્યવાન તેલ અને
શસ્રભંડાર એ સર્વ તેને બતાવ્યું.
14ત્યારે પ્રબોધક યશાયાએ આવીને હિઝિક્યાને પૂછયું,
"એ લોકો કયાંથી આવ્યા અને તેમણે શું કર્યુ?"
હિઝિક્યાએ કહ્યું, "તેઓ દૂરદૂરના દેશ બાબિલથી
આવ્યા છે.
15યશાયાએ પૂછયું, "એ લોકોએ તારા મહેલમાં શું શું
જોયું?" હિઝિક્યાએ કહ્યું, "એ લોકોએ મારા મહેલમાં બધું
જ જોયું છે. જે કંઈ પણ ભંડારમાં હતું તે બધું તેમણે જોયું
છે, ત્યાં કંઈ બાકી નહોતું બચ્યું જે મેં તેમને ન બતાવ્યું
હોય."
16ત્યારે યશાયાએ કહ્યું, "યહોવાનાં વચન સાંભળ, તે કહે
છે; 17એવો સમય આવી રહ્યો છે જયારે તારા મહેલમાંનું
બધુંજ, તારા પિતૃઓએ આજ સુધી જે કંઈ ભેગું કર્યુ છે તે
બધુંજ, બાબિલ લઈ જશે. કશું જ બાકી રહેશે નહિં. 18અને
તારા પોતાના પુત્રોને લઈ જઈને બાબિલના રાજાના મહેલમાં
નોકરો તરીકે રાખવામાં આવશે."
19હિઝિક્યાએ કહ્યું, "તમે યહોવાનાં જે વચન સંભળાવ્યાં
તે સારાં છે."
તેણે વિચાર્યુ કે, "હું જીવીશ ત્યાં સુધી તો શાંતિ અને
સુરક્ષા કાયમ રહેશે ને?"
20હિઝિક્યાના શાસનનાં બીજા બનાવો અને તેણે કરેલા
કાર્યોની તથા તેણે નગરમાં પાણી લાવવા માટે બંધાવેલાં
નહેરો અને બંધો આ બધું "યહૂદાના રાજાઓનાં ઈતિહાસ"
નામક પુસ્તકમાં લખાયેલા છે. 21એ પછી હિઝિક્યા
પિતૃલોકને પામ્યો એટલે તેનો પુત્ર મનાશ્શા તેના પછી
ગાદીએ આવ્યો અને રાજ કરવા લાગ્યો.

### મનાશ્શાનો દુષ્ટ અમલ

21 યહૂદાનો નવો રાજા મનાશ્શા ગાદીએ આવ્યો ત્યારે
તેની ઉંમર 12 વર્ષની હતી, તેણે યરૂશાલેમમાં 55
વર્ષ રાજ કર્યુ, તેની માતાનું નામ હેફસીબાહ હતું.
2યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યું જેવી
કે પ્રજાઓ દ્વારા કરાતી તિરસ્કૃત વસ્તુઓ જેને યહોવાએ
હાંકી કાઢી હતી જ્યારે યહોવાએ તેમની જમીન
ઈસ્રાએલીઓને આપી દીધી હતી. 3તેના પિતા હિઝિક્યાએ

તોડી પાડેલા ઉચ્ચસ્થાનો ઉપરનાં થાનકો તેણે ફરી બંધાવ્યાં,
તેણે બઆલને માટે યજ્ઞ વેદીઓ ચણાવી અને ઈસ્રાએલના
રાજાની જેમ અશેરાદેવીની મૂર્તિ બનાવી અને તેની પૂજા
કરી, અને આકાશમાંનાં બધાં નક્ષત્રોની સેવાપૂજા કરવાનું
શરૂ કર્યુ. 4જે મંદિર વિષે યહોવાએ એમ કહ્યું હતું કે,
"યરૂશાલેમમાં મારા નામની સ્થાપના કરીશ." તે મંદિરમાં
તેણે વેદીઓ ઊભી કરી. 5યહોવાના મંદિરનાં, બંને પ્રાંગણમાં
આકાશમાંના બધાં નક્ષત્રો અને ગ્રહો માટે વેદીઓ બંધાવી.
6તેણે પોતાના પુત્રને હોમયજ્ઞમાં હોમી દીધો. તે લાભમુહૂર્ત
પૂછતો, જાદુ કરતો, ને ભુવાઓ તથા જાદુગરો સાથે વ્યવહાર
રાખતો; તેણે યહોવાને ન ગમે તેવાં બીજા અનેક કાર્યો કરી
યહોવાનો રોષ વહોરી લીધો.

7તેણે અશેરાદેવીની કંડારેલી મૂર્તિ બનાવડાવી અને તેને
યહોવાના મંદિરમાં સ્થાપી, જે યહોવાએ દાઉદને અને તેના
પુત્ર સુલેમાનને કહ્યું હતું કે, ઈસ્રાએલના બધા વંશોના
પ્રદેશમાંથી યરૂશાલેમ નગરીનો આ પ્રદેશ પસંદ કર્યો હતો.
જ્યાં મારું મંદિર છે અને મારું નામ જ્યાં હંમેશા સ્થપાયેલું
રહેશે. 8જો ઈસ્રાએલીઓ મારા સેવક મૂસાએ તેમને સોંપેલી
મારી બધી આજ્ઞાઓ અને મારા ઉપદેશોનું પાલન કરશે તો
હું તેમને, તેમના પૂર્વજોની ભૂમિમાંથી જવા નહીં દઉં. 9પણ
તે લોકોએ સાંભળ્યું નહિં અને મનાશ્શાએ તેમની પાસે હજુ
ખરાબ કામો કરાવ્યા જે ઈસ્રાએલીઓ પહેલાની પ્રજા જેનો
યહોવાએ વિનાશ કર્યો હતો.

10ત્યારે યહોવાએ પોતાના સેવક પ્રબોધકો મારફતે કહ્યું
કે, 11"યહૂદાના રાજા મનાશ્શાએ આ બધાં શરમજનક કાર્યો
કર્યા છે, અને એના પહેલાં અમોરીઓએ કરેલાં દુષ્ટ કૃત્યોને
પણ તેઓ વટાવી ગયાં છે, અને એણે યહૂદાના લોકોને
મૂર્તિપૂજા કરાવીને પાપમાં પ્રેર્યા છે. 12તેથી હું આ વચનો
ઉચ્ચારું છું; હું યહોવા, યરૂશાલેમ અને યહૂદા ઉપર એવી
આફત ઉતારીશ કે જે કોઈ એ સાંભળશે તેના કાનમાં તે
ગુંજયાં કરશે. 13હું યરૂશાલેમને, સમરૂનને જે દોરીથી માપ્યું
હતું તે જ દોરીથી માપીશ, અને આહાબને માટે વાપર્યો હતો
તે જ ઓળંબો એને માટે પણ વાપરીશ, કોઈ માણસ થાળી
સાફ કરીને ઊંધી પાડી દે તેમ હું યરૂશાલેમને સાફ કરી
નાખીશ. 14મારા પોતાના લોકોમાંના બાકી રહેલાઓને હું
ફગાવી દઈશ અને તેમને તેમના દુશ્મનોના હાથમાં સોંપી
દઈશ; તેઓ લૂંટનો અને દુશ્મનોનો ભોગ થઈ પડશે. 15કારણ
તેમના પિતૃઓએ મિસરમાંથી બહાર આવ્યા ત્યારથી આજ
સુધી મારી દ્રષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કરી તેમણે
મારો રોષ વહોરી લીધો છે. 16વળી મનાશ્શાએ યરૂશાલેમ
લોહીથી છલોછલ ભરાઈ જાય એટલું બધું નિર્દોષોનું લોહી
રેડયું હતું. ઉપરાંત, તેણે યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય
એવું આચરણ કરી યહૂદાવાસીઓને જે પાપ કરવા પ્રેર્યા તે
તો જુદું."

17મનાશ્શાના શાસનનાં બીજા બનાવો અને કાર્યો યહૂદાના
રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે.
18મનાશ્શા પિતૃલોકને પામ્યો અને તેને ઉઝ્ઝાના બગીચામાં
આવેલી તેના કુટુંબની કબરમાં દફનાવવામાં આવ્યો, તેના
પછી તેનો પુત્ર આમોન ગાદીએ આવ્યો.

### આમોનનું ટૂંક શાસન

19જ્યારે આમોન રાજા બન્યો ત્યારે તેની ઉંમર 22 વર્ષની
હતી અને તેણે યરૂશાલેમમાં 2 વર્ષ રાજ કર્યુ, તેની માતાનું
નામ મશુલ્લેમેથ હતું, તે યોટબાહના હારુસની પુત્રી હતી.

20તેણે તેના પિતા મનાશ્શાની જેમ યહોવાની દ્રષ્ટિમાં
અયોગ્ય તેવું આચરણ કર્યુ. 21તેના પિતાની જેમ તેણે પણ
ભૂંડાઈથી રાજ કર્યુ, તેણે એ જ મૂર્તિઓની પૂજા ચાલુ રાખી.
22તેણે પોતાના પિતૃઓના યહોવા દેવનો ત્યાગ કર્યો અને
દેવની સલાહ સાંભળવાની ના પાડી.

23આખરે તેના નોકરોએ તેની વિરૂદ્ધ કાવતરું ઘડીને, અને
તેને રાજમહેલમાં મારી નાખ્યો. 24પરંતુ દેશના લોકોએ
બધા કાવતરાખોરોને મારી નાખ્યા અને તેના પુત્ર યોશિયાને
ગાદીએ બેસાડયો.

25રાજા આમોનના શાસનનાં બીજાં બનાવો અને કાર્યો
યહૂદાના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા
છે. 26તેને ઉઝ્ઝાના બગીચામાં તેના પિતાની કબરમાં
દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર યોશિયા ગાદીએ
આવ્યો.

### યોશિયાનું યહૂદા પર શાસન

22 જ્યારે યહૂદાનો નવો રાજા યોશિયા ગાદીએ આવ્યો
ત્યારે 8 વર્ષનો હતો, તેણે યરૂશાલેમ પર 31 વર્ષ
રાજ કર્યુ, તેની માતાનું નામ યદીદા હતું. તે બોસ્કાથના
અદાયાની પુત્રી હતી. 2તેનું શાસન સારું હતું. તે તેના પિતૃ
દાઉદને પગલે ચાલ્યો અને સંપૂર્ણ રીતે યહોવાને આધીન
રહ્યો.

### મંદિરના જીર્ણોદ્ધારનો આદેશ આપતો યોશિયા

3પોતાના રાજયના 18મેં વર્ષે તેણે મશુલ્લામના પુત્ર
અસાલ્યાના પુત્ર શાફાન ને બોલાવ્યા અને તેમને યહોવાના
મંદિરમાં આ સંદેશો આપીને મોકલ્યો: 4"મુખ્ય યાજક
હિલ્કિયા પાસે જા અને કહે કે તે પૈસા સાથે તૈયાર રહે જે
પૈસા લોકોએ યહોવાને અર્પણ કર્યા હતા અને દરવાનોએ
એકઠા કર્યા હતાં. 5અને પછી યહોવાના મંદિરમાં ચાલતા
કામના વ્યવસ્થાપકોને સોંપતા.6તેઓએ તે પૈસા મંદિરના
સમારકામમાં રોકાયેલા સુથારો, મિસ્રીઓ અને કડિયાઓને
પગાર ચૂકવવામાં અને મંદિરના સમારકામ માટે લાકડું
અને વહેરેલા પથ્થર ખરીદવામાં આપ્યા. 7તેમને સોંપેલાં
નાણાંનો તેઓ હિસાબ માગવાના નથી. કારણ, તેઓ
પ્રમાણિક છે."

### નિયમશાસ્ત્રના પુસ્તકની મંદિરમાં પ્રાપ્તિ

8મુખ્યયાજક હિલ્કિયાએ સચિવ શાફાનને કહ્યું, "મને
યહોવાના મંદિરમાંથી નિયમશાસ્ત્રનું પુસ્તક મળી આવ્યું છે."

હિલ્કિયાએ એ પોથી શાફાનને આપી અને તેણે તે વાંચી જોઈ.

9પછી સચિવ શાફાને રાજા પાસે જઈને જણાવ્યું કે, "આપના સેવકોને મંદિરમાંથી ચાંદી મળી અને તે તેમણે મંદિરનું સમારકામ કરતાં માણસોને આપી દીધી." 10પછી તેણે ખબર આપી કે, "યાજક હિલ્કિયાએ મને એક પોથી આપી છે." અને તેણે રાજાને તે પોથી મોટેથી વાંચી સંભળાવી.

11એ જે ક્ષણે રાજાએ ટીપણાંમાં શું લખેલું છે સાભળ્યું, રાજા ખૂબ વ્યથિત બની ગયો અને તેણે પોતાનાં વસ્ત્રો ફાડી નાખ્યાં. 12તેણે હિલ્કિયા યાજકને, શાફાનને, પોતાના મદદનીશ અસાયાને, શાફાનના પુત્ર અહીકામને તથા મીખાયાના પુત્ર આખ્બોરને આજ્ઞા કરી. 13જાઓ અને મારા અને લોકોના વતી આ જે પોથી મળી આવી છે તેમાંનાં વચનો વિષે યહોવાને પ્રશ્ન કરો. આપણા પર યહોવા ખૂબ રોષે ભરાયા છે અને તેઓ આપણને સજા કરશે કારણકે આપણા પૂર્વજોએ આ પોથીમાં જે કંઈ કરવાનું લખવામાં આવ્યું છે તેનું પાલન કર્યુ નહોતું. તેમાં જે આપણે કરવું જોઈએ તેમ કહ્યું છે તે આપણે નહોતું કર્યુ."

## પ્રબોધિકાઓ હુલ્દાહ અને યોશીયા

14યાજક હિલ્કિયા, અહીકામ, આખ્બોર, શાફાન અને અસાયા પ્રબોધિકા હુલ્દાહની સલાહ લેવા ગયા તેણી તિકવાહનો પુત્ર અને હાહાર્સનો પૌત્ર, શાલ્લુમની પત્ની હતી. શાલ્લુમ મંદિરના વસ્રભંડારનો ઉપરી હતો તેની પત્ની હુલ્દાહ યરૂશાલેમ નગરમાં બીજા વિસ્તારમાં રહેતી તેણી એક પ્રબોધિકા હતી.

15આ પ્રબોધિકાએ ઈસ્રાએલના યહોવા દેવ તરફથી તેઓને સંદેશો આપ્યો, "તમને મારી પાસે મોકલનાર માણસને કહેજો, 16"યહોવા આમ કહે છે, "જુઓ હું આ નગર અને તેના લોકો ઉપર મુશ્કેલીઓ લાવવાનો છું. હા, યહૂદાના રાજાએ પુસ્તકમાં વાંચ્યા પ્રમાણે." 17કારણ એ લોકોએ મને છોડી દઈને બીજા દેવોને ધૂપ અર્પણ કરવાનું શરૂ કર્યુ છે. આ બધાં કુકર્મોથી તેમણે મને ગુસ્સે કર્યો છે; મારો રોષ આ ભૂમિ પર ભભૂકી ઊઠશે અને તે શાંત પડવાનો નથી."

18અને જે વ્યક્તિએ તમને યહોવાને પ્રશ્ન કરવા મોકલ્યો છે તે યહૂદાના રાજાને તમે જઈને કહો, ઈસ્રાએલના દેવ યહોવા તમે સાંભળેલી વસ્તુઓ વિષે આમ કહે છે. 19જ્યારે તમે ખૂબ દિલગીર થયા અને મારા પગે પડ્યા જ્યારે તમે જાણ્યું કે આ નગર અને તેના લોકો શ્રાપિત થશે અને નિર્જન થઈ જશે, ત્યારે તમે તમારા વસ્રો ફાડી નાખ્યાં અને પશ્ચાતાપથી મારી પાસે રડ્યાં, તેથી હું પણ તમને સાંભળીશ." અને એટલે હું આ જગ્યા ઉપર જે આફતો ઉતારનાર છું તે તારે નજરે જોવી નહિ પડે. 20તે પહેલાં તું તારા પિતૃઓ ભેગો થઈ જશે, અને શાંતિથી તું કબરમાં પહોંચી જશે." તેઓ આ ઉત્તર લઈને રાજા પાસે ગયા.

## લોકોએ નિયમ સાંભળ્યો

23 ત્યારબાદ રાજાએ પોતાની સાથે યહોવાના મંદિરમાં આવવા માટે સંદેશવાહકો મોકલીને યરૂશાલેમના તથા યહૂદાના વડીલો તથા આગેવાનોને બોલાવ્યા. 2યરૂશાલેમ અને યહૂદાના સર્વ યાજકો, પ્રબોધકો, અને નાનાથી મોટા સર્વ લોકો મંદિર આગળ ભેગા થયા. રાજાએ તેઓની આગળ મંદિરમાંથી મળી આવેલું દેવના નિયમશાસ્રનું પુસ્તક પૂરેપૂરું વાચી સંભળાવ્યું.

3ત્યારબાદ રાજાએ મંચ ઉપર ઊભા રહીને તેમને યહોવાને અનુસરવાનું કહ્યું. અને તેના બધા આદેશો અને હુકમોનું પાલન કરવાનું અને તેમની બધી સુચનાઓને તેમના પૂર્ણ હૃદયથી અને તેમના પૂર્ણ આત્માથી અનુસરવાનું કહ્યું. અને એ રીતે આ પુસ્તકમાં લખેલા કરારની શરતોનો પૂરેપૂરો અમલ કરવાની પ્રતિજ્ઞા કરી; અને બધા લોકોએ પણ એ કરારનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી.

4એ પછી રાજાએ વડા યાજક હિલ્કિયાને તથા મદદનીશ યાજકને તેમજ દ્વારના રક્ષકોને બઆલદેવની અશેરાદેવીની તેમજ આકાશનાં નક્ષત્રોની પૂજામાં વપરાતી બધી સામગ્રી યહોવાના મંદિરમાંથી હઠાવી લેવાનો હુકમ કર્યો, અને તે બધીને તેણે યરૂશાલેમ બહાર કિદ્રોનનાં કોતરમાં બાળી મુકાવી, અને તેની રાખ બેથેલ લઈ જવામાં આવી.

5તેણે યહૂદાના રાજાઓએ, યહૂદાના નગરોમાંના અને યરૂશાલેમની આસપાસનાં ઉચ્ચસ્થાનોમાં ધૂપ અર્પણો કરવા નીમેલા વિધર્મી યાજકોને બરતરફ કર્યા આમાં બધાં જેમણે બઆલમાં અર્પણો કર્યા હતા તે, સૂર્ય,ચંદ્ર, નક્ષત્રો અને આકાશના બધાં સમૂહોનો સમાવેશ થતો હતો.

6યરૂશાલેમના મંદિરમાંથી અશેરાદેવીની મૂર્તિને યરૂશાલેમની બહાર કિદ્રોનના કોતરમાં લઈ જઈને બાળીને ભસ્મ કરી નાખી અને તેની રાખ ગાઝા નજીક સામાન્ય લોકોની કબરો ઉપર ફેંકી દીધી.

7તેણે યહોવાના મંદિરમાં આવેલું દેવદાસો અને દેવદાસીઓ માટેનું ઘર, જેમાં સ્રીઓ અશેરા માટે વસ્ત્રો વણતી, તે તોડી પાડયું. 8યહૂદાના નગરોમાંથી તેણે બધા યાજકોને યરૂશાલેમમાં ભેગા કર્યા, અને ગેબાથી બેર–શેબા સુધી સર્વત્ર તેઓ જ્યાં જ્યાં અર્પણ સ્તંભ અને અર્પણ વેદીઓ હતી તે બધાં તેણે ભ્રષ્ટ કર્યા. પછી તેણે નગરના શાસક યહોશુઆના દરવાજા પાસે આવેલા ઉચ્ચસ્થાનો તોડી નાખ્યા. જે મુખ્ય નગર દરવાજાની ડાબી બાજુએ હતો. 9પરંતુ એ થાનકોના યાજકો યરૂશાલેમમાં આવેલી વેદીની પૂજા કરવા આવ્યા નહોતા, તેઓએ તેમના કુટુંબો વચ્ચે બેખમીર રોટલી ખાધી.

10હવે પછી કોઈપણ વ્યકિત પોતાના પુત્ર કે પુત્રીને મારી નાખીને તેનું બલિદાન તરીકે અર્પણ ન કરી શકે, કારણકે રાજાએ બેન–હિન્નોમની ખીણમાં આવેલી તોફેથની વેદીને પણ તોડી પાડી હતી. 11તેણે નાથાન મેલેખના નિવાસસ્થાન પાસે મંદરિના મુખ્ય પ્રવેશદ્વાર આગળ આવેલી ઘોડાઓની પ્રતિમાઓને તોડી પાડી. તેણે સૂર્ય દેવને સમર્પિત થયેલા રથોને બાળી મૂક્યા.

12આહાઝના ઉપરના ઓરડા પર યહૂદાના રાજાઓએ બંધાવેલી વેદીઓ હતી તેને તોડી પાડી. ત્યાર પછી મંદિરના બંને આંગણામાં મનાશ્શાએ બાંધેલી બે વેદીઓ હતી તે પણ તેણે તોડી નાખી, એ સર્વને ભાંગીને ભૂકો કર્યો અને એ ભૂકો કિદ્રોનની ખીણમાં ફેંકી દીધો.

13વળી તેણે ઈસ્રાએલની પૂર્વ તરફના ઉચ્ચસ્થાનકો અપવિત્ર કર્યા. તે ઈસ્રાએલના સુલેમાન રાજાએ બંધાવેલી "વિનાશક ટેકરીઓની" દક્ષિણે હતાં જે તેણે બંધાવી હતી આશ્તોરેથ માટે, જે સિદોનીઓની ભયાનક દેવી હતી, મોઆબીઓના ભયાનક દેવ કમોશ અને અમોનીઓના ભયાનક દેવ મિલ્કોમના સ્થાનકો પણ તોડી પાડ્યાં.
14તેણે સ્તંભો તોડી પાડયા અને અશેરાદેવીનાં પ્રતીકો કાપી નાખ્યાં. તેઓ જે જગ્યાએ ઊભાં હતાં તે જગ્યાઓ માણસોનાં હાડકાંઓથી પૂરી દીધી.

15એ જ રીતે બેથેલની વેદી અને ઉચ્ચસ્થાનો, જે ઈસ્રાએલને પાપ કરવા પ્રેરનાર નબાટના પુત્ર યરોબઆમે બંધાવી હતી તેનો પણ તેણે નાશ કર્યો, તેના પથ્થરોને ભેગા કરીને ભાંગીને ભૂકો કરી ફેકી દીધો અને અશેરાદેવીની બધી નિશાનીઓને બાળી મૂકી.
16જ્યારે યોશિયા બીજી તરફ ફર્યો ત્યારે તેણે એક ટેકરી ઉપર કેટલીક કબરો જોઈ, આરીતે, જે રીતે દેવના માણસે ભવિષ્યવાણી ભાખી હતી તે પ્રમાણેજ તેણે વેદીને ભ્રષ્ટ કરી.

17અને તેણે પૂછયું, "ત્યાં પેલું સ્મારક શાનું છે?"

નગરના લોકોએ કહ્યું, "એ તો જે દેવના માણસ એલિયાએ યહૂદાથી આવીને તમે બેથેલની વેદીના જે હાલ કર્યા તેની અગમ વાણી ભાખી હતી તેની કબર છે."

18તેણે કહ્યું, "એ ભલે રહી." કોઈ એનાં હાડકાં ખસેડશો નહિં." તેથી તેઓએ તેનાં હાડકાં છોડી દીધાં અને સમરૂનથી આવેલા દેવના માણસનાં હાડકાંને પણ કોઈ અડયું નહિં.

19વળી, યોશિયાએ સમરૂનનાં નગરોમાં ઈસ્રાએલના રાજાઓએ બનાવેલા ઉચ્ચસ્થાનકો નો નાશ કરીને જે યહવોનો રોષ વહોરી લીધો હતો, તે બધાંની પણ તેણે બેથેલમાં કરી હતી તેવીજ દશા કરી.

20એ ટેકરી ઉપરનાં થાનકોના બધા યાજકોનો તેણે વેદીઓ ઉપર વધ કર્યો, અને તે વેદીઓ ઉપર તેણે માણસનાં હાડકાં બાળ્યાં, પછી તે યરૂશાલેમ પાછો ગયો.

### પાસ્ખાપર્વ ઉજવતાં યહૂદાના લોકો

21રાજાએ સમગ્ર પ્રજાને આ પ્રમાણે આજ્ઞા કરી, "તમારા દેવ યહોવાના માનમાં, કરાર કોશમાં ઠરાવ્યા મુજબ, પાસ્ખાપર્વ ઊજવો."

22ન્યાયાધીશોના સમયથી કયારેય આવો પાસ્ખાપર્વ ઊજવાયો નહોતો ઈસ્રાએલ કે યહૂદાના એક પણ રાજા દ્વારા પણ નહીં.
23પણ યોશિયાના અમલના 18મે વર્ષેજ એવો પાસ્ખાપર્વ યહોવાના માનમાં યરૂશાલેમમાં ઊજવાયો.

24આ ઉપરાંત યોશિયાએ યાજક હિલ્કિયાને યહોવાના મંદિરમાંથી મળેલી પોથીમાંના નિયમોનું પાલન કરવા માટે કહ્યું અને બધાં તાંત્રિકો મેલી વિદ્યાના ઉપાસકો, કુળદેવો અને યહૂદાના પ્રદેશમાં અને યરૂશાલેમમાં જોવામાં આવતી બધી મૂર્તિઓ જે અનાદરને પાત્ર હોય તે બધી બાળી નાખીને તેનો નાશ કરીને તે જગ્યા સાફ કરી નાખી.

25એના પહેલાં કે પછી એવો કોઈ રાજા થયો નથી જેણે મૂસાના નિયમશાસ્રનું પાલન કરીને પૂરા હૃદયથી અને સંપૂર્ણ બળથી યહોવાની ભકિત કરી હોય."

26તેમ છતાં મનાશ્શાના ખરાબ કૃત્યોને કારણે યહૂદા વિરૂદ્ધ યહોવાને ચઢેલો ભારે રોષ હજુ શમ્યો ન હતો.
27યહોવાએ જાહેર કર્યુ કે, "હું યહૂદીઓને પણ ઈસ્રાએલીઓની જેમ મારા સાન્નિધ્યથી દૂર હડસેલી મુકીશ. મેં પસંદ કરેલા આ નગર યરૂશાલેમને તેમજ યહોવાના જે મંદિરને વિષે મેં એમ કહ્યું હતું કે, "ત્યાં મારું નામ કાયમ રહેશે." તેને પણ હું દૂર કરીશ."

28યહૂદાના રાજા યોશિયાના શાસનનાં બીજા બનાવો યહૂદાના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે.

### યોશિયાનું મૃત્યુ

29એના અમલ દરમ્યાન મિસરના રાજા ફારુન નકોહ આશ્શૂરના રાજાને મદદ કરવા ફ્રાત નદી આગળ જવા નીકળ્યો હતો અને રાજા યોશિયાએ તેને માર્ગમાં અટકાવ્યો હતો; નકોહ રાજાએ તેને જોયો ત્યારે તેણે એને મગિદોમાં મારી નાખ્યો.
30તેના અધિકારીઓ તેના મૃતદેહને રથમાં મૂકીને મગિદોથી યરૂશાલેમ લાવ્યા અને તેના મૃત્યુ અગાઉથી તેણે પસંદ કરી રાખેલી કબરમાં તેને દફનાવ્યો. પછી તેના પુત્ર યહોઆહાઝને તેના પિતાની જગ્યાએ નવા રાજા તરીકે પસંદ કરીને અભિષેક કર્યો.

### યહૂદાનો નવો રાજા યહોઆહાઝ

31યહૂદાનો નવો રાજા યહોઆહાઝ ગાદીએ બેઠો ત્યારે તે ત્રેવીસ વર્ષનો હતો, તેણે યરૂશાલેમમાં ત્રણ મહિના રાજ કર્યુ, તેની માતાનું નામ હમુટાલ હતું. તે લિબ્નાહના યર્મિયાની પુત્રી હતી.
32યહોઆહાઝે પોતાના પિતૃઓની જેમ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ.

33ફારુન નકોહે તેને યરૂશાલેમ કબજે કરતો અટકાવવા માટે હમાથમાં કેદ પકડયો અને પછી તેણે દેશ ઉપર 7,500 પાઉંડ ચાંદી અનું 75 પાઉંડ સોનાનો કર નાખ્યો.

34ફારુને યોશિયાના પુત્ર એલ્યાકીમને તેના પિતા યોશિયા પછી રાજા બનાવ્યો અને તેનું નામ બદલીને યહોયાકીમ રાખ્યું. યહોઆહાઝને તે મિસર લઈ ગયો અને ત્યાં તેનું અવસાન થયું.
35યહોયાકીમે ફારુનને સોનું અને ચાંદી આપ્યાં.પરંતુ લોકો પર, તેમના દરજ્જા પ્રમાણે કર નાખ્યો, તેણે તેમ કર્યુ જેથી તે ફારુનની માંગોને પહોંચી વળે.

36યહોયાકીમ ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી. અને તેણે યરૂશાલેમમાં 11 વર્ષ રાજ કર્યુ. તેની માતાનું નામ ઝબીદાહ હતું અને તે રૂમાહના પદાયાની પુત્રી હતી.

37યહોયાકીમે પોતાના પિતૃઓની જેમ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યુ.

### રાજા નબૂખાદનેસ્સાર યહૂદા આવ્યો

24 યહોયાકીમે રાજાના અમલ દરમ્યાન બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર યરૂશાલેમ પર ચઢી આવ્યો. યહોયાકીમ તેને તાબે થઈ ગયો. પરિણામે ત્રણ વર્ષ પર્યંત તેને વસૂલી ભરવી પડી, પણ પછી તેણે બંડ કર્યુ. 2આથી યહોવાએ બાબિલ, અરામ, મોઆબ અને અમ્મોનના સશસ્ત્ર સૈનિકોને તેની સામે લડવા મોકલ્યા. અને આમ, યહોવાએ પોતાના, પ્રબોધકો મારફતે જણાવ્યા મુજબ યહૂદાને ખેદાન-મેદાન કરી નાખ્યું.

3યહૂદાની આવી સ્થિતી એકજ કારણથી થઈ હતી. 4તે કારણ હતુ કે યહોવાએ તેમને મનાશ્શાના પાપોની સજા કરવા માટે આ હુકમ કર્યો હતો આ એટલા માટે થયું કારણકે તેણે નિર્દોષ લોકોને મારીને તેમના લોહીથી યરૂશાલેમને ભરી દીધું હતું. યહોવા આ પાપ માટે તેમને કદી માફ કરવા નહોતા માગતા. 5યહૂદાના રાજા યહોયાકીમના શાસનનાં બીજાં બનાવો અને કાર્યો, યહૂદાના રાજાઓન ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે. 6તે મૃત્યુ પામ્યો અને તેનો પુત્ર યહોયાખીન રાજા બન્યો. 7મિસરના રાજા ફરી કદી પોતાના દેશમાંથી હુમલો કરવા બહાર આવ્યા નહોતા, કારણ બાબિલના રાજાએ મિસરના વહેળાથી ફ્રાત નદી સુધીનો તેના કબજા હેઠળનો પ્રદેશ પડાવી લીધો હતો.

### યરૂશાલેમ પ્રાપ્ત કરતો નબૂખાદનેસ્સાર

8યહોયાખીન ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 18 વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 3 મહિના રાજ કર્યુ, તેની માતાનું નામ નહુશ્તા હતું અને તે યરૂશાલેમના એલ્નાથાનની પુત્રી હતી. 9યહોયાખીને તેના પિતાની જેમ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ.

10તે સમયે બાબિલના રાજા નબૂખાદનેસ્સારના સેનાપતિઓએ યરૂશાલેમ ઉપર ચડાઈ કરી તેને ઘેરો ઘાલ્યો. 11તેનું લશ્કર શહેરને ઘેરો ઘાલીને પડયું હતું એ દરમ્યાન તે જાતે ત્યાં આવી પહોંચ્યો. 12અને યહૂદાનો રાજા યહોયાખીન, તેની મા, તેના અમલદારો, તેના આગેવાનો અને દરબારીઓ સૌ બાબિલના રાજા પાસે ગયાં અને બાબિલના રાજાએ તેમને પકડીને કેદ કર્યા. નબૂખાદનેસ્સાર રાજા હતો તેના શાસનના 8મે વર્ષે આ બન્યું.

13નબૂખાદનેસ્સાર, યહોવાએ અગમવાણી જણાવ્યા મુજબ, યહોવાના મંદિરના તેમજ રાજમહેલના બધા ખજાના ઉપાડી ગયો, અને તેણે ઈસ્રાએલના રાજા સુલેમાને બનાવડાવેલા બધાં સોનાના વાસણો પણ દૂર કર્યા તેણે, જેમ યહોવાએ કીધું હતું તેમજ કર્યુ .

14તેણે યરૂશાલેમના બધા વતનીઓને-બધા ઉમરાવોને અને અગ્રગણ્ય માણસોને અને ધનવાનો તથા લુહારો અને બીજા કારીગરો સુદ્ધાં સૌને દેશનિકાલ કર્યો; તે બધા મળીને કુલ 10,000 હતા ફકત વસ્તીનો ગરીબમાં ગરીબ વર્ગ જ બાકી રહ્યો. 15યહોયાખીનને તેની માને તેના દરબારીઓને અને દેશના બધા આગળ પડતા માણસોને તે યરૂશાલેમથી બાબિલ લઈ ગયો. 16વળી તે દેશના 7,000 અગ્રગણ્ય માણસોને, 1,000 લુહારો અને કારીગરોને, જે બધાજ બળવાન અને યુદ્ધે ચડી શકે એવા હતા તેમને બાબિલ દેશવટે લઈ ગયો.

### રાજા સિદકિયા

17બાબિલના રાજાએ યહોયાખીનના કાકા માત્તાન્યાને તેની પછી રાજા બનાવ્યો અને તેનું નામ બદલીને સિદકિયા રાખ્યું. 18સિદકિયા ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 31 વર્ષની હતી, અને તેણે યરૂશાલેમમાં 11 વર્ષ રાજ કર્યુ, તેની માતાનું નામ હમૂટાલ હતું, અને લિબ્નાહના યર્મિયાની પુત્રી હતી. 19સિદકિયાએ યહોયાખીનની જેમ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ. 20યરૂશાલેમે અને યહૂદાએ યહોવાનો એટલો બધો રોષ વહોરી લીધો કે છેલ્લે તેણે તેમને પોતાની નજર આગળથી દૂર કર્યા; પછી રાજા સિદકિયાએ બાબિલના રાજાની વિરૂદ્ધ બળવો કર્યો.

### નબૂખાદનેસ્સાર દ્વારા સિદકિયાના શાસની સમાપ્તિ

25 તેના શાસનના નવમાં વર્ષમાં દશમાં મહિનાના દશમાં દિવસે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે પોતાની આખી સેના સહિત આવીને યરૂશાલેમ ઉપર હુમલો કર્યો, તેણે એ શહેર ને ઘેરો ઘાલ્યો અને ચારે બાજુ ઘેરાના ઢાળીયા બાધ્યાં. 2એ પ્રમાણે સિદકિયા રાજાના અગિયારમા વર્ષ સુધી નગરને ઘેરો રહ્યો. 3રાજયમાં ચોથા મહિનાના નવમા દિવશે દુકાળ એટલો સખત બની ગયો કે ખાવા માટે કઈ ખોરાક બાકી ન રહ્યો. તે ચોથા મહિનાનો નવમો દિવસ હતો, નગરમાં અનાજની ભારે તંગી વર્તાતી હતી.

4આખરે, નબૂખાદનેસ્સારના સૈન્યએ નગરના કોટમાં ગાબડું પાડયું અને તે રાત્રે તેમાંથી સિદકિયા અને તેના માણસો, બે દિવાલોની વચ્ચે આવેલા એક ગુપ્ત દરવાજામાંથી રાજાના બગીચાના માર્ગે શહેરમાં ચારે બાજુ બાબિલવાસીઓ હતાં તે છતાં પણ, રણ તરફ નાસી ગયા. 5બાબિલના રાજાના સૈન્યે તેનો પીછો કર્યો અને તેને યરીખોના મેદાનમાં પકડી પાડયો, અને તેની સાથેના લોકો વિખેરાઈ ગયા અને તેને છોડી ગયા.

6બાબિલના સૈનિકોએ સિદકિયાને પકડીને તેમના રાજા નબૂખાદનેસ્સારના પાસે રિબ્લાહ લઈ ગયા. અને ત્યાં તેને સજા કરવામાં આવી. 7તેની નજર આગળ તેના દીકરાઓને રહેંસી નાખવામાં આવ્યા અને ત્યાર પછી તેની આંખો ફોડી નાખી, સાંકળે બાંધી તેને બાબિલ લઈ જવામાં આવ્યો.

### યરૂશાલેમનો વિનાશ

8બાબિલના રાજા નબૂખાદનેસ્સારના શાસનના ઓગણીસમાં વર્ષમાં પાંચમા મહિનાના સાતમા દિવસે,

રાજાના અંગરક્ષકો, તેમનો સરદાર, નબૂઝારઅદાન અને તેના
મંત્રીઓ યરૂશાલેમમાં પ્રવેશ્યા, 9યહોવાના મંદિરને, રાજાના
મહેલને અને શહેરનાં બધાં મકાનોને બાળી મૂક્યાં.

10તેના લશ્કરે નગરની દીવાલો તોડી નાખી. 11તેણે શહેરની
બાકી રહેલી વસ્તીને,અને જેઓ બાબિલના રાજાના પક્ષમાં
ચાલ્યા ગયા હતા તેમને રક્ષકોના નાયક નબૂઝારઅદાને
દેશવટો દીધો. 12અને ફકત વસ્તીના ગરીબમાં ગરીબ વર્ગને
દ્રાક્ષની વાડીમાં અને ખેતરમાં મજૂરી કરવા માટે પાછળ
રહેવા દીધા.

13બાબિલવાસીઓએ યહોવાના મંદિરમાંના કાંસાના
થાંભલા, પૈડાવાળી ઘોડીઓ અને કાંસાનો સમુદ્ર તે બધું
તેમણે ભાંગી નાખ્યું અને કાંસુ બાબિલ લઈ ગયા. 14વળી
તેઓ યહોવાના મંદિરમાં વપરાંતા કાંસાના બધાં વાસણો,
કૂડાં, કુહાડીઓ, થાળીઓ, વાટકા અને બધી વસ્તુઓ પણ
લઈ ગયા. 15સોનાચાંદીનાં પાત્રોને પણ કબજે કરીને તેઓ
લઈ ગયા.

16કાંસાના બે સ્તંભો, સમૂદ્ર અને પૈડાવાળી ઘોડીઓનું
વજન કરવું અશકય હતું કેમ કે તે ઘણા વજનદાર હતા. આ
સર્વ વસ્તુઓ સુલેમાન રાજાએ યહોવાના મંદિરને માટે
બનાવડાવી હતી.

17એક સ્તંભની ઊંચાઈ અઢાર હાથ હતી, અને તેના
ઉપર કાંસાની મથોટી હતી અને તેની ઉંચાઈ ત્રણ હાથ
હતી, તે એક ઢાંકણું હતું જે ગોળ ફરતું હતું અને દરવાજે
લટકતું હતું અને તે એક ગોળાકાર જેવું માળખું હતું. બીજો
સ્તંભ પણ તોરણ સાથે હતો અને તેના જેવો જ હતો.

## બંદિવાન બનતા યહૂદીઓ

18રક્ષકોના નાયકે મુખ્ય યાજક સરાયાને તેની હાથ નીચેના
યાજક સફાન્યાને અને ત્રણ દ્વારપાળોને કેદ પકડયા.

19ત્યાર પછી તેણે નગરમાંથી લશ્કરના વડા અમલદારને,
નગરમાંથી મળી આવેલા રાજાના પાંચ સલાહકારોને,
સેનાપતિના લશ્કરની ભરતી અને તાલીમનું કામ સંભાળનાર
મંત્રીને, તેમજ પ્રદેશના 60 સામાન્ય લોકોને, જેઓ નગર
માંથી મળ્યા હતાં તેમને સાથે લીધાં.

20અને એ બધાને તે હમાથના પ્રદેશમાં આવેલા રિબ્લાહમાં
બાબિલના રાજા આગળ લઈ ગયા. 21અને ત્યાં બાબિલના
રાજાએ તેમને ફટકા મરાવીને મારી નંખાવ્યા. આમ
યહૂદાવાસીઓને બંદીવાન બનાવીને તેઓના દેશમાંથી લઈ
જવામાં આવ્યા.

## યહૂદાનો શાસન કર્તા ગદાલ્યા

22બાબિલના રાજા નબૂખાદનેસ્સારને જે લોકોને યહૂદાના
પ્રદેશમાં રહેવા દીધા હતા, તેમના ઉપર રાજય કરવાને તેણે
શાફાનના પુત્ર અહીકામના પુત્ર ગદાલ્યાને યહૂદામાં શાસન
કર્તા તરીકે નીમ્યો.

23જયારે લશ્કરી ટુકડીઓના સેનાપતિઓએ અને તેમના
માણસોએ સાંભળ્યું કે બાબિલના રાજાએ ગદાલ્યાને શાસન
કર્તા નીમ્યો છે, ત્યારે તેઓ તેને મળવા મિસ્પાહ ગયા,
એટલે નથાન્યાનો પુત્ર ઈશ્માએલ, કારેઆહનો પુત્ર
યોહાનાન, નટોફાથી તાન્હુમેથનો પુત્ર સરાયા, માઅખાથીનો
પુત્ર યાઅઝાન્યા, અને તેઓના માણસો ગદાલ્યાને મળ્યા.
24તેમની અને તેમના માણસોની સામે ગદાલ્યાએ વચન
આપીને કહ્યું કે, "બાબિલવાસીઓથી ડરશો નહિં, દેશમાં
શાંતિથી રહો અને બાબિલના રાજાનું પ્રભુત્વ સ્વીકારો, એટલે
તે તમારી પ્રત્યે સારો રહેશે."

25સાતમા મહિનામાં રાજવંશના એલીશામાનો અને
નથાન્યાના પુત્ર ઈસ્માએલે દસ માણસો સાથે ગદાલ્યા
પાસે આવીને તેમજ મિસ્પાહમાં તેની સાથે રહેતા
યહૂદાવાસીઓને અને બાબિલવાસીઓને મારી નાખ્યા.
26ત્યારબાદ નાનાંમોટાં બધાંજ લોકો ઈસ્રાએલીઓ તથા
લશ્કરના અમલદારો બાબિલવાસીઓની બીકથી મિસર ભાગી
ગયાં.

27યહૂદાના રાજા યહોયાખીનને પણ બંદીવાસમાંથી
મુકત કરવામાં આવ્યો આમ આ દેશનિકાલના સાડત્રીસમા
વર્ષમાં બન્યું. છેલ્લા માસના સત્તાવીસમેં દિવસે બાબિલના
રાજા એવીલ-મરોદાખે પોતે ગાદીએ બેઠો અને તેજ વરસે
યહૂદાના રાજા યહોયાખીનને માફી અપાઈ અને તેને
કારાવાસમાંથી મુકત કરવામાં આવ્યો. 28તેણે તેના પ્રત્યે
માયાળુ વર્તાવ રાખ્યો અને તેને બાબિલમાં પોતાની સાથેના
બીજા રાજાઓ કરતાં ઊંચે આસને બેસાડયો. 29આથી
યહોયાખીને કારાવાસનાં કપડાં ઉતારી સામાન્ય નાગરિકનો
પોષાક પહેરી બાકીનું જીવન રાજાના આશ્રિત તરીકે વિતાવ્યું.
એકજ મેજ પર બેસી તેણે તેમની સાથે ભોજન લીધું 30અને
જ્યાં સુધી તે જીવ્યો ત્યાં સુધી રાજાએ તેને ભાણું અને
આધાર આપ્યો.

# રાજાઓનું પહેલું પુસ્તક

### અદોનિયાની રાજા બનવાની ઈચ્છા

1 રાજા દાઉદ હવે ઘણો વૃદ્ધ થયો હતો. તેમને અનેક
ધાબળાઓ ઓઢાડયાં, છતાં તેનું શરીર ગરમ રહેતું નહોતું.
2તેથી તેમના સેવકોએ તેને કહ્યું, "આપ, નામદારની આજ્ઞા
હોય તો આપને માટે કોઈ યુવાન કુમારિકા શોધી કાઢીએ, જે
આપની સેવામાં ઊભી રહે અને આપની સારવાર કરે, આપની
સોડમાં સૂઈ જશે, જેથી આપનું શરીર હુંફાળું થઈ જશે."
3તેમણે આખા ઈસ્રાએલમાં એક સુંદર, જુવાન અને અપરણિત
કન્યા મેળવવા તપાસ કરી આખરે તેમને શૂનામ્મીઅબીશાગ
નામની કન્યા પસંદ આવી તેથી તેઓ તેને રાજા પાસે લઈ
આવ્યા. 4તે ખૂબ રૂપાળી હતી અને સતત રાજાની સાથે
રહેતી અને તેણ રાજાની મદદ અને સેવા કરી, છતાં રાજાએ
તેનો સંગ કર્યો નહિં.

5તે સમયે દાઉદ અને હાગ્ગીથના પુત્ર અદોનિયાએ પોતાના
વૃદ્ધ પિતાની જગ્યાએ રાજા થવાની મહત્વાકાંક્ષા રાખી હોવાથી
તેણે એક રથ મેળવ્યો, ઘોડા અને પોતાના રસાલા માટે 50
માણસો મેળવ્યા. 6તેના પિતાએ તેને આખા જીવન દરમ્યાન
કદી ઠપકો આપ્યો નહોતો કે તેને પૂછયું સરખુંય નહોતું કે,
"તું આમ શા માટે કરે છે?" વળી તે દેખાવડો હતો અને
આબ્શાલોમ પછી જન્મ્યો હતો.

7તેણે સરૂયાના પુત્ર સરદાર યોઆબ અને યાજક અબ્યાથાર
ને સર્વ પ્રથમ પોતાના વિશ્વાસમાં લીધા. તેઓએ તેને રાજા
બનવામાં મદદરૂપ થવા તૈયારી બતાવી. 8પરંતુ યાજક સાદોકે,
યહોયાદાના પુત્ર બનાયા, પ્રબોધક નાથાન, શિમઈ, રેઈ
અને દાઉદના સૈન્યના સરદારોએ અદોનિયાને સાથ
આપવાનો ઈન્કાર કર્યો,

9-10તેથી એક વખત અદોનિયાએ એન-રોગેલના ઝરણાં
પાસે આવેલા ઝોહેલેથના ખડક પર ઘેટાં, ગાય અને
વાછરડાઓનું બલિદાન કર્યુ. અને તેણે પોતાના સર્વ
ભાઈઓને-રાજકુમારોને અને જે યહૂદાવાસીઓ રાજાના
સેવકો હતા તે બધાને તેણે આમંત્રણ આપ્યું હતું. પરંતુ તેણે
પ્રબોધક નાથાનને, યાજક બનાયાને કે અંગરક્ષકોને અથવા
ભાઈ સુલેમાનને આમંત્રણ આપ્યું નહિં.

### નાથાન બાથશેબાને મળ્યો

11ત્યારબાદ પ્રબોધક નાથાને સુલેમાનની માતા બાથશેબા
પાસે જઈને પૂછયું; તમને ખબર છે, "હાગ્ગીથનો પુત્ર
અદોનિયા રાજા થઈને બેઠો છે, ને આપણા ધણી રાજા
દાઉદ એનાથી અજાણ છે? 12હવે જો તમે તમારો અને તમારા
પુત્ર સુલેમાનનો જીવ બચાવવા ઈચ્છતા હો તો મારી તમને
સલાહ છે કે, 13તમે અત્યારે જ દાઉદ રાજા પાસે જાઓ,
અને તેમને કહો કે, 'ધણી, આપે આપની દાસીને એવું વચન
નહોતું આપ્યું કે મારા પછી તારો પુત્ર સુલેમાન રાજા થશે,
અને તે જ મારી ગાદી ઉપર બેસશે? તો પછી શા માટે
અદોનિયા રાજા થયો છે?' 14અને તમે રાજા સાથે વાત કરતા
હશો એટલામાં જ હું આવી પહોંચીશ અને તમે શું કહો છો
તેની ચોકસાઈ કરીશ."

15તેથી બાથશેબા રાજાના ઓરડામાં ગઈ, રાજા ઘણો વૃદ્ધ
થઈ ગયો હતો અને શુનામ્મીની અબીશાગ તેમની સેવા
ચાકરી કરતી હતી. 16બાથશેબાએ રાજાની સમક્ષ જમીન
પર પડી સાષ્ટાંગ પ્રણામ કર્યા. રાજાએ પૂછયું, "બોલ, તારી
શી ઈચ્છા છે?"

17તેણે જવાબ આપ્યો, "નામદાર, આપે આ દાસીને આપના
દેવ યહોવાને નામે વચન આપ્યું હતું કે, 'મારા પછી તારો
પુત્ર સુલેમાન રાજા થશે અને ફક્ત તે જ મારી રાજગાદી પર
બેસશે.' 18પણ અત્યારે તો આપની જાણ બહાર અદોનિયા
જ રાજા થઈ બેઠો છે. 19તેણે બળદો અને ઘણા તંદુરસ્ત
બકરાઓનું શાંત્યાર્પણ અર્પણ કર્યુ, તમામ રાજકુમારોને,
યાજક અબ્યાથારને અને લશ્કરના સેનાપતિ યોઆબને
નિમંત્રણ આપ્યાં છે, પરંતુ તેણે આપના સેવક સુલેમાનને
નિમંત્રણ આપ્યું નથી. 20અને હવે મારા ધણી મારા રાજા
સમગ્ર ઈસ્રાએલ આપના પછી કોણ રાજગાદી પર આવશે
એની જાહેરાત માટે આપના ઉપર મીટ માંડી રહ્યું છે. 21જો
તમે એમ નહીં કરો તો તમે જ્યારે તમારા પિતૃ સાથે પઢ્યાં
સૂતા દટાયા હશો, ત્યારે મારા પુત્ર સુલેમાન અને મારી
સાથે ગુનેગારનું વર્તન થશે."

22બાથશેબા હજી રાજાની સાથે વાત કરતી હતી ત્યાં જ
પ્રબોધક નાથાન આવી પહોંચ્યો. 23સેવકોએ રાજાને જણાવ્યું
કે, "પ્રબોધક નાથાન આવ્યા છે." અને નાથાને રાજાની સમક્ષ
આવીને ભૂમિ પર પડી પ્રણામ કર્યા. 24તેણે કહ્યું, "તો શું
આપ નામદારની એવી આજ્ઞા છે કે, અદોનિયા આપના
પછી રાજા થાય અને તે આપની ગાદીએ બેસે? 25કારણ,
આજે તેણે પોતાના રાજયાભિષેકની ઉજવણી માટે બળદો,
અને ઘણાં પુષ્ટ બકરાઓનાં બલિદાન આપ્યાં છે અને તેની
ખાણીપીણીમાં તેણે તમારા પુત્રો ઉપરાંત લશ્કરના સેનાપતિ
અને યાજક અબ્યાથાર, તેઓ તેની સાથે ખાન-પાન કરે છે

અને કહે છે. 'રાજા અદોનિયા ઘણું જીવો!' 26તેમ છતાં તેણે આપના સેવક મને કે યાજક સાદોકને કે યહોયાદાના પુત્ર બનાયા અથવા આપના સેવક સુલેમાનને આમંત્રણ આપ્યું નથી. 27શું આ બધું તમારી જાણમાં છે? આ બધું આપ નામદારની સંમતિથી થયું છે, અને તમે આ સેવકોને જણાવ્યું પણ નથી કે, આપના પછી રાજગાદીએ કોણ આવનાર છે?"

28ત્યારબાદ રાજા દાઉદે કહ્યું, "બાથશેબાને બોલાવો." તેથી તે રાજા સમક્ષ આવીને ઊભી રહી.

29–30રાજા દાઉદે કહ્યું કે, "મેં ઈસ્રાએલના દેવ યહોવાને નામે પ્રતિજ્ઞા કરી હતી, તારો પુત્ર સુલેમાન મારા પછી રાજા થશે અને મારી રાજગાદી પર બેસશે. મારા બધા સંકટોમાંથી મને યહોવાએ ઉગાર્યો છે. હું યહોવાના સોગંદ ખાઉં છું કે આજે હું મારું વચન પાળીશ."

31ફરીવાર બાથશેબાએ તેની સમક્ષ ભૂમિ પર પડીને રાજાને પ્રણામ કર્યા અને બોલી, "મારા નામદાર રાજા દાઉદ અમર રહો!"

## નવો રાજા સુલેમાન

32ત્યારબાદ રાજા દાઉદે કહ્યું, "યાજક સાદોકને પ્રબોધક નાથાનને અને યહોયાદાના પુત્ર બનાયાને પોતાની પાસે બોલાવી લાવવાની સેવકોને આજ્ઞા આપી," અને તેઓ રાજાની સમક્ષ ઉપસ્થિત થયા. 33તેણે હુકમ કર્યો, "મારા અંગરક્ષકોને સાથે લઈ જાઓ, મારા પુત્ર સુલેમાનને મારા ખચ્ચર પર બેસાડો અને તેને ગિહોન લઈ જાઓ. 34ત્યાં યાજક સાદોક અને પ્રબોધક નાથાન તેનો રાજા તરીકે અભિષેક કરશે. તે વખતે તમે રણશિંગડું વગાડી પોકાર કરજો કે, 'રાજા સુલેમાન ઘણું જીવો!' 35ત્યારબાદ તમે સુલેમાનને ત્યાંથી અહીં લઈ આવો અને મારા બદલે સુલેમાનને રાજગાદી પર બેસાડો. સુલેમાન ઈસ્રાએલ અને યહૂદાનો રાજા થશે આ મારો આદેશ છે."

36ત્યારે યહોયાદાના પુત્ર બનાયાએ રાજાને કહ્યું, "ભલે એમ થાઓ! યહોવા, તમારા દેવ તમારી ઈચ્છાઓ પૂરી કરે! 37મારા માલિક અને રાજા, જેવી રીતે યહોવા તમારી સાથે રહ્યાં છે તેઓ સુલેમાન સાથે પણ રહે! એનું રાજ્ય રાજા દાઉદ કરતા પણ વધુ શક્તિશાળી અને મહાન બને."

38એ પછી યાજક સાદોક પ્રબોધક નાથાન. યહોયાદાના પુત્ર બનાયા અને રાજાના અંગરક્ષકોએ જઈને સુલેમાનને રાજા દાઉદના ખચ્ચર પર બેસાડયો અને તેને લઈને તેઓ ગિહોન ગયા. 39યાજક સાદોકે એક તેલનું શિંગડુ લીધું અને સુલેમાનના માથા પર તેનો રાજા તરીકે અભિષેક કરવા રેડ્યું. તેમણે રણશિંગડું વગાડયું અને બધા લોકો બોલી ઊઠયા. "રાજા સુલેમાન ઘણું જીવો." 40પછી બધા લોકો વાંસળી વગાડતા વગાડતા અને ધરતીકંપ કરતા પણ મોટા અવાજે બૂમો પાડતા આનંદ કરતા કરતા તેની સાથે ઉપર ગયા.

41તે વખતે અદોનિયા અને તેના મહેમાનોએ ભોજન પૂરું કર્યુ, ત્યાં તેમણે સૌએ આ અવાજ સાંભળ્યો. રણશિંગડાનો નાદ સાંભળીને યોઆબ બોલી ઊઠયો. "શહેરમાં આ શોરબકોર શાનો છે?"

42તે હજી બોલતો હતો એટલામાં જ યાજક અબ્યાથારનો પુત્ર યોનાથાન આવી પહોંચ્યો. અદોનિયાએ કહ્યું, "અંદર આવ, તું પ્રમાણિક માણસ છે અને શુભ-સંદેશ જ લાવ્યો હશે."

43યોનાથાને જવાબ આપ્યો "નાજી, એમ નથી. આપણા નામદાર રાજા દાઉદે સુલેમાનને રાજા બનાવ્યો છે. 44તેણે યાજક સાદોક, પ્રબોધક નાથાન અને યહોયાદાના પુત્ર બનાયા તથા રાજાના અંગરક્ષકોને તેની સાથે મોકલ્યા છે. તેમણે તેને રાજાના ખચ્ચર ઉપર બેસાડયો. 45ત્યાં યાજક સાદોકે અને પ્રબોધક નાથાને સુલેમાનના માથા પર, તેલ રેડીને તેને રાજા બનાવવા અભિષેક કર્યો છે, તેઓ હમણા જ ગિયોન ઝરણાથી નગરમાં પાછા આવ્યા છે, અને સમગ્ર નગર હર્ષોલ્લાસથી ઉત્સવ ઊજવી રહ્યું છે, અત્યારે શહેરમાં ભારે કોલાહલ મચી રહ્યો છે તમે જે સાંભળો છો તે એનો જ અવાજ છે. 46સુલેમાન હવે રાજગાદી પર બેસે છે.

47એટલું જ નહી, બધાજ દરબારીઓ અને પ્રજાજનો રાજા દાઉદને અભિનંદન આપતાં કહે છે, 'દેવ સુલેમાનને તમારા કરતા પણ વધુ પ્રસિદ્ધ બનાવે. તમારા રાજય કરતાં સુલેમાનનું રાજ્ય દેવ વધારે પ્રતાપી બનાવો.' "રાજા દાઉદે પલંગમાંથી જ દેવને ભજ્યાં અને કહ્યું, 48અને કહ્યું, ઈસ્રાએલના દેવ યહોવાનો જય હો! મારા એક વંશજને મારી રાજગાદી પર બેઠેલો હું મારી નજરે જોઈ શકયો છું."

49આ સાંભળીને અદોનિયાના બધા મહેમાનો ભયભીત બની, એકદમ ઊઠીને સૌ પોતપોતાને ઘેર ગયાં. 50અદોનિયા પણ વેદી પાસે દોડી ગયો તેથી તે ગયો અને તેણે વેદીના ભૂંગળા પકડી લીધાં. 51સુલેમાનને સમાચાર આપવામાં આવ્યા કે, "અદોનિયા સુલેમાનથી ડરતો હતો અને વેદીનાં ભૂંગળા પકડીને કહેતો હતો, 'સુલેમાન પહેલાં મને વચન આપો કે પોતે આ સેવકનો વધ નહિં કરો,'"

52પછી સુલેમાને કહ્યું, "જો તે સારી રીતે વર્તશે તો તેને આંચ નહીં આવે પણ જો એ પ્રતિકારપૂર્વક વર્તશે તો એને મારી નખાશે." 53ત્યારબાદ રાજા સુલેમાને તેને માણસો મોકલીને યજ્ઞવેદી પરથી તેડાવી મંગાવ્યો. તેણે આવીને રાજા આગળ પ્રણામ કર્યા અને સુલેમાને તેને કહ્યું કે, "તું તારે ઘેર જા."

## દાઉદનુ મૃત્યુ

2 રાજા દાઉદના જીવનનો અંત જયારે નજીક આવ્યો ત્યારે તેણે પોતાના પુત્ર સુલેમાનને બોલાવ્યો અને તેને આ પ્રમાણે હુકમ કર્યો.: 2"જગતના સૌ માનવીઓને જયાં જવાનું છે ત્યાં હું પણ હવે જાઉં છું. તું બળવાન બનજે અને વીરની જેમ વર્તજે. 3તમારા દેવ યહોવાએ તમને જેનું પાલન કરવા કહ્યું છે તેનું પૂર્ણ પાલન કરજે. મૂસાના નિયમશાસ્રમાં લખેલી દેવ યહોવાના પ્રત્યેક કાનૂન અને આજ્ઞાને આધીન થજે, જેથી તું જે કામ કરે અને જયાં જાય

ત્યાં તેમાં તને સફળતા પ્રાપ્ત થાય. 4જો તું એમ કરીશ તો
યહોવા મને આપેલું વચન પાળશે, યહોવાએ મને કહ્યું છે
'જો તારા પુત્રો ધ્યાનપૂર્વક વફાદારીથી અને સાચા અંત:કરણથી
મને અનુસરશે તો ઈસ્રાએલનો રાજા સદા તમારા
પરિવારમાંથી જ આવશે,"'

5"સરૂયાના પુત્ર યોઆબે મારી સાથે કેવો વર્તાવ રાખ્યો
હતો તે તું જાણે છે તને ખબર નથી કે તેણે ઈસ્રાએલી
લશ્કરના બે સેનાપતિ નેરનો પુત્ર આબ્નેર અને યેથરના
પુત્ર અમાસાને મારી નાખ્યા હતા? યુદ્ધમાં તે બનેલો બનાવ
હતો એવો તેણે દેખાવ કર્યો હતો, પણ હકીકતમાં એ કૃત્ય
શાંતિના સમયમાં કરવામાં આવ્યું હતું. અને તેની તલવારબંધ
અને પગરખાને નિર્દોષના લોહીથી કલંકિત કર્યા હતાં. 6તું
તારા ડહાપણ અનુસાર કામ કરજે અને તેને શાંતિપૂર્વક
મરવા દેતો નહીં.

7"પરંતુ ગિલયાદના બાર્ઝિલ્લાયના પરિવાર પ્રતિ સદા
મિત્રભાવ રાખજે તેમને પણ ભોજન સમયે તારી સાથે રાખજે,
કારણ કે હું જયારે તારા ભાઈ આબ્શાલોમથી ભાગતો ફરતો
હતો, ત્યારે તેઓ મારા પ્રત્યે વફાદાર રહ્યાં હતા, અને મારી
સારસંભાળ રાખી હતી.

8"બાહુરીમનો બિન્યામીની જાતિના ગેરાનો પુત્ર શિમઈ
હજી તારી સાથે છે હું માહનાઈમ ગયો ત્યારે તેણે મને ભારે
શાપ આપ્યો હતો, પણ યર્દન નદી આગળ મળવા આવ્યો
હતો અને મેં તેને યહોવાને નામે સોગંદ ખાઈને વચન
આપ્યું હતું કે, હું તેને મારી તલવાર થી મારીશ નહિં. 9પરંતુ
હવે તારે એને સજા વગર જવા દેવો નહિં, તું સમજુ છે અને
એની સાથે કેમ કામ પાર પાડવું એ તને સમજાઈ રહેશે,
ખાતરી કરજે કે તે વેદનાપૂર્ણ મૃત્યુથી મરે."

10પછી દાઉદનું અવસાન થયું અને તેને દાઉદના નગરમાં
દફનાવવામાં આવ્યો. 11તેણે ઈસ્રાએલ ઉપર 40 વર્ષ રાજય
કર્યુ 7 વર્ષ હેબ્રોનથી અને 33 વર્ષ યરૂશાલેમથી.

## રાજ સંભાળતો સુલેમાન

12પછી તેના પિતા દાઉદને સ્થાને સુલેમાને રાજગાદી
સંભાળી; તેણે રાજ્ય પર કાબૂ મેળવ્યો હતો, તેનો રાજ્ય
પરનો કાબૂ મજબૂત બન્યો.

13એક વખત હાગ્ગીથના પુત્ર અદોનિયાએ સુલેમાનની
માતા બાથશેબા પાસે જઈને તેણે પ્રણામ કર્યા. બાથશેબાએ
પૂછયું, "તું શાંતિથી આવ્યો છે?" તેણે જવાબ આપ્યો, "હા,
હું શાંતિપૂર્વક આવ્યો છું.

14એટલે તેણે કહ્યું, મારે તમને એક વાત કરવી છે,
બાથશેબાએ કહ્યું "તમારે શું કહેવું છે?"

15એટલે તેણે જવાબ આપ્યો, "તમે જાણો છો કે રાજગાદી
મને મળવી જોઈતી હતી અને સમગ્ર ઈસ્રાએલ હું રાજા
થઈશ એવી અપેક્ષા રાખતું હતું. પણ તેને બદલે રાજગાદી
મને ટાળીને મારા ભાઈને મળી છે, તેને યહોવાએ તે આપી.
16અને હવે મારે તમને એક વિનંતી કરવાની છે. કૃપા કરીને
તમે ના ન પાડશો," બાથશેબાએ પૂછયું, "તો શું?"

17તેથી અદોનિયાએ જવાબ આપ્યો, "તમે મહેરબાની
કરી સુલેમાનને પૂછો મને અબીશાગને પરણવાની રજા આપે.
તમને તે ના પાડશે નહિં."

18એટલે બાથશેબાએ કહ્યું, "સારું, હું રાજાને વાત કરીશ."

19પછી બાથશેબા અદોનિયા વિષે વાત કરવા રાજા સુલેમાન
પાસે ગઈ. અને આવકાર આપવા રાજા ઊભો થઈને પગે
લાગ્યો પછી પાછો રાજ્યાસન પર બેઠો રાજાએ તેની માતા
માટે પણ એક આસન લાવવાનો હુકમ કર્યો અને તેણી તેની
જમણી બાજુ બેઠી.

20પછી તેણે કહ્યું, "મારે તને એક નાની વિનંતી કરવાની
છે, ના પાડતો નહી."

રાજાએ કહ્યું, "કહો, શી વિનંતી છે. માતાજી? હુ ના નહિં
પાડું."

21બાથશેબાએ કહ્યું, "શૂનામ્મીઅબીશાગનાં લગ્ન તારા
ભાઈ અદોનિયા સાથે થાય તો સારું,"

22રાજા સુલેમાને તેની માતાને કહ્યું, "તમે એમ શું કામ
પૂછો છો કે શૂનામ્મી અબીશાગનાં લગ્ન અદોનિયા સાથે
થાય! મારા રાજ્ય માટે પૂછો તે એના માટે પૂછયા બરોબર
છે? કારણ, એ મારો મોટો ભાઈ છે. અને યાજક અબ્યાથાર
અને ઝેરુઈયા નો પુત્ર યોઆબે તેને ટેકો આપ્યો."

23રાજા સુલેમાને સમ લીધા, યહોવા મને દંડ આપે સિવાય
કે "અદોનિયાએ આ વિનંતી કરવા માટે પોતાનો જીવ આપે!
24જે યહોવાએ મને મારાં પિતા દાઉદની ગાદી ઉપર સ્થિર
કરીને સ્થાપ્યો છે, અને જેણે વચન આપ્યા પ્રમાણે મારા
વંશની સ્થાપના કરી છે. તેના સમ ખાઈને હું કહું છું કે,
અદોનિયાને આજે જ મોતને હવાલે કરવામાં આવશે."

25તેથી સુલેમાને યહોયાદાના પુત્ર બનાયાને આજ્ઞા કરી
અદોનિયાને મારી નાખવાની.

26પછી યાજક અબ્યાથારને રાજાએ કહ્યું, "તું તારે ઘેર
અનાથોથ જતો રહે. તું મૃત્યુદંડને જ લાયક છે પણ હું તને
મારી નાખીશ નહીં. કારણ, કે તેં દેવ યહોવાનો પવિત્રકોશ
મારા પિતા દાઉદ સમક્ષ ઉચક્યો હતો અને તેમનાં બધાં
કષ્ટોમાં તેં ભાગ પડાવ્યો હતો." 27આમ સુલેમાને યહોવાના
યાજકપદેથી અબ્યાથારને પદભ્રષ્ટ કર્યો. આમ એલી યાજકના
વંશજો વિષે યહોવાએ શીલોહમાં જે વાણી ઉચ્ચારી હતી તે
સાચી પાડી.

28જયારે યોઆબને આ સમાચાર મળ્યા ત્યારે તે યહોવાના
મંડપ પવિત્રસ્થાનમાં ભાગી ગયો અને વેદીનાં શિંગ પકડી
લીધાં; કારણ, તેણે અદોનિયાનો પક્ષ લીધો હતો. જો કે
આબ્શાલોમનો પક્ષ લીધો નહોતો. 29રાજા સુલેમાનને
સમાચાર મળ્યા કે, "યોઆબ યહોવાના પવિત્રમંડપમાં
ભાગી ગયો છે, અને ત્યાં વેદી પાસે ભરાયો છે. ત્યારે
સુલેમાને યહોયાદાના પુત્ર બનાયાને મોકલીને કહ્યું કે,
"જા, તેને પૂરો કર."

30એટલે બનાયાએ યહોવાના મંડપમાં જઈને કહ્યું, "તને
રાજાનો હુકમ છે બહાર આવ."

પરંતુ યોઆબે કહ્યું, "ના, હું તો અહીં જ મરીશ."

બનાયાએ રાજાને સમાચાર આપ્યા કે, યોઆબે મને આમ
કહ્યું અને આવો જવાબ આપ્યો, 31તેથી રાજાએ કહ્યું, "તેના
કહ્યા પ્રમાણે કર. તેને પૂરો કરીને દફનાવી દે અને મને અને
મારા કુટુંબને, નિર્દોષ લોકોને મારીને યોઆબે કરેલા
ગુનાહમાંથી મુકત કર. 32યહોવા એણે કરેલા ખૂનનું પાપ
એને પોતાને માથે નાખશે; કારણ, એણે બે નિર્દોષ માણસો કે
જે તેના કરતા વધારે સારા હતા તેને મારી નાખ્યા હતા, તેણે
મારા પિતા જાણતા નહોતા કે યોઆબે ઈસ્રાએલના
સેનાધિપતિ નેરનો પુત્ર આબ્નેરનું અને યહૂદિયાના
સેનાધિપતિ યેથેરના પુત્ર અમાસાનું ખૂન કર્યુ હતું. 33યોઆબ
અને તેનાં સંતાનોને માથે એમના રકતનું પાપ કાયમ રહો,
પણ દાઉદને અને તેનાં વંશજોને અને તેના વંશને અને તેની
રાજગાદીને યહોવા સદા સુખશાંતિ આપો."

34તેથી યહોયાદાના પુત્ર બનાયાએ યોઆબને મારી
નાખ્યો. તેના ઘર પાસે તેને વગડામાં દફનાવવામાં આવ્યો.
35પછી રાજાએ યોઆબને બદલે યહોયાદાના પુત્ર બનાયાને
લશ્કરના સેનાધિપતિ તરીકે અને યાજક તરીકે અબ્યાથારને
બદલે સાદોકની નિમણૂંક કરી. 36એ પછી રાજાએ શિમઈને
તેડાવી મંગાવ્યો અને કહ્યું, "તું યરૂશાલેમમાં ઘર બંધાવીને
ત્યાં રહે, યરૂશાલેમ છોડીને તારે બીજે જવાનું નથી. 37જે
દિવસે તું શહેર છોડીને કિદ્રોનનું નાળું ઓળંગીશ તે દિવસે
જરૂર તારું મોત થવાનું. અને તારા મોત માટે તું જ જવાબદાર
ગણાશે."

38શિમઈએ રાજાને કહ્યું, "સારું, હું આપ નામદારની આજ્ઞા
મુજબ વર્તીશ," અને લાંબા વખત સુધી શિમઈ યરૂશાલેમમાં
જ રહ્યો. 39પણ ત્રણ વરસ પછી તેના બે ગુલામો ગાથના
રાજા માઅખાહના દીકરા આખીશ પાસે ભાગી ગયા. જયારે
શિમઈને કહેવામાં આવ્યું કે, તારા ગુલામો ગાથમાં છે. 40ત્યારે
તે તુરંત જ શિમઈએ ગધેડા ઉપર જીન નાખીને ગુલામોની
શોધમાં ગાથમાં આવેલ અચીશ જવા માટે ગયો. પછી તે
તેઓને ગાથમાંથી પાછા લાવ્યો.

41જયારે રાજા સુલેમાનને સમાચાર મળ્યા કે, "શિમઈ
યરૂશાલેમથી ગાથ ગયો હતો અને પાછો આવી ગયો છે,"
42પછી માણસ મોકલીને તેણે તેને બોલાવડાવ્યો અને કહ્યું,
"મેં તને યહોવાના સમ નહોતા લેવડાવ્યા, મેં તને સખત
ચેતવણી નહોતી આપી કે, 'તું જે દિવસે શહેર છોડીને બીજે
ગયો તે દિવસે જરૂર મોંત આવ્યું સમજજે!' અને તેં કહ્યું હતું
કે, "સારું, હું એ પ્રમાણે કરીશ." 43તો પછી તેં યહોવાના
સમ ખાઈને આપેલું વચન કેમ પાળ્યું નહિ, અને મારી
આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કર્યું? 44મારા પિતા દાઉદ સાથે તેં જે
દુષ્ટ વ્યવહાર કર્યો હતો તે તું બરાબર જાણે છે. યહોવા તને
તારાં એ દુષ્ટ કૃત્યો માટે સજા કરશે; 45પણ રાજા સુલેમાન
આશીર્વાદિત હશે અને દાઉદની ગાદી યહોવાની હાજરીમાં
સદાયને માટે મજબૂત રીતે સ્થાપિત રહેશે."

46ત્યારબાદ યહોયાદાના પુત્ર બનાયાએ રાજાની આજ્ઞા
પ્રમાણે શિમઈને બહાર લઈ જઈને મારી નાખ્યો. આમ,
સુલેમાનની, શાસન, સત્તા, સ્થાપીત થઈ.

## સુલેમાનની જ્ઞાન માટેની યાચના

3 સુલેમાને મિસરના રાજા ફારુનની સાથે કરાર કર્યો,
તેણે તેની પુત્રી સાથે લગ્ન કર્યાં. તે તેને દાઉદનગરમાં
લઈ આવ્યો. સુલેમાનનો મહેલ, યહોવાનું મંદિર અને
યરૂશાલેમની ફરતી દીવાલ બાંધવામાં આવી ત્યાં સુધી તે
ત્યાં રહી. 2તે સમયે યહોવાનું મંદિર હજી બંધાયુ ન હોવાથી
લોકો પોતાના બલિદાનો ટેકરી પરના થાનક પર અર્પણ
કરતા હતા. 3સુલેમાન પોતે યહોવા ઉપર પ્રેમ રાખતો હતો
અને તેના પિતા દાઉદે ઠરાવેલા તમામ નિયમો અને વિધિઓનું
પાલન કરતો હતો. પરંતુ તે છતાં પણ તે ટેકરી પરના
સ્થાનકો ઉપરજ બલિદાનો અર્પણ કરતો હતો અને ધૂપ
પેટાવતો હતો.

4પર્વતનાં શિખરો પર આવેલા બધાં સ્થાનકોમાં સૌથી
વધારે પ્રખ્યાત ઉચ્ચસ્થાન ગિબયોનમાં હતું. રાજાએ ત્યાં
જઈને 1,000 દહનાર્પણોનાં બલિદાન અર્પણ કર્યાં! 5તે રાત્રે
યહોવાએ તેને સ્વપ્નમાં દર્શન આપ્યા અને કહ્યું, "તારે જે
જોઈએ તે તું માગી લે હું તને તે આપીશ."

6ત્યારે સુલેમાને જવાબ આપ્યો, "હે યહોવા, તમે મારા
પિતા દાઉદ પ્રત્યે પુષ્કળ પ્રેમ દર્શાવ્યો છે. કારણ કે તમારી
સાથેના સંબંધમાં તે પ્રમાણિક, સત્ય અને વિશ્વાસુ હતા,
અને તમારી આજ્ઞાઓને આધીન હતા. વળી તમે તેને એક
પુત્ર આપીને જેઆજે તેની જગ્યાએ રાજા બન્યો છે તેના
પ્રત્યેનો તમારો પ્રેમ બતાવ્યો છે. 7હવે, ઓ મારા યહોવા
દેવ, તમે તમારા આ સેવકને મારા પિતા દાઉદ પછી રાજા
બનાવ્યો છે, જો કે હું તો હજી છોકરો છું. કયાં જવું અને શું
કરવું એ હું જાણતો નથી. 8હું અહીં તમારા પસંદ કરેલા
લોકો વચ્ચે આવી પડયો છું. આ એક મહાન પ્રજા છે અને
તેઓની સંખ્યા અગણિત છે! 9તેથી, મને વિવેકબુદ્ધિવાળું
હૃદય આપો; જેથી કરીને હું ન્યાયપૂર્વક તમારા લોકો પર
રાજ કરી શકુ અને તેમને સાચા અને ખોટા વચ્ચેનો તફાવત
સમજાવી શકુ, નહીં તો તમારા મહાન લોકો પર કોણ રાજ
કરી શકશે?"

10સુલેમાનની વિનંતીથી યહોવા પ્રસન્ન થયા. 11અને
તેણે સુલેમાનને કહ્યું, "તેં આ માંગણી કરી છે અને પોતાના
માટે લાબું આયુષ્ય કે સંપત્તિ કે તારા દુશ્મનોનાં મોત પણ
માગ્યા નથી, પરંતુ ન્યાય પૂર્વક લોકો ઉપર રાજય કરવા
માટે ડહાપણ માગ્યું છે, 12અને એટલેજ જો, હું તારી માંગણી
પૂરી કરું છું. હું તને એવું ડહાપણ અને સમજ શકિતવાળું
હૃદય આપું છું કે, તારા પહેલાં તારા જેવો કોઈ થયો નથી
અને તારા પછી કોઈ થવાનો નથી. 13તદુપરાંત જે તેં માંગ્યું
નથી; એ પણ હું તને આપીશ; સમૃદ્ધિ અને સન્માન! તારા
જીવનપર્યંત તારા જેવો શ્રીમંત કે ખ્યાતનામ વિશ્વમાં અન્ય
કોઈ થશે નહી! 14અને, જો તું તારા પિતાની જેમ મારે માર્ગે
ચાલશે અને મારી આજ્ઞાઓ, અને કાનૂનોનું પાલન કરશે તો
હું તને દીર્ઘાયુ આપીશ."

15પછી સુલેમાન જાગી ગયો, તેને સમજાયું કે આ તો
સ્વપ્ન છે. સુલેમાન યરૂશાલેમ પાછો આવ્યો અને યહોવાએ

ખાસ ઈસ્રાએલ સાથે કરેલા કરારનામાં ધરાવતા પવિત્રકોશ સામે ઊભો રહ્યો, અને દહનાર્પણ અર્પણ કર્યા. પછી તેણે તેના બધા અધિકારીઓ માટે મિજબાની રાખી.

16તે પછી બે વારાંગનાઓ રાજાની સમક્ષ આવીને ઊભી
રહી. 17પહેલી બોલી, "નામદાર, આ બાઈ અને હું એકજ ઘરમાં રહીએ છીએ. એક પુત્રને મેં ઘરમાં જન્મ આપ્યો એ જ્યારે ત્યાં મારી સાથે હતી.
18મારી પ્રસૂતિ પછી ત્રીજે દિવસે તે સ્રીને પણ એક બાળક અવતર્યુ. ઘરમાં અમે એકલાં જ હતાં ઘરમાં ત્યાં બીજું કોઈ નહોતું.
19એક રાત્રે ઊંઘમાં પાસું ફેરવતાં તેનો પુત્ર દબાઈને મૃત્યુ પામ્યો
20પછી રાત્રે ઊઠીને તેણે મારી પાસેથી મારા પુત્રને મને ખબર ન પડે તેમ ઉઠાવી લીધો, તે વખતે હું ઊંઘતી હતી તે દરમ્યાન તેણે મારું બાળક પોતાની બાજુમાં મૂકયું અને તેનું મૃત બાળક મારી બાજુમાં મૂક્યું.
21જયારે સવારમાં હું મારા બાળકને ધવરાવવા ઊઠી તો તે મરેલો જણાયો, પણ અજવાળામાં મેં ધારીને જોયું તો ખબર પડી કે, એ મને અવતરેલું બાળક નહોતું."

22ત્યારે બીજી સ્ત્રી બોલી "જે પુત્ર જીવતો છે એ તો મારો અને જે મરી ગયો છે તે તારો છે." પ્રથમ સ્રીએ કહ્યું, "ના, મરેલો પુત્ર એ તારો છે, અને જે જીવતો છે, એ મારો છે." આમ તેઓ બંને પોતાની દલીલો રાજા સમક્ષ રજૂ કરવા લાગી.

23રાજાએ મનમાં વિચાર કર્યો, "આ કહે છે કે, જીવતો છોકરો મારો છે અને મરેલો તારો છે, જયારે પેલી સ્રી કહે છે કે, "એ વાત ખોટી છે, મરેલો તારો છે અને જીવતો મારો છે."

24પછી તેણે કહ્યું, "મને એક તલવાર લાવી આપો." એટલે રાજા આગળ તલવાર રજૂ કરવામાં આવી.
25પછી રાજાએ કહ્યું, "આ જીવતા બાળકના બે ભાગ કરો અને બંને સ્રીઓને એક એક ભાગ આપો!"

26આ સાંભળીને જીવતા બાળકની સાચી માતાના હૃદયમાં પ્રેમની લાગણી જન્મી અને તેણે રાજાને કહ્યું, "નામદાર, બાળક ભલે એને આપી દો, પણ એને મારી નાખશો નહિં.

પણ પેલી બીજી સ્રી બોલી, "બાળક તો કોઈને નહિ મળે, ના એને મળે કે ના મને મળે, એના બે ટુકડા કરી નાખો."

27ત્યારે રાજાએ ચુકાદો આપ્યો "જીવતુ બાળક (પહેલી) સ્રીને આપી દો. એને મારી નાખશો નહીં. એજ એની ખરી માતા છે."

28રાજાએ જે અદલ ઈન્સાફ કર્યો તેની જાણ સમગ્ર ઈસ્રાએલમાં થઈ ગઈ, ત્યારે તેમના રાજયના લોકોના મનમાં રાજા માટે આદરભાવ જાગ્યો. તેઓ સમજી ગયા કે, એ ન્યાય કરવા માટે દિવ્ય જ્ઞાન ધરાવે છે.

## સુલેમાનના અમલદારો

4 સમગ્ર ઈસ્રાએલ ઉપર રાજા સુલેમાન રાજય કરતો
હતો. 2તેના અમલદારો નીચે પ્રમાણે હતા:
સાદોકનો પુત્ર અઝાર્યા યાજક હતો.

3શીશાના પુત્રો અલીહોરેફ તથા અહિયા પત્રકારો હતા. અહીલૂદનો પુત્ર યહોશાફાટ ઈતિહાસકાર હતો.

4યહોયાદાનો પુત્ર બનાયા લશ્કરનો સરસેનાધિપતિ હતો. સાદોક તથા અબ્યાથાર યાજકો હતા.

5નાથાનનો પુત્ર અઝાર્યા રાજયપાલોનો વડો હતો. યાજક નાથાનનો પુત્ર ઝાબુદ રાજાનો મિત્ર હતો.

6રાજમહેલની બાબતોનો વ્યવસ્થાપક અહીશાર હતો અને આબ્દાનો પુત્ર અદોનીરામ વેઠ મજૂરોનો અધિકારી હતો.

7ઈસ્રાએલમાં બાર પ્રશાશક હતા અને દરેક જણ રાજાના પરિવાર માટે અનાજ પુરું પાડતા હતા. દર વર્ષે દરેક પ્રશાશક એક મહિનાનું અનાજ પૂરું પાડતા હતાં.
8એ બાર પ્રશાશકનાં નામ નીચે પ્રમાણે છે;

બેનહૂરે એફ્રાઈમના પહાડી પ્રદેશનો પ્રશાશક હતો.

9બેન્દેકરે, માકશ, શાઆલ્લીમ, બેથશેમેશ અને એલોન બેથહાનાનનો પ્રશાશક હતો.

10બેનહેશેદ અરૂબ્બોથ, સોખોહ અને હેફેરના બધાં પ્રદેશોનો પ્રશાશક હતો.

11નરૂથદોરના પહાડી પ્રદેશ ઉપર બેન-અબિનાદાબે પ્રશાશક હતો તે સુલેમાનની પુત્રી, રાજકુંવરી ટાફથને પરણ્યો હતો.

12અહિલુદના પુત્ર બાનાએ તાનાથ તથા મગિદો, અને સારથાનની બાજુમાં જેઝરીલ તળે આખા બેથશીનમા પ્રશાશક હતો, તેણે બેથશીનથી છેક અબેલ મહોલા અને જોકનીમની પેલી પાર સુધી શાસન કર્યુ.

13બેનગેબેર રામોથ ગિલયાદ, મનાશ્શાના પુત્ર યાઈરના ગિલયાદમાં આવેલ ગામો તથા બાશાનમાંનો આર્ગોબ પ્રદેશ પર પ્રશાશક હતો. આમાં કાંસાના સળીયાં અને દીવાલો વાળા સાંઈઠ મોટા નગરો પણ સમાયેલા હતા.

14ઈદોના પુત્ર અહિનાદાબ માહનાઈમનો પ્રશાશક
હતો. 15અહીમાસ નફતાલીનો પ્રશાશક હતો અને તે સુલેમાનની પુત્રી બાસમાથને પરણ્યો હતો.

16 હુશાયના પુત્ર બાનાઅ આશેર અને આલોથનો પ્રશાશક હતો.

17પારૂઆહના પુત્ર યહોશાફાટ ઈસ્સાખારનો પ્રશાશક હતો.

18એલાના પુત્ર શિમઈ બેન્ઝામીનનો પ્રશાશક હતો.

19ઉરીના પુત્ર ગેબેર ગિલયાદનો પ્રશાશક હતો, એ ભૂમિનો જેના પર અમોરીઓનો રાજા સિહોન અને બાશાનનો રાજા ઓગ એક સમયે રાજ્ય કરતાં હતાં યહૂદામાં ત્યારે એકજ પ્રશાશક હતો.

20યહૂદા અને ઈસ્રાએલ સમુદ્ર કિનારે રહેલી રેતીની જેમ લોકોથી ભરેલા હતાં અને તેઓ પાસે ખાવાપીવાનું પુષ્કળ હતું અને સુખી હતાં.

21સુલેમાન રાજા યુફ્રેતિસ નદીથી પલિસ્તીઓના દેશ સુધી તથા દક્ષિણે મિસર સરહદ સુધીના સમગ્ર પ્રદેશ ઉપર શાસન કરતો હતો. આ પ્રદેશના તાબેદાર લોકો સુલેમાનને ઉપહાર આપતા હતા. સુલેમાનના જીવનકાળ દરમ્યાન તેઓ તેમને આધીન રહેતા હતા.

22રાજમહેલમાં વસનારાં રાજવી કુટુંબીના રોજીંદા ખોરાક માટે 30 માપ મેંદો, 60 માપ લોટ, 23તબેલામાં ચરાવેલા દસ ઢોર, અને ચરાણમાં ચરાવેલા 20 ઢોર, 100 ઘેટાં અને અવારનવાર હરણ, સાબર, કાળિયાર અને પુષ્ટ પક્ષીઓ રાજાના રસોડામાં પૂરાં પાડવામાં આવતાં હતા.

24રાજા સુલેમાને ફ્રાંત નદી પેલે પારના વિસ્તારમાં છેક તિફસાહથી ગાઝા સુધી શાસન કર્યુ. ત્યાંના બધા રાજાઓ પર તેણે રાજ કર્યુ, અને તેના રાજયમાં સર્વત્ર શાંતિ હતી. 25સુલેમાનના સર્વ દિવસો સુરક્ષા ભરેલાં હતાં જે બધાંને, દાનથી તે બેરશેબા સુધી યહૂદીયા તથા ઈસ્રાએલના બધાં લોકો જેઓ પોતપોતાના દ્રાક્ષાવેલા નીચે તથા પોતપોતાની અંજીરી નીચે રહેતાં તે લોકોને અપાઈ હતી.

26સુલેમાન પાસે રથોના ઘોડાઓ માટે 4,000 તબેલા હતા અને 12,000 રથ ચાલકો હતા. 27પોતાને ભાગે આવેલા માસમાં સુલેમાન રાજાને તથા સુલેમાનને ત્યાં જમવા આવનાર સઘળાંને ખોરાક પૂરો પાડતો હતો; દરેક અધિકારી એક મહિના માટે ખોરાક પૂરો પાડતો હતો તેઓ કોઈપણ વસ્તુ છોડી મૂકવા માગતાં નથી. 28તેઓ પ્રત્યેક પોતપોતાને સોંપેલી ફરજ પ્રમાણે, પોતાના ઘોડાઓને માટે તથા રાજાના ઘોડાઓ માટે જવ તથા સુકુ ઘાસ મોકલતા હતા.

## સુલેમાનનું ડાહપણ

29દેવે સુલેમાનને ઘણું ડહાપણ તથા વિવેકબુદ્ધિ તથા સમુદ્ર કિનારે રહેલી રેતીની જેમ વિશાળ સમજણશકિત આપ્યાં હતાં. 30મિસર તથા પૂર્વના દેશોના મહાન જ્ઞાનીઓને ઘણું જ્ઞાન હતું પરંતુ તે સુલેમાનના ડહપણથી ઓછું હતું. 31એથામ એઝ્રાહી તથા માહોલના પુત્રો હેમાન, કાલ્લોલ, અને દાર્દા જ્ઞાનીઓ હતાં પરંતુ તેમના કરતાં સુલેમાન અધિક જ્ઞાની હતો. આજુબાજુની પ્રજાઓમાં તેની કીર્તિ પ્રસરેલી હતી. 32તેણે 3,000 કહેવતો અને 1,005 ગીતોની રચના કરી હતી.

33સુલેમાને લબાનોનના દેવદાર વૃક્ષથી માંડીને દીવાલોમાંથી ઉગતા ઝુફાના વૃક્ષો બાબત જ્ઞાન આપ્યું. સુલેમાને પશુઓ, પક્ષીઓ, પેટે ચાલનારા પ્રાણીઓ તથા માછલીઓ વિશે જ્ઞાન આપ્યું. 34જે સર્વ લોકોએ તથા પૃથ્વી પરના જે સર્વ રાજાઓએ સુલેમાનના જ્ઞાન વિષે સાંભળ્યું હતું, તેઓ તેની જ્ઞાનની વાતો સાંભળવા આવતા હતા.

## મંદિર નિર્માણ માટે તૈયારી

5 તૂરનો રાજા હીરામ રાજા દાઉદ સાથે સંલગ્ન થઈ ગયો, તેણે પોતાના નોકરોને સુલેમાન રાજા પાસે મોકલ્યા; કારણ કે તેણે જાણ્યું હતું કે દાઉદનો પુત્ર સુલેમાન ઈસ્રાએલના નવા રાજા તરીકે અભિષિકત થયો છે. 2હીરામને પ્રત્યુત્તર આપતાં સુલેમાને કહેવડાવ્યું કે, 3તું જાણે છે કે, "મારા પિતા યહોવા દેવના માનમાં મંદિર બાંધી શકયા નહીં, કારણ કે તેમને આજુબાજુના દુશ્મન રાજયો સાથે ઘણાં યુદ્ધો કરવાં પડયાં હતાં, અને યહોવા શાંતિ સ્થાપન કરે તેની તે રાહ જોતા હતા. 4પરંતુ હવે યહોવા મારા દેવે ઈસ્રાએલમાં સર્વ સરહદોએ શાંતિ સ્થાપી છે. કોઈ શત્રુ નથી કે નથી કોઈ આપત્તિ.

5"તેથી હવે હું મારા યહોવા માટે મંદિર બનાવી શકું અને હું તેમ કરવા માટે યોજના કરું છું, 'એ કામ મારે કરવાનું છે એવી સૂચના યહોવાએ મારા પિતાને આપી હતી યહોવાએ તેમને કહ્યું હતું, તારા પછી તારા પુત્રને હું તારા રાજયાસન પર બેસાડીશ. તે મારા નામ માટે થઈને મંદિર બંધાવશે. 6તેથી હવે લબાનોનમાં તમારા સેવકોને મારા માટે દેવદાર વૃક્ષ કાપવા હુકમ કરો, મારા સેવકો તમારા સેવકોની સાથે રહેશે; અને તમે જે પ્રમાણે કહેશો તે મુજબ હું તમારા સેવકોને વેતન ચૂકવી આપીશ; કારણ કે તમે જાણો છો કે કોઈપણ ઈસ્રાએલી સિદોનીઓની જેમ કેવી રીતે વૃક્ષો કાપવા તે જાણતો નથી!"

7જયારે હિરામે સુલેમાનનો સંદેશો સાંભળ્યો ત્યારે તે ખૂબ પ્રસન્ન થયો; તેણે કહ્યું, "યહોવાની સ્તુતિ થજો! કારણકે તેમણે દાઉદને આ મહાન પ્રજા પર રાજ્ય કરવા એક શાણો પુત્ર આપ્યો છે." 8હીરામે રાજા સુલેમાનને સંદેશો મોકલ્યો કે, "તમે દેવદારના અને ફરના વૃક્ષ કાપવા માટેનો જે સંદેશો મોકલ્યો છે તે મેં સાંભળ્યો છે હું તમારી સઘળી ઈચ્છાઓ પરિપૂર્ણ કરીશ. 9મારા માણસો લબાનોનથી સમુદ્ર સુધી લાકડાં લઈ આવશે અને ત્યાંથી તમે કહેશો ત્યાં હું તે લાકડાં બાંધીને તરાપા બનાવીને સમુદ્રમાર્ગે વહાવી દઈશ, પછી લાકડાં છૂટાં કરી તમને સોંપી દેવાશે. તમારે તો મારા માણસોને ફકત વેતન, ખોરાક અને રહેવા માટેની જગ્યા આપવી પડશે."

10એમ આ રીતે હીરામે સુલેમાને જેમ ઈચ્છયું હતું તેમ કર્યુ અને જરૂરિયાત મુજબનું ફર અને દેવદાર વૃક્ષોનું લાકડું મોકલી આપ્યું. 11તેના બદલામાં સુલેમાને પ્રતિવર્ષ હીરામને 20,000 માપ ઘઉં અને 20 માપ શુદ્ધ જૈતતેલ મોકલી આપ્યાં,

12અને યહોવાએ સુલેમાનને વચન આપ્યું હતું, તે મુજબ તેણે તેને જ્ઞાન આપ્યું; અને હીરામ તથા સુલેમાનની વચ્ચે સુલેહ–શાંતિના કરાર કર્યા.

13રાજા સુલેમાને પોતાને માટે કામ કરવા ઈસ્રાએલના 30,000 માણસોને મજબૂર કર્યા. 14તે તેઓમાંથી તે વારા પ્રમાણે પ્રતિમાસ 10,000 માણસોને લબાનોન મોકલતો હતો; તેઓ એક માસ લબાનોનમાં અને બે માસ પોતાના ઘેર રહેતા; અદોનીરામ બધાં મજૂરોનો ઊપરી હતો. 15સુલેમાન પાસે તેના માટે બાંધકામની સામગ્રી ઊપાડનારા વધારાના 70,000 માણસો હતા. વળી પહાડી પ્રદેશમાં પથ્થર તોડનારા 80,000 માણસો હતા. 16બાર પ્રશાશકો ઊપરાંત સુલેમાન પાસે મજૂરોના કામ પર દેખરેખ રાખનારા 3,300 મુકાદમો

હતા. 17રાજાની આજ્ઞા મુજબ ઘડેલા પથ્થરોથી મંદિરનો
પાયો નાખવા માટે તેઓ મોટા તથા મૂલ્યવાન પથ્થરો ખોદી
કાઢતા હતા. 18અને ગબાલ પ્રદેશના માણસો પણ સુલેમાનના
અને હીરામના કામદારોને મંદિર બાંધવા માટે પથ્થર
કાપવાના અને મંદિર માટે લાકડા કાપવાના કામમાં મદદ
કરતા હતા.

## મંદિરનું બાંધકામ

6 ઈસ્રાએલીઓ મિસરમાંથી 480 વર્ષ પછી બહાર આવ્યા
પછી, રાજા સુલેમાનના ઈસ્રાએલ પરના શાસનનું ચોથું
વર્ષ હતું, બીજા મહિનામાં એટલે કે ઝીવ માસમાં તેણે
યહોવાના મંદિરનું બાંધકામ શરૂ કર્યુ. 2રાજા સુલેમાને જે
મંદિર યહોવા માટે બંધાવ્યું તે 60 હાથ લાંબુ, 20 હાથ
પહોળું અને 30 હાથ ઊચું હતું. 3મંદિરની સામેની પરસાળની
પહોળાઈ 20 હાથ અને લંબાઈ 10 હાથ હતી. 4તેણે ચોકઠાં
અને આડશવાળી બારીઓવાળું મંદિર બંધાવ્યું. 5તેણે બરોબર
મંદિરની દીવાલોની ફરતે એક બાંધકામનું માળખું બનાવ્યું
જેની અંદર નાની ઓરડીઓ હતી. 6આ ઓરડીઓના ત્રણ
માળ હતા. ભોંયતળિયાની ઓરડીઓ 5 હાથ પહોળી, વચ્ચેના
માળની 6 હાથ પહોળી અને ઉપલા માળની 7 હાથ પહોળી
હતી. તેણે દિવાલની બહારના ભાગમાં થાંભલા બનાવ્યા
હતા જેથી કરીને ટેકાવાળાં ખંભા મંદિરના અંદરના ભાગની
દિવાલમાં દેખાય નહીં. 7મંદિર બાંધવામાં જે પથ્થરો વપરાતા
હતા તેને ખાણમાંજ કાપીને ચમકદાર બનાવાતાં હતા. તેથી
મંદિર બંધાતુ હતું ત્યારે હથોડા કુહાડી કે બીજા કોઈપણ
લોખંડના ઓજારનો અવાજ સંભળાયો નહોતો.

8ભોંય તળિયાનું પ્રવેશદ્વાર મંદિરની દક્ષિણ બાજુએ આવેલું
હતું, ત્યાં વચલા માળે જવાનો એક વળાંક વાળો ગોળાકાર
દાદરો હતો અને વચલા માળેથી સૌથી ઉપલે માળે જવાતું
હતું.

9સુલેમાને મંદિરનું બાંધકામ પૂરું કર્યુ અને છત દેવદારના
પાટડા અને પાટિયાની બનાવી. 10મંદિરની દીવાલો બંધાઇ
ગઇ હતી અને દીવાલોની દરેક બાજુએ દેવદારના પાટિયા
હતાં બધાં માળ પાંચ હાથ ઊંચા હતાં.

11પછી સુલેમાનને યહોવાના વચન સંભળાયાં; 12"તું
મારા માટે આ મંદિર બાંધે છે, તો જો તું મારા હુકમો ઉઠાવશે,
મારા ઉપદેશનો અમલ કરશે અને મારા બધા કાનૂનો અને
આજ્ઞાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરશે તો મેં તારા પિતા દાઉદને
તારે વિષે જે વચન આપ્યું હતું તે હું પાળીશ. 13વળી હું
ઈસ્રાએલીઓ વચ્ચે વસવાટ કરીશ અને મારા ઈસ્રાએલી
લોકોને ત્યજી દઈશ નહિં."

## મંદિરની વિગતો

14આમ, સુલેમાને મંદિરનું બાંધકામ લાકડાથી પૂરું કર્યુ.
15તેણે મંદિરની અંદરની દીવાલોને ભોંયતળિયાથી છત
સુધી દેવદારના પાટિયાથી જડી દીધી હતી અને તેણે ચીડના
લાકડાંથી મંદિરના ભોંયતળિયાને જડી દીધો હતો. 16મંદિરની
પાછળની બાજુ તેણે 20 હાથ લાંબો એક ઓરડો બાંધ્યો.
તેણે તેની દીવાલો દેવદારથી જડી દીધી હતી અને તે તળિયેથી
છેક છત સુધી પહોંચતી હતી, આ અંદરની જગ્યા હતી,
પરમપવિત્ર સ્થળ હતું. 17પરમ પવિત્ર સ્થળની સામેની
બાકીની જગ્યા 40 હાથ લાંબી હતી. 18મંદિરની અંદરની
બાજુના હિસ્સામાં દેવદારના લાકડા ઉપર ફૂલો અને વેલાઓ
કોતરેલાં હતાં. અંદરનો બધો જ ભાગ દેવદારના લાકડાથી
મઢી લેવામાં આવ્યો હતો. જેથી મંદિરની અંદરના હિસ્સામાં
કયાંય પથ્થર દેખાતો નહોતો.

19મંદિરના પાછલા ભાગમાં 'પવિત્રકોશ' રાખવાની પરમ
પવિત્ર જગ્યા હતી, આ કોશમાં દેવનો ઈસ્રાએલ સાથેનો
ખાસ કરાર હતો. 20તે 20 હાથ લાંબું, 20 હાથ પહોળું અને
20 હાથ ઊચું હતું અને તેને શુદ્ધ સોનાના પતરાથી મઢી
લીધું હતું. અને દેવદારના લાકડાંથી મઢી હતી. 21પછી
સુલેમાને મંદિરની અંદરની દીવાલો સોનાના આવરણથી
મઢી લીધી, અને અંદરની ઓરડીઓને પણ શુદ્ધ સોનાના
પતરાથી મઢી લીધી. અને તે પવિત્રસ્થાનના પ્રવેશદ્વારના
એક છેડેથી બીજા છેડા સુધી સોનાની સાંકળો લટકતી હતી.
22આમ, સુલેમાને મંદિરની અંદરનો આખો ભાગ સોનાથી
મઢી લીધો હતો. તેણે અંદરની પવિત્ર જગ્યામાંની વેદીને
પણ સોનાથી મઢી હતી.

23સુલેમાને પરમપવિત્ર સ્થાનમાં જૈતૂનના લાકડામાંથી
બનાવેલા બે કરૂબ દેવદૂતો મૂકયા. તે દરેક દસ હાથ ઉંચા
હતા. 24દરેક કરૂબને બે પાંખ હતી અને તે દરેક પાંખ 5
હાથ લાંબી હતી આથી દરેકની એક પાંખથી બીજી પાંખના
છેડાઓ વચ્ચેનું અંતર 10 હાથ હતું. 25બીજા કરૂબની બે
પાંખો વચ્ચેનું અંતર પણ 10 હાથ હતું, બંને કરૂબો કદ અને
આકારમાં સરખા જ હતા. 26દરેક દેવદૂતની ઊંચાઈ 10
હાથ હતી. 27તેઓએ એ બંન્ને કરૂબોને મંદિરના પરમ પવિત્ર
સ્થાનમાં ગોઠવ્યા હતાં. કરૂબની પાંખો ફેલાયેલી હતી, તેથી
એક દેવદૂતની પાંખ એક ભીંતને અને બીજા દેવદૂતની પાંખ
બીજી ભીંતને અડતી હતી, અને તેમની બીજી પાંખો ખંડની
વચ્ચોવચ્ચ એકબીજાને મળતી હતી. 28એ કરૂબ સોનાથી
મઢેલા હતાં.

29મંદિરની બંને ઓરડીઓની બધી જ દીવાલો ઉપર કરૂબ
દેવદૂતો ખજૂરીનાં વૃક્ષો અને ખીલેલાં ફૂલોનું કોતરકામ કરેલું
હતું. 30મંદિરના બધાજ ભાગના તળિયાં સોનાથી મઢેલાં
હતાં.

31પરમપવિત્ર સ્થળના પ્રવેશ માટે સુલેમાને જૈતૂનના
લાકડાના દરવાજા બનાવ્યા હતા. થાંભલા અને દરવાજાના
ચોકઠાને પાંચ બાજુ હતી. 32બંને દરવાજા પર કરૂબો, ખજૂરીનાં
વૃક્ષો અને ખીલેલા ફૂલોનું કોતરકામ કરેલું હતું અને તેને
સોનેથી મઢી દીધું હતું .

33એ જ રીતે હેકલના બારણા માટે પણ જૈતૂનના લાકડાની
બારસાખ કરાવી હતી અને ઉંબર ચારખૂણિયો હતો. 34અને
દરવાજાના બે બારણાં સાયપ્રસના લાકડાંનાં પાટિયાંમાંથી
બનાવ્યાં હતાં. દરવાજાના દરેક બારણાના બે ભાગ હતા

અને એક ઉપર એક વાળી શકાતા હતા. 35એ બારણાંઓ
ઉપર કરૂબ દેવદૂતો, ખજૂરીનાં વૃક્ષો, અને ખીલેલાં ફૂલોનું
કોતરકામ કરેલું હતું અને બારણાં સોનાના પતરાંથી મઢેલાં
હતાં. 36તેણે કાપીને ઘસીને ચકચકિત કરેલાં પથ્થરોની ત્રણ
હાર અને દેવદારના ખંભાની એક હાર વડે અંદરનું પ્રાંગણ
બનાવ્યું.
37સુલેમાનના રાજયશાસન દરમ્યાન ચોથા વર્ષના ઝીવ
માસમાં મંદિરના બાંધકામનો પાયો નાખવામાં આવ્યો હતો.
38અને અગિયારમા વર્ષનો આઠમો મહિનો, એટલે કે બુલનાં
મહિનામાં મંદિરનું સર્વ બાંધકામ પૂરું થયું. આમ મંદિરનું
બાંધકામ પૂરું થવામાં સાત વર્ષ લાગ્યાં હતાં.

## સુલેમાનનો રાજમહેલ

7 સુલેમાનને પોતાનો મહેલ પૂરો કરતાં 13 વર્ષ લાગ્યાં
હતાં. 2તેણે એક મકાન બંધાવ્યું જેનું નામ "લબાનોનનું
વનગૃહ" રાખ્યું. તેની લંબાઈ 100 હાથ, પહોળાઈ 50 હાથ
અને ઊંચાઈ 30 હાથ હતી. તે દેવદારના સ્તંભોની ચાર
હારમાળાઓ ઉપર ટેકવેલું હતું આ સ્તંભો ઉપર પાટડાઓની
હાર હતી. 3પાટડાઓની હાર ત્રણ હતી, અને પ્રત્યેક હારમાં
15 પ્રમાણે કુલ બધા મળીને 45 પાટડા હતા. આ દેવદારના
થાંભલા છતને ટેકો આપતા હતા. 4ત્રણ હારમાં બારીના
ચોકઠાઓ એકબીજાની સામસામે હતાં. 5બધા પ્રવેશદ્વાર
અને બારણાંનાં ચોકઠાં ચોરસ આકારના હતા. અને તે
એકબીજાની સામસામે ત્રણ હારમાં ગોઠવેલાં હતા.
6બીજા ઓરડાનું નામ "સ્તંભની પરસાળ" હતું. તેની
લંબાઈ 50 હાથ હતી અને તે 30 હાથ પહોળો હતો. આ
ઓરડાની આગળ થાંભલાઓ હતાં જે પરસાળની છતને
ટેકવતાં હતાં.
7એક રાજ્યાસનખંડ અથવા "ન્યાયખંડ" પણ હતો, જેમાં
બેસીને સુલેમાન ન્યાય કરતો હતો. એ ખંડ આખો
ભોંયતળિયાથી છત સુધી દેવદારની તકતીઓથી જડેલો હતો.
8સુલેમાને તેનો પોતાનો મહેલ બનાવ્યો, જેમાં તે રહ્યો
હતો "ન્યાયખંડ"ની પાછળ ના ભાગમાં હતો. તે મહેલ,
અને ફારુનની પુત્રી જેને એ પરણ્યો હતો તેને માટે બાંધેલો
મહેલ સરખાંજ હતાં.
9રાજમહેલના આ ઓરડાઓનાં બાંધકામ માટે
અતિમૂલ્યવાન અને જોઈતા માપ પ્રમાણે તૈયાર કરેલા મોટા
કદના પથ્થરોનો ઉપયોગ થયો હતો. સમગ્ર માળખામાં આ
પથ્થરો વપરાયા હતા. 10એમના પાયા મોટા આઠથી દસ
હાથ પહોળા કિંમતી પથ્થરોના બનેલાં હતા. 11અને તેના
ઉપર માપસર ઘડેલા પથ્થરોના અને દેવદારના થર હતા.
12મોટા ચોકની ફરતી દીવાલમાં ત્રણ થર ઘડેલાં પથ્થરના
અને એક થર દેવદારના લાકડાનો હતો અને યહોવાના
મંદિરના અંદરના ચોકમાં તેમ જ મંદિરની પરસાળમાં પણ
એ જ પ્રમાણે થરો હતા.
13રાજા સુલેમાને હિરામને તૂરથી બોલાવડાવ્યો. 14તે
નફતાલી કુળસમૂહની એક વિધવાનો પુત્ર હતો. અને તેનો
પિતા તૂરનો એક કંસારો હતો. તે પોતે પણ બધી જાતના
કાંસાના કામનો ઘણો બુદ્ધિશાળી અને કુશળ કારીગર હતો,
તેણે આવીને સુલેમાન રાજાનું તમામ કામ કરી આપ્યું.
15તેણે કાંસાને ઢાળીને બે થાંભલાઓ તૈયાર કર્યા. દરેક
થાંભલાની ઊંચાઈ 18 હાથ હતી અને તેનો પરિઘ 12 હાથનો
હતો. 16સ્તંભની ટોચ ઉપર મૂકવા માટે તેણે કાંસાના બે
કળશ બનાવ્યા; દરેકની ઊંચાઈ 5 હાથ હતી. 17કળશને
શણગારવા માટે કાંસાની સાંકળીઓ વડે ઝાલરો બનાવી.
દરેક કળશની ચારેબાજુ સાત કાંસાની સાંકળીઓનું જાળી
કામ કરેલ હતું. 18કળશ પર મૂકવા માટે તેણે દરેક જાળીની
ગૂંથણીની આસપાસ દાડમની બે હારમાળા બનાવી. 19આ
કળશનો આકાર કમળ જેવો હતો, અને તેમની ઊંચાઈ ચાર
હાથ હતી. 20આ કળશો જાળી ગૂંથણીની બાજુમાં સ્તંભની
ઉપર ગોળાકાર કિનારીની ઉપર સ્તંભની ટોચ પર હતા.
દરેક સ્તંભો પર હારબંધ 200 દાડમો કોતરેલા હતા. 21એ
થાંભલા મંદિરની ઓસરી આગળ આવેલા હતા. જમણે હાથે
આવેલા થાંભલાનું નામ યાકીન હતું અને ડાબે હાથે આવેલા
થાંભલાનું નામ બોઆઝ હતું. 22સ્તંભ પર મૂકેલા કળશો
કમળોના આકાર જેવાં હતાં. આમ સ્તંભોનું કામ પૂર્ણ થયું.
23પછી તેણે ગાળેલા કાંસામાંથી 'સમુદ્ર' નામનો હોજ
બનાવ્યો, એનો આકાર ગોળાકાર હતો, અને તેનો વ્યાસ 10
હાથ હતો. તે 5 હાથ તેનો પરિઘ 30 હાથનો હતો. 24'સમુદ્રની'
કિનાર નીચે 'સમુદ્રને' ફરતી દસ હાથ લાંબી દીવાલો હતી,
દીવાલો બે હારમાં ગોઠવાયેલી હતી અને હોજની જેમજ
ઢળાયેલી હતી. 25કાંસાના બનાવેલા 12 બળદ ઉપર હોજ
મૂકેલો હતો. ત્રણ બળદનાં મુખ ઉત્તર તરફ, ત્રણનાં દક્ષિણ
તરફ ત્રણનાં પશ્ચિમ તરફ અને ત્રણનાં પૂર્વ તરફ હતા.
તેઓની પૂંછડી અંદરની બાજુએ હતી. 26હોજની દિવાલની
જાડાઈ ચાર આંગળ હતી, તેની કોરનો આકાર વાટકાની કોર
જેવો અને કમળના ફૂલ સમાન હતો, તેમાં 2,000 બાથ
પાણી સમાઈ શકે તેમ હતું.
27તદુપરાંત તેણે કાંસાની 10 ઘોડીઓ બનાવી, પાયો
બનાવી; દરેક ઘોડીનો, પાયો 4 હાથ લાંબો, 4 હાથ પહોળો,
અને 4 હાથ ઊંચો હતો. 28આ ઘોડીઓની, એવી રીતે રચના
આવી હતી; કે તેની સપાટી પર કિનારી હતી. 29અને એ
તકતીઓ ઉપર, સિંહો, બળદો અને કરૂબો ચીતરેલા હતા. એ
સિંહો, બળદો અને કરૂબોની ઉપર અને નીચે વેલ અને
ફુલની કોતરણીવાળી ઝાલરો હતી. 30દરેક ઘોડીને કાંસાના
ચાર પૈડા હતાં. અને તેની ધરી પણ કાંસાની હતી. મેજને
ચાર ખૂણા હતાં જેને ગાળેલા પીતળમાંથી બનાવેલા ચાર
ટેકાઓ મૂક્યાં હતાં. એ હાથા ઉપર ફુલ વેલની ભાત કોતરેલી
હતી.
31તે મથાળેથી અંદરની તરફ ખૂલતું હતું અને તે દોઢ
હાથ ઉંચુ હતું, મથાળા ઉપર કોતરકામ કરેલું હતું અને એની
તકતીઓ ચોરસ હતી, ગોળ નહોતી, 32ઘોડીઓની નીચે
અંદરમાં ચાર પૈડા હતાં અને તેની ધરી મેજના પાયામાં
બેસાડેલી હતી. પૈડાં દોઢ હાથ ઊંચા હતાં. 33પૈડાંનો ઘાટ

રથના પૈડાં જેવો હતો. તેમની ધરીઓ, તેમની વાટો તેમના
આરા તથા તેમનાં ચક્ર એ બધાં કાંસાના બનેલાં હતાં.
34દરેક ઘોડીને ચાર ખૂણે ચાર ટેકાઓ હતા તે બધાં ઘોડીની
સાથે એકજ ટૂકડામાંથી બનાવેલાં હતાં. 35ઘોડીની ઊપર
એક ગોળાકાર ઘુમ્મટ હતો, અને તેની ઊંચાઈ અડધા હાથની
હતી. તેની કિનારો અને ટેકાઓ બધાં એકજ ટૂકડામાંથી
બનાવ્યાં હતાં. 36એ તકતીઓ ઉપર જયાં જયાં ખાલી જગ્યા
હતી ત્યાં ત્યાં કરૂબ દેવદૂતો, હરણો, મૃગો અને ખજૂરનાં
વૃક્ષો કોતરેલાં હતા, અને તેની ફરતે ફુલ વેલની ભાત કોતરેલી
હતી. 37આ રીતે એણે 10 ઘોડીઓ બનાવી હતી તે બધીજ
એક સરખી અને ગાળેલા કાંસામાંથી બનાવેલી હતી અને
કદમાં અને આકારમાં સમાન હતી.
38પછી તેણે કાંસાની 10 કૂંડીઓ બનાવી, દરેક કૂંડીમાં 40
બાથ* પાણી માય એવી અને 4 હાથ વ્યાસની હતી. દરેક
ઘોડી માટે એક ઘડો હતો. 39તેણે 5 ઘડા મંદિરની દક્ષિણ
તરફ અને પાંચ ઉત્તર તરફ મૂક્યા. તેણે પિતળનો 'સમુદ્ર'
મંદિરના અગ્નિખૂણા પર રાખ્યો.
40તદુપરાંત હીરામે કુંડા-પાવડાં તથા તપેલાં બનાવ્યાં.
આ પ્રમાણે હીરામે યહોવાના મંદિરને લગતું સુલેમાન રાજાને
માટે તે સર્વ તેણે પૂરું કર્યુ. 41તેણે 2 થાંભલા, અને કળશ
અને સ્તંભની ટોચ પરના કટોરાઓને ઢાંકતી બે જાળી બનાવી
હતી. 42અને એ 2 જાળીને માટે 400 દાડમ; એટલે થાંભલાની
ટોચ પરના બે કલશના બંને ઘુંમટ ઢાંકવાની પ્રત્યેક જાળીને
માટે દાડમની બબ્બે હારો; 43તેણે 10 ઘોડી બનાવી અને
તેને માટે 10 ઘડા બનાવ્યા. 44બાર બળદો ઉપર ટેકવેલો
એક મોટો હોજ, 45ઘડા, પાવડા, અને વાસણો, યહોવાના
મંદિર માટેની આ સર્વ વસ્તુઓ અને બીજાં બધાં વાસણો
હીરામે મંદિરમાં વાપરવા માટે બનાવ્યાં હતાં. જે મંદિર રાજા
સુલેમાન યહોવા માટે બંધાવતો હતો અને તે કાંસાનાં
બનાવેલાં હતાં.
46આ બધી વસ્તુઓ તેણે યર્દન નદીના મેદાન પ્રદેશમાં
સુક્કોથ અને સારથાનની વચ્ચે માટીના બીબા વાપરીને
ગાળેલા કાંસાની બનાવેલી હતી. 47સુલેમાને એ સર્વ વાસણો
વજન કર્યા વિના રહેવા દીધા, કારણ તેમની સંખ્યા ઘણી
હતી. તેથી કાંસાનું કુલ વજન ક્યારેય નક્કી ન થઈ શક્યું.
48સુલેમાને યહોવાના મંદિર માટેનાં સાધનો બનાવ્યા:
સોનાની વેદી અને જેના ઉપર અર્પિત રોટલી રાખી હતી તે
સોનાનો બાજઠ, 49તેણે શુદ્ધ સોનાના પાંચ ઊભા દીવા દક્ષિણ
બાજુએ અને પાંચ ઉત્તર બાજુ પરમ પવિત્ર સ્થાનની સામે
મૂક્યા. દરેક પર ફૂલો દીવીઓ અને ચીપિયાઓ હતાં જે
બધા સોનાના બનેલા હતા. 50શુદ્ધ સોનાના વાટકા, કાતરો,
ચમચાં, વાટકા, અને ધૂપદાનીઓ, અને ગર્ભગૃહનાં તેમજ
અંતરિક પવિત્રસ્થળના બારણાં માટે મિજાગરાં પણ સોનાનાં
બનાવડાવ્યાં.
51આમ યહોવાના મંદિરનું બાંધકામ પૂર્ણ થયું. ત્યારે
સુલેમાન રાજાએ તેના પિતાએ યહોવાને અર્પણ કરેલા બધાં
સોના અને ચાંદીના પાત્રો લઈ જઈને યહોવાના મંદિરના
ભંડારમાં જમા કરાવ્યાં.

## કરારકોશનું મંદિરમાં આગમન

8 સુલેમાને ઈસ્રાએલના બધાજ વડીલો અને
ઈસ્રાએલના દરેક કુળમાંથી બધાજ અગ્રણીઓને
યરૂશાલેમ બોલાવ્યા. જેથી તેઓ યહોવાનું ઈસ્રાએલ સાથેનું
વિશેષ કરારનામું દર્શાવતો પવિત્રકોશ દાઉદના નગરમાંથી
જે સિયોન પણ કહેવાય છે. લાવી શકે. 2અને તેઓ બધા
એથાનીમ એટલે કે દશમાં મહિનામાં માંડવા પર્વને પ્રસંગે
રાજા સુલેમાન સમક્ષ ભેગા થયા.
3આ ઉજવણી વખતે ઈસ્રાએલના બધાજ વડીલો આવ્યા
અને યાજકોએ 'પવિત્રકોશ' ઊપર ઊચક્યો. 4તે યાજકો અને
લેવીઓ યહોવાના પવિત્રકોશને મુલાકાત મંડપમાં લાવ્યા
અને બીજી બધી વસ્તુઓને જે યહોવાને પૂજવા માટે વપરાતી
હતી. 5ત્યારબાદ રાજા સુલેમાન અને તમામ ઈસ્રાએલી
પ્રજાજનો પવિત્રકોશની સમક્ષ એકત્ર થયા અને અસંખ્ય
ઘેટાં અને બળદોના અર્પણો આપ્યા. 6ત્યારબાદ યાજકો
યહોવાના ઈસ્રાએલ સાથેના કરારનામાનો પવિત્રકોશ
મંદિરના પરમપવિત્ર સ્થાનમાં લઈ ગયા, અને કરૂબીઓ
દેવદૂતોની નીચે તેને મૂકયો. 7પવિત્રકોશ જયાં મૂકવામાં
આવ્યો તેનાં પર પાંખો પ્રસરેલી રહે એ રીતે કરૂબ દેવદૂતોની
રચના કરવામાં આવી હતી. આમ કરૂબ દેવદૂતોની પાંખોએ
કોશ અને તેના છેડાઓ પર આચ્છાદન કર્યુ હતું. 8પેલા
છેડાઓ એટલા લાંબા હતા કે તેમના છેડા તેજ ઓરડામાંથી
જોઈ શકાતા નહોતા, પરંતુ બીજા રૂમની બહારથી તે જોઈ
શકાતા હતા પણ બહારથી તે જોઈ શકાતા નહોતાં, અને
આજ સુધી તે ત્યાં છે. 9ઈસ્રાએલીઓ મિસરમાંથી બહાર
આવ્યા, ત્યારે યહોવાએ તેમને આપેલા વચનો જે પથ્થરની
બે તકતીઓમાં આલેખાયેલા હતાં જે મૂસા હોરેબ પર્વત
પરથી લાવ્યો હતો અને તેણે પવિત્રકોશમાં મૂકી હતી પવિત્ર
કોશમાં ફક્ત આ બે તકતીઓજ હતી તે સિવાય તેમાં બીજું
કશું નહોતું. 10જુઓ, જયારે યાજકો યહોવાના મંદિરમાંથી
બહાર આવ્યા ત્યારે યહોવાનું મંદિર વાદળ વડે ભરાઈ ગયું!
11અને તેથી તેઓ પૂજા ચાલુ રાખી શકે તેમ નહોતાં. આખા
મંદિરમાં યહોવાનું ગૌરવ વ્યાપી ગયું હતું. 12ત્યારે સુલેમાને
કહ્યું, "ઓ યહોવા, તમે ગાઢ વાદળોમાં રહેવાનું પસંદ કર્યુ છે;
13મેં તમારે માટે એક ભવ્ય મંદિર બાંધ્યું છે, જેમાં તમે
સદાકાળ નિવાસ કરો."
14પછી રાજા લોકોની સભા તરફ ફર્યા, લોકો તેમની સમક્ષ
ઊભા રહ્યા હતા, તેણે લોકોને આશીર્વાદ આપ્યા. 15રાજાએ
કહ્યું,
"ઈસ્રાએલના દેવ યહોવાની સ્તુતિ હોજો! તેમણે મારા
પિતા દાઉદને જે વચન આપ્યું હતું તે તેમણે પોતાના
બાહુબળથી કરી બતાવ્યું છે.
16તેણે કહ્યું હતું કે, 'હું મારા લોકોને ઈસ્રાએલીઓને
મિસરમાંથી બહાર લઈ આવ્યો તે દિવસથી મેં ઈસ્રાએલના

**બાથ** મુળ પ્રમાણે એક બાથ 22 લીટર.

કોઈ કુળસમૂહના પ્રદેશમાંથી મારા માટે મંદિરનું સ્થાન નક્કી
કર્યુ નહોતું. પરંતુ લોકોના આગેવાન થવા માટે મેં એક પુરુષ
દાઉદની પસંદગી કરી હતી.'

17"મારા પિતા દાઉદે ઈસ્રાએલના યહોવા દેવના નામનું
એક મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો હતો. 18પરંતુ યહોવાએ
તેને કહ્યું, 'મારા નામનું મંદિર બાંધવાનો તેં નિર્ણય કર્યો છે,
અને એ વિચાર સારો છે, 19હજી પણ તે મંદિર તું બનાવીશ
નહી, પણ તારો સગો પુત્ર મારા નામ માટે મંદિર બાંધશે.'

20"હવે યહોવાએ પોતાનું વચન પાળ્યું છે. યહોવાએ
વચન આપ્યા પ્રમાણે, હું મારા પિતા દાઉદ પછી ઈસ્રાએલની
ગાદી પર આવ્યો છું, અને મેં ઈસ્રાએલીઓના યહોવા દેવના
નામનું મંદિર બંધાવ્યું છે. 21અને તેમાં યહોવાએ આપણા
પિતૃઓને મિસરમાંથી બહાર લાવ્યા પછી તેમની સાથે કરેલા
કરાર આ પવિત્ર કોશમાં રાખવામાં આવેલા છે."

22ત્યારબાદ સુલેમાને યહોવાની વેદી સમક્ષ ઊભા રહીને
સમગ્ર ઈસ્રાએલી સમાજના દેખતાં આકાશ તરફ પોતાના
હાથ ફેલાવ્યા, 23"ઓ ઈસ્રાએલના યહોવા દેવ, ઉપર
આકાશમાં અને નીચે પૃથ્વીમાં તમારા જેવું કોઈ નથી, તમે
પ્રેમાળ અને દયાળુ છો. તમે કરાર પાળો છો અને તમારા
સેવકોને વફાદાર રહો છો જેઓ તમારી સામે પૂર્ણ હૃદયથી
વર્તે છે. 24તમારા સેવક, મારા પિતા દાઉદને આપેલું તમારું
વચન આજે તમે પૂર્ણ કર્યુ છે. 25અને હવે હે ઈસ્રાએલના
યહોવા દેવ, દાઉદને આપેલું આ બીજું વચન પણ તમે પૂર્ણ
કરો; 'મારા પિતા દાઉદનાં સંતાનો તમારાં વચનો પ્રમાણે
વર્તશે અને તમે ચીંધેલા માર્ગે ચાલશે અને તમારી આજ્ઞાઓને
આધીન રહેશે તો દરેક પેઢીમાં દાઉદના વંશજોમાંનો જ એક
ઈસ્રાએલની રાજગાદી પર બેસશે.' 26ઓહ, ઈસ્રાએલના
દેવ કરાર કે જે તમે તમારા સેવક, મારા પિતા દાઉદ સાથે
કર્યો હતો તે પૂર્ણ કરો.

27"પરંતુ ઓ! દેવ! શું એ શકય છે કે તમે સાચે જ આ
પૃથ્વી પર રહેશો? કારણ કે આકાશ, અરે! ઉંચામાંઉંચા સ્વર્ગો,
પણ તમને ધારણ કરી શકે તેમ નથી તો આ મંદિર જે મેં
બંધાવેલું છે તેની શી વિસાત? 28તેમ છતાં, ઓ મારા યહોવા,
આ તમારો સેવક આજે તમે તેને ધ્યાનથી સાંભળો અને
તેની વિનવણી વિષે વિચારજો. 29રાતદિવસ તમારી આંખો
આ મંદિર ઉપર ઠરેલી રહો, આ સ્થાન પર રહો, જેને વિષે
તમે કહ્યું હતું કે, 'મારું નામ એમાં વાસો કરશે.' તમારો સેવક
આ સ્થાને જે પ્રાર્થના કરે તે સાંભળજો 30વળી તમારો સેવક
અને ઈસ્રાએલના તમારા લોકો આ મંદિર તરફ મુખ રાખીને
પ્રાર્થના કરે ત્યારે તેઓની દરેક અરજ તરફ કાન ધરજો અને
આકાશમાં તે સાંભળીને તમે તેઓને ક્ષમા કરજો.

31"જો કોઈ માણસ બીજા માણસનો ગુનો કરે, અને એ
બીજો માણસ જો તમારા મંદિરમાં આવે અને તમારી
વેદીની સામે ઊભા રહીને સોગંદ પૂર્વક પ્રતિજ્ઞા લે, 32તો
તમે આકાશમાંથી સાંભળજો અને જેમ કરવું જોઈએ તે
મુજબ કરજો અને તમારા એ સેવકને ન્યાય આપજો. જેનો
વાંક હોય તેને તમે તે પ્રમાણે સજા કરજો, અને જે નિર્દોષ
હોય તેઓને તેઓની નિર્દોષતા માટે તમે જરૂર બદલો
આપજો.

33તમારી વિરુદ્ધ પાપ કરવાને કારણે તમારા લોકો
ઈસ્રાએલીઓ કોઈ દુશ્મન સામે હારી જાય તો તેઓ પાછા
તમારા તરફ વળે, તમારું નામ લે અને આ મંદિરમાં તમારી
પ્રાર્થના અને વિનવણી કરે, 34તો તમે આકાશમાંથી સાંભળજો
અને તમારા લોકો ઈસ્રાએલીઓને તેમના પાપો માટે માફી
આપજો, અને તેમના પિતૃઓને તમે જે જમીન આપી ત્યાં
તેમને પાછા લાવજો,

35"તમારા લોકો ઈસ્રાએલીઓ દ્વારા તમારી વિરુદ્ધ પાપ
કરવાને લીધે આકાશમાંથી વરસાદ ન વરસે, અને જો તેઓ
આ મંદિરમાં આવીને પ્રાર્થના કરે, તમારું નામ લે, અને
તમારી સજા પામીને પશ્ચાતાપ કરે. 36તો તમે આકાશમાંથી
સંભાળ લેજો, તમારા સેવકોને તમે માફ કરજો તેઓને જીવવા
માટેનો સાચો માર્ગ શિખવજો અને તમારા લોકોને તમે આપેલી
ભૂમિ ઉપર વરસાદ વરસાવજો.

37"જો દેશમાં દુકાળ પડે કે મરકી ફાટી નીકળે, પાક લૂથી
બળી જાય જે ગેરું આવે, તીડ કે કોતરા પડે; એ લોકોના કોઈ
દુશ્મનો એમના કોઈ શહેરને ઘેરો ઘાલે કે કોઈ આફત
ઊતરે કે રોગચાળો ફાટી નીકળે. 38અને ઈસ્રાએલના લોકો
જ્યારે ખરી લાગણી સાથે પશ્ચાતાપ કરે અને આ મંદિરમાં
હાથ પ્રસારીને તમારી પ્રાર્થના કરવા આવે. 39તો તમે
આકાશમાંથી તેઓની પ્રાર્થના સાંભળીને તેઓને ક્ષમા
આપજો. પ્રત્યેક વ્યકિતને તેની લાયકાત પ્રમાણે આપજો,
તમે એકજ માત્ર જાણો છો લોકોના હૃદયમાં શું છે. 40તમે
અમારા પિતૃઓને આ જમીન આપી હતી જેથી તેઓ હંમેશા
તમારો આદર કરે.

41"બિનઈસ્રાએલી લોકો તમારા નામના ગૌરવને માટે દૂર
દેશથી આ મંદિરમાં આવે, 42કારણ કે તેઓ તમારું વિખ્યાત
નામ તમારા મજબૂત હાથ તમારી શકિતશાળી ભૂજા વિશે
જાણે છે અને તેઓ તમારાં મંદિરમાં તમને પ્રાર્થના કરવા
આવશે, 43ત્યારે તમે તમારા ધામ આકાશમાંથી તે
સાંભળજો, અને તે વિદેશી જે કંઈ માગે તે બધું આપજો,
જેથી આખી પૃથ્વીમાં લોકો તમારું નામ જાણવા પામે અને
તમારા લોકો ઈસ્રાએલીઓની જેમ તમને અનુસરે અને
તમારાથી ડરીને ચાલે અને જાણે કે મેં બધાંવેલું આ મંદિર
તમને અર્પણ કરેલું છે.

44"વળી તમે તમારા લોકોને તેઓના શત્રુઓની સામે
યુદ્ધમાં મોકલો અને ત્યારે જો તેઓ તમારા પસંદ કરેલા
નગર અને મંદિર જે મેં તમારે નામે બંધાવેલ છે તેની તરફ
જોઈને યહોવાને પ્રાર્થના કરે. 45તો તમારે સ્વર્ગમાં તેઓની
પ્રાર્થના સાંભળવી જોઈએ અને તેમને મદદ કરવી જોઈએ.

46"જો તેઓ તમારી વિરુદ્ધ પાપ કરે–કોણ નથી કરતું?–
અને તું રોષે ભરાઈને તેમને શત્રુના હાથમાં સોંપી દે, અને
તેઓ તેમને કેદ કરીને પોતાના દેશમાં લઈ જાય, પછી એ
દૂર હોય કે નજીક હોય. 47જ્યારે તેઓ તે દેશમાં છે જ્યાં
તેઓને બંદી તરીકે લઈ જવાયા હતા જો તેઓ પોતાના

દુષ્કૃત્યો અને પાપો વિષે જાણે અને તમારી તરફ પાછા વળે
અને પ્રાર્થના કરે હે દેવ, અમે ખોટું કર્યુ છે! અમે પાપ કર્યુ
છે; 48અને તેઓ ખરેખર તમારા તરફ પાછા વળે જ્યારે
તેઓ તેના દુશ્મન જેણે તેમને બંદી કર્યા હતા તેના દેશમાં
હોય અને પ્રમાણિકપણે તમારી તરફ વળે અને જે દેશ તમે
તેઓના પૂર્વજો ને આપ્યો હતો, નગર જે તમે પસંદ કર્યુ હતું
અને મંદિર જે મેં તમારા માટે બાંધ્યું હતું તેના સામે જોઈને
તેઓ પ્રાર્થના કરે. 49તો તમે સ્વર્ગમાં તમારા નિવાસમાંથી
જો જો અને તેમની વિનવણી સાંભળજો; તેઓ પ્રત્યે
ન્યાયપૂર્વક વર્તજો. 50તેમણે તમારી સામે કરેલાં બધાં પાપો
અને ગુનાઓની ક્ષમા આપજો, તેમને કેદ કરનારાઓનાં
હૃદયમાં દયા જગાડજો; 51કારણ કે તેઓ તમારા પોતાના
લોકો છે. તમારા વારસો છે. અને જ્યારે તમે તેમને મિસરની
બહાર લઈ આવ્યા જે લોખંડની ભઠ્ઠી જેવું હતું.

52"તેઓના પ્રત્યે કૃપાદષ્ટિ રાખજો અને તેઓની પ્રાર્થના
તમે સાંભળજો. હે યહોવા, તેઓ મદદ માટે આગ્રહપૂર્વક
તમને વિનંતી કરે ત્યારે તે સાંભળીને તેઓને ઉત્તર આપજો.
53યહોવા દેવ કારણ કે તમે અમારા પિતૃઓને મિસરમાંથી
મુકત કરીને બહાર લઈ આવ્યા ત્યારે તમે તમારા સેવક
મૂસાને કહ્યું હતું કે પૃથ્વી પરની તમામ પ્રજાઓમાંથી તમારા
ખાસ લોકો થવા માટે તમે ઈસ્રાએલી પ્રજાને પસંદ કરી છે."

54હવે જ્યારે સુલેમાને યહોવા માટેની આખી ઉપાસના
કરવાનું પૂરું કર્યુ તે ઘૂંટણિયે પડ્યો હતો ત્યાંથી ઉભો થયો.
અને યહોવાની વેદી સમક્ષ, અને આકાશ તરફ જોતાં, રાજા
સુલેમાને પોતાના હાથ સ્વર્ગ તરફ લંબાવ્યા. 55ત્યારબાદ
ઊઠીને ટટાર ઊભા રહી મોટે સાદે આખા ઈસ્રાએલી સમાજને
તેણે આશીર્વાદ આપ્યા.

56"તે બોલ્યો, યહોવાની પ્રસંશા થાઓ કારણકે તેણે જેમ
કહ્યું હતું તેમ પોતાના લોકો ઈસ્રાએલીઓને આરામ આપ્યો,
તેણે તેના સેવક મૂસાને આપ્યા હતા તે બધાં વચનો તેણે
પાળ્યા. 57આપણા દેવ યહોવા આપણા પિતૃઓની જેમ
આપણી સાથે સદાય રહો, તે કદી આપણો હાથ ન છોડો
અથવા આપણો ત્યાગ ન કરો, 58તે ભલે આપણાં હૃદયને
તેની મહાનતા તરફ વાળે, જેથી આપણે તેનામાં શ્રદ્ધા
રાખીએ તેના ચીંધેલા માર્ગોને અનુસરીએ અને તેમણે આપણા
પિતૃઓને આપેલી આજ્ઞાઓ, કાનૂનો અને ધારાઓનું આપણે
પાલન કરીએ. 59મારા આ શબ્દો, દેવ યહોવા આગળની
મારી આ વિનવણી આપણા દેવ યહોવા સમક્ષ દિવસરાત
હાજર રહો, જેથી રોજરોજ ઊભી થતી જરૂરિયાત પ્રમાણે તે
પોતાના સેવકનું અને પોતાના લોકો ઈસ્રાએલીઓને માટે
ઘટતું કરે. 60આથી આખી દુનિયાના લોકોને ખાતરી થશે કે,
યહોવા આપણા દેવ છે અને તેના સિવાય બીજા કોઈ દેવ
નથી. 61તમારાં હૃદય સંપૂર્ણપણે આપણા યહોવા દેવને
સ્વાધીન થવા જોઈએ અને આજે તમે તેના કાનૂનો અને
આજ્ઞાઓનું પાલન કરો છો તેમ હમેશાં પાલન કરતા રહો."

62પછી રાજાએ તથા તમામ ઈસ્રાએલી લોકોએ યહોવાને
યજ્ઞો અર્પણ કર્યા. 63સુલેમાન રાજાએ 22,000 બળદ અને
1,20,000 ઘેટાં અને બકરાં યહોવાને શાંત્યાર્પણો તરીકે અર્પણ
કર્યા. આમ રાજાએ અને ઈસ્રાએલી લોકોએ મંદિરને પવિત્ર
કાર્ય માટે અર્પણ કર્યુ.

64રાજાએ મંદિરની સામેના ખુલ્લા આંગણાને પાવન
કરાવ્યું. પછી ત્યાં દહનાર્પણો, ખાદ્યાર્પણો ઉપરાંત
શાંત્યર્પણોમાં પશુઓનાં ચરબીવાળા ભાગો ધરાવ્યા, કારણ;
યહોવા આગળની કાંસાની વેદી આ બધી વસ્તુઓને સમાવવા
માટે પૂરતી નહોતી.

65આમ, સુલેમાને અને તેની સાથે બધાં ઈસ્રાએલીઓએ
ઉત્તરમાં હમાથની ઘાટીથી તે દક્ષિણમાં મિસરની હદ સુધીનાં
આખા સમુદાયે સાત દિવસ સુધી મંદિરનું સમર્પણ ઉજવ્યું.
66આઠમે દિવસે રાજાએ લોકોને વિદાય કર્યા, અને તેઓ
રાજાને આશીર્વાદ આપીને યહોવાએ પોતાના સેવક દાઉદનું
અને પોતાના ઈસ્રાએલી લોકોનું જે કલ્યાણ કર્યુ હતું તેથી
આનંદ અને હર્ષથી છલકાતાં હૈયે તેઓ પોતપોતાને ઘેર
ગયા.

## દેવનુ સુલેમાન પાસે ફરી આગમન

9 સુલેમાન જયારે યહોવાનું મંદિર અને રાજમહેલ તથા
અન્ય જે જે બાંધવાની એમની ઉત્કંઠા હતી તે બધું પૂરું
કર્યુ. 2ત્યારે યહોવાએ તેને જેમ ગિબયોનમાં દર્શન દીધા
હતા તેમ બીજી વાર દર્શન આપ્યાં. 3યહોવાએ તેને કહ્યું,
"મેં તારી પ્રાર્થના અને અરજ સાંભળી છે, તેં બંધાવેલું આ
મંદિર હું પુનિત કરું છું. જેથી મારું નામ હમેશાં ત્યાં હશે.
મારું હૃદય અને મારી દષ્ટિ નિરંતર હું ત્યાં રાખીશ. 4અને જો
તું તારા પિતા દાઉદની જેમ તારૂં કામ નીતિમત્તાથી કરીશ
અને પ્રમાણિકતાથી વર્તીશ અને મારા આદેશો, કાનૂનો અને
નિયમોને અનુસરીશ તો.

5મેં જે રીતે તારા પિતા દાઉદ ને કહ્યું છે તેમ ઈસ્રાએલ
પર હંમેશ માટે તારા દ્વારા શાસન કરાવડાવીશ. મેં તેને કહ્યું
હતું કે, તારા વંશજોમાંનો એક હંમેશા ઈસ્રાએલની રાજગાદી
પર બેસશે.

6"પણ તમે કે તમારા વંશજો મારાથી વિમુખ થઈ જશો
અને તમારી સમક્ષ રજૂ કરેલા કાનૂનો અને આજ્ઞાઓનું
પાલન નહી કરો અને જો તમે અન્ય દેવોની સેવાપૂજા કરશો,
7તો હું ઈસ્રાએલીઓને જે ભૂમિ આપી છે તેમાંથી તેમને
હાંકી કાઢીશ મંદિર કે જેને મેં મારી ખ્યાતિ માટે સમર્પિત
કરેલું તેનો ત્યાગ કરીશ અને બધા ઈસ્રાએલીઓ બીજા બધા
રાષ્ટ્રોમાટે એક મહેણાંટોણાં અને ધૃણાનું કારણ બનશે; 8તથા
આ મંદિર ખંડેર બની જશે, અને જતા આવતા સૌ કોઈ એને
જોઈને આશ્ચર્યથી પૂછશે, 'યહોવાએ આ ભૂમિના અને આ
મંદિરના આવા હાલ શા માટે કર્યા?' 9અને તેમને પ્રત્યુત્તર
મળશે, 'કારણ, આ લોકોએ જેના પિતૃઓને મિસરમાંથી તેમના
દેવે બહાર કાઢયા હતાં તેને છોડી દીધો છે અને બીજા દેવોને
સ્વીકાર કરીને તેમની આરાધના કરવાનું શરૂં કર્યુ છે. એ જ
કારણથી યહોવાએ આ બધી વિપત્તિ તેમના પર મોકલી
દીધી છે.'"

10સુલેમાનને મંદિર અને મહેલ બાંધતાં 20 વર્ષ થયાં.
11તૂરના રાજા હિરામે સુલેમાનને દેવદારનું લાકડું, એરેજનું
લાકડું, સોનું અને બીજું જે કાંઇ જોઇતું હોય તે આપ્યું હતું
તેથી રાજા સુલેમાને હિરામને ગાલિલ પ્રદેશમાંના 20 ગામો
આપ્યા હતા. 12પણ જયારે હીરામ તેને સુલેમાને આપેલાં
ગામો જોવા માટે તૂરથી ગયો ત્યારે તેને એ ગામોથી સંતોષ
ન થયો, 13તે બોલ્યો, "ભાઈ, તમે મને આ તે કેવાં ગામો
આપ્યાં છે?" અને તેથી તેણે એ પ્રદેશ નું નામ 'કાબુલ'
રાખ્યું, જે નામે તે પ્રદેશ આજે પણ ઓળખાય છે. 14હિરામે
રાજાને તે ઉપરાંત 4,080 કિલો સોનું મંદિરના બાંધકામ
માટે મોકલી આપ્યું હતું

15સુલેમાને યહોવાનું મંદિર અને, પોતાનો મહેલ,
મિલ્લોનો કિલ્લો, યરૂશાલેમનો કોટ, હાસોર, મગિદો તથા
વેઠ મજૂરીની પ્રથા દ્વારા બંધાવ્યા હતાં.

16મિસરના રાજા ફારુને ગેઝેર ઉપર હુમલો કરી તેને કબજે
કર્યુ હતું અને બાળી મૂકયું હતું, અને ત્યાં વસતા કનાનીઓની
હત્યા કરી હતી. ત્યારબાદ તેણે એ નગર પોતાની દીકરીને
દહેજ તરીકે આપ્યું જેના લગ્ન રાજા સુલેમાન સાથે થયાં
હતાં. 17અને સુલેમાને ગેઝેર નીચાણનો બેથહોરોન,
18બાઅલાથ અને વગડામાં આવેલું તામાર ફરી બાધ્યાં,
19તેમજ પોતાનાં બધાં ભંડારનાં નગરો, તેમજ જે શહેરોમાં
એ પોતાના રથ અને ઘોડાઓ રાખતો હતો તે પણ ફરી
બંધાવ્યાં. અને યરૂશાલેમ લબાનોન અને તેના સમગ્ર
સામ્રાજ્ય ફરતે એણે જે કંઈ બંધાવવા વિચાર્યુ હતું તે બધું
પણ તેણે બંધાવ્યું.

20ત્યાં હજી થોડાં અમોરીઓ, હિત્તીઓ, પરિઝઝીઓ,
હિવ્વીઓ તથા યબૂસીઓ ઈસ્રાએલીઓની વચ્ચે રહેતા હતાં.
21તેઓ તેમના વંશજો હતાં, ઈસ્રાએલીઓએ જેમનો સંપૂર્ણ
નાશ કરી શકયા નહોતા. સુલેમાને તેમને બળજબરીથી
ગુલામ મજૂર બનાવી દીધાં. 22પણ સુલેમાને કોઈ
ઈસ્રાએલીને ગુલામ નહોતા બનાવ્યાં. તેઓ તેના સૈનિકો
હતા; તેઓ તેના કારભારીઓ, સરકારી અમલદારો,
સેનાપતિઓ, રથસેના અને અશ્વસેનાના નાયકો અને
સારથિઓ હતાં.

23સુલેમાનનાં બાંધકામોમાં કામ કરનારા કારીગરો ઉપર
દેખરેખ રાખનાર અધિકારીઓની સંખ્યા 550 હતી.
24ત્યારબાદ હારુનની પુત્રી ફરોહ દાઉદ નગરથી સુલેમાને
તેને માટે બંધાવેલા રાજમહેલમાં ગઈ અને ત્યાર પછી
સુલેમાને મિલો બંધાવ્યો.

25મંદિરનું કામ પૂરું કર્યા પછી સુલેમાને પોતે બંધાવેલી
વેદી પર વર્ષમાં ત્રણવાર દહનાર્પણો અને શાંત્યર્પણોનાં
બલિદાન અર્પણ કરતો હતો. તેવી જ રીતે તે વેદી ઉપર
ધૂપનું અર્પણ પણ કરતો હતો.

26સુલેમાને અદોમના પ્રદેશમાં રાતા સમુદ્રને કાંઠે આવેલા
એલાથની નજીકના એસ્યોન ગેબરમાં વહાણો બાંધ્યાં.
27હીરામે કુશળ કારીગરો અને કેળવાયેલા નાવિકોને તેને
વહાણ બાંધવામાં મદદ કરવા માટે મોકલ્યા; 28તેઓ ઓફીર
જઈને ત્યાંથી 14,280 કિલો સોનું લઈ આવ્યાં અને તે તેમણે
રાજા સુલેમાનને પહોંચાડયું.

### શેબાની રાણીની મુલાકાત

10 સુલેમાનની કીર્તિ સાંભળીને શેબાની રાણીએ
સુલેમાનને અટપટા પ્રશ્નો પૂછીને તેના જ્ઞાનની
કસોટી કરવાનો નિર્ણય કર્યો. 2તે પોતાની સાથે મોટો રસાલો,
અને ઊંટો પર લાદીને અત્તરો, પુષ્કળ સોનું અને ઝવેરાત
લઈને યરૂશાલેમ આવી પહોંચી. તેણે સુલેમાન પાસે આવીને
પોતાના મનમાં હતા તે બધા પ્રશ્નો તેને પૂછયા, 3સુલેમાને
તેના તમામ પ્રશ્નોના ઉત્તર આપ્યા. તેને માટે એકેય પ્રશ્ન
બહુ મુશ્કેલ ન હતો, તેથી તે તેને બધુંજ કહી શક્યો. 4પછી
રાણીને ખાતરી થઈ કે રાજા સુલેમાન ખૂબ શાણો હતો.
રાજાએ બંધાવેલો સુંદર મહેલ પણ તેણે જોયો. 5વળી તેના
ભાણામાં પીરસાતી વિવિધ વાનગીઓ તેની આસપાસ
બેઠેલા દરબારીઓ, તેના સેવકો, તેમનો પોષાક અને તેમના
વસ્રો, તેના પાત્રવાહકો અને જુદી જુદી જાતના યજ્ઞો જે
યહોવાના મંદિરમાં અર્પણ કર્યા હતા તે જોઈને રાણી સ્તબ્ધ
થઈ ગઈ.

6અને તેણે રાજાને કહ્યું, "મેં મારા દેશમાં તમારે વિષે તથા
તમારા જ્ઞાન વિષે જે સાંભળ્યું હતું તે બધું સાચું હતું. 7હું
અહીં આવી એ પહેલાં આ સઘળું મારા માન્યામાં આવતું ન
હતું પણ હવે તો મેં પોતે જોયું છે! અને સાચે જ. આમાનું
અડધું પણ મને કહેવામાં આવ્યું ન હતું મેં સાંભળ્યું હતું
તેના કરતા તમારું જ્ઞાન અને સમૃદ્ધિ ઘણાં વધારે છે. 8તમારા
લોકો કેટલાં સુખી છે! સદા તમારી હાજરીમાં રહેતા અને
તમારી જ્ઞાનવાણી સાંભળતા આ દરબારીઓ કેટલા
ભાગ્યશાળી છે! 9તમારા દેવ યહોવાની સ્તુતિ થજો, જેણે
તમારા ઉપર પ્રસન્ન થઈને તમને ઈસ્રાએલની ગાદીએ
બેસાડયા! કારણકે ઈસ્રાએલ ઉપર યહોવાને કાયમ પ્રેમ
હોવાથી તેણે તમને ઈસ્રાએલમાં ન્યાય અને સત્ય પરાયણતા
મેળવવા માટે ઈસ્રાએલના રાજા બનાવ્યા છે."

10ત્યારબાદ તેણે રાજાને 4,080 કિલો સોનું અને પુષ્કળ
અત્તરો અને ઝવેરાત ભેટ ધર્યુ. શેબાની રાણીએ રાજા
સુલેમાનને ભેટ ધરેલાં અત્તરો જેવાં પહેલાં ક્યારેય જોવામાં
આવ્યા નહોતા.

11આ ઉપરાંત હીરામનાં વહાણોનો જે કાફલો ઓફીરથી
સોનું લાવ્યો હતો તે ત્યાંથી પુષ્કળ સુખડનું લાકડું અને
ઝવેરાત લઈ આવ્યો હતો. 12રાજાએ એ લાકડું યહોવાના
મંદિર અને તેના પોતાના મહેલના પાયા બનાવવા માટે
અને સંગીતકારો માટે વાજિંત્રો બનાવવામાં વાપર્યુ હતું ત્યાર
પછી એવું લાકડું ક્યારેય લવાયું નથી, કે જોવામાં સુદ્ધાં
આવ્યું નથી.

13રાજા સુલેમાને શેબાની રાણી અને તેના સેવકોને તેણે
જે જે માગ્યું તે બધું આપ્યું, તેણે રાણીને જે એક રાજા આપી
શકે તે બધું ઉદારતાથી આપ્યું હતું અને પછી રાણી પોતાના
દેશમાં પાછી ફરી.

14સુલેમાન રાજાને પ્રતિવર્ષ લગભગ 22,644 કિલો સોનું
મળતું હતું. 15તદુપરાંત વેપારની વસ્તુઓ, પરદેશો સાથેના
વેપારનો નફો અને આરબ રાજાઓએ મોકલાવેલી વસ્તુઓ
વગેરે તો વધારાનું. 16રાજા સુલેમાને સોનાની 200 મોટી
ઢાલો બનાવી અને દરેક મોટી ઢાલમાં લગભગ 7 કિલો સોનું
વપરાયું હતું. 17વળી તેણે બીજી 300 નાની ઢાલો બનાવી,
એ પ્રત્યેક નાની ઢાલમાં પોણાબે કિલો ઉપર, સોનું વપરાયું
હતું. આ સઘળી ઢાલને તેણે પોતાના રાજમહેલમાં
'લબાનોનના વનગૃહ' નામની જગ્યામાં રાખી હતી. 18વળી
રાજાએ હાથીદાંતનું એક મોટું સિંહાસન બનાવડાવ્યું, અને
તેને શુદ્ધ સોનાથી મઢાવ્યું. 19એ સિંહાસનને છ પગથીયાં
હતાં એની પાછળનો આકાર ગોળ હતો, તેને બાજુમાં બે
હાથા હતાં અને પ્રત્યેક હાથાને અડીને એકેક સિંહ ઊભેલો
હતો, 20અને દરેક પગથિયાને સામે છેડે સિંહો ઉભેલા હતા
બધું મળીને કુલ બાર સિંહો હતા, બીજા કોઈ પણ રાજયમાં
આવું સિંહાસન કદી બનાવવામાં આવ્યું નહોતું. 21રાજા
સુલેમાનના બધા પ્યાલાઓ શુદ્ધ સોનાના બનેલા હતા, અને
લબાનોનના વનગૃહની દરેક વસ્તુઓ શુદ્ધ સોનાની બનાવેલી
હતી. ચાંદી બિલકુલ વાપરવામાં આવી નહોતી, કારણ,
સુલેમાનના જમાનામાં તેની કશી કિંમત નહોતી.
22સુલેમાન રાજા અને હીરામ રાજા વચ્ચે વેપારી વહાણોનો
વિશાળ કાફલો હતો. દર ત્રણ વર્ષે એક વખત આ વહાણોનો
કાફલો સોનું, ચાંદી, હાથીદાંત, વાનરો અને મોર લઈને
આવતો. 23સમૃદ્ધિ અને જ્ઞાનની બાબતમાં પૃથ્વી પરના તમામ
રાજાઓ કરતાં સુલેમાન રાજા ચઢિયાતો હતો. 24સમગ્ર
વિશ્વમાંથી લોકો તેની દેવદત્ત જ્ઞાનની વાતો સાંભળવા માટે
આવતા હતા. 25તેને મળવા આવનાર પ્રત્યેક વ્યકિત સોના–
ચાંદીના પાત્રો, સુંદર વસ્ત્રો, શસ્ત્રો, સુગંધી દ્રવ્યો, ઘોડા અને
ખચ્ચરો રાજાને માટે વાર્ષિક વસૂલી તરીકે લાવતા હતા.
26સુલેમાને રથો અને ઘોડાઓની એક મોટી સેના ઊભી
કરી, તેની પાસે 1,400 રથો અને 12,000 ઘોડા હતા. એમાંના
કેટલાક એણે ચોક્કસ નિયુકત નગરોમાં રાખ્યા અને બાકીના
યરૂશાલેમમાં રાખ્યા. 27સુલેમાને યરૂશાલેમમાં ચાંદી પથ્થર
જેટલી સામાન્ય બનાવી દીધી હતી અને દેવદારનું લાકડું
શેફેલાહના અંજીરના વૃક્ષના લાકડાના જેવું સામાન્ય બનાવી
દીધું હતું. 28સુલેમાનને માટે ઘોડા મિસર અને કિલકિયાથી
આયાત કરવામાં આવતા હતાં, રાજાના આડતિયાઓ
કિલકિયાથી ઠરાવેલી કિંમતે ઘોડા ખરીદતા હતા. 29રથોની
કિંમત લગભગ સાતકિલો ચાંદી જેટલી મિસરથી લાવવામાં
આવતી હતી, અને ઘોડા દરેક પોણા બેકિલો ચાંદી વડે
ખરીદાયા હતાં હિત્તીઓના રાજાઓ અને અરામના રાજાઓ
પણ ઘોડા અને રથો એ વેપારીઓ પાસેથી ખરીદતાં હતાં
જેઓ તેની આયાત કરતાં હતાં.

## સુલેમાનની અનેક પત્નીઓ,

11 મિસરના ફારુનની પુત્રી સહિત અન્ય દેશોની ઘણી
સ્ત્રીઓને સુલેમાન ચાહતો હતો તેમાં મોઆબની,
આમ્મોનની, અદોમની, સિદોનની અને હિત્તીની સ્રીઓનો
સમાવેશ થતો હતો. 2આ પ્રજાઓ માટે યહોવાએ પોતાના
લોકોને સ્પષ્ટ ફરમાન આપેલું હતું કે તેઓમાંની સ્રીઓ સાથે
લગ્ન ન કરવાં, એ સ્રીઓ પોતાના પતિઓને બીજા દેવોને
પૂજતાં કરી દેશે. આમ છતાં સુલેમાન આ સ્ત્રીઓને ચાહતો
હતો. 3તેને 700 રાજવંશની રાણીઓ હતી અને 300 રખાતો
હતી; જેઓએ તેને દેવથી વિમુખ કરી દીધો હતો. 4તેની
વૃદ્ધાવસ્થામાં તે તેના પિતા દાઉદ જેવો નહોતો જેણે યહોવા
પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો. તેને બદલે તેની પાસે તેની
પત્નીઓએ પોતાના દેવોની પૂજા કરાવી. 5તેણે સિદઓનીઓ
જેની પૂજા કરતાં તે એશ્તોરેથ દેવી અને ધિક્કારપાત્ર મિલ્કોમ
જેને અમ્મોનીઓ પૂજતા તેને પૂજવા લાગ્યો. 6આ રીતે
સુલેમાને યહોવાની દષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ
કર્યુ અને પિતા દાઉદની જેમ નહી જે યહોવાને હૃદયપૂર્વક
અનુસર્યા હતાં.
7એ વખતે સુલેમાને મોઆબના ધિક્કારપાત્ર દેવ કમોશ
માટે અને અમ્મોનીઓના ધિક્કારપાત્ર દેવ મિલ્કોમ માટે
યરૂશાલેમની નજીક આવેલા પર્વતના શિખર પર એક ઉચ્ચ
સ્થાન બંધાવ્યું. 8એજ રીતે એણે જુદા જુદા દેશની બધી
પોતાની રાણીઓ માટે મંદિરો બંધાવ્યાં અને તેઓએ ત્યાં
પોતાના દેવોને ધૂપ અર્પણ કર્યુ અને યજ્ઞો કર્યા,
9તેને લીધે યહોવા સુલેમાન પર ખૂબ ગુસ્સે થયો. કારણકે
યહોવાએ તેને બે વખત દર્શન આપ્યાં છતાં સુલેમાને
યહોવાથી મોઢું ફેરવી લીધું હતું. 10અને તેને અન્ય દેવની
પૂજા ન કરવાની ચેતવણી આપી હતી આમ છતાં તેણે
યહોવાના હુકમનો અનાદર કર્યો. 11તેથી યહોવાએ તેને
કહ્યું, "આપણી વચ્ચે થયેલા કરારોનું પાલન તેં કર્યુ નથી
અને મારા હુકમો પાળ્યાં નથી, તેથી હું તારી પાસેથી રાજય
ખૂંચવી લઈશ અને તારા સેવકોમાંથી કોઈ એકને આપીશ.
12તેમ છતાં તારા પિતા દાઉદને કારણે તું જીવતો રહીશ ત્યાં
સુધી હું આમ નહિં કરું, પરંતુ તારા પુત્રના હાથમાંથી હું
રાજય ખૂંચવી લઈશ; 13તેમ હું આખું રાજય પણ નહિં લઈ
લઉં; પરંતુ હું મારા સેવક દાઉદને માટે અને મારી પસંદગીના
નગર યરૂશાલેમને માટે એક કુળ તારા પુત્રોના હાથમાં રહેવા
દઈશ."

## સુલેમાનનાં શત્રુઓ

14ત્યારબાદ યહોવાએ સુલેમાનની સામે, એક શત્રુ ઊભો
કર્યો, તે શત્રુ હતો અદોમીના રાજવંશનો હદાદ. 15જ્યારે
દાઉદ અદોમમાં હતો ત્યારે તેના સેનાપતિ યોઆબે ત્યાં
બધા શબોને દફનાવી દીધા અને ત્યારે અદોમના દરેક જીવતા
પુરુષને મારી નાખ્યાં. 16અદોમના એક–એક પુરુષની હત્યા
પૂરી થઈ ત્યાં સુધી, એટલે કે છ મહિના સુધી યોઆબ
આખી ઈસ્રાએલી સેના સાથે ત્યાં જ રહ્યો હતો. 17પણ
હદાદ, જે તે વખતે બાળક હતો તે તેના પિતાનાં કેટલાક
નોકરોની સાથે મિસર ભાગી ગયો. 18તેઓ મિદ્યાનમાંથી
નીકળીને પારાનમાં ગયા. પારાનમાંથી તેમણે થોડા માણસોને

ભેગા કર્યા અને ત્યાંથી તેઓ સર્વ મિસર ગયા અને ત્યાં મિસરના રાજા ફારોહે તેઓના ખોરાકની અને રહેવાની જગ્યાની વ્યવસ્થા કરી અને તેમને અમુક જમીન ભેટ તરીકે આપી.

19ફારુનને હદાદ ખૂબ પસંદ પડયો, અને તેણે એને રાણી તાહપનેસની બહેન હદાદ ને પરણાવી. 20તાહપનેસની બહેનને એનાથી ગનુબાથ નામે એક પુત્ર થયો અને તેને તાહપનેસે રાજમહેલમાં ઉછેરી મોટો કર્યો, તે ફારુનનાં બાળકો સાથે જ રહેતો.

21જયારે હદાદને મિસરમાં સમાચાર મળ્યા કે દાઉદ ચિરનિંદ્રામાં પોઢી ગયો છે, અને તેનો સેનાપતિ યોઆબ પણ મૃત્યુ પામ્યો છે, ત્યારે તેણે ફારુનને કહ્યું, "મને મારા પોતાના દેશમાં પાછો જવા દો."

22પરંતુ ફારુને કહ્યું, "તને અહીં કોઈ વસ્તુની ખોટ છે કે તું તારે દેશ પાછો જવા માગે છે?" હદાદે કહ્યું, "ના, પણ મહેરબાની કરીને મને જવા દો."

23યહોવાએ સુલેમાન સામે એક બીજો શત્રુ ઊભો કર્યો; તે એલ્યાદાનો પુત્ર રઝોન હતો. જે તેનો માલિક સોબાહના રાજા હદાદએઝેરને છોડીને ભાગી છૂટયો હતો. 24એ સમયે જ્યારે દાઉદે સોબાહ ઉપર હુમલો કર્યો ત્યારે રઝોને માણસોની ટોળી ભેગી કરીને પોતે તેનો નાયક બની ગયો, ત્યાંથી તેઓ દમસ્ક ગયા અને ત્યાં સ્થાયી થઈ ગયા, અને રેઝોન તેમનો રાજા બની ગયો. 25રઝોન સુલેમાન જીવ્યો ત્યાં સુધી તે ઈસ્રાએલનો દુશ્મન રહ્યો. તેણે હાદાદ અને ઈસ્રાએલ માટે મુશ્કેલીઓ ઉભી કરી.

26બીજો એક બળવાખોર આગેવાન યરોબઆમ નબાટનો પુત્ર હતો. એફ્રાઈમ પ્રદેશના સરેદાહ નગરમાંથી તે આવતો હતો, તેની માતા સરૂઆહ વિધવા સ્ત્રી હતી.

27યરોબઆમ બળવાનો વૃત્તાંત આ પ્રમાણે છે: તેણે સુલેમાન મિલ્લોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને પોતાના પિતા દાઉદના નગરની દીવાલનું બાકોરું બંધ કરાવ્યું. 28હવે આ યરોબઆમ ઘણો સક્ષમ માણસ હતો. સુલેમાને જોયું કે યુવાન માણસ તેનું કામ કેટલી સુંદર રીતે કરતો હતો, અને તેને યૂસફના વંશના વેઠ મજૂરોનો મુકાદમ બનાવી દીધો. 29એક દિવસ યરોબઆમ યરૂશાલેમની બહાર ગયો હતો, ત્યારે શીલોહનો પ્રબોધક અહિયા એને રસ્તામાં મળ્યો. અહિયાએ નવો ઝભ્ભો પહેર્યો હતો; એ બંને ખુલ્લા વગડામાં તદ્દન એકલા જ હતા. 30અહિયાએ પોતે જે નવો ઝભ્ભો પહેર્યો હતો, તે લઈ તેને ફાડીને બાર ભાગ કરી નાખ્યા.

31પછી અહિયાએ યરોબઆમને કહ્યું, "આમાંના દશ ટુકડા લે, કારણ કે ઈસ્રાએલના યહોવા દેવ કહે છે, 'હું સુલેમાનના હાથમાંથી રાજ્ય આંચકી લઈશ અને દશ ટોળીઓ હું તને આપીશ! 32પણ મારા સેવક દાઉદને કારણે હું સુલેમાન અને તેના કુટુંબને રાજ્ય કરવા માટે એક જાતિ અને યેરૂશાલેમ આપીશ જે નગર મેં ઈસ્રાએલની બધી ટોળીઓમાંથી પસંદ કર્યુ હતું. 33કારણ કે સુલેમાને મારો ત્યાગ કર્યો છે, તેણ સિદોનીઓની દેવી આશ્તોરેથની, મોઆબના દેવ કમોશની અને આમ્મોનીઓના દેવ મિલ્કોમની પૂજા કરી છે. તે મારા માર્ગે ચાલ્યો નથી અને મારી દષ્ટિમાં જે સારું છે તે તેણે કર્યું નથી, તેના પિતા દાઉદે મારી બધી વિધિઓ અને ફરમાનો પાળ્યા હતાં, પણ સુલેમાને તે પ્રમાણે કર્યુ નથી. 34આમ હોવા છતાં પણ મારા પસંદ કરેલા સેવક દાઉદે મારા હૂકમોનું પાલન કર્યુ હતું તેને લીધે, હમણાં હું તેની પાસેથી આખું રાજય આંચકી લઈશ નહિં, અને તેના બાકીના જીવનકાળ દરમ્યાન તે રાજ્ય કરવાનું ચાલુ રાખશે. 35પરંતુ હું એના પુત્રના હાથમાંથી રાજય ખૂંચવી લઈશ અને તને દસ ટોળીઓ સુપ્રત કરીશ. 36તેના પુત્રને હું એક ટોળી આપીશ, જેથી મારા સેવક દાઉદનું નામ મારા પસંદ કરેલા નગર યરૂશાલેમમાં કાયમ રહે. 37તને હું ઈસ્રાએલનો રાજા બનાવીશ, અને તું ઈચ્છે તેટલા પ્રદેશમાં રાજ્ય કરીશ. 38જો તું મારી બધી આજ્ઞાઓનું પાલન કરીને અને મારા સેવક દાઉદની જેમ મને જે યોગ્ય લાગતું હોય તેનું આચરણ કરીશ તથા મારા બધા હુકમ અને નિયમોનું પાલન કરીશ મારે માર્ગે ચાલીશ અને હું જેમ ઈચ્છું છુ તેમ રહીશ તો હું તારી બાજુએ રહીશ, તને ઈસ્રાએલ આપીશ અને દાઉદના વંશની જેમ તારા વંશનું પણ નામ રાખીશ. 39સુલેમાનનાં પાપ માટે દાઉદના કુટુંબને સજા કરીશ, પણ સજા કાયમ માટે નહિં હોય.'"

## સુલેમાનનું મૃત્યુ

40આ પછી સુલેમાને યરોબઆમને મારી નાખવાનો પ્રયત્ન કર્યો, પણ તે મિસરના રાજા શિશાક પાસે ભાગી ગયો અને સુલેમાનના મૃત્યુ સુધી મિસરમાં જ રહ્યો.

41સુલેમાનના રાજયના બીજા બધા બનાવો અને તેમનાં કાર્યો, તેમજ તેની બધી જ્ઞાનવાર્તા સુલેમાનના વૃત્તાંતના ગ્રંથમાં નોંધેલા છે. 42સુલેમાને યરૂશાલેમમાંથી સમગ્ર ઈસ્રાએલ ઉપર 40 વર્ષ રાજ્ય કર્યુ હતું. 43ત્યારબાદ સુલેમાન પોતાના પિતૃલોકને પામ્યો, તેને તેના પિતા દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો; અને તેની જગ્યાએ તેનો પુત્ર રહાબઆમ ગાદીએ આવ્યો.

## આંતરિક યુદ્ધ

12 રહાબઆમ શખેમમાં ગયો. કારણ કે ઈસ્રાએલના બધાં લોકો તેને રાજા બનાવવા માટે ત્યાં ગયા હતા. 2તે વખતે યરોબઆમ મિસરમાં હતો, સુલેમાન રાજાની આગળથી તે ત્યાં નાસી ગયો હતો. આ રાજયાભિષેક વિષે તેણે તેના મિત્રો પાસેથી સાંભળ્યું, અને તે મિસરમાંથી પાછો આવ્યો. 3કારણ કે ઈસ્રાએલના લોકોએ તેને બોલાવી લીધો હતો, પછી તે એ બધા લોકો સાથે રહાબઆમ પાસે ગયો અને કહ્યું, 4"તમારા પિતા અમારા પ્રત્યે બહુ કઠોર હતા અને અમારી પાસે સખત કામ કરાવ્યા, હવે તમે અમારા પર તમારા પિતાએ મૂકેલો આ ભાર હળવો કરો અને અમે તમારી સેવા કરીશું."

5પછી રહાબઆમે જણાવ્યું, "અહીંથી ચાલ્યા જાવ અને ત્રણ દિવસ પછી પાછા આવજો." પછી લોકો તેમની પાસેથી

દૂર ગયા. 6ત્યારબાદ રાજા રહાબઆમે પોતાના પિતા સુલેમાન
જીવતા હતા ત્યારે જે વડીલો તેના સલાહકારો હતા તેમની
સલાહ લીધી તેણે પૂછયું, "તમે મને આ લોકોને શો જવાબ
આપવો તેની સલાહ આપો. "

7તેમણે કહ્યું, "હવે આપ એ લોકોની ઈચ્છાને તાબે થઈ
જાઓ અને એમની સાથે નમ્રતાથી વાત કરશો તો તેઓ
કાયમ માટે તમારી સેવા કરશે."

8પરંતુ રહાબઆમે આ વડીલોની સલાહની અવગણના
કરી અને તેણે પોતાની સાથે ઉછરેલા જુવાન મિત્રોને બોલાવ્યા
અને તેમની સલાહ લીધી, 9તેણે પૂછયું, "આ લોકોએ જે
મને કહ્યું છે કે, 'તમારા પિતાએ અમારા પર જે ભાર મૂકયો
છે તે હળવો કરો.' તેઓને જવાબ આપવા માટે તમે શી
સલાહ આપો છો?"

10જુવાન મિત્રોએ તેને કહ્યું, "તમે તેમને એવો જવાબ
આપો કે, 'મારા પિતાની કમર કરતાં મારી ટચલી આંગળી
જાડી છે!' 11અને મારા પિતાએ તમારા પર જે બોજ મૂકયો
હતો તેને હું વધારીશ. મારા પિતા તમને કોરડાથી ફટકારતા
હતા, હું તમને લોખંડના ટૂકડા બાંધેલા કોરડાથી ફટકારીશ.'"

12ત્રણ દિવસ પછી યરોબઆમ અને તેના માણસો
રહાબઆમ પાસે ગયા. બરાબર જે પ્રમાણે રાજાએ તેમને
કરવા કહ્યું હતું તેમજ. 13રાજાએ વડીલોની સલાહ માની
નહીં પણ લોકોને કઠોરતાથી જવાબ આપ્યો. 14જેમ તેના
મિત્રોએ તેને કહ્યું હતું તેમ તેણે કહ્યું, "મારા પિતાએ તમારા
ઉપર જે ભાર મૂકયો હતો તે ભાર હું હજી વધારીશ. મારા
પિતા તો તમને ચાબુકથી ફટકારતા હતા, હું તો તમને લોખંડના
ટુકડા બાંધેલા કોરડાથી ફટકારીશ." 15આમ, રાજાએ લોકોની
વાત પર ધ્યાન આપ્યું નહિં, યહોવાએ શીલોહના પ્રબોધક
અહિયા મારફતે નબાટના પુત્ર યરોબઆમને જે સંદેશો
મોકલાવ્યો હતો તે પૂરો કરવાનો હતો તેથી રાજાએ પ્રમાણે
વર્તન કર્યુ હતું.

16જયારે લોકોએ જોયું કે રાજા આપણી વાત સાંભળતો
નથી ત્યારે તેમણે જવાબ આપ્યો, "દાઉદ સાથે અમારે શું
સામ્ય છે? યશાઈના પુત્ર સાથે અમારે શું લેવા દેવા છે? ઓ
ઈસ્રાએલીઓ, સૌ પોતપોતાને ઘેર પાછા જાઓ! દાઉદ, હવેથી
તું તારું ઘર સંભાળ." આમ, બધાં ઈસ્રાએલીઓ પોતપોતાને
ઘેર ચાલ્યા ગયા, 17અને આમ રહાબઆમે યહૂદાના નગરમાં
વસતા ઈસ્રાએલીઓ ઉપર રાજય કર્યુ.

18રાજા રહાબઆમે વેઠ મજૂરોનું ખાતુ સંભાળતા
અદોનિરામને ઈસ્રાએલીઓ પાસે મોકલ્યો, પણ તેમણે તેને
પથ્થરો મારીને મારી નાંખ્યો, આથી રાજા રહાબઆમને રથમાં
બેસી યરૂશાલેમ ભાગી જવું પડયું. 19ત્યારથી ઈસ્રાએલીઓએ
દાઉદના કુટુંબ સામે બળવો કર્યો છે અને તેઓ આજ સુધી
અલગ રહેતા આવ્યા છે.

20જયારે ઈસ્રાએલના બધા લોકોએ સાંભળ્યું કે, યરોબઆમ
પાછો આવ્યો છે ત્યારે તેમણે તેને ઈસ્રાએલી સભા સમક્ષ
બોલાવી આખા ઈસ્રાએલનો રાજા બનાવ્યો. યહૂદાના
કુળસમૂહ સિવાય કોઈ દાઉદના રાજવંશને વફાદાર રહ્યું નહિં.

21રહાબઆમે યરૂશાલેમ જઈને યહૂદાની ટોળીના અને
બિન્યામીનના કુટુંબના કુલ 1,80,000 ચુનંદા યોદ્ધાઓને
લઈને ઈસ્રાએલના વંશો સામે યુદ્ધ કરી પોતાનું રાજય પાછું
મેળવવા ભેગા કર્યા.

22પણ એલિયા શમાયાને દેવની વાણી સંભળાઈ કે,
23"યહૂદાના સુલેમાનના પુત્ર રાજા રહાબઆમને, તથા
યહૂદાના તથા બિન્યામીનના વંશના બધા લોકો જે આજ
સુધી તેની સાથે છે તેમને કહે. 24'આ યહોવાનાં વચન છે:
તમારા ભાઈઓ ઈસ્રાએલીઓ સામે લડવા જશો નહિં, સૌ
કોઈ પોતપોતાને ઘેર પાછા જાય, જે કંઈ બન્યું છે તે મારી
ઈચ્છાથી બન્યું છે.'" તેમણે યહોવાનું કહ્યું માન્યું અને તેની
આજ્ઞા પ્રમાણે તેઓ પાછા ઘેર ચાલ્યા ગયા.

25પછી યરોબઆમે એફ્રાઈમના પર્વતીય પ્રદેશમાં
શખેમનગરની કિલ્લેબંધી કરી અને ત્યાં રહ્યો; અને ત્યાંથી
તેણે પનુએલનગર ની પણ કિલ્લેબંદી કરાવી.

26યરોબઆમે વિચાર કર્યો, "આજે વસ્તુસ્થિતી એવી છે
કે, મારા રાજયના લોકો પાછા દાઉદના રાજવંશને સ્વીકારશે.
27જો આ લોકો યરૂશાલેમમાં આવેલા યહોવાના મંદિરે પૂજા
કરવાનું અને યજ્ઞો અર્પણ કરવાનું ચાલુ રાખશે તો તેમના
હૃદયમાં તેમના નેતા યહૂદાના રાજા રહાબઆમ પ્રત્યે ફરી
વફાદારી જાગશે અને તેઓ મને મારી નાખશે, અને ફરી
પાછા યહૂદાના રાજા રહાબઆમને ફરી અનુસરશે." 28આથી
તેણે આ બાબત પર વિચારીને બે સોનાના પોઠિયા કરાવ્યા
અને લોકોને કહ્યું, "હવે તમારે બધાયે યરૂશાલેમ જવાની
જરૂર નથી, ઓ ઈસ્રાએલીઓ; આ રહ્યા તમારા દેવ જે તમને
મિસરમાંથી બહાર લઈ આવ્યા હતા." 29એક પોઠિયો તેણે
બેથેલમાં સ્થાપ્યો અને બીજો દાનમાં આપ્યો. 30આથી
ઈસ્રાએલીઓએ પાપ કર્યુ. લોકો એક મૂર્તિ સામે પૂજા કરવા
બેથેલ જતા અને બીજી મૂર્તિ સામે પૂજા કરવા દાન સુધી
જતા. 31યરોબઆમે ટેકરીઓ ઉપર કબરો બનાવી, અને
લેવીવંશી ન હોય એવા બીજા કોઈ પણ કુટુંબોમાંથી યાજકો
નિયુકત કર્યા. 32આઠમાં મહિનામાં પંદરમા દિવસે યરોબઆમે
યહૂદામાં જે ઉજવાતો હતો તેવો એક ઉત્સવ શરૂ કર્યો, અને
તે બેથેલની વેદી પર ઉજવાતો હતો જે તેણે બનાવી હતી.
તેણે પોઠિયાઓને બલિદાનો અર્પણ કરવાનું શરુ કર્યુ જે તેણે
બનાવ્યા હતાં. અને તેણે ઉચ્ચ સ્થાનો પરથી યાજકોને નિયુક્ત
કર્યા બેથેલની કબરોમાં સેવા કરવા માટે જે તેણે બનાવી
હતી. 33આમ, ઈસ્રાએલીઓ માટે પોતે શરૂ કરેલો ઉત્સવ
ઊજવવા પોતે પસંદ કરેલા આઠમાં મહિનાનાં પંદરમાં દિવસે
તે બેથેલ ગયો, અને બલિદાનો અર્પણ કરવા તે પોતે બનાવેલી
વેદી ઉપર ગયો.

### બેથેલ વિરુદ્ધ ચેતવણી

13 યરોબઆમ વેદી પાસે બલિદાનો ચડાવવા માટે
ઊભો હતો, ત્યારે યહોવાએ એક દેવના માણસને
યહૂદાથી બેથેલ મોકલ્યો. 2અને યહોવાની પ્રેરણાથી તેણે
વેદીને શાપ આપ્યો. તે બોલ્યો,

"વેદી, વેદી આ યહોવાનાં વચન છે; 'સાંભળ, દાઉદનાં વંશમાં યોશિયા નામે એક બાળક અવતરશે, તે તારી ઉપર બલિદાન ચઢાવશે પર્વતના શિખર ઉપરની દેરીઓના યાજકો જેઓ અત્યારે તારી ઉપર ધૂપ ચઢાવે છે પરંતુ યોશિયા તારી ઉપર મનુષ્યનાં હાડકાને બાળશે.'"

3અને તે જ વખતે તેણે વધુમાં જણાવ્યું કે, "આ વેદી તૂટી જશે અને તેના ઉપરની રાખ ફેલાઈ જશે, યહોવાની આ ભવિષ્યવાણી સાચી પડશે, તે સમયે તું જાણશે કે મેં જે કહ્યું હતું તે સત્ય હતું."

4જયારે યરોબઆમે પેલા દેવના માણસને બેથેલની વેદીને શાપ આપતો સાંભળ્યો તે સમયે તેણે વેદી પાસેથી હાથ લઈ લીધો તે માણસ તરફ ચીંધ્યો અને કહ્યું, "તેને પકડો." પણ જેવું તેણે આમ કહ્યું કે તરત જ એ માણસ સામે એણે લંબાવેલો હાથ એ જ સ્થિતિમાં લકવાગ્રસ્ત થઈ ગયો, તે પોતાના હાથને પાછો ખેંચી શકયો નહિં. 5એ સમયે દેવના માણસની આગાહી પ્રમાણે વેદીમાં મોટી તિરાડ પડી અને તેના પરની રાખ વેરાઈ ગઈ. જે પ્રમાણે યહોવાએ દેવના માણસને કહેવા માટે કહ્યું હતું તેમજ બન્યું. 6રાજાએ દેવના માણસને કાલાવાલા કર્યા, "મેહરબાની કરીને તમારા યહોવા દેવને કહો કે મારો હાથ ફરીથી સાજો કરી આપે."

તેથી દેવના માણસે દેવને પ્રાર્થના કરી એટલે રાજાનો હાથ પહેલા હતો તેવો થઈ ગયો. 7પછી રાજાએ દેવના માણસને વિનંતી કરી, "મારી સાથે મારા રાજમહેલમાં આવ, ત્યાં આરામ કર અને ભોજન લે. તેં મારો હાથ સાજો કર્યો તે માટે હું તને ભેટ આપીશ."

8પણ દેવના માણસે રાજાને કહ્યું, "તું મને તારો અડધો મહેલ આપે તો ય હું તમારી સાથે નહી આવું હું અહી કશું ખાઈશ કે પીશ નહિં, 9કારણ, મને યહોવાની આજ્ઞા છે કે 'તારે કશું ખાવાનું કે પીવાનું નથી, અને જે રસ્તે જાય તે રસ્તે પાછા ફરવાનું નથી." 10આથી તે બીજે રસ્તે પાછો ગયો; જે રસ્તે બેથેલ આવ્યો હતો તે રસ્તે પાછો ન ગયો.

11એ વખતે બેથેલમાં એક વૃદ્ધ પ્રબોધક રહેતો હતો. તેના પુત્રોએ ઘેર જઈને પ્રબોધકે બેથેલમાં જે કર્યુ હતું તે અને તેણે રાજાને જે કહ્યું હતું તે પોતાના પિતાને જણાવ્યું. 12પિતાએ પૂછયું, "તે કયા રસ્તે ગયો?" પુત્રોએ તેને યહૂદાનો દેવનો માણસ જે રસ્તે ગયો તે બતાવ્યો. 13વૃદ્ધ પ્રબોધકે પોતાના પુત્રોને કહ્યું, "જલ્દીથી ગધેડા પર જીન બાંધો." તેઓએ તેને માટે ગધેડા પર જીન બાંધ્યું. પછી તે ઉપર ચઢીને ગધેડા પર સવાર થઈ ગયો.

14પછી એ વૃદ્ધ પ્રબોધક પેલા દેવના માણસની પાછળ ગયો અને તેને એક એલોન વૃક્ષની નીચે બેઠેલો જોયો. તેણે તેમને પૂછયું, "તું યહૂદાથી આવેલો દેવનો માણસ છો?" જવાબમાં તેણે કહ્યું, "હા, હું તે જ છું."

15વૃદ્ધ પ્રબોધકે તેને કહ્યું, "મારી સાથે મારે ઘરે આવ અને ભોજન લે."

16તેણે જવાબ આપ્યો, "ના, હું આવી શકુ તેમ નથી, કેમકે મને તારી સાથે આવવાની રજા નથી કે તારી સાથે આ જગ્યાએ કંઈ ખાવાની કે પીવાની રજા નથી. 17કારણ, મને યહોવાની આજ્ઞા છે કે, 'તારે ત્યાં કશું ખાવાનું કે પીવાનું નથી, અને જાય તે રસ્તે પાછા ફરવાનું નથી.'"

18વૃદ્ધ પ્રબોધકે કહ્યું, "હું પણ તમારા જેવો પ્રબોધક છું" અને આજે મને એક દેવદૂતે યહોવાનો સંદેશો આપતા કહ્યું છે કે, "મારે તને ખોરાક અને પાણી માટે મારી સાથે ઘેર લઈ જવો." હકીકતમાં વૃદ્ધ પ્રબોધક તેની આગળ જૂઠું બોલતો હતો.

19તેથી તેઓ બંને પાછા વળ્યા, અને દેવનો માણસ પેલા વૃદ્ધ પ્રબોધકને ઘેર ગયો અને ત્યાં ખાધું પીધું. 20જ્યારે તેઓ હજુ ભાણા પર બેઠા હતા ત્યારે વૃદ્ધ પ્રબોધક જે દેવના માણસને પાછો લઈ આવ્યો હતો તેને યહોવાની વાણી સંભળાઈ. 21અને તેણે યહૂદાથી આવેલા દેવના માણસને કહ્યું "આ યહોવાની વાણી છે." તેં યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ છે અને તેણે કરેલાં હુકમો પાળ્યાં નથી, 22પણ તેણે મના કરી હતી ત્યાં પાછા આવીને તેં ખાધુંપીધું છે, આથી તારું મડદું તારા પૂર્વજોની કબરે નહીં પહોંચે."

23ભોજન લીધા પછી વૃદ્ધ પ્રબોધકે યહૂદાથી આવેલા દેવના માણસ માટે ગધેડા પર જીન બાંધી. 24અને યહૂદાના એ દેવના માણસે પોતાની મુસાફરી શરૂ કરી, અને એ રસ્તામાં જતો હતો ત્યારે એક સિંહે ત્યાં આવીને તેને મારી નાખ્યો. તેનું શબ ત્યાં રસ્તામાં પડયું હતું, અને ગધેડો તથા સિંહ તેની બાજુ પર ઊભા હતા. 25થોડા માણસો જેઓ તે રસ્તેથી પસાર થતા હતાં વચ્ચે પડેલા શબને અને તેની બાજુએ શાંતિથી ઊભેલા ગધેડા તથા સિંહને જોયો. અને નગરમાં જઈને આના વિષે વાત કરી જ્યાં વૃદ્ધ પ્રબોધક રહેતો હતો.

26જ્યારે વૃદ્ધ પ્રબોધકે આ વિષે સાંભળ્યું ત્યારે તેણે કહ્યું, "એ તો એ જ દેવનો માણસ છે કે જેણે યહોવાની આજ્ઞાનો અનાદર કર્યો છે! સિંહ દ્વારા તેને મારી નંખાવીને યહોવાએ તેને આપેલી ચેતવણી પૂર્ણ કરી છે." 27પછી તેણે પોતાના પુત્રોને ગધેડા પર જીન બાંધવા માટે કહ્યું અને તેઓએ તે પ્રમાણે કર્યુ. 28તે ગયો અને તેણે જોયું કે દેવના માણસનું શરીર માર્ગમાં વચ્ચે પડયું હતું અને ગધેડો તથા સિંહ હજી પણ તેની નજીક ઊભા હતા, વળી સિંહે મનુષ્યનું શરીર ખાધું ન હતું અને સિંહે ગધેડા પર હુમલો નહોતો કર્યો.

29પછી શોક પ્રદર્શિત કરવા માટે અને દફનવિધિ કરવા પેલા શબને ગધેડા પર મૂકીને નગરમાં લઈ ગયો. 30તેણે એ શબને પોતાની કબરમાં મૂકીને "ઓ મારા ભાઈ રે! કહીને પોક મૂકી." 31તેને દફનાવ્યા પછી તે પ્રબોધકે પોતાના પુત્રોને બોલાવીને કહ્યું, "હું મરી જાઉં ત્યારે મને આ પ્રબોધકની સાથે એકજ કબરમાં દફનાવજો. મારા અસ્થિ એ દેવના માણસના અસ્થિ સાથે જ મૂકજો; 32કારણકે, બેથેલની આ વેદી અને સમરૂન પાસેના ઉચ્ચ સ્થાનો માટે યહોવાનો સંદેશો જે તેણે આ દેવના માણસ દ્વારા આપ્યો હતો તે ચોક્કસ સાચો પડશે."

33આ ઘટના પછી પણ યરોબઆમે પોતાનું દુષ્ટ આચરણ છોડયું નહિં. પણ તેણે ઉચ્ચ સ્થાનો માટે કોઈ પણ કુળસમૂહના

લોકોને યાજક તરીકે નીમવાનું ચાલું રાખ્યું. જે કોઈ યાજક
થવા તૈયાર થતો તેને તે ઉચ્ચસ્થાન ઉપરનાં મંદિરનો યાજક
નીમતો. 34તેથી કરીને યરોબઆમે પોતાના આખા વંશને
પાપમાં નાખ્યો અને તેમનું ભૂમિમાંથી સંપૂર્ણપણે ભૂંસાઇ
જવું નિશ્ચિત કર્યુ.

### યરોબઆમના પુત્રનુ અવસાન

14 યરોબઆમનો પુત્ર અબિયા ગંભીર માંદગીમાં
સપડાયો 2અને યરોબઆમે પોતાની પત્નીને કહ્યું,
"આમ જો, તું મારી પત્ની છે એની લોકોને ખબર ન પડે
કોઈ તને ઓળખી ન શકે એ રીતે વેશપલટો કરીને તું શીલોહ
જા. પ્રબોધક અહિયા ત્યાં રહે છે, જેણે કહ્યું હતું કે હું આ
લોકોનો રાજા થવાનો છું 3તારી સાથે દસ ટુકડા પાંઉ રોટલી,
થોડી ફળોના ટૂકડાવાળી રોટલી અને એક કુપ્પી મધ લઈને
તેની પાસે જા. આ બાળકનું શું થવાનું છે તે તને કહેશે."

4યરોબઆમની પત્નીએ તે પ્રમાણે કર્યુ. તે તરત જ નીકળી
અને શીલોહ જઈ અહિયાને ઘેર પહોંચી, હવે વાત એમ
હતી કે અહિયાને દેખાતું નહોતું. ઘડપણને લીધે તેની આંખને
ઝાંખ આવી હતી, 5પરંતુ યહોવાએ તેને કહ્યું હતું કે,
"યરોબઆમની પત્ની પોતાના માંદા બાળક વિષે તને સવાલ
કરવા આવી રહી છે; તેણી આવશે ત્યારે કોઈક બીજુંજ
હોવાનો ઢોંગ કરશે. તેણીને આ કહેજે."

6આથી અહિયાએ જયારે બારણાં આગળ તેનાં પગલાંનો
અવાજ સાંભળ્યો ત્યારે તેણે કહ્યું, "આવ, અંદર આવ,
યરોબઆમની પુત્રવધૂ તું બીજી સ્ત્રી હોવાનો ઢોંગ શા માટે
કરે છે? મારે તને માઠા સમાચાર આપવાના છે 7જા,
યરોબઆમને જણાવ કે, ઈસ્રાએલના દેવ યહોવા એમ કહે
છે કે, 'મેં તને એક સામાન્ય માણસમાંથી ઈસ્રાએલનો રાજા
બનાવ્યો. 8મેં દાઉદના હાથમાંથી રાજય છીનવી લઈને તને
આપ્યું. પણ તું મારા સેવક દાઉદ જેવો ન નીકળ્યો. તે તો
મારી આજ્ઞાઓ પાળતો હતો. અને પૂરા મનથી મારા માર્ગે
ચાલતો હતો તથા મારી નજરમાં જે સાચું હોય તે જ કરતો
હતો. 9તે તારા બધા પૂર્વજો કરતાં વધારે ખરાબ કામો કર્યા
છે, તેં બીજા દેવોની મૂર્તિઓ બનાવી છે, અને સોનાના
વાછરડા બનાવીને મારો રોષ વહોરી લીધો છે; તેં તો મારી
અવગણના કરી છે. 10તેથી હું તારા વંશ ઉપર આફત ઉતારીશ.
તારા કુટુંબમાં દરેક પુરુષને મારી નાખીશ, ઈસ્રાએલમાં તારા
વંશનો કોઈપણ નર જીવતો બચશે નહીં જેમ છાણ રાખ
થાય ત્યાં સુધી બળ્યા કરે છે. તેવીજ રીતે તારું સમગ્ર કુટુંબ
નાશ પામશે. 11તારા કુટુંબમાંથી જેઓ શહેરમાં મરણ પામશે
તેમને કૂતરાં ખાશે, અને જેઓ વગડામાં મૃત્યુ પામશે તેમને
પંખી ખાશે. આ યહોવાનાં વચન છે.'"

12પછી અહિયાએ યરોબઆમની પત્નીને કહ્યું, "હવે તું
તારે ઘેર જા. તું નગરમાં પહોંચશે તે જ સમયે છોકરો મૃત્યુ
પામશે. 13સર્વ ઈસ્રાએલી લોકો તેને માટે આક્રંદ કરશે અને
તેને દફનાવશે, તારા કુટુંબમાંથી સારો ભૂમિદાહ પામનાર
તેરો પુત્ર આ એકજ હશે. કેમકે ઈસ્રાએલના યહોવા દેવને
યરોબઆમના સમગ્ર પરિવારમાંથી માત્ર આ છોકરાનેજ સારી
વ્યક્તિ તરીકે જોયો છે. 14ત્યારબાદ યહોવા ઈસ્રાએલ માટે
એક રાજા નિયુક્ત કરશે, અને તે યરોબઆમના વંશનો અંત
લાવશે. 15જેવી રીતે છોડની કુમળી દાંડી નદીમાં હલેડોલે
છે તેવીજ રીતે યહોવા ઈસ્રાએલ પર પ્રહાર કરશે. યહોવા
ઈસ્રાએલીઓને તેણે તેના પિતૃઓને આપેલા દેશમાંથી
જડમુળથી ઉખેડી નાખશે. અને નદીને પેલે પાર તેઓને
વિખેરી નાખશે, કારણ કે અશેરાહનો સ્તંભ બનાવી તેઓએ
યહોવાને કોપાયમાન કર્યા છે. 16યહોવા ઈસ્રાએલીઓને
છોડી દેશે. કારણ કે યરોબઆમે પોતે પાપ કર્યુ છે અને
પોતાની સાથે સર્વ ઈસ્રાએલી લોકોને પણ પાપ કરવા માટે
દોરી ગયો છે ને પાપ કરાવ્યા છે."

17યરોબઆમની પત્ની ઊઠીને ચાલતી થઈ, તે તિર્સાહ
આવી પહોંચી અને જ્યારે તેના ઘરના ઊંબરા પર પહોચી તે
જ ઘડીએ બાળક મૃત્યુ પામ્યો. 18યહોવાએ પોતાના સેવક
પ્રબોધક અહિયા દ્વારા આગાહી કરી હતી તેમજ બધું બન્યું
અને તેઓએ તેને દફનાવ્યો અને આખા ઈસ્રાએલે તેનો
શોક પાળ્યો.

19યરોબઆમના રાજયના બીજા પ્રસંગો, તેણે કયાં કયાં
યુદ્ધો કર્યા, કેવી રીતે રાજય કર્યુ, ઈસ્રાએલી રાજાઓનાં
વૃત્તાંતમાં નોંધાયેલું છે. 20યરોબઆમ 22 વર્ષ રાજય કરી
પિતૃલોકને પામ્યો અને તેના પછી તેનો પુત્ર નાદાબ ગાદીએ
આવ્યો.

21યહૂદાનાં રાજા સુલેમાનનો પુત્ર રહાબઆમ જ્યારે તે
41 વર્ષની ઊમરનો હતો ત્યારે યહૂદાનો રાજા બન્યો.
રહાબઆમે યેરૂશાલેમમાં 17 વર્ષ રાજ્ય કર્યુ. ઈસ્રાએલની
બધી જાતિઓમાંથી યેરૂશાલેમ એ નગર હતું જેને યહોવાએ
પોતાના માટે પસંદ કર્યુ હતું. રહાબઆમની માતાનું નામ
નામાહ હતું તે આમ્મોની હતી.

22યહૂદાના લોકોએ યહોવાની નજરમાં પાપ ગણાય એવું
આચરણ કર્યુ, તેમણે પૂર્વજોએ કરેલાં પાપોથી પણ વધુ પાપો
કરી યહોવાનો કોપ વહોરી લીધો. 23તેમણે દરેક ઊંચી ટેકરી
અને દરેક છાયો આપતા વૃક્ષ નીચે લોકોએ ઉચ્ચસ્થાને
પવિત્ર સ્તંભો અને અશેરાહના સ્તંભ બાંધ્યા. 24એટલું જ
નહિ, આખા પ્રદેશમાં દેવદાસો અને દેવદાસીઓ બીજા દેવોની
સેવા કરતી હતી, આ તો ભૂમિના રાષ્ટ્રોએ કરેલું અધમ પાપ
જેવું હતું આને કારણે યહોવાએ તેમની પાસેથી ભૂમિ લઈને
ઈસ્રાએલીઓને આપી દીધી હતી.

25રહાબઆમના રાજયમાં પાંચમા વર્ષે મિસરના રાજા
શીશાકે યરૂશાલેમ પર આક્રમણ કર્યુ, 26અને તેણે યહોવાના
મંદિરના અને રાજમેહલના બધા ભંડારો લૂંટી ગયો. 26તેણે
સોનાની ઢાલો જે સુલેમાને બનાવડાવી હતી તે લઈ લીધી.
27પેલી સોનાની ઢાલોને બદલે રાજા રહાબઆમે કાંસાની
ઢાલો કરાવી ને તે રાજમહેલના પ્રવેશદ્વારનું રક્ષણ કરતા
સૈનિકોના સરદારોને સોંપી. 28જયારે જયારે રાજા યહોવાના
મંદિરે જતો ત્યારે ત્યારે રક્ષકોએ ઢાલ સાથે લઈ જતા અને
પછીથી પાછી તે શસ્રાગારમાં મૂકી દેતા.

29રહાબઆમના રાજ્યનાં બીજા બનાવો અને એણે કરેલા
બીજા બધા કાર્યો યહૂદાના રાજાઓના ઈતિહાસ નામક ગ્રંથમાં
લખાયા છે. 30યરોબઆમ અને રહાબઆમ વચ્ચે સતત
યુદ્ધ ચાલ્યા કર્યું.

31અંતે રહાબઆમ પિતૃલોકને પામ્યો ત્યારે તેને દાઉદ
નગરમાં દફનાવવામાં આવ્યો, તેની માતાનું નામ નામાહ
હતું તે એક અમ્મોની હતી રહાબઆમના મૃત્યુ પછી તેનો
પુત્ર અબીયામ રાજા બન્યો.

## યહૂદાના અબીયામનો અમલ

15 ઈસ્રાએલના રાજા યરોબઆમના અઢારમાં વર્ષમાં
અબીયામ યહૂદાનો રાજા બન્યો. 2તેણે ત્રણ વર્ષ
યરૂશાલેમમાં રાજ્ય કર્યુ. અબીશાલેમની પુત્રી માઅખાહ
તેની માતા હતી.

3તેના પિતાએ તેની પહેલાં જે પાપો કર્યા હતાં તેણે તેજ
બધાં કર્યા. તેના પિતા દાઉદ પોતાના દેવ યહોવાને સંપૂર્ણ
વફાદાર રહ્યો હતો તેવો તે ન રહ્યો; 4તેમ છતાં દાઉદ પ્રત્યેના
પ્રેમને માટે તેના દેવ યહોવાએ યરૂશાલેમમાં તેના કુટુંબનો
દીવો બળતો રાખ્યો. તેણે તેને પુત્ર આપ્યો અને યરૂશાલેમને
સુરક્ષિત રાખ્યું. 5ફક્ત ઉરિયા હિત્તીની બાબત સિવાય પોતાના
દાઉદે હંમેશા યહોવાને જે ન્યાયી લાગ્યું તે પ્રમાણે જ કર્યુ
અને જીવન પર્યંત સંપૂર્ણપણે દેવને આજ્ઞાંકિત રહ્યો હતો.

6રહાબઆમનો પુત્ર અને યરોબઆમનો પુત્ર એકબીજા
સાથે સતત લડતા રહ્યાં. 7અબીયામના શાસન વિશે અને
શાસન દરમ્યાન બનેલા બીજાં બનાવો વિષે યહૂદાના
રાજાઓના ઈતિહાસ નામક ગ્રંથમાં લખાયેલા છે.

અબીયામ અને યરોબઆમ ના પુત્રો એકબીજા સાથે
યુદ્ધો લડ્યાં. 8પછી અબીયામ મૃત્યુ પામ્યો અને તેને દાઉદના
નગરમાં તેના પિતૃઓ સાથે દફનાવવામાં આવ્યો. તેના પછી
તેનો પુત્ર આસા રાજા બન્યો.

## યહૂદાનો રાજા આસા

9ઈસ્રાએલના રાજા યરોબઆમના રાજયકાળનાં વીસમા
વર્ષે આસા યહુદાનો રાજા બન્યો. 10તેણે યરૂશાલેમમાં
એકતાલીસ વર્ષ રાજ કર્યું, તેની માતાનું નામ માકાહ હતું, તે
અબીશાલોમની પુત્રી હતી.

11તેના પિતૃ દાઉદની જેમ યહોવાને જે ન્યાયી લાગ્યું તેમ
કર્યુ. 12તેણે દેવદાસીઓ જે પ્રદેશનાં બીજા દેવોની સેવા
કરતી હતી, તેને હાંકી કાઢી અને તેના પિતૃઓએ બનાવેલી
મૂર્તિઓને દૂર કરી. 13તેણે તેની માતા માકાહને સુદ્ધા
રાજમાતાના પદેથી દૂર કરી, કારણ તેણે આશેરાહદેવીની પૂજા
માટે એક ધિક્કારપાત્ર મૂર્તિ કરાવી હતી. આસાએ એ મૂર્તિને
તોડી નાખી અને કિદ્રોન નદીના તટ પરની ખીણમાં બાળી
મૂકી, 14જો કે ઉચ્ચ સ્થાનોની સમાધિઓને દૂર કરવામાં આવી
નહોતી, તેમ છતાં આસા જીવનભર યહોવાને પૂરેપૂરો વફાદાર
રહ્યો. 15તેના પિતાએ તેમજ તેણે પોતે યહોવાને સોનું, ચાંદી
અને ચાંદીના વાસણો વગેરે યહોવાને અર્પણ કર્યુ.

16ઈસ્રાએલના રાજા બાઅશા અને આસા વચ્ચે તેમના
સમગ્ર શાસન દરમ્યાન એકબીજા સામે લડાઈ લડ્યા કરી.
17ઈસ્રાએલના રાજા બાઅશાએ યહૂદાને ઘેરી લીધું, અને
નગર રામાને કિલ્લેબંધી કરી, જેથી કોઈપણ યહૂદાના રાજા
આસાને મદદ ન કરી શકે. 18ત્યારબાદ આસાએ મંદિરના
તથા રાજમહેલના ખજાનામાં બાકી રહેલું સોનું અને ચાંદી
એકઠાં કરીને દમસ્કમાં રહેતા અરામના રાજા બેનહદાદને
આપવા પોતાના અધિકારીઓને મોકલ્યા. બેનહદાદ
ટાબ્રિમ્મોનનો પુત્ર અને હેઝ્યોનનો પૌત્ર હતો અધિકારીઓ
સાથે રાજાએ આ સંદેશો મોકલ્યો કે,

19"તમારા પિતા અને મારા પિતા વચ્ચે શાંતિકરાર હતો,
તેવો આપણી વચ્ચે પણ છે. આ સાથે હું તમને સોનાચાંદીની
ભેટ મોકલું છું. તમે ઈસ્રાએલના રાજા બાઅશા સાથેનો
શાંતિકરાર તોડી નાખો એટલે તેણે મારા પ્રદેશમાંથી હઠી
જવું પડશે."

20બેનહદાદે આ કરાર માન્ય રાખ્યો અને તેણે પોતાના
સૈન્યને ઈસ્રાએલનાં કેટલાંક નગરો સામે લડવા મોકલ્યું.
તેઓએ ઈયોન, દાન, આબેલ, બેથ–માઅખાહ,સમગ્ર
કિન્નેરોથ અને નફતાલી પ્રદેશનાં તમામ નગરોનો નાશ કર્યો.
21બાઅશાએ આ આક્રમણના સમાચાર સાંભળ્યા ત્યારે તેણે
રામા નગરનું બાંધકામ પડતું મૂકયું. અને પાછો તિર્સાહ
ચાલ્યો ગયો. 22પછી આસા રાજાએ સમગ્ર યહૂદામાં જાહેરાત
કરી કે દરેક સશકત પુરુષે 'રામા'નો નાશ કરવામાં મદદ
કરવી અન તેનાં લાકડાં તથા પથ્થરો ઉઠાવી લાવવાં. રાજા
આસાએ તે સાધનસામગ્રીનો ઉપયોગ બિન્યામીનનું નગર
ગેબા અને મિસ્પાહ બાંધવા માટે કર્યો.

23આસાના રાજયના બીજા બધા પ્રસંગો, તેનાં વિજયો
અને તેનાં બધાં કાર્યો, તેમજ તેણે બંધાવેલા નગરો તે બધું
યહૂદાના રાજાઓના ઈતિહાસનાં ગ્રંથમાં લખેલું છે.
વૃદ્ધાવસ્થામાં તેને પગનો રોગ લાગુ પડયો. 24પછી તે મૃત્યુ
પામ્યો, અને તેને તેના પિતૃઓ સાથે દાઉદ નગરમાં
દફનાવવામાં આવ્યો. તેનો પુત્ર યહોશાફાટ તેના પછી
રાજગાદીએ આવ્યો.

## ઈસ્રાએલનો રાજા નાદાબ

25એ સમય દરમ્યાન ઈસ્રાએલમાં યરોબઆમનો પુત્ર
નાદાબ રાજા બન્યો. તે આસાના રાજયકાળના બીજા વર્ષે
ગાદીએ આવ્યો હતો. તેણે બે વર્ષ રાજ કર્યુ. 26તેણે યહોવાની
દષ્ટિએ પાપ ગણાય એવું આચરણ કર્યુ; તે પોતાના પિતાને
પગલે ચાલ્યો; પિતાની જેમ પોતે પાપ કર્યુ ને ઈસ્રાએલ
પાસે પણ પાપ કરાવ્યું.

27અહિયાનો પુત્ર બાઅશા જે ઈસ્સાખાર કુળનો હતો.
નાદાબની સામે બળવો કર્યો. નાદાબે ઈસ્રાએલી સૈન્યની
સાથો સાથ પલિસ્તીઓના નગર ગિબ્બયોનને ઘેરી લીધું
હતું. ત્યારે બાઅશાએ કાવત્રુ કરીને તેનું ખૂન કર્યુ. 28રાજા
આસાના યહૂદામાં શાસનના ત્રીજા વર્ષ દરમ્યાન બાઅશાએ
નાદાબને મારી નાખ્યો અને પોતે રાજા બન્યો.

### ઈસ્રાએલનો રાજા બાઅશા

29જેવો એ રાજા બન્યો તેણે યરોબઆમના કુટુંબનો નાશ
કર્યો. તેણે કોઈનેય જીવતા છોડયા નહી. આ રીતે યહોવાએ
જે વસ્તુ તેના સેવક શીલોહના અહિયા ને કહી હતી તે
સાચી પડી. 30આ બધું બન્યું કારણકે યરોબઆમે પાપ કર્યુ,
અને ઈસ્રાએલીઓને પણ પાપ કરવા પ્રેર્યા અને આમ તેણે
ઈસ્રાએલના દેવ યહોવાને ખુબ ગુસ્સે કર્યા.

31નાદાબના શાસન વખતના બીજા બનાવો અને બીજુ
જે કાંઈ તેણે કર્યુ હતું તે ઈસ્રાએલના રાજાના ઈતિહાસ
નામક ગ્રંથમાં લખેલું છે. 32યહૂદાના રાજા આસા અને
ઈસ્રાએલના રાજા બાઅશા વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા કર્યો.

33યહૂદાના રાજા આસાના શાસનના ત્રીજા વર્ષ દરમ્યાન
અહિયાનો પુત્ર બાઅશા ઈસ્રાએલનો રાજા બન્યો. બાઅશાએ
તિર્સાહમાં 24 વર્ષ રાજ કર્યું, 34યહોવાએ જેને અનિષ્ટ કહ્યું
હતું તેજ તેણે કર્યુ અને તે યરોબઆમના ઉદાહરણને અનુસર્યો.
તેના જેવાજ પાપ કર્યાં અને ઈસ્રાએલીઓને પાપના માર્ગે
દોર્યા.

16 તેના પછી યહોવાએ હનાનીના પુત્ર યેહૂને બાઅશા
માટે સંદેશો આપ્યો તે સંદેશો આ હતો.

2"કે મેં તને સામાન્ય માણસમાંથી મારા ઈસ્રાએલી લોકોનો
રાજા બનાવ્યો. પણ તું યરોબઆમને પગલે ચાલ્યો, તેં મારા
લોકો ઈસ્રાએલીઓ પાસે એવાં પાપ કરાવ્યાં અને તેમના
આ પાપોએ મને કોપાયમાન બનાવ્યો. 3હવે હું તારો અને
તારા કુટુંબનો ઉચ્છેદ કરી નાખીશ, નબાટના પુત્ર
યરોબઆમના કુટુંબનાં મેં જે હાલ કર્યા હતા તેવા તારા પણ
કરીશ. 4બાઅશાના કુટુંબના જે કોઈ નગરમાં મુત્યુ પામશે
તેમને કૂતરાં ખાઈ જશે, અને જેઓ વગડામાં મૃત્યુ પામશે
તેમને પંખીઓ ખાઈ જશે."

5બાઅશાના શાસનના બીજા બનાવો, અને તેનાં કાર્યો
ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામનાં ગ્રંથમાં લખેલ
છે. 6પછી બાઅશા પિતૃલોકને પામ્યો અને તેને તિર્સાહમાં
તેના પિતૃઓ સાથે દફનાવ્યો. તેના પછી તેનો પુત્ર એલાહ
તેની ગાદીએ આવ્યો.

7હનાનીના પુત્ર યેહૂ પ્રબોધક યહોવા તરફથી બાઅશા
અને તેના કુટુંબ માટે એક સંદેશો લાવ્યો. એનું કારણ એ કે,
બાઅશાએ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ
કરીને યહોવાનો રોષ વહોરી લીધો હતો; તેણે યરોબઆમના
કુટુંબના જેવું આચરણ કર્યુ હતું, તેથી યહોવા તેના કુળનો
પણ નાશ કરશે.

### ઈસ્રાએલનો રાજા એલાહ

8યહૂદાના રાજા આસાના શાસનના છવ્વીસમાં વર્ષે જ્યારે
બાઅશાનો પુત્ર એલાહ તિર્સાહમાં રાજા થયો અને તેણે બે
વર્ષ રાજ્ય કર્યુ,

9તેના એક અમલદાર, અડધી રથસેનાના નાયક ઝિમ્રીએ
તેની વિરુદ્ધ બંડ કર્યુ. તિર્સાહમાં રાજાએ કેફી પીણું પીધું
અને આર્સાના ઘરમાં ભાન ભૂલી ગયો. જે આર્સા તિર્સાહના
મહેલમાં ઉપરી હતો. 10ઝિમ્રી ત્યાં આવ્યો અને એલાહને
ત્યાં મારી નાખ્યો અને પછી રાજા બન્યો. આ યહૂદાના
રાજા આસાના અમલના સત્તાવીસમાં વર્ષ દરમ્યાન બન્યું.

### ઈસ્રાએલનો રાજા ઝિમ્રી

11જેવો તે ગાદીએ આવ્યો કે તરત જ તેણે આસાના સમગ્ર
પરિવારને રહેંસી નાખ્યું. તેણે તેના કુટુંબમાંથી તેના ખૂબ
દૂરના સગાસંબધી કે તેને સાથ આપવા વાળામાંથી એકેય
માણસને તેણે જીવતા રહેવા દીધા નહીં. 12ઝિમ્રી દ્વારા
બાઅશાના કુળના સદસ્યોનો સંહાર થયો, જેની પ્રબોધક
યેહૂએ ભવિષ્યવાણી કરી હતી અને આમ યહોવાના વચન
સાચાં પડ્યાં. 13બાઅશા અને તેના પુત્ર એલાહનાં પોતાનાજ
અનિષ્ટ કૃત્યો અને દુષ્ટ કર્મોને લીધે તેઓનો સંહાર થયો.
કેમકે તેઓ ઈસ્રાએલીઓને મૂર્તિઓની પૂજા કરવામાં દોરી
ગયા અને ઈસ્રાએલના યહોવા દેવને સખત ક્રોધાયમાન
કર્યા.

14એલાહના શાસનના બીજા બધાં બનાવો ઈસ્રાએલના
રાજાઓના ઈતિહાસ નામક ગ્રંથમાં લખેલ છે.

15યહૂદાના રાજા આસાના અમલના સત્તાવીસમેં વર્ષે
ઝિમ્રીએ તિર્સાહમાં સાત દિવસ રાજ્ય કર્યુ. તે વખતે ઈસ્રાએલી
સૈન્યે ગિબ્બથોનના પલિસ્તીઓના શહેર પાસે પડાવ નાખ્યો.
16જ્યારે સેનાને ખબર પડી કે ઝિમ્રીએ રાજા વિરુદ્ધ કાવતરું
કરી તેનું ખૂન કર્યુ છે. ત્યારે તેઓએ સેનાપતિ ઓમ્રીને નવા
રાજા તરીકે જાહેર કર્યો. 17ઓમ્રીએ અને સમગ્ર ઈસ્રાએલી
સેનાએ ગિબ્બથોન છોડીને તિર્સાહને ઘેરો ઘાલ્યો. 18જ્યારે
ઝિમ્રીએ જોયું કે શહેર દુશ્મનને હાથ ગયું છે એટલે તેણે
રાજમહેલમાં જઈને આખા મહેલને આગ લગાડી અને તે
મરી ગયો. 19યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ
કરી એણે જે પાપ કર્યુ હતું અને તેણે આચરેલા દુષ્કૃત્યોનું
આ ફળ હતું. તે યરોબઆમને પગલે ચાલ્યો હતો. તેણે
યરોબઆમની જેમ પોતે પાપ કર્યુ હતું, અને ઈસ્રાએલીઓ
પાસે પણ પાપ કરાવ્યું હતું.

20ઝિમ્રીના શાસનના બીજા બનાવો અને તેણે કરેલા
બળવાની વાત ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક
પુસ્તકમાં નોંધાયેલી છે.

### ઈસ્રાએલનો રાજા ઓમ્રી

21ત્યારબાદ ઈસ્રાએલના લોકોમાં બે પક્ષો પડી ગયા. એક
પક્ષ ગિનાથના પુત્ર તિબ્નીને ટેકો આપતો હતો અને તેને
રાજા બનાવવા માગતો હતો અને બીજો ઓમ્રીને ટેકો આપતો
હતો. 22જે લોકો ઓમ્રીને ટેકો આપતા હતા તેઓ વધુ બળવાન
હતાં. તિબ્નીને મારી નાખવામાં આવ્યો અને ઓમ્રીનો વિજય
થયો, તેથી તેણે કોઈના વિરોધ વિના રાજ કર્યુ.

23જ્યારે આસા યહૂદાના રાજા તરીકે 31 વર્ષ રહ્યો. ઓમ્રી
ઈસ્રાએલનો રાજા બન્યો, અને તેણે 12 વર્ષ રાજ્ય કર્યુ.
એમાંથી તેણે છ વર્ષ તિર્સાહમાં રાજય કર્યુ, 24ત્યારબાદ તેણે
શેમેર નામની વ્યકિત પાસેથી સમરૂનની ટેકરી સમરીઆ

પર્વત લગભગ 68 કિલો ચાંદી આપીને ખરીદી લીધી અને તેના ઉપર તેણે શહેર બંધાવ્યું અને વ્યક્તિ શેમેરના નામ ઉપરથી તેનું નામ સમરૂન પાડયું.

**25**ઓમ્રીએ યહોવાની દષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ; દુષ્ટતામાં તે પોતાના બધા પૂર્વજો કરતાં વધી ગયો. **26**તેણે નબાટના પુત્ર યરોબઆમને માર્ગે ચાલી, યરોબઆમની જેમ પોતે પાપ કર્યા અને ઈસ્રાએલ પાસે પણ પાપ કરાવ્યાં અને મૂર્તિની પૂજા કરીને ઈસ્રાએલના દેવ યહોવાને કોપાયમાન કર્યા.

**27**ઓમ્રીના શાસનના બીજા બનાવો અને તેનાં વિજયો ઈસ્રાએલીઓના રાજાઓના ઈતિહાસ નામક ગ્રંથમાં નોંધેલાં છે. **28**પછી ઓમ્રી પિતૃલોકને પામ્યો અને તેને સમરૂનમાં દફનાવવામાં આવ્યો, તેના પછી તેનો પુત્ર આહાબ ગાદીએ આવ્યો.

### ઈસ્રાએલનો રાજા આહાબ

**29**યહૂદાના રાજા આસાના અમલમાં આડત્રીસમેં વર્ષે ઓમ્રીનો પુત્ર આહાબ ઈસ્રાએલનો રાજા બન્યો અને તેણે આહાબે સમરૂનમાં 22 વર્ષ રાજ કર્યુ. **30**ઓમ્રીના પુત્ર આહાબે યહોવાની નજરે અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ. અને પોતાના બધા પૂર્વજો કરતાં પણ તે વધારે ખરાબ નીવડયો. **31**તેને માટે નબાટના પુત્ર યરોબઆમના પગલે ચાલવું એ પૂરતું ન હતું. તેથી તેણે યેઝબેલ સાથે લગ્ન કર્યા જે સિદોનના રાજા એથ્બઆલની પુત્રી હતી, અને બઆલદેવની પૂજા કરી હતી. **32**તેણે સમરૂનમાં બઆલદેવની પૂજા માટે એક મંદિર બંધાવી તેમાં એક વેદી ચણાવી. **33**આહાબે અશેરાદેવીની પણ એક મૂર્તિ ઊભી કરી, અને બીજાં પાપો પણ કર્યા, પરિણામે તેણે તેની સામે બીજા ઈસ્રાએલી રાજાઓ કરતાં પણ વધુ ઈસ્રાએલના દેવ યહોવાનો કોપ વહોરી લીધો.

**34**એના સમય દરમ્યાન બેથેલના હીએલે યરીખોનગર ફરી બંધાવ્યું, તેણે જ્યારે તેનો પાયો નાખ્યો ત્યારે તેનો સૌથી મોટો પુત્ર અબીરામ મરી ગયો, અને પોતાના સૌથી નાના પુત્ર સગૂબ તેણે જ્યારે તેના દરવાજાઓ ઊભા કર્યા ત્યારે મરી ગયો. નૂનના પુત્ર યહોશુઆના શબ્દો, કે જે યહોવાની ભવિષ્યવાણી હતી, આ રીતે સાચી પડી.

### એલિયાની દુષ્કાળ અંગેની આગાહી

**17** એલિયા ગિલયાદના તિશ્બેનો હતો તેણે આહાબને કહ્યું, "ઈસ્રાએલના દેવ યહોવાનો હું સેવક છું, અને હું મારા જીવના સમ ખાઈને કહું છું કે હવેનાં વર્ષોમાં હું કહું નહીં ત્યાં સુધી ઝાકળ કે વરસાદ પડવાના નથી."

**2**ત્યારબાદ તેને યહોવા તરફથી આ સંદેશો મળ્યો. **3**"આ જગ્યા છોડીને તું પૂર્વ તરફ જા, યર્દન નદીની બાજુમાં કરીથના વહેળા પાસે સંતાઈ જા. **4**ઝરણાનું પાણી પીજે, અને મેં કાગડાઓને આજ્ઞા કરી છે કે તે તને ત્યાં ખવડાવે." **5**તેણે યહોવાનાં કહ્યાં પ્રમાણે કર્યુ. તે યર્દન નદીની બાજુમાં આવેલ કરીથના વહેળા પાસે ગયો. **6**કાગડાઓ સવાર–સાંજ તેને પાંઉ રોટલી ને માંસ લાવી આપતા, અને તે ઝરણામાંથી પાણી પીતો.

**7**પણ થોડા સમય પછી નાની નદીનું પાણી સુકાઈ ગયું કેમકે દેશમાં કોઈ સ્થળે વરસાદ વરસ્યો ન હતો. **8**પછી યહોવાએ એલિયાને કહ્યું, **9**"તું ઊઠ અને સિદોન નગરની પાસેના સારફત ગામમાં જઈને રહે, ત્યાં એક વિધવા રહે છે, તે તારું પોષણ કરશે, તે માટે મેં તેને આજ્ઞા આપી છે."

**10**આથી તે સારફત ચાલ્યો ગયો, જયારે તે ગામની ભાગોળે પહોંચ્યો ત્યારે તેણે એક વિધવાને લાકડાં વીણતી જોઈ તેણે તેનું અભિવાદન કર્યુ અને કહ્યું, "જરા મને કૂજામાં થોડું પાણી પીવા લાવી આપોને." **11**તે પાણી લેવા જતી હતી એટલામાં એલિયાએ તેને બૂમ પાડીને કહ્યું, "મારે માટે પાઉ રોટીનો ટૂકડો પણ લાવજો."

**12**પણ તે વિધવા બોલી, "તમારા દેવ યહોવાના સમ મારી બરણીમાં મૂઠી લોટ અને કૂજામાં થોડું તેલ છે એ સિવાય મારી પાસે કશું ખાવાનું નથી. હું અહી આ થોડા લાકડાં ભેગાં કરવા આવી છું, જેથી જઈને મરતાં પહેલાં મારે માટે ને મારા પુત્રના છેલ્લા ભોજન માટે કંઈ રાંધી શકું."

**13**એલિયાએ કહ્યું, "ગભરાઈશ નહિં, જા ને હું કહું છું એ પ્રમાણે કર. પહેલાં મારા માટે એક નાની પાંઉ રોટી બનાવજે, પછી એક તારા માટે બનાવ,અને ત્યાર પછી એક તારા પુત્ર માટે બનાવ. **14**કારણ, ઈસ્રાએલના યહોવા દેવનાં વચન છે કે, 'યહોવા ભૂમિ ઉપર વરસાદ ન મોકલે ત્યાં સુધી લોટની બરણી અને તેલનો કૂજો કદી ખાલી થશે નહિં.'"

**15**આથી તેણે જઈને એલિયાના કહેવા મુજબ કર્યુ; અને લાંબા સમય સુધી એલિયાને, તે સ્રીને અને તેના કુટુંબને ખાવાનું મળતું રહ્યું. **16**એલિયા મારફતે યહોવાએ જે ભવિષ્યવાણી કરી હતી તે સાચી પડી અને તે પ્રમાણે લોટની બરણી અને તેલનો કૂજો કદી ખાલી થયા નહિં.

**17**ત્યારબાદ તે ઘરવાળી સ્રીનો પુત્ર માંદો પડયો, તેની માંદગી એટલી ભારે હતી કે તેનું મૃત્યુ થયું. **18**ત્યારે તેણે એલિયાને કહ્યું, "ઓ યહોવાના માણસ, તમે શા માટે આવીને મારા એ પાપ વિશે યાદ કરાવો છો? જેને લીધે મારો પુત્ર મરી ગયો હતો?"

**19**એલિયાએ તેને કહ્યું, "તારા પુત્રને મારી પાસે લાવ." એમ કહીને એલિયાએ તેના ખોળામાંથી બાળકને લઈ લીધો અને પોતે રહેતો હતો તે માળ ઉપરની ઓરડીમાં લઈ જઈ તેને પોતાની પથારીમાં નીચે મૂક્યો. **20**પછી તેણે યહોવાને પ્રાર્થના કરતાં કહ્યું, "ઓ મારા યહોવા દેવ, હું જેને ત્યાં ઊતર્યો છું, તે વિધવાને તમારે સાચેજ નુકસાન પહોંચાડવું છે? એના પુત્રને તમે શા માટે મારી નાખ્યો?" **21**તેણે પોતે બાળક તરફ ખેંચાઈને ત્રણ વખત લાંબા થઈને યહોવાને મોટેથી પ્રાર્થના કરી કે, "ઓ મારા દેવ, આ બાળકને ફરી જીવતો કરી દે."

**22**યહોવાએ તેનો પોકાર સાંભળ્યો. પેલા બાળકને ફરીથી જીવતો કર્યો. **23**એલિયાએ તેને ઉપાડી લઈ ઘરના ઉપરના માળની ઓરડીમાંથી તેને તેની માતા પાસે લઇ આવ્યો. તે

બાળકને તેની માતાને સુપ્રત કરીને તેણે કહ્યું, "જો, તારો પુત્ર
તો જીવે છે."
24તેથી તે બાઈએ કહ્યું, "હવે હું ખાતરી પૂર્વક જાણું છું કે
તમે દેવના માણસ છો અને તમે બોલો છો તે સાચું પડે છે
અને તે દેવની વાણી છે."

## એલિયા અને બઆલદેવના પ્રબોધકો

18 ઘણા દિવસો પછી, દુકાળના ત્રીજે વર્ષે એલિયાને
યહોવાની વાણી સંભળાઈ, "જા, આહાબ સમક્ષ
હાજર થા, હવે હું આ ધરતી પર વરસાદ વરસાવવાનો છું."
2આથી એલિયા આહાબને મળવા નીકળી પડયો, તે સમયે
સમરૂનમાં દુષ્કાળ ઘણો વિષમ હતો.
3આ સમયે ઓબાદ્યા નામનો એક માણસ જે યહોવાનો
ખૂબ વફાદાર હતો અને મહેલનો વ્યવસ્થાપક પણ હતો
તેને આહાબે બોલાવડાવ્યો. 4જયારે રાણી ઈઝેબેલ યહોવાના
પ્રબોધકોને મારી નાખતી હતી ત્યારે તેણે એકસો પ્રબોધકોને
આશ્રય આપ્યો અને દરેક ગુફામાં 50 પ્રબોધકો એમ બે
ગુફામાં તેઓને સંતાડ્યાં, અને તેમને અનાજપાણી પૂરાં પાડયાં
હતાં. 5આહાબે ઓબાદ્યાને જણાવ્યું, "ચાલ, આપણે બંને
આખા દેશમાં ફરીને એકેએક ઝરણું અને એકેએક નદી જોઈ
વળીએ. જો આપણને પૂરતું ઘાસ મળી જાય તો આપણા
ઘોડાઓ અને ખચ્ચરોને થોડાં સમય માટે જીવતાં રાખી
શકીએ, નહિં તો આપણે તેમની હત્યા કરવી પડશે." 6તેમણે
દેશ વહેંચી લીધો, આહાબ એકલો એક બાજુ ગયો અને
ઓબાદ્યા એકલો બીજી બાજુ ગયો. 7ઓબાદ્યા પોતાને માર્ગે
જતો હતો ત્યારે ત્યાં એને એલિયા મળ્યો, ઓબાદ્યાએ તેને
ઓળખ્યો એટલે તેને સાષ્ટાંગ પ્રણામ કરી કહ્યું, "આપ જ
મારા માલિક એલિયા ને?"
8એલિયાએ કહ્યું, "હા, જા અને તારા ધણીને (આહાબ)
કહે કે એલિયા અહીં છે."
9ઓબાદ્યાએ કહ્યું, "મેં તમારા સેવકે, એવું શું અનિષ્ટ કર્યુ
છે કે જે તમારે મને આહાબ પાસે મોકલવો જોઈએ. તે મને
મારી નાખશે. 10જેટલી ખાત્રી યહોવા તમારા દેવની
હાજરીની છે તેટલીજ ખાત્રીથી હું કહું છું કે આ પૃથ્વી પર
એક છેડાથી બીજા છેડા સુધી એવા કોઈ રાજય કે પ્રજા
બાકી નથી, જયાં રાજાએ તમારી શોધ કરી ના હોય, અને
દેશના રાજાએ જયારે બધાંને પૂછયું અને તેઓ બધાં કહેતા
કે 'એલિયા' અહી નથી ત્યારે એ કથન સાચું છે એવું પૂરવાર
કરવા રાજા તેની પાસે વચન લેવડાવતો હતો. 11અને હવે
તમે કહો છો જા તારા ધણી (આહાબ) ને જઈને કહે કે
એલિયા અહીંયા છે. 12એટલે એવું થશે કે હું આપની પાસેથી
જઈને આહાબને કહીશ, અને યહોવાનો આત્મા તમને દૂર
લઈ જશે અને મને ખબર પણ નહીં પડે તમે ક્યાં છો અને
જ્યારે રાજા તમને જોવા નહિં પામે, તે મને મારી નાખશે. હું
તમારો સેવક નાનપણથી યહોવાને અનુસરૂં છું તે છતાં પણ
તમે જાણતા નથી કે. 13જયારે ઈઝેબેલ યહોવાના પ્રબોધકોને
મારી નાખતી હતી ત્યારે મેં યહોવાના પ્રબોધકોને બે ગુફામાં
છૂપાવ્યાં હતાં દરેક ગુફામાં 50 માણસો, અને તેમને અનાજ–
પાણી પણ પૂરાં પાડયાં હતાં. 14અને અત્યારે આપ મને કહો
છો કે, જા, તારા ધણી (આહાબ) ને કહે કે એલિયા અહી છે!
તે જરૂર મને મારી નાખશે."
15એલિયાએ કહ્યું, "જેટલી ખાત્રી મને સૈન્યોના દેવ યહોવા
જેની હું સેવા કરું છું તેમાં છે તેટલીજ ખાત્રીથી હું તમને
વચન આપું છું કે આજે આહાબ સમક્ષ મારી જાતને છતી
કરી દઈશ."
16તેથી ઓબાદ્યા આહાબને શોધવા ગયો અને તેને તેણે
સમાચાર આપ્યા; એટલે આહાબ એલિયાને મળવા ગયો.
17જ્યારે આહાબે એલિયાને જોયો ત્યારે તેણે કહ્યું, "તું
એજ વ્યક્તિ છે જે ઈસ્રાએલ માટે સમસ્યા ઊભી કરી
રહ્યો છે."
18એલિયાએ જવાબ આપ્યો, "મેં નહિં, પણ તેંજ આ
વિપત્તિ તારી ભૂમિ પર નોતરી છે કારણ કે તેં અને તારા
પરિવારના સભ્યોએ યહોવાની આજ્ઞાનો અનાદર કરીને
બઆલની પૂજા કરી છે. 19પરંતુ બઆલના 450 પ્રબોધકો
અને અશેરાના 400 પ્રબોધકો છે જેઓને ઈઝેબેલનો ટેકો
છે. તેઓને કાર્મેલ પર્વત પર ભેગા કરો."
20તેથી આહાબે કાર્મેલ પર્વત ઉપર બધા ઈસ્રાએલીઓને
બોલાવી મંગાવ્યા અને પ્રબોધકોને પણ ભેગા કર્યા.
21એલિયાએ આગળ આવીને લોકોને કહ્યું, "તમે કેટલો વખત
અને ક્યાં સુધી તમે બે અભિપ્રાયની વચ્ચે ફર્યા કરશો? જો
યહોવા દેવ હોય તો તેની પૂજા કરો, જો બઆલ દેવ હોય તો
તેની પૂજા કરો."
પણ કોઈ એક અક્ષરે બોલ્યું નહિં. 22પછી એલિયાએ
લોકોને કહ્યું, "યહોવાના બધાં પ્રબોધકોમાંથી એક હું જ
એકલો બાકી રહ્યો છું, જયારે બઆલના તો 450 પ્રબોધકો
છે. 23બે બળદો લઈ આવો, તેઓને એક બળદ પસંદ કરવા
દો અને તેને વધેરીને બલિદાનના લાકડા ઉપર મૂકો, પણ
અગ્નિ ન પેટાવો બીજા બળદને હું બલિદાન માટે તૈયાર
કરીને લાકડા પર મૂકુ, પણ અગ્નિ નહિં પેટાવું. 24તમારે
તમારા દેવનું આહવાહન કરવું અને હું યહોવાને આહવાહન
કરું. જે કોઈ દેવ અગ્નિને પેટાવી શકશે તે સાચા દેવ હશે."
બધા લોકો સંમત થયા.
25પછી એલિયાએ બઆલના પ્રબોધકોને કહ્યું, "એક બળદ
પસંદ કરો અને પહેલાં તમે ધરાવો, કારણ તમે સંખ્યામાં
ઘણા છો, તમારા દેવને પ્રાર્થના કરો, પણ લાકડામાં આગ ન
મૂકશો."
26તેથી તેઓએ તેના કહ્યા મુજબ કર્યુ અને એક બળદ
તૈયાર કર્યો, અને સવારથી તે બપોર સુધી બઆલનું નામ
જપ્યા કર્યુ, "તેઓ ઓ બઆલ, અમને જવાબ આપ." એવા
પોકારો કરતાં રહ્યાં, પણ ત્યાં કોઈ અવાજ ન હતો અને
જવાબ ન હતો તેઓએ વેદીની ગોળ ફરતે નૃત્ય પણ કર્યુ.
27આમને આમ બપોર થઈ ગઈ એટલે એલિયાએ તેમની
મશ્કરી કરવા માંડી, તે બોલ્યો, "હજી મોટા સાદે બૂમો
પાડો, તેઓ દેવ છે; એ વિચારમાં ઊંડા ડૂબી ગયા હશે,

અથવા કંઈ કામમાં ગૂંથાયા હશે કે પ્રવાસે ગયા હશે, કદાચ ઊંઘી પણ ગયા હોય તો જગાડવા પડે ને?" **28**આથી તેઓ વધારે મોટે સાદે બૂમો પાડવા લાગ્યા અને તેમના રિવાજ મુજબ તલવાર અને ભાલા વડે પોતાના શરીર ઉપર એવા ઘા કરવા લાગ્યા કે લોહીના રેલા ચાલ્યા. **29**બપોર વીતી ગઈ અને છેક સંધ્યાબલિનો સમય થયો ત્યાં સુધી તેઓ ધૂણતા રહ્યાં, અને તેઓના દેવને બોલાવતા રહ્યાં પણ ત્યાં કંઈ અવાજ કે જવાબ ન મળ્યો કારણકે કોઈ સાંભળતું નહોતું.

**30**પછી એલિયાએ બધાં લોકોને કહ્યું, "અહીં આવો." લોકો આવ્યા અને તેની ગોળ ફરતા ભેગા થયા યહોવાની વેદી જે તોડી નાખવામાં આવી હતી, તેને તેમણે સમી કરી. **31**યાકૂબ કે જેનું નામ યહોવાએ ઈસ્રાએલ રાખ્યું હતું તેના પુત્રોનાં કુળસમૂહોની સંખ્યા અનુસાર તેણે બાર પથ્થર લીધા. **32**એ પથ્થરો વડે એલિયાએ એક વેદી બનાવી અને તેને યહોવાને અર્પણ કરી. તેણે એ વેદીની ફરતે 14.6 લીટર બી સમાય તેવડી ખાઈ ખોદી. **33**ત્યારબાદ તેણે લાકડા પણ ગોઠવ્યાં. બળદના ટૂકડા કર્યા અને તેને લાકડાં ઉપર ગોઠવ્યો. **34**પછી તેણે કહ્યું, "ચાર ઘડા ભરીને પાણી લાવીને અર્પણ રેડો અને લાકડાં ઉપર છાંટો." લોકોએ એ પ્રમાણે કર્યું. તે બોલ્યો, "ફરી પાણી રેડો." લોકોએ ફરી વાર પાણી રેડયું તેણે કહ્યું, "ત્રીજી વાર પાણી રેડો." અને લોકોએ ત્રીજીવાર પાણી રેડયું. **35**પાણી વેદીની ચારે બાજુએ ફેલાઈ ગયું. અને પેલી ખાઈ સુદ્ધાં પાણીથી બધી બાજુ ભરાઈ ગઈ.

**36**સાંજે જ્યારે બલિનો સમય થયો તે સમયે પ્રબોધક એલિયા આગળ આવીને બોલ્યો, "ઓ ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબના યહોવા દેવ, આજે આ લોકોને ખબર પડવા દો કે, ઈસ્રાએલમાં તમે સાચા દેવ છો, અને હું તમારો સેવક છું, અને આ બધું હું તમારા હુકમથી કરું છે. **37**મને જવાબ આપો, ઓ યહોવા મને જવાબ આપો. જેથી આ લોકોને ખાતરી થાય કે, તમેજ યહોવા દેવ છો, અને તમેજ તેમનાં હૃદય પાછાં પોતાના તરફ વાળી લીધાં છે."

**38**એટલામાં એકાએક આકાશમાંથી યહોવાનો અગ્નિ યજ્ઞમાં પડ્યો અને, લાકડાં, પથ્થર અને રેતીને બાળી નાખ્યા અને તેણે ખાડાના પાણી પણ સૂકવી નાખ્યાં! **39**લોકોએ આ જોયું ત્યારે તેઓ ભૂમિ પર પ્રણામ કરવા નમ્યાં, અને પોકાર કર્યો, "યહોવા દેવ છે! યહોવા દેવ છે!"

**40**એલિયાએ કહ્યું, "બઆલના પ્રબોધકોને પકડી લો, જોજો, એક પણ છટકી ન જાય." લોકોએ તેમને પકડી લીધા અને એલિયા તેમને કીશોન નદીને કાંઠે લઈ ગયા અને તેઓ સર્વને ત્યાં મારી નાખ્યાં.

## વરસાદનું પુનરાગમન

**41**એલિયાએ આહબને કહ્યું, "હવે પાછો જા, અન્નજળ લે, કારણ, મને મૂશળધાર વરસાદનાં પગલાં સંભળાય છે." **42**આહાબે જઈને અન્નજળ લીધાં અને એલિયા, કાર્મેલ પર્વત ની ટોચે સુધી ગયો, ત્યાં તે જમીન પર પડ્યો અને ઘૂંટણ વચ્ચે પોતાનું માથું ઘાલી દીધું. **43**તેણે પોતાના નોકરને કહ્યું, "જઈને દરિયા તરફ નજર કર."

તેણે જઈને નજર કરી, તે બોલ્યો, "ત્યાં કાંઈ નથી." એલિયાએ તેને સાતવાર પાછો મોકલ્યો, અને તે સાત વાર પાછો ગયો. **44**સાતમી વખતે તે બોલ્યો, "માણસના હાથના માપનું નાનું વાદળું દરિયામાંથી ઉપર ચઢે છે."

ત્યારે એલિયાએ કહ્યું, "હવે જઈને આહાબને કહે, રથ જોડીને ચાલ્યો જા, નહિં તો વરસાદ તેને રોકી રાખશે."

**45**દરમ્યાન આકશ વાદળથી કાળું થઈ ગયું, પવન જોરથી ફૂંકાવા લાગ્યો અને ધોધમાર વરસાદ તૂટી પડયો. આહાબ રથમાં બેસી ગયો અને યિઝ્રએલ જવા માટે નીકળી પડ્યો. **46**એલિયામાં યહોવાની શકિતનો સંચાર થયો અને તે ઝભ્ભો ઊંચો ખોસીને આહાબના રથની આગળ આગળ ઠેઠ તે યિઝ્રએલ પહોંચ્યો ત્યાં સુધી દોડતો ગયો.

## સિનાઈ પર્વત પર એલિયા

**19** એલિયાએ જે કંઈ કર્યુ હતું તે, ને તેણે કેવી રીતે સઘળા પ્રબોધકોને તલવારથી મારી નાખ્યા હતા, તે પણ આહાબે ઈઝેબેલને કહ્યું, **2**પછી ઈઝેબેલે કાસદ મોકલી એલિયાને કહેવડાવ્યું કે, "તેં જેમ એ પ્રબોધકોના પ્રાણ લીધા છે તેમ હું તારા પ્રાણ આવતી કાલે રાત્રે બરાબર આવીજ રીતે આ સમય પહેલા હું તને મારી નાખીશ.' જો હું તેમ નહી કરૂં તો ભલે દેવ તેવુંજ અને તેનાથી વધારે ખરાબ મારા પ્રત્યે કરે."

**3**તેથી એલિયા ડરી ગયો ને જીવ બચાવવા યહૂદામાં આવેલા બેર-શેબા નગરમાં દોડી ગયો, પછી તેણે પોતાના નોકરને ત્યાં છોડી દીધો. **4**અને તેણે એક આખો દિવસ મુસાફરી કરી, ત્યાં તે એક જાડ નીચે બેઠો અને પ્રાર્થના કરી કે પોતે મરી જાય, તેણે કહ્યું "યહોવા દેવ, મારા પ્રાણ લઈ લ્યો, હું મારા પિતૃઓથી જરાય સારો નથી" **5**પછી તે વૃક્ષ નીચે આડો પડયો અને ઊંઘી ગયો, તે ઊંઘતો હતો ત્યારે એક દેવદૂતે તેને સ્પર્શ કરીને કહ્યું, "ઊઠ અને ખાઈ લે," **6**તેણે જોયું તો તેના માથા આગળ હૂંફાળો રોટલો અને પાણીનો કૂજો હાજર હતો, તે ખાઈ પીને પાછો સૂઈ ગયો.

**7**યહોવાના દૂતે ફરી આવીને તેને બીજી વાર સ્પર્શ કરીને કહ્યું, "ઊઠ, ને ખાઈ લે, તારે લાંબો પંથ કાપવાનો છે." **8**તેણે ઊઠીને ખાઈને પાણી પીધું અને એ ખોરાકને આધારે 40 દિવસ અને ચાલીસ રાતનો પંથ કાપીને તે યહોવાનો પર્વત જે હોરેબ પર્વત કહેવાય છે ત્યાં સુધી પહોંચી ગયો. **9**એક ગુફામાં દાખલ થઈને તેણે ત્યાં રાત વિતાવી, અચાનક તેને યહોવાની વાણી સંભળાઈ;

તેમણે કહ્યું "એલિયા, તું અહી શા માટે આવ્યો છે?"

**10**એલિયાએ કહ્યું, "હું સર્વસમર્થ દેવ યહોવાને સંપૂર્ણ રીતે સમર્પિત છું ઈસ્રાએલના લોકોએ તમારા કરારનો ભંગ કર્યો છે, તમારી વેદીનો નાશ કર્યો છે અને તમારા પ્રબોધકોને તલવારથી કાપી નાખ્યા છે. હું એકલો બાકી રહ્યો છું, અને હવે તેઓ મારો જીવ લેવા ઈચ્છે છે."

11યહોવાએ તેને જણાવ્યું, "બહાર જા અને પર્વત પર
યહોવાની ઉપસ્થિતિમાં ઊભો રહે." કારણ યહોવા ત્યાંથી
પસાર થઈ રહ્યાં છે, પ્રચંડ પવન ફુંકાવા લાગ્યો, જે યહોવાની
હાજરીમાં પર્વતને હલાવી શકે અને પથ્થરોને તોડી શકે
એટલો શક્તિશાળી હતો. પવન પરંતુ યહોવા તે પવનમાં
નહોતા. પવન પછી ભૂકંપ થયો, પરંતુ યહોવા કંઈ એ ભૂકંપમાં
નહોતા. 12ભૂકંપ પછી અગ્નિ ફાટી નીકળ્યો, પણ યહોવા એ
અગ્નિમાં પણ નહોતા, અગ્નિ પછી ત્યાં સંપૂર્ણ શાંતિ હતી.
13આ સાંભળતાં જ એલિયાએ પોતાના ઝભ્ભાથી મોં
ઢાંકી દીધું અને બહાર નીકળીને તે ગુફાના બારણા આગળ
ઊભો રહ્યો. ત્યાં એક અવાજ આવ્યો, "એલિયા, તું અહી શા
માટે આવ્યો છે?"
14તેણે ફરીથી જવાબ આપ્યો, "હું સંપૂર્ણ રીતે સર્વસમર્થ
દેવ યહોવાને અર્પણ થઈ ગયો છું, ઈસ્રાએલના લોકોએ
તમારો કરાર ફગાવી દીધો છે, તમારી વેદી તોડી પાડી છે,
અને તમારા પ્રબોધકોને તલવારથી કાપી નાખ્યા છે, હું એકલો
બાકી રહ્યો છું, અને હવે તેઓ મારો જીવ લેવા માગે છે."
15યહોવાએ તેને કહ્યું, "તું પાછો ફર, અને દમસ્કના રણ
વિસ્તારમાં જા, ત્યાં જઈને અરામના રાજા તરીકે 'હઝાએલનો
અભિષેક કર. 16નિમ્શીના પુત્ર યેહૂનો ઈસ્રાએલના રાજા
તરીકે અભિષેક કર, અને અબેલ-મહોલાહના શાફાટના પુત્ર
એલિશાને તારા પછીના પ્રબોધક તરીકે નિયુક્ત કર,
17હઝાએલની તલવારથી જે કોઈપણ છટકી ને ભાગી જશે
યેહૂ તેને મારી નાખશે, અને યેહૂની તલવારથી જે કોઈપણ
છટકીને ભાગી જશે તેને એલિશા મારી નાખશે. 18પરંતુ
હજી પણ 7,000 એવા ઈસ્રાએલીઓ છે, જેઓ કદી બઆલને
નમ્યા નથી કે નથી તેને તેની મૂર્તિને ચુમ્યાં."

### પ્રબોધક બનતો એલિશા

19એલિયા ઊપડી ગયો અને તેણે શાફાટના પુત્ર એલિશાને
ખેડ કરતો જોયો, તેની આગળ બાર જોડ બળદ હતા, અને
તે પોતે છેલ્લી જોડ સાથે હતો; એલિયાએ ત્યાંથી પસાર
થતાં પોતાનો ઝભ્ભો તેના પર નાખ્યો. 20એલિશા, બળદોને
છોડીને એલિયાની પાછળ દોડયો અને કહેવા લાગ્યો, "મારે
મારા પિતા અને માતાને વિદાય વચન કહેવું છે, પછી હું
તારી સાથે આવીશ."
એલિયાએ કહ્યું, "જા, અને પાછો આવ. હું તને રોકીશ
નહિં."
21એટલે એલિશાએ પાછા ફરી શાંત્યાર્પણ તરીકે બળદની
જોડ લીધી અને માંસ રાંધી લોકોને વહેંચી દીધું અને ત્યાર
પછી તે એલિયાને અનુસર્યો અને તેનો સેવક બની ગયો.

### બેનહદાદ અને આહાબ યુદ્ધ માટે તૈયાર

20 અરામના રાજા બેન-હદાદે પોતાનું બધું લશ્કર
ભેગું કર્યું અને બત્રીસ રાજાઓને તથા ઘણા ઘોડાઓ
અને ઘોડાના રથોને પોતાની સાથે લીધાં. તેણે સમરૂનને
ઘેરી લઈ તેના પર હુમલો કર્યો. 2તેણે ઈસ્રાએલના રાજા
આહાબને જે નગરમાં હતો તેને સંદેશવાહક મોકલ્યો,
3"સંદેશો આ પ્રમાણે હતો બેન-હદાદ કહે છે 'તારાં સોના
ચાંદી મારાં છે, તારી સ્રીઓ મારી છે, તારા સંતાનો મારાં છે,
અને દરેક સારી વસ્તુ જે તારી પાસે છે તે મારી છે!'"
4ઈસ્રાએલના રાજાએ જવાબ આપ્યો, "જેવી આપની
આજ્ઞા, મારા ધણી, હું અને મારી પાસે જે બધું છે તે સર્વસ્વ
આપના જ છે."
5સંદેશવાહકો પાછા આવ્યા અને કહ્યું "બેન-હદાદ કહે
છે, 'તમારું સોનું, ચાંદી, સ્રીઓ, અને સંતાનો મને આપી દો.
6હવે આવતી કાલે આ વખતે હું મારા અમલદારોને તારા
ઘર અને તારા અમલદારોના ઘરોને તપાસવા મોકલીશ અને
તેઓ તેમને જે કાંઈ ગમશે તે બધું તેઓ ઝૂંટવી લેશે.'"
7ઈસ્રાએલના રાજાએ દેશના બધા વડીલોને પ્રદેશના
અગ્રણીઓને તેડાવી મંગાવ્યા અને કહ્યું, "જોયું ને! આ માણસ
મને મુશ્કેલીમાં મૂકી રહ્યો છે! એણે મારી પાસે મારી સ્રીઓ,
બાળકો, સોનું અને ચાંદી માગ્યાં અને મેં ના નહોતી પાડી."
8બધાજ વડીલો-અગ્રણીઓ અને લોકો-સેનાએ સલાહ
આપી, "તારે તેના કહેવા પર ધ્યાન આપવું નહિં અને તેની
માગણી પૂરી કરવી નહિં."
9તેથી આહાબે બેન-હદાદના સંદેશવાહકોને જણાવ્યું,
"મારા ધણી મારા રાજાને કહેજો કે પહેલી વારની માગણી
પ્રમાણેનું હું બધુંજ આપીશ. પણ હું તમારી બીજી માગણી
સાથે સહમત થતો નથી" પછી સંદેશવાહકો બેન-હદાદ
પાસે પાછા ગયા.
10ત્યાર બાદ બેન-હદાદે તેને એવો સંદેશો મોકલ્યો કે,
"સમરૂનનો હું એવો સંપૂર્ણપણે નાશ કરીશ કે મારા સેનાના
દરેક માણસ માટે ભેગી કરવા એક મુઠ્ઠી ધૂળ પણ નહીં મળે.
જો હું આમ નહીં કરું તો કદાચ મને દેવ ખૂબ નુકસાન
પહોંચાડે."
11પણ ઈસ્રાએલના રાજાએ જવાબ મોકલ્યો, "કે, 'યુદ્ધ
પૂરુ થયા પહેલા તેના પરિણામની બડાશ કરો નહીં."
12જયારે બેન-હદાદને આ સંદેશો મળ્યો ત્યારે તે બીજા
રાજાઓ સાથે સુકોથમાં દ્રાક્ષારસ પીતો હતો, તેણે પોતાના
માણસોને કહ્યું, "જાવ અને શહેર પર હુમલો કરો." અને
તેમણે તે પ્રમાણે કર્યુ.
13એટલામાં પ્રબોધકોમાંનો એક ઈસ્રાએલના રાજા
આહાબની પાસે આવ્યો અને બોલ્યો, "આ યહોવાની વાણી
છે; 'તેં આ મોટી સેના જોઈ? આજે હું તમને તેઓ પર જીત
અપાવડાવીશ, અંતમાં તને ખબર પડશે કે, હું યહોવા છું.'"
14આહાબે પૂછયું, "કોની મારફતે?"
પ્રબોધકે કહ્યું, "આ યહોવાનાં વચન છે: 'જેઓ પ્રાંતના
આગેવાનોની સેવા કરે છે તે યુવાનો મારફત.'" આહાબે
પૂછયું, "યુદ્ધ કોણ શરૂ કરશે?" પ્રબોધકે કહ્યું, "તું"
15પછી આહાબે યુવાનો કે જે પ્રાંતના આગેવાનોની સેવા
કરતા હતા તેમને ભેગા કર્યા તેઓ 232 જણા હતા, પછી
આહાબે આખી ઈસ્રાએલી સેનાને હાજર થવા કહ્યું બધાં
મળીને ત્યાં 7,000 સૈનિકો હતાં.

16તેમણે ખરે બપોરે કૂચ કરી ત્યારે બેન-હદાદ તેના તંબૂમાં તેના 32 રાજાઓ સાથે જેઓએ તેની સાથે જોડાણ કર્યુ હતું તેમની સાથે દ્રાક્ષારસ પીવામાં ચકચૂર હતો. 17યુવાનો જેમણે ઈસ્રાએલના પ્રાંતના આગેવાનોની સેવા કરી હતી તેઓ રસ્તાની આગળ હતા. બેન-હદાદને ખબર આપવામાં આવી કે, "કેટલાક માણસો સમરૂનમાંથી આવ્યા છે." 18તેણે કહ્યું "તેઓ શરણે થવા આવ્યા હોય કે લડવા આવ્યા હોય તેમને જીવતા પકડી લો."

19પરંતુ યુવાનો જે ઈસ્રાએલના પ્રાંતના આગેવાનોની સેવા કરતા હતા તેઓ નગરમાંથી પાછા ફરી ગયાં હતાં. અને સેના તેની પાછળ હતી. 20પ્રત્યેકે પોતાના સામાવાળાને મારી નાખ્યો. અરામીઓ ભાગવા લાગ્યા અને ઈસ્રાએલીઓએ તેમનો પીછો પકડયો. અરામનો રાજા બેન-હદાદ કેટલાક ઘોડેસ્વારો સાથે ઘોડા ઉપર છટકી ગયો. 21પછી ઈસ્રાએલીઓના રાજાએ બહાર આવીને ઘોડાઓ અને રથો કબજે કર્યા, અને અરામીઓને સખત હાર આપી.

22પછી પ્રબોધકે ઈસ્રાએલના રાજા પાસે જઈને કહ્યું, "તું તારું બળ વધારજે, અને સાવધ રહેજે, અને જે કંઈ કરે તે વિચારીને કરજે, કારણ, આવતે વરસે વસંતના સમયે અરામનો રાજા તારા પર હુમલો કરશે."

## ફરી આક્રમણ કરતું બેનહદાદ

23તેના પરાજય પછી બેન-હદાદના લશ્કરના વડાઓએ તેને કહ્યું, "ઈસ્રાએલના દેવ તો પર્વતોના દેવ છે, તેથી તેઓ જીતી ગયા છે. સપાટ મેદાનોમાં યુદ્ધ થાય તો પછી આપણે જીતી શકીએ. 24તે સમયે તમારે આટલું કરવું જોઈએ, આ બધા રાજાઓને તેના, હોદ્દાઓ પરથી હટાવી દો અને તેના બદલે પ્રશાસકની નિંમણૂંક કરો.

25"તમે જે લશ્કર ગુમાવ્યું છે તેવું બીજું ઊભું કરો, પહેલાના જેટલાં ઘોડા અને રથો તૈયાર કરો, એ પછી જો આપણે તેમની સાથે સપાટ મેદાનમાં લડીશું તો જરૂર આપણે તેમને હરાવીશું." બેન-હદાદે તેમની સલાહ માની અને તે પ્રમાણે જ કર્યુ.

26બીજે વર્ષે વસંતના સમયે તેણે અરામીઓનું લશ્કર ભેગું કરીને ઈસ્રાએલીઓ સાથે લડવા અફેક પર કૂચ કરી.

27ઈસ્રાએલીઓ પણ લડવા ભેગા થયા. તેઓએ બખ્તર અને બીજા હથીયારો સાથે લીધાં અને અરામીઓનો સામનો કરવા નીકળી પડયા અને તેમની સામે પડાવ નાખ્યો. ઈસ્રાએલીઓ તો બકરાનાં બે ટોળાં જેવાં લાગતા હતાં અને અરામીઓ તો સમગ્ર પ્રદેશમાં ફેલાઈ ગયા હતા.

28દેવના એક માણસે આવીને ઈસ્રાએલના રાજાને કહ્યું, "આ યહોવાનાં વચન છે; 'અરામીઓ એવું માને છે કે, યહોવા તો પર્વતોના દેવ છે. કાંઇ ખીણોના દેવ નથી, આથી હું તમને આ મહાન સૈન્ય તમારા હાથમાં સુપ્રત કરીશ, જેથી તમને ખાતરી થશે કે હું યહોવા છું.'"

29સાત દિવસ સુધી તેઓ સામસામે છાવણી નાખીને પડી રહ્યાં. સાતમા દિવસ પછી યુદ્ધ શરૂ થયું અને ઈસ્રાએલીઓએ એકજ દિવસમાં ફોજના 1,00,000 અરામી પાયદળના સૈનિકોને કાપી નાખ્યા. 30બીજા સૈનિકો અફેકના નગરમાં ભાગી ગયા પરંતુ તેઓ જેવા દાખલ થયા નગરની દીવાલ તૂટી ગઈ જેમાં તેઓમાંનાં 27,000 માર્યા ગયા. બેન-હદાદે ભાગી જઈને શહેરમાં એક અંદરના હિસ્સામાં આશ્રય લીધો હતો. 31તેના અમલદારોએ તેને કહ્યું, "જુઓ, અમે સાંભળ્યુ છે કે ઈસ્રાએલના રાજાઓ દયાળુ હોય છે. અમે શોકના વસ્રો પહેર્યા અને માથા ઉપર દોરડાં વીટીં ઈસ્રાએલના રાજા પાસે જઈએ, કદાચ તે આપણને માફી અને જીવનદાન આપે."

32આથી તેઓએ શોકના વસ્રો પહેર્યા અને માથા ઉપર દોરડાં બાંધીને ઈસ્રાએલના રાજા પાસે જઈને તેને કહ્યું, "આપના સેવક બેન-હદાદ કહેવડાવે છે, મહેરબાની કરીને મને જીવનદાન આપો." તેણે જવાબ આપ્યો, "શું તે હજી જીવતો છે? તે તો મારો ભાઈ છે."

33બેન-હદાદના માણસોએ આને શુભ શુકન માની લઈ તરત જ તેના શબ્દો પકડી લઈ કહ્યું, "જી, બેન-હદાદ આપના ભાઈ છે."

આહાબે કહ્યું, "જાઓ, તેને લઈ આવો."

પછી બેન-હદાદ બહાર આવ્યો અને આહાબે તેને પોતાના રથમાં બેસાડ્યો. 34બેન-હદાદે કહ્યું, "મારા પિતાએ તમારા પિતા પાસેથી લઈ લીધેલાં શહેરો હું પાછાં આપીશ, અને મારા પિતાએ જેમ સમરૂનમાં બજાર ખોલ્યાં હતાં તેમ તમે દમસ્કમાં ખોલજો."

આહાબે કહ્યું, "હું તમને આ શરતો પર જવા દઈશ." આથી આહાબે તેની સાથે શાંતિકરાર કર્યા અને તેને મુક્ત કર્યો.

## આહાબ વિરૂદ્ધ બોલતો પ્રબોધક

35યહોવાની આજ્ઞાઓથી યુવાન પ્રબોધકોમાંથી એકે પોતાના એક સાથીને કહ્યું. "મને માર." પણ પેલા માણસે તેમ કરવાની ના પાડી, 36એટલે તેણે તેને કહ્યું, તેં યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ છે, તેથી તું મારી પાસેથી જશે તે જ ક્ષણે એક સિંહ તને મારી નાખશે." અને તે માણસ ગયો કે તરત જ તેને એક સિંહ મળ્યો અને તેણે તેને મારી નાખ્યો.

37ત્યારબાદ પેલા યુવાન પ્રબોધક બીજા માણસને મળ્યો અને તેને કહ્યું, "મને માર."

અને તે માણસે તેને માર્યો અને ઘાયલ કર્યો. 38પછી તે પ્રબોધક ત્યાંથી ચાલ્યો ગયો અને આંખોપર પાટો બાંધ્યો પોતાની જાતને છુપાવી દીધી અને રસ્તા ઉપર જઈને રાજાના આવવાની રાહ જોતો બેઠો. 39જ્યારે રાજા ત્યાંથી પસાર થયો એટલે તેણે તેને બૂમ પાડીને કહ્યું, "હું યુદ્ધની વચ્ચોવચ્ચ જતો હતો એવામાં એક યોદ્ધાએ એક કેદીને લઈને મારી પાસે આવીને કહ્યું, 'આ માણસને સંભાળ, એ જો ભાગી ગયો તો એને બદલે તારે તારો જીવ આપવો પડશે અથવા 34 કિલો ચાંદી આપવી પડશે.' 40પણ હું કોઈને કોઈ કામમાં રોકાયેલો હતો, એવામાં તે અદશ્ય થઈ ગયો."

ઈસ્રાએલના રાજાએ કહ્યું, "તને એ જ સજા થવી જોઈએ.
તેં જાતે જ ફેંસલો આપ્યો છે."
**41**તરત જ યુવાન પ્રબોધકે આંખ પર બાંધેલો પાટો છોડી
નાખ્યો અને ઈસ્રાએલના રાજાએ તેને ઓળખી કાઢયો કે,
આ તો પ્રબોધક છે. **42**તેણે રાજાને કહ્યું, "આ યહોવાના
વચન છે, 'મેં તને બેનહદાદ પર વિજય અપાવ્યો જેથી તું
તેને મારી નાખે, પણ તેં તેને જીવતો છોડ્યો. તેથી તે માણસની
બદલીમાં તું મરી જશે અને તારા સૈનિકો મરી જશે એના
સૈનિકોની બદલે.'"
**43**ઈસ્રાએલનો રાજા ઉદાસ અને ગુસ્સે થઈને ઘેર જવા
નીકળ્યો અને સમરૂન આવી પહોંચ્યો.

## નાબોથની દ્રાક્ષાવાડી

**21** ત્યારબાદ એવું બન્યું કે, નાબોથ નામના માણસ
પાસે દ્રાક્ષની વાડી હતી, નાબોથ યિઝ્રએલનો હતો
અને તેની દ્રાક્ષવાડી યિઝ્રએલમાં હતી, શમરીઆના રાજા
આહાબના ઘર પાસે. **2**આહાબે નાબોથને કહ્યું, "તારો દ્રાક્ષનો
બગીચો મારા મહેલને અડીને આવેલો છે, તું મને વાડી
બનાવવા માટે એ આપી દે, એના બદલામાં હું તને એના
કરતાં સારો દ્રાક્ષનો બગીચો આપીશ; અથવા તું ઈચ્છે તો
તેની બદલે હું તને ચાંદીમાં ચૂકવણી કરીશ."
**3**પણ નાબોથે જવાબ આપ્યો, "મારા પૂર્વજોની જમીન હું
તમને આપું તે માટે યહોવાનો નિષેધ છે."
**4**યિઝ્રએલી નાબોથનો જવાબ સાંભળી આહાબ ધૂંવાપૂંવા
થઈને ઘેર પાછો ફર્યો, તે દીવાલ તરફ મોં ફેરવીને પથારીમાં
સૂઈ ગયો, અને ખાવાનો ઈન્કાર કર્યો.
**5**તેની પત્ની ઈઝેબેલે તેની પાસે આવીને કહ્યું, "તમે આટલા
બધા ઉદાસ કેમ છો? અને તમે ખાવાની ના કેમ પાડો છો?"
**6**તેણે કહ્યું, "યિઝ્રએલીના નાબોથ સાથે મારે વાત થઈ. મેં
કહ્યું, "તું તારી દ્રાક્ષની વાડી મને આપ. હું તને ચાંદી આપીશ,
જો તે ઈચ્છે તો અથવા; તો એના બદલામાં બીજો બગીચો
અપાવીશ. પણ તેણે કહ્યું, "હું મારી દ્રાક્ષવાડી તમને નહિં
આપું."
**7**ત્યારે તેની પત્ની ઈઝેબેલે કહ્યું, "તમે તે ઈસ્રાએલના
રાજા છો કે કોણ છો? ચાલો, ઊઠો, ખાઈ લો, એટલે સારું
લાગશે. યિઝ્રએલીના નાબોથની દ્રાક્ષાવાડી હું તમને
અપાવીશ!"
**8**પછી આહાબને નામે પત્રો ઈઝેબેલે લખ્યા, તે પર મહોર
છાપીને બંધ કર્યા અને નાબોથ રહેતો હતો તે યિઝ્રયેલ
નગરના વડીલો અને આગેવાનોને એ પત્રો તેણે મોકલી
આપ્યા.
**9**તેણીએ પત્રમાં લખ્યું કે, "ઉપવાસ કરવાનું શરૂ કરો
અને નાબોથને બધા લોકોની સામે બેસાડો. **10**સભાની
આગળમાં બે બદમાશોને પણ બેસાડો અને તેમની પાસે
કહેવડાવો કે "નાબોથે યહોવાને અને રાજાને શ્રાપ આપ્યો
છે. તો તેને બહાર લઈ જાવ અને તેના પર પથ્થરો ફેંકીને
તેને મારી નાખો."
**11**વડીલો અને આગેવાનોએ તથા જાણીતા માણસોએ
ઈઝેબેલે, પત્રમાં લખી મોકલેલા હુકમ પ્રમાણે કર્યુ. **12**તેમણે
ઉપવાસ જાહેર કર્યા, અને નાબોથને લોકોની સામે બેસાડયો.
**13**અને પેલા બે બદમાશો આવીને તેની સામે બેઠા અને
તેના વિષે લોકો સમક્ષ જુબાની આપી અને કહ્યું તેણે (નાબોથ)
દેવને અને રાજાને શ્રાપ આપીને ખોટું કર્યુ. પછી તેઓ તેને
શહેરની બહાર લઈ ગયા અને ઈંટાળી કરીને મારી નાખ્યો.
**14**તેમણે ઈઝેબેલને સંદેશો મોકલ્યો કે, "નાબોથને ઈંટાળી
કરીને મારી નાખવામાં આવ્યો છે."
**15**જયારે ઈઝેબેલને ખબર પડી કે, નાબોથ પર પથ્થરો
ફેકીને મારી નાખવામાં આવ્યો છે ત્યારે તેણે આહાબને કહ્યું,
"ઊઠો, અને યિઝ્રએલના નાબોથે જે દ્રાક્ષની વાડી તમને
વેંચવાનો ઈન્કાર કર્યો હતો તેનો કબજો લઈ લો; કારણ
નાબોથ હવે જીવતો નથી, મરી ગયો છે." **16**જયારે આહાબે
સાંભળ્યું કે, ઈસ્રીલનો નાબોથ મરી ગયો છે, ત્યારે તે ઊઠીને
દ્રાક્ષના બગીચાનો કબજો લેવા ગયો.
**17**ત્યારબાદ તિશ્બેના પ્રબોધક એલિયાને યહોવાની વાણી
સંભળાઈ, **18**"ઊઠ, સમરૂનમાં વસતા ઈસ્રાએલના રાજા
આહાબ પાસે પહોંચી જા. તે તને નાબોથની દ્રાક્ષની વાડીમાં
મળશે. તે ત્યાં દ્રાક્ષાવાડીનો કબજો લેવા ગયો છે. **19**તારે તેને
આ પ્રમાણે કહેવું, આ યહોવાનાં વચન છે; 'તેં તારા વેરીનું
ખૂન તો કર્યુ છે અને હવે તું તેની મિલકત પચાવી પાડે છે?
આ યહોવાનાં વચન છે: જયાં કૂતરાંઓએ નાબોથનું લોહી
ચાટયું હતું ત્યાં જ કૂતરાંઓ તારું લોહી પણ ચાટશે.'"
**20**આહાબે કહ્યું, "ઓ મારા દુશ્મન, તેં આખરે મને પકડી
પાડયો!"
એલિયાએ કહ્યું, "મેં તને પકડી પાડયો છે, કારણ, યહોવાની
નજરમાં તે ખોટું કર્યુ છેં. **21**હવે યહોવા કહે છે, 'હું તારે માથે
આફત ઊતારીશ, હું તારા કુટુંબને સાફ કરી નાખીશ.
ઈસ્રાએલમાંના તારા એકેએક વંશજને ધરતીના પડ ઉપરથી
સમાપ્ત કરીશ. **22**મેં નાબોથના પુત્ર યરોબઆમ અને
અહિયાના પુત્ર બાઅશાના કુટુંબોનો નાશ કર્યો છે હું તેવુંજ
તારા કુટુંબ સાથે કરીશ. કારણ તે ઈસ્રાએલના લોકો પાસે
પાપ કરાવ્યા છે અને તેં મારો રોષ વહોરી લીધો છે.'
**23**યહોવાએ ઈઝેબેલ વિષે પણ વાણી ઉચ્ચારી કે, ઈસ્રાએલના
કૂતરાં ઈઝેબેલના શરીરને 'યિઝ્રએલના ખેતરોમાં ફાડી ખાશે.
**24**આહાબનાં કુટુંબના જે માણસો શહેરમાં મૃત્યુ પામશે તેમને
કૂતરાં ખાઈ જશે. અને જેઓ વગડામાં મૃત્યુ પામશે તેને
પંખીઓ ખાઈ જશે.'"
**25**આહાબ જેવું બીજું કોઈ નહોતું. દેવની દૃષ્ટિમાં જે પાપ
હતું તે કરવા માટે સંપૂર્ણ રીતે તે સમર્પિત થઈ ગયો હતો,
કેમકે તેની પત્ની ઈઝેબેલ સર્વ પ્રકારની દુષ્ટતા કરવા તેને
ઉત્તેજન આપતી હતી. **26**જે રીતે અમોરીઓએ મૂર્તિઓની
પૂજા કરી હતી તે રીતે આહાબે પણ કરી. જોકે ઈસ્રાએલીઓને
જમીન આપવા માટે યહોવાએ અમોરીઓને હાંકી કાઢયાં
હતાં. **27**પ્રબોધકનાં વચનો સાંભળીને આહાબે પશ્ચાત્તાપથી
કપડાં ફાડી નાખ્યાં. તેણે ઉપવાસ કર્યા અને શોકના કપડાં

પહેર્યા તેમાં સૂઈ ગયો અને ચૂપચાપ બધે ચાલતો રહ્યો. 28એ સમય દરમ્યાન એલિયા જે તિશ્બેનો હતો તેને યહોવાની વાણી સંભળાઈ, 29"આહાબ મારી સમક્ષ નમ્ર બની ગયો છે તે તેં જોયું? તે આમ નમ્ર બન્યો છે એટલે હું એ જીવશે ત્યાં સુધી એના કુટુંબ પર આફત નહિં ઊતારું, પણ જ્યારે તેનો પુત્ર રાજા બનશે ત્યારે ઊતારીશ."

### મીખાહની આહાબને ચેતવણી

22 ત્રણ વર્ષ સુધી અરામીઓ અને ઈસ્રાએલીઓ વચ્ચે કોઈ લડાઈ થઈ નહિં. 2પરંતુ ત્રીજે વર્ષે યહૂદાનો રાજા યહોશાફાટ ઈસ્રાએલના રાજાને મળવા ગયો.

3ઈસ્રાએલના રાજાએ પોતાના અમલદારોને કહ્યું, "તમે જાણો છો કે અરામના રાજાએ હજી સુધી રામોથ-ગિલયાદને પોતાના કબજા હેઠળ રાખ્યું છે જે આજે પણ આપણાં છે અને આપણે હજી સુધી કશું કર્યા વગર શાંત બેસી રહ્યા છીએ."

4પછી યહોશાફાટ તરફ ફરીને તેણે કહ્યું, "તમે રામોથ-ગિલયાદ ઉપર ચડાઈ કરવા મારી સાથે આવશો?"

યહોશાફાટે ઈસ્રાએલના રાજાને જવાબ આપ્યો, "આપણે બે કંઈ જુદા નથી. મારા સૈનિકો એ તમારા જ સૈનિકો છે. મારા ઘોડા એ તમારાજ ઘોડા છે. 5પણ પહેલાં યહોવાને આ બાબતમાં તેમની શી ઈચ્છા છે, તે જાણવા પ્રશ્ન કરો."

6આથી ઈસ્રાએલના રાજાએ 400 પ્રબોધકોને બોલાવીને ભેગા કર્યા. અને તેમને પૂછયું, "મારે રામોથ-ગિલયાદ ઉપર હુમલો કરવો કે રાહ જોવી?"

તેમણે કહ્યું, "હુમલો કરો, યહોવા તેને રાજાના હાથમાં સુપ્રત કરશે."

7"પણ યહોશાફાટે પૂછયું, અહીં યહોવાનો બીજો કોઈ પ્રબોધક નથી, જેને આપણે આ પ્રશ્ન પૂછી શકીએ?"

8ઈસ્રાએલના રાજાએ જવાબ આપ્યો, "બીજો એક પ્રબોધક છે, જેના દ્વારા આપણે યહોવાને પ્રશ્ન કરી શકીએ; પણ હું તેનો તિરસ્કાર કરું છે, કારણ તે કદી મારે વિષે સારું ભવિષ્ય ભાખતો નથી. તે ફકત મારું ખરાબ જ બોલે છે, તેનું નામ મીખાયા છે ને તે યિમ્લાહનો પુત્ર છે."

તેથી યહોશાફાટે કહ્યું, "રાજા આહાબ, તમારે તેવી વાત ન કરવી જોઈએ."

9આથી ઈસ્રાએલના રાજાએ પોતાના એક અમલદારને બોલાવી કહ્યું, "મીખાયાને તાત્કાલિક બોલાવી લાવ."

10ઈસ્રાએલનો રાજા અને યહૂદાનો રાજા યહોશાફાટ સમરૂનના દરવાજા પાસે સિંહાસનો પર બેઠા હતા. તેઓએ રાજાનો પોષાક પહેર્યો હતો અને તેમની સામે બધા પ્રબોધકો ભવિષ્યવાણી ભાખી રહ્યાં હતા. 11આ બધાં પ્રબોધકોમાં એક પ્રબોધક સિદકિયા હતો, જે કનાઅનાહનો પુત્ર હતો. તેણે લોખંડના શિંગડા બનાવીને જાહેર કર્યું, "યહોવા કહે છે કે 'આ લોખંડના શિંગડાઓ વાપરીને તમે અરામીયનોને ઘાયલ કરશો અને અંતે તેમનો નાશ થશે.'" 12તમામ પ્રબોધકોએ એવું જ ભવિષ્ય ભાખ્યું; તેમણે કહ્યું, "રામોથ-ગિલયાદ ઉપર હુમલો કરો અને વિજય પ્રાપ્ત કરો. યહોવા તેને રાજાના હાથમાં સુપ્રત કરશે."

13મીખાયાને તેડવા ગયેલા માણસે મીખાયાને કહ્યું, "ધ્યાન રાખજો કે બધા જ પ્રબોધકોએ એકી અવાજે રાજાને માટે સારું ભવિષ્ય ભાખ્યું છે તમે પણ તેના માટે તેમના જેવું જ કહેજો."

14પરંતુ મીખાયાએ કહ્યું, "યહોવાના સમ હું તો યહોવા કહેશે તે જ પ્રમાણે કરીશ."

15જયારે મીખાયા રાજાની સન્મુખ આવ્યો ત્યારે રાજાએ તેને કહ્યું, "મીખાયા, અમે રામોદ-ગિલયાદ ઉપર હુમલો કરીએ કે રોકાઈ જઈએ?"

તેણે કહ્યું, "હુમલો કરો અને વિજય પામો. યહોવાએ નગર રાજાના હાથમાં સુપ્રત કરી દેશે."

16રાજાએ કહ્યું, "યહોવાને નામે માત્ર સાચું જ બોલવા માટે મારે તારી પાસે કેટલી વખત સોગંદ લેવડાવવા?"

17મીખાયાએ કહ્યું, "મેં બધા ઈસ્રાએલીઓને એક ઘેટાપાલક વગરનાં ઘેટાંના ટોળાની જેમ પર્વતો ઉપર વેરવિખેર થઈ ગયેલા જોયા છે, અને મેં યહોવાને એમ બોલતા સાંભળ્યા છે કે, 'એ લોકોનો કોઈ ધણી નથી, તેથી તેઓ ભલે શાંતિથી ઘેર જાય.'"

18આ સાંભળીને ઈસ્રાએલના રાજાએ યહોશાફાટને કહ્યું, "મેં તમને નહોતું કહ્યું કે, એ કદી મારા માટે કંઈપણ સારુ બોલતો નથી પણ હંમેશા ખરાબ જ બોલે છે!"

19મીખાયાએ વધુમાં કહ્યું, "હવે યહોવાની વાણી સાંભળો, મેં યહોવાને તેના સિંહાસન ઉપર આકાશમાં બિરાજેલા જોયા છે. તેમને જમણે અને ડાબે બધા દેવદૂતો તેમની સેવામાં ઊભા છે. 20યહોવાએ કહ્યું, 'આહાબને રામોથ ગિલીયાદના ધરે જઈ અમ્મોનિયો વિરુદ્ધ લડાઇ કરવા અને ત્યાં મરવા કોણ લલચાવશે?' આ વિષે તેમની વચ્ચે ઘણા સૂચનો થયાં, 21છેવટે એક દૂતે યહોવાની નજીક આવીને કહ્યું, 'હું એ કામ કરીશ.' યહોવાએ પૂછયું, કેવી રીતે? 22તેણે કહ્યું, 'હું જઈને તેના બધા પ્રબોધકોના મોઢે જૂઠી ભવિષ્યવાણી ઉચ્ચારાવીશ.' પછી યહોવાએ કહ્યું, 'તું જરૂર તેને લલચાવવામાં સફળ થઈશ. જા, અને એ પ્રમાણે કર.'"

23આમ, આપ જુઓ છો કે "યહોવાએ તમારા બધા પ્રબોધકો પાસે જૂઠી ભવિષ્યવાણી કરાવડાવી છે, કારણ કે તેણે આપને માથે આફત ઊતારવાનું નક્કી કર્યુ છે."

24એ વખતે કનાઅનાહના પુત્ર સિદિક્યાએ આવીને મીખાયાના મોઢા ઉપર લાફો ચોડી દીધો, અને પૂછયું, "જ્યારે મને તમારી પાસે જવા માટે છોડી મુક્યો ત્યારે યહોવાની શકિત ક્યાં ચાલી ગઈ ?"

25મીખાયાએ સામે જવાબ આપ્યો, "એ તો તું જયારે ભાગીને ધરના અંદરના ઓરડામાં સંતાઈ જશે ત્યારે તને એની ખબર પડશે."

26ઈસ્રાએલના રાજાએ કહ્યું, "મીખાયાને કેદ પકડો અને નગરના આગેવાન આમોનને અને રાજાના પુત્ર યોઆશને સોંપી દો. 27અને તેમને કહો કે, 'રાજાની એવી આજ્ઞા છે કે

આને કેદમાં પૂરી દો, અને હું સુરક્ષિત પાછો આવું ત્યાં સુધી
જીવતો રહે એટલાં જ રોટલા અને પાણી સિવાય બીજું કશું
આપશો નહિં."
28મીખાયાએ કહ્યું, "તમે જો સુરક્ષિત પાછા આવો તો
સમજવું કે મારી મારફતે યહોવા નહોતા બોલ્યા. તેણે એમ
પણ કહ્યું "તમે બધા લોકો સાંભળો."
29પછી ઈસ્રાએલનો રાજા અને યહૂદાનો રાજા યહોશાફાટ
રામોથ-ગિલયાદ ઉપર ચડાઈ કરવા ઊપડી ગયો.
30ઈસ્રાએલના રાજાએ યહોશાફાટને કહ્યું, "હું વેશપલટો
કરીને યુદ્ધમાં જઈશ પણ તમે તમારા બાદશાહી પોશાક
પહેરી રાખજો," આમ ઈસ્રાએલનો રાજા વેશપલટો કરીને
યુદ્ધમાં ગયો.
31અરામના રાજાએ પોતાના રથદળના બત્રીસ સરદારોને
આજ્ઞા આપી હતી કે તેઓએ બીજા કોઈની સાથે નહીં પણ
માત્ર રાજા આહાબની સામે જ યુદ્ધ કરવું. 32સારથિઓએ
યહોશાફાટ રાજાને તેના રાજવી પોષાકમાં જોયો ત્યારે તેઓએ
માની લીધું કે જેને આપણે મારી નાખવાનો છે તે ઈસ્રાએલનો
રાજા એ જ છે. તેથી તેઓ તેના પર હુમલો કરવા વળ્યા.
પણ યહોશાફાટે જોરથી બૂમો પાડી, 33પછી સારથિઓ સમજી
ગયા કે આ ઈસ્રાએલનો રાજા નથી. અને તેમણે તેનો પીછો
કરવો છોડી દીધો. 34પરંતુ એક સૈનિકે અનાયાસે તીર છોડયું.
એ તીર ઈસ્રાએલના રાજાને તેના બખ્તરના સાંધાની વચ્ચે
વાગ્યું. તેથી આહાબે પોતાના સારથિને કહ્યું, "રથ ફેરવીને
મને યુદ્ધભૂમિની બહાર લઈ જા. હું ઘવાયો છું,"
35દિવસ ચડતો ગયો તેમ તેમ યુદ્ધ વધુને વધુ ભીષણ
બનતું ગયું અને રાજા તેના રથમાં અરામીઓ તરફ મોં કરીને
ઢળેલો પડ્યો હતો, તેના ઘામાંથી લોહી વહીને રથમાં ભેગું
થતું હતું, સાંજ થતાં તેણે દેહ છોડયો. 36દિવસને અંતે સૂર્યાસ્ત
થતાંજ રાજાની લશ્કરી છાવણીમાં એક મોટો પોકાર થયો,
"દરેક જણ પોતપોતાના દેશમાં પોતપોતાને ઘેર જાવ."
37રાજાના મૃતદેહને સમરૂનમાં લાવવામાં આવ્યો, ત્યાં
તેને દફનાવવામાં આવ્યો. 38સમરૂનના તળાવને તીરે બાજુમાં
રથ ધોવામાં આવ્યો. કૂતરાં તેનું લોહી ચાટી ગયાં અને
વારાંગનાઓએ તે પાણીમાં સ્નાન કર્યું, આમ, યહોવાની
વાણી સાચી પડી. 39આહાબના શાસનના બીજા બનાવોની
અને તેનાં કાર્યોની, તેણે બંધાવેલાં હાથીદાંતનાં મહેલની
અને તેણે કિલ્લેબંધી કરાવેલા નગરો તે સર્વ ઈસ્રાએલના
રાજાઓના ઈતિહાસ નામક ગ્રથમાં લખાયેલું છે. 40આમ,
આહાબ, પિતૃલોકને પામ્યો અને તેના પછી તેનો પુત્ર
અહાઝ્યા રાજા બન્યો.

## યહૂદાનો રાજા યહોશાફાટ

41ઈસ્રાએલના રાજા આહાબના રાજયના ચોથા વર્ષમાં
આસાનો પુત્ર યહોશાફાટ યહૂદીયાઓનો રાજા થયો.
42જયારે તે રાજા બન્યો ત્યારે તેની ઉંમર 35 વર્ષની
હતી અને તેણે યરૂશાલેમમાં 25 વર્ષ રાજય કર્યું. તેની માનું
નામ અઝૂબાહ હતું અને તે શિલ્હીની પુત્રી થતી હતી. 43તે
તેના પિતા આસાને પગલે ચાલ્યો અને તેના માર્ગથી ચલિત
થયો નહિં. તેણે યહોવાને જે સારું લાગ્યું તે કર્યું. 44પણ
ઉચ્ચ સ્થાનો નાશ કરવામાં આવ્યા નહોતા, અને લોકોએ
ત્યાં ધૂપ બાળવાનું અને અર્પણો ચડાવવાનું ચાલું રાખ્યું
હતું.
45ઈસ્રાએલના રાજા સાથે યહોશાફાટ મિત્રતાથી શાંતિપૂર્વક
રહ્યો. 46યહોશાફાટના શાસન વખતના બીજા બનાવો, તેણે
કરેલા મહાન કાર્યો, તેણે લડેલી લડાઈઓ તે સર્વ વિષે,
યહૂદાના રાજાઓના ઈતિહાસ નામક ગ્રથમાં લખેલું છે.
47તેણે તેના પિતા આસાનાં સમયની દેવદાસીઓ જે હજી
સુધી રહેતી હતી તેઓને ભૂમિમાંથી હાંકી કાઢી.
48અદોમમાં કોઈ રાજા નહોતો, તેથી એક પ્રશાસક ત્યાં
અમલ કરતો હતો.

## યહોશાફાટનું નૌકાદળ

49સોનું લઈ આવવા માટે ઓફીર જવા માટે યહોશાફાટે
મોટા વહાણો બનાવ્યા હતા, પણ વહાણ કદી ત્યાં પહોચ્યાં
નહીં કારણકે, એસ્યોનગેબેર આગળ તે તૂટી પડ્યા હતા.
50આહાબના પુત્ર અહાઝ્યાએ યહોશાફાટને કહ્યું કે, "તમારા
માણસો સાથે મારા માણસોને તમારા વહાણમાં જવા દો."
પણ યહોશાફાટ સંમત થયો નહિં.
51યહોશાફાટ મૃત્યુ પામ્યો પછી તેના મૃતદેહને દાઉદના
નગરમાં લઈ જવાયો અને યરૂશાલેમમાં દફનાવવામાં આવ્યો,
તેના પછી તેનો પુત્ર યહોરામ રાજા બન્યો.

## ઈસ્રાએલનો રાજા અહઝિયા

52યહૂદાના રાજા યહોશાફાટના રાજયના સત્તરમે વર્ષે
આહાબનો પુત્ર અહઝિયા સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો.
તેણે ઈસ્રાએલ પર બે વર્ષ રાજય કર્યું. યહોવાને જે અનિષ્ટ
લાગ્યું તે તેણે કર્યું. કારણકે તેણે તેના પિતા તેની માતા અને
નબાટના પુત્ર યરોબઆમ જેવું આચરણ કર્યુ, જે બધાએ
ઈસ્રાએલ પાસે પાપ કરાવડાવ્યા હતા. 53તેણે તેના પિતા
જેવું આચરણ કર્યુ અને દેવ બઆલની પૂજા કરીને ઈસ્રાએલના
દેવ યહોવાનો કોપ વહોરી લીધો.

# શમુએલનું બીજું પુસ્તક

### દાઉદને શાઉલના મૃત્યુના સમાચાર મળ્યા

1 1શાઉલના મૃત્યુ પછી દાઉદ અમાલેકીઓને હરાવીને
પાછો ફર્યો અને બે દિવસ સિકલાગમાં રહ્યો. 2ત્રીજા
દિવસે શાઉલની છાવણીમાંથી એક યુવાન આવ્યો. તે
માણસના કપડાં ફાટેલા હતાં, અને તેના માથા પર ધૂળ
હતી,* તેણે દાઉદ પાસે જઈને જમીન પર લાંબા થઈને
તેને પ્રણામ કર્યા.

3દાઉદે તેને પૂછયું, "તું કયાંથી આવે છે?"

તેણે કહ્યું, "હું ઈસ્રાએલીઓની છાવણીમાંથી ભાગીને
આવ્યો છું."

4દાઉદે તેને પૂછયું, "ત્યાં શું થયું? યુદ્ધનું પરિણામ શું
આવ્યું તે મને કહે."

તેણે જવાબ આપ્યો, "લશ્કર યુદ્ધના મેદાનમાંથી ભાગી
ગયું છે અને યુદ્ધમાં ઘણા માણસો માર્યા ગયા હતા. શાઉલ
અને તેનો દીકરો યોનાથાન પણ યુદ્ધમાં મૃત્યુ પામ્યા છે."

5એટલે સમાચાર લાવનાર માણસને દાઉદે પૂછયું, "શાઉલ
અને તેનો દીકરો યોનાથાન મૃત્યુ પામ્યા છે તે, તેં કેવી રીતે
જાણ્યું?"

6તેણે કહ્યું, "એ સમયે હું ગિલ્બોઆના પર્વત પર હતો. મેં
શાઉલને તેના ભાલા પર ટેકો લઈને પડેલો જોયો. તેના
દુશ્મનના રથો તેની પાછળ નજદીક આવી ગયા હતા. 7તેણે
પાછા વળીને જોયું, અને મને જોઈને તેણે મોટે સાદે મને
બૂમ પાડી, એટલે મેં કહ્યું 8તેણે મને પૂછયું; તું કોણ છે? મેં
કહ્યું; હું અમાલેકી છું. 9તેણે મને વિનંતી કરી અને કહ્યું 'તું
આવ અને મને મારી નાંખ, કારણ કે હું ખરાબ રીતે ઘવાયેલો
છું અને ગમેતેમ મરવાનો છું જ.' 10તેથી મેં તેને મારી
નાખ્યો, કારણ મને ખબર હતી કે તે મરવાનો તો હતોજ.
ત્યાર પછી મેં તેના માથા ઉપરથી તાજ અને હાથ ઉપરથી
કડું ઉતારી લીધાં, અને તે હું તમારી પાસે અહીંયા લઈ
આવ્યો છું મારા દેવ."

11આ સાંભળીને દાઉદે અને તેના માણસોએ શોકને કારણે
પોતાનાં કપડાં ફાડી નાખ્યાં. 12લોકો ઘણા દુઃખી હતા તેઓએ
વિલાપ કર્યો ને સાંજ સુધી ઉપવાસ કર્યો કારણકે શાઉલ,
તેનો પુત્ર યોનાથાન યહોવાના લોકો તથા ઈસ્રાએલના ઘણા
સૈનિકો યુદ્ધમાં માર્યા ગયા હતાં.

### દાઉદે અમાલેકીને મારી નાંખવાની આજ્ઞા કરી

13દાઉદે ખબર આપનાર માણસને પૂછયું, "તું કયાંથી
આવે છે?"

એટલે તેણે જવાબ આપ્યો, "હું તો આ દેશમાં વસતા એક
પરદેશી અમાલેકીનો પુત્ર છું."

14દાઉદે તેને પૂછયું, "યહોવાએ પસંદ કરેલા રાજાને, મારી
નાખવાની તારી હિંમત કેવી રીતે ચાલી?"

15તે પછી દાઉદે પોતાના એક યુવાન નોકરને બોલાવીને
કહ્યું, "તું જા અને આ માણસને મારી નાંખ." તેથી તે ગયો
અને જે માણસ સંદેશો લાવ્યો હતો તેને મારી નાંખ્યો. 16ત્યાર
પછી દાઉદે કહ્યું, "તારા મૃત્યુ માટે તું જ જવાબદાર છે,
કારણ 'કે તે પોતેજ કબૂલ કર્યું છે કે તેંજ યહોવાની પસંદગીના
રાજાને મારી નાખ્યો, તારા પોતાના શબ્દોએ તને અપરાધી
સાબિત કર્યો.

### દાઉદનું શોક ગીત શાઉલ અને યોનાથાન માટે

17દાઉદે શાઉલ અને તેના પુત્ર યોનાથાન માટે મરશિયો
ગાયો. 18અને તેણે એ મરશિયો યહૂદાના લોકોને શીખવવાની
આજ્ઞા કરી; તે 'ધનુષ્ય' કહેવાય છે અને યાશારના પુસ્તકમાં
લખેલું છે.

19"ઓ ઈસ્રાએલ, તારા પર્વતો ઉપર તેં તારા બળવાન
સૈનિકો ગુમાવ્યા. અરે! તે શૂરવીરો કેવા માર્યા ગયા!

20ગાથમાં એની વાત કરશો નહિ, આશ્કલોનની શેરીઓમાં,
આ સમાચાર તમે જાહેર કરશો નહી; આ કદાચ પલિસ્તીઓની
પુત્રીઓને ખુશ કરે, અને બેસુન્નતીઓની પુત્રીઓ આનંદ
પામશે અને ખુશ થશે.

21ઓ ગિલ્બોઆના પર્વતો તમારા પર વરસાદ કે ઝાકળ
ન પડો. તમારાં ખેતરોમાં કઈ ન ઉપજે જેથી તમારા તરફથી
કોઈ અર્પણો ન આવે. કારણ, યોદ્ધાઓની ઢાલ નકામી ગણીને
ફેંકી દેવામાં આવી હતી અને શાઉલની ઢાલ જે તેલમાં
બોળવામાં આવી ન હતી, કાટ ખાઈ ગઈ હતી અને ત્યાં
પડેલી છે.

22યોનાથાનના ધનુષે તેના ભાગના દુશ્મનોને માર્યા અને
તેઓનુ લોહી રેડાયું! તેવીજ રીતે શાઉલની તલવાર એક
સાચ્ચા યોદ્ધાની તલવાર જેવી હતી જે માર્યા વિના કદી
પાછી ફરી નહોતી.

23શાઉલ તથા યોનાથાન એક બીજાને ચાહતા હતા ને
એક બીજાના સાહચર્યમાં આનંદ માણતા હતા. જીવનમાં

---

**માણસના કપડાં ... માથા પર ધૂળ હતી** તેનો અર્થ એ કે માણસ ખુબ દુઃખી હતો.

અને મૃત્યુમાં તેઓ કદી વિખૂટા પડયા નહોતા; તેઓ ગરુડ કરતાંય વેગવાન અને સિંહો કરતાં ય બળવાન હતા.

24ઓ ઈસ્રાએલની પુત્રીઓ, શાઉલને માટે વિલાપ કરો. તેણે તમને સર્વને સુંદર કિરમજી વસ્ત્રો પહેરાંવ્યાં, અને તમને સુવર્ણ આભૂષણોથી શણગાર્યાં.

25યુદ્ધભૂમિમાં શૂરવીરો કેવા વીરગતિને પામ્યા! હે યોનાથાન, તું ગિલ્બોઆ પર્વત પર મૃત્યુ પામ્યો .

26હે મારા વીરા યોનાથાન, તું મને બહુ પ્રિય હતો; તારા માટે મારું હૃદય રડે છે. તારો મારા પ્રત્યેનો પ્રેમ સ્રીઓના પ્રેમ કરતાંય અધિક અદભુત હતો!

27યુદ્ધ ભૂમિમાં શુરવીરો વીરગતિને પામ્યા! ને યુદ્ધનાં શસ્ત્રો વ્યર્થ ગયાં!"

### દાઉદ અને તેના માણસો હેબ્રોન ગયા

2 ત્યાર પછી દાઉદે યહોવાને પૂછયું, "શું હું યહૂદાના કોઈ એક શહેરમાં જાઉં?"

યહોવાએ કહ્યું, "જા."

દાઉદે પૂછયું, "હું કયા નગરમાં જાઉં?"

અને યહોવાએ જવાબ આપ્યો, "હેબ્રોન."

2તેથી દાઉદ પોતાની બે પત્નીઓ, યિઝ્રએલની અહિનોમ અને કાર્મેલના નાબાલની વિધવા અબીગાઈલને લઈને હેબ્રોન ગયો. 3અને પોતાની સાથેના માણસોને પણ તેમનાં પરિવાર સાથે તે લઈ ગયો. અને તેઓ હેબ્રોન અને આજુબાજુના કસબાઓમાં વસ્યાં.

### દાઉદે યાબેશના લોકોનો આભાર માન્યો

4ત્યારબાદ યહૂદાના લોકોએ ત્યાં આવીને દાઉદનો યહૂદાના રાજા તરીકે અભિષેક કર્યો. જયારે દાઉદને સમાચાર મળ્યા કે "યાબેશમાં ગિલયાદના લોકોએ શાઉલને દફનાવ્યો હતો."

5ત્યારે તેણે યાબેશ ગીલીથને માણસો મોકલી સંદેશો મોકલ્યો કે, "તમારા માલિક શાઉલ પ્રત્યે દયા દેખાડવા બદલ અને તેને દફનાવવા માટે યહોવા તમારું ભલું કરો, 6અને તમારા ઉપર એમની અવિચળ કરુણા વરસાવતા રહો. હું પણ તમારા આ કૃત્ય બદલ તમારી સાથે સારો વ્યવહાર રાખીશ. 7હવે તારી જાતને મજબૂત બનાવ કારણ કે તમારો માલિક શાઉલ મૃત્યુ પામ્યો છે, અને યહૂદાના લોકોએ મારો રાજા તરીકે રાજ્યાભિષેક કર્યો છે."

### ઈશ્બોશેથ રાજા બન્યો

8પરંતુ શાઉલનો સરસેનાપતિ નેરનો પુત્ર આબ્નેર તે શાઉલના પુત્ર ઈશ્બોશેથને મહનાઈમ લઈ ગયો. 9અને ત્યાં તેને ગિલયાદ, આશેર, યિઝ્રએલ, એફ્રાઈમ, બિન્યામીન એટલે કે આખા ઈસ્રાએલનો રાજા બનાવ્યો.

10જ્યારે ઈશ્બોશેથને ઈસ્રાએલનો રાજા બનાવવામાં આવ્યો ત્યારે તે 40 વર્ષનો હતો. તેણે બે વર્ષ રાજય કર્યું. પણ યહૂદાના કુળસમૂહ દાઉદને વફાદાર રહ્યાં, 11દાઉદ હેબ્રોનમાં રહ્યો અને યહૂદાના કુળસમૂહ પર સાડાસાત વર્ષ રાજ કર્યું.

### પ્રાણઘાતક સ્પર્ધા

12નેર નો પુત્ર આબ્નેર અને શાઉલ ના પુત્ર ઈશ્બોશેથના અમલદારો મહનાઈમ છોડી ગિલ્યોન ગયા. 13અને સરુયાનો પુત્ર યોઆબ દાઉદના માણસોને હેબ્રોન લઈ ગયો. તેઓ ગિલ્યોન ગયા અને આબ્નેર અને ઈશ્બોશેથના અમલદારો ને તળાવ આગળ મળ્યા, આબ્નેરની ટોળકી તળાવની એક બાજુ અને યોઆબની ટોળકી બીજી બાજુ બેઠી.

14આબ્નેરે યોઆબને કહ્યું, "જુવાન સૈનિકો ઉભા થાય અને અહી હરીફાઈ કરે." અને "યોઆબ તેની સાથે સહમત થયો.

15આ સ્પર્ધાની રમત માટે ઈશ્બોશેથ અને બિન્યામીનના વંશના પક્ષ તરફથી બાર જણ અને દાઉદના માણસોમાંથી બાર જણ આગળ આવ્યા અને સામસામે ગોઠવાઈ ગયાં. 16દરેક જણે પોતાના હરીફના માથાના વાળ પકડયા અને તેના શરીરની આરપાર પોતાની તલવાર ખોસી દીધી. અને એ રીતે તેઓ બધાજ એકી સાથે જમીન પર પડી મૃત્યુ પામ્યા, આથી તે સ્થળનું નામ "તલવારનીધારનું ખેતર" પડ્યું. જે ગીબ્યોનમાં છે.

### આબ્નેરે અસાહેલને મારી નાખ્યો

17તે દિવસે બંને સૈન્યો વચ્ચે ધમાસાણ યુદ્ધ થયું, અને દાઉદના અમલદારોએ આબ્નેર અને ઈસ્રાએલીઓને હરાવ્યા. 18સરુયાના ત્રણે દીકરાઓ, યોઆબ,અબીશાય અને અસાહેલ પણ ત્યાં યુદ્ધમાં હતા, અસાહેલ જંગલી હરણની જેમ ખૂબ ઝડપથી દોડી શકતો હતો. 19અસાહેલ જમણી કે ડાબી બાજુએ વળ્યા વિના સીધો જ આબ્નેરની પાછળ પડયો 20આબ્નેરે પાછા ફરીને તેને પૂછયું, "કોણ? અસાહેલ છે?"

તેણે કહ્યું, "હા, હું જ અસાહેલ છું."

21આબ્નેરે કહ્યું, "મારો પીછો કરવો છોડી દે, કોઈ સૈનિકને પકડ અને તેની પાસે જે કંઈ હોય તે લૂંટી લે." પણ અસાહેલે તેનું માન્યું નહીં અને તેની પાછળ દોડવાનું ચાલું જ રાખ્યું.

22આબ્નેરે તેને ફરી એક વાર કહ્યું, "મારો પીછો કરવો છોડી દે, શા માટે તું મારા હાથે મોત માંગે છે? જો એમ થાય તો હું તારા ભાઈ યોઆબને મારું મોંઠુ શી રીતે દેખાડું?"

23છતાં અસાહેલે પાછા ફરવાનો ઈન્કાર કર્યો, એટલે આબ્નેરે ભાલાનો પાછલો છેડો તેના પેટમાં એટલા જોરથી માર્યો કે તે શરીરમાં થઈને આરપાર નીકળ્યો.

### યોઆબ અને અબીશાયે આબ્નેરનો પીછો કર્યો

અસાહેલ જમીન પર ઢળી પડયો અને ત્યાં જ મૃત્યુ પામ્યો, અસાહેલ જયાં મરેલો પડયો હતો ત્યાં જે કોઈ આવતા તે બધા ઊભા રહી જતા. 24હવે યોઆબ અને અબીશાય આબ્નેરની પાછળ પડયા હતા. સૂર્યાસ્તના સમયે તેઓ ગિબયોન રણના રસ્તે જતાં ગિયાહ સામે આમ્માહ

ટેકરી પાસે પહોચ્યા. 25બિન્યામીનનું કુળસમૂહ પર્વતના
શિખર પર આબ્નેરની આસપાસ ભેગા થયા.

26આબ્નેરે યોઆબને બૂમ પાડીને કહ્યું, "શું આપણે હંમેશા
લડતા રહી અને એકબીજાને મારી નાખવાના છે? તમે જરુર
જાણો છો કે આનો અંત દુ:ખમાં જ આવશે આ લોકોને
પોતાના ભાઈઓનો પીછો છોડી દેવાનું કહે."

27યોઆબે કહ્યું, "દેવના સમ! જો તું કંઈ ન બોલ્યો હોત
તો આ લોકો હજીપણ સવારમાં તેઓના ભાઈઓનો પીછો
કરતા હોત." 28પછી યોઆબે રણશિંગડું વગાડયું, એટલે
આખું લશ્કર થંભી ગયું, અને ઈસ્રાએલીઓનો પીછો કરવો
છોડી દીધો ને લડવાનું બંધ કર્યું.

29તે રાત્રે આબ્નેર અને તેના માણસો યર્દન નદી ઓળંગીને
સવાર સુધી મુસાફરી કરીને માહનાઈમ પહોંચ્યા.

30યોઆબે આબ્નેરનો પીછો કરવો છોડીને પોતાના માણસો
ભેગા કર્યા તો ખબર પડી કે દાઉદના માણસોમાંથી અસાહેલ
ઉપરાંત બીજા ઓગણીસ ખૂટતાં હતાં. 31બિન્યામીનના
કુળસમૂહમાંથી આબ્નેરના 360 માણસોને દાઉદના
અમલદારોએ મારી નાંખ્યા હતાં. 32યોઆબ અને તેના
માણસો અસાહેલના શબને બેથલેહેમ લઈ ગયાં, અને તેના
પિતાની કબરમાં દફનાવ્યો.

તે પછી આખી રાત તેઓ ચાલ્યા અને તેઓ સવાર પડતાં
હેબ્રોન આવી પહોંચ્યા.

### ઈસ્રાએલ અને યહૂદા વચ્ચે યુદ્ધ

3 શાઉલ અને દાઉદના કુળ વચ્ચે લાંબો સમય યુદ્ધ
ચાલ્યું. દાઉદ વધુ અને વધુ બળવાન થતો ગયો, જયારે
શાઉલનું કુળ નબળામાં નબળું થતું ગયું.

### દાઉદના છ પુત્રો હેબ્રોનમાં જન્મ્યા

2હેબ્રોનમાં દાઉદને ત્યાં છ પુત્રોનો જન્મ થયો. તેનો
જયેષ્ઠ પુત્ર અમ્નોન હતો. દાઉદની પત્ની અહિનોમ જે
યિઝ્રએલની હતી તેને જન્મ આપ્યો હતો. 3બીજો પુત્ર
કિલઆબ હતો, જેની માતા કાર્મેલના નાબાલની વિધવા
અબીગાઈલ હતી. ત્રીજો પુત્ર આબ્શાલોમ હતો. તેની માતા
ગશુરના રાજા તલમાઈની પુત્રી માકાહ હતી. 4ચોથો પુત્ર
અદોનિયા હતો જેની માતા હાગિથ હતી અને પાંચમા પુત્ર
શફાટિયાની મા અબિટાલ હતી. 5છઠ્ઠા પુત્ર ઈથામની માતા
દાઉદની પત્ની એગલા હતી. આ બધા દાઉદને ત્યાં હેબ્રોનમાં
જન્મ્યાં હતાં.

### આબ્નેરનો દાઉદ સાથે ભળવાનો નિર્ણય

6આબ્નેર શાઉલની સેનામા વધારે બળવાન થતો ગયો,
જ્યારે શાઉલ અને દાઉદ એકબીજા સાથે લડતાં રહ્યાં.
7શાઉલની રિસ્પાહ નામની રખાત હતી જે એયાહની પુત્રી
હતી ઈશ્બોશેથે આબ્નેરને પૂછયું, "તું મારા પિતાની રખાત
સાથે કેમ સૂતો હતો?"

8આ સાંભળીને આબ્નેર બોલ્યો, "શું હું યહૂદાના કૂતરાનું
માંથુ છું?*' આજપર્યંત હું તારા પિતા શાઉલના કુટુંબને,
તેના ભાઈઓને મિત્રોને અને બીજાઓને વફાદાર રહ્યો છું.
અને મેં તને દાઉદના હાથમાં સોંપી દીધો નથી; અને છતાં
હવે તું આ સ્રી માટે થઈને મારા ઉપર ગુસ્સે થાય છે. 9યહોવાએ
પ્રતિજ્ઞા લઈને દાઉદના હક્કમાં જે કરવા વચન આપ્યું છે તે
જો હું પૂર્ણ ન કરું તો દેવ મને ભારે શિક્ષા કરો. 10શાઉલના
હાથમાંથી રાજ્ય લઈને દાનથી બેરશેબા સુધી ઈસ્રાએલ અને
યહૂદાના રાજા તરીકે દાઉદ સાથે હું રાજય સ્થાપીશ."

11ઈશ્બોશેથ એક અક્ષર પણ બોલી ન શકયો. કારણ, તે
આબ્નેરથી ખૂબ ગભરાતો હતો. 12પછી આબ્નેરે સંદેશવાહકને
દાઉદ પાસે મોકલ્યો અને કહેવડાવ્યું. "આ ધરતી કોની છે?
મારી સાથે કરાર કર, તો હું સર્વ ઈસ્રાએલીઓને તારી સત્તા
હેઠળ લાવવામાં મદદરૂપ થઈશ."

13દાઉદે કહ્યું, "એમ કરવામાં મને કોઈ સમસ્યા નથી. હું
તારી સાથે કરાર કરીશ, પણ એક શરતે કે , તું જ્યારે મને
મળવા આવે ત્યારે તારે મારી પત્ની શાઉલની પુત્રી મીખાલ
તારી સાથે આવે."

### દાઉદે પોતાની પત્ની મીખાલને પાછી મેળવી

14પછી દાઉદે તેના સંદેશવાહકો મારફત ઈશ્બોશેથ પર
આ સંદેશો મોકલ્યો, "મને મારી પત્ની મીખાલ પાછી સોંપી
દે. સો પલિસ્તીઓને મારીને હું તેને પરણ્યો હતો."*

15તેથી ઈશ્બોશેથ મીખાલને તેના પતિ લાઈશના પુત્ર
પાલ્ટીએલ પાસેથી લાવવા મોકલ્યા. 16પાલ્ટીએલ બાહુરીમ
સુધી તેની પાછળ રડતો રડતો આવ્યો, પણ આબ્નેરે તેને
કહ્યું, "ઘેર પાછો જા." એટલે તે પાછો ગયો.

### આબ્નેરે દાઉદને મદદ કરવાનું વચન આપ્યું

17તે સમય દરમ્યાન આબ્નેરે ઈસ્રાએલના આગેવાનો સાથે
વાટાઘાટ કરી હતી. "તમે કયારના દાઉદ તમારો રાજા થાય
તેમ ઈચ્છતા આવ્યા છો. 18તેથી અત્યારે તે કરવા માટે ખરો
સમય છે, કારણ કે, યહોવાએ દાઉદની વિષે કહેલું, કે, 'મારા
સેવક દાઉદ દ્વારા હું સર્વ ઈસ્રાએલીઓને પલિસ્તીઓ અને
તેમના બધા દુશ્મનોના હાથમાંથી છોડાવીશ.'"

19આબ્નેરે આ બધું દાઉદને અને બિન્યામીનના
કુળસમૂહના લોકોને હેબ્રોનમાં કહ્યું. તેણે જે કંઈ કહ્યું તે
ઈસ્રાએલીઓએ અને બિન્યામીનીઓએ માન્ય રાખ્યું.

20આબ્નેર 20 માણસો સાથે હેબ્રોન ગયો અને દાઉદે તે
બધાને આવકાર આપ્યો અને તેઓ માટે મિજલસ રાખી.

21પછી આબ્નેરે દાઉદ ને કહ્યું: "મને તુરંત જવા દો અને
બધા ઈસ્રાએલીઓને તમારી પાસે લાવવા દો, જેથી મારા

---

**શું હું ... માંથુ છું?** શબ્દશ: "હું યહૂદા માટે કામ કરનાર દેશદ્રોહી
નથી."

**સો ... હતો** શાબ્દિક રીતે, "મેં તેને 100 પલિસ્તીઓની ખરીદી
હતી." વાચે શમુએલ 1-18; 20-30, 25:44 પડે.

ધણી, મારા રાજા તમારી સાથે કરાર કરે અને તમારી ઈચ્છા
પ્રમાણે તમે સમગ્ર ઈસ્રાએલ પર રાજ કરશો." ત્યાર બાદ
દાઉદે આબ્નેરને જવા દીધો અને પોતે શાંતિથી ગયો.

## આબ્નેરનું મૃત્યુ

22તે સમય દરમ્યાન યોઆબ દાઉદના સૈન્ય સાથે પાછો
ફર્યો, તેઓએ કોઈ સ્થળે છાપો મારીને પુષ્કળ લૂંટ કરી
હતી. તે વખતે આબ્નેર હેબ્રોનમાં દાઉદ પાસે ન હતો.
કારણ કે, દાઉદે તેને સુરક્ષાની ખાતરી સાથે વિદાય કર્યો
હતો. 23જયારે યોઆબ પોતાની સાથેના માણસો સાથે આવી
પહોંચ્યો ત્યારે તેને જણાવવામાં આવ્યું કે, "આબ્નેર રાજા
પાસે આવ્યો હતો છતાં તમે તેને સુરક્ષાની ખાતરી સાથે
પાછો વિદાય કર્યો છે."

24આથી યોઆબે રાજાની પાસે જઈને કહ્યું, "તમે આ શું
કર્યુ! આબ્નેર તમારી પાસે આવ્યો હતો છતાં તમે તેને સુરક્ષા
સાથે પાછો વિદાય શા માટે કર્યો? તમે આબ્નેરને નથી
ઓળખતાં? 25તમે નેર ના પુત્ર આબ્નેર ને જાણો છો! એ
તમને છેતરવા અને તમારી બધી હિલચાલની જાસૂસી કરવા
આવ્યો છે."

26દાઉદ પાસેથી પાછા આવીને યોઆબે આબ્નેરને
સંદેશવાહક મોકલ્યો. સીરાહના કૂવા પાસે તેઓ તેને મળ્યા
અને ત્યાંથી પાછો લઈ આવ્યાં. પણ દાઉદને એની કશી
ખબર નહોતી. 27આબ્નેર હેબ્રોન પહોંચ્યો અને જ્યારે તે
નગરના દરવાજા પાસે પહોચ્યો તે વખતે યોઆબ તેની સાથે
જાણે ખાનગીમાં વાત કરવાનો દેખાવ કરીને તેને એક બાજુ
લઈ ગયો અને તેનો છરો કાઢયો અને પેટમાં ભોંકી અને
તેને મારી નાંખ્યો. યોઆબે તેને માર્યો કારણકે આબ્નેરે તેના
ભાઈ અસાહેલ ને મારી નાખ્યો હતો.

## આબ્નેર માટે દાઉદ રડ્યો

28દાઉદ આ સમાચાર સાંભળીને બોલી ઊઠયો. "નેરના
પુત્ર આબ્નેરના ખૂન વિષે હું તથા મારું રાજય નિર્દોષ છીએ;
યહોવા આ જાણે છે. 29તે માટે યોઆબ અને તેનું કુટુંબ
દોષિત છે, જે માટે તેનાં સંતાનોને ઘાતકી રોગ થશે. અથવા
રકતપિત્તના ભોગ બનશે અથવા અપંગ થશે અથવા
ભૂખમરાથી મૃત્યુ પામશે કે પછી તલવારના ઘાથી મૃત્યુ
પામશે!"

30આમ, યોઆબ અને તેના ભાઈ અબિસાઈએ આબ્નેરને
મારી નાખ્યો, કારણ, તેણે ગિબયોનના યુદ્ધમાં તેમના ભાઈ
અસાહેલને મારી નાખ્યો હતો.

31પછી દાઉદે યોઆબ તથા તેની સાથેના સૌ કોઈને કહ્યું,
"આબ્નેરને માટે શોકમાં તમારાં કપડાં ફાડી નાખો, શરીર
પર કંતાન વીંટાળો અને ઘણું આક્રંદ કરો." 32દાઉદ પોતે
જનાજાની પાછળ જયાં આબ્નેરને હેબ્રોનમાં દફનાવવામાં
આવ્યો ત્યાં ગયો, અને તેની કબર આગળ પોક મૂકીને રડયો,
અને તેની સાથે બધા લોકોએ આક્રંદ કર્યો.

33દાઉદે આ મરસિયો ગાયો આબ્નેરના જનાજાની આગળ;
"આબ્નેર શું એક દુષ્ટ અપરાધી ની જેમ મર્યો?

34તારા હાથ બાંધવામાં આવ્યા નહોતાં, તારા પગમાં
બેડીઓ નંખાઈ નહોતી; કોઈ ખૂનીને હાથે મરે તેમ તું
મર્યો; દુષ્ટજનોના કપટનો તું ભોગ બન્યો."

અને આમ ફરીવાર બધા લોકોએ આક્રંદ કર્યો. 35તે દિવસે
દાઉદે કંઈજ ખાધું નહીં, લોકોએ તેમને ખાવા માટે વિનંતી
કરી પરંતુ દાઉદે એક ખાસ સમ લીધા, "જો હું સૂર્યાસ્ત
પહેલા રોટલી કે કાંઈપણ ખાઉં તો દેવ મને સજા કરે અને
ઘણા દુ:ખ આપે." 36દાઉદનું વર્તન જોઈ લોકો ખૂબ રાજી
થયા. કેમકે તેમને લાગ્યું કે દાઉદે સાચું કર્યુ હતું. 37તે દિવસે
યહૂદાના લોકો અને ઈસ્રાએલના બધા લોકો સમજી શકયા
કે નેરના પુત્ર આબ્નેરના ખૂન માટે રાજાને દોષ આપવો ન
જોઈએ કારણકે તેણે આબ્નેરને મારવા હૂકમ કર્યો ન હતો.

38દાઉદે પોતાના માણસોને કહ્યું, "તમે જાણો છો કે આજે
ઈસ્રાએલમાં એક મહાન નેતા મૃત્યુ પામ્યો છે. 39અને આજે
હું રાજા તરીકે અભિષિકત થયો હતો. સરુયાના આ પુત્રોએ
મને ઘણી પીડા પહોચાડી છે, દેવ તેઓને લાયક સજા કરે!"

## શાઉલના પરિવાર ઉપર મુશ્કેલીઓ

4 જયારે શાઉલના પુત્ર ઈશ્બોશેથે સાંભળ્યું કે આબ્નેરને
હેબ્રોનમાં મારી નાખવામાં આવ્યો છે, ત્યારે તે ઘણો
ગભરાઈ ગયો અને આખું ઈસ્રાએલ ભયથી ધ્રૂજી ઊઠયું.
2બે પુરુષો, લશ્કરના સેનાપતિ, શાઉલના પુત્ર ઈશ્બોશેથને
મળવા ગયા. તેઓના નામ રેકાબ અને બાનાહ હતા.
બએરોથના રિમ્મોનના પુત્રો હતા, તેઓ બિન્યામીનો હતા
કેમકે બએરોથ બિન્યામીનના કુળસમૂહનું હતું. ઈસ્રાએલના
સૈન્યની જવાબદારી સોંપીને આગેવાન બનાવ્યા, તેઓ
બિન્યામીનના બએરોથ નગરના વતની અને રિમ્મોનના
પુત્રો હતા, અને બિન્યામીન કુળસમૂહના હતા, બએરોથ
બિન્યામીનનો ભાગ ગણાય છે. 3બએરોથના મૂળ વતનીઓ
ગિતાઈમ ભાગી ગયા હતા અને ત્યારથી તેઓ ત્યાં જ રહેતા
આવ્યા છે. 4શાઉલના પુત્ર યોનાથાન, યોનાથાનનો પુત્ર
મફીબોશેથ લંગડો હતો. યુદ્ધમાં જ્યારે શાઉલ અને યોનાથાન
મરી ગયા તે સમયે તે પાંચ વરસનો હતો. જ્યારે યિઝ્રએલથી
શાઉલ અને યોનાથાનના મૃત્યુના સમાચાર તેની આયાને
મળ્યા ત્યારે ઉતાવળે તેને ઉપાડીને ભાગી નીકળી હતી,
પરંતુ ભાગતી વખતે અકસ્માતથી તેનાથી છોકરો પડી ગયો
અને બન્ને પગે લંગડો થઈ ગયો.

5બએરોથી રેખાબના પુત્રો રિમોન અને બાનાહ શાઉલના
પુત્ર ઈશ્બોશેથને ઘેર બપોરના ગયા. ઈશ્બોશેથ બહુ ગરમી
ને કારણે આરામ કરતો હતો. 6રેખાબ અને બાના ઘઉં લેવાને
બહાને અંદર ગયા, ઈશ્બોશેથ તેના શયનખંડમાં પલંગ પર
સુતો હતો. 7તેઓએ તેને છરો ભોંકી મારી નાંખ્યો પછી તેનુ
માંથુ કાપી નાખ્યું અને ઘરથી નાસી જતી વખતે તેને સાથે
લઈને ગયા. તેઓએ આખી રાત અરાવાહ સપાટ ભૂમિ પર
પ્રવાસ કર્યો અને હેબ્રોન પહોચ્યા.

8પછી રાજા દાઉદ ને મળવા ગયા અને તેની સમક્ષ ઈશ્બોશેથનું મસ્તક રજૂ કરીને કહ્યું, "જુઓ ! તમને મારી નાખવાનો પ્રયત્ન કરનાર તમારા દુશ્મન શાઉલના પુત્ર ઈશ્બોશેથનું આ મસ્તક તમારે માટે લાવ્યાં છીએ. આજે યહોવાએ મારા પ્રભુ રાજાનું વેર શાઉલ અને તેના કુળ ઉપર વાળ્યું છે."

9દાઉદે રિમોનના પુત્રોને રેખાબ અને તેના ભાઈ બાનાહને ઉત્તર આપ્યો, "મને તમામ સંકટોમાંથી ઉગારનાર યહોવાના સમ ખાઈને હું કહું છું. 10જે માણસ મને શાઉલના મૃત્યુના સમાચાર આપવા આવ્યો હતો તે પોતે સમજતો હતો કે તે મારા માટે સારા સમાચાર લાવ્યો છે અને હું તેને ઈનામ આપીશ. પણ મે તેને પકડીને સિકલાગમા મારી નાખ્યો. 11તેથી હવે મારે તમને બન્ને દુષ્ટોને મારી નાખવા જોઈએ, કેમકે તમે એક નિર્દોષ માણસને એના શયનખંડમા પથારી પર મારી નાખ્યો છે. હવે હું તેનુ લોહી તમારા હાથોમાંથી માંગું છું અને હું તમને ધરતી પરથી રવાના કરીશ!

12દાઉદે પોતાના યુવાનોને હુકમ કર્યો, એટલે તેમણે રેખાબ અને બાનાહને મારી નાખ્યા. અને તેમના હાથપગ કાપી નાખીને હેબ્રોનના તળાવ પાસે લટકાવ્યા. તેમણે હેબ્રોનમાં આવેલી આબ્નેરની કબરમાં ઈશ્બોશેથનું માથું દાટી દીધું.

### ઈસ્રાએલીઓએ દાઉદને રાજા બનાવ્યો

5 પછી ઈસ્રાએલના સર્વ કુળસમૂહો દાઉદ ને મળવા હેબ્રોનમાં આવ્યા, તેઓએ તેમને કહ્યું, "અમે તમારા સગા ભાઈઓ છીએ. અમે તમારા રકતમાંસ છીએ. 2ભૂતકાળમાં જયારે અમારો રાજા શાઉલ હતો ત્યારે પણ યુદ્ધમાં તમેજ ઈસ્રાએલી સૈન્યની આગેવાની લેતા હતા, અને યહોવાએ તમને કહ્યું કે, 'મારી પ્રજા ઈસ્રાએલની સારસંભાળ લેનાર માણસ તું જ છે, તું જ તેમનો શાસનકર્તા થનાર છે.'"

3તેથી ઈસ્રાએલના આગેવાનોએ દાઉદ સાથે હેબ્રોનમાં યહોવાની સમક્ષ કરાર કર્યો અને દાઉદ ઈસ્રાએલીઓના રાજા તરીકે અભિષિક્ત થયો.

4દાઉદ રાજગાદી પર બેઠો ત્યારે તેની ઉંમર 30 વર્ષની હતી. તેણે 40 વરસ રાજય કર્યુ. 5તે હેબ્રોનમાં રહ્યો અને યહૂદાના લોકો ઉપર સાડા સાત વર્ષ રાજય કર્યુ. ત્યારબાદ તેણે યરૂશાલેમમાં રહીને સમગ્ર ઈસ્રાએલ અને યહૂદાના લોકો ઉપર 33 વર્ષ રાજય કર્યું.

### દાઉદે યરૂશાલેમ શહેરને જીત્યું

6ત્યાર પછી દાઉદ પોતાનું સૈન્ય લઈને યરૂશાલેમ ગયો અને ત્યાં યબૂસીઓ સાથે યુદ્ધમાં લડ્યો. યબૂસીઓએ દાઉદને કહ્યું, "તું અમારા શહેરમાં આવી શકશે નહિ. અમારા આંધળા અને લંગડા લોકો સુદ્ધાં તને રોકી શકશે." તેઓ માનતા હતા કે દાઉદ તેઓના નગરમાં દાખલ થઈ શકશે નહીં. 7પરંતુ દાઉદે તો સિયોનનો ગઢ કબજે કર્યો, જે પછીથી દાઉદનું નગર બની ગયું.

8તે દિવસે દાઉદે તેના સૈન્યના માણસોને કહ્યું, "પાણીના વહેળા વચ્ચે થઈને જાઓ અને આંધળા તથા લંગડા શત્રુઓ સુધી પહોચો."

આથી લોકો કહે છે કે, "આંધળા અને લંગડા ઘરમાં પ્રવેશી શકશે નહિ."

9દાઉદ ગઢમાં રહેતો અને તેનું નામ "દાઉદનગર" પાડયું. ત્યાર બાદ તેણે મિલ્લો બાંધ્યો અને નગરની અંદર બીજા મકાનો બાંધ્યા. 10આ રીતે દાઉદ બળવાન અને વધુ બળવાન થતો ગયો, કારણ, સર્વસમર્થ દેવ યહોવા તેની સાથે હતા અને તેને મદદ કરી.

11તૂરના રાજા હીરામે કાસદો, સુથારો, પથ્થરકામ કરનારા અને દેવદાર કાષ્ટના, દાઉદને માટે તેનો મહેલ બાંધવા મોકલ્યા. 12દાઉદને પ્રતીતિ થઈ: "કે દેવે તેને રાજા બનાવ્યો છે અને તેના રાજયને ઈસ્રાએલને માટે પદ ગૌરવ તેના લોકો માટે વધારી આપ્યું હતું."

13હેબ્રોનથી આવ્યા પછી દાઉદે યરૂશાલેમમાંથી વધારે પત્નીઓ તથા ઉપપત્નીઓ કરી અને તેને અનેક દીકરા તથા દીકરીઓ થયાં. 14યરૂશાલેમમાં જન્મેલાં તેનાં સંતાનોનાં નામ નીચે પ્રમાણે છે; શમ્મુઆ, શોબાબ, નાથાન, સુલેમાન, 15યિબ્હાર, એલીશૂઆ, નેફેગ, યાફીયા, 16એલીશામા, એલ્યાદા અને અલીફેલટ.

### દાઉદ પલિસ્તીઓ વિરુદ્ધ યુદ્ધમાં ગયો

17પલિસ્તીઓએ સાંભળ્યું કે દાઉદ સમગ્ર ઈસ્રાએલીઓનો રાજ્યકર્તા બન્યો છે; તેઓ સાથે ભેગા થઈને દાઉદને મારી નાખવા તેની શોધખોળ કરવા નીકળી પડયા, દાઉદે આ સાંભળ્યું અને યરૂશાલેમના કિલ્લામાં ચાલ્યો ગયો. 18પલિસ્તીઓ આવી પહોંચ્યા અને રફાઈમની ખીણમાં ફેલાઈ ગયા.

19દાઉદે યહોવાને સવાલ કર્યો, "શું હું પલિસ્તીઓ પર હુમલો કરું? તમે મને તેમને મારા હાથમાં સુપ્રત કરશો?"

યહોવાએ જવાબ આપ્યો, "હુમલો કર. હું તેઓને તારા હાથમાં જરૂર સુપ્રત કરીશ."

20તેથી દાઉદે બઆલ-પરાસીમમાં તેઓને હરાવ્યા. દાઉદે કહ્યું, "જેમ તૂટેલા બંધમાંથી પાણીના પૂરની જેમ યહોવાએ મારા શત્રુઓમાં ભંગાણ પાડયું છે. તેથી એ જગ્યાનું નામ "બઆલ-પરાસીમ" રાખવામાં આવ્યું છે. 21પલિસ્તીઓ પોતાના દેવની મૂર્તિઓ બઆલ-પરાસીમમાં મૂકીને ભાગી ગયા હતા. દાઉદ અને તેના સૈનિકોએ તેઓની મૂર્તિઓ કબજે કરી હતી.

22પલિસ્તીઓએ ફરીવાર હુમલો કરીને રફાઈમની ખીણ કબજે કરી ત્યાં છાવણી નાખી.

23દાઉદે ફરીથી યહોવાને પૂછયું એટલે તેમણે જવાબ આપ્યો, "તેમના ઉપર સામેથી હુમલો કરીશ નહિ, તું ચકરાવો માર્યા પછી તેમના ઉપર પાછળથી શેતુરની ઝાડી નજીક હુમલો કરજે. 24જયારે તું ઝાડની ટોચ ઉપરથી યુદ્ધમાં કૂચ કરવા જતો હોય તેવો પલિસ્તીઓનો અવાજ સાંભળે ત્યારે

આગળ વધજે, કારણ કે, યહોવા તારી આગળ હશે અને પલિસ્તીઓની સેના તેનાથી હારી જશે."

25દાઉદે યહોવાની સૂચના પ્રમાણે કર્યુ અને પલિસ્તીઓને ગેબાથી છેક ગેઝર સુધી મારી હટાવ્યા.

## દેવનો પવિત્ર કોશ યેરૂશાલેમમાં ખસેડાયો

6 દાઉદે ફરીથી ઈસ્રાએલમાં આશરે 30,000 માણસોનું લશ્કર બનાવવા માટે સર્વમાં સારામાં સારા સૈનિકોને એકઠાં કર્યા. 2પછી દાઉદ અને તેના માણસો દેવનો કરારકોશ ત્યાંથી લઈ આવી યરૂશાલેમ ફેરવવાં માટે યહૂદામાં આવેલા 'બાલા' મુકામે ગયો દેવનો પવિત્ર કોશ દેવના સિંહાસન જેવો છે. તેની ઉપર કરૂબ દેવદૂતોની પ્રતિમા છે અને યહોવા આ દેવદૂતો પર રાજાની જેમ બેસે છે. 3દાઉદના માણસોએ ટેકરી પર આવેલા અબીનાદાબના ઘરમાંથી દેવનો પવિત્રકોશ લઈને નવા ગાડામાં મૂક્યો. અબિનાદાબના પુત્રો ઉઝ્ઝાહ અને અહિયો ગાડાને હાંકતા હતા.

4આમ તેઓએ ટેકરી પરના અબીનાદાબના ઘરમાંથી દેવનો પવિત્રકોશ બહાર કાઢી લીધો ઉઝ્ઝાહ ગાડામાં પવિત્રકોશ સાથે હતો અને આહિયો ગાડાની આગળ ચાલતો હતો. 5દાઉદ અને સર્વ ઈસ્રાએલીઓ યહોવા સમક્ષ વીણા, સારંગી, સિતાર, ડફ, કરતાલ, ઝાંઝ તથા સર્વ પ્રકારના સંગીતનાં સાધનો વગાડતાં વગાડતાં નાચતા ગાતા હતા.

6જયારે તેઓ નાખોનના ખળા આગળ આવ્યા ત્યારે બળદો ગબડી પડ્યાં અને દેવનો પવિત્રકોશ ગાડામાંથી પડવાનોજ હતો ત્યાં ઉઝ્ઝાહએ પોતાનો હાથ લાંબો કરી કરારકોશ પકડી લીધો. 7આથી યહોવા ઉઝ્ઝાહ પર ગુસ્સે થયા કેમકે તેણે પવિત્રકોશને અડીને દેવનું અપમાન કર્યુ હતું તેથી ઉઝ્ઝાહને યહોવાએ મારી નાખ્યો અને તે કરારકોશની બાજુમાં મરી ગયો. 8યહોવાએ જે કર્યું તેને કારણે દાઉદ નારાજ થયો. તેણે તે સ્થળનું નામ "પેરેસ-ઉઝ્ઝા" (ઊઝ્ઝા પર આવેલો કોપ) પાડયું. આજે પણ તે સ્થળ એ જ નામથી ઓળખાય છે.

9તે દિવસે દાઉદને યહોવાનો ભય લાગ્યો અને તે બોલ્યો, "પવિત્રકોશને હું અહીંયા કેવી રીતે લાવી શકીશ?" 10આથી તેણે પવિત્ર કોશને દાઉદનગરમાં નહિ લઈ જવાનો નિર્ણય કર્યો, અને તે તેને ગાથનગરમાં ઓબેદ-અદોમ નામની વ્યક્તિને ઘેર રાખ્યો. 11ત્રણ માસ સુધી પવિત્રકોશ ઓબેદ-અદોમને ઘેર રહ્યો અને યહોવાએ ઓબેદ-અદોમના કુટુંબને આશીર્વાદ આપ્યા. 12જયારે દાઉદને આ સમાચાર મળ્યા કે "દેવે ઓબેદ-અદોમને તેના કુટુંબને અને તેની માલિકીની દરેક વસ્તુને આશીર્વાદ આપ્યાં ત્યારે તે આનંદ પામ્યો અને ખુશીથી કોશને ઓબેદ-અદોમના ઘરમાંથી દાઉદનગર લઈ આવ્યો. 13જયારે યહોવાના પવિત્રકોશને ઉપાડનારા માણસો છ ડગલાં આગળ ચાલ્યા એટલે દાઉદે એક બળદ અને એક પુષ્ટ વાછરડાને ભોગ તરીકે અર્પણ કર્યો. 14દાઉદ અળસીના કપડાનું એફોદ પહેરી ને ખૂબ આનંદથી યહોવા સમક્ષ નાચતો હતો.

15દાઉદ અને બધા ઈસ્રાએલીઓ સાથે હર્ષથી નાચતા હતા અને રણશિંગા વગાડતા, ગાતા અને નાચતા પવિત્રકોશને નગરમાં લઈ આવ્યાં. 16પરંતુ જ્યારે યહોવાનો પવિત્રકોશ દાઉદનગરમાં દાખલ થતો હતો ત્યારે શાઉલની દીકરી મીખાલે એક બારીમાંથી જોયું તો રાજા દાઉદ પવિત્રકોશ સમક્ષ નાચતો હતો; તે તેને ગમ્યું નહી અને તેના હૃદયમાં દાઉદ પ્રત્યે ધૃણા પેદા થઈ.

17પવિત્રકોશને દાઉદે તૈયાર કરેલા ખાસ મંડપમાં મૂકવામાં આવ્યો, અને દાઉદે યહોવાને દહનાર્પણો અને શાંત્યાર્પણો અર્પણ કર્યા. 18પછી તેણે સર્વસમર્થ યહોવાના નામમાં સર્વ લોકોને આશીર્વાદ આપ્યો. 19અને ત્યારબાદ તેણે બધા લોકોને પ્રસાદ આપ્યો; તેણે પ્રત્યેક ઈસ્રાએલી સ્રી-પુરુષને એક-એક રોટલી, થોડું ખજૂર અને થોડું શેકેલું માસ તથા સૂકી દ્રાક્ષાની બાટી વહેંચી આપ્યાં. આ બધું પૂરું થયા પછી બધા પોતપોતાને ઘેર ગયા.

## મીખાલે દાઉદને ઠપકો આપ્યો

20જયારે દાઉદ પોતાનાં કુટુંબીજનોને આશીર્વાદ આપવા પોતાને ઘેર પાછો આવ્યો ત્યારે શાઉલની દીકરી મીખાલ તેને મળવા સામે આવી, અને બોલી, "ઈસ્રાએલનો રાજા આજે તમે જેમ કોઈ મૂર્ખ પોતાના વસ્ત્રો કાઢી નાખે તેમ તમે તમારી દાસીઓની સામે આજે નર્વસ્ત્રા થઈને કેટલા ઉમદા દેખાતાં હતાં."

21દાઉદે મીખાલને કહ્યું, "હું યહોવાની સમક્ષ નાચતો હતો. તેમણે મને પસંદ કર્યો તારા પિતા અને તારા કુટુંબના માણસોને નહીં. અને યહોવાએ સમગ્ર ઈસ્રાએલીઓની સામે મને તેઓનો આગેવાન બનાવ્યો. તેથી તેમની આગળ હું મારો આનંદ દર્શાવતો હતો અને તેમની સામે નાચતો હતો. 22અને એટલું જ નહિ હું હજી પણ નમ્ર બની મારી જાતને હજી વધારે નમાવીશ તું કદાચ મને માન નહીં આપે. પરંતુ તું જે દાસીઓ વિષે વાત કરે છે તેઓ સર્વથા મને માન આપશે."

23શાઉલની પુત્રી મીખાલ મરતાં સુધી નિ:સંતાન જ રહી.

## દાઉદે મંદિર બાંધવા માગ્યું

7 રાજા પોતાના મહેલમાં સ્થાયી થયા અને યહોવાએ તેને ચારે બાજુના શત્રુઓથી સુરક્ષા આપી. 2રાજાએ પ્રબોધક નાથાનને કહ્યું, "હું અહીં સુંદર મહેલમાં રહું છું અને યહોવાનો પવિત્રકોશ મંડપમાં છે."

3ત્યારે નાથાને રાજાને કહ્યું, "ઠીક, આપના મનમાં જે હોય તે પ્રમાણે કરો. કારણ, યહોવા આપની સાથે છે."

4પરંતુ તે જ રાત્રે નાથાનને યહોવાની વાણી સંભળાઈ કે, 5"તું જઈને મારા સેવક દાઉદને કહે કે, 'આ યહોવાનાં વચન છે: મારા માટે મંદિર બાંધનાર તું એકજ નથી. 6કારણ, હું ઈસ્રાએલીઓને મિસરમાંથી લઈ આવ્યો ત્યારથી આજ સુધી હું કદી કોઈ મકાનમાં રહ્યો નથી, હું તંબૂમાં જ ફરતો રહ્યો છું. 7ઈસ્રાએલીઓ સાથેના મારા પ્રવાસ દરમ્યાન મેં કદી

ઈસ્રાએલની કોઈપણ જાતિને કે જેને મેં મારા ઈસ્રાએલના લોકો પર નિયંત્રણ કરવાનો હૂકમ કર્યો હતો કે, 'તમે મારે માટે દેવદારના લાકડાનું મંદિર બંધાવો?'

8"તો તારે મારા સેવક દાઉદને એમ કહેવું પડશે કે, 'સર્વસમર્થ યહોવાનાં આ વચન છે; તું જ્યારે બહાર ચરાણમાં ઘેટાંઓનું ધ્યાન રાખતો હતો. ત્યારે હું તને લઈ આવ્યો અને તને મારી ઈસ્રાએલ પ્રજાનો આગેવાન મેં બનાવ્યો. 9તું જયાં જયાં ગયો ત્યાં ત્યાં હું તારી સાથે રહ્યો છું. અને તારી આગળના બધા દુશ્મનોનો મેં નાશ કર્યો છે. હું તને પૃથ્વીના મહાપુરુષોના જેવો વિખ્યાત બનાવીશ. 10-11મેં મારી ઈસ્રાએલી પ્રજા માટે એક જગ્યા પસંદ કરી છે. હું ત્યાં તેઓને વસાવીશ. તે તેઓનું પોતાનું સ્થાન બનશે. અને કોઈ તેઓને ત્યાંથી દૂર કરશે નહિ. મેં એમના માર્ગદર્શન કરવા ન્યાયાધીશો નીમ્યા ત્યારથી આજ સુધી દુષ્ટ લોકો તેમને રંજાડતા આવ્યા છે; પણ હવે એમ નહિ થાય. સર્વ શત્રુઓ તરફથી હું તને શાંતિ આપીશ. યહોવા પોતે તને કહે છે કે તે તારા માટે તારું કુટુંબ સ્થાપન કરશે.

12"તું મૃત્યુ પામીશ ત્યારે તને તારા પૂર્વજો સાથે દફનાવવામાં આવશે. હું તારા પુત્રોમાંના એકને તારા રાજયાસન ઉપર બેસાડીશ. 13મારા માટે તે સુંદર મંદિર બાંધશે અને હું તેના રાજયાસનને સદાને માટે સ્થાપન કરીશ. 14હું તેનો પિતા થઈશ અને તે મારો પુત્ર થશે. અને તે જે કંઈપણ ખોટું કરશે તો હું તેને બાપની જેમ સજા કરીશ, તેને સજા કરવા હું બીજા લોકોનો ઉપયોગ કરીશ, તેઓ મારા ચાબખા બનશે. છતાં 15તારા પુરોગામી શાઉલ ઉપરથી મેં મારો પ્રેમ અને કૃપા લઈ લીધાં તેમ હું તેના ઉપરથી મારી કૃપાદ્રષ્ટિ ઉઠાવી લઈશ નહિ. 16તારું કુળ અને તારું રાજય મારી નજર સમક્ષ કાયમ રહેશે અને તારી રાજગાદી સદાકાળ રહેશે."

17નાથાને દાઉદને તેને યહોવાએ સંદર્શનમાં જે કાંઈ કહ્યું હતું તે સર્વ તેને કહી સંભળાવ્યું.

## દાઉદની દેવને પ્રાર્થના

18ત્યાર બાદ દાઉદે મુલાકાતમંડપમાં યહોવાની સમક્ષ બેસીને પ્રાર્થના કરી, "હે યહોવા દેવ, મારા જેવા તુચ્છ માણસ ઉપર તમે શા માટે તમારા આશીર્વાદોની વૃષ્ટિ કરી છે? 19અને તેમ છતાં પણ આ આશીર્વાદ પૂરતા ના હોય તેમ તમે મારા કુળને ભવિષ્ય માટે પણ આશીર્વાદ આપ્યા છે, ઓ યહોવા મારા માલિક, તમે હંમેશા લોકો સાથે આ પ્રમાણે વ્યવહાર કરતાં નથી. શું તમે, કરો છો? 20અને હવે હું બીજું કહું પણ શું? હું કેવો છું, તે તમે કયા નથી જાણતા. તમે તમારા સેવકને બરાબર ઓળખો છો. 21તમે આ બધી અદ્ભૂત ચીજો કરો છો કારણકે તમે કહ્યું તમે તે કરશો કારણકે એમ કરવાની તમારી ઈચ્છા હશે. આ બાબત મને તમારા સેવકને જણાવવાનો તમે કર્યો હતો. 22ઓ યહોવા દેવ તમે મહાન છો, અમે જે સાંભળ્યું છે તે પ્રમાણે તમેજ એક માત્ર દેવ છો અને તમારા વિના અન્ય કોઈ દેવ નથી.

23"આ પૃથ્વી ઉપર તમારી ઈસ્રાએલી પ્રજા જેવા બીજા લોકો છે જેમને તમે ગુલામીમાંથી મુકિત અપાવી અને તમારા પોતાના લોકો બનાવ્યા? તમે મિસરમાં અમને ગુલામીમાંથી મુકત કર્યા. તમે અમને બીજા દેશો અને તેઓના દેવોમાંથી છોડાવ્યા તમે મહાન અને અદ્ભૂત કાર્યો તમારી પ્રજા અને ઈસ્રાએલ માટે કર્યા. 24તમે તમારા લોકો ઈસ્રાએલીઓને તમારા પોતાના ગણ્યા અને સદાને માટે તમારા પોતાના બનાવી અપનાવી લીધા છે, અને ઓ યહોવા, તમે પોતે તેઓના દેવ બન્યા છો.

25"પણ હવે, ઓ યહોવા દેવ! તમે તમારા સેવકને માટે અને ફકત એને માટે નહી પણ તેના ભવિષ્યના વંશજો માટે પણ વચન આપ્યું છે તો, હવે મહેરબાની કરી, તમે વચન આપેલ બાબતો પૂર્ણ કરો; મારા કુળને રાજાનુંકુળ સદા માટે બનાવો. 26જેથી સદાકાળ તમારા નામનો મહિમા થાય, અને લોકો કહેશે કે, 'સર્વસમર્થ યહોવા દેવ ઈસ્રાએલ પર રાજ્ય કરે છે!" આમ તમારી સમક્ષ તમારા સેવક દાઉદનું કુળ સદા સ્થિર સ્થાવર સ્થાપિત રહે.'

27"ઓ સર્વસમર્થ યહોવા ઈસ્રાએલના દેવ તમે આ બાબતો મારી સામે પ્રગટ કરી, તમે કહ્યું: 'હું તારા કુળને મહાન બનાવીશ,' તેથી હવે હું તમારો સેવક તમારી આગળ આ પ્રાર્થનાની અભ્યર્થના કરું છું. 28ઓ સર્વસમર્થ યહોવા, તમેજ દેવ છો અને તમારાં વચનો સત્ય છે. તમે આ સર્વ આશીર્વાદોનું વચન મને આપ્યું છે. 29કૃપા કરીને તમારા સેવકના કુળને તમારી સમક્ષ સદા રહેવા માટે આશીર્વાદ આપો, કારણકે તમે મારા દેવે આમ કહ્યું હતું, તમે મારા કુળને યુગો પર્યંત કાયમ રહે એવા આશીર્વાદ આપ્યા છે."

## દાઉદ અનેક યુદ્ધો જીતે છે

8 ત્યારબાદ દાઉદે પલિસ્તીઓને હરાવ્યાં,તેણે તેઓના દેશને અને તેઓની રાજધાની નગરના મોટા વિસ્તારને કબજે કરી લીધો. 2તેણે મોઆબીઓને પણ હરાવ્યાં અને તેમને જમીન પર સુવાડી દીધા અને દોરડાથી હારબંધ તેઓને છૂટા પાડ્યા. બે હારના માણસો માર્યા પરંતુ ત્રીજા હારના માણસો જીવતા રહ્યાં. આમ મોઆબીઓ તેના તાબેદાર બન્યા તેઓ તેને માટે કામ કરવા લાગ્યાં.

3રાહોબના પુત્ર સોબાના રાજા હદાદેઝેરને દાઉદે હરાવ્યો, જ્યારે દાઉદ યુફ્રેતિસ નદી પાસેના વિસ્તારને અંકુશમાં રાખવા ગયો હતો. 4દાઉદે તેની પાસેથી 1,700 ઘોડેસ્વાર સૈનિકો અને 20,000 પાયદળના સૈનિકોને કબજે કર્યા. દાઉદે 100 ઘોડાઓ રાખ્યા અને બાકીનાને લંગડા કરી દીધા. *

5દમસ્કસના અરામીઓ સોબાના રાજા હદાદેઝેરની મદદ કરવા આવ્યા પરંતુ દાઉદે 22,000 અરામીઓને હરાવ્યા. 6દાઉદે દમસ્કસમાં સૈન્ય રાખ્યું અને અરામીઓ. દાઉદના સેવકો

**દાઉદ ... કરી દીધા** દાઉદે બાકીના રથ ઘોડાઓને લંગડા કર્યા અથવા તો એમ કહી શકાય કે માત્ર 100 સિવાય બાકીના બધા રથ ઘોડાઓનો નાશ કર્યો.

બની ગયા અને ખંડણી ભરવા લાગ્યા. આમ, દાઉદ જયાં
જયાં ગયો ત્યાં યહોવાએ તેને વિજય અપાવ્યો.
7હદાદેઝરના સેવકો જે સોનાની ઢાલ રાખતા હતા તે
પડાવી લઈ દાઉદ યરૂશાલેમ લઈ આવ્યો. 8પછી દાઉદે
ટેબાહ અને બરોથાયથી પિત્તળમાંથી બનાવેલી ઘણી વસ્તુઓ
લીધી આ નગરો હદાદેઝેરની માલિકીની હતી.
9જયારે હમાથના રાજા તોઈને ખબર મળી કે દાઉદે
હદાદેઝેરના આખા લશ્કરને હરાવ્યું છે. 10એટલે તેણે પોતાના
પુત્ર યોરામને રાજા દાઉદને હદાદેઝેર પર વિજય મેળવવા
માટે અને તેના લશ્કરને પરાજય આપવા બદલ અભિનંદન
આપવા મોકલ્યો; હદાદેઝરને તોઈની સાથે હંમેશા યુદ્ધ ચાલ્યા
કરતાં હતાં. યોરામ પોતાની સાથે સોના અને ચાંદીથી બનેલી
વસ્તુઓ અને પિત્તળનાં વાસણો લઈ ગયો હતો. 11દાઉદે
આ બધી વસ્તુઓ લીધી અને યહોવાને અર્પણ કરી અને
બધું યહોવાના મંદિરમાં સેવા માટે અર્પણ કર્યુ આ બધી
વસ્તુઓ દાઉદે તેણે હરાવેલા દેશોમાંથી લીધી હતી. 12દાઉદે
અરામીઓ, મોઆબીઓ, આમ્મોનીઓ, પલિસ્તિો, અને
અમાલેકીઓ તથા સોબાહના રાજા હદાદેઝેર રાહોબના પુત્રને
હરાવ્યાં હતાં. 13વળી, દાઉદે મીઠાની ખીણમાં જ 18,000
અરામીઓને હરાવીને ભારે નામના મેળવી, 14અને દાઉદે
સમગ્ર અદોમ પ્રદેશમાં સૈનિકોના સમૂહની નિમણૂક કરી.
બધા અદોમીઓ દાઉદના ગુલામ થઈ ગયા. યહોવાએ દાઉદને
સર્વત્ર વિજય અપાવ્યો.

### દાઉદનું શાસન

15દાઉદે સમગ્ર ઈસ્રાએલ પર રાજય સ્થાપ્યું અને પોતાની
બધી પ્રજા ઉપર ધર્મ અને ન્યાયપૂર્વક શાસન કર્યુ. 16સરુયાનો
પુત્ર યોઆબ તેના લશ્કરનો સેનાપતિ હતો. અહિલુદનો
પુત્ર યહોશાફાટ તેનો ઈતિહાસકાર હતો. 17અહીટુબનો પુત્ર
સાદોક તથા અબ્યાથારનો પુત્ર અહીમેલેખ પ્રમુખ યાજકો
હતાં. સરાયા અંગતમંત્રી હતો. 18યહોદાયાદાનો પુત્ર બનાયા
કરેથીઓનો અને પલેથીઓનો * નાયક હતો. અને દાઉદના
પુત્રો મુખ્ય નેતાઓ હતા.

### દાઉદની શાઉલના કુળ પ્રત્યે દયા

9 દાઉદે એક દિવસ વિચાર્યુ, "શાઉલના કુટુંબમાં કોઈ
હજુ સુધી જીવંત હશે શું? જેના ઉપર હું યોનાથાનને
કારણે કૃપાદ્રષ્ટિ રાખી શકું?"
2શાઉલને સીબા નામનો એક નોકર હતો તેને દાઉદ સમક્ષ
બોલાવવામાં આવ્યો, રાજાએ તેને પૂછયું, "તું સીબા છો?"
"જી, હું તમારો સેવક સીબા છું" તેણે પ્રત્યુત્તર આપ્યો.
3રાજાએ કહ્યું, "શાઉલના કુટુંબમાં એવું કોઈ છે જેના પર
હું યહોવાને નામે દયા કરી શકું?"
સીબાએ કહ્યું, "હાજી, યોનાથાનનો એક બંને પગે લગંડો
દીકરો હજુ જીવંત છે."
4દાઉદે પૂછયું, "તે કયાં છે?"
સીબાએ કહ્યું, "તે લોદબારમાં આમિયેલના પુત્ર માખીરના
ઘરમાં છે."
5આથી દાઉદે યોનાથાનના પુત્રને લોદબારના આમિયલના
પુત્ર માખીરને ત્યાંથી તેડી મંગાવ્યો. 6તે યોનાથાનનો પુત્ર
અને શાઉલનો પૌત્ર મફીબોશેથ આવ્યો અને તેણે રાજા
દાઉદ સમક્ષ મસ્તક નમાવી નમન કર્યુ.
દાઉદે કહ્યું, "મફીબોશેથ?"
તેણે કહ્યું, "હાજી, આપનો સેવક હાજર છે."
7ત્યારે દાઉદે કહ્યું, "ગભરાઈશ નહિ, તારા પિતા
યોનાથાનને કારણે હું તારા ઉપર કૃપા કરીશ. હું તને તારા
દાદા શાઉલની બધી જમીન સોંપી દઈશ અને તું રોજ મારી
સાથે ભોજન કરજે."
8મફીબોશેથે પુન:લાંબા થઈને પ્રણામ કર્યા. અને કહ્યું,
"હું તો મરેલા કુતરા જેવો છું, મારા ઉપર આપ આટલી બધી
કૃપાદ્રષ્ટિ શા માટે રાખો છો?"
9પછી રાજા દાઉદે શાઉલના નોકર સીબાને બોલાવીને
કહ્યું, "હું તારા શેઠના પૌત્રને શાઉલની અને તેના કુટુંબની
બધીજ મિલકત સોંપી દઉં છું. 10તું, તારા કુટુંબ અને પુત્રો
અને તારા ચાકરો સાથે આ પ્રદેશમાં તેને માટે ખેતી કરશે
અને તેના કુટુંબને માટે અનાજ ઉત્પન્ન કરશે. પરંતુ
મફીબોશેથ તારા માલિકનો પૌત્ર, મારા મેજ પર હંમેશા
જમી શકશે." સીબાહને 15 પુત્રો અને 20 ચાકરો હતા.
11સીબાહે જવાબ આપ્યો, "આપ નામદારની બધી આજ્ઞા
આ સેવક ઉઠાવશે."
આમ, મફીબોશેથના રાજાના કુંવરની જ જેમ રાજા સાથે
ભોજન કરતો. 12મફીબોશેથને મિખા નામનો નાનો પુત્ર
હતો. સીબાહના કુટુંબનાં બધાં જ માણસો મફીબોશેથના
નોકર હતાં. 13પણ મફીબોશેથ મહેલમાં રહેવા માટે યરૂશાલેમ
ગયો અને ત્યાં રાજાની સાથે ભોજન લેતો હતો. એ બંને પગે
અપંગ હતો.

### દાઉદનું આમ્મોને કરેલું અપમાન

10 થોડા સમય બાદ અમ્મોનીઓનો રાજા નાહાશ
મૃત્યુ પામ્યો અને તેના પછી તેની જગ્યાએ તેનો
પુત્ર હાનૂન રાજ કરવા લાગ્યો. 2દાઉદે કહ્યું, "હું તેના પર
દયા રાખીશ. તેનો પિતા નાહાશ મને હંમેશા વફાદાર હતો.
અને મારી સાથે દયાળુ હતો." તેથી તેના પિતાના મૃત્યુ માટે
દિલસોજી વ્યકત કરવા દાઉદે પોતાનાં માણસોને હાનૂન
પાસે મોકલ્યો.
3ત્યારે અમ્મોની સરદારોએ પોતાના ધણી હાનૂનને કહ્યું,
"તમે શું એમ માનો છો કે તમારા પિતાને માન આપવાના
હેતુથી દાઉદે આ માણસોને મોકલ્યા છે? એના આ માણસો
તો જાસૂસો છે, અને દાઉદે તેમને આ શહેરોને શી રીતે જીતી
લેવું એની માહિતી પ્રાપ્ત કરવા મોકલ્યા છે."

---

**કરેથીઓ અને પલેથીઓ** અર્થ આ દાઉદના ખાસ અંગરક્ષકો હતા. અરામિક ભાષાંતરમાં "તીરંદાજ અને પથ્થર ફેકનાર ગોફણધારી" અર્થ કે આ માણસોને ધનુષબાણ અને ગોફણ વાપરવાનું ખાસ પ્રશિક્ષણ અપાયેલુ હતું.

4આથી હાનૂને દાઉદના માણસોને પકડીને તેઓની અડધી દાઢી મૂંડાવી નાખી, તેમનાં કપડાં કમર નીચેથી કપાવી નાંખ્યા અને તેમને મોકલી દીધા.

5જયારે દાઉદે આ વાત સાંભળી ત્યારે તેણે તેઓને મળવા માણસ મોકલ્યો, કારણ, તેઓ ખૂબ શરમ અનુભવતાં હતાં. દાઉદે તેમને કહેવડાવ્યું કે, "તમારી દાઢી પાછી ઊગે ત્યાં સુધી તમે યરીખોમાં રહેજો, પછી જ અહીં આવજો."

### અમ્મોનીઓ વિરુદ્ધ યુદ્ધ

6હવે અમ્મોનીઓને ભાન થયું કે પોતે દાઉદની દુશ્મનાવટ વહોરી લીધી છે, એટલે તેમણે બેથ-રહોબના અને સોબાહના પ્રાંતોમાંથી 20,000 સિરિયન પાયદળને, માકાના રાજા પાસેથી 1,000 સૈનિકોને અને ટોબાના પ્રાંતમાંથી 12,000 સૈનિકોને ભાડે રાખ્યાં.

7આ સમાચાર મળતા દાઉદે યોઆબને પોતાના અતિ શકિતશાળી સૈનિકો વાળા સમગ્ર સૈન્ય સાથે મોકલ્યો.
8આમ્મોનીઓ બહાર આવીને નગરના પ્રવેશદ્વાર આગળ ગોઠવાઈ ગયા. અને સોબાના અને રહોબનાં અરામીઓ તથા ટોબના અને માકાના માણસો ખુલ્લા મેદાનમાં યુદ્ધ લડવા માટે આવ્યાં.

9જયારે યોઆબે જોયું કે તેને બે મોરચે યુદ્ધ કરવું પડશે, ત્યારે તેણે ઈસ્રાએલીઓને અરામીઓની સામે યુદ્ધ કરવા હારબંધ ગોઠવી દીધા.
10બાકીની સેનાને તેણે પોતાના ભાઈ અબીશાયની સરદારી હેઠળ મૂકી દીધી અને તેણે અમ્મોનીઓની સામે મોરચો માંડયો.
11યોઆબે તેને કહ્યું, "જો હું અરામીઓને હરાવી નહીં શકુ તો તમારે આવીને મને મદદ કરવી પડશે, અને જો તમે બધા અમ્મોનીઓને નહિ હરાવી શકો તો હું તમને મદદ કરવા આવીશ.
12પરંતુ તમે સૌ હિંમત રાખજો. અને આપણા લોકો માટે અને આપણા દેવનાં નગરો માટે બહાદુરીથી લડજો, અને યહોવાની જે ઈચ્છા હશે તે મુજબ થશે."

13યોઆબ અને તેના માણસો જયારે અરામીઓ સામે યુદ્ધ કરવા માટે આગળ વધ્યા ત્યારે અરામીઓ ભાગવા લાગ્યાં.
14અમ્મોનીઓએ જોયું કે અરામીઓ ભાગી રહ્યાં હતા. એટલે તેઓ પણ અબિશાઈથી ભાગીને નગરમાં ભરાઈ ગયા, અને યોઆબ યરૂશાલેમ પાછો ફર્યો.

### અરામીઓએ ફરી લડવાનો નિશ્ચય કર્યો

15અરામીઓએ જોયું કે તેઓ ઈસ્રાએલ આગળ હારી ગયા છે, એટલે તેઓએ પોતાના સૈન્યને ફરીથી એકઠું કર્યુ.
16હદાદેઝરે કાસદો મોકલીને ફ્રાત નદીની પેલે પારના પ્રદેશમાંથી બીજા અરામીઓને બોલાવ્યા, અને તેઓ હદાદેજરના સેનાપતિ શાખેબની સરદારી હેઠળ હેલામ તરફ આગળ વધ્યા.

17દાઉદને સંદેશો મળ્યો ત્યારે તે પોતે અને તેના ઈસ્રાએલી સેનિકોને યોર્દન ઓળંગી અને હેલામમાં કૂચ કરી, ત્યાં અરામીઓ યુદ્ધ કરવા તૈયાર થયા અને લડાઈ થઈ.

18પરંતુ ઈસ્રાએલીઓએ તેમને ભગાડી મૂકયા. દાઉદે 700 રથ હાંકનારને અને 40,000 ઘોડેસ્વાર સૈનિકોનો સંહાર કર્યો, અને તેમના સેનાપતિ શોબાખને ગંભીરપણે ઘાયલ કર્યો અને તે રણભૂમિમાં જ અવસાન પામ્યો.

19અરામ સૈન્યની હાર થઈ છે તે જાણીને હદાદેઝેર અને તેના તાબેદાર રાજાઓ દાઉદના તાબેદાર થયા, અને તેમની સેવાઓ સ્વીકારી, ત્યારબાદ ફરી અરામીઓએ અમ્માનીઓની યુદ્ધમાં મદદ કરવાની હિંમત કદી કરી નહિ.

### બાથ-શેબા સાથે દાઉદનું પાપ

11 વસંત ઋતુમાં જયારે રાજાઓ યુદ્ધ લડવા નીકળે તે સમય દાઉદે યોઆબાને સૈન્યના અમલદારોને ઈસ્રાએલના બધાજ સૈન્યોને હુમલો કરવા અને અમ્મોનીઓનો નાશ કરવા મોકલ્યા, તેઓએ રબ્બાનગરને ઘેરો ઘાલ્યો.

પરંતુ દાઉદ તો યરૂશાલેમમાં જ રહ્યો.
2એક દિવસે મોડી સાંજે દાઉદ પથારીમાંથી ઊઠીને મહેલની અગાસીમાં જઈને ફરતો હતો, એવામાં તેણે એક સ્ત્રીને નાહતી જોઈ જે ખૂબ રૂપાળી હતી.
3તે સ્ત્રી કોણ હતી તે તેને જાણવું હતુ તેણે તેના માણસને મોકલ્યા, તો જાણવા મળ્યું કે "તે એલીઆમની પુત્રી અને ઉરિયા હિત્તીની પત્ની બાથ-શેબા હતી."

4પછી દાઉદે તેને લઈ આવવા માણસો મોકલ્યા, અને તે આવી એટલે દાઉદે તેની સાથે શારીરિક સંબંધ કર્યો, તે સ્રીએ માસિક ધર્મ પછીની શુદ્ધિકરણની વિધિ તે જ દિવસે પૂરી કરી હતી, પછી તે પોતાને ઘેર પાછી ફરી.
5તે બાઈને ગર્ભ રહ્યો અને તેણે દાઉદને સંદેશો મોકલ્યો કે, "મને ગર્ભ રહ્યો છે."

### દાઉદે પોતાના પાપ ને છુપાવવા ચાહ્યું

6દાઉદે યોઆબને સંદેશો મોકલ્યો કે, "ઉરિયા હિત્તીને મારી પાસે તાત્કાલિક મોકલ."

આથી યોઆબે ઉરિયાને દાઉદ પાસે મોકલી આપ્યો.
7જયારે દાઉદ પાસે ઉરિયા હિત્તી આવ્યો ત્યારે દાઉદે યોઆબના સૈન્યના સમાચાર તથા યુદ્ધમાં થયેલી પ્રગતિ વિષે પૂછયું.
8અને પછી તેને કહ્યું, "તારે ઘેર જઈને આરામ કર."

ઉરિયા મહેલમાંથી ચાલ્યો ગયો અને દાઉદે ઉરિયાને ઘેર ભેટ મોકલી.
9પરંતુ ઉરિયા પોતાને ઘેર ગયો નહિ. અને મહેલના દરવાજા પાસે રાજાના અંગરક્ષકો સાથે તેણે રાત વિતાવી.

10ઉરિયાએ જે કંઈ કર્યુ હતું તે દાઉદે જાણ્યું, તેણે તેને બોલાવીને પૂછયું, "તને શું થઈ ગયું છે? તું લાંબા પ્રવાસેથી પાછો ફર્યો છે, ઘેર કેમ ન ગયો?"

11ઉરિયાએ પ્રત્યુત્તર આપ્યો, "પવિત્રકોશ, ઈસ્રાએલના અને યહુદાના સેનાપતિઓ મંડપમાં રહે છે. તથા અધિકારી યોઆબ અને રાજાના અમલદારો ખુલ્લામાં છાવણી નાંખી પડયા છે, તેથી હું ઘેર જઈ ખાઈ-પીને પત્ની સાથે સૂવા

જાઉં? તે સારું ન કહેવાય હું સમ ખાઈને કહું છું કે એવું હું કદી નહિં કરું."

12ત્યારે દાઉદે ઉરિયાને કહ્યું, "આજની રાત તું અહીં રહે. અને આવતી કાલે હું તને લડાઈમાં પાછો મોકલીશ."

તેથી ઉરિયા તે દિવસે યરૂશાલેમમાં બીજી સવાર સુધી રહ્યો. 13બીજે દિવસે દાઉદે તેને પોતાની સાથે ખાણી-પાણી માટે લઈ ગયો તેણે તેને દારૂ પીવા બોલાવ્યો અને ખૂબ દારૂ પાયો પણ સાંજે ઉરિયા ઘેર જવાને બદલે બહાર જઈ રાજાના અંગરરક્ષકો ભેગો તેઓની પથારી ઉપર મહેલના દરવાજાની બહાર સૂઈ રહ્યો.

### દાઉદે ઉરિયાના મૃત્યુની યોજના બનાવી

14આખરે બીજી સવારે દાઉદે યોઆબને પત્ર લખ્યો અને ઉરિયા મારફતે મોકલી આપ્યો. 15પત્રમાં તેણે લખ્યું, "જયાં ભીષણ યુદ્ધ ચાલતું હોય ત્યાં આગળ ઉરિયાને મૂકવો અને પછી તમારે પાછા હઠી જવું અને એને મરવા દેવો."

16તેથી યોઆબે ઘેરી લેવાયેલો નગરની એકદમ નજીકની જગ્યાએ તેને મૂકયો, તે જાણતો હતો કે તે જગ્યાએ શત્રુના શ્રેષ્ઠ માણસો લડી રહ્યા હતા. 17શહેરમાંથી શત્રુઓએ ધસી આવીને યોઆબ ઉપર હુમલો કર્યો અને દાઉદના કેટલાક અમલદારો માર્યા ગયા. હિત્તી ઉરિયા પણ માર્યો ગયો.

18યુદ્ધનો સંપૂર્ણ અહેવાલ યોઆબે દાઉદને મોકલ્યો. 19અને યોઆબે પણ સંદેશવાહકને કહ્યું કે, "યુદ્ધ વિષે તું રાજાને અહેવાલ સુપ્રત કરી રહે તે પછી 20"કદાચ તેઓ ગુસ્સે થશે અને પુછશે કે, 'તમે લડવા માટે શહેરની નજીક એટલા બધા ગયા શા માટે? શત્રુઓ ઉપર સૈનિકો તીર છોડશે તેની તમને ખબર નહોતી? 21શું તેબેસમાં એક સ્રીએ ઘંટીનું પડ ફેંકીને યરૂબ્બેશેથના પુત્ર અબિમેલેખને મારી નાખ્યો નહોતો? તમે એટલા બધા કોટની નજીક ગયા જ શા માટે?' તો તારે એમ કહેવું કે, 'તમારો સેવક ઉરિયા હિત્તી પણ ત્યાં ગયો હતો અને મરી ગયો હતો.' 22એટલે સંદેશવાહક તો ઊપડયો અને દાઉદ પાસે પહોંચીને તેણે યોઆબે કહ્યું હતું તે પ્રમાણે બધું કહી સંભળાવ્યું. 23તેણે કહ્યું "શત્રુઓ અમારા કરતાં વધુ બળવાન હતા અને અમારી સામે લડવા માટે શહેરમાંથી નીકળીને મેદાનમાં આવ્યાં હતાં. પણ અમે તેમને છેક દરવાજા સુધી પાછા મારી હટાવ્યાં. 24ત્યાર બાદ તેઓએ કોટ ઉપરથી અમારા ઉપર બાણોનો મારો ચલાવ્યો અને આપ નામદારના કેટલાક અમલદારો માર્યા ગયા, આપનો સેવક ઉરિયા હિત્તી પણ મરાયો."

25દાઉદે સંદેશવાહકને કહ્યું, "યોઆબને હિંમત આપજે, અને કહેજે કે 'તે નિરાશ થાય નહિ, તલવાર આડી અવળી એક વ્યકિતને તથા તેની પછીનાને પણ મારી શકે. નગર પર જોરદાર આક્રમણ કરીને તેનો કબજો મેળવો!'"

### દાઉદે બાથ-શેબા સાથે લગ્ન કર્યા

26જયારે ઉરિયાની પત્ની બાથ-શેબાએ જાણ્યું કે તેના પતિ મૃત્યુ પામ્યા છે, ત્યારે તેણે તેનો શોક પાળ્યો. 27અને જયારે તેના શોકના દિવસો પૂરા થયા એટલે દાઉદે તેને પોતાના મહેલ પર બોલાવી લીધી. પછી તે તેની પત્ની થઈને રહી અને તેણે એક પુત્રને જન્મ આપ્યો. પરંતુ દાઉદે જે કૃત્ય કર્યુ યહોવા તેનાથી ખુશ ન હતા.

### નાથાને દાઉદ સાથે વાત કરી

12 પછી યહોવાએ પ્રબોધક નાથાનને દાઉદ પાસે મોકલ્યો, અને તેની પાસે પહોંચ્યા પછી નાથાન બોલ્યો, "એક નગરમાં બે માણસો રહેતા હતા. એક ધનવાન હતો અને બીજો ગરીબ હતો. 2શ્રીમંત પાસે ઘણાં ઘેટાં તથા ઢોર હતાં. 3પણ પેલા ગરીબ માણસ પાસે એક નાની ઘેટી સિવાય કંઈ જ નહોતું. તેણે ઘણી મુશ્કેલીઓ વેઠીને ખરીદ્યું હતું. તે ઘેટું તેનાં બાળકોને ખૂબ પસંદ હતું. તે તેના ઘરમાં તેના છોકરાઓ ભેગી જ મોટી થતી હતી. તે તેની થાળીમાંથી જમતી, તેના પ્યાલામાંથી પાણી પીતી અને તેના ખોળામાં સૂતી હતી. તે તેને દીકરીની જેમ ઊછેરતો હતો.

4"એક દિવસ કોઈ યાત્રી પેલા પૈસાદાર માણસને ત્યાં આવ્યો પણ પોતાનાં ઘેટાંબકરાંમાંથી અથવા ઢોરોને તે માણસ માટે રાંધવા માર્યા નહીં; એટલે તેણે પેલા ગરીબ માણસના ઘેટાંના બચ્ચાને લઈને પોતાને ત્યાં આવેલા મહેમાન માટે રાંધી."

5આ સાંભળીને દાઉદ તે માાણસ પર એકદમ ગુસ્સે થયો અને બોલ્યો, "યહોવાના સમ, આવું કાર્ય કરનાર માણસને મૃત્યુદંડ આપવો જોઈએ." 6તે આવી ક્રૂર રીતે વર્ત્યો, ગરીબનું ઘેટું ચોરી લીધું તેથી તેણે તે ગરીબને તે ઘેટાંના બચ્ચાની કિંમતની ચારગણી કિંમત આપવી જ પડશે."

### નાથાને દાઉદને તેના પાપ વિષે કહ્યું

7ત્યારે નાથાને દાઉદને કહ્યું, "એ માણસ તું જ છે. ઈસ્રાએલના દેવ યહોવાએ તને કહેવડાવ્યું છે કે, 'મેં તારો ઈસ્રાએલના રાજા તરીકે અભિષેક કર્યો, તારા ધણી શાઉલના હાથમાંથી તને બચાવ્યો, 8મેં તેનું રાજય તને આપ્યું, અને તેની સ્રીઓ તને પત્ની તરીકે આપી; મેં તને ઈસ્રાએલ અને યહૂદાનું રાજય આપ્યું, અને આ બધું જો ઓછું પડયું હોત તો તને આવું બીજું ઘણું બધું આપ્યું હોત. 9તો પછી તેં દેવની આજ્ઞાની ઉપેક્ષા શા માટે કરી? તેની નજરમાં જે ખોટું છે તે શા માટે કર્યુ? તેં હિત્તી ઉરિયાને તલવારના ઘાથી મારી નાખ્યો છે, 10તેં એ માણસને અમ્મોનીઓના કબજામાં ફેંકીને મારી નાખ્યો છે અને તેની પત્નીને તારા ઘરમાં રાખી છે. તલવાર તારા કુટુંબને છોડશે નહીં. તે ઉરિયાની પત્નીને તારી બનાવી આ રીતે તેં મારું અપમાન કર્યુ છે.' 11તેથી યહોવા કહે છે, 'હું તારા પર મુશ્કેલીઓ લાવીશ.પોતાના જ કુટુંબીજનો તારા પર આફત લાવશે. હું તારી પત્નીઓને લઈને તારા દેખતાં બીજા માણસોને આપી દઈશ. અને ધોળે દિવસે જાહેરમાં તેઓ તેની સાથે સૂશે જેથી દરેક જણ જોઈ શકે. 12તેં જે કર્ય તે તો ખાનગીમાં કર્યુ હતું, પણ હું તો ધોળે દહાડે બધા ઈસ્રાએલીઓ જુએ એ રીતે કરીશ.'"

13દાઉદે નાથાન સમક્ષ કબૂલ કર્યુ, "મેં યહોવાની વિરુદ્ધ પાપ કર્યં છે."

નાથાને જવાબ આપ્યો, "યહોવાએ તને આ પાપ માટે પણ ક્ષમા આપી છે. તું મરીશ નહિ, 14પણ તેં આમ કરીને જે યહોવાના શત્રુઓનું તેને માટેનું માન ગુમાવડાવ્યું છે, તેથી તારું નવજાત બાળક મરી જશે."

## દાઉદ અને બાથ-શેબાનું બાળક મૃત્યુ પામ્યું

15તેથી નાથાન પોતાને ઘેર પાછો ફર્યો. ઉરિયાની પત્નીને દાઉદથી જે સંતાન અવતર્યો તેને યહોવાએ સખત માંદગીમાં પટકયો. 16દાઉદ તે બાળકને યહોવાની પાસેથી જીવતદાન આપાવવા ખૂબ આજીજી કરી, અને ઉપવાસ કરીને આખી રાત જમીન ઉપર પડી રહ્યો.

17તેના દરબારીઓએ તેને ભોંય ઉપરથી બેઠો કરવાનો પ્રયત્ન કર્યો, પણ તે ઊઠયો નહિ; અને તેમની સાથે તેણે ભોજન પણ લીધું નહિ. 18સાતમા દિવસે તે બાળકનું મૃત્યુ થયું. દાઉદને આ સંદેશો આપવાનો હતો જે આપવા અમલદારોની હિંમત ચાલી નહી, તેમણે વિચાર્યુ, "બાળક જીવતું હતું ત્યારે તો તે આપણું કહેવું સાંભળતો નહોતો, પણ હવે જ્યારે બાળક મરી ગયું છે એમ જો આપણે તેને કહીએ તો તે તેને કાંઇ અનિષ્ટ કરશે."

19દાઉદનું ધ્યાન ગયું કે તેના સેવકો ગુસપુસ કરતા હતા, એટલે તે સમજી ગયો કે બાળક મરી ગયું છે. તેથી તેણે પૂછયું, "બાળક મરી ગયુ?"

અને તેઓએ કહ્યું, "હા, એ મરી ગયું છે."

20પછી દાઉદ ભૂમિ પરથી ઊઠયો, સ્નાન કર્યુ; શરીર પર અત્તર લગાડયું અને નવાં વસ્ત્રો પરિધાન કર્યા, પછી તેણે યહોવાના મંદિરમાં જઈને પૂજા કરી. પછી તેણે ઘેર જઈને ખાવાનું માગ્યું અને પીરસ્યું તેટલું ખાધું.

21દાઉદના અમલદારો વિસ્મય પામ્યા, તેમણે તેને પૂછયું, "આ કેવું? જયારે છોકરો જીવતો હતો ત્યારે તમે અન્ન ત્યાગ કર્યો અને તેને માટે રોયા, પરંતુ અત્યારે હવે તે મૃત્યુ પામ્યો, ત્યારે તમે ઊઠીને ખાધું!"

22તેણે કહ્યું, "બાળક હજી જીવતું હતું ત્યારે મેં એવું ધારીને અન્ન છોડી દીધું અને હું રડયો કે કદાચ યહોવા મારા ઉપર દયા કરે અને બાળક જીવી જાય, 23પણ હવે એ મરી ગયું છે, ત્યારે હું શા માટે અન્ન ત્યાગ કરું? હું થોડો જ એને પાછો જીવતો કરી શકવાનો છું? હું જ તેની પાસે જઈશ; તે કંઈ પાછો મારી પાસે આવવાનો નથી."

## સુલેમાનનો જન્મ

24ત્યારબાદ દાઉદે તેની પત્ની બાથ-શેબાને આશ્વાસન આપ્યું; પછી તેણે તેની સાથે સંભોગ કર્યો અને થોડા સમય બાદ તેણે એક પુત્રને જન્મ આપ્યો. દાઉદે તેનું નામ સુલેમાન પાડયું. અને યહોવાને તેના પર પ્રેમ હતો. 25એટલે તેણે નાથાન મારફતે સંદેશો મોકલ્યો કે, યહોવાને માટે એનું નામ યાદેદિયા રાખવું,

## દાઉદે રબ્બાને કબ્જે કર્યુ

26અમ્મોનીઓના પાટનગર રબ્બા ઉપર યોઆબે લડાઈ કરી અને તે કબજે કર્યુ. 27યોઆબે સંદેશવાહકો મોકલીને દાઉદને સંદેશો મોકલ્યો : "મેં રાબ્બા ઉપર હુમલો કર્યો છે અને પાણીના નગરને કબજે કર્યુ છે. 28તમે બાકીનું લશ્કર ભેગું કરી જાતે શહેરને ઘેરો ઘાલી કબજે કરી લો, નહિ તો મારે એ કબજે કરવું પડશે, અને એ મારે નામે ઓળખાશે."

29આથી દાઉદ સૈન્ય લઈને રબ્બા ગયો અને તેને જીતી લીધું. 30તે નગરમાંથી પુષ્કળ લૂંટ યરૂશાલેમ લઈ જવામાં આવી. રબ્બાના રાજાનો મૂલ્યવાન રત્નો જડેલો એક તાલંત સોનાનો મુગટ દાઉદે પોતાના માથા પર મૂકયો.

31વળી શહેરના લોકોને લઈ જઈને તેણે તેમની પાસે કરવત, તીકમ અને કુહાડા વડે મજૂરી કરાવી અને તેમને ઈંટવાડામાં કામે લગાડયા. તેણે અમ્મોનીઓના સર્વ નગરોની આ દશા કરી, અને પછી તે અને તેના બધા માણસો યરૂશાલેમ પાછા ફર્યા.

## આમ્નોન અને તામાર

13 દાઉદના પુત્ર આબ્શાલોમને તામાર નામે એક સુંદર રૂપાળી બહેન હતી. દાઉદનો પુત્ર આમ્નોન તેના પ્રેમમાં પડયો. 2આમ્નોનને તે ખૂબ સુંદર લાગી અને તામારની એવી મોહિની લાગી હતી કે તે માંદો પડયો, તામાર કુમારિકા હતી અને આમ્નોનને તેને કંઈ અનિષ્ટ કરવાનું વિચાર્યુ નહી પણ તેને તે જોઈતી જ હતી.

3પરંતુ યોનાદાબ જે દાઉદના ભાઈ શામ્માનો પુત્ર હતો તે તેનો મિત્ર હતો તે ઘણો પાક્કો હતો. 4એક દિવસે તેણે આમ્નોનને કહ્યું, "ઓ રાજકુમાર, તું દિવસે દિવસે આમ સુકાતો કેમ જાય છે? તું રાજાનો પુત્ર છે મને મહેરબાની કરીને કહે તો ખરો?"

ત્યારે આમ્નોને કહ્યું, "હું મારા ભાઈ આબ્શાલોમની બહેન તામારના પ્રેમમાં છું."

5યોનાદાબે કહ્યું, "હવે, શું કરવું તે હું તને કહીશ, તારા પલંગ પર સૂઈ જા, અને બિમાર હોવાનો ઢોંગ કર. તારા પિતા તારી ખબર જોવા આવશે, અને જ્યારે તને જોવા આવે ત્યારે તેમને કહેજે મારી બહેન તામારને મારા માટે રોટલી પકવવાનું કહો જ્યારે હું જોઉં અને તે મને પોતેજ પીરશે.'"

6આથી આમ્નોન માંદા હોવાનો ઢોંગ કરીને સૂઈ ગયો. રાજા દાઉદ તેને મળવા ગયો એટલે આમ્નોને તેને કહ્યું, "મારી બહેન તામારને અહીં આવીને મારા દેખતાં એક ભાખરી બનાવી પોતાને હાથે મને ખવડાવવા દો."

7દાઉદ સહમત થયો અને તામારને સંદેશો મોકલ્યો કે, "તારા ભાઈ આમ્નોનને ઘેર જઈ તેના માટે રસોઈ તૈયાર કર."

## તામારે અમ્મોન માટે ભોજન બનાવ્યું

8તામાર પોતાના ભાઈ આમ્નોનને ઘેર તેના શયનખંડમાં ગઈ, જેથી ભાખરી માટે લોટ બાંધતા તે તેને જોઈ શકે. તેણે

થોડો લોટ લીધો, ગૂંધ્યો અને તેના દેખતાં ભાખરી બનાવીને શેકી. 9પછી તેણે આમ્નોન આગળ થાળીમાં ભાખરી પીરસી, પણ તેણે ખાવાનો ઈન્કાર કર્યો, અને કહ્યું, "બધાને બહાર મોકલી દો." એટલે બધા બહાર ચાલ્યા ગયા.

### અમ્નોને તામાર પર બાળાત્કાર કર્યો

10પછી તેણે તામારને કહ્યું, "હવે અહીં મારા શયનખંડમાં ખાવાનું લઈ આવ, જેથી હું તારે હાથે ખાઈ શકું." આથી તામાર પોતે બનાવેલી ભાખરી અંદરના ઓરડામાં તેના ભાઈ આમ્નોન પાસે લઈ ગઈ. 11તામાર તેને ખાવાનું આપવા ગઈ ત્યારે આમ્નોને તેને પકડી લીધી અને કહ્યું, "આવ, મને પ્રેમ કર, મારી સાથે સૂઈ જા."

12પણ તેણે કહ્યું, "ના, ભાઈ, મને નીચું જોવડાવશો નહીં આવું શરમજનક કરશો નહીં. ઈસ્રાએલમાં આ જાતની ભયંકર બાબત કદી થઈ નથી. 13શરમની મારી હું મારું મોઢું કયાંય બતાવી શકીસ નહિ. અને તમે પણ ઈસ્રાએલમાં એક સામાન્ય ગુનેગારમાં ખપશો. તમે રાજાને કહોને; મને તમારી સાથે પરણવા દે."

14પણ તેણે તેની વાત સાંભળી નહિ, તેણે તેના ઉપર બળાત્કાર કરી તેની લાજ લીધી. 15પછી અચાનક આમ્નોનને તામાર ઉપર તિરસ્કાર છૂટયો. પહેલાં એને માટે જેટલો એને પ્રેમ હતો હવે તેના કરતાં પણ વધારે તેના પ્રત્યે તિરસ્કાર થયો. તે બોલ્યો, "બેઠી થઈ જા અને અહીંથી તુરંત ચાલી જા."

16"ના, ભાઈ, તે બોલી, "આ રીતે મને કાઢી મૂકવી એ તમે અત્યારે કર્યુ એના કરતાં પણ વધુ ખરાબ છે."

પણ તેણે એની વાત સાંભળી નહીં, 17તેણે પોતાના અંગત નોકરને બોલાવીને હુકમ કર્યો, "આ સ્રીને મારા મોઢા આગળથી દૂર કર, એને બહાર કાઢ અને બારણું બંધ કરી દે."

18નોકરે તેને બહાર કાઢીને બારણું બંધ કરી દીધું. તે દિવસોના રિવાજ મુજબ રાજાની કુંવરીઓ વિવિધ રંગના* લાંબા ઝભ્ભા પહેરતી હતી તામારે પણ પહેર્યો હતો. 19તામારે પોતાનાં વસ્ત્રો ફાડયાં, પોતાના માથામાં રાખ નાખી અને બંને હાથ પોતાના માથા ઉપર મૂકી જોરથી પોક મૂકી રડતી રડતી તે ચાલી ગઈ.

20તેના ભાઈ આબ્શાલોમે તેને પૂછયું, "તારા ભાઈ આમ્નોને તને ઈજા પહોંચાડી છે? કોઈને કહેતી નહિ, મારી બહેન. ગમે તેમ તો ય તારો બાંધવ ભાઈ છે. તે માટે રડીશ નહીં." આથી તામાર કાંઇ કહી ન શકી અને પોતાના ભાઈ આબ્શાલોમના ઘરમાં રહી.

21જયારે દાઉદે આખી વાત જાણી ત્યારે તેને ઘણો ક્રોધ ચડયો. 22આબ્શાલોમે આ વિષે આમ્નોનને કશું કહ્યું નહિ, પરંતુ આમ્નોને પોતાની બહેન તામારનો બળાત્કારે સંભોગ કર્યો હતો તેને લીધે તેને અમ્નોન ઉપર ભારે તિરસ્કાર હતો.

### આબ્શાલોમનો બદલો

23બે વર્ષ પછી અબ્શાલોમે પોતાના ઘેટાંનું ઊન ઉતરાવતી વખતે રાજાના બધા પુત્રોને એફ્રાઈમ નજીક બાલ-હાસોર મુકામે આમંત્રણ આપ્યું. 24આબ્શાલોમે રાજા પાસે જઈને કહ્યું, "અત્યારે તો અમે ઘેટાંની ઊન કાતરી રહ્યાં છીએ, તેથી આપ આપના સેવકો સાથે પધારવાની કૃપા કરશો?"

25રાજાએ તેને કહ્યું, "ના, મારા દીકરા, જો અમે સર્વ તારે ઘેર આવીશું તો તને ઘણો જ ભાર પડશે."

આબ્શાલોમે ફરી ફરી વિનંતી કરી પરંતુ રાજાને જવું ન હતું, અને તેણે આશીર્વાદ આપ્યા નહીં. આબ્શાલોમે કહ્યું મારા ભાઈ આમ્નોનને આવવા દો.

26પણ આબ્શાલોમે કહ્યું, "તો પછી મારા ભાઈ આમ્નોનને તો મોકલશોને?"

રાજાએ પૂછયું, "આમ્નોન જ શા માટે?"

27પણ આબ્શાલોમે ફરી આગ્રહ કર્યો તેથી રાજાએ આમ્નોનને અને પોતાના બધા પુત્રોને જવા દીધા.

### અમ્નોનની હત્યા

28આબ્શાલોમે પોતાના માણસોને કહ્યું, "બરાબર ધ્યાન રાખજો, આમ્નોન દ્રાક્ષારસની મસ્તીમાં આવી જાય અને હું એમ કહું કે, આમ્નોનને પૂરો કરો, ત્યારે તેને મારી નાખવો. ડરશો નહિ, હુકમ કરનાર હું છું. હિંમત રાખજો અને બહાદુરીથી કામ લેજો." 29તેથી આબ્શાલોમના યુવાન સૈનિકોએ તેના કહ્યા પ્રમાણે કર્યુ. અને તેઓએ આમ્નોનને મારી નાખ્યો. પછી રાજાના બીજા પુત્રો ઝડપથી ઊભા થયા અને તેઓના ઘોડાઓ પર સવાર થઈને ભાગી ગયાં.

### દાઉદને અમ્નોનની હત્યાના સમાચાર મળ્યાં

30હજી તેઓ યરૂશાલેમના રસ્તામાં હતા, ત્યાં દાઉદને કાને એવી અફવા આવી કે, "આબ્શાલોમે રાજાના બધા પુત્રોને મારી નાખ્યા છે, એક પણ જીવતો રહેવા પામ્યો નથી."

31એટલે રાજાએ ઊભા થઈને પોતાનાં વસ્ત્રો ફાડયાં અને તે ભૂમિ પર પડયો. તેના નોકરોએ પણ ભય અને દુ:ખને કારણે પોતાનાં વસ્ત્રો ફાડયાં. 32પણ દાઉદના ભાઈ શિમઆહના પુત્ર યોનાદાએ કહ્યું, "હે મારા ધણી, મારા રાજા, એમ ન માનશો કે આપના બધાજ પુત્રો મરી ગયા છે. ફકત અમ્મનોનને મારી નાખ્યો છે. આમ્નોને આબ્શાલોમની બહેન તામારનું અપમાન કર્યુ ત્યારથી આબ્શાલોમે તેનો બદલો લેવાનો નિશ્ચય કર્યો છે. 33તારા સર્વ પુત્રોનો સંહાર થયો નથી! ફકત આમ્નોન જ મારી નંખાયો છે."

34તે સમય દરમ્યાન આબ્શાલોમ ભાગી ગયો. નગરના પહેરેદારોએ લોકોનું એક મોટું ટોળું ટેકરીની બીજી બાજુથી આવતું જોયું. તેણે રાજાને સમાચાર આપ્યા કે, કેટલાક માણસો હોરાનાઈમની દિશામાંથી ટેકરો ઊતરતા જણાય છે. 35યોનાદાબે રાજાને કહ્યું, "જુઓ, મેં કહ્યું હતું તે પ્રમાણે તારા પુત્રો આવી રહ્યા છે."

---

**વિવિધ રંગના** અર્થ "વિવિધ રંગો" અથવા તો "પટ્ટાઓ."

36તે બોલી રહ્યો તે જ ક્ષણે રાજકુમારો આવી પહોંચ્યા.
અને મોટેથી રડવા લાગ્યા. રાજા અને તેના બધા અમલદારો
પણ ખૂબ રડવા લાગ્યા. 37આબ્શાલોમ નાસી જઈને
આમિહુદના પુત્ર ગશૂરના રાજા તાલ્માયની પાસે જતો રહ્યો,
રાજા દરરોજ તેના પુત્ર માટે શોક કરતો હતો.

### આબ્શાલોમ ગશૂર નાસી ગયો

38આબ્શાલોમ ગશૂરના રાજા પાસે ત્રણ વર્ષ સુધી રહ્યો.
39આમ્નોનના મૃત્યુનો શોક હળવો થતાં દાઉદ આબ્શાલોમને
માટે ઝૂરવા લાગ્યો.

### યોઆબની મધ્યસ્થી

14 સરૂયાના પુત્ર યોઆબને ખ્યાલ આવી ગયો કે
રાજા દાઉદનું મન આબ્શાલોમને મળવા ઘણું આતુર
છે. 2તેથી તેણે તકોઓમાંથી એક સ્ત્રીને તેને મળવા લઈ
આવવા સંદેશો મોકલ્યો. તેને કહ્યું, "તું શોકમાં હોય તેવો
ઢોંગ કરજે. શોકનાં વસ્ત્રો ધારણ કરજે. તું લાંબા સમયથી
શોકમાં છે તેવો તારો દેખાવ અને વર્તન રાખજે. 3પછી રાજા
પાસે જજે અને મુલાકાત માંગજે, અને પછી રાજાને આ
શબ્દો કહેજે." પછી યોઆબે તેને રાજાને શું કહેવું તે કહ્યું.

4તે સ્રી રાજા પાસે ગઈ, ભોંય પર પડી, લાંબા
થઈને પ્રણામ કર્યા અને કહ્યું, "હે રાજા સાહેબ મને
મદદ કરો."

5એટલે રાજાએ પૂછયું, "શું છે?"

તે બોલી, "હું વિધવા છું, મારો પતિ મૃત્યુ પામ્યો છે,
6મારે બે પુત્રો હતા તેઓ બહાર ખેતરમાં ઝઘડતા હતા, ત્યાં
તેમને છોડાવનાર કોઈ ન હતું, એટલે તેમાંના એકે બીજાને
મારી નાખ્યો. 7હવે મારાં સગાં સંબંધીઓ તથા આખું કુટુંબ
મારી વિરુદ્ધ થઈ ગયાં છે, અને તેઓ એવી માગણી કરે છે
કે, 'હું મારો જીવતો રહેલો પુત્ર તેઓને સોંપું, જેથી તેઓ
ભાઈનો જીવ લેવા બદલ તેનો જીવ લઈ લે. અને તેના
વંશનો અંત આણે.' જો તેઓ એમ કરે તો મારો બાકી રહેલો
અંગારો પણ બુઝાઈ જાય, અને મારા પતિનું આ ધરતી ઉપર
નામનિશાન કે વારસ ન રહે."

8રાજાએ તેને કહ્યું, "તું તારે ઘેર જા, મારા પર વિશ્વાસ
રાખ, તેની હું કાળજી રાખીશ."

9પરંતુ તે સ્ત્રી બોલી, "ઓ મારા ધણી દોષ બધો મારા
માથેને મારા બાપના કુટુંબને માથે છે, આપ અને આપની
ગાદી નિર્દોષ છો."

10પછી રાજાએ કહ્યું, "જો કોઈ તને ધમકી આપે તો તેને
મારી પાસે લાવજે; તે ફરી કદી તને હેરાન નહિ કરે."

11ત્યારે તેણે કહ્યું, "આપ મારા ધણી આપના દેવ યહોવાનું
નામ લો, અને પ્રતિજ્ઞા લો કે તમે મારા સગાસંબધીઓને વેર
લેવા નહીં દો અને તેના ભાઈનું ખૂન કરવા બદલ મારા
બીજા પુત્રને મારવા નહીં દો."

રાજાએ જવાબ આપ્યો, "હું યહોવાના સમ ખાઈને કહું
છું કે, તારા પુત્રનો એક વાળ પણ વાંકો નહિ થવા દઉં "

12પછી તે સ્રીએ કહ્યું, "મુરબ્બીની રજા હોય તો મારે
હજી એક વાત કહેવી છે."

તો રાજાએ કહ્યું, "તું પૂછી શકે છે."

13આથી તે સ્રી બોલી, "તો પછી આપે આવી યોજના
દેવના લોકો વિરુદ્ધ શા માટે બતાવી છે? આપે આપના જે
પુત્રને ઘર છોડવા જબરદસ્તી કરી હતી તેને પાછા લાવ્યા
નથી. આપ જે કહો છો તેમાં આપ પોતે જ પોતાને ગુનેગાર
ઠરાવો છો. 14આપણે સૌ મૃત્યુ પામવાના છીએ. આપણે
એક દિવસ જમીન પર ઢોળાયેલા પાણી જેવા હશું. એ કાંઈ
પાછું ભેગું થાય નહિ. દેવ લોકોને માફ કરે છે. તે લોકો માટે,
જેને જબરદસ્તી સુરક્ષા માટે ભાગવું પડે છે. પાછા
બોલાવવાની યોજના બનાવે છે. તે તેઓને તેનાથી ભાગી
જવા બળજબરી કરતા નથી. 15ઓ દેવ, રાજાને હું એ કહેવા
માટે આવી છું, કારણ કે લોકોએ મને ગભરાવી અને કહ્યું કે,
'જો હું રાજાને કહું તો મારે જે કાંઈ તેની પાસે કરાવવું હશે
તેઓ કદાચ મારી માંગણી પૂરી કરશે. 16તેઓ મારી વાત
ધ્યાન પર લેશે અને જે માણસ મને અને મારા પુત્રને મારી
નાખી અમને ઈસ્રાએલથી દેવે પોતાના લોકોને આપેલી
ભૂમિમાંથી મિટાવી દેવા ઈચ્છે છે તેનાથી મને બચાવશે.'
17તેથી મેં મારી જાતને કહ્યું કારણ, આપ તો દેવના દૂત જેવા
છો, તમને સરખી સમજ શકિત છે. અને સારાસારનો વિવેક
કરી શકો છો, અને યહોવા આપની સાથે છે."

18એટલે રાજાએ તે સ્રીને કહ્યું, "હું તને એક વાત પૂછું છું
તેનો સાચો જવાબ આપજે."

સ્રીએ કહ્યું, "મારા ધણી, મારા રાજા કૃપા કરી પૂછો."

19રાજાએ પૂછયું, "આ બધામાં તારી સાથે યોઆબ
સંડોવાયેલ છે?"

સ્રીએ કહ્યું, "આપના સમ ઓ! ધણી આપના પ્રશ્નનો
ઉત્તર ટાળી શકાય તેમ નથી. મારે સાચુંજ કહેવું પડશે,
આપના સેવક યોઆબે જ મને અહીં મોકલી છે. અને આમ
કહેવા કહ્યું છે. 20સમગ્ર વાતને જુદું રૂપ આપવા માટે જ
તેણે આમ કર્યુ હતું. મારા દેવ, આપ તો દેવના દૂત જેવા
જ્ઞાની છો અને પૃથ્વી પર શું થઈ રહ્યું છે તે બધુંય આપ
જાણો છો."

### આબ્શાલોમ યરૂશાલેમ પાછો ફર્યો

21રાજા દાઉદે યોઆબને કહ્યું, "મેં જે વચન આપ્યું છે તે
પ્રમાણે હું કરીશ. જાવ અને યુવાન આબ્શાલોમને પાછો ઘરે
લઈ આવો.

22યોઆબે રાજાને પ્રણામ કર્યા અને રાજાને આશીર્વાદ
આપ્યા અને કહ્યું, "હવે મને ખાતરી થઈ કે આપ મારા પર
પ્રસન્ન છો આપે મારું સાંભળ્યું છે."

23યોઆબ તરત જ ગશૂર ગયો અને આબ્શાલોમને
યરૂશાલેમ લઈ આવ્યો. 24પણ રાજાએ કહ્યું, "તે પોતાના
નિવાસસ્થાને રહેવા જાય, તે અહીં ન આવે. હું તેને જોવા
માગતો નથી." તેથી આબ્શાલોમ તેના ઘેર ગયો અને રાજાને
મળ્યો નહિ.

25આખા ઈસ્રાએલમાં દેખાવડો અને સુંદર આબ્શાલોમ
જેવો વિખ્યાત બીજો કોઈ પુરુષ નહોતો. પગથી માથા સુધી
તેનામાં કોઈ દોષ નહોતો. 26તેના વાળ બોજારૂપ બની જતા
હતા ત્યારે તે દર વરસે વાળ ઉતરાવતો અને ત્યારે તે વાળનું
વજન શાહી કાટલાં મુજબ આશરે પાંચ રતલ થતું.
27આબ્શાલોમને ત્રણ પુત્રો થયા હતા અને તામાર નામે
એક પુત્રી હતી, તે ખૂબ રૂપાળી હતી.

### આબ્શાલોમે યોઆબને તેને મળવા માટે વિવશ કર્યો

28આબ્શાલોમ યરૂશાલેમ આવ્યો, તેને બે વર્ષ થઈ ગયા,
પણ તે કદી રાજા આગળ ગયો નહિ. 29ત્યાર પછી આબ્શાલોમે
તેને માટે રાજા સામે જવા સંદેશો મોકલવા યોઆબને સંદેશો
મોકલાવ્યો, પણ યોઆબે આવવાની આબ્શાલોમ સાથે વાત
કરવાની ના પાડી, આબ્શાલોમે ફરી સંદેશો મોકલ્યો તો પણ
યોઆબે આવવાની ના પાડી.

30ત્યારે આબ્શાલોમે પોતાના નોકરોને મોકલી, "અને
તેઓને જઈને આબ્શાલોમના ખેતરની પાસે આવેલા
યોઆબના જવના ખેતરને બાળી નાખવાનું કહ્યું."

આથી આબ્શાલોમના નોકરોએ ખેતરોને બાળી નાખ્યાં.
31યોઆબ આબ્શાલોમને ઘેર તરત જ પહોંચી ગયો અને
પૂછવા લાગ્યો. "તારા નોકરોએ મારા ખેતરને આગ શા માટે
ચાંપી?"

32આબ્શાલોમે કહ્યું, "મારી ઈચ્છા એવી છે કે તું રાજાને
એમ પૂછ કે જો તે મને જોવા ઈચ્છતો નથી તો મને શા માટે
ગશૂરમાંથી પાછો બોલાવ્યો છે? હું ત્યાં જ રહ્યો હોત તો
મારા માટે વધારે સારું હતું. મારે રાજાની સાથે મુલાકાત
કરવી છે, અને જો મેં કંઈ પાપ કર્યુ હોય એમ તેમને લાગે
તો મને મોતની સજા કરી શકે છે."

### આબ્શાલોમ દાઉદને મળ્યો

33આબ્શાલોમે જે કહ્યું હતું તે યોઆબે જઈને રાજાને
કહ્યું; રાજાએ આબ્શાલોમને તેડાવ્યો, તેણે જઈને ભોંય પર
પડીને લાંબા થઈને રાજાને પ્રણામ કર્યા અને દાઉદે
આબ્શાલોમને ચુંબન કર્યુ અને ભેટી પડયો.

### આબ્શાલોમે ઘણાં મિત્રો બનાવ્યાં

15 ત્યારબાદ આબ્શાલોમે પોતા માટે રથ તથા
ઘોડાઓની તજવીજ કરી તે રથ ચલાવતો હોય
ત્યારે તેની આગળ દોડવા પચાસ માણસો રાખ્યા હતા. 2તે
પ્રતિદિન સવારે વહેલો ઊઠતો અને શહેરના દરવાજાના રસ્તા
પાસે જઈને ઊભો રહેતો, અને જયારે જયારે કોઈ માણસ
રાજા પાસે ફરિયાદ લઈ ન્યાય કરાવવા આવતો ત્યારે
આબ્શાલોમ તેને પોતાની પાસે બોલાવતો, અને પૂછતો કે,
"તું કયાંથી આવે છે?" પેલો માણસ જવાબ આપતો, "સાહેબ,
હું ઈસ્રાએલના ફલાણા કુળસમૂહમાંથી આવું છું." 3ત્યારે
આબ્શાલોમ તેને કહેશે, "ઓ ભાઈ, તું સાચો છે, પણ રાજા
દાઉદ તને સાંભળશે નહીં."

4અને પોતાને કહેતો, "હું ન્યાયાધીશ હોત તો કેવું સારુ
હતું! તો કોઈને જટિલ સમસ્યા કે કોઇ કારણ હોય તે મારી
પાસે આવત, અને હું તેને ન્યાય આપત."

5અને જો કોઈ માણસ આબ્શાલોમ પાસે એને પ્રણામ
કરવા આવે તો આબ્શાલોમ તેનો હાથ લંબાવી તે વ્યક્તિને
બાથમાંલઈ અને તેને ચુંબન કરતો.6રાજા પાસેન્યાય મેળવવા
આવતા એકેએક ઈસ્રાએલી સાથે આબ્શાલોમ આ રીતે વર્તતો
અને એમ કરીને તેણે ઈસ્રાલેલીઓનાં હૃદય જીતી લીધાં.

### આબ્શાલોમનો દાઉદ વિરુદ્ધ બળવો

7ચાર વર્ષ પછી* આબ્શાલોમે રાજાને કહ્યું, "ઓ ધણી મેં
યહોવા આગળ એક પ્રતિજ્ઞા લીધી છે, તેથી મને હેબ્રોન
જવા પરવાનગી આપો. મારે મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવી છે. 8હું
જયારે અરામમાં આવેલા ગશુરમાં રહેતો હતો, ત્યારે મેં
યહોવાની એવી માનતા રાખી હતી કે, જો 'યહોવા મને
પાછો યરૂશાલેમ લાવશે તો હું યહોવાની સેવા કરીશ."

9એટલે રાજાએ કહ્યું, "ઠીક, સુખેથી જા, જઈને તારી માનતા
પૂર્ણ કર."

આથી આબ્શાલોમ હેબ્રોન ગયો. 10પણ તેણે ઈસ્રાએલના
બધા કુળસમૂહોમાં જાસૂસો મોકલીને સંદેશો કહેવડાવ્યો કે,
"રણશિંગડાનો અવાજ સાંભળો કે તરત જ તમે પોકાર કરજો
કે, 'આબ્શાલોમ હેબ્રોનમાં રાજા બન્યા છે.'"

11યરૂશાલેમથી 200 માણસો આબ્શાલોમની સાથે ગયા
હતા, પરંતુ તેઓને તેના કાવતરા સંબંધી કાંઈ જ જાણ ન
હતી. 12આબ્શાલોમે રાજા દાઉદના સલાહકારોમાંનો એક
અહિથોફેલને એના નગર ગિલોથી બોલાવ્યો, તે વખતે
આબ્શાલોમ યજ્ઞ અર્પણ કરતો હતો. આબ્શાલોમનું કાવત્રું
સારી રીતે પાર પડી રહ્યું હતું અને ઘણા લોકો તેને સાથ
આપી રહ્યાં હતા. આબ્શાલોમના ટેકેદારોની સંખ્યા પણ વધતી
ગઈ.

### દાઉદને આબ્શાલોમના કાવત્રા વિષે જાણ

13એક સંદેશવાહકે યરૂશાલેમમાં દાઉદને જઈને કહ્યું,
"ઈસ્રાએલની પ્રજાએ આબ્શાલોમને અનુસરવાનું શરું કર્યુ
છે."

14તેથી તરત જ દાઉદે પોતાના અમલદારોને કહ્યું, "આપણે
અહીંથી તાબડતોબ ચાલ્યા જઈએ અને પલાયન થઈ જઈએ
નહિ તો આબ્શાલોમ થોડી વારમાંજ અહીં આવશે તે આપણને
પકડશે આપણો સંહાર કરશે અને યરૂશાલેમના લોકોને મારી
નાખશે." 15રાજાના અમલદારોએ દાઉદને કહ્યું, "આપ જેમ
કહેશો તેમ અમે કરશું અમે આપના સેવકો છીએ."

### દાઉદ અને તેના માણસો ઊગરી નીકળ્યાં

16તેથી રાજા પોતાના આખા પરિવાર સાથે ચાલી નીકળ્યો.
ફકત દસ રખાતોને મહેલની સંભાળ રાખવા પાછળ મૂકતો
ગયો.

---

**ચાર વર્ષ પછી** કોઇ પ્રાચીન લખાણમાં "40વર્ષ " કહેવાય છે.

17પછી રાજા અને તેના બધાં માણસો નગર છોડીને નીકળ્યાં ત્યારે તેઓ છેલ્લા ઘર આગળ થોભી ગયાં. 18રાજાના સર્વ અંગરરક્ષકો કરેથીઓ અને પલેથીઓ અને તેની સાથે ગાથથી આવેલા 600 માણસો રાજાની બાજુએ થઈને પસાર થયા.

19ત્યારે રાજાએ ગાથથી આવેલા ઈત્તાઈને કહ્યું, "અરે, તમે બધાં શા માટે મારી સાથે આવો છો? પાછા જાઓ અને નવા રાજા સાથે રહો; કારણ તમે બધાં પરદેશીઓ છો અને તમારા પોતાના દેશમાંથી આવેલા છો. 20તમે તો હજી ગઈ કાલે જ આવ્યા છો, તો પછી મારે તમને મારી સાથે સ્થળે સ્થળે શા માટે રખડાવવા જોઈએ? તમારા માણસોને લઈને પાછા જાવ. તમારા પ્રત્યે સદવ્યવહાર અને વફાદારી દર્શાવાય."

21પરંતુ ઈત્તાઈએ કહ્યું, "યહોવાના અને આપના સમ ખાઈને કહું છું મારા દેવ, અને રાજા કે, જયાં ક્યાંય પણ આપ જશો હું તમારી સાથે જઈશ, પછી ભલે મરવું પડે તોય?"

22ત્યારે દાઉદે ઈત્તાયને કહ્યું, "સારું, આગળ વધો, એટલે ઈત્તાય પોતાના બધા માણસો અને પરિવારને લઈને રાજા આગળથી પસાર થયો.

23આખા લશ્કરે આગળ કૂચ કરી ત્યારે બધા લોકો મોટેથી રડવા લાગ્યા. પછી રાજા કિદ્રોનના નાળાને વટાવી ગયો ત્યારે બધાં લોકો બહાર નિર્જન પ્રદેશ તરફ ગયા. 24સાદોક તથા તેની સાથેના સર્વ લેવીઓ દેવનાપવિત્રકોશને ઉંચકીને જતા હતા. તેઓ થોભ્યા અને તેને નીચે મૂક્યો અને અબ્યાથારે સર્વ લોકો યરૂશાલેમ છોડીને ગયા ત્યાં સુધી પ્રાર્થના કરી.

25ત્યારબાદ રાજાએ સાદોકને કહ્યું, "દેવના પવિત્રકોશને નગરમાં પાછો લઈ જા. જો યહોવા મારા પર પ્રસન્ન હશે તો કોઈક દિવસ મને પવિત્રકોશ અને દેવનું મંદિર જોવા માટે મને પાછો આવવા દેશે. 26પણ જો યહોવા મારા પર પ્રસન્ન ન હોય તો તેમની નજરમાં મારા માટે જે સાચું લાગશે તે કરશે."

27રાજાએ યાજક સાદોકને કહ્યું, "તું એક પ્રેરક છે. તારા પુત્ર અહીમાસ તથા અબ્યાથારના પુત્ર યોનાથાનને તારી સાથે લઈ અને તારા નગરમાં શાંતિથી જા. 28જ્યાં લોકો નદી ઓળંગી અને રણમાં જાય છે, તે સ્થળોએ તમારો સંદેશ મેળવવાની રાહ જોઈશ; હું અરણ્યમાં ભાગી જાઉં તે પહેલાં યરૂશાલેમમાં શું બને છે તેની માહિતી મને મોકલાવજે."

29આથી સાદોક અને અબ્યાથાર દેવના પવિત્રકોશને લઈને પાછા યરૂશાલેમ ગયા અને ત્યાં જ રહ્યાં.

## અહિથોફેલ વિરુદ્ધ દાઉદની પ્રાર્થના

30દાઉદ જૈતૂનના પર્વતો પર રૂદન કરતો કરતો ચડવા લાગ્યો, શોકને કારણે તેણે માથું ઢાંકેલું રાખ્યું હતું અને તેના પગ ઉઘાડા હતા, તેની સાથેના બધાં માણસો પણ ઢાંકેલા માથે રૂદન કરતાં કરતાં ચડતાં હતાં.

31જયારે કોઈકે દાઉદને કહ્યું કે "અહિથોફેલ જે લોકોએ આબ્શાલોમની સાથે યોજના બનાવી છે." તેની સાથે ભેગો ભળી ગયો છે દાઉદે પ્રાર્થના કરી: "ઓ યહોવા, કૃપા કરીને અહિથોફેલની સલાહને નિરર્થક બનાવજે." 32દાઉદ ટેકરીના શિખર પર પહોંચ્યો જ્યાં તે દેવની ઉપાસના કરવા ઘણીવાર જતો હતો, ત્યાં તે તેના મિત્ર આર્કી હુશાયને મળ્યો. શોકમાં તેણે પોતાનાં વસ્ત્રો ફાડી નાખ્યાં હતાં અને માથા પર ધૂળ નાખી હતી.

33દાઉદે તેને કહ્યું, "તું જો મારી સાથે આવીશ તો મને ભારરૂપ થઈ પડીશ. 34પણ જો તું નગરમાં જઈને આબ્શાલોમને કહે કે, 'હું આપની સેવા કરીશ, મેં આપના પિતાની સેવા કરી હતી પરંતુ હવે હું આપની સેવા કરીશ.' આ રીતે તું અહિથોફલની સલાહ નિરર્થક બનાવી દઈશ. 35યાજક સાદોક અને અબ્યાથાર પણ ત્યાં તારી સાથે જ હશે. રાજાના મહેલમાં તું સાંભળે તે સર્વ અને સર્વ યોજનાઓ કરવામાં આવે તેની જાણ તું તેઓને કહેતો રહેજે. 36તેમની સાથે સાદોકનો પુત્ર અહીમાસ અને અબ્યાથારનો પુત્ર યોનાથાન છે. તું જે કંઈ સાંભળે તે તેમની મારફતે મને પહોંચાડતો રહેજે." 37તેથી આબ્શાલોમ યરૂશાલેમમાં દાખલ થતો હતો ત્યાં જ દાઉદનો મિત્ર હુશાય પાછો નગરમાં આવ્યો.

## સીબા દાઉદને મળ્યો

16 દાઉદ પર્વતના શિખરથી સહેજ આગળ ગયો ત્યાં તેને મફીબોશેથનો નોકર સીબા મળ્યો, તેની પાસે બે ગધેડાં હતાં, અને તેમનાં પર 200 સૂકી રોટલી, 100 દ્રાક્ષોવાળી મીઠી પાંઉરોટી, 100 ઉનાળાની ઋતુનાં ફળ અને એક બરણી ભરીને દાક્ષારસ હતો. 2સીબાને રાજાએ પૂછયું, "તું આ બધું શા માટે લાવ્યો છે?"

સીબાએ જવાબ આપ્યો, "આ ગધેડાં રાજાના કુટુંબના સભ્યો માટે છે. રોટલી અને ઉનાળાની ઋતુનાં ફળ તમારા યુવાન નોકરો માટે છે. અને આ દ્રાક્ષારસ તમારામાંથી જે કોઈને રણમાં નબળાઈ લાગે તેને પીવા માટે છે."

3રાજાએ તેને સવાલ કર્યો, "તારા ધણી શાઉલનો પૌત્ર મફીબોશેથ કયાં છે?"

સીબાએ કહ્યું, "તે યરૂશાલેમમાં રહે છે, કારણ, 'તેને એમ લાગે છે કે હવે ઈસ્રાએલીઓ તેના દાદા શાઉલનું રાજય તેને પાછું આપશે.'"

4રાજાએ સીબાને કહ્યું, "મફીબોશેથનું જે કંઈ છે તે બધું હવે તારું છે."

સીબાએ કહ્યું, "ઓ પ્રભુ, મારા રાજા, હું આપને પ્રણામ કરું છું. અને હું સદા આપને પ્રસન્ન કરતો રહું."

## દાઉદને શિમઈનો શ્રાપ

5દાઉદ રાજા બહુરીમ પાસે પહોંચ્યો ત્યાં તેઓને શાઉલના કુટુંબનો માણસ ગેરાનો પુત્ર જેનું નામ શિમઈ હતું તે તેઓને શાપ આપતો, ગાળો દેતો દેતો આગળ આવ્યો.

6દાઉદના બધા અગંરક્ષકોને દાઉદની ડાબી અને જમણી બાજુએ તેનું રક્ષણ કરવા ફરી વળ્યાં હતાં, કારણકે શિમઈએ

દાઉદ અને તેના અમલદારો ઉપર પથ્થર ફેંકવાની કોશિષ કરી હતી. 7તેણે દાઉદને અપશબ્દો કહ્યાં, "ઓ ખૂન કરનાર, લોહી તરસ્યા ઓ બદમાશ! અહીંથી ચાલ્યો જા! 8તેં શાઉલનું રાજય લઈ લીધું છે. અને તેં જે ખૂન કર્યુ અને દરેકને મારી નાખ્યા તેનો બદલો દેવ તારા ઉપર લઈ રહ્યા છે, તેથી યહોવાએ તારું રાજય લઈ લીધું અને તારા પુત્ર આબ્શાલોમને આપ્યું છે. ઓ ખૂની, તને તારા પાપોની સજા મળી રહી છે!"

9સરૂયાના પુત્ર અબીશાયે દાઉદને કહ્યું, "મારા પ્રભુ મારા રાજા, આપ આ મરેલા કૂતરાં જેવાને શા માટે આપને શાપ આપવા દો છો? મને જઈને તેનું માથું ધડથી જુદું કરવાની મંજૂરી આપો."

10પરંતુ રાજાએ અબીશાય અને તેના ભાઈ યોઆબને કહ્યું, "ઓ સરૂયાના પુત્ર, તને શું થયું છે? જો તેઓને યહોવાએ કહ્યું હોય કે, 'દાઉદને શાપ આપ,' તો તમે એને પ્રશ્ન કરવાવાળા કોણ છો? તું આમ શા માટે કરે છે? અને કયા કારણ થી?"

11દાઉદે અબીશાયને અને બીજા બધા અમલદારોને કહ્યું, "જો મારો સગો પુત્ર મારો જીવ લેવા તૈયાર હોય તો આ બિન્યામીનના કુળસમૂહના માણસને એમ કરવાનો વધુ અધિકાર છે. તેને મને શાપ આપવા દો. યહોવાએ તેને આમ કરવા કહ્યું છે. 12કદાચ યહોવા મારા દુઃખ સામે જોશે અને આજના આ શાપને બદલે મને આશીર્વાદ આપશે."

13આથી દાઉદ અને તેના માણસોએ આગળ ચાલવા માડયું અને શિમઈ નજીકની ટેકરીઓ પર ધારે ધારે તેઓની ઝડપે તેઓની સાથે થવાજ ચાલતો હતો અને ચાલતાં ચાલતાં તે દાઉદને શાપ આપતો જતો હતો, અને દાઉદ પર પથરા ફેંકતો હતો. અને ધૂળ ઉડાડતો હતો.

14રાજા અને તેના માણસો યર્દન નદી પહોંચ્યા ત્યારે તેઓ સર્વ થાકી ગયા હતા, આથી તેમણે ત્યાં વિશ્રામ કર્યો.

15આબ્શાલોમ અને બધા ઈસ્રાએલીઓએ યરૂશાલેમમાં પ્રવેશ કર્યો અને અહિથોફેલ તેમની સાથે આવ્યો. 16દાઉદનો મિત્ર આર્કીહુશાય જયારે આબ્શાલોમને મળ્યો ત્યારે તેણે તેને કહ્યું, "નામદાર રાજા સાહેબ, ઘણું જીવો! નામદાર રાજા સાહેબ ઘણું જીવો."

17પરંતુ આબ્શાલોમે તેને કહ્યું, "શું તારા મિત્ર પ્રત્યેની તારી આવી જ વફાદારી છે? તું તારા મિત્ર દાઉદ સાથે શા માટે ન ગયો?"

18હુશાયે તેને જવાબ આપ્યો, "એ શી રીતે બને? જેને યહોવાએ, આ લોકોએ તથા ઈસ્રાએલના સર્વ માણસોએ પસંદ કર્યો, તેનો જ હું થઈશ, ને તેના જ પક્ષમાં હું રહીશ. 19વળી, જો હું મારા ધણીના પુત્રની સેવા ન કરું તો કોની સેવા કરવાનો હતો? મેં જેમણે આપના પિતાની સેવા કરી હતી તેમ તારી હજૂરમાં પણ હું સેવા કરીશ."

### આબ્શાલોમે અહિથોફેલની સલાહ લીધી

20પછી આબ્શાલોમે અહિથોફેલને કહ્યું, "હવે આપણે શું કરવું તું મને તારી સલાહ આપ."

21અહિથોફેલે તેને કહ્યું, "આપના પિતા તેની થોડી રખાતોને મહેલમાં તેની સંભાળ લેવા માટે મૂકી ગયા હતા જાઓ અને તેમની સાથે સંભોગ કરો. તેની સર્વ ઈસ્રાએલીઓને જાણ થશે કે આપને આપના પિતા સાથે દુશ્મનાવટ છે. અને આપના ટેકેદારોને હિંમત મળશે."

22તેથી તે લોકોએ મહેલની અગાસી ઉપર માંડવો કર્યો અને સૌ ઈસ્રાએલીઓના દેખતાં તે પોતાના પિતાની રખાતો સાથે સૂતો

23તે સમયમાં અહિથોફલની સલાહ દેવની વાણી માનવામાં આવતી હતી. દાઉદ અને આબ્શાલોમ પણ અહિથોફલની સલાહને એ જ પ્રમાણે માનતા હતાં.

### અહિથોફેલે દાઉદ વિષે સલાહ આપી

17 અહિયોફેલે આબ્શાલોમને કહ્યું, "આજે રાત્રે મને 12,000 માણસો પસંદ કરવા દો. હું આજે રાત્રે જ દાઉદનો પીછો કરવા નીકળી પડીશ. 2જયારે તે થાકેલો અને હતાશ હશે ત્યારે હું તેની પાસે જઈશ અને તેને ગભરાવીશ. અને તેના બધા માણોસો ભાગી જશે અને હુંજ રાજાને મારી નાખીશ. 3અને તેના બધા માણસોને, તારી પાસે પાછા લાવીશ. તમારે તો ફકત એકજ માણસને મારવાનો છે, બીજા બધા સુરક્ષિત રહેશે."

4આબ્શાલોમ અને ઈસ્રાએલના આગેવાનોને આ સલાહ ગમી. 5પછી આબ્શાલોમે કહ્યું, "આર્કી હુશાયને બોલાવો. આ યોજના સંબંધી તે શું વિચારે છે તે તેને પૂછો."

### હુશાયનો વિનાશ અહિથોફેલની સલાહ

6હુશાય આવ્યો એટલે આબ્શાલોમે તેને કહ્યું, "અહિથોફેલ કહે છે, તે મુજબ અમે કરીએ? જો તેમ કરવું યોગ્ય ના હોય તો પછી શું કરવું તે તું જ કહે."

7હુશાયે જવાબ આપ્યો, "આ વખતે અહિથોફેલે જે સલાહ આપી છે તે અયોગ્ય છે." 8તને ખબર છે કે તારા પિતા અને તેના અનુયાયીઓ બહુ હિંમતવાન છે. જેમ બચ્ચાં છીનવી લીધેલ જંગલી રીંછણ જોખમકારક બની જાય છે, તેવીજ રીતે તારા પિતા અને તેના માણસો ભયાવહ છે. તારા પિતા એક અનુભવી યોદ્ધા છે, અને રાત્રે તે તેના લશ્કર સાથે રહેતા નથી. 9આ સમયે તે કોઈ ગુફામાં કે ઊંડી સાંકડી ખીણમાં સંતાયેલો હશે. તે તેના સંતાઈ રહેવાના સ્થાનેથી અચાનક બહાર આવશે અને સૌથી પહેલા તારા માણસો પર હુમલો કરશે પછી જે કોઈ આ વિશે સાંભળશે તેઓ કહેશે. 'આબ્શાલોમના અનુયાયીઓનો સંહાર થઈ રહ્યો છે.' 10ત્યાર પછી સિંહ જેવા બહાદુર માણસો પણ નિરાશ થઈ જશે. અને હાર માની લેશે. કારણ આખું ઈસ્રાએલ જાણે છે કે તારા પિતા શૂરવીર યોદ્ધા છે અને તેના માણસો પણ.

11"તેથી મારી સલાહ છે કે, દાનથી બેર–શેબા સુધીના સર્વ ઈસ્રાએલીઓને તેઓ સૌને તું એકઠા કર. આમ સમુદ્રની રેતીની જેમ ઘણાં સૈનિકોથી તારું સૈન્ય વિશાળ થઈ જશે, અને પછી તારે જાતે જ યુદ્ધનાં લશ્કરની આગેવાની લેવી

પડશે. 12દાઉદ જયાં હશે ત્યાંથી આપણે તેને શોધી કાઢીશું. અને ઝાકળ જેમ જમીન પર પડે છે તેમ આપણે તેના ઉપર હુમલો કરશું અને તેને કે તેના લશ્કરના એક પણ માણસને આપણે જીવતો જવા નહિ દઈએ અને દરેકને મારી નાંખશું. 13અને જો કોઈ નગરમાં ભાગી ગયો હશે તો સર્વ ઈસ્રાએલીઓ દોરડાં લઈ તેની દીવાલ તોડી પાડશે. અને તેઓને ખીણમાં ઘસડીને લઈ જશે અને એક નાની કાંકરીએ નગરમાં રહેવા નહીં પામે."

14ત્યારબાદ આબ્શાલોમે તથા ઈસ્રાએલના સર્વ આગેવાનોએ કહ્યું, "હુશાયની સલાહ અહિથોફેલની સલાહ કરતા વધારે સારી છે." યહોવાએ અહિથોફેલની સારી સલાહને મિટાવી દેવાનું નક્કી કર્યુ હતું, જેથી દેવ આબ્શાલોમનું ખરાબ કરે.

### હુશાયે દાઉદને ચેતવણી મોકલી

15હુશાયે યાજક સાદોક અને અબ્યાથારને કહ્યું, "અહિથોફેલ આબ્શાલોમને અને ઈસ્રાએલીના આગેવાનોને આ પ્રમાણેની સલાહ આપી હતી, પણ મેં આ મુજબની સલાહ આપી હતી. 16હુશાયએ તેઓને કહ્યું, ઉતાવળ કરો, દાઉદને શોધી કાઢો અને તેને કહો જે સ્થળો ઓળંગીને લોકો રણમાં જાય છે ત્યાં આજે રાત્રે ન રહે એને કહો તે તાત્કાલિક યર્દન નદી ઓળંગી જાય, નહિ તો રાજા અને તેના સર્વ માણસો માર્યા જશે."

17યોનાથાન અને અહીમાસ એન-રોગેલ પાસે થોભ્યા હતા, કારણ કે જો તેઓ શહેરમાં દાખલ થાય તો કોઈ જોઈ જાય એક દાસી જે કાંઇ બને તે તેમને જઈને કહેતી હતી અને ત્યારબાદ તેઓ જે કાંઇ બન્યું હોય તે રાજા દાઉદને જણાવતાં હતાં. 18પરંતુ યોનાથાન અને અહીમાસને એક છોકરો જોઈ ગયો અને તે આબ્શાલોમને કહેવા દોડી ગયો આથી એ બે જણા તાબડતોબ 'બહુરીમ' પાસે એક માણસને ઘેર ગયા. ત્યાં તેના ફળિયામાં એક કૂવો હતો, તેમા તેઓ નીચે ઊતરી ગયાં. 19તે માણસની પત્નીએ કૂવા પર એક ચાદર પાથરી. અને તેના પર સૂકવવા અનાજ પાથરી દીધું, જેથી કોઈને કશી ખબર ન પડે. 20આબ્શાલોમના અમલદારોએ ઘેર આવીને તે સ્રીને પૂછયું, "અહીમાસ અને યોનાથાન કયાં છે?"

તે સ્રીએ કહ્યુ. "તેઓ તો નદી ઓળંગીને ચાલ્યા ગયા છે."

તે માણસોએ તેમની શોધ કરી પણ સફળતા મળી નહિ, એટલે તેઓ યરૂશાલેમ પાછા ફર્યા.

21તેમના ગયા પછી પેલા બે માણસોએ કૂવામાંથી બહાર નીકળી રાજા દાઉદ પાસે જઈને કહ્યું, "ઝટ કરો, આજે રાત્રે જ યર્દન નદીની પાર જતા રહો!" અહિથોફેલે દાઉદને બંદીવાન કરી તેનો સંહાર કરવા જે સલાહ આપી હતી તે તેઓ તેને કહી સંભળાવી.

22આથી દાઉદ અને તેની સાથેના માણસો યર્દન નદી ઓળંગવા લાગ્યા અને સૂર્યોદય થતાં પહેલાં બધા સામે પાર પહોંચી ગયા.

### અહિથોફેલે આત્મહત્યા કરી

23અહિથોફેલે જોયું કે પોતાની સલાહ માનવામાં આવી ન હતી, ત્યારે તેણે પોતાના ગધેડા પર જીન બાંધ્યું અને પોતાના નગરમાં ગયો પોતાના કુટુંબની વ્યવસ્થા કરીને પછી તે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈને મરી ગયો. અને તેને તેના પિતાની કબર પાસે દફનાવવામાં આવ્યો.

### આબ્શાલોમે યર્દન નદી ઓળંગી

24તે પછી દાઉદ ઉતાવળથી માહનાઈમ ગયો તે દરમ્યાન આબ્શાલોમે ઈસ્રાએલના સમગ્ર પ્રજાજનો સાથે યર્દન ઓળંગી. 25અને આબ્શાલોમે યોઆબની જગાએ અમાસાને લશ્કરનો સેનાપતિ નીમ્યો. અમાસા યિથ્રા ઈશ્માએલીનો પુત્ર હતો. તેની મા ઈસ્રાએલી હતી અને તેનું નામ અબિગાઈલ હતું તે નાહોશની પુત્રી અને યોબની મા સરુયાની બહેન હતી.

26આબ્શાલોમ અને ઈસ્રાએલીઓએ ગિલયાદના પ્રદેશમાં છાવણી નાખી.

### શોબી, માખીર, બાર્ઝિલ્લાય

27જયારે દાઉદ મહાનાઈમ પહોંચ્યો ત્યારે તે રાબ્બાહના આમ્મોની નાહાશનો પુત્ર શોબીને લો દબારના આમ્મીએલનો પુત્ર માખીર, તથા રોગલીમનો, ગિલયાદીના બાર્ઝિલ્લાયને મળ્યો. 28તેઓ ખાટલા, વાસણો, હોલ્લાં, ઘઉં, જવ, લોટ, અને ધાણી કઠોળ અને મસૂર, 29મધ અને દહીં ઘેટાં અને પનીર લઈને તેમને મળ્યા, અને આ બધું દાઉદને અને તેનાં માણસોને ખાવા માટે આપ્યું, તેઓને થયું કે, "એ લોકો રાનમાં ભૂખ્યાં-તરસ્યાં થયા હશે અને થાકી ગયાં હશે."

### દાઉદે યુદ્ધની તૈયારી કરી

18 રાજા દાઉદે તેના લશ્કરની ગણતરી કરી. અને તેણે 1,000 માણસો પર અને 100 માણસો પરના પદવીધર અલગ અલગ નીમ્યા. 2ત્યાર પછી તેણે સેનાને ત્રણ ભાગમાં વહેંચી નાખી, એક યોઆબના હાથ નીચે, બીજી યોઆબના ભાઈ અને સરૂયાના પુત્ર અબીશાયના હાથ નીચે અને ત્રીજી ગાથના ઈત્તાઈના હાથ નીચે, પછી દાઉદે સેનાને ઉદ્દેશીને કહ્યું, "હું જાતે તમારી સાથે આવીશ."

3તેઓએ કહ્યું, "ના, તમારે અમારી સાથે આવવાનું નથી, અમે પીછેહઠ કરીને નાશી જઈએ અને અમારામાંથી અડધા ભાગના માર્યા જાય તો પણ આબ્શાલોમના માણસોને અમારી કાંઈ પડી નથી, તેઓ તમારી પાછળ પડ્યાં છે અને તમે તો અમારા 10,000 માણસોની બરાબર છો! તમે અહીં નગરમાં રહી જાવ તે વધારે સારું છે. તમે નગરમાં રહીને અમને મદદ મોકલતા રહો એ વધારે સારું છે,

4છેવટે રાજા દાઉદે કહ્યું, "તમને જેમ યોગ્ય લાગે તેમ હું કરીશ."

પછી તે દરવાજા પાસે ઊભો રહ્યો અને લશ્કર સો અને હજારની ટૂકડીમાં ગોઠવાઈ ગયું.

### યુવક આબ્શાલોમ સાથે વિનમ્ર રહો

5રાજાએ યોઆબ, અબીશાય અને ઈત્તાઈને હુકમ કર્યો કે, "મારે ખાતર તમે યુવાન આબ્શાલોમ સાથે નરમાશથી બોલજો." અને આખા લશ્કરે આ હુકમને સાંભળ્યો.

### દાઉદના સૈન્યે આબ્શાલોમના સૈન્યને હરાવ્યું

6દાઉદનું લશ્કર આબ્શાલોમની સેના સાથે યુદ્ધ કરવા મેદાને પડયું અને એફ્રાઈમના જંગલમાં યુદ્ધ જામ્યું. 7દાઉદના
સૈન્ય આગળ ઈસ્રાએલના સૈન્યની હાર થઈ. આબ્શાલોમના માણસો હારી ગયા. એ હાર એવી ભંયકર હતી કે તે દિવસે 20,000 માણસોએ પોતાના પ્રાણ ગુમાવ્યા. 8સમગ્ર વિસ્તારમાં
યુદ્ધ ફેલાઈ ગયું પરંતુ તે દિવસે તલવારથી મરવા કરતાં જંગલમાં વધુ માણસો મરી ગયા.

9યુદ્ધના સમયે આબ્શાલોમનો દાઉદના કેટલાક અમલદારો સાથે ભેટો થઈ ગયો, અને તેણે ભાગવાની કોશિષ કરી. આબ્શાલોમ ગધેડા પર બેસીને જતો હતો, તે ગધેડો એક મોટા ઈમારતી કાષ્ઠના વૃક્ષની ઘટામાંથી પસાર થતો હતો. એવામાં આબ્શાલોમનું માથું શાખાઓમાં ભરાઈ ગયું. તે આકાશ અને જમીન વચ્ચે અદ્ધર લટકવા લાગ્યો અને ગધેડો આગળ ચાલી ગયો.

10કોઈ એક માણસની નજર તેના પર પડી. એટલે તેણે જઈને યોઆબને ખબર આપી, "મેં આબ્શાલોમને એક ઝાડે લટકતો જોયો હતો."

11યોઆબે કહ્યું, "ખરેખર તેં જોયો? તો પછી તેં તેને શા માટે મારી નાખ્યો નહિ? મેં તને દસ-ચાંદીના સિક્કા અને એક પટ્ટો આપ્યો હોત,"

12પેલા માણસે કહ્યું, "તમે મારા હાથમાં 1,000 ચાંદીના સિકકા મુકો ને તો પણ હું રાજાના કુંવર સામે આંગળી સરખી ઊંચી ન કરું; 'કેમકે, અમારા સાંભળતા રાજાએ તને, અબીશાયને તથા ઈત્તાયને એવું કહ્યું હતું કે, ખબરદાર, જવાન આબ્શાલોમને કોઈ હાથ અડકાડે નહી.' 13મેં જો
આબ્શાલોમને માર્યો હોત તો રાજાને તેની ખબર પડી હોત અને તમે પોતેજ મારી વિરુદ્ધ થઇ ગયા હોત. મારા ઉપર આરોપ મૂકવામાં તમે પહેલા હોત."

14યોઆબે કહ્યું, "મારી પાસે તારી સાથે નિરર્થક વાતોની ચર્ચા કરવાનો સમય નથી," એમ કહીને તેણે ત્રણ ભાલા લીધા અને ઝાડે લટકતાં અને હજી જીવતા રહેલા આબ્શાલોમની છાતીમાં ભોંકી દીધાં.

15પછી યોઆબના દસ અંગરક્ષકોએ આબ્શાલોમને ઘેરી લઈ, ઘા કરીને તેને પૂરો કર્યો, 16પછી યોઆબે યુદ્ધનું રણશિંગડું
વગાડી લશ્કરને ઈસ્રાએલીના લશ્કરનો પીછો કરતા રોક્યું. તેથી તેઓ પાછા ફર્યા.

17તેઓએ આબ્શાલોમના શબને લઈને જંગલમાં એક ખાડામાં ફેંકી દીધું. અને તેની ઉપર ઘણાં બધાં પથ્થરો મૂક્યાં, બધા ઈસ્રાએલીઓ પોતાને ઘેર ભાગી ગયા.

18પોતાના જીવન દરમ્યાન આબ્શાલોમે રાજાઓની ખીણમાં સ્મારક સ્તંભ ઊભો કર્યો હતો. કારણ, તેને એમ થયું હતું કે, "મારું નામ રાખવા માટે મને પુત્ર તો છે નહિ." આથી તે સ્તંભને તેણે પોતાનું નામ આપ્યું હતું; અને આજે પણ તે "આબ્શાલોમના સ્મારક" તરીકે ઓળખાય છે.

### યોઆબે દાઉદને સમાચાર મોકલ્યા

19ત્યારબાદ સાદોકના પુત્ર અહીમાસે કહ્યું, "યહોવાએ રાજાના શત્રુ આબ્શાલોમથી તેનું રક્ષણ કર્યુ છે, આ શુભ સમાચાર કહેવાને મને રાજા દાઉદ પાસે દોડતો જવા દો."

20યોઆબે તેને કહ્યું, "આજે તારે ખબર કહેવા જવાનું નથી, જવું હોય તો કોઈ બીજા દિવસે જજે; આજે તો નહિ જ, કારણ, રાજકુમારનું અવસાન થયું છે."

21ત્યારબાદ યોઆબે એક કૂશીને કહ્યું, "તું જા, અને તેં જે જોયું છે તે રાજાને કહેજે."

તે ગુલામ યોઆબને પ્રણામ કરીને રાજાને કહેવા દોડ્યો.

22પણ સાદોકના પુત્ર અહીમાસે યોઆબને વિનંતી કરી અને "તેને વિનંતી કરવાનું ચાલું રાખ્યું, જે થવાનું હોય તે થાય મારે કૂશીની પાછળ જવું જ છે અને રાજાને મળવું છે."

યોઆબે પૂછયું, "તારે શા માટે જવું જોઈએ? તને કંઈ ઈનામ નહિ મળે."

23અહીમાસ ફરી બોલ્યો, "જે થવાનું હોય તે થાય, હું તો જવાનો જ."

યોઆબે કહ્યું, "તો જા."

આથી તે યર્દનના કાંઠાને રસ્તે દોડવા લાગ્યો અને હબસીની આગળ નીકળી ગયો.

### દાઉદે સમાચાર સાંભળ્યાં

24દાઉદ નગરના બે દરવાજા વચ્ચે બેઠો હતો. ચોકીદાર નગરના કોટ ઉપર ચઢી ગયો તેણે જોયું, એક માણસ એકલો દોડતો આવતો હતો.

25રાજાએ કહ્યું, "જો તે માણસ એકલો હોય તો ખબર લઈને આવે છે." દોડનાર માણસ નજીક ને નજીક આવતો જતો હતો.

26ત્યારે ચોકીદારે જોયું કે બીજો એક માણસ પણ દોડતો આવતો હતો તેણે બૂમ પાડીને દરવાનને સમાચાર આપ્યા, એટલે રાજાએ કહ્યું, "એ પણ ખબર લઈને આવે છે."

27ચોકીદારે કહ્યું, "પ્રથમ માણસ સાદોકના પુત્ર અહીમાસ જેવો લાગે છે."

રાજાએ જવાબ આપ્યો, "તે સારો માણસ છે અને સારા સમાચાર લઈને આવે છે."

28અહીમાસે બૂમ પાડીને રાજાને કહ્યું, "બધુ ઠીક છે," રાજાની આગળ સાષ્ટાંગ દંડવત્ત પ્રણામ કરીને તેણે કહ્યું, "મારા ધણી મારા રાજા, તમારા દેવ યહોવાને ધન્ય હોજો, જેઓએ આપની સામે બળવો પોકારનારાઓને હરાવી દીધા છે."

29રાજાએ પૂછયું, "યુવાન આબ્શાલોમ સુરક્ષિત તો છે ને?"

અહીમાસે જવાબ આપ્યો, "યોઆબે મને મોકલ્યો ત્યારે
ત્યાં ખૂબ લડાઈ અને ભાગદોડ થતી હતી, પણ પછી શું થયું
એની મને ખબર નથી."
30રાજાએ કહ્યું, "એક બાજુ ખસીને થોડી વાર ઊભો રહે."
આથી તે ખસીને એક બાજુએ ઊભો રહ્યો.
31પછી પેલા કૂશીએ આવીને કહ્યું, "ઓ, પ્રભુ આપને
માટે શુભ સમાચાર છે! જે માણસે આપની સામે બળવો
પોકાર્યો હતો, તે આપણા દેવ યહોવાની મદદથી હારી
ગયો છે."
32પછી રાજાએ તે કૂશીને કહ્યું "શું આબ્શાલોમ સુરક્ષિત
નથી?"

દોડનારે જવાબ આપ્યો, "આપના બધા દુશ્મનોના અને આપની સામે બળવો પોકારનાર એ આ માણસ જેવા થાઓ."

33પછી રાજા બહુજ ગુસ્સે થયો, તે નગરના દરવાજા પરની
ઓરડી પર ગયો તેની આંખો આંસુથી ભરાઈ આવી તે રડવા
લાગ્યો. અને જતાં જતાં તે બોલ્યો, "ઓ મારા પુત્ર આબ્શાલોમ,
મારા પુત્ર, ઓ મારા પુત્ર આબ્શાલોમ, તારા બદલે હું જો
મૃત્યુ પામ્યો હોત તો કેવું સારું! ઓ આબ્શાલોમ, મારા પુત્ર!
મારા પુત્ર."

### યોઆબે દાઉદને ઠપકો આપ્યો

19 રાજા દાઉદ આબ્શાલોમ માટે વિલાપ કરતાં કરતાં
શોકમાં ડૂબી ગયો તેની જાણ યોઆબને થઈ ગઈ.
2તે દિવસે દાઉદનું સૈન્ય યુદ્ધ જીતી ગયું હતું. પણ સર્વ
લોકો માટે જીતનો આનંદ દુ:ખમાં ફેરવાઈ ગયો હતો આ
એક ખૂબજ ઉદાસ દિવસ હતો કારણકે લોકોએ સાંભળ્યું કે,
"રાજા પોતાના પુત્ર માટે ઘણોજ દુ:ખી હતો."
3સૈન્યના માણસો જાણે કે યુદ્ધમાં પરાજય પામવાથી
શરમાતા હોય તેમ છાનામાના નગરમાં ચાલ્યા ગયા. 4રાજા
પોતાના હાથ વડે પોતાનું મુખ ઢાંકીને વિલાપ કર્યા કરતો
હતો. "ઓ મારા પુત્ર આબ્શાલોમ! ઓ આબ્શાલોમ, મારા
પુત્ર, મારા પુત્ર!"
5પછી યોઆબ રાજાના મહેલમાં ગયો અને કહ્યું, "આજે
આપે આપના અમલદારોનું અપમાન કર્યુ છે, જેમણે તમારો
જીવ અને તમારા પુત્રોના અને પુત્રીઓના, આપની
પત્નીઓના અને રખાતોના પ્રાણ બચાવ્યાં હતાં. 6અમને
લાગે છે કે આપના ઉપર જેઓ પ્રેમ રાખે છે તેમને આપ
ધિક્કારો છો, અને જેઓ આપને ધિક્કારે છે તેમના ઉપર
આપ પ્રેમ રાખો છો? આપે એ સ્પષ્ટ બતાવી આપ્યું છે કે
સેનાપતિઓની અને લડાયકોની આપને કશી કિંમત નથી.
હુ સ્પષ્ટ જોઉં છું કે જો આજ આબ્શાલોમ જીવતો હોત અને
અમે બધા મરી ગયા હોત તો આપ રાજી થયા હોત. 7હવે
જાવ અને આપના સૈનિકોને પ્રોત્સાહન આપો, કારણ, આપ,
જો તેમ નહિ કરો તો હું યહોવાના સમ ખાઈને કહું છું કે
સવાર સુધીમાં કોઈ આપની સાથે હશે નહિ, એ આપના
જીવનની મોટામાં મોટી આફત શરૂ થશે."
8પછી રાજા ઊઠ્યો અને નગરના દરવાજા આગળ જઈને
બેઠો, પછી લોકોને ખબર પડી કે તે ત્યાં છે તો લોકો રાજાની
પાસે આવ્યાં.

### દાઉદ ફરી રાજા બન્યો

દરમ્યાનમાં આબ્શાલોમના અનુયાયીઓ ઈસ્રાએલીઓ
પોતાને ઘેર ભાગી ગયા. 9સર્વ ઈસ્રાએલીઓ તેઓની
એકબીજાને ચર્ચા કરતા હતા અને કહેતા હતા કે, "રાજાએ
આપણને શત્રુઓના હાથમાંથી પણ બચાવ્યા, અને
પલિસ્તીઓના હાથમાંથી બચાવ્યા હવે આબ્શાલોમને કારણે
તે આપણને છોડી જાય છે. 10આપણે આબ્શાલોમનો
રાજ્યાભિષેક કર્યો પણ તે તો યુદ્ધમાં માર્યો ગયો છે, તેથી
પાછા આવીને ફરીથી આપણો રાજા બનવા માટે આપણે
દાઉદને વિનંતી કરીએ."
11રાજા દાઉદને સાદોક અને આબ્યાથાર યાજકોને સંદેશો
મોકલ્યો. "આમ કહેતો યહૂદાના આગેવાનો સાથે વાત કરી
તેઓને કહો રાજાને ફરીથી મહેલમાં લાવવામાં કુળસમૂહમાં
તમે સૌથી છેલ્લા કેમ છો? સર્વ ઈસ્રાએલીઓ રાજાને ઘરે
લાવવાની વાતો કરે છે. 12તમે તો મારા ભાઈઓ છો, મારુંજ
લોહી અને મારુંજ માંસ છો. રાજાને પાછો લાવવામાં તમે
શા માટે સૌથી છેલ્લા છો?" 13અને અમાસાને કહો તમે
મારા સગા સંબંધી છો હું તને યોઆબને સ્થાને લશ્કરનો
સેનાપતિ નિયુકત કરું છું; જો ના નિયુકત કરું તો દેવ મને
શિક્ષા કરો."
14આ રીતે તેણે યહૂદાના લોકોના સર્વ કોઈનાં હૃદય જીતી
લીધાં અને તેઓએ સૌએ સાથે રાજાને સંદેશો મોકલ્યો કે,
"આપ અને આપના બધા માણસોએ પાછા આવવુંજ જોઈશે."
15આથી રાજા પાછો ફર્યો અને યર્દન નદી આગળ આવી
પહોંચ્યો. યહૂદાના લોકો તેને મળવા માટે અને નદીને સામે
પાર લઈ જવા માટે ગિલ્ગાલ આવ્યાં.

### શિમઈએ દાઉદની માફી માગી

16ત્યાર પછી બહુરીમનો બિન્યામીનકુળનો ગેરાનો પુત્ર
શિમઈ યહૂદાના લોકો સાથે રાજા દાઉદને મળવા આવ્યો
અને જલ્દીથી ત્યાં પહોંચી ગયો. 17તેઓની સાથે
બિન્યામીનકુળના 1,000 માણસો હતા, તેઓમાં શાઉલનો
સેવક સીબા, તેના 15 પુત્રો, અને 20 સેવકો પણ તેની સાથે
હતા. તેઓ તેઓના રાજાના આગમન માટે ઝડપભેર યર્દન
નદીના કિનારા પર પહોંચી ગયા.
18તેઓએ રાજાના કુટુંબને તથા તેના સૈન્યને નદી પાર
કરાવવા સખત પરિશ્રમ કર્યો અને શકય તેટલી સહાય કરી.
રાજા નદી ઓળંગવાની તૈયારી કરતો હતો ત્યારે શિમઈ
તેમને પગે પડયો. 19તેણે રાજાને વિનંતી કરી અને કહ્યું,
"ઓ પ્રભુ મારા ખોટા કાર્યોને જ્યારે; આપ યરૂશાલેમ છોડી
ગયા ત્યારે મેં જે ખરાબ કાર્યો કર્યા હતા તે કૃપા કરી સંભારશો
નહિ, ને તેના વિષે વિચાર કરશો નહિ. 20કારણ, મેં પાપ કર્યુ
છે તે હું તમારો સેવક જાણું છું, તેથીજ મારા દેવ અને રાજા

આજે યૂસફના કૂળમાંથી તમને મળવા માટે સૌથી પહેલા હું
અહીં આવ્યો છું."

21સરૂયાના પુત્ર અબીશાયે કહ્યું, "દેવના પસંદ કરેલા
રાજાને શિમઈએ શાપ આપ્યો છે શું આ માટે તેને મારી
નાખવો જોઈએ નહિ?"

22ત્યારે દાઉદે કહ્યું, "ઓ સરૂયાના પુત્રો, આજે મારી સામે
આવશો નહિ! આજનો દિવસ લોકોને મૃત્યુદંડ ફરમાવવા
માટેનો નહિ પણ ખુશી અને આનંદિત થવાનો છે. હું ફરી
એકવાર ઈસ્રાએલનો રાજા બન્યો છું."

23પછી દાઉદે શિમઈ તરફ ફરીને પ્રતિજ્ઞા લીધી, "હું તને
જીવનદાન આપું છું." અને રાજાએ તેને સમ ખાઈને વચન
આપ્યું.

### મફીબોશેથ દાઉદને મળવા ગયો

24શાઉલનો પૌત્ર મફીબોશેથ પણ રાજાને મળવા ગયો
હતો રાજા યરૂશાલેમ છોડીને ગયા તે દિવસથી તે જીત
મેળવીને પાછા ન ફરે ત્યાં સુધી તેણે પોતાનાં વસ્રો કે
પગ ધોયા નહોતાં, કે દાઢી પણ વ્યવસ્થિત રીતે કરી
નહોતી.

25અને જ્યારે તે યરૂશાલેમના રાજાને મળવા આવ્યો,
રાજાએ તેને પૂછયું, 'મફીબોશેથ, તું મારી સાથે કેમ આવ્યો
નહિ?"

26તેણે કહ્યું, "હે મારા પ્રભુ અને રાજા, મારા સેવક સીબાએ
મને દગો દીધો. હું લંગડો છું એટલે મેં તેને કહ્યું, 'મારા
ગધેડા પર જીન નાખ, મારે રાજા સાથે જવું છે.' 27પરંતુ
પછી મારો સેવકજ તમને મળવા આવ્યો, અને તમને મારા
વિષે દુષ્ટ વાતો કરી છે. હું જાણું છું કે તમે દેવદૂત જેવા છો,
આપને યોગ્ય લાગે તેમ કરો. 28હું અને મારા પિતાનું આખું
કુટુંબ આપ નામદારના હાથે મૃત્યુદંડને પાત્ર હતા, પરંતુ
આપે આ સેવકને આપની સાથે પોતાની મેજ પર ભોજન
લેનારાઓ સાથે બેસાડીને માન આપ્યું છે. તેથી હું તમને
કઈ રીતે ફરિયાદ કરી શકું?"

29દાઉદે કહ્યું, "હવે તમારે વધુ કહેવાની જરૂર નથી. મેં
નિર્ણય કર્યો છે કે હું તારી અને સીબાની વચ્ચે શાઉલની
બધી મિલકત વહેંચી દઈશ."

30મફીબોશેથે કહ્યું, "ભલે તે બધી મિલકત લેતો. આપ
નામદાર સુરક્ષિત પાછા આવ્યા એ જ મારે મન પૂરતું છે."

### દાઉદે બાર્ઝિલ્લાયને પોતાની સાથે આવવાનું કહ્યું

31ગિલયાદનો બ્રાર્ઝિલ્લાય પણ રોગેલીમથી રાજાને યર્દન
નદી પાર પહોંચાડવાને આવી પહોંચ્યો. 32બ્રાર્ઝિલ્લાય એંસી
વર્ષનો ખૂબ વૃદ્ધ માણસ હતો ધનવાન માણસ હતો, અને
તેણે રાજાને તથા તેના લશ્કરને રાજાના માહનાઈમના મુકામ
દરમ્યાન ખોરાક અને બીજી જરૂરિયાતની વસ્તુઓ પૂરી
પાડી હતી. 33રાજાએ તેને કહ્યું, "મારી સાથે યર્દન નદીની
પેલે પાર યરૂશાલેમમાં રહે અને હું તારું પોષણ કરીશ અને
સંભાળ લઈશ."

34બ્રાર્ઝિલ્લાયે કહ્યું, "હવે મારે કેટલાં વર્ષ કાઢવાનાં છે કે
આપની સાથે યરૂશાલેમ આવું!, 35અત્યારે મને 80 વર્ષ તો
થઈ ગયા. હું હવે કશું કરી શકતો નથી, સારું કે ખરાબ શું એ
કહેવા માટે હું ખૂબ વૃદ્ધ છું. ખાવાપીવાનો સ્વાદ અને આનંદ
લેવા માટે હું ખૂબ ઘરડો છું. અને ગાયકોને ગીતગાતાં
સાંભળવાનો આનંદ માણવા માટે પણ હું ખુબ વૃદ્ધ છું. શું
કરવા તો પછી તમને ભાર રૂપ બની અને તમારી સાથે
આવું? 36અને મને આપે આવો બદલો શા માટે આપવો
જોઈએ? તમારી સાથે નદી પાર કરું તે જ મારા માટે મોટું
સન્માન છે. 37મને મારા નગરમાં પાછો જવા દો ત્યાં મારાં
માતાપિતાને મેં દફનાવ્યાં છે. હું રહીશ અને મારા બાકીના
વર્ષો તેમની કબર આગળ પૂરા કરીશ ને ત્યાંજ મૃત્યુ પામીશ.
મારો સેવક કિમ્હામ ભલે તમારી સાથે આવે. અને આપને
જેમ ઠીક લાગે તેમ એનું કરજો."

38રાજાએ તે મંજૂર રાખીને કહ્યું, "ભલે , કિમ્હામ મારી
સાથે આવે અને મેં તારા માટે જે સારું હશે તે જ તેને માટે
કરીશ અને તમે જે કાંઈ કહેશો હું તમારા માટે કરીશ."

### દાઉદ ઘરે પાછો ગયો

39પછી રાજા અને તેના લોકો યર્દન નદી ઓળંગી ગયા.
બર્ઝિલ્લાયને મળ્યા બાદ રાજાએ તેને આશીર્વાદ આપ્યા,
અને બાર્ઝિલ્લાય પાછો પોતાને નગર ગયો. 40રાજા ગિલ્ગાલ
ગયા અને કિમ્હામ રાજા સાથે ગયો.

યહૂદાના બધા લોકો અને ઈસ્રાએલના અડધા લોકો પણ
તેઓ સાથે ગયા અને નદી પાર આવ્યા.

### ઈસ્રાએલીઓએ યહૂદાના લોકો વિરુદ્ધ દલીલ કરી

41ત્યાર પછી ઈસ્રાએલના બાકીના બધા લોકો રાજા પાસે
ગયા અને તેમને વિનંતી કરી, "અમારા ભાઈઓ યહૂદાના
લોકોએ આપને છાનામાના લઈ જઈને આપને, આપના
પરિવારને અને આપનાં બધાં લશ્કરને શા માટે નદી પાર
લઈ આવ્યા?"

42યહુદાના લોકોએ ઈસ્રાએલીઓને જવાબ આપ્યો, "આ
માટે તમે અમારી પર ગુસ્સે કેમ થાઓ છો? રાજા અમારા
નજીકના સગા છે. અમે રાજાના ખર્ચે ખાવાનું ખાધું નથી
અને રાજાએ અમને કોઈ ભેટસોગાદો આપી નથી?"

43ઈસ્રાએલીઓએ જવાબ આપ્યો, "અમારો રાજા ઉપર
દસગણો વધારે હક્ક છે. તમે શા માટે અમારી અવગણના
કરી? રાજાને પાછો લાવવા વિશે વાત કરવાવાળા અમે પ્રથમ
લોકો હતા."

યહૂદાના લોકોએ કઠોરતાથી જવાબ આપ્યો, તેઓના શબ્દો
ઈસ્રાએલીઓના શબ્દો કરતાં વધારે કઠોર હતા.

### શેબાનો દાઉદ વિરુદ્ધ બળવો

20 બિખ્રીને શેબા નામે એક પુત્ર હતો જે એક
બિન્યામીની હતો, અને દુષ્ટ અને સંતાપ આપનાર
હતો, તેણે દાઉદ સામે રણશિંગું ફૂંકીને કહ્યું,

"દાઉદ સાથે અમારે કોઈ સંબંધ નથી. ઈશાઈના પુત્ર
સાથે અમારે કોઈ સંબંધ નથી! ઈસ્રાએલીઓ, તમે સૌ તમારે
ઘેર જાઓ!"
2આથી ઈસ્રાએલના બધા લોકો દાઉદને છોડીને બિખ્રીના
પુત્ર શેબાની સાથે ગયા. પરંતુ યહૂદાના લોકો રાજાની સાથે
રહ્યા અને તેની સાથે યર્દનથી યરૂશાલેમ ગયા.
3દાઉદ યરૂશાલેમમાં પોતાના મહેલમાં ગયો, ત્યાં તેને
દસ રખાતો હતી જેને મહેલને વ્યવસ્થિત રાખવા માટે રાખી
હતી અને મહેલની સંભાળ રાખવા. અને મહેલનો ચોકીપહેરો
કરવા રાખી હતી. તેણે તેમનું ભરણપોષણ કર્યુ અને તેઓને
ખોરાક અને કપડાં આપ્યા પણ કદી તેમની સાથે સંભોગ
કર્યો નહિ, તેના મૃત્યુ પર્યંત તેણે તેઓને છતે પતિએ વિધવાની
જેમ મહેલમાં રાખી હતી.
4પછી રાજાએ અમાસાને કહ્યું, "યહૂદાના માણસોને લડવા
માટે ભેગા કર, અને ત્રણ દિવસમાં મારી સમક્ષ પાછો હાજર
થઈ જા."
5તેથી અમાસા યહૂદાના માણસોને બોલાવવા ગયો પણ
તેને રાજાએ ઠરાવેલી મુદત કરતા પાછા ફરવામાં વિલંબ
થયો.

### દાઉદે અબીશાયને શેબાની હત્યા કરવાનુ કહ્યું

6તેથી દાઉદે અબીશાયને કહ્યું, "હવે બિખ્રીનો પુત્ર શેબા
આપણને આબ્શાલોમ કરતાં વધુ હેરાન કરશે. મારા
અંગરક્ષકોને લઈને તેનો પીછો કર, નહિ તો તે કિલ્લેબંધીવાળાં
નગરોમાં પહોંચી જશે. અને આપણા હાથમાંથી છટકી જશે."
7આથી યોઆબના માણસો, રાજાના અંગરક્ષકો અને બધા
યોદ્ધાઓ અબીશાયની સાથે બિખ્રીના પુત્ર શેબાનો પીછો
કરવા યરૂશાલેમથી ઊપડયા.

### યોઆબે અમાસાની હત્યા કરી

8જયારે તેઓ ગિબિયોનમાં મહાશિલા આગળ પહોંચ્યા
ત્યારે તેમને અમાસાનો ભેટો થયો. યોઆબે યુદ્ધનો વેશ
ધારણ કર્યો હતો અને તેની ઉપર તેણે પટ્ટો ચડાવી તેમાં
મ્યાન સાથે તલવાર લટકાવી હતી, તે જરા આગળ વધ્યો
એટલામાં તલવાર પડી ગઈ. 9યોઆબે અમાસાને કહ્યું, "કેમ
મારા ભાઈ, કુશળ તો છે ને?"
અને તેને ચુંબન કરવા માટે તેણે તેનો જમણા હાથ લંબાવી
અને તેણે તેની દાઢી પકડી. 10યોઆબના હાથમાંની તલવાર
વિષે અમાસા સાવધાન ન હતો. યોઆબે તેના પેટમાં
તલવારથી ઘા કર્યો એટલે તેનાં આંતરડાં જમીન પર પડયાં,
તરત જ તે મૃત્યુ પામ્યો. યોઆબને બીજો ઘા કરવાની જરૂર
પડી નહિ,

### દાઉદના માણસોએ શેબાની શોધખોળ કરી

ત્યારબાદ યોઆબ અને તેનો ભાઈ અબીશાય બિખ્રીના
પુત્ર શેબા પાછળ પડયાં. 11યોઆબના માણસોમાંના એકે
અમાસાના શબ પાસે ઊભા રહીને પોકાર કર્યો, "જેઓ
યોઆબ અને દાઉદના પક્ષમાં હોય તેઓ બધા યોઆબ
સાથે જાય!"
12પરંતુ લોહીથી તરબોળ અમાસા વચ્ચે પડયો હતો.
યોઆબના યુવાન સૈનિકે જોયું કે અમાસાના શબને જોવા
માટે લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું, તેથી તેણે તેના
શબને રસ્તા પરથી લઈને ખેતરમાં મૂક્યું અને તેના ઉપર
ચાદર ઢાંકી દીધી. 13અમાસાને રસ્તા ઉપરથી ખસેડી નાખ્યા
પછી બધા લોકો યોઆબની પાછળ તેની સાથે જોડાવા અને
બિખ્રીના પુત્ર શેબાનો પીછો કરવા ગયા.

### શેબા આબેલ-બેથ-માઅખાહથી બચી નીકળ્યો

14શેબા ઈસ્રાએલના બધા કુળો પાસે થઈને રસ્તામાં આવતા
આબેલ-બેથ-માઅખાહ પાસે ગયો અને ત્યાં બધા
બિરાઈઓના કુટુંબના બધા માણસો તેની આસપાસ એકઠા
થઈ ગયા અને તેની પાછળ નગરમાં ગયા.
15યોઆબનું લશ્કર આવી પહોંચ્યું, અને તેઓએ આબેલ-
બેથ-માઅખાહને ઘેરી લીધું. નગરની દીવાલની સામે
કચરાનો ઢગલો ઉભો કર્યો અને નગરની દીવાલને તોડી
પાડવા માટે દીવાલમાંથી પથ્થરો તોડવાનું શરું કર્યુ.
16ત્યારે શહેરની એક ચતુર બાઈએ કોટ ઉપર ઊભા રહીને
બૂમ પાડીને કહ્યું, "સાંભળો, સાંભળો યોઆબને કહો કે
અહી આવે, મારે તેની સાથે વાત કરવી છે."
17આથી યોઆબ આગળ આવ્યો અને પેલી બાઈએ તેને
પૂછયું, "તમે યોઆબ છો?"
તેણે જવાબ આપ્યો, "હા, હું યોઆબ છું."
એટલે બાઈએ કહ્યું, "તો કૃપા કરીને મારી વાત સાંભળો."
યોઆબે કહ્યું, "હું સાંભળું છું."
18તેથી તેણે કહ્યું, "જૂના જમાનામાં લોકો એમ કહેતા કે,
'મદદ માટે આબેલ જાઓ અને તે તમને મળશે.' 19આ
શહેરના ઘણા વિશ્વાસુ અને શાંત માણસોમાંની હું એક છું.
તમે ઈસ્રાએલનું એક મોટું અને મહત્વના શહેરનો નાશ
કરવાનો પ્રયત્ન કરી રહ્યા છો? શા માટે તમે યહોવાની
મિલકતનો નાશ કરવા માંગો છો?"
20યોઆબે કહ્યું, "ના, ના, મારો એવો ઈરાદો હોય જ
નહિ, મારે તમારા શહેરનો નાશ કરવો નથી." 21વાત એમ
નથી, પણ એફ્રાઈમના પર્વતીય પ્રદેશનો એક માણસ,
બિખ્રીનો પુત્ર શેબા છે, તેણે રાજા દાઉદ સામે બળવો કર્યો
છે, તે માણસ અમને સોંપી દો એટલે હું તમારા નગરનો ઘેરો
ઉઠાવી લઈને નગરને શાંતિમાં રહેવા દઈશ."
એટલે પેલી સ્રીએ કહ્યું, "જો એમ હોય તો તેનું માથું અમે
કોટ ઉપરથી તમારા તરફ નાખીશું."
22પછી તે સ્રી પોતાની ચતુરાઈથી સર્વ લોકો પાસે ગઈ
અને તેમને સમજાવ્યાં. તેમણે શેબાનું માથું કાપી નાખ્યું
અને કોટ પરથી યોઆબ તરફ ફેંકયું. પછી તેણે રણશિંગડું
ફૂંકાવ્યું અને આખા લશ્કરે ઘેરો ઉઠાવી લીધો, અને સૌ
પોતપોતાને ઘેર પાછા ગયા, પછી યોઆબ રાજા પાસે પાછો
યરૂશાલેમ ગયો,

## દાઉદના લોક સેવકો

23યોઆબ લશ્કરનો સેનાપતિ હતો. યહોદાયાનો પુત્ર બનાયા રાજાના અંગરક્ષકોનો નાયક હતો. 24અદોરામ લોકો પાસે વેઠ કરાવવા માટે જવાબદાર હતો. અહીલુદનો પુત્ર યહોશાફાટ ઐતિહાસીક બનાવોની નોંધ રાખનાર હતો. 25શેવા મંત્રી હતો, અને સાદોક અને અબ્યાથાર યાજકો હતા. 26અને યાઈરનો ઈરા દાઉદનો મુખ્ય સેવક* હતો.

## શાઉલના કુળનો વિનાશ અને અંત

21 દાઉદના શાસનકાળ દરમ્યાન ત્રણ વર્ષ સુધી દેશમાં દુષ્કાળ પડયો, આથી દાઉદે યહોવાને પ્રાર્થના કરી અને યહોવાએ જવાબ આપ્યો , "શાઉલ અને તેના ખૂનીઓના કુટુંબ* આ કુળ માટે કારણ રુપ છે, કારણ તેણે ગિબિયોનીઓની હત્યા કરી હતી." 2તેથી રાજા દાઉદે ગિબિયોનના લોકોને બોલાવ્યા, તેઓ ઈસ્રાએલીઓના પુત્રો નહોતાં પણ તેઓ ત્યાં રહેતા બીજા અમોરીઓના પુત્રો હતાં. ઈસ્રાએલપુત્રોએ તેઓનો નાશ નહિ કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી, પણ શાઉલને ઈસ્રાએલ અને યહૂદા માટે ઊંડી લાગણી હતી તેથી તેણે તેઓનો વિનાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

3આથી દાઉદે ગિબિયોનના લોકોને બોલાવ્યા અને કહ્યું, "હું તમારા માટે શું કરું? હું કેવું પ્રાયશ્ચિત કરું તો તમે યહોવાના લોકો અમારા માટે પ્રાર્થના કરો કે દેવ અમને આશીર્વાદ આપે?"

4"તેમણે અમારા માટે જે કર્યુ છે તેના બદલા તરીકે સોનું અને ચાંદી શાઉલના કુટુંબ માટે પૂરતા નથી અને અમને ઈસ્રાએલના ગમે તે માણસને મારી નાખવાનો અધિકાર નથી."

એટલે દાઉદે કહ્યું, "તો તમે મારી પાસે શું કરાવવા માગો છો?"

5તેઓએ કહ્યું, "જે માણસે અમારો નાશ કરવાનું અને આખા ઈસ્રાએલમાંથી અમારું નિકંદન કાઢવાનું યોજયું હતું. 6એટલે તમે અમને તેના સાત પુત્રો સુપ્રત કરો અને અમે તેમને યહોવાએ પસંદ કરેલા રાજા શાઉલના ગામ ગિબામાં લઈ જશું અને ફાંસી આપીશું."

રાજાએ કહ્યું. "હું તેઓને તમને સોંપી દઈશ."

7પરંતુ દાઉદ અને યોનાથાને યહોવાની સાક્ષીએ લીધેલી પ્રતિજ્ઞાને કારણે દાઉદે યોનાથાનના પુત્ર અને શાઉલના પૌત્ર મફીબોશેથની સુરક્ષા કરી. દાઉદે યોનાથાનના પુત્ર મફીબોશેથને જીવતો છોડી મૂક્યો. 8દાઉદે રિસ્પાહ અને શાઉલના પુત્રો અર્મોની અને મફીબોશેથને પણ આપ્યા અને શાઉલની પુત્રી મેરબના જે મહોલાહના બાર્ઝિલ્લાય અદ્રિયેલની પત્ની હતી પાંચ પુત્રોને પણ, 9તેણે તેઓને લઈને ગિબિયોનના લોકોને આપ્યા. ગિબિયોનીઓએ આ માણસોને ગિલ્યાદ પર્વત પર લઈ ગયા અને યહોવા સમક્ષ ફાંસીએ લટકાવ્યા, તે સાતેય જણ એક સાથે માર્યા ગયા. તે સમયે જવની કાપણીની શરૂઆત થઈ રહી હતી.

## દાઉદ અને રિસ્પા

10ત્યારબાદ રિસ્પાએ શોકના વસ્ત્રો લીધા અને ખડક ઉપર મૂક્યાં તે કાપણીની શરૂઆતથી તે ચોમાસુ આવ્યું ત્યાં સુધી ત્યાં રહ્યાં રિસ્પાએ શબ ઉપર ચોકી પહેરો રાખ્યો. તે દિવસે દરમ્યાન કોઈ જંગલી પક્ષીને કે રાત દરમ્યાન કોઈ જંગલી પશુને તેના પર આવવા દેતી નહોતી.

11જયારે દાઉદને ઐયાહની પુત્રી રિસ્પાએ એટલે શાઉલની ઉપપત્નીએ જે કર્યુ હતું તેની જાણ થઈ, 12ત્યારે તે યાબેશ ને ગિલયાદના લોકો પાસે ગયો અને શાઉલનાં અને તેના પુત્ર યોનાથાનનાં અસ્થિ લઈ લીધાં. જે દિવસે પલિસ્તીઓએ ગિલ્યાદના ડુંગર ઉપર શાઉલને હરાવ્યો હતો તે દિવસે તેઓએ શાઉલ અને તેના પુત્રોનાં મૃતદેહોને બેથશાનના દરવાજા પર ખુલ્લા ચોકમાં લટકાવ્યાં હતાં, તે સ્થળેથી તેઓ તેઓના અસ્થિ લાવ્યા હતા.

13દાઉદ શાઉલનાં અને તેના પુત્ર યોનાથાનનાં અસ્થિ ત્યાંથી લઈ આવ્યો, જે સાત જણને ફાંસી આપવામાં આવી હતી તેમનાં અસ્થિ પણ ભેગાં કરવામાં આવ્યાં. 14પછી બિન્યામીન પ્રદેશના શાઉલના પિતા કીશની કબરમાં તેઓએ શાઉલના અને તેના પુત્ર યોનાથાનનાં અસ્થિ દફનાવ્યાં. બધું રાજાની આજ્ઞા પ્રમાણે કરવામાં આવ્યું, ત્યારબાદ યહોવાએ તેઓની દેશ માટેની પ્રાર્થના સાંભળી.

## પલિસ્તીઓ સાથે યુદ્ધ

15ફરીથી પલિસ્તીઓ અને ઈસ્રાએલીઓની લડાઈ થઈ. દાઉદ અને તેનું આખું સૈન્ય તે વખતે પૂર જોશમાં લડ્યા. દાઉદ થાકી ગયો. 16તે વખતે ઈશ્બીબનોબ વિરાટકાય માણસોમાંનો એક હતો તેની પાસે નવી તલવાર અને એક ભાલો હતો તે આશરે સાડાસાત પૌન્ડનો હતો તેને દાઉદને મારી નાખવો હતો. 17પરંતુ સરૂયાનો પુત્ર અબીશાય દાઉદનું રક્ષણ કરવા આવી પહોંચ્યો.

તેણે પેલા પલિસ્તીઓ પર હુમલો કરીને તેને મારી નાખ્યો, ત્યાર બાદ દાઉદના માણસોએ તેને આગ્રહ કર્યો કે, "હવે કદી તમારે અમારી સાથે યુદ્ધમાં આવવું નહિ, ઈસ્રાએલનો દીવો હોલવાઈ જાય તેવું જોખમ અમારે શા માટે લેવું?"

18થોડા સમય પછી ફરીથી પલિસ્તીઓ સાથે ગોબમાં યુદ્ધ થયું, એ વખતે હુશાથી સિબ્બખાયે સાફ કે જે બીજો વિરાટકાય માણસ હતો તેને મારી નાખ્યો.

19ફરીથી ગોબમાં પલિસ્તીઓ સાથે બીજું યુદ્ધ થયું એલ્હાનાએ ગિત્તી ગોલ્યાથના ભાઈને મારી નાખ્યો, જેની પાસે એક ભાલો વણકરની સાળના પાટડા જેવો મોટો હતો.

20ત્યારબાદ ફરી પલિસ્તીઓ સાથે ગાથમાં યુદ્ધ થયું, તેમાં એક મહાકાય યોદ્ધો એવો હતો જેને તેના હાથમાં અને પગમાં છ આંગળીઓ હતી, તે પણ તે મહાકાય માણસોના કુળનો હતો. 21આ માણસે ઈસ્રાએલને પડકાર કર્યો અને

**મુખ્ય સેવક** આનો શબ્દશ: અર્થ, "યાજક થાય છે."

**ખૂનીઓના કુટુંબ** અર્થ "લોહી નું ઘર" થાય છે.

તેઓની ઠેકડી ઊડાડી પણ દાઉદના ભાઈ શિમાયના પુત્ર
યોનાથાને તેને મારી નાખ્યો. 22આ ચારેય મહાકાય માણસો
ગાથના હતા, અને એ બધાજ દાઉદના સૈનિકોના હાથે માર્યા
ગયા હતા.

### દાઉદની આભારસ્તુતિનું ગાન

22 યહોવાએ દાઉદને તેના સર્વ શત્રુઓના અને
શાઉલના હાથમાંથી ઉગારી લીધો ત્યારે તેણે આ
પ્રમાણે યહોવાનાં ગુણગાન ગાયાં;
2"યહોવા મારો ખડક*છે. તે મારો કદી નિષ્ફળ ન જાય
એવો આશરો છે, તે મારૂં છુપાવાનું સ્થળ છે, મારું શરણ છે.
3ઓ મારા દેવ ખડક છે, હું એમની શરણ લઉં છું એ
મારી ઢાલ છે; તેમની શકિત મારી રક્ષા કરે છે, મારો ઊંચો
બુરજ તથા આશ્રય સ્થાન છે.
4તેઓ મારી મશ્કરી કરે છે, તેને હું હાંક મારીશ; એમ હું
મારા શત્રુઓથી બચી જઈશ.
5મારા ઉપર મોતનાં મોજાં ચારેબાજુથી ફરી વળ્યાં હતાં
અને તે પૂર મારો કરી અને મને મોતના સ્થળે ઘસડી રહ્યું
હતું.
6કબરનાં દોરડાએ મને ઘેરી લીધો હતો:, મૃત્યુની જાળ
મારી સામે મૂકવામાં આવી હતી.
7મેં સંકટ સમયે યહોવાને પોકાર કર્યો, મારા દેવને મેં
પોકાર કર્યો; યહોવાએ પોતાના મંદિરમાં સાદ સાંભળ્યો; અને
મારી પાસે અરજ પહોચી.
8પૃથ્વી હાલી અને કાંપી ઊઠી, આકાશોના પાયા ધ્રૂજયા;
કારણ કે યહોવા ગુસ્સે થયા હતાં.
9જ્યારે તે નાકમાંથી ધૂમાડો બહાર કાઢે છે, દેવના મુખમાંથી
જવાળાઓ બહાર આવે છે અને તેમનામાંથી તણખા ઊડે
છે.
10દેવ આકાશ ફાડીને નીચે ઉતરી આવ્યાં, અને તે
અંધકારમય ગાઢવાદળ પર ઉભા રહ્યાં.
11યહોવા કરૂબ દેવદૂત પર બેઠા અને ઉડ્યાં, તેઓ પવનની
પાંખો ઉપર ચઢીને ઉડ્યાં.
12દેવે કાળા વાદળો તંબૂની જેમ પોતાની આસપાસ
વીંટાળ્યાં. તેમણે જળ એકઠું કરી અને ગાઢા ગર્જતા વાદળોમાં
આસપાસ અંધકારનું રૂપાંતર કર્યુ .
13તેમની સામે રહેલા પ્રકાશમાંથી અગ્નિના કોલસા
સળગ્યા.
14યહોવાએ ત્રાડ પાડી, પરાત્પર દેવે પોતાનો અવાજ
સંભળાવ્યો.
15યહોવાએ વિજળીની જેમ બાણ છોડ્યા અને શત્રુઓને
વિખેરી નાખ્યા. તેઓ અસ્વસ્થ બની ભાગી ગયા.
16યહોવા ભાર પૂર્વક બોલ્યા, જાણે એના નાક તણા ફૂંફાડે;
પવન તેમના મોઢમાંથી બહાર ફૂંકાયો સાગરનાં પાણી પાછા
ઠેલાયા સાગરના તળિયાં, દેખાવા લાગ્યા પૃથ્વીના પાયા
હચમચી ગયા.
17તેમણે ઉપરથી હાથ લંબાવી અને મને બચાવ્યો તેમણે
મને મુશ્કેલી રૂપી ઊંડા પાણીમાંથી મજબૂત રીતે પકડી અને
બહાર કાઢયો.
18મને શકિતશાળી શત્રુઓથી ઉગાર્યો , મારા શત્રુઓ
મારાથી બળવાન હતા તેમનાથી બચાવ્યો.
19અણધારી આફત મારા ઉપર આવી, અને મારા પર
શત્રુઓએ હુમલો કર્યો.
20યહોવાએ મને આધાર આપ્યો, અને ભયમાંથી મને
ઉગાર્યો; તેઓ મારા પર પ્રસન્ન હતા, તેથી મારા જીવનનો
ઉદ્ધાર કર્યો.
21હું જે સાચું છે તે કરું છું અને કાંઈ ખોટું કર્યુ નથી. મને
યહોવા પાસેથી હંમેશા મારા કર્મ પ્રમાણે બદલો મળે છે.
22હું યહોવાના માર્ગ પર સદા ચાલ્યો છું, દેવથી વિમુખ
થઈ કશું ભૂડું કર્યુ નથી.
23મેં સાચા હૃદયથી સદા તેમના આદેશનું, પાલન કર્યુ છે.
24હું નિર્દોષ છું ને પોતાને દેવ સન્મુખ, પાપથી દૂર રાખ્યો
છે.
25તેથી દેવે મારી સચ્ચાઈ પ્રમાણે મને બદલો આપ્યો,
એમની દ્રષ્ટિમાં મેં કોઈ ખોટું કામ કર્યુ નથી.
26ભલાની સાથે તમે ભલા બનો છો, ને સાત્ત્વિક સાથે
તમે સાત્ત્વિક છો.
27સીધા છે જેઓ તેમની સાથે તમે સીધા રહો છો, પણ
મહાપ્રપંચી લોકોની ચાલાકી પણ નકામી થઈ જાય છે.
28નિર્બળ અને ગરીબોને મદદ તમે કરો છો, ને ગર્વિષ્ઠોને
તમે શરમિંદા બનાવો છો.
29હે યહોવા, તમેજ મારા દીપક છો, તમેજ મારા જીવનનો
અંધકાર દૂર કરો છો.
30યહોવા, આપની મદદથી હું સૈનિકો સાથે દોડી શકુ છું,
દેવની મદદથી હું દુશ્મનોની દીવાલો કૂદીને જઇ શકુ છું.
31દેવનો માર્ગ સંપૂર્ણ છે, દેવની વાણી સત્ય છે; જે કોઈ
તેમનામાં વિશ્વાસ રાખે છે, તેનુ હંમેશા રક્ષણ થશે.
32એકલા યહોવા આપણા એક માત્ર દેવ, ને એ જ આપણા
તારણહાર છે.
33દેવ એ મારો મજબૂત ગઢ છે, તે સારા લોકોને તેમને
માર્ગે ચાલવામાં મદદ કરે છે.
34યહોવા મારા પગોને હરણના પગ જેવા તેજ ગતિના
બનાવે છે, અને ઊંચા શિખરો પર સ્થિર પગલે ફેરવે છે.
35યહોવા મને યુદ્ધનું પ્રશિક્ષણ આપે છે, અને મારા ભુજો
પિત્તળના ધનુષ્યને ખેંચી શકે છે.
36યહોવા તમે મારું રક્ષણ કર્યુ છે, અને મને વિજયી
બનાવ્યો છે. અને તમારી મદદે મને મહાન બનાવ્યો છે.
37યહોવા માર પગો અને પગની ઘૂંટીઓને આપ મજબૂત
કરો, જેથી હું લથડ્યા વગર ચાલી શકુ.
38હું મારા શત્રુઓ પાછળ જઈશ અને તેઓનો નાશ કરીશ;
જયાં સુધી હું તેઓ સર્વેનો નાશ નહી કરું હું ફરીશ નહીં.

**ખડક** એ દેવનું એક નામ છે. આ દર્શાવે છે કે દેવ એક કિલ્લા
જેવા છે. એક સુરક્ષિત સ્થાન જેવા છે.

39મેં મારા શત્રુઓનો નાશ કર્યો છે, મેં તેઓનો સંપૂર્ણ
પણે નાશ કર્યો છે. તેઓ પાછા ઊભા થઈ શકશે નહી, તેઓ
અહી મારા પગ નીચે પડ્યાં છે.
40દેવ તમે મને યુદ્ધ માટે શક્તિશાળી બનાવ્યો, અને તમે
મારા શત્રુઓને હરાવ્યાં.
41તમે મારા શત્રુઓને ભગાડ્યા છે અત: હું તેઓને હરાવી
શકુ છું.
42તેઓએ પરિણામ વગર મદદ મેળવવા પ્રયત્નો કર્યા,
તેઓ યહોવા પાસે પણ મદદ માટે ગયા. પરંતુ તેમણે તેઓને
પ્રત્યુત્તર આપ્યો નહીં.
43મેં મારા શત્રુઓને મારીને ટૂકડાં કરી નાખ્યા હતા.
તેઓ રસ્તાની ધૂળ જેવા થઈ ગયાં હતાં. હું તેઓ પર, જાણે
તેઓ ધૂળ હોય તેમ ચાલ્યો.
44જ્યારે મારા લોકોએ મારી સામે બળવો કર્યો ત્યારે તમે
મને બચાવ્યો અને મારી રક્ષા કરવા આવ્યા. તમે મને દેશનો
રાજકર્તા બનાવ્યો. જે લોકોને હું કદી જાણતો પણ ન હતો,
હવે મારી સેવા કરે છે.
45બીજા દેશના લોકો મારી આજ્ઞાનું પાલન કરે છે. તેઓ
જ્યારે મારો હુકમ સાંભળે છે કે તરત તેઓ મારા હુકમ
મુજબ વર્તવા તૈયાર થઈ જાય છે.
46અન્ય દેશોના લોકો ભયભીત થશે, તેઓ પોતાના
છૂપાવાના સ્થાનોથી ભયથી થરથર ધ્રૂજતા બહાર આવશે.
47યહોવા જીવંત છે, હું ખડકની પ્રશંસા કરૂં છું. દેવ
મહાન છે તે એક ખડક છે જે મારું રક્ષણ કરે છે.
48દેવે મારા માટે થઈને મારા દુશ્મનો ઉપર વેર વાળ્યું,
તેમણે દેશોને અંકુશમાં રાખવાની સત્તા મને આપી છે.
49મારા દુશ્મનોથી મને છોડાવે છે, ને મારા વિરોધીઓ
સામે મારું મસ્તક ઊંચું રાખે છે, ને હિંસાથી તે મારું સદા
રક્ષણ કરે છે.
50એ માટે હે યહોવા, હું હંમેશા આપનો આભાર માનીશ.
હું દેશોમાં હંમેશા તમારી સ્તુતિ કરીશ. અને તમારા નામનાં
સ્તોત્રો ગાઈશ.
51યહોવા તેના રાજાને ઘણા યુદ્ધોમાં વિજયો અપાવવામાં
મદદ કરે છે. યહોવા તેમના પસંદ કરેલા રાજાને સાચો પ્રેમ
અને દયા દર્શાવે છે. દેવ દાઉદ અને તેનાં વંશજો પ્રત્યે,
સદાકાળને માટે કર્તવ્ય પાલન રહે છે.

## દાઉદના અંતિમ વચનો

23 દાઉદનાં અંતિમ વચનો આ છે: આ સંદેશો યશાઈનો
પુત્ર દાઉદ તરફથી છે. આ સંદેશો એ માણસ તરફથી
છે કે જેને યાકૂબના દેવે રાજા તરીકે અભિષિક્ત કર્યો હતો,
જે ઈસ્રાએલનો મધુર ગાયક છે.
2યહોવાનો આત્મા મારા દ્વારા બોલે છે, અને તેમનાં વચનો
મારા હોઠ ઉપર છે.
3ઈસ્રાએલના દેવ મારી સાથે બોલે છે. ઈસ્રાએલના ખડકે
મને કહ્યું કે, "જે ન્યાયપૂર્વક લોકો પર શાસન કરે છે. જે
રાજા દેવનો આદર કરીને રાજ કરે છે".
4તે વ્યક્તિ પ્રભાતના તેજસ્વી પ્રકાશ જેવો વાદળ વિનાની
સવાર જેવો થશે; વર્ષા પછી સૂર્યપ્રકાશથી ઊગી નીકળતાં
કૂમળા ઘાસ જેવો તે થશે."
5દેવે મારા કુળને મજબૂત અને સુરક્ષિત બનાવ્યું, દેવે
કરાર કર્યો છે જે અનંતકાળ રહેશે, તે દરેક રીતે સુરક્ષિત છે.
દેવે મને વિજય અને મને જે કાંઈ જોઈએ તે આપશે. તે
મારી બધી ઈચ્છાઓ અને મહત્વકાંક્ષાઓ પરિપૂર્ણ કરશે.
6પરંતુ દુષ્ટ લોકો કાંટા જેવા છે; કે જે કોઈને પણ તેઓના
હાથમાં રાખવા ગમતાં નથી. તેઓ તેમને ફેંકી દે છે.
7જો કોઈ વ્યક્તિ તેમને અડવા જાય તો લોખંડના લાકડાના
ભાલાની જેમ વાગે છે. એમને તો આગમાં ફેંકી દેવામાં
આવશે. અને સદંતર નાશ કરી દેવામાં આવશે.

## ત્રણ શૂરવીરો

8દાઉદના સૈન્યના શ્રેષ્ઠ શૂરવીરોમાં પ્રથમ ત્રણ આ
પ્રમાણે છે:
પ્રથમ તાહકમોની યોશેબ-બાશ્શેબેથ, જે વીર-ત્રિપુટીનો
નાયક હતો, એક યુદ્ધમાં એણે ભાલો ચલાવીને 800 માણસોનો
સંહાર કર્યો હતો. '
9દાઉદના ત્રણ શૂરવીર યોદ્ધાઓમાં બીજો દોદાઈનો પુત્ર
આહોહનો એલઆઝાર હતો. જે દાઉદ સાથેના ત્રણ
શૂરવીરોમાંથી એક હતો, જ્યારે પલિસ્તાનીઓએ પડકાર કર્યો
હતો. તેઓ લડાઈને સારું એકઠાં થયા હતા પણ
ઈસ્રાએલીઓનું લશ્કર ભાગી ગયું હતું. 10તે થાકી ગયો ત્યાં
સુધી પલિસ્તીઓની સાથે લડ્યો છતાં પણ તેણે તલવાર
હાથમાં પકડી રાખી હતી. તે દિવસે દેવે ઈસ્રાએલીઓને
મહાન વિજય આપ્યો. એલઆઝારે પલિસ્તાનીઓને હરાવ્યા
પછી ઈસ્રાએલીઓ દુશ્મન સૈનિકોના મૃતદેહો આગળથી
ફક્ત લૂંટેલો માલ લેવા ગયા.
11ત્રીજો શૂરવીર સૈનિક આગીનો પુત્ર હરારનો શામ્મા
હતો. એક વખત પલિસ્તીઓ લડવા માટે એકઠા થયા હતા,
ત્યાં મસુરનું એક ખેતર હતું. પલિસ્તીઓથી ડરીને
ઈસ્રએલીઓ નાસી ગયાં હતાં. 12પણ શામ્માહ ખેતરની
વચ્ચે ઊભો રહ્યો ખેતરનું રક્ષણ કર્યુ અને પલિસ્તીઓને
હરાવી દીધા. તે દિવસે પણ યહોવાએ મોટો વિજય અપાવ્યો
હતો.
13કાપણીના સમયે શરૂઆતમાં જયારે પલિસ્તીઓની
એક ટુકડીએ રફાઈમની ખીણમાં હતી ત્યારે ત્રીસ
શૂરવીરોમાંના ત્રણ તે વખતે અદુલ્લામની ગુફામાં રહેતા
દાઉદ સાથે જોડાયા.
14બીજીવાર દાઉદ ગઢમાં રહેતો હતો. પલિસ્તી સૈનિકોની
ટૂકડી બેથલેહેમમાં હતી. 15દાઉદ ઝૂરવા લાગ્યો અને બોલી
ઊઠયો, "આહ! બેથલેહેમના દરવાજા પાસેના કૂવાનું પાણી
મને કોઈ લાવી આપે તો કેવું સારું!"
16ત્યારે આ ત્રણ શૂરવીરોએ પલિસ્તીઓની છાવણીમાંથી
પસાર થઈને કૂવામાંથી પાણી ખેંચ્યું અને દાઉદ પાસે લાવ્યાં.
પણ દાઉદે તે પીવાની ના પાડી અને યહોવાની આગળ

નૈવેદ્ય તરીકે રેડી દીધું. 17તે બોલ્યો, "ઓ યહોવા, આ હું
કેવી રીતે પી શકુ? એ તો મારા માટે પોતાના પ્રાણ સંકટમાં
મૂકનાર આ ત્રણ શૂરવીરોનું લોહી પીધા બરાબર છે."

### અન્ય શૂરવીર યોદ્ધાઓ

18યોઆબના ભાઈ સરુયાનો પુત્ર અબિશાય ત્રણ
શૂરવીરોમાં સૌથી વધારે શૂરવીર હતો. એક વખતે તેણે એકલા
હાથે ત્રણસો માણસોની સાથે યુદ્ધ કરી તેઓનો સંહાર કર્યો
હતો. આ વીરતા ભરેલા કાર્યને લીધે આ ત્રણ શૂરવીરોમાં તે
ખૂબ પ્રખ્યાત થયો. 19તે પ્રખ્યાત હોવાથી તે તેઓમાંનો ન
હોવા છતાં તેઓનો સરદાર બન્યો હતો.

20યહોયાદાનો પુત્ર કાલ્સેલનો બનાયા પણ શૂરવીર પુરુષ
હતો અને તેણે અનેક શૂરવીર કાર્યો કર્યા હતા. તેણે મોઆબના
અરિએલના બે બળવાન પુત્રોને મારી નાખ્યા હતા, અને
એક દિવસે જ્યારે બરફ પડતો હતો, તેણે એક ખાડામાં
ઊતરીને એક સિંહને માર્યો હતો. 21વળી પ્રચંડકાય એક
મિસરીને પણ મારનાર એ જ હતો. તે મિસરીના હાથમાં
ભાલો હતો પણ બનાયા ફક્ત એક લાકડી લઈને તેની સામે
પહોંચી ગયો અને તેના હાથમાંથી ભાલો ઝૂંટવી લઈ તેના
વડે જ તેને મારી નાખ્યો. 22બનાયા આવાં કાર્યોને લીધે જ
પેલા ત્રણ શ્રેષ્ઠ શૂરવીરો જેટલું જ નામ કમાયો. 23તે ત્રીસ
વીરો કરતાં પણ વધારે વિખ્યાત હતો, પણ તે ત્રણ વીરોમાંનો
એક નહોતો દાઉદે તેને પોતાના અંગરક્ષકોનો મુખ્ય અધિકારી
બનાવ્યો હતો.

### ત્રીસ શૂરવીરો

24બીજા શૂરવીરોનાં નામ આ પ્રમાણે છે; યોઆબનો ભાઈ
અસાહેલ, બેથલેહેમમાંથી દોદોનો પુત્ર એલ્હાનાન;
25હરોદમાંથી શામ્મા અને અલીકા; 26પાલટીમાંથી હેલેસ,
તકોઈમાંથી ઈક્કેશનો પુત્ર ઈરા, 27અનાથોથમાંથી
અબીએઝેર;હુશાથમાંથી મબુન્નાથ;28અહોહમાંથી સાલ્મોન;
નટોફાથમાંથી માહરાય; 29નટોફાથી બાનાનો પુત્ર હેલેદ;
બિન્યામીન ગિબયાહમાંથી રીબાયનો પુત્ર ઈથાય;
30પિરાથોનમાંથી બનાયા; ગાશના નાળામાંથી હિદાય;
31અર્બાથી અબિઆલ્બોન; બાહુરીમમાંથી આઝમાવેથ;
32શાલ્બોનમાંથી એલ્યાહબા; યાશેનના પુત્રોમાંથી યોનાથાન;
33હરારથી શામ્મ, પુત્ર, આરારમાંથી શારારનો પુત્ર અહિઆમ;
34કાર્મેલમાંથી હેસરો; 35આર્બામાંથી પ્રાય. 36સોબામાંથી
નાથાનનો પુત્ર યિગાલ; ગાદમાંથી બાની; 37આમ્નોનમાંથી
સેલેક; બએરોથમાંથી નાહરાય; નાહરાય સરુયાના પુત્ર
યોઆબનો શસ્ત્રવાહક હતો. 38યિથ્રામાંથી ઈરા અને ગારેબ,
39ઉરિયા હિત્તી, એમ બધા મળીને કુલ સાડત્રીસ માણસો
હતા.

### સૈન્ય ગણતરીનો દાઉદનો નિર્ણય.

24 યહોવા ફરી એક વાર ઈસ્રાએલીઓ ઉપર
કોપાયમાન થયા; અને તેણે દાઉદને
ઈસ્રાએલીઓનો વિરોધી બનાવ્યો તેણે તેને કહ્યું, "જા
ઈસ્રાએલની વસ્તી અને યહૂદાના લોકોની ગણતરી કર."

2તેથી દાઉદે યોઆબને અને તેના લશ્કરના સેનાપતિને
કહ્યું, "જાઓ, અને દાનથી બેર-શેબા સુધી ઈસ્રાએલના કુળની
વસ્તીની ગણતરી કરી આવ. મારે જાણવું છે મારા લોકોની
સંખ્યા કેટલી છે."

3પણ યોઆબે કહ્યું, "આપના દેવ યહોવા આપને સો
ગણા વધારે લોકો આપે. અને આપની આંખો આ વસ્તુ થતી
જોવે! પણ આપને લોકોની સંખ્યા ગણવાનો આ વિચાર
શાથી આવ્યો?"

4પરંતુ રાજાએ સખ્તાઈથી આગળ યોઆબ અને લશ્કરના
અમલદારોને લોકોની ગણતરી કરવાનો હુકમ કર્યો તેથી તેઓ
રાજાની પરવાનગી લઈ ઈસ્રાએલના લોકોની સંખ્યા ગણવા
ગયા.

5તેઓએ યર્દન નદી ઓળંગી અને યાઝેર પાસે ગાદની
ખીણની વચમાં નગરની જમણી બાજુએ અરોએરમાં છાવણી
નાખી.

6પછી તેઓ ગિલયાદ ગયા અને છેક નીચે તાહતીમ હોદશી
ગયા. ત્યાર પછી તેઓ ઉત્તર તરફ દાન યાઆન થઈને
સિદોન ગોળ ફરીને આવ્યા. 7પછી તેઓ સૂરના મજબૂત
કિલ્લામાં તથા હિવ્વીઓનાં ને કનાનીઓનાં સઘળાં નગરોમાં
આવ્યાં; અને યહૂદાના દક્ષિણ ભાગમાં બેર-શેબા ગયા.
8આમ, તેઓ આખા દેશમાં ફર્યા અને નવ મહિના ને વીસ
દિવસ પછી તેઓ પાછા યરૂશાલેમ આવ્યા.

9યોઆબે રાજાને દેશના લોકોની કુલ સંખ્યા રજૂ કરી;
હથિયાર ચલાવી શકે તેવા માણસો ઈસ્રાએલમાં 8,00,000
માણસો અને યહૂદામાં 5,00,000 માણસો હતાં.

### યહોવા એ દાઉદને સજા કરી

10દાઉદનું અંત:કરણ વસ્તી ગણતરી કરાવ્યા પછી ડંખવા
લાગ્યું. તેણે યહોવાને કહ્યું, "મેં જે કર્યુ છે તે ખોટું છે. કૃપા
કરીને મારી આ મૂર્ખતાભરી દુષ્ટતા બદલ મને ક્ષમા કરો."

11પણ બીજે દિવસે જ્યારે દાઉદ ઊઠયો ત્યારે દાઉદના
પ્રબોધક ગાદને યહોવા તરફથી આ સંદેશો મળ્યો હતો કે,
12"દાઉદને જઈને કહે કે, 'યહોવા આ પ્રમાણે કહેવડાવે છે;
હું તારી આગળ ત્રણ વસ્તુ મૂકુ છું. તું ગમે તે એક પસંદ કર
એટલે હું તે પ્રમાણે કરીશ.'"

13તેથી પ્રબોધક ગાદે દાઉદ પાસે જઈને કહ્યું, "તારા દેશમાં
ત્રણ વરસ દુષ્કાળ પડશે, અથવા તારે ત્રણ મહિના સુધી
દુશ્મનોથી ભાગતા ફરવું પડશે, અથવા તારા દેશમાં ત્રણ
દિવસે રોગચાળો ફાટી નીકળે, તને શું પસંદ છે?

હવે વિચાર કરીને મને કહે કે મને મોકલનાર દેવને મારે
શો જવાબ આપવો?"

14દાઉદે ગાદને કહ્યું, "આ બાબતમાં નિર્ણય કરવો અતિ
મુશ્કેલ છે. પરંતુ માણસોના હાથમાં પડવું તેના કરતાં હું
દેવના હાથમાં સોંપાવું પસંદ કરું છું કારણ કે તેઓ
મહાદયાળુ છે."

15આથી યહોવાએ સમગ્ર ઈસ્રાએલમાં મરકીનો રોગ
મોકલ્યો સવારથી તે ઠરાવેલા સમય સુધી; દાનથી બેર-શેબા
સુધીમાં કુલ 70,000 માણસો* મરણ પામ્યા. 16ત્યારબાદ
(દેવદૂત) સંદેશવાહકે યરૂશાલેમનો નાશ કરવા માટે તે તરફ
હાથ લંબાવ્યો, પણ યહોવાને જે ખરાબ બન્યું હતું તે માટે
દિલગીરી થઈ અને લોકોનો સંહાર કરતા દેવદૂતને કહ્યું,
'બસ, બહું થયું તારો હાથ પાછો ખેંચી લે." એ વખતે (દેવદૂત)
સંદેશવાહક યબૂસી અરોનાના ખળા પાસે હતો.

## દાઉદે અરોનાની ખળી ખરીદી

17દાઉદે દૂતને લોકોનો સંહાર કરતા જોયો એટલે તેણે
યહોવાને કહ્યું, "દોષ મારો છે, પાપ મેં કર્યું છે, પણ આ
ગરીબ બિચારા લોકો, એમણે શું કર્યુ છે? સજા કરવી હોય તો
મને અને મારા કુટુંબને કરો."
18તે વખતે દિવસે ગાદે દાઉદની પાસે આવીને કહ્યું, "તું
અરોનાની ખળીમાં જા અને યહોવાને માટે તે જગ્યાએ એક
વેદી બંધાવ." 19તેથી યહોવાની આજ્ઞાથી ગાદે આમ કહ્યું
અને દાઉદ અરોનાહ ગયો. 20અરોનાએ સામે જોયું તો તેણે
રાજાને અને તેના અમલદારોને પોતાના તરફ આવતા જોયા,
એટલે તે સામો આવ્યો અને ભૂમિ ઉપર લાંબો થઈને રાજાના
પગમાં પડયો. 21તેણે પૂછયું, "તમે મારા યહોવા, તમે તમારા
સેવકને ત્યાં કેમ પધાર્યા છો?"

દાઉદે ઉત્તર આપ્યો, "હું તારી આ જમીન ખરીદવા માટે આવ્યો છું. અહીં હું યહોવાને માટે યજ્ઞનો ચોક બનાવીશ, જેથી લોકોમાં ફેલાયેલો મરકીનો રોગચાળાનો અંત આવે."

22અરોનાએ કહ્યું, "આપ તે લઈ લો, અને આપને યોગ્ય
લાગે તે રીતે તેનો ઉપયોગ કરો. ને ભોગ ધરાવો. આહુતિ
માટે આ બળદો તૈયાર છે અને વેદી પર અગ્નિ માટે ખળીના
ઓજારો તથા બળદ માટેની લાકડાની ઝૂંસરીનો પણ તમે
ઉપયોગ કરી શકો છો. 23અરોનાએ એ બધું રાજાને આપી
દીધું અને કહ્યું, 'આપના દેવ યહોવા આપના ઉપર પ્રસન્ન
થાઓ!"
24પણ રાજાએ કહ્યું, "ના, મારે તને એના પૈસા આપવા
જોઈએ. મારા દેવ યહોવાને હું મફતની આહુતિ નહિ ધરાવું."
આથી દાઉદે પચાસ ચાંદીના શેકેલ આપીને ખળી અને બળદ
ખરીદી લીધાં. 25અને ત્યાં દાઉદે દેવ માટે યજ્ઞવેદી બાંધી
અને તેના પર દહનાર્પણ અને શાંત્યાર્પણ અર્પણ કર્યાં ત્યારે
યહોવાએ દેશ માટેની તેની પ્રાર્થના સાંભળી, અને તેણે યજ્ઞમાં
અર્પણ કર્યા પછી ઈસ્રાએલનાં લોકોની માંદગી ચાલી ગઈ
અને બધું સારું થયું.

---

**70,000 માણસો** કેટલીક હિબ્રુ પ્રતમાં 77,000 લખાયેલું છે.

# શમુએલનું પહેલું પુસ્તક

### શીલોહમાં એલ્કાનાહ અને તેના કુળની પ્રાર્થના

1 એફ્રાઈમના પર્વતીય પ્રદેશમાં એલ્કાનાહ નામનો માણસ રહેતો હતો. તે સૂફ કુળમાંથી હતો. તેના પિતાનું નામ યરોહામ હતું. યરોહામના પિતાનું નામ એલીહૂ હતું. એલીહૂના પિતાનું નામ તોહૂ હતું અને તોહૂના પિતાનું નામ સૂફ હતું જે એફ્રાઈમ કુળસમૂહમાંથી હતો.

2તેને હાન્ના અને પનિન્ના નામની બે પત્નીઓ હતી. પનિન્નાને સંતાનો હતા જયારે હાન્ના નિ:સંતાન હતી.

3પ્રતિવર્ષ એલ્કાનાહ અને તેનું કુટુંબ સાથે સર્વસમર્થ દેવની ઉપાસના કરવા અને અર્પણો અર્પણ કરવા માટે શીલોહ જતા હતા. ત્યાં એલીના બે પુત્રો હોફની અને ફીનહાસ યહોવાના યાજકો તરીકે સેવા આપતા હતા. 4જયારે જયારે એલ્કાનાહ પોતાના અર્પણો અર્પણ કરતો ત્યારે તે પોતાની પત્ની પનિન્નાને અને તેનાં બધાં બાળકોને ખોરાકનો ભાગ આપતો. 5એલ્કાનાહ હાન્નાહને હમેશા ખોરાકનો એક સરખો ભાગ આપતો, હાન્નાહને યહોવાએ નિ:સંતાન રાખી હતી છતા એલ્કાનાહ આમ કરતો. એલ્કાનાહ એટલા માટે આમ કરતો કેમકે હાન્નાહજ એ પત્ની હતી જેને તે સાચે પ્રેમ કરતો હતો.

### પનિન્નાના મહેણાંથી હેરાન હાન્ના

6પનિન્ના હમેશા હાન્નાને ચિંતિત કરતી અને તેને ખરાબ લાગે તેમ કરતી હતી. પનિન્નાએ આમ કર્યુ કારણકે હાન્નાહ સંતાન મેળવી શકતી ન હતી. 7પ્રતિવર્ષ આમ બનતું; જયારે તેઓ યહોવાના મંદિરે શીલોહ જતા ત્યારે પનિન્ના તેને મહેણાં ટોણાં મારતી અને તેની મશ્કરી કરતી, તેથી હાન્ના રડી પડતી અને ખાતી પણ નહિ. 8તેનો પતિ હમેશા તેણીને પૂછતો, "હાન્ના, તું શા માટે રડે છે? અને તું ખાતી કેમ નથી? તું શા માટે આટલી ઉદાસ છો? હું દસ પુત્રો કરતાં સારો છું તેમ તારે વિચારવું."

### હાન્નાની પ્રાર્થના

9એક વખત મંદિરમાં તેમણે પ્રસાદ ગ્રહણ કર્યા પછી હાન્ના પવિત્રમંડપમાં ગઈ યહોવાની સામે ઊભી રહી. તે વખતે યાજક એલી યહોવાના મંદિરના પ્રવેશદ્વાર પાસે પોતાના આસન ઉપર બેઠો હતો. 10હાન્ના બહુ દુ:ખી હતી. યહોવાને તેણીએ પ્રાર્થના કરી ત્યારે તેણી બહુ રડી. 11તેણે એવી બાધા રાખી કે, "ઓ સર્વસમર્થ યહોવા, તું જો તારી આ દાસી પર કૃપાદષ્ટિ કરે, મારી પ્રાર્થના સાંભળે, ભૂલી ન જાય અને મને એક પુત્ર આપે, તો હું તે પુત્ર દેવને સમર્પણ કરીશ, જે જીવનપર્યંત દેવનો થઈને રહશે અને વાળ કદી કપાવીશ નહિ."

12આમ લાંબા સમય સુધી હાન્ના એ યહોવા સમક્ષ પ્રાર્થના કરી એલીએ જોયું કે માત્ર તેના હોઠ હાલતા હતા. 13તે મૂંગી મૂંગી પ્રાર્થના કરતી હતી; તેના હોઠ હાલતા હતા પરંતુ તેનો અવાજ સંભળાતો નહોતો, 14આથી એલીએ માન્યું કે, "તે પીધેલી છે. તમે બહુ જ પી લીધુ છે! તેણે તેણીને કહ્યું દ્રાક્ષારસ છોડ અને ધીરજ ધર."

15હાન્નાએ કહ્યું, "ના ધણી મેં દ્રાક્ષારસ કે કોઈ કેફી પીણું પીધું નથી. પણ હું ઊંડી ઉપાધિમાં છું, હું સર્વસમર્થ દેવને પ્રાર્થના કરી રહી છું અને તેમને મારા દુ:ખો અને ઈચ્છાઓ વિષે કહી રહી છું. 16મને એવી પતિત ના માનશો. પણ આ બધો વખત હું મારી વ્યથા અને દુ:ખોની બહાર થઈ દેવને પ્રાર્થના કરતી હતી."

17એટલે એલીએ તેને કહ્યું, "શાંતિથી જા, અને ઈસ્રાએલનો દેવ તારી ઈચ્છા પૂરી કરશે અને તારી પ્રાર્થના નો બદલો આપે!" *

18હાન્નાએ કહ્યું, "તમારો આભાર, મારા ઉપર દયા રાખતા રહેજો." અને પછી તે ચાલી ગઈ. તેણે થોડું ખાધું હવે તે ઉદાસ રહેતી નહોતી.

19બીજે દિવસે સવારમાં તેઓ વહેલાં ઊઠયાં અને મંદિરે ગયાં. ત્યાં તેઓએ સર્વસમર્થ યહોવાની પૂજા કરી. પછી તેઓ તેમના ઘરે પાછા રામા ગયા.

### શમુએલનો જન્મ

એલ્કાનાહે તેની પત્ની હાન્ના સાથે જાતિય સંબંધ કર્યો અને દેવે તેને યાદ કરી અને તેની ઈચ્છા પૂરી થઈ. 20આજ સમયે તેના પછીના વર્ષે હાન્નાહ ગર્ભવતી બની અને તેણે એક પુત્રને જન્મ આપ્યો, તેણે તેનું નામ શમુએલ પાડયું. કારણ, તે કહેતી, "મેં યહોવા પાસે તેને માગ્યો હતો."

21એક વર્ષ બાદ એલ્કાનાહ અને તેનું સમગ્ર કુટુંબ પ્રતિ વર્ષની જેમ યહોવા દેવને પ્રાર્થના અને બલિઓ અર્પવા અને તેણે દેવને આપેલું વચન પૂરુ કરવા શીલોહ ગયાં.
22પણ હાન્ના ગઈ નહિ, તેણે તેના પતિને કહ્યું, "પુત્ર ખાતો

**શાંતિથી ... આપે** કદાચ એલ્કાનાહ એલીનાં હાન્નાહને આર્શીવાદ નો ઉલ્લેખ કરી રહ્યો છે.

થાય પછી હું એને યહોવા સમક્ષ લઈ જઈશ, અને યહોવાને અર્પણ કરીશ પછી કાયમ માટે તે ત્યાં જ રહેશે."

23એટલે તેના પતિ એલ્કાનાહે કહ્યું, "તને જેમ ઠીક લાગે તેમ કર અને ત્યાં સુધી તું બાળકને રાખ. યહોવાના શબ્દો સાચા પડે," તે બાળક સાથે ઘરમાં રહી અને તે નક્કર આહાર લેવા જેટલો મોટો થયો ત્યાં સુધી એની સાચવણી કરી.

### શમુએલ દેવને સમર્પણ

24પછી ધાવણ છોડાવ્યા બાદ તે તેને શીલોહ યહોવાના મંદિરમાં લઈ ગઈ, તેણે ત્રણ વર્ષનો એક બળદ, 20 પૌન્ડ લોટ અને થોડો દ્રાક્ષારસ પણ સાથે લીધો.

25તેમણે બળદને વધેર્યા પછી બાળકને એલી આગળ રજૂ કર્યો. 26હાન્નાએ કહ્યું, "સાહેબ, હું સમ ખઈને કહું છું કે હું સાચું બોલી રહી છું. હું એજ સ્રી છું જે તમારી પાસે ઊભી હતી અને યહોવાને પ્રાર્થના કરતી હતી. 27મેં આ બાળક મેળવવા માટે પ્રાર્થના કરી અને યહોવાએ મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો છે. 28હવે હું આ પુત્રને યહોવાને સમર્પિત કરું છું. એ જ્યા સુધી જીવશે ત્યાં સુધી યહોવાની સેવામાં રહેશે." પછી તેણે યહોવાની ઉપાસના અને પ્રશંસા કરી.

### હાન્નાનું વચનપાલન

2 પછી હાન્નાએ આ મુજબ દેવને પ્રાર્થના કરી:
"યહોવા તમે મારું હૃદય આનંદથી ભરી દીધું છે. હું મારા દેવમાં બહુ વિશ્વાસ કરું છું અને હવે મારા શત્રુઓને હું જવાબ આપીશ. દેવે મને મદદ કરીને મારી મુશ્કેલી દૂર કરી છે. એથી હું તમારા બચાવથી અતિ આનંદમાં છું.

2યહોવા જેવાં પવિત્ર દેવ કોઈ નથી. તેમના સિવાય બીજા કોઈ દેવ નથી. આપણા દેવ જેવા કોઈ રક્ષણહાર નથી.

3અભિમાન અને બડાઈ હાંકનાર ન બનો. બડાશ મારવાનું બંધ કરો કારણકે દેવ બધું જાણે છે.તે લોકોને દોરવે છે અને તેમનો ન્યાય કરે છે.

4બળવાન યોદ્ધાઓના ધનુષ્ય તૂટે છે પણ હવે નિર્બળ બળવાન બન્યા છે.

5જે ધનવાન લોકો પાસે પુષ્કળ ખોરાક ભૂતકાળમાં હતો તેઓએ ખોરાક માટે હવે કામ કરવું પડશે. જયારે ભૂખ્યાઓને હવે ભૂખ રહી નથી. વાંઝણી સ્ત્રીઓને સાત સાત સંતાનો છે અને જે સ્ત્રીને ઘણાં સંતાનો હતા તે દુ:ખી છે કેમકે તેમના સંતાનો જતા રહ્યાં છે.

6યહોવા જ મારે છે અને તે જ જીવન આપે છે. યહોવા જ માણસોને મૃત્યુલોકમાં લઈ જાય છે અને પાછા લાવે છે.

7યહોવા જ રંક બનાવે છે ને તવંગર પણ એજ બનાવે છે. યહોવા કોઈ લોકોને ઉતારી પાડે છે અને બીજાને માનવંતા બનવા દે છે.

8યહોવા જ એકલા ગરીબ લોકોને ધૂળમાંથી ઉપાડે છે અને તેમની મુશ્કેલીઓ દુર કરે છે. યહોવા જ તેમને રાજાઓની સાથે બેસાડે છે અને ઈચ્છા પ્રમાણે બહુમુલ્ય આસનો અને સન્માન આપે છે. આ આખી ધરતી યહોવાની પોતાની છે, તેના પાયાઓ સુધી. યહોવાએ તેના પર જગત ઉભુ કર્યુ છે.* 9યહોવા પોતાના ભકતોની સંભાળ રાખે છે પણ દુષ્ટો ને અંધકારમાં રખાય છે અને તેઓ નાશ પામશે. તેમની શકિત તેમને વિજય મેળવવામાં મદદ નહી કરે.

10યહોવા તેમના શત્રુઓનો નાશ કરે છે. પરાત્પર દેવ લોકોની વિરુદ્ધ આકાશમાંથી ગર્જના કરશે. યહોવા દૂરનાં પ્રદેશોનો પણ ન્યાય કરશે. તે પોતાના રાજાને બળ આપશે અને તેના ખાસ રાજાને બળવાન બનાવશે."

11ત્યાર બાદ તેઓએ શમુએલને શીલોહમાં રાખ્યો અને એલ્કાનાહ અને તેનો પરિવાર પોતાને ઘેર પાછા ફર્યા. બાળક શમુએલ યહોવાનો સેવક બન્યો અને તે એલી યાજકને દેવની સેવામાં મદદ કરતો હતો.

### એલીના પુત્રોની દુષ્ટતા

12હવે એલીના પુત્રો દુષ્ટ હતા. તેઓને યહોવા પ્રતિ પ્રેમ ન હતો! 13યાજકોએ લોકો સાથે કેવી રીતે વર્તવું તેની તેઓને ચિંતા ન હતી. યાજકોએ લોકો માટે આ કરવું જોઈએ જ્યારે કોઈ વ્યકિત બલિ લાવે, યાજકોએ માંસને ઉકળતા પાણીના વાસણમાં નાખવું. પછી યાજકનાં સેવકે ત્રણ અણીવાળો ખાસ કાંટો લાવવો. 14યાજકના સેવકે તે કાટો વાસણમાંથી થોડુ માંસ કાઢવા વાપરવો. સેવકે વાસણમાંથી કાટાં વડે જેટલું માંસ કાઢયું તેટલુંજ યાજકને મળે. શીલોહ પર અર્પણો કરવા આવેલા ઈસ્રાએલીઓ માટે યાજકોએ આવી રીતે કરવાનું હતું. 15પરંતુ એલીના પુત્રોએ તેમ ન કર્યુ. ઘણી વખત વેદી પર ચરબી બળી જાય તે પહેલાંજ, યાજકનો સેવક અર્પણ કરનારાઓ પાસે આવતો અને કહેતો, "શેકવા માટે યાજકને માંસ આપો. તે તમારી પાસેથી રાંધેલું માંસ નહી સ્વીકારે તે ફકત કાચું માંસ જ સ્વીકારશે."

16જો બલિદાન અર્પણ કરનાર એમ કહે: "તારે જેટલું જોઈએ તેટલું લઈ જા, પણ ચરબીનું દહન થઈ જવા દે." તો તે કહેતો, "ના, તે નહીં ચાલે, મને અત્યારે જ આપ તું જો મને નહિ આપે તો હું બળજબરીથી લઈ જઈશ."

17એલીના પુત્રોનું આ પાપ યહોવાની દષ્ટિમાં અત્યંત ગંભીર હતું, કારણ કે તેઓ યહોવાને ધરાવેલા નૈવેધનો અનાદર કરતા હતા.

18શમુએલ યહોવાનો સેવક હતો. તે યહોવાની સેવા કરતો અને એક શણનું કેડિયું પહેરતો. 19તેની માતા પ્રતિવર્ષ તેને માટે એક નાનો ઝભ્ભો સીવતી અને તેના પતિની સાથે યજ્ઞ કરવા આવતી ત્યારે સાથે લઈને આવતી.

20તે વખતે યાજક એલી એલ્કાનાહને અને તેની વહુને આશીર્વાદ આપતો અને કહેતો, "તમે તમારા પુત્ર ને યહોવાને સમર્પિત કર્યો છે. તેના બદલામાં તે તને આ સ્ત્રીથી વધારે બાળકો આપો."

---

**યહોવાએ … કર્યુ છે** મૂળ પ્રમાણે: યહોવા ગરીબોને રાખમાંથી ઉપાડે છે.

ત્યારબાદ તેઓ પાછાં ઘેર જતાં. 21ત્યારબાદ યહોવાએ
હાન્ના ઉપર કૃપા કરી અને તેણે ત્રણ પુત્રો અને બે પુત્રીઓને
જન્મ આપ્યો. એ દરમ્યાન બાળક શમુએલ પણ યહોવાના
પવિત્ર સાન્નિધ્યમાં મોટો થતો ગયો.

### એલી પોતાના દુષ્ટ પુત્રોની સંભાળ લેવામાં અસફળ

22હવે એલી ઘણો વૃદ્ધ થયો હતો. પોતાના પુત્રો
ઈસ્રાએલીઓ સાથે કેવી રીતે વર્તતા તે, અને યહોવાના
મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ ભેગી થતી સ્ત્રીઓ સાથે
સૂતા પણ હતા એ બધુ તે સાંભળતો હતો.

23તેથી તેણે તેઓને કહ્યું, "તમે આવું દુષ્કૃત્ય શા માટે કરો
છો? તમે જે ખરાબ રીતે વર્તો છો, બધા લોકો મને એમ કહે
છે. 24દીકરાઓ, આ બધું બંધ કરો. યહોવાના લોકો જે વાત
કરે છે તે અતિ દુ:ખદ છે. 25જો કોઈ માણસ બીજા માણસ
સામે પાપ કરે તો દેવ તેને મદદ કરે. પરંતુ કોઈ માણસ
યહોવાની વિરુદ્ધ પાપ કરે તો કોણ વચ્ચે પડે અને તેને
બચાવે? આ રીતે એલીએ તેમને ઠપકો આપ્યો."

પણ તેના દીકરાઓએ તેનું સાંભળ્યું નહી. તેથી યહોવાએ
બંનેને મારી નાખવાનો નિર્ણય કર્યો.

26દરમ્યાન બાળક શમુએલ મોટો થતો ગયો અને યહોવાની
અને લોકોની પ્રીતિ પામતો ગયો.

### એલીના પરિવાર વિષે ભયંકર ભવિષ્યવાણી

27એક દિવસે એક દેવના માણસે એલીની પાસે આવીને
કહ્યું, "આ યહોવાનાં વચન છે; 'જયારે તારા પિતૃઓ ફારુનનાં
ગુલામ હતાં, ત્યારે મેં તેને દર્શન આપ્યા હતાં. 28ઈસ્રાએલના
બધા કુળોમાંથી મે તમારા કુળને મારા યાજકો તરીકે, અર્પણો
અર્પણ કરવા માટે અને વેદી ઉપર ધૂપ બાળવા માટે અને
યાજકને પહેરવાનો ખાસ ઝભ્ભો પહેરવા માટે પસંદ કર્યુ.
ઈસ્રાએલીઓ મને જે અર્પણો અર્પણ કરે છે તેમાથી મે તારા
કુળસમૂહને માંસ લેવા દીધું. 29તું એ અર્પણોને અને ભેટોને
કેમ માન નથી આપતો? તું મારા કરતાં તારા પુત્રોને શા માટે
વધુ માન-સન્માન આપે છે? મારા લોકોએ અર્પણ કરેલાં
બલિદાનોમાંથી તમને ઉત્તમ ભાગ મળે છે અને તે ખાઈને
પુષ્ટ અને જાડા બન્યા છો.'

30"ઈસ્રાએલના દેવે ભૂતકાળમાં એવું વચન આપ્યું હતું
કે, તારુ કુટુંબ કાયમ માટે મારી સેવામાં રહેશે,પરંતુ તેવું કદી
નહી બને! લોકો મને માન આપશે તો હું તેમને માન આપીશ,
પરંતુ લોકો જો મારી અવજ્ઞા કરશે, તો હું એમની અવજ્ઞા
કરીશ. 31જો, હવે એવો સમય આવી રહ્યો છે, જયારે હું
તારા કુટુંબના અને કૂળના બધા વંશજોને મારી નાખીશ,
જેથી તારા કુટુંબમાં કોઈ ઘડપણ જોવા પામશે નહિ.
32ઈસ્રાએલ સાથે સારી ઘટનાઓ ઘટશે પણ તમે તમારા
ઘરમાં ખોટી ઘટનાઓ જોશો, પણ તારા કુટુંબમાં હવે પછી
કોઈ કદાપિ ઘડપણ જોવા નહિ પામે, 33પણ હું તારા
વંશજોમાંથી એકને જીવતો રહેવા દઈશ અને તે યાજક અને
સેવક તરીકે મારી સેવા કરશે એની આંખો નબળી થશે ત્યાં
સુધી તે જીવશે. તે ઘરડો, અને બહુ નબળો થઈ જશે. પરંતુ
તારા કુટુંબના બધા લોકો કમોતે મૃત્યુ પામશે. 34તારા બે
પુત્રો હોફની અને ફીનહાસ બંને એકજ દિવસે મૃત્યુ પામશે,
અને એમના હાલ જોઈને તને ખાત્રી થશે કે મારું કહ્યું સાચું
પડવાનું છે. 35હું મારા માટે એક વિશ્વાસુ યાજક પસંદ
કરીશ. તે મારી આજ્ઞાનું પાલન કરશે. હું તેને માટે સ્થિર ઘર
બાંધીશ. જે કાયમ મારા અભિષિકત રાજાની સમક્ષ સેવા
કરશે. 36તારા કુટુંબમાં જે કોઈ બચવા પામશે તે આવીને
યાજક સામે નમશે. તેઓ થોડા પૈસા અને રોટલા માટે
ભીખ માંગશે, એમ કહીને: "મને યાજક તરીકે નોકરી આપો
જેથી મને ખાવાનું મળે.""

### શમુએલને દેવની હાકલ

3 બાળક શમુએલ એલીની નીચે રહીને યહોવાની સેવા
કરતો હતો. એ દિવસો દરમ્યાન યહોવાના શબ્દો
જવલ્લેજ સાંભળવા મળતા. ત્યારે બહુ ઓછા દશ્યો દેખાતા.
2એક રાત્રે એલી પોતાની કાયમની જગ્યા એ સૂતો હતો.
ઘડપણને કારણે તેની આંખો બહુજ નબળી બની ગઈ હતી,
તે લગભગ આંધળો બની ગયો હતો. 3અને દેવના દીવાની
જ્યોત હજી હોલવાય નહોતી. યહોવાના મંદિરમાં દેવના
પવિત્ર કોશની પાસે શમુએલ સૂતેલો હતો. 4તે સમયે
યહોવાએ તેને હાંક મારી, "શમુએલ! શમુએલ કહ્યું હું અહિંયાં
છું!" 5અને "જી, આવ્યો" એમ કહીને શમુએલ એલી પાસે
દોડી ગયો અને બોલ્યો, "તમે મને બોલાવ્યો ને? હું આ
રહ્યો."

એલીએ કહ્યું, "ના, મેં તને બોલાવ્યો નથી. જા પાછો
સૂઈ જા."

આથી તે જઈને સૂઈ ગયો. 6યહોવાએ ફરી વાર શમુએલને
હાંક મારી અને તે ઊઠીને એલી પાસે જઈને બોલ્યો, "તમે
મને બોલાવ્યો ને? હું આ રહ્યો."

એલીએ કહ્યું, "મેં તને બોલાવ્યો નથી. પાછો સૂઈ જા."

7શમુએલ હજી સુધી યહોવાને જાણતો ન હતો, કારણકે
યહોવાએ ત્યાં સુધી તેની સાથે સીધી વાત કરી ન હતી.

8જયારે યહોવાએ તેને ત્રીજી વાર હાંક મારી ત્યારે તે
ફરીથી એલીની પાસે જઈને બોલ્યો, "તમે મને બોલાવ્યો
ને? હું આ રહ્યો."

ત્યારે એલી સમજી ગયો કે યહોવા છોકરાને બોલાવે છે.
9એટલે એલીએ શમુએલને કહ્યું, "હવે તું, સૂઈ જા જો તને
ફરી હાંક મારે, તો કહેજે કે, 'હા, મારા દેવ, કૃપા કરીને
બોલો. હું તમારો સેવક છું અને હું સાંભળી રહ્યો છું.'"

આથી શમુએલ જઈને પોતાની જગ્યાએ સૂઈ ગયો. 10પછી
યહોવાએ ત્યાં આવીને ઊભા રહીને પહેલાંની જેમ બૂમ
મારી, "શમુએલ! શમુએલ!"

શમુએલે ઉત્તર આપ્યો, "હા આપનો સેવક સાંભળું છું."

11યહોવાએ શમુએલને કહ્યું, "થોડા જ સમયમાં હું
ઈસ્રાએલીઓ માટે કંઈક કરવાનો છું. જેઓ તે સાંભળશે
તેને આઘાત લાગશે. 12તે દિવસ આવશે ત્યારે એલી અને

તેના કુટુંબ વિરુદ્ધ મેં જે કંઈ કહ્યું છે તેને પહેલેથી જ તે છેલ્લે સુધી અક્ષરે અક્ષર હું સાચું પાડીશ. 13કારણ કે મેં તેને કહ્યું હતું કે તેના કુળને હું કાયમ માટે સજા કરીશ. કારણ કે તેના પુત્રો મારી નિંદા કરે છે અને એલી તે જાણતો હોવા છતાં તેણે તેઓને વાર્યા નહોતા. 14એટલે મેં એલીના કુટુંબની વિરુદ્ધ સમ ખાધા છે. હું સમ ખાઉં છું કે અર્પણો અને ખાધાર્પણો એલીના કુટુંબના પાપો દુર નહી કરે."

15શમુએલ સવાર થતાં સુધી સૂઈ રહ્યો. અને પછી તેણે યહોવાના મંદિરના બારણાં ખોલી નાખ્યાં. પરંતુ તેણે સાંભળેલી દૈવી દર્શનની વાત એલીને કહેતાં તે બીતો હતો.

16એલીએ શમુએલને બોલાવ્યો, "શમુએલ, મારા પુત્ર."

શમુએલે જવાબ આપ્યો, "જી, સાહેબ."

17એલીએ પૂછયું, "યહોવાએ તને શું કહ્યું? મારાથી છુપાવીશ નહિ તેમણે તને જે જે કહ્યું તેમાંથી કંઈપણ જો તું મારાથી છુપાવે તો દેવ તને એવું ને એ કરતાં પણ વધારે કરો."

18પછી શમુએલે એલીને કઈજ છુપાવ્યા વગર બધું કહ્યું.

એલીએ બધું સાંભળ્યું અને કહ્યું : "તે તો યહોવા છે તેને જે ઠીક લાગે તે કરે."

19આમ, શમુએલ મોટો થતો ગયો અને યહોવા તેની સાથે હતા. યહોવાએ શમુએલની બધી ભવિષ્યવાણી સાચી તરીકે સાબિત કરી. 20દાનથી બેર–શેબા સુધી ઈસ્રાએલમાં સૌ કોઈ યહોવાના સાચા પ્રબોધક તરીકે શમુએલને માન્યો. 21યહોવાએ શીલોહમાં શમુએલને દર્શન આપવાનું ચાલુ રાખ્યું. જયાં તે શમુએલની સમક્ષ દેવના શબ્દ તરીકે પ્રગટ થયો હતો.

4 શમુએલ વિષેની ખબર આખા ઈસ્રાએલમાં ફેલાઈ ગઈ. તે દિવસોમાં ઈસ્રાએલીઓ પલિસ્તીઓ વિરુદ્ધ લડવા નીકળી પડ્યા. ઈસ્રાએલીઓએ એબેન–એઝેરમા છાવણી નાખી અને પલિસ્તીઓએ અફેકમા છાવણી નાખી. 2પલિસ્તીઓએ ઈસ્રાએલ સામે વ્યૂહ ગોઠવ્યો, યુદ્ધ જામ્યું. ઈસ્રાએલીઓ હાર્યા.

### પલિસ્તીઓએ ઈસ્રાએલીઓને હરાવ્યા

પલિસ્તીઓએ લગભગ 4,000 ઈસ્રાએલીઓને રણભૂમિ ઉપર કાપી નાખ્યા. 3જયારે બાકીનાં સૈનીકો તેમની છાવણીમાં પાછા આવ્યા ત્યારે ઈસ્રાએલીઓના આગેવાનોએ પૂછયું, "યહોવાએ પલિસ્તીઓના હાથે આપણને કેમ હરાવ્યા? ચાલો, આપણે શીલોહ જઈને યહોવાના કરારકોશ ને લઈ આવીએ. આ રીતે દેવ આપણી વચ્ચે રહેશે અને આપણું દુશ્મનોથી રક્ષણ કરશે."

4તેથી લોકોએ દેવનો કરારકોશ લાવવા માટે માણસોને શીલોહ મોકલ્યા. કોશની ઉપર કરૂબ દેવદૂતો હતા જે દેવના સિંહાસન જેવા હતા. એલીના બે પુત્રો હોફની અને ફીનહાસ કોશની સાથે આવ્યા.

5જયારે યહોવાનો કરારકોશ છાવણીમાં આવ્યો ત્યારે બધા ઈસ્રાએલીઓએ તેને એવા તો મોટા હર્ષનાદથી વધાવી લીધો કે ધરતી ધણધણી ઊઠી. 6ઈસ્રાએલીઓનો હર્ષનાદ સાંભળીને પલિસ્તીઓ પૂછવા લાગ્યા, "હિબ્રૂઓની છાવણીમાં આ બધો અવાજ અને આનંદ શેના છે?"

પછી તેઓને સમજ પડીકે યહોવાનો કરારકોશ ઈસ્રાએલીઓની છાવણીમાં આવ્યો છે. 7તેથી તેઓ ગભરાઈ ગયા અને કહ્યું, "દેવો તેમની છાવણીમાં આવ્યા છે! હવે આપણે પહેલા કદી નથી પડી તેવી મુશ્કેલીમાં પડીશું. 8આ પ્રબળ દેવોથી આપણને કોણ બચાવશે? આ દેવોએ મિસરીઓને રણમાં ભયંકર રોગોથી હરાવ્યા હતા. 9પલિસ્તીઓ હિંમત રાખો, બહાદુર બનો, નહિ તો હિબ્રૂઓ આપણા ગુલામ હતા તેમ આપણે તેમના બનીશું. માટે બહાદુરીથી લડો."

10તેથી પલિસ્તીઓએ ઈસ્રાએલીઓને હરાવ્યા. ઈસ્રાએલના 30,000 સૈનિકો મર્યા, બાકીના છાવણીમાં નાસી ગયા. 11દેવનો પવિત્રકોશ કબજે કરવામાં આવ્યો અને એલીના પુત્રો હોફની અને ફીનહાસ મરાયા.

### એલીનું અવસાન

12બિન્યામીન વંશનો એક માણસ યુદ્ધભૂમિમાંથી દોડીને તે જ દિવસે શીલોહ આવી પહોંચ્યો. શોકમાં તેણે વસ્ત્રો ફાડી નાખ્યાં હતા; અને માથે ધૂળ નાખી હતી. 13જયારે તે આવી પહોંચ્યો ત્યારે એલી શહેરના દરવાજા પાસે બેઠો હતો અને યહોવાના કરારકોશની રાહ જોતો હતો. પવિત્ર કોશની સુરક્ષાની તેને ચિંતા હતી. યુદ્ધભૂમિ પરથી આવેલા સંદેશવાહકે તેઓને દુઃખદ સમાચાર આપ્યા એટલે બધા લોકો જોરથી રડવા લાગ્યા. 14એ સાંભળીને એલીએ પૂછયું, "આ ઘોંઘાટ શાનો છે?" પેલા માણસે એકદમ એલી પાસે દોડી જઈને બધું કહી સંભળાવ્યું. 15એલીની ઉંમર 98 વર્ષની થઈ હતી અને તે આંધળો બની ગયો હતો.

16પેલા માણસે કહ્યું, "હું યુદ્ધભૂમિ પરથી હમણા જ ચાલ્યો આવું છું. હું આજે જ યુદ્ધમાંથી ભાગીને આવ્યો છું."

એલીએ તેને પૂછયું, "બેટા શા સમાચાર છે?"

17ભાગી આવેલા કાસદે કહ્યું, "ઈસ્રાએલીઓની હાર થઈ છે. હજારો ઈસ્રાએલી સૈનિકો માર્યા ગયા છે, હોફની અને ફીનહાસ પણ મરી ગયા છે; અને દેવનો પવિત્રકોશ શત્રુઓએ કબજે લીધો છે."

18સંદેશવાહકોએ દેવના પવિત્ર કોશનો ઉલ્લેખ કરતાની સાથેજ તે પોતાની કુર્સીની પાછળ પડી ગયો. અને તેની ડોક તુટી ગઈ અને તે મરણ પામ્યો કેમકે તે વૃદ્ધ હતો અને તેનું શરીર બહુ ભારે હતું. એલીએ 40વર્ષ ઈસ્રાએલનો ન્યાય કર્યો હતો.

### ઈસ્રાએલનું ગૌરવ ગયું

19એલીની પુત્રવધૂ ફીનહાસની વહુ સગર્ભા હતી, અને તેની પ્રસૂતિનો સમય પાસે આવ્યો હતો, જયારે તેણે દેવનો પવિત્રકોશ બીજાઓએ કબજે કર્યાનું અને પોતાના સસરાનું અને પતિનું અવસાન થયાનું સાંભળ્યું ત્યારે તેને એકદમ

વેણ ઊપડી આવી, તે નમી પડી અને તેને પ્રસૂતિ થઈ ગઈ.
**20**તે જ્યારે પીડામાં હતી અને મૃત્યુની નજીક હતી ત્યારે
તેને મદદ કરતી સ્રીઓમાંથી એક સ્રીએ કહ્યું: "ચિંતા કરીશ
નહિ; તે પુત્રને જન્મ આપ્યો છે."
પણ તેણે કોઈ જવાબ આપ્યો નહિ, અને તેના પર ધ્યાન
ન આપ્યું. **21**તેણે તે છોકરાનું નામ ઈખાબોદ પાડયું એમ
કહેતા, "ઈસ્રાએલીઓનું ગૌરવ જતું રહ્યું છે." તેને આ કહ્યું
કારણ કે દેવનો પવિત્રકોશ દુશ્મનો લઈ ગયા છે, અને તેના
ધણીનું તથા સસરાનું અવસાન થયું છે. **22**તેણે કહ્યું કે:
"ઈસ્રાએલનું ગૌરવ જતું રહ્યું છે," એટલા માટે કે યહોવાનો
પવિત્રકોશ દુશ્મનો લઈ ગયા હતા.

## પવિત્રકોશ પલિસ્તીઓ માટે મુશ્કેલીઓ લાવ્યાં

**5** દેવનો પવિત્રકોશ કબજે કર્યા પછી પલિસ્તીઓ તેને
એબેન-એઝેરથી આશ્દોદ લઈ આવ્યા. **2**તેઓ
પવિત્રકોશને દાગોનના મંદિરમાં લઈ ગયા અને દાગોનની
મૂર્તિ પાસે મૂક્યો. **3**બીજે દિવસે સવારે આશ્દોદના લોકો
ઊઠયા, ત્યારે દાગોન ઊંધે માથે યહોવાના કોશ આગળ પડેલો
હતો. તેઓએ તેને ઉપાડીને પાછો તેની જગ્યા પર બેસાડયો.
**4**બીજે દિવસે સવારે તેઓ ઊઠયા ત્યારે ફરી દાગોન
યહોવાના પવિત્રકોશ આગળ ઉંધે માથે પડેલો હતો. તેનું
માંથું અને બંને હાથ ભાંગી ગયાં હતાં અને ઉંબરા આગળ
પડેલાં હતાં. માત્ર દાગોનનું ધડ તેની જગ્યાએ રહ્યું હતું,
**5**માટે દાગોનના યાજકો કે, બીજા લોકો દાગોનના મંદિરમાં
આવે છે તેઓ આજ સુધી આશ્દોદમાં દાગોનના મંદિરના
ઉંબરા પર પગ મૂકતા નથી.
**6**યહોવાએ આશ્દોદના લોકોને સખત સજા કરીને તેમને
ભયભીત બનાવી દીધા; તેમણે આશ્દોદ અને તેની
આસપાસના પ્રદેશના લોકોમાં ગૂંમડાંનો રોગચાળો ફેલાવી
દીધો. **7**આ બધું જોઈને તેઓ કહેવા લાગ્યા, "ઈસ્રાએલીઓના
દેવનો પવિત્રકોશ આપણી સાથે અહીં રખાય નહિ, કારણ,
તે દેવ આપણને અને આપણા દેવ દાગોનને સખત સજા
કરી રહ્યા છે."
**8**આથી તેમણે સર્વ પલિસ્તી રાજાઓને બોલાવ્યા અને
કહ્યું, "ઈસ્રાએલીઓના દેવના પવિત્રકોશ સાથે આપણે શું
કરીશું?"
શાસનકર્તાઓએ કહ્યું "તેને ગાથ ખસેડો." તેથી તેઓ તેને
ગાથ લઈ ગયા.
**9**પણ તેઓ તેને ત્યાં લઈ ગયા ત્યારબાદ યહોવાએ તે
શહેરને ભારે સજા કરી અને સમગ્ર શહેરમાં ભય વ્યાપી
ગયો. શહેરમાં નાનાંમોટાં સૌને ગૂંમડાં ફૂટી નીકળ્યાં.
**10**આથી તેમણે તેમના દેવ યહોવાના કરારકોશને એક્રોન
મોકલી આપ્યો, જયારે પવિત્રકોશ એક્રોન પહોંચ્યો ત્યારે
ત્યાંના લોકો પોકાર કરી ઊઠયા કે, "આપણને અને આપણી
પ્રજાને મારી નાખવા માટે એ લોકો ઈસ્રાએલીઓના દેવનો
કરારકોશ અહીં લઈ આવ્યા છે!" **11**આથી એક્રોનના લોકોએ
બધા પલિસ્તી રાજાઓની સભા બોલાવી અને કહ્યું, કૃપા
કરીને "ઈસ્રાએલીઓના દેવનો પવિત્રકોશને તેની જગ્યા પર
પાછો મોકલી દો, જેથી એ આપણને તથા આપણી પ્રજાને
મારી ન નાખે."
સમગ્ર શહેરમાં લોકો ભારે ભયભીત થઈ ગયા કારણ દેવે
તેમને સખત સજા કરી હતી. **12**જે મરી નહોતા ગયા, તેમને
ગૂમડાં ફૂટી નીકળ્યાં અને એક્રોન શહેરનો આર્તનાદ આકાશ
સુધી પહોંચ્યો.

## દેવનો પવિત્રકોશ ઘરે પાછો મોકલાયો

**6** યહોવાનો પવિત્રકોશ પલિસ્તીઓની ભૂમિમાં સાત
મહિના હતો. **2**પછી પલિસ્તીઓએ પોતાના જાદુગરોને
અને યાજકોને બોલાવીને પૂછયું, "યહોવાના કરારકોશનું
આપણે શું કરીશું? અમને કહો કે શી રીતે એને પાછો એના
ઠેકાણે મોકલવો? તે અમને કહો."
**3**તેઓએ જવાબ આપ્યો, "જો તમારે યહોવાના
પવિત્રકોશને તેની જગ્યાએ પાછો મોકલવો હોય, તો તે
ખાલી મોકલશો નહિ. તેને અર્પણો સાથે મોકલો જેથી
ઈસ્રાએલના દેવ તમને માફ કરે."
**4**પલિસ્તીઓએ કહ્યું, "આપણને માફ કરવા માટે આપણે
ઈસ્રાએલના દેવને અર્પણમાં શુ મોકલવું?"
તેથી તેઓએ કહ્યું, "આપણી પાસે પાચ પલિસ્તી સરદારો
છે, તેથી આપણે ઉંદરના પાંચ સોનાના નમૂના અને ગુમડાં
જેવા લાગતા પાંચ સોનાના નમૂના મોકલવા જોઈએ કારણ
તમને અને તમારા સરદારો તેજ મુશ્કેલીથી પીડાતા હતા.
**5**ઉંદરો દેશનો નાશ કરી રહ્યાં હતા અને લોકો પણ ગુમડાં થી
હેરાન થયા. તેથી ઉંદરના પાંચ સોનાના નમૂના અને ગુમડાં
ના પાંચ સોનાના નમૂના બનાવો અને ઈસ્રાએલના દેવને
તેમની પ્રશંસા માં અર્પણ કરો. જેથી દેવ તમને તમારા દેવોને
અને તમારી ભૂમિને સજા કરવાનું બંધ કરે. **6**ફારુન અને
મિસરીઓની જેમ હઠીલા થશો નહીં! યાદ રાખજો કે તેમણે
ઈસ્રાએલીઓને મિસરમાંથી જવા ન દીધા ત્યાં સુધી દેવે
તેમને હેરાન કર્યા હતા.
**7**"હવે એક નવું ગાડુ તૈયાર કરો, અને જેને કદી ખેતરોમાં
ખેડવા માટે ન વાપર્યુ હોય, અને હાલમાંજ વાછરડાં જન્મ્યાં
તેવી બે ગાય મંગાવો, વાછરડાઓને તેની માતાઓ પાછળ
જવા ન દેતા. ગાયોને ગાડે જોડો, તેમનાં વાછરડાંને વાડામાં
પાછા મોકલો. **8**પછી પવિત્ર કોશને ગાડા ઉપર મૂકો. કોશની
બાજુની થેલીમાં સોનાનાં નમૂનાઓ મુકો. સોનાનાં નમૂનાઓ
તમારા પાપોને માફ કરવા માટે દેવને ભેટ છે. પછી ગાડાને
સીધું તેના રસ્તે મોકલો. **9**ગાડા ઉપર નજર રાખો. આ ભયંકર
આફત ઈસ્રાએલના દેવ યહોવાથી આપણી પર આવી છે.
પણ જો એ બેથ-શેમેશ ન જાય તો આ ભયંકર આફત
યહોવાથી નથી આવી, તે આપમેળે અણધાર્યુ થયું છે."
**10**પછી તે લોકોએ એ પ્રમાણે કર્યુ. તેમણે બે દૂઝણી ગાયો
લીધી અને તેમને ગાડાએ જોડી અને તેમનાં વાછરડાંને
કોઢમાં પૂરી દીધાં. **11**તેમણે દેવના પવિત્રકોશને ગાડામાં મૂકી
અને તેની સાથે સોનાનાં ઉંદરો અને સોનાનાં ગુમડાના

નમૂનાઓ મૂક્યા. 12ગાયો સીધી બેથ-શેમેશને માર્ગે ચાલવા
માંડી. તેઓ ભાંભરડા નાખતી ડાબે કે જમણે હાથે વળ્યા
વગર સીધીને સીધી ચાલતી રહી. પલિસ્તી સરદારો બેથ-
શેમેશની સરહદ સુધી તેમની પાછળ પાછળ ગયા.

13તે વખતે બેથ-શેમેશના લોકો ખીણમાં, નીચાણમાં ઘઉં
કાપતા હતા. એકાએક ઊંચું જોતાં જ પવિત્રકોશ તેમની
નજરે પડ્યો, અને એને જોઈને તેઓ આનંદમાં આવી ગયા.
14ગાડું બેથ-શેમેશના યહોશુઆના ખેતરમાં આવ્યું. તે એક
મોટા ખડક પાસે ઊભું રહ્યું લોકોએ લાકડાનું ગાડું તોડી
નાખ્યું અને તેઓએ ગાયોને યહોવાની પ્રશંસા માં અર્પણ
કરી નાખી. 15પછી લેવીઓએ યહોવાનો પવિત્રકોશ અને
સોનાના પૂજાપા વાળો દાબડો ઉતારી લીધાં અને પેલા મોટા
પથ્થર ઉપર મૂકયાં, પછી બેથ-શેમેશના લોકોએ તે દિવસે
યહોવાને દહનાર્પણો ચડાવ્યાં.

16પાંચ પલિસ્તી શાસનકર્તાઓએ આ બધું જોયું અને તે
જ દિવસે પાછા એક્રોન ચાલ્યા ગયા.

17આ રીતે પલિસ્તીઓએ દર એક પલિસ્તી નગર માટે
ગૂમડાંના સોનાના નમુનાઓ પોતાના પાપોના પ્રાતશ્ચિત તરીકે
મોકલ્યા આ નગરો છે આશ્દોદ, ગાઝા, આશ્કલોન, ગાથ
અને એક્રોન. 18પલિસ્તીઓએ પાંચ પલિસ્તી
શાસનકર્તાઓના કિલ્લાબંધી નગરોની સંખ્યા પ્રમાણે ઉંદરોના
સોનાના નમૂના મોકલ્યા.

બેથ-શેમેશના લોકોએ દેવના પવિત્રકોશને ખડક પર
મુક્યો. આ ખડક હજી પણ બેથ-શેમેશમાં યહોશુઆનાં
ખેતરમાં છે. 19જ્યારે પવિત્રકોશ બેથ-શેમેશ પહોચ્યો, તો
સામાન્ય લોકોએ તે જોયું ત્યાં કોઈ યાજક ન હતા, તેથી
યહોવા ગુસ્સે થયા અને 70 લોકોને મારી નાખ્યા. બેથ-
શેમેશનાં લોકો રડ્યા અને શોક મનાવ્યો કેમકે દેવે તેમને
બહું કઠોર રીતે સજા કરી હતી. 20બેથ-શેમેશના લોકો ચિંતા
કરવા લાગ્યા. કહેવા લાગ્યા, "આ પવિત્ર દેવ આગળ કોણ
ટકી શકે એમ છે? આ પવિત્રકોશને અહીથી ક્યાં મોકલવો?"

21તેમણે કિર્યાથ-યઆરીમ લોકોને સંદેશો મોકલ્યો કે,
"પલિસ્તીઓએ યહોવાનો પવિત્રકોશ પાછો સોંપી દીધો છે.
તમે નીચે ઊતરીને તે તમારે ત્યાં લઈ જાઓ."

7 એટલે કિર્યાથ-યઆરીમના લોકો આવીને યહોવાનો
પવિત્રકોશ લઈ ગયા. તેઓ તેને ટેકરી ઉપર આવેલા
અબીનાદાબને ઘેર લઈ ગયા. અને તેમણે તેના પુત્ર
એલઆઝારની એની સંભાળ રાખવા નિમણૂક કરી. 2આ
રીતે, યહોવાનો કરારકોશ 20 વર્ષ સુધી કિર્યાથ-યઆરીમમાં
રાખવામાં આવ્યો હતો.

### યહોવાએ ઈસ્રાએલને બચાવ્યું

એ સમયે ઈસ્રાએલીઓ ફરીથી યહોવાને અનુસરવા
લાગ્યા. 3શમુએલે બધા ઈસ્રાએલીઓને કહ્યું, "તમે જો
હૃદયપૂર્વક યહોવાની તરફ વળશો તો તમારે બીજા દેવોની
પ્રતિમાઓ અને આશ્તારોથની મૂર્તિઓ કાઢી નાખવી પડશે
તમારે સંપૂર્ણપણે યહોવાને સમર્પિત થવું પડશે અને માત્ર
યહોવાની સેવા કરવી પડશે! તો યહોવા તમારું પલિસ્તીઓથી
રક્ષણ કરશે."

4ત્યારે ઈસ્રાએલીઓએ બઆલ તથા આશ્તારોથ દેવીની
મૂર્તિઓને હઠાવી દીધી અને તેઓ ફકત યહોવાને જ પૂજવા
લાગ્યા.

5ત્યારબાદ શમુએલે કહ્યું કે, "બધા ઈસ્રાએલીઓ
મિસ્પાહમાં ભેગા થાઓ, એટલે હું તમારા માટે યહોવાને
પ્રાર્થના કરીશ."

6આથી બધા ઈસ્રાએલીઓ મિસ્પાહમાં ભેગા થયા. તેમણે
પાણી લીધું અને યહોવાની આગળ રેડ્યું, ને તે દિવસે તેમણે
ઉપવાસ કર્યો, અને કહ્યું, "અમે યહોવા વિરુદ્ધ પાપો કર્યા
છે." શમુએલે મિસ્પાહમાં ઈસ્રાએલી લોકોના ન્યાયાધીશ
તરીકે સેવા બજાવી.

7પલિસ્તીઓએ જયારે સાંભળ્યું કે ઈસ્રાએલીઓ
મિસ્પાહમાં ભેગા થયા છે ત્યારે પલિસ્તી સરદારો
ઈસ્રાએલીઓ ઉપર હુમલો કરવા લશ્કર લઈને ઊપડ્યા. આ
સમાચાર સાંભળીને ઈસ્રાએલીઓ ગભરાઇ ગયા. 8અને
ઈસ્રાએલીઓએ શમુએલને કહ્યું, "પ્રાર્થના કરતા રહો અને
યહોવાને કહો કે પલિસ્તીઓથી અમારું રક્ષણ કરજો."

9શમુએલે એક ધાવણું ઘેટું લઈ યહોવાને તેની આહુતિ
ધરાવી અને ઈસ્રાએલીઓ વતી યહોવાને ધા નાખી, અને
યહોવાએ તે સાંભળી. 10શમુએલ દહનાર્પણ કરતો હતો
એટલામાં પલિસ્તીઓ ઈસ્રાએલની સાથે લડાઈ કરવા માટે
પાસે આવ્યા; પરંતુ તે દિવસે યહોવાએ પલિસ્તીઓ પર
મોટા ધડાકા સાથે ગર્જના કરીને તેઓને હરાવ્યા; તેઓ
ઈસ્રાએલીઓ સામે હારીને ભાગી ગયા. 11ઈસ્રાએલીઓએ
મિસ્પાહથી નીકળીને તેમની પાછળ પડ્યાં અને તેમને મારતા
મારતા બેથ-કાર સુધી પહોંચી ગયા.

### ઈસ્રાએલમાં શાંતિ

12ત્યારે શમુએલે ત્યાં એક પથ્થર લઈને મિસ્પાહ અને
શેન વચ્ચે ઊભો કર્યો. અને તેનું નામ "એબેન-એઝેર"
પાડીને કહ્યું કે, "અહીં સુધી યહોવાએ આપણને મદદ
કરી છે."

13આમ, પલિસ્તીઓનો પરાજય થયો. અને શમુએલ
જીવ્યો ત્યાં સુધી યહોવાએ તેમને ઈસ્રાએલીઓના પ્રદેશ
ઉપર આક્રમણ કરવા દીધું નહિ. 14અક્રોનથી ગાથ સુધીનાં
શહેરો જે પલિસ્તીઓએ ઈસ્રાએલીઓ પાસેથી કબજે કર્યા
હતા, તે બધાં શહેરો તેમને પાછાં સોંપી દેવામાં આવ્યાં, આ
શહેરોની આસપાસની જગ્યા પણ ઈસ્રાએલીઓને પાછી
મળી. વળી ઈસ્રાએલીઓ અને અમોરીઓ વચ્ચે પણ
સુલેહશાંતિ જળવાઈ રહી.

15શમુએલે પોતાના જીવનપર્યંત ઈસ્રાએલનો ન્યાય કર્યો.
16તે પ્રતિવર્ષ બેથેલ, ગિલ્ગાલ અને મિસ્પાહમાં સવારીએ
જતો અને બધેજ ઠેકાણે તે ઈસ્રાએલનો ન્યાય કરતો હતો.
17રામા શમુએલનું વતન હતું. તેથી તે રામા જતો હતો. એ

શહેરથી શમુએલ ઈસ્રાએલી લોકો પર રાજ્ય કરતો હતો અને તેમનો ન્યાય કરતો હતો અને ત્યાં યહોવા માટે એક વેદી પણ બાંધી.

### ઈસ્રાએલની રાજા માટેની અરજ

8 જયારે શમુએલ વૃદ્ધ થયો ત્યારે તેણે પોતાના બે પુત્રોને ઈસ્રાએલીઓના ન્યાયાધીશ બનાવ્યા. 2મોટા પુત્રનું નામ યોએલ હતું, અને નાનાનું નામ અબિયા હતું; તેઓ બેર-શેબામાં ન્યાયાધીશ હતા. 3પરંતુ તેઓ તેમના પિતા જેવી રીતે રહેતા હતા તેવી રીતે ન રહ્યાં. તેઓ પૈસાના લાલચી હતા. તેઓ લાંચ-રૂશ્વત લેતા અને ન્યાય આપવામાં તેઓ પક્ષપાત કરતા હતા. 4તેથી ઈસ્રાએલના સર્વ વડીલો ભેગા મળીને 'રામા'માં શમુએલની પાસે આવ્યા; 5તેઓએ તેમને કહ્યું, "જુઓ, તમે હવે વૃદ્ધ થયા છો, અને તમારા પુત્રો તમારે પગલે ચાલતા નથી, માટે જેમ બીજી પ્રજાઓમાં છે તેમ અમારા ઉપર શાસન કરવા માટે એક રાજાની નિમણૂક કરો."

6પણ, અમારા ઉપર શાસન કરવા માટે એક રાજા આપો. એવી તેમણે વિનંતી કરી, એથી શમુએલ નારાજ થયો, અને તેણે યહોવાને પ્રાર્થના કરી. 7યહોવાએ શમુએલને કહ્યું, "લોકો જે કાંઈ કહે તે પ્રમાણે કરો. કારણ કે તેઓએ તને નકાર્યો નથી, પણ હું તેઓ પર રાજ ન કરું માટે મને નકાર્યો છે. 8મેં જ્યારથી તેમને મિસરમાંથી બહાર કાઢયાં છે. તે સમયથી તેઓએ તે જ વસ્તુઓ કરી રહ્યાં છે જે તેઓ કરતાં આવ્યાં છે. તેઓએ મારો ત્યાગ કર્યો છે અને અન્ય દેવોની પૂજા કરી છે. અને હવે તારી સાથે પણ તેઓ આ જ વસ્તુઓ કરી રહ્યાં છે. 9તો પછી એ લોકો કહે તેમ કર, પણ એમને સ્પષ્ટ ચેતવણી આપજે અને સમજ પાડજે કે, એમના ઉપર રાજ્ય કરનાર રાજાનો વ્યવહાર કેવો હશે."

10યહોવાએ જે કાંઈ કહ્યું તે સર્વ શમુએલે જે લોકો રાજાની માગણી કરતા હતા તેમને કહી સંભળાવ્યું. 11શમુએલે કહ્યું, "તમારા ઉપર રાજય કરનાર રાજા આવો વ્યવહાર રાખશે; તે તમારા પુત્રોને લઈને તેમની પાસે બળજબરીથી પોતાની રથસેનામાં અને અશ્વસેનામાં સેવા લેશે. અને તેમને પોતાના રથની આગળ આગળ રક્ષક તરીકે દોડાવશે, 12તેમાનાં કેટલાક એક હજારની ટૂકડીના સરદાર બનશે અને બીજા પચાસ માણસોની સેનાની ટૂકડીના સરદાર બનશે. તે તેઓની પાસે તેના ખેતરમાં કામ કરાવશે અને પાક લણાવશે. તે બળજબરીથી તેમની પાસે તેના સૈન્ય માટે યુદ્ધના શસ્રો અને રથનાં સાધનો તૈયાર કરાવશે. 13અને તે તમારી પુત્રીઓને પકડીને તેમને કંદોયણો, રસોયણો બનાવશે.

14"વળી તે તમારાં ખેતરો, તમારી દ્રાક્ષવાડીઓ અને જૈતૂનના બગીચા લઈ લેશે અને પોતાના અધિકારીઓને જે જે ઉત્તમ હશે તે તે લઈને આપશે. 15તે તમારા અનાજનો અને દ્રાક્ષનો દસમો ભાગ લેશે અને પોતાના દરબારીઓને અને અમલદારોને આપી દેશે. 16તે તમારાં સારામાં સારાં નોકરો અને નોકરડીઓને ઢોરોને અને ગધેડાઓને કબજે લેશે અને પોતાને કામે લગાડશે. 17તે તમારાં ઘેટાં-બકરાંનો દશમો ભાગ લેશે અને તમને તેના ગુલામ બનાવી દેશે. 18તે દિવસે તમે તમારા પસંદ કરેલા રાજાને કારણે તેમની વિરુદ્ધ પોકાર કરશો, પણ તે વખતે યહોવા તમારું સાંભળશે નહિ."

19એમ છતાં લોકોએ શમુએલને સાંભળવાની ના પાડી, તેમણે કહ્યું, "ના, અમારે તો રાજા જોઈએ જ, 20આથી અમે પણ અન્ય પ્રજાઓ જેવા થઈએ અને અમારા રાજા અમારા ઉપર રાજય કરે અને આગળ રહી અમારાં યુદ્ધો લડે."

21આથી શમુએલે લોકોનું કહેવું સાંભળી લીધું. પછી તેણે યહોવાને લોકોના શબ્દો કહી સંભળાવ્યા. ત્યારે યહોવાએ શમુએલને કહ્યું, 22"યહોવાએ કહ્યું લોકો કહે તે પ્રમાણે કરો એમને એક રાજા આપો એક સરખો રાજા." પછી શમુએલે ઈસ્રાએલીઓને કહ્યું તમને એક નવો રાજા મળશે તમે બધા લોકો ઘરે જાઓ.

### શાઉલ પોતાના પિતાના ગધેડાની શોધમાં

9 બિન્યામીનના વંશમાં કીશ નામનો એક માણસ હતો. તે બહુ શૂરવીર હતો. કીશ બિન્યામીની અફીઆહના પુત્ર બખોરાથના પુત્ર સરોરના પુત્ર અબીએલનો પુત્ર થતો હતો. 2તેને શાઉલ નામનો એક પુત્ર હતો. તે યુવાન અને રૂપાળો હતો. ઈસ્રાએલીઓમાં તેના કરતાં વધારે રૂપાળું કોઈ ન હતું અને બીજા કરતાં તે એક વેંત વધું ઊંચો હતો.

3એક વખત શાઉલના પિતા કીશનાં કેટલાંક ગધેડાં ખોવાઈ ગયાં, તેથી કીશે શાઉલને કહ્યુ, "એક નોકરને સાથે લઈને ગધેડાઓને શોધવા જા." 4તેઓ એફ્રાઈમનાં ડુંગરાળ પ્રદેશમાં અને શાલીશામાં ગયા તેઓને ગધેડાઓ મળ્યા નહિ. તેઓ શાઅલીમ ગયા પણ તે ન મળ્યા. તેઓએ બેંજામીનના પ્રદેશમાં મુસાફરી કરી, પરંતુ ત્યાં પણ તે ન મળ્યા.

5છેવટે તેઓ સૂફ પ્રદેશમાં પ્રવેશ થયા ત્યારે શાઉલે પોતાની સાથેના નોકરને કહ્યું, "ચાલ, હવે આપણે પાછા જઈએ, નહિ તો મારા પિતા ગધેડાંની ચિંતા કરવાનું છોડીને આપણી ચિંતા કરવા માંડશે."

6તેથી નોકરે જવાબ આપ્યો, "આ, શહેરમાં એક દેવનો માણસ રહે છે. તેનું માન ઘણું છે. તે જે કાંઈ કહે છે તે સાચું પડે છે. તો આપણે તેની પાસે જવું જોઈએ, કદાચ એ આપણને કહે કે આપણે કયા માર્ગે જવું."

7ત્યારે શાઉલે પોતાના ચાકરને કહ્યું, "ધારો કે આપણે જઈએ તો તેની આગળ ભેટ આપવા શું લઈએ? આપણી થેલીમાં કંઈ ખાવાનું તો રહ્યું નથી, એ દેવના માણસને ભેટ ધરવા આપણી પાસે તો કશું જ નથી, આપણે તેને આપીશું શું?"

8તેથી ચાકરે શાઉલને પ્રત્યુત્તર આપ્યો કે, "જો, મારી પાસે પા શેકેલ ચાંદી છે; તે હું એ દેવના માણસને આપીશ કે, તે આપણને આપણો માર્ગ બતાવે."

9ભૂતકાળમાં ઈસ્રાએલના લોકો પ્રબોધકને દેવ પાસેથી કઈ જાણવું હોય તો તેઓ કહેતા, "ચાલો આપણે દ્રષ્ટા પાસે જઈએ."

10શાઉલ સંમત થયો, "ઠીક આપણે પ્રયત્ન કરી જોઈએ!"
11તેઓ નગરમાં જવા ટેકરો ચઢતા હતા ત્યારે પાણી ભરવા
જતી કેટલીક યુવાન કન્યાઓ તેઓને સામે મળી. તેઓએ
તેમને પૂછયું, "શું દૃષ્ટા નગરમાં છે?"
12કન્યાઓએ કહ્યું, "હાજી, આ જ માર્ગે આગળ વધો,
મળશે. વહેલા જાઓ. તે હમણાં જ શહેરમાં આવ્યા છે, કેમ
કે આજે ટેકરી ઉપરનાં મંદિરમાં લોકોએ ઉપાસના અને
શાંત્યાર્પણ રાખ્યાં છે. 13તમે શહેરમાં દાખલ થશો કે તરત
જ ટેકરી પર જમવાં જતાં પહેલાં તમે તેમને મળશો. એના
આવ્યા પહેલાં લોકો જમશે નહિ, એ યજ્ઞને આશીર્વાદ આપે
ત્યાર પછી જ મહેમાનો જમશે. તમે હમણા જ ઉપર જાઓ
એટલે તરત જ તેઓ તમને મળશે."
14તેઓ નગરમાં ગયા અને દરવાજાની અંદર પ્રવેશ્યા તે
જ સમયે તેમણે શમુએલને ઉપાસના સ્થાન તરફ આવતા
જોયો.
15શાઉલ આવ્યો તેને આગલે દિવસે યહોવાએ
શમુએલને કહ્યું હતું, 16"આવતી કાલે આ સમયે હું
બિન્યામીનના પ્રદેશમાંથી એક વ્યકિતને હું તારી પાસે
મોકલીશ. તેનો તું ઈસ્રાએલી લોકોના રાજા તરીકે અભિષેક
કરજે, અને તે ઈસ્રાએલના લોકોને પલિસ્તીઓથી બચાવશે.
કેમકે મેં મારા લોકોનું દુઃખ જોયું છે, અને તેમની ફરિયાદ
સાંભળી છે."
17જયારે શમુએલે શાઉલને જોયો ત્યારે યહોવાએ તેને
કહ્યું, "મેં તને જે માણસની વાત કરી હતી તે જ આ છે, એ
માણસ મારા લોકો ઉપર શાસન કરશે."
18એ જ વખતે શાઉલ શમુએલ પાસે ગયો અને કહ્યું,
"કૃપા કરીને મને કહેશો, દૃષ્ટાનું ઘર કયાં છે?"
19શમુએલે જવાબ આપ્યો, "હું જ દૃષ્ટા છું! મારી આગળ
તું ટેકરા પરના મંદિરે પહોંચી જા. આજે તમારે મારી સાથે
જમવાનું છે. તારા મનમાં જે પ્રશ્નછે તેનો ઉત્તર હું તને
સવારે આપીશ. અને તને તારે રસ્તે ચડાવી દઈશ. 20ત્રણ
દિવસ પહેલાં જે ગધેડાં ખોવાઈ ગયાં હતાં તે વિષે ચિંતા
કરીશ નહિ, તે મળી ગયા છે. પણ બધા ઈસ્રાએલીઓ તમારી
અને તમારા કુટુંબની ભણી જોઈ રહ્યાં છે."
21શાઉલે કહ્યું, "હું બિન્યામીનના વંશનો છું. અમારો
વંશ તો ઈસ્રાએલીઓમાં સૌથી નાનો છે અને બિન્યામીની
પ્રજામાં અમારૂ કુટુંબ નાનામાં નાનુ છે. તો તમે આવું કેમ
કહો છો?"
22પછી શમુએલે શાઉલને અને તેના ચાકરને
ભોજનખંડમાં લઈ ગયો અને તેમને મહેમાનોની આગળ
બેસાડ્યા. લગભગ ત્રીસેક મહેમાનો હતા. 23શમુએલે
રસોઈયાને કહ્યું, "એક ખાસ મહેમાન માટે રાખવા મે તને
જે માંસ નો ઉત્તમ ટુકડો આપ્યો હતો તે લઈ આવ."
24આથી રસોઈયાએ અર્પણનો જાંઘનો ભાગ લાવીને
શાઉલને આપ્યો. શમુએલે કહ્યું, "કૃપા કરીને જમવા માંડ
આ ખાસ મેળાવડા પર આ ભાગ મે તારે માટે રાખી મૂક્યો
હતો. આ રીતે શાઉલે અર્પણને શમુએલ સાથે ખાધું.
25તેઓ પ્રાર્થના સ્થાનેથી નીચે આવ્યા અને નગરમાં ગયા.
શમુએલે શાઉલને રાત્રે ધાબા ઉપર સૂવા માટે આંમત્રણ
આપ્યુ અને તે ત્યાં સૂઈ ગયો.
26વહેલી પરોઢે શમુએલે શાઉલને ધાબા ઉપર બૂમ પાડી
અને કહ્યું, "ઊઠ, હું તને તારે માર્ગે ચડાવી દઉં છું." શાઉલ
ઊઠયો અને તે અને શમુએલ બંને રસ્તા ઉપર નીકળી પડ્યા.
27તેઓ શહેરને નાકે આવ્યા ત્યારે શમુએલે શાઉલને કહ્યું,
"તારા ચાકરને આગળ મોકલી દે." ચાકર ચાલતો થયો.
શમુએલે કહ્યું, "તું થોડી વાર અહીં ઊભો રહે. હું તને દેવનો
સંદેશો કહું છું."

### શાઉલનો રાજા તરીકે અભિષેક

10 પછી શમુએલે તેલની શીશી લઈને શાઉલના માથા
ઉપર રેડી અને તેને ચુંબન કર્યુ. શમુએલે કહ્યું,
"યહોવાએ તને ઈસ્રાએલી પ્રજાના રાજા તરીકે અભિષિકત
કર્યો છે. તું યહોવાના લોકો પર શાસન કરીશ. 2આજે તું
મારી પાસેથી વિદાય થશે ત્યારે તને બિન્યામીનના પ્રદેશમાં
સેલ્સાહ ખાતે આવેલ 'રાકેલ'ની કબર નજીક બે માણસો
મળશે. તેઓ તને કહેશે કે, 'જે ગધેડાંની શોધ કરવા તું ગયો
હતો તે મળ્યાં છે. હવે ગધેડાંની બદલે તારા પિતા તારી
ચિંતા કરતા હશે. તેઓ વિચાર કરતા હશે કે, 'મારા પુત્રને
શોધવા હું શું કરું?'"
3શમુએલ કહ્યું, "પછી ત્યાંથી તું તાબોરના મોટા ઓક
વૃક્ષ સુધી ચાલ્યો જજે. ત્યાં જતાં તને યહોવાની ઉપાસના
કરવા જતા ત્રણ માણસો મળશે. તેઓ આ વસ્તુઓ લઈ
જતા હશે: પહેલા જુવાને બકરીઓ ઉપાડેલી હશે, બીજાએ
ત્રણ રોટલા ઉપાડ્યા હશે અને ત્રીજાએ દ્રાક્ષારસની એક
શીશી ઉપાડેલી હશે. 4ત્યાં તેઓ તને પ્રણામ કરીને તને બે
રોટલા આપશે. તારે એ બે રાટેલા તેમની પાસેથી સ્વીકારી
લેવા. 5ત્યારબાદ તારે 'ગિબેય ઈલોહિમ જવું જયાં પલિસ્તી
કિલ્લો છે, ત્યાં તને ઢોલ, શરણાઈ, વીણા અને વાંસળી
વગાડતા ઉપાસનાસ્થાનેથી ઊતરતા પ્રબોધકોનો સંઘ મળશે,
અને તેઓ પ્રબોધ કરતા ખબર પડશે, 6એ વખતે યહોવાનો
આત્મા ઘણા બળ સાથે તારામાં સંચારિત થશે. ત્યારબાદ તું
બીજી વ્યકિતમાં બદલાઈ જઈશ. આ પ્રબોધકો સાથે તું
પ્રબોધ કરીશ. 7જ્યારે આ બધી ઘટનાઓ બને ત્યારે તને જે
સૂઝે તે તારે કરવું. કારણ, તને દેવનો સાથ હશે.
8"તું મારા પહેલાં ગિલ્ગાલ ચાલ્યો જજે. પછી હું તને ત્યાં
મળવા આવીશ. ત્યાં હું તને દહનાર્પણો તથા શાંત્યાંર્પણો
અર્પણ કરીશ. પણ તારે સાત દિવસ સુધી મારી રાહ જોવી;
પછી હું આવીશ અને તને કહીશ કે તારે શું કરવું."

### શાઉલ પ્રબોધક જેવો બન્યો

9અને પછી શમુએલ પાસેથી જવા માટે શાઉલે જેવી પીઠ
ફેરવી કે તરત જ દેવે તેને સમૂળગો ફેરવી નાખ્યો; અને તે જ
દિવસે એ બધી ઘટનાઓ બની. 10જયારે શાઉલ અને તેનો
નોકર પેલી ટેકરી પર પહોંચ્યા ત્યારે પ્રબોધકોનો સંઘ તેને

મળવા સામે આવ્યો અને દેવના આત્માનો તેનામાં સંચાર થયો; આથી તે પણ પ્રબોધકના જેવા ભાવાવેશમાં આવી ગયો. 11અને જે લોકો તેને પહેલેથી ઓળખતા હતા તેઓ એ તેને પ્રબોધકની સાથે પ્રબોધ કરતા જોયો. તેઓ એક બીજાને પુછવા લાગ્યા, "કીશના પુત્રને થયું છે શું? શું શાઉલ પણ પ્રબોધકો માંથી એક છે?"

12ત્યારે ત્યાં રહેનાર એક માણસે ઉત્તર આપ્યો, "તેઓના બાપ કોણ છે?" ત્યારબાદ આ કહેવત પ્રખ્યાત થઈ: "શું શાઉલ પણ પ્રબોધકોમાંથી એક છે?"

### શાઉલ ઘરે ગયો

13જયારે શાઉલે પ્રબોધ કરવાનું બંધ કર્યું, તે ઉપાસનાનાં ઉચ્ચસ્થાને ગયો.

14શાઉલના કાકાએ તેને અને પેલા ચાકરને પૂછયું, "તમે કયાં ગયા હતા?"

એટલે તેણે કહ્યું કે, "ગધેડાની શોધ કરવા; અને તે ન મળ્યાં એટલે અમે શમુએલને મળવા ગયા."

15શાઉલના કાકાએ પૂછયું, "મને કહો, તેણે તમને શું કહ્યું?"

16શાઉલે જવાબ આપ્યો, "તેણે અમને કહ્યું કે, ગધેડા મળ્યાં છે." પણ તેના કાકાને રાજ્ય વિષે શમુએલે જે કહ્યું હતું તે વિષે તેણે કઈજ કહ્યું નહિં.

### શમુએલની શાઉલની રાજા તરીકે જાહેરાત

17શમુએલે ઈસ્રાએલીઓને યહોવાને મળવા માટે મિસ્પાહમાં ભેગા કર્યા, અને કહ્યું, 18"ઈસ્રાએલીઓના દેવ યહોવા કહે છે 'હું તમને મિસરમાંથી બહાર લઈ આવ્યો હતો. તમને તમારી મિસરીઓ નીચેની ગુલામીમાંથી અને તમારા ઉપર ત્રાસ ગુજારનાર સૌ રાજયોથી છોડાવી લાવ્યો હતો.' 19પરંતુ આજે તમે બધાં દુ:ખોથી તથા આફતોથી ઉગારનાર તમારા દેવને નકાર્યા છે, પંરતુ તમે કહ્યું, 'અમારા ઉપર શાસન કરવા માટે એક રાજા નક્કી કરી આપો,' તો તમે બધાં આવો અને તમારા કુળસમૂહો અને કુટુંબવાર અહી ઉભા રહો."

20પછી શમુએલે પ્રત્યેક કુળસમૂહને આગળ આવવા કહ્યું અને યહોવાએ બિન્યામીનના કુળસમૂહને તારવી કાઢયો. 21ત્યારબાદ બિન્યામીનના કુળસમૂહને પસંદ કરવામાં આવ્યું અને કુટુંબવાર આગળ આપ્યા; ત્યારે માટ્રીના કુટુંબને પસંદ કરવાનાં આવ્યું અને છેવટે કીશના પુત્ર શાઉલને પસંદ કરવામાં આવ્યો.

તેમણે તેની શોધ કરી પણ તે મળ્યો નહિ. 22તેમણે યહોવાને પૂછયું, "એ માણસ અહીં આવ્યો છે?"

ત્યારે યહોવાએ ઉત્તર આપ્યો કે, "તે પેલા સામાનમાં સંતાયેલો છે."

23ત્યારબાદ લોકો દોડીને તેને ત્યાંથી બહાર લઈ આવ્યા અને તેને લોકોની વચ્ચે ઊભો રાખ્યો. શાઉલ તે બધા કરતાં એક વેંત ઊચો હતો.

24શમુએલે લોકોને કહ્યું, "યહોવાએ પસંદ કરેલા માણસને તમે જોયો છે? સમગ્ર પ્રજામાં એના જેવો કોઈ નથી."

પછી લોકોએ પોકાર્યુ, "રાજા ઘણું જીવો."

25પછી શમુએલે લોકોને રાજાના કાયદાઓ વિષે કહ્યું અને તેને પુસ્તકમાં લખીને યહોવાની સમક્ષ મુક્યું. પછી તેને લોકોને ઘેર મોકલી દીધા.

26શાઉલ પણ પાછો પોતાને ઘેર ગિબયાહમાં ગયો; તેની સાથે કેટલાક યોદ્ધાઓ ગયા. જેમના હ્દયમાં દેવે શાઉલ પ્રત્યે વફાદારી જગાડી હતી.

27પરંતુ કેટલાક મુશ્કેલી કરનારાઓએ કહ્યું, "આ માણસ અપણો બચાવ શી રીતે કરવાનો છે?" અને તેમણે તેને તિરસ્કૃત કર્યો. અને તેને કશી ભેટ ધરી નહિ છતાં પણ શાઉલ શાંત રહ્યો.

### અમ્મોનના રાજા નાહાશ

11 અમ્મોનના રાજા નાહાશ યાબેશ ગિલયાદ ઉપર ચડાઈ કરવા આવ્યો અને તેની સેનાથી શહેર પર ઘેરો ઘાલ્યો. યાબેશના લોકોએ નાહાશને કહ્યું, "અમારી સાથે સંધિ કરો અને અમે તમારા સેવકો બનશું."

2એટલે નાહાશે કહ્યું, "હું એક જ શરતે તમારી સાથે સંધિ કરું; હું તમારી બધાની જમણી આંખ કોતરી કાઢું અને સમગ્ર ઈસ્રાએલીની નામોશી કરું."

3પછી યાબેશના આગેવાનોએ કહ્યું, "તમે અમને ઈસ્રાએલના બધા લોકોને સંદેશવાહકો મોકલવાને માટે એક અઠવાડિયું આપો. જો કોઈ અમારી મદદ કરવા ન આવે, તો અમે તમારે તાબે થઈશું."

### યોબેશ અને ગિબયાહ બચાવતો શાઉલ

4પછી કાસદોએ શાઉલના ગિબયાહમાં આવીને લોકોને આ સમાચાર કહ્યા ત્યારે બધા લોકો મોટે સાદે આક્રંદ કરવા લાગ્યા. 5એ જ વખતે શાઉલ ખેતરમાંથી બળદો લઈને ગામમાં આવતો હતો. તેણે પૂછયું, "શું થયું છે? બધા કેમ રડે છે?"

તેમણે તેને યાબેશના માણસોએ કહેલી વાત કહી સંભળાવી. 6શાઉલે એ વાત સાંભળી ત્યારે શાઉલમાં દેવનો આત્મા મહાશકિત સહિત આવ્યો અને તેનો ક્રોધ ભભૂકી ઊઠયો. 7તેણે બળદની એક જોડ લઈને તેમને કાપી કાપીને ટૂકડા કરી નાખ્યા. અને એ ટૂકડા સાથે સમગ્ર ઈસ્રાએલમાં કાસદો મોકલી તેણે એવો સંદેશો કહેવડાવ્યો કે, જે કોઈ શાઉલ તથા શમુએલની પાછળ નહિ આવે તેના બળદના આ હાલ થશે."

એટલે લોકોને યહોવાનો ભય લાગ્યો, ને એક મતે તેઓ સૌ નીકળી પડયા. 8પછી શાઉલે બેઝેકમાં માણસો ભેગા કર્યા; ઈસ્રાએલમાંથી લગભગ 3,00,000 માણસો હતા અને યહુદામાંથી 30,000 માણસો હતા.

9અને જે કાસદો આવ્યા હતા તેમને તેઓએ કહ્યું કે, તમે યાબેશ-ગિલયાદના માણસોને કહો, "આવતી કાલે સૂરજ માથે આવે ત્યાં સુધીમાં તમારો છૂટકારો થયો હશે."

આ સંદેશો સાંભળીને યાબેશના લોકોના આનંદનો પાર
ન રહ્યો તેમણે નાહાશને કહ્યું, 10"આવતી કાલે અમે તમારે
તાબે થઈશું અને તમને જે યોગ્ય લાગે તે કરજો."
11બીજે દિવસે સવારે શાઉલે લશ્કરને ત્રણ ટુકડીમાં વહેંચી
નાખ્યું. અને પરોઢ થતાં તેઓ દુશ્મનની છાવણીમાં ઘસી
ગયા અને બપોર થતાં સુધી અમ્મોનીઓની હત્યા કરી. જે
લોકો બચી ગયા તેઓ એવા તો વેરવિખેર થઈ ગયા કે, બે
જણ પણ ભેગા ન રહ્યા.
12પછી લોકોએ શમુએલને કહ્યું, "કોણ હતાં એ માણસો
જેણે પુછયું કે, 'શાઉલ આપણા પર રાજા તરીકે રાજ કરશે?
એ લોકોને અમારી પાસે લાવો અને અમે તેમનો સંહાર
કરીએ."
13પરંતુ શાઉલે કહ્યું, "આજે કોઈનો પ્રાણ લેવાનો નથી.
કારણ, આજે યહોવાએ ઈસ્રાએલને વિજય અપાવ્યો છે."
14પછી શમુએલે લોકોને કહ્યું, "ચાલો, આપણે ગિલ્ગાલ
જઈને ત્યાં શાઉલને ફરી વાર રાજા જાહેર કરીએ."
15આથી તેઓ બધા ગિલ્ગાલ ગયા અને ત્યાં યહોવા સમક્ષ
શાઉલને પોતાના રાજા જાહેર કર્યો. તેઓએ યહોવાને
શાંત્યાર્પણો અર્પણ કર્યા શાઉલે તથા ઈસ્રાએલના સર્વ
પ્રજાજનોએ મોટો ઉત્સવ કર્યો.

### શમુએલનું ઉદ્દબોધન

12 ઈસ્રાએલની સમગ્ર પ્રજાને શમુએલે કહ્યું, "તમે
મને જે કરવાનું કહ્યું તે મેં કર્યુ છે હવે તમારા ઉપર
શાસન કરવા માટે રાજા છે. 2હવે એ રાજા તમને દોરશે હું
તો ઘરડો થયો છું અને મને પળિયાં આવ્યાં છે, પણ મારા
પુત્ર તમારી સાથે છે. હું મારી યુવાવસ્થાથી તમારી સેવા
કરતો આવ્યો છું, 3હવે હું તમારી સમક્ષ ઊભો છું. જો મે કઈ
ખોટુ કર્યુ હોય તો તમારે યહોવાને અને એના અભિષિક્ત
રાજાને કહેવું. મે કોઈનો બળદ અથવા ગધેડો લીધો છે? મે
કોઈને ઈજા પહોચાડી છે અથવા કોઈને વિશ્વાસઘાત કર્યો
છે? જો મે ઉપરની વસ્તુઓમાંથી કઈ કર્યુ હોય તો હું તેને
ઠીક કરીશ." મે આંખો બંધ કરીને લાંચ લીધી છે જેથી મારા
ગુન્હાની ઉપેક્ષા થાઓ."
4તેઓએ કહ્યું, "તમે અમારું ખોટું કર્યુ નથી કે
અમારી ઉપર જુલમ કર્યો નથી. તમે કોઈની પાસે કશું ય
લીધું નથી."
5ત્યારે શમુએલે તેમને કહ્યું, "યહોવા અને તેણે પસંદ
કરેલો રાજા આજે એ વાતના સાક્ષી છે કે, તમને
મારામાં કોઈ દોષ જડતો નથી." લોકોએ કહ્યું, "હા, યહોવા
સાક્ષી છે."
6એ પછી શમુએલે લોકોને કહ્યું, "જે યહોવાએ મૂસાને
અને હારુનને પસંદ કર્યા હતા, અને જે તમારા પિતૃઓને
મિસરમાંથી બહાર લાવ્યો હતો, તે યહોવા તમારા શબ્દોનાં
સાક્ષી છે. 7તો હવે તમે છાનામાના ઊભા રહો, તમારા અને
તમારા પિતૃઓ ઉપર યહોવાએ જે મહાન ઉપકાર કર્યા હતા
તેની યાદ આપીને હું યહોવા સમક્ષ તમારા ઉપર દોષારોપણ
કરું છું, 8યાકૂબ મિસર ગયો. ત્યાં મિસરીઓએ તેના વંશજો
ઉપર જુલમ ગુજાર્યો. તેથી તેઓએ યહોવાને ધા નાખી.
એટલે તેણે મૂસાને અને હારુનને મોકલી આપ્યા, તેઓ
તમારા પિતૃઓને મિસરમાંથી બહાર લઈ આવ્યા અને
તેમને અહી વસાવ્યા.
9"પરંતુ તેઓ યહોવા તેમના દેવને ભૂલી ગયા. તેથી તેણે
તેઓને હાસોરમાં સૈન્યના સેનાપતિ સીસરાના ગુલામો
બનાવ્યા. અને પલિસ્તીઓના ગુલામો અને મોઆબના
રાજાના ગુલામો. તેઓ બધા તમારા પિતૃઓ વિરુદ્ધ લડ્યાં
હતાં. 10ત્યારે તમારા પિતૃઓએ યહોવાને ધા નાખી અને
કહ્યું, 'અમે પાપમાં પડયા છીએ, અમે યહોવાનો ત્યાગ કર્યો
છે, અને બઆલ તથા આશ્તારોથની સેવા કરી છે; પણ હવે
અમારા શત્રુઓના હાથમાંથી અમને છોડાવો; અમે તમારી
સેવા કરીશું.'
11"આથી યહોવાએ યરુબ્બઆલને, બરાકને, યફતાને અને
છેવટે મને મોકલ્યો અને તમારી આસપાસના શત્રુઓથી
તમારું રક્ષણ કર્યુ અને તમે સૌ સુરક્ષાથી રહેવા લાગ્યા.
12પણ પછી તમે અમ્મોનના રાજા નાહાશ તમારા ઉપર
હુમલો કરવા આવ્યો. તે સમયે યહોવા તમારા રાજા હતા
પણ તમે કહ્યું, 'નહિં, અમારા ઉપર શાસન કરવા એક રાજા
જોઈએ.' 13હવે આ રહ્યો તમે માગેલો રાજા, તમારા ઉપર
રાજ કરવા યહોવાએ એને રાજા તરીકે પસંદ કર્યો છે. 14જો
તમે તમારા દેવ યહોવાથી ડરીને ચાલશો, તેની સેવા કરશો,
તેની આજ્ઞાનું પાલન કરશો તેનો વિરોધ કરશો નહિ, તમે
અને તમારો રાજા તેને અનુસરશો તો તમને ઊની આંચ પણ
નહિ આવે. 15પરંતુ જો તમે તેનું કહ્યું નહિ સાંભળો, અને
તેની સામે થશો, તો તે તમારી અને તમારા રાજાની વિરુદ્ધ
થઈ જશે.
16"તો હવે, ઊભા રહો અને યહોવા તમારી પોતાની નજર
સમક્ષ જે મહાન કાર્ય કરશે તે જુઓ. 17અત્યારે ઘઉંની
કાપણીની ઋતું છે, હું યહોવાને પ્રાર્થના કરીશ એટલે તે
ગાજવીજ સાથે પુષ્કળ વરસાદ મોકલશે; અને એ જોઈને
પછી તમને ખાતરી થશે કે, તમે રાજાની માગણી કરીને
યહોવાની નજરમાં કેવો મોટો ગુનો કર્યો છે."
18પછી શમુએલે યહોવાને વિનંતી કરી. એજ દિવસે
યહોવાએ ગર્જના વિજળી તથા વરસાદ મોકલ્યા, આને
કારણે લોકો યહોવાથી અને શમુએલથી ડરવા લાગ્યા. 19તે
બધાએ શમુએલને કહ્યું, "તારા સેવકોને માટે તારા દેવ
યહોવાને પ્રાર્થના કર, જેથી અમે મરી ન જઈએ. કારણ,
અમારા બધાં પાપમાં રાજાની માગણીના ઘોર પાપનો અમે
ઉમેરો કર્યો છે."
20શમુએલે લોકોને કહ્યું, "ગભરાશો નહિ, એ વાત સાચી
છે કે યહોવા વિરુદ્ધ તમે ઘોર પાપ કર્યુ છે, તેમ છતાં
યહોવાથી વિમુખ થશો નહિ. પરંતુ સાચા અંતઃકરણથી તેમની
સેવા કરજો. 21યહોવાનો ત્યાગ કરશો નહીં, મૂર્તિઓની પૂજા
કે સેવા કરશો નહી કારણ કે પુતળા માત્ર છે, તે તમારી મદદ
કરી શકશે નહિં. તે કંઈજ નથી!

22"પોતાના નામ કરવા માટે યહોવા તમારો ત્યાગ નહિ કરે, કારણ, તેણે તમને પોતાની પ્રજા બનાવ્યા છે. 23હું તો તમારે માટે પ્રાર્થના કરવાનું બંધ કરીને યહોવા વિરુદ્ધ પાપ નહિ કરું, હું તમને સાચો અને સીધો માર્ગ બતાવતો જ રહીશ. 24માત્ર યહોવાથી ગભરાઈને ચાલો અને સાચા હૃદયથી યહોવાની શ્રદ્ધાપૂર્વક સેવા કરો. તમારે માટે જે મહાન કાર્યો એણે કર્યા છે તેનો વિચાર કરો. 25પણ જો તમે પાપકર્મમાં રચ્યા પચ્યા રહેશો તો તમારો અને તમારા રાજાનો નાશ નિશ્ચિત છે એમ જાણજો."

## શાઉલની પહેલી ભુલ

13 એ સમયે શાઉલના રાજયશાસનનું એક વર્ષ પસાર થઈ ગયું હતું. ઈસ્રાએલ ઉપર 2 વર્ષ શાસન કર્યા પછી 2તેણે ઈસ્રાએલમાંથી 3,000 સૈનિકોની ભરતી કરી. તેમાંના 2,000 પોતાની સાથે બેથેલ પહાડી દેશમાં મિખ્માશમાં રાખ્યા. જયારે બાકીના હજારનું સૈન્ય શાઉલનો પુત્ર યોનાથાનની સાથે બિન્યામીનના પ્રદેશના ગિબયાહમાં રાખ્યું. બાકીના સૈનિકોને શાઉલે પોતપોતાને ઘેર મોકલી દીધા.

3પછી યોનાથાને ગેબામાંના પલિસ્તી સેનાપતિને મારી નાખ્યો અને પલિસ્તીઓએ આના વિશે સાંભળ્યું. પછી શાઉલે તેના સૈનિકોને ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી રણસિંગુ ફૂકવા કહ્યું અને કહ્યું, "ભલે હિબ્રુ લોકો આ સમાચાર સાંભળે."

4અને બધાં ઈસ્રાએલીઓએ આ સમાચાર સાંભાળ્યા અને કહ્યું, "શાઉલે પલિસ્તી સેનાપતિને મારી નાખ્યો છે. હવે પલિસ્તીઓ ઈસ્રાએલીઓને ખરેખર ધિક્કારે છે."

અને ગિલ્ગાલમાં ઈસ્રાએલીઓને શાઉલ સાથે જોડાવા કહેવામાં આવ્યું. 5પલિસ્તીઓ ઈસ્રાએલ ઉપર હુમલો કરવા માટે ભેગા થયા. તેમની પાસે 3,000 રથ, 6,000 ઘોડેસ્વાર અને દરિયાકાંઠાની રેતીની જેમ અગણિત પાયદળ હતું. તેમણે બેથાવેનની પૂર્વમાં મિખ્માશ જઈને છાવણી નાખી.

6ઈસ્રાએલી સૈનિકોએ જોયું કે તેઓ ભારે સંકટમાં છે અને તેઓનું લશ્કર ભીંસમાં આવી પડયું છે ત્યારે તેઓ ગભરાઈ ગયા અને ગુફાઓમાં, ઝાડીઓમાં ખડકોમાં અને કોતરોમાં તેમજ પાણીની ટાંકીઓમાં સંતાઈ જવા લાગ્યા. 7તેથી કેટલાક હિબ્રુઓએ યર્દન નદી ઓળંગી અને ગિલયાદ ગાદ ભૂમિ તરફ ગયા. શાઉલ હજુ ગિલ્ગાલમાં રહ્યો. તેની સાથે તેના બધા લોકો હતા જેઓ ગભરાયેલા હતા.

8અને શમુએલે કરેલા વાયદા મુજબ શાઉલે સાત દિવસ રાહ જોઈ; પણ શમુએલ ગિલ્ગાલ આવ્યો નહિ, એટલે લશ્કર શાઉલને છોડીને વિખરાઈ જવા લાગ્યું. 9તેથી શાઉલે તેમને કહ્યું: "મારી પાસે દહનાર્પણ તથા શાંત્યાર્પણો લાવો." પછી તેણે દહનાર્પણ અર્પ્યા 10અર્પણોની વિધિ તે પૂર્ણ કરી રહ્યો ત્યાં જ શમુએલ આવી પહોંચ્યો. શાઉલ તેને આવકાર આપવા સામે ગયો.

11શમુએલે કહ્યું, "તેં આ શું કર્યુ?"

શાઉલે જવાબ આપ્યો, "મેં જોયું કે લોકો મારી પાસેથી વિખરાઈ રહ્યા છે, તે જણાવેલા સમય પ્રમાણે તું આવ્યો નહિ અને પલિસ્તીઓ મિખ્માશ પાસે યુદ્ધને માટે એકત્ર થયા છે. 12તેથી મેં વિચાર્યુ કે 'હવે પલિસ્તીઓ ગિલ્ગાલ ઉપર હુમલો કરવાને તૈયાર છે, અને મેં હજી યહોવાને પ્રસન્ન કરવા પ્રાર્થના કરી નથી; તેથી મારું હૃદય દુ:ખાવીને વધારે રાહ જોયા વિના દહનાર્પણોનાં* બલિદાન અર્પણ કર્યા.'"

13ત્યારે શમુએલે શાઉલને કહ્યું , "તે ગાંડપણ કર્યુ છે, તને તારા દેવ યહોવાએ જે આજ્ઞા આપી હતી તેનું તે પાલન નથી કર્યુ. તેં જો તેમ કર્યું હોત તો યહોવાએ ઈસ્રાએલ ઉપર તારી અને તારા વંશની રાજસત્તા કાયમ માટે સ્થાપી હોત. 14પરંતુ હવે તારી સત્તા ટકશે નહિ. યહોવા પોતાને મનગમતો માણસ શોધી લેશે અને તેને પોતાના લોકો ઉપર રાજય કરવા નીમશે, કારણ તેં તેમની આજ્ઞાનું પાલન કર્યુ નથી."

## મિખ્માસની લડાઈ

15ત્યારબાદ શમુએલ ગિલ્ગાલ છોડીને દૂર ગયો. બાકીનાં સૈન્યે શાઉલ સાથે ગિલ્ગાલ છોડયું. તેઓ ગિલ્ગાલથી બિન્યામીમાં ગિબાયાહ ગયા. તેણે સૈન્યમાં માણસો ગણ્યાં ત્યાં લગલગ 600 માણસો હતાં. 16શાઉલે, તેના પુત્ર યોનાથાનને અને તેમની સાથેના લશ્કરે બિન્યામીનના પ્રદેશમાં ગેબા ખાતે મુકામ કર્યો, અને પલિસ્તીઓએ મિખ્માશમાં છાવણી નાખી.

17પલિસ્તીઓની છાવણીમાંથી ધાડપાડુઓની ત્રણ ટુકડીઓ બહાર પડી. એક ટુકડી શૂઆલ જિલ્લામાં આવેલા ઓફાહ ભણી ગઈ. 18બીજી બેથ-હોરોન તરફ ગઈ અને ત્રીજી રણ તરફ સબોઈમની ખીણમાં ગઈ.

19સમગ્ર ઈસ્રાએલમાં એક પણ ઈસ્રાએલી લુહાર શોધ્યો જડતો ન હતો. કારણ, પલિસ્તીઓએ ઈસ્રાએલીઆને લોઢાની તલવાર અને ભાલા બનાવવાની કળા શીખવી નહીં હતી તેના કારણે તેઓ ઈસ્રાએલીઓથી ડરતા હતા. 20તેથી ઈસ્રાએલીઓને પોતાનાં હળ, ખરપડી, કુહાડા, અને દાતરડાંને ધાર કઢાવવા પલિસ્તીઓ પાસે જવું પડતું. 21હળ અને ખરપડીને ધાર કાઢવાની મજૂરી આ પ્રમાણે આપવી પડતી; હળની ધાર કાઢવા માટે બે તૃતિયાંશ શેકેલ, ખરપડીની ધાર કાઢવાના બે તૃતિયાંશ શેકેલ, કુહાડીની ધાર કાઢવા માટે એક તૃતિયાંશ શેકેલ, દાતરડાની ધાર કાઢવાના એક તૃતિયાંશ શેકેલ. બળદને હાંકવાની પરોણીની ધાર કાઢવાના એક તૃતિયાંશ શેકેલ. 22આથી જયારે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે શાઉલ અને તેના પુત્ર યોનાથાન સિવાય તેમના કોઈ લડવૈયા પાસે નહોતી તલવાર કે નહોતો ભાલો.

23પછી પલિસ્તીઓની એક ટૂકડી મિખ્માશ ઘાટનું રક્ષણ કરવા પહોંચી ગઈ.

---

**દહનાર્પણ** યાજક શમુએલની જગ્યામાં શાઉલને અપર્ણો અપર્ણ કરવા દેવામાં આવ્યો હતો.

### યોનાથાને પલિસ્તીઓ પર આક્રમણ કર્યુ

14 એક દિવસ શાઉલના પુત્ર યોનાથાને પોતાના શસ્ત્ર
ઉપાડનાર માણસને કહ્યું, "ચાલ, આપણે પેલી બાજુ
પર આવેલી પલિસ્તીઓની ચોકીએ જઈએ." પરંતુ તેણે એ
વિષે પોતાના પિતાને કશું કહ્યું નહિ.

2શાઉલે પહાડની કિનારે આવેલા મિગ્રોનમાં દાડમના
ઝાડ નીચે મુકામ કર્યો હતો. તે ખળાની નજીક હતું. તેની
સાથે લગભગ 600 સૈનિકો હતાં. 3તે સમયે શીલોહમાં યાજક
હતો અહિયા. તે અહીટુબના ભાઈ ઈખાબોદનો પુત્ર હતો.
ઈખાબોદ ફીનહાસનો પુત્ર હતો, ફીનહાસ યાજક એલીનો
પુત્ર હતો. હવે એફોદ અહિયાએ પહેરેલો હતો. યોનાથાન
ગયેલો છે તે લોકો જાણતા નહોતા. 4યોનાથાન ધાટીમાં થઈને
પલિસ્તીઓની છાવણીમાં જવાની યોજના કરતો હતો.
ધાટીની બન્ને બાજુએ મોટા ખડકો હતા. આ ખડકોના નામ
બોસેસ અને સેનેહ હતા. 5એક મોટો ખડક ઉત્તરમાં
મિખ્માશની સામે અને બીજો ખડક દક્ષિણમાં ગેબાની સામે
હતો. 6યોનાથાને પોતાના શસ્ત્રસજ્જ યુવાન માણસને કહ્યું,
"ચાલ આપણે આ વિદેશીઓની છાવણીમાં જઈએ. કદાચ
યહોવા આપણને તેઓને હરાવવા મદદ કરે. કઈ પણ યહોવાને
રોકી શકે નહીં- ભલે આપણી પાસે વધારે સૈનિકો કે થોડા
સૈનિકો હોય."

7તેથી શસ્ત્રવાહકે કહ્યું, "તમારા મનમાં જે કંઈ હોય તે
પ્રમાણે કરો, હું તમારી સાથે છું,"

8યોનાથાને કહ્યું, "ઠીક આપણે સામી બાજુ જઈએ અને
તે લોકોની નજર આપણા ઉપર પડે તેમ કરીએ. 9જો તેઓ
એમ કહે કે, 'અમે આવીએ ત્યાં સુધી ઊભા રહો.' તો આપણે
આપણી જગ્યાએ ઊભા રહીશું, તેમની પાસે નહિ જઈએ.
10પણ જો તેઓ એમ કહે કે, 'અહી ઉપર આવો.' તો આપણે
ઉપર જઈશું. કારણ, યહોવા આપણને તેમને હરાવવા દેશે.
એ આપણ માટે એંધાણી રહેશે."

11આથી તેઓ પલિસ્તીઓની નજરે ચડયા અને
પલિસ્તીઓ બોલી ઊઠયા, "જુઓ, પેલા હિબ્રૂઓ ગુફાઓમાં
છુપાયેલા હતા ત્યાંથી બહાર આવે છે." 12પલિસ્તી
ચોકીદારોએ યોનાથાનને અને તેના સેવકને કહ્યું, "અહી
ઉપર આવો, અમારે તમને કંઈક કહેવું છે." તેથી યોનાથાને
તેના સેવકને કહ્યું, "મારી પાછળ પર્વત ઉપર આવ. યહોવા
ઈસ્રાએલીઓને પલિસ્તીઓને હરાવવા દેશે."

13આથી તેઓ ધૂંટણિયે પડીને ઉપર ચઢી ગયાં અને
યોનાથાને તથા તેના યુવાન રક્ષકે પલિસ્તીઓ પર હુમલો
કરીને તેઓને મારી નાખ્યા. 14આ પહેલા હુમલામાં,
યોનાથાને અને તેના મદદગારે આશરે દોઢ એકર ક્ષેત્રમાં
વીસેક માણસોને મોતને ધાટ ઉતાર્યા.

15પલિસ્તીઓની છાવણીમાં અને સમગ્ર સૈન્યમાં ભય
વ્યાપી ગયો. સૈનિક ટોળીઓના માણસો થથરી ગયા. ધરતી
ધ્રૂજવા લાગી. ભયંકર ભીતિ ફેલાઈ ગઈ.

16બિન્યામીનના ગિબયાહમાંના શાઉલના પહેરેગીરોએ
જોયું; પલિસ્તીઓનાં ટોળાના માણસો આમતેમ વિખરાઈ
જતાં હતા. 17તેથી શાઉલે પોતાના માણસોને હુકમ કર્યો,
"સૈનિકોની હાજરી લો અને કોણ ખૂટે છે તે શોધી કાઢો."

તેઓએ જોયું તો યોનાથાન અને તેનો અંગરક્ષક ત્યાં ન
હતા.

18શાઉલે અહિયાને દેવનો પવિત્રકોશ લાવવા આજ્ઞા
કરી કારણ તે ઈસ્રાએલીઓ પાસે હતો. 19પરંતુ જ્યારે શાઉલ
યાજક અહિજા સાથે બોલતો હતો તે દરમ્યાન પલિસ્તીઓની
છાવણીમાં કોલાહલ વધતો જ ગયો. શાઉલે યાજકને કહ્યું,
"બસ! તારો હાથ નીચે કર અને પ્રાર્થના કરવાનું બંધ કર!"

20પછી શાઉલ અને તેના માણસો રણભૂમિમાં જતા
રહ્યા. પલિસ્તી સૈનિકો ભારે અંધાધૂધીમાં હતા અને એકબીજા
ઉપર તલવાર ચલાવી રહ્યાં હતા. 21અત્યાર સુધી જે હિબ્રૂઓ
પલિસ્તીઓના પક્ષમાં હતા અને જેઓ તેમની સાથે છાવણીમાં
ગયા હતા, તેઓ ફરી ગયા અને શાઉલ અને યોનાથાન
સાથેના ઈસ્રાએલીઓ સાથે જોડાઈ ગયા. 22તેમજ જે
ઈસ્રાએલી સૈનિકો એફ્રાઈમના પહાડી પ્રદેશમાં છુપાઈ ગયા
હતાં તે બધા પણ પલિસ્તીઓ નાસે છે એવું સાંભળીને તેઓ
પણ યુદ્ધમાં જોડાણા અને પલિસ્તીઓની પાછળ પડયા.

23આ રીતે યહોવાએ ઈસ્રાએલને વિજય અપાવ્યો, અને
લડાઈ બેથ-આવેન સુધી પ્રસરી ગઈ. બધી સેના શાઉલ
સાથે હતી તેની પાસે લગભગ 10,000 પુરુષો હતા, એફ્રાઈમના
પર્વતીય પ્રદેશના દરેક શહેરમાં યુદ્ધનું વાતાવરણ હતું.

### ફરી ભૂલ કરતો શાઉલ

24તે દિવસે ઈસ્રાએલીઓ થાકીને લોથ થઈ ગયા હતા,
કારણ, શાઉલે લોકોને સમ દઈને કહ્યું હતું કે, "હું મારા
શત્રુઓ ઉપર વેર વાળું તે પહેલાં સાંજ સુધી કાંઈ ખાશો
નહિ, જે ખાશે તેને માથે શાપ ઊતરશે." આથી કોઈએ કશું
ય ખાધું નહોતું.

25તેઆએ જંગલમાં પ્રવેશ કર્યો ત્યારે તેમણે જમીન પર
મધ જોયું. મધપૂડામાંથી મધ ટપકતું હતું. 26તેઓ મધપૂડા
સુધી ગયા છતાં શાઉલને આપેલા સોંગદને કારણે કોઈએ તે
ખાધું નહિં. 27પણ શાઉલે લોકોને સમ દીધા હતા એની
યોનાથાનને ખબર નહોતી, આથી તેણે પોતાના હાથમાંની
લાકડી લંબાવી મધપૂડામાં ખોસી મોઢામાં નાખી; તેથી તે
એકદમ તાજો થઈ ગયો.

28ત્યારે લોકોમાંથી કોઈએ તેને કહ્યું, "તારા પિતાએ
લોકોને સમ દીધા છે કે, 'આજે જે કોઈ કાંઈ ખાશે તેના
ઉપર શાપ ઊતરશે.' તેથી જ આ બધા લોકો ભૂખથી અર્ધા
થઈ ગયા છે."

29યોનાથાને તેને કહ્યું, "મારા પિતાએ લોકોની ભારે કુસેવા
કરી છે. જો, થોડું મધ ચાખવાથી પણ હું કેવો તાજો થઈ
ગયો છું! 30એ જ રીતે જો આપણા બધા માણસોએ શત્રુઓ
પાસેથી પ્રાપ્ત થયેલી લૂંટમાંથી ધરાઈને ખાધું હોત તો તેમણે
હજી કેટલા બધા પલિસ્તીઓનો ધાણ કાઢી નાખ્યો હોત!"

31પરંતુ ભૂખ્યા હોવા છતાં તેઓએ મિખ્માશથી આયાલોન
સુધી પલિસ્તીઓનો પીછો કરીને આખો દિવસ તેઓની હત્યા

કરીને હરાવ્યા. 32પરંતુ ઈસ્રાએલીઓ ભૂખથી અર્ધા થઈ
ગયા હોવાથી લૂંટ ઉપર તૂટી પડયા, અને ઘેટાં, બળદ અને
વાછરડાં લઈને તેમને જમીન ઉપર વાઢી નાખ્યા, અને
લોહી સાથેજ માંસ ખાવા લાગ્યા,

33કોઈકે શાઉલને કહ્યું, "તારા લોકો રકત સાથે માંસ ખાઈને
યહોવાની વિરુદ્ધ પાપ કરે છે."

શાઉલે કહ્યું, "તમે પાપ કર્યું છે! એક મોટો પથરો લાવીને
અહીં મુકો."

34પછી તેણે તેમને કહ્યું, "જાવ, અને પુરુષોને કહો કે
દરેક પોતાનું ઘેટું ને બળદ અહીં લઈ આવે અને તેને વધેરીને
ખાય. તેઓએ લોહીવાળું માંસ ખાવાનું નથી કારણ કે તે
યહોવા વિરુદ્ધ પાપ છે. ત્યાર પછી એ રાત્રે તેઓ બધાં
તેમના પશુઆને લાવ્યા અને ત્યાં વેધર્યા. 35પછી શાઉલે
યહોવાને માટે એક વેદી બાંધી. તેણે પાતે તેને બાંધવાનું શરુ
કર્યું. યહોવાને માટે બાંધેલી તેની એ પહેલી વેદી હતી. "

36શાઉલે કહ્યું, "ચાલો, આપણે આજે રાત્રે પલિસ્તીઓ
ઉપર છાપો મારીએ, સવાર સુધી તેમને લૂંટીને અને એકેએકને
પૂરા કરીએ."

સૈનિકોએ કહ્યું, "તમને ઠીક લાગે તેમ કરો."

પરંતુ યાજકે કહ્યું, "આપણે દેવની સલાહ લઈએ."

37તેથી શાઉલે દેવને પૂછયું, "હું પલિસ્તીઓ પર હુમલો
કરું? તમે એમને ઈસ્રાએલના હાથમાં સુપ્રત કરશો?" પણ તે
દિવસે દેવે કોઈ જવાબ આપ્યો નહિ.

38પછી શાઉલે કહ્યું , "લોકોના સર્વ આગેવાનો, તમે આગળ
આવો; અને આજે શામાં આ પાપ થયું છે એ તપાસ કરી
શોધી કાઢો. 39ઈસ્રાએલને વિજય અપાવનાર યહોવાના સમ
ખાઈને હું કહું છું કે, મારા પુત્ર યોનાથાનનો દોષ હશે તો
તેને પણ મોતની સજા થશે." પણ કોઈ કશું બોલ્યું નહિ.

40પછી ઈસ્રાએલીઓને તેણે કહ્યું, "તમે બધા એક બાજુએ
ઊભા રહો અને હું મારો પુત્ર યોનાથાન બીજી બાજુએ
ઊભા રહીએ."

લોકોએ કહ્યું, "તમને ઠીક લાગે તેમ કરો."

41પછી શાઉલે પ્રાર્થના કરી, "ઈસ્રાએલના દેવ યહોવા,
તમે તમારા સેવકને આજે જવાબ કેમ નથી આપ્યો. જો મે કે
મારા પુત્રે પાપ કર્યુ હોય તો ઉરીમ આપ. જો ઈસ્રાએલીઓએ
પાપ કર્યું હોય તો થુમ્મીમ આપ. શાઉલ અને યોનાથાન
પસંદગી પામ્યા પણ લોકો મુકત ગયા."

યોનાથાન અને શાઉલનો દોષ નીકળ્યો અને લોકો
નિર્દોષ ઠર્યા.

42પછી શાઉલે કહ્યું, "મારી અને મારા પુત્ર વચ્ચે નિર્ણય
કરવા પાસા નાખો." અને દોષ યોનાથાનનો નીકળ્યો.

43શાઉલે યોનાથાનને પૂછયું, "તે શું કર્યુ છે. તે મને કહે."

યોનાથાને કહ્યું, "મેં મારી લાકડીને છેડે લાગેલું
સહેજ મધ ખાધું હતું. હું અહીં ઊભો છું અને હું મરવાને
તૈયાર છું."

44શાઉલ બોલ્યો, "યોનાથાન, હું જો તને મોતની સજા ન
કરું તો દેવ મને પૂછે."

45પણ લોકોએ શાઉલને કહ્યું, "ઈસ્રાએલને માટે આવો
મોટો વિજય મેળવનાર યોનાથાનને મરવું પડશે? એ તો
કદી ય બને જ નહિ. અમે દેવના સમ ખાઈને કહીએ છીએ
કે, એનો એક વાળ પણ વાંકો નહિ થાય, કારણ, આજે એણે
જે કંઈ કર્યું છે તે દેવની મદદથી કર્યું છે." આમ, લોકોએ
યોનાથાનને મરતો ઉગારી લીધો.

46શાઉલે પલિસ્તીઓનો પીછો કરવો છોડી દીધો. અને
તેઓ પોતાના પ્રદેશમાં પહોંચી ગયા.

## ઈસ્રાએલના દુશ્મનો સામે લડતો શાઉલ

47ઈસ્રાએલમાં રાજપદ ધારણ કર્યા પછી શાઉલે ચારે
બાજુના દુશ્મનો સામે યુદ્ધ ખેડયાં, તેણે મોઆબીઓ,
અમ્મોનિઓ, અદોમીઓ, સોબાહના રાજા, અને પલિસ્તીઓ
સાથે યુદ્ધ કર્યા તે જે દિશામાં વળ્યો ત્યાં તેને વિજય મળ્યો.
48તેણે ભારે પરાક્રમ કરીને અમાલેકીઓને પણ હરાવ્યાં. તેણે
ઈસ્રાએલીઓને બધા દુશ્મનોના હુમલામાંથી બચાવ્યા.

49હવે શાઉલના પુત્ર યોનાથાન, યિશ્વી અને માલકીશૂઆ
હતા. તેની બે પુત્રીઓનાં નામ આ પ્રમાણે હતા: મોટીનું
નામ મેરાબ અને નાનીનું નામ મીખાલ. 50શાઉલની પત્નીનુ
નામ અહીનોમ હતું. એ અહીમાઆસની પુત્રી હતી.

શાઉલના સેનાપિતનું નામ આબ્નેર હતું. તે તેના કાકા
નેરનો પુત્ર હતો. 51શાઉલના પિતા કીશ અને આબ્નેરના
પિતા નેર અબીએલના પુત્ર હતા.

52શાઉલને જીવનપર્યંત ઈસ્રાએલીઓ માટે પલિસ્તીઓની
સાથે ખૂનખાર યુદ્ધો લડવાં પડયાં. તેથી શાઉલ કોઈ પરાક્રમી
વ્યકિતને કે કોઈ શૂરવીર માણસને જોતો તેને પોતાના લશ્કરમાં
ભરતી કરી દેતો.

## અમાલેકીઓનો નાશ કરતો શાઉલ

15 શમુએલે એક દિવસે શાઉલને કહ્યું, "યહોવાએ
મને રાજા તરીકે તારો અભિષેક કરવા મોકલ્યો છે.
હવે તું યહોવાના વચન સાંભળ. 2યહોવા સર્વસમર્થ કહે છે,
'ઈસ્રાએલીઓ, તે સમયે જ્યારે તેઓ મિસરમાંથી આવતા
હતા, અમાલેકના લોકોએ તેમને તેમનિ ભૂમિમાથી પસાર
થતાં રોકયા. અમાલોકીઓએ શું કર્યું તે મે જોયું હતું. 3હવે
તમે જઈને અમાલેકીઓ ઉપર તૂટી પડો અને તેમના
સર્વસ્વનો નાશ કરો. કોઈને જીવતું જવા દેશો નહિ; પુરુષો,
સ્ત્રીઓ, બાળકો, બચ્ચાઓ, ઢોરો અને ઘેટાં ઊંટો અને ગધેડાં
બધાની હત્યા કરજો.'"

4આથી શાઉલે બધા લોકોને 'ટલાઈમ' બોલાવવા તે
જગ્યાએ ભેગા કર્યા. ત્યાં 2,00,000 પાયદળ અને બીજા
10,000 માણસો હતાં. તેમાં યહૂદાનાં માણસોનો સમાવેશ
છે. 5પછી તેઓ અમાલેકીઓના નગર પાસે ગયા, અને
નદીના કોતરોમાં તેમની રાહ જોઈ. 6તેમણે કેનીઓને સંદેશો
મોકલ્યો કે, "તમે તો જયારે ઈસ્રાએલીઓ મિસરમાંથી આવ્યા
ત્યારે તેમની સાથે મૈત્રીભર્યો વ્યવહાર રાખ્યો હતો. તમે
અમાલેકીઓનો પ્રદેશ છોડીને ચાલ્યા જાઓ, નહિ તો મારે

તેમની સાથે તમને પણ પૂરા કરી નાખવા પડશે." તેથી
કેનીઓ અમાલેકીઓનો પ્રદેશ છોડીને ચાલ્યા ગયા.
7ત્યાર પછી શાઉલે અમાલેકીઓને હરાવ્યા અને તેમને
દૂર હાંકી કાઢયાં હવીલાહથી શૂર સુધી, મિસરની સરહદે.
8તેણે અમાલેકીઓના રાજા અગાગને જીવતો પકડયો પરંતુ
બાકીના બધા લોકોની હત્યા કરીને સર્વનાશ કર્યો. 9પછી
શાઉલ અને તેના સૈન્યે અગાગને જીવતો છોડયો પછી
શ્રેષ્ઠ જાડી ગાયો, ઘેટા અને ગાડરાં માર્યા નહી. પણ તેઓએ
નબળાં પ્રાણીઓ જેઓ મૂલ્યહીન હતા અને બીજી નકામી
ચીજોનો નાશ કર્યો.

### શાઉલ અયોગ્ય જાહેર થાય છે

10પછી શમુએલને યહોવાની વાણી સંભળાઈ: 11"હુઁ
શાઉલને રાજા બનાવવા માટે પસ્તાવું છુ, કારણ તે મને
ભૂલી ગયો છે અને મારુ ઉલ્લંઘન કર્યુઁ છે." શમુએલને
ખૂબ લાગી આવ્યું અને આખી રાત તેણે યહોવા આગળ ઘા
નાખી. 12શમુએલ સવારનાં વહેલો ઉઠ્યો અને શાઉલને
મળવા ગયો પણ લોકોએ તેને કહ્યું, "શાઉલ પોતાની ખ્યાતિમાં
એક સ્મારક ઊભું કરવા કાર્મેલ ગયો છે. ત્યાથી તે બીજી
જગ્યાઓએ જશે અને છેવટે ગિલ્ગાલ જશે." 13શમુએલ જ્યારે
શાઉલ પાસે પહોંચ્યો ત્યારે શાઉલે તેને આવકારતા કહ્યું,
"યહોવા તમારું ભલું કરો મેં યહોવાની આજ્ઞા પાળી છે."
14એટલે શમુએલે પૂછયું, "તો પછી મારે કાને ઘેટાંના
રડવાનો અને બળદ અને ગાયના ભાંભરવાનો અવાજ કેમ
આવે છે? આવું કેમ છે?"
15શાઉલે જવાબ આપ્યો, "મારા માણસોએ એ બધાં
પ્રાણીઓ અમાલેકીઓ પાસેથી પડાવી લીધાં છે. સારામાં
સારાં ઘેટાં અને બળદને તેમણે જીવતાં રહેવા દીધાં છે જેથી
તેઓ તમારા દેવ યહોવાનો યજ્ઞ કરી શકે. બાકીનાં બધાંને
અમે પૂરા કર્યા છે."
16શમુએલે શાઉલને કહ્યું, "થોભો ગઈ રાત્રે યહોવાએ
મને શું કહ્યું તે મારે તને કહેવુંજ પડશે."
શાઉલ બોલ્યો, "કહો."
17શમુએલે કહ્યું, "જયારે તે વિચાર્યુ તું કાઈ પણ નથી,
યહોવાએ તને ઈસ્રાએલીઓનો રાજા બનાવ્યો, અને હવે તું
ઈસ્રાએલના કુળસમૂહોનો મુખી છે. 18યહોવાએ તને વિશિષ્ટ
કામ સોંપીને મોકલ્યો હતો, તને જણાવ્યું હતું, 'જા, અને દુષ્ટ
અમાલેકીઓનો નાશ કર. જયાં સુધી તેમનું નામનિશાન
નાશ ના પામે ત્યાં સુધી તેઓની સાથે લડાઈ કર.' 19તો
પછી તે યહોવાની આજ્ઞા કેમ માની નહિ? તું શા માટે લૂંટ
કરવા તૂટી પડયો અને યહોવાની નજરમાં ગુનો ગણાય તેવું
તેં શા માટે કર્યુ?"
20શાઉલે જવાબ આપ્યો, "પણ મેં યહોવાની આજ્ઞાનું
પાલન કર્યુ છે. મને યહોવાએ જયાં જવાનું કહ્યું હતું ત્યાં હું
ગયો હતો, અને હું અમાલેકીઓના રાજા અગાગને જીવતો
પકડી લાવ્યો છું અને બાકીનાઓને મેં પૂરા કર્યા છે. 21મારા
માણસોએ નાશ કરવાની વસ્તુઓમાંથી લૂંટમાં મળેલાં સારામાં
સારાં ઘેટાં અને બળદોને મારી નાખવાને બદલે ગિલ્ગાલમાં
તમારા દેવ યહોવાનો યજ્ઞ કરવા લઈ લીધા છે."
22પરંતુ જવાબ આપ્યો, "યહોવાને આર્પણો વધારે ગમે છે
કે તેમની આજ્ઞાનું પાલન ગમે છે? અર્પણો કરતાં તેમની
આજ્ઞાનું પાલન બેહતર છે. 23પરંતુ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન
કરવું એ મૂર્તિ પૂજા અને જંતરમંતર ના પાપ જેટલુજ ખરાબ
છે. તમે યહોવાની આજ્ઞા પાળવાની ના પાડી તેથી હવે
યહોવા તમને રાજા તરીકે રાખવાની ના પાડે છે."
24શાઉલે શમુએલને કહ્યું, "મેં પાપ કર્યુ છે. મેં યહોવાની
આજ્ઞાની અને તમારા હુકમની અવગણના કરી છે. હું મારા
માણસોથી ડરી ગયો અને તેમના કહ્યાં પ્રમાણે વર્ત્યો, 25પણ
હવે કૃપા કરીને મારું પાપ માફ કરો. હું તમને પ્રાર્થના કરું છું
કે તમે મારી સાથે પાછા ફરો, જેથી હું યહોવાની ઉપાસના
કરી શકુ."
26શમુએલે કહ્યું, "હું તારી સાથે પાછો નહિ આવું, તેં
યહોવાની આજ્ઞાને ફગાવી દીધી છે એટલે યહોવાએ તને
ઈસ્રાએલના રાજા તરીકે હવે અપાત્ર ઠરાવ્યો છે."
27શમુએલ જવા માટે ફર્યો ત્યારે તેને અટકાવવા માટે
શાઉલે તેના ઝભ્ભાની ચાળ પકડી લીધી અને તે ફાટી ગઈ.
28શમુએલે તેને કહ્યું, "તેં મારો ઝભ્ભો ફાડ્યો છે. તેજ રીતે
યહોવાએ આજે તારી પાસેથી ઈસ્રાએલનું રાજ્ય ફાડી લીધું
છે અને જે તારા કરતા સારી વ્યકિત છે તે તારા મિત્રોમાંથી
એકને આપી દીધું છે. 29ઈસ્રાએલનો મહાન દેવ યહોવા
કદી જૂઠું બોલતો નથી કે પોતાનો નિર્ણય બદલતો નથી. તે
માણસ જેવો નથી જે પસ્તાય અને તેનો નિર્ણય ફેરવે."
30શાઉલે કહ્યું, "મેં પાપ કર્યુ છે પણ મારા લોકોના આગેવાનો
આગળ અને ઈસ્રાએલીઓ આગળ મારું માન જાળવો અને
મારી સાથે પાછા આવો, જેથી હું તમારા દેવ યહોવાની
ઉપાસના કરી શકું." 31આથી શમુએલ શાઉલની સાથે પાછો
ગયો અને શાઉલે યહોવાની ઉપાસના કરી.
32પછી શમુએલે કહ્યું, "અમાલેકીઓના રાજા અગાગને
મારી પાસે લાવો."
એટલે અગાગ લથડાતા પગે તેની સામે આવ્યો અને
બોલ્યો, "ખરેખર, મૃત્યુની ઘડી હવે વીતી ગઈ છે અને
મારો જીવ બચી ગયો છે."
33શમુએલે કહ્યું, "તારી તલવારે ઘણી માતાઓને પુત્રહીન
બનાવી છે, એટલે હવે તારી માતા પુત્રહીન બનશે." અને
તેણે ગિલ્ગાલની વેદી સામે અગાગને કાપી નાખ્યો.
34પછી શમુએલ રામા ચાલ્યો ગયો અને રાજા શાઉલ
પોતાને ઘેર ગિબયાહમાં ગયો. 35શમુએલે જીવનપર્યંત ફરી
કદી શાઉલનું મોં જોયું નહિ. પરંતુ તેને માટે તેને શોક ઘણો
થયો. કારણ કે, તેને ઈસ્રાએલનો રાજા બનાવ્યો તે માટે
યહોવાને પસ્તાવો થયો હતો.

### શમુએલ બેથલેહેમ ગયો

16 યહોવાએ શમુએલને કહ્યું, "શાઉલને માટે તું કયાં
સુધી શોક કર્યા કરીશ? મેં એને રાજા પદેથી ઉઠાડી

મૂકયો છે. તારા શીંગડામાં તેલ ભરી લે અને જા. હું તને
બેથલેહેમના ઈસાઈ પાસે મોકલું છું. કારણ કે, મેં તેના
પુત્રોમાંથી એકને રાજા તરીકે પસંદ કર્યો છે."
2શમુએલે પૂછયું, "હું કેવી રીતે જાઉં? જો શાઉલને તેની
ખબર પડી જાય તો તે મને મારી નાખશે."
યહોવાએ કહ્યું, "તું તારી સાથે એક વાછરડું લઈ જા, અને
તેને કહેજે કે, 'હું યહોવાને બલિ અર્પવા આવ્યો છું.' 3ઈસાઈને
એ બલિમાં બોલાવજે. પછી તારે શું કરવાનું છે તે હું તને
કહીશ. જે વ્યક્તિ હુ તને દેખાડું તમારે તેનો રાજા તરીકે
અભિષેક કરવો."
4પછી યહોવાએ કહ્યું; તે મુજબ શમુએલે કર્યુ. તે
બેથલેહેમ ગયો અને શહેરના વડીલો તેને મળવા દોડી
આવ્યા. તેઓએ પૂછયું, "આપ શા માટે આવ્યા છો? સમાચાર
તો સારા છે ને?"
5શમુએલે કહ્યું, "હા, હું શાંતિમાં આવ્યો છું. હું યહોવાને
બલિ આપવા આવ્યો છુ. તમે બધા તમારી જાતને શુદ્ધ કરો
અને મારી સાથે બલિ માટે આવો." તેણે તેની જાતે ઈસાઈ
અને તેના પુત્રો ને તૈયાર કર્યા અને તેમને બલિ માટે આમંત્રિત
કર્યા
6તેઓ આવ્યા એટલે અલીઆબને જોઈને શમુએલને
વિચાર આવ્યો કે, "જરૂર, યહોવાનો પસંદ કરેલો માણસ
એની સમક્ષ આવ્યો છે."
7પણ યહોવાએ શમુએલને કહ્યું, "એનો દેખાવ અને
ઊંચાઈ જોઈને તેને ધ્યાનમાં ન લો, કારણ હું તેનો અસ્વીકાર
કરું છુ. યહોવાની દષ્ટિ અને માનવની દષ્ટિમાં તફાવત હોય
છે. માણસો બાહ્ય દેખાવ જુએ છે, પરંતુ યહોવા માણસના
અંતર અને ભાવનાઓને જુએ છે."
8પછી ઈસાઈએ અબીનાદાબને બોલાવીને શમુએલની
આગળ રજૂ કર્યો. અને શમુએલે કહ્યું, "ના, યહોવાએ તેને
પસંદ કર્યો નથી."
9પછી ઈસાઈ શામ્માહને લાવ્યો, પણ શમુએલે કહ્યું: "નહી,
યહોવાએ તેને પસંદ કર્યો નથી."
10ઈસાઈએ પોતાના સાતે પુત્રોને શમુએલ આગળ રજૂ
કર્યા. પણ તેણે કહ્યું, "આમાંના એકે ય ને યહોવાએ પસંદ
કર્યો નથી."
11પછી શમુએલે ઈસાઈને પૂછયુ, "શું તારે આ સાત પુત્રો
જ છે?" ઈસાઈએ ઉત્તર આપ્યો, "હજી સૌથી નાનો બાકી
છે, પણ તે ઘેટાં અને પ્રાણીઓ ચરાવવા ગયો છે."
તેથી શમુએલે ઈસાઈને કહ્યું, "તેને બોલાવવા માટે મોકલો,
અને તેને લાવો, તે ન આવે ત્યાં સુધી આપણે ભોજન નહીં
કરીએ."
12એટલે ઈસાઈએ તેને લાવવા માણસ મોકલ્યો, તે દેખાવે
રૂપાળો હતો, તેનો ચહેરો લાલ અને આંખો તેજસ્વી હતી.
યહોવાએ કહ્યું, "તે પસંદ કરાયેલો છે ઊઠ, અને એનો
અભિષેક કર."
13શમુએલે તેલનું શીગડું લઈને તેનો તેના ભાઈઓના
દેખતાં અભિષેક કર્યો. પછી યહોવાના આત્માએ દાઉદમાં
સંચાર કર્યો અને તે દિવસથી તેના ભેગો રહ્યો. શમુએલ
પછી તેની જગ્યાએ પાછો ગયો.

### શાઉલને સતાવતો દુષ્ટઆત્મા

14હવે યહોવાનો આત્મા શાઉલ પાસેથી જતો રહ્યો હતો,
અને યહોવાનો મોકલાયેલો કોઈ દુષ્ટ આત્મા તેને સતાવતો
હતો. 15શાઉલના સેવકોએ તેને કહ્યું, "મહારાજ, જોયું ને,
દેવનો પ્રેર્યો કોઈ દુષ્ટ આત્મા આપને કેવો સતાવે છે? 16જો
તમે આજ્ઞા આપો તો અમે સારો વીણાવાદક શોધી કાઢીએ.
તમારા પર ત્રાસદાયક આત્મા આવે ત્યારે તે વીણા વગાડે;
અને તેથી તમને શાંતિ થશે."
17શાઉલે સેવકોને કહ્યું, "કોઈ કુશળ બજવૈયાને શોધી
કાઢો અને મારી પાસે લઈ આવો."
18તેમાંના એક સેવકે કહ્યું, "મેં બેથલેહેમના ઈસાઈના
એક પુત્રને જોયો છે. તે બજાવવામાં કુશળ છે, ને બહાદુર
અને બહુ કુશળ છે, તે દેખાવડો પણ છે અને યહોવા દેવ
તેની સાથે છે."
19તેથી શાઉલે ઈસાઈને વિનંતી કરતાં માણસો મોકલ્યાં,
"તમારા પુત્ર દાઉદને મોકલો જે મારા ઘેંટા ચારે છે."
20ત્યારે ઈસાઈએ રોટલી, દ્રાક્ષારસની એક કૂડી તથા
બકરાનું એક બચ્ચુ એક ગધેડાં પર લાદીને પોતાના પુત્ર
સાથે શાઉલને મોકલાવ્યાં જેથી તે રાજી થાય. 21દાઉદ શાઉલ
પાસે આવ્યો, ને તેની સન્મુખ ઊભો રહ્યો. તેને જોતાં જ
તેના પર તેને ખૂબ પ્રેમભાવ જાગ્યો; અને તેને તેનો શસ્ત્ર
વાહક બનાવ્યો. 22એટલે શાઉલે ઈસાઈને સંદેશો મોકલ્યો
કે, "દાઉદને મારી સેવામાં રહેવા દે, કારણ હું એના ઉપર
પ્રસન્ન છું."
23અને જયારે જયારે દેવનો પ્રેર્યો કોઈ દુષ્ટ આત્મા શાઉલમાં
પ્રવેશ કરતો ત્યારે દાઉદ વીણા લઈને વગાડતો, એટલે શાઉલને
આરામ અને શાંતિ થઈ જતી. દુષ્ટ આત્મા ત્યારે તેને છોડી
દેતો અને તે બરાબર થઈ જતો.

### ગોલ્યાથનો પડકાર

17 પલિસ્તીઓ યહૂદાના લોકો સાથે લડવા તૈયાર થયા
અને યહૂદામા સોખોહ આગળ ભેગા થયા, સૈન્ય
ભેગુ થયું અને સોખોહ અને અઝેકાહ વચ્ચે છાવણી નાખી,
એકેસ ડામ્મીમ બોલાવાતા એક શહેરમાં.
2શાઉલ અને ઈસ્રાએલીઓએ ભેગા થઈને એલાહની
ખીણમાં છાવણી નાખી અને પલિસ્તીઓ સામે લડવા, તેઓએ
પર્વત હરોળ કરી. 3પલિસ્તીઓ એક ટેકરી ઉપર એકઠાં
થયાં અને ઈસ્રાએલીઓ બીજી ટેકરી ઉપર બંનેની વચ્ચે
એક ખીણ હતી.
4પલિસ્તીઓની છાવણીમાંથી ગોલ્યાથ નામનો એક યોદ્ધો
ઈસ્રાએલીઓને દ્વન્દ્વયુદ્ધ માટે પડકારવા બહાર આવ્યો. તે
ગાથનો વતની હતો. તે આશરે નવ ફૂટ ઊંચો હતો. 5એ ગાથ
નગરનો વતની હતો. તે નવ ફૂટ કરતા ઊંચો હતો. તેણે
કાંસાનો ટોપ પહેર્યો હતો, અને માછલીની ચામડી ઉપરના

ભીંગડા જેવુ બખતર પહેરેલુ હતું આ કાંસાનાં બખતર નું
વજન 125 પૌન્ડ હતું. 6તેને પગે કાંસાનુ બખ્તર ચડાવેલું
હતું અને તેના ખભા ઉપર કાંસાનો ભાલો લટકાવેલો હતો.
7તેના ભાલાનો હાથો વણકરની સાળના તાર જેવો હતો અને
તેનું લોખંડનું પાંનુ આશરે 15 પૌન્ડ વજનનું હતું, તેની
ઢાલ ઉપાડનારો તેની આગળ ચાલતો હતો.

8તેણે ઊભા રહીને ઈસ્રાએલનાં સૈન્યને હાંક મારી, "તમે
ત્યાં યુદ્ધ માટે વ્યુહબદ્ધ કેમ થયા છો? હું પલિસ્તી છું અને
તમે બધાં શાઉલના ગુલામો છો. મારી સાથે લડવા તમે
તમારો એક માણસ પસંદ કરો. 9જો તે માણસ મને મારી
નાખે તો અમે તમારા ગુલામ થઈશું. પણ જો હું તેને મારી
નાખું તો તમારે બધાએ અમારા ગુલામ થઈ અમારી સેવા
કરવી."

10તેણે વધુમાં કહ્યું, "હું આજે ઈસ્રાએલી સેનાને પડકાર
કરું છું, મારી સાથે લડવા માટે એ માણસોને મોકલવાં હું
આહવાન આપુ છુ."

11આ સાંભળીને શાઉલ અને તેના માણસો ભયથી થથરી
ગયા.

### લડવા જતો દાઉદ

12યહુદાના બેથલેહેમમાં એફ્રાતી કુળમાંના ઈસાઈનો પુત્ર
દાઉદ હતો. ઈસાઈને 8 પુત્રો હતા. શાઉલના સમયે ઈસાઈ
વૃદ્ધ ગણાતો. 13ઈસાઈના ત્રણ મોટા પુત્રો શાઉલ સાથે યુદ્ધમાં
ગયા હતા. તે હતા: એલીઆબ પહેલો પુત્ર, અબિનાદાબ
બીજો અને શમ્મા ત્રીજો. 14દાઉદ સૌથી નાનો હતો. મોટા
ત્રણ પુત્રો શાઉલની સેનામાં જોડાયા હતાં. 15પરંતુ દાઉદ
ઘેટાંની સંભાળ રાખવા શાઉલની છાવણી અને બેથલેહેમ
વચ્ચે આવજા કરતો હતો.

16ચાળીસ દિવસ સુધી, સવાર અને સાંજ પેલો પલિસ્તી
ગોલ્યાથ બહાર આવતો અને તેમને પડકાર કરતો.

17પછી એક દિવસે ઈસાઈએ તેના પુત્ર દાઉદને કહ્યું,
"તારા ભાઈઓ માટે આ દસ રોટલી અને થોડા શેકેલ દાણા
લઈ જા. 18અને આ દસ પનીરના ટુંકડા તેઓના
સહસ્રાધિપતિને આપજે અને તારા ભાઈઓના કુશળ
સમાચાર જાણીને અને તેમની કંઈ એંધાણી લઈને પાછો
આવ! 19રાજા શાઉલ, તારા ભાઈઓ અને બધા ઈસ્રાએલીઓ
એલાહની ખીણમાં પલિસ્તીઓ સામે લડી રહ્યા છે."

20બીજે દિવસે વહેલી સવારે દાઉદ ઊઠયો અને ઘેટાં
સંભાળવાનું રખેવાળને સોંપીને, ખાવાનું લઈને ઈસાઈની
આજ્ઞા મુજબ ચાલી નીકળ્યો. લશ્કર યુદ્ધનાદ કરતું કરતું
યુદ્ધક્ષેત્ર ભણી જતું હતું, ત્યાં દાઉદ છાવણીએ આવી પહોંચ્યો.
21થોડીવારમાં ઈસ્રાએલીઓ અને પલિસ્તીઓની સેના યુદ્ધ
માટે સામસામી ગોઠવાઈ ગઈ.

22દાઉદ પોતાનો સામાન, ભંડાર સાચવનાર અમલદારને
સોંપીને તેના ભાઈઓને મળવા ઝડપથી સૈન્ય તરફ દોડ્યો.
23તે તેઓની સાથે વાતો કરતો હતો તેજ સમયે પલિસ્તી
યોદ્ધા ગોલ્યાથે સેનામાંથી બહાર આવીને રોજની જેમ
ઈસ્રાએલીઓને પડકાર ફેંક્યો. દાઉદે એ સાંભળ્યું.
24ઈસ્રાએલીઓ ગોલ્યાથને જોઈને ભયના માર્યા નાસવા
લાગ્યા.

25એક ઈસ્રાએલી સૈનિકે કહ્યું, "પેલા માણસને તે જોયો
જે ઈસ્રાએલીઓને પડકારવા આવ્યો હતો? અને એને જે
કોઈ મારી નાખે તેને રાજા મોટું ઈનામ આપશે, અને તે તેને
ઘણી સંપત્તિ આપશે પોતાની કુંવરી તેની સાથે પરણાવશે
અને તેના કુટુંબને કરવેરો ભરવામાંથી મુકિત આપવામાં
આવશે."

26દાઉદે ત્યા ઊભેલા માણસોને પૂછયું, "જે કોઈ આ
પલિસ્તીને મારી નાખે અને ઈસ્રાએલીઓની નામોશી ભૂંસી
નાખે તેને શું ઈનામ મળે? આખરે આ ગોલ્યાથ છે કોણ? તે
કોઈજ નથી. એક વિદેશી થઈને જીવતાજાગતા દેવના સૈન્યનો
તિરસ્કાર કરવાની હિંમત તે કેવી રીતે કરી શકે?"

27દાઉદને ગોલ્યાથને મારી નાખવાના ઈનામનો જવાબ
લોકો પાસેથી મળી ગયો. 28પરંતુ દાઉદના સૌથી મોટા ભાઈ
અલીઆબે તેને લોકો સાથે વાત કરતાં સાંભળ્યો, એટલે તેને
એકદમ ગુસ્સો ચડ્યો. તેણે દાઉદને કહ્યું. "તું અહીં શું કરે
છે? અને તું વગડામાં તારાં મૂઠીભર ઘેટાં કોને સોંપીને આવ્યો?
હું જાણું છું તું કેવો ઘમંડી અને ઉદ્ધત છોકરો છે. તું લડાઈ
જોવા જ આવ્યો છે ને?"

29દાઉદે જવાબ આપ્યો, "મેં શું કર્યુ છે? મારે કોઈને
સવાલ પણ ના પૂછવો?" 30એમ કહીને તેણે બીજા માણસ
તરફ ફરીને તેને એ જ સવાલ પૂછયો, પણ બધાએ એ જ
જવાબ આપ્યો.

31દાઉદે જે કહ્યું હતું તે થોડા લોકોએ સાંભળ્યું તેમણે
શાઉલને આ વિષે કહ્યું. તેથી શાઉલે તેને બોલાવડાવ્યો.
32દાઉદે શાઉલને કહ્યું, "હિંમત હારવાની જરૂર નથી. હું તે
પલિસ્તી સાથે લડીશ."

33શાઉલે કહ્યું, "ના, તું જઈને એ પલિસ્તી સાથે કેવી રીતે
લડશે? તું તો નાનો છોકરો છે અને તેણે તો નાનો હતો
ત્યારથી આખી જીંદગી લડવામાં જ ગાળી છે."

34દાઉદે ભારપૂર્વક જણાવ્યું, "નામદાર, હું મારા પિતાનાં
ઘેટાં ચારું છું. જો કોઈ વાર સિંહ કે રીંછ આવીને અમારા
ટોળામાંથી ઘેટું ઉપાડી જાય છે, 35તો હું તેની પાછળ પડી
તેના ઉપર હુમલો કરીને તેના મોંમાંથી તેને છોડાવી લાવું
છું. જો તે મારી સામે થાય છે તો હું તેની દાઢી પકડીને મારી
મારીને તેનો જીવ લઉં છું. 36આ રીતે મેં સિંહને અને રીંછને
માર્યા છે. આ વિદેશી પલિસ્તીના પણ હું એવા જ હાલ
કરીશ. કારણ કે તેણે જીવતા જાગતા દેવની સેનાનો તિરસ્કાર
કર્યો છે. 37યહોવાએ મને સિંહોના અને રીછોના પંજામાંથી
બચાવ્યા છે, તે જ મને આ પલિસ્તીઓના પંજામાંથી પણ
બચાવશે."

આખરે શાઉલ સંમત થયો અને કહ્યું, "જા, ભલે જા,
યહોવા તારું રક્ષણ કરો." 38શાઉલે દાઉદને પોતાનું બખ્તર
પહેરાવ્યું. તેના માથા પર કાંસાનો ટોપ મૂકયો અને કવચ
પહેરાવ્યું. 39પછી તેના બખ્તર ઉપર શાઉલે પોતાની તલવાર

લટકાવી, અને દાઉદે ચાલવાનો પ્રયત્ન કરી જોયો, પણ તે
આ બધાથી ટેવાયેલો ન હોવાથી તે ચાલી શકયો નહિ.
તેણે શાઉલને કહ્યું, "આ બધાં સાથે મને ચાલતાં ફાવતું
નથી. હું એનાથી ટેવાયેલો નથી," આથી તેણે તે બધુ ઉતારી
નાખ્યું. 40પછી તેણે પોતાની થેલી લીધી અને નદીના
વહેણમાંથી પાંચ સુંવાળા પથરા ઉપાડીને થેલીમાં મૂકયા,
અને હાથમાં ગોફણ લઈને તે પેલા પલિસ્તી તરફ ઊપડ્યો.

## ગોલ્યાથને મારતો દાઉદ

41તેની ઢાલ ઊંચકનાર તેની આગળ આગળ ચાલતો હતો.
તે દાઉદની નજીક આવતો જતો હતો. 42તેણે દાઉદને ધારી
ધારીને જોયો અને તેના ઉપર હસતો હતો, કારણ કે તે દાઉદ
તો હજુ એક ગલગોટા જેવો રૂપાળો છોકરડો હતો. 43તેણે
દાઉદને કહ્યું, "હું તે કંઈ કૂતરો છું કે તું મારી સામે લાકડી
લઈને આવ્યો છે?" તેણે પોતાના દેવોના નામે દાઉદને શાપ
આપ્યો. 44તેણે દાઉદને કહ્યું, "મારી નજીક આવ, હું તારું
માંસ આકાશનાં પક્ષીઓને અને જંગલી પ્રાણીઓને આપીશ."
45દાઉદે જવાબ આપ્યોં, "તું મારી સામે તલવાર, ભાલો
ને કટારી લઈને આવ્યો છે, પરંતુ હું તારી સામે જે ઈસ્રાએલી
સૈન્યનું તે અપમાન કર્યુ છે તેના જીવતા દેવ સર્વસમર્થ
યહોવાના નામે આવ્યો છું. 46આજે યહોવા તને મારા
હાથમાં સુપ્રત કરી દેશે અને હું તારો જીવ લઈશ. આજે હું
તારું માથું કાપી નાખીશ અને તારા શબને પક્ષીઓને અને
જંગલી પ્રાણીઓને ખાવા આપીશ અમે બીજા પલિસ્તી
સૈનિકોના શબોનું પણ આમજ કરીશું. ત્યારે સમસ્ત જગત
જાણશે કે ઈસ્રાએલમાં દેવ છે. 47અહી ભેગા થયેલા સૌ કોઈ
જોશે કે, યહોવાને રક્ષણ કરવા માટે નથી જરૂર તલવારની કે
નથી જરૂર ભાલાની; યુદ્ધમાં વિજય યહોવાનો છે અને તે
તમને અમારા હાથમાં સોંપી દેશે."
48પછી તે પલિસ્તી ઊઠીને દાઉદની સામે લડવા આગળ
આવવા લાગ્યો, એટલે દાઉદ પલિસ્તીઓના લશ્કર તરફ
તેનો સામનો કરવા દોડી ગયો.
49દાઉદે ઝોળીમાં હાથ નાખીને એક પથ્થર કાઢયો અને
તે ગોફણમાં મૂકીને પલિસ્તિના કપાળમાં માર્યો. પથરો તેના
કપાળમાં જોરથી વાગ્યો અને તે ઊંધે માથે ભોંય પર પટકાઈ
પડયો.
50આમ, દાઉદે પથ્થર અને ગોફણ વડે પલિસ્તી ઉપર
જીત મેળવી અને તલવાર વગર જ તેને મારી નાખ્યો. 51પછી
તેણે તેની પાસે દોડી જઈને તેની છાતી ઉપર ઊભા રહી
તેની મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી તેનું માથું ધડથી જૂદું
કરીને તેને મારી નાખ્યો.
પલિસ્તીઓએ જયારે જોયું કે પોતાનો યોદ્ધો માર્યો ગયો
છે ત્યારે તેઓ ભાગવા લાગ્યા. 52ઈસ્રાએલ અને યહૂદાના
લોકો રણગર્જના કરી આગળ ધસી આવ્યા અને ગાથ સુધી
તથા એક્રોનની ભાગોળો સુધી પલિસ્તીઓની પાછળ પડયા.
શાઅરાઈમથી માંડીને છેક ગાથ અને એક્રોન સુધીનો આખો
રસ્તો ઘવાયેલા પલિસ્તીઓથી છવાઈ ગયો.
53ઈસ્રાએલીઓએ પલિસ્તીઓનો પીછો કરીને પાછા ફરતા
તેમની છાવણી લૂંટી.
54દાઉદે ગોલ્યાથનું મસ્તક લીધું અને તે યરૂશાલેમ લઈ
ગયો એ પલિસ્તીના હથિયારો પોતાના તંબુમાં જ રહેવા
દીધાં.

## દાઉદથી શાઉલના ભયની શરૂઆત

55જયારે શાઉલે દાઉદને ગોલ્યાથની સામે લડવા જતો
જોયો ત્યારે તેણે તેના સેનાપતિ આબ્નેરને સવાલ કર્યો,
"આબ્નેર, એ છોકરો કોણ છે?"
આબ્નેરે જવાબ આપ્યો, "નામદાર, આપના સમ, એ કોણ
છે હું જાણતો નથી."
56એટલે રાજાએ તેને કહ્યું, "જા, એ કોનો પુત્ર છે, તે
હકીકત શોધી લાવ."
57આથી દાઉદ જયારે પલિસ્તીને મારી નાખીને તેનું માથું
હાથમાં લઈને પાછો આવ્યો ત્યારે આબ્નેર તેને શાઉલ પાસે
લઈ ગયો.
58શાઉલે પૂછયું, "તું, કોનો પુત્ર છે?"
દાઉદે જવાબ આપ્યો, "હું આપના સેવક બેથલેહેમના
ઈસાઈનો પુત્ર છું."

## યોનાથાન દાઉદનો નજીકનો મિત્ર બન્યો

18 દાઉદની અને શાઉલની વાતચીત પૂરી થઈ,
શાઉલના પુત્ર યોનાથાન દાઉદનો મિત્ર બન્યો અને
તેને પોતાના પ્રાણની જેમ પ્રેમ કરવા લાગ્યો.
2તે દિવસથી શાઉલે દાઉદને પોતાની સાથે જ રાખી લીધો
અને તેને પાછો ઘેર જવા દીધો નહિ.
3યોનાથાન અને દાઉદ બંને વચ્ચે પ્રાણસમાન પ્રેમ હોવાથી
કાયમ મૈત્રીભાવ રાખવાની સંધિ શપથપૂર્વક કરી. 4અને
યોનાથાને પોતાનો ઝભ્ભો કાઢીને દાઉદને આપી દીધો.
ઉપરાંત, પોતાનું બખ્તર, તલવાર, ધનુષ્ય અને કમરપટો
પણ મિત્રતાના પ્રતીક તરીકે આપ્યા. હવે રાજા શાઉલ દાઉદને
યરૂશાલેમમાં જ રાખતો હતો અને તેને ઘેર જવા દેતો નહિ.

## દાઉદની સફળતા નોંધતો શાઉલ

5શાઉલે દાઉદને ઘણા યુદ્ધો લડવા મોકલ્યો દાઉદે ખૂબ
સફળતા મેળવી, તેથી શાઉલે તેને સૈન્યમાં ઊંચી પદવી
આપી, તેને યોદ્ધાઓની દેખરેખનું કામ આપ્યું શાઉલના
માણસોને અને બધાં લોકોને પણ આ ગમ્યું. 6દાઉદે ગોલ્યાથને
માર્યા પછી વિજયી ઈસ્રાએલી સૈન્ય પાછું ફરતું હતું ત્યારે
રસ્તે આવતાં ઈસ્રાએલનાં બધાંજ શહેરોની સ્ત્રીઓ રાજા
શાઉલને વધાવવા ખંજરી અને વીણા વગાડતી વગાડતી
નાચતી અને આનંદનાં ગીતો ગાતી બહાર આવતી. 7તેઓ
ઉત્સવનાં ઉલ્લાસમાં એવું ગીત ગાતી હતી કે, "શાઉલે
હજારોનો ઘાણ કાઢી નાખ્યો છે, પણ દાઉદે તો લાખોનો."
8શાઉલને આ ગમ્યું નહિ, તેને ગુસ્સો ચડયો, તે બોલ્યો,
"દાઉદને એ લોકો લાખોનું શ્રેય આપે છે, જયારે મને માત્ર

હજારોનું જ! હવે તો એને રાજા થવું જ બાકી છે." 9તે
દિવસથી શાઉલ રાજા દાઉદને ઈર્ષ્યાની દ્રષ્ટિથી જોવા લાગ્યો.

## દાઉદથી ડરતો શાઉલ

10અને બીજે દિવસે દેવ તરફથી એક દુષ્ટાત્માએ શાઉલને
વશમાં કર્યો, તેણે શાઉલનો કબજો લીધો અને તે ગાંડા જેવો
થઈ ગયો, અગાઉની જેમ દાઉદ વીણા વગાડીને તેને શાંત
પાડવા લાગ્યો, પણ શાઉલ તો પોતાના હાથમાં ભાલો ફેરવતો
હતો. 11શાઉલે અચાનક દાઉદને ભીંત સાથે જડી દેવાના
ઈરાદાથી બે વખત તેની તરફ ભાલો ફેંકયો. પરંતુ દાઉદે બે
વાર બાજુ પર ખસી જઈને ઘા ચુકાવ્યો.

12શાઉલ ત્યારથી દાઉદથી ડરવા લાગ્યો, કારણ, યહોવા
શાઉલ પાસેથી જતા રહ્યા હતા અને દાઉદની સાથે હતા.
13તેથી શાઉલે તેને પોતાની હજૂરમાંથી ખસેડીને તેને પોતાના
સૈન્યમાં સહસ્ત્રાધિપતિ તરીકે નીમ્યો. પછી તે લોકોને યુદ્ધમાં
દોરી જતો હતો અને પાછા લાવતો હતો. 14દાઉદ બધાંજ
કામોમાં સફળ થતો હતો કારણ કે યહોવા તેની સાથે હતા.
15દાઉદની સફળતા જોઈને શાઉલ તેનાથી વધારે ડરવા
લાગ્યો,

16પરંતુ ઈસ્રાએલના અને યહૂદાના બધા લોકો તેના ઉપર
પ્રેમ રાખતા હતા, કારણ તે યુદ્ધમાં ટૂકડીઓને દોરવતો.

## પોતાની પુત્રી ના લગ્ન કરવા ઈચ્છતો શાઉલ

17પછી એક દિવસ શાઉલે દાઉદને કહ્યું, "આ મારી મોટી
પુત્રી મેરાબ છે એને હું તારી સાથે પરણાવું. જો તું યુદ્ધમાં
બહાદુરી અને વફાદારીપૂર્વક મારી સેવા બજાવતો હોય અને
યહોવાની લડાઈઓ લડીને પોતાને સાચા સૈનિક તરીકે
સાબિત કરી શકતો હોય," શાઉલના મનમાં એમ કે, આ
રીતે એ પલિસ્તીઓને હાથે માર્યો જશે અને મારે તેને મારવો
પડશે નહિ.

18દાઉદે જવાબ આપ્યો, "હું એવો તે કોણ છું ને મારા
પરિવારનું ઈસ્રાએલમાં એવું તે કયું સ્થાન છે કે હું રાજાનો
જમાઈ થાઉં!"

19પણ જયારે દાઉદ સાથે શાઉલની પુત્રી મેરેબનો
પરણાવવાનો સમય આવ્યો ત્યારે શાઉલે મહોલાથના
આદ્રીયેલ સાથે તેને પરણાવી દીધી.

20ત્યાર બાદ શાઉલની બીજી પુત્રી મીખાલ દાઉદનાં
પ્રેમમાં પડી અને શાઉલને જયારે એની જાણ થઈ ત્યારે તે
બહુ રાજી થયો. 21તેણે વિચાર્યુ, "હું મીખાલને દાઉદ સાથે
પરણાવીશ. તે દાઉદને ફસાવશે અને પછી તે પલિસ્તીઓને
હાથે મૃત્યુ પામશે." આથી શાઉલે બીજી વાર દાઉદને કહ્યું,
"તારે મારા જમાઈ થવાનું છે."

22શાઉલે પોતાના દરબારીઓને કહ્યું, "તમે ખાનગી
રીતે દાઉદને એમ કહો કે, 'રાજા તારા ઉપર ઘણા પ્રસન્ન છે
અને રાજાના બધા અમલદારો પણ તારા પર પ્રેમભાવ
રાખે છે. રાજાના જમાઈ થવા માટે તારા માટે આ ખરો
સમય છે.'"

23શાઉલના માણસોએ દાઉદના કાને આ વાત નાખી,
ત્યારે દાઉદે કહ્યું, "શું તમે રાજાના જમાઈ થવાનું એટલું
સહેલું માનો છો કે, મારા જેવો એક ગરીબ અને સામાન્ય
માણસ પણ રાજાનો જમાઈ થઈ શકે?"

24શાઉલના અમલદારોએ જયારે દાઉદના શબ્દો તેમને
કહ્યાં ત્યારે શાઉલે જણાવ્યું, 25"તેણે તેમને કહ્યું કે દાઉદને
કહો કે, 'રાજાને તારી પાસેથી દહેજમાં ફકત 100
પલિસ્તીઓની ઈન્દ્રીયની ચામડી જ જોઈએ છે તેને તેના
દુશ્મનો ઉપર વેર વાળવું છે.'" શાઉલના મનમાં એવું હતું કે,
આ રીતે દાઉદ પલિસ્તીને હાથે માર્યો જશે.

26દાઉદના અમલદારોએ શાઉલનાં શબ્દો તેને કહ્યાં દાઉદે
આ પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લીધો. અને તરત કામ ઉપાડ્યું.
27દાઉદે અને તેના માણસોએ જઈને 200 પલિસ્તીઓને
મારી નાખ્યા. દાઉદે તેમની ઈન્દ્રિયની ચામડી લાવીને રાજાને
આપી; જેથી પોતે રાજાનો જમાઈ થઈ શકે. આથી શાઉલે
પોતાની પુત્રી મીખાલ દાઉદને પરણાવી.

28શાઉલે જોયું કે, યહોવા દાઉદની સાથે છે, વળી તેની
પુત્રી મીખાલ પણ તેના પ્રેમમાં પડી છે, 29આથી તે દાઉદથી
વધુને વધુ ડરવા લાગ્યો અને તેનો જીવનભર દુશ્મન બની
ગયો.

30જયારે પલિસ્તીઓનું સૈન્ય હુમલો કરતું, ત્યારે દરેક
વખતે શાઉલના બીજા અમલદારો કરતા દાઉદને વધારે
સફળતા મળતી અને આથી દાઉદનું નામ સમગ્ર દેશમાં
ખૂબ જ ખ્યાતિ પામ્યું.

## યોનાથાને દાઉદને મદદ કરી

19 શાઉલે પોતાન પુત્ર યોનાથાનને અને પોતાના બધા
અમલદારોને દાઉદને મારી નાખવાના પોતાના
ઈરાદાની વાત કરી, પરંતુ યોનાથાનને દાઉદ ઉપર ખૂબ
મિત્રપ્રેમ હતો. 2તેથી તેણે દાઉદને ચેતવ્યો કે, "મારા પિતા
શાઉલ તારો જીવ લેવાની તક શોધે છે, માટે આવતી કાલે
સવારે સાવધાન રહેજે; કોઈ ગુપ્ત જગ્યાએ છુપાઈ રહેજે.
3પછી હું મારા પિતાની સાથે તું જે ખેતરમાં છુપાયો હશે ત્યાં
આવીશ, અને તેની સાથે તારા વિષે વાત કરીશ, અને મને
જે કઈ જાણવા મળશે તે હું તને જણાવીશ."

4બીજે દિવસે સવારે યોનાથાને શાઉલ આગળ દાઉદની
પ્રશંસા કરતાં કહ્યું, "મુરબ્બી, તમારે તમારા જમાઈ અને
સેવક દાઉદને અન્યાય ન કરવો જોઈએ. તેણે તમારું કંઈ
બગાડયું નથી, તેણે જે કંઈ કર્યુ છે તેનાથી તો તમને લાભ જ
થયો છે. 5તેણે પોતાનો જીવ જોખમમાં મૂકીને પેલા પલિસ્તીને
માર્યો હતો અને યહોવાએ ઈસ્રાએલને મોટો વિજય અપાવ્યો
હતો એ જોઈને તમે પણ આનંદ પામ્યા હતા. તો પછી એક
નિર્દોષ માણસને શા માટે અન્યાય કરવો અને વગર કારણે
શા માટે દાઉદને મારી નાખવો?"

6આખરે શાઉલ તેની સાથે સંમત થયો અને યહોવાના
નામે પ્રતિજ્ઞા કરી કે, "મારે દાઉદને મારી નાખવો નહીં."

7યોનાથાને દાઉદને બોલાવીને આ બધી વાત કહી સંભળાવી. પછી તેને શાઉલ પાસે લઈ ગયો. દાઉદ ફરી પહેલાંની માફક રાજાની સેવા કરવા લાગ્યો.

### દાઉદને મારવા ફરી પ્રયત્ન કરતો શાઉલ

8તે પછી ટૂંક સમયમાં ફરી યુદ્ધ ફાટી નીકળ્યું. અને દાઉદે પલિસ્તીઓ ઉપર હુમલો કર્યો અને તેમને એવા હરાવ્યા કે, તેઓ જીવ લઈને ભાગ્યાં. 9એક દિવસે શાઉલ પોતાના ઘરમાં બેઠો બેઠો દાઉદનું વીણાવાદન સાંભળી રહ્યો હતો ત્યારે તેના હાથમાં તેનો ભાલો હતો. અચાનક તેના પર યહોવા તરફથી દુષ્ટ આત્મા આવ્યો; અને શાઉલમાં પ્રવેશ્યો. 10અને શાઉલે દાઉદને પોતાના ભાલા વડે ભીંત સાથે જડી દેવાનો પ્રયત્ન કર્યો; પણ દાઉદે ઘા ચુકાવ્યો અને શાઉલનો ભાલો ભીંતમાં પેસી ગયો. એ રાત્રે દાઉદ ત્યાંથી ભાગી ગયો.

11દાઉદના ઘર પર નજર રાખવા શાઉલે સૈનિકો મોકલ્યા અને તેઓને જણાવ્યું કે સવારે દાઉદ ઘરની બહાર નીકળે કે તરત તેને મારી નાખવો. પરંતુ દાઉદની પત્ની મીખાલે તેને ચેતવ્યો, "જો આજે રાત્રે તું નાસી નહિ જાય તો કાલે સવારે નક્કી તું મૃત્યુ પામશે." 12મીખાલે દાઉદને એક બારીમાંથી નીચે ઉતાર્યો અને તે ભાગી ગયો અને બચી ગયો. 13પછી મીખાલે કુળદેવતાની મૂર્તિ લઈને પથારીમાં મુકી તેને કપડા વડે ઢાંકી દીધી પછી તેને બકરાંના વાળ તેના માથા પર નાખી દીધાં.

14જયારે શાઉલના માણસો દાઉદને પકડવા આવ્યા ત્યારે મીખાલે કહ્યું, "એ બિમાર છે."

15પણ શાઉલે એ લોકોને દાઉદને નજરો નજર જોવા પાછા મોકલ્યા અને કહ્યું, "તેને પથારી સહિત અહીં ઉપાડી લાવો એટલે હું તેને પૂરો કરીશ."

16શાઉલના માણસો અંદર ગયા અને જોયું તો પથારીમાં કૂળદેવતાની મૂર્તિ માત્ર હતી.

17એટલે શાઉલે મીખાલને કહ્યું, "મારા શત્રુને ભાગી જવા દઈને તે મને શા માટે છેતર્યો"

મીખાલે શાઉલને જવાબ આપ્યો, "દાઉદે એમ કહ્યું કે, "જો ભાગી જવામાં હું તેની મદદ નહિ કરું તો તે મને મારી નાખશે."

### રામાના તંબૂઓમાં દાઉદ

18આમ દાઉદ ભાગીને રામામાં શમુએલ પાસે ગયો અને શાઉલે તેને જે બધું કર્યુ તે કહ્યું. પછી દાઉદ અને શમુએલ નાયોથ જઈને ત્યાં રહ્યાં.

19શાઉલને સમાચાર મળ્યા કે દાઉદ રામા ખાતે આવેલા નાયોથમાં છે, 20તેથી શાઉલે તેના માણસો દાઉદને પકડવા માટે મોકલ્યા. તેમણે ત્યાં કેટલાક પ્રબોધકોને તેમના આગેવાન શમુએલ સાથે પ્રબોધ કરતા જોયા. શાઉલના માણસોમાં દેવના આત્માનો સંચાર થયો અને તેઓ પણ પ્રબોધ કરવા લાગ્યા.

21જયારે શાઉલને ખબર પડી કે શું બન્યું હતું ત્યારે તેણે વધારે માણસોને દાઉદને પકડવા માટે મોકલ્યા અને તેઓમાં પણ દેવના આત્માનો સંચાર થયો અને, તેઓ પણ પ્રબોધ કરવા લાગ્યા તેથી તેણે ત્રીજી વાર બીજા માણસોને મોકલ્યા તો તેમની પણ એ જ હાલત થઈ અને તેઓ પ્રબોધ કરવા લાગ્યાં. 22આખરે તે પોતે રામા જવા નીકળ્યો, અને સેખુમાંના મોટા કૂવા નજીક આવીને તેણે પૂછયું, "શમુએલ અને દાઉદ કયાં છે?"

લોકોએ જવાબ આપ્યો, "તેઓ તો રામા ખાતે નાયોથમાં છે."

23પરંતુ તે ત્યાં જતો હતો ત્યારે તેનામાં પણ દેવના આત્માનો સંચાર થયો અને તે પણ નાયોથ સુધી પ્રબોધ કરતો ગયો. 24શાઉલ ત્યાં ગયો પોતાનાં વસ્ત્રો કાઢી નાખ્યાં અને શમુએલની સામે પ્રબોધ કર્યો. એ ત્યાં આખો દિવસ અને રાત નવસ્ત્રો જ પડી રહ્યો.

આથી લોકો કહેવા લાગ્યાં, "શાઉલ પણ પ્રબોધક થઈ ગયો કે શું?"

### યોનાથાન અને દાઉદની સંધિ

20 દાઉદે રામામાં આવેલા નાયોથથી ભાગીને યોનાથાન પાસે જઈને તેને કહ્યું, "મેં શું કર્યુ છે? મારો શો ગુનો છે? તારા પિતા કેમ મારો જીવ લેવા પાછળ પડયા છે?"

2યોનાથાને કહ્યું, "આ ખ્યાલ ખોટો છે. તારો જીવ લેવાનો કોઈ ઈરાદો નથી. મારા પિતા મને જણાવ્યા વિના કોઈ મહત્વનું કે બિનમહત્વનું કામ કરતા જ નથી. તેથી તે આ વાત મારાથી છુપાવે શા માટે? ના, એ સાચું નથી."

3દાઉદે જવાબ આપ્યો, "તારા પિતા બરાબર જાણે છે કે તું મારો સાચો મિત્ર છે. તેથી તેણે એમ વિચાર્યુ હશે કે, 'તને આની ખબર પડવી જોઈએ નહિ. નહિ તો તને દુ:ખ થશે અને એ વિષે તું મને કહીશ.' પણ હું તને યહોવાના સમ ખાઈને કહું છું, તારા સમ ખાઈને કહું છું કે, મારી અને મોતની વચ્ચે એક પગલાનું જ અંતર છે."

4યોનાથાને કહ્યું, "તો હું તારા માટે શું કરું?"

5દાઉદે કહ્યું, "આવતી કાલે અમાસનો પર્વ છે. આ ઉજવણી ના દિવસે મારે રાજા સાથે જમવાનું હોય છે, પણ હવે ખેતરમાં છુપાવા દો અને બીજે દિવસ પણ ત્યાં રહીશ. પહેલાં હું આ ઉત્સવમાં હંમેશા તારા પિતા પાસે રહેતો હતો, પણ આવતી–કાલે હું સીમમાં સંતાઈ રહીશ અને ત્રીજા દિવસની સાંજ સુધી હું ત્યાં જ રહીશ. 6જો મારી ગેરહાજરી તારા પિતાના ધ્યાનમાં આવે તો તું કહેજે કે, 'દાઉદ મારી રજા લઈને એકાએક તેને ઘેર બેથલેહેમ ગયો છે. કારણ, આખા કુટુંબનો વાર્ષિક યજ્ઞોત્સવ છે.' 7જો તે એમ કહે કે 'સારું' તો સમજવું કે, મને આંચ આવે એમ નથી. પણ જો તે ગુસ્સે થઈ જાય તો તારે ચોક્કસ સમજવું કે, તેણે મારું કાસળ કાઢવાનું નક્કી કર્યુ છે. 8યહોવાના નામે આપણે ભાઈઓ તરીકે કરાર કરેલો છે, તેથી તું મારે માટે આટલું કર, અથવા

તારા પિતાની વિરુદ્ધ મેં પાપ કર્યુ હોય તો તું જાતે જ મને
મારી નાખ, પણ મને તારા પિતાને સ્વાધીન કરતો નહિ!"
9યોનાથાને કહ્યું, "તું એ ખ્યાલ જ મગજમાંથી કાઢી નાખ.
મને જો ચોક્કસ ખબર હોત કે, મારા પિતાએ તારું કાસળ
કાઢવાનું નક્કી કર્યુ છે તો મેં તને કહ્યું ન હોત?"
10ત્યારે દાઉદે યોનાથાનને કહ્યું, "જો તારા પિતા તારી
સાથે કઠોરતાથી વાત કરશે એની જાણ મને કોણ કરશે?"
11યોનાથાને દાઉદને કહ્યું, "આપણે ખેતરની અંદર
જઈએ." પછી તે બંને ખેતરમાં ગયા.
12ત્યાં યોનાથાને દાઉદને કહ્યું, "ઈસ્રાએલના દેવ યહોવાની
સાક્ષીએ હું તને વચન આપું છું કે ત્રણ દિવસ સુધીમાં હું
મારા પિતાને તારા વિષે વાત કરીશ અને તારા માટે તે શું
ધારે છે તેની તને તરત જ જાણ કરીશ. 13જો મારા પિતા તને
હાનિ કરવાના હોય તો હું તને સંદેશો મોકલીશ અને સુરક્ષિત
જવા દઈશ. જો હું આમ ન કરું તો ભલે યહોવા મને સજા
કરે. યહોવા જેમ મારા પિતાની મદદમાં રહેતા હતા તેમ
તારી મદદમાં રહો. 14હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી મારા
ઉપર દયા રાખજે, 15અને જો હું મૃત્યુ પામું તો મારા કુટુંબ
ઉપર દયા દેખાડવાનું બંધ ન કરતા. જ્યારે યહોવા આ
જગતમાંથી તારા બધા દુશ્મનોનો નાશ કરે ત્યારે પણ મારા
સંતાનો પર દયા રાખજે. 16આ પ્રમાણે યોનાથાને દાઉદ
સાથે એક સંધિ કરી,* કહેતા, "યહોવા દાઉદના દુશ્મનોને
સજા કરે."
17યોનાથાનને દાઉદ પ્રાણ સમાન વહાલો હતો, આથી
તેણે ફરી દાઉદ પાસે મૈત્રીની પ્રતિજ્ઞા કરાવી.
18પછી તેણે દાઉદને કહ્યું, "આવતીકાલે અમાસ છે; અને
તારી ગેરહાજરી જણાઈ આવશે, કેમ કે તારી બેઠક ખાલી
હશે. 19ત્રીજે દિવસે પહેલાં જયાં તું સંતાયો હતો તેજ જગ્યાએ
જજે. તે પર્વત પાસે રાહ જોજે. 20પછી હું ત્યાં આવીને જાણે
કે નિશાન તાકતો હોઉં તેમ ખડક ઉપર ત્રણ તીર છોડીશ.
21પછી હું મારા નોકરને મોકલીશ અને કહીશ કે, તીર શોધી
લાવ. જો હું નોકરને એમ કહું કે, 'તીર તારી આ બાજુએ છે,
ઉપાડી લે,' તો તારે સમજવું કે તું સુરક્ષિત છે, અને બહાર
આવવું, હું તને યહોવાના સમ ખાઈને કહું છું કે તારા માથે
જરાપણ ભય નહિ હોય. 22પણ જો હું તેને એમ કહું છું કે
'તીર હજી આગળ છે જા અને લઈ આવ.' તો તારે ભાગી
જવું કારણ, યહોવા પોતે જ તને મોકલી દે છે. 23આપણે
એકબીજા સાથે કરેલા કરારને પાળવાનું આપણે યાદ રાખીએ
યહોવા આપણી મદદ કરશે કારણકે તે આપણા સદાના
સાક્ષી છે."

## શાઉલનો ખાવા પ્રત્યે અભિગમ

24આથી દાઉદ ખેતરમાં સંતાઈ ગયો. અમાસ આવી એટલે
રાજા ભોજનમાં ભાગ લેવા આવ્યો. 25અને પોતાનું હંમેશનું
દિવાલ પાસેનું આસન લીધું. આબ્નેર તેની જોડેના આસન
ઉપર બેઠો. અને યોનાથાન સામેના આસન પર બેઠો.
26દાઉદનું આસન ખાલી હતું. પણ તે દિવસે શાઉલ કંઈ
બોલ્યો નહિ, તેણે ધાર્યુ કે, "કંઈક થયું હોવું જોઈએ, જેથી
દાઉદ અશુદ્ધ થયો હશે"
27શાઉલે જોયું કે અમાસ પછીના દિવસે પણ દાઉદનું
આસન ખાલી હતું. એટલે શાઉલે યોનાથાનને પૂછયું, "શા
માટે ઈશાઈનો પુત્ર ગઈકાલે અને આજે જમવા ન આવ્યો?"
28યોનાથાને શાઉલને જવાબ આપ્યો, "દાઉદે મારી પાસે
બેથલેહેમ જવાની રજા માગી હતી. 29તેણે કહ્યું હતું કે, 'કૃપા
કરીને મને જવા દો, કારણ, અમારું કુટુંબ ગામમાં યજ્ઞ ઊજવે
છે અને મારા ભાઈએ મને હાજર રહેવા જણાવ્યું છે એટલે
જો તને મારે માટે લાગણી હોય તો મને મારા ભાઈઓને
મળવા જવા દે.' તેથી તે રાજાના ભોજનમાં ગેરહાજર છે."
30શાઉલ યોનાથાન ઉપર ગુસ્સે થઈ ગયો, અને કહ્યું, "તું
એક ગુલામ સ્રીનો દીકરો છો જે આજ્ઞા પાળવાની મનાઈ કરે
છે? તને ખબર નથી કે ઈશાઈ નાં દીકરાનો પક્ષ લેવાથી તું
તારા કુટુંબને અપમાનિત કરીશ અને તારી માતાની
બદનામી કરીશ. 31જયાં સુધી ઈશાઈનો પુત્ર આ ધરતી
ઉપર જીવે છે ત્યાં સુધી ન કે તું કે તારું રાજય સ્થાપિત થશે.
તેથી કોઈને મોકલ જઈ તેને મારી પાસે લાવવા, કેમ કે તેને
મરવા નું છે."
32અને યોનાથાન તેના પિતા શાઉલ પાસે આવ્યો અને
કહ્યું, "શા માટે આપણે તેને મારી નાખવો જોઈએ? તેણે શું
કર્યુ છે?"
33એટલે શાઉલે યોનાથાનને મારવા માટે ભાલો ઉગામ્યો,
એટલે યોનાથાન સમજી ગયો કે મારા પિતાએ દાઉદનો
જીવ લેવાનો નિશ્ચય કર્યો છે. 34તેથી યોનાથાન ગુસ્સે થઈને
ખાણા પરથી ઊઠી ગયો. અને બીજને દિવસે તેણે કશું ય
ખાધું નહિ, કારણ કે તેના પિતાએ દાઉદનું અપમાન કર્યુ
એથી તેને ઘણું દુ:ખ થયું હતું.

## ફરી મળીશું કહેતા યોનાથાન અને દાઉદ

35બીજે દિવસે સવારે યોનાથાન દાઉદ સાથે નક્કી કર્યા
મુજબ એક છોકરાને લઈને ખેતરમાં ગયો. 36તેણે છોકરાને
કહ્યું, "હું હમણા જે તીર છોડું છું તેને દોડીને લઈ આવ."
છોકરો દોડયો અને યોનાથાને તેના માથાની ઉપરથી તીરો
છોડ્યાં. 37છોકરો તીર જયાં પડ્યાં હતાં ત્યાં પહોંચી ગયો
ત્યારે યોનાથાને તેને બૂમ પાડીને કહ્યું, "તીર તો ઘણા આગળ
છે." 38"જલદી દોડ, ઉતાવળ કર, વિલંબ ન કરીશ." છોકરો
તીર ઉપાડી લઈને તેના ધણીની પાસે પાછો આવ્યો. 39ફકત
યોનાથાન અને દાઉદ જ આનો અર્થ સમજતા હતા. છોકરાને
કશી ખબર નહોતી. 40યોનાથાને પોતાનાં હથિયાર છોકરાને
આપીને કહ્યું, "પાછો શહેરમાં લઈ જા."
41છોકરાના ગયા પછી તરત જ દાઉદ દક્ષિણ બાજુએથી
ઊઠીને આવ્યો, અને યોનાથાનને ત્રણ વાર સાષ્ટાંગ દંડવત
પ્રણામ કર્યા; અને તેઓએ એકબીજાને ચુંબન કર્યુ. અને
એકબીજાને ભેટીને રડ્યા. દાઉદ યોનાથાન કરતાં વધારે રડતો
હતો.

**આ ... કરી** મૂળ પ્રમાણે "દાઉદના ઘર સાથે."

42યોનાથાને દાઉદને કહ્યું, "શાંતિથી જા, કારણ તારી અને
મારી વચ્ચે અને તારા કુટુંબ અને મારાં કુટુંબ વચ્ચે એક
સંધિ છે અને યહોવા તેના સાક્ષી છે. આપણે પ્રતિજ્ઞા લીધી
છે અને કહ્યું છે કે યહોવા આપણી વચ્ચે સદા માટે સાક્ષી
રહેશે."

## દાઉદ અહીમેલેખ યાજકને મળવા ગયો

21 ત્યારબાદ દાઉદ ગયો અને યોનાથાન પોતાના ગામે
પાછો આવ્યો.
2દાઉદ નોબ નગરમાં અહીમેલેખ યાજકને મળવા ગયો,
અહીમેલેખે તેને જોયો એટલે તે કાંપવા લાગ્યો, તેણે પૂછયું,
"તું કેમ એકલો છો? કેમ તારી સાથે કોઈ નથી?"
3એટલે દાઉદે અહીમેલેખ યાજકને કહ્યું કે, રાજાએ મને
એમ કહીને આદેશ કર્યો છે હું તને ખાનગી કામ પર મોકલી
રહ્યો છું. તેના વિષે કોઈને ખબર પડવી જોઈએ નહી. મેં
મારા માણસોને મને એક જગ્યાં પર મળવાનું કહ્યું. 4અત્યારે
હવે એ કહો કે ભોજન માટે શું છે? પાંચેક રોટલી છે? હોય
તો આપો, જે હોય તે લાવો."
5પછી યાજકે દાઉદને કહ્યું આપણી પાસે સાદી રોટલી
બિલકુલ નથી, આપણી પાસે માત્ર પવિત્ર રોટલી છે, જો તે
અને તારા માણસોએ કોઈ સ્ત્રી સાથે સંભોગ ન કર્યો હોય
તો તમે તે ખાઈ શકો છો."
6દાઉદે કહ્યું , "હું તમને ખાતરી આપું છું કે અમે કોઈ
સ્ત્રી સાથે જાતિય સંબધ નથી કર્યો, મારા માણસો સામાન્ય
ફરજો પર લડવા જાય છે ત્યારે પણ પોતાની જાતને શુદ્ધ
રાખે છે. આજે પણ આ વિષેશ કર્તવ્ય માટે તેઓએ પોતાની
જાતને શુદ્ધ રાખી છે."
7યાજકે ત્યાં બીજી રોટલી ન હતી તેથી તેમને પવિત્ર
રોટલી આપી. જે યહોવાની સમક્ષ અર્પણ તરીકે મૂકવામાં
આવી હતી. દરરોજ તાજી પવિત્ર રોટલી અર્પણ કરવામાં
આવતી.
8તે દિવસે શાઉલનો એક માણસ ત્યાં હતો, તેને યહોવા
સમક્ષ રાખવામાં આવ્યો હતો; તેનું નામ દોએગ અદોમી
હતું, તે શાઉલના ભરવાડોનો મુખ્ય હતો.
9દાઉદે અહીમેલેખને કહ્યું, "તમારી પાસે કોઈ શસ્ર છે
જેવું કે ભાલો અથવા તલવાર? હું મારી તલવાર કે ભાલો
મારી સાથે લાવ્યો નથી, કારણ, રાજાનું કામ તાકીદનું હતું."
10યાજકે ઉત્તર આપ્યો, "મારી પાસે ગોલ્યાથ પલિસ્તીની
તલવાર છે, જેને તમે એલાની ખીણમાં મારી નાખ્યો હતો,
તે કપડાંમાં વીટાંળીને એફોદની પાછળ મૂકેલી છે. જો તારી
ઈચ્છા હોય તો તે લે મારી પાસે બીજી કોઈ નથી."
તેથી દાઉદે કહ્યું, "એના જેવી એકે નથી તેથી એ મને
આપ."

## ગાથ ભાગી જતો દાઉદ

11દાઉદ ઊભો થયો અને શાઉલથી આખીશનાં રાજા પાસે
નાસી ગયો. 12રાજાના સેવકોએ આખીશને કહ્યું, "આ શું તે
દેશનો રાજા દાઉદ નથી? એને વિષે જ લોકો નાચતાં નાચતાં
ગાતાં નહોતા કે,

"શાઉલે હજારોનો ઘાણ કાઢયો છે,
પણ દાઉદે તો લાખોનો?"

13દાઉદે આ સાંભળ્યું ત્યારે રાજા આખીશ તેને શું કરશે તે
વાતથી એ ગભરાયો. 14પછી તેણે ગાંડા હોવાનો ઢોંગ કર્યો.
તેણે નગરના દરવાજા પર લીટા દોર્યા, અને દાઢી ઉપર લાળના
એલા ઉતારવા માંડયા.
15આખીશે પોતાના સેવકોને કહ્યું, "તમે જુઓ છો કે એ
માણસ ગાંડો છે, પછી એને મારી પાસે શા માટે લાવો છો?"
16મારી પાસે ગાંડા માણસોની ખોટ છે કે તમે આ માણસને
મારી હજૂરમાં ગાંડા ચાળા કરવાને લાવ્યા છો? શું આવા
માણસને મારા ઘરમાં રાખવાનો છે?"

## દાઉદનું અનેક સ્થળોએ જવું

22 તેથી દાઉદે ત્યાંથી ભાગી જઈને અદુલ્લામની
ગુફામાં આશરો લીધો, જયારે તેના ભાઈઓએ
અને આખા કુટુંબે એમ સાંભળ્યું કે એ ત્યાં છે, ત્યારે તેઓ
તેને ત્યાં જઈને મળ્યા. 2માણસો જે મુશ્કેલીમા હતા, અથવા
જેને દેવું થઈ ગયું હતું અથવા જેઓ દુ:ખી હતા તેઓ દાઉદ
સાથે જોડાવા ભેગા થયો. આશરે 400 માણસો હતાં. અને તે
એ લોકોનો આગેવાન બન્યો.
3ત્યાથી દાઉદ મોઆબનાં પ્રદેશમાં મિસ્પાહ ગયો. તેણે
મોઆબના રાજાને કહ્યું, "યહોવા મને શું કરશે તેની મને
ખબર નથી અને તેની મને જાણ થાય ત્યાં સુધી, કૃપા કરીને
મારાં માબાપને તમારી સાથે આવીને સુરક્ષા સાથે રહેવા
દો." 4આમ, દાઉદે પોતાનાં માબાપને મોઆબના રાજા સાથે
રાખ્યાં અને જયાં સુધી દાઉદ સંતાતો છુપાતો રહ્યો, ત્યાં
સુધી તેઓ ત્યાં જ રહ્યાં.
5પણ ગાદ પ્રબોધકે દાઉદને કહ્યું કે, "કિલ્લાની અંદર
રહીશ નહિ. યહૂદાના પ્રદેશમાં જા" આથી દાઉદ કિલ્લામાંથી
નીકળીને હેરેથના જંગલમાં ચાલ્યો ગયો.

## અહીમેલેખના કુટુંબનો વિનાશ કરતો શાઉલ

6અને શાઉલ ગિબયાહમાં ટેકરી ઉપર આવેલા સરુના
ઝાડ નીચે હાથમાં ભાલો લઈને બેઠો હતો અને તેના
દરબારીઓ તેની આસપાસ ઊભા હતા એવામાં તેને સમાચાર
મળ્યા કે દાઉદ અને તેની સાથેના માણસોનો પત્તો મળ્યો
છે. 7તેથી શાઉલે પોતાની આજુબાજુના નોકરોને કહ્યું,
"સાંભળો, બિન્યામીનના માણસો! તમે એમ માનોછો કે
ઈશાઈનો પુત્ર તમને ખેતરો અને દ્રાક્ષની વાડીઓ આપવાનો
છે? તમે એમ માનો છોકે એ તમને 1000 કે 100 સૈનિકના
અમલદાર બનાવવાનો છે? 8તમે મારી સામે કાવતરું કરો
છો! તમારામાંથી કોઈ એકે મને મારા પુત્રે ઈશાઈના પુત્ર
સાથે કરેલ કરાર વિષે કહ્યું નથી. મારી કોઈને પડી નથી.
તમારામાંથી કોઈ એકે મને એ કહ્યું નહી કે મારા દીકરાએ
દાઉદને સંતાઈને મારા ઊપર હુમલો કરવા પ્રોત્સાહન આપ્યુ

હતું. તેથી હવે મારો સેવક દાઉદ મારા ઊપર હુમલો કરવા રાહમા સંતાયો છે."

9ત્યારે શાઉલના ચાકરો પાસે દોએગ અદોમી ઊભો હતો. તેણે કહ્યું, "હું નોબમાં હતો ત્યારે મેં દાઉદને અહીટૂબના પુત્ર અહીમેલેખ યાજક સાથે વાત કરતાં જોયો હતો. 10અહીમેલેખે દાઉદ માટે યહોવાને પ્રાર્થના કરી અને તેને ખાવાનું આપ્યું હતું અને પલિસ્તી ગોલ્યાથની તલવાર તેને આપી."

11શાઉલે અહીટૂબના પુત્ર અહીમેલેખને અને તેના યાજક કુટુંબીઓને નોબમાંથી બોલાવ્યા, અને તેઓ બધા રાજાની સમક્ષ હાજર થયા. 12શાઉલે અહીમેલેખને કહ્યું, "અહીટૂબના પુત્ર, સાંભળ," "જેવી ધણીની આજ્ઞા." તેણે જવાબ આપ્યો.

13શાઉલે તેને પૂછયું, "તેં અને ઈશાઈના પુત્રે મારી વિરુદ્ધ કાવતરું શા માટે કર્યુ? તેં તેને ખાવાનું આપ્યું, તલવાર આપી અને તેના માટે યહોવાને પ્રાર્થના પણ કરી. હવે તે સંતાઈ ગયો છે મને મારી નાખવાની રાહમાં."

14અહીમેલેખે જવાબ આપ્યો, "તમારા બધા અમલદારોમાં દાઉદ જેવો કોઈ વફાદાર નથી; તે તમારો જમાઈ છે, તમારા અંગરક્ષકોનો નાયક છે, અને તમારા દરબારમાં માનભર્યુ સ્થાન ધરાવે છે. 15ભૂતકાળમાં મે દાઉદ માટે પ્રાર્થના કરી હતી તેથી તે પહેલીવારની ન હતી. મેં તારી વિરુદ્ધ કંઈ કરવાનો વિચાર પણ નથી કર્યો. તેથી એના માટે મારે મારો અથવા મારા કુટુંબીનો વાંક ન કાઢવો કારણ, કે તમારા આ સેવકને એના વિષે કોઈ જાણ હતી નહી. "

16ત્યારે રાજાએ કહ્યું, "હે અહીમેલેખ, તું તારા પિતાના આખા કુટુંબ સહિત ખચીત માર્યો જશે." 17પછી રાજાએ પોતાની પાસે ઊભેલા રક્ષકોને કહ્યું, "આગળ વધો અને યહોવાના યાજકોને મારી નાખો, કારણ કે તેઓ સર્વ દાઉદ સાથે મળી જઈ કાવતરું કરનારા છે, દાઉદ મારી પાસેથી ભાગી જતો હતો તે તેઓ જાણતા હતા છતાં એમણે મને જાણ કરી નથી."

પણ રાજાના સેવકો યહોવાના યાજકોના જીવ લેવા હાથ ઉગામવા તૈયાર નહોતા, 18આથી શાઉલે અદોમી દોએગને કહ્યું, "દોએગ, તું જ યાજકોને મારી નાખ." તેથી દોએગે યાજકોને મારી નાખ્યા; એજ દિવસે તેણે તેઓમાના 85ને મારી નાખ્યા. 19અને યાજકોના નગર નોબને પણ તેણે તલવારની ધારથી કતલ કર્યુ. શાઉલે બાળબચ્ચાં સુદ્ધાં, યાજકોના નગર નોબમાં વસતાં બધાંજ સ્ત્રીપુરુષોની, તેમ જ બળદો, ગધેડાં અને ઘેટાંની હત્યા કરાવી.

20પરંતુ અહીમેલેખનો એક પુત્ર અબ્યાથાર છટકી ગયો અને દાઉદને જઈ મળ્યો. 21અબ્યાથારે શાઉલે યહોવાના યાજકોની હત્યા કર્યાની વાત દાઉદને કરી. 22ત્યારે દાઉદે કહ્યું, "મેં તે દિવસે અદોમી દોએગને જોયો ત્યારે જ હું સમજી ગયો હતો કે એ જરૂર શાઉલને વાત કરશે, તારા કુટુંબીઓના શાઉલ દ્વારા મોત માટે હું જવાબદાર છું. 23તું અહી મારી સાથે રહે, ગભરાઈશ નહિ. જે કોઈ (શાઉલ) તારો જીવ લેવા પ્રયાસ કરે છે તે મારો જીવ પણ લેવા મથે છે. મારી સાથે તું સલામત છે."

### દાઉદ દ્વારા કઈલાહનગરનું રક્ષણ

23 લોકોએ દાઉદને કહ્યું, "પલિસ્તીઓએ કઈલાહ શહેર ઉપર હુમલો કર્યો છે અને ખળાં લૂંટી રહ્યા હતા."

2તેથી તેમણે યહોવાને પ્રશ્ન કર્યો કે, "મારે જઈને આ પલિસ્તીઓ ઉપર હુમલો કરવો?"

યહોવાએ જવાબ આપ્યો, "હા, તું જઈને પલિસ્તીઓ ઉપર હુમલો કર અને કઈલાહને બચાવ."

3પરંતુ દાઉદના માણસોએ કહ્યું, "અહીં આપણે યહૂદાના લોકોથી છુપાઈ રહ્યા છીએ અને ભયભીત છીએ. આપણે કઈલાહમાં જઈને પલિસ્તીઓ સાથે યુદ્ધ કેવી રીતે કરીશુ?"

4દાઉદે કરી વાર યહોવાને પુછયુ. યહોવાએ તેને કહ્યું, "કઈલાહ જાવ. હું તમને વિજયી બનાવીશ. તમે પલિસ્તીઓને હરાવશો." 5આથી દાઉદ અને તેના માણસોએ કઈલાહ જઈને પલિસ્તીઓ ઉપર હુમલો કર્યો, તેમને સખત હાર આપી. અને તેઓ તેમનાં ઢોરને હાંકી ગયા. આમ તેમણે શહેરને બચાવી લીધું. 6અને અહીમેલેખનો પુત્ર અબ્યાથાર દાઉદ પાસે કઈલાહ ભાગી ગયો, ત્યારે તે પોતાના હાથમાં એક એફોદ લેતો આવ્યો હતો.

7શાઉલને જયારે સમાચાર પ્રાપ્ત થયા કે દાઉદ કઈલાહ ગયો છે, ત્યારે તે બોલ્યો, "દેવે એને મારા હાથમાં સોંપી દીધો છે, કારણ, દરવાજા અને ભોગળવાળા શહેરમાં પેસીને તે ફસાયો છે." 8કઈલાહે જઈને દાઉદને અને તેના માણસોને ઘેરી લેવા માટે શાઉલે લશ્કરને તૈયાર થવા જણાવ્યું.

9દાઉદને તેની વિરુદ્ધ શાઉલની યોજનાની ખબર પડી. દાઉદે અબ્યાથાર યાજકને એફોદ લઈ આવવા કહ્યું.

10પછી દાઉદે કહ્યું, "હે યહોવા, ઈસ્રાએલના દેવ મેં, તારા સેવકે એવું સાંભળ્યું છે કે શાઉલ કઈલાહ આવીને મારે કારણે શહેરનો નાશ કરવાનો છે. 11કઈલાહના નાગરિકો મને શાઉલના હાથમાં સોંપી દેશે? મેં સાંભળ્યા પ્રમાણે શાઉલ ખરેખર આવશે? ઓ ઈસ્રાએલના દેવ યહોવા, કૃપા કરીને આ સેવકને જવાબ આપો."

યહોવાએ કહ્યું, "શાઉલ આવશે."

12એટલે દાઉદે કહ્યું, "શું 'કઈલાહ'ના માણસો મને તથા મારા માણસોને શાઉલના હાથમાં સોંપી દેશે?"

યહોવાએ જવાબ આપ્યો, "તેઓ તને સોંપી દેશે."

13આથી દાઉદ અને તેના આશરે 600 માણસો તરત જ કઈલાહ છોડી ગયા અને અહીંથી તહીં ભટકતા રહ્યા. જયારે શાઉલને ખબર પડી કે દાઉદ કઈલાહથી ભાગી ગયો છે, ત્યારે તેણે હુમલાનો વિચાર માંડી વાળ્યો.

### દાઉદને શોધતો શાઉલ

14દાઉદ રણની અંદર કિલ્લામાં રહેતો. પછી તે તેના માણસો સાથે પર્વતોમાં ઝીફ રણમાં સંતાઈ ગયો. શાઉલ હમેશા

તેઓને શોધતો હતો. પરંતુ દેવે શાઉલને દાઉદને પકડવા ન
દીધો.
15તેમ છતાં દાઉદ ઝીફના રાનમાં આવેલા હોરેશમાં માર્યો
માર્યો ફરતો હતો, કારણ, શાઉલ તેનો જીવ લેવા તેની પાછળ
પડ્યો. 16પછી શાઉલનો દીકરો યોનાથાન હોરેશમાં દાઉદ
જ્યા સંતાયો હતો ત્યાં મળવા ગયો અને દેવમાં વિશ્વાસ
રાખ્વા પ્રોત્સાહન આપ્યું. 17તેણે કહ્યું, "ગભરાઈશ નહીં.
મારા પિતા તને ઈજા કરી શકે તેમ નથી. તું ઈસ્રાએલનો
રાજા થનાર છે, મારું સ્થાન તારા પછી હશે. મારા પિતા એ
જાણે છે."
18અને બંનેએ યહોવાની સાક્ષીએ મૈત્રીના કરાર કર્યા.
તેથી દાઉદ હોરેશમાં રહ્યો અને યોનાથાન ઘેર ગયો.

### દાઉદ વિશે શાઉલને માહિતગાર કરતાં ઝીફીઓ

19ત્યારબાદ ઝીફીઓએ ગિબયાહમાં શાઉલ પાસે આવીને
કહ્યું, "દાઉદ અમારા ક્ષેત્રમા, યશીમોનની દક્ષિણમા,
હખીલાહ ડુંગર પર કિલ્લામાં સંતાએલો છે. 20આપ
નામદારની જયારે ઈચ્છા થાય ત્યારે આવો, અને તેને આપ
નામદારને સોંપી દેવાનું કામ અમારું છે."
21શાઉલે કહ્યું, "મારા ઉપર મહેરબાની કરવા બદલ યહોવા
તમારું ભલું કરો. 22તમે જઈને વધુ ખાતરી કરો, તે કયાં રહે
છે અને કોણે તેને જોયો છે, તેની ચોક્કસ તપાસ કરો. 'મને
જાણવા મળ્યું છે કે તે બહું પાકો છે.' 23તમે બધાં જાવ અને
તે કયાં સંતાયો છે તેની તપાસ કરો તમને એ વિષે ખાતરી
થાય ત્યારે મારી પાસે પાછા આવજો ત્યારે હું તમારી સાથે
આવીશ,જો તે એ પ્રદેશમાં હશે તો, યહૂદાના એકે એક કુટુંબની
શોધ કરવી પડે તો ય હું તેને શોધી કાઢીશ."
24ત્યાર બાદ ઝીફનાં લોકો ઝીફ પહોંચી ગયા.
દાઉદ અને તેના માણસો યશિમોનની દક્ષિણે આવેલાં
માઓનના રણમાં હતા. 25જ્યારે તેને દાઉદનાં સંતાવા વિષે
ખબર પડી ત્યારે શાઉલ અને તેના માણસો દાઉદની શોધમાં
નીકળી પડ્યા. પણ દાઉદને એની જાણ થતાં તે માઓનના
રણમાં એક ખડકની ભેખડમાં ચાલ્યો ગયો. શાઉલને આની
ખબર પડી અને ત્યાં તેનો પીછો કર્યો,
26શાઉલ અને તેના માણસો ડુંગરની એક બાજુએ હતા.
દાઉદ અને તેના માણસો બીજી બાજુએ હતાં. દાઉદ અને
તેના માણસો શાઉલથી ઝટપટ ભાગી છૂટવાનો પ્રયત્ન કરતા
હતા, અને શાઉલ અને તેના માણસો તેમને આંતરી લઈને
પકડી લેવાની અણી ઉપર હતા.
27એવામાં એક કાસદે આવીને શાઉલને કહ્યું, "તાબડતોબ
પાછા આવો! પલિસ્તીઓએ દેશ પર હુમલો કર્યો છે."
28શાઉલે દાઉદનો પીછો પકડવાનું બંધ કર્યું અને
પલિસ્તીઓનો સામનો કરવા તે પાછો વળ્યો. આથી તે જગ્યા
"સેલા-હામ્માહલકોથ" ને નામે ઓળખાય છે. 29દાઉદ
માઓનના રણમાંથી નીકળીને એન-ગેદીના ગઢોમાં
ગયો.

### દાઉદે શાઉલને શરમિંદો કર્યો

24 પલિસ્તીઓ સાથે યુદ્ધ કરીને શાઉલ પાછો આવ્યો
તેને કોઈએ કહ્યું કે "દાઉદ એન-ગેદીના વગડામાં
છુપાયો છે."
2એટલે શાઉલે સર્વ ઈસ્રાએલમાંથી 3,000 માણસોને પસંદ
કર્યા અને તેમની સાથે દાઉદ અને તેના માણસોને શોધવા
જંગલી બકરાંના ખડક પર ગયા. 3અને પછી તે રસ્તે ઘેટાના
વાડા હતા અને તેની પાસે એક ગુફા હતી ત્યાં શાઉલ હાજતે
ગયો. એ જ ગુફાની છેક અંદરના ભાગમાં દાઉદ અને તેના
માણસો સંતાયેલા હતા. 4દાઉદના માણસોએ તેને કાનમાં
કહ્યું, "યહોવાએ તમને કહ્યું હતું કે, 'હું તારા દુશ્મનોને તારા
હાથમાં સોંપી દઈશ અને તારે તેને જે કરવું હોય તે કરજે.
એ દિવસ આજે આવ્યો છે.'"
દાઉદે ઊભા થઈને ખબર ન પડે તે રીતે શાઉલના ઝભ્ભાની
ચાળ કાપી લીધી. 5પણ પછી ચાળ કાપવા માટે તેનું અંતર
તેને ડંખવા લાગ્યું. 6પછી તેણે તેના માણસોને કહ્યું, "મારે તે
પ્રમાણે કરવું જોઈતું નહોતું. કારણ કે, એ યહોવાએ અભિષેક
કરેલો રાજા છે," 7આમ કહીને દાઉદે પોતાના માણસોને
પાછા વાર્યા, તેમને શાઉલની સામે ઊઠવા દીધા નહિ, પછી
શાઉલ ગુફામાંથી ઊભો થઈને રસ્તે પડ્યો.
8દાઉદ પણ પાછળથી ઊઠયો, ને ગુફાની બહાર નીકળીને
શાઉલને હાંક મારીને કહ્યું, "મારા ધણી અને રાજા!"
શાઉલે પાછા ફરીને જોયું. દાઉદે ભૂમિ પર લાંબા થઈને
પ્રણામ કર્યા અને કહ્યું, 9"દાઉદ આપને મારી નાખવા ફરે
છે. 'એવું કહેનાર લોકોનું તમે સાંભળો છો શા માટે?' 10આ
તમે પોતે જોઈ રહ્યાં છો. આજે યહોવાએ એ ગુફામાં તમને
મારા હાથમાં સોપી દીધા અને હું તમને ત્યાજ મારી નાખી
શકત. મારા માણસોએ તમને મારી નાખવાનુ કહ્યું પરંતુ મે
તમારા જીવ પર દયા કરી, કારણ કે હુ મારા ધણીને મારી
શકતો નથી કારણ કે યહોવાએ પોતે તમને રાજા બનાવ્યા
હતા. 11જુઓ, મારા હાથમાં શું છે? આ રહી મારા હાથમાં
આપના ઝભ્ભાની ચાલ, મેં એ કાપી લીધી, પણ આપનો
વધ ન કર્યો. એથી આપને ખાતરી થશે કે, મારા મનમાં
આપની સામે બળવો કરવાનો કે આપને ઈજા પહોંચાડવાનો
ખ્યાલ જ નથી. મેં આપનું કશું જ બગાડયું નથી, તેમ છતાં
આપ મારો જીવ લેવા મારી પાછળ પડયા છો. 12યહોવા
તારી અને મારી વચ્ચે ન્યાયાધીશ રહેશે. તમે મારી સાથે
ખોટું કર્યુ છે, યહોવા તેના માટે તમને સજા કરે. પણ હું
આપની સામે હાથ ઉગામવાનો નથી. 13એક જૂની કહેવત
છે કે,

'દુષ્ટતા દુષ્ટોમાંથી નીકળે છે.'

પણ હું તમારું કદી નુકસાન કરીશ નહિ. 14ઈસ્રાએલના
રાજા કોને પકડવા નીકળી પડયા છે? તમારે શું મરેલા કૂતરા
અથવા ચાંચડ હાંકવાના છે? 15ભલે યહોવા તારી અને મારી
વચ્ચે ન્યાયધીશ રહે. યહોવા મારો પક્ષ લેશે અને હું સાબિત
કરીશ કે હું સાચો છું. તેઓ મારી સાથે રહે અને તારા હાથમાંથી
મને બચાવે."

16દાઉદ બોલી રહ્યો એટલે શાઉલે કહ્યું, "આ મારો પુત્ર
દાઉદ બોલે છે?" એમ બોલીને મોટેથી રડવા લાગ્યો, 17પછી
તેણે દાઉદને કહ્યું, "ન્યાય તારે પક્ષે છે, મારે પક્ષે નથી, તેં
મારું કેટલું બધું ભલું કર્યુ છે પણ હું તારા પર ક્રૂર હતો.
18આજે તેં મારા પ્રત્યે અદભુત ભલાઈ દર્શાવી છે. યહોવાએ
મને તારા હાથમાં સોંપી દીધો હતો, પણ તેં મને મારી
નાખ્યો નહિ. 19જો કોઈ માણસના હાથમાં તેનો દુશ્મન
આવે, તો તે તેને શાંતિથી જવા ન દે. આજ તે મારું ભલું કર્યુ
છે તેથી યહોવા તને તારા સારા કામ માટે સારો બદલો
આપશે. 20હું જાણું છું કે તું ચોકક્સ રાજા બનશે અને ઈસ્રાએલી
પ્રજા પર તું રાજ કરશે. 21માટે આજે તું યહોવાના નામ ની
પ્રતિજ્ઞા લે અને મને વચન આપ કે મારા મરણ પછી તું
મારા વંશજોને નહી મારી નાખે અને મારા પિતાના કુટુંબમાથી
મારું નામ ભૂંસી નહી નાખે"
22દાઉદે શાઉલને એ પ્રમાણે વચન આપ્યું અને શાઉલ
પાછો ઘેર ગયો. પરંતુ દાઉદ અને તેના માણસો પાછા ગઢોમાં
ગયા.

## દાઉદ અને મુર્ખ નાબાલ

25 થોડા સમય બાદ શમુએલનું અવસાન થયું. સર્વ
ઈસ્રાએલીઓ તેના દફન માટે ભેગા થયા અને
તેના અવસાન પર તેઓએ શોક જાહેર કર્યો અને રામામાં
તેને ઘરમા દફનાવ્યો. એ પછી દાઉદ પારાનના રણમાં ચાલ્યો
ગયો.
2ત્યાં માઓનમાં એક માણસ રહેતો હતો. તે ઘણો ધનવાન
હતો, તેની પાસે 3,000 ઘેટા અને 1,000 બકરાં હતાં. તે
કાર્મેલમાં તેના ઘેટાના ઊન કાપવાની દેખરેખ કરી રહ્યો
હતો. 3તેનું નામ નાબાલ હતું અને તેની પત્નીનું નામ
અબીગાઈલ હતું, તે ખૂબ રૂપાળી અને બુદ્ધિશાળી સ્ત્રી હતી.
પરંતુ તેનો પતિ હલકટ અને તોછડો હતો. તે કાલેબ વંશનો
હતો.
4દાઉદને વગડામાં ખબર મળી કે, નાબાલ ઘેટાનું ઊન
ઉતરાવે છે. 5એટલે તેણે દસ જુવાન માણસોને બોલાવ્યા
અને કહ્યું, "તમે કાર્મેલ પહોંચી જાઓ, અને નાબાલને 'પ્રણામ'
કરજો અને મારા અભિનંદન કહેજો. 6તમારે મારા ભાઈને
એમ કહેવું કે, "દાઉદ તમારી, તમારા કુટુંબની અને તમારી
સંપત્તિની સુરક્ષા, આબાદી અને વૃદ્ધિ ઈચ્છે છે. 7મેં સાંભળ્યું
છે કે તમારા સેવકો તમારા ઘેટાનું ઊન ઉતારી રહ્યા છે.
તમારા ઘેટાંપાળકો થોડા સમય માટે કાર્મેલમાં અમારી સાથે
હતા અને અમે તેમને હેરાન કર્યા નહોતા, અથવા ઈજા કરી
નહોતી અને તેમનું કશું ચોર્યુ ન હતું. 8જો તમે એમને
પૂછશો તો તેઓ કહેશે આથી મારા માણસોનો સત્કાર કરજો,
કારણ અમે ઉત્સવના દિવસે તમારી પાસે આવીએ છીએ.
કૃપા કરીને તમને જે મળે તે અમને તારા સેવકોને તથા તારા
પુત્ર દાઉદને આપજે."
9દાઉદના માણસોએ આવીને નાબાલને દાઉદના નામે
સંદેશો પહોંચાડયો, તેઓ બોલી રહ્યા એટલે 10નાબાલે
દાઉદના માણસોને કહ્યું, "દાઉદ કોણ છે? આ ઈશાઈનો પુત્ર
કોણ છે? આજકાલ કેટલાય ગુલામો ધણીપાસેથી ભાગી જાય
છે! 11મે રોટલી, દ્રાક્ષારસ અને માંસ મારા સેવકો જે ઊન
ઉતારવાનું કરે છે તેમના માટે રાખ્યા, તેને માટે મારે એ
લોકોને સોંપી દેવા જેઓને હું જાણતો પણ નથી?"
12દાઉદના માણસો પાછા ફર્યા અને તેમણે દાઉદને આ
બધું કહી સંભળાવ્યું. 13દાઉદે કહ્યું, "દરેક જણ તલવાર બાંધી
લે!" બધાએ તલવાર બાંધી લીધી. દાઉદે પણ તલવાર બાંધી
લીધી, અને 400 માણસો તેની સાથે ગયા અને સામાન
સાચવવા માટે 200 માણસો પાછળ રહ્યા.

## મુસીબત ટાળતી અબીગાઈલ

14તે દરમ્યાન નાબાલના એક સેવકે નાબાલની પત્ની
અબીગાઈલને કહ્યું, "દાઉદે જગંલમાંથી કેટલાક સંદેશવાહકો
મારફતે આપણા ધણીને પ્રણામ કહેવડાવ્યા પણ એ તેમના
પર ઉકળી ઊઠયો. 15પરંતુ એ લોકો અમારી સાથે બહુ દયાથી
વર્ત્યા હતા. એ લોકોએ અમને કોઈ ઈજા કરી નહોતી અને
અમે એમની સાથે ચરામાં હતા ત્યારે અમારું કંઈ ખોવાયું
નહોતું; 16વળી જયારે અમે ઘેટાં સંભાળતા હતા, ત્યારે
રાતદિવસ તેઓ અમારું રક્ષણ કરતા હતા. 17તેથી હવે આ
બાબતનો સંપૂર્ણ વિચાર કરીને શું કરવું તે નક્કી કરીને કહો.
નહિ તો આપણા ધણીને અને તેમના આખા કુટુંબને મુશ્કેલી
નો સામનો કરવો પડશે. નાબાલ એટલો દુષ્ટ છેકે તેની
સાથે વાત કરવી અશક્ય છે કે જેથી તે તેનુ મન બદલાવી
શકે."
18એટલે અબીગાઈલે તરતજ 200 રોટલી, દ્રાક્ષારસની
બે મશકી, પાંચ રાંધેલાં તૈયાર ઘેટાં, એક બુશેલ શેકેલી ધાણી,
સો ઝૂમખાં સૂકી દ્રાક્ષ, તથા સૂકાં અંજીરનાં 200 ચકતાં
લઈને ગધેડાં ઉપર ચડાવી દીધાં. 19પછી તેણે સેવકોને કહ્યું,
"તમે આગળ જાઓ, હું તમારી પાછળ આવું છું," અને તેણે
પોતાના પતિને કશુ કહ્યું નહિ.
20ગધેડા પર બેસીને તે એક ટેકરી ઉપર વળાંક લેતી હતી,
ત્યાં દાઉદ અને તેના મણસો તેને સામા મળ્યા.
21દાઉદને થતું હતુ કે, "મેં આ માણસની મિલકત વગડામાં
સાચવી એ ભારે ભૂલ કરી. એનું કશુંજ ગયું નહોતું, છતાં
એણે ઉપકારનો બદલો અપકારથી વાળ્યો ! 22હું જો સવાર
સુધીમાં એનો એકપણ માણસ જીવતો રહેવા દઉં તો દેવનો
શાપ મારા પર ઉતરો."
23દાઉદને જોતાંજ અબીગાઈલ તરતજ ગધેડા ઉપરથી
નીચે ઊતરી. અને દાઉદ સામે નીચું મોઢુ કરીને નમી.
24અબીગાઈલ દાઉદ ના પગે પડી અને કહ્યું "ધણી, જે થયું
તેના માટે મને દોષ આપો. કૃપા કરીને મને તમને કઈંક
કહેવા દો. આ તમારી દાસી તમને એનુ સાંભળવા કહે છે.
25તમે એ દુરાચારી માણસ ઉપર ધ્યાન આપશો નહિ, એનું
નામ નાબાલ છે અને તે એના નામ જેવોજ છે તે ખરેખર
એક દુષ્ટ છે. ધણી, તમે કેટલાક માણસોને મોકલ્યા, પણ મે

તેમને જોયા નહી. **26**અને, મારા માલિક, યહોવાએ જ આપને
ખૂનરેજીથી અને પોતાને હાથે વેરનો બદલો લેવાથી રોકયા
છે. હું યહોવાના અને આપના સમ ખાઈને કહું છું કે આપના
દુશ્મનો અને આપનું ભૂંડું ઈચ્છનારાઓના હાલ નાબાલ
જેવા થશે. **27**જે ભેટ આ દાસી લાવી છે તે આપના તાબા
હેઠળના માણસોને આપી દો. **28**મારો જો કોઈ અપરાધ થયો
હોય તો ધણી માફ કરે. યહોવા આપને અને આપનાં વંશજોને
સદાને માટે રાજપદે સ્થાપનાર છે. કારણ કે આપ યહોવાની
લડાઈ લડી રહ્યા છો અને જીવન ભર આપને કોઈ આફત
આવે તેમ નથી. **29**હું કહુ છું જો કોઈ માણસ આપની પાછળ
પડે અને આપનો જીવ લેવા માગે, તો આપના દેવ યહોવા
આપના જીવનનું રક્ષણ કરશે પણ યહોવા તમારા દુશ્મનોનો
જીવ ગોફણમાથી પથરાની જેમ ફેંકી દેશે. **30**અને જયારે
યહોવા આપનું ભલું કરવાનાં બધાં વચનો પૂરાં કરશે અને
આપને દેવ ઈસ્રાએલના રાજા બનાવશે, **31**તમે નિર્દોષ
માણસની હત્યાંનાં અપરાધી નહી બનો, તમે આમ પડશો
નહી. અને યહોવા જ્યારે તમને વિજય અને સફળતા આપે
ત્યારે તમારી આ દાસીને યાદ કરજો."

**32**દાઉદે અબીગાઈલને કહ્યું, "ધન્ય છે ઈસ્રાએલના દેવ
યહોવાને, જેણે આજે તમને મળવા માટે મને મોકલી !
**33**વળી ધન્ય છે તારી ચતુરાઈને અને તને! તેં મને આજે
ખૂનરેજીમાંથી અને પોતાને હાથે વેર વાળવામાંથી રોકી લીધો.
**34**તમને ઈજા કરતાં મને રોકનાર ઈસ્રાએલના દેવ યહોવાના
સમ ખાઈને કહું છું કે, જો તું મને અહીં મળવા માટે વહેલી
તકે આવી ન હોત તો સવાર સુધીમાં નાબાલનો એક પણ
માણસ જીવતો રહ્યો ન હોત."

**35**ત્યાર પછી દાઉદે તેને માટે અબીગાઈલ જે લાવી હતી
તેનો સ્વીકાર કર્યો અને કહ્યું, "નચિંત થઈને શાંતિથી પાછી
ઘરે જા, મેં તારી વાત સાંભળી છે અને હું તારી વિનંતી
માન્ય રાખું છું."

## નાબાલનું મૃત્યુ

**36**અબીગાઈલ પાછી ઘેર ગઈ ત્યારે નાબાલ કોઈ રાજાને
છાજે એવી ઉજાણી માણતો હતો તે લહેરમાં આવ્યો હતો
અને તે ઘણો પીધેલો હતો, આથી અબીગાઈલે તેને સવાર
થતાં સુધી કઈજ કહ્યું નહિ. **37**સવારે તેનો દ્રાક્ષારસનો નશો
ઊતરી ગયો, ત્યારે અબીગાઈલે તેને બધું કહી સંભળાવ્યું.
જ્યારે તેણે બધું સાંભળી લીધુ ત્યારે તેને હૃદય પર હુમલો
થયો અને તે પથ્થર જેવો કઠણ થઈ ગયો. **38**દસ દિવસ
પછી યહોવાએ તેનુ મરણ નિપજાવ્યુ.

**39**જયારે દાઉદે જાણ્યું કે નાબાલ મૃત્યુ પામ્યો છે ત્યારે
તેણે કહ્યું, "ધન્ય છે યહોવાને જેણે મારું અપમાન કરવા
બદલ નાબાલને સજા કરી. એણે પોતાના આ સેવકને ખોટું
કરતાં રોકયો! અને તેના દુષ્ટ કાર્યોને લીધે નાબાલ નું મરણ
નિપજાવ્યુ."

પછી દાઉદે અબીગાઈલને સંદેશો મોકલ્યો કે તે તેણીને
પરણવા ઈચ્છે છે. **40**દાઉદના માણસોએ કાર્મેલમાં
અબીગાઈલ પાસે આવીને કહ્યું, "દાઉદે અમને તને તેની
પત્ની તરીકે લઈ જવાને મોકલ્યા છે."

**41**અબીગાઈલે જમીન સુધી વાંકી વળીને નમન કર્યુ કહેતા,
"આ સેવક મારા ધણીના સેવકોના ચરણ ધોવા તૈયાર છે."

**42**પછી અબીગાઈલે તરત ઊઠીને ગધેડા પર સવારી કરી,
તેની પાંચ દાસીઓ પણ તેની પાછળ ચાલી; અને તે દાઉદના
હલકારાઓ સાથે ગઈ, ને તેની સ્ત્રી થઈ.

**43**દાઉદ પરણેલો હતો અને હવે તેને બે પત્નીઓ હતી.
તેઓ છે: જઝરીલની અહીનોઆમ અને કાર્મેલની
અબીગાઈલ.**44**દરમ્યાનમાં શાઉલે પોતાની પુત્રી મીખાલ જે
દાઉદની પત્ની હતી તેને ગાલ્લીમના વતની લાઈશના પુત્ર
પાલ્ટી સાથે પરણાવી દીધી હતી.

## દાઉદ અને અબીશાઈ શાઉલની છાવણીમાં ગયાં

**26** ઝીફના લોકોએ ગિબયાહમાં શાઉલની પાસે
આવીને કહ્યું કે, "દાઉદ યહૂદાના વગડાની સામે
આવેલા હખીલાના પર્વતમાં છૂપાયેલો છે."

**2**એ સાંભળીને શાઉલ ઊઠયો, ઈસ્રાએલના 3,000 ચૂંટી
કાઢેલા માણસોને પોતાની સાથે લઈને તે ઝીફના રાનમાં
દાઉદની શોધ કરવાને પહોંચી ગયો. **3**શાઉલે હખીલાહના
ડુંગરાંમાં છાવણી નાખી.

તે રસ્તાની બાજુમાં હતી. દાઉદ રણમાં રહેતો હતો અને
તેને ખબર પડી કે શાઉલ હખીલાહ આવ્યો છે. **4**તેથી દાઉદે
અમુક જાસૂસોને મોકલ્યા અને તેઓએ પાકુ કર્યુ કે શાઉલ
ખરેખર હખીલાહ આવ્યો છે. ખબર મેળવી કે શાઉલ અમુક
સ્થળે પહોંચ્યો છે. **5**દાઉદ શાઉલની છાવણી પર ગયો. તેણે
શાઉલ અને તેનો સેનાપતિ નેરનો પુત્ર આબ્નેર કયાં સૂતેલા
છે તે જોઈ લીધુ. શાઉલ છાવણીની વચ્ચે સૂતેલો હતો અને
લશ્કર શાઉલની આસપાસ હતું.

**6**દાઉદે હિત્તી અહીમેલેખ અને સરુયાનો પુત્ર અબીશાઈ
સાથે વાત કરી (અબીશાઈ યોઆબનો ભાઈ હતો) અને કહ્યું,
"મારી સાથે સેનાની છાવણીમાં શાઉલને મળવા માટે કોણ
આવે છે?"

અબીશાઈએ કહ્યું, "હું તૈયાર છું."

**7**આથી દાઉદ અને અબીશાઈ રાત્રે છાવણીમાં ગયા. તેમણે
શાઉલને સૈનિકોની વચ્ચે છાવણીની મધ્યે સૂતેલો જોયો.
તેનો ભાલો તેના માથા આગળ જમીનમાં ખોસેલો હતો.
આબ્નેર અને લશ્કર તેની ફરતે સૂતેલાં હતાં. **8**અબીશાઈએ
દાઉદને કહ્યું, "આજે દેવે તારા દુશ્મનને તારા હાથમાં સુપ્રત
કર્યા છે. હું એને ભાલાના એક જ ઘા થી ભોંય સાથે જડી
દઈશ. મારે બીજો ઘા કરવો પડે નહિ."

**9**દાઉદે અબીશાઈને કહ્યું, "શાઉલની હત્યા કરીશ નહીં,
રાજા યહોવાનો પસંદ કરાયેલો છે, જે કોઈ તેની હત્યા કરશે
તેને સજા થશે? **10**દાઉદે વધુમાં કહ્યું, "યહોવાના સમ, યહોવા
જ એને પૂરો કરશે; કાં તો એનો સમય ભરાશે ને એ મરી
જશે, અથવા એ યુદ્ધે ચઢશે અને તેમાં તેનો નાશ થશે.
**11**પણ યહોવાને હું પ્રાર્થના કરું છું કે તેમને અભિષેક કર્યો છે

તે રાજા ઉપર મને ઈજા ન કરવા દે! હવે તું એના માથા
આગળથી ભાલો અને પાણીનો કૂજો લઈ લે અને આપણે
અહીંથી ચાલતા થઈએ."

12આથી દાઉદે શાઉલના માથા પાસે રહેલો ભાલો અને
પાણીનો કૂજો લીધો અને ચાલ્યો ગયો. પણ કોઈએ દાઉદ
અને અબીશાઈને શાઉલના માથા પાસે રહેલો ભાલો અને
કૂજો લઈ જતા જોયા નહી. કોઈએ કઈજ જોયું નહી. છાવણી
માં બધાં ઊંઘતા હતા અને યહોવાએ તેમને બધાને ગાઢ
નિદ્રામાં નાખ્યા હતા.

### શાઉલને ફરી શરમાવતો દાઉદ

13પછી દાઉદ બીજી બાજુએ ચાલ્યો ગયો અને દૂર એક
ટેકરી ઉપર જઈને ઊભો રહ્યો. તેમની વચ્ચે અંતર ઘણું હતું.
14દાઉદે લશ્કરને અને નેરના પુત્ર આબ્નેરને હાંક મારી કહ્યું,
"આબ્નેર, જવાબ આપ!"

આબ્નેર બોલ્યો, "એ કોણ રાજાને ઘાંટો પાડે છે?"

15દાઉદે આબ્નેરને કહ્યું, "બધા ઈસ્રાએલીઓમાં તું એમ
સમજે છે કે તું બીજા માણસ કરતા સારો છે, તે એમ છે? તો
તે તારા ધણી રાજાને મારી નાખવા એક સામાન્ય માણસ
આવ્યો ત્યારે શા માટે રક્ષણ કર્યુ નહિ? 16જે તે કર્યુ છે તે
સારુ ન હતુ, કારણ તે તારા ધણીનું રક્ષણ નથી કર્યુ, આપણા
યહોવાએ તેને રાજા બનાવ્યો છે અને કેમકે તે એની રક્ષા
નથી કરી, તું અને તારા માણસો મરવા ને લાયક છો! રાજાના
માથા પાસે હતો તે ભાલો અને કૂજો ક્યાં છે તે જોવો."

17શાઉલે દાઉદનો અવાજ ઓળખ્યો અને કહ્યું, "આ કોણ
મારો પુત્ર દાઉદ બોલે છે કે? દાઉદે કહ્યું હાં મારા ધણી અને
રાજા હું છું!"

18"આપ મારી તમારા સેવકની પાછળ કેમ પડ્યાં છો? મેં
શો ગુનો કર્યો છે? મેં કયું કાવતરું કર્યુ છે? 19મારા ધણી અને
રાજા, મારુ સાંભળો, તમારા સેવકને વાત કરતા: જો યહોવાએ
આપને મારી વિરુદ્ધ ઉશ્કેર્યા હોય તો તેઓ મારા અર્પણો
સ્વીકારે પણ જો માણસોએ આપને મારી વિરુદ્ધ ઉશ્કેર્યા
હોય તો ભલે દેવથી એમના માટે ખરાબ થાય. યહોવાએ
આપણને આપેલ ભૂમિમાંથી લોકોએ મને બહાર હાંકી કાઢયો.
તેઓએ કહ્યું "ચાલ્યો જા અને બીજા વિદેશી દેવોની સેવા
કર.' 20મને યહોવાની હાજરીથી દૂર મારી નાખતા નહીં
ઈસ્રાએલના રાજા માત્ર માખીની પાછળ પડ્યાં છે, તમે તો
પર્વતો ઉપર તેતરનો શિકાર કરે એ માણસ જેવા છો."

21ત્યારે શાઉલે કહ્યું, "મારી ભૂલ થઈ, મારા પુત્ર દાઉદ, તું
પાછો આવ આજે તે મને બતાવ્યું છે કે મારો જીવ તારા માટે
કિંમતી છે. હવે હું તને કદી ઈજા નહીં કરું અને ફરી કદી
મૂર્ખાઈથી વર્તીશ નહીં. મેં બહું ખોટું કર્યુ છે."

22દાઉદે જવાબ આપ્યો, "આ રહ્યો રાજાનો ભાલો. તમારા
કોઈ માણસને મોકલીને મંગાવી લો. 23ભલે યહોવા માણસને
તેના સાચા કાર્યો અને વિશ્વાસુપણા પ્રમાણે બદલો આપે
આજે યહોવાએ તને મારા હાથમાં સોપી દીધો હતો પરંતુ
યહોવાએ તને રાજા બનાવ્યો છે. તેથી હું એમના પસંદ
કરેલા માણસને ઈજા ન કરી શકુ. 24જેમ મેં તમારો જીવ
બચાવ્યો છે જે આજે કિંમતી છે, તેમ યહોવા બતાડશે કે
મારો જીવ એમને કિંમતી છે! બધી મુશ્કેલીઓથી તેઓ મારુ
રક્ષણ કરશે."

25પછી શાઉલે દાઉદને કહ્યું, "મારા પુત્ર, દાઉદ, હું તને
આશીર્વાદ આપુ છું. તને આશીર્વાદ મળે તું મહાન કાર્યો કરે
અને વિજયી બને." પછી દાઉદ પોતાને રસ્તે પડયો અને
શાઉલ પોતાને ઘેર પાછો ફર્યો.

### પલિસ્તીઓ વચ્ચે દાઉદ

27 દાઉદે પોતાના મનમાં વિચાર કર્યો, "કોઈ દિવસ
શાઉલ મને મારી નાખશે, એટલે હું પલિસ્તીઓના
પ્રદેશમાં નાસી જાઉં એ જ ઉત્તમ છે. તો શાઉલ મારી આશા
છોડી દેશે અને આખા ઈસ્રાએલમાં મારી શોધ કરવાનું માંડી
વાળશે અને હું સુરક્ષિત રહી શકીશ."

2આથી દાઉદ અને તેના 600 માણસો ઊપડયા અને
ગાથના રાજા માઓખના પુત્ર આખીશ પાસે ચાલ્યા ગયા.
3દાઉદ અને તેના માણસો પોતપોતાનાં કુટુંબોની સાથે
આખીશની પાસે ગાથમાં સ્થાયી થયા. દાઉદની સાથે તેની
બે પત્નીઓ હતી: યિઝ્રએલી અહીનોઆમ તથા નાબાલની
વિધવા કાર્મેલની અબીગાઈલ, 4જયારે શાઉલને ખબર પડી
કે દાઉદ ગાથમાં નાસી ગયો છે, ત્યારે તેણે તેને શોધવાનું
છોડી દીધું. 5દાઉદે આખીશને કહ્યું, "તમે જો મારાથી પ્રસન્ન
હોવ તો, મને ગ્રામ પ્રદેશના એકાદ નગરમાં એક જગ્યા
આપો. હું તો માત્ર એક સેવક છું તેથી મારે આપ નામદાર
સાથે પાટનગરમાં શા માટે રહેવું જોઈએ?"

6આથી તે દિવસે આખીશે તેને સિકલાગ આપ્યું તેથી
સિકલાગ આજ સુધી યહૂદાના રાજાની મિલકત છે. 7સોળ
મહિના સુધી દાઉદ પલિસ્તીઓના હાથમાં રહ્યો.

### રાજા આખીશને મૂર્ખ બનાવતો દાઉદ

8દાઉદ અને તેના માણસો ગશૂરીઓ, ગિર્ઝીઓ, અને
અમાલેકીઓના પ્રદેશમાં ધાડ પાડવા નીકળી પડતા. એ
લોકો જૂના જમાનાથી શૂર અને મિસર સુધીના પ્રદેશમાં
વસતા હતા. 9દાઉદ કોઈ દેશ પર હુમલો કરતો ત્યારે ત્યાં
સ્ત્રી કે પુરુષ કોઈને જીવતા જવા દેતો નહિ; ઘેટાં, બળદો,
ગધેડાં, ઊંટ અને વસ્ત્રો સુદ્ધાં હરી લેતો અને પાછો આખીશ
પાસે આવતો.

10આખીશ કહ્યે કરતો, "આજે તમે કયાં હુમલો કરવા
જાવ છો?" અને દાઉદ કહેતો, "યહૂદાના દક્ષિણ પ્રદેશમાં,"
અથવા "યરાહમએલીઓના દક્ષિણમાંના પ્રદેશમાં." અથવા
"કેનીઓના દક્ષિણમાંના પ્રદેશમાં." 11દાઉદ કદી કોઈ સ્ત્રીને
કે પુરુષને જીવતાં ગાથ લાવતો નહિ, રખેને તેઓ દાઉદ
અને તેનાં માણસોની વિરુદ્ધ ચાડી ખાય કે, "દાઉદે આમ
કર્યુ છે."

દાઉદ પલિસ્તીઓના પ્રદેશમાં રહ્યો તે બધો સમય આ
પ્રમાણે જ કરતો. 12આખીશને દાઉદ ઉપર વિશ્વાસ હતો,

કારણ, તે એમ ધારતો કે, "તે એના લોકો ઈસ્રાએલમાં એવો
અકારો થઈ પડયો છે કે, તે હંમેશા મારો દાસ થઈને રહેશે."

## પલિસ્તીઓ યુદ્ધની તૈયારીમાં

28 થોડા સમય પછી પલિસ્તીઓએ ઈસ્રાએલીઓ
સામે લડવા લશ્કર ભેગું કર્યું, અને આખીશે દાઉદને
કહ્યું, "તારે તથા તારા માણસોએ મારી સાથે સૈન્યમાં આવવું
પડશે એમ તારે ખચીત જાણવું.
2દાઉદે આખીશને કહ્યું, "સારું, અને આ સેવક શું કરી
શકે તેની આપને ખબર પડશે."
આખીશે કહ્યું, "સારું, હું તને મારો કાયમનો અંગરક્ષક
બનાવીશ."

## એન–દોરમાં શાઉલ અને સ્ત્રી

3શમુએલ મૃત્યુ પામ્યો હતો. પછીા ઈસ્રાએલીઓએ તેનો
શોક પાળ્યો હતો અને તેને તેના ગામ 'રામા'માં દફનાવ્યો
હતો.
શાઉલે આખા દેશમાંથી બધા મેલી વિધા વાપરનારાઓને
અને ભૂવાઓને હાંકી કાઢયા હતા.
4શુનેમ્મમાં પલિસ્તી સેના ભેગી થઈ અને છાવણી નાખી.
શાઉલે તેની સેના એકઠી કરી અને ગિલ્બોઆમાં ડુંગર ઉપર
છાવણી નાખી. 5શાઉલે જયારે પલિસ્તીઓની સેનાને જોઈ
ત્યારે તે ગભરાઈ ગયો અને તેની હિંમત છૂટી ગઈ. 6તેણે
યહોવાને પ્રશ્ન કર્યો, પણ દેવે તેને જવાબ ન આપ્યો, ન
સ્વપ્ન દ્વારા, ન પાસા દ્વારા કે ન પ્રબોધક દ્વારા. 7પછી શાઉલે
તેના અમલદારોને કહ્યું, "જાવ અને કોઈ સ્ત્રી જે તાંત્રિક છે
તેણીને બોલાવો. પછી હું તેને મળીશ અને આ યુદ્ધનું પરિણામ
શું હશે તેની આગાહી કરવા કહીશ."
પછી તેઓએ કહ્યું "એન–દોરમાં તેવી એક સ્રી છે."
8આથી શાઉલે રાજવી–ઝભ્ભો ઉતારી મૂકયો, અને
સામાન્ય પોશાક પહેરીને વેશપલટો કર્યો અને રાત્રે પોતાના
બે માણસો સાથે તે સ્ત્રીને ઘેર મળવા ગયો. તેણે વિનંતી
કરી, "પ્રેતને પૂછીને મને મારું ભવિષ્ય કહે, હું કહું તેના
પ્રેતને તું બોલાવ."
9તે સ્ત્રીએ કહ્યું, "શાઉલે શું કર્યુ છે તે તમે જાણો છો, તેણે
બધા મેલી વિધા વાપરનારઓને અને ભૂવાઓને દેશમાંથી
હાંકી કાઢયા છે. તો તમે શું કરવા મને ફસાવવા અને મારી
નાખવા માગો છો?"
10ત્યારે શાઉલે તેની આગળ એવા સમ ખાધા કે, "હું તને
યહોવાના સમ ખાઈને કહું છું કે, એ માટે તને કોઈ સજા કે
નુકસાન થશે નહીં."
11ત્યારે પેલી સ્ત્રીએ પૂછયું, "હું કોને બોલાવું?"
શાઉલે કહ્યું, "શમુએલને."
12જયારે તે સ્ત્રીએ શમુએલને જોયો ત્યારે તે ચીસ પાડી
ઊઠી. તેણે શાઉલને કહ્યું, "તું શાઉલ છે, તે મને છેતરી છે."
13રાજાએ તેને કહ્યું, "તું ગભરાઈશ નહિ, તને શું
દેખાય છે?"
સ્રીએ કહ્યું, "હું એક આત્માને ભૂમિમાંથી બહાર આવતો
જોઉં છું."
14એટલે શાઉલે પૂછયું, "એનો દેખાવ કેવો છે?"
તેથી તે સ્ત્રીએ કહ્યું, "એક વૃદ્ધ પુરુષ ઉપર આવે છે અને
તેણે ખાસ ઝભ્ભો પહેરેલો છે."
એટલે શાઉલને ખબર પડી કે, એ શમુએલ હતો. તેથી તે
નીચે નમ્યો.
15શમુએલે શાઉલને પૂછયું કે, "તેં શા માટે મને અહીં
બોલાવીને હેરાન કર્યો છે?"
શાઉલે કહ્યું, "હું ભારે મુશ્કેલીમાં આવી પડયો છું,
પલિસ્તીઓ મારી સામે યુદ્ધે ચડયા છે, યહોવા મારી પાસેથી
જતા રહ્યા છે, તે મને પ્રબોધક મારફતે કે સ્વપ્ન મારફતે
જવાબ આપતા નથી; એટલે મારે શું કરવું એ જાણવા મેં
તમને બોલાવ્યા છે."
16શમુએલે કહ્યું કે, "યહોવા તારી પાસેથી જતા રહ્યાં છે
ને તારા દુશ્મન થયાં છે, તો તું મને કેમ પૂછે છે? 17એ જે
કરવાના છે તે કહેવા દેવે મારો ઉપયોગ કર્યો છે. અને હમણા
તેઓ આ કરી રહ્યાં છે. હમણા તેઓ રાજ્યને તારા હાથેથી
અલગ કરીને તારા મિત્ર દાઉદને આપી રહ્યાં છે. 18તેં યહોવાની
આજ્ઞા માની નહોતી, તે અમાલેકીઓનો વિનાશ કર્યો નહી
અને બતાવ્યું નહી કે દેવ તેમના ઉપર કેટલા કોપાયમાન
હતા. તેથી યહોવા તમને આજે આ કરી રહ્યાં છે. 19અને એ
જ કારણે તે તને અને ઈસ્રાએલીઓને સુદ્ધાં પલિસ્તીઓના
હાથમાં સોંપી દેશે, એટલું જ નહિ, પણ આવતી કાલે તું
અને તારા પુત્રો અહીં મારી સાથે હશો."
20શમુએલનાં વચનો સાંભળતાં જ શાઉલ ભયભીત થઈને
જમીન પર ચત્તોપાટ પડી ગયો, તેનામાં કંઈ શકિત રહી
નહોતી, કારણ કે તેણે આખો દિવસ અને આખી રાત કશુંય
ખાધું નહોતું.
21પેલી સ્ત્રી શાઉલ ની નજીક આવી અને જોયું કે તે
ઘણો ભયભીત થઈ ગયો છે.એટલે તેણે કહ્યું, "જુઓ સાહેબ,
આ દાસીએ તમે જે કઈ કહ્યું તે કર્યુ. મેં મારા જીવને જોખમમાં
નાખીને જે મને કરવા માટે આજ્ઞા કરી હતી તે કર્યું. 22હવે
આપ મારી વાત સાંભળો, આપને થોડું ભોજન આપવા દો,
જેથી આપને પ્રવાસ માટે શકિત મળી રહે."
23પણ તેણે ના પાડી અને કહ્યું, "મારે ખાવું નથી."
પણ પેલી સ્ત્રીએ અને અમલદારોએ પણ આગ્રહ કર્યો,
એટલે છેવટે તે માની ગયો, અને ભોંય ઉપરથી ઉઠીને ખાટલા
ઉપર બેઠો. 24એ સ્ત્રી પાસે એક માતેલું વાછરડું હતું; તે તેણે
ઝટપટ વધેરી નાખ્યો. પછી તેણે થોડો લોટ લઈ ગૂંદીને
ખમીર વગરની ભાખરી શેકી કાઢી; 25અને શાઉલને અને
તેના અમલદારોને પીરસી દીધી, તેઓ જમ્યા પછી ઊભા
થઈને તે જ રાત્રે વિદાય થયા.

## દાઉદ પર પલિસ્તિઓનો અવિશ્વાસ

29 પલિસ્તીઓએ પોતાનું સમગ્ર લશ્કર અફેક આગળ
ભેગું કર્યું, અને ઈસ્રાએલીઓએ યિઝ્રએલમાં

આવેલા ઝરણાં પાસે છાવણી નાખી. 2જ્યારે પલિસ્તીઓ
અને તેઓના સરદારો પોતાની સો સો અને હજાર હજારની
પલટનો લઈને કૂચ કરતા હતા ત્યારે દાઉદ અને તેના માણસો
આખીશ રાજાની સાથે લશ્કરના પાછલા ભાગે કૂચ કરતા
હતા.
3પરંતુ પલિસ્તી સેનાપતિઓએ પૂછયું. "આ યહૂદાના લોકો
અહીં શું કરે છે? "
રાજા આખીશે કહ્યું. "આ દાઉદ છે, જે ઈસ્રાએલના રાજા
શાઉલનો અમલદાર હતો. તેણે શાઉલને છોડ્યો ત્યારથી
અને મારી સાથે જોડાયા પછી લાંબા સમય દરમ્યાન તેનામાં
મને કોઈ દોષ દેખાયો નથી.
4પલિસ્તી સેનાપતિઓએ રોષે ભરાઈને કહ્યું, "તમે એને
જે શહેર આપ્યું હતું, ત્યાં એને પાછો મોકલો, એને યુદ્ધમાં
આપણી સાથે આવવા દેતા નહી. કારણ, યુદ્ધ દરમ્યાન એ
આપણને કદાચ દગો દે. તે કદાચ તેના પોતાના ધણીને
પ્રસન્ન કરવા આપણા માણસોને મારી નાખે.
5એ જ દાઉદ છે જેને વિષે એ લોકો નાચતાં નાચતાં ગાતા
હતા: શાઉલે હજારોનો ઘાણ કાઢયો પણ દાઉદે તો લાખોનો.
6આખીશે દાઉદને તેડાવ્યા બાદ કહ્યું, "હું તમને યહોવાના
નામે કહું છું કે તું મને વફાદાર છે. તને મારી સેનામાં
નોકરીમાં રાખવા મને પ્રસન્નતા થશે. જ્યારથી તું મારી સાથે
જોડાયો છે, મને તારામાં કોઈ દોષ દેખાયો નથી. તું એક
સારો અને બહાદુર માણસ છે. હું માનું છું કે તારે અમારી
સાથે આવવું જોઈએ. પણ અમલદારો તને માન્ય રાખતા
નથી. 7માટે તું શાંતિથી પાછો જા, અને પલિસ્તી સેનાપતિઓને
ખોટું લાગે એવું કશું કરીશ નહિ."
8દાઉદે આખીશને પૂછયું, "ઓ મારા માલિક મારા રાજા,
મેં શું કર્યુ છે? હું જ્યારથી આપની પાસે આવ્યો છું, મારામાં
શું ખરાબ વસ્તુ તમને મળી છે? રાજાના દુશ્મનોની વિરુદ્ધ
મને જોડાવા દેવાને બદલે તમે મને કેમ પાછો જવા કહી
રહ્યાં છો?"
9પણ આખીશે કહ્યું, "મારી નજરમાં તું દેવે મોકલેલા દૂત
જેવો છે, હું જાણું છું કે તું સારો માણસ છે. પણ પલિસ્તી
સૈનિકના સેનાપતિઓ કહે છે 'દાઉદ આપણી સાથે યુદ્ધમાં
ન આવવો જોઈએ.' 10માટે સવારમાં વહેલા તારા માણસો
સાથે તારી જગ્યાએ પાછો નીકળી જજે."
11તેથી આગલે દિવસે દાઉદ અને તેના માણસો તેમના
રસ્તે પલિસ્તિઓની ભૂમિમાં પાછા ફરવા નીકળી પડ્યા અને
પલિસ્તીઓ યિઝ્રએલ ગયા.

## સિકલાંગ સામે યુદ્ધ કરતા અમાલેકીઓ

30 ત્રીજે દિવસે દાઉદ અને તેના માણસો સિકલાગ
પહોંચ્યા. તેમણે જોયું કે અમાલેકીઓએ સિકલાગ
પર હુમલો કર્યો હતો અને નેગેવ પર આક્રમણ કર્યુ હતું.
અને તેને બાળી મૂકયું હતું. 2અમાલેકીઓએ સ્રીઓને કેદ
પકડી લીધી અને સિકલાગમાં જે કંઇ હતું, જુવાન કે વૃદ્ધ
તેને કેદ તરીકે લઇ ગયા. તેમણે કોઈની હત્યા કરી નહીં.
3જ્યારે દાઉદ અને તેના માણસો સિકલાગ પહોચ્યા તેમણે
જોયું શહેરને બાળી મૂકવામાં આવ્યું હતું અને તેમની સ્ત્રીઓને
અને બાળબચ્ચાંને કેદીઓ તરીકે લઈ જવામાં આવ્યાં હતાં.
4દાઉદ અને તેની સાથેના માણસો મોટેથી રડવા લાગ્યા
અને એટલું રડયા કે અંતે રડવાની શકિત જ ન રહી. 5દાઉદની
બે પત્નીઓ યિઝ્એલની અહીનોઆમને અને નાબાલની
વિધવા કાર્મેલની અબીગાઈલને પણ કેદ કરવામાં આવી
હતી.
6દાઉદ ભારે મુશ્કેલીમાં હતો, કારણ તેમના કુટુંબો ખોવાને
કારણે તેના માણસો બહું ઉદાસ બની ગયા હતા અને તેઓ
બધા એને મારી નાખવા માગતા હતા. પણ દાઉદે પોતાના
દેવ યહોવામાંથી બળ પ્રાપ્ત કર્યુ હતું. 7દાઉદે અહીમેલેખના
પુત્ર યાજક અબ્યાથારને કહ્યું, "મારી પાસે એફોદ લઈ આવ."
અને અબ્યાથાર લઈ આવ્યો.
8પછી દાઉદે યહોવાને પ્રશ્ન કર્યો, "હું આ હુમલાખોરોનો
પીછો પકડું? હુ એ લોકોને પકડી પાડીશ?"
યહોવાનો જવાબ મળ્યો, "પીછો પકડ, તું જરૂર તેમને
પકડી પાડીશ અને બાનમાં પકડાયેલાઓને છોડાવી શકીશ."

## મિસરી ગુલામ પ્રાપ્ત કરતા દાઉદ અને સાથીઓ

9આથી, દાઉદ અને તેના 600 માણસો અમાલેકીઓની
પાછળ ગયાં અને બસોરના કોતરમાં પહોંચી ગયા. 10જે
200 માણસો એટલા થાકી ગયા હતા કે કોતરને ઓળંગી ન
શકે, તેઓ ત્યાં જ રોકાઈ ગયા, પરંતુ બાકીના 400 માણસોએ
તો પીછો જારી રાખ્યો.
11રસ્તામાં તેમને ખેતરમાં એક મિસરી મળ્યો, તેને તેઓ
દાઉદ આગળ લઈ ગયા,અને ખાવા માટે રોટલી અને પીવા
માટે પાણી આપ્યું. 12તેઓએ તેને થોડા અંજીર અને કીસમીસ
પણ ખાવા માટે આપ્યા અને ત્યાર બાદ તેને થોડી શાંતિ
પાછી મળી, કારણ કે ત્રણ દિવસ અને ત્રણ રાત તેણે કશું
ખાધું કે પીધું નહોતું.
13દાઉદે તેને પૂછયું, "તારો ધણી કોણ છે? અને તું કયાંથી
આવે છે?"
તેણે કહ્યું, "હું મિસરી છોકરો છું. એક અમાલેકીનો ગુલામ
છું. પણ હું ત્રણ દિવસ પહેલા માંદો પડયો તેથી મારા ધણી
મને મૂકીને ચાલ્યા ગયા. 14અમે નેગેવ પર આક્રમણ કર્યુ
જ્યાં કરેથીઓ અને કાલેબના લોકો રહે છે અને યહૂદાની
ભૂમિ ઉપર આક્રમણ કરીને સિકલાગને બાળી નાખ્યું.
15દાઉદે તેને પૂછયું, "તું મને એ હુમલા-ખોરો પાસે લઈ
જશે?"
તે યુવાને ઉત્તર આપ્યો, "જો તમે મને દેવના સોગંદ
ખાઈને વચન આપો કે તમે મને મારી નહિ નાખો અથવા
મારા ધણીને નહિ સોંપી દો, તો હું તમને ત્યાં લઈ જાઉં, "

## અમાલેકીઓને હરાવતો દાઉદ

16પછી તે તેને ત્યાં લઈ ગયો. તેણે જોયું કે તે લોકો
મેદાનમાં ચારે તરફ લાંબા થઈને પડયા હતા, તેઓ ખાઈ

પીને મોજ ઉડાવતા હતા, તેઓ પલિસ્તી અને યહૂદામાંથી
કબજે કરેલી ગંજાવર લૂંટનો આનંદ માણતા હતા. 17દાઉદે
બીજે દિવસે પરોઢિયે તેમના ઉપર હુમલો કર્યો અને છેક
સાંજ સુધી ચાલુ રાખ્યો, ફકત 400 માણસો ઊંટ ઉપર
સવાર થઈને ભાગી ગયા, તે સિવાય કોઈ બચવા પામ્યું
નહીં.

18અમાલેકીઓ લૂંટીને લઈ ગયા હતા તે સર્વ દાઉદ પાછું
લાવ્યો, દાઉદે તેની બંને પત્નીઓને પણ છોડાવી.

19કઈજ ગુમ થયેલું નોહતું. તેમને એમના બધાં
સંતાનો અને તેમના બધા સગાઓ, જુવાન અને વૃદ્ધ
પાછા મળી ગયા. તેમને તેમની બધી બહુંમૂલ્ય
વસ્તુઓ પાછી મળી ગઈ. અમાલેકીઓ જે બધું લઈ ગયા
હતા તેમને પાછું મળી ગયું. દાઉદ બધીજ વસ્તુઓ પાછી
લઈ આવ્યો.

20તેણે ઘેટાંબકરાં અને ઢોરોનો પણ કબજો લીધો અને
તેના માણસો "આ દાઉદની લૂંટ છે" એમ કહીને દાઉદની
આગળ આગળ તેમને હાંકવા લાગ્યા.

## સર્વને સમાન ભાગ

21ત્યારબાદ દાઉદ જે 200 માણસો થાકને કારણે એની
સાથે જઈ શકયા નહોતા અને જેમને એ બસોરના કોતર
આગળ મૂકી ગયો હતો, તેમની પાસે પાછો ગયો, તેઓ એને
અને એના માણસોને મળવા સામા આવ્યા. દાઉદે તેમની
પાસે જઈ કુશળ સમાચાર પૂછયા. 22દાઉદની સાથે જે
માણસો ગયા હતા તેમાંના કેટલાક દુષ્ટ માણસો હતા તેઓએ
કહ્યું, "એ માણસો આપણી સાથે આવ્યા નહોતા. આપણે જે
લૂંટ પાછી મેળવી છે તેમાંથી આપણે તેમને કશું આપીશું
નહિ. એ માણસો પોતપોતાનાં બૈરીછોકરાંને લઈને જતા
રહે."

23પરંતુ દાઉદે કહ્યું, "ના, મારા ભાઈઓ! યહોવાએ
આપણને બચાવ્યા છે અને આપણા દુશ્મનોને હરાવવામાં
આપણને મદદ કરી છે. 24તમે આ પ્રમાણે બોલો તે કોણ
સાંભળશે? જે લોકોએ આપણા ગયા બાદ, આપણી સેનાનો
પૂરવઠો સંભાળ્યો હતો તેમને પણ યુદ્ધમાં જે માણસો ગયા
હતા તેમના જેટલો સરખો ભાગ મળવો જોઈએ." 25તે
દિવસથી દાઉદે ઈસ્રાએલ માટે આ નિયમ કર્યો જે આજપર્યત
ચાલું છે.

26દાઉદ સિકલાગ પહોંચ્યા ત્યારે તેણે લૂંટનો થોડો ભાગ
પોતાના મિત્રોને, યહૂદાના આગેવાનોને, આ સંદેશા સાથે
મોકલી આપ્યો કે, "યહોવાના દુશ્મનો પાસેથી જે લૂંટ મેં
પાછી લીધી તેમાંથી તમને આ ભેટ મોકલી છે."

27દાઉદે મેળવેલી લૂંટમાંથી તેણે જે નગરોના વડીલો પર
ભેટો મોકલી તેની યાદી: બેથેલ, દક્ષિણમાં રામોથ, યાત્તીર
28અરોએર, સિફમોથ, એશ્તમોઆ, 29રાખાલ, યરાહમેલ,
કેનીઓનાં નગરો. 30હોર્માહ, કાર-આશાન, અથાખ 31અને
હેબ્રોન તથા દાઉદના રઝળપાટ દરમ્યાન તે અને તેના માણસો
જયાં જયાં રહ્યાં હતાં તે બધાં સ્થળોના માણસોને મોકલી
આપી.

## શાઉલ અને તેના પુત્રોનો કરુણ અંત

31 પલિસ્તીઓ ઈસ્રાએલી સામે લડ્યા જેઓ નાસી
ગયા અને ગિલ્બોઆ પર્વત ઉપર માર્યા ગયા. ઘણા
ઈસ્રાએલીઓ ત્યાં મરી ગયા અને તેમાનાં ઘણાં ભાગી ગયા.
2પલિસ્તીઓએ શાઉલના ત્રણ પુત્રોને મારી નાખ્યાં
યોનાથાનને, અબીનાદાબને અને મલ્કીશૂઆને તેઓએ
એમનો પીછો પકડયો અને મારી નાખ્યા.

3અને શાઉલની વિરુદ્ધ ખૂનખાર યુદ્ધ થયું હતું. કેટલાક
ધનુર્ધારીઓએ તેની પાસે પહોંચી જઈ તેને સખત ઘાયલ
કર્યો. 4ત્યારે તેણે પોતાના બખ્તર ઉપાડનારને કહ્યું, "તારી
તલવાર લે અને મને મારી નાખ, નહિતર આ વિદેશીઓ
આવશે અને મને ઈજા કરશે અને મારી હાંસી ઉડાવશે."

પણ તે બખ્તર ઉપાડનાર ડરતો હતો અને તેને તેણે મારી
નાખવાની ના પાડી આથી શાઉલે પોતાની તલવાર લીધી
અને પોતાને પોતાની તલવારથી મારી નાખ્યો. 5શાઉલને
મૃત્યુ પામેલો જોઈને બખ્તરવાહક પણ પોતાની તલવાર
ઉપર પડતું મુકી તેની સાથે મોતને ભેટયો. 6આમ તે દિવસે
શાઉલ, તેના ત્રણ પુત્રો, તેનો બખ્તરવાહક અને તેના માણસો
બધાજ એકી સાથે મૃત્યુ પામ્યા.

## શાઉલના મૃત્યુથી આનંદીત પલિસ્તીઓ

7ખીણની પેલી પાર રહેતા ઈસ્રાએલીઓએ જોયું કે
ઈસ્રાએલી સેના ભાગી ગઈ હતી અને શાઉલ અને તેના
ત્રણ પુત્રો મરી ગયા હતા. તેથી તેઓએ તેમના નગરો છોડ્યા
અને ભાગી ગયા. ત્યાર બાદ પલિસ્તીઓ આવ્યા અને ત્યાં
રહ્યાં.

8બીજે દિવસે પલિસ્તીઓ, મૃતદેહો પરથી વસ્રાદિ અલંકારો
લૂંટી લેવા આવ્યા, ત્યારે તેમણે શાઉલને અને તેના ત્રણ
પુત્રોને ગિલ્બોઆના ડુંગર પર મરેલા પડેલા જોયા. 9તે લોકોએ
તેનું માથું કાપી નાખ્યું અને તેના શસ્ત્રો ઉતારી લીધાં અને
દેશભરમાં મંદિરોને અને લોકોને આ શુભ સમાચાર
પહોંચાડવા માણસો મોકલ્યા. 10ત્યાર પછી તે લોકોએ
શાઉલનાં બખ્તરને અશ્તોરેથના મંદિરમાં મૂકયું. તેઓએ
તેના શબને બેથશાનની દિવાલ ઉપર લટકાવી દીધું.

11પલિસ્તીઓએ શાઉલના શરીરને અને બખ્તર
ઉપાડનારને શું કર્યુ તે યાબેશ ગિલયાદના લોકોએ સાંભળ્યુ.
12પછી યાબેશના બધા સૈનિકોએ આખી રાત કૂચ કરી તેઓએ
શાઉલ અને તેના ત્રણે દીકરાઓના શરીર બેથશાનની
દિવાલોથી ઉતાર્યા અને યાબેશ ગિલયાદ લઈ ગયા અને
અગ્નિમાં બાળી નાખ્યા.

13પછી તેમણે તેમનાં હાડકાઓ લીધા અને તેમને
યાબેશમાં મોટા વૃક્ષ નીચે દાટી દીધા અને સાત દિવસના
ઉપવાસ કર્યા.

# રૂથ

### યહૂદામાં દુકાળ

1 ન્યાયાધીશોના સમયમાં ઘણા વરસો પહેલા યહૂદામાં
દુકાળ પડયો તેથી યહૂદામાં આવેલા બેથલેહેમનો એક
માણસ પોતાની પત્ની અને બે પુત્રોને લઈને મોઆબ દેશમાં
રહેવા ચાલ્યો ગયો. 2એ વ્યકિતનું નામ એલીમેલખ હતું.
એની પત્નીનું નામ નાઓમી હતું, અને એના પુત્રોનાં નામ
મહલોન અને ખિલિયોન હતાં. તેઓ યહૂદામાં આવેલા
બેથલેહેમમાંથી મોઆબ દેશમાં આવ્યાં તેઓ ત્યાં રહેવા
લાગ્યાં.

3તેઓનાં ત્યાંના વસવાટ દરમ્યાન નાઓમીનો પતિ
એલીમેલખ મૃત્યુ પામ્યો એટલે તે અને તેના બે પુત્રો રહ્યાં.
4આ બંને યુવાનો મોઆબી કન્યાઓ ઓર્પાહ અને રૂથ સાથે
પરણ્યા. તેઓ આશરે દસ વરસ ત્યાં રહ્યાં. 5ત્યાર પછી
મહલોન અને ખિલિયોન બંને મૃત્યુ પામ્યા: એટલે નાઓમીને
તેના બે પુત્રો અને પતિનો વિયોગ થયો.

### નાઓમી ઘરે પાછી ફરે છે

6નાઓમીએ પોતાની બે પુત્ર વધુઓને લઈને પોતાની
માતૃ ભૂમિમાં ઘેર આવવાનો નિર્ણય કર્યો કેમકે તેણે સાંભળ્યું
હતું કે યહોવા પોતાની પ્રજાને ખાવાનું આપીને મદદ કરી
રહ્યો છે. 7નાઓમી જયાં રહેતી હતી તે જગ્યા છોડી ત્યાંથી
બંને વહુઓ સાથે વતનમાં પાછી જવા ચાલી નીકળી.

8રસ્તામાં તેણે પોતાની બે વહુઓને કહ્યું કે "તેઓ તેમના
વતન મોઆબ પાછા ફરે, તેણે તેમ કહ્યું; "તમે ઘરે પાછી
જાઓ. તમે મારી તથા મારા મૃત પુત્રો પર ખૂબ દયા રાખી
છે. યહોવા પણ તમારા પર એવીજ દયા રાખે. 9હું પ્રાર્થના
કરું છું કે દેવ તમને વર મેળવવા અને તેની સાથે સુખી
જીવન ગાળવા માટે મદદ કરે." પછી તેણીએ પુત્રવધુઓને
ચુંબન કર્યું, પણ તેઓ રડવા લાગી અને બોલી, 10"પણ
અમને તો તમારી સાથે તમારા લોકોમાં અને દેશમાં
આવવું છે."

11પણ નાઓમીએ કહ્યું; "પુત્રી, પાછી જાઓ. તમે શું કામ
મારી સાથે આવો? હવે મને વધુ પુત્રો કયાં થવાના છે, જે
મોટા થઈને તમને પરણે? 12જાઓ, પ્યારા બેટા, પાછા જાઓ,
હવે હું વૃદ્ધ થઈ છું અને ફરીથી પરણું તો પણ કોઈ પુત્રોને
જન્મ દઈ શકુ તેમ નથી. હું આજે પરણુ અને આજ રાત્રે
ગર્ભવતી બનું અને પુત્રને જન્મ આપુ તો પણ હું તમારે
માટે કોઈ કામની નથી. 13તો ય તે મોટો થાય ત્યાં સુધી શું
તમે રાહ જોશો? ત્યાં સુધી પરણવાનું રોકી રાખી એકલા
રહેશો? ના, ના, મારી દીકરીઓ એવું ન થાય. યહોવાએ
મને એવી શિક્ષા કરી છે, મારે લીધે તમારી આ દશા થઈ છે
તે જોઈને મારું મન ખાટું થઈ ગયું છે."

14આ બધું સાંભળીને તેઓ બંને મોટા સાદે રડવા લાગી.
પછી ઓર્પાહે નાઓમીને ચુંબન કર્યું. અને પોતાને પિયર
ચાલી ગઈ, પણ રૂથ ગઈ નહી તેણે નાઓમીની સાથે જ
રહેવાનો આગ્રહ રાખ્યો. 15એટલે નાઓમીએ તેને કહ્યું, "જો
તારી દેરાણી તેના લોકો અને તેના દેવ પાસે પાછી ગઈ છે.
તો તારે પણ તેની સાથે જવું જોઈએ."

16પરંતુ રૂથે જવાબ આપ્યો, "મને તમારાથી વિખૂટી
પાડવાનો આગ્રહ કરશો નહિ. તમે જયાં જશો ત્યાં હું જઈશ.
અને તમે રહેશો ત્યાં હું રહીશ. તમારા લોકો એ મારા લોકો
અને તમારા દેવ એ મારા દેવ થશે. 17તમે જયાં મરણ
પામશો ત્યાં જ હું પણ મરીશ ને ત્યાં જ દટાઈશ. મૃત્યુ
સિવાય બીજા કશાથી જો હું તમારાથી વિખૂટી પડું તો યહોવા
મને પૂછે."

### ઘરે આવવુ

18નાઓમીને થયું કે, રૂથે એની સાથે આવવાનો દઢ નિશ્ચય
કર્યો છે એટલે તેને કોઈ રીતે સમજાવાય તેમ નથી, એમ
માનીને બોલવાનું બંધ કર્યું. 19તે બંને બેથલેહેમ સુધી
ચાલીને ગઈ. તેઓ તેમને ગામ પહોચ્યા પછી લોકો તેમને
જોઈને ખુશી થયા અને પુછયું, "શું ખરેખર તેણી નાઓમી
છે?"

20નાઓમીએ કહ્યું; "મને નાઓમી ન કહેશો, મને મારા
કહો કારણ, સર્વસમર્થ દેવે મારા પર મહાસંકટ આણ્યું છે.
21હું અહીંથી ભરીભાદરી ગઈ હતી, યહોવાએ મને પાછી
ખાલી મોકલી છે. શા માટે મને નાઓમી કહો છો? યહોવાએ
મારી અવદશા કરી છે, તો શા માટે મને નાઓમી કહો છો?"

22આમ નાઓમી તેની પુત્રવધૂ રૂથ સાથે મોઆબથી
બેથલેહેમ પાછી આવી. તેઓ પહોંચ્યા ત્યારે જવની કાપણીની
ઋતું શરૂ થઈ હતી.

### બોઆઝ સાથે રૂથ

2 બેથલેહેમમાં બોઆઝ નામનો એક ધનવાન હતો. તે
એલીમેલેખના કુટુંબનો હતો. તે નાઓમીના નજીકના
સગામાનો એક હતો.

2એક દિવસે રૂથે નાઓમીને કહ્યું, "કદાચ ખેતરમાં મને
કોઈ મળશે જે મારા પર દયા કરી મને અનાજ વીણવા
દેશે.તેથી હું ખેતરમાં જઈશ અને થોડા બચેલા દાણા આપણા
ખાવા માટે લાવીશ?"
3નાઓમીએ કહ્યું, "હા દીકરી, તું જઈ શકે."
આથી તે ખેતરમાં ગઈ અને કામ કરનારાઓની પાછળ
પાછળ ગઈ અને ખેતરમાં રહી ગયેલા કણસલાં વીણી
લીધા; બન્યું એવું કે, આ ખેતર એલીમેલખના કુટુંબના
બોઆઝનું હતું.
4તે ખેતરમાં કામ કરતી હતી ત્યારે બોઆઝ બેથલેહેમથી
આવ્યો બોઆઝે લણનારાઓને આવકાર આપ્યો, "યહોવા
તમારી સાથે હોજો."
લણનારાઓએ તેમને પ્રત્યુત્તર આપ્યો; "યહોવા તમારું
ભલું કરો."
5પછી બોઆઝે કામ કરનારાઓ ઉપર દેખરેખ રાખનાર
માણસને પૂછયું; "પેલી છોકરી કોણ છે?"
6તેણે જવાબ આપ્યો, "એ તો નાઓમી સાથે મોઆબથી
પાછી આવેલી મોઆબી છે. 7આજે સવારે એણે મને પૂછયું
કે; "હું લણનારાઓની સાથે તેમની પાછળ પાછળ ચાસમાં
કણસલાં વીણું? આમ, એ છેક પરોઢથી આવી છે અને અત્યાર
સુધી વિસામો ખાધા વગર ઉભા પગે કામ કરતી રહી છે.
ફકત થોડી વાર કેટલીક ઘડી છાયડામાં આરામ કર્યો છે."
8બોઆઝે રૂથને કહ્યું, "દીકરી, મને સાંભળ. બીજી કોઈ
વ્યકિતના ખેતરમાં નહી જતી. તું માત્ર મારા ખેતરોમાંજ
આવજે અને દાણા વીણતી વખતે મારી કામદાર બાઈઓને
અનુસરવાનું ચાલુ રાખજે. 9એ લોકો કયા ખેતરમાં લણે છે
તે જોજે અને તેઓને અનુસરજે.અને મેં મારા જુવાન માણસોને
તને હેરાન ન કરવા જણાવ્યું છે. અને જ્યારે તને તરસ લાગે
ત્યારે જઈને મારા યુવાનોના પાણીનાં કુંજામાંથી પાણી પીજે."
10આ બધું સાંભળ્યા પછી તેનો આભાર વ્યકત કરતા રૂથ
જમીન પર નીચી વળી. તેણીએ કહ્યું "હું વિદેશી છું અને આ
જગ્યાની નથી. તો તમે કેમ આટલા મદદગાર છો?"
11બોઆઝે જવાબ આપ્યો, મે સાંભળ્યુ કે "તારા પતિના
ગુજરી ગયા પછી તે તારા વતન મોઆબને અને માંબાપને
છોડ્યા,અને તારી સાસુ સાથે આ દેશમાં આવી જે તું જાણતી
નથી. મને એ પણ ખબર પડી છે કે તે એને કેવી રીતે
સંભાળી છે. 12યહોવા, તને તારા કર્મનો બદલો આપો.
ઈસ્રાએલના દેવ યહોવા, જેની પાંખમાં તેં આશ્રય લીધો છે
તે તને પૂરો બદલો આપો."
13રૂથ નમ્રભાવે બોલી, "વડીલ હું તમારી અત્યંત ઊપકાર
વશ છું મારી પર ખૂબજ દયાળુતા દર્શાવવા માટે અને મારી
જેવી નોકરાણીને આશ્વાસન ભર્યા શબ્દો કહેવા માટે. હું તો
તમારા સેવકોમાનાં એકની પણ બરાબર નથી."
14બપોરે જમવાના સમયે બોઆઝે તેને કહ્યું, "અહીં આવ,
સરકામાં બોળીને થોડો રોટલો ખાઈ લે."
આથી તે લણનારાઓ ભેગી બેઠી અને બોઆઝે તેને ઢગલોક
પોંક પહોંચાડયો. તેણે ધરાઈને ખાધું છતાં થોડો પોંક વધ્યો.
15ત્યારબાદ ફરીથી તે કામ કરવા ગઈ ત્યારે બોઆઝે
જુવાનોને કહ્યું કે "તેને પૂળીઓમાંથી પણ કણસલાં વીણવા
દો. તેને અટકાવતા નહિ. 16પૂળામાંથી પણ થોડાં કણસલાં
ખેંચી કાઢી બહાર રહેવા દેજો, જેથી એ વીણી લઈ શકે. એને
ઠપકો ન આપશો."

## નાઓમીએ બોઆઝ વિષે સાંભળ્યું

17આ રીતે તેણે સાંજ સુધી કામ કર્યુ, પછી વીણેલાં કણસલાં
મસળીને તેણે દાણા કાઢયા તો આશરે એક એફાહ બરાબર
50 રતલ થયા. 18તે લઈને તે ગામમાં ગઈ, અને પોતે જે
ભેગું કર્યુ હતું તે સાસુને બતાવ્યું. પછી ખાતાં જે વધ્યું હતું તે
કાઢીને સાસુને આપ્યું.
19તેની સાસુએ તેને પૂછયું, "આ બધા દાણા તેં ક્યાંથી
ભેગા કર્યા? તેં ક્યાં કામ કર્યું? તારું ધ્યાન રાખનાર માણસને
આશીર્વાદ આપજે."
તેણીએ કહ્યું "આજે મેં બોઆઝ નામના એક માણસના
ખેતરમાં કામ કર્યુ." 20નાઓમીએ કહ્યું, "બોઆઝ આપણો
સંબંધી છે. એ આપણા રક્ષણ કરનારાઓમાંથી એક છે"
દેવના આશીર્વાદ એના પર રહે કારણકે એમણે જીવીત અને
મૃત પામેલા પર પણ હંમેશા દયા દાખવી છે."
21એટલે રૂથે કહ્યું, "તેમણે મને લણણી પૂરી થાય ત્યાં
સુધી તેના માણસો ની પાછળ પાછળ જવા કહ્યું."
22નાઓમીએ કહ્યું, "બેટા, એ તો બહુ સારું , તું બીજા
ખેતરમાં જાય અને તને કોઈ હેરાન કરે તેના કરતાં એના
માણસો સાથે રહેવું એ વધું સારું છે." 23આમ જવની અને
ત્યારબાદ ઘઉંની પણ લણણી પૂરી થઈ ત્યાં સુધી રૂથે
બોઆઝના માણસો સાથે વીણ્યા કર્યુ અને પોતાની સાસુ
સાથે જ રહેવાનું પણ ચાલુ રાખ્યું.

## રૂથનું બોઆઝ સાથે ખેતરમાં જવું

3 એક દિવસ રૂથની સાસુ નાઓમીએ રૂથને કહ્યું, "બેટા,
હવે હું તારા માટે પતિ શોધી કાઢું, અને તને આનંદથી
ફરી પરણાવું એ માટે આ યોગ્ય સમય છે ખરું ને? 2તેં
બોઆઝ ના ખેતરમાં દાણા ભેગા કર્યા. તે આપણો નજીકનો
સગો છે. આજે રાત્રે તે ખળામાં જવ ઊપણવાનો છે 3તેથી
તું, હું કહું છું તેમ કર. નાહીધોઈને શરીરે અત્તર લગાવી
સારાં વસ્ત્રો પહેરી ખળામાં જા, પણ તે રાત્રીનું ખાણું પતાવે
ત્યાં સુધી તેને જાણવા ન દેતી કે તું આવી સૂઈ જાય પછી
તેના પગ પાસે સૂઈ જજે અને તેના પગ પરથી પાગરણ ઉચું
કરીને તેની પાસે સૂઈ જજે. પછી તેને લગ્ન સંબંધી શું કરવું
તે પૂછજે."
5પછી રૂથે કહ્યું, "સારું, હું તમારા કહ્યા પ્રમાણે જ
બધું કરીશ."
6આથી રૂથે ખળામાં જઈને તેની સાસુએ કહ્યા પ્રમાણે
કર્યુ. 7બોઆઝ પોતાનું કામ પુરું કરી અને જમીને ખૂબ
પ્રસન્નતા અને સંતોષમાં હતો તે ઘાસના ઢગલા પાસે જઈને

સૂઈ ગયો. પછી રૂથ છાનીમાની આવી અને તેના પગ ઉપરથી
પાગરણ ખસેડીને તેની બાજુમાં સૂઈ ગઈ.
8મધરાતે પડખું ફેરવતી વખતે તે અચાનક જાગી ગયો,
અને તેના પગ પાસે એક જુવાન યુવતી સૂતી હતી તે જોઈને
ચોંકી ગયો. 9તેણે તેણીને પૂછયું; "તું કોણ છે?"
તેથી રૂથે ઉત્તર આપ્યો, "હું છું રૂથ તમારી સેવિકા. તમે
મારા રક્ષણકર્તા છો "તેથી મારા પર તમારું પાગરણ પાથરો.*
કેમ કે તમે મારા નજીકના સગા છો."
10બોઆઝે કહ્યું, "દેવ, તને આશીર્વાદ આપો. તારી મારા
પ્રત્યેની ભલમનસાઇ, પહેલા નાઓમી પ્રત્યે દર્શાવેલ
ભલમનસાઈ કરતા પણ મહાન છે. તું કોઈ જુવાન માણસને
લગ્ન કરવા શોધી શકત પછી તે ધનવાન હોય કે ગરીબ પણ
બદલામાં તું મારી પાસે આવી. 11દીકરી, ગભરાઈશ નહિ, તું
જે કાંઈ કહેશે તે હું કરીશ. 12આખું નગર જાણે છે કે તું
ગુણિયલ તરુણી છે, પણ તારી સંભાળ લેવાની જવાબદારી
મારી હોવા છતાં મારા કરતાં પણ વધારે નજીકનો સગો
માણસ બીજો એક છે. 13આજની રાત તો તું અહીં રહે અને
સવારમાં જો તે તારી જવાબદારી સ્વીકારવાનો પોતાનો હક્ક
બજાવવા રાજી હોય તો તેમ, નહિ તો હું યહોવાને નામે
વચન આપીને કહું છું કે, હું તારી જવાબદારી ઉપાડી લઈશ,
સવાર થતાં સુધી તું અહીં સૂઈ રહે."
14તેથી સવાર થતાં સુધી તે તેના પગ આગળ સૂઈ રહી,
અને લોકો એકબીજાને ઓળખી શકે તેટલુ અજવાળું
થતા પહેલાં તે ઊઠી ગઈ કારણ કે બોઆઝે તેને કહ્યું "હતું
કે તે રાત દરમ્યાન ત્યાં હતી તે કોઈને ખબર પડવી
જોઈએ નહી."
15બોઆઝે રૂથને ઝભ્ભો તેની આગળ પાથરવા કહ્યું "તેણે
તેના ઝભ્ભામાં થોડા જવના દાણા તેની સાસુને ભેટ તરીકે
વીંટાળીને આપ્યા અને ત્યારબાદ તે ઘરે ગયો."
તેણે એના કોટમાં થોડા જવના દાણા વીંટાળીને મૂક્યા.
અને તેને ખભે ચડાવી દીધો. પછી તે નગરમાં પાછી ફરી.
16પછી તે તેની સાસુ પાસે ગઈ ત્યારે નાઓમીએ તેને
પૂછયું, "બેટા, પછી શું થયું?"
17બોઆઝે તેને માટે જે જે કર્યું હતું તે બધું રૂથે કહી
સંભળાવ્યું, અને કહ્યું કે, "ઉપરાંત, તેણે મને આ છ માપ
જવ પણ આપ્યા, અને કહ્યું કે તારે ખાલી હાથે સાસુ પાસે
પાછા જવાનું નથી."
18એટલે પછી નાઓમીએ તેને કહ્યું, "બેટા, ધીરજ રાખ,
અને આનું પરિણામ શું આવે છે તે જો. આજે ને આજે જ
આનો ફેંસલો લાવ્યા વિના તે જંપવાનો નથી."

## રૂથ અને બોઆઝના વિવાહ

4 બોઆઝ શહેરના દરવાજા પાસે લોકો ભેગા થાય છે તે
જગ્યાએ ગયો. એના પરિવારનો નજીકનો સગો ત્યાંથી
પસાર થાય ત્યાં સુધી ત્યાં બેસી રહ્યો. એણે એને બોલાવીને
કહ્યું, "આવ અને અહીંયા બેસ " હું તારી સાથે થોડી વાત
કરવા માગું છું. એટલે તે આવીને બેઠો.
2ત્યાર પછી બોઆઝે નગરના દસ વડીલોને તેડાવ્યા અને
કહ્યું, "અહી બેસો," અને તેઓ બેઠા.
3તેણે નાઓમીના સગાને બોલાવીને કહ્યું, "તમને બધાને
ખબર છે કે નાઓમી મોઆબથી પાછી આવી છે અને એને
પોતાના પતિ એલીમેલખની જમીન વેચી દેવી છે. 4મને
લાગ્યું કે મારે તમને તે વિષે વાત કરવી જોઈએ. કે, અહીં
આપણા જે વડીલો બેઠા છે તેમની સાક્ષીએ તું એ ખરીદી લે.
જો તારે કુટુંબી તરીકેનો હક્ક ભોગવવો હોય તો ખરીદી લે,
અને જો તારે હક્ક ન ભોગવવો હોય તો તે કહે, જેથી મને
ખબર પડે, કારણ નજીકના કુટુંબી તરીકેનો પહેલો હક્ક
તારો છે અને તારા પછી મારા પોતાનો છે." તેણે કહ્યું, "હું
ખરીદી લેવા તૈયાર છું,"
5બોઆઝે કહ્યું, "તું જે દિવસે નાઓમી પાસેથી એ જમીન
ખરીદી લેશે,મરનાર માણસની પત્ની રૂથ જે મોઆબથી છે
તે તારી પત્ની બનશે. જ્યારે એને પુત્ર થશે એ જમીન એને
મળશે, આ રીતે જમીન મરનાર માણસના પરિવારની જ
રહેશે."
6ત્યારે પેલા માણસે કહ્યું, "હું એ જમીન ખરીદવા માગતો
નથી, કારણકે એમ કરતા હું મારી પોતાની જમીન ખોઈ
બેસીશ. તેથી તું બોઆઝ જમીન ખરીદી લે." 7હવે તે સમયમાં
ઈસ્રાએલમાં મિલકતનું વેચાણ અથવા ફેરબદલી કરતી વખતે
સોદો પાકો કરવા મૂળ માલિક પોતાનું પગરખું કાઢીને સામાને
આપે. 8આથી નાઓમીના કુટુંબીએ બોઆઝને કહ્યું કે,
"તું જમીન ખરીદી લે." અને પોતાનું પગરખું બોઆઝને
આપ્યું.
9પછી બોઆઝે વડીલોને તથા ત્યાં હાજર રહેલા બધા
લોકોને કહ્યું, "આજે તમે સાક્ષી છો કે મેં નાઓમી પાસેથી
એલીમેલખ, કિલ્યોન અને માહલોન પાસે જે હતું તે સર્વસ્વ
ખરીદું છું. 10તદુપરાંત, તમે એ વાતના પણ આજે સાક્ષી છો
કે "હું માહલોનની વિધવા મોઆબી રૂથનો પતિ બનું છું
જેથી મિલકત મરનારને નામેજ રહે. અને તેનું નામ
કુટુંબીઓમાંથી અને તેના નગરમાંથી ભૂંસાઈ જાય નહિ."
11શહેરની ભાગોળમાં સર્વ લોકો તથા વડીલોએ કહ્યું કે
"અમે સાક્ષી છીએ; દેવ આ સ્ત્રીને રાહેલ અને લેઆહ
જેવી બનાવે, જેણે ઈસ્રાએલનું ઘર બનાવ્યું હતું. તું
એફ્રાથાહમાં સુખી થા, અને બેથલેહેમમાં નામાંકિત થાઓ.
12દેવ તમને રૂથ દ્વારા પુત્રો આપે જેઓ તમને પ્રખ્યાત
અને મહાન બનાવશે તારું કુટુંબ યહૂદા અને તામારના પુત્ર
પેરેસના* કુટુંબ જેવું (મહાન) બનો. એજ પ્રમાણે."
13તેથી બોઆઝ રૂથને પરણ્યો, અને યહોવાની કૃપાથી તે
સગર્ભા બની અને એક પુત્ર થયો. 14નગરની સ્રીઓ
નાઓમીને કહેવા લાગી;

**તેથી ... પાથરો** મૂળ પ્રમાણે: આથી બતાવામા આવ્યું હતું કે રૂથ મદદ અને રક્ષણ માંગી રહી હતી.

**પેરેસ** બોઆઝનો એક પૂર્વજ.

"આશીર્વાદિત દેવ પાસેથી આવું સંતાન* મેળવનાર તું
નસીબદાર છે; તે ઈસ્રાએલમાં પ્રખ્યાત થશે.
15તે તને આનંદથી ફરી જીવંત બનાવશે, વૃદ્ધાવસ્થામાં
તે તારી સંભાળ રાખશે.તે આમ એટલા માટે કરશે કારણકે
તેની માતા રૂથ ને તારા ઉપર પ્રેમ છે અને તારી સંભાળ
રાખે છે. તારા માટે એ સાત પુત્રો કરતા પણ વધુ સારી છે."
16નાઓમીએ તે બાળકને પોતાના હાથમાં લીધો અને
તેની સંભાળ લીધી. 17આડોસપાડોસની સ્રીઓએ કહ્યું;
"નાઓમીને પુત્ર અવતર્યો છે." અને મહોલ્લાની સ્ત્રીઓએ
તે બાળકનું નામ ઓબેદ પાડયું. તે ઈશાઈનો પિતા હતો
અને ઈશાઈ દાઉદનો પિતા હતો.

### રૂથ અને બોઆઝનો પરિવાર

18બોઆઝની વંશાવળી તેના પૂર્વજ પેરેસથી શરૂ થઈ તે
આ પ્રમાણે છે.

પેરેસથી હેસ્રોન થયો,
19 હેસ્રોનથી રામ અને રામથી અમ્મીનાદાબ થયો.
20 અમ્મીનાદાબથી નાહશોન, અને નહશોનથી સલ્મોન,
21 સલ્મોનથી બોઆઝ અને બોઆઝનો પુત્ર ઓબેદ થયો.
22 ઓબેદનો પુત્ર યશાઈ અને યશાઈનો પુત્ર દાઉદ થયો.

**સંતાન** શાબ્દિક રીતે-આનો અર્થ થાય છે રક્ષણ કરનાર. મૂળ પ્રમાણે છંદ કહે છે, "આશીર્વાદિત છે યહોવા જેણે આજે તને ઉદ્ધારક વિના નથી રાખી." આ સંતાન અથવા રક્ષણ કરનાર બોઆઝ ને ઉલ્લેખ કરતું હોય, અથવા સ્ત્રીઓએ સંતાન માટે આ નામનો ઉપયોગ કર્યો હોય કારણ કે તે નાઓમી અને તેના કુટુંબની સંભાળ લેનાર થશે અને એલીમેલેખનું નામ આગળ લઈ જનાર હશે.

# ન્યાયાધીશો

### યહૂદાના લોકોએ કનાનીઓથી યુદ્ધ કર્યુ

1 યહોશુઆના અવસાન પછી ઈસ્રાએલીઓ યહોવા પાસે તેની ઈચ્છા જાણવા ગયા, તેઓએ યહોવાને પૂછયું, "અમારામાંથી કયું કુળસમૂહ કનાનીઓ ઉપર પ્રથમ યુદ્ધ કરે?" 2યહોવાએ કહ્યું, "સૌથી પહેલા યહૂદા કુળસમૂહ હુમલો કરે. હું તેઓને તે પ્રદેશ પર વિજય અપાવીશ."

3યહુદાના લોકોએ પોતાના ભાઈઓ શિમયોનના કુળસમૂહના લોકોને કહ્યું, "તમે અમારા ભાગના પ્રદેશમાં અમારી સાથે આવો અને આપણે કનાનીઓ ઉપર આક્રમણ કરીએ. ત્યારબાદ અમે પણ તમારા ભાગના પ્રદેશમાં આવીશું." તેથી શિમયોનના લોકો યહૂદાના લોકો સાથે ગયા.

4પછી તેઓએ આક્રમણ કર્યુ, અને યહોવાએ કનાનીઓ અને પરિઝઝીઓને હરાવવામાં તેઓને મદદ કરી. તેઓએ બેઝેકમાં 10,000ના સૈન્યનો સંહાર કર્યો. 5બેઝેકમાં રાજા અદોનીબેઝેકનો ભેટો થતા તેની સામે લડ્યા અને કનાનીઓ તથા પરિઝઝીઓને હરાવ્યા.

6અદોનીસેદક ભાગી છૂટયો, પણ તે લોકોએ તેનો પીછો કરી તેને કેદ કર્યો. અને તેઓએ તેના અંગૂઠા અને તેની મોટી આંગળીઓ કાપી નાખી. 7અદોનીબેઝેકે કહ્યું, "મેં આ જ રીતે 70 રાજાઓના હાથપગના અંગૂઠા કાપી નાખ્યા હતાં, ને તે બધા રાજાઓ મારા ભાણામાંથી મેજ નીચે પડેલા ટુકડાઓ વીણી ખાતા હતાં. તેવા જ હાલ દેવે મારા કર્યા." તેઓ તેમને યરૂશાલેમ લઈ ગયા અને ત્યાં જ તેનું અવસાન થયું.

8યહૂદાના લોકોએ યરૂશાલેમ ઉપર આક્રમણ કરીને તેને કબજે કર્યુ. તે લોકોએ ત્યાંના વતનીઓનો પોતાની તલવારો દ્વારા સંહાર કર્યો અને નગરને આગ ચાંપી. 9તે પછી યહૂદાના લોકો પર્વતીય પ્રદેશ, દક્ષિણી નેગેવ અને પશ્ચિમી પર્વતીય ટેકરીઓ તરફ ગયા. તે વિસ્તારમાં રહેતા કનાનીઓ સાથે તેઓ લડ્યાં.

10પછી તે લોકોએ હેબ્રોનના કનાનીઓ ઉપર હુમલો કર્યો. (એ શહેરનું નામ પહેલાં 'કિર્યાથ-આર્બા' હતું.) ત્યાં તેમણે શેશાઈ, અહિમાન અને તલ્માઈ કુટુંબ સમૂહોને હરાવ્યા.

### કાલેબ અને તેની પુત્રી

11ત્યારબાદ તેઓએ દબીરના વતનીઓ ઉપર હુમલો કર્યો. (પહેલાં દબીરનું નામ કિર્યાથ-સેફર હતું.) 12કાલેબે વચન આપતાં કહ્યું, "જે કોઈ કિર્યાથ-સેફર ઉપર હુમલો કરીને તેને કબજે કરશે તેને હું મારી પુત્રી આખ્સાહ પરણાવીશ."

13કાલેબના નાના ભાઈ કનાઝના પુત્ર ઓથ્નીએલે તે નગરનો કબજો મેળવ્યો, એટલે કાલેબે પોતાની પુત્રી આખ્સાહ સાથે તેના લગ્ન કર્યા.

14જયારે તેઓ પરણીને પોતાને નવા ઘરે જવા નીકળ્યા ત્યારે આખ્સાહને ઓથ્નીએલ તેના પિતા પાસે એક ખેતર માગવા સમજાવી, એટલે તે ગધેડા પરથી ઊતરી તેના પિતા પાસે ગઈ એટલે કાલેબે તેને પૂછયું "તારે શું જોઈએ છે?"

15એટલે તેણે કહ્યું, "પિતાજી, તમે મને આશીર્વાદ આપો, તમે મને નેગેબનો સૂકો પ્રદેશ આપ્યો છે, તો મને જ્યાં પાણીનાં કુદરતી ઝરણા હોય એવી જમીન આપો," તેથી કાલેબે તેને પ્રદેશના ઉપરનાં અને નીચેનાં પાણીના ઝરણાંઓ આપ્યાં.

16કેની જાતિના લોકોએ જેઓ મૂસાના સસરાના કુટુંબના હતાં, ખજુરીના શહેરમાં આવેલા પોતાના ઘરો છોડી દીધાં. તેઓ યહૂદાના લોકોની સાથે યહૂદાના વગડામાં અરાદની દક્ષિણે આવેલા નેગેવમાં ગયાં, કનાનીઓ ત્યાં જઈને યહૂદાના લોકો સાથે વસ્યાં.

17ત્યારબાદ યહૂદાના લોકો અને શિમયોનના કુળસમૂહના લોકો તેના ભાઈઓ સાથે જઈને સફાથ વસતા કનાનીઓ જેઓ યહૂદામાં રહેતાં હતાં તેમની ઉપર હુમલો કર્યો અને શહેરનો નાશ કર્યો, આથી એ શહેરનું નામ હોર્માહ પડયું.

18યહૂદાના લોકોએ ગાઝા, આશ્કલોન, એક્રોન અને તેની આસપાસનો પ્રદેશ કબજે કર્યો.

19અને યહોવા, યહૂદાના લોકોની સાથે હતાં તેઓએ પર્વતીય પ્રદેશ કબજે કરી લીધો. પરંતુ તેઓ પાસે લોખંડના રથ નહી હોવાથી નીચાણના દેશની પ્રજાને તેઓ કાઢી શક્યા નહી.

20મુસાના વચન મુજબ હેબ્રોન કાલેબને આપવામાં આવ્યું! અને તેણે અનાકના ત્રણ પુત્રોને ત્યાંથી હાંકી કાઢયા.

### બિન્યામિનના લોકો યરૂશાલેમમાં સ્થાયી

21પરંતુ બિન્યામીનના કુળસમૂહના લોકો યરૂશાલેમમાં વસતા યબૂસીઓને હાંકી કઢવામાં નિષ્ફળ ગયા, તેથી આજે પણ * યબૂસીઓ બિન્યામીનના વંશજો સાથે યરૂશાલેમમાં વસે છે.

---

**આજે પણ** એટલે કે તે સમય જ્યારે પુસ્તક લખાયું હતું અને નહીં કે વર્તમાન સમય.

### યૂસફના લોકોનો બેથેલ પર કબજો

22યોસેફના કુળસમૂહના લોકોએ બેથૅલ ઉપર હુમલો કર્યો ત્યારે યહોવા તેમની સાથે હતાં. 23તેઓએ બેથેલમાં પહેલાં જાસૂસો મોકલ્યા. પહેલાં એ શહેરનું નામ લૂઝ હતું. 24જાસૂસોએ એક માણસને નગરમાંથી બહાર નીકળતા જોયો એટલે તેને પકડયો અને પૂછયું, "તું જો અમને નગરમાં પ્રવેશવાનો રસ્તો બતાવીશ તો અમે તારા પર કૃપા રાખીશું."

25તેથી તેણે નગરમાં પ્રવેશ કરવા માટેનો રસ્તો બતાવ્યો. અને તેમણે નગરના બધા વતનીઓનો પોતાની તલવારથી સંહાર કર્યો, પરંતુ પેલા માણસને તેના પરિવાર સાથે જીવતો જવા દીધો 26તે માણસ પાછળથી હિત્તીઓના પ્રદેશમાં ચાલ્યો ગયો અને ત્યાં તેણે એક નગર વસાવ્યું અને તેનું નામ લૂઝ રાખ્યું. આજે પણ તે શહેર એ જ નામે ઓળખાય છે.

### અન્ય કુળસમૂહો કનાનીઓથી લડ્યાં

27મનાશ્શાના કુળસમૂહના લોકોએ બેથશેઆન, તાઅનાખ, દોર, યિબ્લઆમ, મગિદો એ શહેરો અને તેમની આજુબાજુના ગામડાંઓમાં વસતા લોકોને હાંકી કાઢયા નહી; એ પ્રદેશમાં કનાનીઓનો પગદંડો ચાલુ રાખ્યો. 28પાછળથી જ્યારે ઈસ્રાએલીઓ બળવાન થયા ત્યારે તેમણે કનાનીઓ પાસે ગુલામોની જેમ કામ કરાવ્યું પણ તેઓને હાંકી કાઢયા નહી.

29એફ્રાઈમના કુળસમૂહના લોકોએ ગેઝેરમાં વસતા કનાનીઓને હાંકી કાઢયા નહી, આથી કનાનીઓએ તેમની સાથે ગેઝેરમાં રહેવાનું શરૂ કર્યુ.

30ઝબુલોનના કુળસમૂહના લોકોએ કિટ્રોન નાહલોલના વતનીઓને હાંકી ન કાઢયા. કનાનીઓ તેઓની ભેગાજ રહ્યાં અને તેમના ગુલામો તરીકે મજૂરી કરવા લાગ્યા. 31આશેરના કુળસમૂહના લોકોએ એક્કો, સિદોન, અહલાબ, આખ્ઝીબ, હેલ્બાહ, અફીક અને રહોબના વતનીઓને હાંકી ન કાઢયા 32આશેરના વંશજો ત્યાંના કનાનીઓ ભેગાજ રહેવા લાગ્યા; કારણ, તેમણે તે લોકોને હાંકી કાઢયા નહોતા.

33નફતાલી કુળસમૂહના લોકોએ બેથશેમેશ અને બેથઅનાથના વતનીઓને હાંકી કાઢયા નહી, પણ તેઓ તે શહેરોના કનાની વતનીઓ ભેગાજ રહેવા લાગ્યા. આ કનાનીઓએ તેમના માટે ગુલામો તરીકે કામ કર્યુ.

34અમોરીઓએ દાનના કુળસમૂહના લોકોને પહાડી પ્રદેશમાં વસવા માટે દબાણ કર્યુ અને તે લોકોને નીચે ખીણપ્રદેશમાં આવવા દીધા નહી. 35અમોરીઓ આયાલોનમાં આવેલા હેરેસના પર્વતમાં, અને શાલ્બીમમાં રહેવા ઈચ્છતા હતાં, જ્યારે યૂસફનું કુળસમૂહ વધારે મજબૂત બની ગયું, ત્યારે તેઓએ અમોરીઓને ગુલામ બનાવી દીધા. 36અદોમીઓની સરહદ આક્રાબ્બીમના ઘાટથી શરુ થઈ સેલામાંથી પસાર થઈને આગળ જતી હતી.

### બોખીમમાં યહોવાનો દૂત

2 એક દિવસ યહોવાએ પોતાના દેવદૂતને ગિલ્ગાલથી બોખીમ મોકલ્યો અને ઈસ્રાએલીઓને કહ્યું, "મેં તમને મિસરમાંથી બહાર કાઢયા છે અને તમારા પિતૃઓને મેં વચન આપ્યું હતું તે પ્રમાણે આ ભૂમિ તમને આપી છે, મેં તમને આપેલું વચન ક્યારેય તોડીશ નહી, 2તેમ તમારે પણ આ દેશની પ્રજા સાથે કોઈ કરાર કરવો નહી, તમારે તે લોકોની વેદીઓ તોડી પાડવી. પણ તમે મારી આજ્ઞાનું પાલન કર્યુ નથી, તમે લોકો આ શું કરી બેઠા છો?

3"તમે મારા કરારનો ભંગ કર્યો છે તેથી હું તમને કહું છું કે હવે હું આ લોકોને તમારી આગળથી હાંકી કાઢીશ નહી, તેઓ તમારી કૂખોમાં કાંટાની જેમ ભોંકાશે અને તેઓના દેવો તમને સતત શત્રુઓની જેમ ફસાવશે."

4દેવદૂતે બધા ઈસ્રાએલીઓને આ શબ્દો સંભળાવ્યા એટલે તેઓ મોટે સાદે રડવા લાગ્યા: 5અને તે પરથી તે સ્થળનું નામ 'બોખીમ' * પડયું. ત્યાં તેઓએ યહોવાને યજ્ઞો કર્યા.

### યહોશુઆનું મૃત્યુ

6યહોશુઆએ લોકોને તેમના ઘરે પાછા મોકલી દીધાં. તેથી સર્વ કુળસમૂહના ઈસ્રાએલી લોકો તેમના ઘરે પાછા ગયા અને પોતાની ભૂમિનો કબજો લીધો. 7જ્યાંરે યહોશુઆ જીવતા હતાં અને ઈસ્રાએલના વડીલો જેઓ યહોવાએ કરેલા મહાન કાર્યોના સાક્ષી હતાં, અને જેઓ યહોશુઆથી લાંબુ જીવ્યા હતાં, ત્યાં સુધી લોકો યહોવાની સેવા કરતા રહ્યાં. 8એકસો દસ વર્ષની ઉંમરે નૂનનો પુત્ર યહોશુઆ, યહોવાનો સેવક મૃત્યુ પામ્યો.

### ઈસ્રાએલીઓનો ધર્મત્યાગ

9તેને ગાઆશ પર્વતની ઉત્તરે એફ્રાઈમના પહાડી પ્રદેશમાં આવેલી ભૂમિમાં જે તિમ્નાથ હેરેસની જમીન તેના હિસ્સામાં આવી હતી ત્યાં દફનાવવામાં આવ્યો.

10તેના પછી આ આખી પેઢી ગુજરી ગઈ. બીજી પેઢી આવી, તેને ન હતી યહોવાની ખબર કે ન હતી ઈસ્રાએલીઓ માટે તેણે કરેલાં ઉમદા કાર્યોની ખબર. 11તેઓએ યહોવાની દૃષ્ટિએ પાપ ગણાય એવું આચરણ કર્યુ અને અન્ય બઆલ દેવની મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા.

12યહોવાએ કરેલી મદદને કારણે તેઓ મિસરમાંથી બહાર આવી ગયા. પણ તેઓએ તેમના પિતૃઓને મદદ કરનાર દેવ યહોવાને છોડી દીધા અને તેમની આસપાસના દેવોની પૂજા કરવા લાગ્યા. અન્ય દેવોની પૂજા કરીને તેઓએ યહોવાનો કોપ વધારી દીધો. 13તે લોકોએ યહોવાની ઉપાસના છોડીને બઆલ દેવ અને અશ્તોરેથ દેવોની પૂજા કરવા માંડી.

14યહોવાનો પ્રકોપ ઈસ્રાએલીઓ સામે ભભૂકી ઊઠયો અને તેણે તેમને શત્રુઓના હાથમાં સોંપી દીધા, જેઓ તેમને લૂંટતા રહ્યાં; તેણે તેમને આસપાસના શત્રુઓને હવાલે કરી

---

**બોખીમ** રૂદનની જગ્યા.

દીધા અને ઈસ્રાએલીઓ તેમની સામે ટકી શકયા નહી,
15ઈસ્રાએલી લોકો પોતાના શત્રુઓ સામે યુદ્ધ કરવા જતા
ત્યારે યહોવાનો હાથ તેઓની વિરુદ્ધ રહેતો, યહોવાએ તે
લોકોને ચેતવણી આપી હતી અને પ્રતિજ્ઞા લીધી હતી કે પોતે
આ પ્રમાણે કરશે. પરિણામે ઈસ્રાએલીઓ ભારે આફતમાં
આવી પડ્યા.

16ત્યારબાદ યહોવાએ ઈસ્રાએલીઓ ઉપર ન્યાયાધીશો
નીમ્યા. અને તેઓએ તેમને શત્રુઓના હાથમાંથી ઉગારી
લીધા. 17પણ તેમણે તે ન્યાયાધીશોનું પણ સાંભળ્યું નહી.
તેઓ દેવ પ્રત્યેની વફાદારી છોડી દઈને અન્ય દેવદેવીઓને
માનવા લાગ્યા અને એમની પૂજા કરવા લાગ્યા. તેમના
પિતૃઓ યહોવાની આજ્ઞા પ્રમાણે રહેતા હતાં, પણ આ લોકોને
આ ગમ્યું નહીં અને તેઓએ યહોવાના હુકમો માનવાનું
બંધ કરી દીધું.

18જયારે જયારે યહોવા તેમના ઉપર કોઈ ન્યાયાધીશ
નીમતા ત્યારે તેઓ તેની સાથે રહેતા તેણે તેઓની કાળજી
લીધી અને તેમનું તેમના શત્રુઓથી રક્ષણ કર્યુ. તેણે તેઓની
ઉપર દયા બતાવવા આમ કર્યુ કારણકે તેઓના શત્રુઓ દ્વારા
તેમના ઉપર જુલમો અને અત્યાચારો થયાં હતાં.
19ન્યાયાધીશના અવસાન પછી તેઓ યહોવાથી દૂર ફરી
ગયા અને પોતાના પિતૃઓથી પણ વધારે ભ્રષ્ટ થઈ ગયાં,
તેઓ અન્ય દેવની પૂજા કરતાં, તેમને પગે લાગતા; તેઓએ
પોતાના દુષ્ટ માર્ગોથી પાછા ફરવાનો ઈન્કાર કરી દીધો.

20આથી ફરીથી યહોવાનો કોપ ઈસ્રાએલીઓ ઉપર ભભૂકી
ઊઠતો, તે કહેતા, "આ પ્રજાએ મેં એમના પિતૃઓને પાળવા
કહેલા કરારનો ભંગ કર્યો છે. મેં કરેલી આજ્ઞાઓનું પાલન
તેમણે કર્યુ નથી. 21તેથી યહોશુઆ મૃત્યુ પામ્યા તે વખતે જે
જે પ્રજાઓ જીતવાની બાકી હતી તેઓને હવે હું હાંકી કાઢીશ
નહી. 22અને એ રીતે, ઈસ્રાએલીઓ પોતાના પિતૃઓના
પગલાને અનુસરશે કે નહીં, તેની હું કસોટી કરીશ." 23તેથી
યહોવાએ એ પ્રજાઓને પોતાની ભૂમિમાંથી હાંકી કાઢયા
વિના તેમને ત્યાં રહેવા દીધાં. તેણે તેમને યહોશુઆના હાથમાં
પણ સોંપી દીધા નહોતા, અને તેણે ઈસ્રાએલીઓને તેઓનો
નાશ કરવા દીધો નહીં.

3 આ એ પ્રજાઓ છે જેને યહોવાએ ભૂમિમાં છોડી
દીધી, તેણે આ મુજબ ઈસ્રાએલના લોકોની પરીક્ષા
કરવા કર્યુ જેઓએ કનાનની ભૂમિમાં યુદ્ધોમાં ભાગ
લીધો નહોતો.

2આમ કરવા પાછળ યહોવાનો હેતુ ઈસ્રાએલીઓની
એક પછી એક આવતી પેઢીઓને અને ખાસ કરીને તો
પ્રથમ જે લોકોને યુદ્ધનો અનુભવ નહોતો તેમને યુદ્ધની
કળા શીખવવાનો હતો. 3એ પ્રજાઓ આ પ્રમાણે હતી: પાંચ
પલિસ્તી રાજાઓ, બધાજ કનાનીઓ, સિદોનીઓ અને
બઆલ હેર્મોન પર્વતથી માંડીને લબો-હમાથ સુધી લબાનોન
પર્વતના વિસ્તારમાં વસતા હિવ્વીઓ. 4આ પ્રજાઓ
ઈસ્રાએલીઓની કસોટી માટે હતી અને જોવા કે યહોવાએ
જે આજ્ઞાઓ મૂસા મારફતે તેઓના પિતૃઓને આપી હતી તે
ઈસ્રાએલી નવી પેઢી પાળશે કે નહી.

5આમ ઈસ્રાએલીઓ, કનાનીઓ, હિત્તીઓ, અમોરીઓ,
પરિઝઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓ ભેગા રહેવા લાગ્યા.
6ઈસ્રાએલીઓએ તે લોકોની કન્યાઓનો પત્નીઓ તરીકે
સ્વીકાર કરવા માંડ્યો અને પોતાની કન્યાઓને બીજી
પ્રજાઓના પુત્રોની સાથે પરણાવવા માંડી, અને તેમના દેવોની
પૂજા કરી.

## પ્રથમ ન્યાયાધીશ ઓથ્નીએલ

7આમ ઈસ્રાએલીઓ દેવની દષ્ટિમાં દુષ્ટ પાપી થઈ ગયા.
પોતાના દેવ યહોવાને છોડી બઆલદેવ અને અશેરોથની
પૂજા કરવા લાગ્યા. 8આથી ઈસ્રાએલીઓ ઉપર યહોવાનો
કોપ ભભૂકી ઊઠયો અને તેણે તેમને અરામ-નાહરાઈમના
રાજા કૂશાન-રિશઆથાઈમના દ્વારા હરાવ્યા, અને આઠ વર્ષ
સુધી તેઓએ તેની ગુલામી કરી. 9ત્યાર પછી ઈસ્રાએલીઓએ
યહોવાને ધા નાખી અને તેણે તેમને ઉગારવા માટે એક
માણસ મોકલ્યો. એ કાલેબના નાના ભાઈ કનાઝનો દીકરો
ઓથ્નીએલ હતો. 10યહોવાનો આત્મા તેની સાથે હતો
યહોવાએ તેને શકિત આપી હતી અને તે ઈસ્રાએલીઓનો
ન્યાયાધીશ બન્યો. તેણે ઈસ્રાએલીઓને યુદ્ધમાં દોર્યા અને
અરામના રાજા કૂશાનને હરાવવા માટે યહોવાએ તેની સહાય
કરી. 11આમ, ઓથ્નીએલ બિન કનાઝનુ અવસાન થયું ત્યાં
સુધી દેશમાં 40 વર્ષ શાંતિ રહી.

## ન્યાયાધીશ એહૂદ

12ત્યાર બાદ ફરી એકવાર ઈસ્રાએલીઓએ તેમના વર્તન
દ્વારા યહોવા સામે પાપ કરવાનું શરું કર્યુ, તેથી યહોવાએ
મોઆબના રાજા એગ્લોનને શકિતશાળી બનાવ્યો અને તેને
ઈસ્રાએલીઓ સામે મોકલ્યો. 13એગ્લોને અમોરીઓને અને
અમાલેકીઓને ભેગા કરી ઈસ્રાએલીઓ ઉપર હુમલો કર્યો
અને તાલનગર યરીખો ખજૂરીઓનો પ્રદેશ જીતી લીધું.
14અઢાર વર્ષ પર્યંત ઈસ્રાએલીઓ મોઆબના રાજા એગ્લોનના
તાબામાં રહ્યાં.

15ત્યારબાદ તેઓએ યહોવાને પોતાને બચાવવા પોકાર
કર્યો તેથી યહોવાએ એક વ્યક્તિને બિન્યામીનના કુળસમૂહના
ગેરાના પુત્ર એહૂદને ઊભો કર્યો. તે ડાબોડી હતો,
ઈસ્રાએલીઓએ તેને ખંડણી સાથે મોઆબના રાજા એગ્લોન
પાસે મોકલ્યો. 16એહૂદે પોતાના માટે દોઢફૂટ લાંબી બેધારી
તલવાર બનાવી. અને પોતાની જમણી બાજુ કપડાં સાથે
બાંધી દીધી.

17ત્યારબાદ એહૂદે મોઆબના રાજા એગ્લોનને ખંડણી
આપી. એગ્લોન શરીરે બહુ પુષ્ટ હતો. 18ખંડણી અર્પણ આપી
રહ્યાં પછી એહૂદે ખંડણી ઉપાડી લાવનારા સાથીઓને પાછા
મોકલી દીધા. 19પણ તે પોતે ગિલ્ગાલની મૂર્તિઓ પાસે રાજા
આગળ પાછો ફર્યો અને કહ્યું, "હે રાજા, મારે આપને એક
ખાનગી સંદેશો આપવાનો છે."

રાજાએ તેને ચૂપ રહેવાનો હુકમ કર્યો અને પોતાના બધા
સેવકોને રાજાએ બહાર મોકલી દીધા.
20રાજા તેના મહેલમાં ઉપલા માળે આવેલા પોતાના
વરંડાના શીતળ ભાગમાં હતો જ્યારે તે એકલો હતો ત્યારે
એહૂદ તેની પાસે ગયો અને તેને ગુપ્ત રીતે કહ્યું, "મારે
આપને દેવનો એક ગુપ્ત સંદેશ આપવાનો છે."
એટલે એગ્લોન પોતાના આસન ઉપરથી ઊભો થઈ ગયો;
21અને એહૂદે પોતાના ડાબા હાથે જમણે પડખેથી તલવાર
ખેંચી કાઢીને રાજાના પેટમાં ઊંડે સુધી હુલાવી દીધી.
22તલવારના પાના પછી મૂઠ પણ અંદર ઊતરી ગઈ અને
તેના ઉપર ચરબી ફરી વળી, કારણ, એહૂદે તલવાર પાછી
ખેંચી કાઢી નહોતી.
23પછી એહૂદે બહાર જઈ ઓરડીના બારણાં બંધ કરીને
તાળું મારી દીધું. 24તેના ચાલ્યાં ગયા પછી એગ્લોનના નોકરો
આવ્યા અને બારણાંને તાળું મારેલું જોઈ તેમણે ધાર્યુ કે રાજા
ઠંડી ઓરડીના અંદરના ભાગમાં બાથરૂમમાં ગયા હશે.
25લાંબા સમય સુધી રાહ જોયા પછી પણ રાજાએ બારણું ના
ઉઘાડયું ત્યારે તેઓને ચિંતા થઈ અને ચાવી લાવીને કળ
ઉઘાડી, બારણું ખોલીને જોયું તો તેઓનો રાજા જમીન પર
મરેલો પડ્યો હતો.
26તે લોકો રાહ જોતા હતાં તે દરમ્યાન એહૂદ ભાગી ગયો.
તે પત્થરની ખીણો ઓળંગીને સેઈરાહ સુધી પહોંચી ગયો
હતો. 27એફ્રાઈમના પહાડી પ્રદેશમાં આવીને તેણે રણશિંગડું
વગાડયું અને ઈસ્રાએલી લોકો ટેકરી પરથી નીચે આવ્યા
અને તેને અનુસર્યા. 28તેણે તેઓને કહ્યું, "મારી પાછળ
આવો! કારણ, યહોવાએ તમારા દુશ્મન મોઆબીઓને તમારા
હાથમાં સોંપી દીધા છે."
આથી તેઓ તેની પાછળ નીચે ઊતરી આવ્યા અને તે
લોકો જે ઘાટેથી યર્દન નદી ઓળંગવાના હતાં તે કબજે કરી
લીધા અને તેઓએ એક પણ જણને સીમા ઓળંગીને જવા
દીધો નહી. 29તે પછી તેમણે મોઆબીઓ પર હુમલો કરી
તેઓના આશરે 10,000 શૂરવીર ખડતલ મોઆબી યોદ્ધાઓને
મારી નાખ્યા. એક પણ બચવા ન પામ્યો. 30તે દિવસે
મોઆબીઓને ઈસ્રાએલીઓ આગળ નમવું પડયું, પછીના
80 વર્ષ સુધી દેશમાં શાંતિ રહી.

## ન્યાયાધીશ શમગર

31એહૂદ પછી આનાથનો પુત્ર શમગર ન્યાયાધીશ બન્યો.
તેણે 600 પલિસ્તીઓને મારી નાખ્યાં. તેણે ઈસ્રાએલી પ્રજાને
ઉગારી હતી.

## પ્રબોધિકા દબોરા સ્ત્રી ન્યાયધીશ

4 એહૂદના મૃત્યુ પછી ઈસ્રાએલી પ્રજાએ ફરી એક વાર
યહોવાની દૃષ્ટિએ પાપ ગણાય એવું આચરણ કર્યુ. 2તેથી
યહોવાની ઈચ્છા પ્રમાણે ઈસ્રાએલીઓને હાસોરમાં રાજ
કરનાર કનાની રાજા યાબીનના હાથે પરાજીત કરાયા હતાં.
તેના સૈન્યના સેનાપતિનું નામ સીસરો હતું જે હરોશેથ
હગોઈમમાં રહેતો હતો. 3યાબીન પાસે લોખંડના 900 રથ
હતાં અને 20 વર્ષ સુધી તેણે ઈસ્રાએલીઓ ઉપર ભારે જુલમ
ગુજાર્યો હતો, તેથી તેઓએ યહોવાને સહાય માટે પોકાર
કર્યો. 4એ વખતે લપીદોથની પત્ની દબોરા ઈસ્રાએલીઓની
ન્યાયાધીશ હતી. તે પ્રબોધિકા હતી, 5એફ્રાઈમના પહાડી
પ્રદેશમાં રામા અને બેથેલની વચ્ચે એક મોટું તાડનું ઝાડ
હતું. તેની નીચે તે બેસતી હતી. અને ઈસ્રાએલીઓ ત્યાં
તેમના ન્યાય વિષે નિર્ણય કરવા માટે આવતા હતાં. 6એક
દિવસ દબોરાએ નફતાલી પ્રાંતના કેદેશમાં રહેતા અબીનોઆમના
પુત્ર બારાકને તેડાવ્યો અને તેને કહ્યું કે, "ઈસ્રાએલના દેવ
યહોવાએ તને આ હુકમ કર્યો છે, 'નફતાલી અને
ઝબુલોનના કુળસમૂહોમાંથી 10,000 સૈનિકોને લઈને તાબોર
પર્વત ઉપર જા. 7હું યાબીનના સેનાપતિ સીસરાને તેના રથો
અને યોદ્ધાઓ સાથે કિશોન નદીને કાંઠે લઈ આવીશ, પછી
હું તેઓને તારા હાથમાં સોંપી દઈશ, તેથી તું એને ત્યાં
હરાવી શકે.'"
8બારાકે તેને કહ્યું, "તું જો મારી સાથે આવતી હોય તો હું
જાઉં, પણ તું જો મારી સાથે ન આવતી હોય તો હું ન જાઉં."
9તેણે જવાબ આપ્યો, "હું તારી સાથે જરૂર આવીશ;" પણ
સીસરાને જીતવાનું શ્રેય તને મળશે નહી, કારણ, યહોવા
સીસરાને એક સ્ત્રીના હાથમાં સોંપી દેનાર છે."
ત્યાર બાદ દબોરા ઊભી થઈ અને બારક સાથે કેદેશ ગઈ.
10બારાક નફતાલી અને ઝબુલોનના કુળસમૂહો પાસે ગયો
અને લોકોને બોલાવ્યા અને લગભગ 10,000 માણસોને
સૈન્ય માટે લઈને તે ગયો દબોરા પણ તેની સાથે ગઈ.
11કેની જાતિના હેબેર જે બીજા કેની લોકોથી અલગ પડી
ગયો હતો અને તેણે પોતાનો તંબુ કેદેશ નજીક એલોન–
સાનીમની પાસે નાખ્યો હતો. કેનીઓ–મૂસાના સાળા
હોબાબના વંશજો હતા. 12સીસરાને સમાચાર મળ્યાં કે
અબીનોઆમના પુત્ર બારાક તેના સૈન્ય સાથે તાબોર પર્વત
ઉપર ગયા છે. 13એટલે સીસરાએ પોતાના બધા 900 લોખંડના
રથોને તેમજ પોતાના બધા સૈનિકોને હરોશેથ–હગોઈમથી
કિશોન નદી આગળ ભેગા કર્યા.
14ત્યારે બારાકને દબોરાએ કહ્યું, "જલદી ઉભો થા!
યહોવાએ આજે સીસરાને તારા હાથમાં સોંપી દીધો છે. અત્યારે
પણ યહોવા તારા માટે લડે છે." આથી બારાક 10,000નું
સૈન્ય લઈને દુશ્મનો પર હુમલો કરવા તાબોર પર્વતના ઢોળાવો
પરથી નીચે ધસી આવ્યો. 15યહોવાએ બારાકને સીસરા પર
હુમલો કરવા મદદ કરી અને તેના બધા રથ–સૈનિકોને બારાકનું
લશ્કર જોઈને બેબાકળાં બનાવી દીધાં. સીસરા પોતે રથમાંથી
કૂદીને ભાગી ગયો. 16બારાકે તેના સૈન્ય સાથે હરોશેથ–
હગોઈમ સુધી સીસરાના રથોનો અને લશ્કરનો પીછો પકડયો.
સીસરાનું સમગ્ર સૈન્ય હણાઈ ગયું એકેય માણસ જીવતો
રહેવા પામ્યો નહી.
17સીસરા ભાગી ગયો અને દોડતો કેની હેબેરની પત્ની
યાએલના તંબૂએ પહોંચી ગયો. કારણ હાસોરના રાજા યાબીન
અને કેની હેબેરના પરિવાર વચ્ચે સારા પારિવારીક સંબંધો

હતાં. 18સીસરાને મળવા માટે યાએલ સામે આવીને ઊભી
રહી અને બોલી, "આવો, નામદાર, અંદર આવો, ડરશો નહી."
આથી તે તંબુમાં ગયો અને તેણીએ તેને ધાબળા વડે ઢાંકી
દીધો.
19સીસરાએ યાએલને કહ્યું, "મને તરસ લાગી છે, મને
પીવા માટે થોડું પાણી આપ." તેથી તેણીએ તેને દૂધની ભરેલી
મશક આપી અને ફરી તેને ઢાંકી દીધો.
20પછી સીસરાએ યાએલને કહ્યું, "તંબુના બારણામાં ઊભી
રહે, અને કોઈ મારી તપાસ કરવા આવે અને પૂછે કે અંદર
કોઈ છે, તો કહેજે, 'ના.'
21પણ તે ખૂબ થાકેલો હતો અને જલદીથી ઘસઘસાટ
સૂઈ ગયો ત્યારે હેબરની પત્ની યાએલે એક હથોડો અને
તંબૂનો ખીલ્લો લઈને સીસરાના માથામાં ઠોકી દીધો તેથી
સીસરો આમ મૃત્યુ પામ્યો.
22જયારે સીસરાને શોધતો શોધતો બારાક ત્યાં આવ્યો
ત્યારે યાએલે આવીને તેને કહ્યું, "આવો, તમે જે માણસને
શોધો છો તે હું બતાવું." તે તેની સાથે તંબુમાં ગયો અને ત્યાં
તેણે તંબૂનો ખીલ્લો જોયો જે સીસરાના માથામાં હતો અને
તે મૃત પડ્યો હતો.
23તેથી તે દિવસે દેવે કનાનના રાજા યાબીનને
ઈસ્રાએલીઓ માટે હરાવ્યો. 24ત્યારબાદ ઈસ્રાએલીઓ
કનાનના રાજા યાબીન સામેના હુમલાઓમાં વધુને વધુ
બળવાન થતા ગયા અને આખરે તેમણે તેનો નાશ કર્યો.

## દબોરાનું ગીત

5 તે દિવસે દબોરા અને અબીનોમના પુત્ર બારાકે આ
ગીત ગાયું.
2"યહોવાની સ્તુતિ કરો, ગુણગાન ગાઓ! કારણ કે
ઈસ્રાએલના યોદ્ધાઓ તૈયાર હતાં અને એક સક્ષમ નેતા
દ્ધારા દોરાઈ જવા માટે આગળ આવ્યાં.
3ઓ રાજાઓ, સાંભળો, હું યહોવાના ગીતો ગાઉં છું, હું
ઈસ્રાએલના દેવ યહોવાની સ્તુતિ ગાઉ છું.
4હે યહોવા, તમે સેઈરમાંથી બહાર આવ્યા, તમે અદોમના
પ્રદેશમાંથી નીકળ્યા, અને તે સમયે ધરતી ધ્રૂજતી હતી,
આકાશ કંપતું હતું, અને વાદળાં પાણી રેડી રહ્યાં હતાં.
5સિનાઈના દેવ, યહોવાની સામે, ઈસ્રાએલના દેવ
યહોવાની સામે પર્વતો પણ થરથરી ગયા.
6આનાથના પુત્ર શામ્ગારના સમયમાં, યાએલના
સમયમાં, ધોરીમાર્ગો પરની લોકોની અવરજવર થંભી
ગઈ, અને લોકોએ નાના રસ્તાઓ પરથી ચાલવાનું શરૂ
કર્યુ.
7ઓ દબોરા, તું ઈસ્રાએલની માતા સમી પ્રગટી ત્યાં સુધી
ઈસ્રાએલનાં બધાં ગામડાંઓ બિલકુલ ઉજ્જડ-નિર્જન હતાં.
ત્યાં ફકત મોટા નગરો હતાં. 8ઈસ્રાએલીઓએ નવા દેવ
પસંદ કર્યા, પછી તેઓને નગર દરવાજે લડવું પડતું હતું.
ભલે તેઓ સંખ્યાની દ્રષ્ટિએ 40,000 યોદ્ધાઓ હતાં,
પરંતુ તેમની પાસે તલવાર કે બખ્તર નહોતાં!

9હું મારી જાતને શૂરવીર ઈસ્રાએલી સૈનિકોને સોપી દઈશ,
યહોવાની સ્તુતિ કરો!
10અરે, ઓ શ્વેત ગર્દભો પર સવારી કરનારાઓ, કિંમતી
ગાલીચા પર બેસનારાઓ, પગપાળા પંથ કાપનારાઓ,
11ઓ જળાશયો આગળ એકત્ર થઈને આનંદના પોકારો
કરતાં લોકો યહોવાનાં વિજયગીત ગાય છે. યહોવાએ
ઈસ્રાએલના ખેડૂતોના સૈન્ય વડે મહા ઉદ્ધાર કર્યો છે.
યહોવાના લોકોએ દરવાજાઓમાં થઈને કૂચ કરી.
12યહોવાના લોકો નગરમાંથી બહાર દોડી આવ્યા. દબોરા,
ઊભી થા અને યહોવાની સ્તુતિ ગાઓ, અબીનોમના પુત્ર
બારાક, ઊભો થા, અને દુશ્મનોને પકડી લે.
13પછી યહોવાના લોકોમાંથી બચેલા શકિતશાળી
યોદ્ધાઓની સામે નીચે આવ્યા. યોદ્ધાઓની વિરૂદ્ધ તેઓ
મારી સાથે નીચે આવ્યા.
14એફ્રાઈમના લોકો જેઓ અમાલેકી વચ્ચે રહેતા હતાં, તે
બિન્યામીન, તારા લોકો સાથે નીચે આવ્યા." માખીરથી
સેનાપતિઓ કૂચ કરીને ધસી આવ્યા, ઝબુલોનના
કુળસમૂહના અધિકારીઓ પણ આવી પહોંચ્યા.
15ઈસ્સાખારના આગેવાનો દબોરા સાથે હતાં:
ઈસ્સાખારના લોકો બારાકની સાથે રહ્યાં, તેના હુકમથી તેઓ
લડાઈના મેદાનમાં ગયા. પણ રૂબેનના કુળનાં સૈનિકો લાંબા
સમય સુધી ચર્ચા કરતા રહ્યાં તેથી તેઓ લડવા માટે ન ગયા.
16કેમ તમે ઢોરની કોંઢમાં બેસી રહ્યાં હતાં? ઘેટાંના ટોળા
માટે વગાડવામાં આવતું સંગીત સાંભળતા રૂબેનના સૈનિકો
લાંબા વખત સુધી ચર્ચા કરતા હતાં.
17યર્દન નદીની બીજી બાજુએ ગિલયાદના લોકો ઘરમાંજ
રહ્યાં, દાનના લોકો વહાણો પાસે શા માટે રહ્યા? આશેરના
લોકો સમુદ્રકાંઠે રોકાઈ રહ્યાં, અને તેઓ ખાડી પાસે રાહ
જોતા રહ્યાં.
18પણ ઝબુલોનના લોકોએ જીવ જોખમમાં મૂકયો,
નફતાલીના લોકોએ પણ યુદ્ધના મેદાનમાં પ્રાણ આપવાની
હિંમત કરી મૃત્યુનો સામનો કર્યો.
19રાજાઓ આવ્યા અને તાઅનાખમાં આવેલી મગિદો
નદીની નજીક યુદ્ધ શરું થયું. કનાનના રાજાઓ યુદ્ધ ચડયા,
પણ તેઓને લૂંટ તરીકે ચાંદી ન મળી, જેના માટે તેઓ લડ્યા
હતાં.
20આકાશના તારાઓ પણ લડ્યા. તેઓ આકાશમાંના
તેમના ભ્રમણ માર્ગોમાંથી સીસરા સામે લડયા.
21પ્રાચીન કિશોન નદીના ધસમસતા પૂર તેમને તાણી
ગયા, ઓ મારા આત્મા, મજબૂત બન અને આગળ ધસ.
22જેવા ઘોડાઓ પૂરપાટ દોડવા લાગ્યા કે તેમના દાબડા
ભોંય પર પડઘાવા લાગ્યા.
23યહોવાનો દૂત કહે છે, "મેરોઝ પર શ્રાપ ઊતરશે, તેના
વતનીઓ ઉપર શ્રાપ ઊતરશે." તેઓ યહોવાની મદદે આવ્યા
નહોતા; યોદ્ધાઓ વિરૂદ્ધ યહોવાને મદદ કરવા.
24હેબેર કેનીની પત્ની યાએલ બધી સ્ત્રીઓથી વધારે
આશીર્વાદિત થશે તંબુઓમાં રહેનારી સ્ત્રીઓમાં એ સૌથી

વધુ ભાગ્યશાળી છે. 25સીસરાએ જ્યારે પાણી માગ્યું તો એણે તેને કિંમતી દૂધ આપ્યું શ્રેષ્ઠ વાટકામાં.

26તેણે હાથ લંબાવીને તંબુનો ખીલો લીધો, અને જમણે હાથે તેણે કારીગરનો હથોડો ઉપાડયો, પછી સીસરાના માથામાં તે આરપાર ઠોકી દીધો.

27તે યાએલના ચરણોમાં ઢળી પડયો અને જયાં પડયો ત્યાં જ મરી ગયો.

28સીસરાની મા બારીમાંથી જોવા માટે ડોકું કાઢે છે, અને મોટેથી ચીસ પાડે છે, "હજી તેનો રથ આવતો કેમ નથી? હજી તેના ઘોડા પાછા કેમ ફરતા નથી?"

29તેથી તેણીની સખીઓમાંની સૌથી શાણીએ જવાબ આપ્યો. ચોક્કસ તે પોતાની જાતને કહી રહી હતી.

30"તેઓ પુષ્કળ વસ્તુઓ લૂંટતા હશે અને ભાગ વહેંચતા હશે. પ્રત્યેક યોદ્ધાને માટે એક સ્ત્રી, સીસરા માટે બે રંગીન વસ્ત્રો, લૂંટારાની ગરદન માટે ખૂબ મોંઘી એક શાલ!"

31આમ, ઓ યહોવા, તમારા સર્વ શત્રુઓ નાશ પામો, પરંતુ તારા ભકતો ઊગતા પ્રખર સૂર્યની જેમ ઝળહળી ઊઠો ત્યારબાદ 40 વર્ષ સુધી દેશમાં શાંતિ રહી.

## મિદ્યાનીઓનું ઈસ્રાએલીઓ સાથે યુદ્ધ

6 ત્યારબાદ ફરીવાર યહોવાની દૃષ્ટિએ પાપ ગણાય એવું આચરણ ઈસ્રાએલી પ્રજાએ કર્યું. અને તેણે તેઓને સાત વર્ષ સુધી મિદ્યાનીઓના હાથમાં સોંપી હેરાન-પરેશાન કર્યા.

2ઈસ્રાએલી પ્રજા કરતાં મિદ્યાનીઓ વધારે શકિતશાળી હતાં એટલે મિદ્યાનીઓની ક્રૂરતાથી પોતાને બચાવવા માટે ઈસ્રાએલી પ્રજાને પર્વત પર ટેકરીની ગુફાઓમાં અને અન્ય ગુપ્ત જગ્યાએ ભરાઈ જવું પડયું. 3જયારે જયારે ઈસ્રાએલી પ્રજા પોતાના ખેતરોમાં વાવણી કરતી ત્યારે ત્યારે મિદ્યાનીઓ, અમાલેકીઓ અને બીજી પૂર્વની પ્રજાઓ આવીને તેમના ઉપર હુમલો કરતી. 4તેઓ છેક ગાઝા સુધીના પ્રદેશમાં પડાવ નાખીને ત્યાં નિવાસ કરતા, તેઓ ત્યાં રહેતા અને લોકોના પાક અને કાપણીનો નાશ કરતા. તેઓ ઈસ્રાએલીઓ માટે કશું જ ખાવાનું રહેવા દેતા નહી, નહી ઘેટું, નહી બકરી, નહીં બળદ કે નહી ગધેડું.

5તેઓ તેમના ઢોર અને તેમના તંબુઓ સાથે ટોળાબંધ ચડી આવતા, અને લોકો ઉપર મધમાખી ની જેમ ત્રાટકતા એમનાં ઊંટ ગણ્યા ગણાય એમ નહોતાં, અને તેઓ બધાં ભૂમિનો નાશ કરવા આવતા. 6આમ ઈસ્રાએલીઓ મિદ્યાનીઓ આગળ લાચાર હતાં.

7આથી ઈસ્રાએલીઓએ મિદ્યાનીઓ સામે મદદ મેળવવા યહોવાને પોકાર કર્યો. 8ત્યારે યહોવાએ એક પ્રબોધક દ્વારા સંદેશો મોકલ્યો, તેણે તેઓને કહ્યું, "ઈસ્રાએલના દેવ યહોવા જે કહે છે તે આ છે; તમને મિસરમાંથી મેં બહાર કાઢયા હતાં અને તમને ગુલામીમાંથી મુકત કર્યા હતાં. 9મિસરીઓના અને તમારા ઉપર જુલમ ગુજારનારાઓના હાથમાંથી તમને છોડાવનાર હું હતો. આ લોકોને મેં તમારી સામેથી હાંકી કાઢયા હતાં, અને તેમની જમીન તમને આપી હતી.' 10મેં તમને કહ્યું હતું 'હું તમારો દેવ યહોવા છું; તમે જે અમોરીઓના દેશમાં અત્યારે વસો છો તેમના દેવોની પૂજા કરશો નહી.' પણ તમે મારી વાત સાંભળી નથી."

## ગિદિયોનની મુલાકાતે યહોવાનો દૂત

11એક દિવસ યહોવાનો દૂત અબીએઝેરી કુટુંબના યોઆશની માલિકીના ઓફ્રા ગામે ગયો હતો અને ઓકના ઝાડ નીચે બેઠો. યોઆશનો પુત્ર ગિદિયોન મિદ્યાનીઓની નજર નપડે માટે દ્રાક્ષના કોલુમાં ઘઉં ઝૂડતો હતો. 12યહોવાના દૂતે તેને દર્શન દઈને કહ્યું, "મહાન યોદ્ધા, યહોવા તારી સાથે છે."

13ત્યાર પછી ગિદિયોને કહ્યું, "મારા યહોવા, જો યહોવા સાચેજ મારી અને ઈસ્રાએલીઓની પડખે હોય તો અમને આ બધું શું થયું? અમારા પિતૃઓએ અમને યહોવાના પ્રચંડ કાર્યો વિષે કહ્યું હતું જ્યારે તેઓ તેમને મિસરમાંથી બહાર લઈ આવ્યા હતાં, અને જ્યારે તેઓએ આ વિષે વાત કરી ત્યારે તેઓએ અદભૂત શોર્ય અને મહાન ઘટનાનું વર્ણન કર્યું હતું. તે બધાં કયાં ગયા? હવે આજે તો યહોવાએ અમારો ત્યાગ કર્યો છે અને અમને મિદ્યાનીઓના હાથમાં સોંપી દીધા છે."

14પછી યહોવાએ તેના તરફ વળીને કહ્યું, "જા, અને તારી તાકાતથી તું ઈસ્રાએલીઓને મિદ્યાનીઓના હાથમાંથી છોડાવ. હું પોતે જ તને મોકલું છું."

15ગિદિયોને કહ્યું, "પણ, યહોવા, હું ઈસ્રાએલીઓને કેવી રીતે છોડાવી શકું? તમે જાણો છો કે મારું કુળસમૂહ મનાશ્શાના વંશમાં નબળામાં નબળું છે, અને મારા બાપના કુટુંબમાં હું સૌથી નાનો માણસ છું."

16ત્યારે યહોવાએ કહ્યું, "હું તારી મદદમાં રહીશ અને તું મિદ્યાનીઓને તેઓ જાણે એકજ માણસ હોય તેમ કચડી શકીશ."

17ગિદિયોને યહોવાને કહ્યું, "જો તમે મારા પર પ્રસન્ન થયા હો તો તમેજ મારી સાથે વાત કરો છો એની કોઈ નિશાની આપો; 18અને જયાં સુધી હું તમને અર્પણ લાવીને ના ધરાવું ત્યાં સુધી અહીંથી ચાલ્યા જશો નહી."

યહોવાએ કહ્યું, "તું પાછો આવે ત્યાં સુધી હું અહીંજ રહીશ."

19આથી ગિદિયોને જલ્દી ઘેર જઈને એક લવારું લઈને રાંધ્યું તથા એક એફાહ* લોટની બેખમીર રોટલી બનાવી. તેણે માંસ એક ટોપલીમાં મૂકયું. રસો તપેલીમાં લીધો અને તે બધું તે ઓકના ઝાડ નીચે લાવ્યો અને તેણે યહોવાને ધરાવ્યું.

20યહોવાના દેવદૂતે કહ્યું, "માંસ અને રોટલી આ ખડક ઉપર મૂક અને તેના પર રસો રેડી દે." ગિદિયોને તે પ્રમાણે કર્યું.

---

**એફાહ** એટલે દસ કિલોગ્રામ.

21ત્યારે યહોવાના દૂતે પોતાના હાથમાંની લાકડી લંબાવીને તેની અણી માંસને અને બેખમીર રોટલીને અડાડી. તરત જ ખડકમાંથી અગ્નિ પ્રગટયો અને તે માંસને તથા રોટલીને સ્વાહા કરી ગયો. અને એ જ ક્ષણે યહોવાનો દૂત અલોપ થઈ ગયો. 22ગિદિયોને ત્યારે જાણ્યું અને તેને ખાતરી થઈ કે એ યહોવાનો દૂત હતો. અને તે બોલી ઊઠયો, "મને અફસોસ! ઓ યહોવા સર્વસમર્થ, કારણ કે મેં યહોવાના દૂતને મોંઢા મોંઢ જોયો છે."

23પણ યહોવાએ તેને કહ્યું, "શાંતિ રાખ, ડરીશ નહી, તું મરી નહી જાય." 24ત્યાર બાદ ગિદિયોન ત્યાં ગયો અને ત્યાં યહોવાને માટે એક વેદી બાંધી અને તેનું નામ 'યહોવાની શાંતિ' પાડયું. આજના દિવસે પણ એ વેદી "યહોવાની શાંતિ" યહોવા શાલોમ: ઓફાહ નગરમાં છે જ્યાં અબીએઝરીનું કુટુંબ વસે છે.

### બઆલની વેદીને ભાંગતો ગિદિયોન

25તે રાત્રે યહોવાએ ગિદિયોનને કહ્યું, "તારા પિતાનો સાત વર્ષની ઉંમરનો શ્રેષ્ઠ બળદ લે. તારા પિતાની જે બઆલદેવની વેદી છે તે તોડી પાડ. 26અને તેની પાસેની અશેરાદેવીની પ્રતિમાને કાપી નાખ, અને ત્યાર પછી આ ટેકરા ઉપર તારા દેવ યહોવાને માટે યોગ્ય રીતે બાંધેલી વેદી બનાવ. પછી પેલો બીજો બળદ લઈને તેં કાપી નાખેલી પ્રતિમાનાં લાકડાં વડે અર્પણ ચઢાવ."

27પછી ગિદિયોને દસ નોકરોને લઈને યહોવાના કહ્યા પ્રમાણે કર્યું. પણ તેને પોતાનાં કુટુંબીજનોની અને ગામ લોકોની બીક લાગતી હતી એથી તેણે આ કામ દિવસે ન કરતાં રાત્રે કર્યું.

28બીજે દિવસે સવારે લોકોની અવરજવર શરૂ થઈ ત્યારે લોકોએ જોયું કે બઆલની વેદીને તોડી નાખી છે, તેની પાસેની અશેરાદેવીનો સ્તંભ તોડી નાખવામાં આવ્યો છે. તેઓએ એક નવી બાંધેલી વેદી પણ જોઇ જ્યાં બીજા બળદનું અર્પણ કરાયું હતું.

29તેઓ એકબીજાને પૂછવા લાગ્યા, "આ કોણે કર્યુ?' અને તેમણે તપાસ કરી, આખરે તેઓને ખબર પડી કે, "યોઆશના પુત્ર ગિદિયોને આ કર્યુ છે."

30ત્યારે તેમણે યોઆશને કહ્યું, "તારા પુત્રને બહાર કાઢ, એને મૃત્યુદંડની સજા થશે જ; કારણ, એણે બઆલની વેદી ઉખાડી નાખી છે અને તેની પાસેની અશેરાદેવીની પ્રતિમા કાપી નાખી છે."

31પરંતુ યોઆશે તેની સામે ભેગા થયેલાં લોકોને કહ્યું, "તમે શા માટે બઆલનો પક્ષ લો છો? શા માટે તમે તેને બચાવવા માગો છો? જે કોઈ બઆલનો પક્ષ કરશે તેને સવાર થતાં પહેલાં મારી નાખવામાં આવશે. જો બઆલ ખરેખરા દેવ હોય અને કોઈ તેની વેદી તોડી પાડે તો તે પોતાની જાતનો બચાવ કરે. 32ત્યારથી ગિદિયોનનું નામ 'યેરૂબ્બઆલ ' પડયું, કારણ યોઆશે કહ્યું, "તેણે બઆલની વેદી તોડી પાડી છે."

### મિદ્યાનીઓને હરાવતો ગિદિયોન

33ત્યારબાદ મિદ્યાનીઓએ, અમાલેકીઓએ અને પૂર્વની અન્ય પ્રજાઓએ ભેગા થઈને યર્દન નદી ઓળંગી યિઝ્રએલની ખીણમાં તેમના તંબૂ તાણ્યા. 34પછી યહોવાનો આત્મા ગિદિયોનમાં આવ્યો યુદ્ધમાં જવાનું આહવાન આપવા તેણ રણશિંગડું ફૂંકયું, તેથી અબીએઝેરના પુરુષો તેની પાસે ભેગા થયા. 35તેણે મનાશ્શાના કુળસમૂહના સમગ્ર પ્રદેશમાં પોતાના માણસો મોકલ્યાં અને ત્યાથી લોકોને બોલાવી લીધા. અને તે બધાં તેની આજુબાજુ ભેગા થયાં તેણે આશેર, ઝબુલોન અને નફતાલીના લોકોને કાસદો મોકલ્યા અને તે કુળસમૂહોના લોકો પણ તેને આવી મળ્યાં.

36પછી ગિદિયોને દેવને પૂછયું "તમે મને વચન આપ્યું છે તે મુજબ તમે કહ્યું છે કે તમે ઈસ્રાએલીઓને બચાવશો, 37તેથી હું આ ઘઉં ઝૂડવાની જમીન ઉપર ઊન પાથરું છું, જો એ ઊન ઉપર જ ઝાકળ જોવામાં આવે અને બધી જમીન સૂકી હોય, તો હું સમજીશ કે તમે વચન આપ્યા પ્રમાણે મારા હાથે ઈસ્રાએલીઓને બચાવવાના છો."

38અને એ જ પ્રમાણે થયું. બીજા દિવસે તે સવારમાં વહેલો ઊઠયો, અને તેણે ઊનને નીચોવ્યું, તો તેમાંથી કટોરો ભરાય એટલું ઝાકળ નીકળ્યું.

39પછી ગિદિયોને દેવને કહ્યું, "મારા પર કોપ ન કરશો, હજી એક વાર મને બોલવા દો. હજી એક વખત મને ઊન દ્વારા તમારી કસોટી કરવા દો. આ વખતે ઊન કોરુંજ રહે અને માત્ર ચારેબાજુ જમીન ઉપર જ ઝાકળ પડે એમ કરો."

40તે રાત્રે તેણે માગ્યું તે પ્રમાણે દેવે કર્યુ, ઊન કોરું રહ્યું અને જમીન ઉપર ઝાકળ પડયું.

7 યેરૂબ્બઆલ એટલે કે ગિદિયોન અને તેની સાથેના બધા લોકો વહેલા ઊઠયા અને તેમણે હરોદના ઝરણા નજીક પોતાની છાવણી નાખી. મિદ્યાનીઓની છાવણી ઈસ્રાએલીઓની ઉત્તરે મોરે પર્વતની તળેટીની ખીણના પ્રદેશમાં હતી.

2યહોવાએ ગિદિયોનને કહ્યું, "તારી પાસે લશ્કરમાં ઘણા બધાં સૈનિકો છે એટલી મોટી સંખ્યામાં કે હું તેમને મિદ્યાનીઓ સામે યુદ્ધમાં મોકલવા ચાહતો નથી, કારણ કે તેઓ કદાચ બડાશ મારીને કહે કે, તેઓ પોતાના શોર્યથી જીત્યા છે. નહીં કે યહોવાની શકિતથી. 3માટે તું એ લોકોમાં જાહેરાત કર કે, 'જે કોઈ ડરનો માર્યો થથરતો હોય તો તે તરત જ ગિલયાદ પર્વત છોડીને ઘેર પાછો ચાલ્યો જાય."'

ત્યારે 22,000 સૈનિકો પાછા ઘેર ગયા અને 10,000 બાકી રહ્યાં. 4પછી યહોવાએ ગિદિયોનને કહ્યું, "હજી પણ સંખ્યા મોટી છે. તમારું લશ્કર વિશાળ છે. તેઓને પાણીના ઝરા પાસે લાવ; ત્યાં હું નક્કી કરીશ કે તારા બદલે કોણ જશે. હું જો તને એમ કહું કે, 'આ માણસ તારી સાથે આવશે' તો તે તારી સાથે આવશે, અને હું જ્યારે તને એમ કહું કે, પેલો માણસ તારી સાથે નહી આવે' તો તે તારી સાથે નહી આવે."

**5**ગિદિયોન બધા લોકોને પાણીના ઝરા પાસે લઈ ગયો. જ્યાં યહોવાએ તેને કહ્યું, "જે લોકો કૂતરાની જેમ પોતાની જીભ વડે પાણી પીશે તેમને એક બાજુ રાખ અને જેઓ પાણી પીવા માટે ઘૂંટણિયે પડે તેમને બીજા સમૂહમાં રાખ."

**6**કૂતરાની જેમ જીભ વડે પાણી પીનારા લોકોની સંખ્યા 300 હતી. બાકીના બધા પાણી પીવા માટે ઘૂંટણિયે પડ્યા હતાં.

**7**પછી યહોવાએ ગિદિયોનને કહ્યું, "જીભથી પાણી પીનારા માણસોની સંખ્યા 300 છે. આ 300 માણસ દ્વારા હું તને જીત અપાવીશ અને મિધાનીઓને તારા હાથમાં સોંપી દઈશ; બાકીના બધા સૈનિકો પોતપોતાને ઘરે પાછા જાય."

**8**તેથી ગિદિયોને 300 માણસોને રાખીને બાકીના બધાને ઘરે પાછા મોકલ્યા, પણ આ માણસોએ ખોરાક અને રણશિંગા પોતાના માટે રાખી લીધાં.

મિધાનીઓની છાવણી તેઓની છાવણીની નીચેની ખીણમાં હતી. **9**તે દિવસે રાત્રે યહોવાએ ગિદિયોનને કહ્યું, "ઊઠ, તારું સૈન્ય લઈને તું તાબડતોબ મિધાનીઓની છાવણી પર હુમલો કર, કારણ, મેં તેમને તારા હાથમાં સોંપી દીધા છે. **10**પણ જો તને હુમલો કરતા ડર લાગતો હોય તો પહેલા તું એકલો તારા નોકર પુરાહ સાથે છાવણીમાં જા, **11**તેઓની વાત ધ્યાનથી સાંભળ, અને તને પુષ્કળ પ્રોત્સાહન મળશે."

તેથી તે પોતાના નોકર પુરાહને લઈને રાતના અંધારામાં દુશ્મનોની છાવણીમાં-મિધાનીઓની લશ્કરી ટૂકડી પાસે ત્યાં ગયો. **12**મિધાનીઓ, અમાલેકીઓ તથા પૂર્વની અન્ય પ્રજાઓ અસંખ્ય સૈનિકોની સાથે તીડોની જેમ ખીણમાં પથરાયેલી હતી, તેમની પાસે દરિયાની રેતીની જેમ પથરાયેલા અસંખ્ય ઊંટ હતાં.

**13**જયારે ગિદિયોન ત્યાં પહોંચ્યો ત્યારે એક માણસ બીજા માણસને પોતાના સ્વપ્નની વાત કહેતો હતો; તે બોલ્યો, "મને એવું સ્વપ્ન આવ્યું કે એક જવની રોટલી મિધાનીઓની છાવણીમાં ગબડતી ગબડતી આવી અને એક તંબૂ આગળ પહોંચતાં તેની સાથે અથડાઈ એટલે તંબૂ તૂટી પડયો."

**14**બીજા માણસે જવાબ આપ્યો, "જરૂર, એ ઈસ્રાએલી યોઆશના પુત્ર ગિદિયોનની તલવાર જ હોવી જોઈએ. તારા સ્વપ્નનો એ જ ખુલાસો હોઈ શકે. દેવે મિધાનને અને એના આખા સૈન્યને ગિદિયોનના હાથમાં સોંપી દીધાં છે."

**15**જયારે ગિદિયોને સ્વપ્ન અને તેનો ખુલાસો સાંભળ્યો ત્યારે તેણે દેવની ઉપાસના કરી અને પછી ઈસ્રાએલીઓની છાવણીમાં જઈને બોલ્યો, "ઊઠો, યહોવાએ મિધાનીઓની છાવણી અને લોકો તમારા હાથમાં સોંપી દીધા છે," **16**તેણે 300 સૈનિકોનું સૈન્ય લીધું અને તેને ત્રણ ટૂકડીઓમાં વહેંચી નાખ્યું, તેણે દરેક માણસને એક રણશિંગડું આપ્યું અને એક ખાલી બરણી તેમાં મશાલ મૂકીને આપી. **17**પછી તેણે તેમને કહ્યું, "મારા ઉપર નજર રાખજો, છાવણી પાસે પહોંચતાં જ હું જેમ કરું તેમ કરજો, **18**જયારે હું અને મારા માણસો અમારાં રણશિંગડાં વગાડીએ ત્યારે તમે પણ છાવણીને ફરતે તમારા રણશિંગડાં વગાડજો, અને પોકાર કરજો કે, 'યહોવાનો જય! ગિદિયોનનો જય!'"

**19**મિધાન પાસે ગિદિયોન અને તેની સાથેના 100 માણસો મધરાતની ચોકીની શરૂઆતમાં, જ્યારે તેઓએ સંત્રીઓ હજી હમણાં જ બદલ્યા હતા. ત્યાં છાવણીમાં પહોંચ્યા એ લોકોએ તેમના રણશિંગડાં ફૂંકયાં અને હાથમાંની બરણીઓ ફોડી નાખી.

**20**ગિદિયોનના લશ્કરની ત્રણ ટુકડીઓએ રણશિંગડાં ફૂક્યા અને બરણીઓ ફોડી નાખી, પછી તેમના ડાબા હાથમાં મશાલો પકડી અને જમણા હાથમાં રણશિંગડા પકડ્યા જેથી તેઓ તેને ફૂંકી શકે પછી તેઓએ પોકાર કર્યો, "યહોવાનો જય, ગિદિયોનનો જય!"

**21**પ્રત્યેક માણસ છાવણીની ફરતે ગિદયોનના બધાં માણસો પોતાની જગ્યાએ ઊભા રહ્યાં. મિધાની છાવણીના બધાં લોકો ભયથી ચીસ પાડીને ભાગવા લાગ્યાં. **22**જ્યારે પેલા 300 માણસો રણશિંગડાં ફૂંકતાં હતાં તેના અવાજથી યહોવાએ શત્રુ-સૈન્યને એવું ગૂંચવી નાખ્યું કે છાવણીમાં સર્વત્ર તેઓ બધા અંદરો અંદર લડીને એકબીજાને મારવા લાગ્યા. તેઓનું લશ્કર સરેરાહની દિશામાં બેથશિટ્ટાહ સુધી અને ટાબ્બાથ નજીક આવેલા આબેલ-મહોલા સુધી નાસી ગયું.

**23**પછી ગિદિયોને નફતાલીના, આશેર અને આખા મનાશ્શાના કુળસમૂહોના પ્રદેશના ઈસ્રાએલીઓને તેને મદદ કરવા બોલાવડાવ્યા અને તેમણે નાસી ગયેલા મિધાનીઓનો પીછો પકડ્યો. **24**પછી ગિદિયોને એફ્રાઈમના સમગ્ર પહાડી પ્રદેશમાં પોતાના સંદેશવાહકો મોકલ્યા અને જાહેર કરાવડાવ્યું કે, "ઊતરી આવો, મિધાનીઓનો સામનો કરો અને તેઓ નદી પાર ઊતરે તે પહેલા બેથબારાહથી યર્દન નદીના બધા પાણીવાળા સ્થળો કબજે કરી લો."

જેથી એફ્રાઈમના કુળસમૂહને ભેગું કરવામાં આવ્યું, અને તેમણે બેથબારાહ સુધીના યર્દન નદીના તમામ પાણીવાળા સ્થળો કબજો કરી લીધા. **25**તેમણે મિધાનીઓના બે સરદારો ઓરેબ અને ઝએબને જીવતા કેદ પકડ્યા. ઓરેબને ઓરેબ ખડક પાસે મારી નાખવામાં આવ્યો અને ઝએબને ઝએબના દ્રાક્ષાકુંડ * પાસે મારી નાખવામાં આવ્યો. તે પછી પણ તેઓએ ફરીથી મિધાનીઓનો પીછો કરવો ચાલુ રાખ્યો, અને તેઓ ઓરેબ અને ઝએબનાં માથાં યર્દનને પેલે પાર ગિદિયોન લઈ આવ્યા.

# 8

એફ્રાઈમ કુળના આગેવાન લોકોએ ગિદિયોન પર રોષે ભરાઈને કહ્યું, "તમે અમારી સાથે આવો વર્તાવ શા માટે કર્યો? તમે મિધાનીઓ સાથે લડવા માટે ગયા ત્યારે તમે અમને શા માટે ના બોલાવ્યા? આમ એમને તે લોકોએ સખત ઠપકો આપ્યો."

---

**ઓરેબને ... ઝએબના દ્રાક્ષાકુંડ** જે જગ્યા પર ઓરેબને મારી નંખાયો હતો તેને ઓરેબનો ખડક કહેવામાં આવે છે. અને જ્યાં ઝએબને મારી નંખાયો હતો તેને ઝએબના દ્રાક્ષાકુંડ કહે છે.

2પણ ગિદિયોને કહ્યું, "તમારી તુલનામાં મેં જે કંઈ કર્યુ છે એ તો કંઈ વિસાતમાં નથી. તમે એફ્રાઈમના લોકોએ જે કર્યુ છે તે મારા સમગ્ર કુળ કુટુંબે જે કર્યુ છે તેના કરતાં કયાંય ચડિયાતું છે. 3દેવે તમારા જ હાથમાં મિધ્યાનીઓના સરદારો ઓરેબ અને ઝએબને સુપ્રત કર્યા તેની તુલનામાં મેં શું કર્યુ છે?" ત્યારે જ તેઓ શાંત થયા.

## બે રાજાઓ કબ્જે કરતો ગિદિયોન

4300સો સૈનિકો સાથે ગિદિયોન યર્દન નદી ઓળંગી ગયો તેઓ બધા ખૂબ થાકેલા હોવા છતાં દુશ્મનોનો પીછો છોડતા નહોતા. 5પછી ગિદિયોને  સુક્કોથના લોકોને કહ્યું, "મારા સૈનિકોને ખાવા માટે થોડી રોટલી આપશો? એ લોકો ખૂબ થાકી ગયા છે, અને  અમે હજી મિધાની રાજાઓ ઝેબાહ અને સલ્મુનાનો પીછો કરી રહ્યાં છીએ."

6પણ સુક્કોથના આગેવાનોએ કહ્યું, "તમારા સૈનિકોને અમે શા માટે ખાવા માટે રોટલી આપીએ? તમને એટલી ખાતરી છે કે તમે  ઝેબાહ અને સલ્મુનાને પકડી શકશો? નિષ્ફળ જાઓ તો તેઓ પાછા આવીને અમારો નાશ કરે."

7એટલે ગિદિયોને તેમને ચેતવણી આપી, "ઠીક જયારે યહોવા ઝેબાહ અને સલ્મુનાને મારા હાથમાં સોંપી દેશે ત્યારે હું કાંટા ઝાંખરા વડે તમારી ચામડી ઊઝરડી નાખીશ અને તમને માર મારીશ."

8ગિદિયોન ત્યાંથી પનુએલ ગયો, અને ત્યાંના લોકો પાસે ખોરાકની માંગણી કરી. તેઓએ પણ સુક્કોથના આગેવાનો જેવો જ જવાબ આપ્યો. 9આથી તેણે પનુએલના લોકોને પણ કહ્યું, "જયારે હું યુદ્ધ પૂરું કરીને સુરક્ષિત પાછો આવીશ ત્યારે તમારો આ કિલ્લો તોડી પાડયા વિના નહી રહું."

10તે સમયે ઝેબાહ અને સલ્મુના એમના 15,000ના સૈન્ય સાથે કાર્કોરમાં હતાં. પૂર્વની પ્રજાઓમાંથી ફકત એટલા જ બચી ગયા હતાં. એમના 1,20,000 માણસો તો યુદ્ધમાં માર્યા ગયા હતાં 11ગિદિયોન, નોબા તથા યોગ્બહાહની પૂર્વે તંબુ રહેવાસીઓના માર્ગે આવેલા મિધાનિઓની છાવણીમાં ગયો અને મિધાનના લશ્કર ઉપર ઓચિંતો છાપો માર્યો. 12ઝેબાહ અને સલ્મુના બંને રાજાઓ ભાગી ગયા, પરંતુ ગિદિયોને તેમનો પીછો પકડીને તેઓને જીવતા કેદ કર્યા, અને પછી તેણે સમગ્ર લશ્કરને ભયભીત કરી નાખ્યું તેમના સમગ્ર સૈન્યને વેરવિખેર કરી નાખ્યું.

13ત્યારબાદ યોઆશનો પુત્ર ગિદિયોન યુદ્ધમાંથી હેરેસ ઘાટને માર્ગે પાછો ફરતો હતો. 14ત્યારે તેણે સુક્કોથના એક યુવાનને પકડીને તેની પાસેથી  77 વડીલો અને આગેવાનોનાં નામ લખાવી લીધાં.

15ત્યારબાદ ગિદિયોન સુક્કોથના લોકો સમક્ષ આવ્યો અને તેઓને કહ્યું, "આ રહ્યાં ઝેબાહ અને સલ્મુના, જેમને વિષે તમે મને ટોણો માર્યો હતો અને કહ્યું હતું કે 'તારા હાથમાં ઝેબાહ અને સ્લમુના થોડાજ આવી ગયા છે કે અમે તારા થાકેલા તથા ભૂખ્યા માણસોને ખાવાનું આપીએ?" 16પછી તેણે સુક્કોથ નગરના વડીલોને પકડયા અને વગડાંનાં કાંટા અને ઝાખરાં વડે માર મારીને તેમને પાઠ ભણાવ્યો. 17ત્યારબાદ તે પનુએલ ગયો અને ત્યાનો કિલ્લો તોડી પાડી ત્યાંના લોકોની હત્યા કરી.

18પછી તેણે ઝેબાહ અને સલ્મુનાને પૂછયું, "તમે તાબોરમાં જે લોકોને મારી નાખ્યા તે કોના જેવા હતાં?"

તેઓએ કહ્યું, "તેઓ તમારા જેવા જ હતા. તેઓએ તમારા જેવા જ વસ્ત્રો પરિધાન કર્યા હતાં, અને તેઓ રાજકુંવરો જેવા દેખાતા હતાં."

19ગિદિયોને કહ્યું, "તો પછી તેઓ મારા ભાઈઓ જ હોવા જોઈએ. મારી સગી માના પુત્રો, હું યહોવાના સમ ખાઈને કહું છું કે તમે જો તેમને જીવતા જવા દીધા હોત તો મેં તમારા પ્રાણ લીધા ના હોત. અને મેં તમને જીવતા છોડી મૂક્યા હોત."

20પછી ગિદિયોને પોતાના સૌથી મોટા પુત્ર યેથરને કહ્યું, "ઊઠ, અને આ લોકોને મારી નાખ." પરંતુ તેના પુત્રએ તલવાર ખેંચી નહી, તે હજુ નાદાન હતો એટલે તેની હિંમત ચાલી નહી.

21પરંતુ ઝેબાહ અને સાલ્મુન્નાએ કહ્યું, "તમે, જાતેજ અમારો સંહાર કરો, કારણ, જો માણસ ખરેખર મજબૂત હશે તો તે પોતેજ તે કરશે." પછી ગિદિયોને તે બંનેને મારી નાખ્યા અને તેમનાં ઊંટોના શરીર પરથી અલંકારો ઉતારી લીધાં,

## એફોદ બનાવતો ગિદિયોન

22ત્યારપછી ઈસ્રાએલી લોકોએ ગિદિઓનને કહ્યું, "તમે અમને મિધાનીઓથી બચાવ્યા છે હવે તમે અમારા રાજા છો, તમારા પુત્રો અને તમારા વંશજો અમારા પર શાસન કરો." 23પણ ગિદિયોને ઈસ્રાએલીઓને કહ્યું, "હું તમારા ઉપર રાજ નહી કરું, તેમજ મારો પુત્ર પણ નહી કરે, પણ યહોવા તમારા ઉપર રાજ કરશે."

24પછી તેણે કહ્યું, "મારે તમને એક વિનંતી કરવાની છે, તમારામાંથી પ્રત્યેક વ્યકિત મને તમે મેળવેલ લૂંટની સામગ્રીમાંથી એક એક બુટ્ટી આપી દો." મિધાનીઓનું લશ્કર ઈસ્માએલીઓનુ બનેલું હતું અને તેઓ કાનમાં સોનાની બુટ્ટી પહેરતા હતા.

25પછી તેઓએ કહ્યું, "અમે રાજી ખુશીથી તે આપીશું." પછી તેઓએ એક ઝભ્ભો પાથર્યો. પ્રત્યેક વ્યકિતએ તેમાં લૂંટમાં મેળવેલી સોનાની બુટ્ટી નાંખી. 26ગિદિયોને માગી લીધેલા સોનાની બુટ્ટીનું વજન આશરે એક હજાર સાતસો શેકેલ થયું, તેમાં ઝવેરાત, ગળાનો હાર અને મિધાની રાજાઓએ પહેરેલાં કિંમતી વસ્ત્રોનો સમાવેશ થતો નહોતો તેમજ તેમાં ઊંટના ગળામાંથી લઈ લેવાયેલા ઘરેણાંઓનો સમાવેશ થતો નહોતો. 27ગિદિયોને  તેમાંથી  એક  એફોદ બનાવડાવ્યો અને  તેની સ્થાપના પોતાના નગર ઓફ્રાહમાં કરી. બધા  ઈસ્રાએલીઓ  યહોવાને  છોડીને તેની  પૂજા કરવા લાગ્યા  અને તે એફોદ ગિદિયોન અને તેના પરિવારના પતનનું કારણ થઈ પડ્યું.

## ગિદિયોનનું મૃત્યુ

28આમ, મિદ્યાનીઓ ઈસ્રાએલીઓને તાબે થયા અને ત્યારપછી કદાપિ તેમણે માથું ઊંચું કર્યું નહી, અને ગિદિયોન જીવ્યો ત્યાં સુધી 40વર્ષ દેશમાં શાંતિ રહી. 29યોઆશનો પુત્ર, યેરૂબ્બઆલ રહેવા માટે પોતાને ઘેર પાછો ફર્યો. 30ગિદિયોનને ઘણી પત્નીઓ હતી અને 70 પુત્રો હતાં. 31શખેમમાં તેને એક ઉપપત્ની હતી એની કૂખે અબીમેલેખ નામનો પુત્ર અવતર્યો. 32યોઆશનો પુત્ર, ગિદિયોન અવસાન પામ્યો ત્યારે ઘણો ઘરડો હતો. તેઓએ તેને અબીએઝેરીયોના પ્રદેશમાં ઓફ્રાહ નગરમાં તેના પિતા યોઆશની કબરમાં દફનાવવામાં આવ્યો.

33એના અવસાન પછી ઈસ્રાએલીઓ ફરી પાછા દેવને છોડીને દેવદેવીઓની પૂજા કરવા લાગ્યા, અને તેમણે બઆલબરીથને ઈષ્ટદેવ તરીકે સ્વીકાર્યા. 34ઈસ્રાએલીઓ આજુબાજુના શત્રુઓથી તેમને છોડાવનાર તેમના દેવ યહોવાને ભૂલી ગયા. 35અને ઈસ્રાએલનું આટઆટલું ભલું કરનાર યેરૂબ્બઆલ કુટુંબને (ગિદિયોનને) પણ તેઓ વફાદાર નહોતા.

## અબીમેલેખ રાજા બન્યો

9 એક દિવસ યરૂબ્બઆલનો પુત્ર અબીમેલેખ શખેમમાં તેના મામાઓના ઘેર ગયો હતો અને તેમને અને તેની માતાના કુટુંબના બધા સભ્યોને તેણે કહ્યું, 2"તમે શખેમના નાગરિકોને આટલું પૂછી જુઓ કે, 'તમારે માટે શું સારું છે? તમારા ઉપર 70 જણ–યેરૂબ્બઆલ ના સિત્તેર પુત્રો–રાજય કરે કે એક જણ રાજય કરે? તેમ એ પણ યાદ રાખજો કે, હું અને તમે એકજ લોહીમાંસ અને હાડકાના બનેલા છીએ.'"

3તેના મામાઓએ શખેમના નાગરિકો સાથે વાત કરી અને તેમને આ બધી વસ્તુઓ વિષે પૂછયું. તેઓએ અબીમેલેખ અને તેનો પક્ષ લેવાનું નક્કી કર્યું. કારણ કે તેઓએ વિચાર્યુ કે "અબીમેલેખની મા તેઓના નગરની વતની છે તેથી તે તેમના ભાઈ જેવો જ છે." 4આથી તેઓએ બઆલબરીથના મંદિરમાંથી 70 ચાંદીના સિક્કા કાઢી લીધા અને એ સિક્કા વડે અબીમેલેખે તોફાની અને નકામા લોકોને રોકયા, જેઓ તેને અનુસરતા હતાં અને તે જે કહે તે મુજબ કરતાં હતાં.

5તેઓને લઈને તે પોતાના પિતાના ઘેર આફ્રાહ ગયો અને ત્યાં એકજ પથ્થર ઉપર તેણે પોતાના 70 ભાઈઓને યેરૂબ્બઆલ ના પુત્રોને રહેંસી નાખ્યા. ફકત સૌથી નાનો પુત્ર યોથામ છુપાઈ ગયો તેથી તે ભાગી ગયો. 6ત્યારબાદ શખેમ અને બેથમિલોના બધા લોકો ભેગા મળ્યા અને તેઓએ શેખેમમાં ઊભા કરેલા એલોનના થાંભલા નજીક અબીમેલેખને પોતાનો રાજા બનાવ્યો.

## યોથામની વાર્તા

7જયારે યોથામે આ સાંભળ્યું ત્યારે તે ગેરીઝીમ પર્વતના શિખર પર ગયો ત્યાં ઊભો રહ્યો અને મોટા સાદે શખેમના માણસોને કહેવા લાગ્યો;

"ઓ શખેમના લોકો, મારી વાત સાંભળો, અને દેવ, તમને બધાને સાંભળે!

8એક દિવસ બધા વૃક્ષો રાજા પસંદ કરવા ગયાં. તેમણે જૈતૂનના વૃક્ષને કહ્યું, "તું અમારો રાજા થા."

9પણ જૈતૂનના વૃક્ષે કહ્યું, "શું હું મારું તેલ, જે દેવો અને માનવોને સન્માનવા માટે વપરાય છે, તે છોડીને વૃક્ષો પર રાજય કરવા આવું?" 10પછી વૃક્ષોએ અંજીરના વૃક્ષને કહ્યું, "તું અમારા ઉપર રાજય કર."

11પરંતુ અંજીરના વૃક્ષે કહ્યું, "શું હું મારાં ફળ અને એની બધી મીઠાશ છોડીને વૃક્ષો ઉપર રાજ્ય કરવા આવું?"

12પછી વૃક્ષોએ દ્રાક્ષના વેલાને કહ્યું, "તો તું આવ અને અમારો રાજા થા."

13પણ તેમણે જવાબ આપ્યો, "વૃક્ષોનો રાજા બનવા માટે થઈને દેવ અને માણસોને આનંદિત કરનાર દ્રાક્ષારસ ઉપજાવવાનું હું શા માટે છોડી દઉં?"

14ત્યારે બધાં વૃક્ષોએ કાંટાના છોડને કહ્યું, "તો તું આવ અને અમારા પર રાજ કર."

15એટલે કાંટાળા વૃક્ષે કહ્યું, "જો તમે મને ખરેખર તમારો રાજા બનાવવા માગતા હો તો આવો અને મારી છાયામાં આવીને બેસો, નહી તો કાંટાળા ઝાડમાંથી આગ પ્રગટશે અને લબાનોનનાં દેવદારના વૃક્ષોને બાળી નાખશે."

16"પછી યોથામ આગળ બોલ્યો, હવે તમે અબીમેલેખને સાચા મનથી પ્રમાણિકપણે રાજા બનાવ્યો છે? તથા ગિદિયોન અને તેના પરિવાર પ્રત્યે યોગ્ય વર્તાવ કર્યો છે? તમે મારા પિતાને એણે કરેલાં કાર્યોનો યોગ્ય બદલો આપ્યો છે? તેની ખાતરી કરી લો. 17મારા પિતાએ તો તમારે માટે પોતાનો જીવ જોખમમાં મૂકીને; યુદ્ધ કરીને તમને મિદ્યાનીઓના હાથમાંથી મુકિત અપાવી છે; 18પરંતુ આજે તમે બધાએ મારા પિતાની વિરુદ્ધ તમારા માથા ઊંચકયાં છે અને તેમના 70 પુત્રોને એકજ પથ્થર પર મારી નાખ્યા છે. અને હવે તેની દાસીના પુત્ર અબીમેલેખને, કારણકે તે તમારો ભાઈ છે. માટે શખેમનો રાજા બનાવો છો. 19જો તમે યરૂબ્બઆલ અને તેના પરિવાર પ્રત્યે વફાદાર હો તો ભલે તમે અબીમેલેખને રાજા તરીકે મેળવીને ખુશ થાઓ અને તમને તેની પ્રજા તરીકે મેળવીને ભલે તે ખુશ થતો. 20નહી તો પછી અબીમેલેખમાથી અગ્નિ પ્રગટો અને તે શખેમના અને મિલ્લોના લોકોને બાળી નાખે અને શખેમ તથા મિલ્લોના લોકોમાંથી અગ્નિ પ્રગટો અને તે અબીમેલેખને બાળી નાખે."

21એ પછી યોથામ ત્યાંથી ભાગી જઈને ઘેર ચાલ્યો ગયો, અને પોતાના ભાઈ અબીમેલેખથી બચવા માટે ત્યાં રહ્યો.

## શખેમ વિરુદ્ધ અબીમેલખનું યુદ્ધ

22અબીમેલખે ઈસ્રાએલ ઉપર ત્રણ વર્ષ રાજય કર્યુ. 23ત્યાર પછી અબીમેલેખ અને શખેમના લોકો વચ્ચે દેવે વેર થવા

દીધું. તેથી શખેમના લોકોએ અબીમેલેખ સામે બળવો કર્યો.
24આ એટલા માટે થયું કે જેથી યરૂબ્બઆલના 70 પુત્રોને
મારી નાખવા બદલ અબીમેલેખને તથા તેને આ રક્તપાત
કરવામાં મદદ કરનાર શખેમના લોકોને પાઠ શીખવા મળે.
25શખેમના લોકોએ અબીમેલેખની ચોકી કરવા પર્વતો પર
ગુપ્તચરો, અબીમેલેખ ઉપર હુમલો કરવા તેમજ તેને લૂંટી
લેવા માટે ગોઠવ્યા; તેઓ તે રસ્તે જતા બધાજ માણસોને
લૂંટવા લાગ્યા અને અબીમેલેખને એની ખબર પડી ગઈ.

26એ સમય દરમ્યાન એબેદનો પુત્ર ગાઆલ તેના ભાઈઓ
સાથે શખેમમાં રહેવા આવ્યો. અને તેણે શખેમના લોકોનો
વિશ્વાસ જીતી લીધો.

27તેઓ દ્રાક્ષની વાડીઓમાં ગયા અને દ્રાક્ષ ભેગી કરી
તેને તેઓએ કચડી અને દાક્ષારસ બનાવ્યો અને ઉત્સવ
ઊજવ્યો. તેઓએ તેમના દેવના મંદિરમાં આ ઉજવણી કરી
તેઓએ ખાધું પીધું અને પછી અબીમેલેખને શાપ દેવા લાગ્યા.

28ગાઆલ એબેદનો પુત્ર ઘાંટા પાડવા લાગ્યો,
"અબીમેલેખ કોણ છે? શા માટે આપણે શખેમના લોકો કોણ
છીએ કે આપણે તેની ગુલામી કરવી જોઈએ? અબીમેલેખ
યરૂબ્બઆલનો પુત્ર નથી! અને ઝબૂલ તેનો અફસર નથી?
શખેમના પિતા હેમોરના માણસોની સેવા કરો! આપણે શા
માટે અબીમેલેખને અનુસરવું જોઈએ? 29તમે એક વખત
મને રાજા બનાવો; પછી જુઓ, હું તેને પાઠ ભણાવીશ હું
તેને કહીશ, 'તારું સૈન્ય લઈને યુદ્ધ કરવા મારી સામે પડ.

30નગરપતિ ઝબૂલે જયારે એબેદના પુત્ર ગાઆલે જે કહ્યું
હતું તે સાંભળ્યું, ત્યારે તે ખૂબ ક્રોધે ભરાયો. 31ગુપ્તરીતે તેણે
અબીમેલેખ પાસે સંદેશવાહક એમ કહેવા માટે મોકલ્યા કે,

"એબેદનો પુત્ર ગાઆલ અને તેના ભાઈઓ શખેમ
રહેવા આવ્યા છે અને તેઓ નગરના લોકોને તારી
વિરુદ્ધ ઉશ્કેરે છે. 32માટે તું અને તારા માણસો રાત્રે
અહીં આવો અને ખેતરોમાં સંતાઈ જાઓ." 33સવારે
સૂર્યોદય થતાં જ નગર ઉપર હુમલો કરો અને ગાઆલ
અને તેના માણસો તમારો સામનો કરવા બહાર આવે
ત્યારે તારી ઈચ્છા મુજબ તેઓને શિક્ષા કરજે."

34આથી અબીમેલેખ અને તેના માણસો રાતોરાત ઊપડ્યા
અને ચાર ટુકડીઓમાં શખેમ ઉપર હુમલો કરવા સંતાઈને
બેઠા. 35બીજે દિવસે એબેદનો પુત્ર ગાઆલ બહાર આવીને
શહેરના દરવાજાના પ્રવેશદ્વાર આગળ ઊભો રહ્યો અને એ
જ સમયે અબીમેલેખ અને તેના માણસો તેમના છુપાવાના
સ્થળોએથી બહાર આવ્યા, અને નગર પર હુમલો કર્યો.

36ગાઆલે તે લોકોને જોયા અને ઝબૂલને કહ્યું, "જો,
ડુંગરોની ટોચ ઉપરથી માણસો ઊતરે છે!"

પણ ઝબૂલે કહ્યું, "ના, એ તો ડુંગરના પડછાયા તમને
માણસ જેવા લાગે છે."

37ફરીથી ગાઆલે કહ્યું, "ના, ત્યાં જો. હું પૂરેપૂરી ખાતરીથી
કહું છું કે લોકો ટેકરીઓ પરથી નીચે ઊતરી આવે છે અને
બીજી ટૂકડી જાદુગરનાં વૃક્ષ* પાસેથી આવી રહી છે."
38ત્યારે ઝબૂલે તેને કહ્યું, "હવે તારી બડાઈ કયાં ગઈ? તમે
તો કહેતા હતાં કે, "એ અબીમેલેખ વળી કોણ છે? આપણે
તેના ગુલામ થઈએ? તમે જેની મશ્કરી કરતા હતાં એ જ
આ લોકો છે ને?' તો પછી પડો મેદાને અને કરો યુદ્ધ."

39ગાઆલ શખેમના માણસો સાથે બહાર પડયો અને
અબીમેલેખ સામે લડયો. 40પણ અબીમેલેખે તેનો પીછો
પકડતા તે ત્યાંથી ભાગી ગયો. શહેરના દરવાજા પાસે શખેમના
ઘણા માણસો ખરાબ રીતે ઘાયલ થઈને આજુબાજુ પડયા
હતાં.

41આ સમયે અબીમેલેખ અરૂમાહમાં રહેતો હતો. ઝબૂલે
ગાઆલ તથા તેના સગાઓને શખેમમાંથી કાઢી મૂકયાં, તેઓને
શખેમમાં રહેવા દીધાં નહી.

42બીજે દિવસે શખેમના લોકો ખેતરોમાં બહાર આવ્યા.
અને અબીમેલેખને આ બાબતની જાણ થઈ. 43તેથી તેણે
પોતાના માણસોની ત્રણ ટુકડીઓ પાડીને તે ખેતરમાં તેમના
માટે રાહ જોતો રહ્યો. જયારે તેણે નગરમાંથી લોકોને બહાર
આવતા જોયા ત્યારે આ સંતાઈ રહેલા માણસો બહાર આવ્યા
અને તેમના ઉપર હુમલો કરીને તેમને બધાને મારી નાખ્યા.
44અબીમેલેખ અને તેની ટૂકડી આગળ વધીને શહેરના
દરવાજાના પ્રવેશ દ્વાર આગળ ગોઠવાઈ ગઈ અને બીજી બે
ટૂકડીઓએ જેઓ સીમમાં હતાં તેમના ઉપર તૂટી પડી અને
તેમને પૂરા કર્યા, 45આખો દિવસ યુદ્ધ ચાલ્યું. આખરે
અબીમેલેખે શખેમ નગરને જીતી લીધું. તેણે નગરના સર્વ
લોકોનો સંહાર કર્યો. અને નગરને ભોંયભેગુ કરી નાખ્યું.
અને ત્યાંની ભૂમિ પર મીઠું વેર્યુ.

46જયારે શખેમના કિલ્લાના આગેવાનોએ આ વાત જાણી
ત્યારે તેઓ બધા એલબરીથ દેવના મંદિરના ભોંયરામાં ભેગા
થયા.

47અબીમેલેખને ખબર પડી કે શખેમના કિલ્લાના સર્વ
લોકો મંદિરના ભોયરામાં છે. 48ત્યારે તે પોતાના સૈનિકો
સાથે સાલ્મોન પર્વત પર ગયા, તેણે કુહાડી લઈને ઝાડની
એક ડાળી કાપીને પોતાના ખભા પર મૂકી અને પોતાના
સૈનિકોને કહ્યું, "મેં શું કર્યુ એ તમે જોયું છે. તમે પણ ઝટપટ
એ પ્રમાણે કરો." 49આથી પ્રત્યેક માણસે એક એક ડાળી
કાપીને લીધી, પછી તેમણે અબીમેલેખની પાછળ પાછળ
જઈને ભોંયરામાં તેનો મોટો ઢગલો કર્યો અને તેને આગ
ચાંપી, તેથી શખેમ ગઢના ભોયરાંમાં રહેલા લોકોમાંથી આશરે
1,000 સ્ત્રી–પુરુષો મૃત્યુ પામ્યાં.

## અબીમેલેખનું મૃત્યુ

50ત્યારબાદ અબીમેલેખે તેબેસ જઈને તેને ઘેરો ઘાલ્યો
અને જીતી લીધું. 51નગરીની વચ્ચોવચ્ચ એક મજબૂત કિલ્લો
હતો અને તેમાં શહેરનાં બધાં સ્ત્રી–પુરુષોએ આશરો લીધો,
તેમણે અંદર જઈ બારણાને ભોગળવાસી દીધી અને બધાં

**જાદુગરનાં વૃક્ષ** હસ્તરેખા જોઈને ભવિષ્ય ભાખનારનું વૃક્ષ.

ધાબા ઉપર ચઢી ગયાં. 52અબીમેલેખે કિલ્લા આગળ પહોંચી
જઈને તેના ઉપર હુમલો કર્યો. ને કિલ્લાને આગ લગાડવા
માટે તેના દરવાજા આગળ ગયો. 53ત્યારે ધાબા પરથી એક
સ્રીએ ઘંટીનું ઉપલું પડ અબીમેલેખના માથા પર ફેકયું,
અને તેની ખોપરી છૂંદી નાખી. 54તેણે તરત જ પોતાના
બખ્તર ઉપાડનાર નોકરને બૂમ મારી અને કહ્યું, "મને
તલવારથી મારી નાખ જેથી એક સ્ત્રીએ અબીમેલેખને મારી
નાખ્યો છે એવું કોઈ કહે નહી." તે યુવાને તેને તલવાર
હુલાવી દીધી અને તે મૃત્યુ પામ્યો. 55જયારે ઈસ્રાએલીઓએ
જોયું કે અબીમેલેખનું મૃત્યુ થયું છે ત્યારે તેઓ પોતપોતાને
ઘેર ચાલ્યા ગયા.

56અબીમેલેખે પોતાના સિત્તેર ભાઈઓની હત્યા કરી
પોતાના પિતા વિરુદ્ધ પાપ કર્યું હતું, તેની દેવે આ રીતે તેને
શિક્ષા કરી. 57અને શખેમના લોકોને પણ તેમના ગુનાની
સજા કરી, આમ ગિદિયોનના પુત્ર યોથામનો શાપ સાચો
ઠર્યો.

## ન્યાયાધીશ તોલા

10 અબીમેલખના મૃત્યુ પછી દોદોના પુત્ર પૂઆહનો
પુત્ર તોલા ઈસ્રાએલ આગળ આવ્યો. તે
ઈસ્સાખારના કુળસમૂહનો હતો અને એફ્રાઈમના પહાડી
પ્રદેશમાં શામીરમાં રહેતો હતો. 2ત્રેવીસ વર્ષ સુધી તે
ઈસ્રાએલીઓનો ન્યાયાધીશ હતો. પછી તે મૃત્યુ પામ્યો અને
તેને શામીરમાં દફનાવામાં આવ્યો.

## ન્યાયાધીશ યાઈર

3તેના પછી ગિલયાદનો ન્યાયાધીશ યાઈર બન્યો. તેણે
22 વર્ષ સુધી ઈસ્રાએલનો ન્યાય કર્યો. 4તેને 30 પુત્રો હતાં
અને તેઓ 30 ગધેડા ઉપર સવારી કરતાં હતાં. તેઓના
ગિલયાદમાં 30 નગરો હતાં જે આજે પણ યાઈરનાં નગરો
તરીકે જાણીતા છે. 5યાઈરનું મૃત્યું થયું ત્યારે તેને કામોનમાં
દફનાવવામાં આવ્યો.

## ઈસ્રાએલ વિરુદ્ધ લડતાં અમ્મોનીઓ

6ફરી ઈસ્રાએલીઓએ યહોવાની દષ્ટિએ પાપ ગણાય એવું
આચરણ કર્યું. તેમણે બઆલદેવની અને અશેરાદેવીની મૂર્તિની
તેમજ અરામ, સિદોન, મોઆબ, અમ્મોન અને પલિસ્તીઓનાં
દેવદેવીઓની પૂજા કરવા માંડી, તેમણે દેવને છોડી દીધો
અને તેની ઉપાસના કરવાનું બંધ કર્યું.

7આથી યહોવાનો રોષ ઈસ્રાએલીઓ સામે ભભૂકી ઊઠયો
અને તેણે તેમને પલિસ્તીઓ અને અમ્મોનીઓના હાથમાં
સોંપી દીધા. 8તેમણે તે વર્ષે અને ત્યારપછી 18 વર્ષ સુધી
યર્દન પારના ગિલયાદમાં આવેલા અમોરીઓના દેશમાં વસતા
બધા ઈસ્રાએલીઓને પલિસ્તીઓ અને અમ્મોનીઓએ
હેરાન-પરેશાન કર્યા હતાં અને ત્રાસ આપ્યો હતો. 9વળી
આમ્મોનીઓએ યર્દન પાર કરીને યહૂદા, બિન્યામીન તથા
એફ્રાઈમ કુળો પર હુમલા કર્યા. ઈસ્રાએલીઓ ભારે આફતમાં
આવી પડયા.

10પછી ઈસ્રાએલીઓએ યહોવાને પોકારીને કહ્યું. "અમે
અમારા દેવ, તમને ત્યજી દઈને બઆલોની પૂજા કરી અને
તમારી વિરુદ્ધ પાપ કર્યુ છે."

11ત્યારે યહોવાએ ઈસ્રાએલીઓને કહ્યું, "મિસરીઓએ,
અમોરીઓએ, અમ્મોનીઓએ, પલિસ્તીઓએ 12જયારે
સિદોનીઓએ, અમાલેકીઓએ અને માઓનીઓએ તમારા
બધા ઉપર નિર્દયતાપૂર્વક વર્તન કર્યુ ત્યારે તમે મદદ કરવા
માટે મને બોલાવ્યો ત્યારે મેં તમને નહોતા ઉગારી લીધા?
13પણ તમે મને છોડી દીધો અને બીજા દેવદેવીઓની પૂજા
કરવા લાગ્યા એટલે હવે હું તમને ઉગારી લેનાર નથી. 14તમે
જે દેવોને પસંદ કર્યા છે તેમની પાસે જાઓ અને ધા નાખો.
તે તમને તમારી આફતમાંથી ઉગારશે."

15પરંતુ તેઓએ આજીજી કરીને કહ્યું, "અમે પાપ કર્યું છે,
તમને યોગ્ય લાગે તે શિક્ષા અમને કરો. પરંતુ અમને ફકત
આટલો વખત અમારા દુશ્મનોના હાથમાંથી છોડાવો."
16તેમણે વિધર્મીઓના દેવદેવલાં ફેંકી દીધાં અને યહોવાની
ઉપાસના કરવા માંડી. યહોવાથી ઈસ્રાએલીઓનું કષ્ટ જોઈ
શકાયું નહી.

## યફતાની આગેવાન તરીકે નીમણૂંક

17અમ્મોનીના સૈન્યને સાથે બોલાવવામાં આવ્યું હતું અને
તેઓએ ગિલયાદમાં છાવણી નાખી હતી. ઈસ્રાએલનું સૈન્ય
પણ સાથે થવા એકઠું થયું અને મિસ્પાહમાં છાવણી નાખી.
18ગિલયાદના આગેવાનો એકબીજાને અને બધા લોકોને
કહેવા લાગ્યા, "જે કોઈ અમ્મોનીઓ સાથે યુદ્ધ કરશે અને
તેઓને હરાવશે તે ગિલયાદનો નેતા બનશે."

11 હવે ગિલયાદમાં યેફતા નામનો એક શૂરવીર અને
બળવાન યોદ્ધો હતો. તે એક વારાંગનાનો પુત્ર હતો
અને ગિલયાદ તેનો પિતા હતો. 2ગિલયાદની પત્નીને પણ
પુત્રો હતાં અને જયારે તેઓ મોટા થયા, ત્યારે તેમણે યેફતાને
એમ કહીને કાઢી મૂકયો, "અમારા પિતાના વારસામા તારો
કશો ભાગ નથી. કારણ, તું બીજી સ્રીનો પુત્ર છે." 3તેથી
યેફતાએ તેના પિતાનું ઘર છોડી દીધું અને ટોબ પ્રદેશમાં
આવ્યો તે ત્યાં રહ્યો અને ઘણા નકામા માણસો તેની સાથે
જોડાયા.

4થોડા સમય પછી અમ્મોનીઓ ઈસ્રાએલીઓ સામે યુદ્ધે
ચડ્યા; 5અને જયારે લડાઈ થઈ ત્યારે ગિલયાદના વડીલો
યેફતાહને લેવા ટોબ આવ્યા.

6તેઓએ તેને કહ્યું, "આમ્મોનીઓ સામે યુદ્ધ કરવા માટે
તું અમારી સાથે આવ અને અમારો સેનાધિપતિ થા."

7પણ યેફતાએ ગિલયાદના વડીલોને કહ્યું, "તમે સૌએ
મારો તિરસ્કાર કર્યો અને મને મારા પિતાના ઘરમાંથી હાંકી

કાઢયો હતો, હવે તમે આફતમાં આવી પડયા હોવાથી મારી પાસે આવો છો?"

8ગિલયાદના આગેવાનોએ યેફતાને કહ્યું, "અમે તારી પાસે પાછા આવ્યા છીએ કારણ કે અમે ઊંડી આફતમાં છીએ. અમારી સાથે ચાલ, અમ્મોનીઓ સામે યુદ્ધ કર અને ગિલયાદના બધા લોકોનો નેતા થા.

9યેફતાએ તેઓને કહ્યું, "જો તમે મને અમ્મોનીઓ સામે લડવા માટે પાછો લઈ જવા માગતા હો, અને જો યહોવા મને ત્યાં વિજય અપાવે, તો તમારે મને નેતા બનાવવો પડશે."

10તેઓએ કહ્યું, "અમે યહોવાની સાક્ષીએ વચન આપીએ છીએ કે, અમે તમારા કહેવા પ્રમાણે કરીશું."

11તેથી યેફતાએ તેઓની માંગણી સ્વીકારી અને લોકોએ તેને તેમનો નેતા અને લશ્કરનો સેનાધિપતિ બનાવ્યો, અને યેફતાએ મિસ્પાહમાં યહોવા સમક્ષ આ બધા વચનો ફરીથી કહી સંભળાવ્યા.

### અમ્મોનીઓના રાજાને યફતાનો સંદેશ

12યેફતાએ સંદેશવાહકો મોકલીને અમ્મોનીઓના રાજાને કહેવડાવ્યું કે, "તમારે અમારી સાથે શો ઝગડો છે? તમે અમારા ઉપર શા માટે આક્રમણ કર્યુ છે?

13રાજાએ જવાબ આપ્યો. "જ્યારે ઈસ્રાએલીઓ મિસર આવ્યા ત્યારે આર્નોન નદીથી યાબોક અને યર્દન નદી સુધીનો સમગ્ર દેશ અમારો હતો, પણ ઈસ્રાએલીઓએ અમારી પાસેથી તે લઈ લીધો. હવે શાંતિથી અમારા સર્વ પ્રદેશ અમને પાછા આપી દો."

14યફતાએ ફરીથી તેની પાસે સંદેશવાહકો મોકલ્યા, 15અને કહેવડાવ્યું કે,

મોઆબ કે અમ્મોનનો પ્રદેશ ઈસ્રાએલે લઈ લીધો છે તે હકીકત સાચી નથી. 16જયારે ઈસ્રાએલીઓ
મિસરથી આવ્યા ત્યારે રણમાં થઈને લાલ સમુદ્ર સુધી ગયા અને કાદેશ પહોચ્યા. 17ત્યારબાદ તેઓએ
અદોમના રાજાને "તેના દેશમાં થઈને તેઓને જવા દેવા માટે પરવાનગી લેવા સંદેશવાહકો મોકલ્યા." પણ તેઓને પરવાનગી અપાઇ નહીં, તેથી તેઓએ મોઆબના રાજાને એવીજ રીતે વિનંતી કરી, પરંતુ તેણે પણ કહ્યું, 'ના' તેથી ઈસ્રાએલીઓ કાદેશના દેશમાં રહ્યાં.

18ત્યારબાદ તેઓ વન્ય પ્રદેશમાં ગયા અને અદોમ અને મોઆબ દેશની આસપાસ ગયા અને આર્નોન નદીની સામે પડાવ નાખ્યો. તેઓ મોઆબની સરહદની બહાર હતાં. કારણકે તેઓએ આર્નોન નદી ઓળંગી ન હતી જે મોઆબ દેશની સરહદ હતી.

19ત્યારપછી ઈસ્રાએલીઓએ હેશ્બોન નગરના અમોરીઓના રાજા સીહોનને સંદેશવાહકોને કહેવા મોકલ્યા અમને તમારા દેશમાં પસાર થઈને જવાદો જેથી અમે અમારા અંતિમ મુકામ પર જઈ શકીએ."
20પરંતુ સીહોનને ઈસ્રાએલીઓમાં વિશ્વાસ ન હતો તેથી તેણેપોતાના દેશમાંથી પસાર થવા દીધા નહી. પણ તેણે પોતાના બધા સૈનિકોને ભેગા કર્યા. તેઓએ યાહાસમાં છાવણી નાખી અને ઈસ્રાએલ સાથે લડ્યા.
21ઈસ્રાએલના દેવ યહોવાએ સીહોનને અને તેના સૈન્યને ઈસ્રાએલીઓને સોંપી દીધું. તેથી તેઓએ તેમને પરાજય આપ્યો અને ત્યાં રહેતા અમોરીઓના બધા પ્રદેશ કબજે કર્યા. 22તેઓએ અમોરીઓના દેશની
સરહદની અંદર નું બધુજ, આર્નોન નદીથી યાબ્બોક સુધી અને રણથી યર્દન નદી સુધી સમગ્ર દેશ કબજે કર્યો.

23આ રીતે, ઈસ્રાએલના દેવ યહોવાએ પોતાના લોકો ઈસ્રાએલીઓને માટે અમોરીઓનો દેશ લઈ લીધો હતો અને હવે તેઓ તેના વારસદાર છે. અને તમે એ દેશ
પાછો લેવા માગો છો? 24તમારા દેવ કમોશે તમને જે આપ્યો છે તે દેશ તમે રાખો, અને અમે અમારા દેવ યહોવાએ અમને જે આપ્યો છે તે દેશ અમે રાખીશું.
25તમે શું મોઆબના રાજા સિપ્પોરના પુત્ર બાલાકના કરતાં શું તું ચઢિયાતો છે? ઈસ્રાએલે તેનો પરાજય કર્યા પછી શું તેણે પોતાનો દેશ પાછો મેળવવા પ્રયત્ન કર્યો
હતો? ના, બિલકુલ નહી. 26છેલ્લા 300 વર્ષથી ઈસ્રાએલીઓ હેશ્બોન અને તેની આસપાસનાં નગરોમાં, અરોએરની નજીકમાં અને તેની પાસેના નગરોમાં, અને અર્નોન નદી અને નજીકનાં નગરોમાં રહેતા આવ્યા છે, તમે કેમ એ બધાં નગરો આ સમય
દરમ્યાન પાછાં લઈ ન લીધા? 27મેં તમારું કંઈ પાપ કર્યુ નથી, પરંતુ તમે મારા ઉપર ચડાઈ કરીને મારું બગાડો છો, યહોવા ન્યાયાધીશ છે, અને એ જ આજે ઈસ્રાએલીઓ અને અમ્મોનીઓ વચ્ચે ન્યાય કરશે.

28પણ અમ્મોનીઓના રાજાએ યેફતાએ મોકલેલો સંદેશો ધ્યાનમાં લીધો નહી.

### યફતાનું વચન

29એ વખતે યહોવાના આત્માએ યેફતામાં પ્રવેશ કર્યો, અને ગિલયાદ અને મનાશ્શામાં થઈને ગિલયાદમાં આવેલા મિસ્પાહ ગામે અને ત્યાંથી અમ્મોનીઓના દેશમાં ગયો.

30યેફતાએ યહોવાને વચન આપ્યું, "જો તમે અમ્મોનીઓને મારા હાથમાં સોંપી દેશો 31તો હું અમ્મોનીઓ ઉપર વિજય પ્રાપ્ત કરીને પાછો ઘેર જાઉં ત્યારે જે કોઈ મારા ઘરમાંથી મને મળવા પ્રથમ બહાર આવશે તેનું દહનાર્પણ હું તમને ધરાવીશ."

32ત્યાર પછી યેફતાએ જઈને અમ્મોનીઓ ઉપર હુમલો કર્યો અને યહોવાએ અમ્મોનીઓને તેના હાથમાં સોંપી દીધા.
33તેઓએ અરોએરથી મિન્નીથ સુધીના પ્રદેશ જીતી લીધાં અને 20 નગરોમાં તથા છેક આબેલ-કરામીમ સુધી તેણે

આમ્મોનીઓનો પીછો કર્યો. આ એક મહાન વિજય હતો.
આ રીતે, ઈસ્રાએલીઓ અમ્મોનીઓને નમાવી શક્યા,
34જયારે યેફતા મિસ્પાહમાં પોતાને ઘેર આવ્યો ત્યારે તેની
પુત્રી ખંજરી વગાડતી, અને નાચતી તેને મળવા દોડી આવી.
તે તેનું એક નું એક સંતાન હતું. તેને બીજા કોઈ પુત્ર કે પુત્રી
ન હતાં. 35તેને જોઈને તેણે શોકના માર્યા કપડાં ફાડી નાખ્યાં
અને કહ્યું ઓ દીકરી, તેં તો મને આજે દુ:ખી અને કંગાળ
બનાવી દીધો! મેં યહોવાની સામે વિચાર્યા વગર માનતા કરી
હતી કે હું બલિદાન આપીશ. અને તે હું પાછી લઈ શકું
નહી."

36તે બોલી, "પિતાજી, તમે વિચાર્યા વગર યહોવાની સમક્ષ
માનતા કરી છે, તો હવે મને તમારા મુખમાંથી બહાર આવ્યા
પ્રમાણે કરો; કારણ યહોવાએ તમારા શત્રુ અમ્મોનીઓ ઉપર
તમને વેર વાળવામાં વિજયી બનાવવા મદદ કરી છે."

37"પરંતુ પ્રથમ બે મહિના સુધી મને મારી સખીઓ સાથે
પર્વત પર ફરી લેવા દો, અને મારે કુંવારા મરવું પડે છે એનો
શોક પાળીશ."

38તેથી તેણે કહ્યું, "તારી બહેનપણીઓ સાથે બે મહિના
માટે જા, " તે તેની બહેનપણીઓ સાથે પર્વતોમાં ચાલી ગઈ
અને ત્યાં પોતાના કૌમાર્ય માટે શોક કર્યો.

39બે મહિના પછી તે તેના પિતા પાસે પાછી આવી. અને
તેણે તેના યહોવાને આપેલા વચન પ્રમાણે તેણે કર્યુ તેથી
તેણે લગ્ન કર્યા નહીં. ત્યાર બાદ ઈસ્રાએલમાં આ રિવાજ
થઈ ગયો. 40યુવાન સ્રીઓ પ્રતિવર્ષ ચાર દિવસ બહાર જતી
અને ગિલયાદના યફતાની પુત્રીનો શોક મનાવતી.

## યફતાનો એફ્રાઈમ લોકો પર હુમલો

12 એફ્રાઈમના કુળસમૂહ યુદ્ધ માટે ભેગા થયા અને
સોફોન ગયા. તેમણે યેફતાને કહ્યું, "તું અમને
બોલાવ્યા વિના અમ્મોનીઓ સામે લડવા કેમ ગયો? અમે
તને તથા તારા ઘરને પણ સળગાવી દઈશું."

2યેફતાએ તેઓને કહ્યું, "મારે અને મારા માણસોને
અમ્મોનીઓ સાથે ભારે ઝઘડો થયો હતો. મેં તમને મદદ
માટે બોલાવ્યા હતાં, પણ તમે અમને તેમનાથી બચાવવા
આવ્યા નહી, 3મેં જોયું કે તમે અમને મદદ કરવા આવ્યા
નહોતાં, તેથી તમારી મદદ વિના હુ એકલો મારા જીવના
જોખમે અમ્મોનીઓ સામે યુદ્ધ કરવા ગયો, યહોવાએ મને
મારા દુશ્મનો પર વિજય અપાવ્યો, તો પછી તમે આજે મારી
સાથે લડવા શા માટે આવો છો?"

4ત્યાર પછી યેફતાએ ગિલયાદના બધા માણસોને એકત્રિત
કર્યા અને એફ્રાઈમના કુળસમૂહ સાથે લડાઈ કરી અને
તેઓને હરાવ્યા; કારણ કે, એફ્રાઈમના લોકો તેમને હંમેશા
કહેતા, "તમે સર્વ જે ગિલયાદમાં રહો છો, એફ્રાઈમથી ભાગી
આવેલા છો, તમારી પાસે તમારી પોતાની જમીન નથી તમે
એફ્રાઈમ અને મનાશ્શા વચ્ચે રહો."

5તેણે એફ્રાઈમના સૈન્યની પાછળ આવેલા યર્દનના આરા
કબજે કરી લીધા, કોઈ એફ્રાઈમી યર્દન ઓળંગીને નાસી
જવા પ્રયત્ન કરે તો ગિલયાદના રક્ષકો તેને પડકારતા. "શું તું
એફ્રાઈમના કુળનો છે?" જો તે "ના" કહે તો 6તેઓ તેને
કહેતા, "કે બોલ, 'સિબ્બોલેથ'" પણ તે "સિબ્બોલેથ" બોલતો,
કારણ તે એનો ચોખ્ખો ઉચ્ચાર કરી શકતો નહી, એટલે
તેઓ તેને પકડીને યર્દનના ઘાટ ઉપર મારી નાખતા, તે
યુદ્ધમાં 42,000 એફ્રાઈમીઓ માર્યા ગયા હતાં.

7ગિલયાદનો યેફતા છ વર્ષ ઈસ્રાએલનો ન્યાયાધીશ તરીકે
હતો. પછી તે મૃત્યુ પામ્યો અને તેને ગિલયાદમાં તેના
પોતાના શહેરમાં દફનાવવામાં આવ્યો.

## ન્યાયાધીશ ઈબ્સાન

8યેફતાહ પછી બેથલેહમનો ઈબ્સાન ઈસ્રાએલનો
ન્યાયાધીશ થયો, તેને ત્રીસ પુત્રો અને ત્રીસ પુત્રીઓ હતી.
તેણે તેની ત્રીસેત્રીસ પુત્રીઓને અજાણ્યા શખ્સોને પરણાવી
હતી અને તેના ત્રીસ પુત્રો તેના અંદરના સગામાંથી ન હોય
તેવી પત્નીઓ લાવ્યા હતાં. 9તે સાત વર્ષ સુધી ઈસ્રાએલીઓનો
ન્યાયાધીશ હતો અને તેઓને ન્યાય આપ્યો હતો. 10પછી
ઈબ્સાનનું અવસાન થયું. તેને બેથલેહેમમાં દફનાવવામાં
આવ્યો.

## ન્યાયાધીશ એલોન

11તેના પછી ઝબુલોનના કુળસમૂહનો એલોન
ઈસ્રાએલનો ન્યાયાધીશ થયો. તેણે ઈસ્રાએલમાં 10 વર્ષ
લોકોનો ન્યાય કર્યો. 12ત્યારબાદ એલોનનું પણ અવસાન
થયું અને તેને ઝબુલોનના કુળસમૂહના આયાલોનમાં
દફનવવામાં આવ્યો.

## ન્યાયાધીશ આબ્દોન

13તેના પછી હિલ્લેલનો પુત્ર આબ્દોન પિરઆથોની
ઈસ્રાએલનો ન્યાયાધીશ થયો. 14તેને ચાલીસ પુત્રો અને
ત્રીસ પૌત્રો હતાં. જેઓ સીત્તેર ગધેડાઓ ઉપર સવારી કરતા,
તેણે ઈસ્રાએલીઓ ઉપર આઠ વર્ષ સુધી શાસન કર્યુ. 15પછી
હિલ્લેલના પુત્ર આબ્દોન પિરઆથોનીનું અવસાન થયું, તેને
અમાલેકીઓના પહાડી પ્રદેશમાં આવેલા એફ્રાઈમ દેશના
પિરઆથોન નગરમાં દફનાવવામાં આવ્યો.

## સામસૂનનો જન્મ

13 ફરીથી ઈસ્રાએલીઓએ યહોવાની દ્રષ્ટિએ પાપ
ગણાય એવું આચરણ કર્યુ એથી યહોવાએ
પલિસ્તીઓને ઈસ્રાએલ ઉપર વિજય અપાવ્યો. ચાલીસ વર્ષ
સુધી ઈસ્રાએલીઓ પલિસ્તીઓને તાબે રહ્યાં. 2તે સમયમાં
સોરાહમાં દાન કુળસમૂહનો માનોઆહ નામનો માણસ હતો,
એની પત્ની વાંઝણી હતી. 3યહોવાના દૂતે તેને દર્શન આપીને
કહ્યું, "તું લાંબા સમયથી નિ:સંતાન અને વાંઝણી છે, પણ
હવે તું ગર્ભવતી થશે અને તને પુત્ર જન્મશે! 4હવે હું તને
કહું તે પ્રમાણે તું કરજે, દ્રાક્ષારસ કે કોઈપણ કેફી પીણું પીશ
નહી, અને કોઈપણ ગંદો ખોરાક ખઈશ નહી. 5કારણ કે,

હવે તું ગર્ભવતી થશે અને એક પુત્રને જન્મ આપશે, માટે
તેના વાળ કદી કપાવીશ નહી, તે એક નાઝીરી* થશે. તે
પલિસ્તીઓના હાથમાંથી ઈસ્રાએલીઓને મુક્ત કરશે."
6પછી એ સ્ત્રીએ જઈને પોતાના પતિને આ વાત કરી,
"દેવનો માણસ મારી પાસે આવ્યો હતો. એનો દેખાવ દેવના
દૂત જેવો ખૂબજ તેજસ્વી દેખાતો હતો. તે કયાંથી આવ્યો તે
મેં એને પૂછયું નહોતું, તેમ તેણે મને પોતાનું નામ પણ કહ્યું
નહોતું. 7પણ તેણે મને આમ કહ્યું, "તું સગર્ભા થશે અને
તને પુત્ર અવતરશે. હવેથી તું દ્રાક્ષારસ કે કોઈપણ કેફી પીણું
પીશે નહી તેમજ ગંદો ખોરાક ખાઈશ નહી, કારણકે તે પુત્ર
દેવને અર્પણ થશે અને નાઝીરી થશે અને તેના જન્મથી
મૃત્યુ સુધી તે દેવની સેવામાં હશે."
8પછી માનોઆહે યહોવાને પ્રાર્થના કરી, "કૃપા કરી તમે
જે દેવના માણસને મોકલ્યો હતો તેને પાછો મોકલો, જેથી
તે અમને કહે કે પુત્ર જન્મ ધારણ કરવાનો છે, તેનું અમારે
શું કરવું?" તે માટે વધારે સૂચનો આપો."
9દેવે માનોઆહની પ્રાર્થના સાંભળી અને તેની પત્ની
ખેતરમાં બેઠી હતી ત્યાં દેવના દૂતે તેને ફરી એકવાર દર્શન
આપ્યાં. તેનો ધણી તેની પાસે નહોતો. 10આથી તે બાઈએ
તરત જ દોડતા દોડતા જઈને પોતાના પતિને કહ્યું, "જુઓ,
જે માણસ પેલે દિવસે મારી પાસે આવ્યો હતો એ જ માણસ
ફરીથી અહી આવ્યો છે!"
11માનોઆહ ઊઠ્યો અને તેની પત્ની સાથે ઝડપથી પાછો
આવ્યો. તેણે પેલા માણસને પૂછયું, "તે દિવસે મારી પત્ની
સાથે વાત કરી હતી તે માણસ તમેજ છો?"
દેવદૂતે જવાબ આપ્યો, "હા, હું તે જ છું."
12એટલે માનોઆહે કહ્યું, "તમારા વચનો સાચા પડ્યા
પછી અને બાળકના જન્મ પછી અમારે તેનો ઉછેર કેવી
રીતે કરવો? અમારે તેની સાથે કેવી રીતે વર્તવું? એણે શું
કરવું? કૃપાકરી આ બધુ અમને કહો." 13યહોવાના દૂતે કહ્યું,
"તારી પત્નીને મેં જે સૂચનાઓ આપેલી છે તે કાળજીપૂર્વક
તારે પાળવાની છે, 14તેણે દ્રાક્ષમાંથી બનાવેલી કોઈપણ ચીજ
ખાવી નહી, તેણે દ્રાક્ષારસ કે કોઈપણ કેફી પીણાં પીવા નહી,
તેમજ ગંદો ખોરાક ખાવો નહી તેણે બધું મેં આપેલા હુકમ
પ્રમાણે કરવું..
15માનોઆહે યહોવાના દૂતને કહ્યું, "અમે તમારા માટે
લવારું રાંધીએ ત્યાં સુધી કૃપા કરીને તમે અહી રહો,"
16યહોવાના દૂતે કહ્યુ, "હું રોકાઈશ, તોયે તમારું ભોજન
લઈશ નહી, પણ જો તમારે દહનાર્પણ આપવું જ હોય તો
યહોવાને આપો." છતાં માનોઆહને ખબર ન પડી કે આ
યહોવાનો દૂત છે.
17આથી તેણે યહોવાના દેવદૂતને પૂછયું, "તમારું નામ જો
અમને જાણવા મળે કે તમે જે કહ્યું છે તે સાચું છે તો અમે
તમને સન્માન આપી શકીએ."
18યહોવાના દેવદૂતે તેને કહ્યું, "મારું નામ જાણીને તમને
શું મળશે? તમે તે સમજી શકશો નહી."
19પછી માનોઆહે એક બકરીનું બચ્ચું ખાદ્યાર્પણ સાથે
લઈને યહોવાને એક પથ્થર ઉપર અર્પણ કર્યુ, જે વિસ્મયકારક
ચીજો કરે છે અને માનોઆહ અને તેની પત્ની તે જોતાં હતાં.
20યજ્ઞનો ભડકો આકાશ તરફ ઊંચે ચડ્યો ત્યારે એ
જવાળાઓમાં દેવનો દેવદૂત માનોઆહ અને તેની પત્નીના
દેખતાં એ જવાળાઓમાં આકાશમાં ઊંચે ગયો. આ જોયા
પછી બંને જણાએ તેઓના મુખ નીચે જમીન તરફ રાખ્યા.
21ત્યારબાદ માનોઆહ કે તેની પત્નીને યહોવાના દેવદૂતને
ફરી જોયો નહી. પછી માનોઆહને ખાત્રી થઈ કે એ માણસ
યહોવાનો દેવદૂત હતો. 22માનોઆહે પોતાની પત્નીને મોટે
સાદે કહ્યું, "હવે આપણું મૃત્યુ નિશ્ચિત છે. કારણ કે આપણે
દેવનાં દર્શન કર્યાં છે." 23પણ તેની પત્નીએ કહ્યું, "જો
યહોવાએ આપણને મારી નાખવા હોત તો તેણે આપણે અર્પણ
કરેલા અર્પણ સ્વીકાર્યા ના હોત, તેણે આપણને આ બધુ
બતાવ્યું ના હોત, તેમણે આ ચમત્કાર કર્યો ન હોત."
24પછી તે સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો અને તેનું
નામ સામસૂન રાખ્યું. બાળક મોટો થયો અને તેને યહોવાના
આશીર્વાદ પ્રાપ્ત થયા. 25જ્યારે તે માહનેહ દાનના શહેરમાં
હતો તે દરમ્યાન યહોવાનો આત્મા તેની ઉપર પ્રેરણા કરવા
લાગ્યો. તે શહેર સોરાહ અને એશ્તોલ, જે દાનની છાવણીમાં
આવેલા છે, તેની વચ્ચે આવેલું છે.

## સામસૂનનાં વિવાહ

14 એક દિવસ સામસૂન 'તિમ્નાહ' ગયો તો ત્યાં એક
પલિસ્તી યુવતી તરફ તેનું ધ્યાન ખેંચાયું. 2ઘેર
પાછા આવ્યા પછી તેણે પોતાના માતાપિતાને કહ્યું કે,
"તિમ્નાહમાં મેં એક યુવતી જોઈ છે, હું તમારા થકી તેને
મારી પાસે લાવવા માંગુ છું જેથી હું તેને પરણી શકું."
3પણ તેનાં માબાપે તેને કહ્યું, "શું આપણાં સગાંસંબંધીઓમાં
કે આપણી જાતિમાં શું કન્યાઓ નથી કે અમારે તને
સુન્નતવગરના પલિસ્તીઓને સંબંધિત સ્ત્રી જોડે તને
પરણાવવો પડે?"
પણ સામસૂને તેઓને કહ્યું, "મને એ ગમે છે, અને મારા
માટે તેને લઈ આવો." 4તેના માતાપિતાને ખબર નહોતી કે
આ બધું યહોવા કરી રહ્યાં છે; તેને પલિસ્તીઓ સાથે લડવાનું
કારણ જોઈતું હતું, કારણ, એ વખતે પલિસ્તીઓ ઈસ્રાએલીઓ
ઉપર રાજય કરતા હતાં.
5સામસૂન તેના માતાપિતા સાથે તિમ્નાહ ગયો. તેઓ
દ્રાક્ષની વાડીઓ આગળ પહોંચ્યાં અને અચાનક એક સિંહનું
બચ્ચું તેના પર હુંમલો કરવા આવ્યું. 6યહોવાના આત્માએ
સામસૂનમાં પ્રવેશ કર્યો, અને તેના હાથમાં કોઈ હથિયાર
નહોતું તેમ છતાં તેણે એ સિંહને જાણે લવારું ન હોય તેમ
ચીરીને ફાડિયાં કરી નાખ્યો, પણ તેણે પોતાના માતાપિતાને
આ વાત કહી નહી. 7તે તિમ્નાહ આવ્યો પછી સામસૂને તે
યુવતી સાથે વાત કરી, અને તેને તે ગમી ગઈ. 8થોડા દિવસો

---

**નાઝીરી** એક વ્યક્તિ જેણે દેવ સામે ખાસ પ્રતિજ્ઞા લીધી હોય.
વાંચો ગણના 6:1-21 નાઝીરીની પ્રતિજ્ઞાને લગતા નિયમો.

પછી તે તેની સાથે વિવાહ કરવા પાછો ફર્યો જ્યાં સિંહને
માર્યો હતો તે જોવા માટે તે સ્થળ તરફ ફર્યો, તેણે જોયું તો
સિંહની લાશમાં મધપૂડો હતો અને તેમાં મધ પણ હતું!
9તેણે તેમાંથી થોડું મધ પોતાના હાથમાં લીધું અને ખાતો
ખાતો ચાલવા લાગ્યો. જયારે તે તેના માતાપિતા પાસે પહોચ્યો
ત્યારે તેણે તેમને પણ થોડું મધ ખાવા આપ્યું. તેમણે તે ખાધું
પણ સામસૂને તેમને એમ ન જણાવ્યું કે પોતે એ સિંહના
મૃતદેહમાંથી લાવ્યો હતો:
10તેના પિતા કન્યાને ઘેર ગયા અને કન્યાના ઘરના રિવાજ
પ્રમાણે સામસૂને ઉજાણી તૈયાર કરી. 11સામસૂનને જોઈને
પલિસ્તીઓ એની સાથે રહેવા ત્રીસ જુવાનોને લઈ આવ્યા.
12સામસૂને તેઓને કહ્યું, "હું તમને એક ઉખાણું પૂછું છું
તમે જો મારા મહેમાન તરીકેના સાત દિવસના રહેવાસ
દરમ્યાન એનો જવાબ આપી શકશો તો હું તમને ત્રીસ
જોડ ઉમદા કપડાં અને ત્રીસ જોડ રોજ પહેરવાના કપડાં
આપીશ. 13પણ જો તમે તેનો જવાબ ન આપી શકો તો
તમારે મને ત્રીસ જોડ ઉમદા કપડાં અને ત્રીસ જોડ નિયમિત
પહેરવાના કપડાં આપવાં પડશે." તેથી તેમણે કહ્યું, "તમારું
ઉખાણું, અમને પૂછો અમારે સાંભળવું છે."
14એટલે તેણે કહ્યું,

"એક પ્રાણી જે ખાય છે, તેમાંથી ખોરાક આવે છે
અને એક બળવાન પ્રાણીમાંથી મીઠાશ આવે છે."

ત્રણ દિવસ સુધી તેઓ ઉખાણાનો ઉકેલ શોધવા પ્રયત્ન
કરી રહ્યા હતા.
15ચોથે દિવસે તે લોકોએ સામસૂનની પત્નીને કહ્યું, "તારા
પતિને લલચાવીને અમને આ ઉખાણાનો જવાબ કહે, નહી
તો અમે તારું અને તારા બાપનું ઘર બાળી નાખશું, તમે શું
અમને લૂંટવા અહીં નોતર્યા હતા?"
16એટલે સામસૂનની પત્ની તેને ગળે વળગીને રડવા લાગી
અને બોલી, "તમને મારા પ્રત્યે જરાયે પ્રેમ નથી, તમે મને
ધિક્કારો છો, કારણ કે તમે મારા લોકોને ઉખાણું પૂછયું છે
અને મને તેનો જવાબ કહ્યો નથી!" તેણે જવાબ આપ્યો, "મેં
મારા માતા પિતાને પણ જવાબ નથી કહ્યો, પછી તને શા
માટે કહું?
17મહેમાન તરીકે સાત દિવસ રહ્યાં પછી તેણે આખો
દિવસ રડ્યા કર્યુ, હઠ પકડી તેથી સામસૂને તેને ઉખાણાનો
જવાબ કહ્યો, કારણકે તેના રૂદને તેને ચિંતા કરાવે રાખી.
અને પછી તેણે તે જવાબ પોતાના લોકોને કહી દીધો.
18એટલે સાતમે દિવસે સામસૂન શયનગૃહમાં દાખલ
થાય તે પહેલાં શહેરના લોકોએ તેને કહ્યું,
"મધ કરતાં મીઠું શું સિંહ કરતાં બળવાન શું?"

સામસૂને પ્રત્યુત્તર આપ્યો,
"તમને જો મારી ગાયથી ખેડ્યું તો મારા
ઉખાણાનોપત્તો તમને કદી મળ્યો ન હોત."

19પછી યહોવાના આત્માએ સામસૂનમાં પ્રવેશ કર્યો, તે
તરતજ આશ્કલોન ગયો અને ત્યાં તેણે ત્રીસ માણસોને મારી
નાખ્યા, તેણે તેઓના વસ્ત્રો લઈ લીધા, અને તેઓને નગ્ન
કરી દીધા અને તેમના વસ્ત્રો તેના ઉખાણાનો જવાબ
આપનારા લોકોને આપી દીધાં, પછી તે ખૂબ ગુસ્સે થયો
અને પોતાના પિતાને ઘેર ચાલ્યો ગયો. 20ત્યાર પછી
સામસૂનની થનાર વહુ તેના મિત્ર સાથે પરણી ગઈ.

## સામસૂન દ્વારા દુશ્મનોનો સંહાર

15 થોડા સમય પછી ઘઉંની કાપણીની ઋતુમાં,
સામસૂન પોતાની પત્નીને મળવા ગયો અને સાથે
તેને માટે એક લવારું લેતો ગયો. તેણે પત્નીના પિતાને કહ્યું,
"મારે મારી પત્નીના ઓરડામાં જવું છે."
2તેણે સ્પષ્ટ રીતે કહ્યું, "મને જાણવા મળ્યું છે કે તું તેને
જરાય પસંદ કરતો નથી અને ચાહતો નથી. તેથી મેં તેને
તારા મિત્ર સાથે પરણાવી દીધી. પણ એની નાની બહેન
એના કરતાંય વધુ સારી છે, એને બદલે તું તેને લઈ જા."
3પણ સામસૂને ગુસ્સામાં મોટે સાદે કહ્યું, "હવે આ વખતે
જો હું પલિસ્તીઓને નુકસાન કરું તો કોઈ મારો વાંક કાઢી
શકે તેમ નથી."
4આથી તેણે ત્રણસો શિયાળો અને મશાલો લીધી. અને બે
શિયાળોની પૂંછડી એક બીજા સાથે બાંધી અને દરેકની વચમાં
એક મશાલ ખોસી દીધી 5પછી તેણે મશાલો સળગાવી અને
શિયાળોને પલિસ્તીઓના અનાજના કોઠાર તથા ખેતરો
સળગાવી મૂકવા છૂટાં મૂકી દીધાં. તેઓએ જૈતૂનની અને
દ્રાક્ષની વાડીઓ પણ બાળી મૂકી.
6પલિસ્તીઓએ પૂછયું, "આ કોણે કર્યુ ?" તેથી તેઓને
કહેવામાં આવ્યું, "સામસૂને, કારણ કે તેની થનાર પત્નીના
પિતા તિમ્નીએ તેને બીજા પુરુષ સાથે પરણાવી દીધી."પછી
પલિસ્તીઓએ જઈને પુત્રી અને તેના પિતાને પકડયાં અને
તેઓના ઘરમાં જીવતાં સળગાવી મૂકયાં.
7સામસૂને તેઓને કહ્યું, "જો તમે આ રીતે વર્તશો તો હું
ચોક્કસ કહું છું કે, હું બદલો લીધા વિના છોડવાનો નથી,"
8તેણે તેઓના ઉપર તેની પૂરી તાકાતથી હુમલો કર્યો અને
સર્વેને મારી નાખ્યા. પછી તે એટામની ખડકની ગુફામાં
જઈને રહેવા લાગ્યો.
9પલિસ્તીઓએ આવીને યહૂદામાં સૈન્યની ટુકડી મોકલી
આપી અને લેહી ઉપર છાપો માર્યો. 10યહૂદાના કુળસમૂહે
તેને પૂછયું, "તમે અહીં શા માટે અમારી સાથે લડવા આવ્યા
છો?"
પલિસ્તીઓએ કહ્યું, "અમે સામસૂનની ધરપકડ કરવા
અને તેણે અમારી ઉપર જે કર્યુ છે, તે તેની પર કરવા આવ્યા
છીએ."
11તેથી યહૂદાના કુળસમૂહમાંથી ત્રણહજાર માણસો
'એટામ'ના ખડકની ગુફા આગળ ગયા સામસૂનને મળ્યા
અને કહ્યું, "તને એટલી ખબર નથી કે અમે પલિસ્તીઓના
તાબેદાર છીએ? તેં અમને કેવી કફોડી સ્થિતિમાં મૂકી

દીધા?" તેણે કહ્યું, "મેં તેઓ સાથે એવોજ વર્તાવ કર્યો, જેવો વર્તાવ તેઓએ મારી સાથે કર્યો હતો."

12તેઓએ તેને કહ્યું, "અમે તને પકડીને પલિસ્તીઓ પાસે લઈ જવા માટે આવ્યા છીએ." સામસૂને કહ્યું, "સારું પણ મને વચન આપો કે તમે પોતે મને મારી નહી નાખો."

13તેમણે કહ્યું, "અમે તને મારી નહી નાખીએ, અમે તો ફક્ત તને બાંધીને તે લોકોને સોંપી દઈશું." પછી તેમણે તેને બે નવાં દોરડાં વડે બાંધ્યો અને ગુફામાંથી પાછો લાવ્યા.

14સામસૂન જયારે લેહી પહોચ્યો ત્યારે પલિસ્તીઓ જયનાદ કરતાં કરતાં એની સામે આવ્યા. પરંતુ યહોવાના આત્માએ સામસૂનમાં સંચાર કર્યો અને તેને હાથે બાંધેલાં દોરડાં શણની લટ હોય તેમ તોડી નાખ્યાં.
15તેણે ત્યાં જમીન પર પડેલું ગધેડાનું જડબું ઉપાડયું અને તેના વડે એકહજાર માણસોને મારી નાખ્યાં.

16તેણે બોલવાનું ચાલુ રાખ્યું,

"ગધેડાના જડબાના હાડકા વડે મેં એક હજાર માણસોનો સંહાર કર્યો છે. ગધેડાના જડબાના હાડકા વડે મેં તેઓના માણસોને મારી નાખ્યા અને તેઓને થપ્પી કરી મૂકી દીધા."

17એમ કહીને તેણે તે ગધેડાનું હાડકુ ફેંકી દીધું અને તે જગ્યાનું નામ રામાથ લેહી*' રાખ્યું.

18તેને ખૂબ તરસ લાગી હતી તેથી તેણે યહોવાને પોકાર કરીને કહ્યું, "તમે તમારા આ સેવકને આ વિજય અપાવ્યો છે, તો શું મારે હવે તરસ્યા મરી જવું અને સુન્નત કર્યા વગરના લોકોના તાબામાં જવું?"

19ત્યારે દેવે ત્યાં લેહીની ધરતીમાં એક ખાડો પાડયો, અને તેમાંથી એકદમ પાણી બહાર આવ્યું, તે પીધા પછી સામસૂન તાજો થયો અને તે જગ્યાનું નામ તેણે એન–હાક્કોરે* પાડયું, આજે પણ એ ઝરણું લેહીમાં છે.

20પલિસ્તીઓના સમયમાં સામસૂને પછી વીસ વર્ષ સુધી ઈસ્રાએલનો ન્યાય કર્યો.

## સામસૂન પલિસ્તીઓના નગર ગાઝામાં

16 પછી એક દિવસ સામસૂન પલિસ્તીઓના નગર ગાઝામાં ગયો, ત્યાં તેણે એક વારાંગના જોઈ અને તે તેની પાસે સંભોગ કરવા માટે ગયો.
2ગાઝાના લોકોમાં વાત પ્રસરી ગઈ કે "સામસૂન ત્યાં આવ્યો છે," એટલે તેઓ તેને ઘેરી વળ્યા અને આખી રાત તેના બહાર આવવાની રાહ જોતા નગરના દરવાજે ટાંપીને તેને પકડવા માટે બેસી રહ્યાં, આખી રાત એમજ બેસી રહ્યાં. તેમણે વિચાર્યુ, "સવાર સુધી આપણે રાહ જોઈશું અને પછી તેને મારી નાખીશું."

3પણ સામસૂન મધરાત સુધી સૂઈ રહ્યો અને અડધી રાતે ઊઠીને તેણે નગરના દરવાજાનાં બારણાં પકડીને અને બારસાખ તેમજ ભોગળ જે દરવાજાને તાળુ મારી દે તે બધુંજ નીચે ખેંચી કાઢયું અને આ સર્વ ખભા ઉપર ઉપાડી લીધું અને તે બધું હેબ્રોન નગરની પાસે આવેલા પર્વતની ટોચ પર લઈ ગયો.

## સામસૂન અને દલીલાહ

4એ પછી સામસૂન સોરેક ની ખીણમાં રહેતી દલીલાહ નામની એક સ્રીના પ્રેમમાં પડયો.

5નગરના પલિસ્તી શાસનકર્તાઓ દલીલાહ પાસે ગયા અને કહ્યું, "સામસૂનને લલચાવીને તું જાણી લે કે, 'એનામાં આટલી બધી શકિત કયાંથી આવે છે? અને અમે તેને કેવી રીતે બંદીવાન કરી શકીએ અને બાંધી શકીએ? અને અમે તેને લાચાર બનાવી શકીએ કેમ? તમે અમને આ સર્વ જણાવશો તો અમે તમને અગિયારસો ચાંદીના સિક્કા આપીશું."

6દલીલાહે સામસૂનને કહ્યું, "તારું મહાબળ શામાં રહેલું છે, તથા તું સાથી બંધાય કે જેથી તને દુ:ખ દઈ શકાય તે તું કૃપા કરીને મને કહે.

7સામસૂને કહ્યું, "મને જો તેઓ સાત લીલી પણછો કે જે સૂકાઈ ન હોય વડે બાંધે તો હું તેઓ જેવો દુર્બળ થઈ જાઉં."

8આથી પલિસ્તી સરદારોએ દલીલાહને સાત લીલી પણછો તેને બાંધવા જે સૂકાયેલી ન હતી આપી તેથી તેણે તેનો બાંધવા માટે ઊપયોગ કર્યો.
9સામસૂનને પકડવા થોડા માણસો તેના ઓરડામાં સંતાયા હતાં. દલીલાહે બૂમ પાડી, "સામસૂન, પલિસ્તીઓ તને પકડવા આવે છે!" પણ અગ્નિ પાસે લઈ જતા જેમ શણની દોરી અચાનક તૂટી જાય તેમ તેણે પણછો તોડી નાખી, આ રીતે તેની શકિતનું રહસ્ય તેઓ જાણી શકયા નહી.

10ત્યાર પછી દલીલાહે તેને કહ્યું, "તું મારી મશ્કરી કરે છે! તેં મને જૂઠું કહ્યું છે! કૃપા કરીને મને કહે, તને કેવી રીતે બાંધી શકાય?
11તેણે કહ્યું, "જો મને કદી વપરાયાં ન હોય એવાં નવાંનકોર દોરડાં વડે બાંધે તો હું કોઈપણ માણસના જેવો દૂબળો થઈ જાઉં."

12દલીલાહે તેને નવાં દોરડાં લઈને તેના વડે બાંધી દીધો. પછી તેણે બૂમ પાડી, "સામસૂન, પલિસ્તીઓ તમને પકડવા આવે છે! તેણે પોતાના ઓરડાનાં દરવાજાની બહાર માણસોને સંતાડી રાખ્યા હતાં." પણ સામસૂને પોતાને હાથે બાંધેલાં નવા દોરડાંને તાંતણાની જેમ તોડી નાખ્યાં.

13ત્યારે દલીલાહે સામસૂનને કહ્યું, "અત્યાર સુધી તમે મારી હાંસી ઉડાવી અને મને ખોટું કહ્યું, પણ હવે મને કહો, મારે જો તમને બાંધવા હોય તો મારે કેવી રીતે કરવું?"

સામસૂને કહ્યું, "જો તું મારા માથાના વાળની સાત લટોને સાળનો ઊપયોગ કરી તેની સાથે ગૂંથી લે અને મને ખીલીથી જકડી દે, તો હું કોઈપણ બીજા માણસ જેવો જ દૂર્બળ થઈ જાઉં, " તેથી તેણે તેને ઊંઘાડી દીધો.

14તે જયારે ઊંઘી ગયો ત્યારે તેણે સાળ લીધી અને તેની સાત લટોને ગૂંથી અને તંબૂના ખીલા સાથે જકડી દીધી અને પછી બૂમ પાડી, "સામસૂન, પલિસ્તીઓ તને પકડવા આવ્યા છે!" તે ઊંઘમાંથી જાગ્યો અને તંબૂનો

---

**રામાથ લેહી** સ્થળનું નામ છે. અર્થ "જડબાના હાડકાનો પર્વત."

**એન–હાક્કોરે** હાંક મારનારનું ઝરણું.

ખીલો ખેંચી કાઢયો અને પોતાના વાળની સાત લટોને છોડી નાખી.

15આથી દલીલાહે તેને ઠપકો આપતાં કહ્યું, "જો તને મારામાં વિશ્વાસ ના હોય તો તું કેવી રીતે કહી શકે કે તું મને પ્રેમ કરે છે? આ ત્રીજી વાર તેં મારી હાંસી ઉડાવી, અને હજુ સુધી તમે મને બતાવ્યું નથી કે આટલી બધી તાકાત તમારામાં શાથી છે?" 16દલીલાહ દરરોજ તેને આ સવાલ પૂછતી અને દબાણ કરતી એટલે આખરે થાકીને તેણે તેને ક્યાંથી શકિત મળે છે સાચું રહસ્ય જણાવી દીધું. 17તેણે કહ્યું, "મારા માથાના વાળ કદી અસ્ત્રાથી કાપવામાં આવ્યા નથી, કારણ કે હું જન્મ્યો તે દિવસથી એક નાઝીરી થવા માટે હું દેવને સમર્પિત થયેલો છું. જો મારું માથું મૂંડવામાં આવે તો મારી તાકાત જતી રહે અને હું બીજા સામાન્ય માણસ જેવો દૂર્બળ થઈ જાઉં."

18દલીલાહને લાગ્યું કે આખરે તેણે તેને સાચું કહ્યું હતું, આથી તેણે પલિસ્તી સરદારોને તેડવા માણસો મોકલી કહેવડાવ્યું, "હવે આ વખતે છેલ્લી વાર તમે સૌ આવો. કારણકે છેવટે તેણે મને પોતાની સાચી શકિતના રહસ્ય વિશે મને કહ્યું છે." આથી પલિસ્તી આગેવાનો તેઓની સાથે નાણાં લઈને આવ્યા.

19દલીલાહે સામસૂનને પોતાના ખોળામાં ઊંઘાડી દીધો અને એક માણસને બોલાવી તેના વાળની સાત લટો બોડાવી નખાવી આ રીતે દલીલાહે તેને નિર્બળ બનાવી દીધો અને તેની તાકાત તેને છોડી ચાલી ગઈ. 20ત્યાર પછી દલીલાહે બૂમ પાડી, "સામસૂન, પલિસ્તીઓ તમને પકડવા આવ્યા છે!" તે ઊંઘમાંથી જાગી ઊઠયો અને વિચાર કરવા લાગ્યો કે, "હું ઝટકો મારીને દર વખતની જેમ છૂટો થઈ જઈશ." પણ તેને ખબર ન પડી કે યહોવા તેને છોડીને જતાં રહ્યા છે.

21પલિસ્તીઓએ તેને પકડી લીધો અને તેની આંખો કાઢી નાખી, અને તેને ગાજા લઈ ગયા, ત્યાં તેને પિત્તળની સાંકળોથી બાંધીને કેદખાનામાં અનાજ દળવાનું કામ સોંપવામાં આવ્યું. 22પરંતુ તેના મૂંડી નાખેલા વાળ ફરી ઊગવા માંડયા.

23પલિસ્તી આગેવાનોએ તેમના દેવ દાગોનને મોટો ઉત્સવ અને અર્પણો આપવા માટે તૈયારી કરતા હતાં અને આનંદ કરવા ભેગા થયા. તેઓ કહેતા હતાં. "આપણા દેવે, આપણા શત્રુ સામસૂનને આપણા હવાલે કરી દીધો છે."

24અને તેને જોઈને તેઓએ તેમના દેવની સ્તુતિ કરી અને કહ્યું, આપણા દેવે આપણા શત્રુને આપણે હવાલે કરી દીધો છે.

"જે માણસે આપણા દેશનો નાશ કર્યો, અને જેણે આપણાં લોકોને મારી નાખ્યા હવે તે આપણા કબજામાં છે!"

25નશાની હાલતમાં તેઓએ કહ્યું, "સામસૂનને બોલાવો; જેથી તે અમારું મનોરંજન કરી શકે!" આમ સામસૂનને કેદખાનામાંથી બહાર લાવવામાં આવ્યો અને તેણે તેઓ માટે અભિનય કર્યો. પછી તેને મંદિરના બે થાંભલાઓની વચ્ચે ઊભો રાખવામાં આવ્યો. 26સામસૂને જે છોકરાએ તેનો હાથ પકડી રાખ્યો હતો, તેને કહ્યું, "મને એવી રીતે ઊભો રાખ કે મંદિરના મુખ્ય થાંભલાને હું અડી શકુ, જેથી હું તેને અઢેલી આરામ કરી શકુ."

27મંદિર સ્ત્રી–પુરુષોથી ખીચોખીચ ભરેલું હતું. બધાજ પલિસ્તી સરદારો ત્યાં હાજર હતાં. અને આશરે 3,000 સ્ત્રી પુરુષો ધાબા ઉપરથી સામસૂનના ખેલ જોતાં હતાં, 28પછી સામસૂને યહોવાને પોકાર કરીને કહ્યું, "ઓ સર્વસમર્થ યહોવા, મને સાંભળો, અને આ છેલ્લી વાર મને શકિત આપો કે જેથી હું મારી આંખો માટે પલિસ્તીઓ ઉપર બદલો લઈ શકુ." 29પછી મંદિરના બે ટેકારૂપ વચ્ચેના થાંભલાને તેણે બાથમાં લીધા, તેણે જમણો હાથ એક થાંભલા ઉપર અને ડાબો હાથ બીજા થાંભલા ઉપર મૂકીને બધું વજન તેના ઉપર નાખ્યું અને પોકાર કર્યો, 30સામસૂને કહ્યું, "મને પલિસ્તીઓની સાથે મરવા દો." પછી તેણે મંદિરના થાંભલા પર સંપૂર્ણ બળ વાપરીને નીચે એવી રીતે ખેંચી પાડ્યા કે તે મંદિરના તમામ લોકો ઉપર તૂટી પડે જેમાં પલિસ્તીના આગેવાનો પણ હતાં આમ, તેણે ઘણા માણસો મારી નાખ્યા તે મરી રહ્યો હોવાથી તેણે જેટલા લોકોને માર્યા હતાં તેના કરતા વધારે સંખ્યામાં લોકોને માર્યા.

31પછીથી તેના ભાઈઓ અને તેનું આખુ કુટુંબ તેનો મૃતદેહ લેવા માટે આવ્યાં. તેઓ તેને સોરા અને એશ્તઓલ વચ્ચે આવેલી તેના પિતા માનોઆહની કબરે લઈ ગયા તેઓ તેને ત્યાં લઇ ગયા અને તેને દફનાવ્યો, તેણે વીસ વર્ષ સુધી ઈસ્રાએલનો ન્યાય કર્યો હતો.

## મીખાહની મૂર્તિઓ

17 એફ્રાઈમના પહાડી પ્રદેશમાં મીખાહ નામે એક માણસ રહેતો હતો. 2એક દિવસ તેણે તેની માતાને કહ્યું, "જયારે તારા અગિયારસો ચાંદીના સિક્કા* ચોરાઈ ગયા ત્યારે તેં ચોરને શાપ દીધો હતો તે મેં સાંભળ્યો હતો, એ સિક્કા મારી પાસે જ છે, મેં જ તે ચોર્યા હતાં.

તેની માતાએ કહ્યું, "યહોવા તારું ભલું કરો, બેટા."

3એટલે તેણે અગિયારસો ચાંદીના સિક્કા તેની માને પાછા આપ્યા, મા બોલી, "મારા પુત્રના હિત માટે મેં આ ચાંદીના સિક્કા લાકડાની કોતરેલી અને ધાતુથી મઢેલી પ્રતિમા બનાવવા માટે યહોવાને સમર્પી દીધા હતાં, હવે તને પાછા સોંપું છું." પણ છોકરાએ તે પાછા આપ્યા."

4પછી મીખાહે ચાંદીના સિક્કા તેની માતાને પાછા આપ્યા તેણી 200 શેકેલ* લઈને ઝવેરી પાસે ગઈ. તેણે તેમાંથી ધાતુની મૂર્તિ બનાવી અને તે મીખાહે તેના ઘરમાં રાખી. 5મીખાહના ઘરમાં મંદિર હતું, ત્યાં તેણે એક એફોદની મૂર્તિ મૂકી અને તેના કુળદેવતાની મૂર્તિઓ બનાવડાવી અને તે મૂર્તિના યાજક તરીકે તેણે તેના પુત્રોમાંથી એક પુત્રને યાજક તરીકે નીમ્યો. 6કારણ કે તે સમયે ઈસ્રાએલમાં કોઈ રાજા ન

**અગિયારસો ચાંદીના સિક્કા** 28 પૌંડ 1,100 શેકેલ.

**200 શેકેલ** 5 પૌંડ.

હતો, અને પ્રત્યેક માણસ પોતાની ઈચ્છા પ્રમાણે પોતાની નજરમાં જે સારું લાગે તે કરતો હતો.

7પૂર્વે એકવાર, યહૂદા કુળસમૂહમાંથી એક યુવાન માણસ જે લેવી હતો. તે બેથલહેમમાં એક વિદેશીની જેમ રહેતો હતો. 8વસવાટ માટે બીજી કોઈ સારી જગ્યાની શોધમાં તે બેથલેહેમ છોડીને ફરતા ફરતા એફ્રાઈમના પહાડી પ્રદેશમાં મીખાહને ઘેર આવી ચડયો. 9મીખાહે તેને કહ્યું, "તું કયાંથી આવ્યો?"

તેણે જવાબ આપ્યો, "હું યહૂદામાં આવેલા બેથલેહેમના લેવી કુળનો યાજક છું અને વસવાટ માટેની જગ્યાની શોધમાં છું."

10મીખાહે તેને કહ્યું, "તું મારી સાથે રહે કુળના વડા થવાની જવાબદારી લે અને અમારો યાજક બન, હું તને દર વરસે દસ ચાંદીના સિક્કા આપીશ, હું તને સરખું ખાવાનું અને સારા કપડાં પણ આપીશ તેથી લેવી તેની સાથે ગયો."

11લેવી તેની સાથે રહેવા કબૂલ થયો અને તેના એક પુત્ર જેવો જ બની ગયો. 12મીખાહે તેની યાજકપદે નિમણુંક કરી અને તે તેનો યાજક બન્યો અને તેના ઘરમાં રહેવા લાગ્યો. 13મીખાહને થયું, "હવે મને ખાતરી થઈ કે યહોવા મારુ કલ્યાણ કરશે, કારણ કે એક યાજક મારો લેવીવંશી છે."

### દાનવંશીઓએ કરેલી મીખાહની મૂર્તિઓની ચોરી

18 તે દિવસોમા ઈસ્રાએલમાં કોઈ રાજા ન હતો અને દાનકુળસમૂહના લોકો સ્થાયી થવા માટે સ્થળ શોધી રહ્યાં હતાં. કારણ કે તેઓને પ્રદેશનો એક ભાગ ઈસ્રાએલના બીજા કુળસમૂહોની સાથે આપવામાં આવ્યો નહતો.

2તેથી દાનના કુળસમૂહે પાંચ શૂરવીર પુરુષોને સોરાહ અને એશ્તાઓલ નગરોમાંથી પસંદ કર્યા, તેઓએ સ્થાયી થવા માટે અને તેઓના કુળના ઉછેર માટે યોગ્ય સ્થળ શોધવું હતું. તેથી તેઓએ "જાઓ અને દેશની શોધ કરો" કહીને પ્રદેશની શોધ કરવા આ શૂરવીરોને મોકલ્યા.

એફ્રાઈમના પર્વત ઉપર પહોંચ્યા અને મીખાહના ઘરે રાત રોકાયા, 3તેઓ જ્યારે ત્યાં હતાં તેઓએ લેવીનો અવાજ ઓળખી લીધો અને તેના તરફ વળીને તેને પૂછયું, "તને અહી કોણ લઈ આવ્યું? અહીં તું શું કરે છે? તું અહી શા માટે છે?"

4તેણે મીખાહે તેના માટે જે કંઈ કર્યુ હતું તે તેઓને કહી દીધું અને કહ્યું કે "તેણે મને કામે રાખ્યો છે અને હું તેનો યાજક છું."

5પેલા લોકોએ કહ્યું, "સારું, તો અમારા તરફથી દેવને પ્રશ્ન કર કે અમારો આ પ્રવાસ સફળ થશે કે કેમ?"

6યાજકે કહ્યું, "શાંતિથી જાઓ. તમારા પ્રવાસ ઉપર યહોવાની દયા દ્રષ્ટિ છે." 7તેથી તે પાંચ જણ ત્યાંથી નીકળીને 'લાઈશ'પહોચ્યા. ત્યાં તેમણે જોયું તો લોકો સિદોનના લોકોના શાસન હેઠળ નિશ્ચિંત જીવન ગાળતા હતાં. તે લોકોને શાંતિ હતી અને કોઈ ચિંતા નહોતી. તેઓ એકબીજા સાથે ઝગડો કરતા ન હતાં, અત્યાચાર કરનાર કોઈ ન હતાં. તેઓ સિદોનીના લોકોથી ખૂબ દૂર રહેતા હતાં અને તેઓએ કોઈની પણ સાથે કોઈ કરાર કર્યા ન હતાં.

8તેઓ સોરા અને એશ્તાઓલમાં પોતાના ભાઈઓ પાસે પાછા ફર્યા અને ત્યાં તેમને પૂછવામાં આવ્યું, "શું સમાચાર છે?"

9તેમણે કહ્યું, "ચાલો, આપણે જઈએ અને લાઈશ ઉપર હુમલો કરીએ. અમે એ ભૂમિ જોઈ છે અને તે બહુ સારી છે. આપણે અહીં અમસ્તા બેસી રહેવું ન જોઈએ, જલદી કરો, ઉભા થાવ અને તે દેશનો કબજો લઈ લો. 10તમે ત્યાં જશો ત્યારે જોશો કે ત્યાંના લોકો નિશ્ચિંત છે. તે દેશ વિશાળ છે, દેવે તમારા હાથમાં એવો દેશ સોંપી દીધો છે જયાં કોઈ વાતની ખોટ નથી."

11આથી દાનકુળસમૂહના 600 સશસ્ત્ર સૈનિકો સોરા અને એશ્તાઓલથી નીકળી પડયા. 12તેમણે જઈને યહૂદાના પ્રદેશમાં કિર્યાથ-યઆરીમમાં છાવણી નાખી, તેથી એ જગ્યા આજે પણ દાનની છાવણીને નામે ઓળખાય છે. એ કિર્યાથ-યઆરીમની પશ્ચિમે આવેલી છે. 13ત્યાંથી તેઓ એફ્રાઈમના પહાડી પ્રદેશમાં મીખાહને ઘેર ગયા.

14આ પાંચ જણ જેઓ 'લાઈશ'ની આજુબાજુના પ્રદેશમાં લોકો વિશે જાણવા ગયા હતાં તેમણે પોતાના ભાઈઓને કહ્યું, "ત્યાં બધામાંથી એક ઘરમાં ચાંદીની એક મૂર્તિ તથા એક એફોદ અને થોડા ઘરબારના દેવો છે! તમે શું વિચારો છો આપણે શું કરવું જોઈએ?" 15આથી તેઓ એ તરફ વળીને લેવી રહેતો હતો ત્યાં મીખાહને ઘેર ગયો અને તેને અભિનંદન આપ્યા. 16યુદ્ધ માટે તૈયાર એવા દાનકુળસમૂહના સશસ્ત્ર 300 સૈનિકો દરવાજા બહાર ઊભા હતાં 17અને જે પાંચ જણ માહિતી મેળવવા આવ્યા હતાં તેઓએ અંદર જઈને લાકડાની કોતરકામ કરેલી અને ચાંદીથી મઢેલી મૂર્તિ, એફોદ તથા કુળદેવતાઓને લઈ લીધા. દરમ્યાન યાજક 600 સશસ્ત્ર સૈનિકો સાથે દરવાજા આગળ ઊભો હતો. 18જયારે યુવાન યાજકે પેલા પાંચ જણને મીખાહના ઘરમાં પેસીને લાકડાની કોતરેલી અને ચાંદીથી ઢાળેલી મૂર્તિ, એફોદ તથા બીજી મૂર્તિઓ લઈ બહાર જતા જોયા ત્યારે યાજકે તેમને પૂછયું, "શું કરો છો?"

19ત્યારે તેઓએ કહ્યું, "ચૂપ રહો! એક શબ્દ પણ બોલશો નહી, અમારી સાથે ચાલો અને અમારા કુળના યાજક અને અગ્રણીનું સ્થાન અમારે માટે લો. ફકત એક જણના યાજક થવું તે સારું કે પછી સમગ્ર ઈસ્રાએલી કુળસમૂહના યાજક થવું તે સારું?"

20આ સાંભળીને તે યાજક તેઓની સાથે જવા માટે રાજી થઈ ગયો, તેણે એફોદ, ઘરના દેવો તથા બીજી મૂર્તિઓ પોતાની સાથે લઈ લીધી.

21તેઓ બધાં પોતાને રસ્તે આગળ વધ્યા. તેઓએ બાળકો, ઢોરઢાંખર તથા ઘરવખરી સૌથી આગળ રાખ્યાં.

22જ્યારે તેઓ મીખાહના ઘરથી થોડે દૂર નીકળી ગયા ત્યારે મીખાહના ઘરના માણસો અને તેની આસપાસ રહેતા લોકોએ દાનકુળસમૂહનો પીછો કર્યો અને તેમને પકડી

પાડયા. 23તેમણે તેઓને થોભી જવા માટે જોરથી બૂમ પાડી, એટલે દાનકુળસમૂહઓએ પાછા ફરીને જોયું અને મીખાહને પૂછયું, "શું વાત છે? શા માટે તમારા માણસોને લડવા બોલાવ્યા છે?"

24મીખાહે ગુસ્સામાં કહ્યું, "મેં મારા માટે બનાવડાવેલી મૂર્તિને અને યાજકને લઈને તમે રસ્તે પડયા છો, પછી મારી પાસે રહ્યું 'શું અને પાછા ઉપરથી પૂછો છો કે, શું છે?'

25દાન કુળસમૂહે જવાબ આપ્યો , "બકવાસ બંધ કર. નહી તો આ લોકોનો પિત્તો જશે અને તેઓ તારા ઉપર તૂટી પડશે. તું અને તારું કુટુંબ બંને હતાં નહતાં થઈ જશો."

26એમ કહીને દાનવંશીઓ રસ્તે પડયા અને મીખાહ સમજી ગયો કે એ લોકોને મારાથી પહોંચાય એમ નથી, તેથી તે ઘેર પાછો ફર્યો. 27ત્યાર પછી દાન કુળસમૂહના લોકોએ મૂર્તિઓ અને યાજકને 'લાઈશ' નામના સ્થળે લઇ ગયા જ્યાં શાંતિમય અને શંકારહિત લોકો હતાં. તેઓ નગરની અંદર ગયા અને સર્વ લોકોની તેઓની તલવારથી હત્યા કરી અને તેને બાળી નાખ્યા. 28ત્યાં એ લોકોને મદદ કરે એવું કોઈ ન હતું. કારણ કે તેઓ નગર સિદોનથી ઘણા દૂર હતા અને તેઓને અરામના લોકો સાથે કોઈ સંબધ નહોતો લાઈશ એ બેથ-રહોબના એક ભાગમાં ખીણમાં આવેલું હતું. દાનકુળસમૂહોએ ફરીતે નગર બાંધવાનું શરૂ કર્યુ અને ત્યાં વસવાટ કર્યો. 29તેઓએ પોતાના પિતૃના નામ ઉપરથી તે નગરનું નામ 'દાન' પાડયું; દાન, જે ઈસ્રાએલમાં જન્મ્યો હતો, પણ તેનું મૂળ નામ 'લાઈશ' હતું.

30દાનકુળસમૂહોએ પેલી મૂર્તિઓ લઈ અને તેઓની પ્રતિષ્ઠા કરી યોનાથાન ગેર્શોમનો પુત્ર, તથા મૂસાનો પૌત્ર હતો અને તેના પુત્રો દેશ, બંદીવાન થયો ત્યાં સુધી દાન કુળસમૂહના યાજક બની રહ્યાં.

31મુલાકાતમંડપ જયાં સુધી દેવનું થાનક શીલોહમાં રહ્યું ત્યાં સુધી દાનના કુળે મીખાહની મૂર્તિઓનું ભજન કર્યુ.

### એક ઉપપત્નીની વાત

19 એ વખતે ઈસ્રાએલમાં કોઈ રાજા નહોતો ત્યારે એફ્રાઈમની ટેકરીઓ પર અંદરના ભાગમાં એક લેવી રહેતો હતો, તેણે બેથલેહેમની એક યહૂદી કન્યાને પોતની રખાત તરીકે રાખી હતી. 2તે સ્રી ગુસ્સે થઈને પોતાના બાપને ઘેર બેથલેહેમ પાછી ગઈ. તે સ્રી ત્યાં લગભગ ચારેક મહિના માટે રહી. 3તેનો પતિ તેને સમજાવીને પાછી લાવવા માટે એક નોકરને અને બે ગધેડાંને લઈને તેની પાછળ ગયો. જયારે તે તેને ઘેર પહોંચ્યો ત્યારે તે તેને પોતાના પિતાના ઘેર લઈ ગઈ જ્યારે તેના પિતાએ તેને જોયો તેને મળીને તેને ખૂબ આનંદ થયો. 4અને તે સ્ત્રીના પિતાએ તેના જમાઈને થોડા સમય તેને ત્યાં રહેવા માટે સમજાવ્યો. તે ત્યાં ત્રણ દિવસ રહ્યો અને તેઓએ ખાધુ, પીધું અને ત્રણ રાત ત્યાં ગાળી.

5ચોથે દિવસે વહેલી સવારે લેવી ઘરે પાછો જવા તૈયાર થયો. પણ તેના સસરાએ તેને કહ્યું, "પહેલા કાંઇ ખાઈ લો, પછી તમે જઈ શકો છો." 6તેથી તે બે જણે ભેગા બેસીને ખાધું પીધું સસરાએ જમાઈને કહ્યું, "માની જાઓ, રાત અહીંજ ગાળો, અને મોજ કરો." 7છતાં તે માણસે ના પાડી, પણ તેના સસરાએ તેને વિનંતી કર્યા જ કરી, આખરે તે ત્યાં રોકાવા તૈયાર થયો.

8બીજા દિવસે તે વહેલો ઊઠ્યો અને તેના સસરાએ કહ્યું, "પહેલાં કાંઈ ખાઈ લો, અને પછી થોડા સમય પછી જાઓ." તેથી તેઓ ખાવા બેઠા મોડી બપોર સુધી તે રહ્યો.

9પછી લેવી પોતાની પત્ની અને નોકર સાથે જવા માટે ઊઠ્યો. પણ તેના સસરાએ કહ્યું, "જુઓ હવે તો સાંજ થઈ ગઈ છે, અહી રાત રહી જાઓ, અને મોજ કરો પછી આવતી કાલે વહેલા ઘેર જજો.

10પરંતુ આ વખતે એ માણસે સાંભળ્યું નહીં, તે રાત રોકાવા કબૂલ થયો નહીં અને જવા માટે તૈયાર થયો, તેણે પોતાનાં બે લાદેલાં ગધેડાં અને પત્ની સાથે યેબૂસ અર્થાત યરૂશાલેમની નજીક પહોંચ્યા સુધી મુસાફરી કરી. 11જ્યારે તેઓ યેબૂસ પહોંચ્યા ત્યારે દિવસ પૂરો થવા આવ્યો હતો, તેથી નોકરે ધણીને કહ્યું, "ચાલો આપણે આ યબૂસીઓના શહેરમાં જઈએ અને રાત ત્યાં ગાળીએ."

12પણ તેના ધણીએ જવાબ આપ્યો, "ના, આ વિદેશી નગરમાં આપણે જવું નથી, ત્યાં કોઈ ઈસ્રાએલી નથી, આપણે ગિબયાહ જઈએ." 13ચાલો, આપણે કોઈ બીજી જગ્યાએ જઈએ. ગિબયાહ કે રામામાં રાતવાસો કરીએ."

14તેથી તેઓએ ચાલવાનું ચાલુ રાખ્યું અને સાંજ પડતાં બિન્યામીનકુળસમૂહના પ્રદેશમાં આવેલા ગિબયાહ નજીક આવી પહોંચ્યા. 15રાતવાસો કરવા તેઓ ગિબયાહ ગયા. અને નગરના ચોકમાં બેઠા. કોઈએ તેઓને પોતાના ઘરે આમંત્રણ આપ્યું નહી.

16એવામાં જ્યારે સાંજ પડી, એક વૃદ્ધ માણસ તે માર્ગે પસાર થયો, તે તેના ખેતરેથી કામ કરીને ઘેર પાછો ફરતો હતો. તે એફ્રાઈમના પહાડી પ્રદશનો વતની હતો. અને ગિબયાહ આવ્યો હતો અને ત્યાં રહેતો હતો. તે નગરના લોકો બિન્યામીનકુળસમૂહના હતાં. 17તેણે નજર કરતાં નગરના ચોકમાં પડાવ નાખેલા મુસાફરને જોયો અને પૂછયું, "તમે કયાંથી આવો છો? કયાં જાઓ છો?"

18તેણે જવાબ આપ્યો, "યહૂદામાં આવેલા બેથલેહેમથી હું આવું છું એફ્રાઈમના પહાડી પ્રદેશનો હું વતની છું. હું બેથલેહેમ ગયો હતો અને અત્યારે હું ઘેર પાછો જાઉં છું. પણ કોઈએ અમને રાત ગાળવા માટે પોતાને ઘેર બોલાવ્યા નથી; 19અમારી પાસે અમારા ગધેડાં માટે અનાજ અને ઘાસ છે અને મારા માટે મારી સ્ત્રી અને નોકર માટે પૂરતો ખોરાક તથા દ્રાક્ષારસ છે. અમને કોઈ ચીજની જરૂર નથી."

20પેલા ઘરડા માણસે કહ્યું, "કશી ચિંતા ન કરશો. હું બધું સંભાળી લઈશ. અહીં ચોકમાં રાત ગાળવાની ના હોય, કેમકે અહી કોઈ સુરક્ષા નથી." 21એમ કહીને તે તેમને પોતાને ઘેર લઈ ગયો અને તેણે તેઓનાં ગધેડાંને ચારો નીર્યો, તેઓએ, તેઓના પગ ધોયા,ખાધું અને પીધું.

22જ્યારે આ લોકો ખાતાપીતાં અને આનંદ કરતા હતાં એવામાં નગરના દુષ્ટ માણસો ઘરને ઘેરી વળ્યા અને બારણાં ખટખટાવ્યા. તેઓએ ઘરના ઘરડા માણસને બૂમો પાડીને કહેવા લાગ્યા, "તારે ઘરે જે માણસ આવ્યો છે તેને બહાર મોકલ, જેથી અમે તેની સાથે સંભોગ કરીએ."

23તેથી ઘરડો માણસ બહાર આવ્યો. તેણે વિનંતી કરીને કહ્યું, "મારા ભાઈઓ, આવું પાપ આચરશો નહીં, એ મારો મહેમાન છે, આવું મૂર્ખ અને નામોશી ભર્યુ કૃત્ય ન કરશો. 24મારે એક કુંવારી પુત્રી છે તથા તે માણસને તેની રખાત છે, હું તેઓને બહાર મોકલીશ. તમે તેઓ સાથે સંભોગ કરી શકશો અને તમારે તેમની સાથે જે કરવું હોય તે કરો. પણ આ માણસ ઉપર તમે આવું ગુનાહિત કૃત્ય કરશો નહીં."

25છતાં તેઓએ તેનું કહેવું સાંભળ્યું નહીં, તેથી તેણે તેની રખાતને તેઓ પાસે બહાર જવા ફરજ પાડી, તેઓએ આખી રાત તેના ઉપર બધાએ વારા ફરતી અત્યાચાર કર્યોને તેના ઉપર બળાત્કાર કર્યો. અને જયારે સવાર થઇ ત્યારે તેને જવા દીધી. 26પરોઢ થયું ત્યારે તે સ્રી તેના ધણીના ઘરના દરવાજા આગળ ગઇ અને સવાર સુધી તે ત્યાં પડી રહી.

27સવારમાં તેના ધણી લેવીએ ફરી પ્રવાસે જવા માટે તેણે બારણું ઉઘાડયું તો તેણે પોતાની રખાતને ઘરના બારણાં આગળ પડેલી જોઈ. તેના હાથ બારણાના ઉંબરા પર પડેલા હતાં. 28તેણે તેને કહ્યું, "ઊઠ, ચાલ, આપણે હવે જઈએ." પણ કોઈ જવાબ ન મળ્યો, તે મૃત્યુ પામી હતી.

29આથી તેણે તેને ઉપાડીને ગધેડા ઉપર મૂકી અને તે ઘેર જવા નીકળ્યો. ઘરે પહોંચ્યા પછી તેણે એક છરો લીધો અને તેના શરીરના કાપીને બાર ટુકડા કર્યા પછી તે ટુકડાઓ તેણે આખા ઈસ્રાએલમાં મોકલી આપ્યા. 30પછી એવું બન્યું કે જેમણે જેમણે એ જોયું તેમણે કહ્યું, "ઈસ્રાએલે મિસર છોડયું ત્યારથી આજ સુધી આવો ભયંકર ગુન્હો કદી નજરે ચડયો નથી. માટે આનો વિચાર કરો, ચર્ચા કરો અને મને નિર્ણય જણાવો."

## બિન્યામીનીઓનો સંહાર

20 ઉત્તરે દાનથી માંડીને દક્ષિણે બેરશેબા પ્રદેશ સુધીના ઈસ્રાએલના સમગ્ર દેશમાંથી અને પૂર્વના ગિલયાદથી સર્વ લોકો મિસ્પાહ મુકામે યહોવા સમક્ષ એકત્ર થયાં. 2ઈસ્રાએલી લોકોની આ સભામાં ઈસ્રાએલના સર્વ કુળસમૂહોના વડા હતાં. 4,00,000 તલવાર સાથે હથિયારબંધ સૈનિકો હતાં. 3બિન્યામીનીઓને સમાચાર મળ્યા હતાં કે ઈસ્રાએલી મિસ્પાહમાં ભેગા થયા છે. ઈસ્રાએલીઓએ પૂછયું, "આ અધમ કૃત્ય કેવી રીતે કરવામાં આવ્યું તે અમને જણાવો."

4લેવી માણસ જેની રખાતનું ખૂન થઇ ગયું હતું તેણે જવાબ આપ્યો, "હું અને મારી રખાત બિન્યામીનનાં ગિબયાહમાં રાતવાસો કરવા આવ્યા. 5ગિબયાહના લોકો મારી વિરુદ્ધ થઈ ગયા અને તેમણે હું જે ઘરમાં હતો તેને ઘેરી લીધું. મને તેઓ મારી નાખવા ઈચ્છતા હતાં; મારી ઉપપત્ની ઉપર તેમણે બળાત્કાર ગુજાર્યો અને તે મૃત્યુ પામી. 6તેથી મેં તેનું શબ કાપીને ટુકડા કર્યા અને એક એક ટૂકડો ઈસ્રાએલનાં દરેક કુળસમૂહને મોકલી આપ્યો. કારણ તેઓએ ઈસ્રાએલમાં આ દુષ્ટ ગુનો કર્યો હતો. 7હવે હે ઈસ્રાએલ પુત્રો, તમે બધા એ બાબતની ચર્ચા કરો અને અત્યારે ને અત્યારે શું કરવું તે જણાવો."

8બધા લોકો એકી સાથે સંમત થયા, તેઓ ઊભા થઈ ગયા અને બોલ્યા, "જ્યાં સુધી આ સમસ્યાનો ઉકેલ આપણે ન લાવીએ અમારામાંનો કોઈ આપણા ઘરે હવે પાછો જશે નહીં, 9અમે ગિબીયાહની વાતમાં આ પ્રમાણે કરવા ઈચ્છીએ છીએ. અમે ચિઠ્ઠી નાખીને ગિબિયાહ ઉપર હુમલો કરવા માટે માણસો પસંદ કરીશું. 10અમે ઈસ્રાએલના દરેક કુળસમૂહોમાંથી દર સો માણસે દસ માણસો લઈશું. દર હજાર માણસોએ સો માણસો લઈશું. અને દર દસહજાર માણસોએ એક હજાર માણસો લઈશું. તેઓ સૈન્યને માટે ખોરાક પૂરો પાડશે. બાકીના બિન્યામીનના પ્રદેશમાં આવેલા ગિબિયાહ સ્થળે જ્યાં તેઓએ ઈસ્રાએલમાં ખૂબજ ભયંકર કૃત્ય કર્યુ હતું તેની સજા કરવા જશે,"

11આમ, ઈસ્રાએલના તમામ લોકો તે નગર ઉપર હુમલો કરવાને એકમત થઈને એકઠા થયા. 12પછી ઈસ્રાએલના કુળસમૂહોએ તેના માણસોને બિન્યામિનના કુળસમૂહ પાસે મોકલ્યા, જેઓએ તેમને કહ્યું; "જુઓ તમારા લોકોમાં આ ભયંકર કૃત્ય જે થયું છે!

13ગિબિયાહહ એ તમારામાંના દુષ્ટ માણસો જેઓએ આ કર્યુ છે તેઓને અમારા હાથમાં સોંપી દેવા જોઈએ એટલે અમે તેમને મારી નાખીએ અને ઈસ્રાએલમાં કરેલા એ પાપને ભૂંસી નાખીએ."

પરંતુ બિન્યામીની કુળસમૂહના લોકોએ પોતાના બીજા ઈસ્રાએલી ભાઈઓનું કહ્યું સાંભળ્યું નહીં. 14બિન્યામીનના કુળસમૂહમાં ત્યાં સર્વ નગરોમાંથી ઈસ્રાએલી સામે લડવા માટે લોકો બહાર આવ્યા અને ગિબિયાહમાં એકત્ર થયા. 15તે દિવસે બિન્યામીન કુળસમૂહે તલવાર સાથેના હથિયારબંધ 26,000 સૈનિકો ભેગા કર્યા હતા. આ સંખ્યામાં ગિબિયાહના નગરમાંથી પસંદ કરેલા 700 માણસોનો સમાવેશ થતો હતો. 16આ પસંદ કરેલા 700 સૈનિકોને ડાબા હાથે લડવાની તાલિમ આપવામાં આવી હતી. અને તેઓ નિશાન ચૂક્યાવગર સારી રીતે નિશાન તાકીને ગોફણમાંથી પથ્થર ફેંકી શકતા હતાં.

17બિન્યામીની કુળસમૂહ સિવાયના ઈસ્રાએલીઓ જે ત્યાં ભેગા થયા હતાં તેઓ યુદ્ધ માટે તાલિમ અપાયેલા 4,00,000 સશસ્ત્ર સૈનિકો હતાં. 18યુદ્ધ શરૂ કરતાં પહેલાં ઈસ્રાએલી સૈન્ય દેવની સલાહ લેવાને બથેલમાં ગયું. તેમણે પૂછયું, "બિન્યામીન કુળસમૂહ ઉપર અમારામાંથી કોણ પહેલો હુમલો કરે?"

યહોવાએ કહ્યું, "યહૂદા કુળસમૂહે પ્રથમ હુમલો કરવો."

19તેથી ઈસ્રાએલીઓએ વહેલી સવારે કૂચ કરી અને ગિબિયાહ પાસે છાવણી નાખી. 20ઈસ્રાએલના લોકો બિન્યામીન ઉપર હુમલો કરવા માટે ગયા અને તેઓના

લશ્કરને ગિબિયાહ પર યુદ્ધ કરવા તૈયાર કર્યા. 21બિન્યામીન કુળસમૂહના સૈનિકો લડવા માટે ગિબિયાહમાંથી બહાર આવ્યા તે દિવસે તેઓએ 22,000 ઈસ્રાએલીઓને રણભૂમિ ઉપર મારી નાખ્યા.

22પરંતુ ઈસ્રાએલી સૈન્યે હાર માની નહી બીજે દિવસે તેઓ લડવા માટે તૈયાર થયા અને જ્યાં પહેલે દિવસે તેઓ ભેગા થયા હતાં તેજ સ્થળે સાથે ભેગા થયા. 23(ઈસ્રાએલીઓએ સાંજ સુધી યહોવા સમક્ષ રૂદન કર્યુ અને તેમને પૂછયું, "શું અમારે અમારા ભાઈ બિન્યામીન વિરુદ્ધની લડાઈ ચાલુ રાખવી?"

યહોવાએ કહ્યું, "યુદ્ધે ચડો." તેથી ઈસ્રાએલીઓના લશ્કરમાં નવો ઉત્સાહ આવ્યો અને તેમણે આગલા દિવસની જ જગ્યાએ ફરી લશ્કર ગોઠવી દીધું.)

24પછી બીજે દિવસે તેઓ બિન્યામીનના કુળસમૂહ સામે લડ્યા. 25અને બિન્યામીનનું લશ્કર તેઓને યુદ્ધમાં મળવા માટે ગિબિયાહથી બહાર નીકળ્યું અને 18,000 ઈસ્રાએલી યોદ્ધાઓને બીજે દિવસે રણભૂમિમાં મારી નાખ્યા તેઓ બધા તલવારથી શસ્ર સજ્જ હતાં.

26પછી બધાજ ઈસ્રાએલીઓ બેથેલ ગયા અને યહોવા સમક્ષ બેસીને વિલાપ કર્યો. અને સાંજ સુધી ઉપવાસ કર્યો. તેઓએ યહોવાને દહનાર્પણો અને શાંત્યાર્પણો અર્પણ કર્યા. 27ત્યાં ઈસ્રાએલીઓએ દેવને તેઓએ શું કરવું જોઈએ તે વિષે પૂછયું. તે દિવસોમાં દેવનો કરારકોશ ત્યાં હતો.

28એલઆઝારનો પુત્ર તથા હારુનનો પૌત્ર ફીનહાસ યાજક હતો. ઈસ્રાએલીઓએ યહોવાને પૂછયું, "અમારે ફરીથી જઈને અમારા ભાઈઓ સામે બિન્યામીનમાં લડાઈ કરવી કે અમારે તેઓ સામે લડવાનું બંધ કરવું?

યહોવાએ જવાબ આપ્યો, "જાઓ, કાલે બિન્યામીનને હું તમારા હાથમાં સોંપી દઈશ."

29ત્યાર પછી ઈસ્રાએલીઓએ ગિબિયાહ નગરની આજુબાજુ નજીકના સ્થળોમાં સૈનિકોને છુપાવી રાખ્યા. 30પછી ત્રીજા દિવસે ઈસ્રાએલીઓ બિન્યામીનીઓની સામે આગળ વધ્યા અને પહેલાંની જેમજ ગિબિયાહ આગળ સૈન્ય ગોઠવી દીધું. 31બિન્યામીનનું સૈન્ય હુમલો કરવાને માટે નગરમાંથી સામે આવ્યું. ઈસ્રાએલીઓએ પીછેહઠ કરી. બિન્યામીનના સૈન્યે તેઓને નગરથી ઘણે દૂર સુધી પીછો કર્યો.પહેલાની જેમજ તેઓએ બેથેલ સુધી જતા માર્ગોમાંના એકમાર્ગ પર અને ગિબિયાહ તરફના જતા રસ્તા પર ઈસ્રાએલીઓને મારી નાખવા લાગ્યા અને ખેતરોમાં કુલ મળીને આશરે ત્રીસ માણસોને મારી નાખ્યા.

32બિન્યામીનીઓના માણસોએ કહ્યું, "પહેલાંની જેમ આ લોકો અમારાથી યુદ્ધમાં હારી ગયા છે." પરંતુ ઈસ્રાએલીઓએ કહ્યું ચાલો આપણે ભાગી જઈએ અને તેઓને શહેરથી દૂર માર્ગ ઉપર લઈ જઈએ. 33ત્યાર પછી ઈસ્રાએલીઓના મુખ્ય સૈન્યે પોતાનું સ્થાન છોડીને બઆલ–તામારના યુદ્ધ માટે તેઓ પોતે તૈયારી કરવા લાગ્યા. ત્યારે સંતાઈ રહેલા ઈસ્રાએલીઓ ગિબિયાહ નજીક આવેલા પોતાના સ્થાનથી યુદ્ધ માટે બહાર ધસી આવ્યા. 34ઈસ્રાએલના 10.000 પસંદ કરાયેલા માણસો ગિબિયાહ નજીક તેઓના સંતાવાના સ્થાનેથી હુમલો કરવા બહાર આવ્યા જોરદાર લડાઈ થઈ. તે છતા બિન્યામીન સૈન્યને સમજાયું નહી કે ઈસ્રાએલ સૈન્યથી તેઓ પર ભયનો આભાસ છે.

35યહોવાએ બિન્યામીની કુળસમૂહને ઈસ્રાએલીઓને હાથે પરાજય અપાવ્યો, અને તે દિવસે 25,100 બિન્યામીની યોદ્ધાઓ માર્યા ગયા અને તે સર્વે તલવારથી શસ્ર સજ્જ હતાં. 36બિન્યામીનીઓ સમજી ગયા કે પોતાની હાર થઈ છે. ઈસ્રાએલીઓ બિન્યામીની કુળસમૂહથી પાછા હઠી ગયા હતાં કારણકે ગિબિયાહની આસપાસ સંતાડી રાખેલા માણસો ઉપર તેમણે આધાર રાખ્યો હતો.

37સંતાઈ રહેલા સૈનિકો ગિબિયાહ ઉપર ધસી ગયા અને નગરમાં પ્રવેશી તેમાંના દરેકની હત્યા કરી, 38ઈસ્રાએલી સૈન્ય અને સંતાયેલા માણસો વચ્ચે એવો સંકેત નક્કી થયો હતો કે નગરમાંથી ધુમાડાનો ગોટો આકાશમાં ચડાવવો.

39અને ધુમાડો જોયા પછી ઈસ્રાએલીઓ ફરીથી લડવા પાછા ફર્યા. બિન્યામીનીઓના કુળસમૂહે શરૂઆતમાં માણસોને મારવા લાગ્યા. અને આશરે 30 ઈસ્રાએલીઓને મારી નાખ્યા હતાં. તેઓ કહેતા હતાં, "પહેલાની જેમ તેઓ આપણાથી હારી જશે."

40પરંતુ ત્યાં તો નગરમાંથી ધુમાડો આકાશમાં ચડવા લાગ્યો. સંકેત પ્રમાણે જ થયું. બિન્યામીનીઓએ પાછા વળીને જોયું તો આખું નગર ભડકે બળતું હતું. 41ઈસ્રાએલીઓ પાછા ફર્યા એટલે બિન્યામીનીઓ ગભરાઈ ગયા. કારણ, તેઓ સમજી ગયા કે પોતાનું આવી બન્યું છે.

42તેઓ રણ તરફ ભાગ્યા પણ ઈસ્રાએલીઓ તેઓની પાછળ પડયા; અને જે સૈનિકો છુપાઈ રહ્યાં હતાં તેઓ બહાર આવ્યા અને બિન્યામીન કુળસમૂહને મારવા લાગ્યા, જે બંને સૈન્યની વચ્ચે હતું. 43ઈસ્રાએલીઓએ બિન્યામીન કુળસમૂહને ઘેરી લીધા. અને વિશ્રાંતી લેવા થોભ્યા વગર તેમનો પીછો કર્યો અને ગિબિયાહના પૂર્વ વિસ્તારમાં તેઓને પકડી પાડયા અને તેઓને મારી નાખ્યા. 44અઢાર હજાર બિન્યામીની વીર સૈનિકો માર્યા ગયા.

45બાકીના સૈનિકો રણમાં રિમ્મોનના કિલ્લા તરફ ભાગી ગયા, ઈસ્રાએલીઓએ રસ્તે જતા 5,000 નો સંહાર કર્યો, અને બાકી રહેલાઓનો ગિદોમ સુધી પીછો કરી તેમાંના બીજા 2,000 મારી નાખ્યા.

46તે દિવસે લગભગ 25,000 બિન્યામીની વીર સૈનિકો માર્યા ગયા હતા અને તેઓ સૌ તલવારથી સજ્જ હતાં. 47ફકત 600 સૈનિકો રણ તરફ રિમ્મોનના કિલ્લા પર ગયા અને તેઓ ત્યાં ચાર મહિના રહ્યાં. 48ત્યાર પછી ઈસ્રાએલી સૈન્ય તેઓની પાછળ ગયું બાકી રહેલા બિન્યામીનના કુળસમૂહ ઉપર હુમલો કર્યો અને નગરના સર્વ લોકો, પશુઓ પણ અને જે કોઈ તેઓને મળ્યું બધાને મારી નાખ્યા. તેઓએ રસ્તામાં આવતા બધાં ગામોને પણ બાળી નાખ્યા.

## બિન્યામીનીઓ માટે પત્નીઓ પ્રાપ્ત કરવી

21 ઈસ્રાએલીઓએ મિસ્પાહમાં પ્રતિજ્ઞા લીધી કે; તેઓમાંથી કોઈપણ પોતાની પુત્રી બિન્યામીની કુળસમૂહમાં પરણાવશે નહી."

2હવે ઈસ્રાએલીઓ બેથેલમાં સાથે મળ્યા અને દેવ સમક્ષ, સાંજ સુધી મોટેથી રડ્યા, અને મોટા સાદે કહેવા લાગ્યા: 3"ઓ ઈસ્રાએલના દેવ યહોવા, આજે ઈસ્રાએલના નસીબમાં પોતાના એક કુળસમૂહને ખોવાનું શાથી થયું?"

4બીજે દિવસે તેઓ સવારમાં વહેલા ઊઠ્યા અને ત્યાં એક વેદી બાંધી, દહનાર્પણ અને શાંત્યાર્પણ તેના પર અર્પણ કર્યા. 5અને તેમણે એકબીજાની તપાસ કરી અને પૂછયું, "ઈસ્રાએલના બધા કુળસમૂહોમાંથી યહોવાની સમક્ષ કયું કુળસમૂહ હાજર નથી? કારણ તેમણે મિસ્પાહમાં વચન આપ્યું હતું કે જે કોઈપણ ઈસ્રાએલી યહોવાની સમક્ષ હાજર નહી હોય તેનો વધ કરવામાં આવશે.

6પોતાના ભાઈ બિન્યામીનના કુળને ગુમાવ્યાને લીધે સમગ્ર ઈસ્રાએલી પ્રજા ઊંડું દુ:ખ અનુભવતી હતી. તેઓ એક બીજાને કહેતા હતાં, સર્વનાશ થઈ ગયો, "આજે ઈસ્રાએલમાંથી એક કુળસમૂહ ભૂસાઈ ગયું. 7તેથી તેઓ વિચાર કરવા લાગ્યા કે, હવે જે બચ્યા છે તેઓને માટે પત્નીઓ મેળવવા આપણે શું કરીશું? કારણ કે યહોવાની સાક્ષીએ આપણે વચન આપ્યું છે કે, અમે અમારી પુત્રીઓ તેમને પરણાવીશું નહી."

8પછી તેઓએ કહ્યું "ઈસ્રાએલના સર્વ કુળસમૂહોમાંથી કોણ મિસ્પાહમાં યહોવા સમક્ષ આવ્યું નહોતું?" પછી તેઓને જાણ થઈ કે યાબેશ-ગિલયાદથી છાવણી પર અને મિસ્પાહની સભામાં કોઈ આવ્યું નહોતું. 9તેઓએ લોકોની ગણતરી કરી તો તેમને ખબર પડી કે યાબેશ-ગિલયાદથી કોઈ સભામાં ભાગ લેવા છાવણીમાં આવ્યું નહોતું. 10આથી સભાએ પોતાના ઉત્તમ સૈનિકોમાંથી 12,000 ને યાબેશ-ગિલયાદના લોકોનો સ્ત્રીઓ અને બાળકોનો નાશ કરવા માટે મોકલ્યા. 11અને હુકમ કર્યો, "તમારે આમ કરવું જોઈએ દરેક પુરુષ અને દરેક સ્ત્રી જેણે પણ એક પુરુષ સાથે જાતિય સંબધ છૂટથી માણ્યો હોય તે સૌને મારી નાખો પરંતુ કુંવારી સ્ત્રીઓને મારશો નહીં."

12તેઓને યાબેશ અને ગિલયાદમાંથી 400 કુંવારી કન્યાઓ મળી, જેઓએ પુરુષ સાથે જાતિય સંબધ રાખ્યો નહોતો. અને તેઓ ને કનાનમાં શીલોહની છાવણીમાં લઈ આવ્યા.

13ત્યાર પછી સભાના સમગ્ર લોકોએ બિન્યામીનના કુળસમૂહ જેઓ રિમ્મોનના કિલ્લાપર હતાં ત્યાં સંદેશવાહકને શાંતિ કરવા મોકલ્યો. 14તેથી બિન્યામીનના કુળસમૂહ તે વખતે પાછા ફર્યા તેમને યાબેશ-ગિલયાદની જે સ્રીઓને ઈસ્રાએલીઓએ મારી નાખી હતી તે આપવામાં આવી, પણ તે સર્વ માટે પત્નીઓ પૂરતા પ્રમાણમાં નહોતી.

15લોકો હજી બિન્યામીનીઓના કુળસમૂહ માટે દુ:ખી હતાં, કારણ કે યહોવાએ લગભગ ઈસ્રાએલીઓના આખા કુળસમૂહનો નાશ થયો હતો. 16ઈસ્રાએલના વડીલોએ ચર્ચા કરી. "બાકીના બિન્યામીનીઓને માટે પત્ની મેળવવા આપણે શું કરીશું? બિન્યામીનીઓની બધી સ્રીઓને તો મારી નાખવામાં આવી છે. 17તેઓ માટે પત્નીઓ લાવાનો કોઈક રસ્તો હોવો જોઈએ. ઈસ્રાએલી બિન્યામીનીઓનો વંશવેલો તો ચાલુ રાખવો જોઈએ. 18ઈસ્રાએલની એક જાતિને ભૂંસાઈ જવા દેવાની નહોતી. પણ અમે અમારી પુત્રીઓ તેમને પરણાવી શકીએ તેમ નથી. કારણકે અમે પ્રતિજ્ઞા લીધી હતી: 'જે કોઈ બિન્યામીનીઓને પુત્રી આપશે તેઓ શાપિત થશે.'
19તેઓએ કહ્યું, "જુઓ, યહોવા માટે બેથેલથી શખેમ જવાના મુખ્ય રસ્તાની પૂર્વ તરફ અને બેથેલની ઉપર તરફના નગરમાં અને દક્ષિણ લબોનાહમાં વાર્ષિક ધાર્મિક ઉત્સવ રાખવામાં આવ્યો.

20તેથી તેમણે બિન્યામીનીઓને કહ્યું, "જાઓ, જઈને દ્રાક્ષની વાડીઓમાં લાગ જોતા છુપાઈ રહેજો. 21શીલોહની કન્યાઓ નૃત્ય કરવા માટે બહાર આવે ત્યારે ત્યાં ધસી જઈને તેઓને પકડી લેજો અને તમારી પત્ની થવાને માટે તમારી સાથે તમારે ઘેર લઈ જજો. 22જો તેમના પિતા કે ભાઈ અમારી આગળ ફરિયાદ કરે તો અમે તેમને કહેશું, 'મહેરબાની કરીને, તેમને આ સ્ત્રીઓ રાખવા દો. કારણકે, અમે યાબેશ ગિલયાદના યુદ્ધમાં તેઓ માટે પૂરતા પ્રમાણમાં સ્ત્રીઓ લીધી નથી; અને તમે તમારી પુત્રીઓ તેમને આપી નથી એટલે તમારે માથે દોષ નહીં આવે.'"
23બિન્યામીનીઓના કુળસમૂહે તે પ્રમાણે કર્યુ: જ્યારે કન્યાઓ નૃત્ય કરતી હતી ત્યારે પ્રત્યેક વ્યકિતએ એક કન્યા પસંદ કરી લીધી અને તેને તેઓના દેશમાં લઈ ગયા. તેમણે પોતાના નગરોનું પુન:નિર્માણ કર્યુ. અને તેમાં વસવાટ કર્યો. 24પછી ઈસ્રાએલીઓ પણ શીલોહથી પોતપોતાના કુળસમૂહ અને કુટુંબ પ્રમાણે પોતપોતાના વતનમાં પાછા ફર્યા.

25એ વખતે ઈસ્રાએલમાં કોઈ રાજા નહોતો અને પ્રત્યેક વ્યકિત પોતાને મન ફાવે તે રીતે વર્તતો હતો.

# યહોશુઆ

### યહોશુઆની ઈસ્રાએલના ઉત્તરાધિકારી તરીકે પસંદગી

1 મૂસા યહોવાનો ચાકર હતો, નૂનનો પુત્ર યહોશુઆ મૂસાનો મદદનીશ હતો. મૂસાના મૃત્યુ પછી યહોશુઆ સાથે યહોવાએ વાત કરી અને તેણે કહ્યું: 2"હવે મારા સેવક મૂસાનું અવસાન થયું છે. તેથી તું ઈસ્રાએલના લોકોનો નેતા છે. તેથી ઈસ્રાએલના બધા લોકોને લઈ અને યર્દન નદીની પેલે પાર હું તને જે ભૂમિ આપું છું ત્યાં જા. 3મેં મૂસાને વચન આપ્યું હતું કે હું તમને આ જગ્યા આપીશ. જ્યાં ક્યાંય તમારા પગ પહોંચે તે જમીન હું તમને આપીશ. 4હિત્તીઓની બધી ભૂમિ રણ અને લબાનોન થી મહાન નદી યુફ્રેતીસ સુધી અને પશ્ચિમમાં છેક મહાસાગર તમારી સીમામાં હશે. 5તું જ્યાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી કોઈ તને રોકી શકશે નહી. હું જેમ મૂસાની સાથે રહેતો હતો તેજ પ્રમાણે તારી સાથે રહીશ.

6"યહોશુઆ મજબૂત અને બહાદુર થા. કારણ, તારે આ લોકોને એ જમીન તરફ દોરી જવાના જ છે જે મેં તેઓના પૂર્વજોને તેમને આપવા માટે વચન આપ્યું હતું.7તારે તો માત્ર મજબૂત અને બહાદુર થવાનું છે. અને મારા સેવક મૂસાએ જે નિયમો તને આપ્યાં તેનું તારે સંપૂર્ણ પાલન કરવાનું છે. જો તું તેને સંપૂર્ણપણે અનુસરીશ તો તું જે કઈ કરીશ તેમાં સફળ થઈશ. તેનાથી ફરતો નહી, નહી ડાબે કે નહીં જમણે. 8આચારસંહિતા તું લોકોને સદાય યાદ કરાવજે: રાતદિવસ તારે એનું રટણ કરવાનું છે જેથી એમાં જે લખેલું છે તેનું તું કાળજીપૂર્વક પાલન કરી શકે: કારણકે તો જ તું સફળ થશે અને સમૃદ્ધિ પામશે. 9મેં તને મજબૂત અને બહાદુર થવા આજ્ઞા કરી હતી. તેથી ભયભીત કે નાહિંમ્મત થઈશ નહી કારણ હું તારો દેવ યહોવા છું. યહોશુઆ જ્યાં ક્યાંય તું જા, હું તારી સાથે હોઈશ.

### યહોશુઆએ નેતૃત્વ કર્યુ

10"ત્યારબાદ યહોશુઆએ લોકોના આગેવાનોને આ પ્રમાણે આજ્ઞા કરી, 11"છાવણીમાં બધે ફરીને લોકોને કહો કે 'તમારી સાથે લેવા માટે થોડું ખાવાનું તૈયાર રાખજો કારણકે યર્દન નદી ઓળંગવા માટે તમને ત્રણ દિવસ લાગશે અને આપણા દેવ યહોવા આપણને વચન આપેલી ભૂમિ આપશે.આપણે ત્યાં જઈશું અને રહીશું!'"

12પછી તેણે રૂબેન અને ગાદના કુળસમૂહના સર્વ માણસોને તથા મનાશ્શાના અડધા કુળસમૂહના આગેવાનોને ચેતવણી આપી 13"યાદ કરો, દેવના સેવક મૂસાએ તમને શું કહ્યું હતું, તેણે કહ્યું કે તમારા દેવ યહોવા તમને આરામ માટે એક જગ્યા આપશે. તે તમને પેલી ભૂમિ આપશે. 14તમારી પત્નીઓ અને બાળકો એ ભૂમિમાં રહી શકે છે કે જે યર્દન નદીની પૂર્વે છે જે દેવે તમને આપી દીધી છે. પણ તમારા સૈનિકોએ તેઓની ભૂમિના બીજા ભાગો ધરાવતી વખતે તેમની સાથે યર્દન નદી પાર કરી અને તેઓની સાથે લડાઈ કરવા તેઓના ઈસ્રાએલી ભાઈઓને મદદ કરવી જ. 15કે જેથી તેઓ પણ યહોવા તેમને જે ભૂમિ આપી રહ્યાં છે તે ધારણ કરી શકે. અને તેઓ પાસે આરામ કરવાનું સ્થાન હશે. તેના પછી તમે પાછા આવી શકો અને યર્દન નદીની પૂર્વની ભૂમિમાં રહી શકો જે યહોવાના સેવક મૂસાએ તમને આપી હતી."

16તે લોકોએ યહોશુઆને ઉત્તરમાં જણાવ્યું, "તમે જે કાંઈ જણાવ્યું છે તે બધું અમે કરીશું અને તમે જયાં મોકલશો ત્યાં જઈશું." 17અમે જે રીતે મૂસાની આજ્ઞાને આધીન હતા અને જે પ્રમાણે તેનું કહ્યું માનતા હતાં તે જ પ્રમાણે તમને આધીન રહીશું. તમારા દેવ યહોવા જેમ મૂસાની સાથે હતા, તેમજ તમારી સાથે પણ રહે. 18કોઈપણ જે તમારી આજ્ઞાને ન અનુસરે અથવા કોઈપણ જે તમારો વિરોધ કરે, તે કોઈપણ હોય આપણે તેને મૃત્યુ તરફ ધકેલશું. ફક્ત મજબૂત અને બહાદુર બનો."

### યરીખોમાં ગુપ્તચરો

2 ત્યાર પછી નૂનના પુત્ર યહોશુઆએ શિટ્ટિમની ઈસ્રાએલી છાવણીમાંથી બે ગુપ્તચરોને મોકલ્યા. તેણે તેઓને કહ્યું, "જાઓ અને ભૂમિ પારખો, ખાસ કરીને યરીખોનગર." તેથી તેઓ યરીખો ગયા. યરીખોમાં રાહાબ નામની વારાંગના સ્ત્રી, ધર્મશાળા ચલાવતી હતી, તેઓ તેણીના સ્થાને ગયા અને ત્યાં રાત રોકાવાની યોજના કરતા હતા. 2પણ યરીખોના રાજાએ કોઈ પાસેથી સાંભળ્યું કે, "ગઈ રાત્રે કેટલાક ઈસ્રાએલી ગુપ્તચરો આપણી ભૂમિની જાસૂસી કરવા આવ્યા હતાં."

3પછી યરીખોના રાજાએ રાહાબને માણસો મોકલ્યાં અને તેનો તેણીને સંદેશ હતો: "જે માણસો તારે ત્યાં આવીને તારા ઘરમાં રહેલા છે તેમને બહાર કાઢ, કારણ કે એ લોકો આપણા દેશમાં જાસૂસી કરવા આવેલા છે."

4પરંતુ તે સ્ત્રીએ તે બે માણસોને સંતાડી દીધા હતા, તેથી જવાબ આપ્યો કે, "મારા ઘરમાં કેટલાક માણસો આવ્યા હતા

ખરા તેઓ કયાંથી આવ્યા હતા અને તેઓ જાસૂસ છે એની
મને ખબર નથી. 5રાત પડતાં શહેરના દરવાજા બંધ કરવાનો
વખત થયો ત્યારે તેઓ ચાલ્યા ગયા હતા, પછી તેઓ કયાં
ગયા તેની મને ખબર નથી. પણ જો તમે ઝડપથી તેમનો
પીછો કરો તો તમે તેઓને પકડી શકો." 6ખરેખર તેણીએ
તેઓને છત ઉપર ઢગલાઓની નીચે સંતાડી દીધા હતા.

7રાજાના માણસો તેમનો પીછો પકડવા યર્દન નદીના
ઘાટ સુધી ગયા; અને તેઓ બહાર ગયા તે દરમિયાન નગરના
દરવાજાઓ બંધ રાખવામાં આવ્યા હતા.

8રાત્રે પેલા બંને જણ હજી સૂતા નહોતા ત્યાં તો રાહાબે
ધાબા ઉપર તેમની પાસે આવીને તેમને કહ્યું, 9"મને ખબર
છે કે યહોવાએ તમને આ દેશ આપી દીધો છે, અને અમે
બધાં તમારાથી ડરી ગયાં છીએ, અને તમારા આવવાથી
દેશના વતનીઓ થરથર ધ્રૂજી ગયા છે. 10અમે સાંભળ્યું છે
કે, તમે મિસરમાંથી આવતા હતા ત્યારે યહોવાએ રાતા સમુદ્રના
પાણીને સૂકવી નાખ્યું હતું, અને અમે એમ પણ સાંભળ્યું છે
કે બે અમોરી રાજાઓ સીહોન, ઓગ અને તેનું સૈન્ય તમારા
દ્વારા યર્દન નદીની પૂર્વે મૃત્યુ અને પરાજય પામ્યું હતું.
11આ સાંભળીને અમે બહુ ડરી ગયા અને અમારી બહાદુરી
ગુમાવી દીધી. અહીં કોઈપણ તમારી સાથે લડવા પૂરતું બહાદુર
નથી. કારણ યહોવા તમારા દેવ સ્વર્ગો અને પૃથ્વી પર રાજ
કરે છે. 12હવે તમે યહોવાના નામે સોગંદ ખાઈને મને
વચન આપો કે, મેં તમારા પ્રત્યે જેવો માયાળુ વર્તાવ રાખ્યો
છે તેવો માયાળુ વર્તાવ તમે મારા કુટુંબ પ્રત્યે રાખશો, અને
એની કોઈ ચોક્કસ એંધાણી આપો. 13અને એવું વચન આપો
કે, તમે મારા પિતાને, માતાને, ભાઈઓને અને બેહનોને
અને તેમનાં બધાં જ મનુષ્યોને જીવનદાન આપશો અને
અમને બધાંને મોતમાંથી ઉગારી લેશો!"

14પેલા બંને માણસોએ તેણીને કહ્યું, "તમારા માટે અમે
અમારું જીવન હોડમાં મૂકવા તૈયાર છીએ, જો તું અમારી
આ વાત ખુલ્લી ન પાડી દે તો, યહોવા અમને જયારે આ
દેશ સુપ્રત કરશે ત્યારે અમે ચોક્કસ દયા દાખવશું અને
તમને વફાદાર રહીશું."

15રાહાબ જે મકાનમાં રહેતી હતી તે નગરની દીવાલની
પાસે આવેલું હતું. તેથી તેણીએ તે બંને પુરુષોને તેણીના
ઘરની બારીમાંથી દોરડાની મદદથી નીચે ઊતરવા દીધા.
16અને તેમને કહ્યું, "તમે પર્વતોમાં ચાલ્યા જાઓ, નહિતર
તમે પીછો પકડનારાઓના હાથમાં ઝડપાઈ જશો. ત્રણ દિવસ
સુધી તમે સંતાઈને રહેજો, ત્યાં સુધીમાં એ લોકો પાછા
આવી જશે. પછી તમે તમારા માર્ગે આગળ વધજો."

17વિદાય થતાં પહેલાં તે માણસોએ તેને કહ્યું, "તું જો
અમારા કહ્યા પ્રમાણે નહિ કરે તો તેં અમારી પાસે જે વચન
લીધું છે તેમાંથી અમે મુકત થઈ જઈશું. 18સાંભળ, અમે
જયારે આ દેશ ઉપર આક્રમણ કરીએ ત્યારે જે બારીમાંથી તેં
અમને ઉતાર્યા છે, તે બારીએ આ કીરમજી રંગનું દોરડું
બાંધજે, તારા માતાપિતા, ભાઈબહેન અને તારા કુટુંબના
સૌને તારા ઘરમાં ભેગા કરજે. 19જો કોઈ તારા ઘરના બારણા
બહાર નીકળશે, તો તેના મોતની જવાબદારી તેને માથે,
એમાં અમારો દોષ નહિ; પણ તારી સાથે ઘરમાં હોય એવા
કોઈને ઈજા થાય તો તેનો દોષ અમારે માથે. 20પણ જો તું
અમારી વાત જાહેર કરી દેશે, તો તેં અમારી પાસે કરેલો કરાર
અમને બંધનકર્તા રહેશે નહિ. 21તેણે કહ્યું, "કબૂલ છે." પછી
તે સ્ત્રીએ તે લોકોને વિદાય કર્યા અને તેઓ ચાલી નીકળ્યા
પછી તેણે બારીએ કિરમજી રંગનું લાલ દોરડું બાંધી દીધું.

22પેલા માણસો પહાડોમાં છુપાઈને ત્રણ દિવસ સુધી ત્યાં
રહ્યા. એમનો પીછો પકડનારાઓ આખા દેશમાં એમને શોધી
શોધીને થાકયા અને અંતે પાછા ફર્યા. 23પછી આ બે જાસૂસો
પર્વતો ઊતરી ગયા નદી ઓળંગી પાછા નૂનના પુત્ર યહોશુઆ
પાસે આવ્યા. અને પોતાને જે જે વીત્યું હતું તેની માહિતી
તેમણે તેને આપી. 24તેઓએ કહ્યું, "યહોવાએ આખો દેશ
આપણને સુપ્રત કર્યો છે. અને આપણા આગમનથી ત્યાંના
વતનીઓ અત્યારથી જ ધ્રૂજી રહ્યા છે."

### યર્દન નદીને પેલે પાર ચમત્કાર

3 બીજે દિવસે વહેલી પરોઢે યહોશુઆ તથા બધા
ઈસ્રાએલી લોકો શિટ્ટિમ શહેરમાંથી બહાર આવ્યા અને
સાંજે તેઓએ નદી ઓળંગતા પહેલા યર્દન નદીના કિનારા
પર મુકામ કર્યો. 2ત્રણ દિવસ પછી અધિકારીઓએ છાવણીમાં
ફરીને લોકોને આજ્ઞા કરીને કહ્યું કે, 3"જયારે તમે લેવી યાજકોને
તમારા દેવ યહોવાના પવિત્ર કોશને ઉપાડીને લઈ જતાં
જુઓ ત્યારે બધાંએ છાવણી છોડી તેમને અનુસરવું. 4જેથી
તમને કયા રસ્તે જવું તેની ખબર પડે, કારણ, તમે આ રસ્તે
પેહલાં કદી આવ્યા નથી. પરંતુ તમે પવિત્ર કોશની સંદૂક
નજીક જશો નહિ. તમારી અને કોશની વચ્ચે 2,000 હાથનું
અંતર રાખશો."

5યહોશુઆએ લોકોને કહ્યું, "તમારી જાતની શુદ્ધિ કરો,
કારણ કે આવતી કાલે યહોવા ચમત્કારો કરશે."

6બીજી સવારે યહોશુઆએ યાજકોને આજ્ઞા કરી, "કરારના
પવિત્ર કોશને ઉપાડી લોકોની સામે ચાલો." તેથી તેઓએ
કરારકોશ ઉપાડ્યો અને લોકોની સામે ચાલ્યા.

7પછી યહોવાએ યહોશુઆને કહ્યું, "હું એવું કરીશ કે
આજથી ઈસ્રાએલી લોકો તને મહાપુરુષ તરીકે ગણશે, પછી
તેઓ જાણશે કે, હું જેમ મૂસાની સાથે હતો તેમ હું તારી
સાથે પણ રહીશ. 8પવિત્રકોશ લઈ જતાં યાજકોને આજ્ઞા
કરો: 'તમે યર્દન નદીના કિનારે પહોંચો પછી તમે નદીના
પાણીમાં પ્રવેશો તે પહેલાં ત્યાં ઉભા રહો.'"

9પછી યહોશુઆએ ઈસ્રાએલના લોકોને કહ્યું, "અહીં આવો
અને તમારા દેવ યહોવા જે કહે છે તે સાંભળો. 10આજે તમે
ખાતરીપૂર્વક જાણશો કે જીવંત યહોવા તમારી વચ્ચે વસે છે.
આ દેશમાં વસતી પ્રજાઓ કનાનીઓ, હિત્તીઓ, હિવ્વીઓ,
પરિઝ્ઝીઓ, ગિર્ગાશીઓ, અમોરીઓ તથા યબૂસીઓને તે
અચૂક હાંકી કાઢશે અને તમે તે દેશના માલિક થશો. 11જુઓ,
સમસ્ત પૃથ્વીના યહોવાનો પવિત્રકોશ તમારી આગળ યર્દન
નદી ઓળંગશે. 12હવે ઈસ્રાએલના બાર કુળસમૂહોમાંથી

દરેકમાંથી એક એક આગેવાન ચૂંટી કાઢો. 13યાજકો યહોવાની
પવિત્ર પેટીને ઉપાડશે (પવિત્ર કોશ) એટલે યર્દન નદીનું
વહેણ કપાઈ જશે, અને પાણી બંધની જેમ એકઠું થશે."

14તેથી લોકો તેમના તંબૂઓમાંથી બહાર નીકળી અને
યર્દન નદીને ઓળંગી અને યાજકોએ પવિત્ર કોશ લીધો
અને તેમની સામે ચાલ્યા. 15આ ઋતું પાકની કાપણીની
હતી. યર્દન નદી બંને કાઠે ભરપૂર વહેતી હતી. યાજકોએ
યર્દન નદીને કિનારે પહોંચીને તેના પાણીમાં પગ મૂકતાં જ
ઉપરવાસથી આવતું પાણી થંભી ગયું. 16પાણી બંધની જેમ
પાછળ એકઠું થયું, છેક ઉદ્ગમ સ્થાન આદોમ, સારેથાન
પાસેનાં શહેર તરફ અને ખારા સમુદ્ર તરફ વહેતાં રોકી
દેવાયા હતાં. પછી લોકોએ યરીખો નજીક યર્દન નદી ઓળંગી.
17બધા ઈસ્રાએલી લોકો સૂકી જમીન પર ચાલ્યા અને નદી
પાર કરી અને દેવના કરારના પવિત્રકોશને લઈ જતાં યાજકો,
નદીની મધ્યમાં રોકાયા.

### લોકોના સ્મરણ માટે બાર સ્મારકો

4 સમગ્ર પ્રજા સુરક્ષિત રીતે યર્દન નદી ઓળંગી રહી
એટલે યહોવાએ યહોશુઆને કહ્યું,

2"પ્રત્યેક કુળસમૂહમાંથી એક એમ બાર માણસોને ચૂંટી
કાઢો, 3અને તેમને જણાવો કે, યર્દન નદીની મધ્યે જયાં
યાજકો ઊભા હતા તે જ જગ્યાએથી બાર પથ્થર લો. દરેકે
એક પથ્થર ઉપાડવો અને તેને નદીની પાર લઈ જવો અને
તમે રાત ગાળો ત્યાં તેને રાખો."

4ત્યાર પછી પ્રત્યેક કુળસમૂહમાંથી એક એમ બાર
કુળસમૂહોમાંથી બાર જણા જેઓને યહોશુઆએ પસંદ કર્યા
હતા તેઓને બોલાવવામાં આવ્યા. 5અને તેણે કહ્યું,
"તમારામાંના બધા યાજકો દ્વારા ઉપાડાયેલા તમારા યહોવા
દેવના પવિત્રકોષ આગળ યર્દન નદીમાં જાઓ, અને
તમારામાંના દરેકે એક પથ્થર ઉપાડવો. ત્યાં દરેક કુળસમૂહ
માટે એક પથ્થર હશે. 6આ પથ્થરો હંમેશા તમારા માટે
સંકેત બનશે અને જ્યારે તમારાં સંતાનો પૂછશે, 'આ સ્મારક
શા માટે છે?' 7ત્યારે તમે તેઓને કહેજો કે, 'જયારે યહોવાની
પવિત્ર પેટી યર્દન નદી ઓળંગતી હતી ત્યારે યર્દનનું વહેણ
કપાઈ ગયું હતું. આ પથ્થરો ઈસ્રાએલી પ્રજાને આ દિવસે શું
બન્યું હતું તેનું હમેશાનું સ્મારક બની રહેશે."

8તેથી ઈસ્રાએલી પ્રજાએ યહોશુઆએ જણાવ્યા મુજબ
કર્યું. યહોવાએ યહોશુઆને આજ્ઞા કરી હતી તે મુજબ
કુળસમૂહદીઠ એક એમ બાર ઈસ્રાએલીઓએ યર્દનની
અધવચ્ચેથી બાર પથ્થરો ઉપાડી લીધા અને જયાં તેઓ રાત્રે
છાવણી કરવાના હતા ત્યાં તેઓએ સ્મારક બનાવ્યું.
9યહોશુઆએ યર્દન નદીની મધ્યમાં બાર પથ્થરો પણ ઉભા
કર્યા જ્યાં યાજકો પવિત્ર કોશ સાથે ઉભા હતા, અને ત્યાં
સ્મારક કર્યું અને આજે પણ તે ત્યાં છે. 10યહોવા દ્વારા
જણાવેલી પ્રત્યેક આજ્ઞાઓ યહોશુઆ અને લોકોએ તેમાંની
પ્રત્યેક નું પાલન કર્યું. ફકત જેમ મૂસાએ કહ્યું તેમ યહોશુઆએ
કરવું જ, તેથી યાજકો પવિત્રપેટી સાથે યર્દન નદીની
વચ્ચોવચ્ચ ઊભા રહ્યા. લોકો ઉતાવળા નદી પાર કરી ગયા.
11બધાજ માણસો નદી ઓળંગી ગયા ત્યારે યહોવાનો
કરારકોશ ઊંચકનારા યાજકને નદીમાંથી બહાર આવતા
લોકોએ નીહાળ્યા. 12મૂસાએ જણાવ્યું હતુ તે મુજબ રૂબેન,
ગાદ અને મનાશ્શાના અર્ધકુળસમૂહની ટુકડીઓ સંપૂણ
શસ્ત્રસજ્જ થઈને ઈસ્રાએલી પ્રજાની આગળ રહી નદી
ઓળંગી ગઈ. 13યહોવાની સમક્ષ યુદ્ધ માટે તૈયાર 40,000
હથિયારબંધ માણસો પસાર થયા. તેઓ યરીખોના મેદાનો
તરફ કૂચ કરતા હતા. 14તે દિવસે યહોવાએ બધાં ઈસ્રાએલીઓ
સમક્ષ યહોશુઆને મહાપુરુષ બનાવી દીધો. તે સમય પછી
સમગ્ર જીવન દરમ્યાન તેઓ યહોશુઆનો આદર કરવા
લાગ્યા. જે રીતે તેઓ મૂસાને આદર કરતાં હતાં.

15યહોવાએ યહોશુઆને કહ્યું 16"પવિત્રકોશને ઉપાડનારા
યાજકોને યર્દન નદીમાંથી બહાર આવવાનું કહે."

17અને યહોશુઆએ યાજકોને આજ્ઞા કરી, "યર્દન નદીમાંથી
બહાર આવો. 18પવિત્રકોષ ઉપાડનારા યાજકો નદીમાંથી
બહાર આવ્યાં, અને જ્યારે તેમનો પગ નદીની બીજી બાજુંની
જમીનને અડ્યો, તરત નદીનો પ્રવાહ શરૂ થયો અને પહેલાની
જેમ પાણીએ તેના કિનારા છલકાવ્યાં.

19એ લોકોએ પહેલા મહિનાની દશમી તારીખે યર્દન નદી
ઓળંગીને યરીખોની પૂર્વે ગિલ્ગાલમાં પડાવ નાખ્યો, 20અને
ત્યાં યહોશુઆએ ઈસ્રાએલી લોકો દ્વારા યર્દન નદીમાંથી
વીણી લાવેલા બાર પથ્થરો સ્મારક તરીકે ત્યાં ઉભા કર્યા.
21પછી યહોશુઆએ ફરીથી પથ્થરો મૂકવાનો હેતુ સમજાવતાં
કહ્યું, "ભવિષ્યમાં તમારાં સંતાનો જયારે તમને પૂછે કે, 'આ
પથ્થરોનો શો અર્થ છે?' 22ત્યારે તમારે તેમને સમજાવવું
અને કહેવું, 'જયારે ઈસ્રાએલીઓએ યર્દન નદી ઓળંગવાની
હતી ત્યારે તે સૂકાઈ ગઈ હતી. 23તમે જ્યાં સુધી પસાર થયાં
યહોવાએ તેને સૂકાવી નાખી હતી. જેમ યહોવાએ રાતા
સમુદ્રને સૂકવી નાખ્યો હતો તેમ. ત્યારે તમે યર્દન નદી
ઓળંગી રહ્યાં હતાં.' 24યહોવાએ આ પ્રમાણે કર્યુ જેથી પૃથ્વી
પરના બધા માણસો યહોવાની શકિત વિશે જાણે, અને તમારે
પોતે પણ હંમેશા તમારા દેવ યહોવાથી ડરતાં રહેવું જોઈએ."

5 જયારે યર્દન નદીના પશ્ચિમ કાંઠાના બધા કનાની
રાજાઓએ તથા અમોરી રાજાઓએ સાંભળ્યું કે
ઈસ્રાએલીઓ યર્દન નદીને ઓળંગી ગયા અને આપણે પાર
કરી ગયા ત્યાં સુધી યહોવાએ તેનાં પાણી સૂકવી નાખ્યાં
હતાં, ત્યારે તેઓ હિમ્મત હારી ગયા અને ઈસ્રાએલીઓથી
ભયભીત થઈ ગયાં.

### ઈસ્રાએલીઓની સુન્નત

2એ વખતે યહોવાએ યહોશુઆને કહ્યું, "ચકમકનાં પથ્થર
માંથી તીક્ષ્ણ છરીઓ બનાવ અને ઈસ્રાએલીઓની સૂન્નત
કર." *

---

**સૂન્નત કર** મૂળ પ્રમાણે : "ફરીથીસુન્નત કર" આનો અર્થ એ છે કે સૂન્નત નો રિવાજ જેને ઈસ્રાએલનાં લોકો રણ પ્રદેશમાં યાત્રા કરતી વખતે પાળતા ન હતા તેને દેવ ફરીથી ચાલું રાખવા માંગે છે.

3તેથી યહોશુઆએ તીક્ષ્ણ ચપ્પુ બનાવી અને ગીબત હેરોબોથે* ઉપર ઈસ્રાએલીઓની સૂન્નત કરી.

4યહોશુઆએ બધાં ઈસ્રાએલી પુરુષોની સૂન્નત કરાવી નાખી. તેને આમ કેમ કર્યુ તેનું આ કારણ છે: 5ઈસ્રાએલના લોકોએ મિસર છોડ્યા પછી જે પુરુષો સેનામાં રહી શકે તેવા હતા તેઓની સૂન્નત કરવામાં આવી. 6રણમાં રહેતા ત્યારે ઘણા લડાકુ લોકોએ યહોવાનું માન્યું નહી તેથી યહોવાએ વચન આપ્યું તે લોકો "વધારે અનાજ ઉગે છે" તે જમીન નહી જોવે. યહોવાએ આપણા પૂર્વજોને તે ભૂમિ આપવાનું વચન આપ્યું હતું. પણ તે માણસોને કારણે દેવે લોકોને 40 વર્ષ રણમાં ભટકવાની ફરજ પાડી તે રીતે તે લડતા લોકો મરી જશે. તે બધાં લડતા લોકો મરી ગયા અને તેમના પુત્રોએ તેઓની જગ્યાં લીધી. 7પણ મિસરમાંથી પ્રવાસ દરમ્યાન જેઓ રણમાં જન્મ્યા હતા તેમાનાં એકેય છોકરાની સુન્નત નહોતી થઈ. તેથી યહોશુઆએ તેમની સુન્નત કરી.

8યહોશુઆએ બધાં પુરુષોની સુન્નત કરાવવાનું પૂરું કર્યુ. બધાં પુરુષોના ઘા રુઝાયા ત્યાં સુધી લોકો એ જગ્યામાં રહ્યાં.

### કનાનમાં પ્રથમ પાસ્ખાપર્વ

9પછી યહોવાએ યહોશુઆને કહ્યું, "આજે તારાંમાંથી મેં શરમ દૂર કરી છે જે તને મિસરમાં હતી." તેથી આજથી આ જગ્યાને ગિલ્ગાલ બોલાવાશે અને આજે પણ તે એ જ નામે ઓળખાય છે.

10યરીખોના મેદાનો પર આવેલા ગિલ્ગાલમાં ઈસ્રાએલીઓએ પડાવ નાખ્યો હતો ત્યારે તેઓએ મહિનાના ચૌદમાં દિવસની સાંજે પાસ્ખાનું પર્વ ઊજવ્યું. 11પાસ્ખાપર્વ ઉજાણી ના બીજે દિવસે તેઓએ ખેતરોમાં ઉગેલું અનાજ ખાધું: આથા વગરની રોટલી અને ભૂંજેલા ધાન્ય. 12જેવું લોકોએ પ્રદેશની ઉપજનું અનાજ ખાધુ કે બીજી સવારથી સ્વર્ગમાંથી આવતો ખાસ ખોરાક બંધ થઈ ગયો અને તે વર્ષે તેઓએ કનાન ભૂમિમાં પાકતું ધાન્ય ખાધું.

13જયારે યહોશુઆ યરીખો નજીક પહોંચ્યા ત્યારે તેણે પોતાની સામે ખુલ્લી તલવાર લઈને ઊભેલો એક માણસ જોયો. તેથી યહોશુઆએ તેને પૂછયું, "તું કોના તરફ છે? તું આમારો મિત્ર છે કે દુશ્મન?"

14તેણે પ્રત્યુત્તર આપ્યો, "હું તો એકે નથી," પણ હું તો યહોવાની સેનાનો સેનાધિપતિ છું. અને એ તમને કહેવા માટે આવ્યો છું. યહોશુઆએ તેને જમીન પર મોઢું કરીને નમન કર્યા અને કહ્યું "મારા માલિકની તેના સેવકને શી આજ્ઞા છે?"

15યહોવાની સેનાના સેનાપતિએ તેને કહ્યું, "તારાં પગરખાં ઉતારી નાખ, કારણ કે તું જે ભૂમિ પર ઊભો છે તે ભૂમિ પવિત્ર છે." અને યહોશુઆએ તેમ કર્યુ.

### યરીખોનું પતન

6 યરીખોનગરના દરવાજાઓ ભોગળ વાસી બંધ કરી દેવામાં આવ્યા હતા, કારણ કે તેના લોકો ઈસ્રાએલીઓથી ભયભીત થયેલા હતા. કોઈ અંદર કે બહાર આવ-જા કરી શકતું નહોતું.

2યહોવાએ યહોશુઆને કહ્યું, "હું તને યરીખો તેના રાજા અને બહાદુર યોદ્ધાઓને હરાવવા દઈશ. 3તારે અને તારા સમગ્ર બહાદુર યોદ્ધાઓએ છ દિવસ સુધી પ્રતિદિન એક વખત શહેરની ફરતે કૂચ કરવી. 4સાત યાજકોએ હાથમાં ઘેટાંના શિંગડામાંથી બનાવેલ સાત રણશિંગડાં પવિત્રકોશ સમક્ષ લઈ જવા. સાતમે દિવસે તારે અને તારા સૈનિકોએ સાત વખત શહેરને ફરતે જવું, અને યાજકે રણશિંગડાઓ વગાડવાં. 5ત્યારબાદ તેઓ લાંબા જોરદાર ધમાકા સાથે રણશિંગુ ફૂંકશે અને તે સાંભળીને લોકો મોટા અવાજે બૂમ પાડશે, ત્યારે નગરનો દરવાજો તૂટી પડશે; અને તમારે બધાએ ચારે તરફથી નગરમાં પેસી જવું."

6આથી યહોશુઆએ યાજકોને બોલાવ્યાં અને તેમને કહ્યું, "પવિત્રકોશ લો, અને 7 યાજકોને રણશિંગા દેવના પવિત્રકોશ આગળ લઈ જવાદો."

7અને તેણે લોકોને કહ્યું, "તૈયાર થાવ અને નગરને ફરતે કૂચ કરો અને યાજક યહોવાનો પવિત્ર કોશ લઈ આગળ ચાલશે."

8જેમ યહોશુઆએ લોકો સાથે વાતો કરવાનું પૂરું કર્યુ, સાત યાજકોએ, જમણે સાત રણશિંગડાં ધરી રાખ્યાં હતાં તેને ફૂંક્યા જ્યારે તેમને અનુસરતાં યાજકો દ્વારા લઈ જવાતો દેવનાં કરારનો પવિત્ર કોશ તેમની પાછળ ચાલતો હતો. 9યાજકોની આગળ સશસ્ત્ર સૈનિકો, અને પાછળના સંત્રીઓ પવિત્રકોશની પાછળ ચાલતા હતા સાથે રણશિંગડાં ફૂકતાં, 10પણ યહોશુઆએ લોકોને શાંતિ જાળવવાની અને યુદ્ધનાદની બૂમો ન પાડવા કહ્યું. તેણે કહ્યુ, "જ્યારે હું તમને બૂમ પાડવાનું કહીશ ત્યારે બૂમ પાડજો નહીંતર કોઈ અવાજ ન કરતાં. જ્યારે હું તમને કહું ત્યારે જ તમે બૂમ પાડજો."

11યાજકોએ પવિત્રકોશ લીધો અને એક વાર શહેરની ફરતે ગયા પછી તેઓ પોતાની છાવણીમાં પાછા ફર્યા અને રાતના ત્યાં આરામ કર્યો.

12પછી બીજી સવારે યહોશુઆ વહેલો ઊઠયો, અને યાજકોએ યહોવાનો પવિત્રકોશ પાછો લઈ ગયા. 13ઘેટાનાં સાત રણશિંગડાં લઈને સાત યાજકો તેમને વગાડતાં યહોવાનાં પવિત્રકોશ આગળ ચાલ્યા. શશસ્ર માણસો આગળ ચાલતા હતા અને પાછળ રક્ષકોનું બીજું જૂથ ત્યાં કૂચ કરતું હતું. અને આ સર્વ સમય દરમ્યાન રણશિંગડાં વાગતા હતાં. 14બીજા દિવસે ફરીથી તેમણે નગરની એક વાર પ્રદક્ષિણા કરી અને પાછા છાવણીમાં આવી ગયા. તેઓએ આ પ્રમાણે છ દિવસ સુધી કર્યુ.

15સાતમે દિવસે તેઓ મળસ્કે ઊઠયા અને એ જ રીતે સાત વખત નગરની પ્રદક્ષિણા કરી. 16ફક્ત તે દિવસેજ તેમણે

---

**ગીબત હેરોબોથે** મૂળ પ્રમાણે, "સુન્નત-ટેકરી"

નગરની સાત વાર પ્રદક્ષિણા કરી હતી સાતમા ફેરા વખતે લાંબા સમય સુધી યાજકોએ જોરથી રણશિંગડાં ફૂંકયા, તેથી યહોશુઆએ લોકોને કહ્યું, "જોરથી બૂમો પાડો યહોવાએ આપણને આ શહેર આપી દીધું છે!" **17**એ નગર તથા તેમાનું બધુંજ યહોવાનું છે, તે તમારે માટે હરામ છે. રાહાબ વારાંગના અને તેના ઘરના માણસો સિવાયની પ્રત્યેક વ્યકિતને મારી નાખજો, કારણ કે તેણે આપણે મોકલેલા જાસૂસોને રક્ષણ આપ્યું હતું. **18**તમારે બધાંએ સતર્ક બનવું તેમાંની કોઈ વસ્તુ ન લેવી જેનો સંપૂર્ણ નાશ કરવાનો છે. તમે એમાંથી કઈ લો અને રાખો તો ઈસ્રાએલી છાવણી પર વિપત્તિ આવશે અને તમે વિનાશ નોતરશો. **19**સોના અને ચાંદીની જેમજ લોખંડની બધી વસ્તુઓ યહોવાને માટે અલગ રાખેલી છે અને તમારે તે બધું યહોવાના ભંડારમાં આપવાનું છે."

**20**તેથી લોકોએ પોકાર કર્યો, અને યાજકોએ રણશિંગાં ફૂંકયાં, જ્યારે લોકોએ રણશિંગાંનો અવાજ સાંભળ્યો તેઓએ મોટી બૂમ પાડી અને તે સમયે નગરની દીવાલો પડી ગઈ, અને ત્યાં જે બધા લોકો ઉભા હતા અંદર ધસી ગયા અને તેને કબજે કરી લીધું. **21**તેમણે નગરનાં સર્વ સજીવો આબાલવૃદ્ધ સ્ત્રી–પુરુષોને તલવારથી વધેરી નાખ્યાં, ઢોર, ઘેટાં, તથા ગધેડાંને પણ જીવતાં રહેવા દીધાં નહિ.

**22**ત્યારબાદ જે બે માણસોએ જમીનની જાસૂસી કરી હતી તેઓને યહોશુઆએ કહ્યું, "તમે બન્ને વારાંગનાના ઘરમાં જઈને તેને અને તેના પરિવારનાં માણસોને તમે વચન આપ્યા મુજબ બહાર લઈ આવો."

**23**તેથી તેઓ ત્યાં ગયા અને રાહાબને, તેના પિતાને, માતાને, ભાઈઓને અને તેના પરિવારના અન્ય લોકોને બહાર કાઢયા, અને ઈસ્રાએલી છાવણીની બહાર સુરક્ષિત જગ્યામાં રાખ્યા.

**24**પછી તેમણે નગર અને તેમાનું સઘળું બાળી મૂક્યું. ફકત સોના–રૂપાની અને પિત્તળની અને લોઢાની વસ્તુઓ યહોવાના ભંડારમાં મૂકવામાં આવી હતી. **25**આમ યહોશુઆએ રાહાબ વારાંગનાને અને તેનાં બધાં કુટુંબીજનોને અને પરિવારને જીવતદાન આપ્યું. કારણ, તેણે યહોશુઆએ યરીખોમાં જાસૂસી કરવા મોકલેલા માણસોને સંતાડી રાખીને રક્ષણ કર્યુ હતું. તેના વંશજો આજસુધી ઈસ્રાએલમાં વસતા આવ્યા છે.

**26**તે સમયે યહોશુઆએ આ શપથ લીધા હતા:

"જે કોઈ આ યરીખોશહેરને ફરી બાંધવા માટે પ્રયત્ન કરશે તેને યહોવાથી ભય રહેશે. જે કોઈ શહેરનો પાયો નાખશે તે એનો વડો પુત્ર ગુમાવશે. અને જે કોઈ એના દરવાજા ઊભા કરશે તેનો સૌથી નાનો પુત્ર ગુમાવશે."

**27**એ પ્રમાણે યહોવા યહોશુઆની સાથે હતા અને તેના નામની કીર્તિ સર્વત્ર દેશભરમાં પ્રસરી.

## આખાનનું પાપ

**7** પણ ઈસ્રાએલીઓએ વિનાશ કરવાની વસ્તુઓમાંથી લઈને પાપ કર્યુ છે. યહૂદા કુળસમૂહનો એક માણસ આખાન, કાર્મીના પુત્ર, ઝીમ્રીના પૌત્રએ ઘણી વસ્તુઓ પોતાને માટે રાખી લીધી હતી. એટલે યહોવા ઈસ્રાએલીઓ ઉપર રોષે ભરાયા. **2**યરીખોનગરના પતન પછી તરત જ યહોશુઆએ કેટલાક માણસોને યરીખોથી બેથેલની પૂર્વે બેથ–આવેન પાસે આવેલા આય નગરમાં મોકલ્યા અને તેમને કહ્યું કે, "આય જાઓ અને એ લોકો પર જાસૂસી કરો ને અમને સંદેશો મોકલો." તેથી તેઓ ગયા અને આયની જાસુસી કરી.

**3**ત્યાંથી પાછા ફર્યા બાદ તેમણે યહોશુઆને જણાવ્યું કે, "એ તો નાનું નગર છે બધા માણસોએ જવાની કંઈ જરૂર નથી, તેનો નાશ કરવા માટે 2,000-3,000 માણસો પૂરતા છે. બધાને તકલીફ આપવાની જરૂર નથી. તે લોકો બહુ નથી."

**4**આથી આશરે 3,000 ઈસ્રાએલી લડાયકોને આય નગર ઉપર હુમલો કરવા મોકલવામાં આવ્યા; પણ આયના લોકોએ તેમને ઘોર પરાજય આપ્યો. **5**પરંતુ આ હુમલા દરમ્યાન ઈસ્રાએલના 36 માણસો માર્યા ગયા અને બાકીનાને નગરના દરવાજાથી તે પથ્થરની ખાણો* સુધી પીછો કરવામાં આવ્યો અને ઢોળાવ પર તેઓને મારી નાખવામાં આવ્યાં.

આથી ઈસ્રાએલીઓએ તેમની હિમ્મત ગુમાવી દીધી અને તેઓ ભયભીત થઈ ગયા. **6**યહોશુઆ તથા તેમના આગેવાનોએ વસ્ત્રો ફાડી નાખ્યાં અને માથા ઉપર કાદવ નાખ્યો, અને સાંજ સુધી મોઢું જમીન પર રાખી યહોવાના પવિત્રકોશ સમક્ષ પડી રહ્યા.

**7**ત્યારે યહોશુઆએ યહોવા ને કહ્યું, "હે યહોવા મારા માલિક! તે અમને યર્દન નદીને પાર કરાવ્યા અને અમે આ તરફ આવ્યા શા માટે? શું તારો ઈરાદો અમને અમોરીઓને સોંપી દેવાનો હતો જેથી અમારો વિનાશ કરવામા આવે? અમે નદીને પેલે પાર શાંતિ અને સંતોષથી રહ્યા હોત તો! **8**ઓ મારા માલિક! ઈસ્રાએલીઓ પોતાના શત્રુઓથી નાસી છૂટ્યા છે, તો પછી હવે મારે શું કહેવું? **9**કનાનીઓને તથા દેશના બધા જ વતનીઓને આ બાબતની જાણ થવાની. તેઓ બધા અમને ઘેરી વળશે અને અમને અમારી ભૂમિ પરથી કાઢી નાખશે અને પૃથ્વી પરથી અમારુ નામનિશાન ભૂંસી નાખશે. તો પછી તમારા મહાન નામનું રક્ષણ કઈ રીતે થશે?"

**10**યહોશુઆને યહોવાએ કહ્યું, "ઊભો થા, આમ ઊંધે માથે જમીન પર શા માટે પડયો છે? **11**ઈસ્રાએલીઓએ પાપ કર્યુ છે અને મારો કરાર તોડ્યો છે, જેને અનુસરવા મે આજ્ઞા કરી હતી. મે વિનાશ કરવા માટે આજ્ઞા કરી હતી તે વસ્તુઓમાંથી તેઓએ ચોરી કરી. અને એના વિષે તેઓએ કહ્યું નહી. અને તેમણે ચોરેલી વસ્તુઓ છુપાવી દીધી. **12**આથી તેઓ દુશ્મનો સામે ટકી શક્યા નહી. અને તેઓ લડાઈ છોડીને પાછા ભાગી ગયા કારણકે તેઓ નાશ પામવા માટે ઠરાવાયેલા છે. હવે જ્યા સુધી તમે તમારા દ્વારા લેવાયેલી બધી વસ્તુઓનો નાશ નહી કરો, જેનો નાશ થવાનો હતો, ત્યાં સુધી હું તમારી સાથે રહેનાર નથી.

**13**"તેથી, ઊભો થા અને લોકોને શુદ્ધ કર. તેમને કહે: 'આવતી કાલે તમારે તમારી જાતની શુદ્ધિ કરવાની છે, કારણ ઈસ્રાએલીઓના યહોવા દેવે કહ્યું છે, કે 'તમારામાંથી કેટલાક

**પથ્થરની ખાણો** એ જગ્યા જ્યાં લોકો ખડક વડે પથ્થરો કાપે.

લોકોએ ચોરી કરી છે અને જે તમારે ન રાખવી જોઈએ તે
વસ્તુઓ રાખી લીધી છે, તમે તમારા તાબામાં તે વસ્તુઓ
રાખી છે જેનો મેં તમને નાશ કરવાની આજ્ઞા કરી હતી અને
જો જ્યાં સુધી તે વસ્તુઓ નાશ ન પામે તમે તમારા દુશ્મનોને
હરાવી શકવાના નથી."

14"'આથી સવારે તમે બધા પોતાના કુળસમૂહ પ્રમાણે
આવજો અને જે કુળસમૂહને યહોવા પસંદ કરશે તે જાતિ
પ્રમાણે આગળ આવશે અને જે જાતિ યહોવા પસંદ કરશે તે
કુટુંબો પ્રમાણે આગળ આવશે. અને યહોવા જે કુટુંબને
પસંદ કરે તે વ્યક્તિ પ્રમાણે આગળ આવશે. 15જે વ્યક્તિએ
વસ્તુઓમાંથી ચોરી કરી હોય જેનો નાશ કરવાનો હતો,
તેને તેની મિલ્કત સાથે જીવતો બાળી મુકાશે, કારણકે
તેણે યહોવાની આજ્ઞા નું ઉલ્લઘન કર્યું હતું, યહોવાના
કરારને તોડ્યો છે, અને ઈસ્રાએલના લોકોને ભયંકર ઈજા
પહોચાડી છે.'"

16યહોશુઆ સવારમાં વહેલો ઊઠ્યો અને ઈસ્રાએલીઓને
કુટુંબ પ્રમાણે આગળ લઈ આવ્યો, અને યહૂદાના કુટુંબને
પસંદ કરવામાં આવ્યું. 17યહોશુઆ યહૂદાના કુટુંબોને આગળ
લઈ આવ્યો અને ઝેરાહના કુટુંબને પસંદ કરવામાં આવ્યું.
પછી તે ઝેરાહીઓના કુટુંબને આગળ લાવ્યો, અને ઝીમ્રીના
કુટુંબને પસંદ કરવામાં આવ્યું. 18ઝીમ્રી પોતાના કુટુંબના
સભ્યોને વારાફરતી યહૂદાના કુળસમૂહમાંથી આગળ લાવ્યો,
અને કાર્મીના પુત્ર આખાન, ઝેરાહના પુત્ર ઝાબ્દીના પુત્ર
કાર્મીના પુત્ર આખાનને શોધી કાઢવામાં આવ્યો.

19પછી યહોશુઆએ આખાનને કહ્યું, "પુત્ર, ઈસ્રાએલના
દેવ યહોવાને આદર આપ અને તેં જે કાંઈ કર્યું હોય તે મને
કહે. મારાથી કશું છુપાવીશ નહિ."

20આખાને કહ્યું, "હું કબૂલાત કરું છું કે, મેં ઈસ્રાએલના
દેવ યહોવા વિરુદ્ધ પાપ કર્યું છે, મારો ગુનો આ છે: 21લૂંટની
વસ્તુઓમાં મારી નજર શિનાર દેશના એક સુંદર ઝભ્ભા
ઉપર અને બસો તોલા ચાંદી અને પચાસ તોલા સોનાની
લગડી ઉપર પડી અને મારું મન લલચાયું તેથી મેં એ
વસ્તુઓ ઉપાડી લીધી અને મારા તંબૂમાં જમીનમાં દાટી
દીધી છે. ચાંદી સૌથી નીચે છે."

22તેથી યહોશુઆએ તે શોધવા માટે કેટલાક માણસો
મોકલ્યા. તેઓ દોડતા તંબૂમાં ગયા તે આખાને કહ્યું હતું તે
જ રીતે ચોરેલી વસ્તુઓ અને સૌથી નીચે ચાંદી જમીનમાં
દાટેલા હતાં. 23તેમણે એ વસ્તુઓ તંબૂમાંથી બહાર કાઢી
યહોશુઆ અને બધા ઈસ્રાએલીઓ આગળ લાવીને યહોવા
સમક્ષ રજૂ કરી.

24ત્યાર પછી યહોશુઆ ઝેરાહના પુત્ર આખાનને ચાંદી,
ઝભ્ભો અને સોનાની લગડી તથા તેનાં છોકરાછોકરી, ઢોર,
ગધેડાં તંબૂ તથા તેના સર્વસ્વ સાથે આફતની ખીણમાં લઈ
ગયો, અને બધા ઈસ્રાએલીઓ તેની સાથે ગયા. 25યહોશુઆએ
આખાનને કહ્યું, "તે અમારા ઉપર આ આફત કેમ ઉતારી?
હવે યહોવા તમારા ઉપર આફત ઉતારશે." પછી બધા
ઈસ્રાએલીઓએ તેને ઈંટાળી કરીને મારી નાખ્યો. તે લોકોએ
તે બધાંને બાળી મૂકયાં, અને ઈંટાળી કરીને મારી નાખ્યાં.
26પછી તેઓએ તે જગ્યાએ પથ્થરોનો મોટો ઢગલો કર્યો, જે
આજે પણ ત્યાં છે. તે જગ્યા એકોર ની ખીણ* ને નામે
ઓળખાય છે. ત્યાર પછી યહોવા ગુસ્સે ન હતા.

### આયનગરનું પતન

8 યહોવાએ યહોશુઆને કહ્યું, "ભયભીત કે નાહિમ્મત
થઈશ નહિ, સમગ્ર સેના સાથે તું આયનગર ઉપર
ચઢાઈ કર. મેં આયનગરના રાજાને, તેની પ્રજાને, તેના શહેરને
અને તેના પ્રદેશને તને સોંપી દીધાં છે. 2તેં યરીખોઅને તેના
રાજાના જે હાલ કર્યા તે જ 'આય'ના અને એના રાજાના
કરજે, પરંતુ આ વખતે તમે તેમાંનો માલસામાન તથા ઢોર–
ઢાંખર પોતાને માટે રાખી શકો છો, અને એ નગરની પાછળની
બાજુએથી હુમલો કરવા સૈનિકોને છૂપાવી રાખજે."

3તેથી યહોશુઆએ આખી સેના સાથે આય નગર ઉપર
ચઢાઈ કરવાની તૈયારી કરી. તેણે રાતોરાત 30,000 શૂરવીર
યોદ્ધાઓને ચૂંટી કાઢીને મોકલી આપ્યા, 4અને તેણે તેઓને
હુકમ કર્યો, "નગરની પાછળના શ્રેત્રમાં છૂપાઈ જાઓ નગરથી
બહુ દૂર જશો નહિ અને હુમલો કરવા તૈયાર રહેજો." 5હું
પોતે બાકીની સેના સાથે બહાર આવું એટલે અમે ભાગવા
માંડીશું. 6તેઓ અમારો પીછો પકડશે અને અમે તેમને નગરથી
દૂર લઈ જઈશું. તેઓ એમ માનશે કે અમે પહેલાની જેમ
તેમનાથી ડરીને નાસી જઈએ છીએ, 7એ વખતે તમે જયાં
સંતાઈ રહ્યા હો ત્યાંથી નીકળી આવજો અને નગરનો કબજો
લઈ લેજો, તમારા દેવ યહોવા તમને વિજય આપશે.

8"તમે વિજયી થશો અને પછી યહોવાની આજ્ઞા પ્રમાણે
શહેર બાળી મૂકજો. યાદ રાખો આ મારો આદેશ છે."

9આમ કહીને યહોશુઆએ તેમને રવાના કરી દીધા અને
તેઓ 'આય'ની પાછળની બાજુએ બેથેલ અને આયની વચ્ચે
સંતાઈ રહ્યા. પરંતુ યહોશુઆ અને બાકી રહેલું સૈન્ય યરીખોની
છાવણીમાં રોકાયું.

10યહોશુઆ સવારમાં વહેલો ઉઠ્યો અને તેના લશ્કરને
ભેગું કર્યું અને આય નગર ઉપર હુમલો કર્યો. તે પોતે અને
ઈસ્રાએલીઓના આગેવાનો લશ્કરની આગળ ગયા. 11આખું
લશ્કર તેની સાથે ઊપડયું અને શહેરની નજીક પહોંચી
ગયું. તેઓ નગરની ઉત્તરે આવેલી ખીણ પાસે થોભ્યા.

12યહોશુઆએ તે રાત્રે નગરની પશ્ચિમે બેથેલ અને આયની
વચ્ચે સંતાવા માટે બીજા 5,000 માણસોને મોકલ્યા. 13એ
મુખ્ય લશ્કરે નગરની ઉત્તરે છાવણી નાખી, અને છુપાયેલા
લોકો પશ્ચિમે રહ્યા યહોશુઆએ રાત ખીણમાં પસાર કરી.

14આયના રાજાએ યહોશુઆના માણસોને જોયા એટલે તે
અને તેના માણસો ઈસ્રાએલી સેના સાથે લડવા માટે ઉતાવળે
બહાર નિકળ્યા. તેઓએ શહેર છોડ્યું અને યર્દનની ખીણ
તરફ ગયા. આયના રાજાને ખબર નહોતી કે નગરની પાછલી
બાજુએ માણસો બધાને મારી નાખવા માટે અને શહેર પર
હુમલો કરવા સંતાયેલા હતા.

**એકોર ની ખીણ** "આફતની ખીણ."

15યહોશુઆ પોતે અને તેના માણસો જાણે તેઓ હાર
પામ્યા હોય તેમ નગરમાંથી રણ તરફ ભાગવા લાગ્યા.
16નગરના બધા લડવૈયાઓને તેમનો પીછો પકડવા માટે
બોલાવવામાં આવ્યા અને યહોશુઆનો પીછો પકડવા માટે
તેમને બોલાવવામાં આવ્યા અને યહોશુઆનો પીછો પકડતા
તેઓ નગરથી દૂર નીકળી ગયા. 17આય કે બેથેલમાં એક
પણ યોદ્ધો રહ્યો નહિ બધા જ ઈસ્રાએલીઓની પાછળ ગયા
હતા અને નગરનું રક્ષણ કરનાર કોઈ રહ્યું ન હતું અને
નગરના દરવાજા પણ ખુલ્લા હતા.

18પછી યહોવાએ યહોશુઆને કહ્યું, "તારા હાથમાં ભાલો
છે તેને આય નગર તરફ તાક, કારણ કે આ નગર મેં તને
સોંપી દીધું છે." તેથી યહોશુઆએ તે પ્રમાણે કર્યુ. 19તેણે
ભાલો ખેચ્યો અને તરત જ સંતાઈ રહેલા માણસો આગળ
આવ્યા અને નગર તરફ દોડ્યાં અને તેમાં દાખલ થઈ ગયા,
તેઓએ નગર કબજે કરીને આગ લગાડી દીધી.

20આયના માણસોએ પાછળ જોયું તો તેમણે નગરમાંથી
ધુમાડો આકાશમાં ચઢતો જોયો. તેઓ કયાંય ભાગી જઈ શકે
એમ રહ્યું નહિ, કારણ, જે ઈસ્રાએલીઓ વગડા તરફ ભાગી
ગયા હતા તેમણે પાછા ફરીને પીછો પકડનારાઓ ઉપર
હુમલો કર્યો. 21જયારે યહોશુઆ અને તેના માણસોએ જોયું
કે સંતાઈ ગયેલા માણસોએ શહેર કબજે કર્યુ છે અને
શહેરમાંથી ધુમાડાના ગોટા ઊંચે આકાશમાં ચઢી રહ્યા છે,
તેથી તેઓ પાછા ફર્યા અને 'આય' ના માણસો પર હુમલો
કર્યો. 22તે જ સમયે નગરથી બહાર આવેલા સૈનિકોએ પણ
તેમના ઉપર હુમલો કર્યો, આથી 'આય' ના માણસો બધી
બાજુએ ઘેરાઈ ગયા. ઈસ્રાએલીઓએ તેમનો સંહાર કર્યો.
એક પણ માણસ ના જીવતો રહ્યો કે ના ભાગી જવા પામ્યો.
23પણ 'આય'નો રાજા જીવતો કેદ પકડાયો અને તેને યહોશુઆ
સમક્ષ લાવવામાં આવ્યો.

## યુદ્ધનો ચિત્તાર

24જયારે ઈસ્રાએલની સેનાએ નગરની બહાર સર્વ
માણસોનો સંહાર કરવાનું કાર્ય પૂરું કર્યુ ત્યારે તેઓ પાછા
આવ્યા અને નગરની અંદર બાકી રહેલા સર્વનો સંહાર કર્યો.
25એ દિવસે 'આય'નગરના બધા લોકો જેઓને મારી
નાખવામાં આવ્યાં તે 12,000 સ્ત્રી પુરુષો હતા. 26યહોશુઆને
ભાલો તેના હાથમાં હતો અને તેણે તેને ઉપાડ્યો અને જ્યાં
સુધી તેના બધા લોકો નાશ ન પામ્યાં ત્યાં સુધી તેને તેના
તરફ તાક્યે રાખ્યો. 27ઈસ્રાએલીઓએ બધા પ્રાણીઓ અને
બીજી વસ્તુઓ જે નગરમાંથી લૂંટાઈ હતી તે પોતાના માટે
રાખી લીધી. તેઓએ આ યહોવાએ યહોશુઆને કરેલ આજ્ઞા
પ્રમાણે કર્યુ.

28યહોશુઆએ 'આય' ને બાળી મૂકયું અને તેને કાયમ
માટે ખંડેરોનો ઉજ્જડ ઢગલો બનાવી દીધું, તે આજે પણ
એવું જ છે. 29યહોશુઆએ 'આય'ના રાજાને સાંજ સુધી
ઝાડ પર ઉંધે માથે લટકાવી રાખ્યો, પરંતુ સૂર્યાસ્ત સમયે
તેના શરીરને ઝાડ ઉપરથી ઉતાર્યુ અને યહોશુઆના આદેશ
પ્રમાણે નગરના દરવાજા આગળ નાખીને તેના પર પથ્થરોનો
ઢગલો કર્યો, જે આજે પણ ત્યાંજ છે.

## આશીર્વાદ અને શાપનું વાંચન

30ત્યારબાદ યહોશુઆએ એબાલ પર્વત પર ઈસ્રાએલના
યહોવા દેવ માટે એક વેદી બનાવી. 31મૂસાએ તેના
નિયમશાસ્રમાં કીધા પ્રમાણે બધા નિયમો પાળવામાં આવ્યા
હતા. જે પથ્થરો વાપરવામા આવેલા તે કપાયેલા ન હતા.
લોખંડથી બનાવેલા કોઈપણ ઓજારો તેની ઉપર વપરાયા ન
હતા. આ પથ્થરને વાપરીને વેદી બનાવ્યા પછી, તેઓએ
તેના ઉપર દેવને દહનાર્પણો અર્પિત કર્યા. તેઓએ શાંત્યાર્પણ
પણ અર્પણ કર્યા.

32પછી પથ્થરો ઉપર યહોશુઆએ મૂસાનો નિયમ લખ્યો
ત્યારે ઈસ્રાએલનાં બધા લોકો તેને જોઈ રહ્યાં હતાં. 33સર્વ
ઈસ્રાએલીઓ, તેમના આગેવાનો, અમલદારો અને
ન્યાયાધીશો દેવના કરારના પવિત્રકોશની બધી તરફ લેવી
યાજકો જે તે લઈ ગયા તેની સામે ઊભા હતા. યહોવાના
સેવક મૂસાએ યહોવાના ઈસ્રાએલીઓ પર આશીર્વાદ
ઉચ્ચારણ કરવાના વિષે આપેલ આદેશ પ્રમાણે અડધા
ઈસ્રાએલીઓએ એબાલ પર્વત તરફ મોંઢું કર્યુ અને બીજા
અડધાએ ગેરીઝીમ પર્વત તરફ મોંઢું કર્યુ.

34યહોશુઆએ નિયમનાં બધાં શબ્દો આર્શીવાદો અને
શ્રાપો સહિત વાંચ્યાં જેમ તેઓ નિયમનાં પુસ્તકમાં લખેલા
હતાં ફકત તેમજ. 35મૂસા દ્વારા આપવામાં આવેલી દરેક
આજ્ઞાઓ યહોશુઆએ ઈસ્રાએલના લોકો સમક્ષ વાંચી.. તે
વખતે તમામ ઈસ્રાએલીઓ સ્ત્રી બાળક તેમજ તેમની સાથે
વસતા વિદેશીઓ પણ ઉપસ્થિત હતા.

## યહોશુઆની વિરુદ્ધ ગિબયોનીઓની ચાલાકી

9 આ વસ્તુઓને યર્દન નદીની પશ્ચિમ દિશાના બધા
રાજાઓ દ્વારા સાંભળવામાં આવી હતી. હિત્તીઓ,
અમોરીઓ, કનાનીઓ, પરીઝીઓ, હિવ્વીઓના રાજાઓ.
તેઓએ તેમનું રાજ્ય પર્વતીય દેશમાં અને ભુમધ્ય સમુદ્રના
સમગ્ર કિનારાથી છેક લબાનોન. 2યહોશુઆ અને
ઈસ્રાએલીઓ સામે લડવાના એક લક્ષ્ય સાથે આ બધા
રાજાઓ મળી ગયાં.

3પણ જયારે ગિલ્યોનના લોકોએ યહોશુઆએ યરીખોઅને
'આય'ના નગરના શા હાલ કર્યા હતા તે સાંભળ્યું. 4ત્યારે
તેઓએ તેની સાથે કપટ કરવાનું નકકી કર્યુ. તેઓ થોડું ભાથું
લઈને નીકળ્યા, તેઓએ ગધેડા પર જૂની ગુણપાટો તથા
દ્રાક્ષારસની જૂની ને ફાટેલી મશકો લાદી હતી. 5તેઓએ
પોતાના એલચીઓને ફાટેલાં તથા થીગડાં મારેલાં કપડાં
પહેરાવીને યહોશુઆ પાસે મોકલ્યા, જેથી એવું લાગે કે તેઓ
ઘણી લાંબી મુસાફરી કરીને આવ્યા છે. તેઓએ જૂના સાંધેલાં
પગરખાં પહેર્યાં હતાં, તેમણે સાથે લીધેલા રોટલા સૂકા અને
ફુગાઈ ગયેલા હતા. 6પછી તેઓ ગિલ્ગાલની છાવણીમાં
યહોશુઆને મળ્યા અને તેઓએ યહોશુઆ તથા ઈસ્રાએલના

લોકોને કહ્યું, "અમે દૂર દેશથી તમારી સાથે શાંતિના કરાર કરવાની માગણી સાથે આવ્યા છીએ." અમારી સાથે સંધિ કરો."

7પરંતું ઈસ્રાએલીઓએ હિવ્વીઓને કહ્યું, "તમે કદાચ અમારી પડોશમાં જ રહેતા હોવ એમ પણ બને. અને તમે પડોશમાં રહ્યાં હોવ તો અમે તમારી સાથે સંધિ કેવી રીતે કરી શકીએ?"

8એટલે તેમણે યહોશુઆને કહ્યું, "અમે તમારા સેવકો છીએ."

યહોશુઆએ તેમને પૂછયું, "તમે કોણ છો અને તમે કયાંથી આવ્યાં છો?"

9તેઓએ પ્રત્યુત્તર આપ્યો, "અમે તમારા દેવ યહોવાની મહાન શકિત અને સમર્થતા વિશે સાંભળ્યું છે. અને ખૂબ દૂરના દેશથી આવ્યા છીએ; અમે એ પણ સાંભળ્યું કેમ તેણે તમને બધાને મિસરમાંથી બહાર લાવ્યા અને મિસરમાં તેણે કરેલી બધી ચીજો વિશે.
10અને તમારા દેવ યહોવાએ અને યર્દન નદીની પૂર્વેના બે અમોરી રાજાઓ: હેશ્બોનના રાજા સિંહોન અને આસ્તારોથમાં રહેતા બાશાનના રાજા ઓગને શું કર્યું છે તે અમે સાંભળ્યું છે.
11તેથી અમારા આગેવાનોએ અને અમારા દેશના બધા લોકોએ અમને કહ્યું, 'મુસાફરી માટે જરૂરી ભાથું લઈને એ લોકોને જઈને મળો અને કહો કે, "અમે તમારા દાસ છીએ એટલે અમારી સાથે કૃપા કરીને સંધિ કરો.' આ અમારા રોટલા જુઓ."'

12"અમે જયારે તમને મળવા માટે ઘેરથી નીકળ્યા ત્યારે એ ગરમ હતા, પણ અત્યારે તમે જુઓ કે એ કેવા સૂકા અને ફુગાઈ ગયા છે!
13અમે જયારે આ મશકોમાં દ્રાક્ષારસ ભર્યો ત્યારે એ નવા નકોર હતા, પણ અત્યારે એ બધા ફાટી ગયા છે, અમારાં કપડાં અને પગરખાં પણ લાંબા પ્રવાસને કારણે ઘસાઈ ને ફાટી ગયાં છે."

14ઈસ્રાએલીઓના આગેવાનોએ તેમના થેલાઓમાંથી તેઓની રોટલીઓ ચાખી પણ યહોવાની સલાહ લીધી નહિં.
15યહોશુઆએ તેમની સાથે શાંતિના કરાર કર્યા અને તેમને જીવનદાન આપવાનું વચન આપ્યું. અને ઈસ્રાએલના સમાજના આગેવાનોએ તેને વચન આપીને મંજૂરી આપી.

16પરંતુ સંધિ કર્યા બાદ ત્રણ દિવસ પછી સાચી હકીકત જાહેર થઈ કે એ લોકો તો તેમના નજીકના પાડોશીઓ જ હતા.
17તેથી ઈસ્રાએલી લોકો ગિબયોનીઓ જ્યાં રહ્યાં તે જગ્યાએ જવા તૈયાર થયા. ત્રીજે દિવસે તે લોકોનાં નગરો ગિબયોન, કફીરાહ, બેએરોથ અને કિર્યાથ-યઆરીમ આવી પહોંચ્યા.

18પરંતુ આગેવાનોએ ઈસ્રાએલના દેવ યહોવાના નામ પર શપથ લીધાં હતા કે તેઓ તેમના પર હુમલો નહીં કરે, એટલે તેઓ તેમને મારી શક્યાં નહિ, બધા લોકોએ આગેવાનો વિરુદ્ધ ફરિયાદ કરી.
19તેથી આગેવાનોએ ભરી સભામાં જણાવ્યું, "આપણે ઈસ્રાએલના દેવ યહોવો સમક્ષ એ લોકોને સમ લઈને વચન આપ્યું છે, એટલે આ પ્રમાણે કરીશું:
20આપણે તેમને જીવતા રહેવા દઈશું; કારણ કે જો એમ વચનનો ભંગ કરીએ તો યહોવાનો કોપ આપણા પર આવી પડે."

21તેથી એ લોકો જીવતા રહે. પણ તેઓએ સમાજના કઠિયારા અને પખાલી થવું પડશે." લોકો આગેવાનોના કહ્યા પ્રમાણે કરવાને કબૂલ થયા અને શાંતિના કરારનો ભંગ કર્યો નહિં.
22યહોશુઆએ ગિબયોનના માણસોને બોલાવડાવ્યા અને કહ્યું, "તમે અમારી નજીકમાં જ રહેતા હોવા છતાં, અમે દૂર દેશમાં રહીએ છીએ એ કહીને અમારી સાથે છેતરપિંડી શા માટે કરી?
23આથી તમે હવે શાપિત થયા છો. તમે બધા સદા માટે અમારા ગુલામ થશો. તમે અમારા દેવના મંદિરના પખાલી અને કઠિયારા રહેશો."

24તેઓએ પ્રત્યુત્તર આપ્યો, "અમે એવું એટલા માટે કર્યું કે અમને ચોકકસ ખબર મળી હતી કે તમારા દેવ યહોવાએ પોતાના સેવક મૂસાને આ આખો દેશ તમને આપવાની અને એના સર્વ રહેવાસીઓનો સંહાર કરવાની આજ્ઞા કરી હતી. આથી તમે જેમ જેમ અમારા તરફ આગળ વધ્યા તેમ તેમ અમને તમારો ખૂબ ભય લાગવા માંડયો કે તમે અમને મારી નાખશો, તેથી અમે આમ કર્યુ.
25પરંતુ હવે અમે તમારા હાથમાં છીએ, તમને જેમ યોગ્ય લાગે તેમ કરો."

26તેથી યહોશુઆએ તે લોકોને મારી નાખવાની પરવાનગી ઈસ્રાએલી લોકોને આપી નહિં અને તેઓને ઉગારી લીધા.
27પણ ત્યાર પછી યહોશુઆએ આ લોકોને લાકડું કાપવા અને ઈસ્રાએલના લોકો માટે અને યહોવાના મંદિર માટે પાણી લાવવા ફરજ પાડી. આજ દિવસ સુધી તેઓ યહોવાએ પસંદ કરેલ જગ્યાએ આજ કામ કરી રહ્યાં છે.

### તે દિવસે સૂર્ય પણ થંભી ગયો

10 જયારે યરૂશાલેમના રાજા અદોની સેદેકે સાંભળ્યું કે, યહોશુઆએ આયનગર કબજે કર્યુ છે અને તેણે જેમ યરીખોનો અને તેના રાજાનો નાશ કર્યો હતો તેમ આયનગરનો અને તેના રાજાનો પણ નાશ કર્યો છે, અને ગિબયોનની પ્રજાએ ઈસ્રાએલ સાથે શાંતિકરાર કરીને તેમની સાથે રહેવા માંડયું છે.
2તે વિષે જાણ્યું ત્યારથી યરૂશાલેમના લોકો ઘણા જ ડરી ગયા, કારણ કે ગિબયોન તો મહાનગર હતું અને તે રાજનગર જેવું હતું અને તે આયનગર કરતાં વિશાળ હતું. તે નગરના લોકો ખૂબ બહાદુર હતાં, અને તેઓ તેના માટે બહુ પ્રખ્યાત હતા.
3તેથી યરૂશાલેમના રાજા અદોનીસેદેકે હેબ્રોનના રાજા હોહામને, યર્મૂથના રાજા પિરામને, લાખિશના રાજા યાફિયાને અને એગ્લોનના રાજા દબીરને સંદેશો મોકલ્યો.

4"મારી સાથે આવ અને મને ગિબયોન પર આક્રમણ કરવા મદદ કર. ગિબયોને યહોશુઆ અને ઈસ્રાએલના લોકો સાથે શાંતિકરાર કર્યો હતો."

5એ પાંચ અમોરી રાજાઓ-યરૂશાલેમ, હેબ્રોન, યાર્મૂથ, લાખિશ અને એગ્લોનના રાજાઓ ભેગા થઈને પોતાનાં લશ્કરો સાથે ઊપડયા અને ગિબયોનને ઘેરી લઈ તેમણે તેના ઉપર હુમલો કર્યો,

6પરંતુ ગિબયોનના લોકોએ યહોશુઆને ગિલ્ગાલની
છાવણીમાં સંદેશો મોકલાવ્યો કે, "અમે તમારા દાસો છીએ,
અમને એકલા ન મૂકશો, વહેલા અમારી તરફ આવો અને
અમારું રક્ષણ કરો, કારણ કે પર્વતીય પ્રદેશમાં બધા અમોરી
રાજાઓ અમારી વિરુદ્ધ એક થઈ ગયા છે."
7આથી યહોશુઆ પોતાના લશ્કરના બધા શૂરવીર
યોદ્ધાઓને લઈને ગિલ્ગાલથી ત્યાં પહોંચી ગયો. 8પછી
યહોવાએ યહોશુઆને કહ્યું, "એ લોકોથી ડરતો નહિં. હું
તમને, તેમને હરાવવા દઈશ અને તેમનામાંનો કોઈપણ
તમને હરાવી શકશે નહી."
9યહોશુઆએ ગિલ્ગાલથી નીકળી આખી રાત કૂચ કરીને
તેમના ઉપર અચાનક છાપો માર્યો.
10યહોવાએ ગિબયોનના લશ્કરોનેખૂબ મૂંઝવી નાખ્યાં,
તેથી ઈસ્રાએલે તેમને હરાવી દીધા. તેઓએ તેમનો પીછો
બેથ–હોરોનના રસ્તા પર કર્યો, અને તેમને બધાને અઝેકાહ
અને મકેદાહ સુધી મારી નાખ્યા. 11શત્રુનું સૈન્ય ઈસ્રાએલના
સૈન્યથી ભાગીને બેથ–હોરોનના રસ્તે આવ્યું અને અઝેકાહ
સુધીના સમગ્ર માર્ગમાં યહોવાએ આકાશમાંથી તેમના ઉપર
મોટા બરફના કરા વરસાવ્યા. ઈસ્રાએલી સૈનિકોની તલવારો
કરતાં બરફના કરાઓથી વધારે શત્રુઓ મર્યા હતાં.
12તે દિવસે યહોવાએ ઈસ્રાએલને અમોરીઓને હરાવવા
દીધા. અને તે દિવસે યહોશુઆ ઈસ્રાએલના બધા લોકો
સમક્ષ ઊભો રહ્યો અને યહોવાને કહ્યું:
"ઓ સૂર્ય; ગિબયોન ઉપર થંભી જા. ઓ ચંદ્ર આયલોનની
ખીણ ઉપર સ્થિર થા."
13તેથી જ્યાં સુધી આ લોકોએ શત્રુઓ પર વિજય મેળવ્યો
સૂર્ય હલ્યો નહિં અને ચંદ્ર થોભી ગયો. આ ઘટનાનું વિશદ
વિસ્તૃત વર્ણન યાશારના ગ્રંથમાં લખેલું છે, તેમ સૂર્ય આકાશની
વચ્ચોવચ થંભી ગયો અને લગભગ એક દિવસ સુધી તેણે
આથમી જવામાં વિલંબ કર્યો. 14તે દિવસ પહેલા અને ત્યાર
પછી આવું કદી બન્યું નથી જ્યારે સૂર્ય અને ચંદ્ર થોભી ગયા
હોય. એ બધું એક માણસની પ્રાર્થનાના કારણે થયું હતું.
જેથી યહોવાએ કોઈ માણસનું સાંભળ્યું અને ઈસ્રાએલના
લોકો માટે લડયાં.
15પછી યહોશુઆ ઈસ્રાએલીઓ સાથે ગિલ્ગાલની
છાવણીમાં પાછા ગયા. 16યુદ્ધ દરમ્યાન પેલા પાંચ રાજાઓ
ભાગીને મક્કીદાહની ગુફામાં છૂપાઈ ગયા હતા. 17તેઓને
શોધવામાં આવ્યાં હતાં અને મક્કેદાહ પાસેની ગુફામાં
છૂપાયેલા મળ્યા. જ્યારે યહોશુઆએ આના વિશે સાંભળ્યું.
તેણે આમ કહીને જવાબ આપ્યો: 18"ગુફાના મુખદ્વાર ને
બંધ કરવા મોટા પથ્થરો મુકો અને રાજાઓ ભાગી ન જાય તે
જોવા રક્ષકો મૂકો. 19શત્રુ સૈન્યનો પીછો કરવાનું ચાલુ રાખો
અને પાછળથી તેમના ઉપર હુમલા કરજો. તેમને તેમના
શહેરમાં ફરવા દેશો નહિં. તમારા દેવ યહોવાએ આ લોકોને
તમારા હાથમાં સોંપી દીધા છે."
20યહોશુઆ અને ઈસ્રાએલીઓએ દુશ્મનો મારવાનું શરૂ
કર્યુ અને લગભગ બધાંને મારી નાખ્યાં. તેઓ કે જે છટકી
ગયાં કિલ્લાવાળા શહેરોમાં સંતાયા. થોડા બચી ગયા તેમણ
કિલ્લાબંધ શહેરોમાં આશ્રય લીધો. 21ત્યારબાદ યહોશુઆના
માણસો તેમની મક્કેદાહની છાવણી પર સુરક્ષિત પાછા ફર્યા.
પછી કોઈએ ઈસ્રાએલના લોકો સામે કંઈપણ કહેવા માટે
હિમ્મત કરી નહીં.
22હવે યહોશુઆએ કહ્યું, "પેલી ગુફાનું મુખ ખોલો અને
એ પાંચ રાજાઓને બહાર કાઢી મારી પાસે લઈ આવો."
23એટલે તેઓએ તે પ્રમાણે કર્યુ અને યરૂશાલેમના, હેબ્રોન,
યાર્મૂથ, લાખિશ અને એગ્લોનના પાંચેય રાજાઓને ગુફામાંથી
બહાર કાઢયા. 24જયારે આ રાજાઓને યહોશુઆ સમક્ષ
લાવવામાં આવ્યા, બધા ઈસ્રાએલીઓને બોલાવાયા અને
યહોશુઆએ તેના સૈન્યના અધિકારીઓને કહ્યું: "અહીં આવો
અને તેમની ડોક પર તમારો પગ રાખો." તેથી તેઓએ તેઓનાં
પગ રાજાની ડોક પર મૂક્યા.
25પછી યહોશુઆએ તે લોકોને કહ્યું, "ગભરાશો નહિં કે
જરા ય નાહિમ્મત થશો નહિં, બહાદુર અને મક્કમ બનજો.
કારણ કે તમારા દરેક દુશ્મન સાથે યહોવા આ પ્રમાણે જ
કરશે, આવા જ હાલ તેમના કરશે."
26પછી યહોશુઆએ તે રાજાઓને તલવારથી મારી નાખ્યા.
અને તેમનાં શબ પાંચ ઝાડ ઉપર લટકાવ્યાં, અને છેક સાંજ
થતાં સુધી તે ત્યાં લટકતાં રહ્યાં. 27પછી સૂર્યાસ્ત થવાના
સમયે તેઓના મૃતદેહોને ઝાડ પરથી ઉતાર્યા અને તેઓ જે
ગુફામાં સંતાઈ રહ્યા હતા તેમાં ફેંકી દીધાં, પછી ગુફાના
મુખદ્વાર આગળ મોટા પથ્થરો મૂકવામાં આવ્યા, જે આજે
પણ છે. 28યહોશુઆએ તે દિવસે મક્કેદાહ કબજે કર્યું. અને
તેના લોકોને તથા રાજાને મોતને ઘાટ ઉતાર્યા. નગરના બધા
માણસોનો તેણે સંહાર કર્યો. તેણે યરીખોના રાજાના જે હાલ
કર્યા હતા તે જ હાલ મક્કેદાહના રાજાના પણ કર્યા.

## દક્ષિણના શહેરોની પ્રાપ્તિ

29ત્યારબાદ યહોશુઆ અને તેની સેનાએ મક્કેદાહ છોડ્યું
અને લિબ્ના જઈને તે શહેર પર આક્રમણ કર્યુ. 30યહોવાએ
એ પણ ઈસ્રાએલીઓના હાથમાં સોંપી દીધું. અને તેમણે
ત્યાંનાં બધાંજ માણસોને તલવારને ઘાટ ઊતાર્યા. કોઈને
છોડયા નહિં. અને યરીખોના રાજાની જે હાલત કરી હતી તે
જ હાલત ત્યાંના રાજાની કરી.
31એ પછી યહોશુઆ અને બધા ઈસ્રાએલી લોકો
લિબ્નાહથી લાખિશ ગયાં. તેમણે તે શહેરને ઘેરો ઘાલી તેના
પર હુમલો કર્યો. 32પછી યહોવાએ લાખિશ ઈસ્રાએલના
હાથમાં સોંપી દીધું. બીજે દિવસે તેમણે તેનો કબજો લીધો
અને લિબ્નાહમાં જે કર્યુ હતું તે જ ત્યાંના બધાં જ માણસોનું
કર્યુ. સૌને તલવારને ઘાટ ઉતાર્યા. 33દરમ્યાનમાં ગેઝરનો
રાજા હેરામ લાખિશને મદદ કરવા આવ્યો પણ યહોશુઆએ
અને તેના માણસોએ તેમને બધાંને મારી નાખ્યાં. તેનાં
સૈન્યનો સંપૂર્ણ નાશ કર્યો.
34ત્યારપછી યહોશુઆ અને તેનું સૈન્ય લાખિશથી એગ્લોન
ગયું. તેમણે તેને ઘેરો ઘાલી હુમલો કર્યો. 35તે જ દિવસે

તેમણે તેને કબજે કર્યુ. અને લાખિશમાં કર્યુ હતું તેમ ત્યાંનાં
બધાં જ માણસોનો સંહાર કર્યો.
36એગ્લોન છોડયા પછી તેઓએ હેબ્રોન પર આક્રમણ
કર્યુ. 37અને રાજાની સાથે, લોકો અને નજીકનાં શહેરોમાં
રહેતાં બીજા લોકોને પણ મારી નાખવામાં આવ્યાં હતાં.
કોઈને પણ જીવતું છોડવામાં આવ્યું નહોતું. તેઓએ
એગ્લોનને જેમ કર્યુ હતું તેમ કર્યુ.
38ત્યારબાદ યહોશુઆ અને તેના સૈન્યે પાછા દબીર જઈ
તેના ઉપર હુમલો કર્યો. 39તેમણે દબીરને, તેના રાજાને અને
આજુબાજુનાં ગામોને કબજે કર્યા. અને તેમને મોતને ઘાટ
ઊતારી દીધા, તેણે ત્યાંના બધાંજ માણસોનો સંહાર કર્યો.
યહોશુઆએ હેબ્રોન, લિબ્ના અને તેના રાજાઓના જે હાલ
કર્યા હતા તે જ હાલ દબીરના અને ત્યાંના રાજાના કર્યા.
40આ રીતે યહોશુઆએ સંપૂર્ણ ભૂમિ હરાવી: પહાડી દેશ,
નેગેવ, પશ્ચિમની તળેટીઓ, ઢોળાવો અને તેમના બધા
રાજાઓ. તેણે કોઈને જીવતા જવા દીધાં નહિં. ઈસ્રાએલના
દેવ યહોવાની આજ્ઞા પ્રમાણે તેમણે એકેએક પ્રાણીનો નાશ
કર્યો.
41યહોશુઆએ કાદેશ બર્નિયાથી ગાઝા સુધી બધાને
હરાવ્યાં અને ગિબયોનના શહેર ગોશેનની બધી ભૂમિ.
42એકજ સમયે યહોશુઆ આ બધા રાજાઓ અને તેમની
જમીન જીત્યો. કારણ કે ઈસ્રાએલના યહોવા દેવ લોકોને
પક્ષે રહીને લડતાં હતા. 43આ પછી યહોશુઆ અને તેનું
લશ્કર પાછાં ગિલ્ગાલની છાવણીમાં ગયા.

## અન્ય નગરો અને રાજાઓ પર વિજય

11 આ સમાચાર હાસોરના રાજા યાબીનને પહોચ્યા.
યાબીને આ શબ્દો આપેલા રાજાઓને મોકલ્યા:
માદોનનો રાજા  શિમ્રોનનો રાજા યોબાબ અને આર્ખશાનો
રાજા; 2ઉત્તરના પર્વતીય પ્રદેશનાં બધાં રાજાઓ:, યર્દનની
ખીણ, કન્નેરેથ તળાવનું દક્ષિણ, થી પશ્ચિમ તળેટીઓ અને
પશ્ચિમમાં નાફોથ દોર. 3 પૂર્વમાં અને પશ્ચિમમાં કનાનીઓને,
અમોરીઓને, હિત્તીઓને, પરીઝીઓને અને પર્વતીય પ્રદેશમાં
રહેતા યબૂસીઓ અને હિવ્વીઓ જે મિસ્પાહ ક્ષેત્રમાં હેર્મોન
પર્વતના ચરણ પાસે રહ્યાં- તે બધાને, તેણે સંદેશો મોકલ્યો.
4આ સર્વ રાજાઓ ઈસ્રાએલને કચડી નાખવાના હેતુ સાથે
પોતપોતાના આખા સૈન્યો સાથે નીકળી પડયા. એમાં
સાગરકાંઠાની રેતીના કણોની જેમ ગણ્યા ગણાય નહિં એવા
અસંખ્ય ઘોડા અને રથ હતા. વ્યૂહરચના કરીને અસંખ્ય
લોકો મેરોમ સરોવરની આસપાસ એકત્ર થયા,
5કારણ કે એ બધા રાજાઓએ ભેગા થઈને ઈસ્રાએલીઓ
સામે લડવા માટે મેરોમ સરોવર પાસે પોતાનો પડાવ નાખ્યો
હતો.
6પછી યહોવાએ યહોશુઆને કહ્યું, "એ સૈન્યથી ગભરાઈશ
નહિં. હું તમને તેમને હરાવવા દઈશ. કાલ આ સમય સુધીમાં,
તમે તે બધાને મારી નાખ્યા હશે. તમે ઘોડાઓના પગો
કાપશો અને તેઓના બધાં રથો બાળશો."
7આથી યહોશુઆ અને તેના માણસોનું સૈન્ય એકાએક
મેરોમ સરોવર આગળ આવીને તેમના ઉપર તૂટી પડયું.
8યહોવાએ એ લોકોને ઈસ્રાએલીઓના હાથમાં સોંપી દીધા
અને તેઓએ તેમને હરાવ્યા અને ઉત્તર તરફ છેક મહાનગર
સિદોન અને પૂર્વમાં મિસ્રેફોથ-માઈમ સુધી અને પૂર્વ તરફ
ઠેઠ મિસ્પાહની ખીણ સુધી તેમને ભાગતાં કર્યા બધાં શત્રુઓ
મરી ગયાં ત્યાં સુધી ઈસ્રાએલીઓએ લડવાનું ચાલું રાખ્યું,
9યહોશુઆએ કર્યુ જે યહોવાએ કહ્યું હતું યહોશુઆએ તેઓના
ઘોડાઓનાં પગ કાપ્યાં અને તેમના રથ બાળ્યાં.
10ત્યારબાદ યહોશુઆએ પાછા ફરીને હાસોર કબજે કર્યુ,
અને તેના રાજાને મોતને ઘાટ ઉતાર્યો. તે સમયે હાસોર
બધાં જ સંયુકત રાષ્ટ્રોનું પાટનગર હતું. 11તેમણે ત્યાંના એકેએક
માણસને મારી નાખ્યો. કોઈનેય જીવતો જવા દીધો નહિં;
અને નગરનો અગ્નિમાં નાશ કર્યો.
12યહોશુઆ એ બધા રાજાઓને અને તેમનાં નગરોને
કબજે કર્યા, અને યહોવાના સેવક મૂસાએ જણાવ્યા મુજબ
હત્યાકાંડ ચલાવી તેમનો નાશ કર્યો. 13પણ ઈસ્રાએલી લોકો
ટેકરીઓ પર બાંધેલા નગરોમાંથી હાસોર સિવાય કોઈપણને
બાળ્યું  ન હતું. 14ઈસ્રાએલી લોકોને શહેરોમાંથી જે બધી
વસ્તુઓ મળી તે પોતાનાં માટે રાખી. તેઓએ શહેરમાં જે
પ્રાણીઓ મળ્યાં તે રાખ્યાં. પણ તેઓએ ત્યાંના બધા માણસોને
મારી નાખ્યાં. તેઓએ કોઈ લોકોને જીવતા ન છોડ્યાં. 15જેમ
યહોવાએ તેના સેવક મૂસાને આજ્ઞાંકિત કર્યો, ફકત તેમજ
મૂસાએ યહોશુઆને આજ્ઞાંકિત કર્યો અને યહોશુઆએ તે
પાળ્યું. તેણે તે બધું કર્યુ જેના માટે યહોવાએ મૂસાને આજ્ઞાંકિત
કર્યો હતો:
16આ રીતે યહોશુઆએ સમગ્ર ભૂમિ ડુંગરાળ પ્રદેશ,
નીચાણનો પ્રદેશ, સમગ્ર દક્ષિણનો પ્રદેશ, ગોશેનનો સમગ્ર
પ્રદેશ, પશ્ચિમી ટેકરીઓ, યર્દનની ખીણ, ઈસ્રાએલનો પર્વતીય
પ્રદેશ અને તેની ટેકરીઓ કબજે કરી. 17તેણે સેઈર નજીક
હાલાક પર્વતથી હેર્મોન પર્વત નીચે લબાનોનની ખીણમાં
બાલ-ગાદ સુધીની બધી જમીનનું શાસન લીધું. તેણે તે
દેશોના રાજાઓને પકડયા અને તેમને મારી નાખ્યા. 18આ
બધા રાજાઓ સાથે યહોશુઆએ ખૂબ લાંબું યુદ્ધ કર્યુ હતું,
19ફકત ગિબયોનમાં રહેનારા હિવ્વીઓ સાથે યહોશુઆ અને
ઈસ્રાએલીઓએ શાંતિકરાર કર્યો હતો. બીજા સર્વ નગરોને
યુદ્ધમાં હરાવવામાં આવ્યાં. 20કારણકે યહોવાએ શત્રુઓના
મન કઠોર બનાવી નાખ્યા હતાં જેઓ ઈસ્રાએલ સામે લડવા
કૃતનિશ્ચય હતા. જેથી યહોવાએ મૂસાને જણાવ્યા મુજબ
તેઓ નિર્દયી રીતે માર્યા જાય.
21ત્યારબાદ યહોશુઆએ પર્વતીય દેશ, હેબ્રોન, દબીર,
અનાબ, યહૂદીયાના પર્વતીય પ્રદેશ અને ઈસ્રાએલના સમગ્ર
પર્વતીય પ્રદેશમાં રહેનારા અનાકીઓનો નાશ કર્યો.
22યહોશુઆએ બધા અનાકીઓનો તેમના નગરો સાથે નાશ
કર્યો હતો. તેથી તેઓમાનું કોઈપણ ઈસ્રાએલીઓની ભૂમિમાં
બચ્યું નહિં. બસ થોડા જ ગાઝા, ગાથ અને આશ્દોદમાં
બાકી રહ્યાં. 23જેમ યહોવાએ મૂસાને જણાવ્યુ હતું તે મુજબ

યહોશુઆએ સમગ્ર પ્રદેશ કબજે કરી લીધો. તે તેણે
ઈસ્રાએલીઓને આપ્યો યહોશુઆએ બધા કુળસમૂહોને
તેમનો ભાગ આપ્યો પછી દેશમાં શાંતિ પ્રસરી રહી.

## પરાજીત રાજવીઓ

12 ઈસ્રાએલીઓએ યર્દન નદીના પૂર્વકાંઠાનો સમગ્ર
પ્રદેશ-અર્નોનની ખીણથી હેર્મોન પર્વત સુધીનો
પ્રદેશ અરાબાહની સમગ્ર પૂર્વીય બાજુ સાથે કબજે કરી
લીધો. ઈસ્રાએલીઓએ પરાસ્ત કરેલા રાજાઓનાં નામ આ
મુજબ છે:
2હેશ્બોનવાસી અમોરીઓના રાજા સિહોન પાસે
આર્નોનની ધારે આવેલા અરોએર અને ખીણનો મધ્યવર્તી
પ્રદેશ, અને અર્ધા ગિલયાદ થી છેક એમોનાની સરહદ યેબોક
નદી સુધી  નો પ્રદેશ હતો. 3તે પૂર્વીય યર્દનની ખીણ પર
ગાલીલના સરોવરથી મૃતસરોવર સુધી, બેથ-યશીમોથ
સુધીના અને દક્ષિણ તરફ પિસ્ગાહ પર્વતના ઢોળાવ પ્રદેશ
સુધી  રાજ્ય કરતો હતો.
4બાશાનનો રાજા ઓગ, જે રફાઈમીઓ માંનો છેલ્લો હતો
તે આશ્તારોથ અને એડ્રેઈમાં રહેતો હતો; 5તે હેર્મોન પર્વત,
સાલખાહ અને છેક ગશૂરીઓ તથા માઅખાથીઓની સરહદ
સુધીના આખા બાશાન પ્રાંત ઉપર તથા છેક હેશ્બોનના
રાજા સિહોનની સરહદ સુધી અડધા ગિલયાદ પ્રાંત ઉપર
રાજ કરતો હતો.
6યહોવાના સેવક મૂસાએ  રાજાઓને ઈસ્રાએલીઓની
મદદથી હરાવ્યા, અને તેમની ભૂમિ પ્રદેશ રૂબેન, ગાદના
કુળ સમૂહો  અને મનાશ્શાના અડધા કુળસમૂહને મૂસા
દ્વારા આપવામાં આવી હતી.
7યહોશુઆ અને ઈસ્રાએલીઓએ યર્દન નદીની પશ્ચિમે
લબાનોની ખીણમાં આવેલ બાલગાદથી સેઈર નજીક આવેલા
હાલાક પર્વત સુધીના બધા રાજાઓને હરાવ્યા અને આ
ભૂમિને કુળસમૂહો વચ્ચે તેમના ભાગ પ્રમાણે વહેંચી આપી.
પ્રત્યેક કુળસમૂહને પોતાનો ભાગ વહેંચી આપ્યો. 8આ
વિસ્તારમાં યર્દનની ખીણમાં, પૂર્વીય ઢોળાવોમાં, પર્વતીય
પ્રદેશોમાં, પશ્ચિમી ટેકરીઓમાં, અરણ્ય પ્રદેશમાં, નેગેવમાં.
આ ભૂમિમાં હિત્તીઓ, અમોરીઓ, કનાનીઓ, પરિઝ્ઝીઓ,
હિવ્વીઓ તથા યબૂસીઓ રહેતા હતા.

| | | |
|---|---|---|
| 9 | યરીખોનો રાજા | 1 |
| | બેથેલની પાસેના આયનો રાજા | 1 |
| 10 | યરૂશાલેમનો રાજા | 1 |
| | હેબ્રોનનો રાજા | 1 |
| 11 | યાર્મૂથનો રાજા | 1 |
| | લાખિશનો રાજા | 1 |
| 12 | એગ્લોનનો રાજા | 1 |
| | ગેઝેરનો રાજા | 1 |
| 13 | દબીરનો રાજા | 1 |
| | ગેદેરનો રાજા | 1 |
| 14 | હોર્માહનો રાજા | 1 |
| | અરાદનો રાજા | 1 |
| 15 | લિબ્નાહનો રાજા | 1 |
| | અદુલ્લામનો રાજા | 1 |
| 16 | માક્કેદાહનો રાજા | 1 |
| | બેથેલનો રાજા | 1 |
| 17 | તાપ્પુઆહનો રાજા | 1 |
| | હેફેરનો રાજા | 1 |
| 18 | એફેકનો રાજા | 1 |
| | લાશ્શારોનનો રાજા | 1 |
| 19 | માદોનનો રાજા | 1 |
| | હાસોરનો રાજા | 1 |
| 20 | શિમ્રોન-મરોનનો રાજા | 1 |
| | આખ્શાફનો રાજા | 1 |
| 21 | તાઅનાખનો રાજા | 1 |
| | મગિદ્દોનો રાજા | 1 |
| 22 | કેદેશનો રાજા | 1 |
| | કાર્મેલમાંના યોકનઆમનો રાજા | 1 |
| 23 | દોરના પર્વત ઉપરનો દોરનો રાજા | 1 |
| | ગિલ્ગાલમાંના ગોઈમનો રાજા | 1 |
| 24 | આ રાજાઓનો સરવાળો | 31 |

## હજી સુધી ન મળેલી ભૂમિ

13 હવે યહોશુઆ ખૂબ વૃદ્ધ થયો હતો અને યહોવાએ
તેને કહ્યું, "તું વયોવૃદ્ધ થયો છે, અને હજી બીજાં
ઘણાં રાજયો જીતવાના બાકી છે, જે આ પ્રમાણે છે:
2પલિસ્તીઓનો સમગ્ર પ્રદેશ. ગશુરીઓનો સમગ્ર પ્રદેશ,
3મિસરની પૂર્વમાં શિહોરથી ઉત્તરમાં એક્રોન જે કનાનીઓની
ભૂમિ છે પાંચ પલિસ્તી શાસકો ગાઝા અશ્દોદ, આશ્કલોન,
ગિત્તી અને એક્રોન તથા અવીમની ભૂમિ, 4દક્ષિણમાં
કનાનીઓની બધી ભૂમિ અને મેરો જે સિદોની  લોકોના
કબજામાં હતો તથા એમોરીઓની સરહદમાં આવેલ અફેક,
5અને ગબાલીઓનો પ્રદેશ. અને પૂર્વ તરફનું આખું લબાનોન,
હાર્મોન પર્વત નીચે બાલગાદથી લેબો હામત સુધી,
6"લબાનોન થી મિસ્રેફોથ-માઈમ સુધીના પર્વતીય દેશમાં
રહેતા બધા સિદોની લોકો, ઈસ્રાએલી લોકોની સામે હું પોતેજ
તેઓને હાંકી કાઢીશ. મેં તમને આજ્ઞા કરી હતી  તેમ તમે
ઈસ્રાએલીઓ વચ્ચે ભૂમિના ભાગલા પાડો ત્યારે આ ભૂમિ
આવરી લેવાની ખાતરી કરો. 7હવે આ ભૂમિને નવ કુળ
સમૂહો અને મનાશ્શાના અર્ધા કુળ સમૂહ વચ્ચે વહેંચી
આપ."

## જમીનની ફાળવણી

8રૂબેન અને ગાદના કુળસમૂહો અને મનાશ્શા કુળના
બાકીના અડધાને યર્દન નદીને પૂર્વની જમીન મળી જે દેવના
સેવક મૂસાએ તેમને આપી હતી. 9તેણે આ ભૂમિ આર્નોન
ખીણની ધારે આવેલ અરોઅરથી અને શહેર કે જે ખીણની

વચ્ચે છે અને દીબોનથી મેદબા સુધીનો સમગ્ર સપાટ પ્રદેશ
કબ્જે કર્યા હતાં. 10અમોરી રાજા સિહોન જે હેશ્બોનથી
એમ્મોનીટસની સરહદ સુધી રાજય કરતો હતો, તેનાં બધાં
શહેર. 11અને ગિલયાદ; ગશૂર અને માઅખાથ પ્રદેશ; હેર્મોન
પર્વતનો સમગ્ર પ્રદેશ; બધું બાશાન છેક સાલખા, 12ઓગ
જેણે બાશાનમાં આશ્તારોથમાં અને એડ્રેઈમાં રાજ્ય કર્યુ તેનુ
સમગ્ર રાજ્ય તે ભૂમિ પર હતું. તે રફાઈઓનાં છેલ્લામાંનો
એક હતો, કારણ મૂસાએ રેફાઈઓ પર હુમલો કર્યો હતો
અને તેમને દૂર ખસેડી દીધાં હતાં. 13પણ ઈસ્રાએલીઓએ
ગશૂરીઓને અને માઅખાથીઓને હાંકી કાઢયા ન હતાં. તેઓ
આજે પણ ઈસ્રાએલના લોકો વચ્ચે રહે છે.

14ફક્ત લેવી કુળસમૂહને કોઈપણ ભૂમિ મળી ન હતી.
તેઓનો ભાગ ફક્ત ઈસ્રાએલના દેવ યહોવાને અર્પાતાં
દહનાર્પણો માંથી જ મળતો હશે જેમ યહોવાએ તેમને વચન
આપ્યું હતું. 15મૂસાએ રૂબેનના કુળસમૂહને ભૂમિ આપી
તેમની ટોળીઓ દ્વારા. 16તેઓને પ્રાપ્ત થયેલો અરોએરનો
પ્રદેશ જે અર્નોનની ખાડીની ધારે આવેલો છે, અને નગર જે
ખીણની મધ્યમાં આવેલું છે, અને મેબેદનો સમગ્ર સપાટ
પ્રદેશ. 17અને હેશ્બોનની સપાટ ભૂમિ અને તેના બધા નગરો,
દિબોન,બામોથ-બઆલ, બેથ-બઆલમેઓન, 18યાહાસ,
કદેમોથ, મેફાઆથ, 19કિર્યાથાઈમ, સિબ્માહ, ખીણમાંના
ડુંગર ઉપરનું સેરથશાહાર, 20બેથ-પેઓર, પિસ્ગાહ અને
બેથયશીમોથની ટેકરીઓ, 21ભૂમિમાં સપાટ ભૂમિમાં બધાં
નગરો અને અમોરી રાજા સિહોન જે હેશ્બોનમાં રાજ્ય કરતો
હતો તેના બધા રાજ્યોનો સમાવેશ થતો હતો. મૂસાએ તેને
અને મિદિયાનના નેતાઓ એવી, રેકેમ, સૂર, હૂર અને
શિઓનના* રેબાને પણ હરાવ્યા હતા. 22જે લોકોને
ઈસ્રાએલીઓએ યુદ્ધમાં મારી નાખ્યા હતાં તેમાં બઓર ના
દીકરા બલામ કે જે એક ભૂવો હતો-તેનો પણ સમાવેશ
થતો હતો. 23રૂબેનીઓની સરહદ યર્દન નદી અને તેના
કાંઠાનો પ્રદેશ હતો, રૂબેનીઓને આ જગ્યા તેમની ટોળીઓ
દ્વારા આપવામાં આવી હતી. જેઓને આ શહેરો ગામો સાથે
આપવામાં આવ્યા હતાં. 24મૂસાએ ગાદ કુળસમૂહને પણ
તેમની ટોળીઓ પ્રમાણે ભૂમિ આપી હતી.

25તેમની પાસે યાઝેરની ભૂમિ, ગિલયાદના બધાં શહેરો
અને અમોરીઓની અડધી ભૂમિ થી છેક અરોએર સુધી, જે
રાબ્બાહની પૂર્વે છે તે હતાં. 26એ પ્રદેશ હેશ્બોનથી તે રામાથ-
મિસ્પાહ અને બટોનીમ સુધી અને માહનાઈમથી દબીરની
સરહદ સુધી વિસ્તરેલો હતો. 27અને ખીણમાં બેથ-હારાન,
બેથ-નિમ્રાહ, સુક્કોથ અને સાફોન અને હેશ્બોનના રાજા
સિહોનનુ બાકીનું રાજ્ય. ઉત્તરમાં ગાલિલના સરોવરનો પ્રદેશ,
યર્દન નદીના પુર્વકાંઠા સુધીનો બધાં પ્રદેશ આવરી લેવાયેલો
હતો, જે તેમની પશ્ચિમ સરહદ હતી. 28ગાદના કુળસમૂહોએ
તે ટોળીઓ પ્રમાણે પ્રાપ્ત કરી, તેમા શહેરો અને તેના
ગામડાઓનો સમાવેશ થતો હતો. 29મૂસાએ મનાશ્શાના
અર્ધા કુળસમૂહને તેમની ટોળીઓ પ્રમાણે જમીન આપી
હતી. મનાશ્શા કુળ સમૂહના અડધા કુટુંબોને આ પ્રદેશ
મળ્યો હતો. 30તેઓની હદ માહનાઈમથી, આખું બાશાન,
બાશાનના રાજા ઓગનું સમગ્ર રાજય, બાશાનમાં આવેલા
યાઈરનાં બધા શહેરો, કુલ 60 નગરો, 31અનેઅડધું ગિલયાદ,
બાશાનના નગરો આશ્તારોથ અને એડ્રેઈ જ્યાં ઓગ રાજા
રહેતો. આ બધી ભૂમિ મૂસાએ મનાશ્શાના દીકરા માખીરના
અડધા કુટુંબોને આપી હતી.

32તેમજ મૂસાએ તેઓને, યર્દન નદી પાર, યરિકો પૂર્વે,
મોઆબનો સપાટ પ્રદેશ આપ્યો હતો. 33પરંતુ મૂસાએ લેવીના
કુળસમૂહને કોઈ ભૂમિ આપી ન હતી. યહોવાએ પોતેજ
તેમનો ભાગ થવાનું વચન તેમને આપ્યું હતુ. ઈસ્રાએલનો
દેવ યહોવા એ જ તમારો ભાગ છે, વતન વારસો છે, તમારી
સર્વ જરૂરિયાતોનો સ્ત્રોત માત્ર છે; અને તેથી યહોવા જ
તેઓની પ્રત્યેક જરૂરિયાતની કાળજી રાખશે.

14 આ ભૂમિઓ કનાનમાં છે જે ઈસ્રાએલીઓએ
ફાળવણી દ્વારા મેળવી. વહેચણી યાજક
એલઆઝાર, નૂનનો પુત્ર યહોશુઆ અને ઈસ્રાએલના
કુળસમૂહોના આગેવાનો દ્વારા કરવામાં આવી હતી. 2યહોવાએ
મૂસાને સાડા નવ કુળસમૂહો વચ્ચે ચિઠ્ઠી નાખીને પ્રદેશની
વહેંચણી કેમ કરવી તેની આજ્ઞા આપી હતી. 3મૂસાએ યર્દન
નદીની પૂર્વે. રૂબેનના કુળસમૂહો, ગાદ અને મનાશ્શાના
અડધાકુળને ભૂમિ આપી દીધી હતી. પણ તેણે લેવીકુળ
સમૂહોને કોઈ પ્રદેશ આપ્યો નહોતો. 4યૂસફના વંશજો બે
કુળસમૂહોમાં વહેંચાયેલા હતા: મનાશ્શા અને એફ્રાઈમ.
તેઓમાંના દરેકે થોડી જમીન મેળવી. પણ લેવીઓને
જમીનનો કોઈ ભાગ ન મળ્યો. રહેવા અને તેમનાં ઢોરઢાંખર
માટે, તેઓએ અમુક શહેરો અને તેમના ખેતરો મેળવ્યાં. 5જે
પ્રમાણે યહોવાએ મૂસાને આજ્ઞા આપી હતી, તે મુજબ
ઈસ્રાએલીઓએ ભૂમિ વહેંચી લીધી.

### કાલેબને ભૂમિ પ્રાપ્તિ

6એક દિવસ યહૂદાના કુળસમૂહના લોકો ગિલ્ગાલમાં
યહોશુઆ પાસે આવ્યાં. તેઓમાંના એક કનીઝઝી, કાલેબે
તેમને કહ્યું, "દેવના માણસ મૂસાએ કાદેશ-બાર્નેઆમાં તમારા
અને મારા વિષે શું કહ્યું હતું તે તમે જાણો છો? 7યહોવાના
સેવક મૂસાએ મને અમે જઈ રહ્યાં હતાં તે ભૂમિ જોવા
મોકલ્યો. તે સમયે હું 40 વર્ષનો હતો. જ્યારે હું પાછો
આવ્યો મે મૂસાને જમીન વિશે જે વિચાર્યુ તે કહ્યું. 8હું એક
પ્રમાણિક અહેવાલ લાવ્યો, પણ માણસો જે મારી સાથે આવ્યા
હતાં, તેઓએ લોકોને તેમના અહેવાલ વડે નિરૂત્સાહ કર્યા.
પણ હું મારા યહોવા દેવમાં શ્રદ્ધારાખી રહ્યોં. 9પછી તે દિવસે
મૂસાએ મને વચન આપ્યું હતું, "તમે યહોવા મારા દેવને
સંનિષ્ઠ હતાં. તેથી જે કોઈ જમીન પર તમે ચાલો, તે તમને
અને તમારા વંશજોને સદાને માટે આપી દેવામાં આવશે."

10"હવે જો, યહોવાએ મને હજી 45 વર્ષ સુધી જીવતો
રાખ્યો છે. તેના મૂસાના વચન પ્રમાણે જે ઈસ્રાએલીઓ

**શિઓન** અને શિઓન ના રાજકુમાર રેબા ને પણ હરાવ્યા હતાં.

રણમાંથી મુસાફરી કરી રહ્યાં હતાંત્યારે આપવામાં આવ્યું હતું. અને હવે હું 85 વર્ષનો છું. **11**આજે હું 85વર્ષનો થયો છું. અને મૂસાએ મને જાસૂસી કરવા મોકલ્યો ત્યારે હતો, તેવો જ હું મજબૂત છું. આજે પણ મારામાં યુદ્ધમાં જવાની ને બધાં કામો કરવાની શકિત તે વખતે હતી તેટલી જ છે. **12**હવે મને પર્વત દેશ આપ જેનુ વચન યહોવાએ બહુ પહેલા આપ્યું હતું. તે સમયે તમને માહિતગાર કરવામાં આવ્યાં હતાં કે, અનાકીઓ ત્યાં રહેલાં અને તેઓનાં શહેરો બહું મોટાં અને કિલ્લેબંધ હતાં. કદાચ મને યહોવાનો સાથ મળી રહેશે અને હું યહોવા દ્વારા અપાયેલા વચન પ્રમાણે તેમને ત્યાંથી હાંકી કાઢીશ."

**13**તેથી યહોશુઆએ યફૂન્નેહના દીકરા કાલેબને આશીર્વાદ આપ્યા અને હેબ્રોનનો પ્રદેશ તેને આપી દીધો. **14**આજે પણ હેબ્રોનની ભૂમિ યફૂન્નેહના દીકરા કાલેબના કુટુંબના હાથમાં છે, કારણ તેણે ઈસ્રાએલના દેવ યહોવાની આજ્ઞાનું નિષ્ઠાથી પાલન કર્યું હતું. **15**આ પહેલા હેબ્રોન કિર્યાથ-આર્બા તરીકે જાણીતું હતું. આર્બા અનાકીઓમાં સૌથી મહાન પુરુષ હતો. ત્યારે તે પ્રદેશમાં શાંતિ હતી.

## યહૂદા માટેની ભૂમિ

**15** યહૂદાના કુટુંબને ટોળીઓ પ્રમાણે ચિઠ્ઠી નાંખી ભૂમિ વહેંચવામાં આવી હતી. એ દક્ષિણ તરફ અદોમની સરહદ, તેમાનની ધારે આવેલા શીનના રણ સુધી ફેલાયલી છે. **2**તેમની દક્ષિણી સરહદ મૃતસમુદ્રના દક્ષિણ છેડાથી, આરંભ થતી હતી. **3**ત્યાંથી સરહદ સ્કોર્પિયન ઘાટની દક્ષિણ સુધી જાય છે, સીનની પાસે થઈને કાદેશ-બાર્નેઆની દક્ષિણે થઈને અને પછી હેસ્રોન પસાર થઈને આદાર સુધી અને ત્યાંથી તે કાર્કા તરફ વળી જાય છે. **4**પછી સરહદ અઝમોન સુધી ચાલુ રહે છે, ઈજીપ્તના ઝરણાં અને પછી ભુમધ્ય સમુદ્ર સુધી.

**5**તેની પૂર્વની સરહદ મૃત સરોવર સુધી આવેલ યર્દન નદીના મુખ તથા ઉત્તરની સરહદ યર્દન નદીના મુખ પાસે આવેલ બેથ-હોગ્લાહ સુધી ઉપર જતી હતી.

**6**પછી તે બેથ હોગ્લાથી ઉપર જઇ અને બેથ-અરાબાહની ઉત્તરે ચાલુ રહીને બોહાન જે રૂબેનનો પુત્ર હતો તેની શિલા સુધી તે જાય છે. **7**પછી સરહદ આખોરની ખીણ આગળ થઈને દબીર સુધી જાયછે, પછી ઉત્તર તરફ વળીને ગિલ્ગાલ તરફ વળેછે. ગિલ્ગાલ કોતરની દક્ષિણ બાજુએ અદુમ્મીમના ઘાટની સામે આવેલું છે. અદુમ્મીમ ઘાટની વચ્ચેથી કોતરની દક્ષિણે જઈને પછી એનશેમેશ જળ સ્રોત સુધી ચાલુ રહીને એનરોગેલ આગળ અટકતી હતી. **8**પછી સરહદ યબુસીઓ એટલે કે યરૂશાલેમના ઢાળની દક્ષિણથી બેન હીન્નોમની ખીણ સુધી જાય છે, પછી એ પર્વતના શિખર તરફ વળે છે, જે રેફાઈમની ખીણના ઉત્તર છેડા પર, હિન્નોમ ખીણની પશ્ચિમે આવેલો છે. **9**પછી સરહદ પર્વતના શિખર પરથી "નેફતોઆહનો જળસમૂહ" ઝરણા તરફ વળીને ત્યાંથી એક્રોન પર્વત પરના નગરોમાં જાય છે. તે જગ્યાએથી સરહદ બાલાહ જે "કિર્યાથ-યઆરીમ" તરીકે ઓળખાય છે તેના તરફ વળી જાય છે. **10**પછી સરહદ * બાઅલાહની પશ્ચિમે સેઈર ના પર્વતીય દેશ તરફ વળતી હતી; અને યારીમ પર્વતની ઉત્તર બાજુએ ઢાળ સુધી જઈને, નીચે ઊતરી બેથ-શેમેશ તરફ વળીને તિમ્નાહ તરફ જાય છે. **11**પછી સરહદ એક્રોની ઉત્તરની ટેકરી સુધી જાય છે. ત્યાંથી શિક્કરોન તરફ વળીને પછી બાઅલાહ પર્વતસુધી અને પછી યાબ્નએલ સુધી ચાલુ રહીને ભૂમધ્ય સમુદ્રમાં પૂરી થાય છે. **12**પશ્ચિમી સરહદ ભૂમધ્ય સમુદ્ર સુધી હતી. આ યહૂદાના કુળસમૂહની સરહદ છે.

**13**જેમ યહોવાએ યહોશુઆને આજ્ઞા કરી હતી તેમ, તેણે યફૂન્નેહના દીકરા કાલેબને યહૂદાના લોકોની ભૂમિમાંથી ભાગ આપ્યો. તેણે તેને કિરઆટ અરાબ આપ્યું હતું. અરબાહ અનાકનો પિતા હતો. **14**કાલેબે ત્યાંથી અનાકના ત્રણ દીકરા- શેશાઈ, અહીમાન અને તાલ્માય ને હાંકી કાઢયા. **15**કાલેબે ત્યાંથી જઈને દબીરના લોકો ઉપર ચઢાઈ કરી. પહેલાં દેબિર કિર્યાથ-સેફેર તરીકે જાણીતું હતું, **16**કાલેબે કહ્યું, "જે કોઈ કિર્યાથ-સેફેર ઉપર હુમલો કરી તેને કબજે કરશે તેને હું મારી દીકરી આખ્સાહ પરણાવીશ."

**17** કાલેબના ભાઈ કેનાઝના પુત્ર ઓથ્નીએલે એ શહેર કબજે કર્યું. તેથી કાલેબે તેને પોતાની દીકરી આખ્સાહ પરણાવી. **18**જયારે તે પરણીને આવી ત્યારે ઓથ્નીએલે તેને તેના બાપ પાસે એક ખેતરની માગણી કરવા ચડાવી. તે કાલેબ પાસે ગઈ અને ગધેડા ઉપરથી ઊતરી એટલે કાલેબે તેને પૂછયું, "તારે શું જોઈએ છે?"

**19**તેણીએ કહ્યું, "મને આશીર્વાદ આપો! તમે મને નેગેવનો સૂકો પ્રદેશ આપ્યો હતો. તેથી મને થોડી ભૂમિ આપો જેમાં પાણી હોય." આથી કાલેબે તેણીને ઉપરનાં અને નીચેનાં ઝરણાંઓ આપ્યાં.

**20**યહૂદાના કુળસમૂહને મળેલ ભૂમિ આ છે. દરેક કુટુંબને જમીનનો ભાગ મળ્યો હતો: **21**આ શહેરો યહૂદાના કુળસમૂહને મળેલા છે: નેગેવમાં અદોમની સરહદે આવેલાં શહેરો: કાબ્સએલ, એદેર, યાગૂર, **22**કીનાહ, દિમોનાહ, આદઆદાહ, **23**કેદેશ, હાસોર, પિથ્નાન, **24**ઝીફ, ટેલેમ, બેઆલોથ, **25**હાસોર હદાત્તાહ, કરીયોથ-હેસ્રોન એટલે કે હાસોર, **26**અમામ, શમા, મોલાદાહ, **27**હસાર-ગાદાહશ્હેમોન, બેથ-પેલેટ, **28**હસાર-શૂઆલ, બેર-શેબા, બિઝ્યોથ્યાહ. **29**બાઅલાહ, ઈયીમ, એસેમ, **30**એલ્તોલાદ, કસીલ, હોર્માહ, **31**સિકલાગ, માદમાન્નાહ, સાન્સાન્નાહ, **32**લબાઓથ, શિલ્હીમ, આયિન અને રિમ્મોન અને આસપાસના ગામડાઓ સહિત કુલ 29 શહેરો હતા,

**33**પશ્ચિમ ટેકરીના ઢોળાવમાં શહેરો: એશ્તાઓલ, સોરાહ, આશ્નાહ હતાં. **34**ઝાનોઆહ, એનગાન્નીમ, તાટપૂઆહ, એનામ, **35**યાર્મૂથ, અદુલ્લામ, સોખોહ, અઝેકાહ,

---

**પછી સરહદ** પશ્ચિમ તરફ સીરનાપહાડી પ્રદેશ તરફ વળે છે ત્યાંથી ઉત્તરી ઢોળાવનો પર્વત યારીમ-જે કે સાલોમ તરીકે ઓળખાય છે-તરફ ચાલુ રહીને બેથ-શેમેશ તરફ નીચે ઉતરીને તિમ્નાહ સુધી ચાલુ રહે છે.

36શાઅરાઈમ, અદીથાઈમ, ગદેરાહ, અને ગદરોથાઈમ અને
તેની આજુબાજુના ગામો સહિત કુલ 14 નગરો હતા.
37એ ઉપરાંત, સનાન, હદાશાહ, મિગ્દાલ, ગાદ,
38દિલઆન-મિસ્પાહ, યોકતએલ, 39લાખીશ, બોસ્કાથ,
એગ્લોન, 40કાબ્બોન, લાહમામ, કિથ્લીશ, 41ગદેરોથ, બેથ-
દાગોન, નાઅમાહ અને માક્કેદાહ: આજુબાજુના ગામો સહિત
કુલ 16 નગર,
42તદુપરાંત લિબ્નાહ, એથેર આશાન, 43યફતા, આશ્નાહ,
નસીબ, 44કઈલાહ, આખ્ઝીબ અને મારેશાહ તથા તેની
આજુબાજુના ગામો સહિત કુલ 9 નગરો હતા.
45યહુદાના લોકોને એક્રોનનું નગર પણ મળ્યું અને બધાં
શહેરો અને નજીકમાંના ગામો પણ મળ્યાં. 46તેઓને
એક્રોનની પશ્ચિમનો પ્રદેશ પણ મળ્યો હતો, તેની સરહદ
એક્રોનથી ભૂમધ્ય સમુદ્ર સુધી અને આશ્દોદની પાસે આવેલાં
નગરો તથા તેની આજુબાજુના ગામો સુધી હતી. 47પછી
આશ્દોદ અને તેની નજીકના શહેરો અને ગામો, ગાઝાના
અને તેની નજીકનાં શહેરો અને ગામોથી મિસરની નદી
સુધી અને ભુમધ્ય સમુદ્રના કિનારા સુધી હતી.
48પર્વતીય પ્રદેશના 44 નગરો તથા તેની આજુબાજુના
ગામો પણ વતન તરીકે મળ્યા હતાં. શામીર, યાત્તીર સોખોહ,
49દાન્નાહ, કિર્યાથ-સાન્નાહ (એટલે કે દબીર); 50અનાબ,
એશતમોહ, આનીમ, 51ગોશેન, હોલોન, ગિલોહ અને તેની
આજુબાજુના ગામો સહિત કુલ અગિયાર નગરો હતો.
52અરાબ, દુમાહ, એશઆન, 53યાનીમ, બેથ-તાપ્પૂઆહ,
અફેકાહ, 54હુમ્ટાહ, કિર્યાથ-આર્બા એટલે કે હેબ્રોન અને
સીયોર અને તેની આજુબાજુના ગામો સહિત કુલ 9 શહેરો
હતાં. 55માઓન, કાર્મેલ, ઝીફ, યુટાહ, 56યોકદઆમ,
ઝાનોઆહ, યિઝ્એલ, 57કાઈન, ગિબયાદ અને તિમ્નાહ
અને તેની આજુબાજુના ગામો સહિત કુલ 10 શહેરો હતા.
58હાલ્હૂલ, બેથ-સૂર, ગદોર, 59માઅરાથ, બેથ-અનોથ
અને એલ્તકોન, આજુબાજુના ગામો સહિત કુલ ત્યાં 6 શહેરો
હતા. 60કિર્યાથબાલ, ( કિર્યાથ-યઆરીમ) રાબ્બાહ અને તેની
નજીકનાં ગામો. સાથે ત્યાં બે શહેરો હતાં.
61રણમાં: બેથ-અરાબાહ, મિદીન, તથા સખાખાહ;
62નિબ્શાન, મીઠાનુંનગર અને એનગેદી અને તેની
આજુબાજુના ગામો સહિત કુલ 6 શહેરો હતા.
63પણ યહૂદાના લોકો યરૂશાલેમમાંથી યબૂસીઓને હાંકી
કાઢી શકયા નહિ, તેથી યબૂસીઓ યહૂદાના લોકોની સાથે
આજ સુધી યરૂશાલેમમાં રહે છે.

## એફ્રાઈમ કુળને ભાગમાં મળેલ પ્રદેશ

16 યૂસફના વંશજોના પ્રદેશની સરહદ યરીખોથી
માંડીને યર્દનથી શરૂ થઈ, યરીખોના ઝરણાની પૂર્વ
તરફ રણમાં થઈને બેથેલના પર્વતીય પ્રદેશ સુધી જતી હતી.
2અને તેની સરહદ બેથેલથી, અટારોથમાં આર્કીઓની સરહદ
સુધીની હતી; 3અને પશ્ચિમ તરફ તે યાફલેટીઓની સીમાથી
છેક નીચલા બેથ-હોરોન અને ગેઝેર સુધી અને તે ભૂમધ્ય
સમુદ્ર તરફ ચાલી.
4મનાશ્શા અને એફ્રાઈમના લોકોને મનાશ્શા અને
એફ્રાઈમ યૂસફના પુત્રો હતાં આ ભૂમિ મળી હતી.
5એફ્રાઈમનાં કુટુંબી જનોને મળેલી ભૂમિ આ હતી; તેમની
પૂર્વ દિશોની સરહદ અટેરોથ-એદારથી ઉપરના બેથ-હોઓન
સુધી હતી. 6ત્યાંથી તે સમુદ્ર સુધી જતી રહી. ઉત્તરે મિખ્મથાથ
હતું. પૂર્વમાં એ સરહદ તાઅનાથશીલોહ તરફ વળી અને
ત્યાંથી યાનોઆહના નજીકના વિસ્તાર તરફ વળતી હતી.
7પછી યાનોઆહ નીચે ઊતરીને અટેરોથ અને નાઅરાહ
જતી હતી. ત્યાંથી યરીખોજઈ યર્દન આગળ પૂરી થતી હતી.
8સરહદ કાના રેવાઈનથી પશ્ચિમ તપ્પુઆહ ગઈ. અને સમુદ્ર
પર પુરી થઈ. આ બધી ભૂમિ છે જે એફ્રાઈમ લોકોને આપવામાં
આવી હતી. તે કુળસમૂહમાં દરેક કુટુંબને આ ભૂમિનો ભાગ
મળ્યો. 9એફ્રાઈમના ધણા સરહદી નગરો મનાશ્શાની
સરહદમાં હતાં, પણ એફ્રાઈમના લોકોને આ નગરો અને
તેમની આજુબાજુના ખેતરો મળ્યા હતાં. 10પણ એફ્રાઈમીઓ
જે ગેઝેરમાં રહેતા અને કનાનીઓને તે ક્ષેત્રમાંથી તેઓએ
કદીય હાંકી કાઢયા નહિ, તેથી તેઓ આજ સુધી એફ્રાઈમના
લોકો વચ્ચે રહેતા આવ્યા છે; પણ તેમને ચાકરો તરીકે કામ
કરવું પડે છે.

## મનાશ્શાના અર્ધકુળને મળેલ પ્રદેશ

17 મનાશ્શા યૂસફનો જયેષ્ઠ પુત્ર હતો તેથી તેના
કુળસમૂહ ને પણ પ્રદેશનો ભાગ આપવામાં આવ્યો
હતો. ગિલયાદનો પિતા માખીર મનાશ્શાનો જયેષ્ઠ પુત્ર હતો
જે યોદ્ધો હતો. તેથી ગિલયાદ અને બાશાનના પ્રાંતો તેને
ફાળવવામાં આવ્યા હતા. 2મનાશ્શાનાં બાકીના કુળસમૂહના
કુટુમ્બોને પણ પ્રદેશ ફાળવવામાં આવ્યા હતા: અબીએઝેર,
હેલેક, આસ્રીએલ, શેખેમ, હેફેર અને શમીદા એ યૂસફના
દીકરા મનાશ્શાના દીકરા હતા. તેઓ કુટુંબના વડા હતા.
3મનાશ્શાના દીકરા માખીરના દીકરા ગિલયાદના દીકરા
હેફેરના દીકરા સલોપહાદને દીકરો ન હતો. ફકત દીકરીઓ
જ હતી, તેમનાં નામ માહલાહ, નોઆહ, હોગ્લાહ, મિલ્કાહ,
અને તિર્સાહ હતાં. 4તેઓ યાજક એલઆઝાર, નૂનના દીકરા
યહોશુઆને આગેવાનો પાસે આવ્યા અને તેણે કહ્યું,
"યહોવાએ મૂસાને હુકમ કર્યો હતો કે આપણા પુરુષ
સબંધીઓની જેમ અમને પણ પ્રદેશ આપવો." તેથી યહોશુઆ
દેવને અનુસર્યો અને તેમના કાકાઓના ભાગની જેમ તેમને
થોડી ભૂમિ આપી. 5આમ મનાશ્શાના કુળસમૂહને ભાગે
યર્દન નદીને સામે કાંઠે આવેલાં ગિલયાદ અને બાશાનની
ભૂમિ ઉપરાંત ભૂમિના દશ ભાગ મળ્યા. 6જ્યારે, મનાશ્શાની
દીકરીઓને પણ પુરુષ વંશજોની સાથે ભૂમિ મળી હતી.
ગિલયાદની ભૂમિ મનાશ્શાના બાકીના કુટુંબોને આપવામાં
આવી હતી. 7મનાશ્શાના પ્રદેશની સરહદ આશેરથી શરૂ
થઈ શખેમની પૂર્વે મિખ્મથાથ સુધી જતી હતી. પછી તે
દક્ષિણમાં એન-તાપ્પૂઆહ લોકો સુધી જતી હતી.

8તાપ્પૂઆહનો પ્રદેશ મનાશ્શાની માલિકીનો હતો. પણ
તાપ્પૂઆહ પોતે મનાશ્શાની સરહદ ઉપર આવેલું હતું અને
તેના માલિક એફ્રાઈમના વંશજો હતા. 9ત્યારબાદ સરહદ
કાનાહની ખીણ દક્ષિણ સુધી પહોંચી ગઈ. ખીણની દક્ષિણે
આવેલા આ શહેરો મનાશ્શાના પ્રદેશમાં આવેલાં શહેરો વચ્ચે
હોવા છતાં એફ્રાઈમના હતા. પરંતુ એફ્રાઈમની સરહદ
ખીણની ઉત્તરે હતી અને ભૂમધ્ય સમુદ્રમાં પૂરી થતી હતી.
10દક્ષિણ તરફની ભૂમિ એફ્રાઈમ ની હતી અને ઉત્તર તરફની
ભૂમિ મનાશ્શાની હતી. અને ભૂમધ્ય સમુદ્ર તેની પશ્ચિમી
સરહદ હતી સરહદ ઉત્તરમાં આશેરની ભૂમિને અને પૂર્વમાં
ઈસ્સાખારના પ્રદેશને અડતી હતી.

11મનાશ્શાના લોકોને ઈસ્સાખાર અને આશેરનાં ક્ષેત્રોમાં
પણ શહેરો હતાં. આ શહેરોનો પણ તેમાં સમાવેશ થતો
હતો: બેથ-શેઆન અને તેના નજીકના શહેરો, યિબ્લઆમ
અને તેની નજીકના શહેરો, દોર અને તેનાં નજીકના શહેરો,
અને દોર, એનદોર અને તાઅનાખ, મગિદોના નગરો અને
તેમના નજીકના શહેરો. તેઓ મનાશ્શાના કુળ દ્વારા શાષિત
હતાં. તેઓ નફોટાના ત્રણ શહેરોમાં પણ રહ્યાં. 12મનાશ્શાના
લોકો આ શહેરોની માલિકી મેળવી શક્યા નહિ, તેથી કનાનીઓ
ત્યાં રહ્યાં. 13જયારે ઈસ્રાએલીઓ બળવાન થયા ત્યારે પણ
તેમણે કનાનીઓને હાંકી ન કાઢયા પણ તેમને ચાકરો બનાવ્યા.

14યૂસફના બે પુત્રોએ યહોશુઆ પાસે જઈને કહ્યું, "જયારે
યહોવાએ અમને મોટી વસ્તી આપીને આશીર્વાદિત કર્યા છે
પછી તે અમને ભૂમિનો એક જ ભાગ કેમ આપ્યો છે?"

15યહોશુઆએ જવાબ આપ્યો, "જો એફ્રાઈમનો પર્વતીય
પ્રદેશ તમે બધા મોટી સંખ્યામાં હો, ને તે પૂરતો ના હોય, તો
તમે જો શકિતમાન હો તો પરિઝઝીઓ અને રફાઈઓ રહે છે
તે જંગલોને કાપી નાખીને જગ્યા કરો."

16યૂસફના લોકોએ કહ્યુ, "ડુંગરાળ દેશ અમારા માટે પૂરતો
નથી, પણ કનાનીઓ જે સપાટ પ્રદેશમાં રહે છે, તેમની
પાસે લોખંડના રથો છે. કનાનીઓ બેથશેઆન અને તેના
નજીકના શહેરો અને યિઝ્રએલ ખીણના ક્ષેત્રમાં રહેતાં."

17યહોશુઆએ યૂસફના લોકો મનાશ્શા અને એફ્રાઈમના
કુટુંબના લોકોને કહ્યું, "તમે બધા મોટી સંખ્યામાં છો અને
બહુ શકિતશાળી છો, તેથી તમને એક કરતા વધુ જમીનનો
ભાગ મળવો જોઈએ."

18પણ તમને ડુંગરાળ પ્રદેશ મળશે, એ જંગલથી
છવાયેલો છે, પણ તમે એને કાપીને જગ્યા લેજો. એના એક
છેડેથી બીજા છેડા સુધી એ પ્રદેશ તમારો થશે. કનાનીઓ
પાસે લોખંડના રથો છે, તેઓ બહુ શકિતશાળી છે
છતાંપણ મને ખાતરી છે કે તમે તેઓને ખીણમાંથી બહાર
કાઢી શકશો."

### શેષ પ્રદેશની વહેંચણી

18 સમગ્ર ઈસ્રાએલી લોકો શીલોહમાં એકત્ર થયા અને
તેમણે મુલાકાતમંડપ ઉભો કર્યો, હવે બધાં ક્ષેત્રો
જીતાઈ ગયા હતા અને તેમના તાબામાં હતા. 2હજી
ઈસ્રાએલીઓના સાત કુળ સમૂહોને જમીનનો ભાગ મળ્યો
નહોતો.

3આથી યહોશુઆએ તેમને કહ્યું, "યહોવા તમારા પૂર્વજોના
દેવે તમને આપેલી જમીન કબ્જે કરવાના સબંધમાં ક્યાં
સુધી તમે આળસુ બની રહેવાનું ચાલુ રાખશો?" 4પ્રત્યેક
કુળસમૂહમાંથી ત્રણ માણસો પસંદ કરો; હું તેમને આખા
દેશમાં મોકલીશ. અને તેઓ પ્રદેશનું વર્ણન લખશે અને
મારી પાસે પાછા આવશે. 5તેઓ ભૂમિને 7 ભાગમાં વહેંચી
દેશે; યહૂદા પોતાના દક્ષિણનાનિવાસમાં જ રહેશેઅને યૂસફના
લોકો ઉત્તરના પોતાના નિવાસમાં રહેશે. 6તમારો દેશ સાત
ભાગોમાં વિભાજીત અને ચિત્રિત થવાનો છે, અને તે લઈને
મારી પાસે આવજો, ત્યારબાદ હું આપણા દેવ યહોવાની
સાક્ષીએ ચિઠ્ઠી નાખીશ તમને ભાગ સરખા પ્રમાણમાં વહેંચી
આપીશ. 7પણ તમારી વચ્ચે રહેતા લેવી કુટુંબના લોકોને
તેમનો ભાગ નહીં મળે, કારણ યાજક તરીકે સેવા કરવી તે
તેમનો ભાગ છે. ગાદ અને રૂબેન કુળોના લોકો અને અર્ધા
મનાશ્શા કુળને યર્દન નદીની પૂર્વ ભાગની જમીન આપવામાં
આવી હતી, જે મૂસા, દેવના સેવકે તેમને આપી હતી."

8તેથી તે લોકો તેઓને ત્યાં શું મળ્યું તે વિશે યહોશુઆને
અહેવાલ પાછો આપવા જમીન જોવા ગયા. યહોશુઆએ
આ આદેશ તે માણસોને આપ્યો: "તે જમીનનું વર્ણન લખો,
તેમાંથી બધે મુસાફરી કરતી વખતે, અને પછી મારી પાસે
પાછા આવો. હું શીલોહ પર દેવની હાજરીમાં જમીનના
વિભાજન માટે ચિઠ્ઠીઓ નાખીશ."

9આથી તે માણસોએ જઈને આખો દેશ જોઇને બધી
વાતની નોંધ લીધી. તેઓએ બધા નગરો નોંધ્યાં અને ભૂમિને
સાત ભાગમાં વહેંચી અને શીલોહની છાવણીમાં યહોશુઆની
પાસે પાછા ફર્યા. 10યહોશુઆ શીલોહમાં હતો, અને યહોવા
પાસે ગયો અને તેની સામે ચિઠ્ઠીઓ નાખી અને
ઈસ્રાએલીઓના દરેક કુળસમૂહને તેમનો પોતાનો ભાગ
આપ્યો.

### બિન્યામિનને મળેલો પ્રદેશ

11બિન્યામીનના કુટુંબોનો ભાગ ચિઠ્ઠી નાખ્યાં પછી નક્કી
થયો હતો. તેમને આપવામાં આવેલો પ્રદેશ યહૂદાના અને
યૂસફના પ્રદેશ વચ્ચે આવેલો હતો. 12ઉત્તરમાં તેમની
સરહદ યર્દન નદીથી શરૂ થતી, અને ત્યાંથી નીચાણની ભૂમિ
પર યરીખોની ઉત્તરમાં તે ચાલુ રહી અને પછી તે પર્વતીય
ક્ષેત્રની પશ્ચિમે ગઈ અને બેથ-આવેન રણ ક્ષેત્ર સુધી ચાલુ
રહી. 13ત્યાથી એ સરહદ લૂઝ ની આજુબાજુ જાય છે,
ત્યાંથી લૂઝ (એટલે કે બેથેલ) ના દક્ષિણ ઢોળાવ સુધી જાય
છે. ત્યાંથી તે નીચે અટારોથ-આદાર જઈ, બેથ-હોરોનની
નીચે દક્ષિણે આવેલા પર્વતીય દેશ સુધી જાય છે. 14ત્યાંથી
સરહદ ધારદાર વળાંક લઈને પશ્ચિમ બાજુ પર, દક્ષિણ
બાજુ તરફ પર્વત પર કે જે બેથ-હોરોનની દક્ષિણે છે ત્યાં
જઈ, અને તે કિર્યાથ-બઆલ (એટલે કે કિર્યાથ-યઆરીમ)
કે જે યહૂદા લોકોનું નગર છે ત્યાં પૂરી થાય છે. આ તેમની

પશ્ચિમી સરહદ હતી. 15દક્ષિણ છેડા તરફ કિર્યાથ-યઆરીમથી નેફતોઆહ નદી સુધી વિસ્તરી, 16પછી સરહદ બેન હિન્નોમની ખીણની સામે આવેલ પર્વતની તળેટી સુધી જાય છે જે રેફાઈમની ખીણની ઉત્તરે છે, અને હિન્નોમ ખીણથી યબૂસી ઢોળાવ સુધી જઈ અને તે એન-રોગેલ સુધી જાય છે. 17ત્યાંથી એ ઉત્તરમાં વળીને અદુમ્મીમ ઘાટની સામે ગલીલોથ સુધી ચાલુ હતી ત્યાંથી સરહદ રૂબેનના દીકરા બોહાનના પથ્થર ની નીચે જતી હતી. 18પછી સરહદ બેથ અરાબાહના ઉત્તર ભાગ સુધી જતી હતી, પછી યર્દનની ખીણમાં જઈ, 19ત્યાંથી તે બેથ-હોગ્લાહના ઉત્તરીય ઢોળાવથી થઈ અને યર્દન દક્ષિણ છેડે મૃત સમુદ્રની ઉત્તરની ખાડી આગળ સરહદ પૂરી થાય છે. આ હતી દક્ષિણની સરહદો.

20યર્દન નદી એ પૂર્વની સરહદ હતી. બિન્યામીનના કુળસમૂહના કુટુંબોને મળેલા પ્રદેશની આ સરહદો હતી. 21બિન્યામીન કુળના કુટુંબો આ શહેરમાં રહ્યાં હતાં: યરીકો, બેથ-હોગ્લાહ, એમેક-કસીસ, 22બેથ-અરાબાહ, સમારાઈમ, બેથેલ, 23આવ્વીમ, પારાહ, ઓફ્રાહ, 24કફાર-અમ્મોની, ઓફની, અને ગેબા, બધા મળીને ત્યાં બાર શહેરો અને તેમનાં નજીકના ખેતરો હતાં.

25ઉપરાંત, ગિબયોન, રામા, બએરોથ, 26મિસ્પાહ, કફીરાહ, મોસાહ, 27રેકેમ, યિર્પએલ, તારઅલાહ, 28સેલાહ, એલેફ, યબૂસીશહેર (યરૂશાલેમ) ગિબયાથ, અને કિર્યાથ, બધા મળી-14 શહેરો અને તેમના ખેતરો હતા, બિન્યામીનનાં કુટુંબને આ બધા ક્ષેત્રો તેમના ભાગ તરીકે મળ્યા.

## શિમયોન વંશને મળેલ પ્રદેશ

19 શિમયોનના લોકોને જમીનનો બીજો ભાગ પ્રાપ્ત થયો. તેઓની ભૂમિ યહૂદાના લોકોના પ્રદેશની અંદર હતી. 2તેઓને મળ્યા: બેર-શેબા, જે શેબા તરીકે ઓળખાય છે, માલાદાહ, 3હસાર-શુઆલ, બાલાહ, એસેમ, 4એલ્તોલાદ, બથૂલ હોર્માહ, 5સિકલાગ, બેથ-માર્કાબોથ, હસાર-સુસાહ, 6બેથ-લબાઓથ અને શારૂહેન; અને આજુબાજુના ગામો સહિત કુલ 13 નગરો,

7તદુપરાંત, આયિન, રિમ્મોન, એથેર અને આશાન-એમ ગામોઓ સહિત ચાર શહેરો પણ એમા આવતાં હતાં. 8એમાં બાઅલાથ-બએર અને નેગેબના રામાહ સુધીનાં અને આ નેગેવની આજુબાજુના બધા ક્ષેત્રો તેનાં ગામડાઓ સાથે તેમજ શહેરો તેમાં આવરાયેલા હતાં. શિમયોનની કુળના લોકોને જે ભાગ મળ્યો તે આ પ્રમાણે હતૉ. શિમયોનના કુળસમૂહે તેમનો પ્રદેશ યહૂદાની ભૂમિની અંદર મેળવ્યો. 9યહૂદાના લોકો પાસે જોઈએ તે કરતાં વધારે પ્રદેશ હતો, તેથી શિમયોનનું ક્ષેત્ર તેમની ભૂમિ હતી.

## ઝબુલોનને મળેલો પ્રદેશ

10ઝબુલોન કુળસમૂહના કુટુંબોના ભાગમાં ત્રીજો ભાગ આવ્યો. તેમને મળેલો પ્રદેશ સારીદ સુધી વિસ્તાર પામેલો હતો. 11ત્યાંથી પશ્ચિમ સરહદ મારઅલાહની દિશામાં અને ત્યાંથી દાબ્બેશેથ સુધી અને યોકન-આમની પૂર્વે ખીણની પાસે. 12સારીદની બીજી બાજુએ એ સરહદ પૂર્વમાં કિસ્લોથ-તાબોરની સરહદ સુધી જઈ, ત્યાંથી દાબરાથ અને યાફીઆ સુધી ઉપર જતી હતી. 13ત્યાંથી તે પૂર્વ દિશમાં આગળના પ્રદેશમાં ગાથ-હેફેર અને એથ-કાસીન થઈ ત્યાંથી તે રિમ્મોન જાય છે અને ધારદાર રીતે નેઆહ તરફ વળે છે. 14નેઆહમાં સરહદ ફરીથી વળી અને ઉત્તર તરફ હાન્નાથોન તરફ અને પછી યફતાઅલની ખીણમાં જાય છે. 15તદુપરાંત કાટ્ટાથ, નાહલાલ, શિમ્રોન, યિદઅલાહ અને બેથલેહેમ એમ ગામો સહિત 12 નગરોનો તેમાં સમાવેશ થતો હતો.

16ઝબુલોનના વંશના કુટુંબોના ભાગમાં આ નગરો તેમના ગામો સહિત આવ્યાં હતાં.

## ઈસ્સાખારને મળેલો પ્રદેશ

17ઈસ્સાખારના કુળસમૂહના કુટુંબોને ભાગે ચોથો ભાગ આવ્યો. 18એના પ્રદેશમાં યિઝ્એલ, કસુલ્લોથ, સૂનેમ, 19હફારાઈમ, શીઓન, અનાહરાથ, 20રાબ્બીથ, કિશ્યોન, એબેસ, 21રેમેથ, એન-ગાન્નીમ, એન-હાદાહ અને બેથ-પસ્સેસનો સમાવેશ થતો હતો.

22એની સરહદ તાબોર, શાહસુમાહ, અને બેથશેમેશને અડતી હતી અને યર્દન આગળ પૂરી થતી હતી, એમાં ગામો સહિત 16 નગરોનો સમાવેશ થતો હતો. 23ઈસ્સાખારના કુળસમૂહના કુટુંબોના ભાગમાં આ નગરો તેમના ગામો સહિત આવી જતાં હતાં.

## આશેરને મળેલો પ્રદેશ

24આશેરના કુળસમૂહના કુટુંબોને ભાગે પાંચમો ભાગ આવ્યો. 25એની સરહદમાં હેલ્કાથ, હલી, બેટેન, આખ્શાફ, 26અલ્લામ્મેલેખ, આમઆદ, અને મિશઆલનો સમાવેશ થતો હતો.

પશ્ચિમમાં એની સરહદ કાર્મેલને અને શીહોર-લિબ્નાથને અડતી હતી. 27પૂર્વ તરફ વળ્યા પછી એ સરહદ બેથ-દાગોન થઈ ઝબુલોનને ઉત્તરમાં યફતાએલની ખીણને, બેથ-એમેક અને નેઈએલને અડીને ઉત્તર તરફ જઈ કાબૂલ, 28અબ્દોન,* રેહોબ, હામ્મોન અને કાનાહ થી છેક મહાન સિદોનથી. તે તેમની ભૂમિમાં સમાવેશ પામતી હતી. 29પછી તેમની સરહદ દક્ષિણ રામાહ તરફ ફરી અને ટાયરના તેણે વિસ્તારેલા શહેર સુધી, જઈ ત્યાથી, તે હોસાહ ગઈ અને તે અકઝીબ નજીક સમુદ્રમાં અંત પામી.

30એમાં મહલબ, આખ્ઝીબ, ઉમ્માહ, અફેક, અને રહોબનો સમાવેશ થતો હતો: ગામો સહિત કુલ 22 નગરો. 31આશેરના કુળસમૂહનાં કુટુંબોના ભાગ માં આ શહેરો તેમના ગામો સહિત આવ્યાં હતા.

---

**અબ્દોન** અથવા એબ્રોન.

### નફતાલીને મળેલો પ્રદેશ

32નફતાલીના કુળસમૂહના કુટુંબોને ભાગે છઠ્ઠો ભાગ
આવ્યો. 33તેમની સરહદ હેલેફ નજીક શરૂ થઈ, ઝાનાનીમમાં
મોટા ઓક ઝાડથી અદામી નેકેબ અને જબનીલ, લક્કુમ
સુધી, અને તે યર્દન નદીએ પૂરી થઈ. 34પશ્ચિમ દીશા પર
સરહદ અઝનોથ તાબોર તરફ ફરી. અને ત્યાંથી તે હુક્કોકે
થોભી અને દક્ષિણમાં સરહદ ઝેબુલુનને અડી અને પશ્ચિમ
દીશામાં તે આશેર અડી અને પૂર્વમાં તેણે યર્દન નદીનો
સમાવેશ કર્યો જે યહૂદાના ક્ષેત્રને અડી. 35એનાં ભાગમાં
કિલ્લેબંદીવાળાં નગરો હતાં. સિદીમ, સેર, હમ્માથ, રાક્કાથ,
કિન્નેરથ, 36અદામાહ, રામા, હાસોર, 37કેદેશ, એડ્રેઈ, એન-
હાસોર, 38યિરઓન, મિગ્દાલએલ, હોરેમ, બેથ-અનાથ અને
બેથ-શેમેશ એમ ગામો સહિત ઓગણીશ નગરો હતાં.
39નફતાલીના કુળસમૂહના કુટુંબોના ભાગમાં આ નગરો
તેમના ગામો સહિત આવ્યાં હતાં.

### દાનને મળેલો પ્રદેશ

40દાનના કુળસમૂહના કુટુંબોને ભાગે સાતમો હિસ્સો
આવ્યો. 41એમના પ્રદેશની સરહદમાં શોરાહ, એશતાઓલ,
ઈર-શેમેશ, 42શાઅલાબ્બીન, આયાલોન, યિથ્લાહ,
43એલોન, તિમ્નાહ, એક્રોન, 44એલ્તકેહ, ગિબ્બથોન,
બાઅલાથ, 45યહૂદ, બની-બરાક, ગાથરિમ્મોન, 46મે-
યાર્કોન, અને રાક્કોન તેમજ યાફોની સામે આવેલો પ્રદેશ
સમાઈ જતો હતો.
47જયારે દાનના લોકો પોતાનો પ્રદેશ ખોઈ બેઠા ત્યારે
તેમણે લેશેમ જઈને તેના ઉપર હુમલો કર્યો. અને તેને
જીતી લીધું અને ત્યાંના લોકોને મોતને ઘાટ ઉતાર્યા; ત્યારબાદ
તેમણે તેનો કબજો મેળવીને ત્યાં વસવાટ કર્યો. તેમણે તેનું
નામ લેશેમ બદલીને પોતાના દાન કુળસમૂહના નામ પરથી
'દાન' રાખ્યુ. 48દાનનાં કુળસમૂહના કુટુમ્બોના ભાગમાં આ
નગરો તેમના ગામો સહિત આવ્યાં હતાં.

### યહોશુઆને મળેલો પ્રદેશ

49આમ, સઘળો પ્રદેશ સર્વ કુળસમૂહો વચ્ચે સીમાવાર
વહેંચવામાં આવ્યો ઈસ્રાએલી પુત્રોએ પ્રદેશ વહેંચવાનું અને
સરહદો નક્કી કરવાનું કામ પૂરું કર્યુ. 50તેમણે નૂનના પુત્ર
યહોશુઆને પ્રદેશનો એક ભાગ આપ્યો. યહોવાની આજ્ઞા
પ્રમાણે તેઓએ તેને એફ્રાઈમના પર્વતીય દેશમાં તિમ્નાથ-
સેરાહ શહેર આપ્યું હતું. આ તે શહેર હતું જે યહોશુઆએ
તેઓને કહ્યું હતુ કે તેને જોઈએ છે. યહોશુઆએ શહેર ફરીથી
બાંધ્યું અને ત્યાં સ્થાયી થયો.
51યાજક એલઆઝાર, નૂનનો પુત્ર યહોશુઆ અને
ઈસ્રાએલી કુટુંબોના આગેવાનો શીલોહે મળ્યા. અને યહોવાની
સામે મુલાકાત મંડપના પ્રવેશ દ્વાર આગળ ભેગા થયા. અને
તેઓએ ચિઠ્ઠીઓ નાખી અને તે પ્રમાણે તેમને જમીન ફાળવી
અને આ રીતે તેઓએ લોકો વચ્ચે જમીનની ફાળવણી પૂરી
કરી.

### સલામતી ના નગરો

20 પછી યહોવાએ યહોશુઆને કહ્યું, 2ઈસ્રાએલના
લોકોને તું કહે, "યહોવાએ મૂસા મારફતે તમને
જે કહ્યું હતું તે મુજબ સલામતીના નગરો સ્થાપિત કરવાનાં
છે.3અને જો ત્યાં કોઈ માણસે અકસ્માતથી કે અજાણતાં
કોઈનું ખૂન કર્યુ હોય તો આ નગરો તેમના માટે ખૂનીના
સગાઓથી છૂપાવા માટેનું, આશ્રય સ્થાન બની રહેશે, જેથી
જેઓ ખૂનીને મારી નાખવા માંગતા હોય, તેનાથી રક્ષણ
પામી શકે.
4"જ્યારે આવો માણસ આ શહેરમાંથી કોઈ એકમાં આશરો
લે, તો તેણે નગર દ્વાર પાસે ઉભા રહેવું અને શું બન્યું તે
આગેવાનોને કહેવું અને તેઓ તેને શહેરમાં રહેવા પરવાનગી
આપશે અને તેને જગ્યા આપશે. 5જો બદલો લેવા માંગનાર
વ્યકિત પણ તેનો પીછો તે શહેર તરફ કરે, તો શહેરના
લોકોએ ખૂનીને તેના હાથમાં ન સોંપવો. કારણકે એણે ઈરાદા
વગર પેલા માણસનું ખૂન કર્યુ એને તેની સાથે વેર નહોતુ.
6હત્યાનો ન્યાય સમુદાય ની સમક્ષ સંભ ળાવવામાં આવશે
અને જ્યાં સુધી તેઓ ઠરાવ પસાર કરે, તે વ્યકિતએ શહેરમાં
રહેવું. વડા યાજકના અવસાન પછી તે માણસ પોતાના તે
નગરમાં પાછો ફરી શકે છે, જયાંથી તે ભાગી આવ્યો હતો."
7આથી તેઓએ આ શહેરોને "સુરક્ષિતનગરો" તરીકે જુદા
પાડ્યા: નફતાલીના ડુંગરાળ દેશ ગાલીલમાં આવેલું કેદેશ,
એફ્રાઈમના ડુંગરાળ દેશમાં આવેલું શેખેમ, અને યહૂદાના
ડુંગરાળ દેશમાં આવેલુ કિર્યાથ-આર્બા (એટલે કે હેબ્રોન).
8યર્દનની બીજી બાજુએ, યરીખોની પૂર્વે રણમાં રૂબેનના
પ્રદેશમાં આવેલુ બેશેર શહેર તેમણે પસંદ કર્યુ, બીજુ શહેર
હતું ગાદની ભૂમિમાં આવેલુ ગિલયાદમાં આવેલું રામોથ,
અને મનાશ્શાની ભૂમિ બાશાનમાં આવેલું ગોલાન શહેર.
9બધા ઈસ્રાએલીઓ અને તેમની સાથે વિદેશીઓને આ
સુરક્ષા માટે નક્કી કરવામાં આવેલ નગરોમાં આશ્રય લેવાની
રજા આપવામાં આવી હતી. કોઈપણ માણસે ભૂલમાં કોઈનું
ખૂન કર્યુ હોય તો તે વ્યકિત આશ્રય લઈ શકે. પછી ખૂની
સુરક્ષિત હશે, તેનું ખૂન બદલો લેનાર વ્યકિત દ્વારા નહીં
થાય. પછી સમુદાય સમક્ષ તેનો ન્યાય થશે.

### યાજકો અને લેવીઓનાં નગરો

21 ત્યારબાદ લેવી કુળસમૂહના કુટુંબ શાશકોએ કનાન
દેશમાં શીલોહમાં યાજક એલઆઝાર અને નૂનના
પુત્ર યહોશુઆ અને ઈસ્રાએલના બધા કુળસમૂહનાં કુટુંબોના
આગેવાનો સાથે વાત કરવા ગયા. 2આ કનાનની ભૂમિમાં
શીલોહનાં શહેરમાં બન્યું. લેવી શાશકોએ તેમને કહ્યું,
"યહોવાએ મૂસાને આજ્ઞા આપી હતી. તેણે આજ્ઞા આપેલી
કે તું અમને રહેવા શહેરો આપ. અને તેણે આજ્ઞા આપેલી કે
તું અમને ખેતરો આપ જ્યાં અમારા પ્રાણીઓ ખાઈ શકે."
3આથી યહોવાની આજ્ઞાનુસાર ઈસ્રાએલીઓએ પોતાના
પ્રદેશમાંથી લેવીઓને આ પ્રમાણેનાં શહેરો અને ગોચરો
આપ્યાં:

4કહાથનું કુટુંબ યાજક હારુન જે લેવી કુળસમૂહનો હતો,
તેના વંશજો હતા. કહાથ કુટુંબના થોડા ભાગને 13 નગરો
આપવામાં આવ્યાં હતાં જે પ્રદેશ યહૂદા, શિમયોન તથા
બિન્યામીન કુળ સમૂહઓની માલિકીનો હતો.
5બાકીના કહાથ કુટુંબના લોકોને એફ્રાઈમ, દાન અને
અર્ધા મનાશ્શાની કુળ સમૂહના માલિકીના પ્રદેશમાંથી દસ
શહેરો આપવામાં આવ્યાં.
6ગેર્શોનના કુટુંબના લોકોને ઈસ્સાખાર, આશેર, નફતાલી
અને બાશાનમાંના અર્ધા મનાશ્શાની માલિકીની ભૂમિમાંથી
તેર નગરો આપવામાં આવ્યાં.
7મરારીના કુટુંબના લોકોને રૂબેન, ગાદ અને ઝબુલોનની
ટોળીઓની માલિકીની ભૂમિમાંથી બાર શહેરો આપવામાં
આવ્યાં.
8આ રીતે ઈસ્રાએલીઓને યહોવાએ મૂસા મારફતે જણાવ્યા
મુજબ પાસા નાખીને લેવીઓને આ નગરો અને તેનાં ગોચરો
ફાળવી આપ્યાં.
9તેઓએ આપેલા શહેરો યહૂદા અને શિમયોનની ટોળીઓ
પાસેથી મેળવ્યાં: 10કહાથ કુટુંબના લેવીઓને શહેરોનો પહેલો
ભાગ આપવામાં આવ્યો હતો. 11તેમને યહૂદાના ડુંગરાળ
પ્રદેશમાં આવેલું કિર્યાથ-આર્બા અનાકના બાપનું નગર.
એટલે કે હેબ્રોન અને તેની આજુબાજુનો ગોચર પ્રદેશ મળ્યો.
12 પણ એ શહરેનાં અને તેના ગામડાઓનાં ખેતરો યફુન્નેહના
પુત્ર કાલેબને અપાયાં હતા. 13હારુનના વંશજોને હેબ્રોન
સુરક્ષાનું શહેર અને તેનો ગોચર મળ્યો. તેમને આ બધાં
શહેરો પણ મળ્યાં: લિબ્નાહ, 14યાત્તીર, એશ્તમોઆ,
15હોલોન, દબીર, 16આયિન, યૂટ્ટાહ, અને બેથ-શેમેશ તેમનાં
બધાં ગોચર સહિત; આ બે કુળસમૂહોમાંથી તેઓએ નવ
શહેરો આપ્યા.
17બિન્યામીનના કુળસમૂહના ભાગમાંથી તેમણે વંશજો
સહિત ચાર શહેરો આપ્યા: ગિબયોન, ગેબા, 18અનાથોથ
અને આલ્મોન: 19આમ, હારુનના વંશજ યાજકોને ગોચર
સહિત કુલ તેર નગરો આપવામાં આવ્યાં હતાં.
20લેવી કુળસમૂહના બાકીના કહાથી કુટુંબોને એફ્રાઈમ
કુળસમૂહના શહેરો આપવામાં આવ્યાં હતાં. 21એફ્રાઈમના
ડુંગરાળ પ્રદેશમાં તેમને શખેમ સુરક્ષાનું શહેર* અને તેનું
ગોચર ગેઝેર, 22કિબ્સાઈમ અને બેથ-હોરોન: ગોચરો સહિત
ચાર શહેરો.
23દાનના કુળસમૂહ તરફથી તેમને એલ્તકે, ગિબ્બથોન,
આયાલોન, 24અને ગાથ-રિમ્મોન એ ચાર નગરો, ગોચરો
સહિત આપ્યાં.
25મનાશ્શાના અડધા કુળ સમૂહે તેમને આપ્યું: તાનાખ
અને ગાથ-રિમ્મોન આ બે નગરો ગોચરો સહિત અપાયાં
હતાં. 26આમ, કહાથનાં બાકીના કુટુંબને દસ નગરો ગોચરો
સહિત આપવામાં આવ્યા.
27લેવીઓની ટોળીમાંના ગેર્શોનીઓના કુટુંબને આપેલ
શહેરો આપવામાં આવ્યાં હતાં. મનાશ્શાના અર્ધા વંશના
ભાગમાંથી બે નગરો: બાશાન પ્રાંતમાનું ગોલાન (સુરક્ષાનું
શહેર) અને બએશ્તરાહ તેના ગોચરો સહિત. અને તેની
સાથે ગોચરો પણ અપાયા હતાં.
28ઈસ્સાખારના કુળસમૂહ તરફથી તેમને કિશ્યોન, દાબરા
29યાર્મૂથ અને એન-ગાન્નીમ એ ચાર નગરો ગોચરો સહિત
મળ્યાં. 30આશેરના કુટુંબ તરફથી તેમને મિશઆલ, આબ્દોન,
31હેલ્કાથ અને રહોબ એ ચાર નગરો ગોચરો સહિત પ્રાપ્ત
થયા.
32નફતાલીના કુળસમૂહ તરફથી તેમને મળ્યા: ગાલીલ
માંનું કેદેશ (કેદેશ સુરક્ષાનું નગર હતું) અને હમ્મોથ-દોર
અને કાર્તાન તેમના ગોચરો સહિત- એમ ત્રણ નગરો મળ્યાં.
33ગેર્શોનના કુટુંબને એકંદરે ગોચરો સહિત કુલ તેર નગરો
મળ્યાં.
34લેવી સમૂહના બીજા સમૂહને મરારી ઝબુલોનની
ટોળીઓ દ્વારા યોકનઆમ, કાર્તાહ, તેમના ગોચરો સહિત
મળ્યાં હતાં. 35દિમ્નાહ અને નાહલાહ એ ચાર નગરો ગોચરો
સહિત પ્રાપ્ત થયા.
36રૂબેનના કુળ સમૂહ દ્વારા તેમને બેસેર, યાહાસ, તેમના
ગોચર સાથે મળ્યાં. 37કદેમોથ, અને મેફાઆથ એ ચાર
નગરો ગોચરો સહિત મળ્યાં.
38ગાદના કુળ સમૂહો તરફથી તેમને: ગિલયાદમાં આવેલું
રામોથ (રામોથ એક સુરક્ષાનું શહેર છે)તેમજ માહનાઈમ
અને તેના ગોચર ભૂમિ મળ્યાં. 39હેશ્બોન અને યાઝેર એમ
ગોચરો સહિત કુલ ચાર નગરો પ્રાપ્ત થયાં.
40આમ, મરારીના કુટુંબોને ચિઠ્ઠી દ્વારા 12શહેરો આપવામાં
આવ્યાં. જેઓ લેવીઓના બચેલા કુટુંબો હતાં.
41આમ લેવીઓને કુલ 48 નગરો ગોચર ભૂમિ સહિત
મળ્યાં આ શહેરો જે પ્રદેશમાં હતાં તે ઈસ્રાએલીઓના કુળ
સમૂહની માલિકીના હતાં. 42એ બધાં નગરોની ફરતે ચારે
તરફ ગોચર હતાં.
43આમ યહોવાએ ઈસ્રાએલીઓને સર્વ પ્રદેશ આપી દીધો
જે તેણે તેઓને આપવાનું તેમના પૂર્વજોને વચન આપ્યું હતું
તેઓ આવ્યાં અને તેની માલિકી લીધી અને ત્યાં સ્થાયી
થયાં. 44આમ યહોવાએ ઈસ્રાએલને તેમના પિતૃઓને આપેલાં
વચન પ્રમાણે તેમના દેશની ચારે દિશાઓથી સુરક્ષા આપી.
તેમના શત્રુઓ તેમના પર આક્રમણ કરી શક્યા નહીં અને
તેઓ સુરક્ષિત હતાં. કારણ કે યહોવાએ તેમના બધાજ
શત્રુઓને તેમના હાથમાં સોંપી દીધા હતાં. 45યહોવાએ
ઈસ્રાએલી લોકોને આપેલાં દરેક શુભ વચનો પાળ્યાં, દરેક
વચન ફળીભૂત થયું.

### ત્રણ કુળસમૂહ પાછા ફર્યા

22 પછી યહોશુઆએ રૂબેન, ગાદ અને મનાશ્શાના
અર્ધા કુળસમૂહના લોકોને બોલાવ્યા 2અને તેણે
તેઓને કહ્યું, "યહોવાના સેવક મૂસાએ તમને જે આજ્ઞાઓ

**સુરક્ષાનું શહેર** ખૂનીને આમાનાં એક શહેરમાં આશ્રય આપવામાં આવ્યો હતો.

કરી હતી તે બધીજ તમે પાળી છે અને મારા તમામ આદેશોનું
પણ તમે પાલન કર્યુ છે. 3તમે આ બધો સમય તમારા
ભાઈઓને નહિ ત્યજી દઈને તમારા દેવ યહોવાની આજ્ઞાનું
પાલન કાળજીપૂર્વક કર્યુ છે. 4અને હવે યહોવા દેવે તમારા
ઈસ્રાએલી બંધુઓને શાંતિ અને સુરક્ષા આપી છે. તેથી હવે
તમે તમારે ઘેર પાછા ફરો, યર્દન નદીને સામે કાંઠે આવેલ
તમારા પ્રદેશમાં, જે તમને યહોવાના સેવક મૂસા દ્વારા
આપવામાં આવ્યો હતો. 5ફક્ત જે કઈ યહોવાના સેવક,
મૂસાએ નિયમ અને આજ્ઞાઓને લગતી તમને આજ્ઞા કરી
છે, તમારે બધાએ બધી બહુજ કાળજીથી પાળવી. તમારા
દેવ યહોવા ઉપર પ્રેમ રાખજો. હંમેશા તેને માર્ગે ચાલજો
અને તેની આજ્ઞાઓનું પાલન કરજો, વફાદાર રહેજો અને
પૂરા મનથી અને પૂરા ઉત્સાહથી તેની સેવા કરજો."

6યહોશુઆએ તેઓને આશીર્વાદ આપીને વિદાય કર્યા,
અને તેઓ પોતાને ઘેર પાછા ફર્યા. 7મૂસાએ મનાશ્શાની
અડધી ટોળીને બાશાન પ્રાંતનો પ્રદેશ આપ્યો હતો અને
યહોશુઆ એ બાકીની અડધી મનાશ્શાની ટોળીને યર્દન
નદીની પશ્ચિમ કાંઠા પ્રદેશ આપ્યો હતો. અને તેમના બીજા
કુળભાઈઓને તે વિસ્તારનું મધ્યક્ષેત્ર મળ્યું. 8યહોશુઆએ*
એ લોકોને આશીર્વાદ આપીને વિદાય કરતી વખતે કહ્યું,
"તમે પુષ્કળ સંપત્તિ, પુષ્કળ ઢોર, સોનું, ચાંદી, પિત્તળ અને
લોઢું તથા પુષ્કળ જથ્થામાં વસ્ત્રો લઈને ઘેર પાછા જાઓ
છો. તમારા દુશ્મનો પાસેથી મેળવેલી આ લૂંટમાંથી તમારા
કુટુંબીઓને ભાગ આપજો."

9આથી રૂબેનના, ગાદના અને મનાશ્શાના અર્ધા
કુળસમૂહના લોકોએ કનાનમાં શીલોહ પર ઈસ્રાએલીઓને
છોડ્યા અને પાછા પોતાના ગિલયાદ પ્રદેશમાં ગયા. એ પ્રદેશ
જે મૂસાએ તેમને યહોવાની આજ્ઞા પ્રમાણે આપ્યાં હતાં.

10જ્યારે રૂબેનીઓ, ગાદીઓ અને અર્ધમનાશ્શા કુળસમૂહ
કનાનમાં ગેલીલોથ પહોચ્યું જે યર્દન નદીની નજીક હતું.
તેઓએ યર્દન નદી પાસે મોટી અને સુંદર વેદી બનાવી.
11બાકીના ઈસ્રાએલીઓને એવા સમાચાર સાંભળવા મળ્યા
કે, "જુઓ, રૂબેનના, ગાદના અને મનાશ્શાના અર્ધા કુળ
સમૂહોના લોકોએ કનાનની સરહદ સામે, ઈસ્રાએલીઓની
સરહદને પેલે પાર યર્દન નદીની આસપાસના પ્રદેશમાં વેદી
બાંધી છે!" 12આ સમાચાર સાંભળીને ઈસ્રાએલીઓનો સમગ્ર
સમાજ તેઓની સામે યુદ્ધ કરવા જવાની તૈયારી માટે
શીલોહમાં ભેગો થયો.

13પછી ઈસ્રાએલીઓએ યાજક એલઆઝારના પુત્ર
ફીનહાસને ગિલયાદ પ્રાંતમાં રૂબેન, ગાદ અને મનાશ્શાના
અર્ધા વંશના લોકો પાસે મોકલ્યો. 14અને ઈસ્રાએલના પ્રત્યેક
કુળસમૂહોમાંથી એક એક એમ દસ આગેવાનો, જેઓ
કુળસમૂહના વડા હોય તેમને તેની સાથે મોકલ્યા.

15તેઓ રૂબેનના, ગાદના અને અર્ધા મનાશ્શાની ટોળીના
લોકો પાસે ગિલયાદમાં ગયા અને તેમણે કહ્યું, 16"યહોવાની
આખી સભા તમને પુછે છે, 'તમે શા માટે આ પાપ કર્યુ?'
તમે બધાએ આ વેદી પૂજા માટે બનાવીને ઈસ્રાએલના દેવ
યહોવા વિરુદ્ધ બંડ કર્યુ છે. 17પયોરમાં કરેલા પાપને લીધે
આપણે હજુ પણ સહન કરી રહ્યાં છીએ. તે ભયાનક પાપને
લીધે યહોવાએ દેવના દરબારમાં પ્લેગ મોકલ્યો હતો. અને
આજ સુધી આપણે એ પાપથી શુદ્ધ થયા નથી. 18તમે આજે
યહોવાથી વિમુખ થઈ ગયા છો? જો તમે આજે તેની સામે
બળવો કરશો તો આવતી કાલે તે સમગ્ર ઈસ્રાએલી સમાજ
ઉપર રોષે ભરાશે.

19"જો તમારો પ્રદેશ અપવિત્ર હોય તો તમે બધા
યહોવાના પોતાના પ્રદેશમાં પૂજા માટે આવી શકો. જયાં
યહોવાદેવનો મુલાકાતમંડપ છે અને અમારી ભૂમિમાંથી
તમે થોડી ભૂમિ લો. પરંતુ આપણા દેવ યહોવાની વેદીથી
જુદી બીજી વેદી બાંધીને યહોવા સામે અને અમારી સામે
બળવો કરશો નહિ.

20"એ યાદ રાખજો કે ઝેરાહના પુત્ર આખાએ શાપિત
ઠરાવેલી વસ્તુઓની બાબતમાં આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ હતું.
અને સમગ્ર ઈસ્રાએલી સમાજ ઉપર યહોવાનો કોપ ઊતર્યો
હતો. આખાનના પાપને કારણે તેને એકલાને મરવું પડયું
નહોતું."

21રૂબેનના, ગાદના અને મનાશ્શાના અર્ધા કુળસમૂહના
લોકોએ ઈસ્રાએલી કુટુંબોના વડાઓને જવાબ આપ્યો,
22"દેવાધિદેવ યહોવા જાણે છે અને ઈસ્રાએલીઓએ પણ
જાણવું જોઈએ કે જો આપણે ઉલ્લંઘન દ્વારા યહોવા વિરુદ્ધ
પાપ કરી રહ્યાં હોઈએ તો આજે એમને બચાવશો નહીં,
એમને મારી નાખો! 23જો અમે વેદી તેના પર બલિઓ
અર્પવા, બનાવી હોય કે જેથી અમે દેવથી ફરી શકીએ, તો
યહોવા અમને તેના માટે સજા કરે.24સાચી હકીકત તો એ
છે કે અમે એવા ડરથી આમ કર્યુ છે કે, ભવિષ્યમાં તમારાં
બાળકો અમારા બાળકોને એમ કહે પણ ખરા કે, "ઈસ્રાએલના
માલિક યહોવા સાથે તમારે શો સંબંધ છે? ઈસ્રાએલના યહોવા
અમારા દેવની પૂજા કરવાનો તમને શો અધિકાર છે?
25યહોવાએ અમને આપ્યું: યહોવાએ રૂબેન અને ગાદના
લોકોને યર્દન નદીની બીજી બાજુ પરની ભૂમિ આપી તેથી
નદી તમને અને અમને જુદા પાડે છે. તેથી તમારા બાળકો
અમારા બાળકોને યહોવાની પૂજા કરતાં રોકશે. તેઓ અમારા
બાળકોને કહેશે: 'તમારો યહોવામાં કોઈ ભાગ નથી.'

26"તેથી અમે વેદી બંધાવાનો નિર્ણય કર્યો છે; એમાં યજ્ઞો
કે દહનાર્પણો ધરાવવા માટે નહિ, 27પણ એ વેદી તમારી
અને અમારી વચ્ચે અને આપણી ભાવિ પેઢીઓ વચ્ચે એ
વાતની સાક્ષી થશે કે અમે પણ દેવને પૂજી શકીએ અને
યહોવાને બલિઓ અને અર્પણો આપી શકીએ, જેથી તમારી
ભવિષ્યની પેઢીઓ અમારી આવતી પેઢીઓને નહી કહે કે,
'તમને યહોવામાં કોઈ ભાગ નથી.' 28અમે એમ વિચાર્યુ કે
જો કદી તેઓ એવું કહે તો અમે એમ કહી શકીએ કે, 'અમારા
પૂર્વજોએ યહોવાની વેદીના જેવી જ આ વેદી બનાવી છે તે
જુઓ, એ કઈ યજ્ઞો ચડાવવા માટે નથી, પણ તમારી અને
અમારી વચ્ચે એક સાક્ષી રૂપ બની રહે એટલા માટે છે.'

---

**યહોશુઆએ** તેમને આશીર્વાદ આપ્યા અને ઘરે મોકલ્યાં.

29"યહોવાના પવિત્રમંડપ આગળની વેદી સિવાયના
બીજી વેદી પર દહનાર્પણ કે ખાદ્યાર્પણ ચડાવવા માટે બાંધીને
અમારો ઇરાદો યહોવા વિરૂદ્ધ બંડ કરવાનો કે તેનાથી વિમુખ
થઈ જવાનો નથી."

30જ્યારે યાજક ફીનહાસ તથા ઈસ્રાએલી આગેવાનોએ
રૂબેન, ગાદ અને મનાશ્શાના વંશના લોકોએ જે કહ્યું તે
સાંભળીને તેઓને સંતોષ થયો. 31પછી યાજક એલઆઝારના
પુત્ર ફીનહાસે રૂબેન, ગાદ અને મનાશ્શાના લોકોને કહ્યું,
"હવે અમને ખાત્રી થઈ છે કે યહોવા આપણી વચ્ચે છે,
કારણ તમે બધાએ યહોવા સામે બળવો કર્યો નથી, એથી
તમે યહોવાની સજામાંથી ઈસ્રાએલીઓને ઉગારી લીધા છે."

32ત્યારબાદ ફીનહાસ અને આગેવાનોએ રૂબેન અને
ગાદના વંશના લોકોને ગિલયાદમાં છોડીને પાછા કનાન
જઈ લોકોને બધી વાત કહી સંભળાવી. 33એ સાંભળીને
ઈસ્રાએલીઓને સંતોષ થયો. તેમણે દેવનો આભાર માન્યો
અને રૂબેન અને ગાદના વંશના લોકો જે પ્રદેશમાં વસ્યા
હતા તેના પર ચડી જઈ યુદ્ધ કરીને તેને ખેદાનમેદાન કરી
નાખવાની વાત છોડી દીધી.

34રૂબેન અને ગાદના લોકોએ વેદીનું નામ પાડ્યું: "આપણી
વચ્ચેના સાક્ષી છે કે યહોવા એજ દેવ છે."

### યહોશુઆએ લોકોને ઉત્સાહિત કર્યા

23 યહોવાએ ઈસ્રાએલીઓને તેના આજુબાજુના
શત્રુઓ થી શાંતિ અપાવી. ત્યાર પછી ઘણાં વર્ષો
વીતી ગયાં. યહોશુઆ વૃદ્ધ અને અશક્તિમાન થયો હતો.
2તેણે ઈસ્રાએલના આગેવાનોને, ઈસ્રાએલી લોકોને અને
તેમના કુટુંબોને ઈસ્રાએલીઓના દરેક કુટુંબના મુખી સાથે,
ન્યાયાધીશોને અને અમલદારોને બોલાવીને અને કહ્યું, "હું
હવે ખૂબ ઘરડો થયો છું. 3તમારા દેવ યહોવા તમારા બધા
માટે લડ્યાં હતાં. તે તમે જોયું છે. તમારા દેવ યહોવા પોતે
તમારા પક્ષે લડતા આવ્યા છે.

4જુઓ, યર્દન નદી થી પશ્ચિમમાં ભૂમધ્ય સમુદ્ર સુધી
વચ્ચેના પ્રદેશમાંથી જે બધા દેશોને મે હરાવી દીધા છે તેમની
ભૂમિ અને હજી જે દેશો બાકી રહ્યા છે તેમની જમીન મેં
તમારી ટોળીઓને વારસાગત રૂપે આપી છે. તેથી હવે યર્દન
નદીથી માંડીને સમુદ્ર સુધીનું બધું તમારું થશે.

5તમારા દેવ યહોવા તમારા માટે તેમને દબાણથી હાંકી
કાઢશે, તે તેઓને તમારી સમક્ષ દબાણથી હાંકી કાઢશે, અને
તેણે તમને આપેલા વચન પ્રમાણે, તમે તેમની ભૂમિ કબ્જે
કરશો.

6"તેથી મૂસાએ મૂસાના નિયમ શાસ્રનાં પુસ્તકમાં જે કઈ
લખ્યું છે, તે બધી વસ્તુઓ તેમાંની દરેકે પાળવી જોઈએ. તે
નિયમથી ફરી ન જાઓ. 7તમારી વચ્ચે જે રાષ્ટ્રો બાકી છે,
તમારે તેમની સાથે મિત્ર ન બનવું જોઈએ, અને તમારે
તેમનાં દેવો અનુસરવા ન જોઈએ. તમારે તેમના દેવોના નામ
વાપરી સમ ન ખાવા, તમારે તેઓના દેવો પૂજવા નહીં ન કે
તમારે નીચું નમીને તેમના પગ અડવા. 8તમે આજ સુધી
તમારા દેવ યહોવાને વળગી રહ્યા છો તેમ વળગી રહેજો.

9"યહોવાએ મહાન કાર્ય કર્યુ છે અને તમારી સામેથી
મહાન અને શક્તિશાળી રાષ્ટ્રોને હાંકી કાઢયાં છે અને કોઈપણ
તમારી વિરૂદ્ધ ઉભું રહેવા સમર્થ નથી.

10તમારામાંના પ્રત્યેક જણ હજારોને ભગાડી શકે તેમ છે,
કારણ, તમારો દેવ યહોવા વચન મુજબ તમારા વતી લડે છે.
11તેથી તમારા દેવ યહોવા ઉપર પ્રેમ રાખવાની બાબતમાં
કાળજી રાખજો.

12"પણ જો તમે તેની વિરુદ્ધ ફરશો, જો તમે તમારી વચ્ચે
હજુ જે રાષ્ટ્રો રહેલા છે તેમની સાથે જોડાવ, અને તેમની
સાથે આંતરલગ્ન કરો, 13તો ખાતરી રાખો, તમારા દેવ યહોવા
તમારી આગળથી એ લોકોને પછી હાંકી કાઢશે નહીં, પરંતુ
તેઓ તમારા બધા માટે ભયંકર બની જશે તેઓ આંખમાં
ધુમાડા કે કાંટા જેવા બનશે અથવા તમારી પાછળ સર્પ જેવાં
જ્યાં સુધી યહોવા તમારા દેવ જેણે આ સારી ભૂમિ તમને
આપી છે. તે તમને તેમાંથી બહાર જવા દબાણ નહિ કરે.

14"હું મૃત્યુ પામવા પર છું. તેથી તમારે બધાએ જાણવું
અને સમજવું જોઈએ, તમારી બધી માનસિક અને
આધ્યાત્મિક ક્ષમતા સાથે કે યહોવાએ જે બધા સારા વચનો
જે તમને આપ્યાં હતાં તે તેણે પાળ્યાં છે, અને તે બધા સાચા
પડ્યાં છે. તેમાનું કોઈપણ નકામું નથી ગયું. 15સારા વચનો
જે યહોવાએ આપ્યાં હતાં, તેણે તેમાંના બધાં પાળ્યાં છે,
અને જો તમે તેનું પાલન નહીં કરો તો તમારા બધા પર
વિપત્તી આવશે અને તે તમને દબાણ કરી આ બધી ભૂમિમાંથી
કાઢશે જે તેણે તમને આપી હતી અને તમારો નાશ કરશે.
16જો તમે યહોવા દેવનો કરાર જાળવવા નિષ્ફળ થાવ જે
તેણે આજ્ઞા કરી હતી અને જો તમે બીજા દેવો પૂજો અને
તેમને નમો, તો યહોવા તમારી સાથે ગુસ્સે થશે અને તુરંતજ
તમને આ ભૂમિ જે ફળદ્રુપ છે જે તેણે તમને આપી છે
તેમાંથી દબાણ કરી બહાર કાઢશે."

### યહોશુઆની વિદાય

24 યહોશુઆએ ઈસ્રાએલના બધા કુળસમૂહોને
શખેમમાં ભેગા કર્યા, તેણે ઈસ્રાએલના વડીલોને,
આગેવાનોને, ન્યાયાધીશોને, અને અમલદારોને બોલાવી
મંગાવ્યા, અને તેઓ બધા દેવ સમક્ષ હાજર થયા.

2પછી યહોશુઆએ બધાં લોકોને કહ્યું, "ઈસ્રાએલના દેવ
યહોવાએ આમ કહ્યું છે:

પ્રાચીનયુગમાં તમારા પૂર્વજો તેરાહ અને તેના પુત્રો
સહિત ઈબ્રાહીમ અને નાહોર ફ્રાત નદીને કાંઠે રહેતા
હતા અને તેઓ બીજા દેવોની પૂજા કરતા હતા. 3હું
તમારા પૂર્વજ ઈબ્રાહીમને ફ્રાંત નદીને બીજે કાંઠેથી
કનાનના પ્રદેશમાંથી દોરી ગયો. મેં તેને અનેક વંશજો
આપ્યા, અને મેં તેને ઈસહાક આપ્યો 4અને મેં ઈસહાકને
બે પુત્રો યાકૂબ અને એસાવ આપ્યાં, અને એસાવને

મેં સેઈરનો ડુંગરાળ દેશ સોંપ્યો. પણ યાકૂબ અને તેના
પુત્રો મિસર ચાલ્યા ગયા.
5મેં મૂસાને અને હારુનને મોકલ્યા, અને મેં
મિસરીઓને ખૂબ મુશ્કેલીઓ આપી અને મિસર પર
સંકટ મોકલ્યાં અને ત્યાર પછી હું તમને મિસરમાંથી
બહાર લઈ આવ્યો. 6હું તમારા પિતૃઓને મિસરની
બહાર લઈ આવ્યો અને રાતા સમુદ્ર આગળ લાવ્યો.
મિસરીઓ પોતાના રથોને અને ઘોડેસવારોને લઈને
તમારા પિતૃઓનો પીછો પકડતા પકડતા રાતા સમુદ્ર
આગળ આવ્યા. 7પણ તમારા વડવાઓએ-પૂર્વજોએ
મારી મદદ માટે રૂદન કર્યુ-યહોવા અને મેં મિસરીઓની
વચ્ચે અંધકારનો પડદો નાખી દીધો. અને તેમના ઉપર
સમુદ્રને રેલાવી તેમને ડૂબાડી દીધા. મેં મિસરના શા
હાલ કર્યા, તે તમે નજરો નજર નિહાળ્યું છે,

ત્યારબાદ ઘણાં વર્ષો સુધી ઈસ્રાએલીલોકો રણમાં
રહ્યા. 8પછી હું તમને યર્દન નદીની પૂર્વે, અમોરીઓની
ભૂમિમાં લઈ આવ્યો: અને તેઓએ તમારી વિરુદ્ધ યુદ્ધ
કર્યુ. પણ મેં તેઓનો વિનાશ કર્યો અને તમને તેમનો
પ્રદેશ આપ્યો.
9ત્યારબાદ મોઆબના રાજા સિપોરનો પુત્ર બાલાક
ઈસ્રાએલીઓ સામે રણમાં ઊતર્યો, તેણે તમને શાપ
આપવા માટે બયોરના પુત્ર બલામને તેડાવ્યો. 10પણ
હું બલામને સાંભળવા ફરી ગયો તેથી તેણે તમને બધાને
આશીર્વાદીત કર્યા, આમ મેં તમને બલામની
તાકાતમાંથી બચાવી લીધા.
11પછી તમે યર્દન નદી પાર કરીને યરીખોમાં આવ્યા.
યરીખોના માણસોએ તમારી વિરુદ્ધ યુદ્ધ કર્યુ અને એવા
બીજા ઘણાં એટલે કે પરિઝઝીઓ, અમોરીઓ,
કનાનીઓ, હિત્તીઓ, ગિર્ગાશીઓ, હિવ્વીઓ અને
યબૂસીઓ તમારી સામે યુદ્ધે ચડયા, પણ મેં તમારા
હાથમાં સોંપી દીધા. 12અને મે તમારી આગળ હોર્નેટ
મોકલ્યાં તેથી હોર્નેટે બે અમોરી રાજાઓ અને તેમનાં
લોકોને હાંકી કાઢયાં. આ વિજય તમારી તલવાર અથવા
ધનુષ અને તીરથી નહોતો મેળવાયો.
13જે જમીન તમે ખેડી નહોતી અને જે નગરો તમે
કદી બાંધ્યાં નહોતાં તે મેં તમને સોંપી દીધાં, તમે આ
શહેરોમાં સ્થાયી થયાં અને હવે તમે દ્રાક્ષની અને
જૈતૂનની દ્રાક્ષાવાડીઓ ધરાવો છો. જે તમે બધાંએ
વાવ્યું નહોતું પણ ફળ મેળવી રહ્યાં છો."

14"તેથી હવે તમે બધાં યહોવાનો ડર રાખો અને નિષ્ઠા
તથા સચ્ચાઈપૂર્વક તેની સેવા અને પૂજા કરો. જે દેવોને
તમારા પિતૃઓ ફ્રાતનદીને બીજે કાંઠે અને મિસરમાં પૂજતા
હતા તેને સદાને માટે દૂર ફેંકી દો અને યહોવાને આરાધો.
15યહોશુઆએ લોકોને કહ્યું,"પરંતુ જો તમને યહોવાની
સેવા કરવાનું પસંદ ના હોય તો તમારે કોની પૂજા કરવી છે
તેનો આજે જ નિર્ણય કરી લો: જે દેવોને તમારા પિતૃઓ ફ્રાત
નદીને કાંઠે પૂજતા હતા તેની કે જેમના પ્રદેશમાં તમે વસો
છો તે અમોરીઓના દેવોની? પણ હું અને મારું કુટુંબ તો
યહોવાની જ સેવા કરીશું."
16લોકોએ પ્રત્યુત્તર વાળ્યો, "અમે પણ યહોવાને કદીય
ત્યજીશું નહિ અને અન્ય દેવોની ભકિત પણ કરીશુ નહિ.
17કારણ, અમને અને અમારા પિતૃઓને ગુલામીના દેશ
મિસરમાંથી બહાર લાવનાર અમારા દેવ યહોવા જ હતા.
અને તેણે જ અમારી સમક્ષ તે મહાન ચમત્કારો કરી બતાવ્યા
હતા અને અમે જે માર્ગે થઈને અને જે જે લોકો વચ્ચે
થઈને, જ્યારે અમે તેમની ભૂમિઓમાંથી પસાર થયાં તેમાં
અમારું રક્ષણ કર્યુ હતું.
18"તેમણે જ અમોરીઓને અને આ દેશમાં રહેતા બીજા
બધા લોકોને અમારા માર્ગમાંથી હાંકી કાઢયા હતા. એટલે
અમે પણ યહોવાની જ સેવા કરીશું. કારણ તે અમારા
દેવ છે."
19પરંતુ યહોશુઆએ લોકોને જણાવ્યું, "તમારાથી
યહોવાની સેવા થઈ શકે નહિ, કારણ, એ પવિત્ર દેવ છે.
એકનિષ્ઠા માગનાર દેવ છે. અને એ તમારાં ઉલ્લંઘનો કે
પાપો માફ નહિ કરે. 20જો તમે યહોવાને છોડીને બીજા
દેવોને ભજશો તો તે તમારી સામે થઈ જશે અને તમારા
ઉપર વિપત્તી લાવશે, ભૂતકાળમાં તેણે તમારું સારું કર્યુ છે,
પણ જો તમે તેની વિરુદ્ધ જશો તો, તે તમારા બધાનો નાશ
કરશે."
21ત્યારે લોકોએ યહોશુઆને કહ્યું, "અમે તો યહોવાની
સેવા કરશું."
22યહોશુઆ બોલ્યો, "તમે બધા યહોવા દેવને પૂજો અને
તેની નીચે રહેવા પસંદ કર્યુ છે, અને તેને પૂજવા માંગો છો,
અને તમે બધા તમે જે કહ્યું તેના સાક્ષી છો."

પછી લોકોએ જવાબ વાળ્યો, "અમે સાક્ષી છીએ."
23યહોશુઆ બોલ્યા, "તો આ ક્ષણે જ તમારામાં જે બીજા
દેવો છે, તેનો ત્યાગ કરો અને ઈસ્રાએલના દેવ યહોવાના
તરફ તમારાં હૃદય વાળો અને એમની આજ્ઞાઓને આધીન
થાઓ."
24લોકોએ યહોશુઆને કહ્યું, "અમે અમારા દેવ યહોવાની
જ સેવા કરીશું અને તેની જ આજ્ઞાનું પાલન કરીશું."
25આથી યહોશુઆએ તે જ દિવસે લોકો સાથે કરાર કર્યો
અને તેણે તેઓને શખેમમાં કાનૂનો અને નિયમો આપ્યાં.
26અને પછી તે બધું યહોવાના નિયમો પુસ્તકમાં યહોશુઆએ
લખ્યું. અને યહોશુઆએ લોકો પાસે કરાર કરાવ્યા પછી તેણે
એક મોટો પથ્થર લઈ અને ત્યાં યહોવાના પવિત્ર મંડપ
પાસે મોટા ઝાડ નીચે તેને રાખ્યો.
27પછી યહોશુઆએ લોકોને ઉદેશીને કહ્યું, "આ પથ્થર
આપણો સાક્ષી છે, યહોવાએ આપણને જે કંઈ કહ્યું છે તે
બધું તેણે સાંભળ્યુ છે, તમે જો તમારા યહોવા દેવનો વિરોધ
કરશો, તો એ તમારી વિરુદ્ધ સાક્ષી પૂરશે."
28ત્યારબાદ યહોશુઆએ લોકોને પોતપોતાને મળેલી
ભૂમિમાં-પ્રદેશમાં મોકલી દીધા.

### યહોશુઆનું મૃત્યુ

29એ બધી ઘટનાઓ બન્યા પછી યહોવાનો સેવક, નૂનનો
પુત્ર યહોશુઆ મૃત્યુ પામ્યો. તે 110 વર્ષનો હતો.

30તેને ગાઆશ પર્વતની ઉત્તરે, એફ્રાઈમના પર્વતીય દેશમાં
આવેલી તિમ્નાથ-સેરાહમાં દફનાવવામાં આવ્યો. તેને
પોતાની ભૂમિમાં દફનાવાયો. 31યહોશુઆ જીવતો
હતો ત્યાં સુધી, અને ઈસ્રાએલને માટે યહોવાએ શું શું
કર્યુ છે તે બધું જેઓ જાણતા હતાં તેવા તેના પછી રહેલા
આ ઈસ્રાએલી વડીલો, જીવ્યા ત્યાં સુધી યહોવાની સેવા
કરતાં રહ્યાં.

### યૂસફની દફનવિધી

32મિસર છોડયું ત્યારે ઈસ્રાએલી લોકોએ યૂસફનાં અસ્થિ
સાથે લીધાં હતા. તેમણે યૂસુફના અસ્થિને શેખેમમાં
દફનાવ્યાં. જે ભૂમિ યાકૂબ દ્વારા હામોર કે જે શેખેમનો પિતા
હતો તેની પાસેથી 100 ચાંદીના ટૂકડાની બદલીમાં ખરીદવામાં
આવી હતી. અને તે જમીન યૂસફના કુટુંબને ભાગ તરીકે
આપવામાં આવી હતી.

33હારુનનો પુત્ર એલઆઝાર મરણ પામ્યો ત્યારે તેને
એફ્રાઈમના પર્વતીય પ્રદેશમાં તેના પુત્ર ફીનહાસને
આપવામાં આવેલા ગિબયાહ નગરમાં દફનાવવામાં આવ્યો.

# પુનર્નિયમ

## મૂસાનો ઈસ્રાએલના લોકો સાથે વાર્તાલાપ

1 જયારે સર્વ ઈસ્રાએલી પ્રજા યર્દન નદીને પૂર્વે આવેલા
મોઆબના રણ પ્રદેશમાં હતી, મૂસાએ તે લોકોને જે
વચનો કહ્યાં હતાં તે આ પ્રમાણે છે, તે વખતે તેઓ યર્દનકાંઠામાં
સૂફની સામે હતા. તેમની એક તરફ પારાનનું રણ આવેલું
હતું અને બીજી તરફ તોફેલ, લાબાન, હસેરોથ અને દીઝાહાબ
આવેલાં હતાં.
2હોરેબ પર્વતથી સેઈર પર્વતે કાદેશ-બાર્નેઆ દ્વારા યાત્રાને
અગિયાર દિવસ થતા. 3ઈસ્રાએલી લોકોએ મિસર છોડયા
પછી ચાળીસમા વર્ષે અગિયારમા મહિનાના પ્રથમ દિવસે
મૂસાએ, યહોવાની આજ્ઞા મુજબ આ વચનો તે લોકોને કહી
સંભળાવ્યાં. 4યહોવાએ હેશ્બોનમાં અમોરીઓના રાજા
સિહોનને અને એડ્રેઇ પાસે આશ્તારોથમાં બાશાનના રાજા
ઓગને હરાવ્યા હતા પછીનું આ હતું. 5મૂસાએ લોકોને
સંબોધ્યા અને દેવે ઈસ્રાએલ માટે બનાવેલા નિયમો તેમને
સમજાવ્યાં. તે સમયે ઈસાએલના લોકો મોઆબના દેશમાં
યર્દન નદીની પૂર્વ દિશા પર હતાં.
6"જયારે આપણે હોરેબમાં હતા ત્યારે આપણા દેવ
યહોવાએ આપણને આમ કહ્યું હતું કે, 'તમે આ પર્વત આગળ
ઘણું લાંબુ રહ્યાં.
7હવે આ જગ્યા છોડો આગળ વધો અને અમોરીઓનો
પર્વતીય પ્રદેશ, યર્દનની ખીણ, મધ્યનો પર્વતીય દેશ,
દક્ષિણનો રણ પ્રદેશ, ભૂમધ્ય સમુદ્ર કિનારો, કનાન અને
લબાનોનની જમીનો, છેક મહાનદી ફ્રાંત સુધી કબજે કરો.
8જુઓ, એ સમગ્ર પ્રદેશ હું તમને સોંપી દઉં છું; તમારા
પૂર્વજો ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબને તથા તેમના વંશજોને
યહોવાએ જે દેશ આપવાનું વચન આપ્યું હતું, તે પ્રદેશમાં
તમે જાઓ અને તેનો કબજો મેળવો.'"

## આગેવાનોની નિમણૂક

9તે વખતે મેં તમને લોકોને જણાવ્યું હતું કે "હવે હું
એકલો તમારા બધાનો બોજો ઉપાડી શકું તેમ નથી. 10કારણ
કે યહોવાએ તમારો વંશવેલો ઘણો વધાર્યો છે આજે તમે
આકાશના તારાઓ જેટલા થઈ ગયા છો. 11તમારા પૂર્વજોના
દેવ યહોવાએ તમારી સંખ્યા 1,000 ગણી વધારી છે. તે તમને
તેના વચન પ્રમાણે આશીર્વાદ આપે. 12પણ હું એકલો તમારા
સૌના ઝઘડા અને પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે કરી શકું?
13'માટે તમે પ્રત્યેક કુળસમૂહમાંથી શાણા, સમજુ અને
અનુભવી માણસોને પસંદ કરો અને હું તેમને તમારા આગેવાન
તરીકે નિયુકત કરીશ.'
14"અને તમે સૌ સંમત થયા હતા અને કહ્યું કે 'તમારો
અભિપ્રાય સારો છે અમે તે કરીશું.'
15"તેથી પ્રત્યેક કુળમાંથી હોશિયાર અને અનુભવી
માણસોને મેં પસંદ કર્યા અને તેમને તમારા આગેવાનો અને
અમલદારો તરીકે નિમ્યા; કેટલાકને 1,000ના, કેટલાકને 100
ના, કેટલાકને 50ના તો કેટલાકને 10 ના આગેવાનો બનાવ્યા.
અને મેં બીજાને પ્રત્યેક કુળસમૂહના અમલદારો નીમ્યાં.
16"મેં તમારા અધિકારીઓને તે વખતે આ પ્રમાણે આજ્ઞા
કરેલી: 'તમારા જાતિભાઈઓ વચ્ચે જે ઝઘડા થાય તે તમારે
સાંભળવા, કોઈને પોતાના જાતિભાઈઓ સાથે કે તમારી
વચ્ચે રહેતા વિદેશીઓ સાથે ઝઘડો હોય તો તેનો નિષ્પક્ષ
રહીને નાનામોટા સૌનો ઉચિત ન્યાય કરવો. 17ન્યાય કરતી
વખતે તમારા ઉપર કોઈનો પ્રભાવ ન પડવા દેવો. નાનામોટા
સૌની સાથે સમાન વ્યવહાર કરવો. જે ચુકાદો તમે આપો
છો તે દેવનો ચુકાદો છે તેથી કોઈનાથી ડરવું નહીં. જો કોઈ
મુકદમો તમને અઘરો લાગે તો તે તમારે મારી પાસે લાવવો,
હું તેનો નિકાલ કરીશ.' 18તે જ વખતે મેં તેઓને તેમને
કરવાની બધી બાબતો વિષે સૂચાનાઓ આપી હતી.

## જાસૂસો કનાન દેશમાં જાય

19"ત્યારબાદ આપણે દેવ યહોવાની આજ્ઞાને અનુસરીને
હોરેબ પર્વત છોડીને પેલા અફાટ અને ભયંકર રણપ્રદેશમાં
થઈને અમોરીઓના પર્વતીય પ્રદેશ તરફ જવા નીકળી પડયા,
અને કાદેશ-બર્નિઆ પહોંચ્યા. 20ત્યારે મેં તમને કહ્યું હતું:
'હવે તમે અમોરીઓના પ્રદેશમાં આવી પહોંચ્યા છો, જે
આપણા દેવ યહોવાએ આપણને આપવાનું વચન આપ્યું
હતું. 21જુઓ, તમારા દેવ યહોવાએ તમને આ પ્રદેશ સોંપી
દીધો છે. તમારા પિતૃઓના દેવ યહોવાની આજ્ઞાને અનુસરો
જાઓ અને એનો કબજો લઈ લો, ડરશો નહીં કે નાહિંમત
પણ થશો નહી.'
22"પરંતુ તમે બધાએ મારી પાસે આવીને મને જણાવ્યું
કે, 'આપણે પહેલાં દેશની તપાસ કરવા જાસૂસો મોકલીએ,
તેઓ આવીને આપણને કેહશે કે આપણે કયે માર્ગે જવું અને
ત્યાંનાં નગરો કેવાં છે?'
23"મને આ સૂચના ઠીક લાગી, તેથી મેં પ્રત્યેક વંશમાંથી
એક એમ બાર વંશમાંથી બાર માસણો પસંદ કર્યા. 24તે બધા

પર્વતીય દેશમાં એશ્કોલના કોતર સુધી ગયા અને જમીનને જોઈ, 25ત્યાંથી તેમણે કેટલાંક ફળ ભેગાં કર્યા અને ત્યાંથી તેઓ પાછા આવ્યા અને જણાવ્યું કે, 'આપણા દેવ યહોવાએ આપણને જે પ્રદેશ આપ્યો છે તે સમૃદ્ધ છે.'

26"પણ તમે લોકોએ તે પ્રદેશમાં જવાની ના પાડી અને યહોવાની આજ્ઞાનો આનાદર કર્યો. 27તમે લોકોએ તમારા તંબૂમાં બબડાટ શરૂ કર્યો કે, 'યહોવા આપણને ધિક્કારે છે, તેથી જ તેમણે આપણને મિસરમાંથી બહાર લાવીને અમોરીઓના હાથમાં સોંપી દીધાં જેથી તેઓ આપણા સૌનો વિનાશ કરે. 28આપણે કયાં જઈ રહ્યા છીએ? આપણા જ જાતિભાઈઓએ એમ કહી આપણામાં ખૂબ ભય ઉત્પન કર્યો છે કે, "ત્યાંના લોકો આપણા કરતાં કદમાં મોટાં અને શક્તિશાળી છે, તેમનાં નગરો મોટાં છે અને તેના કોટ આકાશે અડે તેવા ઊંચા છે અને અમે ત્યાં કદાવરો પણ જોયાં!'

29"ત્યારે મેં તમને કહ્યું, 'તમે ગભરાશો નહી, એમનાથી ડરશો નહી. 30તમારા દેવ યહોવા તમારી આગળ જશે, અને તમે મિસરમાં હતા ત્યારે તમારા માટે જેમ પરાક્રમી કૃત્યો કર્યા તેમ તમારા માટે લડશે. 31રણપ્રદેશની યાત્રા દરમ્યાન તમે જોયું છે કે કોઈ પિતા પોતાના બાળકને ઉપાડી લે તેમ યહોવા તમને અહીં સુધી સતત તમારી સંભાળ રાખીને લાવ્યા છે.'

32"છતાં મારા કહેવાનો કોઈ પ્રભાવ તમારા પર પડયો નહી, તમે તમારા દેવ યહોવા ઉપર વિશ્વાસ ન કર્યો. 33યહોવા આખા રસ્તે તમારા મુકામ માટે જગ્યા શોધવા તમારે આગળ ચાલતા હતા. રાત્રે અગ્નિસ્તંભ દ્વારા અને દિવસે મેઘસ્તંભ દ્વારા તે આગળ રહી તમને માર્ગ બતાવતા હતા.

### અશ્રદ્ધાની સજા

34"યહોવા તમારો બડબડાટ સાંભળીને ખૂબ કોપાયમાન થયા અને તેમણે પ્રતિજ્ઞા કરી કે, 35'તમારા પિતૃઓને મેં જે સમૃદ્ધ પ્રદેશ આપવાનું વચન આપ્યું હતું તે આ લોકોમાંના કોઈને–આ દુષ્ટ પેઢીમાંના કોઈને, જોવા ન દેવો. 36ફકત યફૂન્નેહના પુત્ર કાલેબને તે પ્રદેશ જોવા મળશે. તે જે ભૂમિમાંથી ફરી આવ્યો છે તે હું તેને અને તેના વંશજોને આપીશ, કારણ, તે મને પૂરેપૂરો વિશ્વાસુ રહ્યો છે.'

37"વળી તમારા કારણે યહોવાએ મારા ઉપર રોષે ભરાઈને કહ્યું, 'તું પણ એ પ્રદેશમાં પ્રવેશ કરી શકશે નહી. 38પણ તારો સેવક યહોશુઆ જે નૂનનો પુત્ર છે તે લોકોને દોરી જશે, એને હિંમત આપજે, કારણ કે એ જ ઈસ્રાએલને એ પ્રદેશનો કબજો અપાવનાર છે.'

39"પણ તે તમારા બાળકો છે જે ત્યાં જશે તે બાળકો કે જેના વિશે તમે કહેલું કે, 'તેઓ રણમાં મૃત્યુ પામશે અને તે દિવસોમાં જેઓને સારા અને દુષ્ટ વચ્ચેના અંતરની ખબર ન હતી. હું જમીન તે બાળકોને આપી દઈશ અને તેઓ તેને કબજે કરશે. 40હવે તમારે સૌએ તો પાછા ફરીને રાતા સમુદ્રનાં રસ્તે પાછા રણમાં જ જવાનું છે.'

41"ત્યારે તમે કબૂલ થયા અને મને એવો જવાબ આપ્યો હતો કે, 'અમે યહોવાનો ગુનો કરીને પાપ કર્યું છે, હવે અમે અમારા દેવ યહોવાની આજ્ઞા મુજબ જઈશું અને તે પ્રદેશ કબજે કરવા યુદ્ધ કરીશું.' પછી તેઓ બધાએ હથિયાર ધારણ કર્યા અને જાણે રમત વાત હોય તેમ પર્વતીય પ્રદેશ ઉપર હુમલો કરવા નીકળી પડ્યા.

42"પરંતુ યહોવાએ મને કહ્યું, 'તું એ લોકોને જણાવી દે કે, તેઓ યુદ્ધ કરવા જાય નહી, હું તેઓની સાથે નથી, તેઓ તેમના શત્રુઓ સામે હાર પામશે.'

43"મેં તે બધાને એ મુજબ કહ્યું, પણ તે લોકોએ સાંભળ્યું નહી, અને તેઓએ ફરીથી યહોવાની આજ્ઞાનો અનાદર કર્યો અને આવેશમાં પર્વતીય પ્રદેશ ઉપર હુમલો કર્યો. 44પરંતુ ત્યાં પર્વતોમાં વસતા અમોરીઓ તમારો સામનો કરવા બહાર નીકળી આવ્યા અને મધમાખીઓ જેમ તમારો પીછો પકડી સેઈરમાં આવેલા હોર્માહ આગળ તમારી સેનાને ભયંકર નુકસાન પહોચાડ્યું અને હાર આપી. 45એટલે તમે પાછા આવ્યા અને યહોવા સમક્ષ આક્રંદ કરવા લાગ્યા, છતાં પણ યહોવાએ તમારો પોકાર સાંભળ્યો નહી, 46આથી તમારે કાદેશમાં લાંબા સમય સુધી રોકાવું પડ્યું.

### રઝળપાટનું સંભારણું અને યહોવાની આજ્ઞા

2 "પછી યહોવાએ મને આપેલી આજ્ઞા મુજબ આપણે પાછા ફર્યા અને રાતા સમુદ્રને રસ્તે રણપ્રદેશમાં આગળ વધ્યા. ઘણા વર્ષો સુધી આપણે સેઈરના પર્વતીય પ્રદેશની આજુબાજુ ભટકયા. 2પછી યહોવાએ મને કહ્યું, 3'આ પર્વતીય પ્રદેશમાં તમે બહુ સમય ભટકયા હવે ઉત્તરમાં જાઓ. 4લોકોને આમ કહે: હવે તમે સેઈરની ભૂમિમાંથી પસાર થવાના છો, જ્યાં એસાવના વંશજો, તમારા સગાંઓ રહે છે. તેઓ તમારાથી ડરી જશે. છતાં કાળજી રાખજો. 5તેઓની સાથે યુદ્ધ શરૂ કરશો નહી. કારણ કે સેઈર પર્વતનો એ સમગ્ર પર્વતીય પ્રદેશ મેં એસાવને કાયમી વારસા તરીકે સોંપી દીધો છે. હું તમને એમના પ્રદેશમાંથી એક વેંત જેટલી જમીન પણ આપીશ નહી. 6તમે જે કંઈ ખાઓ કે જળ પીઓ તેની રકમ ચૂકવી દેજો; પૈસા ચૂકવ્યા વિના કશું જ ખાશો–પીશો નહી, 7કારણ કે અત્યાર સુધી તમારાં બધાં જ કાર્યોમાં યહોવા તમારા દેવે તમને સફળતા આપી છે, અને આ અફાટ રણપ્રદેશમાં 40 વર્ષ યહોવા તમારા દેવે મુસાફરી દરમ્યાન તમારું રક્ષણ કર્યુ છે તે સદાય તમારી સાથે રહ્યા છે અને તમને જોઈતું બધું તમને મળી ગયું હતું.'

8"આથી આપણે સેઈરમાં વસતા આપણા સગાંઓ એસાવના વંશજોમાંથી પસાર થયા અને એલાથ અને એશ્યોન–ગેબેરથી મૃત સરોવર જતા માર્ગે મુસાફરી કરી. પછી અમે વળ્યાં અને મોઆબના રણ તરફ આગળ વધ્યાં.

### આર પ્રાંતમાં ઈસ્રાએલ

9"ત્યાં યહોવાએ આપણને ચેતવણી આપતાં કહ્યું, 'લોટના વંશજો મોઆબીઓને પણ છેડશો નહી કે તેમની સાથે યુદ્ધ

પણ કરશો નહી, કારણ કે, તેઓના પ્રદેશમાંથી પણ હું તમને જમીન આપીશ નહી. મેં આરનગર અને તે પ્રદેશ લોટના વંશજોને આપી દીધો છે.'"

10અગાઉ એમીઓ ત્યાં રહેતા હતા. તેઓની વસતી ઘણી હતી અને તેઓ અનાકીઓ જેવા ઊંચા તથા કદાવર હતા.
11અનાકીઓની જેમ તેઓ પણ રફાઈમીઓ ગણાતા હતા પણ મોઆબીઓ તેમને એમીઓ કહેતા હતા. 12હોરીઓ
પહેલા સેઈરમાં રહેતા હતા, પણ એસાવના વંશજો તેઓને હાંકી કાઢીને તેમની ભૂમિ પડાવી લીધી, અને તેમનું નામનિશાન ભૂંસી નાખ્યું. અને તેમની જગ્યાએ પોતે વસવા લાગ્યા, જેમ ઈસ્રાએલીઓએ યહોવાએ, તેમને આપેલી ભૂમિનાં મૂળ વતનીઓને સાથે કર્યુ તેમ.

13"'હવે, ઝેરેદની ખીણ ઓળંગો.' આથી આપણે ઝેરેદની
ખીણ ઓળંગી. 14આપણી મુસાફરી કાદેશ બર્નિયાથી નીકળીને ઝેરેદનું કોતર ઓળંગતા સુધીમાં આપણને આડત્રીસ વર્ષો લાગ્યાં. અને એ સમય દરમ્યાન યહોવાના કહ્યા પ્રમાણે યોદ્ધાઓની એક આખી પેઢી સમાપ્ત થઈ ગઈ. 15તેઓ
બધા મૃત્યુ પામે અને તેમને ઈસ્રાએલી પડાવમાંથી દૂર કરવામાં આવે તેમ યહોવાએ કર્યુ.

16"જયારે એ લોકોમાંના બધા જ યોદ્ધા મરી ગયા 17ત્યારે
યહોવાએ મને કહ્યું, 18'આજે તારે મોઆબની સરહદે આવેલા
આરને વટાવીને લોટના વંશજો 19અમ્મોનીઓના પ્રદેશમાં
પહોંચી જવાનું છે. પરંતુ તેમને છેડશો નહી કે તેમની સાથે યુદ્ધ પણ કરશો નહી, કારણ કે, તેઓની ભૂમિમાંથી હું તમને એક તસુ પણ આપવાનો નથી. મેં તે પ્રદેશ તો લોટના વંશજોને આપી દીધો છે.'"

20એ પ્રદેશ પણ રફાઈમીઓનો ગણાતો કારણ કે, એક વખતે તેઓ ત્યાં વસતા હતા, જો કે અમ્મોનીઓ તેમને 'ઝામઝૂમીઓ' કહે છે. 21એ પ્રજા પણ અનાકીઓની જેમ
કદમાં ઊંચી અને કદાવર હતી. તેઓની વસ્તી ઘણી વધારે હતી. પરંતુ અમ્મોનીઓનો ઘસારો થતાં યહોવાએ તેઓનો નાશ કર્યો અને અમ્મોનીઓ તેઓની જગ્યાએ વસ્યા.
22તેવીજ રીતે સેઈરમાં વસતા એસાવના વંશજોને દેવે મદદ કરી. જ્યારે હોરીઓએ એમના ઉપર હુમલો કર્યો ત્યારે દેવે હોરીઓનો નાશ કરવામાં તેમની મદદ કરી. અને એસાવના વંશજોએ તે લોકોનો પ્રદેશનો કબજો લઈને ત્યાં વસવાટ કર્યો અને આજે પણ તેઓ ત્યાં રહે છે. 23છેક ગાઝા સુધીના
ગામોમાં રહેતા આવ્વીઓનું પણ એમ જ થયું હતું. કફતોરથી આવેલા કફતોરીઓએ તેમનું નિકંદન કાઢીને તેમની જગ્યાએ વસવા માંડ્યું.

### અમોરીઓ સામે યુદ્ધ કરવાનો આદેશ.

24"પછી યહોવાએ આપણને કહ્યું, 'હવે, ચાલો, નીકળી પડો અને અર્નોનની ખીણ વટાવી જાઓ, કારણ, મેં હેશ્બોનના રાજા અમોરી સિહોનને તેમજ તેના પ્રદેશને તમારા હાથમાં સોંપી દીધા છે. તેના ઉપર હુમલો કરો અને પ્રદેશ કબજે લેવા માંડો. 25આકાશ નીચે વસતા બધા લોકોને આજથી
તમારાથી ગભરાતા અને બીતા રહે એમ હું કરીશ; બધા ભયથી થથરશે જ્યારે તેઓ તમારા વિશે સાંભળશે.'

26"ત્યારબાદ મેં કેદમોથના વગડામાંથી હેશ્બોનના રાજા
સિહોનને આ મુજબ શાંતિનો સંદેશો એલચીઓ મારફતે
મોકલાવ્યો 27કે, 'મહેરબાની કરીને અમને તમારા પ્રદેશમાંથી
પસાર થવાદો.. ડાબી કે જમણી બાજુ ફંટાયા વિના અમે
સીધા ધોરી માર્ગે ચાલ્યા જઈશું. 28રસ્તામાં અમે જે કાંઈ
ખાઈશું કે જલપાન કરીશું એના પૈસા ચૂકવી દઈશું; અમારે
ફકત તમારા પ્રદેશમાંથી પસાર થઈ.29 યર્દન નદી ઓળંગી
અમારા દેવ યહોવા અમને જે ભૂમિ આપે છે ત્યાં અમારે જવું છે. પસાર થવા દે અમને જેમ સેઈરમાં વસતા એસાવના વંશજોએ તથા આરમાં વસતા મોઆબીઓએ થવા દીધાં.'

30"પરંતુ હેશ્બોનના રાજા સિહોને આપણને માર્ગ આપવાની ના પાડી, કારણ, તમારા દેવ યહોવાએ તેને હઠીલો અને બળવાખોર બનાવી દીધો, જેથી તે તમારા હાથે સિહોનનો વિનાશ કરે અને તેના પ્રદેશનો તમે કબજો કરી શકો, જે હજી પણ અમારી પાસે છે.

31"પછી યહોવાએ મને કહ્યું, 'જો મેં સિહોનને અને તેના પ્રદેશને તારા હાથમાં સોંપી દેવા માંડયા છે, એની ભૂમિનો કબજો લેવાનું તું શરૂ કરી દે.'

32"ત્યારબાદ સિહોન પોતાનું સમગ્ર સૈન્ય લઈને યાહાસ
આગળ આપણી સામે યુદ્ધ કરવાને બહાર પડ્યો, 33પરંતુ
આપણા દેવ યહોવાએ તેને આપણા હાથમાં સોંપી દીધા અંતે આપણે તેને તેના પુત્રોને તથા તેના સમગ્ર સૈન્યને
હરાવ્યા. 34ત્યારબાદ આપણે તેનાં બધાં શહેરો કબજે કર્યા,
અને દરેક શહેરમાંના બધાંજ સ્ત્રી પુરુષો અને બાળકોની હત્યા કરી, કોઈનેય જીવતા રહેવા ન દીધા; 35પણ આપણે
જીતેલાં નગરોમાંથી મળેલી લૂંટ તથા પશુધન આપણે રાખ્યાં.
36અર્નોનની ખીણની ધારે આવેલા અરોએરથી માંડીને ગિલયાદ સુધીના સપાટ પ્રદેશમાં એકપણ નગર આપણી સામે ટકી શકયું નહોતું, આપણા દેવ યહોવાએ બધાં જ નગરો આપણા હાથમાં સોંપી દીધાં. 37પરંતુ અમ્મોનીઓના
પ્રદેશમાં,-યમબોક ખીણની આસપાસના કે પર્વતીય પ્રદેશમાં આવેલાં ગામોમાં જયાં જયાં જવાની આપણા દેવ યહોવાએ આપણને મનાઈ કરી હતી ત્યાં ત્યાં આપણે ગયા જ નહી.

### બાશાનના લોકો સાથે યુદ્ધ

3 "ત્યારબાદ આપણે વળીને બાશાનને માર્ગે આગળ વધ્યા. બાશાનનો રાજા ઓગ પોતાનું આખું સૈન્ય લઈને એદ્રેય મુકામે આપણી સામે યુદ્ધ કરવા ધસી આવ્યો. 2પરંતુ
યહોવાએ મને કહ્યું, 'એનાથી તું ડરતો ના, કારણ કે, મેં એને એની આખી સેના અને તેના પ્રદેશ સાથે તારા હાથમાં સોંપી દીધો છે. મેં જે હાલ હેશ્બોનના રહેતા અમ્મોનીઓના રાજા સિહોનના કર્યા તેવા જ હાલ તું એના કર.'

3"આમ, આપણા દેવ યહોવાએ બાશાનના રાજા ઓગને પણ તેના સમગ્ર સૈન્ય સાથે હરાવવામાં આપણને મદદ કરી અને આપણે તે તમામનો સંહાર કર્યો, એકને ય જીવતો

જવા દીધો નહી, 4તે વખતે આપણે ઓગના સર્વ એટલે કુલ
સાઠ નગરોથી સંપૂર્ણ આર્ગોબ પ્રદેશ એટલેકે રાજા ઓગનું
બાશાન રાજ્ય કબજે કર્યુ, તેવું એકપણ નગર ન હતું જે અમે
કબજે ન કર્યુ હતું. 5આ બધાં નગરો ઊંચા કોટ અને દરવાજાં
સાથે ભોગળવાળાં હતાં. ઉપરાંત, કોટ વગરનાં અનેક ગામો
આપણે કબજે કર્યા. 6હેશ્બોનના રાજા સિહોનની બાબતમાં
પણ આપણે જે કર્યુ હતું તેમ આખાને આખા બાશાનનાં
નગરો અને તેના સ્ત્રી પુરુષ બાળકોનો નાશ કર્યો. 7પરંતુ
કબજે કરેલાં નગરોમાંથી પ્રાપ્ત થયેલ લૂંટ અને પશુધન
આપણે માટે રાખી લીધાં.

8"એ વખતે આપણે યર્દન નદીની પૂર્વ બાજુએ
અમ્મોરીઓના એ બે રાજાઓનો સમગ્ર પ્રદેશ-અર્નોનની
ખીણથી હેર્મોન પર્વત સુધીનો કબજે કર્યો. 9સિદોનીઓ હેર્મોન
પર્વતને સિરિયોન કહે છે અને અમોરીઓ એને સનીર કહે
છે. 10આપણે ઓગના તાબા હેઠળનાં સપાટ પ્રદેશમાંનાં
તમામ નગરો, સમગ્ર ગિલયાદ તેમ જ છેક સાલ્ખા અને
એદ્રેય સુધીનો બાશાનનો સમગ્ર પ્રદેશ જીતી લીધો હતો."

11રાક્ષસી રફાઈઓમાંથી ફકત બાશાનનો રાજા ઓગ
એકલો જ બાકી રહ્યો હતો. આજે પણ આમ્મોનીઓના
રાબ્બાહ નગરમાં તેનો લોખંડનો સાડાતેર હાથ લાંબો અને
છ હાથ પહોળો પલંગ જોવા મળે છે.

## યર્દન નદીની પૂર્વની ભૂમિ

12"ભૂમિ કે જે આપણે કબજે કરી હતી, મેં રૂબેન અને
ગાદના વંશજોને આપી: અરોએરનો આર્નોન નદીના કાંઠા
પરનો પ્રદેશ તથા ગિલયાદના પર્વતીય પ્રદેશનો અડધો ભાગ
તેના નગરો સહિત. 13અને ગિલયાદનો બાકીનો પ્રદેશ,
બાશાનનો સમગ્ર પ્રદેશ, ઓગનું રાજ્ય, એટલે કે અર્ગોબનો
સમગ્ર પ્રદેશ મેં મનાશ્શાના અડધા વંશને આપ્યો. બાશાનનો
સમગ્ર પ્રદેશ રફાઈમીઓનો દેશ કહેવાય છે."

14મનાશ્શાના વંશજ યાઈરે ગશૂરીઓ અને
માઅખાથીઓની સરહદ સુધીનો સમગ્ર અર્ગોબનો એટલે કે
બાશાનનો પ્રદેશ કબજે કર્યો, અને પોતાના નામ ઉપરથી
ત્યાંનાં ગામડાઓનું નામ 'યાઈરના ગામડાઓ' પાડયું. આજે
પણ તે પ્રદેશ એ નામથી જ ઓળખાય છે.

15"ગિલયાદ મે માખીરના વંશજોને આપ્યું હતું. 16અને
રૂબેનના અને ગાદના વંશજોને મેં ગિલયાદથી માંડીને
અર્નોનના કોતર સુધીનો પ્રદેશ આપ્યો હતો. કોતરનો મધ્ય
ભાગ એ તેની દક્ષિણ સરહદ હતી અને અમ્મોનીઓની
સરહદે આવેલી યાબ્બોક નદીએ એની ઉત્તર સરહદ હતી.
17પશ્ચિમમાં તેમની જમીન યર્દન નદી સુધી વિસ્તરેલી હતી.
ઉત્તરમાં કિન્નેરેથના સરોવરથી દક્ષિણમાં અરાબાના સમુદ્ર
સુધી એટલે કે ખારા સમુદ્ર સુધી, અને પૂર્વમાં પિસ્ગાહ
પર્વતની તળેટીના ઢાળ સુધી એ પ્રદેશ વિસ્તરેલો હતો જમીન
ખેચાયેલી હતી.

18"એ વખતે મેં રૂબેન અને ગાદના કુળસમૂહોને અને
મનાશ્શાના અર્ધકુળને આજ્ઞા કરી હતી કે; 'તમારા દેવ
યહોવાએ આ ભૂમિ તમારા કબજામાં સોંપી છે. દેવે તમને
તમારો ભાગ આપ્યો છે. તમારા બધા યોદ્ધાઓએ હથિયાર
ધારણ કરીને ઈસ્રાએલના બીજા કુળસમૂહોને દોરવીને યર્દન
નદીને પેલે પારના પ્રદેશ તરફ આગળ વધવું જે પ્રદેશ દેવે
તેમને આપવાનું વચન આપ્યું હતું. 19મેં તેઓને એ પણ
કહ્યું હતું કે, "મેં તમને જે નગરો આપ્યા છે તેમાં તમારી
સ્ત્રીઓ અને બાળકો તથા પશુઓ પાછળજ રહે. મને ખબર
છે તમારી પાસે ઘણા ઢોર છે અને સ્ત્રીઓ તેની સંભાળ
રાખે. 20યર્દનને પેલે પાર તમારા દેવ યહોવાએ તેમને
આપેલી ભૂમિનો કબજો તેઓ પ્રાપ્ત કરે અને જેમ તેમને
પણ યહોવા સ્થાયી થવા દે ત્યાં સુધી તમારે એમને સાથ
આપવાનો છે. ત્યાર પછી તમારે મેં તમને આપેલી ભૂમિમાં
પાછા ફરવાનું છે.'

21"ત્યારબાદ મેં યહોશુઆને એવો આદેશ આપ્યો કે,
'યહોવાએ આ બે રાજાઓના જે હાલ કર્યા તે, તેં તારી સગી
આંખે જોયા છે, અને તું જે પ્રદેશમાં જાય છે ત્યાંના રાજાઓના
પણ એવા જ હાલ કરશે. 22ત્યાં રહેતી પ્રજાઓથી તું જરાય
ગભરાઈશ નહી, કારણ કે તમારા દેવ યહોવા તમારા પક્ષે
લડશે.'

## મૂસાને કનાનમાં પ્રવેશની મનાઈ

23"તે સમયે મેં દેવને આગ્રહપૂર્વક અરજ કરી; 24'હે યહોવા
દેવ, તમે અમારી મધ્યે તમારી મહાનતા તથા સામર્થ્ય પ્રગટ
કરો છો તેનું પરિણામ જોવાની મારી ઈચ્છા છે; આકાશમાં કે
પૃથ્વી પર એવો કોઈ દેવ નથી જે તમે અમારા માટે કરેલાં
કાર્યોની સરસાઈ કરી શકે. 25હે યહોવા, મને કૃપા કરીને
યર્દન નદી ઓળંગીને સામે કિનારે આવેલી સમૃદ્ધ ભૂમિ,
પેલો રમણીય પર્વતીય પ્રદેશ તથા લબાનોનમાં જવા દો.'

26"પરંતુ તમારા કારણે યહોવા મારા પર રોષે ભરાયા
હતા અને મારી અરજ સાંભળી નહોતી; તેમણે મને કહ્યું,
'બસ, હવે એ વિષે ફરી વાત કરીશ નહી. 27પરંતુ પિસ્ગાહ
પર્વતની ટોચે જઈને પશ્ચિમમાં, ઉત્તરમાં, દક્ષિણમાં અને
પૂર્વમાં નજર કર, ધ્યાનપૂર્વક જોજે, કારણ કે, તું આ યર્દન
નદી ઓળંગીને સામે પાર જવાનો નથી. 28તું તારું સ્થાન
લેવા માટે યહોશુઆને આદેશ આપજે, તેને હિંમત આપજે,
બળ આપજે, કારણ કે, પર્વતની ટોચ પરથી તું જે દેશ જોશે
તેને જીતવા માટે, લોકોને માટે તે પેલે પાર આગળ લઈ
જશે.'29એ પ્રમાણે આપણે બેથ-પેઓરની સામેની ખીણમાં
મુકામ કર્યો."

## દેવને આધીન રહેવા લોકોને મૂસાની ચેતવણી

4 મૂસાએ લોકોને જણાવ્યું, "હે ઈસ્રાએલી પ્રજાજનો, હું
તમને જે કાયદાઓ અને નિયમો શીખવું છું તે ધ્યાનથી
સાંભળો અને તેનું પાલન કરો; તો તમે જીવતા રહી શકશો
અને તમારા પિતૃઓના દેવ યહોવા જે ભૂમિ તમને આપી
રહ્યા છે, તેમાં પ્રવેશ કરી શકશો અને તેનો કબજો પણ
તમને મળશે. 2હું તમને જે આજ્ઞા કરું છું તેમાં તમારે કશો

વધારો કે ઘટાડો કરવો નહી. હું તમને તમારા દેવ યહોવાની જે આજ્ઞાઓ જણાવું તેનુંજ તમારે પાલન કરવું.

3"બઆલ-પેઓરમાં યહોવાએ જે કંઈ કર્યુ તે તમે પ્રત્યક્ષ જોયું છે. તમારા દેવ યહોવાએ તમારામાંથી જે કોઈ બઆલદેવની પૂજા કરવા લાગ્યા હતા તે બધાનો સંહાર કર્યો. 4પરંતુ તમે કે જેઓ તમારા દેવ યહોવાને દઢતાથી વફાદાર રહ્યા તે આજે જીવતા રહ્યા છે.

5"યહોવા મારા દેવે મને આજ્ઞા કરી તે મુજબ મેં તમને કાનૂનો અને નિયમો શીખવ્યા છે, જયારે તમે તે પ્રદેશમાં પ્રવેશ કરો અને તેનો કબજો લો, ત્યારે તમારે સૌએ એ કાનૂનો અને નિયમોનું પાલન કરવું. 6અને જો તમે તેનું કાળજીપૂર્વક પાલન કરશો તો તમે સચેત અને જ્ઞાની રાષ્ટ્ર થશો, અને આજુબાજુના રાષ્ટ્રો આ કાનૂનો વિષે સાંભળશે ત્યારે તેઓ કહેશે, 'આ મહાન રાષ્ટ્રને કેવી દક્ષતા અને સમજદારી છે!'

7"આપણે જેમ આપણા દેવ યહોવાને જયારે પોકારીએ છીએ ત્યારે તે આપણી સાથે જ હોય છે. એવો દેવ સાથેનો નિકટનો સંબંધ બીજી કંઈ મોટી કે નાની પ્રજાને છે? 8બીજી કઈ પ્રજા એવી મહાન છે કે જેના કાયદા અને નિયમો આજે હું તમારી આગળ રજૂ કરું છું એ સમગ્ર આચારસંહિતા જેવા ન્યાયી હોય? 9પણ ધ્યાન રાખીને સાવધ રહેજો, તમે તમારી સગી આંખે જે જોયું છે તે ભૂલી જશો નહીં, અને મૃત્યુ પામો ત્યાં સુધી તેને તમારા મનમાંથી દૂર કરશો નહીં, પરંતુ તમારા સંતાનોને અને તેમનાં સંતાનોને એ શીખવજો. 10એ દિવસને તમે કદાપિ ભૂલશો નહીં, જે દિવસે તમે હોરેબમાં તમારા દેવ યહોવા સન્મુખ ઊભા હતા, અને યહોવાએ મને કહ્યું હતું કે, 'લોકોને મારી સમક્ષતામાં ભેગા કર. હું તે બધાને મારાં વચનો સંભળાવીશ અને તેઓ પૃથ્વી પર જીવશે ત્યાં સુધી મારાથી ડરીને ચાલતાં શીખશે અને પોતાનાં સંતાનોને પણ તેમ કરતાં શીખવશે.' 11તેથી તમે નજીક આવીને પર્વતની તળેટી આગળ ઊભા રહ્યા હતા. પર્વત અગ્નિથી ભડભડતો હતો અને જવાળાઓ આકાશ સુધી પહોંચતી હતી. સર્વત્ર અંધકાર, વાદળ અને ગાઢ ધુમ્મસ છવાયેલાં હતાં, 12ત્યારે યહોવા તમારા દેવ અગ્નિમાંથી તમારી સાથે બોલ્યો. તેણે જે કહ્યું તમે સાંભળ્યું, પણ તમે તેમની આકૃતિ જોઈ નહી તમે ફક્ત અવાજ સાંભળ્યો. 13તેમણે તમને પોતાના કરારના દસ નિયમોનું પાલન કરવાનું કહ્યું. અને તે તેમણે પથ્થરની બે તકતીઓ ઉપર લખ્યા. 14તે જ સમયે યહોવાએ તમે જે ભૂમિમાં પ્રવેશ કરીને કબજો લેવાના છો તે ભૂમિમાં તમારે એજ કાયદાઓ અને નિયમો પાળવાના છે, તે તમને શિખવવાની મને આજ્ઞા કરી.

15"સાવધાન રહેજો. જે દિવસે તમે હોરેબમાં યહોવાને અગ્નિમાંથી તમારી સાથે બોલતા સાંભળ્યા તે દિવસે તમે દેવની કોઈ આકૃતિ જોઈ નહોતી, 16તેથી દેવની મૂર્તિ બનાવીને પાપ કરશો નહીં, પુરુષ અથવા સ્ત્રી જેવી દેખાય તેવી મૂર્તિ બનાવશો નહીં. 17પૃથ્વી પર ચાલનારા કોઈ પ્રાણીની કે આકાશમાં ઊડતા પંખીની, 18પૃથ્વી તળેના પાણીમાંની માછલીની મૂર્તિ કે આકૃતિ બનાવી ભ્રષ્ટ થશો નહી. 19તમે, આકાશ તરફ નજર કરો ત્યારે સૂર્ય, ચંદ્ર કે તારાઓની સેવાપૂજા કરશો નહી. તમારા દેવ યહોવાએ એમને તો પૃથ્વી પર વસતા બધાં લોકોના લાભ માટે આપેલા છે. 20પરંતુ તમને તો યહોવા મિસરની ભડભડતી ભઠ્ઠીમાંથી બહાર લઈ આવ્યો હતો, જેથી તમે એની પોતાની પ્રજા બની રહો અને તેમનો પોતાનો વારસો બનો, જેમ તમે આજે છો.

21"પરંતુ તમારે કારણે યહોવા મારા પર રોષે ભરાયા હતા અને તેમણે સમ પૂર્વક જણાવ્યું હતું કે, "તું યર્દન નદી ઓળંગી હું જે સમૃદ્ધ ભૂમિનો કબજો તમારા લોકોને સોંપી રહ્યો છું તેમાં પ્રવેશ પામશે નહી." 22હું યર્દન નદી ઓળંગી શકવાનો નથી. મારે નદીની આ બાજુના દેશમાં જ મરવાનું છે. પણ તમે યર્દન ઓળંગીને તે સમૃદ્ધ ભૂમિનો કબજો પ્રાપ્ત કરશો. 23પણ સાવધાન! તમારા દેવ યહોવાએ તમારી સાથે જે કરાર કર્યો છે, તેને, ભૂલશો નહી તમારા દેવ યહોવાએ જેની સ્પષ્ટ મનાઈ કરી છે એવી કોઈપણ મૂર્તિ બનાવશો નહીં. 24દેવ તો ભસ્મ કરી નાખનાર અગ્નિરૂપ છે. એ તો સંપૂર્ણ નિષ્ઠા માગનાર દેવ છે તે મૂર્તિ પૂજા સહન નહીં કરે.

25"ભવિષ્યમાં તમને સંતાનો અને સંતાનોનાં પણ સંતાનો થાય અને તમે બધાં તે દેશમાં સ્થાયી થશો, તમે જો મૂર્તિઓ બનાવીને પાપ કરશો તો તમારા દેવ યહોવા તમારા પાપને કારણે અતિ ક્રોધિત થશે. 26અને હું આકાશ તથા પૃથ્વીની સાક્ષીએ તમને કહું છું કે, તમે યર્દન ઓળંગ્યા પછી જે ભૂમિનો કબજો લેવાના છો તેમાંથી તમે થોડા જ સમયમાં સમાપ્ત થઈ જશો. ત્યાં તમે લાંબો સમય નહી રહો અને તમારો નાશ થશે. 27યહોવા તમને અન્ય પ્રજાઓમાં વેરવિખેર કરી નાખશે અને તમને જે લોકોમાં તે દોરી જશે તેમની વચ્ચે તમે બહુ થોડા જ બાકી રહેશો. 28તમે ત્યાં લાકડાની અને પથ્થરની બનાવેલી મૂર્તિઓ કે જે જોઈ શકતી નથી કે સાંભળી શકતી નથી અને ખાતી નથી કે સૂંઘતી પણ નથી ને શ્વાસ પણ નથી લેતી, તેની સેવાપૂજા કરશો.

29"જો તમે યહોવા તમારા દેવ માટે આ બીજી ભૂમિઓમાં શોધખોળ કરશો તમને તે મળી જશે. પણ તમારે શોધ પૂર્ણ હૃદય પૂર્વક કરવી પડશે. 30તો પાછલા દિવસોમાં જયારે આફતમાં આવી પડશો અને તમને આ બધું વીતશે ત્યારે તમે ફરી તમારા દેવ યહોવા તરફ વળશો અને તેમની આજ્ઞા મસ્તક પર ધારણ કરશો. 31તમારા દેવ યહોવા દયાળુ છે તે તમારો ત્યાગ કરશે નહીં કે તમારો નાશ પણ કરશે નહીં કે તમારા પૂર્વજોને આપેલાં વચનો પણ ભૂલશે નહીં.

### દેવે કરેલાં મહાન કાર્યો વિષે વિચારો

32"દેવે પૃથ્વી ઉપર માનવીનું સર્જન કર્યુ ત્યારથી માંડીને આજ સુધી ના ઈતિહાસના પૃષ્ઠો તપાસી જાઓ, આકાશના એક છેડાથી બીજા છેડા સુધી ફરી વળો અને પૂછો કે, પહેલાં કદી આ પ્રમાણેની અદભૂત ઘટના બનેલી જોઈ છે કે સાંભળી છે? 33તમે લોકોએ જેમ દેવને અગ્નિમાંથી બોલતા સાંભળ્યા છે તેમ અન્ય કોઈ પ્રજાએ સાંભળ્યા છે ખરા? અને છતાં

પણ તે જીવતી રહી છે? 34અથવા તમારા દેવ યહોવાની
જેમ કોઈએ એક પ્રજાને બીજી પ્રજા પાસેથી પોતાને માટે
લઈ લેવાની હિંમત કરી છે? તેમણે તો મિસરમાં તમારે માટે
તમારા દેખતાં, પોતાના પ્રચંડ બાહુબળના ચમત્કારો બતાવીને
ભયંકર આફતોનો વરસાદ વરસાવ્યો હતો. યુદ્ધો, ચમત્કારો,
પરાક્રમો અને ભયાનક કૃત્યો કર્યા હતાં. 35આ તમામ તેમણે
એટલા માટે કર્યુ કે પોતે જ દેવ છે, બીજું કોઈ નથી, એની
ખાતરી તમને કરાવી શકાય. 36તમને ઉપદેશ મળે એ માટે
યહોવાએ આકાશમાંથી તેમની બોધ આપતી વાણી સંભળાવી.
અને તમને પૃથ્વી ઉપર પોતાના મહાઅગ્નિનાં દર્શન કરાવ્યાં.
અને એ જ અગ્નિમાંથી તમે તેમનાં વચનો સાંભળ્યાં

37"યહોવા તમારા પૂર્વજો પર પ્રેમ રાખતા હતા. અને
તેઓના વંશજોને આશીર્વાદ આપવા માટે તેમણે પસંદ કર્યા
હતા. એટલે એ જાતે જ તમને પ્રચંડ બાહુબળથી મિસરમાંથી
બહાર લઈ આવ્યા. 38તમારા કરતા મોટા અને શકિતશાળી
રાષ્ટ્રોને તેમણે હાંકી કાઢી અને તેઓના દેશો તમને સોંપ્યા,
જેમ આજે છે તેમ.

39"એટલે તમે ચોક્કસ રીતે મનમાં રાખો કે યહોવા જ
દેવ છે, અને બીજા કોઈ દેવ નથી. તે આકાશમાં અને પૃથ્વી
ઉપર દેવ છે. 40આજે હું તમને જે કાનૂનો અને નિયમો
આપું છું તેનું તમે પાલન કરજો, જેથી તમારું અને તમારાં
સંતાનોનું ભલું થાય અને તમારા યહોવા દેવ જે ભૂમિ તમને
આપે છે તેમાં તમે દીર્ઘકાળ વસો અને દીર્ઘાયુ ભોગવો."

### આશ્રય નગરો

41ત્યારબાદ મૂસાએ ઈસ્રાએલી લોકોને યર્દન નદીની
પૂર્વમાં ત્રણ નગરોમાં અલગ કાઢયાં. 42જયાં કોઈ માણસે
અગાઉના કોઈપણ વેરઝેર વગર અજાણતાં કોઈ વ્યકિતનું
ખૂન કર્યુ હોય તો તે ત્યાં આશ્રય લઈ શકે. એવો માણસ જો
આ નગરમાંના કોઈનું શરણું લે તો તેનો જીવનો બચાવ
થાય. 43એ ત્રણ નગરો આ પ્રમાણે હતા: રૂબેનીઓના વંશજોને
માટે રણના સપાટ પ્રદેશમાં આવેલું 'બેસેર' ગાદના વંશજો
માટે ગિલયાદમાં આવેલું રામોથ અને મનાશ્શાના વંશજો
માટે બાશાનમાં આવેલું ગોલાન.

### નિયમસંહિતાનો આરંભ

44ઈસ્રાએલી પ્રજાને મૂસાએ દેવની નિયમસંહિતા આપી.
45તેઓ મિસરમાંથી નીકળ્યા ત્યારે મૂસાએ તે લોકોને આ
નિયમો આપ્યા હતા. 46યર્દન નદીની પૂર્વમાં બેથ-પેઓર
નગર પાસે મૂસાએ આ વચનો કહી સંભળાવ્યાં. અગાઉ આ
દેશ અમોરીઓના રાજા સિહોનના કબજામાં હતો, તેની
રાજધાની હેશ્બોન હતી. મૂસા તથા ઈસ્રાએલીઓએ
મિસરમાંથી આવતાં એ રાજાને હરાવ્યો હતો. 47અને તેના
પ્રદેશનો તેમ જ બાશાનના રાજા ઓગના પ્રદેશનો એમ
યર્દનના પૂર્વકાંઠે આવેલા બે અમોરી રાજાઓના પ્રદેશનો
કબજો લીધો હતો. 48આમ ઈસ્રાએલે આર્નોનની ખીણની
સરહદે આવેલા અરોએરથી તે સિયોન પર્વત જે હેર્મોન પર્વત
તરીકે પણ ઓળખાય છે. 49અને યર્દન નદીની પૂર્વે આવેલો
સમગ્ર અરાબાહનો પ્રદેશ તેમજ પિસ્ગાહ પર્વતના ઢોળાવ
નીચે આવેલો મૃત સમુદ્ર અરાબાહ સુધીનો પ્રદેશ કબજે કરી
લીધો.

### દસ આજ્ઞાઓ

5 બધા ઈસ્રાએલી લોકોને બોલાવીને મૂસાએ તેઓને કહ્યું,
"હે ઈસ્રાએલીઓ, આજે હું તમને જે કાયદાઓ અને
નિયમો સંભળાવું છું તે ધ્યાનથી સાંભળો અને એ શીખી લો
અને ચોક્કસ એનું પાલન કરો. 2આપણા દેવ યહોવાએ
આપણી સાથે હોરેબમાં કરાર કર્યો હતો. 3એ કરાર યહોવાએ
આપણા પિતૃઓ સાથે નહી પણ આપણી સાથે કર્યો હતો,
જેઓ આજે અહીં જીવતા રહ્યા છે. 4યહોવા તમારી સાથે
ત્યાં પર્વત ઉપર અગ્નિમાંથી પ્રત્યક્ષ બોલ્યા હતા 5તે સમયે
યહોવાના શબ્દો તમને સંભળાવવા હું મધ્યસ્થ તરીકે ઊભો
હતો, કારણ કે, તમને અગ્નિનો ભય લાગતો હતો અને તમે
પર્વત પર તેમની પાસે ગયા ન્હોતા. અને મેં તમને તે કહી
સંભળાવ્યા હતા. તેમણે કહ્યું હતું: 6ગુલામીના દેશ મિસરમાંથી
તમને મુકત કરી બહાર લાવનાર હું જ તમારો દેવ છું.

7"મારા સિવાય તમારે કોઈ પણ અન્ય દેવની ઉપાસના
કરવી જોઈએ નહી.

8"ઉપર આકાશમાં કે નીચે પૃથ્વી ઉપર કે પૃથ્વી નીચેના
જળમાં વસનાર પશુ, પક્ષી કે જળચર પ્રાણીની મૂર્તિ
તમારે બનાવવી નહી. 9અને તમારે તેને નમસ્કાર કરીને
તેમની પૂજા કરવી નહી. કારણ કે, હું તમારો દેવ યહોવા
અનન્ય નિષ્ઠાની અપેક્ષા રાખનાર દેવ છું. જે મારો
તિરસ્કાર કરે છે, તેમનાં સંતાનોને હું ત્રીજી તથા ચોથી
પેઢી સુધી તેમનાં પાપોની શિક્ષા કરું છું. 10પરંતુ જે
લોકો મારા પર પ્રેમભાવ રાખે છે અને મારી આજ્ઞાઓનું
પાલન કરે છે તેઓની હજારો પેઢી સુધી હું તેમના પર
કૃપા કરું છું.

11"તમારી ઈચ્છા તમે લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની
ના હોય તો તમારે તમારા દેવનું યહોવાનું નામ નકામું
ના લેવું. જે કોઈ યહોવાનું નામ નકામું લે છે તેને તે
શિક્ષા કર્યા વગર રહેતો નથી.

12"તમારા દેવ યહોવાની આજ્ઞા મુજબ વિશ્રામવારને
પવિત્ર રાખજો. 13બાકીના છ દિવસો તમારે તમારા
રોજના બધા કામકાજ કરવાં. 14પરંતુ સાતમો દિવસ તો
વિશ્રામવાર છે, તમારા દેવ યહોવાનો દિવસ છે. તે
દિવસે તમારે કોઈપણ પ્રકારનું કામ કરવું નહીં,-તમારે
કે તમારા પુત્રો કે તમારી પુત્રીઓએ, તમારા દાસ કે
તમારી દાસીએ, તમારા બળદોએ કે ગધેડાઓએ કે પછી
બીજા કોઈ પશુએ, તેમજ તમારા ગામોમાં વસતા કોઈપણ
વિદેશીએ પણ કામ ન કરવું, જેથી તમારા દાસ-દાસીઓ
પણ તમારી જેમ આરામ કરે. 15તમારે વિશ્રામ દિવસનું
પાલન કરવાનું છે. યહોવા તમને આ આજ્ઞા આપે છે કે
જેથી તમે યાદ રાખો કે તમે મિસરમાં ગુલામો હતાં,
અને યહોવા તમારા દેવે તેની મહાન શકિત વડે તમને

ગુલામીમાંથી મુક્ત કર્યા અને તમને મિસરમાંથી બહાર લાવ્યાં.

16"યહોવાની આજ્ઞા પ્રમાણે તમારે તમારા માતા અને પિતાનો આદર કરવો, કે જેથી યહોવા તમારા દેવ તમને જે ભૂમિ આપી રહ્યાં છે તેમાં તમે લાંબા સમય માટે સારુ જીવો.

17"હત્યા કરવી નહીં,

18"વ્યભિચાર કરવો નહીં.

19"ચોરી કરવી નહી.

20"બીજા લોકો વિરુદ્ધ ખોટી સાક્ષી પૂરવી નહી.

21"તમારા પડોશીની પત્નીની કામના કરવી નહી, તેમ તેના ઘર કે ખેતર, દાસ કે દાસી, પશુ, ગધેડાં કે અન્ય કોઈપણ વસ્તુનો કબજો કરવાની ઈચ્છા કરવી નહી."

## લોકો દેવથી ડરીગયાં

22"આ દસ આજ્ઞાઓ તમારા સમગ્ર સમુદાયને યહોવાએ તે પર્વત ઉપર અને અગ્નિ તથા ગાઢ વાદળમાંથી મોટા સાદે સંભળાવી હતી. એ પછી તે કશું બોલ્યા ન્હોતા અને તેમણે એ આજ્ઞાઓ મને પથ્થરની બે તકતીઓ ઉપર લખીને આપી હતી.

23"પર્વત જયારે અગ્નિથી ભડભડ બળતો હતો ત્યારે તમે અંધકારમાંથી એ અવાજ સાંભળ્યો, પછી તમારા કુળસમૂહોના બધાં આગેવાનો અને વડીલો મારી પાસે આવ્યાં અને વિનંતી
કરી, 24આપણા દેવ યહોવાએ અમને પોતાના ગૌરવ અને કૌશલ્યનાં દર્શન કરાવ્યાં છે, અને અમે અગ્નિમાંથી તેમનો અવાજ સાંભળ્યો છે; આજે અમે જોયું અને જાણ્યું કે દેવ
માણસ સાથે બોલે છતાં માણસ જીવતો રહે છે. 25પરંતુ
અમારે મોતનું જોખમ ફરી શા માટે લેવું? આ મહાભયંકર અગ્નિ તો અમને સૌને ભસ્મીભૂત કરી નાખશે. જો અમે ફરીવાર અમારા દેવ યહોવાનો અવાજ સાંભળીશું તો અમે
જરૂર મૃત્યુ પામીશું. 26પૃથ્વી ઉપર એવી કોઈ વ્યકિત નથી જેણે, જીવતા દેવને અગ્નિમાંથી બોલતા સાંભળ્યા હોય આપણી
જેમ, અને હજી જીવતું હોય. 27તમેજ તેમની પાસે જાઓ
અને આપણાં દેવ યહોવા જે કહે તે સાંભળો, અને તેણે તમને જે કહ્યું હોય તે અમને જણાવો. અમે તે સાંભળીશું અને તેનું પાલન અવશ્ય કરીશું.'

## યહોવાનો મૂસા સાથે વાર્તાલાપ

28"જયારે યહોવાએ તમારી વિનંતી માન્ય રાખી અને મને કહ્યું, 'તને લોકોએ જે જણાવ્યું તે મેં સાંભળ્યું છે. હું
તેઓની વાત માન્ય રાખું છું. 29તે લોકોની વૃત્તિ હંમેશા આવી રહે અને તેઓ મારાથી ડરતા રહે અને મારી આજ્ઞાઓનું પાલન કરતા રહે તો કેવું સારું! તે લોકો અને તેમનાં સંતાનો
પેઢી દર પેઢી સુખી રહે. 30જા, તું જઈને તે લોકોને કહે કે,
'તમે તમારા તંબૂઓમાં પાછા જાઓ. 31પણ તું પોતે અહીં
મારી પાસે ઊભો રહે, એટલે હું તને મારી બધી આજ્ઞાઓ, કાયદાઓ અને નિયમો સંભળાવીશ; અને પછી તું તે એ લોકોને કહેજે, જેથી હું એમને જે ભૂમિનો કબજો આપનાર છું તેમાં ત્યાં તેઓ તે બધી આજ્ઞાઓનું પાલન કરે."

32પછી મૂસાએ લોકોને કહ્યું. "તમારા દેવ યહોવાએ તમને જે આજ્ઞાઓ કરી છે તેનું કાળજી રાખીને પાલન કરજો. અને
તમે જે માર્ગે ચાલી રહ્યાં છો તેમાંથી વળતા નહી. 33 અને
જો તમારે જીવતા રહેવું હોય, સુખી થવું હોય અને જે ભૂમિનો કબજો તમે પ્રાપ્ત કરવાના છો તેમાં દીર્ઘાયુ ભોગવવું હોય તો તમે તમારા દેવ યહોવાએ આપેલા માર્ગ પર જીવન ગુજારજો.

## સર્વોપરી આજ્ઞા–દેવને પ્રેમ કરો અને સંતાનોને તે શીખવો

6 "તમે જે દેશનો કબજો લેવાને જઈ રહ્યા છો, ત્યાં જે આજ્ઞાઓ, કાયદાઓ અને નિયમો પાળવાનું તમને શીખવવા માટેની આજ્ઞા તમારા દેવ યહોવાએ મને કહી
હતી તે આ છે. 2તમને આ નિયમો શીખવવાનો હેતુ એ છે કે તમે યહોવાથી ડરીને ચાલો અને હું તમને જે કાયદાઓ અને આજ્ઞાઓ આપું છું તેનું તમે, તમારા સંતાનો અને તમારા બધા વંશજો જીવનભર પાલન કરો જેથી તમે સફળ
દીર્ઘાયુ ભોગવો 3ઓ ઈસ્રાએલી પ્રજાજનો, જો તમે ધ્યાનથી સાંભળશો અને કાળજીપૂર્વક એનું પાલન કરશો, તો તમારા પિતૃઓના દેવ યહોવાએ આપેલા વચન પ્રમાણે જયાં દૂધ અને મધની રેલમછેલ છે એવા દેશમાં તમે સુખી થશો અને તમારો વંશવેલો ખૂબ વધશે. અને તમે એક મહાન પ્રજા બની રહેશો

4"ઓ ઈસ્રાએલી પ્રજાજનો; સાંભળો, યહોવા આપણા દેવ
છે. એક માત્ર યહોવા. 5અને તમારે તમારા દેવ યહોવા ઉપર
પૂર્ણ મનથી, તથા મનોબળથી પ્રેમ રાખવો. 6આજે હું તમને જે આજ્ઞાઓ આપુ છું તેને તમારા મનમાં સંઘરી રાખજો.
7અને તમારાં સંતાનોને તે શીખવો તમે ઘરમાં હો કે રસ્તે ચાલતા હો સુતાં હો કે જાગતાં હો, તેનું રટણ કરતા રહો.
8તમે એ આજ્ઞાઓને તમારા હાથે યાદી તરીકે બાંધજો અને
તમારા લલાટ પર બિલ્લા તરીકે. 9તમારા ઘરની બારસાખ ઉપર તથા તમારા દરવાજા ઉપર તે લખજો.

## દેવનિષ્ઠા રાખવા અનુરોધ

10"તમારા દેવ યહોવા કે જેમણે જે દેશ આપવાનું, તમારા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાકને અને યાકૂબને વચન આપ્યું હતું તે દેશમાં તમને લઈ જશે. ત્યાં મોટાં સુંદર નગરો છે, જે
તમે બાંધ્યાં નથી. 11ત્યાં સર્વ પ્રકારની સારી વસ્તુઓથી ભરેલાં ઘર છે, જે તમે વસાવ્યાં નથી. પથ્થરમાં ખોદી કાઢેલા કૂવા છે, જે તમે ખોધ્યા નથી; તથા દ્રાક્ષની અને જૈતૂનની વાડીઓ છે, જે તમે વાવેલી નથી, ત્યાં તમે પુષ્કળ પ્રમાણમાં ખાશો ને તૃપ્ત થશો.

12"ખબરદાર રહેજો, રખેને મિસર એટલે કે ગુલામીના દેશમાંથી તમને કાઢી લાવનાર યહોવાને તમે ભૂલી જાવ.
13તમારા દેવ યહોવાથી ડરો તેની પૂજા કરવી અને તમારા

બધા વચનોમાં ફકત તેમનું જ નામ વાપરવું. 14તમારે પાડોશી પ્રજાઓના દેવોની સેવાપૂજા કરવી નહી. 15કારણ કે, તમારી સાથે રહેનાર તમારા દેવ યહોવા એકનિષ્ઠા માંગતા દેવ છે. જો તમે અવજ્ઞા કરશો તો તમારા પર રોષે ભરાશે અને તમને પૃથ્વીના પડ ઉપરથી ભૂંસી નાખશે અને તમારું નામનિશાન રહેશે નહી.

16"તમે માસ્સાહમાં તેમની વિરુદ્ધ ફરિયાદ કરીને તેમને ઉશ્કેર્યા હતા અને તેમની ધીરજની પરીક્ષા કરી હતી તેવી યહોવાની કસોટી કરશો નહી. 17તમારા દેવ યહોવાના કાનૂનો નિયમો અને તેમની આજ્ઞાઓનું તમારે ખૂબ જ કાળજીપૂર્વક પાલન કરવું. 18અને યહોવાની નજરમાં જે યોગ્ય અને સારું છે તે જ્યારે તમે કરશો ત્યારેજ તો તમારું ભલું થશે અને યહોવાએ તમારા પિતૃઓને જે સારો દેશ આપવાનું વચન આપ્યું છે તેમાં દાખલ થઈને તેનો કબજો તમે મેળવી શકશો. 19વળી દેવના કહ્યા પ્રમાણે તેમની મદદથી તમે તમારા દેશમાંથી તમારી સામેના બધા દુશ્મનોને કાઢી શકશો.

### દેવના કાર્યોનું સંતાનોને શિક્ષણ

20"ભવિષ્યમાં તમારો પુત્ર તમને પૂછે કે; 'આપણા દેવ યહોવાએ તમને કાયદાઓ, નિયમો અને આજ્ઞાઓ શા માટે જણાવ્યાં હતા?' 21ત્યારે તમારે કહેવું, 'અમે મિસરમાં ફારુનના ગુલામ હતા. યહોવા તેમના મહાન પરાક્રમ વડે અમને મિસરમાંથી મુકત કરીને બહાર લાવ્યા. 22તેમણે ભારે પરચાઓ બતાવી મિસરવાસીઓ, ફારુન અને તેમના બધા અમલદારો ઉપર ભયંકર આફતો ઉતારી હતી, એ બધું અમે પ્રત્યક્ષ નજરે નિહાળ્યું છે. 23પરંતુ આપણને તો તે ત્યાંથી બહાર લઈ આવ્યાં, જેથી આપણા પિતૃઓને જે ભૂમિ આપવાનું વચન આપ્યું હતું તેમાં આપણને લઈ આવે અને તેનો કબજો આપણને સોંપે. 24તે વખતે યહોવાએ આ બધા નિયમોનું પાલન કરવાની આજ્ઞા કરી હતી, જેથી આપણે તેનો ભય રાખીને ચાલીએ અને તેથી આજસુધી આપણે જેમ સુખસમૃદ્ધિમાં રહેતા આવ્યા છીએ તેમ સદાને માટે રહેવા પામીએ. 25જો આપણે કાળજીપૂર્વક આ બધા નિયમોનું પાલન કરીએ જે યહોવા, આપણા દેવે આપણને આજ્ઞા કરેલી, તે આપણા માટે સદાચારી કૃત્ય થશે.'

### અલગ તારવેલ અન્ય પ્રજા

7 "તમે જે ભૂમિનો કબજો લેવા માટે જઈ રહ્યા છો ત્યાં તમને તમારા દેવ યહોવા લઈ જશે અને તમારા માટે અનેક પ્રજાને તે હાંકી કાઢશે હિત્તીઓ, ગિર્ગાશીઓ, અમોરીઓ, કનાનીઓ, પરિઝ્ઝીઓ, હિવ્વીઓ, અને યબૂસીઓ આ સાત રાષ્ટ્રો તમારાં કરતાં મોટા અને શકિતશાળી છે. પણ તે તેઓને હાંકી કાઢશે. 2તમારા દેવ યહોવા એ પ્રજાઓને તમારે હવાલે સોંપી દેશે. અને તમે તેમનો પરાજય કરશો, તે વખતે તમારે તેમનો પૂર્ણ વિનાશ કરવો. તમારે તેમની સાથે દયા રાખવી નહી કે કરાર કરવો નહી. 3તમે તેઓની સાથે લગ્નવ્યવહાર ન રાખો. તમારા પુત્રોને તેઓની પુત્રીઓ સાથે કે તમારી પુત્રીઓને તેઓના પુત્રો સાથે પરણાવશો નહી. 4કારણ તે લોકો તમારા સંતાનોને યહોવાની પૂજા કરતાં બીજે વાળશે, અને તેઓ બીજા દેવો પૂજવાનું શરૂ કરશે, પછી યહોવા તમારા પર રોષે ભરાશે અને સત્વરે તમારો નાશ કરશે.

### જૂઠા દેવોનો નાશ

5"પરંતુ તમારે તે લોકો સાથે આ પ્રમાણે વર્તવું: તેમની વેદીઓને તોડી પાડવી, તેમના સ્તંભોને ભાંગી નાખવા, તેઓની ધિક્કારપાત્ર પ્રતિમાઓને તોડી નાખવી અને તેમની મૂર્તિઓને બાળી નાખવી. 6તમે તમારા યહોવા દેવને અર્પિત થયેલા પવિત્ર લોકો છો. તમારા દેવ યહોવાએ પૃથ્વી પરની બીજી બધી પ્રજાઓમાંથી તમને જ પોતાના ખાસ લોકો થવા માટે પસંદ કરેલા છે. 7તમે અન્ય કોઈ પણ પ્રજા કરતાં સંખ્યાંબળમાં વધારે હતા માટે યહોવાએ તમને પસંદ કર્યા નથી, તમે બધાં રાષ્ટ્રોમાંનાં સૌથી નાના હતા. 8પરંતુ યહોવાને તમારા ઉપર પ્રેમ હતો અને તમારા પિતૃઓને-વડવાઓને આપેલા વચનનું પાલન કરવું હતું, માટે તે તમને ગુલામીના દેશમાંથી, મિસરના રાજા ફારુનના હાથમાંથી પ્રચંડ ભૂજબળથી છોડાવી લાવ્યો હતો. 9તેથી તમારે સમજી લેવું જોઈએ કે ફકત યહોવાજ તમારા દેવ છે, એ જ માત્ર સાચા વિશ્વાસુ દેવ છે. તે પોતાનો કરાર હજારો પેઢીઓ સુધી રાખે છે, અને જેઓ તેના ઉપર પ્રેમ રાખે છે અને તેની આજ્ઞાઓનું પાલન કરે છે, તેમના પર કરુણા રાખે છે. 10પરંતુ જેઓ તેમનો તિરસ્કાર કરે છે તેઓ જાહેરમાં શિક્ષા ભોગવશે ને નાશ પામશે, જે કોઈ તેમનો તિરસ્કાર કરે છે તેમનો બદલો લેવામાં તે ઘડીનોય વિલંબ નહી કરે. 11આથી આ બધી આજ્ઞાઓ જે હું આજે તમને જણાવું છું. તે આ કાયદાઓ અને નિયમોનું તમારે પાલન કરવું,

12"જો તમે લોકો આ કાયદાઓ, નિયમો અને આજ્ઞાઓ ધ્યાનથી સાંભળશો અને ખૂબ કાળજીપૂર્વક તેનું પાલન કરશો તો તમારા દેવ યહોવા તમારા પિતૃઓ સાથે કરેલા કરાર પાળશે અને તમારા ઉપર કરુણા દર્શાવશે. 13તે તમારી સાથે પ્રેમ કરશે અને શુભ આશીર્વાદ આપશે અને તમારો વંશવેલો વધારશે, જે ભૂમિ તમને આપવાની એમણે તમારા પિતૃઓ સમક્ષ સમ ખાધા હતા તે ભૂમિમાં તે તમને આશીર્વાદ આપશે; તે તમને પુષ્કળ સંતતિ, અને ભૂમિની પેદાશ, અનાજ, દ્રાક્ષારસ અને તેલ, તથા ઢોર અને ઘેટાંબકરાં આપશે.

14"પૃથ્વી પરની બધી પ્રજાઓ કરતાં તમે વિશેષ આશીર્વાદિત થશો, તમારા લોકોમાં તેમ જ તમારાં ઢોરમાં કોઈ નિ:સંતાન નહી રહે. 15યહોવા તમારી બધી બિમારીઓ લઈ લેશે, મિસરમાં જે ખરાબ રોગોનો તમને અનુભવ થયો હતો, તેમાંનો કોઈ એ તમને નહી થવા દે, પણ તમારા દુશ્મનોને એ રોગોનો ભોગ બનાવશે. 16યહોવા તમારા દેવ તમને જે બધાં દેશો સોંપવાના છે તેમનો નાશ કરો. તેમના પ્રત્યે સહાનુભૂતિ ન અનુભવો અને તેમના દેવોને ન પૂજો જો તમે તેમ કરશો, તો તમે ફસાઈ જશો.

### યહોવાનું પોતાના લોકોને મદદનું વચન

17"કદાચ તમને એવો વિચાર આવે કે, 'આ પ્રજાઓ તો
અમારા કરતાં ઘણી તાકતવર છે; અમે તેમને શી રીતે કાઢી
શકીએ?' 18પરંતુ તમે તેમનાથી ગભરાશો નહી, તમારા યહોવા
દેવે ફારુન તથા મિસર દેશના જે હાલ કર્યા હતા તેનું સ્મરણ
કરવું. 19યહોવા તેમના પર જે ભયાનક આફતો લાવ્યા તે
યાદ કરો. તમે તમારી જાતે તે બનતા જોયું હતું. મિસરમાંથી
તમને મુકત કરાવવા માટે દેવે પોતાના પ્રચંડ બળ અને
સામર્થ્યનો ઉપયોગ કરીને જે પરચો બતાવ્યો હતો અને
અદભૂત કૃત્યો કર્યા હતા તે યાદ કરો. તમે જે લોકોથી ડરો
છો તેઓની સામે યહોવા દેવ એવુંજ બળ વાપરશે.

20"જે લોકો તમારાથી સંતાઈ ગયા હશે અને ભાગી ગયા
હશે તેઓ વિરુદ્ધ યહોવા તમારા દેવ(હોર્નેટ) ભમરાં
મોકલશે.* 21એ પ્રજાથી તમે જરાય ડરશો નહી. કારણ કે,
તમારા દેવ યહોવા તમારી વચ્ચે છે; અને તે તો મહાન અને
ભીષણ દેવ છે. 22તે ધીમે ધીમે તમારી આગળથી એ પ્રજાઓને
હાંકી કાઢશે; એક સામટો તેઓનો ઉચ્છેદ નહી કરે. કારણ કે,
કદાચ જંગલી પશુઓ વધી જાય અને તમને હેરાન કરે.
23તમારા દેવ યહોવા એ લોકોને તમારા હવાલે કરશે, જ્યાં
સુધી તેઓ નાશ ન પામે ત્યાં સુધી તે તેઓને યુદ્ધમાં ગભરાતા
કરશે. 24યહોવા તેઓના રાજાઓને તમારા હાથમાં સુપ્રત
કરશે અને તમે લોકો પૃથ્વી ઉપરથી તેમનું નામોનિશાન
સમાપ્ત કરી દેશો. તેમનો નાશ કરતાં સુધી કોઈ તમારો
સામનો કરી શકશે નહી.

25"તમે લોકો તેઓની મૂર્તિઓને બાળી મૂકો. એ મૂર્તિઓ
ઉપરના સોનાચાંદીના મોહમાં પડીને તે ધાતુઓને અડકશો
નહી. જો તમે તે ધાતુઓને લેશો તો તે તમારા માટે ફાંદારૂપ
બનશે, કારણ, તમારા દેવ મૂર્તિપૂજાને ધિક્કારે છે. 26માટે
તમારે ધિક્કારપાત્ર કોઈપણ મૂર્તિને તમારા ઘરમાં લાવવી
નહી, અને તેની પૂજા કરવી નહી, જો તમે એમ કરશો તો
મૂર્તિની જેમ તમારો પણ નાશ થશે. માટે તમે તેને ધિક્કારો,
તે શ્રાપિત વસ્તુ છે.

### યહોવાને આધીન થાઓ

8 "આજે હું તમને જે બધી આજ્ઞાઓ જણાવું છું એનું
તમારે બધાએ કાળજીથી પાલન કરવું, જેથી તમે જીવતા
રહો, તમારી વંશવૃદ્ધિ થાય અને તમારા પિતૃઓને યહોવાએ
જે ભૂમિ આપવાનું વચન આપ્યું છે, તેમાં પ્રવેશ કરીને તમે
તેનો કબજો લઈ શકો. 2યાદ રાખો કે તમને નમ્ર બનાવવા,
તમારી કસોટી કરવા અને તમે તેમની આજ્ઞાઓનું પાલન
કરવા માગો છો કે કેમ, એ જાણવા માટે તમારા દેવ યહોવાએ
આ ચાળીસ વર્ષ સુધી તમને રણમાં ઠેર ઠેર ફેરવ્યા. 3અને
હા, તેણે તમને દુ:ખી કર્યા અને તમને ભૂખ્યા જવા દીધા,
અને તમને નમ્ર બનાવ્યા. ત્યા તેણે તમને માન્ના ખાવા
આપ્યું જેને તમે કે તમારા પિતૃઓએ પહેલાં જોયું નહતું,
તેણે તમને ફકત માન્નાથી પોષ્યાં. તે રીતે તે તમને અનુભવ
કરાવવા માગતા હતા કે તે ફકત રોટલી નથી જે લોકોને
જીવીત રાખે છે. લોકોનુ જીવન યહોવાએ તેમને આપેલી
આજ્ઞાઓ પર આધારિત છે. 4આ ચાળીસ વર્ષ દરમ્યાન
તમારા શરીર પરનાં વસ્રો ઘસાઈ ગયાં નથી કે નથી તમારા
પગ ફુલી ગયા. 5એટલે આ વાત તમે હૃદયમાં કોતરી રાખજો
કે જે રીતે પિતા પોતાના પુત્રને શિસ્તમાં રાખવા શિક્ષા કરીને
કેળવે છે તેમ તમારા દેવ યહોવા તમને શિસ્તમાં રાખી
કેળવતા હતા.

6"તેથી તમે લોકો તમારા યહોવા દેવના નિયમોનું પાલન
કરો. તેમને ચીંધેલા માર્ગે ચાલો અને તેમની બીક રાખો.
7કારણ કે તમારા દેવ યહોવા તમને એક સમૃદ્ધ ભૂમિમાં લઈ
જઈ રહ્યા છે, જયાં પુષ્કળ નદીઓ અને અનેક ઝરણાં ફૂટી
નીકળીને પર્વતોમાં અને ખીણમાં વહે છે. 8જયાં ઘઉ, અને
જવ પાકે છે, દ્રાક્ષ, અંજીર દાડમ પણ થાય છે, તથા જે
જૈતૂન, તેલ અને મધનો પ્રદેશ છે. 9એ એવો પ્રદેશ છે જયાં
ખાવાની કોઈ ખોટ નથી, વળી કોઈ વસ્તુની ખોટ પણ
નથી, તેમ જ પથ્થરની જેમ ત્યાં ખડકોમાં પુષ્કળ લોખંડ છે
અને ટેકરીઓમાં તાંબાની ખાણો પથરાયેલી છે. 10ત્યાં તમે
ખાઈને તૃપ્ત થશો ત્યારે તમારા યહોવા દેવે જે સમૃદ્ધ ભૂમિ
તમને આપી છે તે માટે તમે તમારા દેવ યહોવાનો આભાર
માનશો.

### દેવનાં કાર્યો ભૂલો નહીં

11"પરંતુ ખબરદાર! આ વખતે તમારા દેવ યહોવાને ભૂલી
ન જશો. પુષ્કળ સમૃદ્ધિને કારણે યહોવા દેવને ભૂલી ન
જતા. અને હું તમને એમના જે કાયદાઓ, નિયમો અને
આજ્ઞાઓ સંભળાવું છું તેનું પાલન કરવાનું રખેને ચૂકતા,
12જયારે તમે ભરપેટ ખાઈને તૃપ્ત થાઓ અને સારા બાંધેલાં
મકાનોમાં રહેતા થાઓ, 13અને જ્યારે તમારા ઘેટાં અને
ઢોરઢાંખરની સંખ્યામાં વધારો થાય અને જ્યારે તમારી પાસે
સોનું અને ચાંદી થાય, અને જ્યારે તમારી પાસે બધી વસ્તુઓ
પ્રચુર માત્રામાં થાય. 14ત્યારે અભિમાનમાં છકી ન જશો
અને ગુલામીના દેશ મિસરમાંથી તમને બહાર લાવનાર તમારા
દેવ યહોવાને ભૂલી ન જશો. 15રખે તમે એ દેવ યહોવાને
ભૂલી જતા જે તમને ઝેરી સાપ તથા વીંછીઓથી ભરેલા
વિશાળ અને ભયંકર રણમાં જઈને, સૂકાભટ નપાણિયા
પ્રદેશમાં જઈને તમને દોરી લાવ્યા, કઠણ ખડકમાંથી એમણે
તમારા માટે પાણી વહેતું કર્યું, 16અને તમારા પિતૃઓએ
કદીય જોયું ન્હોતું એવું માન્ના તમને અરણ્યમાં ખાવા આપ્યું;
આમ તમારી કસોટી કરીને તમારું અભિમાન ઉતારીને અંતે
તો તમારું ભલું જ કર્યું. 17તમારે તમારા મનમાં એવું કદીયે
વિચારવું નહી કે 'આ સમૃદ્ધિ મેં મારા ભૂજબળ અને ઉધમથીજ
મેળવી છે.' 18હંમેશા સતત સ્મરણમાં રાખો કે તમને સમૃદ્ધિ
પ્રાપ્ત કરવા માટેનું બળ આપનાર તો એ જ છે; અને એ રીતે
તમારા પિતૃઓને આપેલું વચન એ પૂર્ણ કરે છે.

---

**જે લોકો ... મોકલશે** કિડાઓ, મોટાં ભમરાં કે મધમાખી જેવાં.
અહીંયા તે દેવદૂત કે તેની મહાન શકિત હોઇ શકે.

19"જો તમે તમારા દેવ યહોવાને ભૂલી જશો અને અન્ય
દેવો તરફ વળશો અને પગે પડીને તેમની પૂજા કરશો તો હું
તમને આજે સખત ચેતવણી આપી સાવધાન કરું છું કે તમે
અચૂક વિનાશ પામશો. 20કારણ જો તમે યહોવા તમારા
દેવને અનુસરવાનું બંધ કરો, તે તમારો નાશ તે લોકોની જેમ
કરશે જે તમારા શત્રુઓ છે.

### યહોવા ઈસ્રાએલ સાથે રહેશે

9 "હે ઈસ્રાએલી પ્રજાજનો સાંભળો! આજે તમે યર્દન
નદી ઓળંગીને તમારા કરતાં મહાન અને શકિતશાળી
પ્રજાઓનો દેશ કબજે કરવાના છો. તેમનાં શહેરો મોટાં છે
અને તેમને ગગનચુંબી કોટ છે. 2એ લોકો પોતે મહાકાય
અને બળવાન છે. તેઓ રાક્ષસ જેવા છે, એ તમે જાણો છો.
અને તમે પેલી કહેવત સાંભળી છે કે, 'રાક્ષસો સામે કોણ
ટક્કર ઝીલી શકે?' 3તેથી તમે સમજી લેજો કે આજે તમારા
દેવ યહોવા સ્વયં સર્વભક્ષી અગ્નિરૂપે તમારા સૌની આગળ
રહીને જશે. અને તે એ લોકોનો વિનાશ કરશે. અને યહોવાના
વચન અનુસાર તમે તેઓને હાંકી કાઢવા તેમજ તરત હરાવવા
સમર્થ બનશો.

4"તમારા દેવ યહોવા તેમને તમારી આગળથી હાંકી કાંઢે
ત્યારે તમે એમ ન માની લેશો કે, 'અમે સારા છીએ તેથી
યહોવાએ અમને આ પ્રદેશનો કબજો અપાવ્યો છે.' એ લોકો
દુષ્ટ છે તેથી યહોવા તેમને હાંકી કાઢે છે." 5તમે નિષ્પક્ષ
અને પ્રમાણિક છો એટલા માટે યહોવા તમને આ પ્રદેશ
નથી આપતા. એ લોકો દુષ્ટ છે એટલા માટે યહોવા તેમને
હાંકી કાઢે છે. અને તેણે તમારા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાક
અને યાકૂબને આપેલું વચન પાળુ છું એ સારૂ. 6તમે સમજી
લેજો કે તમારા કોઈ પુણ્યને લીધે યહોવા તમને આ સમૃદ્ધ
ભૂમિનો કબજો આપતો નથી, કારણ, તમે તો હઠીલી પ્રજા
છો.

### યહોવાના કોપથી ડરો

7"યાદ રાખજો, એ વાત કદી ભૂલશો નહી કે તમે તમારા
દેવ યહોવાના રોષ રણમાં વહોરી લીધો હતો. તમે મિસરમાંથી
બહાર નીકળ્યા તે દિવસથી તે અહીં આવ્યા ત્યાં સુધી
યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા આવ્યા છો. 8હોરેબ પર્વત
આગળ તમે યહોવાનો કોપ વહોરી લીધો હતો અને તે એટલા
બધા કોપાયમાન થયા હતા કે તમારો વિનાશ કરવા તૈયાર
થયા હતા. 9હું ત્યાં પર્વત પર હતો યહોવાએ તમારી સાથે
કરેલા કરારની તકતીઓ લેવા હું ત્યાં ગયો હતો. હું ત્યાં
ખાધાપીધા વિના ચાળીસ દિવસ અને રાત રહ્યો હતો. 10જે
દિવસે તમે બધા પર્વત પાસે ભેગા થયા હતા અને અગ્નિમાંથિ
યહોવાએ તમને જે આજ્ઞાઓ કહી હતી તે આ બે તકતીઓ
પર તેમણે પોતાના હસ્તાક્ષરમાં લખીને મને આપી હતી.

11"ત્યારે 40 દિવસ અને રાત પછી યહોવાએ મને તે
કરાર લખેલી તકતીઓ આપી, 12અને યહોવાએ મને કહ્યું,
'ઝડપથી પર્વત ઉતરી જા, કારણ તારા લોકો જેને તું મિસરમાંથી
બહાર લાવ્યો હતો, મારી આજ્ઞાઓથી બહુ ઝડપથી ફરી
ગયા છે અને ઢાળેલી મૂર્તિઓ બનાવી ભ્રષ્ટતાથી વર્ત્યા છે.'

13"વળી યહોવાએ મને કહ્યું, 'એ લોકો કેવા લુચ્ચા અને
હઠીલા છે એ મેં જોઈ લીધું છે. 14તું મને રોકીશ નહી, હું
એમનો નાશ કરનાર છું. પૃથ્વી પરથી હું એમનું નામોનિશાન
ભૂંસી નાખીશ, અને તારામાંથી એમના કરતાં વધારે સશકત
અને મહાન પ્રજા ઉપત્ન કરીશ.'

### સોનાનું વાછરડું

15"તેથી હું તરત પાછો ફરીને પર્વત પરથી નીચે આવ્યો.
ત્યારે પર્વત અગ્નિથી ભડભડ સળગતો હતો અને મારા બે
હાથમાં કરારની બે તકતીઓ હતી. 16મેં જોયું તો તમે તમારા
દેવ યહોવાની વિરુદ્ધ ભયંકર પાપ કર્યુ હતું. તમે એક
પોઠીયાની મૂર્તિ બનાવી હતી અને યહોવાએ તમને જે માર્ગે
ચાલવાનું કહ્યું હતું તે માર્ગથી તમે એટલીજ વારમાં ચલિત
થઈ ગયા હતા. 17એટલે મેં તમારી નજર સામે જ પેલી
તકતીઓ જમીન પર પછાડીને તોડી નાખી. 18પછી પાછો
બીજા ચાળીસ દિવસ અને ચાળીસ રાત હું યહોવાની હાજરીમાં
જમીન ઉપર ચહેરો નમાવી કંઈ ખાધા – પીધા વીના રહ્યો.
કારણ તમે પાપ કર્યુ હતું જે યહોવાની દ્રષ્ટિએ દુષ્ટ હતું
અને તેને ખૂબ ગુસ્સે કર્યા હતા. 19તમારું શું થશે એની મને
ખૂબ બીક હતી, તે તમારા ઉપર એટલા બધા રોષે ભરાયા
હતા કે તમારો નાશ કરવા તૈયાર થયા હતા, તેથી ફરી એક
વાર યહોવાએ મારી પ્રાર્થના સાંભળી. 20યહોવા હારુન ઉપર
પણ રોષે ભરાયા હતા અને તેનો નાશ કરવા પણ તૈયાર
થયા હતા, તેથી મેં હારુન માટે પણ તે જ વખતે પ્રાર્થના
કરી. 21પછી તમે જે પાપમય વસ્તુ બનાવી હતી, પેલો
પોઠીયો–તે લઈને મેં બાળી નાખ્યો, તેના ટુકડે ટુકડા કરી
નાખ્યા, અને તેનો દળીને ઝીણો ભૂકો બનાવ્યો અને તે
ભૂકાને પર્વત પરથી વહેતાં ઝરણામાં ફેંકી દીધો.

### ઈસ્રાએલીઓ માટે દેવથી ક્ષમા માંગતો મૂસા

22"ફરીથી તમે તાબએરાહમાં, માસ્સાહમાં અને કિબ્રોથ–
હાત્તાવાહમાં પણ યહોવાનો કોપ વ્હોરી લીધો હતો. 23અને
પછી યહોવાએ તમને કાદેશ–બર્નિયાથી જયારે એમ કહીને
મોકલ્યા કે, 'જાઓ, મેં તમને જે પ્રદેશ આપ્યો છે તેનો
કબજો લો.' ત્યારે પણ તમારા દેવ યહોવાની સામે બંડ કર્યું.
અને તે તમને મદદ કરશે એવો તમે વિશ્વાસ રાખ્યો નહીં.
અને તેમની આજ્ઞાનું પાલન કર્યુ નહી. 24હું જયારથી તમને
ઓળખતો થયો ત્યારથી તમે તેની સામે બળવો પોકારતા
રહ્યા છો.

25"તેથી જ હુ ચાળીસ દિવસ અને ચાળીસ રાત સુધી
યહોવા સમક્ષ ધુટણીએ પડીને પડી રહ્યો, કારણ કે, યહોવાએ
તમારો નાશ કરવાનો નિશ્ચય કર્યો હતો. 26એટલે મેં તેમને
પ્રાર્થના કરી, "ઓ યહોવા મારા પ્રભુ, કૃપા કરીને તમારા
લોકોનો, જેમને તમે અપનાવેલા છે, જેમને તમે તમારી
મહાન શકિતથી છોડાવ્યા છે, જેમને તમે તમારા પ્રચંડ

બાહુબળથી મિસરમાંથી બહાર લઈ આવ્યા છો, તેમનો નાશ ન કરશો. 27તમારા સેવકો, ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબને આપેલાં વચનોને યાદ કરીને આ લોકોની હઠ અને દુષ્ટતા તથા એમનાં પાપને ધ્યાનમાં લેશો નહી. 28નહીતર તું અમને જે દેશમાંથી લઈ આવ્યો છે ત્યાંના લોકો કહેશે કે, 'યહોવાએ એ લોકોને જે દેશમાં લઈ જવાનું વચન આપ્યું હતું તેમાં તે લઈ જઈ શકયા નહી તે તેમને ધિક્કારતા હતા માટે તેમને અહીથી બહાર રણમાં મારવા માટે લઈ ગયા.' 29આખરે તો, તેઓ તમારા લોકો છે, તેઓ તમારી મિલ્કત છે, તેઓ તમારી વિશિષ્ટ માલિકીની છે અને તમે તમારી મહાન શક્તિ વાપરી તમે તેમને મિસરમાંથી બહાર લાવ્યા છો.

## દિવ્ય શિલાલેખોની મૂસાને પુન:પ્રાપ્તિ

10 "એ પછી યહોવાએ મને કહ્યું, 'પહેલાં હતી તેવી જ બે પથ્થરની તકતીઓ તૈયાર કર અને તેને મૂકવા માટે લાકડાની એક પેટી બનાવ. પછી મારી પાસે તકતીઓ લઈને પર્વત પર આવ. 2તેથી હું તેં જે પહેલાની તકતીઓ તોડી નાખી છે, તેના પર જે લખાણ હતું તે જ હું આ તકતીઓ ઉપર લખી આપીશ, અને પછી તું એ તકતીઓને પેટીમાં મૂકી દેજે.

3"માટે મેં બાવળના લાકડાની એક પેટી બનાવી અને પહેલાના જેવીજ પથ્થરની બે તકતીઓ બનાવી અને તે લઈને હું પર્વત ઉપર ગયો. 4પછી, યહોવાએ જ્યારે તમે પર્વત પર સભામાં ભેગા થયા હતાં તે દિવસે અગ્નિમાંથી જે તમને કહ્યું હતું તે સમાન દસ આજ્ઞાઓ લખી અને તે મને આપી. 5પછી મેં પર્વત પરથી પાછા નીચે આવીને તે તકતીઓ યહોવાની આજ્ઞાનુસાર કોશમાં મૂકી, અને હજી પણ તે ત્યાંજ છે."

6ઈસ્રાએલી પ્રજા બેની-યાકાનના બએરોથથી યાત્રાનો આરંભ કરી મોસેરાહ આવી ત્યાં હારુનનું મૃત્યુ થયું અને તેને ત્યાં જ દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર એલઆઝાર યાજક થયો. 7ત્યાંથી ઈસ્રાએલીઓ ગુદગોદાહ ગયા અને ગુદગોદાહથી યોટબાથાહ ગયા. ત્યાં પાણીના ઝરણાં પુષ્કળ હતાં. 8અહીં યહોવાએ લેવીના કુળને જુદૂ પાડીને ખાસ સેવા સોંપી: યહોવાએ આપેલી દસ આજ્ઞાઓ જેમાં હતી તે પેટી તેઓ ઊચકે, યહોવાની સેવામાં ઊભા રહી તેમની સેવા કરે અને યહોવાના નામે આશીર્વાદ આપે. આજપર્યંત લેવીના કુળનું કામ એ જ રહ્યું છે. 9તેથી લેવીના વંશજોને જમીનનો કોઈ ભાગ આપવામાં આવ્યો નહીં જેમ બીજા કુળસમૂહોને આપવામાં આવતો. તમારા દેવ યહોવાએ તેમને કહ્યું હતું તે મુજબ, યહોવા પોતેજ તેઓનો ભાગ છે.

10"પહેલાંની જેમ હું 40 દિવસ અને 40 રાત પર્વત ઉપર રહ્યો અને યહોવાએ ફરીથી મારી યાચના સાંભળી અને તમારો નાશ નહી કરવા તે સંમત થયા. 11પછી યહોવાએ મને કહ્યું, 'ચાલ, આ લોકોની આગેવાની લેવા તૈયાર થા, જેથી મેં એમના પિતૃઓને જે પ્રદેશ આપવાનું વચન આપ્યું હતું તેનો એ લોકો ત્યાં જઈને કબજો મેળવી શકે.'

## દેવની સંપૂર્ણ શરણાગતિની માગણી

12"ઓ ઈસ્રાએલીઓ, કાળજીપૂર્વક સાંભળો. યહોવા તમારા દેવ તમારી પાસેથી શું ઈચ્છે છે? તે ફક્ત તમને તેનાથી ડરવા તેના દ્વારા બતાવાયેલા માર્ગે ચાલવા, તેને પ્રેમ કરવા, અને તેની હૃદય અને આત્મામાં ઊંડેથી સેવા કરવા કહે છે. 13અને આજે હું તમને યહોવાની જે આજ્ઞાઓ અને નિયમો આપું છું તેનું પાલન તમારા પોતાના ફાયદા માટે કરો.

14"પૃથ્વી પરનું સર્વસ્વ અને ઊંચામાં ઉંચા આકાશો પણ તમારા યહોવા દેવનાં છે. 15તેમ છતાં યહોવાનો તમારા પિતૃઓ ઉપરનો પ્રેમ એટલો તો દ્રઢ હતો કે, તેણે બધી પ્રજાઓમાંથી તેમના વંશજોને-તમને પસંદ કર્યા અને આજે પણ તમે એની પસંદ કરેલી પ્રજા છો.

16"તેથી તમારાં પાપી હૃદયોને શુદ્ધ કરો ને હઠ છોડી દો, 17કારણ કે, તમારા દેવ યહોવા દેવાધિદેવ છે, તે મહાન, પરાક્રમી અને ભીષણ છે, તે નિષ્પક્ષ અને ન્યાયી છે તે કદી લાંચ લેતા નથી. 18તે વિધવાઓને તથા અનાથોને ન્યાય આપે છે, પરદેશીઓ પર પ્રેમ રાખે છે અને તેઓને ખોરાક તથા વસ્ત્રો આપે છે. 19તેથી તમારે પણ પરદેશીઓ પર પ્રેમ રાખવો. કારણ કે તમે પણ મિસરમાં વિદેશી હતા.

20"તમારા દેવ યહોવાથી ડરો અને તેની ઉપાસના કરો. તેને કદી ન છોડો અને તેના નામ માત્રથી સોગન ખાવ. 21તમારે એમની જ સ્તુતિ કરવી, તે જ તમારા દેવ છે. તેમણે તમારા માટે જે મહાન અને અદભૂત કાર્યો કર્યા છે તે તમે પ્રત્યક્ષ નિહાળ્યા છે. 22જયારે તમારા પિતૃઓ મિસર ગયા હતા ત્યારે તેઓ ફક્ત સિત્તેર જ હતા. પણ અત્યારે તમારા દેવ યહોવાએ તમને આકાશના તારાની જેમ અસંખ્ય અને અગણિત બનાવ્યા છે.

## યહોવાનું અપ્રતિમ સામર્થ્ય

11 "તમારે તમારા દેવ યહોવા ઉપર શ્રદ્ધા રાખવી. અને તેમના આદેશ, કાયદા, નિયમો અને આજ્ઞાઓનું સદા પાલન કરવું. 2સાંભળો, આ હું તમારા સંતાનો વિષે વાત નથી કરતો, હું તમારી વાત કરું છું. તમે યહોવાની મહાનતા, તેનું સામર્થ્ય, તેની શક્તિ અને તેણે તમારા માટે કરેલી અદભૂત વસ્તુઓ તમે જોઈ છે. તેથી આજે તમારે યહોવા તમારા દેવ દ્વારા અપાયેલ પાઠ ભણાવવોજ પડશે. 3મિસરના રાજા ફારુન તથા તેના દેશ વિરુદ્ધ તેમણે જે અદભુત પરાક્રમો કર્યા હતા એ તમારાં સંતાનોએ જોયાં નથી. 4અને મિસરનું લશ્કર તેના ઘોડા અને રથો તમારો પીછો કરતાં હતાં, ત્યારે રાતા સમુદ્રમાં પાણી તેમના પર ફરી વળે એ રીતે તેમણે તેમનો કેવી રીતે સદંતર વિનાશ કર્યો હતો તે તમે કયાં નથી જાણતા? 5અત્યારે તમે આ સ્થળે આવી પહોંચ્યા છો, તે પહેલા વર્ષો પર્યંત રણ

પ્રદેશમાં ભટકયા ત્યારે દેવે સતત તમારી સંભાળ રાખી હતી
તે તેઓએ જોયું નથી. 6અને રૂબેનના વંશજોમાંથી,
અલીઆબના પુત્રો, દાથાન અને અબીરામને દેવે શું કર્યુ તે
તમે જાણો છો. બધા ઈસ્રાએલીઓના દેખતા પૃથ્વી પોતાનું
મોં ઉઘાડીને તેઓને, તેઓના કુટુંબોને, તેઓના તંબૂઓને
અને તેમની સાથેના નોકરચાકર તથા તેમના સૌ પ્રાણીઓને
ગળી ગઈ હતી. 7આ બધું તમારાં સંતાનોએ જોયું કે અનુભવ્યું
નથી, પણ તમે તો યહોવાનાં અદભૂત પરાક્રમો નજરોનજર
નિહાળ્યાં છે.

### મંગલ વચનો તથા ચેતવણીઓ

8"તેથી હવે, હું આજે તમને જે કંઈ જણાવું છું તે સર્વનું
તમારે પાલન કરવું, જેથી તમે લોકો સામે પાર જે દેશમાં
જઈ રહ્યા છો તેમાં પ્રવેશ કરવાનું અને તેને કબજે કરવાનું
તમને બળ પ્રાપ્ત થાય. 9અને યહોવાએ દૂધ અને મધની
જયાં રેલમછેલ હોય એવી જે ભૂમિ તમારા પિતૃઓને અને
તેમનાં સંતાનોને આપવાનું વચન આપ્યું હતું, તેમાં તમે
સુખી દીર્ઘાયુ પામો. 10તમે જે ભૂમિનો કબજો લેવા જઈ
રહ્યા છો તે મિસરની ભૂમિ જેવી નથી, જયાંથી તમે આવો
છો, અને જયાં બી વાવ્યા પછી તમારે શાકભાજીની વાડીની
જેમ પાણી પાવું પડતું હતું. 11પરંતુ આ દેશ તો પર્વતો અને
ખીણોનો દેશ છે. ત્યાં પુષ્કળ વરસાદ પડે છે. 12એ એવો
દેશ છે, જેની સારસંભાળ તમારા દેવ યહોવા લે છે. અને
વર્ષના આરંભથી તે અંત સુધી તેમની નજર સતત તેના પર
રહે છે.

13"'આજે હું તમને જે આજ્ઞાઓ જણાવું છું તેનું જો તમે
કાળજીપૂર્વક પાલન કરશો. અને તમારા દેવ યહોવા ઉપર
શ્રદ્ધા રાખી તેની મન અને આત્માથી પૂજા કરશો તો 14તે
તમારા ખેતરો માટે ઋતુ અનુસાર આવશ્યક વરસાદ મોકલશે.
આગોતરો અને પાછોતરો બંને પ્રકારનો, જેથી તમને ધાન્ય
અને દ્રાક્ષારસ માટેની દ્રાક્ષો તથા જૈતતેલ પેદા કરશે. 15તમારાં
ઢોરઢાંખર માટે તે લીલાંછમ ગોચરો આપશે. તમારી પાસે
પુષ્કળ ખોરાક હશે અને તમને ધરાઈને જોઈએ તેટલું ખાવા
મળશે.'

16"પણ જોજો, સાવધ રહેજો, તમારું હૃદય ભોળવાઈ જઈને
આડે રસ્તે ચડીને બીજા દેવોની સેવાપૂજામાં લાગી ન જાય.
17નહી તો તમારા ઉપર યહોવાનો કોપ ઊતરશે અને તે
આકાશમાંથી વરસાદ પડતો બંધ કરી દેશે, તમારી જમીનમાં
કાંઈ પાકશે નહી, અને યહોવા જે ફળદ્રુપ જમીન-દેશ આપી
રહ્યા છે તેમાં તમારું નામનિશાન થોડા સમયમાં ભૂંસાઈ
જશે.

18"તેથી મારી આ આજ્ઞાઓ સદાય યાદ રાખો, તમારા
હાથમાં ચિન્હની જેમ બાંધો, અથવા તેમને તમારા કપાળ
પર તેને સ્મૃતિપત્રની જેમ પહેરો. 19તમારાં સંતાનોને તે
શીખવો. તેમનું રટણ કરતા રહો ભલે તમે ઘરમાં હો કે
બહાર ચાલતા હો, ભલે આડા પડતા હો કે ઉઠતા હો. 20તમારાં
ઘરની બારસાખ અને દરવાજા ઉપર દેવની આજ્ઞા લખી
રાખજો. 21જેથી યહોવાએ જે દેશ આપવાનું વચન તમારા
પિતૃઓને આપ્યું હતું તેમાં તમે અને તમારાં વંશજો જ્યાં
સુધી આકાશ પૃથ્વી ઉપર રહે તેટલું લાંબું જીવો.

22"હું જે બધી આજ્ઞાઓનું પાલન કરવાનો આદેશ આપું
છું તેનું જો તમે કાળજીપૂર્વક પાલન કરશો, તમારા યહોવા
દેવ ઉપર શ્રદ્ધા રાખશો અને તેમને વળગી રહેશો, અને
તેમના દોરેલા માર્ગે આગળ વધશો, 23તો યહોવા તમારા
કરતાં મોટી અને વધુ બળવાન પ્રજાઓને પણ એ ભૂમિ
પરથી હાંકી કાઢશે. જેનો તમે કબજો કરવાના છો. 24અને
તમે જયાં જયાં પગ મૂકશો તે બધી ભૂમિ પણ તમારી થશે.
તમારી સરહદ દક્ષિણમાં રણથી તે ઉત્તરમાં લબાનોન સુધી
અને પૂર્વમાં ફ્રાત નદીથી તે પશ્ચિમમાં સમુદ્ર સુધી વિસ્તરશે.
25વળી તમારી સામે કોઈ ટકી શકશે નહી, તમારા દેવ
યહોવાના વચન મુજબ તમે જયાં જયાં જશો ત્યાંના લોકોમાં
તે તમારી બીક અને ધાક બેસાડવા તમારી સાથે રહેશે.

### ઈસ્રાએલની પસંદગી શ્રાપ કે આશીર્વાદ?

26"ધ્યાન રાખો. આજે હું તમારી સમક્ષ દેવના આશીર્વાદ
અને દેવના શ્રાપની પસંદગી રજૂ કરું છું. 27આજે હું તમને
યહોવા દેવની આજ્ઞાઓ આપું છું. જો તમે તેનું પાલન કરશો
તો આશીર્વાદ પામશો. 28તે તમારા પર શ્રાપ મોકલશે જો
તમે યહોવા, તમારા દેવની આજ્ઞાઓનું પાલાન નહીં કરો,
અને આજે હું તમને જે માર્ગ વિશે આજ્ઞા કરું છું તે ન
અનુસરો અને બીજા લોકોના દેવોને પૂજો તો.

29"જે સમયે તમારા યહોવા દેવ તમને વચન મુજબના
દેશનો કબજો લેવા લઈ આવે ત્યારે તમે ગરીઝીમ પર્વત
ઉપરથી આશીર્વાદ અને એબાલ પર્વત પરથી શ્રાપ પોકારશો!
30(એ પર્વતો યર્દનની સામે પાર પશ્ચિમે કાંઠાના પ્રદેશમાં
વસતા કનાનીઓની ભૂમિમાં રસ્તા ઉપર, મોરેહનાં પવિત્ર
એલોન વૃક્ષો નજીક ગિલ્ગાલની પાસે આવેલા છે.) 31ટૂંકમાંજ
તમે યર્દન નદી ઓળંગી જશો અને યહોવા તમારા દેવ
તમને જે ભૂમિ આપી રહ્યા છે તે ધારણ કરશો અને ત્યાં
સ્થાયી થશો. 32માટે હું આજે તમારી સમક્ષ જે બધા કાયદાઓ
અને નિયમો રજૂ કરું છું તેનું કાળજીપૂર્વક પાલન કરજો.

### દેવની ઉપાસનાનું સ્થાન

12 "તમારા પિતૃઓના દેવ યહોવાએ તમને સદાને
માટે વતન તરીકે જે ભૂમિ આપી છે, તેમાં તમારે
નીચેના નિયમો તથા કાયદાઓ આજીવન પાળવાના છે.
2તમે જયાં જયાં ઊંચા પર્વતો ઉપર તથા ડુંગરાઓ ઉપર
અથવા વૃક્ષોની નીચે તમે જે પ્રજાઓની ભૂમિ કબજે કરો છો
તેમની રચેલી વેદીઓ અને સ્થાનકો જુઓ-તે સર્વનો તમારે
નાશ કરવો. 3તેમની અગ્નિ વેદીઓ વિખેરી નાખો, તેમના
સ્મારક સ્તંભોને ભાંગી નાખો. અશેરીમના થાંભલાને બાળી
નાખવા અને તેમના દેવોની મૂર્તિઓ તોડી નાખો. યાદ રાખો-
તમારે તેમનું નામ તે જગ્યાએથી ભૂંસી નાખવાનું છે. 4એ
લોકો તેમના પોતાના દેવોનું જે રીતે પૂજન કરે છે તે રીતે

તમારે તમારા દેવ યહોવાની આરાધના કરવી નહી. 5યહોવા
તમારા દેવ તમારા કુળસમૂહો વચ્ચે એક ખાસ જગ્યા પસંદ
કરશે. યહોવા તેમનું નામ ત્યાં મૂકશે. તે તેમનું ખાસ ઘર
રહેશે. તમારે તેની ભક્તિ કરવા તે જગ્યાએજ જવાનું છે.
6ત્યાં જ તમારે તમારાં બધાં દહનાર્પણો અને અન્ય અર્પણો
જે વેદી પર અર્પિત કરવામાં આવશે, કૃષિ ઉપજનો દસમો
ભાગ, કૃષિ ઉપજના અન્ય અર્પણો, તમારી પ્રતિજ્ઞા પૂર્ણ
કરવા માટેનાં ખાસ અર્પણો, તમારી ખાસ ભેટો અને તમારાં
ઘેટા, બકરાંના તથા ઢોરઢાંખરના પ્રથમજનિતો લાવવાં.
7યહોવા તમારા દેવની હાજરીમાં તમે અને તમારા પરિવારોએ
સાથે આનંદ માણવો તમારા પરિશ્રમનાં ફળોથી સુખી રહો
અને દેવે તમને જે બધાંથી આશીર્વાદીત કર્યા છે તેનાથી
આનંદ માણવો.

8"જ્યારે તમે ભૂમિમાં પ્રવેશો ત્યારે તમારે અત્યારે જેમ
પૂજા કરીએ છીએ તેમ ન કરવી. આજે પ્રત્યેક વ્યક્તિ પોતાને
મન ફાવે ત્યાં પૂજા કરે છે. 9કારણ કે, યહોવા તમને જે
વિશ્રામસ્થાન, જે ભૂમિ આપનાર છે, 10તમે યર્દન નદી પાર
કરીને તમારા દેવ-યહોવાએ તમને જે ભૂમિ આપી છે તેમાં
જયારે તમે વસવાટ કરશો, ત્યારે યહોવા તમને તમારા ચારે
દિશાના દુશ્મનોથી રક્ષણ આપશે અને તમે બધા સુરક્ષિત
રીતે સુખે રહી શકશો. 11તે સમયે તમારા દેવ યહોવા તેમની
પોતાની પૂજા માટે એક જગ્યાની પસંદગી કરશે ત્યાં હું
આજ્ઞા કરું છું તે બધું તમારે લાવવું; તમારી ઊપજનો દશમો
ભાગ,નૈવેધ તેમજ તમારાં બધાં દહનાર્પણ તથા અન્ય અર્પણો
તે જ જગ્યાએ ચડાવવાં. બાધા તરીકે ચડાવવાની ખાસ
ભેટો તમારે સાથે લાવવી. 12ત્યાં તમારા દેવ યહોવાની
સમક્ષ તમારાં સંતાનો, દાસદાસીઓ તેમ જ તમારાં ગામોમાં
વસતા લેવીઓ સાથે આનંદ માણવો; કારણ કે; એ લેવીઓને
ભૂમિનો કોઈ ભાગ પોતાના માટે પ્રાપ્ત થયેલ નથી. 13ધ્યાન
રાખજો, તમારે દહનાર્પણો ગમે તે જગ્યાએ અર્પણ કરવાના
નથી.

14તમારા બધા વંશોના પ્રદેશમાંથી યહોવા જે એક જગ્યા
પસંદ કરશે; ત્યાં જ તમારે તમારાં બલિદાનો અર્પવા અને
તમારી ભેટો લાવવી અને હું તમને જે ચડાવવાની આજ્ઞા
કરૂ તે બધું ચડાવવું.

15"તમારા વસવાટોમાં તમારા દેવ યહોવા આપે તેટલાં
પ્રાણીઓનો તમે ખાવા માટે ઉપયોગ કરી શકો છો. હરણ
અથવા સાબર જેવા પ્રાણીઓ તમે છૂટથી ખાઈ શકો છો.
તમે શુદ્ધ કે અશુદ્ધ હો તેનો કોઈ વાંધો નથી. 16એનું લોહી
તમારે ખાવું નહી, એ તમારે પાણીની જેમ જમીન પર રેડી
દેવુ.

17"પરંતુ અર્પણોમાંનું કશું જ ઘેર ખાવું નહી, અનાજનો,
દ્રાક્ષારસનો કે તેલનો દશમો ભાગ, અથવા તમારાં ઢોરનાં કે
ઘેટાંબકરાંનાં પ્રથમજનિત અથવા બાધાબલિઓ, સ્વૈચ્છિક
બલિઓ કે દાનબલિઓ તમારે તમારા વસવાટોમાં ખાવાના
નથી. 18આ બધું તમારે એકજ જગ્યાએ લાવવું, જે યહોવા
તમારા દેવ પસંદ કરશે જયાં તમે, તમારાં બાળકો અને
લેવીઓ યહોવા તમારા દેવની સમક્ષ તે તમારા નર અને
નારી સેવકો, અને તમારા શહેરોમાં વસતા સાથે ખાઈ શકો.
તમારાં પરિશ્રમનાં ફળોનો આનંદ યહોવા સમક્ષ સાથે માણો.
19પણ તમે એ ભૂમિ પર વસો ત્યાં સુધી લેવીઓની જીવનભર
કાળજીપૂર્વક સારસંભાળ લેવાનું ચૂકશો નહી. તમે લેવીઓને
ભૂલી ન જતા. તેઓને તમારા ભાગીદાર બનાવજો.

20"જયારે તમારા દેવ યહોવા પોતે વચન આપ્યા મુજબ
તમારો વિસ્તાર વધારે ત્યારે તમને જો માંસ ખાવાની
ઈચ્છા થાય તો ખાવું હોય એટલું ખાવાની છૂટ છે.
21તમારા દેવ યહોવાએ પોતાની પૂજા માટે પસંદ કરેલું સ્થાન
જો બહુ દૂર હોય તો મેં તમને કહ્યું તેમ, તમે યહોવાએ
આપેલાં તમારાં ઢોર કે ઘેટાં બકરાંમાંથી કોઈને મારી નાખીને
તેનું માંસ તમારા ગામમાં છૂટથી તમારે ઘેર ખાઈ શકો છો.
22શુદ્ધ કે અશુદ્ધ ગમે તે સ્થિતિમાં તેમ એ પ્રાણી, હરણ કે
કાળિયાર ખાઓ છો તેમ ખાઈ શકો છો; 23પરંતુ તમારે તેનું
લોહી કદી પણ ખાવું નહી, કારણ કે, લોહીમાંજ જીવ છે,
અને તમારે તે માંસ નથીજ ખાવાનું જેમાં જીવ છે. 24તમારે
લોહી ખાવું નહી, પણ જળની જેમ જમીનપર ઢોળી દેવું.
25જો તમે એ નહી ખાઓ તો તમને અને તમારા સંતાનો
માટે બધુંજ સારું રહેશે, કારણ કે, યહોવાની દૃષ્ટિએ તમે
સાચું કામ કર્યુ છે. 26દેવ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા
માટેનાં અર્પણો તથા દાન યહોવાએ પસંદ કરેલા સ્થાનમાં
જ લઈ જવાં. 27તમે દહનાર્પણ કરો તો તેનું માંસ અને
લોહી બંને તમારા દેવ યહોવાની વેદી ઉપર ધરાવવાં જોઈએ
જો તે ખાદ્યાર્પણ હોય તો તેનું માંસ તમે ખાઈ શકો છો, પણ
તેનું લોહી તમારે દેવ યહોવાની વેદી પર રેડવું. 28હું જે આ
સર્વ આજ્ઞાઓ તમને કહું છું તેનું પાલન કરવામાં કાળજી
રાખવી, યાદ રાખો, યહોવા તમારા દેવની દૃષ્ટિમાં જે સારું
અને યોગ્ય છે તે તમે કરશો તો તમને અને તમારાં સંતાનોને
સદાસર્વદા બધુ સારું રહેશે.

## મૂર્તિપૂજા સામે ચેતવણી

29"તમારા દેવ યહોવા તમારે માટે તમે જેમના પ્રદેશનો
કબજો લો છો તે પ્રજાઓનો નાશ કરશે અને તમે તે પ્રદેશમાં
વસવાટ કરશો, 30ત્યારે જોજો, તમે ફસાઈ ન જતા અને
ત્યાંની પ્રજાઓના પગલે ચાલીને તેઓના દેવોનું પૂજન
કરવામાં તેઓનું અનુસરણ ન કરશો. એમની જેમ પૂજા
કરવાના હેતુથી એ લોકો પોતાના દેવની પૂજા કઈ રીતે કરે
છે તે જાણવાનો પ્રયત્ન પણ કરશો નહી, 31તેઓ જે રીતે
પોતાના દેવોની પૂજા કરે છે તે રીતે તમારે તમારા દેવ
યહોવાની ઉપાસના કરતા નહી, કારણ કે, તેઓ પોતાના
દેવો માટે જે કંઈ કરે છે તે યહોવાની દૃષ્ટિએ ધિક્કારજનક
અને ધૃણાને પાત્ર છે. તેઓ પોતાના દેવોની સમક્ષ
પોતાના પુત્રો તથા પુત્રીઓને સુદ્ધાં બલિઓ તરીકે હોમી
દે છે.

32"મેં તમને જે કંઈ આજ્ઞાઓ કરી છે તે સર્વનું પાલન
કરજો. તેમાં કશો ઉમેરો કે ઘટાડો ન કરશો.

### જૂઠા દેવો અને પ્રબોધકો

13 "તમારા કોઈ પ્રબોધક કે સ્વપ્નદષ્ટા તમારી પાસે
આવશે અને કોઈ અદભુત ઘટના કે ચમત્કારની
આગાહી કરીને તમે કદીયે પૂજયા ના હોય એવા પારકા
દેવોની પૂજા કરવાનું કહેવાનો દાવો કરનાર છે. 2કદાચ તેણે
કરેલી આગાહી સાચી પણ પડે, અને જો તમને તે કહે
'આવો, આપણે અન્ય પ્રજાના દેવોનું પૂજન કરીએ.' 3તો
પ્રબોધક કે સ્વપ્નદષ્ટાનું સાંભળશો નહી, તમારા દેવ યહોવા
તમારી કસોટી કરીને એ જાણવા ઈચ્છે છે કે, તમે તેમના
ઉપર મન અને શ્રદ્ધાથી પ્રેમભાવ રાખો છો કે કેમ, 4તમારે
તમારા દેવ યહોવા સિવાય અન્ય કોઈ દેવનું પૂજન કદી
કરવું નહી. તેનાથી ડરવું, ફકત તેમનીજ આજ્ઞાઓને
અનુસરવું, અને તેમને જ વળગી રહેવું અને તેમનીજ
ઉપાસના કરવી. 5જે પ્રબોધક અથવા સ્વપ્નદષ્ટા તમને
લોકોને તમારા દેવ યહોવાથી દૂર લઈ જવા પ્રયત્ન કરે તેને
મૃત્યુ તરફ ધકેલો તેના પર સહાનુભૂતિ અનુભવવી નહી.
કારણ કે, તે જેણે તમને ગુલામીમાંથી મુકત કર્યા અને
મિસરમાંથી આઝાદ કર્યા. તમારા દેવ યહોવાની સામે બળવો
કરવાનું કહે છે. એ તમને તમારા દેવ યહોવાએ જે માર્ગે
જવાનું જણાવ્યું છે તે માર્ગેથી ચલિત કરવાનો પ્રયત્ન કરે છે.
તમારી વચ્ચેથી તમારે એ અનિષ્ટ દૂર કરવું જ જોઈએ.
6"જો તમારા ખૂબજ નજીકના સગામાંનું કોઈ, અથવા
તમારા ખાસ મિત્રોમાંનું કોઈ, તમારો પુત્ર અથવા, પુત્રી
અથવા તમારી પ્રિય પત્ની તમને ખાનગીમાં ઉશ્કેરે અને
અન્ય દેવો કે જેઓને તમે કે તમારા પિતૃઓએ કદી પૂજ્યા
નથી તેઓનું પૂજન કરવા લલચાવે. 7તથા જે પ્રજા તમારી
નજદીક આસપાસમાં કે દુનિયાનાં કોઈ પણ છેડે વસે છે
તેના દેવોનું અથવા જે પ્રજા તમારાથી દૂર રહે છે તેના દેવોનું
ભજન કરવા તેઓમાંથી કોઈ કહે, 8તો તમારે તેની વાત
સાંભળવી કે માનવી નહી, તેનું ઉપરાણું લેવું નહી ને તેની
દયા પણ ખાવી નહી. 9પરંતુ તેને મારી નાખવો, તેની હત્યા
કરવા માટે તમારે પોતાનો હાથ સૌથી પહેલો ઉગામવો જોઈએ
અને ત્યારબાદ બીજા લોકો પણ તેમ કરશે. 10તમે સૌ તેને
પથ્થર વડે મારી નાખો, કારણ કે, તમને મિસર દેશમાંથી
ગુલામીમાંથી મુકિત અપાવીને બહાર લઈ આવનાર તમારા
યહોવા દેવથી તમને દૂર લઈ જવાનો પ્રયત્ન તેણે કર્યો છે.
11સમગ્ર ઈસ્રાએલને એની જાણ થશે અને બધા ગભરાઈ
જશે પછી તમારામાંથી કોઈ એવું દુષ્કૃત્ય નહી કરે.

### જૂઠા દેવો

12"જ્યારે તમે તમારા યહોવા દેવે તમને આપેલાં નગરોમાં
રહો. અને એક અહેવાલ સાંભળો, 13કે તમારા રાષ્ટ્રનાં અમુક
દુષ્ટ લોકોએ તેમના શહેરના લોકોને ગેરમાર્ગે દોરીને તમે
કદી પૂજયા ન હોય તેવા પારકા દેવોની પૂજા કરવાનું તેમને
કહ્યું છે, 14તેથી તમારે તેની પૂરેપૂરી તપાસ કરવી, જો તમને
લાગે કે તે સાચું છે અને આવી ભયંકર બાબત દેવે તમને જે
નગરો આપ્યાં છે તેમાંના એક નગરમાં બની રહી છે, 15તો
તમારે નગરના બધા રહેવાસીઓ તથા નગરનો અને તેમાં
રહેતાં સૌ ઢોરઢાંખરની હત્યા કરવી; ને તે માટે કોઈપણ
જાતનો વિલંબ કર્યા વિના નગર વિરુદ્ધ યુદ્ધ જાહેર કરવું.
16પછી તમારે તે નગરમાંથી પ્રાપ્ત થયેલો બધી વસ્તુઓને
રસ્તા વચ્ચે ઢગલો કરીને બાળી નાખવી. પછી સમગ્ર નગરને
બાળી નાખવું. શહેર અને તેની લૂંટને યહોવા તમારા દેવને
દહનાર્પણ તરીકે હોમી દેવું તે નગર સદાને માટે ખંડેર નિર્જન
ટેકરી જેવું જ રહે અને તેને ફરીથી કદી બાંધવામાં આવે
નહી. 17લૂંટમાંથી કશુંજ તમારા માટે રાખશો નહી, જેનો
વિનાશ કરવાનો છે જેથી દેવ તમારા પર ગુસ્સે થતા બંધ
થાય અને બદલામાં તેઓ તમારા પ્રત્યે કૃપાળુ બનશે. તેઓ
તમારી ઉપર કરુણા દર્શાવશે અને જેમ તમારા પિતૃઓને
વચન આપેલું તે પ્રમાણે તમને એક મહાન પ્રજા બનાવશે.
18આવું બનશે જો તમે દેવની આજ્ઞાઓને અનુસરશો અને
આજે હું જે નિયમો તમને આપું છું તેનું પાલન કરશો,
તથા તમારા દેવ યહોવાની દૃષ્ટિમાં જે યોગ્ય છે તે જ કરશો
તો.

### ઈસ્રાએલ–યહોવાને સંપૂણ સમર્પિત પ્રજા

14 "તમે તમારા દેવ યહોવાનાં સંતાન છો તેથી મૃત
મનુષ્યનો શોક પાળવા માટે તમારા પોતાના ઉપર
કાપા ન કરવા વળી દફનક્રિયા માટે તમારા માથાના આગળના
ભાગનું મૂંડન ન કરાવુ. 2તમે દેવ યહોવાને સંપૂણ સમર્પિત
થયેલ પ્રજા છો અને યહોવાએ બધી પ્રજાઓમાંથી તમને
પસંદ કરીને પોતાની ખાસ પ્રજા તરીકે અપનાવ્યા છે.

### શુદ્ધ અશુદ્ધ ભોજન

3"યહોવાએ નિયમપ્રમાણે જેનો નિષેધ કર્યો છે એવું કશું
અશુદ્ધ તમારે ખાવું નહી. 4તમે આટલાં પ્રાણીઓનો આહાર
તરીકે ઉપયોગ કરી શકો: બળદ, ઘેટાં, બકરાં, 5પણ હરણ,
સાબર, કાળિયાર, રાની બકરાં, પર્વતીય બકરીઓ તથા રાની
ઘેટાં, 6જે કોઈ પ્રાણીની ખરી ફાટેલી હોય અને તે વાગોળતું
હોય તે તમે ખાઈ શકો. 7પરંતુ જો આ બંને લક્ષણ ના હોય
તો તેવાં પ્રાણીઓ તમે ખાઈ શકો નહી તેથી ઊંટ, સસલું કે
ઘોરખોદિયું (શ્રાપાન) ખાવા માટે નિષેધ છે. તેઓ વાગોળે
છે ખરાં પણ તેઓની ખરી ફાટેલી નથી હોતી. 8વળી ડુક્કરની
ખરી ફાટેલી હોય છે પણ તે વાગોળતું નથી એટલે તે ખાવા
માટે નિષિદ્ધ છે. તમારે આવાં પ્રાણીઓનાં માંસ ખાવાં નહી.
તમારે તેમના મૃતદેહનો સ્પર્શ પણ કરવો નહી.
9"જળચર પ્રાણીઓમાં જેમને પર અને ભીંગડાં હોય તે
ખાઈ શકાય. 10પરંતુ જેમને પર કે ભીંગડાં ના હોય એ
પ્રાણીઓ તમારે માટે નિષિદ્ધ છે.
11"તમે બધાં જ શુદ્ધ પક્ષીઓ ખાઈ શકો. 12તમારાથી
ખાઈ ન શકાય તેવાં પક્ષીઓની યાદી નીચે મુજબ છે. ગરૂડ,
દાઢીવાળુ ગીધ, કાળું ગીધ, 13સમડી તથા પ્રત્યેક જાતના
બાજ; 14પ્રત્યેક જાતના કાગડાં; 15શાહમૃગ, ચીબરી, લાંબા
કાનવાળું ઘૂવડ: તથા જુદી જુદી જાતના શકરા; 16બદામી

ઘુવડ, હંસ, 17ઢીંચ, ગીધ, કરઢોક; 18કોઈપણ જાતના સારસ, છછૂંદર તથા ચામાચીડિયું.

19"બધા પાંખવાળાં જંતુઓ તમારા માટે નિષિદ્ધ છે. તમારે તે ખાવાં જોઈએ નહી. 20પરંતુ તમે બધાં શુદ્ધ જંતુઓ ખાઈ શકો.

21"કુદરતી રીતે મૃત્યુ પામેલ કોઈ પણ પશુપંખીનું માંસ તમારે ખાવું નહી. તમારા ગામમાં રહેતા વિદેશીઓને ખાવા માટે આપવું હોય તો આપવું.ભલે તે લોકો તેનો આહાર કરતાં અથવા કોઈ વિદેશીને તે વેચી શકો છો. કારણ કે તમે તો તમારા દેવ યહોવાની પસંદગી પામેલ છો, તમે તેમની પવિત્ર પ્રજા છો અને વળી લવારાને તમારે તેની માતાના દૂધમાં ઉકાળવું અથવા રાંધવું નહી.

## દસમો ભાગ

22"પ્રતિવર્ષ તમારે તમારાં ખેતરની બધી જ ઊપજમાંથી દસમો ભાગ જુદો રાખવો, 23અને દેવે જે જગ્યા પોતાના પવિત્રસ્થાન માટે નક્કી કરી હોય ત્યાં તેમની સમક્ષ આ દશાંશ ખાવા માટે લાવવો. તમે અનાજનો, દ્રાક્ષારસનો, તથા તેલનો દશમો ભાગ તેમ જ તમારાં ઢોરો તથા ઘેટાં બકરાંના પ્રથમજનિતને પણ ખાઈ શકો, તેથી તમે તમારા દેવ યહોવાથી હંમેશા ડરીને જીવતાં શીખશો. 24જો તમારા દેવ યહોવાએ તમને પુષ્કળ પાકના આશીર્વાદ આપ્યા હોય, અને યહોવાએ પોતાની ઉપાસના માટે પસંદ કરેલું સ્થાન એટલું દૂર હોય કે તમારી ઉપજ દશમો ભાગ ત્યાં લઈ જઈ ન શકો, 25તો તમારે તે વેચીને પૈસા લઈને ઉપાસનાસ્થાને જવું. 26ત્યાં તમારે એ પૈસા વડે બળદ, ઘેટાં, દ્રાક્ષારસ અને સુરા તમારી જે ઈચ્છા હોય તે ખરીદવું અને તમારા દેવ યહોવા સમક્ષ તમારે અને તમારા કુટુંબે પ્રસન્નતાથી સાથે બેસીને ખાવું. 27તમારા વિસ્તારમાં વસતા લેવીઓને તમારે કદી ભૂલવા જોઈએ નહી. કારણ કે, તેમને ભૂમિનો કોઈ પણ ભાગ મળેલો નથી.

28"દર ત્રીજે વર્ષે તે વર્ષની ઊપજનો દશમો ભાગ તમારા ગામના ચોરામાં લાવીને તમારે રાખવો જેથી જે લોકોને ભાગમાં ભૂમિનો કોઈ ભાગ મળ્યો નથી.

29લેવીઓ, જેઓને પોતાની કોઈ જમીન નથી તેમજ તમારા ગામમાં રહેતા વિદેશીઓ, વિધવાઓ અને અનાથો આવીને ખાઈને સંતોષ પ્રાપ્ત કરે, આમ કરશો તો તમારો દેવ યહોવા તમે જે કાંઈ કામ હાથમાં લેશો તેમાં તમને લાભ આપશે. અને તેમના આશીર્વાદ તમારા ઉપર ઉતરશે.

## વિશ્રામવર્ષ-ૠણમુકિતનું પર્વ

15 "દર સાતમે વર્ષે તમારે તમારા દેણદારોનું સર્વ પ્રકારનું દેવું માફ કરી દેવું. દેવામાફીનો નિયમ આ પ્રમાણે છે: 2 દરેક મહાજને દેવાદાર કે જેઓ તેના ૠણી છે તેઓને દેણાંથી મુકત કરવાં. તેણે પોતાના જાતભાઈ પાસે દેવું વસૂલ કરવા દબાણ કરવું નહી. કારણ કે એ યહોવાએ ઠરાવેલું દેવામાફીનું વર્ષ છે. 3આથી તમે વિદેશી પાસે દેવું ભરપાઈ કરાવી શકો પરંતુ દેણદાર જો તમારો ઈસ્રાએલી ભાઈ હોય તો તમારે તે દેવું રદ કરવું. 4તમારા દેવ યહોવા તમને જે પ્રદેશ આપે છે, તેમાં તે તમને ખૂબ વિપુલતા આપશે તમારામાંનું કોઈ ગરીબ હશે નહીં. 5પરંતુ શરત એટલી કે તમે દેવની આજ્ઞાઓનું પાલન કરશો. અને આજે તમને હું જે આજ્ઞાઓ જણાવું છું, તેનું પાલન બરાબર કરશો. 6તમારા દેવ યહોવા વચન મુજબ તમને આશીર્વાદ આપશે અને તમે અનેક પ્રજાઓના લેણદાર બનશો, તમે કોઈના દેવાદાર નહી બનો, અને તમે અનેક પ્રજાઓ ઉપર શાસન કરશો, પણ કોઈ તમારા ઉપર રાજ કરશે નહી.

7"પરંતુ તમારા દેવ યહોવા તમને જે પ્રદેશ આપે છે, તેના કોઈપણ ગામમાં તમારો કોઈ જાતિભાઈ આર્થિક મુશ્કેલીમાં આવી પડે, તો કઠોર હૃદયના ના બનશો. કે મદદનાં હાથને રોકશો નહીં. 8પરંતુ ઉદાર હાથે તમે તેઓને જરૂરિયાત પ્રમાણે ધીરજો.

9"પણ સાવધાન! જોજો, એવું ના બને કે, "જયારે સાતમું ૠણમુકિતનું વર્ષ નજીક આવ્યું છે ત્યારે હલકા વિચારથી ભરાઈને તમે તમારા આર્થિક મુશ્કેલીમાં આવી પડેલા જાતભાઈ પ્રત્યે લાગણીહીન બની તેને કંઈ ન આપો, નહીંતર તે તમારી વિરુદ્ધ યહોવાને પોકાર કરશે અને તમે દોષિત ઠરશો.

10"વળી તેને જેની જરૂર હોય તે તમારે તેને ઉછીનું આપવું અને તે માટે દુ:ખી થવું નહી! કારણ કે, આના લીધે તમે જે કરશો તેમાં યહોવા તમને તમારાં બધાં કાર્યોમાં લાભ આપશે. 11તમારા દેશમાં હંમેશા તમારી વચ્ચે કોઈ ગરીબ તો હોવાના જ. તેથી હું તમને આજ્ઞા કરું છું કે, તમારા જે કોઈ જાતભાઈ ગરીબ હોય અને આર્થિક ભીસમાં હોય તો તેમને ઉદારતાથી મદદ કરજો.

## ગુલામો વિષેના નિયમો

12"તમે જો કોઈ હિબ્રૂ સ્ત્રી કે પુરૂષને ગુલામ તરીકે ખરીદો, તે તમારી છ વર્ષ સેવા કરે અને તમારે તેને સાતમે વર્ષે મુક્તિ આપવી. 13પરંતુ મુકત કરતી વખતે તેને ખાલી હાથે જવા દેવો નહી. 14તમારાં ઘેટાં-બકરાં, જૈતવાડીઓ અને દ્રાક્ષાવાડીઓમાંથી વિદાય ટાણે તેઓને ભેટ આપો. કારણ કે, તમારા દેવ યહોવાએ તમને સુખસમૃદ્ધિ આપી છે, તેથી તેના પ્રમાણમાં તેમને આપો. 15અને તમારે સ્મરણ કરવું કે, તમે પોતે પણ મિસરમાં ગુલામ હતા અને તમારા દેવ યહોવાએ તમને છોડાવ્યા હતા. તેથી જ હું આજે તમને આ આજ્ઞા કરું છું.

16"પણ જો તમારો હિબ્રૂ ગુલામ તેને તમારે ત્યાં સંતોષ હોય એમ કહેતો હોય કે, 'મારે તમારે ત્યાંથી જવું નથી' કારણ કે મને તમારા ઉપર અને તમારા પરિવાર ઉપર પ્રેમ છે. 17તો તમારે એક સોયો લઈને તેના કાનની આરપાર વીંધીને બારણામાં ખોસી દેવો, તેથી તે જીવનભર તમારો ગુલામ બનીને રહેશે. સ્ત્રીગુલામની બાબતમાં પણ તમારે આ પ્રમાણે જ વર્તવું,

18"ગુલામને મુકત કરતી વખતે તમારે ખોટું લગાડીને
મન ઊચું ન કરવું. કારણ કે, રોજે રાખેલા મજૂર કરતાં અર્ધે
ખરચે એણે તમારી નોકરી કરી છે, વળી તેને તમે મુકત કર્યા
માટે યહોવા તમારા દેવ તમે જે કરશો તે સર્વમાં તમને
લાભ આપશે.

## પ્રાણીના પ્રથમજનિતનું અર્પણ

19"તમારાં ઘેટાં અને ઢોરઢાંખરના પ્રથમજનિત નર બચ્ચાંને
તમારે તમારા દેવ યહોવાને સમર્પણ કરી દેવાં. પ્રથમજનિતોને
એટલે કે પ્રાણીઓને ખેતરમાં કામે લગાડવાં નહી, કે
પ્રથમજનિત ઘેટાંબકરાંનું ઊન તમારે ઉતારવું નહી. 20પ્રતિવર્ષ
તમારે અને તમારા પરિવારે યહોવાએ પસંદ કરેલા સ્થાને
તમારા દેવ યહોવાને ધરાવીને પછી જ તે પ્રાણીઓ ખાવાં.
21"પરંતુ જો તેમનાંમાં કોઈ ખોડ ખાંપણ હોય, તે લુલૂ લંગડુ
કે આંધળુ હોય અથવા તેને બીજી કોઈ મોટી ખોડ હોય, તો
તમારે તેને તમારા દેવ યહોવાને ધરાવવું નહી. 22અને તેનો
ઉપયોગ તમારે ઘેર તમારા કુટુંબના ખોરાક તરીકે કરવો. શુદ્ધ
કે અશુદ્ધ ગમે તે સ્થિતિમાં હોય તો તમે, હરણ કે કાળિયારની
જેમ એ પ્રાણીઓને ખાઈ શકો છો. 23પરંતુ તમારે તેનું લોહી
ખાવું નહી, તેને જળની જેમ જમીન પર ઢોળી દેવું.

## પાસ્ખાપર્વની સમીક્ષા

16 "અબીબ* ના મહિનામાં યહોવા તમારા દેવના
માનમાં પાસ્ખાપર્વને ઊજવવાનું હંમેશા યાદ
રાખશો. કારણ કે, એ મહિનામાં તમારા દેવ યહોવા તમને
રાતોરાત મિસરમાંથી બહાર લઈ આવ્યા હતા. 2યહોવાએ
પસંદ કરેલા પવિત્રસ્થાને તમારે તમારા દેવ યહોવાને
બલિદાન તરીકે એક નર ગાડરું, લવારું કે વાછરડું ધરાવવું.
3તમારે એના પ્રસાદ સાથે બેખમીર રોટલી ખાવી. મિસરમાંથી
તમે નાસી છૂટયા ત્યારે જે રોટલી ખાધી હતી તેની સ્મૃતિમાં
તમે સાત દિવસ સુધી બેખમીર રોટલી ખાઓ. કારણ કે,
તમારે મિસરમાંથી બહુ ઉતાવળમાં નીકળવું પડયું હતું અને
આ રીતે તમે મિસરમાંથી જે રીતે જે દિવસે બહાર આવ્યા
તેની સ્મૃતિ જીવનભર તાજી રાખશો. 4સાત દિવસ પર્યંત
તમારા ઘરમાં ખમીરનો છાંટો પણ ન હોવો જોઈએ. તેમજ
પહેલે દિવસે સાંજે વધેરેલા પશુનું થોડું પણ માંસ સવાર
સુધી વાસી રહેવું જોઈએ નહી.
5"પાસ્ખાના બલિદાનનું પશુ તમારે તમારા દેવ યહોવાએ
તમને આપેલા કોઈપણ ગામમાં વધેરવું નહી. 6પરંતુ તમારે
યહોવાએ પોતાની ઉપાસના માટે પસંદ કરેલા સ્થાને જ
વધેરવું. તમારે એ પશુને પાસ્ખાના બલીને સંધ્યાકાળે જે
સમયે તમે મિસરમાંથી બહાર આવ્યા હતા ત્યારે મારવું.
7અને યહોવાએ પસંદ કરેલ પવિત્રસ્થાને જ તમારે તે રાંધીને
ખાવું અને સવારમાં પાછા પોતપોતાને ઘેર જવા નીકળવું.
8છ દિવસ સુધી તમારે બેખમીર રોટલી જ ખાવી. સાતમા
દિવસે પ્રત્યેક નગરમાં લોકો યહોવા તમારા દેવ સમક્ષ તેમના
માનમાં ઉત્સવની પૂર્ણાહૂતિ કરે, તે દિવસે કોઈ કામ કરવું
નહી.

## કાપણીનો ઉત્સવ:

9"ઊભા પાકને લણવાની શરૂઆત કરો ત્યારથી તમારે
સાત અઠવાડિયાં ગણવાં, 10ત્યારબાદ તમારા દેવ યહોવાના
માનમાં કાપણીનો ઉત્સવ ઊજવવો, અને યહોવાના તમારા
પરના આશીર્વાદોના કારણે થયેલી ઊપજના પ્રમાણમાં તમારે
સ્વૈચ્છિકાર્પણ લાવવું. 11યહોવાએ પોતાની ઉપાસના માટે
પસંદ કરેલા સ્થાને તમારે અને તમારાં સંતાનોએ, તમારાં
દાસદાસીઓએ, તમારા ગામમાં વસતા લેવીઓએ, અને
તમારા ભેગા વસતા વિદેશીઓ, અનાથો તથા વિધવાઓએ
મળીને આ આનંદોત્સવ માણવો. 12તમે મિસરમાં ગુલામ
હતા, તેથી આ આજ્ઞાનું પાલન કરીને કાળજીપૂર્વક નિયમોનું
પાલન કરવાનું યાદ રાખજો.

## માંડવાપર્વ

13"તમે તમારાં ખળામાં અનાજ ઉપણવાનું અને દ્રાક્ષા
પીલવાનું કામ પૂંરુ કરો તે પછી કાપણીની ઋતુના અંત
ભાગમાં સાત દિવસ સુધી માંડવાપર્વ ઊજવવું. 14તમારે,
તમારાં સંતાનો, દાસદાસીઓ, લેવીઓ તથા તમારા ગામમાં
વસતા વિદેશીઓ અનાથો અને વિધવાઓ સાથે એ ઉત્સવનો
આનંદ માણવો. 15તમારા દેવ યહોવાના માનમાં તમારે
યહોવાએ પસંદ કરેલા સ્થાને સાત દિવસ સુધી ઉત્સવ
ઊજવવો. તમારા દેવ યહોવાના આશીર્વાદથી તમને તમારા
પાકમાં તેમ જ તમારાં બધાં કાર્યોમાં થયેલ લાભ માટે તમારે
આનંદથી ઉત્સવ ઊજવવો, તેથી આનંદ કરો ને ખુશ રહો.
16"તમારામાંના બધાં પુરુષોએ યહોવાએ પસંદ કરેલા
સ્થાને તમારા દેવ યહોવાને વર્ષમાં ત્રણવાર મળવા આવવું
જ બેખમીર રોટલીના પર્વના પ્રસંગે અઠવાડીયા પર્વના પ્રસંગે
અને આશ્રયપર્વના પ્રસંગે કોઈપણ વ્યકિત યહોવા સમક્ષ
ખાલી હાથે આવે નહી. 17પ્રત્યેકે યહોવાએ આપેલા
આશીર્વાદના પ્રમાણમાં પોતપોતાની શકિત મુજબ અર્પણો
લાવવા.

## લોકોના ન્યાયાધીશો અને ઉપરીઓ

18"તમારા યહોવા દેવ તમને જે બધાં નગરો આપે તેમાં
તમારે વંશવાર ન્યાયાધીશો તથા બીજા વહીવટી
અધિકારીઓની નિમણૂક કરવી, અને તેઓએ સમગ્ર દેશમાં
ઉચિત ન્યાય કરવો. 19તેમણે ન્યાયના કામમાં ઘાલમેલ કરવી
નહી. કોઈની શરમમાં ખેંચાવું નહી, લાંચ લેવી નહી, કારણ
લાંચ શાણા માણસને પણ અંધ બનાવી દે છે. અને ન્યાયી
માણસ પાસે પણ ખોટા ચુકાદા અપાવે છે. 20સારાપણું અને
નિષ્પક્ષપણું મહત્વનાં છે, હંમેશા સારા અને નિષ્પક્ષ રહેવા
માંગો. તમારા દેવ યહોવા તમને જે ભૂમિ આપે છે જેમા

---

**અબીબ** આ નામનો અર્થ છે "દાણાના નાના માથા." યહૂદી પંચાગનો આ પહેલો મહીનો છે, જેને નીસન પણ કહેવાય છે. તે માર્ચ અને એપ્રિલ બરાબરનો સમય હતો.

તમે કાયમ માટે વસવાટ કરવાના છો તેના પર જીવતા
રહેવાનો આ એકજ માર્ગ છે.
21"તમે તમારા દેવ યહોવા માટે વેદી બાંધો તો તેની પાસે
કોઈપણ સંજોગોમાં શરમજનક મૂર્તિઓ કે અશેરાદેવીઓનું
કોઈ પણ લાકડાનું પ્રતીક રોપવું નહી. 22તેમજ કોઈ પૂજાસ્તંભ
ઊભો કરવો નહીં. કારણ કે; તમારા દેવ યહોવા તેઓને
ધિક્કારે છે.

### ફક્ત સારા પ્રાણિઓનું બલિદાન

17 "તમારા દેવ યહોવાને તમારે ખોડખાંપણવાળાં
બળદ કે ઘેટું અર્પણ કરવાં નહી. કારણ કે આવાં
બલિદાનો યહોવાને ધૃણાપાત્ર છે.

### મૂર્તિપૂજાની સજા

2"તમારા દેવ યહોવાએ આપેલા કોઈ ગામમાં કોઈ સ્ત્રી
કે પુરૂષ યહોવાના કરારનો ભંગ કરીને તેની દષ્ટિએ પાપ કરે,
3અને મેં જે વિષે સખત ના જણાવી છે તેવા અન્ય દેવો
એટલે સૂર્ય, ચંદ્ર અથવા તારાઓનું-નક્ષત્રોનું પૂજન કરે છે.
4અને તમને એ વાતની ખબર પડે તો તમારે તેની કાળજીપૂર્વક
તપાસ કરવી. અને જો એ વાત સાચી ઠરે અને એવું સાબિત
થાય કે, એવી ધૃણાપાત્ર ઘટના ઈસ્રાએલમાં બનવા પામી
છે, 5તો એવું દુષ્ટકૃત્ય કરનાર સ્ત્રી કે પુરૂષને શહેરના દરવાજા
આગળ લાવી, ઈંટાળી કરી તેને મારી નાખવો. 6પરંતુ એકાદ
સાક્ષીના આધારે કોઈ વ્યકિતને મારી નાખવી નહી; તે માટે
ઓછામાં ઓછા બે અથવા ત્રણ સાક્ષી હોવા જ જોઈએ.
7ઈંટાળી કરતી વખતે સાક્ષીઓએ પ્રથમ પથ્થર મારવો અને
ત્યારબાદ બીજાઓએ મારવા; આ રીતે તમારે એ અનિષ્ટ દૂર
કરવું.

### મુશ્કેલ ન્યાય ચૂકાદાઓ

8"કોઈવાર કોઈ ખટલાનો ચુકાદો આપવો તમને બહું
મુશ્કેલ લાગે-જેમ કે ખૂનનો, મિલકતના હકનો કે
મારામારીનો કે તમારા શહેરોમાંના કોઈ વિવાદનો જો કોઈ
આવો ખટલો તમારી સમક્ષ આવે તે બાબત તમારે જે જગ્યા
તમારા દેવ યહોવા પસંદ કરશે ત્યાં લઈ જવી. 9લેવી
કુળસમૂહના યાજકોની કે તે વખતના ન્યાયાધીશની પાસે
જઈ તેમને પૂછવું, તેઓ તમને સાચો નિર્ણય કહેશે. 10ત્યાં
યહોવાની પસંદ કરેલી જગ્યા પર તેઓ તેમનો ચુકાદો તમને
કહેશે. તમારે તે ચુકાદાને સ્વીકારવો અને યથાર્થ તેનું અનુસરણ
કરવું, તેઓ તમને જે કંઈ કરવા કહે તે કરવા નિશ્ચિત બનો.
11તેઓ જે ચુકાદો આપે તેને સ્વીકારવો, અને તેમની તમામ
સૂચનાઓનો અમલ કરવો. તેઓ કહે તેમાં કંઈપણ બદલશો
નહી.
12"જો કોઈ તે વખતે દેવ યહોવાની સેવા કરનાર યાજકના
કે ન્યાયાધીશના ચૂકાદાઓ અસ્વીકાર કરવાની દૃષ્ટતા કરે,
તો તેને દેહાતદંડ આપવો. આમ, તમારે એ પાપીઓને
ઈસ્રાએલમાંથી દૂર કરવા. 13પછી બીજા બધા લોકોને એની
જાણ થશે ત્યારે તેઓ ગભરાઈ જશે અને એવી દુષ્ટતા કદી
કરશે નહી.

### રાજાઓનો રાજધર્મ

14"તમારા દેવ યહોવા તમને જે દેશ આપે છે ત્યાં પહોંચી
જાઓ અને તેનો કબજો લઈ ત્યાં વસવાટ કરો, પછી તમને
એમ લાગે કે 'અમારી આસપાસની અન્ય પ્રજાઓની જેમ
અમારે પણ રાજા હોવો જોઈએ.' 15તો તમારે તમારા યહોવા
દેવ જે વ્યકિતને પસંદ કરે તેને જ તમારે રાજા તરીકે નિયુકત
કરવો. પરંતુ તે ઈસ્રાએલી હોવો જોઈએ, વિદેશી નહી. 16તે
રાજા પાસે મોટી સંખ્યામાં ઘોડાઓ ન હોવા જોઈએ. અને
તેણે ઘોડાઓ લાવવા માટે પોતાના માણસોને મિસર મોકલવા
નહી. યહોવાએ આદેશ કર્યો છે કે, 'તમારે ફરી કદી મિસર
પાછા જવું નહી.' 17વળી તેણે વધારે પત્નીઓ પણ કરવી
નહી. નહી તો તેનું હૃદય યહોવા તરફથી વિમુખ થઈ જવાનો
ભય છે. વળી તેણે વધારે સોનું ચાંદીપણ સંઘરવુ નહી. તે
અતિ શ્રીમંત ન હોવો જોઈએ.
18"તેના રાજ્યાભિષેક પછી તેણે લેવી યાજકો પાસે રહેલી
સંહિતાની એક નકલ પોતાને માટે કરાવી લેવી. 19અને તેણે
એ જીવન પર્યંત પોતાની પાસે રાખવી અને દરરોજ એનો
પાઠ કરવો, જેથી તે પોતાના દેવ યહોવાથી ગભરાઈને ચાલતાં
શીખે અને આ સંહિતાના પ્રત્યેક નિયમોનું પાલન કરે. 20એમ
કરવાથી તે પોતાના દેશબંધુઓને ઉતરતી કોટિના ગણશે નહી,
તથા આ આજ્ઞાઓથી વિમુખ થશે નહી અને આમ કરવાથી
તેઓ લાંબો સમય શાસન કરશે, અને તેના વંશજો ઈસ્રાએલ
ઉપર પેઢીઓ સુધી રાજ્ય કરશે.

### યાજકો તથા લેવીવંશીઓને સહાય

18 "યાદ રાખજો, યાજકો તથા લેવી કુળસમૂહના
અન્ય સર્વ સભ્યોને ઈસ્રાએલમાં કોઈ પ્રદેશ
ફાળવવામાં નહી આવે, તેઓ યહોવાને ચડાવેલાં નૈવેધ અને
બીજા બલિદાન ઉપર ગુજરાન ચલાવે. 2તેઓને તેમના બીજા
કુળસમૂહોની જેમ પ્રદેશનો કોઈ ભાગ મળે નહી, યહોવાએ
આપેલા વચન પ્રમાણે યહોવા જ તેમનો ભાગ છે.
3"બલિદાન માટે લાવવામાં આવતાં પ્રત્યેક ઘેટાના અથવા
બળદના ખભાનો ભાગ, મોં તથા પેટનો ભાગ યાજકોને જ
આપવામાં આવે. 4તદુપરાંત આભારસ્તુતિ અર્થે કાપણીનો
જે ભાગ યહોવા સમક્ષ લાવવામાં આવે તે યાજકોને મળે-
અનાજનો, નવા દ્રાક્ષારસનો જૈતતેલનો અને ઘેટાનું ઊન
ઉતારે ત્યારે તેનો પ્રથમ ફાલ. 5કારણ કે યહોવાએ તમારા
બધા વંશોમાંથી તેના હિતમાં રહી સેવા કરવા લેવીના વંશજોને
કાયમને માટે પસંદ કરેલા છે.
6"ઈસ્રાએલમાં કોઈપણ જગ્યાએ રહેતા લેવીને કોઈપણ
સમયે દેવના ખાસ સ્થાનમાં આવવાનો હક્ક છે. 7ત્યાં
નિયમિત સેવા કરતા તેના સાથી લેવીઓની જેમ તે યહોવાના
નામમાં સેવા કરી શકે છે. 8નૈવેધમાંથી તેમનો જેટલો જ

ભાગ છે તેટલાનોજ એ હક્કદાર છે. એના કુટુંબને સામાન્ય
રીતે જે ભાગ મળે છે, આ તેની ઉપરાંતનું હશે.

### ઈસ્રાએલ,અન્ય દેશોના અનુકરણથી સાવધાન!

9"જયારે તમે તમારા દેવ યહોવા તમને જે ભૂમિ આપી
રહ્યા છે ત્યાં પહોંચો, ત્યારે ત્યાંની અન્ય પ્રજાઓના
ધિક્કારપાત્ર દુષ્ટ રિવાજોનું અનુકરણ કરીને ભ્રષ્ટ થશો નહી.
10કોઈ પણ ઈસ્રાએલીએ પોતાના પુત્ર કે પુત્રીને અગ્નિમાં
બલી તરીકે હોમવાં નહી, કોઈપણ ઈસ્રાએલી જ્યોતિષ,
જાદુગર, ડાકણ, કે માયાવી જાદુગર બને નહી. 11 મદારીનું
કામ કરવું નહી, ભૂવાનું કે જંતરમંતરની જાદુક્રિયા કરીને
પ્રેતાત્માઓને બોલાવવા નહી, 12જે લોકો આવાં કામો કરે છે
તેઓને યહોવા ધિક્કારે છે, અને આવા ધિક્કારપાત્ર રિવાજોને
કારણે જ તમારા દેવ યહોવાએ પ્રજાઓને તમારા માર્ગમાંથી
દૂર કરે છે. 13તેથી તમારે તમારા યહોવા દેવ સમક્ષ દોષરહિત
જીવન જીવવું અને યહોવાને અનન્ય નિષ્ઠાથી વળગી
રહેવું.

### યહોવાનો વિશિષ્ટ યાજક

14"જે પ્રજાઓનું સ્થાન તમે લઈ રહ્યા છો તે પ્રજાઓ
જોષીઓ તથા શુકન અપશુકન જોનારાઓની વાત કાને ધરે
છે, પણ તમને તો તમારા દેવ યહોવા એવી છૂટ આપતા
નથી. 15પરંતુ દેવ તમારામાંથીજ મારા જેવો એક પ્રબોધક
ઈસ્રાએલમાંથી પેદા કરશે. અને તેમની વાત જ તમારે
સાંભળવી. 16કારણ કે તમે આ જ માગણી હોરેબ પર્વત
આગળ દેવ પાસે કરી હતી. ત્યાં પર્વતની તળેટી આગળ તમે
માગ્યું હતું કે, 'તમારે દેવનો આવો ભયજનક અવાજ ફરી ન
સાંભળવો પડે અથવા પર્વત પર ભયજનક અગ્નિ જોવો ન
પડે, રખેને તમે મૃત્યુ પામો.'

17"યહોવાએ મને કહ્યું, 'તેઓ માંગે છે તે સારૂં છે. તેઓએ
જે વિનંતી કરી છે તે પ્રમાણે હું કરીશ. 18હું તેઓમાંથી તારા
જેવા એક ઈસ્રાએલી પ્રબોધકને પેદા કરીશ. શું બોલવું તે હું
તેને જણાવીશ અને તે મારા વતી લોકોની સાથે વાત કરશે;
19અને જો કોઈ મારા નામે એ જે વચનો ઉચ્ચારશે તેનો
અનાદર કરશે, તો હું તેનો જવાબ માગીશ.'

### જૂઠા પ્રબોધકની ઓળખ

20"પણ જો કોઈ પ્રબોધક ખોટો દાવો કરશે કે મેં તેને કઈ
સંદેશો આપ્યો છે, તો તેને મારી નાખવો અને અન્ય દેવો
તરફથી તેને સંદેશો મળ્યો છે એમ કોઈ પ્રબોધક કહે તેને
મારીજ નાખવો. 21છતાં તમારા મનમાં જો એમ થતું
હોય કે, 'અમુક વચનો યહોવાના નથી, એ અમારે કેવી
રીતે જાણવું?' 22તો એનો ઉત્તર છે, જયારે કોઈ પ્રબોધક
યહોવાના નામે કંઈ કહે અને તે જો સાચું ન પડે તો સમજવું
કે, એ યહોવાનું વચન નથી. એ પ્રબોધકની ખોટી વાણી
છે, પોતે ઉપજાવી કાઢેલી છે, તેથી તમારે તેનાથી
ગભરાવું નહી.

### આશ્રયનગરો

19 "જે પ્રજાઓની ભૂમિ તમારા દેવ યહોવા તમને
આપે, અને તમારા દ્વારા ત્યાં રહેતી પ્રજાઓને
હાંકી કાઢી તેમનો નાશ કરે ત્યારબાદ તમે તેનો કબજો
મેળવી તેઓનાં નગરોમાં અને ઘરોમાં વસવાટ કરો. 2ત્યારે
તમારે તેમાંનાં ત્રણ નગરોને આશ્રયનગરો તરીકે અલગ
રાખવાં. 3તમારા દેવ યહોવા તમને જે ભૂમિ આપે છે તેને
ત્રણ વિભાગોમાં વ્હેંચી નાખજો અને તે દરેકમાં એક નગર
પસંદ કરો. કોઈ વ્યકિત જેણે અજાણતાં બીજી વ્યકિતનું
ખૂન કર્યુ હોય તો તે સુરક્ષા માટે તે શહેરમાં દોડ્યો જાય.
અને આ નગરમાં લઈ જતા બધા રસ્તાઓ સારી સ્થિતિમાં
રાખવા.

4"જો કોઈ વ્યકિત બીજી વ્યકિતને અજાણતા અથવા,
પહેલાંના કોઈ વેર વગર, મારી નાખે અને પછી આમાંના
કોઈ એક શહેરમાં આશ્રય લે તો તેનો જીવ બચી રહે, 5કોઈ
વ્યકિત પોતાના પાડોશી સાથે જંગલમાં લાકડાં કાપવા જાય,
અને ત્યાં લાકડાં કાપતાં કાપતાં કુહાડો હાથમાંથી છટકીને
અન્ય વ્યકિતને વાગે અને એનું મૃત્યુ થાય, અને એવો
ખૂની આ ત્રણ શહેરમાંથી કોઈમાં આશ્રય લે, તો તેનો જીવ
બચી રહે. 6એમ બને કે બદલો લેવા માટે મરનારનો
નજીકનો સગો ગુસ્સાથી તેની પાછળ દોડે, તે આ ખાસ
શહેર પહોચે તે પહેલા પકડી લે અને મારી નાખે કારણકે
તે ઘણુ દુર છે. આમ નિંદોષ વ્યકિતનું લોહી વહેવડાવાય
કારણ કે એ ખૂની દેહાંતદંડને પાત્ર ન હતો. તેણે જે માણસને
મારી નાખ્યો તે તેને ધૃણા કરતો ન હતો. 7તેથી હું જણાવું છું
તે મુજબ તમારે એ ત્રણે નગરો એકબીજાથી અમુક અંતરે
રાખવાં.

8"અને જયારે તમારા દેવ યહોવા, તમારા પિતૃઓને
આપેલા વચન પ્રમાણે, તમારી સરહદો વધારે અને વચન
મુજબ સમગ્ર દેશ તમને સુપ્રત કરે. 9ત્યારે તમારે આ ત્રણ
શહેરમાં બીજા ત્રણ શહેરોનો ઉમેરો કરવો. (જો તમે આજે હું
તમને લોકોને જે આજ્ઞાઓ કરું છું તે બધીનું તમે પાલન
કરશો અને તમારા દેવ યહોવા ઉપર પ્રેમભાવ રાખીને હંમેશા
તેને માર્ગે ચાલશો તો તે તમને એ દેશ આપશે.) 10આ રીતે
તમે યહોવાએ તમને જે ભૂમિ આપી છે તેમાં નિર્દોષ લોકોના
લોહી વહેતાં અટકાવી શકશો અને એ અન્યાયી રકતપાત
માટે તમે દોષિત ગણાશો નહી.

11"પરંતુ જો કોઈ વ્યકિત પોતાના પાડોશીની ઈર્ષ્યા કરે કે
દ્વેષ રાખે અને લાગ તાકીને છુપાઈ રહે અને તેને તક મળતાં
તેના પાડોશીની હત્યા કરી નાખે અને પછી આ ત્રણ
નગરોમાંથી કોઈ એકમાં આશ્રય લે, 12તો તેના પોતાના
નગરના આગેવાનોએ તેને પકડાવી મંગાવવો અને તેને
મરનારના નજીકના સગાંને સુપ્રત કરવો પછી તે તેની હત્યા
કરે.

13તેવા ગુનેગાર પ્રત્યે લેશ માત્ર દયા બતાવવી નહી.
અને ઈસ્રાએલમાંથી તમામ ખૂનીઓનું કાસળ કાઢી નાખશો
તો જ શાંતિ અને સુખથી રહી શકશો.

### સરહદ હઠાવશો નહી

14"તમારા દેવ યહોવાએ તમને સોંપેલા પ્રદેશમાં, પહેલાંના સમયમાં પૂર્વજોએ નક્કી કરેલી તમારા પાડોશીઓની સરહદ હઠાવશો નહી.

### સાક્ષી અંગેના નિયમો

15"કોઈ એક જ વ્યકિતની સાક્ષીને આધારે કોઈને દોષિત ન ઠરાવી શકાય. ગુનેગાર સાબિત કરવા માટે બે કે ત્રણ સાક્ષીઓની જુબાની આવશ્યક છે.

16"જો કોઈ વેરવૃત્તિવાળો સાક્ષી કોઈ માણસને ઈજા કરવા પ્રયત્ન કરે અને તેણે ન જોયું હોય છતાં તેવી સાક્ષી આપે કે તેણે માણસને કઈ ખોટું કરતા જોયો છેં, 17તો એ બંને પક્ષકારોને યહોવાના મંદિરમાં યાજકો અને તે સમયના ન્યાયાધીશો સમક્ષ ન્યાય માટે ઊભા કરવા. 18ન્યાયાધીશોએ કાળજીપૂર્વક નિષ્પક્ષ તપાસ કરવી, અને જો આરોપ મૂકનાર સાક્ષી ખોટો છે એમ પુરવાર થાય, 19તો એણે જે શિક્ષા સામી વ્યકિતને કરવા ધારી હતી તે શિક્ષા તેને કરવામાં આવે, આ રીતે તમારે એ અનિષ્ટનું કાસળ કાઢી નાખવું. 20એટલે બાકીના જેમ જેમ આ જાણશે તેમ તેમ ગભરાઈને ચાલશે; અને ભવિષ્યમાં તમારા લોકોમાં કોઈ આવું અધમ કાર્ય કરીને ખોટી સાક્ષી આપતા બીશે.

21"ખોટી સાક્ષી આપનાર વ્યકિતના પ્રતિ તમારે જરાય દયા દર્શાવવી નહી. જીવને સાટે જીવ, આંખને સાટે આંખ, દાંતને સાટે દાત, હાથને સાટે હાથ અને પગને સાટે પગ લેવો. આવા કિસ્સાઓમાં તમારા લોકો માટે આ નિયમ છે.

### યુદ્ધ વિષેના સૈનિકોને સૂચનો

20 "જયારે તમે યુદ્ધમાં જાઓ અને તમારા દુશ્મનો સામે યુદ્ધે ચડો અને તમારા કરતાં મોટી સંખ્યામાં રથો, ઘોડાઓ અને સેના જુઓ તો ગભરાઈ જશો નહી, કારણ કે, તમને મિસરમાંથી બહાર લાવનાર તમારા દેવ યહોવા તમારી સાથે રહેશે.

2"તમે યુદ્ધ શરૂ કરો તે પહેલાં યાજકે ઈસ્રાએલી સેના આગળ આવીને આ રીતે સંબોધન કરવું, 3હે ઈસ્રાએલના પ્રજાજનો, સાંભળો; આજે તમે દુશ્મન સામે યુદ્ધે ચડો છો, જયારે તેમનો સામનો કરો ત્યારે હિંમત હારશો નહી; કે ગભરાશો નહી, કે ભયભીત થશો નહી: 4કારણ કે તમારા દેવ યહોવા તમારી સાથે આવનાર છે, તે તમારા પક્ષે રહીને દુશ્મનો સામે લડશે. અને તમને વિજય અપાવશે.'

5"ત્યારબાદ સેનાના અધિકારીઓએ પણ સેનાને આ પ્રમાણે સંબોધન કરવું; 'શું અહીં તમારામાં કોઈ એવો છે કે જેણે નવું ઘર બંધાવ્યું હોય અને અર્પણવિધિ કરી ના હોય? જો તેવો કોઈ હોય તો તે પાછો ઘેર જાય, નહી તો યુદ્ધમાં તે કદાચ માર્યો જાય અને તેના ઘરનું અર્પણ બીજા કોઈએ કરવું પડે. 6શું અહીં કોઈ એવી વ્યકિત છે જેણે દ્રાક્ષની વાડી રોપી હોય અને હજી તેનાં ફળ ન ચાખ્યાં હોય? જો હોય તો તે ઘેર પાછો જાય! કારણ કે, જો તમે લડાઈમાં કદાચ માર્યા જાઓ તો તેનાં ફળ બીજા કોઈ ખાશે! 7શું અહીં કોઈ એવી વ્યકિત છે જેણે કોઈ સ્ત્રી સાથે સગાઈ કરી હોય પણ તેની સાથે હજી લગ્ન ન કર્યા હોય? અને જો હોય તો તે પાછો ઘેર જાય, નહી તો કદાચ તે યુદ્ધમાં માર્યો જાય અને બીજો કોઈ પુરુષ તેની સ્ત્રી સાથે લગ્ન કરે.'

8"વળી અધિકારીઓએ વધુમાં કહેવું કે, 'હવે, શું અહી કોઈ એવો પુરૂષ છે જે ગભરાઈ ગયો હોય કે હિંમત હારી ગયો હોય? અને જો હોય તો તે પાછો જાય; નહી તો તે કદાચ અન્ય સાથીદારોને પણ નાહિંમત બનાવી દેશે.' 9અને અધિકારીઓ સેનાને સંબોધન કર્યા બાદ સેનાની ટુકડીઓના સેનાનાયકો નિયુકત કરીને તેઓ તેમનાં નામ જાહેર કરે.

10"જયારે તમે કોઈ નગર સામે યુદ્ધ કરવા જાઓ ત્યારે પહેલાં તેને સંધિનું કહેણ મોકલવું. 11જો તે સંધિનો સ્વીકાર કરે અને તમારા માટે નગરના દરવાજા ઉઘાડે, તો તે નગરના તમામ લોકો તમારા ગુલામ બની જાય. 12પરંતુ જો તેઓ સંધિનો અસ્વીકાર કરે અને યુદ્ધે ચડવા માગે તો તમારે તે નગરને ઘેરો ઘાલવો. 13અને જયારે તમારા યહોવા દેવ તે નગરને તમારે હવાલે કરશે, તમારે તે નગરના તમામ પુરૂષોનો સંહાર કરવો. 14પરંતુ સ્ત્રીઓ, બાળકો, ઢોરઢાંખર અને બીજું બધું લૂંટી લેવું. તમારા દેવ યહોવાએ દુશ્મનો પાસેથી અપાવેલી લૂંટ તમે ભોગવી શકો છો. 15જે પ્રજાઓની ભૂમિમાં તમે વસવાના છો તે પ્રજાઓનાં ના હોય એવાં દૂરના નગરો સાથે તમારે એ રીતે વર્તવું.

16"પરંતુ દેવ યહોવા જે ભૂમિ તમને તમારા કબજામાં આપે છે, તેમાં તમારા દ્વારા કોઈપણ જીવતું છોડાઈ જવું ન જોઈએ. તમારે તમામ મનુષ્ય અને પ્રાણીઓનો નાશ કરવો. 17હિત્તીઓ, અમોરીઓ, કનાનીઓ, હિવ્વીઓ પરિઝઝીઓ અને યબૂસીઓનો તમારે સંપૂર્ણ નાશ કરવો. તમારા યહોવા દેવની આ આજ્ઞા છે. 18જેથી તેઓ પોતે પોતાના દેવોની પૂજામાં જે ધૃણાજનક વિધિઓ કરે છે એનું અનુકરણ કરવા તમને લલચાવે નહી અને શીખવે નહી, તેથી તમે તમારા દેવ યહોવાના ગુનેગાર ન બનો.

19"કોઈ નગરને જીતી લેવા માટે લાંબા સમય સુધી ઘેરો ઘાલવો પડે તો, તમારે આજુબાજુનાં વૃક્ષોના નાશ ન કરવા, ફળાઉવૃક્ષોનાં ફળ ખાવાં, પરંતુ તે વૃક્ષોનો નાશ ન કરો. વૃક્ષો તમારાં દુશ્મનો નથી કે તેમને કાપી નાખવા પડે. 20ફળોના આપે તેવાં વૃક્ષોને તમે કાપી શકો. કિલ્લામાં અંદર અથવા બહાર જવાના રસ્તાને રોકવામાં તેને વાપરો અને યુદ્ધમાં વપરાતા ઓજારો માટે વાપરો, તમે શહેરને કબજે કરવા સમર્થ થાવ ત્યાં સુધી.

### જો કોઈ વ્યકિતની લાશ મળે તો

21 "વચન અનુસાર તમારા દેવ યહોવા તમને જે દેશનો કબજો સોંપી રહ્યા છે ત્યાં કોઈનું ખૂન થયું હોય અને તેની લાશ ખુલ્લા ખેતરમાં મળી આવે અને એનો મારનાર કોણ છે એની ખબર ના હોય, 2 તો તમારા આગેવાનો અને ન્યાયાધીશો તે લાશથી આસપાસના નગરોનું અંતર

માપે 3અને કયું નજીક છે તે નક્કી કરે. ત્યારબાદ તે નગરના
વડીલો એ એવી ગાય લાવવી કે જેણે ખેતરમાં કામ કર્યુ
નથી અને કદી ઝૂંસરીએ જોડાઈ ના હોય. 4અને તેઓએ
તેને જયાં કદી વાવણી કે ખેડાણ ના થયું હોય તેવી ખીણમાં
લઈ જવી વહેતા જળના વહેળામાં તેને લઈ જાય અને તેની
ડોક ત્યાં ભાંગી નાખવી. 5પછી લેવીવંશી યાજકોએ આગળ
આવવું; કારણ, તમારા દેવ યહોવાએ તેમને પોતાની સેવા
કરવા માટે તથા યહોવાના નામે આશીર્વાદ આપવા પસંદ
કરેલા છે, તથા બધા જ ઝઘડાઓ તથા મારામારીના બનાવોનો
તેમની આજ્ઞા પ્રમાણે ચુકાદો આપવાનો છે. 6ત્યારબાદ લાશની
સૌથી નજીકના ગામના વડીલો તે ગાય ઉપર પોતાના હાથ
ધોઈ નાખે,કે જેની ડોક ખીણમાં તેમણે ભાંગી છે. 7અને
પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરે કે, 'અમારે હાથે આ લોહી રેડાયું
નહોતું તેમ અમે એના સાક્ષી પણ નહોતા. 8હે યહોવા, તમે
જેમને ગુલામીમાંથી મુકિત અપાવી છે તમારા પોતાના
ઈસ્રાએલી બંધુઓને માફ કરો, અને આ નિર્દોષના ખૂનના
દોષમાંથી તેમને મુકત કરો.' 9આ રીતે યહોવાએ જે નિયમ
ઠરાવ્યો છે તેને અનુસરીને યહોવાની નજરમાં જે ન્યાય છે
તે કરશો તો તમે નિર્દોષના ખૂનના દોષમાંથી મુકત થશો.

### યુદ્ધની સ્ત્રી કેદીઓ

10"જયારે તમે યુદ્ધમાં જાઓ અને તમારા યહોવા દેવ
તમારા દુશ્મનોને તમારા કબ્જે કરાવે. 11તેઓમાંના કેટલાકને
તમે કેદ કરી અને એ કેદીઓની કોઈ રૂપાળી સ્ત્રી તમારી
નજરે પડે અને તમને ગમી જાય અને તમારે તેની સાથે
પરણવું હોય તો, 12તમારે તેને તમારે ઘેર લઈ આવવી, ત્યાં
તે પોતાનું માથું મુંડાવે અને પોતાના નખ લેવડાવે 13અને
બંદીવાન થઈ ત્યારે જે વસ્રો પહેર્યાં હોય તે બદલી નાખે;
ત્યારબાદ તે તમારા ઘરમાં રહે અને એક માસ સુધી તેના
માતાપિતા માટે શોક કરે. પછી તમે તેની સાથે પરણી શકો,
અને પતિ તરીકે તેને પત્ની માની સંભોગ કરી શકો. 14પછી
જયારે તે તમને ન ગમે તો તમારે તેને મુકત કરી દેવી. પરંતુ
તમારે તેને વેચવી કે ગુલામ તરીકે રાખવી નહી, કારણ કે
તમે તેનો શિયળભંગ કર્યો છે.

### વારસા હક્ક

15"જો કોઈ પુરૂષને બે પત્નીઓ હોય, એક માનીતી અને
બીજી અણમાનીતી, અને તે બંનેને પુત્ર જન્મે, અને
અણમાનીતી પત્નીનો પુત્ર મોટો હોય, 16અને પછી જયારે
પુત્રો વચ્ચે મિલકત વહેંચવાનો વખત આવે ત્યારે તેણે
અણમાનીતી પત્નીનો પુત્ર જે એનો સાચો મોટો પુત્ર છે
તેની અવગણના કરીને માનીતી પત્નીના પુત્રને મોટો પુત્ર
ગણવો નહી. 17તેણે અણમાનીતી સ્ત્રીના પુત્રના મોટા પુત્ર
તરીકેના અધિકારો માન્ય રાખવા તથા પોતાની બધી
મિલકતમાંથી તેને બમણો ભાગ આપવો, કારણ, તે તેના
પ્રથમ ખોળાનો પુત્ર છે, અને જયેષ્ઠ પુત્ર તરીકેનો અધિકાર
તેનો છે.

### આજ્ઞાભંગ કરનાર સંતાનો

18"જો કોઈ વ્યકિતનો પુત્ર જીદ્દી અને બંડખોર હોય,
અને માતાપિતાની અવજ્ઞા કરતો હોય, અને શિક્ષા કરવા
છતાં ગણકારતો ના હોય, 19તો તેનાં માતાપિતાએ તેને પકડીને
ગામના ચોરામાં ગામના વડીલો આગળ રજૂ કરવો. 20અને
તેમને કહેવું કે, 'અમારો પુત્ર અમારા કહ્યામાં નથી, જીદ્દી
અને બળવાખોર છે, તે લાલચુ અને પિયક્કડ છે, તે કાબૂ
બહાર ચાલ્યો ગયો છે.' 21પછી તે ગામના બધા લોકોએ તેને
ઈટાળી કરીને મારી નાખવો. અને આ રીતે તમારે તમારી
વચ્ચેથી એ અનિષ્ટ દૂર કરવું. પછી સર્વ ઈસ્રાએલીઓ આ
જાણશે અને ગભરાઈને ચાલશે.

### અપરાધીને મારીને ઝાડપર લટકાવાય છે

22"જો કોઈ વ્યકિત અપરાધ કરે જે તેના પર મૃત્યુ દંડ
લાવે અને તે મરી જાય ત્યારે તમારે તેના શરીરને કોઈ
વૃક્ષની ડાળીએ લટકાવવું. 23પરંતુ તેના મૃતદેહને રાત્રિ સમયે
લટકતો ન રાખવો તે જ દિવસે તેને દાટી દેવો, કારણ કે વૃક્ષ
પર લટકાવેલા માણસ દેવથી શ્રાપિત થાય છે, જે ભૂમિ
તમારા દેવ યહોવા તમને આપી રહ્યા છે તેને તમારે અશુદ્ધ
કરવી નહી.

### અન્ય નિયમો

22 "જો તમે તમારા કોઈ ઈસ્રાએલીભાઈના ભૂલા
પડી ગયેલા રખડતા બળદને કે ઘેટાને જુઓ તો
જોયું ના જોયું કરવું નહી, પરંતુ તેને સાથે લઈ જઈને તેના
માલિકને પાછું સોંપવું. 2અને જો તેનો માલિક નજીકમાં ન
રહેતો હોય અને તમે તેને ઓળખતા ન હો, તો એ પશુને
તમારે પોતાને ઘેર લઈ જવું અને તે ખોળતો આવે ત્યાં સુધી
તમારી પાસે રાખવું. જયારે એ આવી પહોંચે ત્યારે તે તેને
પાછું સોંપી દો. 3કોઈના ગધેડાં, વસ્રો અથવા બીજું જે કાંઈ
તમને મળી આવે તો તેના માટે પણ આ જ નિયમ છે, તેથી
તેના માલિક માટે તે સાચવી રાખવું; જોયું ના જોયું કરવું
નહી.

4"તમે તમારા ઈસ્રાએલીભાઈના ગધેડાને કે બળદને ભારને
કારણે રસ્તામાં પડી ગયેલૂં કે બેસી પડેલું જુઓ તો તમારે
તેને ફરી ઊભો કરવામાં સહાય કરવી; જોયું ના જોયું કરવું
નહી.

5"કોઈપણ સ્ત્રીએ પુરુષનાં વસ્ત્રો પહેરવાં નહી, તેમજ
કોઈપણ પુરુષે સ્ત્રીના વસ્ત્રો પહેરવા નહી; કારણ કે, જે
કોઈ એમ કરે છે તે તમારા દેવ યહોવાની દષ્ટિએ ભ્રષ્ટાચાર
કરે છે.

6"રસ્તે જતાં આવતાં કોઈ પક્ષીનો માળો જમીન પર અથવા
વૃક્ષ પર બાંધેલો તમારા જોવામાં આવે અને માળામાં બચ્ચાં
હોય અથવા ઈંડા પર બેઠેલી માદા હોય, તો બચ્ચાં સાથે
તમારે એ માદાને લેવી નહી, 7ફકત બચ્ચાંનેજ લો અને
માદાને જવા દો. આમ કરશો તો યહોવા તમને આશીર્વાદ
આપશે અને સુખી થશો અને દીર્ઘાયુ પામશો.

8"જયારે તમે નવું મકાન બંધાવો ત્યારે ધાબા પર ભીંત
બાંધો, જેથી કોઈ પડી ન જાય અને મકાનમાલિકને માથે
હત્યાનો દોષ ન આવે.

## બે જાતની વસ્તુઓનું મિશ્રણ રોકો

9"તમારી દ્રાક્ષની વાડીઓમાં બે જુદી-જુદી જાતનું બિયારણ
વાવવું નહી; નહી તો બધોજ દ્રાક્ષનો પાક તેમજ જે કંઈ
વાવ્યું હશે તે તમારા ઉપયોગ માટે નિષિદ્ધ થશે. તેને જુદુ
રાખવું પડશે.
10"બળદ તથા ગધેડાને એક સાથે જોતરીને તમારે હળ
વડે ખેડવું નહી.
11"બે જાતના દોરામાંથી તૈયાર થયેલાં કપડાં જેમ કે ઊન
અને શણના દોરાનું જેમાં મિશ્રણ હોય તે પહેરવાં નહી.
12"જે ઝભ્ભો તમે પહેરો છો તેને ચાર ખૂણે સુશોભિત
ફૂમતાં મૂકવાં.

## લગ્ન વિષયક કાનૂનો

13"કોઈ પુરુષ કોઈ સ્ત્રી સાથે લગ્ન કરે અને તેની સાથે
શારીરિક સંબંધ કર્યા પછી તેના પ્રત્યે અણગમો પેદા થાય,
14અને તેને બદનામ કરી તેના ઉપર ખોટો આરોપ મૂકે,
'લગ્ન સમયે તે કુંવારી ન હતી.' 15તો તે સ્ત્રીનાં માતાપિતાએ
તે સ્ત્રી અક્ષત હોવાનો પુરાવો ચોરામાં ગામના આગેવાનો
સમક્ષ રજૂ કરવો. 16ત્યારબાદ પુત્રીના માબાપે ગામના
વડીલોને કહેવું; 'મે મારી પુત્રી આ પુરુષને પરણાવી, ને હવે
તે તેને ધિક્કારે છે; 17અને તે એના પર ખોટું આળ મૂકયું
એમ કહીને કે, 'મને તમારી પુત્રી અક્ષત માલૂમ પડી નથી.
પરંતુ આ રહ્યો અમારી પુત્રીના અક્ષતપણાનો પુરાવો.' પછી
તેમણે ગામના વડિલો સમક્ષ લોહીથી ખરડાયેલી ચાદર
પાથરવી. 18ત્યારબાદ શહેરનાં વડિલો તે પુરુષને સજા કરે,
19તથા ઈસ્રાએલની એક કન્યાની બદનામી કરવા બદલ
તેનો 100 તોલા ચાંદીનો દંડ કરે. અને તેણે તે રકમ કન્યાના
પિતાને આપવી. અને તે સ્ત્રી પેલા પુરુષની પત્ની તરીકે
ચાલુ રહે. અને તે પુરુષ તે સ્ત્રીને કદી છૂટાછેડા આપી શકે
નહી. 20પરંતુ જો એ માણસના આરોપો સાચા હોય અને તે
કન્યા કુંવારી ના હોય તો 21ગામના વડીલો તે સ્ત્રીને તેના
બાપના ઘરના બારણા આગળ લઈ જાય અને ત્યાં ગામના
લોકોએ તે સ્ત્રીને ઈટાળી કરીને મારી નાખવી, કારણ કે, તેણે
પોતાના પિતાના ઘરમાં જ વ્યભિચાર કરીને ઈસ્રાએલમાં
નિર્લજ્જ વારાંગના તરીકે ગુનો કર્યો છે. તમારે તમારી વચ્ચેથી
એ અનિષ્ટ દૂર કરવું જ જોઈએ.

## જાતિય પાપો

22"જો કોઈ પુરુષ અન્ય પરિણિત સ્ત્રી સાથે વ્યભિચાર
કરતાં પકડાય તો તે બંનેને-તે સ્ત્રીને તથા વ્યભિચાર કરનાર
પુરુષને દેહાતદંડની શિક્ષા કરવી. આ રીતે ઈસ્રાએલમાંથી
દુષ્ટતા દૂર થશે. 23"જો કોઈ પુરુષ કોઈ શહેરમાં એક કુમારીકાને
મળે જેની સગાઈ કોઇ બીજા માણસ સાથે થઇ હોય, અને
તેની સાથે વ્યભિચાર કરે, 24તો તમારે તે બંનેને ગામના
ચોરા આગળ લાવીને જાહેરમાં ઈટાળી કરીને મારી નાખવાં.
છોકરીને એટલા માટે મારી નાખવી કે ગામમાં હોવા છતાં
તેણે સહાય માટે બૂમ પાડી નહી. અને પેલા માણસને
એટલા માટે મારી નાખવો કે તેણે એ સ્ત્રી સાથે વ્યભિચાર
કર્યો જેની તેના જાતભાઈ સાથે સગાઇ થઇ હતી. તમારે
તમારી વચ્ચેથી એ દુષ્ટને દૂર કરવું જ જોઈએ.
25"પરંતુ જો આ બનાવ નગર બહાર વગડામાં બન્યો
હોય તો ફકત તે પુરુષને જ ઈટાળી કરીને મારી નાખવો.
26છોકરીને છોડી મૂકવી કારણ કે તેણે દેહાંતદંડને યોગ્ય
કૃત્ય કર્યુ નથી. આ તો કોઈ માણસ બીજા માણસ પર હુમલો
કરી તેને મારી નાખે તેવું છે. 27તેણે અન્ય પુરુષ સાથે સગાઈ
થયેલી કન્યા પર શહેરથી બહાર નિર્જન સ્થળ પર વ્યભિચાર
કર્યો અને તેણે મદદ માટે બૂમો પાડી પણ તેણીને સાંભળવા
અને બચાવવા ત્યાં કોઈ ન હતું.
28"વળી જો કોઈ માણસે કુંવારી કુમારિકાને મળે અને
તેની સાથે વ્યભિચાર કરતાં પકડાઈ જાય. 29તો તે પુરુષે તે
કન્યા સાથે લગ્ન કરવાં અને દંડ તરીકે કન્યાના પિતાને 50
તોલા ચાંદી આપે. તે છોકરી તેની પત્ની થશે. વળી તેણે
બળજબરીથી તે કન્યા જોડે વ્યભિચાર કર્યો છે માટે તે કદી
તેને છૂટાછેડા આપે નહી. 30કોઈપણ પુરુષે પોતાના પિતાની
કોઈપણ પત્ની સાથે વ્યભિચાર કરવો નહી, કારણ કે તે તેના
પિતાનું અપમાન છે."

## નિયમો અને પ્રતિબંધો

23 "જો કોઈ વ્યકિતના વૃષણ ઘાયલ થયા હોય અથવા
જેની જનેન્દ્રિય કાપી નાખવામાં આવી હોય, તેને
યહોવાની સભામાં દાખલ થવા દેવો નહી. 2વ્યભિચારથી
જન્મેલ પોતે તથા તેની દશ પેઢી સુધી તેના કોઈપણ વંશજને
પણ યહોવાની સભામાં દાખલ ન કરવો.
3"કોઈ અમ્મોનીને કે મોઆબીને અથવા દશ પેઢીના તેમના
કોઈપણ વંશજને યહોવાની ઉપાસના માટેની સભામાં દાખલ
ન કરવાં; 4આ નિયમનું કારણ છે કે જયારે તમે મિસરમાંથી
બહાર આવ્યા ત્યારે આ પ્રજાએ પાણી અને રોટલી લઈને
માર્ગમાં તમને આવકાર પણ આપ્યો નહી. વળી તમને શ્રાપ
આપવા તેઓએ અરામનાહરાઈમના પથોરથી બયોરના પુત્ર
બલામને પૈસાની લાલચ આપી તેડાવ્યો. 5પરંતુ તમારા દેવ
યહોવાએ બલામની વાત સાંભળી નહી અને તેના શાપને
પણ આશીર્વાદમા ફેરવી નાખ્યો કારણકે તમારા દેવ યહોવાને
તમારા પર પ્રેમ હતો. 6તમે જીવનભર આમ્મોનીઓ અને
મોઆબીઓની સાથે શાંતિ જાળવશો નહીં.

## ઈસ્રાએલીઓએ સ્વીકારવાની બાબતો

7"પરંતુ અદોમીઓ અને મિસરવાસીઓ પ્રત્યે એવો
વ્યવહાર રાખશો નહી; અદોમીઓ તમારા ભાઈઓ છે અને
મિસરવાસીઓ વચ્ચે તમે રહ્યા છો. 8તેઓના વંશજોની ત્રીજી
પેઢી એટલે કે અદોમીઓ અને મિસરવાસીઓના

પૌત્રો–પ્રપૌત્રો યહોવાની ઉપાસના કરવા એકઠી થયેલી
સભામાં જોડાઈ શકે.

### સેનાની છાવણીમાં સ્વચ્છતા જાળવો

9"જયારે તમે કોઈ દુશ્મન સાથે યુદ્ધના સમયે છાવણીમાં
રહેતા હો ત્યારે દરેક પ્રકારની દુષ્ટતાથી દૂર રહો. 10જો
તમારામાંથી કોઈ વ્યકિત રાત્રે વીર્યપાત થવાથી અશુદ્ધ થયો
હોય તો તેણે છાવણીમાંથી બહાર ચાલ્યા જવું અને સાંજ
સુધી અંદર પાછા ન ફરવું. 11સાંજે સૂર્યાસ્ત પછી તેણે સ્નાન
કરવું અને તે પછી છાવણીમાં પાછા આવવું.

12"કુદરતી હાજત માટેનો વિસ્તાર છાવણીની બહાર હોવો
જોઈએ. 13કુદરતી હાજતે જતી વખતે સાથે પાવડો રાખવો,
અને દર વખતે તમારે ખાડો ખોદીને મળને માટી વડે ઢાંકી
દેવો. 14તમારા દેવ યહોવા તમારું રક્ષણ કરવા તથા દુશ્મનોથી
તમને ઉગારવા છાવણીમાં ફરે છે. માટે તમારે છાવણીને શુદ્ધ
રાખવી. તમારી છાવણીમાં કોઈ અશુદ્ધ વસ્તુ એમની નજરે
ચડવી જોઈએ નહી, નહી તો તે તમારો ત્યાગ કરશે.

### અન્ય કાનૂનો

15"કોઈ ગુલામ તેના માલિકને છોડીને રક્ષણ માટે તમારી
પાસે ભાગીને આવે તો તેને પાછો ન મોકલો. 16તમારા
નગરોમાંથી એને જયાં ગમે ત્યાં રહેવા દેવો, અને તમારે તેને
રંજાડવો નહી.

17"મંદિરમાં કામ કરતી કોઈપણ ઈસ્રાએલી વ્યકિત
વારાંગનાવૃતિ આચરશે નહિં. 18દેવદાસ કે દેવદાસીના
વારાંગનાવૃતિથી થતી કમાણીના પૈસા કોઈપણ કારણે દેવ
યહોવાના પવિત્રસ્થાનમાં લાવવા નહીં; કારણ કે,
વારાંગનાવૃતિને તમારા દેવ યહોવા ધિક્કારે છે. તે પૈસાને
યહોવાને કરેલા કોઈપણ સમની કીંમત ભરવા ન વાપરવા.

19"તમે તમારા ઈસ્રાએલી જાતિબંધુને નાણાં, અનાજ કે
બીજું કાંઈ ધીરો ત્યારે તેના ઉપર વ્યાજ લેવું નહી. 20પરંતુ
તમે જો કોઈ વિદેશીને કંઈ ધીરો તો તેના પર વ્યાજ લઈ
શકો છો, પણ તમારા ઈસ્રાએલી જાતિબંધુ પાસે વ્યાજ લેવું
નહી, તેથી તમારા દેવ યહોવા તમને, તમે જે ભૂમિમાં પ્રવેશ
કરનાર છો તેમાં બધાં કાર્યોમાં લાભ આપશે.

21"જો તમે તમારા દેવ યહોવાની કોઈ બાબત માટે બાધા
રાખી હોય તો તે પૂર્ણ કરાવામાં વિલંબ ન કરો, કારણ કે
બાધા કે પ્રતિજ્ઞા માટે યહોવા તમને જ જવાબદાર ગણશે.
22પ્રતિજ્ઞા કે બાધા ન લેવી એ કોઈ પાપ નથી. 23પરંતુ જો
તમે સ્વેચ્છાએ તમારે માથે તમારા દેવ યહોવાની બાધા
રાખો તો પછી તમારે તે પૂર્ણ કરવી જ રહી.

24"જયારે તમે બીજાની દ્રાક્ષની વાડીમાંથી પસાર થતાં
હોય ત્યારે જોઈએ તેટલી દ્રાક્ષ ધરાઈને ખાઈ શકો છો, પરંતુ
કોઈ પાત્રમાં ભરીને તમે લઈ જાઓ નહી, 25તેવુંજ બીજાના
ખેતરમાંના અનાજ સંબંધી છે. કોઈના ઊભા પાકમાં થઈને
પસાર થતાં તમે હાથ વડે કણસલાં તોડીને એકાદ મુઠ્ઠી
અનાજ ખાઈ શકો પણ તેના પાકને દાંતરડા વડે કાપી શકો
નહી

### છૂટાછેડા તથા પુનર્લગ્ન

24 "જો કોઈ પુરુષ એક સ્ત્રીને પરણ્યો હોય, અને
તેની સાથે થોડા સમય સંસાર માંડયા બાદ તેનામાં
કંઈ શરમજનક હોવાને કારણે તેને તે પસંદ ના હોય તો તેને
છૂટાછેડા લખી આપી ઘરમાંથી કાઢી મૂકી શકે. 2અને તે તેનું
ઘર છોડીને અન્ય પુરુષ સાથે લગ્ન કરે. 3અને તેનો બીજો
પતિ પણ તેને ન ચાહે. અને છૂટાછેડા લખી આપી તેને
ઘરમાંથી કાઢી મૂકે, અથવા જો તે અવસાન પામે, 4એ સ્ત્રીને
છૂટાછેડા આપનાર એનો પ્રથમ પતિ એને પોતાની પત્ની
તરીકે ફરીથી લગ્ન કરીને રાખી શકે નહી, કારણ કે, તે તેના
માટે અશુદ્ધ થયેલી છે. યહોવાની દૃષ્ટિએ એ પાપ છે. તમારા
દેવ યહોવા તમને જે દેશ આપનાર છે તેને તમારે બગાડવો
જોઈએ નહી.

### બીજા નિયમો

5"કોઈપણ નવપરિણીત પુરુષની લશ્કરમાં કે અન્ય કોઈ
જાહેર નોકરીમાં નિમણૂક કરવી નહી; કારણ કે એક વર્ષ
સુધી તે ઘેર પોતાની પત્ની સાથે રહીને આનંદ કરવા માટે
મુકત છે."

6"કોઈપણ વ્યકિતએ ઘંટીનું પડ કે ઉપલું પડ પણ
ગીરવે રાખવું નહી; એ મનુષ્યનું જીવન ગીરવે રાખ્યા
બરાબર છે."

7"કોઈ વ્યકિતએ તેના જાતિબંધુ ઈસ્રાએલીનું અપહરણ
કરી તેને ગુલામ બનાવે અને પછી તેને ગુલામ તરીકે વેચી
દે, તો તેને મૃત્યુદંડની શિક્ષા કરવી. તમારામાંથી આ અનિષ્ટ
દૂર કરવું.

8"કોઈ વ્યકિતને રકતપિત્ત કોઢનો રોગ થયો હોય તો
લેવી યાજકો જે સૂચનાઓ આપે તેનું અત્યંત કાળજીપૂર્વક
પાલન કરો, કારણ કે, મેં તેઓને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે
અને તે તમારે બહુજ કાળજીપૂર્વક પાળવું 9તમે લોકો
મિસરમાંથી આવતા હતા ત્યારે તમારા દેવ યહોવાએ
મરિયમની શી દશા કરી હતી તે યાદ રાખવું.

10"તમે કોઈ વ્યકિતને કશું ધીરો, તો ગીરવે વસ્તુ લેવા
માટે તમારે તેના ઘરમાં પ્રવેશ કરવો નહી. 11બહાર ઊભા
રહેવું, જે વ્યકિતએ ઉછીનું લીધું હશે તે તમને બહાર આવીને
વસ્તુ ગીરવે મુકવા આપશે. 12અને જો કોઈ માણસ ગરીબ
હોય તો ગીરવે મૂકેલો ઝભ્ભો પેહરીને તમે સૂઈ જાઓ
નહી. 13સાંજ પહેલાં તમારે તે ઝભ્ભો એને પાછો આપી
દેવો, જેથી તે એ પેહરીને સૂએ અને તમને આશીર્વાદ આપે
તમારા દેવ યહોવાની દૃષ્ટિએ તે ન્યાયી અને સાચું કાર્ય
ગણાશે.

14"તમે કોઈ ગરીબ માણસને દૈનિક વેતને મજૂરીએ રાખો
તો તેને પજવશો નહી પછી તે તમારો જાતિબંધુ હોય કે
તમારા નગરમાં વસતો વિદેશી હોય, પણ તેની રોજી

અટકાવશો નહી. 15સૂર્યાસ્ત પહેલાં તે માણસને તમારે તેની મજૂરી રોજની રોજ ચૂકવી દેવી, કારણ કે એ ગરીબ હોવાથી એ નાણાં ઉપર જ તેના જીવનનો આધાર છે. તમે જો એમ કરશો તો એને તમારી વિરુદ્ધ યહોવાને ફરિયાદ કરવી પડશે નહી અને તમને પાપ પણ લાગશે નહીં.

16"પુત્રોનાં પાપને કારણે તેમના પિતાઓને મૃત્યુદંડની શિક્ષા થશે નહી, અને પિતાઓનાં પાપને કારણે પુત્રોને મૃત્યુદંડની શિક્ષા થશે નહી. પોતપોતાના પાપને કારણે પ્રત્યેકને મૃત્યુદંડની શિક્ષા થશે.

17"વિદેશીઓ કે અનાથો ન્યાયથી વંચિત રહી ન જાય તેનું ધ્યાન રાખવું. વિધવાનાં વસ્રો તેના દેવા પેટે કદી ગીરવે લેવાં નહી. 18તમે મિસરમાં ગુલામ હતા અને તમારા યહોવા દેવે તમને મુકત કરાવ્યાં હતાં એ હંમેશા યાદ રાખવું. તેથી જ હું તમને આમ કરવાની આજ્ઞા જણાવું છું.

19"કાપણી જયારે પાકની કરો ત્યારે એકાદ પૂળો ખેતરમાં રહી જાય, તો તે લેવા પાછા ખેતરે જવું નહી; વિદેશીઓ, અનાથો તથા વિધવાઓ માટે તેને ત્યાં જ પડયો રહેવા દેવો, જેથી તમારા યહોવા દેવ તમને આશીર્વાદ આપશે અને તમારા કામમાં લાભ આપશે. 20જયારે તમે ફળ લેવાં જૈતૂનના વૃક્ષને ઝૂડો ત્યારે કોઈ ડાળને બીજી વાર ઝૂડવી નહી, કંઈ રહી ગયું હોય તો તે વિદેશીઓ, વિધવાઓ અને અનાથો માટે રહેવા દેવું. 21એ જ રીતે જયારે તમે દ્રાક્ષની વાડીમાંથી પાક ઉતારો ત્યારે દ્રાક્ષ બીજી વાર વીણો નહી. જે કંઈ રહી જાય તે વિદેશીઓ, વિધવાઓ અને અનાથો માટે રહેવા દો. 22યાદ રાખો કે તમે મિસરમાં ગુલામ હતા, તેથી હું તમને આમ કરવાની આજ્ઞા કરું છું.

### ઝઘડાનો નિકાલ

25 "જો કોઈ બે માણસો વચ્ચે ઝઘડો હોય કે તકરાર હોય તો તેઓએ ન્યાય માટે અદાલતમાં જવું જોઈએ. અને ન્યાયાધીશો કોણ નિર્દોષ છે અને કોણ ગુનેગાર છે તેનો ફેસલો કરશે. 2ગુનાની અનુસાર જો ગુનેગાર ફટકા મારવા યોગ્ય હોય તો. એ નક્કી કરાશે કે તેને કેટલા ફટકા મારવા. ગુનેગારે પોતાનું મોઢું નીચે તરફ રાખી સુવુ અને તેને ઉચીત માત્રામાં ફટકા મારવા. 3ચાબુકના ચાળીસ ફટકાથી વધારે ફટકાની સજા કરી શકાય નહી; જો ચાળીસથી વધારે ફટકા મારવામાં આવે તો તે બતાવે છે કે તમે તેના જીવનનું મહત્વ જેટલું આંકવું જોઈએ તેટલું આંકતા નથી.

4"કોઈપણ વ્યકિતએ બળદ ડૂંડા ખૂંદતો હોય ત્યારે તેને મોરી પહેરાવવી નહી.

### દિયરવટુ

5"બે ભાઈઓ સાથે રહેતા હોય અને તેમાંનો એક નિ:સંતાન મૃત્યુ પામે તો મરનારની પત્નીએ કુટુંબની બહાર કોઈ પારકા પુરુષને પરણવું નહી. તેના પતિના ભાઈએ તેની સાથે લગ્ન કરીને દિયર તરીકેની ફરજ બજાવવી. 6તેનાથી તે સ્ત્રીને જે પ્રથમ પુત્ર જન્મે તે મરનાર ભાઈનો પુત્ર ગણાય, જેથી તેનું નામ ઈસ્રાએલમાંથી ભૂસાઈ ન જાય. 7પરંતુ જો તે પોતાના મૃત ભાઈની પત્ની સાથે લગ્ન કરવા ઈચ્છતો ના હોય તો તે સ્ત્રીએ ચોરામાં નગરના આગેવાનો સમક્ષ જઈને કહેવું કે, 'મારો દિયર તેના ભાઈના કુળનું નામ ઈસ્રાએલમાં જીવંત રાખવા માનતો નથી, વળી તે મારા પ્રત્યેની પતિ તરીકેની જવાબદારી લેવા ઈચ્છતો નથી.' 8ત્યારબાદ ગામના આગેવાન વડીલો તેને બોલાવી તેને સમજાવે, અને તેમ છતાં તે હઠ પકડીને જણાવે છે કે, 'હું એને પરણવા માગતો નથી.' 9તો પછી તે વિધવા વડીલોની હાજરીમાં તેની પાસે જાય, તેના પગમાંથી તેનાં ચંપલ કાઢી નાખે અને તેના મુખ પર થૂંકે, પછી કહે, 'જે માણસ પોતાના ભાઈનો વંશ ચાલુ રાખવા ઈચ્છતો નથી તેના આવા જ હાલ થાય છે.' 10અને ત્યારબાદ હંમેશા તેનું ઘર ઈસ્રાએલમાં આ પ્રમાણે ઓળખાશે જે વ્યકિતનાં ચંપલ કાઢી નંખાયા હતા તેનું કુટુંબ.'

11"જો બે વ્યકિતઓ વચ્ચે લડાઈ થાય અને પોતાના પતિને બચાવવા તેમાનાં એકની વહુ વચમાં પડે અને બીજા માણસના વૃષણને પકડીને ખેંચે અને ઈજા પહોંચાડે, 12તો દયા બતાવ્યા વિના તમારે તે સ્ત્રીનો હાથ કાપી નાખવો.

13"તમારી થેલીમાં ખૂબ હલકાં કે ખૂબ ભારે કાટલાં ન હોવા જોઈએ. 14વળી તમારા ઘરમાં તમારે ખૂબ નાનાં અને ખૂબ મોટા માપ રાખવાં નહી. 15તમારે સાચા અને પ્રમાણિત વજન અને માપનો ઉપયોગ કરવો, જેથી યહોવાએ આપેલી ભૂમિમાં તમે લાંબુ આયુષ્ય ભોગવો. 16જે કોઈ વ્યકિત ખોટાં વજન અને ખોટા માપથી છેતરપિંડી કરે છે, તે તમારા યહોવા દેવની નજરમાં ધૃણાજનક છે.

### અમાલેકીઓનો વિનાશ નિશ્ચિત

17"તમે જયારે મિસરથી આવતા હતા ત્યારે અમાલેકી પ્રજાએ તમારી સાથે કેવો વર્તાવ રાખ્યો હતો તે યાદ રાખજો. 18તે લોકો તમારી વિરુદ્ધ લડ્યાં અને તમારા લોકો જે થાકી ગયા હતા અને નબળા હતા અને જેઓ બધાની પાછળ ધીમે ચાલી રહ્યાં હતાં તેમના પર આક્રમણ કર્યું અમાલેકીઓને દેવનો ડર ન હતો. 19તેથી તમારા દેવ યહોવા તમને જે દેશ આપી રહ્યા છે તેમાં તે તમારી આસપાસના શત્રુઓથી તમને રાહત આપે ત્યારે તમારે અમાલેકીઓનું નામનિશાન ધરતીના પટ ઉપરથી ભૂંસી નાખવાનું છે, તે બાબત કદી ભૂલશો નહી.

### પ્રથમ પેદાશ અને યહોવાનો ભાગ

26 "તમારા દેવ યહોવા તમને જે દેશ આપી રહ્યા છે તેમાં તમે પહોંચો અને તેનો કબજો લઈને તેમાં વસવાટ કરો, 2ત્યારે તમારે તમારા દેવ યહોવા તમને જે ભૂમિ આપી રહ્યાં છે તેમાં થતા પ્રત્યેક પાકનો પ્રથમ ભાગ તમારે લઈ, અને તેને યહોવા તમારા દેવ તેની ઉપાસના કરવા જે જગ્યા પસંદ કરે ત્યાં લઈ જવો. 3અને તે દિવસે ત્યાં જે કોઈ યાજક સેવા કરતો હોય તેની પાસે જઈને કહેવું કે, 'હું તમારા દેવ યહોવા સમક્ષ જાહેર કરું છું કે, જે દેશ

અમને આપવાનું યહોવાએ અમારા પિતૃઓને વચન આપ્યું હતું તેમાં અમે પ્રવેશ કર્યો છે.'

4"પછી યાજકે તમારા હાથમાંથી ટોપલો લઈને તમારા દેવ યહોવાની વેદી સમક્ષ મુકવો. 5પછી તમારે તમારા યહોવા દેવ સમક્ષ કહેવું, 'મારા પિતૃઓ સ્થળાંતર કરીને આવેલા અરામીઓ હતા અને આશ્રય માટે મિસરમાં ગયા હતા. તેઓ ઘણી ઓછી સંખ્યામાં હતા, પરંતુ તેઓ ત્યાં એક મોટી, શકિતશાળી અને અસંખ્ય પ્રજા બન્યા હતા, 6પરંતુ મિસરીઓએ અમારી સાથે દુર્વ્યવહાર કર્યો અમને ગુલામ બનાવી, અમારા ઉપર ત્રાસ ગુજારી અને અત્યાચાર કરી, અમારી પાસે મજૂરી કરાવી. 7ત્યારે અમે અમારા યહોવા દેવને પોકાર કર્યો. તેમણે અમારો સાદ સાંભળ્યો અને અમારાં દુ:ખો, મુશ્કેલીઓ અને સતામણી જોયા; 8અન તેણે પરચાઓ તથા અદ્દભૂત કૃત્યો કર્યા, કે જે મિસરવાસીઓના મનમાં ખૂબ ભય લાવ્યાં,અને તેના પ્રચંડ બાહુબળથી તે આપણને મિસર માંથી બહાર લાવ્યા. 9અને અમને આ જગ્યાએ લાવીને દૂધ અને મધથી રેલમછેલ થતો આ પ્રદેશ આપ્યો. 10અને હવે, હે યહોવા જુઓ જે પ્રદેશ તમે મને આપ્યો છે તેની ઊપજનું પ્રથમ ફળ, હું લાવ્યો છું.'

"પછી ત્યાં તમારા યહોવા દેવ સમક્ષ તે ભાગ મૂકીને દંડવત પ્રણામ કરી તેમની ઉપાસના કરવી. 11અને પછી તમારા દેવ યહોવાએ તમારું અને તમારા કુટુંબનું જે ભલું કર્યુ છે તેને માટે તમારે લેવીઓએ અને તમારી વચ્ચે રહેતા વિદેશીઓએ ભેગા મળીને આનંદોત્સવ કરવો.

12"પ્રત્યેક ત્રીજું વર્ષ ખાસ દશાંશનું વર્ષ ગણવું. તે વર્ષે તમારે તમારો સર્વ દશાંશ લેવીઓને, વિદેશીઓને, વિધવાઓને અને અનાથોને આપવો જેથી તેઓ તમારાં ગામોમાં ધરાઈને ખાવા પામે. 13પછી તમારે તમારા દેવ યહોવા સમક્ષ કહેવું કે, 'મેં મારા ઘરેથી બધી વસ્તુઓનો દશાંશ ભાગ કાઢી લીધો છે ને તે લેવીઓને, વિદેશીઓને, વિધવાઓને અને અનાથોને તમારી આજ્ઞા મુજબ આપી દીધો છે. તમારી એક પણ આજ્ઞાનો મેં ભંગ કર્યો નથી તેમ જ હું ભૂલ્યો પણ નથી. 14હું અશુદ્ધ હતો ત્યારે હું દશાંશને અડકયો પણ ન હતો. શોકના સમયમાં મેં કાંઈ ખાધું નથી, કે મૃતાત્માઓને ધરાવ્યું પણ નથી, ઓ મારા યહોવા, મેં તમારું કહ્યું જ કર્યુ છે. તમે જે આજ્ઞાઓ જણાવી હતી તે બધી જ મેં પાળી છે. 15તમારા પવિત્રધામ સ્વર્ગમાંથી નીચે જુઓ, અને તમારી ઈસ્રાએલી પ્રજા ઉપર, તેમ જ અમારા પિતૃઓને વચન આપ્યા પ્રમાણે તમે અમને દૂધ અને મધથી છલકાતો જે દેશ આપ્યો છે તેના ઉપર આશીર્વાદ વરસાવો.'

## યહોવાની આજ્ઞાઓનું પાલન

16"આજે તમારા દેવ યહોવા તમને આ નિયમો અને કાનુનો પાળવાની આજ્ઞા કરે છે; તમારે પ્રમાણિકતાથી હૃદયપુર્વક તેમને પાળવાના છે. 17તમે આજે યહોવાને તમારા દેવ તરીકે સ્વીકાર્યા છે. તમે તેણે ચીંધેલા માર્ગે ચાલવાનો કરાર કર્યો છે. તેનાં કાયદાઓ, આજ્ઞાઓ અને નિયમો પાળવાનાં છે અને એ જે કહે તે પ્રમાણે કરવાનું વચન તમે આપ્યું છે. 18યહોવાએ તમને જે વચન આપ્યું હતું તે પ્રમાણે આજે તમને પોતાના ખાસ લોકો તરીકે પસંદ કર્યા છે, તેથી તમારે તેની સર્વ આજ્ઞાઓનું પાલન કરવાનું છે. 19તેથી જો તમે તે પ્રમાણે કરશો તો યહોવા તમને અન્ય પ્રજાઓ કરતા મહાન પ્રજા બનાવશે, અને તમને માન-પ્રતિષ્ઠા અને ગૌરવ પ્રાપ્ત થશે. અને યહોવાએ આપેલા વચન પ્રમાણે તમે એક પવિત્ર દેશ બનશો કે જે યહોવાને વિશિષ્ટ રીતે સમર્પિત છે."

## દિવ્ય શિલાલેખો

27 ત્યારબાદ મૂસાએ અને ઈસ્રાએલના આગેવાનોએ આ પ્રમાણે જણાવ્યું, "આજે હું તમને બધાને જે આજ્ઞાઓ કરું છું તે સર્વનું પાલન કરજો. 2જયારે તમે યર્દન નદી ઓળંગીને તમારા દેવ યહોવાએ તમને જે દેશ આપ્યો છે તેમાં પ્રવેશ કરો તે દિવસે તમારે ત્યાં મોટા પથ્થરો ઊભા કરીને તેના પર ચૂનાનું પ્લાસ્ટર કરવું. 3અને તેના ઉપર આચારસંહિતાના સર્વ નિયમો લખી નાખવા પછી તમે તમારા દેવ યહોવા તમને જે ભૂમિ આપી રહ્યાં છે તેમાં સ્થાઈ થઈ શકશો. તમારા પિતૃઓના યહોવા દેવે તમને જે વચન આપ્યું હતું તેમ.આ ભૂમિમાં દૂધ અને મધની રેલમછેલ થશે.

4"અને યર્દનને સામે કિનારે તમે પહોંચો ત્યારે એબાલ પર્વત ઉપર વહેલામાં વહેલી તકે સ્મૃતિચિન્હ રૂપે પથ્થરોનો એક સ્તંભ ઊભો કરી તેના પર ચૂનાનું પ્લાસ્ટર કરો. 5પછી ત્યાં તમારે તમારા દેવ યહોવાના નામે એક પથ્થરની વેદી બાંધવી. 6તમારા દેવ યહોવા માટે વેદી બાંધવા માટે વણઘડયા પથ્થરોનો ઉપયોગ કરવો. અને તેના ઉપર તમારા દેવ યહોવાને આહુતિ ચડાવવી. 7યજ્ઞો અને શાંત્યાર્પણો કરો અને તમારા દેવ યહોવા સમક્ષ તેનો પ્રસાદ આનંદથી આરોગવો. 8આ પથ્થરો ઉપર તમારે આચારસંહિતાના બધા જ નિયમો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે કાળજીપૂર્વક કોતરવા."

## શ્રાપિત બાબતોના કાનૂનને લોકોની સહમતિ

9પછી મૂસાએ તથા લેવી યાજકોએ તમામ ઈસ્રાએલીઓને કહ્યું, "ઓ ઈસ્રાએલી બંધુઓ, શાંત થાઓ, અને સાંભળો. આજે તમે તમારા દેવ યહોવાની પોતાની પ્રજા માટે બની ગયા છો. 10માટે તમારા દેવ યહોવાની આજ્ઞા સાંભળો. આજે હું તમને જે આજ્ઞાઓ અને કાનૂનો જણાવું છું તેનું પાલન તમારે આજથી જ શરૂ કરવાનું છે."

11તે જ દિવસે મૂસાએ એ લોકોને આ મુજબ આજ્ઞા કરી; 12"યર્દન નદી પાર કર્યા પછી લોકો ઉપર આશીર્વાદ ઉચ્ચારાય, તે વખતે નીચેનાં કુળો ગેરીઝીમ પર્વત ઉપર ઊભાં રહે: શિમયોન, લેવી, યહૂદા, ઈસ્સાખાર, યૂસફ અને બિન્યામીન, 13નીચેના કૂળો શ્રાપ ઉચ્ચારાય ત્યારે એબાલ પર્વત ઉપર ઊભા રહે રૂબેન, ગાદ, આશેર, ઝબુલોન, દાન અને નફતાલી.

14"તે પછી લેવીઓ મોટે સાદે તમામ ઈસ્રાએલીઓને કહે: 15'શ્રાપિત છે તે વ્યકિત જે ખોટા દેવ બનાવે છે પછી તે કોતરેલી પ્રતિમા હોય અથવા ધાતુની મૂર્તિ હોય અને તેની

ગુપ્ત રીતે પૂજા કરે, કારણ કે મનુષ્યસર્જિત દેવોનો યહોવા
ધિક્કાર કરે છે.'
"અને બધા લોકો 'આમીન' કહીને સ્વીકૃતિ આપશે.
16"'જો કોઈ વ્યકિત પોતાના પિતા કે માતાનું અપમાન
કરે તો તેના પર શ્રાપ ઊતરો.'
"અને બધા લોકો 'આમીન' કહીને સ્વીકૃતિ આપશે.
17"'જે કોઈ વ્યકિત પોતાના પાડોશીની સીમાનું નિશાન
હઠાવે તો તેના પર શ્રાપ ઉતરો.'
"અને બધા લોકો 'આમીન' કહીને સ્વીકૃતિ આપશે.
18"'જો કોઈ વ્યકિત અંધ વ્યકિતનો ફાયદો ઊઠાવે તો
તેના પર શ્રાપ ઊતરો.'
"અને બધા લોકો કહેશે 'આમીન'.
19"'જો કોઈ વ્યકિત વિદેશી, અનાથ અને વિધવાને અન્યાય
કરે તો તેના ઉપર શ્રાપ ઊતરો.'
"અને બધા લોકો કહેશે 'આમીન'
20"'શ્રાપિત છે તે વ્યકિત જે પોતાના પિતાની પત્ની સાથે
વ્યભિચાર કરે છે, કારણ કે, તે તેના પિતાની બદનામી કરે
છે;' "અને બધા લોકો કહેશે 'આમીન.'
21"'જો કોઈ વ્યકિત પ્રાણીની સાથે અઘટિત કર્મ કરે તો તે
શ્રાપિત થાઓ.'
"બધા લોકો કહેશે 'આમીન.'
22"'જો કોઈ વ્યકિત પોતાની બહેન સાથે પછી તે સગી
બહેન હોય કે ઓરમાન, જો તેની સાથે કુકર્મ કરે તો તે
શ્રાપિત થાઓ; '
"અને બધા લોકો કહેશે, 'આમીન.'
23"'જો કોઈ વ્યકિત તેની સાસુ સાથે કુકર્મ કરે તો તે
શ્રાપિત થાઓ.'
"અને બધા લોકો કહેશે, 'આમીન.'
24"'જો કોઈ વ્યકિત ખાનગીમાં કોઈની હત્યા કરે તો તે
શાપિત થાઓ;"
"અને બધા લોકો કહેશે,'આમીન.'
25"'શ્રાપિત છે તે વ્યકિત જે નિર્દોષ માણસની હત્યા
કરવા માટે પૈસા લે છે;'
"અને બધા લોકો કહેશે, 'આમીન.'
26"'જો કોઈ વ્યકિત આ આજ્ઞાઓનું પાલન ન કરે તો તે
પણ શ્રાપિત થાઓ;'
"અને બધા લોકો કહેશે, ' આમીન.'"

## કાનૂન પાલન માટેના આશીર્વાદો

28 "આજે હું તમને તમારા યહોવા દેવની આ બધી
આજ્ઞાઓ કરું છું તે સર્વનું પાલન કરીને તમારા
દેવ યહોવાનું કહ્યું, નિષ્ઠાપૂર્વક અનુસરશો તો તે તમને પૃથ્વીની
બધી પ્રજાઓમાં ઉચ્ચ સ્થાને સ્થાપશે, 2તેથી જો તમે તમારા
દેવ યહોવાને અનુસરશો તો નીચેના આશીર્વાદો તમારા ઉપર
ઊતરશે:3"નગરમાં અને ખેતરમાં પણ તમે આશીર્વાદિત થશો;
4ઘણાં સંતાનો, પુષ્કળ ધનધાન્ય, અસંખ્ય ઘેટાંબકરાં અને
ઢોરઢાંખર દેવનાં આશીર્વાદથી પ્રાપ્ત થશે.
5તમારાં ટોપલાઓ અને ભોજનના થાળો ખૂબ ખોરાકથી
આશીર્વાદિત થશે.
6વળી તમારી અંદરની અને બહારની પ્રવૃત્તિઓમાં તમને
આશીર્વાદ પ્રાપ્ત થશે.
7"યહોવા તમારા ઉપર હુમલો કરવા આવનાર દુશ્મનોને
પરાજીત કરશે; તેઓ ભેગા મળીને તમારી સામે આવશે તો
એક દિશામાંથી પણ તમારી આગળથી સાત દિશાઓમાં ભાગી
જશે.
8"તમારા યહોવા દેવ તમને જે દેશ આપે તેમાં જયારે
તમે પહોંચશો ત્યારે તે તમારા અનાજના કોઠારો ભરીને
તમને આશીર્વાદિત કરશે. અને તમે જે કાંઈ કામ કરશો તેમાં
સફળતાનો આશીર્વાદ આપશે. 9અને તમે જો તમારા દેવ
યહોવાની આજ્ઞાઓનું પાલન કરીને તેમના માર્ગે ચાલશો તો
તેણે આપેલા વચન પ્રમાણે તે તમને પવિત્ર દેશ તરીકે સ્થાપિત
કરશે. 10તેથી પૃથ્વી પરના બધા લોકો તમે યહોવાની પ્રજા
છો એ જાણીને તમારાથી ગભરાતા રહેશે.
11"યહોવાએ તમને જે દેશ આપવાનું તમારા પિતૃઓને
વચન આપ્યું હતું તે દેશમાં યહોવા તમને ઘણાં સંતાનો,
ઢોરઢાંખર તથા પુષ્કળ ઊપજ આપીને સર્વ સારાં વાનાં સાથે
સમૃદ્ધિ આપશે. 12યહોવા તમારા દેશમાં તમારી ભૂમિ ઉપર
તમને પ્રત્યેક ઋતુમાં પુષ્કળ પાક આપવા માટે આકાશના
પોતાના સમૃદ્ધ ભંડારને ખોલીને યથાઋતુ વૃષ્ટિ કરશે, અને
ખેતીના પ્રત્યેક કામમાં લાભ આપશે, જેથી તમે બીજી ઘણી
પ્રજાઓને ઉછીનું આપશો પણ તેઓથી કઈપણ ઉછીનું લેશો
નહી. 13આજે હું તમને તમારા દેવ યહોવાની જે આજ્ઞાઓ
જણાવું છું તેનું તમે નિષ્ઠાપૂર્વક પાલન કરશો તો યહોવા
તમને આગળ રાખશે, પાછળ રાખશે નહી, અને તમે હંમેશા
ઉપર રહેશો નીચે નહી. 14આજે મેં તમને જે નિયમો દર્શાવ્યા
છે તેમાંથી તમે આમ કે તેમ જરાય ચલિત થશો નહી, અને
અન્ય દેવોની કદાપી સેવાપૂજા કરશો નહીં, તેના ઉપર આ
સર્વ આશીર્વાદોનો આધાર છે.

## કાનૂનભંગ માટેના શ્રાપો

15"પરંતુ જો તમે તમારા દેવ યહોવાની આજ્ઞા નહીં પાળો
અને આજે હું જે એમની આજ્ઞાઓ અને નિયમો જણાવું છું
તેનું નિષ્ઠાપૂર્વક પાલન નહી કરો તો નીચેના શ્રાપો તમારા
ઉપર ઊતરશે.
16"તમારાં શહેર અને ખેતરમાં તમે શ્રાપિત થશો.
17તમારા ટોપલાઓ ઉપર અને ભોજનના થાળ ઉપર
ખોરાકની દુર્લભતાનો શ્રાપ ઊતરશે.
18તમારી સંતતિ ઉપર, ખેતીની ઉપજ ઉપર, તમારાં
ઢોરઢાંખર ઉપર તથા ઘેટાંબકરાં ઉપર શ્રાપ ઊતરશે.
19તમારી તમામ પ્રવૃતિઓમાં તમારા ઉપર શ્રાપ ઊતરશે.
20"કારણ કે યહોવા પોતે તેમનો શ્રાપ તમારા પર મોકલશે,
યહોવા તમને શ્રાપ આપશે અને તમને વ્યાકુળ બનાવી
દેશે. તમે જે કાંઇ કરશો તેમા નિષ્ફળતા તથા આફતો આવશે.
અંતે તમે થોડાજ સમયમાં નાશ પામશો. કારણકે તમે દુષ્ટકર્મો

કરીને યહોવાને  છોડી દીધા છે. 21અને તમે જે દેશનો
કબજો લેવા જઈ રહ્યા છો ત્યાં યહોવા તમારામાં રોગચાળો
મોકલશે, જેમાં તમે બધા સમાપ્ત થઈ જશો, 22યહોવા
તમને ઘાસણી, જવર, સોજા, દુષ્કાળ, લૂ અને ગેરુના ભોગ
બનાવશે. એ આફતો તમારો પીછો છોડશે નહી અને અંતે
તમારો નાશ થશે. 23તમારા માથા ઉપરનું આકાશ તાંબાના
તવા જેવું અને નીચેની ધરતી લોખંડ જેવી બની જશે.
24યહોવા તમારી ધરતી ઉપર પાણીની જગ્યાએ ધૂળ અને
રેતીનો વરસાદ વરસાવશે, વરસાદની અછતને કારણે તમારો
નાશ થશે.

25"યહોવા તમારા દુશ્મનોથી તમારો પરાજય કરાવડાવશે.
તમે એક દિશામાંથી તેમના ઉપર હુમલો કરશો પરંતુ તમે
તેમનાથી સાત જુદી દિશાઓમાં ભારે ગુંચવાઈને ભાગી જશો.
સમગ્ર પૃથ્વીનાં રાજયો તમારી દશા જોઈને ભયભીત થઇ
જશે. 26આકાશમાં ઊડતાં પંખીઓ અને જંગલનાં પ્રાણીઓ
તમારાં મૃતદેહને ખાવા આવશે; અને તેમને હાંકનાર કોઈ
નહી હોય.

27"યહોવા તમારા ઉપર મિસરમાં થતાં ગૂમડાં, ગાંઠો, પરુ
અને ખૂજલીનો રોગ મોકલશે, કોઈ દવાની અસર તેના પર
થશે નહી. અને કોઈ તેને મટાડી શકશે નહી. 28યહોવા
તમને ગાંડા, આંધળા બનાવશે અને બીજા માનસિક રોગો
આપશે; 29જેથી તમે કોઈ આંધળો ધોળે દહાડે અંધારામાં
ફાંફાં મારે તેમ તમે ફાંફાં મારશો છતાં તમને રસ્તો જડશે
નહી, સતત તમારું શોષણ થશે, તમે લૂંટાશો છતાં કોઈ
તમને આવીને બચાવશે નહી.

30"તમારા વિવાહ કોઈ સ્ત્રી સાથે થશે, પરંતુ તેનો ઉપભોગ
બીજો પુરુષ કરશે; તમે તમારા માટે ઘર બાંધશો છતાં પણ
તમે તેમાં રહેવા પામશો નહી. દ્રાક્ષની વાડીઓ તમે કરશો
પરંતુ તેનાં ફળ તમે ચાખી શકશો નહી. 31તમારાં ઢોરને
તમારી આંખો સામે કાપવામાં આવશે, પણ તેનું માંસ તમે
ખાવા પામશો નહી, તમારી નજર સામે તમારો ગધેડો ચોરાઈ
જશે પરંતુ તે તમને પાછો મળશે નહી. વળી તમારા ઘેટા
બકરાં તમારા શત્રુઓ ઉઠાવી જશે છતાં કોઈ તમારી મદદે
આવશે નહી.

32"તમારા પુત્ર-પુત્રીઓને તમારાં દેખતાં પરદેશીઓ
ઉપાડી જશે, આને રોજ તમે તેમને શોધશો પણ તેઓ તમને
મળશે નહી, પણ તમે કાંઈ મદદ કરી શકશો નહી.

33"કોઈ અજ્ઞાત પ્રજા જ તમારા દેશ અને તમારી મહેનતનાં
ફળ ભોગવશે, અને તમારે ભાગે તો હંમેશા શોષણ અને
પીડા જ રહેશે. 34તમારી આજુબાજુ આ બધી દુ:ખદ ઘટનાઓ
બનતી જોઇને તમારું માથું ફટકી જશે. 35યહોવા, તમને પગે
અને ઘૂંટણે ગૂમડાંના ભોગ બનાવશે અને તેનો કોઈ ઉપાય
હશે નહી; અને એ ગૂમડાં પગથી માથા સુધી પ્રસરી જશે.

36"યહોવા તમને અને તમારા નિયુકત કરેલા રાજાને વિદેશી
પ્રજા વચ્ચે દેશવટે લઈ જશે કે જેનો તમે અને તમારા
પિતૃઓએ કદીય વિચાર કર્યો નહી હોય અને ત્યાં તમે
લાકડાના અને પથ્થરના બનાવેલા બીજાજ દેવોની પૂજા
કરશો. 37યહોવા તમને જે દેશોમાં મોકલશે ત્યાં તમને થતી
ખરાબ ચીજોથી લોકોને આઘાત લાગશે. તેઓ તમારા પર
હસશે અને તમારા વિષે ખરાબ બોલશે.

## નિષ્ફળતાનો શ્રાપ

38"તમે પુષ્કળ બી વાવશો પણ લણશો ઓછું. કારણ કે,
તમારો બધો પાક તીડો ખાઈ જશે. 39તમે દ્રાક્ષાવાડીઓ
રોપશો, કાળજીપૂર્વક ગોડ કરશો, છતાં તમે તેની દ્રાક્ષ ખાવા
કે દ્રાક્ષારસ પીવા પામશો નહી, કારણ કે જંતુઓ દ્રાક્ષોને
ખાઈ જશે. 40તમારી જમીનમાં જૈતૂનનાં વૃક્ષો ઠેર ઠેર ઊગશે
પણ તમે તમારે શરીરે તેનું તેલ ચોળવા નહી પામો. કારણ
કે, પાકે તે પહેલાં જ ફળો વૃક્ષો પરથી નીચે ખરી પડશે.
41તમને પુત્ર-પુત્રીઓ પ્રાપ્ત થશે પણ તે તમારાં નહી રહે,
કારણ કે તમારી પાસેથી લઈ લેવાશે અને તેઓ ગુલામો
બનશે. 42તમારા દ્રાક્ષાવેલાઓનો, વૃક્ષોનો તથા ખેતીની બધી
પેદાશનો તીડો નાશ કરશે. 43તમારી વચ્ચે રહેતા વિદેશીઓની
ઉત્તરોત્તર પ્રગતિ થશે. તેઓ ધનવાન બનશે અને તમે
ઉત્તરોત્તર પડતી થવાથી ગરીબ બનશો. 44તેઓ તમારા
લેણદાર બનશે. તમે તે લોકોના લેણદાર નહી બનો, તેઓ
ઉપર રહેશે અને તમે નીચે રહેશો.'

45"આ બધાં શ્રાપો તમારા ઉપર ઊતરશે; તમારો પીછો
પકડશે અને અંતે તમે નાશ પામશો-કારણ કે તમે તમારા
દેવ યહોવાની વાણી સાંભળવા ના પાડો છો, તેમણે જણાવેલી
આજ્ઞાઓનું પાલન તમે કર્યુ નથી, 46વળી એ ચેતવણીરૂપ
શ્રાપો તમારા પાપના પુરાવા રૂપ બનશે અને તમારા તથા
તમારા વંશજો પર કાયમ રહેશે.

47"જયારે તમારી પાસે યહોવાએ આપેલી વસ્તુઓ જોઈએ
તેટલી હતી ત્યારે તમે પ્રસન્નચિત્તે આનંદપૂર્વક તમારા દેવ
યહોવાની સેવા કરી ન્હોતી, 48તેથી તમે તમારા દુશ્મનોના
ગુલામ બની જશો. યહોવા તમારા દુશ્મનોને તમારી વિરુદ્ધ
લાવશે અને તમે ભૂખ્યા, તરસ્યા અને નગ્ન રહેશો અને
પ્રત્યેક વસ્તુની અછત અનુભવશો. તેઓ તમારી ડોક ઉપર
લોખંડી ધૂંસરી લાદશે અને છેવટે તમે મોતને ભેટશો.

## દુશ્મનોથી શ્રાપિત ઈસ્રાએલ

49"યહોવા, તમે જેની ભાષા સમજતા નથી એવી દૂર
દેશની પ્રજાને તમારી ઉપર ચઢાઈ કરીને ગરૂડની જેમ તરાપ
મારવા મોકલશે. 50એ પ્રજાના માણસો યુવાન કે વૃદ્ધ પર
જરાય દયા દાખવશે નહી, કારણ કે તેઓ અતિ હિંસક અને
ક્રોધી છે. 51જ્યાં સુધી તમારો નાશ ન થઇ જાય ત્યાં સુધી
તેઓ તમારા ઢોરઢાંખર અને પાક લઇ જશે. તમારું અનાજ,
નવો દ્રાક્ષારસ, જૈતતેલ, વાછરડાં, ઘેટાં બચશે નહી, પરિણામે
તમે મોત ભેગા થઈ જશો.

52"તમારા દેવ યહોવા તમને જે ભૂમિ આપે છે તેમાંના
બધાં નગરોને તેઓ ઘેરો ઘાલશે અને અંતે જે કોટો પર તમે
સુરક્ષા માટે આધાર રાખો છો, તે ઊંચા અને અભેદ્ય કોટોને
ભોંયભેંગા કરી નાખશે. 53તે આફતના દિવસોમાં જ્યારે તમારા

શહેરો પર દુશ્મનો ઘેરો ઘાલશે, કોઈપણ ખાદ્ય સામગ્રી શહેરોની અંદર આવવા નહી દે ત્યારે તમે યહોવા તમારા દેવે આપેલા તમારા પોતાના દીકરાનું અને દીકરીઓનું માંસ ખાશો.

54"તમારામાંનો અતિ કોમળ હૃદયનો નમ્ર વ્યકિત પણ તેના ભાઈ પ્રત્યે, વહાલી પત્ની પ્રત્યે અને હજીયે જીવતાં રહેલાં તેનાં સંતાનો પ્રત્યે નિષ્ઠુર બનશે. 55તે પોતાના જ સંતાનનું માંસ ખાશે પણ કુટુંબના અન્ય સભ્યને તેમાંથી ભાગ આપવાની ના પાડી દેશે. તમારા દુશ્મનો તમારા શહેરોને ઘેરી લેશે અને તમને ખોરાક વિના તરફડાવશે ત્યારે તે આમ કરશે.

56"તમારામાંની અતિ કોમળ,અને નમ્ર સ્ત્રી, કે જેણે ધરતી ઉપર પગ મૂક્યો નથી, તે પણ પોતાના પતિ જેને તે પ્રેમ કરે છે અને તેના પુત્ર અને પુત્રી સાથે ક્રૂર બનશે. 57તે પોતાના તાજા જન્મેલા બાળકને તેઓથી છુપાવશે અને બાળકના જન્મ વખતે તેના શરીરમાંથી નીકળતા દ્રવ્યો અને તે બાળક તે પોતે ખાઈ જશે. તમારા દુશ્મનો તમારા શહેરોને ઘેરે, અને તમે ખોરાક વિના તરફડો ત્યારે તેણી આમ કરશે.

58"આ પુસ્તકમાં લખેલી સંહિતાના એકેએક નિયમ તમે નહી પાળો અને તમારા દેવ યહોવાના મહિમાવંત અને ભીષણ નામનો નકાર કરશો, 59તો યહોવા તમને અને તમારા વંશજોને ભયંકર આફતો અને ખતરનાક અને અસાધ્ય રોગો આપશે. 60યહોવા તમારા ઉપર મિસરમાં પ્રચલિત અસાધ્ય રોગો મોકલશે જેનાથી તમે ગભરાતા હતા અને તમને આ રોગો લાગુ પડશે. 61ઉપરાંત, તે તમને આ સંહિતામાં ન ગણાવેલા બીજા બધા રોગો અને મરકીઓનો ભોગ બનાવશે અને અંતે તમે હતા ન હતા થઈ જશો. 62તમે સંખ્યામાં આકાશના તારાની જેમ ગણ્યા ગણાય નહી એટલા બધા હોવા છતાં દેવ યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને કારણે તમારામાંના બહુ જ થોડા બચી જશે.

63"જે રીતે યહોવાએ તમારા પર પ્રસન્ન થઈને તમારા માટે અદભૂત કાર્યો કર્યા અને તમારી વંશવૃદ્ધિ પણ કરી તેટલી જ પ્રસન્નતા તેમને તમારો નાશ કરવામાં તેમ જ તમારું નિકંદન કાઢવામાં થશે. તમે જે પ્રદેશમાં દાખલ થાઓ છો તે પ્રદેશમાંથી તમને ઉખેડી નાખવામાં આવશે. 64યહોવા તમને પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધીના બધા રાષ્ટ્રોમાં વેરવિખેર કરી નાખશે.અને ન કે તમે અથવા તમારા પિતૃઓ જેને જાણતા ન હતા તેવા, લાકડાં તથા પથ્થરમાંથી બનાવેલા દેવોનું પૂજન કરશો.

65"ત્યાં તે રાષ્ટ્રોમાં તમને નહી મળે શાંતિ કે નહી મળે આરામ કરવાની કોઈ જગ્યા. ત્યાં યહોવા તમને ચિંતા, નિરાશા અને વિષાદથી ભરી દેશે. તમે સતત ભયને કારણે અદ્ધર રહેશો. 66તમારું જીવન ભયભીત જ રહેશે. રાતદિવસ તમે ભયમાં જ જીવશો. સવારનો પ્રકાશ તમે જોવા પામશો કે નહી તેનો પણ વિશ્વાસ તમને નહીં હોય . 67તમારા હૃદયમાં એવો ભય વ્યાપી જશે અને તમે એવાં દશ્યો જોશો કે દરરોજ સવારે તમે ઈચ્છશો કે 'સાંજ પડે તો કેવું સારું!' અને પ્રત્યેક સાંજે ઈચ્છશો કે 'સવાર થાય તો કેવું સારું!' 68યહોવાએ તમને વચન આપ્યું હતું કે તમારે મિસર પાછા જવાની જરૂર નહી પડે, પરંતુ હવે યહોવા જાતે જ તમને વહાણોમાં બેસાડી મિસર પાછા મોકલી આપશે. ત્યાં તમે તમારી જાતને તમારા દુશ્મનોને ગુલામ તરીકે વેચવા તૈયાર થશો, છતાંય ત્યાં તમને ખરીદનાર કોઈ નહી હોય."

### યહોવા સાથે પુનઃકરાર

29 યહોવાએ હોરેબમાં ઈસ્રાએલી લોકો સાથે જે કરાર કર્યો. તેની ઉપરાંત યહોવાએ મૂસાને તેમની સાથે મોઆબમાં કરાર કરવા આજ્ઞા કરી તે કરાર આ છે.

2તેણે ઈસ્રાએલ પ્રજાના સર્વ લોકોને બોલાવ્યા અને કહ્યું, "તમારી નજર આગળ મિસર દેશમાં ફારુનને તથા તેના અધિકારીઓને તથા સમગ્ર દેશને યહોવાએ જે કર્યુ તે બધું તમે નિહાળ્યું છે; 3તમે જોયું કે યહોવાએ ફારુનને તેના તેના અમલદારોને અને સમગ્ર મિસર દેશને શું કર્યુ. યહોવાએ કરેલી ભયંકર મરકીઓ ચમત્કારો તથા અદભૂત પરાક્રમો તમે જોયા. 4પણ યહોવાએ આજ સુધી તમને એ સમજવાની બુદ્ધિ કે એ જોવાની આંખ કે એ સાંભળવાને કાન આપ્યા ન હતા. 5ચાળીસ વર્ષ સુધી તેમણે તમને રણમાં ચલાવ્યા, તેમ છતાં ન તો તમારાં શરીર પરનાં કપડાં ઘસાઈ ગયાં કે ન તો તમારાં પગરખાં ઘસાઈ ગયાં. 6જોકે તમારી પાસે ખોરાક કે દ્રાક્ષારસ અથવા મધ ન હતા. છતાં પણ તેમણે તમારી જરુરિયાતો પૂરી પાડી જેથી તમને સમજણમાં આવે કે તે યહોવા છે તમારા દેવ.

7"જયારે આપણે આ જગ્યાએ આવ્યા ત્યારે હેશ્બોનનો રાજા સિહોન તથા બાશાનનો રાજા ઓગ આપણી સામે લડવા આવ્યા અને આપણે તેમનો પરાજય કર્યો. 8અને આપણે તેમનો દેશ કબજે કરી લીધો, અને રૂબેન વંશના, ગાદના વંશના તથા મનાશ્શાના અડધા વંશને તેણે વહેંચી આપ્યો. 9તેથી આ કરારની તમામ કલમોનું તમારે પાલન કરવાનું છે. જો તમે તેમ કરશો તો તમે જે કોઈ કાર્ય હાથમાં લેશો તેમાં સફળ થશો,

10"આજે તમે બધા વંશોના વડાઓ, આગેવાનો, ઈસ્રાએલના લોકો, તમારા ન્યાયાધીશો, તથા વહીવટી અધિકારીઓ–અહીં તમારા યહોવા દેવના સાન્નિધ્યમાં ઊભા છો. 11વળી તમારી સાથે તમારાં સંતાનો, પત્નીઓ, તમારી સાથેના વિદેશીઓ, કઠિયારા તથા પખાલીઓ પણ છે. 12તમે બધા તમારા દેવ યહોવા આજે તમારી સાથે જે કરાર કરે છે તે સ્વીકારવાને તથા એના ભંગ બદલ થતી શિક્ષા માથે ચડાવવાને તૈયાર થયા છો. 13તમને અને તમારા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબને વચન આપ્યા પ્રમાણે એ કરારથી યહોવા તમને આજે પોતાની પ્રજા બનાવે છે અને, પોતે તમારા દેવ થાય છે. 14આ કરાર અને તેની શરતો દેવ માત્ર તમારી સાથે. 15આજે તેમની સમક્ષ ઉભેલા આપણે સૌની સાથે અને આપણા વંશજો જે આજે અહીં હાજર નથી તેમની સાથે પણ તેઓ આ કરાર કરે છે. 16તમે મિસરમાં

કેવી રીતે રહેતા હતા અને તે છોડીને કેવી રીતે દુશ્મનોના દેશોના શહેરમાં થઈને સુરક્ષાપૂર્વક આપણે યાત્રા કરી, તે બધું તમને યાદ છે. 17તમે તે લોકોના દેશની લાકડાની, પથ્થરની, ચાંદીની તેમ જ સોનાની ધૃણાજનક મૂર્તિઓ જોઈ છે. 18તેથી ખાતરી કરો કે તમારામાંથી કોઈપણ વ્યકિત–પુરુષ, સ્ત્રી, કુટુંબ કે ઈસ્રાએલનું કોઈ કુળ–તમારા યહોવા દેવ તરફથી ભટકી જઈને બીજી પ્રજાઓના આ દેવોની પૂજા કરવા ન ઈચ્છે. ખાતરી કરો કે તમારામાં કોઈ કડવું અને ઝેરી છોડ જેવું તો નથી ને.

19"તમારામાં એવી કોઈ વ્યકિત ના હોવી જોઈએ, જે કરારભંગની સજાનાં વચનો સાંભળ્યા છતાં તેને ગંભીરતાથી ન સ્વીકારે અને એવું વિચારે કે મન ફાવે તે રીતે ચાલીશ છતાં મારું કશું અહિત નહિં થાય! કારણ, સૂકા ભેગું લીલું પણ બળી જશે. 20તો યહોવા તેને માફ નહી કરે, તેની સામે યહોવાનો ઉગ્ર રોષ ભભૂકી ઊઠશે અને આ ગ્રંથમાં લખેલી એકેએક સજા તેના પર ઊતરશે, અને યહોવા પૃથ્વી પરથી તેનું નામનિશાન ભૂસી દેશે. 21યહોવા ઈસ્રાએલના તમામ કુળસમૂહોમાંથી તેને જુદો પાડીને સંહિતાના ગ્રંથમાં લખેલા કરારમાંના બધા શ્રાપો અનુસાર તેના ઉપર વિનાશ ઉતારશે.

22"ભવિષ્યમાં તમારા વંશજો અને, તેમજ દૂર દેશથી આવનાર વિદેશીઓ પણ યહોવાએ તમારા અને તમારા દેશને આપેલા રોગો અને આફતો જોશે. 23સમગ્ર પ્રદેશમાં સર્વત્ર ગંધક અને મીઠાથી બધી ધરતી બળી ગઈ હશે, કશુંય વાવી શકાય કે ઊગાડી શકાય એવું રહ્યું નહી હોય, યહોવાએ જયારે રોષે ભરાઈને સદોમ અને ગમોરાહને, આદમાહને અને સબોઈમને ખેદાન–મેદાન કરી નાખ્યાં હતાં તેના જેવા હાલ તમારા થશે.

24"આ જોઈને બધી પ્રજાઓ પૂછશે, 'યહોવાએ પોતાના આ પ્રદેશના આવા હાલ શા માટે કર્યા? એના ઉપર આવો ભારે રોષ શા માટે ઉતાર્યો?' 25તેઓને પ્રત્યુત્તર મળશે, 'તેઓના પિતૃઓના દેવ યહોવા તેઓને મિસરમાંથી બહાર લાવ્યા પછી તેમની સાથે કરેલા કરારને એ લોકોએ ફગાવી દીધો, 26અને એ લોકોએ અગાઉ કદી પૂજ્યા ન્હોતા તથા યહોવાએ જેની પૂજા કરવાની મનાઈ કરી હતી એવા બીજા જ દેવોની તેમણે સેવાપૂજા કરવા માંડી. 27તેથી યહોવાએ ભુમિનાં લોકો પર રોષે ભરાયા અને આ ગ્રંથમાં લખેલા બધા શ્રાપો તેમના ઉપર ઉતાર્યા, 28અને તેમણે અતિ કોપાયમાન થઈને તે લોકોને તેમની પોતાની ભૂમિમાંથી ઉખેડીને બીજા પ્રદેશમાં ફેકી દીધા, જયાં તેઓ આજે પણ વસે છે.'

29"તમારા યહોવા દેવે તેમના તમામ રહસ્યો આપણી સમક્ષ પ્રગટ કર્યા નથી. પરંતુ તેણે આ સંહિતા હંમેશાને માટે આપણી અને આપણા વંશજોની સમક્ષ પ્રગટ કરી છે, જેથી આપણે એના એકેએક નિયમનું પાલન કરીએ.

### ઈસ્રાએલીઓ તેમની ભૂમિમાં પાછા ફરશે

30 "મે તમારી પસંદગી માટે દર્શાવેલા આ બધાં આશીર્વાદો તેમજ શ્રાપો તમે અનુભવો પછી, યહોવા તમારા દેવ તમને બીજા દેશોમાં દેશવટે જવા દબાણ કરશે. ત્યાં તમે આ બધી બાબતો વિશે વિચારશો અને પસ્તાશો. 2અને તમે તથા તમારા બાળકો ફરીવાર આધીન બનશો અને આજે હુંજે આજ્ઞા તમને કરું છું તેનું પાલન પૂર્ણ હૃદય પુર્વક કરશો. 3ત્યારે તમારા દેવ યહોવા તમારા ઉપર દયાદષ્ટિ કરીને તમારું ભાગ્ય ફેરવી નાખશે, અને તમને જે બધા દેશોમાં વેરવિખેર કરી નાખ્યા હશે ત્યાંથી ફરી પાછા ભેગા કરશે. 4તમે ધરતીના છેડા સુધી વેરવિખેર થઈને ગમે ત્યાં વસ્યા છે ત્યાંથી તમને તે શોધી કાઢશે અને તમને તમારા દેશમાં પાછા લાવશે.

### નવા શુભાશીર્વાદ

5"તમારા દેવ યહોવા તમને જે દેશ એક વખત તમારા પિતૃઓના કબજામાં હતો, ત્યાં ફરીથી લાવશે, અને તમે તેનો કબજો પાછો મેળવશો, પછી યહોવા તમારા પિતૃઓ કરતાં પણ તમારી આબાદી અને વસ્તીમાં વૃદ્ધિ કરશે. 6તમારા દેવ યહોવા તમારાં તથા તમારાં સંતાનોનાં હૃદય પરિવર્તન કરશે, જેથી તમે તેને પૂર્ણ હૃદય અને આત્માથી પ્રેમ કરો અને જેથી તમે જીવતા રહેશો.

7"ત્યારબાદ તમારા દેવ યહોવા આ બધા શ્રાપ તમારા શત્રુઓ તથા તમને રંજાડનાર ઉપર મોકલી આપશે. 8અને તમે ફરીથી એને આધિન થશો અને આજે હું તમને એની જે આજ્ઞાઓ જણાવું છું તેનું ફરીથી પાલન કરશો, 9તેથી તમારા યહોવા દેવ તમે જે કોઈ કામ કરશો તેમાં તમને સફળતા આપશે, અને તમને ઘણાં સંતાનો, પુષ્કળ ઢોરઢાંખર તથા ઉત્તમ પાકની ઊપજ આપશે. યહોવા તમારા પિતૃઓ પર પ્રસન્ન હતા તેમ તમારા ઉપર પણ ફરી પ્રસન્ન થશે અને તમારું કલ્યાણ કરશે; 10પણ તમારે તેને કાળજીપૂર્વક સાંભળવોજ આ નિયમના પુસ્તકમાં તમારા દેવે લખેલી આજ્ઞાઓ અને નિયમો પાળો. અને તેની તરફ પૂર્ણ હૃદય અને આત્માથી પાછા ફરો ત્યારે તે બહું પ્રસન્ન થશે.

### ઈસ્રાએલ સામેના બે વિકલ્પો

11"હું આજે તમને જે આજ્ઞાઓ જણાવું છું તે તમારી શકિત બહારની નથી, તેમ તમારાથી છેક દૂરની પણ નથી. 12આ નિયમો આકાશમાં ઉંચે નથી કે તમે કહો કે, 'કોણ એટલું ઉપર જશે અને આપણા માટે તે લાવશે, કે જેથી આપણે તે સાંભળી તેનું પાલન કરીએ.' 13તેમ એ દરિયા પાર પણ નથી કે તમને એવું થાય કે, 'દરિયા પાર જઈને કોણ અમારે માટે એ લઈ આવે? અને અમને જણાવે, જેથી અમે તેનું પાલન કરી શકીએ?' 14પરંતુ એ તો છેક તમારી નજીક છે, તમારે હોઠે અને હૈયે છે, તેથી તમે તેમને આધિન થાઓ.

15"જુઓ, આજે હું તમને જીવન અને મૃત્યુ વચ્ચે; સારા અને દુષ્ટ વચ્ચે પસંદગી આપું છું. 16આજે હું તમને તમારા દેવ યહોવાની જે આજ્ઞાઓ જણાવું છું તેનો અમલ કરશો, તમારા દેવ યહોવા ઉપર પ્રેમ રાખશો અને તેમની આજ્ઞાઓ,

નિયમો અને કાયદાઓનું પાલન કરીને તેન માર્ગે ચાલશો,
તો તમારા દેવ યહોવા તમારા ઉપર આશીર્વાદ વરસાવશે,
તમે જે દેશનો કબજો લેવા માટે તેમાં પ્રવેશ કરી રહ્યા છો
ત્યાં સદાને માટે રહી શકશો, તથા વૃદ્ધિ અને સમૃદ્ધિ પામશો.
17પરંતુ જો તમારા હૃદય યહોવાથી વિમુખ થઈ જાય અને
તમે તેની અવજ્ઞા કરો અને તેનું ન સાંભળો, અને અન્ય
દેવોની તમે સેવાપૂજા કરવા માટે દોરવાઈ જાઓ, 18તો આજે
હું તમને જણાવી દઉં છું કે તમે નાશ પામશો, અને યર્દન
ઓળંગીને તમે જે દેશમાં કબજો લેવા જઈ રહ્યા છો ત્યાં
વધારે આયુષ્ય ભોગવી નહી શકો."

19"આજે હું આકાશ અને પૃથ્વીની સાક્ષીએ તમારી
આગળ જીવન અને મરણ, આશીર્વાદ અને શ્રાપ પસંદગી
માટે રજૂ કરું છું. તમે જીવન પસંદ કરો જેથી તમે અને
તમારાં સંતાનો એ દેશમાં સદાય રહો. 20તમારા દેવ
યહોવા ઉપર પ્રેમભાવ રાખજો;તેમને આધીન રહો, અને
તેમને કદી છોડી દેશો નહી, કારણ કે યહોવા તમારું જીવન
છે. અને તે તમને તમારા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાક, અને
યાકૂબને આપેલા વચન પ્રમાણે આપેલા દેશમાં દીર્ઘાયુ પ્રદાન
કરશે."

## મૂસાના અનુગામી યહોશુઆ

31 ઈસ્રાએલી પ્રજાને ઉદ્દેશીને મૂસાએ આ બધી બાબતો
અંગે વધુમાં કહ્યું, 2"હું હવે 120 વર્ષનો થયો છું,
તેથી તમને સૌને દોરવા માટે હું શકિતમાન નથી. યહોવાએ
મને કહ્યું છે કે 'હું યર્દન નદી પાર કરી શકીશ નહી.' 3પરંતુ
તમારા દેવ યહોવા તમારે આગળ રહીને યર્દન નદી ઓળંગશે
અને તમારી સામેની પ્રજાઓનો નાશ કરશે અને તમે તેમનો
પ્રદેશ કબજે કરશો. અને યહોવાની આજ્ઞા પ્રમાણે યહોશુઆ
તમારી આગેવાની લેશે.

4"યહોવાએ અમોરીઓના રાજાઓ સિહોન અને ઓગ
અને તેમના દેશોનો નાશ કર્યો તે રીતે તે આ દેશમાં રહેતા
લોકોનો નાશ કરશે. 5અને યહોવા એ લોકોને તમારા હાથમાં
સુપ્રત કરશે અને તમારે તેમની સાથે મેં તમને આજ્ઞા કરી છે
તે મુજબ વર્તવુ. 6તમારે બળવાન અને હિંમતવાન થવું,
તેઓથી ગભરાવું નહી, કારણકે, તમારા યહોવા દેવ તમારી
સાથે છે. તે તમને છોડી દેશે નહી કે તમને ત્યજી દેશે પણ
નહી."

7ત્યારબાદ મૂસાએ યહોશુઆને બોલાવડાવીને બધા
ઈસ્રાએલીઓ સમક્ષ તેને કહ્યું, "બળવાન તથા હિંમતવાન
થજે, દઢ રહેજે, કારણ, તારે આ લોકોને યહોવાએ એમના
પિતૃઓને જે દેશ આપવાનું વચન આપ્યું હતું તે દેશમાં લઈ
જવાના છે. અને તારે એ લોકોને તે દેશની ભૂમિ વહેંચી
આપવાની છે, 8યહોવા જાતે તારી આગેવાની લેશે, તે તારી
સાથે રહેશે, તે તારા પ્રત્યે અવિશ્વાસુ બનશે નહી; કે તને
એકલો પણ મૂકશે નહી, માટે તું જરાય ગભરાઈશ નહી કે
નાહિંમત થઈશ નહી."

## સંહિતાનું પારાયણ

9મૂસાએ આ નયિમ લખી નાખી અને યહોવાના કરારકોશ
ઉપાડનાર લેવી યાજકોને અને બધા આગેવાનોને પણ તે
નિયમની એક એક નકલ આપી. 10અને તેઓને એવી આજ્ઞા
કરી કે, "દર સાતમે વર્ષે, એટલે કે મુકિત માટે નક્કી કરેલા
વર્ષે મંડપોના ઉત્સવ વખતે, 11જયારે બધા ઈસ્રાએલીઓ
યહોવા તમારા દેવે પસંદ કરેલા સ્થાને દેવને મળવા આવે
તમારે આ ઉપદેશો જાહેરમાં વાંચી સંભળાવવા, કે જેથી
ઈસ્રાએલના લોકો તેઓને સાંભળી શકે. 12તમારે સૌ પુરુષો,
સ્ત્રીઓ અને બાળકો તેમ જ તમારા ભેગા વસતા વિદેશીઓને
આ સાંભળવા માટે સભામાં એકત્ર કરવાં, જેથી તેઓ યહોવાથી
ગભરાઈને જીવતાં શીખે અને આ નિયમોનું કાળજીપૂર્વક
પાલન કરે. 13અને આ સંહિતાથી જાણીતા નહીં એવા તેમના
વંશજો પણ એ સાંભળશે યર્દન નદીની સામેની ભૂમિ કે જે
તમે કબજે કરવા જઈ રહ્યાં છો તેમાં યહોવા તમારા દેવથી
ગભરાતા શીખે."

## યહોવાની છેલ્લી સૂચનાઓ

14પછી યહોવાએ મૂસાને કહ્યું, "તારા મૃત્યુનો સમય નજીક
આવી રહ્યો છે. યહોશુઆને બોલાવ અને તમે બંને
મુલાકાતમંડપમાં મારી પાસે આવો, જેથી હું તને મારો આદેશ
આપી શકુ." તેથી મૂસા અને યહોશુઆ ગયા અને
મુલાકાતમંડપમાં ઉભા રહ્યાં.

15મુલાકાતમંડપના પ્રવેશદ્વાર પાસે યહોવાએ મેઘસ્તંભમાં
દર્શન આપ્યા. 16યહોવાએ મૂસાને કહ્યું, "તારા પિતૃઓની
જેમ તું પણ હવે મરવાની અણી ઉપર છે. આ લોકો જે
દેશમાં જઈ રહ્યા છે તેમાં જઈ વિદેશીઓ ભેગા રહેશે એટલે
મારા પ્રત્યેની ભકિતથી ચલિત થઈને તેઓ તે લોકોના દેવોની
પૂજા કરવા માંડશે, મને છોડી દેશે અને મેં તેમની સાથે
કરેલા કરારનો તેઓ ભંગ કરશે. 17ત્યારે મારો કોપ તે લોકો
ઉપર ભભૂકી ઊઠશે અને હું તેઓને ત્યજી દઈશ. અને
તેમનાથી વિમુખ થઈ જઈશ. તેમના ઉપર અનેક આફતો
અને સંકટો ઊતરશે અને તેઓને ભરખી જશે, ત્યારે તેઓ
કહેશે કે, 'આપણા દેવ આપણી વચ્ચે નથી તેથી આ બધા
સંકટો આપણા ઉપર આવે છે.' 18પણ અન્ય દેવોની પૂજા
કરીને તેઓએ કરેલાં પાપને કારણે હું તેમનાથી તે દિવસે
બેલાશક વિમુખ થઈશ.

19"હવે આ ગીત તું લખી લે, અને પછી તું તેને
ઈસ્રાએલીઓને શીખવજે, તેમની તે શિખવા અને રટણ
કરવા કહે, કે જેથી આ ગીત મારા માટે તેમની વિરુદ્ધ સાક્ષી
તરીકે ઉભુ રહેશે. 20જે દેશ મેં એમના પિતૃઓને આપવાનું
વચન આપ્યું હતું ત્યાં હું તેમને લઈ જઈશ ત્યારે તે દૂધ
અને મધથી ઉભરાતો હશે, તેઓને જેટલું ખાવું હોય તેટલું
ખાશે, કે જ્યાં સુધી સંપૂર્ણ તૃપ્ત ન થાય. અને તેઓ અન્ય
દેવો તરફ વળી જઈને તેમની પૂજા કરશે, એમ તેઓ મારી
અવજ્ઞા કરીને મારા કરારનો ભંગ કરશે. 21અને તેઓના
ઉપર ભયંકર વિનાશ આવી પડે ત્યારે આ ગીત તે લોકોને

તેમના દુ:ખનું કારણ યાદ કરાવશે. (કારણ કે આ ગીત પેઢી
દર પેઢી ગવાશે.) તેઓ તે દેશમાં પ્રવેશે તે અગાઉ હું જાણું છું
કે, "આ લોકો કેવા મનસૂબા ઘડે છે."

22તેથી તે જ દિવસે મૂસાએ એ ગીતના શબ્દો લખી લીધા
અને તે ઈસ્રાએલીઓને શીખવ્યા. 23પછી યહોવાએ નૂનના
પુત્ર યહોશુઆને કહ્યું, "બળવાન થજે અને દઢ રહેજે, કારણ
કે, ઈસ્રાએલીઓને મેં જે દેશ આપવા કહ્યું હતું ત્યાં તારે
એમને લઈ જવાના છે, અને હું તારી જોડે રહીશ."

24જયારે મૂસાએ આ સંહિતાના નિયમો અથથી ઈતિ સૂધી
એક પુસ્તકમાં લખવાનું પૂર્ણ કર્યુ. 25ત્યાર પછી આમ કહીં
તેણે યહોવાના કરારકોશને ઉપાડવાની લેવીઓને આજ્ઞા કરી,
26"આ નિયમનું પુસ્તક લો અને તેને તમારા દેવ યહોવાની
કરારકોશની જોડે રાખો, જેથી એ ઈસ્રાએલી પ્રજાને ગંભીર
ચેતવણી તરીકે તે ત્યાં જ રહે. 27મૂસાએ તેઓને કહ્યું, તમે
કેવા બળવાખોર અને હઠીલા છો તે હું જાણું છું. હું હજી
તમારી વચ્ચે જીવતો છું છતાં આજે તમે યહોવાની આજ્ઞાનું
ઉલ્લંઘન કરો છો, તો મારા મૃત્યુ પછી તો તમે શું નહી કરો!
28હવે તમારા બધા કુળસમૂહોના આગેવાનો, વડીલો અને
અમલદારોને મારી આગળ ભેગા કરો, જેથી હું તેઓ સાથે
વાત કરૂં. અને આકાશ તથા પૃથ્વીને તેઓની વિરુદ્ધ સાક્ષી
તરીકે રાખું. 29મને ખબર છે કે મારા મૃત્યુ પછી તમે દુષ્ટ
થશો, મેં તમને જે માર્ગ અપનાવવાની આજ્ઞા કરી હતી તે
માર્ગ છોડી દઈને તમે યહોવાથી તથા તેમની આજ્ઞાઓથી
ભટકી જશો, તેથી ભવિષ્યમાં તમારા ઉપર આફત ઊતરવાની
છે, કારણ કે યહોવાની નજરમાં જે ભૂંડું છે તે તમે કરશો
અને તમે યહોવાને ખૂબ ગુસ્સે કરશો."

## મૂસાનું વિદાયગીત

30પછી મૂસાએ ઈસ્રાએલીઓના સમગ્ર સમાજના
સાંભળતાં એ આખા ગીતનો પાઠ કર્યો:

32 "અરે! ઓ આકાશ, હું કહું તે કાને ધર, અને ઓ
પૃથ્વી, તુ મારા શબ્દો સાંભળ.

2મારા ઉપદેશો વર્ષાની જેમ વરસશે, મારાં શબ્દો ઝાકળની
જેમ પડશે ઘાસ પર પડતા વર્ષાના ટીપાની જેમ, ફુલ પર
પડતા છાંટાની જેમ ખરશે.

3હું યહોવાની મહાનતા પ્રગટ કરવાનો, આવો આવો,
અને તેની મહાનતા ગાઓ.

4યહોવા અચળ ખડક છે, તેમનાં કાર્યો પણ સર્વાંગ સંપૂર્ણ
છે; કારણ તેઓ હંમેશા ન્યાયની સાથે છે, તે જે કંઈ કરે તે
ન્યાયી અને ઉત્તમ છે. તે સર્વદા વિશ્વાસપાત્ર છે! તેનામાં
કંઈપણ દુષ્ટતા નથી.

5તમે ઈસ્રાએલીઓ ભ્રષ્ટ થયા અને પાપથી ખરડાયા. તમે
એનાં, કેવાં કુટિલ-કપટી દુષ્ટ સંતાન નીવડયાં!

6ઓ મૂર્ખ લોકો! જરા તો વિચારો, શું તમે યહોવાને આ
આપો છો બદબો? એ શું તે તમારા પિતા નથી, જેણે તમને
જન્મ દીધો? અરે! એણે જ તમને સજર્યા, સ્થાપ્યા અને દ્રઢ
કર્યાં.

7ભૂતકાળનું તમે જરા સ્મરણ તો કરો; કેવા હતા તમારા
પૂર્વજો! પૂછો તમારા પિતાને, તે તમને કહેશે; પૂછો તમારા
વડીલોને, તે પણ જણાવશે.

8પરાત્પર યહોવાએ પૃથ્વી પર, પ્રજાઓને વિભાજીત કરી,
પ્રત્યેકને ભૂમિ વહેંચીને બાંધી આપી, સરહદ દેવદૂતોની
સંખ્યા સમ પ્રજાઓને સ્થાપી.

9પરંતુ તેમણે કોઈને ઈસ્રાએલ માટે ન નીમ્યા, કારણ,
ઈસ્રાએલ દેવની પોતાની પ્રજા છે.

10વેરાન-રણમાં એમનું રક્ષણ કર્યુ હતું, અને આંખની
કીકીની જેમ સંભાળ કરી હતી .

11જેમ કોઈ ગરૂડ પોતાના માળાની ચોકી કરે અને પોતાના
બચ્ચાં ઉપર ચક્કર માર્યા કરે અને તેમને પોતાની પાંખો
ઉપર ઉપાડી લે તેમ તેમણે સંભાળ લીધી અને ઈસ્રાએલ
ઉપર કૃપા કરી.

12એકલા યહોવાએ જ તેમને દોર્યા હતા. કોઈ વિદેશી
દેવોનો તેને સાથ ન્હોતો.

13દેવે તેઓને ફળવંત પ્રદેશ આપ્યા, ખેતરોનો મોલ
ખવડાવ્યો , ને કરાડોમાંના મધ અને જૈતૂનના તેલ; આપ્યા
અને ઉચ્ચ પ્રદેશમાં લઈ જઈ સ્થાપ્યા.

14યહોવાએ તેમને ગાયોનું અને બકરીઓનું દૂધ, શ્રેષ્ઠ
ઘેટાં અને સારામા સારા ઘઉ આપ્યાં. તેઓએ દ્રાક્ષોમાંથી
શ્રેષ્ઠ પીણું મદીરા પીધી.

15પરંતુ યહોવાએ પસંદ કરેલા લોકોએ ચરબી વધારી
અને રાજદ્રોહ કર્યો. ઈસ્રાએલના લોકો જાડાં અને ખાધે
સુખી હતાં અને બગડી ગયા હતાં. તેઓએ તેમના સર્જનહાર
દેવને છોડી દીધા તેઓ તેમને બચાવનારા તેમના બળવાન
તારણહારની ધૃણા કરવાનું શરુ કર્યુ.

16અન્ય દેવોની કરી પૂજા, યહોવામાં ઈર્ષ્યા જગાડી;
ધૃણાજનક આચારો પાળી દેવનો રોષ વહોર્યો.

17જે દેવ ન હતાં એવા દૈત્યોને તેઓ બલિ ચઢાવવા
લાગ્યાં. જેઓ આસપાસની અજ્ઞાત પ્રજાઓમાંથી આવ્યા
હતાં અને જેમની ભૂતકાળમાં પિતૃઓએ પૂજા કરી નહોતી
એવા દેવોની ભક્તિ કરીને સૌએ તેમને અર્પણો ચઢાવ્યા.

18તેઓ તેમના સર્જનહાર, તેમના બળવાન તારણહાર
દેવને ભૂલી ગયા અને તેઓ તેમને પેદા કરનાર દેવને ભૂલી
ગયા.

19આ પર યહોવા રોષે ભરાયા, તેનાં પુત્રો અને પુત્રીઓએ
તેઓને ગુસ્સે કર્યા.

20તેમણે વિચાર્યુ; 'હું વિમુખ થઈ જાઉં એ લોકોથી, ને
જોઉં તો ખરો, શા હાલ થાય છે એ લોકોના એ લોક દગાબાજ
વિશ્વાસઘાતી ઓલાદ છે, જોઉ તો ખરો, કેવી એ લોક પોક
ભૂકે છે?

21કહેવાતા દેવોની પૂજા કરીને એ લોકોએ મારામાં ઈર્ષ્યા
જગાડી છે. અને મૂર્તિઓની કરી પૂજા, વહોર્યો છે એમણે
મારો રોષ; હવે તો હું પણ કહેવાતી પ્રજા વડે જગાડીશ
એમનામાં ઈર્ષ્યા; અર્પી મુજ પ્રેમ વિદેશી પ્રજાઓને, હું એમનો
જગાડીશ રોષ.

22એ મુજ ક્રોધાગ્નિ ભભૂકી ઉઠ્યો છે, પાતાળના તળિયા સુધી બધુ ભસ્મ થાશે. અને મૂળમાંથી આખા પર્વતને અને પૃથ્વીને અને પાકને ભરખી જશે.

23પછી હું એ લોકો ઉપર એક પછી એક આફતો ઉતારીશ; તરકશનાં મારાં તીક્ષ્ણ તીરોથી હું તેઓને વીંધી નાખીશ.

24કરી દુષ્કાળ, રોગચાળો અને મરકી; જશે તેમનો કોળિયો. અને છૂટા મૂકીશ હું તેમના પર, ઝેરી નાગો અને, જનાવરો જંગલી.

25ઘર બહાર તલવાર તેમને પૂરા કરશે, ને ઘરમાં ભયથી ફફડી મરશે; જુવાન સ્ત્રી–પુરુષ કે વૃદ્ધો, વળી ધાવણાં બાળક પણ નહી બચે.

26દૂરના દેશોમાં તેઓને વિખેરી નાખવાનો મે નિર્ણય કર્યો હતો, તેમનું સ્મરણ સુદ્ધાં ન રહે, તેવો મેં સંકલ્પ કર્યો હતો.

27પરંતુ મને ભય છે એવો કે તેમનાં શત્રુઓ ઊંઘું સમજશે; અમારા બાહુબળથી ઈસ્રાએલનો કર્યો વિનાશ–બડાશ હાંકશે. "યહોવાએ તેમનો વિનાશ નથી કર્યો."'

28" ઈસ્રાએલ સમજણ વગરની મુર્ખ પ્રજા છે.

29તેઓમાં હોશિયારી–સમજણ હોત તો કેવું સારૂં? ક્યાં જઈ રહ્યા છે એટલું ય જાણતા હોત તો કેવું સારું?

30એક માણસ કહો શી રીતે હજારને હરાવે? 10,000 ને બે માણસ કહો શી રીતે ભગાડે? સિવાય કે ખડક સમા યહોવાએ તેમને ત્યજયા હોય; કે પછી તે સૌને દુશ્મનોના હાથમાં સોંપ્યા હોય.

31અન્ય પ્રજાઓ પાસે આપણા ખડક સમ ખડક નથી, આપણા શત્રુઓ પણ તે જાણે છે.

32તેઓની દ્રાક્ષ લતાઓ અને ખેતરો અદોમ અને ગમોરાની જેમ કડવાશ અને ઝેરથી ભરેલા છે.

33વિષવેલ જેવા કડવા વખ, ને સર્પના જીવલેણ વિષ જેવા. દ્રાક્ષારસ તેઓ પીએ છે.

34(યહોવા કહે છે: સજા) મારી પાસે રક્ષિત છે મેં તેને મારા સંગ્રહખાનામાં તાળું મારી રાખ્યાં છે.

35હું બદલો લઈશ, હું તેમના દુશ્મનોને સજા કરીશ; તેનાં દુશ્મનો લપસી અને પડશે, તેમના વિનાશનો દિવસ નજીક
છે. 36યહોવાનો ન્યાય તેના લોકોના પક્ષમાં હશે, તેઓ દયા દર્શાવી સૌને બચાવી લેશે; ગુલામ અને મુકત બંનેને શકિત ક્ષીણ થતાં, જોઈ તે દુ:ખી થશે.

37યહોવા તે સમયે લોકોને, પૂછશે કે તેઓના દેવો ક્યાં છે? જેમને બળવાન તારણહાર ખડક માન્યા હતા, તે તમારા દેવો ક્યાં છે?

38'એ કહેવાતા દેવ, જેમનું શરણું તમે લીધું હતું;, જે તમારા બલિની ચરબી ખાતાં હતા; જે પેયાર્પણનો દ્રાક્ષારસ પીતા હતા, તે તમારી મદદમાં કેમ આવતા નથી?

39હું જ એકલો દેવ છું. બીજો કોઈ દેવ નથી શું તમે નથી જોતા? હું જ મારું છું ને હું જ જીવાડું છું, નથી જોતા? હું જ કરું છું ઘાયલ ને હું જ કરૂં છું સાજા; તમને મુજ હાથમાંથી કોઈ છોડાવી શકે?

40હું મારો હાથ આકાશ તરફ ઊંચો કરું છું. અને સમ ખાઉ છું. કે હું સદાય જીવંત છું.

41કે હું જ મારી તાતી તલવારની ધાર કાઢીશ, અને ન્યાય કરીશ; દુશ્મનો પર હું વેર વાળીશ અને જે મને ધિક્કારે છે
તેને હું સજા કરીશ. 42મારા બાણો મારા દુશ્મનોનું લોહી પીશે, અને મારી તલવાર જેઓને મારી નાખવામાં આવ્યાં છે, તે તથા કેદીઓના માંસની મિજબાની કરશે. તે તેઓના આગેવાનોના માથા કાપી નાખશે.'

43ઓ વિદેશી પ્રજાઓ, દેવના લોકોનો જયનાદ કરો; તે બદલો લેશે પોતાના સેવકોના ખૂનનો, કરશે સજા તે પોતાના દુશ્મનોને ને કરશે પાવન પોતાના લોકોના દેશને."

44મૂસાએ અને યહોશુઆએ આ ગીતના શબ્દો લોકોના
સમક્ષ ગાઈ સંભળાવ્યા. 45મૂસાએ તમામ ઈસ્રાએલીઓને
આ વચનો આપવાનું પૂરૂં કર્યા પછી. 46"તેણે કહ્યું આજે મેં તમારી સમક્ષ જે વચનો ઉચ્ચાર્યા છે તે હૈયે કોતરી રાખજો, તમારા વંશજોને આ સંહિતાના શબ્દેશબ્દનું પાલન કરવાનું
જણાવજો. 47આ નિયમો ફકત શબ્દો જ નથી, તે તમારું જીવન છે! તેને આધીન થઈને પાલન કરશો તો યર્દન નદી ઓળંગીને જે દેશનો તમે કબજો મેળવશો તેમાં તમે દીર્ઘકાળ સુખી અને સમુદ્ધ આયુષ્ય ભોગવશો."

### પર્વત નબો પર મૂસા

48તે જ દિવસે યહોવાએ મૂસાને કહ્યું, 49"મોઆબના પ્રદેશમાં યરીખોની સામે અબારીમના પર્વતોમાં નબો પર્વત ઉપર જા, તેની ટોચ પર ચઢીને ઈસ્રાએલી લોકોને હું જે
કનાનનો પ્રદેશ આપવાનો છું તે તું જોઈ લે. 50તારો ભાઈ હારુન હોર પર્વત ઉપર મૃત્યુ પામીને તારા પૂર્વજો સાથે જોડાઈ ગયો તેમ તે દેશ જોયા પછી તારે પણ એ જ પર્વત
ઉપર મૃત્યુ પામીને પિતૃલોકમાં જવાનું છે, 51કારણ કે તમે સીનના રણમાં કાદેશ આગળ આવેલા મરીબાના ઝરણા નજીક મારા પર અવિશ્વાસ કરીને ઈસ્રાએલીઓ આગળ મારૂં
અપમાન કર્યુ હતું. 52તેથી હું ઈસ્રાએલીઓને જે દેશ આપનાર છું. તેને તૂ દૂરથી જોઈ શકીશ. પણ તેમાં પ્રવેશ કરી શકીશ નહી."

### સર્વ વંશોને મૂસાના અંતિમ આશીર્વાદ

33 દેવના વિશ્વાસુ સેવક મૂસાએ પોતાના મૃત્યુ પહેલાં ઈસ્રાએલીઓને આ પ્રમાણે આશીર્વાદ આપ્યા હતા.

2"મૂસાએ કહ્યું યહોવા આપણી પાસે સિનાઈ પર્વત પરથી આવ્યા. તે સેઈર પર્વત પરથી પોતાના લોકો સામે સૂર્યની જેમ પ્રગ્રટ થયા. પારાન પર્વત પરથી તે પ્રકાશ્યા. તેમની સાથે 10,000 દૂતો હતા. અને તેમને જમણે હાથે ઝળહળતી જવાળા હતી.

3હા, યહોવા તેના લોકોને ચાહે છે તેના બધા પવિત્ર લોકો તેના હાથમાં છે. તેઓ તેના પગ આગળ બેસે છે, અને તેનો ઉપદેશ ગ્રહણ કરે છે.

4મૂસાએ અમને જે સંહિતાનું પાલન કરવાનું કહ્યું હતું તે જ અમારો યાકૂબના વંશજોના મૂલ્યવાન વારસો છે.
5યહોવા ઈસ્રાએલી લોકોના રાજા છે, જયારે ઈસ્રાએલીઓના બધા વંશો પોતાના આગેવાનો સહિત ભેગા મળ્યા ત્યારે તેમને પોતાના રાજા તરીકે પસંદ કર્યા હતા.

### રૂબેનને આશીર્વાદ

6મૂસાએ રૂબેન વંશ વિષે કહ્યું, "રૂબેન સદા જીવંત રહો, પરંતુ તેનું કુળસમૂહ હંમેશા નાનું રહે."

### યહૂદાને આશીર્વાદ

7યહૂદા માટે મૂસાએ કહ્યું, "ઓ યહોવા યહૂદાનો પોકાર સાંભળજે, અને તેને તેના લોકો પાસે લાવ, તેને બળ આપજો અને એમના દુશ્મનોનો સામનો કરવામાં એમને સહાય કરજો."

### લેવીઓને આશીર્વાદ

8ત્યારબાદ મૂસાએ લેવી વંશ વિષે કહ્યું, "ઓ યહોવા લેવી વંશજો તમારા સાચા સેવકો છે તેઓ ઉરીમ અને તૂમ્મીમ રાખે છે. માસ્સાહ મુકામે તેં લેવીની પરખ કરી હતી, અને મરીબાહના ઝરણાં આગળ તેં એમની કસોટી કરી હતી.
9અને તેઓએ તમારી આજ્ઞા માથે ચડાવી હતી. તેઓ તમારી સાથેના કરારને વળગી રહ્યા હતા. પોતાના માતાપિતાને તેમણે કહ્યું હતું; અમે તમને જરા પણ ઓળખતા નથી.' અને તેઓએ પોતાના ભાઈઓ અને સંતાનોને પણ ઓળખવાનો ઈન્કાર કર્યો હતો.
10લેવીઓ ઈસ્રાએલને દેવના સંહિતાના નિયમો શીખવશે અને તેઓ તમારી ધૂપવેદી તથા દહનાર્પણની વેદી સમક્ષ સેવાઓ આપશે.
11ઓ યહોવા, તારા આશીર્વાદથી એમની શકિતની વૃદ્ધિ કરજે, તેઓની ઉપર પ્રસન્ન રહેજે, તેમના દુશ્મનોની કમ્મર તોડી નાખજે, જેથી તેઓ ફરી વાર બેઠા જ ન થઈ શકે."

### બિન્યામીનને આશીર્વાદ

12પછી બિન્યામીન વિષે મૂસાએ કહ્યું, "એ યહોવાનો પ્રિય છે, દેવના રક્ષણમાં તે સુરક્ષિત છે. પરાત્પર દેવ સદાય તેનું રક્ષણ કરે છે. અને એ તેના ખોળામાં વસે છે."

### યૂસફના આશીવાંદ

13પછી તેણે યૂસફ વંશ વિષે કહ્યું, "યહોવા, તેના પ્રદેશને ખૂબ લાભ આપો, ઉપરથી આકાશની વૃષ્ટિ અને નીચેથી પાતાળના જળથી દેવ તેની ભૂમિને આશીર્વાદિત કરો.
14સૂર્ય તેમને શ્રેષ્ઠ પાક મેળવવા તથા ચંદ્ર તેમને શ્રેષ્ઠ ફળો મેળવવા મદદ કરે.
15એના પ્રાચીન પર્વતો અને જૂના પર્વતો ઉત્તમ ફળોથી લચી રહો.
16ધરતીની સમગ્ર સમૃદ્ધિ એને મળો. બળતાં ઝાંખરામાં પ્રગટ થયેલ યહોવાની તેના આશીર્વાદોથી તેને આશીર્વાદિત કરે એમના ઉપર કૃપાવૃષ્ટિ થાઓ, કારણ કે, બધા ભાઈઓથી તેને જુદો કરવામાં આવ્યો હતો, તેમના પર સર્વ આશીર્વાદ ઊતરો.
17એ મહાન પ્રતાપી નરપુંગવ છે, એનાં શિંગડાં રાની સાંઢના જેવાં છે, જે ભોંકી ભોંકીને તે પ્રજાઓને પૃથ્વીને છેડે હાંકી કાઢશે. એફ્રાઈમના અસંખ્ય યોદ્ધાઓ અને મનાશ્શાના હજારો યોદ્ધાઓ એના શિંગડાં છે."

### ઝબુલોન અને ઈસ્સાખારને આશીર્વાદ

18પછી મૂસાએ ઝબુલોન અને ઈસ્સાખાર વંશો વિષે કહ્યું, "ઝબુલોન, તેની મુસાફરીઓમાં આશીર્વાદિત થાઓ અને ઈસ્સાખાર ઘરે તેના તંબૂમાં આશીર્વાદિત થાઓ.
19તેઓ બીજા લોકોને સાથે તેમની જોડાવા બોલાવશે, તેઓ બલિઓ બરાબર રીતે અર્પશે, તેઓ સમુદ્રની સમૃદ્ધિ માણશે, અને રેતીમાં છુપાયેલી તિજોરીઓનું દ્રવ્ય ભોગવશે."

### ગાદને આશીર્વાદ

20ગાદના આશીર્વાદો: "ગાદના પ્રદેશને વિસ્તારનાર આશીર્વાદીત હો! ગાદ સિંહ જેવો છે તેના શિકારને ઝડપવા તૈયાર છે, અને પછી તે તેઓના હાથોને કાઢી અને તેમની ખોપરીઓ ભાંગી નાખે છે.
21તેણે પોતાના માટે ઉત્તમમાં ઉત્તમ પ્રદેશ કર્યો હતો. કારણ કે, તેને આગેવાન તરીકેનો ભાગ ફાળવવામાં આવ્યો હતો. તેણે લોકોને નેતૃત્વ પૂરૂં પાડયું, કારણ કે, ઈસ્રાએલ માટેની યહોવાની આજ્ઞાઓ અને ન્યાયચુકાદાનો તેણે અમલ કર્યો."

### દાનને આશીર્વાદ

22મૂસાએ દાન વિષે કહ્યું, "દાન તો સિંહનું બચ્ચું છે-તે બાશાનમાંથી ઢોળાવો પરથી ફાળ ભરતું આવે છે."

### નફતાલીને આશીર્વાદ

23ત્યારબાદ નફતાલી વિષે તેણે કહ્યું, "નફતાલી ઉપર તો યહોવાની કૃપા અપરંપાર છે, તેના ઉપર યહોવાના અસીમ આશીર્વાદ છે. તેનો પ્રદેશ ગાલીલના સરોવરથી છેક દક્ષિણ સુધી વિસ્તરે છે."

### આશેરને આશીર્વાદ

24આગળ જતાં તેણે આશેર વિષે કહ્યું, "બધા પુત્રોમાં આશેર સૌથી વધારે વહાલો હોવાથી વધુ માનીતો હતો તેથી વધુ લાભ પામ્યો છે. તે પોતાના પગ જૈતતેલમાં ઝબોળે છે, તેના પ્રદેશમાં મબલખ તેલ પેદા થાય છે.
25તેની ભોગળ લોખંડ અથવા પિત્તળની હો, તે સદા માટે બળવાન રહે.

## દેવનો મહિમા ગાતો મૂસા

26ઓ ઈસ્રાએલ, તમારા દેવ જેવો બીજો કોઈ દેવ નથી, તે આકાશમાંથી વાદળ ઉપર સવાર થઈને તેના ગૌરવમાં તમને મદદ કરવા આવે છે.

27અનાદિ દેવ તમારો રક્ષક છે, તેના શાશ્વત બાહુ તને ઝીલી લે છે. તેણે દુશ્મનોને તારી આગળથી હાકી કાઢયા છે, અને તને એમનો વિનાશ કરવાની આજ્ઞા કરી છે.

28ઈસ્રાએલીઓ નિશ્ચિત થઈને સુરક્ષામાં વાસ કરે છે. યાકૂબના વંશજો મબલખ અનાજ અને દ્રાક્ષારસના ભંડાર સમી ધરતી ઉપર, અકળ વરસાવતા આકાશ નીચે સુરક્ષિત રહે છે.

29ઓ ઈસ્રાએલ, તું આશીર્વાદિત છે! તમારા આશીર્વાદો કેવા મહાન છે! યહોવાના હાથે ઉદ્ધાર થનાર તારા જેવી બીજી કોઈ પ્રજા નથી. યહોવા ઢાલની જેમ તારૂં રક્ષણ કરે છે. તે તને વિજય અપાવનાર તલવાર જેવા છે. તમારા દુશ્મનો તમારા પગમાં પડશે તમે તમારા પગ વડે તેઓને છૂંદી નાખશો અને તેઓની પવિત્ર જગ્યાઓને કચરી નાખશો."

## મૂસાનું મૃત્યુ

34 ત્યારબાદ મૂસા મોઆબના મેદાનમાંથી યરીખોની
પૂર્વે આવેલા નબો પર્વત ઉપર, પિસ્ગાહના શિખર
પર ચઢયો, અને યહોવાએ તેને સમગ્ર પ્રદેશ બતાવ્યો:
ગિલયાદથી દાન સુધીનો પ્રદેશ, 2આખો નફતાલીનો પ્રદેશ,
એફ્રાઈમ અને મનાશ્શાનો પ્રદેશ, પશ્ચિમ સમુદ્ર સુધીનો
યહૂદાનો સમગ્ર પ્રદેશ, 3નેગેબનો પ્રદેશ અને તાલનગર
યરીખોથી સોઆર સુધીનો સપાટ પ્રદેશ. 4પછી યહોવાએ
મૂસાને કહ્યું, "આ રહ્યો તે પ્રદેશ જે તેમના વંશજોને આપવાનું
મેં ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબને વચન આપ્યું હતું. 'મેં
તને તારી સગી આંખે એ જોવા દીધો છે, પણ તું તેમાં આગળ
જઈને પ્રવેશ કરવા નહી પામે."'

5આમ, યહોવાનો સેવક મૂસા તેમના કહ્યા પ્રમાણે
મોઆબની ભૂમિમાં મૃત્યુ પામ્યો. 6તેને એ જ મોઆબની
ભૂમિમાં બેથપેયોરની સામેની કોઈ ખીણમાં દફનાવવામાં
આવ્યો, પરંતુ આજ સુધી કોઈને તેની કબરની ખબર નથી.
7મૂસા મૃત્યુ પામ્યો ત્યારે તેની ઉંમર 120 વર્ષની હતી. તેના
શરીરે શકિત ગુમાવી ન હતી કે તેની આંખોની શકિત ઓછી
થઈ નહોતી. 8મોઆબના મેદાનમાં ઈસ્રાએલીઓએ ત્રીસ
દિવસ સુધી મૂસાના મૃત્યુનો શોક પાળ્યો. અને ત્યારબાદ
શોકનો ગાળો પૂરો થયો.

## નવો આગેવાન યહોશુઆ

9નૂનનો પુત્ર યહોશુઆ જ્ઞાનના આત્માથી ભરપૂર હતો, કારણ કે મૂસાએ તેના મસ્તક ઉપર પોતાનો હાથ મૂકયો હતો, તેથી ઈસ્રાએલી લોકો યહોશુઆને આધીન રહેતા અને યહોવાએ મૂસા દ્વારા આપેલી આજ્ઞાઓ પાળતા હતા.

10ત્યારબાદ ઈસ્રાએલમાં મૂસા જેવો કોઈ બીજો પ્રબોધક
થયો નથી; યહોવાએ તેને પ્રત્યક્ષ દર્શન આપી તેની સાથે
વાતો કરી હતી. 11મિસરના દેશમાં ફારુન અને તેના
અમલદારો તથા સમગ્ર દેશ વિરુદ્ધ યહોવાએ એની પાસે જે
ચમત્કારો અને પરચાઓ કરાવ્યા તેવા બીજા કોઈ પ્રબોધકે
કર્યા નથી. 12સમગ્ર ઈસ્રાએલી પ્રજાના દેખતાં એમણે જે
મહાન અને આશ્ચર્યજનક કૃત્યો કર્યા તેવાં કૃત્યો અન્ય કોઈ
પ્રબોધક કરી શકયો નથી.

# ગણના

## મૂસાની પ્રથમ વસ્તી ગણતરી

1 ઈસ્રાએલીઓ મિસર દેશમાંથી નીકળી ગયા ત્યાર પછી બીજા વર્ષના બીજા મહિનાના પ્રથમ દિવસે સિનાઈના રણમાં મુલાકાતમંડપમાં યહોવાએ મૂસાને કહ્યું, 2"સમગ્ર ઈસ્રાએલી સમાજની વસ્તી ગણતરી કરો, દરેક વ્યકિતની તેના કુટુંબ તથા કુળસમૂહ સાથે યાદી તૈયાર કરો. 3જેઓ વીસ વરસ અને તેનાથી મોટી ઉંમરના હોય અને જે બધા લશ્કરમાં જોડાવા લાયક હોય તેમની ગણતરી તેમનાં સમૂહો પ્રમાણે કરીને યાદી તૈયાર કરો. 4પ્રત્યેક કુળસમૂહના એક આગેવાન પુરુષને તમારી મદદમાં રહેવા કહો. 5અને તમને મદદ કરનારાઓનાં નામ આ પ્રમાણે છે:

રૂબેનના કુળસમૂહમાંથી એલિસૂર જે શદેઉરનો પુત્ર છે.

6શિમયોનના કુળસમૂહમાંથી શલુમીયેલ જે સૂરીશાદાયનો પુત્ર છે.

7યહૂદાનાં કુળસમૂહમાંથી આમ્મીનાદાબનો પુત્ર નાહશોન.

8ઈસ્સાખારના કુળસમૂહમાંથી સુઆરનો પુત્ર નથાનિયેલ

9ઝબુલોનના કુળસમૂહમાંથી હેલોનનો પુત્ર અલીઆબ.

10યૂસફના કુટુંબોમાંથી: એફ્રાઈમના કુળસમૂહમાંથી આમ્મીહૂદનો પુત્ર એલીશામા

અને મન્નાશાના કુળસમૂહમાંથી પદાહસૂરનો પુત્ર ગમાલ્યેલ.

11બિન્યામીનના કુળસમૂહમાંથી ગિદોનીનો પુત્ર અબીદાન.

12દાનના કુળસમૂહમાંથી આમ્મીશોદાઈનો પુત્ર અહીયેઝેર.

13આશેરના કુળસમૂહમાંથી ઓક્રાનનો પુત્ર પાગીએલ.

14ગાદના કુળસમૂહમાંથી દેઉએલનો પુત્ર એલ્યાસાફ.

15નફતાલી'ના કુળસમૂહમાંથી એનાનનો પુત્ર અહીરા.

16તે બધા પુરુષો તેઓના કુટુંબોના આગેવાનો હતા. લોકોએ તેઓને તેમના કુળસમૂહના આગેવાન તરીકે પસંદ કર્યા. 17મૂસાએ અને હારુને ઉપર દર્શાવેલ આગેવાન ઈસ્રાએલીઓને સાથે લીધા. 18બીજા મહિનાના પ્રથમ દિવસે તેમણે સમગ્ર ઈસ્રાએલ સમાજને એકત્ર કરીને તેમના કુટુંબો અને કુળસમૂહો અનુસાર નોંધણી કરી, વીસ વર્ષ અને તેથી વધારે ઉંમર ના સર્વ પુરુષોનાં નામની નોંધણી કરવામાં આવી. 19યહોવાએ જે આજ્ઞા આપી હતી તે મુજબ મૂસાએ સિનાઈના રણમાં તેઓની ગણતરી કરી. 20ઈસ્રાએલના જયેષ્ઠ પુત્ર રૂબેનના કુળસમૂહના 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની છેવટની સંખ્યા નોંધવામાં આવી. 21તો તેઓની સંખ્યાની ગણના રૂબેનના કુળસમૂહમાં 46,500 થઈ.

22શિમયોનના કુળસમૂહના 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની ગણના કુટુંબવાર કરવામાં આવી.

23શિમયોનના કુળસમૂહની કુલ સંખ્યા 59,300 થઈ.

24ગાદના કુળસમૂહના 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી 25તો તેમની કુલ સંખ્યા 45,650 થઈ.

26યહૂદાના કુળસમૂહના 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી 27તો તેમની કુલ સંખ્યા 74,600 થઈ.

28ઈસ્સાખારના પુત્રોના કુળસમૂહમાં, 20વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી. 29તો તેમની કુલ સંખ્યા 54,400 થઈ.

30ઝબુલોનના પુત્રોના કુળસમૂહમાં 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી 31તો તેમની એકંદર સંખ્યા 57,400 થઈ.

32યૂસફના પુત્રોના એટલે એફ્રાઈમના કુળસમૂહમાં 20 વર્ષના અને તેની ઉપરના બધા જે લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તે પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી, 33તો તેમની કુલ સંખ્યા 40,500 થઈ.

34મનાશ્શાના કુળસમૂહમાં 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા માટે શકિતમાન હોય તે બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી 35તો તેમની કુલ સંખ્યા 32,200 થઈ.

36બિન્યામીનના કુળસમૂહના 20 વર્ષના અને તેમની ઉપરના બધાંજ પુરુષો જે લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેમની કુટુંબવાર નોંધ કરવામાં આવી. 37તેમની કુલ સંખ્યા 35,400 થઈ.

38દાનના કુળસમૂહમાં 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની

કુટુંબવાર નોંધ કરવામાં આવી. 39તો તેમની કુલ સંખ્યા
62,700 થઈ.
40આશેરનાં કુળસમૂહમાં 20 વર્ષના અને તેની ઉપરના
લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તે બધા પુરુષોની કુટુંબવાર
નોંધ કરવામાં આવી. 41તો તેમની કુલ સંખ્યા 41,500 થઈ.
42નફતાલીનાં કુળસમૂહમાં 20 વર્ષના અને તેની ઉપરના
લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા બધા પુરુષોની
કુટુંબવાર નોંધ કરવામાં આવી 43તો તેમની કુલ સંખ્યા 53,400
થઈ.
44મૂસા અને હારુને તથા ઈસ્રાએલના પ્રત્યેક કુળસમૂહના
પ્રતીનિધિ તરીકે આવેલા બાર કુળસમૂહના આગેવાનોએ
સાથે મળીને નોંધેલી સંખ્યા આ પ્રમાણે હતી: 45વીસ વર્ષના
અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શકિતમાન હોય તેવા
પુરુષોની તેઓના કુટુંબો અનુસાર ગણતરી કરવામાં આવી.
46તો તેઓની કુલ સંખ્યા 6,03, 550 હતી.
47પણ બાકીના કુળસમૂહોની સાથે લેવીઓની કુટુંબવાર
નોંધણી કરવામાં આવી નહોતી, કારણ, 48યહોવાએ મૂસાને
કહ્યું હતું કે, 49"લશ્કરમાં જોડાઈ શકે તેવા લાયક પુરુષોની
તમે ગણતરી કરો ત્યારે લેવીના કૂળસમૂહની સંખ્યા નોંધવાની
નથી. 50કારણ કે લેવીઓને પવિત્રમંડપની સેવાનું તથા તેને
ઊંચકી લેવાનું કામ સોંપવાનું છે, તેઓએ એકલાએજ
હાજરમાં રહેવા માટે પવિત્રમંડપની પાસે જ તેની ચારે
બાજુ પોતાની છાવણી રાખવાની છે. 51જયારે એ પવિત્રમંડપે
બીજે લઈ જવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે લેવીઓએ જ એ
ઉઠાવવાનો એટલે કે છૂટો પાડવાનો અને ફરીથી ઊભો કરવાનો
છે. લેવી કુળસમૂહના સદસ્ય સિવાય જે કોઈ વ્યકિત
પવિત્રમંડપની સંભાળ રાખવાનો પ્રયાસ કરે તો તેને
મૃત્યુદંડની સજા કરવી. 52ઈસ્રાએલના દરેક કુળની છાવણી
અલગ રાખવી, અને પોતપોતાના કુળની પોતાની ટુકડી સાથે
અને ધ્વજ સાથે પડાવ નાખવો. 53પણ લેવીઓએ
પવિત્રમંડપની આસપાસ જ પોતાની છાવણી નાખવી. તેઓ
પવિત્ર મુલાકાતમંડપની રક્ષા કરશે. જેથી ઈસ્રાએલી લોકોનું
કશું ખોટું થશે નહી."
54યહોવાએ મૂસાને કહ્યું હતું તે પ્રમાણે સર્વ આજ્ઞાઓનો
અમલ ઈસ્રાએલીઓએ બરાબર કર્યો.

## છાવણીવાર ગોઠવણી

2 યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, 2"પ્રત્યેક
ઈસ્રાએલી કુળને છાવણી માટે પોતાનું અલગ સ્થાન
હોય તથા પોતાના કુળનું અલગ નિશાન અને અલગ ધ્વજ
હોય; કુળોની સર્વ છાવણીઓની મધ્યમાં મુલાકાતમંડપ રહે
અને બધાજ પ્રવેશદ્વાર મુલાકાતમંડપ તરફ હોય.
3"પૂર્વની બાજુએ, સૂર્યોદય તરફ યહૂદાના કુળસમૂહના
ધ્વજ નીચે આવતા લોકોએ તેમની ટુકડી પ્રમાણે પડાવ
નાખવા. આમ્મીનાદાબનો દીકરો નાહશોન યહૂદાના
દીકરાઓનો આગેવાન રહેશે. 4તેના સૈન્યમાં તેઓમાંના
જેઓની નોંધણી થઈ છે તેવા 74,600 પુરુષો રહે.
5"એના પછી ઈસ્સાખારનું કુળસમૂહ છાવણી કરે;
સૂઆરનો પુત્ર નથાનિયેલ ઈસ્સાખારના પુત્રોનો અધિપતિ
થાય; 6તેના સૈન્યમાં તેમાંના જેઓની નોંધણી થઈ છે તેવા
54,400 પુરુષો રહે
7"અને ઝબુલોનના કુળસમૂહો પણ યહૂદાના કુળસમૂહોની
બાજુમાં જ છાવણી કરે અને હેલોનનો પુત્ર એલિઆબ તે
ઝબુલોનના પુત્રોનો અધિપતિ થાય; 8અને તેના સૈન્યમાં
તેઓમાંના જેઓની ગણના થઈ છે તેવા 57,400 પુરુષો રહે.
9"યહૂદાના કુળસમૂહોની છાવણીના માણસોની કુલ સંખ્યા
1,86,400 છે એ લોકો કૂચ કરતી વખતે પહેલા ઊપડશે.
10"દક્ષિણ બાજુએ રૂબેનના કુળની સેનાના ધ્વજ હેઠળના
લોકોએ નીચેના આગેવાનો હેઠળ ટુકડીવાર છાવણી નાખવી;
શદેઉરનો પુત્રએલીસૂર તે રૂબેનના પુત્રોનો અધિપતિ થાય.
11તેના સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ છે તેવા
46,500 સૈનિકો તેની સાથે રહે.
12"એ પછી શિમયોનનો કુળસમૂહ તેની પાસે છાવણીમાં
પડાવ નાખે; અને સૂરીશાદાયનો પુત્ર શલુમીએલ તે
શિમયોનના પુત્રોનો અધિપતિ થાય; 13અને તેના સૈન્યમાં
તેઓમાંના જેઓની નોંધણી થઈ છે તેવા 59,300 સૈનિકો
સાથે રહે.
14"અને તે પછી પડાવ નાખશે ગાદનું કુળસમૂહ; અને
રેઉએલનો પુત્ર એલ્યાસાફ તે ગાદના પુત્રોનો અધિપતિ થાય;
15અને તેના સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ છે
તેવા 45,650 સૈનિકો રહે.
16"રૂબેનના કુળોની છાવણીના માણસોની કુલ સંખ્યા
1,51,450 કૂચ કરતી વખતે બીજું સ્થાન લેશે.
17"એ પછી પ્રથમ બે ટુકડીઓ અને પછીની બે ટુકડીઓ
વચ્ચે લેવીઓ મુલાકાતમંડપને ઉપાડીને ચાલશે. પ્રત્યેક ટુકડી
છાવણી નાખ્યાના ક્રમે જ ઊપડશે અને પ્રત્યેક પુરુષ પોતાના
ધ્વજ હેઠળ પોતાનું સ્થાન જાળવશે.
18"પશ્ચિમ બાજુએ એફ્રાઈમના કુળસમૂહની સેનાના ધ્વજ
હેઠળ તેમની ટુકડીઓ આગેવાનો હેઠળ છાવણી નાખશે;
અને આમ્મીહૂદનો પુત્ર એલીશામા એફ્રાઈમના પુત્રોનો
અધિપતિ થાય. 19અને તેના સૈન્યમાં તેઓમાંના જેઓની
નોંધણી થઈ છે તેવા 40,500 સૈનિકો રહે.
20"અને તેની પાસે મનાશ્શાનું કૂળસમૂહ રહે; અને
પદાહસૂરનો પુત્ર ગમાલ્યેલ તે મનાશ્શાના પુત્રોનો અધિપતિ
થાય. 21અને તેના સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ
છે તેવા 32,200 સૈનિકો રહે.
22"તે પછી બિન્યામીનનું કુળસમૂહ પડાવ નાખશે
આગેવાન ગિદિયોનીનો પુત્ર અબીદાન બિન્યામીનના પુત્રોનો
અધિપતિ થાય; 23અને તેના સૈન્યમાં તેઓમાંના જેઓની
નોંધણી થઈ છે તેવા 35,400 સૈનિકો રહે.
24"એફ્રાઈમની છાવણીમાં જે બધાની ગણના થઈ છે
તેઓ, પોતાનાં સૈન્યો પ્રમાણે, 1,08,100 છે અને તેઓ કૂચ
કરતી વખતે ત્રીજા ક્રમે ચાલી નીકળે એમ ગોઠવણી કરવામાં
આવે.

25"ઉત્તર બાજુએ દાનના કુળસમૂહોની સેનાના ધ્વજ
હેઠળના લોકોએ તેમના આગેવાનો હેઠળ ટુકડીવાર છાવણી
તેમના ભાગલા પ્રમાણે નાખવી; આમ્મીશાદાયનો પુત્ર
અહીએઝેર તે દાનના પુત્રોનો આગેવાન છે. 26અને તેના
સૈન્યમાં નોંધણી થઈ હોય તેવા 62,700 સૈનિકો છે.

27"અને તેની પાસે આશેરના કુળસમૂહો છાવણી કરે;
અને ઓક્રાનનો પુત્ર પાગીએલ તેનો અધિપતિ થાય; 28અને
તેના સૈન્યમાં નોંધણી થઈ છે તેવા 41,500 સૈનિકો છે.

29"પછી નફતાલીના કુળસમૂહો; અને એનાનનો પુત્ર
અહીરા તે નફતાલીના પુત્રોનો અધિપતિ થાય. 30અને તેના
સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ છે તેવા 53,400
સૈનિકો રહે.

31"દાનના કુળોની છાવણીના માણસોની કુલ સંખ્યા
1,57,600 હશે, તેઓ કૂચ કરતી વખતે છેલ્લા રહેશે."

32ઈસ્રાએલ પ્રજાની કુટુંબવાર નોંધણી કરવામાં આવી ત્યારે
તેમની સંખ્યા 6,03,550 હતી. 33યહોવાએ મૂસાને આજ્ઞા
કરી તે પ્રમાણે આ ગણતરી કરવામાં આવી ત્યારે લેવીઓને
ગણવામાં આવ્યા નહોતા.

34યહોવાએ મૂસાને કહ્યું હતું તે જ પ્રમાણે બરાબર વ્યવસ્થા
થઈ. તેઓ પોતપોતાના સમૂહના ધ્વજ હેઠળ છાવણી નાખતા.
અને કૂચ કરતી વખતે પ્રત્યેક વ્યકિત પોતાના કુળસમૂહની
ટુકડીમાં પોતાના સ્થાને જ રહેતા.

## હારુન પરિવારના યાજકપદે

3 સિનાઈ પર્વત ઉપર યહોવાએ મૂસા સાથે વાત કરી
ત્યારે હારુન અને મૂસાના કુળસમૂહો આ પ્રમાણે હતા:
2હારુનના જયેષ્ઠ પુત્રનું નામ નાદાબ, તે પછી અબીહૂ
એલઆઝાર અને ઈથામાર. 3એમનો યાજકો તરીકે અભિષેક
કરવામાં આવ્યો હતો અને એમને યાજકના અધિકારો
આપવામાં આવ્યા હતા.

4પરંતુ નાદાબ અને અબીહૂ એ અપવિત્ર નિષિદ્ધ અગ્નિ
યહોવાને ધરાવ્યો તેથી તેઓ સિનાઈના રણમાં જ મૃત્યુ
પામ્યા. તેઓને એકપણ પુત્ર ન હતો. અને તેથી એલઆઝાર
અને ઈથામાર તેઓના પિતાના જીવનકાળ દરમ્યાન
યાજકપદમાં સેવાઓ આપતા હતા.

## લેવી વંશીઓ–યાજકોના સહાયક

5યહોવાએ મૂસાને કહ્યું, 6"લેવીના કુળસમૂહોને બોલાવી
લાવ અને તેમને યાજક હારુનની સેવામાં નિયુક્ત કર. 7તેમણે
યાજકો અને સમગ્ર સમાજ તરફથી મુલાકાતમંડપની સેવામાં
ઉપસ્થિત રહીને ફરજો બજાવવાની છે; 8અને તેઓએ
મુલાકાતમંડપની સાધન સામગ્રી સંભાળવાની છે અને
તેમણે બધા ઈસ્રાએલી પ્રજાજનો તરફથી થાનકની ફરજો
બજાવવાની છે.

9"અને તારે હારુનના તથા તેના પુત્રોના હવાલામાં
લેવીઓને સોંપી દેવા કારણ કે બધા ઈસ્રાએલીઓમાંથી તેમને
સેવા કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે.

10"અને તારે હારુનને અને તેના કુળોને યાજકની ફરજો
બજાવવા નિયુકત કરવા. જો કોઈ બિનઅધિકૃત વ્યકિત એ
ફરજ બજાવવા જાય તો તેને મોતની સજા કરવી."

11પછી યહોવાએ મૂસાને કહ્યું, 12"ઈસ્રાએલ પ્રજાના
પ્રથમજનિત પુત્રોની અવેજીમાં મેં લેવીઓનો સ્વીકાર કર્યો
છે, તેથી ઈસ્રાએલના સર્વ પ્રથમ જન્મેલા પુત્રોના સ્થાને
લેવીઓ મારી સેવામાં રહેશે.

13"એ લોકો મારા ગણાશે, કારણ કે પ્રત્યેક પ્રથમ પુત્ર
ઉપર મારો હક છે, જયારે મેં મિસરના બધા પ્રથમ પુત્રોને
મારી નાખ્યા હતા ત્યારે મેં ઈસ્રાએલનાં બધાંજ પ્રથમ
અવતરેલાંને મારે માટે રાખી લીધાં હતાં, પછી એ માણસ
હોય કે પશુ હોય, તેઓ મારાં છે; હું યહોવા છું."

## લેવી વંશીઓની વસ્તી ગણતરી

14સિનાઈના રણમાં યહોવાએ ફરીથી મૂસા સાથે વાત
કરી અને કહ્યું, 15"લેવી કુળસમૂહના બધા પુરુષોની નોંધણી
કર; એક મહિના અને તેથી વધારે ઉંમર ના સર્વ પુરુષોની
કુટુંબ પ્રમાણે ગણતરી કર." 16યહોવાની આજ્ઞા પ્રમાણે મૂસાએ
તેમની યાદી તૈયાર કરી.

17લેવીના પુત્રોનાં નામ આ મુજબ છે: ગેર્શોન, કહાથ,
અને મરારી, 18ત્રણેય એમના નામે ઓળખાતાં કુળસમૂહોના
મૂળ પુરુષો હતા.

ગેર્શોનના કુળસમૂહો લિબ્ની અને શિમઈ.

19કહાથના કુળસમૂહો; આમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને
ઉઝ્ઝીયેલ.

20મરારીના કુળસમૂહ; માહલી અને મુશી. આ સર્વનાં
નામો પરથી લેવીઓનાં ગોત્રોનાં નામ ગણાયા.

આ થઈ લેવીના કુળસમૂહોની કુટુંબવાર યાદી.

21ગેર્શોનના કુળસમૂહોમાં લિબ્ની અને શિમઈ એ બે કુટુંબો
થયા હતા. 22એક મહિનાના અને તેથી વધારે ઉંમર ના
પુરુષોની સંખ્યા ગણતા તે 7,500 હતી. 23તેઓની છાવણીનું
સ્થાન પવિત્રમંડપની પાછળ પશ્ચિમ દિશામાં હતું.
24લાએલનો પુત્ર એલ્યાસાફ તેમનો આગેવાન હતો. 25એ
લોકોએ પવિત્રમંડપમાં એની અંદરનું આવરણ, બહારનું
આવરણ, પ્રવેશદ્વારનો પડદો, 26પવિત્રમંડપની અને વેદીની
આસપાસના ચોકના પડદાઓની, ચોકના પ્રવેશદ્વારના
પડદાની, એની દોરીઓની, તેમજ એ બધાંને લગતાં
કામકાજની સંભાળ રાખવાની હતી.

27કહાથના કુળસમૂહમાં આમ્રામી, યિસ્હાર, હેબ્રોન અને
ઉઝ્ઝીયેલ એટલાં કુટુંબો હતાં. 28એક મહિનાના અને તેથી
વધારે ઉંમર ના પુરુષોની સંખ્યા 8,300 હતી. 29તેમની
છાવણીનું સ્થાન પવિત્રમંડપની દક્ષિણમાં હતું.
30ઉઝ્ઝીયેલનો પુત્ર અલીસાફાન તેમનો આગેવાન હતો.
31તે લોકોએ પવિત્રકોશની, બાજઠની, દીવીની અને
વેદીઓની, ઉપાસનામાં વપરાતાં પવિત્ર વાસણોની, ગર્ભગૃહ
આગળના પડદાની, તથા એ બધાને લગતાં સર્વ કામકાજની
અને ઉપયોગની સંભાળ રાખવાની હતી.

32લેવીઓના આગેવાનોનો મુખી, યાજક હારુનનો પુત્ર
એલઆઝાર હતો; પવિત્રસ્થાનની સેવામાં જે બધા હતા તે
સૌનો તે ઉપરી હતો, તેમના કાર્ય ઉપર દેખરેખ રાખવાની
જવાબદારી તેની હતી.

33મરારીના કુળસમૂહોમાં માહલી અને મૂશી એ બે કુટુંબો
હતાં. 34એક મહિના અને તેથી વધારે ઉમર ના પુરુષોની
સંખ્યા કુલ 6,200 હતી. 35તેમની છાવણીનું સ્થાન
પવિત્રમંડપની ઉત્તરના વિસ્તારમાં હતું. અબીહાઈલનો પુત્ર
સુરીએલ મરારી કુળસમૂહનો આગેવાન હતો. 36એ લોકોએ
થાનકના મંડપના પાટિયાં, તેની વળીઓ, સ્તંભો, કૂભીઓ,
ઓજારો તથા આ સર્વને લગતાં કામકાજની સંભાળ રાખવાની
હતી. 37તદુપરાંત આંગણાની આસપાસના સ્તંભો, કૂભીઓ,
ખીલીઓ, અને દોરીઓની સંભાળ પણ તેમણે જ રાખવાની
હતી.

38મૂસા, હારુન અને તેના પુત્રોનો મુકામ થાનકના પવિત્ર
મંડપની સામે ઉગમણી દિશામાં હતો. ઈસ્રાએલીઓ તરફથી
પવિત્રમંડપની પૂરી જવાબદારી તેઓને માથે હતી. જો કોઈ
બિનઅધિકૃત વ્યકિત એ ફરજ બજાવવા જાય તો તેને
મૃત્યુદંડની સજા થતી.

39યહોવાની આજ્ઞા અનુસાર મૂસાએ અને હારુને કુટુંબવાર
ગણેલા એક મહિનાના અને તેની ઉપરની ઉમર ના લેવી
પુરુષોની સંખ્યા કુલ 22,000 હતી.

## પ્રથમજનિતોનું સ્થાન લેતા લેવીઓ

40યહોવાએ મૂસાને કહ્યું, "એક મહિનાના અને તેની
ઉપરની ઉમર ના બધા પ્રથમજનિત ઈસ્રાએલી પુરુષોની
નોંધણી કર અને તેમની સંખ્યા ગણ. 41અને તું એ પ્રથમજનિત
ઈસ્રાએલના પુરુષોની અવેજીમાં મને લેવીઓ સમર્પી દે. હું
યહોવા છું, એજ રીતે ઈસ્રાએલીઓનાં ઢોરના પ્રથમ વેતરના
વાછરડાના અવેજીમાં લેવીઓનાં ઢોર મને સોંપી દે."

42યહોવાના કહ્યાં મુજબ મૂસાએ ઈસ્રાએલીઓના
પ્રથમજનિત પુત્રોની યાદી તૈયાર કરી. 43એક મહિનાના
અને તેની ઉપરના પ્રથમજનિત પુત્રોની નામવાર યાદી કરી
તો તેમની કુલ સંખ્યા 22,273 થઈ.

44ત્યાર પછી યહોવાએ મૂસાને કહ્યું, 45"'બધા પ્રથમજનિત
ઈસ્રાએલીઓના પુરુષોની અવેજીમાં મને લેવીઓ આપ;
અને ઈસ્રાએલીઓનાં ઢોરના પ્રથમ વેતરનાં વાછરડાંના
બદલામાં લેવીઓનાં ઢોર સોંપી દે. 46લેવીઓની સંખ્યા કરતાં
ઈસ્રાએલીઓના પ્રથમજનિત પુત્રોની સંખ્યા 273 જેટલી
વધુ છે. એટલે તું તેઓને એ વધારાના પુત્રોને છોડાવી લેવા
કહે. 47અધિકૃત માપ પ્રમાણે ખંડી લેવાના પ્રત્યેક પુરુષ દીઠ
5 શેકેલ ચાંદી આપવી. 48અને તે નાણાં તારે હારુનને અને
તેના પુત્રોને આપવાં.'"

49ઈસ્રાએલના પ્રથમજનિત પુરુષો લેવીઓના પુરુષો કરતા
273 વધારે હતા: આ વધારાના પ્રથમ જનિતોને છોડાવવાં
મૂસાએ ઈસ્રાએલીઓ પાસેથી નાણાં એકઠા કર્યા. 50અધિકૃત
માપ અનુસાર એ રકમ 1,365 શેકેલ ચાંદી જેટલી હતી.
51યહોવાએ આજ્ઞા કરી હતી તે મુજબ મૂસાએ એ રકમ
હારુનને અને તેના પુત્રોને આપી દીધી.

## કહાથના વંશજોની ગણતરી અને કર્તવ્યો

4 યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, 2–3"લેવીના
કુળસમૂહમાં કહાથના કુળસમૂહના તેઓના કુટુંબો
પ્રમાણે તથા તેઓના પિતાઓના ઘર પ્રમાણે ત્રીસથી પચાસ
વર્ષની ઉમર ના મુલાકાતમંડપમાં સેવા કરવા લાયક બધા
પુરુષોની કુટુંબવાર નોંધણી કરો. 4કહાથના કુળસમૂહોએ
મુલાકાતમંડપને લગતી નીચે મુજબની સેવાઓ કરવાની છે
જે પરમપવિત્ર વસ્તુઓને લગતી છે.

5"જયારે છાવણીનો મુકામ ઉપાડવાનો સમય આવે ત્યારે
હારુન અને તેના પુત્રોએ પવિત્ર કરારકોશ આગળનો પડદો
ઉતારી લઈ તેનાથી પવિત્રકોશને ઢાંકી દેવો, 6ત્યારબાદ તેઓ
બકરાના કુમાશદાર ચામડા વડે પડદાને ઢાકે, બકરાના
ચામડાને ભૂરા જાંબુડિયાં રંગના કપડાથી ઢાંકે અને
પવિત્રકોશને ઉપાડવાના દાંડા તેની કડીઓમાં નાખે.

7"પછી તેઓએ નૈવેધની રોટલી ધરાવવાના બાજઠ ઉપર
એક ભુરા જાંબૂડિયા રંગનું કાપડ પાથરી દેવું, અને થાળીઓ,
ચમચા, વાટકા, ધૂપદાની અને પેયાર્પણ અને ખાસ રોટલો
હમેશા તેની ઉપર હોવો જોઈએ. 8નૈવેધની રોટલી તેના
ઉપર રાખવી, અને એ બધા ઉપર કિરમજી રંગનું કાપડ
પાથરવું. કિરમજી રંગના આ કપડા ઉપર બકરાનું ચામડું
ઢાંકવું, અને પછી ઊચકવા માટેના દાંડા દાખલ કરવા.

9"ત્યારબાદ તેઓએ એક ભૂરા જાંબૂડિયા રંગનું કપડું લઈ
તેના વડે દીપવૃક્ષ, દીવાઓ, ચીપિયા, તાસકો અને દીવામાં
વપરાતા તેલપાત્રોને ઢાંકવાં. 10તે પછી આ બધીજ વસ્તુઓ
સહિત એ દીવીને કુમાશદાર ચામડામાં લપેટીને તેમને લઈ
જવા માટેની પાલખી ઉપર મૂકી દેવી.

11"પછી તેઓએ સોનાની વેદી ભૂરા જાંબૂડિયા રંગના
કપડાથી ઢાંકવી, તેઓએ તેને બકરાના કુમાશદાર ચામડાથી
ઢાંકવું અને તેને ઊચકવાના દાંડા દાખલ કરી દેવા.

12"પછીપવિત્રજગ્યામાંઉપાસનામાંવપરાતાં બધાં વાસણો
ને ભૂરા રંગનું કાપડ ઢાંકવું અને તેના ઉપર બકરાનું કુમાશદાર
ચામડું ઢાંકી દેવું અને તેને પાલખી ઉપર મૂકવાં. 13ત્યારબાદ
તેમણે વેદી ઉપરથી રાખ સાફ કરી નાખવી અને તેના ઉપર
જાંબૂડિયા રંગનું કપડું ઢાંકવું. 14અને વેદીની ઉપાસનામાં
વપરાતાં સર્વ વાસણોને–દેવતા ભરવાની તબકડી, ચીપિયા,
પાવડી અને પાણી છાંટવાના ડોયા–વગેરે ઉપર બકરાનું
કુમાશદાર ચામડું ઢાંકવું અને પછી ઉપાડવાના દાંડા દાખલ
કરવા. 15હારુન અને તેના પુત્રો મુકામ ઉપાડતી વખતે
પવિત્રસ્થાનને અને તેની બધી સાધનસામગ્રીને ઢાંકે અને
તે પછી કહાથના કુળોએ તે ઉપાડવા માટે હાજર થઈ જવું,
અને જયાં છાવણી કરવાની હોય ત્યાં બધું લઈ જવું; પરંતુ
તેઓએ પવિત્ર વસ્તુઓને અડવું નહિ, અડે તો રખેને તેઓ
મૃત્યુ પામે. કહાથના કુળોએ મુલાકાતમંડપમાંથી વસ્તુઓ
ઉપાડવાનું પવિત્રકાર્ય કરવાનું છે.

16"યાજક હારુનના પુત્ર એલઆઝારે દીવાના તેલની, સુવાસિત સુગંધીની, રોજના ખાદ્યાર્પણ તથા અભિષેકના તેલની જવાબદારી બજાવવાની છે, તથા સમગ્ર પવિત્રમંડપ અને તેમાંની સર્વ વસ્તુઓની સંભાળ રાખવાની જવાબદારી પણ તેમણે જ કરવાની છે."

17પછી યહોવાએ મૂસાને તથા હારુનને કહ્યું, 18"તમારે કહાથના કુળસમૂહના કુટુંબોના લેવીઓમાંથી ઉચ્છેદ થવા દેવો નહિ. 19પરમપવિત્ર વસ્તુઓ ઊંચકીને લઈ જતાં મૃત્યુ ન પામે તે માટે તારે આ પ્રમાણે કરવું: હારુને અને તેના પુત્રોએ આવીને પ્રત્યેકને તેમનું કામ અને તેમને જે ઉપાડવાનું હોય તે સુપ્રત કરવું. 20તથા એ પવિત્ર વસ્તુઓ બંધાતી હોય ત્યારે કહાથના કુળસમૂહોએ પવિત્રસ્થાનમાં પ્રવેશ કરવો નહિ, રખેને તેઓની નજર પવિત્ર વસ્તુઓ પર ત્યાં પડે અને તેઓ મૃત્યુ પામે."

## ગેર્શોન–કુટુંબના સેવા કાર્યો

21યહોવાએ મૂસાને કહ્યું, 22"તમારે લેવી કુળના ગેર્શોનના કુળસમૂહોની પણ કુટુંબવાર નોંધણી કરવી. 23પવિત્રમંડપમાં સેવા કરવાને લાયક હોય તેવા ત્રીસથી પચાસ વર્ષની ઉંમર ના જે પુરુષો હોય તેમની નોંધણી કરવી.

24"ગેર્શોનના કુળસમૂહના પુરુષોએ નીચેની વસ્તુઓ ઉપાડવાની સેવા બજાવવાની છે: 25તેમણે પવિત્રમંડપના અંદરના પડદા, પવિત્રમંડપનું બહારનું આવરણ, છત તરીકેનું બકરાના ચામડાનું આવરણ અને પવિત્રમંડપના પ્રવેશદ્વારનો પડદો. 26તથા ચોકના પડદા, પવિત્રમંડપ અને વેદીની આસપાસના ચોકના પ્રવેશદ્વારનો પડદો–દોરડાંઓ, અને એ સર્વને લગતી બધી સાધન–સામગ્રી ઉપાડવાની જવાબદારી તેઓની છે. 27આ બધાં કામો તેમણે હારુન અને તેના પુત્રોની આજ્ઞા મુજબ ગેર્શોનીએ કરવાનાં છે. અને ભાર ઊંચકવાનું પવિત્રમંડપની કે સેવાનું જે કામ સોંપે તે તેઓએ કરવાનું છે. 28ગેર્શોનના કુળસમૂહોએ પવિત્રમંડપની લગતી આ સેવાઓ કરવાની છે, અને યાજક હારુનના પુત્ર ઈથામારે એમના ઉપર દેખરેખ રાખવાની છે."

## મરારી કુટુંબના સેવાકાર્યો

29"પછીથી તમારે મરારીના કુળસમૂહોની કુટુંબવાર નોંધણી કરવાની છે. 30પવિત્રમંડપના પવિત્ર કાર્ય માટે લાયક હોય તેવા30 વર્ષથી 50 વર્ષની ઉંમર ના પુરુષોની ગણતરી તારે કરવાની છે. 31તેમણે પવિત્રમંડપમાંની નીચેની વસ્તુઓ ઉપાડવાની છે: તંબૂનાં પાટિયાં, તેની વળીઓ, થાંભલીઓ અને કૂંભીઓ, 32આંગણાની ચારે બાજુની દીવાલના સ્તંભો, કૂંભીઓ, ખૂંટીઓ, દોરડીઓ અને તેની સાધન સામગ્રી. 33પ્રત્યેક પુરુષને તેણે ઉપાડવાની વસ્તુઓ સોંપવામાં આવે. મરારીના કુળસમૂહો પણ આટલી સેવા કરે. પવિત્રમંડપના તેઓનાં બધાં કામો ઉપર યાજક હારુનના પુત્ર ઈથામારે દેખરેખ રાખવાની ફરજ બજાવવાની છે."

## લેવી પરિવાર

34યહોવાની આજ્ઞા મુજબ મૂસા તથા હારુને અને અન્ય આગેવાનોએ કોહાથના કુળસમૂહોની કુટુંબવાર નોંધણી કરી. 35પવિત્રમંડપની સેવા માટે યોગ્ય એવા 30 વર્ષથી 50 વર્ષની ઉંમર ના સર્વ પુરુષોની નોંધણી કરી.

36તેઓની કુલ સંખ્યા 2,750 થઈ. 37યહોવાની આજ્ઞા અનુસાર મૂસા અને હારુને નોંધણીનું આ કાર્ય કર્યુ.

38એ જ રીતે ગેર્શોનના કુળસમૂહની કુટુંબવાર નોંધણી કરી. 39પવિત્રમંડપની સેવા માટે યોગ્ય એવા 30 વર્ષથી 50 વર્ષની ઉંમર ના બધાજ પુરુષોની નોંધણી કરવામાં આવી. 40તેઓના કુળસમૂહની કુટુંબવાર નોંધણીની કુલ સંખ્યા 2,630 થઈ. 41યહોવાએ આપેલી આજ્ઞા મુજબ મૂસા અને હારુને નોંધણીનું આ કાર્ય કર્યુ.

42મરારી કુળસમૂહની કુટુંબવાર નોંધણી કરી. 43પવિત્રમંડપની સેવા માટે યોગ્ય એવા 30 વર્ષથી 50 વર્ષની ઉંમર ના સર્વ પુરુષોની નોંધણી કરવામાં આવી. 44તેઓની કુટુંબવાર નોંધણી અનુસાર કુલ સંખ્યા 3,200 થઈ. 45યહોવાની આજ્ઞા મુજબ મૂસાએ અને હારુને આ નોંધણીનું કાર્ય કર્યુ.

46આ રીતે મૂસાએ અને હારુને તથા ઈસ્રાએલના સર્વ આગેવાનોએ બધા જ લેવીઓની વંશાનુસાર તથા કુટુંબવાર નોંધણી કરી. 47ત્રીસ વર્ષથી પચાસ વર્ષની ઉંમર ના જે લેવી પુરુષો પવિત્રમંડપની સેવા કરવા તથા તેને ઉપાડી લઈ જવાનું કામ કરવા આવ્યા 48તેઓની કુલ સંખ્યા 8,580 થઈ.

49યહોવાએ મૂસાને આપેલી આજ્ઞા અનુસાર દરેકને સેવાની અને ભાર ઉપાડવાની જવાબદારી સોંપવામાં આવી. આમ, યહોવાએ મૂસાને કરેલી આજ્ઞા અનુસાર તેઓની નોંધણી કરવામાં આવી.

## અછૂતો માટેના નિયમો

5 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલી પ્રજાને તું એવું જણાવ કે, તેઓ પોતાની છાવણીમાંથી બધાજ રક્તપિત્તના દર્દીઓને જેમના શરીરમાંથી સ્ત્રાવ થતો હોય તેમને, તથા જેઓ શબના સ્પર્શથી અશુદ્ધ થયા હોય તેઓને છાવણીમાંથી બહાર કાઢી મૂકે. 3સ્ત્રી હોય કે પુરુષ, બંનેને બહાર કાઢી મૂકવાં, જેથી જે છાવણીમાં હું તમારી વચ્ચે રહું છું તેને તેઓ અશુદ્ધ કરે નહિ."

4યહોવાએ મૂસાને કરેલી આજ્ઞા અનુસાર ઈસ્રાએલીઓએ છાવણી બહાર એ લોકોને કાઢી મૂકયાં.

## પાપોની ભરપાઈ

5યહોવાએ મૂસાને કહ્યું, 6"તું ઈસ્રાએલીઓને કહે કે, જે પુરુષ અથવા સ્ત્રી યહોવાની આજ્ઞાઓનો ભંગ કરીને અન્યને નુકસાન કરે, તો તે દોષિત બને છે, તેથી તેણે તે બદલ પ્રાયશ્ચિત કરવું જ જોઈએ. 7પોતે કરેલાં પાપની તેણે કબૂલાત કરવી અને જેનું તેણે જે કાંઈ નુકસાન કર્યુ હોય તે પૂરેપૂરું

ભરપાઈ કરી આપવા ઉપરાંત વીસ ટકા જેટલું વધારે ચૂકવવું. 8પણ જો જેને નુકસાન કર્યુ છે તે મૃત્યુ પામ્યો હોય અને ક્ષતિપૂર્તી માટે તેનું નજીકનું કોઈ સગું ના હોય તો તે રકમ યહોવાને આપવી અને યાજકને ચૂકવવી અને જે ઘેટો પાપોના પ્રાયશ્ચિત માટે વધેરવા આપવાનો હોય છે, તે ઉપરાંત આ રકમ આપવાની છે.

9"ઈસ્રાએલીઓ દેવને જે કંઈ ખાસ ભેટ ધરાવે છે, તે યાજકની ગણાય છે. 10યાજકોને માણસો જે કોઈ ભેટ આપે છે તે યાજકો પોતાને માટે રાખે."

## વહેમી પતિ અને તેનું નિરાકરણ

11યહોવાએ મૂસાને કહ્યું, 12"ઈસ્રાએલી પ્રજાને તું આ પ્રમાણે કહે: જો કોઈ પુરુષની પત્ની આડે રસ્તે ચડી જાય અને વિશ્વાસઘાતી નીવડે કોઈ પરપુરુષ સાથે સૂઈને વ્યભિચાર કરે, 13પરંતુ તેની સાબિતી ના હોય અને સાક્ષી આપનાર કોઈ ના હોય, 14અને છતાં તેના પતિને તેના પર શંકા જાય; અથવા પત્નીએ વ્યભિચારનું પાપ કર્યુ ના હોય તો પણ તેના પતિના મનમાં વહેમ જાગ્યો હોય, તો પતિએ તેને યાજક પાસે લઈ જવી. 15તેણે 8 વાટકા જવનો લોટ (એક દશાંશ એફાહ) લઈ યહોવાને અર્પણ કરે. તેણે તેના પર તેલ રેડવું નહિ કે ધૂપ પણ મૂકવો નહિ, કારણ કે એ વહેમને કાઢવા ગુનાનું પારખું કરવા માટેનું દાણાર્પણ છે.

16"યાજકે તે સ્ત્રીને યહોવા સમક્ષ રજૂ કરવી. 17પછી યાજકે માટીના પાત્રમાં પવિત્ર જળ લેવું, અને તેમાં પવિત્રમંડપની પવિત્ર ભૂમિ પરની ધૂળ લઈને તેમાં નાખવી. 18પછી તેણે તે સ્ત્રીને યહોવા સમક્ષ ઊભી રાખી તેના વાળ છોડી નાખશે, અને તેણીના હાથમાં ખાદ્યાર્પણ મૂકશે. પતિની ઈર્ષ્યા ને કારણે આપવામાં આવેલો આ જવનો લોટ છે. પછી યાજક નક્કી કરે કે તેના પતિનો વહેમ સાચો છે કે નહિ, યાજકે શ્રાપ આપવા માટેના કડવા જળનું પાત્ર પોતાના હાથમાં રાખવું.

19"ત્યારબાદ યાજકે સ્ત્રી પાસે સમ લેવડાવવા, તેને કહેવું કે, 'જો તેં કુમાર્ગે જઈને કોઈ માણસ સાથે વ્યભિચાર કર્યો ન હોય, તો આ શ્રાપના કડવા જળથી તને કશું જ નુકસાન નહિ થાય. 20પણ જો તેં કુમાર્ગે જઈને કોઈ માણસ સાથે વ્યભિચાર કર્યો હશે તો 21યહોવા તારા નામને તારા લોકમાં શ્રાપરૂપ બનાવી દો. તારી જાંઘોમાં સડો પેદા કરો, અને તારા શરીરને ફુલાવી દો.'

22"આ જળ તારા પેટમાં પ્રવેશીને તેને ફુલાવી દો, અને તારા ગર્ભાશયને સંકોચાવી દો." પછી તે સ્ત્રીએ 'કબૂલ' 'કબૂલ' એમ જવાબ આપ્યો.'

23"પછી યાજકે તે શ્રાપ સૂચિપત્રમાં લખવા અને તેને કડવા જળમાં ધોઈ નાખવા, 24ત્યારબાદ યાજક તે સ્ત્રીને તે પાણી પીવડાવે, જેથી તે ગુનેગાર હોય તો ખૂબ હેરાન થાય.

25"પણ જળ પીવડાવતાં પહેલાં યાજક પાપની કસોટી કરવા ખાદ્યાર્પણને સ્ત્રીના હાથમાંથી લઈને યહોવા સમક્ષ ધરાવીને વેદી ઉપર અર્પણ કરશે. 26એ પછી યાજકે તે ખાદ્યાર્પણમાંથી એક મૂઠી ભરી વેદીમાં હોમવું. અને પછી સ્ત્રીને જળ પાઈ દેવું. 27જો તે સ્ત્રીએ વ્યભિચાર કર્યો હશે તો શ્રાપનું પાણી પેટમાં જતાં જ તેનું પેટ ફૂલી જશે અને તેનું ગર્ભાશય સંકોચાઈ જશે, અને તેનું નામ તેના લોકોમાં શ્રાપરૂપ થઈ પડશે. 28પણ જો તે સ્ત્રી પવિત્ર હશે અને પોતાની જાતને કલંકિત નહિ કરી હોય તો તેને કંઈ પણ હાની થશે નહિ અને થોડા સમય પછી તે ગર્ભ ધારણ કરશે.

29"આ નિયમો સ્વચ્છંદી પત્ની માટે અથવા જેના પર પતિને વહેમ હોય એવી પત્ની માટે છે. 30પછી એ સ્ત્રીએ ખરેખર વ્યભિચાર કર્યો હોય કે ખાલી વહેમ આવ્યો હોય, પતિએ આવી સ્ત્રીને યહોવા સમક્ષ લાવવી અને યાજકે ઉપર દર્શાવેલી રીત અનુસાર નક્કી કરવું. 31પછી સ્ત્રી જો પોતાની સજા ભોગવે તો તે માટે પતિ જવાબદાર ઠરશે નહિ. સ્ત્રી પોતેજ તેના પાપોના પરિણામ માટે જવાબદાર છે."

## નાઝારી વ્રત ધારણ કરવા અંગેના નિયમો

6 યહોવાએ મૂસાને કહ્યું, 2"તું ઈસ્રાએલી પ્રજાને આ પ્રમાણે કહે: જો કોઈ સ્ત્રી કે પુરુષ 'નાઝારી' થઈને યહોવાની સેવા કરવાનું ખાસ વ્રત લે, 3તો યહોવાને કરેલા સમર્પણના પૂર્ણ સમય દરમ્યાન તેણે દ્રાક્ષારસનો અને કેફી પીણાનો ત્યાગ કરવો, તદુપરાંત તેણે દ્રાક્ષમાંથી બનાવેલું કોઈપણ પ્રકારનું પીણું પીવું નહિ, કે દ્રાક્ષ કે કિસમિસ ખાવી નહિ. 4જયાં સુધી તેનું વ્રત ચાલુ હોય ત્યાં સુધી તેણે દ્રાક્ષમાંથી કોઈપણ વસ્તુ દ્રાક્ષના બી કે છાલ પણ ખાવા નહિ!

5"વળી એ સમય દરમ્યાન તેણે વાળ કપાવવા નહિ, કારણ કે તેનું વ્રત ચાલુ હોય છે, અને જયાં સુધી વ્રત પૂરું પૂર્ણ ન થાય ત્યાં સુધી તે દેવને સમર્પિત થયેલો છે તેથી તેણે પોતાના વાળ વધારવા જોઈએ.

6"તેણે લીધેલા વ્રતના સર્વ દિવસો દરમ્યાન તેણે કદી મૃતદેહ નજીક જવું નહિ. 7તેનાં માતા-પિતા કે ભાઈ-બહેન મરી જાય તો પણ તેણે મૃતદેહ નજીક જઈ પોતાની જાતને અશુદ્ધ કરવી નહિ, કારણ તેના માથા ઉપરના વાળ તેના દેવને સમર્પિત થયાની નિશાની છે. 8વ્રતના પૂરા સમય દરમ્યાન તે 'નાઝારી' વ્રતી હોવાથી ત્યાં સુધી તે યહોવાને સમર્પિત થયેલ છે.

9"પરંતુ જો કોઈ વ્યકિતનું અચાનક તેની પડખે જ અવસાન થાય અને તે અશુદ્ધ બને, તો સાત દિવસ પછી તેણે પોતાના અશુદ્ધ થયેલા માથાના વાળ કપાવવા. કારણ કે તે દિવસે તેની શુદ્ધિ થાય છે. 10અને આઠમા દિવસે તેણે પવિત્ર મંડપના પ્રવેશદ્વાર આગળ યાજક સમક્ષ બે હોલા અથવા કબૂતરના બે બચ્ચાં લાવવાં. 11યાજકે એમાનું એક પાપાર્થાર્પણ તરીકે અને બીજું દહનાર્પણ તરીકે ચડાવીને તે માણસના પાપનો પ્રાયશ્ચિતવિધિ કરવો, કારણ કે તે મૃતદેહના સ્પર્શથી અશુદ્ધ થયો હતો.તે સમયે વ્યકિત ફરીથી પોતાના વાળ કપાવ્યા વિના દેવને સમર્પિત કરશે. 12અને તે જ દિવસે તેણે 'નાઝારી'ના વ્રતની નવેસરથી શરૂઆત કરીને વાળ વધારવા. આ અગાઉના તેના સમર્પણના દિવસો ગણવામાં આવશે

નહિ, કારણ, તેનો વ્રતભંગ થયો હતો જેના દોષાર્થાર્પણ રૂપે
તેણે એક વર્ષનું નર હલવાન લાવવું.
13"યહોવાની સેવા માટેના 'નાઝારી' વ્રતનો સમય પૂર્ણ
થતાં તે દિવસે તેણે નીચે પ્રમાણે વિધિ કરવી; તેને
પવિત્રમંડપના પ્રવેશદ્વાર આગળ લઈ જવો. 14અને ખોડ
વિનાના એક વર્ષનાં નર ઘેટાનું દહનાર્પણ, ખોડ વિનાની
એક વર્ષની ઘેટીનું પાપાર્થાપણ અને ખોડ વિનાના નર ઘેટાનું
શાંત્યર્પણ કરવું;
15તથા એક ટોપલી ભરીને મોહેલા લોટની બેખમીર રોટલી
તથા તેલ ચોપડેલા બેખમીર ખાખરા, અને ખાદ્યાર્પણ તથા
પેયાર્પણ તે ચડાવે.
16"યાજકે આ બધું યહોવાને ધરાવવું અને તે માણસનાં
પ્રથમ પાપાર્થાપણ અને દહનાર્પણ ચડવવાં. 17પછી તેણે
નર ઘેટાને યહોવા સમક્ષ શાંત્યાર્પણ તરીકે સમર્પિત કરવું
જ. રોટલીની ટોપલી, ખાદ્યાર્પણ અને પેયાર્પણ સાથે તે
યહોવાને અર્પણ કરશે.
18"નાઝારી' વ્રત ધારણ કરનારે પવિત્રમંડપના પ્રવેશદ્વાર
આગળ વાળ કપાવી નાખવાં, અને એ સમર્પિત કરી
શાંત્યાર્પણની નીચેના અગ્નિમાં હોમી દેવા.
19"વ્રતધારીએ વાળ ઉતરાવ્યા પછી યાજકે નર ઘેટાનો
બાફેલો ખભો તથા ટોપલીમાંથી એક બેખમીર રોટલી અને
એક બેખમીર ખાખરો લઈને તેના હાથમાં મૂકવાં. 20ત્યારબાદ
યાજક અર્પણ તરીકે એ વસ્તુઓ યહોવાની સમક્ષ ઝુલાવે.
એ અર્પણો યાજકને માટેનો પવિત્ર ભાગ ગણાય છે. એની
ઉપરાંત, ઘેટાની છાતીનો ભાગ અને જાંગ દેવને ધરવા આ
અર્પણો પણ યાજકના ગણાય, હવે તે વ્યક્તિ નાઝારી વ્રતમાંથી
મુક્ત થઈને ફરી દ્રાક્ષારસ પી શકે છે.
21"નાઝારી' માટે અને બલિદાનો માટેના આ નિયમો છે.
'નાઝારી' થવાની પ્રતિજ્ઞા લીધી હોય ત્યારે તેણે અન્ય અર્પણો
માટે વચન આપ્યું હોય તો નક્કી કરેલાં બલિદાનો સાથે તે
અર્પણો પણ લાવીને ચડાવવાં."

### યાજકોના આશીર્વાદો

22પછી યહોવાએ મૂસાને કહ્યું, 23"હારુન અને તેના પુત્રોને
કહે કે તેઓ ઈસ્રાએલી પ્રજાને આ ખાસ આશીર્વાદ આપે:
24યહોવા તમને આશીર્વાદ આપો અને તમારું રક્ષણ કરો;
25યહોવાની તમારા ઉપર કૃપાદ્રષ્ટિ અને મહેરબાની થાવ.
26યહોવા તમારા પર પ્રસન્ન હો અને તમને શાંતિ આપો."
27પછી યહોવાએ મૂસાને કહ્યું, "આ રીતે હારુન અને
તેના પુત્રો મારા આશીર્વાદ ઈસ્રાએલી લોકોને આપે અને હું
પોતે વ્યકિતગત મારા આશીર્વાદ તેઓને આપીશ."

### પવિત્રમંડપની સમર્પણ વિધિ

7 જે દિવસે મૂસાએ પવિત્રમંડપ ઊભો કરવાનું કાર્ય
સંપૂર્ણ કર્યુ, તે દિવસે તેણે મંડપનો તેમજ તેમાંની
બધી સાધન-સામગ્રી વેદી તથા તેનાં બધાં સાધનોનો
અભિષેક કરી તેમના બધાં પાત્રોનો અભિષેક કરીને પવિત્ર
કર્યા.
2ત્યારપછી ઈસ્રાએલનાં કુળસમૂહોના આગેવાનોમાંથી
પસંદ કરેલા પુરુષો પોતાનાં અર્પણો લાવ્યા. તેઓ કુળોના
મુખ્ય આગેવાનો હતા અને તેઓએ વસ્તી ગણતરીના કામમાં
મદદ કરી હતી. 3તેમણે યહોવાની સંમુખ બે બળદ જોડેલા
છત્તરવાળા છ ગાડા તેઓ લાવ્યા. બે કુટુંબના વડાઓ દીઠ
એક ગાડુ અને પ્રત્યેક આગેવાન દીઠ એક બળદ. આ બધુ
તેઓએ પવિત્રમંડપમાં પ્રવેશદ્વાર પાસે યહોવાની સમક્ષ
રજૂ કર્યુ.
4પછી યહોવાએ મૂસાને કહ્યું, 5"તેઓની ભેટોનો સ્વીકાર
કર, પવિત્રમંડપની સેવામાં આ ગાડાનો ઉપયોગ કરજે.
લેવીઓને તું એ તેમના કાર્યમાં ઉપયોગ કરે, તે માટે તેમણે
બજાવવાની સેવા અનુસાર સોંપી દેજે."
6તેથી મૂસાએ ગાડાં અને બળદો સ્વીકાર્યા અને લેવીઓને
સોંપી દીધાં. 7તેણે ગેર્શોનના સમૂહને તેઓને જે સેવાઓ
કરવાની હતી તે માટે બે ગાડાં અને ચાર બળદો આપ્યા.
8મરારીના સમૂહે યાજક હારુનના પુત્ર ઈથામારની આગેવાની
હેઠળ જે સેવાઓ કરવાની હતી તેને માટે તેણે તેમને ચાર
ગાડાં અને આઠ બળદો આપ્યા.
9પરંતુ કોહાથના વંશજોને કાંઈ જ આપ્યું નહિ, કારણ કે
તેઓને જે પવિત્ર વસ્તુઓ સોંપવામાં આવી હતી તેની
જવાબદારી તેઓ પોતાના માથે જ રાખતા અને પોતાના
ખભા ઉપર ઊંચકી લેતા હતા.
10જે દિવસે યજ્ઞવેદીને અભિષિક્ત અને સમર્પિત કરવામાં
આવી તે દિવસે આગેવાનો પોતાના અર્પણો લાવ્યા અને
વેદી આગળ રજૂ કર્યા. 11યહોવાએ મૂસાને કહ્યું, "વેદીના
અભિષેક ઉપહારો વારાફરતી એક દિવસે એક જણેજ
ધરાવવા."
12-83પ્રત્યેક વંશના આગેવાન એક સરખાં જ અર્પણ લઈને
આવ્યાં,

પ્રથમ દિવસે 'યહૂદા'ના કુળસમૂહનો આગેવાન આમ્મીનાદાબનો પુત્ર નાહશોન અર્પણ લઈને આવ્યો.

બીજે દિવસે ઈસ્સાખાર વંશનો સુઆરનો પુત્ર નથાનિયેલે અર્પણ લઈને આવ્યો.

ત્રીજે દિવસે ઝબુલોનના વંશનો વડો અને હેલોનનો પુત્ર અલીઆબ અર્પણ લાવ્યો.

ચોથે દિવસે રૂબેન વંશનો શદેઉરનો પુત્ર અલીસૂર અર્પણ લાવ્યો.

પાંચમે દિવસે શિમયોન વંશના વડા સૂરીશાદાયના પુત્ર શલુમીએલે અર્પણ લાવીને ધરાવ્યું.

છઠ્ઠે દિવસે ગાદના વંશના વડા દેઉએલના પુત્ર એલ્યાસાફે અર્પણ લાવીને ધરાવ્યું.

સાતમે દિવસે એફ્રાઈમના વંશના વડા આમ્મીહૂદના પુત્ર અલીશામાએ અર્પણ લાવીને ધરાવ્યું.

આઠમા દિવસે મનાશ્શા વંશના વડા પદાહસૂરના પુત્ર ગમાલ્યેલે અર્પણ લાવીને ધરાવ્યું.

નવમા દિવસે બિન્યામીન વંશના વડા ગિદોનીના પુત્ર અબીદાને અર્પણ લાવીને ધરાવ્યું.

દસમે દિવસે દાનના વંશના વડા આમ્મીશાદાયના પુત્ર અહીએઝેરે અર્પણ ધરાવ્યું,

અગિયારમે દિવસે આશેરના વંશના વડા ઓક્રાનના પુત્ર પાગીએલે અર્પણ લાવીને ધરાવ્યું.

બારમે દિવસે નફતાલીના વંશના વડા એનાનના પુત્ર અહીરાએ અર્પણ લાવીને ધરાવ્યું.

પ્રત્યેકના ઉપહારમાં અધિકૃત માપ પ્રમાણે 130 શેકેલ વજનની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરેલો હતો. તદુપરાંત દશ શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી, તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું, તથા પ્રાયશ્ચિતના બલિ માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન; શાંત્યર્પણ માટે બે બળદ, પાંચ ઘેટાં, પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન હતાં. ઉપરના ક્રમાનુસાર આગેવાનો ઉપર પ્રમાણેનાં અર્પણો લાવ્યાં હતાં.

84આ રીતે વેદીના અભિષેકના પ્રસંગે ઈસ્રાએલના વંશના આગેવાનો સમર્પણવિધિમાં પોતપોતાનાં અર્પણો લાવ્યાં; ચાંદીની 12 કથરોટ, ચાંદીના 12 પ્યાલા, તથા સોનાની 12 ધૂપદાનીઓ, 85ચાંદીની પ્રત્યેક કથરોટનું વજન અધિકૃત માપ અનુસારે 130 શેકેલ હતું, અને ચાંદીના પ્રત્યેક પ્યાલાનું વજન 70 શેકેલ હતું. ચાંદીની કથરોટો અને ચાંદીના પ્યાલાઓનું કુલ વજન 2,400 શેકેલ હતું. 86તદુપરાંત ધૂપથી ભરેલાં 12 સોનાનાં પાત્રો હતાં, તે પ્રત્યેકનું વજન અધિકૃત માપ પ્રમાણે દસ શેકેલ હતું. એ પાત્રોના સોનાનું કુલ વજન મંદિરના માપ પ્રમાણે 120 શેકેલ હતું,

87દહનાર્પણો માટે કુલ 12 બળદો, 12 ઘેટાઓ એક વર્ષની ઉંમર ના 12 હલવાન હતા. પાપાર્થાપણ માટે 12 નર બકરાં પણ હતાં. 88તથા શાંત્યાર્પણ માટે કુલ 24 બળદો, 60 ઘેટાં, 60 બકરાં, અને એક વર્ષની ઉંમરના 60 હલવાન હતા, આ અર્પણો વેદીનો અભિષેક કરી તેના સમર્પણના પ્રસંગે અર્પણ થયા હતા. 89જે સમયે મૂસા યહોવા સાથે વાત કરવા માટે પવિત્રમંડપમાં પ્રવેશ્યો તે સમયે તેણે કરારકોશના ઢાંકણા ઉપરના બે કરૂબ દેવદૂતોની વચ્ચેનો અવાજ સાંભળ્યો. યહોવા આ રીતે તેની સાથે બોલતા હતા.

## દીપવૃક્ષની વ્યવસ્થા

8 યહોવાએ મૂસાને કહ્યું, 2"તું હારુનને જણાવ કે તે દીપવૃક્ષની સાત દીવીઓને પ્રગટાવે ત્યારે તેનો પ્રકાશ દીપવૃક્ષના આગળના ભાગમાં પડે તે ધ્યાનમાં રાખજે."

3હારુને યહોવાની સૂચના પ્રમાણે કર્યુ. તેણે દીવીઓને ઉચિત સ્થાને રાખી અને તેમનું મોઢું એવી રીતે રાખ્યું અને દીપવૃક્ષ નો આગળનો ભાગ પ્રકાશીત કર્યો. આ તેણે દેવે મૂસાને કરેલ આજ્ઞા પ્રમાણે કર્યુ. 4દીપવૃક્ષ તથા ફૂલોથી સુશોભિત તેની બેઠક તથા ડાળીઓ, સંપૂર્ણ સોનાના ઘડેલા હતાં. મૂસાને યહોવાએ દર્શાવેલા નમૂના પ્રમાણે ખૂબ કાળજીપૂર્વક તે બનાવવામાં આવી હતી.

## લેવીવંશીઓનું શુદ્ધિકરણ

5પછી યહોવાએ મૂસાને કહ્યું, 6"હવે બાકીના ઈસ્રાએલીઓમાંથી લેવીઓને અલગ કરીને તારે તેઓની વિધિ પુર્વક શુદ્ધિ કરવી. 7એમની શુદ્ધિ આ મુજબ કરવી: પ્રથમ તેના પર પવિત્ર શુદ્ધિકરણનાં જળનો છંટકાવ કરવો, ત્યારબાદ તેમણે આખા શરીરે મુંડન કરાવવું, કપડા ધોઈ નાખવાં તથા શીરને ધોઈને સ્વચ્છ કરવું ત્યારે તેમની શુદ્ધિ થઈ ગણાશે.

8"ત્યારબાદ તેમણે એક વાછરડું તથા મોયેલા લોટનો ખાદ્યાર્પણ લાવવો, અને સાથે તારે એક બીજો વાછરડો પાપાર્થાર્પણ માટે પણ લેવો, પછી લેવીઓને પવિત્રમંડપ પાસે લાવવા. 9પછી બધા પવિત્રમંડપ આગળ ઈસ્રાએલીઓના સમગ્ર સમાજને ભેગો કરવો. 10અને તું લેવીઓને યહોવા સમક્ષ લાવે ત્યારે ઈસ્રાએલીઓએ પોતાના હાથ લેવીઓના મસ્તક પર મૂકવા, 11પછી હારુને લેવીઓને ઈસ્રાએલીઓ તરફથી ખાસ ઉપહાર તરીકે મને ધરાવવા અને મારી સેવા માટે સમર્પિત કરવા. ઈસ્રાએલી પ્રજાના પ્રતિનિધિ તરીકે લેવીઓ યહોવાની સેવા કરશે.

12"ત્યારબાદ લેવીએ બંને બળદોના માથા ઉપર હાથ મૂકવા અને: એક બળદ પાપાર્થાર્પણ તરીકે અને બીજો દહનાર્પણ તરીકે યહોવાને ધરાવવા, લેવીઓને શુદ્ધ કરવા માટે પ્રાયશ્ચિત કરવાની આ વિધિ છે. 13પછી સર્વ લેવીઓને હારુન અને તેના પુત્રો સમક્ષ ઉભા કરવા અને યહોવાને ઉપાસના તરીકે ધરાવવાં. 14આ રીતે તારે લેવીઓને બીજા ઈસ્રાએલીઓથી અલગ કરીને વિધિસર મને અર્પણ કરવા જેથી લેવીઓ મારા પોતાના થશે.

15"આ પ્રમાણે લેવીઓનું શુદ્ધિકરણ અને સ્વાર્પણ થયા પછી જ તેઓ પવિત્રમંડપમાં સેવા કરવાનું શરૂ કરી શકે. તારે લેવીઓની શુદ્ધિ કરીને મને સમર્પિત કરવા. 16કારણ કે બધાંજ ઈસ્રાએલીઓ તરફથી તેઓ મને ઈનામરૂપે અપાયેલા છે. તેથી તેઓ મારા પોતાના છે. ઈસ્રાએલી કુળના સર્વ પ્રથમજનિતોના બદલામાં મેં લેવીઓનો સ્વીકાર કર્યો છે. 17કારણ કે ઈસ્રાએલીઓનું પ્રથમજનિત બાળક પછી તે મનુષ્યનું હોય કે પશુનું હોય, મારું છે, જે દિવસે મેં મિસરના એકેએક પ્રથમજનિત બાળક, પછી તે મનુષ્યનું હોય કે પશુનું હોય, સર્વને મારી નાખ્યાં, તે દિવસે મેં ઈસ્રાએલનાં પ્રથમજનિત પુત્રોને મેં મારા માટે રાખી લીધાં હતાં. 18હવે મેં ઈસ્રાએલ સમાજના સર્વ જયેષ્ઠ પુત્રોની અવેજીમાં લેવીઓને સ્વીકાર્યા છે, 19હું તેમને હારુનને તથા તેના પુત્રોને ઈસ્રાએલીઓ તરફથી સેવા કરવા અને તેમના બદલે પ્રાયશ્ચિતવિધિ કરવા મુલાકાતમંડપમાં ભેટો તરીકે આપીશ. જેથી જ્યારે ઈસ્રાએલીઓ પવિત્રસ્થાનની પાસે આવે ત્યારે મરકી કે કોઈ મુશ્કેલી તેમના પર ન પડે."

20પછી યહોવાએ મૂસાને લેવીઓનીા દીક્ષાવિધી વિષે જે
સૂચનાઓ આપી હતી તેનો મૂસાએ, હારુને તથા સમગ્ર
ઈસ્રાએલી સમાજે અમલ કર્યો. 21લેવીઓએ પોતાની જાતને
શુદ્ધ કરી અને વસ્ત્રો પણ ધોયાં. હારુને તે સૌને અર્પણ
તરીકે યહોવાને ધરાવી દીધા, અને તેમને શુદ્ધ કરવા માટે
પ્રાયશ્ચિતવિધિ કરીને સૌને શુદ્ધ કર્યા. 22ત્યારબાદ લેવીઓને
પવિત્રમંડપમાં હારુન અને તેના પુત્રોના હાથ નીચે સેવા
કરવાની છૂટ મળી. આમ યહોવાએ લેવીઓ અંગે જે આજ્ઞાઓ
મૂસાને જણાવી હતી તેનું અક્ષરસ: પાલન કરવામાં આવ્યું.

23યહોવાએ મૂસાને કહ્યું, 24"પચ્ચીસ વર્ષની ઉંમરે
લેવીઓ પવિત્રમંડપની સેવા શરૂ કરી શકે. 25પચાસ વર્ષની
ઉંમરે તેઓ સેવામાંથી નિવૃત્ત થાય અને સેવા કરવાનું બંધ
કરે. 26તેઓ પવિત્રમંડપમાં સેવા કરતા પોતાના સાથીને ભલે
મદદ કરે, પણ પોતે નિયમસરની સેવા ન કરે, લેવીઓની
સેવા માટે આ વ્યવસ્થાનું આયોજન કરવું."

### પાસ્ખાપર્વ

9 મિસરમાંથી પ્રસ્થાન કર્યા પછી બીજા વર્ષના પ્રથમ
મહિનામાં ઈસ્રાએલી પ્રજા અને મૂસા સિનાઈના રણમાં
હતા ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલી પ્રજાએ નિયત
સમયે પાસ્ખાપર્વ પાળવાનું છે. 3પાસ્ખાપર્વ પ્રથમ મહિનાના
14માં દિવસની સંધ્યાએ શરૂ થાય છે. તમારે એને લગતા
બધા નિયમો અને વિધિઓનું ચૂસ્તપણે પાલન કરવાનું છે."

4તેથી મૂસાએ ઈસ્રાએલી પ્રજાને પાસ્ખાપર્વ ઉજવવાની
આજ્ઞા કરી. 5ઈસ્રાએલી પ્રજાએ પાસ્ખાપર્વની ઉજવણી
સિનાઈના રણમાં પ્રથમ મહિનાના 14માં દિવસે સંધ્યાકાળે
શરૂ કરી હતી. યહોવાએ મૂસાને સૂચવ્યું હતું તે મુજબ
ઈસ્રાએલીઓએ કર્યુ.

6પરંતુ એવું બન્યું કે કેટલાક માણસો મૃતદેહના સ્પર્શથી
અશુદ્ધ થયા હતા, તેઓ દફનક્રિયામાં હતા તેથી તે દિવસે
પાસ્ખાપર્વ પાળી શકે એમ નહોતું. તેમણે તે જ દિવસે મૂસા
અને હારુનની પાસે જઈને પોતાની હકીકત દર્શાવી. 7"તેઓએ
મૂસાને કહ્યું અમે મૃતદેહના સ્પર્શથી અશુદ્ધ થયેલા છીએ.
સર્વ ઈસ્રાએલીઓ નિયત સમયે યહોવાને બલિદાન અર્પણ
કરે છે. તો અમને શા માટે તેમ કરવાની મનાઈ કરવામાં
આવે છે?"

8મૂસાએ તેમને કહ્યું, "તમારી બાબતમાં યહોવાની આજ્ઞા
શી છે તે હું જાણી લઉં ત્યાં સુધી તમે ધીરજ ધરો."

9યહોવાએ મૂસાને કહ્યું, 10"તારે ઈસ્રાએલીઓને આ પ્રમાણે
કહેવું કે: તમારામાંથી અથવા તમારા વંશજોમાંથી કોઈ
મૃતદેહના સ્પર્શને કારણે અશુદ્ધ થયો હોય અથવા દૂર
પ્રવાસમાં હોય, તો પણ મારા માનમાં પાસ્ખા નીચે પ્રમાણે
પાળી શકે છે. 11આવા લોકો બીજા મહિનાના 14માં દિવસે
સંધ્યાકાળે ઉજવણી શરૂ કરી શકે છે તેઓએ અર્પણ કરેલુ
હલવાન બેખમીર રોટલી તથા કડવી વનસ્પતિ સાથે ખાવું;
12એમાંનું કશું સવાર સુધી રહેવા દેવું નહિ, તેમજ એ બલિના
પશુનું કોઈ હાડકું ભાંગવું પણ નહિ. તેમણે એ પાસ્ખાને
લગતા બધા નિયમો અને વિધિઓનું પાલન કરવું. 13પરંતુ
જો કોઈ વ્યકિત અશુદ્ધ ના હોય કે લાંબા પ્રવાસમાં હોય
અને પાસ્ખાનું પાલન ન કરે, તો તેને તેના લોકોથી જુદો
કરવો. કારણ, એણે નિયત સમયે યહોવાને બલિદાન અર્પણ
નથી કર્યુ, તેથી તે દોષિત ગણાય અને એનું પાપ એણે
ભોગવવું જ જોઈએ.

14"પરંતુ તમારી વચ્ચે કોઈ વિદેશી રહેતો હોય અને તે
પાસ્ખા ઊજવવા ઈચ્છતો હોય તો તેણે પણ એના બધા
નિયમો અને વિધિઓ પ્રમાણે એ ઊજવવું જોઈએ. દેશના
વતનીઓ તથા વિદેશીઓ સૌને માટે એકજ નિયમ છે."

### વાદળ અને અગ્નિ

15જે દિવસે કરારનો પવિત્રમંડપ અને કરારમંડપ ઊભો
કરવામાં આવ્યો તે જ દિવસે તેના પર વાદળે આચ્છાદન
કર્યુ. અને સાંજે વાદળનું સ્થાન અગ્નિએ લીધું અને આખીરાત
તે ઝળહળતો રહ્યો. 16આ પ્રમાણે હંમેશા થતું રહ્યું. દિવસે
વાદળ આચ્છાદન કરતું અને રાત્રે અગ્નિની જેમ ઝળહળતું.
17જયારે જયારે પવિત્રમંડપ પરથી વાદળ હઠી જતું ત્યારે
ત્યારે ઈસ્રાએલી પ્રજા મુકામ ઉઠાવતી, અને આગળ મુસાફરી
કરતી અને જયાં જયાં વાદળ થોભે ત્યાં ત્યાં મુકામ કરતી.
18આમ યહોવાની આજ્ઞા પ્રમાણે તેઓ મુકામ ઉઠાવતા
મુસાફરી કરતા અને મુકામ કરતા. જયાં સુધી વાદળનું
આચ્છાદન લાંબા સમય સુધી રહે તો ત્યાં સુધી તેઓ મુકામ
ચાલુ રાખતા.

19જો વાદળ લાંબા સમય સુધી પવિત્રમંડપ ઉપર રહેતું
તો ઈસ્રાએલી પ્રજા યહોવાની આજ્ઞા માથે ચડવીને આગળ
પ્રવાસ કરતી નહિ અને લાંબા સમય સુધી ત્યાં જ રોકાતી.
20પરંતુ કેટલીક વખત વાદળ થોડા દિવસ જ મુલાકાતમંડપ
ઉપર રહેતું ત્યારે પણ તેઓ યહોવાની આજ્ઞા થતાં મુકામ
કરતા અને યહોવાની આજ્ઞા થતા મુકામ ઉઠાવતા. 21કેટલીક
વખત વાદળ સાંજથી સવાર સુધી રહેતું, સવારે વાદળ હઠતાં
જ તેઓ મુકામ ઉઠાવતા, અને તેને અનુસરતાં. જો તે રાતના
હઠતાં તો તેને અનુસરતા. 22જયાં સુધી વાદળ પવિત્રમંડપ
પર ભલે રહે પછી એ બે દિવસ માટે હોય, એક મહિના
માટે હોય કે એક વર્ષ માટે હોય ત્યાં સુધી ઈસ્રાએલીઓ
મુકામ ઉઠાવતા નહિ; જયારે વાદળ હઠતું ત્યારે જ તેઓ
મુકામ ઉઠાવી પ્રવાસ કરતા. 23આમ તેઓ યહોવાની આજ્ઞા
અનુસાર છાવણી કરતાં અથવા પ્રવાસ કરતા, યહોવા મૂસા
દ્ધારા તેઓને જે આજ્ઞા કરે તે પ્રમાણે તેઓ કરતા.

### ચાંદીનાં રણશિંગડા

10 યહોવાએ મૂસાને કહ્યું, 2"બે ચાંદીનાં ઘડેલાં
રણશિંગડાં બનાવડાવ અને લોકોને ભેગા થવા
કહેવા માટે તથા પડાવને આગળ વધવા કહેવા માટે તેનો
ઉપયોગ કરજે. 3જે સમયે બંને રણશિંગડા વગાડવામાં આવે,
ત્યારે સમગ્ર સમાજે પવિત્રમંડપના પ્રવેશદ્ધાર આગળ તારી
સમક્ષ એકત્ર થવાનું છે. 4પરંતુ જો એકજ રણશિંગડું

વગાડવામાં આવે, તો ફકત ઈસ્રાએલ પ્રજાના કુળોના મુખ્ય આગેવાનોએ તારી સમક્ષ આવવાનું છે.
5"જયારે પહેલીવાર તૂટક તૂટક રણશિંગડાં વગાડવામાં આવે, ત્યારે પૂર્વ દિશામાં નાખેલી છાવણીઓએ કૂચ કરવી.
6બીજી વખતે રણશિગડાં તૂટક તૂટક વાગે ત્યારે દક્ષિણ દિશામાંની છાવણીએ કૂચ કરવી. આમ મુકામ ઉઠાવવાના સંકેત તરીકે તૂટક તૂટક રણશિંગડું વગાડવું.
7પણ ઈસ્રાએલ સમાજને સભા માટે એકત્ર થવા જણાવવું હોય તો એકધારું રણશિંગડું વગાડવું.
8હારુનના વંશજોએ એટલે કે યાજકોએ જ રણશિંગડાં વગાડવાનાં છે. આ કાયમી કાનૂનનો અમલ તમારે પેઢી દરપેઢી કરવાનો છે.
9"તમારી ભૂમિમા દુશ્મનો સાથે લડતા પહેલાં જોરથી રણશિંગડાં ફૂંકો, ત્યારે યહોવા રણશિંગડાંનો અવાજ સાંભળશે, અને તમને યાદ કરશે અને તમને તમારા દુશ્મનોથી બચાવશે.
10વળી ઉત્સવો વખતે, દર અમાસના દિવસે તેમજ તમે દહનાર્પણ અને શાંત્યાર્પણ ધરાવો તે દિવસે પણ રણશિંગડાં વગાડવાં, યહોવા તમને સંભારે તે માટે આમ કરો. હું તમારો દેવ યહોવા, તમને સંભારીશ. "

### કૂચનો ક્રમ

11ઈસ્રાએલીઓ મિસરમાંથી પ્રસ્થાન કરી આવ્યા તેના બીજા વર્ષના બીજા મહિનાના વીસમા દિવસે કરારના પવિત્રમંડપ ઉપરથી વાદળ હઠી ગયું અને
12ઈસ્રાએલી પ્રજાએ સિનાઈના રણમાંથી કૂચ શરૂ કરી, ત્યાં તો પારાનના રણમાં વાદળ પાછું સ્થીર થયું.
13યહોવા તરફથી મૂસાને યાત્રા સંબંધી સૂચનાઓ મળ્યા પછીની તેઓની આ પ્રથમ યાત્રા હતી.
14કૂચ વખતે યહૂદાના વંશના ધ્વજ નીચેનું સૈન્ય પ્રથમ ચાલતું: અમ્મીનાદાબનો પુત્ર નાહશોન તેમનો આગેવાન હતો.
15તેઓની પાછળ ઈસ્સાખારનાં કુળસમૂહનું સૈન્ય હતું, જેનો આગેવાન સુઆરનો પુત્ર નથાનિયેલ હતો.
16અને હેલોનના પુત્ર અલીઆબની સરદારી હેઠળ ઝબુલોનના કુળસમૂહનું સૈન્ય હતું.
17ત્યાર પછી પવિત્ર મંડપ ઉઠાવી લેવામાં આવતો અને તેને ઉપાડનાર ગેર્શોમ તથા મરારીના વંશજો કૂચ કરતા. પવિત્રમંડપને ઉતારીને તેઓ પોતાના ખભા ઉપર ઊચકીને ચાલતા હતા.
18એ પછી રૂબેનના કુળસમૂહના ધ્વજ હેઠળની સેના કુટુંબવાર કૂચ કરતી: શદેઉરનાં પુત્ર અલીસૂરની સરદારી હેઠળ રૂબેનના કુળસમૂહોનું સૈન્ય હતું.
19તેમની પાછળ સુરીશાદાઈના પુત્ર શલુમીએલની સરદારી હેઠળ શિમયોનના કુળસમૂહોની સેના હતી.
20અને તે પછી દેઉએલના પુત્ર એલ્યાસાફની સરદારી હેઠળ ગાદના કુળસમૂહોનું સૈન્ય હતું.
21તેઓની પાછળ કોહાથના વંશજો પવિત્રસ્થાનમાંની વિવિધ સાધનસામગ્રી ઊચકીને ચાલતા હતા. તેઓ બીજે મુકામે પહોંચે તે પહેલાં ત્યાં પવિત્રમંડપ ઊભો કરી દેવામાં આવતો.
22તેમની પાછળ એફ્રાઈમના વંશના ધ્વજ હેઠળનું સૈન્ય કૂચ કરતું. આમ્મીહુદના પુત્ર અલીશામાની સરદારી હેઠળ એફ્રાઈમના વંશજોનું સૈન્ય હતું.
23તે લોકોની પાછળ પદાહસૂર ના પુત્ર ગમાલ્યેલની ગણતરી હેઠળ મનાશ્શાના કુળસમૂહોનું સૈન્ય હતું.
24ગિદયોનીના પુત્ર અબીદાનની સરદારી હેઠળ બિન્યામીનના કુળસમૂહોનું સૈન્ય હતું.
25છેક છેવટે રક્ષક તરીકે દાનના વંશના ધ્વજ હેઠળ બધી સેનાઓના રક્ષક તરીકે ટુકડીવાર કૂચ કરતી. આમ્મીશાદાયનો પુત્ર અહીએઝેર તે ટુકડીનો આગેવાન હતો, તેની સરદારી હેઠળ દાનના કુળસમૂહોની ટુકડી હતી.
26ઓક્રાનના પુત્ર પાગીએલની સરદારી હેઠળ આશેરના કુળસમૂહોની ટુકડી હતી.
27અને એનાનના પુત્ર અહીરાની સરદારી હેઠળ નફતાલીના કુળસમૂહોની ટુકડી હતી.
28હંમેશા આ ક્રમમાં જ ઈસ્રાએલના કુળ ટુકડીવાર કૂચ કરતા.
29એક દિવસ મૂસાએ પોતાના સસરા મિધાની રેઉએલના પુત્ર હોબાબને કહ્યું, "છેવટે દેવે અમને જે દેશ આપવાનું વચન આપ્યું હતું ત્યાં જવા માટે અમે પ્રસ્થાન કરીએ છીએ. તમે પણ અમારી સાથે ચાલો. અમે તમારા શુભચિંતક બનીશું; કારણ કે યહોવાએ ઈસ્રાએલને અદભુત સુરક્ષા અને જનસમૂહ માટે વચનો આપ્યાં છે."
30હોબાબે પ્રત્યુત્તર આપ્યો, "ના, હું તમારી સાથે નહિ આવું. હું તો મારા પોતાના દેશમાં મારાં સગાંઓ પાસે પાછો જઈશ."
31મૂસાએ વિનંતી કરી કહ્યું, "અમને છોડીને ન જશો, કારણકે રણમાં કેવા રસ્તાઓ છે તે તું જાણે છે, કયાં મુકામ કરવો તે પણ તમે જાણો છો એટલે તમે તો અમારી આંખ બની રહેશો.
32અને જો તમે અમારી સાથે આવશો તો યહોવા અમને જે સુખસંપત્તિ આપશે તેમાં અમે તમને ભાગીદાર બનાવશું."

### આગેકૂચ

33અને હોબાબ સંમત થયો ત્યાર બાદ તેમણે યહોવાના સિનાઈ પર્વતથી નીકળી ત્રણ દિવસ યાત્રા કરી. તે ત્રણે દિવસ દરમ્યાન યહોવાના પવિત્ર કોશ તેમને માટે મુકામ કરવાની જગ્યા શોધવા સૌથી આગળ રહેતો.
34જયારે તેઓ મુકામ ઉઠાવતા ત્યારે તે દિવસે યહોવાનું વાદળ તેમના ઉપર ઝૂમતું રહેતું.
35જયારે જયારે કરારકોશ ચાલી નીકળતો ત્યારે મૂસા પોકાર કરતો; "હે યહોવા, તમે ઊઠો અને તમારા દુશ્મનોને વેરવિખેર કરી નાખો, અને તમારો તિરસ્કાર કરનારને હાંકી કાઢો."
36અને જયારે કરારકોશને નીચે મૂકવામાં આવતો ત્યારે તે કહેતો;
"લાખો ઈસ્રાએલીઓ વચ્ચે, ઓ યહોવા, પાછા પધારજો."

### લોકોની ફરિયાદો

11 લોકો પોતાની હાડમારીઓની ફરિયાદો યહોવા સમક્ષ કરવા લાગ્યા. યહોવા તે સાંભળીને તેમના

પર ગુસ્સે થયો. યહોવાનો અગ્નિ છાવણીના છેવાડેના લોકો
વચ્ચે ભડભડી ઊઠયો અને તેનો છેડો બળી ગયો.
2લોકોએ મૂસાને સહાય માટે પોકાર કરી, તેથી તેણે લોકો
માટે યહોવાને પ્રાર્થના કરી તેથી અગ્નિ શાંત થઈ ગયો.
3ત્યારબાદ તે જગ્યાનો વિસ્તાર તાબએરાહ નામે પ્રચલિત
થયો. કારણ, ત્યાં યહોવાનો અગ્નિ તે લોકોની વચ્ચે ભડભડી
ઊઠયો હતો.

## સિત્તેર વડીલો

4ઈસ્રાએલીઓ સાથેના કેટલાક લોકો સારું સારું ખાવાના
લાલચુ હતા તેઓને મિસરનો ખોરાક યાદ આવ્યો.
ઈસ્રાએલીઓમાં પણ અસંતોષ વધતાં તેઓએ રોદણાં રડવા
લાગ્યા. "અરે! અમને ખાવા માટે માંસ કોણ આપશે?
5મિસરમાં તો અમે મફતમાં મજાથી માછલીઓ ખાતાં હતાં,
ત્યાં તો કાકડી, તરબૂચ, ડુંગળી અને લસણ પણ મળતાં
હતા! 6અહીં તો અમારા શરીર દિવસે દિવસે નબળા પડી
ગયા છે. દરરોજ ફકત આ માન્નાજ અમને મળે છે." 7માન્નાનુ
કદ ધાણાના દાણા જેટલું હતું. તેનો રંગ પીળાશ પડતો ધોળો
હતો. 8લોકો ખેતરમાં ફરીને માન્ના વીણીને એકત્ર કરી લાવતા
અને ઘંટીમાં દળતા અથવા ખાંડણિયામાં ખાંડી લેતા અને
લોટ બનાવીને તેને તપેલીમાં બાફીને તેની ભાખરી બનાવતા.
9એનો સ્વાદ મોણ નાખેલી ભાખરી જેવો લાગતો. રાતના
સમયે છાવણી ઉપર ઝાકળ પડતું ત્યારે તેની સાથે માન્ના
પણ પડતું.

10મૂસાએ બધા લોકોને પોતપોતાના તંબૂના બારણા આગળ
ઊભા રહીને રોદણાં રડતા સાંભળ્યા. યહોવાનો ક્રોધ ભભૂકી
ઊઠતા મૂસા પણ ભારે ચિંતામાં પડયો. 11મૂસાએ યહોવાને
કહ્યું, "તમે મારી આવી ભૂંડી દશા શા માટે કરી? તમને દ્વિધા
થાય એવું મે શું કર્યુ છે? સમગ્ર ઈસ્રાએલી લોકોની જવાબદારી
લેવા તમે મને કેમ પસંદ કર્યો? 12શું હું તેઓનો પિતા છું? શું
તે બધાં મારાં બાળકો છે? તમે તેઓના પિતૃઓને જે દેશ
આપવાનું વચન આપ્યું હતું તે દેશમાં તમે, કોઈ ધાવણા
બાળકને છાતીએ વળગાડીને લઈ જાય તેમ તેઓની સંભાળ
રાખવાનું કાર્ય મને શા માટે સોંપ્યું છે? 13આ બધા લોકોને
માટે મને માંસ કયાંથી મળી શકે? તેઓ રૂદન કરીને મને
કહે છે; 'અમને માંસ આપો.' પણ મારે આ લોકો માટે માંસ
લાવવું કયાંથી? 14હવે હું એકલો આ સમગ્ર પ્રજાનો ભાર
સહન કરવા અસમર્થ છું. 15જો મારી પાસેથી તમે આ બધું
કામ કરાવવા માગતા હો તો કૃપા કરીને હમણા જ મને મારી
નાખો; તમે મારા ઉપર ભલાઈ કરતા હો તો મને આગળ
પણ દુ:ખ ન જોવા દેતા."

16પછી યહોવાએ મૂસાને કહ્યું, "ઈસ્રાએલના 70 વડીલોને
મારી સમક્ષ મુલાકાતમંડપ આગળ લઈ આવ જેમને વિષે
તમને ખાતરી હોય, અને ત્યાં તારી સાથે ઊભા રહેવાનું
તેઓને કહે. 17હું નીચે ઊતરીને ત્યાં આવીશ અને તારી
સાથે વાત કરીશ, મેં તને જે આત્મા આપ્યો છે તેમાથી થોડો
લઈને હું એ લોકોને આપીશ તેથી તેઓ પણ તારી સાથે
લોકોનો ભાર ઊચકશે, પછી તારે એકલાએ તે ભાર સહન
કરવો પડશે નહિ."

18યહોવાએ મૂસાને કહ્યું, "તું લોકોને આ પ્રમાણે કહે;
'દેહશુદ્ધ કરી આવતીકાલને માટે તૈયાર થાઓ, તમને માંસ
ખાવા મળશે, તેઓને એ પણ કહે કે, યહોવાએ તમને રડતાં
અને ફરિયાદ કરતાં સાભળ્યાં છે કે, 'અમને માંસ કોણ
આપશે? અમે મિસરમાંજ સારા હતાં!' તે તમને માંસ આપશે
ને તમે તે જમશો. 19એક દિવસ કે બે દિવસ નહિ, પાંચ,
દશ કે વીસ દિવસ નહિ, 20પરંતુ એક મહિના સુધી, તમે
એનાથી કંટાળી જાઓ, તમને ચીતરી ચડે ત્યાં સુધી તમારે તે
જમવું પડશે. કારણ કે તમે તમારી વચ્ચે વસતા યહોવાનો
અનાદર કર્યો છે, અને તેમની આગળ એમ કહીને રોદણાં
રડયા છો કે, 'અમે મિસર છોડીને ન આવ્યા હોત તો સારું
થાત.'"

21મૂસાએ કહ્યું, "અત્યારે અહીં મારી સાથે 6,00,000 પુરુષો
કૂચ કરી રહ્યા છે 'અને તમે એમને એક આખા મહિના સુધી
માંસ આપવાનું વચન આપો છો?' 22અરે! અમે અમારાં
બધાંજ ઘેટાં બકરાં તથા ઢોરઢાંખર કાપીએ, તો પણ તેમાંથી
આટલું બધું માસં મળી શકે નહિ. દરિયાની બધી માછલીઓ
પકડીએ તો પણ તે પૂરી પડે નહિ."

23યહોવાએ મૂસાને કહ્યું, "મારી શકિત તો અમર્યાદિત
છે, તું હમણાં જ જોશે કે, મારું વચન સાચું સાબિત થાય છે
કે નહિ."

24પછી મૂસાએ બહાર આવીને યહોવાએ જે કહ્યું હતું તે
લોકોને કહી સંભળાવ્યું. તેણે લોકોમાંથી 70 વડીલો પસંદ
કરીને ભેગા કર્યા. અને તેઓને તંબૂની આજુબાજુ ઊભા
રાખ્યા. 25ત્યારબાદ યહોવા વાદળમાંથી ઊતરી આવ્યા અને
મૂસા સાથે વાત કરી, પછી તેમણે મૂસાને જે આત્મા આપ્યો
હતો તે લઈ અને તે 70 વડીલોને આપ્યો એટલે તેમનામાં
આત્માનો સંચાર થયો. એટલે થોડા સમય સુધી પ્રબોધકના
જેવા ભાવાવેશમાં પ્રબોધ કર્યો, પણ તે દશા લાંબો સમય
ટકી નહિ.

26પરંતુ સિત્તેર પસંદગી પામેલા વડીલોમાંથી બે એલ્દાદ
અને મેદાદ હજુ છાવણીમાં જ હતા, તેઓ તંબૂ આગળ ગયા
નહોતા તેમ છતાં તેમનામાં પણ આત્માનો સંચાર થયો જેણે
તેમને પ્રબોધ કરાવ્યો. 27એક યુવાને દોડી જઈને મૂસાને
કહ્યું કે, "એલ્દાદ અને મેદાદ છાવણીમાં પ્રબોધકના જેવા
ભાવાવેશમાં પ્રબોધ કરી રહ્યા છે."

28નૂનના પુત્ર યહોશુઆ, જે નાનો હતો ત્યારથી મૂસાની
સેવામાં રહ્યો હતો, તેણે વિરોધ દર્શાવતાં કહ્યું, "મારા ધણી
મૂસા,મહેરબાની કરી તેમને રોકો."

29પણ મૂસાએ પ્રત્યુત્તર આપ્યો, "શું તને મારી પ્રતિષ્ઠાની
ચિંતા છે? હું તો ઈચ્છું છું કે યહોવાના બધા લોકો પ્રબોધકો
થાય. યહોવા સૌને આત્મા આપે."

30ત્યારબાદ મૂસા તથા સિત્તેર આગેવાનો છાવણીમાં પાછા
ગયા.

### લાવરીઓની વર્ષા

31એના પછી તરત યહોવાએ પવનને મોકલ્યો, અને તે
દરિયામાંથી તેની સાથે લાવરીઓને ઉપાડી લાવ્યો. લાવરીઓ
છાવણીમાં તથા તેની આસપાસ ઘસડાઈને પડવા લાગી.
તેઓએ જમીનને ત્રણ ફુટ ઉંડી ઢાંકી દીધી. માણસ એક
દિવસમાં જેટલું અંતર કાપી શકે તેટલાં અંતરમાં દરેક દિશામાં
લાવરીઓ ફેલાયલી હતી. 32તેથી લોકોએ તે આખો દિવસ
અને આખી રાત અને પછીનો આખો દિવસ લાવરીઓ
ભેગી કરી. કોઈપણ વ્યકિતએ દશ હોમેરથી ઓછી લાવરીઓ
ભેગી કરી ન્હોતી. તેઓએ તેને છાવણીની ફરતા સુકાવા
માટે ફેલાવી દીધી.

33પણ હજું માંસ તેમના દાંત વચ્ચેજ હતું. તેમણે ચાવ્યું
પણ નહોતું ત્યાં તો તેમના ઉપર યહોવાનો રોષ ભભૂકી
ઊઠયો; છાવણીમાં ભયંકર રોગનો ઉપદ્રવ ફાટી નીકળ્યો.
મરકીમાં અસંખ્ય લોકો મૃત્યુ પામ્યા. 34તેથી તેમણે એ જગ્યાનું
નામ 'કિબ્રોથ–હાત્તાવાહ' એટલે કે લાલચુઓની કબરો પાડયું.
કારણ કે ત્યાં લોકોએ માંસની અને મિસરની લાલસા
કરનારાઓને દફનાવ્યા હતા.

35ત્યારબાદ તે લોકોએ તે સ્થળનો ત્યાગ કર્યો અને યાત્રા
કરીને હસેરોથ આવ્યા, અને ત્યાં તેઓએ થોડા સમય માટે
મુકામ કર્યો.

### મરિયમ અને હારુનની ઈર્ષ્યા

12 મૂસા એક કુશી સ્ત્રીને પરણ્યો હતો. એકવાર
મરિયમ અને હારુને મૂસાની ટીકા કરી, કેમકે તે
તેને પરણ્યો. 2તેઓએ કહ્યું, "શું ફકત મૂસા સાથેજ યહોવાએ
વાત કરી છે? તેમણે શું આપણી સાથે પણ વાત નથી કરી?"

યહોવાએ તેમના આ શબ્દો સાંભળ્યા. 3મૂસા તો ખૂબ
નમ્ર માણસ હતો એના જેવો નમ્ર માણસ વિશ્વમાં પણ મળે
નહિ. 4યહોવાએ તાત્કાલિક મૂસા, હારુન અને મરિયમને
મુલાકાતમંડપમાં હાજર થવા આજ્ઞા કરી; "તમે ત્રણે જણ
અહીં આવો."

તેથી તેઓ યહોવા સમક્ષ ઊભા રહ્યા. 5પછી તંબૂના
પ્રવેશદ્વાર પાસે યહોવા વાદળના સ્તંભમાં નીચે ઊતર્યા,
અને તંબૂના પ્રવેશદ્વાર આગળ ઊભા રહી તેમણે "હારુનને
અને મરિયમને" બોલાવ્યાં 6"જ્યારે તે બંને જણ આગળ
ગયાં એટલે દેવે કહ્યું, "હું કહું તે ધ્યાનથી સાંભળો.
"પ્રબોધકોની સાથે હું સ્વપ્નમાં દર્શન આપીને વાત કરું છું.
7પરંતુ મારા સેવક મૂસાની વાત તો ન્યારી છે. મારું આખું
ઘર મેં એના વિશ્વાસે છોડયું છે. 8હું એની સાથે તો મોઢામોઢ
વાત કરું છું, હું ચોખ્ખી વાત કહું છું, મર્મોમાં બોલતો નથી,
તેણે મારું સ્વરૂપ નિહાળ્યું છે. તો પછી મારા સેવક મૂસાની
ટીકા કરતાં તમને ડર કેમ લાગતો નથી?"

9પછી યહોવાનો કોપ તેમના પર ઉતર્યો અને તેઓ ત્યાંથી
ચાલ્યા ગયા. 10તંબૂ પરથી વાદળ હઠી જતાંની સાથેજ
મરિયમને કોઢ ફૂટી નીકળ્યો અને તેની ચામડી કોઢથી ધોળી
થઈ ગઈ. હારુને તે જોયું.

11ત્યારે તેણે મૂસાને પોકાર કર્યો, "મારા ધણી, દયા કરીને
મૂર્ખાઈમાં અમે જે પાપ કરી બેઠાં છીએ તેને માટે અમને
શિક્ષા કરશો નહિ. 12જન્મ વખતે જ જેનું અડધું માંસ ખવાઈ
ગયું હોય એવા મરેલા જન્મેલા બળક જેવી એને થવા ન
દેશો."

13એટલે મૂસાએ યહોવાને પોકાર કર્યો, "ઓ દેવ એને
સાજી કરો, હું તમને વિનંતી કરું છું."

14યહોવાએ મૂસાને કહ્યું, "જો તેનો પિતા તેના મુખ પર
થૂંકયો હોત તો સાત દિવસ તે લજ્જીત ગણાત. તેથી તેને
સાત દિવસ છાવણી બહાર એકાંતમાં મોકલો, ત્યારબાદ એને
પાછી છાવણીમાં લઈ આવજો."

15આથી મરિયમને સાત દિવસ સુધી છાવણીની બહાર
જુદી રાખવામાં આવી, અને લોકોએ તે છાવણીમાં પાછી ન
આવી ત્યાં સુધી મુકામ ઉપાડીને આગળ મૂસાફરી કરી નહિ.
16ત્યારબાદ તેમણે હસેરોથથી આગળ પ્રવાસ કર્યો અને
પારાનના રણપ્રદેશમાં મુકામ કર્યો.

### મૂસાએ કનાન દેશમાં મોકલેલા જાસૂસો

13 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2"હું જે કનાની ભૂમિ
ઈસ્રાએલીઓને આપવાનો છું, તેની ફરીને જાસુસી
કરવા માટે માણસો મોકલ. દરેક કુળસમૂહમાંથી એક એક
માણસ જે આગેવાન હોય તેને પસંદ કરીને મોકલ."

3યહોવાની આજ્ઞા અનુસાર પારાનના રણમાંથી મૂસાએ
ઈસ્રાએલીઓના નીચે પ્રમાણેના આગેવાનોને મોકલી આપ્યાં:

4 રૂબેન કુળસમૂહમાંથી જાક્કુરનો પુત્ર શામ્મૂઆ;
5 શિમયોનના કુળસમૂહમાંથી હોરીનો પુત્ર શ્રાપાટ;
6 યહૂદાના કુળસમૂહમાંથી યફુન્નેહનો પુત્ર કાલેબ;
7 ઈસ્સાખારના કુળસમૂહમાંથી યૂસફનો પુત્ર ઈગાલ;
8 એફ્રાઈમના કુળસમુહમાંથી નૂનનો પુત્ર હોશિયા;
9 બિન્યામીનના કુળસમૂહમાંથી રાફુનો પુત્ર પાલ્ટી;
10 ઝબુલોનના કુળસમૂહમાંથી સોદીનો પુત્ર ગાદીએલ,
11 યૂસફના મનાશ્શા કુળસમૂહમાંથી સૂસીનો પુત્ર ગાદી,
12 દાન કુળસમૂહમાંથી ગમાલ્લીનો પુત્ર આમ્મીયેલ.
13 આશેરના કુળસમૂહ તરફથી મિખાયેલનો પુત્ર સથૂર
14 નફતાલીના કુળસમૂહ તરફથી વોફસીનો પુત્ર નાહબી.
15 ગાદના કુળસમૂહમાંથી માખીનો પુત્ર ગેઉએલ,

16મૂસાએ નૂનના પુત્ર હોશિયાનું નામ બદલીને યહોશુઆ
પાડયું.

17મૂસાએ તેઓને ભૂમિની ફરીને તપાસ કરવા મોકલતી
વખતે સૂચનાઓ આપી: "તમે નેગેબની દક્ષિણમાં થઈને
ઉચ્ચ પ્રદેશમાં જાઓ. 18અને ત્યાં જઈને જુઓ કે તે પ્રદેશ

કેવો છે; ત્યાં રહેનારા લોકો કેવા છે-બળવાન છે કે નબળા, વસ્તી વધારે છે કે ઓછી; 19તે દેશની જમીન ઉપજાઉ છે કે નહિ; તેઓ જે શહેરોમાં રહે છે તે અરક્ષિત છે કે કિલ્લેબંદીવાળા નગરો; 20ત્યાંની જમીન ફળદ્રુપ છે કે ઉજ્જડ, ત્યાં જંગલો છે કે નહિ, નિર્ભય થઈને જાઓ અને ત્યાંનાં કેટલાંક ફળોના નમૂના લઈને આવો." એ સમય દ્રાક્ષની ઋતુનો પ્રથમ પાકનો હતો.

21તેઓએ સમગ્ર દેશમાં જઈને સીનના રણથી માંડીને હમાથની ઘાટી પાસે આવેલા રહોબ સુધીનો પ્રદેશ તપાસ્યો. 22ઉત્તર તરફ જતાં તેઓ નેગેબમાંથી પસાર થયા અને હેબ્રોન પહોંચ્યા. ત્યાં તેઓએ રાક્ષસ અનાકના વંશજોના અહીમાન, શેશાઈ અને તાલ્માય કુટુંબોને વસેલાં જોયાં. મિસરમાં સોઆન સ્થપાયું તેના સાત વર્ષ પહેલાં હેબ્રોન સ્થપાયું હતું. 23તેઓ પછી હાલમાં જે એશ્કોલની ખીણ તરીકે ઓળખાય છે ત્યાં આવ્યા. તેઓએ ત્યાં દ્રાક્ષના એક ઝૂમખા સાથેની દ્રાક્ષની વેલની એક ડાળી કાપી લીધી. બે માણસોએ તેને એક વાંસ ઉપર ઉપાડવી પડી, પછી તેમણે દાડમ અને અંજીરના પણ કેટલાક નમૂના ભેગા કર્યા. 24ઈસ્રાએલીઓએ ત્યાંથી દ્રાક્ષનો એક ઝૂમખો કાપી લીધો હોવાથી એ જગ્યાનું નામ ઈશ્કોલનું * કોતર' પાડવામાં આવ્યું.

25તે દેશમાં ફરીને તે લોકોએ 40 દિવસ સુધી તપાસ કરી. પછી પાછા એ લોકો પારાનના રણમાં કાદેશ મુકામે મૂસા અને હારુનની તેમજ સમગ્ર ઈસ્રાએલી સમાજની પાસે પાછા આવ્યા. 26ત્યાં પારાનના રણમાં કાદેશ મુકામે તેમણે તેમની આગળ અહેવાલ રજૂ કર્યો અને તે દેશનાં ફળોનાં નમૂના બતાવ્યાં. 27તેઓએ મૂસાને આ મુજબ કહ્યું, "તમે અમને જે દેશમાં તપાસ કરવા મોકલ્યા હતા ત્યાં અમે ગયા, ત્યાં ખરેખર દૂધ અને મધની રેલમછેલ છે. આ રહ્યાં ત્યાંનાં ફળ. પણ 28ત્યાંના લોકો શકિતશાળી છે, તેઓનાં નગરો વિશાળ અને કિલ્લેબંધીવાળા છે. વળી અમે ત્યાં અનાકના રાક્ષસીઓને પણ જોયા. 29અમાલેકીઓ દક્ષિણમાં રહે છે, હિત્તીઓ, યબૂસીઓ અને અમોરીઓ પહાડી પ્રદેશોમાં રહે છે, અને કનાનીઓ દરિયાકાંઠે અને યર્દનને કાંઠે રહે છે."

30પછી કાલેબે મૂસાની આગળ ઊભા રહેલા લોકોને શાંત પાડ્યા અને કહ્યું, "આપણે, તરત એ દેશનો કબજો લઈએ, આપણે એને જીતી શકવા માટે સાચેજ સમર્થ છીએ."

31પણ તેમની સાથે ગયેલા બીજા જાસૂસોએ કહ્યું, "આપણે એ લોકોને જીતી શકીએ તેમ છે જ નહિ, તેઓ આપણા કરતાં વધુ બળવાન છે." 32 તેમણે તપાસેલી ભૂમિ વિરુદ્ધ ઈસ્રાએલીઓને કહેવાનું તેઓએ શરું કર્યુ; "અમે જે ભૂમિ તપાસી તે શકિતશાળી લોકોથી ભરેલી છે કે જેઓ ત્યાં જતી કોઈપણ વ્યકિતને સરળતાથી હરાવવા સક્ષમ છે. ત્યાં અમે જોયેલા બધા માણસો કદાવર અને બળવાન હતા. 33તદુપરાંત અમે ત્યાં અનાકના વંશજો પુરાતન સમયના રાક્ષસોના વંશજોને પણ જોયા, તેઓ ખૂબ ઊંચા અને કદાવર છે, અને અમે તો તેમની આગળ તીતીઘોડા જેવા છીએ. એમ અમને લાગતું હતું. અને તે લોકોને પણ અમે તીતીઘોડા જેવાજ લાગ્યા હોઈશું."

## બંડખોર લોકોની ફરિયાદો

14 એ સાંભળીને સમગ્ર ઈસ્રાએલી સમાજ મોટે સાદે આખી રાત રુદન કરતો રહ્યો. 2તેઓ બધા મૂસા અને હારુનની વિરુદ્ધ બડબડાટ કરવા લાગ્યા. "આના કરતાં તો અમે મિસરમાં કે અહીં રણમાં જ મૃત્યુ પામ્યાં હોત તો વધારે સારું થાત. 3યહોવા અમને એ દેશમાં શા માટે લઈ જાય છે? ત્યાં અમે યુદ્ધમાં માર્યા જઈશું અને અમારાં અમારી સ્ત્રીઓ તથા બાળકોને તેઓ બાનમાં પકડી લેશે. આના કરતાં તો મિસર પાછા જવું સારું!"

4આમ તેઓ એકબીજાને કહેવા લાગ્યા કે, "ચાલો, આપણે કોઈને આગેવાન તરીકે પસંદ કરીએ અને પાછા મિસર જઈએ."

5આ સાંભળીને મૂસા તથા હારુન ઈસ્રાએલીઓના ભેગા મળેલા સમગ્ર સમાજ સમક્ષ ઊંધે મસ્તકે ભૂમિ પર પડયા. 6અને દેશમાં ફરીને તપાસ કરવા ગયેલામાંના બે જણે, નૂનના પુત્ર યહોશુઆએ તથા યફૂન્નેહના પુત્ર કાલેબે દુ:ખના માર્યા પોતાનાં કપડાં ફાડી નાખ્યાં, 7અને ઈસ્રાએલીઓના સમગ્ર સમાજને ઉદેશીને કહ્યું, "અમે જે દેશની તપાસ કરવા ગયા હતા તે અદભુત ખૂબ સારો દેશ છે. 8જો યહોવા આપણા પર પ્રસન્ન હશે તો તે આપણને એ દેશમાં લઈ જશે અને જયાં દૂધ અને મધની રેલમછેલ છે તેવી ભૂમિ તે આપણને આપશે. 9યહોવાની વિરુદ્ધ બંડ ન કરશો, એ લોકોથી ડરશો નહિ, તે બધાને હરાવવા આપણે શકિતમાન છીએ. હવે તેમનું રક્ષણ કરનાર કોઈ રહ્યો નથી અને યહોવા આપણી જોડે છે, તેથી તેમનાથી જરાય ડરશો નહિ."

10તેમ છતાં લોકો યહોશુઆ અને કાલેબને ઈંટાળી કરવાની ધમકી આપતા હતા, પરંતુ તેજ સમયે યહોવાનું ગૌરવ મુલાકાત મંડપ પર બધા ઈસ્રાએલીઓ સમક્ષ પ્રગટ થયું. 11યહોવાએ મૂસાને કહ્યું, "એ લોકો કયાં સુધી મારી વિમુખ રહેશે? એમની વચ્ચે મેં આટલા બધા ચમત્કારો કર્યા છતાં પણ તેઓ મારામાં વિશ્વાસ રાખતા નથી કયાં સુધી તેઓ મારા ઉપર વિશ્વાસ રાખવાની ના પાડયા કરશે? 12હું મરકીનો રોગચાળો ફેલાવીને તેમનો નાશ કરીશ અને તારામાંથી હું એક નવી વધારે મહાન અને બળવાન પ્રજા ઉત્પન્ન કરીશ."

13પણ મૂસાએ યહોવાને કહ્યું, "પરંતુ મિસરના લોકો જાણે છે કે, તમે તમારા બાહુબળથી તેઓને મિસરમાંથી લઈ આવ્યા છો. 14તેમણે આ દેશની પ્રજાને પણ તે જણાવ્યું છે. એ લોકો જાણે છે કે, યહોવા અમારી વચ્ચે વસે છે અને તે અમને મોઢામોઢ દર્શન આપે છે, અમને તેમના વાદળની ઓથે મળે છે, એ લોકો જાણે છે કે, તમે દિવસે વાદળના સ્તંભરૂપે અને રાત્રે અગ્નિના સ્તંભરૂપે અમારી આગળ આગળ ચાલો છો. 15હવે, જો તમે તમારી પ્રજાનો સંહાર કરશો, તો જે પ્રજાઓએ તમારી એ બધી વાતો સાંભળી છે તેઓ કહેશે,

**ઈશ્કોલ** આ હિબ્રુ શબ્દનો અર્થ છે "દ્રાક્ષનો એક ઝુમકો."

16'યહોવાએ આ લોકોને જે દેશ આપવાનું વચન આપ્યું હતું તેમાં તે એમને લઈ જઈ શકયા નહિ; એટલે તેમણે તે બધાને રણમાં એકસામટા મોતને ઘાટ ઉતારી દીધા.'

17"એટલે મારી તમને વિનંતી છે કે,જેમ તમે કહ્યું હતું તેમ તમારી શકિત બતાવો. 18તમે કહ્યું હતું કે, 'હું યહોવા એકદમ ગુસ્સે થતો નથી, હું મહાન પ્રેમ અને વિશ્વાસ દર્શાવું છું, અને પાપ તથા અપરાધોની માફી આપું છું તેમ છતાં પાપીઓના પાપની સજા ત્રીજી અને ચોથી પેઢીનાં બાળકો સુધી કરવાનું હું ચૂકતો નથી.' એ હવે સાચું પુરવાર કરો. 19અમે મિસરમાંથી બહાર નીકળ્યા ત્યારથી આજપર્યંત દરેક સમયે તમે તેઓને માફી આપી છે, તેમજ આજે પણ તમારી મહાનતા અને તમારા અટલ પ્રેમને કારણે તમે આ લોકોનાં પાપોને માફ કરો એવી હું તમને આગ્રહપૂર્વક વિનંતિ કરું છું."

20યહોવાએ કહ્યું, "ઠીક, તમારી વિનંતી મુજબ હું તેઓને માફી આપીશ, 21 મારા જીવ જેટલી ચોકસાઈથી હું મારા પોતાના ગૌરવ કે જે વિશ્વમાં વ્યાપેલું છે તેનાથી સમ ખાઈને કહું છું કે, 22જે લોકોએ મારું ગૌરવ અને મિસરમાં તથા રણમાં મારાં પરાક્રમો જોયાં છતાં દસદસ વખત મારું પારખું કર્યુ છે અને મારું કહ્યું માન્યું નથી, 23મેં એમના પિતૃઓને જે દેશ આપવાનું વચન આપ્યું હતું તેમાં તેઓમાંનો એક પણ દાખલ થવા પામશે નહિ, મારી વિરુદ્ધ ફરી જનાર કોઈપણ એ દેશને જોવા પામશે નહિ. 24પરંતુ મારો સેવક કાલેબ અલગ પ્રકૃતિનો માણસ છે, તે મને સંપૂર્ણપણે વફાદાર રહ્યો છે તેથી જે દેશમાં એ જઈને આવ્યો છે તે દેશમાં હું એને લઈ જઈશ અને તેના વંશજો એના ધણી થશે. 25એ દેશના સપાટ ભાગોમાં અત્યારે અમાલેકીઓ અને કનાનીઓ વસે છે. તેથી કાલેજ તમારે આ જગ્યા છોડી દેવાની છે. અને રાતા સમુદ્રને રસ્તે પાછા રણમાં જજો."

## યહોવાની લોકોને શિક્ષા

26ત્યારબાદ યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, 27"આ અવળચંડા લોકો કયાં સુધી મારી વિરુદ્ધ ફરિયાદો કર્યા કરશે? તેઓએ જે કહ્યું છે તે સર્વ મેં સાંભળ્યું છે. 28તું એ લોકોને જણાવ કે, 'આ યહોવાનાં વચન છે: હું મારા સમ ખાઈને કહું છું કે, તમે મારા સાંભળતા જે બોલ્યા હતા તે જ પ્રમાણે હું કરીશ. 29તમે લોકોએ મારા વિરુદ્ધ ફરિયાદ કરી છે તેથી તમારાં સૌના મૃતદેહ આ રણમાં રઝળશે. 30મેં તમને જે દેશમાં વસાવવાનું વચન આપ્યું હતું તેમાં વીસ વર્ષના અને તેની ઉપરના તમારામાંના કોઈ પ્રવેશવા પામશે નહિ. ફકત યફૂન્નેહનો પુત્ર કાલેબ અને નૂનનો પુત્ર યહોશુઆ તેમાં પ્રવેશ કરશે. 31તમે એમ પણ કહ્યું હતું કે, દુશ્મનો તમારા બાળકો બાનમાં પકડશે.પણ હું તે બાળકોને તે ભૂમિમાં પાછા લઈ આવીશ  અને તમે અસ્વીકાર કરેલી ભુમિનો તેઓ આનંદ માણશે. 32પણ તમારાં મૃતદેહો તો આ રણમાં રઝળશે.

33"અને તમારામાંનો છેલ્લો માણસ રણમાં મૃત્યુ પામશે નહિ ત્યાં સુધી તમારાં બાળકો રણમાં 40 વર્ષ સુધી ભરવાડ તરીકે રઝળશે; તેઓ દુ:ખી થશે કેમકે તમે મને વફાદાર ન હતા. 34ચાળીસ દિવસ સુધી તમે દેશમાં ફરીને તપાસ કરી હતી; તેમ તમે 40 વર્ષ સુધી રણમાં એક દિવસને બદલે એક વર્ષ સુધી તમારાં પાપોનો બોજ માથે ઊચકીને ભટકશો ત્યારે તમને સમજાશે કે મારી નારાજગીનું પરિણામ કેવું આવે છે?

35"હું યહોવા આ બોલું છું. મારો વિરોધ કરવા એકત્ર થયેલા આ અવળચંડા લોકોના હું ભૂડાં હાલ કરીશ. તેઓ એકે એક આ રણમાં મૃત્યુ પામશે."

36જે દસ માણસોને મૂસાએ દેશમાં ફરીને તપાસ કરવા મોકલ્યા હતા તેમણે ખોટો હેવાલ આપ્યો, જેને કારણે લોકોએ યહોવા વિરુદ્ધ બંડ કર્યુ. 37તેઓ બધા યહોવા સમક્ષ રોગનો ભોગ બન્યા અને મરી ગયા, કારણ, તેમણે એ દેશને વખોડી કાઢયો હતો. 38જેઓ દેશમાં તપાસ કરવા ગયા હતા, તે જાસૂસોમાંથી ફકત નૂનનો દીકરો યહોશુઆ અને યફૂન્નેહનો દીકરો કાલેબ જ જીવતા રહ્યા.

## લોકોનો કનાન જવાનો પ્રયત્ન

39જયારે મૂસાએ સમગ્ર ઈસ્રાએલી પ્રજાને યહોવાના વચન કહી સંભળાવ્યાં ત્યારે છાવણીમાં ભારે શોક છવાઈ ગયો અને તેઓ ખૂબ પસ્તાવવા લાગ્યા. 40બીજે દિવસે વહેલી સવારે તેઓ ઊઠયા અને બોલ્યા, "જુઓ, યહોવાએ જે ભૂમિની વાત કરી હતી ત્યાં જવા અમે તૈયાર છીએ, અમે કરેલાં પાપનું અમને ભાન થયું છે. હવે અમે યહોવાએ જે દેશનું વચન આપ્યું હતું ત્યાં જવા તૈયાર છીએ, એમ કહેતાં તેઓ પહાડી પ્રદેશ ઉપર ચડાઈ કરવા નીકળી પડયા."

41પછી મૂસાએ કહ્યું, "હવે તે માટે ઘણું મોડું થયું કહેવાય. યહોવાએ તમને રણમાં પાછા જવાની આજ્ઞા કરેલ છે, તમે હવે યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન શા માટે કરો છો? એમાં તમને કોઈ લાભ થશે નહિ. 42હવે તમે જરાય આગળ વધશો નહિ, નહિ તો તમારા દુશ્મનો તમને પરાસ્ત કરશે. કારણ કે યહોવા હવે તમારી સાથે નથી. 43અમાલેકીઓ અને કનાનીઓ તમારો સામનો કરવા ઊભા છે અને તમે તેમના શિકારનો ભોગ બનશો. કારણ તમે યહોવાને અનુસરવાનું ત્યજી દીધું છે, અને તેથી હવે યહોવા તમારી સાથે નથી."

44કરારકોશ અને મૂસા છાવણીમાંથી બહાર ગયા નથી એ હકીકત જાણવા છતાં તેમણે હઠપૂર્વક પહાડી પ્રદેશ તરફની કૂચ ચાલુ રાખી. 45પછી પહાડી પ્રદેશમાં વસતા અમાલેકીઓ અને કનાનીઓ તેમના પર તૂટી પડયા અને તેમને હરાવ્યા, અને છેક હોર્મા સુધી તેમને મારી હઠાવ્યા.

## યજ્ઞો અંગેના નિયમો

15 યહોવાએ મૂસાને કહ્યું, "ઈસ્રાએલી પ્રજાને તું આ મુજબ કહે: 2જે દેશની ભૂમિ હું તમને વસવાટ

માટે આપવાનો છું ત્યાં પ્રવેશો ત્યારે આ નિયમોનું પાલન
કરવુંજ. 3નીચેનામાંથી કોઈપણ અર્પણ માટે બલિદાન કરવા
યહોવા સમક્ષ તમે બળદ, ઘેટું કે બકરું લાવી શકો: દહનાર્પણ,
પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટેનું અર્પણ, કે પ્રતિજ્ઞાની ભેટ, કે ઉજાણી
દરમ્યાન થતાં અર્પણો એ અર્પણોની સુવાસથી યહોવા પ્રસન્ન
થાય છે, તેથી તમારે નીચેના નિયમોનું પાલન કરવું:

4"બલિ અર્પણ કરતી વખતે અર્પણ ચડાવનારે એની સાથે
આઠ વાટકા જીણા દળેલા લોટમાં ગેલનના ચોથા ભાગનું
જેતૂન તેલ ભેળવીને ખાધાર્પણ તરીકે અર્પણ કરવું. 5અને
હલવાનને દહનાર્પણ તરીકે અર્પણ કરતી વખતે એક લીટર
દ્રાક્ષારસ પણ પેયાર્પણ તરીકે અર્પણ કરવો.

6"જો ઘેટાનું અર્પણ ચડાવવું હોય તો, 7તમારે 16 વાટકા
ઝીણા દળેલા લોટમા ગેલનના ચોથા ભાગનું તેલ ભેળવીને
ખાધાપર્ણ તરીકે અને દોઢ લીટર દ્રાક્ષારસ પેયાર્પણ તરીકે
ચડાવવો, આ બલિદાનની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે.

8"દહનાર્પણ કે પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે રજૂ કરવાનું અર્પણ
કે શાંત્યર્પણ માટે વાછરડાનુ અર્પણ લાવે. 9અને તે વાછરડા
સાથે ખાધાર્પણ પણ લાવે; અડધા ગેલન જેતૂન તેલ સાથે
24 વાટકા ઝીણો દળેલો લોટ ભેળવી અર્પે. 10અને અડધો
ગેલન દ્રાક્ષારસ પણ પેયાર્પણ તરીકે ચડાવવાં. એ અર્પણની
સૌરભથી યહોવા પ્રસન્ન થાય છે. 11પ્રત્યેક બલિદાન બળદ,
ઘેટું કે બકરુ ચડાવતી વખતે આ પ્રમાણે કરવું. 12જો એક
કરતાં વધારે પ્રાણીઓનાં બલિદાન હોય તો પ્રત્યેક પ્રાણી દીઠ
ઉપર જણાવ્યા પ્રમાણે ખાધાર્પણ તથા પેયાર્પણમાં વધારો
કરવો.

13"યહોવાને અર્પણ ચડાવનાર ઈસ્રાએલનો વતની હોય
તો તેણે ઉપરના નિયમો પાળવા, આવા અર્પણની સુવાસથી
યહોવા પ્રસન્ન થાય છે. 14યહોવાને અર્પણ ચડાવનાર તમારી
સાથે કાયમી ધોરણે કે થોડા સમય માટે વસતો વિદેશી હોય
તો પણ તેણે એ જ નિયમનું પાલન કરવું, અર્પણની સુવાસથી
યહોવા પ્રસન્ન થાય છે. 15આ કાનૂનો તમારે માટે તથા
તમારી સાથે રહેતા વિદેશીઓ માટે સમાન છે, અને તે કાયમ
માટે તમને અને તમારા વંશજોને બંધનકર્તા છે. યહોવા
સમક્ષ સ્વદેશી અને વિદેશી સરખા જ છે. 16તમને અને
તમારી વચ્ચે વસતા વિદેશીઓને આ જ કાનૂનો અને નિયમો
લાગુ પડશે."

17યહોવાએ મૂસાને કહ્યું, 18"તું ઈસ્રાએલી પ્રજાને કહે
કે,હું તમને જે દેશમાં લઈ જવાનો છું ત્યાં ગયા પછી 19તમે
એ ભૂમિનું અનાજ ખાઓ ત્યારે તમારે યહોવાને ધરાવવા
થોડો ભાગ અલગ રાખવો. 20પહેલી કાપણીના દાણામાંથી
બાંધેલા લોટને તમારે એક તરફ રાખવો તે પ્રથમ બાંધેલા
લોટને ભેટ તરીકે યહોવાને આપો. તે ખળામાંથી આવતા
ખાધ્યાર્પણ જેવું ગણાશે. 21તમે બાંધેલી પ્રથમ કણકનો અમુક
ભાગ તમારે યહોવાને માટે અલગ રાખવો, આ ઉચ્છાલીયાર્પણ
તમારે લાવવાનું છે.

22"આ નિયમ તમારા વંશજોને પણ લાગુ પડે છે.
23યહોવાએ મૂસા મારફતે તમને આપેલી આ આજ્ઞાઓમાંથી
કોઈનો તમારામાંથી આજે કે ભવિષ્યમાં ભૂલથી ભંગ થઈ
જાય તો તમારે આ પ્રમાણે કરવું. 24અને જો આખા સમાજે
અજ્ઞાનતાને કારણે ભૂલ કરી હોય તો તેઓ દહનાર્પણ તરીકે
વાછરડું બલિદાનમાં આપે. અને તેની સાથે નિયમ પ્રમાણે
ખાધાર્પણ તથા પેયાર્પણ રજૂ કરે. તેની સુવાસથી યહોવા
પ્રસન્ન થશે. આ સાથે પાપાર્થાર્પણ માટે એક બકરાનું પણ
બલિદાન કરવું.

25"યાજકે સમગ્ર ઈસ્રાએલી સમાજ માટે પ્રાયશ્ચિતની
વિધી કરવી, તેથી તેમને પણ માફ કરવામાં આવશે.કારણ,
એ શરતચૂક હતી અને એ શરતચૂક માટે તેઓએ યહોવાને
આહુતિ પણ ચડાવ્યાં છે. 26તેથી સમગ્ર ઈસ્રાએલી સમાજને
અને તેમની ભેગા વસતા વિદેશીઓને માફ કરવામાં આવશે,
કારણ કે શરતચૂકથી એ સૌની થયેલી ભૂલ હતી.

27"જો કોઈ વ્યકિત અજાણતા પાપ કરી બેસે તો તેણે એક
વર્ષની બકરી પાપાર્થાર્પણને માટે બલિ તરીકે ચડાવવી. 28અને
યાજક યહોવા સમક્ષ તેને માટે પ્રાયશ્ચિતવિધિ કરે તો તેને
માફ કરવામાં આવશે. 29અજાણતા ભૂલથી પાપ કરનાર પ્રત્યેક
માટે આ કાનૂન છે. પછી તે દેશનો વતની ઈસ્રાએલી હોય કે
તેમની સાથે રહેતો વિદેશી હોય.

30"પણ જો કોઈ વ્યકિત પછી તે ઈસ્રાએલી વતની હોય
કે વિદેશી હોય જાણી જોઈને ઈરાદાપૂર્વક પાપ કરે તો તે
યહોવાનું અપમાન કરે છે. એવા માણસનો બહિષ્કાર કરવો
અને સમાજથી અલગ રાખવો, 31કારણ કે, તેણે યહોવાની
આજ્ઞાનું ઉલ્લંઘન ઈરાદાપૂર્વક કર્યુ છે. તેણે યહોવાની અવજ્ઞા
કરી છે. તેથી એ માણસનો સંપૂર્ણ બહિષ્કાર કરવો. એના
પાપની જવાબદારી એના એકલાના જ માથે છે."

## વિશ્રામવારે કામ કરવાનું પરિણામ

32ઈસ્રાએલી પ્રજા રણમાં હતી ત્યારે એક વ્યકિત
વિશ્રામવારે લાકડાં વીણતાં પકડાઈ ગયો. 33જે લોકોએ તેને
લાકડા વીણતા જોયો હતો તેઓએ એની ધરપકડ કરી અને
તેને મૂસા હારુન અને સમગ્ર સમાજ સમક્ષ રજૂ કરવામાં
આવ્યો. 34તેને બંદીખાનામાં રાખવામાં આવ્યો, કારણ, એને
શો દંડ આપવો તે હજી નક્કી થયું નહોતું.

35પછી યહોવાએ મૂસાને કહ્યું, "આ માણસને મૃત્યુદંડની
શિક્ષા કરવી જોઈએ. સમગ્ર સમાજે એને છાવણી બહાર
ઈટાળી કરીને મોતને ઘાટ ઉતારવો જોઈએ." 36તેથી યહોવાએ
મૂસાને આજ્ઞા કરી હતી તે મુજબ તેઓ તેને છાવણીની
બહાર લઈ ગયા અને ઈટાળી કરીને મારી નાખ્યો.

## નિયમો યાદ રાખવા યહોવાની મદદ

37યહોવાએ મૂસાને કહ્યું, 38"ઈસ્રાએલી પ્રજાને તું કહે કે,
તમારાં વંશજોએ અને તમારે તમારાં વસ્ત્રને ખૂણે ફૂમતાં
મૂકવા અને એ ફૂમતામાં ભૂરા રંગનો દોરો ગૂંથવો. 39-40તમને
એ ફૂમતું જોઈને મારી બધી આજ્ઞાઓનું સ્મરણ થશે, તમે
એનું પાલન કરશો તથા આ રીતે મારી સેવામાં સમર્પિત
રહેશો. તમે મારાથી દૂર ભટકી જશો નહિ અને તમારા

શરીરની ઈચ્છાઓ અને તમારી નજર જે જોવે છે તેની પાછળ ખેંચાશો નહીં, જેથી તમે એ ફૂમતાઓને જોશો ત્યારે મારી બધી આજ્ઞાઓને યાદ કરી તેનું પાલન કરશો પછી તમે દેવના ખાસ લોકો બનશો. **41**તમારો દેવ બનવા તમને મિસરમાંથી બહાર લાવનાર હું તમારો દેવ યહોવા છું. હા, હું યહોવા તમારો દેવ છું."

### કોરાહ દાથાન અને અબીરામનું બંડ

**16** લેવી કુલના વંશજ કોરાહ, જે કહાથના પુત્ર યિસ્હારનો પુત્ર હતો રૂબેનના વંશજો દાથાન અબીરામ જે અબિયાલના પુત્રો હતા તથા રૂબેન કુળ સમૂહનો હજુ એક વંશજ ઓન જે પેલેથનો પુત્ર હતો એ ચારે જણ ભેગા થયા અને મૂસા સામે ઉભા થયા. **2**તેમની સાથે 250 ઈસ્રાએલી તેમની ઉશ્કેરણીથી મૂસા વિરુદ્ધ બંડમાં જોડાયા. તેઓ બધા સમાજના આગેવાનો, પંચના ચૂંટાયેલા અગ્રણી તથા પ્રતિષ્ઠિત માણસો હતા. **3**તેઓ બધા મૂસા અને હારુનની વિરુદ્ધ થયા અને તેમને કહ્યું, "તમે હવે હદ વટાવો છો, તમારી આગેવાનીથી અમે થાકી ગયા છીએ. ઈસ્રાએલના સર્વ લોકો પવિત્ર છે? તેમની વચ્ચે યહોવાનો વાસ નથી? તમે તમારી જાતને યહોવાના સમગ્ર સમાજ કરતાં ઊંચી શા માટે ગણાવો છો?"

**4**આ શબ્દો કાને પડતાં જ મૂસા જમીન પર પછાડ ખાઈને પડયો. **5**પછી તેણે કોરાહને અને તેના બધા સાથીમિત્રોને કહ્યું, "આવતી કાલે સવારે યહોવા જાહેર કરશે કે, કોણ યહોવાના છે, અને કોણ ખરેખર પવિત્ર છે, યહોવા એ વ્યકિતને પસંદ કરી અને તેને પોતાની નજીક બોલાવશે. **6**કોરાહ, તું અને તારા સાથીઓ આ મુજબ કરો: **7**આવતીકાલે તમારે ધૂપદાની લઈને તેમાં અગ્નિ અને ધૂપ મૂકવો અને યહોવાને ધરાવવી. યહોવા પસંદ કરશે તેજ ખરેખરો પવિત્ર બનશે. લેવીના પુત્રો તમેજ છો. જે મર્યાદા વટાવો છો."

**8**વળી મૂસાએ વધુમાં કોરાહને કહ્યું, "ઓ લેવીઓ, મારી વાત સાંભળો. **9**સમગ્ર ઈસ્રાએલી સમાજમાંથી દેવે તમને પસંદ કર્યા, અને અલગ કર્યા,મંદિરમાં સેવા ઉપાસના અને ઈસ્રાએલી લોકોને દેવની  ઉપાસના કરવામાં મદદ કરવા માટે. એટલું તમારા માટે શું પૂરતું નથી? **10**ફકત તને કોરાહને, તથા તારા અન્ય લેવીબંધુઓને પોતાની આટલી સેવા કરવાનો અધિકાર આપ્યો છે અને હવે તમે યાજકપદની અભિલાષા કરો છો?  **11**હારુને કઈ ખોટું કર્યુ છે કે તમે એની સામે ફરિયાદ કરો છો? તું અને તારા સાથીઓ યહોવાની વિરુદ્ધ બળવો કરો છો?"

**12**ત્યારબાદ મૂસાએ અલીઆબના પુત્ર દાથાનને અને અબીરામને તેડાવ્યા, પણ તેમણે કહેવડાવ્યું, "અમે નથી આવતા, **13**તું અમને દૂધ અને મધની રેલમછેલ હતી એવા દેશમાંથી આ રણમાં મરવા માટે લઈ આવ્યો એટલું ઓછું છે કે તું અમારા ઉપર પાછો દોર ચલાવવા માગે છે? **14**તદુપરાંત જે અદભૂત દેશનું તે વચન આપ્યું હતું તેમાં તું અમને લાવ્યો નથી, તેં અમને ખેતરો કે દ્રાક્ષની વાડીઓ પણ આપી નથી, તમે શું લોકોની આંખો કાઢી લેશો જેથી તેઓ તમે તેની ઉપર કરેલું નુકશાન નહીં જોય? ના અમે તારી પાસે નથી આવવાના."

**15**પછી મૂસાએ ગુસ્સે થઈને યહોવાને કહ્યું, "એમના અર્પણ કરેલાં બલિદાનોનો સ્વીકાર કરશો નહિ, મેં તે લોકો પાસેથી એક ગધેડુ પણ લીધું નથી કે તેઓમાંના કોઈનું કશું નુકસાન પણ કર્યુ નથી."

**16**એટલે મૂસાએ કોરાહને કહ્યું, "તું અને તારા સર્વ સાથીઓ આવતીકાલે યહોવા સમક્ષ અહીં હાજર થજો. હારુન પણ આવશે. **17**તમારામાંનો પ્રત્યેક વ્યકિત પોતાની ધૂપદાની સાથે લઈને યહોવા સમક્ષ આવે. ત્યાં આગેવાનો માટે 250 ધૂપદાનીઓ અને તારા અને હારુન માટે એક-એક ધૂપદાની હશે."

**18**તેથી તે બધા પોતાની ધૂપદાનીઓ સાથે લાવ્યા અને તેમાં દેવતા મૂકી ધૂપ નાખ્યો; અને મૂસા અને હારુનની સાથે મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ આવીને ઊભા રહ્યા. **19**તે દરમ્યાન કોરાહે સમગ્ર સમાજને મૂસા અને હારુન વિરુદ્ધ ઉશ્કેરીને એ બે જણની સામે ભેગા કર્યા હતા. ત્યાં તો યહોવાના ગૌરવે સમગ્ર સમાજને દર્શન દીધાં.

**20**યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, **21**"તમે આ લોકોના સમાજમાંથી બહાર નીકળી જાઓ, એટલે હું તત્કાળ એ સર્વનો નાશ કરું."

**22**પરંતુ મૂસાએ અને હારુને યહોવા સમક્ષ સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને કહ્યું, "હે દેવ, તમેજ બધા જીવોના જીવનદાતા છો, એકજ વ્યકિતના પાપને કારણે શું તમે સમગ્ર સમાજ પ્રત્યે ક્રોધાયમાન થશો?"

**23**એટલે યહોવાએ મૂસાને કહ્યું, **24**"તું એ લોકોને કહે કે તેઓ કોરાહ, દાથાન અને અબીરામના મંડપ આગળથી દૂર ખસી જાય."

**25**ત્યારપછી મૂસાએ ઈસ્રાએલીઓના વડીલો સાથે દાથાન અને અબીરામની પાસે જઈને આખા સમાજને ઉદેશીને કહ્યું, **26**"તમે આ દુષ્ટ માણસોના તંબૂઓથી આઘા ખસી જાઓ. એમની કોઈ વસ્તુને અડશો નહિ. નહિ તો તેમનાં બધાં પાપોને કારણે તમે પણ તેમની સાથે નાશ પામશો."

**27**તેથી કોરાહ, દાથાન અને અબીરામના તંબૂઓ આગળથી બધા લોકો દૂર ચાલ્યા ગયા, દાથાન અને અબીરામ પોતાની પત્નીઓ પુત્રો અને બાળકો સાથે પોતાના મંડપમાંથી બહાર આવીને પ્રવેશદ્વાર આગળ આવીને ઊભા રહ્યા.

**28**મૂસાએ કહ્યું, "આ દ્વારા તમને ખાતરી થશે કે મેં જે કંઈ કર્યુ છે તે કરવા માટે મને યહોવાએ મોકલ્યો છે; કારણ કે હું કાંઈ મારી મરજી મુજબ આ બધાં કાર્યો કરતો નથી. **29**જો આ લોકો બીજા બધા માણસોની જેમ કુદરતી રીતે મૃત્યુ પામે તો માનવું કે યહોવાએ મને મોકલ્યો નથી, **30**પણ જો યહોવા ચમત્કાર કરે અને ધરતી પોતાનું મુખ ઉઘાડે અને તેઓને તથા તેઓની બધીજ વસ્તુઓને ગળી જાય અને તેઓ જીવતા મૃત્યુલોકોમાં પહોંચી જાય તો તમારે જાણવું કે, એ લોકોએ યહોવાનું અપમાન કર્યુ છે."

31મૂસા બોલી રહ્યો કે તરત જ તે લોકોના પગ નીચેની ધરતી ફાટી; 32ધરતીએ ખોલેલા મુખમાં તેમનાં કુટુંબો, તેમનાં તંબૂઓ, તેઓ અને તેઓના સાથીઓ અને તેઓનું સર્વસ્વ જતુ રહ્યું. 33તેઓ પોતાના સર્વસ્વ સાથે જીવતા મૃત્યુલોકમાં પહોંચી ગયા; ધરતી પાછી સંધાઈ ગઈ. આમ તેઓનો સર્વનાશ થઈ ગયો તેઓ સમુદાય માંથી જતાં રહ્યાં.

34તેમની ચીસો સાંભળીને ત્યાં આસપાસ ઊભેલા બધાં ઈસ્રાએલીઓ ભયભીત થઈને ભાગવા માંડયા. રખેને તેઓને પણ "ધરતી હડપ કરી જાય."

35પછી યહોવાનો અગ્નિ આવ્યો અને ધૂપ ચડાવવા આવેલા 250 માણસોને ભસ્મ કરી ગયો.

36પછી યહોવાએ મૂસાને કહ્યું, 37"તું યાજક હારુનના પુત્ર એલઆજારને કહે કે, અગ્નિમાંથી ધૂપદાનીઓ ઉપાડી લે કેમકે તેમાંનો ધૂપ પવિત્ર છે કારણ એ યહોવાને અર્પિત થયેલ છે. અને એમને કહો કે તેમાંનો કોલસો અને રાખ આમતેમ વેરી દે. 38યહોવાની વેદી સમક્ષ તે રજૂ થઈ હતી તેથી તે ધૂપદાનીઓ પવિત્ર છે, તેથી પાપ કરીને મૃત્યુને ભેટનાર એ લોકોની ધૂપદાનીઓમાંથી પતરાં બનાવડાવી તેના વડે વેદીના ઢાંકણને મઢાવજે, એ ઈસ્રાએલી લોકો માટે ચેતવણીરૂપ થઈ પડશે."

39યહોવાએ મૂસા મારફતે કરેલી આજ્ઞા મુજબ યાજક એલઆઝારે ધૂપ ધરાવતી વખતે અગ્નિનો ભોગ લોકોની ધૂપદાનીઓ લઈને તેની વેદીને ઢાંકવા માટે પતરાં બનાવડાવ્યાં. 40જેને જોઈને ઈસ્રાએલીઓને યાદ રહે કે જે હારુનના કુટુંબમાંથી ના હોય અને બિનઅધિકૃત હોય તેણે યહોવા સમક્ષ ધૂપ ધરાવવા આવવું નહિ. નહિ તો તેની હાલત કોરાહ અને તેના સાથીઓ જેવી થશે. આમ મૂસા દ્વારા યહોવાએ એલઆજારને આપેલી આજ્ઞા અનુસાર બધું કરવામાં આવ્યું.

## હારુન દ્વારા લોકોનો બચાવ

41પરંતુ બીજે દિવસે સમગ્ર ઈસ્રાએલી સમાજ મૂસાની અને હારુનની વિરૂદ્ધ કચવાટ કરવા લાગ્યો એમ કહેતા, "તમેજ યહોવાના માણસોના મોત નિપજાવ્યા છે."

42થોડા સમયમાં જ ફરિયાદ કરતા લોકોનું મોટું ટોળું ભેગું થયું. તેઓએ મુલાકાતમંડપ તરફ જોયું તો એકાએક તેના પર એક વાદળે આચ્છાદન કર્યું હતું. અને યહોવાના ગૌરવે ત્યાં દર્શન દીધાં હતાં. 43મૂસા અને હારુન મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ જઈને ઊભા રહ્યા.

44એટલે યહોવાએ મૂસાને કહ્યું, 45"આ લોકોથી દૂર ખસી જા, જેથી હું એ લોકોનો એક પળમાં નાશ કરું." એટલે મૂસા અને હારુને જમીન પર લાંબા થઈને તેમને સાંષ્ટાંગ નમસ્કાર કર્યા.

46અને મૂસાએ હારુનને કહ્યું, "જલદીથી ધૂપદાની લઈને તેમાં વેદીમાંથી દેવતા ભર અને તેમાં ધૂપ નાખ, અને તે લઈને દોડતો દોડતો લોકો પાસે જા અને તેમના પાપનું પ્રાયશ્ચિત કર કારણ કે યહોવાનો કોપ તેમના પર ઊતર્યો છે અને રોગચાળો ફાટી નીકળ્યો છે. લોકોમાં મરકી શરૂ થઈ ગઈ છે."

47આથી મૂસાએ કહ્યું તે મુજબ હારુને કર્યું. અને ઝડપથી ધૂપદાની લઈને ભેગા મળેલા લોકો વચ્ચે દોડી ગયો, તો ખબર પડી કે તેઓમાં રોગચાળો શરૂ થઈ ગયો હતો. તેણે ધૂપદાનીમાં ધૂપ નાખી મરેલાં અને જીવતા વચ્ચે ઊભા રહી લોકોના પાપનું પ્રાયશ્ચિત કર્યું. 48રોગચાળો બંધ થઈ ગયો. 49પરંતુ તેટલા સમયમાં 14,700 લોકો મૃત્યુ પામ્યાં હતાં અને કોરાહના બંડ વખતે મૃત્યુ પામેલા તે તો જુદા. 50આમ રોગચાળો બંધ થઈ ગયો એટલે હારુન મુલાકાતમંડપ ના પ્રવેશ દ્વાર આગળ મૂસા પાસે પાછો ચાલ્યો ગયો.

## હારુનની લાકડીએ ફૂલ

17 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2"તું ઈસ્રાએલી લોકોને કહે કે તેમના કુળસમૂહના આગેવાનો તને કુળદીઠ એક એટલે એકંદરે બાર લાકડીઓ આપે. દરેકની લાકડી ઉપર તેમનું નામ કોતરાવવું. 3લેવીના કુળસમૂહની લાકડી ઉપર હારુનનું નામ કોતરાવવું; કારણ કે લેવીના વંશની પણ એક જ લાકડી હોય. 4પછી હું તેને મુલાકાતમંડપમાં કરારકોશ સમક્ષ મળું છું ત્યાં તારે આ લાકડીઓ મૂકવી. 5મેં જે માણસને પસંદ કર્યો છે તેની લાકડીને કળીઓ ફૂટશે. આ રીતે હું ઈસ્રાએલી પ્રજાની તારી સામેની ફરિયાદોનો અંત લાવીશ."

6મૂસાએ ઈસ્રાએલીઓને વાત કરી, તેથી કુળસમૂહોના આગેવાનો તેની પાસે પોતપોતાની લાકડી લાવ્યા. અને હારુનની લાકડી પણ તે લાકડીઓ સાથે મૂકી. 7મૂસાએ એ લાકડીઓ મુલાકાતમંડપની અંદરની સાક્ષ્યમંડપમાં યહોવા સમક્ષ મૂકી.

8બીજે દિવસે જયારે મૂસા અંદર ગયો ત્યારે લેવીના કુળનું પ્રતિનિધિત્વ કરતી હારુનની લાકડીને કળીઓ બેઠી હતી. ફૂલ ખીલ્યાં હતાં, અને પાકી બદામો પણ લાગી હતી. 9મૂસાએ યહોવા આગળથી એ લાકડીઓ બહાર લાવીને બધા ઈસ્રાએલીઓને બતાવી. તેમણે લાકડી સામે જોયુ પ્રત્યેક આગેવાન તેની લાકડી પાછી લઈ લીધી.

10યહોવાએ મૂસાને કહ્યું, "હારુનની લાકડી પાછી કરાર સમક્ષ મૂકી દે. એ બંડખોર ઈસ્રાએલીઓ માટે ચેતવણીરૂપ છે, જેથી મારી વિરુદ્ધના તેમના આ કચવાટનો અંત આવે અને એમને મરવું પડે નહિ." 11યહોવાએ જણાવ્યું હતું તે મુજબ મૂસાએ કર્યું. 12છતાં ઈસ્રાએલી પ્રજાએ મૂસા સમક્ષ ફરિયાદ કરવાનું ચાલુ રાખ્યું: "આપણે જાણીએ છીએ કે આપણું મૃત્યુ નિશ્ચીત છે, આપણે ગુમાવેલાં છીએ! આપણો બધાનો વિનાશ થશે. 13જે કોઈ યહોવાના પવિત્રસ્થાનની નજીક જાય છે તેનું મૃત્યુ થાય છે. તો શું અમે બધા આમ જ મરી જવાના? શું અમારા સર્વનો નાશ થશે?"

## યાજકો અને લેવીઓનાં કર્તવ્યો

18 યહોવાએ હારુનને કહ્યું, "પવિત્ર સ્થાનની સેવાની જવાબદારી તારી, તારા પુત્રોની તેમજ લેવી વંશના

બીજા બધા માણસોની છે. સેવામાં દોષ ન આવે તથા યાજક તરીકેના કાર્યમા કોઈપણ દોષ ન રહે તે તારે તથા તારા પુત્રોને જોવાનું છે. એ જવાબદારી પણ તમારી જ છે. 2તું અને તારા પુત્રો કરારનાં મંડપમાં સેવા કરો, ત્યારે તારા પિતાએ લેવીના કુળસમૂહના તારા બીજા જાતભાઈઓને પણ સાથે મદદમાં રાખવા. 3તેઓ તારા હાથ નીચે રહીને તંબૂને લગતી બધી જવાબદારી પુરી કરી શકે, માત્ર તેમણે પવિત્ર સ્થાનનાં પાત્રો કે વેદીની નજીક જવું નહિ. જો તેઓ જશે તો તેઓ બધાજ મૃત્યુ પામશે. 4લેવી વંશ સિવાયના કોઈપણ વ્યકિતને એ કામમાં સાથે રાખવો નહિ.

5"પવિત્રસ્થાનમાં અને વેદી સમક્ષ ફકત યાજકોએ જે પવિત્ર ફરજો બજાવવાની છે, જેથી ઈસ્રાએલી પ્રજા ઉપર ફરી કદી મારો કોપ ઊતરશે નહિ. 6હું તને ફરીથી કહું છું, મેં પોતે બધા ઈસ્રાએલીઓમાંથી તારા કુટુંબી લેવીઓને મુલાકાતમંડપમાં સેવા બજાવવા માટે પસંદ કર્યા છે. તેઓ મને સમર્પિત થયેલા છે. જે મેં તમને ભેટ આપ્યા છે. 7પરંતુ વેદીને લગતી અને પડદાની અંદર પરમપવિત્રસ્થાનમાં લગતી યાજક તરીકેની બધીજ ફરજો તારે અને તારા પુત્રોએ જ પુરી કરવાની છે. કારણ કે, તમારી યાજક તરીકેની સેવા મેં તમને ભેટો તરીકે આપી છે.બીજુ કોઈ જે મારા પવિત્રસ્થાનની નજીક આવે તો તેને મૃત્યુદંડનીજ શિક્ષા કરવી."

8વળી યહોવાએ હારુનને કહ્યું, "મને અર્પણ કરવામાં આવેલ બધી વસ્તુઓ મેં યાજકોને આપી છે. ઈસ્રાએલી પ્રજા મને જે કંઈ ધરાવશે તે હું તારા ભાગ તરીકે તને અને તારા વંશજોને કાયમ માટે આપું છું. 9 અગ્નિમાં હોમવામાં ન આવેલા અર્પણનાં ભાગો સિવાય આ બધા અતિ પવિત્ર અર્પણો તારા ગણાશે; બધા દાણાર્પણો, પાપાર્થાર્પણો અને દોષાર્થાર્પણો–એ બધા પવિત્ર અર્પણો તારા અને તારા વંશજોના ગણાશે. 10તારે આ અર્પણો ફકત પવિત્ર સ્થાનમાં જ જમવા. અને તે પણ ફકત પુરુષોએ જ જમવા; અને તારે પવિત્ર ગણવા.

11"ઈસ્રાએલીઓ મને બીજા જે આરત્યાર્પણો ધરાવે તે પણ તારા જ ગણાશે. એ પણ હું તને અને તારાં પુત્રપુત્રીઓને કાયમ માટે આપું છું. માત્ર તે સમયે જે અશુદ્ધ હોય તે સિવાયના તમારાં કુટુંબના સર્વ સભ્યો આ જમી શકે.

12"અને યહોવાને અર્પણ કરવા માટે લોકો પાકના પ્રથમ ફળ લાવે ઉત્તમ જૈતતેલ, બધો ઉત્તમ નવો દ્રાક્ષારસ અને ઘઉં. તે બધા તારે લેવાં. 13લોકો પોતાની ભૂમિના પ્રથમ પાક તરીકે જે કંઈ મને ધરાવવા લાવે તે બધુ તારું થશે. તમારાં કુટુંબના બધાં સભ્યો એ જમી શકે. સિવાયકે તે સમયે જે અશુદ્ધ હોય.

14"ઈસ્રાએલમાં મને સમર્પિત પ્રત્યેક વસ્તુઓ તારી છે.

15"તેઓ મને પ્રથમજનિત બાળકો અને પશુઓ અર્પણ કરે તે પણ તારાં છે. છતાં પ્રત્યેક પ્રથમજનિત બાળકની તથા અશુદ્ધ પ્રાણીની કિંમત લઈને તારે તેમને મુકત કરવાં. 16પ્રત્યેક પ્રથમજનિત બાળકને મુકત કરવાની કિંમત રૂપે અધિકારયુકત અધિકૃત માપ અનુસાર પાંચ શેકેલ ચાંદી લેવી. અને બાળક એક મહિનાનું થાય ત્યારે તેને મુકત કરવું.

17"પરંતુ ગાય, ઘેટા, અને બકરાના પ્રથમજનિતોને બદલામાં નાણાં લઈને મુકત ન કરવાં, કારણ કે, તેઓ સંપૂર્ણપણે યહોવાને સમર્પિત છે. તારે તેમનું લોહી વેદી પર છાંટવું અને તેમની ચરબી અર્પણ તરીકે હોમવી. તેની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 18પરંતુ આરત્યાર્પણ તરીકે ધરાવવામાં આવેલા પ્રાણીની છાતી અને જમણી જાંઘની જેમ એનું માંસ તારું ગણાશે. 19વેદી આગળ યહોવાને અર્પણ માટે ઈસ્રાએલીઓ જે કોઈ પવિત્ર ભેટો ધરાવે તે બધી કાયમ માટે તને, અને તારાં પુત્ર અને પુત્રીઓને આપેલ છે. તારી અને તારા વંશજોની સાથે મેં કરેલો આ કાયમી કરાર છે, જેનો કદી ભંગ થઈ શકે નહિ."

20યહોવાએ હારુનને કહ્યું, "તમને યાજકોને બીજા ઈસ્રાએલીઓની જેમ તમારી પોતાની ભૂમિ કે ભૂમિમાં ભાગ હોય નહિ. કારણ કે હું જ ઈસ્રાએલીઓ મધ્યે તમારો હિસ્સો અને તમારો વારસો છું.

21"લેવીઓ મુલાકાતમંડપની જે સેવા બજાવે છે તેના બદલામાં હું તેમને ઈસ્રાએલમાંથી ઉઘરાવાતી બધી વસ્તુઓનો દસમો ભાગ આપું છું. 22હવે પછી યાજકો અને લેવીઓ સિવાય અન્ય કોઈપણ ઈસ્રાએલી મુલાકાતમંડપમાં પ્રવેશ કરશે નહિ. જો પ્રવેશ કરશે તો મોતની સજા વહોરી લેશે. 23મુલાકાતમંડપની સેવા ફકત લેવીઓએ જ કરવી અને તેની બધીજ જવાબદારી ઉઠાવવી. આ કાયમી કાનૂન છે અને જે તમારા વંશજોને પણ બંધનકર્તા છે. 24લોકોએ તેમની પાસે જે કાંઈ હોય તેનો દસમો ભાગ યહોવાને અર્પણ કરવા. તે અર્પણો લેવીઓના છે. તે હું તેમને તેમના વારસા તરીકે આપુ છું તેથીજ મેં આ શબ્દો લેવીઓ વિષે કહ્યાં હતાં, તેઓને બીજા ઈસ્રાએલીઓની જેમ જમીન જાગીર મળે નહિ."

25યહોવાએ મૂસાને કહ્યું, 26"તું લેવીઓને જણાવ કે, મેં તમારે માટે ઠરાવેલો ઈસ્રાએલીઓ તરફથી મળવો જોઈતો દશમો ભાગ મને વિશેષ ભેટ તરીકે ધરાવવો. 27આમ યહોવાને અર્પણ કરવામાં આવેલું અનાજ અને દ્રાક્ષારસ જાણે કે તમારી પ્રથમ પાકનું અર્પણ છે અને તમારી પોતાનીજ સંપતિમાંથી અર્પણ કરેલું છે તેમ યહોવા તેનો સ્વીકાર કરશે. 28આ રીતે ઈસ્રાએલીઓ તરફથી તમને મળેલા દશમા ભાગમાંથી મારે માટે એક ભાગ જુદો કાઢી મુકશો, તો તે તમારી કમાણીનો દશમો ભાગ મને અર્પણ તરીકે ગણાશે. તમે મારે માટે જુદો રાખેલો ભાગ યાજક હારુનને આપજો. 29તમને જે મળે તેમાંથી જે શ્રેષ્ઠ છે તે યહોવાનો ભાગ બને છે.

30"મૂસા, લેવીઓને કહો! તે જાણે તમારી જ જમીનની તથા દ્રાક્ષાકુંડની ઊપજનો દશમો ભાગ હોય તેમ ગણવામાં આવશે. 31હારુન અને તેના પુત્રો તથા તેઓનાં કુટુંબો પોતપોતાનાં ઘરોમાં અથવા પોતાને ગમે તે જગ્યાએ તેઓ તેને જમી શકશે, કારણ કે મુલાકાતમંડપમાંની તેઓની સેવાનું એ વેતન ગણાશે, બદલો ગણાશે. 32તમે એ પ્રમાણે યાજકોને

તમારો દશાંશ શ્રેષ્ઠ ભાગ આપશો તો પછી ઈસ્રાએલીઓએ ધરાવેલી પવિત્ર ભેટો ભ્રષ્ટ કરવાનો દોષ તમારે માથે આવશે નહિ, અને તમારે મૃત્યુ પામવું પડશે નહી."

## લાલ ગાયનાં દેહાવશેષો

19 યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, 2"ઈસ્રાએલના લોકોને આ કાનૂનો જણાવ: તેઓ ખોડખાંપણ વગરની અને કદી જોતરાઈ ના હોય તેવી એક લાલ ગાય મૂસા અને હારુન પાસે લાવે. 3તારે એ ગાય યાજક એલઆઝારને આપવી. અને તેણે તેને છાવણી બહાર લઈ જવી અને ત્યાં તેને મારી નાખવી. 4એલઆઝાર તેનું થોડું લોહી પોતાની આંગળી પર લે અને પવિત્રમંડપની આગળ તેનાં સાત વખત છંટકાવ કરે. 5ત્યારબાદ યાજકની સમક્ષ બીજી કોઈ પવિત્ર વ્યકિત ગાયનું ચામડું, માંસ, રકત તથા છાણનું દહન કરે. 6ત્યારબાદ યાજકે ગંધતરુંનું લાકડું, ઝુંફો અને કિરમજી રંગની દોરી લઈને ગાયનું દહન થતું હોય ત્યારે તે અગ્નિમાં નાખવું. 7ત્યારબાદ તેણે પોતાનાં કપડાં ધોઈ નાખવાં અને આખા શરીરે સ્નાન કરવું અને છાવણીમાં પાછા ફરવું. સાંજ સુધી વિધિ અનુસાર તે અશુદ્ધ ગણાય. 8જેણે ગાયનું દહન કર્યુ હોય તેણે પોતાનાં કપડાં ધોઈ નાખવાં અને આખા શરીરે સ્નાન કરવું, છતાં તે પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય.

9"તે પછી વિધિ મુજબ જે શુદ્ધ ન હોય તેવી વ્યકિતએ ગાયની રાખ ભેગી કરવી, અને છાવણી બહાર શુદ્ધ કરેલી જગ્યાએ તેની ઢગલી કરવી. અને એ રાખ વ્યકિતના પાપ દૂર કરવાની વિધિ માટેનું પાવકજળ બનાવવા રાખી મૂકવી.

10"જે માણસે ગાયની રાખ ભેગી કરી હોય તેણે પોતાનાં કપડાં ધોઈ નાખવાં, પણ તે સાંજ સુધી અશુદ્ધ ગણાશે. ઈસ્રાએલી પ્રજા માટે અને તમારી ભેગા રહેતા વિદેશીઓ માટે આ કાયમી નિયમ છે.

11"જે કોઈ મનુષ્યના મૃતદેહને સ્પર્શ કરે તેને સાત દિવસ સૂતક પાળવું. 12પછી તેણે ત્રીજે અને સાતમે દિવસે પાવકજળ વડે પોતાની શુદ્ધિ કરાવવી. ત્યારબાદ તે શુદ્ધ થયો ગણાશે.પણ જો તે આ પ્રમાણે ત્રીજા દિવસે અને સાતમે દિવસે પોતાની શુદ્ધિ નહિ કરાવે તો તે શુદ્ધ નહિ ગણાય. 13જે કોઈ મનુષ્ય મૃતદેહને સ્પર્શ કર્યા પછી જણાવેલી રીત મુજબ પોતાને શુદ્ધ નહિ કરે તો તે યહોવાના પવિત્રમંડપને અશુદ્ધ કરે છે. તેના પર શુદ્ધિજળ છાંટવામાં આવ્યું નથી તેથી તેવા માણસનો બહિષ્કાર કરવો, કારણ કે તે યહોવાના મંદિરને અપવિત્ર કરે છે.

14"જો કોઈ માણસ તંબૂમાં મૃત્યુ પામે તો તે માટે આ નિયમો છે: તંબૂમાં તે વખતે પ્રવેશ કરનારા અને મૃત્યુ સમયે હાજર રહેનારા સૌને સાત દિવસનું સૂતક લાગે. 15મંડપમાંનું ઢાંકણ વગરનું પ્રત્યેક માત્ર અશુદ્ધ ગણાય. 16જો કોઈ મંડપની બહાર હથીયારથી અથવા કુદરતી રીતે મૃત્યુ પામેલા માણસને સ્પર્શ કરે અથવા હાડકાંને કે કબરને સ્પર્શ કરે તો તે સાત દિવસ સૂતકી ગણાય. 17આવા સૂતક માટે પાપાર્થાર્પણની લાલ ગાયની રાખને વાસણમાં લઈ ઝરાના પાણી સાથે મિશ્ર કરવી. 18ત્યારબાદ જે વ્યકિત શુદ્ધ ના હોય તેણે ઝુંફો લઈને એ પાણીમાં બોળી તેના વડે મંડપ ઉપર અને તેમાંનાં બધાં પાત્રો ઉપર તથા તેમાંનાં બધા માણસો ઉપર છાંટવું, જેણે વ્યકિતના હાડકાને કે મરેલા કે મારી નાખવામાં આવેલા વ્યકિતના મૃતદેહને કે કબરને સ્પર્શ કર્યો હોય તો તે વ્યકિત ઉપર પણ છાટવું.

19"સૂતક વગરના માણસે સૂતકવાળા માણસ ઉપર ત્રીજે અને સાતમે દિવસે પાણી છાંટવું. અને સાતમે દિવસે તેણે એ માણસની શુદ્ધિ કરવી. સૂતકી માણસે એ દિવસે પોતાના કપડા ધોઈ નાખવાં, પોતે આખા શરીરે સ્નાન કરવું, એટલે સાંજે તે શુદ્ધ થયો ગણાશે.

20"પરંતુ જો કોઈ સૂતકી પોતાની શુદ્ધિ ન કરાવે તો તેનો સમાજમાંથી બહિષ્કાર કરવો, કારણ, તેણે પવિત્ર મંડપને ભ્રષ્ટ કર્યું છે, તેના પર શુદ્ધિજળ છાંટવામાં આવ્યું નથી, તેથી તે સૂતકી છે. 21આ તમારે માટે કાયમી નિયમ છે. પાણીનો છંટકાવ કરનાર વ્યકિત ત્યાર બાદ પોતાનાં કપડાં ધોઈ નાખે. વળી જે કોઈ તે પાણીનો સ્પર્શ કરે તે પણ સાંજ સુધી સૂતકી ગણાય. 22સૂતકી વ્યકિત જે કોઈ વસ્તુને સ્પર્શ કરે તે પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય; અને તે વસ્તુને સ્પર્શ કરનાર વ્યકિત પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય."

## મરિયમનું અવસાન

20 પહેલા મહિનામાં બધાં ઈસ્રાએલીઓ સીનના રણમાં આવ્યાં અને કાદેશમાં પડાવ નાખ્યો. ત્યાં મરિયમનું અવસાન થતાં તેને દફનાવવામાં આવી.

## મૂસાની ભૂલ

2તે સ્થળે સમાજ માટે પૂરતું પાણી નહોતું તેથી બધા લોકો મૂસાની અને હારુનની વિરુદ્ધ ટોળે વળીને કચકચ કરવા લાગ્યા. 3એ લોકો મૂસા સાથે ઝઘડવા લાગ્યા, "યહોવાની સામે જ અમારા ભાઈઓ મૃત્યુ પામ્યા ત્યારે જ અમે પણ મરી ગયા હોત તો સારૂ થાત. 4તું યહોવાના સમાજને ઈરાદાપૂર્વક આ રણમાં લાવ્યો છે, અમે અને અમારા ઘેટાંબકરાં તથા ઢોરઢાંખર અહીં મરી જઈએ એટલા માટે તું લઈ આવ્યો છે? 5તું શા માટે અમને મિસરમાંથી બહાર લઈ આવ્યો? શા માટે તું અમને આ ખરાબ જગ્યાએ લઈ આવ્યો? આ જગ્યાએ નથી અનાજ કે અંજીર કે દ્રાક્ષ કે દાડમ. અહી તો પીવાનું પાણી પણ નથી."

6મૂસા અને હારુન તેઓ પાસેથી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ ગયા. તેમણે ભૂમિ પર પડીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અને યહોવાના ગૌરવે તેમને દર્શન દીધાં.

7યહોવાએ મૂસાને કહ્યું, 8"તું કરારકોશ પાસે પડેલી લાકડી લે, અને પછી તારા ભાઈ હારુન સાથે સમગ્ર સમાજને ભેગો કર અને સૌના દેખતા ખડકને કહે કે તે પોતાનું પાણી

આપે! આમ તું કહીશ એટલે એમાંથી તેમને અને તેમનાં પશુઓને પીવા માટે પાણી પુષ્કળ પ્રમાણમાં નીકળશે."

9યહોવાએ આજ્ઞા કરી તે પ્રમાણે મૂસાએ યહોવા સમક્ષ મૂકેલી લાકડી લીધી. 10પછી મૂસાએ અને હારુને સમગ્ર સમાજને ખડક આગળ ભેગો કર્યો અને તેણે તેઓને કહ્યું, "ઓ બંડખોરો, સાંભળો, અમે શું આ ખડકમાંથી તમારા માટે પાણી કાઢીએ?" 11પછી મૂસાએ હાથ ઊંચો કરીને લાકડી બે વખત ખડક પર પછાડી એટલે ખડકમાંથી પુષ્કળ પાણી ધસારા સાથે બહાર નીકળ્યું. તે સૌએ તથા પશુઓએ ધરાઈને પીધું.

12પણ યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, "બધા ઈસ્રાએલીઓ સમક્ષ તમે તમારું મારા પ્રત્યે સન્માન બતાવ્યું નહીં. તમે તેઓને બતાવ્યું નહીં કે પાણી કાઢવાની શકિત મારામાંથી આવી હતી તેઓને તમે બતાવ્યું નહી કે તમે મારામા વિશ્વાસ કર્યો હતો તેથી મેં તેઓને જે ભૂમિ આપવાનું વચન આપ્યું હતું ત્યાં તમે તે લોકોને લઈ જશો નહિં."

13આ સ્થળનું નામ 'મરીબા'નું પાણી એટલે 'તકરારનું પાણી' પાડવામાં આવ્યું કારણ કે, 'મરીબા'ના ઝરા આગળ આ બન્યું હતું. જયાં ઈસ્રાએલીઓએ યહોવા વિરુદ્ધ ઝઘડો કર્યો હતો અને જયાં યહોવાએ તેમને પરચો બતાવ્યો હતો.

### અદોમ ઈસ્રાએલને રોકે છે

14કાદેશથી મૂસાએ આ સંદેશા સાથે સંદેશવાહકો અદોમના રાજાને મોકલ્યા, "આ સંદેશો તમારા ઈસ્રાએલી ભાઈઓ તરફથી છે. અમારે કેવી હાડમારી સહન કરવી પડી છે એ તમે જાણો છો. 15અમારા પિતૃઓ મિસર ગયા હતા અને ત્યાં અમે લાંબો સમય રહ્યાં હતાં પરિણામે તેઓ મિસરવાસીઓના ગુલામો બન્યા. 16પરંતુ અમે યહોવાને પોકારીને કહ્યું ત્યારે તેમણે અમારો પોકાર સાંભળીને એક દેવદૂતને મોકલી આપ્યો, જે અમને મિસરમાંથી બહાર લઈ આવ્યો. "અત્યારે અમે તમારી સરહદે આવેલા કાદેશમાં છાવણી કરી છે. 17કૃપા કરીને અમને તમારા દેશમાં થઈને જવાની રજા આપો. અમે તમારા ખેતરમાંથી કે દ્રાક્ષની વાડીઓ માંથી પસાર થશું નહિ, કે તમારા કૂવાનું પાણી પણ પીશું નહિ, અમે આમ કે તેમ વાંકાચૂકા ગયા વિના રાજમાર્ગે તમારો દેશ વટાવી જઈશું."

18પરંતુ અદોમના રાજાએ કહ્યું, "તમારે અમારા દેશમાં થઈને જવાનું નથી. જો તમે ગયા તો અમે તલવાર લઈને સામા થઈશું."

19ઈસ્રાએલીઓએ કહ્યું, "અમે રાજમાર્ગે થઈને ચાલ્યા જઈશું. જો અમે અને અમારાં પશુઓ તમારું પાણી પીશું તો અમે તેની રકમ ચૂકવીશું. અમે ફકત તમારા દેશમાં થઈને પગપાળા જવાની રજા માગીએ છીએ."

20છતાં અદોમના રાજાએ ચેતવણી આપીને કહ્યું, "નહિ, તમારે જવાનું નથી. મારા દેશની બહાર રહો."

પછી પોતાનું સૈન્ય એકત્ર કરીને પૂરી તાકાતથી તેમની સામે લડવા માટે ધસી આવ્યો. 21અદોમીઓએ ઈસ્રાએલીઓને પોતાના દેશમાં થઈને જવા દેવાની ના પાડી એટલે ઈસ્રાએલીઓ ફરીને બીજે રસ્તે ગયા.

### હારુનનું મૃત્યુ

22ઈસ્રાએલીઓનો આખો સમાજ કાદેશથી નીકળીને અદોમની સરહદે આવેલા હોર પર્વતે આવ્યો. 23ત્યાં યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, 24"હારુન પિતૃલોક ભેગો થનાર છે. મેં ઈસ્રાએલીઓને જે ભૂમિ આપવાનું વચન આપ્યું છે તેમાં એ દાખલ થઈ શકશે નહિ, કારણ કે, મરીબાના ઝરણા આગળ તમે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ હતું.

25"હારુન અને તેના પુત્ર એલઆઝારને લઈને તું હોર પર્વત ઉપર જા. 26ત્યાં તું હારુનના યાજક તરીકેનાં વસ્ત્રો ઉતારી લઈને તેના પુત્ર એલઆઝારને એ પહેરાવજે. હારુન ત્યાં અવસાન પામશે."

27મૂસાએ યહોવાના કહ્યા પ્રમાણે કર્યું. સમગ્ર સમાજના દેખતાં જ તે લોકો હોર પર્વત ઉપર ગયા. 28જયારે પર્વતના શિખર પર પહોંચ્યા ત્યારે મૂસાએ હારુનના યાજક તરીકેનાં વસ્ત્રો ઉતારી લઈને તેના પુત્ર એલઆઝારને પહેરાવ્યાં. ત્યાં પર્વતના શિખર પર હારુનનું મૃત્યુ થયું, પછી મૂસા અને એલઆઝાર પાછા ફર્યા. 29સમગ્ર સમાજને ખબર પડી કે હારુનનું મૃત્યુ થઈ ગયું છે, ત્યારે બધા ઈસ્રાએલીઓએ ત્રીસ દિવસ સુધી તેને માટે શોક પાળ્યો.

### કનાનીઓ ઉપર વિજય

21 જયારે નેગેવમાં* રહેતા અરાદના કનાની રાજાએ સાંભળ્યું કે ઈસ્રાએલી પ્રજા અથારીમ તરફ જઈ રહી છે ત્યારે તેણે પોતાના સૈન્યને એકત્ર કરીને તેમના ઉપર હુમલો કરીને તેમાંના કેટલાકને બંદીવાન તરીકે પકડી લીધાં. 2તેથી ઈસ્રાએલીઓએ યહોવાને વચન આપ્યું કે, "તું જો આ લોકોને અમારા હાથમાં સોંપી દે તો અમે એમનાં ગામો યહોવાને અર્પણ કરીશું અને તેઓનો સંપૂર્ણ નાશ કરીશું."

3યહોવાએ ઈસ્રાએલીઓની વિનંતિ માન્ય રાખી કનાનીઓને હરાવ્યા અને ઈસ્રાએલીઓના હાથમાં સોંપી દીધા. ઈસ્રાએલીઓએ તેઓનો તથા તેમના નગરોનો સંપૂર્ણ નાશ કર્યો. અને તે જગ્યાનું નામ હોર્માહ પાડયું.

### કાંસાનો સાપ

4ઈસ્રાએલીઓ હોર પર્વત પાછા ફર્યા, ત્યાંથી તેઓ દક્ષિણ તરફ રાતા સમુદ્રને રસ્તે થઈને અદોમ દેશ ફરતાં આગળ ગયા; હવે લોકોની ધીરજ ખૂટી ગઈ હતી. 5તેઓ દેવની અને મૂસાની વિરુદ્ધ બોલવા લાગ્યા, "તમે શા માટે અમને મિસરમાંથી લઈ આવ્યા. અહી મરવા માટે? અહીં ખાવા અનાજ નથી, પીવાને પાણી નથી. આ સ્વાદરહિત માન્નાથી તો અમે કંટાળી ગયા છીએ."

---

**નેગેવ** યહૂદાનો દક્ષિણ તરફનો રણ પ્રદેશ.

6ત્યારે યહોવાએ તેમની વચ્ચે તેઓને શિક્ષા કરવા ઝેરી સાપ મોકલ્યા અને ઘણા ઈસ્રાએલી લોકો સાપ કરડવાથી મૃત્યુ પામ્યા. 7તેથી લોકો મૂસા પાસે આવ્યા અને કહેવા લાગ્યા, "અમે યહોવાની અને તારી વિરુદ્ધ બોલીને પાપ કર્યુ છે, તું અમને આ સર્પોથી છોડાવવા માટે યહોવાને પ્રાર્થના કર." તેથી મૂસાએ લોકો માટે પ્રાર્થના કરી.

8અને યહોવાએ મૂસાને કહ્યું, "ઝેરી સાપના આકાર વાળો એક કાંસાનો સાપ બનાવ અને તેને લાકડીની ટોચ પર મૂક, જેથી જેને સાપ કરડયા હોય તે તેને જોઈને સાજાં થઈ જાય." 9તેથી મૂસાએ કાંસાનો સાપ બનાવીને સ્તંભ પર મૂકયો, અને જેને જેને સાપ કરડયો હોય તે તેના તરફ જોતાં જ સાજા થઈ જતાં.

## મોઆબનો પ્રવાસ

10ઈસ્રાએલી પ્રજાએ અગળ મુસાફરી કરીને ઓબોથમાં મુકામ કર્યો. 11અને ઓબોથથી નીકળી તેમણે મોઆબની પૂર્વ સરહદે આવેલા રણમાં ઈયેઅબારીમમાં મુકામ કર્યો. 12અને ત્યાંથી નીકળીને તેમણે ઝેરેદના ઝરાની ખીણ આગળ મુકામ કર્યો. 13ત્યારબાદ તેમણે ઝેરેદથી નીકળી આર્નોન નદીની ઉત્તર બાજુએ અમોરીઓ વચ્ચેની સરહદ સુધી જતા રણમાં મુકામ કર્યો. આર્નોન મોઆબીઓ અને અમોરીઓ વચ્ચેની સરહદ છે. 14આથી યહોવાના યુદ્ધોના ગ્રંથમાં લખ્યું છે,

"આર્નોન નદી અને સૂફામાં વાહેબની ખીણો , 15અને આર શહેરને મળતા ખીણો પર્વતો. આ જગ્યાઓ મોઆબની સરહદ પર આવેલી છે."

16ત્યારબાદ ઈસ્રાએલી પ્રજા મુસાફરી કરીને બસેર (કૂવો) આવી. અહીંની કૂઈ આગળ યહોવાએ મૂસાને કહ્યું હતું કે, "તું લોકોને એકઠા કર અને હું તેઓને પાણી આપીશ." 17અને તે સમયે ઈસ્રાએલી લોકોએ આ ગીત ગાયું હતું;

"ઓ કૂવા, તારું પાણી ઉપર આવો, તમને ગીતથી વધાવશું અમે.

18પ્રજાના અગેવાનોએ આ કૂવો ખોદયો છે અને, રાજદંડને લાકડીઓથી તેઓએખોધો છે આતો રણમાં ભેટ છે."

19ત્યાંથી તેઓ રણમાં થઈને મત્તાનાહ ગયા અને મત્તાનાહથી નાહલીએલ, અને નાહલીએલથી બામોથ, 20અને બામોથથી મોઆબીઓના પ્રદેશમાં પિસ્ગાહના શિખરની તળેટીમાં રણ તરફ આવેલી ખીણ તરફ ગયા.

## સીહોન અને ઓગ

21ત્યાર પછી ઈસ્રાએલે પોતાના કાસદો મારફતે અમોરીઓના રાજા સીહોનને સંદેશો મોકલ્યો કે, 22"કૃપા કરીને અમને તમારા દેશમાં થઈને જવા માટે રજા આપો, અમે તમારા ખેતરો કે દ્રાક્ષની વાડીઓમાં થઈને જશું નહિ, અમે તમારા કૂવાઓમાંથી પાણી પણ પીશું નહિ. અમે તમારી સરહદને પેલે પાર નહિ જઈએ ત્યાં સુધી અમે ફકત મુખ્ય રસ્તાઓ ઉપર જ ચાલીશું."

23પરંતુ સીહોને ઈસ્રાએલીઓને પોતાના દેશમા થઈને જવા દીધા નહી. તેણે પોતાના સૈન્યને એકત્ર કર્યુ અને રણમાં ઈસ્રાએલીઓ ઉપર હુમલો કર્યો અને યાહાસ પાસે પહોંચી ગયો ત્યાં તેઓની સાથે યુદ્ધ કર્યું.

24પણ ઈસ્રાએલીઓએ તેમનો સંહાર કર્યો અને આર્નોનથી યાબ્બોક, અમ્મોનીઓની સરહદ સુધીનો તેમનો પ્રદેશ કબજે કરી લીધો. અહીં તેઓ અટકી ગયા કારણ કે આમ્મોનની સરહદે રક્ષણ મજબૂત હતું. 25ઈસ્રાએલીઓએ હેશ્બોન અને તેની આસપાસનાં ગામો સહિત અમોરીયાનાં બધાં શહેરો જીતી લીધાં અને તેમાં તેમણે રહેવાનું શરૂ કર્યું. 26હેશ્બોન અમોરીઓના રાજા સીહોનની રાજધાનીનું નગર હતું. અગાઉના મોઆબના રાજા સામે સીહોને યુદ્ધ કરીને આર્નોન સુધીનો તેનો બધો પ્રદેશ લઈ લીધો હતો. 27તેથી ગાયકોએ આ ગીત ગાયું છે:

જાઓ અને હેશ્બોન ફરીથી બાંધો હા, ચાલો આપણે સીહોનના શહેરને; મજબૂત બનાવી અને તેને ફરી વસાવીએ.

28એક વખત હેશ્બોનમાંથી નીકળ્યાં હતાં આગ જેમ સીહોનનાં લશ્કર; આર્નોનના પર્વતને ગળી જઈ, ભસ્મ કર્યુ મોઆબનું આર નગર.

29આ શી તમારી દશા! મોઆબ તને દિલગીરી! કમોશના ભજનિકોનો નાશ! નિરાશ્રિત બનાવ્યો તને તારા દેવે, દિલગીરી! અને તમારી સ્ત્રીઓ બની, અમોરીઓના રાજા સીહોનની કેદી, દિલગીરી!

30અને હવે કર્યો છે એના ઉપર આપણે હલ્લો, હેશ્બોન, દીબોન, નોફાહ ને મેદબાનો થયો વિનાશ!

31આ રીતે ઈસ્રાએલીઓ અમોરીઓના પ્રદેશમાં વસવા લાગ્યા.

32મૂસાએ યાઝેર નગર પર કેવી રીતે હુમલો કરવો તેની જાસૂસી કરવા માટે માણસો મોકલ્યા. અને ઈસ્રાએલીઓએ આસપાસનાં ગામો સહિત યાઝેરનો કબજો લીધો અને ત્યાં વસતા અમોરીઓને હાંકી કાઢયા.

33પછી તેઓએ બાશાન તરફના રસ્તા પર મુસાફરી કરી, બાશાનનો રાજા ઓગ યુદ્ધ માટે પોતાના સૈન્ય સાથે એડ્રેઈ આવ્યો.

34યહોવાએ મુસાને કહ્યું, "એનાથી ડરતો નહિ, કારણ કે મેં એને,એની પ્રજાને અને એના દેશને તમારા હાથમાં સોંપી દીધાં છે. હેશ્બોનમાં રહેતાં અમોરીઓના રાજા સીહોનની જેવી હાલત કરી, તેવી જ હાલત તમે એની કરજો."

35અને એ પ્રમાણે જ થયું. ઈસ્રાએલનો વિજય થયો. ઈસ્રાએલીઓએ રાજા ઓગ, તેના પુત્રો અને તેના સર્વ લોકોનો સંહાર કર્યો. કોઈ જીવતો પાછો જવા પામ્યો નહિ. અને ઈસ્રાએલીઓએ તેનો પ્રદેશ કબજે કરી લીધો.

## બલામ અને મોઆબનો રાજા

22 પછી ઈસ્રાએલી લોકો આગળ યાત્રા કરીને મોઆબના મેદાનમાં યર્દન નદીને પૂર્વકાંઠે યરીખોની સામે આવ્યા અને ત્યાં પડાવ નાખ્યો.

2અમોરીઓના જે હાલ ઈસ્રાએલીઓએ કર્યા હતા તે મોઆબના રાજા સિપ્પોરના પુત્ર બાલાકે જોયા, 3ત્યારે તે અને તેના લોકો ઈસ્રાએલીઓથી થથરી ગયા. એમની બહુ મોટી સંખ્યા જોઈને મોઆબીઓ ભયભીત થઈ ગયા.

4અને એમણે મિદ્યાનના આગેવાનોને કહ્યું, "જેમ કોઈ બળદ ચરામાંનું ઘાસ ખાઈ જાય છે તેમ આ ઘાડા આપણને ખાઈ જશે."

તેથી રાજા બાલાકે, 5બયોરના પુત્ર બલામને બોલાવી લાવવા માટે તેણે તેના માણસોને મોકલ્યા. તે વખતે બલામ તેના વતનમાં યુફ્રેતિસ નદીને કિનારે પથોરમાં રહેતો હતો; તે તેને આ સંદેશો આપવાના હતા, "મિસરમાંથી સમગ્ર પ્રજા આવી ગઈ છે તેઓ એટલા બધા છે કે તેઓ સમગ્ર ભૂમિ ઢાંકી દે. તેઓએ મારી પાસેજ પડાવ નાંખ્યો છે. માટે તમે આવીને મને મદદ કરો. 6એ લોકો અમારા કરતાં વધારે મજબૂત છે, તેથી કૃપા કરીને તરત આવો અને એ લોકોને શ્રાપ આપો, તો કદાચ હું એ લોકોને હરાવીને દેશમાંથી હાંકી કાઢી શકું, મને ખબર છે કે, તમે જેને આશીર્વાદ આપો છો તેઓની સાથે સારું થાય છે અને તમે જેને શ્રાપ આપો છો તેઓની સાથે ખોટું થાય છે."

7તેણે મોઆબના અને મિદ્યાનના ઉચ્ચકક્ષાના આગેવાનોને સંદેશવાહકો તરીકે મોકલ્યા હતા. જાદુમંતરની દક્ષિણા સાથે તેઓએ બલામ પાસે આવીને તેને બાલાકનો સંદેશો કહી સંભળાવ્યો.

8બલામે કહ્યું, "આજની રાત તમે અહીં રહો, હું તમને યહોવા કહેશે તે જવાબ આપીશ." તેથી મોઆબના આગેવાનો બલામ સાથે રાત રહ્યા.

9તે રાત્રે દેવે બલામ પાસે આવીને પૂછયું, "તારી સાથે આ માણસો કોણ છે?"

10બલામે જવાબ આપ્યો, "મોઆબના રાજા સિપ્પોરના પુત્ર બાલાક પાસેથી તેઓ આવ્યા છે. 11તેમણે કહેવડાવ્યું છે મિસરમાંથી એક પ્રજા મારી સરહદે આવી પહોંચી છે, તેઓ સંખ્યામાં એટલા બધા છે કે તેઓ સમગ્ર ભૂમિ ઢાંકી દે. કૃપા કરીને આવો અને એ લોકોને શ્રાપ આપો, તો હું એ લોકોને હરાવીને દેશમાંથી હાંકી કાઢી શકુ."

12દેવે બલામને કહ્યું, "તારે એમની સાથે જવાનું નથી કે તે લોકોને શ્રાપ આપવાનો નથી, કારણ કે મેં તેમને આશીર્વાદ આપેલા છે."

13તેથી બલામે બીજી સવારે વહેલા ઊઠીને બાલાકના કર્મચારીઓને કહ્યું, "તમે તમારા દેશમાં પાછા જાઓ, કારણ કે, યહોવાએ મને તમારી સાથે આવવાની ના પાડી છે."

14તેથી મોઆબના આગેવાનોએ ત્યાંથી નીકળીને પાછા બાલાક પાસે જઈને તેને કહ્યું, "બલામે અમારી સાથે આવવાની ના પાડી છે."

15બાલાકે ફરીથી પ્રયત્ન કર્યો, અને પહેલાં કરતાં સંખ્યામાં વધારે અને વધારે પ્રતિષ્ઠિત આગેવાનોને મોકલ્યા. 16એટલે તેમણે બલામ પાસે આવીને જણાવ્યું, "સિપ્પોરના પુત્ર બાલાકે આ મુજબ સંદેશો મોકલ્યો છે. કૃપા કરીને તમે મારી પાસે જલદી આવી પહોંચવામાં કોઈ અવરોધ ઊભો થવા દેશો નહિ. 17હું તમને ભારે મોટો બદલો આપીશ અને તમે જે કહેશો તે હું કરીશ, માટે જરૂર આવશો અને આ લોકોને શ્રાપ આપશો."

18બલામે બાલાકના માણસોને જવાબ આપ્યો, "જો તે મને તેના મહેલમાંનું તમામ સોનું અને ચાંદી આપે તોયે હું નાની કે મોટી કોઈપણ બાબતમાં મારા દેવ યહોવાની આજ્ઞા વિરુદ્ધ કંઈ કરી શકુ તેમ નથી. 19એટલે આજની રાત પેલા લોકોની જેમ તમે પણ રોકાઈ જાઓ એટલે યહોવાએ પહેલાં જે કહ્યું હતું તે કરતાં કંઈક વિશેષ કહેવું હોય તો તે હું જાણી શકું."

20રાત્રી દરમ્યાન દેવે આવીને બલામને કહ્યું, "જો આ લોકો તને બોલાવવા આવ્યા હોય તો તું ઝટ ઊઠીને તેમની સાથે જા, પણ હું તને કહું એટલુંજ તું કરજે, અને તેનું ધ્યાન રાખજે."

## બલામ અને તેની ગધેડી

21આથી બલામ બીજી સવારે પોતાની ગધેડી ઉપર જીન બાંધીને મોઆબના આગેવાનો સાથે ગયો. 22પરંતુ બલામ તેઓની સાથે ગયો તેથી દેવને તેના પર રોષ ચડયો, જ્યારે બલામ પોતાના બે નોકરો સાથે ગધેડી પર સવાર થઈને જતો હતો ત્યારે તેને રોકવા માટે તેના રસ્તામાં યહોવાનો દૂત ઊભો રહ્યો.

23અચાનક રસ્તાની વચ્ચે તલવાર ખેચીને ઊભેલા યહોવાના દૂતને ગધેડીએ જોયો, તેથી ગધેડીએ પોતાનો રસ્તો બદલ્યો અને ખેતરમાં વળી ગઈ. બલામ તેને મારીને ફરી રસ્તા પર લઈ આવ્યો.

24પછી યહોવાનો દૂત એક નાળિયા આગળ જઈને ઊભો રહ્યો, જેની બંને બાજુએ પથ્થરોની વાડ કરેલી દ્રાક્ષની વાડીઓ આવેલી હતી. 25યહોવાના દૂતને જોતા ગધેડી એક તરફ પથ્થરની વાડની નજીક ચાલવા લાગી અને બલામનો પગ દિવાલમાં ચગદાયો, તેથી તેણે ગધેડીને ફરી મારી.

26ત્યાંથી આગળ જઈને યહોવાનો દૂત એક એવી સાંકડી જગ્યાએ ઊભો રહ્યો કે, જયાંથી ગધેડી આમતેમ ડાબીજમણી બાજુએ ફંટાઈ શકે નહિ. 27યહોવાના દૂતને જોઈ તે બલામ સાથે જમીન પર બેસી પડી, તેથી બલામ એકદમ ગુસ્સે થઈ ગયો અને તેણે ગધેડીને ફરીથી લાકડીએ લાકડીએ મારી.

28પછી યહોવાએ ગધેડીને વાચા આપી. તેણે બલામને કહ્યું, "મેં તારું શું બગાડયું છે? તેં મને ત્રણ વખત શા માટે મારી?"

29બલામે મોટા સાદે જવાબ આપ્યો, "કારણ કે તું મારી ફજેતી કરે છે, અત્યારે જો મારી પાસે તલવાર હોત તો મેં તને અત્યારે જ કાપી નાખી હોત."

30ગધેડીએ બલામને પૂછયું, "જો હું કંઈ તારાથી અજાણી છું? તેં આખુ જીવન તો મારા પર સવારી કરી છે. મારા સમગ્ર જીવનમાં મેં પહેલા કદી આવું કર્યુ છે ખરું?"

બલામે કહ્યું, "ના, કદાપી નહિ."

31પછી યહોવાએ બલામની આંખો ખોલી, અને તેણે યહોવાના દૂતને રસ્તાની વચ્ચે ઉઘાડી તલવાર લઈને ઊભેલો જોયો અને તેને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

32યહોવાના દૂતે તેને કહ્યું, "તેં આ ગધેડીને ત્રણ વખત શા માટે મારી! તને અટકાવવા માટે હું જાતે રસ્તામાં આવીને ઊભો હતો. કારણ કે મને તું જાય એ ગમતું નહોતું. 33ગધેડીએ મને જોયો એટલે એ ત્રણ વાર બાજુએ ખસી ગઈ. જો એ ખસી ગઈ ના હોત તો મેં તને મારી નાખ્યો હોત, અને ગધેડીનો બચાવ કર્યો હોત."

34પછી બલામે યહોવાના દૂતને કહ્યું, "મેં પાપ કર્યુ છે. મારી ભૂલ થઈ ગઈ છે, મને ખબર નહોતી કે, તમે મારા માર્ગમાં આડા ઊભા છો, તમારી ઈચ્છા હું ત્યાં ન જાઉં તેવી હોય તો હું પાછો ઘેર જઈશ."

35યહોવાના દૂતે બલામને જણાવ્યું, "તું આ લોકો સાથે જા,પણ હું જેટલું કહું તેટલાં શબ્દોજ કહેજે." આથી બલામ બાલાકના માણસો સાથે ગયો.

36રાજા બાલાકે જયારે સાંભળ્યું કે બલામ આવી રહ્યો છે ત્યારે તે પાટનગર છોડીને તેને મળવા માટે મોઆબની સરહદ ઉપર એર્નોન પાસે આવેલા આર સુધી ગયો, 37તેણે બલામને પૂછયું, "મે તમને બોલાવવા માણસો ન્હોતા મોકલ્યા? તમે આટલો બધો વિલંબ શા માટે કર્યો? તમને શું એમ લાગ્યું હતું કે હું તમને બદલો નહિ આપી શકું?"

38એટલે બલામે બાલાકને કહ્યું, "હું અહીં આવ્યો છું તે તું જુએ છે, શું તું એમ માને છે કે હું ધારું તે કરી શકુ છું? હું તો દેવ મને જે બોલાવે છે તે જ બોલું છું."

39પછી બલામ બાલાક સાથે કોરીઆથ હસોથ ગયો. 40બાલાકે તે જગ્યાએ બળદો અને ઘેટાનો યજ્ઞ ચડાવ્યો તથા બલામ અને તેની સાથેના આગેવાનોને તેઓનાં બલિદાનો માટે પ્રાણીઓ આપ્યાં.

41બીજે દિવસે સવારે બાલાક બલામને બામોથ-બાલ ઉપર લઈ ગયો. ત્યાંથી તેઓ ઈસ્રાએલી પડાવનો એક ભાગ જોઈ શકતા હતાં.

## બલામની પ્રથમ ભવિષ્યવાણી

23 બલામે બાલાકને કહ્યું, "અહીં સાત વેદી બાંધો અને સાત બળદ તથા સાત નર ઘેટા મને લાવી આપો." 2બાલાકે બલામની સૂચનાઓ પ્રમાણે કર્યુ, અને તેણે અને બાલામે દરેક વેદી ઉપર એક બળદ અને એક નર ઘેટા ની આહુતિ ચડાવી.

3બલામે પછી રાજાને કહ્યું, "તું તારી વેદી પાસે ઊભો રહે. હું એકલો જાઉં છું. કદાચ યહોવા મને મળે પણ ખરા. એ મને જે કહેશે તે હું તને જણાવીશ." અને પછી તે એક ખૂલ્લી ટેકરી ઉપર ગયો.

4ત્યાં તેને દેવનો મેળાપ થયો. બલામે યહોવાને કહ્યું, "મેં સાત વેદીઓ તૈયાર કરી છે અને દરેક ઉપર એક બળદ અને એક નર ઘેટાની આહુતિ ચડાવી છે."

5પછી યહોવાએ બલામને શું કહેવું તે જણાવ્યું, અને કહ્યું, "તું પાછો બાલાક પાસે જા અને મારા કહ્યા પ્રમાણે તેને કહેજે."

6બાલાક જ્યારે બલામ પાસે પાછો ફર્યો ત્યારે તે હજી આહુતિ પાસે મોઆબના આગેવાનો સાથેજ ઊભો હતો. 7બલામે યહોવા તરફથી પોતાને મળેલો સંદેશો પ્રગટ કર્યો તેણે કહ્યું.

મોઆબનો રાજા બાલાક મને અરામમાંથી, પૂર્વના પર્વતોમાંથી લઈ આવ્યો છે, અને મને કહ્યું છે, "આવ, મારે માટે યાકૂબને શ્રાપ દે! આવ અને ઈસ્રાએલને શ્રાપ દે."

8જેને દેવ શ્રાપ ન આપતો હોય તેને હું શી રીતે શ્રાપ આપું? દેવ જેનું ભૂડું ઈચ્છતો નથી તેનું ભૂંડું હું શી રીતે ઈચ્છું?

9હું ઊંચા ખડકની ટોચ ઉપરથી તે લોકોને નિહાળું છું એ પ્રજા એકલી રહે છે તે અન્ય પ્રજાઓથી પોતાને ભિન્ન ગણે છે.

10ઈસ્રાએલની પ્રજા અસંખ્ય છે! ગણ્યા ગણાય નહિ તેટલા છે.મારું મૃત્યુ સજ્જન જેવું થાઓ.ભલે મારું જીવન ઈસ્રાએલીઓની જેમ પૂરું થાય."

11રાજા બાલાકે આ સાંભળીને બલામને કહ્યું, "આ તે શું કર્યુ ? મેં તમને મારા દુશ્મનોને શ્રાપ આપવા તેડાવ્યો અને તમે તો તેમને આશીર્વાદ આપ્યા."

12પરંતુ બલામે પ્રત્યુત્તર આપ્યો, "મારે તો યહોવા બોલાવે તે જ બોલવાનું હોય છે."

13ત્યાર પછી બાલાકે તેમને કહ્યું, "મારી સાથે બીજી જગ્યાએ આવો, ત્યાંથી તમે ઈસ્રાએલી પ્રજાને જોઈ શકો. તમે ફકત એક ભાગનેજ જોઈ શકશો, કદાચ તે જગ્યાએથી તમે તેઓને મારા માટે શ્રાપિત કરી શકો."

14એમ કહીને રાજા બાલાક બલામને પિસ્ગા પર્વતની ટોચે આવેલા ચોકીના મેદાનમાં લઈ ગયો, ત્યાં તેણે સાત વેદી બાંધી અને પ્રત્યકે વેદી ઉપર એક બળદ અને એક ઘેટાનું બલિદાન આપ્યું.

15બલામે રાજા બાલાકને કહ્યું, "હું યહોવાનો મેળાપ કરવા જાઉં છું. તું તારી વેદી પાસે ઊભો રહે."

16યહોવા બલામને મળવા આવ્યા અને બલામે શું કહેવું તે યહોવાએ તેને જણાવ્યું. 17આથી રાજા અને મોઆબના સર્વ સરદારો તેઓની આહુતિ પાસે ઊભા હતા ત્યાં બલામ બાલાક પાસે પાછો ગયો. રાજા બાલાકે આતુરતાથી પૂછયું; "યહોવાએ તને શું કહ્યું?"

## બલામની બીજી ભવિષ્યવાણી

18એટલે બલામે જવાબ આપ્યો;

"બાલાક ઊઠ, ઊભો થા અને ધ્યાનથી સાંભળ: ઓ સિપ્પોરના પુત્ર, હું જે કહું તે કાને ધર.

19દેવ એ કાંઈ મનુષ્ય નથી કે જૂઠું બોલે, વળી એ કંઈ માણસ નથી કે પોતાના વિચાર બદલે. એ તો જે બોલે તે પાળે ને જે કહે તે પ્રમાણે કરે.

20હું તેઓને આશીર્વાદ આપું તેવી મને આજ્ઞા મળી છે.
દેવ તેઓને આશીર્વાદ આપે તે હું ફેરવી શકું નહિ.
21દેવે યાકૂબના લોકોમાં કઈજ ખોટું ન જોયું. દેવે
ઈસ્રાએલના લોકોમાં કોઈ પાપ જોયું ન હતું. તેઓના દેવ
યહોવા તેમની સાથે છે; તેઓની વચ્ચે તેનો જયજયકાર
રાજાની જેમ થાય છે.
22એ જ તેમને મિસરમાંથી બહાર લઈ આવ્યા છે, અને
તે જ એમને ઈસ્રાએલીઓને જંગલી આખલા જેવી તાકાત
આપે છે.
23ઈસ્રાએલી પ્રજા વિરુદ્ધ કોઈ જંતરમંતર ચાલે તેમ નથી.
કોઈપણ કામણટૂમણ સફળ થાય તેમ નથી. ઈસ્રાએલ વિષે
લોકો કહેશે; 'જુઓ તો ખરા દેવે તેઓને માટે કેવાં અદભૂત
કાર્યો કર્યા છે!'
24એ પ્રજા તો સિંહની જેમ છલાંગ મારવાને તાકી રહી
છે; એ શિકારને ફાડી ખાધા વિના અને તેનું લોહી પીધા
વિના જંપીને બેસનાર નથી."
25પછી બાલાકે બલામને કહ્યું, "ભલે, તું તેમને શ્રાપ ન
આપે તો કંઈ નહિ, પણ ઓછામાં ઓછું તું એમને આશીર્વાદ
ન આપતો."
26બલામે જવાબ આપ્યો, "મેં તમને કહ્યું નહિ કે મારે તો
યહોવા મને જે કહે તે જ બોલવાનું છે."
27પછી રાજા બાલાકે બલામને કહ્યું, "ચાલ, હું તને બીજી
કોઈ એક જગ્યાએ લઈ જાઉં, કદાચ દેવ પ્રસન્ન થાય અને
ત્યાંથી તને મારા તરફથી તેમને શ્રાપ આપવા દે." 28તેથી
રાજા બાલાક, બાલામને રણને કાંઠે આવેલા પેઓર પર્વતના
શિખર પર લઈ ગયો, જયાંથી રણ જોઈ શકાતું હતું.
29પછી બલામે બાલાકને કહ્યું, "તું મને સાત વેદી બાંધી
આપ અને સાત બળદ અને સાત ઘેટાં બલિદાન માટે લઈ
આવ." 30બલામે જે કહ્યું તે જ પ્રમાણે બાલાકે કર્યું અને
પ્રત્યેક વેદી ઉપર એક બળદ અને એક ઘેટાનું બલિદાન
આપવામાં આવ્યું.

### બલામની ત્રીજી ભવિષ્યવાણી

24 બલામને ખબર પડી કે યહોવા ઈસ્રાએલને
આશીર્વાદ આપવા ઈચ્છે છે, તેથી તેણે જાદૂઈ
ખેલો કરીને તેને બદલવા પ્રયત્ન કર્યો નહિં. તેને બદલે તે
રણ તરફ ઈસ્રાએલી છાવણી તરફ ફરીને ઊભો રહ્યો. 2 તેણે
જોયું તો ઈસ્રાએલીઓએ કુળસમૂહો પ્રમાણે છાવણી નાંખી
હતી. પછી દેવના આત્માએ તેનામાં પ્રવેશ કર્યો અને 3તેણે
ભવિષ્યવાણી ઉચ્ચારતા કહ્યું,
"બયોરનો પુત્ર બલામ કહે છે, જે સ્પષ્ટ નિહાળે છે તે
દિવ્ય દ્રષ્ટિ ધરાવનારની વાણી છે.
4દેવના શબ્દો સાંભળનારની વાણી છે. સમાધિમગ્ન છતાં
ખુલ્લાં અંત:ચક્ષુથી સર્વસમર્થ દેવે બતાવેલાં દિવ્યદર્શનો
જોનારની વાણી છે.
5ઓ યાકૂબના લોકો, તમારા મંડપ કેવા સુંદર છે! ઓ
ઈસ્રાએલીઓ તમારા ઘરો કેવા રઢિયાળા છે!
6જાણે નદીકાંઠે વિસ્તરેલા બાગબગીચા જાણે યહોવાએ
રોપેલા કુંવારના છોડ,
7અને પાણી પાસેના એરેજ વૃક્ષ જેવા છે, તેઓને ભરપૂર
પાણીથી આશીર્વાદિત કરવામાં આવશે. ઘણું જળસીંચન કરેલા
ખેતરોમાં તે બી વાવશે. તેઓનો રાજા અગાગ રાજા કરતાં
મહાન થશે; તેઓનું રાજય પ્રતાપી રાજય બનશે.
8દેવ તેઓને મિસરમાંથી લઈ આવ્યા તે જ રાની બળદના
શીગડાની જેમ તેમનું રક્ષણ કરે છે. તેઓ સિંહ જેવા છે
પોતાની વિરુદ્ધ થનાર પ્રજાઓને તે ખાઈ જશે; તે તેઓનાં
હાડકાં ભાંગીને ચૂરા કરશે અને તે અસંખ્ય તીરોથી તેઓને
વીંધી નાખશે.
9પછી તે આડો પડીને ઊંઘે છે, તેને ઉઠાડવાની હિંમત
કોણ કરે? ઓ ઈસ્રાએલીઓ, તમને જે આશીર્વાદ આપે તેના
ઉપર આશીર્વાદ ઊતરો, તમને જે શ્રાપ આપે તેના ઉપર
શ્રાપ ઊતરો.
10આ સાંભળીને રાજા બાલાક બલામ પર ખૂબ ગુસ્સે
થયો. ક્રોધાવેશમાં મુક્કી પછાડીને તેણે અણગમો વ્યકત કરતાં
ઊંચા સાદે કહ્યું, "હું મારા દુશ્મનોને શ્રાપ આપવા માટે તને
લઈ આવ્યો અને તેં ત્રણ ત્રણ વાર તેમને આશીર્વાદ આપ્યા!
11ચાલ, ભાગ, અહીંથી ચાલ્યો જા. ઘર ભેગો થઈ જા! મેં
તને ભારે સન્માન આપવાનું વચન આપ્યું હતું પણ યહોવાએ
તને તેનાથી વંચિત રાખ્યો છે."
12બલામે પ્રત્યુત્તર આપ્યો, "મેં તો તેં મોકલેલા માણસોને
કહ્યું હતું કે 13'બાલાક મને તેના ઘરનું બધું સોનું અને ચાંદી
આપે તોયે હું યહોવાની આજ્ઞાની વિરુદ્ધ જઈને મારી મરજી
મુજબ સારુ કે ખરાબ કઈજ ન કરી શકું. હું તો યહોવા જે
કહેવાનું મને કહેશે તે જ કહીશ.' 14હવે હું મારા લોકો પાસે
જાઉં છું પણ તે પહેલા તને સાવધાન કરતો જાઉં છું કે આ
ઈસ્રાએલીઓ ભવિષ્યમાં તમારા મોઆબીઓના શા હાલ
કરશે."

### બલામની છેલ્લી ભવિષ્યવાણી

15એમ કહીને તેણે નીચે પ્રમાણે ભવિષ્યવાણી પ્રગટ કરી.
"બયોરના પુત્ર બલામની, દિવ્ય દ્રષ્ટિ ધરાવનારની આ
વાણી છે.
16દેવના શબ્દો સાંભળનારની, જેને પરાત્પર દેવ પાસે
જ્ઞાન પ્રાપ્ત કર્યુ છે તેની આ વાણી છે. સમાધિમગ્ન છતાં
ખુલ્લાં અંત:ચક્ષુથી સર્વસમર્થ દેવે બતાવેલા દિવ્યદર્શનો
જોનારની આ વાણી છે.
17હું જે જોઉં છું તે દશ્ય આજનું નથી, પણ ભવિષ્યનું છે.
યાકૂબના વંશમાંથી એક તારો ઊગશે ઈસ્રાએલના
લોકોમાંથી એક નવો શાસક આવશે, તે પોતાના રાજદંડથી
મોઆબીઓનાં પ્રાણ હરશે. અને શેથના પુત્રોનો તે નાશ
કરશે.
18ઈસ્રાએલ મજબૂત બનશે! તેને અદોમની ભૂમિ પ્રાપ્ત
થશે. તેને તેના દુશ્મન સેઈરની ભૂમિ પ્રાપ્ત થશે.

19યાકૂબના કુટુંબમાંથી એક નવો શાસક આવશે. તે શાસક
શહેરમાં બાકી રહેલા લોકોનો વિનાશ કરશે."

20પછી બલામે અમાલેકીઓને જોયા અને ભવિષ્યવાણી
પ્રગટ કરી:

"અમાલેકીઓ સર્વ પ્રજાઓમાં આગળ હતા પણ એનો
અંત સંપૂર્ણ વિનાશમાં આવશે."

21પછી કેનીઓને જોયા પછી બલામે ભવિષ્યવાણી કરી:

"તમારું આશ્રયસ્થાન લાગે છે તો સુરક્ષિત, તે ખડકોમાં
બાંધેલા માળા સમાન છે.

22પણ એ બળી જવા નિમાયો છે. કેનીઓનો વિનાશ
થશે. તમે કયાં સુધી અશૂરના કેદી બની રહેશો?"

23અંતમાં તેણે ભવિષ્યવાણી પ્રગટ કરતાં કહ્યું,

"દેવ આ પ્રમાણે કરે ત્યારે કોણ જીવી શકે?

24કિત્તીમમાંથી (સાયપ્રસ) કિનારા પરથી વહાણો આવશે.
તેઓ અશૂરને અને એબરને કચડી નાખશે, પછી છેવટે
વિજેતા પણ વિનાશ પામશે."

25પછી બલામ ઊઠીને પોતાને ઘેર ફર્યો અને બાલાક પણ
પોતાના રસ્તે પડયો.

## મૂર્તિપૂજાના પાપમાં ઈસ્રાએલ

25 જયારે ઈસ્રાએલીઓએ શિટીમમાં મુકામ કર્યો હતો
ત્યારે એ લોકો મોઆબી સ્ત્રીઓ સાથે વ્યભિચાર
કરવા લાગ્યા. 2આ સ્ત્રીઓ તે લોકોને પોતાના દેવોને બલિદાન
અર્પણ કરવાના પ્રસંગોએ નિમંત્રણ પાઠવતી, એ લોકો યજ્ઞનો
જમણ લેતા અને મોઆબીઓના દેવોની પૂજા કરતા. 3આમ
ઈસ્રાએલીઓ પયોરના બઆલને પૂજતા થઈ ગયા; એટલે
યહોવા તેમના ઉપર કોપાયમાન થયા.

4યહોવાએ મૂસાને આજ્ઞા કરી કે, "તું ઈસ્રાએલી લોકોના
બધા આગેવાનોને લઈને તેમનો ધોળે દિવસે મારી સમક્ષ
વધ કર, જેથીં ઈસ્રાએલ ઉપરથી મારો ક્રોધ શમી જાય."

5તેથી મૂસાએ ઈસ્રાએલના ન્યાયાધીશોને હુકમ કર્યો,
"તમારામાંની પ્રત્યેક વ્યકિત પોતપોતાના અધીકાર નીચેના
માણસોમાંથી જેણે જેણે પયોરના બઆલની પૂજા કરી હોય
તે સૌનો વધ કરે."

6પરંતુ મૂસા અને સમગ્ર ઈસ્રાએલી સંઘ મુલાકાતમંડપના
પ્રવેશદ્વાર આગળ રૂદન કરતા હતા તે સમયે તેમના દેખતાં
જ એક ઈસ્રાએલી એક મિધાની સ્ત્રીને પોતાની છાવણીમાં
ખેંચી લાવ્યો. 7તેથી યાજક હારુનના પુત્ર એલઆઝારનો
પુત્ર ફીનહાસ આ જોઈને સભામાંથી ઊભો થઈ ગયો અને
પોતાના હાથમાં ભાલો લીધો. 8તે પેલા ઈસ્રાએલી વ્યકિતની
પાછળ છાવણીમાં ઝડપથી દોડી ગયો અને ભાલાનો એક
ઘા કરીને તે ઈસ્રાએલી વ્યકિતના દેહને અને સ્ત્રીના પેટને
વીંધી નાખ્યો, અને પરિણામે ઈસ્રાએલીઓમાં મરકીનો
રોગચાળો ફાટી નીકળ્યો હતો તે બંધ થઈ ગયો. 9પરંતુ ત્યાં
સુધીમાં તો 24,000 ઈસ્રાએલીઓ તે માંદગીથી મોતનો ભોગ
બની ચૂકયા હતા.

10પછી યહોવાએ મૂસાને કહ્યું, 11"હારુન યાજકના પુત્ર
એલઆઝારના પુત્ર ફીનહાસે ઈસ્રાએલીઓ ઉપરનો મારો
ક્રોધ શાંત કર્યો એ લોકોમાં મારા પ્રત્યેની નિષ્ઠાનો અભાવ
જોઈ એણે એટલો બધો રોષ વ્યકત કર્યો એક મારો ક્રોધ
શમી ગયો, જેથી મેં એમનો નાશ ન કર્યો. 12તેથી તું તેને
હવે કહે કે; હું એની સાથે હમેશ માટે શાંતિનો કરાર કરીને
કાયમ માટે એને અને એના વંશજોને યાજકપદનો હક્ક
આપું છું. જે હક્ક તેઓ સદાને માટે ભોગવશે. 13કારણ કે,
તેણે પોતાના દેવ માટેની શ્રદ્ધાનું ઉલ્લંઘન સહન ન્હોતું કર્યુ
અને તેણે ઈસ્રાએલી પ્રજાના પાપોનું પ્રાયશ્ચિત કર્યુ હતું."

14પછી મિધાની સ્ત્રીની સાથે મારી નાખવામાં આવેલા
ઈસ્રાએલી પુરુષનું નામ ઝિમ્રી હતું, તે શિમયોન કુળસમૂહના
પરિવારના આગેવાન સાલુનો પુત્ર હતો. 15એ મિધાની સ્ત્રીનું
નામ કોઝબી હતું, તે મિધાનીઓના એક કુટુંબના વડા સૂરની
પુત્રી હતી.

16પછી યહોવાએ મૂસાને આજ્ઞા કરી, 17"જા, મિધાનીઓ
પર હુમલો કર અને તેઓનો સંહાર કર. 18પેયોરમાં તેમણે
મિધાની સ્ત્રીઓ દ્વારા તને ખેલ કરાવી, તમને મિથ્યા દેવ
બઆલની પૂજા કરતા કર્યા, મિધાની આગેવાનની પુત્રી
કોઝબી નામની સ્ત્રી દ્વારા તેઓએ તમને ફસાવ્યાં. પછી
મૂર્તિપૂજાને કારણે ઈસ્રાએલીઓ એક રોગથી મૃત્યુ પામ્યા.
તેથી તેઓ તમારા દુશ્મનો છે."

## બીજી વસ્તી ગણતરી

26 રોગચાળો બંધ થઈ ગયા પછી યહોવાએ મૂસાને
તથા યાજક હારુનના પુત્ર એલઆઝારને કહ્યું,
2"ઈસ્રાએલમાં જેઓ 20 વર્ષ કે તેનાથી મોટી વયના છે,
તેઓની વસ્તી ગણતરી કર, તથા પ્રત્યેક કુળ અને ગોત્રમાંથી
જે લોકો લશ્કરમાં નોકરી કરવા લાયક હોય તે સર્વની કુટુંબવાર
ગણતરી કર."

3તેથી યર્દન નદીને કિનારે યરીખો સામે, મોઆબના
મેદાનમાં મૂસાએ અને યાજક એલઆઝારે ઈસ્રાએલના
આગેવાનોને જણાવ્યું; 4"યહોવાએ મૂસાને આજ્ઞા આપી છે
તે પ્રમાણે વીસ વર્ષ અને તેનાથી વધારે ઉંમર ના પુરુષોની
વસ્તી ગણતરી કરો." મિસરમાંથી આવેલા જે ઈસ્રાએલીઓ
છે તે નીચે મુજબ છે:

5ઈસ્રાએલના જયેષ્ઠ પુત્ર રૂબેનના વંશનાં કુટુંબો: હનોખનું
કુટુંબ, પાલ્લુંનું કુટુંબ,

6હેસ્રોનનું કુટુંબ, અને કારમીનું કુટુંબ.

7રૂબેનના કુળસમૂહના આટલાં કુટુંબો હતાં, તેમની કુલ
સંખ્યા 43,730ની હતી.

8પાલ્લુના વંશજો: અલીઆબ, 9અને તેના પુત્રો: નમુએલ,
દાથાન, અને અબીરામ. દાથાન અને અબીરામ એટલે મૂસાની
અને હારુનની સામે બંડ પોકારનાર પંચાયતના સભ્યો, કોરાહે
અને તેની ટોળકીએ યહોવા સામે બળવો કર્યો ત્યારે એમણે
તેઓને સાથ આપ્યો હતો. 10પરંતુ પૃથ્વીએ પોતાનું મુખ
ખોલ્યું અને તેઓને ગળી ગઈ; તથા સમગ્ર પ્રજાને ચેતવણી

મળે તે માટે તે જ દિવસે યહોવાના અગ્નિએ 250 માણસોને ભસ્મીભૂત કર્યા હતા.
11તેમ છતાં કોરાહના વંશજો મૃત્યુ પામ્યા નહોતા.
12શિમયોનના કુળસમૂહો:

નમુએલનું કુટુંબ, યામીનનું કુટુંબ, યાકીનનું કુટુંબ,
13ઝેરાહનું કુટુંબ, શાઉલનું કુટુંબ,

14શિમયોનના કુળસમૂહના આટલાં કુટુંબો હતાં જેમની કુલ સંખ્યા 22,200ની હતી.
15ગાદના કુળસમૂહમાં તેના પુત્રોનાં નામ ઉપરથી ગોત્રો હતાં.

સફોનથી સફોનીઓનું કુટુંબ, હગ્ગીથી હગ્ગીઓનું કુટુંબ, શૂનીથી શૂનીઓનું કુટુંબ,
16ઓઝનીથી ઓઝનીઓનું કુટુંબ, એરીથી એરીઓનું કુટુંબ,
17અરોદથી અરોદીઓનું કુટુંબ, આરેલીથી આરેલીઓનું કુટુંબ,

18આ ગાદના કુળસમૂહનાં આટલાં કુટુંબો હતાં જેમની કુલ સંખ્યા 40,500ની હતી.
19યહૂદાના કુળસમૂહનાં કુટુંબો:
એર અને ઓનાન યહૂદાના પુત્રો હતા,
પણ તેઓ કનાન દેશમાં મૃત્યુ પામ્યા હતા.
20યહુદાના વંશ માત્રના પુત્રોના નામ ઉપરથી ગોત્રો હતા:
શેલાથી શેલાથીઓનું કુટુંબ, પેરેસથી પેરેસીઓનું કુટુંબ,
ઝેરોહથી ઝેરોહીઓનું કુટુંબ, પેરેસના કુટુંબોનો પણ આ વસ્તી ગણતરીમાં સમાવેશ થાય છે.
21પેરેસના પુત્રોનાં નામ ઉપરથી પણ કુટુંબોના નામ આવ્યા:
હેસ્રોનથી હેસ્રોનીઓનું કુટુંબ, તેઓના પૂર્વજ હેસ્રોનના નામ ઉપરથીજ આ નામ હતું. હામૂલથી હામૂલીઓનું કુટુંબ,

22આ યહૂદાના કુળસમૂહનાં કુટુંબો છે; તેઓની કુલ સંખ્યા 76,500 હતી.
23ઈસ્સાખારના કુળસમૂહમાં તેના દીકરાઓનાં નામ ઉપરથી કુટુંબો હતાં:
તોલાથી તોલાઈઓનું કુટુંબ; પૂઆહથી પૂઆહથીઓનું કુટુંબ;
24યાશુબથી યાશુબીઓનું કુટુંબ; શિમ્રોનથી શિમ્રોનીઓનું કુટુંબ;
25આ ઈસ્સાખારના કુળસમૂહોનાં કુટુંબો છે; તેઓની કુલ સંખ્યા 64,300ની છે.
26ઝબૂલોનના કુળસમૂહમાં તેના પુત્રોનાં નામ ઉપરથી કુટુંબો હતાં:

સેરેદથી સેરેદીઓનું કુટુંબ; એલોનથી એલોનીઓનું કુટુંબ; યાહલેલથી યાહલેલીઓનું કુટુંબ;

27ઝબુલોનના કુળસમૂહના આટલાં કુટુંબો હતાં. એમની કુલ સંખ્યા 60,500ની હતી.
28યૂસફના કુળસમૂહમાં તેના પુત્ર મનાશ્શા અને એફ્રાઈમના પુત્રોના નામ ઉપરથી કુટુંબો હતાં.
29મનાશ્શાનાં વંશનાં કુટુંબો,

માખારથી માખીરીઓનું કુટુંબ,
30માખીરના પુત્ર ગિલયાદમાંથી આટલાં કુટુંબો ઊતરી આવે છે:
ઈએઝેરથી ઈએઝેરીઓનું કુટુંબ; હેલેકથી હેલેકીઓનું કુટુંબ; અને
31આસ્રીએલથી આસ્રીએલીઓનું કુટુંબ; અને શખેમથી શખેમીઓનું કુટુંબ;
32શમિદાથી શમિદાઈઓનું કુટુંબ; હેફેરથી હેફેરીઓનું કુટુંબ;
33હેફેરના પુત્ર સલોફહાદને પુત્ર નહોતા, તેની પુત્રીઓનાં નામ આ પ્રમાણે છે:
મહલાહ,નોઆહ, હોગ્લાહ, મિલ્કાહ અને તિર્સાહ.

34મનાશ્શાના કુળસમૂહના આટલાં કુટુંબો હતાં: તેમની કુલ સંખ્યા 52,700ની હતી.
35એફ્રાઈમના કુળસમૂહના કુટુંબો તેના પુત્રોનાં નામ ઉપરથી હતાં!

શૂથેલાહથી શૂથેલાહીઓનું કુટુંબ, બેખેરથી બેખેરીઓનું કુટુંબ, તાહાનથી તાહાનીઓનું કુટુંબ,
36શૂથેલાહનાં વંશજો; એરાનથી એરાનીઓનું કુટુંબ.
37એફ્રાઈમના કુળસમૂહનાં આટલાં કુટુંબો હતાં. એમની સંખ્યા 32,500ની હતી. આ બધાં યૂસફના કુળસમૂહોનાં કુટુંબો છે.
38બિન્યામીનના કુળસમૂહનાં તેમના પુત્રોનાં નામ ઉપરથી કુટુંબો હતાં;

બેલાથી બેલાઈઓનું કુટુંબ, આશ્બેલથી આશ્બેલીઓનું કુટુંબ, આહરામથી આહરામીઓનું કુટુંબ;
39શફૂફામથી શુફામીઓનું કુટુંબ; હુફામથી હુફામીઓનું કુટુંબ;

40બેલાના વંશનાં કુટુંબો; આર્દથી આર્દીઓનું કુટુંબ; નામાનથી નામાનીઓનું કુટુંબ;
41આ બિન્યામીનના કુળસમૂહનાં આટલાં કુટુંબો હતાં, જેમની કુલ સંખ્યા 45,600ની હતી.
42દાનના કુળસમૂહમાં તેઓના પુત્રનાં નામ ઉપરથી કુટુંબ હતું:

શૂહામથી શૂહામીઓનું કુટુંબ, આમ દાનના કુળસમૂહનું માત્ર એકજ કુટુંબ હતું. 43શૂહામના કુળસમૂહના સભ્યોની કુલ સંખ્યા 64,400ની હતી.

44આશેરના કુળસમૂહમાં તેના પુત્રોનાં નામ ઉપરથી કુટુંબો હતાં:

ઈમ્નાથી ઈમ્નીઓનું કુટુંબ; ઈશ્વીથી ઈશ્વીઓનું કુટુંબ; તેઓના પૂર્વજ ઈશ્વીના નામ ઉપરથી હતું. બરીઆહ બરીઆહીઓનું કુટુંબ.

45બરીઆહનાં વંશના કુટુંબો તેના પુત્રોનાં નામ ઉપરથી હતાં.

હેબેરથી હેબેરીઓનું કુટુંબ; માલ્કીએલથી માલ્કીએલીઓનું કુટુંબ.

46આશેરને એક પુત્રી હતી, જેનું નામ સેરાહ હતું. 47આ આશેરના કુળસમૂહનાં આટલાં કુટુંબો હતાં, જેમની કુલ સંખ્યા 53,400ની હતી.

48નફતાલીના કુળસમૂહમાં તેના પુત્રોનાં નામ ઉપરથી કુટુંબો હતાં;

યાહસેલથી યાહસેલીઓનું કુટુંબ; ગુનીથી ગુનીઓનું કુટુંબ;
49યસેરથી યેસેરીઓનું કુટુંબ; શિલ્લેમથી શિલ્લેમીઓનું કુટુંબ.

50નફતાલીના કુળસમૂહના આટલાં કુટુંબો હતાં. જેમની કુલ સંખ્યા 45,400ની હતી.

51ઈસ્રાએલના કુલ વંશજો 6,01,730 હતા, જે યુદ્ધમાં જઈ શકે તેવા હતા.

52પછી યહોવાએ મૂસાને કહ્યું, 53"વસ્તી ગણતરીના આધારે કુળસમૂહોને આ જમીન તેમની સખ્યાના પ્રમાણમાં વહેંચી આપવાની છે. 54જેમની સંખ્યા મોટી છે તેમને વધુ જમીન આપવાની છે, જેમની સંખ્યા નાની છે તેમને ઓછી જમીન આપવાની છે. 55પ્રત્યેક કુળસમૂહે નોંધાવેલી સંખ્યા પ્રમાણે જમીન આપવાની છે. પરંતુ જમીનની વહેંચણી ચિઠ્ઠી નાખીને કરવાની છે. દરેકને તેમના કુળસમુહના વ્યક્તિઓની સંખ્યાના પ્રમાણમાં જમીન આપવાની છે. 56પ્રત્યેક વંશને ચિઠ્ઠીના આધારે જમીન મળશે. તેથી જમીન દરેક કુટુંબને મળશે ભલે તે નાનું હોય કે મોટું,"

57લેવીઓના નોંધાયેલા કુળસમૂહો અને કુટુંબો નીચે મુજબ હતા:

ગેરશોનનુ કુટુંબ, કહાથનું કુટુંબ, મરારીનું કુટુંબ,

58લેવીઓના કુળસમૂહોમાંથી બીજાં કુટુંબો નીચે મુજબ છે:

લિબ્નીનું કુટુંબ, હેબ્રોનનું કુટુંબ, માહલીનું કુટુંબ, મુશીનું કુટુંબ, તથા કોરાહનું કુટુંબ.

59કહાથનો પુત્ર અમ્રામ હતો. અમ્રામની પત્નીનું નામ યોખેબેદ હતું, તે લેવીની પુત્રી હતી. અને મિસરમાં જન્મી હતી, તેનાથી અમ્રામને હારુન, મૂસા અને તેમની બહેન મરિયમ જન્મ્યાં હતાં.

60હારુનના પુત્ર નાદાબ અબીહૂ, એલઆઝાર અને ઈથામાર હતા. 61નાદાબ અને અબિહૂ નિષિદ્ધ અગ્નિ યહોવા સમક્ષ અર્પણ કરવાથી મૃત્યુ પામ્યા હતા.

62લેવી કુળસમૂહની વસ્તી ગણતરીમાં એક મહિનો અને તેનાથી વધારે ઉંમર ના પુરુષોની કુલ સંખ્યા 23,000 થઈ. એમની નોંધણી બીજા ઈસ્રાએલીઓ ભેગી કરવામાં ન્હોતી આવી, કારણ કે, એમને જમીન મળી ન્હોતી.

63મૂસાએ અને યાજક એલઆઝારે યર્દન નદીને કાંઠે યરીખો સામે મોઆબનાં મેદાનમાં ઈસ્રાએલીઓની વસ્તી ગણતરી કરી ત્યારે આટલાં માણસો નોંધાયાં હતાં. 64મૂસાએ અને યાજક હારુને સિનાઈના રણમાં વસ્તી ગણતરી કરી હતી, ત્યારે નોંધાયેલાઓમાંથી એકપણ માણસ અત્યારે હયાત ન્હોતો. 65કારણ, યહોવાએ તેમને કહ્યું હતું કે યફૂન્નેહનો પુત્ર કાલેબ, અને નૂનના પુત્ર યહોશુઆ સિવાય બધાજ લોકો રણમાં મરણ પામશે–અને ખરેખર બધાજ મરણ પામ્યા. સિવાય કાલેબ અને યહોશુઆ.

### સલોફહાદની પુત્રીઓ

27 અને યૂસફના પુત્ર મનાશ્શાનાં કુટુંબોમાંથી મનાશ્શાના પુત્ર માખીરના પુત્ર ગિલયાદના પુત્ર હેફેરના પુત્ર સલોફહાદની પુત્રીઓનાં નામ માહલાહ, નોઆહ, હોગ્લાહ, મિલ્કાહ અને તિર્સાહ હતાં. 2તેમણે મૂસાની એલઆઝારની અને સમગ્ર સમાજના આગેવાનોની સમક્ષ મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ હાજર થઈને દાવો રજૂ કર્યો કે

3"અમારા પિતા રણમાં મૃત્યુ પામ્યા હતા. યહોવા સામે બળવો કરનાર કોરાહની ટોળીમાં તે ન્હોતા. તેઓ તેમના પોતાના પાપે જ મૃત્યુ પામ્યા હતા અને તેમને કોઈ પુત્ર ન્હોતો. 4અમારા પિતા અપુત્ર હતા એટલા જ કારણસર તેમનું નામ કુટુંબમાંથી શા માટે ભૂંસાઈ જાય? અમારા પિતાના ભાઈઓની સાથે અમને પણ વારસો આપવામાં આવે."

5એટલે મૂસાએ આ બાબત યહોવા સમક્ષ લાવી. 6અને યહોવાએ તેને કહ્યું, 7"સલોફહાદની પુત્રીઓની વાત બરાબર છે. એ લોકોને પણ એમના પિતાના ભાઈઓની સાથે તું તેમને ભાગ આપ; તેમના પિતા જીવતાં હોત તો જે વારસો તેમને આપવામાં આવ્યો હોત તે તું તેઓને આપ.

8"તે ઉપરાંત તમારા સૌ માટે આ સામાન્ય કાનૂન છે: 'તું ઈસ્રાએલીઓને આ પ્રમાણે કહે; જો કોઈ વ્યકિત અપુત્ર મૃત્યુ પામે તો તેની મિલકત તેની પુત્રીને મળે. 9જો તેને પુત્રી પણ ના હોય તો તેની મિલકત તેના ભાઈઓને મળે. 10જો તેને ભાઈઓ પણ ના હોય તો તેની મિલકત તેના

કાકાઓને મળે. 11અને જો તેને કાકાઓ ન હોય તો તેની મિલકત તેના સૌથી નજીકનાં સગાને મળે, અને તે તેનો માલિક બને. મેં યહોવાએ મૂસાને આજ્ઞા કરી છે તે મુજબ આ કાયદો સૌ ઈસ્રાએલી પ્રજાએ પાળવાનો છે.'"

## નવો આગેવાન યહોશુઆ

12યહોવાએ મૂસાને કહ્યું, "તું આ અબારીમના પર્વત પર ચડી જા અને ઈસ્રાએલી પ્રજાને મેં જે ભૂમિ આપી છે તે જોઈ લે. 13તારો ભાઈ હારુન મૃત્યુ પામ્યો તેમ તું પણ તે ભૂમિને જોયા પછી મૃત્યુ પામશે. 14કારણ કે સીનના રણમાં જયારે સમગ્ર સમાજે ઝરણા આગળ મારી સામે ઝઘડો કર્યો હતો ત્યારે તમે મારી આજ્ઞાનો ભંગ કર્યો હતો: તમે તેમની આગળ મારી શકિત વિષે અવિશ્વાસ પ્રગટ કર્યો અને લોકોને બતાવ્યુ નહિં કે હું પવિત્ર છું." સીનનાં રણમાં આવેલા કાદેશ નજીકના 'મરીબા'ના ઝરણાની આ વાત છે.

15ત્યારબાદ મૂસાએ યહોવાને કહ્યું, 16"હે યહોવા, સર્વ માનવજાતના આત્માઓના દેવ, આ તમને મારી અરજ છે હવે આ સમાજનો કોઈ આગેવાન પસંદ કરો. 17જે એમની આગળ રહે અને બધીજ બાબતોમાં માર્ગદર્શન આપે, જેથી તમારા લોકો ભરવાડ વગરનાં ઘેટાં જેવા ન રહે."

18યહોવાએ મૂસાને જવાબ આપ્યો, "નૂનનો પુત્ર યહોશુઆ શકિતશાળી માણસ છે. 19તું તેને યાજક એલઆઝાર તથા સમગ્ર સમાજ સમક્ષ ઊભો કર, પછી તેના માથા ઉપર હાથ મૂકી તેમના દેખતાં જ તેને તારો ઉત્તરાધિકારી નિયુકત કર.

20"અને પછી તારી કેટલીક સત્તા તેને સોંપ, જેથી ઈસ્રાએલીઓનો સમગ્ર સમાજ તેની આજ્ઞામાં રહે. 21તેણે મારી ઈચ્છા જાણવા માટે યાજક એલઆઝાર પાસે જવું પડશે. પછી એલઆજાર યહોવા સમક્ષ ઉરીમ પાસો નાખીને યહોવાનો જવાબ મેળવશે. આ રીતે એલઆઝાર યહોશૂઆને અને સમગ્ર ઈસ્રાએલી સમાજને તેમની બધી બાબતમાં માર્ગદર્શન આપશે."

22એટલે મૂસાએ યહોવાના કહ્યા પ્રમાણે કર્યું. તેણે યહોશુઆને લઈ જઈને યાજક એલઆઝાર તથા સમગ્ર ઈસ્રાએલી સમાજ સમક્ષ રજૂ કર્યો. 23અને સૌ લોકોની હાજરીમાં મૂસાએ તેને માથે હાથ મૂકીને તેને યહોવાએ જણાવ્યા મુજબ ઉત્તરાધિકારી નિયુકત કર્યો.

## અર્પણોના નિયમો

28 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલી પ્રજાને આ પ્રમાણે આજ્ઞા કર: 3તમારે નિયત સમયે મને આગમાં બનાવેલું ખાદ્યાર્પણ ધરવું, તેની સુગંધ મને પ્રસન્ન કરેછે." તેથી તમારે નીચે મુજબ અર્પણ ચડાવવું. પ્રતિદિન તમારે એક વર્ષના ખોડખાંપણ વગરના બે નર હલવાનોનું દહનાર્પણ કરવુંજ. 4એક હલવાનની આહુતિ સવારે અને બીજાની સંધ્યાકાળે અને રાત્રિની વચ્ચે આહુતિ આપવી. 5 ઝીણા દળેલા આઠ વાટકા લોટમાં એક કવાર્ટ* જેતુન તેલ ભેળવીને તે પણ ખાદ્યાર્પણ તરીકે અર્પણ કરો." 6તેઓએ સિનાઈ પર્વત ઉપર દૈનિક અર્પણો આપવાનું શરૂ કર્યુ આ અર્પણો આગથી બનાવેલા હતા તેની સુગંધ યહોવાને પ્રસન્ન કરે છે. 7 પેયાર્પણ તરીકે પા ગેલન દ્રાક્ષારસ દરેક હલવાન સાથે અર્પણ કરવો. તમારે તેને દેવને પેયાર્પણ તરીકે પવિત્ર જગ્યામાંની વેદી પર રેડી દેવો. 8બીજા હલવાનની આહુતિ પણ તમારે સંધ્યા અને રાત્રિ વચ્ચે આપવી, અને તેની સાથે સવારના જેવાજ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ધરાવવાં. આ હોમયજ્ઞની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે.

## વિશ્રામવારના અર્પણો

9"વિશ્રામવારને દિવસે તમારે ખોડખાંપણ વિનાના એક વર્ષની ઉંમર ના બે હલવાન, ખાદ્યાર્પણ તરીકે તેલે મોયેલા 16 વાટકા લોટ, અને નક્કી કરાયેલી માત્રામાં દ્રાક્ષારસ ધરાવવો. 10પ્રત્યેક વિશ્રામવારે આ અર્પણ નિયમિત દહનીયાર્પણ અને પેયાર્પણ ઉપરાંત લાવવાનું છે."

## માસિક પવિત્ર મેળાવડો

11"પ્રત્યેક મહિનાના પ્રથમ દિવસે તમારે યહોવાને દહનાર્પણમાં 2 વાછરડા, એક ઘેટો અને 1 વર્ષની ઉંમર ના 7 નર હલવાનો ખોડખાંપણ વગરના ચડાવવાં. 12પ્રત્યેક બળદ સાથે તમારે 24 વાટકા ઝીણો દળેલો લોટ જેતુન તેલ સાથે ભેળવી અર્પણ કરવો. અને નર ઘેટા સાથે 16 વાટકા ઝીણો દળેલો લોટ જેતૂન તેલ સાથે ભેળવી અર્પણ કરવો. 13અને પ્રત્યેક હલવાન માટે તેલે મોયેલા 8 વાટકા ઝીણા દળેલા લોટ માં જેતૂન તેલ ભેળવી અગ્નિમાં બનાવી તારે અર્પણ કરવું તેની સુગંધથી યહોવા પ્રસન્ન થાય છે. 14તમારે પેયાર્પણમાં વાછરડા દીઠ અડધો ગેલન દ્રાક્ષારસ, ઘેટા દીઠ સવા ગેલન દ્રાક્ષારસ અને હલવાન દીઠ પા ગેલન દ્રાક્ષારસ ચડાવવો. વર્ષના પ્રત્યેક મહિનામાં બારે માસ અર્પણ કરવાનું આ દહનીયાર્પણ છે. 15પ્રત્યેક માસના પ્રથમ દિવસે એક બકરો પાપાર્થાર્પણ તરીકે તમારે યહોવાને ચડાવવો. અને દૈનિક દહનીયાર્પણ અને તે સાથેના પેયાર્પણ ઉપરાંતનું આ અર્પણ છે.

## પાસ્ખાપર્વ

16"પહેલા મહિનાનો ચૌદમો દિવસ એ યહોવાનો પાસ્ખાનો દિવસ છે, દર વર્ષે પહેલા મહિનાની 14મી તારીખ તેની ઉજવણી કરવી. 17પંદરમે દિવસે બેખમીર રોટલીનો પર્વ શરૂ થશે અને સાત દિવસ સુધી તે ચાલુ રહેશે જે દરમ્યાન તમારે બેખમીર રોટલી ખાવી. 18પ્રથમ દિવસે યહોવાની સમક્ષ સર્વ લોકોની ધર્મસભા રાખવી. તે દિવસે રોજનું પરિશ્રમનું કામ કરવું નહિ. 19તમારે યહોવાને દહનીયાર્પણમાં 2 વાછરડા, 1 ઘેટો અને 1 વર્ષની ઉંમર નાં ખોડખાંપણ વિનાનાં 7 હલવાનો ચડાવવાં. 20પ્રત્યેક વાછરડા

---

**એક કવાર્ટ** એક દશાંશ એફાહ.

દીઠ 24 વાટકા ઝીણા દળેલા લોટમાં જેતૂન તેલ ભેળવી તથા
નર ઘેટા સાથે 16 વાટકા ઝીણા દળેલા લોટમાં જેતૂન તેલ
ભેળવી અર્પણ કરવાં. **21**અને પ્રત્યેક હલવાન સાથે વાટકા 8
તેલથી મોયેલો લોટ. **22**અને તમારા પોતાના માટે પ્રાયશ્ચિત
કરવા પાપાર્થાર્પણ તરીકે તમારે એક બકરાનું અર્પણ કરવું.
**23**દરરોજના દહનાર્પણો ઉપરાંત આ અર્પણો તમારે સાત
દિવસ સુધી લાવવાનાં છે.

**24**"ઉત્સવના સાતે દિવસ યહોવાને માટે એ હોમયજ્ઞ જે
તેની સાથેના પેયાર્પણ ઉપરાંત ચડાવવાનાં છે.

**25**"સાતમા દિવસે ફરીથી પવિત્ર ધર્મસભા માટે સર્વ
લોકોએ ભેગા થવું અને તે દિવસે રોજનું પરિશ્રમનું કામ
કરવું નહિ.

## સપ્તાહોનું પર્વ

**26**"કાપણીના પર્વના પ્રથમ દિવસે નવા પાકની ઉજવણી
કરવા યહોવા સમક્ષ સર્વ લોકોએ ધર્મસભામાં ભેગા થવું, તે
દિવસે તમારે તમારા નવા પાકનું પ્રથમ ફળ યહોવાને
ખાદ્યાર્પણ તરીકે અર્પણ કરવું, અને રોજનું કામ કરવું નહિ.
**27**તે દિવસે એક ખાસ દહનીયાર્પણ યહોવા સમક્ષ ચડાવવું.
તેની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે, તે માટે તમારે 2
વાછરડા, 1 ઘેટો અને એક વર્ષના 7 નર હલવાનો લાવવા.
**28**એની સાથે બળદ દીઠ 24 વાટકા, ઘેટા દીઠ 16 વાટકા
**29**અને હલવાન દીઠ 8 વાટકા તેલથી મોયેલો લોટ ચડાવવો.
**30**તદુપરાંત તમારા પોતાના પ્રાયાશ્ચિતને માટે એક બકરો
અર્પણ કરવો. **31**પ્રતિદિન નિયમિત ચડાવવામાં આવતાં
દહનીયાર્પણ, ખાદ્યાર્પણ અને પેયાર્પણ ઉપરાંત આ અર્પણો
તમારે લાવવાનાં છે. બલિદાન માટેનાં પ્રાણીઓ ખોડખાંપણ
વિનાના હોય તેની કાળજી રાખવી.

## રણશિંગડાનાં ઉત્સવો

29 પ્રતિવર્ષ સાતમા મહિનાના પ્રથમ દિવસે તમારે
ધર્મસંમેલન રાખવું. એ દિવસે રણશિંગડાં
વગાડવાનો ઉત્સવ ઉજવવો. રોજનું કામ તે દિવસે કરવું
નહિ. એ દિવસે તમારે સૌએ આનંદના પોકારો કરવા. **2**તે
દિવસે તમારે યહોવાને દહનીયાર્પણમાં એક વાછરડો, એક
ઘેટો અને એક વર્ષની વયનાં ખોડખાંપણ વિનાના 7 હલવાન
અર્પણ કરવાં. તેની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. **3**તેની
સાથે વાછરડા દીઠ 24વાટકા , 4 ઘેટા દીઠ 16 વાટકા લોટ
અને હલવાન દીઠ 8 વાટકા લોટ તેલમાં મોયીને ખાદ્યાર્પણ
માટે લાવીને ચડાવવો. **5**આ ઉપરાંત તમારા પોતાના માટે
પ્રાયશ્ચિત્ત કરવા પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચડાવવો.
**6**અમાવસ્યાના દહનીયાર્પણ તથા દૈનિક યજ્ઞો અને તે સાથેના
ખાદ્યાર્પણ અને પેયાર્પણ ઉપરાંત આ વિશિષ્ટ અર્પણો છે. એ
યહોવાની સુવાસિત આહુતિ છે.

## પ્રાયશ્ચિત દિવસ

**7**"આ સાતમા મહિનાના દસમે દિવસે ધર્મ સંમેલન રાખવું,
તે દિવસે તમારે ઉપવાસ કરવો અને રોજનું કોઈ કામ ન
કરવું. **8**તે દિવસે તમારે યહોવા સમક્ષ દહનાર્પણમાં એક
વાછરડો, એક ઘેટો અને એક વર્ષની વયના સાત નર હલવાનો
ખોડખાંપણ વિનાના અર્પણ કરવાં. આની સુવાસથી યહોવા
પ્રસન્ન થાય છે. **9**તમારે વાછરડા સાથે 24 વાટકા તેલમાં
ભેળવેલો લોટ અર્પણ કરવો, **10**પ્રત્યેક ઘેટા દીઠ 16 વાટકા,
અને હલવાન દીઠ 8 વાટકા, તેલથી મોયેલો લોટ ચડાવવો.
**11**વળી પાપાર્થાર્પણ માટે તમારે એક બકરાનું બલિદાન આપવું.
પ્રાયશ્ચિતના દિવસનું પાપાર્થાર્પણ વર્ષમાં એક વખત તે
પ્રાયશ્ચિતના દિવસે અર્પણ કરવામાં આવતું અને પ્રતિદિન
થતાં દહનાર્પણો, ખાદ્યાર્પણો અને પેયાર્પણો ઉપરાંતનું આ
અર્પણ છે.

## સંગ્રહનું પર્વ

**12**પછી સાતમા મહિનાના પંદરમે દિવસે તમારે
ધર્મસંમેલન રાખવું. રોજનું કામ કરવું નહિ, અને સાત દિવસ
સુધી તમારે યહોવાનો ઉત્સવ ઊજવવો. **13**એ દિવસે યહોવા
જેનાથી પ્રસન્ન થાય છે તે અર્પણ કરવું. તમારા આ વિશિષ્ટ
દહનીયાર્પણમાં 13 વાછરડા, 21 ઘેટા અને એક વર્ષની
ઉમર નાં ખોડખાંપણ વિનાનાં 14 હલવાન ચડાવવાં. **14**એની
સાથે ખાદ્યાર્પણમાં વાછરડા દીઠ 24 વાટકા, **15**ઘેટા દીઠ 16
વાટકા અને હલવાન દીઠ 8 વાટકા તેલથી મોયેલો લોટ
ધરાવવો. **16**તદુપરાંત પ્રાયશ્ચિત્તાર્પણ તરીકે એક બકરો
ચડાવવો. પ્રતિદિન નિયમિત થતા યજ્ઞો, ખાદ્યાર્પણો અને
પેયાર્પણો ઉપરાંત આ અર્પણ કરવાનું છે.

**17**"બીજે દિવસે 12 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની
ઉમર ના ખોડખાંપણ વગરના 14 નર હલવાનો ચડાવવા.
**18**તેની સાથે નિયમ પ્રમાણે ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચડાવવા.
**19**તદુપરાંત નિયમિત પ્રતિદિન થતા યજ્ઞ ઉપરાંત પાપાર્થાર્પણ
માટે એક બકરાનું બલિદાન અને તે સાથેનાં ખાદ્યાર્પણ તથા
પેયાર્પણ ચડાવવાં.

**20**"ત્રીજે દિવસે 11 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની
ઉમર ના ખોડખાંપણ વિનાના 14 હલવાનો, **21**તથા તેની
સાથે પ્રાણીઓની સંખ્યા અનુસાર નકકી કરેલા ધોરણ મુજબ
ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચડાવવા. **22**ઉપરાંત, પ્રાયશ્ચિત્તાર્પણ
તરીકે એક બકરો ચડાવવો. આ પ્રતિદિન થતાં દહનાર્પણો
ખાદ્યાર્પણો અને પેયાર્પણો ઉપરાંત ચડાવવું.

**23**"ચોથે દિવસે 10 વાછરડા, 2 ઘેટા, અને એક વર્ષની
ઉમર ના ખોડખાંપણ વગરના 14 હલવાનો, **24**તથા તેની
સાથે પ્રાણીઓની સંખ્યા મુજબ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ
ચડાવવા. **25**તદુપરાંત પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચડાવવો.
આ પ્રતિદીન અપાતાં દહનાર્પણ, ખાદ્યાર્પણ તથા પેયાર્પણ
ઉપરાંત ચડાવવું.

**26**"પાંચમે દિવસે 9 વાછરડા, 2 ઘેટા, અને એક વર્ષની
ઉમર ના ખોડખાંપણ વગરના 14 હલવાન. **27**તથા તેની

સાથે પ્રાણીઓની સંખ્યા મુજબ યોગ્ય પૂરતા ખાદ્યાર્પણ તથા
પેયાર્પણ ચડાવવા. 28પ્રતિદિન થતાં યજ્ઞ અને તે સાથે નિયમ
પ્રમાણે ખાદ્યાર્પણ અને પેયાર્પણ ઉપરાંત પાપાર્થાર્પણ માટે
એક બકરાનું બલિદાન આપવું.

29"છઠ્ઠે દિવસે 8 વાછરડા, 2 ઘેટા, અને એક વર્ષની ઉમરના
ખોડખાંપણ વગરના 14 હલવાન 30તથા તેની સાથે
પ્રાણીઓની સંખ્યા અનુસાર જરૂરી પૂરતાં ખાદ્યાર્પણ તથા
પેયાર્પણ ચડાવવા. 31આ બધું પ્રતિદિન નિયમિત થતાં યજ્ઞ
અને તે સાથે નિયમ પ્રમાણે ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ઉપરાંત
પાપાર્થાર્પણને માટે એક બકરાનું બલિદાન અર્પણ કરવું.

32"સાતમે દિવસે 7 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની
ઉમર ના ખોડખાંપણ વગરના 14 હલવાન. 33તથા તેની
સાથે પ્રાણીઓની સંખ્યા અનુસાર નિયમ મુજબ ખાદ્યાર્પણ
તથા પેયાર્પણ ચડાવવાં. 34ઉપરાંત પાપાથાર્પણ તરીકે એક
બકરો ચડાવવો. આ અર્પણ પ્રતિદિન થતાં દાણાર્પણ અને
પેયાર્પણ ઉપરાંતના હશે.

35"આઠમો દિવસે તમારા માટે ખૂબજ વિશિષ્ટ સભાનો
દિવસ હશે, 36તે દિવસે તમારે રોજના કામ ન કરવાં. તમારે
યહોવાને દહનાર્પણો અર્પવા. તેની સુવાસ યહોવાને પ્રસન્ન
કરે છે.  આ તમારા ખાસ દહનીયાર્પણમાં એક બળદ, એક
ઘેટો અને એક વર્ષની ઉમર ના ખોડખાંપણ વગરના 7
હલવાન હોવા જોઈએ. 37તથા તેની સાથે સંખ્યા અનુસાર
નિયમ મુજબ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચડાવવા. 38ઉપરાંત
તમારે પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચડાવવો. આ અર્પણ
પ્રતિદીન દહનાપૅણ અને ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ઉપરાંત
ચડાવવું.

39"તમારા ઠરાવેલા વાર્ષિક ઉત્સવો દરમ્યાન આ અર્પણો
ફરજિયાત છે. આ અર્પણો તમારી બાધાના પૂર્ણ કરવાના
અર્પણો, અથવા ખાસ ભેટના અર્પણો અથવા, દહનીયાર્પણો,
ખાદ્યાર્પણો, પેયાર્પણો તથા શાંત્યાર્પણોની ઉપરાંત અર્પણ
કરવાના છે."

40મૂસાએ આ સર્વ સૂચનાઓ યહોવાની આજ્ઞા પ્રમાણે
ઈસ્રાએલી પ્રજાને કહી સંભળાવી.

## વ્રતો વિશેના વિશેષ નિયમો

30 મૂસાએ ઈસ્રાએલીઓના કુળસમૂહોના વડાઓને
કહ્યું, "યહોવાની આજ્ઞા આ પ્રમાણે છે:

2"જો કોઈ વ્યકિત કોઈ બાબત માટે અથવા કોઈ વસ્તુનો
ત્યાગ કરવા માટે દેવ સમક્ષ વચન આપે તો તેણે તેનો ભંગ
કરવો નહિ. વચનનું પાલન અચૂક કરવું.

3"જો કોઈ કુંવારી સ્ત્રી પોતાના પિતાને ઘેર હોય ત્યારે
યહોવાને કશું ચડાવવાનું વચન આપે અગર અન્ય કોઈ
વસ્તુનો ત્યાગ કરવાનું વ્રત લે. 4અને તેના પિતાને તે વચન
વિષે જાણ થાય છતાં તે કશો વાંધો ઉઠાવે નહિ, તો તે વચન
તે સ્ત્રીને બંધનકર્તા બને છે. 5પરંતુ જો તેના પિતાને જે
દિવસે જાણ થાય તે જ દિવસે તેણીને વચન પુરૂ કરવાની
મનાઈ કરે તો તે તેને પુરૂ કરવા બંધનકર્તા ન રહે, એના
પિતાએ એને રોકી હોવાથી યહોવા એને વચન તોડવા માટે
દોષિત ગણે નહિ.

6"પરંતુ જો કોઈ સ્ત્રી કઇ કરવાની પ્રતિજ્ઞા લે, અને પછી
લગ્ન કરે, 7અને તેના પતિને તેના વચન વિષેની ખબર પડે
અને જે દિવસે ખબર પડે તે દિવસે તે વિષે કશું ન કરે તો
તેનું વચન બંધનકર્તા બને છે. 8જો તેનો પતિ તેની પ્રતિજ્ઞા
અથવા વચન પુરું કરવા ન દે તો તે પ્રતિજ્ઞા અથવા વચન
મુક્ત થઇ જાય છે. તેથી યહોવા તેને માફ કરશે.

9"જો કોઈ વિધવા કે છૂટાછેડા આપેલી સ્ત્રીનું વચન
હોય તો તે તેને બંધનકર્તા ગણાય, તે અચૂક પૂર્ણ કરવાં.
10જો કોઈ પરણેલી સ્ત્રીએ સાસરે આવ્યા પછી યહોવાને
કોઈ વચન આપ્યું હોય 11અને તેની જાણ થવા છતાં તેનો
પતિ તેને કાંઈજ કહે નહિ કે ના પાડે નહિ, તો તેનું વચન
તેને બંધનકર્તા ગણાય.12પણ જો પતિને જાણ થતાં તેને રદ
કરે તો તેણે જે વચન આપ્યું હોય તે બંધનકર્તા રહે નહિ.
એના પતિએ એને રદ કર્યા હોવાથી યહોવા તેને માફ કરી
દેશે 13પત્નીના કોઈપણ વચનને પતિ મંજૂર કે રદ કરી શકે
છે. 14પરંતુ જો જાણ થયા પછી બીજા દિવસ સુધીમાં પતિએ
તેને કંઈજ કહ્યું ના હોય તો એનો અર્થ એ કે તે એના વચન
સાથે સંમત છે, અને પતિએ જાણ થઈ તે જ દિવસે તેણે કશું
જ કહ્યું નહિ, એટલે એ મંજૂર રાખ્યું ગણાય. 15પણ જો
જાણ્યા પછી થોડા સમય બાદ પતિ ના કરે તો તેણીના
વચનોનાં ભંગનો જવાબદાર તેનો પતિ છે."

16પતિ અને પત્નીને વિષે તેમજ પિતા અને તેના ઘરમાં
રહેતી કુંવારી કન્યા વિષે યહોવાએ મૂસાને આ પ્રમાણે નિયમો
જણાવ્યા હતા.

## ઈસ્રાએલ અને મિદ્યાન વચ્ચે યુદ્ધ

31 યહોવાએ મૂસાને કહ્યું, 2"મૂર્તિપૂજામાં ઈસ્રાએલને
લઈ જનાર મિદ્યાનીઓ ઉપર તું પૂરેપૂરું વેર વસૂલ
કરજે. તે પછી તું પિતૃઓ ભેગો પોઢી જશે."

3પછી મૂસાએ લોકોને કહ્યું, "તમારામાંથી કેટલાકે
શસ્રસજ્જ થઈને મિદ્યાનીઓ ઉપર હુમલો કરો, અને યહોવા
તમારા દ્વારા મિદ્યાનીઓ ઉપર બદલો લેશે. 4તમારે
ઈસ્રાએલના પ્રત્યેક કુળસમૂહમાંથી 1,000 માણસોને યુદ્ધમાં
મોકલવા." 5આથી પ્રત્યેક કુળસમૂહમાંથી હજાર માણસો,
મુજબ મૂસાએ 12,000 માણસો ભેગા કરીને તેમને શસ્રસજ્જ
કરીને યુદ્ધમાં મોકલ્યા."

6અને યાજક એલઆઝારનો પુત્ર ફીનહાસ પવિત્ર સામગ્રી
અને યુદ્ધનાદ કરવાનાં રણશિંગડાં લઈને સાથે ગયો. 7યુદ્ધમાં
મિદ્યાનના સર્વ પુરુષોનો સંહાર કરવામાં આવ્યો. કારણ કે
મૂસાએ યહોવાની આજ્ઞા મુજબ મિદ્યાનીઓ પર હુમલો
કર્યો હતો. 8યુદ્ધમાં માર્યા ગયેલા માણસોમાં 5 મિદ્યાની
રાજાઓ-એવી, રેકમ, સૂર, હૂર અને રેબા હતા. ઉપરાંત
બયોરના પુત્ર બલામને પણ મારી નાખ્યો હતો.

9ઈસ્રાએલીઓએ મિદ્યાનીઓની સર્વ સ્ત્રીઓને અને
બાળકોને કેદ પકડયાં, તેમના બધાં ઢોર, ઘેટાં બકરાં અને

સરસામાન લૂંટી લીધાં. 10તેમણે તેમના બધાં શહેરોને અને છાવણીઓને લૂટયાં. 11ત્યાર પછી તેઓ બધી લૂટ અને કબજે કરેલાં પશુઓ અને માણસોને 12મોઆબના મેદાનમાં યરીખોની સામે યર્દન નદીને કાંઠે આવેલી છાવણીમાં મૂસા,યાજક એલઆઝાર અને સમગ્ર ઈસ્રાએલી સમાજ સમક્ષ લાવ્યા. 13મૂસા, એલઆઝાર યાજક અને લોકોના આગેવાનો વિજયી સૈન્યને મળવા માટે બહાર આવ્યા.

14મૂસા યુદ્ધમાંથી પાછા ફરતા લશ્કરના સેનાપતિઓ, અને લશ્કરના નાનામોટા અધિકારીઓ ઉપર ક્રોધે ભરાયો હતો. 15તેણે તેઓને પૂછયું, "તમે આ બધી સ્ત્રીઓને શા માટે જીવતી રહેવા દીધી? 16આ એ જ સ્ત્રીઓ છે જેઓએ બલામની શિખામણ મુજબ પેઓરના પર્વત પર ઈસ્રાએલીઓને યહોવાનો ત્યાગ કરવા તથા મૂર્તિપૂજામાં લલચાવી ગઈ હતી, અને એને કારણે જ ઈસ્રાએલી સમાજમાં મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. 17આથી બધાં પુરુષ સંતાનોને મારી નાખો, અને જેમણે શારીરિક સંબંધ કર્યો હોય એવી બધી સ્ત્રીઓને પણ મારી નાખો. 18પરંતુ જે સ્ત્રીઓએ શારીરિક સંબંધ ન કર્યો હોય તેમને તમારે માટે જીવતી રાખો. 19અને જેઓએ કોઈનો સંહાર કર્યો છે અથવા મૃતદેહનો સ્પર્શ કર્યો છે તેઓ બધાએ સાત દિવસ સુધી છાવણીની બહાર રહેવું. તમારે અને તમારા કેદીઓએ ત્રીજે અને સાતમે દિવસે દેહશુદ્ધિ કરવી, 20વળી તમારાં બધા કપડાં તથા જે કાંઈ ચામડાનું કે બકરાના વાળનું કે લાકડાનું બનાવેલુ હોય તે બધુંય શુદ્ધ કરવાનું યાદ રાખો."

21પછી યાજક એલઆઝારે યુદ્ધમાંથી પાછા ફરેલા યોદ્ધાઓને કહ્યું, "યહોવાએ મૂસા મારફતે જણાવેલા આ શાસ્રનો નિયમ છે. 22જે કાંઈ અગ્નિમાં મૂકી શકાય જેમકે–સોનું, ચાંદી, કાંસા, લોંખંડ, કલાઈ અને સીસાને 23શુદ્ધ કરવા માટે અગ્નિમાંથી પસાર કરવું પડશે; પછી શુદ્ધિના પાણી વડે તેને શુદ્ધ કરવામાં આવશે, જે કાંઈ અગ્નિમાં મૂકી ન શકાય તે બધાને પાણીથી શુદ્ધ કરવું. 24સાતમે દિવસે તમારે કપડાં ધોઈ નાખવાં, ત્યાર પછી તમે શુદ્ધ થશો, અને પાછા છાવણીમાં દાખલ થઈ શકશો."

25અને યહોવાએ મૂસાને કહ્યું, 26"તું; એલઆઝાર યાજક અને કુળના વડાઓ સાથે મળીને કબજે કરાયેલાં માણસો અને પશુઓ સહિત બધાની ગણતરી કર, 27અને એ યુદ્ધમાં ગયેલા યોદ્ધાઓ અને બાકીના સમાજ વચ્ચે સરખે ભાગે વહેંચી આપ. 28યુદ્ધમાં ગયેલા યોદ્ધાઓના ભાગમાંથી તારે દર 500 કેદીઓ, બળદો, ગધેડાં કે ઘેટાં દીઠ એક યહોવાને માટે કાઢી લેવું. 29પેલી વસ્તુઓ સૈનિકોએ યુદ્ધમાં લીધેલી વસ્તુઓના અડધા ભાગમાંથી લેવી અને તેને યાજક એલઆઝાર ને આપવી તે ભાગ યહોવાનો છે. 30લોકોના અડધા ભાગમાંથી દર 50 માણસ દીઠ, બળદો, ગધેડાં, ઘેટાં અને બીજાં બધાં પશુઓમાંથી એક લઈને યહોવાના પવિત્રમંડપની સંભાળ લેતા લેવીઓને તે આપ. તે દેવનો ભાગ છે." 31તેથી યહોવાએ આજ્ઞા કરી હતી તે પ્રમાણે મૂસાએ અને યાજક એલઆઝારે કર્યુ. 32યોદ્ધાઓએ જે લૂંટ એકત્ર કરી હતી તેની યાદી: 6,75,000 ઘેટાં, 33 72,000 ઢોર, 34 61,000 ગધેડા, 35 32,000 કુંવારી કન્યાઓ. 36યુદ્ધમાં ગયેલા સૈનિકોને લૂંટમાંથી જે અડધો ભાગ મળ્યો તેની વિગતો: 3,37,500 ઘેટા; 37તેમાંથી 675 કર તરીકે યહોવાને આપવામાં આવ્યાં. 38 36,000 ઢોર, તેમાંથી 72 કર તરીકે યહોવાને આપવામાં આવ્યાં. 39 30,500 ગધેડા; તેમાંથી 61 કર તરીકે યહોવાને આપવામાં આવ્યા. 40 16,000 કન્યાઓ, તેમાંથી 32 કર તરીકે યહોવાને આપવામાં આવી. 41યહોવાએ મૂસાને કહ્યું હતું તે પ્રમાણે યહોવાનો સર્વ ભાગ યાજક એલઆઝારને આપવામાં આવ્યો.

42લૂંટનો અડધો ભાગ ઈસ્રાએલી લોકો માટે હતો, મૂસાએ યુદ્ધમાં ગયેલા યોદ્ધાઓના ભાગથી તેને જુદો રાખ્યો હતો, તેની વિગતો; 43અડધા ભાગમાં 3,37,500 ઘેટાં, 44 36,000 ગાયો. 45 30,500 ગધેડાં, 46ને 16,000 સ્ત્રીઓ હતી. 47યહોવાની આજ્ઞા અનુસાર મૂસાએ લોકોને મળેલા અડધા ભાગમાંથી દર 50 માણસોમાંથી એક માણસ અને દર 50 પશુઓમાંથી એક પશુ લઈને યહોવાના પવિત્ર મંડપની સંભાળ રાખનાર લેવીઓને તે આપ્યાં.

48પછી સેનાપતિઓ અને લશ્કરના નાનામોટા અધિકારીઓએ આવીને 49મૂસાને જણાવ્યું, "અમે આપના સેવકોએ તેમના હાથ નીચેના માણસોની ગણતરી કરી છે અને એકપણ માણસ ઓછો થયો નથી. 50આથી લૂંટના અમારા ભાગમાંથી ખાસ સ્તુત્યાર્પણો યહોવાને અર્પણ કરવા લાવ્યા છીએ: સોનાનાં ઘરેણાં, સાંકળા, કડાં, કંડલા, વીટીઓ, કુડળો અને હારો–અમારા પ્રાણ બચાવવા બદલ યહોવાને ધરાવવા આવ્યા છીએ. યહોવા સમક્ષ અમારા આત્માઓના પ્રાયશ્ચિતને માટે આ સર્વ અર્પણો છે."

51મૂસાએ અને યાજક એલઆઝારે તેમની પાસેથી દાગીનાઓ સ્વીકારી લીધા. તે બધા શોભાયમાન અલંકારના રૂપમાં હતા. 52તેમણે યહોવાને ધરાવેલી આ સોનાની ભેટનું કુલ વજન બસો કિલો હતું. તેની કિંમત 420 પાઉંડ હતી. એ 1000 માણસોના અને 100 માણસોના આગેવાનોએ આપેલ હતું. 53અધિકારી નહોતા તેવા યોદ્ધાઓએ પોતપોતાની લૂંટ પોતાની પાસે રાખી હતી. 54મૂસા અને યાજક એલઆઝાર 'હજાર'ના અને સેનાનાયકો પાસેથી સોનું સ્વીકારીને મુલાકાતમંડપમાં લઈ આવ્યા, ઈસ્રાએલ પ્રજાના સ્મરણાર્થે યહોવા સમક્ષ તે રાખવામાં આવ્યું, જેથી યહોવા ઈસ્રાએલનું રક્ષણ કરે.

## યર્દન નદીને પૂર્વકાંઠે વસેલા કુળસમૂહ

32 ઈસ્રાએલી પ્રજા યાઝેર અને ગિલયાદના પ્રદેશમાં આવી, રૂબેન અને ગાદના કુળસમુહો પાસે ઘેટાનાં મોટાં મોટાં ઘણ હતાં. તેમણે જોયું કે આ પ્રદેશ ઢોરઢાંખરના ઉછેર માટે ઉત્તમ અને અનુકૂળ છે. 2તેથી તેઓએ મૂસા; યાજક એલઆઝાર અને સમાજના આગેવાનો સમક્ષ આવીને કહ્યું, 3"ઈસ્રાએલી સમાજને યહોવાએ જીતી આપેલો પ્રદેશ, અટારોથ, દિબોન, યાઝેર, નિમ્રાહ, હેશ્બોન, એલઆલેહ,

સબામ, નબો અને બેઓન. 4આ સમગ્ર પ્રદેશ ઢોરઢાંખરના
ઉછેર માટે ખૂબ અનુકૂળ છે, અને આપના સેવકો પાસે
પુષ્કળ ઢોરો છે. 5અમારા પર કૃપા હોય તો યર્દન નદી
ઓળંગીને તે તરફના વિસ્તારને બદલે આ પ્રદેશ અમારા
ભાગમાં આપો."

6મૂસાએ ગાદ અને રૂબેનના કુળસમૂહોને કહ્યું, "તમારા
બીજા ઈસ્રાએલી ભાઈઓ તો યુદ્ધમાં જાય છે ત્યારે તમે
અહીં રહેવા માંગો છો. 7ઈસ્રાએલીઓ યર્દન નદી ઓળંગીને
યહોવાએ તેમને આપેલી ભૂમિમાં દાખલ થવા જાય છે,
ત્યારે તમે શા માટે તેમને નિરૂત્સાહી કરો છો? 8-9જયારે મેં
તમારા પિતૃઓને કાદેશ બર્નિયાથી દેશની જાસૂસી કરવા
મોકલ્યા હતા ત્યારે તેઓએ આવુ જ વર્તન કર્યુ હતું, તે લોકો
ઈસ્રોલ ખીણ સુધી ગયા. પ્રદેશ જોયો અને જે પ્રદેશ યહોવાએ
ઈસ્રાએલીઓને આપ્યો હતો ત્યાં જવાનો તેમનો ઉત્સાહ
તોડી પાડયો. 10આથી તે દિવસે યહોવાનો ક્રોધ ભભૂકી
ઊઠયો હતો અને તેણે વચન આપ્યું કે, 11'તે લોકો મને
વિશ્વાસુ રહ્યા નથી તેથી મિસરમાંથી આવેલા એમાંના 20
વર્ષ અને તેથી વધારે ઉંમર ના ઈસ્રાએલીઓ ઈબ્રાહિમ,
ઈસહાક અને યાકૂબને જે ભૂમિ આપવાનું વચન આપ્યુ હતું
તેમાં તે પ્રવેશ કરશે નહિ. 12અપવાદ રૂપે ફકત મારામાં
સંપૂર્ણ વિશ્વાસ રાખનાર કનીઝી યફુન્નેહનો પુત્ર કાલેબ
અને નૂનનો પુત્ર યહોશુઆ જેઓએ વચનના દેશમાં જવા
માટે લોકોને અનુરોધ કર્યો હતો.'

13"ઈસ્રાએલીઓ ઉપર યહોવાનો કોપ ભભૂકી ઊઠયો અને
તેણે તેમને 40વર્ષ સુધી રણમાં રઝળાવ્યા, અને આખરે
યહોવાને દુ:ખ આપનારી આખી પેઢી સમાપ્ત થઈ ગઈ
14અને હવે તમે, પાપી લોકો, પણ તમારા પિતાઓએ કર્યુ
તેમ કરો છો. શું તમારે યહોવાને તેના લોકો વિરુદ્ધ હજુ
વધારે ગુસ્સે કરવા છે? 15કારણ, જો તમે અત્યારે આ પ્રમાણે
દેવથી વિમુખ થશો તો તે આ બધા લોકોને રણમાં રઝળતાં
છોડી દેશે અને તમે તેમના વિનાશનું નિમિત્ત બનશો."

16તેથી તેમણે મૂસાની પાસે જઈને કહ્યું, "અમે અહીં
અમારાં ઘેટાંબકરાં માટે વાડા બાંધીશું અને અમારાં સ્ત્રીબાળકો
માટે કિલ્લેબંધી નગરો બાંધીશું 17ત્યાર બાદ અમે જાતે
શસ્રસજજ થઈને ઈસ્રાએલી પ્રજાને આગળ રહી તેમને તેમની
ભૂમિમાં પહોંચાડતા સુધી લડીશું, એ સમય દરમ્યાન અમારાં
સ્ત્રી બાળકો એ ગામોમાં દેશના મૂળ વતનીઓના હુમલાથી
સુરક્ષિત રહી શકશે. 18અને બધા ઈસ્રાએલીઓને તેઓનો
વારસો-પોતાના ભાગની જમીનનો પાછો નહિ મળે ત્યાં
સુધી અમે પાછા નહિ ફરીએ. 19વળી અમે યર્દન નદીને
પેલે પારના પ્રદેશમાં તેમની સાથે જમીનમાં ભાગ માગીશું
નહિ, કારણ કે, તેના બદલે અમને યર્દન નદીને પૂર્વકાંઠે
અમારા ભાગની જમીન મળેલી છે ત્યાં રહેવાનું અમે પસંદ
કરીશું."

20એટલે મૂસાએ કહ્યું, "ઠીક, તો તમે જે કહ્યું છે તે પ્રમાણે
કરો અને યહોવાના યુદ્ધ માટે પોતાને સજ્જ કરો. 21અને
યહોવા પોતાના શત્રુઓને તે દેશમાંથી હાંકી કાઢે ત્યાં સુધી
તમારી સેનાની ટુકડીઓને યર્દન નદીને પાર રાખો અને ત્યાં
રહો. 22પછી તે ભૂમિ યહોવાના તાબામાં આવી જાય ત્યારબાદ
જ તમે પાછા ફરો તો, તમે યહોવા અને ઈસ્રાએલ પ્રત્યેના
કર્તવ્યથી મુકત થશો અને આ ભૂમિ યહોવાની દ્રષ્ટિએ તમારી
માલિકીની થશે. 23પરંતુ જો તમે જે કહ્યું, તે પ્રમાણે નહિ કરો
તો તે યહોવાની વિરુદ્ધનું તમારું પાપ ગણાશે, અને તમારે
તમારું પાપ અચૂક ભોગવવું પડશે. 24ભલે, જાઓ, અને
તમારાં કુટુંબો, સ્ત્રીબાળકો માટે નગરો તથા તમારાં ઢોરઢાંખર
માટે વાડા બાંધો, અને તમે કહ્યું છે તે બધું તમે કરો. તમારું
વચન પાળજો."

25ગાદ અને રૂબેનના કુળસમૂહોએ મૂસાને કહ્યું, "ધણી,
અમે આપના સેવકો આપ કહેશો તેમ કરીશું, અને તમારી
સૂચનાઓ અક્ષ:રશ પાળીશું. 26અમારાં બાળકો અને સ્ત્રીઓ,
અમારાં ઘેટાબકરાં અને બીજાં બધાં પ્રાણીઓ અહીં ગિલયાદનાં
ગામોમાં રહેશે, 27પણ અમે આપના સેવકો બધા હથિયાર
ધારણ કરીશું અને યર્દન પાર જઈશું યહોવાની સમક્ષ લડવા
માટે અમારા ધણીએ કહ્યા મુજબ."

28તેથી મૂસાએ યાજક એલઆઝાર, યહોશુઆ અને
ઈસ્રાએલના કુળસમૂહના આગેવાનોને કહ્યું, 29"જો ગાદના
અને રૂબેનના વંશજો હથિયાર ધારણ કરીને તમારી સાથે
યહોવા સમક્ષ લડવાને યર્દન ઓળંગીને આવે, અને જો તે
પ્રદેશ તમારા તાબામાં આવી જાય તો તમારે તેમને ગિલયાદનો
પ્રદેશ તેમના ભાગ તરીકે આપવો. 30પણ જો તેઓ હથિયાર
ધારણ કરીને તમારી સાથે યર્દન ઓળંગીને ન આવે તો
તેમને તેમનો ભાગ કનાનમાં જ તમારી સાથે મળશે."

31ગાદના અને રૂબેનના લોકોએ કહ્યું, "ધણી, અમે
યહોવાએ જણાવ્યા મુજબ કરીશું. 32અમે હથિયાર ધારણ
કરીને યહોવા સમક્ષ યર્દન પાર કરીને કનાનના પ્રદેશમાં
જઈશું. પણ અમને યર્દન નદીના આ પૂર્વકાંઠે અમારા ભાગની
જમીન મળવી જોઈએ."

33આથી મૂસાએ ગાદના અને રૂબેનના વંશજોને તથા
યૂસફના પુત્ર મનાશ્શાના અર્ધકુળસમૂહને અમોરીઓના રાજા
સિહોનનું રાજય અને બાશાનના રાજા ઓગનું રાજય, એ
સમગ્ર પ્રદેશ અને તેમાંનાં શહેરો તથા આજુબાજુની જમીન
બધું આપી દીધું.

34પછી ગાદના વંશજોએ કોટવાળાં નગરો બાંધ્યાં; દિબોન,
અટારાથ, અરોએર, 35આટ્રોથ-શોફાન, યાઝેર, યોગ્બહાહ,
36બેથ-નિમ્રાહ અને બેન-હારાન, તથા ઘેટાબકરાંઓ માટે
વાડાઓ બાંધ્યા.

37રૂબેનના વંશજોએ હેશ્બોન, 38એલઆલેહ, કિર્યાથાઈમ,
નબો, બઆલ-મેઓન અને સિબ્માહ આ રીતે નબો અને
બઆલ મેઓનને નવા નામ આપ્યા.

39ત્યારબાદ મનાશ્શાના વંશજોમાંથી માખીરના
કુળસમૂહના લોકોએ ગિલયાદ પર ચડાઈ કરીને તે જીતી
લીધું અને ત્યાંથી અમોરીઓને હાંકી કાઢયા. 40આથી મૂસાએ
મનાશ્શાના કુળસમૂહના માખીરને ગિલયાદ આપ્યું અને તે
ત્યાં સ્થિર થયો. 41મનાશ્શાના કુળસમૂહમાંથી યાઈરના

ગોત્રના માણસોએ ગિલયાદના અનેક નગરો પર ચડાઈ કરી
તેમનાં ગામડાં કબજે કરી લીધાં અને તેઓના પ્રદેશનું નામ
બદલીને હાવ્વોથ-યાઈર નામ આપ્યું. 42વળી નોબાહ
નામનો વ્યકિત લશ્કર લઈને કનાથ અને તેની આસપાસના
ગામડાં પર ચડી આવ્યો અને તે કબજે કરી લીધાં અને તેનું
નામ પોતાના નામ ઉપરથી 'નોબાહ' રાખ્યું.

### ઈસ્રાએલની યાત્રાનો માર્ગ

33 મૂસા અને હારુનની આગેવાની હેઠળ ઈસ્રાએલ
પ્રજા મિસરમાંથી બહાર આવ્યા પછી તે લોકોએ
જે જે ઠેકાણે મુસાફરી કરી હતી. 2તે તે સ્થળોનાં નામ યહોવાની
આજ્ઞા અનુસાર મૂસાએ નોંધી લીધાં હતાં. તે આ પ્રમાણે છે:
3પાસ્ખા પર્વની રાત્રિ પછીના દિવસે એટલે પહેલા
મહિનાના 15મા દિવસે તેઓ મિસરના રામસેસ નગરથી
નીકળ્યા. મિસરવાસીઓના દેખતાં તેઓ યહોવાના રક્ષણ
હેઠળ ઉઘાડે છોગે નીકળ્યા હતા. 4તે વખતે મિસરીઓ
યહોવાએ મારી નાખેલાં તેમનાં પહેલાં સંતાનોને દફનાવતા
હતા. આમ યહોવા મિસરના બધાજ દેવો ઉપર પરાક્રમી દેવ
પૂરવાર થયા.

5ત્યારબાદ ઈસ્રાએલીઓએ રામસેસથી નીકળીને
સુક્કોથમાં મુકામ કર્યો. 6તે પછી તેમણે સુક્કોથથી નીકળીને
રણને કિનારે આવેલા એથોળમાં મુકામ કર્યો. 7ત્યાંથી
નીકળીને તેઓ લાલ સફોનની પાસે આવેલ પી-હાહીરોથ
તરફ જઈને મિગ્દોલ પર્વતની તળેટીમાં મુકામ કર્યો.

8પછી પી-હાહીરોથથી નીકળી રાતા સમુદ્રમાં થઈને તેઓ
રણમાં પહોંચ્યા.

9પછી એથામના રણમાં ત્રણ દિવસનો રસ્તો કાપીને તેમને
કડવીમાં મુકામ કર્યો, અને પછી કડવીથી નીકળી તેઓ
એલીમ આવ્યા, ત્યાં પાણીના 12 ઝરા અને તાડનાં70 વૃક્ષો
હતાં, ત્યાં તેમણે મુકામ કર્યો.

10પછી એલીમથી નીકળીને તેમણે રાતા સમુદ્ર પાસે મુકામ
કર્યો.

11તેઓએ રાતાં સમુદ્ર છોડીને સીનના રણમાં મુકામ કર્યો,
12તે પછી સીનના રણમાંથી નીકળીને દોફકામાં છાવણી
કરી.

13દોફકાથી નીકળીને પછી આલૂશમાં મુકામ કર્યો.

14આલૂશથી નીકળીને તેમણે રફીદીમમાં મુકામ કર્યો. પણ
ત્યાં પીવાનું પાણી નહોતું.

15પછી રફીદીમથી નીકળીને તેઓએ સિનાઈના રણમાં
મુકામ કર્યો.

16સિનાઈના રણમાંથી નીકળીને તેમણે કિબ્રોથ-હત્તાવામાં
મુકામ કર્યો.

17કિબ્રોથ-હત્તાવાથી નીકળી તેમણે હસેરોથમાં મુકામ
કર્યો.

18હસેરોથથી તેમણે રિથમામાં મુકામ કર્યો.

19રિથમાંથી નીકળીને તેઓએ રિમ્મોન-પેરેસમાં છાવણી
કરી.

20રિમ્મોન-પેરેસથી નીકળીને તેઓએ લિબ્નામાં મુકામ
કર્યો.

21પછી લિબ્નાથી નીકળીને તેમણે રિસામાં મુકામ કર્યો.

22રિસાથી નીકળી તેમણે કહેલાથામાં મુકામ કર્યો.

23કહેલાથાથી નીકળીને તેઓએ શેફેર પર્વત આગળ મુકામ
કર્યો.

24શેફેર પર્વતથી નીકળીને તેઓએ હરાદામાં મુકામ કર્યો.

25હરાદાથી નીકળીને તેમણે મખેલોથમાં મુકામ કર્યો.

26મખેલોથથી નીકળી તેમણે તાહાથમાં મુકામ કર્યો.

27તાહાથથી નીકળી તેમણે તેરાહમાં મુકામ કર્યો.

28તેરાહથી નીકળી તેમણે મિથકામાં મુકામ કર્યો.

29મિથકામાંથી નીકળી તેમણે હશમાંનાહમાં મુકામ કર્યો.

30હશમોનાથી નીકળી તેઓએ મોસેરોથમાં મુકામ કર્યો.

31મોસેરોથથી નીકળીને તેમણે બની-યાકાનમાં મુકામ
કર્યો.

32બની-યાકાનથી નીકળીને તેઓએ હોર-હાગિદગાહમાં
મુકામ કર્યો.

33હોર-હાગિદગાહથી નીકળીને તેમણે યોટબાથામાં મુકામ
કર્યો.

34યોટબાથાથી નીકળીને તેમણે આબ્રોનામાં મુકામ કર્યો.

35આબ્રોનાથી નીકળીને તેઓએ એસ્યોન-ગેબેરમાં મુકામ
કર્યો. 36એસ્યોન-ગેબરથી નીકળીને તેમણે ઝીનના રણમાં
એટલે કે કાદેશમાં મુકામ કર્યો.

37કાદેશથી નીકળી તેમણે અદોમની સરહદે આવેલા હોર
પર્વત આગળ મુકામ કર્યો. 38યહોવાએ આજ્ઞા આપી તે
પ્રમાણે યાજક હારુન હોર પર્વત ઉપર ગયો અને ત્યાં જ તે
ઈસ્રાએલીઓએ મિસરમાંથી મહાપ્રસ્થાન કર્યા પછી
ચાળીસમાં વર્ષે, પાંચમા મહિનાના પ્રથમ દિવસે તે મૃત્યુ
પામ્યો. 39તે મૃત્યુ પામ્યો ત્યારે તેની ઉંમર 123 વર્ષની
હતી.

40કનાનની ભૂમિમાં નેગેવમાં આવેલા શહેર અરાદના
કન્નાની રાજાએ સાંભળ્યુ કે ઈસ્રાએલી લોકો તેના દેશ તરફ
આવી રહ્યા છે. 41પછી ઈસ્રાએલી પ્રજાએ હોર પર્વતથી
યાત્રા કરી અને સાલ્મોનામાં મુકામ કર્યો.

42સાલ્મોનાથી નીકળીને તેઓએ પૂનોનમાં મુકામ કર્યો.

43પૂનોનથી નીકળીને તેઓએ ઓબોથમાં મુકામ કર્યો.

44ઓબોથથી નીકળીને તેઓએ મોઆબીઓના પ્રદેશમાં
અબારીમનાં ખંડેરોમાં મુકામ કર્યો.

45ત્યાંથી નીકળીને તેઓએ દિબોન-ગાદમાં મુકામ કર્યો.

46દિબોન-ગાદથી નીકળીને તેઓએ આલ્મોન
દિલ્લાથાઈમમાં મુકામ કર્યો.

47આલ્મોન દિલ્લાથાઈમમાંથી નીકળીને તેમણે નબોની
સામે આવેલા અબારીમ પર્વત આગળ મુકામ કર્યો.

48અબારીમ પર્વતથી નીકળીને અંતે તેઓએ યરીખોની
સામે યર્દન નદીના કાંઠે મોઆબના મેદાનોમાં મુકામ કર્યો.
49પછી તેઓએ યર્દનને કાંઠે બેથ-યશીમોથથી આબેલ-
શિટ્ટીમ સુધી મોઆબના મેદાનમાં મુકામ કર્યો.

50ત્યાં મોઆબના મેદાનોમાં, યર્દનને કિનારે યરીખોની સામે યહોવાએ મૂસાને કહ્યું, 51"તું ઈસ્રાએલી પ્રજાને કહે કે તમે યર્દન નદી પાર કરીને કનાન દેશમાં પ્રવેશ કરો. 52ત્યારે તમારે દેશના બધા વતનીઓને હાંકી કાઢવા, તમારે તેમની બધી પથ્થરની કે ધાતુની મૂર્તિઓનો નાશ કરવો, તેમનાં બધાં કોતરેલા પથ્થરો, ધાતુની ગાળેલી પ્રતિમાઓ તથા પર્વતોમાં આવેલાં મૂર્તિઓની પૂજા કરવાનાં સ્થાનોનો તમારે પૂરો નાશ કરવો. 53તમારે તે પ્રદેશનો કબજો લેવો અને તેમાં વસવાટ કરવો, કારણ કે, મેં એ પ્રદેશ તમને જ આપી દીધો છે, તમારે ચિઠ્ઠી નાખીને એ પ્રદેશ તમારા વંશો અને કુળો વચ્ચે વહેંચી આપવો. 54વધારે સંખ્યા ધરાવતા કુળસમૂહોને વધારે વિસ્તાર ધરાવતા પ્રદેશો અને ઓછી વસ્તી ધરાવતા કુળસમૂહોને ઓછો વિસ્તાર ધરાવતા પ્રદેશો વહેંચી આપવામાં આવશે.

55"તમે તે દેશમાં વસતા લોકોને ત્યાંથી હાંકી કાઢશો નહિ, અને ત્યાં રહેવા દીધા હશે તો તેઓ તમારી આંખમાં કણાની જેમ અને તમારા પડખામાં શૂળની જેમ ખૂંચ્યા કરશે, દેશની માલિકી બાબત તેઓ સતત તમારી સાથે ઝઘડયા કરશે, 56અને મેં તેમની જે દશા કરવા ધાર્યું હતું તેવી દશા હું તમારી કરીશ અને તમારો વિનાશ કરીશ."

## ઈસ્રાએલીઓમાં કનાન પ્રદેશની વહેંચણી

34 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલીઓને તું આ પ્રમાણે આજ્ઞા કર: હવે તમે કનાનના પ્રદેશમાં દાખલ થશો, તમારા તાબામાં આવનાર એ પ્રદેશની સરહદ આ પ્રમાણે છે: 3એનો દક્ષિણ છેડો અદોમની સરહદે આવેલા ઝીનના રણ આગળ પૂરો થાય છે. 4એની દક્ષિણની સરહદ પૂર્વમાં મૃત સમુદ્રના છેડાથી શરૂ થઈ દક્ષિણમાં અક્રાબીમ ઘાટ સુધી જઈ ઝીનમાં થઈને દક્ષિણમાં કાદેશ–બર્નિયા સુધી જાય છે. 5ત્યાંથી તે હસાર–આદાર થઈને છેક આસ્મોન સુધી જશે. ત્યાંથી મિસરના કોતર તરફ વળી ભૂમધ્ય સમુદ્ર આગળ પૂરી થાય છે. 6"ભૂમધ્ય સમુદ્ર એ તમારી પશ્ચિમ સરહદ હશે. 7તમારી ઉત્તરની સરહદ ભૂમધ્ય સમુદ્રથી શરૂ થઈ હોર પર્વત સુધી જશે. 8ત્યાંથી લબોહમાથ થઈને સદાદ સુધી જશે. 9ત્યાંથી એ ઝિફ્રોન થઈને હસર–એનાન આગળ પૂરી થશે. આ તમારી ઉત્તરની સરહદ થશે. 10"તમારી પૂર્વની સરહદ હસર–એનાનથી શરૂ થઈ શફામ જશે. 11શફામથી એ આઈનની પૂર્વે આવેલ રિલ્લાહ થઈ નીચે ઊતરી કિન્નેરથના સરોવરના પૂર્વ કિનારે પહોંચશે. 12ત્યાંથી એ સરહદ યર્દનને કિનારે આગળ વધી મૃત સમુદ્ર આગળ પૂરી થશે. આ થઈ તમારા દેશની ચારે દિશાની સરહદો."

13મૂસાએ ઈસ્રાએલીઓને આ પ્રમાણે આજ્ઞા આપી, "આ પ્રદેશ તમારે ચિઠ્ઠી નાખીને વહેંચી લેવાનો છે, યહોવાએ એ પ્રદેશ નવ આખા અને એક અડધા કુળસમૂહોને સોંપી દેવા જણાવ્યું છે. 14રૂબેન અને ગાદના કુળસમૂહોને અને મનાશ્શાના અર્ધકુળને વારસો વહેંચી આપવામાં આવ્યો છે. 15યરીખોની સામે યર્દન નદીની પૂર્વ તરફનો પ્રદેશ તેઓને આપ્યો છે."

16યહોવાએ મૂસાને કહ્યું, 17"નીચેના માણસો તને જમીનની વહેંચણીમાં મદદ કરશે; યાજક એલઆઝાર અને નૂનનો પુત્ર યહોશુઆ. 18ઉપરાત જમીન વહેંચણી માટે તેઓને મદદ કરવા તારે દરેક કુળસમૂહમાંથી એક આગેવાન લેવો. 19એમનાં નામ આ પ્રમાણે છે;

યહુદાના કુળસમૂહમાંથી યફૂન્નેહનો પુત્ર કાલેબ,

20શિમયોનના કુળસમૂહમાંથી આમ્મીહુદનો પુત્ર શિમયોન,

21બિન્યામીનના કુળસમૂહમાંથી કિર–લોનનો પુત્ર અલીદાદ.

22દાનના કુળસમૂહમાંથી યોગ્લીનો પુત્ર બુક્કી,

23યૂસફના વંશજ મનાશ્શાના કુળસમૂહમાંથી એફોદનો પુત્ર હાન્નીએલ

24એફ્રાઈમના કુળસમૂહમાંથી શિફટાનનો પુત્ર કમુએલ,

25ઝબુલોનના કુળસમૂહમાંથી પાર્નાખનો પુત્ર અલીસાફાન.

26ઈસ્સાખારના કુળસમૂહમાંથી અઝ્ઝાનનો પુત્ર પાલ્ટીએલ.

27આશેરના કુળસમૂહમાંથી શલોમીનો પુત્ર આહીહુદ,

28નફતાલીના કુળસમૂહમાંથી આમ્મીહુદનો પુત્ર પદાહેલ."

29કનાન પ્રદેશમાં કુળો મધ્યે ઈસ્રાએલીઓને જમીન વહેંચવા માટે આ માણસોની નિમણૂક મેં કરી છે.

## લેવી વંશીઓના નગરો

35 મોઆબના મેદાનમાં યરીખો નજીક યર્દનને કાંઠે યહોવાએ મૂસાને કહ્યું, 2"તું ઈસ્રાએલીઓને આજ્ઞા કર કે તેઓ લેવીઓને તેઓના વારસા તરીકે કેટલાંક નગરો અને આસપાસની ગોચર જમીન આપે. 3તે નગરોમાં તેઓ વસવાટ કરશે અને ગોચરની જમીનમાં તેઓ પોતાનાં ઢોરો, ઘેટાંબકરાં અને અન્ય પશુઓ રાખશે. 4તમે લેવીઓને જે નગરો આપો તેની ગોચરની જમીન ગામના કોટની ચારે બાજુએ 1000 હાથ હોય. 5નગરથી 2000 હાથ પૂર્વ સુધીનો, 2000 હાથ દક્ષિણ સુધીનો, 2000 હાથ પશ્ચિમ સુધીનો અને 2000 હાથ ઉત્તર સુધીની બધી ભૂમિ લેવીઓની થશે. નગર તે સમગ્ર ભૂમિની મધ્યમાં આવેલું હશે. 6તમારે લેવીઓને એકંદરે 48 ગામો ગોચર જમીન સાથે સોંપવાના છે તેમાંથી 6 આશ્રયનગરો તરીકે આપવાના છે. અજાણતા જેનાથી માનવહત્યા થઈ ગઈ હોય તેમાના એક આશ્રયનગરમાં નાસી જઈને ત્યા આશ્રય મેળવી શકે. 7આમ, કુલ અડતાળીસ નગરો અને તેની આસપાસની ગોચરની જમીન લેવીઓને સોંપવામાં આવે. 8આ નગરો દેશના વિવિધ ભાગોમાં આવેલા હોય, મોટાં કુળસમૂહો પાસે વધુ નગરો છે તેથી તેઓ વધુ નગરો આપે અને નાનાં કુળસમૂહો પાસે ઓછાં નગરો છે તેથી તેઓ લેવીઓને થોડાં નગરો આપે."

9યહોવાએ મૂસાને કહ્યું, 10"તું ઈસ્રાએલી લોકોને આ
પ્રમાણે કહે: જયારે તમે યર્દન નદી ઓળંગીને કનાનના
પ્રદેશમાં પ્રવેશ કરો. 11ત્યારે તમારે અમુક નગરોને આશ્રયનાં
નગરો તરીકે પસંદ કરવાં જેમાં જે માણસે અકસ્માત હત્યા
કરી હોય તે આશ્રય લઈ શકે. 12એ નગરમાં તે મરનારનું
વેર લેવા ઈચ્છતા સગાથી તે સુરક્ષિત રહી શકે. સમાજ
સમક્ષ ન્યાય ચલાવ્યા વિના તેને મારી શકાય નહિ. 13તેથી
તમારે આશ્રયનાં નગરો તરીકે છ શહેરો પસંદ કરવાં, 14ત્રણ
યર્દન નદીની પૂર્વ બાજુએ અને ત્રણ કનાનમાં. 15એ છ
શહેરો આશ્રયનગરો ગણાશે અને તેમાં જેણે અકસ્માતે ખૂન
કર્યુ હોય તેવો ઈસ્રાએલી કે વિદેશી કે તમારી સાથે વસતો
હોય તેવો કોઈપણ વ્યકિત આશ્રય લઈ શકશે.

16"જો કોઈએ લોખંડના સાધનથી કોઈને મારી નાખ્યો
હોય તો તે ખૂન ગણાશે, તે ખૂનીને દેહાતદંડની સજા આપવામાં
આવે. 17અથવા મોટો પથ્થર મારીને કોઈની હત્યા કરી હોય
તો પણ તે ખૂન ગણાશે તે ખૂનીને દેહાતદંડની સજા થશે.
18એ જ પ્રમાણે લાકડાથી ઈજા પહોંચાડી કોઈને મારી નાખ્યો
હોય તો તે પણ ખૂન ગણાશે અને તે ખૂનીને દેહાતદંડની
સજા થશે. 19મોતનો બદલો લેનાર, ખૂનીને મળે ત્યારે તે
પોતે જ તેને મારી નાખે.

20"તેથી જો કોઈ દ્વેશને કારણે બીજી વ્યકિત ઉપર કોઈ
વસ્તુનો ઘા કરીને મારી નાખે અથવા છુપાઈને લાગ જોઈને
મારી નાખે. 21અથવા ગુસ્સે થઈને મુક્કા મારી બીજી વ્યકિતને
મારી નાખે તો તે ખૂની છે. મોતનો બદલો લેનાર વ્યકિત
જયારે તે ખૂનીને મળે ત્યારે તેને મારી નાખે.

22"પણ જો કોઈ વ્યકિત દુશ્મનાવટ વગર કોઈને અકસ્માત
ગબડાવી મૂકે અથવા તેને મારી નાખવાના ઈરાદા વગર
તેના ઉપર કોઈ હથિયાર ફેંકે, 23અથવા જોયા વગર પથ્થર
ફેંકે અને તે કોઈને વાગે અને તે મરી જાય, અને જો મરનાર
માણસ મારનારનો દુશ્મન ના હોય અને તેને ઈજા કરવાના
ઈરાદાથી માર્યો ના હોય, 24તો સમાજે એ મારનાર અને
મરનારના સૌથી નજીકના સગા વચ્ચેનો ન્યાય આ નિયમો
પ્રમાણે કરવો; 25સમાજે એ મારનારનું મરનારના બદલો
લેવા ઈચ્છતા સૌથી નજીકના સગાના હાથથી રક્ષણ કરવું
અને તેને એણે જે શહેરમાં આશ્રય લીધો હોય ત્યાં પાછો
લાવવો, પ્રમુખ યાજકનું મૃત્યુ થાય ત્યાં સુધી તેણે એ નગરમાં
રહેવું.

26"જો મોત નીપજાવનાર આશ્રયનગર છોડીને બહાર
જાય, 27અને મોતનો બદલો લેનાર તેને મળે અને તેને મારી
નાખે તો તે ખૂન ગણાય નહિ. 28કારણ કે મુખ્ય યાજકનું
મૃત્યુ થાય ત્યાં સુધી મોત નીપજાવનારે આશ્રયનગરમાંજ
રહેવું જોઈતું હતું. મુખ્ય યાજકના મૃત્યુ પછી તે વ્યકિત
પોતાના પ્રદેશમાં અને પોતાને ઘેર પાછો ફરી શકે છે. 29તમને
અને તમારા વંશજોને આ નિયમો સર્વત્ર અને સર્વદા
બંધનકર્તા છે.

30"મનુષ્યવધ કરનારને એકથી વધુ સાક્ષીઓના પુરાવાને
આધારેજ ખૂની ઠરાવીને દેહાતદંડની સજા કરી શકાય. ફકત
એક જ સાક્ષીનો પુરાવો દેહાંતદંડ આપવા માટે પૂરતો ગણાય
નહિ.

31"દેહાતદંડની સજા થઈ હોય તેવા ખૂનીને પૈસા લઈને
છોડી શકાય નહિ. તેનો વધ થવોજ જોઈએ. તેના માટે
કોઈપણ ખંડણીનો સ્વીકાર કરવામાં આવે નહિ.

32"મુખ્ય યાજકનું મરણ થાય તે પહેલાં આશ્રયનગરમાં
રક્ષણ લેનાર હત્યારા પાસેથી કોઈપણ પ્રકારની રકમ
સ્વીકારીને તેને ઘરે પાછા ફરવા માટેની રજા આપી શકાય
નહિ.

33"તમે જે ભૂમિમાં વસો છો તેને ભ્રષ્ટ ન કરશો. ખૂનથી
ભૂમિ ભ્રષ્ટ થાય છે. જે ભૂમિ પર ખૂન થયું છે તેનું પ્રાયશ્ચિત્ત
બીજી કોઈ રીતે થઈ શકે નહિ, ખૂનીને દેહાતદંડની સજા
થવીજ જોઈએ. પ્રાયશ્ચિત કરવા માટે ખૂનીના લોહી સિવાય
બીજો કોઈ રસ્તો નથી. 34તમે જે દેશમાં વસવા માટે જાઓ
છો તેને તમે અપવિત્ર ન કરો, કારણ કે હું યહોવા તમારી
મધ્યે નિવાસ કરનાર છું. તમે જે ભૂમિમાં વસો છો, જેમાં હું
વસુ છું તેને તમારે ભ્રષ્ટ ન કરવી, કારણ, હું યહોવા
ઈસ્રાએલીઓ વચ્ચે વસ છું."

### સલોફહાદની પુત્રીઓનો વારસા હક્ક

36 પછી યૂસફના પુત્રોનાં-કુટુંબોમાંના મનાશ્શાના
પુત્ર-માખીરના પુત્ર-ગિલયાદના પુત્રોના કુટુંબના
પિતૃઓનાં ઘરના વડીલોએ પાસે આવીને મૂસાની આગળ;
તથા ઈસ્રાએલપુત્રોના કૂળસમૂહોના વડીલો એટલે
અધિપતિઓની આગળ જઈને નમ્ર વિનંતી કરી કહ્યું,
2"યહોવાએ તમને ચિઠ્ઠી ઉપાડીને ઈસ્રાએલી પ્રજા વચ્ચે
જમીન વહેંચી આપવા આદેશ કર્યો છે, અને તેમણે અમારા
ભાઈ સલોફહાદની જમીન તેની પુત્રીઓને આપવાનું પણ
આદેશ કર્યો છે. 3પરંતુ હવે જો તેઓ ઈસ્રાએલીઓના કોઈ
બીજા કુળસમૂહમાં પરણે, તો તેમની જમીન તે કુળસમૂહને
જશે, અને અમારા કુળસમૂહના ભાગની જમીનમાં એટલો
ઘટાડો થશે. 4અને જયારે ઈસ્રાએલીઓનું જુબિલીનું વર્ષ
આવે ત્યારે પણ તેમની જમીન તેઓ જે કુળસમૂહમાં પરણી
હશે તે કુળસમૂહની જમીનમાં જ કાયમ રહેશે, અને અમારો
કુળસમૂહ એ કાયમને માટે ગુમાવશે."

5આથી મૂસાએ જાહેરમાં યહોવા તરફથી મળેલી આજ્ઞા
અનુસાર ઈસ્રાએલીઓને આ નિર્ણય કહી સંભળાવ્યો:
"યૂસફના કુળસમૂહની ફરિયાદ સાચી છે, 6સલોફહાદની
પુત્રીઓ સંબંધી યહોવાએ વધારામાં આ આજ્ઞાઓ આપી
છે: પોતાની પસંદગીની વ્યકિત સાથે તેઓ લગ્ન કરી શકે છે
પણ તે પોતાના જ કુળસમૂહનો હોવો જોઈએ.

7ઈસ્રાએલીઓની જમીન એક કુળસમૂહમાંથી બીજા
કુળસમૂહમાં જઈ શકે નહિ. પરંતુ દરેક ઈસ્રાએલી પોતાના
પૂર્વજોની જમીન રાખશે. 8જે તે કુળસમૂહની જમીન જે તે
કુળસમૂહમાં જ વારસામાં સદાને માટે જળવાઈ રહેવી
જોઈએ, કોઈપણ ઈસ્રાએલી સ્ત્રીને પિતાની જમીનનો વારસો

મળ્યો હોય તો તેણે પોતાના કુળસમૂહના જ કોઈ કુટુંબમાં
પરણવું, 9જેથી દરેક ઈસ્રાએલીની વંશપરંપરાગત જમીન
સચવાઈ રહે,આ રીતે વારસાનો કોઈ ભાગ એક
કુળસમૂહમાંથી બીજા કુળસમૂહમાં જશે નહિ."

10યહોવાએ મૂસાને જણાવ્યું હતું તે પ્રમાણે જ સલોફહાદની
પુત્રીઓએ કર્યું, 11તેથી મલહા, તિર્સાહ, હોગ્લાહ, મિલ્કાહ
અને નોઆહએ તેઓના પિતરાઈ ભાઈઓ એટલે કે પોતાના
કાકાઓના પુત્રો સાથે લગ્ન કર્યા. 12તેઓએ યૂસફના પુત્ર
મનાશ્શાના કુળસમૂહમા તેમના કુટુંબમાંજ લગ્ન કર્યા, એટલે
તેમની જમીન તેમના કુળસમૂહમાંજ રહીં અને તેમનો વારસો
સુરક્ષિત રહ્યો.

13યર્દન નદીને કાંઠે મોઆબના મેદાનમાં યરીખો સામે
યહોવાએ મૂસા મારફતે ઈસ્રાએલીઓ માટે જણાવેલા કાનૂનો
અને નિયમો ઉપર પ્રમાણે હતા.

# લેવીય

### યજ્ઞો અને અર્પણો

1 યહોવાદેવે મૂસાને મુલાકાતમંડપમાં બોલાવીને તેને કહ્યું,
2"તું ઈસ્રાએલના પુત્રોને આ પ્રમાણે આજ્ઞા કર; જયારે
તમારામાંથી કોઈપણ વ્યક્તિ યહોવાને અર્પણ ચડાવે ત્યારે
તેણે કાં તો કોઈ ઢોર અર્પણ કરવું કાં તો ઘેટાંબકરાં અર્પણ
કરવા.
3"જો કોઈ અર્પણ ઢોરના દહનાર્પણનું હોય તો તે બળદ
હોવું જોઈએ અને તે ખોડખાંપણ વગરનું હોવું જોઈએ. તેણે
ઢોરને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ લાવવું જેથી
યહોવા માટેના તે અર્પણનો યાજકો સ્વીકાર કરે. 4જે વ્યક્તિ
તે ઢોરને લઈને આવે તેણે પોતાનો હાથ તે દહનાર્પણના
માથા પર મૂકવો એટલે તેના પ્રાયશ્ચિત – અર્પણ તરીકે તેનો
સ્વીકાર કરવામાં આવશે.
5"પછી તે દહનાર્પણને યહોવા સમક્ષ વધેરે; અને હારુનના
પુત્રો – યાજકો તેનું લોહી યહોવાને ધરાવી મુલાકાતમંડપના
પ્રવેશદ્વાર આગળ આવેલી વેદીની ચારે બાજુએ છાંટે. 6પછી
યાજકો તે દહનાર્પણનું ચામડું ઉતારી તેના ટુકડા કરે. 7પછી
હારુનના પુત્રો યાજકોએ વેદી ઉપર લાકડાં ગોઠવીને તેમાં
આગ ચાંપે. 8ત્યાર પછી તેમણે તે ઢોરના ટુકડા, માથું અને
ચરબી વેદી ઉપરના બળતા લાકડાની અગ્નિમાં હોમવાં.
9યાજકે ઢોરના આંતરડાં અને પગ પાણીથી ધોઈ નાખવાં
અને યાજકે તે બધુ દહનાર્પણ તરીકે વેદી ઉપર મૂકવું. સુવાસિત
દહનાર્પણ યહોવા સ્વીકાર કરશે અને પ્રસન્ન થશે.
10"જો દહનાર્પણ તરીકે પસંદ કરેલું પ્રાણી ઘેટું કે બકરું
હોય તો તે ખોડખાંપણ વગરનું નર પ્રાણી જ હોવું જોઈએ.
11જે વ્યક્તિ તે અર્પણ લાવે તે યહોવાની સમક્ષ વેદીની
ઉત્તર બાજુએ તેને વધેરે, અને હારુનના પુત્રો – યાજકો તેનું
લોહી વેદીની આગળ પાછળ અને ચારે બાજુએ છાંટે. 12પછી
યાજક ઢોરના ટુકડા કરે અને તે ટુકડાઓને, (માથાને તથા
પગને) વેદી પર ગોઠવેલાં લાકડાં ઉપર હોમે. 13પછી યાજક
ઢોરના આંતરડાં અને પગ પાણીમાં ધોઈ નાખે અને તેણે
ઢોરના બધા અંગોને વેદી પર હોમીને યહોવાને અર્પણ કરવા.
કેમકે આ દહનાર્પણ છે અને એ દહનાર્પણની સુવાસથી
યહોવા પ્રસન્ન થાય છે.
14"જો કોઈ વ્યક્તિ દહનાર્પણો તરીકે યહોવાને પક્ષી ચડાવે
તો તેણે કાં તો હોલાનું બચ્ચું ચડાવવું, કા તો કબૂતરનું બચ્ચું
ચડાવવું. 15યાજક તેને વેદી આગળ ધરાવે અને તેની ડોક
મરડીને માથું જુદું કરે અને તેનું વેદી પર દહન કરે, અને
લોહી વેદીની એક બાજુએ રેડી દે. 16પછી યાજકે તેના
પીછાં અને ગળા પાસેની કોથળી કાઢી નાખવી અને તેને
વેદીની પૂર્વ બાજુએ રાખ નાખવાની જગા ઉપર ફેંકી દેવા.
17પછી યાજક તે પક્ષીને બે પાંખો વચ્ચેથી ચીરે પરંતુ તેના
બે ભાગ જુદા થવા ન દે, અને તેને વેદી ઉપરના અગ્નિમાંનાં
લાકડાં ઉપર હોમી દે, આ પણ એક દહનાર્પણ છે અને એ
યજ્ઞની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે."

### ખાદ્યાર્પણ

2 "જો કોઈ વ્યક્તિ યહોવા દેવને ખાદ્યાર્પણ ચડાવવા
ઈચ્છે તો તેણે મેંદાનો લોટ લાવવો અને તેમાં તેલ
રેડવું અને ઉપર લોબાન મૂકવો. 2પછી તેણે એ હારુનના
પુત્રો –યાજકો સમક્ષ લાવવું. પછી એક યાજક તેમાંથી એક
મૂઠી લોટ, તેલ અને બધો લોબાન લઈને તેને પ્રતીકરૂપે
વેદી ઉપર હોમે. આ ખાદ્યાર્પણ અગ્નિ દ્વારા થાય છે તેની
સુવાસ થી યહોવા પ્રસન્ન થાય છે. 3અન્નની આહુતિનો
બાકીનો ભાગ યાજકોને મળે છે. તે અત્યંત પવિત્ર છે. કારણ
કે યહોવાને ધરાવેલા દાણાના અર્પણમાંથી તે લેવામાં
આવ્યો છે.

### ભઠ્ઠીમાં પકવેલું ખાદ્યાર્પણ

4"જો કોઈ વ્યક્તિ ભઠ્ઠીમાં બનાવેલી રોટલી યહોવા
સમક્ષ ખાદ્યાર્પણ તરીકે લાવે તો તે પણ મેંદાની જ હોય,
અને તે તેલથી મોયેલા લોટની બેખમીર ભાખરી અથવા
તેલ ચોપડેલા બેખમીર ખાખરા જ હોય. 5જો તમે તમારું
ખાદ્યાર્પણ કડાઈમાં રાંધેલુ લાવો તો તે પણ તેલથી મોયેલા
મેંદાનું જ બનાવેલું અને ખમીર વાળુ હોય. 6તેના ટુકડા
કરીને તેના ઉપર તેલ રેડવું; એ ખાદ્યાર્પણ છે. 7જો કોઈનું
ખાદ્યાર્પણ તવા ઉપર શેકેલું હોય તો તે તેલનું મોણ નાખેલા
મેંદાનું બનાવેલું હોય.
8"આ રીતે શેકેલું, તળેલું આ ખાદ્યાર્પણ અન્નની આહુતિ
તરીકે યાજક પાસે લાવવું અને તે તેને વેદી પર યહોવા
સમક્ષ અર્પણ કરવું. 9અને પછી યાજક તેમાંથી પ્રતીકરૂપે
થોડો ભાગ લઈ ખાદ્યાર્પણ તરીકે વેદીમાંના અગ્નિમાં હોમશે.
એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 10ખાદ્યાર્પણનો
બાકીનો ભાગ યાજકોનો ગણાય. એ અત્યંત પવિત્ર છે, કારણ,
યહોવાને ધરાવેલા અન્નના અર્પણમાંથી એ ગ્રહણ કરવામાં
આવેલ છે.

11"યહોવાને અર્પણ કરવાના કોઈપણ પ્રકારના
ખાદ્યાર્પણમાં આથો ન વાપરવો, અર્થાત ખમીરનો ઉપયોગ
કરવો નહીં. કોઈપણ વ્યકિતએ દહનાર્પણમાં ખમીર કે મધનો
ઉપયોગ કરવો નહીં, કારણ કે તેની છૂટ નથી. 12કોઈપણ
વ્યકિત તે વસ્તુઓ ખમીર અને મધ પાકના પ્રથમ ભાગ
તરીકે એ ધરાવી શકે પરંતુ તે વસ્તુઓ આહુતિ તરીકે વેદીમાં
મિઠો ધુમાડો બને એ રીતે હોમવી નહીં. 13પરંતુ તમારે
તમામ પ્રકારની અન્નની આહુતિમાં મીઠું નાખવું. તમારા
ખાદ્યાર્પણ પર દેવનો અતૂટ કરાર છે તેથી તેના પ્રતીકરૂપ
મીઠું નાખવાનું કદી ભૂલવું નહીં. બધાજ અર્પણોમાં મીઠું
ઉમેરવું અને ચડાવવું.

### પ્રથમ ફળનું ખાદ્યાર્પણ

14"જો કોઈ વ્યકિત પાકના પ્રથમ ભાગ તરીકે અનાજ
ખાદ્યાર્પણ તરીકે ચડાવે તો તેણે તાજાં કણસલાંના પોંકરૂપે
અથવા દળેલા લોટરૂપે ચડાવે. 15અન્નનાં અર્પણ પર તેલ
રેડવું અને ઉપર લોબાન મૂકવો, એ અન્નની આહુતિ છે.
16યાજકે પ્રતીકરૂપે તેમાંથી થોડો લોટ અને તેલ તથા બધો
લોબાન લઈ યહોવાને અન્નની આહુતિ તરીકે વેદીની
અગ્નિમાં હોમવો."

### શાંત્યાર્પણ

3 "જો કોઈ વ્યકિત યહોવા સમક્ષ શાંત્યાર્પણ લાવવા
ઈચ્છતો હોય, તે પશુ ગાય પણ હોઈ શકે, તે અર્પણ
પશુ હોય તો નર હોય કે માદા હોય, પણ તે ખોડખાંપણ
વગરનું હોવું જોઈએ 2જે વ્યકિત તે પશુ લાવે તે તેના માથા
ઉપર પોતાનો હાથ મૂકે અને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર
આગળ તેને વધેરે, ત્યારપછી હારુનના પુત્રો –યાજકો તેનું
લોહી વેદીની ચારે બાજુએ છાંટે. 3તે વ્યકિતએ પશુના નીચેનો
ભાગ યહોવાને શાંત્યાર્પણ તરીકે ચડાવવા: આંતરડાં ઉપરની
અને તેની આજુબાજુની બધી ચરબી, 4બંને મૂત્રપિંડ અને
તે ઉપરની કમર પાસેની ચરબી, તેમજ કાળજા અને મૂત્રપિંડ
ઉપરની ચરબી. 5આ તમામ યાજકોએ દહનાર્પણ ઉપરાંત
વેદી ઉપરના લાકડાંના અગ્નિમાં હોમવું. એ યજ્ઞની સુવાસથી
યહોવા પ્રસન્ન થાય છે.

6"જો કોઈ વ્યકિત શાંત્યાર્પણ તરીકે બકરું કે ઘેટું યહોવા
સમક્ષ લાવે તો પણ તેનામાં કોઈ ખોડખાંપણ હોવી જોઈએ
નહીં, વળી તે નર કે માદા કોઈપણ હોઈ શકે. 7જો કોઈ
વ્યકિત ઘેટું ચડાવતો હોય તો 8તેણે યહોવા સમક્ષ ધરાવી
તેના માથા ઉપર હાથ મૂકી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર
આગળ તેને વધેરવું. ત્યારબાદ હારુનના પુત્રો – યાજકોએ
તેનું લોહી વેદીની ચારે બાજુએ છાંટવું. 9પછી પ્રાણીના નીચે
જણાવેલા ભાગો શાંત્યાર્પણમાંથી ખાદ્યાર્પણ તરીકે યહોવા
સમક્ષ ચડાવવા: બધી ચરબી, મેરુ દંડને અડીને કાપી નાખેલી
આખી જાડી પૂછડી, આંતરડાં ઉપરની અને તેની આસપાસની
બધીજ ચરબી 10બંને મૂત્રપિંડો અને તેમના ઉપરની કમર
પાસેની ચરબી, કાળજા અને મૂત્રપિંડો ઉપરની ચરબી,
11યાજકે યહોવા સમક્ષ શાંત્યાર્પણ તરીકે આ બધું હોમી
દેવું.

### શાંત્યાર્પણ તરીકે બકરું

12"જો કોઈ વ્યકિત બકરું અર્પણ કરવા લાવે તો 13તેણે
યહોવા સમક્ષ ધરાવીને તેના માથા પર હાથ મૂકી
મુલાકાતમંડપમાં પ્રવેશદ્વાર આગળ તેને વધેરવું. ત્યારબાદ
હારુનના પુત્રો – યાજકોએ તેનું લોહી વેદીની ચારે બાજુએ
છાંટવું. 14યાજકે તેના નીચેના ભાગ યહોવાને શાંત્યાર્પણ
તરીકે ચડાવવા: આંતરડાં ઉપરની અને તેની આસપાસની
બધીજ ચરબી, 15બંને મૂત્રપિંડો અને તેની ઉપરની કમર
પાસેની ચરબી, કાળજા તેમજ મૂત્રપિંડો ઉપરની ચરબી.
16આ તમામ યાજકે શાંત્યાર્પણ તરીકે હોમી દેવું. એની
સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. બધીજ ચરબી યહોવાની
ગણાય. 17તમે ગમે ત્યાં નિવાસ કરતા હો, તમારી બધીજ
પેઢીઓ માટે તમારા દેશમાં સર્વત્ર આ કાયમી નિયમ છે;
તમારે કદી પણ ચરબી કે લોહી ખાવા નહીં."

### અજાણતા થયેલાં પાપો માટેના અર્પણો

4 તે પછી યહોવાએ મૂસાને બીજી સૂચનાઓ આપી
અને તેને કહ્યું કે "ઈસ્રાએલના લોકોને કહે તે તેનું
પાલન કરે. 2જો કોઈ વ્યકિત અજાણતા મારા આદેશોનું
ઉલ્લંઘન કરે તેને માટે આ નિયમો છે.

3"જો અભિષિક્ત યાજક એવી રીતે ભૂલ કરે અને લોકોને
દોષમાં નાખે તો તેણે પોતે કરેલાં પાપના પ્રાયશ્ચિત રૂપે
યહોવાને એક ખોડખાંપણ વગરનો બળદ તેણે કરેલા પાપ
માટે અર્પણ તરીકે ચડાવવો. 4તેણે બળદને મુલાકાતમંડપના
પ્રવેશદ્વાર આગળ લાવી તેના માથા ઉપર હાથ મૂકી તેને
યહોવાની સમક્ષ વધેરવો. 5પછી યાજક તેનું લોહી લઈને
મુલાકાતમંડપમાં આવે. 6અને પછી લોહીમાં પોતાની
આંગળી બોળી યહોવા સમક્ષ સાત વખત પરમ પવિત્ર
સ્થાનના પડદા ઉપર લોહીના છાંટા નાખે. 7ત્યારબાદ તેણે
થોડું લોહી મુલાકાતમંડપની અંદર યહોવા સમક્ષ ધૂપની
વેદીના ખૂણાઓ ઉપર રેડવું અને બાકીનું લોહી
મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળના દહનાર્પણ વેદીના
પાયા આગળ રેડી દેવું. 8પછી તેણે પાપાર્થાર્પણના બળદની
બધી ચરબી કાઢી લેવી; આંતરડાં ઉપરની અને તેની
આસપાસની ચરબી. 9બે મૂત્રપિંડો અને તેની ઉપરની કમર
પાસેની ચરબી અને કાળજા તેમજ મૂત્રપિંડોની ઉપરની
બધીજ ચરબી કાઢીને બાજુએ રાખવી 10અને પછી તે બધી
ચરબી યાજકે દહનાર્પણની વેદી ઉપર હોમી દેવી. 11પરંતુ
જુવાન વાછરડાનો બાકીનો ભાગ-ચામડું, માંસ, માથું, પગ,
આંતરડાં, 12અને છાણ, છાવણીની બહાર પવિત્ર સ્થાને લઈ
જઈ ત્યાં રાખ નાખવાની જગ્યાએ લાકડાં સળગાવીને તેને
બાળી મૂકવો.

13"જો સમગ્ર ઈસ્રાએલની પ્રજા અજાણતાં પાપ કરીને
યહોવાની આજ્ઞાનો ભંગ કરી દોષમાં પડે તો 14તેની જાણ

થતાં જ સમાજે પાપાર્થાર્પણ તરીકે ખોડખાંપણ વગરનો બળદ ચડાવવો. બળદને મુલાકાતમંડપ આગળ લાવી, 15વડીલોએ તેના માથા ઉપર હાથ મૂકી યહોવા સમક્ષ તેને વધેરવો. 16ત્યાર પછી વડા યાજકે તેનું થોડું લોહી મુલાકાતમંડપમાં લાવી. 17તેમાં આંગળી બોળી યહોવા સમક્ષ સાત વખત પડદા ઉપર છાંટવું. 18ત્યારબાદ થોડું લોહી તેણે મુલાકાતમંડપની અંદર યહોવા સમક્ષ વેદીના ખૂણાઓ ઉપર રેડવું, અને બાકીનું બધું લોહી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળની દહનાર્પણની વેદીના પાયામાં રેડી દેવું. 19ત્યારબાદ તેણે બળદની ચરબી કાઢી લઈ વેદીના લાકડાંના અગ્નિમાં બાળી મૂકવી. 20તેણે પાપાર્થાર્પણના બળદની જેમજ એ બળદનું પણ કરવું, એ રીતે યાજક લોકોને શુધ્ધ કરશે અને યહોવા તેમને માફ કરશે. 21પછી પેલા બળદની જેમ આને પણ છાવણીની બહાર લઈ જઈ બાળી મૂકવો, આ વખતે આ પાપાર્થાર્પણ સમગ્ર પ્રજાને માટે છે.

22"જો કોઈ પ્રજાના આગેવાનોમાંથી અજાણતા પાપ કરે અને દેવના નિયમનું ઉલ્લંઘન કરી દોષિત ઠરે, 23એની જાણમાં આવતાં જ તેણે ખોડખાંપણ વગરનો નર બકરો લાવી, જયાં આહુતિ ચડાવવામાં આવે છે 24ત્યાં યહોવા સમક્ષ તેના માથા પર હાથ મૂકી તેને વધેરવો. એ પાપાર્થાર્પણ છે. 25ત્યારબાદ યાજકે પશુનું લોહી આંગળી વડે લઈ દહનાર્પણની વેદીના ટોચકાં ઉપર લગાડવું, અને બાકીનું લોહી દહનાર્પણની વેદીના પાયામાં રેડી દેવું અને અર્પણની આહુતિની ચરબીની જેમ એની બધીજ ચરબી વેદી ઉપર બાળી મૂકવી. 26આમ યાજક રાજાને શુધ્ધ કરશે અને યહોવા તેને માફ કરશે.

27"જો કોઈ સામાન્ય માણસ અજાણતા પાપ કરે અને યહોવાની કોઈ આજ્ઞાનો ભંગ કરીને દોષમાં પડે તો 28તેની જાણ થતાં તેણે પોતે કરેલાં પાપોના પ્રાયશ્ચિત માટે એક ખોડખાંપણ વગરની બકરી પાપાર્થાર્પણ કરવી. 29તેણે તેના માથા પર હાથ મૂકી, જયાં દહનાર્પણ ચડાવવામાં આવે છે ત્યાં તેનો વધ કરવો. 30યાજકે તેનું થોડું લોહી આંગળી ઉપર લઈને દહનાર્પણની વેદીના ખૂણાઓ ઉપર લગાડવું, અને બાકીનું બધુંજ લોહી વેદીના પાયામાં રેડી દેવું. 31શાંત્યાર્પણની વિધિની જેમ યાજકે તેની બધી ચરબી કાઢી લેવી અને વેદી ઉપર તેનું દહન કરવું; અને યહોવા તેનો સ્વીકાર કરશે. એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. યાજક આ રીતે તે માણસને શુધ્ધ કરશે અને યહોવા તેને માફ કરશે.

32"પણ જો કોઈ માણસ પાપાર્થાર્પણ તરીકે હલવાન લાવે તો તે માદા હોવું જોઈએ અને ખોડખાંપણ વગરનું હોવું જોઈએ. 33તેણે તેના માથા ઉપર હાથ મૂકી જયાં દહનાર્પણના પશુનો વધ કરવામાં આવે છે ત્યાં પાપાર્થાર્પણ તરીકે તેનો વધ કરવો. 34પછી યાજકે પાપાર્થાર્પણનું થોડું લોહી આંગળી ઉપર લઈને દહનાર્પણની વેદીના ખૂણાઓ ઉપર લગાડવું. અને બાકીનું બધું લોહી વેદીના પાયામાં રેડી દેવું. 35યાજકે શાંત્યાર્પણના પશુની જેમ તેની બધીજ ચરબી કાઢી લેવી અને યહોવાને બીજા કોઈપણ અગ્નિના અર્પણની જેમ યાજકે તેને વેદી પર હોમી દેવું. આ રીતે યાજક તે વ્યક્તિને તેના પાપમાંથી શુધ્ધ કરે છે, અને યહોવા તે વ્યક્તિને માફ કરે છે.

### વિભિન્ન પ્રકારના અજાણતા પાપોના નિયમો

5 "ગુન્હા વિષે જાણનાર વ્યક્તિને ન્યાયાલયમાં સાક્ષી પૂરવા બોલાવવામાં આવે અને તે પોતેજ જોયેલું કે જાણેલું હોય તે ન જણાવે તો તે પાપમાં પડે અને તેની સજા તેણે ભોગવવી પડે. 2જો કોઈ માણસ અજાણતાં કોઈપણ અશુદ્ધ વસ્તુ, જેવી કે ખોરાક માટે ના કરી હોય એવા જંતુના મૃત શરીરને અથવા જંગલી કે પાળેલા પ્રાણીના મૃત શરીરને સ્પર્શે–તો તે દોષિત ગણાય.

3"જો કોઈ માણસ અજાણતાં માણસનો કોઈપણ જાતની મલિનતાનો સ્પર્શ કરે અને જેવી તેના વિષે તેને જાણ થાય કે તરત જ તે દોષપાત્ર ગણાય. 4જો કોઈ માણસ ઉતાવળમાં સમ ખાય અને તેને પાળવાનું ભુલી જાય અને મોડેથી તેની જાણ થાય, તો તે દોષિત ગણાય 5આમાંની કોઈપણ બાબતમાં, જો કોઈ વ્યક્તિ દોષિત હોય તો તેણે પોતાનો દોષ કબૂલ કરવો 6અને પોતાના પાપના પ્રાયશ્ચિતરૂપે યહોવા સમક્ષ માદા હલવાન કે બકરી લાવે, અને યાજકે તેનો પ્રાયશ્ચિતવિધિ કરવો.

7"પરંતુ જો તે ગરીબ હોય અને માદા હલવાન કે બકરી ચડાવી ન શકે તો તેણે યહોવાને બે હોલા અથવા કબૂતરનાં બે બચ્ચાં ચડાવવાં, એક પાપાર્થાર્પણ તરીકે અને એક દહનાર્પણ તરીકે, 8તેણે એ લાવીને યાજકને આપવાં, યાજકે પહેલાં પાપાર્થાર્પણ ચડાવવું, તેણે તેની ડોક મરડી પંખી ને મારી નાખવું, અને તેનું માથું તેની ડોકથી જુદો કરી નાખવું, પણ તેને પંખી ના બે ભાગ ન કરવા. 9પછી તેનું થોડું લોહી વેદીની બાજુ ઉપર છાંટવું. અને બાકીનું લોહી વેદીના પાયામાં રેડી દેવું એ પાપાર્થાર્પણ છે. 10ત્યારબાદ બીજું પક્ષી તેણે વિધિપૂર્વક દહનાર્પણ તરીકે હોમી દેવું. આ રીતે તેનું અર્પણ થાય છે. આ રીતે યાજક તે વ્યક્તિને પાપમાંથી શુધ્ધ કરે છે અને તેને માફ કરવામાં આવશે.

11"જો કોઈ માણસ બે હોલાં કે કબૂતરનાં બે બચ્ચાં ચડાવી શકે તેમ ના હોય તો તેણે પાપાર્થાર્પણ તરીકે આઠ વાટકા લોટ ચડાવવો. અને તેણે તેમાં તેલ કે લોબાન ન મૂકવાં, કારણ, એ પાપાર્થાર્પણ છે, 12તેણે એ લાવીને યાજકને સોંપવા અને તેણે પ્રતીક તરીકે તેમાંથી મૂઠી ભરીને લોટ લઈ વેદી ઉપર યહોવાને ચડાવેલાં અન્નના અર્પણ ભેગો હોમી દેવો. એ પ્રાયશ્ચિત માટેનું અર્પણ છે. 13યાજકે આ રીતે તેના પાપનું પ્રાયશ્ચિત કરવા માટેની વિધિ કરવી, એટલે તે માણસને માફ કરવામાં આવશે, બાકીનો લોટ ખાદ્યાર્પણની જેમ યાજકનો થશે."

14યહોવાને મૂસાએ કહ્યું, 15"જો કોઈ વ્યક્તિ અજાણતાં પવિત્રવસ્તુઓ સાથે કઈ ખોટુ કરીને પાપ કરે તો તેણે દોષાર્થાપણ માટે ખોડખાંપણ વગરનો એક ઘેટો લાવવો.

તેણે પોતાનું પાપ શુધ્ધ કરવા ઘેટાને યહોવા સમક્ષ લાવવો. તમારે અધીકૃત માપ વાપરી ઘેટાની કિંમત આંકવી. 16અને જે પવિત્ર વસ્તુને ખોટું થયું છે તેની કિંમત તે ભરપાઈ કરે, તેને જેના સમ લીધા હોય તે લાવવું. અને તેમા પાંચમો ભાગ ઉમેરી ને તે પૈસા યાજક ને આપવા. ત્યારબાદ યાજક તેને દોષાર્થાપણના ઘેટાંથી તેને શુધ્ધ કરશે અને તેને માફ કરવામાં આવશે.

17"જો કોઈ વ્યકિત અજાણતાં યહોવાએ આપેલા કોઈપણ નિયમનું ઉલ્લંઘન કરી પાપ કરે તો તે દોષિત ઠરે અને તેના પાપની જવાબદારી તેની માનવી. 18આ દોષાર્થાર્પણ ખોડખાંપણ વગરનો ઘેટો હોય, અને તેને લાવીને યાજકને આપવો, અને તે તેની કિંમત મંદિરના ધોરણે ઠરાવવી. યાજકે તેણે અજાણતાં કરેલા પાપનો પ્રાયશ્ચિતવિધિ કરવો એટલે તેને માફ કરવામાં આવશે. 19આ દોષાથાર્પણ માટેનું અર્પણ છે કારણ, તેણે યહોવાનો ગુનો કર્યો છે, અને તે યહોવા સમક્ષ દોષિત છે."

## દોષાર્થાર્પણ માટેના નિયમો

6 અને યહોવાએ મૂસાને કહ્યું, 2"જો કોઈ વ્યકિત કોઈની થાપણ પાછી ન આપે અથવા પોતે ભાડે આપેલી વસ્તુની લીધેલી અનામત અથવા તેની ઉપર વિશ્વાસ કરીને તેને સોંપેલી વસ્તુ પાછી આપવાની ના પાડે, ચોરી કરે, છેતરે કે પોતાના પડોશી ઉપર અન્યાય કરીને કોઈ વસ્તુ મેળવે, 3અથવા કોઈની ખોવાયેલી વસ્તુ તેને જડી હોય ને તેની ના પાડે, અથવા આવા કોઈપણ પાપની બાબતમાં ખોટા સમ ખાય, અને એ રીતે યહોવાનો ગુનેગાર બને 4તો તે દોષિત છે તેણે જે કાંઈ ચોરી લીધું હોય, બળજબરીથી લીધું હોય અથવા છેતરીને લીધું હોય, અથવા રાખવા લીધું હોય અથવા મળ્યું હોય અને તેના વિશે ખોટુ બોલ્યો હોય અથવા બીજી કોઈપણ વાતમાં તેણે ખોટા સમ ખાધા હોય તો. 5તેને આખી કિંમત વીસ ટકા ઉમેરીને તે રકમ સાચા માલિક ને આપવી; અને એ જ દિવસે તેને પોતાનું દોષાર્થાર્પણ લાવે.

6"તેણે એક ખોડખાંપણ વગરનો ઘેટો યાજક પાસે યહોવાને પ્રાયશ્ચિતબલી તરીકે લાવવો અને તેની કિંમત મંદિરના ધોરણે ઠરાવવી. 7પછી યાજકે યહોવા સમક્ષ તેનો પ્રાયશ્ચિતવિધિ કરવો, એટલે તેણે જે કાંઈ પાપ કર્યુ હશે તેને માફ કરવામાં આવશે."

## દહનાર્પણો

8પછી યહોવાએ મૂસાને કહ્યું, 9"હારુન અને તેના પુત્રોને દહનાર્પણને લગતા આ નિયમો આપ: "દહનાર્પણો વેદી ઉપર આખી રાત રાખવામાં આવે અને વેદીનો અગ્નિ સતત સળગતો રહે. 10અને યાજક પોતાના અંદર અને બહાર શણનાં કપડાં પહેરે અને દહનાર્પણની રાખ સાફ કરે અને તેને વેદીની બાજુમાં ભેગી કરે. 11ત્યાર પછી તેણે વસ્ત્રો બદલવાં અને એ રાખ છાવણી બહાર એક ખાસ જગ્યાએ લઈ જવી. 12તે દરમ્યાન વેદીનો અગ્નિ સતત બળતો રાખવો તેને કદી ઓલવવા ન દેવો. પ્રતિદિન સવારે યાજકે તેમાં લાકડાં મૂકવાં અને તેના ઉપર આહુતિ ગોઠવવી, અને તેના ઉપર શાંત્યાર્પણની ચરબીનુ દહન કરે. 13વેદીનો અગ્નિ સતત બળતો રાખવો તે કદી ઓલવાવો જોઈએ નહીં.

## ખાધાર્પણ માટેના નિયમો

14"ખાધાર્પણ માટેના કાનૂનો આ પ્રમાણે છે: હારુનના પુત્રો–યાજકો ખાધાર્પણ યહોવાને ચડાવવા વેદી સમક્ષ ઊભા રહે. 15પછી તેણે એ ખાધાર્પણોમાંથી મૂઠી ભરીને લોટ, તેલ અને બધોજ લોબાન પ્રતીક તરીકે લઈને યહોવાને માટે વેદીમાં હોમી દેવો, એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે.

16"મૂઠ્ઠીભર લોટ લીધા પછી જે બાકી રહે તે, ખોરાક માટે હારુન અને તેના પુત્રો–યાજકો નો ગણાય; મુલાકાતમંડપમાં ચોકમાં તેને ખમીર વગર ખાવો. 17એમાં ખમીર ન નાખવું. મેં અગ્નિ દ્વારા મળેલ ખાધાર્પણના તેમના ભાગરૂપે તેમને આપેલા છે. પાપાર્થાર્પણ અને દોષાથાર્પણના અર્પણની જેમ એ અત્યંત પવિત્ર છે. 18હારુનના વંશનો કોઈપણ વ્યકિત એ ખાઈ શકશે, યહોવાને ચડાવેલા ખાધાર્પણના અર્પણનો તેમને પેઢી દર પેઢી કાયમનો ભાગ મળશે, એનો સ્પર્શ જે કોઈ કરશે તે પવિત્ર બની જશે."

## યાજકોનું ખાધાર્પણ

19યહોવાએ મૂસાને કહ્યું, 20"હારુન અને તેના પુત્રોએ પોતાના અભિષેકના દિવસે એટલે કે તેઓ યાજક વર્ગમાં પ્રવેશે તે દિવસે તેઓ યહોવા સમક્ષ ખાધાર્પણ લાવે એટલે કે આઠ વાટકા લોટ જેને રોજના અર્પણ ના સમયે અર્પણ કરવામાં આવશે અડધો સવારે અને અડધો સાંજે એને તેલથી મોહીને તવા ઉપર શેકીને 21તેને ભઠ્ઠીમાં તવી ઉપર તેલથી તળવામાં આવે અને તેને બરાબર શેકવામાં આવે પછી તેને યહોવા સમક્ષ અર્પણ તરીકે લાવવામાં આવે, તમારે અર્પણના ટુકડા કરી નાખવા. તેની સુવાસથી યહોવાને બહુ આનંદ થશે.

22"જયારે યાજકના પુત્ર પોતાના પિતાની (હારુનની) ઊંચા યાજક તરીકે જગ્યા ધારણ કરે ત્યારે તેણે આ ખાધાર્પણ ને સંપૂર્ણ રીતે બાળી નાખીને અર્પણ કરવું. આ કાયમી નિયમ છે. 23યહોવાને ચડાવેલો એ ખાધાર્પણ પૂરેપૂરો હોમી દેવાનો છે, તેમાનું કશુંય કોઈએ પણ જમવાના ઉપયોગમાં લેવું નહીં."

## પાપાર્થાર્પણ નો કાનૂન

24પછી યહોવાએ મૂસાને કહ્યું, 25"હારુન અને તેના પુત્રોને પાપાર્થાર્પણ વિશેના આ કાનૂનો કહે: પાપાર્થાર્પણનું પશુ યહોવા સમક્ષ જયાં દહનાર્પણના પશુને વધેરવામાં આવે છે ત્યાં વધેરવું એ અત્યંત પવિત્ર છે. 26વિધિ કરનાર યાજકે એ મુલાકાતમંડપના ચોકમાં પવિત્ર સ્થાને જમવું. 27જે કાંઈ એને અડે તે પવિત્ર ગણાય. જો એના લોહીના છાંટા કોઈ કપડાં ઉપર પડયા હોય તો તે પવિત્ર સ્થાને ધોઈ નાખવાં.

28"માટીનાં જે વાસણમાં માંસને ઉકાળ્યું હોય તેને ભાંગી નાખવું અથવા જો કાંસાનું વાસણ વાપર્યુ હોય તો તેને ઘસીને ચકચકિત કરવું અને અજવાળી વીછળી નાખીને બરાબર ધોઈ નાખવું.

29"યાજકના પરિવારનો કોઈપણ માણસ આ પાપાર્થાર્પણમાંથી જમી શકે, કારણ કે તે અત્યંત પવિત્ર અર્પણ છે. 30પરંતુ જો પાપાર્થાર્પણનું લોહી મુલાકાતમંડપમાં લાવીને પાપાર્થાર્પણમાં વપરાયું હોય તો પાપાર્થાર્પણ યાજકોએ ખાવો નહીં. એને અગ્નિમાં પૂરેપૂરો હોમી દેવો.

### દોષાર્થાર્પણ માટે વધુ નિયમો

7 "દોષાર્થાર્પણ માટે લવાતાં અતિ પવિત્ર અર્પણો માટેના નિયમો આ પ્રમાણે છે: 2દોષાર્થાર્પણ માટેના અર્પણના પશુનો વધ, જયાં દહનાર્પણના પશુનો વધ થતો હોય ત્યાં કરવો અને તેનું લોહી વેદીની ઉપર અને ફરતું છાંટવું.

3"યાજકે એની બધી ચરબી કાઢી લઈ વેદી ઉપર ચડાવવી, જાડી પૂંછડી, આંતરડા ઉપરની ચરબી, 4બંને મૂત્રપિંડો અને કમરના નીચલા ભાગના સ્નાયુ ઉપરની ચરબી, અને કાળજાનો ચરબી વાળો ભાગ – આ સર્વ આહુતિ માટે એક બાજુ રાખવું. 5યાજકે યહોવાને ચડાવવામાં આવેલી આહુતિ તરીકે વેદી ઉપર હોમી દેવી. એ દોષાર્થાર્પણની આહુતિ છે.

6"યાજકના પરિવારનો કોઈપણ પુરુષ સભ્ય એ જમી શકે. એ અતિ પવિત્ર છે; તેથી તે કોઈ પવિત્ર જગ્યાએ જ જમવું. 7પાપાર્થાર્પણ તથા દોષાર્થાર્પણ માટે એકજ નિયમ છે. એ યજ્ઞ કરનાર યાજકને મળે. 8કોઈ વ્યકિતને ચડાવેલા દહનાર્પણના પશુનું ચામડું હોમનાર યાજકને મળે. 9ભઠ્ઠીમાં બનાવેલું, અથવા કડાઈમાં તળેલું કે તવા ઉપર શેકેલું ખાદ્યાર્પણ તેને ધરાવનાર યાજકનું થાય. 10 અન્ય બીજાં બધાં ખાદ્યાર્પણો તેલમાં મોહ્યેલા કે મોહ્યા વગરના હારુનના પુત્રોની-યાજકોની સહિયારી માલિકીના ગણાય. તેથી બધા યાજકોએ તે સરખે ભાગે વહેંચી લેવાં.

### શાંત્યાર્પણો

11"યહોવાને ચડાવવામાં આવતા શાંત્યાર્પણો યજ્ઞો માટે આ પ્રમાણેના કાનૂન છે. 12જો કોઈ વ્યકિત આભાર માટે અર્પણ ચડવતો હોય તો શાંત્યાર્પણ ઉપરાંત તેણે મોંયેલી બેખમીર રોટલી, તેલ ચોપડેલી બેખમીર પૂરીઓ તથા મોંયેલા લોટની ભાખરી ચડાવવી. 13શાંત્યાર્પણના અર્પણ સાથે ખમીરવાળી રોટલી ભેગી મુકવી. 14આમાની એક રોટલી જે યાજક શાંત્યાર્પણનુ લોહી છાંટે તેને આપવામાં આવશે. 15જે દિવસે એ અર્પણ ધરાવેલ હોય તેજ દિવસે એનું માંસ જમી લેવું. એમાંથી કશુંય બીજા દિવસે જમવા માટે રાખવું નહીં.

16"જો કોઈ વ્યકિત બાધાનો કે સ્વેચ્છાનો અર્પણ ચડાવતો હોય તો તે ચડાવે તેજ દિવસે અને તે પછીના દિવસે પણ જમી શકાય. 17પણ ત્રીજા દિવસ સુધી જે વધે તેને બાળી નાખવું. 18કારણ કે જો તે શાંત્યાર્પણ ત્રીજા દિવસે પણ જમવામાં આવે તો યહોવા તેનો સ્વીકાર કરે નહીં અર્પણ તરીકે તેની કિંમત રહે નહીં; અને જે વ્યકિત તે અર્પણ લાવી હશે તેને કોઈ લાભ થશે નહીં અને તે અર્પણ અશુધ્ધ બની જશે. જે માણસ તે ખાશે તે પોતાના પાપનો જવાબદાર બનશે.

19"જો માંસ કોઈ અપવિત્ર વસ્તુને અડેલું હોય, તો તે જમી શકાય નહીં, તેથી તેને અગ્નિમાં બાળી મૂકવું. જે વ્યકિત શુધ્ધ હોય તે શાંત્યાર્પણનું માંસ જમી શકે છે. 20જો કોઈ માણસ અશુદ્ધ હોય છતાં શાંત્યાર્પણમાંથી તે જમે તો તેને તેના લોકોથી જુદો કરવો, કારણ કે તેણે જે પવિત્ર છે તેને અશુદ્ધ કર્યુ છે.

21"જો કોઈ વ્યકિત નિષિધ્ધ માણસને, કે નિષિધ્ધ પશુને કે નિષિધ્ધ પેટે ચાલનાર પ્રાણીને અડયો હોય અને પછી યહોવાને ચડાવેલા શાંત્યાર્પણનું માંસ જમે તો તેને તેના લોકોથી તેને જૂદો કરવો."

22પછી યહોવાએ મૂસાને કહ્યું, 23"ઈસ્રાએલી પ્રજાને કહે કે તમારે કોઈ બળદ, ઘેટાં કે બકરાની ચરબી ખાવી નહીં. 24કુદરતી રીતે મૃત્યુ પામેલ અથવા કોઈ જંગલી પ્રાણીએ મારી નાખેલા પશુની ચરબીનો બીજો ગમે તે ઉપયોગ કરવો પણ તમારે તે ખાવું નહીં. 25જો કોઈ વ્યકિત યહોવાને આહુતિ તરીકે ધરાવેલા પશુની ચરબી ખાય તો તેનો સમાજમાંથી બહિષ્કાર કરવો.

26"તમે ગમે ત્યાં રહેતા હો, પણ તમારે પશુનું કે પંખીનું લોહી ખાવું નહીં. 27છતાં જો કોઈ લોહી ખાય તો તેનો સમાજમાંથી બહિષ્કાર કરવો."

### આરતી અર્પણ માટેના નિયમો

28પછી યહોવાએ મૂસાને કહ્યું, 29"ઈસ્રાએલી લોકોને આ કહે જે કોઈએ યહોવાને શાંત્યાર્પણ ચડાવવા લાવે તેણે તેનો અમુક ભાગ યહોવાને વિશેષ ભેટ તરીકે ધરાવવો. 30તેણે પોતાને હાથે એ ભાગ લાવવો. તેણે ચરબી અને પ્રાણીની છાતી યાજક પાસે લાવવા. યાજકે છાતીને ઉંચી કરવી અને આરતી અર્પણ કરીને યહોવાને અર્પણ કરવી. 31યાજકે ચરબી વેદીમાં હોમી દેવી, પણ છાતીનો ભાગ હારુનના વંશના યાજકોનો થાય. 32તમારા શાંત્યાર્પણના પશુની જમણી જાંઘ પણ યાજકને આપવી. 33એ જમણી જાંઘ જે યાજક શાંત્યાર્પણને પશુનું લોહી અને તેની ચરબી ધરાવે તેના ભાગમાં જાય. 34ઈસ્રાએલીઓએ ધરાવેલા આરતીનાં પશુઓની છાતીનો ભાગ અને જાંઘ હું રાખી લઉ છું અને યાજક હારુનને અને તેના વંશજોને આપું છું. ઈસ્રાએલીઓ તરફથી એમને મળવું જોઈતું આ કાયમનું દાપું છે."

35જે દિવસે હારુન અને તેના પુત્રોનો યાજક પદે અભિષેક કરવામાં આવ્યો તે દિવસે તેમને યહોવાને ધરાવેલા હુતદ્રવ્યોમાંથી એ દાપુ આપ્યું હતું. 36જે દિવસે અભિષેક કરવામાં આવ્યો તે દિવસે યહોવાએ આ ભાગો તેમને આપવાની ઈસ્રાએલીઓને આજ્ઞા કરી હતી આ નિયમ સદા માટે તેમના બધા વંશજોને માટે બંધનકર્તા છે. વંશપરંપરા આ તેઓનો અધિકાર છે."

37તો દહનાર્પણ, ખાદ્યાર્પણ, પાપાથાર્પણ અને દોષાર્થાર્પણ અને શાંત્યાર્પણને લગતા નિયમો આ પ્રમાણે છે. 38સિનાઈના રણમાં યહોવાએ ઈસ્રાએલપુત્રોને અર્પણ ચડાવવા માટેની આજ્ઞા કરી હતી ત્યારે તે દિવસે યહોવાએ સિનાઈ પર્વત પર મૂસાને આ પ્રમાણે આજ્ઞા કરી હતી.

### મૂસાનું યાજકોને જુદા કરવું

8 યહોવાએ મૂસાને કહ્યું, 2"હવે હારુન અને તેના પુત્રોને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ લઈ જા અને સાથે તેમના પોશાક, અભિષેકનું તેલ તેમજ પાપાર્થાર્પણનો બળદ, બે ઘેટાં અને બેખમીર રોટલીની ટોપલી લઈ જા. 3અને બધીજ ઈસ્રાએલની પ્રજાને ત્યાં ભેગા થવાનું કહે."

4મૂસાએ યહોવાના કહેવા પ્રમાણે કર્યું. તેથી સમગ્ર સમાજ મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ ભેગો થયો. 5અને મૂસાએ તે લોકોને જણાવ્યું કે "યહોવાએ આ પ્રમાણે કરવાનું કહ્યું છે."

6ત્યારબાદ તેણે હારુનને અને તેના પુત્રોને આગળ લાવીને પાણીથી સ્નાન કરાવ્યું. 7પછી તેણે હારુનને અંગરખો, અને જામો પહેરાવી કમરબંધ બાંધીને એફોદ ચડાવી તેનો ગૂથેલો પટો કમરે બાંધી દીધો. 8પછી તેણે તેને ઉરપત્ર પહેરાવીને તેમાં ઉરીમ અને તુમ્મીમ જોડી દીધા. 9ત્યારબાદ યહોવાની આજ્ઞા મુજબ તેણે તેના માથે પાઘડી પહેરાવી અને આગળના ભાગમાં પવિત્ર મુગટરૂપે સોનાનું પદક એટલે કે સુવર્ણનો બિલ્લો લગાવ્યો.

10પછી મૂસાએ અભિષેકનું તેલ લઈને મુલાકાતમંડપ ઉપર અને તેમાંની બધીજ વસ્તુઓ ઉપર છાંટીને તે બધાંય ને પવિત્ર કર્યા. 11તે વેદી પાસે આવ્યો અને તેના ઉપર સાત વખત અભિષેકનું તેલ છાંટયું અને વેદી અને તેનાં બધાં વાસણો તથા કૂડી અને તેની ઘોડી યહોવાને સમર્પણ કરી. 12ત્યારબાદ તેણે હારુનના માથા પર અભિષેકનું તેલ રેડયું અને દીક્ષાવિધિ કર્યો. 13ત્યારબાદ યહોવાની આજ્ઞા પ્રમાણે મૂસાએ હારુનના પુત્રોને ઝભ્ભો પહેરાવ્યો, કમરે કમરબંધ બાંધ્યા અને માથે પાઘડી બાંધી.

14પછી પાપાથાર્પણના બળદને આગળ લાવ્યો અને હારુને અને તેના પુત્રોએ તેના માથા ઉપર હાથ મૂક્યા. 15પછી મૂસાએ તેનો વધ કર્યો, અને તેનું થોડું લોહી લઈ તેની આંગળી વતી વેદીનાં ટોચકાઓને લગાડ્યું અને આ રીતે તેને શુધ્ધ કરી, પછી બાકીનું લોહી વેદીના પાયામાં રેડી દીધું. આ રીતે મૂસાએ વેદીને લોકોને શુધ્ધ કરવાના અર્પણો માટે તૈયારી કરી. 16પછી તેણે આંતરડાં પરની બધીજ ચરબી, કાળજા ઉપરની ચરબી અને બંને મૂત્રપિંડ અને તે ઉપરની ચરબી લીધી અને વેદીમાં હોમી દીધી. 17અને બળદનું ચામડું, તેનું માંસ અને છાણ, યહોવાની આજ્ઞા અનુસાર છાવણી બહાર કોઈ જગ્યા પર તેણે બાળી નાખ્યાં.

18પછી તે યહોવા સમક્ષ દહનાર્પણ માટેનો ઘેટો લઈને આગળ આવ્યો. હારુને અને તેના પુત્રોએ તેના માથા ઉપર હાથ મૂક્યા, 19પછી મૂસાએ તેનો વધ કર્યો અને તેનું લોહી વેદીની ચારેબાજુએ છાંટ્યું. 20ત્યારબાદ તેણે ઘેટાના ટુકડા કરી યહોવાની આજ્ઞા મુજબ, તેનું માથું, ચરબી તથા બધા ટુકડાવેદીમાં હોમી દીધા. 21તેણે આંતરડાં તથા પગ પાણીથી ધોયા પછી આખા ઘેટાને વેદીમાં હોમી દીધો. યહોવાએ મૂસાને કરેલી આજ્ઞા મુજબનું એ દહનાર્પણ હતું. એ યજ્ઞની સુવાસથી યહોવા પ્રસન્ન થયા.

22એ પછી મૂસા બીજા ઘેટાને એટલે કે યાજકના દીક્ષાવિધિ માટેના ઘેટાને આગળ લાવ્યો; હારુન અને તેના પુત્રોએ તેના માથા પર હાથ મૂકયા. 23મૂસાએ તેનો વધ કર્યો અને તેનું થોડું લોહી લઈને હારુનના જમણા કાનની બુટ ઉપર અને જમણા હાથના અંગૂઠા ઉપર તથા જમણા પગના અંગૂઠા ઉપર લગાડ્યું. 24પછી તે હારુનના પુત્રોને વેદી પાસે લાવ્યો અને તેમના જમણા કાનની બૂટે તથા તેમના જમણા હાથના અને જમણા પગના અંગૂઠાએ થોડું લોહી લગાડયું. પછી મૂસાએ વેદીને ફરતું લોહી છાંટ્યું. 25પછી તેણે જાડી પૂંછડી, આંતરડાં ઉપરની ચરબી, કાળજા ઉપરની ચરબી બન્ને મૂત્રપિંડ અને તેની ચરબી તેમજ જમણી જાઘ લીધી. 26પછી આ બધા ઉપર એક રોટલો, એક તેલ ચોપડેલો રોટલો, અને બેખમીર રોટલીનો એક ટુકડો જે દરરોજ દેવની સામે મુકવામાં આવે છે તે ચરબી પર એને જમણા જાંઘ પર મૂકયો. 27અને આ બધું હારુન અને તેના પુત્રોના હાથમાં મૂકીને યહોવા સમક્ષ આરતી કરી. 28પછી મૂસાએ એ બધું પાછું લઈને દહનાર્પણ ભેગું વેદીમાં હોમી દીધું. આ યાજકના દીક્ષાવિધિનો અર્પણ હતો અને તેની સુવાસથી યહોવા પ્રસન્ન થયા. 29અર્પણના પછી મૂસાએ પશુની છાતી લીધી અને યહોવાની સામે આરતી કરી આ રીતે યાજકના દીક્ષાવિધિના અર્પણમાંથી તેનો ભાગ મૂસાને મળ્યો હતો. આ બધું યહોવાએ મૂસાને જે આજ્ઞા કરી હતી તે મુજબ કરવામાં આવ્યું હતું.

30ત્યારબાદ મૂસાએ થોડું અભિષેકનું તેલ અને થોડું વેદી ઉપરનું લોહી લઈને હારુન અને તેનાં વસ્રો ઉપર તથા તેના પુત્રો અને તેમનાં વસ્રો ઉપર છાંટીને યહોવાના ઉપયોગ માટે પવિત્ર કર્યા.

31પછી મૂસાએ હારુનને અને તેના પુત્રોને કહ્યું, "યહોવાની આજ્ઞા મુજબ આ માંસ મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ લઈ જઈ ત્યાં રાંધીને યાજકના દીક્ષાવિધિના અર્પણની ટોપલીમાંની ભાખરી સાથે ખાજો. 32માંસ અને રોટલીમાંથી જે કાંઈ વધે તે બાળી મૂકજો. 33સાત દિવસ સુધી તમારે મુલાક્તમંડપનું પ્રવેશદ્વાર છોડવું નહીં. તમારી દીક્ષાની વિધિ સાત દિવસ ચાલશે ત્યાર પછી તે પૂર્ણ થશે." 34તને શુધ્ધ કરવા માટે આજે જે કરવામાં આવ્યુ છે તેનો આદેશ યહોવાએ કર્યો છે. 35સાત દિવસ અને સાત રાત સુધી તમારે મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ યહોવાની આજ્ઞાનું પાલન કરતા રહેવાનું છે. અને ચેતવણી આપતાં કહ્યું,"જો તમે તેના આદેશ નહી માનો તો તમે મૃત્યુ પામશો. આ યહોવાની આજ્ઞા છે."

36હારુન અને તેના પુત્રોએ યહોવાએ મૂસાને આપેલી આજ્ઞાઓ મુજબ તે બધુંજ કર્યું.

### દેવ દ્વારા યાજકોની સ્વીકૃતી

9 આઠમે દિવસે મૂસાએ હારુનને અને તેના પુત્રોને તથા ઈસ્રાએલના વડીલોને બોલાવ્યા. 2મૂસાએ હારુનને કહ્યું, "તું ખોડખાંપણ વગરનો એક બળદ પાપાર્થાર્પણ તરીકે અને એવોજ એક ઘેટો દહનાર્પણ માટે લાવ અને તેમને યહોવા સમક્ષ અર્પણ કર. 3ત્યારબાદ તું ઈસ્રાએલીઓને પાપાથાર્પણ તરીકે એક બકરો અને આહુતિ તરીકે ખોડખાંપણ વગરનો એક વરસનો વાછરડો અને એવુંજ એક ઘેટાનું બચ્ચું. 4તદુપરાંત શાંત્યાર્પણ તરીકે એક બળદ અને એક ઘેટો યહોવા સમક્ષ તેમને વધેરવાનું કહે, વળી તેઓએ તેલથી મોયેલા લોટને ખાધાર્પણ તરીકે ચડાવવો; કારણ કે આજે યહોવા તમને દર્શન આપશે.'"

5આથી તેઓ મૂસાએ કહ્યું હતું તે પ્રમાણે બધું મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ લાવ્યા અને ઈસ્રાએલના લોકો ત્યાં યહોવાની સમક્ષ આવીને ઊભા રહ્યાં. 6તેઓને મૂસાએ કહ્યું, "યહોવાએ તમને આ પ્રમાણે કરવાનું કહ્યું છે. અને જો તમે એ પ્રમાણે કરશો એટલે તમને યહોવાના ગૌરવનાં દર્શન થશે."

7પછી મૂસાએ હારુનને કહ્યું, "તું અગ્નિની વેદી પાસે આવ અને તારા પાપાર્થાર્પણ, દહનાર્પણ અને દોષાર્થાર્પણ ચડાવ અને તારે પોતાને માટે અને બધા લોકોને માટે પ્રાયશ્ચિત વિધિ કર. ત્યાર પછી લોકોએ ધાર્મિક વિધિ કરી કરેલા અર્પણો ચડાવ અને યહોવાના આદેશ પ્રમાણે તેમને શુધ્ધ કર."

8હારુને વેદી પાસે જઈને પોતાના પાપાર્થાર્પણ માટે વાછરડાનો વધ કર્યો. 9તેના પુત્રોએ તેને માટે લોહી તેની આગળ ધર્યુ. અને તેમાં આંગળી બોળીને થોડું લોહી વેદીનાં ટોચકાંઓને લગાડયું અને બાકીનું લોહી વેદીના પાયામાં રેડી દીધું. 10ત્યારબાદ પાપાર્થાર્પણની ચરબી, મૂત્રપિંડો અને કાળજા ઉપરનો ચરબીનો ભાગ, હારુને યહોવાએ મૂસાને આપેલી આજ્ઞા મુજબ વેદી પર હોમી દીધાં. 11પરંતુ માંસ અને ચામડું તેણે છાવણી બહાર બાળી મૂક્યું.

12ત્યારબાદ હારુને દહનાર્પણના પ્રાણીનો વધ કર્યો. તેના પુત્રોએ તેને લોહી આપ્યું અને તેણે તે વેદીની ચારે બાજુએ છાંટયું. 13પછી તેણે પ્રાણીના ટુકડાઓને માથાં સહિત એક પછી એક તેની આગળ લઈ લાવ્યા અને વેદીમાં હોમી દીધાં. 14પછી તેણે આંતરડાં અને પાછલા પગ ધોઈ નાખ્યાં અને દહનાર્પણ વેદીમાં હોમી દીધાં.

15પછી તે લોકો માટે અર્પણ લાવ્યો, અને પોતાના પાપાર્થાર્પણની વિધિ પ્રમાણે તેણે બકરાનો વધ કર્યો અને બલિદાન આપ્યું. 16પછી તેણે દહનાર્પણ યહોવાની આજ્ઞા પ્રમાણે વિધિપૂર્વક અર્પણ કર્યુ. 17પછી તેણે ખાધાર્પણ ચડાવ્યો, તેમાંથી એક મૂઠી લઈ સવારના દહનાર્પણ સાથે વેદીમાં હોમી દીધી.

18તેણે લોકોના શાંત્યાર્પણ તરીકે બળદ અને ઘેટાનો પણ વધ કર્યો તેના પુત્રોએ તેને લોહી આપ્યું જેને તેણે વેદીની ચારે બાજુએ છાંટયું. 19અને બળદના ચરબીવાળા ભાગો, ઘેટાની ચરબીવાળી પૂંછડી, આંતરડા ઉપરની ચરબી, બે મૂત્રપિંડો અને તેના ઉપરની ચરબી તથા કાળજા ઉપરની ચરબીવાળો ભાગ- 20આ બધું તેણે પહેલાં પશુઓના છાતીના ભાગ ઉપર મૂકયું, અને પછી વેદીમાં હોમી દીધું. 21અને મૂસાની આજ્ઞા પ્રમાણે હારુનને પશુઓની છાતીના ભાગો અને જમણી જાઘ તરીકે યહોવાને આરત્યાર્પણ તરીકે ધરાવ્યો.

22ત્યારબાદ હારુને હાથ ઊંચા કરીને લોકોને આશીર્વાદ આપ્યા. આમ પાપાર્થાર્પણ, દહનાર્પણ અને શાંત્યાર્પણ ચડાવ્યા પછી તે વેદી ઉપરથી નીચે ઊતર્યો.

23મૂસા અને હારુન મુલાકાતમંડપમાં ગયા. પછી બહાર આવ્યા અને લોકોને આશીર્વાદ આપ્યા અને બધા લોકોને યહોવાના ગૌરવનાં દર્શન થયા. 24યહોવા તરફથી એકાએક અગ્નિ પ્રગટયો અને તે આવીને વેદી ઉપરના દહનાર્પણ અને ચરબીવાળા ભાગો ભક્ષ્મ કરી ગયો. આ જોઈને બધા લોકોએ હર્ષના પોકારો કર્યા અને યહોવા સમક્ષ સાષ્ટાંગ નમસ્કાર કરી જમીન ઉપર ઊંધા સૂઈ ગયા.

### દેવ દ્વારા નાદાબ અને અબીહૂનો નાશ

10 હારુનના પુત્રો નાદાબ તથા અબીહુએ ધૂપદાનીમાં અપવિત્ર અગ્નિ*મૂકયો અને તે અગ્નિ ઉપર ધૂપ નાખ્યો. અને તે ધૂપ યહોવાને ચડાવ્યો. યહોવાએ તે ચડવવાની આજ્ઞા કરી નહોતી તેથી એ અગ્નિ અપવિત્ર હતો. 2તેથી યહોવાની આગળથી અગ્નિ ધસી આવ્યો અને તે બંનેને ભક્ષ્મ કરી ગયો. અને તેઓ યહોવા સમક્ષ મૃત્યુ પામ્યા.

3પછી મૂસાએ હારુનને કહ્યું, "યહોવાએ એમ કહ્યું હતું કે, 'જે યાજકો મારી સેવા કરે છે તેમણે મારી પવિત્રતા જાળવવી જોઈએ; સર્વ લોકોની સન્મુખ હું મારો મહિમા પ્રગટ કરી ગૌરવવાન મનાઈશ. તેનો અર્થ આ છે.'" હારુન મૌન થઈ ગયો.

4ત્યાર પછી મૂસાએ હારુનના કાકા ઉઝીએલના પુત્રો મીશાએલને અને એલસાફાનને બોલાવડાવીને તેઓને કહ્યું, "આમ આવો, અને તમારા પિતરાઈ ભાઈઓને મંદિરના તંબૂમાંથી છાવણી બહાર લઈ જાઓ."

5આથી તેઓ ત્યાં ગયા અને મૂસાની આજ્ઞા પ્રમાણે પોતાના પિતરાઈ ભાઈઓને જામા સહિત છાવણી બહાર લઈ ગયા.

6ત્યાદબાદ મૂસાએ હારુન અને તેના પુત્રો એલઆઝાર અને ઈથામારને કહ્યું, "તમે શોક ન કરો, શોકમાં તમારા વાળ છૂટા ન રાખો અને તમારાં કપડાં ન ફાડો, જો તમે તેમ કરશો તો દેવ તમને પણ મારી નાખશે અને યહોવા ઈસ્રાએલી સમાજ ઉપર રોષે ભરાશે; પરંતુ બીજા બધા ઈસ્રાએલીઓ ભલે યહોવાએ મોકલેલા અગ્નિનો ભોગ બનેલા એ લોકોને માટે આક્રંદ કરે ને શોક પાળે. 7પણ તમે મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળથી ખસસો નહીં. નહીં તો મૃત્યુ દંડ તમારા પર આવશે. કારણ, યહોવાના તેલથી તમારો અભિષેક કરવામાં આવેલો છે." તેમણે મૂસાનાં કહ્યા પ્રમાણે કર્યુ.

---

**હારુન... અગ્નિ** મૂળ પ્રમાણે : એનો અર્થ એમ હોઈ શકે કે વેદી પરનો અગ્નિ તેઓએ દેવના નિયમ પ્રમાણે નથી વાપર્યો અથવા તેઓ મંદિરની બહારથી કોઈ અગ્નિ લાવ્યા હશે.

8યહોવાએ હારુનને આજ્ઞા કરી, 9"તું અને તારા પુત્રો
મુલાકાતમંડપમાં પ્રવેશ કરો ત્યારે દ્રાક્ષારસ કે કેફી પીણું
પીવું નહીં, જો પીશો તો મૃત્યુ પામશો, આ નિયમ તારા
પુત્રોને અને વંશ પરંપરા સદાને માટે લાગુ પડે છે. 10તમારી
જવાબદારી છે કે તમારે પવિત્ર અને અપવિત્ર વચ્ચે તથા
શુદ્ધ અને અશુદ્ધ વચ્ચેનો ભેદ તેઓને સમજાવવો. 11અને
યહોવાએ જે નિયમો મૂસાને આપ્યા હતા તે બધા નિયમો
ઈસ્રાએલી લોકોને સમજાવવા."

12મૂસાએ હારુનને અને તેના બાકી રહેલા પુત્રો
એલઆજાર અને ઈથામારને કહ્યું, "યહોવાને ધરાવેલા
ખાદ્યાર્પણમાંથી વધેલો લોટ તમારે લેવો અને તેની બેખમીર
રોટલી બનાવીને વેદી પાસે જમવી, કારણ કે તે અત્યંત
પવિત્ર છે. 13મને એવી આજ્ઞા કરવામાં આવી છે કે તમારે
એ પવિત્ર સ્થાને જમવી, યહોવાને ચડાવેલા અર્પણમાંથી
એ ભાગ તારો અને તારા પુત્રોનો થાય છે.

14"યહોવા સમક્ષ ધરાવેલાં આરત્યર્પણનાં પશુનો છાતીનો
ભાગ અને જાંઘનો ભાગ તારે અને તારા પુત્રોએ તથા પુત્રીઓએ
કોઈ પવિત્ર સ્થળે જમવો. કારણ કે ઈસ્રાએલીઓએ યહોવાને
ધરાવેલ શાંત્યાર્પણમાંથી એ ભાગનો અધિકાર તારો અને
તારાં પુત્રપુત્રીઓનો થાય છે. 15 ચરબી હોમવા લાવતી
વખતે આરત્યાર્પણનો છાતીનો ભાગ અને જાંઘનો ભાગ
પણ યાજકો માટે યહોવાને ચડાવવા લોકોએ સાથે લાવવો
આ ચડાવાની યહોવા સામે આરતી કરવી. યહોવાએ જણાવ્યા
મુજબ એ તને અને તારા પુત્રોને તમારા કાયમી અધિકારના
ભાગની જેમ મળવો જોઈએ."

16મૂસાએ પાપાર્થાર્પણના અર્પણના બકરાની તપાસ કરી
તો ખબર પડી કે તેને હોમી દેવામાં આવ્યો હતો, તે હારુનના
જીવતા રહેલા પુત્રો એલઆઝાર અને ઈથામાર ઉપર ગુસ્સે
થયો. 17અને તેણે કહ્યું, "તમે એ પાપાર્થાર્પણ પવિત્રસ્થાનમાં
શા માટે ન ખાધું? તે અત્યંત પવિત્ર છે, એ તમને લોકોના
દોષ દૂર કરી, યહોવા સમક્ષ લોકોનું પ્રાયશ્ચિત કરવા આપેલ
હતુ. 18તેનું લોહી પવિત્રસ્થાનમાં લાવવામાં આવ્યું ન હતું,
તેથી પ્રાયશ્ચિતનો એ અર્પણ તમારે મારી આજ્ઞા મુજબ
પવિતત્રસ્થાનમાં જ જમવો જોઈતો હતો."

19પરંતુ હારુને મૂસાને કહ્યું, "જુઓ, આજે એ લોકોએ
પોતાના પાપાર્થાર્પણ અને દહનાર્પણ યહોવા સમક્ષ ધરાવ્યો
છે, અને મારી આ દશા થઈ છે. પરંતુ જો હું આજે પાપાર્થાર્પણ
જમ્યો હોત તો શું તેથી યહોવા પ્રસન્ન થયા હોત?"

20જયારે મૂસાએ આ સાંભળ્યું ત્યારે તેને એ સાચું લાગ્યું
અને સંતોષ થયો.

### માસ ખાવા વિશેના નિયમો

11 પછી યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, 2"તમે
ઈસ્રાએલી પ્રજાને આ પ્રમાણે જણાવો : તમે ભૂચર
પ્રાણીઓમાંથી આટલાં જમવા માટે ઉપયોગમાં લઈ શકો:
3જે પ્રાણીઓની ખરી ફાટવાળી હોય અને જે વાગોળતું હોય
તેને તમે જમી શકો.

4-6"પરંતુ જે પ્રાણીઓની માત્ર ખરી ફાટવાળી હોય અથવા
જે માત્ર વાગોળતાં હોય તે પ્રાણીઓ તમારે જમવા જોઈએ
નહી, જેમ કે ઊંટ, એ વાગોળે છે પણ એની ખરીને ફાટ
નથી, તમારે એને નિષિધ્ધ ગણવું; ઘોર ખોદિયું અને સસલું,
એ વાગોળે છે, પણ એના પગને ફાટ નથી; 7તમારે એને
નિષિધ્ધ ગણવાં, ડુક્કરના પગે ફાટ હોય છે, પણ એ વાગોળતું
નથી, તમારે એને નિષિધ્ધ ગણવું. 8તમારે તેનું માંસ ખાવું
નહીં કે તેમના શબને અડવું નહીં. તમારે તેમને નિષિધ્ધ
ગણવાં."

### દરિયાઈ ખાદ્યના નિયમો

9"જળચર પ્રાણીઓમાંથી તમે આટલાં ખાઈ શકો: ખારા
પાણીનાં કે મીઠાં પાણીનાં બધાં પરવાળા તેમજ ભીંગડાવાળાં
પ્રાણીઓ, 10પરંતુ ખારા કે મીઠાં પાણીનાં નાનાં મોટાં જે
પ્રાણીઓને કાં તો પર ન્ હોય કે ભીંગડાં પણ ન હોય તે તમે
ખાઈ શકો નહીં, તમારા માટે તે નિષિધ્ધ છે. 11તમારે તેમનું
માંસ ખાવું જોઈએ નહીં કે તેમના શબને અડવું નહીં 12હું
ફરીથી કહું છું કે જે કોઈ જળચર પ્રાણીને પર ન હોય કે
ભીંગડાં ના હોય તે ખાવાની તમને મનાઈ છે.

### નિષિધ્ધ પક્ષીઓ

13"આટલાં પક્ષીઓમાંથી નીચેના તમારે ન ખાવા અને
અછુત ગણવા: ગરૂડ તથા ફરસ તથા ગીધ; 14બાજ, સમડી;
15કાગડા બધીજ જાતના, 16શાહમૃગ, રાતશકરી, શકરો,
શાખાફ બધીજ જાતના 17ચીબરી, કરઢોક, ઘૂવડ; 18રાજહંસ,
ઢીંચ, ગીધ: 19બગલો, બધીજ જાતનાં હંસ, લક્કડખોદ અને
વાગોળ.

### ખાદ્ય સર્પટિયાં વિશે નિયમો

20"બધા પાંખવાળા ચોપગા કીડાઓને તમારે ખાવા નહીં,
21પણ જેઓ ઠેકડા મારી કૂદકા મારે છે તેમનામાંથી આટલા
તમે ખાઈ શકો: 22બધીજ જાતનાં તીડ, બધીજ જાતનાં તમરાં,
બધીજ જાતના તીતીઘોડા, દરેક રણનાં તીડ,

23"તે સિવાયના જે સર્વ જંતુઓ ઊડે છે અને પગથી
ચાલે છે કે પેટે ચાલે છે તે બધાને ખાવાની તમને મનાઈ
છે. 24"તેઓના શબને પણ જો કોઈ સ્પર્શ કરે તો સાંજ સુધી
તે અશુદ્ધ ગણાય. 25જે કોઈ તેમના શબને ઉપાડી લે તેણે
પોતાનાં વસ્રો ધોઈ નાખવા. વિધિ પ્રમાણે તે સાંજ સુધી
અશુદ્ધ ગણાય.

### પશુઓના અન્ય નિયમો

26-27"જે પશુઓને ફાટવાળી ખરીઓ હોય પણ તેમના
બરાબર બે સરખા ભાગ થતાં ન હોય અથવા જે પશુઓ
વાગોળતાં ના હોય, અથવા જે જે ચોપગાં રાની પશુઓ પંજા
ઉપર ચાલતાં હોય તે બધાં પશુઓને નિષિધ્ધ ગણવાં. જે
કોઈ તેમના શબને અડે તો તે સાંજ સુધી અશુદ્ધ ગણાય.
28અને જે કોઈ તેમના શબને ઉપાડે તો તેણે પોતાનાં વસ્ત્રો

ધોઈ નાખવાં, પણ તે સાંજ સુધી અશુદ્ધ ગણાય. કારણ કે તે
માટેની તમને મનાઈ કરેલી છે.

## પેટે ચાલનારા પ્રાણીઓ વિશે નિયમો

29"પેટે ચાલનારાં આટલાં પ્રાણીઓની પણ તમને મનાઈ
કરવામાં આવેલ છે: બધીજ જાતની ગરોળીઓ, છછુંદર,
ઉદર, 30ચંદન ઘો, પાટલા ઘો, મગર સરડો તથા કાચીંડો.
31પેટે ઘસીને ચાલનારાં પ્રાણીઓમાં આટલાંને તમારે નિષિધ્ધ
ગણવાં, જે કોઈ એમના શબને અડે તે સાંજ સુધી અશુદ્ધ
ગણાય.

## અશુધ્ધ પ્રાણીઓ વિશે નિયમો

32"જે કોઈ વસ્તુ ઉપર એમનું શબ પડે તે અશુદ્ધ ગણાય.
એવી કોઈપણ લાકડાની અથવા કપડાંની અથવા ચામડાની
અથવા કંતાનની નિત્યના વપરાશની વસ્તુને પાણીમાં ધોઇ
નાખવી. પણ તે સાંજ સુધી અશુદ્ધ ગણાય. ત્યાર પછી તેનો
ઉપયોગ થઈ શકે. 33જો આમાનું કોઈપણ પ્રાણી એક માટીનાં
વાસણ પર મરીને પડે તો તેમાંની વસ્તુ અશુદ્ધ થઈ જાય,
તેથી એ વાસણને તોડી નાંખવું. 34જે કોઈ ખાવાના પદાર્થ
પર એવાં માટલામાંથી પાણી રેડયું હોય તે અશુદ્ધ ગણાય.
અશુદ્ધ થયેલાં વાસણોમાંનું કોઈપણ પીણું હોય તો તે અશુદ્ધ
ગણાય. 35જે કોઈ વસ્તુ ઉપર આવા પ્રાણીનું શબ પડે તે
અશુદ્ધ ગણાય, અને એ જો ભઠ્ઠી કે સગડી હોય તો તેને
ભાંગી નાખવી. કારણ કે એ અશુદ્ધ છે, અને તમારે એને
અશુદ્ધ ગણવી જોઈએ.

36"જો આવું શબ પાણીના ટાંકામાં, કૂવામાં કે ઝરણાંમાં કે
કોઈ જળાશયમાં પડે તો તે પાણી અશુદ્ધ ન ગણાય, જો કે જે
કાંઈ તેમના શબને અડે તે અશુદ્ધ ગણાય. 37જો એમાંના
કોઈનું શબ વાવવાના દાણા ઉપર પડે તો તે શુદ્ધ રહે. 38પણ
જો તે દાણા ભીના હોય અને તેના ઉપર શબ પડે તો તમારે
તેને અશુદ્ધ ગણવા.

39"તમને ખાવાની છૂટ આપવામાં આવી છે એવું પ્રાણી
મરી જાય તો તેના શબને જે કોઈ અડે તે સાંજ સુધી અશુદ્ધ
ગણાય. 40જે કોઈ એ શબમાંથી તેનું માંસ ખાય અથવા
તેના શબને ઉઠાવીને દૂર લઈ જાય, તો તેણે પોતાનાં વસ્ત્રો
ધોઈ નાખવાં, પણ તે સાંજ સુધી અશુદ્ધ ગણાય.

41"જમીન પર પેટ ઘસીને ચાલતાં તમામ નાનાં પ્રાણીઓ
ખાવાની મનાઈ છે. માટે તે ખાવાં નહીં. 42સર્વ પેટે ચાલનારાં
ચોપગાં કે વધુ પગવાળાં જમીન પર પેટે ચાલનારાં નાનાં
પ્રાણી પણ તમારે ખાવા નહીં કારણ કે તે અશુદ્ધ છે. 43તમારે
એ પ્રાણીઓને તમને આભડવા દેવા નહીં, તમારે અશુધ્ધ
ન બનવુ. 44કારણ કે હું, યહોવા, તમારો દેવ છું. આ બાબતો
વિષે તમે તમારી જાતને પવિત્ર રાખો, કારણ, હું પવિત્ર છું.
જમીન ઉપર પેટે ચાલતાં કોઈ પ્રાણીથી તમારે તમારી જાતને
અભડાવવી નહીં. 45હું યહોવા છું, જે તમને મિસરમાંથી
લાવ્યો હતો જેથી હું તમારો દેવ બની શકું. તમારે પવિત્ર
થવુંજ જોઈએ. કેમકે હું પવિત્ર છું."

46એટલે પશુઓ, પક્ષીઓ, જળચર પ્રાણીઓ અને જમીન
ઉપર પેટઘસીને ચાલનારા જીવોને લગતો નિયમ આ મુજબ
છે. 47એનો હેતું અશુદ્ધ અને શુદ્ધ ખાધ અને અખાધ જીવોને
જુદુ પાડવાનો છે."

## પ્રસૂતિ પછી શુદ્ધિકરણ–સૂતકના નિયમો

12 પછી યહોવાએ મૂસાને જણાવ્યું, 2"તું ઈસ્રાએલી
પ્રજાને આ નિયમો જણાવ: જયારે કોઈ સ્ત્રીગર્ભ
ધારણ કરે અને પુત્રને જન્મ આપે ત્યારે ઋતુકાળની જેમ તે
(7)સાત દિવસ સુધી તે અશુદ્ધ ગણાય તેથી તેને સાત દિવસ
સૂતકના મર્યાદાના બંધનો લાગુ પડે. 3તેના પુત્રની સુન્નત
આઠમા દિવસે અચૂક કરવી. 4ત્યારબાદ તે સ્રીએ બીજા તેત્રીસ
દિવસ સુધી, તેનું લોહી શુદ્ધ થાય ત્યાં સુધી તેણે કોઈ અન્ય
પવિત્ર વસ્તુને સ્પર્શ કરવો નહીં તથા મુલાકાતમંડપમાં દાખલ
થવું નહીં. 5વળી જો પુત્રી અવતરે તો તેના ઋતુકાળની જેમ
તે ચૌદ દિવસ સુધી અશુદ્ધ ગણાય. તેથી ત્યાં સુધી ઋતુકાળની
જેમ તેણે રહેવું. અને બીજા છાસઠ દિવસ સુધી તેણે તેનું
લોહી શુદ્ધ થવાની રાહ જોવી.

6"તે પછી જયારે તેને શુધ્ધ કરવાનો સમય પતે છે ત્યારે
એક છોકરી અથવા છોકરાની નવી માતાએ દહનાર્પણ માટે
એક વર્ષનું ઘેટાનું બચ્ચું અને પાપાર્થાર્પણ માટે કબૂતરનું
એક બચ્ચું કે હોલો મુલાકાતમંડપમાં લઈ જવું અને પ્રવેશદ્વારે
યાજકને આપી દેવું. 7યાજક તેને યહોવા સમક્ષ ધરાવે અને
તેના માટે પ્રાયશ્ચિત વિધિ કરે. એટલે તે તેના બાળકના
જન્મ પછીના રકતસ્રાવની અશુદ્ધિમાંથી મુકત ગણાય.
પ્રસૂતાને લગતો આ નિયમ ઉપર પ્રમાણે છે. બાળકના જન્મ
પછીની આ સર્વ વિધિ છે. 8પરંતુ જો સ્ત્રીની શકિત ઘેટાનું
બચ્ચું લાવવાની ના હોય તો તે બે હોલા કે બે કબૂતરનાં
બચ્ચાં પણ લાવી શકે, એક દહનાર્પણ માટે અને બીજું
પાપાર્થાર્પણને માટે. યાજકે પ્રાયશ્ચિત માટેની વિધિ કરવી તે
પોતાના લોહીના નુકસાન થી શુદ્ધ થશે."

## ચર્મરોગો અંગેના નિયમો

13 યહોવાએ મૂસા તથા હારુનને જણાવ્યું, 2"જો કોઈ
વ્યકિતના શરીરની ચામડી પર સોજો આવે, અથવા
ચાંદું કે ગૂમડું થાય, અને એ કોઢમાં પરિણમે એમ લાગતું
હોય તો તેને યાજક હારુનની પાસે અથવા તેના કોઈ યાજક
દીકરા પાસે લઈ જવો." 3પછી યાજકે એ ચામડી ઉપરનું
ચાઠું તપાસવું જો એ જગ્યા ઉપરના વાળ સફેદ થઈ ગયા
હોય અને તે ભાગ ચામડી કરતાં ઊંડે ઊતરેલો લાગે તો તે
કોઢ છે. અને યાજકે તે માણસને એક અશુધ્ધ કોઢિયો જાહેર
કરવો.

4"પરંતુ જો ચામડી ઉપરનો સફેદ ડાઘ ચામડીની નીચે
ઊંડે ઊતરેલો ના લાગતો હોય, વળી તેમાંના વાળ સફેદ
થઈ ગયા ના હોય તો યાજકે તે રોગીને સાત દિવસ સુધી
જુદો રાખવો. 5પછી સાતમે દિવસે યાજકે તેને ફરીથી તપાસવો

અને જો એ સફેદ ડાઘ જેવો હતો તેવો જ રહ્યો હોય અને ચામડીના બીજા ભાગમાં પ્રસર્યો ના હોય તો યાજકે તેને બીજા સાત દિવસ સુધી જુદો રાખવો. 6યાજક ફરીથી સાતમા દિવસે તપાસે અને એ સફેદ ડાઘ ઝાંખો થઈ ગયો હોય અને તે પ્રસર્યો ન હોય તો યાજકે તેને શુદ્ધ જાહેર કરવો. તે ફકત ચાંદું જ હતું એમ માનવું. પછી તે વ્યકિત વસ્ત્રો ધોઈ નાખે એટલે શુદ્ધ થઈ જાય.

7"પરંતુ શુદ્ધ જાહેર કર્યા પછી ફરી તે ડાઘ ફેલાયેલો લાગે તો વ્યકિત એ ફરીથી તપાસ માટે યાજક પાસે આવવું. 8યાજકે તેને ફરીથી તપાસવો અને જો સફેદ ડાઘ કે ચાંદું ફેલાતું જતું લાગે તો યાજકે તે માણસને એક અશુધ્ધ કોઢિયો જાહેર કરવો.

9"જો કોઈ વ્યકિતને કોઢનું ચાંદું હોય અને કોઢ હોવાની શંકા જાય તો તેને યાજક આગળ લઈ જવો. અને યાજકે તેને તપાસવો. 10જો ચામડી ઉપર સફેદ ચાંઠું પડયું હોય, અને વાળ ધોળા થઈ ગયા હોય અને સોજા પરની ચામડી કાચી લાગતી હોય. 11તો એ કોઢની શરૂઆત થઈ ચૂકી છે. એ જીર્ણ કોઢ છે તેથી યાજકે એ વ્યકિતને અશુદ્ધ જાહેર કરવો. એને જુદો રાખવાની જરૂર નથી, કારણ કે એ અશુદ્ધ જાહેર થઈ જ ચૂક્યો છે.

12"પણ જો યાજકને ખબર પડે કે કોઢ ફાટી નીકળ્યો છે અને તેના સમગ્ર શરીર ઉપર પગથી માથા સુધી ફેલાઈ ગયો છે. 13એટલે યાજકે તેને તપાસવો, અને સમગ્ર શરીરે રોગ પ્રસરી ગયેલો ખબર પડે તો તેને યાજકે શુદ્ધ જાહેર કરવો, આખું શરીર સફેદ થઈ ગયું છે, એ શુદ્ધ છે. 14પણ જો માણસ પર કાચી ચામડી હોય તો કાચી ચામડી જ્યારથી દેખાઈ હોય ત્યારથી અશુદ્ધ ગણવો યાજકે કાચી ચામડી તપાસવી અને માણસને 'અશુધ્ધ' જાહેર કરવો. 15શરીર ઉપરની કાચી ચામડી એ સાબિત કરે છે કે એ કોઢ છે.

16"પરંતુ જો કાચી ચામડી રૂઝાઈ જાય અને સફેદ થઈ જાય તો તે વ્યકિતએ યાજક પાસે જવું. 17યાજકે ફરીથી તેને તપાસવો, અને જો તે ચાંદાં સંપૂર્ણ સફેદ થઈ ગયાં હોય તો તેને શુદ્ધ જાહેર કરવો એ શુદ્ધ છે.

18"જો શરીરની ચામડી ઉપર ગૂમડું થઈને રૂજાઈ ગયું હોય. 19અને ગૂમડાની જગ્યાએ સફેદ ડાઘ કે રતાશ પડતો સફેદ સોજો ખબર પડે તો તે યાજકને બતાવી તપાસ કરાવવી. 20જો યાજકને લાગે કે રોગ ચામડીની નીચે અંદર સુધી પ્રસરી ગયો છે અને તે ચાઠા ઉપરના વાળ સફેદ થઈ ગયા છે, તો યાજક તેને અશુદ્ધ જાહેર કરે, કારણ કે ફોલ્લામાંથી કોઢ ફાટી નીકળ્યો છે. 21પણ જો તપાસતાં યાજકને એમ ખબર પડે કે એમાંના વાળ સફેદ થયેલા નથી એ ચામડી કરતાં ઊંડે ઊતરેલું નથી, અને ઝાંખું પડી ગયું છે, તો તેણે તે વ્યકિતને સાત દિવસ જુદો રાખવો. 22જો રોગ ચામડીમાં ફેલાયો હોય તો યાજકે તેને 'અશુદ્ધ' જાહેર કરવો, કારણકે એ કોઢ છે. 23પરંતુ જો ચાઠું એવું ને એવું રહે, પ્રસરે નહીં, તો એ ગૂમડાનું ચાઠું છે, અને યાજકે તે વ્યકિતને શુદ્ધ જાહેર કરવો.

24"જો કોઈ વ્યકિતની ચામડી દાઝી જાય અને દાઝેલી જગ્યાએ ચમકતું લાલાશ પડતું સફેદ ચાંઠુ થઈ જાય, 25તો યાજકે તે ચાંઠાંની તપાસ કરવી જોઈએ. જો ચાઠાનાં વાળ સફેદ થઈ ગયા હોય અને રોગ ચામડીની નીચેના ભાગ સુધી ફેલાઈ ગયો હોય તો દાઝવાના ઘામાંથી કોઢ ફેલાયો છે અને યાજકે તે વ્યકિતને એક અશુધ્ધ કોઢી જાહેર કરવો. 26પરંતુ યાજક જુએ કે ચાઠાંમાં સફેદ વાળ નથી, અને તે ચામડીની નીચે સૂધી પ્રસરેલ નથી અને ચાઠું ઝાંખું પડતું જાય છે, તો યાજકે તે વ્યકિતને સાત દિવસ માટે જુદો રાખવો. 27સાતમે દિવસે યાજક તેને તપાસે ત્યારે જો ચાઠું ચામડીમાં ફેલાયું હોય, તો યાજકે તેને અશુદ્ધ જાહેર કરવો એ કોઢ છે. 28પરંતુ જો ચાઠું ચામડી ઉપર ફેલાયું ના હોય અને ઝાંખું થઈ ગયું હોય તો તે દાઝેલા ઘાનું ચાઠું છે માટે યાજકે તે શુધ્ધ જાહેર કરવું કેમકે તે દાઝેલાનું ચાઠું છેં.

29"જો કોઈ પુરુષ કે સ્રીના માથા ઉપર કે દાઢી ઉપર ચેપ હોય, 30તો યાજકે તેની તપાસ કરવી, અને જો એ ચામડી કરતાં ઊંડુ ખબર પડે અને વાળ પીળા અને આછા થઈ ગયા હોય તો યાજકે તે વ્યકિતને. અશુધ્ધ જાહેર કરવો એ ઊંદરી પ્રકારનો માથાનો કે હડપચીનો એક કોઢ છે. 31પરંતુ યાજક ઊંદરી તપાસે ત્યારે તે ચામડી કરતાં ઊંડી ખબર ન પડે અને ત્યાંના વાળ હજી પણ કાળા હોય તો યાજકે તે વ્યકિતને સાત દિવસ જુદો રાખવો. 32યાજકે સાતમા દિવસે ફરીથી તેની તપાસ કરવી, જો ચાઠું ફેલાયું ન હોય અને વાળ પણ પીળા થયા ન હોય, તેમજ તે ચામડી કરતાં ઊંડી ખબર ના પડે 33તો તે માણસે ઊંદરીવાળા ભાગ સિવાય ચાઠાની આજુબાજુના વાળ કપાવી નાખવા અને યાજકે તેને બીજા સાત દિવસ માટે જુદો રાખવો. 34યાજકે સાતમા દિવસે ફરીથી તેને તપાસવો, અને જો ઊંદરી ચામડી ઉપર ફેલાઈ ન હોય, અને ચામડી કરતાં ઊંડી ખબર ન પડે તો યાજકે તે વ્યકિતને શુદ્ધ જાહેર કરવો. પછી તે વ્યકિતએ વસ્ત્રો ધોઈ નાખવાં એટલે તે શુદ્ધ થઈ જશે. 35છતાં તે વ્યકિતને શુદ્ધ જાહેર કર્યા પછી જો ઊંદરી ચામડી પર ફેલાય, 36તો યાજકે તેને ફરીથી તપાસવો, અને જો ઊંદરી ચામડી પર ફેલાઈ હોય તો યાજકે તેના વાળ પીળા છે કે નહીં એ પણ જોવાની જરૂર નથી. તેને અશુદ્ધ કોઢી જાહેર કરવો. 37પણ જો ઊંદરી હતી એવી ને એવી રહે અને તેમાં કાળા વાળ ઊગવા માંડે તો તે કોઢી નથી. પણ શુદ્ધ છે અને યાજકે તેને શુદ્ધ જાહેર કરવો.

38"જો કોઈ પુરુષ કે સ્ત્રીને ચામડી ઉપર સફેદ રંગના ચાઠાં પડયાં હોય, તો યાજકે તે તપાસવાં. 39જો તે સફેદ હોય અને ઝાંખાં પડતા જતા હોય તો તે કોઢ નથી, એમ સમજવું કે ચામડી પર કરોળિયો થયો છે અને એ માણસ શુદ્ધ છે.

40"જો કોઈ વ્યકિતના માથાના વાળ ખરી પડયા હોય અને માથાના પાછળના ભાગમાં તેને ટાલ પડી હોય તો પણ તે શુદ્ધ છે, કોઢી નથી. 41જો માથાના આગળના ભાગમાંથી વાળ ખરી ગયા હોય તો આગળના ભાગમાં માથા પર ટાલ

પડે છતાં તે શુદ્ધ છે તેને કોઢ નથી એમ કહેવાય. 42પરંતુ માથા પરની આગળ કે પાછળની ટાલમાં રતાશ પડતા સફેદ ડાઘ હોય તો કોઢની શરૂઆત થઈ છે એમ મનાય. 43યાજકે તેને તપાસવો અને પાછળની કે કપાળ પરની ટાલમાંનો ડાઘ રતાશ પડતો સફેદ હોય તો તેને કોઢ થયો છે ને તે અશુદ્ધ છે. 44યાજકે તેને માથામાં થયેલા રોગને કારણે અચૂક અશુદ્ધ જાહેર કરવો.

45"જે વ્યકિતને કોઢ થયો હોય તેણે પોતાનાં વસ્ત્રો ફાડવાં, પોતાના વાળ વિખરાયેલા રહેવા દેવા, ઉપરનો હોઠ સુધીનો ભાગ ઢાંકી દેવો. અને બૂમો પાડવી, હું અશુદ્ધ છું, હું કોઢી છું. 46જયાં સુધી તે વ્યકિતમાં રોગ રહે ત્યાં સુધી તે અશુદ્ધ ગણાય, અને એણે છાવણીની બહાર નિવાસમાં રહેવું.

47"જો ઊનના કે શણના કપડા ઉપર, 48અથવા શણના કે ઊનના તાણા કે વાણા ઉપર અથવા ચામડા ઉપર કે ચામડાની બનાવેલી કોઈ વસ્તુ ઉપર ફુગનો ડાઘ હોય, 49તે લીલાશ પડતો કે રતાશ પડતો હોય તો તેને તપાસ માટે યાજક પાસે લઈ જવો. 50યાજકે સાત દિવસ સુધી ડાઘવાળી વસ્તુને તપાસીને જુદી રાખવી. 51અને સાતમે દિવસે તેણે ફરીથી તે તપાસવી અને જો ડાઘ ફેલાયેલા હોય તો એ ભયાનક ફૂગ છે. એ અશુદ્ધ છે. 52તેણે એ ફૂગવાળી વસ્તુ બાળી નાખવી જોઈએ. કારણ એને ભયાનક ફૂગનો ચેપ લાગ્યો હોય છે, તેથી તેનો અગ્નિમાં બાળીને નાશ કરવો જોઈએ. પછી તે ચામડુ હોય કે કપડું પછી કાપડ વણેલુ અથવા ગુંથેલુ હોય અને ચામડુ તે કામે વપરાયેલુ હોય તેનાથી કોઈ ફરક નથી પડતો.

53"પરંતુ સાતમે દિવસે યાજક તેની તપાસ કરે ત્યારે ડાઘ ફેલાયેલો ન જણાય. 54યાજકે તે વસ્તુને ધોઈ નાખવા માટે આજ્ઞા કરવી જોઈએ. અને તેને બીજા સાત દિવસ જુદી રાખવી. 55પછી તે સમય બાદ યાજકે ફરી જોવું જો ડાઘનો રંગ ન બલદાય કે તે ના ફેલાય તો પણ તે ફૂગ છે, અને તેથી તે અશુદ્ધ છે. તે વસ્તુને ચેપ લાગેલો હોવાથી તેને બાળી નાખીને નાશ કરવો જોઈએ.

56"પણ યાજકને લાગે કે ધોયા પછી ડાઘ ઝાંખો થયો છે તો તેણે તે વસ્તુનો ડાઘવાળો ભાગ તે વસ્ત્ર હોય કે પછી ચામડાની બનાવેલી વસ્તુ હોય કે બીજી કોઈ વસ્તુ હોય, તેને તાણાવાણામાંથી ફાડી નાખવી. 57છતાં જો વસ્ત્રમાં તાણાવાણામાં કે ચામડાની વસ્તુમાં ફરીથી ડાઘ દેખાય તો ચેપ નવેસરથી ફેલાય છે એમ માનવું અને જેને ચેપ લાગ્યો હોય તે વસ્તુને અગ્નિમાં બાળી મૂકવી. 58જો વસ્ત્ર, કે તાણાવાણો કે ચામડાની કોઈપણ વસ્તુ ધોવાથી ડાઘ જતો રહે તો તેને બીજી વખત ધોઈ નાખવી, એટલે તે શુદ્ધ થઈ જશે અને ફરી એક વાર તેને ઉપયોગમાં લઈ શકાશે."

59ઊનના કે શણનાં વસ્ત્રો ઉપર તાણાવાણા ઉપર કે ચામડાની કોઈપણ વસ્તુ ઉપર ફૂંગનો ડાઘ પડયો હોય તો તેને માટે આ નિયમ છે, એને અનુસરીને વસ્તુને શુદ્ધ કે અશુદ્ધ જાહેર કરવી, વળી કયારે જાહેર કરવી અને કયારે નહીં, તે આ નિયમને આધારે નક્કી કરવું.

### રોગ મુકત કોઢીઓનું શુદ્ધિકરણ

14 યહોવાએ મૂસાને કહ્યું, 2"જે કોઈ કોઢમાંથી મુકત થયા છે તેઓની શુદ્ધિની વિધિ આ પ્રમાણે છે.

3"યાજકે છાવણીની બહાર જઈને તેની તપાસ કરવી. યાજકને ખબર પડે કે કોઢનો રોગ મટી ગયો છે, 4તો યાજકે જેની શુદ્ધિ કરવાની છે તે વ્યકિત ને નિષિધ્ધ નહીં એવાં બે જીવતાં પક્ષીઓ દેવદારનું થોડું લાકડું, કિરમજી રંગનું કાપડ અને ઝુફો લાવવાને આદેશ આપવો. 5પછી યાજકે એક પક્ષીને વહેતાં પાણીની ઉપર રાખેલા માટીના વાસણમાં વધેરવાની આજ્ઞા કરવી. 6ત્યાર પછી તેણે બીજું પંખી, દેવદારનું લાકડું, કિરમજી કાપડ અને ઝુફો લઈને ઝરાના પાણી ઉપર વધેરેલા પંખીના લોહીમાં બોળવાં. 7જે વ્યકિતની કોઢમાંથી શુદ્ધિ કરવાની હોય તેના ઉપર તેણે સાત વાર લોહી છાંટી તેને શુદ્ધ કરવો, અને પેલા જીવતા પંખીને તેણે ખુલ્લા ખેતરમાં છોડી મૂકવું.

8"જે માણસ સાજો થયો છે તેને પોતાના વસ્ત્રો ધોઈ નાખવા. પોતાના માથે મૂંડન કરાવવું અને પાણીમાં સ્નાન કરવું, એટલે તે શુદ્ધ થયો ગણાય, અને છાવણીમાં રહેવા માટે પાછો ફરે, પરંતુ સાત દિવસ પર્યંત તેણે પોતાના તંબુની બહાર રહેવું. 9સાતમે દિવસે તેણે માથાના, દાઢીના અને ભવાના તેમજ શરીર પરના બીજા બધા વાળ મૂંડાવી નાખવા. વસ્ત્રો ધોઈ નાખવાં અને પાણીમાં સ્નાન કરવું, પછી તે કોઢથી સંપૂર્ણ રીતે સાજો થયો એમ જાહેર થાય.

10"આઠમે દિવસે તેણે એક વરસની ઉમરના બે ખોડખાંપણ વગરનાં ઘેટાં, એક વરસની ખોડખાંપણ વગરની ઘેટી, 24 વાટકા મોયેલા લોટનો ખાધાર્પણ અને પા કિલો તેલ લઈને મુલાકાત મંડપ પર જવું. 11શુદ્ધિની વિધિ કરાવનાર યાજકે જેની શુદ્ધિ કરવાની છે તે વ્યકિતને તેના અર્પણો સાથે મુલાકાતમંડપના પ્રવેશદ્ધારે યહોવા સમક્ષ રજૂ કરવો. 12ત્યાર પછી તેણે એક ઘેટો લઈને પા કિલો તેલ સાથે દોષાર્થાર્પણ ને આરત્યાર્પણ તરીકે યહોવાને ધરાવવો. 13ત્યાર પછી તેણે એ ઘેટાના બચ્ચાંને જે પવિત્ર સ્થળે પાપાર્થાર્પણને અને દહનાર્પણના બલિને વધેરવામાં આવે છે ત્યાં વધેરવો. પાપાર્થાર્પણની જેમજ દોષાર્થાર્પણ યાજકને ખોરાક માટે આપી દેવું. તે પરમપવિત્ર અર્પણ છે.

14"પછી યાજકે આ દોષાર્થાર્પણનું લોહી લઈને જે વ્યકિત શુદ્ધ થયો છે તેના જમણા કાનની બૂટ ઉપર, જમણા હાથના અંગૂઠા પર તથા જમણા પગના અંગૂઠા ઉપર લગાવવું. 15પછી યાજકે સાથે લાવેલા તેલમાંથી થોડું પોતાના ડાબા હાથના પંજા ઉપર રેડવું. 16પછી તેણે જમણા હાથની આંગળી તેમાં બોળવી અને યહોવાની સમક્ષ સાત વખત એ તેલનો છંટકાવ કરવો. 17ત્યારબાદ હથમાં રહેલા તેલમાંથી થોડું લઈને જેની શુદ્ધિ કરવાની હોય તે વ્યકિતના જમણા કાનની બૂટે અને જમણા હાથ અને જમણા પગના અંગૂઠા ઉપર જયાં પહેલાં દોષાર્થાર્પણનું લોહી લગાડયું હતું ત્યાં લગાડવું. 18પછી યાજકના હાથમાંનું બાકીનું તેલ તેણે જે વ્યકિતની શુદ્ધિ કરવી હોય તેના માથા ઉપર લગાડીને યહોવા સમક્ષ તેની

પ્રાયશ્ચિતવિધિ કરવી. 19"ત્યાર પછી યાજકે પાપાર્થાર્પણ
ધરાવવો અને જેની શુદ્ધિ કરવાની હોય તે માણસની
પ્રાયશ્ચિતવિધિ કરવી અને ત્યાર પછી તે દહનાર્પણના પ્રાણી
ને મારી નાખવું. 20પછી યાજકે વેદીની અગ્નિ પર દહનાર્પણ
તથા ખાદ્યાર્પણ બાળવા અને તે વ્યક્તિ માટે પ્રાયશ્ચિત કરવું,
અને ત્યારે તે વ્યક્તિ શુધ્ધ થઈ જશે.

21"જો એ માણસ ગરીબ હોય અને આ બધું ધરાવી શકે
એમ ના હોય તો એણે માત્ર એકજ ઘેટો દોષાર્થાર્પણ તરીકે
લાવવો. યાજકે તેને તે વ્યક્તિના પ્રાયશ્ચિત માટે આરતીમાં
ધરાવવો અને તે તેને શુધ્ધ કરશે. તેણે ખાદ્યાર્પણ તરીકે ફકત
તેલથી મોંયેલો 8 વાટકા લોટ અને પા કિલો તેલ લાવવું.
22તથા બે હોલાં કે બે કબૂતરનાં બચ્ચાં, જે એ લાવી શકે તેમ
હોય તે લાવવાં, એક પાપાર્થાર્પણ માટે અને બીજું દહનાર્પણ
માટે.

23"આઠમે દિવસે યાજક પાસે મુલાકતામંડપના પ્રવેશદ્વાર
આગળ તે યહોવાની સમક્ષ પોતાના શુદ્ધિકરણની વિધિને
માટે આ પક્ષીઓને સાથે લાવે. 24યાજક ઘેટાનાં બચ્ચાંને
દોષાર્થાર્પણ તરીકે લે અને તેલ પણ લે અને વેદી આગળ
યહોવાની સમક્ષ આરત્યાર્પણ કરે. 25ત્યારબાદ દોષાર્થાર્પણ
માટેના ઘેટાનો વધ કરે અને તેનું થોડું લોહી લઈ તે વ્યક્તિના
જમણા કાનની બૂટે અને તેના જમણા હાથના અને જમણા
પગના અંગૂઠે લગાવે. 26ત્યાર પછી યાજકે થોડું તેલ પોતાના
ડાબા હાથમાં રેડવું. 27અને પોતાના જમણા હાથની તર્જની
વડે તેમાનું થોડું સાત વખત યહોવાની સમક્ષ છાંટવું. 28તે
પછી દોષાર્થાર્પણનું લોહી લગાડયું હતું તે જ જગ્યાએ યાજકે
પેલા માણસના જમણા કાનની બૂટ પર અને જમણા હાથના
અંગૂઠા પર અને જમણા પગના અંગૂઠા પર તેલ લગાવવું.
29અને હાથમાં બાકી રહેલું તેલ જે માણસની શુદ્ધિ કરવાની
હોય તેના માથા ઉપર રેડવું અને યહોવા સમક્ષ તેણે શુધ્ધિકરણ
કરવો. 30-31પછી તે માણસે એક હોલો કે કબૂતરનું બચ્ચું, જે
તેને પરવડતું હોય, યાજકને પાપાર્થાર્પણ તરીકે અને બીજું
દહનાર્પણ તરીકે ખાદ્યાર્પણની સાથે વેદી પર ચડાવવું. અને
યાજક યહોવાની સમક્ષ તે માણસને માટે પ્રાયશ્ચિત કરે
અને તે શુધ્ધ બની જશે."

32કોઢમાંથી સાજા થયેલા જે માણસનું શુદ્ધિ માટે જરૂરી
અર્પણો લાવવાનું ગજું ના હોય તેને માટે આ નિયમ છે."

## ઘરમાં કોઢના રોગ માટેના નિયમો

33પછી યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, 34 "મેં તમને
આપેલા કનાન દેશમાં જયારે તમે આવી પહોંચો અને હું
ત્યાં કોઈ ઘરમાં કોઢ મૂકું; 35તો ઘરનો માલિક યાજક પાસે
આવીને માહિતી આપે, 'મારા ઘરમાં કોઢ હોય એવું મને
લાગે છે!'

36"યાજકે તપાસ કરવા જતાં પહેલાં ઘર ખાલી કરવા
જણાવવું. નહીં તો ઘરમાનું બધુંજ અશુદ્ધ ગણાશે. 37ત્યાર
પછી યાજકે તપાસ કરવા ઘરની અંદર જવું. તપાસ કરતાં
જો તેને ખબર પડે કે ભીંત ઉપરના લીલાશ કે રતાશ પડતાં
કાણા ભીંતમાં ઊડા ઊતરતાં જાય છે. 38તો તેણે ઘરમાંથી
બહાર નીકળી સાત દિવસ માટે ઘરને બંદ કરી દેવું. 39"સાતમે
દિવસે યાજકે પાછા આવીને ફરી તપાસ કરવી જો તે કાણાઓ
ભીંતમાં વધારે પ્રસર્યા હોય, 40તો યાજકે ભીંતના ફૂગવાળા
ભાગને કાઢી નાખીને તેને શહેરની બહાર કોઈ અશુદ્ધ જગ્યાએ
ફેંકી દેવા માલિકને આદેશ કરવો. 41ત્યારબાદ ઘરની અંદરની
ભીંતોને ખોતરી નાખવાની આજ્ઞા તેણે આપવી અને ખોતરી
કાઢેલું બધુંજ શહેરની બહાર કોઈ અશુદ્ધ જગ્યાએ ઠાલવી
આવવા જણાવવું. 42જે જગ્યા ખાલી પડી હોય ત્યાં બીજા
પથ્થરો લાવીને ગોઠવવા અને ચૂનાનો કોલ પણ નવોજ
વાપરવો તથા ઘરને નવેસરથી પ્લાસ્ટર કરાવવું.

43"જો પથ્થરો કાઢી નાખ્યા પછી અને ઘરને નવેસરથી
પ્લાસ્ટર કર્યા પછી જો ફરીથી ફૂગ દેખાય, 44તો યાજકે ફરીથી
આવીને ઘરની તપાસ કરવી. અને તેને ખબર પડે કે ફૂગ
પ્રસર્યુ છે તો તે જલદી પ્રસરે તેવો ચેપ છે અને તે ઘર અશુદ્ધ
છે. 45પછી તે ઘરને તોડી પાડવાની આજ્ઞા આપવી. અને એ
ઘરના પથ્થરો, લાકડાં અને ગારો બધું શહેરની બહાર કોઈ
અશુદ્ધ જગ્યાએ લઈ જવું. 46એ ઘર બંધ રહ્યું હોય એ
દરમ્યાન કોઈ ઘરમાં પ્રવેશે તો તે સાંજ સુધી અશુદ્ધ ગણાય.
47જો કોઈ વ્યકિત તેમાં સૂઈ જાય અથવા જમે તો તેણે
પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં.

48"પરંતુ યાજક ઘરમાં જઈને તપાસે ત્યારે તેને ખબર
પડે કે નવેસરથી પ્લાસ્ટર કર્યા પછી ફૂગ ફેલાયેલો નથી તો
તે ઘરને તે 'શુદ્ધ' જાહેર કરે કે ફૂગનો ચેપ હવે ઘરમાં નથી.

49"મકાનની શુદ્ધિ માટે તેણે બે નાનાં પંખીઓ, દેવદારનું
લાકડું, લાલ રંગના કાપડનો ટુકડો અને ઝુફો લેવાં. 50એક
પંખીને તેણે ઝરાના વહેતાં પાણી ઉપર માટીના ઉપર વધેરવું.
51ત્યાર પછી દેવદારનું લાકડું, ઝુફો અને કિરમજી રંગનું
કાપડ લઈ જીવતા પંખી સાથે વધેરેલા પંખીના લોહીમાં
અને ઝરાના વહેતાં પાણીમાં બોળવાં અને સાત વખત ઘર
ઉપર છંટકાવ કરવો. 52આ પ્રમાણે તેણે પંખીનું લોહી, ઝરાનું
પાણી, જીવતું પંખી, દેવદારનું લાકડું, ઝુફો અને કિરમજી
કાપડ, એનાથી ઘરની શુદ્ધિ કરવી. 53ત્યારબાદ યાજકે શહેરની
બહાર ખુલ્લા મેદાનમાં બીજા પક્ષીને છૂટ્ટુ કરી ઉડી જવા
દેવું. આ રીતે યાજક ઘરને શુધ્ધ કરશે અને ઘર સાફ થશે."

54બધીજ જાતના કોઢ માટે સોજા-ચાંદાં-ગૂમડાં માટે,
કપડાંને તેમજ ઘરમાં લાગેલા કોઢના રોગ માટે આ નિયમો
છે: 55વસ્ત્રોમાં કે ઘરમાં, 56કોઈની ચામડીના સોજામાં કે
દાઝવાથી થયેલા ઘામાં કે ચાંદામાં; 57આ રીતે તમે જાણી
શકશો કે સાચેજ તે કોઢ છે કે નહીં, એ માટે જ આ નિયમો
આપવામાં આવેલ છે, કોઢની બબતમાં કોઈ અશુદ્ધ
કયારે કહેવાય, ને શુદ્ધ કયારે કહેવાય, તેની સમજ માટે આ
નિયમો છે.

## શરીર સ્ત્રાવની શુદ્ધિ માટેના નિયમો

15 યહોવાએ મૂસા તથા હારુનને કહ્યું, 2"ઈસ્રાએલના
લોકોને આ કહો; જયારે કોઈ માણસને તેના

શરીરમાંથી સ્ત્રાવ* થતો હોય ત્યારે તે માણસ અશુદ્ધ ગણાય. 3સ્ત્રાવ ચાલુ હોય ત્યારે અને તેમાંથી સાજા થાય પછી પણ થોડા સમય માટે તે અશુદ્ધ ગણાય.

4"સ્રાવવાળો માણસ જે પથારીમાં સૂએ કે બેસે તે પણ અશુદ્ધ ગણાય. 5તેથી જે કોઈ વ્યકતિ તે માણસની પથારીને સ્પર્શ કરે તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુધ્ધ રહેશે. 6વળી અશુદ્ધ વ્યકિત જે જગ્યા પર બેઠી હતી તે જગ્યા પર કોઈ બેસે તો તે પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય. તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં અને સ્નાન કરવું. 7સ્રાવવાળા પુરુષને જે કોઈ સ્પર્શ કરે તો તેણે પોતાના વસ્રો ધોઇ નાખવાં,પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુધ્ધ રહેશે.

8"જો સ્રાવવાળો માણસ કોઈના ઉપર થૂંકે તો તે માણસે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુધ્ધ રહેશે, 9સ્રાવવાળો માણસ જે જીન પર બેસીને સવારી કરે તે પણ અશુદ્ધ ગણાય. 10સ્રાવવાળો માણસ જયાં બેઠો હોય તે વસ્તુને જો કોઈ સ્પર્શ કરે તો સાંજ સુધી તે અશુદ્ધ ગણાય, અને જે કોઈ એ વસ્તુને ઉપાડે તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુધ્ધ ગણાય.

11"સ્રાવવાળો માણસ પોતાના હાથ ધોયા વિના જો કોઈ વ્યકિતને અડે તો તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવા, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુધ્ધ ગણાય.

12"અશુદ્ધ વ્યકિત માટીના વાસણને સ્પર્શ કરે તો તે વાસણને ફોડી નાખવું, અને લાકડાનું વાસણ હોય તો પાણીથી વીછળી નાખવું જોઈએ.

13"જયારે એ વ્યકિતનો સ્રાવ થોભી જાય તેણે શુદ્ધિકરણની વિધિ માટે સાત દિવસની રાહ જોવી. અને પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, અને ઝરણાનાં પાણીમાં સ્નાન કરવું, ત્યાર પછી તે શુદ્ધ ગણાશે. 14તે વ્યકિતએ આઠમે દિવસે તેણે બે હોલાં અથવા કબૂતરનાં બચ્ચાં લાવીને મુલાકાતમંડપના પ્રવેશદ્વારે યહોવા સમક્ષ આવીને યાજકને આપવાં. 15યાજકોમાંના એકને પાપાર્થાર્પણ તરીકે અને બીજાને દહનાર્પણ તરીકે યહોવાને ધરાવીને સ્ત્રાવવાળા માણસની શુદ્ધિ માટે યહોવા સમક્ષ પ્રાયશ્ચિતવિધિ કરવી.

## પુરુષો માટેના નિયમો

16"જો કોઈ પુરુષને વીર્યસ્ત્રાવ થાય તો તેણે આખા શરીર પર પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુધ્ધ ગણાય. 17જે કોઈ વસ્ત્રો કે ચામડા ઉપર વીર્ય પડયું હોય તે ધોઈ નાખવું. સાંજ સુધી તે અશુદ્ધ ગણાય. 18જે કોઈ સ્ત્રી પુરુષે શારીરિક જાતીય સંબંધ કર્યો હોય અને પુરુષને વીર્ય સ્ત્રાવ થયો હોય તો તેમણે બંનેએ પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તેઓ અશુદ્ધ ગણાય.

## સ્ત્રીઓ માટેના નિયમો

19"સ્ત્રી માસિક ઋતુમાં હોય તો તે સાત દિવસ સુધી અશુદ્ધ ગણાય અને તે દિવસો દરમ્યાન જે કોઈ તેને સ્પર્શ કરે તે સાંજ સુધી અશુદ્ધ ગણાય. 20તે અશુદ્ધ હોય ત્યારે એ જેના ઉપર સૂતી હોય કે બેઠી હોય તે અશુદ્ધ ગણાય. 21જે કોઈ વ્યકિત તેની પથારીનો સ્પર્શ કરે તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું, સાંજ સુધી તે અશુદ્ધ ગણાય. 22એ સ્ત્રી જેના પર બેઠી હોય એવી કોઈપણ વસ્તુને જો કોઈ સ્પર્શ કરે તો તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું, સાંજ સુધી તે અશુદ્ધ ગણાય. 23તે સ્ત્રી જેના ઉપર બેઠી હોય તે પથારી અથવા આસન ઉપરની કોઈ વસ્તુને જો કોઈ સ્પર્શે તો પોતાનાં વસ્ત્રો ધોઈ નાખે અને સ્નાન કરે. સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

24"આ સમય દરમ્યાન જો કોઈ પુરુષ તેની સાથે જાતીય સંબંધ કરે તો તેના ઋતુકાળની અશુદ્ધિ તેને પણ લાગે અને તે સાત દિવસ સુધી અશુદ્ધ ગણાય તે જે પથારીમાં સૂએ તે પણ અશુદ્ધ ગણાય.

25"ઋતુકાળ સિવાય જો કોઈ સ્ત્રીને ઘણા દિવસો સુધી રકતસ્ત્રાવ થાય અથવા તેના ઋતુકાળ ઉપરાંત લાંબા સમય સુધી તેનો અટકાવ ચાલુ રહે તો જયાં સુધી અટકાવ આવે ત્યાં સુધી તે ઋતુકાળની જેમ અશુદ્ધ ગણાય. 26એ સમય દરમ્યાન પણ તે જે પથારીમાં સૂએ તે તેના ઋતુકાળના સામાન્ય દિવસોની જેમ અશુદ્ધ ગણાય. અને તે જ્યાં બેસે તે જગ્યા પણ અશુદ્ધ ગણાય. 27જે કોઈ એ પથારી કે આસનને અડે તે અશુદ્ધ ગણાય તેણે પોતાનાં કપડાં ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી અશુધ્ધ ગણાય. 28સ્રાવ બંધ થયા પછી સાત દિવસ પછી તે શુદ્ધ ગણાય. 29આઠમે દિવસે તેણે બે હોલાં અથવા કબૂતરનાં બચ્ચાં લાવીને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર પાસે યાજકને આપવાં. 30યાજકે તેમાંના એકને પાપાર્થાર્પણ માટે અને બીજાને દહનાર્પણ તરીકે યહોવાને ધરાવવા અને તેણીના લોહીના સ્ત્રાવની શુદ્ધિની માટે પ્રાયશ્ચિતવિધિ કરવી.

31"આ રીતે ઈસ્રાએલના લોકોને અશુદ્ધિની બાબતમાં ચેતવવા. તમે તેઓને ચેતવશો નહી તો તેઓ મારો પવિત્ર મંડપ અશુધ્ધ કરશે, અને તેઓને મરવું પડશે."

32જે કોઈ પુરુષને સ્ત્રાવ હોય તો તે અશુદ્ધ છે. સ્રાવ યા વીર્યપાત તે પુરુષને અશુદ્ધ કરે છે. 33ઋતુસ્ત્રાવમાં સ્ત્રી અશુદ્ધ હોય છે તેથી ઋતુમતી સ્ત્રી સાથે જાતીય સંબંધ કરનાર પુરુષ પણ અશુદ્ધ છે. શરીરના સ્ત્રાવથી પીડાતા લોકો માટેના નિયમો ઉપર પ્રમાણે છે."

## પ્રાયશ્ચિતનો દિવસ

16 યહોવા સમક્ષ ધૂપ અર્પણ કરતી વખતે હારુનના બે પુત્રો અવસાન પામ્યા. 2પછી યહોવાએ મૂસાને કહ્યું, "તારા ભાઈ હારુનને ચેતવણી આપ કે તેણે પરમ પવિત્ર સ્થાનમાં એટલે કે તંબૂના પડદાની અંદરની બાજુએ પવિત્ર કોશ ઉપરના ઢાંકણ સમક્ષ ઠરાવેલા સમયે જ પ્રવેશ

**સ્ત્રાવ** શરીરમાંથી નિકળતું પ્રવાહી જેમકે ગુમડાંમાંથી રસી, અથવા પુરુષનું વીર્ય અથવા સ્ત્રીનો માસીક સ્રાવ.

કરવો નહીં તો તેનું મૃત્યુ થશે. કારણ કે એ ઢાંકણના ઉપરના ભાગમાં વાદળરૂપે હું દર્શન દઉ છું.

3"ત્યાં તેને પ્રવેશ કરવા માટેની શરતો: તેણે પાપાર્થાર્પણ માટે એક વાછરડો તથા દહનાર્પણ તરીકે એક ઘેટો લાવવો અને પછીજ પરમ પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરવો. 4તેણે શણનો પવિત્ર અંગરખો અને પાયજામો પહેરવો તથા કમરે શણનો કમરપટો બાંધવો અને માથે શણનો ફેંટો બાંધવો. આ બધાં પવિત્ર વસ્ત્રો છે. તેથી એ પહેરતાં પહેલાં તેણે પાણીથી સ્નાન કરવું

5"ઈસ્રાએલી પ્રજાએ તેઓના પાપાર્થાર્પણ માટે બે બકરા તથા દહનાર્પણ તરીકે એક ઘેટો આપવો. 6તેણે પોતાના પાપાર્થાર્પણ માટે યહોવાની સમક્ષ વાછરડાને વધેરવું અને પોતાના અને પોતાના પરિવારના પાપની પ્રાયશ્ચિતવિધિ કરવી.

7"ત્યાર પછી તેણે પેલા બે બકરાઓ લઈને મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ યહોવા સમક્ષ રજૂ કરવા. 8પછી તેણે ચિઠ્ઠી ઉપાડીને એ બકરામાંથી એક યહોવાને માટે અને એક અઝાઝેલ માટે નક્કી કરવો.

9"યહોવા માટે નક્કી થયેલ બકરો તેણે પાપાર્થાર્પણ તરીકે ચડાવવો. 10પરંતુ તેણે અઝાઝેલ માટે પોતે પસંદ કરેલા બીજા બકરાને લાવવો અને તેને જીવતો યહોવાની સમક્ષ મૂકવો, પછી તેની પ્રાયશ્ચિતવિધિ કરીને તેને બીજા લોકોના પાપોને ધરનાર તરીકે અઝાઝેલ પાસે અરણ્યમાં મોકલવો.

11"હારુનને પોતાના અને પોતાના પરિવારના પાપાર્થાર્પણને માટે વાછરડો ધરાવીને પ્રાયશ્ચિત વિધિ કરવો અને તેને વધેરવો. 12પછી તેણે એક ધૂપદાનીમાં યહોવા આગળની વેદીમાંથી સળગતા અંગારા લેવા, અને બે મૂઠી ઝીણો દળેલો ધૂપ લેવો, અને તેને પડદાની પાછળ ઓરડીમા લઈ જવાં. 13પછી યહોવા સમક્ષ અંગારા ઉપર ધૂપ નાખવો જેથી કરાર ઉપરનું ઢાંકણ ધુમાડાથી ઢંકાઈ જશે અને પોતે તેને જોવા નહીં પામે, અને મરી નહીં જાય. 14ત્યાર પછી તેણે વાછરડાના લોહીમાંથી થોડું લોહી ઢાંકણની પૂર્વ બાજુએ આંગળી વતી છાંટવું અને ઢાંકણની સામે તેણે આંગળી વતી સાત વાર લોહીના છાંટા નાખવા.

15"ત્યાર પછી તેણે લોકોના પાપાર્થાર્પણના બકરાનું બલિદાન કરવું અને તેનું લોહી પડદાની અંદરની બાજુ લાવવું અને વાછરડાના લોહીની જેમ મંજૂષાના ઢાંકણ ઉપર અને તેની સામે છાંટવું. 16આ રીતે તેણે ઈસ્રાએલીઓની શુદ્ધિથી તેમના અપરાધો અને તેમનાં પાપોથી પરમ પવિત્ર સ્થાન ને મુકત કરવા; પ્રાયશ્ચિતવિધિ કરવી, એજ રીતે તેણે ઈસ્રાએલીઓની વસ્તીની વચમાં આવેલો હોવાને કારણે મુલાકાતમંડપને લાગેલી અશુદ્ધિઓની શુદ્ધિ માટે પ્રાયશ્ચિતવિધિ કરવી. 17હારુન પ્રાયશ્ચિત કરવા માટે પરમ પવિત્ર સ્થાનમાં દાખલ થાય ત્યારથી તે પાછો આવે ત્યાં સુધી કોઈને મુલાકાતમંડપમાં રહેવા ન દેવો. પોતાના માટે, પોતાના પરિવારને માટે તેમજ સમગ્ર ઈસ્રાએલી સમાજ માટે પ્રાયશ્ચિત વિધિ પતાવ્યા બાદ 18બહાર આવીને તેણે યહોવાની સમક્ષ વેદી પાસે જઈને તેનો પણ પ્રાયશ્ચિત વિધિ કરવો. તેણે વાછરડાના અને બકરાના લોહીમાંથી થોડું થોડું લઈને વેદીનાં ટોચકાંઓને લગાડવું 19એ લોહીમાંથી આંગળી વડે તેણે વેદી ઉપર સાત વખત છાંટા નાખવા, આ રીતે તેણે ઈસ્રાએલીઓની અશુદ્ધિથી મુકત કરી તેને પવિત્ર કરવી.

20"પરમ પવિત્ર સ્થાનની, મુલાકાતમંડપની અને વેદીની શુદ્ધિ પતી ગયા પછી તેણે જીવતો રહેલો બકરો લાવવો. 21અને પછી હારુનને તેના માથા પર હાથ મુકીને ઈસ્રાએલીઓના બધા દોષ, બધા અપરાધ, અને બધાં પાપ કબૂલ કરવાં અને તે બધાં એ બકરાંને માથે નાખવાં, અને એ પછી તેણે આ કામ માટે નક્કી કરેલા માણસ સાથે એ બકરાને રણમાં મોકલી આપવો. 22પછી તે બકરો લોકોનાં સર્વ પાપ, જે જગ્યાએ કોઈ રહેતું ના હોય તેવી નિર્જન જગ્યાએ લઈ જશે, અને એ માણસ તેને નિર્જન અરણ્યમાં છોડી દેશે.

23"હારુનને બકરાને નિર્જન અરણ્યમાં છોડી દીધા બાદ મુલાકાતમંડપમાં પાછા આવીને પવિત્રસ્થાનમાં દાખલ થતી વખતે ધારણ કરેલાં શણનાં વસ્ત્રો કાઢી નાખવાં, અને ત્યાં જ રહેવા દેવા. 24અને એક પવિત્ર સ્થાનમાં સ્નાન કરીને પોતાનાં બીજાં વસ્ત્રો ધારણ કરીને બહાર જઈ પોતાના અને લોકોના દહનાર્પણ અર્પણ કરવા આ રીતે તે પોતાને અને લોકોને શુધ્ધ કરશે. 25તેણે પાપાર્થાર્પણની ચરબી વેદીમાં હોમી દેવી.

26"અઝાઝેલ માટેના બકરાંને લઈ જનાર માણસે પોતાનાં કપડાં ધોઈ નાખવાં અને સ્નાન કરવું, ત્યાર પછીજ તે છાવણીમાં પાછો આવી શકે.

27"પછી પાપાર્થાર્પણ તરીકે ધરાવેલા વાછરડાને અને બકરાંને– જેમનું લોહી પ્રાયશ્ચિતવિધિ માટે પવિત્રસ્થાનમાં લઈ જવામાં આવ્યું હતું તેમને છાવણી બહાર લઈ જવા અને ચામડાં, માંસ અને આંતરડાં સહિત બાળી નાખવા. 28આ બધું બાળનાર માણસે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં,સ્નાન કરવું અને પછી છાવણીમાં પાછા ફરવું.

29"નીચે દર્શાવેલ નિયમ તમારે સદાય પાળવાનો છે: તમારે તથા તમારી મધ્યે વસતા વિદેશીઓએ સાતમા મહિનાના દશમા દિવસે ઉપવાસ કરવો અને કોઈ કામ કરવું નહીં. 30તે દિવસે તમને શુદ્ધ કરવા માટે પ્રાયશ્ચિતવિધિ કરવામાં આવશે; તમારે યહોવાની દ્રષ્ટિએ બધાં પાપોથી શુદ્ધ થવાનું છે. 31તમારા માટે તે બહુ ખાસ વિશ્રામનો દિવસ છે. તમારે ઉપવાસ કરવાનો છે અને કંઈ કામ કરવાનું નથી. આ કાયમ માટેનો નિયમ છે.

32"આ પ્રાયશ્ચિતવિધિ મુખ્ય યાજકે જે તેના પિતાના સ્થાને વિધિપૂર્વક દીક્ષિત કરવામાં આવ્યો હોય તેણે કરવો તે યાજકે પવિત્ર શણના કપડા પહેરવા. 33તેણે શણનાં પવિત્ર વસ્ત્રો ધારણ કરવાં અને પરમ પવિત્રસ્થાનને માટે, મુલાકાતમંડપને માટે, વેદી માટે, યાજકો માટે, તથા લોકોના સમગ્ર સમાજ માટે પ્રાયશ્ચિતવિધિ કરવો. 34આ કાયમી નિયમ છે, પ્રતિવર્ષ આ રીતે એક વખત ઈસ્રાએલીઓનાં પાપો માટે પ્રાયશ્ચિત કરવું."

યહોવાએ મૂસાને આપેલી આ સર્વ આજ્ઞાનો હારુને અમલ કર્યો.

## પ્રાણીને મારીને ખાવાના નિયમો

17 યહોવાએ મૂસાને કહ્યું, 2"તું હારુનને તેના પુત્રોને તેમજ બધા ઈસ્રાએલીઓને આ પ્રમાણે જણાવ: યહોવાએ આ મુજબ જણાવ્યું છે. 3-4જો કોઈ ઈસ્રાએલી પહેલા મુલાકાતમંડપનાં પ્રવેશદ્વાર એટલે કે યહોવાના પવિત્ર મંડપ આગળ બળદ, હલવાન અથવા બકરાનો યહોવાને ધરાવ્યા વિના છાવણીમાં કે છાવણી બહાર વધ કરશે તો તે રક્તપાતનો ગુનેગાર ગણાશે; તેને સમાજમાંથી જુદો કરવો. 5આ નિયમ આપવામાં આવ્યો જેથી ઈસ્રાઅલીઓ ખુલ્લાં મેદાનોમાં વધેરેલા પશુઓ યહોવાને ભેટ અર્પણ કરવા લાવશે. તેઓએ તેને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ યાજક સમક્ષ લાવીને યહોવાને ભોગ તરીકે ધરાવવાં, 6અને યાજકે અર્પણનું લોહી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળની યહોવાની વેદી ઉપર છાંટવું અને ચરબી વેદીમાં હોમી દેવી. એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 7તેઓ ખુલ્લા મેદાનોમાં તેમના 'ઘેટાની મૂર્તિઓને' અર્પણ ચઢાવે છે તે બંધ થવું જોઈએ. ઈસ્રાએલીઓ ખોટા દેવોની પાછળ પડ્યા છે. આ રીતે તેઓએ વારાંગના જેવો વર્તાવ કર્યો છે. ઈસ્રાએલીઓ અને તેમના વંશજો માટે આ કાયમી નિયમ છે.

8"જો કોઈ ઈસ્રાએલી અથવા ઈસ્રાએલીઓ વચ્ચે રહેતો વિદેશી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ યહોવાને ધરાવ્યા વગર દહનાર્પણ કે બીજો કોઈ યજ્ઞ ચડાવે 9તો તેનો સમાજમાંથી બહિષ્કાર કરવો.

10"અને જો કોઈ ઈસ્રાએલી અથવા ઈસ્રાએલીઓ વચ્ચે વસતો વિદેશી લોહીવાળું માંસ જમશે તો હું (દેવ) તેની વિમુખ થઈશ અને હું તેને તેના લોકોથી જુદો કરીશ. કારણ, લોહી એ જ પ્રાણીનો પ્રાણ છે. 11કારણ કે શરીરનો જીવ લોહીમાં છે અને મેં તમને તે લોહીને વેદી પર રેડવાના કાયદા આપ્યા છે. આ તમારે પોતાની શુધ્ધી માટે કરવાનું છે. તમારે તે લોહી મને જીવની કિંમત તરીકે આપવાનું છે. 12ઈસ્રાએલના લોકોને આપવામાં આવેલી આ આજ્ઞા પાછળનું કારણ એ છે કે તે લોકો કે તેઓમાં વસતો કોઈ વિદેશી લોહીનો ખોરાકમાં ઉપયોગ ન કરે.

13"જે કોઈ ઈસ્રાએલી અથવા ઈસ્રાએલીઓ વચ્ચે વસતો વિદેશી ખાદ્ય પશુ કે પક્ષીનો શિકાર કરે ત્યારે તેણે તેનું બધું લોહી વહી જવા દેવું. અને તેના પર માટી ઢાંકી દેવી. 14કારણ કે લોહીમાં તેનો જીવ છે, તેથીજ મેં ઈસ્રાએલની પ્રજાને કહ્યું છે કે કદાપિ રકત જમવું નહીં, કેમકે દરેક પ્રાણી અને પક્ષીનો જીવ તેના લોહીમાં છે, તેથી જો કોઈ જમે તો તેનો સામાજિક બહિષ્કાર કરવો જોઈએ.

15"જે કોઈ ઈસ્રાએલી કે વિદેશી કુદરતી રીતે મૃત્યુ પામેલું અથવા જંગલી પ્રાણીએ મારી નાખેલું પ્રાણી જમે તો તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં. પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય તેથી કશાને અડવું નહીં. 16પછીથી જ તે શુદ્ધ જાહેર થશે, જો તે પોતાનાં વસ્ત્રો ધોઈ ન નાખે અને સ્નાન ન કરે તો તેનું પરિણામ તેને માથે, તેને પાપની સજા ભોગવવી પડે.

## જાતીય સંબંધોના નિયમો

18 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલી પ્રજાને કહે: હું યહોવા તમારો દેવ છું. 3માટે તમારે લોકોએ પહેલા તમે જયાં રહેતા હતા તે મિસરના અથવા હું તમને લઈ જાઉ છું તે કનાન દેશના લોકોની જેમ વર્તવુ નહીં, તમારે તેમના રિવાજો પાળવા નહીં. 4તમારે ફકત મારા જ કાનૂનો પાળવા, અને તમારે તેનો અમલ સંપૂર્ણ રીતે કરવો. અને તે અનુસાર તમારે તમારું જીવન ગાળવું. હું યહોવા તમારો દેવ છું. 5તમારે મારા કાનૂનો અને નિયમો પાળવા. જે માણસ તેનું પાલન કરશે તે જીવવા પામશે, હું યહોવા છું. 6તમારામાંના કોઈએ લોહીની સગાઈવાળા સાથે જાતીય સંબંધ કરવો નહીં, હું યહોવા છું.

7"કોઈપણ પુત્ર એ પોતાની માતા સાથે જાતીય સંબંધ કરીને પિતાને કલંક લગાડવું નહીં, એ તમારી માતા છે એને તમારે કલંકિત ન કરવી. 8પોતાના પિતાની પત્નીઓમાંથી કોઈની સાથે જાતીય સંબંધ કરવો નહીં કારણ કે તેમા પિતાનું અપમાન છે. 9પોતાની બહેન કે ઓરમાન બહેન, સાથે જાતીય સંબંધ કરવો નહીં-પછી તે તમારા બાપની પુત્રી હોય કે માતાની પુત્રી હોય; તે એક જ ઘરમાં જન્મી હોય તેથી તમારે તેની સાથે લગ્ન ન કરવાં કે જાતીય સંબંધ પણ ન કરવો. 10"તમારે તમારા પુત્રની પુત્રી કે પુત્રીની પુત્રી સાથે લગ્ન કે જાતીય સંબંધ ન કરવો એ તમારી પોતાની જાતને કલંકિત કરવા બરાબર છે.

11તમારે તમારાં પિતાની પત્નીને તમારા પિતાથી થયેલ પુત્રી સાથે લગ્ન કે જાતીય સંબંધ ન કરવો, તે તમારી બહેન છે. 12તમારે તમારા પિતાની બહેન સાથે જાતીય સંબંધ ન કરવો, કારણ કે તમારા પિતાની સાથે લોહીની સગાઈ છે. 13તમારે તમારી માતાની બહેન સાથે જાતીય સંબંધ ન કરવો, કારણ કે એને તમારી માતા સાથે લોહીની સગાઈ છે, 14તમારે તમારા પિતાના ભાઈને બદનામ ન કરવા, તમારે તેની પત્ની સાથે જાતીય સંબંધ ન કરવો, કારણ તે તમારી કાકી છે.

15"તમારે તમારી પુત્રવધૂ સાથે જાતીય સંબંધ ન કરવો, તે તમારા પુત્રની પત્ની છે, તમારે તેને કલંકિત ન કરવી.

16"તમારે તમારા ભાઈની પત્ની સાથે જાતીય સંબંધ ન કરવો, કારણ એ તમારા ભાઈને કલંકિત કર્યા બરાબર છે.

17"તમારે કોઈ સ્રી સાથે તેમજ તેની પુત્રી, પૌત્રી કે દોહિત્રી સાથે જાતીય સંબંધ કરવો નહીં, કારણ કે તેઓ નજીકનાં સગાં છે, અને એમ કરવું એ અતિશય દુષ્ટ કર્મ છે.

18"તમારી પત્ની જીવતી હોય ત્યા સુધી તેની બહેન સાથે લગ્ન ન કરવા. કેમકે તમે બન્ને ને પરણો તો તેમના વચ્ચે અણગમો થાય. તમારે તમારી સાળી સાથે જાતીય સંબંધ ન કરવો.

19"તમારે કોઈ ઋતુમતિ સ્ત્રી સાથે જાતીય સંબંધ ન કરવો, કારણકે તે આ સમયમાં અશુધ્ધ છે.

20"તમારે પારકાની સ્ત્રી સાથે વ્યભિચાર ન કરવો: પરસ્ત્રીથી તમારી જાતને અશુદ્ધ ન કરવી.

21"તમારે તમારું કોઈ બાળક મોલેખને ચડાવવા આપવું નહીં. મોલેખની વેદી પર તમારા બાળકની આહુતિ ન આપવી. આ રીતે તમે કરશો તો તમારા દેવનો અનાદર થશે અને તેમના નામને કલંક લાગશે, હું યહોવા છું.

22"સજાતીય શારીરિક સંબંધની સંપૂર્ણ મનાઈ છે. તમારે કોઈ પુરુષ સાથે સ્રીની જેમ જાતીય સંબંધ ન કરવો, કેમકે એ તો ભયંકર પાપ છે.

23"તમારે કોઈ માદા પશુ સાથે સ્રીની જેમ જાતીય સંબંધ ન કરવો, એથી તમે અશુદ્ધ થશો, કોઈ સ્રીએ કોઈ નર પશુ સાથે જાતીય સંબંધ ન કરવો, એ વિકૃતિ છે, એ ભયંકર દુષ્ટતા છે.

24"આમાંની કોઈપણ રીતે તમારે તમારી જાતને અશુદ્ધ ન કરવી. હું જે પ્રજાઓને તમારા માટે સ્થાન ખાલી કરવા હાંકી કાઢનાર છું તેઓ આવી રીતે અશુદ્ધ થયેલ પ્રજા છે. 25એ સમગ્ર દેશ આ પ્રકારની દુષ્ટ પ્રવૃતિઓથી ભ્રષ્ટ બની ગયો છે, તેથી ત્યાં રહેતા લોકોને એમના દોષની સજા કરીને હું તેઓને તે દેશમાંથી હાંકી કાઢવાનો છું.

26"પરંતુ તમારે મારા કાનૂનો અને નિયમોનું પાલન કરવું. તમારે આમાંનું કોઈ ધૃણાજનક કાર્ય કરવું નહીં, પછી ભલે તમે ઈસ્રાએલ પ્રજામાં જન્મેલા હો કે વિદેશથી આવીને વસ્યા હોય. 27તમારા પહેલા જે પ્રજા આ દેશમાં રહેતી હતી, તે આ બધા ધૃણાજનક કાર્યો કરતી હતી તેથી દેશ અશુદ્ધ થઈ ગયો. 28તમે આ પ્રમાણે કરશો નહીં, નહીં તો તે પ્રજાની જેમ તમને પણ એ દેશમાંથી હું હાંકી કાઢીશ. 29જે કોઈ આમાનું કોઈપણ ભયંકર પાપ કરશે તેનો સમાજમાંથી બહિષ્કાર થશે. 30માટે કાનૂનોનું પાલન ચોકસાઈ પૂર્વક કરજો, તમારા પહેલાના લોકો ધૃણાપાત્ર રિવાજો પાળતા હતા તેનું પાલન કરીને તમારી જાતને અશુદ્ધ ન બનાવશો. હું તમારો દેવ યહોવા છું."

### ઈસ્રાએલ દેવનું છે

19 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલીઓના સમગ્ર સમાજને આ પ્રમાણે જણાવ: તમે પવિત્ર રહો, કારણ હું તમારો દેવ યહોવા પવિત્ર છું.

3"તમારામાંના પ્રત્યેક વ્યકિતએ પોતાના માતાપિતાને માન આપવું અને મારા ખાસ વિશ્રામવારોનું પાલન કરવું. હું તમારો દેવ યહોવા છું. 4ધાતુની મૂર્તિઓ બનાવશો નહીં, ને મૂર્તિપૂજા કરશો નહીં. હું યહોવા તમારો દેવ છું.

5"તમે જયારે યહોવાની આગળ ભેટ અર્પણ ચડાવો ત્યારે તેને સરખી રીતે ચડાવો જેથી તેનો સ્વીકાર થાય. 6જે દિવસે તમે અર્પણ કરો તે જ દિવસે જમી લેવું જોઈએ. અને પછી તે દિવસે જે કાંઈ બચ્યું હોય તે જમી લેવું; પરંતુ ત્રીજા દિવસ સુધી એમાનું જે બચે તે અગ્નિમાં બાળી નાખવું. 7કારણ, તે દૂષિત છે અને તે ત્રીજે દિવસે સહેજપણ ખાવું નહીં કારણ કે તે અમંગળ છે, એનો સ્વીકાર નહીં થાય. 8જે કોઈ તે ખાય તેણે સજા ભોગવવી પડશે, કારણ, તે દોષિત છે. તેણે યહોવાને ચડાવેલું પવિત્ર અર્પણ ભ્રષ્ટ કર્યુ છે, તેથી તેનો લોકોએ સામાજીક બહિષ્કાર કરવો.

9"જયારે તમે ખેતરમાં પાકની કાપણી કરો ત્યારે છેક શેઢા સુધી લણશો નહીં અને ઘઉંની કાપણીનો મોડ પણ વીણી લેશો નહીં. 10એ જ પ્રમાણે દ્રાક્ષના વેલાને પૂરેપૂરા વીણશો નહીં, તેમજ નીચે પડેલી દ્રાક્ષ પણ વીણશો નહીં. ગરીબો તેમજ મૂસાફરો માટે તે રહેવા દેજો. હું યહોવા તમારો દેવ છું.

11"તમારે ચોરી કરવી નહીં, કે કોઈને છેતરવું કે ઠગવું પણ નહીં 12તમારે ખોટી વાત માટે મારા નામના સમ ખાઈને તમારા દેવ યહોવાનું નામ વગોવવું નહીં, કારણ, હું યહોવા છું.

13"તમારે કોઈને લૂંટવો નહીં કે કોઈનું શોષણ કરવું નહીં, ત્રાસ આપવો નહીં, મજૂરીએ રાખેલા માણસનું મહેનતાણું સમયસર ચૂકવી દેવું. તેઓના મહેનતાણાંમાંથી તારી પાસે કાંઈ બાકી રહે તો તે સવાર થતાં સુધી તારી પાસે રાખવું નહીં.

14"બહેરા માણસને કદી શાપ ના દેવો, અને અંધજનના માર્ગમાં અડચણ ન મુકવા. મારી બીક રાખજો. હું તમારો દેવ યહોવા છું.

15"ન્યાયાધીશોએ પોતાના ન્યાયમાં સદા પ્રમાણિક રહેવું, ગરીબો પ્રત્યે ખોટી દયા દર્શાવીને કે મોટાની આણ રાખીને અન્યાયી ચુકાદો આપવો નહીં, હંમેશા ઉચિત ન્યાય કરવો. 16દેશબાંધવોમાં તમારે કોઈની કૂથલી કરવી નહીં, કોઈના ઉપર ખોટો આરોપ મૂકીને એનું જીવન જોખમમાં મૂકવું નહીં, હું યહોવા છું.

17"તમારે કોઈના વિષે મનમાં ડંખ રાખીને તેનો તિરસ્કાર કરવો નહીં જે કોઈ પાપ કરે તેને તેનો દોષ બતાવી ઠપકો આપવો અને તેને છોડી મૂકવો. એટલે તેનું પાપ તમારા માથે આવે નહીં. 18કોઈના ઉપર વેર વાળીને બદલો લેવાની ભાવના રાખવી નહીં, પરંતુ જેમ પોતાના ઉપર પ્રેમ રાખીએ તેમ પડોશીઓ પર પણ પ્રેમ રાખવો. હું યહોવા છું.

19"મારા નિયમો પાળજો. તમારાં પશુઓને જુદી જાતનાં પશુ સાથે ગર્ભાધાન કરાવશો નહીં. તમારા ખેતરમાં એકી સાથે બે જાતનાં બી વાવશો નહીં તેમજ જુદી જુદી બે જાતના તારનું વણેલું કાપડ પણ પહેરશો નહીં.

20"જો કોઈ માણસ બીજા માણસની દાસીના ઉપર ઉપભોગ કરે,જે તેણે તેને ખરીદી ન હતી અથવા આજાદ ન હતી તો શિક્ષા થવી જોઈયે પણ બન્ને ને મૃત્યુદંડ ન થાય, કારણ કે તે આજાદ ન હતી. 21તેથી તેમાં સંડોવાયેલ વ્યકિતએ દોષાર્થાર્પણ માટે મુલાકાતમંડપના દ્વાર આગળ યહોવા સમક્ષ ઘેટો લઈને આવવું. 22અને યાજકે તે વ્યકિતના પાપના નિવારણાર્થે યહોવા સમક્ષ પ્રાયશ્ચિતવિધિ કરવી, એટલે તેને માફ કરવામાં આવશે.

23"કનાન દેશમાં તમે જ્યારે પ્રવેશ કરો અને કોઈપણ
ફળનું વૃક્ષ રોપો તો તેનાં ફળને ત્રણ વર્ષ સુધી નિષિધ્ધ
હોવાને કારણે ખાશો નહીં. 24ચોથે વર્ષે તેના બધાજ ફળને
યહોવાનું સ્તવન કરવા માટે અર્પણ કરી દેજો. 25છેવટે પાંચમે
વરસે તમે તેનાં ફળ ખાઈ શકો. જો એમ કરશો તો તેનો ફાલ
વધુ ઊતરશે. હું યહોવા તમારો દેવ છું."

26"તમારે લોહીવાળું માંસ ખાવું નહિં, તેમજ કામણ-ટૂમણ
પણ કરવું નહીં, તેમજ તમારે જયોતિષીઓ કે જાદુગરો પાસે
જવું નહીં.

27"તમારા કાનની બાજુના વાળ મૂર્તિપૂજાકોની જેમ કાપો
નહીં, તમારી દાઢી બોડવી નહીં.

28કોઈના મૃત્યુના શોકમાં તમારા શરીર પર ઘા કરવા
નહી તથા તમારા શરીર પર છૂંદણાં છૂંદાવવા નહીં, હું
યહોવા છું."

29"તમારી પુત્રીને દેવદાસી બનીને ભ્રષ્ટ થવા દેશો નહીં
તમારા દેશના લોકોને વારાંગના બનવા નહી દેતા. તે પ્રકારનુ
પાપ તમારા આખા દેશમા પ્રચલિત ન થવા દેતા.

30"તમે મારા વિશ્રામવાર પાળજો, અને મારા
મુલાકાતમંડપનું માન જાળવજો, હું યહોવા છું.

31"ભૂવા કે જતિ પાસે જઈને તમને પ્રશ્નો પૂછીને તેમની
સલાહ લઈને તમારી જાતને અશુદ્ધ કરશો નહીં, કારણ કે હું
યહોવા તમારો દેવ છું.

32"દેવનો ડર રાખો અને વડીલોનું સન્માન કરો તેઓ
જ્યારે ઓરડીમા આવે ત્યારે ઉભા થાવ હું તમારો દેવ
યહોવા છું."

33"જો કોઈ વિદેશી તમારા દેશમાં આવે ને તમારી સાથે
રહે તો તમારે તેને છેતરવો કે તેની ઉપર ત્રાસ કરવો નહીં.
34તેને તમારે તમારા જેવો જ વતની માનવો અને તેના ઉપર
તમારી જાત જેટલો જ પ્રેમ રાખો. તમે પણ મિસરમાં પરદેશી
હતા તેનું સ્મરણ કરો. હું યહોવા તમારો દેવ છું.

35"તમારે લોકોનો ન્યાય કરતી વખતે નિષ્પક્ષ રહેવુ.
લંબાઈ માપવામાં, કે વસ્તુઓનું વજન કરવામાં અને
માપવામાં ખોટાં માપ વાપરી કોઈની સાથે છેતરપિંડી કરવી
નહીં. 36તમારે સાચાં ત્રાજવાં, સાચાં કાટલાં, અને સાચાં
માપ રાખવાં, હું તમને મિસર દેશમાંથી બહાર લઈ આવનાર
તમારો દેવ યહોવા છું.

37"તમારે મારા બધાજ નિયમો- આજ્ઞાઓ અને મારી
વિધિઓ પ્રત્યે સંપૂર્ણ ધ્યાન આપવું અને કાળજીપૂર્વક
તેનું પાલન કરવું અને તેમનો અમલ કરવો, કારણ, હું
યહોવા છું."

## મુર્તિપૂજા વિરુધ્ધ ચેતવણી

20 યહોવાએ મૂસાને કહ્યું, 2"તું ઈસ્રાએલી પ્રજાને
આ આજ્ઞાઓ આપ: જો કોઈ ઈસ્રાએલી કે તેઓની
વચમાં રહેતો વિદેશી પોતાનાં બાળક મોલેખ દેવને ચડાવવા
આપે તો તેને મૃત્યુદંડ આપવો. 3હું પોતે તે માણસની વિરુધ્ધ
થઈશ, અને તેના લોકોમાંથી તેનો બહિષ્કાર કરીશ, કારણ
તેણે મોલેખને પોતાનું બાળક ચડાવીને મારા પવિત્ર
મુલાકાતમંડપને ભ્રષ્ટ કર્યુ છે. અને મારા પવિત્ર નામને
કલંકિત કર્યુ છે. 4જો કોઈ માણસ પોતાનું બાળક મોલેખને
ચડાવે ત્યારે દેશના લોકો જો આંખ આડા કાન કરે અને તેને
મૃત્યુદંડ આપવાની ના પાડે 5તો હું જાતે તેની અને તેના
પરિવારની વિમુખ થઈ જઈશ, અને તેનો તથા તેની સાથે
મોલેખની પૂજા કરી મારા તરફ વિશ્વાસઘાત દાખવનાર સૌ
કોઈનો બહિષ્કાર કરીશ.

6"જે કોઈ મારા પ્રત્યે વિશ્વાસઘાત દાખવશે અને મધ્યસ્થી
તથા જાદુગરો પાસે જઈને તેમની સલાહ લેશે તેની હું વિમુખ
થઈશ અને તેમના લોકોમાંથી તેનો હું બહિષ્કાર કરીશ.

7"તેથી તમારી જાતને શુદ્ધ અને પવિત્ર રાખો, કારણ કે, હું
યહોવા તમારો દેવ પવિત્ર છું. 8તમારે કાળજીપૂર્વક મારા
સર્વ કાનૂનોનું પાલન કરવું, કારણ હું તમને શુદ્ધ કરનાર
યહોવા છું.

9"જો કોઈ પોતાના પિતાનેં અને માતાને શ્રાપ આપે તો
તેને મૃત્યુદંડ આપવો. એણે પોતાના પિતાને કે માતાને શ્રાપ
આપ્યો છે તેથી તે પોતાના મોત માટે પોતેજ જવાબદાર
ગણાય.

## જાતિય સંબંધોની સજાઓ

10"જે કોઈ પુરુષ પરસ્રી સાથે વ્યભિચાર કરે તો તેને અને
સ્રીને બંનેને મૃત્યુદંડ આપવો. 11જો કોઈ પુરુષ પોતાના
પિતાની પત્ની સાથે કુકર્મ કરે, તો તેણે પોતાના પિતાને કલંક
લગાડયું છે, તે બંને મૃત્યુદંડને પાત્ર થાય. તેમના મોતની
જવાબદારી તેમને માથે છે.

12"જો કોઈ પુરુષ પોતાની પુત્રવધૂ સાથે વ્યભિચાર કરે,
તો તે બંનેને મૃત્યુદંડ આપવો. તેમણે અગમ્યગમન કર્યુ
હોવાથી પોતાના મોત માટે તેઓ પોતેજ જવાબદાર ગણાય.

13"જો કોઈ પુરુષ અન્ય પુરુષ સાથે સ્રીની જેમ વ્યભિચાર
કરે તો તે બંનેએ કર્યુ છે, તેમને મૃત્યુદંડ આપવો. તેમના
મૃત્યુ માટે તેઓ પોતેજ જવાબદાર છે.

14"જો કોઈ પુરુષ કોઈ સ્રીને તેની માતાને બંનેને પરણે કે
વ્યભિચાર કરે તો તે દુષ્ટતા છે. તે પુરુષને અને તે સ્રીઓને
અગ્નિમાં બાળી મૂકવાં, તમારામાં લંપટતા હોવી જોઈએ નહીં.

15"જો કોઈ પુરુષ કોઈ પશુ સાથે કુકર્મ કરે તો તેને મૃત્યુદંડ
આપવો અને તે પશુને મારી નાખવું. 16અને જો કોઈ સ્રી
કોઈ પશુ સાથે જાતીય સંબંધ કરે તો તે સ્રીને અને પશુને
બંનેને મારી નાખવાં, કારણ, તેઓ એજ શિક્ષાને લાયક છે.

17"જો કોઈ પુરુષ પોતાના પિતાની કે માતાની પુત્રીને
પરણે અને તેની સાથે જાતીય સંબંધ કરે તો એ અત્યંત
લજ્જાસ્પદ છે. તેમનો વધ જાહેરમાં કરવો. એ વ્યકિતએ
પોતાની બહેન સાથે વ્યભિચાર કર્યો છે માટે તેનો સમાજમાં
બહિષ્કાર કરવો. તેનો દોષ પુરુષને માથે છે.

18"જો કોઈ પુરુષ કોઈ સ્ત્રી સાથે તેના ઋતુકાળ દરમ્યાન
શારીરિક જાતીય સંબંધ કરે તો નિયમોનો ભંગ કરવા બદલ
બંનેનો સમાજમાંથી બહિષ્કાર કરવો.

19"કોઈપણ પુરુષે તેની માસી કે ફોઈની સાથે શારીરિક જાતીય સંબંધ કરવો નહીં.એ અગમ્યગમન છે, કારણ, તેઓ તેના નજીકનાં સગાં છે તેમને તેમના પાપની સજા થવીજ જોઈએ.

20"જો કોઈ માણસ પોતાની કાકી સાથે કુકર્મ કરે તો તે પોતાના કાકાને કલંક લગાડે છે. એ બંનેને તેમનાં પાપની સજા થવીજ જોઈએ. તેઓ નિ:સંતાન અવસાન પામશે.

21"જો કોઈ પુરુષ પોતાના ભાઈની સ્ત્રી સાથે પરણે તો તે વ્યભિચાર ગણાય; એણે એના ભાઈને કલંક લગાડયું છે એ બંને નિ:સંતાન રહેશે. 22"તમારે મારા તમામ કાનૂનો અને નિયમોનું પાલન કરવું અને તેને અનુસરવું; હું તમને તમારા નવા દેશમાં લઈ જઈશ અને તમે મારા કાયદાઓ અને નિયમોનું પાલન કરશો તો તે દેશ તમને હાંકી કાઢશે નહીં. 23તમારે ત્યાંના લોકોના રિવાજો પાળવા નહીં. એ બધા કૂકર્મો કરવા બદલ હું તેમને ધિક્કારું છું અને તે સૌને તમારી આગળથી હાંકી કાઢીશ.

24"મેં તમને તેઓનો દેશ આપવાનું વચન આપ્યું છે. તમે તે દેશના માલિક બનો. હું જાતે તમને જયાં દૂધ અને મધની રેલમછેલ છે એવી એ ભૂમિનો કબજો આપીશ.

"હું તમારો દેવ યહોવા છું. મેં તમને અન્ય પ્રજાઓથી જૂદા પાડયા છે. 25તેથી તમારે ખાદ્ય અને અખાદ્ય પશુઓ અને પંખીઓનો ભેદ પરખવો. તમારે એ અખાદ્ય પશુઓ, પંખીઓ અને પેટે ચાલનારા જીવો ખાઈને અશુદ્ધ થવું નહીં. 26મેં એ બધાંને અખાધ ઠરાવ્યાં છે, એમને ખાવાથી અશુદ્ધ થશો, તમે મારાજ છો અને પવિત્ર રહેવા બંધાયેલા છો, કારણ હું યહોવા પવિત્ર છું, મેં તમને એ બધા લોકોથી જુદા પાડયા છે જેથી તમે મારા થઈ શકો."

27"તમારામાંથી જે કોઈ પુરુષ કે સ્રી ભૂત-પ્રેત આદિને બોલાવે તેને મૃત્યુદંડ આપવો. લોકોએ તેઓને પથ્થરો વડે મારી નાખવાં તેઓના મોતની જવાબદારી તેમની પોતાનીજ છે."

## યાજકો માટેના નિયમો

21 યહોવાએ મૂસાને કહ્યું, 2"હારુનના વંશના યાજકોને કહે કે, 3કોઈ યાજકે પોતાનાં માતા, પિતા, પુત્ર, પુત્રી, ભાઈ અથવા ઘરમાં રહેતી કુંવારી સગી બહેન જેવાં લોહીની સગાઈ સિવાયનાં બીજાં સગાંનાં મૃત્યુ વખતે શબ પાસે જઈને કે અડીને અભડાવું નહીં. 4કારણ, યાજક તેના લોકોનો આગેવાન છે તેથી તેણે જે લોકો તેના નજીકના સગા નથી, તેઓના મૃતદેહને અડીને પોતાની જાતને અશુદ્ધ કરવી નહીં.

5"યાજકોએ શોક પાળવા માટે પોતાના માથાના વાળ મૂંડાવવા નહીં, તેમજ દાઢીની કિનાર પણ મૂંડાવવી નહીં અને પોતાના શરીર ઉપર કોઈ ઘા પણ પાડવો નહીં. 6તેઓ મારા છે તેથી પવિત્ર રહેવા બંધાયેલા છે, તેમણે મારા નામને કલંક લગાડવું નહીં, કારણ, તેઓ યહોવાના હોમયજ્ઞો એટલે પોતાના અર્પણ મને ધરાવનાર છે, તેથી તેમણે પવિત્રતા જાળવવી જોઈએ.

7"તેમણે વારાંગનાને અથવા કૌમાર્ય ગુમાવેલી કે છૂટાછેડા લીધેલી સ્રીને પરણવું નહીં, કારણ યાજક તો દેવને સમર્પિત થયેલ હોય છે. 8તમારે યાજકને પવિત્ર ગણવો જોઈએ, કારણ કે મને અર્પણ ધરાવનાર એ છે. તમારે એને પવિત્ર ગણવો જોઈએ, કારણ હું યહોવા પવિત્ર છું. અને તમને પવિત્ર બનાવું છું.

9"જો કોઈ યાજકની પુત્રી વારાંગના થઈ જાય તો તે પોતાના પિતાને કલંકિત કરે છે, તેથી તેને બાળી મૂકવી.

10"તેલથી અભિષેક થયેલા અને યાજકનાં વસ્ત્રો પરિધાન કરી દીક્ષિત થયેલા વડા યાજકે શોક પાળવા પોતાના વાળ છૂટા મૂકવા નહીં તથા પોતાનાં વસ્ત્રો ફાડવા નહીં. 11જે જગ્યાએ માણસનું શબ પડયું હોય ત્યાં તેણે જવું નહીં, અશુદ્ધ થવું નહીં, પછી ભલે તે શબ પોતાના પિતા કે માતાનું હોય. 12તેલથી અભિષિકત થઈને તે મને સમર્પિત થયેલ છે, એટલે તે ફરજ પર હાજર હોય ત્યારે પવિત્રસ્થાનની બહાર જાય નહીં તેમજ ત્યાં જવા માટે મારા મુલાકાતમંડપને છોડી તેણે તેને ભ્રષ્ટ કરવાનો નથી, કારણ, હું યહોવા છું.

13"જેનું કૌમાર્ય કાયમ હોય તેવી સ્રી સાથે જ તેને લગ્ન કરવા. 14તેણે કોઈ વિધવાને, કે વારાંગનાને, કે છૂટાછેડા લીધેલી સ્ત્રીને પરણવું નહીં, પણ પોતાના પરિવારની જ કોઈ કુમારિકા સાથે જ પરણવું. 15નહીં તો તેનાં સંતાનો વગળવંશી થઈ જશે, તેમનું અડધું લોહી યાજકનું અને અડધું લોહી સામાન્ય હોય તેમ બનવું જોઈએ નહીં. હું યહોવા છું. મેં મહા યાજકને પવિત્ર બનાવેલો છે."

16યહોવાએ મૂસાને કહ્યું, 17"તું હારુનને કહે કે, તારા શારીરિક ખોડખાંપણવાળા કોઈપણ વંશજે મને અર્પણ ધરાવવું નહીં. 18શારીરિક ખોડખાંપણવાળા કોઈપણ માણસે-

પછી તે આંધળો હોય, કે લૂલો હોય, કોઈ અંગ અતિશય મોટું હોય કે નાનું હોય,

19અથવા ઠૂંઠો હોય કે લંગડો હોય-

20ખૂંધો હોય કે વામણો હોય, કે નેત્રનો રોગ કે ચામડીનો રોગ થયેલો હોય, કે વ્યંઢળ હોયઅર્પણ ધરાવવું નહીં.

21હારુનના શારીરિક ખોડખાંપણવાળા કોઈપણ વંશજે મને આહુતિ ધરાવવી નહીં, જો તેનામાં કોઈ ખોડ હોય તો તેણે મારું અર્પણ ધરાવવું નહીં. 22તેમ છતાં દેવ સમક્ષ ધરાવેલ અર્પણ પવિત્ર તેમજ પરમપવિત્ર અર્પણોમાંથી યાજકોનો જે ભાગ છે તેમાંથી તે જમી શકે. 23પરંતુ તેણે પડદાની નજીક કે પડદાની પાછળ અગ્નિની વેદીની નજીક જવું નહીં કારણ તેનામાં શારીરિક ખોડ છે, અને તેણે મારી પવિત્ર જગ્યાઓને ભ્રષ્ટ કરવાની નથી; કારણ મેં, યહોવાએ તેને પવિત્ર કરેલી છે."

24મૂસાએ હારુનને અને તેના પુત્રોને અને સૌ ઈસ્રાએલીઓને આ પ્રમાણે જણાવ્યું.

## અર્પણોની શુદ્ધાશુદ્ધિના નિયમો

22 યહોવાએ મૂસાને કહ્યું, 2"હારુનને તથા તેના પુત્રોને આ આજ્ઞાઓ આપ: લોકોએ આપેલી પવિત્ર ભેટોને

અપવિત્ર કરીને તેઓ મારા પવિત્ર નામ ઉપર કલંક ના
લગાવે. હું યહોવા છું. 3તું તેમને કહે: તમારો કોઈપણ વંશજ
પોતે અશુદ્ધ હોય ત્યારે ઈસ્રાએલીઓએ મને ધરાવેલા
અર્પણની પાસે આવે તો તેને મારી સેવામાંથી યાજકપદેથી
દૂર કરવો. હું યહોવા છું.

4"હારુનના વંશના જે કોઈને ચર્મરોગ થયો હોય અથવા
સ્ત્રાવ થતો હોય તેણે શુદ્ધ થતાં સુધી પવિત્ર અર્પણમાંથી
કશું ખાવું નહીં, જો યાજક મૃતદેહને અડે અથવા યાજકને
વીર્ય સ્રાવ થયો હોય. 5અથવા સર્પવર્ગના પ્રાણીનો કે મનાઇ
કરેલી વસ્તુઓ સ્પર્શ કરે અથવા કોઈ કારણસર અશુદ્ધ થયેલી
વ્યકિતને અડે 6તો તે યાજક સાંજ સુધી અશુદ્ધ ગણાય અને
સાંજે તે સ્નાન કરીને શુદ્ધ ન થાય ત્યાં સુધી તેણે પવિત્ર
અર્પણમાંથી કશુંય ખાવું નહીં. 7સૂર્યાસ્ત થયા પછી તે શુદ્ધ
ગણાય, અને ત્યારે તે પવિત્ર ખોરાક ખાઈ શકે, કારણ, તે
પર તેના જીવનનો આધાર છે,

8"તેણે કુદરતી રીતે મૃત્યુ પામેલું કે જંગલી જનાવરે ફાડી
નાખેલું પ્રાણી ખાવું નહીં. જો તે ખાય તો અશુદ્ધ ગણાય. હું
યહોવા છું.

9"તું યાજકોને ચેતવણી આપ કે યાજકોએ મારા નિયમોનું
પાલન કરવું નહીં તો તેમને પાપ લાગશે, અને મારા નિયમોનો
ભંગ કરવા તેમણે મરવું પડશે. તેમને પવિત્ર કરનાર હું
યહોવા છું. 10યાજક પરિવારના ના હોય એવા કોઈપણ
માણસે-પછી તે યાજકનો મહેમાન હોય કે પછી તેણે મજૂરીએ
રાખેલો નોકર હોય. યાજકના ભાગની પવિત્ર અર્પણની
રોટલી ખાવી નહીં. 11આમાં એક અપવાદ છે-જો યાજકે
પોતાના નાણાથી ચાકર ખરીદેલો હોય તો તે ચાકર અને
યાજકના ઘરમાં જન્મેલા ચાકર બાળકો આ પવિત્ર અર્પણ
જમી શકે. 12યાજકની દીકરીના લગ્ન જે માણસ યાજક ન
હોય તેની સાથે થયા હોય તો તેણે પવિત્ર અર્પણોમાંથી ખાવું
નહીં. 13પણ જો તે વિધવા હોય અથવા છૂટાછેડા આપેલી
હોય અને તેનું ભરણપોષણ કરવાને કોઈ પુત્ર ન હોય અને
તે પોતાના પિતાના પરિવારમાં પાછી ફરી હોય, તો તે પોતાના
પિતાના પવિત્ર અર્પણોમાંથી ખાવાનુ ખાઈ શકે છે. આ
સિવાય જેઓ યાજકોના પરિવારમાં નથી તેઓએ આ
અર્પણોમાંથી ખાવું નહીં. 14"જો કોઈ વ્યકિત અજાણતા આ
પવિત્ર અર્પણોમાંથી ખાય તો તેની કિંમતના 20 ટકા ઉમેરીને
યાજકને તે મૂલ્ય ભરપાઈ કરી આપે.

15"યાજકોએ ઈસ્રાએલીઓએ યહોવાને ધરાવેલાં અર્પણનો
પોતાનો ભાગ યાજક ન હોય એવા લોકોને ખાવા દઈ એને
ભ્રષ્ટ કરવો નહીં. 16યાજકે પવિત્ર અર્પણોને બીજા લોકોને
ખાવા દઈને તેમના પાપમાં વધારો ન કરવો અને તેને અપવિત્ર
ન કરવું. હું યહોવા અર્પણોને પવિત્ર કરનાર છું."

17યહોવા દેવે મૂસાને કહ્યું, 18"તું હારુનને અને તેના
પુત્રોને તથા તમામ ઈસ્રાએલીઓને કહેકે જો કોઈ ઈસ્રાએલી
અથવા તેઓની વચ્ચે રહેતો વિદેશી માનતા પૂરી કરવા માટે
દહનાર્પણ તરીકે યહોવાને ઢોર કે ઘેટાં બકરાંની આહુતિ
ચડાવે 19તો તે પશુ ખોડખાંપણ વગરનું નર હોય તો જ
સ્વીકાર્ય બને. 20તેથી તમારે ખોડવાળું પશુ ચઢાવવું નહીં,
નહીં તો તે અસ્વીકાર્ય થશે.

21"જો કોઈ વ્યકિત માનતા પૂરી કરવા અથવા ઐચ્છિકાર્પણ
તરીકે યહોવા સમક્ષ વિશેષ ભેટ તરીકે લાવે, તો તે પ્રાણી
બળદ અથવા ઘેટું હોઈ શકે પણ તેમા કોઈ દોષ હોવો ન
જોઈએ, નહીં તો તે અમાન્ય થશે. 22તમારે યહોવાને આંધળું,
લૂલું, અપંગ, ઈજા પામેલ અંગવાળું, વહેતા ધારાવાળું,
ગદગૂમડાવાળું કે પરુંવાળું પ્રાણી ચઢાવવું નહીં, એવું કોઈ
પ્રાણી યહોવાને અર્પણ તરીકે વેદી પર ધરાવવું નહીં.

23"જો કોઈ બળદ અથવા ઘેટું યહોવાને અર્પણ કરવામાં
આવે અને જો તેને બહુ લાંબો પગ હોય અથવા પગનો
સરખો વિકાસ ન થયો હોય તો તેનો વિશેષ ભેટ તરીકે વધ
કરી શકાય પણ તેને માનતા કે પ્રતિજ્ઞા પૂરી કરવા માટે
અર્પણ કરી શકાય નહીં. 24જે પશુના અંડકોશ છૂંદી, કચડી,
ચીરી કે કાપી નાખવામાં આવ્યા હોય તેને તમારે યહોવાને
ધરાવવું નહીં, તમારા દેશમાં એવું કદી કરવું નહીં.

25"જે વિદેશીઓ તેવા પશુઓને યહોવાને અર્પણ તરીકે
લાવે, તો તમારે એનો સ્વીકાર ન કરવો. કારણકે પ્રાણી અપંગ
હોઈ શકે અને તેમને ખોડખાંપણ હોઈ શકે, તેથી તે સ્વીકારાય
નહીં."

26યહોવાએ મૂસાને કહ્યું, 27"જયારે કોઈ વાછરડું, લવારુ,
કે ગાડરુ જન્મે ત્યારે સાત દિવસ સુધી તેને તેની મા પાસેથી
કોઈએ લઈ લેવું નહીં. આઠમા દિવસે અને તે પછી તે
યહોવા સમક્ષ અગ્નિ દ્વારા યજ્ઞ માટે માન્ય થશે. 28તમારે
એકજ દિવસે બચ્ચાંનો તથા તેની માનો વધ કરવો નહીં.
પછી તે ગાય હોય કે ઘેટી.

29"જો તમને વિષેશ આભારાર્થે દેવને અર્પણ આપવાની
ઈચ્છા હોય, તો તે ભેટ આપવાની તમને છૂટ છે. પણ તે
તમારે એ રીતે આપવું જેથી તેઓ પ્રસન્ન થાય. 30તમારે તેજ
દિવસે તે આખુ પ્રાણી જમી લેવું. બીજા દિવસે સવાર માટે
તેમાંથી કાંઈ રાખવું નહીં. હું યહોવા છું.

31"તમારે મારી સર્વ આજ્ઞાઓનું પાલન કરવું અને તેનો
અમલ કરવો, કારણ કે હું યહોવા છું. 32તમારે મારા પવિત્ર
નામને ભ્રષ્ટ કરવું નહીં; બધા ઈસ્રાએલીઓએ મારી પવિત્રતા
જાળવવી. હું તમને પવિત્ર કરનાર યહોવા છું. 33હું તમને
મિસરમાંથી તમારો દેવ થવા માટે લઈ આવ્યો હતો. હું
યહોવા છું."

## વિશેષ પવિત્ર ઉત્સવો

23 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલી લોકોને તું આ
કહે: યહોવાના ઉત્સવો નીચે મુજબ છે, તમારે
યહોવાના પસંદ કરેલા ઉત્સવોને ધર્મસંમેલનો તરીકે જાહેર
કરવા.

## વિશ્રામનો દિવસ

3"છ દિવસ કામ કરવું, પણ સાતમો દિવસ તો સંપૂણ
વિશ્રામનો દિવસ છે, એ તો પવિત્ર સંમેલનનો દિવસ છે,

એ દિવસે કામ ન કરવું. તમે ગમે ત્યાં રહેતા હો, એ યહોવાનો દિવસ છે, વિશ્રામવાર છે.

## પાસ્ખાપર્વ

4"પ્રતિવર્ષ યહોવાના જે ઉત્સવો ઊજવવાના, ધર્મસંમેલનો બોલાવવાના પવિત્ર પર્વો છે તે નીચે મુજબ છે.

5આ પર્વની ઊજવણી પહેલા મહિનાના ચૌદમે દિવસે પરોઢે શરુ થવી જોઈયે.

## બેખમીર રોટલીનો ઉત્સવ

6"એ મહિનામાં પંદરમાં દિવસથી બેખમીર રોટલીનો ઉત્સવ શરૂ થાય છે. સાત દિવસ સુધી તમારે ખમીર વગરની રોટલી ખાવી. 7આ પર્વના પ્રથમ દિવસે ધર્મસંમેલન રાખવું અને કોઈ દૈનિક સાંસારિક કાર્ય કરવું નહીં. 8પર્વના સાતમા દિવસે પણ તમારે ફરી ધર્મસંમેલન કરવું. રોજના કામ કરવાં નહીં અને પ્રથમ દિવસ અને છેલ્લા દિવસની વચ્ચેના દિવસોએ રોજ તમારે યહોવા સમક્ષ અગ્નિમાં આહુતિ માટે અર્પણ લાવવું."

## પ્રથમ ફળનું પર્વ

9યહોવાએ મૂસાને કહ્યું, 10"ઈસ્રાએલીઓને કહો, હું તમને આપું છું તે દેશમાં તમે દાખલ થાઓ અને પાક લણો ત્યારે તમારી પહેલા પાકનો પહેલો દાણાનો પૂળો તમારે સાબ્બાથના પછીના દિવસે યાજક પાસે લઈને આવવું. 11યાજકે સાબ્બાથના પછીના દિવસે પૂળો યહોવાને ઉપાસનાની જેમ ધરાવવો અને યહોવા તમારી ભેટ સ્વીકારશે.

12"જે દિવસે તમે પૂળો ધરાવો તે દિવસે તમારે એક વર્ષનું ખોડખાંપણ વગરનું નર ઘેટું યહોવાને દહનાર્પણ તરીકે ધરાવવું 13તેની ઉપરાંત તમારે અગ્નિમાં ખાદ્યાર્પણ તરીકે તેલમાં મોયેલો 16 વાટકા ઝીણો લોટ તથા પેયાર્પણ તરીકે એક લિટર દ્રાક્ષારસ લાવવો, એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 14તમે આ પ્રમાણે અર્પણો ધરાવો નહીં ત્યાં સૂધી એટલે કે તે પહેલા તમારે નવા પાકમાંથી કાંઈ ખાવું નહીં તાજો પોંક, નવું અનાજ, કાચું શેકેલું કે રોટલી કે લીલાં કણસલાં, આમાનું કશું જ ખાવું નહીં. આ નિયમ તમારે સૌએ સમગ્ર દેશમાં વંશપરંપરાગત પાળવાનો છે.

## કાપણીનું પર્વ

15"પચાસમા દિવસનું પર્વ: "વિશ્રામવાર પછીના દિવસથી તમે જે દિવસે પૂળાની ભેટ ધરાવો તે દિવસથી પૂરા સાત અઠવાડિયા ગણવાં. 16સાતમા અઠવાડિયા પછીના રવીવારે એટલે કે પચાસમા દિવસે, તમારે યહોવાને નવા પાકમાંથી ખાદ્યાર્પણ કરવું: 17તમારે તમારાં ઘરમાંથી વિશેષ ભેટ તરીકે ખમીર નાખીને બનાવેલી 16 વાટકા લોટની બે રોટલી લાવવી. એ તમારા પાકના પ્રથમ દાણાનું યહોવાને અર્પણ છે.

18"રોટલી ઉપરાંત યહોવાને દહનાર્પણ રૂપે તમારે એક વર્ષનાં ખોડખાંપણ વગરનાં સાત ઘેટાંના બચ્ચા, એક વાછરડું, અને બે ઘેટાં અર્પણ કરવા. આ સર્વને અનુરૂપ ખાદ્યાર્પણ અને પેયાર્પણ પણ હોવા ઈએ, જે અગ્નિમાં આહુતિ માટેના અર્પણો છે. એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 19તમારે એક બકરો પાપાર્થાર્પણ તરીકે, અને શાંત્યર્પણ તરીકે એક વર્ષના બે નર ઘેટાં પણ ધરાવવા.

20"યાજકે તેમને નવા પાકના પહેલા દાણામાંથી બનાવેલી રોટલી સાથે યાજકના ભાગ તરીકે યહોવા સામે ઉપાસના સાથે ધરાવવા. એ યાજકને માટેની યહોવાને ધરાવેલી ભેટ ગણાશે. 21એ જ દિવસે તમારે ધર્મસંમેલન બોલાવવું. અને તે દિવસે કોઈ સાંસારિક કામ કરવાં નહીં, તમે ગમે ત્યાં રહેતા હો છતાં તમારા વંશજોએ કાયમ માટે આ નિયમ પાળવાનો છે. 22તમે જયારે પાક લણો ત્યારે તમારે છેક ખેતરના શેઢા સૂધી વાઢવું નહીં. તેમજ મોડ પણ વીણી લેવા નહીં. તમારે તેને ગરીબો તથા વિદેશીઓ માટે રહેવા દેવા. હું તમારો દેવ યહોવા છું."

## રણશિંગડા નું પર્વ

23યહોવાએ મૂસાને કહ્યું, 24"ઈસ્રાએલના લોકોને એમ જણાવ: સાતમા મહિનાનો પહેલા દિવસે તમારે સંપૂર્ણ વિશ્રામના સ્મરણના દિવસ તરીકે પાળવો. 25એ દિવસે તમારે રણશિંગડા ફૂંકવા અને ધર્મસંમેલન કરવું. તમારે રોજનું કોઈ કામ કરવું નહીં પરંતુ યહોવાની સમક્ષ અગ્નિમાં આહુતિ આપવી."

## પ્રાયશ્ચિત પર્વ

26યહોવાએ મૂસાને કહ્યું, 27"સાતમા મહિનાનો દસમો દિવસ પ્રાયશ્ચિતનો દિવસ છે. એ દિવસે પવિત્ર મેળાવડો રાખવો. ઉપવાસ કરવો અને યહોવા સમક્ષ અગ્નિમાં આહુતિ આપવી. 28એ દિવસે તમારે કોઈ કામ કરવું નહીં, કારણ કે તે પ્રાયશ્ચિતનો દિવસ છે. તે દિવસે યાજકો તમારા દેવ યહોવા સમક્ષ તમને શુધ્ધ કરવાની વિધિ કરે છે.

29"એટલે તે દિવસે જો કોઈ પશ્ચાતાપમાં અને પાપ માટે દિલગીરી વ્યકત કરી ઉપવાસ નહીં કરે તો તેનો સમાજમાંથી બહિષ્કાર કરવો. 30જે કોઈ આ દિવસે કોઈપણ કામ કરશે તો હું (યહોવા) તેના લોકોમાંથી તેનો નાશ કરીશ. 31ઈસ્રાએલની પ્રજાએ આ કાનૂન વંશપરંપરા પાળવાનો છે. 32કારણ, આ તો પવિત્ર વિશ્રામનો સાબ્બાથ છે, માટે તમે ઉપવાસ કરો અને દુ:ખી થાઓ. પશ્ચાતાપના આ સમય દરમ્યાન નવમા દિવસની સાંજથી પછીના દિવસની સાંજ સુધી તમારે વિશ્રામ પાળવાનો છે."

## માંડવાપર્વ

33યહોવાએ મૂસાને કહ્યું, 34"ઈસ્રાએલના લોકોને એમ કહે કે, આ સાતમા મહિનાના પંદરમા દિવસથી યહોવાનો માંડવાપર્વ શરૂ થાય છે અને તે સાત દિવસ ચાલે છે. 35પ્રથમ દિવસે તમારે ધર્મસંમેલન ભરવું. તમારે એ દિવસે કોઈ કાર્ય કરવું નહીં. 36પર્વના સાતે દિવસ તમારે યહોવા સમક્ષ

હોમયજ્ઞો અર્પણ કરવા. આઠમા દિવસે ફરીથી પવિત્ર
મેળાવડો કરવો અને ફરીથી હોમયજ્ઞો અર્પણ કરવા. આ
પછી પર્વની ઊજવણી પૂરી થાય, આ દિવસે પણ તમારે
કોઈપણ સાંસારિક કામ કરવાં નહીં.
37"આ બધા યહોવાના વાર્ષિક પર્વો નિયમિત ઉજવવાના
છે. આ પ્રસંગો પર પવિત્ર મેળાવડા યોજવા, એ દિવસો
દરમ્યાન નક્કી કરેલા નિયમ મુજબ દહનાર્પણ, ખાદ્યાર્પણ,
અને, પેયાર્પણ યહોવાને અર્પણ કરવા. 38આ પર્વોત્સવો
પ્રતિસપ્તાહ આવતા વિશ્રામવાર ઉપરાંતના છે અને આ
બધી આહુતિઓ, અર્પણો બાધાઓ, અને સ્વેચ્છાએ ખાસ
ભેટો તરીકે ધરાવેલ અર્પણો ઉપરાંતના છે.
39"તેમ છતાં સાતમા માસના પંદરમા દિવસે જમીનની
ઉપજનો સંગ્રહ કરી રહ્યાં બાદ તમારે યહોવાને પ્રસન્ન કરવા
માટે સાત દિવસ સુધી આ પર્વ ઊજવવું. પહેલો દિવસ અને
આઠમો દિવસ સંપૂર્ણ વિશ્રામ પાળવાનો છે. 40પ્રથમ દિવસે
તમારે તાડનાં પાંદડાં અને ખાસફળો અને પોપલાર વૃક્ષોની
ડાળીઓ ભેગી કરવી અને સાત દિવસ સુધી તમારા દેવ
યહોવા સમક્ષ આનંદોત્સવ ઊજવવો. 41તમારે પ્રતિવર્ષ
યહોવાના માનમાં સાત દિવસ આ ઉત્સવ ઊજવવો. તમારા
વંશજોએ કાયમ આ કાનૂન પાળવાનો છે. સાતમા મહિનામાં
તમારે આ ઉત્સવ ઊજવવાનો છે. 42એ સાત દિવસો દરમ્યાન
ઈસ્રાએલના તમામ વતનીઓએ સાત દિવસ મંડપોમાં રહેવું.
43જેથી તમારા વંશજોને યાદ રહે કે હું તમને ઈસ્રાએલીઓને
મિસરમાંથી બહાર લઈ આવ્યો ત્યારે મેં તમને માંડવાઓમાં
વસાવ્યા હતા. હું યહોવા તમારો દેવ છું."
44મૂસાએ યહોવાના માનમાં પાળવાના ઉત્સવોને લગતા
નિયમો ઈસ્રાએલના તમામ લોકોને જણાવ્યા.

## દીપ સ્તંભ અને પવિત્ર રોટલી

24 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલના લોકોને કહે
કે, તેઓ મુલાકાતમંડપમાં કરાર કોશની આગળના
પડદા બહારની દીવીમાં અખંડ દીપ પ્રગટતો રાખવા માટે
ચોખ્ખું જૈતૂનનું તેલ લાવી આપે. 3હારુને તે દીપ સાંજથી
સવાર સુધી યહોવા સમક્ષ પ્રગટતો રહે તેની કાળજી રાખવાની
છે. આ કાનૂન તમને અને તમારા વંશજોને કાયમ માટે
બંધનકર્તા છે. 4હારુને શુદ્ધ સોનાની દીવી ઉપરના દીવા
યહોવા સમક્ષ અંખડ પ્રગટતા રહે તે માટે કાળજી
રાખવાની છે.
5"તમારે ઘઉંનો લોટ લઈને તેમાંથી 16 વાટકા નો એક
એવા બાર રોટલી બનાવવી. 6તમારે તે બાર રોટલા શુદ્ધ
સોનાના બાજઠ ઉપર યહોવા સમક્ષ છ છની બે થપ્પીમાં
ગોઠવવા. 7તે બંને થપ્પી ઉપર તમારે શુદ્ધ લોબાન મૂકવો,
આથી યહોવાને પોતાની સમક્ષ અગ્નિ આહુતીનું અર્પણ યાદ
રહેશે. 8પ્રતિ વિશ્રામવારે એ યહોવા સમક્ષ નિયમિત ગોઠવવા.
એ ઈસ્રાએલી લોકોનું કાયમી કામ છે. 9પવિત્ર જગ્યાએ
હારુન અને તેના પુત્રો આ રોટલી ખાય. એ એમનો હક છે.
કારણ, તે યહોવાને ચઢાવાતા અગ્નિ ખાદ્યાર્પણોનો યાજકને
મળતો પવિત્ર ભાગ છે. યાજકને આ ભાગ હંમેશા
આપવાના છે."

## તે વ્યક્તિ જેણે યહોવાને શ્રાપ આપ્યો

10એક દિવસ ઈસ્રાએલી માતા અને મિસરી પિતાના
યુવાન ને છાવણીમાં એક ઈસ્રાયેલી વ્યકિત સાથે ઝઘડો
થયો. 11ઝઘડા દરમ્યાન આ ઈસ્રાએલી યુવતીના દીકરાએ
યહોવાને શ્રાપ આપ્યો. તેથી ન્યાય માટે મૂસા સમક્ષ રજૂ
કરવામાં આવ્યો. તેની માતાનું નામ શલોમીથ હતું તે દાનના
કુળના દિબ્રીની પુત્રી હતી. 12યહોવાનો ચૂકાદો ના આવે
ત્યાં સુધી તેને ચોકી પહેરા હેઠળ રાખવાનું નક્કી થયું.
13યહોવાએ મૂસાને કહ્યું, 14"તેને છાવણીમાંથી બહાર
લઈ જા અને જેઓને તેને નિંદા કરતા સાંભળ્યો હતો તે
સર્વને તેના માથા પર હાથ મૂકવાનું કહે; પછી બધા લોકો
પથ્થરો મારી તેને મારી નાખે. 15ત્યારબાદ તું ઈસ્રાએલીઓને
કહે કે, જે કોઈ દેવની નિંદા કરશે તેણે પોતાના પાપની સજા
ભોગવવી પડશે. 16જે કોઈ યહોવાના નામની નિંદા કરે તેને
મૃત્યુદંડ આપવો, પછી તે ઈસ્રાએલી હોય કે વિદેશી; સમગ્ર
સમાજે એને પથ્થરો મારવા; અને મૃત્યુદંડ આપવો
17"જે કોઈ વ્યકિત બીજાની હત્યા કરે તો તેને મોતની
સજા કરવી. 18જે કોઈ પશુને મારી નાખે તેણે તેની નુકસાની
ભરપાઈ કરવી-જીવને બદલે જીવ.
19"જો કોઈ વ્યકિત અન્યને ઈજા પહોંચાડે તો તેણે જે કર્યુ
હોય તે તેને કરવું: 20હાડકુ ભાંગનારનું હાડકુ ભાંગવું, આંખ
ફોડનારની આંખ ફોડવી, દાંત પાડનારનો દાંત પાડવો, એણે
સામી વ્યકિતને જેવી ઈજા કરી હોય તેવીજ ઈજા તેને કરીને
બદલો આપવામાં આવે. 21જે કોઈ વ્યકિત કોઈ પશુને મારી
નાખે તો તેણે નુકસાની ભરપાઈ કરવી, પણ જો કોઈ માણસને
મારી નાખે તો તેને મૃત્યુદંડ આપવો.
22"વિદેશી કે ઈસ્રાએલી પ્રજામાં જન્મ ધારણ કરનાર
નાગરિક સર્વને સમાન કાનૂન લાગુ પડે, કારણ હું યહોવા
તમારો દેવ છું."
23મૂસાએ ઈસ્રાએલીઓને આ પ્રમાણે કહ્યા પછી તેમણે
દેવનિંદા કરનાર માણસને છાવણી બહાર લઈ જઈને
યહોવાએ મૂસાને કરેલી આજ્ઞા પ્રમાણે તેને પથ્થરો મારીને
મારી નાખ્યો.

## ભૂમિને માટે વિશ્રામનો સમય

25 સિનાઈ પર્વત ઉપર યહોવાએ મૂસાને કહ્યું, 2"તું
ઈસ્રાએલી લોકોને આ પ્રમાણે કહે: તમને જે દેશ
હું આપવાનો છું તેમાં તમે પ્રવેશ કરો અને વસો ત્યારે તે
દેશને પણ યહોવાના માનમાં વિશ્રામ પાળવા દેવો. 3છ વર્ષ
સુધી તમારે તમારા ખેતરોમાં વાવણી કરવી, છ વરસ સુધી
તમારે દ્રાક્ષની વાડીઓને છાંટવી, અને તમારી પાકની કાપણી
કરવી, 4પરંતુ સાતમે વર્ષે જમીનને યહોવાના માનમાં સંપૂર્ણ
વિશ્રામ પાળવા દેવો. એ વર્ષે ન તો ખેતરમાં કંઈ વાવવું કે

ન તો દ્રાક્ષની વાડીઓ છાંટવી. 5જમીન પર પડેલા દાણામાંથી જે કંઈ પાકે અથવા છાંટયા વગરની દ્રાક્ષની વાડીઓમાં જે દ્રાક્ષ બેસે તે તમારે લેવાં નહીં, એ વર્ષે જમીનને સંપૂણ વિશ્રામ આપવો.

6"એ વિશ્રામના વર્ષમાં ખેડયા વગરની જમીનમાં આપોઆપ જે કંઈ ઊપજ થશે તે તમને તેમજ તમારાં સ્રીપુરુષ, ચાકરોને, તમે મજૂરીએ રાખેલા માણસોને, તમારા ઘરમાં રહેતા વિદેશીઓને, 7તમારાં ઢોરોને તથા દેશના જંગલી જાનવરોને ખાવા કામ લાગશે, તેથી જે કંઈ આપોઆપ પેદા થાય તેનો ખાવામાં ઉપયોગ કરી શકશો.

## જુબિલી અર્થાત્ મુક્તિનું વર્ષ

8"તમારે પોતાના માટે સાત વર્ષનાં સાત જૂથ ગણવાં, એટલે કે સાત વાર સાત વરસ, એટલે 49 વર્ષ. તે સમય દરમ્યાન ભૂમિ ને સાત વરસનો વિશ્રામ રહેશે 9પછી સાતમા મહિનાના દશમે દિવસે પ્રાયશ્ચિતને દિવસે તમારે આખા દેશમાં ઘેટાનું શિંગ વગડાવવું. 10અને પચાસમાં વર્ષને પવિત્ર જાહેર કરી દેશના બધા વતનીઓ માટે ઘોષણા કરવી. તમારા માટે એ રણશિંગડાનું જુબિલીનું વર્ષ છે. જો કોઈની મિલકત વેચાઈ ગઈ હોય તો એ વર્ષે છૂટી થઈ જાય અને મૂળ માલિકને પાછી મળે, વળી જો કોઈ ચાકર તરીકે વેચાયો હોય તો તે છૂટો થઈ પોતાના પરિવારમાં પાછો જાય. 11એ પચાસમું વર્ષ તમારા માટે ખાસ ઉજવણીનુ વર્ષ છે, એ વર્ષે તમારે કાંઈ વાવવું નહીં, અને આપોઆપ જે ઊગ્યું હોય તે લણવું નહીં, તેમજ છાંટયા વિનાની દ્રાક્ષની વાડીમાંથી દ્રાક્ષ ઉતારવી નહીં, 12કારણ, તમારા માટે એ રણશિંગડાનું પવિત્ર મુકિતવર્ષ છે, અને તમારે તેને પવિત્ર રાખવાનું છે એટલે એ વર્ષે ખેતરોમાં આપમેળે ઊગી નીકળેલો પાક તમારે ખાવાના ઉપયોગમાં લેવો. 13આ મુકિવર્ષે પ્રત્યેક વ્યકિતએ પોતાને ઘેર, પોતાના પરિવારની મિલકતવાળા મકાનમાં પાછા ફરવું, જો તેણે તે વેચી દીધું હોય, તો તે ફરીથી તેને પ્રાપ્ત થશે.

14"એટલે તમે અરસપરસ જમીન વેંચો કે ખરીદો ત્યારે કોઈપણ પક્ષે એક બીજાને છેતરવો નહીં. 15જમીનની કિંમત ઉત્સવ ના પછીના વર્ષોની ગણતરી પર થાય છે, કેમકે માલિક ફક્ત આવતા ઉત્સવ સુધીનો કાપણી નો હક્ક વેચે છે. 16જો વર્ષો વધારે બાકી હોય તો કિંમત વધારે ઠરાવવી અને વર્ષ ઓછા બાકી હોય તો કિમત ઓછી ઠરાવવી, કારણ જે વેચાય છે તે અમુક પાક કુલ મળશે તે છે, અને નહીં કે જમીન. 17આથી તમારે એકબીજાને છેતરવા નહીં, દેવથી ડરીને ચાલવું. હું તમારો દેવ યહોવા છું.

18"મારા કાનૂનો અને મારા નિયમોનું પાલન કરશો અને તેનો અમલ કરશો તો તમે દેશમાં સુરક્ષિત રહી શકશો; 19જો તમે નિયમોને આધીન થશો તો ભૂમિ મબલખ પાક આપશે તેથી તમે સુરક્ષિત રહેશો અને તૃપ્ત થશો.

20"તમે કહેશો કે 'જો અમે દાણા ન વાવીએ અથવા લણીએ તો સાતમા વર્ષે અમને કંઈ ખાવા નહી રહે.' 21તેનો ઉત્તર આ છે, છઠ્ઠા વર્ષે હું તમને ત્રણ વર્ષ ચાલે તેટલા મબલખ પાકથી આશીર્વાદિત કરીશ. 22તમે આઠમે વરસે વાવશો ત્યારે પણ તમે આગળના વર્ષના પાકમાંથી ખાતા હશો, નવમે વર્ષે તમે નવો પાક ઘરમાં લાવશો ત્યાં સુધી તમે છઠ્ઠા વર્ષના પાકમાંથી તમે ખાશો.

## સંપત્તિ ના કાનૂનો

23"યાદ રાખો, જમીન મારી છે, તેથી જમીનનું કાયમી વેચાણ થઈ શકે નહીં, તમે માત્ર વિદેશીઓ અને યાત્રીઓ તરીકે મારી જમીન પર રહો છો. 24વેચાણ-ખરીદમાં એક શરત એવી હોવી જ જોઈએ કે જમીનને વેચનાર ગમે ત્યારે પાછી મેળવી શકે. 25કોઈવાર કોઈ માણસ ગરીબ થઈ જાય અને તેની જમીનનો થોડો ભાગ વેચે, તો તેનો સૌથી નજીકનો સગો તે જમીનને પાછી લઈ શકે. 26પરંતુ જો તેને છોડાવનાર કોઈ નજીકનો સગો ના હોય અને તે પોતે ફરી ખરીદવાની સ્થિતિમાં આવ્યો હોય, 27તો તેણે વેચાણ પછી વીતેલાં વર્ષો હિસાબમાં ગણી બીજા મુકિતવર્ષને જેટલાં વર્ષ બાકી હોય તે પ્રમાણે ખરીદનારને કિંમત ચૂકવવી, અને તેણે એની મિલકત પાછી આપવી. 28અસલ માલિક જમીનને ન છોડાવી શકે તો તે જમીન જુબિલીના વર્ષ સુધી ખરીદનાર પાસે રહે; પણ જુબિલી વર્ષમાં તે જમીન અસલ માલિકને પાછી આપી દેવી.

29"જો કોઈ માણસ નગરમાંનું તેનું મકાન વેચે તો વેચાણ પછી પૂરા એક વર્ષ સૂધી તેને ફરીથી ખરીદી લેવાનો હક્ક રહે. 30એક પૂરા વર્ષ દરમ્યાન તે પાછું ખરીદી લેવામાં ના આવે તો તે મકાનની કાયમની માલિકી નવા માલિકની અને તેના વંશજોની થાય. 31જુબિલી વર્ષમાં પણ તે મૂળ માલિકને પાછું ન મળે, કોટ વગરનાં ગામડાંમાંનાં મકાનો જમીન જેવાં ગણાય, તે પાછાં ખરીદી લેવાના હક્ક કાયમ રહે, અને જુબિલી વર્ષમાં તો તે મકાન મૂળ માલિકને પાછું મળે જ.

32"તેમાં એક અપવાદ છે; લેવીના મકાનો કોટવાળાં નગરોમાં હોય તો પણ ગમે ત્યારે છોડાવી શકાય; 33જો કોઈ લેવી એવા શહેરમાં આવેલું પોતાનું મકાન પાછું ન ખરીદી લે, તો તે જુબિલીના વર્ષમાં તેને પાછું મળી જાય; કારણ, લેવીઓનાં શહેરમાંનાં મકાન એ તેમની ઈસ્રાએલમાંની મિલકત છે. 34લેવી પોતાના નગરોની આસપાસ આવેલી સહિયારી જમીન વેચી શકે નહીં, કારણ કે તે તેઓની કાયમી મિલકત છે અને તેના પર અન્ય કોઈનો હક રહે નહીં

## ચાકરો ઉપર ધણીપણાના નિયમો

35"અને જો કોઈ ઈસ્રાએલી બંધુ ગરીબીમાં આવી પડે અને પોતાનું ભરણપોષણ કરી શકે નહીં તો તેને મદદ કરવાની જવાબદારી તારી છે; તારે ઘેર મહેમાન તરીકે આવવા માટે તેને નિમંત્રણ આપ. જેથી તે તમારી સાથે રહી શકે. 36દેવનો ડર રાખીને તારા ભાઈને તારી સાથે રહેવા દે; તેને ધીરેલા પૈસાનું વ્યાજ તમારે ન લેવું, અને તમે ધીરેલા કરતા વધારાની

આશા તેની પાસે ન કરતા. 37તમારે તેને ધીરેલાં નાણાં ઉપર
વ્યાજ લેવું નહીં, તેમજ વધારે ભાવે અનાજ વેચવું નહીં.
38તમને કનાનનો પ્રદેશ આપવા માટે અને તમારો દેવ થવા
માટે તમને મિસરમાંથી બહાર લાવનાર હું તમારો દેવ યહોવા
છું.

39"જો કોઈ ઈસ્રાએલી બંધુ ગરીબાઈમાં આવી પડે અને
પોતે તમને વેચાઈ જાય તો તમારે તેની પાસે ચાકર તરીકે
કામ કરાવવું નહીં. 40તેણે નોકરીએ રાખેલ ચાકર અથવા
મહેમાન તરીકેનો વ્યવહાર તેની સાથે કરવો. અને તેને
વસવાટી માણસ જેવો ગણવો. જુબિલી વર્ષ સુધી તે તમારું
કામ કરશે. 41પછી તમારી સેવા તે છોડી જશે અને પોતાનાં
વંશજો સાથે પાછો પોતાના પરિવારમાં જઈ પોતાની
મિલકતનો માલિક બનશે. 42કારણ કે હું ઈસ્રાએલીઓને
મિસરમાંથી બહાર લાવ્યો હતો એટલે તેઓ મારા સેવકો છે.
ચાકરોની જેમ તેમને વેચી શકાશે નહીં. 43"તમારે દેવનો ડર
રાખીને એવા માણસ પાસે ચાકરની જેમ મજુરી કરાવવી
નહીં.

44"અને જો તમારે ચાકરોની જરૂર હોય તો તે તમારી
આસપાસ રહેતા લોકોમાંથી તમે ખરીદી શકો છો. 45તદુપરાંત
તમારી વચ્ચે રહેતા વિદેશીઓના સંતાનોને તમારા દેશમાં
જન્મ્યા હોય તો પણ તમે ચાકરો ખરીદી શકો છો. એ લોકો
તમારી મિલકત ગણાય. 46અને તમે તે લોકોને તમારા વંશજોને
વારસામાં આપી શકો છો, તેમજ તમે તેમનો કાયમ માટે
ચાકર તરીકે ઉપયોગ કરી શકો છો, પણ તમારા ઈસ્રાએલી
ભાઈઓ પાસે ચાકરોની જેમ મજૂરી કરાવી શકો નહીં.

47"જયારે કોઈ પરદેશી કે તમારી સાથે રહેતો વસવાટી
ધનવાન થઈ જાય, અને તમારો ઈસ્રાએલી ભાઈ ગરીબીમાં
આવી પડતાં પોતાની જાત તે માણસને વેચી દે, 48તેને તેનો
એકાદ ભાઈ પાછો ખરીદી શકે છે. 49અથવા કાકા કે ભત્રીજો
કે અન્ય કોઈ નજીકનો સગો તેને પાછો ખરીદી લઈ શકે,
અથવા તેની પાસે પૈસા થયા હોય તો તે પોતે પોતાની
જાતને છોડાવી શકે. 50તેના છુટકારાની કિંમત જુબિલી વર્ષને
જેટલા વર્ષ બાકી હોય તે પ્રમાણે ગણવામાં આવે બાકી
રહેલાં વર્ષો માટે પગારે રાખેલા ચાકરનો ખર્ચ કેટલો થાય તે
51જો આગલી જુબિલીને ઘણા વર્ષો બાકી હોય તો વ્યક્તિએ
કિંમતનો મોટો ભાગ પાછો આપવો. એ વર્ષોની ગણતરી પર
આધારીત છે. 52ઘણાં વર્ષો વીતી ગયાં હોય અને જુબિલી
વર્ષને થોડાં જ વર્ષ બાકી હોય, તો પોતાની જાતને વેચી જે
નાણાં પ્રાપ્ત કર્યા હોય તેનો થોડોજ ભાગ તેણે પાછો આપવો.
53તેનો હોદ્દો મજૂરીએ રાખેલા માણસનો ગણાશે, અને
તમારે તેના માલિકને તેની પાસે સખતાઈથી કામ લેવા દેવું
જોઈએ નહીં.

54"જો જુબિલી વર્ષના વચગાળાનાં વરસો દરમ્યાન તેને
પાછો ખરીદી લેવામાં ન આવ્યો હોય, તો તેને અને તેનાં
બાળકોને જુબિલીના વર્ષમાં છૂટાં કરી દેવાં જોઈએ, 55કેમ
કે, ઈસ્રાએલીઓ મારા સેવકો છે; હું તેમને ચાકરીમાંથી મિસર
દેશમાંથી બહાર લઈ આવ્યો છું; હું યહોવા તમારો દેવ છું."

### આજ્ઞાંકિતતાનાં મીઠા ફળ

26 "તમારે પૂજા કરવા માટે દેવોની મૂર્તિઓ બનાવવી
નહીં, તેમજ કોતરેલી મૂર્તિ, સ્તંભ કે કંડારેલા
પથ્થરની પૂજા કરવી નહીં, કારણ 'હું યહોવા તમારો દેવ છું.
2"તમારે મારા વિશ્રામવાર પાળવા અને મારા
મુલાકાતમંડપની પવિત્રતા જાળવવી, હું યહોવા છું.
3"જો તમે મારા સર્વ કાનૂનો પ્રમાણે ચાલશો અને મારી
સર્વ આજ્ઞાઓનું પાલન કરીને તેનો અમલ કરશો 4તો હું
તમારા માટે નિયમિત ઋતુ પ્રમાણે વરસાદ મોકલીશ, જમીન
તમને પાક આપશે અને વૃક્ષો ફળ આપશે. 5તમારે ત્યાં
પુષ્કળ પાક ઊતરશે,વાવણીનો સમય આવે ત્યાં સુધી દ્રાક્ષ
પાકયા કરશે, અને લણવાનું કામ વાવણીના સમય સુધી
ચાલશે, તમે ધરાતાં સુધી જમશો અને દેશમાં સુરક્ષિત રહેશો.
6હું તમને દેશમાં શાંતિ આપીશ, અને તમે રાત્રે નિર્ભય
બની નિરાંતે ઊંઘી શકશો, 'હું દેશમાંથી હિંસક પ્રાણીઓને
ભગાડી મૂકીશ અને યુદ્ધ થવા દઈશ નહીં.
7"તમે તમારા દુશ્મનોને હાંકી કાઢશો, અને તેઓ તમારી
તલવારનો ભોગ બનશે. 8તમારામાંના પાંચ એકસોને હાંકી
કાઢશે અને તમારામાંના 100 હાંકશે 10,000 ને! તમારા સર્વ
શત્રુઓનો પરાજય થશે અને તમારી તલવારથી માર્યા જશે.
9"હું તમારા તરફ થઈશ તમારી સંભાળ રાખીશ, અને
તમારું સંખ્યાબળ વધારીશ. તમને ઘણાં સંતાન આપીશ,
અને તમારી સાથેનો મારો કરાર હું પૂર્ણ કરીશ. 10તમારી
પાસે પુષ્કળ અનાજ હશે, આખું વરસ ખાવા છંતા તે ખૂટશે
નહીં. નવો પાક તૈયાર થશે ત્યારે તેને સંઘરવા જૂના પાકનો
વધેલો ભાગ ફેંકી દેવો પડશે. 11હું તમારી વચ્ચે મારું
નિવાસ કરીશ. હું તમારો ત્યાગ કરીશ નહીં. 12હું તમારી
મધ્યે વાસો કરીશ. હું તમારો દેવ થઈશ અને તમે મારી
પ્રજા થશો. 13કારણ કે તમને ચાકરીમાંથી છોડાવી
મિસરની બહાર લાવનાર હું તમારો દેવ યહોવા છું. તમારી
ચાકરીની ઝૂંસરી તોડી નાખીને તમને ઉન્નત મસ્તકે ચાલતા
મેં કર્યા છે.

### અનાજ્ઞાંકિતતાના માઠાં ફળ

14"પરંતુ જો તમે મારું કહ્યું સાંભળશો નહીં અને મારી
આજ્ઞાઓનું ઉલંઘન કરશો 15તથા મારા કાનૂનોને ફગાવી
દેશો, મારા કાયદાઓની ઉપેક્ષા કરશો અને મારી પ્રત્યેક
આજ્ઞાનું પાલન ન કરીને મારા કરારનો ભંગ કરશો, 16તો હું
તમને આ પ્રમાણે સજા કરીશ: હું તમારા પર અત્યંત ત્રાસ
વર્તાવીશ. હું તમારા પર એવા રોગો અને જવર મોકલીશ કે
જે તમને અંધ બનાવી દેશે, અને તમારા જીવનનો નિકાસ
કરી નાખશે. તમે વાવશો દાણા છતાં તમારો પાક જમી
શકશો નહીં, કારણ કે તે તમારો શત્રુ જમશે. 17હું તમારી
વિરુધ્ધ થઈ જઈશ અને તમારો પરાજય તમારા દુશ્મનોને
હાથે હું કરાવીશ. તમારા શત્રુઓ તમારા પર રાજ કરશે,
અને કોઈ તમારી પાછળ નહીં પડયું હોય છતાં તમે ભાગતા
ફરશો.

18"આટલી મુશ્કેલીઓ પડવા છતાં તમે જો મારું કહ્યું
નહીં માનો તો હું તમને તમારાં પાપો બદલ સાત ગણી વધુ
શિક્ષા કરીશ. 19હું તમારું શકિતનું અભિમાન ઉતારી નાખીશ,
તમારા આકાશને લોખંડના તવા જેવું બનાવીશ જેથી એક
ટીપું ય વરસાદ પડશે નહીં, અને તમારી જમીનને પિત્તળ
જેવી સૂકી ભઠ્ઠ બનાવી દઈશ; 20તમારી મહેનત વિફળ
જશે. તમારી જમીનમાં કશુંય પાકશે નહીં અને તમારાં વૃક્ષોને
ફળ પણ આવશે નહીં."

21"અને તે છતાંય તમે મારી આજ્ઞાની વિરુધ્ધ વર્તન
કરવાનું ચાલુ રાખશો અને મારું નહીં સાંભળો તો હું તમારાં
પાપોને કારણે સાત ગણી વધુ આફતો ઉતારીશ. 22પછી હું
તમારા ઉપર જંગલી જાનવરો છોડી મૂકીશ, જે તમારાં
બાળકોને મારી નાખશે અને તમારાં પશુઓનો નાશ કરશે,
પરિણામે તમારી સંખ્યા ઘટી જતા તમારા રસ્તાઓ ઉજ્જડ
થઈ જશે."

23"આમ છતાં પણ જો તમારું પરિવર્તન નહીં થાય અને
તમે નહીં સુધરો અને મારી વિરુધ્ધ વર્તન કરવાનું ચાલુ
રાખશો 24તો હું તમારી વિરુધ્ધ થઈશ, અને હું પોતે તમને
તમારાં પાપો માટે સાત ગણી વધુ આકરી સજા કરીશ. 25મારા
કરાર ભંગનો બદલો લેવા હું તમારા ઉપર યુદ્ધ મોકલીશ.
તમે તમારાં નગરોમાં અદૃશ્ય થઈ જશો તો હું ત્યાં તમારી
મધ્યે મરકી મોકલીશ; તમારે તમારા શત્રુઓને શરણે જવું
પડશે. 26હું તારા અનાજના પૂરવઠાનો નાશ કરીશ જેથી દશ
પરિવારો માટે રોટલી શેકવા માટે ફકત એક ભઠ્ઠી પૂરતી થઈ
પડશે; તેઓ તમને માપી તોલીને રોટલી વહેંચશે, અને
તમારું પેટ નહીં ભરાતા તમે ભૂખ્યાંજ રહેશો.

27"આટઆટલું વીતવા છતાંય તમે મારું નહીં સાંભળો
અને મારી સામે થશો, 28તો હું પણ ક્રોધે ભરાઈને તમારી
સામે પડીશ અને તમારાં પાપોની સાતગણી મોટી શિક્ષા
તમને કરીશ. 29તમારે તમારા પુત્ર અને પુત્રીઓનું માંસ
જમવાનો સમય આવશે. 30હું તમે જયાં તમારી મૂર્તિઓની
પૂજા કરો છો તે ટેકરીઓ ઉપરનાં મુલાકાતમંડપનો નાશ
કરીશ અને તમારી મૂર્તિઓના ભંગાર ઉપર હું તમારાં મૃતદેહો
ખડકીશ. હું તમને તિરસ્કૃત કરી નાખીશ. 31હું તમારા નગરોને
વેરાન ખંડેર બનાવી દઈશ. તમારાં પવિત્ર સ્થાનોનો વિનાશ
કરીશ, અને તમારાં સુવાસિત અર્પણોનો અસ્વીકાર કરીશ.
32હું તમારા દેશને એવો તારાજ કરી નાખીશ કે તમારા દુશ્મનો
જે તેમાં વસશે તેઓ પણ તમારી દુર્દશા જોઈને આભા બની
જશે. 33હું તમને અનેક દેશોમાં વેરવિખેર કરી નાખીશ હું
તલવાર લઈને તમારી પાછળ પડીશ અને તમારો દેશ ઉજ્જડ
વેરાન થઈ જશે, અને તમારાં શહેરો ખંડેર થઈ જશે.

34"અને જયારે તમે દુશ્મનોના પ્રદેશમાં રહેતા હશો તે
વર્ષોમાં જમીન ઉજ્જડ પડી રહેશે, અને તે તેનો વિશ્રામવાર
ભોગવશે અને તેના વિશ્રામ વર્ષોના આનંદ માણશે. 35જયારે
તમે ત્યાં વસતા હતા ત્યારે દરેક સાતમે વર્ષે તમે આપ્યો
ન્હોતો તે વિશ્રામ હવે તે પ્રાપ્ત કરશે. 36જે લોકો તમારામાંથી
બચી જઈને દુશ્મનોના દેશમાં દેશવટો ભોગવી રહ્યા હશે
તેમને હું એવા ભયભીત કરીશ કે એક પાંદડું પડવાનો
અવાજ થતાં તેઓ જાણે મોત પાછળ પડયું હોય તેમ ભાગવા
માંડશે, ને કોઈ પાછળ પડયું ના હોવા છતાં તેઓ ભોંય પર
ઢળી પડશે. 37વળી કોઈ પાછળ પડયું ના હોવા છતાં યુદ્ધમાંથી
મૂઠીવાળીને ભાગતા હોય તેમ તેઓ ભાગતાં એકબીજા સાથે
ભટકાઈને, ઠોકરો ખાઈને પડશે અને શત્રુઓનો સામનો
કરવાની શકિત પણ તેમનામાં રહેશે નહીં.

38"વિદેશી પ્રજાઓ વચ્ચે તમારો અંત આવશે અને તમારા
દુશ્મનોની ભૂમિ તમને ગળી જશે, અને તમે મૃત્યુ પામશો.
39જેઓ દુશ્મનોના દેશમાં બચી જશે તેઓ પોતાના અને
પોતાના પિતૃઓનાં પાપોને કારણે ઝૂરી ઝૂરીને ક્ષય પામતા
જશે.

### આશા અમર છે

40"પરંતુ કદાચ તેઓ પોતાનાં અને પોતાના પિતૃઓનાં
પાપો કબૂલ કરશે, મને વિશ્વાતઘાત કરીને મારી વિરુધ્ધ
પડીને તેમણે જે પાપો કર્યા છે તે કબૂલ કરશે, 41તેઓના
પાપોએ મને તે લોકોની વિરુધ્ધ કર્યો, તેથી મેં તેઓને
વિદેશી પ્રજાઓમાં દેશનિકાલ કર્યા. છેલ્લે તમારા વંશજો
નમ્ર થશે અને મારી વિરુધ્ધ આચરેલા પાપ અને બંડને
કારણે થયેલી શિક્ષા ભોગવશે. 42ત્યારે હું યાકૂબં સાથેનો
ઈસહાક સાથેનો અને ઈબ્રાહિમ સાથેનો મારો કરાર અને
આ ભૂમિને સંભારીશ.

43"કારણ કે ભૂમિ જયાં સુધી ઉજ્જડ પડી રહેશે તેટલો
સમય તે પોતાના સાબ્બાથો વિશ્રામના વર્ષો માણશે, પરંતુ
મારી આજ્ઞાઓના ઉલ્લંઘન કર્યા બદલ અને મારા નિયમોને
ધિક્કારવાના કારણે જ તેઓ ઉપર આ ભારી શિક્ષા આવી
પડી છે તેનું તેઓને ભાન થશે, અને તેઓ પૂરેપૂરી સજા
ભોગવશે. 44છતાં, તેઓ તેમના દુશ્મનોના દેશમાં હશે ત્યારે
પણ હું તેમનો સંપૂર્ણ નાશ નહીં કરું. તેમનો પૂરેપૂરો ત્યાગ
પણ નહીં કરું અને મારો જે કરાર તેઓની સાથે છે તેનો
ભંગ કરીશ નહીં, કારણ કે હું યહોવા તેમનો દેવ છું.
45તેઓના પિતૃઓને તેમનો દેવ થવા માટે હું બીજા દેશોના
જોતાજ મિસરમાંથી બહાર લઈ આવ્યો હતો અને તેમની
સાથે જે કરાર કર્યો હતો તે સંભારીને તેમનું કલ્યાણ કરીશ.
હું યહોવા છું."

46યહોવાએ સિનાઈ પવર્ત ઉપર મૂસા મારફતે
ઈસ્રાએલીઓ ને આપેલા કાનૂનો, નિયમો અને ઉપદેશો
ઉપર પ્રમાણે છે.

### યહોવા સમક્ષ કરેલી પ્રતિજ્ઞાઓ

27 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલ પુત્રોને આ
કહે, જો કોઈ માણસ યહોવાને ખાસ પ્રતિજ્ઞા કરે
કે તે કોઈ બીજા વ્યકિતને દેવને અર્પણ કરશે, તો યાજકે તે
માણસની કિંમત ઠરાવવી જેથી બીજુ કોઈ તેને દેવ પાસેથી
પાછો ખરીદી શકે. તે વ્યકિતની કિંમત નીચે જણાવ્યા મુજબ
નક્કી કરવી. 3વીસથી સાઠ વર્ષ સુધીની ઉંમરના પુરુષની

કિંમત મુલાકાતમંડપના ધોરણ અનુસાર 50 શેકેલ ચાંદી. **4**વીસથી સાઠ વર્ષ સુધીની સ્રી 30 શેકેલ ચાંદી. **5**પાંચથી વીસ વર્ષની ઉંમરના છોકરાની કિંમત 20 શેકેલ અને છોકરીની કિંમત 10 શેકેલ. **6**એક મહિનાથી 5 વર્ષ સુધીના છોકરાની કિંમત 5 શેકેલ અને છોકરીની કિંમત 3 શેકેલ. **7**સાઠ અને ઉપરની ઉંમરના પુરુષની કિંમત 15 શેકેલ; સ્રીની કિંમત 10 શેકેલ ચૂકવે.

**8**"પણ જો કોઈ વ્યકિત આ કિંમત ચૂકવી શકે તેમ ના હોય તો તેણે તે વ્યકિતને યાજક સમક્ષ રજૂ કરવી અને યાજકે તેની કિંમત પ્રતિજ્ઞા લેનાર વ્યકિત ચૂકવી શકે તેટલી નક્કી કરવી."

### યહોવા ને ભેટો

**9**"જો યહોવાને ધરાવી શકાય એવું કોઈ પ્રાણી અર્પણ કરવાની પ્રતિજ્ઞા લીધી હોય તો તે અર્પણ થનાર પ્રાણી પવિત્ર બની જશે. **10**પ્રતિજ્ઞા બદલી શકાય નહીં, તે પ્રાણીની બીજા પ્રાણી સાથે અદલાબદલી થઈ શકે નહીં, સારાને બદલે ખરાબ અને ખરાબને બદલે સારું તેવો ફેરફાર કરી શકાય નહીં. છતાં જો અદલાબદલી કરી હોય તો બંને પશુઓ પવિત્ર બની જાય અને યહોવાના થાય.

**11**"પરંતુ પ્રતિજ્ઞા લઈ અર્પણ કરવાનું પ્રાણી નિયમ પ્રમાણે અશુદ્ધ હોય અને તેનું અર્પણ ન થઈ શકે તો તે પ્રાણી યાજક પાસે લાવવું. **12**યાજક તેની કિંમત નક્કી કરે, પછી પ્રાણી સારુ હોય કે ખરાબ તેથી ફરક ન પડે વ્યકિતએ યાજકે ઠરાવેલ કિંમત માન્ય રાખવી. **13**જો તે વ્યકિત તેને છોડાવવા ઈચ્છતો હોય તો તેણે કિંમત કરતાં પાંચમો ભાગ વધુ ચુકવવો.

### ઘરનું મૂલ્યાંકન

**14**"જો કોઈ વ્યકિત પોતાનું મકાન યહોવાને સમર્પણ કરી દે, તો તે સારું હોય કે ખરાબ તેનાથી કોઈ ફરક ન પડે યાજક તેની કિંમત નક્કી કરશે અને તે વ્યક્તિએ એ બાંધેલો ભાવ સ્વીકારવો. **15**પછી જો સમર્પણ કરનાર વ્યકિત મકાન છોડાવવા ઈચ્છે તો તેણે કિંમત ઉપરાંત વધુ 20 ટકા આપવા, એટલે મકાન પાછું તેની માલિકીનું થઈ જાય."

### સંપત્તિનું મૂલ્યાંકન

**16**"જો કોઈ વ્યકિત પોતાની માલિકીની જમીનનો અમુક ભાગ યહોવાને સમર્પણ કરી દે તો તમારે તેની કિંમત એમાં જેટલું બિયારણ વાવી શકાતું હોય તેને આધારે નક્કી કરવી જેમ કે 20 મણ જવની (1હોમર) જરૂર પડે તો તેનું મૂલ્ય પચાસ શેકેલ થાય. **17**જો કોઈ માણસ જુબિલી વર્ષમાં પોતાનું ખેતર સ્વેચ્છાએ સમર્પણ કરે તો યાજકે ઠરાવેલી પૂરી કિંમત તેને લાગુ પડે; **18**પણ જો તે જુબિલી વર્ષ પછીથી સમર્પણ કરે તો યાજકે પછીના જુબિલી વર્ષના જેટલા વર્ષ બાકી હોય તેના પ્રમાણમાં રોકડ કિંમત નક્કી કરવી અને તે આકડાં મુજબ કિંમત ઠરાવવી. **19**પરંતુ જો સમર્પણ કરનાર જમીન છોડાવવા માગતો હોય તો તેણે ઠરાવેલી કિંમત કરતાં વીસ ટકા વધુ આપવા એટલે તે ખેતરની માલિકી ફરીથી તેની થાય. **20**પરંતુ જો તે જમીન નહીં છોડાવતાં બીજા કોઈને વેચી દે તો તેને તે કદી પાછું મળે નહીં, કારણ, જુબિલી વર્ષના તેના હક્કો યહોવાને આપેલા હોય છે. **21**જયારે જુબિલી વર્ષમાં તે ખેતર મુકત થાય, ત્યારે યહોવાને અર્પિત ખેતર તરીકે તે યાજકોને આપવામાં આવે.

**22**"જો કોઈ વ્યકિત પોતે ખરીદેલું ખેતર સમર્પણ કરે, અને તે તેના પરિવારની મિલકતનો ભાગ નથી, **23**યાજકે બીજા જુબિલી વર્ષને જેટલા વર્ષ બાકી હોય તેને આધારે તેની કિંમત ઠરાવવી, અને તે વ્યક્તિએ નક્કી કરેલી કિંમત યહોવાને તાત્કાલિક અર્પણ કરવી. **24**જુબિલી વર્ષે એ ખેતર તેના મૂળ માલિક, જેની પાસેથી તે ખરીધું હોય તેને પાછું મળે, જેની એ પોતાની બાપોતિ મિલકત છે.

**25**"અધીકૃત માપ પ્રમાણે શેકેલમાં ઠરાવાય, એ માપ પ્રમાણે શેકેલનુ વજન 10 ગેરાદ હોય."

### પશુઓનું મૂલ્યાંકન

**26**"કોઈપણ વ્યકિતએ બળદ અથવા ઘેટાનાં પ્રથમજનિતને ઐચ્છિકાર્પણ તરીકે યહોવાને ચઢાવવું નહીં, કારણ, એ તો યહોવાનું જ છે; પછી ભલે તે કોઈપણ પશુનું હોય, **27**પરંતુ જો યહોવાએ માન્ય કર્યુ ના હોય તો તેવા પ્રાણીના પ્રથમજનિતને અર્પણ તરીકે લાવવામાં આવે, તો યાજક તેની કિંમત ઠરાવે તે ઉપરાંત વીસ ટકા વધુ તે માલિક આપે. જો તેનો માલિક તેને છોડાવવા માગતો ન હોય તો યાજક તે પ્રાણી બીજા કોઈને વેચી શકે છે.

### વિશિષ્ટ અર્પણ

**28**"પરંતુ યહોવાને માત્ર કરેલું કોઈપણ અર્પણ પછી તે માણસ હોય, પ્રાણી અથવા વારસામાં મળેલું ખેતર, તો તેને વેચી અથવા છોડાવી શકાય નહીં. કારણ તે યહોવાને પરમપવિત્ર અર્પણ છે, **29**જો તે ખાસ અર્પણ માણસ હોય તો, તે વ્યક્તિને પાછો ખરીદી ન શકાય તેને મારી નાખવો.

**30**"જમીનની ઉપજનો ઠરાવેલો દશમો ભાગ પછી તે ખેતરના અનાજનો હોય કે વૃક્ષનાં ફળોનો હોય યહોવાનો ગણાય, તે પવિત્ર છે, કારણ કે યહોવાને સમર્પિત થેયેલો છે. **31**જો કોઈ વ્યકિત આ અનાજ કે ફળનો એ દશમો ભાગ પાછો ખરીદવા ઈચ્છે તો તેની કિંમતમાં વીસ ટકા ઉમેરીને ચૂકવે.

**32**"ઢોરઢાંખર તથા ઘેટાબકરાંની તથા બીજા જાનવરોની ગણતરી થાય ત્યારે લાકડી નીચેથી પસાર થતાં દર દશમું પ્રાણી યહોવાનું ગણાય. **33**પસંદ કરેલુ પ્રાણી સારુ છે કે ખરાબ તેની ચિંતા માલિકે ન કરવી. તેને એ પ્રાણી બીજા પ્રાણી સાથે અદલા બદલી ન કરવી. અને તેને જો બીજા પ્રાણી થી બદલવા માગે, તો બન્ને પ્રાણીઓ દેવના થશે. તે પ્રાણી પાછું ન ખરીદાય."

**34**મૂસાને યહોવાએ ઈસ્રાએલી લોકો માટે સિનાઈ પર્વત પર આ આજ્ઞાઓ આપી હતી.

# નિર્ગમન

## મિસરમાં યાકૂબનું કુટુંબ

1 યાકૂબે પોતાના પુત્રો તથા પુત્રોના પરિવાર સહિત મિસરની
યાત્રા કરી; ઈસ્રાએલના પુત્રોનાં નામ આ પ્રમાણે છે:
2રૂબેન, શિમયોન, લેવી અને યહૂદા; 3ઈસ્સાખાર, ઝબુલોન
અને બિન્યામીન; 4દાન અને નફતાલી, ગાદ અને આશેર.
5યાકૂબના પોતાના કુલ સિત્તેર વંશજો હતા. યૂસફ યાકૂબના
બાર દીકરામાથી એક હતો, વળી તે પહેલેથી મિસરમાં જ
હતો.

6ત્યારબાદ સમય જતાં યૂસફનું અવસાન થયું. પછી
તેના બધાજ ભાઈઓ અને તે આખી પેઢીના માણસો
અવસાન પામ્યા. 7પરંતુ ઈસ્રાએલની વસ્તીમાં અનહદ
વધારો થતો જ રહ્યો. તેઓની સંખ્યા પુષ્કળ વધી અને તેઓ
એટલા બધા શકિતશાળી બન્યા કે સમગ્ર દેશમાં તેઓ છવાઇ
ગયા.

## ઈસ્રાએલીઓ માટે મુસીબત

8હવે મિસરમાં એક નવા રાજાનું શાસન શરૂ થયું. તે
વ્યકિતને યૂસફ વિષે કશી જ ખબર ન્હોતી. 9તે રાજાએ
પોતાની પ્રજાને કહ્યું, "ઈસ્રાએલની પ્રજાને જુઓ, તેમની
વસ્તિ પુષ્કળ છે, અને આપણા લોકો કરતાં તે વધુ શકિતશાળી
છે.

10માટે હવે આપણે તેમની વિરુધ્ધ કોઈ ચોક્કસ યોજના
ઘડવી જોઈએ. જેથી તેઓમાં વધારો થતો અટકી જાય. નહિ
તો યુદ્ધ ફાટી નીકળે ત્યારે તેઓ આપણા દુશ્મનો સાથે ભળી
જઈને આપણી સામે લડશે અને આપણા દેશમાંથી ભાગી
જશે."

11એટલા માટે તેમણે મજુરી કરાવીને ઈસ્રાએલીઓને
દબાવવા માટે તેમના ઉપર મુકાદમો નીમ્યા. આ રીતે
ઈસ્રાએલીઓએ ફારુનને માટે પિથોમ અને રામસેસ નગરો
વખારો માટે બાંધ્યાં. 12પણ જેમ જેમ તેમના પર ત્રાસ
વધતો ગયો તેમ તેમ તેમની વૃદ્ધિ થતી ગઈ. વિસ્તાર
વધતો ગયો અને મિસરના લોકો ઈસ્રાએલી લોકોથી
વધારે ને વધારે ભયભીત થવા લાગ્યા. 13આથી તે
લોકોએ ઈસ્રાએલીઓ પાસે ચાકરની જેમ સખત મજુરી
કરાવવા માંડી.

14તેમની પાસે બધીજ જાતની કાળી મજૂરી કરાવવા માંડી.
ઈંટ અને ચૂનો પાડવાંના તથા ખેતરમાં બધીજ જાતનાં સખત
કામો કરાવીને તેમનું જીવન અસહ્ય બનાવી દીધું.

## દેવની અનુગામી દાયણો

15ત્યાં શિફ્રાહ અને પૂઆહ નામની બે હિબ્રૂ દાયણો હતી.
તે હિબ્રૂ દાયણોને મિસરના રાજાએ કહ્યું: 16"જયારે તમે
હિબ્રૂ સ્રીઓની પ્રસૂતિ કરાવવા માટે ખાટલા પાસે જાઓ
ત્યારે તેમનાં સંતાનની જાતિ પર ધ્યાન રાખો; છોકરો હોય
તો તેને મારી નાખવો અને જો છોકરી હોય તો તેને જીવતી
રહેવા દેવી."

17પરંતુ દાયણો દેવથી ડરીને ચાલનારી અને દેવમાં
વિશ્વાસ કરતી હતી એટલે તેણે મિસરના રાજાની આજ્ઞાનું
પાલન ન કરતાં છોકરાઓને જીવતા રહેવા દેતી.

18તેથી મિસરના રાજાએ દાયણોને બોલાવીને કહ્યું, "તમે
આવું શા માટે કર્યુ? તમે લોકોએ છોકરાઓને શા માટે જીવતા
રહેવા દીધા? "

19ત્યારે દાયણોએ ફારુનને કહ્યું, "હિબ્રૂ સ્રીઓ મિસરી
સ્રીઓ જેવી નથી. તેઓ સશકત અને ખડતલ હોય છે તેથી
દાયણના આવતાં પહેલાં જ બાળકને જન્મ આપી દે છે."
20તેથી દેવે એ દાયણોનું ભલું કર્યું. 21અને હિબ્રૂ પ્રજા પણ
સંખ્યામાં અને શકિતમાં વૃદ્ધિ પામતી રહી. દાયણો દેવથી
ડરીને ચાલતી હતી એટલે તેણે તેમને કુટુંબકબીલાવાળી
ઘરવાળી બનાવી. 22એટલા માટે ફારુને પોતાના બધા લોકોને
આજ્ઞા કરી કે, "હિબ્રૂઓને જન્મેલા પ્રત્યેક છોકરાને નદીમાં
ફેંકી દેવા, પણ છોકરીઓને જીવતી રહેવા દેવી."

## બાળક મૂસા

2 લેવીઓના ઘરનો એક પુરુષ જઈને પોતાની જાતની
કન્યાને પરણ્યો હતો. 2તે સ્રી ગર્ભવતી થતાં તેને પુત્ર
અવતર્યો. પુત્ર રૂપાળો હતો તેથી તેણે તે બાળકને ત્રણ મહિના
સુધી સંતાડી રાખ્યો. 3પણ પછી તેને સંતાડી રાખવાનું શકય
ન રહ્યું એટલે તેણે નેતરનો એક કરંડિયો લીધો, તેને ડામરથી
લીપ્યો જેથી તે તરતો રહે. તેમાં બાળકને સુવાડીને કરંડિયો
તે નદીકિનારે બરુઓમાં મૂકી આવી. 4પછી તે છોકરાનું શું
થાય છે, તે જોવા માટે તેની બહેનને દૂર ઊભી રાખી.

5હવે પછી એવું બન્યું કે ફારુનની કુંવરી નદીમાં સ્નાન
કરવા માટે આવી અને તેની દાસીઓ નદી કિનારે આમતેમ
ફરવા લાગી. કુંવરીએ બરુઓમાં પેલો કરંડિયો જોઈને પોતાની
દાસીને મોકલીને તે મંગાવી લીધો. 6પછી તેણે ઉઘાડીને
જોયું, તો અંદર એક બાળક રડતું હતું, તેથી તેને તેના પર
દયા આવી.

7અને તેને કહ્યું, "આ કોઈ હિબ્રૂનું બાળક હોવું જોઈએ. પછી તે બાળકની બહેને ફારુનની દીકરીને કહ્યું, હું જઈને કોઈ હિબ્રૂ ધાવને બોલાવી લાવું જે બાળકની સાચવણી કરે અને તેના લાલનપાલન કરવા માટે તમારી મદદ કરે?"

8ફારુનની કુંવરીએ કહ્યું, "જા, બોલાવી લાવ."

એટલે તે છોકરી જઈને બાળકની માને બોલાવી લાવી.

9કુંવરીએ તેને કહ્યું, "આ બાળકને લઈ જા અને મારા વતી તેની સાચવણી કર અને તેને ધવડાવ."

હું તને તે બદલ પગાર આપીશ. તેથી સ્ત્રી તેનું બાળક લઈ ગઈ અને તેની સાચવણી કરી. 10પછી તે બાળક મોટું થયું એટલે તે તેને ફારુનની કુંવરી આગળ લઈ આવી અને તેણે તેને પુત્રની જેમ રાખ્યો. "મેં એને પાણીમાંથી બહાર કાઢયો હતો," એમ કહીને કુંવરીએ પુત્રનું નામ 'મૂસા' રાખ્યું.

## મૂસાની પોતાના લોકોને મદદ

11મૂસા મોટો થયો. અને એક દિવસ પોતાના લોકો પાસે ગયો. તેણે પોતાના માણસો પર સખ્ત કામ કરવા માટે બળજબરી થતા જોઈ. અને તેણે એક મિસરીને એક હિબ્રુને મારતા જોયો. 12તેણે આમતેમ નજર કરી છતાં તેને કોઈ દેખાયું નહિં એટલે તેણે મિસરીને મારી નાખીને રેતીમાં દાટી દીધો. 13અને બીજે દિવસે તે બહાર ફરવા નીકળ્યો ત્યારે તેણે બે હિબ્રુઓને લડતાં જોયા. તેણે જેનો વાંક હતો તે માણસને કહ્યું, "શા માટે તું તારા જાતભાઈને મારે છે? "

14એટલે તે માણસે તેને કહ્યું, "તને અમારો ઉપરી અને ન્યાયાધીશ કોણે બનાવ્યો છે? તેં જેમ પેલા મિસરીની હત્યા કરી તેમ મારી હત્યા કરવા માંગે છેં?"

તે સાંભળીને મૂસા ડરી ગયો તેથી વિચાર કરવા લાગ્યો કે, "હવે બધાંને ખબર પડી ગઈ છે કે મે શું કર્યુ છે."

15આ વાતની જાણ ફારુનને થતા, તે મૂસાને મારી નાખવા તૈયાર થયો. પણ મૂસા ફારુનને ત્યાંથી નાસી જઈન મિધાન દેશમાં જઈને વસ્યો.

## મૂસાનું મિધાનમાં આગમન

16એક વખત તે કૂવા પાસે બેઠો હતો ત્યારે મિધાનના યાજકની સાત પુત્રીઓ ત્યાં આવી. અને પોતાના બાપનાં ઘેટાંબકરાંને પાણી પીવડાવવા માટે કૂવામાંથી પાણી ખેંચીને હવાડા ભરવા લાગી. 17ત્યાં તો ભરવાડો ત્યાં આવ્યા અને તેમને કાઢી મૂકવા લાગ્યા, પણ મૂસા તેમની જોડે આવી પહોંચ્યો અને તેમનાં ઘેટાંબકરાંને પાણી પાયું.

18જયારે તેઓ તેમના પિતા રેઉએલ પાસે ગઈ ત્યારે તે બોલ્યા "આજે તમે આટલાં વહેલાં કયાંથી આવ્યાં?"

19એટલે તેમણે જવાબ આપ્યો, "અમને એક મિસરીએ ભરવાડોથી બચાવી અને છોડાવી, વળી અમને પાણી પણ કાઢી આપ્યું, અને ઘેટાંબકરાંને પાયું."

20એટલે પછી તેણે પોતાની પુત્રીઓને પૂછયું, "તે છે કયાં? અને તમે તેને મૂકીને શા માટે આવ્યાં? જાઓ, તેને જમવા માટે બોલાવી લાવો."

21મૂસા તે માણસ સાથે રહેવા સંમત થયો, અને પોતાની પુત્રી સિપ્પોરાહના લગ્ન મૂસા સાથે તેણે કર્યા. 22પછી તેણે એક પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ મૂસાએ ગેર્શોમ એટલા માટે પાડયું કે મૂસા બીજાનાં દેશમા અજાણ્યો હતો.

## દેવનો ઈસ્રાએલીઓને મદદ કરવાનો નિર્ણય

23ઘણો સમય પસાર થયા પછી મિસરના રાજાનું અવસાન થયું. ઈસ્રાએલીઓ ગુલામીમાં પીડાતા હતા. તેઓ આક્રદ કરીને મદદ માટે પોકાર કરતા હતા તેથી ગુલામીમાંથી કરેલો એ પોકાર દેવ સુધી પહોંચ્યો. 24દેવે તેમનું રૂદન અને ઊહંકાર સાંભળ્યો અને ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબ સાથે કરેલા કરારનું તેમને સ્મરણ થયું. 25અને દેવે ઈસ્રાએલીઓની સ્થિતી જોઈ અને તેમને ખબર હતી કે તેઓ વહેલા તેમની મદદ કરવાના છે.

## સળગતી ઝાડી

3 હવે મૂસા પોતાના સસરાંના એટલે મિધાનના યાજક યિથ્રોનાં ઘેટાંબકરાં ચરાવતો અને સાચવતો હતો એક દિવસ તે ઘેટાંબકરાંને રણની પશ્ચિમ દિશામાં દેવના પર્વત હોરેબ પર દોરી ગયો. 2ત્યાં યહોવાના દૂતે ઝાખરાંમાંથી નીકળતા ભડકારૂપે તેને દર્શન દીધાં. તેણે જોયું તો ઝાડી સળગતી હતી પણ બળીને ભસ્મ થતી ન્હોતી. 3તેથી મૂસાને વિચાર આવ્યો, "હું નજીક જઈને આ ચમત્કાર જોઉં. આ ઝાડી શા માટે બળી જતી નથી?"

4યહોવાએ જોયું કે મૂસા ઝાડીને જોવા આવી રહ્યો છે, તેથી દેવે ઝાડીમાંથી તેને બૂમ પાડી, "મૂસા, મૂસા!"

અને મૂસાએ જવાબ આપ્યો, "હા, હું અહીં છું."

5હવે યહોવાએ કહ્યું, "નજીક આવીશ નહિં, પગરખાં ઉતારી નાખ, કારણ કે જયાં તું ઊભો છે તે ભૂમિ પવિત્ર છે. 6હું તારા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબનો દેવ છું." અને મૂસાએ પોતાનું મુખ છુપાવી દીધું. કારણ કે દેવ તરફ જોતાં તેને ડર લાગતો હતો.

7પછી યહોવાએ કહ્યું, "મેં મિસરમાં મારા લોકોને દુઃખ સહન કરતાં જોયા છે. ને તેમના મુકાદમો તેમને પીડા કરે છે ત્યારે તેમના રૂદન મેં સાંભળ્યાં છે, તેમની હાડમારીની મને ખબર છે. 8હું તેમને મિસરીઓનાં પંજામાંથી મુકત કરાવવા અને તેમને એ દેશમાંથી બીજા એક સારા વિશાળ દેશમાં લઈ જવા માટે હું નીચે આવ્યો છું. જયાં દૂધ મધની રેલમછેલ છે અને જયાં કનાનીઓ, હિત્તીઓ, અમોરીઓ, પરીઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓ વસે છે. 9મેં ઈસ્રાએલના લોકોનું રૂદન સાંભળ્યું છે, અને મિસરીઓ તેમના ઉપર જે ત્રાસ અત્યાચાર કરે છે તે મેં નજરે નિહાળ્યા છે. 10ચાલ, એટલા માટે હું તને ફારુન પાસે મોકલું છું. જાઓ, તમે ઈસ્રાએલના મારા લોકોને મિસરમાંથી બહાર લઈ આવો."

11પરંતુ મૂસાએ દેવને કહ્યું, "હું કોણ ફારુન પાસે જનારો અને ઈસ્રાએલના લોકોને મિસરની બહાર લાવનારો?" 12પણ દેવે કહ્યું, "હું ચોક્કસ તારી સાથે હોઈશ, અને મેં તને મોકલ્યો

છે એની એંધાણી તારા માટે એ હશે કે જયારે તું એ લોકોને
મિસરમાંથી બહાર કાઢી લાવીશ પછી તમે સૌ આ પર્વત પર
મારી ઉપાસના કરશો. 13મૂસાએ દેવને કહ્યું, "હું ઈસ્રાએલના
લોકો પાસે જાઉં અને કહું કે, 'તમારા પિતૃઓના દેવે મને
તમારી પાસે મોકલ્યો છે.' અને તેઓ મને પૂછે કે, 'તેનું નામ
શું છે?' તો મારે તેમને શો જવાબ આપવો?"

14ત્યારે દેવે મૂસાને કહ્યું, "એમને કહો, 'હું એજ છું જે 'હું
છું.' જયારે તમે ઈસ્રાએલના લોકો પાસે જાઓ ત્યારે તેમને
કહો, 'હું એ છું' જેણે મને તમારી પાસે મોકલ્યો છે;

15દેવે મૂસાને એ પણ કહ્યું, "તમે લોકોને જે કહેશો તે એ
કે, 'તમારા પિતૃઓના દેવ યહોવાએ, ઈબ્રાહિમ, ઈસહાક
અને યાકૂબના દેવે મને તમારી પાસે મોકલ્યો છે. મારું નામ
સદાને માટે યહોવા રહેશે અને પેઢી દરપેઢી લોકો મને એ
નામે જ ઓળખશે. '"

16યહોવાએ એ પણ કહ્યું, "જાઓ, અને ઈસ્રાએલના
વડીલોને (આગેવાનોને) ભેગા કરો અને તેમને કહો કે 'તમારા
પિતૃઓના દેવે, ઈબ્રાહિમ, ઈસહાક, અને યાકૂબના દેવે મને
દર્શન આપ્યા અને કહ્યું કે આ સંદેશો તમને આપું, "હું
તમારી પર નજર રાખી રહ્યો છું. મિસરમાં તમે જે મુશ્કેલીઓ
સહન કરી છે તે મેં નજરે જોઈ છે; 17અને મેં નિર્ણય કર્યો
છે કે હું તમને દુર્દશામાંથી મુકત કરાવી કનાનીઓ, હિત્તીઓ,
અમોરીઓ, પરીઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓના દેશમાં
લઈ જઈશ, જયાં દૂધ અને મધની રેલમછેલ છે.'

18"વડીલો તમારી વાણી સાંભળશે, પછી તમે અને
ઈસ્રાએલના વડીલો મિસરના રાજા પાસે જઈને તેને કહેજો
કે, 'હિબ્રૂ લોકોના દેવ યહોવા છે. અમારા દેવ અમારા લોકો
પાસે આવ્યા હતા, તેમણે અમને ત્રણ દિવસ રણમાં પ્રવાસ
કરવા માટે કહ્યું હતું. અમને રજા આપો તો અમે અમારા દેવ
યહોવાને યજ્ઞ અર્પણ કરી શકીએ.'

19"પરંતુ મને ખબર છે કે મિસરનો રાજા તમને જવા
નહિ દે. હા, માત્ર મહાન શકિત જ તેને વિવશ કરશે અને
તમને જવા દેશે. 20આથી હું મારું બળ બતાવીશ, અને ત્યાં
વિવિધ પ્રકારનાં પરાક્રમો કરીને મિસરને ખોખરું કરીશ, ત્યાર
પછી તે તમને જવા દેશે. 21ઈસ્રાએલી લોકો ઉપર મિસરના
લોકોને દયા થાય તેમ હું કરીશ, પરિણામે જયારે તમે નીકળશો
ત્યારે ખાલી હાથે નહિં નીકળો.

22"પણ દરેક સ્રી તેની મિસરી પડોશણ પાસેથી અને તેના
ઘરમા રહેનારી મિસરી સ્ત્રી પાસેથી સોનારૂપાનાં દાગીનાં
અને સુંદર કિમતી વસ્ત્રો માગી લેશે, અને તે તમે તમારાં
પુત્રપુત્રીઓને પહેરવા આપશો; આમ તમે મિસરીઓનું ધન
લૂંટી શકશો."

### મૂસા માટે પ્રમાણ

4 ત્યારે મૂસાએ દેવને કહ્યું, "જયારે હું ઈસ્રાએલના લોકોને
કહીશ કે તમે મને મોકલ્યો છે ત્યારે એ લોકો મારા
પર વિશ્વાસ નહિ કરે અને કહેશે, "યહોવા તને પ્રત્યક્ષ
નથી થયા."

2પરંતુ દેવે મૂસાને કહ્યું, "તેં તારા હાથમાં શું રાખ્યું છે?"

મૂસાએ જવાબ આપ્યો, "લાકડી, એ તો મારા ફરવા
માટેની છે."

3ત્યારે દેવે કહ્યું, "તારી લાકડીને જમીન પર ફેંકી દે."

એટલે મૂસાએ તેની લાકડી જમીન પર ફેંકી દીધી ને તે
સાપ બની ગઈ. અને તે તેનાથી ડરી ગયો ને ભાગવા લાગ્યો.
4પરંતુ યહોવાએ મૂસાને કહ્યું, "આગળ જા, અને સાપની
પૂંછડી પકડી લે."

જયારે મૂસાએ તેમ કર્યુ તો હાથમાં સાપ ફરી પાછી લાકડી
બની ગઈ. 5તેથી દેવે કહ્યું, "તારી લાકડીનો આ પ્રમાણે
ઉપયોગ કર, એટલે લોકોને વિશ્વાસ બેસશે કે તેઓના
પિતૃઓના દેવ યહોવાએ એટલે ઈબ્રાહિમ, ઈસહાક, અને
યાકૂબના દેવે તને દર્શન દીધાં હતાં."

6પછી યહોવાએ મૂસાને કહ્યું, "હું તને બીજો એક પુરાવો
આપુ છું.તારો હાથ ડગલાની અંદર છાતી પર મૂક."

તેણે હાથ અંદર મૂક્યો અને જયારે પાછો કાઢયો ત્યારે,
હાથે કોઢ થયેલો હતો, અને હાથ બરફ જેવો સફેદ થઈ ગયો
હતો.

7પછી દેવે કહ્યું, "તારો હાથ પાછો ડગલાની અંદર છાતી
ઉપર મૂક." એટલે તેણે ફરી હાથ ડગલાની અંદર મૂક્યો,
અને જયારે તેણે તે બહાર કાઢયો ત્યારે, જુએ છે તો ફરી
તેના બાકીના શરીર જેવો જ સાજો થઈ ગયો હતો.

8પછી દેવે કહ્યું, "જો લોકો તારા વિસ્મય લાકડીની નિશાની
પછી પણ તારો વિશ્વાસ ના કરે તો આ બીજા પરચાથી
તેમને વિશ્વાસ બેસશે. 9અને જો આ બે નિશાની પરચાઓ
બતાવ્યા પછી પણ જો તેમને વિશ્વાસ ના બેસે અને તેઓ
તારી વાત ના સાંભળે તો તારે નાઈલ નદીમાંથી થોડું પાણી
લઈને જમીન પર રેડવું જેથી તે લોહી થઈ જશે."

10પરંતુ મૂસાએ યહોવાને કહ્યું, "હે યહોવા, હું સાચું કહું
છું કે હું કંઈ સારો વકતા નથી. હું લોકો સાથે કુશળતાપૂર્વક
વાત કરવાને યોગ્ય નથી. અને હવે તમારી સાથે વાતચીત
કર્યા પછી પણ હું કુશળ વકતા નથી. તમને ખબર છે કે
બોલવામાં હું મંદ છું અને ઉત્તમ શબ્દોનો પ્રયોગ કરી શકતો
નથી. 11ત્યારે યહોવાએ તેને કહ્યું, "માણસને મોઢું કોણે
આપ્યું છે? અને તેને મૂંગો કે બહેરો કોણ બનાવે છે? અને
માણસને નજરે સબળ કે આંધળો કોણ બનાવે છે? એ હું છુ
યહોવા જે આ બધું જ કરી શકુ છું. હું યહોવા છું. 12માટે
હવે જા, જયારે તું બોલીશ ત્યારે હું તારી સાથે રહીશ. હું તને
બોલવા માટે શબ્દો આપીશ."

13છતાં મૂસાએ કહ્યું, "હે મારા યહોવા, કૃપા કરીને ગમે તે
બીજા કોઈને મોકલો, મને નહિં."

14યહોવા મૂસા પર ગુસ્સે થયા, અને કહ્યું, "હું તને મદદ
કરવા માટે એક માણસ મોકલીશ. હું તારા ભાઈ હારુનનો
ઉપયોગ કરીશ. તે કુશળ વકતા છે અને જો, તે તને મળવા
આવી રહ્યો છે, તને જોઈને તેનું હૃદય આનંદ પામશે. 15તે
તમારી સાથે ફારુનને ઘેર આવશે. તારે શું કહેવાનું છે તે હું
તને કહીશ, તે તું તેને કહેજે. હું તમને બંનેને તમારે શું

કરવાનું છે તેનો આદેશ આપીશ. 16હારુન જ તમારા માટે લોકો સાથે વાત કરશે. તું તેમના માટે મહાન તરીકે રહીશ અને તે તારો અધિકૃત વકતા હશે. તે તારું મોઢું અને તું તેનો દેવ. 17એટલા માટે જા, અને તારી લાકડી સાથે લઈ જા. એના વડે તારે પેલા લોકોને ચમત્કારો કરી બતાવવાના છે."

### મૂસાનું મિસર પાછું ફરવું

18પછી મૂસાએ પોતાના સસરા યિર્થ્રો પાસે પાછા જઈને કહ્યું, "કૃપા કરીને મને જરા મારા લોકો પાસે મિસર પાછો જવા દો. હું એ જોવા માંગું છું કે તેઓ હજી જીવે છે! કે."

યિર્થ્રોએ તેને કહ્યું, " સુખશાંતિથી જા."

19તે સમયે મૂસા મિદ્યાનમાં હતો. દેવે તેને કહ્યું, "આ સમયે તારા માટે મિસર જવું સુરક્ષિત છે. જે વ્યકિતઓ તને મારવા ઈચ્છતા હતા તે બધા મરી ગયા છે."

20આથી મૂસા પોતાની પત્ની અને પુત્રોને ગધેડા પર ચડાવી પાછો મિસર જવા નીકળ્યો. મૂસાએ પેલી લાકડીને પોતાની સાથે રાખી, જેમાં દેવની શકિત હતી.

21જે સમયે મૂસા મિસર પાછો જઈ રહ્યો હતો, તે વખતે દેવે તેને કહ્યું, "જયારે તું ફારુન સાથે વાત કરે ત્યારે મેં તને જે જે ચમત્કાર બતાવવાની શકિત આપી છે તે બધા ફારુન આગળ કરી બતાવજે. પણ હું તેને હઠાગ્રહી બનાવી દઈશ એટલે તે તારા લોકોને જવા દેશે નહિ. 22ત્યારે તું ફારુનને કહેજે : 23યહોવા કહે છે કે, 'ઈસ્રાએલ મારો પહેલા ખોળાનો પુત્ર છે. અને મેં તને કહ્યું છે કે, મારા પુત્રને મારી ઉપાસના કરવા જવા દે. જો તું એને જવા દેવાની ના પાડશે,તો હું તારા પહેલા ખોળાના પુત્રની હત્યા કરીશ.'"

### મૂસાના પુત્રની સુન્નત

24મૂસા પોતાની મિસરની યાત્રા કરી રહ્યો હતો. મુસાફરોને વિરામ કરવા બનાવેલા એક સ્થાને તે સૂવા માટે રોકાયો. યહોવા એ મુકામે તેને મળ્યા. અને તેને મારી નાખવા માટે પ્રયત્ન કર્યો. 25પણ સિપ્પોરાહે એક ચકમકનો ધારદાર પથ્થર લઈ પોતાના પુત્રની સુન્નત કરી અને તે ચામડી મૂસાના પગે અડાડીને તે બોલી: "ખરેખર તમે તો મારા લોહીથી વરેલા વરરાજા છો!"

26સિપ્પોરાહે આ એટલા માટે કહ્યું, કારણ કે તેને તેના પોતાના પુત્રની સુન્નત કરવી પડી હતી. એટલા માટે દેવે મૂસાને માફી આપી અને તેની હત્યા કરી નહિં.

### દેવ સમક્ષ મૂસા અને હારુન

27યહોવાએ હારુન સાથે વાત કરી હતી. યહોવાએ તેને કહ્યું હતું, "રણમાં જા અને મૂસાને મળ." એટલા માટે હારુન દેવના પર્વત પર જઈને તેને મળ્યો અને ભેટી પડ્યો. 28મૂસાએ પોતાને યહોવાએ જે જે કહીને મોકલ્યો હતો તે, અને તેને જે જે ચમત્કારો બતાવવાનું કહ્યું હતુ તે બધું કહી સંભળાવ્યું.

29ત્યારબાદ મૂસા અને હારુન ગયા અને ઈસ્રાએલના લોકોના બધા વડીલોને એકત્રીત કર્યા. 30પછી હારુને લોકોને યહોવાએ જે જે કહ્યું હતું, તે બધુંજ કહી સંભળાવ્યું. તથા મુસાએ લોકો સમક્ષ ચમત્કાર કરી બતાવ્યા. 31લોકોને વિશ્વાસ બેઠો કે દેવે જ મૂસાને મોકલ્યો છે. તેઓએ મસ્તક નમાવી તેને પ્રણામ કર્યા અને દેવની સેવા કરી, કારણ કે તેઓને ખબર હતી કે દેવ ઈસ્રાએલના લોકોની મદદ કરવા આવ્યા હતા. અને તેમણે દેવની ઉપાસના કરી કારણ કે તેઓ જાણતા હતા કે યહોવાએ તેમના દુ:ખો જોયાં હતા.

### ફારુન સમક્ષ મૂસા અને હારુન

5 લોકોની સાથે વાત કર્યા પછી મૂસા અને હારુન મિસરના રાજા ફારુન પાસે ગયા. તેઓએ કહ્યું, "ઈસ્રાએલના દેવ યહોવા કહે છે, 'મારા લોકોને મારા માનમાં ઉત્સવ ઊજવવા રણમાં જવા દે.'"

2પરંતુ ફારુને કહ્યું, "યહોવા વળી કોણ છે? હું શા માટે તેનો આદેશ માનું? શા માટે હું ઈસ્રાએલીઓને જવા દઉં? તમે જેને યહોવા કહો છો, તેને હું ઓળખતો નથી, તેથી હું ઈસ્રાએલીઓને જવા દેવાની ના પાડુ છું."

3ત્યારે હારુન અને મૂસાએ કહ્યું, "હિબ્રૂઓના દેવે અમને લોકોને દર્શન આપ્યાં છે, એટલા માટે અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે અમને રણમાં ત્રણ દિવસ પ્રવાસ કરવા દો. ત્યાં અમે અમારા દેવ યહોવાને એક યજ્ઞ અર્પણ કરીશું જો અમે એ પ્રમાણે નહિં કરીએ તો તેમનો ક્રોધ ભભૂકી ઊઠશે અને અમારો નાશ કરશે. તે અમને મરકી કે તલવારનો ભોગ બનાવશે,"

4પરંતુ ફારુને તેમને કહ્યું, "ઓ મૂસા અને હારુન, તમે લોકોને હેરાન શા માટે કરો છો? તમે તે લોકોના કામમાં આડા આવો છો, તેમને તેમનું કામ કરવા દો. તમારે બન્ને એ પણ તમારું કામ શરુ કરવું જોઈએ. 5જુઓ, હમણા અહીં ઘણા મજૂરો છે અને તમે તે લોકોને કામમાંથી આરામ આપવા ઈચ્છો છો?"

### ફારુને લોકોને સજા કરી

6બરાબર તે જ દિવસે ફારુને ઈસ્રાએલના લોકો પાસે સખત કામ લેવાનો આદેશ મુકાદમોને આપ્યો. અને ઈસ્રાએલના મુખીઓને હુકમ કર્યો કે, 7"હવે તમારે એ લોકોને ઈંટો બનાવવા માટે પરાળ આપવું નહિ; એ લોકોને જાતે જઈને પરાળ ભેગું કરવા દો. 8પરંતુ ધ્યાન રાખજો, અત્યાર સુધી એ લોકો જેટલી ઈંટો બનાવતા આવ્યા હતા તેટલી જ ઈંટો એમની પાસે બનાવડાવજો, એમાં ઘટાડો થવો જોઈએ નહિં, કારણ કે, હવે તે લોકો આળસુ થઈ ગયા છે. તેથી બૂમો પાડે છે કે, અમને અમારા દેવના યજ્ઞો કરવા જવા દો. 9એટલા માટે તે લોકો પાસે વધારે સખત કામ લો. એમને કામમાં રોકી રાખો. પછી એમની પાસે મૂસાની જૂઠી વાતો સાંભળવાનો સમય જ નહિં રહે."

10તેથી એ લોકોના મુકાદમોએ અને મુખીઓએ લોકોની પાસે જઈને કહ્યું. "ફારુને નિર્ણય કર્યો છે કે તે તમને લોકોને ઈંટો બનાવવા માટે પરાળ નહિ આપે. 11તમારે જાતે જ

તમારા માટે પરાળ ભેગું કરવા જવું પડશે. તેથી જાઓ, પરાળ ભેગું કરો. પરંતુ તમે લોકો પહેલા જેટલી ઈંટો બનાવતા હતા તેમાં સહેજ પણ ઘટાડો કરવામાં નહિ આવે."

12આથી પ્રત્યેક વ્યકિત આખા મિસર દેશમાં પરાળ બનાવવા માટે ખૂંપરા વીંણવા ફેલાઈ ગયા.

13મુકાદમો સખત કામ કરવા માટે તાકીદ કરતા જ રહ્યા. "પહેલાં પરાળ મળતું હતું ને રોજ જેટલું કામ કરતા હતા તેટલું જ તમારે પૂરું કરવું પડશે.

14ફારુનના મુખીઓએ ઈસ્રાએલીઓ ઉપર જે મુકાદમો દેખરેખ રાખવા નિયુકત કર્યા હતા તેમને ખૂબ માર મારીને પૂછવામાં આવતું કે, ઈંટો અત્યાર સુધી જેટલી બનાવતા હતા તેટલી આજકાલ અગાઉની જેમ કેમ પૂરી કરતા નથી?"

15એટલે ઈસ્રાએલીઓના મુખીઓ ફારુનની સમક્ષ આવીને પોકાર કરવા લાગ્યા, "તમે તમારા સેવકો સાથે આવો વર્તાવ કેમ રાખો છો? 16તમારા સેવકોને પરાળ આપવામાં આવતું નથી તેમ છતાં અમને એમ કહેવામાં આવે છે કે ઈંટો પાડો; જરા જુઓ તો ખરા, તમારા સેવકોને કેવો માર મારવામાં આવે છે! ખરેખર, વાંક તો તમારા માણસોનો છે."

17એટલે ફારુને કહ્યું, "તમે બધા તો આળસુ લોકો છો, તેથી કહો છો કે 'અમને યહોવાના યજ્ઞો કરવા જવા દો. 18માટે હવે જાઓ, કામે લાગી જાઓ, તમને પરાળ આપવામાં નહિ આવે; અને નક્કી કરેલી ઈંટો તો તમારી વરધી પ્રમાણે પૂરી કરવી જ પડશે."

19હિબ્રૂ મુકાદમોને જાણમા આવ્યું કે તેઓ તકલીફમાં છે.તેમને ખબર હતી કે તેઓ માણસો પાસેથી પહેલા જેટલી ઈંટો તૈયાર નથી કરાવી શકતા.

20અને પછી ફારુનની પાસેથી તેઓ નીકળ્યા ત્યારે મૂસા અને હારુન તેઓને રસ્તામાં મળ્યા. તેઓ તેમની રાહ જોતા ઊભા હતા.

21તેઓએ મૂસા અને હારુનને કહ્યું, "તમે શું કર્યુ છે એ યહોવા જુએ અને તમને સજા કરે. કારણ તમે અમને ફારુન અને તેના સેવકોની નજરમાં તિરસ્કૃત બનાવી દીધા છે; અને અમારી હત્યા કરવા માટે તેમને એક બહાનું આપી દીધું છે."

### મૂસાની દેવને ફરિયાદ

22ત્યારે મૂસાએ યહોવાને પ્રાર્થના કરી અને કહ્યું, "ઓ યહોવા, તમે આ લોકોના આવા ભૂંડા હાલ શા માટે કર્યા? વળી તમે મને જ શા માટે મોકલ્યો? 23કારણ કે હું તમારા નામે ફારુન સાથે વાત કરવા આવ્યો ત્યારથી તેણે આ લોકોનું ભૂંડુ કરવા માંડયુ છે, અને તમે તમારા લોકોને બચાવવાં માટે કશું જ કર્યુ નથી."

6 પછી યહોવાએ મૂસાને કહ્યું, "હવે તું જોઈશ કે હું ફારુનની શી હાલત કરું છું. હું મારી મહાન શકિતનો ઉપયોગ તેના વિરોધમાં કરીશ. અને હું તેને મારા લોકોને બહાર જવા દેવાની ફરજ પાડીશ. અને તે બળવાન હાથથી એ લોકોને તેના દેશમાંથી હાંકી કાઢશે."

2અને દેવે મૂસાને કહ્યું. 3"એ હું હતો જે ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબ સમક્ષ પ્રગટ થયો હતો તેમણે મને એલ શદાય (સર્વસમર્થ દેવ) કહ્યો. પરંતુ મેં મારું યહોવા નામ તેમને જણાવ્યું નહોતું. 4મેં તેમની સાથે કરાર કર્યો, તેઓ જે દેશમાં જઈને વસ્યા હતા તે કનાન દેશનું મેં તેમને વચન આપ્યું હતું.તેઓ ત્યા રહેતા હતા,પણ તે તેમનો પોતાનો પ્રદેશ ન હતો. 5મે ઈસ્રાએલના લોકોનાં ઊહંકાર સાંભળ્યા છે. હું જાણું છું કે તેઓ મિસરના ચાકરો છે અને મેં મારો કરાર સંભાર્યો છે. 6એટલા માટે ઈસ્રાએલના લોકોને કહો કે, 'હું તેમને કહું છું, હું યહોવા છું. હું તમારા લોકોનું રક્ષણ કરીશ. હું તમને લોકોને મિસરીઓની મજુરીમાંથી છોડાવીશ અને ગુલામીમાંથી મુકત કરીશ. હું મારી મહાન શકિતનો ઉપયોગ કરીને મિસરીઓને ભયંકર શિક્ષા કરીશ પછી હું તમારો ઉધ્ધાર કરીશ.

7"તમે બધા લોકો મારા થશો ને હું તમારા બધાનો દેવ થઈશ. હું યહોવા તમારા લોકોનો દેવ છું એની તમને ત્યારે ખબર પડશે જયારે હું તમને મજુરીમાંથી મુકિત અપાવીશ. 8હું યહોવા છું, મેં ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબને જે દેશ આપવાનું પ્રતિજ્ઞાપૂર્વક વચન આપ્યું હતું, તે દેશમાં હું તમને લઈ જઈશ અને તમને તેના વારસદાર બનાવીશ.'"

9એટલા માટે મૂસાએ એ વાત ઈસ્રાએલના લોકોને કહી. પણ તે વખતે તે લોકો આકરી ગુલામીથી એવા હતાશ થઈ ગયા હતા કે તેમણે તેની વાત સાંભળી નહિ.

10ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, 11"જાઓ, અને મિસરના રાજા ફારુનને કહો કે તે ઈસ્રાએલના લોકોને આ દેશમાંથી જરૂર બહાર જવા દે."

12પરંતુ મૂસાએ યહોવાને કહ્યું, "ઈસ્રાએલના લોકો મારી વાત સાંભળવા પણ નથી માગતા, તો પછી ફારુન શી રીતે સાંભળશે? મને તો સારી રીતે બોલતાં પણ નથી આવડતું."

13પરંતુ યહોવાએ મૂસા અને હારુન સાથે વાતચીત કરી. દેવે તેમને આજ્ઞા કરી કે, તમારે મિસરના રાજા ફારુન પાસે જવું અને ઈસ્રાએલીઓને મિસર બહાર લઈ આવવા.

### ઈસ્રાએલના કેટલાક કુટુંબો

14ઈસ્રાએલના પરિવારોના આગેવાનોનાં નામ આ પ્રમાણે છે; ઈસ્રાએલના સૌથી મોટા પુત્ર રૂબેનને ચાર પુત્રો હતા. તેઓ હનોખ, પાલ્લુ, હેસ્રોન અને કાર્મી હતા; 15શિમયોનના પુત્રો યમુએલ, યારીન, ઓહાદ યાખીન સોહારને શાઉલ, જે એક કનાની સ્રીને પેટે અવતર્યા હતા. 16લેવીના પુત્રો ગેર્શોન, કહાથ અને મરારી હતા. તેઓ એમને નામે ઓળખાતાં પરિવારોના પૂર્વપુરુષો હતા. લેવીનું આયુષ્ય 137 વર્ષ હતું. 17ગેર્શોનના પુત્રો લિબ્ની અને શિમઈ. 18કોહાથના પુત્રો હતા, અમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને ઉઝઝીએલ, કહાથનું આયુષ્ય 133 વર્ષનું હતું. 19મરારીના પુત્રો માહલી અને મૂશી હતા. આ બધા પરિવાર ઈસ્રાએલના પુત્ર લેવીના હતા.

20આમ્રામ પોતાની ફોઈ યોખેબેદ સાથે પરણ્યો અને તેને હારુન અને મૂસાના જન્મ થયા. અમ્રામનું આયુષ્ય 137 વર્ષનું હતું.

21યિસ્હારના પુત્રો હતા કોરાલ, નેફેગ અને ઝિખ્રી. 22ઉઝઝીએલના પુત્રો હતા મીશાએલ, એલ્સાફાન અને સિથ્રી.

23હારુનના વિવાહ આમ્મીનાદાબની પુત્રી અને નાહશોનની બહેન અલીશેબા સાથે થયા. અને અલીશેબાને નાદાબ, અબીહૂ, એલઆઝાર અને ઈથામાર અવતર્યા. 24કોરાહના પુત્રો હતા. આસ્સીર, એલ્કાનાહ અને અબિઆસાફ. આ પરિવારો કોરાહીઓનાં પિતૃઓ છે. 25હારુનના પુત્ર એલઆઝારે પૂટીયેલની પુત્રી સાથે લગ્ન કર્યા અને તેણે ફીનહાસને જન્મ આપ્યો. આ બધાજ પૂર્વપુરુષો લેવી વંશના પરિવારના હતા.

26આ રીતે ફારુન અને મૂસા આ કૂળ-સમૂહના હતા અને તે એ જ વ્યક્તિઓ છે જેની સાથે દેવે વાત કરી હતી. અને કહ્યું હતું કે "ઈસ્રાએલીઓને ટૂકડી પ્રમાણે મિસરમાંથી બહાર કાઢો."

27હારુન અને મૂસાએ જ મિસરના રાજા ફારુન સાથે વાત કરી. તેમણે ફારુનને કહ્યું કે, "તે ઈસ્રાએલના લોકોને મિસરની બહાર લઈ જવા દે."

### દેવે મૂસાને ફરીવાર બોલાવ્યો

28મિસર દેશના દેવે મૂસા સાથે વાત કરી. 29તેમણે કહ્યું, "હું યહોવા છું, હું તને કહું છું, તે બધું જ મિસરના રાજા ફારુનને કહેજે."

30અને મૂસાએ કહ્યું, "હું સ્પષ્ટ રીતે બોલતો નથી તો પછી ફારુન મારી વાત શી રીતે સાંભળશે?"

7 યહોવાએ મૂસાને કહ્યું, "હું તારી સાથે રહીશ. હું તારો દેખાવ એવો કરીશ કે તું ફારુનની સામે એક મહાન રાજા લાગીશ અને તારો ભાઈ હારુન તારો પ્રવક્તા બનશે. 2હું તને જે આદેશ આપુ તે બધા તારે હારુનને કહેવા,હું જે કહું તે રાજા ફારુનને કહેશે, પછી ફારુન ઈસ્રાએલી લોકોને આ નગર છોડવા દેશે. 3પણ હું ફારુનને હઠાગ્રહી બનાવી દઈશ, જેથી તું જે કંઈ કહીશ તેને તે માનશે નહિં. એથી હું કોણ છું તે સાબીત કરવા હું મિસર દેશમાં અનેક ચમત્કારો કરીશ. પરંતુ તે છતાં પણ તે સાંભળશે નહિં. 4એટલા માટે હું મિસર દેશ પર મારો હાથ ઉગામીશ અને તેને કારમી સજા કરીને મારાં સૈન્યોને મારી ઈસ્રાએલી પ્રજાને મિસરની બહાર કાઢી લાવીશ. 5ત્યારે મિસરના લોકોને ખબર પડશે કે હું યહોવા છું, હું તેમની વિરુધ્ધ થઈ જઈશ અને તેઓ જાણશે કે હું યહોવા છું, જયારે હું મારા લોકોને તેમના દેશમાંથી બહાર લઈ જઈશ."

6મૂસાએ અને હારુને યહોવાએ જે આજ્ઞા કરી હતી તેનું પાલન કર્યુ. 7તે સમયે જયારે તેમણે ફારુન સાથે વાત કરી ત્યારે મૂસાની ઉમર 80 વર્ષની અને હારુનની ઉમર 83 વર્ષની હતી.

### મૂસાની લાકડીનું સાપ બનવું

8યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, 9"જયારે ફારુન તમને એમ કહે કે, તમારી શકિત સાબિત કરવા માટે, 'કોઈ ચમત્કાર બતાવો.' ત્યારે તારે હારુનને કહેવું કે, 'તારી લાકડી લઈને ફારુનની આગળ જમીન પર નાખી દે એટલે એ સાપ બની જશે."

10એટલા માટે મૂસા અને હારુન મિસરના રાજા ફારુન પાસે ગયા અને યહોવાની આજ્ઞા પ્રમાણે તેમણે કર્યુ. હારુને ફારુન અને તેના અમલદારો સમક્ષ જમીન પર પોતાની લાકડી નાખી દીધી અને તે સાપ બની ગઈ.

11ત્યારે ફારુને જ્ઞાની પંડિતોને અને જાદુગરોને બોલાવ્યા. મિસરના જાદુગરોએ પણ તેમની મેલી વિધા વડે હારુનના જેવો ચમત્કાર કરી બતાવ્યો. 12તેઓએ તેમની લાકડીઓ જમીન પર ફેંકી અને તે સાપ બની ગઈ. પણ હારુનની લાકડી તેમની લાકડીઓને ગળી ગઈ. 13ફારુને તેમ છતાં હઠાગ્રહ છોડયો નહિં અને લોકોને જવાની ના પાડી. અને યહોવાએ કહ્યું હતું તેમ,મૂસા અને હારુનની વાત સાંભળી નહિ.

### પાણીનું લોહી બનવું

14પછી યહોવાએ હારુન અને મૂસાને કહ્યું, "ફારુને હઠ પકડી છે, એ મારી પ્રજાને જવા દેવાની ના પાડે છે. 15ફારુન સવારે નદી કિનારે આવશે. તમે નાઈલ નદીના કિનારે-કિનારે જાઓ. અને જે લાકડી સાપ થઈ ગઈ હતી, તે સાથે લઈને નદીકાંઠે તમે તેની રાહ જોતા ઊભા રહેજો. અને તેને કહેજો કે, 16'હિબ્રૂ લોકોના દેવ યહોવાએ મને તમારી પાસે મોકલ્યો છે અને કહેવડાવ્યું છે કે, મારા લોકોને મારી ઉપાસના કરવા માટે રણમાં જવા દે: જો અત્યાર સુધી તેં યહોવાની વાત કાને ધરી નથી.' 17હવે, યહોવા કહે છે કે, 'હું યહોવા છું એની તમને આના પરથી ખબર પડી જશે. જો હું નાઈલ નદીના પાણી પર મારા હાથમાંની લાકડી પછાડીશ એટલે તે લોહી થઈ જશે; 18ત્યારે નાઈલ નદીની માછલીઓ મરી જશે. અને નદીમાંથી દુર્ગંધ આવશે અને મિસરવાસીઓને માટે એનું પાણી પીવાલાયક પણ રહેશે નહિં.'"

19પછી યહોવાએ મૂસાને કહ્યું, "તું હારુનને એમ કહે કે, તારી લાકડી લઈને મિસરનાં તમામ જળાશયો ઉપર, નદીઓ ઉપર, નહેરો અને તળાવો ઉપર તારો હાથ ફેલાવ એટલે તે બધું જ પાણી લોહી બની જાય. અને સમગ્ર મિસર દેશમાં લાકડાના અને પથ્થરનાં બધાં વાસણોમાં પણ પાણીનું લોહી થઈ જશે."

20એટલા માટે મૂસા અને હારુને યહોવાની જેવી આજ્ઞા હતી તે પ્રમાણે કર્યુ. હારુને ફારુન અને તેના અમલદારોના દેખતા લાકડી ઉપાડીને નાઈલના પાણી પર પ્રહાર કર્યો. અને બધું જ પાણી લોહી થઈ ગયું. 21નદીમાં બધી માછલીઓ મરી ગઈ અને નદીમાંથી દુર્ગંધ આવવા લાગી. અને મિસરના લોકો માટે નદીનું પાણી પીવા માટે નકામું થઈ ગયું. સમગ્ર મિસરમાં લોહી થઈ ગયું.

22મિસરના જાદુગરોએ પણ પોતાની મેલીવિધાથી તે પ્રમાણે
કર્યુ, તેથી ફારુને મૂસા અને હારુનની વાત કાને ન ધરી.
યહોવાએ જેવું કહ્યું હતું બરાબર એ જ પ્રમાણે થયું. 23આ
બાબતને ધ્યાનમાં લીધા વિનાજ ફારુન પોતાના મહેલમાં
પાછો ફરી ગયો. મૂસા અને હારુને જે કાંઈ કર્યુ તેની તેણે
ઉપેક્ષા કરી.

24મિસરવાસીઓ નાઈલ નદીનું પાણી પી શકતા ન હતા
તેથી તેમણે નદીની આજુબાજુ ચારેબાજુ કૂવાઓ ખોધ્યા
અને વીરડા ગાળ્યા.

### દેડકાંઓ

25યહોવા દ્વારા નાઈલ નદી પર પ્રહાર કર્યાને પૂરા સાત
દિવસ વીતી ગયા.

8 પછી યહોવાએ મૂસાને કહ્યું, "ફારુન પાસે જઈને તેને
કહો કે, યહોવા આમ કહે છે: 'મારા લોકોને મારી
ઉપાસના કરવા જવા દે. 2પણ જો ફારુન તેમને જવા દેવાની
ના પાડશે તો હું મિસર દેશમાં દેડકાંઓનો ઉપદ્રવ મચાવીશ.
3નાઈલ નદી દેડકાંઓથી ભરાઈ જશે. તે નદીમાંથી નીકળીને
તમારાં ઘરોમાં, તમારા શયનખંડમાં, તમારા પલંગ ઉપર,
તમારા અમલદારોના તથા તમારી પ્રજાનાં ઘરોમાં, તેમના
રસોડામાં અને તેમના પાણીના ઘડાઓમાં ચઢી આવશે.
4દેડકાંઓ તમારા ઉપર, તમારી પ્રજા ઉપર અને તમારા
અમલદારો પર ફેલાશે.'"

5પછી યહોવાએ મૂસાને કહ્યું, "હારુનને કહો કે તે પોતાના
હાથની લાકડીને નહેરો, નદીઓ અને સરોવરો ઉપર ફેલાવે,
જેથી મિસર દેશ પર દેડકાંઓ ચઢી આવે."

6ત્યારે હારુને મિસર દેશમાં જયાં જયાં જળાશયો હતા
તેના ઉપર હાથ ઉઠાવ્યો અને દેડકાંઓ પાણીમાંથી બહાર
આવીને સમગ્ર મિસર દેશમાં છવાઈ ગયા.

7મિસરના જાદુગરોએ પણ એવું જ કર્યું. તેઓ પણ મિસર
દેશમાં દેડકાંઓ લઈ આવ્યા.

8પછી ફારુને મૂસા અને હારુનને બોલાવીને કહ્યું,
"યહોવાને તમે પ્રાર્થના કરો કે તે મને અને મારી પ્રજાને
દેડકાંઓના ઉપદ્રવથી છોડાવે, તો પછી હું તમારા લોકોને
યહોવાને યજ્ઞો અર્પવા જવા દઈશ."

9મૂસાએ ફારુનને કહ્યું, "તમે કૃપા કરીને મને કહો કે મારે
તમારા માટે, તમારા અમલદારો માટે અને તમારી પ્રજા માટે
યહોવાને પ્રાર્થના ક્યારે કરવી અને દેડકાં તમારી પાસેથી
અને તમારા ઘરોમાંથી હઠી જાય અને માત્ર નદીમાં જ રહે
એવું કરવું."

10ફારુને કહ્યું, "આવતી કાલે," મૂસાએ કહ્યું, "તમે જેવું
કહો છો તેવું જ થશે. જેથી તમને ખબર પડી જશે કે અમારા
દેવ યહોવા સમાન બીજું કોઈ નથી. 11દેડકાં તમારી આગળથી
અને તમારા ઘરોમાંથી અને તમારા અમલદારો તેમજ પ્રજા
આગળથી ચાલ્યા જશે, અને માત્ર નાઈલ નદીમાં જ રહેશે."

12પછી મૂસા અને હારુન ફારુન પાસેથી વિદાય થયા.
પછી મૂસાએ ફારુન સાથે નક્કી થયા પ્રમાણે દેડકાંઓ વિષે
યહોવાને વિનંતી કરી. 13અને યહોવાએ મૂસાના કહ્યાં પ્રમાણે
કર્યુ. ઘરોમાંના, ઘરના ચોકમાંનાં તથા ખેતરોમાંનાં દેડકાંઓ
મરી ગયા. 14તેથી મરેલાં દેડકાંઓના ઢગલા ભેગા થયા.
પરિણામે તેમનાં કોવાઈ જવાને કારણે સમગ્ર દેશમાં દુર્ગંધ
પ્રસરી ગઈ. 15ફારુને જોયું કે, એ તો દેવનું કરેલું છે. અને
દેશ દેડકાઓથી મુક્ત છે પણ તે પાછો હઠીલો થઈ ગયો.
અને મૂસા અને હારુનની વાત સાંભળી નહિ. આ તો જેમ
દેવે કહ્યું હતું તેમજ બન્યું.

### જૂઓ

16પછી યહોવાએ મૂસાને કહ્યું, "હારુનને કહો કે તે પોતાની
લાકડી ઉઠાવીને જમીન પરની ધૂળ પર મારે. અને આખા
મિસર દેશમાં સર્વત્ર ધૂળની જૂ થઈ જાય."

17તેમણે તે પ્રમાણે કર્યુ; અને હારુને લાકડી લઈને પોતાનો
હાથ ઊંચો કરીને જમીનની ધૂળ પર પ્રહાર કર્યો, એટલે
સર્વત્ર ધૂળની જૂ થઈ ગઈ. અને તે જૂઓ માણસો અને
ઢોરઢાંખર પર છવાઈ ગઈ.

18મિસરના જાદુગરોએ પોતાના જંતરમંતરનો ઉપયોગ કર્યો
અને એવું જ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ જાદુગર ધૂળમાંથી
જૂઓ બનાવી શકયા નહિ. અને મનુષ્યો તથા ઢોરઢાંખર પર
જૂઓ છવાઈ ગઈ. 19એટલા માટે જાદુગરોએ ફારુનને કહ્યું
કે દેવની શકિતથી જ આ બન્યું છે. પરંતુ ફારુને તેમને
સાંભળ્યા નહિં અને હઠીલો જ રહ્યો.જેવું યહોવાએ કહ્યું હતું
બરાબર એ જ પ્રમાણે થયું.

### માખીઓ

20યહોવાએ મૂસાને કહ્યું, "સવારે વહેલો ઊઠીને ફારુન
પાસે જા, ફારુન નદી કિનારે ફરવા નીકળે ત્યારે તેની રાહ
જોઈને ત્યાં ઊભો રહેજે. અને તેને કહેજે કે, યહોવા એમ
કહે છે કે, 'મારા લોકોને મારી ઉપાસના કરવા જવા દે. 21જો
તું મારા લોકોને નહિ જવા દે તો તારા ઘરમાં, તારા ઉપર,
તથા તારા અમલદારો ઉપર તથા તારી પ્રજા ઉપર ઘરોમાં
માખીઓ મોકલીશ. અને મિસરના લોકોનાં ઘરો માખીઓથી
ભરાઈ જશે; અને માખીઓ આખી જમીન પર પણ હશે. "
22પણ તે દિવસે હું ઈસ્રાએલના લોકો સાથે આવો વ્યવહાર
કરીશ નહિ, અને ગોશેન પ્રાંતમાં જયાં મારા લોકો વસે છે
ત્યાં કોઈ માખી હશે નહિ, એટલે તને ખબર પડશે કે હું
યહોવા આ દેશમાં છું. 23આમ હું મારી પ્રજા અને તારી પ્રજા
વચ્ચે જુદો વર્તાવ રાખીશ તે મારો પરચો અને એંધાણ હશે.'"

24અને પછી યહોવાએ એ પ્રમાણે કર્યુ. તેમના કહ્યાં પ્રમાણે
ફારુનના મહેલમાં, અને તેના અમલદારોના ઘરોમાં તથા
આખા મિસર દેશમાં માખીઓનાં મોટાં મોટાં ઝુંડ ધસી
આવ્યાં અને સમગ્ર દેશ માખીઓથી પાયમાલ થઈ રહ્યો
હતો. 25એટલે ફારુને મૂસા અને હારુનને બોલાવ્યા, ફારુને
કહ્યું, "તમે લોકો તમારા દેવને આ દેશમાં યજ્ઞો અર્પો."

26પરંતુ મૂસાએ કહ્યું, "એ પ્રમાણે કરવું એ યોગ્ય નથી,
કારણ કે અમે અમારા દેવ યહોવાને પશુઓને યજ્ઞમાં અર્પીએ

તેને મિસરના લોકો અપવિત્ર ગણે છે. એથી મિસરના લોકો
જેને પવિત્ર ગણે છે તે પશુઓની આહુતિ આપીએ તો તેઓ
અમને પથ્થરો મારીને મારી નહિ નાંખે? 27અમને લોકોને
ત્રણ દિવસ રણમાંથી પસાર થઈ જવા દો. અને અમારા દેવ
યહોવાને યજ્ઞો અર્પવા દો. યહોવાએ અમને આમ કરવા
કહેલ છે."

28એટલે ફારુને કહ્યું, "હું તમને લોકોને તમારા દેવ યહોવાને
યજ્ઞો અર્પવા માટે રણમાં જવા દઈશ, પરંતુ ફકત તમારે બહુ
દૂર જવું નહિ અને મારા માટે પણ પ્રાર્થના કરવી."

29મૂસાએ કહ્યું, "સારું, હું અહીંથી તમારી પાસેથી જઈને
તરત જ યહોવાને પ્રાર્થના કરીશ કે તમે અને તમારા અમલદારો
અને તમારી પ્રજા આવતી કાલે સવારે માખીઓના ત્રાસથી
મુકત થાઓ તેમ કરે. પણ તમારે અમને મૂર્ખ નથી
બનાવવાના. યહોવાને યજ્ઞો અર્પવા અમને રણમાં જવા દો.
અમને રોકશો નહિ."

30એટલે મૂસા ફારુન પાસેથી વિદાય થઈને યહોવા પાસે
ગયો અને પ્રાર્થના કરી, 31અને યહોવાએ મૂસાએ જે કહ્યું તે
પ્રમાણે કર્યુ. અને ફારુન, તેના અમલદારો અને તેની પ્રજા
માખીઓના ત્રાસથી મુકત થયા. એક પણ માખી ક્યાંય
જોવા મળી નહિ. 32પરંતુ ફારુન ફરી પાછો હઠાગ્રહી થઈ
ગયો અને ઈસ્રાએલના લોકોને જવા ન દીધા.

### ખેતરના પશુઓમાં રોગચાળો

9 ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, "ફારુનની પાસે જા અને
તેને કહે કે, હિબ્રૂઓના દેવ યહોવા એમ કહે છે કે,
'મારા લોકોને મારી ઉપાસના કરવા દે.' 2હજુ પણ જો તું ના
પાડશે અને તેમને રોકી રાખશે તો ધ્યાનથી સાંભળ, 3હું
તારાં ખેતરનાં ઢોરોમાં, ઘોડાઓમાં અને ગધેડાંઓમાં, ઊંટોમાં
અને ગાયબળદોમાં અને ઘેટાંબકરાંઓમાં મોટો ભયંકર
રોગચાળો ફેલાવીશ અને તને સજા કરીશ. 4પરંતુ યહોવા
ઈસ્રાએલીઓનાં ઢોર અને મિસરનાં ઢોર વચ્ચે જુદો વ્યવહાર
કરશે. જેથી ઈસ્રાએલીઓની માલિકીનું કોઈપણ ઢોર મરશે
નહિ. 5અને યહોવાએ સમય નક્કી કરીને કહ્યું, "હું આવતી
કાલે આ દેશમાં એનો અમલ કરીશ.'"

6અને બીજે દિવસે સવારે મિસરમાં યહોવાએ એ પ્રમાણે
કર્યું, મિસરવાસીઓનાં બધાં ઢોર મરી ગયાં પરંતુ
ઈસ્રાએલીઓનું એક પણ ઢોર મર્યું નહિ. 7ફારુને પોતાના
માણસોને તપાસ કરવા મોકલ્યા કે ઈસ્રાએલના લોકોનું એકે
ઢોર મર્યુ છે કે નહિ. તેને જણાવવામાં આવ્યુ કે ઈસ્રાએલીઓનું
કોઈ પણ ઢોર મર્યુ નથી. ફારુને હઠાગ્રહ ચાલુ રાખ્યો તેણે
લોકોને જવા દીધા નહિ.

### ગૂમડાં

8યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, "તમારા હાથમાં
ભઠ્ઠીમાંથી મુઠ્ઠીઓ ભરીને રાખોડું લો અને ફારુનના દેખતા
મૂસાએ હવામાં ફેંકવી. 9પછી એ ઝીણી રજની જેમ આખા
મિસર દેશમાં ફેલાઈ જશે. અને તેનાથી સમગ્ર મિસરના
માણસો અને ઢોરોને ગૂમડાં થશે અને તે ફાટીને ઘારાં બની
જશે."

10એટલે મૂસા અને હારુને ભઠ્ઠીમાંથી રાખોડું લીધું. પછી
ફારુનની આગળ ઊભા રહીને મૂસાએ આકાશ તરફ રાખોડું
ફેંક્યું એટલે માણસોને અને ઢોરોને ગૂમડાં થયાં, અને તે
ફાટીને ધારાં પડી ગયાં. 11મિસરના જાદુગરો મૂસાને આવું
કરતા રોકી શકયા નહિ, કારણ કે જાદુગરોને તથા બધાજ
મિસરના લોકોને ગૂમડાં ફૂટી નીકળ્યાં હતાં. 12પરંતુ યહોવાએ
ફારુનને હઠે ચડાવ્યો, અને કહ્યું હતું તે પ્રમાણે ફારુને મૂસાની
અને હારુનની વાત સાંભળી નહિ.

### કરાની વર્ષા

13પછી યહોવાએ મૂસાને કહ્યું, "સવારમાં વહેલા ઊઠીને
ફારુન પાસે ઊભો રહીને તેને કહેજે કે, 'હિબ્રૂઓના દેવ
યહોવા એમ કહે છે કે, 'મારા લોકોને મારી ઉપાસના કરવા
જવા દે. 14જો તું આમ નહી કરે તો હું મારી બધી શકિત
તારા ઉપર, તારા અમલદારો પર અને તારા લોકો પર
વાપરીશ.ત્યારે તને ખબર પડશે કે જગતમાં મારા જેવો
બીજો કોઈ દેવ નથી. 15કારણ કે અત્યાર સુધીમાં મેં કયારની,
તારા ઉપર અને તારી પ્રજા ઉપર રોગચાળો મોકલી, તને
સજા કરી હોત તો તું ભૂમિ ઉપરથી નષ્ટ થઈ ગયો હોત.
16પણ મેં તને એટલા માટે જીવતો રાખ્યો છે કે હું તને મારી
તાકાત બતાવી શકું. અને સમગ્ર પૃથ્વી પર મારું નામ પ્રગટ
થાય. 17શું તું હજુ પણ મારા લોકોની વિરુધ્ધ છે? તું મારા
લોકો સાથે ઘમંડી વર્તાવ રાખી તેમને જવા દેતો નથી? 18યાદ
રાખજે, આવતી કાલે આ જ સમયે હું એવો તો ભારે કરાનો
વરસાદ વરસાવીશ કે મિસરમાં કદી પડ્યો નથી, મિસર દેશ
બન્યો ત્યારથી તો નહીજ. 19એટલે અત્યારે જ માણસ
મોકલીને તારા ઢોરોને તથા ખેતરમાં જે કાંઈ હોય તે બધાંને
સુરક્ષિત જગ્યાએ મંગાવી લેજે. કારણ જે કોઈ માણસ કે ઢોર
ખેતરમાં હશે, એને ઘરમાં રાખવામાં નહિં આવ્યું હોય તો
તેના પર કરા વરસશે અને તેઓ મરણ પામશે.'"

20પછી ફારુનના કેટલાક અમલદારોએ યહોવાના વચન
સાંભળ્યાં. તેઓ ગભરાઈ ગયા. તેઓએ વહેલા વહેલા પોતાના
ચાકરોને અને ઢોરોને ઘરમાં લાવી દીધાં. 21પણ જેમણે
યહોવાના વચનને ધ્યાનમાં લીધાં નહિં તેમણે પોતાના
ગુલામોને અને ઢોરોને ખેતરમાંજ રહેવા દીધાં.

22પછી યહોવાએ મૂસાને કહ્યું, "તારા હાથ આકાશ તરફ
હવામાં લંબાવ, જેથી આખા મિસર દેશમાં માણસો, ઢોરો
અને ખેતરના બધા છોડ ઉપર કરા પડે."

23પછી મૂસાએ પોતાની લાકડી આકાશ ભણી ઊંચી કરી
એટલે યહોવાએ વીજળીના કડાકા સાથે જમીન પર કરા
વરસાવ્યા અને કરા આખા મિસર દેશ પર પડયા. 24કરા
પડી રહ્યાં હતા અને કરાની સાથે વીજળી ઝબકારા મારતી
હતી. મિસર દેશ રાષ્ટ્ર બન્યો ત્યારથી આજસુધી કદી ન
પડયો હોય એવો ભારે કરાનો વરસાદ આખા દેશમાં પડયો.
25તોફાનને કારણે મિસરના ખેતરોમાં જે કાંઈ હતું તે બધાનો

નાશ થઈ ગયો. કરાના કારણે આખા મિસર દેશમાં માણસો, પશુઓ, તથા જે કાંઈ ખેતરમાં હતુ તે બધુ કરાના મારથી નાશ પામ્યું. કરાએ ખેતરમાંના એકેએક છોડને તેમ જ એકેએક ઝાડને ભોંયભેગાં કરી દીધાં. 26ગોશેન પ્રાંતમાં જયાં ઈસ્રાએલીઓ રહેતા હતા ત્યાં જ ફક્ત કરા ન પડયા.

27પછી ફારુને મૂસા અને હારુનને બોલાવડાવ્યા, અને કહ્યું, "આ વખતે મેં પાપ કર્યુ છે, યહોવા સાચા છે અને હું તથા મારી પ્રજા ગુનેગાર છીએ. 28તમે યહોવાને અરજ કરો, કારણ કે આ કરા અને કટકાથી અમે ધરાઈ ગયા છીએ. હું તમને જવા દઈશ, હવે તમારે અહીં રોકાવું નહિ પડે."

29મૂસાએ ફારુનને કહ્યું, "જયારે હું નગર છોડીશ ત્યારે હું પ્રાર્થના માટે યહોવાની આગળ મારા હાથ લંબાવીશ. એટલે વીજળીના કડાકા બંધ થઈ જશે. અને કરા પણ નહિ પડે. આ પરથી તને ખબર પડશે કે આખા જગતનો માલિક યહોવા છે. 30પણ મને ખબર છે કે તમે અને તમારા અમલદારો હજુ પણ યહોવાથી ગભરાતા નથી અને તેમનું સન્માન પણ કરતા નથી."

31શણ અને જવનો તો ઘાણ વળી ગયો હતો. કારણ કે જવને કંટી આવી હતી અને શણને ફૂલ બેઠાં હતાં. 32પરંતુ ઘઉં અને કઠોળ મોડાં થાય છે એટલે તે ખૂંદાઈ ગયાં નહિ.

33મૂસા ફારુનને છોડીને નગર બહાર આવ્યો. અને યહોવા સમક્ષ પોતાના હાથ લંબાવી પ્રાર્થના કરી. એટલે કડાકા અને કરા પડતા બંધ થઈ ગયા.

34પછી જયારે ફારુને જોયું કે વર્ષા, કરા અને કડાકા બંધ થઈ ગયા એટલે ફરીથી તેણે ખોટું કર્યુ. તે અને તેના અમલદારો ફરીથી હઠે ચડયા. 35ફારુને ઈસ્રાએલના લોકોને સ્વતંત્ર રીતે જવા દેવાની ના પાડી દીધી. યહોવાએ મૂસાને કહ્યું હતું બરાબર તે જ પ્રમાણે થયું.

## તીડો

10 પછી યહોવાએ મૂસાને કહ્યું, "તું ફારુન પાસે જા. કારણ મેં તેને અને તેના અમલદારોને એટલા માટે હઠાગ્રહી બનાવ્યા છે કે જેથી હું તેમને મારા શકિતશાળી ચમત્કાર બતાવી શકું." 2અને તું તારા પુત્રને અને પૌત્રોને કહી શકે કે મેં આ મિસરના લોકોને કેવી સખત સજા આપી હતી, અને મેં તેમને શું ચમત્કાર બતાવ્યા હતા. આથી તમને ખબર પડશે કે હું જ યહોવા છું."

3એટલા માટે મૂસા અને હારુન ફારુન પાસે ગયા અને કહ્યું, "હિબ્રૂઓના દેવ યહોવા આ કહે છે; 'તું કયાં સુધી મારી આજ્ઞાનું પાલન કરવા ના કરીશ? મારા લોકોને મારી ઉપાસના કરવા જવા દે. 4ધ્યાન રાખ, જો તું મારા લોકોને મારી ઉપાસના કરવા જવા દેવાની ના પાડશે તો, યાદ રાખજે, આવતી કાલે હું તારા દેશમાં તીડો લાવીશ. 5અને તે લોકો જમીનને એવી ઢાંકી દેશે કે કોઈ જમીન જોવા જ પામશે નહિ. અને કરાની વર્ષા પછી તારી પાસે જે કાંઈ વધ્યું છે તે તેઓ ખાઈ જશે; તેઓ તારા ખેતરમાનું એકેએક વૃક્ષ ખાઈ જશે. 6તેઓ તારા મહેલોને તથા તારા અમલદારોના અને તમામ મિસરવાસીઓનાં ઘરોને ભરી દેશે. તારા પિતૃઓએ મિસરમાં રહેવાનું શરુ કર્યુ ત્યારથી કદી ન જોયા હોય તેના કરતા વધારે તીડો હશે.'" ત્યારબાદ મૂસા ફારુન પાસેથી ચાલ્યો ગયો.

7ફારુનના અમલદારોએ તેને કહ્યું, "અમે કયાં સુધી આ લોકોની જાળમાં ફસાયેલા રહીશું? એ લોકોને એમના દેવ યહોવાની ઉપાસના કરવા જવા દો. તમે એમને જવા નહી દો તો, તમને ખબર પડે તે પહેલા, મિસરનો વિનાશ થઈ જશે !" 8એટલે મૂસાને અને હારુનને ફારુન પાસે પાછા બોલાવવામાં આવ્યા. પછી ફારુને તેમને કહ્યું, "ભલે, તમે જાઓ અને તમારા દેવ યહોવાની ઉપાસના કરો, પણ તમે કોણ કોણ જશો?"

9મૂસાએ જવાબ આપ્યો "અમારા યુવાન અને વૃદ્ધ બધાંજ જશે; અને અમે અમારા પુત્રપુત્રીઓ તથા ઘેટાંબકરાં અને ઢોરને પણ લઈ જઈશું. અમે બધાં જ જઈશું કારણ, એ અમારા માટે અમારા યહોવાનો ઉત્સવ છે."

10ફારુને તેમને કહ્યું, "હું તમને અને તમારાં સર્વ બાળબચ્ચાંને મિસરમાંથી જવા દઉં તે પહેલા દેવ ખરેખર તમારી સાથે હોવા જોઈયે. મને લાગે છે કે તમે કઈ ખરાબ વિચારી રહ્યા છો. 11ના ભાઈ ના, જાઓ, એકલા પુરુષો જાઓ અને યહોવાની ઉપાસના કરો. એટલી જ તમારી માગણી હતી. હવે તમારા બધાજ લોકો જઈ શકે નહિ." પછી ફારુને મૂસા અને હારુનને જવા દીધાં.

12પછી યહોવાએ મૂસાને કહ્યું, "મિસરની ભૂમિ પર તારો હાથ ફેલાવ એટલે મિસર ઉપર તીડો આવશે. તીડો મિસરની તમામ ભૂમિ પર પ્રસરી જશે અને કરાથી બચી ગયેલાં તમામ વૃક્ષો અને છોડોને ખાઈ જશે."

13મૂસાએ પોતાની લાકડીને મિસર દેશ પર ઉઠાવી અને યહોવાએ તે આખો દિવસ અને આખી રાત પૂર્વ તરફથી પવન ફૂંકાવ્યો, અને સવાર થતાં સુધીમાં તો એ તોફાની પૂર્વનો પવન તીડોના ટોળાં લઈ આવ્યો. 14સમગ્ર મિસર પર તીડો ચડી આવ્યાં અને દેશભરમાં પ્રવેશી અને ભૂમિ પર બેસી ગયાં. આવાં તીડોનાં ટોળાં અગાઉ કદી આવ્યાં નહોતાં અને ભવિષ્યમાં કદાપિ આવશે નહિ. 15તીડોનાં ટોળે ટોળાં સમગ્ર ભૂમિ પર છવાઈ ગયા અને ધરતી કાળી કાળી થઈ ગઈ. કરામાંથી બચી ગયેલા મિસર દેશના તમામ છોડો અને વૃક્ષો ઉપરનાં બધાંજ ફળ તેઓ ખાઈ ગયાં. સમગ્ર મિસર દેશનાં લીલાં વૃક્ષો અને છોડો નામશેષ થઈ ગયા. કોઈપણ છોડ પર એકે પાંદડું રહ્યું નહિ.

16ફારુને મૂસા અને હારુનને વહેલા બોલાવડાવ્યા, અને તેણે કહ્યું, "મેં તમારા દેવ અને તમારી વિરુધ્ધ પાપ કર્યુ છે. 17આ વાર મારો ગુનો માફ કરો, અને તમારા દેવ યહોવાને પ્રાર્થના કરો અને તેમને અરજ કરો કે તેઓ મને આ "મોત" ના તીડો મારામાંથી બહાર કાઢે."

18મૂસા ફારુનની પાસેથી વિદાય થયો અને તેણે યહોવાને પ્રાર્થના કરી. 19એટલે યહોવાએ પવનની દિશા બદલી નાંખી; અને પશ્ચિમમાંથી ભારે તોફાની પવન ફૂંકાવા લાગ્યો. અને

તેણે તીડોને ઉપાડીને રાતા સમુદ્રમાં હાંકી કાઢયાં. સમગ્ર
મિસરમાં એક પણ તીડ રહ્યું નહિ. 20પરંતુ યહોવાએ ફારુનને
વળી પાછો હઠાગ્રહી બનાવ્યો અને તેણે ઈસ્રાએલીઓને
જવા ન દીધા.

### સર્વત્ર અંધકાર

21પછી યહોવાએ મૂસાને કહ્યું, "તારા હાથોને આકાશ
તરફ ફેલાવ. એટલે ગાઢ અંધકાર મિસર દેશને ઢાંકી દેશે, એ
અંધકાર એટલો બધો ગાઢ હશે કે તમે તેને સ્પર્શ કરીને
અનુભવી શકશો."

22એટલે મૂસાએ હવામાં આકાશ તરફ હાથ ઉગામ્યો અને
પ્રગાઢ અંધકારે મિસર દેશને ઢાંકી દીધો. મિસરમાં ત્રણ દિવસ
સુધી અંધકાર રહ્યો. 23કોઈપણ વ્યકિત બીજા કોઈને જોઈ
શકતી ન હતી. અને ત્રણ દિવસ સુધી કોઈ પોતાની જગ્યાએથી
ઊભું થઈ શકયું નહિ, પરંતુ તે બધી જ જગ્યાઓ પર જયાં
ઈસ્રાએલના લોકો રહેતા હતા ત્યાં પ્રકાશ હતો.

24ફારુને મૂસાને ફરી બોલાવ્યો અને કહ્યું, "જાઓ, અને
યહોવાની ઉપાસના કરો. તમે તમારી સાથે તમારાં બાળકોને
પણ લઈ જઈ શકો છો. ફકત તમારાં ઘેટાંબકરાં અને ઢોરને
પાછળ મૂકતા જજો."

25મૂસા એ કહ્યું, "અમે અમારા ઘેટાંબકરાં અને ઢોર અમારી
સાથે લઈ જઈશું એટલું જ નહિ પરંતુ જયારે અમે લોકો
જઈશું ત્યારે તમે અમને યજ્ઞ માટેના અર્પણો પણ આપશો
અને અમે લોકો એ અર્પણોનો દેવ યહોવાની ઉપાસના માટે
ઉપયોગ કરીશું. 26અમે લોકો અમારાં ઢોર અમારી સાથે
અમારા દેવ યહોવાની ઉપાસના માટે લઈ જઈશું. એક પણ
ઢોર ના પગની ખરી પાછળ રહેવી જોઈએ નહિ. અમારા
ઢોરોમાંથી અમે અમારા દેવ યહોવાને નૈવેધ ચડાવવાના
છીએ, અને જયાંસુધી અમે તે જગ્યાએ પહોંચીએ નહિ
ત્યાંસુધી અમને કેવી રીતે ખબર પડે કે અમારે યહોવાને શું
અર્પણ કરવાનું છે?" તેથી આ બધી જ વસ્તુઓ તો જરૂર
અમે અમારી સાથે લઈ જઈશું."

27યહોવાએ ફારુનને પાછો હઠાગ્રહી બનાવ્યો, તેથી ફારુને
તેમને જવા દેવા માટે ના પાડી. 28પછી ફારુને મૂસાને કહ્યું,
"મારી પાસેથી દૂર હઠ, હું નથી ઈચ્છતો કે તું ફરીવાર અહીં
આવે. એમ છતાં જો તું મને મળવા આવીશ તો માર્યો જઈશ,
ખબરદાર! મને ફરી મોઢું બતાવ્યું તો! અને જો બતાવ્યું તો તે
જ દિવસે મૂઓ જાણજે."

29પછી મૂસાએ ફારુનને કહ્યું, "તું જે કહે છે તે સાચું છે.
હું ફરીથી તમને મળવા કદાપી આવીશ નહી."

### પ્રથમ જનિત બાળકોનાં અવસાન

11 ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, "હજી ફારુન અને
મિસરની વિરુધ્ધ હું એક વધારે આફત લાવીશ.
ત્યાર પછી તે તમને લોકોને અહીંથી જવા દેશે; વસ્તુતઃ તે
તમને બધાંને અહીંથી જવા માટે અરજ કરશે. 2તમે
ઈસ્રાએલના લોકોને આ સંદેશો અવશ્ય આપજો; 'પ્રત્યેક
પુરુષ પોતાના પાડોશી પાસે અને પ્રત્યેક સ્રી પોતાની પડોશણ
પાસે સોનાચાંદીના અલંકારો માગી લે. અને 3યહોવા
મિસરવાસીઓના હૃદયમાં ઈસ્રાએલી લોકો માટે સદભાવ
પેદા કરશે. મિસરના અમલદારો અને લોકો મૂસાને બહુ
મોટો માનવ માનવા લાગ્યા.'"

4મૂસાએ લોકોને કહ્યું, "યહોવા એમ કહે છે કે, 'આજે
મધરાત્રે હું મિસરમાંથી પસાર થઈશ. 5અને મિસરમાં પહેલા
ખોળાનાં બધાંજ બાળકોનાં મૃત્યુ થશે. રાજગાદી ઉપર
બેસનાર ફારુનના પ્રથમજનિત રાજકુમારથી માંડીને ઘંટીએ
દળણાં દળનારી દાસીના પ્રથમજનિત સુધીનાં તમામ ઉપરાંત
પશુઓનાં પણ બધાંજ પ્રથમજનિત બચ્ચાં પણ મૃત્યુ પામશે.
6અને સમગ્ર મિસર દેશમાં ભારે રડારોળ થશે, તે પહેલાં
કદી ન હતો એના કરતા વધારે ખરાબ હશે અને ભવિષ્યમાં
કદી થશે નહિ. 7પરંતુ ઈસ્રાએલના કોઈપણ મનુષ્યને કશી
પણ ઈજા થશે નહિ કૂતરું પણ તેમની સામે ભસશે નહિ
ઈસ્રાએલના કોઈપણ માણસ અથવા તેમના કોઈપણ
જાનવરોને ઈજા થશે નહિં. એના પરથી તમે જાણી શકશો કે
યહોવા મિસરીઓ તથા ઈસ્રાએલ પુત્રો વચ્ચે ભેદ રાખે છે.
8અને પછી તમારા આ બધાજ ચાકરો મિસર વાસીઓ માથા
નમાવીને મારી પૂજા કરશે. તેઓ કહેશે કે, "ચાલ્યા જાઓ!
તમારા બધાં લોકોને તમારી સાથે લઈ જાવ" અને પછી હું
ક્રોધથી ફારુન પાસેથી નીકળી જઈશ.'"

9પછી યહોવાએ મૂસાને કહ્યું, "ફારુને તમારી વાત સાંભળી
નથી, કેમ? તેથી હું મિસર દેશમાં વધુ મહાન પરચા બતાવી
શકું."

10અને એ જ કારણે મૂસાએ અને હારુને ફારુનના દેખતાં
જ આ બધા ચમત્કારો કરી બતાવ્યા. અને યહોવાએ ફારુનને
હઠાગ્રહી બનાવ્યો અને તેણે ઈસ્રાએલી લોકોને પોતાના દેશની
બહાર જવા દીધા નહિ.

### મુકિત પર્વનો નિર્દેશ

12 મૂસા અને હારુન જયારે મિસરમાં હતા ત્યારે
યહોવાએ તેમને કહ્યું, 2"તમારા લોકો માટે આ
મહિનો વર્ષનો પહેલો મહિનો ગણાશે. 3ઈસ્રાએલના આખા
સમાજને આદેશ છે કે: આ મહિનાના દસમા દિવસે પ્રત્યેક
વ્યકિતને પોતાના પરિવારના માટે એક ઘેટાનુ બચ્ચું પ્રાપ્ત
કરશે. 4અને જો પૂરતાં પ્રમાણમાં પરિવારમાં એક હલવાનને
ખાઈ શકે તેટલા માણસો ના હોય તો પોતાના કેટલાક
પડોશીઓને નિમંત્રણ આપવું. પ્રત્યેક વ્યકિતને પુરતું ખાવા
મળી રહે તેટલું હલવાનનું માંસ હોવું જોઈએ. 5તમે પસંદ
કરેલ હલવાન ખોડ-ખાંપણ વગરનું એક વર્ષનું નરજાતિનું
અને તે ઘેટા અથવા બકરામાંથી જ પસંદ કરવું જોઈએ.
6તમારે આ હલવાનને મહીનાના ચૌદમા દિવસ સુધી
સંભાળપૂર્વક રાખવું જોઈએ. તે દિવસે ઈસ્રાએલી સમાજના
તમામ લોકો સંધ્યાકાળે તેમનાં હલવાનનો વધ કરશે. 7તમારે
તે હલવાનોનું લોહી ભેગું કરવું જોઈએ. જે જે ઘરમાં એ

ખાવાનું હોય તે તે ઘરની બંને બારસાખ ઉપર અને ઓતરંગ
પર છાંટવું જોઈએ.
8"તે જ રાત્રે તમારે હલવાનના માંસને શેકી લેવું અને
પછી બેખમીર રોટલી તથા કડવી ભાજી સાથે ખાવું. 9અને
એ માંસ કાંચુ કે પાણીમાં બાફીને ન ખાવું. પણ પગ, માથું,
અને આંતરડાં સાથે શેકીને ખાવું. 10તે જ રાત્રે બધું જ માંસ
ખાઇ લેવું જોઈએ. અને જો એમાંનું કંઈ સવાર સુધી રહે તો
તે માંસને તમારે બાળી મૂકવું.
11"અને તે તમારે આ રીતેજ ખાવું જોઈએ; તમારે યાત્રામા
જતા હોય તેવા કપડા પહેરવા, પગમાં પગરખાં પહેરીને,
હાથમાં લાકડી લઈને, ઉતાવળે ઉતાવળે ખાવું, કેમકે આ
દેવનુ દુર્લક્ષ છે–એ સમય જ્યારે દેવે પોતાનાં લોકોનું રક્ષણ
કર્યુ અને તેમને વહેલા મિસર ની બહાર લઈ ગયા.
12"આજે રાત્રે હું મિસરમાં થઈને જઈશ, અને આખા
મિસર દેશનાં બધાં પ્રથમજનિત બાળકોને મારી નાખીશ.
પછી તે માણસ હોય કે પશુ; મિસરના બધા દેવોને પણ હું
સજા કરીશ. અને હું તેમને બતાવીશ કે હું યહોવા છું.
13પરંતુ તમારા ઘર ઉપર લાગેલું એ લોહી એ તમે ત્યાં રહ્યા
છો તેની નિશાની બની રહેશે અને જયારે હું લોહી જોઈશ
એટલે તમને છોડીને આગળ ચાલ્યો જઈશ. હું મિસરના
લોકો માટે વિનાશક કાર્યો કરીશ પણ તેમાના કોઈપણ ખરાબ
રોગો તમારો નાશ નહિ કરે.
14"તેથી તમે લોકો આજની આ રાતનું સદા સ્મરણ કરશો,
અને તમારે એને યહોવાના ઉત્સવ તરીકે ઊજવવો. અને
નિત્યનિયમાનુસાર તમારા વંશજોએ યહોવાના માનમાં તેની
ઊજવણી કરવી.

### બેખમીર રોટલીનો ઉત્સવ

15"આ પવિત્ર પર્વના સાત દિવસો સુધી તમારે બેખમીર
રોટલી ખાવી. આ પવિત્ર પર્વ ના પહેલે દિવસે પોતપોતાના
ઘરોમાંથી બધું જ ખમીર હઠાવી દેવું. અને જો કોઈ વ્યકિત
આ સાત દિવસ સુધી ખમીરવાળી રોટલી ખાય તો તેને
ઈસ્રાએલથી જુદો કરવામાં આવશે. 16આ પવિત્ર પર્વના
પ્રથમ દિવસે અને સાતમા અંતિમ દિવસે પવિત્ર ધર્મસભાઓ
ભરવી. એ દિવસો દરમ્યાન બીજું કોઈ કામ કરવું નહિ.
માત્ર પ્રત્યેકને જમવા માટે રસોઈ તૈયાર કરવી. 17તમારે
બેખમીર રોટલીનું પર્વ ઉજવવું, કારણ કે એ જ દિવસે મેં
તમારા લોકોને ટુકડી-વાર મિસર દેશમાંથી બહાર કાઢયાં
હતાં, તેથી એ દિવસે તમારા વંશજોએ કાનૂન પાળવો. 18પ્રથમ
મહિનાના ચૌદમા દિવસની સાંજથી માંડીને તે માસના
એકવીસમા દિવસની સાંજ સુધી તમારે બેખમીર રોટલી
ખાવી. 19સાત દિવસ સુધી તમારા ઘરમાં ખમીર હોવું જોઈએ
નહિ. જો કોઈ વ્યકિત ખમીરવાળી વસ્તુ ખાશે તો તેનો
ઈસ્રાએલી સમાજમાંથી બહિષ્કાર કરવામાં આવશે. પછી તે
દેશનો વતની હોય કે વિદેશનો હોય. 20ખમીરવાળી કોઈપણ
વસ્તુ તમારે ખાવી નહિ અને તમારાં બધાંજ ઘરોમાં તમારે
બેખમીર રોટલી જ ખાવાની છે."

21તેથી મૂસાએ બધાજ વડીલોને એક જગ્યાએ બોલાવ્યા
અને તેમને કહ્યું, "જાઓ, તમારા પરિવાર પ્રમાણે હલવાન
લઈ આવો અને એ પાસ્ખાના બલિને કાપો. 22પછી પાંદડાનો
ઝુડો લઈને રકતના કૂડામાં બોળી એકતરંગને અને બન્ને
બારસાખ પર તે રકત લગાડજો, અને સવાર સુધી તમારામાંથી
કોઈએ ઘરમાંથી બહાર નીકળવું નહિ. 23કારણ કે મિસર
વાસીઓના બધાં પ્રથમ જનિતોનો સંહાર કરવા યહોવા
દેશમાંથી પસાર થશે. અને તે સમયે તેઓ તમારા ઘરની બે
બારસાખ ઉપર અને ઓતરંગ ઉપર રકત જોશે. એટલે તે
તમારું બારણું ટાળીને આગળ જશે અને મોતના દેવદૂતને
તમારા ઘરમાં પ્રવેશીને કોઈનો સંહાર કરવા દેશે નહિ. 24તમે
લોકો આ કાનૂનને સદા યાદ રાખજો. આ નિયમ તમારા
પોતાને માટે અને તમારા વંશજોને માટે કાયમી નિયમ તરીકે
સમજીને પાળજો. 25અને યહોવાએ તમને જે દેશ આપવાનું
વચન આપેલું છે તે દેશમાં તમે પહોંચો ત્યારે પણ તમારે આ
નિયમનું પાલન કરવું. 26જયારે તમને લોકોને તમારાં બાળકો
પૂછશે, 'આપણે આ ઉત્સવ શા માટે ઉજવીએ છીએ?' 27ત્યારે
તમે લોકો કહેશો, 'એ તો યહોવાના માનમાં પાસ્ખા પર્વ છે,
કારણ કે જયારે યહોવાએ મિસરવાસીઓનો સંહાર કર્યો ત્યારે
આપણાં ઘરોને ટાળીને આગળ ચાલ્યા જઈને તેમણે આપણાં
ઘરોને ઉગારી લીધાં હતા. ત્યારે ઈસ્રાએલીઓએ મસ્તક
નમાવી પ્રણામ કર્યા.'"
28યહોવાએ આ આદેશ મૂસાને અને હારુનને આપ્યો
હતો. તેથી ઈસ્રાએલના લોકોએ યહોવાના આદેશ પ્રમાણે
કર્યુ.
29અને મધરાતે યહોવાએ મિસર દેશના બધાંજ
પ્રથમજનિત બાળકોનો–ગાદી ઉપર બેસનારા ફારુનના
પાટવીકુંવરથી માંડીને જેલમાં કેદ કરાયેલા કેદીઓના
પ્રથમજનિત સુધીના તમામ ઉપરાંત ઢોરોનો પણ બધાંજ
પ્રથમજનિત બચ્ચાંઓનો સંહાર કર્યો. 30ફારુન અને તેના
બધાજ અમલદારો તથા બધા મિસરવાસીઓ મધરાતે જાગી
ઊઠયા. સમગ્ર મિસરમાં ભયંકર આક્રંદ હતો. કારણ કે જેના
ઘરમાં કોઈ પ્રથમજનિત પુત્રનું મરણ ન થયું હોય એવું કોઈ
ઘર મિસરમાં નહોતું.

### ઈસ્રાએલીઓની મિસરમાંથી મુક્તી

31એટલે તે રાત્રે ફારુને મૂસાને અને હારુનને બંનેને તેડાવી
મંગાવ્યા અને કહ્યું, "તૈયાર થઈ જાઓ, અને મારી પ્રજામાંથી
ચાલ્યા જાઓ! તમે અને ઈસ્રાએલીઓ બંન્ને જાઓ, અને
તમે જે કહ્યું હતું તે પ્રમાણે યહોવાની ઉપાસના કરો. 32અને
તમારા કહ્યા પ્રમાણે તમે તમારાં ઘેટાંબકરાં અને ઢોરઢાંખર
પણ લઈ જાઓ, મારી વિદાય લો, અને મને આશિષ આપો."
33મિસરવાસીઓ, એ લોકોને જેમ બને તેમ વહેલા દેશ
છોડી જવા દબાણ કરીને કહેવા લાગ્યા, "જો તમે લોકો નહિ
જાઓ તો અમે બધા મરી જઈશું."
34ઈસ્રાએલના લોકો પાસે રોટલીના લોટમાં ખમીર નાખવા
જેટલો પણ સમય ન હતો, તેથી તે લોકોએ આથો ચડયા

વગરનો જ લોટ અને કથરોટ ચાદરમાં બાંધીને ખભે લઈ
લીધું. 35પછી ઈસ્રાએલના લોકોએ મૂસાના કહ્યા પ્રમાણે
કર્યુ, "તેમણે પોતાના પડોશીઓ પાસેથી સોનાચાંદીના ઘરેણાં
અને વસ્રો માગી લીધાં હતાં. 36યહોવાએ મિસરવાસીઓના
હૃદયમાં એ લોકોના માટે સદભાવ પેદા કર્યો હતો, તેથી
તેઓએ ઈસ્રાએલીઓએ જે જે માગ્યું તે તેમણે આપ્યું. આમ
ઈસ્રાએલી લોકોને મિસરવાસીઓનું ધન પ્રાપ્ત થયું.

37ઈસ્રાએલના લોકો પગપાળા રામસેસથી સુક્કોથ જવા
નીકળ્યા. લગભગ 6,00,000 પુરુષો અને સ્રી-બાળકો તો
જુદાં હતાં. 38જુદી જુદી જાતના લોકો મોટી સંખ્યામાં તેમની
સાથે આવ્યા. અને પુષ્કળ ઘેટાંબકરાં અને ઢોરઢાંખર પણ
હતાં. 39પરંતુ લોકો પાસે લોટમાં ખમીર નાખવાનો સમય
ન હતો, તેથી મિસરથી જે લોટ લાવ્યા હતા તેની બેખમીર
રોટલી બનાવી. આથો ચડયો નહોતો, કારણ કે તેમને
મિસરમાંથી એકદમ હાંકી કાઢવામાં આવ્યા હતાં; તેમને
ભાથું તૈયાર કરવાનો પણ સમય મળ્યો નહોતો.

40ઈસ્રાએલના લોકો મિસરમાં 430 વર્ષ રહ્યાં હતા. 41અને
430 વર્ષ પૂરાં થતાં જ તે જ દિવસે યહોવાના લોકોની બધી
ટુકડીઓ મિસર દેશમાંથી ચાલી નીકળી. 42તો આ એક
બહુજ ખાસ રાતે લોકોએ યાદ રાખવું કે દેવે શું કર્યુ હતું.
ઈસ્રાએલનાં સર્વ લોકો તે રાત ને હમેશા યાદ રાખશે.

43પછી યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, "આ પાસ્ખા
પર્વની વિધિ છે. કોઈપણ વિદેશી પાસ્ખાપર્વનું ખાઈ શકે
નહિ. 44પરંતુ જો કોઈ વ્યકિત પૈસા આપીને ચાકર ખરીદશે
અને જો તેની સુન્નત કરશે તો તે ચાકર તેમાંથી ખાઈ શકશે.
45કોઈ પરદેશી બહારથી આવીને તમારા દેશમાં વસ્યો હોય
અથવા કોઈ માણસ પગારથી કામ કરતો હોય તો તે માણસ
કે મજૂર પણ એ ખાઈ શકે નહિ.

46"દરેક પરિવારે પસાર થયેલું જમણ ઘરમાં ખાવું, જરાપણ
માંસ તમારે બહાર લઈ જવાનું નથી. તમારે બલિનું એક
હાડકું સુધ્ધાં ભાગવું નહિ. 47સમગ્ર ઈસ્રાએલી સમુદાય આ
ઉત્સવને અવશ્ય પાળે અને ઉજવે. 48પણ કોઈ વિદેશી
તમારી સાથે રહેતો હોય અને તે જો તમારી પાસે યહોવાના
માનમાં પાસ્ખાપર્વ પાળવા માગતો હોય તો તે તેના પરિવારના
બધા પુરુષોની સુન્નત કરાવ્યા પછી તે પર્વમાં જોડાઈ શકે;
તેને દેશનો જ વતની માનવો. પરંતુ સુન્નત કરાવ્યા વિનાના
કોઈપણ માણસે તે ખાવું નહિ. 49દેશમાં જન્મ ધારણ કરનાર
વતનીઓ માટે અને તમારી સાથે રહેતા વિદેશીઓ માટે પણ
નિયમો તો એક જ રહેશે."

50ઈસ્રાએલના બધા લોકોએ એમ જ કર્યુ, યહોવાએ મૂસાને
અને હારુનને આજ્ઞા કરી હતી તે પ્રમાણે તેમણે કર્યુ, 51અને
તે જ દિવસે યહોવા ઈસ્રાએલી લોકોને જૂથોમાં મિસર દેશમાંથી
બહાર કાઢી લાવ્યા.

13 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2"પ્રત્યેક
ઈસ્રાએલીઓએ તેમનાં બધાંજ પ્રથમજનિત
બાળકો મને સમર્પિત કરવાં. હવે ઈસ્રાએલીઓમાં જે કોઈ
પ્રથમ પ્રસવનું હોય, પછી તે માણસ હોય કે પશુ હોય તે
મારું ગણાશે."

3મૂસાએ લોકોને કહ્યું, "તમે આ દિવસને યાદ રાખજો, જે
દિવસે તમે મિસરમાંથી ગુલામીના દેશમાંથી બહાર નીકળ્યા
છો યહોવાએ પોતાના બાહુબળથી બહાર લાવ્યા છે, તેથી
કોઈપણ ખમીરવાળી વસ્તુ ખાશો નહિ. 4આજે તમે આબીબ
મહિનામાં નીકળ્યાં છો. 5અને જયારે યહોવા તમને
કનાનીઓ, હિત્તીઓ, અમોરીઓ, હિવ્વીઓ, અને
યબૂસીઓના દેશમાં લઈ જાય-તેણે તમારા પિતૃઓને જે
દેશ તમને આપવાનું વચન આપ્યું હતું અને જયાં દૂધ અને
મધની રેલમછેલ છે, ત્યાં લઈ જાય ત્યારે તમારે ઉપાસના
આ માસમાં કરવાની છે.

6"સાત દિવસ સુધી તમે ખમીર વગરની રોટલી ખાજો.
સાતમે દિવસે એક મોટો ભોજન સમારંભ થશે, એ ઉત્સવ
યહોવાના સન્માનમાં યોજાશે. 7તેથી સાત દિવસ સુધી તમારે
ખમીર વગરની જ રોટલી ખાવી. તમારા આખા પ્રદેશમાં
ક્યાંય પણ ખમીરવાળી રોટલી બિલકુલ હોવી જોઈએ નહિ.
8તે દિવસે તમારે તમારાં બાળકોને કહેવું કે, 'મને મિસરમાંથી
બહાર લાવ્યા ત્યારે યહોવાએ અમારા માટે જે કર્યુ હતું તે
માટે અમે આ ઉત્સવ ઉજવી રહ્યાં છીએ.'

9"અને આ ઉત્સવ તમારા હાથ પરના એંધાણી અને તમારા
કપાળ પરના સ્મરણચિહન જેવા બનીને રહેશે, તે તમારી
આંખો સામે એક ચિહન તરીકે રહેશે, આ પર્વ તમને યહોવાનો
ઉપદેશ યાદ રખાવશે. તે તમને યાદ રખાવશે કે યહોવા
તેમની મહાન શકિતથી તમને મિસરમાંથી બહાર લઈ આવ્યા
હતા. 10એટલા માટે તમારે આ ઉત્સવ દર વર્ષે નિયત સમયે
યાદ કરીને પાળવો.

11"યહોવા તમને અને તમારા વડવાઓને વચન આપ્યા
પ્રમાણે તમને કનાનીઓના દેશમાં લઈ જશે અને દેવ તે
દેશ તમને તમારા પિતૃઓને આપ્યા વચન મુજબ આપશે.
12જયારે તમને દેવ આ પ્રદેશ આપે ત્યાર બાદ તમે બધા
તમારા પ્રથમજનિત પુત્રને યહોવાને સમર્પિત કરવાનું યાદ
રાખજો. અને તમારાં પશુઓનાં પ્રથમ વેતરનાં બધાં નર
બચ્ચાઓ યહોવાને સમર્પિત થવા જોઈએ. 13પ્રત્યેક ગધેડાંનું
પ્રથમ બચ્ચુ તેની જગ્યામાં એક હલવાન અર્પણ કરીને,
યહોવા પાસેથી પાછું મેળવી શકાય છે. તમે લોકો જો ન
છોડાવો તો તમારે તેની ડોકી ભાંગી નાખવી. તે ભોગ બનશે.
તમારે પ્રત્યેક પ્રથમ જન્મેલો નર સંતાન દેવ પાસેથી પાછો
ખરીદવાનો છે.

14"ભવિષ્યમાં તમારાં બાળકો કદાચ પૂછશે કે, 'આનો
અર્થ શો? તમે આ કેમ કરો છો?' ત્યારે તમારે કહેવું કે,
'પોતાના બાહુબળથી યહોવા અમને મિસરમાંથી ગુલામીના
દેશમાંથી બહાર કાઢી લાવ્યા હતા.

15ફારુન હઠે ચડયો હતો, તેથી તેણે અમને બહાર જવા
દેવાની ના પાડી, ત્યારે યહોવાએ મિસર દેશનાં બધાં પ્રથમ
જન્મેલાં સંતાનોને, માણસનાં અને ઢોરનાં બંનેનાં પહેલાં
સંતાનોને મારી નાંખ્યાં હતાં, તેથી અમે પ્રથમજનિત બધાં

નર પશુઓને યહોવાને અર્પણ કરીએ છીએ, પણ અમારા પુત્રોમાંના અર્પણ કરેલા સર્વ પ્રથમજનિતોને અમે નાણાં આપીને છોડાવીએ છીએ.' 16અને એ ઉત્સવ તમારા હાથ પર ચિહનરૂપ તથા તમારી આંખોની વચ્ચે કપાળ ઉપર ચાંદલા જેવું બની રહેશે; કારણ કે યહોવા આપણને પોતાના બાહુબળથી મિસરની બહાર લઈ આવ્યા હતા એની એ સ્મૃતિ બની રહેશે."

### મુક્તિ પછીનો પ્રવાસ

17જ્યારે ફારુને લોકોને જવા દીધા ત્યારે એમ બન્યું કે યહોવા તેમને પલિસ્તિઓના દેશમાં થઈને જવાનો રસ્તો ટૂંકો હોવા છતાં તે રસ્તે તેમને લઈ ગયા નહિ. કારણ કે યહોવાએ વિચાર્યુ કે, "જો યુદ્ધ થાય તો કદાચ લોકો પોતાનો વિચાર બદલી પાછા મિસર ચાલ્યા જાય."

18એટલે યહોવા તેમને બીજા રસ્તેથી લઈ ગયા. રેતીના રણપ્રદેશને રસ્તે રાતા સમુદ્ર તરફ દેવ તેમને લઈ ગયા. મિસર છોડ્યું ત્યારે ઈસ્રાએલ પુત્રો શસ્રસજ્જ હતા.

### યૂસફની અસ્થિનો ગૃહપ્રવેશ

19મૂસાએ યૂસફનાં અસ્થિ સાથે લઈ લીધાં હતાં. યૂસફે ઈસ્રાએલપુત્રોને પાસે એના માટે આ કરવા સમ લેવડાવ્યા એમ કહેતા; "યહોવા જરૂર તમારી મદદ કરવા આવશે, તે સમયે તમે મારાં હાડકા અહીંથી લઈ જજો."

### યહોવાએ લોકોનું માર્ગદર્શન કર્યુ

20પછી ઈસ્રાએલી લોકોએ સુક્કોથ નગર છોડયું અને રણની સરહદ પર એથામમાં મુકામ કર્યો. 21તેઓને દિવસે રસ્તો બતાવવા માટે યહોવા વાદળના થાંભલા રૂપે આગળ આગળ ચાલતા તેમજ રાત્રે તેમને પ્રકાશ મળે તેથી અગ્નિસ્થંભ રૂપે ચાલતા. જેથી તેઓ સતત રાતદિવસ યાત્રા કરી શકતા હતા.

22એક ઊંચા વાદળના સ્તંભરૂપે દિવસે અને અગ્નિસ્તંભ તરીકે રાત્રે સતત યહોવા તેમની સાથે રહ્યા. તેમની આગળથી જરા પણ ખસ્યા નહિ

14 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2"તમે ઈસ્રાએલના લોકોને કહો કે પાછા ફરીને પીહાહીરોથની આગળ, મિગ્દોલ અને લાલસમુદ્રની વચ્ચે બાલ-સફોનની આગળ મુકામ કરે, અને તમારે એ જગ્યાની બરાબર સામે સમુદ્રને કિનારે મુકામ કરવો. 3ફારુન વિચારશે કે, "ઈસ્રાએલીઓ રણપ્રદેશમાં ભૂલા પડી ગયા છે અને રણ એમને ઘેરી વળ્યું છે." 4હું ફારુનને હઠે ચડાવીશ જેથી તે તમારો પીછો કરશે અને તેના લશ્કરનો પરાજય કરીને હું મારો મહિમા વધારીશ. ત્યારે મિસરવાસીઓ જાણશે કે હું યહોવા છું." અને ઈસ્રાએલીઓએ એ મુજબ કર્યું.

### ઈસ્રાએલીઓનો પીછો કરતો ફારુન

5જયારે ફારુનને ખબર આપવામાં આવી કે ઈસ્રાએલના લોકો ભાગી ગયા છે. ત્યારે તેનું અને તેના અમલદારોનું વલણ બદલાઈ ગયું. તેમણે કહ્યું આપણે શું કર્યુ, "ઈસ્રાએલીઓને આપણે જવા કેમ દીધાં? આપણે આપણા ચાકરોને ગુમાવ્યા છે"

6એટલે ફારુને પોતાનો રથ તૈયાર કર્યો અને પોતાનું લશ્કર ભેગું કર્યુ. 7ફારુને પોતાના લોકોમાંથી 600 સૌથી શ્રેષ્ઠ સેનાનીઓને અને તેના બધાં રથો તેની સાથે લીધા. પ્રત્યેક રથમાં એક અમલદાર હતો. 8અને યહોવાએ મિસરના રાજા ફારુનને હિંમતવાન બનાવ્યો, તેથી તે ઈસ્રાએલી લોકોની પાછળ પડ્યો જે પોતાના હાથ ઉંચા કરી નીકળી રહ્યાં હતા.

9મિસરના લશ્કરમાં અસંખ્ય ઘોડા, સૈનિકો અને રથો હતા. તે બધાએ એટલે કે ઘોડેસવારોએ તથા રથ સવારોએ તથા સૈનિકોએ ઈસ્રાએલીઓનો પીછો પકડયો. અને તેઓ બાલસફોનની આગળ પીહાહીરોથની પાસે સમુદ્ર કિનારે પડાવ નાખીને રહ્યા હતા ત્યાં તેમને પકડી પાડ્યા.

10જે સમયે ફારુન તેમની નજીક આવી પહોંચ્યો તે સમયે ઈસ્રાએલીઓએ નજર કરીને જોયું તો ખબર પડી કે તેમની પાછળ મિસરીઓ પડ્યા છે! ત્યારે તેઓ ખૂબ ભયભીત થયા અને સહાય માટે યહોવાને પોકાર કર્યો. 11તેમણે મૂસાને કહ્યું, "તમે અમને મિસરમાંથી બહાર શા માટે લાવ્યા? શું મિસરમાં કબરો નથી? તમે અમને આ રણપ્રદેશમાં મરવા શા માટે લાવ્યા? અમે લોકો મિસરમાં શાંતિપૂર્વક મૃત્યુ પામત, મિસરમાં ઘણી કબરો હતી. 12અમે લોકોએ મિસરમાં જ તમને નહોતું કહ્યું કે, 'અમને લોકોને અમે જેમ છીએ તેમ રહેવા દો, મિસરવાસીઓની સેવા કરવા દો? આ રણપ્રદેશમાં મરવું તેના કરતાં મિસરવાસીઓની ગુલામી કરવી વધારે સારી છે."

13પરંતુ મૂસાએ લોકોને ઉત્તર આપ્યો, "ગભરાશો નહિ, ભાગો નહિ, મક્કમ રહો ને થોડી વાર ઊભા રહો અને જુઓ કે આજે યહોવા તમારા લોકોનો શી રીતે ઉદ્ધાર કરે છે! આજ પછી તમે આ મિસરવાસીઓને ફરી કયારે જોશો નહિ. 14તમારે લોકોએ શાંત રહેવા સિવાય બીજું કાંઈ કરવાનું નથી. યહોવા તમારા માટે લડતા રહેશે."

15પછી યહોવાએ મૂસાને કહ્યું, "તું મને શા માટે પોકાર કરે છે? ઈસ્રાએલના લોકોને આગળ વધવા માટે આજ્ઞા કર. 16તું તારી લાકડીને રાતા સમુદ્ર ઉપર ઉઠાવી, હાથ લાંબો કર. સમુદ્રના બે ભાગ થઈ જશે, જેથી ઈસ્રાએલના લોકો સૂકી જમીન પર થઈને સમુદ્ર પાર કરશે. 17પછી હું મિસરવાસીઓને હિંમતવાન બનાવીશ એટલે તેઓ તમને સમુદ્રમાં હાકી કાઢશે. અને ફારુન તથા તેની આખી સેના, તેના રથો અને તેના ઘોડેસવારોને હરાવીશ અને તેઓ મને માન આપે તેમ કરીશ. 18એટલે મિસરવાસીઓને ખબર પડશે કે હું યહોવા છું. અને જયારે હું ફારુન, તેના ઘોડેસવારો અને રથપતિઓને હરાવીશ ત્યારે તેઓ મારું સન્માન કરશે."

### યહોવા દ્વારા મિસરીઓનો પરાજય

19પછી ઈસ્રાએલી લોકોના સૈન્યની આગળ ચાલતો
યહોવાનો દૂત ત્યાંથી ખસીને તેની પાછળ ચાલ્યો ગયો,
તેથી મેઘસ્થંભ તેમની આગળથી ખસીને તેમની પાછળ
ઊભો રહ્યો; 20આ રીતે વાદળા મિસરીઓના સૈન્ય અને
ઈસ્રાએલીઓના સૈન્યની વચ્ચે આવી ઉભા રહ્યાં. પણ
ઈસ્રાએલી લોકો માટે પ્રકાશ હતો. એટલે આખી રાત
મિસરની સેના અંધકાર ને કારણે ઈસ્રાએલીઓ પાસે આવી
ન શકી.

21મૂસાએ પોતાનો હાથ લાલ સમુદ્ર ઉપર લંબાવ્યો,
એટલે યહોવાએ આખી રાત પૂર્વ તરફથી ભારે પવન
ફૂંકાવીને સમુદ્રને પાછો હઠાવ્યો, તેથી તેના પાણીના બે ભાગ
પડી ગયા. અને સમુદ્રની જગ્યાએ સૂકી જમીન બનાવી
હતી. 22ઈસ્રાએલના લોકો સૂકી જમીન પર ચાલીને
સમુદ્રમાંથી પાર ગયા. ઈસ્રાએલીઓની ડાબી અને
જમણી બાજુએ પાણીની ભીત બની ગઈ હતી. 23અને
મિસરીઓ તેમની પાછળ પડયા. ફારુનના બધાજ રથો,
ઘોડાઓ અને ઘોડેસવારો તેમની પાછળ તેઓ સમુદ્રની
વચ્ચે પહોંચી ગયા. 24પછી પ્રભાતના પ્રથમ પહોરમાં
વાદળ અને અગ્નિના સ્તંભમાંથી યહોવાએ મિસરીઓના
સૈન્ય પર દષ્ટિપાત કરીને તેમના પર હુમલો કરી તેમનો
પરાજય કર્યો.

25યહોવાએ તેમના રથનાં પૈડાં જમીનમાં એવા ખૂંપાવી
દીધાં કે માંડ માંડ ફરતાં હતા. આથી તેઓ બૂમ પાડવા
લાગ્યા, "આ તો યહોવા ઈસ્રાએલીઓને પક્ષે આપણી સામે
લડી રહ્યાં છે. ચાલો, આપણે પાછા ફરીએ."

26પછી યહોવાએ મૂસાને કહ્યું, "હવે તું તારો હાથ સમુદ્ર
ઉપર લંબાવ. જેથી મિસરવાસીઓ ઉપર, તેમના રથો ઉપર
અને તેમના ઘોડેસવારો ઉપર પાછાં પાણી ફરી વળે."

27એટલે દિવસ બરાબર શરૂ થાય તે પહેલાં મૂસાએ સમુદ્ર
ઉપર હાથ લાંબો કર્યો અને સવાર થતાં જ સમુદ્ર પહેલાં
જેવો હતો તેવો પાછો થઈ ગયો. મિસરવાસીઓએ સમુદ્રમાં
નાસભાગ કરવા માંડી અને યહોવાએ સમુદ્રમાં વચ્ચોવચ્ચ
તેમનો ઘાણ કાઢી નાખ્યો, સૌને ડુબાડી દીધા. 28સમુદ્રના
પાણીએ પાછાં વળીને, રથોને, ઘોડેસવારોને અને
ઈસ્રાએલીઓનો પીછો પકડી સમુદ્રમાં ધસી ગયેલા ફારુનના
સમગ્ર સૈન્યને ડુબાડી દીધું. તેઓમાંથી એક પણ બચી શકયો
નહિ.

29પરંતુ ઈસ્રાએલના લોકો સમુદ્રની વચ્ચેથી સૂકી જમીન
પર થઈને ચાલ્યા ગયા હતા. અને પાણીની ભીંત તેમની
ડાબી અને જમણી બાજુએ થઈ ગઈ હતી. 30આ રીતે તે
દિવસે યહોવાએ ઈસ્રાએલીઓને મિસરીઓના હાથમાંથી
બચાવી લીધા. અને ઈસ્રાએલીઓએ મિસરીઓને સમુદ્ર
કિનારે મૃત હાલતમાં પડેલા જોયા 31અને યહોવાએ
મિસરીઓ વિરુધ્ધ જે પરાક્રમ કર્યુ હતું તે જોઈને તેઓ ગભરાઇ
ગયા અને યહોવા ઉપર અને તેના સેવક મૂસા ઉપર તેમને
વિશ્વાસ બેઠો.

### મૂસાનું ગીત

15 પછી મૂસાએ અને ઈસ્રાએલના લોકોએ યહોવાના
માનમાં આ ગીત ગાયું :

"હું યહોવાના માનમાં ગાન ગાઈશ, એણે મહાન વિજય
પ્રાપ્ત કર્યો તો! સાગરની અંદર કઈક અશ્વોના અસવારને
ડુબાડયાં,

2દેવ મારું બળ છે; મને જેણે ઉગાર્યો, હું આ ગીતમાં
એની સ્તુતિ કરું. એ જ મારો દેવ છે અને હું એના ગુણગાન
ગાઉ. દેવ મારા પિતાની જેમ એનુ સન્માન કરું છું. હું એનાં
યશગાન ગાઉ.

3યહોવા તો યોદ્ધા છે, જેનું યહોવા નામ છે.

4ફારુનનાં રથો અને સૈન્ય, જેણે લાલ સમુદ્રમાં ફેંકી દીધાં;
ફારુનના વીર સરદારને સમુદ્રમાં ડુબાડી દીધા.

5પથ્થરની જેમ સાગરની નીચે પહોચ્યા, સાગરમાં
જળનિધિઓ ઉપર ફરી વળ્યાં

6યહોવા! તમારો જમણો હાથ, પરાક્રમે મહિમાવાન છે.
હે યહોવા! તમારા જમણા હાથે છિન્નભિન્ન કર્યા શત્રુઓને.

7તારી મહાન પ્રતિભાથી, જે તારી સામે થયા તેનો નાશ
કર્યો. તારા ક્રોધે તેમને ધાસના પૂળાની જેમ બાળી નાખ્યા.

8યહોવા, તે ક્રોધથી ફૂકેલા પવનથી. ઊભા ઢગલા થઈ
સાગરજળ. મોજાઓ જે હતા ઉછળતા અને વહેતા ઊભા
અધવચ ભીત થઈ; સાગરની જેમ પાતાળની વચ્ચે; તે સમયે
સાગરજળ ભેગા થયા.

9શત્રુ મનમાં બબડે છે, 'હું પકડીશ પાછળ પડી, અને હું
તેમનું ધન સધળુ લઈશ.હું બધુંજ મારી તલવાર વડે લઈ
જઈશ. હું મારે માટે બધુંજ રાખીશ.'

10પરંતુ યહોવા! એક માત્ર પ્રબળ ફૂંક લગાવીને તમે
મધદરિયે, સમાવી લીધા. પ્રચંડ મહા જળરાશિમાં, સૌ
સીસાની જેમ ડૂબ્યા.

11હે યહોવા, કોણ છે તમારા જેવો બીજો દેવ? છે કોણ
તમારા જેવું પરમપવિત્ર મહિમાવાન? તમારા જેવા ચમત્કાર
કોણ કરી શકે? શત્રુઓમાં ભયજનક પરાક્રમ કરનાર, કોણ
છે? 12ધરતી તેઓને તત્કાળ ગળી ગઈ, જયાં તેં કેવળ જમણો
હાથ ઊંચો કર્યો .

13યહોવા, તમે તમારા લોકોને છોડાવ્યા, તમારા પ્રેમ અને
કરુણાથી તમે એમને તમારા બાહુબળના પરાક્રમે; તમારા
પવિત્ર રોચક ધામમાં લઈ આવ્યા.

14પ્રજા આ સાંભળી કંપીને ગભરાઈ, સહુ પલેશેથવાસી
ભયથી ગભરાય છે.

15અદોમના સરદારો તે સમયે ભયભીત થયા, મોઆબના
શકિતશાળી અને પરાક્રમી પુરુષો ધ્રૂજે છે; એ બધાં
કનાનવાસીઓ પણ હિંમત હારે; માથાં પર ભયના ઓળા
ભારે ઊતરતાં જોઈ,

16તેઓ પર ભય અને ત્રાસ આવી પડયા, તમારા બાહુબળે
સ્તબ્ધ બની પથ્થર જેવા થયા, અને તું જ છોડાવી લાવ્યો
ઊભા એટલામાં; એ 'યહોવા' સમૂહમાં તારી પ્રજા ચાલી
જાય.

17જયાં તમારો આવાસ એ લોકોને એ પર્વત પર તમારી
પાસે લઈ જાય; જે જગ્યા તમે સિંહાસન માટે તૈયાર કરી
ત્યાં તેમને વસવાટ કરવા દેશો. માલિક, ત્યાં તમે મંદિર
તમારુ બાંધશો!

18યહોવા, તમારું રાજ સદા સર્વદા અમર તપશે."

19હા, ખરેખર આમ બન્યુ. જયારે ફારુનના અશ્વો, રથો
અને ઘોડેસવારોએ સમુદ્રમાં સાથે પ્રવેશ કર્યો ત્યારે યહોવાએ
તેમના ઉપર સમુદ્રના પાણી પાછાં વાળીને તેઓ પર ફેરવી
વાળ્યાં; પરંતુ ઈસ્રાએલના લોકો સમુદ્ર મધ્યે થઈને સૂકી
જમીન ઉપર ચાલ્યા.

20પછી હારુનની બહેન મરિયમ પ્રબોધિકાએ ખંજરી
હાથમાં લીધી અને તમામ સ્રીઓ તેમની પાછળ પાછળ
ખંજરીઓ લઈને નાચવા લાગી. મરિયમ અને સ્રીઓએ
નાચગાન શરૂ કર્યો.  મરિયમ તેમને ગવડાવતી હતી:

21"આપો આપો યહોવાને માન, ગાઓ યહોવાના મહિમા–
ગાન એનો વિજય છે કેવો મહાન! એની ફતેહ છે મહિમાવાન.
ડુબાડયા સમુદ્રને પેટાળ, એનાં અશ્વો ને અસવાર."

22પછી મૂસા ઈસ્રાએલના લોકોને રાતા સમુદ્રથી આગળ
લઈ ગયો. અને તેઓ ત્યાંથી નીકળીને શૂરના અરણ્યમાં
ગયા; તેઓ ત્રણ દિવસ અરણ્યમાં ચાલ્યા. છતાં પાણી ન
મળ્યાં. 23પછી તેઓ 'મારાહ' નામની જગ્યાએ આવી પહોંચ્યા
પણ ત્યાંના પાણી પણ ના પી શકયા, કારણ કે તે કડવા હતા.
એને લીધે આ જગ્યાનું નામ 'મારાહ' પડયું.

24પછી તે બધા લોકોએ મૂસાની વિરુધ્ધ બબડાટ કરતાં
કહ્યું કે, "આપણે પીશું શું?"

25એટલે મૂસાએ યહોવાને પોકાર કર્યો એટલે યહોવાએ
તેને ઝાડનું એક થડ બતાવ્યું. પછી મૂસાએ તે પાણીમાં
નાખ્યું અને પાણી મીઠું થઈ ગયું.

ત્યાં દેવે લોકો નો ન્યાય કર્યો તથા એક કાનૂન ઠરાવ્યો.
અને ત્યાંજ તેમની કસોટી કરી. 26યહોવાએ કહ્યું, "તમે
લોકો તમારા દેવની યહોવાની વાણી ધ્યાનપૂર્વક સાંભળશો,
અને તેની નજરમાં જે સારું હોય તે કરશો. અને તેની આજ્ઞાઓ
માથે ચડાવશો. અને મારા બધા કાનૂનોનું પાલન કરશો તો
મેં મિસરીઓ ઉપર જે રોગો મોકલ્યા હતા તેમાંનો કોઈ
તમારા ઉપર મોકલીશ નહિ. કારણ કે હું યહોવા, તમારા
રોગોનો હરનાર છું. તમને સાજા કરનાર છું."

27પછી તે લોકો એલીમ આવી પહોંચ્યા, જયાં બાર તો
પાણીના ઝરા હતા અને 70 તો તાડનાં ઝાડ હતાં, તેથી
પાણીની નજીક તેઓએ પડાવ નાખ્યો.

16 ઈસ્રાએલીઓના સમગ્ર સમાજે એલીમથી યાત્રાનો
આરંભ કર્યો અને તેઓ એલીમ અને સિનાઈની
વચ્ચે આવેલા સીનના રણપ્રદેશમાં આવ્યા. મિસરમાંથી
નીકળ્યા પછી બીજા મહિનાનો તે 15 મો દિવસ હતો. 2તે
પછી ઈસ્રાએલના બધા લોકોએ મૂસા અને હારુનની વિરુધ્ધ
ફરીથી ફરિયાદ કરવાની શરૂઆત કરી. 3તે લોકોએ મૂસા
અને હારુનને કહ્યું, "કઈ નહીં તો આપણે માંસથી ભરેલા
વાસણ પાસે પેટ ભરાય ત્યાં સુધી ખાતા બેઠા હતાં. જો
યહોવાએ અમને મિસરમાં મારી નાખ્યા હોત તો સારું થાત.
તમે તો સમગ્ર સમાજને ભૂખે મારી નાખવા આ રણમાં
લાવ્યા છો."

4ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, "હું આકાશમાંથી તમારા
લોકો માટે અનાજનો વરસાદ વરસાવીશ. અને આ બધા
લોકોએ પ્રતિદિન બહાર નીકળીને તે દિવસ પૂરતું અનાજ
વીણી લાવવું. જેને કારણે હું તેમની પરીક્ષા કરી શકું કે તેઓ
મારા નિયમ પ્રમાણે વર્તશે કે નહિ. 5રોજ લોકો એક દિવસ
પૂરતું જ અનાજ ભેગું કરે, પરંતુ છઠ્ઠા દિવસે રોજ કરતાં
બમણું ભેગું કરીને રાંધી રાખવું."

6એટલા માટે મૂસા અને હારુને ઈસ્રાએલના લોકોને કહ્યું;
"આજે રાત્રે તમે યહોવાની શકિત જોશો, અને તમને ખબર
પડશે કે મિસર દેશમાંથી તમને લોકોને બચાવીને બહાર
લાવનાર તે યહોવા છે. 7કાલે સવારે તમે લોકો યહોવાનું
ગૌરવ જોશો કારણ કે તેમણે તેમની વિરુધ્ધની તમારી ફરિયાદ
સાંભળી છે,તમે હમેશા અમને ફરિયાદ કરો છો, હવે કદાચ
અમને થોડો આરામ મળે."

8પછી મૂસાએ તેમને કહ્યું, "યહોવા, સાંજે તમને માંસ
ખાવા માટે આપશે, વળી સવારે ધરાઈને ખાવા માટે રોટલી
આપશે, કારણ કે તમે તેમની વિરુધ્ધ જે ફરિયાદો કરો છો તે
તેમણે સાંભળી છે. પણ હવે કદાચ અમને થોડો આરામ
મળે. યાદ રાખજો કે તમારી ફરિયાદ અમારી વિરુધ્ધ નથી,
પણ યહોવાની વિરુધ્ધ છે."

9પછી મૂસાએ હારુનને કહ્યું, "તું ઈસ્રાએલના લોકોને
સંબોધન કર, 'તેમને કહે, યહોવાની સમક્ષ સૌ ભેગા થાઓ,
કારણ કે તેમણે તમારી ફરિયાદો સાંભળી છે.'"

10હારુને ઈસ્રાએલના સમગ્ર લોકસમુદાયને સંબોધન કર્યુ;
તે બધા એક જ સ્થાન પર ભેગા થયા હતા. તે સભાને કહેતો
હતો તે દરમ્યાન તેમણે રણ તરફ જોયું તો તે લોકોને વાદળમાં
યહોવાનાં ગૌરવનાં દર્શન થયાં,

11યહોવાએ મૂસાને કહ્યું,

12"મેં ઈસ્રાએલના લોકોની ફરિયાદ સાંભળી છે એટલા
માટે તેમને કહો કે, 'સાંજે તમે માંસ ખાશો અને સવારે તમે
રોટલી ધરાઈને ખાશો; અને તમને વિશ્વાસ થશે કે તમારા
દેવ યહોવા છે.'"

13તે રાત્રે એવું બન્યું કે લાવરીઓએ ઊડી આવીને છાવણી
ઢાંકી દીધી; અને સવારમાં છાવણીની આસપાસ ઝાકળનું
પડ બાઝી ગયું.  14સૂરજ ઊગતાં ઝાકળ ઊડી ગયું અને
હિમ ના પડ જેવું કંઈક રણની સપાટી પર હતું. 15ઈસ્રાએલના
લોકો આ જોઈ પરસ્પર એક બીજાને પૂછવા લાગ્યા, "આ શું
છે?" કારણ કે એમને ખબર ન હતી કે એ શું છે. ત્યારે
તેઓને મૂસાએ કહ્યું, "એ તો યહોવાએ તમને ખાવા માટે
આપેલો ખોરાક છે." 16યહોવાની એવી આજ્ઞા છે કે, 'તમે
પ્રત્યેક જણ પોતાનાથી ખાઈ શકાય તેટલું ભેગું કરી લો,
માથાદીઠ બે પાયા પ્રમાણે તમારા તંબૂમાં રહેનારા
માણસોના પ્રમાણે લઈ લો.'"

17અને ઈસ્રાએલના લોકોએ એ પ્રમાણે કર્યુ, કેટલાકે વધુ તો કેટલાકે ઓછું ભેગું કરી લીધું. 18અને પછી તેઓએ ઓમેરથી માપિયાથી માપ્યું ત્યારે જેણે વધુ લીધું હતું તેનું વધ્યું નહિ કે જેણે ઓછું ભેગું કર્યુ હતું તેનું ઘટયું નહિ. પ્રત્યેક માણસે પોતાના ખાવા પૂરતું જ એકઠું કર્યુ હતું.

19પછી મૂસાએ તેમને કહ્યું, "તમારામાંથી કોઈએ સવારને માટે રાખી મૂકવું નહિં." 20પરંતુ તેઓએ મૂસાનું કહ્યું માન્યું નહિ અને તેમાંના કેટલાકે થોડું સવાર માટે રાખ્યું તો તેમાં કીડા પડયા, અને તે ગંધાઈ ઊઠયું, તેથી મૂસા તેમના પર ક્રોધે ભરાયો.

21રોજ સવારે પ્રત્યેક જણ પોતાનાથી ખવાય તેટલો ખોરાક ભેગો કરતાં, અને સૂર્ય તપતો ત્યારે જે વધતું હોય તે બધું ઓગળી જતું.

22અને પછી અઠવાડિયાના છઠ્ઠે દિવસે તેઓએ બમણો ખોરાક ભેગો કર્યો. પ્રત્યેક વ્યકિત દીઠ 16 કપ. પછી એ સમાજના બધા આગેવાનોએ આવીને મૂસાને તે વિષે જણાવ્યું.

23અને તેણે તેઓને કહ્યું, "યહોવાની આજ્ઞા એવી છે કે, "આવતી કાલે વિશ્રામવાર છે, યહોવાનો પવિત્ર સાબ્બાથ છે; તેથી તમારે જે રાંધવું હોય તે રાંધી લો, અને જે વધે તે તમારા માટે સવાર સુધી રાખી મૂકો."

24આથી મૂસાની આજ્ઞા પ્રમાણે તેઓએ તેમાંથી સવારને માટે રાખી મૂકયું તો તેમાં કીડા પડયા નહિ ને ગંધાઈ પણ ઊઠ્યું નહિ.

25અને મૂસાએ કહ્યું, "આજે તે ખાઓ, કારણ કે આજે વિશ્રામવાર છે યહોવાનો દિવસ છે; આજે તમને ખેતરમાં અનાજ નહિ મળે. 26સપ્તાહના છ દિવસ તમે એ ભેગું કરો; પણ સાતમો દિવસ સાબ્બાથ છે, તેથી તે દિવસે તમને તે ખાસ ખોરાક જમીન પર થોડો પણ નહી મળે."

27સાતમાં દિવસે કેટલાક લોકો ભેગું કરવા માટે બહાર ગયા, પણ તેમને કંઈ મળ્યું નહિ. 28ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, "કયાં સુધી તમારા લોકોએ મારી આજ્ઞાઓ અને ઉપદેશોનું પાલન કરવાની ના પાડવી છે? 29જુઓ, યહોવાએ તમારા માટે વિશ્રામવાર આપ્યો છે તેથી છઠ્ઠે દિવસે તે તમને બે દિવસ માટે ચાલે તેટલુ અન્ન આપશે, તેથી સાતમે દિવસે પ્રત્યેક જણે પોતપોતાના ઘરમાં રહેવું અને કોઈએ બહાર નીકળવું નહિ." 30તેથી તે લોકોએ વિશ્રામવારે વિશ્રામ કર્યો.

31ઈસ્રાએલના લોકોએ તે વિશિષ્ટ ભોજનનું નામ "માન્ના" રાખ્યું. માન્ના ધાણાની દાળ જેવું સફેદ હતું. અને તેનો સ્વાદ મધવાળી પાતળી ભાખરી જેવો હતો.

32ત્યારે મૂસાએ કહ્યું, "યહોવાએ આદેશ આપ્યો છે કે, 'તમારા વંશજોને માટે તેમાંથી 8 કપ ભરીને માન્ના રાખી મૂકો; જેથી હું તમને મિસરમાંથી બહાર લઈ આવ્યો ત્યારે મેં તમને લોકોને જે ભોજન ખવડાવ્યું હતું તે તેઓ જોઈ શકે.'"

33પછી મૂસાએ હારુનને કહ્યું કે, "એક બરણી લઈને તેમાં 8 કપ માન્ના ભરીને તમારા વંશજોના ભવિષ્ય માટે સાચવી રાખવા તેને યહોવાની આગળ મૂક." 34યહોવાએ મૂસાને આજ્ઞા આપ્યા મુજબ હારુને તેને સાચવવા માટે કરારકોશ સમક્ષ મૂકયું. 35પછી ઈસ્રાએલના લોકોએ 40 વર્ષ પર્યંત વસવાટ કરવા યોગ્ય પ્રદેશમાં તેઓ આવ્યા ત્યાં સુધી– માન્ના ખાધું. તેઓ કનાન દેશની સરહદમાં પહોંચ્યા ત્યાં સુધી તેઓએ માન્ના ખાધું. 36એક ઓમેર લગભગ આઠ પ્યાલા બરાબર હતું. માન્ના તોલવા માટેનું એક માપ ઓમેર હતું.

### ખડકમાંથી પાણી

17 ઈસ્રાએલના લોકોના સમગ્ર સમાજે સીનના રણમાંથી છાવણી ઉઠાવીને યહોવાની આજ્ઞા મુજબ યાત્રા કરતા કરતા આગળ વધીને તેમણે રફીદીમમાં છાવણી નાખી રોકાણ કર્યુ. પરંતુ ત્યાં લોકોને પીવા માટે પાણી પણ દુર્લભ હતું. 2તેથી લોકોએ મૂસા સાથે તકરાર કરી અને કહ્યું, "અમને પીવા માટે પાણી આપો."

એટલે મૂસાએ તેમને કહ્યું, "તમે લોકો મારી સાથે શા માટે તકરાર કરો છો? તમે યહોવાની કસોટી શા માટે કરો છો?"તમે એમ સમજો છો કે દેવ આપણી સાથે નથી?"

3પરંતુ લોકો બહું તરસ્યા હતા. તેથી તે લોકોએ મૂસા વિરુધ્ધ બડબડાટ કરતાં કહ્યું કે, "તમે અમને, અમારાં બાળબચ્ચાંને અને ઢોરઢાંખરને તરસે મારવા શા માટે મિસર દેશમાંથી અહીં લઈ આવ્યા?"

4આથી મૂસાએ યહોવાને પોકાર કર્યો, "આ લોકો સાથે હું શું કરું? તેઓ મને મારી નાખવા તૈયાર છે."

5યહોવાએ મૂસાને કહ્યું, "જા, ઈસ્રાએલના કેટલાક વડીલોને સાથે લઈને તું લોકોની આગળ ચાલતો થા. જે લાકડીથી તેં નાઈલ નદી ઉપર પ્રહાર કર્યો હતો તે તારા હાથમાં રાખજે. 6જો, હોરેબ પર્વતના એક ખડક ઉપર હું તારી સામે ઊભો રહીશ, પછી તું તે ખડક ઉપર પ્રહાર કરજે એટલે તે ખડકમાંથી પાણી નીકળશે, જે લોકોને પીવા મળશે,"

ઈસ્રાએલીઓના વડીલોના દેખતાં મૂસાએ તે મુજબ કર્યુ. 7અને મૂસાએ તે જગ્યાનું નામ માસ્સાહ અને મરીબાહ રાખ્યું. કારણ કે આ એ જ જગ્યા હતી જયાં ઈસ્રાએલના લોકો એની વિરુધ્ધ થયા હતા. અને તેઓએ યહોવાની પરીક્ષા કરી હતી, તે લોકો જાણવા માગતા હતા કે યહોવા અમારી વચ્ચે છે કે નહિ?"

8અમાલેકીઓએ રફીદીમ આગળ આવીને ઈસ્રાએલના લોકો પર હુમલો કર્યો. 9પછી મૂસાએ યહોશુઆને કહ્યું કે, "તું આપણામાંથી માણસો પસંદ કરીને આવતી કાલે અમાલેકીઓ સામે યુદ્ધ કરવા જા. હું દેવની લાકડી લઈને પર્વતની ટોચ પર ઊભો રહીશ."

10યહોશુઆએ મૂસાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. અને અમાલેકીઓ સામે જંગે ચડયો. પછી મૂસા તથા હારુન અને હુર પર્વતની ટોચ પર પહોંચી ગયા. 11અને મૂસા જયારે પોતાનો હાથ ઊચો કરતો, ત્યારે ઈસ્રાએલના લોકોનો વિજય થતો; પરંતુ જયારે તે પોતાનો હાથ નીચો કરતો ત્યારે અમાલેકીઓનો વિજય થતો.

12પણ મૂસાના હાથ થાકયા એટલે તે લોકોએ એક પથ્થર
લઈ મૂસાની પાછળ મૂકયો અને તે તેના પર બેસી ગયો;
અને હારુને તથા હૂરે ટેકો દઈને તેના હાથોને ઊંચા રાખ્યા,
એક જણે એક બાજુથી અને બીજાએ બીજી બાજુથી, આમ
સૂર્યાસ્ત થતાં સુધી હાથ સ્થિર રહ્યા. 13યહોશુઆ અને તેના
લોકોએ અમાલેક લોકોને યુધ્ધમાં હરાવી નાખ્યા. 14પછી
યહોવાએ મૂસાને કહ્યું, "એ હકીકતને યાદગીરી માટે પુસ્તકમાં
લખ. અને યહોશુઆને જરૂર કહેશો કે, હું અમાલેકીનું
નામનિશાન પૃથ્વી પરથી સદાયને માટે ભૂસી નાખીશ."
15ત્યાર બાદ મૂસાએ એક વેદી બનાવી અને તેનું નામ
"યહોવા નિસ્સી"* રાખ્યું. 16તેણે કહ્યું કે, "મેં મારા હાથ
યહોવાના સિંહાસન તરફ લંબાવ્યા એટલા માટે યહોવાએ
હંમેશની જેમ અમાલેકી સાથે યુદ્ધ કર્યુ."

### મૂસાને તેના સસરાની સલાહ

18 મૂસાના સસરા યિથ્રો મિધ્યાનમાં યાજક હતા. દેવે
મૂસા અને ઈસ્રાએલના લોકોને જે અનેક પ્રકારે
સહાય કરી હતી, તે બાબતમાં તથા જે રીતે તે ઈસ્રાએલના
લોકોને મિસરમાંથી બહાર લાવ્યા હતા તે બાબતમાં સાંભળ્યું.
2તેથી મૂસા જયારે દેવના પર્વત પાસે છાવણી નાખીને રહ્યો
હતો ત્યારે યિથ્રો મૂસા પાસે ગયો. અને તેની સાથે મૂસાની
પત્ની સિપ્પોરાહ ને લાવ્યો, જેને પહેલા મૂસાએ તેમના બે
પુત્રો સાથે યિથ્રો પાસે મોકલાવેલ હતા 3યિથ્રો મૂસાના બે
પુત્રોને સાથે લાવ્યો હતો. પ્રથમ પુત્રનું નામ ગેર્શોમ હતું;
કારણ તે જન્મ્યો ત્યારે મૂસાએ કહ્યું કે, "હું પરદેશમાં અજાણ્યો
છું." 4બીજા પુત્રનું નામ એલીએઝેર હતું. કારણ કે મૂસાએ
કહ્યું હતું કે, "મારા પિતાના દેવે મને મદદ કરીને ફારુનની
તલવારથી ઉગાર્યો હતો."
5એટલા માટે યિથ્રો મૂસાની પત્ની અને પુત્રને લઈને
રણમાં દેવના પર્વત આગળ જયાં મૂસાએ છાવણી નાખીને
મુકામ કર્યો હતો ત્યાં આવ્યો.
6તેના સસરા યિથ્રોએ મૂસાને સંદેશો મોકલ્યો કે, "હું
તમારો સસરો યિથ્રો છું અને તમારી પત્ની અને બે પુત્રોને
તમારી પાસે લાવું છું."
7એટલા માટે મૂસા તેના સસરાને મળવા સામો ગયો
અને પ્રણામ કરીને ચુંબન કર્યુ. બંનેએ પરસ્પર એકબીજાને
ક્ષેમકુશળતાના સમાચાર પૂછયા. પછી તેઓ મૂસાની
છાવણીમાં વધારે વાતો કરવા માટે ગયા. 8ત્યાં મૂસાએ પોતાના
સસરા યિથ્રોને યહોવાએ ઈસ્રાએલના લોકો માટે ફારુન અને
મિસરના લોકોના જે હાલ કર્યા હતા તથા ઈસ્રાએલના લોકોને
માર્ગમાં જે જે વિટંબણાઓનો સામનો કરવો પડયો હતો
અને યહોવાએ તે લોકોને કેવી રીતે ઉગાર્યા હતા, તે બધું
કહી સંભળાવ્યું.
9યહોવાએ ઈસ્રાએલના લોકોને મિસરના લોકોના
હાથમાંથી છોડાવીને તેમના પર જે ઉપકાર કર્યો હતો તે
જાણીને યિથ્રો ખૂબ પ્રસન્ન થયો. 10અને યિથ્રોએ કહ્યું,
"યહોવાની પ્રશંશા કરો, જેણે ઈસ્રાએલી લોકોને
મિસરવાસીઓના અને ફારુનના હાથમાંથી છોડાવ્યા!
11હવે મને ખાતરી થઈ છે કે, "યહોવા, બધા દેવોમાં
મહાન છે; કારણ કે મિસરવાસીઓએ તમારી સાથે ગેરવર્તાવ
રાખ્યો ત્યારે તમને સૌને એમના હાથમાંથી છોડાવ્યા."
12પછી મૂસાના સસરા યિથ્રોએ દેવને યજ્ઞો અને દહનાર્પણો
ચડાવ્યાં, અને હારુન ઈસ્રાએલના સર્વ વડીલોને સાથે
લઈને દેવ સમક્ષ મૂસાના સસરા સાથે રોટલી ખાવાને માટે
આવ્યો.
13પછી બીજે દિવસે સવારે મૂસાએ ઘણા લોકોનો ન્યાય
કરવાનું શરું કર્યુ જેઓ સવારથી સાંજ સુધી આવતા રહેતા
અને પોતાનો વારો આવે ત્યાં સુધી રાહ જોતા.
14મૂસા લોકો માટે જે કંઈ કરતો હતો તે સઘળું મૂસાના
સસરાએ જોયું તેથી તેણે મૂસાને કહ્યું, "લોકોના માટે તમે આ
શું કરો છો? તું એકમાત્ર ન્યાયાધીશ તરીકે બેસી રહે છે અને
લોકો તારી પાસે સવારથી સાંજ સુધી આવ્યા જ કરે છે!"
15ત્યારે મૂસાએ પોતાના સસરાને કહ્યું, "લોકો મારી પાસે
આવે છે અને તેમની સમસ્યાઓના સંબંધમાં દેવની
ઈચ્છાની બાબતમાં પૂછે છે. 16એ લોકોમાં કોઈ વિવાદ થયો
હોય તો તેઓ મારી પાસે આવે છે. અને કોણ સાચું છે તે
નક્કી કરુ છું. આ રીતે હું તેઓને દેવના કાનૂનો અને ઉપદેશો
શિખવું છું."
17પરંતુ મૂસાને તેના સસરાએ કહ્યું, "તું જે રીતે આ કરી
રહ્યો છે તે યોગ્ય નથી. 18તારા એકલાથી આ કામ થઈ શકશે
નહિ. તું એકલો આ કામ નહિ કરી શકે. આમ તો તમે અને
તમારી સાથેના આ માણસો થાકી જશો. 19હું તને સલાહ
આપું છું, તારે શું કરવું જોઈએ, એ હું તને બતાવું છું. "હું
દેવને પ્રાર્થના કરું છું કે દેવ તને મદદ કરે. તારે દેવ સમક્ષ
એ લોકોના પ્રતિનિધિ થવું જોઈએ અને તે લોકોના પ્રશ્નો
તેમની આગળ રજૂ કરવા જોઈએ. 20અને તારે તો લોકોને
દેવના કાનૂનો અને ઉપદેશો અને આ કાયદાઓ ન તોડવા
ચેતવવાના છે શીખવવાના છે. તેઓને જીવનનો સાચો માર્ગ
અને શું કરવું તે જણાવવાનું છે. 21વધારામાં દેવનો ડર
રાખનાર, તથા સર્વ લોકોમાંથી હોશિયાર અને વિશ્વાસપાત્ર
હોય, તથા લાંચરૂશ્વતને ધિક્કારતા હોય એવા માણસોને
પસંદ કરીને તેઓને હજાર હજાર, સો સો, પચ્ચાસ પચ્ચાસ
અને દસ દસ માણસોના ઉપરીઓ નિયુકત કરો.
22"પછી એ ઉપરીઓ પ્રતિનિધિઓને લોકોનો ન્યાય કરવા
દો. જો કોઈ બહુ જ ગંભીર સમસ્યા હોય તો ઉપરી પ્રતિનિધિ
નિર્ણય કરશે અને પછી તેઓ તમારી પાસે આવી શકશે.
પરંતુ બીજા નાના નાના પ્રશ્નોનો નિર્ણય તેઓ કરશે. આમ
તમારા કાર્યમાં તેઓ સહભાગી થશે અને તમારું કામ હળવું
થશે. 23હવે જો તું આ બધુંજ કરીશ, તો દેવના ઈચ્છતા તું
કદી થાકીશ નહી અને આ બધાં લોકો પણ સંર્પૂણ પણે
સંતોષી થઈ પોતાના ઘરે પાછા ફરશે."
24પછી મૂસાએ પોતાના સસરાનું કહ્યું સ્વીકાર્યું, અને તેણે
તે પ્રમાણે કર્યું. 25પછી તેણે સર્વ ઈસ્રાએલના લોકોમાંથી

**યહોવા નિસ્સી** મૂળ પ્રમાણે, "મારો ધ્વજ."

સારા માણસો પસંદ કર્યા અને તેમને હજારના, સોના,
પચાસના, તથા દસ માણસોના ઉપરી નિયુકત કર્યા. 26ત્યાર
બાદ તે લોકો જે બધો સમય લોકોનો ન્યાય કરવા લાગ્યા.
ફકત મુશ્કેલ પ્રશ્નો હોય તો જ તેઓ મૂસા આગળ લાવતા,
અને નાના પ્રશ્નો તેઓ જાતે પતાવતા.
27ત્યાર બાદ મૂસાએ પોતાના સસરા યિથ્રોને વિદાય આપી
અને પછી યિથ્રો તેના વતનમાં પાછો ફર્યો.

## ઈસ્રાએલના લોકો સાથે દેવનો કરાર

19 મિસર દેશમાંથી નીકળ્યા પછી ત્રીજા મહિનાના
પ્રથમ દિવસે જ ઈસ્રાએલના લોકો સિનાઈના રણમાં
આવી પહોંચ્યા. 2પછી તેઓ રફીદીમથી નીકળીને સિનાઈના
રણમાં આવ્યા અને ત્યાં આગળ સિનાઈ પર્વતની સામે
નજીકમાં જ મૂકામ કર્યો. 3ત્યાર બાદ મૂસા પર્વત ચડીને
દેવ સમક્ષ ઊભો રહ્યો; અને દેવે તેની સાથે પર્વત પરથી
વાતો કરીને કહ્યું, "ઈસ્રાએલના લોકોને અને યાકૂબના ઘરને
આ કહેજે; 4'તમે તમારી નજરે જોયું કે મે મિસરવાસીઓને
શું કર્યુ અને તમને મિસરમાંથી ગરૂડ ની જેમ ઉપાડીને
મારી પાસે કેવી રીતે લાવ્યો હતો. 5તેથી હવે જો તમે મારા
કહ્યા પ્રમાણે કરશો અને મારા કરારને ધ્યાન રાખશો તો સર્વ
પ્રજાઓમાં તમે માત્ર ખાસ પ્રજા થશો. સમગ્ર પૃથ્વી મારી
છે. પણ હું તમને મારા ખાસ લોકો તરીકે પસંદ કરુ છું.
6તમે એક ખાસ રાષ્ટ્ર બનશો યાજકોનો દેશ.' આ બધું
તમારે ઈસ્રાએલના લોકોને કહેવાનું છે."
7આથી મૂસાએ આવીને તે લોકોના વડીલોને
બોલાવડાવ્યા. અને યહોવાએ તેને જણાવેલાં બધાં વચનો
તેઓની સમક્ષ કહી સંભળાવ્યાં. 8તે સાંભળીને સર્વ લોકોએ
એકસામટો જવાબ આપ્યો; "યહોવાએ જે ફરમાવ્યું છે તે
બધાનું અમે પાલન કરીશું."
અને લોકોએ જે જવાબ આપ્યો તે મૂસાએ દેવને પહોંચાડ્યો.
9પછી યહોવાએ મૂસાને કહ્યું, "જો હું એક ગાઢ વાદળમાં
તારી પાસે આવું છું, જેથી હું તારી સાથે બોલું ત્યારે લોકો
સાંભળી શકે, અને તારા ઉપર સદાસર્વદા વિશ્વાસ રાખે."
અને લોકોનાં વચન મૂસાએ દેવને કહી સંભળાવ્યાં.
10અને યહોવાએ મૂસાને કહ્યું, "તું લોકો પાસે જા અને
તેમને કહે કે આજ અને આવતી કાલે તેઓ દેહશુદ્ધિ કરે,
અને તેઓ પોતાનાં વસ્ત્રો ધુએ, 11અને ત્રીજા દિવસને માટે
તૈયાર થઈ જાય; કારણ કે, ત્રીજે દિવસે હું સર્વ લોકોના
દેખતાં સિનાઈના પર્વત ઉપર ઊતરનાર છું. 12અને તું પર્વતની
ચારે બાજુ લોકોને માટે હદ બાંધી આપજે, અને તેમને કહેજે
કે, 'ખબરદાર રહેજો, પર્વતપર ચઢતા નહિં, ને તેની તળેટીને
પણ અડકતા નહિ, અને જે કોઈ તેને અડકશે તેનો વધ
કરવામાં આવશે. 13જો કોઈ વ્યકિત તેને હાથ અડકાડે તો
તેને પથ્થરે મારવો અથવા તીરથી વીંધી નાખવો, પછી તે
પશુ હોય કે માણસ હોય, તે બચશે નહિ, જયારે રણશિંગડું
ફૂંકાય ત્યારે માત્ર એ લોકો પર્વત પર ચઢી શકશે."
14આથી મૂસા પર્વત પરથી નીચે ઊતરીને લોકો પાસે
ગયો અને તેમને ખાસ મિલન માટે તૈયાર કર્યા.અને લોકોએ
પોતાનાં વસ્ત્રો ધોઈ નાખ્યાં.
15અને પછી મૂસાએ તે લોકોને કહ્યું, "ત્રીજા દિવસ સુધીમાં
તૈયાર થઈ જજો. સ્રી સંગ કરશો નહિ."
16પછી ત્રીજે દિવસે સવારમાં આકાશમાં મેઘગર્જનાઓ
અને વીજળીઓ થવા લાગ્યાં. પર્વત ઉપર કાળું ઘાડું વાદળ
છવાઈ ગયું, અને રણશિંગડાનો બહુ મોટો અવાજ થયો,
જેથી છાવણીમાં સર્વ લોકો ધ્રૂજી ઊઠયા. 17એટલે મૂસાએ
સર્વ લોકોને દેવને મળવા માટે છાવણીમાંથી બહાર કાઢયા;
અને તેઓ પર્વતની તળેટીમાં ઊભા રહ્યા. 18અગ્નિરૂપે યહોવા
સિનાઈ પર્વત ઉપર ઊતર્યા, એટલે આખો પર્વત ધુમવા
લાગ્યો એ ધુમાડો ભઠ્ઠીના ધુમાડાની જેમ ઉપર ચડવા લાગ્યો.
અને આખો પર્વત જોરથી ધ્રૂજવા લાગ્યો. 19અને પછી જયારે
રણશિંગડાનો અવાજ વધારેને વધારે મોટો થતો ગયો ત્યારે
મૂસા બોલતો અને દેવ તેને ગડગડાટના અવાજથી જવાબ
આપતો. 20અને યહોવા સિનાઈ પર્વતના શિખર ઉપર
ઊતર્યા; પછી યહોવાએ મૂસાને પર્વતના શિખર ઉપર
બોલાવ્યો; તેથી મૂસા પર્વત ઉપર ગયો.
21પછી યહોવાએ મૂસાને કહ્યું, "નીચે જા, અને લોકોને
સાવધાન કર કે તેઓ મારા દર્શનાર્થે હદ ઓળંગીને ધસી
આવે નહિ, નહિ તો ઘણા લોક માર્યા જશે. 22વળી જે યાજકો
મારી નજીક આવે તે ખાસ મિલનમાં તૈયારી સાથે આવે,
નહિ તો હું તેમને સખત સજા કરીશ."
23એટલે મૂસાએ યહોવાને કહ્યું, "લોકો સિનાઈ પર્વત
ઉપર આવી શકે નહિં, કારણ કે તમે પોતે અમને આજ્ઞા કરી
હતી કે પર્વતની ચારે બાજુ હદ બાંધી લેજો અને લોકો તેને
પાર કરી પવિત્ર મેદાનમાં ન આવે."
24એટલે યહોવાએ તેને કહ્યું, "જા, નીચે ઊતર; અને
હારુનને ઉપર લઈ આવ, પરંતુ યાજકો કે લોકો હદ ઓળંગીને
મારી પાસે ધસી આવે નહિ એનું ધ્યાન રાખજે, નહિ તો હું
તે લોકો ઉપર તૂટી પડીશ."
25એટલે મૂસાએ નીચે ઉતરીને તેઓને એ વાત કરી.

## દસ આજ્ઞાઓ

20 પછી દેવે એ સર્વ વચનો ઉચ્ચારતા કહ્યું કે, 2"હું
તમારો દેવ યહોવા છું, જે તમને મિસર દેશમાંથી
જ્યાં તમે ગુલામ હતાં ત્યાંથી બહાર લઈ આવ્યો હતો.તેથી
તમારે આ આદેશો માનવા પડશે.
3"મારા સીવાય તમારે બીજા કોઈ દેવો ની પૂજા કરવી
નહી.
4"તમારે આકાશમાંથી કે પૃથ્વી ઉપરની કે પૃથ્વી
નીચેના પાણીમાંની કોઈપણ વસ્તુની મૂર્તિ કે પ્રતિમા
બનાવવી નહિ. 5તમારે તેમને સાષ્ટાંગ પ્રણામ કરવા
નહિ કે તેમની પૂજા કરવી નહિ. કારણ કે હું જ તમારો
દેવ યહોવા છું. મારા લોકો બીજા દેવોની પૂજા કરે એ
મને પસંદ નથી. જે મારી વિરુધ્ધ પાપ કરે છે, તેઓ

મારા દુશ્મન બને છે, અને હું તેમને અને તેમના સંતાનોને
ત્રીજી અને ચોથી પેઢી સુધી સજા કરીશ.6પરંતુ મારા
ઉપર પ્રીતિ રાખનાર અને મારી આજ્ઞાનું પાલન કરનારની
હજારો પેઢી પર હું દયાભાવ દર્શાવનાર છું.
7"તમારે મારું એટલે તમારા દેવ યહોવાના નામનો
દુરુપયોગ ન કરવો, કારણકે તે માણસોને હું નિર્દોષ
ગણીશ નહિં. જેઓ મારા નામનો દુરુપયોગ કરે છે અને
તેને સજા કર્યા વિના હું રહેતો નથી.
8"વિશ્રામવારની પવિત્રતા જાળવવાનું યાદ રાખો.
9છ દિવસ તમારે તમારાં બધાં કામકાજ કરવાં, પરંતુ
સાતમો દિવસ વિશ્રામવાર તો તમારા દેવ યહોવાનો છે.
10તેથી તે દિવસે તમારે કે તમારા પુત્રોએ કે તમારી
પુત્રીઓએ, તમારા દાસ-દાસીઓએ કે તમારાં ઢોરઢાંખરે
કે તમારા ગામમાં રહેતા વિદેશીએ કોઈ કામ કરવું નહિ,
કારણ કે, 11છ દિવસમાં યહોવાએ આકાશ, તથા પૃથ્વી,
સમુદ્ર તથા તેમાંની તમામ વસ્તુઓ બનાવી હતી અને
સાતમે દિવસે વિશ્રામ કર્યો હતો, તેથી યહોવાએ
વિશ્રામવારનેઆશીર્વાદ આપીને તેને પવિત્ર ઠરાવ્યો છે.
12"તમારા માતાપિતાનું સન્માન કરો, જેથી હું તમને
જે દેશ આપનાર છું તેમાં તમે લાંબુ આયુષ્ય પામો.
13"તમારે ખૂન કરવું નહિ.
14"વ્યભિચાર કરવો નહિ.
15"તમારે ચોરી કરવી નહિ,
16"તમારે પડોશી કે માનવબંધુ વિરુધ્ધ ખોટી સાક્ષી
પુરવી નહિ.
17"તમારા પડોશીના ઘરની લાલસા રાખવી નહિ;
તમારા પડોશીની પત્ની કે તેના દાસ કે તેની દાસી, કે
તેનો બળદ, કે તેનું ગધેડું કે તમારા પડોશીની કોઈપણ
વસ્તુની લાલસા રાખવી નહિ."

## લોકોનો દેવ પ્રત્યે ભય

18બધા લોકો ગર્જના, અને રણશિંગડાનો નાદ સાંભળીને
તથા વીજળીના ચમકારા અને પર્વતમાંથી નીકળતો ધુમાડો
જોઈને ભયભીત થઈને થરથર ધ્રૂજતાં દૂર જ ઊભા રહ્યા.
19પછી તેઓએ મૂસાને કહ્યું, "અમારી સાથે તમે જ બોલો,
તો અમે સાંભળીશું, પણ દેવ અમારી સાથે ન બોલે. નહિ તો
અમે બધા મરી જઈશું."
20એટલે મૂસાએ તે લોકોને કહ્યું, "ગભરાઓ નહિ, કારણ
કે દેવ તો તમારી કસોટી કરવા આવ્યા છે, જેથી તમે બધા
ગભરાતા રહો અને પાપ ન કરો."
21પરંતુ લોકો તો તેમ છતાં દૂર જ ઊભા રહ્યા. ને મૂસા
ઘનઘોર વાદળ નજીક જયાં દેવ હતા ત્યાં ગયો. 22પછી
યહોવાએ મૂસાને કહ્યું, "તું ઈસ્રાએલના લોકોને એ પ્રમાણે
કહે કે, મેં તમારી સાથે આકાશમાંથી વાત કરી છે એ તમે
જાતે જોયું છે. 23તેથી મારી સાથે સ્પર્ધા કરવા તમારે
સોનાચાંદીની મૂર્તિઓ ન બનાવવી. તમારે આ ખોટા દેવો
બનાવવા નહી.
24"મારા માટે તમે લોકો એક માટીની વેદી બનાવજો,
અને તેના પર તમારાં ઘેટાંબકરાં અને ઢોરોમાંથી મને દહનાર્પણ
અને શાંત્યાર્પણ ચડાવજો. અને જે સર્વ જગાએ હું મારું
નામ સ્થાપીશ, ત્યાં હું તમારી પાસે આવીશ અને તમને
આશીર્વાદ આપીશ. 25જો તમે મારા માટે પથ્થરની વેદી
બાંધો તો ઘડેલા પથ્થરની ન કરાવશો. કારણ કે તમે જો તેના
પર કોઈપણ ઓજાર વાપરો તો તે અસ્વીકાર્ય બની જાય.
26તેમ જ તમારે પગથિયાં ઉપર થઈને મારી વેદી ઉપર
ચઢવું નહિ, જેથી તમારા ગુહ્યાંગો નજરે ન ચડે, ને તમારી
નગ્નતા દેખાય નહિ."

## અન્ય કાનૂનો અને આજ્ઞાઓ

21 પછી દેવે મૂસાને કહ્યું, "હવે તારે કાનૂનો તેઓની
આગળ રજૂ કરવાના છે તે આ છે:
2"જો તમે કોઈ હિબ્રૂ દાસ ખરીદો તો તે છ વરસ પર્યંત
તમારી સેવા કરે અને સાતમે વરસે તે છૂટો થઈ જાય અને
તેણે કઈ ચુકવવાંનુ નહી રહે. 3ગુલામ થતાં પહેલા જો તે
પરણેલો નહિ હોય તો તે પત્નીના સિવાય છૂટો થઈ જાય
અને એકલો ચાલ્યો જાય. પરંતુ જો ગુલામ થતી વખતે જો તે
પરણેલો હશે તો છૂટો થતી વખતે તે તેની પત્નીને સાથે
લઈને જશે. 4જો કદાચ તે અવિવાહિત હશે તો ધણી તેને
પત્ની આપી શકશે. અને જો તે પત્ની, પુત્ર કે પુત્રીઓને
જન્મ આપશે તો તે સ્ત્રી તથા તેનાં બાળકો તેના ધણીનાં
ગણાશે. અને તે એકલો છૂટો થાય.
5"પરંતુ જો તે દાસ સ્પષ્ટ કહે કે; 'હું તો મારા ધણીને તથા
મારી પત્નીને તથા મારાં બાળકોને ચાહું છું; મારે તો છૂટવું
નથી.' 6જો આવું બને તો ગુલામના ધણીએ તેને દેવની
સમક્ષ લાવવો અને બારસાખ આગળ ઉભો રાખીને સોય
વતી તેનો કાન વીંધવો; એટલે તે તેના ધણીનો સદાને માટે
દાસ બની રહેશે.
7"અને જો કોઈ વ્યકિત પોતાની દીકરીને દાસી તરીકે
વેચે, તો તેને છુટી કરવાના કાયદા, પુરુષોને છુટા કરવાના
કાયદા જેવા નથી. 8જે વ્યકિતએ તેને ખરીદી હોય તેને જો
તે ન ગમે તો તે તેના પિતાને પાછી વેચી શકે છે, જો, ધણીએ
તેની સાથે લગ્ન કરવાનું વચન આપ્યુ હોય તો તે તેણે બીજા
લોકોને વેચવાનો હક્ક ગુમાવે છે. 9પરંતુ જો તેણે તેના પોતાના
પુત્ર માટે રાખી હોય તો તેની સાથે તેણે પુત્રી જેવો વ્યવહાર
રાખવો. 10જો તે બીજી પત્ની કરે તો તેણે તેની પ્રથમ પત્નીના
ખોરાક-પોષાક કે તેનાં પત્ની તરીકેના હક્કમાં કશો ઘટાડો
કરવો નહિં. 11અને જો તે તેની પત્ની પ્રત્યે આ ત્રણ ફરજો
કરી ન શકે, તો તે મફત એટલે પૈસા ચૂકવ્યા વગર એમને
એમ છૂટી થઈ શકે.
12"જો કોઈ એક વ્યકિતને મારી તેની હત્યા કરે તો તેને
મોતની સજા કરવી. 13પરંતુ જો એ વ્યકિતએ કોઈ ચોક્કસ
હેતુપૂર્વક ખૂન ના કર્યુ હોય અને આકસ્મિક રીતે તેનું મૃત્યુ
થયું હોય તો તે વ્યકિતને મારી પસંદ કરેલી જગ્યાંએ નાસી
જશે, જ્યાં લોકો પોતાની રક્ષા માટે ભાગી શકે છે. 14પરંતુ

જો કોઈ ક્રોધે ભરાઈને જાણી જોઈને બીજાની હત્યા કરે, પોતાના પડોશી પર ધસી જઈને તેને દગાથી મારી નાખે; તો તેને મારી વેદી આગળથી પણ લઈ જઈને મૃત્યુદંડ આપવો."

15"અને જો કોઈ પોતાના પિતાને કે માતાને ફટકારે તો તેને મૃત્યુદંડની સજા કરવી. 16જો કોઈ ચોરીછૂપીથી માનવહરણ કરે અને તેને વેચે અથવા તો તેને પોતાના તાબામાં રાખે તો તેને મૃત્યુદંડની સજા કરવી."

17"અને જો કોઈ પોતાના પિતાને કે માતાને શાપ આપે તો પણ તેને મૃત્યુદંડની સજા કરવી."

18"અને જો કોઈ બે માણસો એક બીજા સાથે ઝઘડો કરતા હોય, અને એક માણસ બીજા માણસને પથ્થરથી કે મુક્રીથી એવો મારે કે તે મરી ન જાય પરંતુ ખાટલે પડે; 19પછી જયારે તે સાજો થઈને લાકડી લઈને હરતો-ફરતો થઈ જાય તો જે માણસે તેને માર્યો હોય તે છૂટી જાય ખરો, પરંતુ તેણે પેલા માણસને સમય અને કામની નુકસાની ભરપાઈ કરવી અને સંપૂર્ણ સાજો થાય ત્યાં સુધી આધાર આપવો.

20"અને જો કોઈ વ્યકિત પોતાના દાસ કે દાસીને લાકડી વડે મારે અને તેનું મૃત્યુ થાય તો તે ગુનેગાર ગણાય અને સજાપાત્ર બને. 21પરંતુ જો તે દાસ કે દાસી મરી ન જાય અને થોડા દિવસો પછી સાજા થઈ જાય.તો ધણી ને સજા ન કરવી. કારણ એ દાસ કે દાસી તેની પોતાની મિલકત છે."

22"જો કોઈ માણસો લડતાં-ઝઘડતાં હોય ત્યારે કોઈ માણસ ગર્ભવતી સ્ત્રીને ઈજા પહોંચાડે અને તે તેના બાળકને સમય પહેલા જન્મ આપે પણ ગંભીર ઈજા ન થાય તો તે સ્રીનો પતિ માગે તેટલો દંડ ન્યાયાધીશના ચુકાદા પ્રમાણે આપવો. 23પણ જો પછીથી બીજું કંઈ નુકસાન થાય તો તેની શિક્ષા પ્રાણને બદલે પ્રાણ. 24આંખને બદલે આંખ, દાંતને બદલે દાંત, હાથને બદલે હાથ, પગને બદલે પગ. 25ડામને બદલે ડામ, ઘા ને બદલે ઘા, ચીરા ના બદલે ચીરો એ રીતે બદલો લેવો.

26"અને જો કોઈ વ્યકિત પોતાના દાસ કે દાસીને આંખ પર મારીને તે ફોડી નાંખે તો તેણે આંખની નુકસાનીના બદલામાં તેમને છૂટાં કરી દેવા. 27અને જો તે પોતાના દાસનો કે પોતાની દાસીનો દાંત તોડી પાડે તો તેના દાંતની માટે નુકસાનીના બદલામાં તેને છોડી દેવો."

28"અને જો કોઈ બળદ સ્ત્રી કે પુરુષને શિંગડું મારેને તેનું મૃત્યુ થાય તો તે બળદને પથ્થરા મારીને મારી નાખવો. અને તેનું માંસ ખાવું નહિ, બળદના ધણીને ગુનેગાર ગણવો નહિં. 29પણ જો તે બળદને પહેલાંથી શિંગડું મારવાની ટેવ હોય, ને તેનો ધણી તે જાણતો હોય, તેમ છતાં તેણે તેને કાબૂમાં રાખ્યો ના હોય, અને તે બળદ કોઈ પુરુષ કે સ્ત્રીને મારી નાખે તો તે બળદને પથ્થરો મારીને મારી નાખવો અને તેના ધણીને પણ મોતની સજા કરવી. 30પરંતુ મૃત્યુદંડને બદલે જો તેનો દંડ કરવામાં આવ્યો હોય તો તેના જીવના બદલામાં જે કાંઈ મૂલ્ય ઠરાવવામાં આવ્યું હોય તે તેણે ચૂકવવું.

31"અને જો તેણે કોઈના પુત્ર કે પુત્રીને શિંગડું માર્યુ હોય, તો પણ આ જ કાનૂન લાગું પડે. 32જો એ બળદ કોઈ દાસ કે દાસીને શિંગડું મારે તો તેના ધણીએ દાસ કે દાસીના ધણીને ત્રીસ તોલા ચાંદી આપવી અને બળદને પથ્થરો મારીને મારી નાખવો.

33"જો કોઈ વ્યકિત કુવાનું ઢાંકણુ ખોલી નાખે અથવા કોઈ વ્યકિત ખાડો ખોદે ને તેને ઢાંકે નહિ, ને જો તેમાં કોઈનો બળદ કે કોઈનું ગધેડું પડે. 34તો ખાડાના ધણીએ નુકસાન ભરપાઈ કરવું. તેણે એ પશુના ધણીને નાણામાં બદલો આપવો. અને મરેલું પશુ પોતે લઈ જવું.

35"અને જો કોઈ માણસનો બળદ બીજાના બળદને શિંગડું મારે અને તે મરી જાય, તો તે બન્ને જીવતો બળદ વેચી નાખે અને તેની કિંમત તથા મરેલું પશુ વહેંચી લે. 36અથવા જો એને પહેલેથી જ ખબર હોય કે એ બળદ ને કેટલાક સમયથી મારવાની ટેવ છે અને એના ધણીએ એને કાબૂમાં રાખ્યો ન હોય, તો તેનું નુકસાન ભરપાઈ કરી આપવું. બળદને બદલે બળદ આપવો, અને એ મૃત પશુ તેનું થાય.

22 "જો કોઈ માણસ બળદ કે ઘેટું ચોરે અને તેને કાપે અથવા વેચી નાખે, તો તેણે એક બળદને બદલે પાંચ બળદ અને એક ઘેટાને બદલે ચાર ઘેટા આપવા. 2જો કોઈ ચોર રાતના ખાતર પાડતા પકડાય અને તેની હત્યા થાય તો એ ખૂન ન ગણાય, પણ 3જો તે સૂર્યોદય પછી ખાતર પાડીને ઘરમાં ઘૂસે અને પકડાઈ જતાં તેને મારી નાખવામાં આવે તો એ ખૂન ગણાય. ચોરેલા માલની નુકસાની ચોરી કરનાર ભરી આપે; અને જો તે કંગાલ હોય તો તેની ચોરીને કારણે પોતે વેચાઈ જાય. 4પરંતુ જો ચોરેલી વસ્તુ તેના તાબામાં જીવતી મળી આવે, પછી તે બળદ હોય કે ગધેડું હોય કે ઘેટું હોય; તો તે બમણું ભરપાઈ કરી આપે.

5"જો કોઈ વ્યકિત પોતાનાં ઢોર ખેતરમાં કે દ્રાક્ષની વાડીમાં છૂટાં મૂકે અને તેઓ બીજાનાં ખેતરોમાં ભેલાણ કરે તો તેણે પોતાના ખેતરની અથવા દ્રાક્ષની વાડીની સર્વોત્તમ ઊપજમાંથી નુકસાની ભરપાઈ કરી આપવી.

6"જો કોઈ વ્યકિત પોતાના ખેતરમાં કાંટા-ઝાખરાં સળગાવવા આગ પેટાવે અને આગ પાડોશીના ખેતરમાં ફેલાઈ જાય અને તેના પાક અથવા અનાજ બળી જાય; તો જેણે આગ લગાડી હોય તેણે પૂરું નુકસાન ભરપાઈ કરી આપવું.

7"જો કોઈ વ્યકિત પોતાના પડોશીને નાણાં કે મિલકત સાચવવા માટે સોંપે અને તે પેલા માણસના ઘરમાંથી ચોરાઈ જાય; અને જો ચોર પકડાય, તો તેણે બમણું ભરપાઈ કરી આપવું. 8પરંતુ જો ચોર પકડાઈ ના જાય તો તે ઘર ધણીએ પોતાને દેવ આગળ રજુ કરવો અને દેવ તેની ચોરીનો ફેસલો કરશે.

9"જો કોઈ બે વ્યકિત બળદ વિષે કે ગધેડા વિષે કે ઘેટાં વિષે કે વસ્ત્ર વિષે કે કોઈ ખોવાયેલી વસ્તુ, વિષે અસહમત હોય અને તેમાનો એક કહે: 'આ મારુ છે.' પણ બીજો કહે : 'ના આ મારુ છે' તો બન્નેએ દેવ પાસે જવુંને દેવ ન્યાય

આપશે કે કોણ ખોટુ છે. જે ખોટો નીકળે તેણે બીજા વ્યકિતને બમણું ભરપાઈ કરી આપવું.

10"જો કોઈ માણસ પોતાના પડોશીને ગધેડું, બળદ, ઘેટું કે બીજું કોઈ પશુ સાચવવા સોંપે; અને તે મરી જાય, અથવા તેને કોઈ ઈજા થાય, અથવા કોઈ ઉપાડી જાય, અને કોઈ સાક્ષી હોય નહિ, 11તો પછી તે માણસે સમજાવવું કે તેણે ચોરી નથી કરી અથવા પ્રાણીને ઈજા નથી પહોચાડી. તેણે દેવને સમ સાથે કહેવાનું કે તેણે ચોરી નથી કરી; અને તેના ધણીએ એ કબૂલ રાખવું; અને પછી પડોશીએ નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી. 12પરંતુ જો પાડોશી એ તે પશુની ચોરી કરી હોય તો તેણે ધણીને નુકસાન ભરપાઈ કરી આપવું. 13જો કોઈ જંગલી પ્રાણીએ તેને ફાડી ખાધું હોય તો તેનો વધેલો ભાગ પુરાવા તરીકે રજૂ કરવો. પછી ફાડી ખાધેલાં પશુનું નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી."

14"અને જો કોઈ વ્યકિત પોતાના પડોશી પાસેથી કોઈ પ્રાણી ઉછીનું માગી લે, અને તેનો ધણી તેની સાથે ના હોય તે સ્થિતીમાં તેને કંઈ ઈજા થાય અથવા તે મરી જાય તો ઉછીનું લેનારે તેનો પુરેપુરો બદલો આપવો 15ધણી તેની સાથે હોય, તો ઉછીનું લેનારે નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી. અને જો ભાડે લીધું હોય તો ફકત ભાડું ચુકવવાનું રહે.

16"જો કોઈ વ્યકિત અપરણીત કુમારિકાને લલચાવીને તેની સાથે મેળાપ કરે, તો તેણે તેનું કન્યામૂલ્ય ચૂકવીને તેની સાથે લગ્ન કરે. 17જો તેનો બાપ તેની સાથે પરણાવાની ના પાડે, તો કુમારિકાના કન્યામૂલ્ય જેટલું નાણું આપવાનું રહે."

18"મેલીવિધાનો ઉપયોગ કરનાર સ્રીને જીવતી રહેવા ન દેવી.

19"જાનવરની સાથે કુકર્મ કરનારને મૃત્યુદંડની સજા કરવી."

20"મારા સિવાય એટલે કે યહોવા સિવાય બીજા કોઈપણ દેવને યજ્ઞ કરે અને આહુતિ આપે તો તે વ્યકિતનું નામનિશાન રહેવા દેવું નહિં."

21"તમારે વિદેશીઓને હેરાન કરવા નહિ, તેમના પર ત્રાસ કરવો નહિ, કારણ કે, તમે પોતે મિસર દેશમાં વિદેશી હતા."

22"કોઈ વિધવા કે અનાથ બાળકને રંજાડશો નહિ." 23જો તમે કોઈપણ પ્રકારે ત્રાસ અથવા તેમને દુ:ખી કરશો તો તેઓ મને પોકારશે અને હું તેમનો પોકાર સાંભળીશ. 24અને મારો ક્રોધ ભભૂકી ઊઠશે. અને હું તલવારથી તમને રહેંસી નાખીશ; તો તમારી પત્ની વિધવા થશે અને તમારાં પોતાનાં બાળકો અનાથ થશે.

25"તમે મારા લોકોમાંના કોઈ ગરીબ માણસને નાણાં ધીરો તો તેના પ્રત્યે લેણદાર જેવો વ્યવહાર ન રાખશો, ને તેની પાસે વ્યાજ લેશો નહિ. 26જો તમે તમારા પડોશીનું વસ્ત્ર ગીરવે રાખો તો સૂર્યાસ્ત થતાં અગાઉ તમારે તે તેને પાછું આપવું. 27કારણ કે એ એકમાત્ર એનું પાગરણ છે. તેથી તે બીજું શું ઓઢીને સૂએ? જો તે મને પોકારશે તો હું તેને સાંભળીશ, કારણ કે હું કૃપાળુ છું.

28"તમારા દેવ તથા તમારા પોતાના લોકોના કોઈ આગેવાનને શાપ આપવો નહિ.

29"તમારે તમારા ખેતરની ઊપજ તથા તમારા દ્રાક્ષારસની પુષ્કળતામાંથી અર્પણ કરવામાં ઢીલ કરવી નહિ અને તમારો જયેષ્ઠ પુત્ર મને આપવો.

30"તમારાં બળદો અને ઘેટાનું પ્રથમ જનિત મને આપવું. સાત દિવસ ભલે તે પોતાની માતાની સાથે રહે. આઠમે દિવસે તમારે તે મને આપી દેવો."

31"અને તમે લોકો મારા ખાસ માણસો થાઓ; તમારે જંગલી પશુએ મારેલા કોઈ પશુનું માંસ ન ખાવું, તે કૂતરાંને નાખી દેવું.

23 "તમારે જૂઠી અફવા માનવી નહિ, કે ફેલાવવી નહિ, દુષ્ટ માણસને સાથ આપીને ખોટી સાક્ષી પૂરવી નહિ,

2"બહુમતીથી દોરવાઈને તમારે ખોટું કામ કરવું નહિ, તેમ જ ન્યાયાલયમાં સાક્ષી આપતી વખતે ન્યાયના ભોગે બહુમતીનો પક્ષ લેવો નહિ.

3"માણસ ગરીબ હોય તો તેની ગરીબીના કારણે ન્યાયાલયમાં તેના પ્રત્યે પક્ષપાત ન કરવો. જો તે સાચો હોય તોજ એનો પક્ષ લેવો.

4"તમારા શત્રુનો બળદ કે ગધેડો ભટકતો નજરે પડે તો તમારે તેના માલિકને ત્યાં પાછો પહોંચાડવો.

5"જો તમે તમારા દુશ્મનના ગધેડાને ભારથી ચગદાઈને પડેલો જુઓ. તો તેને એમને એમ છોડીને ચાલ્યા ન જતાં, તમારે તેને સહાય આપીને બેઠો કરવો પછી જ તેને છૂટું કરવું.

6"તમારે ગરીબ માણસને તેના ન્યાયશાસનમાં અન્યાય ન કરવો."

7"જૂઠા આક્ષેપો કરવા નહિ, તથા નિર્દોષ અને ન્યાયીને મૃત્યુદંડની સજા કરવી નહિ. હું નિર્દોષ માણસ ને મારી નાખે તેવા ખરાબ માણસ ને નિર્દોષ નહી માનું.

8"તમારે કદાપી લાંચ લેવી નહિ. કારણ કે, લાંચ ન્યાયાધીશોને અંધ બનાવે છે, જેથી તેઓ સત્ય જોઈ શકતા નથી. તે સારા માણસને ખોટુ બોલતા કરે છે.

9"તમારે વિદેશી લોકો ઉપર ત્રાસ કરવો નહિ, તમે લોકો મિસરમાં વિદેશી હતા, એટલે તમે વિદેશીઓની લાગણીને જાણો છો.

### વિશીષ્ટ પર્વો

10"અને છ વર્ષ પર્યંત તમારે ખેતરમાં વાવેતર કરવું અને તેની ઊપજ એકત્રીત કરવી. 11પરંતુ તમારે સાતમે વર્ષે કશુંય વાવ્યા વિના જમીન પડતર રહેવા દેવી. જમીનને એક વર્ષ આરામ કરવા દેવો.જે કઈ ઉગે વાવ્યા વગરતે વર્ષે,તે ગરીબોને લેવા દેવું અને વધેલું વનનાં પશુઓ ખાઈ શકે. વળી તમારે તમારી દ્રાક્ષની અને જૈતૂનની વાડીમાં પણ આ પ્રમાણે કરવું.

12"તમારે 6 દિવસ કામ કરવું પણ 7મે દિવસે વિશ્રામ કરવો, જેથી તમારા બળદને અને ગધેડાંને આરામ મળે અને

તમારા ઘરમાં કામ કરતા દાસ-દાસી અને પરદેશી  આરામ
કરીને તાજા થાય.
13"અને મેં જે બધું તમને કહ્યું છે તેનું ધ્યાન રાખજો.
અને અન્ય દેવોની પૂજા કરશો નહિ. તથા તમારા મોઢેથી
તેઓનું નામ સાંભળવા મળવું જોઈએ નહિ.
14"પ્રતિવર્ષ તમારે મારો ઉત્સવ ત્રણ વાર ઊજવવો આ
રજાઓમા, તમારે મારી ખાસ જગ્યાએ મારી ઉપાસના કરવા
આવવું. 15પહેલી રજા આબીબ મહિનામાં બેખમીર રોટલી
ના ઉત્સવની હશે. તે વખતે સાત દિવસ મારી આજ્ઞા મુજબ
તમારે ખમીર વગરની રોટલી ખાવી. કારણ કે, એ મહિનામાં
તમે મિસરમાંથી બહાર આવ્યા હતા, અને કોઈએ મારી
પાસે ખાલી હાથે આવવું નહિ.
16"બીજી રજા કાપણીના પર્વની હશે. આ રજા વહેલા
ઉનાળામાં તમે ખેતરમાં જે વાવેતર કર્યુ હોય તેની પ્રથમ
ઊપજ પ્રાપ્ત થાય ત્યારે હશે. ત્રીજી રજા આશ્રયના પર્વમાં
જયારે ખેતરમાંથી ઉપજ ભેગી કરો ત્યારે રહેશે.
17"પ્રતિવર્ષ ત્રણ વખત તમારામાંના પ્રત્યેક પુરુષોએ મારી
ખાસ જગ્યાએ, મારી સાથે તમારા માલિક સાથે રહેવું.
18"તમારે મારા બલિનું લોહી ખમીરવાળી રોટલી સાથે
ધરાવવું નહિં તેમજ મારા પર્વના બલિની ચરબી સવાર
સુધી રાખી મૂકવી નહિં. 19"તમારી જમીનની પ્રથમ ઊપજનો
ઉત્તમોત્તમ ભાગ તમારે તમારા યહોવા દેવના મંદિરમાં લઈ
આવવો. વળી લવારાને તેની માતાના દૂધમાં રાંધવું નહિ."

### ઈસ્રાએલીઓને ભૂમિ પ્રાપ્તિ માટે યહોવાની મદદ

20"અને તમારા માટે મેં જે જગ્યા તૈયાર કરી છે ત્યાં
તમને લઈ જવા માટે હવે હું તમારી આગળ એક દેવદૂત
મોકલું છું તે રસ્તામાં તમારું રક્ષણ કરશે. 21તમે લોકો તેનાથી
જાળવીને રહેજો અને તેનું કહ્યું કરજો. તેના વિરુધ્ધ બળવો
ન કરશો, તે તમારો ગુનો માફ કરશે નહિ, કારણ કે મારી
શકિત તેનામાં છે. 22પરંતુ જો તમે તેની આજ્ઞાઓનું પાલન
કરશો અને હું જે કહું તે બધુ કરશો, તો હું તમારી સાથે
રહીશ અને તમારા શત્રુઓ સાથે લડીશ. અને તમને હેરાન
અને ત્રાસ કરનારને હું સજા આપીશ.
23"કારણ કે મારો દેવદૂત તમારી આગળ આગળ ચાલશે
અને તમને અમોરીઓ, હિત્તીઓ, પરીઝીઓ, કનાનીઓ,
હિવ્વીઓ અને યબૂસીઓના પ્રદેશમાં લઈ જશે, અને હું
તેઓનો સર્વનાશ કરીશ.
24"તે લોકોના દેવોની પૂજા કરવી નહિં, તેમની આગળ
નમવું નહીં. તમારે તે લોકોની જેમ રહેવાનું નથી; તમારે
તેઓની મૂર્તિઓને ઉથલાવી પાડવાની છે. અને તે લોકોના
સ્તંભોના ભાંગીને ભુક્કા કરી નાખવાના છે. 25વળી તમારે
તમારા યહોવા દેવની જ સેવા કરવાની છે, અને હું તમારા
અન્ન-જળ ઉપર આશીર્વાદ વરસાવીશ. અને તમારા તમામ
રોગો હું દૂર કરીશ." 26"તમારા દેશમાં કોઈપણ સ્ત્રીનો ગર્ભપાત
થશે નહિં, તથા કોઈ સ્ત્રી વાંઝણી પણ હશે નહિં; હું તમને
લોકોને પૂરેપૂરું આયુષ્ય આપીશ."
27"તમે જ્યારે દુશ્મનો સાથે લડતા હશો,ત્યારે હું મારુ
મહાબળ તમારી સામે મોકલીશ અને તે બધાંને હું થથરાવી
દઈશ. તથા તમારા બધાજ દુશ્મનો તમારાથી ભાગી જાય
એવું હું કરીશ." 28તદુપરાંત હું તમારી આગળ હું ભમરીઓને
મોકલીશ, ને તે હિવ્વી તથા કનાની તથા હિત્તી લોકોને
તમારી આગળથી હાંકી કાઢશે. 29હું એક જ વર્ષમાં એ બધાને
હાંકી કાઢીશ નહિ, તો બધી જમીન વેરાન થઈ જાય અને
જગંલમાં જંગલી જાનવરોની સંખ્યા વધી જતાં તમે બધા
મુશ્કેલીમાં મુકાઈ જાઓ. 30તમારી સંખ્યાનો એટલો બધો
વધારો થાય અને તમે સમગ્ર દેશનો કબજો લઈ શકો ત્યાં
સુધીમાં તો હું તેમને ધીરે ધીરે હાંકી કાઢીશ.
31"અને હું રાતા સમુદ્રથી ફ્રાત નદી સુધી તમારી સરહદ
નક્કી કરી આપીશ. પલિસ્તી સમુદ્ર પશ્ચિમી સરહદે રહેશે
અને પુર્વી સરહદ અરબી રણ રહેશે. અને એ દેશના
વતનીઓને હું તમારા હાથમાં સોંપી દઈશ, અને તમે તેમને
હાંકી કાઢજો.
32"તમે તેમની સાથે કે તેમના દેવો સાથે કોઈ સંબંધ
બાંધશો નહિં, કે તેમને તમારા શહેરમાં રહેવા ન દેશો. 33નહિં
તો તેઓ તમને ફસાવી તેમના દેવોની પૂજા કરશે અને મારી
વિરુધ્ધ પાપ કરવા પ્રેરશે."

### ઈસ્રાએલ અને યહોવાએ કરાર કર્યો

24 દેવે મૂસાને કહ્યું, "તું અને હારુન, તથા નાદાબ
તથા અબીહૂ તથા ઈસ્રાએલના વડીલોમાંના 70
મારી સમક્ષ આવો; અને થોડે દૂર રહીને મારી  ઉપાસના
કરજો. 2પછી તું એકલો મારી પાસે આવજે, અન્ય કોઈ ન
આવે. અને લોકો તો તારી સાથે ઉપર આવે જ નહિં."
3ત્યાર બાદ મૂસાએ આવીને લોકોને યહોવાનાં બધાં વચનો
અને બધી આજ્ઞાઓ કહી સંભળાવી. પછી બધા લોકો એકી
અવાજે બોલી ઊઠયા; "યહોવાએ જે બધી વાતો કહી છે તે
બધાનું પાલન અમે કરીશુ."
4પછી મૂસાએ યહોવાનાં બધાં આદેશો લખી નાખ્યાં અને
સવારમાં વહેલા ઊઠીને તેણે પર્વતની તળેટીમાં વેદી બાંધી
અને ઈસ્રાએલના બાર કુળસમૂહ પ્રમાણે બાર સ્તંભ બાંધ્યાં.
5પછી તેણે કેટલાક ઈસ્રાએલી નવયુવાનોને યજ્ઞો અર્પવા
મોકલ્યા. અને તેમણે યહોવાને દહનાર્પણ અને શાંત્યાર્પણ
તરીકે બળદો અર્પણ કર્યા.
6અને મૂસાએ બલિનું અડધું લોહી એક વાસણમાં રાખ્યું
અને અડધું લોહી તેણે વેદી પર છાંટયું.
7પછી તેણે કરારનું પુસ્તક લીધું અને બધા લોકોને મોટેથી
વાંચી સંભળાવ્યું એટલે તેઓ બોલી ઊઠયા, "યહોવાએ જે
જે કહ્યું છે તે બધું અમે માથે ચડાવીશું અને તે પ્રમાણે
કરીશું."
8પછી મૂસાએ વાસણમાંથી લોહી લઈને લોકો ઉપર
છાટયું અને કહ્યું; "આ પુસ્તકમાં લખેલાં વચનો પ્રમાણે
યહોવાએ તમારી સાથે જે કરાર કર્યો છે તેને પાકો કરનાર
આ લોહી છે."

9તે પછી મૂસા, હારુન, નાદાબ, અબીહૂ અને
ઈસ્રાએલીઓના 70 વડીલોને સાથે લઈને તે ઉપર ગયો.
10ત્યાં તેમણે ઈસ્રાએલના દેવના દર્શન કર્યા. તેમના પગ
નીચે જાણે ઈન્દ્રનીલની ફરસબંધી હતી– સ્વચ્છ નિર્મળ
નીલ આકાશ જ જોઈ લો. 11ઈસ્રાએલના બધા આગેવાનોએ
દેવનું આ દ્રશ્ય જોયું, પણ યહોવાએ તેમનો નાશ ન કર્યો.
તેઓ બધાએ સાથે ખાધું અને પીધું.

## મૂસાને દેવના કાનૂનની પ્રાપ્તિ

12યહોવાએ મૂસાને કહ્યું, "તું મારી પાસે પર્વત ઉપર આવ
અને ત્યાં રહે; અને મેં જે શિલાઓ ઉપર ઉપદેશો અને
કાનૂનો લખ્યાં છે, તે હું તને આપીશ જેથી તું લોકોને સમજાવી
શકે."

13આથી મૂસા તથા તેનો સેવક યહોશુઆ ઊઠ્યા, અને
મૂસા દેવના પર્વત ઉપર ગયો. 14જતાં જતાં તેણે વડીલોને
કહ્યું, "અમે પાછા આવીએ ત્યાં સુધી તમે અહી અમારી રાહ
જુઓ. અને જુઓ, હારુન અને હૂર તમારી સાથે છે; જો
કોઈને કંઈ તકરાર હોય તો તે એ બે જણ પાસે જાય."

## મૂસાની દેવ સાથે મુલાકાત

15પછી મૂસા પર્વત પર ચઢયો અને વાદળોએ પર્વતને
ઢાંકી દીધો. 16યહોવાનું ગૌરવ સિનાઈ પર્વત પર ઊતર્યુ.
અને છ દિવસ સુધી વાદળોએ એ પર્વતને ઢાંકી રાખ્યો, અને
સાતમે દિવસે યહોવાએ વાદળમાંથી મૂસાને હાંક મારીને
બોલાવ્યો. 17અને યહોવાનું ગૌરવ ઈસ્રાએલીઓને પર્વતની
ટોચે સર્વભક્ષી અગ્નિ જેવું લાગ્યું.

18અને મૂસા વાદળમાં પ્રવેશ કરીને પર્વત પર ચઢયો;
અને તે ત્યાં 40 દિવસ અને 40 રાત રહ્યો.

## પવિત્ર વસ્તુઓની ભેટો

25 યહોવાએ મૂસાને કહ્યું, 2"ઈસ્રાએલના લોકોને કહે
કે 'તેઓ મારા માટે ભેટ ઉઘરાવે; પ્રત્યેક માણસ
રાજીખુશીથી જે કંઈ આપે તે તમારે ભેટ તરીકે સ્વીકારવું.
3તમારે તેમની પાસેથી આટલી વસ્તુઓ ભેટમાં સ્વીકારવી;
સોનું, ચાંદી તાંબું અને ભૂરા, જાંબુડિયા તથા કિરમજી રંગનું
કિંમતી ઊન; 4શણનું ઝીણું કાપડ તથા બકરાંના વાળ, 5ઘેટાનાં
પકવેલાં લાલ રંગમાં રંગેલાં ચામડાં, તથા સીલનાં કુમાશદાર
ચામડાં, અને બાવળનાં લાકડાં. 6દીવા માટે તેલ, અભિષેકના
તેલને માટે તથા સુવાસિત ધૂપને માટે સુગંધીઓ 7ઉરપત્ર
અને એફોદમાં જડવા માટે ગોમેદ પાષાણો અને અન્ય
પાષાણો. "

## પવિત્ર મંડપ

8"અને તેઓ મારા માટે એક પવિત્ર સ્થાન બનાવે, જેથી
હું તેમની વચ્ચે રહી શકું. 9હું એ મિલન તંબૂનો નમૂનો તથા
તેના સર્વ સામાનનો નમૂનો બતાવું તે પ્રમાણે તમારે તે
બનાવવું.

## કરારકોશની પેટી

10 "બાવળના લાકડાનો અઢી હાથ લાંબો દોઢ હાથ પહોળો
અને દોઢ હાથ ઊંચો એક પવિત્રકોશ બનાવવો. 11અને તેને
અંદરથી ને બહારથી ચોખ્ખા સોનાથી મઢી લેવો અને તેની
ફરતે સોનાની પટ્ટી જડવી. 12પછી તેને ઊંચકવાનાં ચાર
સોનાનાં કડાં બનાવવાં અને તેના ચાર ખૂણે જડી દેવાં; એક
બાજુએ બે કડાં અને બીજી બાજુએ બે કડાં. 13બાવળના
દાંડા બનાવીને પછી તું તેમને સોનાથી મઢજે. 14અને કોશને
ઉપાડવા માટે એ દાંડા દરેક બાજુના કડામાં પરોવી દેવા.
15દાંડા કોશનાં કડામાં રહેવા દેવા, બહાર કાઢવા નહિં.

16"અને હું તને કરારના સ્મારક તરીકે જે બે પાટીઓ
આપું તે તું તેમાં મૂકજે, 17વળી ચોખ્ખા સોનાનું અઢી હાથ
લાંબું અને દોઢ હાથ પહોળું ઢાંકણું તમારે બનાવવું. 18અને
બે કરૂબ દેવદૂતો ટીપેલા સોનામાંથી ઘડીને ઢાંકણના બે છેડા
માટે બનાવવા. 19અને એક દેવદૂત એક છેડા પર, ને બીજા
ઢાંકણના બીજા છેડા પર બેસાડવો, એ દેવદૂત ઢાંકણની સાથે
એવી રીતે જોડી દેવા કે ઢાંકણ અને દેવદૂતો એક થઈ જાય.
20એ દેવદૂતોની પાંખો ઊંચે આકાશ તરફ ફેલાયેલી રાખવી.
તેમનાં મોં એકબીજાની સામે હોય અને તે ઢાંકણ તરફ
વળેલાં હોય. 21એ ઢાંકણ કોશ ઉપર મૂકવું અને કોશમાં હું
તને આપું તે કરારની બે પાટીઓ મૂકવી. 22પછી હું તને ત્યાં
મળીશ. અને કરારકોશ ઉપરના બે કરૂબદેવદૂતોની વચ્ચેથી
હું તને ઈસ્રાએલીઓ માટેની મારી બધી આજ્ઞાઓ આપીશ."

## મેજ

23"વળી તું બાવળના લાકડાનો બે હાથ લાંબો, એક હાથ
પહોળો, અને દોઢ હાથ ઊંચો એક મેજ બનાવજે. 24અને તું
તેને શુદ્ધ સોનાથી મઢજે ને તેને ફરતી સોનાની કિનારી
બનાવજે. 25અને તેને ફરતી તું ચાર આંગળની કોર બનાવજે,
અને કોરની આસપાસ સોનાની કિનારી બનાવજે. 26અને
એને ઉપાડવા માટે સોનાનાં ચાર કડાં બનાવજે અને તેને
ચાર ખૂણે ચાર પાયા સાથે જડી દેજે. 27મેજને ઉપાડવા
માટેની દાંડીઓ પરોવવાના કડાં કિનારની પાસે મૂકવાં. 28અને
મેજ ઊંચકવા માટે બાવળના દાંડા બનાવજે અને તેને સોનાથી
મઢજે. 29મેજ માટે વાસણો બનાવજે; રકાબીઓ, વાટકા,
પેય અને નૈવેધ માટેના વાટકા તથા કડછીઓ; એ બધાં શુદ્ધ
સોનાનાં બનાવજે. 30અને એ મેજ ઉપર હંમેશા મારી સન્મુખ
મને ધરાવેલી રોટલી મૂકી રાખજે.

## દીવી

31"વળી, એક શુદ્ધ સોનાની દીવી બનાવજે. એ દીવીની
બેસણી અને થાંભલી સોનામાંથી ઘડીને બનાવજે, તેનાં
શોભાના ફૂલો, કળીઓ અને પાંદડીઓ, દીવી સાથે જડીને
એક કરી દેવાં.

32"એ દીવીને છ શાખા હોય–બંને બાજુએ ત્રણ ત્રણ.
33એ છમાંની દરેક શાખાને બદામના ફૂલના ઘાટનાં ત્રણ
શોભાનાં ફૂલ હોય, અને પ્રત્યેકને કળીઓ અને પાંદડીઓ

હોય. 34દીવીની થાંભલીને બદામનાં ફૂલના ઘાટનાં ચાર શોભાના ફૂલ હોય અને દરેકને કળીઓ અને પાંખડીઓ હોય 35 દીવીને છ ડાળી હોવી જોઈએ–દાંડીની બન્ને બાજુથી ત્રણ શાખા નીકળવી જોઈએ શાખાની દરેક જોડીની નીચે એક એક કળી હોય, એ કળીઓ અને ડાળીઓ દીવીની સાથે જડી દીધેલી હોય. 36અને બધુંજ શુદ્ધ સોનાની એક જ ડાળકીમાંથી ઘડીને બનાવેલું હોય. 37દીવી માટે સાત કોડિયાં બનાવવાં અને એવી રીતે ગોઠવવાં કે તેમનો પ્રકાશ સામેની બાજુએ પડે. 38એના ચીપિયા અને તાસક શુદ્ધ સોનાના હોવા જોઈએ. 39આ બધાં સાધનો બનાવવા માટે 75 પૌંડ શુદ્ધ સોનું વાપરજે. 40તેં પર્વત પર જોયેલા નમૂના પ્રમાણે આ બધું બનાવવાની કાળજી રાખજે.

## પવિત્ર મંડપ

26 યહોવાએ મૂસાને કહ્યું, "વળી તું તંબુ દશ પડદામાંથી બનાવજે. આ પડદા ઝીણા કાંતેલા શણિયાના હોવા જોઈએ અને ભૂરા, કિરમજી અને લાલ ઊનના બનાવજે. એ પડદાઓ ઉપર જરીથી કળામય રીતે કરૂબ દેવદૂતો ભરાવજે. 2પ્રત્યેક પડદો અઠ્ઠાવીસ હાથ લાંબો, ને ચાર હાથ પહોળો હોય; બધાજ પડદા એક સરખા માપના હોય. 3પાંચ પડદા એકબીજા સાથે જોડાય અને બીજા પાંચ પડદા એકબીજા સાથે જોડાય. 4પડદાના એક સમૂહ પર જાંબુડિયા રંગના કાપડનાં નાંગરાં મૂકવાં. બીજા સમૂહના છેલ્લા પડદા પર પણ એમજ કરવું. 5એક પડદામાં તું 50 નાકાં બનાવજે, ને બીજા સમૂહના પડદામાં 50 નાકાં બનાવજે અને નાકાં એકબીજાની સામસામા આવવા જોઈએ. 6પછી 50 કડીઓ સોનાની બનાવીને બંને પડદાને સાંધી દેવા જેથી મંડપનો એક સળંગ તંબૂ બનશે.

7"આ પવિત્ર મંડપ ઉપર તંબૂ બનાવવા માટે બકરાંનાં વાળના કાપડના અગિયાર પડદા તૈયાર કરવા. 8અગિયાર પડદા એક સરખા માપના હોવા જોઈએ, પ્રત્યેક 30 હાથ લાંબા અને 4 હાથ પહોળા. 9એમાંના પાંચ પડદાને એક સાથે સીવીને એક પડદો બનાવવો; બાકીના છ પડદાને ભેગા સીવીને બીજો પડદો બનાવવો. એમાંનો છઠ્ઠો પડદો મંદિરના પ્રવેશદ્વાર ઉપર બેવડ વાળવો. 10અને સમૂહનો જે છેલ્લો પડદો છે તેની બાજુએ પચાસ નાકાં; ને બીજા સમૂહના પડદાની બાજુએ પચાસ નાકાં બનાવજે. 11અને કાસા 50 કડીઓ બનાવજે અને તેને પેલાં નાંગરાંમાં પરોવી બંને પડદાંને જોડી દઈને એક સળંગ તંબૂ બનાવજે. 12અને તંબૂ ઉપરથી વધારાનો લટકતો રહેતો અડધો પડદો મંડપના પાછલા ભાગ પર લટકતો રાખવો. 13તંબૂની બંને બાજુએ પડદાઓ એક હાથ તંબૂના છેડેથી નીચા રહેશે. આથી આ તંબૂ પવિત્ર તંબૂને સંપૂર્ણ રીતે ઢાંકશે. 14તંબૂ માટે ઘેટાના લાલ રંગેલા ચામડાનો બીજો ઓઢો બનાવવો અને તેના પર આચ્છાદન માટે કુમાશદાર ચામડાનું ઢાંકણ બનાવવું.

15"પવિત્રમંડપની આધાર તરીકે બાવળનાં પાટિયાં બનાવી ઊભાં મૂકવાં. 16પ્રત્યેક પાટિયું 10 હાથ લાંબુ અને દોઢ હાથ પહોળું હોય. 17પ્રત્યેક પાટિયામાં એકબીજાની સાથે જોડાયેલી બે સાલ હોય; પવિત્ર મંડપની બધીજ બારસાખો સરખી હોવી જોઈયે. 18પવિત્ર મંડપની દક્ષિણની બાજુ માટે 20 ચોકઠા બનાવવાં. 19અને પ્રત્યેક પાટિયાનાં બે સાલને બેસાડવા માટે તેની નીચે બે કુંભી એમ કુલ 40 ચાંદીની કુંભીઓ બનાવવી. 20એ જ પ્રમાણે મંડપની ઉત્તરની બાજુ માટે પણ 20 પાટિયાં, 21અને 40 ચાંદીની કૂંભી બનાવવી જેથી દરેક પાટિયા નીચે બબ્બે કૂંભી આવે. 22પવિત્ર મંડપની પશ્ચિમ તરફની પાછલા ભાગ માટે છ પાટિયાં બનાવવાં. 23અને મંડપના પાછલા ભાગના બે ખૂણાને માટે તું બે પાટિયાં બનાવ. 24આ ખૂણા ઉપરનાં પાટિયાં નીચેથી એકબીજા સાથે બંધ બેસતાં હોય અને તે ઠેઠ ઉપર એક કડી બધાં પાટિયાં ને સાથે રાખે. બન્ને ખૂણાઓમા એમ કરવું. બે ખૂણા માટેનાં બે પાટિયાં આ રીતે બનાવવાં એટલે બે ખૂણા બની જશે, 25આમ, આઠ પાટિયાં અને 16 ચાંદીની કૂંભી હશે. પ્રત્યેક પાટિયાં નીચે બબ્બે કૂંભીઓ રાખજે.

26"વળી તું બાવળના લાકડાની આડી વળીઓ બનાવજે. પવિત્ર મંડપની એક બાજુના પાટિયાંને માટે પાંચ, 27ને પવિત્ર મંડપની બીજી બાજુના પાટિયાં માટે પણ પાંચ તેમજ પશ્ચિમ તરફથી પાછલી બાજુ માટે પાંચ. 28વચલી વળી પાટિયાની વચ્ચે તંબૂના એક છેડાથી બીજા છેડા સુધી આવે.

29"વળી પાટિયાં સોનાથી મઢાવવાં. અને વળીઓ ભેરવવા માટે તેમાં સોનાનાં કડાં બેસાડવાં અને વળીઓને પણ તું સોનાથી મઢાવજે. 30પર્વત પર તને પવિત્ર મંડપનો જે નમૂનો મેં બતાવ્યો છે તે પ્રમાણે તું પવિત્ર મંડપ ઊભો કરજે.

## પવિત્ર મંડપની અંતઃ રચના

31"તું ભૂરા, કિરમજી અને લાલ ઊનનો અને ઝીણા કાંતેલા શણિયાનો એક ખાસ પડદો તંબૂમા ભાગ પાડવા માટે બનાવજે. એના ઉપર જરીની કલામય રીતે કરૂબદેવદૂતોની આકૃતિઓ ભરાવજે. 32સોનાની કૂંભીઓમાં બેસાડેલી બાવળની સોને મઢેલી અને આંકડીઓવાળી ચાર થાંભલીઓ ઉપર તેને લટકાવવો. 33એ આંકડીઓ નીચે તું પડદો લટકાવજે. અને કરારનો તકતીઓવાળો કોશ એ પડદા પાછળ મૂકજે. એ પડદો પવિત્ર સ્થાનને પરમ પવિત્ર સ્થાનથી જુદો પાડશે. 34પરમ પવિત્ર સ્થળમાં કરારકોશ ઉપર ઢાંકણ ઢાંકી દેજે.

35"પવિત્ર જગ્યાની અંદર પડદાની પેલી બાજુએ તે ખાસ મેજ બનાવ્યુ છે તે મુકવું. તે તંબૂની ઉત્તર બાજુએ મુકવું, પછી દીવી ને દક્ષિણ તરફ બાજઠની સામે મુકવી.

## પવિત્ર મંડપનું પ્રવેશદ્વાર

36"વળી, તું પવિત્ર મંડપના પ્રવેશદ્વાર માટે ભૂરા, કિરમજી અને લાલ ઊનનો અને ઝીણા કાંતેલા શણિયાનો જરીનું સુંદર ભરતકામ કરેલો પડદો કરાવજે. 37અને એ પડદા માટે બાવળના લાકડાની સોને મઢેલી અને સોનાની કડીવાળી

પાંચ થાંભલી કરાવજે અને એ થાંભલીઓ માટે કાંસાની
ઢાળેલી પાંચ કૂભીઓ બનાવજે."

### દહનાર્પણની ભેટ માટે વેદી

27 વેદી બાવળના લાકડાની બનાવવી, જે ચોરસ હોય
અને 5 હાથ લાંબી, 5 હાથ પહોળી અને 3 હાથ
ઊચી હોય. 2ચારે ખૂણે ચાર ટોચકાં બનાવવાં, અને તે વેદીના
લાકડામાંથી જ બનાવવા અને તેના ચારે બાજુથી ખુણા
જોડી લેવા, જેથી તે એક બની જાય ત્યારબાદ વેદીને કાંસાથી
ઢાંકી દેવી.

3"અને તેનાં ભસ્મપાત્રો, પાવડાંઓ, તપેલાં તથા પંજેટી
તથા ગડીઓ તું બનાવજે, અને તેનાં સઘળાં પાત્રો કાંસાનાં
બનાવજે. 4અને વળી વેદી માટે તું કાંસાની જાળી બનાવજે;
તથા જાળીના ચાર ખૂણામાં તું કાંસાના ચાર કડાં બનાવજે.
5અને પછી તું એ જાળી વેદીની છાજલી નીચે એવી રીતે
મૂકજે જેથી તે વેદીની ઊંચાઈને અડધે સુધી પહોંચે.

6"અને વેદીને માટે તું બાવળના દાંડા બનાવજે અને તેને
કાંસાથી મઢી દેજે. 7વળી વેદીને ઊચકતી વખતે એ દાંડા
વેદીની દરેક બાજુએ આવેલા કડામાં ભેરવજે. 8વેદી પાટિયાના
ખોખા જેવી પોલી બનાવજે. પર્વત પર મેં જેમ તને બતાવ્યું
હતું તેમ તેઓ તેને બનાવે."

### પવિત્ર મંડપનો ચોક

9"મિલન મંડપની આજુબાજુ ચોક બનાવવો. તેની દક્ષિણ
બાજુએ ઝીણો કાંતેલો શણનો 100 હાથ લાંબો પડદો
બનાવવો. 10પડદાઓ લટકાવવા માટે કાંસાની 20
થાંભલીઓ, કાંસાની 20 કૂભીઓ બેસાડવી અને એ
થાંભલીઓના આડા સળિયા અને આંકડા ચાંદીના બનાવવા.
11ચોકની ઉત્તર બાજુએ પણ એ જ પ્રમાણે કરવાનું છે.
કાંસાની કૂભીઓમાં બેસાડેલા 20 સ્તંભો સાથે જોડેલા ચાંદીના
સળિયાઓ ઉપર ચાંદીના આંકડાઓ વડે 100 હાથ લાંબા
પડદાઓ લટકાવવાના છે.

12"એ ચોકની પશ્ચિમ બાજુને ઢાંકવા માટે 50 હાથ લાંબા
પડદા હોય અને તેને માટે દસ થાંભલી અને દસ કૂભીઓ
હોય. 13પૂર્વ દિશામાં પણ તે જ રીતે 50 હાથ લાંબા પડદાઓ
લટકાવવા. 14પ્રવેશદ્વારની એક બાજુએ 15 હાથના પડદા
હોય અને તેને માટે ત્રણ થાંભલી અને ત્રણ કૂભી હોય.
15અને બીજી બાજુએ પણ 15 હાથના પડદા અને ત્રણ
થાંબલી અને ત્રણ કૂભી હોય.

16"પ્રવેશદ્વારને માટે 20 હાથ લાંબો પડદો બનાવવો. તે
ઝીણા કાંતેલા શણનો ભૂરા, જાંબુડા અને કિરમજી રંગનો,
સુંદર ભરતકામવાળો બનાવવો, ચાર કૂભીઓમાં બેસાડેલા
ચાર સ્તંભો પર તેને લટકાવવાનો છે. 17ચોકની આજુબાજુની
બધી થાંભલીઓ ચાંદીના સળીયાથી જોડાયેલી હોય, તેમના
સાંકળા ચાંદીના હોય અને તેમની કૂભીઓ કાંસાની હોય.
18આ પ્રમાણે ચોક ઝીણા કાંતેલા શણના કાપડનો બનશે.
અને 100 હાથ લાંબો અને 50 હાથ પહોળો થશે.ચોકને
ફરતા પડદાની દીવાલો 5 હાથ ઊંચી થશે.પડદાઓ ઝીણા
કાંતેલા શણિયાના હોય. તેના તળીયા કાંસાના હોવા જોઈએ.
19પવિત્ર મંડપમાં વપરાતાં તમામ ઓજારો, તંબૂના ખીલાઓ
અને બીજી વસ્તુઓ કાંસાની હોવી જોઈએ. ચોકને ફરતા
પડદાઓની ખીલીઓ કાંસાની બનેલી હોવી જોઈએ.

### દીવી માટેનું તેલ

20"દીવી ઉપર મૂકવાના અખંડ દીવા માટે જૈતૂનનું ધાણીએ
પીલેલું ઉત્તમ તેલ લાવી આપવા ઈસ્રાએલીઓને આજ્ઞા
કરો. 21હારુન તથા તેના પુત્રોએ એ દીવો સંભાળવાનો છે.
તેઓએ મુલાકાતમંડપ ની પહેલી ઓરડીમા જવાનું છે. આ
કરાર મુકેલી ઓરડીની બહાર છે, જે બંન્ને ઓરડાને અલગ
કરે છે. આ જગ્યામાં તેઓ દીવો રાખશે જે સાંજથી સવાર
સુધી દેવની સામે બળતો રહેશે. આ કાયમી કાનૂનનું
ઈસ્રાએલીઓએ અને તેના વંશજોએ પેઢી દર પેઢી પાલન
કરવાનું છે."

### યાજકોના પોષાક

28 દેવે મૂસાને કહ્યું: "ઈસ્રાએલીઓમાંથી તું તારા ભાઈ
હારુનને અને તેના પુત્રો નાદાબ, અબીહૂ,
એલઆઝાર, અને ઈથામારને અલગ કરીને મારી સેવા કરવા
માટે યાજકો તરીકે સમર્પિત કરજે.

2"તારા ભાઈ હારુનને માટે પવિત્ર પોષાક તૈયાર કરાવજે,
જેથી તેનો મોભો અને ગૌરવ જળવાય. 3મેં જે કારીગરોને
કુશળતા આપી છે તેઓને સૂચના આપ કે હારુન માટે પોષાક
તૈયાર કરે જેથી યાજક તરીકે તે મારી સન્મુખ સેવા કરે.
4તેઓએ આ પોષાક બનાવવાનાં છે; ઉરપત્ર, એફોદ, ઝભ્ભો,
સફેદ ગૂંથેલો ડગલો, પાઘડી તથા કમરબંધ તેમણે તારા ભાઈ
હારુન તથા તેના પુત્રો માટે મારા યાજકો તરીકે સેવા બજાવે
ત્યારે પહેરવાં માટે પવિત્ર વસ્રો બનાવવાં 5એ વસ્રો સોનેરી
ઘેરો, ભૂરા, જાંબુડા અને કિરમજી રંગના ઊન અને ઝીણા
કાંતેલા શણમાંથી જ બનાવવાં.

### એફોદ અને કમરબંધ

6"તેઓ એફોદ સોનેરી દોરો તથા ભૂરા, જાંબુડિયા અને
કિરમજી રંગનો અને ઝીણા કાંતેલા શણનું બનાવે; સૌથી
વધુ નિષ્ણાત કારીગરો તેમાંથી એફોદ તૈયાર કરે. 7એના બે
છેડા જોડવા માટે એને ખભા પાસે બે સ્કંધપટી હોય.

8"કમરબંધ પણ એવીજ બનાવટનો હોય. સોનેરી દોરો,
ભૂરા, જાંબુડા અને કિરમજી રંગના ઊન અને ઝીણા કાંતેલા
શણના દોરાઓમાંથી ગૂંથીને બનાવેલો હોય.

9"તારે ગોમેદના બે પથ્થર લેવા અને પછી તેના ઉપર
ઈસ્રાએલનાં પુત્રોનાં નામ કોતરવાં. 10પ્રત્યેક પાષાણ ઉપર
છ નામ ઉંમરના ઉતરતા ક્રમ પ્રમાણે આવે. આમ, તેઓના
જન્મ દિવસના ક્રમમા બારે કુળનાં નામો કોતરવામાં આવે.
11આ મુદ્રા બનાવનાર કારીગર પાસે તારે બે પથ્થરો ઉપર
ઈસ્રાએલના પુત્રોનાં નામ કોતરાવવાં અને તેમને સોનાનાં

ચોકઠામાં જડવાં અને ઈસ્રાએલના પુત્રોના સ્મારક તરીકે ઉરાવરણના ખભાના પટા સાથે જડી દેવા. 12હારુને આ નામો પોતાના બે ખભા ઉપર ધારણ કરીને યહોવા પાસે જવું જેથી તેને એમનું સ્મરણ થાય. 13એફોદ પર પત્થર ને બેસાડવા માટે શુધ્ધ સોનાનો ઉપયોગ કરવો. ઉપર તારે સોનાનાં ચોકઠાં લગાવવાં. 14અને દોરીની જેમ વણેલી શુદ્ધ સોનાની બે સાંકળી બનાવવી અને તે ચોકઠાં સાથે જોડી દેવી.

### ન્યાયકરણનું ઉરપત્ર

15"પછી ખૂબ કાળજીપૂર્વક એફોદ બનાવવામાં ઉપયોગી એવી કારીગરીવાળું ન્યાયકરણની કોથળી બનાવવી એ સોનરી દોરો, ભૂરા, જાંબુડિયા અને લાલ ઊનનું તેમ જ ઝીણા કાંતેલા શણનું હોય. 16જે સમચોરસ તથા બેવડું વાળેલું હોય, તે એક વેંત લાંબુ અને એક વેંત પહોળું હોય. 17વળી તેમાં ચાર હારમાં નંગ જડવા, પહેલી હારમાં માણેક, પોખરાજ અને લાલ હોય. 18બીજી હારમાં લીલમ, નીલમ તથા હીરો હોય; 19ત્રીજી હારમાં શનિ, અકીક, અને યાકૂત હોય, 20અને ચોથી હારમાં પીરોજ, ગોમેદ તથા યાસપિસ હોય. આ બધાને સોનામાંજ જડવાં. 21પ્રત્યેક પથ્થર ઉપર ઈસ્રાએલના બારમાનાં એક પુત્રનું નામ કોતરાવવું. પ્રત્યેક પાષાણ ઈસ્રાએલના એક કુળસમૂહનું પ્રતીક બનશે.

22"ઉરપત્ર માટે દોરીની જેમ વણેલી શુદ્ધ સોનાની સાંકળીઓ કરાવવી, તે સાંકળીઓ વડે ઉરપત્રનો ઉપરનો છેડો એફોદ સાથે જોડવાનો છે. 23વળી બે સોનાની કડી કરાવવી અને તે ઉરપત્રને ઉપરને છેડે જોડી દેવી. 24અને એ બે કડીઓ સાથે પેલી બે સોનાની સાંકળી જોડી દેવી. 25સાંકળીના બીજા બે છેડા બે ચોકઠાં સાથે જોડી દેવા, અને એ રીતે એફોદની ખભાપટીઓના આગલા ભાગ ઉપર તેમને જોડી દેવી. 26પછી સોનાની બીજી બે કડીઓ બનાવવી અને ઉરપત્રમાં અંદરની બાજુએ નીચેના છેડે લગાવવી. 27કમરબંધ પર આવતા એફોદના આગળના ભાગના નીચેના છેડા ઉપર સોનાની બીજી બે કડીઓ લગાવવી. 28ઉરપત્રનો નીચેનો ભાગ ભૂરા રંગની પટ્ટીઓ વડે એફોદના નીચેના છેડા પર આવેલી કડીઓ સાથે જોડવી. આમ કરવાથી ઉરપત્ર એફોદથી છૂટું પડી જશે નહિં.

29"જયારે હારુન પવિત્ર સ્થાનમાં પ્રવેશે ત્યારે તેની પાસે ન્યાય કોથળી ઉપર ઈસ્રાએલના બાર પુત્રોનાં નામ ધારણ હોવા જોઈયે. 30અને હંમેશા તેઓ દેવની યાદીમાં રહેશે. ઉરીમ અને તુમ્મીમ ને ન્યાય કોથળીમાં મૂકવા. તે હારુન જયારે યહોવા સમક્ષ જાય ત્યારે તેઓ તેની છાતી પર રહે. આ રીતે હારુન હંમેશા ઈસ્રાએલીઓનો ન્યાય કરવાનું સાધન પોતાની સાથે રાખશે જ્યારે તે યહોવા સમક્ષ રહેશે ત્યારે.

### યાજકોના અન્ય પોશાકો

31"એફોદનો જામો આખો ભૂરા રંગના કાપડનો બનાવવો, ને તેની વચમાં માથા માટે એક કાણું રાખવું. 32એ કાણાની કોર ચામડાના ડગલાનાં ગળાની જેમ ફરતેથી ગૂંથીને ઓટી લેવી, જેથી તે ફાટી જાય નહિં. 33અને ડગલાની નીચેની કિનારીએ ભૂરા, જાંબુડા અને કિરમજી રંગના દાડમનું ભરતકામ કરાવવું. અને બે દાડમોની વચમાં સોનાની ઘૂઘરીઓ મૂકવી. 34જેથી નીચલી કોર ઉપર ફરતે પહેલાં સોનાની ઘૂઘરી, પછી દાડમ, ફરી ઘૂઘરી, પછી દાડમ એ રીતે હાર થઈ જાય. હારુન જયારે યાજક તરીકે સેવા કરે ત્યારે એ પહેરે. 35જયારે તે પવિત્ર સ્થાનમાં યહોવાના સાન્નિધ્યમાં જાય અથવા ત્યાંથી બહાર આવે ત્યારે એ ઘૂઘરીઓનો અવાજ સંભળાશે જેથી તે મૃત્યુ પામશે નહિં.

36"પછી શુદ્ધ સોનાનું એક પદક બનાવવું અને તેના ઉપર 'યહોવાને સમર્પિત' એમ કોતરાવવું. 37એ પદક પાઘડીના આગળના ભાગમાં ભૂરી દોરી વડે બાંધવું. 38હારુને એ પોતાના કપાળ ઉપર ધારણ કરવું જેથી ઈસ્રાએલીઓ જે દાન આપે તેમાં કોઈ દોષ હોય તો તે દોષ હારુન પોતાને માથે લઈ લે. અને હારુને તે કાયમ પોતાના કપાળ ઉપર પહેરી રાખવું જેથી યહોવા એ નૈવેધોથી પ્રસન્ન રહે.

39"હારુનનો ડગલો ઝીણા કાંતેલા શણનો બનાવવો અને પાઘડી પણ ઝીણા કાંતેલા શણિયાની જ બનાવવી અને કમરપટા ઉપર સુંદર જરીકામ કરેલું હોય. 40હારુનના પ્રત્યેક પુત્રોને માટે તેને માન અને આદર આપવા જામો, કમરબંધ અને પાઘડી બનાવવા જેથી તેનો મોભો અને ગૌરવ જળવાય. 41હારુન અને તેના પુત્રોને આ પોષાક પહેરાવ અને તેઓને સેવા માટે અર્પણ કર. તેઓને માથા ઉપર જૈતતેલનો અભિષેક કરીને યાજકપદ માટે પવિત્ર કર. તેઓ મારી યાજકો તરીકે સેવા કરશે.

42"તેઓને માટે કમરથી તે સાથળ સુધી પહોંચે એવા જાંઘિયા બનાવવા, જેથી તેઓની ગુહ્યેન્દ્રિયો કોઈની નજરે ન પડે. 43હારુન અને તેના પુત્રો જયારે પણ મુલાકાત મંડપમાં અથવા પવિત્રસ્થાનમાંની વેદી પાસે જાય ત્યારે તેઓ હંમેશા જાંઘિયા પહેરે, જેથી તેઓ દોષમાં ન પડે અને તેઓ મૃત્યુ ન પામે. હારુન અને તેના વંશજો માટે આ કાયમી કાનૂન સદાને માટે છે."

### યાજકોની અર્પણવિધિ

29 દેવે મૂસાને કહ્યું "યાજકો તરીકે હારુન અને તેના પુત્રોના સમર્પણ માટેની દીક્ષા વિધિ આ પ્રમાણે છે. 2ખોડ વિનાના બે ઘેટાં અને એક જુવાન બળદ લેવો. બેખમીર રોટલી, તેલથી મોહેલી બેખમીર ભાખરી, અને તેલ ચોપડેલી બેખમીર રોટલી લેવી. આ બધું ઘઉંના મેદાનું બનાવવું. 3તેઓને ટોપલીમાં મૂકવાં અને જુવાન બળદ અને બે ઘેટાં સાથે તે લાવવું. 4ત્યારબાદ હારુન અને તેના પુત્રોને મુલાકાત મંડપમાં દ્વાર પાસે લાવીને તેમને સ્નાન કરાવ. 5પછી હારુનને જામો ભરતકામવાળો ઝભ્ભો, એફોદ, ઉરપત્ર અને કમરબંધ પહેરાવ. 6અને તેના માથા પર પાઘડી મૂકીને તેની સાથે દીક્ષાનો પવિત્ર પદક બાંધ. 7પછી અભિષેકનું તેલ લઈ તેના માથા પર રેડી તેનો અભિષેક કરજે.

8"ત્યારબાદ તેના પુત્રોને લાવી તેમને ડગલા પહેરાવવા
કમરે કમરબંધ બાંધવા તથા માથે ફેંટા બાંધવા. 9મારા શાશ્વત
કાનૂનનુસાર તેઓ યાજકપદે કાયમ રહેશે. આ રીતે હારુનની
અને તેના પુત્રોની યાજકપદે પ્રતિષ્ઠા કરવાની છે.

10"ત્યારબાદ બળદને મુલાકાતમંડપની આગળ લઈ
આવવો. અને હારુન અને તેના પુત્રોએ તેના માથા ઉપર
હાથ મૂકવા. 11પછી યહોવાની સન્મુખ મુલાકાતમંડપના
પ્રવેશદ્વાર આગળ બળદનો વધ કરવો. 12બળદનું થોડું લોહી
લઈ આંગળી વડે વેદીનાં ટોચકાંઓને લગાડવું, પછી બાકીનું
બધું લોહી વેદીના પાયા આગળ રેડી દેવું. 13પછી અંદરના
ભાગો પર આવેલી બધીજ ચરબી લેવી, પિત્તાશય અને બે
મૂત્રપિંડની ઉપર આવેલી ચરબી પણ લઈ લેવી અને વેદી
પર તેનું દહન કરવું. 14પરંતુ બળદના માંસને, ચામડીને
અને તેના અંદરના અવયવોને છાવણીની બહાર અગ્નિથી
બાળી મૂકવાં. તે પાપાર્થાર્પણ છે.

15"ત્યારબાદ એક ઘેટો લેવો. હારુને અને તેના પુત્રોએ
તેના માથા પર હાથ મૂકવા. 16પછી એ ઘેટાનો વધ કરીને
તેનું લોહી લઈને વેદીની ચારે બાજુએ છાંટવું. 17પછી તે
ઘેટાંને કાપીને કકડા કરવા. અને તેનાં આંતરડાં તથા પગ
ધોઈ નાખવાં અને પછી તેઓને માથા અને શરીરના બીજા
અવયવો સાથે મૂકવાં. 18પછી આખા ઘેટાંનું વેદી પર દહન
કરવું એ મારા માનમાં આપેલ દહનાર્પણ છે. એની સુવાસથી
હું પ્રસન્ન થાઉં છું, એ મારા માનમાં કરેલો હેતી છે.

19"હવે પછી બીજો ઘેટો લેવો. હારુને અને તેના પુત્રોએ
તેના માથા ઉપર હાથ મૂકવા. 20પછી તે ઘેટાનો વધ કરીને
તેનું થોડું લોહી લઈ હારુન અને તેના પુત્રોના જમણા કાનની
બૂટને, જમણા હાથના અંગૂઠાને તથા જમણા પગના અંગૂઠાને
લગાડવું. 21ત્યારબાદ બાકીનું લોહી વેદીની ચારે બાજુ છાંટી
દેવું વેદી ઉપરના લોહીમાંથી થોડું લોહી અને અભિષેકનું
તેલ લઈ હારુન અને તેનાં વસ્ત્રો ઉપર તથા તેના પુત્રો અને
તેમનાં વસ્ત્રો ઉપર છાંટવું એટલે આમ તેઓ તથા તેઓનાં
વસ્ત્રો યહોવાને અર્થે પવિત્ર ગણાશે.

22"પછી ઘેટાંનાં ચરબીવાળા ભાગ લેવા; તેની પૂંછડી,
અંદરના અવયવો ઉપરની ચરબી, કાળજા ઉપરનો ચરબી,
ચરબી સાથે જ મૂત્રપિંડો અને જમણી જાંઘ. કારણ કે હારુન
અને તેના દીકરાઓની દીક્ષા માટેનો આ ઘેટો છે. 23યહોવા
આગળના બેખમીર રોટલીના ટોપલામાંથી એક રોટલી, એક
મોવણવાળી ભાખરી અને એક તેલ ચોપડેલી રોટલી લેવી.
24એ બધું હારુનના અને તેના પુત્રોના હાથ ઉપર મૂકવું
અને એના વડે યહોવાની ઉપાસના કરવી. 25પછી તેઓના
હાથમાંથી તું તે લે અને યહોવા સમક્ષ દહનાર્પણ તરીકે વેદી
પર તેનું દહન કરવું. એની સુવાસથી હું પ્રસન્ન છું. એ મારા
માનમાં કરેલું દહનાર્પણ છે.

26"પછી હારુનની દીક્ષા માટે વપરાયેલા ઘેટાની છાતી
લઈને તેના વડે યહોવાની ઉપાસના કરવી પછી એ તારો
હિસ્સો ગણાશે. 27હારુન અને તેના પુત્રોની દીક્ષા માટે
વપરાયેલા, જેના વડે ઉપાસના કરી છે તે, અને ભેટ ધરાવેલી
છાતી અને જાંઘ તારે યાજકો માટે અલગ રાખવાં. 28મારા
શાશ્વત નિયમાનુસાર એ હારુનને અને તેના પુત્રોને
ઈસ્રાએલીઓ તરફથી મળવો જોઈતો હિસ્સો છે; કારણ કે
ઈસ્રાએલીઓએ શાંતિ નૈવેધમાંથી યહોવાને ધરાવેલી એ
ભેટ છે. 29હારુનનાં આ પવિત્ર વસ્ત્રો સાચવી રાખવાં.
હારુનના મૃત્યુ બાદ તેના પુત્રોને વારસામાં મળે. પેઢી દર
પેઢી તેઓ તેમની પોતાની અભિષેકની દીક્ષા વિધિ વખતે તે
પહેરે. 30હારુન પછી જે કોઈ મુખ્ય યાજક થાય તે મુલાકાત
મંડપમાં અને પવિત્રસ્થાનમાં સેવા શરૂ કરે તે અગાઉ સાત
દિવસ સુધી આ વસ્ત્રો ધારણ કરે.

31"દીક્ષા માટે અર્પણ કરાયેલ ઘેટાનું માંસ લઈને કોઈ
પવિત્રસ્થાને તેને બાફવું; 32ત્યારબાદ હારુન અને તેના પુત્રોએ
મુલાકાતમંડપમાં પ્રવેશદ્વાર આગળ એ ઘેટાનું માંસ અને
ટોપલામાંની રોટલીનું ભોજન કરવું. 33તેમની દીક્ષાવિધિ
વખતે તેમની પ્રાયશ્ચિત વિધિ માટે ઉપયોગમાં લેવાયેલ
પદાર્થો જ ખાવા; યાજકો સિવાય અન્ય કોઈપણ વ્યકિતએ
તે ખાવા નહિં. કારણ એ પવિત્ર છે. 34સવાર સુધી જો માંસ
કે રોટલીમાંથી કાંઈ વધે તો તેને અગ્નિમાં બાળી મૂકવું, ખાવું
નહિ, કારણ એ પવિત્ર છે.

35"હારુન અને તેના પુત્રોની બાબતમાં મેં આજ્ઞા કરી છે
તેમુજબ જ કરવું. એમની દીક્ષાની વિધિ સાત દિવસ ચલાવવી.
36દરરોજ પ્રાયશ્ચિત વિધિ માટે એક બળદનું બલિદાન આપવું.
વેદી ઉપર પ્રાયશ્ચિતવિધિ કરવાથી તું એને પાપમુકત કરશે.
ત્યાર પછી તારે વેદી ઉપર તેલનો અભિષેક કરી એને પવિત્ર
બનાવવી. 37સાત દિવસ સુધી વેદી ને શુધ્ધ અને પવિત્ર
બનાવવી. ત્યારબાદ વેદી સંપૂર્ણ પણે અત્યંત પવિત્ર બનશે,
એના પછી વેદીજ અત્યંત પવિત્ર બનશે. અને જો કોઈ તેના
સંપર્કમાં આવશે તે પવિત્ર બની જશે.

38"તારે વેદી ઉપર આટલી બલિ ચડાવવી: પ્રતિદિન
કાયમને માટે એક વર્ષની ઉમરના બે હલવાન અર્પણ કરવાં.
39એક સવારે અને બીજું સાંજે. 40પ્રથમ ઘેટા સાથે તમારે
એક કિલો શુદ્ધ તેલમાં મોહેલો એક કિલો ઝીણો ઘઉંનો લોટ
તેમજ પેયાર્પણ તરીકે એક લીટર દ્રાક્ષારસ અર્પણ કરવું.
41સાંજે અર્પણ થતા હલવાનની સાથે સવારની જેમ ઝીણા
ઘઊનાં લોટનું અને દ્રાક્ષારસનું અર્પણ કર. દેવની સમક્ષ તે
સુવાસિત અર્પણ અને અગ્નિમાં થયેલ અર્પણ લેખાશે. એ
યજ્ઞની સુવાસથી હું પ્રસન્ન થાઉં છું.

42"આ આહુતિ મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ મારી
નજર સમક્ષ નિયમિત પેઢી-દર પેઢી આપવાની છે. 43હું
ત્યાં જ તમને મળીશ અને ત્યાં જ હું ઈસ્રાએલીઓને પણ
મળીશ. અને મારા મહિમાથી એ સ્થાન પવિત્ર થઈ જશે.

44"હા, હું મુલાકાતમંડપને, વેદીને અને યાજકો તરીકે
મારા સેવકો હારુન તથા તેના પુત્રોને પવિત્ર કરીશ. 45અને
હું ઈસ્રાએલના લોકો મધ્યે નિવાસ કરીશ અને તેમનો
દેવ થઈશ. 46તેઓને ખાતરી થશે કે તેમની વચ્ચે રહેવા
માટે તેમને મિસરમાંથી બહાર લાવનાર હું યહોવા તેમનો
દેવ છું."

### ધૂપદાની

30 દેવે મૂસાને કહ્યું "ધૂપદાની માટે તારે એક વેદી બનાવવી. એ બાવળના લાકડાની બનાવવી. 2તે એક હાથ ઊચી અને એક હાથ સમચોરસ બનાવવી અને વેદીના લાકડામાંથી જ કોતરીને તેનાં શિંગ બનાવવા શિંગ જુદા બનાવીને વેદી પર જોડવા નહિ. તે વેદી સાથે એક નંગ હોવું જોઈએ. 3વેદીનો ઉપરનો ભાગ, બાજુઓ અને શિંગ શુદ્ધ સોનાથી મઢી લેવો અને આખી વેદીની ચારે બાજુ સોનાની કિનારી બનાવવી. 4એની બે સામસામી બાજુઓએ કિનારીની નીચે ઉપાડવાના દાંડા ભેરવવા માટે સોનાનાં બબ્બે કડાં મૂકવાં. 5એ દાંડા બાવળના લાકડાના બનાવવા અને સોનાથી મઢાવવા. 6દશ આજ્ઞાઓ જેમાં મૂકી છે તે સાક્ષ્યકોશ આગળના પડદા સામે એ વેદી મૂકવી. ત્યાં હું તેમને દર્શન દઈશ.

7"એ વેદી ઉપર પ્રતિદિન સવારે દીવાબત્તી તૈયાર કરતી વખતે હારુને સુગંધી ધૂપ કરવો. 8અને રોજ સાંજે તે દીવાઓ પ્રગટાવે ત્યારે યહોવાની સન્મુખ ધૂપ કરવો. તારે પેઢી-દર-પેઢી કાયમ યહોવા સમક્ષ ધૂપ કરવો, 9તારે એ વેદી ઉપર નિષિદ્ધ ધૂપ કરવો નહિં, કે આહુતિ કે ખાધબલિ કે પેયબલિ અર્પણ કરવાં નહિં.

10"વર્ષમાં એક વાર હારુને પ્રાયશ્ચિતને માટે પાપાર્થાર્પણનું રકત લઈને શિંગ ઉપર લગાડી વેદીને પવિત્ર કરવાની છે. પેઢી-દર-પેઢી નિયમિત રીતે આ વાર્ષિક વિધિનું પાલન કરવું, કારણ કે આ વેદી યહોવાની અતિ પવિત્ર વેદી છે.

### મંદિરની જકાત

11યહોવાએ મૂસાને કહ્યું, 12"તું જયારે ઈસ્રાએલીઓની વસ્તીગણતરી કરે ત્યારે જે પુરુષોનું નામ નોંધાય તેણે જ પોતાના જીવન માટે યહોવા સમક્ષ ખંડણી ભરવી, જેથી તું ગણતરી કરે ત્યારે લોકો ઉપર કોઈ આફત ન આવે. 13વસ્તીગણતરીમાં નોંધાયેલા દરેક માણસે ખંડણી પેટે અડધો શેકેલ યહોવાને અર્પણ તરીકે આપવો. (એટલે અધિકૃત માત્રામા અડધો શેકેલ જે 20 ગેરાનું વજન હોય છે). 14વસ્તીગણતરીમાં નોંધાયેલા વીસ વરસના કે તેથી વધુ ઉમરના દરેક માણસે આ જકાત આપવી. 15મને તમારા જીવનના બદલામાં આ જકાત આપતી વખતે ધનવાને વધારે કે ગરીબે ઓછું આપવાનું નથી. 16ઈસ્રાએલીઓ પાસેથી મળેલા જીવનના બદલામાં ચૂકવાતાં નાણાં મુલાકાતમંડપની સેવામાં ખર્ચવાં. આ અર્પણ યહોવાને ઈસ્રાએલી લોકોની યાદ અને તેમના જીવનની કિંમત તરીકે આવશે."

### હાથપગ ધોવાની કૂડી

17યહોવાએ મૂસાને કહ્યું, 18"હાથપગ ધોવા તારે કાંસાની ઘોડીવાળી એક કાંસાની કૂડી બનાવવી, અને તેને વેદી અને મુલાકાતમંડપની વચ્ચે મૂકી તેમાં પાણી ભરવું. 19હારુને અને તેના પુત્રોએ હાથપગ ધોવામાં એ પાણીનો ઉપયોગ કરવો. 20જો તેમણે એ પાણીથી હાથપગ ધોયા હશે તો તેઓ મુલાકાતમંડપમાં સેવા કરવા જશે અથવા બલિ ચડાવવા વેદી પાસે જશે ત્યારે તેઓ મૃત્યુ પામશે નહિં. 21તેઓ મૃત્યુ ન પામે તેટલા માટે તેમણે અચૂક હાથપગ ધોવા. આ શાશ્વત કાનૂન તેમણે અને તેમન વંશજોએ પેઢી દર પેઢી પાળવાનો છે. હારુન અન તેના પુત્રો માટે આ સૂચનાઓ છે."

### અભિષેકનું તેલ

22પછી યહોવાએ મુસાને કહ્યું, 23શ્રેષ્ઠ ગુણવત્તાવાળી સુગંધીઓ લેવી, 12 પૌંડ ચોખ્ખો બોળ, 6 પૌંડ સુગંધીદાર તજ, 6 પૌંડ સુગંધીદાર બરુ 24અને 12 પૌંડ દાલચીની-એ બધું મંદિરના વજન પ્રમાણે લેવું. અને એક ગેલન જૈતૂનનું તેલ લેવું. 25નિષ્ણાંત સુગંધીઓ બનાવનારાઓ પાસે આ સર્વ પદાર્થોનું મિશ્રણ કરીને અભિષેકનું તેલ તૈયાર કરાવવું."

26યહોવાએ કહ્યું, "તારે મુલકાતમંડપને, કરારકોશનો, 27બાજઠ અને તેની બધી સામગ્રીઓનો, દીવીનો અને તેનાં સાધનોનો, ધૂપની વેદીનો, 28દહનાર્પણની વેદીનો અને તેનાં સાધનોનો તથા ઘોડી સહિત હાથપગ ધોવાની કૂડીનો અભિષેક કરવો. 29આ પ્રમાણે આ બધી વસ્તુઓની શુદ્ધિ કરવી એટલે તે બધી પરમ પવિત્ર બની જશે. અને જે કોઈ તેમને અડે તે પવિત્ર થઈ જશે.

30"ત્યાર પછી તારે હારુનને અને તેના પુત્રોને અભિષેક કરી મારા યાજકો તરીકે દીક્ષા આપવી. 31તારે ઈસ્રાએલીઓને કહેવું, "તમારે પેઢી દર પેઢી આ અભિષેકના તેલની પવિત્રતા સાચવી રાખવી. 32સામાન્ય માણસોને શરીરે એ ન લગાડવું. અને એ નુસખા પ્રમાણે બીજું તેલ બનાવવું નહિં એ પવિત્ર છે અને તમારે એને પવિત્ર ગણીને ચાલવાનું છે. 33જે કોઈ આ સુગંધીઓનું મિશ્રણ કરી આવું તેલ બનાવે અથવા જે યાજક નથી તેવી કોઈ વ્યકિત ઉપર તે રેડે તેને સમાજમાંથી જુદો કરવામાં આવે."

### ધૂપ

34યહોવાએ મૂસાને ધૂપ બનાવવા માટે આ સૂચનાઓ આપી: 35"તારે રાજન, કેરબા, શિલારસ, અને શુદ્ધ લોબાન સરખે ભાગે લઈ તે મિશ્રણ માથી સુગંધી ધૂપ બનાવવો તેને સરૈયો બનાવે તેવીજ રીતે બનાવવો. એ ધૂપને શુધ્ધ અને પવિત્ર રાખવા તેમાં મીઠુ મેળવવું. 36એમાંથી થોડો ઝીણો ખાંડીને તેનો ઉપયોગ મુલાકાતમંડપમાં કરારકોશ આગળ જયાં હું તને દર્શન આપવાનો છું ત્યાં કરવો. તમારે આ ધૂપને અત્યંત પવિત્ર સમજવાનો છે. 37આ નુસખા પ્રમાણેનો ધૂપ તમારે પોતાના ઉપયોગ માટે બનાવવાનો નથી. તમારે એને મારે માટે જ અલગ રાખેલી પવિત્રવસ્તુ ગણવી. 38જો કોઈ પોતાના ઉપયોગ માટે તે બનાવે તો તેનો યહોવાના સમાજમાંથી બહિષ્કાર કરવો."

### બસાલએલ અને આહોલીઆબ

31 વળી યહોવાએ મૂસાને કહ્યું, 2"જુઓ, મેં યહૂદાના કુળસમૂહના હૂરના પુત્ર ઉરીના દીકરા

બસાલએલને ખાસ પસંદ કર્યો છે. 3મેં તેનામાં દૈવી શક્તિભરી
દીધી છે અને તેને દરેક પ્રકારની કારીગરીમાં કુશળતા,
સમજદારી, અને પુષ્કળ જ્ઞાન અને હોશિયારી આપી છે.
4મેં તેને નવી નવી ભાતો ઉપજાવી કાઢવામાં, સોનાચાંદી ને
કાંસાની વસ્તુઓ બનાવવામાં, 5રત્નોને પહેલ પાડવામાં,
લાકડામાં કોતરણી કરવામાં તથા બધી જાતનાં નકશીકામ
કરવામાં કુશળ બનાવ્યો છે.

6વળી તેની સાથે કામ કરવા માટે મેં દાનના કુળસમૂહના
અહીસામાખના પુત્ર આહોલીઆબને પસંદ કર્યો છે,
તથા બીજા બધા કુશળ કારીગરોને પણ મેં કુશળતા આપી
છે. જેથી તેઓ મેં તને જે જણાવ્યું તે બધી વસ્તુઓ
બનાવી શકે:

7મુલાકાત મંડપ, કરારકોશ, તેનું ઢાંકણું, મંડપનું બધું
રાચરચીલું

8બાજઠ અને તેનાં સાધનો, શુદ્ધ સોનાની દીવી અને તેનાં
સાધનો, ધૂપ કરવાની વેદી,

9દહનાર્પણની વેદી અને તેનાં બધાં સાધનો, હાથપગ
ધોવાની કૂડી અને તેની ઘોડી.

10યાજક હારુન અને તેના પુત્રો માટે સેવા સમયે પહેરવાનાં
પવિત્ર પોષાક,

11અભિષેક માટેનું તેલ અને પવિત્ર સ્થાનક માટેનો
સુગંધીદાર ધૂપ.

તેમણે આ બધીજ સામગ્રી મેં જણાવ્યું છે તે પ્રમાણે બરાબર
બનાવવી."

### સાબ્બાથ દિને વિશ્રામ

12યહોવાએ મૂસાને કહ્યું, 13"ઈસ્રાએલના લોકોને કહે;
'સાબ્બાથ' દિને વિશ્રામ કરે. કારણ કે 'સાબ્બાથ' મારી અને
તમારી વચ્ચે બધી પેઢીઓ માટે નિશાની છે. એ તમને યાદ
આપશે કે મેં તમને મારી ખાસ પ્રજા તરીકે બનાવ્યા છે.

14આથી તમારે વિશ્રામવારનું પાલન કરવાનું છે, કારણ કે
તમારા માટે એ પવિત્ર દિવસ છે, જે કોઈ એની પવિત્રતાનો
ભંગ કરે તેને મોતની સજા કરવી જે કોઈ વિશ્રામવારે કામ
કરે તેનો સમાજમાંથી બહિષ્કાર કરજો. 15તમને છ દિવસ
કામ કરવાની છૂટ છે, પણ સાતમે દિવસ સંપૂર્ણ વિશ્રામનો
દિવસ છે, એ મને સમર્પિત થયેલો પવિત્ર દિવસ છે. જે
કોઈ તે દિવસે કામ કરે તેને મોતની સજા કરવી. 16ઈસ્રાએલના
લોકોએ મારી અને તેમની વચ્ચેના કરારની સ્મૃતિ તરીકે
વિશ્રામવાર પેઢી દર પેઢી પાળવાનો છે. કારણ કે, 17સાબ્બાથ
મારી અને ઈસ્રાએલી લોકોની વચ્ચે હમેશની નિશાની રહેશે
કેમકે મેં, યહોવાએ છ દિવસ સુધી આકાશ અને પૃથ્વીની
રચના કરી અને સાતમે દિવસે મેં કામ બંધ કર્યુ અને વિશ્રામ
કર્યો.

18સિનાઈના પર્વત ઉપર મૂસા સાથેનો વાર્તાલાપ પૂર્ણ
કરીને યહોવાએ તેને બે સ્મારક તકતીઓ અર્પણ કરી; એ
પથ્થરની તકતીઓ દેવની આંગળી વડે લખાયેલ દશ
આજ્ઞાઓ વાળી હતી.

### સોનાનું વાછરડું

32 મૂસાને પર્વત પરથી આવવામાં વિલંબ થતો જોઈને
લોકોએ હારુન પાસે ભેગા થઈને કહ્યું, "ચાલ,
અમને દોરવણી આપવા માટે દેવ બનાવ. કારણ કે મિસરમાંથી
અમને અહીં લઈ આવનાર મૂસા હવે અદ્રશ્ય થઈ ગયો છે;
તેનું શું થયું એની અમને ખબર પડતી નથી. 2એટલે હારુને
તેમને કહ્યું, "તમારી પત્નીઓ અને પુત્રપુત્રીઓના કાનમાંથી
સોનાની કડીઓ કાઢી મારી પાસે લાવો."

3તેથી તેઓએ પુરુષો; સ્રીઓ, છોકરાઓ અને છોકરીઓએ
તેમ કર્યુ. 4હારુને કડીઓ લઈને તે ઓગાળી અને ધાતુના
બીબામાં ઢાળીને એક વાછરડાંની મૂર્તિ બનાવી એટલે લોકો
બોલી ઊઠયા, "ઈસ્રાએલીઓ! આ રહ્યા તમારા દેવ, જે તમને
મિસર દેશમાંથી બહાર લઈ આવ્યા હતા."

5હારુને જોયું કે લોકો બહુ આનંદમાં આવી ગયા છે, તેથી
તેની આગળ હારુને વેદી બાંધી અને એવી જાહેરાત કરી કે,
"આવતી કાલે યહોવાના માનમાં ઉત્સવ થશે."

6બીજે દિવસે સવારમાં વહેલા ઊઠીને લોકોએ દહનાર્પણો
અને શાંત્યર્પણો ચડાવ્યાં અને ત્યારપછી તેઓએ ખાધું પીધું
અને મોજમજા કરવા લાગ્યા.

7પછી યહોવાએ મૂસાને કહ્યું, "તરત નીચે જા, કારણ,
તારા લોકો, જેમને તું મિસરમાંથી બહાર લઈ આવ્યો છે,
તેઓ એ ભયંકર પાપ કર્યુ છે. 8મેં તેમને જે માર્ગે ચાલવાની
આજ્ઞા કરી હતી તેનાથી આટલા વહેલા તેઓ ફરી ગયા છે.
તેમણે પોતાના માટે એક વાછરડાની મૂર્તિ બનાવી છે અને
તેને પગે લાગીને તેને ભોગ ધરાવીને એમ બોલ્યા છે કે, 'ઓ
ઈસ્રાએલના પુત્રો, આ રહ્યા તમારા દેવ, જે તમને લોકોને
મિસરમાંથી બહાર લઈ આવ્યા હતા."

9પછી યહોવાએ કહ્યું, "મને ખબર પડી છે કે આ લોકો
કેટલા બધા હઠીલા અને બળવાખોર છે. 10એટલે હવે તમે
મને અટકાવશો નહિં, એમના પર મારો ક્રોધ ભભૂકી ઊઠયો
છે અને હું તેમનો નાશ કરીશ, અને તેઓના સ્થાને હે મૂસા,
હું તમારામાંથી મહાન પ્રજા પેદા કરીશ."

11પરંતુ મૂસાએ યહોવા દેવને વિનંતી કરી કે તે તેમ ન
કરે; તેણે આજીજી કરીને કહ્યું, "ઓ દેવ યહોવા, શા માટે
તારે તારા આ લોકો ઉપર ક્રોધ કરવો જોઈએ? તું તો એ
લોકોને તારા બાહુના અપૂર્વ સામર્થ્યથી મિસરમાંથી બાહર
લાવ્યો હતો; 12શું તમે એમ ઈચ્છો છો કે મિસરવાસીઓ
કહે, 'દેવ તેઓને ફસાવીને પર્વતો મધ્યે લઈ ગયા છે, જેથી
તે તેઓનો સંહાર કરે, અને પૃથ્વીની સપાટી પરથી સદંતર
સમાપ્ત કરે?' તમારા ક્રોધને ઠંડો પાડો અને તમારા લોકોનું
ખોટું કરવાનું છોડી દો. 13તમારા સેવકો ,ઈબ્રાહિમ, ઈસહાક
અને ઈસ્રાએલને આપેલું તમારું વચન યાદ કરો. અને તમે
વચન કહ્યું હતું, 'આકાશના તારા જેટલા હું તારાં સંતાન
વધારીશ. અને તારા વંશજોને જે દેશ આપવાનું મેં વચન
આપ્યું છે તે સમગ્ર દેશ હું તેઓને આપીશ, તે તેઓનો
સદાનો વારસો થશે. અને તેઓ સદાસર્વદા તેના વારસદાર
બનશે."

14તેથી યહોવાએ પોતાના લોકોનું ખોટું કરવાનો જે વિચાર કર્યો હતો તે જતો કર્યો.

15પછી મૂસા પાછો ફરીને કરારની બંને તકતીઓ હાથમાં લઈને પર્વત પરથી નીચે ઊતર્યો. તકતીઓની બંને બાજુએ દશ આજ્ઞાઓ લખેલી હતી. 16તે તકતીઓ દેવે બનાવેલી હતી અને તેના ઉપરનું લખાણ પણ દેવે કોતરીને લખેલું હતું.

17નીચે તળેટીમાં લોકોની બૂમાબૂમનો અવાજ સાંભળીને યહોશુઆએ મૂસાને કહ્યું, "એવું લાગે છે કે એ લોકો યુદ્ધની તૈયારી કરી રહ્યા હોય!"

18પણ મૂસાએ કહ્યું, "આ કોઈ વિજયનો નાદ નથી તેમ પરાજયનો પોકાર પણ નથી. આ તો ગાવાનો અવાજ સંભળાય છે."

19જયારે તેઓ છાવણી પાસે આવ્યા ત્યારે મૂસાએ વાછરડું અને નાચગાન જોયાં મૂસાનો ક્રોધ ભભૂકી ઊઠયો અને તેણે પર્વતની તળેટીમાં હાથમાંની તકતીઓ નીચે પછાડીને ચૂરેચૂરા કરી નાખ્યા. 20પછી તે લોકોએ જે વાછરડું બનાવ્યું હતું તે લઈને તેણે અગ્નિમાં ઓગળાવી નાખ્યું. પછી તેનો વાટીને ભૂકો કરી નાખ્યો અને તે પાણીમાં ભભરાવી ઈસ્રાએલીઓને પાઈ દીધો. 21પછી હારુન તરફ ફરીને તેણે કહ્યું, "આ લોકોએ તમારું શું બગાડ્યું છે કે તમે એ લોકોને આવા મોટા પાપમાં નાખ્યાં?"

22હારુને કહ્યું; "ગુસ્સે ન થાઓ, ભાઈ, એ લોકો કેવા દુષ્ટ સ્વભાવના છે, તે તમે સારી રીતે જાણો છો. 23એ લોકોએ મને કહ્યું, 'અમને દોરવણી આપવા માટે દેવો બનાવી આપો, કારણ કે અમને મિસર દેશમાંથી બહાર લાવનાર પેલા મૂસાનું શું થયું એની અમને ખબર પડતી નથી.' 24એટલે મેં તેમને કહ્યું, 'તમારામાંથી જેમની પાસે સોનાનાં ઘરેણાં હોય તે ઉતારી નાખો.' તેમણે મને આપ્યાં અને મેં તે અગ્નિમાં નાખ્યાં અને આ વાછરડું બહાર આવ્યું."

25મૂસાએ જોયું કે હારુને લોકો પરનો પોતાનો કાબૂ જવા દીધો અને પરિણામે તેઓ જંગલીપણું કરતા હતા, અને તેઓના બધા દુશ્મનો તેઓને મૂર્ખની જેમ જોતા હતા. 26છાવણીના પ્રવેશદ્વાર આગળ ઊભા રહીને તેણે મોટા અવાજે પોકાર કર્યો. "યહોવાના પક્ષમાં હોય તે મારી પાસે આવે." એટલે બધા લેવીઓ તેની પાસે ભેગા થઈ ગયા.

27તેણે તેઓને કહ્યું; "ઈસ્રાએલના દેવ યહોવાની આજ્ઞા છે: 'તમે બધા પોતપોતાની તલવાર લઈને સજ્જ થઈ જાઓ, છાવણીમાં બધે ફરી વળો, અને તમારા ભાઈઓ, મિત્રો અને પડોશીઓને મારી નાખો.'"

28લેવીઓએ મૂસાના કહ્યા પ્રમાણે કર્યુ અને લગભગ 3000 લોકો તે દિવસે કપાઈ ગયા. 29પછી મૂસાએ કહ્યું; "આજે તમને યહોવાની દીક્ષા મળી છે, કારણ, તમે પોતાના પુત્રની અને ભાઈની વિરુધ્ધ પડીને આશીર્વાદને પાત્ર બન્યા છો."

30બીજે દિવસે મૂસાએ લોકોને કહ્યું, "તમે મહાપાપ કર્યુ છે; અત્યારે હું યહોવા પાસે જાઉં છું; કદાચ હું તમારા પાપની માફી મેળવી શકું." 31આમ કહીને મૂસાએ ફરી યહોવા પાસે જઈને કહ્યું, "દિલગીરી વ્યકત કરું છું! આ લોકોએ મોટું પાપ કર્યુ છે! એમણે પોતાને માટે સોનાના દેવ બનાવ્યા છે. 32તમે જો એમને માફ કરતા હો તો માફ કરો. નહિં તો તમારા ચોપડામાંથી મારું નામ ભૂંસી નાખો,"

33પરંતુ યહોવાએ મૂસાને જવાબ આપ્યો, "નહિં, જે લોકોએ મારી વિરુધ્ધ જઈને પાપ કર્યુ છે તેમનું જ નામ હું મારા ચોપડામાંથી ભૂસી નાખીશ. 34પણ હવે તું જા, અને મેં તને કહ્યું છે તે જગ્યાએ આ લોકોને દોરી જા. મારો દેવદૂત તમારી આગળ આગળ ચાલશે, પણ એક દિવસ એવો આવશે જયારે હું તેમને તેમના પાપની સજા કરીશ." 35આમ, હારુને બનાવેલા વાછરડાની ઉપાસના કરવા બદલ યહોવાએ લોકોને આકરી સજા કરી.

### "હું તમારી સાથે નહિં આવું"

33 યહોવાએ મૂસાને કહ્યું, "તું અહીંથી નીકળીને જે લોકોને તું મિસર દેશમાંથી બહાર લઈ આવ્યો છે, તેઓને ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબને જે દેશનું વચન આપ્યું છે ત્યાં દોરી જા, કેમ કે મેં વચન આપેલું છે કે, આ દેશ હું તમારા વંશજોને આપીશ. 2હું તારી આગળ મારા એક દેવદૂતને મોકલીશ અને કનાનીઓ, અમોરીઓ, હિત્તીઓ, પરીઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓને હાંકી કાઢીશ. 3હું દૂધ અને મધની જયાં રેલમછેલ છે એવા દેશમાં તમને લઈ જઈશ, પણ હું તમારી સાથે નહિં આવું, કારણ કે તમે લોકો હઠીલા છો અને કદાચ હું તમારો રસ્તામાં જ સંહાર કરી નાખું."

4લોકોએ જયારે આ કઠોર શબ્દો સાંભળ્યા ત્યારે તેઓએ શોક કર્યો અને કોઈએ પોતાના શરીર ઉપર દાગીના પહેયાં નહિં. 5યહોવાએ મૂસાને કહ્યું, "ઈસ્રાએલના લોકોને કહે કે, 'તમે લોકો હઠીલા છો, જો હું તમારી સાથે થોડી ઘડીવાર પણ આવું તો તમારો સંહાર કરી નાખું. એટલે તમે તમારાં દાગીના, ઘરેણાં ઉતારી નાખો, જ્યારે હું વિચારીશ કે મારે તમારી સાથે શું કરવું?'" 6તેથી ઈસ્રાએલીઓએ પોતાનાં ઘરેણાં ઉતારી નાખ્યાં અને હોરેબ પર્વત છોડયા પછી ફરી પહેયાં નહિ.

### મૂલાકાત મંડપની સ્થાપના

7મૂસા હંમેશાં છાવણીની બહાર દૂર માંડવો ઊભો કરતો હતો અને જે કોઈને યહોવાની ઈચ્છા જાણવી હોય તે છાવણી બહાર "મુલાકાતમંડપમાં" જતો. જે મૂસાએ છાવણી બહાર ઊભો કર્યો હતો. 8મૂસા જયારે જયારે મુલાકાતમંડપમાં જતો ત્યારે ત્યારે બધા લોકો ઊઠીને પોતપોતાના તંબૂના દરવાજા આગળ ઊભા રહીને, મૂસા મુલાકાતમંડપમાં દાખલ થાય ત્યાંસુધી તેને જોઈ રહેતા. 9મૂસા જયારે માંડવા પ્રવેશ કરતો એટલે વાદળનો થંભ નીચે ઊતરી માંડવાના દરવાજા આગળ ઊભો રહેતો અને યહોવા મૂસા સાથે વાત કરતા. 10વાદળના થંભને દેવ દરવાજા આગળ જોતાં જ દરેક માણસ પોતપોતાના માંડવાના દરવાજા આગળ સાષ્ટાંગ પ્રણામ કરતા.

11યહોવા મૂસા સાથે એક માણસ બીજા માણસ સાથે વાત કરે એ રીતે મોઢામોઢ વાત કરતા. ત્યાર પછી મૂસા પાછો છાવણીમાં આવતો. તેનો નવયુવાન સેવક નૂનનો પુત્ર યહોશુઆ કદી તંબૂમાંથી બહાર નીકળતો નહિ.

### મૂસાને યહોવાના ગૌરવનું દર્શન

12મૂસાએ યહોવાને કહ્યું, "તમે મને આ લોકોને લઈ જવાનું તો કહ્યું પણ તમે એ મને ન કહ્યું કે તમે મારી સાથે કોને મોકલવાના છો તમે મને એમ પણ કહ્યું કે, 'હું તને નામથી ઓળખું છું અને તારાથી પ્રસન્ન છું.' 13જો ખરેખર મે તમને પ્રસન્ન કર્યા હોય તો મને તમારા માર્ગો શીખવાડો.મારે તમને ઓળખવા છે.તો હું તમને પ્રસન્ન કરતો રહું. વળી, યાદ રાખજે કે આ લોકો તો તમારી જ પ્રજા છે."

14યહોવાએ જવાબ આપ્યો, "હું પોતે તારી સાથે જઈશ અને તને માર્ગદર્શન આપીશ."

15કેમ કે મૂસાએ કહ્યું હતું, "તમે જો મારી સાથે ન આવવાના હો તો અમને અહીંથી આગળ મોકલશો નહિં; 16અને તમે અમારી સાથે આવો એ સિવાય બીજી કઈ રીતે જાણી શકાય કે તમે અમારા ઉપર પ્રસન્ન છો? તમે અમારી સાથે આવો તો જ અમે, તમારા લોકો અને હું પૃથ્વી ઉપરના બીજા બધા લોકો કરતાં જુદા તરી આવીશું."

17જવાબમાં યહોવાએ મૂસાને કહ્યું હતું, "હા, તેં જે માગ્યું છે તે હું ચોક્કસ આપીશ. કારણ કે હું તારા ઉપર પ્રસન્ન છું અને તને બહું સારી રીતે જાણું છું."*

18મૂસાએ વિનંતી કરી, "મને તમારા ગૌરવના દર્શન કરાવો."

19યહોવાએ કહ્યું; "હું મારી સંપૂણ ભલમનસાઈ તને દેખાડીશ,અને તારી સમક્ષ મારું નામ 'યહોવા દેવ' તરીકે જાહેર કરીશ. હું જેને પસંદ કરીશ એ લોકો ઉપર દયા અને કરુણા વરસાવીશ." 20વધુમાં તેમણે કહ્યું, "પણ મારું મુખ તું જોઈ શકીશ નહિ, કારણ, કોઈપણ માણસ મને જોઈને જીવતો રહી શકે નહિ

21"તેમ છતાં મારી બાજુમાં આ ખડક પર ઊભો રહેજે. 22અને મારું ગૌરવ તારી નજર આગળથી પસાર થાય ત્યારે હું તને આ ખડકની ફાટમાં મૂકી દઈશ. અને હું પોતે પસાર થઈ જાઉં ત્યાં સુધી મારા હાથ વડે તને હું ઢાંકી દઈશ. 23પછી હું મારો હાથ લઈ લઈશ અને તું મારી પીઠ જોવા પામીશ, પણ મારું મુખ તને દેખાશે નહિં."

### કરારની નવી તકતીઓ

34 યહોવાએ મૂસાને કહ્યું, "પ્રથમના જેવી જે પથ્થરની બે તકતીઓ બનાવ, અને તારા વડે ભાંગી ગયેલી તકતીઓ ઉપર જે વચનો લખેલાં હતાં તે હું તેના ઉપર લખીશ. 2સવારમાં સિનાઈ પર્વત ઉપર આવવા માટે તું તૈયાર રહેજે અને સિનાઈ પર્વતના શિખર પર ચડી ટોચ પર મારી રાહ જોતો ઊભો રહેજે. 3તારી સાથે કોઈએ ઉપર આવવાનું નથી. એટલું જ નહિ, પર્વત ઉપર કોઈ માણસ નજરે પણ ચડવો જોઈએ નહિ, અથવા તે પર્વતની આસપાસ ઘેટાંબકરાં કે ઢોરઢાંખર પણ ચરતાં હોવા જોઈએ નહિ."

4તેથી મૂસાએ પ્રથમની તકતીઓનાં જેવીજ પથ્થરની બે તકતીઓ બનાવી અને સવારમાં તે વહેલો ઊઠયો અને યહોવાએ તેને કહ્યું હતું તે પ્રમાણે તેના હાથમાં તકતીઓ લઈને તે સિનાઈ પર્વત ઉપર ચઢી ગયો. 5પછી યહોવા મેઘસ્તંભના રૂપમાં નીચે ઊતરી આવ્યા અને તેની સાથે ઊભા રહ્યા. અને પોતાનું નામ 'યહોવા' જાહેર કર્યુ.

6ત્યારબાદ યહોવા તેની આગળથી જાહેર કરતા પસાર થયા કે, "હું યહોવા છું. હું દયાળુ અને કૃપાળુ દેવ છું. ક્રોધ કરવામાં મંદ અને કરૂણાથી ભરપૂર અને વિશ્વાસ પાત્ર છું. 7હું યહોવા હજારો પેઢી સુધી કરૂણા રાખું છું અને તેઓના પાપોની માફી આપું છું. તેમ છતાં ગુનેગારને નિર્દોષ ઠરાવવા ના પાડુ છું. અને પિતાના અધર્મની સજા ત્રીજી અને ચોથી પેઢી સુધી પુત્રો અને પૌત્રોને કરું છું!"

8મૂસાએ એકદમ ભોંય પર લાંબા થઈને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. 9તેણે કહ્યું, "હે યહોવા, તમે કહો છો કે તમે મારા પર પ્રસન્ન છો તે જો સત્ય હોય તો કૃપા કરી અમારી સાથે આવો. આ લોકો ગમે તેટલા હઠીલા હોય તો પણ તમે અમારો અધર્મ અને અમારાં પાપ માફ કરો અને તમારાં પોતાના લોકો તરીકે અમારો સ્વીકાર કરો."

10યહોવાએ કહ્યું, "જુઓ, હું અત્યારે જ તમારી સાથે આ કરાર કરનાર છું. અગાઉ પૃથ્વી પર કોઈપણ દેશમાં ન થયા હોય તેવા ચમત્કારો હું કરીશ. તારા લોકો એ જોશે કે હું, દેવ ખૂબ મહાન છું. હું જે તારા માટે અદભુત કાર્યો કરીશ, તે લોકો જોશે. " 11કરારનો તારો ભાગ આ છે કે તું મારી સર્વ આજ્ઞાઓને આધીન થા. પછી હું તમારી વચ્ચેથી અમોરી, કનાની, હિત્તી, પરિઝઝી, હિવ્વી અને યબૂસી લોકોને હાંકી કાઢીશ. 12પણ સાવધાન રહેજે. તું જે દેશમાં જાય છે, ત્યાંના વતનીઓ સાથે કરાર કરવો નહિ, નહિતર તેઓ તને જાળમાં ફસાવશે. 13પણ યાદ રાખો, તમારે તેમની વેદીઓ તોડી પાડવાની છે, તેમના પૂજાસ્તંભો તોડી નાખવાના છે. અને તેઓની અશેરાહ દેવીની મૂર્તિઓ ભાંગી નાખવાની છે. 14તમારે અન્ય કોઈ દેવોની પૂજા કરવી નહિ કારણ કે મારું નામ છે યાહવે કાનાહ-ઈર્ષાળુ દેવ આ છે મારું નામ હું એટલે કાનાહ છું -ઈર્ષાળુ દેવ. 15એ દેશના વતનીઓ સાથે કોઈ કરાર કરવો નહિ નહી તો તેઓ જયારે પોતાના દેવોને બલિ ચડાવે, ત્યારે કદાચ તમને બોલાવે અને તમે એ બલિ ખાઓ. 16કદાચ તમે તમારાં પુત્રોને તેમની પુત્રીઓ સાથે પરણાવો અને એ કન્યાઓ વ્યભિચારીની જેમ પોતાના દેવોની પૂજા કરે ત્યારે તમારા પૂત્રોને પણ એ રસ્તે ચડાવી દે અને પૂજા કરાવે. પછી તારા પુત્રો તેઓની પત્નીઓના દેવોની ઉપાસના કરીને મારી વિરુધ્ધ પાપ આચરશે.

**અને ... જાણું છું** મૂળ પ્રમાણે, " હું તને નામથી જાણું છું. "

17"તેઓની મૂર્તિઓ સાથે કોઈ સંબંધ હોય નહિ, તેથી તમારે તે દેવોની મૂર્તિઓ બનાવવી નહિ.

18"મેં તમને આજ્ઞા કરી છે તે મુજબ સાત દિવસ સુધી તમારે આબીબ મહિનામાં નક્કી કરેલ સમયે ખમીર વગરની રોટલી ખાવી. અને તમારે ખમીર વગરની રોટલીનો ઉત્સવ પાળવો; કારણ કે આબીબ મહિનામાં તમે મિસર દેશમાંથી બહાર નીકળ્યા હતા.

19"બધાં પ્રથમ પ્રસવનાં સંતાન મારાં છે; તમારા પશુઓનાં બધા પહેલા વેતરના નર મારા છે, પછી એ ગાયનો હોય કે બકરીનો હોય. 20જો તમે ગધેડાના પ્રથમ બચ્ચાંને રાખવા માંગતા હો તો તેને બદલે હલવાન આપીને તેને ખરીદી શકાય. જો તું તેને ખંડી લેવા ના ઈચ્છતો હોય તો તેની ડોક ભાંગી નાખવી, અને તારા બધાજ પ્રથમ જનિત પુત્રોને તારે ખંડી લેવાના છે. ભેટ લાવ્યા વિના કોઈએ મારી સમક્ષ ખાલી હાથે આવવું નહિ.

21"છ દિવસ તમારે ખેડવાનું કે વાવણીનું કામ કરવું. સાતમા દિવસે વિશ્રામ કરવો. માત્ર છ દિવસ કામ કરવું અને સાતમે દિવસે આરામ પાળવો.

22"તમારે અઠવાડિયાનો પર્વ ઊજવવો. આ પર્વ માટે ઘઉં નો પ્રથમ દાણો વાપરવો. અને શરદ ઋતુમાં કાપણી નો પર્વ ઊજવવો.

23"પ્રત્યેક વર્ષમાં ત્રણ વાર ઈસ્રાએલના સર્વ પુરુષો અને સંતાનોએ ઈસ્રાએલના દેવ યહોવા સમક્ષ ઉપસ્થિત થવું.

24"પ્રતિવર્ષ ત્રણ વાર તમે તમારા દેવ યહોવાના દર્શને જાઓ અને તે વખતે તમારા દેશ પર કોઈ આક્રમણ કરશે નહિ અને તેને જીતી લેશે નહિ. કારણ, તમારી ભૂમિ ઉપરથી હું બીજી પ્રજાઓને હાંકી કાઢીને તમારી સરહદ વિસ્તારી આપીશ.

25"તમારે બલિ ચઢાવીને એનું લોહી ખમીરવાળી રોટલી સાથે મને ધરાવવું નહિ. પાસ્ખાપર્વ બલિનો કોઈ ભાગ સવાર સુધી રાખી મૂકવો નહિ.

26"પ્રતિવર્ષ તમારી જમીનનો પ્રથમ પાકનો ઉત્તમોત્તમ ભાગ તમારે તમારા દેવ યહોવાના મંદિરમાં લઈને આવવું તમારે લવારાને તેની માતાના દૂધમાં રાંધવું નહિ."

27યહોવાએ મૂસાને કહ્યું, "આ શબ્દો તું લખી લે, કારણ તારી સાથે અને ઈસ્રાએલ સાથે મેં એ પ્રમાણે કરાર કર્યો છે."

28તેથી મૂસા 40 દિવસ અને 40 રાત અન્નજળ લીધા વિના યહોવા સાથે રહ્યો અને તેણે કરારના શબ્દો–દસ આજ્ઞાઓ તકતી ઉપર લખી.

## મૂસાનો પ્રકાશીત ચહેરો

29છેલ્લે મૂસા કરારની બે તકતીઓ લઈને સિનાઈ પર્વત ઉપરથી નીચે ઊતર્યો ત્યારે તે જાણતો ન હતો કે યહોવાની સમક્ષ રહેવાથી તેનો ચહેરો પ્રકાશતો હતો. 30હારુન અને ઈસ્રાએલીઓ મૂસાના ચહેરાને પ્રકાશતો જોઈને તેની પાસે જતાં ગભરાતાં હતાં. 31આથી મૂસાએ તેઓને પાસે બોલાવ્યા ત્યારે હારુન અને લોકોના આગેવાનો મૂસા પાસે ગયા અને મૂસાએ તેમની સાથે વાત કરી. 32તે પછી સર્વ ઈસ્રાએલીઓ તેની પાસે આવ્યા અને તેને સિનાઈ પર્વત ઉપર યહોવાએ જે બધા આદેશો આપ્યા હતા તે બધા તેણે લોકોને સંભળાવ્યા.

33જયારે મૂસાએ તેઓની સાથે બોલવાનું પૂરું કર્યું ત્યારે તેણે પોતાના મોં ઉપર ઘૂંઘટ ઢાંકી દીધો. 34જયારે જયારે તે યહોવા સમક્ષ વાત કરવા જતો ત્યારે ત્યારે ઘૂંઘટ દૂર કરતો અને બહાર આવતાં સુધી ઘૂંઘટ પાછો ઢાંકતો નહિ. પછી બહાર આવીને પોતાને જે જે આજ્ઞાઓ મળી હોય તે તે ઈસ્રાએલીઓને કહી સંભળાવતો, 35તે સમયે ઈસ્રાએલીઓને મૂસાનો ચહેરો પ્રકાશતો દેખાયો તેથી તે યહોવા સાથે ફરી વાત કરવા જતાં સુધી ઉપર પાછો ઘૂંઘટ નાખી દેતો.

## વિશ્રામવારના નિયમો

35 મૂસાએ સર્વ ઈસ્રાએલી લોકોની એક સભા ભેગી કરી તેઓને કહ્યું, "યહોવાએ તમને આટલા નિયમોનું પાલન કરવાની આજ્ઞા કરી છે:

2"માત્ર છ દિવસ તમારે કામ કરવું. સાતમો દિવસ યહોવાને સમર્પિત કરેલ વિશ્રામનો દિવસ છે. તે દિવસે જે કોઈ કામ કરે તેને મોતની સજા કરવી. 3સબ્બાથના દિવસે તમે જ્યા પણ રહેતા હો ત્યા આગ પેટાવાની મનાઈ છે."

## મુલાકાતમંડપ માટેની તૈયારી

4પછી મૂસાએ ઈસ્રાએલીઓના સમગ્ર સમાજને કહ્યું; "યહોવાએ આ આજ્ઞા આપી છે: 5દેવ માટે ખાસ ભેટો ભેગી કરો. તમારામાંથી પ્રત્યેકે તમારા હૃદયમાં નક્કી કરવું કે તમારે શું આપવું છે. જેઓના હૃદય ઉદાર હોય તેઓ યહોવા પાસે અર્પણો લાવે: સોનું, ચાંદી અને કાંસા. 6ભૂરા, જાંબુડિયા અને કિરમજી રંગનું ઊન, શણનું ઝીણું કાપડ, બકરાંના વાળ, 7ઘેટાનું પકવેલું ચામડું, કુમાશદાર ચામડાં, બાવળનાં લાકડાં, 8દીવા માટે તેલ, અભિષેકના તેલ માટે અને ધૂપને માટે તેજાના, સુગંધીદાર ધૂપ માટે સુગંધી દ્રવ્યો, 9યાજકના એફોદ અને ઉરપત્ર ઉપર જડવા માટે ગોમેદ પાષાણ અને અન્ય પાષાણો.

10"તમારામાંથી જેઓ ખાસ કુશળ કારીગરો છે તેઓ આવે અને યહોવાએ જે બનાવવાની આજ્ઞા કરી છે તે બનાવે: 11પવિત્રમંડપનો તંબૂ, તેનાં આચ્છાદન, તેની કડીઓ, પાટિયાં, વળીઓ, થાંભલી અને કૂંભીઓ: 12પવિત્રકોશ અને તેની દાંડીઓ, ઢાંકણ અને દયાસન, પવિત્રસ્થાનને બંધ કરવાનો પડદો; 13બાજઠ અને તેને ઊંચકવાની દાંડીઓ, અને તેનાં બધાં પાત્રો; ધરાવેલી રોટલી. 14દીપવૃક્ષ અને દીવાઓ, તેનાં સાધનો, કોડિયાં અને પૂરવાનું તેલ. 15ધૂપની વેદી અને તેની દાંડીઓ, અભિષેક માટેનું તેલ, સુગંધીદાર

ધૂપ, અને મુલાકાતમંડપનો પ્રવેશદ્વાર માટેનો પડદો.
**16**આહુતિ માટે વેદી, અને તેની કાંસાની જાળી; થાંભલાઓ
અને વેદી પર વપરાતી બધી વસ્તુઓ અને કાસાનુ પહોળુ
વાસણ અને તેનું તળ. વેદીને ઊચકવાનાં બધાં સાધનો,
દાંડા, કડી અને તેની ઘોડી; **17**આંગણાની ભીતો માટેના
પડદાઓ, સ્તંભો, તેઓની કૂંભીઓ અને આંગણાનાં પ્રવેશદ્વાર
માટેના પડદાઓ; **18**મુલાકાતમંડપના અને તેના આંગણાં
માટેના સ્તંભો, આંગણાની ખૂટીઓ અને તેની દોરીઓ,
**19**પવિત્રસ્થાનમાં સેવા કરવાના સમયે યાજકોએ ધારણ
કરવાના દબદબાભર્યા વસ્ત્રો, એટલે કે યાજક હારુન અને
તેના પુત્રો માટેનાં યાજક તરીકે સેવા કરવા માટેનાં પવિત્ર
વસ્ત્રો.”

### લોકોના ઉદાર અર્પણો

**20**પછી ઈસ્રાએલીઓના સમગ્ર સમુદાયે ભેટો આપવા
માટેની વસ્તુઓ તૈયાર કરવા માટે મૂસા આગળથી રજા
લીધી. અને પોતપોતાના તંબુઓમાં પાછા ફર્યા. **21**પછી
યહોવાના આત્માથી જેઓના હૃદયોને સ્પર્શ થયો હતો, તે
દરેક પોતાની રાજીખુશીથી મુલાકાતમંડપનાં સાધનો માટે,
તેની સામગ્રી માટે અને પવિત્ર વસ્ત્રો માટે તેઓનાં અર્પણો
લઈને યહોવાને ભેટ ધરવા પાછા આવ્યા. **22**સ્ત્રીઓ અને
પુરુષો પણ આવ્યા અને તેમણે દરેકે રાજીખુશીથી–કોઈએ
નથ તો કોઈએ લવિંગિયાં, કોઈએ વીટી તો કોઈએ હાર.
એમ વિવિધ પ્રકારના સોનાનાં ઘરેણાં યહોવાને ભેટ ધર્યા.
**23**બીજાં કેટલાક ભૂરા, જાંબુડા અને કિરમજી રંગનાં ઊન
ઝીણા કાંતેલા શણના કાપડ અને બકરાંના વાળનાં કાપડ
લાવ્યાં. વળી લાલ રંગ કરેલાં ઘેટાનાં ચામડાં અને ખાસ રીતે
પકવેલાં બકરાંનાં ચામડાં પણ તેઓ લઈ આવ્યાં. **24**જે કોઈ
યહોવાને ચાંદી કે કાંસાની ભેટ ધરાવી શકે તેમ હતા તે સૌ
તે લાવ્યા, તો કેટલાક બાંધકામ માટે જરૂરી બાવળનું લાકડું
લાવ્યા. **25**જે સ્રીઓ કાંતવામાં કુશળ હતી, તેમણે ભૂરું,
જાંબુડિયું અને કિરમજી ઊન તથા બારીક શણ કાંતી આપ્યું.
**26**બીજી કેટલીક કુશળ સ્રીઓએ બકરાંના વાળ કાંતીને કાપડ
તૈયાર કરી આપ્યું.

**27**યાજકોના ઉરપત્રમાં અને એફોદમાં જડવા માટે
આગેવાનો ગોમેદ પાષાણ અને અન્ય પાષાણ લાવ્યાં. **28**તેમ
જ દીવા માટે તથા અભિષેક અને સુગંધીદાર ધૂપ માટે સુગંધી
દ્રવ્યો અને તેલ લઈ આવ્યા.

**29**આ પ્રમાણે ઈસ્રાએલના લોકોએ યહોવાએ મૂસા મારફતે
જે જે કામો કરવાની આજ્ઞા કરી હતી તેને માટે તે કાર્યમાં
મદદ કરવાની ઈચ્છા જે સ્રી પુરૂષોની હતી તે સૌએ પોતાનાં
અર્પણો રાજીખુશીથી તેમને આપ્યાં.

### બઝાલએલ અને આહોલીઆબ

**30**પછી મૂસાએ ઈસ્રાએલીઓને કહ્યું, “જુઓ, યહોવાએ
યહૂદાના કુળસમૂહના હૂરના દીકરા ઊરીના દીકરા,
બઝાલએલને મંદિરનાં હસ્તકલાનાં કામ માટે પસંદ કર્યો
છે. **31**અને તેનામાં દેવના આત્માનો સંચાર કરીને તેને દરેક
પ્રકારની કારીગરીમાં કુશળતા, સમજદારી તથા હોંશિયારી
ભરપૂર આપ્યા છે. **32**સોનાચાંદી અને કાંસાનાં સાધનો
બનાવવામાં, નવી નવી ભાતો ઉપજાવી કાઢવામાં, **33**રત્નોને
પહેલ પાડવામાં, જડવામાં, તથા લાકડામાં કોતરણી કરવામાં,
તથા બધા પ્રકારના નકશીકામ કરવામાં તેને કુશળ બનાવ્યો
છે. **34**યહોવાએ તેને અને દાનકુળના અહીસામાખ પુત્ર
આહોલીઆબને બીજાને શીખવવાની શક્તિ આપી છે. **35**તેણે
તેમને સર્વ પ્રકારનું કામ કરવાનું કૌશલ્ય આપ્યું છે; કોતરણીનું,
સિલાઈનું, ભરતકામના કિરમજી રંગના કાપડના પડદાઓની
ભાત તૈયાર કરવાનું, ભૂરાં, જાંબુડિયા અને કિરમજી ઊનના
અને બારીક શણના ભરતગૂંથણનું અને વણાંટનું, તેઓ સર્વ
પ્રકારનું કામ કરી શકે છે અને ભાત રચી શકે છે, સર્વમાં
તેઓ શ્રેષ્ઠ પુરવાર થશે.

### લોકોનું ઔદાર્ય–મુલાકાતમંડપનું બાંધકામ

**36** “બઝાલએલ, આહોલીઆબ અને અન્ય બધા
કારીગરો, જેઓને યહોવાએ કૌશલ્ય અને સમજ
આપ્યાં છે જેથી તેઓને મુલાકાતમંડપના બાંધકામને લગતું
બધું કામ કરતાં આવડે, તેમણે બરાબર યહોવાની આજ્ઞા
મુજબ જ બધું બનાવવાનું છે.”

**2**પછી મૂસાએ બઝાલએલને, આહોલીઆબને અને જે
કારીગરોને યહોવાએ કૌશલ્ય આપ્યું હતું અને જેઓ કામ
કરવાને તૈયાર હતા તે બધાને બોલાવ્યા અને સૌને કામ શરૂ
કરવા જણાવ્યું. **3**ઈસ્રાએલીઓએ મંદિર બાંધવા માટે જે જે
ભેટો આપી હતી તે બધી મૂસાએ તેમને સોંપી દીધી. તેમ
છતાં ઈસ્રારએલીઓ પ્રતિદિન સવારમાં ભેટ લાવતા રહ્યા.
**4**તેથી મંદિરનું કામ કરનારા બધાજ કારીગરો પોતપોતાનું
કામ છોડીને મૂસા સમક્ષ આવીને કહેવા લાગ્યા, **5**“યહોવાએ
જે કામ કરવાની આજ્ઞા કરી છે તે પૂરુ કરવા માટે જરૂરી
હોય તેના કરતાં ઘણું વધારે લોકો લાવ્યા કરે છે.”

**6**તેથી મૂસાએ આખી છાવણીમાં ઢંઢેરો પિટાવ્યો કે હવે
વધુ ભેટ લાવવાની જરૂર નથી. એટલે લોકોએ ભેટ લાવવાનું
બંધ કર્યું. **7**અત્યાર સુધીમાં જે કાંઈ આવ્યું હતું તે બધું કામ
પૂરુ કરવા માટે જોઈએ તેના કરતાં વધારે હતું.

### પવિત્ર મંડપ

**8**સૌથી કુશળ કારીગરોએ પવિત્રમંડપ બનાવ્યો. ઝીણાં
કાંતેલા શણ અને ભૂરા કિરમજી અને લાલ ઊનના દસ
પડદાઓથી તેમણે તંબૂ બનાવ્યો. એના ઉપર કરૂબ દેવદૂતોની
આકૃતિઓ ભરેલી હતી. **9**પ્રત્યેક પડદો 28 વાર લાંબો અને
4 વાર પહોળો હતો. બધાજ પડદા સમાન માપના હતા.
**10**તેમણે પાંચ તાકા જોડીને એક મોટો પડદો બનાવ્યો, અને
બીજા પાંચનો બીજો મોટો પડદો બનાવ્યો. **11**તેમણે દરેક
મોટા પડદાની બહારની બાજુએ ભૂરા કાપડની પટ્ટીથી
પચાસ નાકાં બનાવ્યાં. **12**તેમણે એક મોટા પડદાના પહેલાં
પડદાને 50 નાકા બનાવ્યા, અને બીજા મોટા પડદાના છેલ્લા

પડદાને એની બરાબર સામે આવે એ રીતે 50 નાકાં બનાવ્યાં. 13આ નાકાંઓને જોડવા માટે તેમણે 50 સોનાની કડીઓ બનાવી. અને તેના વડે આ બે પડદાઓને જોડી દીધા એટલે પવિત્રમંડપનો એક સળંગ તંબૂ રચાયો.

14એ પવિત્રમંડપ ઉપર તંબૂ બનાવવા માટે તેમણે બકરાંના વાળના કાપડના અગિયાર પડદાઓ બનાવ્યા. તે બધા સરખા માપના હતા. 15પ્રત્યેક પડદો 30 હાથ લાંબો અને 4 હાથ પહોળો હતો. બધા પડદા એકજ માપના હતા. 16બઝાલએલે પાંચ પડદા એકબીજા સાથે જોડી દઈને એક મોટો પડદો બનાવ્યો અને બીજા છ નો બીજો એક મોટો પડદો બનાવ્યો; 17પછી તેમણે પહેલા મોટા પડદાના છેલ્લા તાકાને 50 નાકાં મૂકયાં અને બીજા મોટા પડદાની બાજુએ બીજા પચાસ નાકાં મૂકયાં. 18આ નાકાંઓને જોડવા માટે કાંસાની નાના કદની 50 કડીઓ બનાવી તેના વડે એ બે પડદા જોડી દીધા એટલે એક સળંગ તંબૂ થઈ ગયો. 19તેમણે પવિત્રમંડપનાં છતનું સૌથી ઉપરનું આવરણ બનાવ્યુ. પહેલું ઘેટાનાં લાલ રંગેલાં ચામડાઓમાંથી તથા બીજુ બકરાંના પકવેલાં કુમાશદાર ચામડાનું બનાવ્યું.

20પવિત્રમંડપની બાજુની ભીતો માટે ઊભા ગોઠવવા તેમણે બાવળનાં પાટિયાં તૈયાર કર્યા. 21પ્રત્યેક પાટિયું 10 હાથ લાંબું અને દોઢ હાથ પહોળું હતું. 22પ્રત્યેક પાટિયાંને એકબીજા સાથે જોડવા માટે દરેકને બબ્બે સાલ કાઢયાં હતાં; 23દક્ષિણ બાજુએ ભીત માટે 20 પાટિયાં હતાં. 24તે 20 પાટિયાં ચાંદીની 40 કૂભીઓમાં ઊભા કર્યા હતા, પ્રત્યેક પાટિયું બે કૂભીઓમાં ઊભું કર્યુ હતું. 25ઉત્તર બાજુએ ભીત માટે પણ 20 પાટિયાં હતાં. 26તે 20 પાટિયાં ચાંદીની 40 કૂભીઓમાં ઊભા કર્યા હતાં. પ્રત્યેક પાટિયું બે કૂભીઓ વચ્ચે ઊભુ કર્યું હતું. 27મુલાકાતમંડપનો પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં હતો અને તેની પછીત માટે છ પાટિયાં બનાવ્યાં હતાં. 28અને પછીતના ખૂણાઓ માટે બે પાટિયાં બનાવ્યાં. 29પછીતોનાં અને ખૂણાઓનાં પાટિયાં નીચેથી જોડેલાં હતાં અને ઠેઠ ઉપરથી પહેલી કડી સુધી જોડી દીધેલાં હતાં. 30આમ, પશ્ચિમ બાજુએ કુલ આઠ પાટિયાં, ચાંદીની 16 કૂભીઓમાં ઊભા કરેલાં હતાં. અને પ્રત્યેક પાટિયું બે કૂભીઓમાં બેસાડેલું હતું.

31પછી તેમણે આ પાટિયાઓને તેમની બાજુએથી એકબીજા સાથે જોડી દેવા માટે બાવળનાં લાકડાંની ભૂંગળો બનાવી, પાંચ તંબૂની એક બાજુનાં પાટિયાં માટે અને બીજી પાંચ બીજી બાજુનાં પાટિયાં માટે. 32અને પાંચ ભૂગળો પશ્ચિમની પછીતના પાટિયાં માટે, 33આ પાંચ ભૂંગળોમાંથી વચલી ભૂંગળ પાટિયાઓની અડધી ઊંચાઈને એક છેડાથી તે બીજા છેડા સુધી લાગેલી હતી. 34આ પાટિયાઓ અને ભૂંગળો સોનાંથી મઢેલાં હતાં અને કડાંઓ શુદ્ધ સોનાનાં બનાવ્યાં હતાં.

35અંદરનો પડદો વણાંટકામના કાપડનો બનાવેલો હતો. અને ભૂરા, જાંબુડા અને કિરમજી ઊનનો હતો. તેના ઉપર જરીથી કલાત્મક રીતે કરૂબદેવદૂતોની આકૃતિઓનું ભરત કરવામાં આવ્યું હતું. 36પડદાને લટકાવવા માટે બાવળની ચાર થાંભલીઓ બનાવી અને તેને સોને મઢીને, સોનાની વાળી મુકી. અને થાંભલીઓ માટે ચાર ચાંદીની કૂભીઓ બનાવી. 37માંડવાના પ્રવેશદ્ધાર માટે બઝાલએલે ભૂરા, કિરમજી અને લાલ ઊનનો તથા ઝીણા કાંતેલા શણનો ભરત ભરેલો પડદો બનાવ્યો. 38બાવળના લાકડામાંથી પાંચ થાંભલી અને કડીઓ તૈયાર કરી સોનાથી મઢી, પછી તેઓને કાંસાની પાંચ કૂભીઓમાં ઊભી કરી.તેના ટોચકાઓને અને પડદાની દાંડીને. પછી સોનાની પાંચ કડીઓ વડે આ પડદો લટકાવવામાં આવ્યો.

## કરારકોશની રચના

37 પછી બઝાલએલે બાવળના લાકડામાંથી પવિત્રકોશ બનાવ્યો, જેની લંબાઈ અઢી હાથ, પહોળાઈ દોઢ હાથ અને ઊંચાઈ દોઢ હાથ હતી. 2તેણે તેને અંદરબહાર શુદ્ધ સોનાથી મઢીને તેની ફરતે સોનાની પટી મૂકી હતી. 3તેના ચાર પગોમાં સોનાનાં ચાર કડાં જોડેલા હતાં. પ્રત્યેક છેડા ઉપર બે કડાં. 4પછી તેણે બાવળના લાકડાના દાંડા બનાવ્યા અને તેને સોનાથી મઢી લીધાં. 5અને કોશ ઉપાડવા માટે બંને બાજુના કડામાં પરોવી દીધા. 6ત્યારબાદ તેણે શુદ્ધ સોનામાંથી અઢી હાથ લાંબુ અને દોઢ હાથ પહોળું ઢાંકણ તૈયાર કર્યુ. 7તેણે બે કરૂબદેવદૂતોની આકૃતિઓ સોનામાંથી ઘડીને ઢાંકણના બે છેડા માટે બનાવી. 8એક છેડે એક કરૂબદેવદૂત અને બીજે છેડે એક કરૂબદેવદૂત; તેણે તેને ઢાંકણ સાથે જોડી દીધી. 9દેવદૂતોની પાંખો ઊંચે પસારેલી હોવાથી ઢાંકણ પાંખોથી ઢંકાઈ જતું હતું. દેવદૂતોનાં મોં એકબીજાની સામસામે હતાં, અને ઢાંકણ તરફ વાળેલાં હતાં.

## વિશીષ્ટ મેજ

10બાવળના લાકડામાંથી તેણે 2 હાથ લાંબો, 1 હાથ પહોળો અને દોઢ હાથ ઊંચો બાજઠ બનાવ્યો, 11આખા બાજઠને શુદ્ધ સોનાથી મઢી લઈને બાજઠની ચારે તરફની ધાર પર સોનાની કિનારી બનાવી. 12પછી તેણે તેની ફરતે ચાર ઈંચની કિનાર બનાવી અને તેની ફરતે સોનાની કોર મૂકી. 13તેણે એને ઉપાડવા માટે સોનાનાં ચાર કડાં બનાવ્યાં અને ચાર ખૂણે ચાર પાયે જડી દીધાં. 14બાજઠ ઉપાડવાની દાંડીની જગાઓ એટલે કડાં એ કિનારીની નજીક હતા. 15દાંડીઓ બાવળના લાકડાની બનાવી અને તેને સુવર્ણથી મઢી લીધી. 16પછી તેણે બાજઠને માટેનાં વાસણો-રકાબીઓ, વાટકા, બરણીઓ અને પેયાર્પણ માટેના વાટકા શુદ્ધ સોનાનાં બનાવ્યા.

## દીવીની બેસણી

17તેણે શુદ્ધ સોનાની દીવી બનાવી; દીવીની બેસણી અને થાંભલી સોનામાંથી ઘડીને બનાવ્યાં અને તેના ઉપરનાં શોભાનાં ફૂલો, કળીઓ અને પાંદડીઓ તેની સાથે જડી દીધાં. 18દીપવૃક્ષની બંને બાજુએ ત્રણ ત્રણ એમ કુલ છ

શાખાઓ હતી. 19પ્રત્યેક શાખા ઉપર શોભા માટે કળીઓ અને પાંદડીઓ સાથે બદામ ઘાટનાં ત્રણ ત્રણ ફૂલ હતાં. 20દીપવૃક્ષની થાંભલીઓને કળીઓ અને પાંદડીઓવાળાં ચાર શોભાનાં ફૂલ હતાં. 21દીપવૃક્ષના સ્તંભ ઉપર બબ્બે શાખાઓની દરેક જોડી નીચે એક એક ફૂલ હતું. વળી ટોચની શાખાની જોડીના ઉપરના ભાગમાં પણ એક ફૂલ હતું. અને નીચેની શાખાઓની જોડીના નીચેના ભાગમાં એક ફૂલ હતું. આમ ચાર ફૂલ હતાં. 22દીવીની થાંભલી સાથે શાખાઓ અને કળીઓ જોડી દેવામાં આવ્યા હતાં, અને એ બધું શુદ્ધ સોનાની એક જ ઢાળકીમાંથી ઘડીને બનાવવામાં આવ્યું હતું. 23દીવી માટે તેણે સાત કોડિયાં બનાવ્યાં. દિવટની વાટ સમારવાની કાતર અને રાખદાનીઓ શુદ્ધ સોનામાંથી બનાવ્યાં. 24દીપવૃક્ષ અને એનો સાજ બનાવવામાં તેણે 75 પૌંડ શુદ્ધ સોનું વાપર્યુ હતું.

## ધૂપ માટેની વેદી

25ધૂપ માટેની વેદી તેણે બાવળના લાકડામાંથી બનાવી. તે 1 હાથ લાંબી, 1 હાથ પહોળી અને 2 હાથ ઊંચી ને સમચોરસ હતી. વેદી પર ચાર શિંગ હતાં. દરેક ખુણામા એક શિંગ હતું. આ શિંગો એકબીજા સાથે જોડેલા હતા, એક નંગ બનાવવા. એક ભાગ તરીકે એકજ એકમમાં તેના ખૂણાઓ ઉપર શિંગ તૈયાર કરેલાં હતાં. 26આખી વેદીને શુદ્ધ સોનાથી મઢી લેવામાં આવી અને તેની ચારે તરફની ધાર ઉપર સોનાની કિનારી બનાવવામાં આવી. 27તેણે તેને માટે બે સોનાનાં કડા બનાવીને બંને બાજુએ કિનારીની નીચે જડી દીધાં. જેમાં ઉપાડતી વખતે દાંડા પરોવી શકાય. 28પછી તેણે બાવળના લાકડાના દાંડા બનાવીને સોનાથી મઢયા.

29વળી તેણે અભિષેક માટેનું તેલ તેમજ સરૈયો બનાવે તેવો શુદ્ધ સુગંધીદાર ધૂપ પણ બનાવ્યો.

## દહનાર્પણની વેદી

38 તેણે 5 હાથ લાંબી, 5 હાથ પહોળી અને 3 હાથ ઊંચી ચોરસ યજ્ઞ માટેની વેદી બાવળના લાકડામાંથી બનાવી. 2તેના ચાર ખૂણા પર ચાર શિંગ હતાં, તે વેદીના લાકડામાંથી જ બનાવેલાં હતાં. આ વેદી ઉપર કાંસાનું આવરણ ચઢાવવામાં આવ્યું હતું. 3પછી તેણે વેદીનાં બધાંજ પાત્રો–ભસ્મપાત્રો, તાવડીઓ, તપેલાં, ડોયા, પંજેટી અને સગડીઓ–કાંસાનાં બનાવ્યાં. 4પછી તેણે વેદીની અંદરના ભાગમાં જયાં અગ્નિ પ્રગટે છે ત્યાં અડધી ઊંચાઈએ ટેકા માટેની ધાર બનાવીને તેના ઉપર કાંસાની જાળી ગોઠવી. 5આ વેદીની ચાર બાજુઓ માટે ચાર કડાં બનાવીને કઠેરાના ચાર ખૂણે મૂકયાં જેથી તેમાં દાંડા ભેરવી શકાય. 6આ દાંડા બાવળના લાકડાના બનાવીને તેને કાંસાથી મઢી લીધા, 7પછી તેને વેદીની બાજુએ આવેલાં કડાંઓમાં પરોવી દીધા. વેદી લાકડાંનાં પાટિયાંમાંથી બનાવેલી હતી અને અંદરથી પોલી રાખી હતી.

8મુલાકાતમંડપના પ્રવેશદ્વાર પાસે ભેગી થયેલી સ્રીઓનાં દાન કરેલા કાંસાના દર્પણમાંથી ઢાળીને તેણે હાથ પગ ધોવાની કાંસાની કૂંડી અને તેની કાંસાની ઘોડી બનાવ્યાં.

## પવિત્ર મંડપનું આંગણું

9પછી તેણે આંગણું બનાવ્યું; તેની દક્ષિણ બાજુના પડદાની ભીંત 100 હાથ લાંબી હતી અને તે ઝીણા કાંતેલા શણના પડદાઓની બનાવેલી હતી. 10આ પડદાને પકડી રાખવા માટે 20 થાંભલીઓ અને 20 કૂંભીઓ કાંસાની હતી. તથા એ થાંભલીઓના આંકડા અને આડા સળિયા ચાંદીના બનાવેલા હતા. 11ઉત્તરની બાજુએ 100 હાથ લાંબા પડદા હતા અને તેને માટે કાંસાની 20 થાંભલીઓ અને 20 કૂંભીઓ હતી, તથા આંકડા અને સળિયા ચાંદીના હતા.

12આંગણાની પશ્ચિમ બાજુએ 50 હાથ લાંબા પડદા હતા. તથા 10 થાંભલીઓ અને 10 કૂંભીઓ હતી. અને આંકડા અને સળિયા ચાંદીના હતા.

13આંગણાની પૂર્વ તરફ 50 હાથ લાંબી ભીંત હતી. આંગણનો પ્રવેશદ્વાર આ તરફ હતો. 14પ્રવેશદ્વારની એક બાજુએ 15 હાથનો પડદો હતો અને તેને થોભવા માટે ત્રણ થાંભલીઓ અને ત્રણ કૂંભીઓ હતી. 15અને આંગણાના પ્રવેશદ્વારની બીજી બાજુએ 15 હાથ લાંબા પડદા હતા, અને તેમને ત્રણ થાંભલીઓ અને ત્રણ કૂંભીઓ હતી. 16ભીતો બનાવવા માટે વપરાયેલા બધાજ પડદાઓ ઝીણા કાંતેલા શણના બનાવેલા હતા. 17પ્રત્યેક થાંભલીઓ માટેની કૂંભીઓ કાંસાની હતી અને આંકડા તથા દાંડીઓ ચાંદીના હતાં. થાંભલીઓનો ટોચકા ચાંદીના પતરાથી મઢેલી હતી આંગણાની બધી થાંભલીઓ ને ચાદીની દાંડીઓ હતી.

18આંગણાના પ્રવેશદ્વારનો પડદો ભૂરા, કિરમજી, તથા લાલ રંગના ઊનનો અને ઝીણા કાંતેલા શણનો હતો તેના પર ભરતકામ કરેલું હતું. અને તે 20 હાથ લાંબો અને આંગણાને ફરતા પડદાની જેમ 5 હાથ ઊંચો હતો. 19તે ચાર કાંસાની કૂંભીઓમાં બેસાડેલી ચાર કાંસાની થાંભલીઓ ઉપર લટકાવેલો હતો. તેના આંકડાઓ અને સળીયાઓ ચાંદીના હતા.થાંભલીઓના મથાળાં ચાંદીથી મઢેલાં હતાં. 20પવિત્રમંડપ તથા આંગણાના બાંધકામમાં વપરાયેલી બધી ખૂંટીઓ કાંસાની બનાવેલી હતી.

21પવિત્ર તંબૂ એટલે કે કરારકોશના તંબૂના બાંધકામમાં વપરાયેલ વિવિધ ધાતુનો હિસાબ આ મુજબ છે. મૂસાએ એ યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો, અને તે યાજક હારુનના પુત્ર ઈથામારના નિરીક્ષણ હેઠળ તૈયાર કરેલી હતી.

22યહૂદાના કુળસમૂહના હૂરના દીકરા ઉરીના દીકરા બઝાલએલે યહોવાએ મૂસાને જે જે બનાવવાની આજ્ઞા કરી હતી તે બધું બનાવ્યું. 23તેને મદદ કરનાર દાનના વંશના અહીસામાખનો પુત્ર આહોલીઆબ કોતરકામ કરનાર, નવી ભાતો બનાવનાર, અને ભૂરા, કિરમજી અને લાલ ઊન તેમજ ઝીણા કાંતેલા શણનું ભરત ભરનાર હતો.

24એ પવિત્ર સ્થાનક માટે યહોવાને સમર્પિત કુલ સોનાંનું વજન મંદિરના માપના ધોરણ મુજબ 2 ટન કરતા વધારે હતું.

25વસ્તીગણતરીની નોંધણી વખતે લોકો પાસેથી મળેલ ચાદીનું વજન મંદિરના માપ ધોરણ પ્રમાણે 3 3/4 ટન કરતા વધારે હતું. 26વસ્તીગણતરીમાં વીસની અને તેની ઉપરની ઉમરના 603,550 માણસો નોંધાયેલ હતાં. અને તેમાના પ્રત્યેક એક બેકા ચાંદી ની ખંડણી ભરી હતી (અધીકૃત માપ વાપરતા એક બેકા એટલે અડધો શેકેલ). 27પવિત્ર સ્થાન માટેની અને પડદા માટેની કૂભીઓ બનાવવામાં 3 3/4 ટન ચાંદી વપરાઈ હતી: તેમાથી 100 કૂભીઓ બનાવી. તેથી દરેક કૂભીમા 75 પૌંડ ચાંદી હતી. 28બાકીની 50 પૌંડ ચાંદીમાંથી તેણે થાંભલીઓના આંકડા, તેમનાં મથાળાં અને દાંડીઓ બનાવી.

29યહોવાને સમર્પિત કુલ કાંસા સાડી છવ્વીસ ટન કરતા વધારે હતું. 30આ કાંસાનો ઉપયોગ મુલાકાતમંડપના પ્રવેશદ્વારની કૂભીઓ, કાંસાની વેદી અને તેની કાંસાની જાળી, વેદીનાં બધાં સાધનો, 31આંગણા માટેના પાયા તથા તેના પ્રવેશદ્વાર અને પવિત્રમંડપ અને આંગણાનાં બાંધકામ માટે વપરાયેલા સર્વ અને ખીલીઓ બનાવવા માટે થયો હતો.

## યાજકો માટેના પોષાક

39 પવિત્ર સ્થાનમાં સેવા કરતી વખતે યાજકોએ પહેરવાના દબદબાભર્યા પોષાક, લોકોએ ભૂરા, જાંબુડા અને કિરમજી રંગના કાપડમાંથી બનાવ્યા. યહોવાએ મૂસાને આજ્ઞા કરી હતી તે મુજબ તેમણે હારુનને માટેનાં વસ્ત્રો બનાવ્યાં.

## એફોદ

2તેમણે એફોદ સોનાનું તથા જાંબુડિયા, કિરમજી અને લાલ ઊન અને ઝીણા કાંતેલા શણનું બનાવ્યું. 3સોનાને ટીપીને બઝાલએલે સોનાના પાતળાં પતરાં બનાવ્યાં. અને તેને કાપીને તેના તાર બનાવ્યા. આ તાર ભૂરા, જાંબુડા, અને કિરમજી રંગના કાપડમાં વણી લેવામાં આવ્યા. આ કાર્ય એક બહુજ કુશળ કારીગરનું હતું.

4એફોદને ખભે બાંધવાના પટા બનાવીને તેની બે બાજુએ જોડી દીધા. જેથી તે બાંધી શકાય. 5એના ઉપરનો કમરપટો પણ યહોવાએ મૂસાને આજ્ઞા કર્યા મુજબ એફોદના જેવી જ કારીગરીવાળો અને સોનેરી, જાંબુડિયા, કિરમજી અને લાલ ઊન તથા ઝીણા કાંતેલા શણ સાથે ગૂંથીને બનાવેલો હતો અને તેની સાથે જોડી દીધેલો હતો.

6પછી તેમણે બે આરસ પાષાણો સોનાના ચોકઠામાં જડયા આ પાષાણો ઉપર ઈસ્રાએલના કુળોનાં નામ કોતરેલાં હતાં. 7અને પછી તેઓએ તેને એફોદના ખભાના પટ્ટા સાથે, દેવને ઈસ્રાએલીઓની યાદી તરીકે જોડી દીધા. યહોવાએ જેમ મૂસાને આજ્ઞા કરી હતી તે પ્રમાણે કરવામાં આવ્યું હતું.

## ન્યાયકરણનું ઉરપત્ર

8તેમણે ન્યાય કોથળી એફોદની જેમ સુંદર કારીગરીથી બનાવ્યું હતું. તેને બનાવવા માટે તેમણે સોનાના દોરા, જાબુંડિયા, કિરમજી, અને લાલ ઉન તથા ઝીણા કાંતેલા શણનો ઉપયોગ કર્યો. 9તે એક સમચોરસ બેવડ વાળેલું એક વેંત લાંબું અને એક વેંત પહોળું હતું. 10એમાં નંગોની ચાર હાર બેસાડેલી હતી; પ્રથમ હારમાં માણેક, પોખરાજ અને લાલ રત્ન હતા. 11બીજી હારમાં લીલમ, નીલમ અને હીરા. 12ત્રીજી હારમાં શનિ, અકીક અને યાકૂત 13અને ચોથી હારમાં ગોમેદ, પિરોજ અને યાસપિસની, એ બધાં સોનાનાં નકશીકામવાળા ચોકઠામાં જડેલા હતા. 14આ રીતે તેમાં બાર નંગો હતા અને તેના ઉપર ઈસ્રાએલના પુત્રોનાં નામ કોતરેલાં હતાં. પ્રત્યેક નંગ ઉપર ઈસ્રાએલના એક વંશનું નામ કળાથી કોતરેલું હતું.

15તેમણે ન્યાય કોથળી માટે શુદ્ધ સોનાની ગૂંથેલી દોરી જેવી સાંકળીઓ બનાવી. 16તદુપરાંત તેમણે સોનાની બે વાળી બનાવી ન્યાય કોથળીના બે ખુણાઓમા બેસાડી દીધી. તેઓએ ખભાના ટુકડાઓ માટે બે સોનાની નકશી બનાવી. 17પછી ન્યાયકોથળીના છેડા પર મૂકેલી કડીઓમાં સોનાની સાંકળીઓ જોડી દીધી. 18એ સાંકળીના બીજા બે છેડા બે ચોકઠાં સાથે જોડી દીધાં અને એ રીતે એ ચોકઠાં ન્યાયકોથળીની સ્કંધપટીઓના આગળના ભાગ ઉપર જોડી દીધાં. 19તે પછી સોનાની બીજી બે કડીઓ બનાવી એફોદની નજીકના ન્યાયકોથળીની અંદરની બાજુના નીચલા ખૂણાએ મૂકી. 20ત્યારબાદ બીજી બે સોનાની કડીઓ બનાવીને એફોદના ખભાના બે પટાના સામેના નીચેના છેડે સાંધા નજીક અને સુંદર ગૂંથેલા કમરપટાની ઉપરના ભાગમાં લગાવી દીધી. 21ન્યાયકોથળીના નીચલા છેડાને ભૂરી દોરી વડે એફોદની કડીઓ સાથે બાંધી દીધો, જેથી યહોવાએ મૂસાને આજ્ઞા કરી હતી તે મુજબ ન્યાયકોથળી કરમપટા ઉપર રહે અને છૂટ્ટુ ન પડી જાય.

## યાજકોના અન્ય વસ્ત્રો

22એફોદ પરનો જામો આખો ભૂરા રંગના કાપડનો એક કુશળ કારીગરે બનાવ્યો હતો. 23તેમણે જામાની વચ્ચે એક કાણું પાડ્યું અને તેની કિનાર સીવી લીધી. તેની કિનાર ફાટી ન જાય તે માટે સીવવામાં આવી હતી.

24જામાની નીચેની બાજુએ દાડમ ભરેલાં હતાં. તે કાંતેલા શણના તથા ભૂરા તથા જાંબુડા તથા કિરમજી રંગના ભરતકામથી બનાવેલાં હતાં. 25તેમજ શુદ્ધ સોનાની ઘૂઘરીઓ બનાવી એ દાડમો વચ્ચે આખી નીચલી બાજુએ મૂકી હતી. 26એ જ રીતે ઝભ્ભાની નીચેની બાજુએ વારાફરતી દાડમ અને ઘૂઘરી આવતાં હતાં. યહોવાએ મૂસાને આજ્ઞા કરી હતી તે પ્રમાણે હારુન યહોવાની સેવા કરતી વખતે આ ઝભ્ભો પહેરતો હતો. 27તેમણે હારુન અને તેના પુત્રો માટે ઝીણા કાંતેલા શણના અંગરખાં બનાવ્યાં, 28વળી ઝીણા કાંતેલા શણમાંથી પાઘડીઓ, ફેંટા, અને પાયજામા બનાવ્યા. 29તથા

યહોવાની આજ્ઞા મુજબ ભૂરા, કિરમજી, અને લાલ ઊનનો ભરત ભરેલો ઝીણા કાંતેલા શણનો પટો બનાવ્યો.

30અંતે તેમણે શુદ્ધ સોનામાંથી એક તકતી બનાવી જેની ઉપર પવિત્ર શબ્દો કોતરેલા હતા; "દેવને પવિત્રતા" તે મુગટ ઉપર જડેલી હતી. 31એ ભુરા રંગની પટ્ટી સાથે બાંધેલી હતી જે પાઘડી ઉપર બંધાએલી હતી.

## મૂસા દ્વારા પવિત્રમંડપનું નિરીક્ષણ

32આ રીતે યહોવાએ મૂસાને આપેલી આજ્ઞા અનુસાર પવિત્રમંડપનું કામ પૂર્ણ થયું. આ બધુંજ ઈસ્રાએલીઓએ આજ્ઞા મુજબ કર્યુ. 33પછી તેઓએ પવિત્રમંડપ, તેનો તંબૂ અને તેનું બધું રાચરચીલું, તેની કડીઓ, પાટિયાં, વળીઓ, થાંભલીઓ અ કૂભીઓ, 34તેઓએ તેને સુકવેલા રાતા રંગેલા ચામડાંમાંથી બનાવેલાં મંડપના ઢાંકણ અને ઝીણા ચામડામાંથી બનાવેલા ઢાંકણ અને અત્યંત પવિત્ર જગ્યાનાં પ્રવેશ દ્વારનો પડદો બનાવ્યો.

35કરારકોશ, તેના દાંડા, તેનું ઢાંકણ, 36મેજ અને તેનાં બધાં સાધનો, અર્પણ કરેલી રોટલી, 37શુદ્ધ સોનાનું દીપવૃક્ષ–તેનાં કોડિયા, જે હારબંધ ગોઠવવાનાં હતાં, અને તેનાં બધાં સાધનો, અને પૂરવાનું તેલ, 38સોનાની વેદી, અભિષેક માટેનું તેલ, સુગંધીદાર ધૂપ, મુલાકાતમંડપના પ્રવેશદ્વારનો પડદો, 39કાંસાની વેદી, તેની કાંસાની બનાવેલી જાળી, તેના દાંડા, અને તેનાં બધાં સાધનો, કૂડી અને તેની ઘોડી,

40આંગણાની ભીંતો માટેના પડદાઓ, અને તેને લટકાવવા માટેની થાંભલીઓ અને કૂંભીઓ, તેમજ આંગણાંના પ્રવેશદ્વાર માટેના પડદાઓ અને તેના સ્થંભો, દોરી અને ખીલાઓ તથા મુલાકાતમંડપમાં સેવા માટે વાપરવાનાં બધાં સાધનો. 41પવિત્રસ્થાનમાં સેવા કરવાના સમયે પહેરવાનાં સુંદર દબદબાભર્યા વસ્ત્રો તથા યાજક તરીકે ફરજ બજાવતી વખતે હારુન અને તેના પુત્રોએ પહેરવાનાં પવિત્ર વસ્ત્રો મૂસાને બતાવ્યાં.

42યહોવાએ મૂસાને જણાવ્યા મુજબ બધુંજ કામ ઈસ્રાએલીઓએ પૂર્ણ કર્યુ હતું. 43પછી મૂસાએ બધુંજ તપાસી લીધું અને યહોવાએ જણાવ્યા મુજબ બનાવ્યુ છે એની ખાતરી કરી લીધી અને પછી મૂસાએ તેમને આશીર્વાદ આપ્યા.

## મૂસા દ્વારા પવિત્રમંડપની સ્થાપના

40 હવે યહોવાએ મૂસાને કહ્યું, 2"પ્રથમ માસના પ્રથમ દિવસે તું પવિત્રમંડપ ઊભો કરજે. 3પછી જેમાં દસ આજ્ઞાઓ મૂકેલી છે, તે સાક્ષ્યકોશ મંડપમાં મૂકજે; અને પરમપવિત્ર સ્થાનમાં સાક્ષ્યકોશને પડદાથી ઢાંકી દેજે. 4પછી મેજ લાવીને તેના ઉપર પાત્રો ગોઠવજે, અને દીવી લાવીને તેના ઉપર કોડિયાં ગોઠવીને દીવાઓ પ્રગટાવજે. 5ત્યારબાદ સાક્ષ્યકોશ આગળ સોનાની ધૂપદાની ગોઠવજે.

6"પ્રવેશદ્વારનો પડદો મુલાકાતમંડપમાં યથાસ્થાને લટકાવજે. અને મુલાકાતમંડપના પ્રવેશ દ્વાર સામે દહનાર્પણ માટે વેદી મૂકજે. 7મુલાકાતમંડપ અને વેદીની વચ્ચે કૂડી મૂકજે અને તેમાં પાણી ભરજે. 8મુલાકાતમંડપના બહારના ભાગમાં ચારે બાજુ આંગણું તૈયાર કરજે અને આંગણાના પ્રવેશદ્વારે પડદો લટકાવજે.

9"પછી અભિષેકનું તેલ લઈ પવિત્રમંડપનો તથા તેમાંની સર્વ વસ્તુઓનો અભિષેક કરી તેની તથા તેમાંના બધા રાચરચીલાની શુદ્ધિ કરજે તેથી એ પવિત્ર થઈ જશે. 10વેદીનો અને તેનાં સર્વ સાધનોનો પણ અભિષેક કરી તેમની શુદ્ધિ કરજે તેથી તે પણ અત્યંત પવિત્ર થઈ જશે. 11કૂડી અને તેની ઘોડીની પણ શુદ્ધિ કરવા માટે અભિષેક કરજે.

12"પછી તું હારુનને અને તેના પુત્રોને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ લાવજે અને તેમને જળથી સ્નાન કરાવજે. 13ત્યારબાદ હારુનને પવિત્ર પોશાક પહેરાવજે અને તેનો અભિષેક કરજે, અને યાજક તરીકે મારી સેવા કરવા માટે તેને પવિત્ર કરજે. 14ત્યાર પછી તું તેના પુત્રોને આગળ લાવીને અંગરખાં પહેરાવજે. 15તેમના પિતાની જેમ તેમને પણ અભિષેક કરી યાજકપદે દીક્ષિત કરજે. તેમનો અભિષેક કરવાથી તેઓ અને તેમના વંશજો કાયમ માટે યાજકો બનશે." 16યહોવાએ મૂસાને જે આજ્ઞા કરી હતી તે પ્રમાણે કરવા માટે મૂસા આગળ વધ્યો.

17બીજા વર્ષના પ્રથમ માસના પ્રથમ દિવસે પવિત્રમંડપ ઊભો કરવામાં આવ્યો. 18મૂસાએ કૂંભીઓ ગોઠવી. પાટિયાં બેસાડયાં, વળીઓ જડી દીધી અને થાંભલીઓ ઊભી કરી દીધી. 19યહોવાએ તેને કહ્યું હતું તે પ્રમાણે પવિત્રમંડપ ઉપર આવરણ પાથરી દીધું અને છેક ઉપર આચ્છાદન લગાવ્યા.

20અને તેની ઉપર યહોવાની આજ્ઞા મુજબ ઢાંકણ પાથરી દીધું. તેણે સાક્ષ્ય લેખ કોશમાં મૂકી, કડાંમાં દાંડીઓ બેસાડી અને કરારકોશને મથાળે ઢાંકણ મૂકી દીધું. 21પછી પવિત્રકોશને તે પવિત્રમંડપમાં લાવ્યો અને યહોવાની આજ્ઞા અનુસાર તેને ઢાંકવા પડદો લટકાવ્યો. 22મુલાકાતમંડપમાં ઉત્તર બાજુએ તેણે પડદાની બહાર મેજ મૂકયો. 23અને તેના ઉપર યહોવાની આજ્ઞા અનુસાર યહોવાને ધરાવેલી રોટલી મૂકી. 24મુલાકાતમંડપની અંદર મેજની સામે દક્ષિણ બાજુએ તેમણે દીવી મૂકી. 25અને યહોવાની આજ્ઞા મુજબ તેના ઉપર યહોવા સમક્ષ કોડિયાં ગોઠવી દીધાં.

26મુલાકાતમંડપમાં પડદાની આગળ તેણે સોનાની વેદી મૂકી. 27યહોવાની આજ્ઞા અનુસાર તેમાં સુંગધી ધૂપ કર્યો. 28પવિત્રમંડપના પ્રવેશદ્વારે તેણે પડદો લટકાવ્યો.

29તેણે મુલાકાતમંડપના પ્રવેશદ્વાર પર અર્પણોને બાળવા માટે વેદી ગોઠવી, અને તેના ઉપર બળેલાં દહનાર્પણ અને ખાધાર્પણ અર્પવા આ બધું તેણે દેવની આજ્ઞા મૂજબ કર્યુ.

30તેણે મુલાકાતમંડપ અને વેદીની વચ્ચે કૂડી ગોઠવી અને તેમાં હાથપગ ધોવા માટે પાણી રેડયું; 31મૂસા અને હારુન અને તેના પુત્રો મુલાકાતમંડપમાં પ્રવેશ કરવા અથવા આહુતિ

અર્પણ કરવા વેદી પાસે જતા. 32ત્યારે યહોવાએ મૂસાને આજ્ઞા કર્યા મુજબ એમાંથી હાથપગ ધોતા.

33તેણે પવિત્રમંડપ અને વેદીની ચારેબાજુ આંગણું ઊભું કર્યુ. અને આંગણાના પ્રવેશદ્વારે પડદા વડે દરવાજો બનાવ્યો. આ પ્રમાણે મૂસાએ કાર્ય પરિપૂર્ણ કર્યુ.

### યહોવાનું ગૌરવ

34ત્યારબાદ મુલાકાતમંડપને વાદળે ઘેરી લીધો. અને યહોવાનું ગૌરવ મંડપમાં વ્યાપી ગયું. 35મૂસા મુલાકાત મંડપમાં પ્રવેશી શકયો નહિ,કેમ કે, વાદળ તેના પર સ્થીર થયું હતું, અને યહોવાનું ગૌરવ મંડપમાં પ્રસરી ગયું હતું.

36ઈસ્રાએલીઓના પ્રવાસના પ્રત્યેક મુકામે જયારે વાદળ મંડપ પરથી હઠી જતું ત્યારે તે લોકો મુકામ ઉપાડતા. 37પણ જો વાદળ પવિત્રમંડપ ઉપર સ્થીર થતું તો વાદળ હઠે નહિ ત્યાં સુધી તેઓ મુકામ ઉપાડતા નહિ. 38દિવસ દરમ્યાન મુલાકાતમંડપ પર વાદળ આચ્છાદન કરે અને રાતે વાદળ અગ્નિમય બની જાય, એટલે ઈસ્રાએલી લોકો સમગ્ર પ્રવાસ દરમ્યાન પ્રત્યેક મુકામને જોઈ શકતા.

# License Agreement for Bible Texts

***World Bible Translation Center***
***Last Updated: September 21, 2006***

Copyright © 2006 by World Bible Translation Center
All rights reserved.

**These Scriptures:**

- Are copyrighted by World Bible Translation Center.
- Are not public domain.
- May not be altered or modified in any form.
- May not be sold or offered for sale in any form.
- May not be used for commercial purposes (including, but not limited to, use in advertising or Web banners used for the purpose of selling online add space).
- May be distributed without modification in electronic form for non-commercial use. However, they may not be hosted on any kind of server (including a Web or ftp server) without written permission. A copy of this license (without modification) must also be included.
- May be quoted for any purpose, up to 1,000 verses, without written permission. However, the extent of quotation must not comprise a complete book nor should it amount to more than 50% of the work in which it is quoted. A copyright notice must appear on the title or copyright page using this pattern: "Taken from the HOLY BIBLE: EASY-TO-READ VERSION™ © 2006 by World Bible Translation Center, Inc. and used by permission." If the text quoted is from one of WBTC's non-English versions, the printed title of the actual text quoted will be substituted for "HOLY BIBLE: EASY-TO-READ VERSION™." The copyright notice must appear in English or be translated into another language. When quotations from WBTC's text are used in non-saleable media, such as church bulletins, orders of service, posters, transparencies or similar media, a complete copyright notice is not required, but the initials of the version (such as "ERV" for the Easy-to-Read Version™ in English) must appear at the end of each quotation.

Any use of these Scriptures other than those listed above is prohibited. For additional rights and permission for usage, such as the use of WBTC's text on a Web site, or for clarification of any of the above, please contact World Bible Translation Center in writing or by email at distribution@wbtc.com.

World Bible Translation Center
P.O. Box 820648
Fort Worth, Texas 76182, USA
Telephone: 1-817-595-1664
Toll-Free in US: 1-888-54-BIBLE
E-mail: info@wbtc.com

**WBTC's web site –** World Bible Translation Center's web site: http://www.wbtc.org

**Order online –** To order a copy of our texts online, go to: http://www.wbtc.org

**Current license agreement –** *This license is subject to change without notice. The current license can be found at:* http://www.wbtc.org/downloads/biblelicense.htm

**Trouble viewing this file –** If the text in this document does not display correctly, use Adobe Acrobat Reader 5.0 or higher. Download Adobe Acrobat Reader from:
http://www.adobe.com/products/acrobat/readstep2.html

**Viewing Chinese or Korean PDFs –** To view the Chinese or Korean PDFs, it may be necessary to download the Chinese Simplified or Korean font pack from Adobe. Download the font packs from:
http://www.adobe.com/products/acrobat/acrrasianfontpack.html

# માથ્થીની લખેલી સુવાર્તા

## ઈસુની વંશાવળી

**૧** આ ઈસુ ખ્રિસ્તનો કૌટુંબિક ઈતિહાસ છે. તે
દાઉદના પરિવારમાંથી આવ્યો. અને દાઉદ
ઈબ્રાહિમના પરિવારમાંથી આવ્યો.

૨ ઈબ્રાહિમ ઈસહાકનો પિતા હતો.
ઈસહાક યાકૂબનો પિતા હતો.
યાકૂબ યહૂદા અને તેના ભાઈઓનો પિતા હતો.
૩ યહૂદા પેરેસ અને ઝેરાહનો પિતા હતો.
(તેઓની મા તામાર હતી.)
પેરેસ હેસ્રોનનો પિતા હતો.
હેસ્રોન આરામનો પિતા હતો.
૪ આરામ અમિનાદાબનો પિતા હતો.
અમિનાદાબ નાહશોનનો પિતા હતો.
નાહશોન સલ્મોનનો પિતા હતો.
૫ સલ્મોન બોઆઝનો પિતા હતો.
(બોઆઝની માતા રાહાબ હતી.)
બોઆઝ ઓબેદનો પિતા હતો.
(ઓબેદની માતા રૂથ હતી.)
ઓબેદ યશાઈનો પિતા હતો.
૬ યશાઈ દાઉદ રાજાનો પિતા હતો.
દાઉદ સુલેમાનનો પિતા હતો.
(સુલેમાનની મા ઊરિયાની પત્ની હતી.)
૭ સુલેમાન રહાબામનો પિતા હતો.
રહાબામ અબિયાનો પિતા હતો.
અબિયા આસાનો પિતા હતો.
૮ આસા યહોશાફાટનો પિતા હતો.
યહોશાફાટ, યોરામનો પિતા હતો.
યોરામ ઉઝિયાનો પિતા હતો.
૯ ઉઝિયા યોથામનો પિતા હતો.
યોથામ આહાઝનો પિતા હતો.
આહાઝ હિઝકિયાનો પિતા હતો.
૧૦ હિઝકિયા મનાશ્શાનો પિતા હતો.
મનાશ્શા આમોનનો પિતા હતો.
આમોન યોશિયાનો પિતા હતો.
૧૧ યખોન્યા અને તેના ભાઈઓના
પિતા યોશિયા હતો.
(યહૂદી લોકોને ગુલામ બનાવવા માટે
બાબિલ મોકલવામાં આવ્યાં તે સમય
દરમિયાન તેનો જન્મ થયો.)
૧૨ બાબિલમાં તેઓને લઈ ગયા પછી:
યખોન્યા શલથિયેલનો પિતા હતો.
શલથિયેલ ઝરુબ્બાબેલનો પિતા હતો.
૧૩ ઝરુબ્બાબેલ અબિહૂદનો પિતા હતો.
અબિહૂદ એલ્યાકીમનો પિતા હતો.
એલ્યાકીમ અઝોરનો પિતા હતો.
૧૪ અઝોર સાદોકનો પિતા હતો.
સાદોક આખીમનો પિતા હતો.
આખીમ અલિહૂદનો પિતા હતો.
૧૫ અલિહૂદ એલ્યાઝરનો પિતા હતો.
એલ્યાઝર મથ્થાનનો પિતા હતો.
મથ્થાન યાકૂબનો પિતા હતો.
૧૬ યાકૂબ યૂસફનો પિતા હતો.
યૂસફ મરિયમનો પતિ હતો.
અને મરિયમ ઈસુની મા હતી.
ઈસુ ખ્રિસ્ત* તરીકે ઓળખાવા લાગ્યો.

૧૭આમ ઈબ્રાહિમથી દાઉદ સુધીની ચૌદ પેઢીઓ
થઈ અને દાઉદથી યહૂદી લોકોને બાબિલમાં લઈ ગયા
ત્યાં સુધીની પણ ચૌદ પેઢી થઈ અને એ લોકોને
બાબિલમાં લઈ ગયા તે સમયથી ખ્રિસ્તના જન્મ સુધીની
ચૌદ પેઢી થઈ.

### ઈસુ ખ્રિસ્તનો જન્મ

૧૮ઈસુ ખ્રિસ્તની મા મરિયમ હતી. ઈસુના જન્મ
વિષેની હકીકત આ પ્રમાણે છે.

---

**ખ્રિસ્ત** "અભિષિત થએલ" (મસિહ) અથવા દેવનો પસંદ કરેલ.

તેની મા મરિયમની સગાઈ યૂસફ સાથે થઈ હતી. લગ્ન પહેલાં મરિયમને ખબર પડી કે તે પવિત્ર આત્માથી ગર્ભવતી થઈ છે. ૧૯મરિયમનો પતિ યૂસફ, ખૂબ જ ભલો માણસ હતો, તે જાહેરમાં મરિયમને લજ્જિત કરવા ઈચ્છતો ન હતો તેથી તેણે છૂટાછેડા આપવાનું ગુપ્ત રીતે નક્કી કર્યુ.

૨૦જયારે તે આ બાબતનો વિચાર કરતો હતો ત્યારે તેને પ્રભુનો દૂત દેખાયો. દૂતે કહ્યું કે, "યૂસફ, દાઉદના દીકરા,* તું મરિયમને તારી પત્ની તરીકે સ્વીકારવામાં જરા પણ અચકાઈશ નહિ કારણ કે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી* છે. ૨૧તે દીકરાને જન્મ આપશે અને તું તેનું નામ ઈસુ* પાડશે. તેને એવું નામ આપજે કારણ કે તે પોતાના લોકોને તેમના પાપોમાંથી મુક્ત કરશે."

૨૨આ બધુ તેને થશે કારણ કે પ્રબોધકો ઘ્વારા પ્રભુએ કહેલું ભવિષ્ય કથન પરિપૂર્ણ થાય. ૨૩જુઓ, કુંવારી ગર્ભવતી થશે, તેને એક દીકરો જનમશે અને તેનું નામ ઈમ્માનુએલ પાડવામાં આવશે."* (ઈમ્માનુએલ એટલે "દેવ આપણી સાથે છે.")

૨૪જયારે યૂસફ જાગ્યો, ત્યારે પ્રભુના દૂતના આદેશને અનુસર્યો અને મરિયમને તેની પત્ની તરીકે સ્વીકારી ઘરે તેડી લાવ્યો. ૨૫પરંતુ મરિયમે દીકરાને જન્મ આપ્યો ત્યાં સુધી યૂસફે તેને જાણી નહિ. તેનું નામ તેણે ઈસુ પાડ્યું.

## જ્ઞાની માણસો ઈસુની મુલાકાતે

**૨** ઈસુનો જન્મ યહૂદિયાના બેથલેહેમ નગરમાં થયો હતો. હેરોદ* રાજાના સમયમાં તેનો જન્મ થયો હતો. ઈસુનો જન્મ થયા પછી પૂર્વના પ્રદેશમાંથી જ્ઞાની માણસો યરૂશાલેમ આવ્યા. ૨જ્ઞાની માણસોએ લોકોને પૂછયું કે, "નવજાત શિશુ જે યહૂદીઓનો રાજા છે તે ક્યાં છે? અમે જે તારો જોયો છે તે બતાવે છે કે તેનો જન્મ થઈ ચૂક્યો છે. અમે તેનો તારો પૂર્વમાં ઊગતો જોયો અને અમે તેનું ભજન કરવા આવ્યા છીએ."

૩યહૂદીઓના આ નવા રાજા વિષે હેરોદ રાજાએ સાંભળ્યું. આથી તે રાજા ખૂબ જ બેચેન થયો અને યરૂશાલેમના બધા લોકો પણ ખૂબ જ ચિંતાતુર થઈ ગયા. ૪હેરોદે યહૂદીઓના બધા જ પ્રમુખ યાજકો અને શાસ્ત્રીઓની એક સભા બોલાવી, તેઓને પૂછયું કે ખ્રિસ્તનો જન્મ ક્યાં થવો જોઈએ. ૫તેઓએ ઉત્તર આપ્યો કે, "ખ્રિસ્તનો જન્મ યહૂદિયાના બેથલેહેમ નગરમાં થવો જોઈએ. પ્રબોધકે ધર્મશાસ્ત્રોમાં આ વિષે લખ્યું છે.

૬ 'ઓ યહૂદિયા નગરના બેથલેહેમ, યહૂદિયાના
નગરોથી કોઈ પણ રીતે તું ઉતરતી કક્ષાનું નથી.
તારામાંથી એક રાજા પેદા થશે તે રાજા મારી
ઈઝરાએલની પ્રજાને દોરવણી આપશે."

*મીખાહ ૫:૨*

૭પછી હેરોદે પૂર્વમાંથી જ્ઞાની માણસોની એક ગુપ્ત સભા બોલાવી. હેરોદે જ્ઞાની માણસો પાસેથી તારો દેખાવાનો ચોક્કસ સમય જાણી લીધો. ૮પછી હેરોદે જ્ઞાની માણસોને બેથલેહેમ મોકલ્યા. તેણે જ્ઞાની માણસોને કહ્યું કે, "જાઓ અને ખૂબ જ કાળજીપૂર્વક નવા જન્મેલા બાળકને શોધી કાઢો. જ્યારે તમને તે બાળકનો પત્તો મળે તો મને આવીને જાણ કરો. જેથી હું પણ તેનું ભજન કરવા જઈ શકું."

૯જ્ઞાની માણસોએ રાજાને સાંભળ્યો અને પછી ચાલી નીકળ્યા. તેમણે પૂર્વ દિશામાં જે તારો જોયો હતો. તે જ તારો તેમણે ફરી જોયો અને તેઓ તેને અનુસર્યા. તારો તેમની આગળ ચાલ્યો અને આ બાળક જ્યાં હતું, તે જગ્યાએ તારો થંભ્યો. ૧૦જ્ઞાની માણસો તારાને જોઈને ખૂબ જ ખુશ થયા. તેઓના આનંદનો પાર ના રહ્યો. ૧૧જ્ઞાની માણસો જ્યાં બાળક હતું, તે ઘરે આવી પહોચ્યાં. તેઓએ બાળક અને તેની મા મરિયમને જોઈ. તેઓએ નમન કર્યુ. અને તે બાળકનું ભજન કર્યુ. તે માણસોએ ખજાનાની પેટીઓ ઉઘાડી અને બાળકને ભેટ આપવા માટે જે સોનું, લોબાન અને બોળ હતાં તે તેને અર્પણ કર્યાં. ૧૨પણ દેવે તેમને હેરોદ પાસે પાછા નહિ જવા સ્વપ્નમાં ચેતવણી આપી. આમ, જ્ઞાની માણસો તેમના પોતાના દેશમાં બીજા રસ્તે પાછા ગયા.

## ઈસુને લઈને માતા પિતાનું મિસર જવું

૧૩જ્ઞાની માણસોના ગયા પછી, યૂસફને સ્વપ્નમાં

---

**દાઉદના દીકરા** દાઉદના કૂળનો વ્યકિત, ઈઝરાએલનો ખ્રિસ્ત પહેલા ૧૦૦૦ વર્ષ પહેલાનો રાજા.

**પવિત્ર આત્મા** દેવનો આત્મા કહેવાય છે, ખ્રિસ્તનો આત્મા અને સંબોધક વિગેરે નામથી પણ ઓળખાય છે. દેવ અને ખ્રિસ્ત સાથે જોડાએલ, તે જગતમાં લોકો મધ્યે દેવનું કાર્ય કરે છે.

**ઈસુ** ઈસુ નામનો અર્થ "તારણ."

**"જુઓ કુંવારી ... ઈમ્માનુએલ પાડવામાં આવશે"** યશા. ૭:૧૪

**હેરોદ** હેરોદ (મોટો) પહેલો ઈ.પૂર્વે ૪૦ થી ઈ.પૂર્વે ૪નો યહૂદિયાનો રાજા.

પ્રભુનો દૂત દેખાયો. દૂતે કહ્યું કે, "ઊભો થા! બાળક
અને તેની માને લઈને મિસર નાસી જા. હેરોદ બાળકની
તપાસ શરૂ કરશે. તે તેને મારી નાખવા માગે છે. હું જ્યાં
સુધી કહું કે બધું સલામત નથી, ત્યાં સુધી મિસરમાં જ
રહેજે."

૧૪તેથી યૂસફ ઊઠયો અને બાળક અને તેની માને
પોતાની સાથે લઈને મિસર જવા ચાલી નીકળ્યો. તેઓ
રાત્રીના સમયે ચાલી નીકળ્યા. ૧૫હેરોદ મરણ પામ્યો
ત્યાં સુધી યૂસફ મિસરમાં રોકાયો. પ્રભુએ પ્રબોધક દ્વારા
જણાવ્યું હતું તે સાચું પડે માટે આમ બન્યું, "મેં મારા
પુત્રને મિસરમાંથી બહાર બોલાવી લીધો."*

### હેરોદે બેથલેહેમમાં કરેલી બધા જ બાળકોની હત્યા

૧૬જયારે હેરોદે જોયું કે જ્ઞાની માણસોએ તેને મૂર્ખ
બનાવ્યો છે ત્યારે તે ખૂબ જ ગુસ્સે થયો. તેથી તેણે
હૂકમ કર્યો કે બેથલેહેમ અને તેની આસપાસના
વિસ્તારમાં બધા જ છોકરાઓને મારી નાખો. હેરોદે
જ્ઞાની માણસો પાસેથી બાળકના જન્મનો સમય જાણી
લીધો. કે જે (હાલના સમયથી) બે વર્ષ પહેલાનો સમય
હતો તેથી તેણે બે વર્ષની ઉંમરના કે તેથી નાના દરેક
બાળકને મારી નાખવાનો હુકમ કર્યો. ૧૭પ્રભુએ પ્રબોધક
યર્મિયા દ્વારા જે ભવિષ્યવાણી જણાવી હતી તે પરિપૂર્ણ
થઈ:

૧૮ "રામામાં એક અવાજ સંભળાયો. તે કારમા
રુદનનો અને અત્યંત શોકયુક્ત હતો. રાહેલ તેના
બાળકો માટે રુદન કરી રહી છે; તે દિલાસો
મેળવવાનો નકાર કરે છે, કારણ કે તેના બાળકો
મરણ પામ્યા છે."

*યર્મિયા ૩૧:૧૫*

### યૂસફ અને મરિયમનું મિસરમાંથી પુનરાગમન

૧૯હેરોદના મરણ પછી, પ્રભુનો દૂત સ્વપ્નમાં યૂસફ
પાસે આવ્યો. જ્યારે યૂસફ મિસરમાં હતો ત્યારે આમ
થયું હતું. ૨૦દૂતે કહ્યું કે, "ઊભો થા! બાળક અને તેની
માને લઈને ઈઝરાએલ ચાલ્યો જા. જે લોકો બાળકને
મારી નાખવાનો પ્રયત્ન કરતા હતા તે મરણ
પામ્યા છે."

૨૧તેથી યૂસફ બાળક અને તેની માને લઈને
ઈઝરાએલ ગયો. ૨૨પછી યૂસફે સાંભળ્યું કે હેરોદના
મરણ પછી તેનો પુત્ર આર્ખિલાઉસ રાજા થયો છે ત્યારે
યૂસફને ત્યાં જતાં ડર લાગ્યો ત્યારે સ્વપ્નમાં ચેતવણી
મળી તેથી તે યહૂદિયાને બદલે ગાલીલ પ્રાંતમાં ગયો.
૨૩યૂસફ નાસરેથ ગામમાં ગયો. આમ એટલા માટે થયું,
જેથી પ્રબોધકોનું કહેલું પૂર્ણ થાય. પ્રભુએ કહ્યું કે ખ્રિસ્ત
નાઝારી* કહેવાશે.

### બાપ્તિસ્મા કરનાર યોહાનનું કાર્ય

૩ તે સમયે યોહાન બાપ્તિસ્ત આવ્યો અને તેણે
યહૂદિયાના ઉજ્જડ પ્રદેશમાં ઉપદેશ આપવાનું
શરૂ કર્યુ. ૨યોહાને કહ્યું કે, "પસ્તાવો કરો, કારણ આકાશનું
રાજય ટૂંક સમયમાં આવી રહ્યું છે." ૩યશાયા પ્રબોધકે
જેના વિષે વાત કરી છે તે આ યોહાન બાપ્તિસ્મા કરનાર
છે. યશાયા પ્રબોધકે કહ્યું છે:

"એક વ્યકિત ઉજજડ પ્રદેશમાં પોકાર કરે છે:
'પ્રભુ માટે માર્ગ તૈયાર કરો; અને તેના માટેનો
માર્ગ સીધો કરો.'"

*યશાયા ૪૦:૩*

૪યોહાનનાં વસ્રો ઊંટના વાળમાંથી બનાવેલાં હતાં.
તેની કમરે ચામડાનો પટ્ટો હતો. યોહાન તીડ અને
જંગલી મધ ખાતો હતો. ૫યોહાનનો ઉપદેશ સાંભળવા
લોકો યરૂશાલેમથી, યર્દન નદીની આસપાસના સમગ્ર
વિસ્તારમાંથી તથા યહૂદિયાના તમામ પ્રદેશોમાંથી
આવતા હતાં. ૬લોકોએ પોતાના પાપની કબૂલાત કરી
અને યોહાને તેઓને યર્દન નદીમાં બાપ્તિસ્મા આપ્યું.

૭ફરોશીઓ* અને સદૂકીઓ* તે સ્થળે તેના દ્વારા
બાપ્તિસ્મા પામવા માટે આવતા હતાં. યોહાને તેમને
જોયા ત્યારે તેમને કહ્યું કે: "તમે બધા સર્પો છો! પ્રભુનો
કોપ આવી રહ્યો છે તેમાંથી બચવા તમને કોણે ચેતવણી
આપી છે? ૮તમે તમારા આચરણથી બતાવી આપો કે
તમે ખરેખર પસ્તાવો કર્યો છે. ૯તમે એમ ન માનતા કે
'ઈબ્રાહિમ અમારો પિતા છે' તેથી અમે ઉગરી જઈશું.
દેવ આ પથ્થરોમાંથી પણ ઈબ્રાહિમ માટે સંતાન પેદા
કરી શકે છે. ૧૦અત્યારે પણ કુહાડી વૃક્ષોના મૂળ પાસે

---

**મે મારા ... બોલાવી લીધો"** હોશિ. ૧૧:૧.

**નાઝારી** નાઝરેથનો વતની, નાઝરેથનો અર્થ "જડ" થાય
યશા. ૧૧:૧

**ફરોશીઓ** એક યહૂદી ધાર્મિક સમૂહ જે બીજા યહૂદી નિયમો
અને રીત-રીવાજોનું મકકમતાથી પાલન કરવાનો દાવો કરે છે.

**સદૂકીઓ** એક મુખ્ય યહૂદી ધાર્મિક સમૂહ જે જૂના કરારનાં
પહેલા પાંચ પુસ્તકોનો જ સ્વીકાર કરે છે. તેઓ માને છે કે
લોકો મૃત્યુમાંથી પાછા સજીવન થતા નથી.

તૈયાર જ પડી છે. દરેક વૃક્ષ* જે સારા ફળ આપતું નથી
તેને કાપી નાંખશે, અને અગ્નિમાં ફેંકી દેશે.
૧૧"તમે તમારા હૃદય અને જીવન બદલ્યાં છે એમ
દર્શાવવા માટે હું તમને પાણીથી બાપ્તિસ્મા આપું છું.
પણ હવે મારા પછી જે માણસ આવી રહ્યો છે, તે મારા
કરતાં પણ મહાન છે જેનાં પગરખાં ઉપાડવા જેટલી
પણ હું યોગ્યતા ધરાવતો નથી. તે તમને પવિત્ર આત્માથી
અને અગ્નિથી બાપ્તિસ્મા આપશે. ૧૨તેના હાથમાં સૂપડું
છે જેના વડે અનાજને છોતરામાંથી જૂદું પાડશે* અને
સાફ કરેલ સારા અનાજના દાણાને પોતાના કોઠારમાં
ભરશે અને છોતરાંને એવા અગ્નિમાં બાળી નાખશે જે
કદીયે હોલવાશે નહિ."

### ઈસુનું યોહાન ધ્વારા બાપ્તિસ્મા

૧૩તે સમયે ઈસુ ગાલીલથી યર્દન નદીએ આવ્યો.
ઈસુ યોહાન પાસે આવ્યો અને યોહાન દ્વારા
બાપ્તિસ્મા* લેવાની પોતાની ઈચ્છા પ્રગટ કરી. ૧૪પરંતુ
યોહાન તેને રોકવાનો પ્રયત્ન કરતો હતો. યોહાને કહ્યું
કે, "તારા થકી બાપ્તિસ્મા પામવાની જરૂરીયાત વાળો
તો હું છું! તું મારી પાસે મારા થકી બાપ્તિસ્મા પામવા
શા માટે આવ્યો છે?"
૧૫ઈસુએ ઉત્તર આપ્યો, "અત્યારે આમ જ થવા દે.
દેવને જેની જરૂર છે તે બધું જ કરવું એ આપણા માટે
સારુ છે." જેથી યોહાન ઈસુને બાપ્તિસ્મા આપવા કબૂલ
થયો.
૧૬બાપ્તિસ્મા પામ્યા પછી ઈસુ સીધે સીધો જ
પાણીમાંથી બહાર આવ્યો. પછી તે વખતે આકાશ
ઊઘડાયું અને તેણે દેવના આત્માને કબૂતરની જેમ નીચે
આવતો અને પોતાની ઉપર ઊતરતો જોયો. ૧૭અને
આકાશવાણી થઈ, "આ (ઈસુ) મારો પુત્ર છે અને હું
તેને ચાહું છું. અને તેનાથી હું ખૂબ જ પ્રસન્ન છું."

### ઈસુનું પરીક્ષણ

**૪** પછી શેતાન દ્વારા ઈસુનું પરીક્ષણ થાય તે માટે
પવિત્ર આત્મા તેને ઉજજડ પ્રદેશમાં લઈ ગયો.
૨ઈસુએ ચાળીસ દિવસ અને રાત કાંઈ જ ખાધુ નહિ.
આ પછી તે ખૂબ જ ભૂખ્યો થયો. ૩ઈસુ પાસે લલચાવનાર
શેતાન આવ્યો અને કહ્યું કે, "જો તું દેવનો દીકરો હોય,
તો આ પથ્થરોને કહે કે, તેઓ રોટલી થઈ જાય."
૪ઈસુએ તેને ઉત્તરમાં કહ્યું કે, "ધર્મશાસ્રમાં*
લખ્યું છે કે,

'માણસ ફક્ત રોટલીથી નહિ પરંતુ દેવના
મુખમાંથી આવતા પ્રત્યેક વચનથી જીવન પામે
છે."'

*પુનર્નિયમ ૮:૩*

૫પછી શેતાન ઈસુને પવિત્ર શહેરમાં (યરુશાલેમ)
લઈ ગયો અને ઈસુને મંદિરના સૌથી ઊંચા સ્થળે બેસાડે
છે. ૬પછી શેતાને કહ્યું કે, "જો તું દેવનો દીકરો હોય તો
કૂદકો માર. શા માટે? કારણ કે શાસ્રમાં લખ્યું છે કે,

'દેવ પોતાના દૂતોને આજ્ઞા કરશે, અને તેમના
હાથમાં તને ઝીલી લેશે, જેથી તારા પગ ખડક
પર અથડાશે નહિ."'

*ગીતશાસ્ર ૯૧:૧૧–૧૨*

૭ઈસુએ તેને ઉત્તર આપ્યો, "એના વિષે પણ શાસ્રમાં
કહ્યું છે કે,
'પ્રભુ તારા દેવની પરીક્ષા તું ન કર."'

*પુનર્નિયમ ૬:૧૬*

૮પછી શેતાન ઈસુને ખૂબ ઊંચા પર્વત ઉપર લઈ
ગયો અને ત્યાં તેને વિશ્વના બધાં જ રાજ્યો અને તેમાં
આવેલ બધી જ ભવ્યતાનું દર્શન કરાવ્યું. ૯તેણે કહ્યું,"જો
તું પગે પડીને મારું ભજન કરીશ, તો હું આ બધી જ
વસ્તુઓ તને આપીશ."
૧૦ઈસુએ શેતાનને કહ્યુ, "શેતાન! ચાલ્યો જા,
ધર્મશાસ્રમાં લખ્યું છે કે,

'પ્રભુનું તારા દેવનું જ ભજન કર. ફક્ત તેની જ
સેવા કર!"'

*પુનર્નિયમ ૬:૧૩*

૧૧પછી શેતાન ઈસુને છોડી ચાલ્યો ગયો, ત્યાર પછી
કેટલાએક દૂતો આવી તેને મદદ કરવા લાગ્યા.

---

**વૃક્ષ** જે લોકો ઈસુનો સ્વીકાર કરતા નથી તે લોકો. તેઓ કાપી નંખાનારા વૃક્ષો જેવા છે.

**અનાજને . . . જૂદું પાડશે** યોહાન સમજાવે છે કે ઈસુ સારા લોકોને દુષ્ટ લોકોથી જુદા પાડશે.

**બાપ્તિસ્મા** આ ગ્રીક શબ્દ છે. તેનો અર્થ પાણીમાં ડૂબકી મરાવી તરત બહાર નીકળવું, ઝબોળવું, અથવા દટાવું તેવો થાય છે.

**ધર્મશાસ્ર** પવિત્ર લખાણ – જૂનો કરાર.

### ગાલીલમાં ઈસુના સેવા કાર્યો

[12]ઈસુએ સાંભળ્યું કે યોહાનને જેલમાં પૂર્યો છે.
તેથી તે ગાલીલ પાછો ગયો. [13]તે નાઝરેથ ન રોકાતાં
ઝબુલોન અને નફતાલીની નજીકના પ્રદેશમાં ગાલીલ
સરોવર પાસે કફર-નહૂમમાં જઈને રહ્યો. [14]યશાયા
પ્રબોધકે* જે કહ્યું હતું તે સાચું પુરવાર કરવા માટે
ઈસુએ આમ કર્યું:

[15] "ઝબુલોનના પ્રદેશમાં, અને નફતાલીના પ્રદેશમાં,
સમુદ્ર તરફના રસ્તે ગાલીલમાં, જ્યાં વિદેશીઓ રહે છે.
[16] જેઓ અંધકારમાં (પાપ) જીવતા હતાં. પણ તેઓએ ઝળહળતો પ્રકાશ જોયો; તે પ્રકાશ જે લોકો કબર જેવી અંધકારમય ધરતી પર જીવે છે તેમના માટે આવ્યો છે."

*યશાયા ૯:૧-૨*

[17]ત્યારથી ઈસુએ ઉપદેશ આપવો શરૂ કર્યો, તેણે
કહ્યું કે, "પસ્તાવો કરો, કારણ આકાશનું રાજય આવી
રહ્યું છે."

### ઈસુ દ્વારા કેટલાક પ્રેરિતોની પસંદગી

[18]ઈસુ ગાલીલ સરોવર પાસેથી પસાર થતો હતો
ત્યારે તેણે બે ભાઈઓ સિમોન (જે પિતર કહેવાતો)
અને તેનો ભાઈ આન્દ્રિયાને જોયા. તેઓ જાળથી માછલા
પકડતા હતાં. તેઓ માછીમાર હતા. [19]ઈસુએ કહ્યું,
"ચાલો મારી પાછળ આવો. હું તમને જુદી જાતના
માછીમાર બનાવીશ. તમારે માછલીઓ નહિ પણ લોકોને
ભેગા કરવાનું કાર્ય કરવાનું છે." [20]તે બંને ભાઈઓ
તેમની જાળો પડતી મૂકીને ઈસુની પાછળ ગયાં.

[21]ઈસુએ ગાલીલ સરોવર પાસે યાત્રા ચાલુ રાખી.
તેણે ઝબદીના બે પુત્રો યાકૂબ અને યોહાનને જોયા.
તેઓ તેમના પિતા ઝબદીની સાથે હોડીમાં બેસી માછલાં
પકડવાની જાળો તૈયાર કરતાં હતા ત્યારે તેણે બીજા બે
ભાઈઓને કહ્યું કે, મારી સાથે ચાલો. [22]બંને ભાઈઓ
હોડી અને તેમના પિતાને પડતા મૂકી ઈસુની પાછળ
ગયા.

### ઈસુ બોધ કરે છે અને લોકોને સાજા કરે છે

[23]ઈસુ ગાલીલનો બધો જ પ્રદેશ ફર્યો અને લોકોને
સભાસ્થાનો* માં ઉપદેશ આપ્યો અને આકાશના રાજય
વિષેની સુવાર્તાનો બોધ આપ્યો. તેણે લોકોના બધાં જ
રોગો અને બીમારીઓ દૂર કર્યા. [24]ઈસુ વિષેના આ
સમાચાર આખા સિરિયામાં ફેલાઈ ગયા, આથી જેઓ
પીડાતા હતા અને ભૂતવળગેલાઓને, તથા જેઓ વાઈ
અને લકવાથી પીડાતા હતા તેઓને તેની પાસે લાવવામાં
આવ્યાં; અને ઈસુ એ તે બધાને સાજા કર્યા. [25]આથી
ગાલીલથી તથા દશનગરથી* તથા યરૂશાલેમથી તથા
યહૂદિયાથી અને યર્દન નદી પારનો મોટો લોકસમુદાય
તેની પાછળ ગયો.

### ઈસુ લોકોને શિક્ષણ આપે છે

**૫** ઈસુએ ત્યાં ઘણા લોકોને જોયા. તેથી તે ટેકરીના
ઊંચા ભાગ ઉપર જઈ બેસી ગયો, ત્યાં તેની પાસે
તેના શિષ્યો આવ્યાં. [2]ઈસુએ લોકોને ઉપદેશ આપતા
આ પ્રમાણે કહ્યું:

[3] "જેઓ જાણે છે કે તેઓને આધ્યાત્મિક બાબતોની જરૂરિયાતો છે તેઓને ધન્ય છે. કારણ કે આકાશનું રાજ્ય તેમના માટે છે.
[4] જેઓ શોક કરી રહ્યા છે તેઓને ધન્ય છે. કારણ કે તેઓને દેવ દિલાસો આપશે.
[5] જેઓ નમ્ર છે તેઓને પણ ધન્ય છે. તેઓ પૃથ્વીનું વતન* પામશે.
[6] બીજી કોઈ પણ બાબત કરતાં જે યોગ્ય છે તે કરવાની જેઓની વધુ ઈચ્છા છે, તેઓને ધન્ય છે. કેમ કે તેઓની ઈચ્છા દેવ પૂર્ણ કરશે અને તેમને સંતોષ આપશે.
[7] જેઓ દયાળુ છે તેઓને ધન્ય છે. કેમ કે તેઓના પ્રત્યે દયા દર્શાવવામાં આવશે.
[8] જેઓના વિચારો શુદ્ધ છે તેઓને પણ ધન્ય છે. કારણ કે તેઓને દેવના દર્શન થશે.
[9] જેઓ શાંતિ માટે કાર્ય કરે છે તેઓને પણ ધન્ય છે. કારણ કે તેઓ દેવના દીકરાં કહેવાશે.
[10] સત્કર્મો કરવાને લીધે જેઓના ઉપર જુલ્મ ગુજારવામાં આવેલો છે તેઓને ધન્ય છે. કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે.

---

**પ્રબોધક** દેવને માટે બોલનાર વ્યકિત. કેટલીક વખત ભવિષ્યમાં શું થનાર છે તે બાબતો પણ પ્રબોધક કહેતો.

**સભાસ્થાનો** યહૂદીઓનું પ્રાર્થના માટે એકઠા મળવાનું સ્થળ જયાં જાહેર સભાઓ અને પવિત્રશાસ્રના અભ્યાસ માટે પણ મળતાં.

**દશનગર** ગ્રીકમાં "દેકાપોલીસ." ગાલીલ સમુદ્રની પૂર્વમાં આ પ્રદેશ આવેલો છે. એક સમયે ત્યાં દસ મુખ્ય નગરો હતાં.

**પૃથ્વીનું વતન** ગી.શા. ૩૭:૧૧.

૧૧"તમે મારા શિષ્યો છો માટે લોકો તમારા વિષે ખરાબ બોલે, તમારી ઉપર જુલમ ગુજારે કે તમારા વિરુદ્ધ જુઠ્ઠાણું લાવે તો પણ તમને ધન્ય છે. ૧૨ખૂબ જ પ્રસન્ન રહો અને આનંદમાં રહો કારણ આકાશમાં તમને ખૂબ જ મોટો બદલો મળશે. યાદ રાખજો કે તમારી અગાઉના પ્રબોધકો ઉપર જુલમ ગુજારાયો હતો.

### તમે મીઠા સમાન છો અને પ્રકાશ સમાન છો

૧૩"તમે જગતનું મીઠું છો. પરંતુ મીઠું જો એનો સ્વાદ ત્યજી દેશે તો પછી તે ફરીથી ખારાશવાળું નહિ જ થઈ શકે. જો મીઠું તેનો સ્વાદ ગુમાવી દેશે તો તે નકામું છે એમ સમજીને તેને ફેંકી દેવાશે અને લોકો તેને પગ તળે છુંદી નાખશે.

૧૪"તમે સ્વયં પ્રકાશ છો, જે આખા જગતને પ્રકાશિત કરે છે. પર્વત ઉપર બાંધેલ નગરને છુપાવી શકાતું નથી, તેને દરેક જણ જોઈ શકે છે. ૧૫અને લોકો દીવો સળગાવીને પછી તેને વાટકા નીચે મૂકતા નથી, પણ તેઓ તેને દીવી પર મૂકે છે પછી તે દીવો ઘરમાં જે બધા લોકો રહે છે તેમને પ્રકાશ આપે છે. ૧૬તે રીતે તમારે પણ બીજા લોકોને પ્રકાશ આપવો જોઈએ. જેથી તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને લોકો તમારા આકાશમાંના બાપની સ્તુતિ કરે.

### ઈસુ અને જૂનું નિયમશાસ્ત્ર

૧૭"એવું ના માનશો કે હું મૂસાના નિયમશાસ્ત્રનો કે પ્રબોધકોના ઉપદેશોનો નાશ કરવા આવ્યો છું. હું તેના ઉપદેશોનો નાશ કરવા માટે નહિ પરંતુ તેનો પૂરો અર્થ સમજાવવા આવ્યો છું. ૧૮હું તમને સત્ય કહું છું કે જ્યાં સુધી આકાશ તથા પૃથ્વી જતાં રહે ત્યાં સુધી કશું જ અદ્રશ્ય થઈ શકશે નહિ, આવું બનશે નહિ (વિનાશ સર્જાશે નહિ) ત્યાં સુધી નિયમશાસ્ત્રમાંથી એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ. ૧૯મનુષ્યે નિયમની દરેક આજ્ઞાઓનું પાલન કરવું જોઈએ પછી ભલે તે આજ્ઞાની કોઈ અગત્યતા ન જણાય. મનુષ્ય જો આજ્ઞાઓનું પાલન કરવાની ના પાડશે અને બીજાઓને તેમ કરવા શીખવશે તો આકાશના રાજયમાં તે મનુષ્ય બીન મહત્વનો ગણાશે. જેઓ નિયમ અને નિયમશાસ્ત્રનું પાલન કરશે તેમજ બીજા લોકોને તેનું પાલન કરવા જણાવશે, તેઓ આકાશના રાજયમાં મહાન હશે. ૨૦હું તમને જણાવું છું કે તમારે શાસ્ત્રીઓ અને ફરોશીઓ કરતાં દેવને જેની જરૂર છે તે માટે કંઈક વધુ સારુ કરનારા થવું જોઈએ નહિ તો તમે આકાશના રાજયમાં દાખલ પણ થઈ શકશો નહિ.

### ઈસુ ક્રોધ વિષે શિક્ષણ આપે છે

૨૧"તમે સાંભળ્યું હશે કે ઘણાં વર્ષો પહેલાં આપણા લોકોને એવું કહેવામાં આવ્યું છે કે 'કોઈ પણ મનુષ્યની હત્યા ન કરો,'* જે મનુષ્યની હત્યા કરે છે તેનો ન્યાય થશે અને તે અપરાધી ઠરવાના જોખમમાં પડશે.' ૨૨પણ હું તમને કહું છું કે, બીજા ઉપર ક્રોધીત ના થાવ, દરેક તમારો ભાઈ છે. જો તમે બીજા કોઈ ઉપર ક્રોધ કરશો તો તમારો ન્યાય ન્યાયસભામાં થશે. બીજી કોઈ વ્યકિત સાથે બીજા માટે ખરાબ બોલશે તો તમારો યહૂદીના દરબારમાં ન્યાય થશે. જો તમે બીજાને મૂર્ખ કહેશો તો તમારે નરક (ગેહેન્ના) ની આગના ભયમાં મૂકાવું પડશે.

૨૩"તમે અર્પણવેદી ઉપર દેવને અર્પણ આપો ત્યારે બીજા લોકોનો વિચાર કરો, અને જો તને યાદ આવે કે તારા ભાઈને તારી વિરુદ્ધ કોઈ ફરિયાદ છે. ૨૪તો તારું અર્પણ વેદી આગળ રહેવા દે, અને પહેલા જઈને તેની સાથે સમાધાન કરી લે. અને પછી આવીને તારું અર્પણ ચઢાવ.

૨૫"તારો દુશ્મન તને ન્યાયસભામાં લઈ જાય તો ત્વરીત તેની સાથે મિત્રતા કર, આ તારે ન્યાયસભામાં જતાં પહેલા કરવું અને જો તું તેનો મિત્ર નહિ થઈ શકે તો તે તને ન્યાયસભામાં ઘસડી જશે. અને ન્યાયાધીશ કદાચ તને અધિકારીને સુપ્રત કરશે અને તને જેલમાં નાખવામાં આવશે. ૨૬હું તને સત્ય કહું છું. જ્યાં સુધી તમે તમારું દેવું પૂરે પૂરુ ચૂકવશો નહિ ત્યાં સુધી તમે જેલમાંથી છૂટી શકશો નહિ.

### ઈસુ વ્યભિચારના પાપ વિષે શિક્ષણ આપે છે

૨૭"તમે સાંભળ્યું છે કે એમ કહેવામાં આવ્યું હતું:, 'વ્યભિચારનું પાપ કરવું નહિ.'* ૨૮પરંતુ હું તમને જણાવું છું કે જો તમે કોઈ સ્ત્રીને પામવાની ઈચ્છાથી તેના તરફ નજર કરો તો તમે તમારા મનથી તેની સાથે વ્યભિચાર કર્યો છે. ૨૯જો તમારી જમણી આંખ તમને પાપ કરવા પ્રેરે તો તેને કાઢીને ફેંકી દો. તમારુ આખું શરીર નરકમાં ધકેલાય તેના કરતાં તમારા શરીરનો એક ભાગ ગુમાવવો તે વધુ હિતાવહ છે. ૩૦જો તમારો જમણો હાથ તમને પાપ કરવા પ્રેરે તો તેને કાપીને ફેંકી દો. આખુ શરીર

---

**'કોઈ પણ ... હત્યા ન કરો'** નિ. ૨૦:૧૩; પુન. ૫:૧૭.

**'વ્યભિચારનું ... કરવું નહિ'** નિ. ૨૦:૧૪; પુન. ૫:૧૮.

નરકમાં ધકેલાય તેના કરતાં તમારા શરીરનો એક ભાગ ગુમાવવો તે તમારા માટે વધુ હિતાવહ છે.

### ઈસુ છૂટા છેડા વિષે શિક્ષણ આપે છે

[૩૧]"એમ પણ કહેવામાં આવ્યું હતું, 'જે માણસ તેની પત્નીને છૂટા છેડા આપે તેણે તેને છૂટા છેડાનું લેખિત નિવેદન આપવું જોઈએ.* [૩૨]પરંતુ હું તમને કહું છું કે જે માણસ તેની પત્નીને છૂટા છેડા આપે છે તે તેને વ્યભિચારનું પાપ કરવા પ્રેરે છે. પુરુષને માટે તેની પત્નીને છૂટા છેડા આપવા માટેનું એક માત્ર કારણ એ છે કે તેને બીજા કોઈ પુરુષ સાથે વ્યભિચાર કર્યો હોય. અને એવી છૂટા છેડા વાળી સ્ત્રીને પરણનાર કોઈ પણ માણસ વ્યભિચારનું પાપ કરે છે.

### ઈસુ સમ વિષે શિક્ષણ આપે છે

[૩૩]"તમે સાંભળ્યું કે આપણા પૂર્વજોને એ પણ કહેવામાં આવ્યું હતું કે, 'તમે પ્રભુના નામે લીધેલા સમનો ભંગ કરશો નહિ.'* પ્રભુને જે વચન આપ્યુ છે તે હંમેશા અવશ્ય પાળો. [૩૪]પણ હું તમને કહું છું કે, કદી સમ ન ખાઓ, કદી આકાશના નામે સમ ના ખાઓ કારણ કે આકાશ તો દેવનું રાજયાસન છે. [૩૫]પૃથ્વીના નામે કદી સમ ખાઓ નહિ કારણ કે પૃથ્વી દેવનું પાયાસન છે. અને યરૂશાલેમના નામે પણ સમ ન ખાઓ કારણ એ મહાન રાજાનું (દેવ) શહેર છે. [૩૬]તમારા માથાના પણ સમ ન ખાઓ. તમે માથાના એક પણ વાળને સફેદ કે કાળો કરી શકશો નહિ. [૩૭]ફક્ત 'હા' કે 'ના' કહો એટલું પૂરતું છે. તમે તેમાં જે કંઈ ઉમેરશો તો તે ભૂંડાથી (શેતાન) આવેલું છે.

### ઈસુ વેર વિષે શિક્ષણ આપે છે

[૩૮]"તમે સાંભળ્યું કે એમ કહેવાયું હતું, 'આંખ ને બદલે આંખ અને દાંત ને બદલે દાંત.'* [૩૯]પરંતુ હું તમને કહું છું કે દુષ્ટ વ્યકિતનો પ્રતિકાર ન કરો. જો તમને કોઈ જમણા ગાલ પર તમાચો મારે, તો તમારે બીજો ગાલ ધરવો. [૪૦]જો તમારું ખમીસ લઈ લેવા માટેનો દાવો કરીને તમને કોઈ ન્યાયસભામાં લઈ જવા ઈચ્છે તો તમારો કોટ પણ તેને આપી દો. [૪૧]જો કોઈ સૈનિક તમને તેની સાથે એક માઈલ ચાલવા બળજબરી કરે તો તમે તેની સાથે બે માઈલ ચાલો. [૪૨]જો કોઈ તમારી પાસે કંઈક માગે તો તેને અવશ્ય આપો, તમારી પાસે કોઈ ઉછીનું માંગવા આવે તો ના પાડશો નહિ.

### બધાને પ્રેમ કરો

[૪૩]"તમે સાંભળ્યું કે એમ કહેવાયું હતું કે, 'તું તારા પડોશીને પ્રેમ કર અને દુશ્મનને ધિક્કાર.'* [૪૪]પણ હું તમને કહું છું કે તમારા દુશ્મનોને પ્રેમ કરો અને જેઓ તમારા ઉપર જુલમ કરે છે તેમના માટે પ્રાર્થના કરો. [૪૫]જો તમે આ પ્રમાણે કરશો તો તમે આકાશમાં રહેલા તમારા પિતાના સાચા દીકરા ગણાશો અને તમારા પિતા, સૂર્યનો પ્રકાશ ભલા અને ભૂંડા લોકો માટે મોકલે છે. વરસાદ પણ ભલું કરનાર અને ભૂંડુ કરનાર માટે મોકલે છે. [૪૬]જે તમને પ્રેમ કરે છે તેમને તમે પ્રેમ કરશો તો તમને કોઈક બદલો મળશે. દાણીઓ પણ આમ જ કરે છે. [૪૭]જો તમે તમારા મિત્રો પ્રત્યે સારા હશો તો તમે બીજા કરતા સારા નહિ ગણાવ, જે લોકો દેવ વિનાના છે તે પણ તેમના મિત્રો માટે સારા છે. [૪૮]એટલે આકાશમાં રહેલા તમારા પિતા જેટલા પરિપૂર્ણ છે તેટલા તમારે પણ પરિપૂર્ણ થવુ જોઈએ.

### ઈસુ દાન વિષે શિક્ષણ આપે છે

**૬** "સાવધાન રહો! તમે કોઈ પણ સત્તકાર્યો કરો તો તે લોકોની સમક્ષ કરશો નહિ. લોકો તમને સારા કાયા કરતાં જુએ તે રીતે ના કરો. એમ કરશો તો આકાશના પિતા તરફથી તમને કોઈ જ બદલો મળશે નહિ.

[૨]"જ્યારે તમે ગરીબોને આપો તો તેની જાહેરાત કરશો નહિ. દંભી લોકો દાન આપતાં પહેલાં તેનાં બણગાં ફૂંકે છે અને લોકો તેમને આપતા જુએ એ રીતે જાહેરમાં ધર્મસ્થાનો અને શેરીઓમાં આપે છે. કારણ બીજા લોકો તેમને માન આપે તેવું તેઓ ઈચ્છે છે. હું તમને સત્ય કહું છું તેમને જે બદલો મળ્યો છે તે એટલો જ છે. [૩]જેથી જ્યારે તમે ગરીબોને આપો તો ખાનગીમાં આપો, તમે શું કરો છો તેની કોઈને જાણ પણ થવા દેશો નહિ. [૪]તમારુ દાન ગુપ્ત હોવું જોઈએ. તમે જે કાંઈ ગુપ્ત રીતે કરો છો તે તમારો પિતા કે જે ગુપ્ત રીતે જે કાંઈ થાય છે તે જોઈ શકે છે. તે તમને બદલો આપશે.

### ઈસુ પ્રાર્થના વિષે શિક્ષણ આપે છે

[૫]"જ્યારે તમે પ્રાર્થના કરો, ત્યારે દંભી લોકોની માફક ના કરો. દંભી લોકો સભાસ્થાનોએ શેરીઓના ખૂણા

---

**'જે માણસ ... નિવેદન આપવું જોઈએ'** પુન. ૨૪:૧.

**'તમે પ્રભુના નામે ... ભંગ કરશો નહિ'** લે. ૧૯:૧૨; ગણ. ૩૦:૨; પુન.૨૩:૨૧.

**'આંખને ... દાંત'** નિ. ૨૧:૨૪; લે. ૨૪:૨૦

**'તું તારા ... ધિક્કાર'** લે. ૧૯:૧૮

પાસે ઉભા રહી મોટા અવાજથી પ્રાર્થના કરે છે. જેથી
લોકો તેમને જોઈ શકે. હું તમને સત્ય કહું છું કે તેમને
તેનો પૂરો બદલો મળી ગયો છે. ૬જયારે તમે પ્રાર્થના
કરો ત્યારે તમારા ઓરડામાં જાઓ અને તમારા ઓરડાના
બારણાં બંધ કરો. પછી તમારા પિતાને પ્રાર્થના કરો.
તમારો પિતા ગુપ્ત રીતે કરવામાં આવેલાં કામ જોઈ શકે
છે. અને તે તેનો તમને બદલો આપે છે.
૭"અને જ્યારે તમે પ્રાર્થના કરો, ત્યારે અધર્મીઓની
માફક પ્રાર્થના ના કરો, તેઓ માને છે કે દેવની પાસે
ઘણી વાતો કરવાથી દેવ ચોક્કસ કાંઈક તો સાંભળશે જ.
૮તમે એવા લોકો જેવા ન બનો, તમે તેની પાસે માંગણી
કરો તે પહેલા તમારા પિતા જાણે છે કે તમારે શાની
જરૂર છે. ૯તેથી જ્યારે તમે પ્રાર્થના કરો ત્યારે તમારે આ
પ્રમાણે પ્રાર્થના કરવી જોઈએ:

'ઓ આકાશમાંના અમારા બાપ, અમે પ્રાર્થના
કરીએ છીએ કે તારું નામ હંમેશા પવિત્ર રહેવું
જોઈએ.
૧૦ તારું રાજ્ય આવે અને તું ઈચ્છે છે તેવી બાબતો
જે રીતે આકાશમાં બને છે તે રીતે પૃથ્વી ઉપર
બને તે માટે અમે પ્રાર્થના કરીએ છીએ.
૧૧ અમને અમારી રોજની જરૂરિયાત પ્રમાણે અન્ન
આપ.
૧૨ જે રીતે અમે અમારું ખરાબ કરનારને માફી આપી
છે, તે રીતે તું પણ અમે કરેલા પાપોની માફી
આપ.
૧૩ અને અમને લાલચમાં પડવા દઈશ નહિ; પરંતુ
શેતાનથી અમને બચાવ.*

૧૪હા, જો તું બીજાઓનાં દુષ્કર્મો માફ કરશે, તો આકાશનો
પિતા તારાં પણ દુષ્કર્મો માફ કરશે. ૧૫પરંતુ જો તું તારું
ખરાબ કરનારને માફ નહિ કરે તો આકાશનો પિતા તને
પણ માફ નહિ કરે.

### ઈસુ ઉપવાસ વિષે શિક્ષણ આપે છે

૧૬"જ્યારે તમે ઉપવાસ કરો, ત્યારે તમારી જાતને
ઉદાસ દેખાડશો નહિ, દંભીઓ એમ કરે છે. તેઓ તેમના
ચહેરા વિચિત્ર બનાવી દે છે જેથી લોકોને બતાવી શકે
કે તેઓ ઉપવાસ કરી રહ્યા છે. હું તમને સત્ય કહું છું કે
તે દંભી લોકોને તેનો બદલો પૂરેપૂરો મળી ગયો છે.
૧૭જ્યારે તું ઉપવાસ કરે ત્યારે, તારા માથા પર તેલ
ચોપડ અને તારું મોં ધોઈ નાખ. ૧૮ત્યારે લોકોને ના
જણાવો કે તમે ઉપવાસ કર્યા છે, તમારા પિતા જેને તમે
જોઈ શકતા નથી તે બધું જ જુએ છે. તમે ગુપ્ત રીતે જે
કંઈ કરો છો તે તમારા આકાશમાંના પિતા જુએ છે.
અને તે તમને તેનો બદલો જરૂરથી આપશે.

### ધન કરતાં દેવનું વધુ મહત્વ

૧૯"તમારા માટે અહી પૃથ્વી પર ખજાનાનો સંગ્રહ
ન કરો કારણ કે પૃથ્વી પર કીડા તથા કાટ ખજાનાનો
નાશ કરે છે. ચોર ખાતર પાડીને ચોરી જાય છે.
૨૦આકાશમાં ખજાનાઓનો સંગ્રહ કરો, આકાશમાં
તમારા ખજાનાઓનો નાશ ઉધઈ કે કાટ કરી શકશે
નહિ કે તેને ચોર ચોરી જશે નહિ. ૨૧જ્યાં તમારું ધન
હશે ત્યાં જ તમારુ ચિત્ત રહેશે.
૨૨"આંખ તો શરીરનો દીવો છે. જો તારી આંખો સારી
હશે, તો તારું આખુ શરીર પ્રકાશથી પૂર્ણ રહેશે. ૨૩પણ
જો તારી આંખો ભૂંડી હશે તો તારું આખું શરીર અંધકારમય
(પાપમય) રહેશે. અને જો તારી પાસેનો એક માત્ર
પ્રકાશ હકીકતમાં અંધકાર જ હોય તો અંધકાર કેટલો
અંધકારમય હશે.
૨૪"કોઈ પણ વ્યક્તિ એક સાથે બે ધણીની સેવા કરી
શકે નહિ. તે એકને પ્રેમ કરે તો બીજાને તિરસ્કાર કરે
અથવા એક ધણીને સમર્પિત બનશે અને બીજાને
અનુસરવાની ના પાડશે. તમે એક સાથે ધન અને દેવની
સેવા કરી શકો નહિ.

### પ્રથમ દેવનું રાજય

૨૫"તેથી હું તમને કહું છું કે, તમારે જીવવા માટે
જરૂરી ખાવાપીવાની ચિંતા કરશો નહિ અને શરીરને
ઢાંકવા કપડાંની ચિંતા ના કરો. કારણ ખોરાક કરતાં
જીવન વધારે અગત્યનું છે અને કપડાં કરતાં શરીર
વધારે અગત્યનું છે. ૨૬તમે પક્ષીઓને જુઓ, તેઓ બી
વાવતાં નથી, ને કાપતાં નથી ને કોઠારોમાં ભરતાં નથી.
અને છતાંય તમારો પિતા તે પંખીઓનું ભરણપોષણ
કરે છે. તમે તો પક્ષીઓ કરતાં ઘણા જ મૂલ્યવાન છો.
૨૭એના વિષે ચિંતા કરવાથી તમારાં આયુષ્યમાં એકાદ
પળનો પણ વધારો નહિ કરી શકો.
૨૮"અને તમે તમારાં વસ્રો વિષે શા માટે ચિંતા કરો
છો? ખેતરનાં ફૂલોને નિહાળો, તેઓ કેવાં ખીલે છે,
તેઓ તેના માટે મહેનત કરતાં નથી કે પોતાને માટે

**કલમ ૧૩** કેટલીક ગ્રીક નકલોમાં આ ભાગ જોડેલો છે: "કેમ કે રાજય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમીન."

વસ્રો પણ બનાવતાં નથી. ૨૯અને છતાં પણ હું તમને કહું છું કે સુલેમાને તેની પૂર્ણ ભવ્યતામાં પણ ફૂલોમાંના એકાદ ફૂલ જેવો સુંદર પોષાક ધારણ કર્યો ન હતો. ૩૦જે ઘાસ આજે છે તે આવતીકાલે કરમાઈ જશે, તો તેને અગ્નિમાં બાળી દેવામાં આવશે એવા ઘાસની કાળજી દેવ રાખે છે તો હે માનવી, એ દેવ તારી કાળજી નહિ રાખે? તેના ઉપર આટલો ઓછો વિશ્વાસ રાખશો નહિ. ૩૧તેથી તમે ચિંતા રાખશો નહિ અને કહેશો નહિ, 'અમે શું ખાઈશું?' 'અમે શું પીશું?' અથવા 'અમે શું પહેરીશું?' ૩૨જે લોકો દેવને ઓળખતા નથી તેઓ આ બધી વસ્તુઓની પાછળ પડે છે. તમે આની ચિંતા ના કરો કારણ કે આકાશમાં રહેલાં તમારા પિતાને ખબર છે કે તમારે આ બધાની જરૂર છે. ૩૩પણ પહેલા તમે દેવના રાજયને તથા તેના ન્યાયીપણાને શોધો, તો તે પણ તમને આ બધી જ વસ્તુઓ આપશે. ૩૪તે માટે આવતીકાલની ચિંતા ન કરો. આજની સમસ્યાઓ આજને માટે પૂરતી છે. આવતીકાલનું દુ:ખ આવતીકાલનું છે.

### ઈસુ બીજાને દોષિત ન ઠરાવવા વિષે શિક્ષણ આપે છે

૭ "બીજાઓને દોષિત ન ઠરાવો, અને દેવ તમને દોષિત ઠરાવશે નહિ. ૨તમે જે રીતે બીજાનો ન્યાય કરશો, તે જ રીતે તમારો પણ ન્યાય થશે. તમે બીજાઓનો ન્યાય કરવા જે માપનો ઉપયોગ કરો છો, તે જ માપનો ઉપયોગ તમારા ચુકાદા માટે થશે. ૩"જો તારી આંખમાં ભારોટિયો હોય તે તું જોઈ નથી શકતો તો તારા ભાઈની આંખમાંનું તણખલું શા માટે જુએ છે? ૪તું તારા ભાઈને કેવી રીતે કહી શકે, 'તારી આંખમાં જે તણખલું છે તે મને કાઢવા દે'? જ્યારે તારી આંખમાં મોટો ભારોટિયો હોય! ૫ઓ ઢોંગી, તું પહેલાં તારી આંખમાંનો મોટો ભારોટિયો દૂર કર, પછી તું સારી રીતે જોઈ શકીશ. અને તારા ભાઈની આંખમાંથી તણખલું કાઢી શકીશ.

૬"જે પવિત્ર છે તે કૂતરાઓની આગળ ના નાંખો અને ભૂંડોની આગળ મોતી ન વેરો. કદાચ તેઓને પગ નીચે કચડી નાંખે અને તમારા તરફ પાછા ફરી તમને ફાડી નાખે.

### જે જોઈએ છે તેના માટે દેવને પ્રાર્થના કરો

૭"દેવ પાસે માંગવાનું ચાલું રાખો, અને દેવ તમને આપશે, શોધવાનું ચાલું રાખો, અને તમને જડશે. ખખડાવવાનું ચાલું રાખો અને દરવાજો તમારા માટે ઉઘડી જશે. ૮કારણ કે જે માંગે છે તેને એ જરૂરથી મળે છે, જે શોધતા રહે છે તેમને જરૂરથી પ્રાપ્ત થાય છે. અને જે ખટખટાવે છે, તેમને માટે દરવાજા અવશ્ય ઉઘડી જાય છે.

૯"તમારામાંના કોઈ એકને દીકરો છે? જો તારો દીકરો તારી પાસે રોટલી માંગે તો શું તું તેને પથ્થર આપીશ? ના! ૧૦જો તારો દીકરો તારી પાસે માછલી માંગે તો તું તેને સર્પ આપશે? ના! ૧૧તમે ભૂંડા છતાં તમે પોતાના બાળકોને સારો ખોરાક આપી જાણો છો તો તમારા આકાશમાંના પિતાની પાસે માંગશો તો તમને જરૂર સારી વસ્તુઓ આપશે.

### અગત્યનો ઉપદેશ (નિયમ)

૧૨"તમે બીજા પાસે જેવા વ્યવહારની અપેક્ષા રાખતા હોય એવો જ વ્યવહાર તમે તેઓની સાથે રાખો. મૂસાના નિયમશાસ્ર અને પ્રબોધકોની વાતોનો સારાંશ એ જ છે.

### આકાશ અને નરકનો માર્ગ

૧૩"સાંકડા દરવાજામાંથી દાખલ થાઓ, કારણ કે જે દરવાજો પહોળો છે અને જે રસ્તો સરળ છે, તે વિનાશ તરફ દોરે છે. ઘણા લોકો તે રસ્તેથી જાય છે. ૧૪જે દરવાજો સાંકડો છે, અને જે રસ્તો નાનો છે, તે સાચા જીવન તરફ દોરે છે. ફક્ત થોડા જ લોકોને તે જડે છે.

### મનુષ્યોનાં કૃત્યોને ઓળખો

૧૫"જૂઠા ઉપદેશકોથી સાવધાન રહો. તેઓ તમારી પાસે ઘેટાંના વેશમાં આવે છે, પણ તેઓ વરુઓ જેવા ભયંકર હોય છે. ૧૬તમે આવા લોકોને તેઓ જે વસ્તુઓ કરે છે તેનાથી ઓળખી શકશો. જેમ કાંટાળી ઝાડી પરથી દ્રાક્ષ અને કાંટાળી ઊંટકટારી પરથી અંજીર મળી શકતા નથી. તેમ ખરાબ લોકો પાસેથી સારી વસ્તુની અપેક્ષા રાખી શકો નહિ. ૧૭તે જ પ્રમાણે પ્રત્યેક સારુ વૃક્ષ સારાં ફળ આપે છે ને ખરાબ વૃક્ષ નઠારાં ફળ આપે છે. ૧૮તે જ પ્રમાણે સારુ ઝાડ નઠારા ફળ આપી શકતું નથી, અને ખરાબ ઝાડ સારા ફળ આપી શકતું નથી. ૧૯જે વૃક્ષ સારાં ફળ આપી શકતાં નથી તેને કાપીને અગ્નિમાં નાંખી દેવામાં આવે છે. ૨૦તેથી તમે આવા લોકોને તેઓ કેવાં ફળો આપે છે તેના પરથી ઓળખી શકશો.

૨૧"જે મને પ્રભુ, પ્રભુ કહે છે, તે દરેક વ્યક્તિ આકાશના રાજયમાં પ્રવેશ કરશે એમ તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના બાપની ઈચ્છા પ્રમાણે કરે છે તેઓ જ

આકાશમાં પ્રવેશી શકશે. ૨૨એ અંતિમ દિવસે ઘણા લોકો
મને કહેશે, પ્રભુ અમે તારા માટે નથી બોલ્યા? તો શું
અમે તારા નામે પ્રબોધ કર્યા નથી? અને તારા નામે
ભૂતોને* કાઢયાં નથી? અને તારા નામે બીજા ઘણા
પરાક્રમો કર્યા નથી? ૨૩પછી હું તેઓને કહીશ, 'તમે
અહીંથી ચાલ્યા જાઓ. તમે ભૂંડા છો. મેં તમને કદી
પણ ઓળખ્યા નથી.'

## એક ડાહ્યો અને એક મૂર્ખ માણસ

૨૪"જે કોઈ વ્યકિત મારા વચનોને સાંભળે છે અને
તે પ્રમાણે આચરણ કરે છે તે ખડક પર મકાન બાંધનાર
ડાહ્યા માણસ જેવો છે. ૨૫ધોધમાર વરસાદ પડ્યો, પૂર
આવ્યું અને તે ઘર પર વાવાઝોડું ફુંકાયું છતાં પણ તે
ઘર તૂટી પડ્યું નહિ કારણ કે તેનો પાયો ખડક ઉપર
બાંધેલો હતો. ૨૬પરંતુ જે વ્યકિત મારા આ વચનોને
ધ્યાનથી સાંભળે છે પરંતુ તે પ્રમાણે વર્તતો નથી તે રેતી
પર ઘર બાંધનાર મૂર્ખ માણસ જેવો છે. ૨૭ધોધમાર
વરસાદ આવ્યો, પૂર આવ્યું અને વાવાઝોડાના સપાટા
લાગ્યા ત્યારે તે મકાન મોટા અવાજ સાથે જમીનદોસ્ત
થઈ ગયું."

૨૮ઈસુએ જ્યારે આ વચનો કહેવાનું પુરુ કર્યુ, ત્યારે
તેના ઉપદેશથી લોકો અચરત પામ્યા. ૨૯કારણ કે ઈસુ
અધિકાર (સામર્થ્ય) સાથે ઉપદેશ આપતો હતો, નહિ કે
તેમના શાસ્ત્રીઓની જેમ.

## ઈસુ માંદા માણસને સાજો કરે છે

૮ ઈસુ પર્વત પરથી નીચે ઉતર્યો. લોકોનો મોટો
સમુદાય તેની પાછળ પાછળ ગયો. ૨પછી એક
કોઢથી પીડાતો માણસ તેની પાસે આવ્યો, પગે પડ્યો
અને કહ્યું, "હે પ્રભુ, તું ઈચ્છે તો મને સાજો કરવાની
શકિત તારી પાસે છે."

૩ઈસુએ તે માણસને સ્પર્શ કર્યો અને કહ્યું કે, "હું
તને સાજો કરવા ઈચ્છું છું, સાજો થઈ જા!" અને તરત
જ તે માણસ કોઢથી સાજો થઈ ગયો. ૪ઈસુએ તેને કહ્યું
કે, "જે કાંઈ બન્યું છે તે વાત કોઈને પણ કરતો નહિ.
અહીંથી સીધો જ યાજક પાસે જા અને ત્યાં તારી જાતને
બતાવ. મૂસાના આદેશ પ્રમાણે અર્પણ ચઢાવ જેથી લોકો
જાણી શકે કે તું સાજો થયો છે."

## ઈસુ અધિકારીના નોકરને સાજો કરે છે

૫ઈસુ કફર–નહૂમ આવ્યો, ઈસુ શહેરમાં પ્રવેશ્યો કે
તરત જ એક લશ્કરી અધિકારી, તેની પાસે આવ્યો અને
મદદ માટે વિનંતી કરી. ૬લશ્કરી અધિકારીએ કહ્યું કે,
"હે પ્રભુ, મારો નોકર ખૂબ જ બિમાર છે, તે પથારીવશ
છે અને પક્ષઘાતી છે."

૭ઈસુએ લશ્કરી અધિકારીને કહ્યું કે, "હું જઈશ અને
તેને સાજો કરીશ."

૮લશ્કરી અધિકારીએ કહ્યું કે, "હે પ્રભુ, તું મારા ઘરે
આવે એવો હું યોગ્ય માણસ નથી. જો તું કેવળ શબ્દ
કહે તો મારો નોકર સાજો થઈ જશે." ૯હું મારા
અધિકારીઓને આધીન છું. મારા હાથ નીચેના સૈનિકો
મારી સત્તાને આધીન છે. એકને હું કહું છું કે 'જા', તો તે
જાય છે. બીજાને કહું છું કે 'આવ', તો તે આવે છે અને
મારા નોકરને કહું છું કે, 'આ કર' તો તે તરત જ મારી
આજ્ઞા પાળે છે. હું જાણુ છું કે આ કરવાની સત્તા તારી
પાસે છે."

૧૦ઈસુ આ સાંભળી ખૂબ જ નવાઈ પામ્યો અને
તેની સાથે આવતા લોકોને કહ્યું કે, "હું તમને સત્ય કહું
છું, મેં ઈઝરાએલમાં પણ કદી કોઈ વ્યકિતમાં આવો
વિશ્વાસ જોયો નથી. ૧૧હું તમને કહું છું કે પૂર્વ અને
પશ્ચિમમાંથી ઘણા લોકો આવશે અને આકાશના
રાજયમાં ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબની સાથે બેસશે.
૧૨અને જેમના માટે આકાશી રાજ્ય તૈયાર કરવામાં
આવેલું છે, તેમને બહારના અંધકારમાં ફેંકી દેવાશે.
તેઓ ત્યાં રુદન કરશે પીડાથી દાંત કચકચાવશે."

૧૩પછી ઈસુએ લશ્કરી અધિકારીને કહ્યું કે, "ઘરે જા
અને તારો નોકર તેં જે રીતે વિશ્વાસ કર્યો છે તે રીતે તે
સાજો થઈ જશે." અને બરાબર તે જ સમયે તેનો નોકર
સાજો થઈ ગયો.

## ઈસુએ ઘણા લોકોને સાજા કર્યા

૧૪જ્યારે ઈસુ પિતરને ઘેર ગયો ત્યારે તેણે તેની
સાસુને તાવથી પીડાતી દીઠી. ૧૫ઈસુએ તેના હાથને
સ્પર્શ કર્યો અને તેનો તાવ ઉતરી ગયો. તે ઉઠીને ઈસુની
સેવા કરવા લાગી.

૧૬સાંજ પડી ત્યારે તેઓ ઘણા અશુદ્ધ આત્મા વળગેલા
લોકોને ઈસુની પાસે લાવ્યા, ઈસુએ અશુદ્ધ આત્માઓને
બહાર કાઢયા. તેમ જ બધા જ માંદાઓને પણ સાજા
કર્યા. ૧૭ઈસુએ આ કર્યુ જેથી યશાયાએ કહેલ
ભવિષ્યવાણી પૂર્ણ થાય:

"તેણે આપણા રોગો લઈ લીધા અને તેણે આપણા
મંદવાડ પોતાનામાં સ્વીકાર્યા."

*યશાયા ૫૩:૪*

---

**ભૂતો** શેતાનના દુષ્ટ આત્માઓ.

### ઈસુને અનુસરવાની ઈચ્છા

૧૮ઈસુએ જોયું કે તેની ચારે બાજુ લોકોની ભીડ
જામી છે, તેથી તેણે પોતાના શિષ્યોને સરોવરના સામા
કિનારે જવા કહ્યું. ૧૯પછી એક શાસ્રી તેની પાસે આવ્યો
અને કહ્યું કે, "ઉપદેશક, તું જ્યાં જઈશ ત્યાં હું તારી
પાછળ આવીશ."
૨૦ઈસુએ તેને કહ્યું કે, "શિયાળોને રહેવા માટે દરો
હોય છે, પંખીઓને રહેવા માટે માળા હોય છે, પણ
માણસના દીકરાને* માથું ટેકવાની પણ જગા નથી."
૨૧ઈસુના શિષ્યોમાંના બીજા એકે આવી તેને કહ્યું કે,
"હે પ્રભુ, પહેલા મને જવા દે અને મારા પિતાને દફનાવવા
દે. પછી હું તને અનુસરીશ." ૨૨પરંતુ ઈસુએ તેને કહ્યું;
"મારી પાછળ આવ. ને મૂએલાઓને પોતાના
મૂએલાઓને દાટવા દે."

### ઈસુ તોફાનને શાંત પાડે છે

૨૩ઈસુ એક હોડીમાં જઈને બેઠો. તેના શિષ્યો પણ
તેની સાથે ગયા. ૨૪એ હોડીએ કિનારો છોડયો કે તરત
જ દરિયામાં મોટું તોફાન શરૂ થયું ને ઉછળતાં મોજાથી
હોડી ઢંકાઈ જવા લાગી. પરંતુ ઈસુ તો ઊંઘતો હતો.
૨૫શિષ્યો ઈસુની પાસે ગયા અને તેને જગાડ્યો અને
કહ્યું કે, "હે પ્રભુ, અમને બચાવ! અમે ડૂબી જઈશું!"
૨૬ઈસુએ કહ્યું કે, "તમે શા માટે ભયભીત થાઓ
છો? તમને પૂરતો વિશ્વાસ નથી?" પછી ઈસુ ઉભો
થયો અને પવન અને મોંજાને ધમકાવ્યા, પછી સમુદ્ર
સંપૂર્ણ શાંત થઈ ગયો.
૨૭આથી લોકો આશ્ચર્યચકિત થઈ ગયા અને બોલ્યા,
"અરે આ માણસ કેવા પ્રકારનો છે? જેની આજ્ઞાને પવન
અને સમુદ્ર પણ માને છે!"

### ઈસુ બે માણસોમાંથી ભૂતોને કાઢે છે

૨૮સમુદ્રને સામે કિનારે ગદરાનીના* દેશમાં ઈસુ
આવ્યો ત્યાં તેને અશુદ્ધ આત્માઓ વળગેલા બે માણસો
મળ્યા. તેઓ કબરોની વચમાં રહેતા હતાં તે એટલા
બધા બિહામણા હતા કે ત્યાં થઈને કોઈ જઈ શક્તું ન
હતું. ૨૯તેઓ બૂમ પાડવા લાગ્યા, "ઓ દેવના દીકરા, તું
અમારી પાસે શું અપેક્ષા રાખે છે? નિશ્ચિત સમય પહેલા
અમને શિક્ષા કરવા આવ્યો છે?"
૩૦ત્યાંથી થોડેક દૂર ભૂંડનું ટોળું ચરતું હતું. ૩૧અશુદ્ધ
આત્માઓએ વિનંતી કરી કે, "જો તું અમને કાઢી જ
મૂકવાનો હોય તો, તું અમને એ ભૂંડોના ટોળામાં
જવા દે."
૩૨ઈસુએ તેઓને કહ્યું, "જાઓ" અને અશુદ્ધ
આત્માઓ ભૂંડોનાં ટોળામાં પેઠા. ભૂંડનું આખું ટોળું
ટેકરીની ધાર પરથી સમુદ્રમાં ધસી ગયું અને પાણીમાં
ડૂબી મર્યુ. ૩૩ભૂંડો ચરાવનારા ત્યાંથી શહેરમાં નાઠા
અને બધી જ બાબતો જેવી કે અશુદ્ધ આત્માઓ વળગેલા
માણસો સાથે જે બન્યું હતું તે જણાવ્યું. ૩૪આખું નગર
ઈસુને મળવા બહાર આવ્યું અને જયારે લોકોએ તેને
જોયો ત્યારે વિનંતી કરી કે, અમારા વિસ્તારમાંથી તું
ચાલ્યો જા.

### ઈસુ પક્ષઘાતીને સાજો કરે છે

૯ ઈસુ હોડીમાં બેઠો અને સરોવરને પેલે પાર ગયો
અને પોતાના શહેરમાં આવ્યો. ૨કેટલાએક લોકો
પથારીવશ પક્ષઘાતી માણસને ઈસુ પાસે લાવ્યાં. ઈસુએ
જોયું કે તેઓને વિશ્વાસ છે તેથી ઈસુએ તે પક્ષઘાતી
માણસને કહ્યું, "હે યુવાન માણસ, હિમ્મત રાખ. સુખી
થા. તારાં બધાં જ પાપ માફ કરવામાં આવે છે."
૩કેટલાએક શાસ્રીઓએ આ સાંભળ્યું અને અંદરો
અંદર વાતો કરવા લાગ્યા કે, "આ માણસ (ઈસુ) પોતે
જ દેવ હોય તેમ બોલે છે. આ રીતે તે દેવની વિરુદ્ધ
બોલે છે."
૪ઈસુએ જાણ્યું કે તેઓ શું વિચારે છે તેથી ઈસુએ
કહ્યું, "તમે તમારા મનમાં આવા ભૂંડા વિચારો શા માટે
કરો છો?" ૫-૬માણસના દીકરાને પૃથ્વી પર પાપ માફ
કરવાનો અધિકાર છે. પણ આ તમારી આગળ કેવી રીતે
સાબિત કરી શકું? તમે એમ ધારતા હશો કે, 'તારાં પાપ
માફ થયાં છે.' એમ કહેવું સહેલું છે, પણ ખરેખર એમ
થયું તે કોઈ જોઈ શકતું નથી. પણ જો હું એ માણસને
એમ કહું, 'ઊઠ, તારી પથારી લઈને ચાલતો થા,' તો
શું? તો તમે જોઈ શકશો કે ખરેખર મને અધિકાર છે."
તેથી ઈસુએ પક્ષઘાતી માણસને કહ્યું, "ઊભો થા, તારી
પથારી ઉપાડ અને તારે ઘેર જા." ૭અને તે માણસ
ઉભો થયો અને ઘેર ચાલ્યો ગયો. ૮લોકોએ આ જોયું
અને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા અને લોકોએ દેવની
સ્તુતિ કરી કારણ કે દેવે આવો અધિકાર માણસોને આપ્યો.

### ઈસુએ માથ્થીની પસંદગી કરી

૯ઈસુ તે રસ્તે થઈને જતો હતો ત્યારે, તેણે કર

---

**માણસનો દીકરો** ઈસુ પોતાના માટે આ નામ વાપરતો. દાનિ. ૭:૧૩-૧૪માં આ નામ મસિહા માટે છે જેને દેવે પોતાના લોકોને તારવાને પસંદ કર્યો છે.

**ગદરાની** ગાલીલના સરોવરના અગ્નિ ખૂણાનો પ્રદેશ.

ઉઘરાવવાની ઓફિસમાં માથ્થી નામના માણસને જોયો. ઈસુએ તેને કહ્યું, "મારી પાછળ ચાલ." અને માથ્થી ઊભો થયો અને ઈસુને અનુસર્યો.

૧૦ઈસુએ માથ્થીના ઘરે તેના શિષ્યો સાથે ભોજન લીધું. ત્યારે ત્યાં કર ઉઘરાવનારા અને પાપીઓ પણ જમતા હતાં. ૧૧ફરોશીઓએ ઈસુને આવા માણસો સાથે ખાતાં જોયો તેથી તેના શિષ્યોને કહ્યું કે, "તમારો ઉપદેશક કર ઉઘરાવનારા તથા પાપીઓ સાથે શા માટે ભોજન લે છે?"

૧૨ઈસુએ આ સાંભળીને કહ્યું, "જેઓ તંદુરસ્ત છે તેમને વૈદની જરૂર નથી. જેઓ બિમાર છે તેમને વૈદની જરૂર છે. ૧૩ઈસુએ કહ્યું, "તમે શાસ્ત્રનો અર્થ સમજો; 'હું પશુઓના બલિદાન નથી ઈચ્છતો, હું દયા ઈચ્છું છું. હું સારા લોકોને આમંત્રણ આપવા નથી આવ્યો, પણ પાપીઓને તેડવા આવ્યો છું."*

### ઈસુ બીજા યહૂદીધર્મ-નેતાઓથી જુદા છે

૧૪પછી યોહાનના શિષ્યો ઈસુની પાસે આવ્યા. તેઓએ ઈસુને પૂછયું કે, "અમે અને ફરોશીઓ વારંવાર ઉપવાસ કરીએ છીએ તો તારા શિષ્યો શા માટે ઉપવાસ કરતા નથી?"

૧૫ઈસુએ ઉત્તર આપ્યો, જ્યાં સુધી તેમની સાથે વરરાજા હોય ત્યાં સુધી વરરાજાના મિત્રો પાસે ઉદાસીનતાની અપેક્ષા રાખી શકાય? અલબત્ત નહિ જ, પરંતુ જ્યારે તેઓની પાસેથી વરરાજા લઈ લેવાશે ત્યારે સમય આવશે પછી તેઓ ઉપવાસ કરશે.

૧૬"જો કોઈ જૂનાં કપડાં પર કોરા કપડાનું થીંગડું મારે તો એ થીંગડાંથી કપડાંમાં કાણું વધારે મોટુ બનશે. ૧૭લોકો તાજો દ્રાક્ષારસ ભરવા માટે જૂની મશકોનો ઉપયોગ નથી કરતાં તેમ કરવાથી જૂની મશકો ફાટી જશે, ત્યાર પછી દ્રાક્ષારસ વહી જશે અને બંને દ્રાક્ષારસ અને દ્રાક્ષારસની મશકો નાશ પામશે. તેથી લોકો હંમેશા નવો દ્રાક્ષારસ ભરવા માટે નવી જ મશકોનો ઉપયોગ કરે છે. આમ કરવાથી દ્રાક્ષારસ અને મશકો બંને સારી રીતે સાચવી શકાય છે."

### ઈસુ મૃત દીકરીને જીવન આપે છે અને બિમાર સ્રીને સાજી કરે છે

૧૮ઈસુ જ્યારે આ વાતો કહેતો હતો, ત્યારે સભાસ્થાનનો એક અધિકારી આવ્યો અને તેને પગે પડ્યો અને કહ્યું કે, "મારી દીકરી હમણાં જ મરણ પામી છે. તું આવીને માત્ર તારા હાથથી તેને સ્પર્શ કર તો તે સજીવન થશે."

૧૯તેથી ઈસુ ઊભો થયો અને તેને ઘેર ગયો. તેના શિષ્યો તેની પાછળ ગયાં ૨૦એક સ્રી હતી, જે છેલ્લા બાર વર્ષથી લોહીવાના રોગથી પીડાતી હતી તેણે પાછળથી આવીને ઈસુના ઝભ્ભાની નીચલી કોરને સ્પર્શ કર્યો. ૨૧સ્રી વિચારતી હતી કે, "જો હું માત્ર તેના ઝભ્ભાને સ્પર્શ કરીશ તો હું સાજી થઈ જઈશ."

૨૨ઈસુ તેની તરફ વળ્યો અને તે સ્રીને જોઈ કહ્યું, "દીકરી, હિંમ્મત રાખ, તારા વિશ્વાસે તને સાજી કરી છે." તે જ પળે તે સ્રી સાજી થઈ ગઈ.

૨૩ઈસુ અધિકારીની સાથે તેના ઘેર આવી પહોચ્યો અને ઘરમાં ગયો ત્યારે તેણે વાંસળી વગાડનારાઓને અને ઘણા લોકોને રુદન કરતા જોયા. ૨૪ઈસુએ કહ્યું, "આઘા ખસો, કારણ કે છોકરી મરણ નથી પામી. તે ઊંઘે છે." આ સાંભળી લોકો તેના તરફ હસવા લાગ્યા. ૨૫લોકોનું ટોળું ઘરની બહાર ગયું. ઈસુ છોકરીના ઓરડામાં ગયો. ઈસુએ છોકરીનો હાથ પકડયો અને તે છોકરી ઉભી થઈ. ૨૬આ સમાચાર આજુબાજુના સમગ્ર વિસ્તારમાં પ્રસરી ગયા.

### ઈસુએ વધુ લોકોને સાજા કર્યા

૨૭જયારે ઈસુ ત્યાંથી જતો હતો ત્યારે બે આંધળા માણસો તેની પાછળ પાછળ ગયા. તેઓ જોરથી બૂમ પાડવા લાગ્યા. "ઓ દાઉદના દીકરા, અમારા પર દયા કર."

૨૮ઈસુ અંદર ઘરમાં ગયો, ત્યાં તેઓ પણ તેની પાછળ ગયા. ઈસુએ તેમને પૂછયું, "હું તમને ફરીથી દેખતા કરી શકુ એવો વિશ્વાસ છે?" આંધળા માણસોએ ઉત્તર આપ્યો કે, "હા પ્રભુ, અમે વિશ્વાસ કરીએ છીએ."

૨૯પછી તેઓની આંખોને સ્પર્શ કરી ઈસુ બોલ્યો; "તમે વિશ્વાસ રાખો છો તો તે પ્રમાણે થાઓ." ૩૦અને તરત જ તેઓ દેખતા થયા. ઈસુએ તેઓને કહ્યું, "તમે આ વિષે કોઈને વાત ન કરતા." ૩૧પરંતુ આંધળા માણસો ત્યાંથી ચાલ્યા ગયા અને ઈસુની આ કીર્તિ તેઓએ આખા વિસ્તારમાં ફેલાવી.

૩૨આગળ જતાં લોકો ઈસુની પાસે બીજા એક માણસને લઈને આવ્યા, આ માણસને અશુદ્ધ આત્મા વળગેલો હતો. તે મૂંગો હતો. ૩૩ઈસુએ અશુદ્ધ આત્માને હાંકી કાઢયો કે તરત જ તે મૂંગો માણસ બોલતો થયો, લોકો આશ્ચર્યચકિત થઈ ગયા અને બોલ્યા: "અગાઉ ઈઝરાએલમાં આવું કદાપિ જોવામાં આવ્યું નથી."

---

**'હું પશુઓના ... તેડવા આવ્યો છું'** હોશિ. ૬:૬.

[૩૪]પરંતુ ફરોશીઓએ કહ્યુ કે, તે (ઈસુ) અશુદ્ધ આત્માના સરદાર (શેતાન) થી જ અશુદ્ધ આત્માઓને કાઢે છે.”

### ઈસુ લોકો પર ખેદીત

[૩૫]ઈસુએ તે વિસ્તારના તમામ શહેરો અને ગામડાઓમાં જઈને યહૂદી સભાસ્થાનોમાં દેવના રાજય વિષેની સુવાર્તા આપી. અને જે લોકો બધા જ પ્રકારના રોગો અને માંદગીથી પીડાતા હતા તેમને સાજા કર્યા. [૩૬]ઈસુએ ઘણા લોકોને જોયા અને તેઓ પર તેને કરૂણા ઉપજી કારણ કે તેઓ થાકેલા અને અસહાય હતા. તેઓ પાળક વિનાના ઘેટાં જેવા હતા. [૩૭]ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, "માણસોરૂપી ફસલ (બચાવ) પુષ્કળ છે. પણ મજૂરો ઓછા છે. [૩૮]તેથી ફસલના (લોકો) ધણીને પ્રાર્થના કરો કે કાપણી કરવા વધારે મજૂરો મોકલી આપે.”

### ઈસુએ પ્રેરિતોને ઉપદેશ માટે મોકલયા

**૧૦** ઈસુએ તેના બાર શિષ્યોને બોલાવ્યા. ઈસુએ તેઓને અશુદ્ધ આત્માઓને કાઢવાની તથા દરેક જાતની માંદગી અને બીમારીમાંથી સાજા કરવાની શક્તિ આપી. બાર પ્રેરિતોનાં નામ આ પ્રમાણે છે. [૨]પ્રથમ સિમોન જે પિતર કહેવાય છે તેનો ભાઈ આંન્દ્રિયા, ઝબદીનો દીકરો યાકૂબ તથા તેનો ભાઈ યોહાન. [૩]ફિલિપ અને બર્થોલ્મી; થોમા તથા કર ઉઘરાવનાર માથ્થી; અલ્ફીનો દીકરો યાકૂબ; થદ્દી; [૪]સિમોન કનાની* તથા યહૂદા ઈશ્કરિયોત, જે તેને દુશ્મનના હાથમાં સોપી દેનારો હતો.

[૫]આ બાર જણને બહાર મોકલતી વખતે ઈસુએ તેમને આજ્ઞા કરી કે જ્યાં બિનયહૂદીઓ વસે છે ત્યાં જશો નહિ અને કોઈ પણ સમરૂનીઓના નગરમાં જશો નહિ. [૬]પણ ઈઝરાએલના લોકો પાસે જાઓ. તે યહૂદીઓ ખોવાયેલા ઘેટાં જેવાં છે. [૭]જેવા તમે જાઓ કે તરત જ તેઓને ઉપદેશ આપો કે, 'આકાશનું રાજ્ય ટૂંક સમયમાં આવી રહ્યું છે.' [૮]માંદા લોકોને સાજા કરો. મરેલાને જીવતા કરો. રક્તપિત્તના રોગીઓને સાજા કરો અને અશુદ્ધ આત્માઓને કાઢો. હું તમને આ સામર્થ્ય વિના મૂલ્યે આપું છું. માટે તમે પણ દરેકને વિના મૂલ્યે આપો. [૯]તમારી સાથે સોનું, રૂપું કે તાંબુ કે કોઈ પણ પ્રકારનું નાંણુ રાખશો નહિ. [૧૦]મુસાફરી દરમ્યાન તમારી સાથે ફકત તમે જે કપડા પહેર્યા છે તે તથા જે પગરખા પહેર્યા છે તે જ રાખશો. ચાલવા માટે લાકડી પણ લેશો નહિ. વધારાનાં કપડાં કે પગરખાં પણ ના રાખશો કારણ કે કામ કરનાર ને તેની જરૂરિયાતની વસ્તુઓ આપવામાં આવશે જ.

[૧૧]"જયારે તમે જે નગરમાં કે ગામમાં પ્રવેશો, ત્યારે કોઈ લાયક વ્યક્તિની શોધ કરો અને બીજા સ્થળે જવાનું થાય ત્યાં સુધી તેને ઘેર જ રહો. [૧૨]જે ઘરમાં તમને આવકાર મળે તેમને કહો, 'શાંતિ તમારી સાથે રહો.' [૧૩]જો ઘરના લોકો લાયક હશે તો તમારા આશીર્વાદ એમની સાથે રહેશે. પણ જો તેઓ લાયક નહિ હોય તો તમે આપેલી શાંતિની આશિષ તમારી પાસે પાછી આવશે. [૧૪]અને જો કોઈ શહેર અથવા ઘર તમારો સત્કાર ના કરે, તો ત્યાંથી તરત જ નીકળી જાઓ અને ત્યાંની ધૂળ તમારા પગે લાગી હોય તો તે ખંખેરી નાખો. [૧૫]હું તમને સત્ય કહું છું કે, ન્યાયના દિવસે સદોમ અને ગમોરા નગરોની હાલત તે નગરના કરતાં સારી હશે. તથા તેમના તરફ વધારે ઉદારતા બતાવાશે.

### ઈસુ મુસીબતો વિષે ચેતવે છે

[૧૬]"સાંભળો! હું તમને એવી જગ્યાએ મોકલી રહ્યો છું કે જ્યાં વરુઓની વચ્ચે તમે ઘેટાં જેવા લાગશો. આથી તમે સાપ જેવા ચપળ અને કબૂતર જેવા સાલસ બનો અને ખોટું કરશો નહિ. [૧૭]લોકોથી ચેતતા રહેજો, કારણ એ લોકો તમારી ધરપકડ કરશે. તમને ન્યાય માટે લઈ જશે અને સભાસ્થાનોમાં લઈ જઈ તમારા પર કોરડા ફટકારાશે. [૧૮]તમને હાકેમો તથા રાજાઓ સમક્ષ હાજર કરવામાં આવશે. આ બધું મારા લીધે તમને કરવામાં આવશે. તમે ત્યારે મારા વિષે એ બધાને કહેજો. [૧૯]જ્યારે તમને પકડવામાં આવે તો તમારે શું કહેવું અને કેવી રીતે કહેવું તેની ચિંતા કરશો નહિ. યોગ્ય ઉત્તર આપવાના શબ્દો તમને તે વખતે જ આપવામાં આવશે. [૨૦]તે સમયે તમે નહિ, પરંતુ તમારા પિતાનો આત્મા તમારા દ્વારા બોલશે.

[૨૧]"ભાઈઓ, ભાઈઓની વિરુદ્ધ થશે અને તેમને મારી નાખશે. પિતા તેમના બાળકોની વિરુદ્ધ થશે બાળકો તેમના માતા પિતા વિરુદ્ધ થશે અને તેઓને મારી નાખવા માટે સોંપી દેશે. [૨૨]જો તમે મારા શિષ્યો છો, તો લોકો તમારી પજવણી કરશે, પરંતુ જે અંત સુધી ટકશે તેમનો જ ઉદ્ધાર થશે. [૨૩]જયારે તમારી એક નગરમાં પજવણી કરવામાં આવે તો તમે બીજા નગરમાં જતાં રહેજો. તમને સાચું જ કહું છું કે, માણસનો દીકરો આવે તે પહેલા તમે ઈસ્રાએલના તમામ નગરોમાં ફરી વળશો.

---

**કનાની** યહૂદી રાજકીય જૂથનું નામ જેનો તે સભ્ય હતો.

૨૪"ચેલો તેના ગુરુથી મોટો નથી કે દાસ એના શેઠ કરતાં ચડિયાતો નથી. ૨૫ચેલાએ પોતાના ગુરુ જેવા બનવામાં અને દાસે તેના શેઠ જેવા બનવામાં સંતોષ માનવો જોઈએ. જો ઘરના ધણીને જ બાલઝબુલ (શેતાન) કહેવામાં આવે તો પછી ઘરના બીજા સભ્યોને કેવા નામથી સંબોધશે!

### પ્રભુથી ડરો, લોકોથી નહિ

૨૬"આથી લોકોથી ના ડરો કારણ કે જે કંઈક છુપાવેલું છે તે જાહેર કરવામાં આવશે. જે કંઈ ગુપ્ત છે તે પ્રગટ થશે. ૨૭હું તમને અંધકારમાં જે કહું છું તે તમે અજવાળામાં જાહેર કરો, અને મેં જે તમને કાનમાં કહ્યું, તે બધું તમે બધા જ લોકોને જાહેરમાં કહો. ૨૮જેઓ તમારા દેહનો નાશ કરી શકે છે પરંતુ તમારા આત્માને મારી શકતા નથી, તેવા લોકોથી બિલકુલ ન ડરો. ફક્ત પ્રભુથી જ ડરો. કારણ કે તે તમારા આત્માને અને શરીરને નરકમાં ધકેલી શકે છે. ૨૯એક પૈસામાં બે નાનાં પક્ષીઓ વેચાય છે પરંતુ તમારા બાપની ઈચ્છા વગર કોઈ એક પણ પક્ષી ધરતી પર નહિ પડી શકે. ૩૦દેવને તો ખબર છે કે તમારા માથા ઉપર વાળ કેટલા છે." ૩૧તેથી ડરો નહિ. તમારું મૂલ્ય તો એવાં નાનાં પક્ષીઓ કરતાં અધિક છે.

### લોકોને તમારા વિશ્વાસ વિષે કહો

૩૨"જે કોઈ બીજા લોકોની સામે મારામાં વિશ્વાસની કબૂલાત કરશે તો, હું પણ આકાશમાંના બાપની આગળ એ મારો છે તેમ જાહેર કરીશ. ૩૩પરંતુ જ્યારે કોઈ માણસ બીજા લોકોની સામે મારામાં તેના વિશ્વાસને કબૂલ ન કરે, તો તેનો હું નકાર કરીશ. અને હું આકાશમાંના બાપની સમક્ષ તે મારો છે એવું જાહેર કરીશ નહિ.

૩૪"એમ ન માનતા કે હું પૃથ્વી પર શાંતિ લાવવા આવ્યો છું, શાંતિ તો નહિ, પણ હું તલવાર લઈને આવ્યો છું. ૩૫-૩૬ 'હું પુત્રને તેના પિતાની વિરુદ્ધ,

> પુત્રીને તેની મા વિરુદ્ધ, અને વહુને તેની સાસુ
> વિરુદ્ધ કરવા આવ્યો છું. મનુષ્યના શત્રુ તો તેમના
> ઘરના લોકો જ બનશે.'
>
> *મીખાહ ૭:૬*

૩૭"જે કોઈ મારા કરતાં વધારે તેના માતાપિતાને પ્રેમ કરે છે અને જે કોઈ મારા કરતાં તેમના દીકરા કે દીકરીને પ્રેમ કરે છે તે મારો શિષ્ય થવાને લાયક નથી. ૩૮જે માણસ તેને આપવામાં આવેલ વધસ્તંભ (યાતના) નો સ્વીકાર કરતો નથી તો તે મારો શિષ્ય થવા માટે યોગ્ય નથી. ૩૯જે માણસ મારા કરતાં તેના જીવનને વધારે પ્રેમ કરે છે તે સાચું જીવન ગુમાવી દેશે. પણ જે મારા માટે જીવન અર્પણ કરી શકશે તેજ સાચું જીવન પ્રાપ્ત કરી શકશે. ૪૦જે માણસ તમને સ્વીકારે છે, તે મને સ્વીકારે છે, અને જે વ્યક્તિ મને સ્વીકારે છે તે જેણે મને મોકલ્યો તેને (દેવ) સ્વીકારે છે. ૪૧જો કોઈ વ્યક્તિ પ્રબોધકને સ્વીકારે છે કારણ કે તે એક પ્રબોધક છે પછી તે પ્રબોધક જે મેળવે છે તે બદલો તે વ્યક્તિ પ્રાપ્ત કરશે. જે કોઈ વ્યક્તિ સાચા માણસને સ્વીકારે છે, તે એક સારો માણસ છે પછી જે સાચો માણસ પ્રાપ્ત કરે છે તે બદલો તે વ્યક્તિને મળશે. ૪૨હું તમને સત્ય કહું છું કે જો કોઈ વ્યક્તિ શિષ્યના નામે નાનામાંના એકને પણ ઠંડા પાણીનો પ્યાલો પીવા આપે તો તેનું ફળ મળ્યાં વગર રહેશે જ નહિ."

### ઈસુ અને યોહાન બાપ્તિસ્ત

**૧૧** ઈસુ તેના બાર શિષ્યોને સૂચનાઓ આપ્યા પછી ત્યાંથી નીકળ્યો અને ત્યાંથી ગાલીલ નામના નગરમાં ઉપદેશ અને બોધ આપવા ગયો.

૨યોહાન બાપ્તિસ્ત જેલમાં હતો. ઈસુ જે કંઈ કરતો હતો તે વિષે તેણે સાંભળ્યું એટલે યોહાને તેના શિષ્યોમાંના કેટલાએકને ઈસુ પાસે મોકલ્યાં. ૩યોહાનના શિષ્યોએ આવીને ઈસુને પૂછયુ કે, "યોહાને જે માણસ વિષે કહ્યું તે આવી રહ્યો છે તે તું છે કે અમારે બીજા માણસની રાહ જોવાની છે?"

૪ઈસુએ તેમને કહ્યું કે, "તમે યોહાન પાસે પાછા જાવ અને અહીં જે કાંઈ જોયું અને સાંભળ્યું, તે વિષે યોહાનને જાણ કરો. ૫આંધળા ફરી દેખતાં થયા છે; પાંગળા ચાલતા થયા છે; રક્તપિત્તિયા સાજા થઈ ગયા છે; બહેરા સાંભળતા થયા છે; અને મરણ પામેલા જીવનમાં ફરી બેઠા થયા છે. આ સુવાર્તા ગરીબ લોકોને જણાવવામાં આવી છે. ૬જે વ્યક્તિ મારો સ્વીકાર કરવા શક્તિમાન છે તેને ધન્ય છે."

૭યોહાનના શિષ્યો પાછા ફરવા તૈયાર થયા, ઈસુએ લોકોને શું જોવા ઈચ્છો છો તે પૂછયું અને કહ્યું; "તમે ઉજ્જડ પ્રદેશમાં યોહાન પાસે ગયા ત્યારે શું જોવા ગયા હતાં? શું પવનથી હાલતા બરુને જોવા ગયા હતાં? ના! ૮તો તમે ત્યાં શું જોવા ગયા હતાં? શું જેણે ખૂબ સારા વસ્રો પહેર્યા હતા તેવા માનવી ને? ના! આવા સુંદર

કપડા પહેરે છે તે તો રાજાના રાજમહેલમાં રહે છે. ૯તો
પછી તમે શું જોવા ગયા હતાં? શું દેવના પ્રબોધકને
જોવા ગયા હતાં? હા, હું તમને કહું છું, યોહાન તો
પ્રબોધક કરતાં ઘણો અધિક છે. ૧૦યોહાન વિષે લખ્યું
છે તે આ છે:

'ધ્યાનથી સાંભળો! હું (દેવ) મારા દૂતને તારી
આગળ મોકલું છું. તે તમારા માટે માર્ગ તૈયાર
કરશે.'

*માલાખી ૩:૧*

૧૧હું તમને સત્ય કહું છું કે આજદિન સુધીમાં પૃથ્વી પર
જન્મ્યા છે તેમાં યોહાન જેવો કોઈ ઉત્પન્ન થયો નથી,
પણ આકાશના રાજયમાં સૌથી નાનો છે તે યોહાન
કરતાં પણ મોટો છે. ૧૨યોહાન બાપ્તિસ્તના સમયથી
આજદિન સુધી આકાશનું રાજ્ય આઘાત ઝીલતું રહ્યું
છે, અને હિંસક સાધનોથી તેને છીનવી લેવાના પ્રયત્નો
થયા છે. ૧૩બધા જ પ્રબોધકોએ અને નિયમશાસ્ત્રે યોહાન
આવ્યો ત્યાં સુધી જે કાંઈ બનવાનું છે તે સંદેશ આપ્યો
છે. ૧૪અને જો તમે નિયમશાસ્ત્ર અને પ્રબોધકોએ જે
કહ્યું છે તે સ્વીકારતા હો તો પછી તમારે તેનો સ્વીકાર
કરવો હોય તો તે અગાઉ જણાવ્યા પ્રમાણે આવનાર
એલિયા તે એ જ છે. ૧૫તમે લોકો મને સાંભળી શકો
છો, તો ધ્યાનથી સાંભળો!

૧૬"આજની પેઢીના વિષે શું કહું? તેઓ કોના જેવા
છે? તેઓ તો બજારમાં બેઠેલા બાળકોના જેવા છે કે જે
એકબીજાને હાંક પાડે છે, હા, તેઓ તેવા જ છે.

૧૭ 'અમે તમારા માટે સંગીત વગાડ્યું, પરંતુ તમે
નૃત્ય કર્યુ નહિ; અમે તમારા માટે દર્દ ભર્યાં
ગીતો ગાયાં, પરંતુ તમે રડ્યા નહિ.'

૧૮યોહાન બાપ્તિસ્ત બીજાની માફક ખાતો પીતો નથી
આવ્યો તેથી લોકો કહે છે કે, 'તેની અંદર ભૂત છે.'
૧૯માણસનો દીકરો જે આવ્યો છે તે બીજાઓની જેમ
ખાય છે. પીએ છે, 'એના તરફ તો જુઓ! તે કેટલું બધું
ખાય છે અને કેટલું બધું પીવે છે, ઉપરાંત કર ઉઘરાવનાર
અને પાપીઓનો મિત્ર છે.' પરંતુ તેનું શાણપણ પોતાના
કાર્યોના પરિણામથી ન્યાયી પુરવાર થાય છે."

## અવિશ્વાસીઓને ઈસુની ચેતવણી

૨૦ઈસુએ જ્યાં જ્યાં તેનાં મોટા ભાગનાં પરાક્રમી
કાર્યો કર્યાં હતાં, તે નગરોની ટીકા કરી કારણ કે લોકો
પોતાના જીવનમાં પરિવર્તન લાવ્યા નહિ. અને પાપકર્મો
કરવાનું છોડ્યું નહિ. ૨૧ઈસુએ કહ્યું, "ઓ ખોરાઝીન*
તને હાય! હાય! ઓ બેથસૈદા તને હાય! હાય! જો આ
પરાક્રમો મેં દુષ્ટ એવા તૂર અને સિદોન* ના નગરોમાં
કર્યાં હોત તો ત્યાંના લોકોએ પસ્તાવો કર્યો હોત અને
તેમના પર ટાટ તથા રાખ* નાખીને બતાવ્યું હોત કે
તેઓ તેમના પાપોને માટે દુઃખી હતાં. ૨૨પણ હું તમને
કહું છું કે ન્યાયના દિવસે તૂર અને સિદોનને આકાશ
જેટલી ઊંચી પદવીએ પહોંચાડાશે. ૨૩ઓ કફર–નહૂમ,
શું તું એમ માને છે કે તને ઉચ્ચ પદ માટે આકાશમાં
લઈ જવામાં આવશે? ના! તને તો હાદેસના ખાડામાં
નાખવામાં આવશે. તારામાં જે ચમત્કારો થયા તે જો
સદોમમાં થયા હોત તો તે નગર આજ સુધી ટકી રહ્યું
હોત. ૨૪હું કહું છું કે, "ન્યાયના દિવસે સદોમની હાલત
તારાં કરતા સારી હશે."

## ઈસુ તેના લોકોને વિસામો આપે છે

૨૫પછી ઈસુએ કહ્યું, "ઓ બાપ, આકાશ તથા પૃથ્વીના
પ્રભુ, હું તારી સ્તુતિ કરું છું. તારો આભારી છું કારણ તેં
જ્ઞાનીઓથી આ સત્યોને ગુપ્ત રાખીને જે લોકો નાના
બાળકો જેવા છે તેમની આગળ પ્રગટ કર્યુ છે. ૨૬હા,
ઓ બાપ, આ તેં એટલા માટે કર્યુ કે તારે એ પ્રમાણે
કરવું હતું.

૨૭"મારા બાપે મને બધું જ આપ્યું છે. બાપ સિવાય
દીકરાને કોઈ ઓળખતું નથી અને બાપને દીકરા સિવાય
કોઈ ઓળખી શકતું નથી. અને એવા લોકો જે બાપને
ઓળખે છે તે એવા લોકો છે જેને દીકરો તેની પાસે
બાપને પ્રગટ કરવા પસંદ કરે છે, તેઓ જ બાપને
ઓળખે છે.

૨૮"તમારામાંના જે થાકી ગયા છે અને ભારે બોજ
વહન કરી રહ્યા છે તેઓ મારી પાસે આવો. અને હું
તમને વિસામો આપીશ. ૨૯તમે મારો બોજ ઉઠાવો અને
મારી પાસેથી શીખો. કારણ હું દીન અને નમ્ર છું તેથી
તમારા જીવમાં વિસામો પામશો. ૩૦મારું જે કાર્ય તમને

---

**ખોરાઝીન, બેથસૈદા, કફર–નહૂમ** ગાલીલ સરોવર પાસેના નગરો જયાં ઈસુ લોકોને બોધ કરતો હતો.

**તૂર અને સિદોન** લેબેનોનમાંના નગરો જયાં ખૂબ ખરાબ લોકો રહેતા હતા.

**ટાટ તથા રાખ** તે દિવસોમાં શોક વ્યકત કરવા ટાટના મોટા વસ્રો પહેરતા અને શરીર પર રાખ લગાવતા.

સ્વીકારવા કહું છું તે સહેલું છે અને તમારા પર જે બોજ
મૂકુ છું તે ઊંચકવામાં હલકો છે."

### કેટલાક યહૂદીઓ ઈસુની ટીકા કરે છે

**૧૨** તે સમયે, ઈસુ વિશ્રામવારે પોતાના શિષ્યો
સાથે અનાજના ખેતરોમાંથી જતો હતો. તેના
શિષ્યો ભૂખ્યા થયા હતા. તેથી તેઓ અનાજના કણસલાં
તોડી ખાવા લાગ્યા. ૨ફરોશીઓએ આ જોયું અને તેમણે
ઈસુને કહ્યું: "જો! તારા શિષ્યો શાસ્ત્રના નિયમનો ભંગ
કરે છે. અને અનાજના કણસલાં તોડે છે જે વિશ્રામવારે
કરવાની મનાઈ છે."

૩ઈસુએ તેમને કહ્યું, "શું તમે વાંચ્યું છે કે જયારે
દાઉદ અને તેના સાથીદારો ભૂખ્યા થયા હતા ત્યારે
દાઉદે શું ર્ક્યુ હતું? ૪દાઉદ દેવના ઘરમાં ગયો હતો અને
દેવને અર્પેલી રોટલી ખાવાની છૂટ ફક્ત યાજકોને હોય
છે તે તેણે ખાધી હતી. આ નિયમશાસ્ત્રનો ભંગ ન
હતો? ૫શું મૂસાના નિયમશાસ્ત્રમાં તમે કદીયે વાંચ્યું
નથી? વિશ્રામવારે ફરજ પાલન કરનારા યાજકો
નિયમનો ભંગ કરે અને છતાં પણ તેમને દોષિત ગણાવતા
નથી? ૬હું તમને કહું છું, અહીં એવું કોઈક છે કે જે
મંદિર કરતાં પણ મોટો છે. ૭શાસ્રો કહે છે, 'મારે પ્રાણીના
યજ્ઞો નથી જોઈતા; પણ હું લોકોમાં દયા ચાહું છું.' તમે
જો શાસ્રોના આ શબ્દોના સાચા અર્થો સમજતા હોત તો
જેઓ નિર્દોષ છે, તેઓને દોષિત ન ઠરાવત.

૮"આ માણસનો દીકરો વિશ્રામવારનો પણ પ્રભુ છે."

### ઈસુ માણસના અપંગ હાથને સાજો કરે છે

૯ઈસુ ત્યાંથી નીકળીને તેઓના સભાસ્થાનમાં
આવ્યો. ૧૦ત્યાં સભાસ્થાનમાં એક વ્યક્તિ હતી જેનો
હાથ અપંગ હતો. તેથી લોકોએ ઈસુને પૂછયું, "શું
નિયમશાસ્ર અનુસાર વિશ્રામવારે કોઈને સાજો કરવો
એ શું યોગ્ય ગણાય?"

૧૧ઈસુએ ઉત્તર આપ્યો, "ધારો કે તમારી પાસે એક
ઘેટું હોય અને વિશ્રામવારે તે ખાડામાં પડી ગયું હોય
તો શું તમે તેને પકડી ખાડામાંથી બહાર નહિ કાઢો?
૧૨ઘેટાં કરતાં મનુષ્ય વધારે મૂલ્યવાન છે, માટે
વિશ્રામવારે ભલાઈનાં કામ કરવાની નિયમશાસ્ર
અનુસાર મંજૂરી હોય છે."

૧૩પછી ઈસુએ પેલા માણસને કહ્યું, "તારો હાથ
મને જોવા દે." તે માણસે પોતાનો હાથ ઈસુ પાસે ધર્યો
કે તરત જ તેનો હાથ બીજા હાથ જેવો થઈ ગયો.
૧૪ફરોશીઓ ત્યાંથી ચાલ્યા ગયા અને ઈસુને મારી
નાખવાની યોજના બનાવી.

### ઈસુ દેવનો પસંદ કરેલ સેવક

૧૫ફરોશીઓ શું કરવાના છે, તેની ઈસુને જાણ થઈ.
તેથી ઈસુ તે જગ્યા છોડી ચાલ્યો ગયો. ઘણા લોકો તેની
પાછળ ગયા. ઈસુએ બધા જ બિમાર લોકોને સાજા
કર્યા. ૧૬ઈસુએ લોકોને ચેતવણી આપી કે તે કોણ હતો,
તે બીજા લોકોને કહેવું નહિ. ૧૭આમ બન્યુ, જેથી યશાયા
પ્રબોધકના શબ્દો સાચા પૂરવાર થયા,

૧૮ "જુઓ, આ મારો સેવક છે; જેને મેં (દેવ)પસંદ
કર્યો છે; હું તેને પ્રેમ કરું છું અને એનાથી હું
સંતુષ્ટ છું; હું મારો આત્મા તેનામાં મૂકીશ, અને
તે બધા દેશોના લોકોનો ન્યાય કરશે.
૧૯ તે વાદવિવાદ કરશે નહિ કે બૂમો પાડશે નહિ;
લોકો તેને શેરીઓમાં ઊંચા અવાજે બોલતો
સાંભળશે નહિ.
૨૦ કારણ કે ન્યાયનો વિજય ન થાય ત્યાં સુધી બરું
જેવા કમજોરને તે કચડી નાખશે નહિ; કે મંદ
મંદ સળગતી જ્યોતને તે હોલવી નાખશે નહિં.
બધા જ દેશોનો ન્યાયનો વિજય થશે ત્યાં સુધી
પોતાનું કાર્ય ચાલુ રાખશે.
૨૧ બધા જ રાષ્ટ્રોના લોકો તેનામાં આશા રાખશે."

*યશાયા ૪૨:૧-૪*

### દેવ તરફથી પ્રાપ્ત થયેલ ઈસુનું સામર્થ્ય

૨૨પછી કેટલાએક માણસો એક માણસને ઈસુ પાસે
લાવ્યા. તે અંધ હતો અને બોલી પણ શકતો ન હતો,
કારણ તેનામાં ભૂત હતુ. ઈસુએ તેને સાજો કર્યો. તે
માણસ બોલતો થયો અને દેખતો પણ થયો. ૨૩બધા જ
લોકો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા અને કહેવા લાગ્યા કે, "તે
(ઈસુ) દાઉદનો દીકરો હોય તેમ બની શકે! જેને દેવે
આપણી પાસે મોકલવાનું વચન આપ્યું છે!"

૨૪જયારે ફરોશીઓએ સાંભળ્યું ત્યારે કહેવા લાગ્યા,
"ઈસુ ભૂતોના રાજા બાલઝબૂલની મદદથી ભૂતોને હાંકી
કાઢે છે."

૨૫ઈસુને જ્યારે તેમના વિચારોની જાણ થઈ, ત્યારે
ઈસુએ કહ્યું, "દરેક રાજ્ય જયારે અંદરો અંદર લડે તો
તેનો નાશ થાય છે. દરેક શહેરમાં જયારે ભાગલા પડે
તો તે લાંબો સમય ટકી શકતું નથી. તેમ દરેક કુટુંબમાં
પણ ભાગલા પડે તો તે કુટુંબ ઊભુ રહી શકે નહિ."

[26]તે રીતે જો શેતાન શેતાનને હાંકી કાઢે તો તેના પોતાનાથી જ છૂટો પડે તો પછી તેનું રાજ્ય કેવી રીતે ટકાવી શકે. [27]તમે કહો છો કે ભૂતોને કાઢી મૂકવા હું બાલઝબૂલનો ઉપયોગ કરુ છું, જો એ સાચુ હોય તો તમારા લોકો ભૂતોને હાંકી કાઢવા કઈ શક્તિનો ઉપયોગ કરે છે? આથી તમારા લોકો જાતે જ સાબિત કરે છે કે, તમે ખોટા છો. [28]પણ હું તો ભૂતોને કાઢવા દેવના આત્માના સામર્થ્યનો ઉપયોગ કરું છું. જે બતાવે છે કે હવે દેવનું રાજય તમારી નજીક આવી રહ્યું છે.

[29]"જો કોઈએ બળવાનના ઘરમાં પ્રવેશ કરવો હોય અને તેની વસ્તુઓ ચોરી લેવી હોય તો, પહેલા તો બળવાન માણસને તમારે બાંધી દેવો જોઈએ, પછી જ તે માણસના ઘરમાં કોઈ પણ વ્યક્તિ તેની વસ્તુઓની ચોરી કરી શકે છે.

[30]"જો જે વ્યક્તિ મારી સાથે નથી તો તે મારી વિરુદ્ધમાં છે. જે મારી સાથે કામ કરી શકતો નથી. તે મારી વિરુદ્ધમાં કામ કરે છે. [31]તેથી હું કહું છું, લોકોએ કરેલું દરેક પાપ અને પ્રત્યેક દુર્ભાષણ આ બધુ જ માફ થઈ શકે છે. પણ જે કોઈ માણસ પવિત્ર આત્માની વિરુદ્ધ જે દુર્ભાષણ કરે છે તે માણસને માફ નહિ કરાશે. [32]કોઈ માણસના દીકરાની વિરુદ્ધ બોલે તો તેને માફ થઈ શકે, પરંતુ કોઈ પવિત્ર આત્માની વિરુદ્ધ બોલે તો તે વ્યક્તિને માફ કરી શકાય નહિ. આ યુગમાં પણ નહિ, ને આવનાર યુગમાં પણ નહિ.

### કાર્યથી માણસની ઓળખાણ

[33]"જો તમારે સારું ફળ જોઈતું હોય તો સારુ વૃક્ષ રોપવું જોઈએ, તમારું વૃક્ષ સારુ નહિ હોય તો તેને ખરાબ ફળ મળશે. વૃક્ષની ઓળખાણ તેના ફળથી જાણી શકાય છે. [34]ઓ સર્પોના વંશ, તમે જ ખરાબ હો તો સારી વાત કેવી રીતે કરી શકો? તમારા હૃદયમાં જે કાંઈ ભર્યુ છે તે જ મુખ બોલે છે. [35]સારા માણસના હૃદયમાં સારી વસ્તુ સંઘરેલી હોય તો તે સારુ જ બોલે છે. પણ જો દુષ્ટના હૃદયમાં ખરાબ વાત સંઘરેલી હોય તો તેને હોઠે ખરાબ વાત જ બોલાય છે. [36]પણ હું તમને કહું છું કે ન્યાયકાળે દરેક વ્યક્તિએ તેણે બોલેલા પ્રત્યેક અવિચારી શબ્દ માટે ઉત્તર આપવો પડશે. [37]તમે બોલેલા શબ્દોના આધારે જ તમારો ન્યાય કરવામાં આવશે, તમારી કહેલી કેટલીક વાતો તમને નિર્દોષ ઠરાવશે. અને તમારી કહેલી કેટલીક વાતો તમને દોષિત ઠરાવશે."

### ઈસુની પાસે યહૂદીઓએ નિશાની માંગી

[38]એક દિવસે કેટલાક ફરોશીઓ અને શાસ્રીઓ ઈસુની પાસે આવ્યા. તેમણે કહ્યું, "ઉપદેશક, અમને નિશાનીરૂપે કંઈ ચમત્કાર કરી બતાવ."

[39]ઈસુએ કહ્યું, "કેવળ દુષ્ટ અને અવિશ્વાસી લોકો જ નિશાની તરીકે ચમત્કારની માંગણી કરે છે. પરંતુ યૂના પ્રબોધકની નિશાની સિવાય બીજી કોઈ નિશાની અપાશે નહિ. [40]જેમ યૂના ત્રણ દિવસ અને ત્રણ રાત મોટી માછલીના પેટમાં રહ્યો તેમ માણસનો દીકરો પૃથ્વીના પેટમાં ત્રણ દિવસ અને ત્રણ રાત રહેશે. [41]ન્યાયકાળે નિનવેહના લોકો આજની પેઢીના તમારા લોકો સાથે ઊભા રહેશે, અને તમને દોષિત ઠરાવશે. કેમ કે જ્યારે યૂનાએ તેઓને ઉપદેશ આપ્યો, ત્યારે તેઓએ પસ્તાવો કર્યો અને પોતાના ખરાબ માર્ગ છોડી દઈ દેવની તરફ વળ્યા. પણ જુઓ યૂના કરતાં અહીં એક મોટો છે તો પણ તમે તેના પર વિશ્વાસ કરવાનો ઈન્કાર કરો છો. [42]ન્યાયના દિવસે શેબાની રાણી આજની પેઢીના તમારા લોકો સાથે ઊભી રહેશે કારણ કે ઘણે દૂરથી સુલેમાનનું જ્ઞાન સાંભળવા આવી હતી. અહીં સુલેમાન કરતાં પણ એક મોટો છે.

### લોકોમાં શેતાન

[43]"અશુદ્ધ આત્મા માણસમાંથી નીકળ્યા પછી ઉજ્જડ સ્થળોએ વિસામો શોધતો ફરે છે પણ એને એવું કોઈ જ સ્થળ વિસામા માટે મળતું નથી. [44]તેથી તે કહે છે, 'જેના ઘેરથી (વ્યક્તિ) હું નીકળ્યો છું તેના જ ઘરે (વ્યક્તિ) હું પાછો જઈશ. તેથી તે પાછો આવે છે અને જુએ છે તો પેલા માણસનું ઘર ખાલી સ્વચ્છ અને સુઘડ બનાવેલું છે. [45]પછી તે અશુદ્ધ આત્મા જાય છે અને પોતાના કરતાં વધુ ભૂંડા એવા સાત અશુદ્ધ આત્માઓને લાવે છે. અને એ બધા જ પેલા માણસમાં પ્રવેશીને રહે છે. આ અગાઉ કરતાં તેની દશા વધારે કફોડી બને છે. આ દુષ્ટ પેઢીના લોકો જે આજે છે તેમની હાલત પણ એવી જ થશે."

### ઈસુના શિષ્યો જ તેનું કુટુંબ

[46]ઈસુ જ્યારે લોકોને વાત કરી રહયો હતો ત્યારે તેની સાથે વાત કરવાની ઈચ્છાથી તેની મા અને ભાઈઓ ઘરની બહાર ઊભા રહ્યા હતા. [47]એક માણસે ઈસુને આવીને કહ્યું, "તારી મા અને ભાઈઓ તારી સાથે વાત કરવાની ઈચ્છાથી તારી રાહ જોઈને બહાર ઊભા રહ્યાં છે."

૪૮ઈસુએ ઉત્તર આપ્યો. "કોણ મારી મા અને કોણ મારા ભાઈઓ?" ૪૯પછી ઈસુએ પોતાના શિષ્યો તરફ આંગળી ચીંધી ને કહ્યું, "જુઓ! આ લોકો જ મારી મા અને મારા ભાઈઓ છે. ૫૦મારા આકાશમાંના બાપની ઈચ્છા પ્રમાણે જે વર્તે છે તે જ મારા ભાઈ, બહેન, અને મા છે."

### ઈસુ બીજ વાવનારનું દૃષ્ટાંત કહે છે

**૧૩** તે જ દિવસે ઈસુ ઘરમાંથી નીકળીને સરોવરના કિનારે જઈને બેઠો. ૨ઘણા લોકો તેની આસપાસ ભેગા થયા. તેથી તે હોડીમાં પ્રવેશ્યો અને બેઠો. લોકો કિનારે ઊભા રહ્યા. ૩ઈસુએ દૃષ્ટાંતો દ્વારા ઉપદેશ આપવાનું શરૂ કર્યુ. તેણે કહ્યું, "એક ખેડૂત ખેતરમાં વાવવા માટે બહાર ગયો. ૪જ્યારે ખેડૂત વાવણી કરતો હતો ત્યારે કેટલાંએક બી રસ્તાની બાજુએ પડયાં. પક્ષીઓ આવ્યાં અને તે ખાઈ ગયાં. ૫કેટલાંએક બી પથ્થરવાળી જમીન પર પડ્યાં. ત્યાં પૂરતી માટી નહોતી. અને માટીનું ઊંડાણ નહોતું. તેથી બી જલ્દી ઊગી નીકળ્યાં. ૬પણ સૂર્યના તાપથી બધા જ કુમળા છોડ ચીમળાઈ ગયા અને સુકાઈ ગયા. કારણ તેમનાં મૂળ ઊંડાં ન હતાં. ૭કેટલાએક બી કાંટા ઝાંખરામાં પડ્યાં. ઝાંખરા ઉગ્યાં પણ સારા બી ના છોડને ઉગતા જ દબાવી દીધા. ૮કેટલાંક સારી જમીનમાં પડયાં અને તેમાંથી છોડ ઊગ્યા, અને અનાજ ઉત્પન્ન કર્યુ. કેટલાંક છોડે સોગણાં, કેટલાંકે સાઠગણાં અને કેટલાંકે ત્રીસગણાં ફળ ઉત્પન્ન કર્યા. ૯તમે લોકો જે મને સાંભળી રહ્યાં છો, તે ધ્યાનથી સાંભળો!"

### ઈસુના ઉપદેશમાં દૃષ્ટાંતનો ઉપયોગ

૧૦પછી ઈસુના શિષ્યોએ તેને આવીને પૂછયું, "તું લોકોને દૃષ્ટાંતો દ્વારા શા માટે શીખવે છે?"

૧૧ઈસુએ શિષ્યોને કહ્યું, "આકાશના રાજ્ય અને તેના મર્મો વિષે તમને સમજવાનો અધિકાર આપવામાં આવ્યો છે પરંતુ તે બીજા લોકોને આપવામાં આવ્યો નથી. ૧૨જેની પાસે સમજ છે, તેને આપવામાં આવશે અને તેની પાસે તેની જરૂરિયાત કરતાં પણ પુષ્કળ થશે, પણ જેની પાસે સમજ નથી, તેની પાસે જે થોડી ઘણી છે તે પણ ગુમાવી બેસશે. ૧૩આથી હું દૃષ્ટાંત દ્વારા તેમને કહું છું કે તમે નજર કરશો અને તમને દેખાશે. લોકો જુએ છે પણ હકીકતમાં તેઓ જુએ છે છતાં તેઓ જોતા નથી. તેઓ સાંભળે છે, પણ હકીકતમાં તેઓ સાંભળતા નથી અને સમજતા પણ નથી. ૧૪તેથી યશાયા પ્રબોધકે ભવિષ્યવાણી કરી છે તે સાચી પડી છે:

> 'તમે લોકો સાંભળશો અને સાંભળતા જ રહેશો,
> પણ કદી સમજશો નહિ. તમે જોઈ શકશો છતાં
> પણ કદી પણ જોઈ શકશો નહિ અને તમે શું
> જુઓ છો તે સમજી શકશો નહિ તેમના કિસ્સામાં
> આ સાચું સાબિત થયું છે.
> ૧૫ કેમ કે આ લોકોનું હૃદય લાગણી વિહિન થઈ
> ગયું છે. તેઓને કાન છે, પણ ભાગ્યે જ સાંભળે
> છે, અને તેઓએ પોતાની આંખો બંધ કરી છે.
> કારણ સત્ય જોવું નથી, નહિ તો તેઓ પોતાની
> આંખોથી જુએ, પોતાના કાનથી સાંભળે, અને
> પોતાના હૃદયથી સમજી પાછા ફરે તો હું તેઓને
> સાજા કરુ.'
>
> *યશાયા ૬:૯-૧૦*

૧૬પણ તમે આશીર્વાદ પામેલા છો, કારણ કે તમારી આંખો જોઈ શકે છે અને તમારા કાન સાંભળી શકે છે. ને સમજી શકે છે. ૧૭હું તમને સત્ય કહું છું કે ઘણા પ્રબોધકો અને સારા માણસો તમે જે જુઓ છો તે જોવા ઈચ્છતા હતા પરંતુ તેઓ જોઈ શકયા નહિ. અને ઘણા પ્રબોધકો અને સારા માણસો તમે જે સાંભળો છો તે સાંભળવા ઈચ્છતા હતા પરંતુ તે સાંભળી શકયા નહિ.

### ઈસુ બી નો અર્થ સમજાવે છે

૧૮"બી વાવનાર ખેડૂતનાં દૃષ્ટાંતનો અર્થ ધ્યાનથી સાંભળો. ૧૯જે બીજ રસ્તા ઉપર પડયા છે તેનો અર્થ શો? એનો અર્થ એ કે જે રાજ્ય વિષેનો સંદેશ સાંભળે છે પણ તે સમજી શકતો નથી, ત્યારે શેતાન આવીને તેના મનમાં જે વાવેલું છે તે છીનવીને લઈ જાય છે. રસ્તાની કોરે જે વાવેલું તે એ જ છે. ૨૦અને ખડકાળ પ્રદેશમાં બી પડે છે, તેનો અર્થ શો? એ બી એવા માણસ જેવું છે કે જે ઉપદેશ સાંભળે છે અને તરત જ આનંદથી સ્વીકારી લે છે. ૨૧તો પણ તેના પોતામાં જડ નહિ હોવાથી તે થોડીવાર ટકે છે અને જયારે વચનને લીધે વિપત્તિ અથવા સતાવણી આવે છે ત્યારે તે તરત ઠોકર ખાય છે તે માણસનાં હૃદય સુધી તે ઉપદેશની અસર થાય અને જ્યારે તેને સ્વીકારેલા સંદેશને લીધે સતાવણી થાય છે ત્યારે ઝડપથી સિધ્ધાંતો ત્યજી દે છે અને પાછો પડે છે. ૨૨અને જે બી કાંટા અને ઝાંખરામાં પડ્યાં છે તે એવી વ્યક્તિ જેવા છે કે જે ઉપદેશ સાંભળે છે પણ

જયારે દુન્યવી ચિંતાઓ અને સંપત્તિના પ્રલોભનો આવે છે ત્યારે સંદેશને ગુંગળાવી નાખે છે. અને તેને ઊગતા અટકાવે છે. અને તે કોઈ ફળ ધારણ કરી શકતા નથી. ૨૩સારી જમીન ઉપર પડેલા બી નો અર્થ એ છે કે જે વ્યક્તિ આ ઉપદેશ સાંભળે છે અને સમજે છે તે તેનાં ફળ પામે છે અને કોઈવાર તે જીવનમાં સોગણાં, કોઈવાર સાઠ ગણાં અને કોઈવાર ત્રીસગણાં ફળ ધારણ કરે છે."

### ઘઉં અને નકામા છોડ વિષે વાર્તા

૨૪ઈસુએ બીજું એક દૃષ્ટાંત કહ્યું, "આકાશનું રાજ્ય એ વ્યક્તિ જેવું છે, જેણે પોતાના ખેતરમાં સારા બીજની વાવણી કરી હતી. ૨૫એક રાત્રે, બધાં જ માણસો ઊંઘતા હતા. ત્યારે તેનો વૈરી આવ્યો અને ઘઉંમાં નકામા બી વાવી ગયો. ૨૬પણ જ્યારે છોડ ઊગ્યા અને દાણા દેખાયા ત્યારે નકામા છોડ પણ દેખાયા. ૨૭ખેડૂતનો છોકરો આવ્યો અને તેને કહ્યું, 'શું તમે ખેતરમાં સારા બી વાવ્યા ન હતાં? તો પછી ખરાબ છોડ ક્યાંથી આવ્યા?'

૨૮"તે માણસે ઉત્તર આપ્યો, 'વૈરીઓએ આ વાવ્યું છે,'

"નોકરે પૂછયું, 'તમે રજા આપો તો નકામા છોડ કાઢી નાખીએ.'

૨૯"તેણે કહ્યુ, 'ના, તેમ કરવા જશો તો નકામા છોડ સાથે ઘઉંના છોડ પણ ઉખાડી નાખશો. ૩૦પાક લણતાં સુધી ઘઉં અને નકામા દાણા ભલે સાથે ઊગે પાક લણણીના સમયે લણનારાઓને હું કહીશ પહેલા નકામા છોડને ભેગા કરો. તેમને બાળી નાખવાના હેતુથી તેમના ભારા બાંધો. અને પછી ઘઉં મારા કોઠારમાં ભેગા કરો.'"

### ઈસુ બીજી દૃષ્ટાંત કથાઓ સાથે શિક્ષણ આપે છે

૩૧પછી ઈસુએ લોકોને બીજું દૃષ્ટાંત કહ્યું, "આકાશનું રાજય રાઈના બી જેવું છે જેને માણસે લઈને તેના ખેતરમાં વાવ્યું. ૩૨બધા જ બી કરતાં તે સૌથી નાનું છે. પણ તે જ્યારે ઉગે છે ત્યારે બગીચાનાં બધા જ છોડ કરતાં વધારે મોટું બને છે અને તે વૃક્ષ બને છે. અને પક્ષીઓ ત્યાં આવીને ડાળીઓમાં માળા બાંધે છે."

૩૩પછી તેણે બીજુ દૃષ્ટાંત કહ્યું કે, "આકાશનું રાજય ખમીર જેવું છે, એક સ્ત્રીએ ત્રણ ગણાં લોટમાં ખમીર ભેળવ્યું જ્યાં સુધી બધા જ લોટને આથો આવી ખમીર તૈયાર ન થયું ત્યાં સુધી તે રહેવા દીધું."

૩૪ઈસુએ લોકોને દૃષ્ટાંત કથાઓ દ્વારા ઉપદેશ આપ્યો. તેણે દૃષ્ટાંત કથાઓનો ઉપયોગ કર્યા સિવાય કદીય ઉપદેશ આપ્યો નથી. ૩૫આમ એટલા માટે બન્યું, પ્રબોધકે જે કહ્યું હતું તે સાચું પડે:

> "હું દૃષ્ટાંતો દ્વારા જ વાત કરીશ; અને પૃથ્વીની ઉત્પત્તિથી અત્યાર સુધી ગુપ્ત રખાયેલા રહસ્યોને હું સમજાવીશ."
>
> *ગીતશાસ્ત્ર ૭૮:૨*

૩૬પછી ઈસુ લોકસમુદાયને છોડી ઘરમાં ગયો, તેના શિષ્યોએ આવીને તેને વિનંતી કરી, "અમને ખેતરના નકામા છોડવાનું દૃષ્ટાંત સમજાવો." ૩૭ઈસુએ ઉત્તર આપ્યો, "જેણે સારા બી નું વાવેતર કર્યુ છે તે માણસનો દીકરો છે. ૩૮આ ખેતર પણ જગત છે જ્યાં સારા બી રાજયના સંતાન છે અને ખરાબ બી શેતાનનાં સંતાન છે. ૩૯જે વૈરીએ ખરાબ બી વાવ્યા તે શેતાન છે, કાપણી એ જગતનો અંત છે, અને પાક લણનારા એ દૂતો છે.

૪૦"આ દૃષ્ટાંતમાં જેમ નકામા છોડને જુદા કાઢી બાળી દેવામાં આવે છે તે જ પ્રમાણે જગતના અંતકાળે થશે. ૪૧માણસનો દીકરો પોતાના દૂતોને મોકલશે એ દૂતો એવા લોકો જેઓ બીજાને પાપ કરવા પ્રેરે છે અને જેઓ અનિષ્ટ કરે છે તેમને બહાર કાઢશે અને તેમને તેના રાજ્યની બહાર લઈ જશે. ૪૨તે દૂતો આવા માણસોને અગ્નિની ભઠ્ઠીમાં ફેંકી દેશે. જ્યાં લોકો વેદનાને લીધે રડશે અને દાંત પીસશે. ૪૩ત્યારે સારા લોકો જ તેના બાપના રાજ્યમાં સૂરજની માફક ચમકશે. જે સાંભળી શકતા હોય તે મારી વાત ધ્યાનથી સાંભળી લો!

### ધન ભંડાર અને મોતીની વાર્તા

૪૪"આકાશનું રાજય ખેતરમાં સંતાડેલા ખજાના જેવું છે. એક દિવસ જ્યારે માણસને તે ખજાનો મળ્યો ત્યારે ખૂબ ખુશ થયો અને તે જ ખેતરમાં ધનનો ખજાનો સંતાડી દીધો. અને તે ખેતર ખરીદવા પોતાની પાસે જે કંઈ હતું, તે બધું જ વેચી દીધું.

૪૫"વળી, આકાશનું રાજય સુંદર સાચા મોતીની શોધ કરવા નીકળેલા એક વેપારી જેવું છે. ૪૬એક દિવસે તે વેપારીએ આ વિશિષ્ટ મૂલ્યવાન મોતી જોયું ત્યારે તે ગયો અને તેની પાસે જે કંઈ હતુ તે બધુ વેચી દીધું અને તે ખરીદી લીધું.

### માછલીની જાળની વાર્તા

૪૭"અને આકાશનું રાજય એક જાળ જેવું છે. જેને સરોવરમાં નાખીને બધી જ જાતની માછલીઓ પકડી

હતી. ૪૮જયારે જાળ પૂરી માછલીઓથી ભરાઈ ગઈ
ત્યારે તેણે જાળને પાણીમાંથી બહાર કાઢી સારી
માછલીઓ ટોપલીઓમાં ભરી દીધી. અને ખરાબ
માછલીઓને ફેંકી દીધી. ૪૯સૃષ્ટિના અંત સમયે પણ
આવું જ થશે. દૂતો આવીને દુષ્ટ માણસોને સારા માણસોથી
જુદા પાડશે. ૫૦દૂતો દુષ્ટ માણસોને ધગધગતા અગ્નિમાં
ફેંકી દેશે જયાં એ લોકો કલ્પાંત કરશે અને દુ:ખથી
તેમના દાંત પીસશે અને દુ:ખી થશે."

૫૧પછી ઈસુએ તેના શિષ્યોને પૂછયું; "હવે તમે આ
બધી બાબતો સમજો છો?"

શિષ્યોએ કહ્યું કે, "હા, અમે સમજીએ છીએ."

૫૨પછી ઈસુએ શિષ્યોને કહ્યું, "જે શાસ્રીઓ
આકાશના રાજ્ય વિષે જાણે છે એ એક એવા ઘર માલિક
છે કે જે તેના કોઠારમાંથી નવી અને જુની વસ્તુઓ
બહાર કાઢી નાખે છે."

### ઈસુ વતનમાં પાછો ફર્યો

૫૩જ્યારે ઈસુએ દષ્ટાંતો દ્વારા પોતાનો ઉપદેશ પૂરો
કર્યા પછી ત્યાંથી ચાલી નીકળ્યો. ૫૪ઈસુ જ્યાં ઉછરીને
મોટો થયો હતો ત્યાં ગયો અને લોકોને તેમના
સભાસ્થાનમાં ઉપદેશ આપવા લાગ્યો. અને લોકો
આશ્ચર્યમુગ્ધ થયા અને કહ્યું, "આ માણસને આવું
ડહાપણ અને ચમત્કાર કરવાનું પરાક્રમ કયાંથી પ્રાપ્ત
થયું?" ૫૫આ તો એક સુથારનો દીકરો છે. તેની મા
મરિયમ તરીકે ઓળખાય છે. તેના ભાઈઓને યાકૂબ,
યૂસફ, સિમોન અને યહૂદા તરીકે આપણે ઓળખીએ
છીએ. ૫૬તેની બહેનો પણ અહીં જ રહે છે, તો આ
માણસમાં આટલું બધું ડહાપણ અને આ બધું કરવાનું
સામર્થ્ય કયાંથી આવ્યાં? ૫૭એથી એ લોકોએ તેનો
સ્વીકાર કર્યો નહિ.

એટલે ઈસુએ લોકોને કહ્યુ, "પ્રબોધકને પોતાના ગામ
કે પોતાના ઘર સિવાય બધે જ સન્માન મળે છે."

૫૮તે લોકો ઈસુમાં વિશ્વાસ કરતાં ન હતા, તેથી તેણે
ત્યાં ઘણાં પરાક્રમી કાર્યો બતાવ્યા નહિ.

### હેરોદે ઈસુના વિષે સાંભળ્યું

**૧૪** આ સમયે ગાલીલના રાજ્યકર્તા હેરોદે, ઈસુ
વિષે સાંભળ્યું. ૨ત્યારે તેણે પોતાના ચાકરોને
કહ્યું, "આ માણસ (ઈસુ) તો યોહાન બાપ્તિસ્ત છે. તે
મૃત્યુમાંથી ઉઠયો છે. તેથી જ આ પરાક્રમી કામો કરવા
તે સામર્થ્યવાન છે."

### યોહાનની હત્યા

૩હેરોદે આ પહેલા યોહાનને કેદ કર્યો હતો અને
તેને સાંકળો વડે બાંધી જેલમાં પૂરી દીધો હતો. હેરોદના
ભાઈ ફિલિપની પત્ની હરોદિયાને લીધે યોહાનની
ધરપકડ થઈ હતી. ૪હેરોદે યોહાનની ધરપકડ એટલા
માટે કરી હતી કે તે તેને વારંવાર કહેતો કે, "હેરોદિયાની
સાથે રહેવું તારા માટે ઉચિત નથી." ૫તેથી હેરોદ તેને
મારી નાંખવા માંગતો હતો પરંતુ તે લોકોથી ડરતો હતો.
કારણ લોકો યોહાનને પ્રબોધક માનતા હતા.

૬પણ હેરોદના જન્મ દિવસે હેરોદિયાની દીકરીએ
હેરોદ અને તેના મહેમાનોની સમક્ષ નૃત્ય કર્યુ. તેથી તે
ખૂબ ખુશ થયો. ૭હેરોદે તેને વચન આપ્યું કે તારે જે
જોઈએ તે માંગ હું તને આપીશ. ૮શું માંગવું તે હેરોદિયાએ
તેની દીકરીને કહ્યું, તેથી તેણે હેરોદને કહ્યું, "આ થાળીમાં
યોહાન બાપ્તિસ્તનું માથું મને આપ." ૯રાજા હેરોદ
ખૂબ જ દિલગીર થયો પણ તેના મહેમાનોની સમક્ષ
તેણે તે દીકરીને વચન આપ્યું હતું, તેથી તેની માંગ પૂરી
કરવા હુકમ કર્યો. ૧૦તેથી તેણે જેલમાં માણસોને
યોહાનનો શિરચ્છેદ કરવા મોકલ્યા. ૧૧યોહાનનું માથું
થાળીમાં મૂકીને છોકરીને આપ્યું. છોકરી તે માથું તેની
મા પાસે લઈ ગઈ. ૧૨પછી યોહાનના શિષ્યો આવ્યા
અને તેનું ધડ લીધુ અને દફનાવી દીધુ. પછી તેઓએ
જઈને ઈસુને આ બધી બાબત જણાવી.

### ઈસુ ૫,૦૦૦થી વધુને જમાણે છે

૧૩ઈસુએ જ્યારે યોહાન વિષે જાણ્યું ત્યારે તે હોડીમાં
એકલો એકાંત સ્થળે ચાલ્યો ગયો. લોકોએ જ્યારે જાણ્યું
કે ઈસુ ચાલ્યો ગયો છે, તો લોકસમુદાય પોતાના ગામ
છોડી તેની પાછળ પાછળ ચાલતો ગયો. ૧૪ઈસુ જ્યારે
હોડીમાંથી બહાર આવ્યો ત્યારે તેણે લોકોની ભીડ જોઈ,
તેમના પર દયા વર્ષાવી, માંદા લોકોને સાજા કર્યા.

૧૫બપોર પછી તેના શિષ્યો તેની પાસે આવ્યા અને
કહ્યું, "આ સુમસાન જગ્યા છે. હવે ખૂબ મોડું થઈ ગયું
છે તો લોકોને મોકલો કે જેથી તેઓ ગામડાઓમાં જાય
અને તેમના માટે થોડું ખાવાનું ખરીદે."

૧૬ઈસુએ કહ્યું, "તમારે દૂર જવાની જરૂર નથી. તમે
તેઓને ખાવા માટે ખોરાક આપો."

૧૭શિષ્યોએ કહ્યું, "પણ આપણી પાસે ફકત પાંચ
રોટલી અને બે માછલી છે."

૧૮ઈસુએ કહ્યું, "રોટલી અને માછલી મારી પાસે
લાવો," ૧૯પછી તેણે લોકોને ઘાસ પર બેસી જવા કહ્યું.
ઈસુએ પાંચ રોટલી અને બે માછલી લીધી અને તેણે

આકાશ તરફ જોયું, ખોરાક માટે દેવનો આભાર માન્યો, તેણે રોટલીના ટૂકડા કર્યા અને તેના શિષ્યોને તે આપ્યા. અને તેઓએ તે લોકોને આપ્યા. ૨૦બધા જ લોકોએ ખાધુ અને ખૂબ જ સંતુષ્ટ થયા. ખોરાકના બાકીના બચેલા ટૂકડાઓ શિષ્યોએ બાર ટોપલીઓમાં ભર્યા. ૨૧જેઓએ ત્યાં ખાધું તેમા સ્રીઓ અને બાળકોને ગણતરીમાં લીધા સિવાય ૫,૦૦૦ પુરુષો હતા.

### ઈસુ સરોવરના પાણી પર ચાલ્યા

૨૨પછી ઈસુએ તેના શિષ્યોને હોડીમાં જવાનું કહ્યુ અને કહ્યું, "તમે સરોવરની પેલે પાર જાઓ, હું થોડી વારમાં આવુ છું." ઈસુ ત્યાં રોકાયો અને લોકોને કહ્યું, "તમે ઘેર જાઓ." ૨૩ઈસુએ લોકોને વિદાય આપી અને ટેકરી પર એકલો પ્રાર્થના કરવા ગયો ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હતું અને ઈસુ એકલો જ ત્યાં હતો. ૨૪આ વખતે હોડી કિનારાથી ખૂબ જ દૂર હતી અને મોજાઓથી ડામાડોળ થઈ રહી હતી કારણ કે તેની સાથે સખત પવન ફૂંકાતો હતો.

૨૫સવારના ત્રણ અને છ વાગ્યાની વચ્ચે ઈસુ સમુદ્રના પાણી પર ચાલતો ચાલતો તેમની પાસે આવ્યો. ૨૬ઈસુને પાણી પર ચાલતો આવતો જોઈને શિષ્યો ભયભીત થયા અને બૂમો પાડવા લાગ્યા કે,"આ ભૂત છે!"

૨૭ઈસુ તરત જ બોલ્યો: "ચિંતા ના કરો! એ તો હું જ છું! ડરો નહિ."

૨૮ત્યારે પિતરે તેને કહ્યું,"પ્રભુ, જો એ તું જ છે, તો તું મને પાણી પર ચાલીને તારી પાસે આવવા કહે."

૨૯ઈસુએ કહ્યું,"પિતર, તું આવ."

પછી પિતર હોડીમાંથી ઉતરી પાણી પર ચાલતો ઈસુ તરફ જવા લાગ્યો. ૩૦પણ જ્યારે પિતર પાણી પર ચાલતો હતો ત્યારે તેણે સખત પવન ફૂંકાતો જોયો અને તે ડરી ગયો. તે ડૂબવા લાગ્યો અને બૂમ પાડી ઊઠ્યો, "હે પ્રભુ, મને બચાવ!"

૩૧તરત જ ઈસુએ તેનો હાથ પકડ્યો અને કહ્યું, "તારો વિશ્વાસ ઘણો ઓછો છે. અને તેં શા માટે શંકા કરી?"

૩૨ઈસુ અને પિતર હોડીમાં ચઢયા પછી પવન શાંત થઈ ગયો. ૩૩તેના જે શિષ્યો હોડીમાં હતા તેઓએ તેને નમન કર્યુ અને કહ્યું, "તું ખરેખર દેવનો દીકરો છે."

૩૪સરોવર પાર કરી, તેઓ ગન્નેસરેતને કિનારે ઉતર્યા. ૩૫લોકોએ જાણ્યું કે ઈસુ આવ્યો છે, તો તેના આગમનના સમાચાર તેઓએ આખા પ્રદેશમાં પ્રસરાવ્યા, અને બધા જ માંદા લોકોને ઈસુ પાસે લાવવા એકબીજાને કહ્યું અને લોકો ઈસુ પાસે બધા જ માંદા માણસોને લાવ્યા. ૩૬અને માંદા લોકો ઈસુને આજીજી કરવા લાગ્યા કે ફક્ત તારા ઝભ્ભાની કિનારને અડકવા દે. જેટલા લોકોએ તેના ઝભ્ભાને સ્પર્શ કર્યો તે બધા જ સાજા થઈ ગયા.

### દેવની આજ્ઞા અને મનુષ્યએ બનાવેલ નિયમો

**૧૫** પછી કેટલાક ફરોશીઓ અને શાસ્રીઓ યરૂશાલેમથી ઈસુની પાસે આવ્યા અને તેઓએ પૂછયું. ૨"તારા શિષ્યો આપણા પૂર્વજોએ નક્કી કરેલા રીતરિવાજોનું પાલન કેમ નથી કરતાં? તેઓ ખાતા પહેલા તેમના હાથ કેમ ધોતા નથી!"

૩ઈસુએ કહ્યું, "તમારા રીતરિવાજોનું પાલન કરવા માટે તમે દેવની આજ્ઞાનું પાલન કરવાની શા માટે ના પાડો છો? ૪દેવે તો કહ્યું હતું કે, 'તું તારા પિતા તથા તારી માનું સન્માન કર.'* અને દેવે એમ પણ કહ્યું હતું કે 'જે પોતાના પિતા તથા માનું અપમાન કરે છે તેને અવશ્ય મારી નાખવો જોઈએ.'* ૫પણ તમે એમ કહો છો કે કોઈ વ્યકિત તેના પિતા કે માને એમ કહીં શકે; 'તમને મદદ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય એવું જે કાંઈ મારી પાસે છે, તે દેવને અર્પણ કરવામાં આવ્યું છે. તેથી તમારી મદદ નહિ કરી શકું.' ૬આમ તમે પોતાના બાપનું કે માતાનું સન્માન નહિ કરવાનું શીખવો છો. એમ તમે તમારા સંપ્રદાયથી દેવની આજ્ઞા રદ કરી છે. આ રીતે તમે બતાવો છો કે પૂર્વજોએ બનાવેલા રીતરિવાજોનું પાલન કરવું વધારે મહત્વનું છે. ૭તમે દંભી છો! તમારા વિષે યશાયાએ જે ભવિષ્યવાણી કરી છે, તે સાચી છે:

૮ 'આ લોકો પોતાના હોઠોથી મને માન આપે છે,
પરંતુ તેઓનાં હૃદય મારાથી ઘણાં દૂર છે.
૯ તેઓની મારા તરફની ભકિત નકામી છે. તેઓ
દેવની આજ્ઞાઓને બદલે માણસોએ બનાવેલા
નિયમોનો ઉપદેશ આપે છે.'"

*યશાયા ૨૯:૧૩*

૧૦પછી ઈસુએ લોકોને પાસે બોલાવીને કહ્યું, "હું જે કહું છું તે ધ્યાનથી સાંભળો અને સમજવા પ્રયત્ન કરો. ૧૧મનુષ્ય જે ખોરાક ખાય છે, તેથી તે અપવિત્ર થઈ જતો નથી, પરંતુ તેના મુખમાંથી જે કોઈ શબ્દો નીકળે

---

**'તું તારા ... માનું સન્માન કર'** નિ. ૨૦:૧૨; પુન. ૫:૧૬

**'જે પોતાના પિતા ... મારી નાખવો જોઈએ'** નિ. ૨૧:૧૭

છે તેનાથી તે અશુદ્ધ બને છે તેનાથી તે અપવિત્ર થાય છે."

૧૨ત્યારે શિષ્યોએ આવીને ઈસુને કહ્યું કે, "શું તમને ખબર છે કે તમારી આ વાતથી ફરોશીઓ ગુસ્સે થયા છે?"

૧૩ઈસુએ ઉત્તર આપ્યો; "મારા આકાશમાંના બાપે રોપ્યાં નહિ હોય એવા દરેક છોડને મૂળમાંથી ઉખાડી નાંખવામાં આવશે. ૧૪માટે ફરોશીઓની વાત જવા દો. જો એક આંધળો માણસ બીજા આંધળા માણસને દોરશે તો બંન્ને જણ ખાડામાં પડશે."

૧૫પિતરે ઈસુને વિનંતી કરી કહ્યું, "અગાઉ લોકોને આપેલ દૃષ્ટાંતનો અર્થ સમજાવો."

૧૬ઈસુએ કહ્યું: "હજુ પણ તમને સમજવામાં મુશ્કેલી છે? ૧૭શું તમે નથી જાણતાં કે જે ખોરાક તમારા મોંમાં જાય છે તે પેટમાં જાય છે. પછી શરીરમાંથી બહાર નીકળી જાય છે અને તે ગટરમાં જાય છે. ૧૮પરંતુ જે શબ્દો વ્યક્તિના મોંમાંથી નીકળે છે તે જે રીતે વ્યક્તિ વિચારે છે તેનું પરિણામ છે. આ શબ્દો માણસને અસ્વચ્છ બનાવે છે. ૧૯કેમ કે ખરાબ વિચાર, હત્યા, વ્યભિચાર, દુરાચાર, જૂઠ, ચોરી, નિંદા જેવા દરેક ખરાબ વિચાર માણસના હૃદયમાંથી નીકળે છે. ૨૦માણસને આજ વસ્તુ અપવિત્ર બનાવે છે. હાથ ધોયા વિના ખાવાથી કઈ અશુદ્ધ થવાતું નથી."

### ઈસુ બીન યહૂદી સ્ત્રીને મદદ કરે છે

૨૧પછી એ વિસ્તારમાંથી ઈસુ દૂર તૂર અને સિદોનના પ્રદેશમાં ગયો. ૨૨ત્યાં રહેતી એક કનાની સ્ત્રીએ ઈસુ પાસે આવીને જોરથી બૂમ પાડીને વિનંતી કરી; "ઓ પ્રભુ, દાઉદના દીકરા, મારા પર દયા કર, મારી દીકરીને ભૂત વળગેલું છે અને તે કાયમ રિબાયા કરે છે."

૨૩પણ ઈસુએ તેને કશો જ ઉત્તર આપ્યો નહિ, શિષ્યોએ ઈસુને વિનંતી કરતાં કહ્યું, "તેને દૂર મોકલી દો. તે આપણી પાછળ આવે છે અને બૂમો પાડે છે."

૨૪ઈસુએ કહ્યું, "દેવે મને ઈઝરાએલના (યહૂદીઓ) ઘરનાં ખોવાયેલાં ઘેટાં પાસે મોકલ્યો છે."

૨૫પછી તે સ્ત્રી ફરીથી ઈસુ પાસે આવી અને તેને પગે પડી કહેવા લાગી, "પ્રભુ, મને મદદ કર!"

૨૬ઈસુએકહ્યું,"છોકરાઓની રોટલી લઈને કૂતરાંઓને આપવી એ બરાબર નથી."

૨૭સ્ત્રીએ ઉત્તર આપ્યો, "હા પ્રભુ, એ તો ખરું છે પરંતુ કૂતરાંઓ પોતાના માલિકના મેજ નીચે પડેલા રોટલીના નાના ટૂકડાઓ ખાય છે."

૨૮ઈસુએ કહ્યું, "બાઈ, તારો વિશ્વાસ ઘણો છે! તારી ઈચ્છા પ્રમાણે તને થાઓ." તેની દીકરી તે જ ઘડીએ સાજી થઈ ગઈ.

### ઈસુએ ઘણા લોકોને સાજા કર્યા

૨૯પછી ઈસુએ તે સ્થળ છોડી દીધું. અને ગાલીલના સરોવરના કિનારે ગયો. પછી તે એક ટેકરી પર ચઢયોં અને ત્યાં બેઠો.

૩૦લોકોનાં ટોળેટોળાં ત્યાં આવ્યાં લંગડા, આંધળા, ટૂંડાંઓને, મૂંગા અને બીજા ઘણા માંદા લોકોને ઈસુના પગ આગળ લાવીને તેમને મૂક્યાં અને તેણે તે બધાને સાજા ર્ક્યા. ૩૧લોકો આશ્ચર્ય પામ્યા. કારણ કે તેઓએ મૂંગાઓને બોલતા જોયાં, અપંગ સાજા થયાં, લંગડા ચાલતા થયાં અને આંધળા દેખતાં થયા છે! આથી લોકોએ ઈઝરાએલના દેવની સ્તુતિ કરી.

### ઈસુએ ૪,૦૦૦ કરતાં વધુ લોકોને જમાડયા

૩૨પછી ઈસુએ તેના શિષ્યોને પાસે બોલાવ્યા અને કહ્યું, "આ લોકો પર મને દયા આવે છે કારણ કે તેઓ ત્રણ દિવસથી સતત મારી સાથે છે. હવે એમની પાસે કંઈજ ખાવાનું નથી. હું તેમને ભૂખ્યા જવા દેવા માંગતો નથી, કદાચ રસ્તામાં તેઓ જતાં જતાં ભૂખથી બેભાન થઈ જાય."

૩૩પછી શિષ્યોએ કહ્યું, "આટલા બધા લોકોને જમાડવા આપણે પૂરતી રોટલી ક્યાંથી મેળવીશું અને આપણે કોઈ પણ ગામથી ઘણા દૂર છીએ."

૩૪ઈસુએ પૂછયું, "તમારી પાસે કેટલી રોટલી છે?"

શિષ્યોએ કહ્યું, "અમારી પાસે સાત રોટલીઓ અને થોડીક નાની માછલીઓ છે."

૩૫ઈસુએ લોકોને જમીન પર બેસી જવા કહ્યું. ૩૬ઈસુએ રોટલી અને માછલી લઈને દેવનો આભાર માન્યો અને તેણે રોટલીના ટૂકડા કરી શિષ્યોને આપ્યા અને શિષ્યોએ તે ટૂકડા લોકોને આપ્યા. ૩૭દરેકે ધરાઈને ખાધું. પછી વધેલા ટૂકડા ભેગા કર્યા અને તેની સાત ટોપલી ભરાઈ. ૩૮ત્યાં જેઓએ ખાધું તેમાં સ્ત્રીઓ અને બાળકો ઉપરાંત ૪,૦૦૦ પુરુષો હતા. ૩૯પછી ઈસુએ લોકોને વિદાય કર્યા અને તેઓ હોડીમાં બેસી મગદાન પ્રદેશમાં ગયા.

### યહૂદી આગેવાનો ધ્વારા ઈસુની કસોટી

**૧૬** ફરોશીઓ અને સદૂકીઓ ઈસુની કસોટી કરવા આવ્યા. તેઓએ તેને પૂછયું, જો તને

દેવે મોકલ્યો છે તો અમને કોઈ પરાક્રમ કરી બતાવ.
૨ઈસુએ ઉત્તર આપ્યો; "સૂર્યાસ્ત સમયે તમે જાણો છો
કે હવામાન કેવું થવાનું છે અને આકાશ રતૂમડું છે તો
તમે કહેશો કે હવામાન સારુ હશે. ૩અને સુર્યોદય સમયે
આકાશ લાલ અને ઘેરાયેલું હોય તો તમે કહેશો કે
આજે હવામાન તોફાની હશે. તમે આકાશના ચિહ્નો
સમજી શકો છો ખરા, પણ વર્તમાન સમયના ચિહ્નો
તમે પારખી શકતા નથી. આજની દુષ્ટ અને વ્યભિચારી
પ્રજા પરાક્રમોની નિશાની માગે છે. ૪આજની દુષ્ટ અને
અવિશ્વાસી પેઢી નિશાનીની રાહ જુએ છે પણ તેઓને
યૂનાના ચિહ્ન* સિવાય બીજુ કોઈ ચિહ્ન અપાશે
નહિ." પછી ઈસુ તે જગ્યા છોડીને ચાલ્યો ગયો.

### ઈસુ યહૂદી આગેવાનોથી સાવધ રહેવા જણાવે છે

૫ઈસુ અને તેના શિષ્યો સરોવર (ગાલીલ) પાર કરી
ગયા. પણ રોટલી લાવવાનું શિષ્યો ભૂલી ગયા. ૬ઈસુએ
તેઓને કહ્યું, "ફરોશીઓ અને સદૂકીઓના ખમીરથી
સાવધ રહો."
૭શિષ્યોને લાગ્યું કે, "તેઓ રોટલી લાવવાનું ભૂલી
ગયા છે તેથી ઈસુ આવું કહે છે."
૮ઈસુએ શિષ્યોનો વિચાર જાણીને તેઓને કહ્યું, "ઓ
અલ્પવિશ્વાસી લોકો, તમે શા માટે કોઈ રોટલી નહિ
હોવાની ચર્ચા કરો છો? ૯શું તમે હજી પણ સમજતા
નથી? તમને યાદ છે કે ફક્ત પાંચ રોટલીથી મેં ૫,૦૦૦
માણસોને જમાડ્યા હતા અને તેમના જમ્યા પછી કેટલી
બધી રોટલી વધી હતી? ૧૦અને યાદ કરો કે, સાત જ
રોટલીઓથી ૪,૦૦૦ માણસોને જમાડ્યા હતા. અને
તેમના જમ્યા પછી પણ તમે કેટલી બધી ટોપલીઓમાં
રોટલી ભરી હતી? ૧૧હું ખોરાક સંબંધી કહું છું એવો
વિચાર જ તમને કેમ આવ્યો? તમે કેમ સમજતા નથી?
પણ ફરોશીઓ અને સદૂકીઓના ખમીરથી તમે સાવધાન
રહો."
૧૨આખરે શિષ્યો સમજ્યા કે ઈસુ તેમને રોટલીના
ખમીરથી સાવધ રહેવાનું કહેતો ન હતો, પરંતુ ઈસુ
તેમને ફરોશીઓ અને સદૂકીઓના ઉપદેશથી સાવધ
રહેવાનું કહેતો હતો.

### પિતરે કહ્યુ, ઈસુ તે ખ્રિસ્ત છે

૧૩જ્યારે ઈસુ કૈસરિયા ફિલિપ્પી પ્રદેશમાં આવ્યો તો
તેણે તેના શિષ્યોને પૂછયું કે, "માણસનો દીકરો કોણ છે
એ વિષે લોકો શું કહે છે?"
૧૪શિષ્યોએ કહ્યું, "કેટલાક લોકો કહે છે કે તું યોહાન
બાપ્તિસ્ત છે. બીજા લોકો કહે છે કે, તું એલિયા* છે.
થોડા લોકો કહે છે તું યર્મિયા* અથવા બીજા
પ્રબોધકોમાંનો એક છે."
૧૫પછી ઈસુએ તેના શિષ્યોને પૂછયું, "તમે શું કહો
છો, હું કોણ છું?"
૧૬સિમોન પિતરે ઉત્તર આપ્યો, "તું પોતે મસીહ,
જીવતા દેવનો દીકરો છે." ૧૭ઈસુએ ઉત્તર આપ્યો; યૂના
પુત્ર સિમોન તને ધન્ય છે કેમ કે માંસે તથા લોહીએ
નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે.
૧૮હું તને કહું છું કે તું પિતર છે, આ ખડક પર હું મારી
મંડળી બાંધીશ, અને તે મંડળીની સામે હાદેસની
સત્તાનું* જોર ચાલશે નહિ. ૧૯હું તને આકાશના
રાજ્યની ચાવીઓ આપીશ. તું જેને પૃથ્વી પર બંધનકર્તા
ગણશે તે જ આકાશમાં બંધનકર્તા રહેશે. અને પૃથ્વી
પર તું જે બંધનકર્તા નથી તેમ જાહેર કરીશ તે આકાશમાં
બંધનકર્તા થશે નહિ." ૨૦પછી તે ખ્રિસ્ત છે તેવું કોઈને
પણ નહિ જણાવવા ઈસુએ તેના શિષ્યોને ચેતવણી
આપી.

### ઈસુના મરણની આગાહી

૨૧પછી ઈસુ તે સમયથી તેના શિષ્યોને કહેવા લાગ્યો
કે, તેણે યરૂશાલેમ જવું પડશે. ત્યાં વડીલો તથા મુખ્ય
યાજકો અને શાસ્રીઓ દ્વારા ઘણી બાબતો સહન કરવી
પડશે. તેણે તેઓને સમજાવ્યું કે તેને મારી નાખવામાં
આવશે અને ત્રણ દિવસ પછી તે ફરીથી મરણમાંથી
સજીવન થશે.
૨૨પિતર ઈસુને એક બાજુ લઈ ગયો અને કહેવા
લાગ્યો, "તને દેવ બધી બાબતોથી બચાવે, પ્રભુ! તારી
સાથે આવું બનશે નહિ!"
૨૩ઈસુ પિતર તરફ ફર્યો અને કહ્યું; "અરે શેતાન, તું
મારાથી દૂર ચાલ્યો જા; તું દેવની રીતે નહિ પણ માણસની
રીતે વિચારે છે."
૨૪પછી ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, "જો કોઈ
વ્યક્તિ મારી પાછળ આવવા માંગે છે તો તેણે પોતાની
જાતને ભૂલી જઈ તેણે પોતાનો વધસ્તંભ ઊઠાવીને
મારી પાછળ ચાલવું પડશે. ૨૫જે માણસ પોતાનું જીવન

---

**યૂનાના ચિહ્ન** યૂના ત્રણ દિવસ મોટી માછલીના પેટમાં રહ્યો તેવી જ રીતે ઈસુ કબરમાં ત્રણ દિવસ રહ્યો. વાંચો જૂના કરારમાં યૂનાનું પુસ્તક.

**એલિયા** ઇ.પૂ. ૮૫૦ માં દેવ વિષે બોલનાર પ્રબોધક.

**યર્મિયા** ઇ.પૂ.૬૦૦ માં દેવ વિષે બોલનાર પ્રબોધક.

**હાદેસની સત્તા** શાબ્દિક અર્થ મરણનું દ્વાર

બચાવવા ઈચ્છે, તે પોતાનું જીવન ગુમાવશે, પણ મારે
લીધે જે પોતાનું જીવન ગુમાવશે, તે તેનું જીવન
બચાવશે. ૨૬જો કોઈ એક માણસ આખું જગત મેળવે,
પણ જો તેનું જીવન ગુમાવે તો તે શા કામનું? અથવા
માણસ પોતાના જીવનને બદલે શું આપશે? ૨૭માણસનો
દીકરો પોતાના બાપના મહિમાએ પોતાના દૂતો સુદ્ધાં
આવશે, તો તે સમયે તે પ્રમાણે તેનો બદલો આપશે.
૨૮હું તમને સત્ય કહું છું, અહીં ઊભેલામાંથી કેટલાક
લોકો માણસના દીકરાને તેના રાજ્ય સાથે આવતો જુએ
ત્યાં સુધી જીવતા રહેશે."

### મૂસા અને એલિયાને ઈસુએ સાથે જોયા

**૧૭** છ દિવસ પછી, ઈસુ પિતરને તથા યાકૂબને
તથા તેના ભાઈ યોહાનને સાથે લઈને એક
ઊંચા પર્વત પર એકાંતમાં ચાલ્યો ગયો. ત્યાં તેઓ એકલા
જ રહ્યા. ૨અને શિષ્યો આગળ તેનું રૂપાંતર થયું. તેનો
ચહેરો સૂર્ય જેવો પ્રકાશિત થયો અને તેનાં વસ્રો પ્રકાશ
જેવાં તેજસ્વી થયાં. ૩એકાએક મૂસા અને એલિયા ત્યાં
દેખાયા અને ઈસુની સાથે વાત કરવા લાગ્યાં.
૪પિતરે ઈસુને કહ્યું; "પ્રભુ, આપણે અહીં રહેવું સારું
છે, જો તારી ઈચ્છા હોય તો, હું ત્રણ માંડવા અહીં
ઊભા કરી દઉં, એક તારા માટે ,એક મૂસા માટે, એક
એલિયા માટે."
૫જયારે પિતર વાત કરતો હતો, ત્યારે એક ચમકતા
વાદળે તેઓના પર આવી તેમને ઢાંકી દીધા અને
વાદળમાંથી વાણી થઈ, "આ (ઈસુ) મારો વહાલો દીકરો
છે, જેનાથી હું ખૂબ જ પ્રસન્ન છું, તમે બધા તેને
ધ્યાનથી સાંભળો!"
૬તે શિષ્યોએ આ વાણી સાંભળી અને તેઓ ખૂબ
ભયભીત થયા. જેથી તેઓ જમીન પર પડ્યા. ૭ઈસુએ
પાસે આવીને તેમને સ્પર્શ કર્યો અને કહ્યું, "ઊઠો, બીશો
નહિ."
૮તેઓએ ઊંચે નજર કરી તો ત્યાં એકલા ઈસુ સિવાય
બીજા કોઈને જોયા નહિ.
૯ઈસુ અને તેના શિષ્યો પર્વત પરથી નીચે ઉતરતા
હતા, ત્યારે તેણે શિષ્યોને આજ્ઞા કરી, "તમે જે કાંઈ
પર્વત પર જોયું તે વિષે કોઈ પણ વ્યક્તિને વાત કરતાં
નહિ, જ્યાં સુધી માણસનો દીકરો મરણમાંથી ઊઠે નહિ
ત્યાં સુધી રાહ જુઓ. તેના પછી તમે જે કાંઈ દર્શન
કર્યા છે તે વિષે વાત કરી શકશો."
૧૦શિષ્યોએ ઈસુને પૂછયું કે, "શાસ્રીઓ એવું શા
માટે કહે છે કે, ખ્રિસ્ત પહેલાં એલિયાએ આવવું જોઈએ?"
૧૧ઈસુએ ઉત્તર આપ્યો, તેઓ સાચુ કહે છે; "એલિયા
આવી રહ્યો છે અને તે દરેક વસ્તુને વ્યવસ્થિત કરી
દેશે. ૧૨પણ હું તમને કહુ છુ કે એલિયા આવી ચૂક્યો છે.
તેઓએ તેને ઓળખ્યો નહિ પણ જેમ તેઓએ ચાહ્યું
તેમ તેઓએ તેને કર્યુ તેમજ માણસના દીકરાને પણ
દુ:ખ સહન કરવું જ પડશે."
૧૩શિષ્યો સમજ્યા કે ઈસુ યોહાન બાપ્તિસ્ત વિષે
વાત કરતો હતો.

### ઈસુ બિમાર છોકરાને સાજો કરે છે

૧૪ઈસુ અને તેના શિષ્યો લોકો પાસે પાછા ગયા.
એક માણસ ઈસુ પાસે આવ્યો અને તેને ઘૂંટણીએ પડી
પ્રણામ કર્યા. ૧૫માણસે કહ્યું, "હે પ્રભુ, મારા દીકરા પર
દયા રાખ કારણ કે તેને વાઈનો રોગ છે અને તે ખૂબ
પીડાય છે. ઘણીવાર તે અગ્નિમાં પડે છે તો ઘણીવાર તે
પાણીમાં પડે છે. ૧૬મારા દીકરાને તારા શિષ્યો પાસે
લાવ્યો પરંતુ તેઓ તેને સાજો કરી શક્યા નહિ."
૧૭ઈસુએ ઉત્તર આપ્યો, "તમે એવા લોકો છો જેમને
વિશ્ર્વાસ નથી અને તમે ભટકેલ છો, ક્યાં સુધી તમારી
સાથે મારે રહેવું જોઈએ? ક્યાં સુધી હું તમારું સહીશ?
એ છોકરાને મારી પાસે લાવો." ૧૮પછી ઈસુએ તે ભૂતને
તેના શરીરમાંથી બહાર નીકળી જવાનો આદેશ આપ્યો
અને તરત જ તે ભૂત ચાલ્યું ગયું. અને તે જ ઘડીએ તે
છોકરો સાજો થઈ ગયો હતો.
૧૯પછી ઈસુ પાસે શિષ્યો એકલા જ આવ્યા, તેમણે
કહ્યું, "અમે એ છોકરાના શરીરમાંથી ભૂતને કાઢવાના
બધા જ પ્રયત્ન કર્યા પણ અમે તે કરી શક્યા નહિ. શા
માટે અમે તેને બહાર હાંકી કાઢી ન શક્યા?"
૨૦ઈસુએ ઉત્તર આપ્યો, "તમે ન કરી શક્યા કારણ
કે, તમારો વિશ્ર્વાસ અલ્પ છે. હું તમને સત્ય કહું છું કે
જો તમારો વિશ્ર્વાસ રાઈના દાણા જેટલો પણ હશે તો
પછી તમે પર્વતને પણ કહી શકશો કે,"તું અહીંથી ખસીને
પેલી જગ્યાએ જા અને તે જશે, તમારા માટે કશું જ
અશક્ય હશે નહિ." ૨૧ફક્ત પ્રાર્થના અને ઉપવાસથી જ
એ પ્રકારનો આત્મા (ભૂત) ચાલ્યો જાય છે.

### ઈસુ તેના મરણ વિષે કહે છે

૨૨જયારે ઈસુ અને તેના શિષ્યો ગાલીલમાં ભેગા
મળ્યા ત્યારે ઈસુએ શિષ્યોને કહ્યું, "માણસનો દીકરો
માણસોના હાથમાં સુપ્રત કરાશે. ૨૩એ માણસો માણસના
દીકરાને મારી નાખશે, પરંતુ ત્રીજા દિવસે તે મરણમાંથી
ઊભો થશે." તે સાંભળી શિષ્યો ખૂબજ દુ:ખી થયા.

### ઈસુ કર ભરવા વિષે શીખવે છે

૨૪ઈસુ અને તેના શિષ્યો કફર-નહૂમ ગયા. જે કર ઉઘરાવતા હતા તે લોકો પિતર પાસે આવ્યા અને કહ્યું,"શું તમારા ઉપદેશક બે દ્રાકમા* જેટલો પણ મંદિરનો કર આપતા નથી?"

૨૫પિતરે ઉત્તર આપ્યો, "હા, ઈસુ તે આપે છે." પછી આ વિષે ઈસુને વાત કરવા પિતર ઘરમાં ગયો. પરંતુ તે કાંઈ કહે તે પહેલાં ઈસુએ તેને પૂછયું, "પિતર તને શું લાગે છે? રાજાઓ તેમના પોતાના લોકો પર કર નાખે છે કે પછી પરદેશીઓ પર કર નાખે છે?"

૨૬પિતરે કહ્યું, "પરદેશીઓ પર."

ઈસુએ કહ્યું, "તો પછી પોતાના દીકરાઓને કર ભરવાનો ના હોય. ૨૭પણ આપણે કર ઉઘરાવનારાઓને ગુસ્સે કરવા નથી. તું સરોવરના કાંઠે જા અને એક માછલી પકડ, પહેલી માછલી પકડી તેનું મોં ખોલજે, તેના મોઢામાંથી તને ચાર દ્રાકમા મળશે એ સિક્કો લઈને કર ઉઘરાવનાર પાસે જજે અને તારો અને મારો કર તેમને આપી દેજે."

### ઈસુ કહે છે મહાન કોણ

**૧૮** તે વખતે શિષ્યો ઈસુ પાસે આવ્યા અને પૂછયુ, "આકાશના રાજ્યમાં મોટું કોણ છે?"

૨ઈસુએ એક નાના બાળકને તેની પાસે આવવા કહ્યું અને તેમની વચ્ચે તેને ઊભો રહેવા કહ્યું, ૩પછી શિષ્યોને કહ્યું, "હું તમને સત્ય કહું છું કે જ્યાં સુધી તમે લોકો બદલાશો નહિ અને બાળક જેવા નહિ બનો ત્યાં સુધી તમે આકાશના રાજયમાં પ્રવેશ નહિ કરી શકો. ૪તેથી જે કોઈ, પોતાને આ બાળકના જેવું નમ્ર બનાવશે તે આકાશના રાજયમાં સૌથી મહાન વ્યક્તિ છે.

૫"જે કોઈ મારા નામે આવા બાળકનો સ્વીકાર કરે છે તે મારો સ્વીકાર કરે છે. ૬પરંતુ જે કોઈ મારા પર વિશ્વાસ કરનાર એક પણ નાનામાં નાની વ્યકિતને ઠોકર ખવડાવે તે કરતાં એવા માણસના ગળે ઘંટીનું પડ બાંધી અને તેને ઊંડા દરિયામાં ડૂબાડી દેવામાં આવે તે વધારે સારું છે. ૭જગતને અફસોસ છે, કારણ કે જે વસ્તુઓને કારણે લોકો પાપ કરે છે આવી વસ્તુઓ તો બનવાની. પણ તે વ્યકિતને અફસોસ છે કે જે ઠોકર લાવવા માટે જવાબદાર છે. ૮એટલે જો તારો હાથ કે પગ તને પાપ કરવા પ્રેરે તો તેને કાપીને ફેંકી દે. કારણ કે બંને હાથ અથવા બંને પગ સહિત અનંત અગ્નિમાં (નરક) નંખાય તે કરતા અપંગ થઈને અનંતજીવન મેળવવું તે સારું છે. ૯જો તારી આંખ પાપ કરવા પ્રેરે તો તેને કાઢીને ફેંકી દે કારણ કે બંને આંખો સહિત તને નરકની આગમાં ફેંકી દેવામાં આવે તેના કરતાં એક આંખે અનંતજીવનમાં પ્રવેશ કરવો તે ઉત્તમ છે.

### ઈસુ ખોવાયેલ ઘેટાંની વાર્તા કહે છે

૧૦"સાવધાન રહો, આ નાના બાળકોમાંથી એકનો પણ અનાદર ન થાય. કારણ કે તેઓના દૂતો આકાશમાં હંમેશા મારા બાપની આગળ હોય છે. ૧૧માણસનો દીકરો ખોવાયેલા લોકોને તારવા આવ્યો છે.

૧૨"જો માણસ પાસે ૧૦૦ ઘેટાં હોય, પણ તેમાંથી એકાદ ઘેટું ખોવાઈ ગયું, તો તે માણસ બાકીના ૯૯ ઘેટાંને ટેકરી પર છોડી એકને શોધવા નીકળશે, બરાબરને? ૧૩અને એ માણસને જો ખોવાયેલું ઘેટુ મળી જાય, તો તે એટલો બધો ખુશ થાય કારણ કે તેને ૯૯ ઘેટાં કરતાં એક ખોવાયેલું ઘેટું મળ્યું તેનો વધુ આનંદ છે, હું તમને સત્ય કહું છું. ૧૪તમારા આકાશમાંના બાપને આ નાનાઓમાંથી એકને પણ ગુમાવવું ગમશે નહિ.

### જયારે કોઈ માણસ ખરાબ કરે તો

૧૫"જો તારો ભાઈ અથવા બહેન તારું કાંઈ ખરાબ કરે તો તેની પાસે જા અને તેને સમજાવ. જો તારું સાંભળીને ભૂલ કબૂલ કરે તો જાણજે કે તેં તારા ભાઈને જીતી લીધો છે. ૧૬પણ જો એ માણસ તને સાંભળવાની સાફ ના પાડે તો તું ફરીથી એકાદ બે વધુ વ્યકિતને તારી સાથે લે. તું જે કંઈ કહે તે આ બે કે ત્રણ સાક્ષીઓથી સાબિત કરી શકાય. ૧૭આમ છતાં એ ધ્યાનથી સાંભળવાની ના પાડે તો પછી મંડળીને આ વાતની જાણ કર. અને મંડળીનો ચુકાદો પણ માન્ય ન રાખે તો પછી તેને એક એવો માન કે જે દેવમાં વિશ્વાસ કરતો નથી અને તે કર ઉઘરાવનારા જેવો જ છે.

૧૮"હું તને સત્ય કહું છું, જયારે પૃથ્વી પર તમે જે કાંઈ બાંધશો, તે આકાશમાં બંધાશે અને પૃથ્વી પર જે કાંઈ બંધન મુક્ત જાહેર કરશો તે આકાશમાં બંધનકર્તા નહિ હોય.

૧૯"હું તમને એ પણ કહું છું કે, તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઈ દેવની પ્રાર્થના કરીને જે કંઈ માગશે તે મારા આકાશમાંનો બાપ તમને અવશ્ય આપશે. ૨૦કારણ કે મારા નામ પર બે અથવા ત્રણ શિષ્યો જ્યાં ભેગા થઈને મળશે તો હું પણ ત્યાં તેમની મધ્યે હોઈશ."

---

**બે-દ્રાકમા** દરેક વર્ષે પ્રત્યેક યહૂદીએ મંદિરમાં ભરવા માટેનાં કરનું માપ.

### માફી વિષેની વાર્તા

૨૧પછી પિતર ઈસુ પાસે આવ્યો અને તેને પૂછયું,
"પ્રભુ મારો ભાઈ, મારી વિરુદ્ધ અપરાધ કર્યા જ કરે તો
મારે તેને કેટલી વાર માફી આપવી? શું સાત વાર?"
૨૨ઈસુએ ઉત્તર આપ્યો, "હું તમને કહુ છું, સાત વાર
નહિ પણ સાત વાર કરતાં પણ વધારે અને તારી વિરુદ્ધ
અપરાધ ચાલુ રાખે તો સિત્યોતેર વખત તારે તેને માફી
આપવી જોઈએ."

૨૩"આકાશના રાજ્યની તુલના એવા રાજા સાથે
કરવામાં આવે છે જે પોતાના સેવકોની સાથે હિસાબ
ચૂકતે કરે છે. ૨૪જ્યારે રાજાએ હિસાબ લેવાનો શરૂ
કર્યો, ત્યારે તેની સમક્ષ એક એવી વ્યક્તિ આવી કે
જેની પાસે ચાંદીના કેટલાક પાઉન્ડ લેવાના નીકળતા
હતા. ૨૫દેવું ચુકવવા માટે તેની પાસે કશું જ સાધન ન
હતું, એટલે રાજાએ હુકમ કર્યો કે તેને તથા તેની પત્નીને
તથા તેના બાળકોને તથા તેની માલિકીનું જે કંઈ હતું તે
બધુ વેચી દેવું.

૨૬"પછી એ સેવકે એને પગે પડીને આજીજી કરી
કે, 'મારા માટે ધીરજ રાખો, હું આપનું બધુ જ દેવું
ચૂકવી દઈશ.' ૨૭રાજા એના નોકર માટે દિલગીર થયો
અને તેનું દેવું માફ કરી દીધું અને તેને છોડી મૂક્યો.

૨૮"પછી, તે સેવક છૂટો થયો પાછળથી તેણે તેના
સાથી સેવકોમાંના એકને દીઠો. તેની પાસે, તેનું નજીવું
લેણું હતું તેણે જઈને તેનુ ગળુ પકડ્યું અને કહ્યુ, 'તારી
પાસે મારું જે કંઈ લેણું છે તે ચૂકવી દે!'

૨૯"પેલો માણસ તેને પગે પડ્યો અને પોતાને થોડો
સમય આપવા કરગરવા લાગ્યો અને કહ્યું, 'મારા માટે
ધીરજ રાખો મારી પાસે નીકળતું તારું બધુ જ લેણું હું
તને ચૂકવી દઈશ.'

૩૦"પણ પહેલો નોકર સંમત ન થયો, તેણે તેના
સાથી સેવકની ધરપકડ કરવા માટે ગોઠવણ કરી. અને
પૂરેપૂરું દેવું ચૂકવી આપે નહિ ત્યાં સુધી તેને જેલમાં
પૂરાવ્યો. ૩૧બીજા નોકરોએ જે કાંઈ બન્યું તે જોયું અને
ખૂબ દિલગીર થયા પછી તેઓ તેમના માલિક પાસે
ગયા અને સઘળી હકીકત જણાવી.

૩૨"પછી માલિકે જેનું દેવું માફ કર્યું હતું તે નોકરને
બોલાવ્યો અને કહ્યું, 'અરે દુષ્ટ નોકર, તારી આજીજી
સાંભળી મેં તારુ જે બધું દેવું હતું તે માફ કર્યું. ૩૩જેમ મેં
તારા પ્રત્યે જે દયા બતાવી એવી દયા તારા સાથી નોકર
પ્રત્યે તારે દર્શાવવી જોઈતી હતી.' ૩૪તેનો માલિક ખૂબ
જ ગુસ્સે થયો અને જ્યાં સુધી તે પૂરેપૂરૂ દેવું ભરપાઈ ન
કરે ત્યાં સુધી તેને સખત કેદની સજા ફરમાવી. ૩૫એ
જ પ્રમાણે તમે તમારા ભાઈઓ અને બહેનોને તમારા
હૃદયથી માફ કરી દો. નહિ તો જે રીતે રાજા વર્ત્યો તે
રીતે મારા આકાશમાંનો બાપ તમને માફ નહિં કરે."

### છૂટાછેડા વિષે ઈસુનું શિક્ષણ

**૧૯** આ વાતોનો ઉપદેશ આપી રહ્યા પછી
ઈસુ ગાલીલથી નીકળીને યર્દન નદીની
બીજી બાજુ, યહૂદિયાના વિસ્તારમાં આવ્યો. ૨ઘણા લોકો
ઈસુની પાછળ ગયા, ઈસુએ તેમાંના માંદા લોકોને ત્યાં
સાજા કર્યા. ૩કેટલાક ફરોશીઓ ઈસુ પાસે આવ્યા. તેને
વાતમાં ફસાવવા પૂછયું, "પુરુષ ગમે તે કારણે પોતાની
પત્નીને છૂટાછેડા આપે એ શું યોગ્ય છે?"

૪ઈસુએ ઉત્તર આપ્યો, "જરૂર તમે શાસ્ત્રમાં આ વાચ્યું
હશે કે જયારે દેવે પૃથ્વી બનાવી ત્યારે 'દેવે નરનારી
ઉત્પન કર્યા.'* ૫અને કહ્યું કે, 'આના કારણે મનુષ્ય
તેના પિતા અને માતાને છોડી દેશે અને તેની પત્ની
સાથે જોડાશે, અને તે બે એક દેહ થશે.'* ૬એટલે એ
પુરુષ અને સ્રી અલગ નહિ એક દેહ છે, જેને દેવે લાંબા
સમય માટે જોડ્યા છે, કોઈ પણ વ્યક્તિએ તેઓને જુદા
પાડવા જોઈએ નહિ."

૭ફરોશીઓએ પૂછયું, "તો પછી મૂસાએ એવી આજ્ઞા
કેમ કરી છે કે મનુષ્ય પોતાની પત્નીને ફારગતીનું
પ્રમાણપત્ર લખી આપી છૂટાછેડા આપી શકે છે?"

૮ઈસુએ ઉત્તર આપ્યો; "મૂસાએ તમને તમારી
પત્નીઓને છૂટાછેડા આપવાની છૂટ આપી છે કારણ
તમે દેવનો ઉપદેશ સ્વીકારવા તૈયાર ન હતા. હકીકતમાં
શરૂઆતમાં છુટાછેડાની છૂટ આપી જ નહોતી. ૯હું
તમને કહું છું, કે વ્યભિચારના કારણ વિના જે કોઈ
પોતાની સ્રીને મૂકી દઈને બીજીને પરણે, તે વ્યભિચાર
કરે છે. અને તે મૂકી દીધેલી જોડે જે લગ્ન કરે તે પણ
વ્યભિચાર કરે છે. પુરુષ છૂટાછેડા આપી ફરી લગ્ન ત્યારે
જ કરી શકે, જો તેની પ્રથમ પત્ની બીજા કોઈ પુરુષ
સાથે વ્યભિચાર કરે છે."

૧૦શિષ્યોએ ઈસુને કહ્યું,"જો આવા જ કારણસર પુરુષ
છૂટાછેડા આપે તો તેના કરતાં લગ્ન કરવાં જોઈએ નહિ
એ સારું છે."

૧૧ઈસુએ ઉત્તર આપ્યો, "લગ્ન અંગેનું આ સત્ય બધા
જ સ્વીકારશે નહિ. આ સત્ય સ્વીકારવા દેવે કેટલાક
માણસોને ઠરાવ્યા છે. ૧૨કેટલાક માણસો લગ્ન નથી કરતાં
તેનાં અહીં જુદાં કારણો છે, કેટલાક જન્મથી જ ખોજા

---

**'દેવે નરનારી ઉત્પન્ન કર્યા'** ઉત. ૧:૨૭; ૫:૨.

**'આના કારણે મનુષ્ય ... એક દેહ થશે'** ઉત. ૨:૨૪.

હોય છે. કેટલાકને તો બીજા લોકો દ્વારા અશક્તિમાન બાનાવાયા છે. છેવટે કેટલાક એવા પણ છે જેઓ આકાશનાં રાજયને લીધે લગ્ન નહિ કરવાનું સ્વીકારે છે. આ ઉપદેશ જે પાળી શકે તે પાળે."

### ઈસુ બાળકોને આવકારે છે

૧૩પછી લોકો તેમનાં બાળકોને ઈસુ પાસે લાવ્યાં જેથી ઈસુ તેમનાં માથે હાથ મૂકી આશીર્વાદ દે અને તેમના માટે પ્રાર્થના કરે. પરંતુ તેના શિષ્યોએ તેમને ધમકાવ્યાં. ૧૪પછી ઈસુએ કહ્યું, "નાના બાળકોને મારી પાસે આવવા દો, તેમને રોકશો નહિ, કારણ કે આકાશનું રાજય જે નાના બાળકો જેવા છે એમના માટે છે." ૧૫બાળકો પર હાથ મૂક્યા પછી ઈસુએ તે જગ્યા છોડી.

### ધનવાન માણસે ઈસુને અનુસરવા ના પાડી

૧૬એક માણસ ઈસુ પાસે આવ્યો અને પૂછયું, "હે ઉપદેશક, અનંતજીવન પામવા માટે મારે શું કરવું જોઈએ?"

૧૭ઈસુએ ઉત્તર આપ્યો, "શું સારું છે એવું મને શા માટે પૂછે છે? ફક્ત દેવ સારો છે. પરંતુ જો તારે અનંતજીવન જોઈતું હોય તો દેવની આજ્ઞાનું પાલન કર."

૧૮માણસે પૂછયું, "કઈ આજ્ઞાઓ?" ઈસુએ ઉત્તર આપ્યો, "તારે કોઈનુ ખૂન કરવું નહિં, તારે વ્યભિચારનું પાપ કરવું નહિં, તારે કોઈની વસ્તુની ચોરી કરવી નહિં, તારે કોઈનામાં જૂઠી સાક્ષી આપવી નહિ. ૧૯'તારે તારા માતા પિતાને માન આપવું,'* અને 'પોતાના પર જેટલો પ્રેમ કરે છે તેટલો જ પ્રેમ બીજા લોકોને પણ કર.'*"

૨૦યુવાને ઈસુને કહ્યું,"મેં આ બધી જ વાતોનું પાલન કર્યુ છે, હવે મારે શું કરવાનું બાકી છે?"

૨૧ઈસુએ ઉત્તર આપ્યો, "જો તારે પૂર્ણ થવું હોય તો, પછી જા, તારી પાસે તારું પોતાનું જે કંઈ છે તે વેચી દે, પૈસા ગરીબોને આપી દે, તું જો આ બધુ કરીશ તો આકાશમાં તારો કિંમતી ખજાનો ભેગો થશે, પછી ચાલ, મારી સાથે આવ!"

૨૨આ સાંભળીને તે યુવાન માણસ ઘણો દુ:ખી થયો હતો. કારણ કે તે ઘણો પૈસાદાર હતો. તે પૈસા તેની પાસે જ રાખવા ઈચ્છતો હતો તેથી તે ચાલ્યો ગયો.

૨૩પછી ઈસુએ શિષ્યોને કહ્યું ,"હું તમને સત્ય કહું છું, કે ધનવાનના માટે આકાશના રાજયમાં પ્રવેશ કરવો કઠિન છે. ૨૪હા, તેથી તો હું વારંવાર કહું છુ કે પૈસાદાર લોકોને આકાશના રાજયમાં પ્રવેશ કરવો, એના કરતા સોયના નાકામાંથી ઊંટને પસાર થવું સહેલું છે."

૨૫જયારે શિષ્યોએ આ સાંભળ્યું ત્યારે તેમને આશ્ચર્ય થયું અને પૂછયું, "તો પછી કોને બચાવી શકશે?"

૨૬ઈસુએ તેમને જોઈને કહ્યું, "લોકોને માટે આ અશકય છે. ફક્ત દેવને માટે બધું જ શકય છે."

૨૭પિતરે ઈસુને કહ્યું,"અમે બધુ જ છોડીને તારી પાછળ આવ્યા છીએ, તો અમને શું મળશે?"

૨૮ઈસુએ તેને કહ્યું, "હું તમને સત્ય કહું છું કે જ્યારે નવા યુગમાં માણસનો દીકરો તેના મહિમાના રાજયાસન પર બિરાજશે તે વખતે તમે પણ બાર રાજયાસન પર બેસશો. અને મારી પાછળ આવનારા ઈઝરાએલના બારે કુળનો ન્યાય કરશો. ૨૯મારા નામને ખાતર જેઓએ ઘરો, ભાઈઓ, માતા પિતા, બાળકો, જમીનજાગીરનો ત્યાગ કર્યો છે તેઓ તેના કરતાં ઘણાં જ યોગ્ય છે. તેઓ સોગણું મેળવશે અને અનંતજીવનનો વારસો પામશે. ૩૦પરંતુ ઘણા એવા છે જેઓનું હમણા જીવનમાં ઊંચું સ્થાન છે પણ ભવિષ્યમાં તે નીચલી કક્ષાએ ઉતરશે અને હમણા જે નીચલી કક્ષાએ છે તે ભવિષ્યમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરશે.

### ઈસુ ખેત મજૂરોનું દષ્ટાંત આપે છે

**૨૦** "આકાશનું રાજય એક જમીનદાર જેવું છે. આ માણસ તેના ખેતરમાં દ્રાક્ષ ઉગાડે છે. એક મળસકે તે માણસ પોતાના ખેતરમાં કામ કરવા માટે મજૂરો લેવા ગયો. ૨અને તેણે તેઓની સાથે રોજનો એક દીનાર નક્કી કરીને ખેતરમાં મજૂરોને મોકલ્યા."

૩"નવ વાગ્યાની આસપાસ તે જમીનદાર બજારમાં ગયો ત્યારે કેટલાક માણસો કશુંય કામ કર્યા વિના ત્યાં ઊભા હતા. ૪તેથી તે માણસે કહ્યું, તમે મારા ખેતરમાં જઈને કામ કરશો તો હું તમને યોગ્ય વળતર આપીશ" ૫તેથી લોકો ખેતરમાં કામ કરવા ગયા.

"ફરી બાર વાગે અને બીજી વાર ત્રણ વાગે બજારમાં ગયો ત્યારે પણ લોકોને ખેતરમાં કામ કરવા માટે લઈ આવ્યો." ૬પછી સાંજે પાંચ વાગે તે બજારમાં ફરીથી ગયો ત્યારે પણ કેટલાક માણસો ત્યાં ઊભા હતા, તેઓને જમીનદારે પૂછયું, 'તમે આખો દિવસ કોઈ પણ કામ વિના અહીં કેમ ઊભા રહ્યા છો?'

૭"તે લોકોએ કહ્યું, 'અમને કોઈએ કામ આપ્યું નથી.'

"તે માણસે તેઓને કહ્યું; 'તમે મારા ખેતરમાં જાવ અને કામે લાગો,'

---

**'તારે તારા ... માન આપવું'** નિ. ૨૦:૧૨–૧૬, પુન. ૫:૧૬–૨૦

**'પોતાના પર ... લોકોને પણ કર'** લે. ૧૯:૧૮

૮"સાંજ પડી એટલે, દ્રાક્ષની વાડીના માલિકે તેના મુખ્ય કારભારીને બોલાવીને કહ્યું કે, 'મજૂરોને બોલાવીને તેમની મજૂરી ચૂકવી દો. પહેલાથી છેલ્લા જે મજૂરો આવ્યા તેમને મજૂરી આપવાનું શરૂ કરો અને પહેલા મજૂરીએ આવ્યા હતાં તેમને આપતા સુધી ચાલુ રાખો.'

૯"જે મજૂરો પાંચ વાગે આવ્યા હતા તેમાંના દરેકને એક દીનારનો સિક્કો મળ્યો. ૧૦પછી જે સૌથી પહેલા સવારમા કામ પર આવ્યા હતા તે તેમનું મહેનતાણું લેવા આવ્યા. તેઓએ વિચાર્યુ તેઓ વધારે મહેનતાણું મેળવશે પણ તે દરેકને એક જ દીનારનો સિક્કો મળ્યો. ૧૧જ્યારે તેમને એક દીનારનો સિક્કો મળ્યો ત્યાર પછી દ્રાક્ષની વાડીના માલિકને તેમણે ફરિયાદ કરી. ૧૨જે લોકો છેલ્લાં આવ્યા હતા અને એક કલાક જ કામ કર્યુ તેમને તેં અમારા જેટલી જ મજૂરી આપી. જ્યારે અમે તો આખો દિવસ સૂર્યની ગરમીમાં કામ કર્યુ છે.'

૧૩"પણ ખેતરના માલિકે તેઓમાંના એક જણને કહ્યું, 'મિત્ર, મેં તારી સાથે કોઈ જ અન્યાય કર્યો નથી. શું તમે કબૂલ થયા ન હતા કે હું તમને એક દીનાર આપીશ? ૧૪તેથી આ તારી મજૂરી લે અને ચાલતો થા, માટે જે છેલ્લો માણસ મજૂરી કરવા આવ્યો છે તેને આટલી જ મજૂરી આપવાની મારી ઈચ્છા છે. ૧૫મારે મારા પૈસાનું જે કરવું હોય તે કરું. તમને અદેખાઈ આવે છે કારણ કે એ લોકો સાથે હું સારો છું.'

૧૬"એ પ્રમાણે જેઓ છેલ્લા છે તેને હવે ભવિષ્યમાં પ્રથમ સ્થાન મળશે. અને જેનું પ્રથમ સ્થાન હશે તેને ભવિષ્યમાં છેલ્લું સ્થાન મળશે."

### ઈસુના તેના મરણ વિષેનો સંકેત

૧૭ઈસુ જ્યારે પોતાના બાર શિષ્યો સાથે યરૂશાલેમ જઈ રહ્યો હતો. ત્યારે તેણે એ બધાને એકાંતમાં એક બાજુએ બોલાવીને કહ્યું, ૧૮"જુઓ, આપણે યરૂશાલેમ જઈ રહ્યા છીએ. માણસનો દીકરો મુખ્ય યાજક અને શાસ્રીઓને સોંપવામાં આવશે, અને તેને મોતની સજા ફટકારવામાં આવશે. ૧૯પછી તે લોકો માણસના દીકરાને બીનયહૂદીઓને સોંપી દેશે જેઓ તેની ક્રૂર મશ્કરી કરશે. તેના પર કોરડા વીંઝશે અને તેને વધસ્તંભ પર જડાવી દેશે, પરંતુ ત્રીજા દિવસે તે સજીવન થશે."

### માતાની ખાસ માંગણી

૨૦પછી ઝબદીની પત્ની પોતાના દીકરાઓને સાથે રાખીને ઈસુની પાસે આવી. તેણે પગે પડીને ઈસુની પાસે માંગણી કરી.

૨૧ઈસુએ પૂછયું "તારે શું જોઈએ છીએ?" તેણે ઉત્તર આપ્યો, "મને વચન આપ કે તારા રાજ્યમાં મારા બે દીકરાઓમાંથી એક દીકરો તારી જમણી બાજુ અને બીજો દીકરો તારી ડાબી બાજુએ બેસે."

૨૨ઈસુએ બે દીકરાઓને કહ્યું, "તમે શું માંગી રહ્યા છો તે તમે જાણતા નથી. જે પ્યાલો મારે પીવાનો છે તે તમારાથી પીવાશે?"

તેઓએ કહ્યું, "હા, અમે પી શકીશું!"

૨૩ઈસુએ તેઓને કહ્યું, "અલબત્ત હું જે કંઈ પીઉ તે તમે પી શકશો તો ખરા. પણ મારી જમણી કે ડાબી બાજુ કોને સ્થાન આપવું, તે મારા હાથની વાત નથી. એ સ્થાનો મારા પિતાએ નક્કી કરેલ વ્યક્તિઓ માટે છે."

૨૪જ્યારે આ માંગણી વિષે બાકીના દશ શિષ્યોએ સાંભળ્યું ત્યારે તેઓ આ બે ભાઈઓ પર બહું ગુસ્સે થયા. ૨૫પછી ઈસુએ શિષ્યોને પોતાની પાસે બોલાવીને કહ્યું,"તમે જાણો છો કે યહૂદી રાજ્ય કર્તાઓ પોતાની પ્રજા પર સત્તાનો પૂર્ણ અમલ કરે છે અને તેમના મોટા માણસો તેમના અધિકારનું લોકોને ભાન કરાવવા ચાહે છે. ૨૬પણ તમારી સાથે આ રીતે થવું ન જોઈએ. તમારામાં જે આગેવાન થવા ઈચ્છે તે તમારો સેવક હોવો જોઈએ. ૨૭અને જે સૌથી મોટો થવા ઈચ્છે છે, તેણે એક ગુલામ તરીકે તમારી સેવા કરવી જોઈએ. ૨૮તમારે માણસના દીકરા જેવા થવું જોઈએ, માણસનો દીકરો સેવા કરાવવા નહિ પણ સેવા કરવા અને ઘણા લોકોને માટે મુક્તિ મૂલ્ય તરીકે પોતાનું જીવન સમર્પણ કરવા આવ્યો છે.

### ઈસુએ બે આંધળા માણસોને દેખતા કર્યા

૨૯જયારે ઈસુ અને તેના શિષ્યો યરીખોથી નીકળીને જતા હતા ત્યારે ઘણા લોકો ઈસુને અનુસરતા હતા. ૩૦રસ્તાની બાજુએ બે અંધજનો બેઠા હતા. એ રસ્તે થઈને ઈસુ પસાર થાય છે એવું સાંભળીને તેઓ જોરશોરથી બૂમો પાડવા લાગ્યા, "હે પ્રભુ, દાઉદના દીકરા, અમારા પર દયા કર!"

૩૧લોકોએ તેઓને ધમકાવીને શાંત રહેવા કહ્યું છતાં તેઓ તો વધારે જોરથી બૂમો પાડતા હતા,"હે પ્રભુ, દાઉદના દીકરા, અમારા પર દયા કર!"

૩૨તે સાંભળીને ઈસુ ઊભો રહ્યો અને તેઓને બોલાવીને પૂછયું, "તમે મારી પાસે તમારા માટે શું કરાવવા ઈચ્છો છો?"

૩૩તેઓએ કહ્યું, "પ્રભુ, અમારે દેખતા થવું છે."

૩૪ઈસુને તેમના પર દયા આવી અને તેઓની આંખોને સ્પર્શ કર્યો. અને તુરત જ તેઓ જોઈ શકયા. અને તેઓ ઈસુની પાછળ ચાલ્યા.

### ઈસુનો રાજાની માફક યરૂશાલેમમાં પ્રવેશ

**૨૧** ઈસુ અને તેના શિષ્યો યરૂશાલેમની નજીક જૈતૂન પહાડ પર બેથફગે ગામ સુધી આવ્યા. ત્યારે ઈસુએ બે શિષ્યોને મોકલ્યા. ૨ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "જે ગામ તમે સામે જુઓ છો ત્યાં જાઓ. તમે ત્યાં પ્રવેશ કરશો, એટલે એક ગધેડાને અને તેના બચ્ચાંને બાંધેલા જોશો, તેને છોડીને અહીં લઈ આવો. ૩જો કોઈ તમને કઈં પૂંછે તો એટલું જ કહેજો કે, 'પ્રભુને તેની જરૂર છે. પછી એ તેને તરત જ મોકલી આપશે.'"

૪પ્રબોધક દ્વારા જે કહેવાયું હતું તે પૂર્ણ થાય તે માટે આમ થયુ!

૫ "સિયોનની (નગરી) દીકરી, 'જો તારો રાજા તારી
પાસે આવે છે. તે નમ્ર છે તથા એક ગધેડા પર,
એક કામ કરનાર પ્રાણીથી જન્મેલા નાના ખોલકા
પર સવાર થઈને આવે છે.'"

*ઝખાર્યા ૯:૯*

૬શિષ્યો ગયા અને ઈસુએ કહ્યું તે પ્રમાણે કર્યું. ૭શિષ્યો ગધેડી અને નાના ખોલકાને ઈસુ પાસે લાવ્યા. તેઓએ તેમના લૂગડાં ખોલકા પર મૂક્યા, ઈસુ તે પર બેઠો. ૮લોકોમાંથી ઘણાએ પોતાનાં વસ્રો ઈસુના માર્ગમાં બિછાવ્યાં. જયારે ઘણા લોકોએ વૃક્ષોની ડાળીઓ કાપીને તેના માર્ગમાં બીછાવી. ૯કેટલાક લોકો ઈસુની આગળ ચાલી રહ્યા હતા, કેટલાક ઈસુની પાછળ ચાલતા હતા. તેઓ પોકારતા હતા,

"દાઉદના દીકરાને હોસાન્ના! પ્રભુના નામે જે
આવે છે તેને ધન્ય છે. પરમ ઊંચામાં હોસાન્ના.
આકાશમાં દેવનો મહિમા થાઓ!"

*ગીતશાસ્ર ૧૧૮:૨૬*

૧૦પછી ઈસુ યરૂશાલેમમાં દાખલ થયો. શહેરના બધા જ લોકો મૂંઝાઈ ગયા. તેઓએ પૂછયું, "આ માણસ કોણ છે?"

૧૧જે ટોળામાંથી ઘણાએ ઉત્તર આપ્યો, "આ તો ગાલીલના નાસરેથમાંનો પ્રબોધક ઈસુ છે."

### ઈસુનો મંદિરમાં પ્રવેશ

૧૨ઈસુ મંદિરમાં ગયો અને જેઓ વેચાણ કરવાનો અને ખરીદવાનો ધંધો મંદિરમાં કરતા હતા. તે બધાને હાંકી કાઢયા અને શરાફોના ગલ્લા અને કબૂતર વેચનારાઓના આસનો તેણે ઊંધા વાળ્યા. ૧૩તેણે ત્યાં હાજર હતા તે બધા જ લોકોને જણાવ્યું કે,"શાસ્રમાં લખ્યું છે કે 'મારું ઘર પ્રાર્થનાના ઘર તરીકે ઓળખાશે.'* પરંતુ તમે તો તેને 'લૂંટારાની ગુફા'* બનાવી દીધી છે."

૧૪પછી કેટલાક અંધજનો અને અપંગો ઈસુની પાસે આવ્યાં. ઈસુએ તેઓને સાજા કર્યા. ૧૫મુખ્ય યાજકો અને શાસ્રીઓએ ઈસુએ કરેલા પરાક્રમો જોયા અને "દાઉદના દીકરાને હોસાન્ના," એવા બાળકોના પોકાર સાંભળ્યા. ત્યારે તેઓ ગુસ્સે થયા.

૧૬મુખ્ય યાજકો અને શાસ્રીઓએ ઈસુને પૂછયું."આ બાળકો જે કહે છે, તે શું તમે સાંભળો છો?"

ઈસુએ ઉત્તર આપ્યો, "હા, શાસ્ર કહે છે કે, 'તેં ધાવણા બાળકોના મુખે તારી સ્તુતિ કરાવી છે તે યોગ્ય સ્તુતિ છે.'* શુ શાસ્રમાં તમે વાંચ્યું નથી?" ૧૭પછી ત્યાંથી ઈસુ તે સ્થળ છોડીને યરૂશાલેમ નગરની બહાર આવ્યો અને બેથનિયા ચાલ્યો ગયો. અને ત્યાં રાત રોકાયો.

### ઈસુ વિશ્વાસનું સામર્થ્ય બતાવે છે

૧૮બીજે દિવસે વહેલી સવારે, ઈસુ શહેરમાં પાછો ફરતો હતો ત્યારે તે ખૂબ જ ભૂખ્યો થયો હતો. ૧૯ઈસુએ રસ્તાની બાજુએ એક અંજીરનું ઝાડ જોયું અને અંજીર ખાવાની આશાએ તે વૃક્ષ પાસે ગયો, પણ ઝાડ ઉપર એક પણ અંજીર નહોતું. તેના પર કેવળ પાંદડા જ હતાં તેથી તેણે વૃક્ષને કહ્યું, "ભવિષ્યમાં તારા પર કદી ફળ લાગશે નહિ!" અને અંજીરનું ઝાડ તરત જ સૂકાઈ ગયું.

૨૦શિષ્યોએ જ્યારે આ જોયું ત્યારે અચંબા સાથે ઈસુને પૂછયું, "આ અંજીરનું ઝાડ એકદમ કેમ સૂકાઈ ગયું?"

૨૧ઈસુએ તેમને ઉત્તર આપતા કહ્યું,"હું તમને સત્ય કહું છું, તમને વિશ્વાસ હોય અને મનમાં શંકા ન કરો તો તમે આના કરતાં પણ વિશેષ કરી શકશો. અરે તમે આ પર્વતને કહીં શકશો, 'અહીંથી ઊંચકાઈને સમુદ્રમાં પડ.' તો તે પ્રમાણે થશે. ૨૨જો તમને વિશ્વાસ હોય તો પ્રાર્થનામાં તમે જે કંઈ માગશો તે તમને મળશે."

---

**'મારું ઘર ... ઓળખાશે'** યશા. ૫૬:૭.

**'લૂંટારાની ગૂફા'** યર્મિ. ૭:૧૧.

**'તેં ધાવણા બાળકો ... સ્તુતિ છે'** ગી.શા. ૮:૩ (ગ્રીક અનુવાદ)

### ઈસુના અધિકાર પર યહૂદી નેતાઓની શંકા

૨૩ઈસુ મંદિરમાં દાખલ થયો અને જ્યારે બોધ આપતો
હતો ત્યારે પ્રમુખ યાજકો અને લોકોના વડીલોએ તેની
પાસે જઈને પૂછયું, "કયા અધિકારથી તું આ બાબતો
કરે છે? તને આવો અધિકાર કોણે આપ્યો?"
૨૪ઈસુએ ઉત્તર આપ્યો, "હું તમને પણ એક પ્રશ્ન
પૂછું છું, એનો ઉત્તર તમે મને આપશો, તો હું તમને
કહીશ કે કયા અધિકારથી હું એ કામો કરું છું. ૨૫મને
કહો, જ્યારે યોહાને લોકોને બાપ્તિસ્મા આપ્યું ત્યારે તે
કોના તરફથી મળ્યું હતું, દેવથી કે માણસથી?"
તેઓ અંદર અંદર એકબીજા સાથે ચર્ચા કરવા લાગ્યા
કે, "જો આપણે કહીશું, 'યોહાનનું બાપ્તિસ્મા દેવ તરફથી
હતું,' તો ઈસુ આપણને પૂછશે, 'તો તમે યોહાનમાં
વિશ્વાસ કેમ નથી કરતા?" ૨૬જો એમ કહીશું કે 'તે
મનુષ્યથી હતું,' તો એ લોકો આપણા પર ગુસ્સે થશે.
આપણે લોકોથી ડરીએ છીએ એટલે આપણને કહેશે
તમે યોહાનમાં શા માટે વિશ્વાસ કરતા નથી."
૨૭તેઓએ ઈસુને ઉત્તર આપ્યો, "અમે નથી જાણતા
કે યોહાનને અધિકાર ક્યાંથી મળ્યો."
પછી ઈસુએ કહ્યું, "તો હું તમને કાંઈ જ નહિ કહું કે
હું કયા અધિકારથી આ કરું છું!"

### ઈસુ બે દીકરાઓની વાર્તા કહે છે

૨૮"સારું, બતાવો, હું કહું છું તે બાબતમાં તમે શું
માનો છો? એક વ્યક્તિને બે દીકરા હતા, પહેલા દીકરાની
પાસે જઈને તેણે કહ્યું, 'આજે તું મારી દ્રાક્ષની વાડીમાં
કામ કરવા જા.'
૨૯"પણ દીકરાએ ઉત્તર આપ્યો, 'હું નહિ જાઉં.' પછી
એનું મન બદલાયું અને નક્કી ર્ક્યુ કે તેણે જવું જોઈએ,
અને તે ગયો.
૩૦"પછી તે પિતા બીજા છોકરા પાસે ગયો અને તેને
કહ્યું, 'દીકરા, મારી દ્રાક્ષની વાડીમાં જા અને ત્યાં ખેતરમાં
કામ કર.' દીકરાએ કહ્યું, 'હા, સાહેબ, હું જઈશ અને
કામ કરીશ.' પણ તે ગયો નહિ.
૩૧ઈસુએ પૂછયું, "કયા દીકરાએ પિતાની આજ્ઞાનું
પાલન કર્યુ?"
યહૂદી નેતાએ કહ્યું, "પહેલા દીકરાએ."
ઈસુએ તેમને કહ્યું, "હું તમને સત્ય કહું છું કે તમે
એમ માનો છો કે કર ઉઘરાવનાર અને વેશ્યાઓ ખરાબ
લોકો છે, પરંતુ તેઓ તમારા કરતા આકાશના રાજયમાં
તમે યત્ન કરશો તેના કરતાં પહેલા પ્રવેશ કરશે. ૩૨યોહાન
તમને સાચો માર્ગ બતાવવા આવ્યો પણ તમે યોહાનમાં
વિશ્વાસ કર્યો નહિ. પણ કર ઉઘરાવનાર અને વેશ્યાઓ
તેનામાં વિશ્વાસ કરે છે એમ તમે જુઓ છો છતાં પણ
તમે હજી પણ પસ્તાવો કરતા નથી કે નથી તેનામાં
વિશ્વાસ કરતા.

### દેવે તેના દીકરાને મોકલ્યો

૩૩"આ વાર્તા ધ્યાનથી સાંભળો: એક માણસ હતો
તેનું પોતાનું ખેતર હતું તેમા તેણે દ્રાક્ષ વાવી અને તેની
ચારે બાજુ એક દિવાલ ચણી હતી. દ્રાક્ષનો રસ કાઢવા
કુંડ બનાવ્યો, એક બૂરજ બાંધ્યા પછી કેટલાક ખેડૂતોને
તે વાડી ઈજારે આપીને તે પ્રવાસમાં ગયો. ૩૪દ્રાક્ષ
ચૂંટવાનો સમય થયો એટલે તેના નોકરોને ખેડૂતો પાસેથી
પોતાની દ્રાક્ષનો ભાગ લેવા મોકલ્યો.
૩૫"પણ ખેડૂતોએ આ નોકરોને પકડ્યા અને તેમાના
એકને ખૂબ માર્યો. અને બીજા નોકરને મારી નાખ્યો.
અને ત્રીજા નોકરને પણ પત્થર વડે મારી નાખ્યો. ૩૬તેથી
તે માણસે બીજા નોકરોને ખેડૂત પાસે મોકલ્યો. તે માણસે
પહેલા કરતાં વધુ નોકરોને મોકલ્યા તેમની સાથે પણ
ખેડૂતોએ તેવું જ વર્તન કર્યુ. ૩૭એટલે માણસે પોતાના
દીકરાને ખેડૂતો પાસે મોકલયો. તે માણસે કહ્યું, 'ખેડૂતો
મારા દીકરાને માન આપશે.'
૩૮"પણ જ્યારે ખેડૂતોએ માલિકના દીકરાને જોયો
ત્યારે તેઓ અંદર અંદર તેમનામાં વાતો કરવા લાગ્યા કે,
'આજ તે માલિકનો દીકરો છે, વારસ છે આ ખેતર તેનું
છે માટે જો આપણે તેને પણ મારી નાખીએ તો આ
ખેતર આપણું થઈ જશે!' ૩૯તેથી ખેડૂતોએ છોકરાને
પકડ્યો અને ખેતરની બહાર ફેંકી દીધો અને તેને મારી
નાખ્યો.
૪૦"આ ખેતરનો માલિક આવશે ત્યારે એ ખેડૂતોને
શું કરશે?" ૪૧યહૂદીઓના ધર્મગુરુઓ અને આગેવાનોએ
કહ્યું; "તે ચોક્કસ આ દુષ્ટ માણસોને મારી નાંખશે. અને
બીજા ખેડૂતો જે તેમનો પાક થશે ત્યારે ભાગ આપશે
તેવા ખેડૂતોને તે ખેતર ભાગે ખેડવા આપશે."
૪૨ઈસુએ તેઓને કહ્યું, "શું તમે શાસ્રમાં નથી વાંચ્યુ?

'બાંધનારાઓએ નકામો ગણીને પડતો મૂકેલો
પથ્થર જ ખૂણાનો મુખ્ય પથ્થર બન્યો, એ પ્રભુથી
બન્યું, અને આપણી નજરમાં આશ્ચર્યકારક છે.'
*ગીતશાસ્ર ૧૧૮:૨૨–૨૩*

૪૩"એટલે જ હું તમને કહું છું કે દેવનું રાજ્ય તમારી
પાસેથી લઈ લેવામાં આવશે. અને એવા લોકોને

આપવામાં આવશે કે જેઓ દેવની ઈચ્છા પ્રમાણે રાજ્યોમાં ફળ આવશે. ૪૪જે મનુષ્ય આ પથ્થર પર પટકાશે તેના ટુકડેટુકડા થઈ જશે. અને એ પથ્થર જે વ્યક્તિ પર પડશે તેનો ભૂકો થઈ જશે."

૪૫મુખ્ય યાજકો અને ફરોશીઓએ ઈસુ પાસેથી આ દૃષ્ટાંત સાંભળ્યું અને તેઓને લાગ્યું કે ઈસુ તેમના સબંધમાં જ કહે છે. ૪૬તેઓ ઈસુને પકડવાનો રસ્તો શોધતા હતા. પણ તેઓ લોકોથી ખૂબ ડરતા હતા, કારણ લોકો ઈસુને પ્રબોધક તરીકે માનતા હતા.

### ભોજન માટે નિમંત્રણ આપેલ લોકો વિષે વાર્તા

**૨૨** ઈસુએ લોકોને સમજાવવા માટે બીજી દૃષ્ટાંત વાર્તાઓ કહીં. ૨"આકાશનું રાજય એક રાજા જેવું છે કે જેણે પોતાના દીકરાના લગ્ન પ્રસંગે ભોજન સમારંભ ગોઠવ્યો હોય. ૩રાજાએ કેટલાક માણસોને ભોજન માટે નિમંત્રણ આપ્યું. ભોજન તૈયાર થયું એટલે રાજાએ જમવા માટે લોકોને બોલાવવા તેના નોકરોને મોકલ્યા પણ લોકોએ રાજાના સમારંભમાં આવવાની ના પાડી.

૪"પછી રાજાએ બીજા વધારે નોકરો મોકલ્યા, રાજાએ નોકરોને કહ્યું, 'જે લોકોને નિમંત્રણ આપ્યું છે તેમને કહો કે ભોજન તૈયાર છે. મેં મારા સારામાં સારા બળદ અને વાછરડાંને મારીને ભોજન તૈયાર કર્યુ છે. બધુ જ તૈયાર છે માટે લગ્ન નિમિત્તેના ભોજનસમારંભમાં આવો.'

૫"નોકરો ગયા અને લોકોને ભોજન માટે આવવાનું કહ્યું, પણ લોકોએ નોકરોને સાંભળવાની ના પાડી દીધી, તેઓ પોતાના બીજા કામે ચાલ્યા ગયા. એક પોતાના ખેતરમાં કામ કરવા ચાલ્યો ગયો. જ્યારે બીજો પોતાના ધંધા પર ચાલ્યો ગયો. ૬થોડા બીજાઓએ નોકરોને પકડ્યા, તેમને માર્યા અને મારી નાંખ્યા. ૭રાજા ખૂબ ગુસ્સે થયો અને રાજાએ તેનું લશ્કર મોકલ્યું. તેઓએ પેલા લોકોને માંરી નાખ્યા. અને તેમના શહેરને બાળી નાખ્યું.

૮"પછી, રાજાએ તેના નોકરોને કહ્યું, 'લગ્નનો ભોજનસમારંભ તૈયાર છે, મેં જે લોકોને નિમંત્રણ આપ્યું છે તેઓ ભોજનસમારંભમાં આવવા માટે યોગ્ય ન હતા. ૯તેથી હવે તમે શેરીઓના ખૂણેખૂણામાં જાઓ અને જે લોકોને જુઓ તે દરેકને લગ્નના ભોજનસમારંભમાં આવવાનું કહો.' ૧૦તેથી નોકરો શેરીઓમાં ગયા. તેઓને જે લોકો મળ્યા તે દરેક સારા નરસા માણસોને લગ્નના ભોજન સમારંભમાં બોલાવી લાવ્યા. આખો ભોજનખંડ માણસોથી ભરાઈ ગયો.

૧૧"પણ જ્યારે રાજા મહેમાનોને જોવા અંદર આવ્યો ત્યારે એક માણસ તેણે જોયો કે જેણે લગ્નને લાયક કપડા પહેર્યા નહોતાં. ૧૨રાજાએ તેને પૂછયું, 'હે મિત્ર, લગ્નને લાયક વસ્ત્ર પહેર્યા વગર તું કેવી રીતે અહીંયાં આવ્યો?' પણ પેલા માણસે કાંઈ ઉત્તર આપ્યો નહિ. ૧૩એટલે રાજાએ તેના નોકરોને કહ્યું, 'આ માણસના હાથ અને પગ બાંધી દો અને તેને અંધારામાં ફેંકી દો જ્યાં લોકો રડશે અને દાંત પીસશે.'

૧૪"કેમકે આમંત્રિતો ઘણા છે પણ પસંદ કરાયેલા થોડા છે."

### ઈસુને પકડવાની કેટલાંક યહૂદી આગેવાનોની ચાલ

૧૫પછી ફરોશીઓ ઈસુ જ્યાં ઉપદેશ આપતો હતો તે જગ્યા છોડી ચાલ્યા ગયા અને એક સભા બોલાવીને ઈસુને પ્રશ્નો દ્વારા ફસાવવાનું નક્કી કર્યુ. ૧૬તેથી ફરોશીઓએ કેટલાક માણસોને અને હેરોદીઓને ઈસુની પાસે મોકલ્યા. તેમણે ઈસુને પૂછયું, "ઉપદેશક, અમે જાણીએ છીએ કે, તું પ્રમાણિક છે અને કોઈની શેહશરમમાં આવ્યા વિના તું દેવના માર્ગ વિષે સાચું શિક્ષણ આપે છે. તારી પાસે બધા જ લોકો સરખા છે. ૧૭તો તું અમને કહે કે, કૈસરને કર આપવો તે શું ઉચિત છે? હા કે ના?"

૧૮ઈસુ એમનો ખરાબ ઈરાદો સમજી ગયા અને કહ્યું, "ઢોંગીઓ! તમે મને શા માટે ફસાવવા માંગો છો? ૧૯તમે જે સિક્કા દ્વારા કર ચૂકવો છો તે લાવીને મને બતાવો." તેઓએ એક દીનાર લાવીને ઈસુને બતાવ્યો. ૨૦પછી ઈસુએ તેમને પૂછયું, "આ સિક્કા પર કોનું ચિત્ર છે? અને તેના ઉપર કોનું નામ લખેલું છે?"

૨૧પછી લોકોએ કહ્યું, "આના ઉપર કૈસરનું નામ છે અને તેનું જ ચિત્ર છે."

એટલે ઈસુએ તેઓને કહ્યું, "જે કૈસરનાં છે તે કૈસરને આપી દો અને જે દેવનું છે તે દેવને આપી દો."

૨૨ઈસુની વાત સાંભળી બધા અચરત પામ્યા, અને ઈસુને છોડી ત્યાંથી ચાલ્યા ગયા.

### ઈસુને પકડવાની કેટલાંક સદૂકીઓની ચાલ

૨૩એ જ દિવસે થોડાક સદૂકીઓ ઈસુ પાસે આવ્યા (લોકો મરણમાંથી ઊભા થશે તે સદૂકીઓ માનતા નહોતા) અને સદૂકીઓએ ઈસુને પૂછયું. ૨૪"ઉપદેશક, મૂસાએ કહ્યું છે કે, જો કોઈ માણસ નિ:સંતાન મરણ પામે તો તેના ભાઈએ તેની પત્ની સાથે પરણવું જોઈએ. જેથી તેઓ બાળકો મેળવી પોતાના ભાઈ માટે વંશ

ઉપજાવે. ૨૫એક કુટુંબમાં સાત ભાઈઓ હતા. તેમાંના
મોટા ભાઈએ લગ્ન કર્યું અને નિ:સંતાન મરણ પામ્યો,
તેથી પોતાની સ્ત્રીને બીજા ભાઈ પાસે તેડી ગયો. ૨૬આ
બીજો ભાઈ પણ નિ:સંતાન મરણ પામ્યો. પછી પેલી
સ્ત્રી ત્રીજા ભાઈની સાથે પરણી એમ સાતે ભાઈઓના
સંબંધમાં આવું બન્યું. ૨૭સૌથી છેલ્લે તે સ્ત્રી પણ મરણ
પામી. ૨૮આ સાતે માણસો તે સ્ત્રીને પરણ્યા, તો પછી
હવે મૂએલાઓનાં પુનરુત્થાનમાં, પેલા સાતમાંથી તે
કોની પત્ની થશે?"

૨૯ઈસુએ કહ્યું, "ધર્મલેખો અને દેવનાં પરાક્રમ
વિષેના તમારા અજ્ઞાનને કારણે એ તમે સમજી શકતા
નથી. ૩૦તેઓ જ્યારે મરણમાંથી પુનરુત્થાન પામશે,
ત્યારે તે બધા આકાશમાંના દૂતો જેવા હશે અને લગ્નની
વાત જ નહિ હોય. ૩૧શું પુનરુત્થાનના સંબંધમાં દેવે
તમને જે કહ્યું છે તે તમે વાંચ્યું છે? ૩૨દેવે કહ્યું, 'હું
ઈબ્રાહિમનો દેવ તથા ઈસહાકનો દેવ તથા યાકૂબનો
દેવ છું.'* પણ તે મૂએલાઓનો દેવ નથી. પરંતુ જીવતા
લોકોનો દેવ છે."

૩૩ઈસુનો ઉત્તર સાંભળીને તે લોકો તેના ઉપદેશથી
અચરત પામ્યા હતા.

### સહુથી મોટી આજ્ઞા કઈ છે?

૩૪ફરોશીઓએ જાણ્યું કે ઈસુએ પોતાના ઉત્તરથી
સદૂકીઓને બોલતા બંધ કરી દીધા તેથી તેઓ એકત્ર
થયા. ૩૫એક ફરોશી જે શાસ્ત્રી હતો. તેણે ઈસુને ફસાવવા
એક પ્રશ્ન પૂછયો. ૩૬"ઓ ઉપદેશક, નિયમશાસ્ત્રમાં
સહુથી મોટી આજ્ઞા કઈ છે?" ૩૭ઈસુએ ઉત્તર આપ્યો;
"પ્રભુ તારા દેવ પર, તું તારા પૂરા હદયથી, ને તારા પૂરા
જીવથી અને તારા પૂરા મનથી પ્રીતી કર.'* ૩૮આ
પહેલી અને સૌથી મોટી આજ્ઞા છે. ૩૯બીજી મોટી
આજ્ઞા પણ એવી જ છે. 'તું જેવો પ્રેમ તારા પર કરે છે
તેવો જ પ્રેમ તારા પડોશી પર કર.'* ૪૦આખા
નિયમશાસ્ત્ર અને પ્રબોધકોના લખાણોનો પાયો આ બે
આજ્ઞાઓમાં સમાયેલો છે. આ બે આજ્ઞાઓને પાળશો
તો તમે બીજી સર્વ આજ્ઞાઓ પાળશો."

### ઈસુનો ફરોશીઓને પ્રશ્ન

૪૧જયારે બધા ફરોશીઓ ભેગા થયા હતા ત્યારે,
ઈસુએ તેઓને પ્રશ્ન પૂછયો. ૪૨ઈસુએ કહ્યું, "મસીહ
વિષે તમે શું માનો છો? તે કોનો દીકરો છે?" તેઓએ
ઉત્તર આપ્યો, "તે દાઉદનો દીકરો છે."

૪૩ઈસુએ તેઓને ફરીથી પ્રશ્ન કર્યો, "તો પછી પવિત્ર
આત્માની પ્રેરણાથી દાઉદ તેને 'પ્રભુ' કેમ કહે છે.

૪૪'પ્રભુએ (દેવે) મારા પ્રભુને (ખ્રિસ્ત) કહ્યું કે: જ્યાં
સુધી તારા શત્રુઓ તારા નિયંત્રણ હેઠળ છે; ત્યાં
સુધી તું મારી જમણી બાજુ બેસ.'

*ગીતશાસ્ત્ર ૧૧૦:૧*

૪૫દાઉદે તેને ખ્રિસ્ત પ્રભુ કહ્યો તો એ તેનો દીકરો કેવી
રીતે હોઈ શકે?" ૪૬ઉત્તરમાં કોઈ કશું જ બોલી શક્યા
નહિ. તે સમય પછી તેઓએ બીજા પ્રશ્નો પૂછવાની
કોઈએ હિંમત કરી નહિ.

### ઈસુ ધાર્મિક નેતાઓની ટીકા કરે છે

૨૩ ઈસુએ પછી લોકોને અને તેના શિષ્યોને
કહ્યું. ઈસુએ કહ્યું, ૨"યહૂદી શાસ્ત્રીઓને તથા
ફરોશીઓને મૂસાનો ઉપદેશ તમને સમજાવવાનો
અધિકાર છે. ૩તેથી એ લોકો જે કહે તે પ્રમાણે વર્તજો
અને તેમની આજ્ઞાનું પાલન કરજો. પરંતુ તે લોકો જે
કરે છે તે પ્રમાણે તમે ન કરતા. હું એટલા માટે કહું છું
કે, તેઓ જે ઉપદેશ આપે છે તે પ્રમાણે તેઓ પોતે
વર્તતા નથી. ૪તેઓ એવા કડક નિયમો બનાવે છે કે
લોકોને પાળવા મુશ્કેલ પડે છે. તે બીજા લોકોને નિયમોનું
પાલન કરવા અનુરોધ કરે છે પરંતુ તે લોકો તેમાંનો
એક પણ નિયમ પાળવા પ્રયત્ન કરતા નથી.

૫"તેઓ સારા કામ એટલા માટે કરે છે કે લોકો
તેઓને જુએ. તેઓ પવિત્ર દેખાવા માટે શાસ્ત્ર વચનોના
શબ્દો સાથેની પેટીઓ લઈ લે છે અને સ્મરણપત્રોને
પહોળા બનાવે છે અને પોતાના ઝભ્ભાની ઝૂલને લાંબી
કરે છે જેથી લોકો તેમને ધર્માત્મા સમજે, જુએ. ૬આવા
ફરોશીઓ અને શાસ્ત્રીઓને જમણવારોમાં મહત્વપૂર્ણ
સ્થાન પ્રાપ્ત કરવાનું ગમે છે અને સભાસ્થાનોમાં મુખ્ય
સ્થાને બેસવાનુ ગમે છે. ૭બજારમાં લોકો તેમને માન
આપે તે તેમને ગમે છે અને લોકો તેમને 'ગુરુ' કહીને
બોલાવે તેવુ તે ઈચ્છે છે.

૮"પરંતુ તમે 'ગુરુ' ન કહેવાઓ કારણ તમારો ગુરુ તો
એક જ છે અને તમે બધા તો ભાઈ બહેન છો.
૯તમારામાંથી કોઈને પણ આ પૃથ્વી પર 'પિતા' ન કહો
કારણ તમારો પિતા તો એક જ છે અને તે આકાશમાં
છે. ૧૦તમે 'સ્વામી' પણ ન કહેવાઓ, કારણ તમારો

---

**'હું ઈબ્રાહિમ ... દેવ છું'** નિ. ૩:૬.
**'પ્રભુ તારા દેવ ... પ્રીતી કર'** પુન. ૬:૫.
**'તું જેવો ... પડોશી પર કર'** લે. ૧૯:૧૮.

સ્વામી તો ફક્ત એક જ છે અને તે માત્ર ખ્રિસ્ત, જે
તમારા સ્વામી છે. ૧૧તમારામાં મહત્વપૂર્ણ વ્યક્તિ એ
હશે કે જે તમારો સેવક બનશે. ૧૨જે પોતાની જાતને
બીજા કરતા ઊચો કરશે તેઓને નીચા કરવામાં આવશે.
અને જેઓ પોતાને નીચો કરશે તેઓને ઊચા કરવામાં
આવશે.

૧૩"હે શાસ્ત્રીઓ અને ફરોશીઓ, તમને અફસોસ છે,
તમે ઢોંગી છો, કારણ તમે આકાશના રાજયના દરવાજા
લોકો માટે બંધ કરો છો. તમે પોતે આકાશના રાજયમાં
પ્રવેશ કરતા નથી, અને જેઓ આકાશના રાજ્યમાં પ્રવેશ
કરવા પ્રયત્ન કરે છે તેમને જવા દેતા નથી. ૧૪અરે, ઓ
શાસ્ત્રીઓ તથા ફરોશીઓ; ઢોંગીઓ, તમને અફસોસ છે!
કારણ કે તમે વિધવાઓની મિલકત હડપ કરી જાઓ
છો અને ઢોંગ કરીને લાંબી પ્રાર્થનાઓ કરો છો તે માટે
તમને સખત સજા થશે.

૧૫"ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને
અફસોસ છે! તમારા માર્ગોને એક વ્યકિત અનુસરે માટે
તમે સમુદ્ર તથા પૃથ્વી ફરી વળો છો; જયારે તમને તે
વ્યકિત મળે છે ત્યારે તમે તેને પોતા કરતાં બમણો
નરકનો દીકરો બનાવો છો!

૧૬"ઓ અંધ આગેવાનો તમારી કેવી દુર્દશા થશે?
તમારો નિયમ છે કે જો કોઈ પ્રભુ મંદિરના નામે સોગદ
લે તો કાંઈ વાંધો નહિં, અને એ ના પાળે તો પણ ચાલે
પણ મંદિરના સોનાના નામે સોગંદ લે તો પછી તેણે
તેના સોગંદ પાળવા જોઈએ. ૧૭અરે ઓ અંધ મૂર્ખાઓ!
વધારે મોટુ કયું સોનું કે મંદિર? 'મંદિર મોટું છે કારણ એ
મંદિરને લીધે સોનું પવિત્ર બન્યું છે. ૧૮તમે એ પણ
કહો છો, 'કોઈ વેદીના સોગંદ ખાય તો તે અગત્યનું
નથી પરંતુ જો વેદી પર ચઢાવેલ વસ્તુના સોગંદ ખાય
તો તેણે તે સોગંદ પાળવા જ જોઈએ. ૧૯અરે અંધજનો,
કોણ મોટું, વેદી પર ચઢાવેલી વસ્તુ કે વેદી? જે અર્પણને
પવિત્ર બનાવે છે? ૨૦તેથી જે કોઈ વેદીના સોગંદ લે છે
તે તેના તથા તેના પર મૂકેલ દરેક વસ્તુના સોગંદ લે છે.
૨૧જે મંદિરના સોગંદ લે છે તે તેની સાથે મંદિરમાં રહે
છે તેના પણ સોગંદ લે છે. ૨૨અને જે આકાશના સોગંદ
લે છે તે દેવના રાજયાસનની સાથે એ રાજયાસન પર
બેસનારના પણ સોગંદ લે છે.

૨૩"ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને
અફસોસ છે! તમે તમારી પાસે જે કાંઈ ફુદીનાનો, સૂવાનો,
તથા જીરાનો દશમો ભાગ છે તે દેવને આપો છો. પરંતુ
તમે વધારે નિયમશાસ્ત્રની મોટી વાતોનું પાલન કરતા
નથી. તમે ન્યાયીકરણ, દયા અને વિશ્ર્વાસની અવગણના
કરો છો. તમારે આ બીજી બાબતોની ઉપેક્ષા કર્યા વિના
તમારે આ બધાનું પાલન કરવું જોઈએ. ૨૪તમે લોકોને
માર્ગદર્શન આપો છો, પણ તમે પોતે જ આંધળા છો!
તમે તમારા પીણામાંથી માખી દૂર કરો છો પણ ઊંટને
ગળી જાઓ છો.

૨૫"અરે ઢોંગી, યહૂદી શાસ્ત્રીઓ અને ફરોશીઓ તમને
અફસોસ છે! તમે તમારી વાટકીઓ, થાળીઓ બહારથી
સાફ કરી રાખો છો, પરંતુ તમે તમારા પોતાના સંતોષ
માટે લોકોને છેતરીને તેની અંદર જુલમ તથા અન્યાય
ભરો છો. ૨૬ઓ આંધળા ફરોશી, પહેલા તું તારા થાળી
વાટકા અંદરથી સાફ કર તો તેની સાથે સાથે વાસણ
બહારથી પણ સ્વચ્છ થઈ જશે.

૨૭"અરે ઢોંગી, યહૂદી શાસ્ત્રીઓ અને ફરોશીઓ
તમને અફસોસ છે! કે તમે સફેદ ધોળેલી કબર જેવા
છો. કારણ કે તે બહારથી સુંદર દેખાય છે પણ અંદરથી
મરણ પામેલા લોકોનાં હાડકાઓ અને બધી જ જાતનો
ગંદવાડ ભરેલો છે. ૨૮એવું જ તમારા માટે છે. લોકો
તમને બહારથી જુએ છે તો તમે ન્યાયી જેવા દેખાવ
છો. પણ અંદરથી તો તમે ઢોંગથી ભરેલા દુષ્ટ છો.

૨૯"અરે ઢોંગી, યહૂદી શાસ્ત્રી અને ફરોશીઓ, તમને
અફસોસ છે! કે તમે પ્રબોધકો માટે કબરો બનાવો છો
અને ન્યાયી લોકોની કબરો શણગારો છો. ૩૦અને કહો
છો, 'જો પૂર્વજોના સમયમાં અમે હોત તો આ પ્રબોધકોને
મારી નાખવા જરાપણ મદદ ન કરી હોત.' ૩૧એટલે
તમે એ સ્વીકારો છો કે જે લોકોએ પ્રબોધકોને મારી
નાખ્યા છે તેમના જ તમે સંતાનો છો. ૩૨તેઓના પગલે
ચાલીને અને તમારા બાપદાદાઓનાં પાપ પૂરા કરશો!

૩૩"ઓ સર્પો! સર્પોના વંશ! તમે નરકના દંડમાંથી
કેવી રીતે બચી શકશો! ૩૪આથી હું તમારી પાસે
પ્રબોધકને તથા જ્ઞાનીઓ તથા શાસ્ત્રીઓને મોકલું છું.
તેઓમાંના કેટલાકને તમે વધસ્તંભે જડશો અને
કેટલાકને મારી નાખશો. કેટલાકને તમે તમારા
સભાસ્થાનોમાં કોરડા મારશો અને ગામેગામ તેઓની
પાછળ પડશો. ૩૫તેથી તમે પૃથ્વી પર સારી વ્યક્તિઓને
મારી નાખવા માટે ગુનેગાર ઠરશો, ન્યાયી હાબેલને
મારી નાખવામાં આવ્યો. તેનાથી માંડી બેરખ્યાના દીકરા
ઝખરિયાને મંદિરની તથા હોમવેદીની વચ્ચે મારી
નાખવામાં આવ્યો. તેથી હાબેલ અને ઝખરિયાના
સમયમાં જે બધા સારા લોકો રહેતા હતા તેના મરણ
માટે તમે ગુનેગાર છો. ૩૬હું તમને સાચે જ કહું છું. આ
બધી વસ્તુઓ માટે આ પેઢીના લોકોને ભોગવવું જ
પડશે.

### યરૂશાલેમના લોકો પર ઈસુનો ખેદ

૩૭"ઓ યરૂશાલેમ, યરૂશાલેમ! પ્રબોધકોને મારી
નાખનાર અને દેવના પ્રેરિતોને પથ્થરોથી મારી નાખનાર,
હું ઘણીવાર તમારાં બાળકોને ભેગા કરવા ઈચ્છતો હતો,
જેમ મરઘી પોતાના બચ્ચાઓને પાંખો તળે એકઠાં કરે
છે, પણ તમે એવું ઈચ્છયું નહિ. ૩૮હવે તારું મંદિર
પૂરેપૂરું ઉજ્જડ થઈ જશે. ૩૯હું તને કહું છું, 'પ્રભુને
નામે જે આવે છે તે આશીર્વાદિત છે'* એવું તમે નહિ
કહો ત્યાં સુધી તમે મને ફરી કદી જોશો નહિ."

### મંદિરના નાશની આગાહી

**૨૪** ઈસુએ મંદિર છોડયું અને ચાલતો હતો,
ત્યારે શિષ્યો તેની પાસે આવ્યા. તેઓ તેને
મંદિર બતાવવા લાગ્યા. ૨ઈસુએ કહ્યું; "તમે આ બધું
જુઓ છો? હું તમને સત્ય કહું છું, આ બધું તોડી પાડવામાં
આવશે. એક પથ્થર પર બીજો પથ્થર રહેવા દેવામાં
આવશે નહિ. અને એક એક પથ્થરને જમીનદોસ્ત
કરવામાં આવશે."
૩પછી ઈસુ જૈતૂન પર્વત પર બેઠો હતો ત્યારે શિષ્યો
તેની સાથે એકાંત માટે આવ્યા અને પૂછયું એ બધું
ક્યારે બનશે? અને "અમને કહે કે તારા આગમનની
અને જગતના અંતની નિશાનીઓ શું હશે?"
૪ઈસુએ કહ્યું, "સાવધાન રહો! તમને કોઈ ગેરમાર્ગે
ન દોરે . ૫ઘણા લોકો આવશે અને મારા નામનો ઉપયોગ
કરશે અને કહેશે, 'હું જ ખ્રિસ્ત છું.' અને તેઓ ઘણા
લોકોને છેતરશે. ૬પણ તમે લડાઈઓ વિષે અને
લડાઈઓની અફવાઓ વિષે સાંભળશો ત્યારે તમે
ગભરાશો નહિ. એ બધું જ અંત પહેલા બનવાનું છે
અને ભવિષ્યનો અંત હજી બાકી છે. ૭રાષ્ટ્ર બીજા રાષ્ટ્રોની
સામે અને રાજ્યો બીજા રાજ્યોની વિરુદ્ધ ઊઠશે. અને
એક સમય એવો આવશે કે લોકોને ખાવા માટે ખોરાક
પણ નહિ હોય અને જુદા જુદા વિસ્તારોમાં ધરતીકંપ
થશે. ૮પણ એ બધાં તો દુ:ખોનો આરંભ જ છે.
૯"આ સમયે તમને શિક્ષા માટે સુપ્રત કરવામાં આવશે
અને તમને મારી નાંખશે કારણ કે તમે મારા શિષ્યો
છો. બધા જ રાષ્ટ્રો તમારો તિરસ્કાર કરશે. ૧૦આ સમયે
ઘણા લોકોનો વિશ્વાસ ડગી જશે. એકબીજાની સામે
થઈ જશે અને એકબીજાનો તિરસ્કાર કરશે. ૧૧અનેક
જૂઠા પ્રબોધકો નીકળી પડશે અને તેઓ ઘણાને આડે
માર્ગે દોરી જશે. ૧૨અનિષ્ટ સર્વત્ર પ્રસરશે. પરિણામે
ઘણાનો પ્રેમ ઠંડો પડી જશે. ૧૩પરંતુ જે કોઈ અંત સુધી
ટકશે તે જ તારણ પામશે. ૧૪દેવના રાજ્યની સુવાર્તા
આખા વિશ્વમાં બધી જ જાતિના લોકોને સંભળાવવામાં
આવશે. ત્યારે અંત આવશે.
૧૫"જેના વિષે દાનિયેલ પ્રબોધકે કહેલું છે કે, 'એ
ભયાનક વિનાશકારી વસ્તુને તમે પવિત્ર જગ્યામાં
(મંદિર) ઊભેલી જુઓ." (વાંચક તેનો અર્થ સમજી લે)
૧૬"ત્યારે જેઓ યહૂદિયામાં રહે છે તેઓને પહાડો તરફ
ભાગી જવું પડશે. ૧૭જેઓ ઘરના છાપરાં પર હોય
તેઓએ ઘરમાં સરસામાન લેવા જવું નહિ. ૧૮જેઓ
ખેતરોમાં હોય તેમણે પોતાના કપડાં લેવા પાછા ઘરે
જવું નહિ. ૧૯એ દિવસોમાં જે ગર્ભવતી સ્રીઓ હશે,
અને જેને ધાવણાં બાળકો હશે તેમને માટે દુ:ખદાયક
દિવસ હશે. ૨૦પ્રાર્થના કરો કે તમારે શિયાળાનાં દિવસોમાં
કે વિશ્રામવારે ભાગવું ના પડે. ૨૧એ દિવસોમાં એવી
મોટી આપત્તિ આવશે કે સૃષ્ટિ રચી ત્યારથી અત્યાર
સુધી કદી આવી નથી. અને ભવિષ્યમાં એવી આપત્તિ
આવશે નહિ. ૨૨આ ભયંકર આપત્તિના દિવસો લોકોને
ખાતર ઓછા કરવામાં આવશે. જો તેમ ન થયું હોત તો
કોઈ માણસ બચી શકત નહિ. પરંતુ દેવના પસંદ કરાયેલા
માણસો માટે જ આ દિવસો ઘટાડવામાં આવશે. ૨૩ત્યારે
તમને જો કોઈ કહે કે જુઓ, અહીં 'ખ્રિસ્ત' છે અથવા તે
અહીં છે તો તેનો વિશ્વાસ કરશો નહિ. ૨૪કેમ કે જૂઠા
ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊભા થશે. અને એવા અદભૂત
ચમત્કારો તથા અદભૂત કૃત્યો કરી બતાવશે કે જો બની
શકે તો દેવના પસંદ કરેલા લોકોને પણ તેઓ ભુલાવશે.
૨૫જુઓ, આ વાત તમને અગાઉથી બતાવું છું માટે
સાવધ રહેજો.
૨૬"તેથી કોઈ તમને કહે; 'ખ્રિસ્ત પેલી ઉજજડ
ભૂમીમાં છે!' પણ તે ઉજજડ પ્રદેશમાં ખ્રિસ્તને જોવા
જશો નહિ. કોઈ કહે, 'ખ્રિસ્ત અમુક ઘરમાં છે તો તે
તમે માનશો નહિ. ૨૭જયારે માણસનો દીકરો આવશે
ત્યારે આકાશમાં પૂર્વથી પશ્ચિમે ઝબકારા જેવું થશે જે
દરેક માણસ જોઈ શકશે. તે પ્રમાણે માણસનો દીકરો
પ્રગટ થશે. ૨૮જ્યાં મડદાં હશે, ત્યાં ગીધો ભેગાં થશે.
૨૯"એ દિવસોમાં જયારે વિપત્તિ દૂર થશે કે તરત જ:

'સૂરજ અંધકારરૂપ થઈ જશે, અને ચંદ્ર તેનું
અજવાળું આપશે નહિ. અને તારાઓ
આકાશમાંથી ખરી પડશે. આકાશમાં બધું જ ધ્રુજી
ઊઠશે.'

*યશાયા ૧૩:૧૦; ૩૪:૪,૫*

૩૦"એ સમયે, માણસના દીકરાના આવવાના સંકેત
આકાશમાં જોવા મળશે, તે વખતે પૃથ્વી પરના બધા જ

---

**'પ્રભુને નામે ... આશીર્વાદિત છે'** ગી.શા. ૧૧૮:૨૬.

લોકો વિલાપ કરશે અને માણસના દીકરાને પરાક્રમ
અને મોટા મહિમાસહિત આકાશના વાદળોમાં આવતો
જોશે. ૩૧માણસનો દીકરો પોતાના દૂતોને પૃથ્વીની ચારે
બાજુ મોકલવા મોટા અવાજથી રણશિંગડું ફૂકશે. દૂતો
પૃથ્વીના દરેક ભાગમાંથી પસંદ કરેલા માણસોને ભેગા
કરશે.
૩૨"અંજીર પરથી બોધપાઠ લો, જ્યારે તેની ડાળી
કુમળી હોય છે અને પાંદડાં ફૂટવા લાગે છે ત્યારે તમે
સમજી શકો છો કે ઉનાળો પાસે આવ્યો છે. ૩૩તે જ
પ્રમાણે, જ્યારે તમે આ બધા જ બનાવો બનતા જુઓ,
ત્યારે જાણી લેવું કે એ સમય નજીક આવી રહ્યો છે
અને આવવાની તૈયારી છે. ૩૪હું તમને સત્ય કહું છું કે
આ પેઢીનાં લોકોના જીવતાં જ આ બધી જ ઘટના
બનશે. ૩૫આખી દુનિયા, પૃથ્વી અને આકાશનો નાશ
થશે, પણ મેં તમને જે શબ્દો કહ્યાં છે તેનો કદી વિનાશ
નહિ થાય!

### સમય તો ફક્ત દેવ જાણે છે

૩૬"પણ એ દિવસ અને કલાક વિષે કોઈ જાણતું
નથી. આકાશના દૂતો કે દીકરો કોઈ જાણતું નથી. ફક્ત
તે બાપ જ જાણે છે. ૩૭નૂહના સમયમાં બન્યું એવું જ
માણસના દીકરાના આગમન સમયે બનશે.
૩૮જળપ્રલય થયો તે પહેલા લોકો ખાતાપીતા અને
પરણાવતા, આ બધુ જ નૂહ વહાણ પર ન ચઢયો ત્યાં
સુધી બનતું રહ્યું. ૩૯જળપ્રલય થયો અને બધાને તાણીને
લઈ ગયો, ત્યાં સુધી ખબર ન પડી, માણસના દીકરાને
આવવાનું થશે, ત્યારે આવું જ બનશે. ૪૦એ સમયે
ખેતરમાં કામ કરતા બે માણસોમાંથી એકને ઉઠાવી લેવાશે
અને બીજો ત્યાં જ છોડી દેવાશે. ૪૧આ સમયે ઘંટી
ચલાવતી બે સ્ત્રીઓમાંથી એક સ્ત્રીને ત્યાંથી ઊઠાવી
લેવામાં આવશે અને બીજીને ત્યાંજ પાછળ રહેવા દેવામાં
આવશે.
૪૨"એટલે તમે લોકો સાવધ રહો, કારણ કે તમારો
પ્રભુ ક્યારે આવે છે તે તમે જાણતા નથી. ૪૩યાદ રાખો
કે, જો ઘરના માલિકે જાણ્યું હોત કે ચોર કયા સમયે
આવશે તો તે માલિક સજાગ રહેત અને ચોરને ઘરમાં
પ્રવેશ કરવા ન દેત. ૪૪એટલે તમારે પણ તૈયાર રહેવું
જોઈએ કારણ માણસનો દીકરો ગમે તે સમયે આવશે,
જયારે તમને ખબર પણ નહિ પડે.
૪૫"માલિક પોતાના ઘરના સર્વને નિયત સમયે
ખાવાનું આપવા જેને પોતાના ઘરના સેવકો પર અધિકારી
નીમે છે એવો શાણો અને વિશ્વાસુ સેવક કોણ છે?
૪૬માલિક જ્યારે આવે ત્યારે જે સેવક આ કામ કરતો
દેખાશે તે માણસ સુખી થશે. ૪૭હું તમને સત્ય કહું છું.
એવા વફાદાર માણસને માલિક પોતાની તમામ
મિલ્કતનો કારભારી બનાવશે. ૪૮પણ જો નોકર દુષ્ટ
હશે અને વિચારશે કે મારા માલિક તરત જ પાછા નથી
આવવાના. ૪૯પછી તે પોતાના સાથીદાર સેવકોને
મારપીટ કરશે. અને તે સેવક બીજા લોકો સાથે તેની
જેમ ખાવા પીવા લાગશે. ૫૦પણ તે ચાકરનો માલિક
એવો ઓચિંતો આવી પહોંચશે કે તેને તે દિવસની કદી
આશા નહિં હોય અને તે સમય વિષે તે જાણતો નહિ
હોય. ૫૧એનો સ્વામી એને ખરાબ રીતે સજા કરશે અને
ઢોંગીઓ વચ્ચે તેનું સ્થાન નિશ્ચિત કરશે. જ્યાં લોકો
રુદન કરતાં હશે. દુ:ખની પીડાથી દાંત પીસતાં થશે.

### દશ કુમારિકાઓની વાર્તા

**૨૫** "એ દિવસે આકાશનું રાજ્ય દશ કુમારિકાઓ
પોતાના વરને મળવા મશાલ લઈને નીકળી
હોય તેના જેવું હશે. ૨એમાંથી પાંચ મૂર્ખ હતી. અને
પાંચ વિચારશીલ હતી. ૩મૂર્ખ કુમારિકાઓ જ્યારે પોતાની
મશાલો લઈને આવી ત્યારે તેમની સાથે વધારાનું તેલ
લીધું નહિ. ૪વિચારશીલ કુમારિકાઓ પાસે તેમની
મશાલો સાથે બરણીમાં વધારાનું તેલ હતું. ૫વરને આવતાં
ઘણી વાર લાગી એટલામાં બધી જ કુમારિકાઓ થાકી
ગઈ અને ઊંઘવા લાગી.
૬"મધ્યરાત્રીએ કોઈકે જાહેરાત કરી કે, 'વરરાજા આવી
રહ્યો છે! તો ચાલો આપણે તેને મળવા જઈએ!'
૭"પછી બધી જ કુમારિકાઓ જાગી ગઈ ને પોતાની
મશાલો તૈયાર કરી. ૮પણ મૂર્ખ કુમારિકાઓએ
વિચારશીલ કુમારિકાઓને કહ્યું: 'અમને તમારું થોડું તેલ
આપો. અમારી મશાલો હોલવાઈ જાય છે.'
૯"સમજુ કુમારિકાઓએ કહ્યું, 'ના! કદાચ અમારી
પાસે જે તેલ છે તે તમને તથા અમને પુરું નહિ પડે
માટે તમે તેલ વેચનારા પાસે જાઓ અને પોતપોતાના
માટે થોડુ ખરીદી લાવો.'
૧૦"તેથી તે કુમારિકાઓ તેલ ખરીદવા ગઈ. એટલામાં
વરરાજા આવી પહોંચ્યો. જે કુમારિકાઓ તૈયાર હતી,
તેઓ તેની જોડે લગ્નનાં જમણમાં પહોંચી ગઈ અને
પછી બારણાં બંધ કરવામાં આવ્યાં.
૧૧"પછી પેલી બીજી કુમારિકાઓ આવી અને બહાર
ઊભી રહીને કહેવા લાગી, 'સ્વામી, હે સ્વામી, બારણાં
ઉઘાડો અને અમને અંદર આવવા દો.'

૧૨"પણ વરરાજાએ ઉત્તર આપ્યો, 'હું તમને સત્ય કહું છું, હું તમને જાણતો નથી.'

૧૩"તેથી હંમેશા તૈયાર રહો, તમને ખબર નથી, માણસનો દીકરો ક્યા દિવસે અને કયા સમયે આવશે.

### ત્રણ નોકરોની વાર્તા

૧૪"આકાશનું રાજય એવી વ્યક્તિ જેવું છે કે કોઈ વ્યક્તિ બીજા દેશના પ્રવાસે જતી વખતે તેના નોકરોને બોલાવીને કહે છે કે આ મારી સંપત્તિ, હું જાઉં તે દરમિયાન તમે સાચવજો. ૧૫તેણે એકને ચાંદીના સિક્કા ભરેલી પાંચ થેલીઓ આપી, બીજાને બે અને ત્રીજા ને એક, તેણે દરેકને તેમની શક્તિ અનુસાર આપી; પ્રવાસ કરવા ચાલી નીકળ્યો. ૧૬જેને ચાંદીના સિક્કાની પાંચ થેલીઓ આપી હતી તે ત્યાંથી ચાલી નીકળ્યો અને એણે તરત જ તે પૈસાનું બીજે રોકાણ કર્યુ. અને બીજી પાંચ થેલી કમાયો. ૧૭જેને બે થેલીઓ મળી હતી તેણે પણ બીજે રોકાણ કર્યુ અને બે થેલી કમાઈ લીધી. ૧૮પણ જે નોકરને એક જ થેલી આપી હતી તે ગયો અને જમીનમાં ખાડો ખોદી પોતાના માલિકના પૈસાની થેલી જમીનમાં દાટી દીધી.

૧૯"ઘણા સમય પછી તે માલિક પાછો આવ્યો અને નોકરોને પૂછયું કે તેઓએ તેના પૈસાનું શું ર્ક્યુ. ૨૦જેને પાંચ થેલી આપવામાં આવી તેણે બીજી વધારાની પાંચ થેલી લાવી તેના માલિકને આપી અને કહ્યું, 'તેં મારા પર વિશ્વાસ મૂક્યો તેથી તે પાંચ થેલીઓનો બીજી પાંચ થેલીઓ કમાવવા મેં ઉપયોગ ર્ક્યો.'

૨૧"માલિકે કહ્યું, 'તું ખૂબ સારો વિશ્વાસ રાખવા લાયક નોકર છે. તેં થોડા પૈસાનો સારો ઉપયોગ કર્યો છે, તેથી હું તને આના કરતાં પણ વધારે વસ્તુ સાચવવા આપીશ. આવ, અને મારા સુખનો ભાગીદાર બન.'

૨૨"પછી જેને બે થેલીઓ આપવામાં આવી હતી, તે માલિક પાસે આવ્યો અને નોકરે કહ્યું, 'માલિક તેં મને બે થેલી ભરેલા પૈસા આપ્યા હતા, મેં આ બંને થેલીના પૈસાનો ઉપયોગ ર્ક્યો છે અને હું બીજી બે થેલીઓ વધારે કમાયો છું.'

૨૩"માલિકે કહ્યું, 'તેં બરાબર ર્ક્યુ છે. તું ખૂબ જ સારો નોકર છે અને તું વિશ્વાસ રાખવા લાયક છે. તેં થોડા પૈસાનો ખૂબ સારો ઉપયોગ ર્ક્યો એટલે હું તને આનાં કરતા પણ વધારે અધિકાર આપીશ, આવ અને મારી સાથે સુખમાં ભાગીદાર થા.'

૨૪"પછી જેને એક થેલી આપવામાં આવી હતી, તે નોકર માલિક પાસે આવ્યો અને માલિકને કહ્યું, "હું જાણું છું કે તું ખૂબ જ કડક માણસ છે. તેણે કહ્યું, 'જ્યાં તેં નથી વાવ્યું, ત્યાંથી ફસલ લણનાર, અને જ્યાં તેં નથી વેર્યુ ,ત્યાંથી એકઠું કરનાર છે. ૨૫તેથી મને ખૂબ જ બીક લાગી અને તારી પૈસાની થેલી લઈને હું ગયો અને જમીનમાં છુપાવી દીધી. તેં મને જે ચાંદીના સિક્કાની થેલી આપી હતી, તે પાછી લે.'

૨૬"માલિકે કહ્યું, 'તું દુષ્ટ અને આળસુ નોકર છે! તું કહે છે, 'જ્યાં મેં નથી વાવ્યું ત્યાંથી હું ફસલ લણું છું અને જ્યાં નથી વેર્યુ ત્યાંથી એકઠું કરુ છું.' ૨૭તો મારું ધન તેં બેન્કમાં કેમ ન મૂકયું? જો બેન્કમાં પૈસા મૂક્યાં હોત તો મને વ્યાજ સાથે પાછા મળત.'

૨૮"તેથી માલિકે બીજા નોકરોને કહ્યું આની પાસેથી પૈસાની એક થેલી લઈ લો અને જેની પાસે દશ થેલી છે તેને આપી દો. ૨૯દરેક વ્યક્તિની પોતાની પાસે જે છે તેનો તે યોગ્ય ઉપયોગ કરશે તો તેને વધુ આપવામાં આવશે. અને જેને તેની જરૂરિયાત છે તેનાથી પણ અધિક પ્રાપ્ત કરશે અને જેની પાસે છે, તેનો યોગ્ય ઉપયોગ નહિ કરે તો તેની પાસેથી બધું જ છીનવી લેવામાં આવશે. ૩૦તેથી માલિકે કહ્યું, 'આ નકામા નોકરને બહારના અંધકારમાં ફેંકી દો જ્યાં લોકો રુદન કરે છે અને દાંત પીસે છે.'

### માણસનો દીકરો બધા લોકોનો ન્યાય કરશે

૩૧"માણસનો દીકરો ફરીથી આવશે. તે ભવ્ય મહિમા સાથે તેના બધા જ દૂતો સાથે આવશે અને તે રાજા તરીકે મહિમાના રાજયાસન પર બીરાજશે. ૩૨વિશ્વના બધા જ લોકો માણસના દીકરાની આગળ ભેગા થશે. માણસનો દીકરો પછી બધા જ લોકોને બે ભાગમાં વહેંચી નાખશે. જેમ ઘેટાંપાળક ઘેટાં બકરાંને જુદા પાડે છે. ૩૩માણસનો દીકરો ઘેટાંને (સારા લોકો)પોતાની જમણી બાજુ મૂકશે અને બકરાંને (ખરાબ લોકો) ડાબી બાજુ રાખશે.

૩૪"પછી તે રાજા, જમણી બાજુ બેસનારા સારા માણસોને કહેશે, આવો, મારા બાપના આશીર્વાદિતો આવો, અને જે રાજ્ય જગતનો પાયો નાખતા પહેલા તમારા માટે અગાઉથી જ તૈયાર કરવામાં આવ્યુ છે તે પ્રાપ્ત કરો. ૩૫તમને આ રાજ્ય મળ્યું છે કારણ હું ભૂખ્યો હતો ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું, તરસ્યો હતો ત્યારે તમે મને કાંઈક પીવા આપ્યું હતું. અને જ્યારે હું એકલો ભટકતો હતો ત્યારે તમે મને ઘેર બોલાવ્યો હતો. ૩૬હું વસ્ત્ર વગરનો હતો ત્યારે તમે મને કાંઈક પહેરવાં આપ્યું હતું. હું માંદો હતો ત્યારે તમે મારી

ચાકરી કરી હતી, હું જેલમાં હતો, ત્યારે તમે મને મળવા આવ્યા હતા.'

૩૭"પછી સારા માણસો ઉત્તર આપશે. 'પ્રભુ, અમે ક્યારે તને ભૂખ્યો જોયો અને ભોજન આપ્યું? અમે ક્યારે તને તરસ્યો જોયો અને તને કાંઈક પીવા આપ્યું? ૩૮અમે તને ક્યારે એકલો જોયો અને ઘરથી દૂર ફરતા જોયો? અને અમે તને અમારે ઘેર ક્યારે બોલાવ્યો? અમે તને વસ્ત્ર વગર ક્યારે જોયો અને તને કોઈક વસ્ત્ર પહેરવા આપ્યું? ૩૯અમે તને ક્યારે માંદો જોયો? અમે તને ક્યારે જેલમાં જોયો અને તારી મુલાકાત લીધી?'

૪૦"પછી રાજા ઉત્તર આપશે, 'હું તમને સત્ય કહું છું. તમે મારા લોકોમાંના એકના માટે અહીં જે બધું કર્યું તે બધું તમે મારા માટે જ કર્યુ.'

૪૧"પછી રાજા તેની ડાબી બાજુ બેઠેલા માણસોને કહેશે. મારી પાસેથી જે અગ્નિ સદાને માટે સળગે છે ત્યાં ચાલ્યા જાઓ. તમે શાપિત છો, શેતાન તથા તેના દૂતો માટે જે સર્વકાલિક અગ્નિ તૈયાર કરેલો છે તેમાં પડો અને, ૪૨આજ તમારી સજા છે. કારણ હું ભૂખ્યો હતો ત્યારે તમે મને કશું જ ખાવાનું આપ્યું નહોતું અને જ્યારે હું તરસ્યો હતો ત્યારે તમે મને કાંઈ પીવા આપ્યું નહોતું. ૪૩હું જ્યારે ઘરથી દૂર હતો અને ફરતો હતો, ત્યારે તમે મને ઘરમાં બોલાવ્યો નહોતો. વસ્ત્ર વગર નગ્ન હતો, પરંતુ તમે મને વસ્ત્ર પહેરવા આપ્યા નહોતા. હું બિમાર હતો અને કારાવાસ ભોગવતો હતો ત્યારે તમે મારી સેવા કરી નહોતી.'

૪૪"પછી લોકો પણ ઉત્તરમાં પૂછશે, 'હે પ્રભુ, અમે તને ભૂખ્યો, તરસ્યો, એકલો, વસ્ત્ર વગર, બિમાર અથવા બંદી ક્યારે જોયો? અને અમે તને મદદ ના કરી?'

૪૫"પછી રાજા ઉત્તરમાં કહેશે, 'હું તમને સત્ય કહું છું, કે તમે અહીં મારા લોકોમાંના કોઈને પણ ના પાડી તે મને ના પાડી બરાબર છે.'

૪૬"પછી તે દુષ્ટ માણસો ત્યાંથી ચાલ્યા જશે અને તેઓને સદાને માટે સજા થશે. અને પછી સારા લોકો અનંતજીવનમાં જતા રહેશે."

### યહૂદી આગેવાનોની ઈસુને મારી નાખવાની યોજના

**૨૬** ઈસુએ આ બધી બાબતો કહેવાનું પૂરુ કર્યા પછી તેણે તેના શિષ્યોને કહ્યું, ૨"તમે જાણો છો કે બે દિવસ બાદ પાસ્ખાપર્વ છે. તે દિવસે માણસના દીકરાને વધસ્તંભ પર મારી નાખવા માટે દુશ્મનોને સુપ્રત કરવામાં આવશે."

૩પ્રમુખ યાજકનું નામ કાયાફા હતું, પછી મુખ્ય યાજકો અને લોકોના વડીલો પ્રમુખ યાજકની કચેરીમાં ભેગા મળ્યા. ૪તે સભામાં તેઓએ ઈસુની ધરપકડ કરવાનો રસ્તો શોધવા પ્રયત્ન કર્યો. તેઓએ કપટનો ઉપયોગ કરીને, ઈસુને પકડવાની અને મારી નાખવાની યોજના કરી. ૫સભામાંના માણસોએ કહ્યું, "આપણે પાસ્ખાપર્વ દરમિયાન ઈસુને પકડી શકીએ નહિ, આપણા લોકો ગુસ્સે થાય અને ગરબડનું કારણ ઊભું થાય તેમ ઈચ્છતા નથી."

### એક સ્ત્રી કંઈક વિશિષ્ટ કરે છે

૬ઈસુ બેથનિયામાં હતો. તે સિમોન નામના કોઢિના ઘરમાં હતો. ૭જ્યારે ઈસુ ત્યાં હતો, એક સ્ત્રી તેની પાસે આવી. તેની પાસે સંગેમરમરની ખૂબ કિંમતી અત્તરથી ભરેલી શીશી હતી. તે સ્ત્રીએ ઈસુ જયારે જમતો હતો ત્યારે તેના માથા પર અત્તર રેડ્યું.

૮શિષ્યોએ આ જોયું અને તેઓ તે સ્ત્રી પર ગુસ્સે થયા. તે શિષ્યોએ પૂછયું, "આ અત્તરનો બગાડ શા માટે? ૯કારણ કે આ અત્તર ઘણા મૂલ્યે વેચી શકાત અને પૈસા ગરીબ લોકોને આપી શકાત."

૧૦પણ શું બન્યું છે તે ઈસુએ જાણ્યું. ઈસુએ કહ્યું, "આ સ્ત્રીને તમે શા માટે સતાવો છો? તેણીએ મારા માટે સારું કામ કર્યુ છે. ૧૧ગરીબ લોકો તમારી સાથે હંમેશા હશે પણ હું સદા તમારી સાથે નહિ હોઉં. ૧૨આ સ્ત્રીએ મારા શરીર પર અત્તર રેડ્યું. તેણીએ મારા મરણ પછી મારી દફનક્રિયાની તૈયારી માટે ર્ક્યુ છે. ૧૩હું તમને સત્ય કહું છું, આખી દુનિયાના લોકોને તે સુવાર્તા જણાવાશે. અને દરેક જગ્યાએ જ્યાં તે સુવાર્તા કહેવામાં આવશે ત્યાં આ સ્ત્રીએ જે ર્ક્યુ છે તે પણ જણાવાશે અને લોકો તેણીને યાદ કરશે."

### યહૂદા ઈસુનો દુશ્મન બને છે

૧૪પછી બાર શિષ્યોમાંનો એક મુખ્ય યાજકો પાસે કહેવા ગયો. આ ઈશ્કરિયોત નામનો યહૂદા તે શિષ્ય હતો. ૧૫યહૂદાએ કહ્યું, "હું તમને ઈસુ સુપ્રત કરીશ. તમે મને આ કરવા માટે શું આપશો?" યહૂદાને યાજકે ૩૦ ચાંદીના સિક્કાઓ આપ્યા. ૧૬તે સમય પછી યહૂદાએ ઈસુને યાજકોને સોંપવા માટેના ઉત્તમ સમયની રાહ જોવા માંડી.

### ઈસુનું પાસ્ખાપર્વનું ભોજન

૧૭બેખમીર રોટલીના પ્રથમ દિવસે શિષ્યો ઈસુ પાસે આવ્યા. તે શિષ્યોએ કહ્યું ,"અમે તારા માટે પાસ્ખા

પર્વના ભોજન માટે બધી તૈયારી કરીશું. અમે ભોજનની તૈયારી ક્યાં કરીએ? તારી શી ઈચ્છા છે?"

૧૮ઈસુએ કહ્યું, "શહેરમાં જાવ, હું જે માણસને જાણું છું એવા માણસ પાસે જાવ. ઉપદેશક કહે છે તે તેને કહો. 'પસંદ કરાયેલો નિયત સમય નજીક છે. હું તારા ઘેર મારા શિષ્યો સાથે પાસ્ખાપર્વનું ભોજન કરીશ.'" ૧૯શિષ્યોએ આજ્ઞાનું પાલન કર્યુ અને ઈસુએ તેઓને જે કરવા માટે કહ્યું તે કર્યુ. તેઓએ પાસ્ખાપર્વનું ભોજન તૈયાર કર્યુ.

૨૦સાંજે ઈસુ મેજ પાસે તેના બાર શિષ્યો સાથે બેઠો હતો. ૨૧તેઓ બધા જમતા હતા. પછી ઈસુએ કહ્યું, "હું તમને સત્ય કહું છું. તમારા બારમાંનો એક જે અહીં છે તે મને જલ્દીથી દુશ્મનોને સુપ્રત કરશે."

૨૨શિષ્યો આ સાંભળીને ઘણા દિલગીર થયા. દરેક શિષ્યોએ ઈસુને કહ્યું, "પ્રભુ, ખરેખર હું તે એક નથી!"

૨૩ઈસુએ કહ્યું, "જે એક જણે મારી સાથે તેનો હાથ વાટકામાં ઘાલ્યો છે તે જ વ્યક્તિ મારી વિરુદ્ધ જશે. ૨૪પણ તે વ્યક્તિને અફસોસ છે જેની મારફતે માણસના દીકરાને મારી નાખવા સુપ્રત કરાયો છે. શાસ્ત્રનું લખાણ કહે છે કે આ બનશે. પરંતુ જે માણસના દીકરાને મારી નાખવા માટે સોંપે છે. તે વ્યક્તિનું ઘણું ખરાબ થશે. જો તે માણસ જન્મ્યો ના હોત તો તેને માટે સારું હોત."

૨૫પછી યહૂદાએ ઈસુને કહ્યું, "ઉપદેશક, ચોક્કસ હું તારી વિરુદ્ધ જઈશ નહિ." (યહૂદા તે એક છે જે ઈસુને તેના દુશ્મનોને સોંપશે.)

ઈસુએ ઉત્તર આપ્યો, "હા તું તે જ છું."

## પ્રભુનું ભોજન

૨૬જ્યારે તેઓ જમતા હતા ત્યારે, ઈસુએ થોડી રોટલી લીધી અને રોટલી માટે દેવનો આભાર માની તેના ભાગ પાડ્યા અને તેના શિષ્યોને રોટલી આપી, ઈસુએ કહ્યું, "આ રોટલી લો અને તે ખાઓ. આ રોટલી મારું શરીર છે."

૨૭પછી ઈસુએ એક દ્રાક્ષારસનો પ્યાલો લીધો. તે માટે દેવનો આભાર માન્યો. અને તે તેના શિષ્યોને આપ્યો. ઈસુએ કહ્યું, "તમારામાંના દરેક જણ આ પીઓ. ૨૮આ દ્રાક્ષારસ મારું લોહી છે. નવા કરારનું એ મારું લોહી (મરણ) છે જે પાપીઓને માફીના અર્થે ઘણાઓને માટે વહેવડાવામાં આવ્યું છે. ૨૯હું તમને આ કહું છું કે: જયાં સુધી આપણે મારા પિતાના રાજયમાં ભેગા મળીશું નહિ ત્યાં સુધી હું ફરીથી આ દ્રાક્ષારસ પીશ નહિ. તે દ્રાક્ષારસ નવો હશે. ત્યારે હું તમારી સાથે ફરીથી પીશ."

૩૦બધા શિષ્યોએ ગીત ગાયું. પછી તેઓ જૈતુનના પહાડ પર ગયા. ૩૧ઈસુએ શિષ્યોને કહ્યું, "આજે રાત્રે તમે મારા કારણે તમારો વિશ્વાસ ગુમાવશો.

શાસ્ત્રલેખમાં લખેલું છે.

'હું ઘેટાંઓના પાળકને મારીશ, અને ઘેટાંઓ દૂર ભાગી જશે.'

*ઝખાર્યા ૧૩:૭*

૩૨પણ મારા મરણ પછી, હું મરણમાંથી સજીવન થઈશ. પછી હું ગાલીલમાં જઈશ. તમારા ત્યાં જતાં પહેલા હું ત્યાં હોઈશ."

૩૩પિતરે ઉત્તર આપ્યો, "તારા કારણે બીજાઓ કદાચ વિશ્વાસ ગુમાવે પણ હું મારો વિશ્વાસ કદી ગુમાવીશ નહિ."

૩૪ઈસુએ ઉત્તર આપ્યો, "હું તને સત્ય કહું છું, આજે રાત્રે તું કહીશ તું મને ઓળખતો નથી. મરઘાના બોલતા પહેલા તું આ ત્રણ વાર કહીશ."

૩૫પરંતુ પિતરે ઉત્તર આપ્યો, "જો કે મારે તારી સાથે મરવું પડે તો પણ હું તારો નકાર નહિ કરું!" અને બીજા શિષ્યોએ પણ એમ જ કહ્યું.

## ઈસુ એકલો પ્રાર્થના કરે છે

૩૬પછી ઈસુ તેના શિષ્યો સાથે ગેથશેમા નામની જગ્યાએ ગયો. ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "જ્યારે હું ત્યાં જાઉં અને પ્રાર્થના કરું ત્યાં સુધી તમે અહી બેસો." ૩૭ઈસુએ પિતર અને ઝબદીના બંને દીકરાઓને તેની સાથે લીધા. પછી તે શોકાતુર અને દુ:ખી થયો. ૩૮ત્યારે તે તેઓને કહે છે, "મારું હૃદય દુ:ખથી ભાંગી પડે છે. મારી સાથે અહીં જાગતા રહો અને રાહ જુઓ."

૩૯પછી ઈસુ તેઓથી થોડે દૂર ચાલ્યો ગયો. અને ઈસુએ ઊંધે મોઢે પડીને એવી પ્રાર્થના કરી કે; "ઓ મારા બાપ, જો શક્ય હોય તો મને આ દુ:ખનો પ્યાલો આપીશ નહિ, પરંતુ તારી ઈચ્છા પ્રમાણે કર, મારી ઈચ્છા પ્રમાણે નહિ." ૪૦પછી ઈસુ પાછો તેના શિષ્યો પાસે ગયો. ઈસુએ તેના શિષ્યોને ઊંઘતા દીઠા. ઈસુએ પિતરને કહ્યું, "તમે લોકો મારી સાથે એક કલાક માટે પણ જાગતા રહી શકતા નથી? ૪૧જાગતા રહો, અને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો. તમારો આત્મા જે સાચું છે તે કરવા ઈચ્છે છે. પણ તમારું શરીર અબળ છે."

૪૨પછી ઈસુ બીજી વાર દૂર ગયો અને પ્રાર્થના કરી, "મારા બાપ, મારી પાસેથી જો દર્દ ભરી સ્થિતિ દૂર ન

કરી શકાય અને જો મારે તે કરવું જોઈએ તો પછી હું પ્રાર્થના કરું છું કે તું જે ઈચ્છે છે તે પ્રમાણે થાય."

૪૩પછી ઈસુ શિષ્યો પાસે ગયો. ઈસુએ ફરીથી તેમને ઊંઘતા દીઠા. તેઓની આંખો ખૂબ થાકેલી હતી. ૪૪તેથી ઈસુ તેઓ પાસેથી ખસી ગયો અને તેમનાથી દૂર ગયો અને પહેલાની માફક તે જ શબ્દોમાં ત્રીજી વખત પ્રાર્થના કરી. ૪૫પછી ઈસુ શિષ્યો પાસે પાછો ગયો અને કહ્યું, "હજુ પણ તમે ઊંઘો છો અને આરામ કરો છો? માણસના દીકરાને પાપી લોકોને સુપ્રત કરવાનો સમય આવ્યો છે. ૪૬ઊભા થાઓ! આપણે જવું જોઈએ. અહીં તે માણસ આવે છે જે મને મારા દુશ્મનોને સુપ્રત કરશે."

### ઈસુ પકડાય છે

૪૭ઈસુ હજી બોલતો હતો ત્યારે યહૂદા ત્યાં આવ્યો. યહૂદા બાર શિષ્યોમાંનો એક હતો. આ લોકો મુખ્ય યાજકો તથા લોકોના વડીલોમાંથી મોકલવામાં આવ્યા હતા. યહૂદાની સાથેના આ લોકો પાસે તલવારો અને લાકડીઓ હતી. ૪૮યહૂદાએ લોકોને આ માણસ ઈસુ છે તે બતાવવા કંઈક યોજના કરી હતી. યહૂદાએ કહ્યું; "હું જે માણસને ચૂમીશ તે જ ઈસુ છે; તેને પકડી લેજો." ૪૯તેથી યહૂદા ઈસુ પાસે ગયો અને કહ્યું, "રાબ્બી સલામ!" યહૂદા ઈસુને ચૂમ્યો.

૫૦ઈસુએ કહ્યું, "મિત્ર, તું જે કરવા આવ્યો છું તે કર."

પછી તે માણસો આવ્યા અને ઈસુ પર હાથ નાખીને તેને પકડી લીધો. ૫૧ઈસુની સાથેના શિષ્યોમાંના એકે લાંબો હાથ કરીને પોતાની તલવાર કાઢી. આ શિષ્યે મુખ્ય યાજકના નોકર પર હુમલો ર્ક્યો અને કાન કાપી નાખ્યો.

૫૨ઈસુએ તે માણસને કહ્યું, "તારી તલવાર પાછી તેની જગ્યાએ મૂકી દે. જે લોકો તલવારનો ઉપયોગ કરે છે તેઓ તલવાર વડે મારી નંખાશે. ૫૩તમે ખરેખર જાણો છો કે મારા બાપ પાસે માંગણી કરું તો તે દૂતોની બાર ફોજ કરતાં વધારે આપી શકે. ૫૪પરંતુ ધર્મલેખોમાં કહ્યું છે તેથી એવું જ થવું જોઈએ."

૫૫પછી ઈસુએ બધા લોકોને કહ્યું, "તમે તલવારો અને લાકડીઓ લઈને હું અપરાધી હોઉં તે રીતે મને પકડવા આવ્યા છો? હું હંમેશા મંદિરમાં બેસીને બોધ આપતો હતો. તમે ત્યાં મને પકડ્યો નહિ. ૫૬પરંતુ આ બધી ઘટનાઓ બની. તેથી પ્રબોધકોના લેખ પૂર્ણ થયા." પછી ઈસુના બધા શિષ્યો તેને છોડીને દૂર નાસી ગયા.

### યહૂદી આગેવાનો સમક્ષ ઈસુ

૫૭ઈસુને જે માણસોએ પકડ્યો હતો તેઓ તેને પ્રમુખ યાજક કાયાફા પાસે દોરી ગયા. શાસ્રીઓ અને વડીલ યહૂદી નેતાઓ ત્યાં ભેગા થયા હતા. ૫૮પિતર ઈસુ પાછળ ગયો, પણ તે ઈસુની નજીક આવ્યો નહિ. પિતર પ્રમુખ યાજકના ઘરની ઓસરી સુધી ઈસુની પાછળ આવ્યો. તે અંદર ગયો અને ચોકીદારો સાથે બેઠો. પિતર જોવા ઈચ્છતો હતો કે અંતમાં ઈસુનું શું થશે.

૫૯મુખ્ય યાજકો અને સમગ્ર ન્યાયી સભાએ ઈસુની વિરુદ્ધ કંઈ શોધવાનો પ્રયત્ન કર્યો, જેથી તેઓ તેને મારી નાખી શકે. તેઓએ લોકોને જૂઠી સાક્ષી કહેવડાવવા માટે પ્રયત્ન કર્યો કે ઈસુએ ખોટું કર્યુ છે. ૬૦ઘણા લોકો આવ્યા અને ઈસુ વિષે ખોટી વાતો કહી. પરંતુ સભાને ઈસુને મારી નાખવા માટે સાચું કારણ મળ્યું નહિ, પછી બે માણસો આવ્યા અને કહ્યું, ૬૧"આ માણસે (ઈસુએ) કહ્યું છે કે, 'હું દેવના મંદિરનો નાશ કરી શકુ છું અને ફરીથી ત્રણ દિવસમાં બાંધી શકુ છું.'"

૬૨પછીથી પ્રમુખ યાજક ઊભો થયો અને તેણે ઈસુને કહ્યું, "આ લોકોએ તારી વિરુદ્ધ કહ્યું છે. તારી વિરુદ્ધમાં મુકાયેલા આક્ષેપો વિષે તારે કંઈક કહેવું છે? શું આ લોકો સાચું કહે છે?" ૬૩પણ ઈસુએ કંઈજ કહ્યું નહિં. ફરીથી પ્રમુખ યાજકે ઈસુને કહ્યું, "હવે હું તને સોગંદ દઉં છું હું તને જીવતા દેવના અધિકારથી અમને સાચું કહેવા હુકમ કરું છું. અમને કહે, શું તું દેવનો દીકરો ખ્રિસ્ત છે?"

૬૪ઈસુએ કહ્યું, "હા, હું છું. ભવિષ્યમાં તમે માણસના દીકરાને દેવની જમણી બાજુએ બેઠેલો જોશો અને તમે માણસના દીકરાને આકાશના વાદળા પર આવતો જોશો."

૬૫જ્યારે પ્રમુખ યાજકે આ સાંભળ્યું, ત્યારે તે ઘણો ગુસ્સે થયો. તેણે તેનાં વસ્રો ફાડી નાંખ્યાં. અને કહ્યું, "હવે વધુ સાબિતીની જરૂર નથી, તમે બધાએ હમણા જ દેવ વિરુદ્ધ બોલતાં સાંભળ્યો. ૬૬તમે શું વિચારો છો?"

યહૂદીઓએ ઉત્તર આપ્યો, "તે અપરાધી છે, અને તે મરણજોગ છે."

૬૭પછી ત્યાં લોકો ઈસુના ચહેરા પર થૂંક્યા અને તેઓએ તેને મૂક્કીઓ મારી. બીજા લોકોએ ઈસુને થબડાકો મારી. ૬૮તેઓએ કહ્યું, "ઓ ખ્રિસ્ત! અમને કહે તને કોણે માર્યું!"

### પિતરનું ઈસુને હું ઓળખું છું કહેતાં ડરવું

૬૯તે સમયે, પિતર પરસાળમાં બેઠો હતો. એક સેવિકા

પિતર પાસે આવી. તેણે કહ્યું, "તું પણ ગાલીલના ઈસુની જોડે હતો."

૭૦પણ પિતરે કહ્યું કે, તે ઈસુ સાથે કદી હતો નહિ. તેણે ત્યાં બધા લોકોને આ કહ્યું. પિતરે કહ્યું, "તમે કોના વિષે વાત કરો છો તે હું જાણતો નથી." ૭૧પછી પિતરે પરસાળ છોડી, દરવાજા આગળ બીજી એક સેવિકાએ તેને જોયો. તેણે ત્યાં લોકોને કહ્યું "આ માણસ ઈસુ નાઝારી સાથે હતો."

૭૨ફરીથી, પિતરે દેવના સોગંદ ખાઈને કહ્યું કે તે ઈસુ સાથે કદી ન હતો. પિતરે કહ્યું, "દેવના સોગંદ પૂર્વક કહું છુ કે હું આ માણસ ઈસુને ઓળખતો નથી!"

૭૩થોડીવાર પછી ત્યાં ઊભેલા કેટલાક લોકો પિતર પાસે ગયા અને કહ્યું, "અમે જાણીએ છીએ કે ઈસુને અનુસરનારા તે લોકોમાંનો તું એક છે કારણ કે તું જે રીતે વાત કરે છે તે જ બતાવે છે. તેના આધારે અમે આ કહીએ છીએ."

૭૪પછી પિતરે શાપ આપવાનું શરૂ કર્યુ. તેણે દઢતાથી કહ્યું, "હું દેવના સમ ખાઉં છું કે હું આ માણસને ઓળખતો નથી." પિતરના આમ કહ્યા પછી મરઘો બોલ્યો. ૭૫પછી ઈસુએ તેને જે કહ્યું હતું, તે પિતરને યાદ આવ્યુ, "મરઘો બોલતા પહેલા તું ત્રણ વાર કહીશ કે તું મને ઓળખતો નથી." પછી પિતર બહાર ગયો અને ધ્રુસકે ધ્રુસકે રડયો.

### ઈસુને પિલાત હાકેમ પાસે સુપ્રત કરવા લઈ જાય છે

**૨૭** બીજા દિવસની વહેલી સવારે, બધા મુખ્ય યાજકો અને લોકોના વડીલો ભેગા થયા અને ઈસુને મારી નાખવાની યોજના કરી. ૨તેઓએ ઈસુને સાંકળોએ બાંધ્યો. પછી તેને લઈ જઈને પિલાત હાકેમને સુપ્રત કર્યો.

### યહૂદાનું પોતાની જાતે મરણ પામવું

૩યહૂદાએ જોયું કે તેઓએ ઈસુને મારી નાખવાનું નક્કી કર્યુ છે. યહૂદા ઈસુને તેના દુશ્મનોને સોંપનારાઓમાંનો એક હતો. જ્યારે યહૂદાએ શું બન્યું તે જોયું ત્યારે તેણે જે કંઈ કર્યુ હતું તે માટે ઘણો દિલગીર થયો. તેથી તે મુખ્ય યાજકો તથા વડીલ આગેવાનો પાસે ૩૦ ચાંદીના સિક્કા પાછા લાવ્યો. ૪યહૂદાએ કહ્યું, "મેં પાપ કર્યુ છે, મેં એક નિર્દોષ માણસને મારી નાખવા આપ્યો છે."

યહૂદી આગેવાનોએ ઉત્તર આપ્યો, "અમને કોઈ ચિંતા નથી! તે પ્રશ્ન તારો છે, અમારો નથી."

૫તેથી યહૂદાએ પૈસા મંદિરમાં ફેંક્યા. પછી યહૂદાએ તે સ્થળ છોડ્યું અને પોતે જાતે લટકીને ફાંસો ખાધો.

૬મુખ્ય યાજકોએ મંદિરમાંથી ચાંદીના સિક્કા ઊંચકી લીધા. તેઓએ કહ્યું, "અમારો કાયદો આ પૈસાને મંદિરના ભંડારમાં રાખવાની પરવાનગી આપતો નથી, કારણ કે આ પૈસા માણસના મરણ માટે આપવામાં આવ્યા છે." ૭તેથી તેઓએ એક ખેતર જે કુંભારના ખેતરના નામે ઓળખાય છે તે આ પૈસાથી ખરીદવાનું નક્કી કર્યુ. જે લોકો યરૂશાલેમની મુલાકાતે આવતાં મરણ પામતાં તેઓને માટે દફનાવવાની જગ્યા તરીકે તે ખેતર ઉપયોગમાં લેવાશે. ૮તેના કારણે હજુ પણ તે લોહીના ખેતર તરીકે ઓળખાય છે. ૯તેથી પ્રબોધક યર્મિયાએ જે કહ્યું તે આ રીતે વચન પૂરું થયું:

"તેઓએ ૩૦ ચાંદીના સિક્કા લીધા. તેના જીવન માટે યહૂદી લોકોએ આ કિંમત ઠરાવેલી હતી. ૧૦તેઓએ તે ૩૦ ચાંદીના સિક્કાઓનો કુંભારનું ખેતર ખરીદવા માટે ઉપયોગ કર્યો. પ્રભુએ તેનો મને હુકમ કર્યો હતો."

### હાકેમ પિલાત ઈસુને પ્રશ્ન કરે છે

૧૧ઈસુ હાકેમ પિલાત સમક્ષ ઊભો રહ્યો. પિલાતે તેને પ્રશ્નો પૂછયાં, તેણે કહ્યું, "શું તું યહૂદીઓનો રાજા છે?"

ઈસુએ ઉત્તર આપ્યો, "હા, હું છું."

૧૨જ્યારે મુખ્ય યાજક અને વડીલ યહૂદી આગેવાનોએ ઈસુ પર આરોપો મૂક્યા. તેણે કંઈ જ કહ્યું નહિ.

૧૩તેથી પિલાતે ઈસુને કહ્યું, "તું આ લોકોને તારી આ બધી બાબતો માટે આરોપ મૂકતા સાંભળે છે, તું શા માટે ઉત્તર આપતો નથી?"

૧૪પરંતુ ઈસુએ પિલાતને ઉત્તરમાં કંઈ જ કહ્યું નહિ. આથી પિલાત ઘણો જ આશ્ચર્યચકિત થયો.

### પિલાત ઈસુને મુકત કરવાના પ્રયત્નમાં નિષ્ફળ

૧૫પ્રતિ વર્ષ પાસ્ખાપર્વના સમયે હાકેમ કેદમાંથી એક વ્યકિતને મુકત કરતો. હંમેશા લોકો જે વ્યકિતને ઈચ્છે તેને મુકત કરવામાં આવતો. ૧૬તે સમયે ત્યાં કેદમાં એક માણસ હતો જે ઘણો કુખ્યાત હતો. તેનું નામ બરબ્બાસ હતું. ૧૭બધા લોકો પિલાતને ઘરે ભેગા થયા. પિલાતે લોકોને કહ્યું, "હું તમારા માટે એક માણસને મુક્ત કરીશ. તમે કયા માણસને મારી પાસે મુક્ત કરાવવા ઈચ્છો છો? બરબ્બાસ કે, ઈસુ જે ખ્રિસ્ત કહેવાય છે

તેને?" ૧૮પિલાતે જાણ્યું કે લોકોએ ઈસુને અદેખાઈને કારણે તેને સોંપ્યો.

૧૯પિલાત જ્યારે ન્યાયાસન પર બેઠો હતો ત્યારે તેણે આ બાબતો કહીં. જ્યારે તે ત્યાં બેઠો હતો ત્યારે તેની પત્નીએ તેને સંદેશો મોકલ્યો. સંદેશામાં કહ્યું, "તે માણસ (ઈસુ) સાથે કંઈ જ કરીશ નહિ, તે માણસ નિર્દોષ છે. આજે મને તેના વિષે સ્વપ્ન આવ્યું હતું, અને તેનાથી મને ઘણું દુ:ખ થયું."

૨૦પરંતુ મુખ્ય યાજકો અને વડીલ યહૂદી નેતાઓએ લોકોને સમજાવ્યા કે બરબ્બાસને મુકત કરવો અને ઈસુને મારી નાખવા વિનંતી કરો.

૨૧પિલાતે કહ્યું, "મારી પાસે બરબ્બાસ અને ઈસુ છે. મારી પાસેથી આ બેમાંથી તમારા માટે કોને મુક્ત કરાવવા ઈચ્છો છો?"

લોકોએ ઉત્તર આપ્યો, "બરબ્બાસને!"

૨૨પિલાતે પૂછયું,"તો જે એક ખ્રિસ્ત કહેવાય છે, મારે તેની સાથે શું કરવું જોઈએ?"

પણ બધા લોકોએ ઉત્તર આપ્યો, "તેને વધસ્તંભ પર મારી નાખો!"

૨૩પિલાતે પૂછયું, "તમે શા માટે મારી પાસે તેને મારી નંખાવવા ઈચ્છો છો? તેણે શું ખોટું કર્યુ છે?"

પરંતુ બધા લોકોએ મોટે સાદે બૂમો પાડવાનું ચાલું રાખ્યું, "તેને વધસ્તંભ પર મારી નાખો!"

૨૪પિલાતે જોયું કે લોકોનો વિચાર બદલવા માટે તે કંઈ કરી શકે તેમ નથી અને તેણે જોયું કે લોકો બેચેન થઈ રહ્યા હતા. તેથી પિલાતે થોડું પાણી લઈને હાથ ધોયા. જેથી તે બધા લોકો જોઈ શકે. પછી પિલાતે કહ્યું, "હું આ માણસના મરણ માટે દોષિત નથી. તમે જ તેમાંના એક છો જે તે કરી રહ્યા છો!"

૨૫બધા લોકોએ ઉત્તર આપ્યો, "અમે તેના મરણ માટે જવાબદાર છીએ. અમે અમારી જાત માટે, તથા અમારા બાળકો માટે તેના મરણ માટેની કોઈ પણ શિક્ષાનો સ્વીકાર કરીએ છીએ."

૨૬પિલાતે તેમના માટે બરબ્બાસને મુકત કર્યો. પિલાતે કેટલાક સૈનિકને ઈસુને ચાબુક વડે મારવા કહ્યું. પછી પિલાતે ઈસુને વધસ્તંભ પર મારી નાખવા માટે સૈનિકોને સુપ્રત કર્યો.

### પિલાતના સૈનિકો ઈસુની ઠઠ્ઠા મશ્કરી કરે છે

૨૭પછી પિલાતના સૈનિકો ઈસુને હાકેમના મહેલમાં લાવ્યા. બધા સૈનિકો ઈસુને આજુબાજુ ઘેરી વળ્યા. ૨૮સૈનિકોએ ઈસુનાં વસ્રો ઉતારી નાખ્યાં અને લાલ ઝભ્ભો તેને પહેરાવ્યો. ૨૯પછી સૈનિકો મુગટ બનાવવા માટે કાંટાળી ડાળીઓનો ઉપયોગ કર્યો. તેઓએ આ કાંટાનો મુગટ ઈસુનાં માથા પર મૂક્યો, અને તેના જમણાં હાથમાં તેઓએ એક લાકડી મૂકી. પછી તે સૈનિકો ઈસુ આગળ નમ્યા અને તેની મશ્કરી કરવા લાગ્યા. તેઓએ કહ્યું, "ઓ યહૂદીઓના રાજા, સલામ!" ૩૦સૈનિકો ઈસુ પર થૂંક્યા. પછી તેઓએ તેની લાકડી લીધી અને તેને માથામાં ઘણી વાર મારી. ૩૧તેઓએ ઈસુની મશ્કરી કરી રહ્યા પછી, સૈનિકોએ ઝભ્ભો ઉતારી લીધો અને ફરીથી તેને તેનાં પોતાનાં કપડાં પહેરાવ્યા. પછી તેઓ ઈસુને વધસ્તંભે જડવા માટે દૂર લઈ ગયા.

### વધસ્તંભ પર ઈસુનું મરણ

૩૨સૈનિકો ઈસુ સાથે શહેરની બહાર જતા હતા. તે સૈનિકોએ બીજા માણસને ઈસુનો વધસ્તંભ લઈ જવા દબાણ કર્યુ. આ માણસનું નામ કુરેનીનો સિમોન હતું. ૩૩તેઓ ગુલગુથા નામના સ્થળે આવ્યા. (ગુલગુથાનો અર્થ ખોપરીની જગ્યા). ૩૪ગુલગુથામાં, સૈનિકોએ ઈસુને દ્રાક્ષારસ પીવા માટે આપ્યો. તે દ્રાક્ષારસમાં સરકો ભેળવેલો હતો. ઈસુએ દ્રાક્ષારસ ચાખ્યો પરંતુ તે પીવાની ના પાડી. ૩૫સૈનિકોએ ઈસુને વધસ્તંભે જડ્યો. પછી તેઓએ તેનાં લૂગડાં કોને મળે તે માટે સિકકા ઉછાળ્યા. ૩૬સૈનિકો ત્યાં બેઠા અને ઈસુની ચોકી કરવા લાગ્યા. ૩૭સૈનિકોએ તેના વિરુદ્ધનું તહોમતનામું ઈસુના માથા પર મૂક્યું, તેમાં લખેલું હતુ : "આ ઈસુ છે, જે યહૂદીઓનો રાજા છે." ૩૮બે લૂટારાઓને ઈસુની બાજુમાં વધસ્તંભ પર જડ્યા હતા. એક લૂટારાને ઈસુની જમણી બાજુએ અને બીજાને ડાબી બાજુએ રાખ્યો હતો. ૩૯ઈસુની બાજુમાંથી પસાર થતા લોકો તેની મશ્કરી કરતાં હતા. લોકોએ તેમના માથાં હલાવ્યા. ૪૦અને કહ્યું, "તેં કહ્યું હતું કે મંદિરનો નાશ કરીને તેને ત્રણ દિવસમાં બાંધી શકે છે. તેથી તારી જાતને બચાવ! જો તું ખરેખર દેવનો દીકરો હોય તો વધસ્તંભ પરથી નીચે ઉતર!"

૪૧મુખ્ય યાજકો, શાસ્રીઓ અને વડીલો યહૂદી આગેવાનો પણ ત્યાં હતા. આ માણસો પણ બીજા લોકોની જેમ ઈસુની મશ્કરી કરતાં હતા. ૪૨તેઓએ કહ્યું, "તેણે બીજા લોકોને બચાવ્યા, પણ તે તેની જાતને બચાવી શકતો નથી. લોકો કહે છે તે ઈઝરાએલનો રાજા છે. (યહૂદીઓનો) જો તે રાજા હોય તો તેને હવે વધસ્તંભ પરથી નીચે આવવું જોઈએ. પછી અમે તેનામાં વિશ્વાસ મૂકીશું. ૪૩તેણે દેવમાં વિશ્વાસ મૂકયો છે. દેવ તેને ખરેખર ઈચ્છતો હોય તો દેવને તેનો છૂટકારો કરવા

દો. તેણે તેની જાતે કહ્યું છે કે; "હું દેવનો દીકરો છું." ૪૪અને તે જ રીતે, લૂંટારાઓ જે ઈસુની નજીક વધસ્તંભ પર મારી નંખાવા લટકાવવામાં આવ્યાં હતા તેમણે પણ ઈસુની મશ્કરી કરી.

### ઈસુ મરણ પામે છે

૪૫મધ્યાહને આખા દેશમાં અંધકાર છવાઈ ગયો. આ અંધકાર ત્રણ કલાક ચાલુ રહ્યો. ૪૬લગભગ ત્રણ વાગે ઈસુએ મોટા અવાજ સાથે બૂમ પાડી કે "એલી, એલી, લમા શબક્થની?" આનો અર્થ છે, "મારા દેવ, મારા દેવ, તેં મને શા માટે એકલો છોડી દીધો?"

૪૭ત્યાં ઊભા રહેલા કેટલાક લોકોએ આ સાંભળ્યું. લોકોએ કહ્યું, "તે એલિયાને બોલાવે છે." ૪૮લોકોમાંના એકે ઝડપથી દોડીને એક વાદળી લીધી અને તેણે વાદળીને સરકાથી ભરી અને તે વાદળીને લાકડી સાથે બાંધી. પછી તેણે તે લાકડીનો ઉપયોગ કરીને ઈસુને વાદળી ચૂસવા માટે આપી. ૪૯પણ બીજા લોકોએ કહ્યું, "તેની (ઈસુ) ચિંતા કરશો નહિ. અમને જોવા દો કે એલિયા એને છોડાવવા આવે છે કે કેમ."

૫૦ફરીથી ઈસુએ મોટા સાદે બૂમ પાડી. પછી તે મરણ પામ્યો.

૫૧જ્યારે ઈસુ મરણ પામ્યો, ત્યારે મંદિરનો પડદો ઉપરથી નીચે બે ભાગમાં ફાટી ગયો. પડદો ટોચ પરથી શરૂ થઈ અને તે નીચે સુધી ફાટી ગયો અને ધરતી પણ કાંપી અને ખડકો ફાટી ગયા. ૫૨બધી કબરો ઉઘડી અને દેવના સંતોમાંના ઘણા જે મરણ પામ્યા હતા, તે ઊભા થયા. ૫૩ઈસુના મરણમાંથી ઊઠયા બાદ પેલા લોકો પવિત્ર શહેર (યરૂશાલેમ) માં ગયા અને ઘણા લોકોએ તેને જોયો.

૫૪લશ્કરના અમલદારો અને તેના માણસો જે ઈસુની ચોકી કરતા હતા તેમણે ધરતીકંપ અને આ બધું થયેલું જોયું. તે ઘણા બીહી ગયા હતા અને કહ્યું, "ખરેખર તે દેવનો દીકરો હતો!"

૫૫ઘણી સ્ત્રીઓ વધસ્તંભથી દૂર ઊભી રહીને જોતી હતી. આ સ્ત્રીઓ ઈસુ સાથે ગાલીલમાંથી આવી હતી. અને તેની સેવા કરતી હતી. ૫૬તેઓમાં મગ્દલાની મરિયમ, યાકૂબ તથા યોસેની મા મરિયમ, તથા ઝબદીના પુત્રોની મા હતી.

### પ્રભુ ઈસુનું દફન

૫૭તે સાંજે યૂસફ નામનો એક ધનવાન યરૂશાલેમમાં આવ્યો. અરિમથાઈના શહેરમાંથી યૂસફ ઈસુનો એક શિષ્ય હતો. ૫૮યૂસફ પિલાત પાસે ગયો અને ઈસુનો દેહ તેને આપવા કહ્યું. પિલાતે ઈસુનો દેહ યૂસફને આપવા માટે સૈનિકોને હુકમ કર્યો. ૫૯યૂસફે દેહ લીધા પછી શણના સફેદ વસ્ત્રોમાં વીંટાળ્યો. ૬૦યૂસફે ઈસુના દેહને એક નવી કબરમાં મૂકયો. યૂસફે એક ખડકની દિવાલમાં તે કબર ખોદી હતી. પછી તેણે એક મોટા પથ્થરને ગબડાવી પ્રવેશદ્વારને ઢાંકી દીધું. આ પ્રમાણે કર્યા પછી યૂસફ ચાલ્યો ગયો. ૬૧મગ્દલાની મરિયમ અને મરિયમ નામની બીજી સ્રી કબરની નજીક બેઠી હતી.

### ઈસુની કબરની ચોકી

૬૨તે દિવસ સિદ્ધિકરણ દિવસ કહેવાતો હતો. બીજે દિવસે મુખ્ય યાજકો અને ફરોશીઓ પિલાત પાસે ગયા. ૬૩તેઓએ કહ્યું, "સાહેબ, અમે યાદ કરીએ છીએ કે, જ્યારે તે ઠગ જીવતો હતો ત્યારે તે કહેતો હતો કે ત્રણ દહાડા પછી હું મરણમાંથી સજીવન થઈશ.' ૬૪તેથી ત્રણ દહાડા સુધી કબરની ચોકી કરવાનો હુકમ કર. તેના શિષ્યો આવે અને કદાચ લાશને ચોરી જાય. પછી તેઓ લોકોને કહેશે કે તે મરણમાંથી સજીવન થયો છે. આ ભૂલ તેઓએ પહેલા તેના વિષે જે કહ્યું હતું તેનાં કરતાં વધારે ખરાબ હશે."

૬૫પિલાતે કહ્યું, "થોડાક સૈનિકો લઈ જાવ અને જાઓ અને તમે જે ઉત્તમ રીત જાણતા હોય તે રીતે કબરની ચોકી કરો." ૬૬તેથી તેઓ બધા કબર પાસે ગયા અને તેને ચોકીદારોથી સુરક્ષિત કરી. તેઓએ કબરના મુખ પર મોટો પથ્થર મૂકી સીલ માર્યુ અને ત્યાં રક્ષણ માટે ચોકીદારો મૂક્યા.

### ઈસુ મરણમાંથી સજીવન થયાના સમાચાર

**૨૮** વિશ્રામવાર* પૂર્ણ થયા પછી અઠવાડિયાના પ્રથમ દિવસની વહેલી સવારે મગ્દલાની મરિયમ તથા બીજી મરિયમ કબર તરફ નજર કરવા આવી.

૨તે સમયે ત્યાં ભયંકર ધરતીકંપ થયો અને પ્રભુનો એક દૂત આકાશમાંથી ઉતર્યો અને કબરના પ્રવેશદ્વાર આગળથી પથ્થર ગબડાવી તેના ઉપર બેઠો. ૩તેનો ચહેરો વીજળી જેવો ચમકતો હતો. અને તેનાં કપડાં બરફ જેવાં ઉજળાં હતાં. ૪જે સિપાઈઓ કબરનો પહેરો ભરી

---

**વિશ્રામવાર** યહૂદી સપ્તાહનો સાતમો દિવસ, યહૂદીઓ માટે આ ખાસ ધાર્મિક દિવસ છે.

રહ્યા હતા તે ભયના માર્યા કાંપવા લાગ્યા અને જાણે મરણ પામ્યા હોય તેવા થઈ ગયા.

૫પછી દૂતે પેલી સ્રીઓને કહ્યું, "ગભરાશો નહિ, હું જાણું છું કે વધસ્તંભે જડાયેલા ઈસુની તમે શોધમાં નીકળ્યા છો. ૬પણ ઈસુ અહીં નથી, તેણે કહ્યું હતું તે પ્રમાણે તે ઊઠયો છે, આવો, તેનું શરીર જ્યાં પડ્યું હતું તે જગ્યા જુઓ. ૭અને હવે જલદી જાવ અને તેના શિષ્યોને કહો: 'ઈસુ મરણમાંથી ઊઠયો છે. અને તે ગાલીલ જશે. ત્યાં તેને મળો.' મારે જે કહેવાનું હતું તે આ છે. તમારા પહેલાં એ ત્યાં હશે. તમે તેને ત્યાં ગાલીલમાં જોશો. પછી દૂતે કહ્યું: "મેં તમને કહ્યું તે યાદ રાખો."

૮સ્રીઓ તરત જ કબર પાસેથી પાછી વળી. તેઓનાં હૃદય ભય અને આનંદની લાગણી અનુભવતાં હતાં. તેના શિષ્યોને જે કાંઈ બન્યું તેનો સંદેશો આપવા દોડી ગઈ. ૯તેઓ દોડતી જતી હતી, એવામાં તેઓએ ઈસુને ઉભેલો જોયો. ઈસુએ તેઓને કુશળતા પાઠવી. તેઓએ ઈસુના પગ પકડી તેનું ભજન કર્યુ. ૧૦પછી ઈસુએ તેમને કહ્યું, "ગભરાશો નહિ, જાઓ અને મારા ભાઈઓને (શિષ્યો) ગાલીલ જવા કહો. તેઓ મને ત્યાં જોશે."

### યહૂદી આગેવાનોને ઘટનાની જાણ

૧૧સ્રીઓ (શહેરમાં) શિષ્યોને માહિતી આપવા જતી હતી ત્યારે કબરની ચોકી કરનારા સૈનિકોએ શહેરમાં મુખ્ય યાજકો પાસે જઈને જે કાંઈ બન્યું હતું તે બધું જ તેમને કહ્યું. ૧૨યહૂદી આગેવાનો તથા વડીલોએ એકઠા મળી એક યોજના બનાવી. અને સૈનિકોને મોટી લાંચ આપી. ૧૩તેઓએ સૈનિકોને કહ્યું, "લોકોને જઈને કહો કે અમે ઊઘતા હતા ત્યારે ઈસુના શિષ્યો રાત્રે આવી ઈસુના શબને ચોરીને જતા રહ્યાં. ૧૪તમારી આ વાત હાકેમ જાણશે તો અમે તેને સમજાવીશું, અને તમને કશુંજ નહિ થવા દઈએ." ૧૫સૈનિકોએ પૈસા લઈ લીધા અને તેઓને સમજાવ્યા પ્રમાણે વાત વહેતી મૂકી. આ વાત યહૂદીઓમાં ફેલાઈ ગઈ અને આજે પણ એ વાત યહૂદીઓમાં ચાલતી આવે છે.

### ઈસુની પોતાના શિષ્યો સાથે વાતચીત

૧૬પછી અગિયાર શિષ્યો ગાલીલ પહોંચ્યા અને ઈસુએ કહ્યું હતું ત્યાં પહાડ પર પહોંચી ગયા. ૧૭તેઓએ જ્યારે ઈસુને જોયો ત્યારે તેનું ભજન કર્યુ. પણ તે ખરેખર ઈસુ હતો કે કેમ? તે બાબતની કેટલાકને શંકા થઈ. ૧૮ઈસુ તેમની પાસે આવ્યો અને કહ્યું, "આકાશ અને પૃથ્વી પર સર્વ અધિકાર (સત્તા) મને આપવામાં આવ્યો છે. ૧૯તેથી તમે બધા જ દેશોમાં જાઓ અને સર્વ લોકોને મારા શિષ્યો બનાવો, બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માના નામે તેઓને બાપ્તિસ્મા આપો. ૨૦મેં તમને જે જે આજ્ઞા આપી છે તે પ્રમાણે તેઓને તે આજ્ઞાઓનું પાલન કરવાનું શીખવતા જાઓ અને જુઓ, જગતના અંતકાળ પર્યંત સદાય હું તમારી સાથે છું."

# માર્કની લખેલી સુવાર્તા

### ઈસુનુ આગમન

૧ દેવના દીકરા, ઈસુ ખ્રિસ્ત વિષેની સુવાર્તાનો
આરંભ. ૨યશાયા પ્રબોધકે જે કહ્યું છે તે થશે.
યશાયાએ લખ્યું છે:

> "ધ્યાનથી સાંભળો! હું (દેવ) મારા દૂતને તારી
> આગળ મોકલીશ. તે તારા માટે માર્ગ તૈયાર કરશે."
>
> *માલાખી ૩:૧*

> ૩ "ત્યાં એક વ્યક્તિ છે જે રેતીના રણમાં પોકાર કરે
> છે: 'પ્રભુ માટે માર્ગ તૈયાર કરો. તેના રસ્તા સીધા
> કરો.'"
>
> *યશાયા ૪૦:૩*

૪તેથી યોહાન બાપ્તિસ્ત આવ્યો અને રણપ્રદેશમાં
લોકોને બાપ્તિસ્મા આપતો હતો. તેણે લોકોને કહ્યું કે જો
તેઓ તેમના જીવનમાં પરિવર્તન ઈચ્છતા હોય તો તે
બતાવવા માટે બાપ્તિસ્મા* પામો પછી તેમનાં પાપો
માફ કરવામાં આવશે. ૫યહૂદિયા દેશના અને
યરૂશાલેમના બધા લોકો યોહાન પાસે આવવા નીકળ્યા.
આ લોકોએ કરેલાં પાપોની કબૂલાત કર્યા પછી યર્દન
નદીમાં તેઓ યોહાન દ્વારા બાપ્તિસ્મા પામ્યા. ૬ઊંટના
વાળમાંથી બનાવેલાં વસ્રો યોહાન પહેરતો હતો. યોહાન
તેની કમરે એક ચામડાનો પટ્ટો બાંધતો હતો. તે તીડો
તથા જંગલી મધ ખાતો હતો. ૭યોહાન લોકોને જે ઉપદેશ
આપતો હતો તે આ છે: "મારા કરતાં જે વધારે મહાન
છે તે મારી પાછળ આવે છે. હું તો તેના ઘૂંટણે પડવા
તથા તેના જોડાની દોરી છોડવા માટે પણ યોગ્ય નથી.
૮મેં તમારું પાણીથી બાપ્તિસ્મા કર્યુ. પણ જે વ્યક્તિ
આવે છે તે તમારું પવિત્ર આત્માથી બાપ્તિસ્મા કરશે."

### ઈસુનું બાપ્તિસ્માં

૯તે વખતે ઈસુ ગાલીલના નાસરેથથી જ્યાં યોહાન
હતો તે જગ્યાએ આવ્યો. યોહાને યર્દનની નદીમાં ઈસુને
બાપ્તિસ્મા આપ્યુ. ૧૦જયારે ઈસુ પાણીમાંથી બહાર
આવતો હતો ત્યારે તેણે આકાશ ઊઘડેલું જોયું. પવિત્ર
આત્મા ઈસુ પર કબૂતરની જેમ આવ્યો. ૧૧આકાશમાંથી
એક અવાજ આવ્યો અને કહ્યું; "તું મારો પુત્ર છે અને
હું તને ચાહું છું. હું તારા પર ઘણો પ્રસન્ન થયો છું."

### ઈસુનું પરીક્ષણ

૧૨પછીથી આત્માએ ઈસુને રણમાં મોકલ્યો. ૧૩ઈસુ
રણમાં ૪૦ દિવસો રહ્યો હતો. તે ત્યાં જંગલી પશુઓ
સાથે હતો. જ્યારે ઈસુ રણમાં હતો ત્યારે શેતાનથી તેનું
પરીક્ષણ થયું હતું. અને દૂતોએ આવીને ઈસુની સેવા
કરી.

### ઈસુ કેટલાક શિષ્યોની પસંદગી કરે છે

૧૪આ પછી, યોહાનને બંદીખાનામાં મૂકવામાં આવ્યો
હતો. ઈસુ ગાલીલમાં ગયો અને દેવ તરફથી સુવાર્તા
પ્રગટ કરી. ૧૫ઈસુએ કહ્યું, "હવે નિશ્ચિત સમય આવી
પહોચ્યો છે. દેવનું રાજ્ય નજીક છે. પસ્તાવો કરો અને
દેવની સુવાર્તામાં વિશ્વાસ કરો!"
૧૬ઈસુ ગાલીલના સરોવરની બાજુમાં ચાલતો હતો
ત્યારે ઈસુએ સિમોન* અને સિમોનના ભાઈ
આંન્દ્રિયાને જોયો. આ બંને માણસો માછીમારો હતા,
અને તેઓ માછલા પકડવા સરોવરમાં જાળ નાખતા
હતાં. ૧૭ઈસુએ તેમને કહ્યું, "મારી પાછળ આવો, ને હું
તમને એક જુદા પ્રકારના માછીમારો બનાવીશ. તમે
લોકોને ભેગા કરવાનું કામ કરશો, માછલીઓ નહિ."
૧૮તેથી સિમોન અને આંન્દ્રિયાએ તેઓની જાળો છોડી
દીધી અને ઈસુની પાછળ ગયા.
૧૯ઈસુએ ગાલીલ સરોવરની બાજુમાં ચાલવાનું ચાલું
રાખ્યું. તેણે ત્યાં બે વધારે ભાઈઓ, ઝબદીનો દીકરો

---

**બાપ્તિસ્મા** આ ગ્રીક ભાષાનો શબ્દ છે જેનો અર્થ પાણીમાં ડૂબાડવું થાય છે. આ એક ધાર્મિક ક્રિયા છે.

**સિમોન** સિમોનનું બીજુ નામ પિતર હતું.

યાકૂબ અને યોહાનને જોયા. તેઓ હોડીમાં તેમની માછલાં પકડવાની જાળો તૈયાર કરતાં હતા. ૨૦તેમનો પિતા ઝબદી અને તે માણસો કે તેમના માટે કામ કરતા હતા, તેઓ તે ભાઈઓ સાથે હોડીમાં હતા. જ્યારે ઈસુએ તે ભાઈઓને જોયા, તેણે તેઓને આવવા કહ્યું. તેઓએ તેમના પિતાને છોડ્યા અને ઈસુની પાછળ ગયા.

### ઈસુનું અશુદ્ધ આત્માવાળા માણસને સાજા કરવું

૨૧ઈસુ અને તેના શિષ્યો કફર-નહૂમમાં ગયા. વિશ્રામવારે ઈસુ સભાસ્થાનમાં ગયો અને લોકોને ઉપદેશ આપ્યો. ૨૨ત્યાં જે લોકો હતા તેઓ ઈસુના ઉપદેશથી નવાઈ પામ્યા. ઈસુએ તેમના શાસ્ત્રીઓની જેમ શીખવ્યું નહિ. પરંતુ ઈસુએ જે વ્યક્તિ પાસે અધિકાર હોય તેવી રીતે શીખવ્યું. ૨૩જ્યારે ઈસુ સભાસ્થાનમાં હતો, ત્યારે એક અશુદ્ધ આત્મા વળગેલા માણસે બૂમ પાડી, ૨૪"નાઝરેથના ઈસુ! તારે અમારી સાથે શું છે? શું તું અમારો નાશ કરવા આવ્યો છે? હું જાણું છું તું કોણ છે-દેવનો એક પવિત્ર!"

૨૫ઈસુએ તેને ધમકાવતાં કહ્યું, "શાંત રહે! તે માણસમાંથી બહાર નીકળ!" ૨૬તે અશુદ્ધ આત્માએ તે માણસને ધ્રુજાવી નાખ્યો. પછી તે આત્માએ મોટી બૂમ પાડી અને તે માણસમાંથી બહાર નીકળી ગયો.

૨૭લોકો નવાઈ પામ્યા હતા. તેઓએ એકબીજાને પૂછયું; "અહીં શું થઈ રહ્યું છે? આ માણસ કંઈક નવું શીખવે છે. અને તે અધિકારથી શીખવે છે. તે અશુદ્ધ આત્માઓને પણ હુકમ કરે છે અને તેઓ તેનું માને છે." ૨૮તેથી ઈસુના સમાચાર ઝડપથી ગાલીલના પ્રદેશમાં સર્વત્ર પ્રસરી ગયા.

### ઈસુ ઘણા લોકોને સાજા કરે છે

૨૯ઈસુ અને તેના શિષ્યોએ સભાસ્થાન છોડ્યું. તેઓ યાકૂબ અને યોહાન સાથે સિમોન અને આંન્દ્રિયાના ઘરમાં ગયા. ૩૦સિમોનની સાસુ બિમાર હતી. તે પથારીમાં હતી અને તેને તાવ હતો. ત્યાંના લોકોએ ઈસુને તેના વિષે કહ્યું. ૩૧તેથી ઈસુ તેની પથારી પાસે ગયો. ઈસુએ તેનો હાથ પકડ્યો અને તેને ઉભા થવામાં મદદ કરી. તેનો તાવ ઉતરી ગયો અને તે સાજી થઈ ગઈ. પછીથી તેણે તેઓની સેવા કરવી શરૂ કરી.

૩૨તે રાત્રે સૂર્યાસ્ત થયા પછી લોકો ઘણાં માંદા લોકોને ઈસુ પાસે લાવ્યા તથા જેઓને ભૂતો વળગેલા હતા તેવા લોકોને પણ લાવ્યા હતા. ૩૩શહેરના બધા જ લોકો તે ઘરનાં બારણા આગળ ભેગા થયા. ૩૪ઈસુએ ઘણા લોકો કે જુદા જુદા રોગથી પીડાતા હતા તે બધાને સાજા કર્યા. ઈસુએ ઘણાં ભૂતોને કાઢયાં. પણ ઈસુએ ભૂતોને બોલવા દીધાં નહિ, કારણ કે ભૂતો જાણતા હતા કે તે કોણ હતો.

### ઈસુની સુવાર્તા આપવાની તૈયારી

૩૫બીજી સવારે, ઈસુ ઘણો વહેલો ઉઠયો. જ્યારે અંધારું હતું ત્યારે ઈસુએ ઘર છોડ્યું. તે એકાંત જગ્યાએ એકલો પ્રાર્થના કરવા ગયો. ૩૬પાછળથી, સિમોન અને તેના મિત્રો ઈસુની શોધમાં નીકળ્યા. ૩૭તેઓએ ઈસુને શોધ્યો અને કહ્યું, "બધા જ લોકો તારી રાહ જોઈ રહ્યા છે!"

૩૮ઈસુએ જવાબ આપ્યો; "આપણે બીજી કોઈ જગ્યાએ જવું જોઈએ. આપણે અહીંના આજુબાજુના બીજાં ગામોમાં જઈએ, હું તે સ્થળોએ પણ ઉપદેશ આપી શકુ તે માટે હું આવ્યો છું." ૩૯તેથી ઈસુએ ગાલીલમાં સર્વત્ર મુસાફરી કરી. સભાસ્થાનોમાં તેણે ઉપદેશ કર્યો, અને તેણે દુષ્ટાત્માઓને લોકોને છોડીને જવા ફરજ પાડી.

### ઈસુનું માંદા માણસને સાજાં કરવું

૪૦એક માણસ કે જેને કોઢ હતો તે ઈસુ પાસે આવ્યો. તે માણસે ઘૂંટણ ટેકવીને ઈસુને વિનંતી કરી. "તું ઈચ્છે તો તું મને સાજો કરવા સમર્થ છે."

૪૧ઈસુને આ માણસ માટે દયા આવી. તેથી ઈસુએ તે માણસને સ્પર્શ કર્યો અને કહ્યું, "હું તને સાજો કરવા ઈચ્છું છું, સાજો થઈ જા!" ૪૨પછી માંદગી તે માણસને છોડી ગઈ અને તે સાજો થઈ ગયો.

૪૩ઈસુએ તે માણસને જવાનું કહ્યું. પણ ઈસુએ તેને કડક ચેતવણી આપી. ઈસુએ કહ્યું, ૪૪"મેં તારા માટે જે કાંઈ કર્યુ તે વિષે તું કોઈ વ્યક્તિને કહીશ નહિ. પણ જા અને યાજકને જઈને બતાવ. અને દેવને ભેટ અર્પણ કર. કારણ કે તું સાજો થઈ ગયો છે. મૂસાએ જે ફરમાન કર્યુ છે તેની ભેટ અર્પણ કર. આથી લોકોને સાક્ષી મળશે કે તું સાજો થઈ ગયો છે." ૪૫તે માણસ ત્યાંથી વિદાય થયો અને બધા લોકોને તેણે જોયા તે સર્વને કહ્યું કે ઈસુએ તેને સાજો કર્યો છે. તેથી ઈસુ વિષેના સમાચાર પ્રસરી ગયા. અને તેથી ઈસુ ફરી શહેરમાં ઉઘાડી રીતે જઈ ન શકયો. ઈસુ એવી જગ્યાઓએ રહ્યો જ્યાં લોકો રહેતા ન હતા. પરંતુ બધા શહેરોના લોકો ઈસુ જે જગ્યાએ હતો ત્યાં આવ્યા.

### ઈસુનું પક્ષઘાતી માણસને સાજા કરવું

૨ થોડા દિવસો પછી, ઈસુ ફરી પાછો કફર–નહૂમમાં
આવ્યો. તે સમાચાર પ્રસરી ગયા કે ઈસુ ઘેર
પાછો ફર્યો હતો. ૨ઘણા બધા લોકો ઈસુનો ઉપદેશ
સાંભળવા ભેગા થયા હતા. ઘર ભરેલું હતું. ત્યાં દરવાજા
બહાર પણ ઊભા રહેવાની જગ્યા ન હતી. ઈસુ આ
લોકોને ઉપદેશ આપતો હતો. ૩કેટલાક લોકો એક
પક્ષઘાતી માણસને ઈસુ પાસે લાવ્યા. ચાર માણસો તે
પક્ષઘાતી માણસને ઊંચકીને લાવતાં હતા. ૪પણ તેઓ
તે માણસને ઈસુ પાસે લાવી શકયા નહિ કારણ કે ઘર
લોકોથી ભરેલું હતું. તેથી તે માણસો ઈસુ જયાં હતો તે
છાપરા પર ગયા અને છાપરામાં બાકોરું પાડયું પછી
તેઓએ પક્ષઘાતી માણસ જે ખાટલામાં પડેલો હતો તે
ખાટલો નીચે ઉતાર્યો. ૫ઈસુએ જોયું કે આ માણસોને
ખૂબ વિશ્વાસ છે, તેથી તે પક્ષઘાતી માણસને કહ્યું,
"જુવાન માણસ, તારાં પાપો માફ થયાં છે."
૬કેટલાક શાસ્રીઓ ત્યાં બેઠેલા હતા. ઈસુએ જે કર્યુ
તે તેઓએ જોયું, અને તેઓએ તેઓની જાતને કહ્યું.
૭"આ માણસ આમ કેમ કહે છે? તે જે કહે છે તે દેવની
વિરુદ્ધ છે. ફક્ત દેવ જ પાપોને માફ કરી શકે."
૮ઈસુએ જાણ્યું કે આ શાસ્રીઓ તેના વિષે આવી
બાબતો વિચારતા હતા. તેથી ઈસુએ તેઓને કહ્યું; "તમારા
મગજમાં આવા વિચારો કેમ આવે છે? આ પક્ષઘાતી
માણસને શું કહેવું સરળ છે, તારા પાપ માફ થયા છે, કે
તેને કહેવું, ઊભો થા, તારી પથારી લઈને ચાલ? ૯-૧૦પણ
હું તમને સાબિત કરાવી આપીશ કે માણસના પુત્રને
પૃથ્વી પર પાપો માફ કરવાનો અધિકાર છે." તેથી ઈસુએ
પક્ષઘાતી માણસને કહ્યું. ૧૧હું તને કહું છું, "ઊભો થા,
તારી પથારી ઊંચકીને તારે ઘેર ચાલ્યો જા." ૧૨તે પક્ષઘાતી
માણસ ઊભો થયો. તેણે તેની પથારી લીધી અને
ઓરડામાંથી બહાર ચાલ્યો ગયો. બધા લોકો તેને જોઈ
શક્યા. લોકો નવાઈ પામ્યા અને દેવની સ્તુતિ કરી.
તેઓએ કહ્યું, "આજ સુધી જોયેલી સૌથી આશ્ચર્યકારક
બાબત આ છે."
૧૩ઈસુ ફરીથી સરોવર પાસે ગયો. ઘણા માણસો ત્યાં
તેને અનુસર્યા. તેથી ઈસુએ તેમને ઉપદેશ આપ્યો.
૧૪ઈસુ સરોવરની બાજુમાંથી પસાર થતો હતો, ત્યાં
અલ્ફીના દીકરા લેવીને જોયો. લેવી જકાતનાકા પર
બેઠો હતો. ઈસુએ તેને કહ્યું, "મારી પાછળ આવ,"
પછી લેવી ઉભો થયો અને ઈસુની પાછળ ગયો.
૧૫તે દિવસે મોડેથી ઈસુએ લેવીને ઘેર ભોજન કર્યુ.
ત્યાં ઘણા જકાતદારો હતા. અને બીજા ખરાબ લોકો ત્યાં
ઈસુ અને તેના શિષ્યો સાથે ભોજન કરતા હતા. ત્યાં
આ લોકોમાંના ઘણા હતા જેઓ ઈસુને અનુસર્યા હતા.
૧૬શાસ્રીઓએ (તેઓ ફરોશીઓ હતા) ઈસુને જકાતદારો
અને બીજા ખરાબ લોકો સાથે ભોજન કરતાં જોયો.
તેઓએ ઈસુના શિષ્યોને પૂછયું, "શા માટે તે (ઈસુ)
જકાતદારો અને પાપીઓ સાથે ખાય છે?"
૧૭ઈસુએ આ સાંભળ્યું અને તેણે તેઓને કહ્યું,
"તંદુરસ્ત માણસોને વૈદની જરૂર પડતી નથી. પણ માંદા
માણસોને વૈદની જરૂર પડે છે. હું સજજન લોકોને
નિમંત્રણ આપવા આવ્યો નથી, હું પાપીઓને નિમંત્રણ
આપવા આવ્યો છું. "

### ઈસુનો અન્ય ધાર્મિક આગેવાનો તરફનો અણગમો

૧૮યોહાનના શિષ્યો અને ફરોશીઓ ઉપવાસ કરતા
હતા. કેટલાક લોકોએ ઈસુ પાસે આવીને કહ્યું; "યોહાનના
શિષ્યો ઉપવાસ કરે છે. અને ફરોશીઓના શિષ્યો પણ
ઉપવાસ કરે છે. પણ તારા શિષ્યો ઉપવાસ કરતા નથી.
શા માટે?"
૧૯ઈસુએ જવાબ આપ્યો, "જયારે લગ્ન સમારંભ
હોય છે ત્યારે વરરાજાના મિત્રો ઉદાસ હોતા નથી. તે
તેઓની સાથે હોય છે ત્યારે તેઓ ઉપવાસ કરતા નથી.
૨૦પણ જ્યારે સમય આવશે ત્યારે વરરાજાને તેમની
પાસેથી લઈ લેવામાં આવશે. જ્યારે વરરાજા તેઓને
છોડીને જાય છે ત્યારે તેઓ ઉદાસ હોય છે. પછી તેઓ
ઉપવાસ કરશે."
૨૧"જ્યારે વ્યક્તિ જૂનાં વસ્રના કાણા પર થીંગડું મારે
છે ત્યારે તે કોરા કપડાનો ઉપયોગ કરતો નથી. જો તે
તેમ કરે તો થીંગડું જૂનાને સાંધવાને બદલે ખેંચી કાઢશે.
અને તે કાણું વધારે ફાટે છે. ૨૨અને લોકો કદાપિ નવો
દ્રાક્ષારસ જુના દ્રાક્ષારસની મશકમાં રેડતાં નથી. શા
માટે? કારણ કે નવો દ્રાક્ષારસ, જૂના દ્રાક્ષારસની મશકને
ફાડી નાખશે અને દ્રાક્ષારસ દ્રાક્ષારસની મશકો સાથે
નાશ પામશે. લોકો હંમેશા નવો દ્રાક્ષારસ નવા
દ્રાક્ષારસની મશકમાં ભરે છે."

### કેટલાક યહૂદીઓ ઈસુની ટીકા કરે છે

૨૩વિશ્રામવારના દિવસે, ઈસુ કેટલાક અનાજના
ખેતરોમાંથી પસાર થતો હતો. ઈસુના શિષ્યો તેની સાથે
ચાલતાં હતા. શિષ્યો કેટલાંક કણસલાં તોડી ખાવા
લાગ્યા. ૨૪ફરોશીઓએ આ જોયું અને ઈસુને કહ્યું; "તારા
શિષ્યો તેમ શા માટે કરે છે? વિશ્રામવારના દિવસે તેમ
કરવું તે યહૂદીઓના નિયમની વિરુદ્ધ છે."

૨૫ઈસુએ જવાબ આપ્યો, "જ્યારે દાઉદ અને તેની
સાથેના લોકો ભૂખ્યા હતા અને તેઓને ભોજનની જરૂર
હતી ત્યારે તેઓએ શું કર્યુ હતું તે તમે વાંચ્યું છે? ૨૬તે
સમય દરમિયાન મુખ્ય યાજક અબ્યાથાર હતો. દાઉદ
દેવના ઘરમાં ગયો અને દેવને અર્પણ કરેલી રોટલી
ખાધી. અને મૂસાનો નિયમ કહે છે, ફક્ત યાજકો જ તે
રોટલી ખાઈ શકે. દાઉદે તેની સાથેના પેલા લોકોને પણ
રોટલીનો થોડો ભાગ આપ્યો."

૨૭પછી ઈસુએ ફરોશીઓને કહ્યું,"વિશ્રામવાર લોકોને
મદદ કરવા બનાવાયો છે. વિશ્રામવારના શાસન માટે
લોકોને બનાવવામાં આવ્યા નથી. ૨૮તેથી માણસનો
પુત્ર એ દરેક દિવસનો, વિશ્રામવારનો પણ પ્રભુ છે."

### ઈસુ માણસના સુકાયેલા હાથને સાજો કરે છે

૩ બીજા એક સમયે ઈસુ સભાસ્થાનમાં ગયો. ત્યાં
સભાસ્થાનમાં એક સુકાયેલા હાથવાળો માણસ
હતો. ૨કેટલાક યહૂદીઓ ઈસુને કંઈક ખોટું કરતાં જોવા
ઈચ્છતા હતા, જેથી તેઓ તેના પર તહોમત મૂકી શકે.
તેથી તે લોકો તેમની નજીકથી ચોકી કરતા હતા. ઈસુ
વિશ્રામવારના દિવસે તે માણસને સાજો કરે છે કે નહિ
તે તેઓ જોતા હતા. ૩ઈસુએ તે સુકાયેલા હાથવાળા
માણસને કહ્યું, "અહીં ઊભો થા જેથી બધા લોકો તને
જોઈ શકે."

૪પછી ઈસુએ લોકોને પૂછયું, "વિશ્રામવારના દિવસે
કઈ વસ્તુ કરવી ઉચિત છે; સારું કરવું કે ખરાબ કરવું?
જીવ બચાવવો કે નાશ કરવો, શું ઉચિત છે?" લોકોએ
ઈસુને જવાબ આપવા કશું કહ્યું નહિ.

૫ઈસુએ લોકો તરફ જોયું. તે ગુસ્સામાં હતો પણ
તેને ઘણું દુઃખ થયું. કારણ કે તેઓ કઠણ હૃદયના હતા.
ઈસુએ તે માણસને કહ્યું, "મને તારો હાથ જોવા દે." તે
માણસે તેનો હાથ ઈસુ આગળ લંબાવ્યો. અને તે સાજો
થઈ ગયો. ૬પછી ફરોશીઓ વિદાય થયા અને ઈસુને
શી રીતે મારી નાખવો તે વિષે હેરોદીઓ સાથે યોજનાઓ
કરી.

### ઘણા લોકોનું ઈસુની પાછળ જવું

૭ઈસુ તેના શિષ્યોની સાથે સરોવર તરફ ગયો.
ગાલીલમાંથી ઘણા લોકો તેની પાછળ ગયા.
૮યહૂદિયામાંથી, યરૂશાલેમમાંથી, અદુમમાંથી, યર્દનને
પેલે પારથી તથા તૂર તથા સિદોનની આસપાસના ઘણા
લોકો તેણે જે જે કાર્યો કર્યા તે સાંભળીને તેની પાસે
આવ્યા. ૯ઈસુએ ઘણા લોકોને જોયા. તેથી તેણે તેના
શિષ્યોને નાની હોડી લાવીને તેને માટે તૈયાર રાખવા
કહ્યું. ઈસુને હોડી જોઈતી હતી જેથી લોકોની ભીડના
કારણે તે દબાઈ જાય નહિ. ૧૦ઈસુએ ઘણા લોકોને
સાજાં કર્યા. તેથી બધા જ માંદા લોકો તેનો સ્પર્શ કરવા
તેના તરફ ધકેલાતા હતા. ૧૧કેટલાક લોકોમાં શેતાન
તરફથી અશુદ્ધ આત્મા હતો. જ્યારે અશુદ્ધ આત્માએ
ઈસુને જોયો ત્યારે તેઓ તેને પગે પડીને બૂમો પાડવા
લાગ્યા."તું દેવનો દીકરો છે!" ૧૨પરંતુ ઈસુએ તે
આત્માઓને કડકાઈથી આજ્ઞા કરી કે તે કોણ હતો તે
લોકોને કહેવું નહિ.

### ઈસુની તેના બાર પ્રેરિતોની પસંદગી

૧૩પછી ઈસુ ટેકરી પર ગયો. ઈસુએ કેટલાક માણસોને
તેની પાસે આવવા કહ્યું. ઈસુને જે માણસો જોઈતા
હતા તે આ હતા. આ માણસો ઈસુ પાસે ગયા. ૧૪ઈસુએ
બાર માણસો પસંદ કર્યા અને તેઓને પ્રેરિતો કહ્યાં.
ઈસુની ઈચ્છા આ બાર માણસો તેની સાથે રહે એવી
હતી. અને તેની ઈચ્છા તેઓ બધાને જુદી જુદી જગ્યાએ
ઉપદેશ માટે મોકલવાની હતી.

૧૫અને ઈસુની ઈચ્છા હતી કે આ માણસો લોકોમાંથી
ભૂતોને બહાર કાઢવાનો અધિકાર પામે. ૧૬ઈસુએ પસંદ
કરેલા બાર માણસોના નામ આ છે. સિમોન (ઈસુએ
તેનું નામ પિતર આપ્યું). ૧૭ઝબદીનો દીકરો યાકૂબ
અને યોહાન (ઈસુએ તેઓને બને-રગેસ એટલે
"ગર્જનાના પુત્રો" નામ આપ્યા); ૧૮આંન્દ્રિયા, ફિલિપ,
બર્થોલ્મી, માથ્થી, થોમા, અલ્ફીનો દીકરો યાકૂબ, થદી
તથા સિમોન કનાની તથા ૧૯યહૂદા ઈશ્કરિયોત કે જેણે
ઈસુને દગો દીધો.

### કેટલાકનો ઈસુમાં શેતાન હોવાનો આક્ષેપ

૨૦પછી ઈસુ ઘેર ગયો. પણ ફરીથી ત્યાં ઘણા લોકો
ભેગા થયા. ત્યાં એટલા બધા લોકો હતા કે ઈસુ અને
તેના શિષ્યો ખાઈ શક્યા નહિ. ૨૧ઈસુના કુટુંબે આ
બધી બાબતો વિષે સાંભળ્યું. તેઓ તેને પકડવા ગયા.
કારણ કે લોકોએ કહ્યું કે, ઈસુ ઘેલો હતો.

૨૨યરૂશાલેમના શાસ્રીઓએ કહ્યું, "તેનામાં (ઈસુ)
બાલઝબૂલ (શેતાન) વસે છે ને ભૂતોના સરદારની
મદદથી તે ભૂતોને કાઢે છે."

૨૩તેથી ઈસુએ લોકોને બોલાવ્યા. અને લોકોને
શીખવવા વાર્તાઓનો ઉપયોગ કર્યો. ઈસુએ કહ્યું, "શેતાન
તેના પોતાના અશુદ્ધ આત્માઓને લોકોમાંથી બહાર
કાઢવા દબાણ કરશે નહિ. ૨૪જે રાજ્ય તેની પોતાની

વિરુદ્ધ લડે છે તે ચાલુ રહી શકતું નથી. ૨૫અને જે પરિવારમાં ભાગલા પડે છે તે સફળ થઈ શકતું નથી. ૨૬અને જો શેતાન તેની જાતની વિરુદ્ધ હોય અને તેના પોતાના લોકો વિરુદ્ધ લડે તો તે નભી શકતો નથી. તે શેતાનનો અંત હશે. ૨૭જો કોઈ વ્યક્તિની ઈચ્છા બળવાન માણસના ઘરમાં પ્રવેસવાની અને તેના ઘરમાંથી તેની વસ્તુઓની ચોરી કરવાની હોય તો તે વ્યક્તિએ પહેલાં બળવાન માણસને બાંધવો જોઈએ, પછીથી તે વ્યક્તિ ઘરમાંથી વસ્તુઓ ચોરી શકશે. ૨૮હું તમને સત્ય કહું છું કે લોકોના પાપો માફ થઈ શકે છે. અને લોકો દેવની વિરુદ્ધ જે બધી ખરાબ વાતો કહે તે પણ માફ થઈ શકે. ૨૯પણ જે કોઈ વ્યક્તિ પવિત્ર આત્માની વિરુદ્ધ ખરાબ વાતો કહે છે તે કદાપિ માફ થઈ શકશે નહિ. તે હંમેશા તે પાપ માટે દોષિત રહેશે."

૩૦ઈસુએ આ કહ્યું કારણ કે શાસ્ત્રીઓ કહેતા હતા કે ઈસુને અશુદ્ધ આત્મા વળગેલો છે.

### ઈસુના શિષ્યો એજ તેનો સાચો પરિવાર

૩૧પછી ઈસુની મા અને તેના ભાઈઓ આવ્યાં. તેઓ બહાર ઉભાં રહીને ઈસુને બહાર આવવાનું કહેવા માટે એક માણસને મોકલ્યો. ૩૨ઈસુની આજુબાજુ ઘણા બધા લોકો બેઠા હતા. તેઓએ તેને કહ્યું, "તારી મા અને તારા ભાઈઓ બહાર તારા માટે રાહ જુએ છે."

૩૩ઈસુએ પૂછયું, "મારી મા કોણ છે? મારા ભાઈઓ કોણ છે?" ૩૪પછી ઈસુએ તેની આજુબાજુ બેઠેલા લોકો તરફ જોયું. તેણે કહ્યું; "આ લોકો મારી મા અને મારા ભાઈઓ છે! ૩૫મારા સાચા ભાઈ અને બહેન અને મા એ લોકો છે જે દેવની ઈચ્છા પ્રમાણે કરે છે."

### બી વાવનાર એક ખેડૂત વિષેની વાર્તા

૪ બીજી એક વખત ઈસુએ સરોવરની બાજુમાં ઉપદેશ શરૂ કર્યો. ઘણા બધા લોકો ઈસુની આજુબાજુ ભેગા થયા. તેથી તે હોડીમાં ચઢયો અને ત્યાં બેઠો. બધા જ લોકો પાણીની બાજુમાં સમુદ્રને કાંઠે રહ્યા. ૨ઈસુએ હોડીમાંથી જ લોકોને ઉપદેશ આપ્યો. ઈસુએ તેઓને શીખવવા માટે ઘણી વાર્તાઓનો ઉપયોગ કર્યો. તેણે કહ્યું, ૩"ધ્યાનથી સાંભળો! એક ખેડૂત તેના બી વાવવા માટે બહાર નીકળ્યો. ૪જ્યારે ખેડૂત વાવતો હતો, કેટલાંક બી રસ્તાની બાજુએ પડયા. પક્ષીઓ આવ્યાં અને પેલાં બધા બી ખાઈ ગયાં. ૫કેટલાક બી ખડકાળ જમીન પર પડ્યાં. જ્યાં પૂરતી માટી ન હતી. ત્યાં બી ઘણા ઝડપથી ઊગ્યાં કારણ કે જમીન બહુ ઊંડી ન હતી. ૬પણ સૂર્ય ઊગ્યો ત્યારે તે છોડ કરમાઈ ગયો હતો. તે અંતે સુકાઈ ગયો. કારણ કે તેને ઊંડા મૂળિયાં ન હતા. ૭બીજા કેટલાંક બી કાંટાળા જાળાંમાં પડ્યાં. કાંટાના જાળાંએ સારા છોડને ઉગતાં અટકાવ્યા. તેથી તે છોડાએ ફળ ન આપ્યું. ૮કેટલાંક બીજા બી સારી જમીન પર પડ્યાં. સારી જમીનમાં તે બી ઊગવા માંડ્યાં. તે ઊગ્યા અને ફળ આપ્યાં. કેટલાક છોડે ત્રીસગણાં, કેટલાક છોડાએ સાઠગણાં અને કેટલાક છોડાએ સોગણાં ફળ આપ્યાં."

૯પછી ઈસુએ કહ્યું, "તમે લોકો જે મને સાંભળો છો, ધ્યાનથી સાંભળો!"

### ઈસુ કહે છે તે શા માટે વાર્તાઓનો ઉપયોગ કરે છે

૧૦જ્યારે ઈસુ એકાંતમાં હતો ત્યારે બાર પ્રેરિતો અને ઈસુના બીજા શિષ્યોએ તેને વાર્તાઓ વિષે પૂછયું.

૧૧ઈસુએ કહ્યું, "તમે ફક્ત દેવના રાજ્ય વિષેનું સાચું રહસ્ય સમજી શકો. પણ બીજા લોકોને હું બધી વસ્તુઓ વાર્તાઓનો ઉપયોગ કરી કહું છું. ૧૨હું આ કરું છું તેથી;

> 'તેઓ જોશે અને જોયા કરશે પરંતુ કદાપિ જોઈ
> શકશે નહિ; તેઓ સાંભળશે અને સાંભળ્યાં કરશે,
> પણ કદાપિ સમજશે નહિ. જો તેઓએ જોયું હોય
> અને સમજ્યા હોય તો, તેઓ પસ્તાવો કરે, ને
> તેઓને (પાપની) માફી મળે.'"
>
> *યશાયા ૬:૯-૧૦*

### બી વાવનારની વાર્તા ઈસુ સમજાવે છે

૧૩પછી ઈસુએ શિષ્યોને કહ્યું, "તમે આ વાર્તા સમજયા? જો તમે ના સમજયા હોય તો પછી તમે બીજી કઈ વાર્તા સમજી શકશો? ૧૪ખેડૂત એ એક વ્યક્તિ છે જે લોકોમાં દેવના વચનને વાવે છે. ૧૫કેટલીક વાર તે વચન રસ્તા પર પડે છે. આ કેટલાક લોકો જેવું છે. તે લોકો દેવનું વચન સાંભળે છે. પરંતુ શેતાન આવે છે અને વચન લઈ જાય છે જે તેઓનામાં વવાયેલું હતું. ૧૬બીજા લોકો પથ્થરવાળી જમીનમાં વાવેલાં બીજ જેવા છે. તેઓ વચન સાંભળે છે અને તેનો આનંદથી તરત જ સ્વીકાર કરે છે. ૧૭પણ આ લોકો વચનને તેમના જીવનમાં ઊંડા ઉતરવા દેતા નથી. તેઓ આ વચનને ફક્ત થોડી વાર માટે રાખે છે. જ્યારે મુશ્કેલી અથવા સતાવણી વચનને કારણે આવે છે ત્યારે તેઓ તરત ઠોકર ખાય છે. ૧૮બીજા કેટલાક લોકો કાંટાળાં જાળાંમાં વાવેલાં બીજ જેવાં છે. આ લોકો વચન સાંભળે છે.

૧૯પણ પછી તેમના જીવનમાં આવી બાબતો આવે છે.
જેવી કે આ જીવનની ચિંતાઓ, ખૂબ પૈસાનો ખોટો
મોહ, અને બીજી બધી જ જાતની વસ્તુઓની કામના.
આ વસ્તુઓ વચનના વિકાસને અટકાવે છે. તેથી તે
વચન તે લોકોના જીવનમાં ફળદાયી થતું નથી. ૨૦બીજા
લોકો સારી જમીનમાં વાવેલાં બીજ જેવા છે. તેઓ
ઉપદેશ સાંભળે છે, સ્વીકારે છે અને ફળ આપે છે.
કેટલીક વાર ત્રીસગણાં, કેટલીક વાર સાઠગણાં અને
કેટલીક વાર સોગણાં ફળ આપે છે."

### તમારી પાસે જે હોય તેનો ઉપયોગ કરવો જોઈએ

૨૧પછી ઈસુએ તેઓને કહ્યું, "શું માપ તળે અથવા
ખાટલા તળે મૂકવા સારું કોઈ દીવો રાખે છે? શું દીવી
પર મૂકવા નહિ? ૨૨જે બધુ સંતાડેલું છે તે સ્પષ્ટ થશે.
દરેક ગુપ્ત વસ્તુ પ્રગટ કરવામાં આવશે. ૨૩તમે લોકો જે
મને સાંભળો છો, ધ્યાનથી સાંભળો!

૨૪"તમે જે સાંભળો તે વિષે કાળજીપૂર્વક વિચારો.
તમે જે માપથી આપશો તે માપથી દેવ તમને આપશે.
પણ દેવ તમને, તમે જેટલું આપશો તેનાથી વધુ આપશે.
૨૫જે વ્યક્તિ પાસે કાંઈક છે તે વધારે પ્રાપ્ત કરશે. પણ
જે વ્યક્તિ પાસે વધારે નથી, તે માણસ તેની પાસે જે
કંઈ થોડું છે તે પણ ગુમાવશે."

### ઈસુની બીજની વાર્તાનો ઉપયોગ

૨૬પછી ઈસુએ કહ્યું, "દેવનું રાજ્ય એક માણસ
જમીનમાં બીજ વાવે છે તેના જેવું છે. ૨૭બીજ ઊગવાની
શરૂઆત કરે છે. તે રાત અને દિવસ ઊગે છે. તે મહત્વનું
નથી કે માણસ ઊંઘે છે કે જાગે છે, છતાં પણ બીજ તો
ઊગે છે; પણ તે શી રીતે ઊગયું તે જાણતો નથી. ૨૮કોઈ
પણ જાતની મદદ વિના ભોંય અનાજ ઉગાડે છે. પ્રથમ
છોડ ઊગે છે. પછી કણસલું અને ત્યાર બાદ કણસલામાં
બધા દાણા ભરાય છે. ૨૯જયારે દાણા તૈયાર થાય છે,
ત્યારે માણસ તેને કાપે છે. આ સમય કાપણીનો છે."

### દેવનું રાજ્ય રાઈના દાણા જેવું છે

૩૦પછી ઈસુએ કહ્યું, "દેવનું રાજ્ય શાના જેવું છે એ
તમને બતાવવા હું શાનો ઉપયોગ કરી શકુ? તે સમજાવવા
માટે હું કઈ વાર્તાનો ઉપયોગ કરી શકુ? ૩૧દેવનું રાજ્ય
એક રાઈના બી જેવું છે જે તમે જમીનમાં વાવો છો. તે
સર્વ બી કરતાં નાનામાં નાનું બી છે. ૩૨પણ જ્યારે તમે
આ બી વાવો છો ,તે ઊગે છે અને તમારા બાગના બધા
જ છોડવાઓમાં સૌથી મોટો છોડ બને છે. તેને ખૂબ
મોટી ડાળીઓ હોય છે. ત્યાં આકાશનાં પક્ષીઓ આવી
શકે છે અને માળાઓ બનાવી શકે છે અને સૂર્યથી
રક્ષણ મેળવી શકે છે."

૩૩ઈસુએ તેમને શીખવવા માટે આવી ઘણી
વાર્તાઓનો ઉપયોગ કર્યો, જેથી તેઓ દરેક બાબત સમજી
શકે. ૩૪ઈસુ હંમેશા લોકોને શીખવવા માટે વાર્તાઓનો
જ ઉપયોગ કરતો. પણ જ્યારે ઈસુ અને તેના શિષ્યો
એકલા ભેગા થતા ત્યારે ઈસુ તેઓને દરેક વાતોનો
ખુલાસો કરતો.

### ઈસુનું તોફાનને અટકાવવું

૩૫તે દિવસે સાંજે ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "ચાલો,
આપણે સરોવરને પેલે પાર જઈએ." ૩૬ઈસુ અને
શિષ્યોએ લોકોને ત્યાં છોડ્યા. ઈસુ જેમાં બેઠો હતો તે
જ હોડીમાં તેઓ ગયા. ત્યાં તેની સાથે બીજી હોડીઓ
પણ હતી. ૩૭સરોવરમાં પવનનું મોટું તોફાન થયું.
મોજાઓ ઉપરની બાજુઓ પર અને હોડીની અંદર
આવવા લાગ્યાં. હોડી લગભગ પાણીથી ભરાઈ ગઈ
હતી. ૩૮ઈસુ હોડીના પાછલા ભાગમા ઓસીકા પર
તેનું માથું ટેકવીને ઊંઘતો હતો. શિષ્યો તેની પાસે ગયા
અને તેને જગાડીને કહ્યું, "ઉપદેશક, તને અમારી ચિંતા
નથી? આપણે ડૂબી જઈશું!"

૩૯ઈસુ ઊભો થયો અને પવનને અને મોંજાઓને
અટકી જવા આજ્ઞા કરી, ઈસુએ કહ્યું, છાનો રહે, શાંત
થા!" પછી પવન અટકી ગયો અને સરોવર શાંત થઈ
ગયું.

૪૦ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "તમે શા માટે ડરો
છો? શું તમને હજુયે વિશ્વાસ નથી?"

૪૧શિષ્યો ઘણા ડરી ગયા હતા અને એકબીજાને
પૂછતા હતા કે, "આ માણસ કેવા પ્રકારનો છે કે પવન
તથા સમુદ્ર પણ તેનું માને છે?"

### ઈસુ ભૂત વળગેલા માણસને મુક્ત કરે છે

૫ ઈસુ અને તેના શિષ્યો સરોવર પાર કરીને ગેરસાની
લોકો રહેતા હતા તે પ્રદેશમાં ગયો. ૨જ્યારે ઈસુ
હોડીમાંથી નીચે ઉતર્યો ત્યારે જ્યાં મરેલા માણસોને
દાટવામાં આવે છે તે ગુફાઓમાંથી એક માણસ તેમની
પાસે આવ્યો. આ માણસને ભૂત વળગેલ હતું. ૩તે
માણસ કબરસ્તાનની ગુફાઓમાં રહેતો હતો. કોઈ
માણસ તેને બાંધી શકતો ન હતો. સાંકળો પણ આ
માણસને બાંધી શકતી ન હતી. ૪ઘણી વાર લોકોએ તે
માણસના હાથ પગ બાંધવા સાંકળનો ઉપયોગ કર્યો.

પણ તે માણસ તેના હાથપગથી સાંકળો તોડી નાખતો.
કોઈ માણસ તેને કાબુમાં રાખવા પૂરતો સમર્થ ન હતો.
[૫]રાત દિવસ તે માણસ કબરસ્તાનની ગુફાઓની
આસપાસ અને ટેકરીઓ પર ચાલતો હતો. તે માણસ
ચીસો પાડતો અને પથ્થરોથી પોતાને ઘાયલ કરતો.

[૬]જયારે ઈસુ ઘણે દૂર હતો ત્યારે તે માણસે તેને
જોયો. તે માણસ ઈસુ પાસે દોડી ગયો અને તેની આગળ
ઘૂંટણીએ પડ્યો. [૭-૮]ઈસુએ તે માણસને કહ્યું, "ઓ અશુદ્ધ
આત્મા, તે માણસમાંથી બહાર નીકળ." તેથી તે માણસે
મોટા અવાજે ઘાંટો પાડયો, "ઈસુ, પરાત્પર દેવના દીકરા,
તું મારી પાસે શું ઈચ્છે છે? હું તને દેવના સોગંદ દઉં છું
કે, તું મને શિક્ષા નહિ કરે!"

[૯]પછી ઈસુએ તે માણસને પૂછયું, "તારું નામ શું
છે?"

તે માણસે જવાબ આપ્યો, "મારું નામ સેના* છે.
કેમ કે મારામાં ઘણા આત્માઓ છે." [૧૦]તે માણસમાં
રહેલા આત્માઓએ ઈસુને વારંવાર વિનંતી કરી કે તેઓને
તે પ્રદેશમાંથી બહાર ન કાઢે.

[૧૧]ત્યાં નજીકમાં એક ભૂંડોનું મોટું ટોળું ટેકરીઓની
બાજુમાં ચરતું હતું. [૧૨]અશુદ્ધ આત્માઓએ ઈસુને વિનંતી
કરી, "અમને ભૂંડોમાં મોકલ, અમને તેઓમાં મોકલ."
[૧૩]તેથી ઈસુએ તેઓને રજા આપી. અશુદ્ધ આત્માઓએ
માણસને છોડયો અને તેઓ ભૂંડોમાં ગયા. પછી તે
ભૂંડોનું ટોળું ટેકરીઓની કરાડો પરથી ધસી ગયું અને
સરોવરમાં પડી ગયું. બધાં જ ભૂંડો ડૂબી ગયાં. તે ટોળામાં
લગભગ ૨,૦૦૦ ભૂંડો હતાં.

[૧૪]જે માણસો ભૂંડોની સંભાળ રાખવાનું કામ કરતા
હતા તે નાસી ગયા. તે માણસો ગામમાં ગયા અને
ખેતરોમાં દોડી ગયા. તેઓએ બધા લોકોને જે બન્યું
હતું તે કહ્યું તેથી જે બન્યું હતું તે જોવા માટે તેઓ
આવ્યા. [૧૫]લોકો ઈસુ પાસે આવ્યા. તેઓએ ઘણા અશુદ્ધ
આત્માઓની સેના વળગેલો માણસ જોયો. તે માણસ
બેઠો હતો અને વસ્રો પહેરેલો હતો. તેનું મગજ ફરીથી
સ્વસ્થ હતું. લોકો ભયભીત થયા હતા. [૧૬]કેટલાક લોકો
ત્યાં હતા અને ઈસુએ જે કર્યું તે જોયું હતું. તે લોકોએ
બીજા લોકોને પેલો માણસ જેનામાં દુષ્ટાત્મા હતો તેનું
શું થયું તે કહ્યું અને તેઓએ ભૂંડો વિષે પણ કહ્યું.
[૧૭]પછી તે લોકો ઈસુને તેમનો પ્રદેશ છોડી જવા વિનંતી
કરવા લાગ્યા.

[૧૮]ઈસુ હોડીમાં બેસવા જતો હતો. અશુદ્ધ
આત્માઓથી મુક્ત થયેલા માણસે ઈસુ સાથે જવા વિનંતી
કરી.

[૧૯]પણ ઈસુએ તે માણસને સાથે આવવાની ના પાડી.
ઈસુએ કહ્યું, "તારે ઘેર તારા સગાંઓ પાસે જા, પ્રભુએ
તારા માટે જે બધું કર્યું તે વિષે તેઓને કહે. તેમને
જણાવ કે પ્રભુ તારા માટે દયાળુ હતો." [૨૦]તેથી તે માણસે
વિદાય લીધી અને તેના માટે ઈસુએ જે મહાન કાર્યો
કર્યા તે વિષે દશનગર* માં લોકોને કહ્યું. બધા લોકો
નવાઈ પામ્યા.

## ઈસુનું મૃત છોકરીને સજીવન કરવું અને બિમાર સ્રીને સાજી કરવી

[૨૧]ઈસુ હોડીમાં બેસી સરોવર ઓળંગીને તેની બીજી
બાજુએ ગયો. સરોવરની બાજુમાં તેની આજુબાજુ ઘણા
લોકો ભેગા થયા હતા. [૨૨]સભાસ્થાનના આગેવાનોમાંનો
એક ત્યાં આવ્યો. તેનું નામ યાઈર હતું. યાઈરે ઈસુને
જોયો અને તેની આગળ પગે પડ્યો. [૨૩]યાઈરે ઈસુને
ઘણી આજીજી કરીને કહ્યું, "મારી નાની દીકરી
મરણપથારી પર છે. કૃપા કરીને તારો હાથ તેના પર
મૂક. પછી તે સાજી થઈ જશે અને જીવશે."

[૨૪]તેથી ઈસુ યાઈર સાથે ગયો. ઘણા લોકો ઈસુની
પાછળ ગયા. તેઓ તેની આજુબાજુ ઘણા નજીક હોવાથી
ધક્કા ધક્કી થતી હતી.

[૨૫]લોકો મધ્યે એક સ્રી હતી. આ સ્રીને છેલ્લા બાર
વર્ષોથી લોહીવા હતો. [૨૬]તે સ્રીએ ઘણું સહન કર્યુ હતું.
ઘણા વૈદોએ તેનો ઈલાજ કરવા પ્રયત્ન કર્યો હતો. તેની
પાસેના બધા પૈસા ખર્ચાઈ ગયા પરંતુ તેનામાં સુધારો
થતો ન હતો. તેની બિમારી વધતી જતી હતી. [૨૭]તે
સ્રીએ ઈસુ વિષે સાંભળ્યું. તેથી તે ટોળામાંથી ઈસુની
પાછળ લોકો સાથે ગઈ. અને તેના ઝભ્ભાને અડકી.
[૨૮]તે સ્રીએ વિચાર્યુ, "જો હું તેના કપડાંને પણ સ્પર્શ
કરીશ તો તે મને સાજી કરવા પૂરતું છે." [૨૯]જ્યારે તે સ્રી
તેનાં ઝભ્ભાને અડકી, ત્યારે તરત તેનો લોહીવા અટકી
ગયો. તે સ્રીને લાગ્યું કે તેનું શરીર દર્દમાંથી સાજું થઈ
ગયું છે. [૩૦]ઈસુએ જાણ્યું કે તેનામાંથી સામર્થ્ય બહાર
નીકળ્યું. તેથી તે ટોળા તરફ ફર્યો અને પૂછયું, "મારા
લૂગડાને કોણે સ્પર્શ કર્યો?"

---

**સેના** આનો અર્થ ઘણા થાય છે. રૂમી લશ્કરમાં ૫,૦૦૦ માણસોની સેના હોય છે.

**દશનગર** 'દીકાપોલીસ' ગાલીલના સરોવરની પૂર્વ તરફ આ પ્રદેશ આવેલો છે. એક સમયે ત્યાં મુખ્ય દશ નગરો હતાં.

૩૧શિષ્યોએ ઈસુને કહ્યું, "તું જુએ છે કે ઘણા લોકો
તારી પર પડાપડી કરે છે અને તું પૂછે છે કે, 'મને કોણે
સ્પર્શ કર્યો?'"
૩૨પરંતુ જે વ્યક્તિએ ઈસુને સ્પર્શ કર્યો તેને જોવાનું
ઈસુએ ચાલું રાખ્યું. ૩૩તે સ્ત્રીએ જાણ્યું કે તે સાજી થઈ
ગઈ હતી. તેથી તે આવી અને ઈસુના પગે પડી. તે સ્ત્રી
ભયથી ધ્રુજતી હતી. તેણે ઈસુને આખી વાત કહી.
૩૪ઈસુએ તે સ્ત્રીને કહ્યું, "તને સાજી કરવામાં આવી છે
કારણ કે તને વિશ્વાસ છે. શાંતિથી જા. હવે તારે વધારે
સહન કરવાનું નહિ રહે."
૩૫ઈસુ હજુ બોલતો હતો તેટલામાં કેટલાક માણસો
યાઈર જે સભાસ્થાનનો આગેવાન છે તેના ઘરમાંથી
આવ્યો. તે માણસોએ કહ્યું, "તારી દીકરી મૃત્યુ પામી
છે. તેથી હવે ઉપદેશકને (ઈસુ) તસ્દી આપવાની જરૂર
નથી."
૩૬માણસો શું કહે છે તેની ચિંતા પણ ઈસુએ કરી
નહિ. ઈસુએ સભાસ્થાનના આગેવાનને કહ્યું,
"ગભરાઈશ નહિ; માત્ર વિશ્વાસ રાખ."
૩૭ઈસુએ ફક્ત પિતર, યાકૂબ અને યાકૂબના ભાઈ
યોહાનને પોતાની સાથે આવવા દીધા. ૩૮ઈસુ અને આ
શિષ્યો યાઈર જે સભાસ્થાનનો આગેવાન હતો તેને ઘેર
ગયા. ઈસુએ ઘણા લોકોને મોટે સાદે રડતા જોયા. ત્યાં
ઘણી મુંઝવણ હતી. ૩૯ઈસુએ ઘરમાં પ્રવેશીને લોકોને
કહ્યું, "તમે લોકો શા માટે રડો છો અને આટલો બધો
ઘોઘાટ કરો છો? આ બાળક મરી ગયું નથી. તે તો ફક્ત
ઊંઘે છે." ૪૦પણ બધા લોકો ઈસુ તરફ હસ્યા. ઈસુએ
લોકોને ઘરની બહાર જવા કહ્યું. પછી ઈસુ બાળક જે
ઓરડામાં હતું ત્યાં ગયો. તે બાળકના માતાપિતા અને
તેના ત્રણ શિષ્યોને તેની સાથે ઓરડામાં લાવ્યા. ૪૧પછી
ઈસુએ છોકરીનો હાથ પકડ્યો અને તેને કહ્યું, "ટલિથા
કૂમ!" (આનો અર્થ, "નાની છોકરી, હું તને ઊભી થવા
કહું છું.") ૪૨તે છોકરી ઊભી થઈ અને ચાલવા લાગી.
(તે છોકરી બાર વરસની હતી.) પિતા, માતા અને શિષ્યો
ખૂબ અચરજ પામ્યા હતા. ૪૩ઈસુએ પિતા અને માતાને
કડક હુકમ કર્યો કે લોકોને આ વિષે કહેવું નહિ. પછી
ઈસુએ તે છોકરીને થોડું ખાવાનું આપવા તેઓને કહ્યું.

### ઈસુનું તેના વતનમાં ગમન

૬ ઈસુ ત્યાંથી વિદાય લઈને પાછો તેના વતનમાં
આવ્યો. તેના શિષ્યો તેની સાથે ગયા.
૨વિશ્રામવારના દિવસે ઈસુએ સભાસ્થાનમાં ઉપદેશ
આપ્યો. ઘણા લોકો તેનો ઉપદેશ સાંભળીને નવાઈ
પામ્યા. આ લોકોએ કહ્યું, "આ માણસે આ ઉપદેશ
ક્યાંથી મેળવ્યો? તેને આ ડહાપણ કેવી રીતે મળ્યું? તે
તેને કોણે આપ્યું? અને આવા પરાક્રમો કરવાની તાકાત
તેણે ક્યાંથી મેળવી? ૩તે તો ફક્ત એક સુતાર છે. અને
તેની મા મરિયમ છે. તે યાકૂબ, યોસે યહૂદા અને
સિમોનનો ભાઈ છે અને તેની બહેનો અહીં આપણી
સાથે છે." તે લોકોએ ઈસુનો સ્વીકાર કર્યો નહિ.
૪ઈસુએ લોકોને કહ્યું, "બીજા લોકો પ્રબોધકને
સન્માન આપે છે પણ તેના પોતાના ગામમાં, તેના
પોતાના લોકો સાથે અને પોતાના ઘરમાં પ્રબોધકને
સન્માન મળતું નથી." ૫ઈસુ એ તે ગામમાં વધારે
પરાક્રમી કામ કર્યા નહિ. તેણે જે પરાક્રમો કર્યા તે તો
માત્ર કેટલાક બીમાર લોકો પર તેનો હાથ મૂકી સાજાં
કર્યા હતાં. ૬ઈસુને ઘણું આશ્ચર્ય થયું હતું કારણ કે પેલા
લોકોને વિશ્વાસ ન હતો.
પછી ઈસુએ તે પ્રદેશના બીજા ગામોમાં જઈને ઉપદેશ
આપ્યો. ૭ઈસુએ બાર શિષ્યો ને સાથે બોલાવ્યા. ઈસુએ
તેઓને બબ્બે જણને બહાર મોકલ્યા. ઈસુએ તેઓને
અશુદ્ધ આત્માઓ પર અધિકાર આપ્યો. ૮ઈસુએ તેના
શિષ્યોને કહ્યું તે આ છે: "તમારી યાત્રા માટે કાંઈ લેવું
નહિ. ચાલવા માટે ફક્ત એક લાકડી સાથે લો, રોટલી
નહિ, થેલી નહિ, અને તમારા ખિસ્સામાં પૈસા નહિં.
૯જોડા પહેરો અને ફક્ત પહેરેલાં વસ્ત્રો જ રાખો. ૧૦જ્યારે
તમે ઘરમાં પ્રવેશો ત્યારે જ્યાં સુધી તે જગ્યા છોડો ત્યાં
સુધી તે ઘરમાં જ રહો. ૧૧જો કોઈ ગામ તમને સ્વીકારવા
ના પાડે અથવા તમને સાંભળવા ના પાડે તો તે ગામ
છોડી જાઓ. તમારા પગને લાગેલી ધૂળ ખંખેરી નાખો.
આ તેઓને માટે એક ચેતવણી હશે."
૧૨તે શિષ્યો ત્યાંથી વિદાય થયા અને બીજી જગ્યાએ
ગયા. તેઓએ લોકોને ઉપદેશ આપ્યો અને તેઓને
પસ્તાવો કરવા કહ્યું. ૧૩તે શિષ્યોએ ઘણાં ભૂતોને
લોકોમાંથી કાઢયાં અને તેમણે ઘણાં માંદાં લોકોને ઓલિવ
તેલ ચોળી સાજાં કર્યા.

### હેરોદ માને છે ઈસુ એ જ બાપ્તિસ્મા કરનાર યોહાન છે

૧૪હેરોદ* રાજાએ ઈસુ વિષે સાંભળ્યું, કારણ કે હવે
ઈસુ પ્રખ્યાત થઈ ગયો હતો. કેટલાક લોકોએ કહ્યું, "તે
(ઈસુ) બાપ્તિસ્મા કરનાર યોહાન જ છે. તે મૃત્યુમાંથી
ઊઠયો છે. તેથી તે આવાં પરાક્રમો કરી શકે છે."

---

**હેરોદ** અર્થાત હેરોદ અંતિપસ, ગાલીલ અને પેરિનો રાજા તથા
હેરોદ મહાનનો પુત્ર.

૧૫બીજા લોકોએ કહ્યું, "તે એલિયા* છે." બીજા
લોકોએ કહ્યું, "ઈસુ એક પ્રબોધક જેવો છે. લાંબા સમય
પહેલા થઈ ગયેલા પ્રબોધકો જેવો તે છે."
૧૬હેરોદે ઈસુના વિષે આ વાતો સાંભળી. તેણે કહ્યું,
"મેં યોહાનને તેનું માથું કાપી નાંખી મારી નાંખ્યો. હવે
તે યોહાન મૃત્યુમાંથી સજીવન થયો છે!"

### યોહાન બાપ્તિસ્તનું મૃત્યુ કેવી રીતે થયું

૧૭હેરોદે પોતે તેના સૈનિકોને યોહાનને પકડવાનો
હુકમ કર્યો હતો. તેથી યોહાન બંદીખાનામાં કેદ થયો
હતો. હેરોદે તેની પત્નીને ખુશ કરવા આમ કર્યુ હતું.
હેરોદિયા હેરોદના ભાઈ ફિલિપની પત્ની હતી. પરંતુ
પાછળથી હેરોદ હેરોદિયાને પરણ્યો. ૧૮યોહાને હેરોદને
કહ્યું કે તેના માટે તેના ભાઈની પત્ની સાથે પરણવું તે
ઉચિત નથી. ૧૯તેથી હેરોદિયાએ યોહાનને ધિક્કાર્યો. તે
તેને મારી નાખવા ઈચ્છતી હતી. પરંતુ હેરોદને યોહાનને
મારી નાખવાનું સમજાવવા માટે હેરોદિયા અશક્તિમાન
હતી. ૨૦હેરોદ યોહાનની હત્યા કરતાં ડરતો હતો. હેરોદે
જાણ્યું કે બધા લોકો ધારતા હતા કે યોહાન એક સારો
અને પવિત્ર માણસ છે. તેથી હેરોદે યોહાનનું રક્ષણ
કર્યું. હેરોદને યોહાનનો ઉપદેશ સાંભળવાનો આનંદ
થયો. પણ યોહાનનો ઉપદેશ હેરોદને હંમેશા ચિંતા
કરાવતો.

૨૧પછી યોહાનના મૃત્યુના કારણ માટે હેરોદિયાને
યોગ્ય સમય મળ્યો. તે હેરોદની વરસગાંઠને દિવસે
બન્યું. હેરોદે સૌથી મહત્વના સરકારી અધિકારીઓ,
તેના લશ્કરી સેનાપતિઓ અને ગાલીલના ઘણા
અગત્યના લોકોને મિજબાની આપી. ૨૨હેરોદિયાની પુત્રી
મિજબાનીમાં આવી અને નાચી. જયારે તે નાચી ત્યારે
હેરોદ અને તેની સાથે જમતા લોકો ઘણા પ્રસન્ન થયા.

તેથી હેરોદે તે છોકરીને કહ્યું, "તારે જે જોઈએ તે તું
માંગી શકે છે અને હું તને તે આપીશ." ૨૩હેરોદે તેણીને
વચન આપ્યું. "તું ગમે તે માગીશ હું તને આપીશ. હું
મારું અડધું રાજ્ય પણ તને આપીશ."

૨૪તે છોકરી તેની મા પાસે ગઈ અને કહ્યું, "મારે
રાજા હેરોદની પાસે શું માંગવું જોઈએ?" તેની માએ
કહ્યું, "યોહાન બાપ્તિસ્તનું માથું માંગ."

૨૫તે છોકરી ઝડપથી રાજા પાસે ગઈ. તે છોકરીએ
રાજાને કહ્યું, "કૃપા કરીને મને યોહાન બાપ્તિસ્તનું માથું
આપ. હમણાં થાળીમાં તે મારી પાસે લાવ."

૨૬રાજા હેરોદ ઘણો દિલગીર થયો. પણ તેણે છોકરીને
જે ઈચ્છે તે આપવાનું વચન આપ્યું હતું. અને ત્યાં
હેરોદની સાથે જમતાં લોકોએ તેનું વચન સાંભળ્યું હતું.
તેથી હેરોદ તેણી જે માગે તેનો અસ્વીકાર કરવા ઈચ્છતો
ન હતો. ૨૭તેથી રાજાએ યોહાનનું માથું કાપીને લાવવા
માટે સૈનિકને મોકલ્યો. તેથી સૈનિકે બંદીખાનામાં જઈને
યોહાનનું માથું કાપી નાખ્યું. ૨૮પછી તે સૈનિક યોહાનનું
માથું થાળીમાં પાછું લાવ્યો. તેણે તે માથું છોકરીને આપ્યું.
પછી તે છોકરીએ તે માથું તેની માને આપ્યું. ૨૯યોહાનના
શિષ્યોએ જે બન્યું તેના વિષે સાંભળ્યું. તેથી તેઓ આવ્યા
અને યોહાનનું ધડ મેળવ્યું. તેઓએ તેને કબરમાં મૂક્યું.

### ઈસુનું ૫,૦૦૦ થી વધારે માણસને જમાડવું

૩૦જે પ્રેરિતોને ઈસુએ ઉપદેશ માટે મોકલ્યા હતા,
તે ઈસુ પાસે પાછા આવ્યા. તેઓ ઈસુની આજુબાજુ
ભેગા થયા અને તેઓએ જે બધી વસ્તુ કરી અને શીખવ્યું
તે વિષે તેને કહ્યું. ૩૧ઈસુ અને તેના શિષ્યો ઘણી ભીડવાળી
જગ્યાએ હતાં. અને ત્યાં ઘણા બધા લોકો હતા. ઈસુ
અને તેના શિષ્યોને ખાવાનો સમય પણ ન હતો. ઈસુએ
તેના શિષ્યોને કહ્યું, "મારી સાથે આવો આપણે એકાંત
માટે શાંત જગ્યાએ જઈશું. ત્યાં આપણે થોડો આરામ
કરીશું."

૩૨તેથી ઈસુ અને તેના શિષ્યો એકલા દૂર ચાલ્યા
ગયા. તેઓ હોડીમાં જ્યાં કોઈ લોકો ન હતા એવા
નિર્જન સ્થળે ગયા. ૩૩પરંતુ ઘણા લોકોએ તેને જતા
દીઠો. લોકોએ તેને ઓળખ્યો કે તે ઈસુ હતો તેથી જ્યાં
ઈસુ જતો હતો તે સ્થળે બધાં ગામોમાંથી લોકો પગપાળા
દોડી ગયા. ઈસુના આવતા પહેલા લોકો ત્યાં હતા.
૩૪જ્યારે ઈસુ ત્યાં આવ્યો, તેણે ઘણા માણસોને વાટ
જોતા જોયા. ઈસુને તેમના માટે દુ:ખ થયું, કારણ કે
તેઓ સંભાળ રાખનાર ભરવાડ વિનાના ઘેંટા જેવા હતા.
ઈસુએ લોકોને ઘણી વસ્તુઓ શીખવી.

૩૫હવે દિવસનો નમતો પહોર હતો. તેથી ઈસુના
શિષ્યો તેની પાસે આવ્યા. તેઓએ કહ્યું, "આ જગ્યાએ
કોઈ લોકો રહેતા નથી અને અત્યારે ઘણું મોડુ થયું છે,
૩૬તેથી લોકોને દૂર મોકલો. તેઓ અહીંના આસપાસના
ગામોમાં અને ખેતરોમાં જઈને ખાવાનું ખરીદે."

૩૭પણ ઈસુએ જવાબ આપ્યો, "તમે તેઓને થોડું
ખાવાનું આપો."

તે શિષ્યોએ ઈસુને કહ્યું, "આપણે આ બધા લોકોને
ખવડાવવા માટે પૂરતી રોટલીઓ ખરીદી શકીએ તેમ
નથી! આપણે બધાએ તેટલી રોટલીઓ ખરીદવા માટે
એક મહીના સુધી કામ કરીને પૂરતું કમાવું પડે."

---

**એલિયા** ઈ.પૂ. ૮૫૦માં દેવ વિષે બોલનાર વ્યકિત.

૩૮ઈસુએ શિષ્યોને કહ્યું, "તમારી પાસે કેટલી રોટલીઓ છે? જાઓ અને જુઓ."

શિષ્યોએ તેઓની રોટલીઓ ગણી. તેઓએ ઈસુ પાસે આવીને કહ્યું, "આપણી પાસે પાંચ રોટલી અને બે માછલીઓ છે."

૩૯પછી ઈસુએ શિષ્યોને કહ્યું, "બધા લોકોને લીલા ઘાસ પર જૂદા જૂદા જૂથોમાં બેસવા કહો." ૪૦તેથી બધા લોકો સમુહમાં બેઠા, કેટલાક જૂથોમાં એકસો માણસો હતા તો કેટલાક જૂથોમાં પચાસ માણસો હતા. ૪૧ઈસુએ પાંચ રોટલી અને બે માછલીઓ લીધી. તેણે ઊંચે આકાશમાં જોયું અને રોટલી માટે દેવનો આભાર માન્યો. પછી ઈસુએ તે રોટલીના ટુકડા કર્યા અને તે તેના શિષ્યોને આપ્યા. ઈસુએ તેના શિષ્યોને તે રોટલી લોકોને આપવા કહ્યું. પછી ઈસુએ બે માછલીના ભાગ કર્યા અને લોકોને માછલી આપી. ૪૨આમ લોકોએ ખાધું અને તૃપ્ત થયા. ૪૩લોકોએ ખાવાનું પૂરું કર્યા બાદ શિષ્યોએ છાંડેલા રોટલીના ટુકડાઓથી અને માછલીઓથી બાર ટોપલીઓ ભરી. ૪૪ત્યાં લગભગ ૫,૦૦૦ પુરુષોએ ભોજન કર્યું.

## ઈસુ પાણી પર ચાલે છે

૪૫પછી ઈસુએ શિષ્યોને હોડીમાં બેસવા માટે કહ્યું. ઈસુએ તેમને બેથસૈદાની પેલે પાર સરોવરની બીજી બાજુએ જવા માટે કહ્યું. ઈસુએ કહ્યું કે તે પાછળથી આવશે, ઈસુએ લોકોને તેમના ઘર તરફ જવાનું કહ્યું. ૪૬લોકોને શુભ વિદાય કહ્યાં પછી ઈસુ ટેકરી પર પ્રાર્થના કરવા ગયો.

૪૭તે રાત્રે, હોડી હજુ પણ સરોવરની મધ્યમાં હતી. ઈસુ ભૂમિ પર એકલો હતો. ૪૮ઈસુએ સરોવરમાં હોડીને દૂર દૂર જોઈ. તેણે શિષ્યોને હોડીના હલેસા મારવામાં સખત મહેનત કરતાં જોયા. પવન તેમની વિરુદ્ધ ફૂંકાતો હતો. સવારે ત્રણ થી છ કલાકના સમયે, ઈસુએ પાણી પર ચાલવાનું ચાલુ રાખ્યું, અને તે તેમની બાજુમાંથી પસાર થતો હતો. ને જાણે તેઓથી આગળ જવાનું તેણે કર્યુ. ૪૯પરંતુ શિષ્યોએ ઈસુને પાણી પર ચાલતો જોયો. તેઓએ ધાર્યુ કે, એ તો આભાસ છે. શિષ્યો ભયથી બૂમો પાડવા લાગ્યા. ૫૦બધા શિષ્યોએ ઈસુને જોયો અને તેઓ ઘણા ભયભીત થયા. પરંતુ ઈસુએ શિષ્યોને કહ્યું, "હિંમ્મત રાખો. તે હું જ છું, ગભરાશો નહિ," ૫૧પછી ઈસુ શિષ્યો સાથે હોડીમાં પ્રવેશ્યો અને પવન શાંત થઈ ગયો. તે શિષ્યો તો સંપૂર્ણ આશ્ચર્ય પામ્યા. ૫૨તેઓએ ઈસુને પાંચ રોટલીમાંથી વધારે રોટલી બનાવતા જોયો હતો. પણ તેઓ સમજી શક્યા ન હતા. તેનો અર્થ શું છે. તેઓ તે સમજવા માટે શકિતમાન ન હતા.

૫૩ઈસુના શિષ્યોએ સરોવરને ઓળંગ્યું. તેઓ ગન્નેસરેતના દરિયા કિનારે આવ્યા. તેઓએ ત્યાં હોડી લાંગરી. ૫૪જયારે તેઓ હોડીની બહાર હતા. ત્યારે લોકોએ ઈસુને જોયો. તેઓએ જાણ્યું કે તે કોણ હતો. ૫૫આખા પ્રદેશમાં દોડી જઈને લોકોને જણાવ્યું કે ઈસુ ત્યાં છે. લોકો માંદા માણસોને ખાટલામાં લાવ્યા. ૫૬ઈસુ તે પ્રદેશનાં આસપાસનાં ગામો, શહેરો અને ખેતરોમાં ગયો અને દરેક જગ્યાએ ઈસુ ગયો. ત્યાં તે લોકો બિમાર લોકોને બજારના સ્થળોએ લાવ્યા. તેઓ ઈસુને તેનાં ઝભ્ભાની કીનારને પણ સ્પર્શ કરવા દેવા માટે વિનંતી કરી. અને બધા લોકોએ જેમણે સ્પર્શ કર્યો તે સર્વ સાજાં થઈ ગયા.

## દેવના નિયમો અને લોકોએ બનાવેલા કાયદાઓ

૭ કેટલાએક ફરોશીઓ અને કેટલાએક શાસ્ત્રીઓ યરૂશાલેમમાંથી આવ્યા. તેઓ ઈસુની આજુબાજુ ભેગા થયા. ૨ફરોશીઓ અને શાસ્ત્રીઓએ ઈસુના કેટલાએક શિષ્યોને ગંદા હાથો વડે ખાતાં જોયા. ("ચોખ્ખા નહિ" નો અર્થ:-ફરોશીઓ લોકોને આગ્રહ કરતા કે જે અમુક રીતે તેમના હાથ ધોવા જોઈએ તે રીતે ધોયા ન હતા.) ૩ફરોશીઓ અને બધા યહૂદીઓ તેમની વિશિષ્ટ રીતે હાથ ધોયા વિના કદાપિ ખાતા નથી. તેઓ તેમની અગાઉ થઈ ગયેલા મહાન લોકોએ આપેલા ઉપદેશને અનુસરવા આ કરતા. ૪અને જ્યારે યહૂદીઓ બજારમાંથી કંઈક ખરીદે છે. ત્યારે તેઓ તેને ખાસ રીતે ધુએ નહિ ત્યા સુધી તેઓ કદી ખાતા નથી. તેઓ તેમની અગાઉ જે રહેતા હતા તે લોકોના બીજા નિયમોને પણ અનુસર્યા. તેઓ પ્યાલાઓ, ઘડાઓ અને ગાગરો ધોવા જેવા નિયમોને પણ અનુસરે છે.

૫ફરોશીઓ અને શાસ્ત્રીઓએ ઈસુને કહ્યું, "તારા શિષ્યો અમારા મહાન લોકો જે અમારી અગાઉ જીવી ગયા તેઓએ અમને આપેલા નિયમોને અનુસરતા નથી. તારા શિષ્યો જે હાથો ચોખ્ખા નથી તેના વડે તેમનું ખાવાનું ખાય છે. તેઓ આમ શા માટે કરે છે?"

૬ઈસુએ જવાબ આપ્યો, "તમે બધા દંભી છો. યશાયા તમારા વિષે સાચું જ કહે છે. યશાયાએ લખ્યું છે,

'આ લોકો કહે છે તેઓ મને માન આપે છે, પણ
તેઓ ખરેખર મને તેમના જીવનનો મહત્વનો
ભાગ બનાવતા નથી.

૭ તેઓ મારી ભક્તિ વ્યર્થ કરે છે. જે વસ્તુઓનો
તેઓ ઉપદેશ કરે છે તે તો લોકોએ બનાવેલા
ફક્ત સાદા નિયમો છે.'

*યશાયા ૨૯:૧૩*

૮તમે દેવની આજ્ઞાને અનુસરવાનું બંધ કર્યુ છે. હવે
તમે માણસોના ઉપદેશો અનુસરો છો."
૯પછી ઈસુએ તેઓને કહ્યું, "તમે ધારો છો કે તમે
ચાલાક છો! તમે દેવની આજ્ઞા અવગણો છો જેથી તમે
તમારા પોતાના ઉપદેશને અનુસરી શકો. ૧૦મૂસાએ કહ્યું;
'તમારે તમારા માતાપિતાને માન આપવું જોઈએ.' પછી
મૂસાએ કહ્યું, 'જે કોઈ વ્યક્તિ તેના પિતા કે માની નિંદા
કરે તેને મારી નાખવો જોઈએ.' ૧૧પણ તમે ઉપદેશ
આપો છો કે વ્યક્તિ તેના પિતા અને માને કહી શકે,
'મારી પાસે થોડુંક છે. હું તમને મદદ કરવા માટે તેનો
ઉપયોગ કરી શકુ. પણ હું તમને મદદ કરવા માટે તેનો
ઉપયોગ નહિ કરું. હું તે દેવને અર્પણ કરીશ.' ૧૨તમે
વ્યક્તિને તેના મા કે પિતા માટે એથી વધુ કાંઈ કરવાની
મંજૂરી આપતા નથી. ૧૩તેથી તમે ઉપદેશ આપો છો કે
દેવે જે કહ્યું છે તે મહત્વનું નથી. તમે ધારો છો કે તમે
લોકોને જે ઉપદેશ આપો છો તે નિયમોને અનુસરવું તે
વધારે મહત્વનું છે અને તમે તેના જેવું ઘણું કરો છો."
૧૪ઈસુએ ફરીથી લોકોને તેમની પાસે બોલાવ્યા.
તેણે કહ્યું, "પ્રત્યેક વ્યક્તિએ મને ધ્યાનથી સાંભળવો
જોઈએ અને હું જે કહું છું તે સમજવું જોઈએ. ૧૫એવી
કોઈ વસ્તુ નથી જે વ્યક્તિ તેના શરીરમાં મૂકે છે જે તેને
અપવિત્ર બનાવે છે. તેનામાંથી જે વસ્તુઓ બહાર આવે
છે તેના વડે જ વ્યક્તિ અપવિત્ર બને છે." ૧૬તમે લોકો
મારા શબ્દો ધ્યાનથી સાંભળો. તમને લોકોને જો કાન
હોય તો, સાંભળો.
૧૭પછી ઈસુ તે લોકોને છોડીને ઘરમાં ગયો. શિષ્યોએ
ઈસુને આ વાર્તા વિષે પૂછયું. ૧૮ઈસુએ કહ્યું, "તમને
સમજવામાં હજુ મુશ્કેલી છે? તમે ખાતરીપૂર્વક જાણો
છો કે બહારથી વ્યક્તિમાં એવું કશું પ્રવેશતું નથી જે
તેને વટાળી શકે. ૧૯ખોરાક વ્યક્તિના મગજમાં જતો
નથી. ખોરાક તો પેટમાં જાય છે. પછી તે ખોરાક શરીરની
બહાર નીકળી જાય છે." (જ્યારે ઈસુએ આ કહ્યું, તેનો
અર્થએ છે કે એવો કોઈ ખોરાક નથી જે લોકોને ખાવા
માટે ખોટો છે.)
૨૦અને ઈસુએ કહ્યું, "જે વસ્તુઓ વ્યક્તિઓમાંથી
આવે છે તે જ તે વ્યક્તિને વટાળે છે. ૨૧આ બધી ખરાબ
વસ્તુઓ વ્યક્તિના મનની અંદર શરૂ થાય છે. મનમાં
ખોટા વિચારો, અનૈતિક પાપો, ચોરી, ખૂન, ૨૨વ્યભિચાર,
સ્વાર્થ, લોકોનું ખરાબ કરવું, વ્યર્થ જીવન, પાપનાં કામો
કરવાં, અદેખાઈ, લોકોની નિંદા કરવી, મિથ્યા દંભ કરવો
અને મૂર્ખાઈભર્યુ જીવન. ૨૩આ બધી દુષ્ટ વસ્તુઓ
વ્યક્તિની અંદરથી આવે છે. આ વસ્તુઓ વ્યક્તિને
વટાળે છે."

### ઈસુની બિનયહૂદી સ્રીને સહાય

૨૪ઈસુ તે જગ્યા છોડીને તૂરની આજુબાજુના પ્રદેશમાં
ગયો. ઈસુ ત્યાં એક ઘરમાં ગયો. તે ત્યાં હતો એમ તે
પ્રદેશના લોકો જાણે એમ ઈસુ ઈચ્છતો નહોતો. પણ
ઈસુ ગુપ્ત રહી શક્યો નહિ. ૨૫એક સ્રીએ સાંભળ્યું કે
ઈસુ ત્યાં હતો. તેની નાની દીકરીની અંદર શેતાનનો
અશુદ્ધ આત્મા હતો. તેથી તે સ્રી ઈસુ પાસે આવીને
તેના ચરણોમાં નમી પડી. ૨૬તે સ્રી યહૂદી ન હતી. તે
ગ્રીક હતી અને સિરિયા પ્રદેશના ફિનીકિયામાં જન્મી
હતી. તે સ્રીએ ઈસુને તેની દીકરીમાંથી ભૂત કાઢવાને
વિનંતી કરી.
૨૭ઈસુએ તે સ્રીને કહ્યું, "છોકરાંની રોટલી લઈને
કૂતરાંઓને આપવી તે યોગ્ય નથી. પ્રથમ છોકરાંને તેઓ
ઈચ્છે તેટલું બધું ખાવા દો."
૨૮તે સ્રીએ જવાબ આપ્યો; "તે સાચું છે, પ્રભુ. પરંતુ
છોકરાં જે ખોરાકના નાના કકડાં મેજ નીચે પડે છે તે
ખાતા નથી. તે કૂતરાંઓ ખાઈ જાય છે."
૨૯પછી ઈસુએ સ્રીને કહ્યું, "તે એક ઘણો સારો જવાબ
છે, તું જઈ શકે છે. તે ભૂત તારી દીકરીમાંથી નીકળી
ગયું છે."
૩૦તે સ્રી ઘેર ગઈ અને તેની દીકરીને પથારીમાં
પડેલી જોઈ. ભૂત નીકળી ગયુ હતું.

### ઈસુ બહેરા માણસને સાજો કરે છે

૩૧પછી ઈસુએ તૂરની આજુબાજુનો પ્રદેશ છોડ્યો
અને સિદોન થઈને ગાલીલ સરોવર તરફ ગયો. ઈસુ
દસ ગામોના પ્રદેશમાં થઈને ગયો. ૩૨જ્યારે તે ત્યાં હતો
ત્યારે કેટલાક લોકો એક માણસને તેની પાસે લાવ્યા.
આ માણસ બહેરો હતો અને બોબડો હતો. લોકોએ
ઈસુને તેના હાથ તે માણસ પર મૂકીને તેને સાજો કરવા
વિનંતી કરી. ૩૩ઈસુ તે માણસને લોકો પાસેથી દૂર તેની
સાથે એકાંતમાં દોરી ગયા. પછી ઈસુએ તે માણસના
કાનની અંદર તેની આંગળી મૂકી અને થૂંકીને તે માણસની
જીભને સ્પર્શ કર્યો. ૩૪ઈસુએ આકાશમાં ઊંચે જોયું
અને નિસાસો નાખ્યો. ઈસુએ તે માણસને કહ્યું,

"એફફથા!" (આનો અર્થ, "ઊઘડી જા.") ૩૫જ્યારે ઈસુએ આ કર્યુ, ત્યારે તે માણસ સાંભળવા શક્તિમાન બન્યો. તે માણસ તેની જીભનો ઉપયોગ કરવા સમર્થ બન્યો અને સ્પષ્ટ બોલવા લાગ્યો.

૩૬ઈસુએ લોકોને આજ્ઞા કરી કે જે કંઈ બન્યું છે તે વિષે કોઈ વ્યક્તિને કહેવું નહિ. ઈસુએ હંમેશા લોકોને આજ્ઞા કરતા કહ્યું કે તેના વિષે બીજા લોકોને કહેવું નહિ. પણ જેમ જેમ તેણે તેના વિષે ન કહેવાની વધુ ને વધુ આજ્ઞા કરી તેમ લોકો તેના વિષે વધારેને વધારે કહેવા લાગ્યા. ૩૭લોકો ખરેખર નવાઈ પામ્યા. લોકોએ કહ્યું, "ઈસુ દરેક વસ્તુ સારી રીતે કરે છે. ઈસુ બહેરાં માણસોને સાંભળતાં કરે છે. અને જે લોકો વાત કરી શકતા નથી, તેઓને વાત કરવા શક્તિમાન કરે છે."

### ઈસુ ૪,૦૦૦ થી વધારે લોકોને જમાડે છે

૮ બીજી વખતે ઈસુ સાથે ત્યાં ઘણા લોકો હતા. લોકો પાસે ખાવાનું ન હતું. તેથી ઈસુએ તેના શિષ્યોને તેની પાસે બોલાવ્યા. ઈસુએ કહ્યું, ૨"મને આ લોકોની દયા આવે છે. તેઓ મારી સાથે ત્રણ દિવસથી હતા. અને હવે તેઓની પાસે કંઈ ખાવાનું નથી. ૩મારે તેઓને ઘેર ભૂખ્યા મોકલવા જોઈએ નહિ. જો તેઓ જમ્યા વિના જશે તો ઘરે જતાં તેઓ રસ્તામાં બેહોશ થઈ જશે. આ લોકોમાંના કેટલાક તો ખૂબ દૂરથી અહીં આવ્યા છે."

૪ઈસુના શિષ્યોએ જવાબ આપ્યો. "પરંતુ આપણે કોઈ પણ ગામથી ઘણા દૂર છીએ. આ બધા લોકોને ખવડાવવા માટે પૂરતી રોટલી આપણે ક્યાંથી મેળવી શકીએ?"

૫પછી ઈસુએ તેઓને પૂછયું, "તમારી પાસે કેટલી રોટલીઓ છે?" શિષ્યોએ ઉત્તર આપ્યો, "અમારી પાસે સાત રોટલીઓ છે."

૬ઈસુએ લોકોને જમીન પર બેસવા કહ્યું, પછી ઈસુએ સાત રોટલીઓ લીધી અને દેવની સ્તુતિ કરી. ઈસુએ રોટલીના ભાગ કર્યા અને તેના શિષ્યોને તે ટુકડાઓ આપ્યા. ઈસુએ તે શિષ્યોને લોકોને રોટલી આપવા કહ્યું. શિષ્યોએ તેનું માન્યુ. ૭તે શિષ્યો પાસે થોડી માછલીઓ હતી. ઈસુએ માછલી માટે સ્તુતિ કરી અને લોકોને માછલી આપવા શિષ્યોને કહ્યું. ૮બધા લોકોએ ખાધુ અને તૃપ્ત થયા. પછી શિષ્યોએ નહિ ખાધેલા ખોરાકના ટુકડાઓથી સાત ટોપલીઓ ભરી. ૯ત્યાં લગભગ ૪,૦૦૦ પુરુષોએ ખાધુ. તેઓના ખાધા પછી ઈસુએ તેઓને ઘેર જવા માટે કહ્યું. ૧૦ઈસુ તેના શિષ્યો સાથે હોડીમાં દલ્મનૂથાની હદમાં ગયો.

### ઈસુની કસોટી કરવાનો ફરોશીઓનો પ્રયત્ન

૧૧ફરોશીઓ ઈસુ પાસે આવ્યા અને તેને પ્રશ્નો પૂછયા. તેઓ ઈસુની પરીક્ષા કરવા ઈચ્છતા હતા. તેથી તેઓએ ઈસુને આકાશમાંથી નિશાની માગીને તે દેવ તરફથી આવ્યો હતો તે બતાવવા કહ્યું. ૧૨ઈસુએ નિસાસો નાખ્યો. તેણે કહ્યું, "તમે લોકો શા માટે નિશાની સાબિતી તરીકે માગો છો? હું તમને સત્ય કહું છુ. તેના જેવી કોઈ નિશાની તમને આપવામાં આવશે નહિ." ૧૩પછી ઈસુ ફરોશીઓને છોડીને હોડીમાં બેસીને પેલે પાર ગયો.

### ઈસુની યહૂદી આગેવાનો વિરુદ્ધ ચેતવણી

૧૪તે શિષ્યો પાસે હોડીમાં તેઓની પાસે ફક્ત રોટલીનો એક ટુકડો હતો. તેઓ વધારે રોટલી લાવવાનું ભૂલી ગયા. ૧૫ઈસુએ તેમને ચેતવણી આપી, "સાવધાન રહો! ફરોશીઓના ખમીર અને હેરોદના ખમીરથી સાવધ રહો." ૧૬શિષ્યોએ આના અર્થની ચર્ચા કરી. તેઓએ કહ્યું, "તેણે આ કહ્યું કારણ કે આપણી પાસે રોટલી નથી."

૧૭ઈસુએ જાણ્યું કે તે શિષ્યો આના વિષે વાતો કરતા હતા. તેથી ઈસુએ તેઓને પૂછયું, "શા માટે તમે રોટલી નહિ હોવા વિષે વાત કરો છો? તમે હજુ પણ જોઈ શકતા નથી કે સમજી શકતા નથી? શું તમે સમજવા શક્તિમાન નથી? ૧૮શું તમારી પાસે જે આંખો છે તે આ જોઈ શકતી નથી? શું તમારી પાસે જે કાન છે તે સાંભળી શકતા નથી? યાદ કરો મેં આગાઉ શું કર્યુ હતુ, જ્યારે આપણી પાસે પૂરતી રોટલી ન હતી. ૧૯મેં પાંચ રોટલીમાંથી ૫,૦૦૦ લોકોને જમાડયા હતા. યાદ કરો કે તમે નહિ ખવાયેલા ખોરાકના ટુકડાઓ વડે કેટલી ટોપલીઓ ભરી હતી?"

તે શિષ્યોએ ઉત્તર આપ્યો, "અમે બાર ટોપલીઓ ભરી હતી."

૨૦"અને યાદ કરો કે મેં સાત રોટલીમાંથી ૪,૦૦૦ લોકોને જમાડયા હતા. યાદ કરો તમે નહિ ખવાયેલા ખોરાકના ટુકડાઓથી તમે કેટલી ટોપલીઓ ભરી હતી?"

તે શિષ્યોએ ઉત્તર આપ્યો, "અમે સાત ટોપલીઓ ભરી હતી."

૨૧પછી ઈસુએ તેઓને કહ્યું, "મેં જે કર્યુ તે બધું તમે યાદ કરો છો, પણ હજુ તમે સમજી શકતા નથી?"

### ઈસુનું બેથસૈદામાં આંધળા માણસને સાજા કરવું

૨૨ઈસુ અને તેના શિષ્યો બેથસૈદામાં આવ્યા.
કેટલાએક લોકો એક આંધળા માણસને ઈસુ પાસે લાવ્યા.
તેઓએ તે માણસને સ્પર્શ કરવા ઈસુને વિનંતી કરી.
૨૩તેથી ઈસુએ તે આંધળા માણસનો હાથ પકડયો અને
તેને ગામની બહાર દોરી ગયા. પછી ઈસુ તે માણસની
આંખો પર થૂંકયો. ઈસુએ તેના હાથ આંધળા માણસ
પર મૂક્યા અને તેને કહ્યું, "હવે તું જોઈ શકે છે?"
૨૪આંધળા માણસે ઊંચુ જોયું અને કહ્યું, "હા, હું
લોકોને જોઈ શકું છું. તેઓ આજુબાજુ ચાલતા વૃક્ષો
જેવા દેખાય છે."
૨૫ફરીથી ઈસુએ તેનો હાથ આંધળા માણસની આંખો
પર મૂક્યો. પછી તે માણસે તેની આંખો પહોળી કરીને
ખોલી. તેની આંખો સાજી થઈ ગઈ, અને તે દરેક વસ્તુ
સ્પષ્ટતાપૂર્વક જોઈ શકતો હતો. ૨૬ઈસુએ તેને ઘેર જવા
કહ્યું. ઈસુએ કહ્યું, "ગામમાં જઈશ નહિ."

### પિતર કહે છે ઈસુ એ જ ખ્રિસ્ત છે

૨૭ઈસુ અને તેના શિષ્યો કૈસરિયા ફિલિપ્પીનાં
ગામડાઓમાં ગયા. જ્યારે તેઓ મુસાફરી કરતા હતા,
ઈસુએ શિષ્યોને પૂછયું, "હું કોણ છું, એ વિષે લોકો શું
કહે છે?"
૨૮શિષ્યોએ ઉત્તર આપ્યો, "કેટલાક લોકો તને યોહાન
બાપ્તિસ્ત કહે છે. બીજા કેટલાક લોકો તને એલિયા કહે
છે. અને બીજા કેટલાક લોકો કહે છે કે તું પ્રબોધકોમાંનો
એક છે."
૨૯પછી ઈસુએ પૂછયું, "હું કોણ છું એ વિષે તમે શું
કહો છો?"

પિતરે ઉત્તર આપ્યો, "તું તો ખ્રિસ્ત છે."
૩૦ઈસુએ તેના શિષ્યોને કડકાઈથી કહ્યું: "હું કોણ
છું તે કોઈને કહેવું નહિ."
૩૧પછી ઈસુએ તેમને ઉપદેશ આપવાનું શરૂ કર્યુ. કે
માણસના પુત્રે ઘણું બધું સહન કરવું જોઈએ. ઈસુએ
બોધ આપ્યો કે માણસનો પુત્ર, વડીલ યહૂદી આગેવાનો
મુખ્ય યાજકો અને શાસ્ત્રીઓ દ્વારા નાપસંદ થશે. ઈસુએ
બોધ આપ્યો કે માણસના પુત્રને મારી નંખાશે અને
પછી મૃત્યુમાંથી ત્રણ દિવસો પછી તે ઊભો થશે.
૩૨ઈસુએ તેઓને દરેક જે બનવાનું હતુ તે કહ્યુ. તેણે
કશુંય ગુપ્ત રાખ્યું નહિ. પિતર ઈસુને બાજુમાં લઈ
ગયો અને આ વાતો કહેવા માટે તેને ઠપકો આપવા
લાગ્યો. ૩૩પણ ઈસુ પાછો ફર્યો અને તેના શિષ્યો તરફ
જોયું. પછી તેણે પિતરને ઠપકો આપ્યો. ઈસુએ પિતરને
કહ્યું, "શેતાન! મારી પાસેથી દૂર જા, તું દેવની વાતોની
પરવા કરતો નથી. તું ફક્ત લોકો જેને મહત્વ આપે છે
તેની જ કાળજી રાખે છે."
૩૪પછી ઈસુએ લોકોને તેની પાસે બોલાવ્યા. તેના
શિષ્યો પણ ત્યાં હતા. પછી ઈસુએ કહ્યું, "જો કોઈ
વ્યક્તિ મને અનુસરવા ઈચ્છે તો તેણે જે વસ્તુઓ તે
ઈચ્છે છે તેની "ના" કહેવી જોઈએ. તે વ્યક્તિએ વધસ્તંભ
(પીડા) સ્વીકારવો જોઈએ જે તેને આપવામાં આવેલ
છે, અને તેણે મને અનુસરવું જોઈએ. ૩૫જે વ્યક્તિ તેનું
જીવન બચાવવા ઈચ્છે છે તે ગુમાવશે. અને પ્રત્યેક
વ્યક્તિ જે મારા માટે અને સુવાર્તા માટે તેનું જીવન
આપે છે, તે હંમેશને માટે તેનું જીવન બચાવશે. ૩૬જો
કોઈ વ્યક્તિ આખું જગત જીતે છે પણ તેનું જીવન
ગુમાવે છે તો તેને કઈ રીતે લાભદાયી છે? ૩૭વ્યક્તિ
ફરીથી તેનો જીવ ખરીદવા કદાપિ કશું પૂરતું આપી
શકતો નથી. ૩૮જે લોકો હમણા જીવે છે; તેઓ પાપી
અને દુષ્ટ સમયમાં જીવે છે. જે કોઈ મારે લીધે તથા
મારી વાતોને લીધે શરમાશે તેને લીધે હું જયારે મારા
પિતાના મહિમામાં પવિત્ર દૂતો સાથે આવીશ, ત્યારે તે
વ્યક્તિથી શરમાઈશ."

૯ પછી ઈસુએ કહ્યું, "હું તમને સત્ય કહું છું
કે, તમારામાંના કેટલાએક લોકો અહીં ઊભા છે
તેઓ તેમના મૃત્યુ પહેલા દેવના રાજ્યને આવતું જોશે.
દેવનું રાજ્ય પરાક્રમ સાથે આવશે."

### ઈસુ મૂસા અને એલિયા સાથે

૨છ દિવસો પછી ઈસુ પિતર, યાકૂબ તથા યોહાનને
લઈને એક ઊંચા પર્વત પર ગયો. તેઓ બધા ત્યાં એકલા
હતા. જ્યારે શિષ્યોની નજર સમક્ષ તેનું રૂપાંતર થયું,
ત્યારે ૩ઈસુનાં કપડાં સફેદ ચમકતાં થયાં. કપડાં બીજી
વ્યક્તિ બનાવી શકે તેના કરતાં વધારે ઉજળાં હતાં.
૪પછી ત્યાં બે માણસો આવ્યા અને ઈસુ સાથે વાતો
કરવા લાગ્યા. તે માણસો મૂસા અને એલિયા હતા.
૫પિતરે ઈસુને કહ્યું, "ઉપદેશક, તે સારું છે કે આપણે
અહીં છીએ. અહીં આપણે ત્રણ માંડવા બાંધીએ. એક
તારા માટે, એક મૂસા માટે અને એક એલિયા માટે."
૬પિતરે શું કહેવું તે જાણતો ન હતો. કારણ કે તે અને
બીજા બે શિષ્યો બહુ બીધા હતા.
૭પછી એક વાદળ આવ્યું અને તેઓ પર છાયા કરી.
વાદળમાંથી એક અવાજ આવ્યો અને કહ્યું, "આ (ઈસુ)
મારો પુત્ર છે અને હું તેને ચાહું છું. તેને તાબે થાઓ!"

૮પછી પિતર, યાકૂબ, અને યોહાને જોયું, પણ તેઓ ફક્ત ત્યાં ઈસુને તેઓની સાથે એકલો જોયો.

૯ઈસુ અને તેના શિષ્યો પર્વત પરથી નીચે પાછા ઉતરતા હતા ત્યારે ઈસુએ શિષ્યોને આજ્ઞા કરી. "તમે પર્વત પર જે વસ્તુઓ જોઈ છે તે વિષે કોઈ વ્યક્તિને કહેશો નહિ. માણસનો પુત્ર મૂએલામાંથી સજીવન ન થાય ત્યાં સુધી રાહ જુઓ. પછી તમે જે જોયું છે તે લોકોને કહી શકો છો."

૧૦તેથી શિષ્યોએ ઈસુની આજ્ઞા માની, અને તેઓએ જે જોયું હતું તે વિષે કશું કહ્યું નહિ. પણ તેઓએ મૂએલામાંથી સજીવન થવા વિષે ઈસુ શું સમજે છે તેની ચર્ચા કરી. ૧૧શિષ્યોએ ઈસુને પૂછયું, "પ્રથમ એલિયાએ આવવું જોઈએ એવું શાસ્રીઓ શા માટે કહે છે?"

૧૨ઈસુએ ઉત્તર આપ્યો, "એલિયાએ પ્રથમ આવવું જોઈએ એ કહેવા માટે તેઓ સાચા છે. એલિયા બધી વસ્તુઓ જે રીતે હોવી જોઈએ તેવી બનાવે છે. પણ શાસ્ર એવું શા માટે કહે છે કે માણસનો પુત્ર ઘણું સહન કરશે અને લોકો તેનો અસ્વીકાર કરશે? ૧૩હું કહું છું કે એલિયા ખરેખર આવ્યો છે; અને તેના વિષે શાસ્રમાં કહેલું છે તે પ્રમાણે લોકોએ જેમ ચાહ્યું તેમ તેને કર્યુ."

## ઈસુનું બિમાર છોકરાને સાજા કરવું

૧૪પછી ઈસુ, પિતર, યાકૂબ અને યોહાન બીજા શિષ્યો પાસે ગયા. તેઓએ ઘણા લોકોને તેઓની આજુબાજુ જોયા. શાસ્રીઓ શિષ્યો સાથે દલીલો કરતા હતા. ૧૫જયારે લોકોએ ઈસુને જોયો, તેઓ વધારે અચરત પામ્યા. તેઓ તેને આવકારવા તેની પાસે દોડી ગયા.

૧૬ઈસુએ પૂછયું, "તમે શાસ્રીઓ સાથે શાના વિષે દલીલો કરો છો?"

૧૭ટોળામાંથી એક માણસે જવાબ આપ્યો, "ઉપદેશક, હું મારા પુત્રને તારી પાસે લાવ્યો છું. મારા પુત્રમાં શેતાનનો આત્મા તેની અંદર છે. આ અશુદ્ધ આત્મા મારા પુત્રને વાતો કરતા અટકાવે છે. ૧૮અશુદ્ધ આત્મા મારા પુત્ર પર હુમલો કરે છે અને તેને જમીન પર ફેંકે છે. મારો પુત્ર તેના મુખમાંથી ફીણ કાઢે છે. તેના દાંત કચકચાવે છે. અને તે તવાતો જાય છે. મેં તારા શિષ્યોને અશુદ્ધ આત્માને બહાર કાઢવા માટે કહ્યું, પણ તેઓ કાઢી શક્યા નહિ."

૧૯ઈસુએ કહ્યું, "તમે લોકો વિશ્વાસ કરતા નથી! ક્યાં સુધી હું તમારી સાથે રહીશ? ક્યાં સુધી હું તમારું સહન કરીશ? છોકરાને મારી પાસે લાવો!"

૨૦તેથી શિષ્યો તે છોકરાને ઈસુ પાસે લાવ્યા. જ્યારે દુષ્ટ આત્માએ ઈસુને જોયો, તે અશુદ્ધ આત્માએ છોકરા પર હુમલો કર્યો. તે છોકરો નીચે પડ્યો અને જમીન પર આળોટતો હતો. તેના મુખમાંથી ફીણ નીકળતું હતું.

૨૧ઈસુએ છોકરાના પિતાને કહ્યું, "કેટલા લાંબા સમયથી આ છોકરાને આવું થાય છે?"

પિતાએ જવાબ આપ્યો, "તે ઘણો નાનો હતો ત્યારથી. ૨૨તે અશુદ્ધ આત્માએ તેને ઘણી વખત મારી નાખવા માટે અગ્નિમાં તથા પાણીમાં નાખ્યો હતો. જો તું તેને માટે કશું કરી શકે તો કૃપા કરીને અમારા પર દયા કરી અને અમને મદદ કર."

૨૩ઈસુએ પિતાને કહ્યું, "તેં કહ્યું કે, 'શક્ય હોય તો મદદ કર.' જે વ્યક્તિ વિશ્વાસ કરે છે તેના માટે બધી વસ્તુઓ શક્ય છે."

૨૪પિતા ઘણો ઉત્તેજિત થયો. તેણે કહ્યું, "હું જરૂર વિશ્વાસ કરું છું. મને વધારે વિશ્વાસી બનવામાં મદદ કર!" ૨૫ઈસુએ જોયું કે બધા જે લોકો ત્યાં શું બની રહ્યું છે તે જોવા માટે દોડતા હતા તેથી ઈસુએ અશુદ્ધ આત્માને કહ્યું "ઓ અશુદ્ધ આત્મા, તું આ છોકરાને બહેરો બનાવે છે અને તેને વાત કરતાં અટકાવે છે–હું તને આ છોકરામાંથી બહાર આવવાને અને કદાપિ તેનામાં નહિ પ્રવેશવા હુકમ કરું છું!"

૨૬તે અશુદ્ધ આત્માએ ચીસ પાડી. તે આત્માએ તે છોકરાને ફરીથી જમીન પર પાડ્યો. અને પછી તે અશુદ્ધ આત્મા બહાર નીકળી ગયો. તે છોકરો મરી ગયો હતો એવું દેખાયું. ઘણાં લોકોએ કહ્યું, "તે મૃત્યુ પામ્યો છે! " ૨૭પરંતુ ઈસુએ તે છોકરાનો હાથ પકડ્યો અને તેને ઊભો થવામાં મદદ કરી.

૨૮ ઈસુ ઘરમાં ગયો. ત્યાં તેની સાથે તેના શિષ્યો એકલા હતા. તેઓએ તેને પૂછયું "અમે શા માટે અશુદ્ધ આત્માને બહાર કાઢી શક્યા નહિ?"

૨૯ઈસુએ ઉત્તર આપ્યો, "આ પ્રકારના આત્માને ફક્ત પ્રાર્થનાના ઉપયોગ દ્વારા જ બહાર કાઢી શકાય છે."

## ઈસુનું તેના મૃત્યુ વિષે કહેવું

૩૦પછી ઈસુ અને તેના શિષ્યોએ તે જગ્યા છોડી. તેઓ ગાલીલમાં થઈને ગયા. ઈસુ ક્યાં હતો તે લોકો જાણે એમ ઈચ્છતો નહોતો. ૩૧ઈસુ તેના શિષ્યોને એકલાને ઉપદેશ આપવા ઈચ્છતો હતો. ઈસુએ તેઓને કહ્યું, "માણસનો પુત્ર લોકોને સોપવામાં આવશે. તેઓ તેને મારી નાખશે. મારી નાખ્યા પછી, ત્રણ દિવસ પછી તે મૃત્યુમાંથી સજીવન થશે." ૩૨પરંતુ ઈસુ જે

કહેવા માગતો હતો તે શિષ્યો સમજ્યા નહિ, અને તેઓ તેણે શું અર્થ કર્યો છે એ પૂછતાં ડરતા હતા.

### ઈસુ કહે છે કે સૌથી મહાન કોણ છે

[૩૩]ઈસુ અને તેના શિષ્યો કફર-નહૂમ ગયા. તેઓ એક ઘરમાં ગયા. પછી ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "મેં આજે રસ્તા પર તમને દલીલો કરતાં સાંભળ્યા. તમે શાના વિષે દલીલો કરતા હતા?" [૩૪]પરંતુ શિષ્યો શાંત રહ્યાં. કારણ કે રસ્તામાં તેઓ અંદર અંદર સૌથી મોટો કોણ હતો તે અંગેનો વિવાદ કરતા હતા. [૩૫]ઈસુ નીચે બેઠો અને બાર પ્રેરિતોને તેની પાસે બોલાવ્યા. ઈસુએ કહ્યું, "જો કોઈ વ્યક્તિની ઈચ્છા સૌથી વધારે મહત્વના વ્યક્તિ બનવાની હોય તો પછી તેણે બીજા દરેક લોકોને તેના કરતા વધારે મહત્વના ગણવા જોઈએ. તે વ્યક્તિએ બીજા બધા લોકોની સેવા કરવી જોઈએ."

[૩૬]પછી ઈસુએ એક નાનું બાળક લીધું. ઈસુએ બાળકને શિષ્યો આગળ ઊભું રાખ્યું. ઈસુએ તે બાળકને તેના ખોળામાં લીધું અને કહ્યું, [૩૭]"જો કોઈ વ્યક્તિ મારા નામે આ નાના બાળકોનો સ્વીકાર કરશે તો તે વ્યક્તિ મને પણ સ્વીકારે છે. અને જો વ્યક્તિ મને સ્વીકારે છે તો પછી તે વ્યક્તિ મને મોકલનારને (દેવને) પણ સ્વીકારે છે."

### જે વ્યક્તિ આપણી વિરુદ્ધ નથી તે આપણા પક્ષનો છે

[૩૮]પછી યોહાને કહ્યું,"ઉપદેશક, અમે તારા નામનો ઉપયોગ કરીને એક વ્યક્તિને ભૂતને બહાર કાઢતાં દીઠો. તે આપણા જૂથનો ન હતો. તેથી અમે તેને તે બંધ કરવા કહ્યું."

[૩૯]ઈસુએ કહ્યું, "તેને રોકશો નહિ, જે કોઈ વ્યક્તિ પરાક્રમ કરવા મારા નામનો ઉપયોગ કરે છે તે મારા વિષે ખરાબ કહેશે નહિ. [૪૦]જે વ્યક્તિ આપણી વિરુદ્ધ નથી તે આપણા પક્ષનો છે. [૪૧]હું તને સત્ય કહું છું, જે કોઈ વ્યક્તિ તને પીવાનું પાણી આપીને મદદ કરે છે કારણ કે તું ખ્રિસ્તનો શિષ્ય છે, તો તે વ્યક્તિ ખરેખર તેનો બદલો પ્રાપ્ત કરશે."

[૪૨]"જો આ નાના બાળકોમાંનો એક મારામાં વિશ્વાસ કરે અને બીજી એક વ્યક્તિ તે બાળકને પાપ કરવા કારણરૂપ બને, તો તે વ્યક્તિ માટે તે ઘણું ખરાબ હશે. તે વ્યક્તિ તેના ગળે ઘંટીનું પડ બાંધીને દરિયામાં જાતે ડુબી જાય તે વધારે સારું છે. [૪૩]જો તારો હાથ તને પાપ કરાવે તો તે કાપી નાખ. તારા માટે તારા શરીરનો ભાગ ગુમાવવો એ વધારે સારું છે, પરંતુ જીવન તો સદા માટે રહેશે. બે હાથો સાથે નરકમાં જવું તેના કરતાં તે વધારે સારું છે. તે જગ્યામાં કદાપિ અગ્નિ હોલવાતો નથી. [૪૪]* [૪૫]જો તારો પગ તને પાપ કરાવે, તો તેને કાપી નાખ. તારા માટે તારા શરીરનો ભાગ ગુમાવવો તે વધારે સારું છે. પણ જીવન તો સદાય રહે. બે પગો સાથે નરકમાં ફેંકવામાં આવે તેના કરતાં તે વધારે સારું છે. [૪૬]* [૪૭]જો તારી આંખ તને પાપ કરાવે તો તેને બહાર કાઢી નાખ, તારી પાસે ફક્ત એક આંખ હોવી વધારે સારું છે. પણ જીવન તો સદાય રહે. બે આંખો સાથે નરકમાં ફેંકવામાં આવે તેના કરતાં તે એક આંખ સાથે દેવના રાજ્યમાં પ્રવેશ કરવો તે વધારે સારું છે. [૪૮]નરકમાં લોકોને જે જંતુઓ ખાય છે તે કદાપિ મરતા નથી. નરકમાં અગ્નિ કદાપિ હોલવાતો નથી. [૪૯]પ્રત્યેક વ્યક્તિ અગ્નિ વડે શિક્ષા પામશે."

[૫૦]"મીઠું એ સારું છે. પરંતુ મીઠું તેનો ખારો સ્વાદ ગુમાવે પછી તમે તેને ફરીથી ખારું બનાવી શકતા નથી. તેથી ભલાઈથી પૂર્ણ બનો અને એકબીજા સાથે શાંતિ રાખો."

### ઈસુનો ફારગતીનો ઉપદેશ

**૧૦** પછી ઈસુએ તે જગ્યા છોડી. તે યર્દન નદીને પેલે પાર યહૂદિયા પ્રદેશમાં ગયો. ફરીથી ઘણા લોકો તેની પાસે આવ્યા. ઈસુ હંમેશા કરતો હતો, તેવી રીતે લોકોને ઉપદેશ આપ્યો.

[૨]કેટલાક ફરોશીઓ ઈસુ પાસે આવ્યા. તેઓએ ઈસુ કંઈક ખોટુ કહે તે માટે પ્રયત્નો કર્યા. તેઓએ ઈસુને પૂછયું, "પોતાની પત્નીને ફારગતી આપવી તે માણસ માટે યોગ્ય છે?"

[૩]ઈસુએ ઉત્તર આપ્યો, "મૂસાએ તમને શું કરવા હુકમ કર્યો હતો?"

[૪]તે ફરોશીઓએ કહ્યું, "મૂસાએ ફારગતીનું પ્રમાણપત્ર લખ્યા પછી તેની પત્નીથી ફારગતી લેવાની માણસને પરવાનગી આપી છે."

[૫]ઈસુએ કહ્યું, "મૂસાએ તે આજ્ઞા તમારા માટે લખી છે કારણ કે તમે દેવના ઉપદેશને સ્વીકારવાની ના પાડી. [૬]પરંતુ જ્યારે દેવે દુનિયા બનાવી, 'તેણે તેઓમાં નર અને નારીનું સર્જન કર્યુ.' [૭]તેથી માણસ તેના માતાપિતાને છોડીને તેની પત્ની સાથે જોડાશે. [૮]અને

**કલમ ૪૪** માર્કની કેટલીક ગ્રીક નકલોમાં કલમ ૪૪ જોડવામાં આવી છે, જે કલમ ૪૮ ને મળતી આવે છે.

**કલમ ૪૬** માર્કની કેટલીક ગ્રીક નકલોમાં કલમ ૪૬ જોડવામાં આવી છે, જે કલમ ૪૮ ને મળતી આવે છે.

બે જણ એક બનશે.' તેથી તેઓ બે નથી પણ એક છે. ૯દેવે તે બેને સાથે જોડ્યા છે. તેથી કોઈ વ્યક્તિએ તેઓને છૂટા નહિ પાડવા જોઈએ."

૧૦પાછળથી તે શિષ્યો અને ઈસુ ઘરમાં હતા. તે શિષ્યોએ ફરીથી ઈસુને ફારગતીના પ્રશ્ન વિષે પૂછયું. ૧૧ઈસુએ ઉત્તર આપ્યો, "કોઈ પણ વ્યક્તિ જે તેની પત્નીને ફારગતી આપે છે અને બીજી સ્રીને પરણે છે. તે તેની પત્ની વિરુદ્ધ પાપમાં દોષિત છે. તે વ્યભિચારના પાપ માટે ગુનેગાર છે. ૧૨અને જે સ્રી પોતાના પતિને ફારગતી આપે છે અને બીજા પુરુષને પરણે છે ત્યારે તે પણ વ્યભિચાર માટે દોષિત છે."

### ઈસુનો બાળકોનો સ્વીકાર

૧૩લોકો તેમનાં નાનાં બાળકોને ઈસુ પાસે લાવ્યાં. તેથી તેઓને સ્પર્શી શકે. પરંતુ શિષ્યોએ લોકોને તેમના બાળકોને ઈસુ પાસે લાવતા અટકાવ્યા. ૧૪ઈસુએ શું બન્યું તે જોયું. તેના શિષ્યોનું બાળકોને નહિ આવવા માટેનું કહેવું તેને ગમ્યું નહિ. ઈસુએ તેઓને કહ્યું,"નાનાં બાળકોને મારી પાસે આવવા દો, તેઓને રોકશો નહિ. કારણ કે દેવનું રાજ્ય એ લોકોનું છે જેઓ આ નાનાં બાળકો જેવાં છે. ૧૫હું તમને સાચું કહું છું, તમારે દેવના રાજ્યનો સ્વીકાર, એક નાનું બાળક વસ્તુઓ સ્વીકારે છે તેવી રીતે કરવો જોઈએ. નહિ તો તમે કદાપિ તેમાં પ્રવેશ કરશો જ નહિ." ૧૬પછી ઈસુએ બાળકોને તેના બાથમાં લીધા. ઈસુએ તેઓના પર હાથ મૂકી તેઓને આશીર્વાદ દીધો.

### એક ધનવાનની ઈસુને અનુસરવાની ના

૧૭ઈસુએ વિદાય થવાની શરૂઆત કરી. પરંતુ એક માણસ દોડતો આવ્યો અને ઈસુની આગળ તેનાં ઘૂંટણે પડ્યો, તે માણસે પૂછયું, "ઉત્તમ ઉપદેશક, અનંતજીવન મેળવવા મારે શું કરવું જોઈએ?"

૧૮ઈસુએ ઉત્તર આપ્યો; "તું મને ઉત્તમ શા માટે કહે છે? કોઈ વ્યક્તિ ઉત્તમ નથી. ફક્ત દેવ જ ઉત્તમ છે. ૧૯પણ હું તારા પ્રશ્નનો ઉત્તર આપીશ. તું આજ્ઞાઓ જાણે છે: 'તારે કોઈનું ખૂન કરવું જોઈએ નહિ, તારે વ્યભિચારનું પાપ કરવું જોઈએ નહિ, તારે ચોરી કરવી જોઈએ નહિ, તારે તારા માબાપને માન આપવું જોઈએ.... '*"

૨૦તે માણસે કહ્યું, "ઉપદેશક, હું બાળક હતો ત્યારથી આ બધી આજ્ઞાઓનું પાલન કરું છું."

૨૧ઈસુએ તે માણસ સામે જોયું. ઈસુને તેના પર હેત આવ્યું. ઈસુએ કહ્યું, "તું એક વાત સબંધી અધૂરો છે. જા અને તારી પાસે જે બધું છે તે વેચી નાખ. પૈસા ગરીબ લોકોને આપ. તને આકાશમાં તેનો બદલો મળશે. પછી આવ અને મને અનુસર."

૨૨ઈસુને આમ કહેતા સાંભળીને તે માણસનો ચહેરો ફીક્કો પડી ગયો. અને તે વિદાય થયો. તે માણસ દુ:ખી હતો કારણ કે તે ઘણો પૈસાદાર હતો અને તેના પૈસા રાખવા ઈચ્છતો હતો.

૨૩પછી ઈસુએ તેના શિષ્યો તરફ જોયું અને તેઓને કહ્યું, "ધનવાન વ્યક્તિઓ માટે દેવના રાજ્યમાં પ્રવેશવું ઘણું મુશ્કેલ હશે!"

૨૪ઈસુએ જે કહ્યું તેથી શિષ્યો આશ્ચર્યચકિત થયા. પણ ઈસુએ ફરીથી કહ્યું, "મારાં બાળકો, દેવના રાજ્યમાં પ્રવેશવું તે ઘણું કઠિન છે! ૨૫અને પૈસાદાર માણસો માટે દેવના રાજ્યમાં પ્રવેશવું તે ઘણું મુશ્કેલ બનશે. સોયના નાકામાંથી પસાર થવું ઊંટના માટે વધારે સહેલું બનશે!"

૨૬તે શિષ્યો વધારે નવાઈ પામ્યા હતા અને એકબીજાને કહ્યું, "તો કોણ તારણ પામી શકે?"

૨૭ઈસુએ શિષ્યો તરફ જોયું અને કહ્યું, "આ કંઈક એવું છે જે લોકો તેમની જાતે કરી શકે નહિ, તે દેવ પાસેથી આવવું જોઈએ. દેવ બધી વસ્તુઓ કરી શકે છે." ૨૮પિતરે ઈસુને કહ્યું, "અમે તને અનુસરવા બધું જ છોડી દીધું!"

૨૯ઈસુએ કહ્યું, "હું તમને સત્ય કહું છું, પ્રત્યેક વ્યક્તિ જેણે તેનું ઘર, ભાઈઓ, બહેનો, મા, પિતા, બાળકો અથવા ખેતરોને મારી સુવાર્તા માટે છોડ્યા છે, ૩૦તેઓએ જેટલું છોડ્યું છે તેના કરતાં સોગણું વધારે મેળવશે. અહીં આ દુનિયામાં તે વ્યક્તિ વધારે ઘરો, ભાઈઓ, બહેનો, મા, પિતા, બાળકો અથવા ખેતરો મેળવશે અને તે વસ્તુઓ સાથે તે વ્યક્તિની સતાવણી થશે. પણ આવનાર દુનિયામાં તેને બદલો મળશે. તે બદલો અનંતજીવન છે. ૩૧ઘણા લોકો જેની પાસે હાલમાં ઊંચામાં ઊંચી જગ્યા છે, તેમની પાસે ભવિષ્યમાં નીચામાં નીચી જગ્યા હશે. અને જે લોકો પાસે હાલમાં નીચામાં નીચી જગ્યા છે તેઓ ભવિષ્યમાં ઊંચામાં ઊંચી જગ્યા મેળવશે."

### ઈસુ ફરીથી તેના મૃત્યુ વિષે કહે છે

૩૨ઈસુ અને તેની સાથેના લોકો યરૂશાલેમ જતા

---

**'તારે કોઈનું ... માન આપવું જોઈએ'** નિ. ૨૦:૧૨–૧૬; પુન. ૫:૧૬–૨૦.

હતા. ઈસુ લોકોને દોરતો હતો. ઈસુના શિષ્યો આશ્ચર્યચકિત થઈ ગયા. પણ પેલા લોકો જે તેની પાછળ આવતા હતા તેઓ બીતાં હતા. ઈસુએ ફરીથી બાર પ્રેરિતોને ભેગા કર્યા. અને તેઓની સાથે એકલા વાત કરી. ઈસુએ યરૂશાલેમમાં શું થશે તે તેઓને કહ્યું. ૩૩ઈસુએ કહ્યું, "આપણે યરૂશાલેમ તરફ જઈએ છીએ. માણસના પુત્રને મુખ્ય યાજકો અને શાસ્ત્રીઓના હાથમાં સોંપવામાં આવશે. યાજકો અને શાસ્ત્રીઓ કહેશે કે માણસના પુત્રે મરવું જોઈએ. તેઓ બિનયહૂદી લોકોને માણસનો પુત્ર સોંપશે. ૩૪તે લોકો તેની મશ્કરી કરશે અને તેના પર થૂંકશે, તેઓ તેને ચાબૂકથી મારશે અને તેને મારી નાખશે. પરંતુ તેના મૃત્યુ પછી ત્રીજા દિવસે તે પાછો ઊઠશે."

### યાકૂબ અને યોહાનની માગણી

૩૫પછી ઝબદીનો દીકરો યાકૂબ તથા યોહાન ઈસુની પાસે આવે છે. તેઓએ કહ્યું, "ઉપદેશક, અમે તને અમારા માટે કશુંક કરવાનું કહેવાની ઈચ્છા રાખીએ છીએ."

૩૬ઈસુએ પૂછયું, "તમે મારી પાસે શું કરાવવા ઈચ્છો છો?"

૩૭પુત્રોએ ઉત્તર આપ્યો, "તું તારા મહિમામાં અમારામાંના એકને તારી જમણી બાજુ બેસવા દે અને એકને તારી ડાબી બાજુ બેસવા દે."

૩૮ઈસુએ કહ્યું, "તમે જે માગો છો તે તમે સમજી શકતા નથી. મારે જે પીડા સહન કરવાની છે તેવી તમે સ્વીકારી શકશો? અને જે બાપ્તિસ્મા હું લઉં છું તે બાપ્તિસ્મા તમે લઈ શકશો?"

૩૯પુત્રોએ ઉત્તર આપ્યો, "હા અમે કરી શકીશું." ઈસુએ પુત્રોને કહ્યું, "હું જે સહન કરીશ તે રીતે તમારે સહન કરવું પડશે. હું જે રીતે બાપ્તિસ્મા પામીશ તેવી જ રીતે તમારું બાપ્તિસ્મા થશે. ૪૦પણ મારી જમણી કે ડાબી બાજુમાં બેસવાનો અધિકાર આપનાર વ્યક્તિ હું નથી. ત્યાં કેટલાએક લોકો છે તેઓને પેલી જગ્યાઓ મળશે. પેલી જગ્યાઓ તેમના માટે તૈયાર કરવામાં આવી છે."

૪૧બીજા દસ શિષ્યોએ આ સાંભળ્યું. તેઓ યાકૂબ અને યોહાન પર ગુસ્સે થયા. ૪૨ઈસુએ બધા શિષ્યોને સાથે બોલાવ્યા. ઈસુએ કહ્યું, "બિનયહૂદી લોકો પાસે માણસો છે તેઓ શાસકો કહેવાય છે. તું જાણે છે કે પેલા શાસકો લોકો પર તેમનું ધણીપણું બતાવવા ઈચ્છે છે અને તેમના આગેવાનો લોકો પર તેઓની બધી સત્તાનો ઉપયોગ કરવા ઈચ્છે છે. ૪૩પણ તમારી સાથે તે રીતે ન થવું જોઈએ. તમારામાંથી કોઈ મહાન થવા ઈચ્છતું હોય તો પછી તેણે સેવકની જેમ તમારી સેવા કરવી જોઈએ. ૪૪જો તમારામાંથી કોઈ એક સૌથી વધારે મહત્વનો થવા ઈચ્છે તો પછી તેણે તમારા બધાની એક દાસની જેમ સેવા કરવી. ૪૫તે જ રીતે, માણસનો પુત્ર બીજા લોકો પાસે તેની સેવા કરાવવા આવ્યો નથી. પરંતુ માણસનો પુત્ર બીજા લોકોની સેવા કરવા માટે આવ્યો છે. માણસનો પુત્ર ઘણા લોકોને બચાવવા તેનું જીવન સમર્પિત કરવા આવ્યો છે."

### એક આંધળા માણસને ઈસુનું સાજા કરવું

૪૬પછી તેઓ યરેખોના ગામમાં આવ્યા. ઈસુ તેના શિષ્યો અને બીજા ઘણા લોકો સાથે તે ગામની વિદાય લેતા હતા. બર્તિમાય નામનો એક આંધળો માણસ (તિમાયનો પુત્ર) રસ્તાની બાજુમાં બેઠો હતો. આ માણસ હંમેશા પૈસાની ભીખ માંગતો હતો. ૪૭આંધળા માણસે સાંભળ્યું કે નાઝરેથનો ઈસુ બાજુમાંથી પસાર થતો હતો. તે આંધળા માણસે બૂમ પાડી, "ઈસુ, દાઉદના દીકરા, કૃપા કરીને મને મદદ કર!"

૪૮ઘણા લોકોએ આંધળા માણસની ટીકા કરી. તેઓએ તેને નહિ બોલવા કહ્યું. પરંતુ આંધળો માણસ વધારે ને વધારે બૂમો પાડવા લાગ્યો. "દાઉદના દીકરા, કૃપા કરીને મને મદદ કર!"

૪૯ઈસુ ઊભો રહ્યો અને કહ્યું, "તે માણસને અહીં આવવા કહો."

તેથી તેઓએ આંધળા માણસને બોલાવ્યો. તેઓએ કહ્યું, "હિમ્મત રાખ! ઊભો થા! ઈસુ તને બોલાવે છે." ૫૦આંધળો માણસ ઝડપથી ઊભો થયો. તેણે તેનો ડગલો ત્યાં મૂક્યો અને ઈસુ તરફ ગયો.

૫૧ઈસુએ માણસને પૂછયું, "મારી પાસે તું શું કરાવવાની ઈચ્છા રાખે છે?"

આંધળો માણસ બોલ્યો, "ઊપદેશક, મારી ઈચ્છા ફરી દેખતા થવાની છે."

૫૨ઈસુએ કહ્યુ, "જા, તું તારા વિશ્વાસને કારણે સાજો થઈ ગયો છે." પછી તે માણસ ફરીથી દેખતો થયો. તે રસ્તામાં ઈસુને અનુસર્યો.

### ઈસુનો રાજાની જેમ યરૂશાલેમમાં પ્રવેશ

**૧૧** ઈસુ અને તેના શિષ્યો યરૂશાલેમની નજીક આવતા હતા. તેઓ જૈતૂનના પહાડ આગળ બેથફગે તથા બેથનિયાના શહેરો પાસે આવ્યા. ત્યાં ઈસુએ તેના બે શિષ્યોને આગળ મોકલ્યા. ૨ઈસુએ

શિષ્યોને કહ્યું, "તમે જે ગામ જુઓ છો તે ગામમાં જાઓ. જ્યારે તમે ત્યાં પ્રવેશ કરશો ત્યારે, તમે એક ગધેડાના વછેરાને ત્યાં બાંધેલો જોશો. આ વછેરા પર કોઈએ કદી સવારી કરી નથી, તે વછેરાને છોડીને તેને અહીં મારી પાસે લાવ. ૩જો કોઈ વ્યક્તિ તને પૂછે કે તું તે વછેરાને શા માટે લઈ જાય છે, તો તે વ્યક્તિને કહેજે, 'માલિકને આ વછેરાની જરૂર છે. તે જલ્દીથી તેને પાછો મોકલશે.'"

૪તે શિષ્યો ગામમાં ગયા. તેઓએ એક ઘરના દરવાજા નજીક શેરીમાં એક વછેરાને બાંધેલો જોયો. તે શિષ્યોએ તે વછેરાને છોડ્યો. ૫કેટલાક લોકો ત્યાં ઊભા હતા અને તેઓએ આ જોયું, તે લોકોએ પૂછયું; "તમે શું કરો છો? તમે તે વછેરાને શા માટે છોડો છો?" ૬ઈસુએ શિષ્યોને જે જવાબ આપવા કહેલું તે રીતે શિષ્યોએ જવાબ આપ્યો. લોકોએ શિષ્યોને વછેરું લેવા દીધું. ૭શિષ્યો ઈસુ પાસે વછેરો લાવ્યા . શિષ્યોએ તેમના લૂગડાં વછેરા પર મૂક્યાં. અને ઈસુ તેના પર બેઠો. ૮ઘણા લોકોએ તેમનાં ડગલા ઈસુ માટે રસ્તા પર પાથર્યા. બીજા લોકોએ ખેતરમાંથી ડાળીઓ કાપી અને રસ્તા પર ડાળીઓ પાથરી.

૯કેટલાક લોકો ઈસુની આગળ આગળ ચાલતા હતા. બીજા લોકો તેની પાછળ ચાલતા હતા. બધા લોકોએ બૂમ પાડી,

"'તેની સ્તુતિ કરો!' 'આવકાર! પ્રભુના નામે જે
એક આવે છે તે દેવનો આશીર્વાદિત છે!'

*ગીતશાસ્ત્ર ૧૧૮:૨૫, ૨૬*

૧૦ આપણા પિતા દાઉદના રાજ્યને દેવના આશીર્વાદ
છે. તે રાજ્ય આવે છે! પરમ ઊંચામાં દેવની
સ્તુતિ કરો!"

૧૧ઈસુ યરૂશાલેમમાં દાખલ થયો અને મંદિરમાં ગયો. ઈસુએ મંદિરમાં દરેક વસ્તુઓ તરફ જોયું. પણ સાંજ પડી ગઈ હતી, તેથી ઈસુ બાર પ્રેરિતો સાથે બેથનિયા ગયો.

૧૨બીજે દિવસે, જેવું તેઓએ બેથનિયા છોડયું, ઈસુ ભૂખ્યો થયો હતો. ૧૩ઈસુએ દૂર એક અંજીરીનું ઝાડ જેને પાંદડા આવ્યાં હતાં તે જોયું. તેથી ઈસુ તે ઝાડ પાસે ગયો કે કદાચ તેને તે પરથી કંઈ મળે, પણ ઈસુએ તે ઝાડ પર કોઈ અંજીર જોયા નહિ. ત્યાં ફક્ત પાંદડાઓ હતાં. કેમ કે અંજીરોની ઋતુ ન હતી. ૧૪તેથી ઈસુએ તે ઝાડને કહ્યું, "લોકો તારા પરથી ફરી કદી ફળ ખાશે નહિ." ઈસુના શિષ્યોએ તેને આ કહેતા સાંભળ્યું.

## ઈસુનું મંદિરમાં જવું

૧૫ઈસુ અને તેના શિષ્યો યરૂશાલેમમાં ગયા. તે મંદિરમાં ગયો. ઈસુએ ત્યાં જે લોકો વસ્તુઓ વેચતા હતા અને ખરીદતા હતા તેઓને બહાર કાઢવાની શરૂઆત કરી. ઈસુએ નાણાવટીઓની મેજો તથા કબૂતર વેચનારાઓની પાટલીઓ ઊંધી વાળી. ૧૬ઈસુએ મંદિરમાંથી કોઈ પણ માણસને વસ્તુઓ લઈ જવાની પરવાનગી આપવાની ના પાડી. ૧૭પછી ઈસુએ લોકોને ઉપદેશ આપ્યો. તેણે કહ્યું; "શાસ્રોમાં તે લખેલું છે. 'મારું ઘર બધા લોકો માટેનું પ્રાર્થનાનું ઘર કહેવાશે.' પરંતુ તમે દેવના ઘરને 'ચોરોને છુપાવા માટેની જગ્યામાં ફેરવો છો.'"

૧૮મુખ્ય યાજકો અને શાસ્રીઓએ આ બાબતો સાંભળી. તેઓ ઈસુને મારી નાખવાનો રસ્તો શોધવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેઓ ઈસુથી ડરતા હતા. કારણ કે બધા લોકો તેના ઉપદેશથી અચરત પામતા હતા. ૧૯તે રાત્રે, ઈસુ અને તેના શિષ્યોએ તે શહેર છોડ્યું.

## ઈસુ વિશ્વાસનું સામર્થ્ય બતાવે છે

૨૦બીજી સવારે ઈસુ તેના શિષ્યો સાથે ચાલતો હતો. તેઓએ અંજીરીનું ઝાડ જોયું. ઈસુ આગલા દિવસે જે વિષે બોલ્યો હતો. એ અંજીરનું વૃક્ષ તેના મૂળ સાથે સૂકાઈ ગયેલું જોયું. ૨૧પિતરે વૃક્ષનું સ્મરણ કરીને ઈસુને કહ્યું, "ઉપદેશક, જો! ગઈકાલે, તેં કહ્યું કે અંજીરીનું વૃક્ષ મૂળમાંથી સૂકાઈ જશે. હવે તે સૂકું અને મરેલું છે!"

૨૨ઈસુએ ઉત્તર આપ્યો; "દેવમાં વિશ્વાસ રાખો." ૨૩હું તમને સત્ય કહું છું. તમે આ પર્વતને કહી શકો છો, 'જા, પર્વત દરિયામાં પડ.' અને જો તમને તમારા મનમાં શંકા ના હોય અને વિશ્વાસ હોય કે તમે જે કહેશો તે બનશે તો દેવ તે તમારા માટે કરશે. ૨૪તેથી હું તમને કહું છું કે પ્રાર્થનામાં જે સર્વ તમે માગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે. ૨૫જયારે તમે પ્રાર્થના કરો છો, અને તમે યાદ કરો છો કે તમે બીજા કોઈ એક વ્યક્તિ સાથે કંઈક કારણસર ગુસ્સે થયા છો. તો તે વ્યક્તિને માફ કરો." ૨૬*

---

**કલમ ૨૬** કેટલીક પ્રાચીન ગ્રીક નકલોમાં કલમ ૨૬ જોડી છે: "પણ જો તમે બીજાઓને માફ નહિ કરો, તો તમારો પિતા જે આકાશમાં છે તે પણ તમારા અપરાધ તમને માફ કરશે નહિ."

### યહૂદી આગેવાનોની ઈસુના અધિકારની શંકા

૨૭ઈસુ અને તેના શિષ્યો ફરીથી યરૂશાલેમ ગયા.
ઈસુ મંદિરમાં ચાલતો હતો. મુખ્ય યાજકો, શાસ્ત્રીઓ
અને વડીલ યહૂદી આગેવાનો ઈસુ પાસે આવ્યા.
૨૮તેઓએ ઈસુને કહ્યું, "અમને કહે! તને આવા કામો
કરવાની કંઈ સત્તા છે? તને આ સત્તા કોણે આપી?"

૨૯ઈસુએ ઉત્તર આપ્યો, "હું તમને એક પ્રશ્ન પૂછીશ.
તમે મારા પ્રશ્નનો જવાબ આપો. પછી હું તમને કોની
સત્તાથી આ કામો કરું છું તે કહીશ. ૩૦મને કહો: જ્યારે
યોહાન લોકોને બાપ્તિસ્મા આપતો હતો, ત્યારે તે (સત્તા)
દેવ પાસેથી આવી કે માણસો પાસેથી? મને ઉત્તર આપો!"

૩૧આ યહૂદી નેતાઓએ ઈસુના પ્રશ્ન વિષે વાતો
કરી. તેઓએ એકબીજાને કહ્યું, "જો આપણે ઉત્તર
આપીએ. યોહાનનું બાપ્તિસ્મા દેવ પાસેથી, તો પછી
ઈસુ કહેશે, 'તો પછી તમે યોહાનમાં શા માટે વિશ્વાસ
કરતા નહોતા?' ૩૨પણ જો આપણે કહીએ, 'યોહાનનું
બાપ્તિસ્મા માણસ પાસેનું હતું.' તો લોકો આપણા પર
ગુસ્સે થશે." (આ આગેવાનો લોકોથી બીતા હતા. બધા
જ લોકોને વિશ્વાસ હતો કે યોહાન એક પ્રબોધક હતો.)

૩૩તેથી આગેવાનોએ ઈસુને ઉત્તર આપ્યો. "અમે
ઉત્તર જાણતા નથી."

ઈસુએ કહ્યું, "તો પછી હું તમને કહીશ નહિ કે આ
કામો હું કઈ સત્તાથી કરું છું."

### દેવ તેના પુત્રને મોકલે છે

૧૨ ઈસુ લોકોને ઉપદેશ આપવા માટે વાર્તાઓનો
ઉપયોગ કરતો. "એક માણસે એક ખેતરમાં
દ્રાક્ષાવાડી રોપી અને તે માણસે ખેતરની આજુબાજુ
દિવાલ બનાવી. અને એક ખાડો ખોદી દ્રાક્ષકુંડ બનાવ્યો.
પછી તે માણસે બુરજ બાંધ્યો. તે માણસે કેટલાક ખેડૂતોને
ખેતર ઈજારે આપ્યું. પછી તે માણસ પ્રવાસ માટે વિદાય
થયો. ૨થોડા વખત પછી, દ્રાક્ષ ચૂંટવાનો સમય આવ્યો.
તેથી તે માણસે તેનો દ્રાક્ષનો ભાગ લેવા માટે એક નોકરને
ખેડૂત પાસે મોકલ્યો. ૩પરંતુ તે ખેડૂતોએ નોકરને પકડયો
અને માર્યો. તેઓએ નોકરને ખાલી હાથે કાઢી મૂક્યો.
૪પછી તે માણસે બીજા એક નોકરને ખેડૂતો પાસે
મોકલ્યો. તે ખેડૂતોએ તેનું માથું ફોડી નાખ્યું. તેઓએ
તેને માટે કોઈ માન બતાવ્યું નહિ. ૫તેથી તે માણસે
બીજા એક નોકરને મોકલ્યો. તે ખેડૂતોએ આ નોકરને
મારી નાખ્યો. તે માણસે ઘણા બીજા નોકરોને ખેડૂતો
પાસે મોકલ્યા. તે ખેડૂતોએ કેટલાક ખેડૂતોને માર્યા અને
બીજાઓને મારી નાખ્યા."

૬"તે માણસ પાસે ખેડૂતોની પાસે મોકલવા એક
વ્યક્તિ જ રહી. આ વ્યક્તિ તે માણસનો પુત્ર હતો. તે
માણસ તેના દીકરાને ચાહતો હતો. પરંતુ તે માણસે
પુત્રને ખેડૂતો પાસે મોકલવાનો નિર્ણય કર્યો. પુત્ર એ
છેલ્લી વ્યક્તિ હતી જેને તે મોકલી શકે. તે માણસે
કહ્યું, 'તે ખેડૂતો મારા પુત્રને માન આપશે.'

૭"પણ ખેડૂતોએ એકબીજાને કહ્યું, 'આ માલિકનો
પુત્ર છે. જો આપણે તેને મારી નાખીશું. તો પછી તેનું
ખેતર આપણું થશે.' ૮તેથી તે ખેડૂતોએ તે પુત્રને મારી
નાખ્યો. અને તેને ખેતરની બહાર ફેંકી દીધો.

૯"તેથી તે ખેતરનો જે માલિક હતો તે શું કરશે? તે
ખેતરમાં જશે અને પેલા ખેડૂતોને મારી નાખશે. પછી
તે બીજા ખેડૂતોને તે ખેતર આપશે. ૧૦ખરેખર તમે આ
શાસ્ત્ર (લેખ) વાંચ્યો છે:

> 'જે પથ્થરનો બાંધકામ કરનારાઓએ અસ્વીકાર
> કર્યો. તે ખૂણાના મથાળાનો (પથ્થર) થયો.
> ૧૧ દેવે આ બધુ કર્યુ છે, અને તે આપણા માટે અદભુત
> છે.'"
>
> *ગીતશાસ્ત્ર ૧૧૮:૨૨–૨૩*

૧૨આ યહૂદી આગેવાનોએ આ વાર્તા સાંભળી જે
ઈસુએ કહીં. તેઓએ જાણ્યું કે આ વાર્તા તેઓના વિષે
હતી. તેથી તેઓ ઈસુને પકડવાની યુક્તિ શોધવા ઈચ્છતા
હતા. પરંતુ તેઓ લોકોથી બીતા હતા. તેથી તે યહૂદી
આગેવાનો ઈસુને છોડીને ચાલ્યા ગયા.

### યહૂદી આગેવાનોનો ઈસુને ફસાવવાનો પ્રયત્ન

૧૩પાછળથી, યહૂદી આગેવાનોએ કેટલાક
ફરોશીઓને અને હેરોદીઓના નામે જાણીતા સમુહમાંથી
કેટલાક માણસોને ઈસુ પાસે મોકલ્યા. તેઓ ઈસુને
કંઈક ખોટું કહેતા પકડવા ઈચ્છતા હતા. ૧૪ફરોશીઓ
અને હેરોદીઓ ઈસુ પાસે ગયા અને કહ્યું, "ઉપદેશક,
અમે જાણીએ છીએ કે તું એક પ્રમાણિક માણસ છે. તું
તારા વિષે બીજા લોકો જે વિચારે છે તેની જરા પણ
દરકાર કરીશ નહિ. બધા માણસો તારી પાસે સરખા છે.
અને તું દેવના માર્ગ વિષે સાચો ઉપદેશ આપે છે. તો
અમને કહે: કૈસરને કર આપવો ઉચિત છે? હા કે ના?
આપણે કર આપવો જોઈએ કે આપણે કર ન આપવો
જોઈએ?"

૧૫પણ ઈસુએ જાણ્યું કે આ માણસો ખરેખર તેને
ફસાવવાનો (પરીક્ષણનો) પ્રયત્ન કરતા હતા. ઈસુએ

કહ્યું, "તમે શા માટે મને કંઈક ખોટું કહેતા પકડવાનો પ્રયત્ન કરો છો? મને એક ચાંદીનો સિક્કો લાવી આપો. મને તે જોવા દો." ૧૬તેઓએ ઈસુને એક સિક્કો આપ્યો અને ઈસુએ પૂછયું, "સિક્કા પર કોનું ચિત્ર છે? અને તેના પર કોનું નામ લખેલું છે?" તેઓએ જવાબ આપ્યો, "તે કૈસરનું ચિત્ર છે અને કૈસરનું નામ છે."

૧૭પછી ઈસુએ તેઓને કહ્યું, "કૈસરની જે વસ્તુઓ છે તે કૈસરને આપો. અને દેવની જે વસ્તુઓ છે તે દેવને આપો." ઈસુએ જે કહ્યું તેથી તે માણસો નવાઈ પામ્યા.

### કેટલાક સદૂકીઓનો ઈસુને ફસાવવાનો પ્રયત્ન

૧૮પછી કેટલાક સદૂકીઓ ઈસુ પાસે આવ્યા. (સદૂકીઓ માને છે કે કોઈ વ્યક્તિ મૂએલામાંથી ઊઠી શકે નહિ.) સદૂકીઓએ ઈસુને એક પ્રશ્ન પૂછયો. ૧૯તેઓએ કહ્યું, "ઉપદેશક, મૂસાએ લખ્યું છે કે જો કોઈ પરિણિત માણસ મૃત્યુ પામે અને તેને બાળકો ન હોય, તો પછી તેના ભાઈએ તે સ્રીને પરણવું જોઈએ. પછી તેઓને તેના મૃત ભાઈ માટે બાળકો થશે. ૨૦ત્યાં સાત ભાઈઓ હતા. પહેલો ભાઈ પરણ્યો પણ મરી ગયો. તેને બાળકો ન હતા. ૨૧તેથી બીજો ભાઈ તે સ્રીને પરણ્યો. પણ તે પણ મૃત્યુ પામ્યો અને તેને બાળકો ન હતાં. એ જ બાબત ત્રીજા ભાઈ સાથે બની. ૨૨બધા સાત ભાઈઓ તે સ્રીને પરણ્યા અને મૃત્યુ પામ્યા. ભાઈઓમાંના કોઈનાથી તે સ્રીને બાળકો ન થયા અને છેલ્લે તે સ્રી પણ મરી ગઈ. ૨૩પણ બધા સાત ભાઈઓ તેને પરણ્યા હતા તેથી મૃત્યુ પછી જ્યારે પુનરુત્થાનનો સમય થશે ત્યારે, આ સ્રી કોની પત્ની થશે?"

૨૪ઈસુએ ઉત્તર આપ્યો,"તમે આ ભૂલ શા માટે કરી? શાસ્ર શું કહે છે તે તમે નથી જાણતા કારણ કે તમે દેવના સામર્થ્ય વિષે નથી જાણતા. ૨૫જયારે લોકો મૂએલામાંથી ઊઠશે ત્યારે ત્યાં એકબીજા સાથે લગ્ન કરશે નહિ. તેઓ આકાશમાંના દૂતો જેવા હશે." ૨૬ખરેખર મૃત્યુ પામેલા લોકો પાછા ઊઠે છે તે વિષે દેવે શું કહ્યું છે તે તમે વાંચ્યું છે. જયાં મૂસાએ પુસ્તકમાં સળગતી ઝાડી વિષે લખ્યું છે. તે કહે છે કે દેવે મૂસાને આ કહ્યું છે, 'હું ઈબ્રાહીમનો દેવ, ઈસહાકનો દેવ અને યાકૂબનો દેવ છું.'* ૨૭જો દેવે કહ્યું તે તેઓનો દેવ છે, તો પછી તે માણસો ખરેખર મરેલા નથી. તે ફક્ત જીવતા લોકોનો દેવ છે, તમે સદૂકીઓ ખોટા છો!"

**'હું ઈબ્રાહિમ … દેવ છું'** નિ. ૩:૬.

### કંઈ આજ્ઞા સૌથી મહત્વની?

૨૮શાસ્રીઓમાંનો એક ઈસુ પાસે આવ્યો. તેણે ઈસુને સદૂકીઓ અને ફરોશીઓ સાથે દલીલો કરતા સાંભળ્યો. તેણે જોયું કે ઈસુએ તેમના પ્રશ્નોના સારા ઉત્તર આપ્યા. તેથી તેણે ઈસુને પૂછયું, "કંઈ આજ્ઞા સૌથી મહત્વની છે?"

૨૯ઈસુએ ઉત્તર આપ્યો, "સૌથી વધારે મહત્વની આજ્ઞા આ છે: 'ઈઝરાએલના લોકો, ધ્યાનથી સાંભળો! પ્રભુ આપણો દેવ છે તે જ ફક્ત પ્રભુ છે. ૩૦તારે પ્રભુ તારા દેવને પ્રેમ કરવો જોઈએ. તારે તેને તારા પૂરા હૃદયથી, ને તારા પૂરા જીવથી, ને તારા પૂરા મનથી, ને તારા પૂરા સામર્થ્યથી પ્રેમ કરવો જોઈએ.'* ૩૧બીજી સૌથી મહત્વની આજ્ઞા આ છે: 'તું તારી જાતને પ્રેમ કરે છે તે જ રીતે તારે તારા પાડોશી પર પ્રેમ કરવો જોઈએ.'* આ બે આજ્ઞાઓ સૌથી અગત્યની છે."

૩૨તે માણસે ઉત્તર આપ્યો. "તે એક સારો ઉત્તર હતો. ઉપદેશક, જ્યારે તેં આ બાબતો કહીં તું સાચો હતો. દેવ જ ફક્ત પ્રભુ છે, અને બીજો કોઈ દેવ નથી. ૩૩અને વ્યક્તિએ દેવને પૂરા હૃદયથી, પૂરા મનથી, પૂરા સામર્થ્યથી પ્રીતિ કરવી જોઈએ. અને વ્યક્તિ તેની જાતને પ્રેમ કરે છે તે જ રીતે પડોશીને પ્રેમ કરવો જોઈએ. આ આજ્ઞાઓ, દેવને અર્પિત બધા જ પ્રાણીઓ અને બલિદાનોથી પણ વધારે મહત્વની છે."

૩૪ઈસુએ જોયું કે માણસે તેને ડહાપણથી ઉત્તર આપ્યો. તેથી ઈસુએ માણસને કહ્યું, "તું દેવના રાજ્યની નજીક છે." અને તે પછી કોઈએ ઈસુને વધારે પ્રશ્નો પૂછવાની હિમ્મત ન કરી.

૩૫ઈસુ મંદિરમાં ઉપદેશ આપતો હતો. ઈસુએ પૂછયું, "શા માટે શાસ્રીઓ કહે છે કે ખ્રિસ્ત એ દાઉદનો દીકરો છે? ૩૬પવિત્ર આત્માની મદદથી, દાઉદ તેની જાતે કહે છે:

> 'પ્રભુએ (દેવે) મારા પ્રભુને (ખ્રિસ્તને) કહ્યું: મારી
> પાસે જમણી બાજુએ બેસ, અને હું તારા દુશ્મનોને
> તારા અંકુશમાં મૂકીશ.'
>
> *ગીતશાસ્ર ૧૧૦:૧*

૩૭દાઉદ તેની જાતે ખ્રિસ્તને 'પ્રભુ' કહે છે. તેથી ખ્રિસ્ત કેવી રીતે દાઉદનો દીકરો હોઈ શકે?" ઘણા લોકોએ ઈસુને સાંભળ્યો અને તેઓ ઘણા ખુશ થયા હતા.

**ઈઝરાએલનાં લોકો … પ્રેમ કરવો જોઈએ'** પુન. ૬:૪–૫

**'તું તારી જાતને … પ્રેમ કરવો જોઈએ'** લે. ૧૯:૧૮.

[38]ઈસુએ ઉપદેશ આપવાનું ચાલુ રાખ્યું. ઈસુએ કહ્યું, "શાસ્રીઓથી સાવધાન રહો. તેઓને કપડાં પહેરીને આજુબાજુ ફરવાનું જે મહત્વનું દેખાય, તે ગમે છે. અને લોકો બજારના સ્થળોએ તેમને માન આપે તે તેઓને ગમે છે. [39]તેઓને સભાસ્થાનોમાં સૌથી મહત્વની બેઠકો પ્રાપ્ત થાય, તે ગમે છે. અને મિજબાનીઓમાં પણ તેઓને સૌથી મહત્વની બેઠકો મળે તે ગમે છે. [40]તેઓ વિધવાઓનાં સાધન અને તેમના ઘરો પડાવી લે છે. પછી તેઓ તેમની જાતે સારા દેખાવાનો પ્રયત્ન લાંબી પ્રાર્થનાઓ કરીને કરે છે. દેવ તેઓને ઘણી બધી શિક્ષા કરશે."

### વિધવા આપવાનો અર્થ બતાવે છે

[41]ઈસુ મંદિરમાં દાનપેટી નજીક બેઠો. જ્યાં લોકો તેઓની ભેટો મૂકતા. લોકો પેટીમાં પૈસા નાખતા તે જોતા. ઘણા ધનવાન લોકો ઘણા પૈસા આપતા. [42]પછી એક ગરીબ વિધવા આવી અને તેણે બે ઘણા નાના તાંબાના સિક્કા આપ્યા. આ સિક્કાઓની કિંમત એક દમડી પણ ન હતી.

[43]ઈસુએ તેના શિષ્યોને બોલાવ્યા. ઈસુએ કહ્યું; "હું તમને સાચું કહું છું. આ ગરીબ વિધવાએ ફક્ત બે નાના સિક્કા આપ્યા. પણ તેણે ખરેખર બધા ધનવાન માણસો કરતા વધારે આપ્યું છે. [44]આ લોકો પાસે પુષ્કળ છે. તેઓએ તો ફક્ત તેમને જેની જરૂર નથી તે જ આપ્યું. પણ તેણે તો તેના જીવન જીવવા માટે જરૂર હતું તે બધુ જ નાણું આપ્યું."

### મંદિરનું વિનાશાત્મક ભાવિ

૧૩ ઈસુ મંદિરમાંથી વિદાય લેતો હતો તેના શિષ્યોમાંના એકે કહ્યું, "જો, ઉપદેશક! આ મંદિરમાં ઘણા આકર્ષક મકાનો અને ઘણા મોટા પથ્થરો છે."

[2]ઈસુએ કહ્યું, "તમે આ મોટાં બાંધકામો જુઓ છો? આ બધાં બાંધકામોનો વિનાશ થશે. દરેક પથ્થર જમીન પર ફેંકવામાં આવશે. એક પણ પથ્થર ત્યાં રહેવા દેવામાં આવશે નહિ."

[3]પાછળથી, ઈસુ જૈતૂનના પહાડ પર એક જગ્યાએ બેઠો હતો. તે પિતર, યાકૂબ, યોહાન તથા આંન્દ્રિયા સાથે એકલો હતો. તેઓ બધા મંદિરને જોઈ શકયા. પેલા શિષ્યોએ ઈસુને પૂછયું. [4]"અમને કહે, આ ક્યારે બનશે? અને આ સમય બનવા માટેનો છે તે બાબતે અમને કઈ નિશાની બતાવશે?"

[5]ઈસુએ શિષ્યોને કહ્યું, "સાવધાન રહો! કોઈ વ્યક્તિ તમને મૂર્ખ ન બનાવે. [6]ઘણા લોકો આવશે અને મારા નામનો ઉપયોગ કરશે. તેઓ કહેશે, 'હું એ છું' અને તેઓ ઘણા લોકોને છેતરશે. [7]તમે યુદ્ધો વિષે સાંભળશો અને યુદ્ધોની અફવાઓ વિષે સાંભળશો. પણ ગભરાશો નહિ. આ વસ્તુઓ તેનો અંત થતા પહેલા થશે. [8]રાજ્યો બીજા રાજ્યો સામે લડશે. એવો સમય આવશે જ્યારે લોકોને માટે ખાવાનું પણ નહિ હોય. અને ત્યાં જુદા જુદા સ્થળોએ ધરતીકંપ થશે. મહા દુઃખનો આ તો આરંભ છે. બાળક જન્મતા પહેલા થતી પીડાઓ જેવી આ વસ્તુઓ છે.

[9]"પોતા વિષે સાવધાન રહેવું જોઈએ. લોકો તમને પકડશે અને તમને ન્યાય માટે લઈ જશે. તેઓ તમને તેમના સભાસ્થાનમાં મારશે. તમને રાજ્યપાલ અને રાજાઓ સામે ઊભા રાખવામાં આવશે. તમે તેઓને મારા વિષે કહેશો. આ તમારા જીવનમાં બનશે કારણ કે તમે મને અનુસરો છો. [10]આ વસ્તુઓ બને તે પહેલા બધા લોકોને સુવાર્તા પહોંચવી જોઈએ. [11]તમને પકડવામાં આવશે અને ન્યાય થશે. પરંતુ તમારે શું કહેવું જોઈએ તેની ચિંતા અગાઉથી ના કરશો. તે સમયે દેવ તમને જે આપે તે કહેશો. તે વખતે ખરેખર તમે બોલશો નહિ પણ તે પવિત્ર આત્મા બોલનાર છે.

[12]"ભાઈઓ પોતાના ભાઈઓની વિરુદ્ધ થશે અને તેઓને મારી નાખવા સોંપશે. પિતા પોતાના બાળકોની વિરુદ્ધ થશે અને તેઓને મારી નાખવા સોંપશે. બાળકો તેમના માતાપિતાની વિરુદ્ધ થશે અને તેમના માબાપને મારી નંખાવવાના રસ્તા શોધશે. [13]બધા લોકો તમને ધિક્કારશે. કારણ કે તમે મને અનુસરો છો. પણ જે વ્યક્તિ અંત સુધી ટકશે તેનું તારણ થશે.

[14]"જેનાં કારણે વિનાશ થશે એવી ભયંકર વસ્તુ તમે જોશો. જ્યાં તેને ન હોવું જોઈએ, તે જગ્યાએ તે ઊભી રહેલી હશે." (જે આ વાંચે છે તેમણે સમજવુ.) "તે સમયે, યહૂદિયામાંથી લોકોએ પહાડો તરફ નાસી જવું જોઈએ. [15]કોઈ પણ વસ્તુ માટે રોકાયા વિના સમય બગાડ્યા વિના લોકોએ ભાગી જવું જોઈએ. જો કોઈ વ્યક્તિ તેના ઘરના છાપરા ઉપર હોય તો તેણે તેના ઘરમાંથી કંઈ પણ લેવા સારું નીચે જવું જોઈએ નહિ. [16]જો કોઈ વ્યક્તિ ખેતરમાં હોય તો તેણે તેનો ડગલો લેવા પાછા જવું ન જોઈએ. [17]તે સમયે સ્રીઓ જે ગર્ભવતી છે અથવા જેને ધાવણાં બાળકો છે, તેઓ માટે ઘણું ખરાબ હશે. [18]અને (તમારુ નાસવુ ) શિયાળામાં ન થાય તે માટે પ્રાર્થના કરો. [19]શા માટે? કારણ કે તે

દિવસો દરમિયાન ઘણી મુશ્કેલીઓ હશે. શરૂઆતમાં દેવે જ્યારે આ જગત બનાવ્યું ત્યારે જે કંઈ બન્યું હતું તેના કરતા વધારે મુશ્કેલીઓ ઊભી થશે અને આવી મુશ્કેલીઓ ફરીથી ક્યારેય બનશે નહિ. ૨૦તે ભયંકર સમયને ટૂંકો કરવાનો નિર્ણય દેવે કર્યો છે. જો તે સમયને ટૂંકો કરવામાં ન આવ્યો હોત તો પછી કોઈ વ્યક્તિ જીવતી રહી શકી ના હોત. પણ દેવે તેણે પસંદ કરેલા તેના ખાસ લોકોને માટે તે સમય ટૂંકો કર્યો છે. ૨૧તે સમયે કેટલીક વ્યક્તિઓ તમને કહેશે, 'જુઓ, અહીં ખ્રિસ્ત છે! અથવા બીજી એક વ્યક્તિ કહેશે, તે ત્યાં છે! પણ તેમનું માનશો નહિ. ૨૨જૂઠા ખ્રિસ્તો અને જૂઠા પ્રબોધકો આવશે અને મહાન કામો અને અદભૂત ચમત્કારો કરશે. તેઓ આ કામો દેવે પસંદ કરેલા લોકો આગળ કરશે, જો શકય હશે તો તેઓ આ કામો કરીને તેના લોકોને છેતરવાનો પ્રયત્ન કરશે. ૨૩તેથી સાવધાન રહો, હવે મેં તમને આ બધું બનતા પહેલા તે વિષે ચેતવણી આપી છે."

૨૪"તે દિવસો દરમિયાન આ વિપત્તિઓ પછી,

'સૂર્ય અંધકારરૂપ થઈ જશે, અને ચંદ્ર તેનો પ્રકાશ
આપશે નહિ.'
૨૫ આકાશના તારાઓ ખરવા લાગશે, અને
આકાશના પરાક્રમો હલાવાશે.'"

*યશાયા ૧૩:૧૦; ૩૪:૪*

૨૬"પછી લોકો માણસના પુત્રને ઘણાં પરાક્રમ તથા મહિમા સહિત વાદળામાં આવતો જોશે. ૨૭માણસનો પુત્ર પૃથ્વીની ચારેબાજુ તેના દૂતોને મોકલશે. દૂતો પૃથ્વી પરના દરેક ભાગોમાંથી તેના પસંદ કરેલા લોકોને ભેગા કરશે. "

૨૮"અંજીરીનું વૃક્ષ આપણને એક બોધપાઠ શીખવે છે. જ્યારે અંજીરીના વૃક્ષની ડાળીઓ લીલી અને નરમ બને છે અને નવા પાંદડાં ઊગવાની શરૂઆત થાય છે ત્યારે તમે જાણો છો કે ઉનાળો નજીક છે. ૨૯આ વસ્તુઓ સાથે એવું જ છે જે મેં તમને કહ્યું તે બનશે જ. જ્યારે તમે આ બધું બનતું જોશો, ત્યારે તમે જાણશો કે તે સમય* નજીક છે. ૩૦હું તમને સત્ય કહું છું. જ્યારે આ સમયના લોકો જીવતા હશે ત્યારે જ આ બધી વસ્તુઓ બનશે. ૩૧આખી પૃથ્વી અને આકાશનો વિનાશ થશે. પણ જે વાતો મેં કહી છે તે કદાપિ નાશ પામશે નહિ."

૩૨"કોઈ વ્યક્તિ જાણતી નથી કે કયા દિવસે કયા સમયે તે થશે. તે પુત્ર અને આકાશના દૂતો પણ તે જાણતા નથી. ફક્ત પિતા જ જાણે છે. ૩૩સાવધાન રહો! હંમેશા તૈયાર રહો! તમને ખબર નથી તે સમય ક્યારે આવશે. ૩૪એક માણસ તેનું ઘર છોડીને પ્રવાસમાં જાય છે તેના જેવું આ છે. તે માણસ તેના ઘરની સંભાળ લેવાનું તેના સેવકોને સોંપે છે. તે દરેક સેવકને ખાસ સેવા કરવાનું કામ સોપે છે. એક સેવકને દરવાજાની ચોકી કરવાનું કામ છે. તે માણસ આ સેવકને હંમેશા તૈયાર રહેવાનું કહે છે. હમણા હું તમને કહું છું તે એ જ છે. ૩૫તેથી તમારે હંમેશા તૈયાર રહેવું જોઈએ, તમે જાણતા નથી, ઘરનો માલિક સાંજે, મધરાતે કે વહેલી સવારે કે જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે કદાચ આવે. ૩૬રખેને તે માલિક એકાએક પાછો ઝડપથી પણ આવે. જો તમે હંમેશા તૈયાર રહો તો પછી તે તમને ઊંઘતા જોશે નહિ. ૩૭હું તમને આ કહું છું, અને હું આ પ્રત્યેક વ્યક્તિને કહું છું: 'તૈયાર રહો!'"

## ઈસુને મારી નાખવાનું યહૂદી આગેવાનોનું કાવતરું

૧૪ પાસ્ખા અને બેખમીર રોટલીના પર્વના* ફક્ત બે દિવસ પહેલાનો વખત હતો, મુખ્ય યાજકો અને શાસ્ત્રીઓ ઈસુને પકડવા માટે કંઈક જુઠાણાંનો ઉપયોગ કરવાનો રસ્તો શોધવાનો પ્રયત્ન કરતાં હતા. પછી તેઓ તેને મારી નાખી શકે. ૨તેઓએ કહ્યું, "પણ અમે પર્વ દરમિયાન ઈસુને પકડી શકીએ નહિ. અમે ઈચ્છતા નથી કે લોકો ગુસ્સે થાય અને હુલ્લડનું કારણ બને."

## એક સ્ત્રીનું કંઈક વિશિષ્ટ કાર્ય

૩ઈસુ બેથનિયામાં હતો. તે સિમોન કોઢિયાના ઘરમાં ખાતો હતો. જ્યારે ઈસુ ત્યાં હતો, ત્યારે એક સ્ત્રી તેની પાસે આવી. તે સ્ત્રી પાસે કીમતી અત્તરથી ભરેલી સંગેમરમરની શીશી હતી. આ અત્તર શુદ્ધ જટામાંસીમાંથી બનાવેલું હતું. તે સ્ત્રીએ તે શીશી ભાંગી નાખી અને ઈસુના માથા પર તે અત્તર રેડ્યું.

૪ત્યાં કેટલાએક શિષ્યોએ આ જોયું. તેઓ નારાજ થયા અને એકબીજાને ફરિયાદ કરવા લાગ્યા. તેઓએ

---

**સમય** જયારે કંઈક મહત્વનું સમયમાં બનવાનું છે તેના વિષે ઈસુ કહે છે. જૂઓ લૂક. ૨૧:૩૧, જયાં ઈસુએ કહ્યું છે કે દેવનું રાજય આવવાનો આ સમય છે.

**બેખમીર રોટલીનું પર્વ** મહત્વનું યહૂદી પવિત્ર અઠવાડિયું. જૂના કરારનાં સમયમાં પાસ્ખા પછી શરૂ થતો દિવસ, પણ આ સમય દરમ્યાન બે પર્વો એક બન્યા છે.

કહ્યું, "તે અત્તરનો બગાડ શા માટે કરવો જોઈએ? ૫તે અત્તરનું મૂલ્ય આખા વર્ષની કમાણી જેટલું છે. તે વેચી શકાયું હોત અને પૈસા ગરીબ લોકોને આપી શક્યા હોત." અને તેઓએ તે સ્રીની કડક ટીકા કરી.

૬ઈસુએ કહ્યું, "તે સ્રીની ચિંતા ના કરો. તમે શા માટે તેને સતાવો છો? તેણે મારા માટે ઘણું સારું કામ કર્યુ છે. ૭તમારી સાથે સદાય ગરીબ લોકો હશે, તમે ઈચ્છો તે સમયે તેમને મદદ કરી શકો છે. પણ હું હંમેશા તમારી સાથે નથી. ૮આ સ્રીએ ફક્ત તે કામ કર્યુ, જે મારે માટે તેનાથી થઈ શકે, તેણે અત્તર મારા શરીર પર રેડ્યું. મારા મરતાં પહેલા મારા દફન માટે આગાઉથી તેણે આ કર્યુ. ૯હું તમને સત્ય કહું છું. સુવાર્તા આખી દુનિયામાં લોકોને જણાવવામાં આવશે. અને દરેક જગ્યાએ જ્યાં સુવાર્તા જણાવાશે, ત્યાં આ સ્રીએ જે કર્યુ તેની વાત પણ કહેવાશે. તેણે જે કર્યુ છે તેની વાતો થશે અને લોકો તેને યાદ કરશે."

### ઈસુના દુશ્મનોને મદદ કરવા યહૂદા સંમત

૧૦પછી બાર પ્રેરિતોમાંનો એક મુખ્ય યાજકોને કહેવા માટે ગયો. આ યહૂદા ઈશ્કરિયોત નામનો શિષ્ય હતો, તે તેઓને ઈસુને સોંપવા ઈચ્છતો હતો. ૧૧મુખ્ય યાજકો આ વિષે જાણી ઘણા પ્રસન્ન હતા. તેઓએ યહૂદાને આ કરવા માટે પૈસા આપવાનું વચન આપ્યું. તેથી યહૂદા ઈસુને સોંપવાની ઉત્તમ સમયની રાહ જોતો હતો.

### પાસ્ખાપર્વ

૧૨હવે તે બેખમીર રોટલીના પર્વનો પ્રથમ દિવસ હતો. આ સમયે યહૂદીઓ હંમેશા પાસ્ખાપર્વમાં ઘેટાંઓના બલિદાન કરતા. ઈસુના શિષ્યો તેની પાસે આવ્યા. તેઓએ કહ્યુ, "અમે જઈશું અને પાસ્ખા ભોજન જમવા તારે માટે દરેક વસ્તુઓ તૈયાર કરીશું. ભોજન માટે અમે કયાં જઈએ એ વિષે તારી ઈચ્છા શી છે?"

૧૩ઈસુએ તેના શિષ્યોમાંથી બે જણાને મોકલ્યા. ઈસુએ તેઓને કહ્યું, "શહેરમાં જાઓ, તમે એક માણસને પાણીની ગાગર લઈને જતા જોશો. તે માણસ તમારી પાસે આવશે. તે માણસની પાછળ જાઓ. ૧૪તે માણસ એક ઘરમાં જશે. તે વ્યકિત જે ઘરનો માલિક છે તેને કહો, 'ઉપદેશક પૂછે છે કે તમે અમને તે ઓરડો બતાવો કે જ્યાં તે અને તેના શિષ્યો પાસ્ખા ભોજન ખાઈ શકે.' ૧૫માલિક તમને મોટી ઉપલી મેડી બતાવશે. આ મેડી તમારા માટે તૈયાર છે. આપણાં માટે ત્યાં ભોજન તૈયાર કરો."

૧૬તેથી શિષ્યો વિદાય થયા ને તે શહેરમાં ગયા. ઈસુએ કહેલી દરેક બાબત એ પ્રમાણે બની. તેથી શિષ્યોએ પાસ્ખા ભોજન તૈયાર કર્યુ.

૧૭સાંજે, ઈસુ બાર પ્રેરિતો સાથે તે ઘરમાં ગયો. ૧૮જ્યારે તેઓ બધા ખાતા હતા ત્યારે ઈસુએ કહ્યું, "હું તમને સત્ય કહું છુ. તમારા બારમાંનો એક મારી વિરુદ્ધ થશે, તમારામાંનો એક હમણા મારી સાથે ખાય છે."

૧૯શિષ્યો આ સાંભળીને ઘણા દિલગીર થયા. દરેક શિષ્યે ઈસુને ખાતરી આપી, "ખરેખર તારી વિરુદ્ધ થનાર તે હું નથી!"

૨૦ઈસુએ ઉત્તર આપ્યો, "તે માણસ જે મારી વિરુદ્ધ છે તે તમારા બારમાંનો એક છે. જે તેની રોટલી મારી સાથે એક જ વાટકામાં બોળે છે તે જ તે છે. ૨૧માણસનો પુત્ર જશે અને મૃત્યુ પામશે. તે લખાણો કહે છે, 'આ બનશે પરંતુ જે માણસના પુત્રને મારી નાખવા માટે સોંપવાનો છે તે વ્યકિત માટે તે ઘણું ખરાબ હશે. તે વ્યકિત કદાપિ જન્મ્યો ન હોત તો તે તેને માટે વધારે સારું થાત."

### પ્રભુ ભોજન

૨૨જ્યારે તેઓ ખાતાં હતા, ત્યારે ઈસુએ રોટલી લીધી. ઈસુએ રોટલી માટે દેવનો આભાર માન્યો અને રોટલીના ભાગ પાડ્યા. તેણે રોટલી તેના શિષ્યોને આપી. ઈસુએ કહ્યુ, "આ રોટલી લો અને તે ખાઓ. આ રોટલી મારું શરીર છે."

૨૩પછી ઈસુએ દ્રાક્ષારસનો પ્યાલો લીધો અને તેણે તે માટે દેવનો આભાર માન્યો અને તે શિષ્યોને આપ્યો. બધા જ શિષ્યોએ તે પ્યાલામાંથી પીધું.

૨૪પછી ઈસુએ કહ્યું, "આ દ્રાક્ષારસ મારું લોહી છે. મારું લોહી (મરણ) દેવ તરફથી તેના લોકો સાથે નવા કરારનો આરંભ કરે છે. આ લોહી ઘણા લોકો માટે વહેવડાવવામાં આવ્યું છે. ૨૫હું તમને સત્ય કહું છું, હવે પછી હું આ દ્રાક્ષારસ પીનાર નથી. જ્યારે હું દેવના રાજ્યમાં તે પીશ ત્યારે તે દ્રાક્ષારસ નવો હશે."

૨૬બધા શિષ્યોએ ગીત ગાયું પછી તેઓ જૈતુનના પર્વત તરફ ગયા.

### ઈસુના બધા શિષ્યોનું તેને છોડી જવું

૨૭પછી ઈસુએ શિષ્યોને કહ્યું, "તમે બધા તમારો વિશ્વાસ ગુમાવશો. શાસ્રમાં તે લખાયેલું છે:

'હું પાળકને મારી નાખીશ, અને ઘેટાંઓ નાસી જશે.' *ઝખાર્યા ૧૩:૭*

[૨૮]પરંતુ મારા મૃત્યુ પછી, મૃત્યુમાંથી સજીવન થઈને હું ગાલીલમાં જઈશ. હું ત્યાં તમારા જતાં પહેલા હોઈશ."

[૨૯]પિતરે કહ્યું, "બીજા બધા શિષ્યો તેમનો વિશ્વાસ કદાચ ગુમાવે પણ હું મારો વિશ્વાસ કદી ગુમાવીશ નહિ."

[૩૦]ઈસુએ ઉત્તર આપ્યો, "હું તને સત્ય કહું છું. આજે રાત્રે તું કહીશ કે તું મને ઓળખતો નથી. મરઘો બે વાર બોલે તે પહેલા તું આ ત્રણ વાર એવું કહીશ."

[૩૧]પણ પિતરે દઢતાપૂર્વક ખાતરી આપી, "હું કદીય કહીશ નહિ કે હું તને ઓળખતો નથી અને જરૂર હશે તો હું તારી સાથે મૃત્યુ પણ પામીશ!" અને બીજા બધા શિષ્યોએ પણ એમ જ કહ્યું.

### ઈસુ એકલો પ્રાર્થના કરે છે

[૩૨]ઈસુ અને તેના શિષ્યો ગેથશેમાને નામે એક સ્થળે ગયા. ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "જ્યારે હું પ્રાર્થના કરું ત્યારે અહીં બેસો." [૩૩]ઈસુએ પિતર, યાકૂબ અને યોહાનને તેની સાથે આવવા કહ્યું પછી ઈસુની વધારે મુશ્કેલીઓની શરૂઆત થઈ અને તે ઘણો ઉદાસ થયો. [૩૪]ઈસુએ પિતર, યાકૂબ અને યોહાનને કહ્યું, "મારો આત્મા દુ:ખથી ભરેલો છે. મારું હૃદય દુ:ખથી ભાંગી પડે છે. અહીં રાહ જુઓ અને જાગતા રહો." [૩૫]ઈસુ તેઓથી થોડો આગળ ગયો. પછી ઈસુ ભોંય પર પડ્યો અને પ્રાર્થના કરી. ઈસુએ પ્રાર્થના કરી કે, 'જો શક્ય હોય તો, આ પીડાની ઘડી મારાથી દૂર થાઓ.' [૩૬]ઈસુએ પ્રાર્થના કરી, "અબ્બા, પિતા! તારાથી બધું થઈ શકે છે. આ પીડાનો પ્યાલો મારાથી દૂર કર પણ તારી ઈચ્છા પ્રમાણે કર. હું ઈચ્છુ તે નહિ."

[૩૭]પછી ઈસુ તેના શિષ્યો પાસે ગયો તેણે તેઓને ઊંઘતા જોયા. તેણે પિતરને કહ્યું, "સિમોન, તું શા માટે ઊંઘે છે? તું મારી સાથે એક કલાક જાગતો ના રહી શકે? [૩૮]જાગતા રહો અને પ્રાર્થના કરો કે તમને લલચાવવામાં ન આવે. જે સાચું છે તે કરવા તમારો આત્મા ઈચ્છે છે. પણ તમારું શરીર નબળું છે."

[૩૯]ફરીથી ઈસુ ચાલ્યો ગયો અને એ જ શબ્દોમાં પ્રાર્થના કરી. [૪૦]પછી ઈસુ શિષ્યો પાસે પાછો ગયો. ફરીથી ઈસુએ તેઓને ઊંઘતા જોયા. તેઓની આંખો ખૂબ થાકેલી હતી. શિષ્યોને ખબર નહોતી કે તેઓએ ઈસુને શું કહેવું જોઈએ.

[૪૧]ત્રીજી વખતની પ્રાર્થના કર્યા પછી ઈસુ તેના શિષ્યો પાસે પાછો ગયો. ઈસુએ તેઓને કહ્યું, "તમે હજુ પણ ઊંઘો છો અને આરામ કરો છો? તે પૂરતું છે! માણસના પુત્રને પાપી લોકોને આપવા માટેનો સમય આવ્યો છે. [૪૨]ઊભા થાઓ! આપણે જવું જોઈએ. અહીં તે માણસ આવે છે જે મને પેલા લોકોને સોંપવાનો છે."

### ઈસુ પકડાય છે

[૪૩]જ્યારે ઈસુ હજુ બોલતો હતો તે જ પળે યહૂદા ત્યાં આવ્યો. યહૂદા એ બાર પ્રેરિતોમાંનો એક હતો. યહૂદા સાથે ઘણા લોકો હતા. આ લોકો મુખ્ય યાજકો, શાસ્ત્રીઓ અને વડીલ યહૂદી આગેવાનોમાંથી મોકલવામાં આવ્યા હતા. યહૂદા સાથેના આ લોકો પાસે તલવારો અને સોટા હતા.

[૪૪]લોકોને કયો માણસ ઈસુ હતો તે બતાવવા કંઈક કરવા માટેની યોજના યહૂદાએ કરી હતી. યહૂદાએ કહ્યું, "જે માણસને હું ચૂમીશ તે ઈસુ છે. તેને પકડો અને જ્યારે તમે તેને દૂર દોરી જાઓ ત્યારે તેની ચોકી કરો." [૪૫]તેથી યહૂદા ઈસુ પાસે ગયો અને કહ્યું, "રાબ્બી!" પછી યહૂદા ઈસુને ચૂમ્યો. [૪૬]પછી તે માણસોએ ઈસુને ઘેર્યો અને તેને પકડ્યો. [૪૭]ઈસુની નજીક ઉભેલા શિષ્યોમાંના એકે તેની તલવાર તાણી અને ખેંચીને બહાર કાઢી.આ શિષ્યે મુખ્ય યાજકના નોકરને માર્યો અને તલવારથી તેનો કાન કાપી નાખ્યો.

[૪૮]પછી ઈસુએ કહ્યું, "હું એક ગુનેગાર હોઉં એમ તમે મને પકડવા તલવારો અને સોટા લઈને આવ્યા છો શું ? [૪૯]પ્રતિદિન હું મંદિરમાં ઉપદેશ આપતી વખતે તમારી સાથે હતો. તમે મને ત્યાં પકડી શક્યા નહિં પરંતુ આ બધી વસ્તુઓ બની જે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જ છે." [૫૦]પછી ઈસુના બધા શિષ્યો તેને મૂકીને દૂર નાસી ગયા.

[૫૧]ત્યાં ઈસુની પાછળ એક જુવાન માણસ આવતો હતો. તેણે ફક્ત શણનું વસ્ત્ર ઓઢેલું હતું. લોકોએ પણ આ માણસને પકડ્યો. [૫૨]તેણે ઓઢેલું શણનું વસ્ત્ર છૂટું થઈ ગયું અને તે ઉઘાડા શરીરે નાસી ગયો.

### યહૂદી આગેવાનો સમક્ષ ઈસુ

[૫૩]જે લોકો જેમણે ઈસુને પકડયો હતો તેઓ તેને પ્રમુખ યાજકને ઘેર લઈ ગયા. બધા આગળ પડતાં યાજકો, વડીલ યહૂદી આગેવાનો અને શાસ્ત્રીઓ ત્યાં ભેગા થયા હતા. [૫૪]પિતર ઈસુની પાછળ ગયો. પણ તે ઈસુની નજીક આવ્યો નહિ. પિતર ઈસુની પાછળ પ્રમુખ યાજકના ઘેર ચોકમાં આવ્યો. પિતર ત્યાં ચોકીદારો સાથે બેઠો હતો. તે અંગારાથી તાપતો હતો.

૫૫મુખ્ય યાજકો અને યહૂદિયોની ન્યાયની સભાએ
ઈસુને મારી નાખી શકાય તે માટે કાંઈક ખોટી સાક્ષી
ઈસુની વિરુદ્ધ શોધવા પ્રયત્ન કર્યો. પરંતુ તે શોધી શક્યા
નહિ. ૫૬ઘણા લોકો આવ્યા અને ઈસુ માટે ખોટી સાક્ષી
આપી પણ તે બધાએ જુદી જુદી વાતો કહીં. તેઓ
એકબીજા સાથે સંમત ન હતા.
૫૭પછી કેટલાએક લોકો ઊભા થયા અને ઈસુની
વિરુદ્ધ કંઈક ખોટું પ્રમાણપત્ર આપ્યું. તેઓએ કહ્યું,
૫૮"અમે આ માણસને (ઈસુ) એમ કહેતા સાંભળ્યો છે,
'હું આ મંદિરનો વિનાશ કરીશ જેને માણસોએ બનાવ્યું
છે. અને હું ત્રણ દિવસમાં બીજું એક મંદિર બાંધીશ જે
માણસોએ બનાવેલું નહિ હોય.'" ૫૯પણ આ લોકો જે
બાબતો કહેતા હતા તે એકબીજા સાથે મળતી આવતી
ન હતી.
૬૦પછી પ્રમુખ યાજક બધા લોકોની આગળ ઊભો
થયો અને ઈસુને કહ્યું, "આ લોકો તારી વિરુદ્ધ જે બાબત
કહે છે, તારી ઉપરના આ તહોમતો વિષે તારી પાસે
કંઈક કહેવાનું છે? શું આ લોકો સાચું કહે છે?" ૬૧પણ
ઈસુ કાંઈ બોલ્યો નહિ, તેણે કોઈ ઉત્તર આપ્યો નહિ.
તે પ્રમુખ યાજકે ઈસુને બીજો એક પ્રશ્ન પૂછયો: "શું
તું સ્તુતિમાન દેવનો પુત્ર ખ્રિસ્ત છે?"
૬૨ઈસુએ ઉત્તર આપ્યો, "હા, હું દેવનો પુત્ર છું અને
ભવિષ્યમાં તમે માણસના પુત્રને તેના (દેવ) પરાક્રમની
જમણી બાજુએ બેઠેલો જોશો. અને તમે માણસના પુત્રને
આકાશનાં વાદળો પર આવતો જોશો."
૬૩જ્યારે પ્રમુખ યાજકે આ સાંભળ્યું, ત્યારે તે ઘણો
ગુસ્સે થયો. તેણે તેનાં વસ્રો ફાડી નાખ્યાં અને કહ્યું,
"અમારે કોઈ વધારાના સાક્ષીઓની જરૂર નથી. ૬૪તમે
બધાએ તેને દેવની વિરુદ્ધ આ બાબત કહતાં સાંભળ્યો
છે. તમે શું વિચારો છો?"
બધા લોકોએ કહ્યું કે ઈસુ ગુનેગાર છે. તેઓએ કહ્યું
કે તે ગુનેગાર છે અને તેને મારી નાખવો જોઈએ. ૬૫ત્યાં
કેટલાએક લોકો ઈસુ પર થૂંક્યા. તેઓએ ઈસુની આંખો
ઢાંકી દીધી અને તેના પર તેમની મુઠ્ઠીઓનો પ્રહાર કર્યો
તેઓએ કહ્યું , "અમને કહી બતાવ કે તું એક પ્રબોધક
છે!" પછીથી ચોકીદારો ઈસુને દૂર દોરી ગયા અને તેને
માર્યો.

### તે ઈસુને જાણે છે તેવું કહેવામાં પિતરનો ડર

૬૬તે સમયે પિતર હજુ પણ ચોકમાં હતો. પ્રમુખ
યાજકની એક દાસી પિતર પાસે આવી. ૬૭તે દાસીએ
પિતરને અગ્નિથી તાપતા જોયો. તે પિતરને નજીકથી
જોવા લાગી.
પછીથી તે દાસીએ કહ્યું, "તું નાઝરેથના માણસ ઈસુ
સાથે હતો."
૬૮પરંતુ પિતરે કહ્યું કે તે કદી ઈસુ સાથે ન હતો. તેણે
કહ્યું, "તું શાના વિષે વાતો કરે છે તે હું જાણતો કે
સમજતો નથી." પછી પિતર વિદાય થયો અને ચોકના
પ્રવેશદ્વાર તરફ ગયો.*
૬૯દાસીએ પિતરને ત્યાં જોયો. ફરીથી તે દાસીએ
લોકોને જેઓ ત્યાં ઊભા હતા તેઓને કહ્યું, "આ માણસ
પેલા લોકોમાંનો એક છે જે ઈસુની પાછળ ગયો છે."
૭૦ફરીથી પિતરે કહ્યું, તે સાચું નથી.
થોડાક સમય પછી કેટલાક લોકો પિતરની નજીક
ઊભા હતા, તે લોકોએ કહ્યું, "તું તે લોકોમાંનો એક છે
જે ઈસુને અનુસર્યો છે. તું ગાલીલથી ઈસુની જેમ જ
આવ્યો છે."
૭૧પછી પિતરે શાપ આપવાની શરૂઆત કરી. તેણે
દ્રઢતાથી કહ્યું, "હું દેવના સોગન ખાઈને કહું છું કે આ
માણસને હું ઓળખતો નથી."
૭૨પિતરના આમ કહ્યાં પછી મરઘો બીજી વાર
બોલ્યો, પછી ઈસુએ તેને જે કહ્યું હતું તે પિતરે યાદ
કર્યું. "મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વખત
કહીશ કે તું મને ઓળખતો નથી." પછી પિતર ઘણો
દિલગીર થયો અને તે પર મન લગાડીને રડયો.

### હાકેમ પિલાત ઈસુને પ્રશ્નો પૂછે છે

**૧૫** વહેલી સવારમાં મુખ્ય યાજકો, વડીલ યહૂદી
આગેવાનો, શાસ્રીઓ અને યહૂદીઓની
આખી ન્યાયસભાએ ઈસુનું શું કરવું તે અંગે નિર્ણય
કર્યો. તેઓએ ઈસુને બાંધ્યો અને તેને હાકેમ પિલાત
પાસે લઈ ગયા. તેઓએ ઈસુને પિલાતને સોંપ્યો.
૨પિલાતે ઈસુને પૂછયું, "શું તું યહૂદીઓનો રાજા
છે?"
ઈસુએ ઉત્તર આપ્યો, "હા, તે સાચું છે."
૩મુખ્ય યાજકોએ ઈસુ પર ઘણાં તહોમત મૂકયાં.
૪તેથી પિલાતે ઈસુને બીજો એક પ્રશ્ન પૂછયો. પિલાતે
કહ્યું, "તું જોઈ શકે છે કે આ લોકોએ કેટલાં બધાં તારા
પર તહોમત મૂકયાં છે. તું ઉત્તર કેમ આપતો નથી?"
૫પણ ઈસુએ હજી પણ ઉત્તર આપ્યો નહિ. પિલાતને
ઘણું આશ્ચર્ય થયું હતું.

---

**કલમ ૬૮** ઘણી ગ્રીક નકલોમાં ઉમેર્યુ છે: "એટલે મરઘો
બોલ્યો."

### ઈસુને મુક્તિ આપવામાં પિલાતનો નિષ્ફળ પ્રયત્ન

૬પ્રતિવર્ષ પાસ્ખાપર્વના સમયે હાકેમ એક વ્યક્તિને જેલમાંથી મુક્ત કરી શકતો હતો. લોકો જેને મુક્તિ આપવા ઈચ્છતા હોય તે વ્યક્તિને તે મુક્ત કરી શકે.
૭તે વખતે જેલમાં બરબ્બાસ નામનો માણસ હતો. તે જેલમાં હુલ્લડખોરો સાથે હતો. આ હુલ્લડખોરો હુલ્લડ દરમિયાન ખૂન માટે ગુનેગાર હતા. ૮લોકો પિલાત પાસે આવ્યા. અને તેને હંમેશા તે જેમ કરતો હતો તે પ્રમાણે એક કેદીને મુક્ત કરવા કહ્યું.

૯પિલાતે લોકોને કહ્યું, "તમે યહૂદીઓના રાજાને મારી પાસે મુક્ત કરાવવા ઈચ્છો છો?" ૧૦પિલાતે જાણ્યું કે મુખ્ય યાજકોએ તેને ઈસુને સોંપ્યો હતો કારણ કે તેઓને ઈસુની ઈર્ષા હતી. ૧૧પરંતુ મુખ્ય યાજકોએ લોકોને ઉશ્કેર્યા કે તેઓ પિલાતને બરબ્બાસને મુક્ત કરવાનું કહે, ઈસુને નહિ.

૧૨પિલાતે લોકોને ફરીથી પૂછ્યું; "તેથી મારે આ માણસ જેને તમે યહૂદીઓનો રાજા કહો છો તેની સાથે શું કરવું?"

૧૩તે લોકોએ ફરીથી બૂમો પાડી, "તેને વધસ્તંભ પર ચઢાવો અને મારી નાખો!"

૧૪પિલાતે પૂછયું; "શા માટે? તેણે શું કર્યુ છે?"

પરંતુ લોકોએ મોટેથી બૂમો પાડી,

"વધસ્તંભ પર તેને મારી નાખો!"

૧૫પિલાત લોકોને ખુશ કરવા ઈચ્છતો હતો. તેથી પિલાતે તેમના માટે બરબ્બાસને મુક્ત કર્યો અને પિલાતે સૈનિકોને ઈસુને ચાબખાથી મારવા કહ્યું, પછી પિલાતે ઈસુને વધસ્તંભ પર મારી નાખવા માટે સૈનિકોને હવાલે કર્યો.

૧૬પિલાતના સૈનિકો ઈસુને હાકેમના મહેલમાં લાવ્યા (પ્રૈતોર્યુમ કહેવાતા). તેઓએ બીજા બધા સૈનિકોને સાથે બોલાવ્યા. ૧૭તે સૈનિકોએ ઈસુને જાંબલી રંગનો ઝભ્ભો પહેરાવ્યો. પછી તેઓએ કાંટાનો મૂગટ ગૂંથીને તેના માથા પર મૂક્યો. ૧૮પછી તેઓએ ઈસુને બોલાવ્યો. અને કહ્યું, "હે યહૂદીઓના રાજા સલામ!" એમ કહીને તેઓ તેને પ્રણામ કરવા લાગ્યા. ૧૯સૈનિકોએ ઈસુને તેના માથા પર લાકડી વડે ઘણી વખત માર્યો. તેઓ પણ તેના પર થૂંક્યા. પછી તેઓ ઈસુને ઘૂંટણે પડ્યા. અને નીચા પડીને નમસ્કાર કરીને તેના ઠઠ્ઠા કર્યા. ૨૦તેઓએ ઈસુનાં ઠઠ્ઠા કરી રહ્યાં પછી તે સૈનિકોએ જાંબલી રંગનો ઝભ્ભો ઉતારીને તેને તેનાં કપડાં ફરીથી પહેરાવ્યાં. પછી તેઓ ઈસુને મહેલમાંથી બહાર કાઢીને વધસ્તંભ પર મારી નાખવા માટે લઈ ગયા.

### ઈસુનું વધસ્તંભ પર મૃત્યુ

૨૧ત્યાં કુરેનીનો એક માણસ શહેરમાં ચાલતો આવતો હતો. તે માણસ સિમોન આલેકસાંદર અને રૂફસનો બાપ હતો. સિમોન ખેતરોમાંથી શહેરમાં ચાલતો હતો. તે સૈનિકોએ ઈસુ માટેનો વધસ્તંભ બળાત્કારે સિમોન પાસે ઉંચકાવ્યો. ૨૨તેઓ ગુલગુથા નામની જગાએ ઈસુને દોરી ગયા. (ગુલગુથાનો અર્થ "ખોપરીની જગ્યા.")
૨૩ગુલગુથામાં સૈનિકોએ ઈસુને દ્રાક્ષારસ પીવા આપ્યો. આ દ્રાક્ષારસ બોળ સાથે ભેળવલ હતો. પરંતુ ઈસુએ તે પીવાની ના પાડી. ૨૪સૈનિકોએ ઈસુને વધસ્તંભે ખીલે જડ્યો.પછી સૈનિકોએ ઈસુના કપડાં તેમની જાતે અંદરો અંદર વહેંચી લીધા. પહેરેલા કયા કપડાંનો કયો ભાગ કયા સૈનિકે લેવો તે નક્કી કરવા માટે તેઓ પાસા વડે જુગાર રમ્યા. ૨૫જ્યારે ઈસુને તેઓએ વધસ્તંભ પર જડ્યો તે વખતે સવારના નવ વાગ્યા હતા. ૨૬ત્યાં એક લેખિત નોંધ હતી જેના પર તહોમતનામુ લખેલું હતું: **"યહૂદીઓનો રાજા."** ૨૭તેઓએ બે લૂંટારાઓને ઈસુની:બાજુમાં વધસ્તંભો પર જડયા હતા. તેઓએ એક લૂંટારાને ઈસુની જમણી બાજુ મૂક્યો હતો અને તેઓએ બીજા લૂંટારાને ઈસુની ડાબી બાજુએ મૂક્યો હતો. ૨૮તે ગુનેગારોમાં ગણાયો એવું શાસ્ત્ર વચનમાં છે તે પૂર્ણ થયું. ૨૯બાજુમાં ચાલતા લોકોએ ઈસુની નિંદા કરી. તેઓએ તેમના માથાં હલાવ્યાં અને કહ્યું, "તેં કહ્યું, તું મંદિરનો વિનાશ કરી શકે છે અને તેને ફરીથી ત્રણ દિવસમાં બાંધી શકે છે, ૩૦તો તારી જાતને બચાવ! તું વધસ્તંભ પરથી નીચે ઉતરી આવ!"

૩૧મુખ્ય યાજકો અને શાસ્ત્રીઓ પણ ત્યાં હતા. તેઓએ પણ બીજા લોકોની જેમ જ કર્યુ. અને ઈસુની ઠઠ્ઠા મશ્કરી કરી અને કહ્યું, "તેણે બીજા લોકોને બચાવ્યા પણ તે તેની જાતને બચાવી શકતો નથી. ૩૨જો તે ખરેખર ખ્રિસ્ત ઈઝરાએલનો રાજા (યહૂદીઓ) હોય તો પછી તેણે હમણાં વધસ્તંભ પરથી નીચે આવીને તેની જાતને બચાવવી જોઈએ. આપણે આ જોઈશું અને પછી અમે તેનામાં વિશ્વાસ મૂકીશું," તે લૂંટારાઓ કે જેઓને ઈસુની બાજુમાં વધસ્તંભ પર મારી નાખવાના હતા, તેઓએ પણ તેની નિંદા કરી.

### ઈસુ મરણ પામે છે

૩૩બપોરે આખા દેશમાં અંધકાર છવાઈ ગયો. આ અંધકાર ત્રણ વાગ્યા સુધી ચાલુ રહ્યો. ૩૪ત્રણ વાગે ઈસુએ મોટા સાદે પોકાર કર્યો, "એલોઈ,એલોઈ, લમા શબકથની." આનો અર્થ છે, "મારા દેવ, મારા દેવ, તેં

મને શા માટે એકલો મૂકી દીધો?" [૩૫]ત્યાં ઊભા રહેલા કેટલાક લોકોએ આ સાંભળ્યું. તે લોકોએ કહ્યું, "ધ્યાનથી સાંભળો! તે એલિયાને બોલાવે છે."

[૩૬]એક માણસ ત્યાં દોડ્યો અને વાદળી લીધી. તે માણસે વાદળીને સરકાથી ભરી અને વાદળીને લાકડીએ બાંધી. પછી ઈસુને તેમાંથી પાણી પીવા તે વાદળી આપવા તેણે લાકડીનો ઉપયોગ કર્યો. તે માણસે કહ્યું, "હવે આપણે રાહ જોઈએ અને જોઈએ કે એલિયા તેને વધસ્તંભથી નીચે ઉતારવા આવે છે કે કેમ."

[૩૭]પછી ઈસુએ મોટે સાદેથી બૂમ પાડીને પ્રાણ છોડ્યો.

[૩૮]જ્યારે ઈસુ મરણ પામ્યો, તે જ વખતે મંદિરનો પડદો બે ભાગમાં ફાટી ગયો હતો. તે ઉપરથી શરૂ થયો અને છેક નીચે સુધી ફાટી ગયો. [૩૯]લશ્કરનો અમલદાર જે ત્યાં વધસ્તંભ આગળ ઉભો હતો તેણે ઈસુનું મરણ થતાં શું બન્યું તે જોયુ. તે અમલદારે કહ્યું, "આ માણસ ખરેખર દેવનો પુત્ર હતો!"

[૪૦]કેટલીક સ્ત્રીઓ વધસ્તંભથી દૂર ઊભી રહીને જોતી હતી. આ સ્ત્રીઓમાં મરિયમ માગ્દલાની, તેનો નાનો ભાઈ યાકૂબ તથા યોસેની મા મરિયમ અને શલોમી હતી. (યાકૂબ તેનો સૌથી નાનો પુત્ર હતો.) [૪૧]ગાલીલમાં ઈસુની પાછળ આવનારી અને તેની સંભાળ રાખનારી આ સ્ત્રીઓ હતી. બીજી ઘણી સ્ત્રીઓ ત્યાં હતી. આ સ્ત્રીઓ યરૂશાલેમમાં ઈસુની સાથે આવી હતી.

### ઈસુનું દફન

[૪૨]આ દિવસ સિદ્ધિકરણનો કહેવાય છે. (આનો અર્થ વિશ્રામવારના આગળનો દિવસ.) ત્યાં અંધારું થઈ રહ્યું હતું. [૪૩]યૂસફ નામનો અરિમથાઈનો માણસ પિલાત પાસે જઈને ઈસુનો મૃતદેહ લેવા જવા માટે પૂરતો બહાદૂર હતો. યૂસફ યહૂદીઓની સભાનો સન્માનીય સભ્ય હતો. દેવના રાજ્યનું આગમન ઈચ્છનારા લોકોમાંના તે એક હતો. [૪૪]પિલાતને સાંભળીને આશ્ચર્ય થયું કે ઈસુ હંમેશ માટે મરણ પામ્યો હતો. પિલાતે લશ્કરી અમલદારને બોલાવ્યો. જે ઈસુની ચોકી કરતો હતો. પિલાતે અમલદારને પૂછયું; શું ઈસુ મરણ પામ્યો છે? [૪૫]તે અમલદારે પિલાતને કહ્યું કે ઈસુ મરણ પામ્યો છે તેથી પિલાતે યૂસફને કહ્યું, "તે શબ મેળવી શકશે" [૪૬]યૂસફે કેટલુંક શણનું કાપડ ખરીધ્યું. તેણે વધસ્તંભ પરથી મૃતદેહ ઉતાર્યો. અને તે મૃતદેહને શણના કાપડમાં વીંટાળ્યું. પછી યૂસફે શબને કબરમાં મૂક્યું. જે ખડકની દિવાલમાં ખોદી હતી. પછી યૂસફે તે કબરના પ્રવેશદ્વારને એક મોટો પથ્થર ગબડાવી બંધ કરી. [૪૭]મરિયમ મગ્દલા અને યોસેની માએ ઈસુને જે જગ્યાએ મૂક્યો હતો તે જગ્યા જોઈ.

### ઈસુના મૃત્યુમાંથી સજીવન થયાના સમાચાર

**૧૬** વિશ્રામવારના વીતી ગયા પછીના બીજા દિવસે, મરિયમ મગ્દલા, શલોમી, તથા યાકૂબની મા મરિયમે કેટલાક સુગંધીદાર દ્રવ્યો તેને ચોળવા સારું વેચાતાં લીધાં. [૨]તે અઠવાડિયાના પ્રથમ દિવસે, વહેલી સવારમાં તે સ્ત્રીઓ કબર તરફ જતી હતી. સૂર્યોદય પહેલા તે ઘણા વહેલા હતા. [૩]તે સ્ત્રીઓએ એકબીજાને કહ્યું, "ત્યાં એક મોટો પથ્થર હતો જે કબરના પ્રવેશદ્વારને ઢાંકતો હતો. આપણા માટે તે પથ્થર કોણ ખસેડશે?"

[૪]પછી તે સ્ત્રીઓએ નજર કરી અને જોયું તો પથ્થર ખસેડેલો હતો. તે પથ્થર ઘણો મોટો હતો. પરંતુ તે પ્રવેશદ્વાર પાસેથી દૂર ખસેડાઈ ગયો હતો. [૫]સ્ત્રીઓ કબરમાં ગઈ. તેઓએ ત્યાં એક યુવાન માણસને સફેદ ઝભ્ભો પહેરેલો જોયો. તે માણસ કબરની જમણી બાજુએ બેઠેલો હતો. તે સ્ત્રીઓ ડરતી હતી. [૬]પરંતુ તે માણસે કહ્યું, "ડરશો નહિ, તમે નાઝરેથના ઈસુને શોધો છો. જેને વધસ્તંભ પર મારી નાખવામાં આવ્યો હતો. તે મૂએલામાંથી ઊઠયો છે! તે અહીં નથી; જુઓ,અહીં તે જગ્યા છે, તેઓએ તેને મૂક્યો હતો જ્યારે તે મરણ પામ્યો હતો. [૭]હવે જાઓ,અને તેના શિષ્યોને કહો અને પિતરને પણ કહો કે તે (ઈસુ) તમને ત્યાં મળશે. શિષ્યોને કહો, 'ઈસુ ગાલીલમાં જાય છે. તે તમારા પહેલા ત્યાં હશે. અગાઉ તેણે કહ્યાં પ્રમાણે તમે તેને ત્યાં જોશો.'"

[૮]તે સ્ત્રીઓ ઘણી ડરી ગઈ હતી અને મુંઝાઈ ગઈ હતી. તેઓ કબર છોડીને દૂર દોડી ગઈ. તે સ્ત્રીઓએ જે કંઈ બન્યું હતું તે વિષે કોઈને પણ કંઈજ કહ્યું નહિ કારણ કે તેઓ ડરતી હતી.

---

*[કેટલીક જૂની ગ્રીક નકલોમાં માર્કનું પુસ્તક અહીં પૂરૂ થાય છે.]*

### કેટલાક શિષ્યો ઈસુને જુએ છે

[૯]ઈસુ અઠવાડિયાના પ્રથમ દિવસે મૂએલામાંથી ઊઠયો. ઈસુએ પોતાની જાતે પ્રથમ મરિયમ મગ્દલાને દર્શન આપ્યા. એક વખત ભૂતકાળમાં ઈસુએ મરિયમમાંથી સાત અશુદ્ધ આત્માઓને બહાર કાઢયા હતા. [૧૦]મરિયમે ઈસુને જોયા પછી તેના શિષ્યોને જઈને

તેણે કહ્યું, તેના શિષ્યો ઘણા દુ:ખી હતા. અને રુદન
કરતા હતા. ૧૧પણ મરિયમે તેઓને કહ્યું કે ઈસુ જીવતો
છે. મરિયમે કહ્યું કે તેણે ઈસુને જોયો છે. પણ શિષ્યો
તેનું માનતા નહોતા. ૧૨પાછળથી ઈસુએ પોતાના દર્શન
આપ્યા. જયારે શિષ્યો પોતાના ખેતરમાં ચાલતા જતા
હતા ત્યારે થોડા સમય પછી ઈસુએ પોતાની જાતે તે
લોકોને દર્શન આપ્યા. પરંતુ ઈસુ મરણ પામતા પહેલા
જેવો દેખાતો નહોતો. ૧૩આ શિષ્યો બીજા શિષ્યો પાસે
પાછા ગયા અને જે બન્યું હતુ તે તેમને કહ્યું. ફરીથી
શિષ્યોએ એમાનું કોઈનું પણ માન્યું નહિ.

### ઈસુ પ્રેરિતો સાથે વાત કરે છે

૧૪પાછળથી ઈસુએ પોતાની જાતે અગિયાર શિષ્યો
જ્યારે તેઓ ખાતા હતા, ત્યારે દર્શન દીધા. ઈસુએ
શિષ્યોને ઠપકો આપ્યો, કારણ કે તેઓને ઓછો વિશ્વાસ
હતો. તેઓ કઠણ હૃદયના હતા. અને જે લોકોએ ઈસુને
મૂએલામાંથી સજીવન થયેલો જોયો તેઓનું માનવા
તેઓ તૈયાર નહોતા. ૧૫ઈસુએ શિષ્યોને કહ્યું, "દુનિયામાં
દરેક જગ્યાએ જાઓ, પ્રત્યેક વ્યકિતને સુવાર્તા કહો.
૧૬જે કોઈ વ્યકિત વિશ્વાસ કરે અને બાપ્તિસ્મા લે તે
તારણ પામશે. પરંતુ જે વ્યકિત વિશ્વાસ ધરાવતી નથી
તે ગુનેગાર ગણાશે. ૧૭અને જે લોકો વિશ્વાસ કરે છે
તેઓ સાબિતી તરીકે આવા પ્રકારના ચમત્કારો કરવા
સમર્થ થશે. તેઓ લોકોમાંથી અશુદ્ધ આત્માઓને બહાર
કાઢવા મારા નામનો ઉપયોગ કરશે. તેઓ કદી શીખ્યા
નથી તેવી ભાષાઓમાં તેઓ બોલશે. ૧૮ઈજા પામ્યા
વગર તેઓ સર્પોને તેમના હાથમાં પકડશે. ઈજા વગર
વિષપાન કરશે. તેઓ બિમાર લોકો પર હાથ મૂકશે
અને બિમાર લોકો સાજા થશે."

૧૯પ્રભુ ઈસુએ શિષ્યોને આ વાતો કહ્યા પછી, તેને
આકાશમાં લઈ લેવાયો. ત્યાં ઈસુ દેવની જમણી બાજુએ
બેઠો. ૨૦તેના શિષ્યો જગતમાં દરેક જગ્યાએ ગયા અને
લોકોને સુવાર્તા પ્રગટ કરી. અને પ્રભુએ તેઓને મદદ
કરી. પ્રભુએ સિદ્ધ કર્યુ કે તેણે લોકોને આપેલ સુવાર્તા
સાચી હતી. તેણે શિષ્યોને ચમત્કારો કરવાનું સામર્થ્ય
આપીને આ સાબિત કર્યુ.

# લૂકની લખેલી સુવાર્તા

### ઈસુના જીવન વિષે લૂક લખે છે

**૧** ઘણા લોકોએ આપણી વચ્ચે જે ઘટનાઓ બની
હતી તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે. ૨જેઓએ
પોતાની જાતે આરંભથી તે ઘટનાઓ નીહાળી છે અને
જેઓ પ્રભુનો સંદેશ તે લોકોને આપતા હતા. તે લોકોએ
આપણને જે રીતે કહ્યું હતું તે જ પ્રમાણે તેઓએ તે
બાબતો લખી છે. ૩નેકનામદાર થિયોફિલ, શરૂઆતથી
જ મેં મારી જાતે આનો ચોકસાઈપૂર્વક અભ્યાસ કર્યો
અને તેથી મેં તમારા માટે પુસ્તકમાં યોગ્ય ક્રમમાં વૃતાંત
લખવા વિચાર્યુ. ૪હું આ બધી બાબતો તારા માટે લખું
છું જેથી તને ખાતરી થશે કે તને જે કંઈ શીખવવામાં
આવ્યું છે તે સાચું છે.

### ઝખાર્યા અને એલિસાબેત

૫યહૂદિયાના રાજા હેરોદના સમયમાં ત્યાં અબિયાના
વર્ગ*માનો ઝખાર્યા નામનો યાજક હતો. તેની પત્નીનું
નામ એલિસાબેત હતું. જે હારુનના પરિવારની હતી.
૬ઝખાર્યા અને એલિસાબેત બંન્ને દેવની આગળ ન્યાયી
હતા અને તેઓ પ્રભુની આજ્ઞાઓ અને જરૂરિયાતો પ્રમાણે
બધુ કરતા હતા. તેઓ નિર્દોષ હતા. ૭પરંતુ ઝખાર્યા
અને એલિસાબેત નિ:સંતાન હતા. કારણ કે એલિસાબેત
મા બનવા માટે શકિતમાન ન હતી; અને તેઓ બંન્ને
ઘણાં વૃદ્ધ હતા.

૮તેના વર્ગના વતી દેવ સમક્ષ યાજક ઝખાર્યા સેવા
કરતો હતો. આ વખતે તેના વર્ગને સેવા કરવા માટેનો
વારો હતો. ૯યાજકોના રિવાજ પ્રમાણે મંદિરમાં પ્રવેશવા
માટે અને દેવ સમક્ષ વેદી પર ધૂપ સળગાવવા માટે
તેની પસંદગી થઈ. તેથી ઝખાર્યા ધૂપ સળગાવવા માટે
પ્રભુના મંદિરમાં દાખલ થયો. ૧૦તે સમયે મંદિર બહાર
પ્રાર્થના માટે ઘણા લોકો ભેગા થયા હતા. જયારે ધૂપ
સળગાવવામાં આવતો હતો ત્યારે તેઓ પ્રાર્થના કરતા
હતા. ૧૧તે વખતે પ્રભુનો એક દૂત ઝખાર્યાની આગળ
ધૂપવેદીની જમણી બાજુએ ઊભેલો દેખાયો. ૧૨જ્યારે
ઝખાર્યાએ દૂતને જોયો ત્યારે તે ચોંકી ઊઠ્યો અને
ગભરાયો. ૧૩પરંતુ તે દૂતે તેને કહ્યું, "ઝખાર્યા, ગભરાઈશ
નહિ. દેવે તારી પ્રાર્થના સાંભળી છે. તારી પત્ની,
એલિસાબેત, પુત્રને જન્મ આપશે. જેનું નામ તું યોહાન
પાડશે. ૧૪આના કારણે તને પુષ્કળ આનંદ થશે. તેના
જન્મના કારણે ઘણા લોકો પણ આનંદ પામશે. ૧૫યોહાન
પ્રભુ માટે એક મહાન માણસ થશે. તે કદી દારૂ પીશે
નહિ કે બીજુ કોઈ કેફી પીણું લેશે નહિ. જન્મથી જ તે
પવિત્ર આત્માથી ભરપૂર હશે. ૧૬યોહાન યહૂદીઓને
પાછા ફેરવશે પછી તેમના પ્રભુ તેમના દેવ તરફ ફેરવશે.
૧૭યોહાન તેની જાતે પ્રથમ દેવ આગળ ચાલશે. તે
એલિયાની જેમ સામર્થ્યવાન બનશે. એલિયા પાસે હતો
તેવો આત્મા તેની પાસે હશે. તે પિતા અને બાળકો
વચ્ચે શાંતિ લાવશે. ઘણા લોકો પ્રભુની આજ્ઞાઓનું
પાલન કરતા નથી. યોહાન તેઓને સાચા વિચારના
માર્ગે વાળશે અને પ્રભુના આગમન માટે તૈયાર કરશે."

૧૮ઝખાર્યાએ દૂતને પૂછયું: "હું એક ઘરડો છું, અને
મારી પત્ની પણ વૃદ્ધ છે. હું કેવી રીતે માની શકું કે તું જે
કહે છે તે સાચું છે?"

૧૯દૂતે તેને ઉત્તર આપ્યો, "હું ગાબ્રિયેલ છું. હું દેવની
સમક્ષ ઊભો રહું છું. દેવે મને આ શુભ સંદેશો આપવા
માટે તારી પાસે મોકલ્યો છે. ૨૦તેથી ધ્યાનથી સાંભળ!
જ્યાં સુધી આ બનાવ ના બને ત્યાં સુધી તું મૂંગો રહેશે.
તું તારી બોલવાની શકિત ગુમાવીશ. શા માટે? કારણ કે
મેં તને જે કહ્યું તેમાં તેં વિશ્વાસ કર્યો નથી. પરંતુ આ
શબ્દો ચોક્કસ સમયે સાચા ઠરશે."

૨૧બહાર લોકો હજુ પણ ઝખાર્યાની રાહ જોતા હતા.
તેઓ નવાઈ પામ્યા હતા કે શા માટે મંદિરમાં તે આટલા
લાંબા સમય સુધી રહ્યો. ૨૨જ્યારે ઝખાર્યા બહાર આવ્યો.
તે તેની સાથે બોલી શક્યો નહિ. તેથી લોકોએ વિચાર્યુ કે
ઝખાર્યાને મંદિરની અંદર કોઈ દર્શન થયું છે, ઝખાર્યા
તે કઈ બોલી શક્યો નહિ, ઝખાર્યા લોકોને ફક્ત ઈશારા
કરતો હતો. ૨૩જયારે તેનો સેવા કરવાનો સમય પૂરો
થયો. ત્યારે ઝખાર્યા ઘેર પાછો ગયો.

---

**અબિયાનો વર્ગ** યહૂદી યાજકો ૨૪ જૂથોમાં વિભાજીત થયા હતા. જૂઓ ૧ કાળ. ૨૪.

૨૪થોડા સમય બાદ ઝખાર્યાની પત્ની એલિસાબેતને ગર્ભ રહ્યો. પાંચ મહીના સુધી તે ઘરની બહાર નીકળી નહિ. એલિસાબેતે કહ્યું: ૨૫"જુઓ, પ્રભુએ (દેવ) મારા માટે શું કર્યુ છે! અગાઉ લોકો મને મહેણાં મારતા હતા. પણ હવે નિ:સંતાનનું અપમાન દૂર થયું છે."

## કુંવારી મરિયમ

૨૬-૨૭એલિસાબેતની સગર્ભાવસ્થાના છઠ્ઠા મહીના દરમિયાન, દેવે એક દૂતને નાસરેથ નામે ગાલીલ શહેરમાં મોકલ્યો. જેનું નામ ગાબ્રિયેલ હતું. તે દૂતને મરિયમ નામની કુંવારી કન્યા પાસે મોકલ્યો હતો. તેની સગાઈ યૂસફ નામના માણસ સાથે થઈ હતી. જે દાઉદના વંશમાથી હતો. ૨૮દૂત તેની આગળ દેખાયો અને કહ્યું: "અભિનંદન! પ્રભુ તારી સાથે છે અને તને આશીર્વાદ આપવા ઈચ્છે છે."

૨૯પરંતુ મરિયમ દૂતની વાત સાંભળ્યા પછી ગભરાઈ ગઈ. તે નવાઈ પામી હતી. "આ અભિનંદનનો અર્થ શો?"

૩૦દૂતે કહ્યું, "ગભરાઈશ નહિ, મરિયમ, દેવ તારા પર અત્યંત પ્રસન્ન થયો છે. ૩૧ધ્યાનથી કાળજીપૂર્વક સાંભળ! તને ગર્ભ રહેશે અને તું દીકરાને જન્મ આપશે. તેનું નામ તું ઈસુ પાડશે. ૩૨તે બાળક એક મોટો માણસ થશે અને લોકો તેને પરાત્પરનો દીકરો કહેશે. દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે. ૩૩ઈસુ હંમેશા યાકૂબના લોકો પર શાસન કરશે. ઈસુના રાજ્યનો અંત કદી આવશે નહિ."

૩૪મરિયમે દૂતને પૂછયું, "તે કેવી રીતે બનશે? હું તો હજી એક કુંવારી કન્યા છું!"

૩૫દૂતે મરિયમને ઉત્તર આપ્યો, "પવિત્ર આત્મા તારી પાસે આવશે અને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે. જે બાળકનો જન્મ થશે તે પવિત્ર થશે. તે દેવનો દીકરો કહેવાશે. ૩૬જો એલિસાબેત જે તારી સબંધી છે તે પણ સગર્ભા છે અને તેની વૃધ્ધાવસ્થામાં તે એક દીકરાને જન્મ આપશે. દરેક વ્યક્તિ તેને વાંઝણી માનતા હતા. પણ તે છ માસથી સગર્ભા છે! ૩૭દેવ માટે કશું જ અશક્ય નથી!"

૩૮મરિયમે કહ્યું, "હું તો ફક્ત પ્રભુની સેવિકા છું. તેથી તેં મારા માટે જે કહ્યું છે તે થવા દે!" પછી તે દૂત તેની પાસેથી ચાલ્યો ગયો.

## મરિયમની ઝખાર્યા અને એલિસાબેત સાથે મુલાકાત

૩૯પછી મરિયમ ઉઠીને ઉતાવળથી ઈઝરાએલના પહાડી પ્રદેશના શહેરમાં પહોંચી ગઈ. ૪૦ઝખાર્યાના ઘરમાં પ્રવેશીને તેણે એલિસાબેતને શુભેચ્છા પાઠવી. ૪૧મરિયમની શુભેચ્છા સાંભળીને એલિસાબેતના પેટમાં બાળક કૂદયું. પછી એલિસાબેત પવિત્ર આત્માથી ભરપૂર થઈ. ૪૨પછી તેણે મોટા અવાજે કહ્યું; "બીજી સ્રીઓની સરખામણીમાં તું દેવથી વધારે આશીર્વાદિત છે. અને જે બાળક તારી કૂખમાંથી જન્મ લેશે તેને પણ ધન્ય છે. ૪૩તું મારા પ્રભુની મા છે, અને તું મારી પાસે આવી છે! આવું સારું મારી સાથે કેવી રીતે બન્યું? ૪૪જયારે મેં તારો અવાજ સાંભળ્યો, મારા પેટમાંનું બાળક આનંદથી કૂદ્યું. ૪૫તને ધન્ય છે કારણ કે પ્રભુએ જે તને કહ્યું છે તે ચોક્કસ થશે જ એવું તું દઢ વિશ્ર્વાસથી માને છે."

## મરિયમ દેવની સ્તુતિ કરે છે

૪૬પછી મરિયમે કહ્યું,

૪૭"મારો આત્મા પ્રભુની (દેવ) સ્તુતિ કરે છે મારું હદય આનંદ કરે છે કારણ કે દેવ મારો તારનાર છે.

૪૮ દેવે તેની સામાન્ય અને દીન સેવિકા પર કૃપાદૃષ્ટિ કરી છે. હવે પછી, બધા લોકો કહેશે કે હું આશીર્વાદીત છું,

૪૯ કારણ કે સર્વશક્તિમાન દેવે મારા માટે મહાન કાર્યો કર્યા છે. તેનું નામ પવિત્ર છે.

૫૦ જે લોકો તેની સ્તુતિ કરે છે તેના ઉપર દેવ હંમેશા તેની દયા દર્શાવે છે.

૫૧ દેવે તેના હાથોનું સામર્થ્ય બતાવ્યું છે તેણે અહંકારીઓને તેઓના મનની યોજનાઓ સાથે વેર વિખેર કરી નાખ્યા છે.

૫૨ દેવે રાજ્યકર્તાઓને રાજ્યશાસન પરથી ઉતારી પાડ્યા છે, અને તેણે દીન માણસોને ઊંચા કર્યા છે.

૫૩ પ્રભુએ ભૂખ્યાં લોકોને સારા વાનાંથી તૃપ્ત કર્યા છે. પણ તેણે જે લોકો ધનવાન અને સ્વાર્થી છે તેઓને ખાલી હાથે પાછા કાઢયા છે.

૫૪ દેવ ઈઝરાએલના બચાવ માટે આવ્યો છે. દેવે તેની સેવા માટે ઈઝરાએલના લોકોને પસંદ કર્યા છે. દેવે તેમને મદદ કરી છે અને એમના પર દયા બતાવી છે.

૫૫ દેવે આપણા પૂર્વજ ઈબ્રાહિમ અને તેનાં સંતાનોને આપેલું વચન હંમેશા પાળ્યું છે."

૫૬લગભગ ત્રણ માસ એલિસાબેત સાથે રહ્યા પછી મરિયમ ઘેર પાછી ફરી.

### યોહાનનો જન્મ

૫૭યોગ્ય સમયે એલિસાબેતે પુત્રને જન્મ આપ્યો.
૫૮તેણીના પડોશીઓ તથા સગાસબંધીઓએ જ્યારે
સાંભળ્યું કે પ્રભુએ તેણી પર ખૂબ દયા દર્શાવી છે ત્યારે
તેઓ તેની સાથે ખૂબ પ્રસન્ન થયા.
૫૯જ્યારે તે બાળક આઠ દિવસનો થયો ત્યારે તેઓ
તેની સુન્નત કરવા આવ્યા. તેના પિતાનું નામ ઝખાર્યા
હોવાથી તેઓની ઈચ્છા તેનું નામ ઝખાર્યા રાખવાની
હતી. ૬૦પણ તેની માતાએ કહ્યું; "ના! તેનું નામ યોહાન
રાખવામાં આવશે."
૬૧લોકોએ એલિસાબેતને કહ્યું; "પણ તમારા કુટુંબમાં
કોઈનું નામ યોહાન નથી." ૬૨પછીથી તેઓએ પિતાને
ઈશારો કરીને પૂછયું; "તને કયું નામ ગમશે?"
૬૩ઝખાર્યાએ લખવા માટે કંઈક માંગ્યુ. પછી તેણે
લખ્યું, "તેનું નામ યોહાન છે." દરેક જણને આશ્ચર્ય
થયું. ૬૪પછી ઝખાર્યા બોલવા લાગ્યો. તે દેવની સ્તુતિ
કરવા લાગ્યો. ૬૫અને તેના બધા પડોશીઓ ગભરાઈ
ગયા. યહૂદિયાના આખા પહાડી પ્રદેશમાં લોકો આ
બાબતો વિષે વાતો કરતા હતા. ૬૬આ બધા લોકો જયારે
તેઓએ આ બાબતો વિષે સાંભળ્યું. ત્યારે અચરત પામ્યા
હતા. તેઓએ વિચાર્યુ; "આ બાળક (યોહાન) કેવો થશે?"
તેઓએ આ પ્રમાણે કહ્યું કારણ કે બાળક સાથે પ્રભુનું
સામર્થ્ય હતું.

### ઝખાર્યાનું દેવને સ્તુતિગાન

૬૭પછી યોહાનનો પિતા, ઝખાર્યા પવિત્ર આત્માથી
ભરપૂર હતો. તેણે લોકોને પ્રબોધ કર્યો.
૬૮ "ઈઝરાએલના દેવ પ્રભુની સ્તુતિ કરો. તે તેમના
લોકો પાસે તેઓનો ઉદ્ધાર કરવા આવ્યો છે.
૬૯ દેવના સેવક દાઉદના કુળમાંથી સમર્થ ઉદ્ધારક
આપણા માટે આપ્યો છે.
૭૦ તેના પવિત્ર પ્રબોધકો દ્વારા લાંબા સમય પહેલા
આપેલું વચન દેવે પાળ્યું છે.
૭૧ દેવ આપણને આપણા દુશ્મનો તથા આપણને
ધિક્કારનાર સર્વની સત્તામાંથી બચાવશે.
૭૨ દેવે કહ્યું છે કે, તે આપણા પૂર્વજો પ્રત્યે દયા
દર્શાવશે. અને આ રીતે તેણે તેનું પવિત્ર વચન
યાદ કર્યુ.
૭૩ દેવે આપણા પિતા ઈબ્રાહિમને વચન આપ્યું છે
કે તે આપણને આપણા
૭૪ દુશ્મનોની સત્તામાંથી બચાવશે. તેથી આપણે
નિર્ભયપણે તેની સેવા કરી શકીએ.
૭૫ જ્યાં સુધી અમે જીવીએ ત્યાં સુધી દેવ સમક્ષ
ન્યાયી અને પવિત્ર થઈશું.
૭૬ અને, ઓ! નાના છોકરા! હવે તું પરાત્પર દેવનો
પ્રબોધક કહેવાશે. તું પ્રભુની આગળ ચાલશે,
તેને માટે માર્ગ તૈયાર કરશે.
૭૭ તું લોકોને કહીશ કે તેઓને પાપોની માફી મળશે.
અને તેઓને બચાવી લેવામાં આવશે.
૭૮ "આપણા દેવની દયા વડે આકાશમાંથી નૂતન
દિવસનું પ્રભાત આપણા પર પ્રગટશે.
૭૯ જે લોકો અંધકાર અને મૃત્યુના ભય નીચે જીવી
રહ્યા છે તે લોકોને દેવ મદદ કરશે. તે આપણા
પગને શાંતિના માર્ગમાં દોરી જશે."

૮૦આમ તે નાનો છોકરો મોટો થતો ગયો અને
આત્મામાં વધારે સામર્થ્યવાન થતો ગયો. ઈઝરાએલના
યહૂદીઓ સમક્ષ જાહેર થવાનો સમય આવતા સુધી તે
બીજા લોકોથી દૂર રહ્યો.

### ઈસુનો જન્મ

૨ આ સમય દરમિયાન કૈસર ઓગસ્તસે હુકમનામું
બહાર પાડ્યું કે જે દેશો રોમન શાસન હેઠળ છે
તે સમગ્ર રાજ્યની વસતી ગણતરી કરવામાં આવે. એ
હુકમનામા અનુસાર બધા જ લોકોએ પોતપોતાના નામ
રજિસ્ટરમાં નોધાવવાનાં હતા. ૨આ વસ્તી ગણતરી પ્રથમ
વાર જ થતી હતી. તે વખતે સિરિયા (પ્રાંત) નો હાકેમ
કુરીનિયસ હતો. ૩તેથી બધા જ લોકો પોતપોતાના
શહેરમાં નામની નોંધણી કરાવવા માટે ગયા.
૪અને યૂસફ પણ ગાલીલના નાસરેથ શહેરમાંથી
યહૂદિયા મધ્યે દાઉદનું શહેર જે બેથલેહેમ કહેવાય છે
તેમાં, ૫પોતાનું તથા પોતાની ગર્ભવતી વેવિશાળી પત્ની
મરિયમનું નામ નોંધાવવા ગયો કેમ કે દાઉદના વંશ
તથા કુળમાંનો તે હતો. ૬તેઓ ત્યાં હતાં એટલામાં તેના
દહાડા પૂરા થયા. ૭ત્યાં મરિયમે તેના પ્રથમ દીકરાને
જન્મ આપવાનો સમય હતો તેણે પ્રથમ દીકરાને જન્મ
આપ્યો. તે વખતે ધર્મશાળામાં કોઈ ઓરડો ખાલી ન
હોવાથી તેણે ગભાણમાં જ બાળકને કપડાંમાં લપેટીને
સુવાડ્યો.

### ઈસુના જન્મની ભરવાડોને જાણ

૮તે વખતે રાત્રે કેટલાક ભરવાડો ખેતરમાં તેમનાં
ઘેટાંઓની રખેવાળી કરતા હતા. ૯પ્રભુનો દૂત
ભરવાડોની સમક્ષ આવીને ઊભો રહ્યો તેમની આજુબાજુ

પ્રકાશ ચમકવા લાગ્યો. તેથી ભરવાડો ગભરાઈ ગયા. ૧૦પ્રભુના દૂતે તેઓને કહ્યું; "ગભરાશો નહિ, કેમ કે હું તમને મોટા આનંદની સુવાર્તા આપવા આવ્યો છું. જેથી આખા દેશના તમામ લોકોમાં આનંદ ઉભરાશે. ૧૧આજે દાઉદના શહેરમાં તમારો તારનાર જન્મ્યો છે તે જ ખ્રિસ્ત પ્રભુ છે. ૧૨તમે તેને ઓળખી શકો તે માટેની આ નિશાની છે. તમે એક બાળકને કપડાંમાં લપેટેલો અને ગભાણમાં સૂતેલો જોશો."

૧૩પછી તો આકાશમાંથી દૂતોનો મોટો સમુહ પેલા પ્રભુના દૂત સાથે જોડાયો. અને બધા જ દૂતો દેવની સ્તુતિ કરવા લાગ્યા.

૧૪ "પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ, અને પૃથ્વી
પર દેવને પ્રસન્ન કરે છે તેવા લોકોને શાંતિ પ્રાપ્ત
થાઓ."

૧૫પ્રભુના દૂતો ભરવાડોને છોડીને આકાશમાં પાછા ચાલ્યા ગયા. ભરવાડો એકબીજા સાથે વાતો કરવા લાગ્યા, "આપણે બેથલેહેમ જઈને અહીં જે કંઈ ઘટના બની છે તથા પ્રભુએ આપણને દર્શાવી છે તે જોવી જોઈએ."

૧૬ભરવાડો તો ઝડપથી ત્યાં પહોંચી ગયા અને મરિયમ તથા યૂસફને પણ શોધી કાઢયા. બાળક પણ ગભાણમાં સૂતેલુ હતું. ૧૭ભરવાડોએ બાળકને જોયું અને પછી પ્રભુના દૂતે બાળક વિષે તેઓને શું કહ્યું હતું તે તેઓએ જણાવ્યું. ૧૮ભરવાડોએ તેઓને જે કહ્યું, તે સાંભળીને દરેક જણ નવાઈ પામ્યા. ૧૯પરંતુ મરિયમે આ બધી વાતો મનમાં રાખી અને વારંવાર તેના વિષે વિચાર કરતી. ૨૦ભરવાડો પણ જે કંઈ જોયું અને સાંભળ્યું હતું, તે બધુ તેઓને દૂતે કહી હતી તે જ થઈ હતી. તે બધા પ્રભુનો મહિમા તથા સ્તુતિ કરતાં કરતાં ઘેર પાછા ફર્યા.

૨૧જયારે બાળક આઠ દિવસનું થયું ત્યારે તેની સુન્નત કરાવવામાં આવી અને તેનું નામ ઈસુ રાખવામાં આવ્યું. પ્રભુના દૂતે માતાના ગર્ભમાં બાળક આવતા પહેલાં જ આ નામ આપ્યું હતું

## મંદિરમાં ઈસુનું અર્પણ

૨૨મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે શુદ્ધિકરણનો સમય આવતા યૂસફ અને મરિયમ બાળકને પ્રભુ સમક્ષ રજૂ કરવા માટે યરૂશાલેમ લઈ ગયા. ૨૩પ્રભુના નિયમશાસ્ત્રમાં જે લખ્યું છે તે પ્રમાણે, "પરિવારમાં જ્યારે પ્રથમ દીકરો જન્મ લે છે તેને પ્રભુને સારું પવિત્ર ગણવો જોઈએ."* ૨૪વળી પ્રભુના નિયમશાસ્ત્ર પ્રમાણે લોકોએ બલિદાન પણ આપવાનું હોય છે. તે મુજબ હોલાંની એક જોડ અથવા કબૂતરનાં બે બચ્ચાનું બલિદાન આપવાનું હોય છે. તેથી યૂસફ અને મરિયમ આ વિધિ કરવા યરૂશાલેમ ગયા.

## શિમયોન ઈસુને જુએ છે

૨૫યરૂશાલેમમાં શિમયોન નામનો માણસ રહેતો હતો. તે ઘણો ઉત્તમ ધાર્મિક નિષ્ઠાવાળો માણસ હતો. તે ઈઝરાએલના લોકોના સુખ માટે પ્રભુના આગમનની વાટ જોતો હતો. પવિત્ર આત્મા તેની સાથે હતો. ૨૬પવિત્ર આત્માએ શિમયોનને કહ્યું હતું કે જ્યાં સુધી તે પ્રભુ ખ્રિસ્તનાં દર્શન નહિ કરે ત્યાં સુધી તેનું મૃત્યુ થશે નહિ. ૨૭પવિત્ર આત્માના માર્ગદર્શનથી તે મંદિરમાં ગયો. યહૂદિઓના નિયમશાસ્ત્રની વિધિ કરવા માટે મરિયમ અને યૂસફ બાળ ઈસુને લઈને મંદિરમાં આવ્યા. ૨૮શિમયોને બાળકને હાથમાં લીધું અને દેવનો આભાર માન્યો.

૨૯ "પ્રભુ, (દેવ) હવે તેં આપેલા વચન પ્રમાણે આ
તારા સેવકને શાંતિથી મૃત્યુનું શરણ લેવા દે.
૩૦ કારણ કે મેં મારી પોતાની આંખો વડે તારા
તારણનાં દર્શન કર્યા છે.
૩૧ તમે બધા જ લોકો માટે તેને (ઈસુને) તૈયાર કર્યો
છે.
૩૨ તે (ઈસુ) જગતના લોકો માટે જ્યોતિ છે જે
બીનયહૂદીઓને તમારો માર્ગ બતાવશે. તે
ઈઝરાએલના (યહૂદીઓ) લોકોનો મહિમા
વધારશે.

૩૩શિમયોને ઈસુ વિષે જે કંઈ કહ્યું તે સાંભળીને તેના માતાપિતા નવાઈ પામ્યા. ૩૪પછી શિમયોને તેઓને આશીર્વાદ આપ્યો. અને ઈસુની મા મરિયમને કહ્યું; "ઈઝરાએલના ઘણા લોકોની ચડતી પડતી આ બાળકને કારણે થશે. તે દેવની તરફથી નિશાનીરૂપ બનશે. જેને કેટલાક લોકો સ્વીકારવા ના પાડશે. ૩૫લોકોના હૃદયમાં રહેલા ગુપ્ત વિચારો જાહેર થશે. જે કંઈ ઘટનાઓ બનશે તેનાથી તારું હૃદય દુ:ખી થશે."

---

**"પરિવારમાં જ્યારે ... પવિત્ર ગણવો જોઈએ"** નિ. ૧૩:૨, ૧૨.

### હાન્ના ઈસુને જુએ છે

૩૬મંદિરમાં હાન્ના નામની એક પ્રબોધિકા રહેતી
હતી. જે આશેરના કુળની ફનુએલની પુત્રી હતી. હાન્ના
ઘણી વૃધ્ધ હતી. લગ્નજીવનના સાત વર્ષ પછી તેના
પતિનું અવસાન થતાં તે એકલી રહેતી હતી. ૩૭હવે તો
તે ૮૪ વર્ષની થઈ હતી અને તે વિધવા હતી. છતાં તેણે
કયારેય મંદિર છોડ્યું ન હતું. તે મંદિરમાં જ રહેતી અને
રાતદિવસ ઉપવાસ અને પ્રાર્થના દ્વારા પ્રભુની સ્તુતિ
કરતી હતી. ૩૮તેણે ત્યાં જ તે ક્ષણે આવીને પ્રભુનો
આભાર માન્યો અને જે લોકો યરૂશાલેમના ઉદ્ધારની
વાટ જોતા હતા તે બધાને આ બાળક વિષે કહ્યું.

### યૂસફ અને મરિયમનું ઘર તરફ પ્રયાણ

૩૯પ્રભુની આજ્ઞાનુસાર બધી જ વિધીઓ પૂર્ણ કરીને
યૂસફ અને મરિયમ ગાલીલના નાસરેથમાં પોતાને ગામ
પાછા ફર્યા. ૪૦દેવની કૃપા તે નાના બાળક (ઈસુ) સાથે
હતી. તેથી તે જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વધારે
પરાક્રમી અને બુદ્ધિશાળી થતો ગયો.

### બાળ ઈસુ

૪૧પ્રતિવર્ષ પાસ્ખાપર્વ વખતે ઈસુના માતાપિતા
યરૂશાલેમ જતાં હતા. ૪૨જ્યારે ઈસુ બાર વર્ષનો થયો
ત્યારે તેઓ પર્વમાં હંમેશા જે પ્રમાણે જતા હતા તે જ
પ્રમાણે ગયા. ૪૩જ્યારે પર્વની ઉજવણી પૂરી થઈ ત્યારે
તેઓ ઘેર પાછા ફર્યા. પરંતુ બાળ ઈસુ તો યરૂશાલેમમાં
જ રહી ગયો. તેના માતાપિતા તેના વિષે કંઈ જ જાણતા
નહોતા. ૪૪તેમણે વિચાર્યુ કે ઈસુ તે સમુહમાં હશે.
એક દિવસની મુસાફરી કર્યા પછી તેની શોધમાં તેઓ
નીકળ્યા. તેઓએ તેમના પરિવારમાં તથા નજીકના
મિત્રમંડળમાં શોધ કરી. તે માટે યૂસફ અને મરિયમ
આખો દિવસ ફર્યા. ૪૫પરંતુ યૂસફ અને મરિયમને કયાંય
ઈસુ જડયો નહિ. તેથી ફરી પાછા તેની શોધમાં યરૂશાલેમ
ગયા. ૪૬ત્રણ દિવસ પછી ઈસુ તેઓને જડયો. ઈસુ
મંદિરમાં ધર્મગુરુઓ સાથે બેસીને પ્રશ્નોની ચર્ચા કરી
રહ્યો હતો. ૪૭જે દરેક વ્યક્તિએ તેને સાંભળ્યો. તે તેના
ચતુરાઈભર્યા ઉત્તરો અને સમજશક્તિ જોઈને આશ્ચર્ય
પામ્યા હતા. ૪૮ઈસુના માતાપિતાએ જ્યારે તેને જોયો
ત્યારે તેઓ પણ નવાઈ પામ્યા. તેની માએ તેને પૂછયું;
"દીકરા, અમારી સાથે આવું તેં કેમ ર્ક્યુ? તારા પિતા અને
હું તારા માટે બહુ ચિંતા કરતા હતા. અને તારી શોધ
પણ કરી રહ્યાં હતા."

૪૯ઈસુએ તેઓને કહ્યું, "તમે મારી શોધ શાં માટે
કરતા હતા? તમને ખબર હોવી જોઈએ કે, હું મારા
પિતાનું (દેવનું) કામ જ્યાં છે ત્યાં જ હોઈશ!" ૫૦પરંતુ
ઈસુએ જે કહ્યું તેનો અર્થ તેઓ સમજી શક્યા નહિ.
૫૧ત્યારબાદ ઈસુ તેઓની સાથે નાસરેથ પાછો ફર્યો
અને હંમેશા માતાપિતા જે કંઈ કહે તે બધાનું પાલન
કરતો. તેની માતા હજુ પણ તે બધી બાબતો અંગે મનમાં
વિચારતી હતી. ૫૨ઈસુએ વધુને વધુ અભ્યાસ કરવાનું
ચાલુ રાખ્યું. તે કદમાં ઊંચો થયો અને લોકો ઈસુને
ચાહતા, અને ઈસુ દેવને પ્રસન્ન કરતો.

### યોહાનનો ઉપદેશ

૩ પોંતિયુસ પિલાત તિબેરિયસ કૈસરના
રાજ્યશાસનના ૧૫માં વર્ષે યહૂદિયાનો અધિપતિ
હતો.
ગાલીલ પર હેરોદ; ત્રાખોનિતિયા અને યટૂરિયા પર
હેરોદનો ભાઈ ફિલિપ, લુસાનિયાસ, અબિલેનીનો રાજા
હતો. ૨અન્નાસ અને કાયાફા પ્રમુખ યાજકો હતા. તે
સમય દરમિયાન ઝખાર્યાના દીકરા યોહાનને દેવે આજ્ઞા
કરી. યોહાન તો અરણ્યમાં રહેતો હતો. ૩તેથી યોહાને
યર્દન નદીની આજુબાજુના પ્રદેશમાં યાત્રા કરીને લોકોને
પસ્તાવો કરવા માટે, પાપોની માફીની ખાતરી મેળવવા
તથા બાપ્તિસ્મા પામીને જીવન ગુજારવાનો ઉપદેશ
આપ્યો. ૪યશાયા પ્રબોધકના પુસ્તકમાં લખેલા વચનો
મુજબ:

" અરણ્યમાં કોઈ વ્યક્તિનો પોકાર સંભળાય છે:
'પ્રભુને માટે માર્ગ તૈયાર કરો. તેનો માર્ગ સીધો
બનાવો.
૫ પ્રત્યેક ખીણો પૂરી દેવાશે. અને બધા જ પર્વતો
અને ટેકરીઓ સપાટ બનાવાશે. રસ્તાના વળાંક
સીધા કરવામાં આવશે. અને ખાડા ટેકરાવાળા
રસ્તાઓ સરખા કરવામાં આવશે.
૬ પ્રત્યેક વ્યક્તિ દેવનું તારણ જોશે!'"

*યશાયા ૪૦:૩-૫*

૭ત્યારે ઘણા લોકો તેનાથી બાપ્તિસ્મા પામવા સારુ
આવ્યા. યોહાને તેઓને કહ્યું: "તમે ઝેરીલા સાપો જેવા
છો, દેવનો કોપ અને જેણે તમને તેમાંથી બચવા માટે
ચેતવણી આપી છે તેમાંથી ઉગારવા માટે તમને કોણે
સાવધાન કર્યા? ૮તમે એવાં કામ કરો કે જે દર્શાવે કે તમે
તમારું હૃદય પરિવર્તન કર્યુ છે. તમારી જાતને તમે કહેવાનું
શરુ ના કરશો. 'ઈબ્રાહિમ અમારો પિતા છે.' કારણ કે હું

તમને કહું છું કે દેવ આ પથ્થરોમાંથી પણ ઈબ્રાહિમ
માટે સંતાન ઉત્પન્ન કરી શકે છે. ૯વૃક્ષો કાપવા માટે
હવે કુહાડી તૈયાર છે. દરેક વૃક્ષ જે સારાં ફળ ન આપતાં
હોય તે બધાને કાપી નાખીને અગ્નિમાં નાખી દેવામાં
આવશે.
૧૦લોકોના ટોળાએ યોહાનને પૂછયું, "અમારે શું કરવું
જોઈએ?"
૧૧યોહાને ઉત્તર આપ્યો: "જો તમારી પાસે બે અંગરખા
હોય તો જેની પાસે એક પણ નથી તેને આપો. અને
જેની પાસે ખોરાક હોય તો તે પણ વહેંચવો જોઈએ."
૧૨જકાતનાકાના કર ઉઘરાવનારા અમલદારો પણ
બાપ્તિસ્મા પામવા તેની પાસે આવ્યા. તેઓએ યોહાનને
પૂછયું: "ઉપદેશક, અમારે શું કરવું?"
૧૩યોહાને તેમને કહ્યું: "તમને જેટલી જકાત લેવાનો
હુકમ કર્યો હોય તેનાથી વધારે જકાત લોકો પાસેથી
ઉઘરાવો નહિ."
૧૪સૈનિકોએ યોહાનને પૂછયું: "અમારું શું? અમારે
શું કરવું જોઈએ?"
યોહાને તેઓને કહ્યું: "બળજબરીથી કોઈની પાસેથી
પૈસા લેશો નહિ. કોઈને માટે જુઠું બોલશો નહિ. તમને
જે કંઈ પગારમાં મળે છે તેમાં સંતોષ રાખો".
૧૫બધા જ લોકો ખ્રિસ્તના આગમનની પ્રતિક્ષા કરી
રહ્યાં હતા અને યોહાન અંગે નવાઈ પામી વિચારતા
હતા કે, "કદાચ યોહાન એ તો ખ્રિસ્ત નહિ હોય."
૧૬યોહાને બધા લોકોને ઉત્તર આપ્યો, "મેં તો તમારું
ફક્ત પાણીથી બાપ્તિસ્મા કર્યુ પણ હું જે કરું છું, તેનાથી
વધારે શક્તિશાળી વ્યક્તિનું આગમન થઈ રહ્યું છે. હું
તો તેના પગના જોડાની દોરી ખોલવા માટે પણ યોગ્ય
નથી. તે પવિત્ર આત્માથી અને અગ્નિથી તમારું બાપ્તિસ્મા
કરશે. ૧૭તેનું સૂંપડુ તેના હાથમાં છે. તે ખળીમાંથી
દાણા જુદા પાડવા તૈયાર છે. તે દાણા ભેગા કરશે અને
તેની વખારમાં મૂકશે. અને તે ભૂસાંને આગમાં બાળશે,
જે કદી હોલવાશે નહિ. ૧૮યોહાને લોકોને સુવાર્તા
આપવાનું ચાલુ રાખ્યું અને લોકોને મદદરૂપ થવા બીજી
ઘણી બાબતો કહી.

### યોહાનની કાર્યસમાપ્તિ

૧૯(યોહાને રાજા હેરોદની તેના ભાઈની પત્ની સાથેના
તેના સંબંધ માટે ટીકા કરી. તથા તેના બીજા ખરાબ
કાર્યો માટે યોહાને તેની ટીકા કરી. ૨૦તેથી હેરોદે યોહાનને
કેદ કરવાનું બીજું એક ખરાબ કામ કર્યુ. આમ હેરોદના
દુષ્કર્મોમાં એકનો વધારો થયો.)

### યોહાન દ્વારા ઈસુને બાપ્તિસ્મા

૨૧યોહાનને જેલમાં કેદ કરવામાં આવ્યો તે પહેલા,
બધા જ લોકો તેના દ્વારા બાપ્તિસ્મા પામ્યા હતા. પછી
ઈસુ પણ બાપ્તિસ્મા પામ્યો. જ્યારે ઈસુ પ્રાર્થના કરતો
હતો ત્યારે, આકાશ ઊઘડ્યું. ૨૨પવિત્ર આત્મા કબૂતર
રૂપે તેના પર ઊતર્યો. ત્યાર બાદ આકાશમાંથી
આકાશવાણી થઈ, "તું મારો વહાલો દીકરો છે અને હું
તને ચાહું છું. હું તારા પર ખૂબ પ્રસન્ન થયો છું."

### યૂસફની વંશાવળી

૨૩ઈસુએ જ્યારે સેવાની શરૂઆત કરી ત્યારે તેની
ઉંમર લગભગ ૩૦ વર્ષની હતી. લોકોના ધાર્યા પ્રમાણે
ઈસુ યૂસફનો દીકરો હતો. એલીનો દીકરો યૂસફ હતો.

૨૪ એલી મથ્થાતનો દીકરો હતો.
મથ્થાત લેવીનો દીકરો હતો.
મલ્ખીનો દીકરો લેવી હતો.
યન્નાયનો દીકરો મલ્ખી હતો.
યૂસફનો દીકરો યન્નાય હતો.
૨૫ મત્તિથ્યાનો દીકરો યૂસફ હતો.
આમોસનો દીકરો મત્તિથ્યા હતો.
નહૂમનો દીકરો આમોસ હતો.
હેસ્લીનો દીકરો નહૂમ હતો.
નગ્ગયનો દીકરો હેસ્લી હતો.
૨૬ માહથનો દીકરો નગ્ગય હતો.
મત્તિથ્યાનો દીકરો માહથ હતો.
શિમઈનો દીકરો મત્તિથ્યા હતો.
યોસેખનો દીકરો શિમઈ હતો.
યોદાનો દીકરો યોસેખ હતો.
૨૭ યોહાનાનનો દીકરો યોદા હતો.
રેસાનો દીકરો યોદા હતો.
ઝરુબ્બાબેલનો દીકરો રેસા હતો.
શઆલ્તીએલનો દીકરો ઝરુબ્બાબેલ હતો.
નેરીનો દીકરો શઆલ્તીએલ હતો.
૨૮ મલ્ખીનો દીકરો નેરી હતો.
અદીનો દીકરો મલ્ખી હતો.
કોસામનો દીકરો અદી હતો.
અલ્માદામનો દીકરો કોસામ હતો.
એરનો દીકરો અલ્માદામ હતો.
૨૯ યેશુનો દીકરો એર હતો.
એલીએઝેરનો દીકરો યેશુ હતો.

યોરીમનો દીકરો એલીએઝેર હતો.
મથ્થાતનો દીકરો યોરીમ હતો.
લેવીનો દીકરો મથ્થાત હતો.
૩૦ સીમેઓનનો દીકરો લેવી હતો.
યહૂદાનો દીકરો સીમેઓન હતો.
યૂસફનો દીકરો યહૂદા હતો.
યોનામનો દીકરો યૂસફ હતો.
એલ્યાકીમનો દીકરો યોનામ હતો.
૩૧ મલેયાનો દીકરો એલ્યાકીમ હતો.
મિન્નાનો દીકરો મલેયા હતો.
મત્તાથાનો દીકરો મિન્ના હતો.
નાથાનનો દીકરો મત્તાથા હતો.
દાઉદનો દીકરો નાથાન હતો.
૩૨ યશાઈનો દીકરો દાઉદ હતો.
ઓબેદનો દીકરો યશાઈ હતો.
બોઆઝનો દીકરો ઓબેદ હતો.
સલ્મોનનો દીકરો બોઆઝ હતો.
નાહશોનનો દીકરો સલ્મોન હતો.

૩૩ અમિનાદાબનો દીકરો નાહશોન હતો.
અર્નીનો દીકરો અમિનાદાબ હતો.
હેસ્રોનનો દીકરો અર્ની હતો.
પેરેસનો દીકરો હેસ્રોન હતો.
યહૂદાનો દીકરો પેરેસ હતો.
૩૪ યાકૂબનો દીકરો યહૂદા હતો.
ઈસહાકનો દીકરો યાકૂબ હતો.
ઈબ્રાહિમનો દીકરો ઈસહાક હતો.
તેરાહનો દીકરો ઈબ્રાહિમ હતો.
નાહોરનો દીકરો તેરાહ હતો.
૩૫ સરૂગનો દીકરો નાહોર હતો.
રયૂનો દીકરો સરૂગ હતો.
પેલેગનો દીકરો રયૂ હતો.
એબરનો દીકરો પેલેગ હતો.
શેલાનો દીકરો એબર હતો.
૩૬ કાઈનાનનો દીકરો શેલા હતો.
અર્પક્ષદનો દીકરો કાઈનાન હતો.
શેમનો દીકરો અર્પક્ષદ હતો.
નૂહનો દીકરો શેમ હતો.
લામેખનો દીકરો નૂહ હતો.
૩૭ મથૂશેલાનો દીકરો લામેખ હતો.
હનોખનો દીકરો મથૂશેલા હતો.
યારેદનો દીકરો હનોખ હતો.
મહાલલેલનો દીકરો યારેદ હતો.
કાઈનાનનો દીકરો મહાલલેલ હતો.
૩૮ અનોશનો દીકરો કાઈનાન હતો.
શેથનો દીકરો અનોશ હતો.
આદમનો દીકરો શેથ હતો.
આદમ, જે દેવનો દીકરો હતો.

### ઈસુનું શેતાન દ્વારા પરીક્ષણ

૪ પવિત્ર આત્માથી ભરપૂર થઈને ઈસુ યર્દન નદીથી
પાછો ફર્યો. પવિત્ર આત્મા તેને અરણ્યમાં દોરી
ગયો. ૨ત્યાં શેતાને ૪૦ દિવસ સુધી તેનું પરીક્ષણ કર્યુ.
તે સમય દરમિયાન ઈસુએ કંઈ પણ ખાધું નહિ. દિવસો
પૂરા થયા પછી ઈસુને ખૂબ ભૂખ લાગી.
૩શેતાને ઈસુને કહ્યું, "જો તું દેવનો દીકરો હોય તો
આ પથ્થરને રોટલી બની જવા કહે."
૪ઈસુએ કહ્યું, "ધર્મશાસ્રમાં લખ્યું છે કે:

'માણસને જીવવા માટે ફક્ત રોટલીની જરૂર
નથી.'"

*પુનર્નિયમ ૮:૩*

૫પછી ઈસુને શેતાન એક ઊંચી જગ્યા પર લઈ
ગયો અને એક જ પળમાં તેને જગતનાં બધા જ રાજ્યોનું
દર્શન કરાવ્યું. ૬શેતાને ઈસુને કહ્યું; "હું તને આ બધા
રાજ્યોનો અધિકાર અને મહિમા આપીશ. આ સર્વસ્વ
મારું છે. તેથી હું જેને આપવા ઈચ્છું તેને આપી શકું છું.
૭જો તું ફક્ત મારું જ ભજન કરીશ તો એ સર્વસ્વ તારું
થઈ જશે."
૮ઈસુએ ઉત્તર આપ્યો, "શાસ્રોમાં લખ્યું છે તે પ્રમાણે:

'તારે તારા દેવ પ્રભુનું ભજન કરવું જોઈએ. તારે
એકલા તેની જ સેવા કરવી!'"

*પુનર્નિયમ ૬:૧૩*

૯પછી શેતાન ઈસુને યરૂશાલેમ લઈ ગયો. અને
મંદિરની ઊંચી ટોચ પર લઈ ગયો અને તેણે ઈસુને
કહ્યું, "જો તું દેવનો દીકરો હોય, તો અહીંથી હેઠળ પડ!
૧૦શાસ્રોમાં લખ્યા મુજબ:

'દેવ તારું રક્ષણ કરવા માટે એના દૂતોને આજ્ઞા
કરશે.'

*ગીતશાસ્ર ૯૧:૧૧*

૧૧અને એમ પણ લખ્યું છે કે:

'તેઓ તને પોતાના હાથોમાં એવી રીતે ઊંચકી
લેશે કે જેથી તારો પગ ખડક પર અથડાશે નહિ.'"

*ગીતશાસ્ત્ર ૯૧:૧૨*

૧૨ઈસુએ ઉત્તર આપ્યો: "એ ઉપરાંત શાસ્ત્રમાં એવું
પણ કહેલું છે કે:

'તારે પ્રભુ તારા દેવનું પરીક્ષણ કરવું જોઈએ
નહિ.'"

*પુનર્નિયમ ૬:૧૬*

૧૩શેતાને અનેક પ્રલોભનોથી દરેક રીતે ઈસુનું પરીક્ષણ
કર્યા પછી યોગ્ય સમય આવે ત્યાં સુધી ઈસુને એકલો
મૂકીને ત્યાંથી વિદાય લીધી.

### ઈસુનો લોકોને ઉપદેશ

૧૪પછી પવિત્ર આત્માના પરાક્રમે ઈસુ ગાલીલ પાછો
ફર્યો. ગાલીલની આજુબાજુના પ્રદેશમાં ઈસુની વાતો
પ્રસરતી ગઈ. ૧૫તેણે સભાસ્થાનોમાં ઉપદેશ આપવાનો
આરંભ કર્યો. બધા જ લોકો ઈસુની પ્રશંસા કરવા લાગ્યા.
૧૬ઈસુ ઉછરીને જ્યાં મોટો થયો હતો તે નાસરેથ
શહેરમાં આવ્યો. પોતાની રીત પ્રમાણે તે વિશ્રામવારે
સભાસ્થાનમાં ગયો અને વાંચવા ઊભો થયો. ૧૭તેને
યશાયા પ્રબોધકનું પુસ્તક વાંચવા માટે આપવામાં આવ્યું.
તેણે પુસ્તક ઉઘાડયું અને આ ભાગ તેને મળ્યો જ્યાં
આ લખ્યું હતું:

૧૮ "પ્રભુનો (દેવ) આત્મા મારામાં સમાયેલો છે.
પ્રભુએ જે લોકો પાસે કશું નથી એવા લોકોને
સુવાર્તા આપવા, કેદીઓને તેમની મુક્તિ જાહેર
કરવા, આંધળાઓને દષ્ટિ આપવા જેથી તેઓ
ફરીથી જોઈ શકે તથા કચડાયેલા લોકોને મુક્ત
કરવા મારો અભિષેક કર્યો છે.

૧૯ તથા તેની દયા બતાવવાનો પ્રભુનો સમય જાહેર
કરવા મને મોકલ્યો છે."

*યશાયા ૬૧:૧–૨*

૨૦ત્યારબાદ પુસ્તક બંધ કરી, સેવકને પાછુ સોંપીને
ઈસુ બેસી ગયો. સભાસ્થાનમાં બધાની નજર ઈસુ તરફ
ઠરી રહી હતી. ૨૧ઈસુએ તેમની સમક્ષ બોલવાનો આરંભ
કર્યો, તેણે કહ્યું; "તમારા સાંભળવામાં આવ્યું છે, તે
પ્રમાણે આ ધર્મલેખ આજે સત્ય થયો છે!"

૨૨આ સાંભળીને બધા જ લોકો ઈસુની પ્રશંસા કરવા
લાગ્યા, ઈસુની કૃપાથી ભરપૂર એવા શબ્દો સાંભળીને
તેઓ અજાયબી પામ્યા. તે લોકોએ પૂછયું, "તે આવું
કેવી રીતે બોલી શકે? એ તો માત્ર યૂસફનો દીકરો છે,
કેમ ખરુંને?"
૨૩ઈસુએ તેઓને કહ્યું; "હું જાણું છું કે તમે મને આ
જુની વાત જરૂરથી કહેશો: 'વૈદ તું પોતે તારી સારવાર
કર.' તમે કહેશો કે, 'અમે સાંભળ્યું છે કે જે ચમત્કારો
કફર–નહૂમમાં કર્યા છે તે તારા પોતાના વતનમાં શા
માટે બતાવતો નથી!'" ૨૪પછી ઈસુએ કહ્યું; "હું તમને
સત્ય જ કહું છું કોઈ પણ પ્રબોધક પોતાના જ શહેરમાં
સ્વીકારાતો નથી. ૨૫હું જે કહું છું તે સાચું છે. એલિયાના
સાડા ત્રણ વર્ષના સમયમાં ઈઝરાએલમાં બિલકુલ
વરસાદ પડ્યો ન હતો. સમગ્ર દેશમાં દુકાળ હતો. ખાવાને
અનાજ ક્યાંય મળતું ન હતું. ઈઝરાએલમાં તે સમયે
ઘણી વિધવાઓને સહાયની આવશ્યકતા હતી. ૨૬પરંતુ
એલિયાને એ બધામાંથી કોઈની પણ પાસે મોકલવામાં
આવ્યો નહોતો. પરંતુ સિદોનના સારફતની એક વિદેશી
વિધવાને સહાય કરવા માટે તેને મોકલવામાં આવ્યો
હતો. ૨૭અને પ્રબોધક એલિયાના સમયમાં
ઈઝરાએલમાં ઘણા કોઢના રોગીઓ હતા છતાં તેણે ફક્ત
આરામી નામાનની સારવાર કરીને તેને સાજો કર્યો હતો."
૨૮આ વાત સાંભળીને સભાસ્થાનમાંના શ્રોતાજનો
ગુસ્સે થઈ ગયા. ૨૯તે બધા ઊભા થઈ ગયા અને ઈસુને
ગામની બહાર હાંકી કાઢયો. તેઓનું શહેર પહાડ ઉપર
બાંધ્યું હતું, તેની ટોચ પર તેને લઈ ગયા, જેથી તેને
ધક્કો મારીને નીચે ખીણમાં હડસેલીને ગબડાવી શકાય.
૩૦છતાં ઈસુ તો ટોળાની વચમાં થઈને નીકળ્યો અને
ચાલ્યો ગયો.

### ભુત વળગેલા માણસને ઈસુ સાજો કરે છે

૩૧ત્યારબાદ ઈસુ ગાલીલના એક કફર–નહૂમ
શહેરમાં ગયો. અને વિશ્રામવારે લોકોને ઉપદેશ આપ્યો.
૩૨તેઓ ઈસુના ઉપદેશથી આશ્ચર્યચકિત થઈ ગયા કેમ
કે તેનું બોલવું અધિકારયુક્ત હતું. ૩૩ત્યાં સભાસ્થાનમાં
એક માણસ હતો. તેને અશુધ્ધ આત્મા વળગેલો હતો.
તેણે મોટા અવાજે બૂમો પાડી. ૩૪"ઓ ઈસુ નાઝારી!
તારે અમારી પાસેથી શું જોઈએ છે? શું તું અમારો સર્વનાશ
કરવા અહીં આવ્યો છે? હું જાણું છું તું કોણ છે? તું
દેવનો પવિત્ર છે." ૩૫પરંતુ ઈસુએ તેને ચેતવણી આપી
અને કહ્યું; "છાનો રહે! આ માણસમાંથી બહાર નીકળ."
પરંતુ અશુદ્ધ આત્માએ તે માણસને લોકોની હાજરીમાં

જ તેને નીચે ફેંકી દીધો. તેને કોઈ પણ જાતની ઈજા કર્યા વિના તે તેનામાંથી બહાર નીકળી ગયો.

૩૬આશ્ચર્યચકિત પામેલા લોકો એકબીજાને કહેવા લાગ્યા: "આનો અર્થ શું? આ માણસના શબ્દોમાં આ તે કેવો અધિકાર! અને તાકાત છે? કે અશુદ્ધ આત્માઓ પણ તેને આધીન થઈને બહાર નીકળી જાય છે." ૩૭બધા જ આજુબાજુના પ્રદેશમાં ઈસુ વિષેના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા.

### પિતરની સાસુને ઈસુ સાજી કરે છે

૩૮પછી તે દિવસે ઈસુ સભાસ્થાનમાંથી સીધો સિમોનના ઘરે ગયો. ત્યાં સિમોનની સાસુ બિમાર હતી. તેને સખત તાવ હતો. તેથી તેઓએ તેને મદદરૂપ થવા ઈસુને વિનંતી કરી. ૩૯ઈસુ તેની તદ્દન નજીક ઊભો રહ્યો, તાવને ધમકાવ્યો અને તેને છોડી જવા આજ્ઞા કરી. તેનો તાવ ઊતરી ગયો. પછી તે તરત જ ઊઠી અને ઊભી થઈને તેની સેવા કરવા લાગી.

### ઈસુ ઘણા લોકોને સાજા કરે છે

૪૦સંધ્યાકાળે ઘણા લોકો તેઓના માંદા મિત્રોને લઈને ઈસુ પાસે આવ્યા. તે બધા વિવિધ પ્રકારના રોગીઓ હતા. ઈસુએ દરેક માંદા માણસના માથે હાથ મૂક્યો અને તે સર્વને સાજા કર્યા. ૪૧ઈસુની આજ્ઞાથી ઘણા લોકોમાંથી ભૂતો નીકળ્યાં. તેઓ ઘાંટો પાડીને કહેતાં હતા કે, "તું દેવનો દીકરો છે." પરંતુ ઈસુએ તે બધાને ખૂબ ધમકાવ્યા અને તેમને બોલવા દીધા નહિ. તેઓને ખબર હતી કે ઈસુ એ ખ્રિસ્ત છે.

### અન્ય શહેરોમાં ઈસુનું પ્રયાણ

૪૨બીજે દિવસે વહેલી સવારે ઈસુ અરણ્યમાં એકાંત માટે ચાલ્યો ગયો. લોકો તેને શોધતાં શોધતાં ત્યાં પણ આવી પહોંચ્યા. અને તેઓએ તેને છોડીને નહિ જવા ઘણું દબાણ કર્યુ. ૪૩પરંતુ ઈસુએ તેઓને કહ્યું, "દેવના રાજયની સુવાર્તા મારે અન્ય શહેરોમાં પણ પહોંચાડવી જોઈએ. અને તે માટે જ મને મોકલવામા આવ્યો છે."

૪૪આમ ઈસુ યહૂદિયાના સભાસ્થાનોમાં ઉપદેશ પ્રગટ કરતો ફર્યો.

### પિતર, યાકૂબ, યોહાન ઈસુને અનુસરે છે

૫ ગન્નેસરેત ગાલીલ સરોવરને કાંઠે ઈસુ ઊભો હતો. તે દેવના વચનનો ઉપદેશ કરતો હતો. તેઓ તેનો ઉપદેશ સાંભળતા હતા. ૨ત્યારે તેણે સરોવરને કિનારે બે હોડી લાંગરેલી જોઈ. માછીમારો તેઓની જાળ પાણીમાં ધોઈ રહ્યાં હતા. ૩તેમાની એક હોડી સિમોનની હતી. ઈસુ તે હોડીમાં બેસવા ચઢી ગયો. ઈસુએ તેને કાંઠાથી થોડે દૂર હોડી હંકારવાનું કહ્યું. તેણે તેમાં બેસીને લોકોને ઉપદેશ આપ્યો.

૪ઈસુએ ઉપદેશ આપી રહ્યાં પછી સિમોનને કહ્યું, "હોડીને દૂર ઊંડા પાણીમાં લઈ જાઓ. અને માછલાં પકડવા જાળો નાખો. તમને કેટલાંક માછલાંઓ મળશે."

૫સિમોને ઉત્તર આપ્યો; "સ્વામી, અમે આખી રાત ખૂબ મહેનત કરી છે, પરંતુ અમને કશું જ પ્રાપ્ત થયું નથી. પરંતુ તું કહે છે તે કારણથી હું જાળો નાખીશ." ૬માછીમારોએ પાણીમાં જાળો નાખી અને જાળોમાં એટલી બધી માછલીઓ ભરાઈ કે તેના ભારથી જાળો તૂટવા માંડી. ૭તેથી તેઓએ બીજી હોડીમાં બેઠેલા એમના મિત્રોને ઈશારો કર્યો. તેઓ આવ્યા અને બંને હોડીઓમાં એટલી બધી માછલીઓ ભરી કે હોડીઓ ડૂબવા માંડી.

૮-૯જ્યારે સિમોન પિતરે આ જોયું ત્યારે તે ઈસુના ચરણોમાં માથું નમાવીને બોલ્યો; "પ્રભુ! હું તો એક પાપી માણસ છું. તું મારાથી દૂર રહે." તેણે આ એટલા માટે કહ્યું કારણ કે આટલી બધી માછલીઓ પકડાઈ તેથી તે અને તેના સાથીદારો ભારે આશ્ચર્ય પામ્યા. ૧૦ઝબદીનો દીકરો યાકૂબ અને યોહાન તથા પિતરના ભાગીદારો જે સિમોનના મિત્રો હતા તેઓને પણ આ જોઈને ભારે આશ્ચર્ય થયું હતું.

તેથી ઈસુએ સિમોનને કહ્યું; "ગભરાઈશ નહિ, હવે પછી તું માછલીઓ નહિ, પરંતુ માણસોને ભેગા કરીશ!" ૧૧પછી તે લોકો તેઓની હોડીઓ કિનારે લાવ્યા અને સર્વસ્વનો ત્યાગ કરીને ઈસુને અનુસર્યા.

### ઈસુ માદાં માણસને સાજો કરે છે

૧૨પછી એક વખત ઈસુ એક શહેરમાં હતો, ત્યારે આખા શરીરે રક્તપિત્તના રોગથી પીડાતો એક માણસ ત્યાં હતો. ઈસુને જોઈને તે માણસે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને કહ્યું; "પ્રભુ! મને સાજો કર, તું ચાહે તો મને સાજો કરી શકવા સમર્થ છે."

૧૩ઈસુએ કહ્યું; "હું તને સાજો કરવા ઈચ્છું છું, તું સાજો થઈ જા!" ઈસુનો સ્પર્શ થતાં જ દર્દીનો રક્તપિત્તનો રોગ મટી ગયો. તે રોગ મુક્ત થઈ ગયો. ૧૪ઈસુએ આ વાત કોઈને પણ ન કહેવાની આજ્ઞા કરીને કહ્યું; "તું યાજક પાસે જા અને તારી જાત તેને બતાવ અને મૂસાના

આદેશ પ્રમાણે દેવને ભેટ અર્પણ કર. જેથી લોકોને
ખબર પડશે કે તું સારો થઈ ગયો છે."
૧૫પરંતુ ઈસુના આ સમાચાર તો વધુ ને વધુ પ્રસરવા
લાગ્યા. ઘણા લોકોના ટોળેટોળા ઈસુને સાંભળવા તથા
પોતાના રોગમાંથી મુક્ત થવા આવવા લાગ્યા. ૧૬તેથી
ઈસુ વારંવાર એકાંત સ્થળોએ જતો જેથી એકાંતે પ્રાર્થના
કરી શકતો.

## પક્ષઘાતી માણસને ઈસુ સાજો કરે છે

૧૭એક વખત ઈસુ ઉપદેશ આપતો હતો, ત્યારે કેટલાક
ફરોશીઓ અને નિયમોપદેશકો ત્યાં આવીને બેઠા. તે
બધા ગાલીલ, યહૂદિયા અને યરૂશાલેમના હતા. ઈસુ
પાસે રોગીઓને સાજા કરવા પ્રભુ (દેવ) નું પરાક્રમ
હતુ. ૧૮કેટલાએક માણસો એક પક્ષઘાતી માણસને
ખાટલામાં ઊંચકીને લાવ્યાં હતા. તે માણસોએ ઈસુની
આગળ તેને લાવવા અને નીચે મૂકવા પ્રયત્ન કર્યો.
૧૯પણ ત્યાં લોકોની ભીડ એટલી બધી હતી કે તેઓ
તેની પાસે જવાનો માર્ગ કરી શક્યા નહિ. આખરે તેઓ
છાપરા પર ચઢી ગયા અને છત પરનું છાપરું ખસેડીને
પથારી સાથે જ પક્ષઘાતીને ઈસુની આગળ વચ્ચે ઉતાર્યો.
૨૦તેઓનો વિશ્વાસ જોઈને ઈસુએ પક્ષઘાતી રોગીને
કહ્યું; "મિત્ર, તારા પાપો માફ કરવામાં આવ્યા છે."
૨૧ફરોશીઓ અને શાસ્ત્રીઓ પણ અંદરો અંદર વિચાર
કરવા લાગ્યા અને કહેવા લાગ્યા, "આ માણસ (ઈસુ)
કોણ છે? આ તો દેવનું અપમાન કહેવાય! પાપમાંથી
માફી આપવાનું કામ દેવના સિવાય બીજું કોણ કરી
શકે?"
૨૨પરંતુ ઈસુને ખબર પડી ગઈ કે તેઓ શું વિચારતા
હતા, તેણે કહ્યું, "તમારા મનમાં આવા વિચારો કેમ
આવે છે?" ૨૩-૨૪તારા પાપો માફ થયા છે એમ કહેવું
અથવા ચાલ ઊભો થા અને તારી પથારી લઈને ચાલતો
થા. એ બેમાં કયું સરળ છે, તેનો વિચાર કરો. પરંતુ
તમને ખાતરી થાય તે માટે હું સાબિત કરી બતાવીશ કે
પૃથ્વી પર માણસના દીકરાને પાપમાંથી માફી આપવાનો
અધિકાર છે. તેથી ઈસુએ પક્ષઘાતી માણસને કહ્યું; "હું
તને આજ્ઞા કરું છું ઊઠ! અને તારી પથારી ઊંચકીને ઘેર
ચાલ્યો જા!"
૨૫પછી તરત જ તે માણસ બધા લોકોની હાજરીમાં
ઊભો થયો. તે જે પથારીમાં સૂતો હતો તે ઉપાડીને
દેવની સ્તુતિ કરતો કરતો પોતાને ઘેર ચાલ્યો ગયો.
૨૬બધા જ લોકો અચરત પામી ગયા. તેઓ સ્તુતિ કરવા
લાગ્યા. લોકો વિશ્વાસથી નવાઈ પામી દેવના સામર્થ્ય
માટે તેઓ ખૂબ માનથી બોલ્યા, "આજે આપણે અજાયબ
જેવી વાતો જોઈ છે!"

## લેવી ઈસુને અનુસરે છે

૨૭આ પ્રસંગ પછી ઈસુ બહાર જતો હતો ત્યારે તેણે
લેવી નામના જકાતદારને જકાતનાકામાં બેઠેલો જોયો.
તેથી ઈસુએ તેને કહ્યું; "આવ અને મને અનુસર!"
૨૮આ સાંભળીને તરત જ લેવી સર્વસ્વ છોડીને ઈસુને
અનુસરવા લાગ્યો.
૨૯અને પછી લેવીએ પોતાના ઘરે ઈસુના માનમાં
ભોજનસમારંભનુંઆયોજનકર્યુ.ત્યાં ભોજનસમારંભમાં
ઘણા જકાતદારો અને બીજા કેટલાએક લોકો પણ હાજર
હતા. ૩૦તે વખતે ફરોશીઓ અને શાસ્ત્રીઓએ તેના
શિષ્યોને ફરીયાદ કરી; "તમે શા માટે જકાતદારો અને
પાપીઓની સાથે ભોજન કરો છો અને પીઓ છો?"
૩૧ઈસુએ તેઓને પ્રત્યુત્તર આપ્યો, "તંદુરસ્ત
માણસોને વૈદની જરૂર પડતી નથી. ફક્ત રોગીઓને જ
વૈદની જરૂર પડે છે. ૩૨હું પ્રામાણિક માણસોને નહિ
પરંતુ પાપીઓને તેઓના જીવન અને હૃદય પરિવર્તન
(પસ્તાવો) કરવા બોલાવવા આવ્યો છું!"

## ઉપવાસ વિષેના પ્રશ્નનો ઈસુ ઉત્તર આપે છે

૩૩તેઓએ ઈસુને કહ્યું; "યોહાન બાપ્તિસ્તના શિષ્યો
વારંવાર ઉપવાસ અને પ્રાર્થના કરે છે, ફરોશીઓના શિષ્યો
પણ એમ જ કરે છે. પરંતુ તારા શિષ્યો તો હંમેશા ખાય
છે અને પીએ છે."
૩૪ઈસુએ તેઓને કહ્યું; "જો વરરાજા તેઓની સાથે
હોય તો શું વરરાજાની જાનમાં આવેલા જાનૈયાઓ
ઉપવાસી રહે તેવું શક્ય છે? ૩૫પરંતુ એવો સમય આવશે.
જ્યારે વરરાજાને તેઓની પાસેથી લઈ લેવામાં આવશે
અને તેના મિત્રોને ઉપવાસ કરવો પડશે."
૩૬ઈસુએ લોકોને આ દષ્ટાંત પણ કહ્યું: "કોઈ પણ
વ્યક્તિ પોતાના નવા કોટમાંથી કાપડનો ટૂકડો કાઢીને
જૂના કોટને થીંગડુ મારતો નથી. કારણ કે તે જાણે છે કે
આમ કરવાથી નવા કોટને નુકશાન થશે અને નવા
કોટનું થીંગડુ જૂના કોટના કાપડને મળતું નહિ આવે.
૩૭કોઈ પણ માણસ નવો દ્રાક્ષારસ જૂના દ્રાક્ષારસની
મશકોમાં ભરતો નથી. કારણ કે નવો દ્રાક્ષારસ જૂની
મશકને ફાડી નાખશે અને તેથી દ્રાક્ષારસ ઢોળાઈ જશે.
દ્રાક્ષારસની મશકોનો નાશ થશે. ૩૮લોકો હંમેશા નવો

દ્રાક્ષારસ નવી મશકોમાં જ ભરે છે. ૩૯જે કોઈ જૂના દ્રાક્ષારસનું પાન કરે છે તેઓ કદાપિ નવો દ્રાક્ષારસ માગતા નથી. તે કહે છે, "જૂનો દ્રાક્ષારસ જ સારો છે."

### ઈસુ વિશ્રામવારનો પ્રભુ છે

૬ એક વખત વિશ્રામવારના દિવસે ઈસુ અનાજના ખેતરોમાંથી પસાર થતો હતો. ત્યારે તેના શિષ્યો અનાજના કણસલાં તોડીને હાથમાં મસળીને ખાતા હતાં. ૨કેટલાએક ફરોશીઓએ પૂછયું; "વિશ્રામવારના દિવસે મૂસાના નિયમાનુસાર જે કાર્ય કરવું મંજૂર કરેલ નથી તે શા માટે કરો છો?"

૩ઈસુએ પ્રત્યુત્તર આપ્યો; "દાઉદે શું ર્ક્યું જ્યારે તે અને તેની સાથેનાં માણસો ભૂખ્યા હતા. તે શું તમે વાંચ્યું નથી? ૪દાઉદ દેવના મંદિરમાં ગયો અને દેવને અર્પિત થયેલી રોટલી મૂસાના નિયમ પ્રમાણે યાજકો સિવાય બીજો કોઈ ખાઈ શકે નહિ તે રોટલી તેણે ખાધી હતી અને તેમાંથી રોટલીનો થોડો થોડો ટુકડો તેની સાથેના લોકોને આપ્યો હતો." ૫પછી ઈસુએ ફરોશીઓને કહ્યું કે; "માણસનો દીકરો વિશ્રામવારનો પણ પ્રભુ છે."

### વિશ્રામવારના દિવસે ઈસુ માંદા માણસને સાજો કરે છે

૬બીજા એક વિશ્રામવારે ઈસુ જ્યારે સભાસ્થાનમાં બોધ આપતો હતો ત્યારે જેનો જમણો હાથ સુકાઈ ગયો હતો તેવો માણસ ત્યાં હતો. ૭વિશ્રામવાર હોવાથી ઈસુ તેને સાજો કરે છે કે નહિ, તે જોવા માટે શાસ્રીઓ અને ફરોશીઓ આતુર હતા. તેઓ ધ્યાનથી જોઈ રહ્યાં હતા જેથી તેઓને ઈસુને દોષિત ઠરાવવા માટે કારણ મળે. ૮પણ ઈસુ તે લોકોના વિચારો જાણતો હતો. તેથી તેણે જેનો હાથ સુકાઈ ગયેલો હતો તે માણસને બોલાવીને કહ્યું; "ઊઠ અને વચમાં જઈને ઊભો રહે." તેથી તે ઊઠ્યો અને વચમાં જઈને ઊભો રહ્યો. ૯ત્યારે ઈસુએ તેઓને કહ્યું; "હું તમને પૂછું છું કે વિશ્રામવારના દિવસે કોઈનું, ભલું કરવું યોગ્ય છે કે માઠું કરવું, કોઈની જીંદગી બચાવવી કે તેનો નાશ કરવો, એ બેમાંથી શું યોગ્ય છે?" ૧૦ઈસુએ ત્યારબાદ ચારેબાજુ લોકો પર નજર ફેરવીને તે માણસને કહ્યું કે, "તારો હાથ લંબાવ," તેણે ઈસુની આજ્ઞાનું પાલન કર્યું અને તેનો હાથ ફરીથી સાજો થઈ ગયો. ૧૧પરંતુ આ જોઈને શાસ્રીઓ અને ફરોશીઓ ગુસ્સે થયા. તેઓ એકબીજાને કહેવા લાગ્યા કે, "હવે ઈસુનું આપણે શું કરીએ?"

### ઈસુના બાર પ્રેરિતોની પસંદગી

૧૨તે દિવસો દરમિયાન ઈસુ પ્રાર્થના કરવા માટે પહાડ પર ગયો. અને તેણે આખી રાત દેવની પ્રાર્થનામાં વિતાવી. ૧૩અને પછી જ્યારે પ્રભાત થયું ત્યારે તેણે પોતાના શિષ્યોને બોલાવીને તેઓનામાંથી બારની પસંદગી કરી અને તેઓને "પ્રેરિતો" નામ આપ્યું. ૧૪એટલે સિમોન (ઈસુએ તેનું નામ પિતર પાડ્યું) અને તેના ભાઈ આંન્દ્રિયાને, યાકૂબ તથા યોહાનને, ફિલિપને તથા બર્થોલ્મીને, ૧૫માથ્થીને તથા થોમાને, યાકૂબને (અલ્ફીના દીકરો) તથા સિમોન, જેને ઝેલોટીસ કહેતા હતા. તેને, ૧૬યહૂદા (યાકૂબનો દીકરો) આ યહૂદા ઈશ્કરિયોત હતો જેણે ઈસુને તેના દુશ્મનોને સોંપ્યો.

### ઈસુનો ઉપદેશ અને લોકોને સાજાપણું

૧૭ઈસુ અને પ્રેરિતો પહાડ પરથી નીચે ઉતર્યાને ઈસુ સપાટ મેદાનમાં આવીને ઊભો રહ્યો. ત્યાં મોટા સમૂહમાં તેના શિષ્યો હતા. અને સમગ્ર યહૂદિયામાંના તથા યરૂશાલેમના અને તૂર તથા સિદોનના સમુદ્રકિનારાના ઘણા લોકો મોટા સમૂહમાં હતા. ૧૮જેઓ ભેગા થયા હતા તે તેનો ઉપદેશ સાંભળવા તથા તેઓના રોગોમાંથી સાજા થવા માટે આવ્યા હતા. તે લોકો અશુદ્ધ આત્માઓથી પીડાતા હતા. ઈસુએ તે બધા લોકોને સાજા કર્યા. ૧૯બધા જ લોકો ઈસુને સ્પર્શ કરવા કોશિશ કરતાં હતા, કારણ કે તેનામાંથી જે પરાક્રમ નીકળી રહ્યુ હતુ તેનાથી દરેક સાજા થયા હતા!

૨૦ ઈસુ તેના શિષ્યો તરફ જોતાં જોતાં બોલ્યો,

"તમે લોકો જે ગરીબ છો, તે સૌને ધન્ય છે,
કારણ કે દેવનું રાજ્ય તમારું છે.
૨૧ તમે જે હમણાં ભૂખ્યા છો, તેઓને પણ ધન્ય
છે, કારણ કે તમે પણ તૃપ્ત થવાના છો. આજે
તમે રડો છો, તમને પણ ધન્ય છે, કારણ કે તમે
હસશો.

૨૨"માણસના દીકરાને કારણે લોકો તમને તેમના જૂથમાંથી હાંકી કાઢશે, તમારા નામની નિંદા કરશે, તમારી બદનામી કરશે ત્યારે પણ તમને ધન્ય છે. ૨૩એવું બને તે દિવસે તમે આનંદમગ્ન બનીને નાચી ઊઠજો, કારણ કે આકાશમાં તમને મોટો બદલો પ્રાપ્ત થશે. કારણ કે તેઓના બાપદાદાઓએ પણ આ પ્રબોધકો સાથે આ જ રીતે વ્યવહાર કર્યા છે.

૨૪ "પણ હે ધનવાનો, તમને અફસોસ છે, કારણ કે
તમારી સુખસંપત્તિ આ જીવન માટે જ છે.
૨૫ અને એ લોકો અત્યારે જે સંતુષ્ટ છે તેમને પણ
અફસોસ છે, કારણ કે તમારો ભૂખે મરવાનો
સમય આવનાર છે, અને હાલમાં હસનારાઓ,
તમને અફસોસ છે, કારણ કે તમે શોક કરવાના
છો અને રડવાના છો.

૨૬"જ્યારે બધા જ લોકો તમારું સારું કહેશે ત્યારે
તમને અફસોસ છે કારણ કે તેઓના બાપદાદાઓ પણ
હંમેશા જૂઠા પ્રબોધકો માટે આવી જ પ્રસંશા કરતા હતા.

## તમારા વૈરીઓ પર પ્રેમ કરો

૨૭"હું જે લોકો મને ધ્યાનથી સાંભળે છે તે સૌ
સાંભળનારાઓને કહું છું, તમારા વૈરીઓને પ્રેમ કરો.
જેઓ તમારો તિરસ્કાર કરે તેઓનું પણ ભલું કરો. ૨૮જેઓ
તમારું ખરાબ ઈચ્છે તેઓનું પણ તમે સારું ઈચ્છો. જેઓ
તમારું અપમાન કરે છે તેઓના ભલા માટે પ્રાર્થના કરો.
૨૯જો કોઈ તમારા એક ગાલ પર તમાચો મારે તો તમે
તેની આગળ બીજો ગાલ ધરો. ૩૦દરેક વ્યક્તિને તે જે
માગે તે આપો. જ્યારે તમારી પાસેથી કોઈ તમારો કોટ
લઈ જાય તો તમારુ ખમીસ પણ લઈ જવા દો. તેની
પાસેથી તે પાછું માગશો નહિ. ૩૧જેમ તમે ઈચ્છા રાખો
છો કે બીજાઓ તમારા માટે કરે તેમજ તમે પણ તેઓના
માટે તેવું કરો. ૩૨જો તમે, તમને જે ચાહે છે તે લોકોને
જ ચાહો તો તેમાં તમારી મહેરબાની શાની? કારણ કે
પાપીઓ પણ તેમના પર પ્રેમ કરનારાઓને ચાહે છે!
૩૩જે લોકો તમારું ભલું કરે છે, ફક્ત તે લોકોનું જ તમે
ભલુ કરો તો તેમ કરવા માટે તમને વધારે પ્રશંસા મળે
ખરી? ના! પાપીઓ પણ એમ જ કરે છે! ૩૪હંમેશા
જેઓની પાસેથી તમે પાછું લેવાની આશા રાખો, તેઓને
જ તમે ઊછીનું આપો, તો તેમાં તમારી મહેરબાની
શાની? ના! પાપીઓ પણ પાછું લેવા માટે પાપીઓને
ઊછીનું આપે છે! ૩૫તેથી તમારા વૈરીઓને પણ પ્રીતિ
કરો. તેઓનું ભલું કરો. અને કંઈ પણ પાછું મેળવવાની
આશા વિના તમે ઉછીનું આપો. જો તમે આમ કરશો તો
તમને તેનો બદલો મળશે. અને તમે પરાત્પરના દીકરાઓ
થશો. હા કારણ કે દેવ, અનુપકારીઓ તથા દુષ્ટ લોકો
પર પણ માયાળું છે. ૩૬તેથી જેમ તમારો બાપ પ્રેમ
અને દયા આપે છે તેમ તમે પણ પ્રેમ અને દયા દર્શાવો.

## તમારી જાત તરફ જુઓ

૩૭"બીજા લોકોનો ન્યાય તમે ના કરો. એટલે તમારો
ન્યાય પણ થશે નહિ. બીજા લોકોનો તિરસ્કાર ના કરો.
એટલે કોઈ તમારો તિરસ્કાર કરશે નહિ. બીજા લોકોને
માફ કરો તેથી તમને માફી મળશે. ૩૮બીજા લોકોને
આપો એટલે તમને મળશે. તમે તમારા હાથમાં પકડો
તેના કરતાં પણ વધુ મેળવી શકશો. તમને એટલું બધું
આપવામાં આવશે જેથી તમારો ખોળો પણ ઊભરાઈ
જશે. કારણ કે તમે જે રીતે બીજા લોકોને આપો છો તે
જ રીતે દેવ તમને આપશે."

૩૯ઈસુએ તેમને આ દષ્ટાંત કહ્યું; "શું એક આંધળો
બીજા આંધળાને દોરી શકે? ના! તેઓ બંને ખાડામાં
પડશે. ૪૦વિધાર્થી પોતાના શિક્ષક કરતા મોટો નથી.
પરંતુ જ્યારે વિધાર્થી સંપૂર્ણ રીતે વિદ્વાન બનશે ત્યારે તે
તેના શિક્ષક જેવો બનશે.

૪૧"શા માટે તમે તમારા ભાઈની આંખમાં પડેલા
નાના ધૂળના રજકણનું ધ્યાન રાખો છો, પણ તમે તમારી
આંખમાં પડેલા મોટા ભારોટિયાને તમે નથી જોતા?
૪૨તમે તમારા ભાઈને કહો છો, "ભાઈ, તારી આંખમાંથી
મને નાની ધૂળની રજકણ કાઢી નાખવા દે. તમે આવું
શા માટે કહો છો? તમે તમારી પોતાની, આંખમાંનો
મોટો ભારોટિયો પણ જોઈ શકતા નથી. તમે એક ઢોંગી
છો. પહેલા તમે તમારી પોતાની આંખમાંથી મોટા
ભારોટિયાને બહાર કાઢો. પછી તમે તમારા ભાઈની
આંખમાંથી ધૂળ કાઢવાનું સ્પષ્ટ જોઈ શકશો.

## બે પ્રકારના ફળ

૪૩"એક સારું વૃક્ષ ખરાબ ફળ આપતું નથી, તેમ
એક ખરાબ વૃક્ષ સારું ફળ આપતુ નથી. ૪૪પ્રત્યેક વૃક્ષ
જે પોતે જે ફળ આપે છે તેનાથી ઓળખાય છે. લોકો
કાંટાના ઝાડ પરથી અંજીર ભેગા કરતા નથી. અને
ઊંટકટા પરથી દ્રાક્ષ મેળવતા નથી! ૪૫સારા માણસના
હૃદયમાં સારી વસ્તુઓ સાચવેલી હોય છે તેથી તેના
હૃદયમાંથી સારી વસ્તુઓ બહાર આવે છે. પરંતુ દુષ્ટ
માણસના હૃદયમાં ખરાબ વસ્તુઓ સાચવેલી હોય છે.
તેથી તે ખરાબ વસ્તુઓ બહાર કાઢે છે. કારણ કે વ્યકિત
તેના હૃદયમાં જે કાંઈ ભરેલું હોય છે તે જ બોલે છે.

## બે પ્રકારના લોકો

૪૬"તમે મને પ્રભુ, પ્રભુ, શા માટે કહો છો, અને હું
જે કહું છું તે શા માટે કરતા નથી? ૪૭પ્રત્યેક માણસ જે
મારી પાસે આવે છે અને મારા શબ્દો ધ્યાનથી સાંભળે
છે અને તેનું પાલન કરે છે તે કોના જેવો છે, એ હું
તમને બતાવીશ: ૪૮તે એક મકાન બાંધનાર માણસ

જેવો છે. જે ઊંડું ખોદે છે અને મજબૂત ખડક પર મકાન બાંધે છે જ્યારે રેલ આવે છે ત્યારે પાણી મકાનને તાણી જવા પ્રયત્ન કરે છે. પરંતુ રેલ ઘરને હલાવી શકતી નથી, કારણ કે મકાન સારી રીતે (મજબૂત) બાંધેલું હતું. ૪૯પરંતુ જે માણસ મારા શબ્દો ધ્યાનથી સાંભળે છે પરંતુ તેનું પાલન કરતો નથી તે મજબૂત ખડક પર મકાન નહિ બાંધનાર માણસ જેવો છે. જ્યારે રેલ આવે છે ત્યારે મકાન તરત જ નીચે પડી જાય છે. અને મકાન સંપૂર્ણ નાશ પામે છે."

### ઈસુનું નોકરને સાજા કરવું

૭ ઈસુએ લોકોને આ બધી બાબતો કહેવાનું પૂર્ણ કર્યુ. પછી ઈસુ કફર-નહૂમ ગયો. ૨ત્યાં કફર-નહૂમમાં એક લશ્કરનો અમલદાર હતો. તે અમલદારને એક નોકર હતો જે ઘણો માંદો હતો. તે મરવાની અણી પર હતો, તે અમલદાર નોકરને ઘણો ચાહતો હતો. ૩જ્યારે અમલદારે ઈસુ વિષે સાંભળ્યું ત્યારે તેણે યહૂદીઓના વડીલોને તેની પાસે મોકલ્યો. તે અમલદારની ઈચ્છા હતી કે માણસો ઈસુને આવીને નોકરને બચાવવાનું કહે. ૪તે માણસો ઈસુ પાસે ગયા. તેઓએ ઈસુને અમલદારને મદદ કરવા વિનંતી કરી. તેઓએ કહ્યું; "આ અમલદાર તમારી મદદ માટે યોગ્ય છે. ૫તે આપણા લોકોને ચાહે છે અને આપણા માટે તેણે સભાસ્થાન બંધાવ્યું છે."

૬તેથી ઈસુ તે માણસો સાથે ગયો. જયારે ઈસુ અમલદારના ઘર નજીક આવતો હતો ત્યારે અમલદારે કેટલાએક મિત્રોને કહેવા માટે મોકલ્યા કે, "પ્રભુ મારા ઘરમાં આવવાની તકલીફ લઈશ નહિ. હું તને મારા ઘરમાં લાવવા માટે પૂરતી યોગ્યતા ધરાવતો નથી. ૭તેથી હું મારી જાતને તારી પાસે આવવા યોગ્ય ગણી શકતો નથી. તારે તો માત્ર આજ્ઞા કરવાની જ જરૂર છે અને મારો નોકર સાજો થઈ જશે. ૮હું તારી સત્તા જાણું છું. હું બીજા માણસોની સત્તાનો તાબેદાર છું. અને મારા તાબામાં સૈનિકો છે. હું એક સૈનિકને કહું છું કે જા, એટલે તે જાય છે અને બીજા સૈનિકને કહું છું, કે આવ, અને તે આવે છે; અને મારા નોકરને હું કહું છું કે આ કર અને નોકર તે કરે છે."

૯જ્યારે ઈસુએ આ સાંભળ્યું; તે આશ્ચર્યચકિત થયો. જે લોકો તેની પાછળ આવતા હતા તેઓના તરફ ઈસુ પાછો ફર્યો. ઈસુએ કહ્યું; "હું તમને કહું છું આટલો બધો વિશ્વાસ તો મેં ઈઝરાએલમાં પણ નથી જોયો."

૧૦જે લોકોને ઈસુ પાસે મોકલવામાં આવ્યા હતા. તેઓ ઘેર પાછા ફર્યા ત્યારે તેઓએ નોકરને સાજો થયેલો જોયો.

### ઈસુનું માણસને સજીવન કરવું

૧૧બીજે દિવસે ઈસુ નાઈન નામના શહેરમાં ગયો. તેના શિષ્યો અને લોકોનો મોટો સમૂહ તેની સાથે યાત્રા કરતો હતો. ૧૨જ્યારે ઈસુ શહેરની ભાગોળે આવ્યો, તેણે એક મૂએલા માણસને બહાર લઈ જતાં જોયો, એક માતા કે જે વિધવા હતી, તેનો એકનો એક દીકરો મૃત્યુ પામ્યો હતો. જ્યારે તેના પુત્રના મૃતદેહને લઈ જવાતો હતો ત્યારે માતાની સાથે શહેરના ઘણા લોકો હતા. ૧૩જ્યારે પ્રભુએ (ઈસુ) તેને જોઈ, ત્યારે તેના હૃદયમાં તેને માટે કરુણા ઉપજી. ઈસુએ તેને કહ્યું; "રડીશ નહિ," ૧૪ઈસુ ઠાઠડીની પાસે ગયો અને તેને સ્પર્શ કર્યો. ખાંધિયા ઊભા રહ્યાં. ઈસુએ મૃત્યુ પામેલા પુત્રને કહ્યું; "હે જુવાન, હું તને કહું છું, ઊઠ." ૧૫પછી તે મૃત્યુ પામેલો માણસ બેઠો થયો અને વાતો કરવા લાગ્યો. ઈસુએ તેને તેની માને સોંપ્યો.

૧૬બધા જ લોકો ભયભીત થયા. તેઓ દેવની સ્તુતિ કરતા હતા. તેઓએ કહ્યું; "આપણી પાસે એક મોટો પ્રબોધક આવ્યો છે!" અને તેઓએ કહ્યું; "દેવ તેના લોકોની સંભાળ રાખે છે."

૧૭ઈસુ વિષેના આ સમાચાર આખા યહૂદિયામાં અને આસપાસના બધા જ પ્રદેશમાં પ્રસરી ગયા.

### યોહાનનો પ્રશ્ન

૧૮યોહાનના શિષ્યોએ આ બધી વાતો યોહાનને કહી. યોહાને પોતાના શિષ્યોમાંથી બે શિષ્યોને પોતાની પાસે બોલાવ્યા. ૧૯યોહાને તેઓને પ્રભુ (ઈસુ) ની પાસે મોકલીને પૂછાવ્યું કે, "જે આવનાર છે તે શું તું જ છે કે અમે બીજી વ્યક્તિની રાહ જોઈએ?"

૨૦તેથી તે માણસો ઈસુ પાસે આવ્યા. તેઓએ કહ્યું; "બાપ્તિસ્મા કરનાર યોહાને તારી પાસે અમને પૂછવા મોકલ્યા છે કે જે આવનાર છે તે શું તું જ છે કે પછી અમે બીજી આવનાર વ્યક્તિની રાહ જોઈએ?" ૨૧તે સમય દરમિયાન, ઈસુએ ઘણા લોકોને માંદગીમાંથી, રોગોમાંથી અને ભૂંડા આત્માઓથી પીડાતાઓને સાજા કર્યા. ઈસુએ ઘણા આંધળાઓને સાજા કર્યા જેથી તેઓ ફરીથી દેખતા થઈ શકે. ૨૨પછી ઈસુએ યોહાનના શિષ્યોને કહ્યું; "જાઓ અને તમે અહીં જે જોયું છે અને સાંભળ્યું છે તે યોહાનને કહી સંભળાવો. આંધળા લોકો

સાજા થયા છે અને જોઈ શકે છે. લૂલાં સાજા થયા છે અને ચાલી શકે છે. રકતપિત્તીઓને સાજા કરવામાં આવે છે, બહેરાઓને સાજા કર્યા છે અને તેઓ સાંભળી શકે છે. મૃત લોકોને સજીવન કરવામાં આવ્યા છે. અને ગરીબ લોકોને દેવના રાજ્યની સુવાર્તા પ્રાપ્ત થાય છે. ૨૩અને જે કોઈ મારા સંબંધી ઠોકર નહિ ખાશે તેને ધન્ય છે!"

૨૪યોહાનના સંદેશાવાહકો ગયા પછી ઈસુએ યોહાન વિષે લોકોને કહેવાનું શરૂ કર્યુ: "રેતીના રણમાં તમે શું જોવા ગયા હતા? શું પવનથી હાલતા બરુને? ૨૫તમે બહાર શું જોવા ગયા હતા? શું સુંદર વસ્ત્ર પરિધાન કરેલા માણસને? ના, તો શું જેઓ ભપકાદાર વસ્ત્રો પહરે છે અને ભોગવિલાસ કરે છે કે જેઓ મહેલોમાં રહે છે. ૨૬ખરેખર, તમે શું જોવા માટે બહાર ગયા હતા? શું પ્રબોધકને? હા, અને હું તમને કહું છું, યોહાન એ પ્રબોધક કરતાં વધારે છે. ૨૭યોહાન વિષે આમ લખેલું છે:

'સાંભળ! હું (દેવ) મારા દૂતને તારી આગળ
મોકલું છું.
જે તારી આગળ તારો માર્ગ સિદ્ધ કરશે.'

*માલાખી ૩:૧*

૨૮હું તમને કહું છું, આજ પર્યંત જે કોઈ જન્મ્યા છે તે સૌના કરતાં યોહાન વધારે મોટો છે. તો પણ દેવના રાજ્યમાં જે માત્ર નાનો છે, તે તેના કરતાં મોટો છે."

૨૯(જ્યારે લોકોએ આ સાંભળ્યું ત્યારે તે બધાએ કબૂલ કર્યુ કે, દેવનો ઉપદેશ સારો હતો. જકાતદારો પણ સંમત થયા. આ બધા લોકો યોહાનથી બાપ્તિસ્મા પામ્યા હતા. ૩૦પરંતુ ફરોશીઓ તથા શાસ્ત્રીઓએ તેમના માટેની દેવની યોજનાનો સ્વીકાર કરવાની ના પાડી. અને તેઓએ યોહાન દ્વારા બાપ્તિસ્મા પામવા ના પાડી.)

૩૧"આ સમયના લોકો માટે હું શું કહું? હું તેઓને શાની ઉપમા આપું? તેઓ કોના જેવા છે? ૩૨આ પેઢીના લોકો તો બજારમાં કોઈ જગ્યાએ બેઠેલા બાળકો જેવા છે. એક બાળકોનું ટોળું બીજા બાળકોને બોલાવે છે અને કહે છે;

'અમે તમારે માટે સંગીત વગાડ્યું, પણ તમે નાચ્યાં
નહિ; અમે કરૂણ ગીત ગાયું, પણ તમે દિલગીર
થયા નહિ.'

૩૩યોહાન બાપ્તિસ્ત આવ્યો અને બીજા લોકોની જેમ રોટલી ખાધી નહિ કે દ્રાક્ષારસ પીધો નહિ, અને તમે કહો છો કે, 'તેનામાં ભૂત છે.' ૩૪માણસનો દીકરો બીજા લોકોની જેમ ખાતો અને પીતો આવ્યો છે. અને તમે કહો છો કે 'એના તરફ જુઓ! તે વધારે પડતું ખાય છે અને ખૂબ વધારે દ્રાક્ષારસ પીએ છે! તે જકાતદારોનો તથા ખરાબ માણસોનો મિત્ર છે!' ૩૫પરંતુ જ્ઞાની પોતાનાં સર્વ કાર્યોથી યથાર્થ મનાય છે."

## સિમોન ફરોશી

૩૬ફરોશીઓમાંના કોઈ એકે ઈસુને પોતાની સાથે જમવા માટે કહ્યું. ઈસુ ફરોશીના ઘરમાં ગયો અને મેજ પાસે બેઠો. ૩૭તે સમયે તે શહેરમાં એક પાપી સ્ત્રી હતી; તેણે જાણ્યું કે ઈસુ ફરોશીના ઘેર જમવા બેઠો છે. તેથી તે અત્તરની સંગેમરમરની એક ડબ્બી લાવી. ૩૮તે ઈસુના પગ પાસે ઊભી રહી, અને રડવા લાગી. પછી તેના આંસુઓથી તેના પગ ધોવાનું શરૂ કર્યુ. તે પોતાના ચોટલાથી ઈસુના પગ લૂછવા લાગી. તેણે તેના પગને ઘણીવાર ચૂમ્યા અને પછી અત્તરથી ચોળ્યા. ૩૯ઈસુને પોતાને ઘેર આવવા જે ફરોશીએ કહ્યું હતું, તેણે આ જોયું. તે તેની જાતે વિચાર કરવા લાગ્યો. "જો આ માણસ (ઈસુ) પ્રબોધક હોત તો એ જાણતો હોત કે જે સ્ત્રી તેને સ્પર્શે છે તે પાપી છે!"

૪૦ઈસુએ ફરોશીને કહ્યું; "સિમોન, મારે તને કંઈક કહેવું છે."

સિમોને કહ્યું, "ઉપદેશક તું શું કહેવા માગે છે?"

૪૧ઈસુએ કહ્યું, "બે માણસો હતા. બંને એક જ લેણદારના દેવાદાર હતા, એક માણસને લેણદારનું ૫૦૦ ચાંદીના સિકકાનું દેવું હતું. બીજાને લેણદારનું ૫૦ ચાંદીના સિક્કાનું દેવું હતું. ૪૨માણસો પાસે પૈસા ન હતા, તેથી તેઓનું દેવું ચૂકવી શક્યા નહિ. પરંતુ લેણદારે તે માણસોને કહ્યું; "તેઓએ તેને કશું આપવાનું નથી." તે બે માણસોમાંથી કયો માણસ લેણદારને વધુ પ્રેમ કરશે?

૪૩સિમોને ઉત્તર આપ્યો, "મને લાગે છે કે જે માણસને તેનું સૌથી વધારે દેવું હતું તે."

ઈસુએ સિમોનને કહ્યું; "તું સાચો છે." ૪૪પછી ઈસુ તે સ્ત્રી તરફ વળ્યો અને સિમોનને કહ્યું; "આ સ્ત્રીને તું જુએ છે? જ્યારે હું તારા ઘરમાં આવ્યો ત્યારે તેં મને મારા પગ ધોવા માટે પાણી આપ્યું નહિ. પણ તેણે મારા પગ તેના આંસુથી ધોયા અને તેના ચોટલાથી લૂંછયા છે. ૪૫તેં મને ચુંબન કર્યુ નથી, પણ હું જ્યારથી અંદર આવ્યો ત્યારથી તે જરા પણ રોકાયા વગર મારા પગને ચુંબન કર્યા કરે છે! ૪૬તેં મારા માથામાં તેલ ચોળ્યું

નથી, પણ તેણે મારા પગ પર અત્તર ચોળ્યું છે. [૪૭]તેથી હું તને કહું છું કે, "તેના ઘણાં પાપો હોવા છતાં માફ થયા છે. આ સ્પષ્ટ છે, કારણ કે તેણે ઘણો પ્રેમ દર્શાવ્યો છે. પરંતુ જેને ઓછું માફ કરવામાં આવે છે તે પ્રેમ પણ થોડોક દર્શાવે છે."

[૪૮]પછી ઈસુએ તે સ્રીને કહ્યું, "તારા પાપ માફ કરવામાં આવ્યા છે."

[૪૯]જમવાના મેજ પાસે બેઠેલા લોકો તેઓની જાતે વિચાર કરવા લાગ્યા કે, "આ માણસ (ઈસુ) કોણ છે કે જે પાપને પણ માફ કરે છે?"

[૫૦]ઈસુએ તે સ્રીને કહ્યું; "તારા વિશ્વાસે તને બચાવી છે, શાંતિથી જા."

### ઈસુ સાથેનો લોકસમુહ

૮ બીજા દિવસે, ઈસુએ કેટલાક શહેરો અને નાનાં ગામોની મુસાફરી કરી. ઈસુ ઉપદેશ આપતો અને દેવના રાજ્યની સુવાર્તા પણ આપતો. તેની સાથે બાર શિષ્યો હતા. [૨]તેની સાથે કેટલીએક સ્રીઓ પણ હતી. ઈસુએ તે સ્રીઓને ભૂંડા આત્માઓના બંધનમાંથી મુક્ત કરીને તેઓને માંદગીમાંથી સાજી કરી હતી. તે સ્રીઓમાંની એકનું નામ મરિયમ હતું, તે મગ્દલા ગામની હતી. જેનામાંથી સાત ભૂત નીકળ્યાં હતાં. [૩]આ સ્રીઓની સાથે ખૂઝાની પત્ની યોહાન્ના (હેરોદનો કારભારી) અને સુસાન્ના તથા બીજી ઘણી સ્રીઓ હતી. તે સ્રીઓ તેમના પોતાના પૈસાનો ઉપયોગ ઈસુ અને તેના પ્રેરિતોને મદદ માટે કરતી.

### ઈસુનું બી વાવનારનું દ્રષ્ટાંત

[૪]ઘણા લોકો ભેગા થવા આવ્યા. દરેક શહેરમાંથી લોકો ઈસુ પાસે આવ્યા. ઈસુએ તે લોકોને આ દ્રષ્ટાંત કહ્યું:

[૫]"એક ખેડૂત તેનાં બી વાવવા ગયો. તે વાવતો હતો ત્યારે કેટલાંએક બી રસ્તાની ધારે પડ્યા. લોકો તે બી પર ચાલ્યા અને પક્ષીઓ આ બધા બી ખાઈ ગયાં. [૬]કેટલાંએક બી ખડક પર પડ્યાં આ બી ઊગવાની શરૂઆત થઈ, પણ પછી કરમાઈ ગયાં કારણ કે બી ને પાણી મળ્યું નહિ. [૭]કેટલાંએક બી કાંટાવાળી ઝાડી પર પડ્યાં. આ બી ઊગ્યાં પણ પછી કાંટાઓએ તેને ઊગતાં જ દાબી દીધાં. [૮]અને કેટલાંએક બી સારી જમીન પર પડ્યાં. આ બી ઊગ્યાં અને તેમાંથી ૧૦૦ ગણા દાણા પાક્યા."

ઈસુએ દ્રષ્ટાંત પૂરુ કર્યા પછી ઈસુએ કહ્યું; "તમે લોકો જે મને સાંભળો છો તે ધ્યાનથી સાંભળો!"

[૯]ઈસુના શિષ્યોએ તેને પૂછયું, "આ વાર્તાનો અર્થ શું છે?"

[૧૦]ઈસુએ કહ્યું, "દેવના રાજ્યનું રહસ્ય સમજવા માટે તમારી પસંદગી થયેલ છે. પણ બીજા લોકોને કહેવા માટે હું દ્રષ્ટાંતોનો ઉપયોગ કરુ છું. આમ કહું છું તેથી:

'તેઓ નજર કરશે, પણ તેઓ જોશે નહિ; અને
તેઓ ધ્યાનથી સાંભળશે, પણ તેઓ સમજશે
નહિ.'

*યશાયા ૬:૯*

### ઈસુ બી ના દ્રષ્ટાંતનો અર્થ સમજાવે છે

[૧૧]દ્રષ્ટાંતનો અર્થ આ છે: "બી એ તો દેવના વચન છે. [૧૨]રસ્તાની ધારે પડેલું બી એટલે શું? તે એવા લોકો છે જે ઉપદેશ સાંભળે છે પણ પછી શેતાન આવે છે અને તેઓના હૃદયમાંથી ઉપદેશ લઈ જાય છે. તેથી એ લોકો ઉપદેશમાં માનતા નથી અને બચી શકતા નથી. [૧૩]પેલા ખડક પર પડેલા બી નો અર્થ શું? તે એવા લોકો જેવા છે જે દેવનો ઉપદેશ સાંભળે છે અને આનંદપૂર્વક સ્વીકાર કરે છે પણ આવા લોકોનાં મૂળિયાં ઊંડા હોતાં નથી. તેઓ થોડા સમય માટે સ્વીકારે છે પણ જ્યારે પરીક્ષણનો સમય આવે છે, તો વિશ્વાસ ગુમાવે છે અને દેવથી દૂર જતા રહે છે. [૧૪]કાંટાવાળી ઝાડીમાં પડેલા બી નો અર્થ શું? તે બી એવા લોકો જેવા છે જે દેવના વચન સાંભળે છે પણ આ જીવનની ચિંતાઓ, સંપત્તિ અને મોજમઝામાં તેઓનો વિકાસ અટકી જાય છે. અને તેથી તેઓને સારાં ફળ કદાપિ આવતાં નથી. [૧૫]અને જે સારી જમીન પર પડયાં હોય છે તે બી નું શું? તે બી એવા લોકો જેવા છે જે દેવના વચનો પ્રામાણિક શુદ્ધ હૃદયથી સાંભળે છે. તેઓ દેવના વચનને અનુસરે છે અને ધીરજથી સારા ફળ પ્રાપ્ત કરે છે.

### તમારી સમજશક્તિનો ઉપયોગ

[૧૬]"કોઈ પણ વ્યક્તિ દીવો સળગાવીને તેને વાસણ તળે ઢાંકતો નથી. અથવા ખાટલા નીચે છુપાવતો નથી. તે માણસ દીવો દીવી પર મૂકે છે તેથી જે લોકો અંદર આવે તેઓને જોવા માટે પૂરતો પ્રકાશ મળશે. [૧૭]દરેક વસ્તુ જે છુપાયેલી છે તે સ્પષ્ટ થશે. દરેક ગુપ્ત વસ્તુ જાહેર થઈ જશે. [૧૮]તેથી તમે કેવી રીતે ધ્યાનથી સાંભળો છો તે માટે સાવધાન બનો. જે વ્યક્તિ પાસે થોડીક

સમજશક્તિ હશે તે વધારે પ્રાપ્ત કરશે. પણ જે વ્યક્તિ પાસે સમજશક્તિ નહિ હોય, તેની પાસેથી તેના ધારવા મુજબ જે થોડી સમજશક્તિ હશે તે પણ તે ગુમાવશે."

### ઈસુના શિષ્યો એ જ તેનું સાચું કુટુંબ

૧૯ઈસુની મા અને તેના ભાઈઓ તેની મુલાકાતે આવ્યા. ત્યાં બીજા લોકોની એટલી બધી ભીડ હતી કે તેની મા તથા ભાઈઓ તેની નજીક જઈ શક્યા નહિ. ૨૦કોઈકે ઈસુને કહ્યું; "તારી મા તથા તારા ભાઈઓ બહાર ઊભા છે. તેઓ તને મળવા ઈચ્છે છે."

૨૧ઈસુએ તેઓને ઉત્તર આપ્યો; "આ લોકો જે દેવની વાત ધ્યાનથી સાંભળે છે અને તેનું પાલન કરે છે તેઓ મારી મા તથા મારા ભાઈઓ છે!"

### ઈસુની સત્તાનું શિષ્યોને દર્શન

૨૨એક દિવસ ઈસુ અને તેના શિષ્યો એક હોડીમાં ચઢયા. ઈસુએ તેઓને કહ્યું; "મારી સાથે સરોવરને પેલે પાર આવો." અને તેથી તેઓએ હોડી હંકારવાનું શરૂ કર્યુ. ૨૩જ્યારે તેઓ હંકારતા હતા ત્યારે ઈસુ ઊંઘી ગયા. સરોવર પર વાવાઝોડું ફૂંકાયું. જેથી હોડીમાં પાણી ભરાવા લાગ્યું. તેઓ જોખમમાં હતા. ૨૪તેના શિષ્યો ઈસુ પાસે ગયા અને તેને જગાડ્યો. તેઓએ કહ્યું; "સ્વામી! સ્વામી! આપણે ડૂબી જઈશું!"

ઈસુ ઊભો થયો. તેણે પવનને અને પાણીનાં મોજાંને હૂકમ કર્યો. પવન અટક્યો અને સરોવર શાંત થઈ ગયું. ૨૫ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "તમારો વિશ્વાસ ક્યાં છે?"

શિષ્યો ડરીને અચરજ પામ્યા. તેઓએ એકબીજાને કહ્યું, "આ કેવા પ્રકારનો માણસ છે? તે પવન અને પાણીને પણ હુકમ કરે છે અને તેઓ તેનું માને છે!"

### તે માણસમાં રહેલા ભૂતો

૨૬ઈસુ અને તેના શિષ્યો ગાલીલથી સરોવરને પેલે પાર હોડી હંકારી ગયા. તેઓ ગેરસાનીઓના લોકોના પ્રદેશમાં આવી પહોંચ્યા. ૨૭જ્યારે ઈસુ હોડીમાંથી બહાર નીકળ્યો ત્યારે તે શહેરમાંનો એક માણસ ઈસુ પાસે આવ્યો. આ માણસમાં ભૂતો હતાં. તે ઘણા લાંબા સમયથી કપડાં પહેરતો ન હતો. તે ઘરમાં નહિ પણ જ્યાં લોકોના મૃતદેહો દાટવામાં આવતા તે ગુફાઓમાં તે રહેતો.

૨૮-૨૯અશુદ્ધ આત્મા તેને વારંવાર વળગતો. તેને કાબુમાં રાખવા માટે તેના હાથ અને પગ સાંકળથી બાંધવામાં આવતા. તે માણસ હંમેશા સાંકળો તોડી નાંખતો. અને તેના અંદર રહેલા ભૂતો નિર્જન જગ્યાએ બહાર જવા તેને દબાણ કરતા. પછી ઈસુએ તે અશુદ્ધ આત્માને (ભૂતો) આ માણસમાંથી બહાર આવવા હુકમ કર્યો તે માણસ ઈસુની આગળ નીચે પડયો અને મોટા સાદેથી બૂમો પાડવા લાગ્યો; "ઓ ઈસુ,પરાત્પર દેવના દીકરા, તું મારી પાસેથી શું ઈચ્છે છે? મહેરબાની કરીને મને શિક્ષા કરીશ નહિ!"

૩૦ઈસુએ તેને પૂછયું; "તારું નામ શું છે?" તે માણસે ઉત્તર આપ્યો; "સેના." (તેણે કહ્યું તેનું નામ સેના હતું કારણ કે ઘણા ભૂતો તેનામાં પેઠાં હતા.) ૩૧ભૂતોએ ઈસુને વિનંતી કરી કે અમને અનંતકાળના અંધકારમાં મોકલીશ નહિ. ૩૨ત્યાં એક ટેકરીની બાજુમાં ઘણાં ભૂંડોનું ટોળું ચરતું હતું. ભૂતોએ ઈસુને વિનંતી કરી કે, અમને ભૂંડોમાં પ્રવેશવાની રજા આપો. તેથી ઈસુએ ભૂતોને તેમ કરવાની રજા આપી. ૩૩પછી ભૂતો માણસમાંથી નીકળીને ભૂંડોમાં પેઠા. પછી ભૂંડોનું ટોળું પહાડની ધાર પરથી સરોવરમાં ધસી પડયું. બધા જ ભૂંડો ડૂબીને મરી ગયા.

૩૪ભૂંડો ચરાવનાર જે થયું હતું તે જોઈને તે પણ ભાગી ગયો. તે માણસોએ એ વાત શહેરમાં અને ગામડાંઓમાં જાહેર કરી. ૩૫શું બન્યું છે તે જોવા લોકો બહાર આવ્યા. લોકો ઈસુ પાસે આવ્યા ત્યારે તે માણસને ઈસુના પગ આગળ બેઠેલો જોયો. તે માણસે કપડાં પહેરેલા હતાં. માનસિક રીતે તે ફરીથી સ્વસ્થ હતો. અને અશુદ્ધ આત્માઓ જતા રહ્યાં હતા. તે લોકો ડરી ગયા. ૩૬તે લોકો કે જેમણે આ બાબત બનતાં જોઈ હતી તેમણે ઈસુએ આ માણસ કે જેનામાં ભૂતો હતાં તેને કેવી રીતે સાજો કર્યો તે બીજા લોકોને કહ્યું. ૩૭ગેરસાનીઓના બધા જ લોકોએ ઈસુને દૂર ચાલ્યા જવા કહ્યું. તેઓ બધા ડરી ગયા હતા. તેથી ઈસુ પાછો હોડીમાં બેઠો અને ગાલીલ પાછો ફર્યો. ૩૮જે માણસ કે જેનામાંથી ભૂતો નીકળ્યાં હતા તેણે ઈસુ સાથે જવા વિનંતી કરી.

પણ ઈસુએ તે માણસને વિદાય કર્યો. અને કહ્યું. ૩૯"તારે ઘરે પાછો જા અને દેવે તારે માટે શું કર્યુ છે તે લોકોને કહે."

તેથી તે માણસ ગયો અને આખા શહેરમાં કહ્યું કે, "ઈસુએ તેને માટે શું કર્યુ છે."

### ઈસુ મૃત છોકરીને જીવનદાન આપે છે અને માંદી સ્રીને સાજી કરે છે

૪૦ઈસુ જ્યારે ગાલીલ પાછો ફર્યો ત્યારે લોકોએ તેનું સ્વાગત કર્યુ. દરેક વ્યક્તિ તેની રાહ જોતી હતી. ૪૧ઈસુ

પાસે યાઈર નામનો એક માણસ આવ્યો. યાઈર
સભાસ્થાનનો અધિકારી હતો. તે ઈસુના ચરણે પડ્યો
અને ઈસુને વિનંતી કરી કે મારે ઘેર પધારો. ૪૨યાઈરને
માત્ર એક દીકરી હતી. તે બાર વર્ષની હતી, જે મરણ
પથારીએ હતી.

જ્યારે ઈસુ યાઈરને ઘરે જતો હતો તે દરમિયાન
તેની આજુબાજુ લોકોનું ટોળું તેના પર ધસારો કરતું
હતું. ૪૩ત્યાં એક સ્રી હતી જેને બાર વર્ષથી લોહીવા
હતો. પોતાની પાસે જે કઈ હતું તે બધું જ ખર્ચ્યુ. પણ
કોઈ વૈદ તેને સાજી કરી શકયો ન હોતો. ૪૪તે ઈસુની
પાછળથી આવી અને તેનાં લૂગડાંની કોરને અડકી. તે
જ ક્ષણે તેનો લોહીવા બંધ થઈ ગયો. ૪૫પછી ઈસુએ
કહ્યું; "મને કોણ અડક્યું?"

બધા લોકોએ કહ્યું, તેઓએ ઈસુને સ્પર્શ કર્યો નથી.
પિતરે કહ્યું; "સ્વામી, તારી આજુબાજુ જે લોકો છે તેઓ
તારા પર ધસી રહ્યાં હતાં."

૪૬ઈસુએ કહ્યું; "મને કોઈએ સ્પર્શ કર્યો છે. કેમ કે
મને ખબર પડી છે કે પરાક્રમ મારામાંથી બહાર નીકળ્યું
છે." ૪૭જ્યારે સ્રીએ જોયું કે તે છુપી રહી શકે તેમ નથી
ત્યારે ધ્રૂજતી ધ્રૂજતી આગળ આવી અને બધા જ લોકોની
સમક્ષ ઈસુના પગ આગળ પડીને બોલી કે શા માટે તે
ઈસુને સ્પર્શી હતી. પછી તેણે કહ્યું કે જ્યારે તેણે ઈસુનો
સ્પર્શ કર્યો ત્યારે તરત જ તે સાજી થઈ ગઈ હતી.
૪૮ઈસુએ તેને કહ્યું; "દીકરી, તને તારા વિશ્ર્વાસે સાજી
કરી છે. શાંતિથી જા."

૪૯હજી ઈસુ બોલતો હતો ત્યાં તો સભાસ્થાનના
અધિકારી (યાઈર) ને ઘરેથી એક માણસ આવ્યો. અને
કહ્યું કે; "તારી પુત્રીનું અવસાન થયું છે. હવે ઉપદેશકને
(ઈસુ) તકલીફ આપીશ નહિ."

૫૦ઈસુએ આ સાંભળ્યું, તેણે યાઈરને કહ્યું, "જરાય
ગભરાઈશ નહિ. માત્ર વિશ્ર્વાસ રાખ એટલે તારી પુત્રી
સાજી થઈ જશે."

૫૧ઈસુ ઘરે આવ્યો. ઈસુએ ફકત પિતર, યાકૂબ,
યોહાન તથા છોકરીના માબાપને જ તેની સાથે અંદર
આવવા દીધા. ઈસુએ બીજા કોઈ પણ માણસને અંદર
આવવા દીધા નહિ. ૫૨બધા જ લોકો રડતાં હતા અને
વિલાપ કરતાં હતાં કારણ કે તે છોકરી મૃત્યુ પામી હતી.
પણ ઈસુએ કહ્યું; "રડશો નહિ, તેનું મૃત્યુ થયું નથી,
પણ તે ઊંઘે છે."

૫૩લોકો ઈસુ તરફ હસ્યા, કારણ કે તેઓ જાણતા
હતા કે છોકરી મરી ગઈ છે. ૫૪પણ ઈસુએ તેનો હાથ
પકડીને તેને બોલાવી, "નાની છોકરી, ઊભી થા!" ૫૫તેનો
આત્મા તેનામાં પાછો આવ્યો ને તરત જ ઊભી થઈ.
ઈસુએ કહ્યું; "તેને કંઈક ખાવાનું આપો." ૫૬તે છોકરીનાં
માબાપ આશ્ચર્યચકિત થઈ ગયા. ઈસુએ તઓને કહ્યું
કે, જે કંઈ બન્યું છે તે વિષે કોઈને કહેતાં નહિ.

### ઈસુ બાર પ્રેરિતોને મોકલે છે

૯ ઈસુએ તેના શિષ્યોને બોલાવીને તેઓને બધા
ભૂતો પર, તથા રોગો ટાળવાને પરાક્રમ તથા
અધિકાર આપ્યાં. ૨તેણે તેઓને દેવના રાજ્ય વિષે કહેવા
તથા માંદાઓને સાજા કરવા મોકલ્યા. ૩તેણે તેઓને
કહ્યું; "જયારે તમે મુસાફરી કરો ત્યારે તમારી સાથે લાકડી
લેશો નહિ, ઝોળી, ખોરાક કે પૈસા પણ લઈ જશો નહિ.
પ્રવાસમાં ફકત તમે પહેરો છો તે જ કપડાં લેજો. ૪જ્યારે
તમે ઘરમાં જાઓ ત્યારે તે જગ્યા છોડતા સુધી ત્યાં જ
રહો. ૫જો શહેરના લોકો તમારું સ્વાગત ન કરે તો શહેરની
બહાર જઈને તમારા પગ પર લાગેલી ધૂળ ખંખેરી
નાખજો. આ તમને ચેતવણીરૂપ બનશે."

૬તેથી તે શિષ્યો બહાર નીકળ્યા. તેઓ બધા
ગામડાઓમાંથી પસાર થયા. તેઓ સુવાર્તા પ્રગટ કરતાં
અને સર્વત્ર લોકોને સાજા કરતાં ગયા.

### હેરોદની ઈસુ વિષેની મૂંઝવણ

૭જે કંઈ બનતું હતું તે બધી બાબતો વિષે રાજ્યપાલ
હેરોદે સાંભળ્યું. તે મૂંઝવણમાં પડ્યો કારણ કે કેટલાએક
લોકોએ કહ્યું; "યોહાન મૂએલાંમાંથી ઊઠયો છે." ૮બીજા
લોકોએ કહ્યું; "એલિયા આપણી પાસે આવ્યો છે." અને
બીજા કેટલાએક લોકોએ કહ્યું; "પ્રાચીન પ્રબોધકોમાંનો
એક મૂએલાંમાંથી ઊભો થયો છે." ૯હેરોદે કહ્યું; "મેં
યોહાનનું મસ્તક કાપી નંખાવ્યું, પણ જેના સંબંધી હું
આ વાતો સાંભળું છું તે કોણ છે?" હેરોદે ઈસુને મળવાના
પ્રયત્ન ચાલુ કર્યા.

### ઈસુ ૫,૦૦૦થી વધુ લોકોને ખવડાવે છે

૧૦જ્યારે પ્રેરિતો પાછા આવ્યા. તેઓએ તેમના
પ્રવાસમાં જે જે કર્યુ હતું તે ઈસુને કહ્યું અને ઈસુ
તેઓને બેથસૈદા નામના શહેરમાં લઈ ગયો. જ્યા ઈસુ
અને તેના પ્રેરિતો એકાંતમાં સાથે રહી શકે. ૧૧પણ લોકોને
ખબર પડી કે ઈસુ ક્યાં ગયો છે. તેઓ તેની પાછળ
ગયા. ઈસુએ તેઓને આવકાર્યા અને દેવના રાજ્ય સંબંધી
વાત કરી. તેણે જે માંદા લોકો હતા તેઓને સાજા કર્યા.

૧૨નમતા બપોરે, તે બાર પ્રેરિતો ઈસુ પાસે આવ્યા અને કહ્યું; "આ જગ્યાએ કોઈ રહેતા નથી. લોકોને વિદાય કરો. જેથી તેઓ તેમના માટે ખેતરમાં અને આજુબાજુના ગામોમાં જઈને ખાવાની અને રહેવાની સૂવાની જગ્યાની વ્યવસ્થા કરે."

૧૩પરંતુ ઈસુએ પ્રેરિતોને કહ્યું; "તમે તેઓને કંઈક ખાવાનું આપો."

પ્રેરિતોએ કહ્યું; "આપણી પાસે ફક્ત પાંચ રોટલી અને બે માછલીઓ જ છે. આ બધા લોકો માટે ખાવાનું ખરીદી લાવીએ એમ તું ઈચ્છે છે?" ૧૪(ત્યાં લગભગ ૫,૦૦૦ માણસો હતાં.)

ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "લોકોને કહો પચાસ પચાસના સમૂહમાં બેસે."

૧૫તેઓએ તેમ કર્યુ, અને બધા જ લોકો નીચે બેસી ગયા. ૧૬પછી ઈસુએ પાંચ રોટલી અને બે માછલીઓ લીધી. ઈસુએ ઊચે આકાશમાં જોયું અને ખોરાક માટે આશીર્વાદ માંગ્યો. પછી ઈસુએ ખોરાકના ભાગ પાડ્યા અને તે શિષ્યોને આપ્યા. ઈસુએ શિષ્યોને લોકોને ભોજન પીરસવાનું કહ્યું. ૧૭બધા જ લોકોએ ખાધું અને તૃપ્ત થયા. છતાં ત્યાં ઘણું ખાવાનું રહ્યું હતું. અને છાંડેલા ખોરાકના ટુકડાઓથી બાર ટોપલીઓ ભરી.

## ઈસુ જ ખ્રિસ્ત છે

૧૮એક વખત ઈસુ એકાંતમાં પ્રાર્થના કરતો હતો. તેના શિષ્યો ભેગા થઈને ત્યાં આવ્યા. ઈસુએ તેઓને પૂછયું, "હું કોણ છું તે વિષે લોકો શું કહે છે?"

૧૯શિષ્યોએ ઉત્તર આપ્યો, "કેટલાએક લોકો કહે છે કે તું યોહાન બાપ્તિસ્ત છે. બીજા કેટલાએક કહે છે તું એલિયા છે અને કેટલાએક લોકો કહે છે; તું પ્રાચીન પ્રબોધકોમાંનો એક છે અને ફરી સજીવન થઈને આવ્યો છે."

૨૦પછી ઈસુએ તેના શિષ્યોને કહ્યું; "અને હું કોણ છું એ વિષે તમે શું કહો છો?"

પિતરે ઉત્તર આપ્યો, "તું દેવનો ખ્રિસ્ત છે."

૨૧ઈસુએ તેઓને કોઈને પણ નહિ કહેવા માટે ચેતવણી આપી. પછી ઈસુએ કહ્યું; ૨૨"માણસના દીકરાએ સહન કરવું પડશે. મોટા યહૂદી વડીલો, મુખ્ય યાજકો અને શાસ્રીઓ તેનો અસ્વીકાર કરશે. માણસના દીકરાને મારી નાખવામાં આવશે. પણ ત્રણ દિવસ પછી તે મૃત્યુમાંથી ઊભો થશે."

૨૩ઈસુએ તે બધાને કહેવાનું ચાલુ રાખ્યું; "જો કોઈ મારી પાછળ આવવા ઈચ્છતું હોય, તો તેણે પોતાની ઈચ્છાઓ અને વસ્તુઓને 'ના' કહેવી અને દરરોજ પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું. ૨૪જે કોઈ વ્યક્તિ પોતાનો જીવ બચાવવા ઈચ્છશે તે પોતાનું જીવન ગુમાવશે. પણ જે કોઈ વ્યક્તિ મારે ખાતર પોતાનો જીવ ગુમાવશે, તો તેને તે બચાવશે. ૨૫કારણ કે જો કોઈ માણસ આખું જગત પ્રાપ્ત કરે પણ પોતાનો પ્રાણ ગુમાવે અથવા તેનો પોતાનો નાશ થાય તો તેને શો લાભ? ૨૬જો કોઈ મારા કારણે તથા મારા ઉપદેશને લીધે લજવાશે ત્યારે માણસનો દીકરો તે વ્યક્તિથી લજવાશે. જ્યારે તે તેના મહિમા સાથે અને બાપના મહિમા સાથે અને પવિત્ર દૂતોના મહિમા સાથે આવશે. ૨૭હું તમને સત્ય કહું છું, "અહીં ઊભા રહેલાઓમાંથી તમે કેટલાએક લોકો મૃત્યુ પામતા પહેલા દેવના રાજ્યનું દર્શન કરશે."

## મૂસા, એલિયા, અને ઈસુ

૨૮ઈસુ, એ વાતો કહ્યા પછી લગભગ આઠ દિવસો બાદ પિતર, યોહાન તથા યાકૂબને લઈને પહાડ પર પ્રાર્થના કરવા માટે ગયો. ૨૯ઈસુ જ્યારે પ્રાર્થના કરતો હતો ત્યારે તેનો ચહેરો બદલાયો. તેનાં વસ્રો સફેદ ચમકતાં થયાં. ૩૦તે પછી બે માણસો ઈસુ સાથે વાતો કરતાં હતા. તે માણસો મૂસા તથા એલિયા હતા. ૩૧મૂસા અને એલિયા પણ તેજસ્વી અને ચમકતા દેખાતા હતા. તેઓ ઈસુ સાથે તેના મૃત્યુ સંબંધી વાત કરતા હતા. જે યરૂશાલેમમાં થવાનું હતું. ૩૨પિતર અને બીજા ઘસઘસાટ ઊંઘતા હતા. પણ તેઓ જાગી ઊઠ્યા અને ઈસુનો મહિમા જોયો. તેઓએ ઈસુ સાથે ઊભેલા બે માણસોને પણ જોયા. ૩૩જ્યારે મૂસા અને એલિયા જ્યારે વિદાય થતા હતા ત્યારે પિતરે કહ્યું; "સ્વામી, આપણે અહીં છીએ તે સારુ છે અમે અહીં ત્રણ તંબૂ બનાવીશું. એક તારા માટે, એક મૂસા માટે અને એક એલિયા માટે" (પિતર જે કંઈ કહેતો હતો તે સમજતો નહોતો.)

૩૪જ્યારે પિતર આ બોલતો હતો ત્યારે તેઓની આજુબાજુ એક વાદળ આવ્યું. પિતર, યાકૂબ અને યોહાન ગભરાઈ ગયા. જ્યારે વાદળોએ તેઓને ઢાંકી દીધા. ૩૫વાદળામાંથી એક અવાજ આવ્યો. તે અવાજે કહ્યું; "આ મારો દીકરો છે, મારો પસંદ કરેલો. તેની આજ્ઞાનું પાલન કરો."

૩૬જ્યારે તે અવાજ પૂરો થયો ત્યારે માત્ર ઈસુ જ ત્યાં હતો પિતર, યાકૂબ, યોહાને કંઈ કહ્યું નહિ. તે વખતે તેઓએ જે જોયું હતું તેમાનું કશુંય કોઈને કહ્યું નહિ.

### જેનામાં અશુદ્ધ આત્મા હતો તે છોકરાને ઈસુ સાજો કરે છે

૩૭બીજે દિવસે ઈસુ, પિતર, યાકૂબ અને યોહાન
પહાડ પરથી નીચે ઉતર્યા. લોકોનો મોટો સમુદાય ઈસુને
મળ્યો. ૩૮લોકોના સમુદાયમાંથી એક માણસે ઘાંટો
પાડીને ઈસુને કહ્યું, "ઉપદેશક, મહેરબાની કરીને આવ
અને મારા દીકરા તરફ જો. તે મારો એકનો એક દીકરો
છે. ૩૯એક અશુદ્ધ આત્મા મારા પુત્રને વળગે છે, અને
પછી તે બૂમો પાડે છે. તે તેની જાત પરનો કાબૂ ગુમાવે
છે અને તેના મોંઢામાંથી ફીણ નીકળે છે. અશુદ્ધ આત્મા
તેને ઈજા કરવાનું ચાલુ રાખે છે અને માંડ માંડ તેને
છોડે છે. ૪૦મેં તમારા શિષ્યોને મારા પુત્રમાંથી દુષ્ટ
આત્માઓને હાંકી કાઢવા વિનંતી કરી, પણ તેઓ તેને
કાઢી શક્યા નહિ."

૪૧ઈસુએ ઉત્તર આપ્યો: "તમે લોકો જે હમણાં જીવો
છો પણ તમારામાં વિશ્ર્વાસ નથી. તમારા જીવનો બધા
ખોટાં છે. હું ક્યાં સુધી તમારી સાથે હોઈશ અને તમારી
સાથે ક્યાં સુધી તમારું સહન કરું? ઈસુએ તે માણસને
કહ્યું, "તારા પુત્રને અહીં લાવ."

૪૨જ્યારે તે છોકરો આવતો હતો ત્યારે અશુદ્ધ
આત્માએ તેને જમીન પર પછાડ્યો. છોકરાએ તેની
જાત પરનો કાબૂ ગુમાવ્યો. પણ ઈસુએ અશુદ્ધ આત્માને
ખૂબ ધમકાવ્યો. પછી તે છોકરો સાજો થઈ ગયો. અને
ઈસુએ તે છોકરાને તેના બાપને પાછો આપ્યો. ૪૩બધા
લોકો દેવના આ મહાન પરાક્રમથી આશ્ચર્યચકિત થયા.

### ઈસુ તેના મૃત્યુ વિષેની વાત કહે છે

હજુ પણ લોકો ઈસુએ જે જે બધુ કર્યુ તેનાથી વિસ્મિત
થતા હતા. ઈસુએ તેના શિષ્યોને કહ્યું. ૪૪"હું હમણાં
તમને જે બાબતો કહીશ તેને ભૂલશો નહિ. માણસનો
દીકરો કેટલાએક માણસોના બંધનોમાં મૂકાશે." ૪૫પણ
શિષ્યો ઈસુના કહેવાનો અર્થ સમજી શક્યા નહિ. તેનો
અર્થ તેનાથી ગુપ્ત રખાયો જેથી તેઓ તે સમજી શક્યા
નહિ. પણ શિષ્યો ઈસુએ જે કહ્યું હતું તે વિષે પૂછતાં
ડરતા હતા.

### સૌથી વધારે મહત્વની વ્યક્તિ

૪૬ઈસુના શિષ્યોમાં વાદવિવાદ શરૂ થયો કે
તેમનામાંનો કોણ સૌથી વધારે મહત્વનો છે. ૪૭ઈસુએ
તેઓ શું વિચારતા હતા તે જાણ્યું. તેથી ઈસુએ એક
નાનું બાળક લઈને પોતાની બાજુમાં ઊભું રાખ્યું. ૪૮પછી
ઈસુએ તેના શિષ્યોને કહ્યું," જે કોઈ મારે નામે આ
નાનાં બાળકનો અંગીકાર કરે છે તે વ્યક્તિ મારો અંગીકાર
કરે છે અને જયારે કોઈ વ્યકિત મારો અંગીકાર કરે છે,
ત્યારે તે મારા મોકલનારનો પણ અંગીકાર કરે છે.
તમારામાંનો એ વ્યકિત સૌથી મહત્વનો વ્યકિત છે જે
નમ્ર છે."

### જે કોઈ તમારી વિરુદ્ધ નથી તે તમારા પક્ષનો છે

૪૯યોહાને ઉત્તર આપ્યો, "સ્વામી, અમે એક
વ્યકિતને તારા નામનો ઉપયોગ કરીને ભૂતોને લોકોમાંથી
બહાર કાઢતા જોયો. અમે તેને બંધ કરવા કહ્યું, કારણ કે
તે આપણા સમુદાયનો નથી."

૫૦ઈસુએ યોહાનને કહ્યું, "તેને અટકાવશો નહિ. જે
કોઈ તમારી વિરુદ્ધ નથી. તે તમારા પક્ષનો જ છે."

### સમરૂની શહેર

૫૧ઈસુને આ દુનિયા છોડીને આકાશમાં પાછા જવાનો
સમય નજીક આવતો હતો ત્યારે તેણે યરૂશાલેમ જવાનો
નિર્ણય કર્યો. ૫૨ઈસુએ પોતાની આગળ કેટલાએક
માણસોને મોકલ્યા. તે માણસો ઈસુ માટે સંપૂર્ણ તૈયારી
કરવા સમરૂનીઓના એક શહેરમાં ગયા. ૫૩પણ ત્યાના
લોકોએ તેને આવકાર્યો નહિ કારણ કે તે યરૂશાલેમ
જતો હતો. ૫૪યાકૂબ અને યોહાન, જે ઈસુના શિષ્યો
હતા તેમણે આ જોયું. તેઓએ કહ્યું; "પ્રભુ, શું તું ઈચ્છે
છે કે, અમે આજ્ઞા કરીએ કે આકાશમાંથી આગ વરસે
અને એ લોકોનો નાશ કરે?"*

૫૫પણ ઈસુએ પાછા ફરીને તેઓને ઠપકો આપ્યો.*
૫૬પછી ઈસુ અને તેના શિષ્યો બીજા એક શહેરમાં
ગયા

.

### ઈસુને અનુસરવુ

૫૭તેઓ રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે કોઈ
વ્યકિતએ ઈસુને કહ્યું, "તું જે જગ્યાએ જશે ત્યાં હું તારી
પાછળ આવીશ."

૫૮ઈસુએ ઉત્તર આપ્યો, "લોંકડાંને રહેવા માટે દર
હોય છે. પક્ષીઓને રહેવા માટે માળા હોય છે પણ
માણસના દીકરાને માથું મૂકવાની જગ્યા નથી."

---

**કલમ ૫૪** કેટલીક ગ્રીક નકલોમાં ઉમેર્યુ છે: "... જેમ એલિયાએ કર્યુ."

**કલમ ૫૫** કેટલીક ગ્રીક નકલોમાં ઉમેર્યુ છે: અને ઈસુએ કહ્યું, 'તમે જાણતા નથી કે કેવા પ્રકારનો આત્મા તમારી પાસે છે. ૫૬માણસનો દીકરો નાશ કરવા નહિ પણ તેઓને તારવા આવ્યો છે.'"

૫૯ઈસુએ બીજા એક માણસને કહ્યું; "મારી પાછળ આવ!" પણ તે માણસે કહ્યું; "પ્રભુ, મને જવા દે અને પહેલા હું મારા પિતાને દાટું."

૬૦પણ ઈસુએ તેને કહ્યું; "જે લોકો મરેલા છે તેઓને પોતાના મૃત્યુ પામેલાઓને દાટવા દે. તું જઈને દેવના રાજ્યની વાત પ્રગટ કર."

૬૧બીજા એક માણસે કહ્યું; "પ્રભુ, હું તારી પાછળ આવીશ પણ પહેલા મને મારા પરિવારમાં જઈને સલામ કરી આવવાની રજા આપ."

૬૨ઈસુએ કહ્યું; "જો કોઈ વ્યક્તિ ખેતર ખેડવાનું શરૂ કરે અને પાછળ જુએ તો તે દેવના રાજ્યને માટે યોગ્ય નથી."

### ઈસુ ૭૨ માણસોને મોકલે છે

**૧૦** આ પછી, પ્રભુ (ઈસુ)એ બીજા વધારે ૭૨* માણસો પસંદ કર્યા અને જે દરેક શહેર અને જગ્યાએ જવાનું તેણે આયોજન કર્યુ હતું, ત્યાં બબ્બેના સમૂહમાં પોતાના પહેલાં મોકલ્યા. ૨ઈસુએ તેઓને કહ્યું, "ફસલ ઘણી સારી છે, પણ ફસલના કામમાં મજૂરો બહુ થોડા છે, ફસલના (લોકો) ધણીને પ્રાર્થના કરો કે તેની ફસલને ભેગી કરવામાં મદદ માટે વધારે મજૂરોને મોકલે. ૩તમે હમણા જઈ શકો છો. પણ ધ્યાનથી સાંભળો! "હું તમને મોકલું છું અને તમે વરુઓમાં ઘેટાંનાં બચ્ચાં જેવા હશો." ૪પૈસા, ઝોળી કે જોડાં કંઈ પણ તમારી સાથે લઈ જશો નહિ. રસ્તામાં કોઈની સાથે વાત કરવા રોકાશો નહિ. ૫કોઈ પણ ઘરમાં પ્રવેશ કરતા પહેલા કહો કે, "આ ઘરનાંને શાંતિ થાઓ." ૬જો શાંતિનો દીકરો ત્યાં રહેતો હોય તો તમારા આશીર્વાદની શાંતિ તેમની સાથે રહેશે. પણ જો, માણસ શાંતિ નહિ રાખતો હોય તો પછી તમારા આશીર્વાદની શાંતિ તમારી પાસે પાછી આવશે. ૭શાંત ઘરમાં જ રહો. લોકો તમને ત્યાં જે કંઈ આપે તે ખાઓ અને પીઓ. કારણ કે મજૂર તેના વેતનને પાત્ર છે. તેથી એક ઘેરથી બીજા ઘેર જશો નહિ. ૮જો તમે કોઈ શહેરમાં પ્રવેશો અને લોકો તમને આવકારે તો તેઓ તમને જે ખાવાનું આપે તે ખાઓ. ૯ત્યાં રહેતા માંદા લોકોને સાજા કરો, પછી તેઓને કહો, 'દેવનું રાજ્ય જલદીથી તમારી પાસે આવે છે!' ૧૦પણ જો તમે કોઈ શહેરમાં જાઓ અને લોકો તમને આવકારે નહિ તો પછી તે શહેરની શેરીઓમાં જાઓ. અને કહો; ૧૧'તમારા શહેરની જે ધૂળ અમારા પગ પર છે તે પણ અમે તમારી સામે ખંખેરી નાખીએ છીએ. પણ એટલું યાદ રાખજો કે દેવનું રાજ્ય જલદી આવે છે.' ૧૨હું કહું છું કે ન્યાયના દિવસે તે શહેરના લોકોની હાલત સદોમના લોકો કરતાં વધારે ખરાબ થશે.

### ઈસુની અવિશ્વાસુ લોકોને ચેતવણી

૧૩"ઓ ખોરાઝીન, તે તારે માટે ખરાબ છે, ઓ બેથસૈદા, તે તારા માટે પણ ખરાબ છે. મેં તમારામાં ઘણા ચમત્કારો કર્યા છે. તે જો તૂર તથા સિદોનમાં થયા હોય તો, તે શહેરના લોકોએ તેઓનાં જીવનમાં પરિવર્તન કર્યુ હોત અને ઘણા વખત પહેલાં પાપો કરવાનું બંધ કર્યુ હોત. તેઓએ તાટના વસ્રો પહેર્યા હોત અને તેમની જાતે રાખ ચોળીને તેઓએ તેઓનાં પાપો માટે પશ્ચાતાપ દર્શાવ્યો હોત. ૧૪પરંતુ ન્યાયના દિવસે તૂર અને સિદોન કરતાં તમારા માટે વધારે ખરાબ થશે. ૧૫અને ઓ કફર–નહૂમ, શું તને આકાશ સુધી ઊંચુ કરાશે? ના! તને તો નરકમાં ફેંકી દેવામાં આવશે!

૧૬"જ્યારે કોઈ વ્યક્તિ તમને ધ્યાનથી સાંભળે છે, તે વ્યક્તિ ખરેખર મને પણ ધ્યાનથી સાંભળે છે અને જ્યારે કોઈ વ્યક્તિ તમને સ્વીકારવાની ના પાડે, ત્યારે તે મને પણ સ્વીકારવાની ના પાડે છે. અને જે મને સ્વીકારવાની ના પાડે છે, તે જેણે મને અહીં મોકલ્યો છે તેને સ્વીકારવાની ના પાડે છે."

### શેતાનની પડતી

૧૭જ્યારે ૭૨ માણસો તેઓનો પ્રવાસ કરીને પાછા ફર્યા ત્યારે તેઓ ઘણા પ્રસન્ન હતા. તેઓએ કહ્યું; "પ્રભુ, જ્યારે અમે તારા નામનો ઉપયોગ કર્યો ત્યારે ભૂતો પણ અમને તાબે થયા." ૧૮ઈસુએ તે માણસોને કહ્યું; "મેં શેતાનને આકાશમાંથી વીજળીની પેઠે પડતો જોયો. ૧૯ધ્યાનથી સાંભળો! મેં તમને સર્પો અને વીંછીઓ પર ચાલવાનો અધિકાર આપ્યો છે. મેં તમને શત્રુની બધી જ તાકાત કરતાં વધારે તાકાત આપી છે. તમને કશાથી ઈજા થનાર નથી. ૨૦પણ આનંદ કરો. આત્માઓ તમને તાબે થયા તેથી આનંદી થશો નહિ. એટલે નહિં કે તમારી પાસે સામર્થ્ય છે, તેને બદલે તમારા નામ આકાશમાં લખેલાં છે તેથી આનંદ પામો."

### ઈસુ બાપને પ્રાર્થના કરે છે

૨૧પછી પવિત્ર આત્માથી ઈસુને વધારે આનંદનો અનુભવ થયો. ઈસુએ કહ્યું; "હે બાપ આકાશ અને પૃથ્વીના ધણી, હું તારો આભાર માનુ છું. હું તારી સ્તુતિ કરું છું કારણ કે તેં ડાહ્યા અને બુદ્ધિશાળી લોકોથી આ

---

**૭૨** કેટલીક લૂકની ગ્રીક નકલોમાં ૭૦ ઉલ્લેખ કર્યો છે.

વાતો ગુપ્ત રાખી છે. પણ તેં એ વાતો એવા લોકો કે જે
નાનાં બાળકો જેવા છે તેમને તેં પ્રગટ કરી છે. હા બાપ,
તેં આ કર્યુ છે કારણ કે તું ખરેખર જે કરવા ઈચ્છતો
હતો તે આ જ છે.
૨૨"મારા બાપે મને બધી વસ્તુઓ આપી છે. દીકરો
કોણ છે એ માણસ જાણતો નથી. ફક્ત બાપ જ જાણે છે
અને દીકરો જાણે છે કે બાપ કોણ છે. ફક્ત તે લોકો જ
જાણશે કે બાપ કોણ છે. તે એ લોકો છે જેને દીકરો
તેમને પ્રગટ કરવા પસંદ કરે છે."
૨૩ઈસુ તેના શિષ્યો સાથે પાછો ફર્યો. તેઓ ત્યાં
ઈસુની સાથે એકલા જ હતાં. ઈસુએ કહ્યું; "તમે હમણા
જે જુઓ છો તે જોવા તમને ધન્ય છે! ૨૪હું તમને કહું
છું કે તમે જે હમણા જુઓ છો તે જોવા માટે ઘણા
પ્રબોધકો અને રાજા ઈચ્છતા હતા. પણ તેઓ આ વસ્તુઓ
જોઈ શક્યા નથી. અને ઘણા પ્રબોધકો અને રાજાઓ
તમે જે હમણા સાંભળો છો તે સાંભળવા ઈચ્છતા હતા,
પણ તેઓ આ બાબતો સાંભળી શક્યા નહિ."

### ભલા સમરૂનીનું ઉદાહરણ

૨૫પછી એક કાયદાનો પંડિત ઊભો થયો. તે ઈસુનું
પરીક્ષણ કરવા પ્રયત્ન કરતો હતો. તેણે કહ્યું; "ઉપદેશક,
અનંતજીવનની પ્રાપ્તિ માટે મારે શું કરવું જોઈએ?"
૨૬ઈસુએ તેને કહ્યું; "નિયમશાસ્રમાં શું લખ્યું છે?
તેમાં તું શું વાંચે છે?"
૨૭તે માણસે ઉત્તર આપ્યો, "તારે પ્રભુ તારા દેવ પર
તારા પૂર્ણ હૃદયથી તથા તારા પૂરા જીવથી તથા તારા
પૂર્ણ સામર્થ્યથી તથા તારા પૂર્ણ મનથી પ્રીતિ કરવી
જોઈએ.'* તથા, 'તમે તમારી જાતને જેવો પ્રેમ કરો છો
તેવો જ તમારા પાડોશી પર પ્રેમ રાખવો.'* "
૨૮ઈસુએ તેને કહ્યું, "તારો ઉત્તર ખરો છે. એ જ કરો
તેથી તને અનંત જીવન મળશે."
૨૯પણ તે માણસ તેની જાતને ન્યાયી ઠરાવવા, પ્રશ્નો
પૂછતો હતો. તેથી તેણે ઈસુને કહ્યું; "પણ આ બીજા
લોકો કોણ છે જેમને મારે પ્રેમ કરવો જોઈએ?"
૩૦આ પ્રશ્નનો ઉત્તર આપતા ઈસુએ કહ્યું; "એક
માણસ યરૂશાલેમથી યરેખોના રસ્તેથી જતો હતો.
કેટલાએક લૂંટારાઓએ તેને ઘેર્યો. તેઓએ તેનાં વસ્રો
ઉતારી લીધાં અને માર્યો. પછી તે લૂંટારાઓ તે માણસને
જમીન પર પડેલો છોડીને ચાલ્યા ગયા. તે લગભગ
મરી ગયો હતો. ૩૧એવું બન્યું કે એક યહૂદી યાજક તે
રસ્તા પરથી પસાર થતો હતો. જ્યારે યાજકે તે માણસને
જોયો તે તેને મદદ કરવા રોકાયો નહિ, તે દૂર ચાલ્યો
ગયો. ૩૨પછી, લેવી * નજીક આવ્યો. લેવીએ ઈજાગ્રસ્ત
માણસને જોયો. પણ તેને જોઈને તે પણ બીજી બાજુ
ચાલ્યો ગયો. તે પણ તેને મદદ કરવા રોકાયા વગર જ
ચાલ્યો ગયો. ૩૩પછી એક સમરૂની તે રસ્તેથી પસાર
થતો હતો. તે તે જગ્યાએ આવ્યો જ્યાં પેલો ઈજાગ્રસ્ત
માણસ પડ્યો હતો. સમરૂનીએ તે માણસને જોયો. તે
ઈજાગ્રસ્ત માણસને જોઈ તેને કરુણા ઉપજી. ૩૪તે
સમરૂની તેની પાસે ગયો અને તેના ઘા પર ઓલિવનું
તેલ અને દ્રાક્ષારસ રેડ્યો. પછી તેણે તે માણસના ઘા પર
પાટો બાંધ્યો. સમરૂની પાસે એક ગધેડો હતો. તેણે તે
ઈજાગ્રસ્ત માણસને તેના ગધેડા પર બેસાડ્યો અને તેને
ધર્મશાળામાં લઈ ગયો. ધર્મશાળામાં સમરૂનીએ તેની
માવજત કરી. ૩૫બીજે દિવસે, સમરૂની બે ચાંદીના
સિક્કા લાવ્યો અને ધર્મશાળામાં જે માણસ કામ કરતો
હતો તેને આપ્યા. સમરૂનીએ કહ્યું; 'આ ઈજા પામેલા
માણસની માવજત કરજે. જો તેના માટે તું વધારે પૈસાનો
ખર્ચ કરીશ તો હું જ્યારે ફરી પાછો આવીશ ત્યારે તે
આપીશ.'"
૩૬પછી ઈસુએ કહ્યું; "હવે લૂંટારાઓથી ઈજા પામેલા
પેલા માણસ પર આ ત્રણ માણસોમાંથી (યાજક, લેવી,
સમરૂની) કયા માણસે પ્રેમ દર્શાવ્યો. તું શું વિચારે છે?"
૩૭કાયદાના પંડિતે ઉત્તર આપ્યો; "તે એક કે જેણે
તેને મદદ કરી,"
ઈસુએ તેને કહ્યું; "તો પછી તું જા અને જઈને બીજા
લોકો માટે એ પ્રમાણે કર."

### મરિયમ અને માર્થા

૩૮જ્યારે ઈસુ અને તેના શિષ્યો યાત્રા કરતા હતા.
ત્યારે ઈસુ એક શહેરમાં ગયો. માર્થા નામની એક સ્રીએ
ઈસુને પોતાને ઘેર રાખ્યો. ૩૯માર્થાને મરિયમ નામની
બહેન હતી. મરિયમ ઈસુના પગ પાસે બેઠી હતી અને
તેનો ઉપદેશ ધ્યાનથી સાંભળતી હતી. પણ તેની બહેન
માર્થા ઘરકામમાં વ્યસ્ત હતી. ૪૦માર્થા ઘણા કામોમાં
વ્યસ્ત હતી ઘણું કામ કરવાનું હતું, માર્થા અંદર ગઈ
અને કહ્યું; "પ્રભુ, મારી બહેને મને કામ કરવાને એકલી
મૂકી છે, તેની શું તને ચિંતા નથી? મને મદદ કરવા માટે
તેને કહે!"

---

**'તારે પ્રભુ તારા ... પ્રીતી કરવી જોઈએ'** પુન. ૬:૫.

**તમે તમારી જાતને ... પડોશી પર પ્રેમ રાખવો'** લે. ૧૯:૧૮.

**લેવી** લેવીના કૂળનો માણસ જે મંદિરમાં યહૂદી યાજકોનો મદદકર્તા હતો.

૪૧ પણ પ્રભુએ તેને ઉત્તર આપ્યો, "માર્થા, માર્થા, તું
ઘણી બધી બાબતોમાં ચિંતા કરે છે અને ગભરાય છે.
૪૨ ફક્ત એક જ વાત મહત્વની છે, મરિયમે યોગ્ય
પસંદગી કરી છે; અને તે તેની પાસેથી કદાપિ લઈ
લેવામાં આવશે નહિ."

## ઈસુ પ્રાર્થના કરતાં શીખવે છે

**૧૧** એક વખત ઈસુ એક જગ્યાએ પ્રાર્થના કરતો
હતો. જ્યારે ઈસુએ પ્રાર્થના કરવાની પૂરી કરી
ત્યારે તેના શિષ્યોમાંના એકે તેને કહ્યું; "યોહાને તેના
શિષ્યોને પ્રાર્થના કરતા શીખવ્યું. પ્રભુ તમે પણ અમને
પ્રાર્થના કરતા શીખવો". ૨ ઈસુએ શિષ્યોને કહ્યું; "જ્યારે
તમે પ્રાર્થના કરો ત્યારે આ રીતે પ્રાર્થના કરો:

'ઓ બાપ, અમે પ્રાર્થના કરીએ છીએ કે તારું
નામ સદા પવિત્ર મનાઓ. અમે પ્રાર્થના કરીએ
છીએ કે તારું રાજ્ય આવો.
૩ દરેક દિવસે અમને જરૂરી ખોરાક આપ.
૪ અમે કરેલાં પાપ તું માફ કર, કારણ કે અમે
અમારા પ્રત્યેક અપરાધીઓને માફ કરીએ છીએ.
અને અમને પરીક્ષણમાં ના લાવો પણ ભૂંડાઈથી
અમારો છૂટકો કર."'

## માગવાનું ચાલુ રાખો

૫-૬ પછી ઈસુએ તેઓને કહ્યું; "ધારો કે તમારામાંનો
કોઈ એક મોડી રાત્રે તમારા મિત્રને ઘરે જાય અને કહે;
"મારો એક મિત્ર મારી મુલાકાતે શહેરમાં આવ્યો છે.
પરંતુ મારી પાસે તેને ખવડાવવા કંઈ નથી. કૃપા કરીને
મને ત્રણ રોટલી આપ," ૭ તમારો મિત્ર ઘરમાંથી જ
ઉત્તર આપે છે, "ચાલ્યો જા, મને તકલીફ ન આપ!
હમણા બારણું બંધ છે. હું અને મારા બાળકો પથારીમાં
છીએ. હું હમણા ઊઠીને તને રોટલી આપી શકુ તેમ
નથી. ૮ હું તમને કહું છું કે તમે એના મિત્ર હોવા છતાં
કદાચ તે ન ઊઠે, પણ તમારા સતત આગ્રહને કારણે તે
અવશ્ય ઊઠશે અને તમને જરૂરી બધું જ આપશે. ૯ તેથી
હું તમને કહું છું. માગવાનું ચાલુ રાખો, અને દેવ તમને
આપશે. શોધવાનું ચાલુ રાખો અને તમે તે મેળવશો.
બારણું ખખડાવવાનું ચાલુ રાખો, અને બારણું તમારા
માટે ઉઘડશે. ૧૦ હા, જો એક વ્યક્તિ માંગવાનું ચાલુ
રાખે છે તો તે વ્યક્તિ મેળવશે. જો વ્યક્તિ શોધવાનું
ચાલુ રાખે છે તો તે તેને મળે છે. જો વ્યક્તિ ખખડાવવાનું
ચાલુ રાખે છે, તો તે વ્યક્તિ માટે બારણું ઉઘડશે.
૧૧ તમારામાંથી કોઈને દીકરો છે? જો તમારો દીકરો તમારી
પાસે એક માછલી માગશે તો તમે શું કરશો? શું કોઈ
પિતા તેના પુત્રને સર્પ આપશે? ના! તમે તેને એક
માછલી જ આપશો. ૧૨ અથવા, જો તમારો દીકરો એક
ઈંડુ માંગશે તો શું તમે તેને એક વીંછી આપશો? ના!
૧૩ તમે બીજા લોકો જેવા જ છો, તમે ભૂંડા છો છતાં તમે
જાણો છો કે તમારા બાળકોને સારી ભેટો કેવી રીતે
આપવી. તેથી તમારા આકાશમાંના બાપ જાણે છે. જે
લોકો તેની પાસે માગે છે તેમને તે પવિત્ર આત્મા આપશે.
તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે."

## ઈસુનું સામર્થ્ય દેવ તરફથી

૧૪ એક વખતે ઈસુ માણસમાંથી ભૂતને બહાર કાઢતો
હતો. તે માણસ વાત કરી શકતો ન હતો. જ્યારે દુષ્ટ
આત્મા બહાર આવ્યો ત્યારે તે માણસ બોલી શકયો.
લોકો અચરત પામ્યા હતા. ૧૫ કેટલાએક લોકોએ કહ્યું;
"લોકોમાંથી ભૂતોને બહાર કાઢવા ઈસુ બાલઝબૂલની
તાકાતનો ઉપયોગ કરે છે. બાલઝબૂલ ભૂતોનો સરદાર
હતો."

૧૬ બીજા લોકો ઈસુનું પરીક્ષણ કરવા ઈચ્છતા હતા.
તેઓએ ઈસુની પાસેથી આકાશમાંથી નિશાની માગી.
૧૭ તેઓ શું વિચારતા હતા તે જાણીને ઈસુએ લોકોને
કહ્યું; "જે કોઈ રાજ્યમાં ફૂટ પડે છે તેનો નાશ થાય છે
અને પરિવારના સભ્યો એકબીજા સાથે ઝઘડે તો તેથી
તેમા ભાગલા પડે છે. ૧૮ તેથી જો શેતાન પોતાની સામે
થયેલો હોય તો તેનું રાજય કેવી રીતે ટકી શકે? તમે
કહો છો કે ભૂતોને બહાર કાઢવામાં હું બાલઝબૂલની
શકિતનો ઉપયોગ કરું છું. ૧૯ પણ જો હું બાલઝબુલની
શકિતથી ભૂતોને બહાર કાઢતો હોઉં તો તમારા લોકો
કઈ શકિતનો ઉપયોગ કરે છે જ્યારે તેઓ ભૂતોને બહાર
કાઢે છે? તેથી તમારા પોતાના લોકો જ સાબિત કરે છે કે
તમે ખોટા છો. ૨૦ પણ હું તો ભૂતોને કાઢવા માટે દેવના
સામર્થ્યનો ઉપયોગ કરું છું, આ બતાવે છે કે દેવનું
રાજ્ય તમારી પાસે આવ્યું છે!

૨૧ "જ્યારે બળવાન માણસ ઘણા હથિયારોથી પોતાનું
ઘર સાચવે છે ત્યારે તેના ઘરમાં વસ્તુઓ સલામત રહે
છે. ૨૨ પણ ધારો કે બીજો મજબૂત માણસ આવે છે અને
તેને હરાવે છે, તે જેના પર પ્રથમ માણસે તેના ઘરને
સલામત રાખવા વિશ્વાસ કર્યો હતો તે હથિયારો તે
મજબૂત માણસ લઈ જશે. પછી વધારે મજબૂત માણસ
બીજા માણસોની માલમિલ્કત બાબતે તેની ઈચ્છા પ્રમાણે
કરે છે.

૨૩“જે વ્યક્તિ મારા પક્ષનો નથી તે મારી વિરુદ્ધ છે.
જે માણસ મારી સાથે કામ કરી શકતો નથી તે મારી
વિરુદ્ધ કામ કરે છે.”

## ખાલી માણસ

૨૪“જ્યારે માણસમાંથી અશુદ્ધ આત્મા બહાર આવે
છે, પછી નિર્જળ પ્રદેશોમાં આરામ માટેની જગાની
શોધમાં તે ભટકતો ફરે છે. પણ તે આત્માને આરામ
માટેની જગ્યા મળતી નથી. તેથી આત્મા કહે છે, ‘જે
ઘરમાંથી હું નીકળ્યો તે જ ઘરમાં (વ્યક્તિ) હું પાછો
જઈશ.’ ૨૫જ્યારે આત્મા પેલા માણસ પાસે પાછો આવે
છે, ત્યારે તેનું અગાઉનું ઘર સ્વચ્છ અને સુશોભિત
જુએ છે. ૨૬પછી તે અશુદ્ધ આત્મા બહાર જાય છે અને
તેના કરતાં વધારે દુષ્ટ સાત અશુદ્ધ આત્માઓને લઈને
આવે છે. પછી બધા જ અશુદ્ધ આત્માઓ તે માણસમાં
પ્રવેશીને ત્યાં જ રહે છે અને પેલા માણસની હાલત
પહેલાં કરતાં વધારે ભૂંડી બને છે.”

## સાચા સુખી લોકો

૨૭જ્યારે ઈસુએ વાતો કહી, ત્યારે એક સ્ત્રીએ
ટોળામાંથી ઈસુને મોટા અવાજે કહ્યું; “તારી માતાને
ધન્ય છે, કારણ કે તેણે તને જન્મ આપ્યો અને તને
ધવડાવ્યો.”
૨૮પણ ઈસુએ કહ્યું; “જે લોકો દેવની વાત સાંભળે
છે અને પાળે છે; તેઓ સાચા સુખી લોકો છે.”

## અમને સાબિતી આપો

૨૯લોકોનો સમૂહ મોટો ને મોટો થતો ગયો. ઈસુએ
કહ્યું; “આજે જે લોકો જીવે છે તેઓ દુષ્ટ છે, તેઓ દેવની
પાસેથી નિશાનીરૂપે કોઈ ચમત્કાર માંગે છે પણ તેઓને
નિશાનીરૂપે કોઈ ચમત્કાર આપવામાં આવશે નહિ.
યૂનાને જે ચમત્કાર થયો તે જ ફક્ત નિશાની હશે.
૩૦નિનવેહમાં રહેતા લોકોને માટે યૂના જ નિશાની
હતો. માણસના દીકરા સાથે પણ એમ જ છે. આ સમયના
લોકો માટે માણસનો દીકરો જ નિશાની થશે. ૩૧ન્યાયના
દિવસે દક્ષિણની રાણી* આ પેઢીના માણસો સાથે ઊભી
રહેશે. તે બતાવશે કે તેઓ ખોટા છે. શા માટે? કારણ કે
દૂર દૂરથી તે સુલેમાનનું જ્ઞાન ધ્યાનથી સાંભળવા આવી.
અને હું તમને કહું છું કે હું સુલેમાન કરતા મોટો છું.
૩૨ન્યાયના દિવસે નિનવેહની આ પેઢીના માણસો લોકો
સાથે ઊભા રહેશે અને તેઓ બતાવશે કે તમે દોષિત
છો. શા માટે? કારણ કે જ્યારે યૂના પેલા લોકોને ઉપદેશ
આપતો હતો ત્યારે તેઓએ પસ્તાવો કર્યો. હું તમને કહું
છું કે, “હું યૂના કરતાં વધારે મોટો છું.”

## જગત માટે પ્રકાશ બનો

૩૩“કોઈ પણ વ્યક્તિ દીવો લઈને તેને વાસણ નીચે
સંતાડી મૂકશે નહિ. તેને બદલે તે દીવી પર મૂકે છે તેથી
ઘરમાં પ્રવેશનારા તે જોઈ શકે. ૩૪તારી આંખ તારા
શરીર માટે દીવો છે. જો તારી આંખો સારી હશે તો તારું
આખું શરીર પ્રકાશથી ભરેલું હશે. પણ જો તારી આંખો
ખરાબ હશે તો તારું આખુ શરીર અંધકારથી ભરેલું હશે.
૩૫માટે સાવધાન રહે, તારામાં રહેલા પ્રકાશને અંધકાર
થવા દઈશ નહિ. ૩૬જો તારું આખું શરીર પ્રકાશથી ભરેલું
હશે અને તેનો કોઈ ભાગ અંધકારરૂપ નહિ હોય તો તે
બધું તેજસ્વી થશે. જેમ દીવો તને પ્રકાશ આપે છે
તેમ.”

## ઈસુ ફરોશીઓની ટીકા કરે છે

૩૭ઈસુએ બોલવાનું પૂરું કર્યા પછી ફરોશીએ ઈસુને
પોતાની સાથે જમવા બોલાવ્યો તેથી ઈસુ આવ્યો અને
મેજ પાસે બેઠો. ૩૮પણ ફરોશીને તે જોઈને આશ્ચર્ય થયું
જ્યારે ઈસુએ જમતાં પહેલા તેના હાથ ધોયા નહિ.
૩૯પ્રભુએ (ઈસુ) તેને કહ્યું; “તમે ફરોશીઓ તો થાળી
અને વાટકો બહારથી સાફ કરો છો, પરંતુ તમારા અંતરમાં
તો બીજા લોકોને છેતરીને ભેગી કરેલી વસ્તુઓ અને
દુષ્ટતા છે. ૪૦તમે મૂર્ખ છો! જેણે (દેવે) બહારનું બનાવ્યું
તેણે અંદરનું પણ નથી બનાવ્યું શું? ૪૧તેથી તમારી
થાળીમાં અને વાટકામાં જે છે તે લોકોને જરૂર છે તેમને
આપો, પછી તમે સંપૂર્ણ શુદ્ધ થશો. ૪૨પણ તમે
ફરોશીઓને અફસોસ છે. તમે દેવને તમારી પોતાની
બધી વસ્તુઓનો દશમો ભાગ આપો છો, તમે તમારા
બાગમાં થતી ફુદીનાનો, સિતાબનો તથા બીજા નાના
છોડનો દશાંશ જ આપો છો. પણ તમે બીજા લોકો તરફ
ન્યાયી થવાનું અને દેવને પ્રેમ કરવાનું ભૂલી જાઓ છો.
તમારે આ પ્રમાણે કરવું જોઈએ, અને પેલી બીજી બાબતો
જેવી કે દશમો ભાગ આપવાનું પણ ચાલુ રાખવું જોઈએ.
૪૩ફરોશીઓ તમારે માટે અફસોસની વાત છે કારણ કે
તમે સભાસ્થાનોમાં માનવંત સ્થાનોને ચાહો છો, અને
રસ્તે જતાં લોકો તમને સલામ કરીને માન આપે એવું
તમે ચાહો છો. ૪૪તમને અફસોસ છે! કેમ કે તમે તો

---

**દક્ષિણની રાણી** દક્ષિણની રાણી. તે સુલેમાન પાસે ૧૦૦૦ માઈલની મૂસાફરી કરીને દેવનું જ્ઞાન (ડહાપણ) શીખવા માટે આવી. વાંચો ૧ રાજા ૧૦:૧-૩.

છુપાયેલી કબરો જેવા છો, લોકો અજાણતા તેના પરથી
ચાલે છે એવા તમે છો. "

### ઈસુનો યહૂદી પંડિતો સાથે વાર્તાલાપ

૪૫પંડિતોમાંના એકે ઈસુને કહ્યું; "ઉપદેશક, જ્યારે
તમે ફરોશીઓ માટે આમ કહો છો, તેથી તમે અમારા
સમૂહની પણ ટીકા કરો છો."
૪૬ઈસુએ ઉત્તર આપ્યો, "તમને અફસોસ છે! તમે
પંડિતો છો! કારણ કે તમે એવા કડક કાયદાઓ બનાવો
છો, જેનું પાલન કરવાનું પણ લોકોને માટે ઘણું કઠિન
છે. તમે બીજા લોકોને તે કાયદાનું પાલન કરવા દબાણ
કરો છો, પણ તમે તમારી જાતે તે કાયદાઓને
અનુસરવાનો જરાય પ્રયત્ન કરતા નથી. ૪૭તમને
અફસોસ છે કેમ કે તમે તમારા પૂર્વજોએ મારી નાંખેલા
પ્રબોધકો માટે કબરો બાંધો છો. ૪૮અને હવે તમે બધા
લોકોને બતાવો છો, તમે તમારા બાપ દાદાઓએ જે કર્યુ
તેની સાથે સંમત છો. તેઓએ પ્રબોધકોને મારી નાંખ્યા
છે, અને તમે પ્રબોધકો માટે કબર બાંધો છો! ૪૯તેથી
દેવના જ્ઞાને પણ કહ્યું છે; 'હું તેઓની પાસે પ્રબોધકો
તથા પ્રેરિતોને મોકલીશ. મારા પ્રબોધકો અને પ્રેરિતોમાંના
કેટલાએકને દુષ્ટ માણસો દ્વારા મારી નાખવામાં આવશે.
બીજાઓને સતાવવામાં આવશે.' ૫૦તેથી દુનિયાના
આરંભથી જે બધા પ્રબોધકોને મારી નાખવામાં આવ્યા
છે તે માટે તમે લોકો જે હમણાં જીવો છો તેમને શિક્ષા
થશે. ૫૧હાબેલની હત્યા માટે તમને શિક્ષા થશે. જે રીતે
ઝખાર્યા જે વેદી અને મંદિરની વચ્ચે માર્યો ગયો હતો.
હા, હું તમને કહું છું તમે લોકો જે હાલમાં જીવો છો
તેઓને તે બધા માટે શિક્ષા થશે.
૫૨"ઓ પંડિતો, તમને અફસોસ છે! કેમ કે તમે દેવ
વિષે શીખવાની ચાવી સંતાડી દીધી છે. તમે તમારી
જાતે શીખતા નથી અને બીજાઓને પણ તે શીખવામાંથી
અટકાવ્યા છે."
૫૩જ્યારે ઈસુ ત્યાંથી જતો હતો ત્યારે શાસ્રીઓ અને
ફરોશીઓએ તેને વધારે કષ્ટ આપવા લાગ્યા. તેઓ ઘણી
બાબતો વિષે પ્રશ્નોના ઉત્તર આપવા માટે પ્રયત્ન કરીને
ઈસુને ઉશ્કેરવા લાગ્યા. ૫૪ઈસુને કંઈ ખોટું બોલતાં
પકડી શકાય તે માટે તક શોધવાનો તેઓ પ્રયત્ન કરતા
હતા.

### ફરોશીઓ જેવા ના બનો

૧૨ ઘણા હજારો લોકો ભેગા થયા. ત્યાં એટલા બધા
લોકો હતા કે તેઓ એકબીજા પર પડાપડી
કરતા હતા. ઈસુ લોકોને બોલ્યો તે પહેલા તેના શિષ્યોને
તેણે કહ્યું, "ફરોશીઓના ખમીરથી સાવધ રહો. હું સમજું
છું કે તેઓ ઢોંગી છે. ૨જે કંઈ છુપાવી રાખેલું છે તે
બતાવાશે. જે કંઈ ગુપ્ત છે તે પ્રગટ કરાશે. ૩તમે જે કંઈ
અંધારામાં કહો છો તે અજવાળામાં કહેવાશે, અને ગુપ્ત
ઓરડામાં તમે જે કંઈ કાનમાં કહ્યું હશે તે ઘરના ધાબા
પરથી પોકારાશે."

### ફક્ત ઈસુથી ડરો

૪પછી ઈસુએ લોકોને કહ્યું,"હું તમને કહું છું, મારા
મિત્રો, લોકોથી ડરો નહિ, લોકો શરીરને મારી શકે છે,
પણ તે પછી તેઓ તમને ઈજા કરતાં વધારે કંઈ કરી
શકશે નહિ. ૫હું તમને એકથી ડરવાનું બતાવીશ. તમારે
તેનાથી (દેવ) ડરવું જોઈએ જેનામાં તમને મારી
નાખવાનો અને પછી તમને નરકમાં નાખવાનો અધિકાર
છે. હા, તે એક છે જેનાથી તારે ડરવું જોઈએ.
૬"જયારે પક્ષીઓ વેચાય છે, પાંચ નાના પક્ષીઓની
કિંમત માત્ર બે પૈસા છે. પણ દેવ તેમાંના કોઈને ભૂલી
શકતો નથી. ૭હા, દેવને એ પણ ખબર છે કે તમારા
માથાંના વાળ કેટલા છે. ડરશો નહિ. તમે ઘણા પક્ષીઓ
કરતાં વધારે મૂલ્યવાન છો.

### ઈસુથી શરમાશો નહિ

૮હું તમને કહું છું, "જો કોઈ વ્યક્તિ બીજા લોકો
આગળ ઊભો રહે અને કહે કે તેને મારામાં વિશ્વાસ
છે. પછી હું કહીશ કે તે વ્યક્તિ મારી છે. હું આ દેવના
દૂતોની આગળ કહીશ. ૯પણ જો કોઈ વ્યક્તિ લોકો
આગળ ઊભો રહીને જાહેર કરે કે તેને મારામાં વિશ્વાસ
નથી પછી હું કહીશ કે તે વ્યક્તિ મારી નથી. હું આ
દેવના દૂતોની આગળ કહીશ.
૧૦"કોઈ વ્યક્તિ માણસના દીકરાની વિરુદ્ધ કંઈક
કહે છે, તો તેને માફી આપી શકાય છે. પણ કોઈ વ્યક્તિ
પવિત્ર આત્માની વિરુદ્ધ કંઈ વાત કહેશે તો તેને માફ
કરી શકાશે નહિ.
૧૧"જ્યારે લોકો તમને સભાસ્થાનોમાં અધિપતિઓ
અને અધિકારીઓની આગળ લઈ જાય ત્યારે શું કહેવું
તેની ચિંતા ન કરો અને તમારો બચાવ કેવી રીતે કરવો
તેની પણ ચિંતા ન કરો. ૧૨તે વખતે પવિત્ર આત્મા
તમારે શું કહેવું જોઈએ તે શીખવશે."

### ઈસુની સ્વાર્થપણા સામે ચેતવણી

૧૩ટોળામાંના એક માણસે ઈસુને કહ્યું, "ગુરુજી,

હમણા જ અમારા પિતાનું મૃત્યુ થયું છે. મારા ભાઈને
કહે કે અમારા પિતાની માલિકીની વસ્તુઓનો ભાગ
મને આપે."
૧૪પણ ઈસુએ તેઓને કહ્યું; "કોણે કહ્યું કે હું તમારો
ન્યાયાધીશ થઈશ કે તમારા પિતાની વસ્તુઓ તમારા
બંને વચ્ચે વહેંચવાનો નિર્ણય કરીશ?" ૧૫પછી ઈસુએ
તેઓને કહ્યું, "સાવધાન રહો અને બધા જ પ્રકારના
સ્વાર્થીપણા સામે જાગ્રત રહો. વ્યક્તિ તેની માલિકીની
ઘણી વસ્તુઓમાંથી જીવન પ્રાપ્ત કરી શકતો નથી."
૧૬પછી ઈસુએ આ વાર્તાનો ઉપયોગ કર્યો. "એક
ધનવાન માણસ હતો જેની પાસે કેટલીક જમીન હતી.
તેની જમીનમાં ઘણી સારી ઉપજ થઈ. ૧૭તે ધનવાન
માણસે તેની જાતે મનમાં વિચાર કર્યો, 'મારે શું કરવું?
મારી પાસે ઉપજ ભરી મૂકવાની જગ્યા નથી.' ૧૮પછી
પૈસાદાર માણસે કહ્યું; 'હું જાણું છું કે હું શું કરીશ.' હું
મારી વખારોને પાડી નાંખીને વધારે મોટી વખારો
બાંધીશ! હું ત્યાં મારા બધા જ ઘઉં અને સારી વસ્તુઓ
એક સાથે નવી વખારમાં મૂકીશ. ૧૯પછી હું મારી જાતને
કહીશ, 'મારી પાસે ઘણી સારી વસ્તુઓનો સંગ્રહ છે, મેં
ઘણાં વરસ માટે પૂરતું બચાવ્યું છે આરામ લે, ખા, પી
અને જીવનમાં આનંદ કર!' ૨૦પરંતુ દેવે તે માણસને
કહ્યું; "અરે! મૂર્ખ માણસ આજે રાત્રે તારું મૃત્યુ થશે.
તેથી તેં તારી જાત માટે તૈયાર કરેલી વસ્તુઓનું શું? હવે
તે વસ્તુઓ કોની થશે?"
૨૧"જે વ્યક્તિ તેની જાત માટે જ ફક્ત વસ્તુઓ બચાવે
છે તેનું આમ જ થશે. દેવ સમક્ષ તે વ્યક્તિ ધનવાન
નથી."

### દેવના રાજ્યને પ્રથમ સ્થાન આપવું

૨૨ઈસુએ તેના શિષ્યોને કહ્યું; "તેથી હું તમને કહું છું
કે, તમારે જીવવા માટે જે ખોરાક જોઈશે તેની ચિંતા
કરશો નહિ, તમારા શરીર માટે જરૂરી કપડાંની તમે
ચિંતા કરશો નહિ. ૨૩જીવન ખોરાક કરતાં વધારે મહત્વનું
છે અને શરીર કપડાં કરતા વધારે મહત્વનું છે. ૨૪પક્ષીઓ
તરફ જુઓ, તેઓ વાવતાં નથી કે લણતાં નથી. પક્ષીઓ
વખારમાં કે ઘરમાં અનાજ બચાવતા નથી. પરંતુ દેવ
તેમની સંભાળ રાખે છે. અને તમે તો પક્ષીઓ કરતાં
ઘણા વધારે મૂલ્યવાન છો. ૨૫તમારામાંથી કોઈ પણ
તેના અંગે ચિંતાઓ કરીને તમારા જીવનમાં થોડા
સમયનો પણ વધારો કરી શકતો નથી. ૨૬જો તમે નાની
બાબત પણ કરી શકતા નથી તો પછી બીજી બાબતોની
ચિંતા શા માટે કરો છો? ૨૭જંગલી ફૂલોને જુઓ, તેઓ
કેવી રીતે ઊગે છે. તેઓ તેમની જાત માટે નથી કપડાં
બનાવતા કે નથી કંઈ કામ કરતાં. પણ હું તમને કહું છું
કે મહાન ધનવાન રાજા સુલેમાન પણ સુંદર રીતે
શણગારાએલાં ફૂલોમાંના એક જેવો પણ પહેરેલો ન
હતો. ૨૮એ પ્રમાણે દેવ ખેતરના ઘાસને સુંદર વસ્રો
પહેરાવે છે તેમ ઘાસ આજે જીવે છે. પણ આવતીકાલે
તેને બાળી નાખવા આગમાં નંખાય છે. તેથી તું જાણ કે
દેવ તને વધારે સારું પહેરાવશે. તેથી આવો અલ્પવિશ્વાસ
ન રાખો. ૨૯તેથી હંમેશા તમે શું ખાશો અને શું પીશો
તેના વિષે વિચાર ન કરો. તેના વિષે ચિંતા ન કરો.
૩૦જગતના બધા લોકો તે વસ્તુઓ મેળવવા પ્રયત્ન કરે
છે. તમારો પિતા જાણે છે કે તમારે તે વસ્તુઓની જરૂર
છે. ૩૧જે વસ્તુઓ તમને જોઈએ છે તે દેવનું રાજ્ય છે.
પછી આ બધી જરૂરી વસ્તુઓ તમને આપવામાં આવશે.

### પૈસામાં વિશ્વાસ ન રાખો

૩૨"ઓ નાની ટોળી, તમે ડરશો નહિ, તમારા પિતા
તમને રાજ્ય આપવા ઈચ્છે છે. ૩૩તમારી પાસે જે વસ્તુઓ
છે તે વેચી દો અને જેઓને જરૂર છે તેઓને તે પૈસા
આપી દો. આ જગતની સંપત્તિ સદા રહેતી નથી. તેથી
જે સંપત્તિ સતત રહે તે મેળવો. તમારી જાત માટે
આકાશમાં ખજાનો પ્રાપ્ત કરો. તે ખજાનો સદા રહેશે.
આકાશમાંના ખજાનાને ચોરો ચોરી શકતા નથી, અને
કીડા તેનો નાશ કરી શકતા નથી. ૩૪જ્યાં તમારો ખજાનો
હશે ત્યાં જ તમારું ચિત્ત રહેશે.

### હમેશા તૈયાર રહો

૩૫"તૈયાર થાઓ, પૂર્ણ પોષાક પહેરો, તમારા દીવા
સળગતા રાખો. ૩૬લગ્ન સમારંભમાંથી ઘેર પાછા આવતા
ધણીની રાહ જોતાં સેવકો જેવા થાઓ. ધણી આવે છે
અને ટકોરા મારે છે. દાસો ધણી માંટે બારણું ઉઘાડે છે.
૩૭એ દાસોને ધન્ય છે કારણ કે જ્યારે તેઓનો ધણી ઘરે
આવે છે અને તે જુએ છે કે તેના દાસો તૈયાર છે અને
તેની વાટ જુએ છે. હું તમને સત્ય કહું છું, ધણી તેની
જાતે કામ માટે કપડાં પહેરશે અને દાસોને મેજ પાસે
બેસવા કહેશે. પછી ધણી તેમની સેવા કરશે. ૩૮પેલા
દાસોને મધરાત પછી મોડેથી તેઓના ધણીની આવવાની
રાહ જોવી પડે. તેઓનો ધણી જ્યારે આવે છે, ત્યારે
તેઓને રાહ જોતા જોઈને તે આનંદ પામે છે. ૩૯આ
યાદ રાખો, ઘરનો ધણી જો જાણતો હોત કે ક્યા સમયે
ચોર આવશે તો પછી ધણી ચોરને તેના ઘરમાં ઘૂસવા

દેત નહિ. ૪૦તેથી તમે પણ તૈયાર રહો! માણસનો દીકરો તમે ધાર્યુ નહિ હોય તેવા સમયે આવશે."

### વિશ્વાસપાત્ર સેવક કોણ?

૪૧પિતરે કહ્યું; "પ્રભુ, તેં આ વાર્તા અમારા માટે કહી કે બધા લોકો માટે?"

૪૨પ્રભુએ કહ્યું; "શાણો અને વિશ્વાસપાત્ર સેવક કોણ છે? ધણી એક દાસ પર વિશ્વાસ રાખે છે જે બીજા દાસોને સમયસર તેમનું ખાવાનું આપશે. એ દાસ કોણ છે જેના પર ધણી તે કામ કરવાનો વિશ્વાસ રાખે છે? ૪૩જ્યારે ધણી આવે છે અને પોતે દાસને સોંપેલું કામ કરતાં જુએ છે, ત્યારે તે દાસ ઘણો સુખી થશે. ૪૪હું તમને સત્ય કહું છું, "ધણી તે દાસને પોતાની સર્વ માલમિલકતની સંભાળ રાખવા પસંદ કરે છે. ૪૫પણ જો દાસ દુષ્ટ હોય અને વિચારે કે તેનો ધણી જલદીથી પાછો આવશે નહિ, તો પછી શું બને? પેલો દાસ બીજા દાસો અને દાસીઓને મારવાનું શરૂ કરશે. તે ખાશે, પીશે અને છાકટો બનશે. ૪૬પછી પેલા દાસનો ધણી આવશે ત્યારે પેલો દાસ તૈયાર હશે નહિ. દાસે ધારણા નહિ કરી હોય કે ધણી આવશે તેવા સમયે તે આવશે પછી ધણી પેલા દાસને શિક્ષા કરશે. ધણી તેને બીજા લોકો જે તેની આજ્ઞા પાળતા નથી તેમની સાથે દૂર કાઢી મૂકશે.

૪૭"પેલા દાસે જાણ્યું, તેનો ધણી તેની પાસે શું કરાવવા માંગતો હતો પણ તે દાસે તેની જાતને તૈયાર કરી નહિ અથવા તેના ધણીની ઈચ્છા પ્રમાણે જે કરવાનું હતું તે માટે પ્રયત્ન પણ કર્યો નહિ, તેથી તે દાસને ઘણી બધી શિક્ષા થશે! ૪૮પણ તે દાસોનું શું કે જેઓ તેમના ધણી શું ઈચ્છે છે તે જાણતા નથી? તે દાસ શિક્ષા થાય તેવાં જ કામ કરે છે. પણ જે દાસો તેમને શું કરવાનું છે તે જાણે છે તેના કરતા તેને ઓછી શિક્ષા થશે. જે વ્યક્તિને વધારે આપવામાં આવ્યું હશે તે વધારે હોવા માટે પણ જવાબદાર થશે. જે વ્યક્તિ પાસેથી વધારે અપેક્ષા રાખવામાં આવશે ત્યારે તેની પાસેથી વધારે માંગણી કરવામાં આવશે."

### ઈસુ વિષે લોકોનો અસ્વીકાર

૪૯ઈસુએ બોલવાનું ચાલુ રાખ્યું; "હું પૃથ્વી પર આગ વરસાવવા આવ્યો છું. જો આગ પ્રસરી જ ગઈ હોય તો હું બીજુ શું ઈચ્છું! ૫૦મારે જુદા જ પ્રકારના બાપ્તિસ્મા સાથે બાપ્તિસ્મા પામવું જોઈએ અને તે પૂરું થતાં સુધી હું ઘણી ચિંતામાં છું. ૫૧શું તમે એમ માનો છો કે હું દુનિયાને શાંતિ આપવા આવ્યો છું? ના હું તો દુનિયાના ભાગલા પાડવા આવ્યો છું! ૫૨કેમ કે હવે એ પરિવારના પાંચ માણસોમાં ભાગલા પડશે. એટલે કે ત્રણ બેની સામે, અને બે ત્રણની સામે.

૫૩પિતા અને પુત્રમાં ભાગલા પડશે: દીકરો તેના
પિતાની વિરુદ્ધ થશે. પિતા તેના પુત્રની વિરુદ્ધ
થશે. મા અને પુત્રીમાં ભાગલા પડશે: પુત્રી તેની
માની વિરોધી થશે. મા તેની પુત્રીની વિરોધી
થશે. સાસુ અને વહુમાં ભાગલા પડશે: વહુ
તેની સાસુની વિરોધી થશે. સાસુ તેની વહુની
વિરોધી થશે."

### સમયને પારખો

૫૪પછી ઈસુએ લોકોને કહ્યું; "જ્યારે તમે પશ્ચિમમાં મોટાં વાદળ ઘેરાતાં જુઓ છો ત્યારે તમે કહો છો કે; વર્ષાનું ઝાપટું આવશે; અને વરસાદ પડશે. અને ખરેખર વરસાદ પડે છે. ૫૫જ્યારે તમને લાગે છે કે દક્ષિણમાંથી પવન ફૂંકાય છે ત્યારે તમે કહો છો કે; "તે દિવસે ખૂબ ગરમી પડશે, અને તમે સાચા છો." ૫૬ઓ ઢોંગીઓ! તમે હવામાન સમજી શકો છો તો હમણાં જે બની રહ્યું છે તે તમે શા માટે સમજતા નથી?

### તમારી સમસ્યા ઉકેલો

૫૭"શું સાચું છે તેનો તમે તમારી જાતે કેમ નિર્ણય કરતા નથી? ૫૮જયારે તારા વિરોધી સાથે ફરિયાદ નોંધાવવા માટે ન્યાયાલયમાં જતો હોય તો રસ્તામાં જ તેની સાથે સમાધાન કરવાનો પ્રયત્ન કર. જો તું તેનો ઉકેલ નહિ લાવે તો તે તને ન્યાયાધીશ આગળ ઘસડી જશે. રખે ન્યાયાધીશ તને અધિકારીને સોંપે. અને તે તને બંદીખાનામાં નાખે. ૫૯હું તને કહું છું તું પ્રત્યેક દમડી જે તારે ચુકવવાની છે તે નહિ આપે ત્યાં સુધી તું ત્યાંથી બહાર નીકળશે નહિ."

### પસ્તાવો કરો

૧૩ તે સમયે ત્યાં ઈસુ સાથે કેટલાએક લોકો હતા. તે લોકોએ ગાલીલમાં કેટલાએક લોકો સાથે જે કંઈ બન્યું તે વિષે ઈસુને કહ્યું. જ્યારે તેઓ સ્તુતિ કરતા હતા ત્યારે પિલાતે એ લોકોને મારી નાખ્યા. પિલાતે દેવને જે યજ્ઞો થતાં પશુઓનાં લોહીમાં તેઓનું લોહી ભેળવી દીધું. ૨ઈસુએ ઉત્તર આપ્યો, "તેઓ પર વિપત્તિઓ આવી પડી કારણ કે તેઓ ગાલીલના બીજા

બધા લોકો કરતાં વધારે પાપી હતા તેથી તે લોકોએ
સહન કર્યુ એમ તમે ધારો છો શું? ૩ના, તેઓ નહોતા!
પણ જો તમે બધા પસ્તાવો નહિ કરો તો તમે પણ પેલા
લોકોની જેમ નાશ પામશો! ૪પણ પેલા ૧૮ લોકોનું શું?
જ્યારે શિલોઆહનો બૂરજ તેમના પર તૂટી પડવાથી
જેઓ માર્યા ગયા? શું તમે એમ માનો છો કે એ લોકો
યરૂશાલેમમાં રહેતા બીજા બધા લોકો કરતાં વધારે પાપી
હતા? ૫તેઓ નહોતા! પણ હું તમને કહું છું, જો તમે
પસ્તાવો નહિ કરો તો તેમની જેમ તમે બધા પણ નાશ
પામશો."

## નિરુપયોગી વૃક્ષ

૬ઈસુએ આ વાર્તા કહી; "એક માણસ પાસે એક
અંજીરીનું ઝાડ હતું. તેણે તે ઝાડ તેની વાડીમાં રોપ્યું.
તે માણસ પેલા અંજીરના વૃક્ષ પર કેટલાંક ફળની શોધમાં
ત્યાં આવ્યો. પણ એકે જડ્યું નહિ. ૭તે માણસનો એક
માળી હતો. જે તેની વાડીની સંભાળ રાખતો હતો.
તેથી તે માણસે તેના માળીને કહ્યું; 'હું આ અંજીરના
વૃક્ષ પર ફળ માટે છેલ્લા ત્રણ વરસથી રાહ જોઉં છું
પણ કદીયે મને એકે મળ્યું નથી. તેને કાપી નાખો! તે
શા માટે નકામી જમીન રોકે છે? ૮પણ માળીએ ઉત્તર
આપ્યો, સાહેબ વૃક્ષને ફળ આવવા માટે એક વરસ
વધારે રહેવા દો. મને તેની આજુબાજુ ખોદવા દો અને
છોડને ખાતર નાખવા દો. ૯બીજે વરસે વૃક્ષ કદાચ ફળ
આપે, અને જો તેમ છતાં વૃક્ષ ફળ નહિ આપે તો તું તેને
કાપી નાંખજે.'"

## ઈસુનું વિશ્રામવારે એક સ્ત્રીને સાજા કરવું

૧૦ઈસુ એક સભાસ્થાનમાં વિશ્રામવારે ઉપદેશ
આપતો હતો. ૧૧સભાસ્થાનમાં એક સ્ત્રી હતી, જેનામાં
મંદવાડનો આત્મા હતો. આ મંદવાડના આત્માએ તેને
૧૮ વરસથી કુબડી બનાવી હતી. તેની પીઠ હંમેશા
વાંકી રહેતી. તે સીધી ઊભી થઈ શકતી નહિ. ૧૨જ્યારે
ઈસુએ તેને જોઈ, તેને બોલાવી; બાઈ, તારો મંદવાડ
તારી પાસેથી દૂર જતો રહ્યો છે! ૧૩ઈસુએ તેના પર હાથ
મૂક્યા પછી તે સીધી ઊભી થઈ શકી. તેણે દેવની સ્તુતિ
કરી.

૧૪સભાસ્થાનના આગેવાનો ગુસ્સે થયા કારણ કે
વિશ્રામવારે ઈસુએ તેને સાજી કરી. આગેવાને લોકોને
કહ્યું; "કામ કરવાના દિવસ ૬ છે. તેથી તે દિવસોમાં
કોઈ પણ દિવસે આવીને સાજા થાઓ. વિશ્રામવારના
દિવસે સાજા થવા આવવું નહિ."

૧૫પ્રભુએ (ઈસુ) ઉત્તર આપ્યો, "તમે લોકો ઢોંગી
છો! તમારામાંનો દરેક તેના બળદ તથા ગધેડાને તેના
તબેલામાંથી છોડે છે અને દરરોજ પાણી પીવડાવવા
માટે લઈ જાય છે–વિશ્રામવારે પણ! ૧૬આ સ્ત્રી જેને મેં
સાજી કરી છે તે આપણી યહૂદી બહેન છે. પરંતુ શેતાને
તેને ૧૮ વરસથી બાંધી રાખી હતી. ખરેખર, વિશ્રામવારે
તેને મંદવાડમાંથી મુક્ત કરવી તે ખોટું નથી!" ૧૭જ્યારે
ઈસુએ આમ કહ્યું ત્યારે જે બધા માણસો તેની ટીકા
કરતાં હતા તેઓ શરમાયા અને ઈસુ જે અદભૂત કામો
કરતો હતો તેથી બધાં જ ખુશ થયા.

## દેવનું રાજ્ય શાના જેવું?

૧૮પછી ઈસુએ કહ્યું કે, "દેવનું રાજ્ય શાના જેવું છે?
હું તેને શાની સાથે સરખાવું? ૧૯દેવનું રાજ્ય રાઈના બી
જેવું છે. જેને એક માણસે આ બી લઈને પોતાની વાડીમાં
વાવ્યું. તે બી ઊગ્યું અને મોટું ઝાડ થયું. પક્ષીઓએ
તેની ડાળીઓ પર માળાઓ બાંધ્યા."

૨૦ઈસુએ ફરી કહ્યું; "હું દેવના રાજ્યને શાની સાથે
સરખાવું? ૨૧તે ખમીર જેવું છે જેને સ્ત્રી રોટલી બનાવવા
માટે લોટના મોટા વાસણમાં ભેળવે છે. ખમીર બધા
લોટને ફુલાવે છે."

## સાંકડો દરવાજો

૨૨ઈસુ દરેક શહેર અને ગામડામાં બોધ કરતો હતો.
તેણે યરૂશાલેમ તરફથી યાત્રા ચાલુ રાખી. ૨૩કોઈકે ઈસુને
પૂછયું; "પ્રભુ! કેટલા લોકોનું તારણ થશે? ફક્ત થોડાક?"
ઈસુએ કહ્યું, ૨૪"સાંકડો દરવાજો જે આકાશના માર્ગને
ઉઘાડે છે તેમાં પ્રવેશવા સખત પ્રયત્ન કરો. ઘણા માણસો
તેમાં પ્રવેશવાનો પ્રયત્ન કરશે, પણ તેઓ પ્રવેશ પામી
શકશે નહિ. ૨૫જો માણસો તેના મકાનના બારણાને
તાળું મારે તો પછી તમે બહાર ઊભા રહી શકો અને
બારણાંને ટકોરા મારો, છતાં તે ઉઘાડશે નહિ. તમે કહેશો
કે, 'પ્રભુ, અમારે માટે બારણું ઉઘાડો!' પણ તે માણસ
ઉત્તર આપશે, 'હું તમને ઓળખતો નથી! તમે ક્યાંથી
આવ્યા છો?' ૨૬પછી તમે કહેશો, 'અમે તારી સાથે ખાધું
અને પીધું. તમે અમને અમારા શહેરની શેરીઓમાં
ઉપદેશ આપ્યો.' ૨૭પછી તે તમને કહેશે, 'હું તમને
ઓળખતો નથી! તમે ક્યાંથી આવ્યા છો? મારી પાસેથી
ચાલ્યા જાઓ! તમે બધા જ લોકો ખોટું કરો છો!' ૨૮તમે
લોકો ઈબ્રાહિમ, ઈસહાક, યાકૂબ અને બધા પ્રબોધકોને
દેવના રાજ્યમાં જોશો અને પોતાને બહાર કાઢી મૂકેલા
જોશો, ત્યારે તમે ભયથી રડશો અને દાંત પીસશો. ૨૯પૂર્વ,

પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણમાંથી લોકો આવશે. તેઓ
દેવના રાજ્યમાં મેજ પાસે બેસશે. ૩૦જે લોકો હમણા
જીવનમાં નીચામાં નીચી જગ્યાએ છે તે લોકો દેવના
રાજ્યમાં ઊંચામાં ઊંચી જગ્યાએ હશે. અને જે લોકો
હમણા ઊંચામાં ઊંચી જગ્યાએ છે તેઓ હવે દેવના
રાજ્યમાં નીચામાં નીચી જગ્યાએ હશે."

### યરૂશાલેમમાં ઈસુના મૃત્યુની આગાહી

૩૧તે સમયે કેટલાએક ફરોશીઓ ઈસુ પાસે આવ્યા
અને કહ્યું, "અહીંથી દૂર ચાલ્યો જા, અને છુપાઈ જા.
હેરોદ તને મારી નાખવા ચાહે છે!"
૩૨ઈસુએ તેઓને કહ્યું, "જાઓ, જઈને તે શિયાળવા *
ને (હેરોદ) કહો આજે અને આવતીકાલે હું લોકોમાંથી
અશુદ્ધ આત્મા બહાર કાઢું છું અને સાજા કરવાનું મારું
કામ પૂરું કરી રહ્યો છું. પછી બીજે દિવસે કામ પૂરું થઈ
જશે. ૩૩તે પછી મારે જવું જોઈએ, કારણ કે બધા
પ્રબોધકોએ યરૂશાલેમમાં મરવું પડે.
૩૪"ઓ યરૂશાલેમ! યરૂશાલેમ! તું પ્રબોધકોને મારી
નાખે છે. દેવે તારી પાસે મોકલેલા લોકોને તેં પથ્થરે
માર્યા. ઘણી વાર મેં તારાં લોકોને મદદ કરવાની ઈચ્છા
કરી. જેમ મરઘી પોતાનાં બચ્ચાઓને પાંખો તળે ભેગાં
કરે છે તેમ કેટલી વાર તારાં લોકોને ભેગા કરવાની મેં
ઈચ્છા કરી, પણ તમે મને કરવા દીધું નહિ. ૩૫હવે
તમારું ઘર સંપૂર્ણ ઉજજડ મૂકવામાં આવશે. હું તમને
કહું છું કે, પ્રભુનાં નામે જે આવે છે તેને ધન્ય છે, એમ
તમે નહિ કહો ત્યાં સુધી તમે મને ફરી જોઈ શકશો
નહિ."

### વિશ્રામવારે સાજાં કરવું યોગ્ય છે?

**૧૪** ઈસુ ફરોશીઓના અધિકારીઓમાંના એકને
ઘરે વિશ્રામવારે તેમની સાથે ખાવા માટે ગયો.
ત્યાં લોકો ઈસુને ખૂબ નજીકથી તાકી રહ્યાં હતા.
૨જલંદરનો રોગવાળા માણસને ઈસુની આગળ ઊભો
રાખ્યો હતો. ૩ઈસુએ શાસ્ત્રીઓને અને ફરોશીઓને કહ્યું;
"વિશ્રામવારે સાજાં કરવું સારું છે કે ખરાબ?" ૪પણ
તેઓએ ઉત્તર આપ્યો નહિ . તેથી ઈસુએ તે માણસને
લક્ષમાં લીધો અને તેને સાજો કર્યો. પછી ઈસુએ તે
માણસને મોકલી દીધો. ૫ઈસુએ ફરોશીઓ અને
શાસ્ત્રીઓને કહ્યું, "જો તમારો દીકરો અથવા કામ કરનાર
પ્રાણી વિશ્રામવારે કૂવામાં પડે તો તમે તરત જ તેને
બહાર કાઢશો." ૬ઈસુએ જે કહ્યું તેની સામે ફરોશીઓ
અને શાસ્ત્રીઓ કંઈ જ કહી શક્યા નહિ.

### તમારી જાતને મહત્વ ન આપો

૭પછી ઈસુનું ધ્યાન કેટલાએક મહેમાનો ઉત્તમ
જગ્યાએ બેસવાની પસંદગી કરતા હતા તે તરફ ગયું,
તેથી ઈસુએ તેઓને આ વાર્તા કહી; ૮"જ્યારે કોઈ માણસ
તમને લગ્નમાં નિમંત્રણ આપે તો સૌથી મહત્વની બેઠક
પર ના બેસો. તે માણસે કદાચ તમારા કરતાં વધારે
મહત્વના માણસને નિમંત્રણ આપ્યું હોય. ૯અને જો
તમે સૌથી મહત્વની બેઠક પર બેઠા હોય અને પછી જે
માણસે તમને નિમંત્રણ આપ્યું હોય તે તમારી પાસે
આવે અને કહે, 'આ માણસને તારી બેઠક આપ.' પછી
તમે છેલ્લી જગ્યાએ જવાની શરૂઆત કરશો. અને તમે
ખૂબ શરમિંદા બનશો. ૧૦તેથી માણસ જ્યારે તમને
નિમંત્રણ આપે તો જે ઓછી મહત્વની હોય એ બેઠક
પર બેસવા માટે જાઓ. પછી જે માણસે તમને નિમંત્રણ
આપ્યું છે તે તમારી પાસે આવશે અને કહેશે; " મિત્ર,
આ તરફ વધારે મહત્વની બેઠક પર આવ. પછી બીજા
બધા મહેમાનો પણ તમને માન આપશે. ૧૧પ્રત્યેક માણસ
જે પોતાને અગત્યનો બનાવે છે. તેને નીચો કરવામાં
આવશે. પણ જે માણસ પોતાને નીચો બનાવે છે તે
મહત્વનો બને છે."

### તમને બદલો મળશે

૧૨પછી ઈસુએ જે ફરોશીઓને નિમંત્રણ આપ્યું હતું
તેને કહ્યું; "જ્યારે તું દિવસનું કે રાતનું ખાણું માટે નિમંત્રણ
આપે ત્યારે તારા મિત્રો, ભાઈઓ, સબંધીઓ તથા
પૈસાદાર પડોશીઓને જ ના આપ. કેમ કે બીજી કોઈ
વાર તેઓ તને જમવા માટે નિમંત્રણ આપશે. ત્યારે
તને તારો બદલો વાળી આપશે. ૧૩તેને બદલે જ્યારે તું
મિજબાની આપે ત્યારે કૂબડા લોકોને, અપંગોને અને
આંધળાઓને નિમંત્રણ આપ. ૧૪તેથી તું ધન્ય થશે,
કારણ કે આ લોકો તને કશું પાછું આપી શકે તેમ નથી.
તેઓની પાસે કંઈ નથી. પણ જ્યારે સારા લોકો મૃત્યુમાંથી
ઊભા થશે ત્યારે તને બદલો આપવામાં આવશે."

### મોટા ભોજન સમારંભ વિષે વાર્તા

૧૫ઈસુ સાથે મેજ પર જમવા બેઠેલાઓમાંથી કોઈ
એક માણસે આ વાત સાંભળી. તે માણસે ઈસુને કહ્યું;
"દેવના રાજ્યમાં જે ભોજન કરશે તેને ધન્ય છે!"

---

**શિયાળવા** ઈસુના મતે હેરોદ શિયાળ જેવો પ્રપંચી અને ચતૂર
હતો.

૧૬ઈસુએ તેને કહ્યું, "એક માણસે રાતનું મોટું ખાણું
કર્યું. તે માણસે ઘણા લોકોને નિમંત્રણ આપ્યાં. ૧૭જ્યારે
જમવાનો સમય થયો ત્યારે તે માણસે તેના દાસને
મહેમાનોને કહેવા મોકલ્યાં 'કૃપા કરીને ચાલો! હવે
બધું જ તૈયાર છે!' ૧૮પરંતુ બધા જ મહેમાનોએ કહ્યું
તેઓ આવી શકે નહિ. દરેક માણસે બહાનું કાઢયું. પહેલા
માણસે કહ્યું; 'મેં હમણાં જ ખેતર ખરીધું છે, તેથી મારે
ત્યાં જઈને જોવું જોઈએ. કૃપા કરી મને માફ કર.' ૧૯બીજા
એક માણસે કહ્યું; 'મેં હમણાં જ પાંચ જોડ બળદ ખરીધા
છે, તેઓને પારખવા હું હમણાં જાઉં છું. મને માફ કર.'
૨૦ત્રીજા એક માણસે કહ્યું; 'હમણા જ મારા લગ્ન થયા
છે, હું આવી શકુ તેમ નથી.' ૨૧તેથી દાસ પાછો ફર્યો.
તેણે તેના ઘરધણીને જે કંઈ બન્યું તે કહ્યું. પછી ઘરધણી
ગુસ્સે થયો અને બોલ્યો, 'જલ્દી જા! શહેરની શેરીઓ
અને ગલીઓમાં જા, અપંગ, આંધળા અને લંગડા
માણસોને અહીં તેડી લાવ.' ૨૨તે પછી દાસે તેને કહ્યું કે;
'સાહેબ તેં મને જેમ કરવાનું કહ્યું તેમ મેં કર્યુ છતાં પણ
હજુ ઘણા લોકો માટે જગ્યાઓ છે.' ૨૩ધણીએ દાસને
કહ્યું કે; 'રાજમાર્ગો અને ગામડાના રસ્તાઓ પર જા, ત્યાં
જઈને લોકોને આગ્રહ કરીને આવવાનું કહે, હું ઈચ્છું
છું કે મારું ઘર ભરાઈ જાય. ૨૪હું તને કહું છું કે મેં જે
લોકોને પ્રથમ નિમંત્ર્યા હતા તેમાંથી કોઈ પણ ક્યારેય
મારી સાથે જમશે નહિ!'"

### તારે પ્રથમ આયોજન કરવું જોઈએ

૨૫ઈસુ સાથે ઘણા લોકો જતા હતા. ઈસુએ લોકોને
કહ્યું, ૨૬"જો કોઈ માણસ મારી પાસે આવે છે, પણ તેના
પિતાને, માતાને, પત્નીને, બાળકોને, ભાઈઓને અથવા
બહેનોને મારા કરતા વધારે પ્રેમ કરે છે, તો તે માણસ
મારો શિષ્ય થઈ શકતો નથી. માણસ તેની જાતને જેટલો
પ્રેમ કરે છે તેનાથી વધારે મને પ્રેમ કરતો હોવા જોઈએ!
૨૭જ્યારે તે મારી પાછળ આવે છે ત્યારે તેને આપવામાં
આવેલ વધસ્તંભ ઊંચકશે નહિ તો તે મારો શિષ્ય થઈ
શકશે નહિ. ૨૮જો તમે બુરજ બાંધવા ઈચ્છા રાખો તો,
પહેલા બેસીને તેની કિંમત કેટલી થશે તે નક્કી કરવી
જોઈએ. મારી પાસે તે કામ પૂરું કરવા પૂરતા પૈસા છે કે
કેમ તે જોવું જોઈએ. ૨૯જો તમે તેમ નહિ કરો તો, તમે
કામ તો શરૂ કરી શકશો, પણ તમે તે પૂરું કરી શકશો
નહિ. અને જો તમે તે પૂરું નહિ કરી શકો, તો બધા લોકો
જે જોતા હતા તેઓ તમારી મશ્કરી કરશે. ૩૦તેઓ કહેશે;
'આ માણસે બાંધવાનું તો શરૂ કર્યુ, પણ પૂરું કરી શકયો
નહિ!'

૩૧"જો કોઈ રાજા બીજા રાજાની સામે લડાઈ કરવા
જવાનો હશે તો પહેલા બેસીને આયોજન કરશે. જો
રાજા પાસે ફક્ત ૧૦,૦૦૦ માણસો હશે તો તે એમ
જોવાની યોજના કરશે કે તે બીજા રાજા પાસે ૨૦,૦૦૦
માણસો છે તેને હરાવી શકે તેમ છે કે કેમ? ૩૨જો તે
બીજા રાજાને હરાવી શકે નહિ, અને હજી તે રાજા ખૂબ
દૂર હશે તો પછી તે કેટલાક માણસોને બીજા રાજાને
કહેવા મોકલશે અને સમાધાન શાંતિ માટે પૂછશે. ૩૩તે
જ રીતે તમારે બધાએ પહેલા યોજના કરવી જોઈએ,
તમારે સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ અને પછી
મારી પાછળ આવો. જો તમે તેમ ના કરી શકો તો તમે
મારા શિષ્ય થઈ શકતા નથી.

### તમારો પ્રભાવ ના છોડો

૩૪"મીઠું એ સારું છે પણ જો મીઠું તેનો ખારો સ્વાદ
ગુમાવે તો પછી તેની કશી કિંમત રહેતી નથી. તમે તેને
ફરી ખારું બનાવી શકતા નથી. ૩૫તમે તેનો જમીનને
માટે અથવા ખાતરને માટે પણ ઉપયોગ કરી શકતા
નથી. લોકો તેને બહાર ફેંકી દે છે.

"જે લોકો મને સાંભળે છે તેમણે ધ્યાનથી સાંભળવું
જોઈએ!"

### આકાશમાં આનંદ

**૧૫** ઘણા કર ઉઘરાવનારાઓ અને પાપી લોકો
ઈસુને ધ્યાનથી સાંભળવા આવ્યા. ૨પછી
ફરોશીઓ તથા શાસ્રીઓએ ફરિયાદ કરવાની શરૂઆત
કરી. "જુઓ! આ માણસ (ઈસુ) પાપીઓને આવકારે છે
અને તેઓની સાથે ખાય છે!"

૩પછી ઈસુએ તેઓને આ વાર્તા કહી: ૪"ધારોકે
તમારામાંના કોઈ એક પાસે ૧૦૦ ઘેટાં છે, પણ તેઓમાંનું
એક ખોવાઈ જાય છે. પછી તે બીજા ૯૯ ઘેટાં એકલાં
મૂકીને ખોવાયેલા ઘેટાંને શોધવા નીકળશે. તે માણસ
જ્યાં સુધી તે ખોવાયેલું ઘેટું પાછું નહિ મળે ત્યાં સુધી
તેની શોધ ચાલુ રાખશે. ૫અને જ્યારે તે ઘેટાંને શોધી
કાઢે છે ત્યારે તે ખૂબ ખુશ થાય છે. તે માણસ તે ઘેટાંને
તેના ખભે બેસાડી તેને ઘેર લઈ જાય છે. ૬તે તેના
મિત્રો અને પાડોશીઓ પાસે જાય છે અને તેઓને કહે
છે; 'મારી સાથે આનંદ કરો, કારણ કે મને મારું ખોવાયેલું
ઘેટું જડયું છે.' ૭એ જ પ્રમાણે, હું તમને કહું છું, જ્યારે
એક પાપી પસ્તાવો કરે છે ત્યારે આકાશમાં વધારે આનંદ
થાય છે. જે ૯૯ સારા લોકો જેમને પસ્તાવો કરવાની

જરૂર નથી તેઓનાં કરતાં જો એક પાપી પસ્તાવો કરે છે
તો તેથી વધારે આનંદ થાય છે.
[૮]"ધારોકે એક સ્રી પાસે દસ ચાંદીના સિક્કા છે, પણ
તે તેઓમાંનો એક ખોવાઈ જાય છે. તે સ્રી દીવો લઈને
ઘર સાફ કરશે. જયાં સુધી તે સિક્કો નહિ મળે ત્યાં
સુધી તે કાળજીપૂર્વક તેની શોધ કરશે. [૯]અને જયારે
તેને ખોવાયેલો સિક્કો જડે છે, ત્યારે તે તેના મિત્રો અને
પાડોશીઓને બોલાવશે અને તેઓને કહેશે, 'મારી સાથે
આનંદ કરો કારણ કે મને મારો ખોવાએલો સિક્કો જડી
ગયો છે. [૧૦]તે જ પ્રમાણે, જ્યારે એક પાપી પસ્તાવો કરે
છે ત્યારે દેવના દૂતો આનંદ કરે છે."

### ગૃહત્યાગ કરનારો દીકરો

[૧૧]પછી ઈસુએ કહ્યું કે, "એક માણસને બે દીકરા
હતા. [૧૨]નાના દીકરાએ તેના પિતાને કહ્યું કે, 'પિતા, મને
મિલકતનો મારો ભાગ આપ!' તેથી પિતાએ તેના બંને
દીકરાઓને મિલકત વહેંચી આપી. [૧૩]પછી તે નાનો
દીકરો તેની પાસે જે બધું હતું તે ભેગું કરીને ચાલ્યો
ગયો. તે દૂર દૂર બીજા એક દેશમાં ચાલ્યો ગયો. ત્યાં તે
દીકરાએ તેના પૈસા મૂર્ખની જેમ વેડફી નાખ્યા. [૧૪]તેણે
તેની પાસે જે બધું હતું તે ખર્ચી નાખ્યું. તે પછી તરત
જ, જમીન વેરાન થઈ ગઈ અને વરસાદ પડ્યો નહિ.
તે દેશમાં કોઈ પણ જગ્યાએ પૂરતું ખાવાનું ન હતું. તે
દીકરો ભૂખ્યો હતો અને તેને પૈસાની જરૂર હતી. [૧૫]તેથી
તે કામ શોધવા ગયો અને તે દેશમાં તે લોકોમાંના એક
માણસને ત્યાં તેને કામ મળ્યું. તે માણસે તે દીકરાને
ખેતરમાં ભૂંડો ચરાવવા મોકલ્યો. [૧૬]તે છોકરો એટલો
બધો ભૂખ્યો હતો કે જે ખોરાક ભૂંડો ખાતા હતા તે
ખાવાની તેને ઈચ્છા થઈ. પરંતુ કોઈ પણ માણસે તેને
કંઈ પણ આપ્યું નહિ. [૧૭]તે છોકરાએ અનુભવ્યું કે તે
ઘણો મૂર્ખ હતો. તેણે વિચાર્યુ, 'મારા પિતાને ઘરે બધા
નોકરો પાસે પુષ્કળ ખાવાનું છે, પણ હું અહીં ભૂખે મરું
છું કારણ કે મારી પાસે કશુંય ખાવાનું નથી. [૧૮]હું અહીંથી
ઊઠીને મારા પિતા પાસે જઈશ. હું તેને કહીશ: પિતા,
મેં દેવ સામે અને તારી સામે પાપ કર્યુ છે. [૧૯]હું તારો
દીકરો કહેવડાવવાને યોગ્ય નથી. પરંતુ મને તારા
નોકરોમાંનો એકના જેવો ગણ.' [૨૦]પછી તે છોકરો દેશ
છોડીને તેના પિતા પાસે ગયો.

### પુત્રનું પાછા ફરવું

"જ્યારે તે દીકરો તો ઘણો દૂર હતો એટલામાં, તેના
પિતાએ તેને આવતા જોયો. તેના દીકરા માટે પિતા
દુ:ખી થયો. તેથી તે તેના તરફ દોડ્યો તે તેને ભેટ્યો
અને પુત્રને ચૂમીઓ કરી. [૨૧]પુત્રએ કહ્યું, 'પિતા, મેં
આકાશ સામે અને તારી સામે પાપ કર્યુ છે. હું તારો
દીકરો કહેવાવાને જેટલો સારો નથી.' [૨૨]પણ પિતાએ
નોકરોને કહ્યું, "જલદી કરો! સારામાં સારાં કપડાં લાવો
અને તેને પહેરાવો. અને તેની આંગળીએ વીંટી પહેરાવો
અને પગમાં જોડા પહેરાવો." [૨૩]એક માતેલું વાછરડું
લાવો. આપણે તેને કાપીશું અને આપણી પાસે પુષ્કળ
ખોરાક થશે. પછી આપણે મિજબાની કરીશું. [૨૪]મારો
દીકરો મરી ગયો હતો, પણ હવે તે ફરીથી જીવતો થયો
છે! તે ખોવાઈ ગયો હતો, પણ હમણા તે જડ્યો છે!'
તેથી તેઓએ મોટી મિજબાની કરી.

### મોટા દીકરાનું આગમન

[૨૫]"મોટો દીકરો ખેતરમાં હતો. તે ત્યાંથી આવતાં
ઘર નજીક આવી પહોંચ્યો. તેણે સંગીત અને નૃત્યનો
અવાજ સાંભળ્યો. [૨૬]તેથી મોટા દીકરાએ નોકરમાંથી
એકને બોલાવીને પૂછયું; 'આ બધું શું છે?' [૨૭]નોકરે
કહ્યું; 'તારો ભાઈ પાછો આવ્યો છે. તારા પિતાએ મોટું
વાછરડું જમવા માટે કાપ્યું છે. તારા પિતા ખુશ છે
કારણ કે તારો ભાઈ સહીસલામત ઘરે પાછો આવ્યો
છે.' [૨૮]મોટો દીકરો ગુસ્સામાં હતો અને મિજબાનીમાં
જવા રાજી નહોતો. તેથી તેનો પિતા બહાર આવ્યો અને
તેને અંદર આવવા કહ્યું. [૨૯]પુત્રએ તેના પિતાને કહ્યું;
'મેં ઘણા વર્ષો સુધી એક ગુલામની જેમ તારી સેવા કરી
છે! મેં હંમેશા તારી આજ્ઞાનું પાલન કર્યુ છે. પણ તેં
કદાપિ મારા માટે એક વાછરડું પણ કાપ્યું નથી. તેં
કદાપિ મને કે મારા મિત્રોને મિજબાની આપી નથી.
[૩૦]પણ તારા બીજા દીકરાએ કસબણો પાછળ તારા બધા
પૈસા વેડફી દીધા અને તે ઘરે આવે છે ત્યારે તું તેને
માટે એક રૂષ્ટપુષ્ટ વાછરડું કપાવે છે?' [૩૧]પણ પિતાએ
તેને કહ્યું, 'દીકરા, તું હંમેશા મારી સાથે છે, મારી પાસે
જે બધું છે તે તારું જ છે. [૩૨]આપણે ખુશ થવું જોઈએ
અને મિજબાની કરવી જોઈએ, કારણ કે તારો ભાઈ
મરી ગયો હતો પણ હવે તે પાછો જીવતો થયો છે. તે
ખોવાઈ ગયો હતો, પણ હવે તે પાછો જડ્યો છે.'"

### સાચુ ધન

**૧૬** ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "એક ધનવાન
માણસ હતો. આ ધનવાન માણસે તેના
વ્યાપારની દેખરેખ રાખવા માટે એક કારભારી રાખ્યો
હતો. પાછળથી તે ધનવાન માણસને ખાનગીમાં

જણાવવામાં આવ્યું હતું કે તેનો કારભારી તેને છેતરે છે.
૨તેથી તેણે તેને અંદર બોલાવ્યો. અને તેને કહ્યું; 'મેં
તારા વિષે ખરાબ વાતો સાંભળી છે. તેં મારા પૈસાનું શું
કર્યુ છે તેનો હિસાબ મને આપ. હવે તું મારો કારભારી
રહી શકીશ નહિ!' ૩તે કારભારીએ તેની જાતે વિચાર્યુ,
'હું શું કરું? મારો ધણી મારી પાસેથી કારભાર લઈ લે છે.
હું ખોદકામ કરી શકુ તેટલો શકિતશાળી નથી. ભીખ
માંગવામાં મને શરમ આવે છે. ૪હું જાણું છું કે હું શું
કરીશ! હું એવું કંઈ કરીશ કે જેથી હું જ્યારે મારી નોકરી
ગુમાવું ત્યારે બીજા લોકો મને તેઓના ઘરે આવકારે.'
૫તેથી કારભારીએ દરેક દેણદારને જેઓને માથે માલિકનું
દેવું હતુ તેઓને બોલાવ્યા. તેણે પહેલા માણસને કહ્યું,
'તારે મારા માલિકનું કેટલું દેવું છે?' ૬તે માણસે ઉત્તર
આપ્યો; 'મારે તેમનું ૮,૦૦૦ પૌંડ ઓલિવ તેલનું દેવું
છે.' કારભારીએ તેને કહ્યું; 'આ રહ્યું તારું બીલ, જલદી
બેસી જા, અને બીલની રકમ ઓછી કર, ૪,૦૦૦ પૌંડ
લખ.' ૭પછી કારભારીએ બીજા માણસને કહ્યું, 'તારે
મારા માલિકનું દેવું કેટલું છે? ' તે માણસ બોલ્યો; 'મારે
તેનું ૬૦,૦૦૦ પૌંડ ઘઉંનું દેવું છે.' પછી કારભારીએ
તેને કહ્યું, 'આ રહ્યું, તારું બીલ તું તેને ઓછું કરી શકે છે.
૫૦,૦૦૦પૌંડ લખ. ૮પાછળથી ધણીએ તે અપ્રામાણિક
કારભારીને કહ્યું કે તેણે ચતુરાઈથી કામ કર્યુ છે, હા,
દુન્યવી માણસો તે સમયના અજવાળાના લોકો કરતાં
તેઓના ધંધામાં વધારે ચતુર હોય છે.

૯"હું તમને કહું છું, આ દુનિયામાં અહીં તમારી
પાસે જે કંઈ છે તેનો ઉપયોગ કરી દેવ સાથે મિત્રો કરી
લો,પછી જ્યારે તે થઈ રહે ત્યારે તે ઘરમાં તેને કાયમ
આવકાર મળશે. ૧૦જે માણસ નાની વસ્તુઓમાં વિશ્વાસુ
માલૂમ પડે છે તે મોટી બાબતોમાં પણ વિશ્વાસુ રહેવાનો,
પણ જે વ્યકિત નાની વસ્તુઓમાં અપ્રામાણિક છે તે
મોટી વસ્તુઓમાં પણ અપ્રામાણિક રહેવાની. ૧૧જો તમે
જગતનાં ધન સંબંધી અવિશ્ર્વાસુ હશો તો ખરા ધન
(સ્વર્ગીય) માટે તમારો વિશ્ર્વાસ કેવી રીતે રાખી શકાય
૧૨અને જો તમે બીજાની માલિકીની સંપત્તિ સંબંધી
વિશ્ર્વાસુ ન રહો તો તમને તમારું જે છે તે કેવી રીતે
સોંપી શકાય

૧૩"કોઈ પણ ચાકર એક સાથે એક જ સમયે બે
ધણીઓની સેવા કરી શકે નહિ. તે ચાકર એક ધણીનો
તિરસ્કાર કરશે અને બીજા ધણીને પ્રેમ કરશે અથવા તે
એક ધણીને વફાદાર રહેશે અને બીજાની પરવા કરશે
નહિ. તમે એક સાથે દેવ અને ધન બંનેની સેવા કરી
શકો નહિ."

### દેવનો અપરિવર્તનશીલ કાયદો

૧૪ફરોશીઓ આ બધી વાતો ધ્યાનથી સાંભળતા હતા.
ફરોશીઓએ ઈસુની ટીકા કરી કારણ કે તેઓ પૈસાને
ચાહતા હતા. ૧૫ઈસુએ ફરોશીઓને કહ્યું; "તમારી જાતને
તમે લોકો સામે સારી દેખાડો છો. પણ દેવ જાણે છે કે
ખરેખર તમારા હૃદયમાં શું છે જે કંઈ લોકોની દષ્ટિએ
મહત્વનું છે તે દેવની આગળ તો ધિક્કારને પાત્ર છે.

૧૬"લોકોએ મૂસાના નિયમો અને પ્રબોધકોના
ઉપદેશો પ્રમાણે જીવવું જોઈએ. એવું દેવે ઈચ્છયું. પણ
યોહાન બાપ્તિસ્ત આવ્યો તે સમયથી દેવના રાજ્યની
સુવાર્તા પ્રગટ કરવામાં આવી રહી છે. ઘણા લોકો દેવના
રાજયમાં પ્રવેશવા ખૂબ પ્રયત્નો કરી રહ્યાં છે. ૧૭આકાશ
અને પૃથ્વી માટે જતાં રહેવું વધારે સરળ છે પરંતુ શાસ્રની
એક પણ માત્રા બદલી શકાશે નહિ"

### છૂટાછેડા અને પુર્નલગ્ન

૧૮"જો કોઈ માણસ પોતાની પત્નીને છૂટાછેડા
આપીને બીજી કોઈ સ્રીને પરણે છે, તે વ્યભિચારના
પાપ માટે દોષિત છે. અને કોઈ માણસ છૂટાછેડા લીધેલી
સ્રીને પરણે છે તે પણ વ્યભિચાર માટે દોષિત છે."

### ધનવાન માણસ અને લાજરસ

૧૯ઈસુએ કહ્યું, "એક ધનવાન માણસ હતો જે હંમેશા
સૌથી સુંદર વસ્રો પહેરતો. તે એટલો ધનવાન હતો કે
રોજ ખૂબ વૈભવવિલાસ અને મિજબાનીઓ રાખવા
સમર્થ હતો. ૨૦ત્યાં લાજરસ નામનો ખૂબ ગરીબ માણસ
પણ હતો. લાજરસના આખા શરીર પર ફોલ્લા હતા.
લાજરસ વારંવાર તે ધનવાન માણસના દરવાજા આગળ
પડ્યો રહેતો. ૨૧ધનવાન માણસના મેજ પરથી ખાતાં
ખાતાં નીચે પડેલા ટુકડાઓ ખાઈને પોતાની ભૂખ
સંતોષતો. કૂતરા પણ આવતા અને તેના ફોલ્લા ચાટતા.
૨૨પછીથી લાજરસ મૃત્યુ પામ્યો. દૂતોએ લાજરસને
લઈને ઈબ્રાહિમની ગોદમાં મૂકયો. તે ધનવાન માણસ
પણ મૃત્યુ પામ્યો. અને તેને દાટવામાં આવ્યો. ૨૩તેને
હાદેસમાં મોકલવામાં આવ્યો અને ત્યાં ઘણી પીડા
ભોગવવી પડી. તે ધનવાન માણસે દૂરથી ઈબ્રાહિમને
લાજરસ સાથે જોયો. ૨૪ તેણે બૂમ પાડી, 'ઈબ્રાહિમ બાપ,
મારા પર દયા કર. લાજરસને મોકલ કે તે પોતાની
આંગળીનું ટેરવું પાણીમાં બોળીને મારી જીભને ઠંડી
કરે; કારણ કે હું આગમાં પીડા ભોગવી રહ્યો છું. ૨૫પણ
ઈબ્રાહિમે કહ્યું; દીકરા, યાદ કર જ્યારે તું જીવતો હતો
ત્યારે તારી પાસે જીવનમાં બધી જ સારી વસ્તુઓ હતી.

પણ લાજરસના જીવનમાં તો બધું જ ખરાબ હતું. હવે લાજરસ અહીં દિલાસો પામે છે, અને તું પીડા ભોગવે છે. ૨૬તદુપરાંત અમારી અને તારી વચ્ચે એક મોટી ખાઈ છે. કોઈ માણસ તેને ઓળંગીને તને મદદ કરવા આવી શકશે નહિ. અને કોઈ વ્યક્તિ ત્યાંથી અહી અમારી બાજુ આવી શકશે નહિ.' ૨૭ધનવાન માણસે કહ્યું; 'પછી કૃપા કરીને પિતા ઈબ્રાહિમ, લાજરસને મારા પિતાને ઘરે પૃથ્વી પર મોકલ. ૨૮મારે પાંચ ભાઈઓ છે. લાજરસ મારા ભાઈઓને ચેતવણી આપી શકે, જેથી તેઓને આ વેદનાની ભૂમિ પર આવવું ના પડે.' ૨૯પણ ઈબ્રાહિમે કહ્યું; 'તેઓની પાસે મૂસાનો નિયમ અને પ્રબોધકોના લખાણો વાંચવા માટે છે. તેમને તેમાંથી શીખવા દે.' ૩૦પરંતુ ધનવાન માણસે કહ્યું; ના ઈબ્રાહિમ બાપ! જો કોઈ મરણ પામેલામાંથી તેઓની પાસે આવે, તો તેઓ વિશ્વાસ કરશે અને પસ્તાવો કરશે. ૩૧પણ ઈબ્રાહિમે તેને કહ્યું; 'ના! જો તારા ભાઈઓ મૂસા તથા પ્રબોધકોનું ધ્યાનથી સાંભળતા ના હોય તો પછી તેઓ મૂએલાંમાંથી કોઈ તેઓની પાસ આવે તો પણ તેઓનું સાંભળશે નહિ.'"

**૧૭** ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "લોકો પાપ કરે એવી ઘટનાઓ તો બનવાની જ. પણ જે માણસો દ્વારા એ ઘટનાઓ બને છે તેને અફસોસ છે. ૨જો કોઈ નિર્બળ માણસોમાંના કોઈ એકને પાપમાં નાખે તો તે માણસ માટે અફસોસ છે. તે કરતાં તેની કોટે ઘંટીનું પડ બાંધીને તેને સાગરમાં ડૂબાડવામાં આવે તે તેને માટે વધારે સારું છે. ૩તેથી સાવધાન રહો!

"જો તારો ભાઈ પાપ કરે તો તેને કહે કે તે ખોટો છે. પણ તે જો દુ:ખ વ્યક્ત કરે અને પાપ કરવાનું બંધ કરે તો તેને માફ કર. ૪જો તારો ભાઈ દિવસમાં સાત વાર કંઈ ખોટું કરે, અને દરેક વખતે તારી પાસે પાછો આવે અને કહે કે, હું દિલગીર છું. તો તું તેને માફ કર.

### તમારો વિશ્વાસ કેટલો મોટો છે?

૫પ્રેરિતોએ પ્રભુને (ઈસુ) કહ્યું, "અમારો વિશ્વાસ વધાર!"

૬પ્રભુએ કહ્યું; "જો તમને રાઈના દાણા જેટલો વિશ્વાસ હોત તો તમે આ ગુલ્લર ઝાડને કહેતા કે તું ઊખડીને સમુદ્રમાં રોપાઈ જા!" અને તે ઝાડ તમારું માનત.

### સારા સેવક બનો

૭"ધારો કે તમારામાંના કોઈ એક પાસે નોકર છે કે જે ખેતરમાં કામ કરે છે. નોકર ખેતરમાં જમીન ખેડતો અથવા ઘેટાંની સંભાળ રાખતો હોય છે. જ્યારે તે કામ પરથી આવે છે, ત્યારે તમે તેને શું કહેશો? તમે તેને કહેશો કે, 'અંદર આવ અને જમવા માટે બેસી જા?' ૮ના! તમે તમારા નોકરને કહેશો, મારે માટે કંઈક ખાવાનું તૈયાર કર. પછી કપડાં પહેર અને મારી સેવા કર. જ્યારે હું ખાવા પીવાનું પૂરું કરું પછી તું ખાજે. ૯નોકર તેનું રોજીંદુ કામ કરવા માટે કોઈ વિશિષ્ટ મહેરબાની પ્રાપ્ત કરતો નથી. તેના માલીકે તેને જે કરવાનું કહેલું તે જ ફક્ત તે કરે છે. ૧૦તમારી સાથે એવું જ છે. જયારે તમને જે કરવાનું કહેવામાં આવ્યું છે તે જ બધું તમે કર્યુ છે ત્યારે તમારે કહેવું જોઈએ, "અમે ફક્ત અમારે જે કામ કરવાનું હતું તે જ કર્યુ છે, અમે ખાસ મહેરબાનીને લાયક નથી."

### આભારી બનો

૧૧ઈસુ યરૂશાલેમમાં મુસાફરી કરતો હતો. તે ગાલીલમાં થઈને સમરૂન ગયો. ૧૨તે એક નાના ગામમાં તેને દશ માણસો મળ્યા હતા. આ માણસો ઈસુની નજીક આવ્યા નહિ, કારણ કે તે બધા રક્તપિત્તિયા હતા. ૧૩પણ તે માણસોએ ઘાંટો પાડીને કહ્યું; "ઈસુ! સ્વામી! કૃપા કરી અમને મદદ કર!"

૧૪જ્યારે ઈસુએ માણસોને જોયા, તેણે કહ્યું કે, "જાઓ તમે તમારાં શરીરને યાજકોને દેખાડો." જ્યારે દશ માણસો યાજકો પાસે જતા હતા ત્યારે, તેઓ સાજા થયા. ૧૫જ્યારે તેઓના એક માણસે જોયું કે તે સાજો થયો હતો, તે ઈસુ પાસે પાછો ગયો. તેણે મોટા અવાજે દેવની સ્તુતિ કરી. ૧૬તે ઈસુના પગમાં પડ્યો. તે માણસે ઈસુનો આભાર માન્યો. (તે માણસ સમરૂની હતો યહૂદી નહિ.) ૧૭ઈસુએ ઉત્તર આપ્યો, "દશ માણસો સાજા થયા હતા; બીજા નવ ક્યાં છે? ૧૮દેવનો આભાર માનવા આવનાર આ વિદેશી સમરૂની માણસ જ પાછો આવ્યો?" ૧૯પછી ઈસુએ તેને કહ્યું; "ઊભો થા, તું જઈ શકે છે. તું સાજો થઈ ગયો છે કારણકે તને વિશ્વાસ છે."

### દેવનું રાજ્ય તમારામાં છે

૨૦કેટલાએક ફરોશીઓએ ઈસુને પૂછયું; "દેવનું રાજ્ય ક્યારે આવશે?"

ઈસુએ ઉત્તર આપ્યો, "દેવનું રાજય આવે છે પણ તમે તમારી આખો વડે જોઈ શકો તે રીતે નહિ. ૨૧લોકો કહેશે નહિ, "જુઓ, અહી દેવનું રાજ્ય છે! અથવા ત્યાં તે છે!" ના, દેવનું રાજ્ય તો તમારામાં છે."

૨૨પછી ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "એવો સમય
આવશે કે જ્યારે માણસના દીકરાના દિવસોમાંના એકને
તમે જોવા ઈચ્છશો પણ તમે જોઈ શકશો નહિ." ૨૩લોકો
તમને કહેશે; "જુઓ ત્યાં તે છે! જુઓ, અહીં તે છે! તમે
જ્યાં છો ત્યાં જ રહો; દૂર જશો ના અને શોધશો ના."

### ઈસુ જ્યારે ફરીથી આવશે

૨૪"જ્યારે માણસનો દીકરો ફરીથી આવશે ત્યારે તમે
તે જાણી શકશો. જે દિવસે તે આવશે ત્યારે તે આકાશમાં
વીજળીના ઝબકારાની જેમ પ્રકાશસે. ૨૫પણ તે પહેલા
માણસના દીકરાને ઘણું સહન કરવું પડશે અને આ
પેઢીના લોકો દ્વારા તેનું મરણ થશે. ૨૬જેમ નૂહના
દિવસોમાં થયું તેમ માણસના દીકરાના દિવસોમાં પણ
થશે. ૨૭નૂહના સમય દરમિયાન જ્યારે તે દિવસે નૂહ
વહાણમાં પ્રવેશ્યો તે દિવસ સુધી લોકો ખાતા, પીતા,
પરણતા અને પરણાવતા હતા. પછી રેલ આવી અને
બધા લોકોનો નાશ થયો. ૨૮લોતના સમય દરમિયાન
પણ એમ જ થયું, જ્યારે દેવે સદોમનો નાશ કર્યો ત્યાં
સુધી પેલા લોકો ખાતા, પીતા, ખરીદતા, વેચતા, રોપતા,
અને તેઓના માટે મકાનો બાંધતા હતાં. ૨૯જ્યારે લોતે
શહેર છોડ્યું ત્યારે તે દિવસે પણ લોકો આ બધું કરતા
હતા. પછી આકાશમાંથી અગ્નિવર્ષા થઈ અને ગંધકનો
વરસાદ થયો અને બધાનો નાશ થયો. ૩૦જે દિવસે
માણસનો દીકરો ફરીથી આવશે ત્યારે પણ એમ જ
બનશે.

૩૧"તે દિવસે જો માણસ ધાબા પર હોય તો તેની
પાસે અંદર જઈને સામાન લેવાનો પણ સમય નહિ
હોય. જો માણસ ખેતરમાં હોય તો તે પાછો ઘરે જઈ
શકશે નહિ. ૩૨યાદ કરો, લોતની પત્નીનું શું થયું? ૩૩જે
માણસ પોતાનો જીવ બચાવવાનો પ્રયત્ન કરશે, તે જીવ
ગુમાવશે અને જે કોઈ માણસ તેનો જીવ આપશે, તે
બચાવી શકશે. ૩૪જ્યારે હું ફરીથી આવીશ તે સમયે બે
જણ એક જ પથારીમાં ઊંઘતા હશે. તો એક જણને લઈ
લેવાશે. અને બીજા માણસને પડતો મૂકાશે. ૩૫જ્યાં બે
સ્રીઓ સાથે અનાજ દળતી હશે તો એક સ્રીને લઈ
લેવાશે અને બીજી સ્રીને પડતી મૂકાશે." ૩૬*

૩૭શિષ્યોએ ઈસુને પૂછયું; "પ્રભુ! આ કયાં થશે?"

ઈસુએ ઉત્તર આપ્યો; "જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો
પણ એકઠાં થશે."

### દેવ તેના લોકોને ઉત્તર આપશે

૧૮ પછી ઈસુએ તેના શિષ્યોને શીખવ્યું કે
તેઓએ હંમેશા પ્રાર્થના કરવી જોઈએ અને
કદાપિ આશા ગુમાવવી જોઈએ નહિ. ઈસુએ તેઓને
શીખવવા એક વાર્તાનો ઉપયોગ કર્યો. ૨"એક શહેરમાં
એક ન્યાયાધીશ હતો. તે દેવની પરવા કરતો નહિ.
ન્યાયાધીશ પણ લોકો તેના વિષે શું વિચારે છે તેની
દરકાર કરતો નહિ. ૩તે જ ગામમાં એક સ્રી હતી, તેના
પતિનું અવસાન થએલ હતું. તે સ્રી ઘણીવાર આ
ન્યાયાધીશ પાસે આવતી અને કહેતી કે, "એક માણસ
મારું ખરાબ કરી રહ્યો છે, મને મારા હક્કો અપાવ."
૪પરંતુ ન્યાયાધીશ તે સ્રીને મદદ કરવા ઈચ્છતો ન
હતો. લાંબા સમય પછી ન્યાયાધીશે તેની જાતે વિચાર્યુ,
'હું દેવથી ડરતો નથી અને લોકો શું વિચારે છે તેની પણ
પરવા કરતો નથી. ૫પણ આ સ્રી મને તકલીફ આપે છે.
જો હું તેને જે જોઈએ છે તે આપીશ તો તે મારો પીછો
છોડશે. પણ જો હું તેને જે જોઈએ છે તે નહિ આપુ તો
હું માંદો પડીશ ત્યાં સુધી તે મને તકલીફ કરશે!'"

૬પ્રભુએ કહ્યું કે, "ધ્યાનથી સાંભળ, અન્યાયી
ન્યાયાધીશે જે કહ્યું તેનો પણ અર્થ છે. ૭દેવના લોકો
તેને રાત દિવસ બૂમો પાડે છે. દેવ હંમેશા તેના લોકોને
જે સાચું છે તે હંમેશા આપશે. દેવ તેના લોકોને ઉત્તર
આપવામાં ઢીલ કરશે નહિ. ૮હું તમને કહું છું, દેવ
જલ્દીથી તેના લોકોની મદદ કરશે! તે તમને બહુ જ
જલ્દીથી આપશે! પણ જયારે માણસનો દીકરો ફરીથી
આવશે, ત્યારે તેનામાં વિશ્વાસ હોય એવા લોકો તેને
પૃથ્વી પર જડશે?"

### દેવ સાથે સારા બનવું

૯ત્યાં કેટલાએક લોકો હતા તેઓ વિચારતા કે તેઓ
ઘણા સારા છે. આ લોકો એવી રીતે વર્તતા કે જાણે તેઓ
બીજા લોકો કરતાં વધારે સારા છે. ઈસુએ આ વાર્તાનો
ઉપયોગ તેઓને શીખવવા માટે કર્યો. ૧૦એક વખતે બે
જણા મંદિરમાં પ્રાર્થના કરવા માટે ગયા. એક ફરોશી
હતો અને બીજો કર ઉઘરાવનાર હતો. ૧૧ફરોશી કર
ઉઘરાવનારથી દૂર ઊભો રહ્યો. જ્યારે ફરોશીએ તેની
પ્રાર્થનામાં કહ્યું કે; "ઓ દેવ, હું બીજા લોકો જેટલો
ખરાબ નથી, તે માટે તારો આભાર માનું છું. હું ચોરી
કરનારા, છેતરનારા કે વ્યભિચાર કરનારા માણસો જેવો
નથી. હું કર ઉઘરાવનાર અધિકારી કરતાં વધારે સારો
છું તે માટે તારો આભાર માનું છું. ૧૨હું સારો છું, હું

---

**કલમ ૩૬** કેટલીક લૂકની ગ્રીક નકલોમાં ૩૬મી કલમ ઉમેરી છે: "બે માણસો એક ખેતરમાં હશે. એક માણસ ઉચકી લેવાશે, અને બીજો માણસ પડતો મૂકાશે."

અઠવાડિયામાં બે વાર ઉપવાસ કરું છું, અને મારી બધી
કમાણીનો દશમો ભાગ આપુ છું!'
૧૩"જકાત ઉઘરાવનાર પણ એકલો ઊભો રહ્યો. પણ
જ્યારે એણે પ્રાર્થના કરી, ત્યારે તેણે ઊંચે આકાશ તરફ
જોયું પણ નહિ. દાણીએ છાતી કૂટીને કહ્યું કે, 'ઓ દેવ,
મારા પર દયા કર, હું એક પાપી છું!' ૧૪હું તમને કહું
છું, જ્યારે આ માણસ તેની પ્રાર્થના પૂરી કરીને ઘરે ગયો,
તે દેવ પાસે ન્યાયી હતો. પણ તે ફરોશી જે પોતાને
બીજા કરતા વધારે સારો સમજતો હતો તે દેવ પાસે
ન્યાયી ઠર્યો નહોતો. પ્રત્યેક વ્યક્તિ પોતાની જાતને
મહત્વની બનાવે છે તેને નીચી કરવામાં આવશે. પણ
જે વ્યક્તિ પોતાની જાતને નીચી કરે છે તે માનવંતી
બનાવાશે."

### દેવના રાજ્યમાં કોણ પ્રવેશ કરશે?

૧૫કેટલાએક લોકો તેમનાં નાનાં બાળકોને ઈસુ પાસે
લાવ્યા જેથી ઈસુ તેઓને સ્પર્શ કરી શકે. પણ જ્યારે
શિષ્યોએ આ જોયું ત્યારે તેઓએ લોકોને આમ નહિ
કરવા કહ્યું. ૧૬પણ ઈસુએ તે નાના બાળકોને તેની પાસે
બોલાવ્યા અને તેના શિષ્યોને કહ્યું, "નાનાં બાળકોને
મારી પાસે આવવા દો. તેઓને અટકાવશો નહિ, કારણ
કે દેવનું રાજ્ય જે આ નાનાં બાળકો જેવા છે તેઓના
માટે છે. ૧૭હું તમને સાચું કહું છું, કે, જે કોઈ દેવનું
રાજય બાળકની જેમ નહિ સ્વીકારે, તે તેમાં નહિ જ
પેસશે!"

### એક ધનવાનનો ઈસુને પ્રશ્ન

૧૮એક યહૂદી અધિકારીએ ઈસુને પૂછયું કે; "ઉત્તમ
ઉપદેશક, મારે અનંત જીવન પ્રાપ્ત કરવા શું કરવું
જોઈએ?"
૧૯ઈસુએ તેને કહ્યું કે, "તું મને શા માટે ઉત્તમ કહે
છે? ફક્ત દેવ જ ઉત્તમ છે. ૨૦છતાં હું તારા પ્રશ્નનો
ઉત્તર આપીશ. તું દેવની આજ્ઞાઓ જાણે છે: 'તારે
વ્યભિચારનું પાપ કરવું જોઈએ નહિ, તારે કોઈનું ખૂન
કરવું જોઈએ નહિ, તારે કશું ચોરવું જોઈએ નહિ, તારે
બીજા લોકોને ખોટી સાક્ષી આપવી જોઈએ નહિ. તારે
તારા માતા પિતાને માન આપવું જોઈએ....'* "
૨૧પણ તેણે કહ્યું કે,"હું નાનો બાળક હતો ત્યારથી
આ બધી આજ્ઞાઓનું પાલન કરતો આવ્યો છું!"

૨૨જ્યારે ઈસુએ આ સાંભળ્યું. ત્યારે તેણે તે અધિકારીને
કહ્યું કે, "હજુ તારે એક વસ્તુ વધારે કરવાની જરૂર છે
તારી પાસે જે કંઈ બધું છે તે વેચી દે અને પૈસા ગરીબ
લોકોને આપી દે. આકાશમાં તને તેનો બદલો મળશે.
પછી આવ અને મને અનુસર!" ૨૩પણ જ્યારે તે માણસે
આ સાંભળ્યું, ત્યારે તે ઘણો દિલગીર થયો. તે માણસ
ઘણો ધનવાન હતો અને તેની પાસે પૈસા રાખવા ઈચ્છતો
હતો.
૨૪જ્યારે ઈસુએ જોયું કે તે માણસ દિલગીર થયો છે
ત્યારે તેણે કહ્યું,"ધનવાન માણસ માટે દેવના રાજ્યમાં
પ્રવેશવું મુશ્કેલ છે! ૨૫ઊંટને સોયના નાકામાંથી પસાર
થવું સહેલું છે પણ ધનવાનોને દેવના રાજ્યમાં પ્રવેશવું
મુશ્કેલ છે."

### કોણ તારણ પામશે?

૨૬જ્યારે લોકોએ આ સાંભળ્યું, તેઓએ કહ્યું, "તો
પછી કોનું તારણ થશે?"
૨૭ઈસુએ ઉત્તર આપ્યો, "માણસો માટે જે કરવું
અશક્ય છે તે બાબત દેવ કરી શકે છે!"
૨૮પિતરે કહ્યું કે, "જુઓ, અમે અમારી પાસે જે બધું
હતું તેનો ત્યાગ કરીને તારી પાછળ આવ્યા છીએ!"
૨૯ઈસુએ કહ્યું કે, "હું તમને સત્ય કહું છું, દેવના
રાજ્ય માટે દરેક વ્યક્તિ જે પોતાના ઘરનો, પત્નીનો,
ભાઈઓનો, માતાપિતા અને બાળકોનો ત્યાગ કરશે, તે
૩૦તેણે જે ત્યાગ કર્યો છે તે ઉપરાંત ઘણું વધારે પ્રાપ્ત
કરશે. તે માણસ આ જીવનમાં અનેકગણું મેળવશે.
અને તે માણસ મૃત્યુ પામે, પછી તે દેવ સાથે સદાને
માટે રહેશે."

### ઈસુ મૃત્યુમાંથી ઊઠશે

૩૧પછી ઈસુએ બાર પ્રેરિતો સાથે એકલા વાત કરી.
ઈસુએ તેઓને કહ્યું કે, "ધ્યાનથી સાંભળો! આપણે
યરૂશાલેમ જઈએ છીએ. દેવે પ્રબોધકોને જે કંઈ
માણસના દીકરા વિષે લખવાનું કહ્યું હતું તે બનશે!
૩૨તેના લોકો તેના વિરોધી બનશે. અને તેને બીનયહૂદી
લોકોને સ્વાધીન કરશે. લોકો તેની મશ્કરી કરશે, તેને
અપમાનિત કરશે અને તેની પર થૂંકશે. ૩૩તેઓ તેને
કોરડા મારશે અને પછી મારી નાખશે. પણ તેના મૃત્યુ
પછી ત્રીજા દિવસે તે સજીવન થઈને ઊઠશે."
૩૪શિષ્યોએ આ સમજવા પ્રયત્ન કર્યો, પણ તેઓ સમજી
શક્યા નહિ, તેનો અર્થ તેઓનાથી ગુપ્ત રહ્યો.

---

**'તારે વ્યભિચારનું પાપ ... માન આપવું જોઈએ'** નિ. ૨૦:૧૨-૧૬;
પુન. ૫:૧૬-૨૦.

### ઈસુ આંધળા માણસને સાજો કરે છે

૩૫ઈસુ યરેખોના શહેર નજીક આવ્યો. ત્યાં રસ્તાની બાજુએ એક આંધળો માણસ બેઠો હતો. આંધળો માણસ પૈસા માટે લોકો પાસે ભીખ માંગતો હતો. ૩૬જ્યારે આ માણસે રસ્તા પરથી પસાર થતાં લોકોનો અવાજ સાંભળ્યો, તેણે પૂછયું,"શું થઈ રહ્યું છે?"

૩૭લોકોએ તેને કહ્યું કે, "નાસરેથનો ઈસુ અહીંથી પસાર થઈ રહ્યો છે."

૩૮આંધળો માણસ ઉત્સાહમાં આવી ગયો અને બોલ્યો કે, "ઈસુ, દાઉદના દીકરા! કૃપા કરીને મને મદદ કર!"

૩૯જે લોકો આગળ હતા અને સમૂહને દોરતા હતા તેઓએ આંધળા માણસની ટીકા કરી. તેઓએ તેને શાંતિ જાળવવા કહ્યું, પણ આંધળો માણસ વધારે જોરથી બૂમો પાડવા લાગ્યો, "દાઉદના દીકરા! મને મદદ કર!"

૪૦ઈસુ ત્યાં થોભી ગયો અને બોલ્યો, "પેલા આંધળા માણસને મારી પાસે લાવ!" જ્યારે આંધળો માણસ નજીક આવ્યો, ઈસુએ તેને પૂછયું કે, ૪૧"તારી ઈચ્છા મારી પાસે શું કરાવવાની છે?"

આંધળા માણસે કહ્યું કે, "પ્રભુ, મારે ફરીથી દેખતા થવું છે."

૪૨ઈસુએ તેને કહ્યું કે, "જો! તું સાજો થઈ ગયો છે કારણ કે તને વિશ્વાસ છે."

૪૩પછી તે માણસ જોઈ શકયો. તે માણસ ઈસુની પાછળ દેવનો મહિમા પ્રગટ કરતો કરતો ગયો. બધા લોકો જેઓએ આ જોયું તેઓએ આ જે કંઈ બન્યું છે તે માટે દેવની આભારસ્તુતિ કરી.

### જાખ્ખી

**૧૯** ઈસુ યરેખોના શહેરમાં થઈને જતો હતો. ચરેખોમાં જાખ્ખી નામનો માણસ રહેતો હતો. તે ઘણો શ્રીમંત અને કર ઉઘરાવનાર મુખ્ય માણસ હતો. ૩તેને પણ ઈસુને જોવાની ઈચ્છા હતી. ત્યાં બીજા ઘણા લોકો હતા તેઓની ઈચ્છા પણ ઈસુને જોવાની હતી. જાખ્ખી એટલો ઠીંગણો હતો કે લોકોની ભીડમાં જોઈ શકતો નહિ. ૪તેથી ઈસુ જે જગ્યાએ આવવાનો હતો તે જાણીને તે ત્યાં દોડી ગયો. પછી જાખ્ખી એક ગુલ્લરના ઝાડ પર ચઢ્યો જેથી તે ઈસુને જોઈ શકે. ૫જ્યારે ઈસુ તે જગ્યાએ આવ્યો ને ઊંચે જોયું તો ત્યાં ઝાડ પર જાખ્ખીને જોયો. ઈસુએ તેને કહ્યું કે, "જાખ્ખી, જલદી નીચે આવ! હું આજે તારે ઘેર રહેવાનો છું."

૬પછી જાખ્ખી જલદી નીચે આવ્યો. ઈસુને તેને ઘેર આવકારીને તે ખુશ થયો. ૭બધા લોકોએ આ જોયું. તેઓએ ફરિયાદ કરવાની શરૂઆત કરી. "જુઓ, ઈસુ કેવા માણસ સાથે રહે છે. જાખ્ખી એક પાપી છે!"

૮જાખ્ખીએ પ્રભુ (ઈસુ) ને કહ્યું, "હું સારું કરવા ઈચ્છું છું. હું મારી સંપત્તિનો અડધો ભાગ ગરીબોને આપીશ. જો કોઈ વ્યક્તિને છેતરી હશે તો હું તેને ચારગણું વધારે પાછું આપીશ!"

૯ઈસુએ કહ્યું કે, "આ એક સજ્જન માણસ છે. સાચે જ તે ઈબ્રાહિમના પરિવારનો છે. તેથી આજે જાખ્ખીનું તેનાં પાપોમાંથી તારણ થયુ છે! ૧૦માણસનો દીકરો ખોવાયેલા માણસોને શોધવા અને તેઓને તારવા આવ્યો છે."

### દેવ જે આપે તેનો ઉપયોગ કરો

૧૧ઈસુ યરૂશાલેમ પાસે મુસાફરી કરીને આવ્યો. કેટલાએકે વિચાર્યુ કે દેવનું રાજ્ય જલદી પ્રગટ થશે. ૧૨ઈસુએ લોકોનો આ વિચાર જાણ્યો. તેથી તેણે તેઓને આ વાર્તા કહેવાની ચાલુ રાખી."એક કુલીન માણસ પોતાના માટે રાજ્ય મેળવીને રાજા બનવા માટે પાછા આવવા દૂર દેશમાં ગયો. પછી તે માણસે પોતાને ઘરે પાછા ફરીને તેના લોકો પર શાસન કરવા માટે યોજના કરી. ૧૩પછી તેણે પોતાના ચાકરોમાંથી દસ જણને બોલાવ્યા. તેણે દરેક ચાકરને પૈસાની થેલી આપી. તે માણસે કહ્યું, 'હું પાછો આવું ત્યાં સુધી આ પૈસા વડે વ્યાપાર કરો.' ૧૪પણ રાજ્યના લોકો તે માણસને ધિક્કારતા હતા. તેથી લોકોએ એક સમૂહને તે માણસની પાછળ બીજા દેશમાં મોકલ્યા. બીજા દેશમાં આ સમૂહે કહ્યું કે, 'અમે આ માણસ અમારો રાજા થાય એમ ઈચ્છતા નથી!'

૧૫"પરંતુ તે માણસ રાજા થયો. જ્યારે તે ઘેર પાછો ફર્યો, તેણે કહ્યું, 'જે ચાકરો પાસે મારા પૈસા હતા તેઓને બોલાવો. હું જાણવા માગું છું કે તે પૈસા વડે તેઓ કેટલું વધારે કમાયા.' ૧૬પહેલા ચાકરે આવીને કહ્યું, 'સાહેબ, તેં મને આપેલી એક થેલી વડે હું દશ થેલી પૈસા* કમાયો!' ૧૭રાજાએ ચાકરને કહ્યું, 'સરસ! તું મારો ચાકર છે. હું જોઈ શકું છું કે હું નાની વસ્તુઓ માટે તારો વિશ્વાસ કરી શકું. તેથી મારા શહેરોમાંથી દશ શહેરો પર તારો અધિકાર રહેશે!' ૧૮બીજો ચાકર આવ્યો અને કહ્યું કે; 'સાહેબ, તારી પૈસાની એક થેલીમાંથી હું પાંચ થેલી કમાયો.' ૧૯રાજાએ આ ચાકરને કહ્યું, 'તું પાંચ શહેરોનો અધિકારી થઈ શકીશ.' ૨૦પછી બીજો એક

---

**પૈસાની થેલી** ગ્રીક શાબ્દિક અર્થ "મીના" તે દિવસોમાં એક મીના બરાબર ત્રણ મહિનાનું વેતન થતું.

ચાકર અંદર આવ્યો અને રાજાને કહ્યું કે, 'સાહેબ, આ રહી તારી પૈસાની થેલી. મેં તેને કપડાંના ટુકડામાં લપેટીને છુપાવી રાખી હતી. [૨૧]મને તારી બીક લાગતી હતી કારણ કે તું શક્તિશાળી છે. હું જાણું છું કે તું બહું કડક છે, તું જે તારું નથી તે પણ માગી લે છે; અને જયાં તેં વાવ્યું નથી તેની ફસલ લણી લે તેવો છે.' [૨૨]પછી રાજાએ તે ચાકરને કહ્યું કે, 'તું ખરાબ ચાકર છે, હું તારા જ શબ્દો તારા તિરસ્કાર માટે વાપરીશ. તેં કહ્યું કે, 'હું એક કડક માણસ છું. તેં કહ્યું કે હું જે કમાયો નથી તે પૈસા પણ લઈ લઉં છું. અને ફસલ જે મેં ઉગાડી નથી તે હું ભેગી કરું છે. [૨૩]જો તે સાચું હોય તો, તેં મારા પૈસા સાહુકારને ત્યાં (બેંકમાં) મૂક્યા હોત. પછી હું જ્યારે પાછો આવું ત્યારે, મારા પૈસાનું થોડું વ્યાજ મળ્યું હોત. [૨૪]પછી જે માણસો ત્યાં ઊભા હતા તેઓને રાજાએ કહ્યું કે, 'આ ચાકર પાસેથી પૈસાની થેલી લઈ લો અને જે ચાકર પૈસાની દશ થેલી કમાયો છે તેને તે આપો.' [૨૫]તે માણસોએ રાજાને કહ્યું કે,'પણ સાહેબ, તે ચાકર પાસે પૈસાની દશ થેલી તો અત્યારે જ છે!' [૨૬]રાજાએ કહ્યું કે, જે માણસ એની પાસે જે કંઈ છે તેનો ઉપયોગ કરે છે તે વધારે મેળવે છે. પણ જે વ્યક્તિ એની પાસે જે કંઈ છે તેનો ઉપયોગ કરતો નથી. તેની પાસેથી બધું જ લઈ લેવામાં આવે છે. [૨૭]હવે મારા દુશ્મનો ક્યાં છે? ક્યાં છે એ લોકો જે હું તેઓનો રાજા થાઉં તેમ તેઓ ઈચ્છતા નહોતા? મારા દુશ્મનોને અહીં લાવો અને તેઓને મારી નાખો. હું તેઓને મરતા જોઈશ!

### યરૂશાલેમમાં ઈસુનો પ્રવેશ

[૨૮]આ બાબતો કહ્યા પછી ઈસુએ યરૂશાલેમ તરફની મુસાફરી ચાલું રાખી. [૨૯]ઈસુ બેથફગે તથા બેથાનીયા શહેર પાસે જૈતૂન નામના પહાડ નજીક આવ્યો. ઈસુએ તેના બે શિષ્યોને મોકલ્યા. [૩૦]તેણે કહ્યું કે, "તમે ત્યાં જે શહેર જુઓ છો ત્યાં જાઓ, જ્યારે તમે શહેરમાં પ્રવેશસો તો તમે એક (ગધેડાનું) વછેરુ ત્યાં બાંધેલું જોશો. આ વછેરા પર કોઈએ કદાપિ સવારી કરી નથી. વછેરાને છોડીને મારી પાસે લઈ આવો. [૩૧]જો કોઈ વ્યક્તિ તમને પૂછે કે તમે વછેરાને શા માટે લઈ જાઓ છો. તમારે કહેવું, 'પ્રભુને આ વછેરાની જરૂર છે.'"

[૩૨]બે શિષ્યો શહેરમાં ગયા. ઈસુએ તેઓને કહ્યું હતું તે પ્રમાણે જ તેઓને વછેરુ મળ્યુ. [૩૩]શિષ્યોએ વછેરાને છોડ્યું, પણ વછેરાના માલિકો બહાર આવ્યા. તેઓએ શિષ્યોને કહ્યું કે,"તમે અમારા વછેરાને શા માટે છોડો છો?"

[૩૪]શિષ્યોએ ઉત્તર આપ્યો કે, "પ્રભુને તેની જરૂર છે." [૩૫]તેથી ઈસુની પાસે તે શિષ્યો વછેરાને લાવ્યા. શિષ્યોએ વછેરાની પીઠ પર તેઓનાં લૂગડાં મૂક્યા. પછી તેઓએ ઈસુને વછેરા પર બેસાડ્યો. [૩૬]ઈસુએ યરૂશાલેમના રસ્તે વછેરા પર સવારી કરી. શિષ્યો ઈસુની આગળ પોતાના લૂગડાં રસ્તા પર પાથરતાં હતા.

[૩૭]ઈસુ યરૂશાલેમની નજીક આવતો હતો. તે લગભગ જૈતૂનના પહાડની તળેટી નજીક આવ્યો હતો. શિષ્યોનો આખો સમૂહ ખુશ હતો. તેઓ ખૂબ ઉત્સાહમાં હતા. તેઓએ દેવની સ્તુતિ કરી. તેઓએ બધા જ પરાક્રમો જોયા હતા તે માટે દેવની સ્તુતિ કરી. [૩૮]તેઓએ કહ્યું કે,

"પધારો; પ્રભુના નામે જે રાજા આવે છે તેને
ધન્ય છે!

*ગીતશાસ્ર ૧૧૮:૨૬*

આકાશમાં શાંતિ તથા પરમ ઊંચામાં મહિમા
થાઓ!"

[૩૯]કેટલાએક ફરોશીઓ જે ટોળામાં હતાં તેઓએ ઈસુને કહ્યું કે, "ઉપદેશક, તારા શિષ્યોને કહે કે આવી વાતો ના ઉચ્ચારે!"

[૪૦]ઈસુએ ઉત્તર આપ્યો કે, "હું તમને કહું છું, આ બાબતો કહેવાવી જોઈએ. જો મારા શિષ્યો આ નહિં કહે તો આ પથ્થરો તેઓને બૂમો પાડીને કહેશે."

### યરૂશાલેમ માટે ઈસુનું રુદન

[૪૧]ઈસુ યરૂશાલેમ પાસે આવ્યો. તેણે શહેર જોયું અને તે માટે રુદન કર્યુ. [૪૨]ઈસુએ યરૂશાલેમને કહ્યું કે, "હું ઈચ્છું છું કે તેં આજે શાંતિ શાના વડે લાવી શકાય તે જાણ્યું હોત. પણ તેં તે જાણ્યું નથી કારણ કે તે તમારાથી ગુપ્ત રખાયેલ છે. [૪૩]હવે એવો સમય આવી રહ્યો છે જ્યારે તારા દુશ્મનો તારી આજુબાજુ દીવાલ બાંધશે અને તને દુશ્મનો ચારે બાજુથી ઘેરી લેશે. તેઓ તને સપડાવશે અને પકડશે. [૪૪]તેઓ તારા મકાનના એક પથ્થર પર બીજો પથ્થર પણ રહેવા દેશે નહિ. જ્યારે દેવ તારો ઉદ્ધાર કરવા આવ્યો ત્યારે એ સમયને તેં ઓળખ્યો નહિ."

### ઈસુનું મંદિરમાં આગમન

[૪૫]ઈસુ મંદિરમાં પ્રવેશ્યો અને વસ્તુઓ વેચનારાઓની વસ્તુઓ બહાર ફેંકવા માડી. [૪૬]ઈસુએ

કહ્યું કે, "શાસ્રોમાં લખ્યું છે કે, 'મારું ઘર પ્રાર્થનાનું ઘર થશે.'* પરંતુ તમે તેને ચોરોને છુપાવા માટેનો અડ્ડો બનાવી દીધું છે."

૪૭ઈસુ રોજ મંદિરમાં ઉપદેશ આપતો હતો. પણ મુખ્ય યાજકો, શાસ્રીઓ તથા લોકોના મુખીઓ તેને મારી નાખવા ઈચ્છતા હતા. ૪૮પણ બધા જ લોકો ઈસુને નજીકથી એકાગ્રતાથી સાંભળતા હતા. ઈસુ જે કહેતો તેમાં તેઓને ખુબ રસ હતો. તેથી મુખ્ય યાજકો, શાસ્રીઓ તથા લોકોના મુખીઓને તેને કેવી રીતે મારી નાખવા શું કરવું તે સૂઝતુ ન હતું.

### યહૂદી આગેવાનો ઈસુને પ્રશ્ન પૂછે છે

૨૦ એક દિવસ ઈસુ મંદિરમાં હતો. તે લોકોને બોધ આપતો હતો. ઈસુ દેવના રાજ્ય વિષેની સુવાર્તા લોકોને કહેતો હતો. ત્યારે મુખ્ય યાજકો, શાસ્રીઓ અને વૃદ્ધ યહૂદી આગેવાનો પણ ઈસુ સાથે વાત કરવા આવ્યા. ૨તેઓએ કહ્યું કે, "અમને કહે! કયા અધિકારથી તું આ વસ્તુઓ કરે છે? આ અધિકાર તને કોણે આપ્યો?"

૩ઈસુએ ઉત્તર આપ્યો કે, "હું પણ તમને એક પ્રશ્ન પૂછીશ; મને કહો; ૪જ્યારે યોહાને લોકોને બાપ્તિસ્મા આપ્યું ત્યારે તે આકાશમાંથી આવ્યું હતુ કે માણસોમાંથી?"

૫યાજકો, શાસ્રીઓ, યહૂદી આગેવાનો બધા આ અંગે વાતો કરવા લાગ્યા. તેઓ એકબીજાને કહેવા લાગ્યા. "જો આપણે ઉત્તર આપીશું કે, 'યોહાનનું બાપ્તિસ્મા દેવથી થયુ હતુ તો એ કહેશે, તો તમે શા માટે યોહાનને માનતા નથી?' ૬પણ જો આપણે કહીએ કે, "યોહાનનું બાપ્તિસ્મા માણસથી થયું હતુ તો પછી બધા લોકો આપણને પથ્થરોથી મારી નાખશે. કારણ કે તેઓ માને છે કે યોહાન એક પ્રબોધક હતો." ૭તેથી તેઓએ ઉત્તર આપ્યો કે, "અમે ઉત્તર જાણતા નથી."

૮તેથી ઈસુએ તેઓને કહ્યું કે, "તો હું તમને કહેતો નથી કે કયા અધિકારથી હું આ કામો કરું છું."

### દેવ તેના પુત્રને મોકલે છે

૯પછી ઈસુએ લોકોને આ વાર્તા કહી; "એક માણસે વાડીમાં દ્રાક્ષા રોપી. કેટલાએક ખેડૂતોને જમીન ઈજારે આપી પછી તે લાંબા સમય સુધી બહાર ગયો. ૧૦થોડા સમય પછી દ્રાક્ષની ફસલનો સમય આવ્યો. તેથી તે માણસે પેલા ખેડૂતો પાસે એક ચાકરને મોકલ્યો, જેથી તેઓ તેને તેના ભાગની દ્રાક્ષ આપે. પણ તે ખેડૂતોએ ચાકરને માર્યો અને કંઈ પણ આપ્યા વિના કાઢી મૂક્યો. ૧૧તેથી તે માણસે બીજા એક ચાકરને મોકલ્યો. ખેડૂતોએ આ ચાકરને પણ માર્યો. તેઓએ તેનું સહેજ પણ માન રાખ્યું નહિ. તે ખેડૂતોએ તે ચાકરને કાંઈ આપ્યા વિના કાઢી મૂક્યો. ૧૨તેથી માણસે ત્રીજા સેવકને ખેડૂતો પાસે મોકલ્યો, ખેડૂતોએ આ ચાકરને ખરાબ રીતે ઈજા પહોંચાડી અને તેને બહાર ફેંકી દીધો, ૧૩ખેતરના માલિકે કહ્યું કે; 'હવે હું શું કરું? હું મારા પુત્રને મોકલીશ. હું મારા પુત્રને ઘણો ચાહું છું. કદાચ ખેડૂતો મારા પુત્રને માન આપે!' ૧૪જ્યારે ખેડૂતોએ પુત્રને જોયો ત્યારે તેઓએ એકબીજાને કહ્યું કે, 'આ માલિકનો દીકરો છે. આ ખેતરો તેના થશે.' જો આપણે તેને મારી નાખીશું ત્યાર પછી તેના ખેતરો આપણા થશે. ૧૫તેથી ખેડૂતોએ પુત્રને ખેતરમાંથી બહાર કાઢી મૂક્યો અને મારી નાખ્યો.

"આ ખેતરનો ધણી તેઓને શું કરશે? ૧૬તે આવીને પેલા ખેડૂતોને મારી નાખશે! પછી તે બીજા કેટલાએક ખેડૂતોને ખેતર આપશે."

લોકોએ આ વાર્તા સાંભળી. તેઓએ કહ્યું કે, "ના! આવું કદી ન થાઓ!" ૧૭પરંતુ ઈસુએ તેઓની તરફ નજર કરી અને કહ્યું કે, "તો પછી આ લખાણનો શો અર્થ:

'જે પથ્થરનો બાંધનારાઓએ નકાર કર્યો. તે જ
ખૂણાનું મથાળું થયો!'

*ગીતશાસ્ર ૧૧૮:૨૨*

૧૮જે વ્યક્તિ તે પથ્થર પર પડશે તેના ટુકડા થઈ જશે અને જો તે પથ્થર તમારા પર પડશે તો તે તમને કચડી નાખશે!"

૧૯શાસ્રીઓ અને મુખ્ય યાજકો આ વાર્તા જે ઈસુએ કહી તે સાંભળી. તેઓએ જાણ્યું કે આ વાર્તા તેઓના વિષે હતી. તેથી તેઓ તે વખતે ઈસુને પકડવા ઈચ્છતા હતા. પરંતુ લોકો કંઈ કરશે તો તેવો તેઓને ડર હતો.

### યહૂદી આગેવાનોની ઈસુ સામેની યુક્તિ

૨૦તેથી શાસ્રીઓ અને યાજકોએ ઈસુને પકડવાના યોગ્ય સમયની રાહ જોવા લાગ્યા. તેઓએ કેટલાએક માણસોને ઈસુ પાસે મોકલ્યા. તેઓએ આ માણસોને તેઓ સારા હોય તે રીતે વર્તવા કહ્યું. ઈસુ જે કંઈ કહે તેમાં કંઈક ખોટું શોધવા તેઓ ઈચ્છતા હતા, જો તેઓ કંઈ ખોટું શોધી કાઢે તો પછી તેઓ ઈસુને રાજ્યપાલને સોંપી શકે જેની પાસે સત્તા અને અધિકાર હતા. ૨૧તેથી તે માણસોએ ઈસુને પૂછયું કે, "ઉપદેશક, અમે જાણીએ

**'મારું ઘર પ્રાર્થનાનું ઘર થશે'** યશા. ૫૬:૭.

છીએ કે તું જે કહે છે અને શીખવે છે તે દેવના માર્ગ માટે સાચું છે, કોણ સાંભળે છે તેનું કોઈ મહત્વ નથી, તું એ જ બધા લોકોને શીખવે છે. તું હંમેશા સત્યથી દેવનો માર્ગ શીખવે છે. [૨૨]અમને કહે કે, અમારે કૈસરને કર આપવો ઉચિત છે? હા કે ના?"

[૨૩]પણ ઈસુએ જાણ્યું કે આ માણસો તેની સાથે કપટ કરી રહ્યા છે. ઈસુએ તેઓને કહ્યું કે, [૨૪]"મને એક દીનાર સિક્કો બતાવો, સિક્કા પર કોનું નામ છે? અને તેના પર કોની છાપ છે?"

તેઓએ કહ્યું કે, "કૈસરની."

[૨૫]ઈસુએ તેઓને કહ્યું કે, "તો કૈસરની જે વસ્તુઓ હોય તે કૈસરને અને દેવની જે વસ્તુઓ છે તે દેવને આપો."

[૨૬]તે માણસો તેના શાણપણભર્યા ઉત્તરથી આશ્ચર્ય પામ્યા. તેઓ કંઈ બોલી શક્યા નહિ. તે માણસો લોકો આગળ ઈસુને ફસાવવામાં ફાવ્યા નહિ. ઈસુએ કશું કહ્યું નહિ જેથી તેઓ તેની વિરુદ્ધ ઉપયોગ કરી શકે.

### કેટલાએક સદૂકીઓની ઈસુ સામેની યુકિત

[૨૭]કેટલાએક સદૂકીઓ ઈસુ પાસે આવ્યા. (સદૂકીઓ માને છે કે મૃત્યુ પછી પુનરુત્થાન નથી.) તેઓએ ઈસુને પૂછયું કે; [૨૮]"ઉપદેશક, મૂસાએ આપણા માટે લખ્યું છે કે જો પરણીત માણસ મૃત્યુ પામે અને તેની પત્નીને બાળક ના હોય તો પછી તેના ભાઈએ તે સ્રીને પરણવું જોઈએ. પછી તેઓને તેના મૃત્યુ પામેલા ભાઈ માટે બાળકો થશે. [૨૯]ત્યાં સાત ભાઈઓ હતા. પહેલો ભાઈ એક સ્રીને પરણ્યો, પણ મૃત્યુ પામ્યો. તેને બાળકો ન હતાં. [૩૦]પછી બીજો ભાઈ તે સ્રીને પરણ્યો અને તે મૃત્યુ પામ્યો. [૩૧]અને ત્રીજો ભાઈ તે સ્રીને પરણ્યો અને તે મૃત્યુ પામ્યો. આ જ ઘટના બધા જ સાતે ભાઈઓ સાથે બની. તેઓ બધા મૃત્યુ પામ્યા. અને તેઓને બાળકો ન હતા. [૩૨]છેલ્લે મૃત્યુ પામનાર સ્રી હતી. [૩૩]પરંતુ બધા સાતે ભાઈઓ તેણીને પરણ્યા. તેથી જ્યારે મૃત્યુ પછી પુનરુત્થાનનો સમય આવશે, ત્યારે આ સ્રી કોની પત્ની થશે?"

[૩૪]ઈસુએ સદૂકીઓને કહ્યું કે; "પૃથ્વી પર લોકો પરણે છે. [૩૫]જે લોકો મૃત્યુ પછી પુનરુત્થાન થવા માટે યોગ્ય રીતે ન્યાયી ઠરશે અને આ જીવન પછી ફરી જીવશે. તે નવા જીવનમાં તેઓ પરણશે નહિ. [૩૬]તે જીવન દરમિયાન લોકો દેવદૂત જેવાં હોય છે અને તેઓનું કદી મૃત્યુ થતું નથી. તેઓ દેવના બાળકો છે કારણ કે તેઓ મૃત્યુમાંથી સજીવન થાય છે. [૩૭]મૂસાએ સ્પષ્ટ બતાવ્યું છે કે લોકો મૃત્યુમાંથી ઊઠે છે. જયારે મૂસા બળતા ઝાડવાંમાં દેવ દર્શનના પ્રસંગનું વર્ણન કરે છે. ત્યારે તે પ્રભુને 'ઈબ્રાહિમનો દેવ, ઈસહાકનો દેવ અને યાકૂબનો દેવ કહે છે.'* [૩૮]જો દેવ કહે કે તે તેઓના દેવ છે તો પછી આ માણસો ખરેખર મૃત્યુ પામેલા નથી. તે ફક્ત જીવતા લોકોનો જ દેવ છે. બધાં જ લોકો દેવના છે તે જીવતા છે."

[૩૯]કેટલાએક શાસ્રીઓએ કહ્યું કે; "ઉપદેશક, તારો ઉત્તર ઘણો સારો છે." [૪૦]તે પછી વધારે પ્રશ્નો ઈસુને પૂછવાની કોઈએ હિંમત કરી નહિ.

### શું ખ્રિસ્ત દાઉદનો દીકરો છે?

[૪૧]પછી ઈસુએ કહ્યું કે, "ખ્રિસ્ત દાઉદનો દીકરો છે એમ લોકો શા માટે કહે છે? [૪૨]ગીતશાસ્રમાં દાઉદ પોતે કહે છે કે:

'પ્રભુએ (દેવ) મારા પ્રભુને (ખ્રિસ્ત) કહ્યું કે: તું મારી જમણી બાજુએ બેસ,
[૪૩]અને હું તારા શત્રુઓને તારા કબજામાં મૂકીશ.'

*ગીતશાસ્ર ૧૧૦:૧*

[૪૪]જો દાઉદ ખ્રિસ્તને તેના 'પ્રભુ' કહે તો પછી ખ્રિસ્ત દાઉદનો દીકરો કેવી રીતે થઈ શકે?"

### શાસ્રીઓથી સાવધાન રહેવાની ચેતવણી

[૪૫]બધા લોકો ઈસુને ધ્યાનથી સાંભળતા હતા. ઈસુએ તેના શિષ્યોને કહ્યું. [૪૬]"શાસ્રીઓથી સાવધાન રહો. તેઓને કપડાં પહેરીને આજુબાજુ ફરીને માનવંતા દેખાડવાનું ગમે છે. બજારનાં સ્થળોએ તેઓને લોકો માન આપે તેમ તેઓ ઈચ્છે છે. તેઓ સભાસ્થાનોમાં, મુખ્ય મહત્વની બેઠકો મેળવવા ચાહે છે. તેઓ જમણવારમાં પણ મહત્વની બેઠકો ચાહે છે. [૪૭]પણ તેઓ વિધવાઓના ઘર પડાવી લે છે. તેઓ લાંબી પ્રાર્થનાઓ કરીને તેઓની જાતે સારા દેખાવાનો પ્રયત્ન કરે છે. દેવ આ લોકોને વિશેષ શિક્ષા કરશે."

### સાચું દાન

**૨૧** ઈસુએ કેટલાએક ધનવાન લોકોને મંદિરમાં પૈસાની પેટીમાં દેવની ભેટો મૂકતાં જોયા. [૨]પછી ઈસુએ એક ગરીબ વિધવાને જોઈ, તેણે બે નાના તાંબાના સિક્કા પેટીમાં મૂક્યા. [૩]ઈસુએ કહ્યું કે, "હું તમને સાચું કહું છું, આ ગરીબ વિધવાએ ફક્ત બે નાના સિક્કા આપ્યા છે. પણ ખરેખર તો તેણે પેલા બધા જ

---

**'ઈબ્રાહિમનો ... દેવ કહે છે'** નિ.૩:૬.

પૈસાદાર લોકો કરતાં વધારે આપ્યું છે. ૪ધનવાન લોકો પાસે પુષ્કળ છે, તેઓએ તો ફક્ત તેમની પાસે જે વધારાનું છે તેમાંથી જ આપ્યું છે. આ સ્રી ઘણી ગરીબ છે. પણ તેણે તેની પાસે હતું તે બધું જ આપ્યું છે. અને તે પૈસા તેના જીવનમાં સહાય માટે જરૂરી હતા."

### મંદિરનો વિનાશ

૫કેટલાએક લોકો મંદિર વિષે વાતો કરતા હતા. તેઓએ કહ્યું, "આ એક સુંદર મંદિર ઉત્તમ પથ્થરોથી બાંધેલું છે. દેવને દાનમાં અપાયેલ ઘણી સુંદર ભેટો તો જુઓ!"

૬પણ ઈસુએ કહ્યું, "સમય આવશે ત્યારે તમે જે બધું અહી જુઓ છો તેનો નાશ થશે. આ મકાનનો પ્રત્યેક પથ્થર જમીન પર પાડી નાખવામાં આવશે, એક પણ પથ્થર બીજા પથ્થર પર રહેવા દેવામાં આવશે નહિ!"

૭કેટલાએક શિષ્યોએ ઈસુને કહ્યું, "ઉપદેશક, આ વસ્તુઓ ક્યારે બનશે? આપણને કેવી રીતે ખબર પડશે કે તે થવાનો સમય આવ્યો છે?"

૮ઈસુએ કહ્યું, "સાવધાન રહો! કોઈ તમને મૂર્ખ ન બનાવે. ઘણા લોકો મારા નામે આવશે, તેઓ કહેશે, "હું ખ્રિસ્ત છું" અને "ખરો સમય આવ્યો છે!" પણ તમે તેઓને અનુસરશો નહિ. ૯જ્યારે તમે યુદ્ધો તથા હુલ્લડોની અફવાઓ સાંભળો ત્યારે બીશો નહિ. આ બાબતો પ્રથમ બનશે પણ તેનો અંત પાછળથી આવશે."

૧૦પછી ઈસુએ તેમને કહ્યું, "એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર સાથે લડશે. એક રાજ્ય બીજા રાજ્યની સામે લડશે. ૧૧ત્યાં મોટા ધરતીકંપ, મંદવાડ અને દુ:ખદાયક બાબતો ઘણી જગ્યાએ થશે. બીજી કેટલીક જગ્યાએ તો લોકોને ખાવા માટે ભોજન પણ નહિ હોય, ભયંકર બનાવો બનશે. આકાશમાંથી આશ્ચર્યજનક વસ્તુઓ લોકોને ચેતવણી આપવા આવશે.

૧૨"પરંતુ આ બધી વસ્તુઓ બનતા પહેલાં, લોકો તમને પકડશે અને તમારું અહિત કરશે. લોકો તેમની સભાસ્થાનોમાં તમારો ન્યાય કરશે. અને તમને કેદ કરશે, તમને જબરજસ્તી રાજાઓ અને રાજ્યપાલો સમક્ષ ઊભા રાખવામાં આવશે. તમે મને અનુસરો છો તેથી લોકો તમારી સામે આ બધું કરશે. ૧૩પણ આ તમને મારા વિષે કહેવાની તક આપશે. ૧૪બચાવ માટે તમારે શું કહેવું તેની પણ જરાય ચિંતા કરશો નહિ. ૧૫તમારો કોઈ પણ દુશ્મન ઉત્તર ન આપી શકે તેવુ કહેવા માટે બુદ્ધિ હું તમને આપીશ. ૧૬તારા માતાપિતા, ભાઈઓ, સંબંધીઓ અને મિત્રો પણ તારી વિરુદ્ધ થશે. તેઓ તમારામાંના કેટલાકને મારી નાખશે. ૧૭બધા માણસો તમને ધિક્કારશે કારણ કે તમે મને અનુસરો છો. ૧૮પણ આમાંની કોઈ પણ વસ્તુ તમને ખરેખર નુકશાન કરી શકશે નહિ. ૧૯જો તમે તમારા વિશ્વાસમાં મક્કમ રહેશો તો આ બધામાંથી તમારી જાતને બચાવી લેશો.

### યરૂશાલેમનો વિનાશ

૨૦"તમે યરૂશાલેમની ચારે બાજુએ લશ્કર જોશો. પછી તમે જાણશો કે યરૂશાલેમનો વિનાશ થવાનો સમય આવ્યો છે. ૨૧તે વખતે યહૂદિયામાં જે લોકો છે તે પહાડોમાં નાશી જાય. જેઓ યરૂશાલેમમાં હોય તેઓએ જલદી છોડી જવું. જો તમે યરૂશાલેમ નજીકના પ્રદેશમાં હો તો શહેરની અંદર જશો નહિ. ૨૨પ્રબોધકોએ જ્યારે દેવ તેના લોકોને શિક્ષા કરશે તે સમયની બાબતમાં ઘણું બધું લખ્યું છે. તે આ સમય છે. જ્યારે આ બધું પરિપૂર્ણ થાય. ૨૩તે વખતે જેઓ ગર્ભવતી હશે અથવા જેને નાનાં દૂધ પીતા બાળકો છે તે તેમના માટે દુ:ખદાયક છે! શા માટે? કારણ કે આ ભૂમિ પર વધારે વિપત્તિનો સમય આવશે. દેવ આ લોકો (યહૂદીઓ) પર ગુસ્સે થશે. ૨૪કેટલાએક લોકો સૈનિકો દ્વારા મૃત્યુ પામશે. બીજા લોકોને કેદી તરીકે રાખશે અને બધા જ દેશોમાં લઈ જવાશે. ફક્ત યરૂશાલેમ તેઓનો સમય પૂરો નહિ થાય ત્યાં સુધી બિન યહૂદીઓથી પગ તળે ખૂંદી નંખાશે.

### ડરશો નહિ

૨૫"સૂર્ય, ચંદ્ર અને તારાઓ સાથે આશ્ચર્યજનક ઘટનાઓ બનશે. પૃથ્વી પરના લોકો ફસાયાની લાગણી અનુભવશે. સમુદ્રોમાં ગર્જના તોફાન સર્જાશે. અને લોકો તેનું કારણ સમજી શકશે નહિ. ૨૬લોકો પૃથ્વી પર શું થશે તેની અતિશય ચિંતાઓથી ભયભીત થઈ જશે. પૃથ્વી પર જે કંઈ થશે તેનાથી આકાશમાં જે બધું છે તે પણ બદલાઈ જશે. ૨૭પછી લોકો માણસના દીકરાને પરાક્રમ સાથે અને મહા મહિમાસહિત વાદળાંમાં આવતો જોશે. ૨૮જ્યારે આ ઘટનાઓ બનવા લાગે ત્યારે ઊંચે નજર કરો અને ખુશ થાઓ! ચિંતા ના કરો. કારણ કે તમે જાણો છો કે તમારો ઉદ્ધાર થવાનો સમય પાસે આવ્યો છે!"

### મારી વાતો જતી રહેવાની નથી

૨૯પછી ઈસુએ આ વાર્તા કહી કે; "બધાં વૃક્ષો તરફ જુઓ. અંજીરનું વૃક્ષ એક સરસ ઉદાહરણ છે. ૩૦જ્યારે

તે ફૂટવા માંડે છે ત્યારે તમે જાણો છો કે ઉનાળો નજીક
છે. ³¹તે જ રીતે આ બધી બાબતો વિષે મેં તમને કહ્યું
છે. જ્યારે તમે આ બધી બાબતો બનતી જોશો, ત્યારે
તમે જાણી શકશો કે દેવનું રાજ્ય ઘણું જલદી આવી રહ્યું
છે.

³²"હું તમને સત્ય કહું છું. આ બધી વસ્તુઓ બનશે
ત્યારે આ સમયના લોકો ત્યાં સુધી જીવતા હશે! ³³આખી
પૃથ્વી અને આકાશ નાશ પામશે, પણ મેં જે શબ્દો કહ્યા
છે તેનો નાશ કદાપિ થશે નહિ!

### પ્રત્યેક ક્ષણે તૈયાર રહો

³⁴"સાવધાન રહો! તમારો સમય ખાવા પીવામાં
બગાડો નહિ અથવા દુન્યવી વસ્તુઓની ચિંતા ના કરો.
જો તમે એમ કરશો તો તમે સાચો વિચાર કરી શકશો
નહિ. અને પછી જો એકાએક અંત આવી પહોંચશે
ત્યારે તમે તૈયાર નહિ હોય. ³⁵પૃથ્વી પરના તમામ
લોકો માટે તે આશ્ચર્યજનક રીતે આવશે. ³⁶તેથી હર
વખત તૈયાર રહો. અને પ્રાર્થના કરો કે આ બધું જે
થવાનું છે તેમાંથી તમારી જાતને સલામત રીતે પસાર
થવા તથા માણસના દીકરા સમક્ષ ઊભા રહેવાને તમે
પ્રબળ થાઓ."

³⁷દિવસ દરમિયાન, ઈસુ લોકોને મંદિરમાં બોધ
આપતો, રાત્રે તે શહેરની બહાર જતો અને આખી રાત
જૈતૂનના પહાડ પર રહેતો. ³⁸પ્રત્યેક સવારે બધા લોકો
વહેલા ઊઠતા અને ઈસુને ધ્યાનથી સાંભળવા મંદિરમાં
જતા.

### યહૂદી આગેવાનોની ઈસુને મારી નાખવાની ઈચ્છા

૨૨ હવે બેખમીર રોટલીનું પર્વ જે પાસ્ખા કહેવાય
છે તેનો લગભગ સમય હતો. ²મુખ્ય યાજકો
અને શાસ્રીઓ ઈસુને મારી નાખવાનો રસ્તો શોધવાના
પ્રયત્નો કરતા હતા. પણ તેઓ લોકોથી ડરતા હતા.

### યહૂદાની ઈસુ વિરુદ્ધ યોજના

³ઈસુના બાર પ્રેરિતોમાં એકનું નામ યહૂદા
ઈશ્કરિયોત હતું. શેતાન યહૂદામાં પેઠો. અને તેને ખરાબ
કૃત્યો કરવા પ્રેર્યો. ⁴યહૂદા મુખ્ય યાજકો અને કેટલાએક
સરદારો જે મંદિરના રક્ષકો હતા તેઓને મળ્યો અને
તેઓની સાથે વાતો કરી. યહૂદાએ તેઓને ઈસુને કેવી
રીતે સોંપવો તે સંબંધી મસલત કરી. ⁵યાજકો આ
બાબતથી વધારે ખુશ હતા. જો તે ઈસુ તેઓને સોંપે તો
તેઓએ યહૂદાને પૈસા આપવાનું વચન આપ્યું. ⁶યહૂદાએ
સંમતી આપી. પછી યહૂદા તેઓને ઈસુ સોંપવાના ઉત્તમ
સમયની રાહ જોવા લાગ્યો. અને લોકો તેની આજુબાજુ
હાજર ના હોય તેવા પ્રસંગે તેને તેઓના હાથમાં
સોંપવાની તક જોવા લાગ્યો.

### પાસ્ખા ભોજનની તૈયારી

⁷બેખમીર રોટલીનો દિવસ આવ્યો. આ તે દિવસ
હતો જ્યારે યહૂદીઓ પાસ્ખાના યજ્ઞમાં ઘેટાઓનું
બલિદાન આપતા હતા. ⁸ઈસુએ પિતર અને યોહાનને
કહ્યું કે; "જાઓ, આપણે ખાવા માટે પાસ્ખા ભોજન
તૈયાર કરો."

⁹પિતર અને યોહાને ઈસુને કહ્યું કે, "તું આ ભોજનની
તૈયારી અમારી પાસે ક્યાં કરાવવા ઈચ્છે છે?"

ઈસુએ તેઓને કહ્યું, ¹⁰"સાંભળો! તમે શહેરમાં અંદર
જશો, ત્યાર બાદ તમે એક માણસને પાણીની ગાગર
લઈ જતા જોશો. તેની પાછળ જજો. તે એક મકાનમાં
જશે. તમે તેની સાથે જાઓ. ¹¹તે ઘરના માલિકને કહો,
'ઉપદેશક પૂછે છે કે તું કૃપા કરીને અમને તે ખંડ બતાવ
જ્યાં હું અને મારા શિષ્યો પાસ્ખા ભોજન લઈશું.' ¹²પછી
તે માણસ જે મકાનનો માલિક છે તે તમને મેડી પર
એક મોટો ખંડ બતાવશે. આ ખંડ તમારા માટે તૈયાર
હશે ત્યાં પાસ્ખા ભોજન તૈયાર કરો."

¹³તેથી પિતર અને યોહાન ગયા. ઈસુએ કહ્યા પ્રમાણે
જ બધું બન્યું. તેથી તેઓએ પાસ્ખા ભોજન તૈયાર કર્યુ.

### પ્રભુનું ભોજન

¹⁴પાસ્ખા ભોજન કરવાનો તેઓનો સમય આવ્યો.
ઈસુ અને તેના પ્રેરિતો મેજ પાસે બેઠા હતા. ¹⁵ઈસુએ
તેઓને કહ્યું કે; "હું મૃત્યુ પામું તે પહેલા મારી તમારી
સાથે પાસ્ખા ખાવાની ઘણી ઈચ્છા હતી. ¹⁶હું તમને
કહું છું દેવના રાજ્યમાં પાસ્ખા ભોજનનો સાચો અર્થ
અપાય નહિ ત્યાં સુધી હું ફરીથી કદાપિ પાસ્ખા ભોજન
ખાવાનો નથી."

¹⁷પછી ઈસુએ એક પ્યાલો દ્રાક્ષારસ લીધો. તેણે તે
માટે દેવની સ્તુતિ કરી. પછી તેણે કહ્યું, "આ પ્યાલો લો
અને અહી દરેક જણને તે આપો. ¹⁸હું તમને કહું છું
દેવનું રાજ્ય આવે ત્યાં સુધી હું ફરીથી દ્રાક્ષારસ પીનાર
નથી."

¹⁹પછી ઈસુએ કેટલીએક રોટલી લીધી. તેણે રોટલી
માટે દેવની સ્તુતિ કરી અને તેના ટુકડા કર્યા. તેણે તે
ટુકડા શિષ્યોને આપ્યા. પછી ઈસુએ કહ્યું કે, "આ રોટલી
મારું શરીર છે કે જે હું તમારા માટે આપું છું. મારી

યાદગીરીમાં આ કરો." ૨૦આજ પ્રમાણે સાંજના ભોજન પછી ઈસુએ એક દ્રાક્ષારસનો પ્યાલો લીધો અને કહ્યું કે, "આ દ્રાક્ષારસ દેવનો તેના લોકો માટેનો નવો કરાર છે. આ નવો કરાર મારા લોહી (મરણ) થી શરૂ થાય છે. જે હું તમારા માટે આપું છું."

### ઈસુની વિરુદ્ધ કોણ?

૨૧ઈસુએ કહ્યું કે, "તમારામાંનો એક મારી વિરુદ્ધ થશે. તેનો હાથ મેજ પર મારા હાથની બાજુમાં છે. ૨૨માણસનો દીકરો દેવની યોજના પ્રમાણે કરશે. જે માણસના દીકરાને મારી નાંખવા માટે આપશે, તે બાબત તે માણસને માટે ખરાબ છે. તેને અફસોસ છે!"

૨૩પછી શિષ્યોએ એકબીજાને પૂછયું કે, "આપણામાંનો કોણ ઈસુ માટે આવું કરનાર હશે?"

### સેવક જેવા બનો

૨૪પાછળથી પ્રેરિતો વિષે અંદરો અંદર દલીલો કરવા લાગ્યા કે તેઓના બધામાં મુખ્ય કોણ.

૨૫પછી ઈસુએ તેઓને કહ્યું કે, 'દુનિયાના રાજાઓ તેમની પ્રજા પર શાસન કરે છે. જે માણસોનો બીજા લોકો પર અધિકાર હોય છે તેઓ તે લોકોના મહાન પરોપકારી હોવાનું લોકો પાસે કહેવડાવે છે.' ૨૬પણ તમારે તેમના જેવું થવું ના જોઈએ. સૌથી મુખ્ય વ્યક્તિએ સૌથી નાની વ્યક્તિ જેવા થવું જોઈએ, આગેવાનોએ સેવકો જેવા થવું જોઈએ. ૨૭કોણ વધારે અગત્યનું છે, જે વ્યક્તિ મેજ પાસે બેસે છે તે કે જે વ્યક્તિ તેની સેવા કરે છે તે? ખરેખર જે વ્યક્તિ મેજ પાસે બેસે છે તે વધારે અગત્યની છે, પણ હું તો તમારી વચ્ચે એક સેવક જેવો છું!

૨૮"તમે લોકો મારા પરીક્ષણ સમયમાં મારી સાથે રહ્યા છો. ૨૯મારા બાપે મને એક રાજ્ય આપ્યું છે. હું પણ તમને મારી સાથે શાસનનો અધિકાર આપું છું. ૩૦મારા રાજ્યમાં તમે મારી સાથે ખાશો અને પીશો. તમે ઈઝરાએલના બાર કુળોનો ન્યાય કરવા રાજ્યાસનો પર બિરાજશો.

### તમારો વિશ્વાસ ગુમાવો નહિ

૩૧"ઓ સિમોન, સિમોન જો શેતાને એક ખેડૂત જેમ ઘઉં ચાળે છે તેમ તને કબજે લેવા માગ્યો. ૩૨મેં પ્રાર્થના કરી છે કે તું તારો વિશ્વાસ ગુમાવે નહિ! જ્યારે તમે મારી પાસે પાછા આવો ત્યારે તમારા ભાઈઓને વધારે મજબૂત થવામાં મદદ કરજો."

૩૩પણ પિતરે ઈસુને કહ્યું કે, "પ્રભુ, હું તારી સાથે જેલમાં આવવા તૈયાર છું, હું તારી સાથે મરવા માટે પણ તૈયાર છું!"

૩૪પણ ઈસુએ કહ્યું કે, "પિતર, હું તને કહું છું કે આજે મરઘો બોલે તે પહેલા તું મને ઓળખતો નથી, એમ (કહીને) તું ત્રણ વાર મારો નકાર કરશે!"

### મુશ્કેલીઓ માટે તૈયાર થાઓ

૩૫પછી ઈસુએ પ્રેરિતોને કહ્યું કે: "મેં તમને લોકોને ઉપદેશ આપવા મોકલ્યા. મેં પૈસા વગર, થેલી કે જોડા વગર મોકલ્યા, તમારે કશાની જરૂર પડી?"

પ્રેરિતોએ કહ્યું, "ના."

૩૬ઈસુએ તેઓને કહ્યું કે, "પણ હવે જો તમારી પાસે થેલી અને પૈસા હોય તો તમારી પાસે રાખો. જો તમારી પાસે તલવાર ના હોય તો તમારા કપડાં વેચીને એક ખરીદી રાખો. ૩૭પવિત્ર લેખ કહે છે કે:

'લોકોએ કહ્યું કે તે એક ગુનેગાર હતો.'

*યશાયા ૫૩: ૧૨*

એ જે લખેલું છે તે મારામાં હજી પૂરું થવું જોઈએ, અને તે હવે બની રહ્યું છે."

૩૮તે શિષ્યોએ કહ્યું કે, "પ્રભુ, જો, અહીં બે તલવાર છે!"

ઈસુએ તેઓને કહ્યું કે, "બે પૂરતી હશે."

### ઈસુનું પ્રેરિતોને પ્રાર્થના કરવા કહેવું

૩૯-૪૦ઈસુએ શહેર (યરૂશાલેમ) છોડ્યું અને જૈતૂન પહાડ પરની જગ્યાએ પહોંચ્યો. તેના શિષ્યો તેની સાથે ગયા. (ઈસુ ત્યાં વારંવાર જતો.) ઈસુએ તેના શિષ્યોને કહ્યું કે, "પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન પડો."

૪૧પછી ઈસુ તેઓનાથી લગભગ ૫૦ ડગલા દૂર ગયો અને ઘૂંટણે પડ્યો અને પ્રાર્થના કરી. ૪૨"હે બાપ, જો તારી ઈચ્છા હોય તો, આ યાતનાનો પ્યાલો મારાથી દૂર કર: તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિં પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ." ૪૩પછી એક દૂત દેખાયો, તે દૂત આકાશમાંથી ઈસુની મદદ માટે આવ્યો હતો. ૪૪ઈસુ ખૂબ પીડાતો હતો. પ્રાર્થનામાં તેણે ખૂબ આગ્રહ કર્યો, તેના મોઢા પરથી પડતો પરસેવો લોહીનાં ટીપાં જેવો ધરતી પર પડતો હતો. ૪૫જ્યારે ઈસુએ પ્રાર્થના પૂરી કરી તેના શિષ્યો પાસે ગયો ત્યારે તેઓ ઘસઘસાટ ઊંઘતા હતા. (તેઓ તેમના દુ:ખોથી વધારે થાક્યા હતા.)

૪૬ઈસુએ તેઓને કહ્યું કે, "તમે શા માટે ઊંઘો છો? ઊભા થાઓ અને પરીક્ષણો સામે મજબૂત બનવા પ્રાર્થના કરો."

### ઈસુનું પકડાઈ જવું

૪૭જ્યારે ઈસુ બોલતો હતો ત્યારે એક લોકોનું ટોળું આવ્યું. બાર પ્રેરિતોમાંનો એક સમૂહને દોરતો હતો. તે યહૂદા હતો. યહૂદા ઈસુની નજીક આવ્યો જેથી તે ઈસુને ચૂંબન કરી શકે.

૪૮પણ ઈસુએ તેને કહ્યું કે, "યહૂદા, શું તું ચુંબનનો ઉપયોગ કરીને માણસના દીકરાને દુશ્મનોને સોંપવા ઈચ્છે છે?" ૪૯ઈસુના શિષ્યો પણ ત્યાં ઊભા હતા. જે થતું હતું તે તેઓએ જોયું. શિષ્યોએ ઈસુને કહ્યું કે, "પ્રભુ, અમારે તલવારોનો ઉપયોગ કરવો જોઈએ?" ૫૦એટલામાં તો શિષ્યોમાંના એકે તેનો ઉપયોગ કર્યો. તેણે મુખ્ય યાજકના ચાકરનો જમણો કાન કાપી નાખ્યો.

૫૧ઈસુએ કહ્યું કે, "અહીં જ બંધ કર!" પછી ઈસુએ ચાકરના કાનને સ્પર્શ કરીને તેને સાજો કર્યો.

૫૨ઈસુને પકડવા જે સમૂહ આવ્યો હતો તેઓ મુખ્ય યાજકો, વડીલો અને યહૂદી સરદારો હતા. ઈસુએ તેઓને કહ્યું કે, "તમે તલવારો અને લાકડીઓ સાથે અહીં બહાર શા માટે આવ્યા છો? શું તમે વિચારો છો કે હું એક ગુનેગાર છું? ૫૩હું દરરોજ મંદિરમાં તમારી સાથે હતો. ત્યાં મને પકડવાનો પ્રયત્ન તમે શા માટે ન કર્યો? પણ આ તમારો સમય છે, એવો સમય જ્યારે અંધકારનું (પાપનું) સામર્થ્ય હોય છે."

### ઈસુને ઓળખું છું તેવું કહેવાનો પિતરનો ભય

૫૪તેઓ ઈસુને પકડીને દૂર લઈ ગયા. તેઓ ઈસુને મુખ્ય યાજકના ઘરમાં લાવ્યા. પિતર તેની પાછળ ગયો. પણ તે ઈસુની નજીક આવી શક્યો નહિ. ૫૫સૈનિકો ચોકની વચમાં અગ્નિ સળગાવીને સાથે બેઠા હતા. પિતર તેઓની સાથે બેઠો. ૫૬એક સેવિકાએ પિતરને ત્યાં બેઠેલો જોયો. અગ્નિના પ્રકાશને કારણે તે જોઈ શકી. તે છોકરીએ નજીકથી પિતરના ચહેરાને જોયો, પછી તેણે કહ્યું કે, "આ માણસ પણ તેની (ઈસુની) સાથે હતો!"

૫૭પણ પિતરે કહ્યું કે આ સાચું નથી. તેણે કહ્યું, "બાઈ, હું તેને જાણતો નથી." ૫૮થોડા સમય પછી, બીજી એક વ્યક્તિએ પિતરને જોયો અને કહ્યું કે, "તું પણ તેમાંનો એક છે."

પણ પિતરે કહ્યું, "ભાઈ, હું તેના શિષ્યોમાંનો એક નથી!"

૫૯લગભગ એક કલાક પછી બીજા એક માણસે કહ્યું કે, "તે સાચું છે! આ માણસ તેની (ઈસુ) સાથે હતો. તે ગાલીલનો છે!" તે માણસે કહ્યું કે આ બાબતની તેને ખાતરી હતી.

૬૦પણ પિતરે કહ્યું કે, "ભાઈ, તું શું વાત કરે છે, તે હું જાણતો નથી!"

જ્યારે તે બોલતો હતો કે તરત જ મરઘો બોલ્યો. ૬૧પછી પ્રભુ ફર્યો અને પિતરની આંખોમાં જોયું અને પ્રભુએ જે તેને કહ્યું હતું તે પિતરને યાદ આવ્યું. "સવારે મરઘો બોલ્યા અગાઉ, તું ત્રણ વાર કહીશ કે તું મને ઓળખતો નથી." ૬૨પછી પિતર બહાર ગયો અને ખૂબ રડ્યો.

### ઈસુ તરફ લોકોનું હસવું

૬૩-૬૪કેટલાએક માણસો ઈસુની ચોકી કરતા હતા. તેઓ ઈસુની આ પ્રમાણે મશ્કરી કરતા હતા: તેઓએ તેની આંખે પાટા બાંધ્યા હતા તેથી તે તેઓને જોઈ શકે નહિ. પછીથી તેઓએ તેને માર્યો અને કહ્યું કે, "જો તું પ્રબોધક હોય, તો અમને કહે તને કોણે માર્યો?" ૬૫તે માણસોએ ઈસુની નિંદા કરીને તેની વિરુદ્ધ બીજું ઘણું કહ્યું.

### યહૂદી આગેવાનો સમક્ષ ઈસુ

૬૬બીજી સવારે, લોકોના વડીલોની સભા, મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ સાથે ભેગી થઈ. તેઓએ ઈસુને તેઓની ઊંચામાં ઊંચી ન્યાયસભામાં લઈ ગયા. ૬૭તેઓએ કહ્યું કે, "જો તું ખ્રિસ્ત હોય, તો અમને કહે!"

ઈસુએ તેઓને કહ્યું કે, "જો હું તમને કહું કે હું ખ્રિસ્ત છું તો તમે મારું માનવાના નથી, ૬૮અને જો હું તમને પૂછીશ તો તમે ઉત્તર આપવાના નથી. ૬૯પણ હવે પછી માણસનો દીકરો દેવના રાજયાસનની જમણી બાજુએ બેસશે."

૭૦તેઓ બધાએ કહ્યું કે, "તો શું તું દેવનો દીકરો છે?" ઈસુએ તેઓને કહ્યું કે, "હા, તમે સાચા છો જ્યારે તમે જ કહો છો કે હું તે છું."

૭૧તેઓએ કહ્યું કે, "હવે આપણને બીજા સાક્ષીઓની શી જરૂર છે? આપણે આપણી જાતે તેને આ કહેતો સાંભળ્યો છે!"

### હાકેમ પિલાત ઈસુને પ્રશ્નો પૂછે છે

૨૩ પછી આખો સમૂહ ઊભો થયો અને પિલાત પાસે ઈસુને લઈ ગયો. તેઓ ઈસુની વિરુદ્ધ

તહોમત મૂકવા લાગ્યા. ૨તેઓએ પિલાતને કહ્યું કે, "અમારા લોકોના વિચારોને બદલવાના પ્રયત્ન કરતા આ માણસને અમે પકડ્યો છે. કૈસરને કરવેરા આપવાનો તેણે વિરોધ કર્યો. તે એક ખ્રિસ્ત રાજા હોવાનો દાવો કરે છે."

૩પિલાતે ઈસુને પૂછયું કે, "શું તું યહૂદીઓનો રાજા છે?"

ઈસુએ ઉત્તર આપ્યો; "હા, તે સાચું છે."

૪પિલાતે મુખ્ય યાજકો તથા લોકોને કહ્યું કે; "મને આ માણસમાં કંઈ ખોટું દેખાતું નથી."

૫તેઓએ ફરીફરીને કહ્યું કે, "પણ તે લોકોને ઉશ્કેરે છે! તે યહૂદિયાની આજુબાજુ બોધ આપે છે. તેણે ગાલીલમાં શરૂ કર્યો અને હવે તે અહીં છે!"

## પિલાત ઈસુને હેરોદ પાસે મોકલે છે

૬પિલાતે આ સાંભળ્યું અને પૂછયું કે, શું ઈસુ ગાલીલનો હતો? ૭પિલાતે જાણ્યું કે ઈસુ હેરોદના તાબામાં છે. તે વખતે હેરોદ યરૂશાલેમમાં હતો. તેથી પિલાતે ઈસુને તેની પાસે મોકલ્યો. ૮જ્યારે હેરોદે ઈસુને જોયો ત્યારે તે ઘણો ખુશ થયો. હેરોદે ઈસુ વિષે ઘણી બાબતો સાંભળી હતી. તેથી લાંબા સમયથી તે ઈસુને મળવા ઈચ્છતો હતો. હેરોદ કોઈ ચમત્કાર જોવા માંગતો હતો. તેથી તેણે આશા રાખી કે ઈસુ કંઈ ચમત્કાર કરશે. ૯હેરોદે ઈસુને ઘણા પ્રશ્નો પૂછયા, પણ ઈસુએ કંઈ કહ્યું નહિ. ૧૦મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ ત્યાં ઊભા હતા. તેઓએ ઈસુની વિરુદ્ધ તહોમત મૂકવાનું ચાલુ રાખ્યું. ૧૧પછી હેરોદ અને તેના સૈનિકો ઈસુને હસતા હતા. તેઓએ ઈસુને રાજાઓના જેવાં કપડાં પહેરાવી તેની મજાક ઉડાવી. પછી હેરોદે ઈસુને પાછો પિલાત પાસે મોકલ્યો. ૧૨ભૂતકાળમાં પિલાત અને હેરોદ હંમેશા દુશ્મનો હતા પણ તે દિવસે હેરોદ અને પિલાત મિત્રો બન્યા.

## ઈસુએ મરવું જોઈએ

૧૩પિલાતે મુખ્ય યાજકો, યહૂદી અધિકારીઓ અને બધા લોકોને ભેગા કર્યા અને સાથે બોલાવ્યા. ૧૪પિલાતે તેઓને કહ્યું કે, "આ માણસને (ઈસુ) તમે મારી પાસે લાવ્યા છો. તમે કહ્યું કે તે લોકોનું પરિવર્તન કરે છે. પણ મેં તમારી સમક્ષ તેની પરીક્ષા કરી, મને તેણે કંઈ ખોટું કર્યુ હોય એવું દેખાયું નહિ. ૧૫હેરોદને પણ કંઈ ખોટું જણાયું નથી. તેઓ આક્ષેપ મૂકે છે તેમાંનું તેણે કશું જ કર્યુ નથી. પણ તેનામાં કંઈ ખોટું દેખાયું નથી. હેરોદે ઈસુને આપણી પાસે પાછો મોકલ્યો છે તેથી તેને મારી નાખવો જોઈએ નહિ. ૧૬તેથી હું તેને થોડી શિક્ષા કર્યા પછી, તેને જવા માટે મુક્ત કરીશ." ૧૭હવે દર વર્ષે પાસ્ખાપર્વને દિવસે લોકોને માટે પિલાતે એક કેદીને છોડી દેવો પડતો હતો.

૧૮પણ બધા લોકોએ બૂમો પાડી, "તેને મારી નાખો! બરબ્બાસને મુક્ત કરો!" ૧૯(બરબ્બાસ શહેરમાં હુલ્લડ શરૂ કરવા બદલ બંદીખાનામાં હતો. તેણે કેટલાક માણસોની હત્યા પણ કરી હતી.)

૨૦પિલાત ઈસુને મુક્ત કરવા ઈચ્છતો હતો. તેથી પિલાતે તેને ફરીથી કહ્યું કે તે ઈસુને છોડી મૂકશે. ૨૧પણ તેઓએ વારંવાર બૂમો પાડી, "તેને મારી નાખો!" "વધસ્તંભ પર મારી નાખો!"

૨૨ત્રીજી વખત પિલાતે લોકોને કહ્યું કે, "શા માટે ? તેણે શું ખોટું કર્યુ છે? તે દોષિત નથી. તેને મારી નાખવાનું કોઈ કારણ મને દેખાતું નથી. તેથી હું તેને થોડીક સજા કરીને પછી છોડી દઈશ."

૨૩પણ લોકોએ બૂમો પાડવાનું ચાલુ રાખ્યું. તેઓએ માંગણી કરી કે ઈસુને વધસ્તંભે જડાવીને મારી નાખો. તેમની બૂમો એટલી મોટી થઈ કે ૨૪પિલાતે તેઓના માંગ્યા પ્રમાણે તેઓને આપવાનો નિર્ણય કર્યો. ૨૫લોકો બરબ્બાસને મુક્ત કરાવવા ઈચ્છતા હતા. બરબ્બાસ હુલ્લડ શરૂ કરાવવા બદલ તથા લોકોની હત્યા માટે બંદીખાનામાં હતો. પિલાતે બરબ્બાસને છોડી મૂક્યો. અને પિલાતે ઈસુને મારી નાખવા માટે લોકોને સોંપ્યો. લોકોને તો આ જ જોઈતું હતું.

## ઈસુનું વધસ્તંભે મૃત્યું

૨૬ઈસુને મારી નાખવા સૈનિકો દૂર લઈ જતા હતા. તે જ સમયે સીમમાંથી એક માણસ શહેરમાં આવતો હતો. તેનું નામ સિમોન હતું. સિમોન, કુરેની શહેરનો હતો. સૈનિકોએ સિમોનને ઈસુનો વધસ્તંભ તેની ખાંધે ચઢાવીને ઈસુની પાછળ ચાલવા ફરજ પાડી.

૨૭ઘણા બધા લોકો ઈસુની પાછળ ચાલ્યા. તેમાંની ઘણી સ્રીઓ હતી જેઓ ઈસુ માટે વિલાપ કરતી હતી અને રડતી હતી. ૨૮પરંતુ ઈસુએ તેમના તરફ ફરીને કહ્યું કે, "યરૂશાલેમની સ્રીઓ, મારા માટે રડશો નહિ. તમારી જાત માટે અને તમારા બાળકો માટે રડો! ૨૯સમય એવો આવે છે કે જયારે લોકો કહેશે કે, એ સ્રીઓને ધન્ય છે જેઓને બાળકો થઈ શકતા નથી. તે સ્રીઓને ધન્ય છે કે જેઓએ બાળકોને જન્મ આપ્યો નથી. અને જેઓએ બાળકોને ધવડાવ્યું નથી.' ૩૦પછી લોકો

પહાડોને કહેશે કે, 'અમારા પર પડો!' લોકો ટેકરીઓને કહેશે કે, 'અમને ઢાંકી નાખો!' ૩૧જો હમણા જયારે જીવન સારૂં છે ત્યારે લોકો આ રીતે વર્તશે. પણ જયારે ખરાબ સમય આવશે ત્યારે શું થશે? કેમ કે જો તેઓ લીલા ઝાડને આમ કરે છે તો સૂકાને શું નહિ કરશે?"

૩૨ત્યાં બીજા બે ગુનેગારો પણ હતા તેઓને મારી નાખવા માટે તેઓ ઈસુની સાથે દોરી જતા હતા. ૩૩ઈસુ અને તે બે ગુનેગારોને "ખોપરી" નામની જગ્યાએ લઈ ગયા. ત્યાં સૈનિકોએ ઈસુને ખીલા ઠોકીને વધસ્તંભે જડ્યો. તેઓએ એક ગુનેગારને ઈસુની જમણી બાજુએ વધસ્તંભે જડ્યો. તેઓએ બીજા ગુનેગારને ઈસુની ડાબી બાજુએ વધસ્તંભે જડ્યો. ૩૪ઈસુએ કહ્યું કે, "હે બાપ, આ લોકોને માફ કર. જેઓ મારી હત્યા કરી રહ્યા છે. તેઓ શું કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી."

સૈનિકોએ પાસા ફેંકીને જુગાર રમ્યો અને નક્કી કર્યુ કે ઈસુના લૂગડાં કોણ લેશે. ૩૫લોકો ત્યાં ઊભા રહીને ઈસુને જોતા હતા. યહૂદી અધિકારીઓ ઈસુની મશ્કરી કરતાં હતા. તેઓએ કહ્યું કે, "જો તે દેવનો એક પસંદ કરાયેલ ખ્રિસ્ત હોય તો તેને તેનો બચાવ તેની જાતે કરવા દો. તેણે બીજા લોકોને બચાવ્યા છે. શું તેણે નથી બચાવ્યા?"

૩૬સૈનિકોએ પણ ઈસુની ઠઠ્ઠા મશ્કરી કરી. તેઓ ઈસુ પાસે આવ્યા અને તેને થોડો સરકો આપ્યો. ૩૭સૈનિકોએ કહ્યું કે, "જો તું યહૂદીઓનો રાજા હોય તો તું તારી જાતને બચાવ!" ૩૮(વધસ્તંભની ટોચ પર આ શબ્દો લખેલા હતા: "**આ યહૂદીઓનો રાજા છે.**")

૩૯ગુનેગારોમાંનો એક જેને ત્યાં ફાંસીએ લટકાવ્યો હતો તેણે ઈસુનું અપમાન કરીને બૂમો પાડવાનું શરૂ કર્યુ. "શું તું ખ્રિસ્ત નથી? તો તારી જાતને બચાવ! અને અમને પણ બચાવ!"

૪૦પરંતુ બીજા ગુનેગારે તેને અટકાવ્યો. તેણે કહ્યું કે, "તારે દેવથી ડરવું જોઈએ! આપણે બધા જલદીથી મરી જઈશું! ૪૧તારા અને મારા માટે મૃત્યુ ન્યાયી રીતે આવી રહ્યું છે કારણ કે આપણને જે કંઈ મળ્યું છે તે આપણા કુકર્મો માટે યોગ્ય છે. આ માણસે તો કશું જ ખોટું કર્યુ નથી." ૪૨પછી આ ગુનેગારે ઈસુને કહ્યું કે, "ઈસુ, જ્યારે તું રાજા તરીકે શાસન શરૂ કરે ત્યારે મને સંભારજે!"

૪૩પછી ઈસુએ તેને કહ્યું કે, "ધ્યાનથી સાંભળ, હું જે કહું છું તે સાચું છે. આજે તું મારી સાથે પારાદેસ* માં હોઈશ!"

## ઈસુ મૃત્યુ પામે છે

૪૪તે લગભગ બપોર હતી, પરંતુ સમગ્ર વિસ્તારમાં બપોરના ત્રણ વાગ્યા સુધી અંધકાર છવાયો હતો. ૪૫ત્યાં સૂરજ ન હતો. મંદિરમાંનો પડદો બે ભાગમાં ફાટી ગયો. ૪૬ઈસુએ જોરથી ઊચા અવાજે પોકાર કર્યો કે, "ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું." ઈસુએ એમ કહ્યું, પછી તે મૃત્યુ પામ્યો.

૪૭લશ્કરના અધિકારીએ ત્યાં જે કંઈ થયું તે જોયું. તેણે દેવની સ્તુતિ કરીને કહ્યું કે, "હું જાણું છું આ માણસ ખરેખર ન્યાયી હતો!"

૪૮ઘણા લોકો આ જોવા માટે શહેરની બહાર આવ્યા. જ્યારે લોકોએ તે જોયું, તેઓ છાતી કૂટતા દુ:ખી થઈ વિદાય થયા અને જતા રહ્યા. ૪૯ઈસુના નજીકના મિત્રો ત્યાં હતા. ત્યાં કેટલીએક સ્રીઓ ગાલીલમાંથી ઈસુની પાછળ આવી હતી તે પણ ત્યાં હતી. તેઓ વધસ્તંભથી ઘણે દૂર ઊભા રહીને આ જોતી હતી.

## અરિમથાઈનો યૂસફ

૫૦-૫૧યહૂદીઓના શહેર અરિમથાઈનો એક માણસ ત્યાં હતો. તેનું નામ યૂસફ હતું. તે એક સારો, અને ધાર્મિક માણસ હતો. તે દેવના રાજ્યની આવવાની રાહ જોતો હતો. તે યહૂદીઓની ન્યાયસભાનો સભ્ય હતો. જ્યારે બીજા યહૂદીઓના આગેવાનોએ ઈસુને મારી નાખવાનો નિર્ણય કર્યો ત્યારે તે સંમત થયો નહોતો. ૫૨યૂસફે પિલાત પાસે જઈને ઈસુનો દેહ માંગ્યો. પિલાતે યૂસફને શબ લેવાની હા પાડી. ૫૩તેથી યૂસફે વધસ્તંભ પરથી દેહ નીચે લાવીને લૂગડાંમાં વીંટાળ્યું. પછી તેણે ઈસુનું દેહ ખડકમાં ખોદેલી કબરમાં મૂક્યું. આ અગાઉ આ કબર કદી ઉપયોગમાં લેવાઈ ન હતી. ૫૪તે દિવસ સિદ્ધિકરણનો હતો. જ્યારે સૂર્યાસ્ત થયો ત્યારે, વિશ્રામવાર શરૂ થયો હતો.

૫૫જે સ્રીઓ ગાલીલથી ઈસુની સાથે આવી હતી તે યૂસફ પાછળ ગઈ. તેઓએ કબર જોઈ. તેઓએ જ્યાં ઈસુનો દેહ મૂકવામાં આવ્યો હતો તે પણ જોયું. ૫૬પછી તે સ્રીઓ ઈસુના દેહ પર મસાલા તથા સુગંધિત દ્રવ્યો મૂકવા માટેની તૈયારી કરવા પાછી આવી.

વિશ્રામવારે તેઓએ વિશ્રામ લીધો. મૂસાના નિયમ પ્રમાણે બધા જ લોકોએ આ કર્યુ.

## ઈસુના પુનરુત્થાનના સમાચાર

૨૪ વહેલી સવારે, અઠવાડિયાના પહેલા દિવસે, સ્રીઓ કબર પાસે જ્યાં ઈસુનો દેહ મૂકયો

---

**પારાદેસ** સારા માણસો મરણ પામ્યા પછી જાય છે તે જગ્યા.

હતો ત્યાં આવી. તેઓ તેને માટે બનાવેલા સુગંધી દ્રવ્યો
લાવી હતી. ૨એક ભારે પથ્થર કબરના દ્વારને બંધ કરવા
મૂકવામાં આવ્યો હતો. પણ સ્ત્રીઓએ જોયું કે પથ્થર
ગબડાવી દેવામાં આવ્યો હતો. ૩તેઓ અંદર ગઈ, પણ
તેઓએ પ્રભુ ઈસુનો દેહ જોયો નહિ. ૪સ્ત્રીઓ આ સમજી
શકી નહિ જ્યારે તેઓ આ વિષે અચરજ પામતાં હતાં
ત્યારે ચળકતાં લૂગડાંમાં બે માણસો (દૂતો) તેઓની
બાજુમાં આવીને ઊભા. ૫તે સ્ત્રીઓ ઘણી ડરી ગઈ;
તેઓએ તેમના મસ્તક નીચાં નમાવ્યાં. તે બે માણસોએ
સ્ત્રીઓને કહ્યું કે, "જે જીવંત વ્યક્તિ છે તેને તમે અહી
શા માટે શોધો છો? આ જગ્યા તો મરેલા લોકો માટે છે.
૬ઈસુ અહી નથી. તે મૃત્યુમાંથી ઊઠયો છે! તમને યાદ
છે જ્યારે તે ગાલીલમાં હતો ત્યારે શું કહ્યું હતું? ૭ઈસુએ
કહ્યું હતું કે માણસનો દીકરો દુષ્ટ માણસોને સોંપાય,
વધસ્તંભ પર જડાય અને મારી નંખાય તથા ત્રીજા
દિવસે પાછો ઊઠે એ અવશ્યનું છે." ૮પછી સ્ત્રીઓને
ઈસુએ જે કહ્યું હતું તે યાદ આવ્યું.

૯સ્ત્રીઓ કબર આગળથી પાછી આવી અને અગિયાર
શિષ્યો તથા બીજા શિષ્યો પાસે ગઈ. સ્ત્રીઓએ કબરમાં
જે કંઈ થયું હતું તે બધું તેઓને કહ્યું. ૧૦આ સ્ત્રીઓમાં
મગ્દલાની મરિયમ, યોહાન્ના યાકૂબની (મા) મરિયમ
તથા કેટલીએક બીજી સ્ત્રીઓ હતી. આ સ્ત્રીઓએ પ્રેરિતોને
જે કંઈ બન્યું હતું તે બધું કહ્યું. ૧૧પરંતુ સ્ત્રીઓએ જે કહ્યું
તે પ્રેરિતોએ માન્યું નહિ. એ વાતો મૂર્ખાઈ ભરેલી લાગી.
૧૨પણ પિતર ઊભો થયો. જો આ સાચું હોય તો તે જોવા
માટે કબરે એકલો દોડ્યો. તેણે અંદર જોયું. પણ તેણે
ઈસુને જેમાં વીંટાળ્યો હતો તે લૂગડાં જ માત્ર જોયાં.
ત્યાં ફક્ત લૂગડાં જ પડેલા હતાં. ઈસુ નહતો. પિતરે જે
થયું હતું તે સંબંધી આશ્ચર્ય પામીને એકાંત માટે દૂર
ચાલ્યો ગયો.

## ઈસુ એમ્મોસના માર્ગે

૧૩તે જ દિવસે શિષ્યોમાંથી બે એમ્મોસ નામના
શહેરમાં જતા હતા. તે યરૂશાલેમથી લગભગ સાત માઈલ
દૂર હતું. ૧૪તેઓ બધા સાથે જે કંઈ બનાવો બન્યા હતા
તે અંગે વાતો કરતા હતા. ૧૫જ્યારે તેઓ આ બાબતમાં
ભેગા થઈ વાતો કરતા હતા અને ચર્ચા કરતા હતા ત્યારે
ઈસુ પોતે તેઓની નજીક આવીને તેઓની સાથે ચાલ્યો.
૧૬(પણ પેલા બે માણસોને ઈસુને ઓળખવાની દષ્ટિ
નહોતી.) ૧૭પછી ઈસુએ કહ્યું કે, "તમે ચાલતાં ચાલતાં
એકબીજાની સાથે શાની ચર્ચા કરો છો?"

તે બે માણસો ઊભા રહ્યા. તેઓના ચહેરા ઘણા ઉદાસ
દેખાતા હતા. ૧૮કલિયોપાસ નામના એકે ઉત્તર આપ્યો
કે, "યરૂશાલેમમાં ફક્ત તું જ એકલો એવો માણસ હશે
જે છેલ્લા થોડા દિવસો પહેલાં ત્યાં શું થયું છે તે તું
જાણતો નથી."

૧૯ઈસુએ તેઓને કહ્યું કે, "કયા બનાવો?" પેલા
માણસોએ તેને કહ્યું કે, "તે ઈસુ વિષે જે નાસરેથનો છે.
દેવ અને બધા લોકો માટે તે એક મહાન પ્રબોધક હતો.
તેણે કહ્યા પ્રમાણે પરાક્રમમાં મહાન ચમત્કારો કર્યા.
૨૦પણ અમારા અધિકારીઓ અને મુખ્ય યાજકોએ
મરણદંડ માટે તેને દૂર મોકલી દીધો. તેઓએ ઈસુને
વધસ્તંભે ખીલાઓ વડે જડ્યો. ૨૧અમને આશા હતી કે
તે એક ઈઝરાએલનો ઉદ્ધાર કરનાર થશે. પણ પછી આ
બધું બન્યું. અને હવે બીજું કંઈક. આ બનાવો બન્યાને
આજે ત્રીજો દિવસ છે. ૨૨પણ આજે અમારામાંની
કેટલીએક સ્ત્રીઓએ અમને આશ્ચર્યજનક વાત કરી. આ
વહેલી સવારે સ્ત્રીઓ કબર પાસે ગઈ જ્યાં ઈસુના દેહને
મૂકવામાં આવ્યો હતો. ૨૩પણ તેઓએ ત્યાં તેનું શરીર
દીઠું નહિ. તેઓએ આવીને અમને કહ્યું કે તેઓએ બે
દૂતના પણ દર્શન કર્યા. દૂતોએ કહ્યું કે, "ઈસુ જીવંત
છે!" ૨૪તેથી અમારા કેટલાએક જૂથ પણ કબર પાસે
ગયા. ત્યાં સ્ત્રીઓએ કહ્યું તેવું જ હતું–કબર ખાલી હતી.
અમે જોયું, પણ અમે તેને (ઈસુને) જોયો નહિ."

૨૫પછી ઈસુએ તે બે માણસોને કહ્યું કે, "તમે મૂર્ખ
છો, અને ધીમા છો જે બધી વસ્તુઓ તમને પ્રબોધકોએ
કહી છે તે સમજવા માટે વિશ્વાસ હોવો જોઈએ.
૨૬પ્રબોધકોએ કહ્યું હતું કે ખ્રિસ્તે તેના મહિમામાં પ્રવેશતા
પહેલા આ બધું સહેવું પડશે." ૨૭પછી ઈસુએ બધું
સમજાવવાની શરૂઆત કરી. જે તેના સંબંધી ધર્મલેખોમાં
લખાયેલું હતું. ઈસુએ મૂસાના પુસ્તકોથી શરૂઆત કરી
અને પછી પ્રબોધકોએ તેના વિષે શું કહ્યું હતું તેની વાત
કરી.

૨૮તેઓ એમ્મોસના શહેરની નજીક આવ્યા અને
ઈસુએ ત્યાં રોકાઈ જવાની કોઈ યોજના ના હોય તેમ
આગળ જવાનું ચાલુ રાખ્યું. ૨૯પણ તેઓ તેને રોકવા
ઈચ્છતા હતા. તેઓએ તેને આગ્રહ કર્યો, "અમારી સાથે
રહે." મોડું થયું છે લગભગ રાત્રી થઈ ગઈ છે. તેથી તે
તેઓની સાથે રહેવા અંદર ગયો.

૩૦ઈસુ તેઓની સાથે નીચે જમવા બેઠો અને થોડી
રોટલી લીધી અને તેણે ભોજન માટે સ્તુતિ કરી અને
તેના ભાગ પાડ્યા. પછી તે તેઓને આપ્યા. ૩૧તે વખતે,
તેઓને ઈસુને ઓળખવાની દષ્ટિ મળી. પણ જ્યારે

તેઓએ જોયું કે તે કોણ હતો ત્યારે તે અદ્રશ્ય થઈ ગયો. ૩૨બંને માણસોએ એકબીજાને કહ્યું કે, "જ્યારે ઈસુ રસ્તા પર આપણી સાથે વાત કરતો હતો ત્યારે આપણા હૃદયમાં આગ સળગતી હતી. જ્યારે તે ધર્મલેખોના અર્થ સમજાવતો તે ઉત્સાહદાયક હતું."

૩૩પછી તે બંને માણસો ઊભા થયા અને યરૂશાલેમ પાછા ફર્યા. યરૂશાલેમમાં તેઓએ ઈસુના શિષ્યોને ભેગા થયેલા જોયા. અગિયાર પ્રેરિતો અને પેલા લોકો જે તેઓની સાથે હતા. ૩૪તેઓએ કહ્યું કે, "પ્રભુ, (ઈસુ) ખરેખર મૃત્યુમાંથી ઊઠયો છે! તેણે પોતે સિમોનને (પિતર) દર્શન આપ્યા છે."

૩૫પછી તે બે માણસોએ રસ્તા પર જે કંઈ બન્યું હતું તે બધું કહ્યું. જ્યારે ઈસુએ રોટલીના ટુકડા કર્યા ત્યારે તેઓએ ઈસુને કેવી રીતે ઓળખ્યો તે વિષે પણ વાત કરી.

## શિષ્યોને ઈસુના દર્શન

૩૬જ્યારે તે બે માણસો આ વાત કહેતા હતા, ઈસુ પોતે શિષ્યોના સમૂહમાં ઊભો રહ્યો. ઈસુએ કહ્યું કે, "તમને શાંતિ થાઓ."

૩૭શિષ્યો આશ્ચર્ય પામ્યા. તેઓ ગભરાઈ ગયા. તેઓએ વિચાર્યુ કે તેઓ ભૂત જોઈ રહ્યા હતા. ૩૮પણ ઈસુએ કહ્યું કે, "તમે કેમ ગભરાઓ છો? તમે જે જુઓ છો તેમાં શંકા શા માટે કરો છો? ૩૯મારા હાથો અને પગો તરફ જુઓ. તે ખરેખર હું જ છું! મને સ્પર્શ કરો. તમે જોઈ શકશો કે મારી પાસે જીવંત શરીર છે; ભૂતને આના જેવું શરીર હોતું નથી."

૪૦ઈસુએ તેઓને આમ કહ્યા પછી તેણે તેઓને તેના હાથોના અને પગોના ઘા બતાવ્યાં. ૪૧શિષ્યો આનંદથી આશ્ચર્યમાં પડી ગયા હતા. ઈસુ જીવતો હતો તે જોઈને તેઓ ખૂબ ખૂબ પ્રસન્ન થયા. હજુ તેઓએ જે જોયું તે માનવા તેઓ તૈયાર નહોતા. ઈસુએ તેઓને કહ્યું કે, "અહી તમારી પાસે કંઈ ખાવાનું છે?" ૪૨તેઓએ તેને એક રાંધેલી માછલીનો ટુકડો આપ્યો. ૪૩જ્યારે શિષ્યો જોતા હતા ત્યારે ઈસુએ માછલી લીધી અને તે ખાધી.

૪૪ઈસુએ તેઓને કહ્યું કે, "યાદ કરો જ્યારે હું તમારી સાથે હતો ત્યારે મેં એ વાતો તમને કહી હતી કે મૂસાના નિયમશાસ્ત્રમાં તથા પ્રબોધકોનાં (પુસ્તકો) માં તથા ગીતશાસ્ત્રમાં મારા સંબંધી જે લખેલું છે તે બધું થવું જોઈએ."

૪૫ઈસુએ ધર્મલેખો શિષ્યોને સમજાવ્યા. ઈસુએ તેના વિષે લખેલી વાતો સમજાવવામાં તેમને મદદ કરી. ૪૬પછી ઈસુએ તેઓને કહ્યું કે, "તે લખેલું છે કે ખ્રિસ્તને મારી નાખવામાં આવશે અને ત્રીજા દિવસે તે મૃત્યુમાંથી ઊઠશે. ૪૭–૪૮તમે આ બધું થતા જોયું–તમે સાક્ષી છો. તમારે લોકોને જઈને કહેવું જોઈએ કે તેઓના પાપો માફ થઈ શકશે. તેઓને કહો કે તેઓએ પસ્તાવો કરવો જોઈએ અને તેઓનાં પાપો માટે દિલગીર થવું જોઈએ. જો તેઓ આમ કરશે, તો દેવ તેઓને માફ કરશે. તમારે યરૂશાલેમથી શરૂઆત કરવી જોઈએ અને મારા નામે આ બાબતનો ઉપદેશ આપવો જોઈએ. આ સુવાર્તા દુનિયાના બધા લોકોને કહેવી જોઈએ. ૪૯ધ્યાનથી સાંભળો! મારા બાપે તમને જે વચન આપેલ છે તે હું તમને મોકલીશ. પણ જ્યાં સુધી તમે આકાશથી પરાક્રમે વેષ્ટિત થાઓ ત્યાં સુધી તમારે યરૂશાલેમમાં રહેવું જોઈએ."

## ઈસુનું સ્વર્ગારોહણ

૫૦ઈસુ તેના શિષ્યોને યરૂશાલેમની બહાર લગભગ બેથનિયા લઈ ગયો. ઈસુએ તેના હાથ ઊંચા કર્યા અને તેના શિષ્યોને આશીર્વાદ આપ્યા. ૫૧જ્યારે ઈસુ તેઓને આશીર્વાદ આપતો હતો ત્યારે તેઓથી તે છૂટો પડ્યો અને આકાશમાં લઈ જવામાં આવ્યો. ૫૨શિષ્યોએ તેનું ભજન કર્યુ. તેઓ યરૂશાલેમમાં પાછા ફર્યા. તેઓ ખૂબ પૂર્ણ આનંદિત હતા. ૫૩તેઓ બધો જ સમય દેવની સ્તુતિ કરતાં, મંદિરમાં રહ્યા.

# યોહાનની લખેલી સુવાર્તા

### ખ્રિસ્ત જગતમાં આવે છે

૧ જગતનો આરંભ થયા પહેલાંથી, તે શબ્દ ત્યાં
હતો. તે શબ્દ દેવની સાથે હતો. તે શબ્દ દેવ
હતો. ૨તે શરૂઆતમાં ત્યાં દેવની સાથે હતો. ૩તેના
(શબ્દ) થી જ બધી વસ્તુઓ ઉત્પન્ન થઈ. તેના વિના
કશું જ ઉત્પન્ન થયું નથી. ૪તેનામાં જીવન હતું. તે
જીવન લોકો માટે પ્રકાશ હતો. ૫તે અજવાળું અંધકારમાં
પ્રકાશે છે. અંધકારે પ્રકાશને જાણ્યો નથી.

૬ત્યાં એક યોહાન નામનો માણસ આવ્યો, તેને દેવે
મોકલ્યો હતો. ૭યોહાન લોકોને પ્રકાશ (ખ્રિસ્ત) વિષે
કહેવા આવ્યો. યોહાન દ્વારા લોકો પ્રકાશ વિષે સાંભળી
અને માની શકે. ૮યોહાન પોતે પ્રકાશ નહોતો. પણ
યોહાન લોકોને પ્રકાશ વિષે કહેવા આવ્યો. ૯સાચો પ્રકાશ
જગતમાં આવતો હતો. આજ ખરો પ્રકાશ છે જે બધા
લોકોને પ્રકાશ આપે છે.

૧૦તે શબ્દ જગતમાં હતો જ. તેના દ્વારા જ જગતનું
નિર્માણ થયું છે. પણ જગતે તેને ઓળખ્યો નહિ. ૧૧તે
જે જગતમાં આવ્યો તે તેનું પોતાનું જ હતું. પણ તેના
પોતાના લોકોએ જ તેનો સ્વીકાર કર્યો નહિ. ૧૨કેટલાક
લોકોએ તેનો સ્વીકાર કર્યો. તેઓએ તેનામાં વિશ્વાસ
કર્યો. જે લોકોએ તેનામાં વિશ્વાસ કર્યો હતો તેઓને
તેણે કંઈક આપ્યું. તેણે તેઓને દેવનાં બાળકો થવાનો
અધિકાર આપ્યો. ૧૩જેવી રીતે નાનાં બાળકો જન્મે છે
તેવી રીતે આ બાળકો જન્મ્યા નહતા. તેઓ માતાપિતાની
ઈચ્છાથી કે યોજનાથી જન્મ્યા ન હતા. આ બાળકો
દેવથી જન્મ્યા હતા.

૧૪તે શબ્દ એક મનુષ્ય થયો અને આપણામાં વસ્યો.
આપણે તેનો મહિમા જોયો. જે ફક્ત પિતાના દીકરાનો
જ મહિમા છે. તે શબ્દ કૃપા તથા સત્યતાથી ભરપૂર
હતો. ૧૫યોહાને લોકોને તેના વિષે કહ્યું, યોહાને કહ્યું,
"હું જેના વિષે કહેતો હતો તે એ જ છે." મેં કહ્યું, 'જે
મારી પાછળ આવે છે તે મારા કરતાં પણ મોટો છે. તે
મારી પહેલાનો હતો."

૧૬તે શબ્દ (ખ્રિસ્ત) કૃપા અને સત્યથી ભરપૂર હતો,
તેની પાસેથી આપણે બધા વધારે ને વધારે કૃપા પામ્યા.
૧૭મૂસા મારફતે નિયમશાસ્ત્ર આપવામાં આવ્યું. પરંતુ
કૃપા અને સત્યતા ઈસુ ખ્રિસ્ત મારફતે આવ્યાં. ૧૮કોઈ
પણ માણસે આજપર્યંત દેવને જોયો નથી, પરંતુ
એકાકીજનિત દીકરો (ઈસુ) જ દેવ છે. તે પિતા (દેવની)
ની ઘણી નજીક છે. દેવ કોના જેવો છે, તે દીકરાએ
આપણને બતાવ્યું છે.

### યોહાનનું લોકોને ઈસુ વિષે કહેવું

૧૯યરૂશાલેમના યહૂદીઓએ કેટલાક યાજકોને તથા
લેવીઓને યોહાન પાસે મોકલ્યા. યહૂદીઓએ તેઓને
યોહાનને પૂછવા માટે મોકલ્યા, "તું કોણ છે?"

૨૦યોહાન સ્પષ્ટ બોલ્યો. યોહાને ઉત્તર આપવાની
ના પાડી નહિ, યોહાને સ્પષ્ટતાપૂર્વક કહ્યું, "હું ખ્રિસ્ત
નથી." યોહાને લોકોને આ વાત કહી.

૨૧યહૂદીઓએ યોહાનને પૂછયું, "તો પછી તું કોણ
છે? તું એલિયા છે? "

યોહાને ઉત્તર આપ્યો, "ના હું એલિયા નથી."

યહૂદીઓએ પૂછયું, "તુ પ્રબોધક છે?"

યોહાને ઉત્તર આપ્યો, "ના હું પ્રબોધક નથી."

૨૨પછી તે યહૂદીઓએ કહ્યું, "તું કોણ છે? અમને
તારા વિષે કહે. જેથી અમને જેણે મોકલ્યા છે તેને અમે
ઉત્તર આપી શકીએ, તું તારા માટે શું કહે છે?"

૨૩યોહાને તેઓને યશાયા પ્રબોધકના શબ્દો કહ્યા;

"હું રાનમાં બૂમો પાડતી વ્યકિતની વાણી છું;
'પ્રભુ માટે સીધો રસ્તો તૈયાર કરો.'"

*યશાય ૪૦:૩*

૨૪આ યહૂદીઓને ફરોશીઓમાંથી મોકલવામાં
આવ્યા હતા. ૨૫આ માણસોએ યોહાનને કહ્યું, "તું કહે
છે કે તું ખ્રિસ્ત નથી. તું કહે છે તું એલિયા કે પ્રબોધક
પણ નથી. પછી તું શા માટે લોકોને બાપ્તિસ્મા આપે
છે?"

૨૬યોહાને ઉત્તર આપ્યો, "હું લોકોનું પાણીથી
બાપ્તિસ્મા કરું છું. પણ અહીં તમારી સાથે એક વ્યક્તિ

છે જેને તમે જાણતા નથી. ૨૭તે વ્યકિત જે મારી પાછળ આવે છે, હું તેના જોડાની દોરી છોડવા જેટલો પણ યોગ્ય નથી."

૨૮યર્દન નદીને પેલે પાર આ બધી વસ્તુઓ બેથનિયામાં બની. આ જગ્યાએ યોહાન લોકોનું બાપ્તિસ્મા કરતો હતો.

૨૯બીજે દિવસે યોહાને ઈસુને તેના તરફ આવતો જોયો. યોહાને કહ્યું, "જુઓ દેવનું હલવાન, જે જગતના પાપોને દૂર કરે છે! ૩૦આ તે જ છે જેના વિષે મેં કહ્યું હતું, 'એક મનુષ્ય મારી પાછળ આવશે. પણ તે મારા કરતાં મોટો છે, કારણ કે તે મારા પહેલાથી જીવે છે. તે સદાકાળ જીવંત છે.' ૩૧જો કે મને ખબર ન હતી કે તે કોણ હતો. પણ હું લોકોને પાણીથી બાપ્તિસ્મા આપવા આવ્યો છું કે જેથી ઈઝરાએલ (યહૂદીઓ) જાણી શકે કે ઈસુ તે જ ખ્રિસ્ત છે."

૩૨-૩૩પછી યોહાને કહ્યું, "હું પણ જાણતો નહોતો કે ખ્રિસ્ત કોણ હતો. પરંતુ દેવે મને લોકોનું પાણીથી બાપ્તિસ્મા કરવા મોકલ્યો અને દેવે મને કહ્યું, 'તું જે માણસ પર આત્માને નીચે ઉતરતો અને રહેતો જોશે, તે માણસ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા કરશે. યોહાને કહ્યું, મેં આમ થતાં જોયું છે. મેં આત્માને આકાશમાંથી નીચે આવતો જોયો. આત્મા કબૂતર જેવો દેખાયો અને તેના (ઈસુ) પર તે બેઠો. ૩૪તેથી હું લોકોને કહું છું, 'તે આ છે. તે (ઈસુ) દેવનો દીકરો છે.'"

### ઈસુનો પ્રથમ શિષ્ય

૩૫ફરીથી બીજે દિવસે યોહાન ત્યાં હતો. યોહાનના બે શિષ્યો તેની સાથે હતા. ૩૬યોહાને ઈસુને બાજુમાંથી પસાર થતાં જોયો. યોહાને કહ્યું, " જુઓ, દેવનું હલવાન!"

૩૭તે બે શિષ્યોએ યોહાનને આમ કહેતા સાંભળ્યો, તેથી તેઓ ઈસુને અનુસર્યા. ૩૮ઈસુ પાછો ફર્યો અને તે બે માણસોને તેની પાછળ આવતા જોયા. ઈસુએ પૂછયું, "તમારે શું જોઈએ છે?"

તે બે માણસોએ પૂછયું, "રાબ્બી, તું ક્યાં રહે છે?" ("રાબ્બી"નો અર્થ "શિક્ષક")

૩૯ઈસુએ ઉત્તર આપ્યો, "મારી સાથે આવો અને જુઓ." તેથી તે બે માણસો ઈસુ સાથે ગયા. તેઓએ ઈસુ જ્યાં રહેતો હતો તે જગ્યા જોઈ. તેઓ ત્યાં ઈસુ સાથે તે દિવસે રહ્યા. તે લગભગ બપોરના ચારનો સમય હતો.

૪૦તે બે માણસો યોહાન પાસેથી ઈસુ વિષે સાંભળ્યા પછી તેઓ ઈસુની પાછળ ગયા. આ બે માણસોમાંના એકનું નામ આંન્દ્રિયા હતું. આંન્દ્રિયા સિમોન પિતરનો* ભાઈ હતો. ૪૧આન્દ્રિયાએ સૌ પ્રથમ તેના ભાઈ સિમોનને શોધ્યો. આંન્દ્રિયાએ સિમોનને કહ્યું, "અમે મસીહને શોધી કાઢયો છે." ("મસીહ" નો અર્થ "ખ્રિસ્ત" છે.)

૪૨પછી આંન્દ્રિયા સિમોનને ઈસુ પાસે લાવ્યો, ઈસુએ સિમોન તરફ જોયું અને કહ્યું, 'તું યોહાનનો દીકરો સિમોન છે. તું કેફા કહેવાશે. ("કેફા"નો અર્થ "પથ્થર" થાય છે.)

૪૩બીજે દિવસે ઈસુએ ગાલીલ જવાનું નક્કી કર્યુ. ઈસુ ફિલિપને મળ્યો અને તેને કહ્યું, "મને અનુસર." ૪૪ફિલિપ બેથસૈદાનો એટલે આંન્દ્રિયા તથા પિતરના શહેરનો હતો. ૪૫ફિલિપ નથાનિયેલને મળ્યો અને કહ્યું, "યાદ કરો કે નિયમશાસ્રમાં મૂસાએ શું કહ્યું છે. મૂસાએ જે માણસ આવવાનો હતો તેના વિષે લખ્યું. પ્રબોધકોએ પણ તેના વિષે લખ્યું. અમે તેને મળ્યા છીએ. તેનું નામ ઈસુ છે, તે યૂસફનો દીકરો છે. તે નાસરેથમાંનો છે."

૪૬પણ નથાનિયેલે ફિલિપને કહ્યું, "શું નાસરેથમાંથી કંઈક સારું નીકળી શકે?" ફિલિપે ઉત્તર આપ્યો, "આવો અને જુઓ." ૪૭ઈસુએ નથાનિયેલને તેના તરફ આવતા જોયો. ઈસુએ કહ્યું, "આ માણસ જે મારી પાસે આવે છે તે ખરેખર દેવના લોકોમાંનો એક છે. તેનામાં કંઈ દુષ્ટતા નથી."

૪૮નથાનિયેલે પૂછયું, "તું મને કેવી રીતે ઓળખે છે?" ઈસુએ ઉત્તર આપ્યો,"જ્યારે તું અંજીરના વૃક્ષ નીચે હતો, ત્યારે મેં તને જોયો. ફિલિપે તને મારા વિષે કહ્યું તે પહેલાં તું ત્યાં હતો."

૪૯પછી નથાનિયેલે ઈસુને કહ્યું, "રાબ્બી, તું દેવનો દીકરો છે. તું ઈઝરાએલનો રાજા છે."

૫૦ઈસુએ નથાનિયેલને કહ્યું, "મેં તને કહ્યું કે મેં તને અંજીરના વૃક્ષ નીચે જોયો. તેથી તેં મારામાં વિશ્વાસ મૂક્યો. પણ તું તેના કરતાં પણ વધારે મહાન વાતો જોશે." ૫૧ઈસુએ વધારામાં કહ્યું, "હું તને સત્ય કહું છું. તમે બધા આકાશને ઊઘડેલું જોશો, તમે દેવના દૂતોને માણસના દીકરા ઊપર ચઢતા ઉતરતા જોશો."

### કાના ગામમાં લગ્ન

૨ બે દિવસ પછી ગાલીલના કાના ગામમાં એક લગ્ન હતુ, ઈસુની મા ત્યાં હતી. ૨ઈસુ અને તેના શિષ્યોને પણ લગ્નમાં નિમંત્રણ આપ્યુ હતું. ૩લગ્નમાં

**પિતર** ગ્રીક નામ "પિતર," અરામિક નામ "કેફા," અર્થાત પથ્થર.

પૂરતા પ્રમાણમાં દ્રાક્ષારસ ન હતો. બધો જ દ્રાક્ષારસ પૂરો થઈ ગયા પછી ઈસુની મા એ તેને કહ્યું, "તેઓ પાસે હવે વધારે દ્રાક્ષારસ નથી."

૪ઈસુએ ઉત્તર આપ્યો, "વહાલી બાઈ, મારે શું કરવું તે તારે મને કહેવું જોઈએ નહિ. મારો સમય હજુ આવ્યો નથી."

૫ઈસુની માએ સેવકોને કહ્યું, "ઈસુ તમને જે કરવાનું કહે તે કરો."

૬તે જગ્યાએ છ મોટા પથ્થરનાં પાણીનાં કુડાં હતાં. તે યહૂદીઓની શુદ્ધ કરવાની રીત પ્રમાણે આના જેવા પાણીનાં કુડાંનો ઉપયોગ કરતા. પ્રત્યેક પાણીનાં કુડાંમાં લગભગ ૨૦ થી ૩૦ ગેલન પાણી સમાતું.

૭ઈસુએ નોકરોને કહ્યું, "આ પાણીના કુડાંઓને પાણીથી ભરો." તેથી નોકરોએ કુડાંઓને છલોછલ ભર્યાં.

૮પછી ઈસુએ નોકરોને કહ્યું, "હવે થોડું પાણી બહાર કાઢો. જમણના કારભારી પાસે લઈ જાઓ."

તેથી નોકરો કારભારીની પાસે પાણી લાવ્યા. ૯પછી લગ્નના જમણના કારભારીએ તે ચાખ્યો. પરંતુ તે પાણી દ્રાક્ષારસ થઈ ગયો હતો. તે માણસને ખબર નહોતી કે દ્રાક્ષારસ ક્યાંથી આવ્યો. પરંતુ જે નોકરો પાણી લાવ્યા તેઓએ જાણ્યું કે તે ક્યાંથી આવ્યો. લગ્નના કારભારીએ વરરાજાને બોલાવ્યો. ૧૦તેણે વરરાજાને કહ્યું, "લોકો હંમેશા ઉત્તમ દ્રાક્ષારસ પ્રથમ મૂકે છે ત્યાર બાદ મહેમાનોના સારી પેઠે પીધા પછી સસ્તો દ્રાક્ષારસ આપે છે. પણ તમે તો અત્યાર સુધી ઉત્તમ દ્રાક્ષારસ સાચવી રાખ્યો છે."

૧૧ઈસુએ કરેલો આ પ્રથમ ચમત્કાર હતો. ઈસુએ આ ચમત્કાર ગાલીલના કાના ગામમાં કર્યો. તેથી ઈસુએ તેનો મહિમા દેખાડયો. અને તેના શિષ્યોએ તેનામાં વિશ્વાસ મૂક્યો.

### મંદિરમાં ઈસુ

૧૨પછી ઈસુ કફર-નહૂમના નગરમાં ગયો. ઈસુની મા,ભાઈઓ અને તેના શિષ્યો તેની સાથે ગયા. તેઓ બધા કફર-નહૂમમાં થોડા દિવસ રહ્યા, ૧૩તે લગભગ યહૂદીઓના પાસ્ખાપર્વનો સમય હતો, તેથી ઈસુ યરૂશાલેમમાં ગયો. ૧૪ઈસુ યરૂશાલેમના મંદિરમાં ગયો. ઈસુએ મંદિરમાં ઢોર, ઘેટાં અને કબૂતરો વેચનારાઓને જોયા. તેણે તેઓના મેજ પર નાણાવટીઓને બેઠેલા જોયા. ૧૫ઈસુએ કેટલાક દોરડાંના ટુકડાઓ વડે કોરડો બનાવ્યો. પછી ઈસુએ આ બધા માણસોને, ઘેટાંઓને, અને ઢોરોને મંદિર છોડી જવા દબાણ કર્યું. ઈસુએ બાજઠો ઊંધાં પાડ્યા અને લોકોનાં વિનિમયનાં નાણાં વેરી નાખ્યાં. ૧૬પછી ઈસુએ માણસોને જેઓ કબૂતરો વેચતાં હતા તેઓને કહ્યું, "આ વસ્તુઓ અહીંથી બહાર લઈ જાઓ. મારા પિતાના ઘરને ખરીદવા અને વેચવા માંટેનું ઘર ન કરો."

૧૭જ્યારે આ બન્યું ત્યારે ઈસુના શિષ્યોએ શાસ્ત્રલેખમાં લખાયેલા લખાણનું સ્મરણ કર્યુ:

"તારા ઘરની મારી આસ્થા મારો નાશ કરે છે"
*ગીતશાસ્ર ૬૯:૯*

૧૮યહૂદીઓએ ઈસુને કહ્યું, "તને આ બધું કરવાનો અધિકાર છે તે સાબિત કરવા માટે અમને અદભૂત ચમત્કારોની નિશાની બતાવ."

૧૯ઈસુએ કહ્યું, "આ મંદિરનો નાશ કરો અને હું ફરીથી ત્રણ દિવસમાં ઊભું કરીશ."

૨૦યહૂદીઓએ ઉત્તર આપ્યો, "લોકોએ આ મંદિર બાંધવા ૪૬ વર્ષ કામ કર્યુ. શું તું ખરેખર માને છે કે તું ત્રણ દિવસમાં ફરીથી તે બાંધી શકીશ?"

૨૧(ઈસુ મંદિરનો અર્થ તેનું પોતાનું શરીર કરતો હતો. ૨૨ઈસુના મૃત્યુમાંથી ઊઠયા પછી તેના શિષ્યોને સ્મરણ થયું કે ઈસુએ આ કહ્યું હતું. તેથી તેના શિષ્યોએ તેના વિષેના લેખમાં વિશ્વાસ કર્યો. અને તેઓએ ઈસુ જે બોલ્યો હતો તે વચનમાં પણ વિશ્વાસ કર્યો.)

૨૩પાસ્ખાપર્વ માટે ઈસુ યરૂશાલેમમાં હતો. ઘણા લોકો ઈસુમાં વિશ્વાસ રાખતા, કારણ કે તેઓએ તેણે કરેલા ચમત્કારો જોયાં. ૨૪પણ ઈસુએ તેમનો વિશ્વાસ કર્યો નહિ. શા માટે? કારણ કે તેઓ બધા લોકો જે વિચારતા હતા તે ઈસુ જાણતો હતો. ૨૫ઈસુને માણસ વિષે લોકો કહે તેવી કોઈ જરૂર ન હતી. માણસના મનમાં શું છે તે ઈસુ જાણ્યુ.

### ઈસુ અને નિકોદેમસ

૩ ત્યાં નિકોદેમસ નામનો માણસ હતો. નિકોદેમસ ફરોશીઓમાંનો એક હતો. તે એક અગત્યનો યહૂદી અધિકારી હતો. ૨એક રાત્રે નિકોદેમસ ઈસુ પાસે આવ્યો. નિકોદેમસે કહ્યું, "રાબ્બી, અમે જાણીએ છીએ કે તું દેવનો મોકલેલો ઉપદેશક છે. તું જે ચમત્કારો કરે છે તે દેવની મદદ વગર બીજું કોઈ કરી શકે નહિ."

૩ઈસુએ ઉત્તર આપ્યો, "હું તને સત્ય કહું છું. માણસે નવો જન્મ પામવો જોઈએ. જો તે વ્યકિત નવો જન્મ

પામ્યો ન હોય તો પછી તે વ્યક્તિ દેવના રાજ્યમાં જઈ શકતો નથી."

૪નિકોદેમસે કહ્યું, "પણ જો માણસ ખરેખર વૃદ્ધ હોય તો તે કેવી રીતે ફરીથી જન્મી શકે? વ્યક્તિ માના ઉદરમાં ફરીથી કેવી રીતે પ્રવેશી શકે! તેથી માણસ બીજી વખત જન્મ ધારણ કરી શકે નહિ!"

૫પણ ઈસુએ ઉત્તર આપ્યો, "હું તને સત્ય કહું છું. તે વ્યક્તિ પાણીથી અને આત્માથી જન્મેલો હોવો જોઈએ. જો વ્યક્તિ પાણી અને આત્માથી જન્મ્યો ન હોય તો પછી તે દેવના રાજ્યમાં પ્રવેશી શકતો નથી. ૬વ્યક્તિનો દેહ તેના માતા પિતાના દેહમાંથી જન્મે છે પરંતુ વ્યક્તિનું આત્મિક જીવન આત્મામાંથી જન્મે છે. ૭મેં તને કહ્યું કે, તારે નવો જન્મ ધારણ કરવો જોઈએ તેથી આશ્ચર્ય પામતો ના. ૮પવન જ્યાં જવા ઈચ્છે ત્યાં વાય છે. તું ફૂંકાતા પવનને સાંભળે છે, પણ તું જાણતો નથી કે પવન ક્યાંથી આવે છે અને પવન ક્યાં જાય છે. આત્મામાંથી જન્મેલું છે, તે પ્રત્યેક સાથે પણ તેવું જ છે."

૯નિકોદેમસે પૂછયું, "આ બધું કેવી રીતે શક્ય બને છે?"

૧૦ઈસુએ કહ્યું, "તું ઈઝરાએલનો એક અગત્યનો ઉપદેશક છે. પણ હજુ આ વાતો તું કેમ સમજી શકતો નથી? ૧૧હું તને સત્ય કહું છું. અમે જે જાણીએ છીએ તે કહીએ છીએ. અમે જે જોયું છે તે અમે કહીએ છીએ. પણ તમે લોકો અમે તમને જે કહીએ છીએ તે સ્વીકારતા નથી. ૧૨મેં તને પૃથ્વી પરની અહીંની વાતો વિષે કહ્યું છે. પણ તું મારામાં વિશ્વાસ કરતો નથી. તેથી ખરેખર જો હું તને આકાશની વાતો વિષે કહીશ તો પણ તું મારામાં વિશ્વાસ કરીશ નહિ! ૧૩ફક્ત એક જે ઊંચે આકાશમાં ગયો તથા તે જે આકાશમાંથી નીચે આવ્યો તે જ માણસનો દીકરો છે."

૧૪"મૂસાએ રેતીના રણમાં સર્પને ઊંચો કર્યો. માણસના દીકરા સાથે પણ એમ જ છે. માણસના દીકરાને પણ ઊંચો કરવાની જરૂર છે. ૧૫પછી પ્રત્યેક વ્યક્તિ જે માણસના દીકરામાં વિશ્વાસ રાખે છે તે અનંતજીવન પામવા માટે શક્તિમાન થશે."

૧૬હા, દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી કે તેણે તેનો એકનો એક દીકરો આપ્યો. દેવે તેનો દીકરો આપ્યો તેથી તેનામાં દરેક વ્યક્તિ જે વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. ૧૭દેવે તેના દીકરાને દુનિયામાં મોકલ્યો. દેવે તેના દીકરાને જગતનો ન્યાય કરવા મોકલ્યો નથી. દેવે તેના દીકરાને એટલા માટે મોકલ્યો કે તેના દીકરા દ્વારા જગતને બચાવી શકાય. ૧૮જે વ્યક્તિ દેવના દીકરામાં વિશ્વાસ રાખે છે, તેનો ન્યાય (અપરાધી) થતો નથી; પણ જે વ્યક્તિ વિશ્વાસ કરતો નથી તેનો ન્યાય થઈ ગયેલ છે, શા માટે? કારણ કે તે વ્યક્તિને દેવના એકના એક દીકરામાં વિશ્વાસ નથી. ૧૯આ સત્ય હકીકતના આધારે લોકોનો ન્યાય થાય છે. જગતમાં અજવાળું આવ્યું છે, પણ લોકોને અજવાળું જોઈતું નથી. તેઓ અંધકાર (પાપ) ઈચ્છે છે. શા માટે? કારણ કે તેઓનાં કૃત્યો ભૂંડાં હતાં. ૨૦દરેક વ્યક્તિ જે ભૂંડું કરે છે તે અજવાળાને ધિક્કારે છે. તે વ્યક્તિ અજવાળામાં આવશે નહિ. શા માટે? કારણ કે પછી તે અજવાળું તેણે કરેલાં બધાં જ ભૂંડા કામો બતાવશે. ૨૧પરંતુ જે વ્યક્તિ સત્યના માર્ગને અનુસરે છે તે અજવાળામાં આવે છે. પછી તે અજવાળું બતાવશે કે તે વ્યક્તિએ જે કર્યું હતું તે દેવ દ્વારા કર્યું હતું.

### ઈસુ અને યોહાન બાપ્તિસ્ત

૨૨આ પછી, ઈસુ અને તેના શિષ્યો યહૂદાના પ્રદેશમાં આવ્યા. ત્યાં ઈસુ અને તેના શિષ્યો રહ્યા અને લોકોને બાપ્તિસ્મા આપતા હતા ૨૩યોહાન પણ એનોનમાં લોકોને બાપ્તિસ્મા કરતો હતો. એનોન શાલીમની નજીક હતું. યોહાન ત્યાં બાપ્તિસ્મા કરતો હતો કારણ કે ત્યાં ખૂબ પાણી હતું. લોકો ત્યાં બાપ્તિસ્મા પામવા જતા હતા. ૨૪(યોહાનના બંદીખાનામાં કેદ થયા પહેલા આ બન્યું હતું.)

૨૫યોહાનના શિષ્યોમાંથી કેટલાએકનો બીજા એક યહૂદી સાથે વાદવિવાદ થયો. તેઓ ધાર્મિક શુદ્ધિકરણ માટે દલીલો કરતા હતા. ૨૬તેથી તે શિષ્યો યોહાન પાસે આવ્યા. તેઓએ કહ્યું, "રાબ્બી, જે માણસ યર્દન નદીની બીજી બાજુએ તારી સાથે હતો તેનું સ્મરણ કર. તેં લોકોને જે માણસ વિષે કહ્યું તે એ છે. તે માણસ લોકોનું બાપ્તિસ્મા કરે છે અને ઘણા લોકો તેની પાસે જાય છે."

૨૭યોહાને ઉત્તર આપ્યો, "માણસ માત્ર એટલું જ મેળવી શકે છે જેટલું દેવ તેને આપે છે. ૨૮તમે તમારી જાતે મને કહેતા સાંભળ્યો છે, 'હું ખ્રિસ્ત નથી. હું તો ફક્ત તે એક છું જેને તેનો માર્ગ તૈયાર કરવા માટે દેવે મોકલ્યો છે.' ૨૯કન્યા ફક્ત વરરાજા માટે જ હોય છે. તે મિત્ર જે વરરાજાને મદદ કરે છે, રાહ જુએ છે અને વરરાજાના આગમન માટે ધ્યાનથી સાંભળે છે. આ મિત્ર વરરાજાની વાણી સાંભળે છે, ત્યારે ઘણો પ્રસન્ન થાય છે. એવી જ પ્રસન્નતા મારી પાસે છે અને મારી

પ્રસન્નતાનો સમય હવે અહીં છે. ૩૦તે (ઈસુ) વધતો જાય પણ હું ઘટતો જાઉં એ અવશ્યનું છે.

### તે એક જે આકાશમાંથી આવે છે

૩૧"તે એક (ઈસુ) જે ઉપરથી આવે છે તે બીજા બધા લોકો કરતા વધારે મહાન છે. જે વ્યક્તિ પૃથ્વીનો છે તે પૃથ્વીનો જ છે. તે વ્યક્તિ પૃથ્વી પર જે છે તેના વિષે વાત કરે છે. પણ તે એક (ઈસુ) જે આકાશમાંથી આવે છે તે બીજા બધા લોકો કરતા વધારે મહાન છે. ૩૨તે (ઈસુ) તેણે જે જોયું છે અને સાંભળ્યું છે તે જ કહે છે. પરંતુ લોકો તે જે કહે છે તે સ્વીકારતા નથી. ૩૩જે વ્યક્તિ તેની (ઈસુની) સાક્ષીનો સ્વીકાર કરે છે તેણે સાબિતી આપી છે કે દેવ સત્ય છે. ૩૪દેવે તેને (ઈસુ) મોકલ્યો છે. અને તે દેવ જે કહે છે તે જ કહે છે. દેવે તેને અમાપ આત્મા આપ્યો છે. ૩૫પિતા દીકરા પર પ્રીતિ કરે છે. પિતાએ દીકરાને બધી વસ્તુઓ પર અધિકાર આપેલ છે. ૩૬જે વ્યક્તિને દીકરામાં વિશ્વાસ છે તેને અનંતજીવન છે. પણ જે વ્યક્તિ દીકરાની આજ્ઞા પાળતો નથી તેને કદાપિ તે જીવન મળશે નહિ. દેવનો કોપ તે વ્યક્તિ પર રહે છે."

### સમરૂનમાં એક સ્ત્રી સાથે ઈસુની વાત

૪ ફરોશીઓએ સાંભળ્યું કે ઈસુ યોહાન કરતાં વધારે લોકોને તેના શિષ્યો બનાવીને બાપ્તિસ્મા આપે છે. ૨(પણ ખરેખર ઈસુ પોતે લોકોને બાપ્તિસ્મા આપતો નહોતો. તેના શિષ્યો લોકોને તેના માટે બાપ્તિસ્મા આપતા હતા.) ઈસુએ જાણ્યું કે ફરોશીઓએ તેના વિષે સાંભળ્યું છે. ૩તેથી ઈસુ યહૂદિયા છોડીને ફરી પાછો ગાલીલમાં ગયો. ૪ગાલીલના રસ્તામાં ઈસુને સમરૂનના વિસ્તારમાં થઈને જવું પડ્યું.

૫ઈસુ સમરૂનમાં સૂખાર નામના શહેરમાં આવ્યો. આ શહેર એક ખેતર નજીક હતું, જે યાકૂબે તેના દીકરા યૂસફને આપ્યું હતું. ૬ત્યાં યાકૂબનો કૂવો હતો. ઈસુ તેની લાંબી યાત્રાથી થાક્યો હતો. તેથી ઈસુ કૂવાની બાજુમાં બેઠો. તે વેળા લગભગ બપોર હતી. ૭એક સમરૂની સ્ત્રી પાણી મેળવવા માટે તે કૂવાની નજીક આવી. ઈસુએ તેણીને કહ્યું, "કૃપા કરીને મને પીવા માટે થોડું પાણી આપ." ૮(ઈસુના શિષ્યો ખાવાનું ખરીદવા માટે ગામમાં ગયા હતા ત્યારે આ બન્યું.)

૯તે સમરૂની સ્ત્રીએ ઉત્તર આપ્યો, "મને નવાઈ લાગે છે કે તું મારી પાસે પીવાનું પાણી માગે છે! તું એક યહૂદી છે અને હું એક સમરૂની સ્ત્રી છું!" (યહૂદીઓ સમરૂનીઓ જોડે સંબંધ રાખતા નથી.)

૧૦ઈસુએ ઉત્તર આપ્યો, "દેવ જે દાન આપે છે તે વિષે તું જાણતી નથી અને તારી પાસે પાણી માંગનાર હું કોણ છું તે પણ તું જાણતી નથી. જો તું આ દાન જાણતી હોત તો તું માગત અને મેં તને જીવતું પાણી આપ્યું હોત."

૧૧તે સ્ત્રીએ કહ્યું, "પ્રભુ, તું તે જીવતું પાણી ક્યાંથી મેળવીશ? તે કૂવો ઘણો ઊંડો છે. અને તારી પાસે પાણી કાઢવાનું કંઈ નથી. ૧૨તું અમારા પિતા (પૂર્વજ) યાકૂબ કરતાં મોટો છે? યાકૂબે અમને આ કૂવો આપ્યો. તેણે પોતે તેમાંથી પાણી પીધું. તેના દીકરાઓ અને તેનાં બધાં પશુઓએ આ કૂવામાંથી પાણી પીધું."

૧૩ઈસુએ ઉત્તર આપ્યો, "પ્રત્યેક વ્યક્તિ જે આ પાણી પીએ છે તે ફરીથી તરસ્યો થશે. ૧૪પણ જે વ્યક્તિ, હું આપું તે પાણી પીએ છે તે ફરીથી કદાપિ તરસ્યો થતો નથી. પણ જે પાણી હું તેને આપીશ, તે પાણી તે વ્યક્તિમાં વહેતા પાણીનો ઝરો થશે. તે પાણી તે વ્યક્તિમાં અનંતજીવન સુધી ઝર્યા કરશે."

૧૫તે સ્ત્રીએ ઈસુને કહ્યું, "પ્રભુ, મને એ પાણી આપ. પછી હું કદાપિ ફરીથી તરસી થઈશ નહિ. અને મારે વધારે પાણી મેળવવા પાછા અહીં આવવું પડે નહિ."

૧૬ઈસુએ તેને કહ્યું, "જા તારા પતિને બોલાવી લાવ અને પછી પાછી અહીં આવ."

૧૭તે સ્ત્રીએ ઉત્તર આપ્યો,"પણ મારે પતિ નથી."

ઈસુએ તેને કહ્યું, "તેં બરાબર કહ્યું છે કે તારે પતિ નથી. ૧૮ખરેખર તારે પાંચ પતિઓ હતા. પણ તું હમણાં જે માણસ સાથે રહે છે તે તારો પતિ નથી. તેં મને સાચું કહ્યું છે."

૧૯તે સ્ત્રીએ કહ્યું, "પ્રભુ, હું જોઈ શકું છું કે તું એક પ્રબોધક છે. ૨૦અમારા પિતૃઓ આ પહાડ પર ભજન કરતા હતા. પણ તમે યહૂદીઓ કહો છો કે યરૂશાલેમ એ તે જ જગ્યા છે જ્યાં લોકોએ ભજન કરવું જોઈએ."

૨૧ઈસુએ કહ્યું, "બાઈ, મારું માન! હવે એવો સમય આવે છે જ્યારે તમે આ પહાડ પર અથવા યરૂશાલેમમાં પિતા (દેવ)નું ભજન નહિ કરશો. ૨૨તમે સમરૂનીઓ, તમે જે જાણતા નથી તેને ભજો છો. અમે યહૂદીઓ જેને જાણીએ છીએ તેને ભજીએ છીએ, યહૂદીઓમાંથી ઉદ્ધાર આવે છે. ૨૩હવે તે સમય આવે છે જ્યારે સાચા ભજનારાઓ આત્માથી તથા સત્યતાથી પિતાને ભજશે. હવે તે સમય અહીં છે. અને આ પ્રકારના લોકો તેના ભજનારા થાય તેમ પિતા ઈચ્છે છે. ૨૪દેવ આત્મા છે.

તેથી જે લોકો દેવને ભજે છે તેઓએ આત્માથી તથા
સત્યતાથી તેનું ભજન કરવું જોઈએ."
૨૫તે સ્ત્રીએ કહ્યું, "હું જાણું છું કે મસીહ આવે છે."
(મસીહ જે ખ્રિસ્ત કહેવાય છે તે) "જ્યારે મસીહ આવશે
ત્યારે તે આપણને બધું સમજાવશે."
૨૬પછી ઈસુએ કહ્યું, "જે વ્યક્તિ હમણાં તારી સાથે
વાત કરે છે. હું તે મસીહ છું."
૨૭તે સમયે ઈસુના શિષ્યો ગામમાંથી પાછા આવ્યા.
તેઓ અજાયબી પામ્યા હતા કારણ કે તેઓએ ઈસુને તે
સ્ત્રી સાથે વાત કરતો જોયો. પણ તેઓમાંના કોઈએ
પૂછયું નહિ, "તારે શું જોઈએ છે?" અથવા તું શા માટે
તેની સાથે વાત કરે છે?"
૨૮પછી તે સ્ત્રી તેની પાણીની ગાગર ત્યાં મૂકીને ગામમાં
પાછી ફરી. તેણે ગામમાં જઈને લોકોને કહ્યું, ૨૯"એક
માણસે મેં જે કંઈ કર્યુ હતું તે બધું મને કહ્યું, આવો, તેને
જુઓ, તે જ ખ્રિસ્ત હોવો જોઈએ." ૩૦તેથી તે લોકોએ
તે ગામ છોડ્યું અને ઈસુને જોવા ગયા.
૩૧જ્યારે તે સ્ત્રી ગામમાં હતી. ઈસુના શિષ્યો તેને
વિનંતી કરતા હતા, "રાબ્બી, જમ!"
૩૨પણ ઈસુએ ઉત્તર આપ્યો, "મારી પાસે ખાવા
ખોરાક છે પણ તમે તેના વિષે જાણતા નથી."
૩૩તેથી શિષ્યોએ પોતાની જાતને પૂછયું, "શું કોઈ
ઈસુ માટે કંઈ ખાવાનું લાવ્યા હશે?"
૩૪ઈસુએ કહ્યું, "જેણે મને મોકલ્યો છે, તેની ઈચ્છા
પૂરી કરવી, અને તેનું કામ પૂર્ણ કરવું, એ મારું અન્ન છે.
૩૫જ્યારે વાવો છો ત્યારે તમે વારંવાર હંમેશા કહો છો,
"અનાજના દાણા ભેગા કરતાં પહેલા ચાર મહિના રાહ
જોવાની છે. પણ હું તમને કહું છું, તમારી આંખો ખોલો,
લોકો તરફ જુઓ, તેઓ હવે ફસલ માટે તૈયાર ખેતરો
જેવાં છે. ૩૬છતાં પણ, હમણા તે વ્યક્તિ પાકની કાપણી
કરે છે તેને ચુકવણી પણ કરવામાં આવેલ છે. તે
અનંતજીવન માટે પાકને ભેગો કરે છે. તેથી જે વ્યક્તિ
વાવે છે તે કાપણી કરનાર વ્યક્તિ સાથે સુખી થઈ શકે
છે. ૩૭તે સાચું છે જે આપણે કહીએ છીએ, 'એક વ્યક્તિ
વાવે છે, પણ બીજી એક વ્યક્તિ પાકની કાપણી કરે છે.'
૩૮મેં તમને પાકની કાપણી કરવા મોકલ્યા છે. જેને
માટે તમે કામ કર્યુ નથી. બીજા લોકોએ કામ કર્યુ અને
તમે તેઓનાં કામમાંથી ફળ મેળવો છો."
૩૯તે ગામના ઘણા સમરૂની લોકોએ ઈસુમાં વિશ્વાસ
કર્યો. તે સ્ત્રીએ ઈસુ વિષે તેઓને જે કહ્યું તેને કારણે
તેઓએ વિશ્વાસ કર્યો. તેણીએ તેઓને કહ્યું, "તેણે
(ઈસુએ) જે બધું મેં કર્યું, તે મને કહ્યું," ૪૦તે સમરૂનીઓ
ઈસુ પાસે ગયા. તેઓએ ઈસુને તેઓની સાથે રહેવા
વિનંતી કરી. તેથી ઈસુ ત્યાં બે દિવસ રહ્યો. ૪૧ઈસુએ
જે વાતો કહીં, તેને કારણે ઘણા વધારે લોકોએ વિશ્વાસ
કર્યો.
૪૨તે લોકોએ તે સ્ત્રીને કહ્યું, "તેં અમને જે કહ્યું તેને
કારણે પ્રથમ અમે ઈસુમાં વિશ્વાસ કર્યો. પણ હવે અમે
વિશ્વાસ કર્યો કારણ કે અમે અમારી જાતે તેને સાંભળ્યો.
હવે અમે જાણ્યું કે તે નિશ્ચે એ જ છે જે જગતનો
ઉદ્ધારક છે."

### ઈસુનું અમીરના દીકરાને સાજા કરવું

૪૩બે દિવસો પછી ઈસુ તે સ્થળ છોડીને ગાલીલમાં
ગયો. ૪૪(ઈસુએ અગાઉ કહ્યું હતું કે પ્રબોધકનું તેના
પોતાના ગામમાં માન નથી હોતું.) ૪૫જ્યારે ઈસુ
ગાલીલમાં આવી પહોંચ્યો. ત્યાંના લોકોએ તેનું સ્વાગત
કર્યુ. આ લોકોએ યરૂશાલેમમાં પાસ્ખા પર્વ વખતે ઈસુએ
જે બધું કર્યુ તે જોયું હતું. આ લોકો પણ તે પર્વમાં ગયા
હતા.
૪૬ઈસુ ફરીથી ગાલીલમાં કાના ગામની મુલાકાતે
ગયો. કાના એ છે જ્યાં ઈસુએ પાણીમાંથી દ્રાક્ષારસ
બનાવ્યો હતો. રાજાના અધિકારીઓમાંનો એક મહત્વનો
અધિકારી કફર–નહૂમ શહેરમાં રહેતો હતો. આ
માણસનો દીકરો માંદો હતો.
૪૭તે માણસે સાંભળ્યું કે ઈસુ યહૂદિયાથી હવે ગાલીલ
આવ્યો હતો. તેથી તે માણસ કાનામાં ઈસુ પાસે ગયો.
તેણે ઈસુને કફર–નહૂમ આવીને તેના દીકરાને સાજો
કરવા વિનંતી કરી. તેનો દીકરો મરવાની અણી પર
હતો. ૪૮ઈસુએ તેને કહ્યું, "તમે લોકો ચમત્કારો અને
અદભૂત કાર્યો જોયા વગર વિશ્વાસ કરવાના નથી."
૪૯રાજાના અધિકારીએ કહ્યું,"પ્રભુ, મારો નાનો દીકરો
મરી જાય, તે પહેલા મારે ઘેર આવ."
૫૦ઈસુએ ઉત્તર આપ્યો,"જા તારો દીકરો જીવશે."
તે માણસે ઈસુએ જે તેને કહ્યું તેમાં વિશ્વાસ કર્યો અને
ઘરે ગયો. ૫૧ઘરે જતાં રસ્તામાં તે માણસના સેવકો આવ્યા
અને તેને મળ્યા. તેઓએ તેને કહ્યું, "તારો દીકરો સાજો
છે."
૫૨તે માણસે પૂછયું, "કયા સમયે મારો દીકરો સાજો
થયો?"
તે નોકરોએ ઉત્તર આપ્યો, "જયારે તેનો તાવ જતો
રહ્યો ત્યારે ગઈકાલે લગભગ બપોરે એક વાગ્યો હતો."
૫૩પિતાએ જાણ્યું કે ઈસુએ કહ્યું હતું કે, "તારો દીકરો
જીવશે." તે સમય પણ બપોરનો એક વાગ્યાનો હતો.

તેથી તે માણસે અને તેના ઘરના બધા લોકોએ ઈસુમાં
વિશ્વાસ કર્યો. ૫૪યહૂદિયાથી ગાલીલ આવ્યા પછી
ઈસુએ કરેલો તે બીજો ચમત્કાર હતો.

## ઈસુનું પૂલ પાસે માણસને સાજા કરવું

૫ પાછળથી યહૂદીઓના પર્વોમાંના એક પર્વ માટે
ઈસુ યરૂશાલેમ ગયો. ૨યરૂશાલેમમાં ત્યાં પાંચ
પરસાળથી ઢંકાયેલો કુંડ છે. યહૂદી ભાષામાં તેને
બેથઝાથા કહે છે. આ કુંડ ઘેટાંઓના દરવાજા પાસે છે.
૩ઘણા માંદા લોકો કુંડ નજીક પરસાળોમાં પડેલા હતા.
કેટલાક લોકો આંધળા હતા, કેટલાક લંગડા હતા, કેટલાક
લકવાગ્રસ્ત હતા.* ૪** ૫એક માણસ ત્યાં પડેલો હતો
જે ૩૮ વરસથી માંદો હતો. ૬ઈસુએ ત્યાં તે માણસને
પડેલો જોયો. ઈસુએ જાણ્યું કે તે માણસ ઘણા લાંબા
સમયથી માંદો હતો. તેથી ઈસુએ તે માણસને પૂછ્યું,
"શું તું સાજો થવા ઈચ્છે છે?"

૭તે માંદા માણસે ઉત્તર આપ્યો, "પ્રભુ, જ્યારે તે
પાણી હાલે ત્યારે તે પાણીમાં ઊતરવા માટે મને મદદ
કરનાર મારી પાસે કોઈ નથી. પાણીમાં સૌથી પહેલાં
ઊતરવા માટે પ્રયત્ન કરું છું. પરંતુ જ્યારે હું પ્રયત્ન કરું
છું, ત્યારે બીજો માણસ હંમેશા મારી અગાઉ ઊતરી પડે
છે."

૮પછી ઈસુએ કહ્યું, "ઊભો થા! તારી પથારી ઉપાડ
અને ચાલ." ૯પછી તરત જ તે માણસ સાજો થઈ ગયો.
તે માણસે તેની પથારી ઉપાડીને ચાલવાનું શરૂ કર્યું.

જે દિવસે આ બધું બન્યું તે વિશ્રામવારનો દિવસ
હતો. ૧૦તેથી તે યહૂદીઓએ તે માણસને જે સાજો થઈ
ગયો હતો તેને કહ્યું, "આજે વિશ્રામવાર છે, વિશ્રામવારને
દિવસે તારા માટે પથારી ઊચકવી તે નિયમની વિરુદ્ધ
છે."

૧૧પણ તે માણસે ઉત્તર આપ્યો, "તે માણસ (ઈસુ)
જેણે મને સાજો કર્યો, તેણે મને કહ્યું, 'તારી પથારી ઊચકીને
ચાલ.'"

૧૨તે યહૂદીઓએ તે માણસને પૂછયું, "તારી પથારી
ઊચકીને ચાલ એમ જેણે તને કહ્યું તે માણસ કોણ છે?"

૧૩પરંતુ તે માણસ કોણ છે, એ પેલો સાજો થયેલો
માણસ જાણતો નહોતો; ત્યાં તે જગ્યાએ ઘણા લોકો
હતા અને ઈસુ ત્યાંથી ખસી ગયો હતો.

૧૪પાછળથી ઈસુ મંદિરમાં તે માણસને મળ્યો. ઈસુએ
તેને કહ્યું, "જો, તું હવે સાજો થયો છે હવેથી પાપ ન
કર. કદાચ તારું કંઈક વધારે ખરાબ થાય!"

૧૫પછી તે માણસ ત્યાંથી ખસી જઈને પેલા યહૂદીઓ
પાસે પાછો ગયો. તે માણસે તેઓને કહ્યું કે, "તે ઈસુ
હતો જેણે તેને સાજો કર્યો હતો."

૧૬ઈસુ આ કાર્યો વિશ્રામવારે કરતો હતો. માટે
યહૂદીઓએ ઈસુનું ખરાબ કરવાનું શરૂ કર્યું. ૧૭પરંતુ
ઈસુએ યહૂદીઓને કહ્યું, "મારા પિતાએ કદી કામ કરવાનું
બંધ કર્યુ નથી અને તેથી હું પણ કામ કરું છું."

૧૮તેથી યહૂદીઓએ તેને મારી નાખવાનો વધારે
પ્રયત્ન કર્યો. તે યહૂદીઓએ કહ્યું, "પહેલા ઈસુ
વિશ્રામવારના કાયદાનો ભંગ કરતો હતો પછી તે એવો
દાવો કરે છે કે દેવ તેનો પિતા છે, આ રીતે તે પોતાની
જાતને દેવ સાથે સમાન બનાવે છે!"

## ઈસુ પાસે દેવની સત્તા છે

૧૯પરંતુ ઈસુએ ઉત્તર આપ્યો, "હું તમને સત્ય કહું
છું. દીકરો તેની જાતે કંઈ કરી શકે નહિ. દીકરો બાપને
જે કંઈ કરતા જુએ છે, તે જ માત્ર કરે છે. પિતા જે કરે
છે તે જ કામ દીકરો કરે છે. ૨૦પિતા દીકરા પર પ્રેમ કરે
છે, અને પિતા પોતે જે કંઈ કરે છે તે બધું જ દીકરાને
દેખાડે છે; આ માણસ સાજો થયો હતો, પરંતુ પિતા
દીકરાને આના કરતાં વધારે મોટાં કામ કરવાનાં દેખાડશે.
પછી તમે બધા નવાઈ પામશો. ૨૧પિતા મૂએલાઓને
ઊઠાડે છે અને તેઓને સજીવન કરે છે. તે જ રીતે
દીકરો પણ તેની ઈચ્છા હોય તો મૂએલાઓને સજીવન
કરે છે. ૨૨કેમ કે પિતા કોઈનો ન્યાય ચૂકવતો નથી.
પરંતુ પિતાએ ન્યાય કરવાની સર્વ સત્તા દીકરાને આપી
છે. ૨૩દેવે આમ કર્યુ છે કારણ કે બધા લોકો જેમ પિતાને
માન આપતા તેમ દીકરાને પણ માન આપે. જો કોઈ
વ્યક્તિ દીકરાને માન આપતો નથી તો પછી તે વ્યક્તિ
પિતાને પણ માન આપતો નથી. જેણે દીકરાને મોકલ્યો
છે તે પિતા એક જ છે.

૨૪"હું તમને સત્ય કહું છું, જો કોઈ વ્યક્તિ હું જે
કહું છું તે સાંભળે છે અને જેણે મને મોકલ્યો છે, તેમાં
વિશ્વાસ કરે છે તેને અનંતજીવન મળે છે. તે વ્યક્તિ
અપરાધી નહિ ઠરે. તેણે મૃત્યુમાંથી નીકળીને જીવનમાં
પ્રવેશ કર્યો છે. ૨૫હું તમને સત્ય કહું છું, હવે મહત્વનો
સમય આવે છે, તે સમય અહીં આવી ચૂક્યો છે. જે

---

**કલમ ૩** કેટલીક ગ્રીક નકલોમાં ઉમેર્યુ છે કે "અને તેઓ પાણી હાલવાની વાટ જોતા હતા."

**કલમ ૪** કેટલીક પૂરાણી ગ્રીક નકલોમાં કલમ ૪ ઉમેરેલ છે: "કેમ કે કોઈ કોઈ વેળા પ્રભુનો દૂત તે કૂંડમાં ઊતરતો અને પાણીને હલાવતો હતો. દૂતે આ કર્યા પછી, જે કોઈ પહેલો તેમાં ઊતરતો, તેને જે કંઈ રોગ લાગેલો હોય તેથી તે નીરોગી થતો."

લોકો પાપમાં મૃત્યુ પામ્યા છે, તેઓ દેવના દીકરાની વાણી સાંભળશે, અને તે લોકો એ જે કહે છે તેનો સ્વીકાર કરશે તેઓને અનંતજીવન પ્રાપ્ત થશે. ૨૬કારણ કે પિતા (દેવ) ના પોતાનામાંથી જીવન આવે છે. તેથી પિતાએ દીકરા (ઈસુ) ને પણ જીવન આપવાનો અધિકાર આપ્યો છે. ૨૭અને પિતાએ દીકરાને બધા લોકોનો ન્યાય ચૂકવવાનો અધિકાર પણ આપ્યો છે. શા માટે? કારણ કે તે દીકરો માણસનો દીકરો છે. ૨૮આથી તમે આશ્ચર્ય પામશો નહિ. એ સમય આવે છે જ્યારે જે લોકો મૃત્યુ પામ્યા છે અને તેઓની કબરોમાં છે તેઓ તેની વાણી સાંભળશે. ૨૯જે લોકોએ જીવનમાં સારા કામો કર્યા છે તેઓ સજીવન થશે અને અનંતજીવન મેળવશે. પરંતુ જે લોકોએ ભૂંડા કામ કર્યા છે તેઓને ન્યાયની સામે ઊભા કરવામાં આવશે.

### ઈસુ યહૂદીઓ સાથે વાતો કરવાનું ચાલુ રાખે છે

૩૦"હું એકલો કંઈ કરી શકતો નથી. જે પ્રમાણે મને કહેવામાં આવ્યું છે તે જ રીતે હું ફક્ત ન્યાય કરું છું. તેથી મારો ન્યાય અદલ છે. શા માટે? કેમ કે હું મારી જાતને ખુશ કરવા પ્રયત્ન કરતો નથી. પરંતુ જેણે મને મોકલ્યો છે, તેને (દેવને) હું ખુશ કરવા પ્રયત્ન કરું છું.

૩૧"જો હું મારા વિષે લોકોને કહું, તો પછી લોકો મારા વિષે હું જે કંઈ કહું છું તે સ્વીકારશે નહિ. ૩૨પરંતુ ત્યાં બીજી એક વ્યક્તિ છે જે લોકોને મારા વિષે કહે છે અને હું જાણું છું કે તે મારા વિષે જે કંઈ કહે છે તે સાચું છે.

૩૩"તમે યોહાન પાસે માણસો મોકલ્યા છે અને તેણે તમને સત્ય વિષે કહ્યું છે. ૩૪મારા વિષે લોકોને કહેવા માટે મારે માણસની જરૂર નથી. પણ હું તમને આ બાબતો કહું છું તેથી તમારો ઉદ્ધાર થઈ શકે છે. ૩૫યોહાન એક દીવા જેવો હતો જે સળગતો અને પ્રકાશ આપતો અને તમે ઘડીભર તેના અજવાળામાં આનંદ પામતા હતા.

૩૬"પણ મારી પાસે મોટી સાબિતી છે જે યોહાનના કરતાં મોટી છે. જે કામો હું કરું છું તે મારી સાબિતી છે. આ તે કામો છે જે મારા પિતાએ મને કરવા માટે આપ્યાં હતાં. આ કામો બતાવે છે કે મને પિતાએ મોકલ્યો હતો. ૩૭અને જે પિતાએ મને મોકલ્યો તેણે તેની જાતે મારા વિષે સાબિતી આપેલ છે. પરંતુ તમે કદી તેની વાણી સાંભળી નથી. તે કોના જેવો દેખાય છે તે તમે કદી જોયું નથી. ૩૮પિતાની વાત તમારામાં રહેલી નથી. શા માટે? કારણ કે પિતાએ જેને મોકલ્યો છે તેમાં તમને વિશ્વાસ નથી. ૩૯શાસ્રોને તમે કાળજીપૂર્વક તપાસી જુઓ. તમે ધારો છો કે તે શાસ્રો તમને અનંતજીવન આપે છે. પેલા એ જ શાસ્રો મારા વિષે પણ કહે છે! ૪૦પરંતુ તમે તે જીવન પામવા માટે મારી પાસે આવવાનું ઈચ્છતા નથી."

૪૧"મારે માણસો પાસેથી પ્રસંશા જોઈતી નથી. ૪૨પણ હું તમને જાણું છું–હું જાણું છું કે દેવ પરની પ્રીતિ તમારામાં નથી. ૪૩હું મારા પિતા પાસેથી આવ્યો છું. હું તેના માટે બોલું છું. પણ જો બીજી કોઈ એક વ્યક્તિ ફક્ત પોતાના માટે જ બોલતો આવે છે ત્યારે તમે તેને સ્વીકારશો. ૪૪તમને એકબીજાની પ્રસંશા થાય તે ગમે છે. પણ દેવ પાસેથી પ્રસંશા મેળવવા તમે કદી પ્રયત્ન કરતા નથી. તેથી તમે કેવી રીતે વિશ્વાસ કરશો? ૪૫એમ ના માનશો કે હું પિતા આગળ ઊભો રહીને કહીશ કે તમે ખોટા છો. મૂસા એ વ્યક્તિ છે જે કહે છે કે તમે ખોટા છો. અને મૂસા એ તે જ છે જે તમને બચાવશે એવી તમે આશા રાખી હતી. ૪૬જો તમે ખરેખર મૂસામાં વિશ્વાસ કર્યો હોત તો, તમે મારા પર વિશ્વાસ કર્યો હોત. શા માટે? કારણકે મૂસાએ મારા વિષે લખ્યું છે. ૪૭પરંતુ તમે મૂસાએ જે લખ્યું છે તેનો વિશ્વાસ કરતા નથી. તેથી હું જે વાતો કહું છું તેના પર તમે વિશ્વાસ કરી શકશો નહિ."

### ઈસુ ૫,૦૦૦થી વધારે લોકોને જમાડે છે

૬ એ પછી ઈસુ ગાલીલના સમુદ્રને પાર ગયો (તિબેરિયાસ સરોવર). ૨ઘણા લોકો ઈસુને અનુસર્યા. તેઓ તેની પાછળ ગયા કારણ કે ઈસુએ જે રીતે ચમત્કારો કરીને માંદાઓને સાજા કર્યા તે તેઓએ જોયું. ૩ઈસુ ટેકરીની તરફ ગયો. ત્યાં તે પોતાના શિષ્યો સાથે બેઠો. ૪હવે લગભગ યહૂદીઓના પાસ્ખાપર્વનો સમય નજીક હતો.

૫ઈસુએ ઊંચે જોયું તો ઘણા લોકો તેના તરફ આવતા હતા. ઈસુએ ફિલિપને કહ્યું, "આ બધા લોકોને ખાવા માટે પૂરતી રોટલી આપણે ક્યાંથી ખરીદીએ?" ૬(ઈસુએ ફિલિપને પારખવા સારું આ પ્રશ્ન કર્યો, કારણ કે તે શું કરવાનો હતો તે જાણતો હતો).

૭ફિલિપે ઉત્તર આપ્યો, "અહીંના દરેક વ્યક્તિને એક રોટલીનો નાનો ટુકડો મળે તે માટે પૂરતી રોટલીઓ ખરીદવા માટે આપણે બધાએ એક માસ કામ કરવાની જરૂર છે.

૮બીજો એક શિષ્ય આન્દ્રિયા ત્યાં હતો. આન્દ્રિયા સિમોન પિતરનો ભાઈ હતો. આન્દ્રિયાએ કહ્યું, ૯"અહીં

એક છોકરો છે જેની પાસે જવની પાંચ રોટલીઓ અને બે માછલી છે. પરંતુ તે આટલા બધા લોકો માટે પૂરતી નથી."

૧૦ઈસુએ કહ્યું, "લોકોને બેસી જવા માટે કહો." આ ઘણી ઘાસવાળી જગ્યા હતી. ત્યાં લગભગ ૫,૦૦૦ માણસો બેઠા હતા. ૧૧પછી ઈસુએ રોટલીના ટુકડાઓ લીધા. ઈસુએ રોટલી માટે દેવનો આભાર માન્યો અને ત્યાં નીચે બેઠેલા લોકોને તે આપ્યા. તેણે માછલીનું પણ તેમ જ કર્યુ. ઈસુએ તેઓને જેટલું જોઈતું હતું તેટલું લોકોને આપ્યું.

૧૨બધા લોકો પાસે પૂરતું ખાવાનું હતું. જ્યારે તેઓએ ખાવાનું પૂરું કર્યુ, ઈસુએ તેના શિષ્યોને કહ્યું, "જે છાંડેલાં માછલી અને રોટલીના ટુકડાઓ છે તે ભેગા કરો. કંઈ પણ બગડવા દેશો નહિ." ૧૩તેથી શિષ્યોએ છાંડેલા ટુકડા ભેગા કર્યા. તે લોકોએ ફક્ત પાંચ જવની રોટલીમાંના ટુકડાથી જમવાનું શરૂ કર્યુ હતુ. પરંતુ ખોરાકના છાંડેલા ટુકડાઓમાંથી શિષ્યોએ બાર મોટી ટોપલીઓ ભરી.

૧૪લોકોએ ઈસુએ કરેલો આ ચમત્કાર જોયો. લોકોએ કહ્યું, "ખરેખર તે પ્રબોધક હોવો જોઈએ. જે જગતમાં આવનાર છે."

૧૫ઈસુએ જાણ્યું કે લોકો તેને રાજા બનાવવા ઈચ્છતા હતા. લોકોએ ઈસુને પકડવા માટે આવવાની અને તેને તેઓનો રાજા બનાવવાની યોજના કરી. તેથી ઈસુ તેઓને છોડીને પહાડ પર ફરીથી એકલો ગયો.

### ઈસુ પાણી પર ચાલે છે

૧૬તે સાંજે ઈસુના શિષ્યો સરોવર (ગાલીલ સરોવર) તરફ નીચે ગયા. ૧૭હવે અંધારું થયું હતું અને હજુ ઈસુ તેઓની પાસે પાછો આવ્યો ન હતો. શિષ્યો હોડીમાં બેઠા અને કફર-નહૂમ તરફ બીજી બાજુ જવાનું શરૂ કર્યુ. ૧૮પવન ઘણો સખત ફૂંકાતો હતો. સાગર પરનાં મોજાં મોટાં થતાં જતાં હતાં. ૧૯તેઓએ ત્રણથી ચાર માઈલ હોડી હંકારી પછી તેઓએ ઈસુને જોયો. તે પાણી પર ચાલતો ચાલતો હોડી તરફ આવતો હતો. શિષ્યો બીતા હતા. ૨૦પણ ઈસુએ તેઓને કહ્યું, "ગભરાશો નહિ. તે હું જ છું." ૨૧ઈસુએ આમ કહ્યા પછી, શિષ્યો ઈસુને હોડીમાં લઈને ખુશ થયા. પછી તે હોડી તેઓ જે જગ્યાએ જવા ઈચ્છતા હતા ત્યાં આવી પહોંચી.

### લોકો ઈસુને શોધે છે

૨૨બીજો દિવસ આવ્યો, કેટલાક લોકો સમુદ્રની બીજી બાજુએ રહ્યા. આ લોકોએ જાણ્યું કે ઈસુ તેના શિષ્યો સાથે હોડીમાં ગયો નહિ. લોકોએ જાણ્યું કે ઈસુના શિષ્યો હોડીમાં એકલા હતા અને તેઓએ જાણ્યું કે ત્યાં એક જ હોડી હતી. ૨૩પણ પછી તિબેરિયાસથી કેટલીક હોડીઓ આવી. આગલા દિવસે લોકોએ જ્યાં ભોજન કર્યુ હતું તે સ્થળની નજીક હોડીઓ આવી. પ્રભુ (ઈસુ)નો આભાર માન્યા પછી તેઓએ રોટલી ખાધી હતી તે આ જ જગ્યા હતી. ૨૪લોકોએ જોયું કે ઈસુ અને તેના શિષ્યો હવે ત્યાં ન હતા. તેથી લોકો હોડીઓમાં બેસી ગયા અને કફર-નહૂમ ગયા. તેઓની ઈચ્છા ઈસુને શોધવાની હતી.

### ઈસુ, જીવનની રોટલી

૨૫લોકોએ ઈસુને સમુદ્રની બીજી બાજુએ જોયો. તેઓએ ઈસુને પૂછયું, "રાબ્બી, તું ક્યારે અહીં આવ્યો?"

૨૬ઈસુએ ઉત્તર આપ્યો,"તમે શા માટે મને શોધો છો? તમે મને શોધી રહ્યા છો કારણ કે તમે મારી શક્તિના અદભૂત કાર્યો જોયા છે. જે મારી સત્તાની સાબિતી છે. ના! હું તમને સાચું કહું છું. તમે મને શોધતા હતા. કારણ કે તમે રોટલી ખાઈને તૃપ્ત થયા હતા. ૨૭ભૌતિક ભોજન નાશવંત છે. તેથી તે પ્રકારનું ભોજન મેળવવા માટે કામ ન કરો. પરંતુ જે તમને અનંતજીવન આપે છે અને હંમેશા સારું છે તે ભોજન મેળવવા કામ કરો. માણસનો દીકરો તમને તે ભોજન આપશે. દેવ પિતાએ બતાવ્યું છે કે તે માણસના દીકરા સાથે છે."

૨૮લોકોએ ઈસુને પૂછયું, "દેવ આપણી પાસે કેવાં કામો કરાવવા માટે ઈચ્છે છે?"

૨૯ઈસુએ ઉત્તર આપ્યો, "દેવ જે કામ ઈચ્છે છે તે આ છે: દેવે જેને મોકલ્યો છે તેનામાં તમે વિશ્વાસ કરો."

૩૦તેથી તે લોકોએ પૂછયું, "તું દેવે મોકલેલો છે તે સાબિત કરવા તું કેવા ચમત્કારો કરીશ? જયારે અમે તને ચમત્કાર કરતાં જોઈશું પછી વિશ્વાસ કરીશું. તું શું કરીશ? ૩૧અમારા પિતાઓ (પૂર્વજો) એ રણમાં આપેલ માન્ના ખાધું. આ શાસ્રમાં લખેલું છે. 'દેવે તેઓને આકાશમાંથી રોટલી ખાવા માટે આપી.'"

૩૨ઈસુએ કહ્યું, "હું તમને સત્ય કહું છું, મૂસાએ તમારા લોકોને આકાશમાંથી રોટલી આપી ન હતી. પરંતુ મારા પિતા તમને આકાશમાંથી સાચી રોટલી આપે છે. ૩૩દેવની રોટલી શું છે? આકાશમાંથી જે રોટલી નીચે આવે છે તે દેવની છે, અને તે જગતને જીવન આપે છે."

૩૪તે લોકોએ કહ્યું, "પ્રભુ, આ રોટલી અમને સદા આપો."

૩૫પછી ઈસુએ કહ્યું, "જે જીવન આપે છે તે રોટલી હું છું. જે વ્યક્તિ મારી પાસે આવે છે તે કદાપિ ભૂખે મરશે નહિ. જે વ્યક્તિ મારામાં વિશ્વાસ રાખે છે તેને કદાપિ તરસ લાગશે નહિ. ૩૬મેં તમને અગાઉ કહ્યું છે કે તમે મને જોયો છે અને છતાં તમે વિશ્વાસ કરતા નથી. ૩૭પિતા મને લોકો આપે છે અને તે લોકોમાંના બધા જ મારી પાસે આવશે. મારી પાસે જે દરેક વ્યક્તિ આવશે તેનો હું હંમેશા સ્વીકાર કરીશ. ૩૮દેવ મારી પાસે જે કરાવવા ઈચ્છે છે તે કરવા માટે હું આકાશમાંથી નીચે આવ્યો છું. હું મારી ઈચ્છાથી કંઈ કરવા માટે આવ્યો નથી. ૩૯દેવે મને જે કંઈ આપ્યું છે તેમાંથી કશું ગુમાવીશ નહિ. પણ છેલ્લા દિવસે તે લોકોને હું પાછા ઉઠાડીશ. જેણે મને મોકલ્યો છે અને મારી પાસે જે કંઈ કરાવવાની ઈચ્છા છે તે આ છે. ૪૦પ્રત્યેક વ્યક્તિ જે દીકરાને જુએ છે, અને તેનામાં વિશ્વાસ મૂકે છે. તેને અનંતજીવન મળે છે. હું તે વ્યક્તિને છેલ્લા દિવસે ઉઠાડીશ. એ મારા પિતાની ઈચ્છા છે."

૪૧યહૂદીઓએ ઈસુ વિષે ફરિયાદો શરૂ કરી. કારણ કે ઈસુએ કહ્યું હતું કે, "હું આકાશમાંથી નીચે ઉતરેલી રોટલી છું." ૪૨યહૂદીઓએ કહ્યું, "આ ઈસુ છે. અમે તેના માતાપિતાને ઓળખીએ છે. ઈસુ, યૂસફનો દીકરો છે. તે કેવી રીતે કહી શકે કે, 'હું આકાશમાંથી નીચે આવ્યો છું?"

૪૩પણ ઈસુએ કહ્યું, "તમે માંહોમાંહે ફરિયાદો કરવાનું બંધ કરો. ૪૪તે પિતા એ જ મને મોકલ્યો છે. અને તે જ પિતા લોકોને મારી પાસે લાવે છે. હું તે લોકોને છેલ્લા દિવસે પાછા ઊઠાડીશ. જો પિતા વ્યક્તિને મારી પાસે લાવતા નથી, તો પછી તે વ્યક્તિ મારી પાસે આવી શકતી નથી. ૪૫પ્રબોધકોનાં પુસ્તકોમાં આ લખેલું છે. 'દેવ બધા લોકોને ઉપદેશ આપશે.' લોકો પિતાને ધ્યાનથી સાંભળે છે અને તેની પાસેથી શીખે છે. તે લોકો મારી પાસે આવે છે. ૪૬હું સમજતો નથી કે કોઈએ પિતાને જોયો હોય. ફક્ત જે દેવ પાસેથી આવ્યો છે તેણે જ પિતાને જોયો છે. ૪૭હું તમને સાચું કહું છું, જો કોઈ વ્યક્તિ વિશ્વાસ કરે છે તો તેને અનંતજીવન છે. ૪૮હું રોટલી છું જે જીવન આપે છે. ૪૯તમારા પૂર્વજોએ માન્ના (અન્ન) ખાધું છે, જે દેવે તેઓને રણમાં આપ્યું હતું. પણ બધા લોકોની જેમ તેઓ મૃત્યુ પામ્યા. ૫૦હું એ રોટલી છું જે આકાશમાંથી ઉતરે છે. જો કોઈ વ્યક્તિ આ રોટલી ખાય છે તે કદાપિ મૃત્યુ પામશે નહિ. ૫૧હું જીવતી રોટલી છું જે આકાશમાંથી ઉતરી છે, જો કોઈ વ્યક્તિ આ રોટલી ખાય તો તે અનંતજીવન પ્રાપ્ત કરે છે. આ રોટલી મારું શરીર છે. હું મારું શરીર આપીશ જેથી જગતમાંના લોકો જીવન પ્રાપ્ત કરી શકે."

૫૨પછી યહૂદીઓ અંદરો અંદર દલીલો કરવા લાગ્યા. તેઓએ કહ્યું, "આ માણસ આપણને તેનું શરીર ખાવા માટે કેવી રીતે આપી શકે?"

૫૩ઈસુએ કહ્યું, "હું તમને સત્ય કહું છું, તમારે માણસના દીકરાનું શરીર ખાવું જોઈએ અને તેનું લોહી પીવું જોઈએ. જો તમે આ નહિ કરો, તો પછી તમારામાં સાચું જીવન હશે નહિ. ૫૪જે વ્યક્તિ મારું માંસ ખાય છે અને મારું લોહી પીએ છે તેને અનંતજીવન છે. છેલ્લે દિવસે હું તે વ્યક્તિને ફરીથી ઊઠાડીશ. ૫૫મારું શરીર સાચું ભોજન છે. મારું લોહી ખરેખર પીવાનું છે. ૫૬જો કોઈ વ્યક્તિ મારું માંસ ખાય છે અને મારું લોહી પીએ છે તે પછી તે વ્યક્તિ મારામાં રહે છે અને હું તે વ્યક્તિમાં રહું છું. ૫૭પિતાએ મને મોકલ્યો છે. તે પિતા જીવે છે, અને હું જીવું છું તે કારણે જ જે વ્યક્તિ મને ખાય છે તે પણ મારા કારણે જ જીવશે. ૫૮આપણા પૂર્વજોએ રણમાં જે રોટલી ખાધી તેના જેવી રોટલી હું નથી. તેઓએ તે રોટલી ખાધી, પણ બધા લોકોની જેમ તેઓ મૃત્યુ પામ્યા. હું એ રોટલી છું જે આકાશમાંથી ઉતરી આવી છે. જે વ્યક્તિ આ રોટલી ખાય છે તે અનંતજીવન જીવશે." ૫૯આ બધી બાબતો કફર-નહૂમના શહેરના સભાસ્થાનમાં બોધ આપતો હતો ત્યારે કહી.

### ઘણા શિષ્યોએ ઈસુને છોડી દીધા

૬૦ઈસુના શિષ્યોએ આ સાંભળ્યું, શિષ્યોમાંના ઘણાએ કહ્યું, "આ ઉપદેશ સ્વીકારવો ઘણો કઠિન છે. આ ઉપદેશ કોણ સ્વીકારી શકે?"

૬૧ઈસુએ જાણ્યું કે તેના શિષ્યો આ વિષે ફરિયાદ કરે છે. તેથી ઈસુએ કહ્યું, "શું આ ઉપદેશ તમને ઠોકર ખવડાવે છે? ૬૨તો પછી માણસનો દીકરો જ્યાંથી આવ્યો તે જગ્યાએ પાછો ફરતો જોઈને તમને પણ ઠોકર લાગશે? ૬૩તે એ માંસ નથી જે વ્યક્તિને જીવન આપે છે. જે જીવાડે છે તે આત્મા છે; માંસથી કંઈ લાભ થતો નથી. જે વાતો મેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે. ૬૪પણ તમારામાંના કેટલાક વિશ્વાસ કરતા નથી." (ઈસુ જે વિશ્વાસ કરતા નથી તે લોકોને જાણે છે. ઈસુએ આરંભથી જ આ વાતો જાણી અને કયો માણસ તેનો દ્રોહ કરવાનો છે તે પણ ઈસુએ જાણ્યું.) ૬૫ઈસુએ કહ્યું,

"આ કારણે જ મેં કહ્યું, 'જો પિતા કોઈ વ્યક્તિને મારી
પાસે આવવા નહિ દે તો પછી તે વ્યક્તિ મારી પાસે
આવી શકશે નહિ.'"
૬૬આ બાબતો ઈસુએ કહ્યા પછી, ઈસુના ઘણા શિષ્યો
તેને છોડી ગયા. તેઓએ ઈસુની પાછળ જવાનું બંધ
કર્યુ. ૬૭ઈસુએ બાર પ્રેરિતોને પૂછયું, "તમે પણ મને
છોડીને જવા ઈચ્છો છો?"
૬૮સિમોન પિતરે ઈસુને ઉત્તર આપ્યો, "પ્રભુ, અમે
ક્યાં જઈશુ? તારી પાસે જે વાતો છે તે અનંતજીવન
આપશે. ૬૯અમને તારામાં વિશ્વાસ છે. અમે જાણીએ
છીએ કે દેવનો પવિત્ર એક તું જ છે."
૭૦પછી ઈસુએ ઉત્તર આપ્યો, "મેં તમારામાંથી તે
બધા બાર પસંદ કર્યા છે છતાં પણ તમારામાંનો એક
શેતાન છે."
૭૧ઈસુ સિમોનના દીકરા યહૂદા ઈશ્કરિયોત વિષે
વાત કરતોં હતો. યહૂદા બાર પ્રેરિતોમાંનો એક હતો.
પરંતુ પાછળથી યહૂદા ઈસુને સુપ્રત કરનાર હતો.

### ઈસુ અને તેના ભાઈઓ

૭ આ પછી, ઈસુએ ગાલીલના પ્રદેશની આજુબાજુ
મુસાફરી કરી. ઈસુ યહૂદિયામાં મુસાફરી કરવા
ઈચ્છતો નહોતો, કારણ કે ત્યાંના યહૂદીઓ તેને મારી
નાખવા ઈચ્છતા હતાં. ૨તે યહૂદીઓના માંડવાપર્વનો
સમય પાસે હતો. ૩તેથી ઈસુના ભાઈઓએ તેને કહ્યું,
"તારે અહીંથી નીકળી જવું જોઈએ અને યહૂદિયાના
ઉત્સવમાં જવું જોઈએ. પછી ત્યાં તારા શિષ્યો તું જે
ચમત્કારો કરે છે તે જોઈ શકશે. ૪જો કોઈ વ્યક્તિ, લોકો
તેને ઓળખે તેમ ઈચ્છતી હોય તો પછી તે વ્યક્તિએ તે
જે કામ કરે તે છુપાવવા જોઈએ નહિ. તારી જાતને
જગત સમક્ષ જાહેર કર. તું જે ચમત્કારો કરે તે તેઓને
જોવા દે." ૫(ઈસુના ભાઈઓએ પણ તેનામાં વિશ્વાસ
કર્યો નહિ.) ૬ઈસુએ તેના ભાઈઓને કહ્યું, "મારા માટેનો
યોગ્ય સમય હજુ આવ્યો નથી. પરંતુ તમારા જવા માટે
કોઈ પણ સમય યોગ્ય છે. ૭જગત તમને ધિક્કારી શકશે
નહિ. પરંતુ જગત મને ધિક્કારે છે. શા માટે? કારણ કે
હું જગતમાં લોકોને કહું છું કે તેઓ ભૂંડાં કામો કરે છે.
૮તેથી તમે પર્વમાં જાઓ. હવે હું પર્વમાં જઈશ નહિ.
મારા માટેનો યોગ્ય સમય હજુ આવ્યો નથી." ૯ઈસુ
આમ કહ્યા પછી ગાલીલમાં રહ્યો.
૧૦તેથી ઈસુના ભાઈઓ પર્વમાં જવા વિદાય થયા.
તેઓના વિદાય થયા પછી ઈસુ પણ ગયો. પરંતુ લોકો
તેને ન જુએ તે રીતે ગયો. ૧૧યહૂદીઓ પર્વમાં ઈસુને
શોધતા હતા. યહૂદીઓએ કહ્યું, "તે માણસ ક્યાં છે?"
૧૨ત્યાં લોકોનો મોટો સમૂહ હતો. આ લોકોમાંના
ઘણા એકબીજા સાથે માંહોમાંહે ઈસુ વિષે ગુપ્ત રીતે
વાતો કરતા હતા. કેટલાક લોકોએ કહ્યું, "તે એક સારો
માણસ છે," પણ બીજા લોકોએ કહ્યું, "ના, તે લોકોને
મૂર્ખ બનાવે છે." ૧૩પરંતુ લોકોમાંથી કોઈની પણ
જાહેરમાં ઈસુ વિષે બોલવાની હિંમત ન હતી. લોકો
યહૂદી આગેવાનોથી ડરતા હતા.

### ઈસુનો યરૂશાલેમમાં બોધ

૧૪પર્વ લગભગ અડધુ પૂરુ થયુ હતુ. પછી ઈસુ
મંદિરમાં ગયો અને બોધ શરૂ કર્યો. ૧૫યહૂદીઓ આશ્ચર્ય
પામ્યા. તેઓએ કહ્યું, "આ માણસે કદી શાળામાં અભ્યાસ
કર્યો નથી. આટલી બધી વિદ્યા તે કેવી રીતે શીખ્યો?"
૧૬ઈસુએ ઉત્તર આપ્યો, "હું જે બોધ આપું છું તે
મારો પોતાનો નથી પણ જેણે મને મોકલ્યો છે તેનો
(દેવ) છે. ૧૭જો કોઈ માણસ દેવ જે ઈચ્છે છે તે કરવા
ઈચ્છે તો પછી તે વ્યક્તિ જાણશે કે મારો બોધ દેવ
પાસેથી આવે છે. અથવા ૧૮જે કોઈ વ્યક્તિ તેના વિચારનો
બોધ આપે છે તેના પોતાના માટે માન મેળવવાનો
પ્રયત્ન કરે છે. પરંતુ જે વ્યક્તિ તેને મોકલનાર માટે
માન મેળવવા પ્રયત્ન કરે છે તે વ્યક્તિ સાચું કહે છે.
તેનામાં કશું ખોટું હોતું નથી. ૧૯મૂસાએ તમને
નિયમશાસ્ત્ર આપ્યુ. ખરું ને? પરંતુ તમારામાંના કોઈએ
તેનું પાલન કર્યુ નથી. તમે શા માટે મને મારી નાખવા
પ્રયત્ન કરો છો?"
૨૦લોકોએ ઉત્તર આપ્યો,"તારામાં અશુદ્ધ આત્મા
પ્રવેશેલો છે અને તને ગાંડો બનાવ્યો છે! અમે તને
મારી નાખવાનો પ્રયત્ન કરતા નથી."
૨૧ઈસુએ તેઓને કહ્યું, "મેં એક ચમત્કાર કર્યો અને
તમે બધા અચરત પામ્યા. ૨૨મૂસાએ તમને સુન્નતનો
નિયમ આપ્યો છે. (પરંતુ ખરેખર મૂસાએ તમને
સુન્નતનો નિયમ આપ્યો નથી. મૂસાના પહેલા જે લોકો
જીવી ગયા તેઓની પાસેથી સુન્નતનો નિયમ આવ્યો
છે.) તેથી કેટલીક વાર વિશ્રામવારે શિશુની સુન્નત
કરવામાં આવે છે. ૨૩આ બતાવે છે કે વ્યક્તિ વિશ્રામવારે
મૂસાના નિયમનું પાલન કરવા સુન્નત કરાવી શકે છે.
તેથી વિશ્રામવારના દિવસે માણસના આખા શરીરને
સાજા કરવા માટે મારા પર શા માટે ગુસ્સે થયા છો?
૨૪વસ્તુઓ જે રીતે દેખાય છે તેના આધારે ન્યાય કરવાનું

બંધ કરો. ન્યાયી બનો અને જે સાચું છે તેનો યથાર્થ
ન્યાય કરો."

### લોકો નવાઈ પામે છે કે ઈસુ જ ખ્રિસ્ત છે

૨૫પછી કેટલાક લોકો જે યરૂશાલેમમાં રહે છે તેઓએ
કહ્યું, "આ તે માણસ છે જેને તેઓ મારી નાખવાનો
પ્રયત્ન કરે છે. ૨૬પરંતુ તે જ્યાં બધા જોઈ શકે અને તેને
સાંભળી શકે ત્યાં બોધ આપે છે. અને કોઈ પણ વ્યક્તિ
તેને બોધ આપતા અટકાવવાનો પ્રયત્ન કરતા નથી.
અધિકારીઓએ શું ખરેખર નિર્ણય કર્યો હશે કે તે ખરેખર
ખ્રિસ્ત જ છે? ૨૭પણ અમે જાણીએ છીએ કે આ માણસનું
ઘર ક્યાં છે. પણ ખરેખર ખ્રિસ્ત જ્યારે આવશે ત્યારે
કોઈ વ્યક્તિ જાણશે નહિ કે તે ક્યાંથી આવે છે?"

૨૮ઈસુ હજી મંદિરમાં શીખવતો હતો. ઈસુએ કહ્યું,
"હા, તમે મને જાણો છો અને હું ક્યાંનો છું એ પણ તમે
જાણો છો. પણ હું મારી પોતાની સત્તાથી આવ્યો નથી.
જેણે મોકલ્યો છે તે (દેવ) સત્ય છે. તમે તેને ઓળખતા
નથી. ૨૯પણ હું તેને ઓળખું છું અને હું તેની પાસેથી
આવ્યો છું. તેણે મને મોકલ્યો છે."

૩૦જ્યારે ઈસુએ આ કહ્યું, લોકોએ તેની ધરપકડ
કરવા પ્રયત્ન કર્યો. પણ કોઈ વ્યક્તિએ ઈસુ પર હાથ
નાખ્યો નહિ. હજુ ઈસુને મારી નાખવા માટેનો યોગ્ય
સમય ન હતો. ૩૧પરંતુ લોકોમાંના ઘણા ઈસુમાં વિશ્વાસ
રાખતા હતા. લોકોએ કહ્યું, "અમે ખ્રિસ્તની આવવાની
રાહ જોઈએ છીએ. જ્યારે ખ્રિસ્ત આવશે, ત્યારે તે શું
આ માણસ (ઈસુ) કરતા વધારે ચમત્કારો કરશે? ના!
આથી આ માણસ જ ખ્રિસ્ત હોવો જોઈએ."

### યહૂદીઓ ઈસુને પકડવાનો પ્રયત્ન કરે છે

૩૨ઈસુ વિષે લોકો જે ગણગણાટ કરતા હતા તે
ફરોશીઓએ સાંભળ્યું. તેથી મુખ્ય યાજકો અને
ફરોશીઓએ કેટલાક મંદિરના ભાલદારોને ઈસુની
ધરપકડ કરવા મોકલ્યા. ૩૩પછી ઈસુએ કહ્યું, "હજુ
થોડો સમય હું તમારી સાથે રહીશ. પછી હું જેણે(દેવ)
મને મોકલ્યો છે તેની પાસે પાછો જઈશ. ૩૪તમે મારી
શોધ કરશો, પણ તમે મને શોધી શકશો નહિ. અને
જ્યાં હું છું ત્યાં તમે આવી શકશો નહિ."

૩૫યહૂદીઓએ એકબીજાને કહ્યું, "આ માણસ ક્યાં
જશે કે આપણે શોધી શકીશું નહિ. જ્યાં આપણા લોકો
રહે છે તે ગ્રીક શહેરમાં તે જશે? શું તે ગ્રીક લોકોને ત્યાં
બોધ આપશે? ૩૬આ માણસ (ઈસુ) કહે છે, 'તમે મને
શોધશો પણ તમે મને શોધી શકશો નહિ.' અને તે એમ
પણ કહે છે, 'હું જ્યાં છું ત્યાં તમે આવી શકશો નહિ'
તેનો અર્થ શો?"

### ઈસુ પવિત્ર આત્મા વિષે કહે છે

૩૭પર્વનો છેલ્લો દિવસ આવ્યો. તે ઘણો જ અગત્યનો
દિવસ હતો. તે દિવસે ઈસુ ઊભો થયો અને મોટા સાદે
કહ્યું, "જો કોઈ માણસ તરસ્યો હોય તો તે મારી પાસે
આવે અને પીએ. ૩૮જો કોઈ માણસ મારામાં વિશ્વાસ
મૂકે છે તો તેના હૃદયમાંથી જીવતા પાણીની નદીઓ
વહેશે. શાસ્ત્ર જે કહે છે તે એ જ છે." ૩૯ઈસુ પવિત્ર
આત્મા વિષે કહેતો હતો. પવિત્ર આત્મા હજુ લોકોને
આપવામાં આવ્યો ન હતો કારણ કે હજુ ઈસુ મૃત્યુ
પામીને મહિમાવાન થયો ન હતો. પણ પાછળથી પેલા
લોકો જે ઈસુમાં વિશ્વાસ રાખશે તેઓ આત્માને પ્રાપ્ત
કરશે.

### ઈસુની લોકો વિષે દલીલ

૪૦લોકોએ ઈસુએ જે બધી બાબતો કહી તે સાંભળી.
કેટલાક લોકોએ કહ્યું, "આ માણસ ખરેખર પ્રબોધક જ
છે."

૪૧બીજા કેટલાક લોકોએ કહ્યું, "તે જ ખ્રિસ્ત છે."

બીજા લોકોએ કહ્યું, "ખ્રિસ્ત ગાલીલમાંથી આવશે
નહિ. ૪૨શાસ્ર કહે છે, ખ્રિસ્ત દાઉદના વંશમાંથી આવનાર
છે, અને શાસ્ર કહે છે કે ખ્રિસ્ત બેથલેહેમમાંથી આવનાર
છે, જે શહેરમાં દાઉદ હતો." ૪૩તેથી લોકો ઈસુ વિષે
એકબીજા સાથે સંમત થયા નહિ. ૪૪કેટલાક લોકો ઈસુની
ધરપકડ કરવા ઈચ્છતા હતા. પણ આમ કરવાનો કોઈએ
પ્રયત્ન કર્યો નહિ.

### યહૂદી અધિકારીઓએ વિશ્વાસ કરવાની ના પાડી

૪૫મંદિરના ભાલદારો મુખ્ય યાજકો અને ફરોશીઓ
પાસે પાછા ગયા. યાજકો અને ફરોશીઓએ પૂછયું, "તમે
ઈસુને શા માટે લાવ્યા નથી?"

૪૬મંદિરના ભાલદારોએ ઉત્તર આપ્યો, "તે જે બાબતો
કહે છે તે કોઈ પણ માણસના શબ્દો કરતા મહાન છે."

૪૭ફરોશીઓએ ઉત્તર આપ્યો, "ઈસુએ તમને પણ
મૂર્ખ બનાવ્યા શું! ૪૮અધિકારીઓમાંથી કોઈએ તેનામાં
વિશ્વાસ કર્યો? ના! શું આપણા ફરોશીઓમાંથી કોઈને
તેનામાં વિશ્વાસ હતો? ના! ૪૯પણ પેલા લોકો બહાર
છે તેઓ નિયમશાસ્ર વિષે જાણતા નથી. તેઓ દેવના
શાપિત છે!"

૫૦પરંતુ નિકોદેમસ ત્યાં તે સમૂહમાં હતો. નિકોદેમસ
તેઓમાંનો એક જે અગાઉ ઈસુ પાસે આવ્યો હતો.
નિકોદેમસે કહ્યું, ૫૧"માણસને પહેલા સાંભળ્યા વિના
શું આપણું નિયમશાસ્ત્ર આપણને તેનો ન્યાય કરવા દે
છે? જ્યાં સુધી તેણે શું કર્યુ છે તે આપણે જાણીએ નહિ
ત્યાં સુધી આપણે તેનો ન્યાય કરી શકતા નથી."
૫૨યહૂદી અધિકારીઓએ ઉત્તર આપ્યો, "શું તું પણ
ગાલીલનો છે? શાસ્ત્રોનો અભ્યાસ કર, તું વાંચી શકીશ
કે કોઈ પ્રબોધક ગાલીલમાંથી આવનાર નથી."

---

*[યોહાનની કેટલીક પ્રાચીન નકલોમાં*
*૭ : ૫૩–૮ : ૧૧ કલમો ઉમેરેલ નથી]*

### વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી

૫૩બધા યહૂદી અધિકારીઓ તેને છોડીને ગયા.
૮ ઈસુ જૈતૂનના પહાડ પર ગયો. ૨વહેલી સવારમાં
ઈસુ મંદિરમાં પાછો આવ્યો. બધા લોકો ઈસુ
પાસે આવ્યા. ઈસુએ ત્યાં બેસીને લોકોને બોધ કર્યો.
૩શાસ્ત્રીઓ અને ફરોશીઓ એક સ્ત્રીને ત્યાં લાવ્યા. તે
સ્ત્રી વ્યભિચારનું પાપ કરતાં પકડાઈ હતી. આ
યહૂદીઓએ તે સ્ત્રીને લોકો સમક્ષ ઊભા રહેવા માટે
દબાણ કર્યુ. ૪તેઓએ ઈસુને કહ્યું, "ગુરુજી, આ સ્ત્રી એક
માણસ સાથે વ્યભિચાર કરતાં પકડાઈ છે જે તેનો પતિ
નથી. ૫નિયમશાસ્ત્રમાં મૂસાએ આપણને આજ્ઞા કરી છે
કે આવું કામ કરનાર પ્રત્યેક સ્ત્રીઓને આપણે પથ્થરોથી
મારી નાખવી. અમારે શું કરવું, તે વિષે તું શું કહે છે?
૬યહૂદીઓ ઈસુનું પરીક્ષણ કરવા આ પ્રશ્નનો ઉપયોગ
કરતાં હતા, તેઓ ઈસુને કંઈક ખોટું કહેતા પકડવા
ઈચ્છતા હતા. પછી તેઓ તેની વિરુદ્ધ આરોપ મૂકી
શકે. પણ ઈસુએ નીચા વળીને તેની આંગળી વડે જમીન
પર લખવાનું શરૂ કર્યું. ૭યહૂદી અધિકારીઓએ ઈસુને
તેઓના પ્રશ્ન પૂછવાનું ચાલુ રાખ્યું. તેથી ઈસુ ઊભો
થયો અને કહ્યું, "શું અહીં કોઈ એવી વ્યક્તિ છે જેણે
કદી પાપ ના કર્યુ હોય? જે વ્યક્તિએ પાપ કર્યુ ના હોય
તે આ સ્ત્રી પર પહેલો પથ્થર મારે." ૮પછી ઈસુ ફરીથી
નીચો વળ્યો અને જમીન પર લખ્યું.
૯જે લોકોએ ઈસુને સાંભળ્યો તેઓ એક પછી એક
વિદાય થયા. વૃદ્ધ માણસો પ્રથમ છોડી ગયા, અને
પછી બીજા ગયા. ઈસુને ત્યાં તે સ્ત્રી સાથે એકલા છોડી
ગયા. હજુ તે ત્યાં ઊભી રહી છે. ૧૦ઈસુ ફરીથી ઊભો
થયો ને તેને પૂછયું, "બાઈ, તે બધા લોકો ગયા છે.
તેમાંથી કોઈએ તને દોષિત ઠરાવી નથી?"
૧૧તે સ્ત્રીએ ઉત્તર આપ્યો, "પ્રભુ, તેમાંના કોઈએ
મને દોષિત ઠરાવી નથી."
પછી ઈસુએ કહ્યું, "તેથી હું પણ તને દોષિત ઠરાવતો
નથી. તું હવે જઈ શકે છે, પણ ફરીથી પાપ કરીશ
નહિ."

---

### ઈસુ જગતનો પ્રકાશ છે

૧૨પાછળથી ઈસુએ લોકોને કહ્યું; "હું જગતનો પ્રકાશ
છું. જે વ્યક્તિ મને અનુસરે છે તે કદી અંધકારમાં રહેશે
નહિ. તે વ્યક્તિને પ્રકાશ મળશે જે જીવન આપે છે."
૧૩પરંતુ ફરોશીઓએ ઈસુને કહ્યું, "જ્યારે તું તારી
જાત વિષે કહે છે ત્યારે તું જ ફક્ત એક એકલો એવો છે
જે આ વાતો સાચી છે એમ કહે છે. તેથી અમે આ વાતો
જે તું કહે છે તે અમે સ્વીકારી શકીએ તેમ નથી."
૧૪ઈસુએ ઉત્તર આપ્યો, "હા, હું મારી જાત વિષે આ
વાતો કહું છું. પરંતુ હું જે વાતો કહું છું, તે લોકો માની
શકશે. શા માટે? કારણ કે હું ક્યાંથી આવ્યો તે હું જાણું
છું, અને હું ક્યાં જાઉં છું તે પણ હું જાણું છું, હું તમારા
લોકો જેવો નથી. હું ક્યાંથી આવ્યો છું. અને કયાં જાઉં
છું તે તમે જાણતા નથી. ૧૫તમે કોઈ માણસનો ન્યાય
કરો તે રીતે મારો ન્યાય કરો છો. હું કોઈ માણસનો
ન્યાય કરતો નથી. ૧૬પણ જો હું ન્યાય કરું તો, મારો
ન્યાય સાચો હશે. શા માટે? કારણ કે જ્યારે હું ન્યાય કરું
ત્યારે હું એકલો હોતો નથી. મને મોકલનાર પિતા મારી
સાથે હોય છે. ૧૭તમારું પોતાનું નિયમશાસ્ત્ર કહે છે કે
જ્યારે બે સાક્ષીઓ એક જ વાત કહે તો પછી તમારે
તેઓ જે કહે તે સ્વીકારવું જોઈએ. ૧૮હું સાક્ષીઓમાંનો
એક છું કે હું મારી જાત વિષે બોલું છું, અને મને જેણે
મોકલ્યો છે તે પિતા મારા બીજા સાક્ષી છે."
૧૯લોકોએ પૂછયું, "તારો પિતા ક્યાં છે?"
ઈસુએ ઉત્તર આપ્યો, "તમે મને કે મારા પિતાને
જાણતા નથી. પણ જો તમે મને જાણ્યો હોત તો પછી
તમે મારા પિતાને પણ જાણતા હોત." ૨૦જ્યારે ઈસુ
મંદિરમાં ઉપદેશ આપતો હતો, ત્યારે તેણે આ બાબતો
કહી. જ્યાં બધા લોકો પૈસા આપવા આવતા હતા. તે
જગ્યાની નજીક તે હતો. પરંતુ કોઈ વ્યક્તિએ તેને
પકડ્યો નહિ. ઈસુ માટેનો યોગ્ય સમય હજુ આવ્યો ન
હતો.

### યહૂદીઓ ઈસુ વિષે સમજતા નથી

૨૧ફરીથી ઈસુએ લોકોને કહ્યું, "હું તમને છોડીશ.

તમે મારી શોધ કરશો, પણ તમે તમારા પાપ સાથે મૃત્યુ
પામશો. હું જ્યાં જાઉં છું, ત્યાં તમે આવી શકશો નહિ."
૨૨તેથી યહૂદીઓએ તેમની જાતે પૂછયુ, "તમે ધારો
છો કે ઈસુ આત્મહત્યા કરશે? તો પછી આ બાબત
હોવી જોઈએ. કારણ કે તેણે કહ્યું, "હું જ્યાં જાઉં છું ત્યાં
તમે આવી શકશો નહિ."
૨૩પણ ઈસુએ પેલા યહૂદીઓને કહ્યું, "તમે નીચેની
દુનિયાના છો, હું ઉપરની દુનિયાનો છું. તમે આ
દુનિયાના છો, હું આ દુનિયાનો નથી. ૨૪તેથી મેં તમને
કહ્યું છે કે તમે તમારા પાપોમાં મૃત્યુ પામશો. હા, હું
(તે) છું એવો તમે વિશ્વાસ નહિ કરો તો તમે તમારાં
પાપોમાં મૃત્યુ પામશો."
૨૫યહૂદીઓએ પૂછયું, "તો પછી તું કોણ છે?" ઈસુએ
ઉત્તર આપ્યો, "મેં તમને શરૂઆતથી જે કહ્યું છે તે હું
છું. ૨૬મારી પાસે તમારા વિષે કહેવાની ઘણી બાબતો
છે. હું તમારો ન્યાય કરી શકું છું તો પણ જેણે મને
મોકલ્યો છે અને મેં તેની પાસેથી જે વાતો સાંભળી છે
તે જ ફક્ત હું લોકોને કહું છું અને તે સત્ય કહું છું."
૨૭ઈસુ કોના વિષે વાત કરતો હતો તે લોકો સમજતા
ન હતા. ઈસુ તેઓને પિતા (દેવ) વિષે વાત કરતો હતો.
૨૮તેથી ઈસુએ લોકોને કહ્યું, "તમે માણસના દીકરાને
ઊચો કરશો (મારી નાખશો) પછી તમે હું તે જ છું તે
તમે જાણી શકશો અને હું મારી પોતાની જાતે કંઈ કરતો
નથી પણ જેમ પિતાએ જે મને શીખવ્યું છે, તેમ હું એ
વાતો તમને કહું છું. ૨૯જેણે (દેવે) મને મોકલ્યો છે તે
મારી સાથે છે. તેને જે ગમે છે તે હું હંમેશા કરું છું. તેથી
તેણે મને એકલો છોડ્યો નથી." ૩૦જ્યારે ઈસુ આ વાતો
કહેતો હતો ત્યારે, ઘણા લોકોએ તેનામાં વિશ્વાસ મૂક્યો
હતો. ઈસુ પાપમાંથી છુટકારા વિષે વાત કરે છે
૩૧તેથી જે યહૂદીઓએ તેનામાં વિશ્વાસ મૂક્યો હતો
તેઓને ઈસુએ કહ્યું, "જો તમે મારા બોધને માનવાનું
ચાલુ રાખશો તો પછી તમે મારા સાચા શિષ્યો છો.
૩૨પછી જ તમને સત્ય સમજાશે અને સત્ય તમને
મુક્ત કરશે."
૩૩યહૂદીઓએ ઉત્તર આપ્યો, "અમે ઈબ્રાહિમના
લોકો છીએ. અમે કદી ગુલામ રહ્યા નથી. તેથી શા માટે
તું કહે છે કે અમે મુક્ત થઈશું?"
૩૪ઈસુએ ઉત્તર આપ્યો," હું તમને સાચું કહું છું
પ્રત્યેક વ્યક્તિ જે પાપ કરે છે તે ગુલામ છે. પાપ તેનો
માલિક છે. ૩૫ગુલામ કુટુંબ સાથે હંમેશા રહેતો નથી.
પરંતુ તે દીકરો હંમેશા કુટુંબનો રહી શકે. ૩૬તેથી જો
દીકરો તમને મુક્ત કરે તો પછી તમે ખરેખર મુક્ત
થશો. ૩૭હું જાણું છું તમે ઈબ્રાહિમના લોકો છો. પરંતુ
તમે મને મારી નાખવા ઈચ્છો છો. શા માટે? કારણ કે
તમે મારા બોધનો સ્વીકાર કરવા ઈચ્છતા નથી. ૩૮મારા
પિતાએ જે મને બતાવ્યું છે તે જ કામો હું તમને કહું છું.
પરંતુ તમે તમારા પિતાએ તમને જે કહ્યું છે તે કરો છો."
૩૯યહૂદીઓએ કહ્યું, "અમારો પિતા ઈબ્રાહિમ છે."
ઈસુએ કહ્યું, "જો તમે ખરેખર ઈબ્રાહિમના બાળકો હતા
તો પછી તમે જે કામો ઈબ્રાહિમે કર્યા તે જ કરશો. ૪૦હું
એ માણસ છું કે જેણે દેવ પાસેથી સાંભળ્યું તે સત્ય
તમને કહ્યું છે. પરંતુ તમે મને મારી નાખવા પ્રયત્ન
કરો છો. ઈબ્રાહિમે તેના જેવું કંઈ જ કર્યુ નથી. ૪૧તેથી
તમારા પિતાએ જે કંઈ કર્યુ તે તમે કરો છો."
પણ યહૂદીઓએ કહ્યું, "અમે એના જેવા બાળકો
નથી કે જે તેઓએ કદી જાણ્યું ન હોય કે તેમનો પિતા
કોણ છે. દેવ અમારો પિતા છે. અમારો તે માત્ર એક જ
પિતા છે."
૪૨ઈસુએ પેલા યહૂદીઓને કહ્યુ, "જો દેવ ખરેખર
તમારા પિતા હોત, તો તમે મારા પર પ્રેમ રાખત; હું
દેવમાંથી નીકળીને આવ્યો છું. અને હવે હું અહીં છું. હું
મારી પોતાની સત્તાથી આવ્યો નથી. દેવે મને મોકલ્યો
છે. ૪૩હું તમને આ બાબતો જે કહું છું તે તમે સમજી
શકશો નહિ. શા માટે? કારણ કે તમે મારા બોધને સ્વીકારી
શકતા નથી. ૪૪તમારો પિતા શેતાન છે, અને તમે તેના
દીકરા છો. તે જે ઈચ્છે છે તે કરવા તમે ઈચ્છો છો.
શેતાન શરૂઆતથી જ ખૂની હતો. શેતાન હંમેશા સત્યથી
વિરુદ્ધ છે અને તેથી તેનામાં સત્ય નથી. જૂઠું બોલવું તે
તેનો સ્વભાવ છે. હા, તે જુઠો છે. અને તે જૂઠાનો બાપ
છે. ૪૫હું સત્ય કહું છું, તેથી તમે મારામાં વિશ્વાસ
કરતા નથી. ૪૬તમારામાંથી કોણ સાબિત કરી શકે છે કે
હું પાપનો ગુનેગાર છું. જો હું સત્ય કહું છું, તો પછી
તમે શા માટે મારું માનતા નથી? ૪૭જે વ્યક્તિ દેવનો
છે તે દેવ જે કહે છે તે સ્વીકારે છે. પણ તમે દેવ જે કહે
છે તે સ્વીકારતા નથી. કારણ કે તમે દેવના નથી."

### ઈસુ પોતાના વિષે અને ઈબ્રાહિમ વિષે વાત કરે છે

૪૮યહૂદીઓએ ઉત્તર આપ્યો, "અમે કહીએ છીએ કે
તું સમરૂની છે, અમે કહીએ છીએ કે તારામાં શેતાન
પ્રવેશ્યો છે. અને તને ગાંડો બનાવ્યો છે! અમે આ
બાબત કહીએ છીએ ત્યારે શું અમે સાચા નથી?"
૪૯ઈસુએ ઉત્તર આપ્યો, "મારામાં કોઈ શેતાન
પ્રવેશ્યો નથી. હું મારા પિતાને આદર આપું છું. પણ
તમે કોઈ મારો આદર કરતા નથી. ૫૦હું મારી જાત માટે

આદર મેળવવા પ્રયત્ન કરતો નથી. મને આદર અપાવવાની ઈચ્છા કરનાર ત્યાં એક જ છે. તે ન્યાય કરનાર છે. ૫૧હું તમને સત્ય કહું છું. જો કોઈ મારું વચન પાળે છે, તો પછી તે કદી મૃત્યુ પામશે નહિ."

૫૨યહૂદીઓએ ઈસુને કહ્યું, "હવે અમે જાણીએ છીએ કે તારામાં શેતાન પ્રવેશ્યો છે! ઈબ્રાહિમ અને પ્રબોધકો પણ મૃત્યુ પામ્યા. પણ તું કહે છે કે, 'જે વ્યક્તિ મારાં વચનોને પાળશે તે કદી મૃત્યુ પામશે નહિ.' ૫૩શું તું ધારે છે કે તું અમારા પિતા ઈબ્રાહિમ કરતાં વધારે મહાન છે? ઈબ્રાહિમ મૃત્યુ પામ્યો અને પ્રબોધકો પણ મૃત્યુ પામ્યા. તું કોણ હોવાનો દાવો કરે છે?"

૫૪ઈસુએ ઉત્તર આપ્યો, "જો હું મારી જાતને માન આપું તો પછી તે આદરની કોઈ કિંમત નથી. જે એક મારો આદર કરે છે તે મારો પિતા છે. અને તમે દાવો કરો છો કે તે તમારો દેવ છે. ૫૫પણ ખરેખર તમે તેને ઓળખતા નથી. હું તેને ઓળખું છું. જો હું કહું કે હું તેને જાણતો નથી, તો પછી હું તમારા જેવો જૂઠો ઠરું. પણ હું તેને ઓળખું છું અને તે જે કહે છે તેનું હું પાલન કરું છું. ૫૬તમારો પિતા ઈબ્રાહિમ ઘણો ખુશ હતો, કારણ કે જ્યારે હું આવ્યો તે દિવસ તેણે જોયો અને તે સુખી થયો."

૫૭યહૂદીઓએ ઈસુને કહ્યું, "શું તેં ઈબ્રાહિમને જોયો છે? હજુ તો તું ૫૦ વરસનો પણ થયો નથી."

૫૮ઈસુએ ઉત્તર આપ્યો, "હું તમને સત્ય કહું છું, ઈબ્રાહિમનો જન્મ થયા પહેલાનો હું છું." ૫૯જ્યારે ઈસુએ આ કહ્યું, ત્યારે લોકોએ તેના તરફ ફેંકવા માટે પથ્થર ઉપાડ્યા. પરંતુ ઈસુ છુપાઈને મંદિરમાંથી બહાર નીકળી ગયો.

### જન્મથી આંધળા માણસને ઈસુ સાજો કરે છે

૯ ઈસુ જ્યારે ચાલતો હતો ત્યારે, તેણે એક આંધળા માણસને જોયો. આ માણસ જન્મથી આંધળો હતો. ૨ઈસુના શિષ્યોએ પૂછયું, "ગુરુજી, આ માણસ જન્મથી જ આંધળો છે. પરંતુ કોના પાપથી તે આંધળો જનમ્યો? તેના પોતાના પાપે, કે તેના માબાપના પાપે?"

૩ઈસુએ ઉત્તર આપ્યો, "તે આ માણસનાં પાપ કે તેનાં માતાપિતાનાં પાપોથી આંધળો થયો નથી. આ માણસ આંધળો જનમ્યો છે જેથી કરીને જ્યારે હું તેને સાજો કરું ત્યારે દેવનું સામર્થ્ય લોકોને પ્રગટ કરાવી શકાય. ૪જ્યારે હજુ પણ દિવસનો સમય છે, ત્યારે જેણે મને મોકલ્યો છે તેનાં કામ કરવાં જોઈએ. જયારે રાત હોય છે ત્યારે રાત્રે કોઈ માણસ કામ કરી શકતો નથી. ૫જ્યારે હું જગતમાં છું, હું જગતનો પ્રકાશ છું."

૬ઈસુએ આમ કહ્યા પછી, ઈસુ ધૂળ પર થૂંકયો તે સાથે થોડો કાદવ બનાવ્યો. ઈસુએ તે માણસની આંખો પર કાદવ મૂક્યો. ૭ઈસુએ તે માણસને કહ્યું, "જા અને શિલોઆહના કુંડમાં ધોઈ નાખ." (શિલોઆહ અર્થાત "મોકલેલા.") તેથી તે માણસ કુંડ તરફ ગયો. તે આંખો ધોઈને પાછો આવ્યો. હવે તે જોઈ શકતો હતો.

૮કેટલાક માણસોએ આ માણસને પહેલા ભીખ માગતો જોયો હતો. આ લોકોએ અને તે માણસના પડોશીઓએ કહ્યું, "જુઓ! આ એ જ માણસ છે જે હંમેશા બેસીને ભીખ માગતો હતો."

૯કેટલાક લોકોએ કહ્યું, "હા! તે એ જ માણસ છે," પણ બીજા લોકોએ કહ્યું, "ના, તે એ જ માણસ નથી. તે ફક્ત તેના જેવો દેખાય છે." તેથી તે માણસે પોતે કહ્યું કે, "હું એ જ માણસ છું જે પહેલાં આંધળો હતો."

૧૦લોકોએ પૂછયું, " શું બન્યું? તેં તારી દષ્ટિ કેવી રીતે મેળવી?"

૧૧તે માણસે ઉત્તર આપ્યો,"તે માણસ જેને લોકો ઈસુ કહે છે તેણે થોડો કાદવ બનાવ્યો. તેણે તે કાદવ મારી આંખો પર મૂક્યો. પછી મને શિલોઆહ કુંડમાં ધોવા જવા કહ્યું, તેથી હું શિલોઆહ કુંડમાં જઈને ધોયા પછી દેખતો થયો."

૧૨લોકોએ તે માણસને પૂછયું, "આ માણસ (ઈસુ) ક્યાં છે?"

તે માણસે ઉત્તર આપ્યો, "હું જાણતો નથી."

### ઈસુએ સાજા કરેલા માણસને યહૂદીઓ પ્રશ્ન પૂછે છે

૧૩પછી લોકો તે માણસને ફરોશીઓ પાસે લાવ્યા જે આંધળો હતો. ૧૪ઈસુએ કાદવ બનાવીને તે માણસની આંખો સાજી કરી. જે દિવસે ઈસુએ આ કર્યું તે વિશ્રામવાર હતો. ૧૫તેથી હવે ફરોશીઓએ તે માણસને પૂછયું, 'તેં તારી દષ્ટિ કેવી રીતે મેળવી?'

તે માણસે ઉત્તર આપ્યો, "તેણે મારી આંખો પર કાદવ મૂક્યો. મેં આંખો ધોઈ, અને હવે હું જોઈ શકું છું."

૧૬કેટલાક ફરોશીઓએ કહ્યું, "આ માણસ (ઈસુ) વિશ્રામવારના નિયમનું પાલન કરતો નથી. તેથી તે દેવ પાસેથી આવ્યો નથી."

બીજાઓએ કહ્યું, "પરંતુ એક માણસ કે જે પાપી છે તે આવા ચમત્કારો કરી શકે નહિ." આ લોકો એકબીજા સાથે સંમત થઈ શક્યા નહિ.

૧૭યહૂદી અધિકારીઓએ તે માણસને ફરીથી પૂછયું,
"આ માણસે (ઈસુ) તને સાજો કર્યો, અને તું જોઈ
શકે છે. તું એના વિષે શું કહે છે?"
તે માણસે ઉત્તર આપ્યો, "તે એક પ્રબોધક છે."
૧૮ યહૂદીઓ હજુ પણ માનવા તૈયાર નથી કે ખરેખર
તે આ માણસ સાથે આ બન્યું છે. તેઓ માનવા તૈયાર
નહોતા કે આ માણસ આંધળો હતો અને હવે તે સાજો
થયો છે. પણ પાછળથી તેઓએ તે માણસના માતા
પિતાને તેડાવ્યા. ૧૯તે યહૂદીઓએ તેના માતા પિતાને
પૂછયું, "શું આ તમારો દીકરો છે? તમે કહો કે તે આંધળો
જનમ્યો હતો. તો હવે એ શી રીતે દેખતો થયો છે?"
૨૦માતા પિતાએ ઉત્તર આપ્યો, "અમે જાણીએ છીએ
કે આ માણસ અમારો દીકરો છે અને અમે જાણીએ
છીએ કે તે આંધળો જનમ્યો હતો. ૨૧પણ અમે જાણતા
નથી કે હવે તે શી રીતે જોઈ શકે છે. અમે જાણતા નથી
તેની આંખો કોણે સાજી કરી. તેને પૂછો. એ પુખ્ત ઉંમરનો
છે અને તે તેની જાત માટે બોલશે." ૨૨તેના મા બાપે
આ કહ્યું, કારણ કે તેઓ યહૂદી અધિકારીઓથી ડરતા
હતા. માટે તેઓએ એમ કહ્યું, કારણ કે યહૂદીઓએ
અગાઉથી એવો ઠરાવ કર્યો હતો કે ઈસુ એ જ ખ્રિસ્ત છે
એવું જો કોઈ કબૂલ કરે, તો તેને સભાસ્થાનમાંથી કાઢી
મૂકવો. ૨૩તેના કારણે તેના મા બાપે કહ્યું હતું કે તે પુખ્ત
ઉંમરનો છે. તેને પોતાને પૂછો.
૨૪તેથી યહૂદી અધિકારીઓએ જે આંધળો હતો તે
માણસને બોલાવ્યો, તેઓએ તે માણસને ફરીથી અંદર
આવવા કહ્યું, યહૂદી અધિકારીઓએ કહ્યું,"તારે સત્ય
કહીને દેવનો મહિમા કરવો જોઈએ. અમે જાણીએ છીએ
કે આ માણસ (ઈસુ) એક પાપી છે."
૨૫તે માણસે ઉત્તર આપ્યો," જો તે પાપી હોય તો હું
જાણતો નથી. હું એક વાત જાણું છું કે, હું આંધળો હતો
અને હવે હું જોઈ શકુ છું. "
૨૬યહૂદી અધિકારીઓએ પૂછયું, "તેણે (ઈસુએ) તને
શું કહ્યું? તેણે તારી આંખો કેવી રીતે સાજી કરી?"
૨૭તે માણસે ઉત્તર આપ્યો, "મેં હમણાં જ તમને તે
કહ્યું હતું. પણ તમે મને ધ્યાનથી સાંભળ્યો નથી. તમે
શા માટે તે ફરીથી સાંભળવા ઈચ્છો છો? શું તમે પણ
તેના શિષ્યો થવા ઈચ્છો છો?"
૨૮યહૂદી અધિકારીઓ ગુસ્સે થયા અને તે માણસની
નિંદા કરીને પછી તેઓએ કહ્યું, "તું તે માણસ (ઈસુ) નો
શિષ્ય છે. અમે મૂસાના શિષ્યો છીએ. ૨૯અમે જાણીએ
છીએ કે દેવ મૂસા સાથે બોલ્યો, પરંતુ અમે એ પણ
જાણતા નથી કે એ માણસ (ઈસુ) કયાંથી આવે છે!"
૩૦તે માણસે ઉત્તર આપ્યો, "આ એક ઘણી અજાયબ
વસ્તુ છે. તમે જાણતા નથી કે ઈસુ ક્યાંથી આવે છે.
છતાં તેણે મારી આંખો સાજી કરી છે. ૩૧આપણે બધા
જાણીએ છીએ કે દેવ પાપીઓને ધ્યાનથી સાંભળતો
નથી. પરંતુ દેવ તે વ્યક્તિને ધ્યાનથી સાંભળશે જે તેની
ભક્તિ કરતો હોય અને તેની ઈચ્છા પ્રમાણે કરતો હોય.
૩૨જ્યારથી દુનિયાનો આરંભ થયો ત્યાર પછીનો આ
એક પ્રથમ પ્રસંગ છે કે કોઈ વ્યક્તિએ જન્મથી આંધળા
માણસને સાજો કર્યો હોય. ૩૩આ માણસ (ઈસુ) દેવથી
હોવા જોઈએ, જો તે દેવથી ના હોત તો તે આવું કશું
કરી શકત નહિ."
૩૪યહૂદી અધિકારીઓએ ઉત્તર આપ્યો, "તું તો
ભરપૂર પાપોમાં જનમ્યો છે! શું તું અમને ઉપદેશ
આપવાનો પ્રયત્ન કરે છે?" અને યહૂદી અધિકારીઓએ
તે માણસને કાઢી મૂક્યો.

### આત્મિક અંધાપો

૩૫ઈસુએ સાંભળ્યું કે યહૂદી અધિકારીઓએ તે
માણસને કાઢી મૂક્યો છે. ઈસુએ તે માણસને શોધ્યો
અને કહ્યું, "શું તું માણસના દીકરામાં વિશ્વાસ કરે છે?"
૩૬તે માણસે પૂછયું, "સાહેબ, માણસનો દીકરો કોણ
છે? મને કહે, તેથી હું તેના પર વિશ્વાસ મૂકી શકુ !"
૩૭ઈસુએ તેને કહ્યું, "તેં તેને હમણા જ જોયો છે
અને જે તારી સાથે વાત કરે છે તે માણસનો દીકરો છે."
૩૮તે માણસે ઉત્તર આપ્યો, "હા પ્રભુ! મને વિશ્વાસ
છે," પછી તે માણસે નમન કરીને ઈસુનું ભજન કર્યુ.
૩૯ઈસુએ કહ્યું, "હું આ જગતમાં આવ્યો છું, જેથી
કરીને જગતનો ન્યાય થઈ શકે. હું આવ્યો છું જેથી
આંધળા લોકો જોઈ શકે અને હું આવ્યો છું જેથી કરીને
લોકો ધારે છે કે તેઓ જોઈ શકે છે તેઓ આંધળા થાય."
૪૦કેટલાક ફરોશીઓ ઈસુની નજીક હતા. તેઓએ
ઈસુને આ કહેતા સાંભળ્યો. તેઓએ પૂછયું, "શું? તું
એમ કહે છે કે અમે પણ આંધળા છીએ?"
૪૧ઈસુએ કહ્યું, "જો તમે ખરેખર આંધળા હોત તો
તમને પાપનો દોષ ન લાગત, પણ તમે કહો છો કે તમે
જુઓ છો તેથી તમે દોષિત છો."

### ઘેટાંપાળક અને તેનાં ઘેટાં

૧૦ ઈસુ કહે છે, "હું તમને સત્ય કહું છું, જ્યારે
માણસ ઘેટાંના વાડામાં પ્રવેશે છે, ત્યારે તેણે
દરવાજાનો ઉપયોગ કરવો જોઈએ. પછી જો તે બીજા
કોઈ રસ્તેથી પ્રવેશ કરે છે, તો તે એક લૂંટારો છે. તે ઘેટાં

ચોરવાનો પ્રયત્ન કરે છે. ૨પણ જે માણસ ઘેટાંની સંભાળ
રાખે છે તે દરવાજામાંથી પ્રવેશે છે. તે ઘેટાંપાળક છે.
૩જે માણસ દરવાજાની ચોકી કરે છે તે ઘેટાપાળક માટે
દરવાજો ઉઘાડે છે. અને ઘેટાં ઘેટાંપાળકનો અવાજ
ધ્યાનથી સાંભળે છે. ઘેટાંપાળક તેનાં પોતાનાં ઘેટાંને
તેમનાં નામનો ઉપયોગ કરીને બોલાવે છે. અને તેઓને
બહાર દોરી જાય છે. ૪તે ઘેટાંપાળક તેનાં બધાં ઘેટાંને
બહાર કાઢે છે પછી તે તેઓની આગળ ચાલે છે અને
તેમને દોરે છે. ઘેટાં તેની પાછળ જાય છે. કારણ કે તેઓ
તેના અવાજને જાણે છે. ૫પરંતુ અજાણ્યાં વ્યક્તિની
પાછળ ઘેટાં કદી જતાં નથી. તેઓ તે વ્યક્તિની પાસેથી
નાસી જશે, કારણ કે તેઓ અજાણ્યા માણસનો અવાજ
ઓળખતા નથી." ૬ઈસુએ લોકોને આ વાત કહી, પરંતુ
લોકો તેનો અર્થ સમજી શક્યા નહિ.

### ઈસુ એક ઉત્તમ ઘેટાંપાળક

૭તેથી ઈસુએ ફરીથી કહ્યું, "હું તમને સત્ય કહું છું,
હું ઘેટાં માટેનું બારણું છું. ૮મારા આવતા પહેલા જે
લોકો આવ્યા તે બધા ચોરો અને લૂંટારાઓ હતા.
ઘેટાંઓએ તેઓને ધ્યાનથી સાંભળ્યા નહિ. ૯હું બારણું
છું. જે કોઈ વ્યક્તિ મારા દ્વારા પ્રવેશ કરે છે તેનું રક્ષણ
થશે. તે વ્યક્તિ અંદર આવશે અને બહાર જશે. તે
માણસ તેની જરૂરિયાતો જ મેળવી શકશે. ૧૦ચોર ફક્ત
ચોરી કરવા, મારી નાખવા અને નાશ કરવા આવે છે.
પણ હું આવ્યો છું જેથી તેઓને જીવન મળે, અને તે
પુષ્કળ મળે.

૧૧"હું ઉત્તમ ઘેટાંપાળક છું. ઉત્તમ ઘેટાંપાળક પોતાનાં
ઘેટાંઓ માટે તેનું જીવન આપે છે. ૧૨જે ચાકરને ઘેટાં
રાખવા પૈસા ચૂકવાય છે તે ઘેટાંપાળકથી જુદો છે.
પગારદાર ચાકર એ ઘેટાંનો માલિક નથી. તેથી ચાકર
જ્યારે વરુને આવતું જુએ છે ત્યારે તે ઘેટાંને એકલા
મૂકીને નાસી જાય છે. પછી તે વરુ ઘેટાં પર હુમલો
કરીને તેઓને વિખેરી નાખે છે. ૧૩તે માણસ નાસી જાય
છે કારણ કે તે એક માત્ર પગારદાર ચાકર છે. ખરેખર તે
ઘેટાંની ચિંતા કરતો નથી.

૧૪-૧૫"હું એક ઉત્તમ ઘેટાંપાળક છું. હું મારા ઘેટાંને
જાણું છું અને મારા ઘેટાં મને ઓળખે છે, જેમ પિતા
મને ઓળખે છે તેમ હું મારા ઘેટાંને ઓળખું છું. હું
મારું જીવન આ ઘેટાં માટે આપું છું. ૧૬મારી પાસે બીજા
ઘેટાં પણ છે, તેઓ અહીં આ ટોળામાં નથી. મારે તેઓને
પણ દોરવાની જરૂર છે. તેઓ મારા અવાજને ધ્યાનથી
સાંભળશે. ભવિષ્યમાં ત્યાં એક જ ટોળું અને એક જ
ઘેટાંપાળક હશે. ૧૭પિતા મને પ્રેમ કરે છે કારણ કે હું
મારું જીવન આપું છું. હું મારું જીવન આપું છું તેથી હું
તે પાછું મેળવું છું. ૧૮કોઈ વ્યક્તિ મારી પાસેથી મારું
જીવન લઈ શકતું નથી. પણ હું મારું પોતાનું જીવન
મુક્ત રીતે આપું છું. મને મારું જીવન આપવાનો અધિકાર
છે. અને મને તે પાછું મેળવવાનો પણ અધિકાર છે.
મને મારા પિતાએ આ કહ્યું છે."

૧૯ફરીથી યહૂદીઓ એકબીજા સાથે સંમત થયા નહિ
કારણ કે ઈસુએ આ બાબતો કહીં. ૨૦આ યહૂદીઓમાંના
ઘણાએ કહ્યું, "એક શેતાન તેનામાં પ્રવેશ્યો છે અને તેને
ગાંડો બનાવ્યો છે, તેનું શા માટે સાંભળો છો?"

૨૧પણ બીજા યહૂદીઓએ કહ્યું,"એક માણસ જે શેતાન
ઘેલો છે તે આના જેવી વાતો કહી શકે નહિ. શેતાન
આંધળા લોકોની આંખો સાજી કરી શકે? ના!"

### યહૂદીઓ ઈસુની વિરુદ્ધમાં

૨૨તે શિયાળાનો સમય હતો. યરૂશાલેમમાં
પ્રતિષ્ઠાપર્વ*નો સમય આવ્યો. ૨૩મંદિરમાં ઈસુ
સુલેમાનની પરસાળમાં ચાલતો હતો. ૨૪યહૂદીઓ
ઈસુની આસપાસ ભેગા થયા. તેઓએ કહ્યુ, "કયાં સુધી
તું તારા વિષે અમને સંદેહમાં રાખીશ? જો તું ખ્રિસ્ત
હોય તો પછી અમને સ્પષ્ટ કહે."

૨૫ઈસુએ ઉત્તર આપ્યો, "મેં તો તમને બધું જ કહ્યું
છે, પણ તમે વિશ્વાસ કરતા નથી. હું મારા પિતાના
નામે કામો કરું છું. હું કોણ છું તે મારા કામો બતાવશે.
૨૬પણ તમે વિશ્વાસ કરતા નથી. શા માટે? કારણ કે તમે
મારાં ઘેટાં (લોકો) નથી. ૨૭મારાં ઘેટાં મારી વાણી સાંભળે
છે. હું તેઓને ઓળખું છું. અને તેઓ મને અનુસરે છે.
૨૮હું મારાં ઘેટાંઓને અનંતજીવન આપું છું. તેઓ કદાપિ
મૃત્યુ પામશે નહિ. અને કોઈ પણ વ્યક્તિ તેઓને મારાં
હાથમાંથી છીનવી શકશે નહિ. ૨૯મારાં પિતાએ મને
મારું ઘેટું આપ્યું. તે દરેક જણ કરતા મહાન છે. કોઈ
પણ વ્યક્તિ મારાં પિતાના હાથમાંથી મારાં ઘેટાંને ચોરી
શકશે નહિ. ૩૦હું અને મારાં પિતા એક જ છીએ."

૩૧ફરીથી યહૂદીઓએ ઈસુને મારી નાખવા પથ્થરો
હાથમાં લીધા. ૩૨પરંતુ ઈસુએ તેઓને કહ્યું, "મેં પિતા
તરફથી ઘણાં સારા કામો કર્યા છે. તમે તે બધા કામો
જોયા છે. તે સારા કામોમાંના કયા કામને કારણે તમે
મને મારી નાખો છો?"

---

**પ્રતિષ્ઠા પર્વ** ડિસેમ્બરનું વિશેષ અઠવાડિયું જેને યહૂદીઓ
ઉજવે છે.

૩૩યહૂદીઓએ ઉત્તર આપ્યો, "તેં કરેલાં કોઈ સારાં
કામને લીધે અમે તને મારી નાખતા નથી. પણ તું જે
વાતો કહે છે તે દેવની વિરુદ્ધ છે. તું ફક્ત એક માણસ
છે, પરંતુ તું કહે છે કે તું દેવ સમાન છે. તે જ કારણથી
અમે તને પથ્થરો વડે મારી નાખવા પ્રયત્ન કરીએ છીએ!"
૩૪ઈસુએ ઉત્તર આપ્યો, "તે તમારા કાયદામાં લખેલું
છે, 'હું (દેવ) કહું છું કે તમે દેવો છો.'* ૩૫આ શાસ્ત્રલેખમાં
પેલા લોકોને દેવો કહ્યા છે–તે લોકો કે જેમને દેવનો
સંદેશ પ્રાપ્ત થયો છે. આ શાસ્ત્રલેખ હંમેશા સાચો છે.
૩૬તો પછી તમે શા માટે કહો છો કે હું જે કહું છું તે
દેવની વિરુદ્ધ છે. કારણ કે મેં કહ્યું, 'હું દેવનો દીકરો છું.'
હું એ જ છું જેને દેવે પસંદ કર્યો છે અને જગતમાં
મોકલ્યો છે. ૩૭ જો મારા પિતા જે કરે છે તે હું ન કરું
તો, પછી હું જે કહું તે ના માનશો. ૩૮પણ જો હું મારા
પિતા જે કરે છે તે જ હું કરું તો, પછી તમારે હું જે કંઈ
કરું તેમાં વિશ્વાસ રાખવો જોઈએ. તમે મારામાં વિશ્વાસ
ન કરો, પરંતુ હું જે કંઈ કરું છું તેમાં તમે વિશ્વાસ કરો.
પછી તમે જાણશો અને સમજશો કે પિતા મારામાં છે
અને હું પિતામાં છું."
૩૯ઈસુને પકડવાનો પ્રયત્ન યહૂદીઓએ ફરીથી કર્યો.
પરંતુ ઈસુ તેઓની પાસેથી નીકળી ગયો. ૪૦પછી ઈસુ
યર્દન નદીને પેલે પાર ગયો. જ્યાં પહેલા યોહાન
બાપ્તિસ્મા કરતો હતો. તે સ્થળે ઈસુ ગયો. ઈસુ ત્યાં
રહ્યો. ૪૧અને ઘણા લોકો તેની પાસે આવ્યા. તે લોકોએ
કહ્યું, "યોહાને કદી ચમત્કારો કર્યા નથી. પરંતુ યોહાને
આ માણસ વિષે જે બધું કહ્યું હતું તે સાચું છે." ૪૨અને
ત્યાં ઘણા લોકોએ ઈસુમાં વિશ્વાસ કર્યો.

## લાજરસનું મૃત્યુ

**૧૧** ત્યાં લાજરસ નામનો એક માણસ હતો જે
માંદો હતો. તે બેથનિયાના ગામમાં રહેતો
હતો. આ તે ગામ હતું જ્યાં મરિયમ તથા તેની બહેન
માર્થા રહેતાં હતાં. ૨(મરિયમ એ જ સ્રી છે જેણે પ્રભુ
(ઈસુ) પર અત્તર છાંટયું હતું અને તેના પગ પોતાના
વાળ વડે લૂછયા હતા,) મરિયમનો ભાઈ લાજરસ હતો,
જે માણસ હવે માંદો હતો. ૩તેથી મરિયમ અને માર્થાએ
ઈસુને કહેવા માટે એક વ્યક્તિને મોકલી, "પ્રભુ, તારો
પ્રિય મિત્ર લાજરસ માંદો છે."
૪જ્યારે ઈસુએ આ સાંભળ્યું, તેણે કહ્યું, "આ માંદગીનો
અંત મૃત્યુ થશે નહિ. પરંતુ આ માંદગી દેવના મહિમા
માટે છે. દેવના દીકરાનો મહિમા લાવવા માટે આમ
થયું છે." ૫(ઈસુએ માર્થા, તેની બહેન અને લાજરસ
પર પ્રેમ રાખ્યો હતો.) ૬જ્યારે ઈસુએ સાંભળ્યું કે
લાજરસ માંદો છે ત્યારે પોતે જ્યાં હતો તે જ જગ્યાએ તે
બે દિવસ વધારે રહ્યો. ૭પછી ઈસુએ તેના શિષ્યોને
કહ્યું, "આપણે પાછા યહૂદિયા ફરીથી જવું જોઈએ."
૮શિષ્યોએ કહ્યું, "પણ રાબ્બી, યહૂદિયામાં યહૂદીઓ
તને પથ્થરો વડે મારી નાખવાનો પ્રયત્ન કરતા હતા. તે
ફક્ત થોડા સમય અગાઉ થયું હતું. હવે તું ત્યાં પાછો
જવા ઈચ્છે છે?"
૯ઈસુએ ઉત્તર આપ્યો,"ત્યાં દિવસના બાર કલાક
પ્રકાશના હોય છે. ખરું ને? જો કોઈ વ્યક્તિ દિવસ
દરમિયાન ચાલે તો પછી તે ઠોકર ખાઈને પડતો નથી.
શા માટે? કારણ કે તે આ જગતના પ્રકાશ વડે જોઈ શકે
છે. ૧૦પણ જ્યારે વ્યક્તિ રાત્રી દરમિયાન ચાલે છે, તે
ઠોકર ખાય છે. શા માટે? કારણ કે તેને જોવા માટે મદદ
કરનાર પ્રકાશ હોતો નથી."
૧૧ઈસુએ આ વાતો કર્યા પછી તેણે કહ્યું, "આપણો
મિત્ર લાજરસ હવે ઊંઘે છે. પણ હું તેને જગાડવા
જઈશ."
૧૨ શિષ્યોએ કહ્યું, "પ્રભુ, પણ જો તે ઊંઘતો હશે તો
તે સાજો થશે."
૧૩ઈસુએ તો તેના મરણ વિષે કહ્યું હતુ; પણ ઈસુના
શિષ્યોને એવું લાગ્યું કે તેણે ઊંઘમાં વિસામો લેવા વિષે
કહ્યું હતું. ૧૪તેથી ત્યાર બાદ ઈસુએ સ્પષ્ટ કહ્યું,"લાજરસ
મૃત્યુ પામેલ છે. ૧૫અને મને આનંદ છે કે હું ત્યાં ન
હતો. હું તમારી ખાતર પ્રસન્ન છું. કારણ કે હવે તમે
મારામાં વિશ્વાસ કરશો. હવે આપણે તેની પાસે જઈશું."
૧૬પછી થોમાએ (જે દિદુમસ કહેવાય છે) બીજા
શિષ્યોને કહ્યું, "આપણે પણ જઈશું. આપણે યહૂદિયામાં
ઈસુ સાથે મૃત્યુ પામીશું."

## બેથનિયામાં ઈસુ

૧૭ઈસુ બેથનિયામાં આવ્યો. ઈસુએ જોયું કે લાજરસ
ખરેખર મૃત્યુ પામેલો છે અને ચાર દિવસથી કબરમાં
છે. ૧૮બેથનિયા યરૂશાલેમથી બે માઈલ દૂર હતું. ૧૯ઘણા
યહૂદીઓ માર્થા અને મરિયમ પાસે આવ્યા. યહૂદીઓ
માર્થા અને મરિયમને તેમના ભાઈ લાજરસ સંબંધી
દિલાસો આપવા આવ્યા હતા.
૨૦માર્થાએ સાંભળ્યું કે ઈસુ આવે છે. તે ઈસુને મળવા
સામે ગઈ. પરંતુ મરિયમ ઘરે રહી. ૨૧માર્થાએ ઈસુને
કહ્યું, "પ્રભુ, જો તું અહીં હોત તો મારો ભાઈ મરત

**'હું ... દેવો છો.'** ગી.શા. ૮૨:૬.

નહિ. ૨૨પરંતુ હું જાણું છું કે હજુ પણ તું દેવ પાસે જે
કંઈ માગશે તે દેવ તને આપશે."
૨૩ઈસુએ કહ્યું, "તારો ભાઈ ઊઠશે અને તે ફરીથી
જીવતો થશે."
૨૪માર્થાએ ઉત્તર આપ્યો, "છેલ્લે દિવસે લોકો
પુનરુત્થાન (મરણમાંથી ઉઠશે) પામશે ત્યારે તે ફરીથી
પાછો ઊઠશે. એ હું જાણું છું."
૨૫ઈસુએ તેને કહ્યું, "હું પુનરુત્થાન છું. હું જીવન
છું. જે વ્યક્તિ મારામાં વિશ્વાસ કરે છે તેના મૃત્યુ પછી
ફરીથી જીવન પ્રાપ્ત કરશે. ૨૬અને જે વ્યકિત જીવે છે
અને વિશ્વાસ કરે છે તે ખરેખર કદી મૃત્યુ પામશે નહિ.
માર્થા, શું તું એવો વિશ્વાસ કરે છે?"
૨૭માર્થાએ ઉત્તર આપ્યો, "હા, પ્રભુ. મને વિશ્વાસ
છે કે તું ખ્રિસ્ત છે, દેવનો દીકરો છે. તું જે જગતમાં
આવનાર તે જ છે."

### ઈસુ રડે છે

૨૮માર્થાએ આ બાબત કહી પછી તેની બહેન મરિયમ
પાસે પાછી ગઈ. માર્થાએ એકલી મરિયમ સાથે વાત
કરી. માર્થાએ કહ્યું, "ગુરુ (ઈસુ) અહીં છે. તે તને બોલાવે
છે." ૨૯જ્યારે મરિયમે આ સાંભળ્યુ, તે ઊભી થઈ અને
ઝડપથી ઈસુ પાસે ગઈ. ૩૦ઈસુ હજુ ગામમાં આવ્યો
ન હતો. તે હજુ માર્થા તેને જ્યાં મળી તે જગ્યાએ હતો.
૩૧યહૂદીઓ મરિયમ સાથે ઘરમાં હતા. તેઓ તેને દિલાસો
આપતા હતા. તેઓએ જોયું કે મરિયમ ઉતાવળથી ઊભી
થઈને બહાર ગઈ. તેઓએ ધાર્યું કે તે લાજરસની કબર
તરફ જાય છે. તેઓએ વિચાર્યું કે તે ત્યાં વિલાપ કરવા
જાય છે. તેથી તેઓ તેને અનુસર્યા. ૩૨મરિયમ ઈસુ જે
જગ્યાએ હતો ત્યાં ગઈ. જ્યારે તેણે ઈસુને જોયો. તે
તેના પગે પડી. મરિયમે કહ્યું, "પ્રભુ, જો તું અહીં હોત
તો મારો ભાઈ મરત નહિ."
૩૩ઈસુએ જોયું કે મરિયમ રડતી હતી. ઈસુએ તે
પણ જોયું કે યહૂદીઓ તેની સાથે આવ્યા હતા. તેઓ
પણ રડતા હતા. ઈસુનું હૃદય ઘણું દુઃખી થયું અને તે
ઘણો વ્યાકુળ હતો. ૩૪ઈસુએ પૂછયું, "તમે તેને
(લાજરસ) ક્યાં મૂક્યો છે?"
તેઓ કહે છે, "પ્રભુ આવીને જો."
૩૫ઈસુ રડ્યો.
૩૬અને યહૂદીઓએ કહ્યું, "જુઓ! ઈસુ લાઝરસ પર
પ્રેમ રાખતો હતો!"
૩૭પણ કેટલાક યહૂદીઓએ કહ્યું, "ઈસુએ આંધળા
માણસની આંખો સાજી કરી છે. ઈસુમાં શું લાજરસ ન
મરે એવું પણ કરવાની શક્તિ ન હતી?"
૩૮ફરીથી ઈસુને તેના હૃદયમાં ઘણું દુઃખ થયું.

### ઈસુ લાજરસને ફરીથી સજીવન કરે છે

જ્યાં લાજરસ હતો તે કબર પાસે ઈસુ આવ્યો. તે
કબર એક ગુફા હતી. તેના પ્રવેશદ્વારને મોટા પથ્થર વડે
ઢાંકેલું હતું. ૩૯ઈસુએ કહ્યું, "આ પથ્થરને દૂર કરો."
માર્થાએ કહ્યું, "પણ પ્રભુ, લાજરસને મરી ગયાને
હજુ ચાર દિવસ થયા છે. ત્યાં દુર્ગંધ હશે." માર્થા મૃત્યુ
પામનાર માણસ (લાજરસ)ની બહેન હતી.
૪૦પછી ઈસુએ માર્થાને કહ્યું, "યાદ કર મેં તને શું
કહ્યું હતું?" મેં કહ્યું ,"જો તું વિશ્વાસ કરશે તો પછી તું
દેવનો મહિમા જોઈ શકશે."
૪૧તેથી તેઓએ પ્રવેશદ્વાર પરથી પથ્થર હઠાવ્યો.
પછી ઈસુએ ઊંચે જોયું અને કહ્યું, "પિતા, હું તારો
આભાર માનું છું. કારણ કે તેં મને સાંભળ્યો. ૪૨હું જાણું
છું કે તુ મને હંમેશા સાંભળે છે. પરંતુ મેં આ કહ્યું કારણ
કે અહીં મારી આજુબાજુ લોકો છે. હું ઈચ્છું છું કે તેઓ
વિશ્વાસ કરે કે તેં મને મોકલ્યો છે." ૪૩ઈસુએ આમ
કહ્યા પછી મોટા સાદે પોકાર કર્યો, "લાજરસ બહાર
આવ!" ૪૪તે મૃત્યુ પામેલ માણસ (લાજરસ) બહાર
આવ્યો. તેના હાથ અને પગ લૂગડાંનાં ટુકડાઓથી
વીંટળાયેલા હતા. તેનો ચહેરો રૂમાલથી ઢાંકેલો હતો.
ઈસુએ લોકોને કહ્યું, "તેના પરથી લૂગડાંના ટુકડા
લઈ લો અને તેને જવા દો."

### ઈસુને મારી નાખવાની યહૂદી આગેવાનોની યોજના

૪૫ત્યાં ઘણા યહૂદીઓ મરિયમની મુલાકાતે આવ્યા
હતા. આ યહૂદીઓએ ઈસુએ જે કર્યુ તે જોયું અને આ
યહૂદીઓમાંના ઘણાએ ઈસુમાં વિશ્વાસ કર્યો. ૪૬પરંતુ
કેટલાક યહૂદીઓ ફરોશીઓ પાસે ગયા. તેઓએ ઈસુએ
જે કર્યુ તે ફરોશીઓને કહ્યું. ૪૭પછી મુખ્ય યાજકો અને
ફરોશીઓએ યહૂદીઓની સભા બોલાવી. તેઓએ કહ્યું,
"આપણે શું કરવું જોઈએ? આ માણસ (ઈસુ) ઘણા
ચમત્કારો કરે છે. ૪૮જો આપણે તેને આ ચમત્કારો કરવાનું
ચાલુ રાખવા દઈશું, તો બધા લોકો તેનામાં વિશ્વાસ
કરશે. પછી રોમનો આવશે અને આપણા મંદિર અને
રાષ્ટ્રને લઈ લેશે."
૪૯ત્યાં કાયાફા નામનો એક માણસ હતો. તે વરસે
તે પ્રમુખ યાજક હતો. કાયાફાએ કહ્યું, "તમે લોકો કશું
જાણતા નથી ! ૫૦લોકોના માટે એક માણસનું મરવું તે

આખા રાષ્ટ્રનો વિનાશ થાય તે કરતાં વધારે સારું છે. પરંતુ તમને આનો ખ્યાલ આવતો નથી."

૫૧કાયાફાએ આ વિષે તેની જાતે આનો વિચાર કર્યો નહિ. તે વરસનો તે મુખ્ય યાજક હતો. તેથી તેણે ખરેખર ભવિષ્ય કહ્યું હતું કે ઈસુ યહૂદીઓના રાષ્ટ્ર માટે મૃત્યુ પામશે. ૫૨હા, ઈસુ યહૂદી રાષ્ટ્રના લોકો માટે મરશે. પરંતુ ઈસુ દેવનાં બીજા બાળકો જે આખા જગતમાં વિખરાયેલા છે તેમનાં માટે પણ મૃત્યુ પામશે. તે બધાઓને ભેગા કરવા અને તે લોકોને એક બનાવવા માટે તે મૃત્યુ પામશે.

૫૩તે દિવસે યહૂદી આગેવાનોએ ઈસુને મારી નાખવાની યોજના કરવાનું શરૂ કર્યુ. ૫૪તેથી ઈસુએ યહૂદીઓમાં આજુબાજુ જાહેરમાં ફરવાનું બંધ કર્યુ. ઈસુએ યરૂશાલેમ છોડ્યું અને રણની નજીકની જગ્યાએ ગયો. ઈસુ એફ્રાઈમ નામના શહેરમાં ગયો. ઈસુ ત્યાં તેના શિષ્યો સાથે રહ્યો.

૫૫યહૂદીઓના પાસ્ખાપર્વનો લગભગ તે સમય હતો. તે દેશમાંથી ઘણા લોકો પાસ્ખાપર્વ પહેલા યરૂશાલેમ ગયા. તેઓ પાસ્ખાપર્વ પહેલા પોતાને શુદ્ધ કરવા માટે ખાસ વસ્તુઓ કરવા ગયા હતા. ૫૬લોકો ઈસુની શોધ કરી રહ્યા હતા. તેઓ મંદિરમાં ઊભા રહીને એકબીજાને પૂછતા હતા. શું તે (ઈસુ) ઉત્સવમાં આવે છે? તમે શું ધારો છો?" ૫૭પરંતુ મુખ્ય યાજકો અને ફરોશીઓએ ઈસુ વિષે ખાસ હુકમ આપ્યો હતો. તેઓએ કહ્યું કે જો કોઈ વ્યક્તિ ઈસુ ક્યાં છે તે જાણે તો તે માણસે તેઓને જણાવવું જોઈએ. પછી મુખ્ય યાજકો અને ફરોશીઓ ઈસુને પકડી શકે.

### બેથનિયામાં ઈસુ તેના મિત્રો સાથે

**૧૨** પાસ્ખાપર્વના છ દિવસો અગાઉ, ઈસુ બેથનિયા ગયો. લાજરસ જ્યાં રહેતો હતો તે ગામ બેથનિયા હતું. (લાજરસ એ માણસ હતો જેને ઈસુએ મૃત્યુમાંથી ઉઠાડ્યો હતો.) ૨તેઓએ ઈસુ માટે બેથનિયામાં ભોજન રાખ્યું હતું. માર્થાએ ભોજન પીરસ્યું. તે લોકોમાં લાજરસ હતો જે ઈસુ સાથે જમતો હતો. ૩તે સમયે મરિયમે ઘણું કિંમતી જટામાંસીનું એક શેર અત્તર આણ્યું. મરિયમે તે અત્તર ઈસુના પગ પર લગાડ્યું. પછી તેણે તેના પગ તેના વાળ વડે લૂછ્યા. અને અત્તરની મીઠી સુગંધથી આખું ઘર ભરાઈ ગયું.

૪યહૂદા ઈશ્કરિયોત ત્યાં હતો. યહૂદા ઈસુના શિષ્યોમાંનો એક હતો. (તે એક કે જે પાછળથી ઈસુની વિરુદ્ધ થનાર હતો.) મરિયમે જે કર્યુ તે યહૂદાને ગમ્યું નહિ. તેથી તેણે કહ્યું, ૫"તે અત્તરની કિંમત ચાંદીના ૩૦૦ સિક્કા હતી. તે વેચી શકાયું હોત અને પૈસા ગરીબ લોકોને આપી શકયા હોત." ૬પણ યહૂદા ખરેખર ગરીબ લોકો વિષે ચિંતા કરતો ન હતો. યહૂદાએ આ કહ્યું કારણ કે તે એક ચોર હતો. યહૂદા જે શિષ્યોના સમૂહ માટે પૈસાની પેટી રાખતો હતો અને તે વારંવાર પેટીમાંથી પૈસા ચોરતો હતો. ૭ઈસુએ ઉત્તર આપ્યો, "તેને રોકશો નહિ. આજના દિવસ માટે તેણીના માટે આ અત્તર બચાવવું યોગ્ય હતું. આ દિવસ મારા માટે દફનની તૈયારીનો હતો. ૮ગરીબ લોકો હંમેશા તમારી સાથે હશે પણ હું હંમેશા તમારી સાથે નથી."

### લાજરસ વિરુદ્ધ યોજના

૯યહૂદીઓમાંના ઘણાએ સાંભળ્યું કે ઈસુ બેથનિયામાં હતો. તેથી તેઓ ઈસુને જોવા ત્યાં ગયા. તેઓ ત્યાં લાજરસને જોવા પણ ગયા. ઈસુએ મૃત્યુમાંથી ઊભા કરેલામાંનો એક લાજરસ હતો. ૧૦તેથી તે મુખ્ય યાજકોએ લાજરસને મારી નાખવા માટે પણ યોજના કરી. ૧૧લાજરસને કારણે ઘણા યહૂદીઓ તેમના આગેવાનોને છોડતા હતા અને ઈસુમાં વિશ્વાસ કરતા હતા. તે જ કારણે યહૂદી આગેવાનો પણ મારી નાખવા ઈચ્છતા હતા.

### ઈસુનો યરૂશાલેમમાં પ્રવેશ

૧૨બીજે દિવસે યરૂશાલેમમાં લોકોએ સાંભળ્યું કે ઈસુ ત્યાં આવતો હતો. ત્યાં ઘણા લોકો હતા જે પાસ્ખાપર્વમાં આવ્યા હતા. ૧૩તે લોકોએ ખજૂરીના વૃક્ષોની ડાળીઓ લીધી અને ઈસુને મળવા બહાર ગયા. લોકોએ પોકાર કર્યા,

"હોસાન્ના! જે પ્રભુના નામે આવે છે, તેને ધન્ય
છે! ઈઝરાએલનો રાજા આવે છે તેને ધન્ય છે!"
*ગીતશાસ્ર ૧૧૮:૨૫–૨૬*

૧૪ઈસુને એક ગધેડાનો વછેરો મળ્યો અને તેના પર તે બેઠો. શાસ્રલેખ કહે છે તેવું આ હતુ :

૧૫ "સિયોન* ની દીકરી, બી મા! જો! તારો રાજા
આવે છે. તે ગધેડાના વછેરા પર બેસીને આવે
છે."
*ઝખાર્યા ૯:૯*

---

**સિયોન શહેર** અક્ષરશઃ "સિયોનની દીકરી," અર્થાત યરૂશાલેમ.

૧૬ઈસુના શિષ્યો તે સમયે જે બનતું હતું તે સમજી શક્યા નહિ. પરંતુ ઈસુ મહિમાવાન થયો, તેઓ સમજ્યા કે આ બાબતો તેના વિષે લખેલી હતી. પછી તે શિષ્યોને યાદ આવ્યું કે લોકોએ તે બધું તેને માટે કર્યુ હતું.

### લોકો ઈસુ વિષે કહે છે

૧૭ત્યાં ઈસુ સાથે ઘણા લોકો હતા જ્યારે તેણે લાજરસને મૃત્યુમાંથી ઊઠાડ્યો અને તેને કબરમાંથી બહાર આવવા કહ્યું. હવે પેલા લોકોએ ઈસુએ જે કર્યુ તેના વિષે બીજા લોકોને કહ્યું. ૧૮ઘણા લોકો ઈસુને મળવા બહાર ગયા, કારણ કે તેઓએ સાંભળ્યું કે ઈસુએ આ ચમત્કાર કર્યો. ૧૯તેથી તે ફરોશીઓએ એકબીજાને કહ્યું, "જુઓ! નોંધ કરો તમે કશામાં સફળતા પ્રાપ્ત કરી નથી. આખું જગત તેને અનુસરે છે!"

### ઈસુ જીવન અને મૃત્યુ વિષે વાત કરે છે

૨૦ત્યાં કેટલાક ગ્રીક લોકો પણ હતા. પાસ્ખાપર્વમાં જે લોકો યરૂશાલેમથી આવેલા હતા તે ભજન કરવા ગયા. ૨૧આ ગ્રીક લોકો ફિલિપ પાસે ગયા. (ફિલિપ ગાલીલના બેથસૈદાનો હતો.) ગ્રીક લોકોએ કહ્યું, "સાહેબ, અમારી ઈચ્છા ઈસુને મળવાની છે." ૨૨ફિલિપે આવીને આન્દ્રિયાને કહ્યું. પછી આન્દ્રિયા અને ફિલિપ ગયા અને ઈસુને કહ્યું.

૨૩ઈસુએ તેઓને કહ્યું, "માણસના દીકરાને મહિમાવાન થવાનો સમય આવ્યો છે. ૨૪હું તમને સત્ય કહું છું એક ઘઉંનો દાણો જમીન પર પડે છે અને મરી જાય છે. પછી તે ઊગે છે અને ઘણા બીજ બનાવે છે. પણ જો તે કદી મરી નહિ જાય, તો પછી તે ફક્ત એક સાદો દાણો જ રહેશે. ૨૫જે વ્યક્તિ તેના પોતાના જીવ પર પ્રીતિ કરે છે તે જીવન ગુમાવે છે. પરંતુ જે વ્યક્તિ આ દુનિયામાં પોતાના જીવને ધિક્કારે છે તે જીવન ને ટકાવે છે. તેને અનંતજીવન પ્રાપ્ત થશે. ૨૬જે વ્યક્તિ મારી સેવા કરે છે તેણે મને અનુસરવું જોઈએ. પછી મારો સેવક હું જ્યાં જ્યાં હોઈશ ત્યાં તે પણ મારી સાથે હશે. મારા પિતા જે લોકો મારી સેવા કરે છે તેઓને સન્માન આપશે.

### ઈસુ તેના મૃત્યુ વિષે વાત કરે છે

૨૭"હવે હું ઘણો વ્યાકુળ થયો છું. મારે શું કહેવું જોઈએ? મારે એમ કહેવું, 'પિતા, મને આ વિપત્તિના સમયમાંથી બચાવ?' ના! હું આ વખતે આના માટે જ આવ્યો છું તેથી મારે દુ:ખ સહેવું જોઈએ. ૨૮પિતા, તારા નામનો મહિમા થાઓ!"

પછીથી એક વાણી આકાશમાંથી આવી, "મેં તેના નામનો મહિમા કર્યો છે. હું ફરીથી તે કરીશ."

૨૯ત્યાં ઊભેલા લોકોએ તે વાણી સાંભળી. પેલા લોકોએ કહ્યું, તે ગર્જના હતી.

પણ બીજા લોકોએ કહ્યું, " એક દૂતે ઈસુ સાથે વાત કરી!"

૩૦ઈસુએ લોકોને કહ્યું, "તે વાણી તમારા માટે હતી મારા માટે નહિ. ૩૧હવે જગતનો ન્યાય કરવાનો સમય છે. હવે આ જગતનો શાસક (શેતાન) બહાર ફેંકાઈ જશે. ૩૨મને પૃથ્વી પરથી ઊંચો કરવામાં આવશે અને જ્યારે આ બનશે ત્યારે હું બધા લોકોને મારી તરફ ખેંચીશ." ૩૩ઈસુએ પોતાનું મૃત્યુ કેવી રીતે થશે તે દર્શાવવા આ કહ્યું.

૩૪લોકોએ કહ્યું, "પરંતુ આપણો નિયમ કહે છે કે ખ્રિસ્ત સદાકાળ જીવશે. તેથી તું શા માટે કહે છે કે, 'માણસના દીકરાને ઊંચો કરાવવો જોઈએ?' આ માણસનો દીકરો કોણ છે?"

૩૫પછી ઈસુએ કહ્યું, "ફક્ત થોડા વધુ સમય માટે તમારી સાથે પ્રકાશ રહેશે. જ્યાં સુધી તમારી સાથે પ્રકાશ છે ત્યાં સુધી પ્રકાશમાં ચાલો, તો પછી અંધકાર (પાપ) તમને પકડશે નહિ. જે વ્યક્તિ અંધકારમાં ચાલે છે તે જાણતી નથી કે તે ક્યાં જાય છે. ૩૬તેથી જયાં સુધી તમારી પાસે પ્રકાશ હોય ત્યાં સુધી તમારો વિશ્વાસ પ્રકાશ પર રાખો. પછી તમે પ્રકાશના દીકરા બનશો." જ્યારે ઈસુએ આ વાતો કહેવાનું પૂર્ણ કર્યુ ત્યારે તે વિદાય થયો. ઈસુ એવી જગ્યાએ ગયો જ્યાં લોકો તેને શોધી શકે નહિ.

### યહૂદીઓએ ઈસુમાં વિશ્વાસ કરવાની ના પાડી

૩૭ઈસુએ ઘણા ચમત્કારો કર્યા. લોકોએ આ બાબતો જોઈ. પણ તેઓએ હજુ પણ તેનામાં વિશ્વાસ કર્યો નહિ. ૩૮તે સંપૂર્ણ રીતે સમજાવવા યશાયા પ્રબોધકે કહ્યું:

> "પ્રભુ, અમે તેઓને જે કહ્યું છે તેને કોણે માન્યું
> છે? પ્રભુની સત્તા કોણે જોઈ છે? "
>
> *યશાયા ૫૩:૧*

૩૯આના કારણે જ લોકો વિશ્વાસ કરી શક્યા નહિ. કારણ કે યશાયાએ વળી કહ્યું હતુ કે,

૪૦"દેવે લોકોને આંધળા બનાવ્યા. દેવે તેમનાં મન
જડ કર્યાં. દેવે આ કર્યુ તેથી કરીને તેઓ પોતાની
આંખોથી આ જોઈ શકે નહિ અને તેમના મનથી
સમજે નહિ. રખેને હું તેઓને સાજા કરું".
*યશાયા ૬:૧૦*

૪૧યશાયાએ આ કહ્યું કારણ કે તેણે તેનો (ઈસુનો)
મહિમા જોયો. તેથી યશાયા તેના (ઈસુ) વિષે બોલ્યો.
૪૨પરંતુ ઘણા લોકોએ ઈસુમાં વિશ્વાસ મૂક્યો. ઘણા
યહૂદી આગેવાનોએ પણ ઈસુમાં વિશ્વાસ મૂક્યો. પરંતુ
તેઓ ફરોશીઓથી બીતા હતા. તેથી તેઓ જાહેરમાં કહી
શકતા નહોતા કે તેઓએ વિશ્વાસ મૂક્યો છે. તેઓને
ભય હતો કે તેઓ તેમને કદાચ સભાસ્થાનમાંથી કાઢી
મૂકે. ૪૩આ માણસો દેવ તરફથી થતી પ્રસંશા કરતાં
માણસો તરફથી થતી પ્રસંશાને વધારે ચાહતા હતા.

### ઈસુનો બોધ લોકોનો ન્યાય કરશે

૪૪પછી ઈસુએ મોટા સાદે કહ્યું,"જે વ્યક્તિ મારામાં
વિશ્વાસ કરે છે તેણે ખરેખર જેણે (દેવે) મને મોકલ્યો
છે તેનામાં પણ વિશ્વાસ કરે છે. ૪૫જે વ્યક્તિ મને
જુએ છે તે ખરેખર જેણે મને મોકલ્યો છે તેને જુએ છે.
૪૬હું પ્રકાશ છું અને હું આ જગતમાં આવ્યો છું. હું
આવ્યો છું જેથી કરીને પ્રત્યેક વ્યક્તિ જે મારામાં વિશ્વાસ
કરે છે તે અંધકારમાં રહે નહિ.

૪૭"હું જગતમાં લોકોનો ન્યાય કરવા આવ્યો નથી.
હું જગતના લોકોને બચાવવા માટે આવ્યો છું. તેથી જે
લોકો મારી વાતોને સાંભળે છે પણ પાલન કરતા નથી
તેનો ન્યાય જે કરે છે તે હું નથી. ૪૮જે વ્યક્તિ મારામાં
વિશ્વાસ કરવાની ના પાડે છે જે કહું છું તેનો સ્વીકાર
કરતાં નથી તેનો ન્યાય કરનાર એક છે. જે વાત મેં કહી
છે તે જ છેલ્લે દિવસે તે વ્યક્તિનો ન્યાય કરશે. ૪૯શા
માટે? કારણ કે આ વાતો મારી પોતાની નથી. પિતાએ
જેણે મને મોકલ્યો છે તેણે શું કહેવું અને શું શીખવવું તે
મને કહ્યું છે. ૫૦પિતા જે આજ્ઞા કરે છે તેમાંથી
અનંતજીવન આવે છે તે હું જાણું છૂ, તેથી હું જે કંઈ
કહું છું તે પિતાએ મને કહ્યું છે તે જ હું કહું છું."

### પ્રભુ ઈસુ તેના શિષ્યોના પગ ધૂએ છે

૧૩ યહૂદીઓના પાસ્ખાપર્વનો લગભગ સમય
હતો. ઈસુએ જાણ્યું કે આ જગત છોડવાનો
તેના માટેનો સમય હતો. હવે તે સમય ઈસુ માટે પિતા
પાસે પાછો જવાનો હતો. ઈસુએ હંમેશા જગતમાં જે
તેના હતા તે લોકોને પ્રેમ કરતો હતો. તેનો પ્રેમ સંપૂર્ણ
શ્રેષ્ઠ હતો. હવે ઈસુનો તેનો પ્રેમ તેઓને બતાવવાનો
સમય હતો. ૨ઈસુ અને તેના શિષ્યો સાંજના ભોજનમાં
સાથે હતા. શેતાને અગાઉથી યહૂદા ઈશ્કરિયોતને ઈસુની
વિરુદ્ધ થવા સમજાવ્યો હતો. (યહૂદા સિમોનનો દીકરો
હતો.) ૩પિતાએ ઈસુને બધી વસ્તુઓ પરની સત્તા સોંપી
હતી. ઈસુએ આ જાણ્યું. ઈસુએ તે પણ જાણ્યું કે તે દેવ
પાસેથી આવ્યો છે. અને એમ પણ જાણ્યું કે હવે તે દેવ
પાસે પાછો જતો હતો. ૪જ્યારે તેઓ જમતા હતા, ઈસુએ
ઊભા થઈને પોતાનો ઝભ્ભો ઉતારી નાખ્યો. ઈસુએ
રૂમાલ લીધો અને તેને પોતાની કમરે બાંધ્યો. ૫પછી
ઈસુએ વાસણમાં પાણી રેડ્યું. તેણે શિષ્યોના પગ ધોવાની
શરૂઆત કરી. તેણે રૂમાલ વડે તેમના પગ લૂછયા. જે
રૂમાલ તેની કમરે વીંટાળેલો હતો.

૬ઈસુ સિમોન પિતર પાસે આવ્યો. પરંતુ પિતરે ઈસુને
કહ્યું, "પ્રભુ, તારે મારા પગ ધોવા જોઈએ નહિ."

૭ઈસુએ ઉત્તર આપ્યો, "હમણા હું શું કરું છું તે તું
જાણતો નથી. પરંતુ પાછળથી તું સમજી શકીશ."

૮પિતરે કહ્યું, "ના! હું કદાપિ મારા પગ ધોવા દઈશ
નહિ."

ઈસુએ ઉત્તર આપ્યો, "જો હું તારા પગ નહિ ધોઉં,
તો પછી તું મારા લોકોમાંનો એક થશે નહિ."

૯સિમોન પિતરે કહ્યું, "પ્રભુ, મારા પગ ધોયા પછી
તું મારા હાથ અને મારું માથું પણ ધો!"

૧૦ઈસુએ કહ્યું, "વ્યક્તિના સ્નાન કર્યા પછી તેનું
આખું શરીર ચોખ્ખું થાય છે. તેને ફક્ત તેના પગ ધોવાની
જ જરૂર છે. અને તમે માણસો ચોખ્ખા છો, પરંતુ
તમારામાંના બધા નહિ." ૧૧ઈસુએ જાણ્યું કે, કોણ તેની
વિરુદ્ધ થશે. તે જ કારણે ઈસુએ કહ્યું, "તમારામાંથી દરેક
ચોખ્ખા નથી." ૧૨ઈસુએ તેમના પગ ધોવાનું પૂરું કર્યુ.
પછી તેણે પોતાનાં કપડાં પહેર્યાં અને ફરીથી મેજ પર
બેઠો. ઈસુએ પૂછયું, "તમે સમજો છો મેં તમારા માટે શું
કર્યુ? ૧૩તમે મને ગુરુ તથા પ્રભુ કહો છો. એ ખરું છે,
કારણ કે હું એ જ છું. ૧૪હું જ તમારો 'ગુરુ ' અને 'પ્રભુ'
છું. પણ મેં તમારા પગ સેવકની જેમ ધોયા. તેથી તમારે
પણ એકબીજાના પગ ધોવા જોઈએ. ૧૫મેં તમારા માટે
એક નમૂના તરીકે આ કર્યુ. તેથી મેં તમારા માટે જે કર્યુ
તેવું તમારે એકબીજા માટે કરવું જોઈએ. ૧૬હું તમને
સત્ય કહું છું. એક સેવક તેના માલિક કરતાં મોટો નથી.
અને જે વ્યક્તિને કંઈક કરવા મોકલાયેલો છે તે પોતાના
મોકલનાર કરતાં મોટો નથી. ૧૭જો તમે આ વાતો જાણો
અને તેઓને પાળો તો તમે સુખી થશો.

૧૮"હું તમારા બધા વિષે બોલતો નથી. જેઓને મેં પસંદ કર્યા છે તેઓને હું જાણું છું. પરંતુ શાસ્ત્રલેખમાં જે કહ્યું છે તે થવું જોઈએ. 'જે માણસ મારા ભોજનમાં ભાગીદાર બન્યો છે તે મારી વિરુદ્ધ થયો છે.' ૧૯હું તમને તે બનતા પહેલા આ કહું છું. જેથી જ્યારે એ બને, ત્યારે તમે વિશ્વાસ કરો કે હું તે છું . ૨૦હું તમને સત્ય કહું છું. જે કોઈને હું મોકલું છું તેનો સ્વીકાર જે કરે છે તે મારો સ્વીકાર કરે છે અને જે મારો સ્વીકાર કરે છે તે મારા મોકલનારનો પણ સ્વીકાર કરે છે."

### ઈસુ કહે છે કોણ તેની વિરુદ્ધ થશે

૨૧ઈસુએ આ વાતો કહ્યા પછી તેણે ભારે વ્યાકુળતા અનુભવી. ઈસુએ જાહેરમાં કહ્યું, "હું તમને સત્ય કહું છું. તમારામાંનો એક મારી વિરુદ્ધ થશે."

૨૨ઈસુના બધા શિષ્યો એકબીજા સામે જોવા લાગ્યા. ઈસુ જેના વિષે વાત કરતો હતો, તે વ્યક્તિ કોણ હતી તે તેઓ સમજી શક્યા નહિ. ૨૩શિષ્યોમાંનો એક ઈસુની બાજુમાં છાતીને અઢેલીને બેઠો હતો. ઈસુ જેને પ્રેમ કરતો હતો તે આ શિષ્ય હતો. ૨૪સિમોન પિતરે આ શિષ્યને ઈશારો કરીને ઈસુને પૂછયું કે જેના વિષે વાત કરતો હતો તે વ્યક્તિ કોણ હતી.

૨૫તે શિષ્ય ઈસુની છાતીને અઢેલીને બેઠો હતો અને પૂછયું, "પ્રભુ , તે કોણ છે જે તારી વિરુદ્ધ થશે?"

૨૬ઈસુએ ઉત્તર આપ્યો,"હું આ રોટલી થાળીમાં બોળીશ. હું જે માણસને તે આપીશ તે માણસ મારી વિરુદ્ધ થશે." તેથી ઈસુએ રોટલીનો ટુકડો લીધો. તેણે તે બોળ્યો ને યહૂદા ઈશ્કરિયોત જે સિમોનનો દીકરો છે તેને આપ્યો. ૨૭જ્યારે યહૂદાએ ટુકડો લીધો, શેતાન તેનામાં પ્રવેશ્યો. ઈસુએ યહૂદાને કહ્યું, "તું જે બાબત કરે, તે જલદીથી કર!" ૨૮મેજ પાસેનો કોઈ પણ માણસ સમજયો નહિ કે શા માટે ઈસુએ યહૂદાને આમ કહ્યું. ૨૯યહૂદા સમૂહ માટે પૈસાની પેટી રાખનાર માણસ હતો. તેથી કેટલાક શિષ્યોએ વિચાર્યુ કે યહૂદા જઈને કેટલીક જરૂરી વસ્તુઓ પર્વ માટે ખરીદે એવું ઈસુ સમજતો હતો. અથવા તેઓએ વિચાર્યુ કે ઈસુ ઈચ્છતો હતો કે યહૂદા ગરીબ લોકોને જઈને કંઈક આપે.

૩૦ઈસુએ આપેલી રોટલી યહૂદાએ સ્વીકારી પછી યહૂદા બહાર ગયો. તે રાત હતી.

### ઈસુ તેના મૃત્યુ વિષે વાત કરે છે

૩૧જ્યારે યહૂદા બહાર ગયો, ઈસુએ કહ્યું,"હવે માણસના દીકરાએ તેનો મહિમા પ્રાપ્ત કર્યો છે અને માણસના દીકરા દ્વારા દેવ મહિમા પ્રાપ્ત કરશે. ૩૨જો દેવ તેના મારફત મહિમા પ્રાપ્ત કરે છે પછી દેવ પોતાના મારફત માણસના દીકરાને મહિમા આપશે.

૩૩ઈસુએ કહ્યું, "મારા બાળકો, હવે હું ફક્ત થોડા સમય માટે તમારી સાથે હોઈશ. તમે મને શોધશો અને મેં જે યહૂદીઓને કહ્યું તે હવે હું તમને કહું છું. જ્યાં હું જઈ રહ્યો છું ત્યાં તમે આવી શકશો નહિ.

૩૪"હું તમને નવી આજ્ઞા આપું છું કે એકબીજાને પ્રેમ કરો. જે રીતે મેં તમને પ્રેમ કર્યો છે તેમ તમે એકબીજા પર પ્રેમ રાખો. ૩૫જો તમે એકબીજા પર પ્રેમ રાખશો તો બધા લોકો જાણશે કે તમે મારા શિષ્યો છો."

### ઈસુ કહે છે કે પિતર તેનો નકાર કરશે

૩૬સિમોન પિતરે ઈસુને પૂછયું, "પ્રભુ, તું ક્યાં જાય છે?"

ઈસુએ ઉત્તર આપ્યો,"હું જ્યાં જાઉં છું ત્યાં હવે તું મારી પાછળ આવી શકીશ નહિ, પણ તું પાછળથી અનુસરીશ."

૩૭પિતરે પૂછયું, "પ્રભુ, હવે હું શા માટે તારી પાછળ આવી શકુ નહિ? હું તારા માટે મરવા પણ તૈયાર છું."

૩૮ઈસુએ ઉત્તર આપ્યો, "શું તું ખરેખર મારા માટે તારો જીવ આપીશ? હું તને સાચું કહું છું. મરઘો બોલે તે પહેલા તું ત્રણ વાર કહીશ કે તું મને ઓળખતો નથી."

### ઈસુ તેના શિષ્યોને દિલાસો આપે છે

**૧૪** ઈસુએ કહ્યું, " તમારા હદયોને વ્યાકુળ થવા ન દો. દેવમાં વિશ્વાસ રાખો અને મારામાં વિશ્વાસ રાખો. ૨મારા પિતાના ઘરમાં ત્યાં ઘણાં ઓરડાઓ છે. જો તે સાચું ના હોત તો હું તમને આ કહેત નહિ. હું તમારા માટે જગ્યાની તૈયારી કરવા જાઉં છું. ૩ત્યાં જઈને તમારા માટે જગ્યાની તૈયારી કર્યા બાદ, હું પાછો આવીશ. પછી હું તમને મારી સાથે લઈ જઈશ. તેથી કરીને હું જ્યાં હોઈશ ત્યાં તમે પણ હશો. ૪હું જ્યાં જાઉં છું તે જગ્યાનો માર્ગ તમે જાણો છો."

૫થોમાએ કહ્યું, "પ્રભુ, તું ક્યાં જાય છે તે અમે જાણતાં નથી. તેથી અમે તે માર્ગ કેવી રીતે જાણી શકીએ?"

૬ઈસુએ ઉત્તર આપ્યો," હું માર્ગ છું. હું સત્ય છું અને જીવન છું. પિતા પાસે જવાનો માર્ગ ફક્ત મારા દ્વારા છે. ૭જો તમે મને ખરેખર ઓળખતા હોત, તો પછી તમે મારા પિતાને પણ જાણશો. હવેથી તમે એને જાણશો. તમે તેને જોયો છે."

[૮]ફિલિપે ઈસુને કહ્યું, "પ્રભુ, અમને પિતા બતાવ. અમારે જે બધું જોઈએ છે તે એ છે."

[૯]ઈસુએ ઉત્તર આપ્યો, "ફિલિપ, ઘણા લાંબા સમય સુધી હું તારી સાથે છું. તેથી તારે મને ઓળખવો જોઈએ. જે વ્યક્તિએ મને જોયો છે તેણે મારા પિતાને પણ જોયો છે. તેથી તું શા માટે કહે છે, અમને પિતા બતાવ? [૧૦]શું તમે ખરેખર માનો છો કે હું પિતામાં છું અને પિતા મારામાં છે? તમને મેં જે બધી વાતો કહી છે તે મારામાંથી આવી નથી. પિતા મારામાં રહે છે તે તેનું પોતાનું કામ કરે છે. [૧૧]મારામાં વિશ્વાસ કરો જ્યારે હું કહું કે હું પિતામાં છું અને પિતા મારામાં છે. અથવા કામોને લીધે જ મારામાં વિશ્વાસ કરો." [૧૨]હું તમને સત્ય કહું છું, જે વ્યક્તિ મારામાં વિશ્વાસ કરે છે તે મેં જે કામો કર્યા છે તેવાં જ કરશે. હા! તે મેં કર્યા છે તેનાં કરતાં વધારે મહાન કામો પણ કરશે. શા માટે? કારણ કે હું પિતા પાસે જાઉં છું. [૧૩]અને જો તમે મારા નામે જે કંઈ માગશો તો હું તમારા માટે તે કરીશ. પછી દીકરા દ્વારા પિતા મહિમાવાન દર્શાવાશે. [૧૪]જો તમે મારા નામે કંઈ મારી પાસે માગશો તો હું તે કરીશ.

### પવિત્ર આત્માનું વચન

[૧૫]"જો તમે મારા પર પ્રેમ કરો છો, તો પછી હું તમને જે આજ્ઞાઓ કરું તેનું પાલન કરશો. [૧૬]હું પિતાને પૂછીશ, અને તે મને બીજો સંબોધક* આપશે. તે તમને આ સંબોધક હંમેશા તમારી સાથે રહેવા માટે આપશે. [૧૭]તે સંબોધક સત્યનો આત્મા* છે. જગત તેનો સ્વીકાર કરી શકતું નથી. શા માટે? કારણ કે જગત તેને જોતું નથી કે તેને ઓળખતું નથી. પણ તમે તેને ઓળખો છો. તે તમારી સાથે રહે છે અને તે તમારામાં રહેશે.

[૧૮]"હું માતા પિતા વિનાના બાળકોની જેમ તમને બધાને એકલા છોડીશ નહિ. હું તમારી પાસે પાછો આવીશ. [૧૯]ખૂબ જ ટૂંકા સમયમાં જગતના લોકો મને વધારે વખત જોઈ શકશે નહિ. પણ તમે મને જોઈ શકશો. તમે જીવશો કારણ કે હું જીવું છું. [૨૦]તે દિવસે તમે જાણશો કે હું પિતામાં છું. તમે જાણશો કે તમે મારામાં છો અને હું તમારામાં છું. [૨૧]જો કોઈ વ્યક્તિ મારી આજ્ઞાને જાણે છે અને તે આજ્ઞાઓનું પાલન કરે છે. પછી તે માણસ ખરેખર મને પ્રેમ કરે છે અને મારા પિતા તે વ્યક્તિને પ્રેમ કરે છે જે મને પ્રેમ કરે છે અને હું તે માણસને પ્રેમ કરીશ. હું મારી જાતે તેને બતાવીશ."

[૨૨]પછી યહૂદાએ (યહૂદા ઈશ્કરિયોત નહિ) કહ્યું, "પણ પ્રભુ, તું શા માટે અમારી આગળ પ્રગટ થવાની યોજના કરે છે, પણ જગત આગળ નહિ?"

[૨૩]ઈસુએ ઉત્તર આપ્યો,"જો કોઈ વ્યક્તિ મને પ્રેમ કરે છે, તો તે મારા વચનનું પાલન કરશે. મારા પિતા તે વ્યક્તિને પ્રેમ કરશે. મારા પિતા અને હું તે વ્યક્તિ પાસે આવીશું અને તેની સાથે રહીશું. [૨૪]પણ જે વ્યક્તિ મને પ્રેમ કરતો નથી. તે મારા વચનનું પાલન કરતો નથી, આ વચન જે તમે સાંભળો છો તે ખરેખર મારું નથી. તે જેણે મને મોકલ્યો છે તે મારા પિતાનું છે.

[૨૫]"મેં તમને આ બધા વચનો કહ્યા જ્યારે હું તમારી સાથે છું. [૨૬]પરંતુ સંબોધક તમને બધું જ શીખવશે. મેં જે બધી બાબતો તમને કહીં છે તેનું સ્મરણ સંબોધક કરાવશે. આ સંબોધક પવિત્ર આત્મા છે જેને પિતા મારા નામે મોકલશે.

[૨૭]"હું તમને શાંતિ આપીને જાઉં છું. હું તમને આપું છું તે મારી પોતાની શાંતિ છે. જગત આપે છે તેના કરતાં જુદી રીતે હું તમને શાંતિ આપીશ. તેથી તમારા હૃદયોને વ્યાકુળ થવા દેશો નહિ. ડરશો નહિ. [૨૮]તમે મને સાંભળ્યો, જો તમને કહ્યું છે કે, 'હું વિદાય થાઉં છું, પણ હું તમારી પાસે પાછો આવીશ.' જો તમે મને પ્રેમ કરશો તો તમે સુખી થશો. હું પાછો પિતા પાસે જાઉં છું. શા માટે? કારણ કે હું છું તેના કરતાં પિતા વધારે મહાન છે. [૨૯]મેં હમણાં તમને આમ કહ્યું તે બનતા પહેલા કહ્યું છે. પછી જ્યારે તે બનશે, ત્યારે તમે વિશ્વાસ કરશો. [૩૦]હું તમારી સાથે વધારે લાંબો સમય વાત કરીશ નહિ. જગતનો શાસક (શેતાન) આવે છે. તેને મારા પર અધિકાર નથી. [૩૧]પરંતુ જગતે જાણવું જોઈએ કે હું પિતાને પ્રેમ કરું છું. તેથી પિતાએ મને જે કરવા કહ્યું છે તે બરાબર કરું છું.

"આવો. આપણે આ જગ્યા છોડીશું."

### ઈસુ એક દ્રાક્ષાવેલો છે

**૧૫** ઈસુએ કહ્યું, "હું ખરો દ્રાક્ષાવેલો છું; મારો પિતા માળી છે. [૨]તે ફળ નહિ ઉગાડતી મારી પ્રત્યેક ડાળીઓ કાપી નાખે છે. અને જે ફળ ઉગાડે છે તેવી ડાળીઓને વધારે ફળ આવે તે માટે શુદ્ધ કરે છે. [૩]મેં તમને જે વચનો કહ્યાં છે તેનાથી તમે હવે શુદ્ધ થઈ ગયા છો. [૪]તમે મારામાં છો અને હું તમારામાં રહીશ. કોઈ ડાળી એકલી ફળ આપી શકે નહિ. તે

---

**સંબોધક** અથવા "દિલાસો દેનાર," પવિત્ર આત્મા.

**સત્યનો આત્મા** પવિત્ર આત્મા. દેવનું સત્ય સમજાવવા ઈસુના શિષ્યોને સહાય કરવાનું કાર્ય કરે છે. જુઓ યોહા. ૧૬:૧૩.

દ્રાક્ષાવેલામાં હોવી જોઈએ. તમારું મારી સાથે તેવું જ
છે. તમે એકલા ફળ આપી શકો નહિ. તમારે મારામાં
રહેવું જોઈએ.
૫"હું દ્રાક્ષવેલો છું અને તમે ડાળીઓ છો. જો કોઈ
વ્યક્તિ મારામાં સતત રહે છે. તો હું તે વ્યક્તિમાં રહું
છું પછી તે વ્યક્તિ વધારે ફળ આપે છે. પણ મારા વિના
તે વ્યક્તિ કંઈ જ કરી શકતી નથી. ૬જો કોઈ વ્યક્તિ
મારામાં રહેતી નથી તો પછી તે ડાળી ફેંકી દેવા જેવી
છે. તે ડાળી નાશ પામે છે. લોકો સુકાઈ ગયેલી ડાળીઓ
ઉપાડી લે છે અને તેને અગ્નિમાં નાખીને બાળી નાખે
છે.
૭"મારામાં રહો, અને મારાં વચનમાં રહો. જો તમે
તેને અનુસરવાનું ચાલુ રાખશો તો તમે તમારી જરૂરી
કોઈ પણ વસ્તુ માગી શકશો. અને તે તમને આપવામાં
આવશે. ૮તમારે વધારે ફળ આપવાં જોઈએ અને બતાવવું
જોઈએ કે તમે મારા શિષ્યો છો. આનાથી મારા પિતાને
મહિમા પ્રાપ્ત થાય છે. ૯જે રીતે પિતાએ મને પ્રેમ કર્યો
તેમ હું તમને પ્રેમ કરું છું. હવે મારા પ્રેમમાં રહો. ૧૦મેં
મારા પિતાની આજ્ઞાનું પાલન કર્યું છે અને હું તેના
પ્રેમમાં રહ્યો છું તે જ રીતે જો તમે મારી આજ્ઞાનું પાલન
કરો છો તો તમે મારા પ્રેમમાં રહેશો. ૧૧મેં તમને આ
વચનો કહ્યાં છે જેથી મને જે આનંદ મળે છે તે જ
આનંદ તમને મળે. હું ઈચ્છું છું કે તમારો આનંદ સંપૂર્ણ
થાય. ૧૨મારી તમને આ આજ્ઞા છે કે મેં તમને પ્રેમ કર્યો
છે તેવો પ્રેમ તમે એકબીજાને કરો. ૧૩પોતાના મિત્રને
માટે જીવ આપીને જ વ્યક્તિ સૌથી શ્રેષ્ઠ પ્રેમ બતાવી
શકે છે. ૧૪હું તમને જે કહું તે જો તમે કરો તો તમે મારા
મિત્રો છો. ૧૫હવેથી હું તમને સેવકો કહીશ નહિ કારણ
કે સેવક કદી જાણતો નથી કે તેનો માલિક શું કરે છે પણ
હવે હું તમને મિત્રો કહું છું કારણ કે મેં મારા પિતા પાસે
સાંભળેલું બધું જ તમને કહ્યું છે. ૧૬તમે મને પસંદ કર્યો
નથી; મેં તમને પસંદ કર્યા છે. અને મેં તમને ત્યાં
જઈને ફળ આપવાનું કામ સોંપ્યું છે. હું ઈચ્છું છું કે આ
ફળ તમારા જીવનમાં ચાલુ રહે. પછી તમે મારા નામે
જે કંઈ માગશો તે પિતા તમને આપશે. ૧૭આ મારી
આજ્ઞા છે: તમે એકબીજાને પ્રેમ કરો.

### ઈસુ તેના શિષ્યોને ચેતવણી આપે છે

૧૮"જો જગત તમને ધિક્કારે છે તો, યાદ કરજો કે
જગતે મને પ્રથમ ધિક્કાર્યો છે. ૧૯જો તમે જગતના હોત
તો જગત તમારા પર પોતાના લોકોની જેમ પ્રેમ રાખત,
પણ મેં તમને જગતની બહારથી પસંદ કર્યા છે. તેથી
તમે જગતના નથી. તેથી જગત તમને ધિક્કારે છે. ૨૦મેં
તમને કહેલો પાઠ યાદ કરો: સેવક તેના માલિકથી મોટો
નથી. જો લોકોએ મારું ખોટું કર્યુ હશે તો પછી તેઓ
તમારું પણ ખોટું કરશે. અને જો લોકો મારા વચનનું
પાલન કરશે તો પછી તેઓ તમારી આજ્ઞાનું પણ પાલન
કરશે. ૨૧લોકો મારા કારણે આ બધું તમારી સાથે કરશે.
તેઓ જેણે મને મોકલ્યો છે તેને ઓળખતા નથી. ૨૨જો
મેં જગતના લોકોને આવીને કહ્યું ના હોત, તો પછી
તેઓ પાપના દોષિત થાત નહિ. પણ હવે મેં તમને કહ્યું
છે. તેથી તેઓનાં પાપ માટે હવે તેઓની પાસે બહાનું
નથી. ૨૩જે વ્યક્તિ મને ધિક્કારે છે તે મારા પિતાને પણ
ધિક્કારે છે. ૨૪તે લોકો વચ્ચે જે કામો મેં કર્યા છે તે
કામો આજપર્યંત કોઈએ કર્યા નથી. જો મેં તે કામો ના
કર્યા હોત તો તેઓ પાપના ગુનેગાર ના થયા હોત. પરંતુ
તેઓએ આ કામો જોયા છે જે મે કર્યા છે અને છતાં
તેઓ મને અને મારા પિતાને ધિક્કારે છે. ૨૫પણ આ
બન્યું તેથી તેઓના નિયમશાસ્ત્રમાં જે લખ્યું છે તે સાચું
પુરવાર થશે; 'તેઓએ મારો વિનાકારણે દ્વેષ રાખ્યો છે.'
૨૬"હું પિતા પાસેથી તમારા માટે સંબોધક મોકલીશ.
તે સંબોધક સત્યનો આત્મા છે જે પિતા પાસેથી આવે
છે. જ્યારે તે આવે છે, ત્યારે તે મારા વિષે કહેશે. ૨૭અને
તમે પણ લોકોને મારા વિષે કહેશો, કારણ કે તમે
શરૂઆતથી જ મારી સાથે રહ્યા છો."

**૧૬** "હું તમને આ વચનો કહું છું તેથી તે લોકો
તમારા વિશ્વાસનો નાશ કરવા શક્તિમાન થશે
નહિ. ૨લોકો તમને તેમના સભાસ્થાનોમાંથી હાંકી કાઢશે.
હા, એવો સમય આવે છે જ્યારે લોકો વિચારશે કે તમને
મારી નાખવા તે દેવની સેવા છે. ૩લોકો આ કામ કરશે
કારણ કે તેઓએ પિતાને ઓળખ્યો નથી. અને તેઓએ
મને પણ ઓળખ્યો નથી. ૪મેં તમને હવે આ વચનો
કહ્યાં છે. તેથી જ્યારે આ વસ્તુઓ થવાનો સમય આવે
ત્યારે મેં તમને આપેલી ચેતવણી તમે યાદ કરશો.

### પવિત્ર આત્માનું કાર્ય

"મેં તમને શરૂઆતમાં આ વચનો કહ્યાં ન હતા
કારણ કે ત્યારે હું તમારી સાથે હતો. ૫હવે હું જેણે મને
મોકલ્યો છે તેની પાસે પાછો જાઉં છું, પણ તમારામાંથી
કોઈએ મને પૂછયું નહિ, 'તું ક્યાં જાય છે?' ૬તમારાં
હૃદયો વ્યાકુળતાથી ભરાયેલાં છે. કારણ કે મેં તમને આ
વચનો કહ્યાં છે. ૭પણ હું તમને સત્ય કહું છું. મારું દૂર
જવું એ તમારા માટે સારું છે. શા માટે? કારણ કે હું
જ્યારે દૂર જઈશ હું તમારા માટે સંબોધક મોકલીશ.

પણ જો હું દૂર નહિ જાઉં તો પછી સંબોધક આવશે
નહિ. ૮જ્યારે સંબોધક આવશે ત્યારે લોકોને આ બાબતો
જેવી કે પાપ વિષે, ન્યાયીપણા વિષે અને ન્યાય ચુકવવા
વિષે જગતને ખાતરી કરાવશે. ૯સંબોધક ખાતરી કરશે
કે લોકો પાપી છે, કારણ કે તેઓને મારામાં વિશ્વાસ
નથી. ૧૦તે તેઓને મારા ન્યાયીપણા વિષે ખાતરી કરાવશે,
કારણકે હવે હું પિતા પાસે જાઉં છું. પછી તમે મને
જોશો નહિ. ૧૧અને સંબોધક જગતને ન્યાય વિષે ખાતરી
કરાવશે. કારણ કે ખરેખર આ જગતનો શાસક (શેતાન)
નો ન્યાય ચુકવવામાં આવ્યો છે.
૧૨"હજી મારે તમને ઘણી વાતો કહેવાની છે. પણ
હવે તમારા માટે તે બધું સ્વીકારવું વધારે પડતું છે.
૧૩પણ જ્યારે સત્યનો આત્મા આવશે ત્યારે તે તમને
સર્વ સત્યમાં દોરી જશે. સત્યનો આત્મા તેના પોતાના
વચનો બોલશે નહિ. તે ફક્ત જે સાંભળે છે તે જ બોલશે.
તે જે થનાર છે તેના વિષે કહેશે. ૧૪સત્યનો આત્મા
મને મહિમાવાન કરશે. કેવી રીતે? તે મારી પાસેથી
વાતો મેળવશે અને તમને તે વાતો કહેશે. ૧૫પિતા પાસે
જે બધું છે તે મારું છે. તેથી હું કહું છું કે આત્મા મારી
પાસેથી મેળવશે અને તમને તે કહેશે."

### ઉદાસીનતા પ્રસન્નતામાં પરિવર્તન પામશે

૧૬"ટૂંક સમય પછી તમે મને જોઈ શકશો નહિ.
પરંતુ ફરીથી ટૂંક સમય બાદ તમે મને જોઈ શકશો."
૧૭કેટલાક શિષ્યોએ એકબીજાને કહ્યું, "જ્યારે તે કહે
છે ત્યારે ઈસુ શું સમજે છે, 'ટૂંક સમય પછી તમે મને
જોઈ શકશો નહિ, અને પછી ટૂંક સમય પછી તમે મને
ફરીથી જોશો?' અને તે શું સમજે છે જયારે તે કહે છે,
'કારણ કે હું પિતા પાસે જાઉં છું?' ૧૮શિષ્યોએ પૂછયું,
"થોડા સમયનો તે શું અર્થ સમજે છે?' તે શું કહે છે તે
અમે સમજી શકતા નથી."'
૧૯ઈસુએ જાણ્યું કે શિષ્યો તેને આ વિષે પૂછવા
ઈચ્છતા હતા. તેથી ઈસુએ શિષ્યોને કહ્યુ, "જ્યારે હું
કહું છું તમે એકબીજાને પૂછો છો હું શું સમજું છું? થોડા
સમય પછી તમે મને જોશો નહિ અને પછી બીજા
થોડા સમય પછી તમે મને ફરીથી જોશો?" ૨૦હું તમને
સત્ય કહું છું. તમે રડશો અને ઉદાસ થશો, પણ જગતને
આનંદ થશે. તમે ઉદાસ થશો પરંતુ તમારી ઉદાસીનતા
આનંદમાં ફેરવાઈ જશે. ૨૧જ્યારે કોઈ સ્ત્રી બાળકને જન્મ
આપે છે ત્યારે, તેને પીડા થાય છે કારણ કે તેનો સમય
આવ્યો છે. પણ જ્યારે તેના બાળકનો જન્મ થાય છે, તે
પીડા ભૂલી જાય છે. તે ભૂલી જાય છે કારણ કે બાળકનો
જન્મ આ જગતમાં થયો હોવાથી તે ઘણી પ્રસન્ન હોય
છે. ૨૨તમારી સાથે પણ એવું જ છે. તમે હમણા ઉદાસ
છો. પણ હું તમને ફરીથી જોઈશ અને તમે પ્રસન્ન
થશો અને કોઈ તમારો આનંદ છીનવી શકશે નહિ.
૨૩તે દિવસે તમે મને કંઈ પૂછશો નહિ. હું તમને સત્ય
કહું છું. મારા નામે તમે જે કંઈ મારા પિતા પાસેથી
માગશો તે તમને આપશે. ૨૪તમે કદી પણ મારા નામે
કશું માગ્યું નથી. માગો અને તમને પ્રાપ્ત થશે. અને
તમારો આનંદ સંપૂર્ણ થશે.

### જગત પર વિજય

૨૫"મેં તમને આ વચનો અર્થને છુપાવતા શબ્દોનો
ઉપયોગ કરીને કહી છે. પરંતુ એવો સમય આવશે હું
તમને વચનો કહેવા માટે તેના જેવા શબ્દોનો ઉપયોગ
કરીશ નહિ. હું તમારી સાથે પિતા વિષે સાદા શબ્દોમાં
વાતો કરીશ." ૨૬તે દિવસે તમે મારા નામે પિતા પાસે જે
કંઈ માગશો. હું કહું છું કે મારે તમારા માટે પિતાની
પાસે કંઈ માગવાની જરૂર પડશે નહિ. ૨૭ના! પિતા
પોતે તમને પ્રેમ કરે છે. તે તમને પ્રેમ કરે છે કારણ કે
તમે મને પ્રેમ કર્યો છે. અને તે તમને પ્રેમ કરે છે કારણ
કે તમે વિશ્વાસ કર્યો છે કે હું દેવ પાસેથી આવ્યો છું.
૨૮હું પિતા પાસેથી જગતમાં આવ્યો છું. હવે હું જગત
છોડીને પિતા પાસે પાછો જાઉં છું."
૨૯પછી ઈસુના શિષ્યોએ કહ્યું, "હવે તું અમને સ્પષ્ટ
કહે છે. તું સમજવામાં કઠિન પડે એવા શબ્દપ્રયોગ
કરતો નથી. ૩૦હવે અમે જોઈ શકીએ છીએ કે તું બધું
જાણે છે. તું વ્યક્તિને તે પૂછે તે પહેલા તેનો ઉત્તર આપે
છે. તેથી અમને વિશ્વાસ થાય છે કે તું દેવ પાસેથી
આવ્યો છે."
૩૧ઈસુએ કહ્યું, "તેથી શું હવે તમે વિશ્વાસ કરો છો?
૩૨ધ્યાનપૂર્વક મને સાંભળો. સમય આવે છે જ્યારે તમે
વેરવિખેર થઈ જશો. તે સમય હવે અહીં છે. તમે મને
છોડી જશો. હું એકલો પડીશ. પણ ખરેખર હું એકલો
નહિ હોઉં, કારણ કે પિતા મારી સાથે છે."
૩૩"મેં તમને આ વચનો કહ્યાં છે જેથી કરીને તમને
મારામાં શાંતિ મળે. આ દુનિયામાં તમને મુશ્કેલીઓ
પડશે. પરંતુ હિંમતવાન બનો! મેં જગતને પરાજય
આપ્યો છે! "

### ઈસુ તેના શિષ્યો માટે પ્રાર્થના કરે છે

૧૭ ઈસુએ આ વાતો કહી રહ્યાં પછી તેણે આકાશ
તરફ જોયું. ઈસુએ પ્રાર્થના કરી, "પિતા, સમય

આવ્યો છે. તારા દીકરાને મહિમાવાન કર. જેથી દીકરો
તને મહિમાવાન કરે. ૨તેં દીકરાને સર્વ લોકો પર અધિકાર
આપ્યો છે. જેથી દીકરો તે બધા લોકોને અનંતજીવન
બક્ષે. જે તેં તેને આપ્યું છે. ૩અને આ અનંતજીવન છે
કે માણસો તને ઓળખી શકે, ફકત ખરા દેવ, અને તે
માણસો ઈસુ ખ્રિસ્તને ઓળખી શકે. જેને તેં મોકલ્યો
છે. ૪તેં મને જે કામ કરવાનું સોંપ્યું છે તે કામ મેં પૂરું
કર્યુ છે. મેં તને પૃથ્વી પર મહિમાવાન કર્યો છે. ૫અને
હવે, હે પિતા, તારી સાથે મને મહિમાવાન કર. જગતની
શરૂઆત થતાં પહેલાં તારી સાથે મારો જે મહિમા હતો
તે મને આપ."

૬"તેં મને જગતમાંથી કેટલાક માણસો આપ્યા. મેં
તેઓને તું કોના જેવો છે તે બતાવ્યું છે. તે માણસો તારા
હતા. અને તેં મને તેઓ આપ્યા છે. તેઓએ તારા ઉપદેશનું
પાલન કર્યુ છે. ૭હવે તેઓ જાણે છે કે તેં મને આપેલી
દરેક વસ્તુ તારી પાસેથી આવે છે. ૮તેં મને જે વચનો
આપ્યા છે તે મેં તેઓને આપ્યા. તેઓએ તે વચનોને
સ્વીકાર્યા. તેઓ જાણે છે કે હું તારી પાસેથી આવ્યો છું
અને તેઓને વિશ્વાસ છે કે તેં મને મોકલ્યો છે. ૯હમણા
હું તેઓને માટે પ્રાર્થના કરું છું. હું જગતના લોકો માટે
પ્રાર્થના કરતો નથી. પણ તેં મને જે લોકો આપ્યાં છે
તેઓને માટે હું પ્રાર્થના કરું છું, કારણ કે તેઓ તારાં છે.
૧૦મારી પાસે જે બધા છે તે તારાં છે, અને તારી પાસે જે
બધા છે તે મારાં છે, અને આ માણસો મારો મહિમા
લાવે છે. ૧૧હવે હું તારી પાસે આવું છું. હવે હું આ
જગતમાં રહીશ નહિ. પણ આ માણસો હજુ પણ આ
દુનિયામાં છે. પવિત્ર પિતા તેઓને સલામત રાખે છે.
તારા નામના અધિકારથી સલામત રાખે છે (જે નામ તેં
મને આપેલું છે.), તેથી તેઓ એક થશે, જેમ તું અને હું
એક છીએ. ૧૨જ્યારે હું તેઓની સાથે હતો, મેં તેઓને
સલામત રાખ્યાં. મેં તારા નામની સત્તાથી તેઓને
સલામત રાખ્યાં–જે નામ તેં મને આપ્યું છે. મેં તેઓનું
રક્ષણ કર્યુ છે. અને તેઓમાંનો માત્ર એક ખોવાયો હતો.
જે માણસ પસંદ કરાયેલ ન હતો. તે ખોવાયો હતો.
શાસ્ત્રલેખમાં જે કહ્યું છે તે બની શકે."

૧૩"હું હમણા તારી પાસે આવું છું. પણ હું આ વસ્તુઓ
માટે પ્રાર્થના કરું છું ત્યારે પણ હું હજુ જગતમાં છું. હું
આ વસ્તુઓ કહું છું તેથી આ માણસો મારો આનંદ
પ્રાપ્ત કરી શકે. હું ઈચ્છું છું કે મારો બધો આનંદ તેઓની
પાસે હોય. ૧૪મેં તેઓને તારો ઉપદેશ આપ્યો છે અને
જગતે તેઓનો તિરસ્કાર કર્યો છે, કારણ કે તેઓ આ
દુનિયાના નથી. જેમ હું આ દુનિયાનો નથી. ૧૫હું તને
તેઓને આ દુનિયામાંથી બહાર લઈ જવાનું કહેતો નથી.
પણ હું તને દુષ્ટ પાપમાંથી (શેતાનથી)તેઓને સલામત
રાખવાનું કહું છું. ૧૬તેઓ આ જગતના નથી, તે જ રીતે
હું આ જગતનો નથી. ૧૭તેઓને તારા સત્ય દ્વારા તારી
સેવા માટે તૈયાર કર. તારું વચન સત્ય છે. ૧૮મેં તેઓને
જગતમાં મોકલ્યા છે. જે રીતે તેં મને જગતમાં મોકલ્યો
છે. ૧૯હું મારી જાતને સેવા માટે તૈયાર કરું છું. હું તેઓના
માટે આ કરું છું. જેથી કરીને તેઓ ખરેખર તારી સેવા
માટે તૈયાર થઈ શકે."

૨૦"હું આ માણસો માટે પ્રાર્થના કરું છું. હું પણ તે
બધા લોકો માટે પ્રાર્થના કરું છું. આ બધા લોકોના વચનના
કારણે તેઓ મારામાં વિશ્વાસ કરશે. ૨૧પિતા, હું પ્રાર્થના
કરું છું કે જે બધા લોકો મારામાં વિશ્વાસ કરે છે તેઓ
એક બને. તું મારામાં છે અને હું તારામાં છું. હું પ્રાર્થના
કરું છું કે આ બધા લોકો પણ આપણામાં એક થાય.
તેથી જગત વિશ્વાસ કરશે કે તેં મને મોકલ્યો છે. ૨૨મેં
આ લોકોને તેં મને જે મહિમા આપ્યો હતો તે મેં આપ્યો
જેથી આપણે જેમ એક છીએ તે પ્રમાણે તેઓ પણ એક
થાય. ૨૩હું તેઓમાં હોઈશ અને તું મારામાં હોઈશ.
તેથી તેઓ સંપૂર્ણ રીતે એક થશે. પછી જગત જાણશે કે
તેં મને મોકલ્યો છે અને જગત જાણશે કે તેં આ લોકોને
પ્રેમ કર્યો હતો. જેમ તેં મને પ્રેમ કર્યો હતો.

૨૪"પિતા, હું ઈચ્છું છું કે હું જે દરેક જગ્યાએ છું ત્યાં
તેં મને જેઓને આપ્યાં છે તેઓ મારી સાથે રહે. હું
ઈચ્છું છું કે તેઓ મારો મહિમા જુએ. આ મહિમા તેં
મને આપેલો છે. કારણ કે જગતની ઉત્પત્તિ થતાં પહેલા
તેં મને પ્રેમ કર્યો છે. ૨૫પિતા, તું એક જે ન્યાયી છે.
જગત તને જાણતું નથી. પણ હું તને જાણું છું. અને આ
લોકો જાણે છે કે તેં મને મોકલ્યો છે. ૨૬મેં તેઓને
બતાવ્યું છે કે તું કોના જેવો છે. અને ફરીથી હું તેઓને
બતાવીશ તું કોના જેવો છે. પછી તેઓને એજ પ્રેમ
મળશે જેવો તને મારા માટે છે. અને હું તેઓનામાં
રહીશ. "

### ઈસુ પકડાય છે

૧૮ જ્યારે ઈસુએ પ્રાર્થના પૂરી કરી, તે તેના શિષ્યો
સાથે વિદાય થયો. તેઓ કિદ્રોન ખીણને પેલે
પાર ગયા. બીજી બાજુએ ત્યાં એક ઓલીવના વૃક્ષોની
વાડી હતી. ઈસુ અને તેના શિષ્યો ત્યાં ગયા.

૨યહૂદાએ જાણ્યું આ જગ્યા ક્યાં હતી, કારણ કે ઈસુ
તેના શિષ્યો સાથે વારંવાર ત્યાં મળતા હતો. યહૂદા જે
ઈસુની વિરુદ્ધ થયો હતો. ૩તેથી યહૂદા સૈનિકોના સમૂહને

બાગ તરફ દોરી ગયો. યહૂદા મુખ્ય યાજકો તથા ફરોશીઓ
પાસેથી સિપાઈઓને લઈને આવ્યો. તેઓ મશાલો,
ફાનસો અને શસ્રો લઈને આવ્યા હતા.

૪ઈસુ બધું જ જાણતો હતો કે તેનું શું થવાનું હતું.
ઈસુ બહાર ગયો અને પૂછયું, "તમે કોને શોધો છો?"

૫તે માણસોએ ઉત્તર આપ્યો, "નાઝરેથના ઈસુને."

ઈસુએ કહ્યું, "હું ઈસુ છું." (યહૂદા, જે એક ઈસુની
વિરુદ્ધ થયો તે તેઓની સાથે ત્યાં ઊભો હતો.) ૬જ્યારે
ઈસુએ કહ્યું, "હું ઈસુ છું." ત્યારે માણસો પાછા પડ્યા
અને જમીન પર પડ્યા.

૭ઈસુએ તેઓને ફરીથી પૂછયું, "તમે કોની શોધ
કરો છો?"

તે માણસોએ કહ્યું,"નાઝરેથના ઈસુની."

૮ઈસુએ કહ્યું, "મેં તમને કહ્યું કે, "હું ઈસુ છું, તેથી
જો તમે મારી શોધ કરતાં હોય તો પછી આ બીજા
માણસોને મુક્ત રીતે જવા દો." ૯આ બન્યું તેથી ઈસુએ
અગાઉ કહ્યું હતું તે સાચું સાબિત થશે. "તેં મને આપેલા
માણસોમાંથી મેં કોઈને ગુમાવ્યો નથી."

૧૦સિમોન પિતર પાસે એક તલવાર હતી. તેણે
તલવાર ખેંચીને પ્રમુખ યાજકના સેવકને મારીને તેનો
જમણો કાન કાપી નાખ્યો. (સેવકનું નામ માલ્ખસ હતુ.)
૧૧ઈસુએ પિતરને કહ્યું, "તારી તલવાર પાછી મ્યાનમાં
મૂક! મારે પીડાનો પ્યાલો પીવાનું સ્વીકારવું જોઈએ જે
મને પિતાએ આપ્યો છે."

### ઈસુને અન્નાસની આગળ લાવવામાં આવે છે

૧૨પછી સૈનિકો તેમના સેનાપતિઓ સાથે અને યહૂદી
ચોકીદારોએ ઈસુને પકડ્યો. તેઓએ ઈસુને બાંધ્યો.
૧૩અને તેને પ્રથમ અન્નાસ પાસે લાવ્યા. અન્નાસ
કાયાફાનો સસરો હતો. તે વર્ષે કાયાફા પ્રમુખ યાજક
હતો. ૧૪કાયાફા જે એક હતો જેણે યહૂદીઓને સલાહ
આપી. જો કોઈ એક માણસ બધા લોકો માટે મૃત્યુ પામે
તો તે વધારે સારું હશે.

### પિતર ઈસુની જાણકારી વિષે જૂઠું બોલે છે

૧૫સિમોન પિતર અને બીજો એક ઈસુનો શિષ્ય
ઈસુને અનુસર્યા. આ શિષ્ય પ્રમુખ યાજકને જાણતો
હતો. તેથી તે ઈસુની સાથે પ્રમુખ યાજકના મકાનના
વરંડામાં ગયો. ૧૬પરંતુ પિતરે બહાર દરવાજાની બાજુમાં
રાહ જોઈ. તે શિષ્યે જેણે જાણ્યું કે પ્રમુખ યાજક બહારની
બાજુ પાછો આવ્યો. તેણે તે છોકરીને કહ્યું કે લોકો માટે
દરવાજા ઉઘાડ. પછી તે પિતરને અંદર લાવ્યો. ૧૭દરવાજા
પાસેની ચોકીદાર છોકરીએ પિતરને કહ્યું, "શું તું પણ તે
માણસના (ઈસુ) શિષ્યોમાંનો એક છે?"

પિતરે કહ્યું, "ના, હું નથી! "

૧૮તે સમયે ઠંડી હતી, તેથી તો સેવકો અને ચોકીદારોએ
અગ્નિ સળગાવ્યો હતો. તેઓ તેની આજુબાજુ ઊભા
હતા અને પોતાની જાતે તાપતા હતા. પિતર આ
માણસોની સાથે ઊભો હતો.

### પ્રમુખ યાજક ઈસુને પ્રશ્નો પૂછે છે

૧૯પ્રમુખ યાજકે ઈસુને તેના શિષ્યો વિષે પ્રશ્નો
પૂછયા. તેણે ઈસુને તેણે આપેલા બોધ વિષે પ્રશ્નો પૂછયા.
૨૦ઈસુએ ઉત્તર આપ્યો, "હું હંમેશા બધા જ લોકોને
જાહેરમાં કહું છું. મેં હંમેશા સભાસ્થાનોમાં અને મંદિરોમાં
બોધ આપ્યો છે. બધા જ યહૂદીઓ ત્યાં ભેગા થતા
હતા. મેં કદી ગુપ્ત રીતે કશું જ કહ્યું નથી. ૨૧તો પછી તું
મને શા માટે પ્રશ્ન કરે છે? જે લોકોએ મારો બોધ સાંભળ્યો
છે તેઓને પૂછ. "મેં શું કહ્યું તે તેઓ જાણે છે."

૨૨જ્યારે ઈસુએ આ કહ્યું, ત્યાં ઊભેલા ચોકીદારોમાંના
એકે તેને માર્યો. ચોકીદારે કહ્યું, "તારે પ્રમુખ યાજક
સાથે આ રીતે વાત ના કરવી જોઈએ!"

૨૩ઈસુએ ઉત્તર આપ્યો, "જો હું કંઈક ખોટું કહું તો,
પછી અહીં દરેક જણને સાબિત કરાવો કે શું ખોટું હતું.
પણ જો મેં કહેલી વાતો સાચી હોય તો પછી તું મને શા
માટે મારે છે?"

૨૪તેથી અન્નાસે ઈસુને પ્રમુખ યાજક કાયાફા પાસે
મોકલ્યો. હજુ ઈસુ બંધાયેલો હતો.

### પિતર ફરી જૂઠું બોલે છે

૨૫સિમોન પિતર પોતાની જાતને ગરમ રાખવા માટે
અગ્નિ પાસે ઊભો હતો, બીજા માણસોએ પિતરને કહ્યું,
"શું તું તે માણસના (ઈસુ) શિષ્યોમાંનો એક છે?"

પરંતુ પિતરે નકાર કરીને કહ્યું, "ના, હું નથી."

૨૬પ્રમુખ યાજકના સેવકોમાંનો એક ત્યાં હતો. આ
સેવક તે માણસનો સંબંધી હતો જેનો પિતરે કાન કાપી
નાખ્યો હતો. તે સેવકે કહ્યું કે, "મેં તને તેની (ઈસુ)
સાથે બાગમાં જોયો નથી?"

૨૭પરંતુ ફરીથી પિતરે કહ્યું, "ના, હું તેની સાથે ન
હતો!" અને તે જ સમયે મરઘો બોલ્યો.

### ઈસુને પિલાતની આગળ લાવવામાં આવે છે

૨૮પછી યહૂદીઓ ઈસુને કાયાફાના મકાનમાંથી
રોમન હાકેમના દરબારમાં લઈ જાય છે. તે વહેલી

સવારનો સમય હતો. યહૂદીઓ દરબારની અંદર જઈ શક્યા નહિ. તેઓ તેમની જાતને અશુદ્ધ* બનાવવા ઈચ્છતા નહોતા. કારણ કે તેઓ પાસ્ખાપર્વનું ભોજન ખાવા ઈચ્છતા હતા. ૨૯તેથી પિલાત બહારની બાજુએ યહૂદીઓ તરફ ગયો. તેણે પૂછયું, "તું શું કહે છે, આ માણસે શું ખોટું કર્યુ છે?"

૩૦યહૂદીઓએ ઉત્તર આપ્યો, "તે ખરાબ માણસ છે. તેથી અમે તેને તારી પાસે લાવ્યા છીએ."

૩૧પિલાતે યહૂદીઓને કહ્યું, "઼ઓ યહૂદીઓ, તમે પોતે એને લઈ જાઓ, અને તમારા નિયમશાસ્ત્ર પ્રમાણે એનો ન્યાય કરો."

યહૂદીઓએ ઉત્તર આપ્યો, "પણ અમારું નિયમશાસ્ત્ર અમને કોઈ વ્યક્તિને તેને મૃત્યુદંડની શિક્ષા કરવાની પરવાનગી આપતું નથી."

૩૨(આમ બન્યું તેથી પોતે કેવી રીતે મૃત્યુ પામવાનો હતો તે વિષે ઈસુએ કહેલા વચન સાચા ઠરે.)

૩૩પછી પિલાત પાછો મહેલની અંદરની બાજુએ ગયો. પિલાતે ઈસુને પોતાની પાસે બોલાવ્યો. તેણે ઈસુને પૂછયું, "શું તું યહૂદીઓનો રાજા છે?"

૩૪ઈસુએ કહ્યું, "શું તે તારો પોતાનો સવાલ છે, અથવા બીજા લોકોએ તને મારા વિષે કહ્યું છે?"

૩૫પિલાતે કહ્યું, "હું યહૂદી નથી! તે તારા પોતાના લોકો અને મુખ્ય યાજકો તને લાવ્યા છે. તેં શું ખોટું કર્યુ છે?"

૩૬ઈસુએ કહ્યુ, "મારું રાજ્ય આ જગતનું નથી. જો તે આ જગતનું હોત, તો પછી મારા સેવકો લડાઈ કરત તેથી મને યહૂદીઓને સોંપવામાં આવી શકાયો ના હોત. પણ મારું રાજ્ય બીજા કોઈ સ્થળનું છે."

૩૭પિલાતે કહ્યું, "તેથી તું રાજા છે!"

ઈસુએ ઉત્તર આપ્યો, "તું કહે છે કે હું રાજા છું તે સાચું છે. મારો જન્મ આ માટે થયો હતો કે લોકોને સત્ય વિષે કહેવું. તેના કારણે હું જગતમાં આવ્યો છું. અને પ્રત્યેક વ્યક્તિ જે સત્યનો છે તે મને ધ્યાનથી સાંભળે છે."

૩૮પિલાતે કહ્યું, "સત્ય શું છે?" જ્યારે પિલાતે આ કહ્યું, તે ફરીથી યહૂદીઓ સાથે બહાર ગયો. પિલાતે યહૂદીઓને કહ્યું, "આ માણસમાં તેની સામેનો કોઈ આક્ષેપ મૂકવા જેવું મને કંઈ લાગતું નથી. ૩૯પણ પાસ્ખાપર્વના સમયે તમારા માટે એક બંદીવાનને મારે મુક્ત કરવો જોઈએ એવો તમારા રિવાજોમાં એક રિવાજ છે. શું તમે ઈચ્છો છો કે હું આ 'યહૂદીઓના રાજાને મુક્ત કરું?" ૪૦યહૂદીઓએ પાછળથી બૂમ પાડી, "ના, એને તો નહિ જ! બરબ્બાસને મુક્ત કરીને જવા દો!" (બરબ્બાસ એ તો લૂંટારો હતો.)

**૧૯** પછી પિલાતે આજ્ઞા કરી કે ઈસુને દૂર લઈ જઈને કોરડા ફટકારો. ૨સૈનિકોએ કેટલીક કાંટાળી ડાળીઓનો મુગટ બનાવવામાં ઉપયોગ કર્યો. તેઓએ આ કાંટાનો મુગટ ઈસુના માથે મૂક્યો. પછી તે સૈનિકોએ જાંબુડા રંગનો ઝભ્ભો ઈસુને પહેરાવ્યો. ૩સૈનિકો ઈસુ પાસે ઘણીવાર આવ્યા અને કહ્યું, "હે યહૂદીઓના રાજા, સલામ! " તેઓએ ઈસુને ચહેરા પર માર્યો.

૪ફરીથી પિલાત બહાર આવ્યો અને યહૂદીઓને કહ્યું, "જુઓ! હું ઈસુને બહાર તમારી પાસે મોકલું છું. હું ઈચ્છું છું કે તમે જાણો કે મને તેની સામે ગુનો દાખલ કરવા કંઈ મળ્યું નથી." ૫પછી ઈસુ બહાર આવ્યો. તેણે કાંટાનો મુગટ અને જાંબલી ઝભ્ભો પહેર્યો હતો. પિલાતે યહૂદીઓને કહ્યું, "અહીં તે માણસ છે!"

૬જ્યારે મુખ્ય યાજકો અને યહૂદી ચોકીદારોએ ઈસુને જોયો તેઓએ બૂમ પાડી, "વધસ્તંભ પર તેને જડો! વધસ્તંભ પર તેને જડો!"

પરંતુ પિલાતે ઉત્તર આપ્યો,"તમે તેને લઈ જાઓ અને તેને તમારી જાતે વધસ્તંભે જડો. મને એનામાં તેની સામે આક્ષેપ મૂકવા કોઈ ગુનો જડ્યો નથી."

૭યહૂદીઓએ ઉત્તર આપ્યો," અમારું નિયમશાસ્ત્ર છે તે કહે છે તેણે મરણદંડ ભોગવવો જોઈએ, કારણ કે તેણે કહ્યું કે તે દેવનો દીકરો છે. "

૮જ્યારે પિલાતે આ સાંભળ્યું, તે વધારે ડર્યો. ૯પિલાત દરબારની અંદરની બાજુએ પાછો ગયો. તેણે ઈસુને પૂછયું, "તું ક્યાંનો છે?" પણ ઈસુએ તેને કોઈ ઉત્તર આપ્યો નહિ. ૧૦પિલાતે કહ્યું, "તું મને કહેવાની ના પાડે છે? યાદ રાખ, તને મુક્ત કરવાની સત્તા મારી પાસે છે. તને વધસ્તંભ પર મારી નાખવાની સત્તા પણ મને છે."

૧૧ઈસુએ ઉત્તર આપ્યો, "મારા પરની જે સત્તા છે તે ફક્ત તને દેવે જ આપેલી છે તેથી જે માણસે મને તને સોંપ્યો છે તે વધારે મોટા પાપને માટે દોષિત છે."

૧૨આ પછી, પિલાતે ઈસુને છોડી દેવાનો પ્રયત્ન કર્યો. પરંતુ યહૂદીઓએ બૂમો પાડી. "જે કોઈ વ્યક્તિ પોતે રાજા હોવાનો દાવો કરે છે તે કૈસરનો વિરોધી છે

---

**અશુદ્ધ** યહૂદીઓ એવું માનતા હતા કે બીનયહૂદીઓના ઘરે જવાથી તેઓની પવિત્રતા અશુદ્ધ થઈ જતી હતી. જૂઓ યોહા. ૧૧:૫૫.

તેથી જો તું આ માણસને છોડી દેશે તો એનો અર્થ એ કે
તું કૈસરનો મિત્ર નથી."
૧૩યહૂદીઓએ જે કહ્યું તે પિલાતે સાંભળ્યું. તેથી તે
ઈસુને બહાર ફરસબંદી નામની જગ્યાએ લાવ્યો. (યહૂદી
ભાષામાં "ગબ્બથા" કહે છે.) પિલાત ત્યાં ન્યાયાસન
પર બેઠો. ૧૪હવે તે પાસ્ખાપર્વની તૈયારીનો દિવસ*
હતો અને લગભગ બપોરનો સમય હતો. પિલાતે
યહૂદીઓને કહ્યું, "તમારો રાજા અહીં છે!"
૧૫યહૂદીઓએ બૂમ પાડી, "તેને દૂર લઈ જાઓ!
તેને દૂર લઈ જાઓ! તેને વધસ્તંભ પર જડો!"
પિલાતે યહૂદીઓને પૂછયું, "શું તમે ઈચ્છો છો કે હું
તમારા રાજાને વધસ્તંભે જડાવું?"
મુખ્ય યાજકોએ ઉત્તર આપ્યો, "અમારો રાજા ફક્ત
કૈસર છે."
૧૬તેથી પિલાતે ઈસુને તેને વધસ્તંભ પર જડીને
મારી નાખવા સોંપ્યો.

### ઈસુનું વધસ્તંભ પર મૃત્યુ

સૈનિકોએ ઈસુને પકડયો. ૧૭ઈસુ તેનો પોતાનો
વધસ્તંભ ઊચકીને "તે ખોપરીની જગ્યાના નામે
ઓળખાતા સ્થળે ગયો." (યહૂદી ભાષામાં તે જગ્યાને
"ગુલગુથા" કહેવાય છે.) ૧૮ગુલગુથામાં તેઓએ ઈસુને
વધસ્તંભ પર જડ્યો. તેઓએ બીજા બે માણસોને
વધસ્તંભ પર મૂક્યા. તેઓએ ઈસુને વચમાં રાખીને
તેની આજુબાજુ બે માણસોને મૂક્યા. ૧૯પિલાતે એક
નિશાની લખી અને તેને વધસ્તંભ પર મૂકી. તે નિશાની
પર લખેલું હતું, **"નાઝરેથનો ઈસુ, યહૂદીઓનો રાજા."**
૨૦તે નિશાની યહૂદી, લેટિન, ગ્રીક ભાષામાં લખેલી
હતી. યહૂદીઓમાંના ઘણાએ નિશાની વાંચી, કારણ કે
આ જગ્યા જ્યાં તેઓએ ઈસુને વધસ્તંભ પર મારી
નાખ્યો તે શહેરની નજીક હતી. ૨૧મુખ્ય યહૂદી યાજકોએ
પિલાતને કહ્યું, "યહૂદીઓનો રાજા" એમ લખો નહિ
પણ લખો, "આ માણસે કહ્યું, 'હું યહૂદીઓનો રાજા
છું.'"
૨૨પિલાતે ઉત્તર આપ્યો, "મેં જે લખ્યું છે તે હું બદલીશ
નહિ."
૨૩સૈનિકોએ ઈસુને વધસ્તંભ પર જડ્યા પછી તેઓએ
તેના લૂગડાં ઉતાર્યાં. તેઓએ તેના લૂગડાંના ચાર ભાગો
પાડ્યા. દરેક સૈનિકે એક ભાગ લીધો. તેઓએ તેનો
લાંબો ડગલો પણ લીધો. તે ઉપરથી નીચે સુધી ગૂંથેલો
આખો એક લૂગડાંનો ટુકડો હતો. ૨૪તેથી સૈનિકોએ
એકબીજાને કહ્યું,"આપણે તેના ભાગ પાડવા માટે આને
ચીરવો જોઈએ નહિ પણ એ કોને મળે એ જાણવા માટે
ચિઠ્ઠીઓ નાખવી." તે શાસ્ત્રમાં લખેલું છે એ સાચું થાય,
તેથી આમ બન્યું:

"તેઓએ મારા લૂગડાં તેઓની વચ્ચે વહેંચ્યા.
અને તેઓએ મારા લૂગડાં માટે ચિઠ્ઠીઓ નાખી."
*ગીતશાસ્ર ૨૨:૧૮*

તેથી સૈનિકોએ આ કર્યુ.
૨૫ઈસુની મા તેના વધસ્તંભ નજીક ઊભી હતી.
તેની માની બહેન કલોપાની પત્ની તથા મગ્દલાની
મરિયમ પણ ત્યાં હતી. ૨૬ઈસુએ તેની માને જોઈ તથા
તે જેના પર પ્રેમ રાખતો હતો તે શિષ્યને પણ ત્યાં
ઊભેલો જોયો. તેણે તેની માને કહ્યું, "વહાલી બાઈ,
તારો દીકરો અહીં છે." ૨૭પછી ઈસુએ શિષ્યને કહ્યું,
"અહીં તારી મા છે." તેથી આમ કહ્યા પછી, આ શિષ્ય
ઈસુની માને તેના ઘરે રહેવા લઈ ગયો.

### ઈસુ મૃત્યુ પામે છે

૨૮પાછળથી, ઈસુએ જાણ્યું કે હવે બધું જ પૂરું થઈ
ગયું છે તેથી શાસ્રવચન પ્રમાણે પૂર્ણ કરવા તેણે કહ્યું,
"હું તરસ્યો છું."* ૨૯ત્યાં સરકાથી ભરેલું વાસણ હતું
તેથી સૈનિકોએ તેમાં વાદળી બોળી અને તેઓએ ઝૂફાના
છોડની એક ડાળી પર વાદળી મૂકી. પછી તેઓએ તે
ઈસુના મોંમાં મૂકી. ૩૦ઈસુએ તે સરકો ચાખ્યો. પછી
તેણે કહ્યું, "સપૂર્ણ થયું." ઈસુએ તેનું માથું નમાવ્યું અને
મૃત્યુ પામ્યો.
૩૧આ દિવસ તૈયારીનો દિવસ હતો. બીજો દિવસ
ખાસ સાબ્બાથ દિવસ હતો. યહૂદીઓ ઈચ્છતા નહોતા
કે સાબ્બાથના દિવસે વધસ્તંભ પર મુડદાં રહે. તેથી
તેઓએ પિલાતને વિનંતી કરી કે તેઓના પગ ભાંગવામાં
આવે જેથી તેઓ જલદી મરણ પામે અને તેઓના મુડદાં
વધસ્તંભ પરથી ઉતારી શકાય. ૩૨તેથી તે સૈનિકો આવ્યા
અને ઈસુની બાજુમાં વધસ્તંભ પરના પહેલા માણસના
પગ ભાંગી નાખ્યા. ૩૩પરંતુ જ્યારે તે સૈનિકો ઈસુની
નજીક આવ્યા. તેઓએ જોયું કે તે ખરેખર મૃત્યુ પામી
ચૂક્યો હતો તેથી તેઓએ તેના પગ ભાંગ્યા નહિ. ૩૪પણ
સૈનિકોમાંના એકે ઈસુની કૂખમાં તેનો ભાલો ભોંકી
દીધો. તેથી લોહી અને પાણી બહાર નીકળ્યા. ૩૫(જે
વ્યક્તિએ આ બનતા જોયું તેણે તે વિષે કહ્યું. તેથી તમે
પણ વિશ્વાસ કરી શકો તે જે વાતો કહે છે તે સાચી છે.

---

**તૈયારીનો દિવસ** શુક્રવાર, સાબ્બાથ દિવસ પહેલાનો દિવસ.

**"હું તરસ્યો છું."** ગી.શા. ૨૨:૧૫; ૬૯:૨૧.

તે જાણે છે કે તે સાચું કહે છે.) ૩૬આ બાબતો બની
તેથી કરીને શાસ્ત્રવચન પૂર્ણ થયું છે. "તેનું એક પણ
હાડકું ભાંગવામાં આવશે નહિ." ૩૭બીજા શાસ્ત્રવચનમાં
કહ્યું છે, "જેને તેઓએ વીધ્યો તેને તેઓ જોશે."*

### ઈસુનું દફન

૩૮પાછળથી, અરિમથાઈનો યૂસફ નામનો માણસ
પિલાતને ઈસુના દેહને લઈ જવા માટે પૂછયું. (યૂસફ
ઈસુનો ગુપ્ત શિષ્ય હતો. પરંતુ તેણે ગુપ્ત રાખ્યું, કારણ
કે તે યહૂદીઓથી બીતો હતો.) પિલાતે કહ્યું કે યૂસફ
ઈસુના દેહને લઈ જઈ શકે તેમ છે. તેથી યૂસફ આવ્યો
અને ઈસુના દેહને લઈ ગયો. ૩૯નિકોદેમસ યૂસફ સાથે
ગયો. નિકોદેમસ તે માણસ હતો જે અગાઉ રાત્રે ઈસુ
પાસે આવ્યો હતો અને તેની સાથે વાતો કરી હતી.
નિકોદેમસ આશરે ૧૦૦ શેર સુગંધી દ્રવ્ય લાવ્યો. આ
એક બોર તથા અગરનું મિશ્રણ હતું. ૪૦આ બે માણસોએ
ઈસુના દેહને લીધો. તેઓએ તેને સુગંધીદાર દ્રવ્યો સાથે
શણના લૂગડાંના ટુકડાઓમાં લપેટ્યું હતું. (આ રીતે
યહૂદીઓ લોકોને દફનાવે છે.) ૪૧જ્યાં ઈસુને વધસ્તંભ
પર મારી નાખવામાં આવ્યો હતો, ત્યાં એક બાગ હતો.
તે બાગમાં ત્યાં એક નવી કબર હતી. ત્યાં પહેલા કોઈ
વ્યક્તિને દફનાવવામાં આવી ન હતી. ૪૨તે માણસોએ
ઈસુને તે કબરમાં મૂક્યો. કારણ કે તે નજીક હતી, અને
યહૂદીઓ તેઓના સાબ્બાથ દિવસના આરંભની તૈયારી
કરતા હતા.

### કેટલાક શિષ્યોએ ઈસુની કબર ખાલી જોઈ

૨૦ અઠવાડિયાના પ્રથમ દિવસે વહેલી સવારે
મરિયમ મગ્દલાની કબર પાસે ગઈ જ્યાં
ઈસુનું શબ હતું ત્યાં હજુ અંધારું હતું. મરિયમે જોયું કે
જે મોટો પથ્થર પ્રવેશદ્વાર પર ઢાંકેલો હતો તે દૂર
ખસેડવામાં આવ્યો હતો. ૨તેથી મરિયમ સિમોન પિતર
તથા બીજા શિષ્ય પાસે દોડી ગઈ. (જે એક કે જેને ઈસુ
ચાહતો હતો.) મરિયમે કહ્યું, "તેઓ કબરમાંથી પ્રભુને
લઈ ગયા છે. અમને ખબર નથી તેઓએ તેને ક્યાં
મૂક્યો છે."
૩તેથી પિતર અને બીજો શિષ્ય બહાર ગયો અને
કબર તરફ જવાનું શરૂ કર્યું. ૪તેઓ બંને દોડતા હતા,
પરંતુ બીજો શિષ્ય પિતર કરતાં વધારે ઝડપથી દોડતો
હતો તેથી બીજો શિષ્ય કબર પાસે પહેલો પહોંચ્યો. ૫તે
શિષ્યએ નીચા નમીને અંદર જોયું. તેણે ત્યાં શણનાં
લૂગડાંના ટુકડાઓ ત્યાં પડેલા જોયા. પણ તે અંદર
ગયો નહિ. ૬પછી તેની પાછળ સિમોન પિતર પણ
આવ્યો. પિતર કબરમાં ગયો. તેણે પણ શણનાં લૂગડાંના
ટુકડાઓ ત્યાં જોયા. ૭તેણે ઈસુના માથાની આજુબાજુ
વીંટાળેલું લૂગડું પણ જોયું. તે લૂગડાંની ગળી વાળેલી
હતી અને શણના ટુકડાઓથી જુદી જગ્યાએ તે મૂકેલું
હતું. ૮પછી બીજો શિષ્ય અંદર ગયો. આ તે શિષ્ય હતો
જે કબર પાસે પહેલો પહોંચ્યો હતો. જ્યારે તેણે શું
બન્યું હતું તે જોયું ત્યારે તેણે વિશ્વાસ કર્યો. ૯(આ
શિષ્યો હજુ પણ શાસ્ત્રલેખ સમજતા નહોતા કે ઈસુએ
મૃત્યુમાંથી ઊઠવું જોઈએ.)

### મરિયમ માગ્દાલેણને ઈસુનું દર્શન

૧૦પછી શિષ્યો ઘેર પાછા ફર્યા. ૧૧પણ મરિયમ
કબરની બહારની બાજુ ઊભી રહીને રડતી હતી. જ્યારે
તે રડતી હતી, તેણે નીચા નમીને કબરની અંદરની
બાજુ નજર કરી. ૧૨મરિયમે બે દૂતોને સફેદ વસ્ત્રોમાં
જોયા. તેઓ જ્યાં ઈસુનો દેહ હતો ત્યાં બેઠા હતા. એક
દૂત જ્યાં ઈસુનું માથું હતું ત્યાં બેઠો હતો, અને બીજો
દૂત જ્યાં ઈસુના પગ હતા ત્યાં બેઠો હતો.
૧૩દૂતોએ મરિયમને પૂછયું, "બાઈ, તું શા માટે રડે
છે?"
મરિયમે કહ્યું, "કેટલાક લોકો મારા પ્રભુના શરીરને
લઈ ગયા. મને ખબર નથી કે તેઓએ તેને ક્યાં મૂક્યો
છે." ૧૪જ્યારે મરિયમે આ કહ્યું, તેણે પછવાડે ફરીને
જોયું તો ત્યાં ઈસુને ઊભેલો દીઠો. પણ તે જાણતી નહોતી
કે તે ઈસુ હતો.
૧૫ઈસુએ તેને પૂછયું, "બાઈ, તું શા માટે રડે છે? તું
કોને શોધે છે?"
મરિયમે ધાર્યુ કે આ માણસ બગીચાની કાળજી
રાખનાર હતો. તેથી મરિયમે તેને કહ્યું, "સાહેબ, જો તેં
તેને અહીંથી ઉઠાવી લીધો હોય, તો તેં તેને ક્યાં મૂક્યો
છે તે મને કહે. હું જઈશ અને તેને લઈ જઈશ."
૧૬ઈસુએ તેને કહ્યું, "મરિયમ."
મરિયમ ઈસુ તરફ ફરી અને તેને હિબ્રુ ભાષામાં
કહ્યું, "રાબ્બોની" (આનો અર્થ "ગુરુજી.")
૧૭ઈસુએ તેને કહ્યું, "મને પકડીશ નહિ. હજુ સુધી
હું પિતા પાસે ગયો નથી. પરંતુ મારા ભાઈઓ (શિષ્યો)
પાસે જા અને તેઓને આ વાત કહે. 'હું મારા અને
તમારા પિતા પાસે પાછો જાઉં છું. હું મારા અને તમારા
દેવ પાસે પાછો જાઉં છું.'"

**"જેને તેઓએ … જોશે"** ઝખ. ૧૨:૧૦.

૧૮મરિયમ મગ્દલાની શિષ્યો પાસે ગઈ અને તેઓને
કહ્યું, "મેં પ્રભુને જોયો!" અને તેણે તેઓને ઈસુએ જે
કહ્યું હતું તે બધું કહ્યું.

### તેના શિષ્યોને ઈસુના દર્શન

૧૯અઠવાડિયાના પહેલા દિવસે તે સાંજે બધા શિષ્યો
ભેગા થયા હતા. બારણાંઓને તાળા હતાં, કારણ કે,
તેઓ યહૂદીઓથી ડરતાં હતા. પછી ઈસુ તેઓની વચ્ચે
આવ્યો અને ઊભો રહ્યો. ઈસુએ કહ્યું, "તમને શાંતિ
થાઓ!" ૨૦આમ કહ્યાં પછી ઈસુએ શિષ્યોને તેના હાથ
અને તેની કૂખ બતાવી. જયારે તેઓએ પ્રભુને જોયો
ત્યારે ખૂબ ખુશ થયા.
૨૧પછી ઈસુએ ફરીથી કહ્યુ, "તમને શાંતિ થાઓ!"
પિતાએ મને મોકલ્યો છે. તે જ રીતે હવે, હું તમને
મોકલું છું. ૨૨આમ કહ્યાં પછી તેણે શિષ્યો પર શ્વાસ
નાખ્યો. ઈસુએ કહ્યું, "પવિત્ર આત્મા પામો. ૨૩જો તમે
લોકોના પાપોને માફ કરશો, તો પછી તેઓનાં પાપોની
માફી મળશે. જો તમે લોકોનાં પાપોને માફ નહિ કરો
તો, પછી તેઓનાં પાપ માફ થશે નહિ."

### થોમાને ઈસુના દર્શન

૨૪થોમા (દીદુમસ કહેવાતો) જ્યારે ઈસુ આવ્યો ત્યારે
બીજાઓની સાથે તે નહોતો. થોમા તે બારમાંનો એક
હતો. ૨૫બીજા શિષ્યોએ થોમાને કહ્યું, "અમે પ્રભુને
જોયો છે." થોમાએ ઉત્તર આપ્યો; "જ્યા સુધી હું તેના
હાથમાં ખીલાંના ઘા ના જોઉં ત્યાં સુધી હું વિશ્વાસ
કરીશ નહિ. તેના હાથોના ઘા જોયા વિના તથા મારી
આંગળી ખીલાઓના ઘામાં મૂક્યા વિના તથા તેની કૂખમાં
મારો હાથ મૂક્યા વિના હું વિશ્વાસ કરીશ નહિ."
૨૬એક અઠવાડિયા પછી ફરીથી શિષ્યો ઘરમાં હતા.
થોમા તેઓની સાથે હતો. બારણાંઓને તાળાં હતાં. પરંતુ
ઈસુ આવ્યો અને તેઓની વચ્ચે આવીને ઊભો. ઈસુએ
કહ્યું, "તમને શાંતિ થાઓ!" ૨૭પછી ઈસુએ થોમાને
કહ્યું, "તારી આંગળી અહીં મૂક. મારા હાથો તરફ જો.
તારો હાથ અહીં મારી કૂખમાં મૂક. શંકા કરવાનું બંધ
કરી વિશ્વાસ કરવાનું શરૂ કર."
૨૮થોમાએ ઈસુને કહ્યું, "મારા પ્રભુ અને મારા દેવ!"
૨૯ઈસુએ થોમાને કહ્યું, "તેં વિશ્વાસ કર્યો કારણ કે
તેં મને જોયો. જે લોકો મને જોયા વિના વિશ્વાસ કરે છે
તેઓને ધન્ય છે. "

### યોહાને આ પુસ્તક શા માટે લખ્યું

૩૦ઈસુએ બીજા ઘણા ચમત્કારો કર્યા જે તેના શિષ્યોએ
જોયા. આ ચમત્કારો આ પુસ્તકમાં લખેલા નથી. ૩૧છતાં
આ વાતો લખી છે તેથી તમે વિશ્વાસ કરો કે ઈસુ જ
ખ્રિસ્ત છે, દેવનો દીકરો છે. પછી, વિશ્વાસ કરવાથી,
તેના નામ દ્વારા તમે જીવન પ્રાપ્ત કરી શકશો.

### ઈસુના સાત શિષ્યોને દર્શન

૨૧ પાછળથી, તેના શિષ્યોને ઈસુએ પોતાની જાતે
દર્શન દીધા. આ તિબેરિયાસ (ગાલીલ) સરોવરની
બાજુમાં હતું. તે આ રીતે બન્યું. ૨શિષ્યોમાંના કેટલાક
ભેગા થયા હતા. તેઓમાં સિમોન પિતર, થોમા (જે
દીદુમસ કહેવાતો હતો તે) ગાલીલના કાનાનો
નથાનિયેલ, ઝબદીના બે દીકરાઓ, અને બીજા બે શિષ્યો
હતા. ૩સિમોન પિતરે કહ્યું, "હું માછલા પકડવા બહાર
જાઉં છું."
બીજા શિષ્યોએ કહ્યું, "અમે તારી સાથે આવીશું."
પછી બધા જ શિષ્યો બહાર ગયા અને હોડીમાં બેઠા.
તેઓએ તે રાત્રે માછલા પકડવા પ્રયત્ન કર્યો પણ કંઈ
હાથ આવ્યું નહિ. ૪બીજી વહેલી પરોઢે ઈસુ સમુદ્રકાંઠે
ઊભો હતો. પરંતુ શિષ્યોએ તેને ઓળખ્યો નહિ કે તે
ઈસુ હતો. ૫પછી ઈસુએ શિષ્યોને કહ્યુ, "મિત્રો, તમે
કોઈ માછલી પકડી છે?"
શિષ્યોએ કહ્યું, "ના."
૬ઈસુએ કહ્યું, "તમારી હોડીની જમણી બાજુએ
પાણીમાં તમારી જાળ નાખો. તમે ત્યાં થોડી માછલીઓ
પકડી શકશો." તેથી શિષ્યોએ આમ કર્યુ. તેઓએ એટલા
બધા માછલાં પકડ્યાં કે તેઓ જાળને હોડીમાં પાછી
ખેંચી શક્યા નહિ.
૭ઈસુ જેને પ્રેમ કરતો હતો તે શિષ્યોમાંના એક
શિષ્યએ પિતરને કહ્યું, "તે માણસ પ્રભુ છે!" પિતરે તેને
આમ કહેતો સાંભળ્યો, "તે માણસ પ્રભુ છે," પિતરે
તેનો ડગલો પહેર્યો. (કામ કરવા તેણે પોતાનાં કપડાં
કાઢી નાખ્યાં હતાં.) પછી તે પાણીમાં કૂદી પડયો. ૮બીજા
શિષ્યો હોડીમાં કિનારે ગયા. તેઓએ માછલા ભરેલી
જાળ ખેંચી. તેઓ કિનારાથી ૧૦૦ વારથી વધારે દૂર ન
હતા. ૯જ્યારે શિષ્યો હોડીમાંથી નીચે ઉતરી કિનારા પર
આવ્યા. તેઓએ ગરમ કોલસાનો અગ્નિ જોયો. ત્યાં આગ
પર એક માછલી અને ત્યાં બાજુમાં રોટલી પણ હતી.
૧૦પછી ઈસુએ કહ્યું,"તમે માછલીઓ પકડી છે તેમાંથી
થોડી લાવો."

[11]સિમોન પિતર હોડીમાં ગયો અને જાળને
સમુદ્રકિનારે ખેંચી. તે મોટી માછલીઓથી ભરેલી હતી.
ત્યાં ૧૫૩ માછલીઓ હતી. માછલીઓ ઘણી ભારે હતી,
પણ જાળ ફાટી નહિ. [12]ઈસુએ તેઓને કહ્યું, "આવો
અને ખાઓ." શિષ્યોમાંથી કોઈ પણ તેને પૂછી શક્યો
નહિ, "તું કોણ છે?" તેઓએ જાણ્યું તે પ્રભુ હતો. [13]ઈસુ
ભોજન તરફ ગયો. તેણે રોટલી લીધી અને તે તેઓને
આપી. ઈસુએ પણ માછલી લીધી અને તે તેઓને આપી.
[14]મૃત્યુ પામેલાઓમાંથી ઊઠયા પછી ઈસુએ પોતાના
શિષ્યોને આમ ત્રીજી વાર દર્શન દીધા.

### ઈસુ પિતર સાથે વાત કરે છે

[15]જ્યારે તેઓએ ભોજન પૂરું કર્યુ, ઈસુએ સિમોન
પિતરને કહ્યું, "સિમોન, યોહાનના દીકરા, શું તું મને
આ બીજા પુરુષો કરતાં વધારે હેત કરે છે?"

પિતરે ઉત્તર આપ્યો, "હા, પ્રભુ, તું જાણે છે કે હું તને
હેત કરું છું."

પછી ઈસુએ પિતરને કહ્યું, "મારા હલવાનો*ની
સંભાળ રાખ."

[16]ફરીથી ઈસુએ પિતરને કહ્યું, "સિમોન, યોહાનના
દીકરા, શું તું મને પ્રેમ કરે છે?"

પિતરે ઉત્તર આપ્યો, "હા પ્રભુ, તું જાણે છે કે હું તને
પ્રેમ કરું છું."

પછી ઈસુએ પિતરને કહ્યું, "મારા ઘેટાંઓની સંભાળ
રાખ."

[17]ઈસુએ ત્રીજી વાર કહ્યું, "સિમોન, યોહાનના
દીકરા, શું તું મને પ્રેમ કરે છે?"

પિતર ઉદાસ હતો કારણ કે ઈસુએ તેને ત્રણ વખત
પૂછયું, "શું તું મને પ્રેમ કરે છે?" પિતરે કહ્યું, "પ્રભુ તું
બધું જાણે છે. તું જાણે છે કે હું તને પ્રેમ કરું છું!"

ઈસુએ પિતરને કહ્યું, "મારા ઘેટાંની સંભાળ રાખ.[18]હું
તને સત્ય કહું છું. જ્યારે તું યુવાન હતો. તું તારો પોતાનો
પટ્ટો બાંધી અને તારી જ્યાં જવાની ઈચ્છા હતી ત્યાં
ગયો. પણ જ્યારે તું વૃદ્ધ થશે ત્યારે તું તારા હાથ લાંબા
કરીશ અને બીજો કોઈ પુરુષ તને બાંધશે. તે વ્યક્તિ
તારી ઈચ્છા જ્યાં નહિ જવાની હશે ત્યાં દોરી જશે."
[19](ઈસુએ દેવનો મહિમા પ્રગટ કરવા, તે દર્શાવવા એમ
કહ્યું.) પછી ઈસુએ પિતરને કહ્યું, "મારી પાછળ આવ!"
[20]પિતર પાછો વળ્યો અને ઈસુ જે શિષ્યને પ્રેમ કરતો
હતો, તેને પાછળ ચાલતો જોયો. (આ તે શિષ્ય હતો
જેણે વાળુના સમયે તેની છાતી પર અઢેલીને પૂછયું
હતું, "પ્રભુ તારી વિરુદ્ધ કોણ થશે?") [21]જ્યારે પિતરે આ
શિષ્યને તેની પાછળ જોયો. તેણે ઈસુને પૂછયું, "પ્રભુ,
તેના વિષે શું છે?"

[22]ઈસુએ ઉત્તર આપ્યો, "ધારો કે હું પાછો આવું ત્યાં
સુધી તે જીવતો રહે એવી મારી ઈચ્છા હોય, તેનું તારા
માટે કોઈ મહત્વ હોવું જોઈએ નહિ. તું મારી પાછળ
આવ!"

[23]તેથી એ વાત ભાઈઓમાં અંદર અંદર પ્રસરી. તેઓ
કહેતા હતા કે આ શિષ્ય જેને ઈસુ પ્રેમ કરતો હતો તે
મૃત્યુ પામશે નહિ. પણ ઈસુએ કહ્યું ન હતું કે તે મૃત્યુ
પામશે નહિ. તેણે ફક્ત કહ્યું, "ધારો કે મેં નક્કી કર્યુ હોય
કે હું પાછો આવું ત્યાં સુધી તે જીવે એમાં તારે શું?"

[24]તે શિષ્ય જે આ બાબત કહે છે, તે જેણે હમણાં
આ બાબત લખી છે. અમે જાણીએ છીએ કે તે જે કહે
છે તે સાચું છે.

[25]ત્યાં બીજી ઘણી બાબતો છે જે ઈસુએ કરી છે. જો
તે બાબતોના પ્રત્યેક કામો લખવામાં આવે તો હું ધારું
છું કે એટલાં બધાં પુસ્તકો થાય કે તેનો સમાવેશ આ
જગતમાં થાય નહિ.

---

**હલવાનો, ઘેટાં** યોહાન ૧૦માં દર્શાવ્યાં પ્રમાણે ઈસુ આ શબ્દોનો
અર્થ તેનાં લોકો કરે છે.

# પ્રેરિતોનાં કૃત્યો

## લૂક બીજુ પુસ્તક લખે છે

૧ વહાલા થિયોફિલ, મેં પ્રથમ પુસ્તક ઈસુએ જે
કંઈ કર્યુ અને શીખવ્યું તે દરેક બાબતો વિષે લખ્યું
છે. ૨મેં ઈસુના જીવનના આરંભથી તેને જે દિવસથી
આકાશમાં લઈ લેવામાં આવ્યો ત્યાં સુધીના સમગ્ર
જીવન વિષે લખ્યું છે. આ બનતાં પહેલાં, ઈસુએ પોતે
પસંદ કરેલા પ્રેરિતો સાથે વાત કરી. પવિત્ર આત્માની
સહાયથી ઈસુએ પ્રેરિતોને તેઓએ શું કરવું જોઈએ તે
કહ્યું. ૩આ ઈસુના મૃત્યુ પછીની વાત હતી, પણ તેણે
પ્રેરિતોને બતાવ્યું કે તે જીવંત છે. ઈસુએ ઘણાં
સામર્થ્યશાળી પરાક્રમો કરીને આ સાબિત કર્યુ. પ્રેરિતોને
ઈસુનાં મૃત્યુમાંથી સજીવન થયા બાદ ૪૦ દિવસ
દરમિયાન ઘણીવાર તેના દર્શન થયાં. ઈસુએ પ્રેરિતોને
દેવના રાજ્ય વિષે કહ્યું. ૪એક વખત ઈસુ તેઓની સાથે
જમતો હતો, ત્યારે ઈસુએ તેઓને યરૂશાલેમ છોડવાની
ના પાડી હતી. ઈસુએ કહ્યું, "તમને બાપે જે વચન
આપ્યું છે તે વિષે મેં તમને પહેલાં કહ્યું છે. આ વચન
પ્રાપ્ત કરવા માટે અહીં યરૂશાલેમમાં રાહ જુઓ. ૫યોહાને
પાણીથી બાપ્તિસ્મા કર્યુ, પણ થોડા દિવસો પછી તમે
પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો."

## ઈસુ આકાશમાં લઈ લેવામાં આવ્યો છે

૬બધા પ્રેરિતો ભેગા થયા. તેઓએ ઈસુને પૂછયું,
"પ્રભુ, શું આ સમય તારા માટે યહૂદીઓને તેઓનું
રાજ્ય ફરીથી સોંપવાનો છે?"

૭ઈસુએ તેઓને કહ્યું, "ફકત એક માત્ર બાપ જ
સમયો અને તારીખો નક્કી કરવા માટે અધિકૃત છે. આ
વસ્તુઓ તમે જાણી શકો નહિ. ૮પણ પવિત્ર આત્મા
તમારી પાસે આવશે. પછી તમે સામર્થ્ય પ્રાપ્ત કરશો.
ત્યારે તમે મારા સાક્ષી થશો–તમે લોકોને મારા વિષે
કહેશો. પહેલાં, તમે યરૂશાલેમમાં લોકોને કહેશો. પછી
યહૂદિયામાં, સમરૂનમાં તથા વિશ્વના બધા જ લોકોને
કહેશો."

૯પ્રેરિતોને આ બાબતો કહ્યા પછી, ઈસુને આકાશમાં
લઈ લેવામાં આવ્યો. પ્રેરિતોના દેખતાં જ ઈસુ વાદળમાં
અદ્રશ્ય થઈ ગયો, અને તેઓ તેને જોઈ શક્યા નહિ.
૧૦ઈસુ દૂર જઈ રહ્યો હતો અને પ્રેરિતો આકાશમાં જોઈ
રહ્યા હતા. અચાનક, બે શ્વેત વસ્ત્રધારી માણસો (દૂતો)
તેઓની બાજુમાં આવીને ઊભા. ૧૧તે બે માણસોએ
પ્રેરિતોને કહ્યું, "ઓ ગાલીલના માણસો, તમે અહીં
આકાશ તરફ જોતાં શા માટે ઊભા છો? તમે જોયું કે
ઈસુને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો
છે. જે રીતે તમે તેને જતાં જોયો તે જ રીતે તે પાછો
આવશે."

## એક નવા પ્રેરિતની પસંદગી

૧૨પછી તે પ્રેરિતો જૈતૂન પર્વત પરથી યરૂશાલેમ
પાછા ફર્યા. (આ પર્વત યરૂશાલેમથી લગભગ અડધો
માઈલ દૂર છે.) ૧૩તે પ્રેરિતો શહેરમાં પ્રવેશ્યા. તેઓ
જ્યાં રહેતા હતા ત્યાં મેડી પરના ઓરડામાં ગયા. તે
પ્રેરિતો હતા, પિતર, યોહાન, યાકૂબ, આંન્દ્રિયા, ફિલિપ,
થોમા, બર્થોલ્મી, માથ્થી, યાકૂબ (અલ્ફીનો દીકરો),
સિમોન (ઝલોતસ) તથા યાકૂબનો ભાઈ યહૂદા ત્યાં
ગયા.

૧૪બધા પ્રેરિતો ભેગા થયા હતા. તેઓ સતત એક જ
હેતુથી પ્રાર્થના કરતાં હતા ત્યાં કેટલીક સ્ત્રીઓ હતી.
ઈસુની મા મરિયમ, અને તેના ભાઈઓ પણ ત્યાં પ્રેરિતો
સાથે હતા.

૧૫થોડા દિવસ પછી વિશ્ર્વાસીઓની એક સભા મળી.
(ત્યાં તેમાંના લગભગ ૧૨૦ હાજર હતા.) પિતરે ઊભા
થઈને કહ્યું, ૧૬-૧૭"ભાઈઓ, શાસ્ત્રવચનોમાં પવિત્ર
આત્માએ દાઉદ દ્વારા કહ્યું કે કંઈક થવાની જરૂર છે. તે
આપણા સમૂહમાંના એક યહૂદા વિષે કહેતો હતો. યહૂદા
આપણી સાથે સેવામાં ભાગીદાર હતો. આત્માએ કહ્યું કે
ઈસુને પકડવા માટે યહૂદા માણસોને દોરશે."

૧૮(યહૂદાને આ દુષ્ટ કામ માટે પૈસા આપવામાં
આવ્યા હતા. તેના પૈસા તેના માટે ખેતર ખરીદવામાં
વપરાયા. પણ યહૂદા ઊંધે મસ્તકે પટકાયો, અને
તેનું શરીર ફાટી ગયું. તેનાં બધાં આંતરડાં બહાર
નીકળી ગયાં. ૧૯યરૂશાલેમના બધા લોકોએ આ વિષે

જાણ્યું. તેથી તેઓએ તે ખેતરનું નામ હકેલ્દમા રાખ્યું. તેઓની ભાષામા હકેલ્દમાનો અર્થ, "લોહીનું ખેતર" થાય છે.)

૨૦પિતરે કહ્યું, "ગીતશાસ્રના પુસ્તકમાં યહૂદા વિષે આમ લખેલું છે:

'તેની જમીન નજીક લોકોએ જવું નહિ; ત્યાં કોઈએ રહેવું નહિ!'

*ગીતશાસ્ર ૬૯:૨૫*

અને તે પણ લખેલું છે:

'તેનું કામ બીજો કોઈ માણસ લે.'

*ગીતશાસ્ર ૧૦૯:૮*

૨૧-૨૨તેથી હવે બીજા કોઈ માણસે આપણી સાથે જોડાવું જોઈએ અને ઈસુના પુનરુત્થાનના (મૃત્યુમાંથી ઊઠવું) સાક્ષી થવું જોઈએ. આ માણસ પેલા માણસોમાંનો એક હોવો જોઈએ. જયારે પ્રભુ ઈસુ આપણી સાથે હતો ત્યારે બધા જ સમય દરમિયાન આપણા સમૂહનો ભાગ હતો, જ્યારથી યોહાને લોકોને બાપ્તિસ્મા આપવાનું શરૂ કર્યુ, ત્યારથી ઈસુને આપણી પાસેથી આકાશમાં લઈ જવાયો ત્યાં સુધી આ માણસ આપણી સાથે હોવો જોઈએ."

૨૩પ્રેરિતોએ બે માણસોને સમૂહની આગળ ઊભા કર્યા. એક હતો યૂસફ બર્સબા, તે યુસ્તસના નામથી ઓળખતો અને બીજો માણસ હતો માથ્થિયાસ. ૨૪-૨૫પ્રેરિતોએ પ્રાર્થના કરી, "પ્રભુ, તું પ્રત્યેક માણસોના મનોને જાણે છે. આ બેમાંથી તું આ કામ કરવા માટે કોને પસંદ કરે છે તે દર્શાવ. યહૂદા ભટકી જઈને જયાં જવાનો હતો ત્યાં ગયો. પ્રભુ, કયા માણસે પ્રેરિત તરીકે તેની જગ્યા લેવી જોઈએ તે બતાવ." ૨૬પછી પ્રેરિતોએ બેમાંથી એકની પસંદગી કરવા માટે ચિઠ્ઠીઓ નાખી. પ્રભુની ઈચ્છાનુસાર માથ્થિયાસના નામની ચિઠ્ઠી નીકળી. તેથી તે બીજા અગિયારની સાથે પ્રેરિત થયો.

## પવિત્ર આત્માનું આગમન

૨ જ્યારે પચાસમાનો દિવસ આવ્યો ત્યારે, પ્રેરિતો બધા એક જગ્યાએ ભેગા થયા હતા. ૨અચાનક આકાશમાંથી અવાજ આવ્યો. આ અવાજ સખત ફૂંકાતા પવનના જેવો હતો. તેઓ જ્યાં બેઠા હતાં તે આખું ઘર આ અવાજથી ગાજી ઊઠ્યું. ૩અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી. આ જીભો છૂટી પડીને પ્રત્યેક વ્યક્તિ પર ઊભી બેઠી. ૪તેઓ બધા પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને તેઓએ જુદી જુદી ભાષાઓ બોલવાનું શરૂ કર્યુ. પવિત્ર આત્માએ તેઓને આ કરવાનું સામર્થ્ય આપ્યું.

૫આ સમયે યરૂશાલેમમાં કેટલાક ધાર્મિક યહૂદીઓ રહેતા હતા. દુનિયાના દરેક દેશમાંના આ માણસો હતા. ૬આ માણસોનો મોટો સમૂહ ભેગો થયો હતો કારણ કે તેઓએ આ અવાજ સાંભળ્યો હતો. તેઓ નવાઈ પામ્યા હતા. કારણ કે પ્રેરિતો બોલતાં હતા, અને દરેક માણસે તેઓની પોતાની ભાષામાં તે સાંભળ્યું હતું. ૭બધા યહૂદીઓ આનાથી આશ્ચર્ય પામ્યા હતા. તેઓ સમજી શક્યા નહિ કે પ્રેરિતો આવું કેવી રીતે કરી શક્યા. તેઓએ કહ્યું, "જુઓ, આ બધા જ માણસો (પ્રેરિતો) જેઓને આપણે બોલતાં સાંભળીએ છીએ તે બધા શું ગાલીલના નથી? ૮પણ આપણે તેઓને આપણી પોતાની ભાષામાં બોલતાં સાંભળીએ છીએ. આ કેવી રીતે શક્ય છે? આપણે બધા જ જુદી જુદી જગ્યાઓના છીએ: ૯પાર્થીઓ, માદીઓ, એલામીઓ, મેસોપોતામિયાના, યહૂદિયાના, કપ્પદોકિયાના, પોન્તસના, આશિયાના, ૧૦ફ્રુગિયાના, પમ્ફૂલિયાના, ઈજીપ્તના, લિબિયાના, કૂરેની ભાષા તથા રોમ વિસ્તારના પ્રવાસીઓ, ૧૧યહૂદી તથા બીનયહૂદીઓમાંથી થએલા યહૂદી, આમ આપણે જુદા જુદા દેશોના છીએ. પણ આપણે આ માણસોને આપણી પોતાની ભાષામાં સાંભળીએ છીએ! તેઓ દેવના જે કંઈ મોટાં કામો વિષે કહે છે તે આપણે બધા સમજી શકીએ છીએ." ૧૨બધા લોકો આશ્ચર્યચકિત થયા. અને મૂંઝાયા. તેઓ એકબીજાને પૂછે છે, "આ શું થઈ રહ્યું છે?" ૧૩બીજા લોકો પ્રેરિતો તરફ ઠઠ્ઠા કરી રહ્યાં હતા. આ લોકોએ વિચાર્યુ કે પ્રેરિતોએ વધારે પડતો દ્રાક્ષારસ પીધેલો છે.

## પિતરનું લોકોને ભાષણ

૧૪પછી પિતર અગિયાર બીજા પ્રેરિતો સાથે ઊભો રહ્યો. તે એટલા મોટા અવાજે બોલ્યો કે જેથી બધા લોકો સાંભળી શકે. તેણે કહ્યું; "મારા યહૂદી ભાઈઓ તથા યરૂશાલેમમાં તમારામાંના બધા જે રહો છો, હું તમને કંઈક કહીશ, જે જાણવાની તમારે જરૂર છે. કાળજીપૂર્વક સાંભળો. ૧૫આ માણસો તમે ધારો છો એમ પીધેલા નથી; હજુ સવારના નવ વાગ્યા છે! ૧૬પણ યોએલ પ્રબોધકે જે બાબત માટે લખ્યું હતું તે આજે તમે અહીં થતું જુઓ છો. યોએલ પ્રબોધકે જે લખ્યું છે તે આ છે:

૧૭ દેવ કહે છે કે: છેલ્લા દિવસોમાં, હું મારો આત્મા
બધા લોકો પર રેડી દઈશ. તમારા પુત્રો અને
પુત્રીઓ પ્રબોધ કરશે. તમારા જુવાનોને સંદર્શનો
થશે. તમારા વૃદ્ધોને ખાસ સ્વપ્નો આવશે.
૧૮ તે સમયે, હું મારા સેવક-સેવિકાઓ પર મારો
આત્મા રેડીશ અને તેઓ પ્રબોધ કરશે.
૧૯ હું ઊંચે આકાશમાં આશ્ચર્યજનક કામો બતાવીશ.
હું નીચે પૃથ્વી પર તેના અદભૂત ચિહનો આપીશ.
ત્યાં લોહી, અગ્નિ, અને ધુમાડાના ગોટેગોટા
દેખાડીશ.
૨૦ સૂર્યનું પરિવર્તન અંધકારમાં થશે, અને ચંદ્ર લાલ
લોહી જેવો બનશે. પછી પ્રભુનો મહાન તથા
પ્રસિધ્ધ દિવસ આવશે.
૨૧ અને પ્રત્યેક માણસ જે પ્રભુમાં વિશ્વાસ કરશે તે
તારણ પામશે.'

*યોએલ ૨:૨૮-૩૨*

૨૨"મારા યહૂદી ભાઈઓ, આ શબ્દો ધ્યાનથી
સાંભળો: નાસરેથનો ઈસુ એક ઘણો વિશિષ્ટ માણસ
હતો. દેવે તમને આ સ્પષ્ટ દર્શન કરાવ્યું છે. દેવે પરાક્રમો
અને આશ્ચર્યો તથા ચમત્કારોથી તે સાબિત કર્યુ છે. તે
ઈસુ દ્વારા કરવામાં આવ્યું હતું. તમે બધાએ આ બાબતો
જોઈ છે. તેથી તમે જાણો છો કે આ સાચું છે. ૨૩તમને
ઈસુ સોંપવામાં આવ્યો, અને તમે તેની હત્યા કરી. દુષ્ટ
માણસોની સહાયથી તમે ખીલા ઠોકીને ઈસુને વધસ્તંભે
જડાવ્યો. પણ દેવ તો જાણતો હતો કે આ બધું થવાનું
છે. આ દેવની યોજના હતી. ઘણા સમય પહેલા દેવે
આ યોજના ઘડી હતી. ૨૪ઈસુએ મૃત્યુની વેદના સહન
કરી, પણ દેવે તેને એ બધી વેદનાઓમાંથી મુક્ત કર્યો.
દેવે ઈસુને મૃત્યુમાંથી ઊઠાડયો. મૃત્યુ ઈસુને પકડી
શક્યું નહિ. ૨૫દાઉદે ઈસુના સંદર્ભમાં આમ કહ્યું છે:

'મેં પ્રભુને હંમેશા મારી સંમુખ જોયો; મને
સલામત રાખવા માટે તે મારી જમણી બાજુએ
છે.
૨૬ તેથી મારું હૃદય પ્રસન્ન છે, અને મારી જીભ
હર્ષોલ્લાસ વ્યક્ત કરે છે. હા, મારું શરીર પણ
આશામાં રહેશે.
૨૭ કારણ કે તું મારા આત્માને મૃત્યુના સ્થળે છોડશે
નહિ. તું તારા પવિત્રને પણ કબરમાં કોહવાણ
જોવા દઈશ નહિ.
૨૮ તેં મને જીવન જીવતાં શીખવ્યું છે. તું મારી
નજીક આવીશ અને મને આનંદથી ભરપૂર
કરીશ.'

*ગીતશાસ્ત્ર ૧૬:૮-૧૧*

૨૯"મારા ભાઈઓ, હું તમને આપણા પૂર્વજ દાઉદના
સંદર્ભમાં સાચું કહીશ. તે મૃત્યુ પામ્યોં હતો અને તેને
દફનાવવામાં આવ્યો હતો. તેની કબર આજે પણ આપણી
પાસે છે. ૩૦દાઉદ એક પ્રબોધક હતો અને દેવે જે કહ્યું
તે જાણતો હતો. દેવે દાઉદને વચન આપ્યું હતું કે તે
દાઉદના પરિવારમાંથી કોઈ વ્યક્તિને દાઉદના જેવો રાજા
બનાવશે. ૩૧દાઉદે તે થતાં પહેલા આ જાણ્યું. તેથી તે
વ્યક્તિના સંદર્ભમાં દાઉદે આમ કહ્યું:

'તેને મૃત્યુની જગ્યાએ રહેવા દેવામાં આવ્યો ન હતો.
તેનું શરીર કબરમાં સડવા દીધું નહિ.'

દાઉદ મૃત્યુમાંથી પુનરુત્થાન પામેલ ખ્રિસ્તના સંદર્ભમાં
કહેતો હતો. ૩૨તેથી ઈસુ મૃત્યુમાંથી સજીવન થયેલ
દેવ છે, દાઉદ નહિ! આપણે બધા આ માટે સાક્ષી છીએ.
આપણે તેને જોયો છે! ૩૩ઈસુને આકાશમાં લઈ જવામાં
આવેલ છે. તેથી ઈસુ દેવની જમણી બાજુએ દેવની
સાથે છે. પિતાએ (દેવ) હવે ઈસુને પવિત્ર આત્મા આપેલ
છે. દેવે જે વચન આપ્યું હતું તે પવિત્ર આત્મા છે. તેથી
હવે ઈસુ તે આત્મા રેડી રહ્યો છે. તમે જે જુઓ છો
અને સાંભળો છો તે આ છે. ૩૪જે એકને આકાશમાં
લઈ જવામાં આવેલ છે તે દાઉદ ન હતો. જેને આકાશમાં
લઈ જવામાં આવ્યો હતો તે તો ઈસુ હતો. દાઉદે પોતે
જ કહ્યું છે:

'પ્રભુએ (દેવ) મારા પ્રભુને કહ્યું:
૩૫ જયાં સુધી હું તારા દુશ્મનોને હું તારી સત્તામાં
ના સોંપું ત્યાં સુધી મારી જમણી બાજુએ બેસ.'

*ગીતશાસ્ત્ર ૧૧૦:૧*

૩૬"તેથી બધા યહૂદી લોકોએ આ સત્ય જાણવું
જોઈએ, દેવે ઈસુને પ્રભુ અને ખ્રિસ્ત બનાવ્યો છે. તે
એ જ માણસ છે જેને તમે વધસ્તંભે ખીલા મારીને
જડ્યો!"

૩૭જ્યારે લોકોએ આ સાંભળ્યું ત્યારે, તેઓ ઘણા
દુ:ખી થયા. તેઓએ પિતર અને બીજા શિષ્યોને પૂછયું,
"ભાઈઓ, અમારે શું કરવું જોઈએ?"

૩૮પિતરે તેઓને કહ્યું, "પસ્તાવો કરો. તમારામાંનો
દરેક ઈસુ ખ્રિસ્તના નામે બાપ્તિસ્મા પામો. પછી દેવ

તમારાં પાપોને માફ કરશે, અને તમને પવિત્ર આત્માનું દાન પ્રાપ્ત થશે. ³⁹આ વચન તમારા માટે છે અને તે તમારાં બાળકો તથા જે લોકો દૂર દૂર છે તેઓને માટે પણ છે. આપણા પ્રભુ દેવ તેની પાસે જેટલાંને બોલાવશે તે દરેક માણસ માટે છે."

⁴⁰પિતરે બીજા ઘણા શબ્દોથી તેઓને ચેતવણી આપી; તેણે તેઓને કહ્યું "હાલમાં જે દુષ્ટ લોકો જીવી રહ્યા છે તેઓથી તમારી જાતનો બચાવ કરો!" ⁴¹પછી જે લોકોએ પિતરે કહ્યું હતું તેમાં વિશ્વાસ કર્યો તેઓ બાપ્તિસ્મા પામ્યાં. તે દિવસે આશરે ૩,૦૦૦ લોકો વિશ્વાસીઓના સમૂહમાં ઉમેરાયા. ⁴²વિશ્વાસીઓએ સંગતમાં ભેગા મળવાનું ચાલુ રાખ્યું. તેઓ પ્રેરિતોના બોધ શીખવામાં તેઓના સમયનો ઉપયોગ કરતા. વિશ્વાસીઓ એકબીજાના સહભાગી બન્યા. તેઓ રોટલી ભાગવામાં તથા પ્રાર્થના કરવામાં લાગું રહ્યા.

### વિશ્વાસીઓનો ફાળો

⁴³પ્રેરિતો ઘણાં અદભૂત કૃત્યો અને ચમત્કારો કરતા હતાં. પ્રત્યેક માણસના હૃદયમાં દેવના માટે મહાન સન્માનની ભાવના જાગી. ⁴⁴બધા જ વિશ્વાસીઓ સાથે રહેતાં. તેઓ દરેક વસ્તુઓ વહેંચતા. ⁴⁵વિશ્વાસીઓએ તેઓની જમીનો તથા તેઓની માલિકીની વસ્તુઓ વેચી અને પછી તે પૈસા તેઓનામાં જ દરેકની જરૂરિયાત પ્રમાણે વહેંચી આપ્યા. ⁴⁶વિશ્વાસીઓ પ્રતિદિન મંદિરના આંગણામાં ભેગા મળતા. તેઓ બધાનો હેતુ સર્વ સામાન્ય હતો. તેઓ તેઓના ઘરોમાં એક સાથે જમતા. તેઓ રોટલી ભાંગીને ઉમંગથી તથા નિખાલસથી ખાતા. ⁴⁷વિશ્વાસીઓ દેવની સ્તુતિ કરતા અને બધા જ લોકોને તેઓ ગમતા. પ્રતિદિન વધારે ને વધારે માણસોનો ઉદ્ધાર થતો; પ્રભુ વિશ્વાસીઓના સમૂહમાં તે લોકોનો ઉમેરો કરતો હતો.

### પિતર લંગડા માણસને સાજો કરે છે

૩ એક દિવસે પિતર અને યોહાન મંદિરમાં ગયા. તે વખતે બપોરનાં ત્રણ વાગ્યા હતા. આ સમય મંદિરની દૈનિક પ્રાર્થના કરવાનો હતો. ²જ્યારે તેઓ મંદિરના પ્રાંગણમાં જતાં હતાં ત્યારે એક માણસ ત્યાં હતો. આ માણસ તેના જન્મથી અપંગ હતો. તે ચાલી શકતો નહોતો, તેથી કેટલાક મિત્રો તેને ઊચકીને લઈ જતા. તેના મિત્રો તેને રોજ મંદિરે લાવતા. તેઓ મંદિરના બહારના દરવાજાની એક તરફ તે લંગડા માણસને બેસાડતા. તે દરવાજો સુંદર નામે ઓળખાતો. ત્યાં મંદિર જતા લોકો પાસે તે માણસ પૈસા માટે ભીખ માગતો. ³તે દિવસે તે માણસે પિતર અને યોહાનને મંદિરના પ્રાંગણમાં જતા જોયા. તેણે તેઓની પાસે પૈસા માંગ્યા. ⁴પિતર અને યોહાને તે અપંગ માણસ તરફ જોયું અને કહ્યું, "અમારા તરફ જો!" ⁵તે માણસે તેઓના તરફ જોયું, તેણે વિચાર્યુ તેઓ તેને થોડા પૈસા આપશે. ⁶પણ પિતરે કહ્યું, "મારી પાસે સોનું કે ચાંદી કંઈ નથી. પણ મારી પાસે તને આપી શકાય તેવું બીજું કંઈક છે: ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ઊભો થા અને ચાલ!" ⁷પછી પિતરે તે માણસનો જમણો હાથ પકડ્યો અને તેને ઉઠાડ્યો. તરત જ તે માણસના પગોમાં અને ઘૂંટીઓમાં જોર આવ્યું. ⁸તે માણસ કૂદયો, તેના પગ ઉપર ઊભો રહ્યો અને ચાલવા લાગ્યો. તે તેઓની સાથે મંદિરમાં ગયો. તે માણસ ચાલતો, કૂદતો અને દેવની સ્તુતિ કરવા લાગ્યો. ⁹⁻¹⁰બધા લોકોએ તેને ઓળખ્યો. લોકોએ જાણ્યું કે તે એ જ અપંગ માણસ હતો જે હંમેશા સુંદર નામના દરવાજા પાસે પૈસાની ભીખ માગવા બેસતો હતો. હવે તેઓએ તે જ માણસને ચાલતો અને સ્તુતિ કરતો જોયો. લોકો આશ્ચર્યચકિત થયા. આમ કેવી રીતે બન્યું તે તેઓ સમજી શક્યા નહિ.

### પિતરનું લોકોને સંબોધન

¹¹તે માણસ પિતર અને યોહાનને પકડી રહ્યો હતો. બધા જ લોકો અચરત પામ્યા હતા કારણ કે તે માણસ સાજો થઈ ગયો હતો. તેઓ પિતર અને યોહાન પાસે સુલેમાનની પરસાળમાં દોડી ગયા. ¹²જયારે પિતરે આ જોયું, તેણે લોકોને કહ્યું; "મારા યહૂદી ભાઈઓ, આમાં તમે શા માટે અચરત પામો છો? તમે અમારા તરફ એ રીતે જોઈ રહ્યા છો જાણે અમારા સામર્થ્યથી આ માણસ ચાલતો થઈ શક્યો છે. તમે વિચારો છો અમે સારા છીએ તેથી આમ બન્યું હતું?" ¹³ના! દેવે જ તે કર્યુ છે! તે ઈબ્રાહિમનો, ઈસહાકનો તથા યાકૂબનો દેવ છે. તે આપણા બધા પૂર્વજોનો દેવ છે. તેણે તેના વિશિષ્ટ સેવક ઈસુને મહિમા આપ્યો છે. પણ તમે ઈસુને મારી નાખવા સુપ્રત કર્યો, પિલાતે ઈસુને છોડી મૂકવાનો નિર્ણય કર્યો હતો. પણ તમે પિલાતને કહ્યું કે તમારે ઈસુની જરૂર નથી. ¹⁴ઈસુ પવિત્ર અને પ્રમાણિક હતો પણ તમે પવિત્ર અને પ્રામાણિક માણસની ઈચ્છા રાખી નહિ. તમે ઈસુને બદલે એક ખૂનીને છોડી મૂકવાનું પિલાતને કહ્યું. ¹⁵અને તેથી તમને જે જીવન આપે છે તેને જ મારી નાખ્યો! પરંતુ દેવે તેને મૃત્યુમાંથી ઊઠાડયો. અમે તેના સાક્ષી છીએ–અમે અમારી આંખોથી તે જોયું છે. ¹⁶તે ઈસુનું

પરાક્રમ હતું કે જેના વડે આ લંગડો માણસ સાજો થયો.
આ બન્યું કારણ કે અમને ઈસુના નામમાં વિશ્વાસ
હતો. તમે આ માણસને જોઈ શકો છો. અને તમે તેને
જાણો છો. તે ઈસુ પરના વિશ્વાસને કારણે સંપૂર્ણ સાજો
થયો હતો. જે કંઈ બન્યું તે બધું તમે બધાએ જોયું હતું!
[૧૭]"મારા ભાઈઓ, હું જાણું છું કે તમે ઈસુ સાથે
આમ કર્યુ કારણ કે તમે શું કરતાં હતા તે તમે જાણતાં
નહોતા. તમારા અધિકારીઓ પણ સમજતા ન હતા.
[૧૮]દેવે કહ્યું કે આ વસ્તુઓ બનશે. દેવે બધા પ્રબોધકો
મારફતે કહ્યું કે તેનો ખ્રિસ્ત દુ:ખ સહેશે અને મૃત્યુ
પામશે. દેવે આ કેવી રીતે પૂર્ણ કર્યુ એ મેં તમને કહ્યું.
[૧૯]તેથી તમારે પસ્તાવો કરવો જોઈએ. દેવ પાસે પાછા
ફરો અને તે તમારા પાપો માફ કરશે. [૨૦]પછી પ્રભુ
(ઈસુ) તમને આત્મિક તાજગી માટે સમય આપશે. તે
તમને ઈસુ આપશે, તે એક ખ્રિસ્ત તરીકે પસંદ થયેલ
છે. [૨૧]પણ જ્યાં સુધી બધી વસ્તુઓ ફરીથી બરાબર ન
થાય ત્યાં સુધી ઈસુએ આકાશમાં રહેવું જોઈએ. જ્યારે
તેના પવિત્ર પ્રબોધકો દ્વારા તે બોલ્યો હતો ત્યારે ઘણાં
લાંબા સમય પહેલા દેવે આ સમય વિષે કહ્યું હતું.
[૨૨]મૂસાએ કહ્યું; 'પ્રભુ તારો દેવ તને એક પ્રબોધક આપશે.
તે પ્રબોધક તમારા પોતાના લોકોમાંથી જ આવશે. તે
મારા જેવો હશે. તમને પ્રબોધક જે કહે તે સર્વનું પાલન
કરવું જોઈએ. [૨૩]અને જો કોઈ વ્યક્તિ તે પ્રબોધકની
અવજ્ઞા કરશે તો, પછી તેનું મૃત્યુ થશે, અને દેવના
લોકોથી તે જુદો પડશે.'* [૨૪]શમુએલના કહ્યા પછી
તેના પછીના બધા પ્રબોધકોએ દેવ વિષે કહ્યું છે. તે
સર્વ જણે આ સમય માટે પણ કહ્યું છે. [૨૫]પ્રબોધકોએ
જેના વિષે કહ્યું હતું તે તમને પ્રાપ્ત થયેલ છે. દેવે
તમારા પૂર્વજો સાથે જે કરાર કર્યો હતો તે તમને પ્રાપ્ત
થયેલ છે. દેવે તમારા પિતા ઈબ્રાહિમને કહ્યું હતું. 'પૃથ્વી
પરના દરેક રાષ્ટ્ર તમારા સંતાનો દ્વારા આશીર્વાદિત થશે.'*
[૨૬]દેવે તેના ખાસ સેવકને (ઈસુ) મોકલ્યો છે. દેવે ઈસુને
તમારી પાસે પ્રથમ મોકલ્યો છે. દેવે તમને આશીર્વાદ
આપવા માટે ઈસુને મોકલ્યો છે. તમારામાંના દરેકને
ખરાબ કાર્યો કરવામાંથી પાછા ફેરવીને તે આમ કરે
છે."

### યહૂદીઓની ન્યાયસભા સમક્ષ પિતર અને યોહાન

૪ જ્યારે પિતર અને યોહાન લોકોને વાત કરતા હતા,
ત્યારે કેટલાક માણસો તેમની પાસે આવ્યા. ત્યાં
કેટલાક યહૂદી યાજકો, મંદિરનું રક્ષણ કરતા સૈનિકોના
સરદારો અને કેટલાક સદૂકીઓ હતા. [૨]તેઓ અસ્વસ્થ
હતા કારણ કે પિતર અને યોહાન લોકોને ઈસુના સંદર્ભમાં
બોધ આપતા હતા અને તે બે પ્રેરિતો લોકોને કહેતા
હતા કે મૃત્યુ પામેલા લોકોનું ઈસુ દ્વારા પુનરુત્થાન
થશે. [૩]યહૂદી આગેવાનોએ પિતર અને યોહાનની
ધરપકડ કરીને તેઓને જેલમાં પૂર્યા. તે વેળા લગભગ
રાત હતી. તેથી તેઓએ પિતર અને યોહાનને બીજા
દિવસ સુધી જેલમાં રાખ્યા. [૪]પણ ઘણા બધા લોકોએ
પિતર અને યોહાનનો બોધ સાંભળ્યો અને તેઓએ જે
કહ્યું તેમાં વિશ્વાસ મૂક્યો. હવે તેઓના વિશ્વાસીઓના
સમૂહમાં લગભગ ૫,૦૦૦ માણસોની સંખ્યા થઈ.
[૫]બીજા દિવસે યહૂદી અધિકારીઓ, વડીલો, અને
શાસ્રીઓ યરૂશાલેમમાં ભેગા થયા. [૬]અન્નાસ (પ્રમુખ
યાજક) કાયાફા, યોહાન, અને આલેકસાંદર ત્યાં હતા.
પ્રમુખ યાજક પરિવારના પ્રત્યેક ત્યાં હતા. [૭]તેઓએ
પિતર અને યોહાનને ભેગા થયેલા બધા લોકોની સામે
ઊભા રાખ્યા. યહૂદી આગેવાનોએ તેઓને ઘણી વાર
પૂછયું, "તમે કેવી રીતે આ અપંગ માણસને સાજો કર્યો?
તમે કયા સામર્થ્યનો ઉપયોગ કર્યો? તમે કોના અધિકારથી
આ કર્યુ?"
[૮]પછી પવિત્ર આત્માથી ભરપૂર થઈને પિતરે તેઓને
કહ્યું; "લોકોના આગેવાનો અને વડીલ આગેવાનો: [૯]આ
અપંગ માંદા માણસનું સારું કામ થયું છે તેના વિષે તમે
પ્રશ્નો કરો છો? તમે અમને પૂછો છો કે તેને સાજો કોણે
કર્યો? [૧૦]અમે તમને બધાને અને બધા જ યહૂદી લોકોને
જણાવવા ઈચ્છીએ છીએ કે નાસરેથના ઈસુ ખ્રિસ્તના
સામર્થ્યથી આ માણસ સાજો થયો છે. તમે ઈસુને
વધસ્તંભે જડી દીધો. દેવે તેને મૃત્યુમાંથી ઉઠાડયો. આ
માણસ લંગડો હતો પણ હવે તે સાજો થયો છે અને
તમારી આગળ ઊભો રહેવા સમર્થ છે. તે ઈસુના
સામર્થ્યનું જ પરિણામ છે. [૧૧]ઈસુ તો

> 'જે પથ્થર તમે બાંધનારાઓએ નકામો ગણ્યો
> હતો, પણ હવે એ જ પથ્થર ખૂણાનો મુખ્ય
> પથ્થર થયો છે.'
>
> *ગીતશાસ્ર ૧૧૮:૨૨*

[૧૨]માત્ર ઈસુ એકલો જ લોકોનું તારણ કરી શકે તેમ છે.
દુનિયામાં તેના એકલાના નામમાં જ આ સામર્થ્ય છે.
જે લોકોનું તારણ કરવા માટે આપવામાં આવેલ છે.
ઈસુના વડે આપણું તારણ થવુ જોઈએ!"

---

**'પ્રભુ તારો ... જુદો પડશે'** પુન. ૧૮:૧૫, ૧૯.

**'પૃથ્વી પરના ... આશીર્વાદિત થશે'** ઉત. ૨૨:૧૮; ૨૬:૨૪.

[૧૩]યહૂદી આગેવાનો સમજતા હતા કે પિતર અને યોહાન પાસે કોઈ વિશિષ્ટ તાલીમ કે શિક્ષણ ન હતા. પણ આગેવાનોએ તે પણ જોયું કે પિતર અને યોહાન બોલતાં ડરતાં નહોતા. તેથી યહૂદી આગેવાનો નવાઈ પામ્યા. પછી તેઓને ખ્યાલ આવ્યો કે પિતર અને યોહાન ઈસુની સાથે હતા. [૧૪]તેઓએ એક અપંગ માણસને ત્યાં બે પ્રેરિતોની બાજુમાં ઊભેલો જોયો. તેઓએ જોયું કે તે માણસ સાજો થઈ ગયો હતો. તેથી તેઓ પ્રેરિતોની વિરુદ્ધ કંઈ કહી શકયા નહિ. [૧૫]યહૂદી આગેવાનોએ તેઓને સભા છોડી જવા કહ્યું. પછી આગેવાનોએ તેઓને શું કરવું જોઈએ તે વિષે એકબીજા સાથે વાતો કરવા લાગ્યા. [૧૬]તેઓએ કહ્યું, "આપણે પેલા માણસોનું (પ્રેરિતો) શું કરીશુ?" યરૂશાલેમમાં દરેક માણસ જાણે છે કે તેઓએ અદભૂત ચમત્કાર કર્યા છે. આ સ્પષ્ટ છે. આપણે કહી શકીએ નહિ કે તે સાચું નથી. [૧૭]આપણે તેઓને ધમકી આપવી જોઈએ અને આ માણસ (ઈસુ) વિષે કદી પણ ના બોલવા જણાવવું જોઈએ. જેથી આ વાત લોકોમાં આગળ પ્રસરશે નહિ."

[૧૮]પછી યહૂદી આગેવાનોએ પિતર અને યોહાનને ફરીથી અંદર બોલાવ્યા. તેઓએ પ્રેરિતોને ઈસુના નામે કંઈ પણ શીખવવાની કે કહેવાની મનાઈ કરી. [૧૯]પણ પિતર અને યોહાને તેઓને જવાબ આપ્યો, "તમારી દૃષ્ટિએ શું યોગ્ય છે? દેવ શું ઈચ્છે છે? અમારે દેવને કે તમને તાબે થવું? [૨૦]અમે શાંત રહી શકીએ નહિ. અમે જે જોયું છે અને સાંભળ્યું છે તેના સંદર્ભમાં અમારે લોકોને કહેવું જોઈએ." [૨૧]યહૂદી આગેવાનો પ્રેરિતોને શિક્ષા કરવાનો કોઈ રસ્તો શોધી શક્યા નહિ, કારણ કે જે કંઈ બન્યું હતું તેને લીધે બધા લોકો દેવની સ્તુતિ કરતા હતા. [૨૨]આ ચમત્કાર દેવની સાબિતી માટે પૂરતો હતો જે માણસ સાજો થયો હતો તે ૪૦વરસથી મોટી ઉંમરનો માણસ હતો. તેથી યહૂદી આગેવાનોએ પ્રેરિતોને ફરીથી ચેતવણી આપીને છોડી દીધા.

### પિતર અને યોહાનનું વિશ્વાસીઓમાં પાછા જવું

[૨૩]પિતર અને યોહાને યહૂદી આગેવાનોની સભાનો ત્યાગ કર્યો અને તેઓ પોતાના સમૂહમાં ગયા. તેઓએ મુખ્ય યાજકો અને વડીલ યહૂદી આગેવાનોએ તેમને જે કંઈ કહ્યું હતું તે બધું સમૂહને કહ્યું. [૨૪]જયારે વિશ્વાસીઓએ આ સાંભળ્યું ત્યારે તેઓ બધાએ પ્રાર્થના કરી અને એ જ વિનંતી કરી. "પ્રભુ, પૃથ્વી, આકાશ, સમુદ્ર અને જે બધી વસ્તુઓ જગતમાં છે તેને ઉત્પન્ન કરનાર તું જ છે. [૨૫]અમારો પિતા (પૂર્વજ) દાઉદ તારો સેવક હતો. પવિત્ર આત્માની સહાયથી તેણે આ શબ્દો લખ્યા:

"શા માટે રાષ્ટ્રો બૂમો પાડે છે? શા માટે વિશ્વના લોકો દેવની વિરુદ્ધ યોજના ઘડે છે? તે નિરર્થક છે!

[૨૬] પૃથ્વી પરના રાજાઓ તેઓની જાતે લડવા સજજ થયા છે, અને બધા અધિકારીઓ પ્રભુની (દેવ) વિરુદ્ધ અને તેના ખ્રિસ્તની વિરુદ્ધ ભેગા થયા છે.'

*ગીતશાસ્ર ૨:૧-૨*

[૨૭]જ્યારે અહીં યરૂશાલેમમાં ઈસુની વિરુદ્ધ હેરોદ, પોંતિયુસ પિલાત, રાષ્ટ્રો અને બધા યહૂદી લોકો આવીને ભેગા મળ્યા ત્યારે ખરેખર આ બાબતો બની. ઈસુ તારો પવિત્ર સેવક છે. તે એક છે જેને તેં ખ્રિસ્ત બનાવ્યો છે. [૨૮]આ લોકો જે ઈસુની વિરુદ્ધ આવીને ભેગા મળ્યા છે જેથી તારી યોજના પૂર્ણ થઈ. તારા સામર્થ્ય અને તારી ઈચ્છાથી તે બન્યું. [૨૯]અને હવે, પ્રભુ, તેઓ શું કહે છે તે સાંભળ, તેઓ અમને ધમકાવે છે! પ્રભુ, અમે તારા સેવકો છીએ. તું અમારી પાસે જે કહેવડાવવા ઈચ્છતો હોય તે અમે ભય વગર બોલીએ તેમાં અમને સહાય કર. [૩૦]તારું સામર્થ્ય બતાવીને અમને સામર્થ્યવાન થવામાં મદદ કર. માંદા લોકોને સાજા કર, સાબિતીઓ આપ, અને ઈસુના નામના અદભૂત સામર્થ્યથી તે અદભૂત ચમત્કારો થવા દે, જે તારો પવિત્ર સેવક છે."

[૩૧]વિશ્વાસીઓની પ્રાર્થના પછી તેઓ જ્યાં ભેગા થયા હતા તે મકાન હાલ્યું. તેઓ બધા પવિત્ર આત્માથી ભરપૂર થયા. અને તેઓએ દેવનો સંદેશો નિર્ભય રીતે કહેવાનું ચાલુ કર્યું.

### વિશ્વાસીઓનો ભાગ

[૩૨]વિશ્વાસીઓનું મંડળ એક મનનું તથા એક જીવનું હતું. સમૂહનો કોઈ પણ વ્યક્તિ તેઓની પાસે જે વસ્તુઓ હતી તેની માલિકી તરીકેનો દાવો તેમાંના કોઈએ કર્યો નહિ. તેને બદલે તેઓ દરેક વસ્તુના ભાગ કરી વહેંચતા. [૩૩]મહાન સામર્થ્યથી પ્રેરિતોએ લોકોને કહ્યુ કે પ્રભુ ઈસુ ખરેખર મૃત્યુમાંથી ઉઠયો છે. અને દેવે બધા વિશ્વાસીઓને ઘણા આશીર્વાદ આપ્યા હતા. [૩૪]તેઓ બધાને તેઓને જરૂરી બધું મળ્યું હતું. દરેક માણસે પોતાની માલિકીનાં ખેતરો અને મકાનો વેચી નાખ્યાં.

૩૫તેઓએ પૈસા લાવીને પ્રેરિતોને આપ્યા. પછી દરેક વ્યક્તિને તેની જરૂરિયાત પ્રમાણે વસ્તુઓ આપવામાં આવી. ૩૬વિશ્વાસીઓમાં એકનું નામ યૂસફ હતું. પ્રેરિતો તેને બાર્નાબાસ કહેતા. (આ નામનો અર્થ "બીજાને મદદ કરનાર વ્યક્તિ.") તે લેવી હતો સૈપ્રસમાં તેનો જન્મ થયો હતો. ૩૭યૂસફની માલિકીનું એક ખેતર હતું. તેણે ખેતર વેચીને પૈસા લઈને તે પૈસા પ્રેરિતોને આપ્યા હતા.

### અનાન્યા તથા સફિરા

૫ અનાન્યા નામે એક માણસ હતો. તેની પત્નીનું નામ સફિરા હતું. અનાન્યા પાસે જે જમીન હતી, તે તેણે વેચી દીધી. ૨પણ તેણે પ્રેરિતોને ફક્ત પૈસાનો કેટલોક હિસ્સો આપ્યો. તેણે કેટલાક પૈસા તેના માટે ખાનગીમાં રહેવા દીધા. તેની પત્નીએ પણ આ જાણ્યું અને તે તેની સાથે સંમત થઈ. ૩પિતરે કહ્યું, "અનાન્યા, શા માટે શેતાનને તારા હદય પર સવાર થવા દે છે? તેં જૂઠું બોલીને પવિત્ર આત્માને છેતરવાનો પ્રયત્ન શા માટે કર્યો તેં તારું ખેતર વેચ્યું, પણ તેં શા માટે પૈસાનો ભાગ તારી જાત માટે રહેવા દીધો? ૪તેં ખેતર વેચ્યું તે પહેલાં તે તારું હતું અને તે વેચ્યા પછી પણ તેં તારી ઈચ્છાનુસાર તે પૈસાનો કોઈ રીતે ઉપયોગ કર્યો હોત. તેં શા માટે આ ખરાબ કરવાનું વિચાર્યુ છે? તું દેવ સમક્ષ જૂઠું બોલ્યો છે, માણસો સમક્ષ નહિ!" ૫-૬જ્યારે અનાન્યાએ આ સાંભળ્યું, તે નીચે પડ્યો અને મૃત્યુ પામ્યો. કેટલાક જુવાનો આવ્યા અને તેના શરીરને (કફનમાં) વીંટાળ્યું. તેઓ તેને બહાર લઈ ગયા અને દફનાવી દીધો અને દરેક માણસે જેણે આ અંગે સાંભળ્યું તે બધા ભયભીત થયા.

૭ત્રણેક કલાક પછી તેની પત્ની (સફિરા) અંદર આવી. સફિરા તેના પતિનું જે કંઈ થયું એ અંગે કશું જાણતી નહોતી. ૮પિતરે તેને કહ્યું, "તારા ખેતરના તને કેટલા પૈસા મળ્યા તે મને કહે. શું તે આટલા જ હતા (જે રકમ અનાન્યાએ કહી)?"

સફિરાએ જવાબ આપ્યો, "હા, ખેતર માટે જે મળ્યું તે બધું જ."

૯પિતરે તેને કહ્યું, "પ્રભુના આત્માનું પરીક્ષણ કરવા માટે તું અને તારો પતિ કેમ સંમત થયા? ધ્યાનથી સાંભળ! તું પેલા પગલાંનો અવાજ સાંભળે છે? તારા પતિને દફનાવનારા બારણે આવી પહોંચ્યા છે! તેઓ તને પણ આ રીતે લઈ જશે." ૧૦તે જ વખતે સફિરા તેના પગે પડી અને મૃત્યુ પામી. જુવાન માણસો અંદર આવ્યા અને જોયું કે તે મૃત્યુ પામી હતી. તે માણસો તેને બહાર લઈ ગયા અને તેના પતિની બાજુમાં જ દફનાવી. ૧૧બધા જ વિશ્વાસીઓ અને બીજા બધા લોકો જેમણે આ વિષે સાંભળ્યું તે બધા ભયભીત થઈ ગયા.

### દેવ તરફથી સાબિતી

૧૨પ્રેરિતોએ ઘણાં અદભૂત ચમત્કારો અને પરાક્રમો કર્યા. બધા લોકોએ આ બધી વસ્તુઓ જોઈ. પ્રેરિતો સુલેમાનની પરસાળમાં ભેગા થયા હતા. તેઓ બધાનો હેતુ સામાન્ય હતો. ૧૩બીજા લોકોમાંથી કોઈની પણ હિંમત તેઓની સાથે ઊભા રહેવાની ન હતી. બધા જ લોકો પ્રેરિતોના વિષે સારું બોલતા હતા. ૧૪વધારે ને વધારે લોકો પ્રભુમાં (ઈસુ) વિશ્વાસ કરતાં થયા–ઘણા માણસો અને ઘણી સ્રીઓ વિશ્વાસીઓના સમૂહમાં ઉમેરાવા લાગ્યા. ૧૫તેથી લોકો તેઓના માંદાઓને શેરીઓમાં લાવવા લાગ્યાં. લોકોએ સાંભળ્યું કે પિતર બાજુમાં આવી રહ્યો છે. તેથી લોકોએ તેઓના માંદા માણસોને પથારીઓમાં તથા ખાટલાઓમાં સુવાડ્યા. તેઓએ વિચાર્યુ કે જો માંદા લોકો નજીકમાં હોય તો પિતરના પડછાયાનો તેઓને સ્પર્શ થાય તો, તેઓને સાજા થવા માટે પૂરતું છે. ૧૬યરૂશાલેમની આજુબાજુના બધા શહેરોમાંથી લોકો આવ્યા. તેઓ તેઓના માંદા લોકોને અને જે લોકો અશુદ્ધ આત્માથી પીડાતા હતા તે સૌને લાવ્યા. તેઓમાંના બધાને સાજા કરવામાં આવ્યા હતા.

### યહૂદીઓનો પ્રેરિતોને અટકાવવાનો પ્રયત્ન

૧૭પ્રમુખ યાજક અને તેના બધા મિત્રોને (જેઓ સદૂકી પંથ તરીકે ઓળખાતા) ઘણી ઈર્ષા થઈ. ૧૮તેઓએ પ્રેરિતોની ધરપકડ કરી તેમને બંદીખાનામાં પૂર્યા. ૧૯પરંતુ રાત્રી દરમિયાન પ્રભુના દૂતે બંદીખાનાનાં બારણાં ઉઘાડ્યાં. દૂતે પ્રેરિતોને બહાર લઈ જઈને કહ્યું; ૨૦"જાઓ અને મંદિરના વાડામાં ઊભા રહો અને ઈસુમાં આ નવી જીંદગીની બધી બાબતો લોકોને કહો." ૨૧જ્યારે પ્રેરિતોએ આ સાંભળ્યું ત્યારે, તેઓ તેની આજ્ઞા માનીને મંદિરમાં ગયા. વહેલી પ્રભાતે પ્રેરિતોએ લોકોને બોધ આપવાનો આરંભ કર્યો.

પ્રમુખ યાજક અને તેના મિત્રો મંદિરમાં આવ્યા. તેઓએ યહૂદી આગેવાનો અને મહત્વના વડીલ માણસોની સભા બોલાવી. તેઓએ કેટલાક માણસોને બંદીખાનામાંથી પ્રેરિતોને તેની પાસે લાવવા મોકલ્યા. ૨૨જ્યારે તે માણસો બંદીખાનામાં પહોચ્યાં ત્યારે તેઓએ

ત્યાં પ્રેરિતોને જોયા નહિ. તેથી તેઓ પાછા ગયા અને યહૂદી આગેવાનોને આ બાબત કહી. [૨૩]તે માણસોએ કહ્યું, "બંદીખાનાના બારણાં બંધ હતાં ને તેને તાળાં મારેલાં હતાં. રક્ષકો દરવાજા પાસે ઊભા હતા. પણ જ્યારે અમે બારણાં ઉઘાડયા ત્યારે બંદીખાનું ખાલી હતું!" [૨૪]મંદિરના રક્ષકોના સરદારે અને મુખ્ય યાજકોએ આ સાંભળ્યું ત્યારે તેઓ મૂઝવણમાં પડ્યા,"આના કારણે શું પરિણામ આવશે?" [૨૫]બીજા એક માણસે તેને આવીને કહ્યું,"ધ્યાનથી સાંભળો, તમે જે માણસોને જેલમાં પૂર્યા હતા તેઓ તો મંદિરની પરસાળમાં ઊભા છે. તેઓ લોકોને બોધ આપે છે!" [૨૬]પછી સરદાર અને તેના માણસો બહાર ગયા અને પ્રેરિતોને પાછા લાવ્યા. પરંતુ સૈનિકોએ બળનો ઉપયોગ કર્યો ન હતો, કારણ કે તેઓ લોકોથી બીતા હતા. સૈનિકોને લોકોના ગુસ્સે થવાનો અને પથ્થરોથી મારી નાખવાનો ભય હતો.

[૨૭]સૈનિકોએ પ્રેરિતોને સભામાં લાવીને યહૂદી આગેવાનોની આગળ તેઓને ઊભા રાખ્યા. પ્રમુખ યાજકે પ્રેરિતોને પ્રશ્ન કર્યો. [૨૮]તેણે કહ્યું; "અમે તમને આ માણસ (ઈસુ) વિષે કદાપિ નહિ શીખવવા કહ્યું છે! પણ જુઓ તમે શું કર્યુ છે! તમે તમારા બોધથી આખા યરૂશાલેમને ગજાવ્યું છે. તમે આ માણસના (ઈસુ) મૃત્યુ માટે અમને જવાબદાર ઠેરવવા પ્રયત્ન કરો છો."

[૨૯]પિતર અને બીજા પ્રેરિતોએ જવાબ આપ્યો, "અમારે માણસો કરતાં દેવની આજ્ઞાનું પાલન વધારે કરવું જોઈએ. [૩૦]તમે ઈસુને મારી નાખ્યો. તમે તેને વધસ્તંભે લટકાવ્યો. પણ દેવે, અમારા પૂર્વજોના એ જ દેવે ઈસુને મૃત્યુમાંથી ઊઠાડયો છે. [૩૧]ઈસુને દેવે તેની જમણી બાજુએ ઊંચો કર્યો છે. દેવે ઈસુને આપણા રાજા અને તારનાર બનાવ્યો છે. દેવે આમ કર્યુ તેથી યહૂદીઓ પસ્તાવો કરે. પછી દેવ તેઓનાં પાપોને માફ કરી શકે. [૩૨]અમે આ બધું બનતાં જોયું છે. અમે કહી શકીએ છીએ કે આ બધું સાચું છે. પવિત્ર આત્મા પણ એ બતાવે છે કે આ સાચું છે. દેવે બધા લોકો જે દેવની આજ્ઞાનું પાલન કરે છે તે સૌને પવિત્ર આત્મા આપેલો છે."

[૩૩]યહૂદી આગેવાનોએ આ શબ્દો સાંભળ્યા. તેઓ ઘણા ગુસ્સે થયા. તેઓએ પ્રેરિતોને મારી નાંખવા માટે યોજના કરવા માડી. [૩૪]ફરોશીઓમાંનો એક સભામાં ઊભો થયો. તેનું નામ ગમાલ્યેલ હતું. તે ન્યાયશાસ્રી હતો, અને બધા જ લોકો તેને માન આપતા. થોડી મિનિટો માટે પ્રેરિતોને સભા છોડી જવા માટે કહેવા તેણે માણસોને કહ્યું. [૩૫]પછી તેણે તેઓને કહ્યું, "ઈઝરાએલી માણસો, આ લોકોને તમે જે કંઈ કરવા ધારો છો તે વિષે સાવધાન રહો. [૩૬]યાદ કરો, જ્યારે થિયુદાસે બળવો કર્યો ત્યારે તેણે કહ્યું કે તે એક મહત્વનો માણસ હતો. આશરે ૪૦૦ માણસો તેની સાથે જોડાયા. પણ તેને મારી નાખવામાં આવ્યો અને જે બધા તેને અનુસર્યા હતા તેઓ વેરવિખેર થઈને ભાગી ગયા. અને તેઓ કશું જ કરી શકયા નહિ. [૩૭]તે પછી, ગાલીલમાંથી યહૂદા નામનો માણસ આવ્યો . વસતિ ગણતરીનો સમય હતો ત્યારે તે બન્યું. તે શિષ્યોના એક સમૂહને દોરતો હતો. પરંતુ તે પણ માર્યો ગયો. અને તેના બધા શિષ્યો વિખેરાઈને નાસી ગયા. [૩૮]અને તેથી હવે, "હું તમને કહું છું, "આ લોકોથી દૂર રહો. તેઓને એકલા છોડી દો. જો તેઓની યોજના જે મનુષ્યસર્જિત છે તો, તે નિષ્ફળ જશે. [૩૯]પણ જો આ યોજના દેવ નિર્મિત હશે, તો તમે કોઈ તેઓને અટકાવી શકવાના નથી. ઊલટું તમે દેવની સાથે લડનારા મનાશો!"

ગમાલ્યેલે જે કહ્યું તે સાથે યહૂદી આગેવાનો સંમત થયા. [૪૦]તેઓએ પ્રેરિતોને ફરીથી અંદર બોલાવ્યા. પ્રેરિતોને માર્યા અને ઈસુ વિષે ફરીથી લોકોને નહિ કહેવા તેઓને કહ્યું. પછી તેઓએ પ્રેરિતોને મુક્ત કર્યા. [૪૧]પ્રેરિતો સભા છોડી જતા રહ્યાં. પ્રેરિતો ખુશ હતા કારણ કે ઈસુના નામને લીધે તેઓ અપમાન સહન કરવાને પાત્ર ઠર્યા. [૪૨]પ્રેરિતોએ લોકોને બોધ આપવાનું બંધ કર્યુ નહિ. પ્રેરિતોએ લોકોને ઈસુ એ જ ખ્રિસ્ત છે એ સુવાર્તા કહેવાનું ચાલુ રાખ્યું. તેઓ પ્રતિદિન મંદિરમાં પરસાળમાં અને લોકોને ઘરે આમ કહેતા.

### વિશિષ્ટ કાર્ય માટે સાત માણસની પસંદગી

૬ વધારે ને વધારે લોકો ઈસુના શિષ્યો થવા લાગ્યા. પરંતુ આ સમય દરમિયાન જ, ગ્રીક ભાષી યહૂદીઓએ બીજા યહૂદીઓને દલીલો કરી. તેઓએ ફરીયાદ કરી કે રોજ શિષ્યોને જે વહેંચવામાં આવે છે તેમાંથી તેઓની વિધવાઓને તેઓનો ભાગ મળતો નથી. [૨]તે બાર પ્રેરિતોએ આખા સમૂહને બોલાવ્યો. પ્રેરિતોએ તેઓને કહ્યું, "દેવના વચનોનો બોધ આપવાનું આપણું કામ અટકી ગયું છે. તે સારું નથી. લોકોને કંઈક ખાવાનું વહેંચવામાં મદદ કરવા કરતાં દેવના વચનોનો બોધ આપવાનું ચાલુ રાખવું તે વધારે સારું છે. [૩]તેથી ભાઈઓ, તમારા પોતાનામાંથી સાત માણસો પસંદ કરો. લોકો જેને સારા માણસો કહે તેવા તે હોવા જોઈએ. તેઓ આત્માથી ભરપૂર અને જ્ઞાનથી ભરપૂર હોવા જોઈએ.

આપણે તેઓને આ કામ કરવાનું સોંપીશું. ૪પછી આપણે આપણો બધો સમય પ્રાર્થનામાં તથા (પ્રભુની) વાતની સેવા કરવામાં વાપરી શકીશું."

૫સમગ્ર સમૂહને આ વિચાર ગમ્યો. તેથી તેઓએ સાત પુરુષોની પસંદગી કરી. સ્તેફન (વિશ્વાસથી અને પવિત્ર આત્માથી ભરપૂર માણસ) ફિલિપ, પ્રોખરસ, નિકાનોર, તીમોન, પાર્મિનાસ, અને નિકોલાઉસ (અંત્યોખનો યહૂદી થયેલો માણસ). ૬પછીથી તેઓએ આ માણસોને પ્રેરિતો સમક્ષ રજૂ કર્યા. પ્રેરિતોએ પ્રાર્થના કરી અને તેઓએ તેઓના હાથ તેઓના પર મૂક્યા.

૭દેવની વાતનો વધારે ને વધારે લોકો સુધી પ્રચાર થતો ગયો. યરૂશાલેમમાં શિષ્યોની સંખ્યા મોટી થતી ગઈ. યહૂદી યાજકોના મોટા સમૂહો પણ વિશ્વાસને આધીન થયા.

### સ્તેફનના વિરોધી યહૂદીઓ

૮સ્તેફનને (સાતમાંનો એક) મહાન આશીર્વાદ પ્રાપ્ત થયો. દેવે સ્તેફનને ચમત્કારો કરવાનું અને લોકોને દેવની સાબિતીઓ બતાવવાનું સામર્થ્ય આપ્યું.

૯પરંતુ કેટલાક યહૂદીઓ આવ્યા અને સ્તેફનની સાથે દલીલો કરી. આ યહૂદીઓ સભામાંના હતા. તે સભા લિબર્તીની માટેની હતી. (આ સભા કુરેનીના યહૂદીઓ માટેની તથા આલેકસાંદ્રિયાના યહૂદીઓ માટેની હતી.) કિલીકિયા અને આસિયાના યહૂદીઓ તેઓની સાથે હતા. તેઓ બધાએ આવીને સ્તેફન સાથે દલીલો કરી. ૧૦પરંતુ સ્તેફન આત્માની પ્રેરણાથી જ્ઞાન સાથે બોલતો. તેના શબ્દો એટલા મક્કમ હતા કે યહૂદીઓ તેની સાથે દલીલો કરી શક્યા નહિ. ૧૧તેથી યહૂદીઓએ કેટલાક માણસોને કહેવા માટે ઊભા કર્યા, "અમે સાંભળ્યું છે કે સ્તેફન, મૂસા અને દેવની વિરુદ્ધ બોલ્યો." ૧૨આમ કરીને આ યહૂદીઓએ લોકોને, વડીલો તથા શાસ્ત્રીઓને મૂંઝવણમાં મૂક્યા. તેઓ એટલા બધા ઉશ્કેરાયા કે તેઓએ આવીને સ્તેફનને પકડી લીધો. તેઓ તેને યહૂદીઓના બોધકોની સભામાં લઈ ગયા. ૧૩યહૂદીઓ સભામાં કેટલાક માણસોને લાવ્યા. તેઓએ આ માણસોને સ્તેફન વિષે જૂઠું બોલવાનું કહ્યું. તે માણસોએ કહ્યું; "આ માણસ (સ્તેફન) હંમેશા આ પવિત્ર જગ્યા (મંદિર) માટે ખરાબ કહે છે અને હંમેશા તે મૂસાના નિયમશાસ્ત્ર વિરુદ્ધ દુર્ભાષણ કરે છે. ૧૪અમે તેને કહેતાં સાંભળ્યો છે કે ઈસુ નાઝારી આ સ્થાનનો નાશ કરશે. તેણે એમ પણ કહ્યું છે કે મૂસાએ આપણને જે રીતરિવાજો આપ્યા છે તેને ઈસુ બદલી નાખશે." ૧૫સભામાં બેઠેલા બધા લોકો સ્તેફન તરફ એકી નજરે જોઈ રહ્યા. તેનો ચહેરો એક દૂતના જેવો દેખાતો હતો અને તેઓએ તે જોયો.

### સ્તેફનનું ઉદબોધન

૭ પ્રમુખ યાજકે સ્તેફનને કહ્યું, "શું આ હકીકત સાચી છે?" ૨સ્તેફને જવાબ આપ્યો, "મારા ભાઈઓ અને યહૂદી વડીલો મને ધ્યાનથી સાંભળો. આપણા પિતા (પૂર્વજ) ઈબ્રાહિમને આપણા મહિમાવાન દેવના દર્શન થયા. ઈબ્રાહિમ મેસોપોતામિયામાં રહેતો પછી તે હારાનમાં રહેવા ગયો હતો તે અગાઉ આ બન્યું હતું. ૩દેવે ઈબ્રાહિમને કહ્યું; "તારો દેશ અને તારા લોકોને છોડીને તે દેશમાં જા જે હું તને બતાવીશ." ૪તેથી ઈબ્રાહિમે ખાલ્દી દેશ છોડ્યો અને તે હારાનમાં રહેવા ગયો. ઈબ્રાહિમના પિતાના મૃત્યુ પછી દેવે તેને આ સ્થળે મોકલ્યો. જ્યાં હાલમાં તમે રહો છો. ૫પણ દેવે ઈબ્રાહિમને આ જમીનમાંથી કશું આપ્યું નહિ. દેવે તેને એક ડગલું પણ જમીન આપી નહિ. પણ દેવે વચન આપ્યું કે ભવિષ્યમાં તે ઈબ્રાહિમને આ જમીન તેના માટે તથા તેના સંતાનો માટે આપશે. (ઈબ્રાહિમને કોઈ સંતાન નહોતા તે અગાઉ આ હતું.) ૬દેવે તેને જે કહ્યું તે આ છે: "તારા વંશજો બીજા દેશમાં રહેશે. તેઓ અજ્ઞાત હશે. ત્યાંના લોકો તેઓને ૪૦૦ વરસ સુધી ગુલામીમાં રાખશે. તેઓને દુ:ખ આપશે." ૭"જે રાષ્ટ્ર તેઓને ગુલામ બનાવશે તેને હું શિક્ષા કરીશ. અને દેવે એમ પણ કહ્યું, 'આ હકીકતો બન્યા પછી તમારા લોકો તે દેશમાંથી બહાર આવશે. અને પછી આ સ્થળે તમારા લોકો અહી મારી સેવા કરશે." ૮દેવે ઈબ્રાહિમ સાથે કરાર કર્યો; આ કરારની નિશાની સુન્નત હતી. અને તેથી જ્યારે ઈબ્રાહિમને પુત્ર થયો ત્યારે તે આઠ દિવસનો થતાં જ તેણે તેની સુન્નત કરી. તેના પુત્રનું નામ ઈસહાક હતું. ઈસહાકે પણ યાકૂબની સુન્નત કરી. અને યાકૂબે તેના પુત્રો માટે એમ જ કર્યુ. આ પુત્રો આગળ જતાં બાર પૂર્વજો થયા.

૯આ પૂર્વજોને યૂસફની (તેઓનો નાનો ભાઈ) ઈર્ષા થઈ. તેઓએ યૂસફને ગુલામ થવા માટે મિસરમાં વેચ્યો. પરંતુ દેવ યૂસફની સાથે હતો. ૧૦યૂસફને ત્યાં ઘણી મુશ્કેલીઓ હતી. પણ દેવે તેને તે બધી મુશ્કેલીઓમાંથી બચાવ્યો. ફારુન મિસરનો રાજા હતો. તેને યૂસફ ગમતો અને તેને માન આપતો કારણ કે દેવે યૂસફને ડહાપણ આપ્યું. ફારુને યૂસફને મિસરનો અધિકારી બનાવી જવાબદારી સોંપી. અને ફારુનના મહેલના તમામ લોકો પર પણ શાસન કરવાની

જવાબદારી સોંપી. ૧૧પરંતુ આખા મિસર અને કનાનની બધી જમીન સુકાઈ ગઈ. જેથી ત્યાં અનાજ ઊગ્યું નહિ. આથી લોકોને ખૂબ સંકટો સહન કરવા પડ્યા. આપણા પૂર્વજો ખાવા માટે કંઈ મેળવી શક્યા નહિ. ૧૨પણ યાકૂબે સાંભળ્યું કે મિસરમાં અનાજનો સંગ્રહ થતો હતો. તેથી તેણે આપણા પિતાઓને (યાકૂબનાં સંતાનો) ત્યાં મોકલ્યો. (આ તેનો મિસરનો પ્રથમ પ્રવાસ હતો.) ૧૩પછી તેઓ બીજી વાર ગયા. આ વખતે, યૂસફે તેના ભાઈઓને તે કોણ હતો તે કહ્યું અને ફારુને યૂસફના પરિવાર વિષે જાણ્યું. ૧૪પછી યૂસફે કેટલાક લોકોને તેના પિતા યાકૂબને મિસર આવવાનું નિમંત્રણ આપવા મોકલ્યો. તેણે તેના બધા સગાં સંબંધીઓને પણ નિમંત્રણ પાઠવ્યાં (૭૫ વ્યક્તિઓ એક સાથે) ૧૫તેથી યાકૂબ મિસર આવી ગયો. યાકૂબ અને આપણા પૂર્વજો મૃત્યુપર્યંત ત્યાં રહ્યા. ૧૬પાછળથી તેઓના શરીરોને શખેમ લઈ જવામાં આવ્યા. તેઓને કબરમાં મૂકવામાં આવ્યા. (તે એ જ કબર હતી જે ઈબ્રાહિમે હમોરના દીકરાઓ પાસેથી શખેમમાંથી ખરીદી હતી. તેણે તેઓને રૂપાનું નાણું પણ ચુકવ્યું હતું.)

૧૭"મિસરમાં યહૂદી લોકોની સંખ્યામાં વૃદ્ધિ થઈ. ત્યાં વધારે ને વધારે આપણા લોકો હતા. (દેવે ઈબ્રાહિમને જે વચન આપ્યું હતું તે જલદીથી સાચું થવાનું હતું.) ૧૮પછી મિસરમાં એક બીજા રાજાનો અમલ શરૂ થયો. તે યૂસફ વિષે કંઈ જાણતો ન હતો. ૧૯આ રાજા આપણા લોકોની સાથે કપટ કરીને આપણા પૂર્વજો તરફ ખરાબ રીતે વર્તતો હતો. રાજાએ તેમનાં બાળકોને ખુલ્લામાં બહાર તેઓની પાસે મુકાવડાવ્યાં જેથી તેઓ જીવે નહિ. ૨૦આ સમય દરમિયાન મૂસાનો જન્મ થયો હતો. તે ઘણો સુંદર હતો. ત્રણ માસ સુધી તેના પિતાના ઘરમાં મૂસાની સંભાળ લીધી. ૨૧જ્યારે તેઓએ મૂસાને બહાર મૂક્યો. ફારુનની દીકરીએ તેને લઈ લીધો. તેણીએ તે જાણે તેનો પોતાનો પુત્ર હોય તે રીતે તેને ઉછેર્યો. ૨૨મિસરીઓએ તેઓ જે બધું જાણતા હતા તે મૂસાને શીખવ્યું. તે બોલવામાં અને તે પ્રમાણે કરવામાં બાહોશ હતો.

૨૩"જ્યારે મૂસા લગભગ ૪૦ વર્ષનો થયો, તેણે વિચાર્યુ કે પોતાના દેશના ઈઝરાએલી ભાઈઓને મળવું તે સારું હશે. ૨૪મૂસાએ જોયું કે એક મિસરી માણસ યહૂદી સાથે અનિચ્છનીય રીતે વર્તતો હતો. તેથી તેણે યહૂદીને સહાય કરી. મૂસાએ યહૂદીને ઈજા પહોંચાડવા માટે મિસરીને શિક્ષા કરી. મૂસાએ તેને એટલો સખત માર્યો કે તે મરી ગયો. ૨૫મૂસાએ વિચાર્યુ કે તેના યહૂદી ભાઈઓ સમજશે કે દેવ મારા હાથે તેઓનો છૂટકારો કરશે. પણ તેઓ સમજ્યા નહિ. ૨૬બીજે દિવસે મૂસાએ બે યહૂદી માણસોને લડતા જોયા. તેણે બંને વચ્ચે સમાધાન કરાવવા પ્રયત્ન કર્યો. તેણે કહ્યું, 'ભલા માણસો, તમે ભાઈઓ છો! તમે એકબીજાનું ખરાબ શા માટે કરો છો?' ૨૭એક માણસ કે જે બીજાનું ખરાબ કરતો હતો તેણે મૂસાને ધક્કો માર્યો. તેણે મૂસાને કહ્યું, 'અમારા પર કોણે તને અધિકારી કે ન્યાયાધીશ બનાવ્યો છે? ના! ૨૮ગઈકાલે તેં પેલા મિસરીને મારી નાખ્યો તેમ મને મારી નાખવા ધારે છે? '* ૨૯જ્યારે મૂસાએ તેને આમ કહેતો સાંભળ્યો ત્યારે, મૂસાએ મિસર છોડ્યું. તે મિધાનના પ્રદેશમાં રહેવા ગયો. ત્યાં તે અજાણ્યો હતો. મૂસા મિધાનમાં રહેતો ત્યારે ત્યાં તેને બે દીકરા હતા.

૩૦"ચાળીસ વરસ પછી મૂસા સિનાઈ પર્વતના રણ પ્રદેશમાં હતો. ત્યાં દૂતે તેને ઝાડીઓ મધ્યે અગ્નિ જવાળામાં દર્શન દીધું. ૩૧જ્યારે મૂસાએ આ જોયું. તે નવાઈ પામ્યો. તે તેને જોવા સારું નજીક ગયો. ત્યારે મૂસાએ એક અવાજ સાંભળ્યો; તે પ્રભુનો (દેવનો) અવાજ હતો. ૩૨પ્રભુએ કહ્યું, 'હું તારા પૂર્વજોનો દેવ, એટલે ઈબ્રાહિમનો, ઈસહાકનો તથા યાકૂબનો દેવ છું.'* મૂસા ભયથી ધ્રુજી ઊઠયો. અગ્નિ સામે જોવાની તેની હિંમત ચાલી નહિ. ૩૩પ્રભુએ તેને કહ્યું, 'તારાં જોડા કાઢી નાંખ, કારણ કે જે સ્થળે તું ઊભો છે તે પવિત્ર ભૂમિ છે. ૩૪મેં મારા લોકોને મિસરમાં દુ:ખ સહન કરતાં જોયા છે. મેં તેઓના નિસાસા સાંભળ્યા છે. તેઓને મુક્ત કરવા હું નીચે ઊતર્યો છું. હવે ચાલ, મૂસા હું તને મિસરમાં પાછો મોકલું છું.'*

૩૫"આ મૂસા કે જેનો તેઓએ નકાર કર્યો એમ કહીને કે તેને કોણે અમારો અધિકારી અને ન્યાયાધીશ બનાવ્યો? ના! એ જ મૂસાને દેવે અધિકારી અને ઉદ્ધાર કરનાર થવા સારુ મોકલ્યો. દેવે મૂસાને દૂતની મદદથી મોકલ્યો. આ તે દૂત હતો જેને મૂસાએ બળતા ઝાડવા મધ્યે જોયો હતો. ૩૬તેથી મૂસાએ લોકોને બહાર દોર્યા. તેણે અદભૂત પરાક્રમો અને ચમત્કારો કર્યા. મૂસાએ ઈજિપ્તમાં અને રાતા (સૂફ) સમુદ્રમાં, મિસર દેશમાં અને ૪૦ વરસ સુધી રણપ્રદેશમાં અદભૂત કામો તથા ચમત્કારો કર્યા. ૩૭આ એ જ મૂસા હતો જેણે યહૂદી લોકોને આ શબ્દો કહ્યા હતા. 'દેવ તમને એક પ્રબોધક

---

**'અમારા પર ... ધારે છે?'** નિ. ૨:૧૪.

**'હું તારા પૂર્વજો ... યાકૂબનો દેવ છું'** નિ. ૩:૬.

**'તારાં જોડા ... મોકલું છું'** નિ. ૩:૫-૧૦.

આપશે. તે પ્રબોધક તમારા પોતાના લોકોમાંથી જ આવશે. અને તે મારા જેવો જ થશે.'* ૩૮આ એ જ મૂસા છે જે રણપ્રદેશના યહૂદીઓની સભામાં હતો. તે દૂત સાથે હતો. જે દૂત તેને સિનાઈ પહાડ પર કહેતો હતો, અને તે જ આપણા પૂર્વજો સાથે હતો. મૂસા દેવ પાસેથી આજ્ઞાઓ મેળવે છે જે જીવન આપે છે. મૂસા આપણને તે આજ્ઞાઓ આપે છે.

૩૯"પણ આપણા પિતાઓ (પૂર્વજો) મૂસાને તાબે ન થયા. તેઓએ તેનો અસ્વીકાર કર્યો. તેઓએ ફરીથી મિસર પાછા જવા વિચાર્યુ. ૪૦આપણા પૂર્વજોએ હારુનને કહ્યું, 'મૂસા અમને મિસર દેશમાંથી બહાર લાવ્યો છે પણ અમને ખબર નથી કે તેનું શું થયું છે તેથી કેટલાક દેવોને બનાવ જે અમારી આગળ જાય અને અમને દોરે.'* ૪૧તેથી લોકોએ એક મૂર્તિ બનાવી જે વાછરડાં જેવી હતી. પછી તેઓએ મૂર્તિને તેનું બલિદાન આપ્યું. લોકો ઘણા ખુશ હતા કારણ કે તેણે જે બનાવ્યું હતું તે પોતાના હાથે બનાવ્યું હતું! ૪૨પણ દેવ તેઓનાથી વિમુખ થયો અને તેઓને આકાશમાંના જૂઠાં દેવોના સૈન્યની પૂજા કરતા અટકાવ્યા. દેવ કહે છે: પ્રબોધકોનાં જે લખાણ છે તે આ છે: દેવ કહે છે,

'ઓ યહૂદી લોકો! તમે રણપ્રદેશમાં ૪૦ વરસ
સુધી મને લોહીના બલિદાનો ચઢાવ્યા નહોતા.
૪૩ તમે મોલોખ (જૂઠો દેવ) નો માંડવો (પૂજાનું સ્થળ)
અને તમારા રમ્ફા દેવનો તારો લઈને આવ્યા
છો. આ મૂર્તિઓ તમે પૂજા કરવાને બનાવી છે.
તેથી હું તમને બાબિલને પેલે પાર મોકલી દઈશ.'

*આમોસ ૫:૨૫–૨૭*

૪૪"અરણ્યમાં તે પવિત્ર (સાક્ષ્ય) મંડપ આપણા પિતાઓની (પૂર્વજો) પાસે હતો. દેવે મૂસાને આ મંડપ કેવી રીતે બનાવવો તે કહ્યું. દેવે જે યોજના બનાવી હતી તે પ્રમાણે તેણે તે બનાવ્યો. ૪૫પાછળથી યહોશુઆ આપણા પિતાઓને બીજા રાષ્ટ્રોની ભૂમિ જીતવા દોરી ગયો. આપણા લોકો અંદર પ્રવેશ્યા. દેવે બીજા લોકોને બહાર કાઢયા. જ્યારે આપણા લોકો આ નવી ભૂમિમાં પ્રવેશ્યા, તેઓ તેઓની સાથે એ જ મંડપ લઈ આવ્યા. આપણા લોકોએ આ મંડપો તેઓના પિતાઓ પાસેથી પ્રાપ્ત કર્યો હતો. અને આપણા લોકોએ દાઉદનો સમય આવતા સુધી તે રાખ્યા. ૪૬દેવ દાઉદ પર ઘણો પ્રસન્ન હતો. દાઉદે તેના યાકૂબના દેવને માટે રહેઠાણ (મંદિર) બનાવવાની રજા માગી. ૪૭પરંતુ સુલેમાન (દાઉદનો પુત્ર) એક વ્યક્તિ હતો જેણે મંદિર બાંધ્યું.

૪૮"પરંતુ પરાત્પર (દેવ) માણસોએ તેઓના હાથે બાંધેલા રહેઠાણોમાં રહેતો નથી. પ્રબોધકો જે લખે છે તેમ:

'પ્રભુ કહે છે, આકાશ મારું રાજયાસન છે.
૪૯ પૃથ્વી મારા પાદાસન માટેની જગ્યા છે. તમે
મારા માટે કેવા પ્રકારનું રહેઠાણ બનાવશો? એવી
કોઈ પણ જગ્યા નથી જયાં મને વિશ્રામની જરૂર
પડે!
૫૦ સ્મરણ કરો, મેં જ આ બધી વસ્તુઓ બનાવી
છે!'"

*યશાયા ૬૬:૧–૨*

૫૧પછી સ્તેફને કહ્યું, "ઓ હઠીલા યહૂદી આગેવાનો, તમે તમારા હૃદય દેવને અર્પણ કર્યા નથી! તમે તેને ધ્યાનથી સાંભળતા પણ નથી. તમે હંમેશા પવિત્ર આત્મા તમને જે કહે છે તેઓનો વિરોધ કરો છો. તમારા પિતાઓએ (પૂર્વજોએ) આમ કર્યુ અને તમે પણ એમ જ કરો છો. ૫૨તમારા પિતાઓ જયાં સુધી જીવ્યા ત્યાં સુધી દરેક પ્રબોધકોને સતાવ્યા છે. તે પ્રબોધકોએ તે ન્યાયીના (ખ્રિસ્ત) આગમન વિષે આગળથી ખબર આપી હતી. પરંતુ તમારા પિતાઓએ તે પ્રબોધકોને મારી નાખ્યા. અને હવે બીજા એક ન્યાયીથી વિમુખ થઈને તમે તેને મારી નાખ્યો. ૫૩તમે એ લોકો છો જેને મૂસા દ્વારા નિયમો પ્રાપ્ત થયા. દેવે તમને આ નિયમો દૂતો દ્વારા આપ્યા. પરંતુ તમે આ નિયમ પાળ્યો નહિ !"

## સ્તેફનનું મૃત્યુ

૫૪યહૂદી આગેવાનોએ સ્તેફનની આ બાબતો સાંભળી. તેઓ ગુસ્સે થયા. યહૂદી આગેવાનો એવા પાગલ થઈ ગયા હતા કે તેઓ સ્તેફન સામે દાંત પીસવા લાગ્યા. ૫૫પરંતુ સ્તેફન તો પવિત્ર આત્માથી ભરપૂર હતો. સ્તેફને આકાશમાં ઊચે જોયું. તેણે દેવનો મહિમા જોયો. તેણે ઈસુને જમણી બાજુએ ઊભેલો જોયો. ૫૬સ્તેફને કહ્યું, "જુઓ! હું આકાશને ખુલ્લું જોઉં છું અને માણસના દીકરાને (ઈસુ) દેવની જમણી બાજુએ ઊભેલો જોઉં છું!"

૫૭પછી બધા યહૂદી આગેવાનોએ મોટા અવાજે બૂમો પાડી. તેઓએ તેઓના હાથો વડે તેઓના કાન બંધ કરી દીધા. તેઓ બધા સ્તેફન તરફ એક સાથે દોડ્યા. ૫૮તેઓ તેને શહેર બહાર લઈ ગયા અને તે મૃત્યુ

---

**'દેવ તમને ... જ થશે'** પુન. ૧૮:૧૫૩.

**'મૂસા અમને ... દોરે'** નિ. ૩૨:૧.

પામ્યો ત્યાં સુધી તેના તરફ પથ્થરો ફેંક્યા. જે માણસો સ્તેફન વિરુદ્ધ ખોટું બોલતા હતા તેઓએ તેના કપડાં શાઉલ નામના જુવાન માણસ પાસે મૂક્યા હતા. ૫૯પછી તેઓ સ્તેફનને પથ્થરો મારતા હતા. પરંતુ સ્તેફન તો પ્રાર્થના કરતો હતો. તેણે કહ્યું, "પ્રભુ ઈસુ, મારા આત્માનો સ્વીકાર કર!" ૬૦તેણે ઘૂંટણે પડીને બૂમ પાડી, "પ્રભુ આ પાપ માટે તેઓને દોષ દઈશ નહિ!" આમ કહ્યા પછી સ્તેફન અવસાન પામ્યો.

૮ શાઉલ સંમત હતો કે સ્તેફનની હત્યા કરવી એ સારી બાબત હતી.

### વિશ્વાસીઓ માટે સંકટો

૨-૩કેટલાક સારા (ધાર્મિક) માણસોએ સ્તેફનને દફનાવ્યો. તેઓએ તેના માટે ઘણું રુદન કર્યુ. તે જ દિવસે યરૂશાલેમમાં યહૂદીઓએ વિશ્વાસીઓના સમૂહની સતાવણી શરૂ કરી. યહૂદીઓએ તેઓને ખૂબ સંતાપ આપ્યો. શાઉલ પણ આ સમૂહનો વિનાશ કરવા પ્રયત્ન કરતો હતો. શાઉલ તેઓનાં ઘરોમાં ઘૂસી જતો. તે સ્ત્રી પુરુષોને બહાર ઘસડી લાવીને બંદીખાનામાં નાખતો. બધા જ વિશ્વાસીઓએ યરૂશાલેમ છોડ્યું. માત્ર પ્રેરિતો જ રહ્યા. વિશ્વાસીઓ યહૂદિયા અને સમરૂનમાં જુદા જુદા સ્થળોએ ગયા. ૪વિશ્વાસીઓ સર્વત્ર વિખરાઈ ગયા. જે જે જગ્યાએ વિશ્વાસીઓ ગયા ત્યાં તેઓએ લોકોને સુવાર્તા પ્રગટ કરી.

### ફિલિપનો સમારીઆમાં બોધ

૫ફિલિપ સમારીઆના શહેરમાં ગયો ત્યાં તેણે ઈસુ વિષે બોધ આપ્યો. ૬ત્યાંના લોકોએ ફિલિપને સાંભળ્યો અને તેઓ બધાએ ફિલિપે જે કંઈ કહ્યું તે કાળજીપૂર્વક ધ્યાનથી સાંભળ્યું. ૭આ લોકોમાંના ઘણાંને અશુદ્ધ આત્માઓ વળગ્યા હતા. પણ ફિલિપે અશુદ્ધ આત્માઓને તેઓમાંથી બહાર કાઢયા. જ્યારે તેઓ બહાર નીકળ્યા ત્યારે તેઓએ ઘણો મોટો અવાજ કર્યો. ત્યાં ઘણા લકવાગ્રસ્ત અને અપંગ માણસો પણ હતા. ફિલિપે આ લોકોને પણ સાજા કર્યા. ૮તે શહેરના લોકો આના કારણે ઘણા આનંદ વિભોર થયા.

૯પણ તે શહેરમાં એક સિમોન નામનો માણસ હતો. ફિલિપના આવતા પહેલા સિમોન ત્યાં જાદુના ખેલ કરતો હતો. તે સમારીઆના બધા લોકોને તેની યુક્તિોથી અચરત પમાડતો હતો. તે તેની જાતને મહાન માણસ કહેવડાવવાનો દંભ કરતો. ૧૦બધા જ લોકો ઓછા મહત્વના કે વધારે મહત્વના– સિમોન જે કહેતો તે માનતા. લોકો કહેતા, "આ માણસ પાસે દેવની સત્તા છે. 'જે મહાન સત્તા' કહેવાય છે!" ૧૧સિમોન તેના જાદુઈ ખેલોથી લોકોને આશ્ચર્યચકિત કરતો રહ્યો. ૧૨પણ ફિલિપે લોકોને દેવના રાજ્ય અને ઈસુ ખ્રિસ્તના નામ વિષે સુવાર્તા કહી, પુરુષો અને સ્રીઓએ ફિલિપમાં વિશ્વાસ મૂક્યો. તેઓએ બાપ્તિસ્મા લીધું. ૧૩સિમોને પોતે પણ વિશ્વાસ મૂક્યો અને બાપ્તિસ્મા પામ્યો. સિમોન ફિલિપની સાથે રહ્યો. ફિલિપે જે અદભૂત ચમત્કારો અને સામર્થ્યવાન કાર્યો કર્યા તે જોઈ તે ઘણો નવાઈ પામ્યો.

૧૪પ્રેરિતો હજુ યરૂશાલેમમાં હતા. તેઓએ સાંભળ્યું કે સમારીઆના લોકોએ દેવની વાત સ્વીકારી છે તેથી પ્રેરિતોએ પિતર અને યોહાનને સમારીઆના લોકો પાસે મોકલ્યા. ૧૫જ્યારે પિતર અને યોહાન આવી પહોંચ્યા ત્યારે, તેઓએ સમારીઆના વિશ્વાસીઓ પવિત્ર આત્મા પામે તે માટે પ્રાર્થના કરી. ૧૬આ બધા લોકોને ઈસુના નામે બાપ્તિસ્મા આપ્યું. પરંતુ હજુ સુધી તેઓમાંના કોઈમાં પવિત્ર આત્મા ઊતર્યો ન હતો. તેથી પિતર અને યોહાને પ્રાર્થના કરી. ૧૭તે બે પ્રેરિતોએ તે લોકો પર હાથ મૂક્યા. પછી તે લોકો પવિત્ર આત્મા પામ્યા.

૧૮સિમોને જોયું કે જ્યારે પ્રેરિતોએ તેઓના પર તેઓના હાથ મૂક્યા ત્યારે જ તેઓને પવિત્ર આત્મા પ્રાપ્ત થયેલ છે. તેથી સિમોને (તેઓને) પ્રેરિતોને પૈસા આપવાની દરખાસ્ત કરી. ૧૯સિમોને કહ્યું; "તમારા જેવો અધિકાર મને પણ આપો જેથી જ્યારે હું કોઈ માણસના માથે હાથ મૂકું તો તેને પવિત્ર આત્મા પ્રાપ્ત થાય."

૨૦પિતરે સિમોનને કહ્યું; "તું અને તારા પૈસા બંને બરબાદ થઈ જશે! કારણ કે તેં વિચાર્યુ કે દેવનું દાન પૈસાથી મળે છે. ૨૧તું આ કામમાં અમારી સાથે ભાગ લઈ શકીશ નહિ. તારું હૃદય દેવ સમક્ષ ન્યાયી નથી. ૨૨તું પસ્તાવો કર! તેં આ જે કંઈ ખરાબ કર્યુ છે ત્યાંથી તું પાછો વળ. પ્રભુને (દેવ) પ્રાર્થના કર. કદાચ તારા અંત:કરણના આ વિચારને તે માફ કરશે. ૨૩હું જોઈ શકુ છું કે તું અદેખાઈની કડવાશમાં અને પાપના બંધનમાં છે."

૨૪સિમોને જવાબ આપ્યો; "તમે બંને પ્રભુને (દેવ) મારા માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે તમે જે કહ્યું છે તે હવે મારી સાથે બનશે નહિ!"

૨૫પછી તે બે પ્રેરિતોએ ઈસુની જે વાતો જોઈ હતી તે કહી. પ્રેરિતોએ લોકોને પ્રભુનો તે સંદેશ કહ્યો. પછી તેઓ યરૂશાલેમ પાછા ફર્યા. રસ્તામાં જતાં જતાં

સમરૂનીઓમાંનાં ઘણાં ગામોમાં લોકોને સુવાર્તા પ્રગટ કરી.

### ઈથિઓપિયાના એક માણસને ફિલિપનો બોધ

[૨૬]પ્રભુના દૂતે ફિલિપને કહ્યું. તે દૂતે કહ્યું, "તૈયાર થઈ જા અને દક્ષિણમાં જા. યરૂશાલેમથી ગાઝા જવાના રસ્તેથી જા. આ રસ્તો રેતીના રણમાં થઈને જાય છે." [૨૭]તેથી ફિલિપ તૈયાર થઈને ગયો. રસ્તામાં તેણે એક ઈથિઓપિયાના માણસને જોયો. તે એક ખોજો હતો. તે ઈથિઓપિયા (હબશીઓ)ની રાણી કંદિકાના હાથ નીચે એક મહત્વનો અમલદાર હતો. તે તેણીના બધા ધનભંડારની કાળજી રાખવા માટે જવાબદાર હતો. આ માણસ યરૂશાલેમ ભજન કરવા ગયો હતો. [૨૮]હવે તે તેના ઘર તરફના રસ્તે પાછો ફરી રહ્યો હતો. ત્યાં તે તેના રથમાં બેસીને યશાયા પ્રબોધકનું પુસ્તક વાંચતો હતો. [૨૯]આત્માએ ફિલિપને કહ્યું, "પેલા રથ પાસે જા અને તેની નજીકમાં ઊભો રહે." [૩૦]તેથી ફિલિપ રથ નજીક ગયો. અને તે માણસને વાંચતા સાંભળ્યો. તે યશાયા પ્રબોધકનું પુસ્તક વાંચતો હતો. ફિલિપે તેને કહ્યું; "તું જે વાંચે છે તે શું તું સમજે છે?"

[૩૧]તે માણસે કહ્યું, "હું કેવી રીતે સમજી શકું? મને કોઈ માર્ગદર્શન આપનારની જરૂર છે." પછી તેણે રથમાં આવીને તેની સાથે બેસવા નિમંત્રણ આપ્યું. [૩૨]શાસ્રનું જે પ્રકરણ વાંચતો હતો તે આ પ્રમાણે હતું કે:

"ઘેટાંની જેમ તેને મારી નંખાવા માટે લઈ જવામાં
આવ્યો. તે એક હલવાન જેમ જ્યારે કોઈ તેનું
ઊન કાતરે ત્યારે મૌન રહે છે. તેમ તેણે પોતાનું
મોંઢું ખોલ્યું નહિ. તે કંઈ જ બોલ્યો નહિ.
૩૩ તે શરમાળ હતો, અને તેના બધા હક્કો છિનવાઈ
ગયા હતા. પૃથ્વી પરના તેના જીવનનો અંત
આવ્યો; તેના પરિવારના સંદર્ભમાં હવે કોઈ વર્ણન
મળશે નહિ."

*યશાયા ૫૩:૭–૮*

[૩૪]તે અમલદારે ફિલિપને કહ્યું, "કૃપા કરીને મને કહે. તેના સંદર્ભમાં કહેનારો પ્રબોધક કોણ છે? તે તેના પોતા વિષે કહે છે કે બીજા કોઈ માટે કહે છે?" [૩૫]ફિલિપે બોલવાનું શરૂ કર્યુ. તેણે આ શાસ્રથી જ શરૂઆત કરીને પેલા માણસને ઈસુના સંદર્ભમાં સુવાર્તા કહી.

[૩૬]જ્યારે તેઓ રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે તેઓ એક જગ્યાએ આવ્યા જ્યાં પાણી હતું. તે અમલદારે કહ્યું, "જુઓ! અહી પાણી છે! અહી બાપ્તિસ્મા લેવામાં મને કોઈ અડચણ પડે તેમ નથી." [૩૭]ફિલિપે જવાબ આપ્યો; "જો તું તારા સંપૂર્ણ હદયથી વિશ્વાસ કરતો હોય તો તું કરી શકે. તે અમલદારે કહ્યું, "મને વિશ્વાસ છે કે ઈસુ ખ્રિસ્ત તે દેવનો દીકરો છે." [૩૮]પછી અમલદારે રથને ઊભો રાખવા આજ્ઞા કરી. ફિલિપ અને અમલદાર બંને પાણીમાં નીચે ઉતર્યા. અને ફિલિપે તેને બાપ્તિસ્મા આપ્યું. [૩૯]જ્યારે તેઓ પાણીમાંથી બહાર આવ્યા ત્યારે પ્રભુનો આત્મા ફિલિપને લઈ ગયો. અમલદારે પછી તેને ફરીથી કદી જોયો નહિ. અમલદારે તેના ઘર તરફ ચાલવા માંડ્યું. તે ખુશ હતો. [૪૦]ફિલિપ અશ્દોદ નામના શહેરમાં જોવામાં આવ્યો. તે અશ્દોદથી કૈસરિયા સુધીના માર્ગમાં બધા શહેરમાં સુવાર્તા પ્રગટ કરતો ગયો.

### શાઉલનું બદલાણ

૯ યરૂશાલેમમાં શાઉલ હજુ પણ પ્રભુ (ઈસુ) ના શિષ્યોને બધી જ વખતે હત્યા કરવાની ધમકીઓ આપતો હતો. તેથી તે પ્રમુખ યાજક પાસે ગયો. [૨]શાઉલે તેને દમસ્ક શહેરની સભાઓના યહૂદીઓને પત્રો લખવાનું કહ્યું. શાઉલે ખ્રિસ્તના માર્ગના શિષ્યોને દમસ્કમાં શોધવાનો અધિકાર પ્રમુખ યાજક પાસેથી માગ્યો. જો તેને કોઈ સ્રી કે પુરુષ મળે તો તેઓને યરૂશાલેમ લઈ આવે.

[૩]તેથી શાઉલ દમસ્ક ગયો. જ્યારે તે શહેરની નજીક આવ્યો. તેની આજુબાજુ એકાએક આકાશમાંથી તેજસ્વી પ્રકાશ ઝબૂક્યો. [૪]શાઉલ જમીન પર પટકાયો. તેણે તેને કહેવાતી એક વાણી સાંભળી. "શાઉલ, શાઉલ! તું શા માટે મને સતાવે છે?"

[૫]શાઉલે કહ્યું, "તું કોણ છે, પ્રભુ?" જવાબમાં વાણી સંભળાઈ, "હું ઈસુ છું, તું જેની સતાવણી કરે છે. તે હું છું. [૬]હવે ઊભો થા, શહેરમાં જા, ત્યાં તારે શું કરવું જોઈએ તે તને કોઈ કહેશે."

[૭]શાઉલ સાથે મુસાફરી કરતા માણસો ત્યાં ઊભા રહ્યા. તેઓ કંઈ બોલ્યા નહિ. તે માણસોએ વાણી સાંભળી, પણ તેઓએ કોઈને જોયો નહિ. [૮]શાઉલ જમીન પરથી ઊભો થયો. તેણે તેની આંખો ઉઘાડી. પણ તે કંઈ જોઈ શક્યો નહિ. તેથી શાઉલની સાથેના માણસોએ તેનો હાથ પકડ્યો અને તેને દમસ્ક દોરી ગયા. [૯]ત્રણ દિવસ સુધી શાઉલ કંઈ જોઈ શક્યો નહિ. તે ખાઈ કે પી શક્યો પણ નહિ.

[૧૦]ત્યાં દમસ્કમાં ઈસુનો શિષ્ય હતો. તેનું નામ અનાન્યા હતું. પ્રભુ (ઈસુ) તેને દર્શન દઈને બોલ્યો. પ્રભુએ કહ્યું, "અનાન્યા!"

અનાન્યાએ કહ્યું, "હું અહીં છું, પ્રભુ."

૧૧પ્રભુએ અનાન્યાને કહ્યું, "ઊભો થા અને પાધરા નામના રસ્તે જા. યહૂદિયાનું ઘર શોધી કાઢ. તાર્સસના શહેરમાં શાઉલ નામના માણસની તપાસ કર. તે હમણાં ત્યાં પ્રાર્થના કરે છે. ૧૨શાઉલે એક દર્શન જોયું છે. આ દર્શનમાં આનાન્યા નામનો માણસ તેની પાસે આવ્યો અને તેના પર હાથ મૂક્યો. પછી શાઉલ ફરીથી જોઈ શક્યો."

૧૩પણ આનાન્યાએ જવાબ આપ્યો, "પ્રભુ (ઈસુ), ઘણા લોકોએ મને આ માણસ (શાઉલ) વિષે કહ્યું છે. તેઓએ યરૂશાલેમમાં તારા પવિત્ર લોકોને કેટલું બધું દુ:ખ આપ્યું હતું તેના સંબંધમાં મને કહ્યું હતું. ૧૪હવે તે (શાઉલ) અહીં દમસ્કમાં આવ્યો છે. મુખ્ય યાજકોએ જે લોકોને તારામાં વિશ્ર્વાસ છે તે બધાને પકડવા માટેનો તેને અધિકાર આપ્યો છે."

૧૫પણ પ્રભુએ અનાન્યાને કહ્યું, "જા! મેં એક અગત્યના કામ માટે શાઉલને પસંદ કર્યો છે. તેણે રાજાઓને, યહૂદી લોકોને અને બીજા રાષ્ટ્રોને મારા વિષે કહેવું જોઈએ. ૧૬મારા નામે એને કેટલું બધું દુ:ખ સહન કરવું પડશે. એ હું તેને બતાવીશ."

૧૭તેથી અનાન્યા ત્યાંથી છોડીને યહૂદાના ઘરે ગયો. તેણે તેના હાથો શાઉલ પર મૂક્યા અને કહ્યું, "શાઉલ, મારા ભાઈ, પ્રભુ ઈસુએ મને મોકલ્યો છે. તું જ્યારે અહીં આવ્યો ત્યારે રસ્તા પર જે તને દેખાયો તે એ જ છે. ઈસુએ મને એટલા માટે મોકલ્યો કે જેથી તું ફરીથી જોઈ શકે. અને તું પવિત્ર આત્માથી ભરપૂર થાય." ૧૮અચાનક તેની આંખોમાંથી છાલાં જેવું કંઈ ખરી પડ્યું, એટલે તે જોઈ શકવા સમર્થ બન્યો, શાઉલ ઊભો થયો અને તે બાપ્તિસ્મા પામ્યો. ૧૯પછી તેણે થોડુંક ખાધું અને ફરીથી સામર્થ્ય અનુભવવા લાગ્યો.

### શાઉલનો દમસ્કમાં બોધ

શાઉલ દમસ્કમાં ઈસુના શિષ્યો સાથે થોડા દિવસો માટે રહ્યો. ૨૦તેથી જલદીથી તેણે સભાસ્થાનોમાં ઈસુ વિષે બોધ આપવાની શરૂઆત કરી. તેણે લોકોને કહ્યું,"ઈસુ એ દેવનો દીકરો છે!"

૨૧જે બધા લોકોએ શાઉલને સાંભળ્યો તે નવાઈ પામ્યા હતા. તેઓએ કહ્યું, "આ એ જ માણસ છે જે યરૂશાલેમમાં હતો. તે આ (ઈસુ) નામમાં વિશ્ર્વાસ રાખનારા લોકોને મારી નાખવા પ્રયત્ન કરતો હતો! તે (શાઉલ) અહી એ જ વસ્તુ કરવા આવ્યો છે. તે ઈસુના શિષ્યોને પકડવા માટે અહીં જ આવ્યો છે. અને તેઓને યરૂશાલેમમાં મુખ્ય યાજકો પાસે લઈ જશે."

૨૨પણ શાઉલ વધારે ને વધારે બળવાન થયો. તેણે સાબિત કર્યુ કે ઈસુ એ જ ખ્રિસ્ત છે. તેની સાબિતીઓ એટલી મજબૂત હતી કે દમસ્કમાં રહેતા યહૂદીઓ તેની સામે દલીલો કરી શક્યા નહિ.

### શાઉલનું યહૂદીઓ પાસેથી ભાગી જવું

૨૩ઘણા દિવસો પછી, યહૂદીઓએ શાઉલને મારી નાખવાની યોજના કરી. ૨૪યહૂદીઓ રાતદિવસ શહેરના દરવાજાએ ચોકી કરતા અને શાઉલની રાહ જોતા. તેઓ તેને મારી નાખવા ઈચ્છતા હતા. પરંતુ શાઉલે તેઓની આ યોજનાના સંદર્ભમાં જાણ્યું. ૨૫એક રાત્રે શાઉલે જે કેટલાક શિષ્યોને શીખવ્યું હતું તેઓએ તેને શહેર છોડવા માટે મદદ કરી. શિષ્યોએ શાઉલને ટોપલામાં મૂક્યો. તેઓએ શહેરની દીવાલના બાકોરામાંથી ટોપલાને ઉપરથી નીચે ઉતાર્યો.

### યરૂશાલેમમાં શાઉલ

૨૬પછી શાઉલ યરૂશાલેમમાં ગયો. તેણે શિષ્યોના (વિશ્ર્વાસી) સમૂહમાં જોડાઈ જવાનો પ્રયત્ન કર્યો. પણ તેઓ બધા તેનાથી ડરતા હતા. શાઉલ ખરેખર ઈસુનો શિષ્ય છે તે તેઓ માનતા ન હતા. ૨૭બાર્નાબાસે શાઉલને સ્વીકાર્યો અને તેને પ્રેરિતો પાસે લઈ ગયો. બાર્નાબાસે પ્રેરિતોને કહ્યું, "શાઉલે દમસ્કના રસ્તા પર પ્રભુને (ઈસુ) જોયો છે. બાર્નાબાસે પ્રેરિતોને સમજાવ્યું કે પ્રભુએ (ઈસુ) શાઉલ ને કેવી રીતે કહ્યું. પછી તેણે પ્રેરિતોને કહ્યું કે શાઉલે દમસ્કના લોકોને કોઈ પણ જાતના ભય વિના પ્રભુનો (ઈસુ) બોધ આપ્યો.

૨૮અને તેથી શાઉલ શિષ્યોની સાથે રહ્યો, તેણે સમગ્ર યરૂશાલેમમાં મુસાફરી કરી અને જરા પણ ભય વિના પ્રભુ (ઈસુ) વિષે બોધ આપ્યો. ૨૯શાઉલ વારંવાર યહૂદીઓ કે જે ગ્રીક બોલતા હતા તેમની સાથે બોલતો, તે તેઓની સાથે દલીલો પણ કરતો. પરંતુ તેઓ તેને મારી નાખવાનો પ્રયત્ન કરતા હતા. ૩૦જ્યારે ભાઈઓએ (વિશ્ર્વાસીઓ) આ સંદર્ભમાં સાંભળ્યું, તેઓ શાઉલને કૈસરિયાના શહેરમાં લઈ ગયા. કૈસરિયાથી તેઓએ શાઉલને તાર્સસના શહેરમાં મોકલ્યો.

૩૧ત્યારે સમગ્ર યહૂદિયા, ગાલીલ અને સમરૂનની મંડળીમાં (વિશ્ર્વાસીઓ) શાંતિનો સમય હતો. પવિત્ર આત્માની મદદથી મંડળી વધારે મજબૂત બની. વિશ્ર્વાસીઓ જે રીતે તેઓ જીવન જીવતા તે રીતે

પ્રભુને માન આપવાનું દર્શાવતા. આ કારણને લીધે, વિશ્વાસીઓનો સમૂહ વધારે મોટોને મોટો થવા લાગ્યો.

### લોદ અને યાફામાં પિતર

૩૨પિતરે યરૂશાલેમની આજુબાજુના બધા ગામોમાં યાત્રા કરી. તેણે વિશ્વાસીઓની મુલાકાત લીધી. જે લોદમાં રહેતા હતા. ૩૩લોદમાં તેને એક એનિયાસ નામનો પક્ષઘાતી માણસ મળ્યો. છેલ્લા આઠ વર્ષથી એનિયાસ તેની પથારીમાંથી ઊભો થઈ શકતો ન હતો. ૩૪પિતરે તેને કહ્યું, "એનિયાસ, ઈસુ ખ્રિસ્ત તને સાજો કરે છે. ઊભો થા અને તારી પથારી પાથર! હવે તું તારી જાત માટે આ બધું કરી શકીશ!" એનિયાસ તરત જ ઊભો થયો. ૩૫લોદ તથા શારોનના મેદાનોના બધા જ લોકોએ તેને જોયો. આ લોકો પ્રભુ ઈસુ તરફ વળ્યા.

૩૬યાફા શહેરમાં ટબીથા નામની ઈસુની શિષ્યા હતી. (તેનું ગ્રીક નામ, દોરકસ, અર્થાત "હરણ.") તે હંમેશા લોકો માટે શુભ કાર્યો કરતી. જે લોકોને પૈસાની જરૂર હોય તે લોકોને તે હંમેશા પૈસા આપતી. ૩૭જ્યારે પિતર લોદમાં હતો. ત્યારે ટબીથા માંદી પડી અને મૃત્યુ પામી. તેઓએ તેને નહવડાવી અને મેડી પરના ઓરડામાં સુવડાવી. ૩૮યાફામાંના શિષ્યોએ સાંભળ્યું કે પિતર લોદમાં હતો. (લોદ યાફા નજીક છે.) તેથી તેઓએ બે માણસને પિતર પાસે મોકલ્યા. તેઓએ તેને વિનંતી કરી. મહેરબાની કરીને ઝડપથી આવ. ૩૯પિતર તૈયાર થઈ ગયો અને તેઓની સાથે ગયો. જ્યારે તે આવી પહોંચ્યો, તેઓ તેને મેડી પરના ઓરડામાં લઈ ગયા. બધી જ વિધવાઓ પિતરની આજુબાજુ ઊભી રહી. તેઓ રુદન કરતાં હતાં. દોરકસ (ટબીથા) જ્યારે જીવતી હતી ત્યારે જે વસ્રો બનાવ્યા હતા તે તેઓએ પિતરને દેખાડ્યા. ૪૦પિતરે બધા જ લોકોને ઓરડાની બહાર કાઢયા. તેણે ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરી. પછી તેણે ટબીથાના મુડદા તરફ ફરીને કહ્યું; "ટબીથા, ઊભી થા!" તેણે તેની આંખો ઉઘાડી. જયારે તેણે પિતરને જોયો, તે ત્યાં બેઠી થઈ. ૪૧પિતરે તેનો હાથ લંબાવ્યો અને તેને ઊભા થવામાં મદદ કરી. પછી તેણે વિશ્વાસીઓ અને વિધવાઓને અંદર ઓરડામાં બોલાવ્યા. તેણે તેઓને ટબીથા બતાવી; તે જીવતી હતી! ૪૨યાફામાં દરેક સ્થળે લોકોએ આ સંદર્ભમાં સાંભળ્યું હતું. આ લોકોમાંના ઘણાએ પ્રભુ (ઈસુ)માં વિશ્વાસ કર્યો. ૪૩પિતર યાફામાં ઘણા દિવસો રહ્યો. તે યાફામાં સિમોન નામના એક ચમારને ત્યાં રહ્યો.

### પિતર અને કર્નેલિયસ

**૧૦** કૈસરિયા શહેરમાં કર્નેલિયસ નામે એક માણસ રહેતો હતો. તે લશ્કરની એક પલટનનો સૂબેદાર હતો જે ઈટાલિયન કહેવાતો. ૨કર્નેલિયસ એક સારો (ધાર્મિક) માણસ હતો. તે અને બીજા બધા લોકો જે તેના ઘરમાં રહેતાં હતા તેઓ સાચા દેવની ભક્તિ કરતા હતા. તે તેનો પોતાનો ઘણો ખરો પૈસો ગરીબ લોકોને આપતો. કર્નેલિયસ હંમેશા દેવની પ્રાર્થના કરતો હતો. ૩એક બપોરે લગભગ ત્રણ કલાકે કર્નેલિયસે એક દર્શન જોયું. તેણે તે સ્પષ્ટ રીતે જોયું. દેવનો એક દૂત દર્શનમાં તેની પાસે આવ્યો અને કહ્યું,"કર્નેલિયસ!"

૪કર્નેલિયસે દૂત તરફ જોયું. તેણે ડરી જઈને કહ્યું, "સાહેબ, તારે શું જોઈએ છીએ?"

તે દૂતે કર્નેલિયસને કહ્યું, "દેવે તારી પ્રાર્થનાઓ સાંભળી છે. તેં જે વસ્તુઓ ગરીબ લોકોને આપી છે તે તેણે જોઈ છે. દેવ તારું સ્મરણ કરે છે. ૫હવે યાફા શહેરમાં કેટલાક માણસો મોકલ. સિમોન નામના માણસને પાછો લાવવા તમારા માણસોને મોકલો. સિમોન પણ પિતર કહેવાય છે. ૬સિમોન જે માણસ સાથે રહે છે. તેનું નામ પણ સિમોન છે. જે એક ચમાર છે. સમુદ્રની બાજુમાં તેનું ઘર છે." ૭જે દૂતે કર્નેલિયસને કહ્યું તે ચાલ્યો ગયો. પછી તેણે તેના બે ચાકરો અને એક સૈનિકને બોલાવ્યા. આ સૈનિક એક સારો (ધાર્મિક) માણસ હતો. તે સૈનિક કર્નેલિયસને મદદ કરનારાઓમાંનો એક હતો. ૮કર્નેલિયસે આ ત્રણે માણસોને બધી વાત સમજાવી. પછી તેણે તેઓને યાફા રવાના કર્યા.

૯બીજે દિવસે આ ત્રણે માણસો યાફા નજીક આવ્યા. આ સમયે, પિતર ઘરના ધાબા પર પ્રાર્થના કરવા જતો હતો. લગભગ બપોરનો સમય હતો. ૧૦પિતર ભૂખ્યો હતો. તેને ખાવાની ઈચ્છા હતી. પણ જ્યારે તેઓ પિતર માટે ખાવાનું બનાવવાની તૈયારી કરતા હતા ત્યારે એક દર્શન તેની સામે આવ્યું. ૧૧તેણે ખુલ્લા આકાશમાંથી કઈંક નીચે આવતું જોયું. તે જમીન પર નીચે આવતી એક મોટી ચાદર જેવું દેખાતું હતું. તે તેના ચાર ખૂણાઓથી જમીન પર ઉતરતું હતું. ૧૨તેમાં પ્રત્યેક જાતના ચોપગાં પશુઓ હતા–જે પશુઓ ચાલી શકતા, તથા જમીન પર પેટે સરકી શકતા, અને પક્ષીઓ જે હવામાં ઊડતાં. ૧૩પછી વાણીએ પિતરને કહ્યું, "ઊભો થા, પિતર, આમાંના કોઈ એક પ્રાણીને મારીને ખા."

૧૪પણ પિતરે કહ્યું, "હું તે કદી કરીશ નહિ, પ્રભુ! મેં
કદાપિ નાપાક કે અશુદ્ધ ભોજન કર્યુ નથી."
૧૫પછી વાણીએ તેને ફરીથી કહ્યું, "દેવે આ વસ્તુઓ
શુદ્ધ કરી છે. તેને 'નાપાક' કહીશ નહિ!" ૧૬આમ ત્રણ
વખત બન્યું. પછી આખુ વાસણ આકાશમાં પાછું ઊંચે
લઈ લેવામાં આવ્યું.
૧૭પિતર મુંઝાઈ ગયો. આ દર્શનનો અર્થ શો?
કર્નેલિયસે જે માણસોને મોકલ્યા હતા તેઓએ સિમોનનું
ઘર શોધી કાઢયું. તેઓ દરવાજા પાસ આવીને ઊભા
રહ્યાં. ૧૮તેઓએ પૂછયું, "શું સિમોન પિતર અહી રહે
છે?"
૧૯પિતર હજુ પણ દર્શન વિષે વિચારતો હતો. પરંતુ
આત્માએ તેને કહ્યું, "જો! ત્રણ માણસો તારી આતુરતાથી
રાહ જુએ છે. ૨૦ઊભો થા અને નીચે ઊતર. આ માણસો
સાથે જા અને પ્રશ્નો પૂછીશ નહિ. મેં તેઓને તારી પાસે
મોકલ્યા છે." ૨૧તેથી પિતર નીચે ઊતરીને તે માણસો
પાસે ગયો. તેણે કહ્યું, "તમે જે માણસની રાહ જુઓ
છો, તે માણસ હું છું. તમે અહીં શા માટે આવ્યા છો?"
૨૨તેઓએ કહ્યું, "એક પવિત્ર દૂતે કર્નેલિયસને તેના
પોતાને ઘરે તને નિમંત્રણ આપવા કહ્યું. કર્નેલિયસ એક
લશ્કરી અમલદાર છે. તે એક ભલો (ધાર્મિક) માણસ
છે. તે દેવની ભકિત કરે છે. બધા યહૂદીઓ તેને માન
આપે છે. તે દૂતે કર્નેલિયસને તેના ઘરે નિમંત્રણ આપવા
કહ્યું તેથી તારે જે કંઈ કહેવું હોય તે ધ્યાનથી સાંભળે."
૨૩પિતરે તે માણસોને અંદર આવીને રાત્રે રહેવા માટે
કહ્યું.
બીજે દિવસે પિતર તૈયાર થયો અને ત્રણ માણસો
સાથે ગયો. યાફામાંથી કેટલાક વિશ્વાસીઓ પિતર સાથે
ગયા. ૨૪બીજે દિવસે તેઓ કૈસરિયા શહેરમાં આવ્યા.
કર્નેલિયસ તેઓની રાહ જોતો હતો. તેણે તેનાં સંબંધીઓ
અને ગાઢ મિત્રોને તેના ઘરે લગભગ ભેગા કર્યા હતા.
૨૫જ્યારે પિતર ઘરમાં પ્રવેશ્યો, કર્નેલિયસ તેને મળ્યો.
કર્નેલિયસ પિતરના ચરણોમાં નમી પડ્યો અને તેણે
દંડવત પ્રણામ કર્યા. ૨૬પરંતુ પિતરે તેને ઊભો થવા
કહ્યું. પિતરે કહ્યું, "ઊભો થા! હું ફક્ત એક તારા જેવો જ
માણસ છું." ૨૭પિતરે કર્નેલિયસ સાથે વાતો કરવાનું
ચાલુ રાખ્યું, પછી પિતર અંદરની બાજુએ ગયો અને
ત્યાં એક મોટું લોકોનું ટોળું એકઠું થયેલું જોયું. ૨૮પિતરે
લોકોને કહ્યું, "તમે લોકો પોતે જાણો છો કે જે માણસ
યહૂદી નથી, તેની સાથે સંબંધ રાખવો અથવા એને ત્યાં
જવું, એ યહૂદી માણસને ઉચિત નથી; પણ દેવે મને
દર્શાવ્યું છે કે મારે કોઈ પણ માણસને નાપાક અથવા
અશુદ્ધ કહેવું નહિ. ૨૯તેથી જ જ્યારે મને અહી આવવા
માટે કહેવામાં આવ્યું ત્યારે મેં કોઈ દલીલ કરી નથી.
હવે, કૃપા કરીને મને કહો, "મને શા માટે બોલાવવામાં
આવ્યો છે."
૩૦કર્નેલિયસે કહ્યું, "ચાર દિવસ પહેલા, હું મારા
ઘરમાં પ્રાર્થના કરતો હતો. તે વખતે બપોરના ત્રણ વાગ્યા
હતા. અચાનક, મારી સામે એક માણસ (દૂત) ઊભો
હતો. તેણે ચળકતો પોશાક પહેરેલો હતો. ૩૧તે માણસે
કહ્યું, "કર્નેલિયસ! દેવે તારી પ્રાર્થના સાંભળી છે. તેં જે
વસ્તુઓ ગરીબ લોકોને આપી છે તે દેવે જોઈ છે. દેવ
તારું સ્મરણ કરે છે. ૩૨તેથી યાફા શહેરમાં કેટલાક
માણસોને મોકલ. સિમોન પિતરને આવવાનું કહે. પિતર
પણ સિમોન નામના માણસના ઘરમાં રહે છે. જે તે
એક ચમાર છે. તેનું ઘર સમુદ્ર કાંઠે છે. ૩૩તેથી મેં
તાત્કાલિક તને તેડાવ્યો; અને તું આવ્યો તે તેં બહુ સારું
કર્યુ. હવે પ્રભુએ જે વાતો તને કહેવા ફરમાવ્યું છે તે
બધું સાંભળવા માટે અમે સઘળા દેવ સમક્ષ હાજર
છીએ.'

## પિતરનું કર્નેલિયસના ઘરમાં ભાષણ

૩૪પિતરે બોલવાનું શરૂ કર્યુ; "હવે હું ખરેખર સમજું
છું કે દેવ સમક્ષ પ્રત્યેક વ્યકિત એક સમાન છે. ૩૫અને
દેવ જે કોઈ વ્યકિત તેની આરાધના કરે છે અને જે
સાચું છે તે કરે છે તેનો સ્વીકાર કરે છે. વ્યકિત કયા
દેશમાંથી આવે છે તે અગત્યનું નથી. ૩૬દેવે યહૂદી
લોકોને કહ્યું છે. દેવે તેમને સુવાર્તા મોકલી છે કે ઈસુ
ખ્રિસ્ત દ્વારા શાંતિ આવી છે. ઈસુ તે સર્વનો પ્રભુ છે!
૩૭યહૂદિયામાં સર્વત્ર શું બન્યું છે તે તું જાણે છે. યોહાને
લોકોને બાપ્તિસ્માના સંદર્ભમાં બોધ આપ્યો પછી તે
ગાલીલમાં શરૂ થઈ. ૩૮તમે નાસરેથના ઈસુ વિષે જાણો
છો. દેવે તેને પવિત્ર આત્મા અને સામર્થ્યથી અભિષિકત
કરીને ખ્રિસ્ત બનાવ્યો. ઈસુ લોકોનું સારું કરવા બધે જ
ગયો. ઈસુએ શેતાનથી પીડાતા લોકોને સાજા કર્યા. આ
દર્શાવે છે કે ઈસુ સાથે દેવ હતો. ૩૯ઈસુએ યહૂદિયા
અને યરૂશાલેમમાં જે બધું કર્યુ તે અમે જોયું. અમે
સાક્ષી છીએ. વળી ઈસુની હત્યા થઈ હતી. તેઓએ
તેને લાકડાના વધસ્તંભ પર લટકાવ્યો. ૪૦પરંતુ, તેના
મૃત્યુ પછીના ત્રીજા દિવસે દેવે ઈસુને મૂએલાંમાંથી
ઉઠાડયો. દેવે લોકોને સ્પષ્ટ રીતે ઈસુના દર્શન કરાવ્યા.
૪૧પરંતુ બધા જ લોકો ઈસુને જોઈ શક્યા નહિ. ફકત
સાક્ષીઓ કે જેમને દેવે અગાઉથી પસંદ કર્યા હતા તેઓએ
તેને જોયો. અમે તે સાક્ષીઓ છીએ. ઈસુ જ્યારે મૃત્યુમાંથી

ઉઠયો પછી, અમે તેની સાથે ખાધું છે અને પીધું છે. ૪૨ઈસુએ અમને લોકોને બોધ આપવાનું કહ્યું અને સાક્ષી આપો કે દેવે એને જ જીવતાંનો તથા મૂએલાંનો ન્યાયાધીશ તરીકે પસંદ કરેલ છે. ૪૩પ્રત્યેક વ્યક્તિ જે ઈસુમાં વિશ્વાસ રાખે છે તેને પાપની માફી મળશે. દેવ ઈસુના નામે તે લોકોના પાપ માફ કરશે. બધા જ પ્રબોધકો કહે, આ સાચું છે."

### બિનયહૂદીઓમાં પવિત્ર આત્મા આવ્યો

૪૪જ્યારે પિતર એ વાતો કહેતો હતો એટલામાં જે લોકો વાત સાંભળતા હતા તેઓ સર્વના ઉપર પવિત્ર આત્મા ઉતર્યો. ૪૫યહૂદી વિશ્વાસીઓ જેઓ ત્યાં પિતર સાથે આવ્યા હતા તેઓ નવાઈ પામ્યા. તેઓને નવાઈ લાગી હતી કે પવિત્ર આત્મા બિનયહૂદી લોકો પર પણ રેડાયો (પામ્યા) છે. ૪૬આ યહૂદી વિશ્વાસીઓએ તેઓને વિવિધ ભાષામાં બોલતા અને દેવની સ્તુતિ કરતા સાંભળ્યા. પછી પિતરે કહ્યું, ૪૭"અમે તેઓને પાણીથી બાપ્તિસ્મા આપવાની મનાઈ કરી શકીએ નહિ. તેઓને આપણી માફક જ પવિત્ર આત્મા પ્રાપ્ત થયેલ છે!" ૪૮તેથી પિતરે કર્નેલિયસ, તેનાં સગા અને મિત્રોને ઈસુ ખ્રિસ્તના નામે બાપ્તિસ્મા આપવાની આજ્ઞા કરી. પછી લોકોએ પિતરને તેઓની સાથે થોડા દિવસ રહેવા માટે કહ્યું.

### પિતરનું યરૂશાલેમમાં પુનરાગમન

**૧૧** યહૂદિયાના પ્રેરિતો અને ભાઈઓએ સાંભળ્યું કે બિનયહૂદીઓએ પણ દેવની વાતોનો સ્વીકાર કર્યો છે. ૨પરંતુ જ્યારે પિતર યરૂશાલેમ આવ્યો. કેટલાક યહૂદી વિશ્વાસીઓએ તેની સાથે દલીલો કરી. ૩તેઓએ કહ્યું, "તું લોકોના જે ઘરમાં ગયો તેઓ યહૂદીઓ નહોતા, અને તેઓએ સુન્નત કરાવી નહોતી! તેં તેઓની સાથે ખાધું પણ ખરું!"

૪પિતરે તેઓને આખી વાત સમજાવી. ૫પિતરે કહ્યું, "હું યાફાના શહેરમાં હતો. જ્યારે હું પ્રાર્થના કરતો હતો, એક દર્શન મારી સામે આવ્યું. મેં દર્શનમાં આકાશમાંથી કંઈક નીચે આવતું જોયું, તે એક મોટી ચાદર જેવું દેખાતું હતું. તે તેના ચાર ખૂણાઓથી જમીન પર નીચે ઉતરતી હતી. તે નીચે આવીને મારી નજીક અટકી ગઈ. ૬મેં તેની અંદર જોયું. મેં પાળેલાં અને જંગલી બંને પ્રકારનાં પ્રાણીઓ જોયાં. મેં પેટે સરકતાં પ્રાણીઓ અને હવામાં ઊડતાં પક્ષીઓ જોયા. ૭મેં એક વાણી મને એમ કહેતી સાંભળી કે, "ઊભો થા. પિતર, આમાંથી કોઈ પ્રાણીને મારી નાખ અને તે ખા!" ૮પણ મેં કહ્યું, "હું કદાપિ તે નહિ કરું, પ્રભુ! મેં કદાપિ નાપાક કે અશુદ્ધ હોય એવું કંઈ ખાધું નથી." ૯પરંતુ આકાશમાંના અવાજે ફરીથી કહ્યું, "દેવે આ વસ્તુઓ સ્વચ્છ (શુદ્ધ) બનાવી છે. તેને નાપાક કહીશ નહિ!" ૧૦આ ત્રણ વખત બન્યું. પછી તે આખી વસ્તુ આકાશમાં પાછી લઈ લેવામાં આવી. ૧૧પછી હું જ્યાં રહેતો હતો ત્યાં તે ઘરમાં તરત જ ત્રણ માણસો આવી પહોંચ્યા. ત્રણ માણસો કૈસરિયા શહેરમાંથી મારી પાસે મોકલવામાં આવ્યા હતા. ૧૨આત્માએ મને કોઈ પણ જાતની શંકા રાખ્યા વિના તેમની સાથે જવા કહ્યું. આ છ ભાઈઓ (વિશ્વાસીઓ) જે અહીં હતા તેઓ મારી સાથે આવ્યા. અમે કર્નેલિયસના ઘરે ગયા. ૧૩કર્નેલિયસે અમને દૂત વિષે કહ્યું. જેને તેના ઘરમાં ઊભેલો જોયો. દૂતે કર્નેલિયસને કહ્યું,"સિમોન પિતરને આવવા માટેનું નિમંત્રણ આપવા માટે કેટલાક માણસોને યાફા મોકલ. ૧૪તે તને જે વાતો કહેશે તેના વડે તું અને તારા ઘરનાં બંને તારણ પામશો. ૧૫મેં બોલવાનો આરંભ કર્યા બાદ તરત જ પવિત્ર આત્મા તેઓના પર ઉતર્યો. જે રીતે શરૂઆતમાં તે (પવિત્ર આત્મા) અમારા પર ઉતર્યો હતો. ૧૬પછી મેં પ્રભુની (ઈસુ) વાણીનું સ્મરણ કર્યું. પ્રભુએ કહ્યું, 'યોહાને પાણીથી લોકોનું બાપ્તિસ્મા કર્યું. પણ તું પવિત્ર આત્મામાં બાપ્તિસ્મા પામશે!' ૧૭દેવે આ લોકોને તે જ ભેટ આપી જે તેણે અમને કે જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ રાખતા હતા, તેમને આપી હતી. તો પછી હું કોણ કે દેવના કામને અટકાવું? ના!"

૧૮જ્યારે યહૂદી વિશ્વાસીઓએ આ વાતો સાંભળી, તેઓએ દલીલો કરવાનું બંધ કર્યુ. તેઓએ દેવને મહિમા આપતાં કહ્યું, "તેથી દેવ બિનયહૂદીઓને (લોકોને) પસ્તાવો કરવાનું મન આપ્યું છે અને આપણાં જેવું જીવન પામવા માટે સંમત્તિ આપે છે."

### અંત્યોખમાં સુવાર્તા

૧૯સ્તેફનના મૃત્યુ પછી થયેલી સતાવણીને લીધે વિશ્વાસીઓ વિખરાઈ ગયા હતા. કેટલાક વિશ્વાસીઓ તે દૂર દૂરના સ્થળે ફિનીકિયા, સૈપ્રસ અને અંત્યોખ ગયા હતા. વિશ્વાસીઓએ સુવાર્તા આ જગ્યાઓએ કહી, પણ તેઓએ તે ફક્ત યહૂદીઓને જ કહી. ૨૦આ વિશ્વાસીઓમાંના કેટલાક સૈપ્રસ અને કુરેનીના માણસો હતા. જ્યારે આ માણસો અંત્યોખમાં આવ્યા. તેઓએ આ ગ્રીક લોકોને (બિન-યહૂદીઓ) પણ પ્રભુ ઈસુ વિષેની સુવાર્તા કહી. ૨૧પ્રભુ વિશ્વાસીઓને મદદ કરતો હતો

અને એક મોટો લોકોનો સમૂહ પ્રભુમાં (ઈસુ) માનવા લાગ્યો અને તેને અનુસરવા લાગ્યો.

૨૨યરૂશાલેમમાં મંડળીએ આ નવા વિશ્વાસીઓ વિષે સાંભળ્યું. તેથી યરૂશાલેમના વિશ્વાસીઓએ બાર્નાબાસને અંત્યોખમાં મોકલ્યો. ૨૩-૨૪બાર્નાબાસ એક સારો માણસ હતો. તે પવિત્ર આત્માથી અને પૂર્ણ વિશ્વાસથી ભરપૂર હતો. જ્યારે બાર્નાબાસ અંત્યોખ ગયો. તેણે જોયું કે દેવે આ લોકોને ઘણા આશીર્વાદ આપ્યા છે, આથી બાર્નાબાસ ઘણો પ્રસન્ન થયો. તેણે અંત્યોખમાં બધા વિશ્વાસીઓને પ્રોત્સાહન આપ્યું. તેણે તેઓને કહ્યું, "તમારો વિશ્વાસ કદી ગુમાવો નહિ, હંમેશા તમારા ખરા હૃદયપૂર્વક પ્રભુની આજ્ઞાઓ માનો," ઘણા બધા લોકો પ્રભુ ઈસુના શિષ્યો બન્યા.

૨૫પછી બાર્નાબાસ તાર્સસના શહેરમાં ગયો. તે શાઉલની શોધમાં હતો. ૨૬જ્યારે તેણે શાઉલને શોધ્યો ત્યારે તે તેને અંત્યોખ લાવ્યો. શાઉલ અને બાર્નાબાસ ત્યાં આખું એક વર્ષ રહ્યા. દરેક વખતે વિશ્વાસીઓનો સમૂહ ભેગો મળતો. શાઉલ અને બાર્નાબાસ તેઓને મળ્યા અને સાથે રહીને ઘણા લોકોને બોધ કર્યો, અંત્યોખના શહેરમાં ઈસુના શિષ્યો સૌ પ્રથમ વાર જ "ખ્રિસ્તી" તરીકે ઓળખાયા.

૨૭લગભગ તે સમય દરમિયાન કેટલાક પ્રબોધકો યરૂશાલેમથી અંત્યોખ ગયા. ૨૮આમાંના એક પ્રબોધકનું નામ આગાબાસ હતું. અંત્યોખમાં આગાબાસ ઊભો થયો અને બોલ્યો. પવિત્ર આત્માની સહાયથી તેણે કહ્યું,"આખા વિશ્વ માટે ઘણો ખરાબ સમય આવી રહ્યો છે. ત્યાં લોકોને ખાવા માટે ખોરાક મળશે નહિ." (આ સમયે જ્યારે કલોદિયસ બાદશાહ હતો ત્યારે દુકાળ પડ્યો હતો.) ૨૯વિશ્વાસીઓએ નિર્ણય કર્યો કે તેઓ બધા તેઓના ભાઈઓને તથા બહેનોને જે યહૂદિયામાં રહે છે તેઓને મદદ કરવા પ્રયત્ન કરશે. પ્રત્યેક વિશ્વાસીએ પોતાના સામર્થ્ય અનુસાર તેઓને મોકલવાની યોજના ઘડી. ૩૦તેઓએ પૈસા ભેગા કર્યા અને તે બાર્નાબાસને અને શાઉલને આપ્યા. પછી બાર્નાબાસ અને શાઉલે તે (નાણાં) યહૂદિયાના વડીલો પર મોકલ્યા.

### હેરોદ અગ્રિપાએ મંડળીનું કરેલું નુકસાન

**૧૨** એ સમય દરમિયાન રાજા હેરોદે* મંડળીના કેટલાક લોકોની સતાવણી શરૂ કરી. ૨હેરોદે યાકૂબને તલવારથી મારી નાખવાનો હુકમ કર્યો. યાકૂબ યોહાનનો ભાઈ હતો. ૩હેરોદે જોયું કે યહૂદીઓને આ ગમે છે તેથી તેણે પિતરને પણ પકડવાનો નિર્ણય કર્યો. (પાસ્ખા પર્વના યહૂદીઓના બેખમીર રોટલીના પવિત્ર સમય દરમિયાન આ બન્યું.) ૪હેરોદે પિતરને પકડીને બંદીખાનામાં મૂક્યો. ૧૬ સૈનિકોનો સમૂહ પિતરનું રક્ષણ કરતો. પાસ્ખાપર્વના ઉત્સવ પછી રાહ જોવાની હેરોદની ઈચ્છા હતી. પછી તેણે પિતરને લોકોની આગળ લાવવાની યોજના કરી. ૫તેથી પિતરને જેલમાં રાખવામાં આવ્યો. પરંતુ મંડળીમાં પિતર માટે આગ્રહથી દેવની પ્રાર્થના થતી હતી.

### પિતરનો જેલમાંથી છૂટકારો

૬પિતર બે સૈનિકોની વચમાં ઊંઘતો હતો. તેને બે સાંકળો વડે બાંધવામાં આવ્યો હતો. ઘણા સૈનિકો જેલના દરવાજે ચોકી કરતા હતા. તે રાત્રે હેરોદે બીજા દિવસે પિતરને લોકો આગળ રજૂ કરવાની યોજના કરી. ૭એકાએક ત્યાં, પ્રભુનો દૂત આવીને ઊભો. ઓરડામાં પ્રકાશ પથરાયો. દૂતે પિતરને કૂખે સ્પર્શ કર્યો અને તેને જગાડયો. તે દૂતે કહ્યું, "ઉતાવળ કર, ઊભો થા!" સાંકળો પિતરના હાથમાંથી નીચે પડી. ૮તે દૂતે પિતરને કહ્યું, "કપડાં પહેર અને તારા જોડા પહેર." અને તેથી પિતરે તે જ પ્રમાણે કર્યું. પછી તે દૂતે કહ્યું, "તારું અંગરખું પહેર અને મારી પાછળ આવ." ૯તેથી દૂત બહાર આવ્યો અને પિતર તેને અનુસર્યો. દૂત જે કરે છે તે ખરેખરું છે એમ તે સમજતો નહોતો, તેણે વિચાર્યુ કે તે એક દર્શન જોઈ રહ્યો છે. ૧૦પિતર અને દૂતે પહેલી અને બીજી ચોકી વટાવી. પછી તેઓ લોખંડના દરવાજા પાસે આવ્યા. તે દરવાજાથી તેઓ છૂટા પડ્યા. દરવાજો તેને માટે જાતે જ ઊઘડી ગયો, પિતર અને દૂત દરવાજામાંથી ગયા અને એક મહોલ્લામાં ચાલ્યા. પછી દૂત તરત જતો રહ્યો.

૧૧પછી શું બન્યું હતું તેનું ભાન પિતરને થયું. તેણે વિચાર્યુ, "હવે મને ખબર પડી કે પ્રભુએ ખરેખર તેના દૂતને મારી પાસે મોકલ્યો હતો. તેણે મને હેરોદથી બચાવ્યો. યહૂદી લોકોએ વિચાર્યુ કે મારી સાથે ખરાબ થવાનું હતું પરંતુ પ્રભુએ મને આ બધી બાબતોમાંથી બચાવ્યો છે."

૧૨જ્યારે પિતરને આ સમજાયું ત્યારે, તે મરિયમને ઘરે ગયો. તે યોહાનની મા હતી. (યોહાનનું બીજું નામ માર્ક હતું.) ઘણા માણસો ત્યાં ભેગા થયા હતા. તેઓ બધા પ્રાર્થના કરતા હતા. ૧૩પિતરે બહારનો દરવાજો ખખડાવ્યો. એક રોદા નામની જુવાન દાસી ખબર કાઢવા

---

**હેરોદ** હેરોદ અગ્રિપા પહેલો, મહાન હેરોદનો જયેષ્ઠ પુત્ર.

આવી. ૧૪રોદાએ પિતરનો અવાજ ઓળખ્યો. અને તે ખૂબ આનંદ પામી હતી. તે દરવાજો ઉઘાડવાનું પણ ભૂલી ગઈ. તે અંદર દોડી ગઈ અને સમૂહને કહ્યું, "પિતર બારણાં આગળ ઊભો છે!" ૧૫વિશ્વાસીઓએ રોદાને કહ્યું; "તું તો ઘેલી છે!" પણ તેણીએ કહેવાનું ચાલુ રાખ્યું કે, તે સાચું હતું. તેથી તેઓએ કહ્યું, "તે પિતરનો દૂત હોવો જોઈએ."

૧૬પણ પિતરે બારણું ખખડાવવાનું ચાલુ રાખ્યું. જ્યારે વિશ્વાસીઓએ બારણું ઉઘાડ્યું, તેઓએ પિતરને જોયો. તેઓ નવાઈ પામ્યા. ૧૭પિતરે તેના હાથના ઈશારાથી તેઓને શાંત રહેવા કહ્યું. તેણે તેઓને સમજાવ્યું કે પ્રભુ તેને કેવી રીતે બંદીખાનામાંથી બહાર લાવ્યો. તેણે કહ્યું, "જે કંઈ બન્યું છે તે યાકૂબને તથા બીજા ભાઈઓને કહો." પછી પિતર બીજી કોઈ જગ્યાએ જવા માટે ચાલ્યો ગયો.

૧૮બીજા દિવસે સૈનિકો બહું મુંઝવણમાં હતા. અને પિતરને આ શું થયું હશે તેનું તેઓને અચરત થયું હતું. ૧૯હેરોદે પિતરની શોધ દરેક સ્થળે કરાવી પણ તેને શોધી શક્યા નહિ. તેથી હેરોદે ચોકીદારોને પ્રશ્નો પૂછ્યા અને તેણે ચોકીદારોને મારી નાખવાનો હુકમ કર્યો.

### હેરોદ અગ્રિપાનું અવસાન

પાછળથી હેરોદ યહૂદિયા છોડ્યું. તે કૈસરિયા શહેરમાં ગયો અને થોડો સમય ત્યાં રહ્યો. ૨૦હેરોદ તૂરના તથા સિદોન શહેરોના લોકો પર ઘણો જ ગુસ્સે હતો. તે બધા લોકો સમૂહમાં હેરોદ પાસે આવ્યા. તેઓ તેઓના પક્ષમાં બ્લાસ્તસને લેવા શકિતમાન હતા. બ્લાસ્તસ રાજાનો ખાનગી સેવક હતો. લોકોએ હેરોદને શાંતિ માટે પૂછ્યું, કારણ કે તેઓના દેશને ખોરાકના પૂરવઠા માટે હેરોદના પ્રદેશ પર આધાર રાખવો પડતો હતો.

૨૧હેરોદે તેઓની સાથે મળવા માટે એક દિવસ નક્કી કર્યો. તે દિવસે હેરોદ સુંદર રાજપોશાક પહેરીને તે તેની રાજગાદી પર બેઠો અને લોકો સમક્ષ ભાષણ કર્યુ. ૨૨લોકોએ પોકાર કર્યો, "આ વાણી દેવની છે, એક માણસની નથી!" ૨૩હેરોદે આ મહિમા સ્વીકાર્યો અને દેવને મહિમા આપ્યો નહિ. તેથી અચાનક પ્રભુના દૂતે તેને માંદો પાડ્યો. તેને અંદરથી કીડાઓ ખાઈ ગયા અને તે મૃત્યુ પામ્યો. ૨૪દેવની વાત પ્રસરતી હતી અને વધારે ને વધારે લોકોને પ્રભાવિત કરતી હતી. વિશ્વાસીઓનો સમૂહ મોટો ને મોટો થતો જતો હતો.

૨૫યરૂશાલેમમાં બાર્નાબાસ અને શાઉલે તેઓનું કામ પૂર્ણ કર્યુ. તેઓ અંત્યોખ પાછા ફર્યા. યોહાન માર્ક તેઓની સાથે હતો.

### બાર્નાબાસ અને શાઉલનાં વિશિષ્ટ કાર્યો

**૧૩** અંત્યોખમાં જે મંડળી (વિશ્વાસીઓનો સમૂહ) હતી, તેમાં કેટલાક પ્રબોધકો અને ઉપદેશકો હતા. એટલે બાર્નાબાસ, શિમયોન (જે નિગર તરીકે ઓળખાતો હતો તે), લૂકિયસ (કૂરેનીનો), મનાહેમ (જે હેરોદ રાજા સાથે ઉછરીને મોટા થયો હતો) તથા શાઉલ હતા. ૨આ બધા માણસો પ્રભુની સેવા અને ઉપવાસ કરતા હતા. પવિત્ર આત્માએ તેઓને કહ્યું, "બાર્નાબાસ અને શાઉલ વિશિષ્ટ કાર્યો કરવા માટે મને આપો. મેં આ કામ કરવા માટે તેઓની પસંદગી કરેલ છે."

૩તેથી મંડળીએ પ્રાર્થના અને ઉપવાસ કર્યા. તેઓએ તેઓના હાથ બાર્નાબાસ અને શાઉલ પર મૂક્યા અને તેઓને બહાર મોકલ્યા.

### સૈપ્રસમાં બાર્નાબાસ અને શાઉલ

૪પવિત્ર આત્મા દ્વારા બાર્નાબાસ અને શાઉલને બહાર મોકલવામાં આવ્યા. તેઓ સલૂકિયાના શહેરમાં ગયા. ત્યાંથી પછી સલૂકિયાથી સૈપ્રસ ટાપુ તરફ વહાણ હંકારી ગયા. ૫જ્યારે બાર્નાબાસ અને શાઉલ સલામિસના શહેરમાં આવ્યા, તેઓએ યહૂદીઓના સભાસ્થાનોમાં દેવનું વચન પ્રગટ કર્યુ. (યોહાન (માર્ક) પણ તેઓની સાથે મદદમાં હતો.)

૬તેઓ આખો ટાપુ ઓળંગીને પાફસના શહેરમાં ગયા. ત્યાં તેઓ એક યહૂદી માણસને મળ્યા જે જાદુના ખેલ કરતો હતો. તેનું નામ બર્યેશુ હતું. તે એક જૂઠો પ્રબોધક હતો. ૭બર્યેશુ હંમેશા સર્ગિયુસ પાઉલની નજીક રહેતો, સર્ગિયુસ પાઉલ એક હાકેમ હતો. અને તે ખૂબ જ શાણો માણસ હતો. તેણે બાર્નાબાસ અને શાઉલને તેની પાસે આવવા કહ્યું. દેવનો સંદેશ સાંભળવાની તેની ઈચ્છા હતી. ૮પરંતુ અલિમાસ જાદુગર, બાર્નાબાસ અને શાઉલની વિરુદ્ધ હતો. (ગ્રીક ભાષામાં બર્યેશુ માટે અલિમાસ નામ છે.) અલિમાસે હાકેમને ઈસુના વિશ્વાસમાંથી અટકાવવાનો પ્રયત્ન કર્યો. ૯પણ શાઉલ તો પવિત્ર આત્માથી ભરપૂર હતો. પાઉલે (શાઉલનું બીજું નામ) અલિમાસ (બર્યેશુ) તરફ જોયું. ૧૦અને કહ્યું, "ઓ, શેતાનના દીકરા! તું જે કંઈ બધું ન્યાયી છે તેનો દુશ્મન છે. તું દુષ્ટ યુકિતઓ અને જૂઠાણાંથી ભરપૂર છે. તું હંમેશા દેવના સત્યને અસત્યમાં ફેરવવા માટે

પ્રયત્ન કરે છે. ૧૧હવે પ્રભુ તને સ્પર્શ કરશે અને તું
આંધળો થઈશ. કેટલાક સમય માટે તું કંઈ જોઈ શકીશ
નહિ–સૂર્યનો પ્રકાશ પણ નહિ."
પછી અલિમાસ માટે બધું જ અંધકારમય બની
ગયું. તે આજુબાજુ ચાલતા ભૂલો પડી ગયો. તે કોઈકને
શોધવાનો પ્રયત્ન કરતો હતો, જે તેનો હાથ પકડીને
દોરી શકે. ૧૨જ્યારે હાકેમે (સર્ગિયુસ પાઉલ) આ જોયું
ત્યારે પ્રભુના બોધથી તે આશ્ચર્યચકિત થઈ ગયો.

### પાઉલ અને બાર્નાબાસનું સૈપ્રસ છોડવું

૧૩પાઉલ અને તેની સાથે જે લોકો હતા તેઓ પાફસથી
દૂર હોડી હંકારી ગયા. તેઓ પર્ગે નામના પમ્ફલિયા
શહેરમાં આવ્યા. યોહાન (માર્ક) તેઓને છોડીને
યરૂશાલેમમાં પાછો ફર્યો. ૧૪તેઓએ પર્ગેનો તેમનો
પ્રવાસ ચાલુ રાખ્યો અને પિસીદિયાના નજીકના શહેર
અંત્યોખમાં આવ્યા. અંત્યોખમાં તેઓ વિશ્રામવારે
યહૂદીઓના સભાસ્થાનમાં જઈને બેઠા. ૧૫મૂસાના
નિયમશાસ્ર અને પ્રબોધકોનાં લખાણો વંચાયા. પછી
સભાસ્થાનના આગેવાનોએ પાઉલ અને બાર્નાબાસને
સંદેશો મોકલ્યો, "ભાઈઓ, જો તમારી પાસે અહી લોકો
માટે બોધરૂપી સંદેશ હોય તો, મહેરબાની કરીને બોલો!"
૧૬પાઉલ ઊભો થયો. તેણે તેનો હાથ ઊંચો કર્યો
અને કહ્યું, "મારા યહૂદી ભાઈઓ અને બીજા લોકો તમે
જે સાચા દેવની ભક્તિ કરો છો, કૃપા કરીને મને સાંભળો!
૧૭ઈઝરાએલના (યહૂદીઓ) દેવે આપણા પૂર્વજોને પસંદ
કર્યા છે. તેઓ મિસર દેશમાં અજ્ઞાત રીતે રહેતા હતા,
ત્યારે તે સમય દરમિયાન દેવે તેના લોકોને સફળ થવામાં
મદદ કરી. દેવ તેઓને તે દેશમાંથી વધારે સામર્થ્યથી
બહાર લાવ્યો. ૧૮અને ૪૦ વરસ સુધી દેવે રણમાં તેઓનું
વર્તન ધીરજપૂર્વક સહન કર્યુ. ૧૯દેવે કનાનની ભૂમિનાં
સાત રાષ્ટ્રોનો વિનાશ કર્યો. તેણે તેના લોકોને તેઓની
જમીન આપી. ૨૦આ બધું લગભગ ૪૫૦ વર્ષમાં બન્યું.
"આ પછી, દેવે આપણા લોકોને શમુએલ પ્રબોધકના
સમય સુધી ન્યાયાધીશો આપ્યા. ૨૧પછી તે લોકોએ
રાજાની માંગણી કરી. તેથી દેવે તેઓને કીશનો દીકરો
શાઉલ આપ્યો. શાઉલ બિન્યામીનના કુળનો હતો. તે
૪૦ વર્ષ રાજા રહ્યો. ૨૨પછી દેવે શાઉલને દૂર કરીને
દાઉદને રાજા બનાવ્યો. દેવે દાઉદ વિષે જે કહ્યું તે આ
છે, 'દાઉદ, એ યશાઈનો દીકરો કે જે તેના વિચારોમાં
મારા જેવો છે. હું તેની પાસે જે કરાવવા ઈચ્છું છું તે
બધું જ તે કરશે.' ૨૩દેવે દાઉદના વંશમાંથી એકને
ઈઝરાએલનો તારનાર તરીકે ઊભો કર્યો. તે વંશજ ઈસુ
છે. દેવે આ કરવાનું વચન આપ્યું. ૨૪ઈસુના આગમન
પહેલા, યોહાને બધા યહૂદી લોકોને બોધ આપ્યો. તેઓ
પસ્તાવો ઈચ્છે છે તે બતાવવા માટે યોહાને તે લોકોને
બાપ્તિસ્મા લેવા કહ્યું. ૨૫જ્યારે યોહાન તેનું કાર્ય પૂરું
કરતો હતો, ત્યારે તેણે કહ્યું, 'હું કોણ છું એ વિષે તમે શું
ધારો છો? હું તે ખ્રિસ્ત નથી. તે મોડેથી આવશે. હું તો
તેના જોડા છોડવાને પણ યોગ્ય નથી.'
૨૬"મારા ભાઈઓ, ઈબ્રાહિમના વંશજોના દીકરાઓ
અને તમે બિનયહૂદીઓ કે જેઓ સાચા દેવને ભજો છો,
ધ્યાનથી સાંભળો! આ તારણ વિષેના સમાચાર અમને
મોકલવામાં આવેલ છે. ૨૭યરૂશાલેમમાં રહેતા યહૂદીઓ
અને યહૂદી અધિકારીઓ ઈસુ તારનાર હતો તેનો
અનુભવ કરતા નથી. પ્રબોધકોએ ઈસુ વિષે જે વચન
કહ્યા છે તે પ્રત્યેક વિશ્રામવારે યહૂદીઓ સમક્ષ વાંચવામાં
આવતા હતાં. પણ તેઓ સમજતા નહોતા. યહૂદીઓએ
ઈસુનો તિરસ્કાર કર્યો, આ રીતે તેઓએ પ્રબોધકોના
શબ્દોને સાચા બનાવ્યા! ૨૮ઈસુના મૃત્યુદંડ માટે તેઓને
કોઈ ચોક્કસ કારણ જડ્યું નહિ પરંતુ તેઓએ પિલાતને
તેને મારી નાખવા કહ્યું. ૨૯ઈસુના વિષે થનારા ખરાબ
બનાવોના લખાણો મુજબ યહૂદીઓએ સઘળું ખરાબ
કર્યુ. પછી તેઓએ ઈસુને વધસ્તંભ પરથી ઉતારીને
તેને કબરમાં મૂક્યો. ૩૦પણ દેવે તેને મૃત્યુમાંથી ઉઠાડયો!
૩૧આ પછી ઘણા દિવસો માટે જે લોકો ગાલીલથી
યરૂશાલેમ ઈસુ સાથે ગયા હતા, તેઓએ ઈસુને જોયો.
તેઓ હમણાં લોકોની આગળ તેના સાક્ષી છે. ૩૨અમે
દેવે અમારા પિતાઓને (પૂર્વજો) આપેલાં વચન વિષેની
વધામણી કહીએ છીએ. ૩૩અમે તેનાં બાળકો છીએ.
અને દેવે આ વચન અમારા માટે પરિપૂર્ણ કર્યુ છે. દેવે
ઈસુને મૃત્યુમાંથી ઉઠાડીને આ કર્યુ છે. આપણે આ
વિષે ગીતશાસ્ર : ૨માં પણ વાંચીએ છીએ.

> 'તુ મારો દીકરો છે, આજે હું તારો પિતા થયો છું.'
>
> *ગીતશાસ્ર: ૨:૭*

૩૪દેવે ઈસુને મૃત્યુમાંથી ઉઠાડયો છે. ઈસુ ફરીથી કબરમાં
કદાપિ જશે નહિ અને ધૂળમાં ફેરવાશે નહિ. તેથી દેવે
કહ્યું:

> 'હું તને સાચા અને પવિત્ર વચનો (આશીર્વાદો)
> આપીશ જે મેં દાઉદને આપ્યાં હતાં.'
>
> *યશાયા ૫૫:૩*

૩૫પણ બીજી એક જગ્યાએ દેવ કહે છે:

> 'તું તારા પવિત્રનાં શરીરને કબરમાં સડવા દઈશ નહિ.'
>
> *ગીતશાસ્ત્ર ૧૬:૧૦*

૩૬દાઉદ જ્યારે જીવતો હતો ત્યારે તેણે દેવની ઈચ્છા પ્રમાણે કર્યુ. પછી તે મૃત્યુ પામ્યો. દાઉદને તેના પૂર્વજોની સાથે દાટવામાં આવ્યો અને કબરમાં તેના શરીરને સડો લાગ્યો. ૩૭પણ એક જેને દેવે મૃત્યુમાંથી ઉઠાડયો તેનું કબરમાં કોહવાણ થયું નહિ. ૩૮–૩૯ભાઈઓ, અમે તમારી આગળ જે પ્રગટ કરીએ છીએ, તે તમારે સમજવું જોઈએ કે તેના દ્વારા પાપોની માફી તમને પ્રગટ કરવામાં આવે છે. તેના (ઈસુ) મારફત પ્રત્યેક વ્યક્તિ જે વિશ્વાસીઓ છે તેને બધામાંથી મુક્તિ મળશે. જેમાં મૂસાનો નિયમ પણ તમને મુક્ત કરી શકે તેમ નથી. પ્રત્યેક વિશ્વાસ કરનાર તેના (ઈસુ) દ્વારા ન્યાયી ઠરે છે. ૪૦ધ્યાનથી સાંભળો! રખેને પ્રબોધકોના લેખમાંનું આ વચન તમારા પર આવી પડે કે:

> ૪૧ 'ઓ તિરસ્કાર કરનારાઓ! સાંભળો, તમે આશ્ચર્ય પામશો, અને નાશ પામશો; કારણ કે તમારા સમય દરમિયાન હું (દેવ) કંઈક કરીશ જે તમે માનશો નહિ. કદાચ જો કોઈ તમને તે સમજાવે તો પણ તમે તે માનશો નહિ!'"
>
> *હબાક્કુક ૧:૫*

૪૨જ્યારે પાઉલ અને બાર્નાબાસ સભાસ્થાન છોડતા હતા, લોકોએ પાઉલ અને બાર્નાબાસને આ પછીના બીજા વિશ્રામવારે આ વિષે વધારે કહેવા માટે ફરીથી આવવા કહ્યું. ૪૩સભા વિસર્જન થયા પછી, યહૂદીઓ અને ઘણા લોકો જે યહૂદીધર્મમાં પરિવર્તિત થયા હતા અને સાચા દેવની ભક્તિ કરતા હતા તેઓ પાઉલ અને બાર્નાબાસને અનુસર્યા. પાઉલ અને બાર્નાબાસે તેઓને વાત કરી અને દેવની કૃપામાં ચાલુ રહેવા સમજાવ્યા.

૪૪બીજા વિશ્રામવારે, લગભગ શહેરના બધા જ લોકો પ્રભુનો બોધ સાંભળવા ભેગા મળ્યા. ૪૫યહૂદીઓએ આ બધા લોકોને ત્યાં જોયા. તેથી યહૂદીઓને વધારે ઈર્ષા થઈ. તેઓએ થોડાક અપશબ્દો કહ્યા. અને પાઉલે જે કહ્યું હતું તેના વિરોધમાં દલીલો કરી. ૪૬પણ પાઉલ તથા બાર્નાબાસે ઘણી હિંમત રાખીને કહ્યું, તેઓએ કહ્યું, "અમારે પ્રથમ તમને યહૂદીઓને દેવના વચનો કહેવા જોઈએ. પણ તમે ધ્યાનથી સાંભળવાની ના પાડી. તમે તમારી જાતે ખોવાઈ જાઓ છો, અનંતજીવન પામવાને તમે પોતાને અયોગ્ય ઠરાવો છો! તેથી અમે હવે બીજા રાષ્ટ્રોના લોકો પાસે જઈશું. ૪૭પ્રભુ (ઈસુ) એ આપણને જે કરવાનું કહ્યું છે તે આ છે. પ્રભુએ કહ્યું છે:

> 'મેં તમને બીજા રાષ્ટ્રો માટેનો પ્રકાશ થવા બનાવ્યા છે, જેથી કરીને તમે આખા વિશ્વમાં લોકોને તારણનો માર્ગ બતાવી શકશો.'"
>
> *યશાયા ૪૯:૬*

૪૮જ્યારે બિનયહૂદીઓએ પાઉલને આમ કહેતા સાંભળ્યો, ત્યારે તેઓએ ખુશ થઈને દેવનું વચન મહિમાવાન માન્યું અને લોકોમાંના ઘણાએ વિશ્વાસ કર્યો. તે લોકોની પસંદગી અનંતજીવન માટે કરવામાં આવી હતી.

૪૯અને તેથી આખા દેશમાં પ્રભુનો સંદેશ કહેવામાં આવ્યો હતો. ૫૦પરંતુ યહૂદીઓએ ધાર્મિક તથા કુલીન સ્ત્રીઓને તથા શહેરના અધિકારીઓને ઉશ્કેરણી કરીને પાઉલ અને બાર્નાબાસની સતાવણી કરાવી. પરિણામે આ લોકોએ પાઉલ અને બાર્નાબાસને શહેરની બહાર હાંકી કાઢયા. ૫૧તેથી પાઉલ અને બાર્નાબાસે તેમનાં પગોની ધૂળ ખંખેરી નાખી. પછી તેઓ ઈકોનિયા શહેરમાં ગયા. ૫૨પરંતુ અંત્યોખમાં ઈસુના શિષ્યો ખુશ હતા અને પવિત્ર આત્માથી ભરપૂર હતા.

### ઈકોનિયામાં પાઉલ અને બાર્નાબાસ

**૧૪** ઈકોનિયા શહેરમાં પાઉલ અને બાર્નાબાસ ગયા. તેઓ યહૂદીઓના સભાસ્થાનમાં પ્રવેશ્યા. (તેઓએ બધાં શહેરોમાં જે કંઈ કર્યુ તે આ છે.) તેઓ ત્યાં લોકો સાથે બોલ્યા. પાઉલ અને બાર્નાબાસ એટલું સારું બોલ્યા કે ઘણા યહૂદીઓ અને ગ્રીકોએ, તેઓએ જે કહ્યું તેમાં વિશ્વાસ કર્યો. ૨પરંતુ કેટલાક યહૂદીઓએ વિશ્વાસ કર્યો નહિ. આ યહૂદીઓએ બિનયહૂદી લોકોને ઉશ્કેર્યા અને ભાઈઓના વિષે મનમાં ખરાબ વસ્તુઓ વિચારતા કર્યા. ૩તેથી પાઉલ અને બાર્નાબાસ લાંબા સમય સુધી ઈકોનિયામાં રહ્યા અને તેઓ પ્રભુ વિષે આશ્ચર્યથી હિંમત રાખીને બોલ્યા. પાઉલ અને બાર્નાબાસ દેવની કૃપા વિષે બોધ આપતા હતા. પ્રભુએ પુરવાર કર્યુ, કે તેઓ જે કહેતા હતા તે સાચું હતું. પ્રેરિતોને (પાઉલ તથા બાર્નાબાસ) ચમત્કારો તથા

અદભૂત કૃત્યો કરવામાં તે મદદ કરતા. ૪પરંતુ શહેરના કેટલાક લોકો યહૂદીઓ સાથે સંમત થયા. શહેરના બીજા લોકો પાઉલ અને બાર્નાબાસમાં વિશ્વાસ કરતા. તેથી શહેરના ભાગલા પડ્યા હતા.

૫કેટલાક બિનયહૂદી લોકો, કેટલાક યહૂદીઓ, અને તેઓના યહૂદી અધિકારીઓએ પાઉલ અને બાર્નાબાસને ઈજા પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. આ લોકોની ઈચ્છા તેઓને પથ્થરોથી મારી નાખવાની હતી. ૬જ્યારે પાઉલ અને બાર્નાબાસે આ સંબંધી જાણ્યું. ત્યારે તેઓએ તે શહેર છોડ્યું, તેઓ લુસ્રા અને દર્બેમાં લુકોનિયાના શહેરોમાં અને તેની આજુબાજુના શહેરોના વિસ્તારમાં ગયા. ૭તેઓએ ત્યાં પણ સુવાર્તા પ્રગટ કરી.

### લુસ્રામાં પાઉલ અને બાર્નાબાસ

૮લુસ્રામાં એક માણસ હતો જેના પગમાં કઈંક ખોડ હતી. તે જન્મથી જ અપંગ હતો; તે કદી ચાલ્યો નહોતો. ૯આ માણસ બેઠો હતો અને પાઉલને ધ્યાનથી સાંભળતો હતો, પાઉલે તેના તરફ જોયું કે તે માણસને વિશ્વાસ હતો કે દેવ તેને સાજો કરી શકે તેમ છે. ૧૦તેથી પાઉલે મોટા અવાજે કહ્યું, "તારા પગ પર ઊભો થા!" તે માણસ કૂદીને ઊભો થયો અને આજુ બાજુ ચાલવા માંડયો. ૧૧પાઉલે જે કર્યુ તે જ્યારે લોકોએ જોયું ત્યારે તેઓએ તેઓની પોતાની લુકોનિયાની ભાષામાં પોકાર કર્યો. તેઓએ કહ્યું, "દેવો, માણસોનું રૂપ લઈને આવ્યા છે. તેઓ આપણી પાસે નીચે ઉતર્યા છે!" ૧૨લોકોએ બાર્નાબાસને "ઝિયૂસ"* કહ્યો. તેઓએ પાઉલને "હર્મેસ"* કહ્યો, કારણ કે તે જ મુખ્ય બોલનાર હતો. ૧૩ઝિયૂસનું મંદિર શહેરમાં નજીકમાં હતું. આ મંદિરના યાજકે કેટલાક બળદો અને ફૂલો શહેરના દરવાજા પાસે આણ્યાં. તે યાજક અને લોકો પાઉલ અને બાર્નાબાસને ભક્તિપૂર્વક ભેટ અર્પણ કરવા ઈચ્છતા હતા.

૧૪પરંતુ જ્યારે પ્રેરિતો, પાઉલ અને બાર્નાબાસ લોકો શું કરતા હતા તે સમજ્યા, ત્યારે તેઓએ તેમનાં પોતાનાં વસ્રો ફાડયાં.* પછી તેઓ લોકોમાં અંદર દોડી ગયા અને તેઓને મોટે સાદે કહ્યું: ૧૫"સજજનો, તમે આ બધું શા માટે કરો છો? અમે દેવો નથી! અમારે પણ તમારા જેવી લાગણીઓ છે. અમે તમને સુવાર્તા કહેવા આવ્યા છીએ. અમે તમને આ નિરર્થક વસ્તુઓ તરફથી પાછા ફરવાનું કહીએ છીએ. ઉત્પન્ન કરનાર જીવતા દેવ તરફ ફરો. તેણે આકાશ, પૃથ્વી, સમુદ્ર અને તેઓના માં રહેલી પ્રત્યેક વસ્તુઓનું સર્જન કર્યુ છે. ૧૬ભૂતકાળમાં દેવે પ્રત્યેક રાષ્ટ્રોને તેઓની ઈચ્છા પ્રમાણે કરવા દીધું હતું. ૧૭પરંતુ દેવે જે કર્યુ તે ખરું છે. દેવ પોતાના વિષે સાક્ષી આપ્યા વગર રહ્યો નથી. તે તમારા માટે સારું કામ કરે છે. તે તમને આકાશમાંથી વરસાદ આપે છે. તે તમને યોગ્ય સમયે સારી ફસલ આપે છે. તે તમને પુષ્કળ પ્રમાણમાં અનાજ આપે છે અને તે તમારા હૃદયને આનંદથી ભરે છે." ૧૮પાઉલ અને બાર્નાબાસે તે લોકોને આ વાતો કરી પરંતુ હજુ સુધી પાઉલ અને બાર્નાબાસ લોકોને લગભગ તેઓની ભક્તિ અને બલિદાન કરતાં ભાગ્યે જ અટકાવી શકયા.

૧૯પછી કેટલાક યહૂદીઓ અંત્યોખ અને ઈકોનિયામાંથી આવ્યા. તેઓએ લોકોને પાઉલની વિરુદ્ધ સતાવણી કરવા સમજાવ્યા. અને તેથી લોકોએ પાઉલ પર પથ્થરો ફેંક્યા અને તેને શહેરની બહાર ઘસડી ગયા. લોકોએ ધાર્યુ કે તેઓએ પાઉલેને મારી નાખ્યો છે. ૨૦ઈસુના શિષ્યો પાઉલની આજુબાજુ ભેગા થયા અને તે ઊભો થયો અને શહેરમાં પાછો ગયો. બીજે દિવસે, તે અને બાર્નાબાસ આ શહેર છોડીને દર્બેના શહેરમાં ગયા.

### અંત્યોખ સિરિયામાં પાછા ફરવું

૨૧પાઉલ અને બાર્નાબાસે દર્બેના શહેરમાં પણ સુવાર્તા પ્રગટ કરી. ઘણા લોકો ઈસુના શિષ્યો બન્યા. પાઉલ અને બાર્નાબાસ લુસ્રા, ઈકોનિયા અને અંત્યોખ શહેરોમાં પાછા ફર્યા. ૨૨તે શહેરોમાં પાઉલ અને બાર્નાબાસે ઈસુના શિષ્યોને વધારે બળવાન બનાવ્યા. તેઓએ તેઓને વિશ્વાસમાં રહેવામાં મદદ કરી. પાઉલ અને બાર્નાબાસે કહ્યું; "દેવના રાજ્યમાં આપણે પ્રવેશવા માટે ઘણાં સંકટોનો સામનો કરવો પડે છે." ૨૩પાઉલ અને બાર્નાબાસે પ્રત્યેક મંડળી (વિશ્વાસીઓનું જૂથ) માટે વડીલોને પસંદ કર્યા. તેઓએ ઉપવાસ કર્યા અને આ વડીલો માટે પ્રાર્થના કરી. આ વડીલો એ માણસો હતા, જેઓને પ્રભુ ઈસુમાં વિશ્વાસ હતો. તેથી પાઉલ અને બાર્નાબાસે તેઓને પ્રભુની સંભાળ હેઠળ રાખ્યા.

૨૪પાઉલ અને બાર્નાબાસ પિસીદિયા થઈને આવ્યા. પછી તેઓ પમ્ફૂલિયા દેશમાં આવ્યા. ૨૫તેઓએ પર્ગે શહેરમાં દેવની વાતનો બોધ આપ્યો, અને પછી તેઓ અત્તાલિયા શહેરમાં આવ્યા, ૨૬અને ત્યાંથી પાઉલ અને

---

**ઝિયૂસ** ગ્રીકનાં ઘણા દેવોમાં મુખ્ય દેવ.

**હર્મેસ** બીજો ગ્રીક દેવ. ગ્રીક લોકો માને છે કે તે બીજા દેવોનો સંદેશવાહક છે.

**તેઓએ … વસ્રો ફાડયાં** આ દર્શાવે છે કે તેઓ ઘણાં ક્રોધિત થયા હતા.

બાર્નાબાસ સિરિયાના અંત્યોખ તરફ હોડી હંકારી ગયા.
આ એ જ શહેર છે, જ્યાં વિશ્વાસીઓએ તેઓને દેવની
કૃપામાં રાખ્યા. અને આ કામ કરવા માટે તેઓને મોકલ્યા
જે કાર્ય તેણે હવે પૂર્ણ કર્યુ છે.
૨૭જયારે પાઉલ અને બાર્નાબાસ આવ્યા, તેઓએ
મંડળીને (વિશ્વાસીઓનું જૂથ) ભેગી કરી. પાઉલ અને
બાર્નાબાસે દેવે તેમની સાથે કરેલી પ્રત્યેક બાબતો વિષે
જણાવ્યું. તેઓએ કહ્યું, "દેવે દરવાજો ઉઘાડ્યો છે, તેથી
બીજા રાષ્ટ્રોના લોક (બિન–યહૂદીઓ) પણ વિશ્વાસ ધરાવે
છે!" ૨૮પાઉલ અને બાર્નાબાસ ઈસુ ખ્રિસ્તના શિષ્યોની
સાથે લાંબો સમય ત્યાં રહ્યા.

### યરૂશાલેમમાં સભા

**૧૫** પછી કેટલાક માણસો યહૂદિયાથી અંત્યોખમાં
આવ્યા. તેઓએ બિનયહૂદી ભાઈઓને
શીખવવાનું શરૂ કર્યુ. "જો તમે સુન્નત નહિ કરાવો તો
તમને બચાવી શકાશે નહિ. મૂસાએ આપણને આમ
કરવાનું શીખવ્યું." ૨પાઉલ અને બાર્નાબાસ આ બોધની
વિરુદ્ધમાં હતા. તેઓએ આ માણસો સાથે દલીલો કરી.
તેથી તે સમૂહે પાઉલ અને બાર્નાબાસને, અને બીજા
કેટલાક માણસોને યરૂશાલેમ મોકલવાનું નક્કી કર્યુ.
આ માણસો પ્રેરિતો અને વડીલોની સાથે આ વિષયમાં
વધારે વાતો કરવા ત્યાં જતા હતા.
૩એ મંડળીએ માણસોને વિદાય થવામાં મદદ કરી.
આ માણસો ફિનીકિયા સમરૂનનાં દેશોમાં થઈને ગયા.
આ બધાં શહેરોમાં તેઓએ બિનયહૂદી લોકો સાચા દેવ
તરફ કેવી રીતે વળ્યા તે સંબંધમાં કહ્યું, આથી બધા
ભાઈઓ ઘણા આનંદિત થયા. ૪પાઉલ, બાર્નાબાસ અને
બીજાઓ યરૂશાલેમમાં આવ્યા. પ્રેરિતો, વડીલો અને
વિશ્વાસીઓના આખા સમૂહે તેઓનું સ્વાગત કર્યુ.
પાઉલ, બાર્નાબાસ અને બીજાઓને દેવે તેઓની સાથે
જે કંઈ કર્યુ તે વિષે કહ્યું, ૫યરૂશાલેમના કેટલાક
વિશ્વાસીઓ ફરોશીપંથના હતા. તેઓ ઊભા થયા અને
કહ્યું, "બિનયહૂદી વિશ્વાસીઓની સુન્નત કરાવવી
જોઈએ. આપણે તેઓને મૂસાના નિયમશાસ્ત્રનું પાલન
કરવા કહેવું જોઈએ!"
૬પછી પ્રેરિતો અને વડીલો આ સમસ્યાનો અભ્યાસ
કરવા ભેગા થયા. ૭ત્યાં એક લાંબો વાદવિવાદ થયો.
પછી પિતરે ઊભા થઈને તેઓને કહ્યું, "મારા ભાઈઓ,
હું જાણું છું કે તમે શરૂઆતના દિવસોમાં શું બન્યું છે
તેનું સ્મરણ કરો છો. દેવે મને તમારામાંથી બિનયહૂદી
લોકોને સુવાર્તા આપવા પસંદ કર્યો છે. તેઓએ મારી
પાસેથી સુવાર્તા સાંભળી છે અને તેઓએ વિશ્વાસ મૂક્યો
છે. ૮દેવ બધા માણસોના વિચાર જાણે છે, અને તેણે
આ બિનયહૂદીઓને સ્વીકાર્યા છે. દેવે જેમ આપણને
તેમ તેઓને પણ પવિત્ર આત્મા આપ્યાથી તેઓ વિષે
સાક્ષી પૂરી. ૯દેવની આગળ આ લોકો આપણા કરતાં
જુદા નથી. જ્યારે તેઓ વિશ્વાસી બન્યા, દેવે તેઓનાં
હૃદયો પવિત્ર બનાવ્યાં. ૧૦તેથી હવે તમે શા માટે
બિનયહૂદી ભાઈઓની ગરદન પર ભારે બોજ લાદો
છો? તમે દેવને ગુસ્સે કરવાના પ્રયત્ન કરી રહ્યા છો?
અમે અને અમારા પિતાઓ (પૂર્વજો) તે બોજ વહન
કરવા શું પૂરતા સશકત નહોતા! ૧૧ના, અમને વિશ્વાસ
છે કે અમે અને આ લોકો પ્રભુ ઈસુની કૃપાથી (દયા)
તારણ પામીશું!"
૧૨પછી આખો સમૂહ શાંત થયો. તેઓએ પાઉલ
અને બાર્નાબાસની વાણીને ધ્યાનપૂર્વક સાંભળી. પાઉલ
અને બાર્નાબાસે બિનયહૂદી લોકોની વચમાં દેવ દ્વારા
જે ચમત્કારો તથા અદભૂત પરાક્રમો કર્યા હતા તે બધા
વિષે કહ્યું, ૧૩પાઉલ અને બાર્નાબાસે તેમનું વક્તવ્ય
પૂરું કર્યુ. પછી યાકૂબે કહ્યું. તેણે કહ્યું, "મારા ભાઈઓ,
મને ધ્યાનથી સાંભળો. ૧૪સિમોને (પિતર) અમને
બતાવ્યું કે બિનયહૂદી લોકો પર દેવે તેનો પ્રેમ કેવી રીતે
દર્શાવ્યો છે. દેવે પ્રથમ વખત જ બિનયહૂદી લોકોને
સ્વીકારીને તેઓને તેઓના લોકો બનાવ્યા.
૧૫પ્રબોધકોનાં વચનો પણ આ સાથે સુસંગત છે:

૧૬ 'હું (દેવ) આ પછી પાછો આવીશ. હું દાઉદનું
મકાન ફરીથી બાંધીશ. તે નીચે પડી ગયેલું છે.
હું તેના મકાનના ભાગોને ફરીથી બાંધીશ. જે
નીચે ખેંચી કાઢવામાં આવેલ છે. હું તે મકાન
ફરીથી બાંધીશ.
૧૭ પછી બીજા બધા બાકીના લોકો પ્રભુને (દેવ)
શોધશે. બધા જ બિનયહૂદી લોકો પણ મારા
લોકો છે. પ્રભુએ (દેવે) આ કહ્યું છે. અને પ્રભુ
જે આ બધું કરે છે તે આ એક કહે છે.
૧૮ દુનિયાના આરંભથી આ વસ્તુઓ પ્રગટ થયેલ
છે.

*આમોસ ૯:૧૧–૧૨*

૧૯"તેથી હું વિચારું છું કે આપણે બિનયહૂદી ભાઈઓ
જે દેવ તરફ વળ્યા છે તેઓને હેરાન ન કરીએ. ૨૦તેને
બદલે, આપણે તેઓને પત્ર લખવો જોઈએ. આપણે
તેઓને આ બાબતો કહેવી જોઈએ:

મૂર્તિઓને ધરાવેલો ખોરાક તેઓએ ખાવો
નહિ.(આનાથી ખોરાક અશુદ્ધ બને છે.) કોઈ
પણ પ્રકારનું વ્યભિચારનું પાપ કરવું નહિ. લોહીને
ચાખો (ખાઓ) નહિ. ગૂંગળાવીને મારી નાખેલાં
પશુઓને ખાઓ નહિ.

૨૧તેઓએ આ બાબતો કરવી જોઈએ નહિ, કારણ કે
આજે પણ દરેક શહેરમાં હજી એવા માણસો (યહૂદીઓ)
છે જેઓ મૂસાના નિયમશાસ્ત્રનો બોધ આપે છે. ઘણા
વર્ષોથી પ્રત્યેક વિશ્રામવારે સભાસ્થાનોમાં મૂસાના
વચનો વાંચવામાં આવે છે."

## બિનયહૂદી વિશ્વાસીઓ પર પત્ર

૨૨પ્રેરિતો, વડીલો અને સમગ્ર મંડળીના
(વિશ્વાસીઓનું જૂથ) સભ્યોની ઈચ્છા પાઉલ અને
બાર્નાબાસ સાથે કેટલાક લોકોને અંત્યોખ મોકલવાની
હતી. તે સમૂહે તેઓના પોતાના કેટલાક માણસો પસંદ
કરવાનો નિર્ણય કર્યો. તેઓએ યહૂદા (બર્સબા કહેવાય
છે) અને સિલાસને પસંદ કર્યા. યરૂશાલેમમાં આ
ભાઈઓનું બહુમાન કરવામાં આવ્યું. ૨૩તે સમૂહે આ
માણસો સાથે પત્ર મોકલ્યો. પત્રમાં કહ્યું છે:

યરૂશાલેમમાં વસતા પ્રેરિતો, વડીલો અને તમારા
ભાઈઓ તરફથી અંત્યોખ, સિરિયા અને
કિલીકિયાની મંડળીના બિનયહૂદીઓમાંથી
ખ્રિસ્તના શિષ્યો થયેલા ભાઈઓને કુશળતા:

વહાલા ભાઈઓ,

૨૪અમે સાંભળ્યું છે કે અમારા સમૂહમાંથી
કેટલાક માણસો તમારી પાસે આવ્યા છે. તેઓએ
જે વાતો કહી તેનાથી તમે હેરાન થયા છો અને
વ્યગ્ર થયા છો. પણ અમે તેઓને આમ કહેવાનું
કહ્યું નથી! ૨૫અમે બધા કેટલાક માણસોને પસંદ
કરીને તમારી પાસે મોકલવા માટે સંમત થયા
છીએ, તેઓ અમારા પ્રિય મિત્રો પાઉલ અને
બાર્નાબાસ સાથે રહેશે. ૨૬પાઉલ અને બાર્નાબાસે
તેઓના જીવનો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની
સેવામાં સમર્પિત કર્યા છે. ૨૭તેથી અમે યહૂદા
અને સિલાસને તેઓની સાથે મોકલ્યા છે. તેઓ
તમને એ જ વાતો મૌખિક રીતે કહેશે. ૨૮પવિત્ર
આત્માને તથા અમને પણ તે સારું લાગ્યું છે કે
જરૂરિયાત કરતાં ભારે બોજો તમારા પર મૂકવો
નહિ. તમારે આ બાબતો કરવાની જરૂર છે:

૨૯ એટલે કે, મૂર્તિઓને ધરાવવામાં આવેલ ખોરાકને
ખાઓ નહિ. (આ ખોરાકને અશુદ્ધ બનાવે છે.)
લોહીને ચાખો (ખાઓ) નહિ. ગૂંગળાવીને મારી
નાખેલાં પશુઓને ખાશો નહિ.

કોઈ પણ પ્રકારનું વ્યભિચારનું પાપ કરવું નહિ.
જો આ બધી વસ્તુઓથી તમે દૂર રહેશો તો તમારું
ભલું થશે.

હવે અમે તમને શુભેચ્છા પાઠવીએ છીએ.

૩૦તેથી પાઉલ, બાર્નાબાસ, યહૂદા અને સિલાસે
યરૂશાલેમ છોડ્યું. તેઓ અંત્યોખ પહોંચ્યા. અંત્યોખમાં
તેઓએ વિશ્વાસીઓનો સમૂહ ભેગો કર્યો અને તેઓને
પત્ર આપ્યો. ૩૧જ્યારે વિશ્વાસીઓએ પત્ર વાંચ્યો, તેઓને
આનંદ થયો. તે પત્રથી તેઓને દિલાસો મળ્યો. ૩૨યહૂદા
અને સિલાસ પણ પ્રબોધકો હતા. તેઓએ ભાઈઓને
મદદ કરવા ઘણી વાતો કહી અને તેઓને વધારે મજબૂત
બનાવ્યા. ૩૩થોડા સમય ત્યાં યહૂદા અને સિલાસ રહ્યા
અને પછી તેઓ છોડીને ગયા. તેઓએ ભાઈઓ પાસેથી
શાંતિના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. યહૂદા અને સિલાસ
યરૂશાલેમમાં જેઓએ તેમને મોકલ્યા હતા તે ભાઈઓ
પાસે પાછા ગયા. ૩૪ *

૩૫પરંતુ પાઉલ અને બાર્નાબાસ અંત્યોખમાં રહ્યા.
તેઓ બીજા ઘણાની સાથે બોધ કરતા રહ્યા અને લોકોને
પ્રભુના વચનનું શિક્ષણ આપતા રહ્યાં.

## પાઉલ અને બાર્નાબાસનું છૂટા પડવુ

૩૬થોડા દિવસો પછી, પાઉલે બાર્નાબાસને કહ્યું;
"આપણે પ્રભુની વાત ઘણા શહેરોમાં પ્રગટ કરી છે.
આપણે તે બધા શહેરોમાં ભાઈઓ અને બહેનોની
મુલાકાત લઈને તેઓ કેમ છે તે જોવા પાછા જવું જોઈએ."
૩૭યોહાન(માર્ક)ને તેઓની સાથે લેવાની ઈચ્છા
બાર્નાબાસની હતી. ૩૮પરંતુ તેઓની પ્રથમ યાત્રામાં
યોહાન માર્કે તેઓને પમ્ફૂલિયામાં છોડી દીધા. તેણે
તેઓની સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું નહિ. તેથી પાઉલે
તેને સાથે લઈ જવો એ સારો વિચાર છે એમ માન્યું

---

**કલમ ૩૪** પ્રે.કૃત્યોની કેટલીક ગ્રીક નકલોમાં કલમ ૩૪ ઉમેરી છે: "પણ સિલાસે ત્યાં જ રહેવાનું નક્કી કર્યુ."

નહિ. ૩૯પાઉલ અને બાર્નાબાસને આ બાબતમાં તીવ્ર મતભેદ થયા. તેઓ જુદા પડ્યા અને જુદા જુદા રસ્તે ગયા. બાર્નાબાસે સૈપ્રસ તરફ વહાણ હંકાર્યુ અને માર્કને તેની સાથે લીધો. ૪૦પાઉલે તેની સાથે જવા સિલાસની પસંદગી કરી. અંત્યોખના ભાઈઓએ પાઉલને દેવની કૃપાને સોંપ્યા પછી તેને બહાર મોકલ્યો. ૪૧પાઉલ અને સિલાસ સિરિયા તથા કિલીકિયાના શહેરોમાં થઈને મંડળીઓને વધારે મજબૂત બનાવવામાં સહાયરૂપ થતાં ગયાં.

### પાઉલ અને સિલાસ સાથે તિમોથીનું જવું

**૧૬** પાઉલ દર્બે અને લુસ્રાના શહેરોમાં ગયો. તિમોથી નામનો એક ઈસુનો શિષ્ય ત્યાં હતો. તિમોથીની માતા એક યહૂદી વિશ્વાસી હતી. તેના પિતા એક ગ્રીક (યહૂદી નહિ) હતા. ૨લુસ્રા અને ઈકોનિયામાંના વિશ્વાસીઓ તિમોથીને માન આપતા. તેઓ તેના વિષે સારી વાતો કહેતા. ૩પાઉલની ઈચ્છા હતી કે તિમોથી તેની સાથે મુસાફરી કરે. પરંતુ તે પ્રદેશમાં રહેતા તમામ યહૂદીઓ જાણતા હતા કે તિમોથીના પિતા ગ્રીક હતા. તેથી યહૂદીઓ ખાતર પાઉલે તિમોથીની સુન્નત કરાવી. ૪પછી પાઉલ અને તેની સાથેના માણસોએ એક ગામથી બીજે ગામ મુસાફરી કરી. તેઓએ વિશ્વાસીઓને પ્રેરિતો અને વડીલો તરફથી યરૂશાલેમમાં નિયમો અને નિર્ણયો આપ્યા. તેઓએ વિશ્વાસીઓને આ નિયમોનું પાલન કરવા કહ્યું. ૫તેથી મંડળીઓ વિશ્વાસમાં વધારે મજબૂત થતી હતી અને પ્રતિદિન વધારે મોટી થતી જતી હતી.

### આસિયા (એશિયા માઈનોર) માં પાઉલની યાત્રા

૬પાઉલ અને તેની સાથેના માણસો ફ્રુગિયા અને ગલાતિયાના પ્રદેશોમાં થઈને ગયા. પવિત્ર આત્માએ તેઓને આસિયામાં સુવાર્તાનો બોધ કરવાની મના કરી હતી. ૭પાઉલ અને તિમોથી મૂસિયાની નજીકના પ્રદેશમાં ગયા. તેઓ બિથૂનિયાના પ્રદેશમાં જવા ઈચ્છતા હતા. પરંતુ ઈસુનો આત્મા તેઓને અંદર જવા દેતો ન હતો. ૮તેથી તેઓ મૂસિયાથી પસાર થઈ ત્રોઆસ આવ્યા. ૯તે રાત્રે પાઉલે એક દર્શન જોયું. આ દર્શનમાં મકદોનિયાનો એક માણસ પાઉલની પાસે આવ્યો. તે માણસે ત્યાં ઊભા રહીને વિનંતી કરી, "મકદોનિયા પાર કરીને આવો, અમને મદદ કરો!" ૧૦પાઉલે દર્શન જોયું પછી, અમે તરત જ મકદોનિયા જવાની તૈયારી કરી. અમે સમજ્યા કે દેવે અમને પેલા લોકોને સુવાર્તા પ્રગટ કરવા માટે બોલાવ્યા છે.

### લૂદિયાનું બદલાણ

૧૧અમે વહાણમાં બેસીને ત્રોઆસ છોડ્યું, અને અમે સમોર્થાકી ટાપુ તરફ વહાણ સીધા હંકારી ગયા. બીજે દિવસે અમે નિયાપુલિસના શહેર તરફ વહાણ હંકાર્યું. ૧૨પછી અમે ફિલિપ્પી ગયા. ફિલિપ્પી મકદોનિયાના પ્રદેશમાં એક મહત્વનું શહેર છે. તે રોમનો માટેનું શહેર (રોમનોએ વસાવેલું) છે. અમે તે શહેરમાં થોડાક દિવસો માટે રહ્યા.

૧૩વિશ્રામવારના દિવસે શહેરના દરવાજા બહાર નદીએ ગયા. અમે વિચાર્યુ કે અમને પ્રાર્થના માટે નદી કિનારે જગ્યા મળશે. કેટલીક સ્રીઓ ત્યાં ભેગી થઈ હતી. તેથી અમે ત્યાં બેઠા અને તેઓની સાથે વાતો કરી. ૧૪ત્યાં થુવાતિરા શહેરની એક લૂદિયા નામની સ્રી હતી. તેનું કામ જાંબુડિયાં (વસ્ર) વેચવાનું હતું. તે સાચા દેવની ભકિત કરતી હતી, લૂદિયાએ પાઉલને ધ્યાનથી સાંભળ્યો. પ્રભુએ તેનું હૃદય ઉઘાડ્યું. તેણે પાઉલે જે કહ્યું તેમાં વિશ્વાસ મૂક્યો. ૧૫તે અને તેના ઘરમાં રહેતા બધા લોકોનું બાપ્તિસ્મા કરવામાં આવ્યું. પછી લૂદિયાએ અમને તેના ઘરમાં નિમંત્રણ આપ્યું. તેણે કાલાવાલા કરીને કહ્યું, "જો તમે વિચારતા હોય કે હું પ્રભુ ઈસુની સાચી વિશ્વાસી છું, તો પછી મારા ઘરમાં આવો અને રહો." તેણે અમને તેના સાથે રહેવા ઘણો આગ્રહ કર્યો.

### પાઉલ અને સિલાસ બંદીખાનામાં

૧૬જ્યારે અમે પ્રાર્થના માટેની જગ્યાએ જતા હતા ત્યારે એક વખતે અમારી સાથે કંઈક બન્યું. એક જુવાન દાસી અમને મળી. તેનામાં એક અગમસૂચક આત્મા* હતો. આ આત્મા તેને ભવિષ્યમાં શું થવાનું છે તે કહેવાનું સામર્થ્ય આપતો. આમ કરવાથી તેણે ખૂબ પૈસા તેના માલિકને કમાવી આપ્યા. ૧૭આ છોકરી પાઉલને અને અમને અનુસરી. તેણીએ મોટે સાદે કહ્યું, "આ માણસો પરાત્પર દેવના સેવકો છે! તેઓ તમને કહે છે તમારું તારણ કેવી રીતે થશે?" ૧૮ઘણા દિવસો સુધી તેણે આ કરવાનું ચાલુ રાખ્યું. પાઉલ બેચેન હતો. તેથી તેણે તેના તરફ ફરીને આત્માને કહ્યું, "ઈસુ ખ્રિસ્તના પરાક્રમથી હું તને આજ્ઞા કરું છું કે તું એનામાંથી બહાર નીકળી જા!" તરત જ તે આત્મા બહાર નીકળી ગયો.

---

**અગમસૂચક આત્મા** શેતાન તરફથી મળેલ આત્મા જે ખાસ જ્ઞાન આપે છે.

૧૯જે માણસોની માલિકી આ સેવિકા છોકરી પર હતી તેઓએ આ જોયું. આ માણસોએ જાણ્યું કે હવે તેઓ પૈસા બનાવવા માટે તેણીનો ઉપયોગ કરી શકશે નહિ. તેથી તેઓએ પાઉલ અને સિલાસને પકડ્યા અને શહેરની સભાની જગ્યામાં ઘસડી લાવ્યા. શહેરના અધિકારીઓ ત્યાં હતા. ૨૦તે માણસો પાઉલ અને સિલાસને આગેવાનોની આગળ લાવ્યા અને કહ્યું, "આ માણસો યહૂદીઓ છે. તેઓ આપણા શહેરમાં મુશ્કેલીઓ ઊભી કરે છે, ૨૧તેઓ લોકોને એવું કહે છે, જે આપણા માટે યોગ્ય નથી. આપણે રોમન નાગરિકો છીએ. આપણે આ વસ્તુઓ કરી શકીએ નહિ." ૨૨લોકો પાઉલ અને સિલાસની વિરુદ્ધ થયા પછી તે આગેવાનોએ પાઉલ અને સિલાસના વસ્રો ફાડી નાખ્યાં અને પાઉલ અને સિલાસને ફટકા મારવાની આજ્ઞા કરી. ૨૩તે માણસોએ પાઉલ અને સિલાસને ઘણા ફટકા માર્યા. પછી આગેવાનોએ પાઉલ અને સિલાસને જેલમાં પૂર્યા. તે આગેવાનોએ દરોગાને કહ્યું, "સખ્ત જાપ્તા નીચે તેઓની ચોકી કરજે." ૨૪દરોગાએ આ ખાસ હુકમ પાળ્યો, તેથી તેણે પાઉલ અને સિલાસને જેલમાં ખૂબ દૂર અંદરની બાજુએ પૂર્યા. તેણે તેઓના પગ બે લાકડાના મોટા ટુકડાઓ વચ્ચે બાંધી દીધા.

૨૫લગભગ મધરાતે પાઉલ અને સિલાસ પ્રાર્થના કરતા હતા અને દેવના સ્તોત્ર ગાતાં હતાં. બીજા કેદીઓ તેઓને સાંભળતા હતાં. ૨૬અચાનક ત્યાં એક મોટો ધરતીકંપ થયો. તે એટલો બધો ભારે હતો કે તેનાથી બંદીખાનાના પાયા ધ્રૂજી ઊઠ્યા. પછી જેલના બધા દરવાજા ઉઘડી ગયા. બધા કેદીઓ તેમની સાંકળોમાંથી મુક્ત થયા. ૨૭દરોગો જાગી ઊઠયો. તેણે જોયું કે જેલના દરવાજા ઉઘડી ગયા હતા. તેણે વિચાર્યુ, કે કેદીઓ લગભગ ભાગી ગયા છે. તેથી દરોગાએ તેની તલવાર ઉપાડી અને તેની જાતે આત્મહત્યા કરવા જતો હતો. ૨૮પરંતુ પાઉલે પોકાર કર્યો, "તારી જાતને ઈજા કરતો નહિ! અમે બધા અહી છીએ!"

૨૯દરોગાએ કોઈકને દીવો લાવવા માટે કહ્યું, પછી તે અંદર દોડ્યો. તે ધ્રૂજતો હતો. તે પાઉલ અને સિલાસની સમક્ષ પગે પડ્યો. ૩૦પછી તે તેઓને બહાર લાવ્યો અને કહ્યું, "હે સાહેબો, મારે તારણ પામવા શું કરવું જોઈએ?"

૩૧તેઓએ તેને કહ્યું, "પ્રભુ ઈસુમાં વિશ્વાસ કર અને તું બચી જઈશ. તું અને તારા ઘરમાં રહેતા બધા લોકો તારણ પામશે." ૩૨તેથી પાઉલ અને સિલાસે પ્રભુનું વચન દરોગા અને તેના ઘરના બધા લોકોને કહ્યું. ૩૩તે રાતનો મોડો સમય હતો. પરંતુ દરોગાએ પાઉલ અને સિલાસને લઈ જઈને તેઓના ઘા ધોયા. પછી દરોગો અને તેના બધા લોકોને બાપ્તિસ્મા આપવામાં આવ્યું. ૩૪આ પછી દરોગાએ પાઉલ અને સિલાસને ઘેર લઈ ગયો અને તેઓને માટે જમવાનું તૈયાર કરાવ્યું, તે અને તેના ઘરના બધા જ લોકોએ ખુબ આનંદ કર્યો. કારણ કે તેઓ હવે દેવમાં વિશ્વાસ કરતા હતા.

૩૫બીજી સવારે આગેવાનોએ કેટલાક સૈનિકોને દરોગાને કહેવા મોકલ્યા, "આ માણસોને મુક્ત કરો અને જવા દો!"

૩૬દરોગાએ પાઉલને કહ્યું, "આગેવાનોએ તમને મુક્ત કરીને છોડી મૂકવા આ સૈનિકો મોકલ્યા છે. તમે હવે અહીંથી જઈ શકો છો. શાંતિથી જાઓ."

૩૭પરંતુ પાઉલે સૈનિકોને કહ્યું, "તમારા આગેવાનોએ સાબિત કર્યુ નથી કે અમે ખોટું કર્યુ છે. પણ તેઓએ અમને લોકોની સામે માર્યા અને બંદીખાનામાં પૂર્યા. અમે રોમન નાગરિકો છીએ. તેથી અમને હક્ક છે. હવે આગેવાનોની ઈચ્છા અમને ગુપ્ત રીતે જવા દેવાની છે. ના! આગેવાનોએ આવવું જોઈએ અને અમને બહાર લાવવા જોઈએ!"

૩૮સૈનિકોએ પાઉલે જે કહ્યું તે આગેવાનોને કહ્યું, જ્યારે આગેવાનોએ સાંભળ્યું કે પાઉલ અને સિલાસ રોમન નાગરિકો છે, ત્યારે તેઓ ડરી ગયા હતા. ૩૯તેથી તેઓએ આવીને પાઉલ અને સિલાસને કહ્યું કે તેઓ દિલગીર છે. તેઓ પાઉલ અને સિલાસને બંદીખાનાની બહાર લઈ ગયા અને તેમને શહેર છોડી જવા કહ્યું. ૪૦પરંતુ જ્યારે પાઉલ અને સિલાસ બંદીખાનામાંથી બહાર આવ્યા. તેઓ લૂદિયાને ઘરે ગયા. તેઓએ ત્યાં કેટલાક વિશ્વાસીઓને જોયા અને તેઓને દિલાસો આપ્યો. પછી પાઉલ અને સિલાસ વિદાય થયા.

### થેસ્સલોનિકામાં પાઉલ અને સિલાસ

૧૭ પાઉલ અને સિલાસે અમ્ફિપુલિસ અને અપલોનિયાના શહેરોમાં થઈને મુસાફરી કરી. તેઓ થેસ્સલોનિકા શહેરમાં આવ્યા. ત્યાં તે શહેરમાં યહૂદીઓનું સભાસ્થાન હતું. ૨પાઉલ આ સભાસ્થાનમાં યહૂદીઓને મળવા માટે ગયો. આ તેનો હંમેશનો રિવાજ હતો. પ્રત્યેક વિશ્રામવારે ત્રણ અઠવાડિયા સુધી પાઉલ યહૂદીઓ સાથે ધર્મશાસ્રો વિષે વાતો કરતો. ૩પાઉલ યહૂદીઓને આ ધર્મશાસ્રો સમજાવતો. તેણે બતાવ્યું કે ખ્રિસ્તે મૃત્યુ પામવું અને પછી મૃત્યુમાંથી પાછા ઊઠવું એ આવશ્યક હતું. પાઉલે કહ્યું, "આ માણસ ઈસુ કે

જેના વિષે હું તમને કહું છું તે ખ્રિસ્ત છે." [4]કેટલાએક યહૂદીઓના મનનું સમાધાન થયું અને તેઓ પાઉલ અને સિલાસ સાથે જોડાયા. સભાસ્થાનમાં ત્યાં કેટલાએક ગ્રીક માણસો પણ હતા જેઓ સાચા દેવની ભક્તિ કરતા હતા. ત્યાં કેટલીએક મહત્વની સ્ત્રીઓ પણ હતી. આ લોકોમાંના ઘણા પાઉલ અને સિલાસ સાથે જોડાયા.

[5]પણ યહૂદીઓ જેઓ માનતા ન હતા તેઓ ઈર્ષ્યાળુ બન્યા. તેઓએ શહેરમાંથી કેટલાએક ખરાબ ભાડૂતી માણસો રાખ્યા. આ ખરાબ માણસોએ ઘણા લોકોને ભેગા કર્યા અને શહેરમાં મુશ્કેલીઓ ઊભી કરી. તે લોકો પાઉલ અને સિલાસની શોધમાં યાસોનના ઘરમાં ગયા. તે માણસો પાઉલ અને સિલાસને લોકોની આગળ બહાર કાઢવા ઈચ્છતા હતા. [6]પણ તેઓ પાઉલ અને સિલાસને શોધી શક્યા નહિ. તેથી તે લોકોએ યાસોન અને બીજા કેટલાએક વિશ્વાસીઓને શહેરના આગેવાનો આગળ ઘસડી લાવ્યા. તે બધા લોકોએ બૂમો પાડી. "આ માણસોએ વિશ્વમાં દરેક જગ્યાએ મુશ્કેલી ઊભી કરી છે. અને તેઓ હવે અહીં આવ્યા છે. [7]યાસોન તેઓને તેના ઘરમાં રાખે છે. તેઓ બધા કૈસરની નિયમની વિરુદ્ધ ગયા અને તેઓ કહે છે કે ત્યાં બીજો એક ઈસુ નામે રાજા છે."

[8]શહેરના અધિકારીઓ અને બીજા લોકોએ આ વાતો સાંભળી. તેઓ ઘણા બેચેન બન્યા. [9]તેઓએ યાસોનને તથા બીજા વિશ્વાસીઓને દંડ કર્યો. પછી તેઓએ વિશ્વાસીઓને છોડી દીધા.

### પાઉલ અને સિલાસનું બરૈયામાં જવુ

[10]તે જ રાત્રે વિશ્વાસીઓએ પાઉલ અને સિલાસને બરૈયા નામના બીજા એક શહેરમાં મોકલ્યા. તેઓ ત્યાં આવીને બરૈયામાં યહૂદીઓના સભાસ્થાનમાં ગયા. [11]આ યહૂદીઓ થેસ્સલોનિકાના યહૂદીઓ કરતાં વધારે સારા લોકો હતા. આ યહૂદીઓ પાઉલ અને સિલાસે જે વાતો કહી તે ધ્યાનથી સાંભળીને ઘણા ખુશ થયા હતા. બરૈયાના આ યહૂદીઓ પ્રતિદિન ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરતા. તેઓ જો આ વસ્તુઓ સાચી હોય તો જાણવા ઈચ્છતા હતા. [12]આ યહૂદીઓમાંના ઘણા માનતા. ઘણા મહત્વના ગ્રીક માણસો અને ગ્રીક સ્ત્રીઓએ પણ વિશ્વાસ કર્યો. [13]પરંતુ જ્યારે થેસ્સલોનિકાના યહૂદીઓએ સાંભળ્યું કે પાઉલે બરૈયામાં દેવનાં વચન કહ્યા. તેઓ પણ બરૈયામાં આવ્યા. થેસ્સલોનિકાના લોકોએ બરૈયાના લોકોને ઉશ્કેરીને મુશ્કેલીમાં મૂક્યા. [14]તેથી વિશ્વાસીઓએ પાઉલને ઝડપથી સમુદ્ર કિનારે મોકલી દીધો. પરંતુ સિલાસ અને તિમોથી બરૈયામાં રહ્યા. [15]વિશ્વાસીઓ જે પાઉલની સાથે ગયા, તેઓ તેમને આથેન્સ શહેરમાં લઈ ગયા. આ ભાઈઓ પાઉલ પાસેથી સંદેશો લઈને સિલાસ અને તિમોથી પાસે પાછા ગયા. સંદેશામાં કહ્યું, "મારી પાસે જેટલા બની શકે તેટલા જલદી આવો."

### આથેન્સમાં પાઉલ

[16]પાઉલ આથેન્સમાં સિલાસ અને તિમોથીની રાહ જોતો હતો. પાઉલનો આત્મા ઉકળી ઊઠ્યો કારણ કે તેણે જોયું કે શહેર મૂર્તિઓથી ભરેલું છે. [17]પાઉલે સભાસ્થાનમાં જેઓ સાચા દેવની ભક્તિ કરે છે તેવા યહૂદીઓ અને ગ્રીકો સાથે વાતો કરી. પાઉલે શહેરના વેપારી વિસ્તારમાંથી પસાર થતા લોકો સાથે વાતો કરી. પાઉલે આમ રોજ કર્યુ. [18]કેટલાએક એપિકૂરી તથા સ્ટોઈક (મત માનનારા) દાર્શનિકોએ તેમની સાથે દલીલો કરી.

તેઓમાંના કેટલાએકે કહ્યું; "આ માણસ ખરેખર જાણતો નથી કે તે શાના વિષે કહે છે. તે શું કહેવાનો પ્રયત્ન કરે છે?" પાઉલ તેઓને ઈસુના મૃત્યુમાંથી ઊભા થવાની વાત પ્રગટ કરતો હતો. તેથી તેઓએ કહ્યું; "તે આપણને બીજા કેટલાએક દેવો વિષે કહેતો હોય એમ દેખાય છે." [19]તેઓએ પાઉલને પકડીને અને તેને અરિયોપગસની કારોબારીની સભામાં લઈ આવ્યા. તેઓએ કહ્યું; "કૃપા કરીને તું અમને જે નવો વિચાર શીખવે છે તે સમજાવ. [20]તું જે વાતો કહે છે તે અમારે માટે નવી છે. આ વાતો અમે પહેલા કદાપિ સાંભળી નથી. અમે જાણવા ઈચ્છીએ છીએ કે આ શિક્ષણનો અર્થ શો છે?" [21](આથેન્સના બધા લોકો અને બીજા પ્રદેશોના લોકો જેઓ ત્યાં રહેતા, તેઓ તેમનો સમય બીજા કશામાં નહિ પરંતુ કંઈક નવું સાંભળવામાં અને કહેવામાં વિતાવતા.)

[22]પછી પાઉલ અરિયોપગસની કારોબારીની સભા સમક્ષ ઊભો રહ્યો. પાઉલે કહ્યું, "આથેન્સના માણસો, હું જોઈ શકુ છું કે તમે બધી વાતોમાં ઘણા ધર્મચુસ્ત છો." [23]હું તમારા શહેરમાંથી પસાર થતો હતો અને તમે જે પદાર્થોનું ભજન કરતા હતા તે જોયું. મેં એક વેદી જોઈ, જેના પર આ શબ્દો લખેલા હતા. "એ દેવને જે અજ્ઞાત છે." તમે એક દેવને ભજો છો જેને તમે જાણતા નથી. હું તમને જેના વિષે કહું છું તે આ દેવ છે! [24]તે એ દેવ છે જેણે આખી દુનિયા અને તેમાંની દરેક વસ્તુઓ બનાવી. તે આકાશ તથા પૃથ્વીનો પ્રભુ છે તે

માણસોએ બાંધેલાં મંદિરોમાં રહેતો નથી. ૨૫આ એ દેવ
છે જે જીવન, શ્વાસોચ્છવાસ છે અને લોકોને સર્વ
વસ્તુઓ આપે છે. તેને લોકો પાસેથી કોઈ પણ મદદની
જરૂર પડતી નથી. દેવ પાસે તેને જરૂરી બધી જ વસ્તુઓ
છે. ૨૬દેવે એક માણસ (આદમ) બનાવીને શરૂઆત
કરી. તેનાથી દેવે બધા વિવિધ લોકો બનાવ્યા. દેવે તેને
વિશ્વમાં દરેક સ્થળે રહેતો કર્યો. દેવે ચોકસાઈપૂર્વક
નિર્ણય કર્યો. તેઓએ ક્યાં અને ક્યારે રહેવું જોઈએ.
૨૭દેવ ઈચ્છે છે કે લોકો તેને શોધે, તેઓ તેને માટે ચારે
બાજુ અંધારામાં ફંફોસીને તેને પામે, પરંતુ તે
આપણામાંના કોઈથી વેગળો નથી:

૨૮ 'આપણે તેની સાથે રહીએ છીએ, આપણે તેની
સાથે ચાલીએ છીએ, આપણે તેની સાથે છીએ.'

તમારા પોતાના કેટલાએક કવિઓએ કહ્યું છે:

'આપણે પણ તેનાં સંતાનો છીએ.'

૨૯આપણે દેવના બાળકો છીએ. તેથી તમારે એમ
વિચારવું ના જોઈએ કે દેવ માણસોની કારીગીરી કે
કાલ્પનિક કોઈક વસ્તુ જેવા છે. તે કાંઈ સુવર્ણ, ચાંદી કે
પથ્થર જેવો નથી. ૩૦ભૂતકાળમાં લોકો દેવને સમજતા
નહોતા. પણ દેવે આ બાબતમાં અજ્ઞાનતા બતાવી હતી
પણ હવે, દેવ વિશ્વમાં પ્રત્યેક વ્યક્તિને તેનું હ્રદય અને
જીવન બદલવાનું (પસ્તાવો) કહે છે. ૩૧દેવે એક દિવસ
નક્કી કર્યો છે જ્યારે તે દુનિયાના બધા જ લોકોનો
ન્યાય કરશે. તે ઉદાર થશે. તે એક માણસનો (ઈસુ) આ
કામ માટે ઉપયોગ કરશે. લાંબા સમય પહેલા દેવે આ
માણસને પસંદ કર્યો છે. અને દેવે દરેક વ્યક્તિને આ
બાબતની સાબિતી આપી છે. દેવે તે માણસને મૃત્યુમાંથી
ઉઠાડી તે સાબિત કર્યુ છે!"
૩૨જ્યારે લોકોએ ઈસુના મૃત્યુમાંથી પુનરુત્થાન વિષે
સાંભળ્યું, તેમાંના કેટલાએક હસ્યા અને બીજા કેટલાએકે
કહ્યું; "અમે પાછળથી આ વિષે વધારે તમારી પાસેથી
સાંભળીશું." ૩૩પછી પાઉલ તેઓની પાસેથી ચાલ્યો
ગયો. ૩૪પરંતુ કેટલાક લોકોએ પાઉલમાં વિશ્વાસ મૂક્યો
અને તેની સાથે જોડાયો. તે લોકોમાંનો એક વિશ્વાસી
દિયોનુસ્યસ હતો. તે અરિયોપગસી કારોબારીનો સભ્ય
હતો. બીજી વ્યક્તિ દામરિસ નામની સ્રી વિશ્વાસ કરવા
લાગી. બીજા કેટલાક લોકો પણ હતા જે વિશ્વાસ કરવા
લાગ્યા.

### કરિંથમાં પાઉલ

૧૮ પાછળથી પાઉલે આથેન્સ છોડ્યું અને કરિંથના
શહેરમાં ગયો. ૨ત્યાં કરિંથમાં પાઉલ અકુલાસ
નામના યહૂદીને મળ્યો. અકુલાસ પોન્તસ દેશમાં
જન્મ્યો હતો. પરંતુ અકુલાસ અને તેની પત્ની પ્રિસ્કિલા
તાજેતરમાં ઈટાલીથી કરિંથમાં આવ્યા હતા. તેઓએ
ઈટાલી છોડ્યું કારણ કે ક્લોદિયસે* ફરમાન કાઢયું હતું
કે બધા યહૂદીઓએ રોમ છોડવું. પાઉલ અકુલાસ અને
પ્રિસ્કિલાની મુલાકાતે ગયો. ૩પાઉલની જેમ તેઓ તંબૂ
બનાવવાનું કામ કરતા હતા. પાઉલ તેઓની સાથે રહ્યો
અને તેઓની સાથે કામ કર્યુ. ૪પ્રત્યેક વિશ્રામવારે પાઉલ
યહૂદીઓ અને ગ્રીકો સાથે સભાસ્થાનમાં ચર્ચા કરતો
હતો. પાઉલ આ લોકોને ઈસુમાં વિશ્વાસ રાખવા માટે
સમજાવવાનો પ્રયત્ન કરતો હતો.
૫સિલાસ અને તિમોથી મકદોનિયાથી કરિંથમાં
પાઉલ પાસે આવ્યા. આ પછી પાઉલે તેનો બધો સમય
લોકોને સુવાર્તા કહેવામાં અર્પણ કર્યો. તેણે યહૂદીઓને
બતાવ્યું કે ઈસુ એ જ ખ્રિસ્ત છે. ૬પરંતુ યહૂદીઓએ
પાઉલનો બોધ સ્વીકાર્યો નહિ. યહૂદીઓએ કેટલીક ઘણી
ખરાબ વસ્તુઓ કહી. તેથી પાઉલે તેના વસ્રો પરની
ધૂળ ખંખેરી નાખી. તેણે યહૂદીઓને કહ્યું, "જો તમારું
તારણ ન થાય તો તે તમારો પોતાનો દોષ હશે. મારાથી
થાય તેટલું બધું મેં કર્યુ છે. આ પછી, હું ફક્ત બિનયહૂદી
લોકો પાસે જઈશ!" ૭પાઉલે સભાસ્થાન છોડ્યું અને
તિતસ યુસ્તસના ઘરે ગયો. આ માણસ સાચા દેવનું
ભજન કરતો. તેનું ઘર સભાસ્થાનની બાજુમાં જ હતું.
૮ક્રિસ્પુસ તે સભાસ્થાનનો આગેવાન હતો. ક્રિસ્પુસ અને
તેના ઘરમાં રહેતા બધા જ લોકોએ પ્રભુમાં (ઈસુ)
વિશ્વાસ કર્યો. બીજા ઘણા લોકોએ કરિંથમાં પાઉલનો
સંદેશ સાંભળ્યો. તેઓએ પણ વિશ્વાસ કર્યો અને
બાપ્તિસ્મા પામ્યા.
૯રાત્રિ દરમિયાન પાઉલે દર્શન જોયું. પ્રભુએ તેને
કહ્યું, "ગભરાઈશ નહિ! લોકો સાથે ચર્ચા કરવાનું ચાલુ
રાખ, અને બંધ કરીશ નહિ! ૧૦હું તારી સાથે છું. તને
ઈજા કરવા કોઈ શક્તિમાન થશે નહિ. મારા લોકોમાંના
ઘણા આ શહેરમાં છે." ૧૧પાઉલ ત્યાં લોકોને દેવનાં
વચનોનો બોધ કરવા માટે દોઢ વરસ સુધી રહ્યો.

### ગાલિયો સમક્ષ પાઉલ

૧૨ગાલિયો અખાયા દેશનો અધિકારી બન્યો. તે
સમયે, યહૂદીઓ પાઉલની વિરુદ્ધમાં ભેગા થઈને આવ્યા.

---

**ક્લોદિયસ** ઈ.પૂર્વે.૪૧–૫૪ દરમ્યાન રોમનો સમ્રાટ (શાસક).

તેઓ પાઉલને ન્યાયાસન આગળ લઈ ગયા. ૧૩યહૂદીઓએ ગાલિયોને કહ્યું, "આ માણસ યહૂદીઓના આપણા નિયમશાસ્ત્રની તદન વિરુદ્ધ લોકોને દેવની ભક્તિ કરવાનું શીખવે છે!"

૧૪પાઉલ કંઈક કહેવા તૈયાર હતો, પરંતુ ગાલિયોએ યહૂદીઓને કહ્યું. ગાલિયોએ કહ્યું; "જો તમે ખરાબ ગુના કે કંઈક ખોટા માટે ફરિયાદ કરવાના હશો તો હું તમને યહૂદીઓને ધ્યાનથી સાંભળીશ. ૧૫પણ તમે યહૂદીઓ જે વાતો કહો છો. તેમાં શબ્દો, નામો, તમારા પોતાના યહૂદીના નિયમશાસ્ત્ર વિષેની દલીલો માટેના ફક્ત પ્રશ્નો હોય છે. તેથી તમારે તમારી જાતે આવી બાબતોમાં નિકાલ કરવો જોઈએ. હું આ બાબતોમાં ન્યાયાધીશ થવા ઈચ્છતો નથી." ૧૬ગાલિયોએ તેઓને ન્યાયાસન આગળથી કાઢી મૂક્યા.

૧૭પછી તેઓએ બધાએ (સભાસ્થાનના આગેવાન) સોસ્થનેસને પકડ્યો. તેઓએ ન્યાયાલયની આગળ સોસ્થનેસને માર્યો. પરંતુ ગાલિયોએ આની કોઈ પરવા કરી નહિ.

### અંત્યોખમાં પાઉલનું પાછા ફરવું

૧૮પાઉલ ભાઈઓ સાથે ઘણા દિવસો સુધી રહ્યો. પછી તેણે તેમની રજા લઈને વિદાય લીધી અને સિરિયા જવા વહાણ હંકાર્યું. પ્રિસ્કિલા અને અકુલાસ પણ તેમની સાથે હતા. કિંખ્રિયામાં પાઉલે તેનું માથું મુંડાવ્યું હતું. આ બતાવે છે કે તેણે દેવની પાસે માનતા લીધી છે. ૧૯પછી તેઓ એફેસસ શહેરમાં ગયા. જ્યાં પાઉલે પ્રિસ્કિલા અને અકુલાસને છોડયા હતા તે આ સ્થળ છે. જ્યારે પાઉલ એફેસસમાં હતો; તે સભાસ્થાનમાં ગયો અને યહૂદીઓ સાથે વાતો કરી. ૨૦યહૂદીઓએ પાઉલને વધારે લાંબો સમય રહેવા માટે કહ્યું, પણ તેણે અસ્વીકાર કર્યો. ૨૧પાઉલે તેઓની વિદાય લીધી અને કહ્યું, "જો દેવની ઈચ્છા મને મોકલવાની હશે તો હું તમારી પાસે ફરીથી પાછો આવીશ." અને તેથી પાઉલે એફેસસથી દૂર વહાણ હંકાર્યુ.

૨૨પાઉલ કૈસરિયાના શહેરમાં ગયો. પછી તે યરૂશાલેમમાં મંડળીને અભિનંદન આપવા ગયો. તે પછી પાઉલ અંત્યોખ શહેરમાં ગયો. ૨૩પાઉલ અંત્યોખમાં થોડો સમય રહ્યો. પછી તેણે અંત્યોખ છોડ્યું અને ગલાતિયા તથા ફ્રુગિયાના દેશોમાં થઈને ગયો. આ દેશોમાં પાઉલે ગામડે ગામડે મુસાફરી કરી. તેણે ઈસુના બધા શિષ્યોને વધારે મજબૂત બનાવ્યા.

### એફેસસ અને અખાયા (કરિંથ) માં અપોલોસ

૨૪એક અપોલોસ નામનો યહૂદી એફેસસમાં આવ્યો. અપોલોસ આલેકસાંદ્રિયા શહેરમાં જનમ્યો હતો. તે એક શિક્ષિત માણસ હતો. તે ધર્મલેખો ઘણી સારી રીતે જાણતો. ૨૫અપોલોસને પ્રભુ વિષે શીખવવામાં આવ્યું હતું. અપોલોસ જ્યારે લોકોને પ્રભુ વિષે કહેતો ત્યારે તે હંમેશા ઉત્સાહી હતો. અપોલોસને પ્રભુ વિષે જે શીખવવામાં આવ્યું હતું તે સાચું હતું. પરંતુ ફક્ત બાપ્તિસ્મા જે અપોલોસ જાણતો તે યોહાને શીખવેલું બાપ્તિસ્મા હતું. ૨૬અપોલોસે સભાસ્થાનમાં બહુ બહાદુરીપૂર્વક બોલવાનું શરૂ કર્યુ. પ્રિસ્કિલાએ તથા અકુલાસે તેનો બોધ સાંભળ્યો. તેઓ તેને તેઓના ઘેર લઈ ગયા અને દેવનો માર્ગ વધારે સારી રીતે તેમને સમજવામાં મદદ કરી. ૨૭અપોલોસ અખાયાના પ્રદેશમાં જવા ઈચ્છતો હતો. તેથી એફેસસના ભાઈઓએ તેમને મદદ કરી. તેઓએ અખાયામાં ઈસુના શિષ્યોને પત્ર લખ્યો. તેઓએ પત્રમાં આ શિષ્યોને અપોલોસને સ્વીકારવા કહ્યું. અખાયાના આ શિષ્યો દેવની કૃપાથી ઈસુમાં વિશ્વાસ કરતા હતા. જ્યારે અપોલોસ ત્યાં ગયો, તેણે તેઓને ઘણી મદદ કરી. ૨૮તેણે બધા લોકોની આગળ યહૂદીઓની વિરુદ્ધ ખૂબ મજબૂત દલીલો કરી. અપોલોસે સ્પષ્ટ રીતે સાબિત કર્યુ કે યહૂદીઓ ખોટા હતા. તેણે ધર્મશાસ્ત્રોનો ઉપયોગ કર્યો અને બતાવ્યું કે ઈસુ એ જ ખ્રિસ્ત છે.

### એફેસસમાં પાઉલ

૧૯ જ્યારે અપોલોસ કરિંથના શહેરમાં હતો ત્યારે, પાઉલ એફેસસના શહેરના રસ્તા પર કેટલાક સ્થળોની મુલાકાત લેતો હતો. એફેસસમાં પાઉલને યોહાનના કેટલાક શિષ્યો મળ્યા. ૨પાઉલે તેઓને પૂછયું, "જ્યારે તમે વિશ્વાસ કર્યો ત્યારે તમને પવિત્ર આત્મા પ્રાપ્ત થયો?"

આ શિષ્યોએ તેને કહ્યું, "અમે કદી તે પવિત્ર આત્મા વિષે સાંભળ્યું નથી."

૩તેથી પાઉલે તેઓને પૂછયું, "તમને કેવા પ્રકારનું બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું?"

તેઓએ કહ્યું, "તે યોહાને શીખવેલ બાપ્તિસ્મા હતું."

૪પાઉલે કહ્યું, "લોકો તેમનાં જીવનમાં બદલાણ ઈચ્છે છે તે દર્શાવવા બાપ્તિસ્મા લેવા યોહાને લોકોને કહ્યું. જે તેની પાછળ આવે છે તેના પર વિશ્વાસ કરવાનું યોહાને કહ્યું. તે પાછળ આવનાર વ્યક્તિ તો ઈસુ છે."

[૫]જ્યારે તેઓએ આ સાંભળ્યું ત્યારે. તેઓ પ્રભુ ઈસુના નામે બાપ્તિસ્મા પામ્યા હતા. [૬]પછી પાઉલે તેનો હાથ તેઓના પર મૂકયો અને પવિત્ર આત્મા તેઓ પર આવ્યો. તેઓ જુદી જુદી ભાષાઓ બોલવા લાગ્યા અને પ્રબોધ કરવા લાગ્યા. [૭]ત્યાં લગભગ બાર માણસો આ સમૂહમાં હતા.

[૮]પાઉલ સભાસ્થાનમાં ગયો અને ઘણી હિંમતથી બોલ્યો. પાઉલે આ કામ ત્રણ માસ સુધી ચાલુ રાખ્યું. તેણે યહૂદીઓ સાથે વાતો કરી અને દેવના રાજ્ય વિષે તેણે કહેલી વાતો સ્વીકારવા સમજાવ્યા. [૯]પણ કેટલાક યહૂદીઓ દુરાગ્રહી થયા. તેઓએ માનવાનો અનાદર કર્યો. આ યહૂદીઓએ દેવના માર્ગ વિષે કેટલીક વધારે ખરાબ વાતો કહી. બધા જ લોકોએ આ વાતો સાંભળી. તેથી પાઉલે પેલા યહૂદીઓને છોડી દીધા અને ઈસુના શિષ્યોને તેની સાથે લીધા. તુરાનસ નામના માણસની શાળામાં પાઉલ ગયો. ત્યાં પાઉલ દરરોજ લોકો સાથે ચર્ચા કરતો. [૧૦]પાઉલે આ કામ બે વર્ષ માટે કર્યુ. આ કામને કારણે પ્રત્યેક યહૂદી અને ગ્રીક જે એશિયા (આસિયા) ના દેશોમાં રહેતા હતા તેઓએ પ્રભુની વાતો સાંભળી.

### સ્કેવાના પુત્રો

[૧૧]દેવે પાઉલના હાથે કેટલાક ખાસ ચમત્કારો કરાવ્યા. [૧૨]કેટલાએક લોકો પાઉલે વાપરેલા હાથરૂમાલો તથા લૂગડા લઈ જતા. લોકો માંદા લોકો પર આ વસ્તુઓ મૂકતા. જ્યારે તેઓએ આ કર્યુ, ત્યારે માંદા લોકો સાજા થઈ ગયા અને શેતાનનો અશુદ્ધ આત્મા તેઓને છોડી દેતો.

[૧૩-૧૪]કેટલાએક યહૂદીઓ પણ આજુબાજુ મુસાફરી કરતા અને લોકોમાંથી અશુદ્ધ આત્માઓને બહાર કાઢતા. મુખ્ય યાજક સ્કેવાના સાત પુત્રો આ કરતા. આ યહૂદીઓ લોકોમાંથી અશુદ્ધ આત્માને બહાર કાઢવા માટે પ્રભુ ઈસુના નામનો ઉપયોગ કરતા. તેઓ બધા કહેતાં,"પાઉલ જે ઈસુના વિષે વાત કરે છે તેના જ નામે હું તમને બહાર આવવા હુકમ કરું છું!"

[૧૫]પણ એક વખતે એક શેતાનના અશુદ્ધ આત્માએ આ યહૂદીઓને કહ્યું, "હું ઈસુને જાણું છું અને હું પાઉલ વિષે જાણું છું, પણ તમે કોણ છો?"

[૧૬]પછી એ માણસ જેનામાં શેતાનનો અશુદ્ધ આત્મા તેની અંદર હતો, તે આ યહૂદીઓ પર કૂદી પડયો. તે તેઓના બધા કરતા વધારે મજબૂત હતો. તેણે તેઓ બધાને માર્યા અને તેઓનાં કપડાં ફાડી નાખ્યા. આ યહૂદીઓ તે ઘરમાંથી નાસી ગયા. [૧૭]એફેસસના બધા લોકો, યહૂદીઓ અને ગ્રીકોએ (બિન–યહૂદીઓ) આ વિષે સાંભળ્યું. તેઓ બધાએ પ્રભુ ઈસુના નામને ખૂબ માન આપવાનું શરૂ કર્યુ. અને લોકોએ પ્રભુ ઈસુનું નામ મોટું મનાવ્યું. [૧૮]ઘણા બધા વિશ્વાસીઓએ જે કંઈ ખરાબ વસ્તુઓ કરી હતી તે કહેવાની અને કબૂલ કરવાની શરૂઆત કરી. [૧૯]કેટલાક વિશ્વાસીઓએ જાદુનો ઉપયોગ કર્યો. આ વિશ્વાસીઓ તેઓની જાદુઈ ચોપડીઓ લાવ્યા અને સર્વના દેખતાં તેઓને બાળી નાખ્યાં; આ પુસ્તકોની કિંમત લગભગ ૫૦,૦૦૦ ચાંદીના સિક્કા હતી. [૨૦]આમ પ્રભુની વાત પરાક્રમથી વધારે ને વધારે લોકોને અસર કરવા લાગી અને વધુ ને વધુ લોકો વિશ્વાસી બન્યા.

### પાઉલની પ્રવાસની યોજના

[૨૧]આ બિના બન્યા પછી, પાઉલે યરૂશાલેમ જવાની યોજના કરી. પાઉલે મકદોનિયા તથા અખાયાના પ્રદેશમાં થઈને પછી યરૂશાલેમ જવાની યોજના કરી. પાઉલે વિચાર્યુ, "મારી યરૂશાલેમની મુલાકાત પછી મારે રોમની મુલાકાત લેવી જોઈએ." [૨૨]તિમોથી અને એરાસ્તસ પાઉલના મદદગારોમાંના બે હતા. પાઉલે તેઓને મકદોનિયાના પ્રદેશોમાં સીધા મોકલ્યા. પાઉલ એશિયામાં થોડો સમય રહ્યો.

### એફેસસમાં મુશ્કેલીઓ

[૨૩]તે સમય દરમિયાન એફેસસમાં કેટલીક ખરાબ મુશ્કેલીઓ ઊભી થઈ. આ મુશ્કેલી દેવના માર્ગ વિષે હતી. આ બધું તે રીતે બન્યું. [૨૪]ત્યાં દેમેત્રિયસ નામનો એક માણસ હતો. તે ચાંદીનું હસ્તકલાનું કામ કરતો હતો. તેણે ચાંદીના નાના નમૂનાઓ બનાવ્યાં જે દેવી આર્તિમિસનાં મંદિર જેવા દેખાતા હતા. ગૃહઉદ્યોગના કારીગરે આ વ્યવસાયમાં ઘણા પૈસા બનાવ્યા. [૨૫]દેમેત્રિયસે કારીગરોની સાથે જેઓ આના સંબંધમાં બીજા વ્યવસાયમાં સંકળાયેલા હતા. તેમને બોલાવ્યા અને કહ્યું, "તમે જાણો છો કે આપણે આપણા ધંધામાંથી ઘણા પૈસા બનાવીએ છીએ. [૨૬]પરંતુ આ માણસ પાઉલ શું કરે છે તે જુઓ! તે શું કહે છે તે સાંભળો. પાઉલે ઘણા લોકોને પ્રભાવિત કરીને તેઓનું પરિવર્તન કરાવ્યું છે. તેણે એફેસસમાં અને આખા એશિયામા આ કર્યુ છે. પાઉલ કહે છે માણસોએ બનાવેલા દેવો ખરા નથી. [૨૭]આ વસ્તુઓ જે પાઉલ કહે છે તે આપણા કામની વિરુદ્ધમાં લોકોને ઉશ્કેરીને બદલશે. પણ ત્યાં પણ બીજી

એક સમસ્યા છે. લોકો વિચારવાનું શરૂ કરશે કે મહાન દેવી આર્તિમિસનું મંદિર મહત્વનું નથી! તેની મહાનતાનો નાશ થશે. આર્તિમિસ એક દેવી છે જેને આસિયામાં (એશિયા) પ્રત્યેક જણ તથા આખી દુનિયા તેની પૂજા કરે છે."

[૨૮]જ્યારે આ માણસોએ આ બાબતો સાંભળી. તેઓ ઘણા ગુસ્સે થયા. તેઓએ પોકાર કર્યો. "આર્તિમિસ, એફેસીઓની દેવી, મહાન છે!" [૨૯]શહેરના બધા લોકો બેચેન બન્યા, લોકોએ ગાયસ તથા અરિસ્તાર્ખસને જકડી લીધા. (તે બે માણસો મકદોનિયાના હતા અને પાઉલની સાથે મુસાફરી કરતા હતા.) પછી બધા જ લોકો અખાડામાં દોડી ગયા. [૩૦]પાઉલની ઈચ્છા અંદર જઈને લોકોની સાથે વાતો કરવાની હતી. પરંતુ ઈસુના શિષ્યોએ તેને જવા દીધો નહિ. [૩૧]દેશના કેટલાક મુખ્ય આગેવાનો પણ પાઉલના મિત્રો હતા. આ આગેવાનોએ તેને એક સંદેશો મોકલ્યો. તેઓએ પાઉલને અખાડામાં ન જવા માટે વિનંતી કરી. [૩૨]કેટલાક લોકો કંઈ બૂમ પાડતા હતા તો બીજા લોકો કંઈ બૂમ પાડતા હતા. તે સભામાં મુંઝવણ હતી. મોટા ભાગના લોકો તો જાણતા જ નહોતા કે તેઓ શા માટે ત્યાં આવ્યા છે. [૩૩]તે યહૂદીઓએ આલેકસાંદર નામના માણસને લોકો સમક્ષ ઊભો કર્યો. લોકોએ તેને શું કરવું તે કહ્યું. આલેકસાંદરે હાથ હલાવ્યો. કારણ કે તે લોકોને પ્રત્યુત્તર આપવા ઈચ્છતો હતો. [૩૪]પરંતુ જ્યારે લોકોએ જોયું કે આલેકસાંદર એક યહૂદી હતો. તેઓ બધાએ બે કલાક સુધી આ જ બૂમો પાડવાનું ચાલુ રાખ્યું. તે લોકોએ કહ્યું; "એફેસીઓના આર્તિમિસની જે! એફેસીઓના આર્તિમિસની જે! આર્તિમિસની જે…!"

[૩૫]પછી શહેરના નગરશેઠે લોકોને શાંત કર્યા અને કહ્યું; "એફેસસના માણસો, બધા લોકો જાણે છે કે એફેસસ એવું શહેર છે જ્યાં મહાન દેવી આર્તિમિસનું મંદિર છે. બધા લોકો જાણે છે કે અમે પણ તેણીનો પવિત્ર પથ્થર રાખીએ છીએ. [૩૬]કોઈ વ્યક્તિ કહી શકશે નહિ કે આ સાચું નથી. તેથી તમારે શાંત થવું જોઈએ. તમારે બંધ કરવું જોઈએ અને તમે કંઈ કરો તે પહેલા વિચારવું જોઈએ. [૩૭]તમે આ માણસોને લાવ્યા છો, પણ તેઓએ આપણી દેવીની વિરુદ્ધ કશુંજ ખરાબ કર્યુ નથી. તેઓએ દેવીના મંદિરમાંથી કશુંય ચોર્યુ પણ નથી. [૩૮]આપણી પાસે કાયદાના ન્યાયાલયો છે અને ત્યાં ન્યાયાધીશો હોય છે. માટે જો દેમેત્રિયસને તથા તેની સાથેના હસ્તકલાના કારીગરોને કોઈના ઉપર કંઈ ફરીયાદ કરવી હોય તો અદાલત ખુલ્લી છે. તે એ છે જ્યાં તેઓ એકબીજા સામે આક્ષેપો મૂકી શકે છે. [૩૯]શું એવું બીજું કશું છે જેના વિષે તારી વાત કરવાની ઈચ્છા હોય? તો પછી લોકોની નિયમિત ભરાતી શહેરની સભામાં આવો. ત્યાં તેનો નિર્ણય થશે. [૪૦]હું આ કહું છું કારણ કે કેટલીએક વ્યક્તિઓ આજે આ બનાવ જોઈ શકે છે અને કહેશે અમે હુલ્લડ કરીએ છીએ. અમે ધાંધલ ધમાલને સમજાવી શકતા નથી. કારણ કે આ સભા ભરવા માટે કોઈ સાચું કારણ નથી." [૪૧]શહેરના નગરશેઠે આ વાતો કહ્યા પછી, તેણે લોકોને ઘરે જવા કહ્યું અને બધા લોકોએ વિદાય લીધી.

### પાઉલનું મકદોનિયા અને ગ્રીસમાં ગમન

**૨૦** જ્યારે મુશ્કેલીનો અંત આવ્યો ત્યારે પાઉલે શિષ્યોને તેની પાસે બોલાવ્યા, તેમને પ્રોત્સાહિત કર્યા. પછી તેઓને તેણે છેલ્લી સલામ પાઠવી અને મકદોનિયાનો પ્રવાસ શરૂ કર્યો. [૨]મકદોનિયાના માર્ગમાં જુદા જુદા સ્થળોએ તેણે ઈસુના શિષ્યોને દ્રઢ કરવા પાઉલ જ્યાં સુધી ગ્રીસ પહોંચ્યો નહિ ત્યાં સુધી સતત લોકોને પ્રોત્સાહિત કર્યા. પછી તે ગ્રીસ દેશમાં આવ્યો. [૩]ત્યાં તે ત્રણ માસ રહ્યો. તે સિરિયા હોડી હંકારવાની તૈયારીમાં હતો. પરંતુ કેટલાક યહૂદીઓ તેની વિરુદ્ધ યોજનાઓ કરતા હતા. તેથી પાઉલે મકદોનિયાના દ્વારા સિરિયા પાછા જવાનો નિર્ણય કર્યો. [૪]કેટલાક માણસો તેની સાથે હતા. તેઓમાં બરૈયાના પૂરસનો દીકરો સોપાત્રસ થેસ્સાલોનિકીઓમાંના અરિસ્તાર્ખસ અને સકુંદસ, દર્બેનો ગાયસ, તિમોથી અને આસિયાના (એશિયા) બે માણસો તુખિકસ અને ત્રોફિમસ હતા. [૫]પાઉલની આગળ આ માણસો પહેલા ગયા. તેઓ ત્રોઆસ શહેરમાં અમારી રાહ જોતા હતા. [૬]બેખમીરની રોટલીના દિવસ પછી અમે વહાણમાં બેસીને ફિલિપ્પી શહેરમાંથી નીકળ્યા. અમે ત્રોઆસમાં આ માણસોને પાંચ દિવસ પછી મળ્યા અને સાત દિવસ રોકાયા.

### પાઉલની ત્રોઆસની છેલ્લી મુલાકાત

[૭]સપ્તાહના પહેલા દિવસે, અમે બધા રોટલી ભાંગવાને એકઠા થયા હતા. પાઉલે સમૂહને વાત કરી. તે બીજે દિવસે વિદાય થવાની યોજના કરતો હતો. પાઉલે મધરાત સુધી વાતો ચાલુ રાખી. [૮]અમે બધા મેડા પર ઓરડામાં એક સાથે હતા, અને ત્યાં ઓરડામાં ઘણી બત્તીઓ હતી. [૯]ત્યાં યુતુખસ નામનો યુવાન માણસ બારીમાં બેઠો હતો. પાઉલે વાતો કરવાનું ચાલુ રાખ્યું. અને યુતુખસને ઝોકા આવતા હતા. આખરે યુતુખસ ગાઢ નિંદ્રામાં ગયો અને બારીમાંથી નીચે પડ્યો.

તે ત્રીજે માળથી જમીન પર પટકાયો. જ્યારે લોકો ત્યાં ગયા અને તેને ઊંચક્યો, ત્યારે તે મૃત્યુ પામ્યો હતો. [૧૦]પાઉલ નીચે યુતુખસ પાસે ગયો. તે ઘૂંટણે પડયો અને યુતુખસને બાથમાં લીધો. પાઉલે બીજા વિશ્વાસીઓને કહ્યું; "ચિંતા કરશો નહિ. હવે તે જીવે છે." [૧૧]પાઉલ ફરીથી મેડા પર ગયો. તેણે રોટલીનો ટુકડો કર્યો અને ખાધો. પાઉલે તેઓને લાંબો સમય સુધી બોધ આપ્યો. જ્યારે તેણે વાત કરવાનું બંધ કર્યુ, તે વહેલી સવાર હતી. પછી પાઉલે વિદાય લીધી. [૧૨]લોકો જુવાન માણસ (યુતુખસ) ને ઘરે લઈ ગયા. તે જીવતો હતો, તેથી લોકો ઘણો આનંદ પામ્યા.

### ત્રોઆસથી મિલેતેસનો પ્રવાસ

[૧૩]અમે આસસ શહેર જવા માટે વહાણ હંકાર્યુ. અમે પાઉલની આગળ પહેલા ગયા. તેની ઈચ્છા અમને આસસમાં મળવાની અને ત્યાં વહાણમાં અમારી સાથે જોડાવાની હતી. પાઉલે અમને આ કરવા માટે કહ્યું. કારણ કે તે જમીન માર્ગે આસસ જવા ઈચ્છતો હતો. [૧૪]પાછળથી, અમે આસસમાં પાઉલને મળ્યા, અને પછી તે અમારી સાથે વહાણ પર આવ્યો. અમે બધા મિતુલેની શહેરમાં આવ્યા. [૧૫]બીજે દિવસે અમે મિતુલેનીથી દૂર વહાણ હંકારી ગયા. અમે ખિયોસ ટાપુ નજીકની જગ્યાએ આવ્યા. પછી બીજે દિવસે અમે સામોસ ટાપુ તરફ હંકારી ગયા. એક દિવસ પછી અમે મિલેતસ શહેર આવ્યા. [૧૬]પાઉલે એફેસસ નહિ રોકાવવાનો નિર્ણય કરી જ લીધો. તેની ઈચ્છા આસિયામાં લાંબો સમય રોકાવવાની ન હતી. તેને ઉતાવળ હતી કારણ કે શક્ય હોય તો પચાસમાના પર્વને દિવસે તેની ઈચ્છા યરૂશાલેમમાં હાજર રહેવાની હતી.

### એફેસસના વડીલો સમક્ષ પાઉલનું ભાષણ

[૧૭]પાઉલે મિલેતસથી પાછો એક સંદેશો એફેસસમાં મોકલ્યો. પાઉલે એફેસસના વડીલોને પોતાની પાસે આવવા નિમંત્રણ પાઠવ્યું. [૧૮]જ્યારે વડીલો આવ્યા, ત્યારે પાઉલે તેઓને કહ્યું, "આસિયામાં હું આવ્યો તેના પ્રથમ દિવસથી તમે મારા જીવન વિષે જાણો છો. હું તમારી સાથે હતો ત્યારે આટલો બધો સમય તમારી સાથે કેવી રીતે રહ્યો હતો તે તમે જાણો છો. [૧૯]યહૂદીઓ મારી વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા હતા. તેથી મને બહું મુશ્કેલી પડી અને તેથી હું ઘણી વાર રડ્યો. પણ તમે જાણો છો કે મેં હંમેશા પ્રભુની સેવા કરી છે. મેં કદી મારા વિષે પહેલા વિચાર્યુ નથી. [૨૦]મેં હંમેશા તમારા માટે જે ઉત્તમ હતું તે જ કર્યુ છે. મેં લોકોની સમક્ષ જાહેરમાં ઈસુ વિષેની સુવાર્તા તમને કહી. અને તમારા ઘરોમાં પણ બોધ કર્યો. [૨૧]મેં બધા લોકોને કહ્યું, યહૂદી લોકો અને ગ્રીક લોકો (બિનયહૂદીઓ) તેઓ પસ્તાવો કરે અને દેવ પાસે આવે. મેં તેઓ બધાને આપણા પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરવા કહ્યું. [૨૨]પણ હવે મારે પવિત્ર આત્માને માન આપીને યરૂશાલેમ જવું જોઈએ. ત્યાં મારું શું થશે તે હું જાણતો નથી. [૨૩]હું ફક્ત એટલું જાણું છું કે પવિત્ર આત્મા મને કહે છે કે પ્રત્યેક શહેરમાં મારે માટે મુશ્કેલીઓ અને યરૂશાલેમમાં બંદીખાનાં રાહ જોઈ રહ્યા છે. [૨૪]હું મારા પોતાના જીવનની જરા પણ ચિંતા કરતો નથી. પણ ખૂબ મહત્વની વસ્તુ એ છે કે હું મારું કામ પૂર્ણ કરું. પ્રભુ ઈસુએ મને દેવની કૃપાની સુવાર્તા લોકોને કહેવાનું કાર્ય સોંપ્યું છે તે પણ મારે પૂર્ણ કરવું છે.

[૨૫]"અને હવે મને ધ્યાનથી સાંભળો. હું જાણું છે કે તમારામાંનું કોઈ પણ મને ફરીથી જોઈ શકશે નહિ. હું બધો જ સમય તમારી સાથે હતો. મેં તમને દેવના રાજ્ય વિષેની સુવાર્તા કહી છે. [૨૬]તેથી આજે હું તમને એક વાત કહીશ કે મને ખાતરી છે કે જો તમારામાંના કેટલાકનો બચાવ ન થાય તો દેવ મને દોષ દેશે નહિ! [૨૭]હું આ કહી શકુ છું કારણ કે હું જાણું છું કે દેવ તમને જે જણાવવા ઈચ્છતો હતો તે બધું મેં તમને કહ્યું છે. [૨૮]તમારી જાત માટે તથા દેવે જે બધા લોકો તમને આપ્યા છે તેઓને માટે સાવધાન રહો. પવિત્ર આત્માએ આ ઘેટાં જેવા ટોળાની (દેવનાં લોકો) કાળજી રાખવાનું કામ તમને સોંપ્યું છે. તમારે દેવની મંડળી માટે ભરવાડો જેવાં બનવું જોઈએ. આ તે મંડળી છે જે દેવે તેના પોતાના લોહીથી ખરીદી છે. [૨૯]હું જાણું છું કે મારા વિદાય થયા પછી કેટલાક માણસો તમારા સમૂહમાં આવશે. તેઓ જંગલી વરુઓ જેવા હશે. તેઓ ઘેટાં જેવા ટોળાનો વિનાશ કરવા પ્રયત્ન કરશે. [૩૦]અને તમારા સમૂહના માણસો પણ ખરાબ આગેવાનો બનશે. તેઓ જે ખોટી વાતો છે તે શીખવવાની શરૂઆત કરશે. તેઓ ઈસુના કેટલાક શિષ્યોને સત્યથી દૂર દોરી જશે. [૩૧]તેથી સાવધાન રહો! હંમેશા આ યાદ રાખો. હું તમારી સાથે ત્રણ વર્ષ માટે હતો. આ સમય દરમિયાન મેં તમને કદાપિ ચેતવણી આપવાનું બંધ કર્યુ નથી. મેં તમને રાત અને દિવસ શીખવ્યું છે. મેં વારંવાર તમારા માટે આંસુઓ પાડયા છે.

[૩૨]"હવે હું તમને દેવને સોપું છું. હું તમને (આત્મિક) ઉન્નતિ કરવાને દેવની કૃપાના વચન પર આધાર રાખું છું. તે વચનો તમને વારસો આપવા સમર્થ છે જે દેવ

તેના બધા પવિત્ર લોકોને આપે છે. ૩૩જ્યારે હું તમારી સાથે હતો, ત્યારે મેં કદાપિ કોઈના પૈસા કે સુંદર વસ્રોની ઈચ્છા કરી નથી. ૩૪તમે જાણો છો કે મેં મારી તથા મારી સાથે જે લોકો હતા, તેમની જરૂરિયાત પૂરી પાડવા માટે મારી જાતે જ મહેનત કરી છે. ૩૫મેં હંમેશા તમને બતાવ્યું છે કે મેં જે કર્યુ તેવું કામ તમારે કરવું જોઈએ. અને જે લોકો નબળા છે તેમને મદદ કરવી જોઈએ. મેં તમને પ્રભુ ઈસુનું વચન યાદ રાખવા શીખવ્યુ છે. ઈસુએ કહ્યું છે; ‘જ્યારે તમે પ્રાપ્ત કરો છો તેના કરતાં તમે આપો છો ત્યારે વધારે સુખી થશો.’”

૩૬જ્યારે પાઉલે આ વાતો કરવાની પૂરી કરી, તે ઘૂંટણે પડયો અને તેઓ બધાએ સાથે પ્રાર્થના કરી. ૩૭-૩૮તેઓ બધા બહુ રડવા લાગ્યા. તે માણસો ઘણા દુ:ખી હતા, કારણ કે પાઉલે કહ્યું હતું કે તેઓ કદાપિ ફરી તેને જોઈ શકશે નહિ. તેઓ પાઉલની કોટે વળગ્યા અને તેને ચુંબન કર્યુ. પછી તેઓ તેની સાથે વહાણ સુધી વિદાય આપવા ગયા.

## પાઉલનું યરૂશાલેમમાં ગમન

**૨૧** અમે બધાએ વડીલોની વિદાય લીધી અને પછી વહાણ હંકારી ગયા. અમે કોસ ટાપુ ગયા. બીજે દિવસે અમે રોદસ ટાપુ પર ગયા. રોદસથી અમે પાતરા ગયા. ૨પાતરામાં અમને એક વહાણ મળ્યું તે ફિનીકિયા પ્રદેશમાં જતું હતું. અમે વહાણમાં બેઠા અને હંકારી ગયા. ૩અમે સૈપ્રસ ટાપુ નજીક હંકાર્યુ. અમે તેને ઉત્તર (ટાપુ) તરફ જોયો, પણ અમે અટક્યા નહિ. અમે સિરિયાના દેશ તરફ હંકારી ગયા. અમે તૂર શહેર પાસે અટક્યા. કારણ કે ત્યાં માલવાહક વહાણ ખાલી કરવાનું હતું. ૪અમે તૂરમાં ઈસુના કેટલાએક શિષ્યોને જોયા, અને અમે તેઓની સાથે સાત દિવસ રહ્યા. તેઓએ પાઉલને યરૂશાલેમ નહિ જવા ચેતવણી આપી કારણ કે પવિત્ર આત્માએ તેઓને તેમ કહ્યું હતું. ૫પણ જ્યારે અમે અમારી મુલાકાત પૂરી કરી. અમે વિદાય લીધી અને અમે અમારો પ્રવાસ ચાલુ રાખ્યો. ઈસુના બધા જ શિષ્યો, સ્રીઓ અને બાળકો સાથે અમને વિદાય આપવા અમારી સાથે શહેરની બહાર આવ્યા. અમે બધા સમુદ્રકિનારે ઘૂંટણે પડ્યા અને પ્રાર્થના કરી. ૬પછી અમે શુભેચ્છા પાઠવી અને વહાણમાં બેઠા ત્યારબાદ શિષ્યો ઘરે ગયા.

૭અમે તૂરથી પ્રવાસ ચાલુ રાખ્યો અને તોલિમાઈના શહેરમાં ગયા. અમે ત્યાં ભાઈઓને શુભેચ્છા પાઠવી અને તેઓની સાથે એક દિવસ રહ્યા. ૮બીજે દિવસે અમે તોલિમાઈ છોડ્યું અને કૈસરિયા શહેરમાં ગયા. અમે ફિલિપના ઘરે ગયા અને તેની સાથે રહ્યા. ફિલિપની પાસે સુવાર્તા પ્રચાર કરવાનું કામ હતું. તે સાત સહાયકોમાંનો એક હતો. ૯તેને ચાર પુત્રીઓ હતી જે પરિણિત ન હતી. આ પુત્રીઓને પ્રબોધ કરવાનું સામર્થ્ય હતું. ૧૦અમારા ઘણા દિવસો ત્યાં રહ્યા બાદ આગાબાસ નામનો પ્રબોધક યહૂદિયાથી આવ્યો. ૧૧તે અમારી પાસે આવ્યો અને પાઉલનો કમરબંધ ઉછીનો લીધો. પછી આગાબાસે તેના પોતાના હાથ અને પગ બાંધવા માટે તે કમરબંધનો ઉપયોગ કર્યો. આગાબાસે કહ્યું, “પવિત્ર આત્મા મને કહે છે, ‘જે માણસનો આ કમરબંધ છે તેને યરૂશાલેમમાં યહૂદીઓ આવી રીતે બાંધીને બિનયહૂદીઓના હાથમાં સોંપશે.’”

૧૨અમે બધાએ આ શબ્દો સાંભળ્યા છે. તેથી અમે અને ઈસુના સ્થાનિક શિષ્યોએ પાઉલને યરૂશાલેમ નહિ જવા વિનંતી કરી. ૧૩પણ પાઉલે કહ્યું, “તમે શા માટે રડો છો? તમે મને શા માટે આટલો દુ:ખી કરો છો? હું યરૂશાલેમમાં બંદીવાન થવા તૈયાર છું. હું પ્રભુ ઈસુના નામે મૃત્યુ પામવા માટે પણ તૈયાર છું!”

૧૪અમે તેને યરૂશાલેમથી દૂર રહેવા માટે સમજાવી શક્યા નહિ. તેથી અમે તેને વિનંતી કરવાનું બંધ કર્યુ અને કહ્યું, “અમે પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુની જે ઈચ્છા હોય તે પૂર્ણ થાઓ.”

૧૫આ દિવસો પછી, અમે સરસામાન લઈને યરૂશાલેમ જવા નીકળ્યા. ૧૬કૈસરિયાથી કેટલાએક ઈસુના શિષ્યો અમારી સાથે આવ્યા. આ શિષ્યો અમને મનાસોન જે જૂનો શિષ્ય સૈપ્રસનો હતો, તેને ઘરે લઈ ગયા. મનાસોન એ ઈસુના શિષ્યોમાં પ્રથમ શિષ્ય હતો. તેઓ અમને તેને ઘેર લઈ ગયો તેથી અમે તેની સાથે રહી શક્યા.

## પાઉલની યાકૂબની મુલાકાત

૧૭યરૂશાલેમમાં વિશ્વાસીઓ અમને જોઈને ઘણા પ્રસન્ન થયા. ૧૮બીજે દિવસે, પાઉલ અમારી સાથે યાકૂબની મુલાકાતે આવ્યો. બધા જ વડીલો પણ ત્યાં હતા. ૧૯પાઉલે તે બધાને અભિનંદન પાઠવ્યા. પછીથી તેણે તેઓને દેવે બિનયહૂદી લોકોમાં તેમની પાસે કેવી રીતે સેવા કરાવી તે વિગતે કહ્યું. તેણે તેઓને દેવે તેઓના મારફત જે બધું કરાવ્યું હતું તે બિનયહૂદીઓમાં પણ કહ્યું. ૨૦જ્યારે આગેવાનોએ આ વાતો સાંભળી, તેઓએ દેવની સ્તુતિ કરી. પછી તેઓએ પાઉલને કહ્યું, “ભાઈ, તું જોઈ શકે છે કે હજારો યહૂદીઓ વિશ્વાસીઓ બન્યા

છે. પણ તેઓ વિચારે છે કે મૂસાના નિયમશાસ્ત્રનું પાલન કરવું તે ઘણું અગત્યનું છે. ૨૧આ યહૂદીઓએ તારા બોધ વિષે સાંભળ્યું છે. યહૂદીઓ જે બિનયહૂદીઓના દેશમાં રહે છે તેમને મૂસાના નિયમશાસ્ત્રનો ત્યાગ કરવાનું કહે છે. તેઓએ સાંભળ્યું છે કે તું તે યહૂદીઓને તેમનાં બાળકોને સુન્નત નહિ કરાવવા અને યહૂદીઓના રિવાજોનું પાલન ન કરવા કહે છે. ૨૨અમારે શું કરવું? અહીંના યહૂદી વિશ્વાસીઓ જાણશે કે તું આવ્યો છે. ૨૩તેથી તારે શું કરવું તે અમે કહીશું. અમારા ચાર માણસોએ દેવ આગળ પ્રતિજ્ઞા કરી છે. ૨૪આ માણસોને તારી સાથે લે અને તેઓના શુદ્ધિકરણ સમારંભમાં ભાગીદાર બન. તેમનો ખર્ચ આપ. પછી તેઓ તેમનાં માથા મૂંડાવે, આમ કર અને તે પ્રત્યેક વ્યક્તિને સાબિત કરાવશે કે તેઓએ તારા વિષે સાંભળેલી વાતો સાચી નથી. તેઓ જોશે કે તું તારા જીવનમાં મૂસાના નિયમશાસ્ત્રનું પાલન કરે છે." ૨૫અમે બિનયહૂદી વિશ્વાસીઓને પત્ર મોકલી દીધેલ છે. પત્રમાં કહ્યું છે:

> 'મૂર્તિઓને અર્પણ કરેલ ભોજન ખાવું નહિ. લોહીને ચાખવું (ખાવો) નહિ. ગૂંગળાવીને મારી નાખેલાં પશુઓને ખાવા નહિ. વ્યભિચારનું પાપ કરો નહિ.'

૨૬પછી પાઉલે તે ચાર માણસોને સાથે લીધા. બીજે દિવસે પાઉલે શુદ્ધિકરણ સમારંભના દિવસો ક્યારે પૂર્ણ થશે તેની જાહેરાત કરી. છેલ્લે દિવસે તેઓમાંના દરેકને માટે અર્પણ ચઢાવવામાં આવશે.

૨૭લગભગ તે સાત દિવસ પૂરા થયા. પણ કેટલાક આસિયાના યહૂદીઓએ પાઉલને મંદિરમાં જોયો. તેઓએ બધા લોકોને ઉશ્કેર્યા અને તેઓએ પાઉલને હાથ નાખીને પકડી લીધો. ૨૮તેઓએ બૂમો પાડી, "અરે! ઈઝરાએલી માણસો, અમને મદદ કરો! આ એ માણસ છે જે મૂસાના નિયમશાસ્ત્રની વિરુદ્ધ, આપણા લોકોની વિરુદ્ધ અને આ જગ્યાની વિરુદ્ધ શીખવે છે. આ માણસ દરેક જગ્યાએ બધા જ લોકોને આ વાતો શીખવે છે. અને હવે તેણે કેટલાએક ગ્રીક માણસોને મંદિરની પરસાળમાં દાખલ કર્યા છે! તેણે આ પવિત્ર સ્થાનને અશુદ્ધ કર્યુ છે." ૨૯(યહૂદીઓએ આમ કહ્યું, કારણ કે તેઓએ યરૂશાલેમમાં ત્રોફિમસને પાઉલ સાથે જોયો. ત્રોફિમસ એફેસસનો ગ્રીક માણસ હતો. યહૂદીઓએ વિચાર્યુ કે પાઉલે તેને મંદિરના પવિત્ર ભાગમાં લાવ્યો છે.)

૩૦યરૂશાલેમના બધા જ લોકોમાં ખળભળાટ મચી ગયો. તેઓ બધા દોડ્યા અને પાઉલને પકડ્યો. તેઓએ તેને મંદિરના પવિત્ર સ્થળની બહાર કાઢયો. મંદિરના દરવાજા તરત જ બંધ કરવામાં આવ્યા. ૩૧લોકો પાઉલની હત્યા કરવાનો પ્રયત્ન કરતા હતા. યરૂશાલેમમાં રોમન સૈન્યના સૂબેદારે સાંભળ્યું કે સમગ્ર શહેરમાં મુશ્કેલી ઊભી થઈ છે. ૩૨તરત જ જ્યાં લોકો હતા ત્યાં સૂબેદાર ગયો. તે કેટલાએક લશ્કરી અમલદારો અને સૈનિકોને સાથે લાવ્યો. લોકોએ સૂબેદાર અને સૈનિકોને જોયા. તેથી તેઓએ પાઉલને મારવાનું બંધ કર્યુ. ૩૩સૂબેદારે પાઉલની પાસે જઈને તેની ધરપકડ કરી. સૂબેદારે તેના સૈનિકોને પાઉલને બે સાંકળો વડે બાંધવા કહ્યું. પછી સૂબેદારે પૂછયું, "આ માણસ કોણ છે? તેણે શું ખરાબ કર્યુ છે?" ૩૪કેટલાએક લોકો એક વાત કહેતા હતા તો બીજા લોકો બીજી વાતો કહેતા હતા. આ બધા ગુંચવાડા અને ગડબડને કારણે સૂબેદાર સત્ય નક્કી કરી શકયો નહિ. સૂબેદારે સૈનિકોને પાઉલને લશ્કરના મકાનમાં લઈ જવા માટે કહ્યું. ૩૫-૩૬બધા જ લોકો તેઓને અનુસરતા હતા. જ્યારે સૈનિકો પગથિયાં પાસે આવ્યા, તેઓ પાઉલને રક્ષણ આપવા લઈ જવાના હતા. તેઓને પાઉલનું રક્ષણ કરવા માટે કહ્યું કારણ કે લોકો તેને ઈજા પહોંચાડવાની તૈયારીમાં હતા. લોકોએ બૂમો પાડી, "તેને મારી નાખો!"

૩૭સૈનિકો પાઉલને લશ્કરના મકાનમાં લઈ જવાની તૈયારીમાં હતા. પરંતુ પાઉલે સૂબેદારને પૂછયું; "તમને કઈ કહેવાનો મને અધિકાર છે?"

સૂબેદારે કહ્યું, "ઓહ! તું ગ્રીક બોલે છે?"૩૮તો પછી હું તને જે માણસ ધારતો હતો તે તું નથી. હું વિચારતો હતો કે તું મિસરનો માણસ છે જેણે ઘણા સમય પહેલા નહિ, હમણાં જ સરકારની વિરુદ્ધમાં કેટલીક મુશ્કેલીઓ શરૂ કરી હતી. તે મિસરી માણસે ૪,૦૦૦ ખૂનીઓને દોરીને બહાર અરણ્યમાં લઈ ગયો."

૩૯પાઉલે કહ્યું, "ના, હું તાર્સસનો એક યહૂદી માણસ છું. તાર્સસ કિલીકિયાના પ્રદેશમાં છે. હું તે અગત્યના શહેરનો નાગરિક છું. મહેરબાની કરીને મને લોકોને કહેવા દો."

૪૦સૂબેદારે પાઉલને લોકો સમક્ષ બોલવાની રજા આપી. તેથી પાઉલ પગથિયા પર ઊભો રહ્યો. તેણે તેના હાથો વડે નિશાની કરી. તેથી લોકો શાંત થઈ જાય. લોકો શાંત થઈ ગયા એટલે પાઉલે તેઓને ઉદબોધન કર્યુ. તેણે હિબ્રુ ભાષાનો ઉપયોગ કર્યો.

### પાઉલનું લોકોને ઉદબોધન

૨૨ પાઉલે કહ્યું, "મારા ભાઈઓ અને મારા પિતાઓ, મને ધ્યાનથી સાંભળો! હું તમારી આગળ મારો બચાવ કરું છું." ²યહૂદીઓએ સાંભળ્યું કે પાઉલ હિબ્રુ ભાષા બોલે છે. તેથી તેઓ વધારે શાંત થયા. પાઉલે કહ્યું, ³"હું એક યહૂદી છું. મારો જન્મ કિલીકિયા પ્રદેશના તાર્સસમાં થયો હતો. હું આ શહેરમાં ઊછરેલો. હું ગમાલ્યેલનો* શિષ્ય હતો. તેણે કાળજીપૂર્વક મને આપણા પૂર્વજોના નિયમો વિષે બધું જ શીખવ્યું. તમે બધા અહીં આજે જે કરો છો તેમ હું દેવની સેવા કરવા વિષે ઘણો ગંભીર હતો. ⁴જે લોકો ઈસુના માર્ગને અનુસરતા હતા. તેઓને મેં સતાવ્યા હતા. મારા કારણે તેઓમાંના કેટલાકની હત્યા પણ થઈ હતી. મેં પુરુષો અને સ્રીઓને પકડ્યા અને મેં તેઓને બંદીખાનામાં નાખ્યા હતા. ⁵પ્રમુખ યાજક વડીલ યહૂદી આગેવાનોની આખી સમિતિ તમને કહી શકશે કે આ સાચું છે! એક વખતે આ આગેવાનોએ મને કેટલાક પત્રો આપ્યા. આ પત્રો દમસ્ક શહેરના યહૂદી ભાઈઓ માટે હતા. હું ત્યાં ઈસુના શિષ્યોને પકડવા અને તેમને શિક્ષા કરવા માટે યરૂશાલેમમાં પાછા લાવવા જતો હતો.

### પાઉલ તેની ચર્ચાઓ વિષે કહે છે

⁶"પરંતુ દમસ્કના મારા માર્ગમાં મારી સાથે કંઈક બન્યું. તે લગભગ બપોર હતી જ્યારે હું દમસ્કની નજીક આવી પહોંચ્યો. અચાનક એક તેજસ્વી પ્રકાશ આકાશમાંથી મારી આજુબાજુ પ્રકાશ્યો. ⁷હું જમીન પર પડ્યો. મને કંઈક કહેતી વાણી મેં સાંભળી. 'શાઉલ, શાઉલ તું શા માટે મારી સતાવણી કરે છે?' ⁸મેં પૂછ્યું, "પ્રભુ! તું કોણ છે!" તે વાણીએ કહ્યું, 'હું નાઝરેથનો ઈસુ છું. તું જેને સતાવે છે તે હું એક છું.' ⁹મારી સાથે જે માણસો હતા તેઓ મારી સાથે જેણે વાત કરી છે તેની વાણી સમજી શક્યા ન હતા. પરંતુ માણસોએ પ્રકાશ જોયો. ¹⁰મેં કહ્યું, 'પ્રભુ, મારે શું કરવું જોઈએ?' પ્રભુએ (ઈસુ) જવાબ આપ્યો, 'ઊભો થા અને દમસ્કમાં જા અને મેં તારે કરવાના કામની યોજના કરી છે તે વિષે તને ત્યાં કહેવામાં આવશે.' ¹¹હું જોઈ શક્યો નહિ કારણ કે તેજસ્વી પ્રકાશે મને આંધળો બનાવ્યો હતો. તેથી જે માણસો મારી સાથે હતા. તેઓ મને દમસ્કમાં દોરી ગયા.

¹²"દમસ્કમાં અનાન્યા* નામનો માણસ મારી પાસે આવ્યો. અનાન્યા ધર્મિષ્ઠ માણસ હતો. તે મૂસાના નિયમશાસ્રનું પાલન કરતો હતો. ત્યાં રહેતા બધા જ યહૂદીઓ તેને માન આપતા. ¹³અનાન્યા મારી પાસે આવ્યો અને મને કહ્યું, 'ભાઈ શાઉલ, ફરીથી જો!' તરત જ હું તેને જોવા સામર્થ્યવાન થયો હતો. ¹⁴અનાન્યાએ મને કહ્યું, 'અમારા પૂર્વજોના દેવે ઘણા વખત પહેલા તને પસંદ કર્યો છે. દેવે તેની યોજના જાણવા માટે તને પસંદ કર્યો છે. તેણે તને એક ન્યાયી (ઈસુ) જોવા તથા તેની પાસેથી બોધ સાંભળવા પસંદ કર્યો છે. ¹⁵બધા લોકો સમક્ષ તું તેનો સાક્ષી થશે. તેં જોયેલી અને સાંભળેલી વાતો વિષે લોકોને કહે. ¹⁶હવે વધારે સમય રાહ જોઈશ નહિ. ઊભો થા, અને તેના નામની પ્રાર્થના કરીને બાપ્તિસ્મા લઈને તારા પાપ ધોઈ નાખ.'

¹⁷"પછી, હું યરૂશાલેમ પાછો ફર્યો. હું મંદિરની પરસાળમાં પ્રાર્થના કરતો હતો. અને મેં એક દશ્ય જોયું. ¹⁸મેં ઈસુને જોયો અને ઈસુએ મને કહ્યું; 'ઉતાવળ કર, યરૂશાલેમ હમણા જ છોડી જા. અહીંના લોકો મારા વિશેનું સત્ય સ્વીકારશે નહિ.' ¹⁹મેં કહ્યું, 'પણ પ્રભુ લોકો જાણે છે કે હું તે હતો જેણે વિશ્વાસીઓને બંદીખાનામાં નાખીને તેઓને માર્યા હતા. હું દરેક સભાસ્થાનમાં તારા પર જેઓ વિશ્વાસ કરે છે તેઓને શોધવા અને તે લોકોને પકડવા ગયો છું. ²⁰લોકો એ પણ જાણે છે કે જ્યારે તારા સાક્ષી સ્તેફનને મારી નાખ્યો હતો ત્યારે હું ત્યાં હતો. હું ત્યાં ઊભો રહીને સંમત થયો હતો કે તેઓએ સ્તેફનને મારી નાખવો જોઈએ. જે લોકો તેને મારી નાખતા હતા તેમનાં વસ્રો પણ હું સાચવતો હતો.' ²¹પણ ઈસુએ મને કહ્યું, 'હવે ચાલ્યો જા. હું તને ઘણે દૂર બિનયહૂદી લોકો પાસે મોકલીશ.'"

²²જ્યારે પાઉલે બિનયહૂદી લોકો પાસે જવાની છેલ્લી વાત કરી ત્યારે લોકોએ ધ્યાનથી સાંભળવાનું બંધ કર્યુ. તેઓ બધાએ બૂમો પાડી; "તેને મારી નાખો! તેને પૃથ્વી પરથી દૂર કરો! આવા માણસને જીવતો રહેવા દેવો ના જોઈએ!" ²³તેઓએ બૂમો પાડી અને તેઓના ડગલા ફેંકી દીધા. તેઓએ હવામાં ધૂળ ફેંકી. ²⁴પછી સરદારે સૈનિકોને પાઉલને લશ્કરના મકાનમાં લઈ જવા કહ્યું. તેણે પાઉલને મારવા માટે સૈનિકોને કહ્યું. તે પાઉલ પાસે કહેવડાવવા ઈચ્છતો હતો કે લોકો શા માટે આમ તેની વિરુદ્ધ બૂમો પાડતા હતા. ²⁵તેથી સૈનિકો પાઉલને

---

**ગમાલ્યેલ** ફરોશીઓનો ખૂબ મહત્વનો શિક્ષક, એક યહૂદી ધર્મ જૂથ (જૂઓ પ્રે.કૃ. ૫:૩૪).

**અનાન્યા** પ્રેરિતોનાં કૃત્યોમાં આ નામનાં ત્રણ વ્યકિતઓ છે. જૂઓ પ્રે.કૃ. ૫:૧ અને બીજા બે માટે ૨૩:૨.

બાંધીને મારવાની તૈયારી કરતા હતા. પણ પાઉલે લશ્કરી સૂબેદારને કહ્યું, "શું તમને જે દોષિત સાબિત થયેલ નથી તે રોમન નાગરિકને મારવાનો અધિકાર છે?"

૨૬જ્યારે સૂબેદારે આ સાંભળ્યું, તે સરદાર પાસે ગયો. તે સરદારે કહ્યું, "તું શું કરે છે તે તું જાણે છે? આ માણસ (પાઉલ) રોમન નાગરિક છે!"

૨૭સરદાર પાઉલ પાસે આવ્યો અને પૂછયું, "શું તું રોમન નાગરિક છે?"

પાઉલે જવાબ આપ્યો, "હા."

૨૮સરદારે કહ્યું, "મેં રોમન નાગરિક થવા માટે ઘણા પૈસા આપ્યા છે."

પણ પાઉલે કહ્યું, "હું તો જન્મથી જ રોમન નાગરિક છું," ૨૯ત્યારે જેઓ તેને પ્રશ્નો કરવાની તૈયારીમાં હતા. તેઓ તરત પાઉલને મૂકીને જતા રહ્યા. તે સરદારને ભય હતો કારણ કે તેણે પાઉલને સખત બાંધ્યો હતો અને પાઉલ એક રોમન નાગરિક હતો.

### યહૂદી આગેવાનો સમક્ષ પાઉલનું વક્તવ્ય

૩૦બીજે દિવસે યહૂદીઓ પાઉલની વિરુદ્ધ શા માટે બોલતા હતા. તેનું કારણ જાણવા માટે સરદારે નક્કી કર્યુ. તેથી તેણે મુખ્ય યાજકોને અને યહૂદીઓની ન્યાયસભાને હાજર થવા હુકમ કર્યો. તે સરદારે પાઉલની સાંકળો છોડી. પછી તે પાઉલને બહાર લાવ્યો અને તેઓની સભા આગળ પાઉલને ઊભો રાખ્યો.

૨૩ પાઉલે યહૂદીઓની ન્યાયસભાની સભા તરફ જોઈને કહ્યું, "ભાઈઓ, હું મારું જીવન દેવ સમક્ષ શુદ્ધ અંત:કરણથી જીવ્યો છું, હંમેશા મને જે સાચું લાગ્યું હતું તે જ મેં કર્યુ છે." ૨અનાન્યા પ્રમુખ યાજક ત્યાં હતો. અનાન્યાએ પાઉલને સાંભળ્યો અને જે માણસો પાઉલની નજીક ઊભા હતા તેઓને તેના મોં પર મારવા કહ્યું. ૩પાઉલે અનાન્યાને કહ્યું, "દેવ તને પણ મારશે. તું એક ગંદી દિવાલ જેવો છે જે સફેદ ધોળેલી છે. તું ત્યાં બેસે છે અને મારો ન્યાય મૂસાના નિયમશાસ્ત્રનો ઉપયોગ કરીને કરે છે. પણ તું તેઓને મને મારવાનું કહે છે અને તે મૂસાના નિયમની વિરુદ્ધ છે."

૪પાઉલની નજીક ઊભેલા તે માણસોએ તેને કહ્યું, "તું દેવના પ્રમુખ યાજકને આવું કહી શકે નહિ. તું એનું અપમાન કરે છે."

૫પાઉલે કહ્યું, "ભાઈઓ, એ પ્રમુખ યાજક છે તે હું જાણતો નહોતો. તે ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે, કે 'તમારે તમારા લોકોના અધિકારી વિષે ખરાબ બોલવું જોઈએ નહિ.'* "

૬સભામાંના કેટલાએક માણસો સદૂકીઓ અને બીજા કેટલાએક ફરોશીઓ હતા. તેથી પાઉલને વિચાર આવ્યો. તેણે તેઓના તરફ બૂમ પાડી, "મારા ભાઈઓ, હું ફરોશી છું અને મારા પિતા પણ ફરોશી હતા. હું અહીં કસોટી પર છું કારણ કે મને આશા છે કે લોકો મૃત્યુમાંથી ઉઠશે!"

૭જ્યારે પાઉલે આમ કહ્યું, ત્યાં ફરોશીઓ અને સદૂકીઓની વચ્ચે એક મોટી તકરાર થઈ. સમૂહમાં ભાગલા પડ્યા હતા. ૮(સદૂકીઓ માનતા હતા કે મૃત્યુ પછી લોકો ફરીથી જીવતા થઈ શકે નહિ. સદૂકીઓ શીખવે છે કે દૂત અથવા આત્મા પણ નથી. પરંતુ ફરોશીઓ આ બધી વસ્તુઓમાં માને છે.) ૯આ બધા યહૂદીઓએ વધારે મોટા સાદે બૂમો પાડવાની શરૂઆત કરી, શાસ્ત્રીઓ અને કેટલાએક જે ફરોશીઓ હતા તેઓ ઊભા થયા અને દલીલો કરી, "અમને આ માણસમાં કંઈ ખોટું જોવા મળ્યું નથી! દમસ્કના રસ્તા પર કદાચ દૂતે કે આત્માએ તેને કંઈ કહ્યું હોય!"

૧૦દલીલોમાંથી તકરાર શરૂ થઈ. સરદારને બીક હતી કે યહૂદીઓ પાઉલના ટુકડે ટુકડા કરશે. તેથી સરદારે સૈનિકોને નીચે જવાનું કહ્યું અને આ યહૂદીઓ પાસેથી પાઉલને દૂર લઈ જઈને લશ્કરના કિલ્લામાં લઈ જવા માટે કહ્યું.

૧૧બીજી રાત્રે પ્રભુ ઈસુ આવ્યો અને પાઉલની બાજુમાં ઊભો રહ્યો. તેણે કહ્યું, "હિંમત રાખ! તેં યરૂશાલેમમાં લોકોને મારા વિષે કહ્યું છે. તારે રોમમાં પણ ત્યાંના લોકોને મારા વિષે કહેવા માટે જવાનું છે!"

૧૨બીજી સવારે કેટલાએક યહૂદીઓએ એક યોજના ઘડી. તેઓની ઈચ્છા પાઉલને મારી નાખવાની હતી. યહૂદીઓએ તેમની જાતે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી તેઓ પાઉલને મારી નહિ નાખે ત્યાં સુધી તેઓ કંઈ પણ ખાશે કે પીશે નહિ. ૧૩ત્યાં લગભગ ૪૦ ઉપરાંત યહૂદીઓ હતા જેઓએ આ કાવતરું કર્યુ હતું. ૧૪આ યહૂદીઓ મુખ્ય યાજકો અને વડીલ યહૂદી આગેવાનોની પાસે ગયા અને વાત કરી. યહૂદીઓએ કહ્યું, "અમે અમારી જાતે ગંભીર પ્રતિજ્ઞા કરી છે. અમે પ્રતિજ્ઞા લીધી છે કે જ્યાં સુધી અમે પાઉલને મારી નાખીએ નહિ ત્યાં સુધી અમે ખાશું કે પીશું નહિ! ૧૫તેથી અમે તમારી પાસે જે કરાવવા ઈચ્છીએ છીએ તે આ છે. "તમારા તરફથી સરદારને તથા બધા યહૂદી આગેવાનો તરફથી

---

**'તમારે તમારા … જોઈએ નહિ'** નિ. ૨૨:૨૮.

સંદેશો મોકલો. સરદારને કહો કે તમારી ઈચ્છા પ્રમાણે પાઉલને તમારી આગળ રજૂ કરે. સરદારને કહો કે તમારી ઈચ્છા પાઉલને વધારે પ્રશ્નો પૂછવાની છે. જયારે તે અહીં રસ્તા પર હશે, ત્યારે અમે પાઉલને મારી નાખવાની રાહ જોઈશું."

૧૬પણ પાઉલના ભાણિયાએ આ યોજના વિષે સાંભળ્યું. તે લશ્કરના બંગલામાં ગયો અને પાઉલને તે યોજના વિષે કહ્યું. ૧૭પછી પાઉલે એક લશ્કરના અમલદારને બોલાવ્યો અને તેને કહ્યું,"આ યુવાન માણસને સરદારની પાસે લઈ જા. તેની પાસે તેને માટે સંદેશો છે." ૧૮તેથી તે લશ્કરનો અમલદાર પાઉલના ભાણિયાને સરદાર પાસે લાવ્યો. તે અમલદારે કહ્યું,"તે કેદી પાઉલે આ યુવાન માણસને તારી પાસે લાવવા માટે મને કહ્યું. તેની ઈચ્છા તને કંઈક કહેવાની છે."

૧૯તે સરદાર તે યુવાન માણસને એક જગ્યાએ દોરી ગયો જ્યાં તેઓ એકલા હોય. તે સરદારે પૂછયું; "તું મને શું કહેવા ઈચ્છે છે?"

૨૦તે યુવાન માણસે કહ્યું, "યહૂદીઓએ નક્કી કર્યુ છે કે આવતીકાલે ન્યાયસભામાં પાઉલને લઈ આવવા માટે તને કહેવું. યહૂદીઓ ઈચ્છે છે કે તું વિચારે કે તેઓની યોજના પાઉલને વધારે પ્રશ્નો પૂછવાની છે. ૨૧પરંતુ તેઓનામાં વિશ્વાસ કરવો નહિ! ત્યાં લગભગ ૪૦ યહૂદીઓ જે છુપાયેલા છે અને પાઉલને મારી નાખવાની રાહ જોઈ રહ્યા છે. તેઓ બધાએ પ્રતિજ્ઞા કરી છે કે, જ્યાં સુધી તેઓ પાઉલને મારી નહિ નાખે ત્યાં સુધી ખાવું કે પીવું નહિ! હવે તેઓ તું હા કહે તેની જ રાહ જુએ છે."

૨૨તે સરદારે તે યુવાન માણસને દૂર મોકલ્યો. તે સરદારે તેને કહ્યું, "કોઈને કહીશ નહિ કે તેં મને તેઓની યોજના વિષે કહ્યું છે."

## પાઉલને કૈસરિયા મોકલાય છે

૨૩પછી સરદારે બે લશ્કરી અમલદારોને બોલાવ્યા. તેણે તેઓને કહ્યું, "મારે કૈસરિયા જવા માટે કેટલાક માણસોની જરૂર છે. ૨૦૦ સૈનિકોને તૈયાર રાખો. ૭૦ ઘોડેસવાર સૈનિકો પણ તૈયાર રાખો, અને ૨૦૦ બરછીવાળાઓને પણ આજે રાત્રે નવ વાગે જવા માટે તૈયાર રાખો. ૨૪પાઉલની સવારી માટે કેટલાએક ઘોડા તૈયાર રાખો. હાકેમ ફેલિક્સ પાસે તેને સહીસલામત લઈ જવામાં આવે."૨૫સરદારે એક પત્ર લખ્યો. પત્રમાં આ મુજબ લખાણ છે.

૨૬નેકનામદાર ફેલિક્સ હાકેમને
કલોદિયસ લુસિયાસની સલામ.

૨૭તે યહૂદીઓએ આ માણસને (પાઉલ) પકડ્યો હતો અને તેઓએ તેને મારી નાખવાની યોજના કરી હતી. પરંતુ મેં સાંભળ્યું છે કે તે એક રોમન નાગરિક છે, તેથી હું મારા સૈનિકો સાથે ગયો અને તેને છોડાવ્યો. ૨૮હું કારણ જાણવા ઈચ્છું છું કે તેઓ શા માટે તેની સામે આક્ષેપો કરે છે. તેથી હું તેને ન્યાયસભામાં લઈ ગયો. ૨૯મેં જે જાણ્યું તે આ છે; યહૂદીઓએ કહ્યું; પાઉલે એવું કંઈક કર્યુ છે જે ખોટું હતું. પણ આ આક્ષેપો તેના પોતાના યહૂદી નિયમો વિષે છે તેમાંનો એક પણ લાયક નથી. અને આ વસ્તુઓમાંની કેટલીક તો જેલ અને મૃત્યુદંડને યોગ્ય છે. ૩૦મારું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે કેટલાએક યહૂદીઓએ પાઉલને મારી નાખવાની યોજના ઘડી રહ્યા હતા. તેથી હું તેને તમારી પાસે મોકલું છું. મેં તે ફરિયાદીઓને પણ તેમને તેની સામે જે વિરોધ હોય તે કહેવા કહ્યું છે.

૩૧તે સૈનિકોને જે કહેવામાં આવ્યું હતું તે તેઓએ કર્યું. તે સૈનિકો પાઉલને લઈ ગયા અને તે જ રાત્રે અંતિપાત્રિસના શહેરમાં તેઓ તેને લઈ ગયા. ૩૨બીજે દિવસે ઘોડેસવારો પાઉલ સાથે કૈસરિયા પહોંચ્યા. પણ બીજા સૈનિકો અને બરછીવાળા માણસો યરૂશાલેમમાં લશ્કરના મકાનની પાછળ પાછા ગયા. ૩૩ઘોડેસવાર સૈનિકો કૈસરિયામાં પ્રવેશ્યા અને હાકેમને પત્ર આપ્યો. પછીથી તેઓએ તેને પાઉલને સોપ્યો. ૩૪તે હાકેમે પત્ર વાંચ્યો. પછી તેણે પાઉલને પૂછયું, "તું કયા દેશનો છે?" હાકેમે જાણ્યું કે પાઉલ કિલીકિયાનો હતો. ૩૫ત્યારે તેણે કહ્યું; "ફરિયાદીઓ આવ્યા પછી હું તારા મુકદમાની તપાસ કરીશ." પછી તેણે તેને હેરોદના દરબારમાં પહેરા હેઠળ રાજમહેલમાં રાખવાનો હુકમ કર્યો."

## યહૂદીઓનો પાઉલ પર આક્ષેપ

૨૪ પાંચ દિવસ બાદ અનાન્યા કૈસરિયા શહેરમાં ગયો. અનાન્યા એ એક પ્રમુખ યાજક હતો, અનાન્યા કેટલાક વડીલ યહૂદી આગેવાનો અને તેર્તુલુસ વકીલને પણ લાવ્યો. તેઓ હાકેમની આગળ પાઉલની વિરુદ્ધ આક્ષેપો મૂકવા માટે કૈસરિયા ગયા. ૨પાઉલને સભામાં લઈ જવામાં આવ્યો. તેર્તુલુસે તેના પર તહોમત મૂકવાનું શરૂ કર્યું.

તેર્તુલુસે કહ્યું; "નેકનામદાર ફેલિક્સ! અમારા લોકો તારા કારણે સુખશાંતિ ભોગવે છે. તારી દીર્ઘદષ્ટિથી આપણા દેશની ઘણી ખોટી વસ્તુઓને સાચી બનાવાઈ હતી. ૩તે અમે સર્વ પ્રકારે અને સર્વ સ્થળે પૂરેપૂરી કૃતજ્ઞાથી સ્વીકારીએ છીએ. ૪પણ હું તારો વધારે સમય લેવા ઈચ્છતો નથી. તેથી હું ફક્ત થોડા શબ્દો જ કહીશ. કૃપા કરીને ધીરજ રાખ અને અમને સાંભળવા પૂરતી કૃપા કર. ૫આ માણસ (પાઉલ) પીડાકારક છે. તે દુનિયામાં દરેક જગ્યાએ યહૂદીઓમાં મતભેદ ફેલાવે છે. તે નાઝરેથના સમૂહનો આગેવાન છે. ૬તેણે મંદિરને અશુદ્ધ કરવાનો પણ પ્રયત્ન કર્યો. પણ અમે તેને રોક્યો છે. (અમે અમારા શાસ્ત્ર પ્રમાણે એનો ન્યાય કરવા ચાહતા હતા. ૭પણ લુસિયાસ સરદાર આવીને બહુ જબરદસ્તી કરીને અમારા હાથમાંથી એને છોડાવી ગયો, ૮અને એના પર ફરિયાદ કરનારાઓને આપની પાસે આવવાની આજ્ઞા કરી)* જો તેની સામેના આ બધા જ આક્ષેપો સાચા હોય તો, તું નિર્ણય કરી શકે છે. તારી જાતે તેને કેટલાક પ્રશ્નો પૂછ." ૯બીજા યહૂદીઓ સંમત થયા. તેઓએ કહ્યું; "આ વસ્તુઓ ખરેખર સાચી છે!"

૧૦હાકેમે પાઉલને બોલવા માટે ઈશારો કર્યો. તેથી પાઉલે જવાબ આપ્યો. "નામદાર હાકેમ ફેલિક્સ, હું જાણું છું કે આ દેશનો તું લાંબા સમય સુધી ન્યાયાધીશ રહ્યો છે. તેથી હું ખુશીથી મારો બચાવ મારી જાતે તારી સમક્ષ રજૂ કરું છું. ૧૧હું ફક્ત બાર દિવસ પહેલા જ યરૂશાલેમમાં ભજન કરવા ગયો. તું તારી જાતે જ શોધી શકે છે કે આ સાચું છે. ૧૨આ યહૂદીઓ જે મારા પર તહોમત મૂકે છે તેઓએ મને મંદિરમાં કોઈની સાથે દલીલ કરતા જોયો નથી. મેં સભાસ્થાનોમાં કે બીજી કોઈ શહેરની જગ્યાએ લોકોને ભેગા કરીને ઉશ્કર્યા નથી. ૧૩આ યહૂદીઓ મારી સામે કોઈ આક્ષેપો સાબિત કરી શકે તેમ નથી. તેઓ હવે મારી વિરુદ્ધ બોલે છે. ૧૪પણ હું તને આ કહીશ. હું અમારા પૂર્વજોના દેવની ભક્તિ, ઈસુના માર્ગના શિષ્યો તરીકે કરું છું. યહૂદીઓ કહે છે કે ઈસુનો સાચો માર્ગ નથી. પણ મને મૂસાના નિયમશાસ્ત્રમાં શીખવેલ પ્રત્યેક વાતોમાં વિશ્વાસ છે. અને પ્રબોધકોનાં પુસ્તકોમાં જે લખાણ છે તે બધી વસ્તુઓમાં પણ મને વિશ્વાસ છે. ૧૫યહૂદીઓને દેવમાં આશા છે તે જ આશા મને છે. અને યહૂદીઓમાં અહી બધા જ ન્યાયી, અન્યાયી પુનરુત્થાન પામશે. ૧૬તેથી હું હંમેશા મને જેમાં વિશ્વાસ છે તે કરવા પ્રયત્ન કરું છું. તે દેવ અને માણસો સમક્ષ સાચું છે એમ માનીને તેમ કરવા પ્રયત્ન કરું છું."

૧૭"હું ઘણાં વર્ષોથી યરૂશાલેમથી દૂર હતો. તેથી હું મારા લોકો જે ગરીબ છે અને બલિદાનો અર્પણ કરે છે. તેમને લેવા પાછો આવ્યો છું. ૧૮જ્યારે કેટલાએક યહૂદીઓએ મને મંદિરમાં જોયો ત્યારે હું આ કરતો હતો. મેં શુદ્ધિકરણનો ઉત્સવ પૂર્ણ કર્યો. ત્યાં મારી આજુબાજુ કોઈ ટોળું ન હતું. અને મેં કોઈ જાતની ગરબડ ઊભી કરી ન હતી. ૧૯પણ આસિયાના કેટલાએક યહૂદીઓ ત્યાં હતા. તેઓએ અહીં તારી સમક્ષ ઊભા રહેવું જોઈએ. જો મેં ખરેખર કોઈ ખોટું કર્યુ હોય તો આસિયાના પેલા યહૂદીઓ જે છે તેણે મારા પર તહોમત મૂકવું જોઈએ. તેઓ ત્યાં હતા! ૨૦જ્યારે હું યરૂશાલેમમાં યહૂદીઓની ન્યાયસભામાં ઊભો હતો ત્યારે તેઓએ મારામાં કશું ખોટું જોયું હોય તો આ યહૂદીઓને અહીં પૂછો. ૨૧જ્યારે હું તેની આગળ ઊભો ત્યારે મેં એક વાત જરૂર કરી. મેં કહ્યું, 'તુ આજે મારો ન્યાય કરે છે કારણ કે મને વિશ્વાસ છે કે લોકો મૃત્યુમાંથી પુનરુત્થાન પામશે!'"

૨૨ફેલિક્સ ઈસુના માર્ગ વિષે લગભગ ઘણું બધું સમજ્યો. તેણે ન્યાયનું કામ બંધ રખાવી અને કહ્યું, "જ્યારે સરદાર લુસિયાસ અહીં આવશે ત્યારે હું આ બાબતનો નિર્ણય કરીશ." ૨૩ફેલિક્સે લશ્કરના અમલદારને પાઉલને રક્ષણમાં રાખવા કહ્યું. પણ તેણે અમલદારને થોડીક સ્વતંત્રતા આપવા કહ્યું. અને પાઉલના મિત્રોને પાઉલની જરૂરિયાતની વસ્તુઓ લાવી આપવાની છૂટ આપવા કહ્યું.

### પાઉલનું ફેલિક્સ અને તેની પત્નીને ઉદબોધન

૨૪થોડાક દિવસો પછી ફેલિક્સ તેની પત્ની દ્રુસિલા સાથે આવ્યો. તેણી એક યહૂદી હતી. ફેલિક્સે પાઉલને તેની પાસે લાવવા માટે કહ્યું. ફેલિક્સે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ વિષેની પાઉલની વાતો ધ્યાનથી સાંભળી. ૨૫જ્યારે પાઉલ ન્યાયી જીવન, સંયમ, અને ભવિષ્યમાં જે ન્યાય થશે જેવી વસ્તુઓ વિષે બોલ્યો, ત્યારે ફેલિક્સને ડર લાગ્યો. ફેલિક્સે કહ્યું; "હવે તું જા, જ્યારે મારી પાસે વધારે સમય હશે ત્યારે હું તને બોલાવીશ." ૨૬પણ ફેલિક્સ પાસે પાઉલની સાથે વાત કરવા બીજું એક કારણ હતું. ફેલિક્સે આશા રાખી કે પાઉલ તેને લાંચ (પૈસા) આપશે. તેથી ફેલિક્સે પાઉલને વારંવાર બોલાવ્યો અને તેની સાથે વાત કરી.

૨૭પણ બે વરસ પછી પોર્કિયુસ ફેસ્તુસ હાકેમ બન્યો. તેથી ફેલિક્સ લાંબો સમય હાકેમ ન રહ્યો. પરંતુ ફેલિક્સે

---

**કલમ ૬–૮** (અમે અમારા .. આજ્ઞા કરી) કેટલીક ગ્રીક આવૃતિઓમાં આ ભાગ જોડવામાં આવ્યો છે.

પાઉલને બંદીખાનામાં નાખ્યો કારણ કે ફેલિકસ યહૂદીઓને ખુશ કરવા કંઈક કરવા ઈચ્છતો હતો.

### પાઉલની કૈસરને મળવાની ઈચ્છા

૨૫ ફેસ્તુસ હાકેમ બન્યો, અને ત્રણ દિવસ પછી તે કૈસરિયાથી યરૂશાલેમ ગયો. ૨મુખ્ય યાજક અને મહત્વના યહૂદી આગેવાનોએ ફેસ્તુસની આગળ પાઉલની વિરુદ્ધ આક્ષેપો મૂક્યા. ૩તેઓએ ફેસ્તુસને તેઓના માટે કંઈક કરવા કહ્યું. તે યહૂદીઓ ઈચ્છતા હતા કે ફેસ્તુસ પાઉલને પાછો યરૂશાલેમ મોકલે. તેઓ પાસે પાઉલને રસ્તામાં જ મારી નાખવાની યોજના હતી. ૪પરંતુ ફેસ્તુસે જવાબ આપ્યો; "ના! પાઉલને કૈસરિયામાં રાખવામાં આવશે. હું જલદીથી મારી જાતે કૈસરિયા જઈશ. ૫તમારા કેટલાએક આગેવાનોએ મારી સાથે જવું જોઈએ. જો તેણે ખરેખર કંઈક ખોટું કર્યુ હોય તો તેઓ ત્યાં કૈસરિયામાં તે માણસ (પાઉલ) વિરુદ્ધ તહોમત મૂકી શકે છે."

૬ફેસ્તુસ યરૂશાલેમમાં આઠ કે દસ દિવસો રહ્યો. પછી તે કૈસરિયા પાછો ગયો. બીજે દિવસે ફેસ્તુસે સૈનિકોને તેની આગળ પાઉલને લાવવા માટે કહ્યું. ફેસ્તુસ ન્યાયાસન પર બેઠો હતો. ૭પાઉલ ઓરડામાં આવ્યો હતો. જે યહૂદીઓ યરૂશાલેમથી આવ્યાં હતા તેઓ તેની આજુબાજુ ઊભા, ઘણા ગંભીર આક્ષેપો તેની વિરુદ્ધ મૂક્યા. પણ તેઓ આમાંનું કશું પણ સાબિત કરી શક્યા નહિ. ૮પાઉલે પોતાના બચાવ માટે જે કહ્યું તે આ છે. "મેં યહૂદીઓના નિયમ વિરુદ્ધ, મંદિર વિરુદ્ધ કે કૈસર વિરુદ્ધ કશું જ ખોટું કર્યુ નથી."

૯પરંતુ ફેસ્તુસની ઈચ્છા યહૂદીઓને ખુશ કરવાની હતી. તેથી તેણે પાઉલને પૂછયું, "તારી ઈચ્છા યરૂશાલેમ જવાની છે? તું ઈચ્છે છે કે હું ત્યાં આ તહોમતો વિષે તારો ન્યાય કરું?"

૧૦પાઉલે કહ્યું, "હમણા હું કૈસરના ન્યાયાસન આગળ ઊભો છું. જ્યાં મારો ન્યાય થવો જોઈએ તે જ જગ્યા આ છે. મેં યહૂદીઓનું કશું ખોટું કર્યુ નથી. તમે જાણો છો આ સાચું છે. ૧૧જો કાયદો કહેતો હોય કે મારે મરી જવું જોઈએ, તો હું મરવા માટે સંમત છું. હું મૃત્યુમાંથી બચવા માટે કહેતો નથી. પણ જો આ તહોમતો સાચા ના હોય તો પછી મને કોઈ વ્યક્તિ આ યહૂદીઓને હવાલે કરી શકે નહિ, ના! હું મારો કેસ કૈસર સાંભળે એમ ઈચ્છું છું!"

૧૨ફેસ્તુસે આ બાબત વિષે તેના સલાહકારો સાથે વાત કરી. પછી તેણે કહ્યું, "તેથી તુ કૈસર પાસે જા અને તેને મળ!"

### હેરોદ અગ્રીપા આગળ પાઉલ

૧૩થોડા દિવસો પછી અગ્રીપા રાજા અને બરનિકા ફેસ્તુસની મુલાકાતે કૈસરિયા આવ્યા. ૧૪તેઓ ત્યાં ઘણા દિવસો રહ્યા. ફેસ્તુસે રાજાને પાઉલ સંબંધી કહ્યું, "ત્યાં એક માણસ છે જેને ફેલિકસે બંદીખાનામાં પૂર્યો છે. ૧૫જ્યારે હું યરૂશાલેમ ગયો ત્યારે મુખ્ય યાજકોએ તથા યહૂદીઓના વડીલોએ ત્યાં તેની વિરુદ્ધ તહોમતો મૂક્યા. આ યહૂદીઓ મને તેના મૃત્યુનો હૂકમ કરવા ઈચ્છતા હતા." ૧૬પરંતુ મેં જવાબ આપ્યો. "જ્યારે કોઈ માણસ પર કંઈક ખોટું કરવાના તહોમતો મૂકવામાં આવે તો રોમનો બીજા લોકોને તે માણસનો ન્યાય કરવા માટે આપતા ન હતા. પ્રથમ તે માણસને જે માણસોએ તેની સામે ફરિયાદ કરી હોય તેનો સામનો કરવાની તક આપવી જોઈએ. અને તેને તેઓએ તેની વિરુદ્ધ કરેલી ફરિયાદોનો બચાવ તેની જાતે કરવાની પરવાનગી પણ આપવી જોઈએ. ૧૭તેથી આ યહૂદીઓ અહી કૈસરિયા ન્યાય માટે આવ્યા. અને મેં સમય ગુમાવ્યો નહિ. બીજે દિવસે હું ન્યાયાસનની બેઠક પર બેઠો અને હુકમ કર્યો કે તે માણસને (પાઉલ) અંદર લાવવામાં આવે. ૧૮યહૂદીઓ ઊભા થયા અને તેની સામે તહોમત મૂક્યું. પણ યહૂદીઓએ કોઈ ખરાબ ગુનાઓ વિષે ફરિયાદ કરી નહિ. હું ધારતો હતો કે તેઓ કરશે. ૧૯તેઓએ જે વાતો કહી, તે તેઓના પોતાના ધર્મ અને ઈસુ નામના માણસ વિષે હતી. ઈસુ મૃત્યુ પામ્યો છે છતાં પાઉલે દાવો કર્યો કે તે હજુય જીવે છે. ૨૦હું આ બાબત વિષે વધું જાણતો ન હતો. તેથી મેં પ્રશ્નો પૂછયા નહિ. પણ મેં પાઉલને પૂછયું, 'તારી ઈચ્છા યરૂશાલેમમાં જઈને આ બાબતમાં ન્યાય કરાવવાની છે?' ૨૧પણ પાઉલે કૈસરિયામાં જ રાખવા માટે કહ્યું. તે પાદશાહ પાસેથી નિર્ણય ઈચ્છે છે. તેથી મેં હુકમ કર્યો કે જ્યાં સુધી હું તેને રોમમાં કૈસર પાસે ન મોકલી શકું ત્યાં સુધી તેને કેદમાં રાખવો."

૨૨અગ્રીપાએ ફેસ્તુસને કહ્યું, "આ માણસને સાંભળવો મને પણ ગમશે."

ફેસ્તુસે કહ્યું," આવતીકાલે તું એને સાંભળી શકીશ!"

૨૩બીજે દિવસે અગ્રીપા અને બરનિકા દેખાયા. તેઓ ઘણા મહત્વના લોકો હોય તે રીતે વસ્રો પરિધાન કરીને દબદબાથી વર્ત્યા. અગ્રીપા અને બરનિકા લશ્કરના અધિકારીઓ અને કૈસરિયાના મહત્વના લોકો ન્યાયાલયના ખંડમાં ગયા. ફેસ્તુસે પાઉલને અંદર

લાવવા સૈનિકોને હુકમ કર્યો. ૨૪ફેસ્તુસે કહ્યું, "રાજા
અગ્રીપા અને તમે બધા લોકો અહી અમારી સાથે ભેગા
થયા છો, તમે આ માણસને (પાઉલ) જુઓ છો.
યરૂશાલેમના તથા અહીંના આ બધા યહૂદી લોકોએ
મને તેના વિષે ફરિયાદ કરી છે. જ્યારે તેઓએ તેના
વિષે ફરિયાદ કરી ત્યારે તેઓએ પોકાર કર્યો કે, તેને
મારી નાખવો જોઈએ. ૨૫મેં જ્યારે તેનો ન્યાય કર્યો.
મને કંઈ ખોટું જણાયું નહિ, મને તેને મોતનો હુકમ
કરવા કોઈ કારણ જણાયું નહિ. પણ તેણે તેની જાણ
તેની જાતે કરવા કહ્યું કે તેનો ન્યાય કૈસર વડે થવો
જોઈએ. તેથી મેં તેને રોમ મોકલવાનો નિર્ણય કર્યો.
૨૬પણ મારી પાસે તેની વિરુદ્ધ કૈસરને લખવા માટે કોઈ
ચોક્કસ બાબત ન હતી તેથી હું તમારા બધાની આગળ
ખાસ કરીને રાજા અગ્રીપા પાસે લાવ્યો છું. કારણ કે
તેણે કંઈ ખોટું કર્યુ નથી. હું આશા રાખું છું કે તું તેને
પ્રશ્ન કર અને મને કૈસરને કંઈક લખવા દે. ૨૭હું વિચારું
છું કે બંદીવાનને કૈસર પાસે તેની વિરુદ્ધ કોઈ જાતના
તહોમતો દર્શાવ્યા વિના મોકલવો તે મૂર્ખતા છે. મને
એ અયોગ્ય લાગે છે."

## અગ્રીપા સમક્ષ પાઉલ

૨૬ અગ્રીપાએ પાઉલને કહ્યું, "તું હવે તારા
બચાવમાં કહી શકે છે." પછી પાઉલે તેનો
હાથ ઊંચો કર્યો અને બોલવાનું શરૂ કર્યુ. ૨તેણે કહ્યું, "હે
રાજા અગ્રીપા, મારા વિરુદ્ધ યહૂદીઓએ જે બધા આરોપો
મૂક્યા છે તે બધાનો હું જવાબ આપીશ. હું માનું છું કે
હું ભાગ્યશાળી છું કે આજે હું તમારી સમક્ષ અહી
ઊભો રહીને આ કરીશ. ૩મને તારી સાથે વાત કરવાનો
ઘણો આનંદ છે કારણ કે તમે બધા યહૂદીઓના રિવાજો
તથા બાબતો જેના વિષે યહૂદીઓ દલીલો કરે છે તે
વિષે તમે માહિતગાર છો. કૃપા કરીને ધીરજપૂર્વક મને
ધ્યાનથી સાંભળો.

૪"બધા જ યહૂદીઓ મારી આખી જીદગી વિષે જાણે
છે. શરૂઆતથી મારા પોતાના દેશમાં અને પાછળથી
યરૂશાલેમમાં હું જે રીતે જીવતો હતો તે તેઓ જાણે છે.
૫આ યહૂદીઓ મને લાંબા સમયથી જાણે છે. જો તેઓ
ઈચ્છે તો, તેઓ તમને કહી શકશે કે, હું એક સારો
ફરોશી હતો. અને ફરોશીઓ અમારા ધર્મના નિયમોનું
પાલન, યહૂદી લોકોના બીજા સમૂહો કરતાં વધારે
કાળજીપૂર્વક કરે છે. ૬હમણાં હું ન્યાય માટે ઊભો છું
કારણ કે દેવે જે વચન અમારા પૂર્વજોને આપ્યું હતું
તેમા મને આશા છે. ૭આ તે વચન છે કે આપણા
લોકોની બાર જાતિઓ તે (પારિવારિક સમૂહ)પ્રાપ્ત
કરવાની આશા રાખે છે. આ આશાથી યહૂદીઓ રાત
દિવસ દેવની સેવા કરે છે. મારા રાજા, યહૂદીઓએ
મારા ઉપર તહોમત મૂક્યાં છે કારણ કે હું પણ એ જ
વચનની આશા રાખું છું. ૮શા માટે તમે લોકો વિચારો
છો કે મૃત્યુ પામેલા લોકોને દેવ ઉઠાડે છે તે અસંભવિત
છે? ૯જ્યારે હું એક ફરોશી હતો, ત્યારે મેં વિચાર્યુ હતું કે
નાઝરેથના ઈસુના નામ વિરુદ્ધ મારે ઘણું કરવું જોઈએ.
૧૦અને યરૂશાલેમમાં મેં વિશ્વાસીઓની વિરુદ્ધ ઘણું
કર્યુ. પ્રમુખ યાજકોએ મને આમાંના ઘણા લોકોને જેલમાં
પૂરવાનો અધિકાર આપ્યો હતો. જ્યારે ઈસુના શિષ્યોને
મારી નાખવામાં આવતા હતા. હું સંમત થતો કે તે એક
સારી બાબત હતી. ૧૧પ્રત્યેક સભાસ્થાનમાં મેં તેઓને
શિક્ષા કરી. મેં તેઓની પાસે ઈસુની વિરુદ્ધમાં ખરાબ
કહેવડાવવા પ્રયત્ન કર્યો. હું આ લોકોની વિરુદ્ધ એટલો
બધો ગુસ્સે થયો હતો કે મેં બીજા શહેરોમાં જઈને
તેઓને શોધીને તેઓને ઈજા પહોંચાડી.

## ઈસુના દર્શન વિષે પાઉલનું કથન

૧૨"એક વખતે મુખ્ય યાજકોએ મને દમસ્ક જવા
માટેની સત્તા અને પરવાનગી આપી. ૧૩હું દમસ્કના
માર્ગ પર હતો. હે રાજા! બપોરનો સમય હતો. મેં
આકાશમાંથી પ્રકાશ જોયો. તે પ્રકાશ સૂર્યથી પણ વધારે
તેજસ્વી હતો. તે તેજ મારી ચારે બાજુ અને જે માણસો
મારી સાથે મુસાફરી કરતાં હતા તેઓના પર પ્રકાશ્યું.
૧૪અમે બધા જમીન પર પડી ગયા. પછી મેં એક વાણી
યહૂદી ભાષામાં સાંભળી. તે વાણીએ કહ્યું, "શાઉલ,
શાઉલ તું મને કેમ સતાવે છે? મારી સાથે લડવામાં તું
તારી જાતને જ નુકસાન કરી રહ્યો છે." ૧૫મેં કહ્યું,
'પ્રભુ! તું કોણ છે?' પ્રભુએ કહ્યું, 'હું ઈસુ છું. તું જેને
સતાવે છે તે હું છું. ૧૬ઊભો થા! મારો સેવક થવા માટે
મેં તને પસંદ કર્યો છે. તું મારો સાક્ષી થશે–તેં આજે
મારા વિષે જોયું છે અને પછી હું તને જે બતાવીશ તે તું
લોકોને કહીશ. તેના કારણે હું આજે તારી પાસે આવ્યો
છું. ૧૭હું તારા પોતાના લોકોથી તને ઈજા થવા દઈશ
નહિ. અને હું તારું બિનયહૂદીઓથી પણ રક્ષણ કરીશ.
હું આ લોકો પાસે તને મોકલુ છું. ૧૮તું તે લોકોને સત્ય
બતાવ. લોકો અંધકારમાંથી (પાપ) અજવાળામાં (સારા)
પાછા ફરશે. તેઓ શેતાનની સત્તામાંથી પાછા ફરી દેવ
તરફ પાછા ફરશે. પછી તેઓના પાપો માફ કરવામાં
આવશે. જે લોકો મારામાં વિશ્વાસ રાખીને પવિત્ર થયા
છે તેઓ તેમાં ભાગીદાર થશે."

### પાઉલ તેના કાર્ય વિષે કહે છે

૧૯પાઉલે બોલવાનું ચાલુ રાખ્યું. "રાજા અગ્રીપા, જ્યારે મેં આ આકાશી દર્શન જોયું, પછી મેં તેની આજ્ઞા માની. ૨૦મેં લોકોને કહેવાનું શરૂ કર્યુ. "તેઓએ પસ્તાવો કરવો જોઈએ અને દેવ પાસે પાછા ફરવું જોઈએ. મેં તે લોકોને કહ્યું કે તેઓએ ખરેખર પસ્તાવો કર્યો છે તે દર્શાવવા તેવાં કામો કરવાં જોઈએ. મેં સર્વ પ્રથમ આ વસ્તુઓ દમસ્કના લોકોને કહી. પછી હું યરૂશાલેમના તથા યહૂદીઆના દરેક ભાગમાં ગયો અને આ વાતો ત્યાં લોકોને કહી અને બિનયહૂદી લોકો પાસે પણ હું ગયો. ૨૧આ કારણથી જ યહૂદીઓએ મને પકડીને અને મંદિરમાં મારી નાખવવાનો પ્રયત્ન કર્યો હતો. ૨૨પણ દેવે મને મદદ કરી અને હજુ આજે પણ તે કરે છે. હું અહીં ઊભો છું કારણ કે મને દેવની મદદ મળી છે અને મેં જે કંઈ જોયું છે તે બધું લોકોને હું કહું છું. પણ હું કશું પણ નવું કહેતો નથી. મૂસાએ અને પ્રબોધકોએ કહ્યું છે કે તે થશે એ જ વાત હું કહું છું. ૨૩તેઓએ કહ્યું છે કે ખ્રિસ્ત મૃત્યુ પામશે અને તે પ્રથમ જ મૃત્યુમાંથી પુનરુત્થાન પામશે. મૂસાએ અને પ્રબોધકોએ કહ્યું છે કે ખ્રિસ્ત યહૂદી લોકો અને બિનયહૂદી લોકો માટે પ્રકાશ લાવશે."

### પાઉલનો અગ્રીપાને સમજાવવાનો પ્રયત્ન

૨૪જ્યારે પાઉલ તેની જાતે બચાવમાં આ વાતો કહેતો હતો ત્યારે ફેસ્તુસે પોકાર કર્યો, "પાઉલ, તું ઘેલો છે! વધુ પડતી વિદ્યાએ તને ઘેલો બનાવ્યો છે!"

૨૫પાઉલે કહ્યું, "નેકનામદાર ફેસ્તુસ, હું ઘેલો નથી. હું જે વાતો કહું છું તે સાચું છે. મારાં વચનો એ એક મૂર્ખ માણસનાં વચનો નથી. હું ગંભીર છું. ૨૬રાજા અગ્રીપા આ વસ્તુઓ વિષે જાણે છે. હું તેની સાથે મુક્ત રીતે વાત કરી શકું છું. હું જાણું છું કે તેણે આ બધી વાતો વિષે સાંભળ્યું છે. શા માટે? કારણ કે આ વાતો જ્યાં બધા લોકો જોઈ શકે ત્યાં બને છે. ૨૭રાજા અગ્રીપા, પ્રબોધકોએ જે લખ્યું છે તે વાતોમાં તને વિશ્વાસ છે? હું જાણું છું કે તું વિશ્વાસ કરે છે!"

૨૮રાજા અગ્રીપાએ પાઉલને કહ્યું, "તું એમ વિચારે છે કે મને આટલી સહેલાઈથી ખ્રિસ્તી થવા માટે સમજાવી શકીશ?"

૨૯પાઉલે કહ્યું, "એ બહુ મહત્વનું નથી કે તે સહેલું છે કે કઠિન છે, હું દેવને પ્રાર્થના કરું છું કે માત્ર તું જ નહિ પરંતુ પ્રત્યેક વ્યક્તિ જે આજે મને ધ્યાનથી સાંભળે છે તેઓ બચાવાશે–મારે જે બેડીઓ છે તે સિવાય મારા જેવા થશે!"

૩૦રાજા અગ્રીપા, હાકેમ ફેસ્તુસ, બરનિકા, અને તેઓની સાથે બેઠેલા બધા લોકો ઊભા થઈ ગયા. ૩૧અને ખંડ છોડી ગયા. તેઓ એક બીજા સાથે વાતો કરતા હતા. તેઓએ કહ્યું; "આ માણસને દેહાતદંડ કે બંદીખાનામાં નાખવો જોઈએ નહિ, ખરેખર તેણે કંઈ ખોટું કર્યુ નથી!" ૩૨અને અગ્રીપાએ ફેસ્તુસને કહ્યું, "જો તેણે કૈસર પાસે દાદ માંગી ના હોત તો આપણે આ માણસને જવા માટે મુક્ત કરી શક્યા હોત."

### પાઉલની રોમની યાત્રા

૨૭ તે નિર્ણય કરવામાં આવ્યો કે આપણે ઈટાલી તરફ વહાણ હંકારવું. જુલિયસ નામનો લશ્કરી સૂબેદાર પાઉલ અને બીજા કેટલાએક બંદીવાનોની ચોકી કરતો હતો. જુલિયસ પાદશાહના સૈન્યમાં સેવા કરતો હતો. ૨અમે વહાણમાં બેઠા અને વિદાય થયા. વહાણ અદ્રમુત્તિયાના શહેરમાંથી આવ્યું હતું. અરિસ્તાર્ખસ અમારી સાથે હતો. તે મકદોનિયાના થેસ્સલોનિકાના શહેરનો માણસ હતો. ૩બીજે દિવસે અમે સિદોન શહેરમાં આવ્યા. જુલિયસ પાઉલ તરફ ઘણો સારો હતો. તેણે પાઉલને તેના મિત્રોની મુલાકાત લેવા જવાની છૂટ આપી. આ મિત્રો પાઉલની જરૂરિયાતોની કાળજી રાખતા. ૪અમે સિદોન છોડ્યું અને સૈપ્રસ ટાપુ નજીક વહાણ હંકારી ગયા કારણ કે પવન અમારી વિરુદ્ધ ફૂંકાતો હતો. ૫અમે કિલીકિયા અને પમ્ફૂલિયા પાસેનો સમુદ્ર ઓળંગ્યો. પછી અમે લૂકિયાના મૂરા શહેરમાં આવ્યા. ૬મૂરામાં લશ્કરના અમલદારને આલેકસાંદ્રિયાના શહેરનું વહાણ મળ્યું. આ વહાણ ઈટાલી જતું હતું. તેથી તેણે અમને તેમાં બેસાડ્યા.

૭અમે ઘણા દિવસો સુધી ધીમે ધીમે હંકાર્યુ. અમારા માટે કનિદસ પહોંચવું ઘણું કઠિન હતું. કારણ કે પવન અમારી વિરુદ્ધ ફૂંકાતો હતો અમે તે રસ્તે જરાય આગળ જઈ શક્યા નહિ. તેથી અમે સાલ્મોનીની નજીક ક્રીતની ટાપુની દક્ષિણ બાજુએ હંકારી ગયા. ૮અમે કિનારે કિનારે હંકારી ગયા. પણ હંકારવું ઘણું કઠણ હતું. પછી અમે (સલામત બંદર) (સેફ હાર્બર્સ) નામે ઓળખાતી જગ્યાએ આવ્યા. ત્યાં નજીકમાં લસૈયા શહેર છે.

૯પણ અમે ઘણો સમય બગાડ્યો છે. હવે હંકારવું એ ઘણું ભયાનક હતું, કારણ કે યહૂદીઓના ઉપવાસનો દિવસ પછી લગભગ તેમ થયું હતું. તેથી પાઉલે તેમને

ચેતવણી આપી. [૧૦]"ભાઈઓ, હું જોઈ શકું છું કે આ સફરમાં ઘણી આફતો આવશે. વહાણ અને વહાણની અંદરની વસ્તુઓનો વિનાશ થશે. આપણા જીવો પણ જોખમમાં હશે!" [૧૧]પરંતુ કપ્તાન અને વહાણના માલિકે પાઉલે જે કંઈ કહ્યું તે માન્યું નહિ અને લશ્કરના સૂબેદારે પાઉલનો વિશ્વાસ કર્યો નહિ. તેને બદલે સૂબેદારે જે કપ્તાને અને વહાણના માલિકે કહ્યું તે માન્યું. [૧૨]અને તે બંદર શિયાળામાં વહાણોને રહેવા માટે સારી જગ્યા ન હતી. તેથી ઘણા માણસોએ નિર્ણય કર્યો કે વહાણે ત્યાંથી વિદાય થવું જોઈએ. તે માણસોને આશા હતી કે આપણે ફેનિક્સ જઈ શકીએ. વહાણ ત્યાં શિયાળામાં રહી શકે. ફેનિક્સ ક્રીત ટાપુ પર આવેલું શહેર હતું. અને તેને એક બંદર છે જેનું મુખ અગ્નિકોણ તથા ઈશાન ખૂણા તરફ છે.

### તોફાન

[૧૩]પછી દક્ષિણ તરફથી સારો પવન ફૂંકાવાની શરૂઆત થઈ. વહાણ પરના માણસોએ વિચાર્યુ. "આપણે જોઈએ છે તે આ પવન છે. હવે તે આપણી પાસે છે!" તેથી તેઓએ લંગર ખેંચ્યું અને ક્રીત કિનારાની નજીક હંકારી ગયા. [૧૪]પણ થોડા સમય પછી (નોર્થ ઈસ્ટ–યુરાકુલોન) ઉત્તરપૂર્વીય નામનો તોફાની પવન ટાપુ ઓળંગીને ધસી આવ્યો. [૧૫]વહાણ પવનમાં સપડાયું. અને દૂર ઘસડાઈ ગયુ. વહાણ પવનની વિરુદ્ધમાં હંકારી શકાતું ન હતું. તેથી અમે પ્રયત્ન કરવાનો બંધ કર્યો અને પવનની સાથે ઘસડાવા દીધું. [૧૬]અમે કૌદા નામના એક નાના ટાપુ તરફ હંકારી ગયા. પછી અમે બચાવ હોડી લાવવામાં સામર્થ્યવાન થયા. પણ તે કરવું ઘણું અઘરું હતું. [૧૭]માણસોના બચાવ હોડીને અંદર લાવ્યા બાદ તેઓએ વહાણને સાથે રાખવા વહાણની આજુબાજુ દોરડાં બાંધ્યા. તે માણસોને બીક હતી કે વહાણ સૂર્તિસના રેતીના કિનારા સાથે અથડાશે. તેથી તેઓએ સઢસામાન નીચે ઉતાર્યા અને પવનથી વહાણને તણાવા દીધું. [૧૮]બીજે દિવસે અમારા તરફ એટલા જોરથી પવન ફૂંકાતો હતો કે માણસોએ વહાણમાંથી કેટલીક વસ્તુઓ બહાર ફેંકી દીધી. [૧૯]એક દિવસ પછી તેઓએ વહાણનાં સાધનો પોતાના હાથે જ બહાર ફેંકી દીધા. [૨૦]ઘણા દિવસો સુધી અમે સૂર્ય કે તારાઓ જોઈ શક્યા નહિ. તોફાન ઘણું ખરાબ હતું. અમે જીવતા રહેવાની બધી આશા ગુમાવી હતી. અમે વિચાર્યુ અમે મરી જઈશું.

[૨૧]તે માણસોએ ઘણા દિવસો સુધી કંઈ ખાધું નહિ. પછી એક દિવસ પાઉલ તેઓની આગળ ઊભો રહ્યો અને બોલ્યો; "માણસો, મેં તમને ક્રીત નહિ છોડવાનું કહ્યું હતું. તમે મને ધ્યાનથી સાંભળ્યો હોત તો પછી તમને આ બધું નુકસાન અને ખોટ થાત નહિ. [૨૨]પણ હવે હું તમને ખુશી થવા કહું છું. તમારામાંનો કોઈ મૃત્યુ પામશે નહિ. પણ વહાણનો નાશ થશે. [૨૩]ગઈ રાત્રે દેવ તરફથી એક દેવદૂત મારી પાસે આવ્યો. હું જેની ભક્તિ કરું છું તે દેવ આ છે. હું તેનો છું. [૨૪]દેવના દૂતે કહ્યું, 'પાઉલ, ગભરાઈશ નહિ! તારે કૈસરની સામે ઊભા રહેવાનું જ છે. અને દેવે આ વચન આપ્યું છે. તે તારી સાથે વહાણમાં હંકારતા હશે તે બધા લોકોની જીંદગી તારે ખાતર બચાવશે અને તારે ખાતર તે પેલા લોકોનું જીવન પણ બચાવશે જે તારી સાથે વહાણ હંકારે છે.' [૨૫]તેથી માનવબંધુઓ પ્રસન્ન થાઓ! મને દેવમાં વિશ્વાસ છે. તેના દૂતે કહ્યું તે મુજબ જ બધું બનશે. [૨૬]પણ આપણે એક બેટ પર અથડાવું પડશે."

[૨૭]ચૌદમી રાત આવી ત્યારે અમે આંદ્રિયા સમુદ્રમાં આમ તેમ તરતા હતા. ખલાસીઓને લાગ્યું આપણે જમીનની નજીક છીએ. [૨૮]તેઓએ દોરડાને છેડે વજન લટકાવીને પાણીની અંદર ફેંક્યા. તેઓએ જોયું દરિયાની ઊંડાઈ ૧૨૦ ફૂટ હતી. તેઓ થોડા આગળ ગયા અને ફરીથી દોરડા નાખ્યા તો ત્યાં ૯૦ ફૂટ ઊંડાઈ હતી. [૨૯]ખલાસીઓને ભય હતો કે આપણે ખડકો સાથે અથડાઈશું. તેથી તેઓએ ચાર લંગર વહાણના પાછલા ભાગમાંથી પાણીમાં નાખ્યા. પછી તેઓ દિવસનો પ્રકાશ આવે તે માટે પ્રાર્થના કરવા લાગ્યા. [૩૦]કેટલાએક ખલાસીઓની ઈચ્છા વહાણ છોડીને જવાની હતી. તેઓએ (જીવનરક્ષા) મછવો પાણીમાં ઉતાર્યો. ખલાસીઓ બીજા માણસો વિચારે એમ ઈચ્છતા હતા કે તેઓ વહાણની સામેથી વધારે લંગર નાખતા હતા. [૩૧]પણ પાઉલે લશ્કરના સૂબેદાર અને બીજા સૈનિકોને કહ્યું, "જો આ લોકો વહાણમાં નહિ રહે તો પછી તેઓને બચાવાશે નહિ!" [૩૨]તેથી સૈનિકોએ દોરડાં કાપી નાખ્યાં અને જીવનરક્ષા મછવાને પાણીમાં છોડી દીધું.

[૩૩]જ્યારે અમે દિવસ ઉગવાની રાહ જોતા હતા ત્યારે પાઉલે બધા લોકોને કંઈક ખાવા માટે સમજાવવાની શરૂઆત કરી. તેણે કહ્યું, "ગયા બે અઠવાડિયાથી તમે ભૂખ્યા રહીને રાહ જોઈ છે. તમે ૧૪ દિવસ સુધી ખાધું નથી. [૩૪]હું તમને હવે વિનંતી કરું છું કે, તમે કંઈક ખાઓ." પછી તેણે આ કહ્યું. "તમારે જીવતા રહેવા માટે આ તમારા માટે જરૂરી છે. તમારામાંના કોઈના માથાનો એક વાળ પણ ખરવાનો નથી," [૩૫]પાઉલે કેટલીક રોટલી લીધી તેઓના બધાની સમક્ષ દેવની

સ્તુતિ કરી. તેણે એક ટુકડો તોડ્યો અને ખાવાની શરૂઆત કરી. ૩૬બધા લોકોને વધારે સારું લાગ્યું. તેઓ બધાએ પણ ખાવાનું શરૂ કર્યુ. ૩૭(ત્યાં વહાણમાં ૨૭૬ લોકો હતા.) ૩૮અમે અમારી ઈચ્છા મુજબ અમે બધું ખાધું. પછી અમે વહાણને હલકુ કરવા સમુદ્રમાં અનાજ નાખવાનું શરૂ કર્યુ.

### વહાણનો વિનાશ

૩૯જ્યારે દિવસનો પ્રકાશ આવ્યો ત્યારે ખલાસીઓએ જમીન જોઈ. પણ તેઓને તે જમીન ક્યાંની હતી તે ખબર ન હતી. તેઓએ (રેતીના) કાંઠાવાળી ખાડી જોઈ. ખલાસીઓની ઈચ્છા, જો તેઓ કરી શકે તો વહાણને કિનારા સુધી હંકારવાની હતી. ૪૦તેથી તેઓએ સુકાનને પકડી રાખવા દોરડાં અને લંગરો સમુદ્રમાં નાખ્યા. પછી તેઓએ તે સાથે દોરડાં પણ ઢીલા કરી દીધાં. સામેનો સઢ પવન તરફ ચઢાવી દીધો અને કિનારા તરફ હંકાર્યુ. ૪૧પણ વહાણ ત્યાં રેતીના કિનારા સાથે અથડાયું. વહાણનો આગળનો ભાગ ત્યાં ચોટી ગયો. તે વહાણ હાલી શકયું નહિ. પછી મોટા મોજાંઓએ વહાણના પાછળના ભાગના ટુકડા કરવાનું શરૂ કર્યુ.

૪૨સૈનિકોએ કેદીઓને મારી નાખવાનો નિર્ણય કર્યો, જેથી કોઈ પણ કેદી તરીને દૂર ભાગી શકે નહિ. ૪૩પરંતુ લશ્કરી સૂબેદાર પાઉલને જીવતો રાખવા ઈચ્છતો હતો. તેથી તેણે સૈનિકોને કેદીઓને મારી નાખવાની પરવાનગી આપી નહિ. જુલિયસે જે લોકો તરવા માટે પાણીમાં કૂદકો મારી જમીન સુધી તરી જઈ શકે તેમ હોય તેને પ્રથમ તેમ કરવા કહ્યું. ૪૪બીજા લોકોએ વહાણના પાટિયાં કે ટુકડાઓનો ઉપયોગ કર્યો અને આ રીતે બધા લોકો જમીન પર ઉતર્યા. તે લોકોમાંથી કોઈનું મૃત્યુ થયું નહિ.

### પાઉલ માલ્ટાના ટાપુ પર

૨૮ જ્યારે અમે જમીન પર સલામત હતા. અમે જાણ્યું કે તે ટાપુ માલ્ટા કહેવાતો હતો. ૨તે વખતે વરસાદ વરસતો હતો અને ખૂબ ઠંડી હતી. પણ જે લોકો ત્યાં રહેતા હતા તે અમારા પ્રત્યે ઘણા સારા હતા. તેઓએ અમારા માટે અગ્નિ સળગાવ્યો અને અમારા બધાનું સ્વાગત કર્યુ. ૩પાઉલે આગ માટે થોડીક સૂકી લાકડીઓ ભેગી કરી. પાઉલ તે અગ્નિમાં લાકડા નાખતો હતો ત્યારે ગરમીને કારણે એક ઝેરી સાપ બહાર આવ્યો અને પાઉલના હાથે કરડ્યો. ૪ટાપુ પર લોકોએ પાઉલના હાથ પર સાપને લટકતો જોયો. તેઓએ કહ્યું, "આ માણસ એક ખૂની હોવો જોઈએ. તે સમુદ્રમાં મૃત્યુ પામ્યો નહિ, પણ ન્યાય તેને જીવતો રહેવા દેવા ઈચ્છતો નથી." ૫પણ પાઉલે તે સાપને અગ્નિમાં ઝટકી નાખ્યો. પાઉલને કોઈ ઈજા થઈ નહિં. ૬લોકો ધારતા હતા કે પાઉલને સોજો ચડશે અથવા તો એકાએક પડીને તે મરી જશે. લોકોએ રાહ જોઈ અને લાંબા સમય સુધી ધ્યાનથી જોયું. પણ તેનું કંઈ જ ખોટું થયું નહિ. તેથી લોકોએ તેમના પાઉલ વિષેના અભિપ્રાય બદલ્યા. તેઓએ કહ્યું,"તે એક દેવ છે!" ૭ત્યાં તે જ પ્રદેશમાં કેટલાએક ખેતરો હતાં. તે ટાપુ પરનો એક મહત્વનો માણસ આ ખેતરોનો માલિક હતો. તેનું નામ પબ્લિયુસ હતું. તેણે તેના ઘરમાં અમારું સ્વાગત કર્યુ. પબ્લિયુસ મારા માટે ઘણો સારો હતો. અમે તેના ઘરમાં ઘણા દિવસ રહ્યા. ૮પબ્લિયુસનો પિતા ઘણો બિમાર હતો. તે તાવને લીધે પથારીવશ હતો. તેને મરડો થયો હતો. પરંતુ પાઉલ તેની પાસે ગયો અને તેના માટે પ્રાર્થના કરી. પાઉલે તેના હાથો તે માણસના માથા પર મૂક્યા અને તેને સાજો કર્યો. ૯આ બનાવ પછી ટાપુ પરના લોકો જેઓ બિમાર હતા તેઓ પાઉલ પાસે આવ્યા. પાઉલે તેઓને પણ સાજા કર્યા. ૧૦-૧૧ટાપુ ઉપરના લોકોએ અમને ઘણા માન સાથે ઘણી ભેટો આપી. ત્યાં અમે ત્રણ માસ રહ્યા. જ્યારે અમે વિદાય થવા તૈયાર થયા, લોકોએ અમને અમારી જરૂરી વસ્તુઓ આપી.

### પાઉલનું રોમમાં ગમન

અમે આલેકસાંદ્રિયા શહેરમાંથી એક વહાણમાં બેઠા. તે વહાણ શિયાળાના સમય દરમિયાન માલ્ટા ટાપુ પર રહ્યું. વહાણની સામે દિયોસ્કુરીની નિશાની હતી. ૧૨અમે સુરાકુસમાં આવ્યા ત્યાં સુરાકુસમાં ત્રણ દિવસ રહ્યા અને પછી વિદાય થયા. ૧૩અમે રેગિયુમ શહેરમાં આવી પહોંચ્યા. બીજે દિવસે દક્ષિણમાંથી પવન ફૂંકાવાની શરૂઆત થઈ. તેથી અમે વિદાય થવા સામર્થ્યવાન થયા. એક દિવસ પછી અમે પુત્યોલી શહેરમાં આવ્યા. ૧૪અમને ત્યાં કેટલાએક વિશ્વાસીઓ મળ્યા. તેઓએ પોતાની સાથે એક અઠવાડિયું રહેવા માટે કહ્યું. આખરે અમે રોમ આવ્યા. ૧૫રોમના વિશ્વાસીઓએ જાણ્યું કે અમે અહી હતા. તેઓ અમને આપિયસના બજારમાં અને ત્રણ ધર્મશાળાઓમાં મળવા માટે સામા આવ્યા. જ્યારે પાઉલે આ વિશ્વાસીઓને જોયા, તેને વધારે સારું લાગ્યું. પાઉલે દેવનો આભાર માન્યો.

### રોમમાં પાઉલ

[16]પછી અમે રોમ ગયા. રોમમાં પાઉલને એકલા
રહેવાની છૂટ મળી. પણ એક સૈનિક તેની ચોકી માટે
પાઉલની સાથે રહ્યો.
[17]ત્રણ દિવસ પછી પાઉલને કેટલાએક મહત્વના
યહૂદીઓના મુખ્ય માણસોને ભેગા બોલાવ્યા. જ્યારે
તેઓ ભેગા થયા. પાઉલે કહ્યું, "મારા યહૂદી ભાઈઓ,
મેં આપણા લોકોની વિરુદ્ધ કશું જ કર્યુ નથી. મેં આપણા
પૂર્વજોના રિવાજો વિરુદ્ધ પણ કંઈ કર્યુ નથી. પરંતુ
મને યરૂશાલેમમાં પકડીને રોમનોને હવાલે કરવામાં
આવ્યો છે. [18]તે રોમનોએ મને ઘણા પ્રશ્નો પૂછયા.
પરંતુ તેઓએ કયા કારણે મને મરણદંડ માટે યોગ્ય
ગણવા તે માટે તેઓ કોઈ કારણ શોધી શક્યા નથી.
તેથી તેઓ મને મુક્ત કરી દેવા ઈચ્છતા હતા. [19]પણ
ત્યાંના યહૂદીઓને તે જોઈતું ન હતું. તેથી મેં મારા
ન્યાય માટે વાંધો ઊઠાવ્યો અને કૈસર આગળ રોમમાં
આવવા માટે કહેવું પડ્યું. પરંતુ હું એમ કહેતો નથી કે
મારા લોકોએ કાંઈક ખોટું કર્યુ છે. [20]તે કારણે હું તમને
મળવા અને તમારી સાથે વાત કરવા ઈચ્છતો હતો. હું
આ સાંકળોથી બંધાયેલો છું કારણ કે મને ઈઝરાએલની
આશામાં વિશ્વાસ છે."
[21]યહૂદીઓએ જવાબ આપ્યો, "અમને
યહૂદીઓમાંથી તારા વિષે કોઈ પત્ર મળ્યો નથી. જે
યહૂદી ભાઈઓ ત્યાંથી (યહૂદિયામાંથી) મુસાફરી કરીને
આવ્યા છે તેમાંના કોઈ તારા વિષેના સમાચાર લાવ્યા
નથી કે અમને તારા વિષે કંઈ ખરાબ કહ્યું નથી. [22]અમને
તારા વિચારો સાંભળવાની ઈચ્છા છે. અમે જાણીએ
છીએ કે બધી જ જગ્યાએ લોકો આ સમૂહની વિરુદ્ધ
બોલે છે."
[23]પાઉલે અને યહૂદીઓએ સભા માટે એક દિવસ
પસંદ કર્યો. તે દિવસે એ યહૂદીઓના ઘણા લોકો પાઉલની
પાસે તેના ઉતારામાં આવ્યા. પાઉલ આખો દિવસ તેમની
સમક્ષ બોલ્યો. પાઉલે તેમને દેવના રાજ્યની સમજણ
આપી. પાઉલે ઈસુ વિષેની વાતોમાં વિશ્વાસ કરવા
તેઓને સમજાવવા માટે પ્રયત્ન કર્યો. તેણે મૂસાના
નિયમશાસ્ત્ર અને પ્રબોધકોના ધર્મશાસ્ત્રોનો ઉપયોગ આ
કરવા માટે કર્યો. [24]કેટલાએક યહૂદીઓએ પાઉલે કહેલી
વાતોમાં વિશ્વાસ કર્યો, પણ બીજાઓએ તેમાં વિશ્વાસ
ન કર્યો. [25]તેઓ દલીલ કરતા હતા. યહૂદીઓ જવા
તૈયાર હતા, પણ પાઉલે તેમને એક વધારાની બાબત
કહીં, "પવિત્ર આત્માએ યશાયા પ્રબોધક દ્વારા તમારા
પિતૃઓને (પૂર્વજોને) સત્ય કહ્યું છે. તેણે કહ્યું,

[26] 'આ લોકો (યહૂદીઓ) પાસે જાઓ અને તેઓને
કહો: તમે ધ્યાનથી સાંભળશો અને સાંભળશો,
પણ તમે સમજી શકશો નહિ! તમે જોશો અને
તમે જોયા કરશો, પણ તમે જે જુઓ છો તે સમજી
શકશો નહિ!
[27] હા, આ લોકોના (યહૂદીઓ) મન નબળા થઈ
ગયા છે. આ લોકોને કાન છે, પણ તેઓ ધ્યાનથી
સાંભળતા નથી. અને આ લોકો સત્ય જોવાની
ના પાડે છે. આમ બન્યું છે તેથી તેઓ તેઓની
પોતાની આંખો વડે પણ જોઈ શક્તા નથી, તેઓના
કાનોથી સાંભળે છે, અને તેઓના મનથી સમજે
છે. આમ બન્યું છે તેથી તેઓ મારી પાસે તેઓના
સાજા થવા માટે પણ આવશે નહિ."

*યશાયા ૬:૯-૧૦*

[28]"હે યહૂદીઓ, હું તમને જણાવવા ઈચ્છું છું કે દેવે
બિનયહૂદી લોકો માટે તેનું તારણ મોકલ્યું છે. તેઓ
ધ્યાનથી સાંભળશે!"
[29]"પાઉલે આ વાતો કહી ત્યાર પછી, યહૂદીઓ
ચાલ્યા ગયા. તેઓ માંહોમાંહે ઘણો વાદવિવાદ કરતા
હતા."*
[30]પાઉલ પોતાના ભાડાના ઘરમાં પૂરાં બે વરસ
રહ્યો. જેઓ તેને મળવા ત્યાં આવતા હતા. તે બધા
લોકોનો તેણે આદરસત્કાર કર્યો. [31]પાઉલે દેવના રાજ્ય
વિષેનો બોધ આપ્યો. તેણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે શીખવ્યું.
તે ઘણો બહાદુર હતો, અને કોઈએ તેને બોલતાં
અટકાવવા પ્રયત્ન કર્યો નહિ.

---

**કલમ ૨૯** કેટલીક પૂરાણી પ્રેરિતોનાં કૃત્યોની નકલોમાં કલમ ૨૯ ઉમેરવામાં આવી છે.

# રોમનોને પત્ર

૧ બધા લોકોને દેવની સુવાર્તા સંભળાવવા હું
પસંદગી પામેલ છું. દેવે મને એક પ્રેરિત થવા
બોલાવ્યો છે. એવા ખ્રિસ્ત ઈસુના દાસ પાઉલ તરફથી
કુશળતા હો.
૨તેના લોકોને આ સુવાર્તા આપવાનું વચન દેવે તેના
પ્રબોધકો મારફત આપ્યું હતું. પવિત્ર શાસ્ત્રમાં આ વચન
લખેલું છે. ૩આ સુવાર્તા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે
છે કે જે દેવનો દીકરો છે, જો કે એક વ્યક્તિ તરીકે તેનો
જન્મ દાઉદના કુટુંબમાં થયો હતો. ૪પવિત્ર આત્માના
પ્રતાપે મૂએલામાંથી પાછા ઉઠવાના પરાક્રમથી તેને દેવનો
દીકરો જાહેર કરવામાં આવ્યો હતો. ૫દેવે ખ્રિસ્ત દ્વારા,
તેના પ્રેરિત બનવાનું આ ખાસ મહત્વનું કામ મને
સોંપ્યું છે. બધા દેશોના લોકો દેવમાં વિશ્વાસ રાખીને
તેની આજ્ઞા પાળે એવું માર્ગદર્શન આપવાનું કામ દેવે
મને આપ્યું છે. ખ્રિસ્ત માટે આ કાર્ય હું કરી રહ્યો છું.
૬હે રોમવાસીઓ, તમે પણ ઈસુ ખ્રિસ્તના થવા માટે
તેડાયેલાં છો.
૭તમે તે લોકો છો જેઓને દેવ ચાહે છે અને પોતાના
પવિત્ર લોકો થવા માટે તમને બોલાવ્યા છે. એવા તમ
સર્વ લોકોને હું આ પત્ર લખું છું.
આપણા પિતા દેવથી અને પ્રભુ ઈસુ ખ્રિસ્તથી તમને
કૃપા અને શાંતિ થાઓ.

### આભારસ્તુતિની પ્રાર્થના

૮ઈસુ ખ્રિસ્ત દ્વારા હું દેવનો તમારા સર્વને માટે
આભાર માનું છું. તમે રોમવાસીઓ પણ દેવમાં અસીમ
વિશ્વાસ ધરાવો છો એવું કહેતા ઘણા લોકોને મેં સાંભળ્યા
છે. તેથી દેવનો આભાર માનું છું. ૯-૧૦જ્યારે જ્યારે હું
પ્રાર્થના કરું છું ત્યારે ત્યારે તમને યાદ કરું છું. દેવ જાણે
છે કે આ વાત સાચી છે. દેવના દીકરા વિષેની સુવાર્તા
લોકોમાં ફેલાવીને મારા આત્મા સાથે દેવની સેવા કરું
છું. તમો સર્વ રોમવાસીઓ વચ્ચે પ્રભુ મને આવવા દે
એવી મારી પ્રાર્થના છે. દેવની ઈચ્છા હશે તો એમ થશે.
૧૧તમ સૌને મળવાનું મને ઘણું મન થાય છે. હું તમને
કોઈ આત્મિક દાન આપીને વધારે સામર્થ્યવાન બનાવવા
ઈચ્છું છું. ૧૨હું એમ કહેવા માગું છું કે આપણને જેમાં
વિશ્વાસ છે તેના વડે આપણે એકબીજાને મદદ કરી
શકીએ છીએ. તમારો વિશ્વાસ મને મદદ કરશે, અને
મારો વિશ્વાસ તમને. ૧૩ભાઈઓ અને બહેનો, તમારા
આધ્યાત્મિક વિકાસમાં મદદરૂપ થવા માટે તમારી પાસે
આવવા અનેકવાર મેં તૈયારીઓ કરી હતી, પરંતુ મને
આવવા દીધો નથી, એની નોંધ લેવા વિનંતી. જેમ
બીજા બિન-યહૂદી લોકોને મેં જે રીતે મદદ કરી છે. તે
રીતે તમને પણ મદદ કરવાની મારી ઈચ્છા છે.
૧૪ગ્રીક લોકો તથા બિન-ગ્રીક લોકો, શાણા તેમ જ
મૂર્ખ લોકો કે જે સૌની સેવા મારે કરવી જોઈએ. ૧૫તેથી
જ રોમના લોકોને દેવની આ સુવાર્તા પહોંચાડવા હું
અત્યંત આતુર છું.
૧૬આ સુવાર્તા માટે હું ગર્વ અનુભવું છું. આ સુવાર્તા
એવા સામર્થ્યની છે, જેનો ઉપયોગ દેવ એવા લોકોને
બચાવવા માટે કરે છે જેઓ વિશ્વાસ રાખે છે. સૌ પ્રથમ
યહૂદીઓને પછી બિન-યહૂદીઓને. ૧૭દેવ લોકોને
પોતાની સાથે કેવી રીતે ન્યાયી બનાવે છે તે દર્શાવવાનો
આ સુવાર્તાનો હેતુ છે. આની શરૂઆત વિશ્વાસથી થાય
છે અને તેનો અંત પણ વિશ્વાસથી જ થાય છે. શાસ્ત્રમાં
કહ્યું છે તેમ, "દેવમાં વિશ્વાસ રાખીને જે વ્યક્તિ ન્યાયી
થશે તે અનંતકાળ સુધી જીવશે."*

### સઘણા પાપી છે

૧૮સત્ય જાણ્યાં છતાં પણ લોકો અનિષ્ટ જીવન જીવે
છે. તેથી આવા લોકો કે જે સત્ય ધર્મનો ત્યાગ કરીને
અનિષ્ટ અને ખોટા કર્મો કરતા હોય. તેમના પર સ્વર્ગમાંથી
દેવનો કોપ ઉતરે છે. ૧૯દેવ પોતાનો કોપ વ્યક્ત કરે છે,
કારણ કે તેના વિષે જે કંઈ જાણી શકાય તે બધું જ તેઓ
જાણે છે. કેમ કે દેવે જ તે તેમની આગળ પ્રગટ કર્યુ છે.
૨૦દેવની બાબતમાં કેટલીક વસ્તુઓ એવી છે જે જોઈ
ન શકાય તેવી છે. જેમ કે દેવનું સનાતન પરાક્રમ અને
(દેવત્વ) એવા અન્ય બધા જ ગુણો કે જે તેને દેવ

---

**દેવમાં વિશ્વાસ ... જીવશે"** હબા. ૨:૪.

બનાવે છે. પરંતુ આ જગતનો પ્રારંભ થયો ત્યારથી એ બધી બાબતો ઘણી સરળતાથી લોકો સમજી શકે એમ છે. દેવે જે વસ્તુઓનું સર્જન કર્યુ છે. એનું દર્શન કરીને દેવ વિષેની આ બાબતો લોકો સરળતાથી સમજી શકે છે. તેથી લોકો જે ખરાબ કાર્યો કરી રહ્યાં છે તેના પાપમાંથી છટકવા કોઈ પણ બહાનું ચાલશે નહિ. [21]આમ, દેવ વિષે સઘળું જાણ્યા પછી પણ તેઓએ દેવને મહિમા આપ્યો નહિ અને તેનો આભાર માન્યો નહિ. લોકોના વિચારોનું અધઃપતન થયું. તેમના મૂર્ખ મનમાં પાપરૂપી અંધકાર (પાપ) છવાઈ ગયો. [22]લોકોએ જ્ઞાની હોવાનો દાવો કર્યો. પરંતુ તેઓ તેમની જાતે મૂર્ખ બન્યા. [23]અવિનાશી દેવના મહિમાને બદલે, પૃથ્વી પરના માનવો જેવી મૂર્તિઓ બનાવીને લોકો તેની ભક્તિ કરવા લાગ્યા. પશુ, પક્ષી અને નાગો જેવી વસ્તુઓ દ્વારા લોકો દેવના મહિમાનો વેપાર કરવા લાગ્યા.

[24]માત્ર અનિષ્ટ કાર્યો કરવાની ઈચ્છાને કારણે લોકોનું જીવન આમ પાપમય બની ગયું. તેથી દેવે તેઓનો ત્યાગ કર્યો અને તેઓને મન ફાવે તેમ પાપના માર્ગે ચાલવા દીધા. લોકોએ નૈતિક અપવિત્રતાના કાર્યોમાં રોકાઈને પાપ કર્યા અને તેઓના શરીરનું અપમાન કર્યુ. [25]દેવ વિષેના સત્યનો અનાદર કરીને એ લોકોએ અસત્યનો વેપાર ચલાવ્યો. જેણે દરેક વસ્તુઓનું સર્જન કર્યુ તે દેવની સેવા–ભક્તિ કરવાને બદલે એ લોકો દેવ સર્જિત ભૌતિક વસ્તુઓની ભક્તિ તથા ઉપાસના કરવા લાગ્યા. ખરેખર તો લોકોએ ઉત્પન્નકર્તાની સર્વકાળ સ્તુતિ કરવી. આમીન.

[26]લોકોએ એવાં પાપી કાર્યો કર્યા તેથી, દેવે તેમને તરછોડી દીધા અને તેઓની ઈચ્છા મુજબ તેઓને શરમજનક મનોવિકારમાં રાખ્યા. પુરુષો સાથે સ્વાભાવિક રીતે લગ્ન સબંધ માણવાનું સ્ત્રીઓએ બંધ કર્યુ. તેને બદલે અન્ય સ્ત્રીઓ સાથે સ્ત્રીઓ અસ્વાભાવિક વ્યવહાર કરવા લાગી. [27]એ જ પ્રમાણે, સ્ત્રીઓ સાથે સ્વાભાવિક લગ્ન સંબંધ ભોગવવાને બદલે પુરુષો પણ એકબીજા સાથેની સજાતીય ઈચ્છાથી બળવા લાગ્યા. આમ પુરુષો એકબીજા સાથે શરમજનક વ્યવહાર કરવા લાગ્યા. તેથી આવા અયોગ્ય વ્યવહારને કારણે તેઓને પોતાની ભૂલનું યોગ્ય ફળ પોતાને શરીરે ભોગવવું પડ્યું.

[28]દેવ વિશે સાચું જ્ઞાન મેળવવું એ જ મહત્વની બાબત છે એમ લોકો સમજી શક્યા નહિ. તેથી દેવે આવા લોકોનો ત્યાગ કર્યો અને તેઓને નક્કામા અને અવિચારી માર્ગે જવા દીધા. જે ન કરવું જોઈએ એવું લોકો કરતા આવ્યા છે. [29]સ્વાર્થ, ધિક્કાર, અનિષ્ટ એમ દરેક પ્રકારનાં પાપ વડે એ લોકોનું જીવન ભરપૂર જણાય છે. એકબીજા માટે ખરાબમાં ખરાબ વિચારો ધરાવતા આ લોકોમાં ઈર્ષ્યા, ખૂન, ઝઘડા, જૂઠાણું (છેતરપીંડી) વગેરે અનેક અનિષ્ટ પાપોએ પ્રવેશ કર્યો છે. [30]તેઓ એકબીજા વિષે નિંદા કર્યા કરે છે. તેઓ આ રીતે દેવને પણ ધિક્કારે છે. તેઓ ઉદ્ધત અને મિથ્યાભિમાની છે અને પોતાના વિષે બડાશો માર્યા કરે છે. અનિષ્ટ કરવાના નવા નવા માર્ગો તેઓ શોધી કાઢે છે. તેઓ પોતાના મા–બાપની આજ્ઞા પણ પાળતા નથી. [31]તેઓ મૂર્ખ છે, તેમનાં વચન પાળતા નથી, અને તેઓ બીજા લોકો પ્રત્યે દયા, મમતા, ભલાઈ દર્શાવતા નથી. [32]તેઓ સારી રીતે જાણે છે કે જે આવું કરે છે તે દેવના નિયમ મુજબ મૃત્યુને લાયક છે. તેમ છતાં પોતાની જાતે તેઓ આવા કાર્યો કરવાનું ચાલુ જ રાખે છે. એટલું જ નહિ પણ તેઓ જેમને આ રીતે વર્તતા જુએ છે તેઓને પણ ઉત્તેજન આપે છે.

### તમે યહૂદીઓ પણ પાપી છો

૨ જો તમે એમ માનતા હો કે તમે બીજા લોકોનો ન્યાય કરી શકો છો, તો એ તમારી ભૂલ છે. તમે પોતે પણ પાપથી અપરાધી થયેલા છો. તમે બીજા લોકોનો ન્યાય કરવાનો પ્રયત્ન કરો છો, પરંતુ તેઓની માફક તમે પણ ખરાબ કર્મો કરવામાં રચ્યાપચ્યા રહો છો. બીજા લોકોને અપરાધી સિદ્ધ કરવાની પ્રવૃતિ કરીને ખરેખર તો તમે પોતે અપરાધી ઠરો છો. [2]જે લોકો ખરાબ કર્મો કરે છે, તેમનો ન્યાય કરનાર તો દેવ છે અને આપણે જાણીએ છીએ તેમ દેવનો ન્યાય સાચો હોય છે. [3]જે લોકો ખોટાં કર્મો કરે છે તેમનો ન્યાય તમે કરો છો પરંતુ એવાં અનિષ્ટ કાર્યો તમે પોતે પણ કરો જ છો. તેથી આ વાત બરાબર ખાતરીપૂર્વક સમજી લેશો કે દેવ તમારો પણ ન્યાય કરશે. તમે એમાંથી છટકી શકવાના નથી. [4]દેવ તો હંમેશા તમારા પર ભલાઈ કરતો રહ્યો છે અને તમારા જીવનમાં પરિવર્તન આવે એની ધીરજપૂર્વક રાહ જોઈ રહ્યો છે. પરંતુ દેવની આ ભલાઈની તમને તો કઈં પડી જ નથી. પસ્તાવો થાય એ માટે દેવની કૃપા હંમેશા તમારા પર વરસતી હોય છે. એ તમે કદાચ સમજતા જ નથી. [5]પરંતુ તમે લોકો કઠણ અને હઠાગ્રહી છો. જીવનમાં પરિવર્તન પામવાની વાતને તમે ઘસીને ના પાડી દો છો. આ રીતે, દેવ તમને જે શિક્ષા ફરમાવશે એમાં તમે વધુ ને વધુ ઉમેરો કરતા જાઓ છો.ન્યાયના દિવસે દેવ જ્યારે પોતાનો કોપ પ્રગટ

કરશે ત્યારે તમને યોગ્ય શિક્ષા (દંડ) મળશે; અને તે
દિવસે દેવના સાચા ન્યાયનો લોકોને અનુભવ થશે.
૬દરેક વ્યક્તિને તેનાં કાર્યો અનુસાર દેવ તેને યોગ્ય રીતે
શિક્ષા કરશે. ૭કેટલાક લોકો તો જાણે કે દેવના મહિમા
માટે જ જીવતા હોય છે. તેઓ પોતાની સારી પ્રતિષ્ઠાનું
જતન કરતાં અવિનાશી જીવન જીવી જાય છે. હંમેશા
તેઓ સતત સારાં કામો કરવા સારું પોતાનું જીવન જીવતા
હોય છે. દેવ એવા લોકોને અનંતજીવન આપશે. ૮પરંતુ
બીજા કેટલાએક લોકો સ્વાર્થી હોય છે અને સત્યનો
માર્ગ સ્વીકારવાનો ઈન્કાર કરી દે છે. અનિષ્ટને
અનુસરનારા લોકોને દેવનો કોપ અને શિક્ષા વહોરવી
પડશે. ૯સૌ પ્રથમ યહૂદીઓને અને પછી બિન-
યહૂદીઓને એમ જે કોઈ વ્યક્તિ ખરાબ કામો કરશે
તેને દેવ દુ:ખો અને યાતનાઓ આપશે. ૧૦પરંતુ સારાં
કામો કરનાર દરેક વ્યક્તિને દેવ મહિમા, માન અને
શાંતિ આપશે-ભલે પછી તે યહૂદી હોય કે બિન-યહૂદી.
૧૧કોઈ પણ જાતના ભેદભાવ વગર એક સમાન ધોરણે
દેવ સર્વનો ન્યાય કરે છે.

૧૨જે લોકો પાસે મૂસાનું નિયમશાસ્ત્ર* છે અને એવા
લોકો કે જેઓએ નિયમશાસ્ત્ર સાંભળ્યું નથી. તેઓ બધા
જ જ્યારે પાપ કરે છે ત્યારે એક સમાન કક્ષાએ આવી
જાય છે. જે લોકો પાસે નિયમશાસ્ત્ર નથી અને જે પાપીઓ
છે તેઓ નાશ પામશે. અને જે લોકો પાસે નિયમશાસ્ત્ર
છે અને તેઓ પાપી છે તેઓનો ન્યાય નિયમથી થશે.
૧૩આ નિયમશાસ્ત્ર માત્ર સાંભળી લેવાથી દેવની નજરે
ન્યાયી થવાશે નહિ. એ નિયમશાસ્ત્ર પ્રમાણે જે લોકો
આજ્ઞા પાળે છે તે દેવની સાથે નિયમ મુજબ ન્યાયી
ઠરશે. ૧૪ (બિનયહૂદી લોકો પાસે નિયમશાસ્ત્ર હોતુ નથી,
નિયમશાસ્ત્ર જાણ્યા વગર પણ પોતાની સ્વતંત્ર બુદ્ધિ
વડે નિયમ મુજબ તેઓ વર્તે છે. જો કે તેઓને નિયમ
મળ્યો નથી છતાં તેઓ તેમની જાત માટે નિયમરૂપ છે.
૧૫તેઓ તેમના હૃદયમાં તે બતાવે છે. નિયમની અપેક્ષા
મુજબ સાચું શું છે અને ખોટું શું છે તે તેઓના કામ
દેખાડી આપે છે. જ્યારે તેઓ ખોટું કરે છે ત્યારે તેમના
વિચારો તેમને કહે છે કે તેઓએ ખોટું કર્યુ છે, અને
તેઓ ગુનેગારની લાગણી અનુભવે છે. કેટલીક વાર તર્ક
બુદ્ધિથી એમને લાગે કે એમણે જે કંઈ કર્યુ છે તે યોગ્ય
છે ત્યારે તેઓ અપરાધ ભાવનાથી પીડાતા નથી.) ૧૬જે
દિવસે દેવ ન્યાય ચૂકવશે ત્યારે લોકોના હૃદયમાં
છુપાયેલી ગુપ્ત વાતો બહાર આવશે. હું જે સુવાર્તાનો
ઉપદેશ આપું છું તે કહે છે. દેવ, ખ્રિસ્ત ઈસુ દ્વારા
લોકોનો ન્યાય કરશે.

### યહૂદીઓ અને નિયમશાસ્ત્ર

૧૭પાઉલ યહૂદીઓને કહે છે: તમારા વિષે શું કહેવું,
શું માનવું? તમે તો યહૂદી હોવાનો દાવો કરો છો. નિયમના
આધારે તમે દેવની નજીક હોવાનું અભિમાન ધરાવો
છો. ૧૮દેવ તમારી પાસે કેવી અપેક્ષા રાખે છે તે તમે
સારી રીતે જાણો છો. જે બાબતો અગત્યની છે તે પણ
તમે જાણો જ છો કારણ કે નિયમશાસ્ત્રમાં તમે તેવું
શીખ્યા છો. ૧૯તમે માનો છો કે જે લોકો સાચો માર્ગ
જાણતા નથી, તેઓના માર્ગદર્શક તમે છો. જે લોકો
અંધકારમાં છે તેમના માટે પ્રકાશરૂપ તમે છો. ૨૦તમે
એમ ધારો છો કે મૂર્ખ માણસોને સાચો માર્ગ તમે બતાવી
શકશો જે લોકોને હજી પણ શીખવાની જરૂર છે તેમના
શિક્ષક તમે છો એમ તમે માનો છો. નિયમ શીખવાથી
તમે વિચારો છો કે તમે બધું જ જાણો છો અને સર્વ
સત્ય તમારી પાસે જ છે. ૨૧તમે બીજા લોકોને ઉપદેશ
આપો છો, તો પછી તમારી જાતને ઉપદેશ કેમ આપતા
નથી? તમે લોકોને કહો છો કે ચોરી ન કરવી, પરંતુ તમે
પોતે જ ચોરી કરો છો. ૨૨તમે લોકોને કહો છો કે
વ્યભિચારનું પાપ ન જ કરવું જોઈએ, પરંતુ તમે પોતે
એ પાપના અપરાધી છો. તમે મૂર્તિ-પૂજાને ધિક્કારો
છો, પરંતુ મંદિરોને લૂંટો છો. ૨૩દેવના નિયમશાસ્ત્રનું
જ્ઞાન હોવાની તમે બડાશો મારો છો પરંતુ નિયમશાસ્ત્રનું
ઉલ્લંઘન કરીને તમે દેવને શરમાવો છો. ૨૪શાસ્ત્રોમાં
લખેલું છે કે: "તમારા કારણે બિનયહૂદીઓમાં દેવના
નામની નિંદા થાય છે."

૨૫જો તમે નિયમનું પાલન કરતા હોય તો જ સુન્નત
કરાવી સાર્થક ગણાય. પરંતુ જો તમે નિયમશાસ્ત્રનું
ઉલ્લંઘન કરતા હશો તો તમે સુન્નત કરાવી જ નથી
એમ ગણાશે. ૨૬બિનયહૂદીઓ સુન્નત કરાવતા નથી.
છતાં નિયમો જે માંગે છે, તે પ્રમાણે કરતા હોય તો
તેમણે સુન્નત કરાવી છે એમ મનાશે. ૨૭યહૂદી લોકો
પાસે તો દેવનું લેખિત નિયમશાસ્ત્ર છે અને તમે તો
સુન્નત કરાવી છે. છતાં પણ તમે નિયમનો ભંગ કરતા
જ રહો છો. તેથી એવા લોકો કે જેમણે શારીરિક દષ્ટિએ
સુન્નત કરાવી નથી. છતાં દેવ-આજ્ઞાનું પાલન કરે છે,
તેઓનું જીવન એ બતાવે છે કે તમે લોકો અપરાધી છો.

૨૮સાચા યહૂદી હોવું એ માત્ર સાદી સરળ બાહ્ય
નિશાનીઓની બાબત નથી. અને સાચી સુન્નત તો
શારીરિક નિશાની કરતાં વધારે છે. ૨૯જે વ્યક્તિ પોતાના

---

**નિયમશાસ્ત્ર** મૂસાએ દેવના જે નીતિ નિયમો લોકોને સમજાવ્યા હતા તે.

અંત:કરણમાં યહૂદી હશે તે જ સાચો યહૂદી ગણાશે.
સાચી સુન્નત તો પવિત્ર આત્માથી કરાવાની હોય છે,
લેખિત નિયમ વડે થતી સુન્નત સાચી નથી. અને જ્યારે
આત્મા દ્વારા કોઈ વ્યક્તિના હૃદયની સુન્નત થાય છે,
ત્યારે લોકો તેની પ્રશંસા કરતા નથી પરંતુ દેવ તરફથી
તેમની પ્રશંસા પ્રાપ્ત થાય છે.

૩ તો શું યહૂદીઓ પાસે એવું કંઈ વિશિષ્ટ છે કે જે
અન્ય લોકો પાસે નથી? સુન્નત શું કોઈ વિશિષ્ટ
લાભ આપે છે? ૨હા, યહૂદીઓને અનેક વિશિષ્ટ લાભો
છે. સૌથી અગત્યની વાત એ છે કે: બીજા લોકોને બદલે
દેવે યહૂદીઓમાં વિશ્વાસ મૂક્યો અને તેઓને ઉપદેશ
આપ્યો. ૩જો કે એ સાચું છે કે કેટલાએક યહૂદીઓ
દેવને વિશ્વાસુ ન રહ્યા. પરંતુ શું એ કારણે દેવે જે
વચન આપ્યા છે તે એ પૂર્ણ નહિ કરે? ૪ના! જગતના
બધા જ લોકો ભલે જૂઠા સાબિત થાય. તો પણ દેવ તો
સાચો જ ઠરે. શાસ્ત્રોમાં કહ્યું છે તેમ:

"તારા વચનો સત્ય સાબિત થશે, અને તારા
ન્યાયમાં તું હંમેશા વિજયવંત થઈશ."

*ગીતશાસ્ત્ર ૫૧:૪*

૫જ્યારે આપણે ખોટું કરીએ છીએ ત્યારે, તે સ્પષ્ટતાથી
દર્શાવે છે કે દેવ સાચો છે. જો આ બાબત હોય તો પછી
આપણે કહી શકીએ કે આપણને શિક્ષા કરવી તે દેવ
માટે અયોગ્ય છે? (હું માણસોની રૂઢિ પ્રમાણે બોલું છું.)
૬ના! જો દેવ આપણને શિક્ષા ન કરે તો, પછી તે દુનિયાનો
ન્યાય કરી શકશે નહિ.

૭કોઈ વ્યક્તિ આવી દલીલ કરી શકે? "જો હું જૂઠું
બોલું, તો તેનાથી દેવની કીર્તિ વધશે, કેમકે મારું અસત્ય
દેવના સત્યને પ્રગટ કરશે. તો પછી શા માટે મને પાપી
ઠરવો છો?" ૮કેટલાએક લોકો એવો દાવો કરે છે કે આમ
કહેવું એ એમ કહેવા બરાબર છે કે, "આપણે અનિષ્ટ
કરવું જોઈએ જેથી સારું થાય." આગમન થાય તે રીતે
ખોટા દાવાઓ કરીને લોકો અમારા પર આરોપ મૂકે છે,
કે અમે એ રીતે ઉપદેશ આપીએ છીએ કે જે લોકો ખોટા
દાવા કરે છે તે ખોટા છે ને દેવે તેમને શિક્ષા કરવી
જોઈએ.

### સઘળાએ પાપ કર્યું છે

૯તો શું આપણે યહૂદીઓ બીજા લોકો કરતાં વધારે
સારા છીએ? ના! અમે તો માત્ર હમણા જ આક્ષેપ કર્યો
કે બધા જ લોકો યહૂદીઓ-બિનયહૂદીઓ સૌ પાપની
સત્તા હેઠળ છે. ૧૦શાસ્ત્રોમાં કહ્યું છે તેમ: "પાપ કર્યું ના
હોય એવી કોઈ વ્યક્તિ નથી,

એક પણ નથી! શાસ્રમાં લખ્યાં પ્રમાણે કોઈ ન્યાયી
નથી."

૧૧ એવું કોઈ નથી જે સમજે. એવું કોઈ નથી જે
ખરેખર દેવ સાથે રહેવા ઈચ્છતું હોય.

૧૨ સૌ લોકો દેવથી દૂર ભટકી ગયા છે, અને એ
બધાએ પોતાની યોગ્યતા ગુમાવી છે. કોઈ પણ
વ્યક્તિ સત્કર્મ આચરતી જણાતી નથી. એક પણ
નહિ!"

*ગીતશાસ્ત્ર ૧૪:૧-૩*

૧૩ "લોકોનું મોં ખુલ્લી કબરો જેવું છે; તેઓની જીભો
જૂઠું બોલી રહી છે."

*ગીતશાસ્ત્ર ૫:૯*

"ઝેર ઓકતા સર્પોની જેમ તેઓ કડવી વાણી
બોલતા ફરે છે;"

*ગીતશાસ્ત્ર ૧૪૦:૩*

૧૪ "તેઓનું મોં કડવાશ અને શાપથી ભરેલું છે."

*ગીતશાસ્ત્ર ૧૦:૭*

૧૫ "બીજા લોકોને ઈજા કરવા અને મારી નાખવા
લોકો હંમેશા તત્પર હોય છે;

૧૬ તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં વિનાશ નોતરે છે
અને દુ:ખો ફેલાવે છે.

૧૭ લોકોને શાંતિનો માર્ગ સૂઝતો જ નથી."

*યશાયા ૫૯:૭-૮*

૧૮ "તેઓને દેવ પ્રત્યે આદર કે ડર નથી."

*ગીતશાસ્ત્ર ૩૬:૧*

૧૯આપણે જાણીએ છીએ કે નિયમશાસ્ત્ર જે કહે છે
તે બાબતો એવા માણસોને સંબોધીને કહેવામાં આવી
છે કે જેઓ નિયમ હેઠળ છે. આ બાબત તેમને કોઈ
પણ બહાના કાઢતા અટકાવે છે. તેથી આખું વિશ્વ દેવના
ચુકાદા સામે ઉઘાડું પડી જશે. ૨૦શા માટે? કારણ કે
નિયમશાસ્ત્ર જે ઈચ્છે છે તેના પાલન વડે કોઈ પણ
વ્યક્તિ દેવ આગળ ન્યાયી ઠરી શકે નહિ કારણ
નિયમશાસ્ત્ર આપણને માત્ર આપણા પાપોથી સભાન
કરે છે.

### કઈ રીતે દેવ લોકોને ઉદ્ધાર યોગ્ય બનાવે છે

[૨૧]નિયમશાસ્ત્ર વિના લોકોને સાચા બનાવવા માટે
હવે દેવ પાસે એક નવો માર્ગ છે. અને એ નવો માર્ગ
દેવે આપણને બતાવ્યો છે. જૂના કરારે અને પ્રબોધકોએ
આપણને આ નવા માર્ગ વિષે અગાઉ કહેલું જ છે.
[૨૨]ઈસુ ખ્રિસ્તમાં જે લોકો વિશ્વાસ રાખશે તેમના ઉદ્ધાર
માટે દેવ તેમને ન્યાયી બનાવશે. જે લોકો ખ્રિસ્તમાં
વિશ્વાસુ છે, એવા સૌ લોકોનો ઉદ્ધાર દેવ કરશે.
[૨૩]સઘળાએ પાપ કર્યું છે તેથી દેવના મહિમા વિષે સઘળા
અધૂરા છે. [૨૪]દેવની કૃપાથી લોકોને દેવ સાથે ન્યાયી
બનાવાય છે. અને તે વિનામૂલ્ય ભેટ છે. ઈસુ ખ્રિસ્ત
જે આપણને પાપમાંથી મુક્ત કરે છે તેના દ્વારા આ
પરિપૂર્ણ થાય છે. [૨૫]દેવે ઈસુને એવા માર્ગ તરીકે આપ્યો
જેનાથી વિશ્વાસ દ્વારા લોકોના પાપોને માફી મળી છે.
દેવ ઈસુના રક્ત દ્વારા માફ કરે છે. આના દ્વારા દેવે
દર્શાવ્યું કે તે ન્યાયી હતો. જ્યારે ભૂતકાળમાં થયેલા
લોકોનાં પાપોને તેની સહનશીલતાને લીધે તેણે દરગુજર
કર્યા. [૨૬]અને હવે આપણી વચ્ચે ઈસુને મોકલીને દેવ
એ બતાવવા માગે છે કે દેવ જે કરે છે તે સત્ય છે. દેવે
આમ કર્યું જેથી તે ન્યાયોચિત ન્યાય આપતી વખતે
ઈસુમાં જેને વિશ્વાસ છે તેને તે જ સમયે ન્યાયી ઠરાવશે.

[૨૭]તો પછી પોતાના માટે વડાઈ કરવાનું ક્યાં રહ્યું?
તેનું સ્થાન નથી. નિયમશાસ્ત્ર જે કામની અપેક્ષા રાખે
છે તેને અનુસરવાથી નહિ પણ વિશ્વાસના માર્ગે કે
જેમાં વડાઈનો સમાવેશ થયેલ નથી. [૨૮]તો એવું કેમ
હશે? કારણ કે આપણે માનીએ છીએ કે નિયમ મુજબ
મનુષ્યો જે કંઈ કરે છે તેને લીધે નહિ, પરંતુ દેવમાં
વિશ્વાસ દ્વારા જ દેવ આપણને ઉદ્ધારને યોગ્ય બનાવે
છે. લોકો નિયમશાસ્ત્રની કરણીઓથી નહિ પણ
વિશ્વાસથી ન્યાયી ઠરે છે. [૨૯]દેવ માત્ર યહૂદીઓનો જ
દેવ નથી, બિન-યહૂદીઓનો પણ તે દેવ છે. [૩૦]દેવ
માત્ર એક જ છે અને તે યહૂદીઓને તેમજ
બિનયહૂદીઓને એમના વિશ્વાસના આધારે ન્યાયી
ઠરાવશે. [૩૧]તેથી આપણે વિશ્વાસના માર્ગને
અનુસરવાથી, નિયમશાસ્ત્રથી દૂર રહીને કાર્ય કરતા નથી.
ના! તેને બદલે અમે તો નિયમશાસ્ત્રને તેનું યોગ્ય સ્થાન
આપીએ છીએ.

### ઈબ્રાહિમનું દૃષ્ટાંત

૪ તો આપણા લોકોના પૂર્વજ ઈબ્રાહિમ વિષે આપણે
શું કહી શકીએ છીએ? વિશ્વાસ વિષે તેઓ શું
શીખ્યા? [૨]જે કામો ઈબ્રાહિમે કર્યાં એનાથી જ દેવે તેને
ન્યાયી ઠરાવ્યો હોત તો તેને બડાશ મારવાનું બહાનું
મળી જાત. પરંતુ ઈબ્રાહિમ દેવ આગળ બડાશ મારી
શક્યો નહિ. [૩]ધર્મશાસ્ત્ર કહે છે: "ઈબ્રાહિમ દેવમાં માનતો
હતો. અને દેવે તેના વિશ્વાસનો સ્વીકાર કર્યો. તે વિશ્વાસે
ઈબ્રાહિમને દેવ સાથે ન્યાયી ઠરાવ્યો."* [૪]જ્યારે કોઈ
વ્યક્તિ કામ કરે છે, ત્યારે એને આપવામાં આવતો પગાર
બક્ષિસ તરીકે અપાતો નથી. તે જે પગાર મળે છે તે
તેનાં કામની કમાણી છે. [૫]પરંતુ મનુષ્ય એવું કોઈ પણ
કામ કરી શકતો નથી કે જે તેને દેવ સાથે ન્યાયી ઠરાવી
શકે. તેથી તે માણસે દેવમાં વિશ્વાસ રાખવો જજોઈએ
પછી જ દેવ તે વ્યક્તિના વિશ્વાસનો સ્વીકાર કરે છે
અને તે વિશ્વાસ તેને દેવ સાથે ન્યાયી ઠરાવે છે. દેવ
એક છે જે અધર્મીને પણ ન્યાયી બનાવે છે. [૬]દાઉદે આ
જ વાત કહી છે. દાઉદે કહ્યું છે કે કોઈ વ્યક્તિએ કેવાં
કેવાં કામો કર્યાં છે એ જોયા વગર દેવ જ્યારે તેને એક
સારા માણસ તરીકે સ્વીકારી લે છે. તેને ધન્ય છે.

૭ "જ્યારે લોકોના અપરાધો માફ કરાય છે, અને
જેઓનાં પાપો ઢંકાઈ જાય છે, તેઓને ધન્ય છે!
૮ અને જ્યારે પ્રભુ કોઈ વ્યક્તિને લેખે પાપ નહિ
ગણીને સ્વીકારી લે છે ત્યારે, તે માણસને ધન્ય
છે!"

*ગીતશાસ્ત્ર ૩૨:૧–૨*

[૯]તો શું જે યહૂદીઓએ સુન્નત કરાવી છે તેઓને જ
આ આનંદની અનુભૂતિ થાય છે? કે પછી, જેમણે સુન્નત
કરાવી નથી એમને પણ એવો આનંદ પ્રાપ્ત થશે? એટલા
માટે મેં અગાઉથી કહ્યું છે કે દેવે ઈબ્રાહિમના વિશ્વાસને
સ્વીકાર્યો અને તે વિશ્વાસે જ તેને દેવ પ્રાપ્તિ માટે
ન્યાયી ઠરાવ્યો. [૧૦]તો આ કેવી રીતે થયું? ઈબ્રાહિમે
તેની સુન્નત કરાવી તે પહેલાં કે ત્યાર પછી દેવે તેનો
સ્વીકાર કર્યો? તેની સુન્નત પહેલાં જ દેવે તેને સ્વીકારી
લીધો હતો. [૧૧]ઈબ્રાહિમ જ્યારે સુન્નત વગરનો હતો
ત્યારે તે વિશ્વાસના માર્ગે દેવ સાથે ન્યાયી થયો હતો.
તે સાબિત કરવા માટે પાછળથી તેણે સુન્નત કરાવી.
આ રીતે ઈબ્રાહિમ જે બધા લોકોએ સુન્નત નથી કરાવી
તેનો પૂર્વજ છે તેથી દેવે આ લોકોને દેવ સાથે ન્યાયી
હોવાની માન્યતા આપી છે. [૧૨]જે લોકોની સુન્નત કરવામાં
આવી છે તેમનો પૂર્વજ પણ ઈબ્રાહિમ જ છે. માત્ર
તેઓની સુન્નતને કારણે ઈબ્રાહિમને પિતાનું સ્થાન મળ્યું
નથી. આપણા પૂર્વજ ઈબ્રાહિમ સુન્નત પહેલા જે

---

**ઈબ્રાહિમ … ન્યાયી ઠરાવ્યો"** ઉત. ૧૫:૬.

વિશ્વાસ ધરાવતો હતો, એવું વિશ્વાસભર્યુ જીવન જો તેઓ જીવે તો જ ઈબ્રાહિમ તેમનો પિતા ગણાય.

### વિશ્વાસથી દેવનું વચન (કૃપા) પ્રાપ્ત થાય છે

૧૩ઈબ્રાહિમ અને તેના વંશજોને નિયમના પાલનથી નહિ પણ વિશ્વાસથી દેવ સાથે ન્યાયી ઠરાવ્યા હતા. તેથી દેવનું વચન મળ્યું કે આખી દુનિયાની સમૃધ્ધિ અને સુખ તેને વારસામાં મળે. ૧૪દેવના વચન પ્રમાણે ધર્મશાસ્રને અનુસરવાથી જ જો લોકોને બધું વારસામાં મળી જતું હોય, તો પછી વિશ્વાસનું કોઈ મૂલ્ય નથી. અને એ રીતે ઈબ્રાહિમને મળેલું વચન પણ નિરર્થક છે. ૧૫શા માટે? કેમ કે નિયમનું લક્ષણ એ છે કે જ્યારે તેનું પાલન કરવામાં આવતું નથી, ત્યારે દેવનો કોપ ઉતરે છે. પરંતુ જો નિયમનું અસ્તિત્વ જ ન હોય તો, તેનું ઉલ્લંઘન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

૧૬આમ લોકો દેવનું વચન વિશ્વાસ દ્વારા મેળવે છે. દેવે વિશ્વાસનો માર્ગ સૂચવ્યો છે, તેથી તે સઘળાંને વિનામૂલ્યે ભેટ તરીકે આપી શકાય. તેથી ઈબ્રાહિમના બધા વંશજોને દેવનું વચન વિનામૂલ્ય ભેટ છે. તે એમ નથી કે દેવની કૃપા માત્ર નિયમ પ્રમાણે જીવનારા માટે જ છે. કોઈ પણ માણસ કે જે ઈબ્રાહિમના જેમ વિશ્વાસથી જીવે છે તેને પણ વચન મળી શકે છે. ઈબ્રાહિમ આપણા સૌનો પૂર્વજ છે. ૧૭શાસ્રોમાં લખેલું છે એ પ્રમાણે; "મેં તને (ઈબ્રાહિમ) અનેક પ્રજાઓનો પિતા બનાવ્યો છે."* દેવની સાક્ષીએ આ વાત સત્ય છે. ઈબ્રાહિમે દેવ પર વિશ્વાસ કર્યો તે દેવ કે જે મૂએલાઓને સજીવન કરે છે, અને જે વસ્તુઓ કે ઘટનાઓ હજી સુધી બની નથી તેને પ્રગટ કરનાર છે.

૧૮ઈબ્રાહિમને ત્યાં બાળકો થાય એવી કોઈ આશા ન હતી. પરંતુ ઈબ્રાહિમને દેવમાં વિશ્વાસ હતો, અને આશા સેવવાનું તેણે ચાલુ રાખ્યું. તેથી જ તો ઘણી પ્રજાઓનો તે પૂર્વજ થયો. દેવે તેને કહ્યું હતું, "તને ઘણાં વંશજો મળશે."* ૧૯ઈબ્રાહિમ જ્યારે લગભગ સો વર્ષનો થયો, ત્યારે તે બાળકોના પિતા બનવાની ઉંમર વિતાવી ચૂક્યો હતો. વળી, તેણે આ જાણ્યું કે સારા (તેની પત્ની) ને બાળકો થાય એવી કોઈ શક્યતા ન હતી. તે પોતાના દઢ વિશ્વાસમાંથી જરા પણ ડગ્યો નહિ. ૨૦દેવનું વચન ધ્યાનમાં રાખીને તેણે અવિશ્વાસથી સંદેહ આણ્યો નહિ પણ દેવનો મહિમા કર્યો અને ધીમે ધીમે તેનો વિશ્વાસ દઢ બનતો ગયો. તેણે હંમેશા દેવની સ્તુતિ કરી. ૨૧ઈબ્રાહિમને મનમાં ખાતરી હતી જ કે દેવે જે વચન આપ્યું છે તે પરિપૂર્ણ કરવા દેવ સંપૂર્ણપણે સમર્થ છે. ૨૨તો આમ, "દેવે ઈબ્રાહિમના વિશ્વાસનો સ્વીકાર કર્યો અને એ વિશ્વાસે જ ઈબ્રાહિમને દેવ સાથે ન્યાયી બનાવ્યો."* ૨૩"તેને ન્યાયી ગણવામાં આવ્યો." એ શબ્દો માત્ર ઈબ્રાહિમ માટે જ લખવામાં આવ્યા ન હતા. ૨૪ પણ આપણા પ્રભુ ઈસુને મરણમાંથી સજીવન કરનાર દેવ પર જેઓ વિશ્વાસ કરે છે તેઓને માટે પણ એ જ શબ્દો લખેલા છે. અને આપણે તે દેવમાં વિશ્વાસ કરીએ છીએ. ૨૫આપણા પાપોને લીધે ઈસુને મરણને સ્વાધીન કરવામાં આવ્યો, અને આપણે દેવની સાથે ન્યાયી થઈએ તે માટે તેને મૃત્યુમાંથી ઊઠાડવામાં આવ્યો.

### દેવ સાથે ન્યાયી

૫ આપણા વિશ્વાસને કારણે આપણે દેવ સાથે ન્યાયી થયા છીએ. તેથી, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા દેવ સાથે આપણો સુલેહ–શાંતિનો સંબંધ સ્થાપિત થયો છે. ૨હાલમાં આપણે જે આનંદ અનુભવીએ છીએ તે કૃપામાં વિશ્વાસ દ્વારા ઈસુએ આપણને આપ્યો છે. આપણે દેવના મહિમામાં ભાગીદાર થઈશું તે આશા માટે આપણને ગર્વ છે. ૩આ બાબતમાં જે કંઈ વિપત્તિઓ છે તેનો આપણે સ્વીકાર કરેલો જ છે. આપણે આ વિપત્તિઓને આનંદપૂર્વક શા માટે સ્વીકારીએ છીએ? કારણ કે આપણે જાણીએ છીએ કે આ વિપત્તિઓ, જ આપણને વધારે ધીરજવાન બનાવે છે. ૪આપણી ધીરજ, એ આપણી દઢ મક્કમતાની સાબિતી છે. આ સાબિતી આપણને આશા આપે છે. ૫આ આશા આપણને કદી પણ નિરાશ નહિ કરે–એ કદી પણ નિષ્ફળ નહિ જાય. એમ શા કારણે? કેમ કે દેવે આપણા હૃદયમાં તેનો પ્રેમ વહેવડાવ્યો છે. 'પવિત્ર આત્મા' દ્વારા દેવે આપણને આ પ્રેમ અર્પણ કર્યો છે. દેવ તરફથી ભેટરૂપે એ 'પવિત્ર આત્મા' આપણને પ્રાપ્ત થયો છે.

૬ખ્રિસ્તના રકતથી આપણે દેવ સાથે ન્યાયી થયા છીએ. આપણે જ્યારે ખૂબ નિર્બળ હતા ત્યારે આપણા માટે ખ્રિસ્ત મૃત્યુ પામ્યો. આપણે દેવથી વિમુખ જીવન જીવી રહ્યા હતા, ત્યારે યોગ્ય સમયે ખ્રિસ્ત આપણા વતી મૃત્યુ પામ્યો. ૭બીજો કોઈ માણસ ગમે એટલો સારો હોય તો પણ એનું જીવન બચાવી લેવા કોઈ મરી જાય એવી વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે. કોઈ માણસ બહુજ સારો હોય તો તેના માટે બીજો કોઈ માણસ

---

**મેં તને … બનાવ્યો છે"** ઉત. ૧૭:૫.

**તને ઘણા વંશજો મળશે"** ઉત. ૧૫:૫.

**દેવે ઈબ્રાહિમ … ન્યાયી બનાવ્યો"** ઉત.૧૫:૬.

કદાચ મરવા તૈયાર થઈ જાય. [૮]પરંતુ આપણે જ્યારે પાપી હતા, ત્યારે આપણા વતી ખ્રિસ્ત મરણ પામ્યો. દેવ આપણા પર પુષ્કળ પ્રેમ કરે છે, એ વાત દેવે આ રીતે દર્શાવી.

[૯]ખ્રિસ્તના રક્ત (મરણ) દ્વારા આપણે દેવ સાથે ન્યાયી થયા. આમ ખ્રિસ્ત દ્વારા જ દેવના કોપથી આપણે ચોક્કસ બચી જઈશું. [૧૦]હું એમ કહેવા માંગુ છું કે જ્યારે આપણે દેવથી વિમુખ હતા, ત્યારે દેવે પોતાના દીકરાના મૃત્યુ દ્વારા આપણને મિત્રતા બક્ષી. જ્યારે હવે આપણે દેવના મિત્રો છીએ ત્યારે તે આપણને સૌને તેના દીકરાના જીવન દ્વારા બચાવશે. [૧૧]હાલમાં આપણે જે આનંદ અનુભવીએ છીએ તે કૃપામાં વિશ્વાસ દ્વારા ઈસુએ આપણને આપ્યો છે. આપણે દેવના મહિમામાં ભાગીદાર થઈશું તે આશા માટે આપણને આનંદ છે.

### આદમ અને ખ્રિસ્ત

[૧૨]એક માણસના (આદમ) લીધે આ જગતમાં પાપ પેઠું. પાપ દ્વારા મૃત્યુ પણ આવ્યું. આ જ કારણે સૌ લોકોને મરવું જ પડશે-કેમકે સઘળાએ પાપ કર્યુ છે. [૧૩]મૂસાના નિયમશાસ્ત્ર અગાઉ આ દુનિયામાં પાપનું અસ્તિત્વ હતું. પરંતુ જ્યાં સુધી કોઈ નિયમશાસ્ત્ર જ ન હોય ત્યાં સુધી દેવ લોકોને પાપના અપરાધી ગણતો નથી. [૧૪]પરંતુ આદમથી મૂસા સુધીના સમયગાળા દરમિયાન સૌ લોકો મૃત્યુ પામ્યા હતા. દેવના આદેશનું ઉલ્લંઘન કરવાના પાપને કારણે આદમ મૃત્યુ પામ્યો હતો. પરંતુ જે લોકોએ આદમની જેમ પાપ કર્યા ન હતાં તેમને પણ મરવું પડ્યું.

આદમ ભવિષ્યમાં આવનાર ખ્રિસ્તની પ્રતિચ્છાયારૂપ હતો. [૧૫]એક માણસના પાપના કારણે ઘણા લોકો મૃત્યુ પામ્યા. પરંતુ દેવે લોકો પર જે કૃપા કરી તે ઘણી વધારે હતી. પરંતુ ઘણા લોકોને જીવનદાન મળ્યું. જે એક માણસ એટલે ઈસુ ખ્રિસ્તની કૃપાથી ઘણાના ઉપર દેવની કૃપા તથા દાન થયાં છે, જેથી જેવું પાપ છે તેવું કૃપાદાન છે એમ નથી. [૧૬]આદમે એક પાપ કર્યુ કે તરત જ તેને અપરાધી ઠરાવવામાં આવ્યો. પરંતુ દેવની બક્ષિસની વાત તો કાંઈ જુદી જ છે. અનેક પાપો થયાં પછી દેવની બક્ષિસ મળી. એ બક્ષિસ તો એવી છે કે જે લોકોને દેવ સાથે ન્યાયી બનાવે છે. [૧૭]એક માણસનાં પાપથી મરણે સઘળાં પર રાજ કર્યુ, પણ હાલ કેટલાએક લોકો દેવની પૂર્ણ કૃપા મેળવે છે, અને દેવ સાથે ન્યાયી થવાની ભેટ મેળવે છે. હજુ પણ આ લોકો ઈસુ ખ્રિસ્ત દ્વારા ખૂબ ખાતરીપૂર્વક ખરુ જીવન મેળવશે.

[૧૮]આમ આદમનું એક જ પાપ સર્વ માણસો માટે મૃત્યુદંડ લાવ્યું. પરંતુ એ જ રીતે ખ્રિસ્તે એક જ ન્યાયી કૃત્યને કારણે બધા લોકોને દેવ સાથે ન્યાયી ઠેરવ્યા. [૧૯]એક માણસે દેવના આદેશનું ઉલ્લંઘન કર્યુ અને તેના પરિણામે અનેક લોકો પાપમાં પડ્યા. પરંતુ એ જ રીતે એક માનવે દેવનો આદેશ પવિત્ર અને ધાર્મિક રીતે પાળી બતાવ્યો. અને તેના પરિણામે અનેક લોકો દેવ સાથે ન્યાયી બનશે. [૨૦]લોકો વધારે પાપ કરે તે માટે નિયમશાસ્ત્ર દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ જેમ જેમ લોકો વધુ ને વધુ પાપ કરતા ગયા, તેમ તેમ દેવ વધુ ને વધુ કૃપા કરવા લાગ્યો. [૨૧]પાપ શસ્ત્ર તરીકે મૃત્યુનો ઉપયોગ કરતું હતું. દેવે લોકો પર પુષ્કળ દયા કરી તેથી દેવની કૃપાનું શાસન થશે અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા લોકો ન્યાયી ઠરશે. આમ આપણા પ્રભુ ઈસુ દ્વારા અનંતકાળનું જીવન મળશે.

### પાપમાં મૂએલા પણ ખ્રિસ્તમાં જીવંત

૬ તો તમે શું એમ માનો છો કે આપણે પાપ કરવાનું ચાલુ રાખવું જોઈએ, જેથી દેવની વધુ ને વધુ કૃપા (દયા) આપણા પર ઉતરે? [૨]ખરેખર, ના! આપણે આપણા પાપમય જીવન માટે મૃત્યુ પામ્યા છીએ. તો પછી પાપી જીવન જીવવાનું આપણે કેવી રીતે ચાલુ રાખી શકીએ? [૩]જ્યારે આપણે બાપ્તિસ્મા પામ્યા હતા ત્યારે આપણે સૌ ખ્રિસ્ત ઈસુ સાથે એક રૂપ થયા હતા, એ તમે શું ભૂલી ગયા છો? આપણા બાપ્તિસ્માથી આપણે તેના મૃત્યુ સાથે ભાગીદાર બન્યા હતા. [૪]કારણ કે જ્યારે આપણું બાપ્તિસ્મા થયું ત્યારે આપણે પણ તેની સાથે મરણમાં દટાયા અને તેના મૃત્યુમાં ભાગીદાર થયા. આ રીતે બાપના મહિમાથી જેમ ખ્રિસ્ત મૃત્યુમાંથી ઊભો થયો તેમ આપણે પણ ઊભા થઈ શકીશું અને નવું જીવન જીવીશું.

[૫]ખ્રિસ્ત મૃત્યુ પામ્યો, અને આપણે પણ આપણા મૃત્યુથી ખ્રિસ્ત સાથે જોડાયા છીએ. તેથી, જેમ ખ્રિસ્ત મૃત્યુમાંથી ફરી પુનરુત્થાન પામ્યો તેમ આપણે પણ મૃત્યુમાંથી ફરી પુનરુત્થાન પામીને તેની સાથે જીવનમાં એકરૂપ થઈશું. [૬]આપણે જાણીએ છીએ કે વધસ્તંભ પર ખ્રિસ્તના મૃત્યુની સાથે જ આપણા જૂનાં માણસપણાનો અંત આવ્યો હતો. આપણા પાપમય ભૂતકાળની કોઈ અસર નવા જીવન પર ન પડે, અને (વળી પાછા) આપણે પાપના ગુલામ ન બનીએ માટે આમ થયું. [૭]જે કોઈ વ્યકિત મૃત્યુ પામે છે તો તેને મૃત્યુની સત્તામાંથી મુક્ત કરવામાં આવે છે.

૮આપણે ખ્રિસ્તની સાથે મૃત્યુ પામ્યા તેથી આપણે
માનીએ છીએ કે આપણે તેની સાથે નવુ જીવન પામીશું.
૯મૃત્યુમાંથી ખ્રિસ્તને પુનર્જીવિત કરવામાં આવ્યો હતો.
આપણે જાણીએ છીએ કે તે હવે ફરીથી કદી મૃત્યુ પામી
શકશે નહિ. હવે તેના પર મૃત્યુની કોઈ સત્તા નથી.
૧૦હા, જ્યારે ખ્રિસ્ત મૃત્યુ પામ્યો ત્યારે તે જ સમયે
મૃત્યુની સત્તાને પરાસ્ત કરવા મર્યો હતો–તે સદાને
માટે પૂરતું હતું. હવે તે જીવે છે, એટલે દેવના સંબંધમાં
તે જીવે છે. ૧૧એ જ પ્રમાણે, તમારી ઉપર પણ પાપની
સત્તાનો હવે અંત આવ્યો છે. અને ખ્રિસ્ત ઈસુ દ્વારા
દેવ–પ્રાપ્તિ સારું તમે હવે જીવંત છો, એવું તમારી જાત
વિષે તમે વિચારો.

૧૨તમારા મર્ત્ય શરીરમાં પાપને રાજ કરવા ન દો
અને તમારી પાપની દુર્વાસનાને આધીન થશો નહિ.
તમારું પાપયુક્ત શરીર જો તમને પાપકર્મ કરવા પ્રેરતું
હોય તો તમારે એનાથી ગેરમાર્ગે દોરવાઈ જવું નહિ.
૧૩પાપકર્મમાં તમારા શરીરનાં અવયવોને સમર્પિત ન
કરો. અનિષ્ટ કાર્યો કરવાના સાધન તરીકે તમે તમારાં
શરીરોનો ઉપયોગ ન કરો. પરંતુ તમારે પોતે દેવને
સમર્પિત થઈ જવું જોઈએ. જે લોકો મરણ પામીને પણ
હવે ફરીથી સજીવન થયા છે એવા તમે થાવ. તમારાં
શરીરનાં અવયવો દેવને સમર્પિત કરો જેથી શુભ કાર્યો
માટે એનો ઉપયોગ થાય. ૧૪હવે 'પાપ' તમારો 'માલિક'
થઈ શકશે નહિ. શા માટે? કેમ કે તમે નિયમશાસ્રના
બંધનમાં નથી. હવે તમે દેવની કૃપા હેઠળ જીવી રહ્યા
છો.

### ન્યાયીપણાના દાસ

૧૫તો આપણે શું કરવું જોઈએ? આપણે પાપ કરવાનું
ચાલું રાખવું જોઈએ? કેમકે આપણને નિયમનું બંધન
નથી, પણ આપણે કૃપાને આધીન છીએ? ના! ૧૬સાચે
જ તમે જાણો છો કે જ્યારે તમે કોઈની આજ્ઞા પાળવા
તૈયાર થઈ જાઓ છો, ત્યારે તમે તે વ્યક્તિના ખરેખર
દાસ બની જાવ છો. જે વ્યક્તિની આજ્ઞા તમે માનો છો
તેના તમે દાસ છો. ગમે તો પાપને અનુસરો અથવા
દેવની આજ્ઞા માથે ચડાવો. પાપ તો આધ્યાત્મિક મૃત્યુને
નોંતરે છે. પરંતુ જે દેવની આજ્ઞા પાળે છે તે દેવની સાથે
ન્યાયી ઠરે છે. ૧૭ભૂતકાળમાં તમે પાપના દાસ હતા–
તમારા પર પાપનું શાસન ચાલતું હતું, પરંતુ દેવનો
આભાર કે તમને જે (નૈતિક–ધાર્મિક સંસ્કારો)
શીખવવામાં આવ્યા તેને તમે પૂર્ણ અંત:કરણથી
સ્વીકાર્યા. ૧૮પાપમાંથી તમને મુક્ત કરવામાં આવ્યા
છે, અને હવે તમે ન્યાયપણાના દાસ છો. ૧૯જે દષ્ટાંત
લોકો જાણે છે તે દષ્ટાંત આપીને હું તમને આ સમજાવવા
પ્રયત્ન કરીશ કારણ કે એ બધું સમજવું તમારા માટે
કઠિન છે. તેથી હું આ રીતે સમજાવું છું. ભૂતકાળમાં
તમે અશુદ્ધતા અને અનિષ્ટની સેવામાં તમારા શરીરનાં
અવયવો અર્પણ કર્યાં હતા. તમે દુષ્ટતામાં જ જીવતા
હતા. તમે હવે તમારાં અવયવોને પવિત્રતાને અર્થે
ન્યાયીપણાના દાસ તરીકે સુપ્રત કરો અને પછી તમે
ફક્ત દેવ માટે જ જીવવા શક્તિમાન થશો. ૨૦ભૂતકાળમાં
તમે પાપના દાસ હતા, અને તમે ન્યાયીપણાના અંકુશથી
સ્વતંત્ર હતા. ૨૧તમે જે અનિષ્ટ કાર્યો કર્યાં હતાં, એ માટે
હવે તમે શરમ અનુભવો છો. શું એ અનિષ્ટ કાર્યો તમને
કોઈ લાભદાયી હતાં ખરાં? ના. એવાં કાર્યો તો માત્ર
આધ્યાત્મિક મૃત્યુ જ લાવી શકે છે. ૨૨પરંતુ હવે તમે
પાપની ગુલામીમાંથી મુક્ત થઈને દેવના દાસ થયા
છો. અને આ (પરિવર્તન) તમને એવું જીવન આપશે કે
જે માત્ર દેવને જ સમર્પિત હોય. અને એના દ્વારા તમને
અનંતજીવન પ્રાપ્ત થશે. ૨૩જ્યારે લોકો પાપ કરે છે,
ત્યારે પાપનું વેતન–મરણ કમાય છે. પરંતુ દેવ તો આપણા
પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા લોકોને અનંતજીવનની બક્ષિસ
આપે છે.

### લગ્નનું દષ્ટાંત

૭ ભાઈઓ અને બહેનો, તમે મૂસાના નિયમશાસ્રને
સમજો છો. તેથી સાચે જ તમે જાણો છો કે કોઈ
વ્યક્તિ જ્યાં સુધી જીવિત હોય છે ત્યાં સુધી જ
નિયમશાસ્રની સત્તા એના પર ચાલે છે. ૨હું તમને એક
દષ્ટાંત આપીશ: પરણિત સ્રી જ્યાં સુધી તેનો પતિ જીવતો
હોય ત્યાં સુધી તેની સાથે રહેવા બંધાયેલી હોય છે.
પરંતુ જો તે સ્રીનો પતિ મરણ પામે તો, પછી પતિ
સાથેના સંબંધને લગતા નિયમથી તે સ્વતંત્ર થાય છે.
૩પરંતુ જે સ્રીનો પતિ જીવતો હોય અને જો તેની પત્ની
બીજા પુરુષ સાથે લગ્ન કરે, તો નિયમશાસ્ર કહે છે તેમ,
તે સ્રી વ્યભિચારની અપરાધી બને છે. પરંતુ જો એ
સ્રીનો પતિ મૃત્યુ પામે, તો પછી લગ્નના નિયમમાંથી તે
સ્રીને મુક્ત કરવામાં આવે છે. આમ, પતિના મૃત્યુ
પછી જો તે સ્રી બીજા પુરુષ સાથે લગ્ન કરે તો તે
વ્યભિચારનો અપરાધ ગણાતો નથી.

૪એ જ પ્રમાણે, મારા ભાઈઓ તથા બહેનો, ખ્રિસ્તના
શરીરની સાથે જ તમારા જૂના શરીરનું મૃત્યુ થયું છે.
હવે તમે નિયમના બંધનમાંથી મુક્ત થયા છો. હવે
તમે એક માત્ર એવા ખ્રિસ્તના શિષ્ય થયા છો, જે
મૃત્યુમાંથી ઊભો થયો હતો. હવે આપણે ખ્રિસ્તના શિષ્ય

થયા છીએ. જેથી કરીને દેવની સેવામાં આપણો ઉપયોગ થઈ શકે. ૫ભૂતકાળમાં તો આપણે જ્યારે દૈહિક હતા, ત્યારે પાપ વાસનાઓને આધીન હતા. અને આપણે જે પાપ કર્યા તે આપણા માટે આધ્યાત્મિક મૃત્યુ નોતરતા હતા. ૬ભૂતકાળમાં, નિયમશાસ્ત્રે આપણને કેદીઓની જેમ બાંધી રાખ્યા હતા. હવે આપણા જૂના નિયમશાસ્ત્રો નાશ પામ્યા છે. અને તેથી નિયમશાસ્ત્રના બંધનમાંથી આપણને હવે મુક્ત કરવામાં આવ્યા છે. લેખિત નિયમોની જૂની પધ્ધતિથી નહિ, પરંતુ હવે નવીન પધ્ધતિ પ્રમાણે આપણે દેવની સેવા કરીએ છીએ. પવિત્ર આત્માની સાથે આપણે હવે નવી પધ્ધતિ પ્રમાણે દેવની સેવા કરીએ છીએ.

### પાપની વિરુદ્ધ આપણો સંઘર્ષ

૭ત્યારે આપણે શું કહીએ, શું નિયમ પાપરૂપ છે? ના, કદી નહિ. પરંતુ નિયમ વગર મેં પાપ જાણ્યું ના હોત, કારણ કે જો નિયમશાસ્ત્રે કહ્યું ન હોત કે લોભ ન રાખ, તો મેં લોભ જાણ્યો ના હોત. "તમારે બીજાઓની માલિકીની વસ્તુઓની ઈચ્છા કરવી જોઈએ નહિ." ૮પણ પાપને તક મળવાથી આજ્ઞા વડે મારામાં સઘળા પ્રકારની અનિષ્ટ ઈચ્છાઓ પૂર્ણ કરવા મને લલચાવ્યો. મારામાં પાપ પેઠું. કારણ કે નિયમ વિના પાપ નિર્જીવ છે. ૯નિયમશાસ્ત્રનું મને જ્ઞાન થયું તે પહેલાં પણ હું તેના વગર જીવતો હતો. પરંતુ જેવો નિયમનો આદેશ મને મળ્યો કે તરત જ પછીથી મારામાં પાપ સજીવન થયું. ૧૦અને આમ પાપના કારણે મારું આધ્યાત્મિક મૃત્યુ થયું. એ આદેશનો હેતુ મને જીવન બક્ષવાનો હતો, પરંતુ મારા માટે એ આદેશ મૃત્યુ લાવ્યો. ૧૧મને પાપે આજ્ઞાનો ઉપયોગ કરી મને મૂર્ખ બનાવવાનો રસ્તો શોધ્યો. પાપે મારા આત્મિક મરણને માટે આજ્ઞાનો ઉપયોગ કર્યો.

૧૨આમ, નિયમશાસ્ત્ર તો પવિત્ર છે જ, અને આજ્ઞા પણ પવિત્ર, ન્યાયી અને સારી છે. ૧૩તો આનો અર્થ શું એવો થાય કે જે કંઈક સારું છે તે જ મારા માટે મૃત્યુ લાવ્યું? ના! પરંતુ પાપે જે મારુ મૃત્યુ લાવી શકે તેવા સારાપણાનો ઉપયોગ કર્યો. આમ એટલા માટે બન્યું કે પાપનું ખરું સ્વરૂપ પ્રગટ થઈ શકે. અને તેના બધા અનિષ્ટોમાં પાપ બતાવી શકાય. આ બધું આજ્ઞા દ્વારા જ થયું હતું.

### માનવ (હૃદય) માં સંઘર્ષ

૧૪આપણે જાણીએ છીએ કે નિયમ આધ્યાત્મિક છે. પરંતુ હું આધ્યાત્મિક નથી. જાણે કે હું તેનો સેવક હોઉં તેમ પાપ મારા પર સત્તા ચલાવે છે. ૧૫હું જે કોઈ કામો કરું છું, તે સમજી શકતો નથી. તેથી જે સારાં કામો કરવાની મારી ઈચ્છા છે, તે હું કરી શકતો નથી. અને જે ખરાબ કામો કરવાનું હું ધિક્કારું છું તે હું કરું છું. ૧૬ત્યારે હું જે ઈચ્છતો નથી તે જો હું કરું છું, તો હું નિયમ વિષે કબૂલ કરું છું કે તે સારો છે. ૧૭પરંતુ આ ખરાબ કામો કરનાર ખરેખર હું નથી. મારામાં રહેતું પાપ ખરાબ કામો કરે છે. ૧૮હા, હું જાણું છું કે મારામાં એટલે મારા દેહમાં કંઈ જ સારું વસતું નથી. મારો કહેવાનો અર્થ એ છે કે મારા અસ્તિત્વનો જે અંશ આધ્યાત્મિક નથી, તેમાં કોઈ સારાપણાનો સમાવેશ નથી. મારી ઈચ્છા તો એવી છે કે હું સારાં જ કામો કરું. પરંતુ હું તે કરતો નથી. ૧૯મારે જે સારાં કામો કરવાં છે તે હું કરતો નથી. તેને બદલે જે ખરાબ કામો જે મારે નથી કરવાં તે મારાથી થઈ જાય છે. ૨૦તેથી જે કામો મારે કરવાં નથી, તે જો મારાથી થઈ જતાં હોય, તો એવાં કામો કરનાર ખરેખર હું નથી. મારામાં રહેતું પાપ એ બધાં ખરાબ કામો કરે છે.

૨૧તેથી મેં આ સિદ્ધાંત શોધ્યો. જ્યારે હું સારું કરવા ઈચ્છું છું ત્યારે ભૂંડું જ ઉપલબ્ધ હોય છે. ૨૨દેવના નિયમમાં હું અંતરના ઊંડાણમાં ખૂબ સુખી છું. ૨૩પરંતુ મારા શરીરમાં કોઈ જુદો જ નિયમ કાર્ય કરતો જોઉં છું. માનસિક સ્તરે મારા મનમાં જે નિયમનો સ્વીકાર થયો છે તેની સામે પેલો શારીરિક સ્તર પર ચાલતો નિયમ યુદ્ધ છેડે છે. મારા શરીરમાં ચાલતો એ નિયમ તે પાપનો નિયમ છે, અને એ નિયમ મને એનો કેદી બનાવે છે. ૨૪તેથી હું દુ:ખી છું! મારા માટે મૃત્યુ લાવનાર આ શરીરથી મને કોણ બચાવશે? ૨૫દેવ જ મને બચાવશે! આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા હું તેનો આભાર માનું છું!

આમ મારા મનમાં હું મારી જાતે દેવના નિયમને અનુસરું છું. પણ મારા પાપમય સ્વભાવથી હું પાપના નિયમનો દાસ છું.

### આત્મામાં જીવન

૮ તેથી હવે જે લોકો ખ્રિસ્ત ઈસુમાં છે, તેઓને અપરાધી ઠરાવવામાં આવતા નથી. ૨મને શા માટે અપરાધી ઠરાવવામાં આવ્યો નથી? કારણ કે ખ્રિસ્ત ઈસુમાં આત્માનો જે નિયમ જીવન લાવે છે તેણે મને પાપના તથા મરણના નિયમથી મુક્ત કર્યો છે. ૩આપણી પાપમય જાતે નિયમને બિનઅસરકારક બનાવ્યો. જે

નિયમ ન કરી શકે તે દેવે કર્યું. બીજા લોકો માનવજીવનનો ઉપયોગ પાપકર્મમાં કરે છે. પણ દેવે તેના દીકરાને માનવજીવનના રૂપમાં પૃથ્વી પર પાપ માટે બલિદાન અર્પણ કરવા મોકલ્યો. આમ પાપનો નાશ કરવા દેવે માનવજીવનનો ઉપયોગ કર્યો. ૪આપણા જીવનમાં નિયમની પરિપૂર્ણતાના હેતુ માટે દેવે આમ કર્યુ. હવે આપણે આપણી પાપમય જાતના હુકમ પ્રમાણે જીવતા નથી. પણ હવે આપણે આત્માને અનુસરીને જીવીએ છીએ.

૫ફક્ત પાપમય દુર્વાસનાઓની જ ઈચ્છાઓ વિષે જે લોકો વિચારે છે, તે પાપમય દુર્વાસનાઓને અનુસરીને જીવે છે. પણ જે લોકો આત્માને અનુસરે છે તેઓ હંમેશા આત્મા તેમની પાસે જે કરવાની અપેક્ષા રાખે છે તેનો વિચાર કરે છે. ૬જો કોઈ વ્યક્તિના વિચારો પર તેના દૈહિક મનનો કાબૂ હશે, તો તેનું આધ્યાત્મિક મૃત્યુ છે. પરંતુ જો કોઈ વ્યક્તિના વિચારો પર આત્માનો કાબૂ હોય તો ત્યાં જીવન તથા શાંતિ હોય છે. ૭આ સત્ય કેમ છે? જો કોઈ વ્યક્તિના વિચારો પર તેના દૈહિક મનનો કાબૂ હશે તો તે વ્યક્તિ દેવથી વિમુખ છે. એવી વ્યક્તિ દેવનો નિયમ પાળવાનો ઈન્કાર કરે છે. અને ખરેખર તો એવી વ્યક્તિ દેવનો આદેશ પાળી શકતી નથી. ૮જે લોકો દૈહિક છે તેઓ દેવને પ્રસન્ન કરી શકતા નથી.

૯પરંતુ તમારા પર દૈહિક મનની સત્તા નથી. જો દેવનો આત્મા તમારામાં ખરેખર વસતો હોય તો તમારા પર આત્માની સત્તા ચાલે છે, પરંતુ જો કોઈ વ્યક્તિના હ્રદય પર ખ્રિસ્તના આત્માનો પ્રભાવ નહિ હોય, તો ખ્રિસ્ત પાસે તેનું સ્થાન નથી. ૧૦પાપને કારણે તમારું શરીર મરેલું છે. પરંતુ જો તમારામાં ખ્રિસ્ત (વસતો) હશે, તો આત્મા તમને જીવન આપશે, કેમ કે તમને દેવ સાથે ન્યાયી ઠરાવવામાં આવ્યા છે. ૧૧જો દેવે ઈસુને મૃત્યુમાંથી ઊઠાડ્યો, અને જો દેવનો આત્મા તમારામાં વસતો હશે, તો તમારા મર્ત્ય શરીરોને પણ તે નવું જીવન આપશે. ખ્રિસ્તને મૃત્યુમાંથી ઊઠાડનાર એક માત્ર દેવ છે. અને એ જ રીતે તમારામાં રહેતો તેનો પવિત્ર આત્મા દ્વારા તમારા નાશવંત શરીરોને જીવન આપશે.

૧૨તેથી, મારા ભાઈઓ અને બહેનો, આપણે આપણાં પાપાત્માઓની સત્તા આપણા પર ન જ ચાલવા દેવી જોઈએ. આપણાં પાપી શરીરોની ઈચ્છાઓ કે વાસનાઓથી દોરવાઈને આપણે જીવવું જોઈએ જ નહિ. ૧૩જો તમારા પાપી સ્વભાવની વાસનાઓ સંતોષવા તમે ખરાબ કામો પાછળ તમારા જીવનનો ઉપયોગ કરશો, તો તમારું મૃત્યુ થશે જ. પરંતુ શરીરનાં કામોને મારી નાખવા જો તમે આત્માનો ઉપયોગ કરશો તો તમને સાચું જીવન પ્રાપ્ત થશે.

૧૪દેવનાં સાચાં સંતાનો એ છે કે જેઓ દેવના આત્માનું માર્ગદર્શન સ્વીકારે છે. ૧૫જે આત્મા આપણને પ્રાપ્ત થયો છે તે કોઈ સામાન્ય આત્મા નથી કે જે આપણને ફરીથી દાસ બનાવીને ભયભીત કરશે. જે આત્મા આપણને પ્રાપ્ત થયો છે, તે આપણને દેવનાં સંતાનો બનાવે છે. અને એ ભાવનાથી જ તો આપણે દેવને "પિતા, પ્રિય પિતા," કહીને બોલાવીએ છીએ. ૧૬આપણા આત્માની સાથે એ જ આત્મા સાક્ષી આપે છે કે આપણે દેવનાં સંતાનો છીએ. ૧૭જો આપણે દેવનાં સંતાનો હોઈશું, તો દેવ પોતાનાં માણસોને જે આશીર્વાદ આપે છે, તે આપણને પણ મળશે. આ આશીર્વાદો દેવ તરફથી આપણને મળશે. ખ્રિસ્તની સાથે સાથે આપણને પણ એ આશીર્વાદ પ્રાપ્ત થશે. પરંતુ ખ્રિસ્તે જે દુઃખો સહન કર્યાં હતાં, તેમ આપણે પણ સહન કરવાં જ પડશે. તો જ, ખ્રિસ્તની જેમ આપણને પણ મહિમા પ્રાપ્ત થશે.

### ભવિષ્યમાં આપણને મહિમા મળશે

૧૮હમણાં આપણે દુઃખો સહન કરી રહ્યા છીએ. પરંતુ ભવિષ્યમાં આપણને જે મહિમા પ્રાપ્ત થવાનો છે તેની તુલનામાં આપણાં અત્યારનાં દુઃખો કંઈ જ નથી. ૧૯દેવે સર્જેલી દરેક વસ્તુ એ સમયની ઉત્તેજનાપૂર્વક રાહ જોઈ રહી છે કે જ્યારે દેવ દુનિયાને બતાવી દેશે કે તેનાં (સાચાં) સંતાનો કોણ છે એ ઘટના ઘટે એની આખા જગતને આતુરતા છે. ૨૦દેવે જે દરેક વસ્તુ સર્જી તે દરેક વસ્તુ જાણે નિરર્થકતાને આધીન હોય તેમ તેને બદલી નાખવામાં આવી. તેને બદલવાની ઈચ્છા ન હતી, પરંતુ દેવે તેમાં પરિવર્તન કરવાનો નિર્ણય કર્યો. પરંતુ તેમાં પણ આ આશા તો હતી ૨૧કે દેવ-સર્જિત પ્રત્યેક વસ્તુ નષ્ટ થવાથી મુક્ત હશે. એવી પણ આશા હતી કે દેવનાં સંતાનોને જે મુક્તિ અને મહિમા પ્રાપ્ત થયા છે, તે દેવે બનાવેલી દરેક વસ્તુને મળશે.

૨૨આપણે જાણીએ છીએ કે, બાળકને જન્મ આપવા માટે તૈયાર કોઈ સ્ત્રી દુઃખ સહન કરતી રાહ જોતી હોય, એ રીતે અત્યારે તો સમગ્ર સૃષ્ટિ દેવ-સર્જિત દરેક વસ્તુ માટે પ્રસૂતાની વેદના જેવી વેદના સહન કરી રહી છે. ૨૩પરંતુ તે એકલી જ નહિ, પણ આપણે પોતે જેઓને આત્માનું પ્રથમફળ મળ્યું છે. તે જોઈને પણ દત્તકપુત્રપણાની, એટલે આપણા શરીરના ઉદ્ધારની વાટ

જોતાં આપણે પોતાના મનમાં નિસાસા નાખીએ છીએ, કહેવાનો અર્થ એ છે કે આપણાં શરીરોથી આપણને મુક્તિ મળી જાય એની આપણે પ્રતિક્ષા કરી રહ્યા છીએ. ૨૪કારણ કે એ જ આશાથી આપણો ઉદ્ધાર થયો છે. પણ જે આશા દશ્ય હોય તે આશા નથી કેમ કે કોઈ માણસ પોતે જે જુએ છે, તેની આશા કેવી રીતે રાખે. ૨૫પરંતુ આપણે એવી વસ્તુ મેળવવાની આશા રાખીએ છીએ કે જે હજી સુધી આપણને મળી નથી. તેના માટે આપણે ધીરજપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા છીએ.

૨૬વળી, પવિત્ર આત્મા પણ આપણને સહાય કરે છે. આપણે ઘણા નિર્બળ છીએ, પરંતુ આપણી નિર્બળતાને દૂર કરવા પવિત્ર આત્મા આપણને મદદ કરે છે. આપણે પ્રાર્થના કેવી રીતે કરવી જોઈએ એ પણ આપણે તો જાણતા નથી. પરંતુ આપણા વતી પવિત્ર આત્મા પોતે દેવ સાથે વાત કરે છે. આપણા માટે પવિત્ર આત્મા દેવને વિનવે છે. શબ્દો જેને વ્યક્ત કરી ન શકે એવી ઊંડી લાગણીથી પવિત્ર આત્મા (આપણા વતી) દેવ સાથે વાર્તાલાપ કરે છે. ૨૭અંત:કરણને પારખનાર દેવ આત્માના મનમાં શું છે તે જાણે છે. કારણ કે પવિત્ર આત્મા લોકોના હૃદયમાં જોઈ શકે છે અને અંત:કરણમાં શું છે તે પણ જાણે છે, કારણ કે તેના પોતાના લોકો વતી દેવ જે ઈચ્છે છે તે આત્મા દેવને કહે છે.

૨૮આપણે જાણીએ છીએ કે જે લોકો દેવને ચાહે છે તેમના બધા જ કાર્યોમાં દેવ તેઓના શુભ માટે કામ કરે છે. તે લોકો દેવની ખાસ પસંદગી (તેડાયેલા) પામેલા છે, કેમ કે દેવની એવી યોજના હતી. ૨૯દુનિયાની રચના કરી તે પહેલાં દેવ એ લોકોને ઓળખતો હતો. અને દેવે એવો પણ નિર્ણય કર્યો હતો કે એ લોકો તેના દીકરા (ઈસુ) જેવા થાય. અનેક ભાઈઓ અને બહેનોમાં ઈસુ સર્વ પ્રથમ જન્મેલો સૌથી મોટો ગણાશે. ૩૦પોતાના દીકરા જેવા થવા લોકોને દેવે નિમંત્રણ આપ્યું. અને એ લોકોને પોતાની સાથે ન્યાયી બનાવ્યા અને પોતાની સાથે રહેવાની યોગ્યતા આપી. જેઓને ન્યાયી ઠરાવ્યા તેઓને મહિમાવંત પણ કર્યા.

### ખ્રિસ્ત ઈસુ પર દેવનો પ્રેમ

૩૧તો હવે આ વિષે આપણે શું કહીશું? જો દેવ આપણી સાથે છે તો આપણને કોઈ પણ વ્યક્તિ હરાવી શકશે નહિ. ૩૨આપણા માટે તો દેવ કંઈ પણ કરી શકશે. આપણા માટે કંઈ પણ સહન કરવા માટે તેણે પોતાનો દીકરો આપ્યો. પોતાના દીકરાને પણ દેવે દુ:ખ સહન કરવા દીધું, આપણા સૌના કલ્યાણ માટે દેવે પોતાનો દીકરો પણ સોંપી દીધો, તો તે કૃપા કરીને આપણને તેની સાથે બધુંએ કેમ નહિ આપશે? ૩૩દેવે પસંદ કરેલા લોકો પર કોણ દોષ મૂકી શકશે? કોઈ નહિ! દેવ જ છે કે જે લોકોને ન્યાયી બનાવે છે. ૩૪કોણ કહી શકશે કે દેવના લોકો અપરાધી છે? કોઈ પણ નહિ! આપણા માટે ખ્રિસ્ત ઈસુએ મૃત્યુ સ્વીકાર્યુ, પરંતુ એમાં જ કાંઈ બધું આવી જતું નથી. મૃત્યુમાંથી તેને ઊભો કરવામાં આવ્યો હતો. હવે તે દેવને જમણે હાથે છે અને આપણા વતી આપણા ઉધ્ધાર માટે દેવને વિનંતી કરી રહ્યો છે. ૩૫શું ખ્રિસ્તના પ્રેમમાંથી કોઈ પણ વસ્તુ આપણને જુદા પાડી શકશે? ના! શું વિપત્તિ, કે વેદના કે સતાવણી કે, દુષ્કાળ કે, નગ્નતા કે જોખમ કે, તલવાર? આપણને ખ્રિસ્તના પ્રેમમાંથી જુદા પાડી શકશે? ના! તો શું સમસ્યાઓ અથવા ખ્રિસ્તના દુશ્મનો દ્વારા ઊભી કરાતી મુશ્કેલીઓ અને જુલ્મ આપણને ખ્રિસ્તના પ્રેમથી જુદા કરી શકશે? ના! આપણી પાસે જો ખોરાક કે કપડાં નહિ હોય તો તેથી શું આપણે ખ્રિસ્તના પ્રેમથી જુદા થઈ જઈશું? ના! જોખમ કે મૃત્યુ પણ આવે તેથી શું આપણે ખ્રિસ્તના પ્રેમથી જુદા થઈ જઈશું? ના! ૩૬શાસ્ત્રોમાં લખ્યું છે તેમ:

> "તારે (ખ્રિસ્ત) લીધે અમે તો હંમેશા મૃત્યુના જોખમ નીચે છીએ. લોકો તો એમ જ માને છે કે અમારું મૂલ્ય કતલ કરવા લાયક ઘેટાંથી વિશેષ કાંઈ નથી."
>
> *ગીતશાસ્ર ૪૪:૨૨*

૩૭દેવ દ્વારા જેણે આપણા પર પ્રેમ દર્શાવ્યો છે, તેના દ્વારા આ બધી બાબતોમાં આપણને સંપૂર્ણ વિજય પ્રાપ્ત થયો છે. ૩૮-૩૯હા, મને તો ખાતરી છે કે દેવના પ્રેમથી આપણને કોઈ પણ વસ્તુ જુદા કરી શકતી નથી. મૃત્યુ, જીવન, દૂતો, અધિકારીઓ, વર્તમાન, ભવિષ્ય, કોઈ પણ સત્તા કે શક્તિ, આપણા ઉપર કે આપણી નીચે કે સર્જાયેલ જગતમાં સૌથી વધુ શક્તિશાળી હોય એવું કોઈ તત્વ કે કોઈ પણ વસ્તુ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં રહેલા દેવના પ્રેમથી આપણને કદી પણ જુદા પાડી શકશે નહિ.

### દેવ અને યહૂદી લોકો

૯ હું ખ્રિસ્તમાં છું અને તમને સત્ય કહીં રહ્યો છું. હું અસત્ય બોલતો નથી. પવિત્ર આત્મા મારી સંવેદનાનું સંચાલન કરે છે. અને એવી સંવેદનાથી હું

તમને કહું છું કે હું જૂઠું બોલતો નથી. ૨યહૂદી લોકો
માટે હું ઘણો દિલગીર છું અને સતત મારા હૃદયમાં
ઉદાસીનતા અનુભવું છું. ૩તેઓ મારા ભાઈઓ અને
બહેનો છે, મારું દુન્યવી કુટુંબ છે. એમને મદદ કરવાનું
મને મન થાય છે. દેવનો અભિશાપ જો મારા પર કે
મારાં સગાંઓ પર આવે તો તેનો પણ સ્વીકાર કરીને હું
યહૂદીઓને મદદ કરવા તૈયાર છું. ૪કારણ કે તેઓ તો
ઈઝરાએલના લોકો છે. એ યહૂદીઓ તો ખાસ પસંદગી
પામેલાં બાળકો છે. દેવે જે માનવો સાથે કરારો કર્યા છે
એવા એ યહૂદીઓને દેવનો મહિમા પ્રાપ્ત થયેલો છે.
દેવે મૂસાનું નિયમશાસ્ત્ર તેઓને આપીને ભક્તિની સાચી
પધ્ધતિ બતાવી હતી. અને દેવે એ યહૂદીઓને માટે
વચન પણ આપ્યું હતું. ૫તેઓ આપણા પિતાઓના વંશજો
છે. અને તેઓ ખ્રિસ્તના દુન્યવી કુટુંબીજનો છે. ખ્રિસ્ત
સર્વોપરી દેવ છે. તેની સ્તુતિ નિત્ય કરો! આમીન.

૬હા, આ યહૂદીઓ માટે હું ઘણું દુ:ખ અનુભવું છું.
એમને આપેલું વચન દેવ પાળી ન શક્યો, એમ હું
કહેવા માગતો નથી. પરંતુ ઈઝરાએલના માત્ર થોડાક
યહૂદીઓ જ દેવના સાચા લોકો છે. ૭અને ઈબ્રાહિમના
વંશજોમાં ફક્ત થોડાક માણસો જ તમારાં દેવનાં સાચાં
સંતાનો છે. દેવે ઈબ્રાહિમને આમ કહ્યું હતું : "ઈસહાક
જ તારો કાયદેસરનો દીકરો ગણાશે."* ૮આનો અર્થ એ
છે કે ઈબ્રાહિમના બધા જ વંશજો કંઈ દેવનાં સાચાં
સંતાનો નથી. દેવે ઈબ્રાહિમને આપેલાં વચન પ્રમાણે
જે સંતાનો દેવનાં થશે તે જ સંતાનો ઈબ્રાહિમનાં સાચાં
સંતાનો થશે. ૯ઈબ્રાહિમને આપેલું દેવનું વચન આવું
હતું: "યોગ્ય સમયે હું પાછો આવીશ, અને સારાને
દીકરો થશે."*

૧૦માત્ર એટલું જ નહિ, રિબકાને પણ દીકરો થયો.
એક જ પિતાના એ દીકરા હતા. તે જ આપણા પિતા
ઈસહાક. ૧૧-૧૨(રિબકાને) બે દીકરા જન્મ્યા, તે પહેલાં
દેવે રિબકાને કહ્યું હતું, "તારો મોટો દીકરો નાના દીકરાની
સેવા કરશે."* એ છોકરાઓએ તેઓના જીવનમાં કંઈક
સારું અથવા ખરાબ કર્યું હોય એ પહેલા આવી
ભવિષ્યવાણી થઈ હતી. તેમના જન્મ પહેલાં દેવે આ
કહ્યું હતું. જેથી કરીને દેવની પોતાની યોજના પ્રમાણે
દેવની પસંદગી પામેલા છોકરાને એ સ્થાન મળે. એ
છોકરાની પસંદગી કરવામાં આવી કેમ કે માત્ર એને જ
પસંદ કરવો એવી દેવની ઈચ્છા હતી–અને તે એટલા
માટે નહિ કે એ છોકરાઓએ તેમના જીવનમાં કંઈક
સારાં અથવા ખોટાં કામો કર્યા હોય. ૧૩શાસ્ત્ર કહે છે
તેમ, "યાકૂબને હું ચાહતો હતો, પરંતુ એસાવને હું
ધિક્કારતો હતો."*

૧૪તો આ બાબતમાં આપણે શું કહીશું? શું દેવ ન્યાયી
નથી? એવું તો આપણે કહી શકીએ એમ નથી. ૧૫દેવે
મૂસાને કહ્યું હતું, "જે વ્યક્તિ પર મારે કૃપા કરવી હશે,
તેના પર હું કૃપા કરીશ. જે વ્યક્તિ પર દયા બતાવવી
હશે તેના પર હું દયા દર્શાવીશ."* ૧૬તેથી જે વ્યક્તિ
પર દયા કરવાનો દેવ નિર્ણય કરશે તેને દયા માટે દેવ
પસંદ કરશે. લોકો શું ઈચ્છે છે અથવા તેઓ કેવા કેવા
પ્રયત્ન કરે છે, તેના પર દેવની પસંદગીનો આધાર
નથી. ૧૭શાસ્રમાં દેવ ફારૂનને કહે છે: "તું મારું આ કામ
કરે એટલા માટે મેં તને રાજા બનાવ્યો. તારા દ્વારા મારું
સામર્થ્ય પ્રગટ કરવાની મારી ઈચ્છા હતી. આખી
દુનિયામાં મારું નામ પ્રગટ થાય એમ હું ઈચ્છતો હતો."*
૧૮આમ જે લોકોની તરફ દયા બતાવવી હોય એમની
તરફ દેવ દયા દર્શાવે છે. અને જે લોકોને હઠીલા બનાવવા
હોય તેમને દેવ હઠીલા બનાવે છે.

૧૯તો તમારામાંથી કોઈ મને પૂછશે: "જો આપણાં
કાર્યો પર દેવનો અંકુશ જ હોય, તો પછી આપણાં પાપ
માટે દેવ શાથી આપણી પર આરોપ મૂકે છે?" ૨૦દેવને
પ્રશ્ન કરશો નહિ. તમે માત્ર માનવ છો; અને માનવોને
એવો કોઈ હક્ક નથી કે તેઓ દેવને (આવા) પ્રશ્નો પૂછી
શકે. માટીની બરણી તેના બનાવનારને પ્રશ્નો પૂછતી
નથી. "તમે મને આવી જુદી જુદી વસ્તુઓ રૂપે કેમ
બનાવી?" ૨૧જે કુંભાર માટીની બરણી બનાવે છે, તે
પોતાની ઈચ્છા મુજબ ગમે તે બનાવી શકે છે. જુદા
જુદા રૂપ–રંગની વસ્તુઓ બનાવવા તે એક જ માટીનો
ઉપયોગ કરે છે. તે એક વસ્તુ વિશિષ્ટ હેતુથી કોઈ ખાસ
ઉપયોગ માટે બનાવી શકે, અને બીજી વસ્તુ
રોજબરોજના ઉપયોગ માટે બનાવી શકે.

૨૨દેવે જે કર્યું છે તે પણ કંઈક આવું જ છે. દેવની
ઈચ્છા હતી કે લોકો તેનો કોપ તેમજ સામર્થ્ય જુએ. જે
લોકો સર્વનાશને લાયક હતા, એમના પર દેવ ગુસ્સે
થયો હતો, એવા લોકોને પણ દેવે ખૂબ જ ધીરજપૂર્વક
સહન કર્યા. ૨૩એવા લોકો માટે પણ દેવે ધીરજથી રાહ
જોઈ, જેથી કરીને દેવ પોતાનો સમૃદ્ધ મહિમા દર્શાવી
શકે. જેઓ તેની કૃપા પ્રાપ્ત કરવાના હતા. તેથી આપણે

---

**ઈસહાક ... ગણાશે"** ઉત.૨૧:૧૨.

**"યોગ્ય સમયે ... દીકરો થશે"** ઉત.૧૮:૧૦,૧૪.

**"તારો મોટો ... સેવા કરશે"** ઉત. ૨૫:૨૩.

**"યાકૂબને ... ધિક્કારતો હતો"** માલ. ૧:૨–૩.

**"જે વ્યક્તિ ... દયા દર્શાવીશ"** નિ. ૩૩:૧૯.

**"તું મારું ... ઈચ્છતો હતો"** નિર્ગ. ૯:૧૬.

જેઓ તેની કૃપાનાં પાત્રો છીએ અને જેમને તેણે તેનો મહિમા મેળવવા તૈયાર કર્યા છે તેમનામાં પોતાનો મહિમા પ્રગટ કર્યો છે. ૨૪એ લોકો તે આપણે જ છીએ. આપણે એવા માનવો છીએ કે જેમને દેવે તેડયા (પસંદ કર્યા) છે. યહૂદીઓ તેમજ બિનયહૂદીઓમાંથી દેવે આપણને પસંદ કર્યા છે. ૨૫હોશિયાના અધ્યાયમાં શાસ્ત્ર કહે છે તેમ:

"જે લોકો મારા નથી– તેઓને હું મારાં લોકો કહીશ. અને જે લોકો ઉપર મેં પ્રેમ નથી કર્યો– તેઓ પર હું પ્રેમ કરીશ."

*હોશિયા ૨:૨૩*

૨૬ "અને એ જ ઠેકાણે દેવે કહ્યું કે, 'તમે મારી પ્રજા નથી'– તે જ ઠેકાણે તેઓ જીવંત દેવના દીકરા કહેવાશે."

*હોશિયા ૧:૧૦*

૨૭અને ઈઝરાએલ વિષે યશાયા પોકારીને કહે છે કે:

"સમુદ્રની રેતીના કણ જેટલા ઈઝરાએલના અનેક લોકો છે. પરંતુ એમાંના થોડાક જ લોકો તારણ પામશે. ૨૮હા, પૃથ્વી પરના લોકોનો ન્યાય તોળવાનું કાર્ય દેવ જલદી પૂર્ણ કરશે."*

૨૯યશાયાએ કહ્યું છે તેમ:

"દેવ સર્વશક્તિમાન છે. આપણા માટે દેવે એના કેટલાએક માણસોને બચાવી લીધા, એવું જો દેવે ન કર્યુ હોત તો, સદોમ અને ગમોરા* શહેરોના લોકો જેવી આપણી દશા થાત."*

૩૦તો આ બધાનો અર્થ શું થાય? એનો અર્થ આ છે કે: બિનયહૂદી લોકો દેવ સાથે ન્યાયી થવાનો પ્રયત્ન કરતા ન હતા છતાં તેઓને દેવ સાથે ન્યાયી બનાવાયા અને તેઓ પોતાના વિશ્વાસને લીધે ન્યાયી ઠર્યા. ૩૧અને જ્યારે દેવ માટે ન્યાયી ઠરવા ઈસ્રાએલના લોકોએ નિયમશાસ્ત્રને અનુસરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે તેઓ સફળ ન થયા. ૩૨સફળ કેમ ન થયા? કેમ કે તેમણે પોતાનાં કાર્યોના બળના આધારે દેવ સાથે ન્યાયી થવાનો પ્રયત્ન કર્યો. તેઓને દેવમાં વિશ્વાસ ન હતો કે દેવ તેમને ન્યાયી બનાવશે. જે પથ્થર લોકોને પાડી નાંખે છે, તેની ઠોકર ખાઈને તેઓ પડ્યા. ૩૩એ પથ્થર વિષે શાસ્ત્ર કહે છે:

"જુઓ, સિયોન (યરૂશાલેમ) માં મેં એક પથ્થર મૂક્યો છે કે જે લોકોને પાડી નાખશે. એ પથ્થર ઠોકર ખવડાવીને લોકોને પાપમાં પાડશે. પરંતુ જે કોઈ વ્યક્તિ એ પથ્થરમાં વિશ્વાસ રાખશે તે નિરાશ થશે નહિ."

*યશાયા ૮:૧૪; ૨૮:૧૬*

૧૦ ભાઈઓ તથા બહેનો, મારી સૌથી મોટી ઈચ્છા એ છે કે યહૂદીઓ તારણ પામે. દેવને મારી એ જ પ્રાર્થના છે. ૨યહૂદીઓ વિષે હું આ કહી શકું છું કે: તેઓ દેવને અનુસરવાનો ખરેખર પ્રયત્ન કરે છે. પરંતુ સાચો માર્ગ તેઓ જાણતા નથી. ૩દેવ જે માર્ગે લોકોને ન્યાયી બનાવે છે એ તેઓ જાણતા ન હતા. અને પોતાની આગવી રીતે તેઓએ ન્યાયી બનવાનો પ્રયત્ન કર્યો. આમ દેવની રીતે ન્યાયી બનવાનું તેમણે સ્વીકાર્યુ નહિ. ૪ખ્રિસ્તે જૂના નિયમશાસ્ત્રનો અંત આણ્યો, જેથી કરીને ખ્રિસ્તમાં વિશ્વાસ રાખનાર પ્રત્યેક વ્યક્તિને દેવ–પ્રાપ્તિ માટે ન્યાયી બનાવી શકાય.

૫નિયમ દ્વારા દેવ સાથે ન્યાયી થવા સંબંધમાં મૂસા લખે છે. "જે દરેક વ્યક્તિ નિયમનું પાલન કરે છે, તે નિયમની બાબતોનું પાલન કરવાથી જીવન મેળવશે."* ૬પરંતુ વિશ્વાસના માર્ગે યોગ્યતા મેળવવા વિષે શાસ્ત્ર આમ કહે છે: "તમે પોતે આવું ન કહેશો– 'ઉપર આકાશમાં કોણ જશે?"' (આનો અર્થ એ છે કે, "ખ્રિસ્તને પ્રાપ્ત કરવા અને તેને પૃથ્વી પર પાછો નીચે લાવવા આકાશમાં કોણ જશે?" ૭અથવા તમે આમ પણ પૂછશો નહિ, કે પૃથ્વીના કે ઊડાણમાં કોણ ઊતરશે?" (એનો અર્થ છે–"નીચે પાતાળમાં મૃત્યુલોકમાં જઈને મૃત્યુમાંથી ખ્રિસ્તને પૃથ્વી પર કોણ લઈ આવશે?") ૮શાસ્ત્ર જે કહે છે તે આ છે: "દેવનો સંદેશ તો તમારી પાસે છે; તે તમારા મુખમાં અને હૃદયમાં છે." તે સંદેશ તે જ વિશ્વાસનો સંદેશ છે, કે જે અમે લોકોને કહીએ છીએ.* ૯જો તમે તમારી મુખવાણીનો ઉપયોગ આમ કહેવા

---

**"સમુદ્રની ... પૂર્ણ કરશે"** યશા. ૧૦:૨૨–૨૩.

**સદોમ અને ગમોરા** આ બે શહેરોમાં પાપી લોકો વસતા હતા,અને એ શહેરોનો વિનાશ કરીને દેવે તેઓને સજા કરી હતી.

**"દેવ સર્વશક્તિમાન ... આપણી દશા થાત"** યશા. ૧:૯.

**"જે દરેક ... જીવન મેળવશે"** લે. ૧૮:૫.

**કલમ ૬–૮** પુન. ૩૦:૧૨–૧૪.

માટે કરશો કે, " ઈસુ પ્રભુ છે," અને જો તમે તમારા
મનમાં માનશો કે દેવે ઈસુને મૃત્યુમાંથી ઉઠાડયો છે,
તો તમારું તારણ થશે. ૧૦હા, અમે અમારા હૃદયોથી
માનીએ છીએ, અને તેથી અમને ન્યાયી ઠરાવાયા છે.
અને, "અમે એમાં માનીએ છીએ." એમ કહેવા માટે
અમે અમારી મુખની વાણીનો ઉપયોગ કરીએ છીએ;
અને તેથી આપણું તારણ થયું છે. ૧૧હા, ધર્મશાસ્ત્ર કહે
છે, "જે કોઈ વ્યક્તિ તેનામાં (ખ્રિસ્તમાં) વિશ્વાસ કરે
છે તેને શરમાવું નહિ પડે."* ૧૨એ ધર્મશાસ્ત્ર કહે છે,
"જે કોઈ વ્યક્તિ," કારણ કે યહૂદીઓ અને બિન-
યહૂદીઓ વચ્ચે કોઈ ભેદભાવ નથી. એ જ પ્રભુ સૌ
લોકોનો પ્રભુ છે. પ્રભુમાં વિશ્વાસ રાખનાર સૌ લોકોને
પ્રભુ અનેક આશીર્વાદ આપે છે. ૧૩હા, શાસ્ત્ર કહે છે,
"પ્રભુમાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ તારણ
પામશે."*

૧૪પરંતુ સહાય માટે તેઓ પ્રભુમાં ભરોસો મૂકી શકે
તે પહેલાં લોકોએ પ્રભુમાં વિશ્વાસ કરવો જોઈએ. અને
લોકો પ્રભુમાં વિશ્વાસ કરે તે પહેલાં તેમણે પ્રભુ વિષે
સાંભળેલું હોવું જોઈએ. અને લોકો પ્રભુ વિષે સાંભળે
એ માટે બીજી કોઈ વ્યક્તિએ તેમને પ્રભુ વિષે કહેવું
પડે. ૧૫અને લોકોની પાસે જઈને તેઓને બધું કહેવા
માટે કોઈક વ્યક્તિને મોકલવી પડે. શાસ્રમાં લખેલું છે
કે, "સુવાર્તા લાવનાર પ્રબોધકો કે ઉપદેશકોનાં પગલા
કેવાં સુંદર છે!"*

૧૬પરંતુ બધા જ યહૂદીઓએ એ સુવાર્તા માની નહિ.
યશાયાએ કહ્યું, "હે પ્રભુ, અમે લોકોને જે કહ્યું એમાં
માનનારા કોણ હતા?"* ૧૭આમ, સુવાર્તા સાંભળવાથી
વિશ્વાસ આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ લોકોને ખ્રિસ્ત
વિષે કહે છે ત્યારે એ સુવાર્તા લોકોને સાંભળવા મળે
છે.

૧૮પરંતુ હું પૂછું છું, "શું લોકોએ એ સુવાર્તા સાંભળી
નથી?" હા, તેઓએ સાંભળી જ હતી જેમ શાસ્ર કહે છે
તેમ:

"આખી દુનિયામાં તેઓનો અવાજ ફેલાઈ ગયો;
આખા જગતમાં બધે જ તેઓનાં વચનો ફેલાયાં
છે."

*ગીતશાસ્ર ૧૯:૪*

૧૯વળી હું પૂછું કે, "શું ઈઝરાએલના લોકો એ સુવાર્તા
સમજી ન શક્યા?" હા, તેઓ સમજ્યા હતા. પ્રથમ
મૂસા દેવ વિષે આમ કહે છે:

"જે પ્રજા હજી ખરેખર રાષ્ટ્ર બની નથી, એવા
લોકો ઉપર હું તમારામાં ઈર્ષા ઉત્પન્ન કરીશ.
જે રાષ્ટ્રમાં સમજશક્તિ નથી તેની પ્રજા ઉપર હું
તમારામાં ક્રોધ ઉત્પન્ન કરીશ."

*પુર્નનિયમ ૩૨:૨૧*

૨૦દેવ માટે આવું કહેનાર યશાયાએ હિંમતપૂર્વક કહ્યું:

"જેઓ મને શોધતા ન હતા-તેઓને હું મળ્યો;
જેમણે મને કદી ખોળયો નહોતો એવા લોકોની
આગળ હું પ્રગટ થયો."

*યશાયા ૬૫:૧*

૨૧બિનયહૂદીઓ વિષે યશાયા દ્વારા દેવ આમ બોલ્યો.
પરંતુ યહૂદી લોકો વિષે દેવ કહે છે, "એ લોકો માટે હું
રાત-દિવસ રાહ જોઈ રહ્યો છું, પરંતુ મારી આજ્ઞા
પાળવાનો અને મને અનુસરવાનો તેઓ ઈન્કાર કરે
છે."*

### દેવ પોતાના માણસોને ભૂલ્યો નથી

૧૧ તેથી હું પૂછું છું, "શું દેવે પોતાના માણસોને
તરછોડી દીધા?" ના! હું પોતે ઈઝરાએલનો
(યહૂદી) છું. હું ઈબ્રાહિમના વંશનો અને બિન્યામીનના
કુળનો છું. ૨ઈઝરાએલના લોકો જનમ્યા તે પહેલાં દેવે
તેમને પોતાના માણસો તરીકે પસંદ કર્યા. અને દેવે એ
લોકોને તરછોડ્યા નથી. એલિયા પ્રબોધક વિષે ધર્મશાસ્ત્ર
જે કહે છે તે તમે સારી રીતે જાણો છો. ઈઝરાએલના
લોકોની વિરુદ્ધમાં દેવને પ્રાર્થના કરતા એલિયા વિષે
શાસ્રમાં ઉલ્લેખ છે. ૩એલિયા બોલ્યો, "હે પ્રભુ, આ
લોકોએ તારા પ્રબોધકોને મારી નાખ્યા છે અને તારી
વેદીઓનો વિનાશ કર્યો છે. પ્રબોધકોમાં એક માત્ર હું
હજી જીવતો છું. અને હવે એ લોકો મને પણ મારી
નાખવાનો પ્રયત્ન કરી રહ્યા છે."* ૪પરંતુ દેવે એલિયાને
શું જવાબ આપ્યો, તે જાણો છો? દેવે તેને કહ્યું, "જે
૭,૦૦૦ માણસો હજી પણ મારી ભક્તિ કરે છે તેઓને
મેં મારા માટે રાખી મૂકયા છે. આ ૭,૦૦૦ માણસો

---

**"જે કોઈ વ્યક્તિ ... શરમાવું નહિ પડે"** યશા. ૨૮:૧૬.

**"પ્રભુમાં વિશ્વાસ ... તારણ પામશે"** યોએ.૨:૩૨.

**"સુવાર્તા લાવનાર ... સુંદર છે"** યશા. ૫૨:૭.

**"હે પ્રભુ ... કોણ હતા"** યશા.૫૩:૧.

**"એ લોકો ... કરે છે"** યશા. ૬૫:૨.

**"હે પ્રભુ આ ... કરી રહ્યાં છે"** ૧ રા. ૧૯:૧૦, ૧૪.

'બઆલ'ની આગળ ઘૂંટણે પડયા નથી." ૫એવું જ અત્યારે
પણ છે. થોડાક માણસો એવા છે કે જેઓ દેવ કૃપાથી
પસંદ કરાયા છે. ૬અને જો દેવ-કૃપાને કારણે એમની
પસંદગી થઈ હોય, અને તેઓ દેવના માણસો થયા
હોય, તો તે તેઓનાં કર્મોને આધારે નહિ પરંતુ તેમનાં
કર્મોને આધારે તેઓ દેવના ખાસ માણસો થઈ શક્યા
હોત તો, દેવ લોકોને કૃપાની જે બક્ષિસ આપે છે તે
ખરેખર બક્ષિસ ન ગણાત.

૭તો એ આમ થયું છે: ઈઝરાએલના (યહૂદી) લોકોએ
દેવ-પ્રાપ્તિ માટે યોગ્યતા કેળવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ
તેઓ સફળ ન થયા. પરંતુ દેવે જે માણસો પસંદ કર્યા,
તેઓ સુપાત્ર થયા. બીજા લોકો કઠણ થયા અને તેમણે
દેવનો આદેશ સાંભળવાનો ઈન્કાર કરી દીધો. ૮શાસ્રોમાં
લખ્યું છે તેમ:

"દેવે તેઓની પર ભર ઊંઘનો આત્મા રેડયો
છે." *યશાયા ૨૯:૧૦*

"દેવે તેઓની આંખો બંધ કરી દીધી જેથી તેઓ
સત્ય જોઈ શકે નહિ, અને દેવે તેઓના કાન
પણ બંધ કરી દીધા જેથી કરીને તેઓ સત્ય
સાંભળી શકે નહિ. અત્યાર સુધી આ સ્થિતિ
ચાલુ જ રહી છે."

*પુર્નનિયમ ૨૯:૪*

૯અને દાઉદ કહે છે :

"મિજબાની ઉડાવતા લોકો ભલે ફસાઈ જાય,
અને પકડાઈ જાય. ભલે તેઓને પડવા દો અને
શિક્ષા થવા દો.
૧૦ તેઓ જોઈ શકે નહિ એવી તેઓની આંખો
અંધકારમય થાઓ, અને તેઓની પીઠ તું સદા
વાંકી વાળ, અને પછી હંમેશને માટે ભલે તેઓ
દુ:ખ ભોગવે."

*ગીતશાસ્ર ૬૯:૨૨-૨૩*

૧૧તેથી હું પૂછી રહ્યો છું; "યહૂદીઓની પડતીના
કારણે શું તેઓ તેમનો વિનાશ લાવ્યા? ના! એમની
ભૂલો જ બિનયહૂદી લોકો માટે મુક્તિ લાવી. અને
યહૂદીઓમાં ઈર્ષા ઉત્પન્ન થાય માટે આમ બન્યું. ૧૨જો
કે યહૂદીઓની ભૂલ આખી દુનિયા માટે સમૃદ્ધ
આશીર્વાદો લઈ આવી. અને યહૂદીઓએ જે ખોયું તે
બાબતે બિનયહૂદી લોકો માટે અઢળક આશિષ લાવી.
દેવની ઈચ્છા પ્રમાણે યહૂદીઓ જયારે લોકો પ્રત્યે દયાળુ
બનશે ત્યારે આખી દુનિયા ખરેખર વધારે સમૃદ્ધ
આશીર્વાદો પ્રાપ્ત કરશે. ૧૩હવે, જે લોકો યહૂદી નથી
તેમને હું સંબોધું છું. બિનયહૂદીઓનો પણ હું પ્રેરિત છું.
તેથી જ્યાં સુધી મારે એ કાર્ય કરવાનું છે, ત્યાં સુધી હું
મારાથી શક્ય હોય એવી સર્વોત્તમ રીતે કરીશ. ૧૪મને
આશા છે કે હું મારા પોતાના લોકોને ઈર્ષાળુ બનાવી
શકીશ. એ રીતે કદાચ એમાંના કેટલાએકને હું બચાવી
શકીશ. ૧૫દેવ યહૂદીઓથી વિમુખ થઈ ગયો. જ્યારે
એવું થયું ત્યારે દેવે દુનિયાના અન્ય લોકો સાથે મૈત્રી
કરી. તેથી જ્યારે દેવ યહૂદીઓનો સ્વીકાર કરશે, ત્યારે
લોકોને ખરેખર મૃત્યુ પછીનું તે સાચું જીવન પ્રાપ્ત
થશે.

૧૬જો રોટલીનો પ્રથમ ટૂકડો દેવને અર્પણ કરવામાં
આવે છે, તો તે આખી રોટલી પવિત્ર બની જાય છે. જો
વૃક્ષનાં મૂળિયાં પવિત્ર હોય તો વૃક્ષની ડાળીઓ પણ
પવિત્ર હોય છે.

૧૭એ વાત એવી છે જાણે કે ઉછેરવામાં આવેલ જૈતૂન
વૃક્ષની કેટલીક ડાળીઓ કાપી નાખવામાં આવી છે અને
જંગલી જૈતૂન વૃક્ષની એક ડાળીની તેમાં કલમ કરવામાં
આવી છે. તમે બિનયહૂદીઓ તે જંગલી ડાળી જેવા છો,
અને તમે હવે પ્રથમ વૃક્ષની શકિત અને જીવનના
સહભાગી થયા છો. ૧૮તેથી અસલ વૃક્ષની ડાળીઓ જે
કાપી નાખવામાં આવી હતી, તે વિષે તમે ગર્વ કરશો
નહિ. એનું ગર્વ કરવા માટે તમારી પાસે કોઈ યોગ્ય
કારણ પણ નથી. શા માટે? કેમ કે તમે એ અસલ
વૃક્ષનાં મૂળિયાંને જીવન આપતા નથી. તે મૂળિયાં તમને
જીવન આપે છે, તમારા જીવનને આધાર આપે છે.
૧૯તમે કહેશો, "ડાળીઓ એટલા માટે તોડી નાખવામાં
આવી હતી કે જેથી કરીને હું તે ઝાડમાં જોડાઈ શકું."
૨૦એ સાચું છે. પરંતુ એ ડાળીઓ તોડી નાખવામાં આવી
હતી કેમ કે અસલ વૃક્ષમાં તેઓને વિશ્વાસ ન હતો.
અને તમે એ અસલ વૃક્ષના ભાગ બની જીવી રહ્યા છો,
કારણ કે તમે વિશ્વાસ ધરાવો છો. અભિમાન ન કરશો,
પરંતુ દેવનો ડર રાખો. ૨૧જેમ દેવે એ વૃક્ષની કુદરતી
ડાળીઓને રહેવા ન દીધી, એ જ રીતે જો તમે વિશ્વાસ
નહિ રાખો તો, દેવ તમને પણ રહેવા નહિ દે.

૨૨આમ, તમે જોઈ શકો છો કે દેવ દયાળુ છે, પરંતુ
તે ઘણી સખતાઈ પણ રાખી શકે છે. જે લોકો દેવને
અનુસરવાનું બંધ કરે છે તેઓને દેવ શિક્ષા કરે છે. પરંતુ
જો તમે દેવની દયા હેઠળ જીવન જીવતા હશો તો તે

હંમેશા તમારા પ્રત્યે કૃપાળુ રહેશે. જો તમે દેવની દયાને અનુસરવાનું ચાલુ નહિ રાખો તો વૃક્ષમાંથી ડાળીની જેમ કપાઈ જશો. ૨૩અને જો યહૂદીઓ ફરીથી દેવમાં માનતા થશે તો, દેવ એમને ફરી પાછા અપનાવી લેશે. તેઓ જ્યાં હતા ત્યાં મૂળ સ્થાને તેમને પુન:સ્થાપિત કરવા દેવ સમર્થ છે. ૨૪કોઈ જંગલી ડાળી એક સારા વૃક્ષનું અંગ બને એ કાંઈ કુદરતી ઘટના નથી. તમે બિનયહૂદીઓ તો કોઈ જંગલી જૈતૂન વૃક્ષની તૂટેલી ડાળી જેવા છો. અને એક સારા જૈતૂન વૃક્ષ સાથે તમને જોડવામાં આવ્યા હતા. પરંતુ પેલા યહૂદીઓ તો સારા વૃક્ષની ફૂટેલી ડાળી જેવા છે. તેથી, તેમના પોતાના અસલ વૃક્ષ સાથે તેમને ફરીથી જોડી શકાય છે.

૨૫ભાઈઓ તથા બહેનો, આ રહસ્યમય સત્ય હું તમને સમજાવવા માગું છું. હું ઈચ્છું છું કે આ સત્ય તમને સમજવા માટે સહાયરૂપ થશે કે તમે સર્વજ્ઞ નથી. તો સત્ય આ છે: ઈઝરાએલના એક ભાગને હઠીલો બનાવવામાં આવ્યો છે. પરંતુ પુરતા પ્રમાણમાં બિનયહૂદીઓ જ્યારે દેવના શરણે આવશે ત્યારે એ સ્થિતિ પણ બદલાશે. ૨૬અને એ રીતે આખા ઈઝરાએલને બચાવશે. શાસ્ત્રોમાં લખેલું છે:

"સિયોનમાંથી ઉદ્ધાર કરનાર આવશે; તે યાકૂબના
કુટુંબના અધર્મને તથા સર્વ અનિષ્ટોને દૂર કરશે.
૨૭ અને જ્યારે હું તેઓનાં પાપ દૂર કરીશ, ત્યારે
તેઓની સાથેનો મારો કરાર પૂર્ણ થશે."

*યશાયા ૫૯:૨૦–૨૧; ૨૭:૯*

૨૮યહૂદીઓ સુવાર્તા સ્વીકારવાનો ઈન્કાર કરે છે, તેથી તેઓ દેવના શત્રુ છે. તમે બિનયહૂદીઓને મદદ કરવા આમ કર્યું છે. પરંતુ એ ભૂલશો નહિ કે યહૂદીઓ હજુ પણ દેવની ખાસ પસંદગી પામેલા લોકો છે. તેથી દેવ તેઓને ખૂબ જ ચાહે છે. દેવે તેમના બાપદાદાઓને વચનો આપ્યાં હતાં, તેથી દેવ તેમને ચાહે છે. ૨૯દેવ જ્યારે જે લોકોને પાસે બોલાવીને એમને કંઈક આપે છે, તે પછી દેવ લોકોને આપેલું પોતાનું વચન કદી પણ પાછું ખેંચી લેતો નથી. ૩૦એક સમય એવો હતો કે જ્યારે તમે દેવના આદેશનો અનાદર કરતા હતા. પરંતુ હમણા તમે દયાપાત્ર બન્યા, કેમ કે પેલા યહૂદી લોકોએ દેવ–આજ્ઞાનો અનાદર કર્યો છે. ૩૧અને હવે યહૂદીઓ આજ્ઞાપાલનનો અનાદર કરે છે, કેમ કે દેવે તમને ક્ષમા આપી છે. પરંતુ આમ એટલા માટે બન્યું. તેઓની ઉપર દેવ દયા કરે. ૩૨દેવ–આજ્ઞાનો અનાદર બધા લોકોએ કર્યો જ છે. આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા બધા લોકોને દેવે એક સાથે એક જગ્યાએ એકત્રિત કરી રાખ્યા છે, જેથી કરીને તે તેઓ પર દયા વરસાવી શકે.

## દેવની સ્તુતિ

૩૩હા, દેવની સમૃદ્ધિ અત્યંત મહાન છે! દેવની કૃપા અને ક્ષમા અપરંપાર છે! દેવનું જ્ઞાન અને વિવેક–બુદ્ધિ અનંત છે! દેવના નિર્ણયોને કોઈ પણ વ્યક્તિ સમજી શકશે નહિ. દેવના માર્ગો કોઈ પણ વ્યક્તિ સમજી શકશે નહિ. ૩૪શાસ્ત્ર કહે છે તેમ,

"પ્રભુનું મન કોણે જાણ્યું છે? તેનો મંત્રી કોણ
થયો છે?"

*યશાયા ૪૦:૧૩*

૩૫ "દેવને કોઈએ કઈ પણ ક્યારે આપ્યું છે? દેવ
કોઈ પણ વ્યક્તિનો ઋણી નથી. જેથી કોઈને
પાછું ભરી આપવામાં આવે?"

*અયૂબ ૪૧:૧૧*

૩૬હા, બધી વસ્તુઓના સર્જક દેવ છે. અને દરેક વસ્તુ દેવ દ્વારા અને દેવ માટે જ ટકી રહે છે. દેવનો સર્વકાળ મહિમા થાઓ! આમીન.

## તમારું જીવન દેવને સમર્પિત કરો

**૧૨** હે ભાઈઓ તથા બહેનો, હું તમને વિનંતી કરું છું કે હવે તમે કંઈક કરો. દેવે આપણા પ્રત્યે પુષ્કળ દયા દર્શાવી છે. તેથી દેવની દયાની ખાતર તમે તમારા શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો. તમારું અર્પણ માત્ર પ્રભુ અર્થે જ થાય, અને તેથી દેવ પ્રસન્ન થશે. તમારું અર્પણ દેવની સેવાનો આધ્યાત્મિક માર્ગ છે. ૨આ દુનિયાના લોકો જેવા થવા માટે તમે તમારા જીવનનું પરિવર્તન કરશો નહિ. પરંતુ નવી વિચાર–શૈલી અપનાવીને તમે તમારા જીવનમાં પૂર્ણ રીતે આંતરિક પરિવર્તન પામો, તો જ દેવ તમારા માટે શું ઈચ્છે છે તે તમે નક્કી કરી શકશો અને તે સ્વીકારી શકશો. તમે જાણી શકશો કે કઈ વસ્તુઓ સારી છે અને દેવને પ્રિય છે, અને કઈ વસ્તુઓ સંપૂર્ણ છે. ૩દેવે મને એક વિશિષ્ટ કૃપાદાન આપ્યું છે. તેથી જ તો તમારામાંની દરેક વ્યક્તિને મારે કંઈક કહેવાનું છે. તમે એવું ન માની લો કે તમે ખરેખર જેવા છો તેના કરતાં તમે વધારે સારા છો. તમે ખરેખર જેવા છો તેવા

તમારી જાતને ઓળખો. દેવે તમને કઈ જાતનો વિશ્વાસ આપ્યો છે, એના આધારે નક્કી કરો કે તમે કોણ છો! ૪આપણામાંના દરેક માનવને એક શરીર છે, અને એ શરીરને ઘણાં અવયવો છે. આ બધાં અવયવો એક જ પ્રકારનું કાર્ય કરતાં નથી. ૫આપણી સાથે એમ જ છે, જો કે આપણે લોકો ઘણા છીએ. પરંતુ આપણે ઘણા હોવા છતાં ખ્રિસ્તમાં એક શરીર છીએ. અને અરસપરસ એકબીજાનાં અવયવો છીએ. ૬આપણ સૌને જુદાં જુદાં કૃપાદાનો મળેલ છે. આપણા પર થએલ દેવની કૃપાને કારણે પ્રત્યેક કૃપાદાન આપણને પ્રાપ્ત થયેલ છે. જો કોઈ વ્યક્તિને પ્રબોધ કરવાનું કૃપાદાન મળ્યું હોય તો એ વ્યક્તિએ પૂરા વિશ્વાસથી પ્રબોધ કરવો જોઈએ. ૭જો કોઈ વ્યક્તિને સેવા કરવાનું કૃપાદાન હોય, તો તેણે માનવોની સેવા કરવી જોઈએ. કોઈ વ્યક્તિને શિક્ષણ આપવાનું કૃપાદાન હોય, તો તેણે લોકોને શિક્ષણ આપવામાં મંડયા રહેવું. ૮જો કોઈ વ્યક્તિને એવું કૃપાદાન મળ્યું હોય કે તે બીજા લોકોને આશ્વાસન આપી શકે, તો તેણે દુ:ખી લોકોને આશ્વાસન આપવું જોઈએ. અન્ય લોકોને મદદરૂપ થવા કોઈ વ્યક્તિને દાન આપવાની ક્ષમતા પ્રાપ્ત થઈ હોય, તો તેણે ઉદારતાથી દાન કરવું જોઈએ. કોઈ વ્યક્તિમાં અધિકારી થવાની આવડત હોય, તો તેણે સારો અધિકાર ચલાવવા સખત શ્રમ કરવો જોઈએ. જો કોઈ વ્યક્તિમાં અન્ય લોકો પ્રત્યે દયા દર્શાવવાનું કૃપાદાન મળ્યું હોય તો તેણે ઉમંગથી એ કાર્ય ઉપાડી લેવું જોઈએ.

૯તમારો પ્રેમ સાચો હોવો જોઈએ. ભૂંડું છે તેને ધિક્કારો. માત્ર સારાં જ કર્મો કરો. ૧૦જે રીતે ભાઈઓ–બહેનો વચ્ચે પ્રેમ હોય છે એ રીતે તમે એક બીજાને પ્રેમ કરો, જેથી તમને એ આત્મીયતાનો અનુભવ થાય. તમે માન–સન્માનની જે અપેક્ષા રાખો છો, તેના કરતાં વધારે માન–સન્માન તમારા ભાઈ–બહેનોને આપવું જોઈએ. ૧૧દેવનું કાર્ય કરવાની જરૂર હોય ત્યારે તમે આળસુ ન થાઓ. અને જ્યારે દેવની સેવા કરો ત્યારે પૂર્ણ આધ્યાત્મિક ઉત્સાહ સાથે કરો. ૧૨ઉજ્જવળ ભવિષ્યની આશા છે તેથી આનંદમાં રહો. જ્યારે મુશ્કેલીઓ આવે ત્યારે ધીરજ રાખો. અને હંમેશા દેવની પ્રાર્થના કરો. ૧૩દેવના લોકો જેમને મદદની જરૂર છે, તેમના સંતોષ માટે તેમના સહભાગી બનો. એવા લોકોની મહેમાનગતી કરો.

૧૪જે લોકો તમારું ખરાબ કરતા હોય, તેમના વિષે ફક્ત સારું જ બોલો. એમને શાપ ન આપો, પરંતુ એમને આશીર્વાદ જ આપો. ૧૫બીજાના આનંદમાં આનંદી થાઓ, અને બીજાના દુ:ખમાં તમે એમના સહભાગી બનો. ૧૬એક બીજા સાથે હળીમળીને રહો અને શાંતિથી જીવો, અભિમાની બનશો નહિ. બીજા લોકોને મન જે માણસો અગત્યના ન હોય, તેવાની મિત્રતા કરવા તૈયાર રહો. મિથ્યાભિમાની ન બનો.

૧૭જો કોઈ તમને નુકસાન કરે તો તેને નુકસાન પહોંચાડીને વેર વાળવાની વૃત્તિ ન રાખો. બધા લોકો જેને સારા કાર્યો તરીકે સ્વીકારે છે, એવાં કાર્યો જ તમે કરો. ૧૮સૌ લોકો સાથે શાંતિથી જીવવા માટે તમારા તરફથી બને તેટલો સારામાં સારો પ્રયત્ન કરો. ૧૯હે મારા મિત્રો, જ્યારે લોકો તમને નુકસાન કરે, ત્યારે એમને શિક્ષા કરવાનો પ્રયત્ન ન કરો. દેવના પોતાના કોપથી એમને શિક્ષા કરે ત્યાં સુધી રાહ જુઓ. શાસ્ત્રમાં લખેલું છે: "પાપીઓને શિક્ષા કરનાર હું જ એક માત્ર છું; હું તેમનો બદલો લઈશ,"* એમ પ્રભુ કહે છે. ૨૦પરંતુ તમારે આમ કરવું જોઈએ: "જો તારો દુશ્મન ભૂખ્યો હોય તો એને ખવડાવ. જો તારો દુશ્મન તરસ્યો હોય તો તેને પાણી પા; આ રીતે તું એ માણસને શરમિંદો બનાવી શકીશ."* ૨૧ભૂંડાથી તું હારી ન જા, પણ સારાં કર્મો કરીને તારે ભૂંડાંનો પરાજય કરવો.

૧૩ દરેક માણસે મુખ્ય અધિકારીઓના હુકમનું પાલન કરવું જ જોઈએ. જે અધિકારી છે તેઓને દેવ દ્વારા એ સત્તા આપવામાં આવી છે. અને અત્યારે જે લોકો શાસન કરી રહ્યા છે, તેમને પણ દેવ દ્વારા એ સત્તા આપવામાં આવી છે. ૨તેથી જે વ્યક્તિ સરકારની વિરુદ્ધમાં હોય તે ખરેખર તો દેવના આદેશની વિરુદ્ધમાં છે. સરકારની વિરુદ્ધ જતા લોકો પોતે શિક્ષા વહોરી લે છે. ૩જે લોકો સારાં કાર્યો કરતા હોય તેમણે સરકારી અધિકારીઓથી ડરવાની જરૂર નથી. પરંતુ જે લોકો ખોટાં કામો કરતા હોય તેમને તો અધિકારીઓનો ડર લાગવો જ જોઈએ. શું તમારે શાસકોના ડરમાંથી મુક્ત થવું છે? તો તમારે સારાં કામો કરવાં જોઈએ. જો તમે સારાં કાર્યો કરશો તો સરકારી અધિકારીઓ તમારાં વખાણ કરશે. ૪શાસક તો દેવનો સેવક છે. જે તમને મદદ કરે છે. પરંતુ જો તમે કંઈક ખોટું કરશો તો તમારે ડરવું પડશે. શાસક પાસે શિક્ષા કરવાની સત્તા હોય છે, અને તે એ સત્તાનો ઉપયોગ કરશે. ખોટાં કામો કરનાર લોકોને સજા કરતો અધિકારી દેવનો સેવક છે. ૫તેથી તમારે સરકારના નિયમોનું પાલન કરવું જ જોઈએ. તમારે સરકારી કાયદાઓનું પાલન કરવું જોઈએ કારણ

**"પાપીઓને … લઈશ."** પુન. ૩૨:૩૫.

**"જો તારો … બનાવી શકીશ" નીતિ.** ૨૫:૨૧–૨૨.

કે જો તમે પાલન ન કરો તો તમને શિક્ષા થાય. તમારે
એટલા માટે પણ કાયદાનું પાલન કરવું જોઈએ કેમ કે,
એમ કરવું જ યોગ્ય છે એ તમે જાણો છો.
૬અને તેથી જ તમે કરવેરા પણ ચૂકવો છો. જે સત્તાધારી
છે તે દેવ માટે કાર્ય કરે છે અને શાસન કાર્યમાં પોતાનો
બધો સમય આપે છે. ૭જે લોકોનું ઋણ તમારા માથે
હોય તે તેમને ચૂકવો. કોઈ પણ જાતના કરવેરા કે કોઈ
પણ જાતનું દેવું તમારા પર હોય તો તે ભરપાઈ કરી દો.
જે લોકોને માન આપવા જેવું હોય તેમને માન આપો.
અને જેમનું સન્માન કરવા જેવું હોય તેમનું સન્માન
કરો.

### અન્ય લોકોને પ્રેમ કરવો એ જ માત્ર નિયમ છે

૮કોઈનું કોઈ પણ પ્રકારનું દેવું રાખશો નહિ. પરંતુ
હંમેશા એક બીજાના પ્રેમના ઋણી રહો. જે વ્યક્તિ
બીજા લોકોને પ્રેમ કરે છે તેણે ખરેખર નિયમની બધી
જ જરૂરિયાતો પરિપૂર્ણ કરી છે એમ ગણાશે. ૯હું આમ
શા માટે કહું છું? કારણ કે નિયમશાસ્ત્ર કહે છે, "તારે
વ્યભિચારનું પાપ ન કરવું જોઈએ, ખૂન ન કરવું,
કશાયની ચોરી ન કરાય, બીજા લોકોની વસ્તુઓ મેળવી
લેવાની ઈચ્છા ન કરાય."* આ અને બીજી બધી
આજ્ઞાઓ કે આદેશો ખરેખર તો એક જ નિયમમાં સમાઈ
જાય છે: "જે રીતે તમે તમારી જાતને પ્રેમ કરો છો, એ
જ રીતે પોતાના પડોશી પર પણ પ્રેમ કરો."* ૧૦પ્રેમ
બીજા લોકોને ઈજા કે દુ:ખ પહોંચાડી શકતો નથી. તેથી,
નિયમના બધા જ આદેશોનું પાલન કરવું કે તેને પ્રેમ
કરવો એ બધું એક જ છે.
૧૧આ બધી વાત હું તમને એટલા માટે કહું છું કે,
તમે જાણો છો તેમ, આપણે સૌ મહત્વપૂર્ણ સમયમાં
જીવી રહ્યા છીએ. હા, તમારી નિંદ્રામાંથી જાગ્રૃત થવાનો
હવે સમય આવ્યો છે. પછી જ્યારે આપણે વિશ્વાસીઓ
બન્યા તેના કરતાં હવે તારણનો સમય આપણી વધુ
નજીક છે. ૧૨"રાત"* લગભગ સમાપ્ત થઈ ચૂકી છે.
"દિવસ"* ઊગી રહ્યો છે. તેથી આપણે અંધકારનાં કામો
(પાપ) કરવાનું હવે બંધ કરવું જોઈએ. સત્કર્મોના કાર્યો
માટે આપણે પ્રકાશના શસ્રોથી સજ્જ થવું જોઈએ.
૧૩પ્રકાશમાન દિવસમાં રહેતા લોકોની જેમ આપણે વર્તવું
જોઈએ. મોંજ મસ્તીથી છલકાતી ખર્ચાળ મિજબાનીઓ
આપણે ઉડાવવી ન જોઈએ. મદ્યપાન કરીને આપણે
નશો ન કરવો જોઈએ. આપણે આપણાં અવયવો વડે
જાતીય વાસનાનું પાપ કે બીજાં કોઈ પણ પાપ ન કરવાં
જોઈએ. આપણે (બિનજરૂરી) દલીલો કરીને મુશ્કેલીઓ
ઊભી કરવી ન જોઈએ, અથવા ઈર્ષાળુ ન બનવું જોઈએ.
૧૪પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્તને પહેરી લો. તમારામાં રહેલો
પાપનો અંશ તમને જે ખરાબ ઈચ્છાઓ કરાવે છે, તેને
સંતોષવાના વિચારો ન કરો.

### બીજા લોકોની ટીકા ન કરો

૧૪ વિશ્વાસમાં જે માણસ નબળો હોય તો તેનો
તમે તમારી મંડળીમાં સ્વીકારવા માટે ઈન્કાર
ન કરશો. અને એ વ્યક્તિના જુદા વિચારો વિષે એની
સાથે દલીલબાજીમાં ન ઉતરશો. ૨એક વ્યક્તિ એવું
માને છે કે એને મન ફાવે તેમ તે કોઈ પણ જાતનો
ખોરાક ખાઈ શકે છે. પરંતુ નિર્બળ વિશ્વાસ ધરાવનાર
માણસ એવું માને છે કે તે ફક્ત શાકભાજી જ ખાઈ
શકે છે. ૩કોઈ પણ જાતનો ખોરાક લેનાર માણસે એવું
માની લેવું ન જોઈએ કે તે શુદ્ધ શાકાહારી વ્યક્તિ કરતાં
વધારે સારો છે. અને ચુસ્ત શાકાહારી માણસે પણ એવું
માનવું ન જોઈએ કે બધી જાતનો ખોરાક લેનાર માણસ
ખોટો છે. કેમ કે દેવે તેનો પણ સ્વીકાર કર્યો છે. ૪બીજા
માણસના નોકર વિષે તમે અભિપ્રાય આપી ન શકો.
નોકર કામ બરાબર કરે છે કે નહિ, એ તો ફક્ત એનો
પોતાનો જ શેઠ નક્કી કરી શકે. અને પ્રભુનો સેવક
ન્યાયી હશે કારણ કે તેને ન્યાયી કે સુપાત્ર બનાવવા
પ્રભુ સમર્થ છે.
૫કોઈ માણસ એવું માની શકે કે કોઈ એક દિવસ તે
બીજા કોઈ દિવસ કરતાં વધારે મહત્વનો છે. અને વળી
બીજો કોઈ માણસ એવું માની શકે કે બધા દિવસ એક
સરખા જ છે. ખરી વાત તો એ છે કે દરેક માણસે
મનમાં પોતાની માન્યતાઓ વિષે બરાબર સ્પષ્ટ હોવું
જોઈએ. ૬બીજા દિવસો કરતાં અમુક જ દિવસ વધારે
અગત્યનો છે એવું માનનાર માણસ પ્રભુને માટે એવું
કરી રહ્યો છે. અને બધું જ ખાનાર માણસ પણ દેવને
માટે એવું કરી રહ્યો છે. હા, એ ખોરાક માટે તે દેવનો
આભાર માને છે. અને અમુક ખોરાક ખાવાનો ઈન્કાર
કરનાર માણસ પણ પ્રભુને ખાતર એમ કરી રહ્યો છે.
એ પણ દેવનો આભાર માને છે. ૭હા, આપણે સૌ

---

**"તારે ... ન જ કરાય"** નિ. ૨૦:૧૩-૧૫, ૧૭.

**"જે રીતે તમે ... પણ પ્રેમ કરો"** ૧૯:૧૮.

**રાત** પાપમય જગતનું પ્રતિક

**દિવસ** સારા સમયનું પ્રતિક જે આવી રહ્યો છે.

પ્રભુને ખાતર જીવીએ છીએ. આપણે કાંઈ આપણી પોતાની જાત માટે જીવતા કે મરતા નથી. ૮જો આપણે જીવીએ છીએ તો તે પ્રભુને ખાતર જ જીવીએ છીએ. અને જો આપણે મરીએ છીએ તો તે પણ પ્રભુને ખાતર જ. આમ, જીવતાં કે મરતાં આપણે પ્રભુના જ છીએ.

૯તેથી જ તો ખ્રિસ્ત મરણ પામ્યો અને પાછો મૃત્યુમાંથી સજીવન થયો. ખ્રિસ્તે આ પ્રમાણે કર્યું જેથી કરીને જે લોકો મરણ પામ્યા છે અને જેઓ હજી જીવતા છે તે સૌનો પ્રભુ થાય.૧૦તો પછી ખ્રિસ્તમાં વિશ્વાસ રાખનાર તમારા ભાઈ વિષે તમે શા માટે સારો કે ખરાબ અભિપ્રાય બાંધો છો? અથવા તો તમારા ભાઈ કરતાં તમે વધારે સારા છો, એમ તમે શા માટે વિચારો છો? આપણે બધાએ દેવના ન્યાયાસન આગળ ઉપસ્થિત થવાનું છે અને તે આપણા સૌનો ન્યાય કરશે. ૧૧હા, શાસ્ત્રમાં લખેલું છે: પ્રભુ કહે છે કે,

"પ્રત્યેક વ્યક્તિ મારી આગળ ઘૂંટણીએ પડીને
નમન કરશે અને પ્રત્યેક વ્યક્તિ કબૂલ કરશે કે,
હું દેવ છું. હું જીવું છું એ જેટલું ચોક્કસ છે,
એટલું ચોક્કસ એ રીતે આ બધું બનશે"

*યશાયા ૪૫:૨૩*

૧૨આમ, પોતાના જીવન વિષે આપણામાંની દરેક વ્યક્તિએ દેવને જવાબ આપવો પડશે.

### બીજા લોકો પાસે પાપ કરાવશો નહિ

૧૩આમ આપણે એકબીજાનો ન્યાય તોળવાનું બંધ કરવું જોઈએ. આપણે એવો નિર્ણય લેવો પડશે કે આપણે એવું કાંઈ પણ ન કરવું કે જે કોઈ ભાઈ કે બહેનને નિર્બળ બનાવે કે તેને પાપમાં પાડે. ૧૪હું તો પ્રભુ ઈસુમાં છું. અને હું જાણું છું કે એવો કોઈ ખોરાક નથી કે જે ખાવા માટે નકામો હોય. પરંતુ જો કોઈ માણસ એવું માનતો હોય કે કોઈ વસ્તુ તેના માટે ખોટી કે નકામી છે, તો તેના માટે તે ખોટું જ છે. ૧૫જો તમે જે કાંઈ ખોરાક લેતા હોય અને તેનાથી તમારા ભાઈની લાગણી દુભાતી હોય તો તમે પ્રેમનો માર્ગ અનુસરતા નથી. તેને ખાવાનો આગ્રહ કરીને તેના વિશ્વાસનો નાશ કરશો નહિ. એ માણસ માટે ઈસુ મરણ પામ્યો છે. ૧૬તમારું જે સારું છે તે વિષે ભૂંડું બોલાય એવું કશું કરશો નહિ. ૧૭દેવના રાજ્યમાં ખાવું અને પીવું એ અગત્યની બાબતો નથી. તેનાં કરતાં અગત્યની બાબતો દેવના રાજ્યમાં તો દેવની સાથે ન્યાયી થવું અને શાંતિ અને પવિત્ર આત્મામાં આનંદ અનુભવવો તે છે. ૧૮જે કોઈ વ્યક્તિ આ રીતે જીવન જીવીને ખ્રિસ્તની સેવા કરે છે તે દેવને પ્રસન્ન કરે છે. અને બીજા લોકો પણ એ વ્યક્તિનો સ્વીકાર કરે છે.

૧૯જે કામો કરવાથી શાંતિ સ્થપાતી હોય એવું કરવા આપણે સખત પરિશ્રમ કરીએ. અને જેનાથી એક બીજાને મદદ થાય એવું કરવાનો આપણે પ્રયત્ન કરીએ. ૨૦અમુક જ ખોરાક ખાવાની બાબત પર ભાર મૂકીને દેવનું કાર્ય નષ્ટ ન થવા દો. ખાવાની બાબતમાં બધો જ ખોરાક ખાવા લાયક હોય છે. પરંતુ જે ખાવાથી બીજો માણસ જો પાપમાં પડતો હોય તો એ ખોરાક ખાવો યોગ્ય ન ગણાય. ૨૧સાચી વસ્તુ એ છે કે માંસ ખાવાથી કે દ્રાક્ષારસ પીવાથી કે એવું કાંઈ કરવાથી જો તમારા ભાઈનું આધ્યાત્મિક પતન થતું હોય તો તે યોગ્ય નથી. તેથી એવું કાંઈ પણ ન કરવું જેનાથી કોઈનું પણ આધ્યાત્મિક પતન થાય.

૨૨આવી બાબતો વિષેની તમારી અંગત માન્યતાઓને તમારી અને દેવની વચ્ચે ગુપ્ત રાખવી જોઈએ. અપરાધ કર્યો હોય એવી લાગણી અનુભવ્યા વગર જે વ્યક્તિ પોતે જેને સાચું કે યોગ્ય માનતો હોય એવું કરી શકે એવી વ્યક્તિને ધન્ય છે. ૨૩તે ખોરાક ખાવો યોગ્ય છે કે નહિ તેની ખાતરી કર્યા વગર જો કોઈ વ્યક્તિ તે ખાઈ લે તો તે પોતાની જાતને દોષિત માને છે. શા માટે? કારણ કે તે વ્યાજબી હતું એમ તેણે માન્યું નહોતું. અને જો કોઈ વ્યક્તિ જેમાં તેને વિશ્વાસ નથી કે તે સાચું છે અને તે કરે છે તો પછી તે પાપ છે.

**૧૫** આપણે સબળ વિશ્વાસુ છીએ. તેથી જે લોકો વિશ્વાસમાં નિર્બળ હોય તેવાને આપણે મદદ કરવી જોઈએ. એ લોકોની નિર્બળતાઓ નિભાવી લઈને આપણે એમને મદદ કરવી જોઈએ. આપણે આપણી જાતને ખુશ કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. ૨આપણામાંના દરેકે બીજાને પણ ખુશ કરવા જોઈએ. એમને મદદ કરવા આપણે આમ કરવું જોઈએ. એમનો વિશ્વાસ દઢ થાય એ માટે એમને મદદ કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ. ૩ખ્રિસ્ત પણ પોતાને ખુશ કરવાના પ્રયત્નમાં જીવન જીવ્યો ન હતો. તેના વિષે શાસ્રોએ કહ્યું છે તેમ: "જે લોકોએ તારું અપમાન કર્યું છે, તેમણે મારું પણ અપમાન કર્યું છે."* ૪ભૂતકાળમાં જે બધું લખવામાં આવ્યું હતું તે આપણને ઉપદેશ આપવા અને આપણામાં આશા જન્માવવા લખાયું હતું. આપણને

---

**"જે લોકોએ ... કર્યું છે"** ગી.શા. ૬૯:૯.

ઉદ્ધારની આશા મળે એ માટે એ બધું લખાયું હતું,
શાસ્રો આપણને જે ધીરજ અને શકિત આપે છે તેમાંથી
આશા જન્મે છે. ૫ધીરજ અને શકિતનો સ્રોત દેવ છે.
દેવને મારી પ્રાર્થના છે કે ખ્રિસ્ત ઈસુ ઈચ્છે છે તેમ
તમને સૌને હળીમળીને સાથે રહેવામાં દેવ તમારી મદદ
કરે. ૬એમ કરવાથી તમે સૌ એક સૂત્રમાં બંધાશો. અને
આમ તમે સૌ સાથે રહીને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના
પિતા દેવને મહિમાવંત કરશો. ૭ખ્રિસ્તે તમને સ્વીકાર્યા,
તેવી રીતે તમારે એકબીજાને સ્વીકારવા જોઈએ. એમ
કરવાથી દેવને મહિમા મળશે. ૮મારે તમને એ કહેવું છે
કે દેવ જે વચન આપે છે તે સત્ય છે, એમ બતાવવા
ખ્રિસ્ત યહૂદીઓનો સેવક થયો. દેવે યહૂદીઓના પૂર્વજોને
જે જે વચનો આપ્યાં હતાં તે દેવ કરી બતાવશે, એ
સાબિત કરવા માટે ખ્રિસ્તે આમ કર્યુ. ૯અને
બિનયહૂદીઓ પણ દેવની દયાને માટે સ્તુતિ કરે, શાસ્રમાં
લખ્યું છે,

"માટે હું બિનયહૂદીઓમાં તારી સ્તુતિ કરીશ;
અને તારા નામનાં સ્તોત્રો ગાઈશ."

*ગીતશાસ્ર ૧૮:૪૯*

૧૦શાસ્ર તો આમ પણ કહે છે:

"દેવના માણસોની (યહૂદીઓ) સાથે સાથે સૌ
બિનયહૂદીઓએ પણ આનંદિત થવું જોઈએ."

*પુર્નનિયમ ૩૨:૪૩*

૧૧વળી શાસ્ર આમ પણ કહે છે :

"તમે સૌ બિનયહૂદીઓ પ્રભુની સ્તુતિ કરો; અને
સઘળાં લોકો પ્રભુનાં ગુણગાન ગાઓ."

*ગીતશાસ્ર ૧૧૭:૧*

૧૨અને યશાયા પ્રબોધક કહે છે:

"યશાઈના વંશમાંથી* એક વ્યકિત આવશે. તે
વ્યકિત બિનયહૂદીઓ પર રાજ કરવાને આવશે;
અને એ વ્યકિતને કારણે બિનયહૂદીઓને આશા
પ્રાપ્ત થશે."

*યશાયા ૧૧:૧૦*

૧૩હવે દેવ કે જેના પર તમે આશા રાખો છો, તે
તમને તમારા વિશ્વાસને પૂર્ણ આનંદ અને શાંતિથી
ભરી દો. જેથી કરીને તમે તે પવિત્ર આત્માના સામર્થ્ય
દ્વારા ભરપૂર આશાથી તમે છલકાઈ જાઓ.

### પાઉલ પોતાના કાર્ય વિષે કહે છે

૧૪મારા ભાઈઓ તથા બહેનો, મને ખાતરી છે કે
તમે ભલાઈથી ભરપૂર છો. હું જાણું છું કે જરૂર હોય
એટલું સર્વ પ્રકારનું જ્ઞાન તમે ધરાવો છો, અને તમે
એકબીજાને ચેતવણી આપી શકો એમ છો. ૧૫એ છતાં
વિદેશીઓ પવિત્ર આત્માથી પાવન થઈને માન્ય અર્પણ
થાય, માટે દેવની સુવાર્તાનો યાજક થઈને હું વિદેશીઓ
પ્રત્યે ખ્રિસ્ત ઈસુનો સેવક થાઉં. ૧૬એ કારણે દેવે મને
જે કૃપાદાન આપ્યું છે તેને આધારે તમને ફરીથી સહેજ
યાદ કરાવવા માટે વધારે હિંમત રાખીને મેં આ પત્ર
તમારા પર લખ્યો છે.
૧૭આમ, ખ્રિસ્ત ઈસુમાં દેવ માટે હું જે કંઈ કરી
શક્યો છું એનું મને ગૌરવ છે. ૧૮મેં પોતે જે કંઈ કર્યુ છે
તે વિષે હું વાત નહિ કરું. બિનયહૂદી લોકો દેવની આજ્ઞા
માને એવું એમને માર્ગદર્શન આપવામાં ખ્રિસ્તે મારી
પાસે જે કાર્ય કરાવ્યું છે તે વિષે જ હું બોલીશ. મેં જે
બાબતો કહી છે અને કરી છે, એને લીધે તેઓએ દેવની
આજ્ઞા પાળી છે. ૧૯પરાક્રમોની શકિત અને જે મહાન
વસ્તુઓ એમણે જોઈ છે, અને પવિત્ર આત્માના
સામર્થ્યને લીધે એમણે દેવનો આદેશ માન્યો છે.
યરૂશાલેમથી માંડીને ઈલ્લુરિકા સુધી બધે ફરી ફરીને
મેં ખ્રિસ્તની સુવાર્તા સંપૂર્ણ રીતે પ્રગટ કરી છે. અને
આમ મારા કાર્યનો એ ભાગ મેં પરિપૂર્ણ કર્યો છે. ૨૦જે
જે સ્થળોએ લોકોએ કદી પણ ખ્રિસ્ત વિષે સાંભળ્યું ન
હોય ત્યાં સુવાર્તા પ્રગટ કરવાનાં કાર્યને મેં હંમેશા મારું
ધ્યેય બનાવ્યું છે. આમ કરવાનું કારણ એ છે કે બીજી
કોઈ વ્યકિતએ જ્યાં આ કાર્ય પહેલેથી જ શરૂ કરી દીધું
હોય ત્યાં પહોંચી જઈને એણે કરેલા કાર્યના પાયા પર
હું કામ ન કરું. ૨૧પણ, શાસ્રોમાં લખેલું છે:

"જે લોકોને તેના (ખ્રિસ્ત) વિષે કશું જ કહેવામાં
નથી આવ્યું તે લોકો જોશે, અને જેઓના
સાંભળવામાં આવ્યું નહોતું તેઓ સમજશે."

*યશાયા ૫૨:૧૫*

### રોમની મુલાકાત માટે પાઉલની યોજના

૨૨તેથી જ ઘણી વાર તમારી પાસે આવતાં મને

---

**યશાઈનો વંશ** ઈઝરાએલનો રાજા દાઉદનો પિતા. ઈસુ આ
વંશમાં જનમ્યો હતો.

રોકવામાં આવતો હતો. જેથી મારે અહીં રોકાઈ જવું પડતું હતું.

૨૩હવે અહીં આ વિસ્તારોમાં મેં મારું કાર્ય પરિપૂર્ણ કર્યુ છે. વળી ઘણાં વર્ષોથી તમારી મુલાકાતે આવવાનું મને મન હતું. ૨૪તેથી હું જ્યારે સ્પેન જઈશ ત્યારે તમારી મુલાકાત લઈશ. હા, સ્પેન પ્રવાસે જતાં તમારી મુલાકાત લેવાની હું આશા રાખું છું, અને તમારી સાથે રહેવાથી મને ખૂબ આનંદ થશે. પછી તમે મારા પ્રવાસમાં મને મદદ કરી શકશો. ૨૫અત્યારે તો હું દેવના લોકોને મદદરૂપ થવા યરૂશાલેમ જઈ રહ્યો છું. ૨૬યરૂશાલેમમાં દેવના કેટલાક સંતો ગરીબ છે. મકદોનિયા અને અખાયાના વિશ્વાસુ લોકોએ તેઓને સારું કંઈ ઉઘરાણું કરવું, એ મકદોનિયાના તથા અખાયાના ગરીબ લોકોને મદદ કરવા એમણે દાન આપ્યું છે. ૨૭મકદોનિયા અને અખાયાના વિશ્વાસી ભાઈઓ આમ કરતાં આનંદ અનુભવતા હતા. અને યરૂશાલેમના વિશ્વાસીઓને એમણે ખરેખર મદદ કરવી જ જોઈએ. તેઓએ એમને મદદ કરવી જોઈએ કારણ કે તેઓ આ રીતે બિનયહૂદીઓ છે અને યહૂદીઓને ઈસુના આધ્યાત્મિક આશીર્વાદોના તેઓ ભાગીદાર થયા. તેથી યહૂદીઓને મદદ કરવા એમની પાસે જે કાંઈ હોય એનો એમણે ઉપયોગ કરવો જોઈએ. તેઓના માથે યહૂદીઓનું ઋણ છે. ૨૮મારે ખાતરી કરવી પડશે કે યરૂશાલેમના ગરીબ લોકોને જ આ બધા પૈસા મળે કે જે એમના માટે દાનમાં આપવામાં આવ્યા છે. આ કાર્ય પૂરું કર્યા પછી હું સ્પેન જવા નીકળીશ. સ્પેનના પ્રવાસે જતાં તમારી મુલાકાત લેવા માટે હું રોકાઈશ. ૨૯હું જાણું છું કે તમારી મુલાકાત વખતે તમારા માટે, હું ખ્રિસ્તના ભરપૂર આશીર્વાદો લાવીશ.

૩૦ભાઈઓ તથા બહેનો, મારા આ કાર્યમાં મને મદદ કરવા તમે મારા માટે દેવને પ્રાર્થના કરો એવી મારી તમને વિનંતી છે. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટે આ કરો. પવિત્ર આત્મા આપણને પ્રેમ આપે છે તેટલા માટે આમ કરો. ૩૧યહૂદિયામાં રહેતા અવિશ્વાસીઓના હુમલામાંથી હું બચી જાઉં એવી પ્રાર્થના કરો. અને એવી પણ પ્રાર્થના કરો કે યરૂશાલેમ માટે હું જે મદદ લાવી રહ્યો છું તેનાથી ત્યાંના દેવના સંતો ખુશ થાય. ૩૨પછી, જો દેવની ઈચ્છા હશે તો હું તમારી પાસે સહર્ષ આવીશ અને તમારી સાથે હું વિસામો પામું એવી તમે મારે માટે આગ્રહપૂર્વક દેવની પ્રાર્થના કરીને મને મદદ કરો. ૩૩દેવ જે શાંતિદાતા છે તે સદાને માટે તમો સૌની સાથે રહો. આમીન.

### પાઉલ ઉપસંહારમાં આભાર–વિધિ કરે છે

**૧૬** હું તમને જણાવવા ઈચ્છું છું કે ખ્રિસ્તમાં આપણી બહેન ફેબી પર તમે વિશ્વાસ કરો. કિંખ્રિયામાં ખ્રિસ્તની મંડળીની તે ખાસ સેવિકા છે. ૨પ્રભુના નામે દેવના લોકોને શોભે તે રીતે તેનું સન્માન કરજો. તેણે ઘણા લોકોને તથા મને મદદ કરી છે. તેથી તે પણ તમારી પાસે મદદની માગણી કરે ત્યારે તેને સહાય કરજો.

૩પ્રિસ્કા અને અકુલાસને મારી સલામ કહેજો. ખ્રિસ્ત ઈસુની સેવામાં તેઓ મારી સાથે કાર્ય કરે છે. ૪મારો જીવ બચાવવા તેમણે પોતાનું જીવન જોખમમાં મૂક્યું હતું. હું એમનો આભારી છું, અને બધી જ બિનયહૂદી મંડળીઓ એમની આભારી છે. ૫અને વળી એમના ઘરમાં જે મંડળી છે તેને પણ મારી સલામ કહેશો.

મારા પ્રિય મિત્ર અપૈનિતસને મારા સ્નેહસ્મરણ પાઠવશો. આસિયા માઈનોરના પશ્ચિમ વિસ્તારમાં ખ્રિસ્તનો શિષ્ય થનાર તે પહેલો માણસ હતો. ૬મરિયમની ખબર પૂછશો, તમારા માટે એણે ઘણું સખત કામ કર્યુ છે. ૭આન્દ્રનિકસ અને જુનિયાસને સલામ કહેજો. તેઓ મારા સંબંધી છે, અને તેઓ મારી સાથે કેદમાં હતા. તેઓ તો દેવના કેટલાક અત્યંત મહત્વપૂર્ણ કાર્યકરોમાંના છે. મારી અગાઉ તેઓ ખ્રિસ્તમાં વિશ્વાસી હતા. ૮પ્રભુમાં મારા પ્રિય મિત્ર અંપ્લિયાતસને મારી સલામ પાઠવશો. ૯ઉર્બાનુસને મારી સલામ કહેજો. ખ્રિસ્તની સેવામાં જોડાયેલા તે મારા સહ–કાર્યકર છે. અને મારા પ્રિય મિત્ર સ્તાખુસની ખબર પૂછશો. ૧૦અપેલ્લેસને મારી સલામ કહેશો. તેની પરીક્ષા કરવામાં આવી હતી અને સાબિત થયું હતું કે તે ખ્રિસ્તને ખરેખર પ્રેમ કરે છે. અરિસ્તોબુલસના કુટુંબના સૌ સભ્યોને મારી સલામ પાઠવશો. ૧૧મારા સંબંધી હેરોદિયોનને સલામ કહેજો. નાર્કીસસ કુટુંબના જેઓ પ્રભુના છે તે સૌ સભ્યોને મારી સલામ પાઠવશો. ૧૨ત્રુફૈના અને ત્રુફોસાની મારા વતી ખબર પૂછશો. પ્રભુ માટે આ સ્રીઓ ઘણી સખત મહેનત કરી રહી છે. પેર્સિસને મારી સ્નેહભીની યાદ પાઠવશો. એણે પણ પ્રભુ માટે ઘણો સખત પરિશ્રમ કર્યો છે. ૧૩રૂફસને સલામ કહેજો. પ્રભુની સેવામાં તે વિશિષ્ટ વ્યક્તિ છે. એની માને મારી સલામ પાઠવશો. એ તો મારી મા પણ થાય છે. ૧૪ખ્રિસ્તના શરણે આવેલા સૌ ભાઈઓ સાથે અસુંક્રિતસ, ફલેગોન, હર્મેસ, પાત્રબાસ તથા હાર્માસ છે તેઓને મારી સલામ કહેજો. ૧૫ફિલોલોગસ અને જુલિયા, નેર્યુસ તથા એની બહેન, અને ઓલિમ્પાસને મારી સલામ

પાઠવશો. અને એમની સાથે જે સંતો છે તે સૌને મારી
સલામ કહેજો. [૧૬]તમે જ્યારે એક બીજાને મળો ત્યારે
મંડળીમાં આવનાર બધાને પવિત્ર ચુંબન વડે સલામ
કરજો. ખ્રિસ્તમાં વિશ્વાસ રાખનાર બધી મંડળીઓ તમને
સલામ કહે છે.

[૧૭]ભાઈઓ તથા બહેનો, એક બીજા વચ્ચે જે લોકો
ફાટફૂટ પડાવે છે એવા લોકોથી સંભાળીને રહેવા હું
તમને કહું છું. અન્ય લોકોનો વિશ્વાસ ડગાવી દેતા
લોકોથી ચેતતા રહેજો. તમે જે સાચો ઉપદેશ શીખ્યા
છો તેના તેઓ વિરોધી છે. એવા લોકોથી દૂર રહેજો.
[૧૮]એવા લોકો આપણા પ્રભુ ખ્રિસ્તની સેવા કરતા નથી.
તેઓ ખ્રિસ્તને માનતા નથી. તેઓ તો ફક્ત પોતાની
જાતને મઝા પડે એવાં કામો કરતા ફરે છે. જે સીધા–સાદા
લોકો ભૂંડું કે પાપ વિષે કશું જાણતા નથી, એમનાં સરળ
અને ભોળાં મનને ભરમાવવા તેઓ મીઠી–મીઠી
કાલ્પનિક વાતો કરે છે. [૧૯]તમે લોકો દેવની આજ્ઞા પાળો
છો, એમ બધા વિશ્વાસીઓએ સાંભળ્યું છે. તેથી એ
વિષે તમારે લીધે મને ઘણો આનંદ થાય છે. પરંતુ જે
બધી વસ્તુઓ સારી છે તે તમે જાણો અને સમજો એમ
હું ઈચ્છું છું. અને જે બાબતો ભૂંડી છે તે વિષે તમે
બિલકુલ ન જાણો એમ પણ હું ઈચ્છું છું.

[૨૦]શાંતિ આપનાર દેવ હવે ટૂંક સમયમાં જ શેતાનને
હરાવશે અને એના પર તમારી સત્તા ચાલે એવી તમને
શક્તિ આપશે. પ્રભુ ઈસુની દયા તમારી સાથે જ છે.

[૨૧]મારી સાથેના કાર્યકર તિમોથી તમને સલામ પાઠવે
છે. વળી મારા સંબંધીઓ લૂકિયસ, યાસોન, સોસિપાત્રસ
પણ તમારી ખબર પૂછે છે. [૨૨]હું તેર્તિયુસ છું, અને
પાઉલ જે બોલે છે તે બધું હું લખી રહ્યો છું. પ્રભુના
નામે મારી તમને સલામ કહું છું.

[૨૩]ગાયસ એનું ઘર મને તથા અહીંની આખી ખ્રિસ્તની
મંડળીને વાપરવા દે છે. તે પણ તમને સલામ પાઠવે
છે. એરાસ્તસ અને આપણો ભાઈ ક્વાર્તસ તમારી ખબર
પૂછે છે. એરાસ્તસ અહીંનો નગર–ખજાનચી છે. [૨૪] *

[૨૫]દેવનો મહિમા થાઓ. એક માત્ર દેવ જ તમારા
વિશ્વાસને દ્રઢ કરી શકે છે. જે સુવાર્તાનો ઉપદેશ હું
તમને ધર્મમાં તમારો વિશ્વાસ મજબૂત કરવા આપું છું,
એ સંદેશનો સદુપયોગ દેવ હવે કરી શકશે. સુવાર્તા
એટલે કે લોકોનાં પાપ માફ થઈ શકે અને તેઓ દેવના
સાન્નિધ્યમાં રહેવા સુપાત્ર થાય, એવો માર્ગ હવે દેવે
સૌ માટે ખૂલ્લો કરી દીધો છે. એ સુવાર્તા ઈસુ ખ્રિસ્ત
વિષે છે કે જે હું લોકોને કહું છું. સુવાર્તા એક ગુપ્ત સત્ય
છે કે જે હવે દેવે જાહેર કર્યું છે. ઘણા વર્ષોથી એ રહસ્યમય
સત્ય છુપાવી રાખવામાં આવ્યું હતું. [૨૬]પરંતુ એ ગુપ્ત
સત્ય હવે આપણી આગળ પ્રગટ કરી દેવામાં આવ્યું છે.
અને હવે બધા જ દેશોના લોકોને એ સત્યથી માહિતગાર
કરવામાં આવ્યા છે. પ્રબોધકોએ લખેલાં વચનો દ્વારા
એ સત્ય જાહેર કરવામાં આવ્યું છે. દેવની આજ્ઞા આવી
જ છે. અને તે ગુપ્ત સત્ય સૌ લોકોને હવે જણાવ્યું છે,
જેથી કરીને તેઓ દેવ પર વિશ્વાસ કરે અને એની
આજ્ઞાઓ પાડે. દેવ તો અવિનાશી છે. [૨૭]તે એકલા
જ્ઞાની દેવને, ઈસુ ખ્રિસ્ત દ્વારા સર્વકાળ પર્યંત મહિમા
હો. આમીન.

---

**કલમ ૨૪** કેટલીક ગ્રીક આવૃત્તિઓ પ્રમાણે અહીં કલમ ૨૪ ઉમેરવામાં આવે છે: "આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમ સર્વ પર હો. આમીન."

# કરિંથીઓને પહેલો પત્ર

૧ પાઉલ તરફથી કુશળતા હો. ખ્રિસ્ત ઈસુના એક પ્રેરિત તરીકે મને પસંદ કરવામાં આવ્યો હતો કારણ કે દેવે તે રીતે ઈચ્છયું. ખ્રિસ્તમાં આપણા ભાઈ સોસ્થનેસ તરફથી પણ કુશળતા હો.

૨કરિંથમાંની દેવની મંડળી અને ખ્રિસ્ત ઈસુમાં પવિત્ર બનાવાયેલા લોકો પ્રતિ, તમે દેવના પસંદ કરાયેલા પવિત્ર લોકો છો. તમે બધી જગ્યાઓના બધા લોકો સાથે તમે પસંદ કરાયેલાં છો, કે જેને આપણા અને તેઓના પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં વિશ્વાસ છે.

૩દેવ આપણા પિતા અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને કૃપા અને શાંતિ પ્રાપ્ત થાઓ.

### પાઉલનું દેવ પ્રતિ આભારદર્શન

૪ખ્રિસ્ત ઈસુ દ્વારા દેવે તમારા પર જે કૃપા દર્શાવી છે, તેના માટે હંમેશા હું મારા દેવનો આભાર માનું છું. ૫દરેક રીતે તમે ખ્રિસ્ત ઈસુમાં આશીર્વાદ પામ્યા છો. તમારી સંપૂર્ણ વાણી અને તમારા સંપૂર્ણ જ્ઞાનમાં તમે આશીર્વાદ પામ્યા છો. ૬ખ્રિસ્ત વિષેનું સત્ય તમારામાં પ્રમાણિત થયું છે. ૭આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની તમે પ્રતિક્ષા કરી રહ્યા છો, તે દરમ્યાન દેવના દરેક કૃપાદાન તમારી પાસે છે. ૮અંત સુધી હરહંમેશ ઈસુ તમને સક્ષમ રાખશે. તે તમને સુદઢ રાખશે જેથી કરીને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનના દિવસે તમારામાં કોઈ ક્ષતિ ન રહે. ૯દેવ વિશ્વાસપાત્ર છે. તે એ જ છે કે જેણે તેના દીકરા ઈસુ ખ્રિસ્ત આપણા પ્રભુ સાથે જીવન ગાળવા તમને પસંદ કર્યા છે.

### કરિંથની મંડળીની સમસ્યાઓ

૧૦ભાઈઓ અને બહેનો, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે હું તમને વિનંતી કરું છું કે તમે બધા એક મતના થાઓ. જેથી કરીને તમારામાં કોઈ ભાગલા ન પડે. હું તમને વિનંતી કરું છું કે તમે એ જ હેતુથી એ જ વિચારમાં સંપૂર્ણ રીતે એક થાઓ. ૧૧મારા ભાઈઓ અને બહેનો, ખ્લોએ પરિવારના કેટલા એક સભ્યોએ મને તમારા વિષે જણાવ્યું. મેં સાંભળ્યું છે કે તમારામાં અંદરો અંદર મતભેદ છે. ૧૨મારું કહેવું આમ છે: તમારામાંનો એક કહે છે, "હું પાઉલને અનુસરુ "; તો કોઈ વ્યક્તિ કહે છે, "હું અપોલોસને અનુસરું છું"; તો કોઈ વ્યક્તિ કહે છે, "હું કેફાને (પિતર) અનુસરું છું"; તો કોઈ વ્યક્તિ કહે છે, "હું ખ્રિસ્તને અનુસરું છું." ૧૩ખ્રિસ્તને વિવિધ જૂથોમાં વિભાજીત ન કરી શકાય. શું પાઉલ તમારા માટે વધસ્તંભ પર મરણ પામેલો? ના! તમે પાઉલના નામે બાપ્તિસ્મા પામ્યા હતા? ના! ૧૪મને આનંદ છે કે ક્રિસ્પુસ અને ગાયસ સિવાય બાકીના કોઈને પણ મેં બાપ્તિસ્મા આપ્યાં ન હતાં. ૧૫મને આનંદ છે કારણ કે હવે કોઈ પણ એવું કહી શકશે નહિ કે તમે મારા નામે બાપ્તિસ્મા પામ્યા છો. ૧૬(મેં સ્તેફનાસના પરિવારને તો બાપ્તિસ્મા આપેલુ, પણ એ સિવાય મેં બીજા કોઈનું પણ બાપ્તિસ્મા કર્યું હોય તેવું હું જાણતો નથી.) ૧૭ખ્રિસ્તે મને લોકોને બાપ્તિસ્મા આપવાનું કામ સોંપ્યું ન હતું. ખ્રિસ્તે તો મને સુવાર્તા કહેવાનું કામ સોંપ્યું હતું. પરંતુ ખ્રિસ્તે મને દુન્યવી શાણપણના શબ્દોનો ઉપયોગ કર્યા સિવાય સુવાર્તા કહેવા મોકલ્યો હતો. જો મેં દુન્યવી જ્ઞાનનો સુવાર્તા કહેવામાં ઉપયોગ કર્યો હોત, તો ખ્રિસ્તના વધસ્તંભે* તેનું સામર્થ્ય ગુમાવ્યું હોત.

### ખ્રિસ્તમાં દેવનું સામર્થ્ય અને જ્ઞાન

૧૮જે લોકો ભટકી ગયેલા છે, તેઓને માટે વધસ્તંભ અંગેનો ઉપદેશ મૂર્ખતા ભરેલો છે. પરંતુ આપણે માટે કે જેનું તારણ થયેલું છે, તેમના માટે તો તે દેવનું સામર્થ્ય છે. ૧૯શાસ્રોમાં આ પ્રમાણે લખ્યું છે કે:

> "હું જ્ઞાની માણસોના જ્ઞાનનો વિનાશ કરીશ. હું બુધ્ધિમાન માણસોની બુધ્ધિને નિર્માલ્ય બનાવી દઈશ."
>
> *યશાયા ૨૯:૧૪*

---

**વધસ્તંભ** પાઉલ વધસ્તંભનો ઉપયોગ સુવાર્તાનારુપે કરે છે. લોકોના પાપો માટે ખ્રિસ્ત વધસ્તંભ પર મરણ પામ્યો. લોકોને બચાવવા માટે વધસ્તંભ (ખ્રિસ્તનું મરણ) દેવનો માર્ગ હતો.

[૨૦]જ્ઞાની વ્યક્તિ ક્યાં છે? શિક્ષિત વ્યક્તિ ક્યાં છે?
આ યુગનો તત્વજ્ઞાની ક્યાં છે? દેવે દુન્યવી જ્ઞાનને
મૂર્ખતામાં ફેરવી દીધું છે. [૨૧]તેમના આ જ જ્ઞાન વડે દેવ
આવું ઈચ્છતો હતો: દુનિયા પોતાના જ્ઞાનથી દેવને ન
ઓળખી શકી ત્યારે સુવાર્તા પ્રગટ કરવાની મૂર્ખતા વડે
વિશ્વાસ કરનારાઓનું તારણ કરવાનું દેવે ઈચ્છયું.
[૨૨]યહૂદીઓ પ્રમાણ તરીકે ચમત્કારોની માગણી કરે છે.
ગ્રીકો શાણપણ માગે છે. [૨૩]પણ અમે આવો ઉપદેશ
આપીએ છીએ: ખ્રિસ્તને વધસ્તંભ પર મારી નાખવામાં
આવ્યો હતો. આ યહૂદીઓ માટે અસ્વીકાર્ય છે. અને
બિનયહૂદીઓને આ મૂર્ખામી ભરેલું લાગે છે. [૨૪]દેવે
જેને બોલાવ્યો તેવા યહૂદી (પસંદ કરેલા) અને ગ્રીક
લોકો (બીન યહૂદી) માટે ખ્રિસ્ત તો દેવનું સામર્થ્ય તથા
જ્ઞાન છે. [૨૫]દેવની મૂર્ખતા પણ માણસો કરતાં વધુ
જ્ઞાનવાળી હોય છે. દેવની નિર્બળતા પણ માણસો કરતાં
વધુ શક્તિશાળી હોય છે.

[૨૬]ભાઈઓ અને બહેનો, દેવે તમને પસંદ કર્યા. તેના
વિષે વિચાર કરો! અને દુનિયા જે રીતે જ્ઞાનને મૂલવે
છે, તે રીતે તમારામાંના ઘણા જ્ઞાની ન હતા. તમારામાંના
ઘણાનો વિશિષ્ટ પ્રભાવ ન હતો. કે તમારામાંના ઘણા
વિશિષ્ટ ખાનદાનમાંથી પણ આવતા ન હતા. [૨૭]જ્ઞાની
માણસોને શરમાવવા દેવે જગતના મૂર્ખોની પસંદગી
કરી, જગતના શક્તિશાળી માણસોને શરમાવવા દેવે
નિર્બળોની પસંદગી કરી. [૨૮]જગત જેને બિનમહત્વનું
ગણે છે, અને જેને દુનિયા ધિક્કારે છે જે કશું જ નથી.
દેવ તેને પસંદ કરે છે. જેને જગતે મહત્વનું ગણ્યું તેનો
વિનાશ કરવા માટે દેવે પસંદ કર્યું. [૨૯]કોઈ પણ માણસ
દેવ સામે બડાશ મારી શકે નહિ તેથી દેવે આમ કર્યુ.
[૩૦]દેવ એક જ છે જે આપણને ખ્રિસ્ત ઈસુના અંશરૂપ
બનાવે છે. દેવ તરફથી ખ્રિસ્ત આપણું શાણપણ બન્યો
છે. ખ્રિસ્તના કારણે આપણે દેવ પ્રત્યે ન્યાયી છીએ.
ખ્રિસ્તના કારણે પાપમાંથી મુક્તિ મળી છે. ખ્રિસ્તના
કારણે જ આપણે પવિત્ર છીએ. [૩૧]તેથી જેમ શાસ્ત્રલેખ
કહે છે, "જો કોઈ વ્યક્તિ અભિમાન કરે તો તે ફક્ત
પ્રભુમાં જ અભિમાન કરે."*

## વધસ્તંભ પર ખ્રિસ્ત વિષેનો સંદેશ

**૨** પ્રિય ભાઈઓ અને બહેનો, જ્યારે હું તમારી પાસે
આવ્યો ત્યારે મેં તમારી સમક્ષ દેવ વિષેનું સત્ય
પ્રગટ કર્યુ. પણ મેં સુશોભિત વચનો કે ઉત્કૃષ્ટ જ્ઞાનનો
ઉપયોગ કર્યો ન હતો. [૨]મેં નિર્ણય કર્યો હતો કે જ્યાં
સુધી હું તમારી સાથે હોઈશ ત્યાં સુધી હું ઈસુ ખ્રિસ્ત
અને તેના વધસ્તંભ પરના મૃત્યુ સિવાય દરેક વસ્તુ
ભૂલી જઈશ. [૩]જ્યારે હું તમારી પાસે આવ્યો, ત્યારે હું
અશક્ત હતો અને ભયથી ધ્રૂજતો હતો. [૪]મારી વાણી
અને મારો ઉપદેશ લોકો સમજે અને સંમત થાય તેવા
જ્ઞાની વચનોથી ભરપૂર ન હતાં. પરંતુ આત્માએ મને
જે શક્તિ આપી તે મારા ઉપદેશનું પ્રમાણ હતું. [૫]મેં
આમ કર્યુ જેથી કરીને તમારો વિશ્વાસ માણસના જ્ઞાન
કરતા દેવના સામર્થ્યમાં જળવાઈ રહે.

### દેવનું જ્ઞાન

[૬]જે લોકો પરિપકવ છે તેમને અમે જ્ઞાનનો ઉપદેશ
શીખવીએ છીએ, પરંતુ જે જ્ઞાન અમે આપીએ છીએ તે
આ દુનિયાનું નથી. તે આ દુનિયાના શાસકોનું જ્ઞાન
નથી કે જે શાસકો તેમની સત્તા ગુમાવી રહ્યા છે. [૭]પરંતુ
અમે દેવના રહસ્યપૂર્ણ જ્ઞાન વિષે કહીએ છીએ કે જે
જ્ઞાન લોકોથી છુપાવવામાં આવ્યું હતું. દેવે આ જ્ઞાન
આપણા જ મહિમા માટે આયોજિત કરેલું. જગતનાં
પ્રારંભ પૂર્વેથી દેવે આ યોજના કરેલી. [૮]આ જગતના
કોઈ પણ અધિકારીઓ આ શાણપણનો પાર પામી શક્યા
નથી. જો તેઓ તે સમજી શક્યા હોત, તો તેઓ પ્રભુને
વધસ્તંભે ન જડત. [૯]પરંતુ જે રીતે શાસ્ત્રમાં લખ્યું છે તે
રીતે,

> "નથી આંખે જોયું, નથી કાને સાંભળ્યું, નથી
> કોઈ વ્યક્તિએ કલ્પના કરી કે તે લોકો જેઓ
> તેને પ્રેમ કરે છે તેમના માટે દેવે શું તૈયાર કર્યુ
> છે."
>
> *યશાયા ૬૪:૪*

[૧૦]પરંતુ દેવે બધી બાબતો આપણને આત્મા દ્વારા
દર્શાવી છે. આત્મા આ બધી બાબતો જાણે છે.
આત્મા તો દેવનાં ઊંડા રહસ્યોને પણ જાણે છે. [૧૧]તે
આ પ્રમાણે છે: કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિના વિચારો
જાણી શકતી નથી. ફક્ત તે વ્યક્તિમાં રહેલો આત્મા જ
તે વિચારો જાણી શકે છે. દેવ સાથે પણ આમ જ છે.
દેવના વિચારો કોઈ જાણી શકતું નથી. ફક્ત દેવનો
આત્મા જ તે વિચારો જાણે છે. [૧૨]જગતના આત્માને તો
આપણે પ્રાપ્ત કરી શક્યા નથી, પરંતુ દેવ તરફથી પ્રાપ્ત
થયેલા આત્માને આપણે મેળવ્યો છે. આપણે આ આત્મા
પ્રાપ્ત કર્યો છે, તેથી દેવે આપેલી વસ્તુઓને આપણે
જાણી શકીએ છીએ. [૧૩]જયારે અમે આ વાતો કહીએ

---

**"જો કોઈ વ્યક્તિ ... અભિમાન કરે"** યર્મિ ૯:૨૪

છીએ ત્યારે અમે મનુષ્યે શીખવેલા શબ્દો વાપરતા
નથી. અમે આત્માએ શીખવેલા શબ્દો વાપરીએ છીએ.
અમે આત્મિક બાબતો સમજાવવા આત્મિક શબ્દો
વાપરીએ છીએ. ૧૪જે વ્યક્તિ આત્મિક નથી તે દેવના
આત્મા તરફથી આવતી બાબતોનો સ્વીકાર કરતી નથી.
તે વ્યક્તિ તે બધી બાબતો મૂર્ખામી ભરેલી ગણે છે. તે
વ્યક્તિ આત્માની બાબતો સમજી શકતી નથી, કારણ કે
તે બાબતો આધ્યાત્મિક રીતે જ મૂલવી શકાતી હોય છે.
૧૫પરંતુ આધ્યાત્મિક મનુષ્ય પ્રત્યેક બાબતોની મૂલવણી
કરવા માટે સક્ષમ હોય છે. બીજા લોકો તેને મૂલવી
શકતા નથી. શાસ્ત્રલેખ કહે છે કે:

૧૬ "પ્રભુનું મન કોણ જાણી શકે? પ્રભુએ શું કરવું તે
કોણ તેને કહી શકે?"

*યશાયા૪૦:૧૩*

પરંતુ આપણી પાસે ખ્રિસ્તનું મન છે.

## માનવોને અનુસરવું ખોટું છે

૩ ભાઈઓ અને બહેનો, ભૂતકાળમાં હું તમારી સાથે
વાતચીત નહોતો કરી શક્યો જે રીતે હું આધ્યાત્મિક
માણસો સાથે વાતચીત કરું છું. મારે તમારી સાથે દુન્યવી
માણસોની રીતે વાતચીત કરવી પડેલી–ખ્રિસ્તમાં
બાળકોની જેમ. ૨જે શિક્ષણ મેં તમને આપેલું તે દૂધ
જેવું હતું, અને નક્કર આહાર જેવું ન હતું. મેં આમ કર્યુ
કારણ કે નક્કર આહાર માટે તમે તૈયાર ન હતા. અને
અત્યારે પણ તમે નક્કર આહાર માટે તૈયાર નથી. ૩હજુ
સુધી તમે આધ્યાત્મિક માનવી નથી. તમારામાં ઈર્ષ્યા
અને વિવાદ છે. આ દર્શાવે છે કે તમે આધ્યાત્મિક
બન્યા નથી. તમે તો દુન્યવી માણસો જેવું જ વર્તન કરો
છો. ૪તમારામાંનો એક કહે છે કે, "હું પાઉલને અનુસરું
છું." અને કોઈ વ્યક્તિ કહે છે કે, "હું અપોલોસને
અનુસરું છું." જ્યારે તમે આવી બાબતો કહો છો, ત્યારે
તમે દુન્યવી માણસો જેવું જ વર્તન કરો છો.

૫શું અપોલોસ મહત્વપૂર્ણ છે? ના! શું પાઉલ
મહત્વપૂર્ણ છે? ના! અમે તો ફક્ત દેવના સેવકો છીએ
જેણે તમને વિશ્વાસ કરવામાં મદદ કરી. અમારામાંના
પ્રત્યેક જણે દેવે અમને જે કામ સોંપ્યું હતું તે કર્યુ. ૬મેં
બીજ વાવ્યાં અને અપોલોસે તેને પાણી સિંચ્યુ. પરંતુ
દેવે તે બીજ અંકુરિત કર્યુ. ૭તેથી જે વ્યક્તિ વાવણી કરે
છે તે મહત્વપૂર્ણ નથી, અને જે વ્યક્તિ જળસિંચન કરે
છે તે પણ મહત્વપૂર્ણ નથી. ફક્ત દેવ જ મહત્વપૂર્ણ છે,
કારણ કે તે જ બીજને અંકુરિત કરે છે. ૮જે વ્યક્તિ વાવે
છે અને જે વ્યક્તિ જળ સિંચે છે તેમનો હેતુ તો સરખો
જ છે. અને પ્રત્યેક વ્યક્તિને તેના કામનો બદલો મળશે.
૯આપણે દેવ માટેના સહકાર્યકરો છીએ

અને તમે દેવની માલિકીનું ખેતર છો. અને તમે
દેવની માલિકીનું મકાન છો. ૧૦એક કુશળ કારીગરની
જેમ મેં મકાનનો પાયો નાખ્યો. આમ કરવા માટે મેં
દેવે આપેલા કૃપાદાનનો ઉપયોગ કર્યો. બીજા લોકો તે
પાયા પર બાંધકામ કરી રહ્યા છે. પણ દરેક વ્યક્તિએ તે
કેવી રીતે બાંધે છે તેની કાળજી રાખવી જોઈએ. ૧૧પાયાનું
તો ક્યારનું ય ચણતર થઈ ચૂક્યું છે. કોઈ પણ વ્યક્તિ
બીજો પાયો બનાવી શકે નહિ. પાયો કે જે ક્યારનો ય
ચણાઈ ચૂક્યો છે તે ઈસુ ખ્રિસ્ત છે. ૧૨તે પાયા પર
વ્યક્તિ સોનું, ચાંદી, અમૂલ્ય પથ્થર, લાકડું, ઘાસ કે
પરાળ વગેરેનો ઉપયોગ કરીને બાંધકામ કરી શકે. ૧૩પરંતુ
પ્રત્યેક વ્યક્તિ જે કામ કરશે તે સ્પષ્ટપણે દેખાશે કારણ
કે તે દિવસ તેને પ્રગટ કરશે. તે દિવસ* અગ્નિની
જવાળાઓ સહિત પ્રગટ થશે અને અગ્નિ પ્રત્યેક વ્યક્તિના
કાર્યને પારખશે. ૧૪જો કોઈ પણ વ્યક્તિનું મકાન તેના
પાયા પર ટકશે તો તે વ્યક્તિને તેનો બદલો મળશે.
૧૫પરંતુ જો તે વ્યક્તિનું મકાન આગમાં બળી જશે તો
તેને નુકશાન ભોગવવું પડશે. તે વ્યક્તિ બચી તો જશે
પરંતુ તે અગ્નિમાંથી તેની જાતને બચાવ્યા જેવું હશે.

૧૬તમારે જાણવું જોઈએ કે તમે પોતે જ દેવનું મંદિર
છો. દેવનો આત્મા તમારામાં નિવાસ કરે છે. ૧૭જો કોઈ
પણ વ્યક્તિ દેવના મંદિરનો વિનાશ કરશે તો દેવ તે
વ્યક્તિનો વિનાશ કરશે. શા માટે? કારણ કે દેવનું મંદિર
પવિત્ર છે. તમે પોતે જ દેવનું મંદિર છો.

૧૮તમારી જાતને મૂર્ખ ન બનાવો. જો તમારામાંનો
કોઈ એમ વિચારે કે દુનિયામાં તે જ્ઞાની છે, તો તેણે
જ્ઞાની થવા મૂર્ખ બનવું. પછી જ તે વ્યક્તિ વાસ્તવમાં
જ્ઞાની બની શકશે. ૧૯શા માટે? કારણ કે આ દુનિયાનું
જ્ઞાન તો દેવ માટે મૂર્ખતા સમાન છે કારણ કે તે
શાસ્ત્રલેખમાં લખેલ છે કે, "તે જ્ઞાની માણસોને જ્યારે
તેઓ પ્રપંચો કરે છે, ત્યારે પકડે છે."* ૨૦શાસ્ત્રલેખોમાં
તો આવું પણ લખેલું છે કે, "પ્રભુ જ્ઞાની માણસોના
વિચારોને જાણે છે. તે એમ પણ જાણે છે કે તેમના
વિચારોનું કશું જ મૂલ્ય નથી."* ૨૧તેથી તમારે માણસો
વિષે બડાશ મારવી જાઈએ નહિ. દરેક વસ્તુઓ તમારી
જ છે. ૨૨પાઉલ, અપોલોસ અને કેફા: વિશ્વ, જીવન,

---

**દિવસ** ખ્રિસ્ત લોકોનો ન્યાય કરવા આવશે તે દિવસ

**"તે જ્ઞાની. .. પકડે છે"** અયૂ ૫:૧૩

**"પ્રભુ જ્ઞાની. .. મૂલ્ય નથી"** ગી.શા.૯૪:૧૧

મૃત્યુ, વર્તમાન તેમજ ભવિષ્ય–આ બધી જ વસ્તુઓ તમારી છે. ૨૩અને તમે ખ્રિસ્તના છો અને ખ્રિસ્ત દેવનો છે.

## ખ્રિસ્તના પ્રેરિતો

**૪** લોકોએ અમારા વિષે આમ માનવું જોઈએ: અમે તો ઈસુ ખ્રિસ્તના સેવકો છીએ. અમે એવા લોકો છીએ કે જેને મર્મોના કારભારીઓ ગણવા. ૨જો કોઈ વ્યક્તિનો કશાક માટે વિશ્વાસ કરવામાં આવે તો તેણે દર્શાવવું જોઈએ કે તે વ્યક્તિ તે વસ્તુનો વિશ્વાસ કરવા લાયક છે. ૩મારો તમે ન્યાય કરો તેની મને પરવા નથી. અને કોઈ માનવ અદાલત દ્વારા મારો ન્યાય થાય તેની પણ મને પરવા નથી. હું તો મારા પોતાનો પણ ન્યાય કરતો નથી. ૪મેં કોઈ પણ ખરાબ કૃત્યો કર્યા હોય તેવી મને જાણકારી નથી. પરંતુ તેનાથી હું નિર્દોષ સાબિત થતો નથી. પ્રભુ જ એક એવો છે જે મારો ન્યાય કરી શકે છે. ૫તેથી યોગ્ય સમય પહેલાં ન્યાય ન કરો, પ્રભુ આવે ત્યાં સુધી રાહ જુઓ. તે જે વસ્તુઓ અંધકારમાં છુપાઈ છે તેના પર પ્રકાશ પાડશે. તે લોકોના હૃદયના ગુપ્ત ઈરાદાઓને જાહેર કરી દેશે. પછી દેવ દરેક વ્યક્તિને તેને મળવી જોઈએ તેટલી પ્રશંસા આપશે.

૬ભાઈઓ અને બહેનો, આ બાબતો અંગે મેં અપોલોસ અને મારો પોતાનો જ ઉદાહરણ તરીકે ઉપયોગ કર્યો છે. મેં આમ કર્યુ જેથી કરીને તમે અમારામાંથી શબ્દના અર્થ પામી શકો, "ફક્ત જે શાસ્ત્રલેખમાં લખ્યું છે તેનો જ અમલ કરો. પછી તમે કોઈ એક વ્યક્તિ માટે ગૌરવ નહિ અનુભવો કે બીજી વ્યક્તિને તિરસ્કારશો નહિ. ૭કોણ કહે છે કે તમે બીજા લોકો કરતાં વધુ સારા છો? તમારી પાસે જે કાંઈ છે તે તમને આપવામાં આવ્યું હતું. તેથી, જે કાંઈ તમારી પાસે છે એ તમને જો આપવામાં આવ્યું હતું, તો પછી તમે તે વસ્તુઓ તમારી પોતાની તાકાતના જોરે મેળવી હોય તેવી બડાશ કેમ મારો છો?

૮તમે માનો છો કે તમારી પાસે તમારી જરૂરિયાતની દરેક વસ્તુ છે. તમે માનો છો કે તમે ધનવાન છો. તમે માનો છો કે અમારા વગર તમે રાજાઓ બની ગયા છો. હું ઈચ્છું અને આશા કરું છું કે તમે ખરેખર રાજા હો! તો પછી અમે પણ તમારી સાથે રાજા બની શકીએ. ૯પરંતુ મને એમ લાગે છે કે દેવે મને અને બીજા પ્રેરિતોને અંતિમ સ્થાન આપ્યું છે. અમે તો તે માણસો જેવા છીએ કે જેને અન્ય લોકોની નજર સામે મરવું પડે છે. અમે તો આખા જગત–દૂતો અને લોકોની નજરે તમાશા જેવા થયા છીએ. ૧૦અમે તો ખ્રિસ્ત માટે મૂર્ખ છીએ. પરંતુ તમે માનો છો કે તમે ખ્રિસ્તમાં ઘણા જ્ઞાની છો. અમે તો નિર્બળ છીએ. પરંતુ તમે માનો છો કે તમે શક્તિશાળી છો. લોકો તમને માન આપે છે, પણ અમારું અપમાન કરે છે. ૧૧અત્યારે પણ અમારી પાસે પૂરતું ખાવા કે પીવાનું નથી કે અમારી પાસે પૂરતાં કપડાં નથી. અમારે ઘણી વાર માર ખાવો પડે છે. અમારી પાસે કોઈ ઘર નથી. ૧૨અમારે અમારી જાતે અમારા પોતાના હાથે અમને પોષવા સખત પરિશ્રમ કરવો પડે છે. લોકો અમને શાપ આપે છે. પરંતુ અમે તેમને આશીર્વાદ આપીએ છીએ. લોકો અમને હેરાનગતિ કરે છે, અને અમે તે સ્વીકારીએ છીએ. ૧૩લોકો અમારા વિષે ખરાબ બોલે છે, પરંતુ અમે તેમને સારી બાબતો કહીએ છીએ. આ ક્ષણે પણ લોકો હજુ પણ અમારી સાથે એવો વર્તાવ કરે છે કે જાણે અમે જગતનો કચરો અને સમાજનો મેલ હોઈએ.

૧૪હું તમને શરમાવવાનો પ્રયત્ન કરવા માગતો નથી. પરંતુ આ બધી બાબતો હું તમને ચેતવણી આપવા માટે લખી રહ્યો છું. જાણે તમે મારા પોતાના જ પ્રિય બાળકો હો! ૧૫ખ્રિસ્તમાં તમારી પાસે ૧૦,૦૦૦ શિક્ષકો હશે, પરંતુ તમારી પાસે અનેક પિતા નહિ હોય. સુવાર્તા દ્વારા ખ્રિસ્ત ઈસુમાં હું તમારો પિતા બન્યો છું. ૧૬તેથી કરીને હું તમને વિનંતી કરું છું કે કૃપા કરીને મારા જેવા બનો. ૧૭તેથી જ હું તિમોથીને તમારી પાસે મોકલી રહ્યો છું. તે પ્રભુમાં મારો પુત્ર છે. હું તિમોથીને ચાહું છું, અને તે વિશ્વાસપાત્ર છે. તે તમને ખ્રિસ્ત ઈસુમાં હું જે રીતે જીવું છું તેની યાદ અપાવવામાં તમને મદદ કરશે. તે જીવનપધ્ધતિ હું સર્વત્ર દરેક મંડળીમાં શીખવું છું.

૧૮તમારામાંના કેટલાએક બડાઈખોર બની ગયા છો. તમે બડાશ મારો છો, એવું માનીને કે હું તમારી પાસે ફરીથી આવીશ નહિ. ૧૯પરંતુ હું બહુ જ જલદી તમારી પાસે આવીશ. હું આવીશ, જો પ્રભુ એમ મારી પાસેથી ઈચ્છતો હશે તો. પછી હું જોઈશ કે આ બડાઈખોરો શું કઈં કરી શકે છે કે માત્ર બોલી જ શકે છે. ૨૦મારે આ જોવું પડશે કારણ કે દેવનું રાજય બોલવામાં નહિ પરંતુ સામર્થ્યમાં છે. ૨૧તમે શું પસંદ કરો છો:

હું તમારી પાસે તમને શિક્ષા કરવા આવું તે, કે
પછી તમારી પાસે પ્રેમ અને નમ્રતા લઈ આવું તે?

## મંડળીમાં એક નૈતિક સમસ્યા

**૫** લોકો ખરેખર આમ બોલી રહ્યા છે કે તમારામાં વ્યભિચારનું પાપ છે. અને વ્યભિચારનું એક એવા

ખરાબ પ્રકારનું પાપકર્મ છે કે જે લોકો દેવને જાણતા નથી તેવા લોકોમાં પણ વ્યાપ્ત નથી. લોકો આમ કહે છે કે પેલા માણસ સાથે તેના પિતાની પત્ની છે. [૨]અને હજુ પણ તમે તમારી જાત માટે ગૌરવ અનુભવો છો! તમારે તો ઉદાસીથી ઘેરાઈ જવું જોઈતું હતું. અને પેલો માણસ કે જેણે આવું કામ કર્યું તેનો તમારા જૂથમાંથી બહિષ્કાર કરવો જોઈતો હતો. [૩]મારું શરીર ત્યાં તમારી સાથે નથી, પરંતુ આત્મા સ્વરૂપે હું તમારી સાથે જ છું અને જે માણસે આવું પાપ કર્યુ છે તેનો મેં ક્યારનો ય ન્યાય કર્યો છે. હું ત્યાં હાજર હોત અને મેં તેનો જે ન્યાય કર્યો હોત તે જ પ્રમાણે મેં તેનો ન્યાય કર્યો છે. [૪]આપણા પ્રભુ ઈસુના નામથી એકઠા થાવ. હું તમારી સાથે આત્મા સ્વરૂપે હોઈશ, અને તમારી સાથે આપણા પ્રભુ ઈસુનું સામર્થ્ય હશે. [૫]તો પછી આ માણસને શેતાનને સોંપી દો, જેથી તેની પાપયુક્ત જાતનો વિનાશ થાય. પછી તેના આત્માનું પ્રભુના દિવસે તારણ થઈ શકે.

[૬]તમે અભિમાન રાખો છે તે સારું નથી. તમે આ કહેવત જાણો છો, "થોડુ ખમીર* આખા લોંદાને ફુલાવે છે." [૭]તમામ જૂના ખમીરને બહાર કાઢી લો, જેથી કરીને તમે તદન નવા જ લોંદારૂપ બની જાવ. તમે ખરેખર પાસ્ખા ભોજનની બેખમીર રોટલી* છો. હા, ખ્રિસ્ત આપણાં પાસ્ખાયજ્ઞ*ને ક્યારનો ય મારી નાખવામાં આવ્યો છે. [૮]તો ચાલો આપણે આપણું પાસ્ખા ભોજન આરોગીએ, પણ જૂના ખમીરવાળી રોટલીથી નહિ. તે જૂની રોટલી તો પાપની અને અપકૃત્યોની રોટલી છે. પરંતુ જે રોટલીમાં ખમીર નથી એવી રોટલી આપણે આરોગીએ. આ તો સજ્જનતા અને સત્યની રોટલી છે.

[૯]મેં તમને મારા પત્રમાં લખેલું કે જે લોકો વ્યભિચારનું પાપ કરતાં હોય તેવા લોકો સાથે તમારી જાતને સંડોવશો નહિ. [૧૦]પરંતુ મારો એવો મતલબ ન હતો કે તમારે જગતના પાપીઓ સાથે સંપર્ક ન રાખવો. જગતના તે લોકો વ્યભિચારનું પાપ તો કરે જ છે, અથવા તો તેઓ સ્વાર્થી છે અને એકમેકને છેતરે છે, અથવા તો મૂર્તિઓની ઉપાસના કરે છે. તે લોકોથી દૂર રહેવા માટે તમારે આ જગત છોડી જવું પડે. [૧૧]હું તમને તે જણાવવા લખી રહ્યો છું કે તે વ્યક્તિની સાથે તમારે સંકળાવું નહિ જે પોતાને ખ્રિસ્તમાં ભાઈ કહેવડાવે પરંતુ વ્યભિચારનું પાપ કરે, અથવા સ્વાર્થી હોય, અથવા મૂર્તિની ઉપાસના કરે, અથવા લોકો સાથે ખરાબ વાણી ઉચ્ચારે, અથવા છાકટો હોય, અથવા લોકોને છેતરે. આવી વ્યક્તિ સાથે તો ભોજન પણ કરશો નહિ.

[૧૨-૧૩]જે લોકો મંડળીના ભાગરૂપ નથી તેવા લોકોનો ન્યાય કરવાનું કામ મારું નથી. દેવ તેવા લોકોનો ન્યાય કરશે. પરંતુ તમારે જે લોકો મંડળીના ભાગરૂપે છે તેઓનો ન્યાય કરવો જ પડશે. શાસ્રલેખ કહે છે, "દુષ્ટ વ્યક્તિને તમારા જૂથમાંથી દૂર કરો."*

## ખ્રિસ્તીઓ વચ્ચે મૂલવણીની સમસ્યાઓ

**૬** જ્યારે તમારામાંની એક વ્યક્તિને તકરાર હોય, તો શા માટે તમે ન્યાયાધીશો પાસે કાયદાની અદાલતોમાં જાઓ છો? તે માણસો દેવ સાથે ન્યાયી હોતા નથી. તો શા માટે તે લોકોને તમે શું ન્યાયી છે તેનો નિર્ણય કરવા દો છો? તમારે તો શરમાવું જોઈએ! શા માટે તમે સંતોને કોણ ન્યાયી છે તેનો નિર્ણય કરવા દેતા નથી? [૨]નિશ્ચિત રીતે તમે જાણો જ છો કે સંતો જ જગતનો ન્યાય કરશે. તો જો તમે જગતનો ન્યાય કરશો તો પછી આવી નજીવી વાતનો ન્યાય કરવા માટે તમે સક્ષમ છો જ. [૩]તમે જાણો છો કે ભવિષ્યમાં આપણે દૂતોનો ન્યાય કરીશું. તેથી નિશ્ચિત રીતે આપણે આ જીવનની બાબતોની મૂલવણી કરી શકીએ છીએ. [૪]તેથી તમારી જો અસંમતિ હોય તો તેનો ન્યાય થવો જોઈએ, શા માટે તમે આ બાબતો તે લોકો સુધી લઈ જાઓ છો કે જે મંડળીના ભાગરૂપ નથી? તે લોકો મંડળી માટે કોઈ વિસાતમાં નથી. [૫]તમને શરમાવવા હું આમ કહી રહ્યો છું. નિશ્ચિત રીતે તમારામાંથી બે ભાઈઓ વચ્ચેની ફરિયાદ દૂર કરી શકે તેવો કોઈ જ્ઞાની માણસ તમારા જૂથમાં હશે! [૬]પરંતુ હવે એક ભાઈ બીજા ભાઈની વિરુદ્ધમાં અદાલતમાં જાય છે. લોકો જે વિશ્વાસુ નથી તેવા લોકોને તમે તમારા મુકદમાનો ન્યાય કરવાનું કહો છો!

[૭]જે કાનૂની કાર્યવાહી તમે એકબીજા વિરુદ્ધ કરી છે તે પૂરવાર કરે છે કે તમે ક્યારનાય પરાજિત થઈ ચૂક્યા છો. એના બદલે તો કોઈ વ્યક્તિને તમે તમારા વિરુદ્ધ કંઈક ખોટું કરવા દીધું હોત તો સારું થાત! તમે કોઈને

---

**ખમીર** અહીં દૂષ્ટ કે ખરાબ અસરનો ઉલ્લેખ કરવા વપરાતો અર્થ

**બેખમીર રોટલી** પાસ્ખા ભોજન વખતે યહૂદીઓ ખમીર વગરની ખાસ રોટલી ખાતા. પાઉલના મતે જેમ બેખમીર રોટલી ખમીરથી મુકત છે તે પ્રમાણે ખ્રિસ્તીઓ પણ પાપથી મુકત છે.

**પાસ્ખા યજ્ઞ** પાસ્ખા પર્વમાં જેમ ઘેટાંનું બલિદાન આપવામાં આવતું તેવી રીતે ઈસુ એ તેના લોકો માટે બલિદાન આપ્યું હતું.

**"દુષ્ટ વ્યકિતને .. દૂર કરો"** પુન.૨૨:૨૧, ૨૪.

તમારી જાતને છેતરવા દીધી હોત તો સારું થાત! ૮પરંતુ
તમે તમારી જાતે જ ખોટા કામ કરો છો અને છેતરો છો!
અને તે પણ તમે ખ્રિસ્તના જ તમારા પોતાના ભાઈઓ
સાથે આમ કરો છો!

૯-૧૦તમે નિશ્ચિત રીતે જાણો છો કે લોકો અપકૃત્યો
કરશે તે દેવનાં રાજ્યને પ્રાપ્ત નહિ કરી શકે. મૂર્ખ ન
બનો. આ લોકો દેવનું રાજ્ય નહિ મેળવી શકે: લોકો કે
જે તેમની જાતનો બીજા માણસો દ્વારા જાતીય ઉપયોગ
થવા દે છે, લોકો કે જે મૂર્તિ પૂજા કરે છે, લોકો કે જે
વ્યભિચાર કરે છે, જે પુરુષો પોતાની જાતને અન્ય પુરુષોને
સોંપે છે એટલે કે પુરુષ બીજા પુરુષ સાથે સજાતીય
સંબંધ પ્રસ્થાપિત કરે છે, લોકો જે ચોરી કરે છે, લોકો કે
જે સ્વાર્થી છે, લોકો કે જે મદ્યપાનથી ચકચૂર બને છે,
લોકો કે જે બીજા લોકોની નિંદા કરે છે, લોકો કે જે
બીજાને છેતરે છે. ૧૧ભૂતકાળમાં, તમારામાંના કેટલાએક
આવા હતા. પરંતુ તમારું શુદ્ધિકરણ કરવામાં આવ્યું,
અને તમને પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા અને દેવના આત્મા
દ્વારા દેવ સાથે ન્યાયી બનાવવામાં આવ્યા.

### તમારા શરીરનો દેવના મહિમા માટે ઉપયોગ કરો

૧૨"દરેક વસ્તુઓ માટે મને છૂટ છે." પરંતુ દરેક
વસ્તુ સારી હોતી નથી. "દરેક વસ્તુઓ માટે મને છૂટ
છે." પરંતુ કોઈ પણ વસ્તુને હું મારા પર પ્રભુત્વ સ્થાપવા
દઈશ નહિ. ૧૩"ભોજન પેટ માટે છે, અને પેટ ભોજન
માટે છે." હા. પરંતુ દેવ બંનેનો વિનાશ કરશે. શરીર
અનૈતિક શારીરિક પાપ માટે નથી. શરીર પ્રભુ માટે છે,
અને પ્રભુ શરીર માટે છે. ૧૪દેવે તેના સામર્થ્યથી પ્રભુ
ઈસુને મૃત્યુમાંથી ઉઠાડ્યો. દેવ આપણને પણ ઉઠાડશે.
૧૫નિશ્ચિત રીતે તમે જાણો છો કે તમારા શરીર સ્વયં
ખ્રિસ્તના અંશરૂપો છે. તેથી હું કદાપિ ખ્રિસ્તના અંશરૂપ
શરીરને વેશ્યા સાથે ન જોડી શકું! ૧૬શાસ્ત્રલેખમાં આ
પ્રમાણે લખેલ છે કે: "બે વ્યક્તિઓ એક દેહ થશે."*
તેથી તમારે જાણવું જોઈએ કે જે વ્યક્તિ એક વેશ્યા
સાથે શારીરિક સંબંધથી જોડાશે તે તેની સાથે શરીરમાં
એક બનશે. ૧૭પરંતુ જે વ્યક્તિ પોતાની જાતને પ્રભુ
સાથે જોડે છે તે તેની સાથે આત્મામાં એક થાય છે.

૧૮તેથી વ્યભિચારથી નાસો. અન્ય બીજા જે કઈ
પાપ વ્યક્તિ કરે છે તે તેના શરીરની બહાર રહીને કરે
છે. પરંતુ જે વ્યક્તિ વ્યભિચાર કરે છે તે તેના પોતાના
શરીર વિરુદ્ધ કરે છે. ૧૯તમારે જાણવું જોઈએ કે તમારું
શરીર તો પવિત્ર આત્માનું મંદિર છે. તમારામાં પવિત્ર
આત્માનો વાસ છે. તમને પવિત્ર આત્મા દેવમાંથી પ્રાપ્ત
થયેલ છે. તમે પોતે તમારી જાતના માલિક નથી. ૨૦દેવ
દ્વારા તમારું મૂલ્ય ચૂકવવામાં આવ્યું છે. તેથી તમારા
શરીર દ્વારા દેવને મહિમા આપો.

### લગ્ન વિષે

૭ હવે તમે મને જે બાબતો અંગે લખેલું તેની હું
ચર્ચા કરીશ. માણસ સ્રીનો સ્પર્શ ન કરે તો સારું.
વ્યક્તિ લગ્ન ન કરે તે જ તે વ્યક્તિ માટે વધારે સારું છે.
૨પરંતુ વ્યભિચારનું પાપ ભયજનક છે. તેથી પ્રત્યેક
વ્યક્તિને તેની પોતાની પત્ની હોવી જોઈએ. અને દરેક
સ્રીને તેનો પોતાનો પતિ હોવો જોઈએ. ૩પતિએ તેની
પત્ની પ્રત્યેની પતિ તરીકેની ફરજોનું પાલન કરવું
જોઈએ, અને પત્નીએ પોતાના પતિ તરફની પત્ની
તરીકેની ફરજોનું પાલન કરવું જોઈએ. ૪પત્નીને પોતાના
શરીર પર કોઈ અધિકાર નથી. તેના પતિને તેના શરીર
પર અધિકાર છે. અને પતિને તેના પોતાના શરીર પર
કોઈ અધિકાર નથી. તેની પત્નીને તેના શરીર પર
અધિકાર છે. ૫એકબીજાને તમારી કાયા સુપ્રત કરવામાં
આનાકાની ન કરો. પરંતુ તમે બંને અલ્પ સમય માટે
શારીરિક નિકટતા ટાળવામાં સંમત થઈ શકો. તમે આમ
કરી શકો જેથી કરીને તમે તમારો સમય પ્રાર્થના માટે
ફાળવી શકો. પછી ફરીથી એક બનો. જેથી કરીને શેતાન
તમારી નબળાઈમાં તમારું પરીક્ષણ ન કરી શકે. ૬થોડાક
સમય માટે એકબીજાથી અલગ રહેવાથી અનુમતિ
આપવા માટે હું આમ કહું છું. તે આજ્ઞા નથી. ૭હું
ઈચ્છું છું કે બધા જ લોકો મારા જેવા હોય. પરંતુ દરેક
વ્યક્તિને દેવ તરફથી કઈક વિશિષ્ટ કૃપાદાન પ્રાપ્ત થયેલું
છે. એક વ્યક્તિ પાસે અમુક કૃપાદાન છે, તો બીજી
વ્યક્તિ પાસે બીજું જ કોઈ કૃપાદાન છે.

૮હવે જે લોકો અવિવાહિત છે અને જે વિધવાઓ
છે, તેઓને હું કહું છું: તેઓએ મારી માફક એકલા રહેવું
જ વધારે સારું છે. ૯પરંતુ જો તેઓ પોતાના શરીરને
નિયંત્રણમાં ન રાખી શકતા હોય, તો પછી તેઓએ લગ્ન
કરવું જોઈએ. બળવા કરતાં પરણવું વધારે સારું છે.

૧૦હવે વિવાહિત લોકોને હું આ આજ્ઞા આપું છું (આ
આજ્ઞા મારી નહિ પરંતુ પ્રભુ તરફથી છે.) પત્નીએ તેના
પતિને છોડવો જોઈએ નહિ. ૧૧પરંતુ જો પત્ની તેના
પતિને છોડે તો તેણે ફરીથી પરણવું નહિ. અથવા તેણે
તેના પતિ પાસે પાછા જવું જોઈએ. પતિએ પણ તેની
પત્નીને છૂટાછેડા આપવા નહિ.

---

**"બે વ્યક્તિો. ... થશે"** ઉત.૨:૨૪

૧૨બીજા બધા જ લોકો માટે હું આમ કહું છું. (પ્રભુ નહિ, હું આ બાબતો કહી રહ્યો છું.): ખ્રિસ્તમય બનેલા બંધુને એવી પત્ની હોઈ શકે કે જે વિશ્વાસુ ન હોય. જો તે તેની સાથે રહેવા સંમત હોય તો તેણે તેને છૂટાછેડા આપવા ન જોઈએ. ૧૩અને એક સ્રીને એવો પતિ હોય કે જે વિશ્વાસુ ન હોય પણ તેની પત્ની સાથે રહેવા સંમત હોય તો પછી તેણે તેને છૂટાછેડા ન આપવા જોઈએ. ૧૪પતિ જે વિશ્વાસુ નથી તેને તેની પત્ની દ્વારા પવિત્ર બનાવવામાં આવ્યો છે. અને પત્ની જે અવિશ્વાસુ છે તેને તેના પતિ દ્વારા પવિત્ર બનાવવામાં આવે છે. જો આ સાચું ન હોત, તો તમારાં બાળકો પવિત્ર ન હોત, પરંતુ હવે તમારાં બાળકો પવિત્ર છે.

૧૫પરંતુ એક વ્યક્તિ કે જે વિશ્વાસુ નથી તે જો છોડી જવા ઈચ્છતી હોય તો તેને જવા દો. આવું જ્યારે બને તો ખ્રિસ્તમય બનેલો ભાઈ કે બહેન મુક્ત છે. દેવે આપણને શાંતિમય જીવન માટે આહ્વાન આપ્યુ છે. ૧૬પત્નીઓ તરીકે તમે કદાચ તમારા પતિનો બચાવ કરી શકો; અને પતિઓ, તમે કદાચ તમારી પત્નીનો બચાવ કરી શકો. અત્યારે તો તમે જાણતા નથી કે પછી શું બનવાનું છે.

### દેવે તમને તેડયા છે તે પ્રમાણે જીવો

૧૭પરંતુ દરેક વ્યક્તિએ દેવે તેને જે રીતનું જીવન આપ્યું છે, તે રીતે જીવતા રહેવું જોઈએ–એ પ્રકારે કે જે પ્રકારે દેવે જ્યારે તમને તેડયા ત્યારે તમે હતા. આ નિયમ મેં દરેક મંડળીમાં બનાવ્યો. ૧૮જ્યારે વ્યક્તિને તેડવામાં આવે છે તે સમયે જો તેની સુન્નત થઈ ગઈ હોય, તો પછી તેણે તેની સુન્નતમાં પરિવર્તન કરવું જોઈએ નહિ. જ્યારે તેડવામાં આવે ત્યારે વ્યક્તિ સુન્નત વગરનો હોય, તો પછી તેની સુન્નત થવી જોઈએ નહિ. ૧૯વ્યક્તિએ સુન્નત કરાવી છે કે નથી કરાવી તે મહત્વનું નથી. દેવની આજ્ઞાઓનું પાલન મહત્વનું છે. ૨૦દરેક વ્યક્તિને જે સ્થિતિમાં તેડવામાં આવી હોય તેમાં જ તે રહે. ૨૧દેવે જ્યારે તમને તેડયા ત્યારે તમે જો ગુલામ હો, તો તે બાબતની તમે ચિંતા ન કરો. પરંતુ જો તમે મુક્ત બની શકો, તો મુક્ત બનો. ૨૨વ્યક્તિ કે જેને પ્રભુએ જ્યારે તેડયો, ત્યારે તે ગુલામ હતો તે પ્રભુમાં મુક્ત છે. તે જ પ્રમાણે જ્યારે તે વ્યક્તિને તેડવામાં આવ્યો ત્યારે તે મુક્ત હતો. હવે ખ્રિસ્તનો સેવક છે. ૨૩મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા છે તેથી મનુષ્યોના ગુલામો ન બનો. ૨૪ભાઈઓ અને બહેનો, દેવથી નવજીવનમાં તમારામાંના પ્રત્યેકને જ્યારે દેવે તેડયા હતા ત્યારે જે રસ્તે તમે હતા તે જ રીતે તમારી જીવન પદ્ધતિનું સાતત્ય જાળવો.

### લગ્ન કરવા અંગેના પ્રશ્નો

૨૫હવે હું જે કુંવારીઓ છે તેઓના વિષે લખીશ. પ્રભુ તરફથી મને આ અંગે કોઈ આજ્ઞા મળી નથી. પરંતુ હું મારો અભિપ્રાય આપું છું. મારો વિશ્વાસ કરો કારણ કે પ્રભુની દયા મારા પર છે. ૨૬આ મુશ્કેલીનો સમય છે. તેથી હું માનું છું કે તમે જેવા છો એવી જ સ્થિતિમાં રહો તે તમારા માટે સારું છે. ૨૭જો તમારે પત્ની હોય, તો તેનાથી છૂટા થવાનો પ્રયાસ ન કરશો. જો તમે વિવાહિત ન હો તો પત્ની શોધવાનો પ્રયાસ ન કરશો. ૨૮પરંતુ જો તમે લગ્ન કરવાનો નિર્ણય કરો, તો તે પાપ નથી. અને જે કુંવારી કદી પરણી જ નથી, તેવી કુંવારી માટે લગ્ન કરવું તે પાપ નથી. પરંતુ જે લોકો પરણશે તેમને આ જીવનમાં વિપત્તિઓ તો થવાની જ છે. હું તમને આ વિપત્તિઓથી મુક્ત કરવા ઈચ્છું છું.

૨૯ભાઈઓ અને બહેનો, હું સમજું છું કે: આપણી પાસે હવે ઘણો સમય રહ્યો નથી. તો અત્યારથી શરૂ કરીને, જે લોકો પાસે પત્નીઓ છે તેમણે એ રીતે દેવની સેવામાં તેમનો સમય વ્યતીત કરવો જોઈએ જાણે તેમને પત્નીઓ છે જ નહિ. ૩૦લોકો, જે વિષાદગ્રસ્ત છે તેમણે એ રીતે જીવવું જાણે કે તેમને કોઈ વિષાદ છે જ નહિ. લોકો જે આનંદિત છે તેમણે એ રીતે જીવવું જાણે તેઓ આનંદિત છે જ નહિ. લોકો જે વસ્તુઓ ખરીદે છે તેમણે એ રીતે જીવવું જાણે તેમની પાસે કશું જ નથી. ૩૧લોકો જે દુન્યવી વસ્તુઓનો ઉપભોગ કરે તેમણે તે રીતે જીવવું જાણે તે વસ્તુઓનું તેમને કોઈ મહત્વ જ નથી. તમારે આ રીતે જીવવું, કારણ કે આ જગત જે રીતે અત્યારે છે તે ખૂબ ઝડપથી ચાલ્યું જવાનું છે.

૩૨તમે ચિંતામાથી મુકત થાવ તેવું હું ઈચ્છું છું. જે માણસ વિવાહિત નથી તે પ્રભુના કાર્યમાં વ્યસ્ત છે. તે પ્રભુને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ૩૩પરંતુ જે માણસ વિવાહિત છે, તે દુન્યવી બાબતોમાં સંકળાયેલો છે. તે પોતાની પત્નીને ખુશ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ૩૪તેણે તે બે વસ્તુઓ વિષે વિચારવું જોઈએ. પત્નીને ખુશ કરવી અને પ્રભુને પ્રસન્ન કરવા. જે સ્રી અવિવાહિત છે અથવા તો એ કન્યા કે જેણે કદી લગ્ન કર્યુ જ નથી, તે પ્રભુના કાર્યમાં વ્યસ્ત છે. તે હેતુપૂર્વક તે શરીર તથા આત્મામાં પવિત્ર થવા માગે છે. પરંતુ પરણેલી સ્રી દુન્યવી બાબતોમાં વ્યસ્ત છે. તે પોતાના પતિને ખુશ કરવાનો પ્રયત્ન કરી રહી છે. ૩૫તમને મદદ કરવાના

હેતુથી આ બાબતો હું કહી રહ્યો છું. હું તમને સીમાબદ્ધ કરવા નથી માગતો. પરંતુ તમે યોગ્ય રીતે જીવન જીવો તેમ હું ઈચ્છું છું. અને તમે બીજી કોઈ દુન્યવી બાબતમાં સમય નષ્ટ કર્યા સિવાય તમારી સંપૂર્ણ જાતને પ્રભુને સમર્પિત કરી દો એમ હું ઈચ્છું છું.

[36]જો કોઈ માણસ એમ વિચારે કે તે તેની કુંવારી પુત્રી કે જેણે લગ્ન કરવા માટેનો ઉત્તમ સમય લગભગ પસાર કરી દીધો છે, તેની તરફનો તેનો વ્યવહાર યોગ્ય નથી તો તે વિચાર કરી શકે કે લગ્ન આવશ્યક છે. તે જે ઈચ્છે તેવું તેણે કરવું જોઈએ. તેણે તેઓને પરણવા દેવા જોઈએ. તે પાપ નથી. [37]પરંતુ બીજી વ્યક્તિ તેના વિચારમાં વધુ મક્કમ હોઈ શકે. લગ્ન માટેની કોઈ જરૂર નથી, તેથી તે જે કરવા ઈચ્છે તેના માટે તે મુક્ત છે. જો આ વ્યક્તિએ તેના હૃદયમાં તેની કુમારિકાને અવિવાહિત રાખવાનો નિર્ણય કર્યો હોય તો તે સારું કરી રહી છે. [38]તેથી વ્યક્તિ કે જે તેની કુમારિકાને લગ્ન માટે સોંપે છે તે યોગ્ય જ કરે છે, અને વ્યક્તિ કે જે તેની કુમારિકાને લગ્ન માટે સોંપતો નથી તે વધારે યોગ્ય કાર્ય કરે છે.

[39]સ્રીએ જ્યાં સુધી તેનો પતિ જીવિત હોય ત્યાં સુધી તેણે તેના પતિ સાથે રહેવું જોઈએ. પરંતુ જો પતિ મૃત્યુ પામે તો પત્ની ઈચ્છે તો તે સ્રી કોઈ પણ માણસને પરણવા માટે સ્વતંત્ર છે. પરંતુ તેણે પ્રભુમાં લગ્ન કરવું જોઈએ. [40]જો તે સ્રી ફરીથી લગ્ન ન કરે તો તે વધુ પ્રસન્ન રહેશે. આ મારો અભિપ્રાય છે, અને હું માનું છું કે મારામાં દેવના આત્માનો નિવાસ છે.

## મૂર્તિઓને ધરેલા નૈવેદ વિષે

૮ હવે હું મૂર્તિઓને ધરેલા નૈવેદ વિષે લખીશ. આપણે જાણીએ છીએ કે "આપણા બધા પાસે જ્ઞાન છે." "જ્ઞાન" તમને અભિમાનથી ચકચૂર કરી દે છે. પરંતુ તમારો પ્રેમ બીજાને શક્તિશાળી બનાવવામાં મદદકર્તા છે. [2]વ્યક્તિ જે માને છે કે તે કંઈક જાણે છે તે તેણે ખરેખર જે રીતે જાણવું જોઈએ તેમાનું કશું જ જાણતો નથી. [3]પરંતુ જે વ્યક્તિ દેવને પ્રેમ કરે છે તેને દેવ ઓળખે છે.

[4]તેથી હું મૂર્તિઓના નૈવેદ ખાવા અંગે આમ કહેવા માગું છું: આપણે જાણીએ છીએ કે મૂર્તિ જેવું વાસ્તવમાં આ જગતમાં કોઈ અસ્તિત્વ નથી. આપણે એ પણ જાણીએ છીએ કે દેવ ફક્ત એક જ છે. [5]જો લોકો જેને દેવો કહે છે તેવી ઘણી વસ્તુઓ પૃથ્વી પર અને આકાશમાં હોય, તો તેનું કોઈ મહત્વ નથી. (અને ઘણી વસ્તુઓ એવી છે કે જેને લોકો "દેવો" અને "પ્રભુ" તરીકે સંબોધન કરે છે.). [6]પરંતુ આપણા માટે તો ફક્ત એક જ દેવ છે. તે આપણો પિતા છે. દરેક વસ્તુઓનું સર્જન તેનાથી થયું છે અને આપણે તેના માટે જ જીવિત છીએ. અને પ્રભુ તો ફક્ત એક જ છે. તે ઈસુ ખ્રિસ્ત છે. દરેક વસ્તુઓનું સર્જન તેના દ્વારા થયું છે, અને તેના દ્વારા જ આપણને પણ જીવન પ્રાપ્ત થયું છે.

[7]પરંતુ બધા લોકો આ બાબત જાણતા નથી. છતાં ત્યાં કેટલાએક લોકો છે જેઓને મૂર્તિપૂજા કરવાની આદત પડેલી હતી. તેથી જ્યારે તે લોકો નૈવેદ ખાય છે ત્યારે તેઓ હજુ પણ એમ જ માને છે કે તે મૂર્તિઓનો છે. તેઓ મનમાં સ્પષ્ટ નથી કે આ નૈવેદ ખાવો યોગ્ય છે. તેથી જ્યારે તેઓ તે ખાય છે, ત્યારે તેઓ અપરાધભાવ અનુભવે છે. [8]પરંતુ ખોરાકથી આપણે દેવની સમીપ નહિ પહોંચીએ ને ખાવાનો ઈન્કાર કરવાથી દેવને આપણે ઓછા પ્રસન્ન કરતા નથી. તે ખાવાથી આપણે વધારે સારા બની જતા પણ નથી.

[9]પરંતુ તમારી છૂટ અંગે સાવધ રહો. તમારી છૂટ જે લોકો તેમનાં વિશ્વાસમાં નિર્બળ છે તેવા લોકોને પાપના પતનમાં દોરવા જોઈએ નહિ. [10]તમારી પાસે સમજશક્તિ છે, તેથી મૂર્તિના મંદિરમાં તમે છૂટથી ખાઈ શકાય એમ વિચારો પણ જે વ્યક્તિ વિશ્વાસમાં નિર્બળ છે તે તમને ત્યાં ખાતા જુએ તો તે કાર્ય તેને પણ મૂર્તિઓના નૈવેદમાં બલિનું માંસ ખાવા માટે પ્રોત્સાહિત કરશે. પરંતુ વાસ્તવમાં તે માને છે કે તે અનુચિત છે. [11]તેથી આ નિર્બળ ભાઈ તમારા જ્ઞાનને કારણે નાશ પામે. અને ખ્રિસ્ત તો આ ભાઈ માટે જ મૃત્યુ પામેલો. [12]જ્યારે તમે ખ્રિસ્તમાં ભાઈઓ અને બહેનોની વિરુદ્ધ આ પ્રકારનું પાપ કરો છો, અને જે બાબતોને તેઓ અનુચિત ગણે છે તે કરવા તમે તેમને પ્રેરો છો જેનાથી તેઓને આઘાત લાગે છે. તો તમે આ રીતે ખ્રિસ્તની વિરુદ્ધ પાપ કરો છો. [13]જેથી જે આહાર હું ગ્રહણ કરું છું જેના દ્વારા મારો ભાઈ પાપ કરવા પ્રેરાય છે, તો પછી ફરી ક્યારેય હું માંસ નહિ ખાઉં. હું માંસ ખાવાનું બંધ કરી દઈશ, જેથી હું મારા ભાઈને પાપ કરવા ન પ્રેરી શકું.

૯ હું સ્વતંત્ર માનવ છું! હું પ્રેરિત છું! મેં આપણા પ્રભુ ઈસુનાં દર્શન કર્યા છે. પ્રભુ પરત્વેના મારા કાર્યમાં તમે લોકો એક ઉદાહરણ છો. [2]બીજા લોકો મને પ્રેરિત તરીકે કદાચ ન સ્વીકારે, પરંતુ તમે તો નિશ્ચિતરૂપે મને પ્રેરિત તરીકે સ્વીકારો છો. પ્રભુમાં હું પ્રેરિત છું તેનું તમે લોકો પ્રમાણ છો.

૩કેટલાએક લોકો મારી મૂલવણી કરવા માગે છે. તેથી તેઓને હું આ ઉત્તર પાઠવું છું: ૪આપણને ખાવા–પીવાનો અધિકાર છે. શું નથી? ૫યાત્રા દરમ્યાન વિશ્વાસી પત્નીને આપણી સાથે લાવવાનો આપણને અધિકાર છે. શું નથી? બીજા પ્રેરિતો, અને પ્રભુના ભાઈઓ અને કેફા બધા જ આમ કરે છે. ૬બાર્નાબાસ અને હું જ ફક્ત એવા છીએ કે જેમણે આજીવિકા કમાવા માટે કશુંક કામ કરવું પડે. ૭કોઈ પણ સૈનિક લશ્કરમાં તેની સેવા માટે તેનો પોતાનો પગાર તે પોતે ચૂકવતો નથી. કોઈ પણ વ્યક્તિ કદી દ્રાક્ષના બગીચા લગાવી તેમાંથી થોડી ઘણી દ્રાક્ષ પોતે ન ખાય તેમ બનતું નથી. કોઈ પણ વ્યક્તિ ટોળાંની સંભાળ રાખે ને થોડું દૂધ ન પીએ તેમ બનતું નથી.

૮ફક્ત મનુષ્યો જ આમ વિચારે છે તેમ નથી. દેવનું નિયમશાસ્ત્ર પણ આ જ બાબત કહે છે. ૯હા, મૂસાના નિયમશાસ્ત્રમાં તે લખેલું છે કે: "જ્યારે પગરમાં અનાજને છૂટું પાડવા માટે બળદનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેનું મોઢું બાંધી દઈને તેને અનાજ ખાતા ન અટકાવો."* જ્યારે દેવે આમ કહ્યું, ત્યારે તે શું માત્ર બળદનો જ વિચાર કરતો હતો? ના. ૧૦તે ખરેખર આપણા વિષે વિચાર કરતો હતો. હા, તે શાસ્ત્ર આપણા માટે લખાયું છે. વ્યક્તિ કે જે ખેડે છે અને વ્યક્તિ કે જે અનાજને છૂટું પાડે છે તો તેમની મહેનત માટે તેમણે બદલાની આશા રાખવી જોઈએ. ૧૧અમે તમારામાં આધ્યાત્મિક બીજનું પ્રત્યારોપણ કર્યુ છે. અને તેથી આ જીવન માટે અમે થોડીક વસ્તુનો પાક લણી શકીએ. આ કંઈ વધારે પડતી માગણી નથી. ૧૨બીજા લોકોને તમારી પાસેથી વસ્તુઓ મેળવવાનો હક્ક છે. તો અમને પણ જરૂરથી આ હક્ક છે. પરંતુ અમે આ અધિકારનો ઉપયોગ કરતા નથી. ના, અમે અમારી જાતે બધું સહન કરીએ છે કે જેથી કોઈને પણ ખ્રિસ્તની સુવાર્તાને અનુસરવામાં વિઘ્નરૂપ ન બનીએ. ૧૩તમે ખરેખર જાણો છો કે જે લોકો મંદિરમાં કામ કરે છે તેઓ તેઓનો આહાર મંદિરમાંથી મેળવે છે. અને જેઓ વેદી સમક્ષ સેવા કરે છે, તેઓ વેદીને ધરાવેલા નૈવેદનો અંશ મેળવે છે. ૧૪જે લોકો સુવાર્તા પ્રગટ કરે છે, તેઓને માટે પણ આમ જ છે. પ્રભુનો આદેશ છે કે જે લોકો સુવાર્તા પ્રગટ કરે છે, તેઓનો જીવન નિર્વાહ તેઓના આ કાર્ય થકી થવો જોઈએ.

૧૫પરંતુ આમાના કોઈ પણ અધિકારનો મેં ઉપયોગ કર્યો નથી અને આ વસ્તુ મેળવવાનો હું કોઈ પ્રયત્ન પણ કરતો નથી. તમને લખવાનો મારો આ હેતુ નથી. મને અભિમાન કરવાનું કારણ છીનવી લેવામાં આવે તેના કરતા તો હું મૃત્યુને પસંદ કરીશ. ૧૬સુવાર્તા પ્રગટ કરવી તે મારા અભિમાનનું કારણ નથી. સુવાર્તા પ્રગટ કરવી એ તો મારી ફરજ છે–એ મારે કરવું જ જોઈએ. જો હું સુવાર્તા પ્રગટ ન કરું તો એ મારા માટે ઘણું અનુચિત હશે. ૧૭જો મારી પોતાની પસંદગીથી હું સુવાર્તા પ્રગટ કરું તો હું પુરસ્કારને પાત્ર છું. પરંતુ મારી પાસે કોઈ વિકલ્પ નથી. મારે સુવાર્તા પ્રગટ કરવી જ જોઈએ. મને સોંપવામાં આવેલી ફરજ માત્ર હું બજાવું છું. ૧૮તો મને કયો પુરસ્કાર મળે છે? મારો પુરસ્કાર આ છે: કે જ્યારે હું સુવાર્તા આપું છું, હું વિનામૂલ્ય આપું છું. અને આ રીતે વળતર મેળવવાના મારા અધિકારનો હું ઉપયોગ કરતો નથી કે જે સુવાર્તાનો ઉપદેશ આપવા માટે મને આપવામાં આવ્યો છે.

૧૯હું સ્વતંત્ર છું. હું કોઈ વ્યક્તિને આધિન નથી. પરંતુ મેં મારી જાતને બધાની ગુલામ બનાવી છે. હું આમ જેટલા બની શકે તેટલા વધારે લોકોનો ઉદ્ધાર કરવા માટે કરું છું. ૨૦હું યહૂદીઓ સાથે યહૂદી જેવો થયો છું. યહૂદીઓનો ઉદ્ધાર કરવા હું આમ કરું છું. હું મારી જાતે નિયમને આધીન નથી. પરંતુ એ લોકો કે જેઓ નિયમને આધિન છે, પણ તેઓ માટે હું એક કે જે નિયમને આધિન છે તેના જેવો હું બન્યો. ૨૧જે લોકો નિયમ વગરના છે તેઓને માટે હું જે નિયમ વગરના છે તેવો હું બન્યો છું. હું આમ નિયમ વગરના લોકોનો ઉદ્ધાર કરવા માટે કહું છું. (પરંતુ ખરેખર, હું દેવના નિયમ વગરનો નથી–હું ખ્રિસ્તના નિયમને આધિન છું.) ૨૨જે લોકો નિર્બળ છે, તેઓ પ્રત્યે હું નિર્બળ બનું છું, કે જેથી હું તેઓના ઉદ્ધાર માટે મદદ કરી શકું. હું સર્વ લોકો માટે બધું જ બન્યો છું. મેં આમ કર્યુ કે જેથી દરેક સંભવિત રીતે હું લોકોનો ઉદ્ધાર કરી શકું. ૨૩મેં આ બધી વસ્તુઓ સુવાર્તાને કારણે કરી. મેં આ બધી વસ્તુઓ કરી છે કે જેથી સુવાર્તાના આશીર્વાદનો હું સહભાગી થઈ શકુ.

૨૪તમે જાણો છો કે દરેક દોડનાર સ્પર્ધામાં દોડે છે, પરંતુ માત્ર એક જ દોડનાર પુરસ્કૃત થાય છે. તેથી તે રીતે દોડો. વિજયી થવા દોડો! ૨૫બધા જ લોકો જે રમતમાં હરિફાઈ કરે છે તે લોકો સખત તાલીમનો ઉપયોગ કરે છે. તેઓ આમ કરે કે જેથી તેઓ મુગટ મેળવવા વિજયી થાય. તે મુગટ દુન્યવી વસ્તુ છે કે જે અલ્પ સમય માટે ટકી રહે છે. પરંતુ આપણો મુગટ અવિનાશી છે. ૨૬તેથી હું એવી વ્યક્તિની જેમ દોડું છું

---

**"જ્યારે પગરમાં … ખાતા ન અટકાવો"** પુન. ૨૫:૪

કે જેની સામે એક લક્ષ્ય છે. હું એવા મુક્કાબાજની જેમ લડું છું જે કોઈક વસ્તુ પર પ્રહાર કરે છે, માત્ર હવામાં નથી મારતો. ૨૭એ મારું પોતાનું શરીર છે જેના પર હું પ્રહાર કરું છું. હું તેને મારું ગુલામ બનાવું છું. હું આમ કરું છું કે જેથી લોકોને ઉપદેશ આપ્યા પછી મારી ઉપેક્ષા ન થાય.

### યહૂદીઓ જેવા ન બનો

**૧૦** ભાઈઓ અને બહેનો, આપણા પૂર્વજો કે જે મૂસાને અનુસરેલા તેઓની સાથે શું બન્યું હતું, તે તમે જાણો તેમ હું ઈચ્છું છું. તેઓ બધા એક વાદળ નીચે હતા અને તેઓ દરિયો પસાર કરી ગયા. ૨મૂસામાં તે બધા જ લોકો વાદળ અને દરિયામાં બાપ્તિસ્મા પામ્યા હતા. ૩તેઓ બધાએ એ જ આત્મિક અન્ન ખાધું હતું. ૪તેઓ બધાએ એક સમાન આત્મિક પીણું પીધું હતું. તેઓએ તેઓની સાથે રહેલા આત્મિક ખડકમાંથી પીણું પીધું હતું. તે ખડક ખ્રિસ્ત હતો. ૫પરંતુ દેવ મોટા ભાગના લોકોથી સંતુષ્ટ ન હતો. તેઓને રણપ્રદેશમાં મારી નાખવામાં આવ્યા.

૬આ બાબતો જે બની તે આપણા માટે ઉદાહરણરૂપ છે. આ ઉદાહરણોએ આપણને પેલા લોકોની જેમ દુષ્ટ કામો કરવાની ઈચ્છામાંથી રોકવા જોઈએ, જે તે લોકોએ કર્યા. ૭મૂર્તિઓની ઉપાસના ન કરશો જેમ પેલા લોકોએ કરેલી. એવું શાસ્ત્રલેખમાં લખેલું છે કે:"લોકો ખાવા–પીવા માટે નીચે બેઠા. લોકો નૃત્ય માટે ઊભા થયા."* ૮આપણે વ્યભિચારના પાપો જે તેમાંના કેટલાએક લોકોએ કર્યા તે નહિ કરવા જોઈએ. તેઓના પાપોને કારણે એક જ દિવસમાં તેઓમાંના ૨૩,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા. ૯તેઓમાંના કેટલાએકે જેમ કર્યુ તેમ આપણે પ્રભુનું પરીક્ષણ ન કરવું જોઈએ. તેઓ સર્પો દ્વારા મૃત્યુ પામ્યા કારણ કે તેઓએ પ્રભુનું પરીક્ષણ કર્યુ હતું. ૧૦અને તેઓમાંના કેટલાએક લોકોએ ફરિયાદ કરેલી તેમ ન કરો. તે લોકોને જે વિનાશકર્તા છે એવા દૂત દ્વારા તેમને મારી નાખવામાં આવેલા હતા.

૧૧જે ઘટનાઓ પેલા લોકો સાથે ઘટી હતી તે ઉદાહરણરૂપ છે. અને તે બાબતો આપણા માટે ચેતવણીરૂપે લખાઈ હતી. આપણે એવા સમયગાળામાં અત્યારે રહીએ છીએ કે જ્યારે ભૂતકાળના દરેક ઈતિહાસની સમાપ્તિને આરે આવી પહોંચ્યા છે. ૧૨તેથી જે વ્યક્તિ માને છે કે તે સ્થિર ઊભો રહી શકે છે તેણે નીચે પડી ન જવાય તેની સંભાળ રાખવી જોઈએ. ૧૩બધા લોકો પર જે પરીક્ષણ આવે છે તે જ પરીક્ષણો તમારા પર પણ આવે છે. પરંતુ તમે દેવમાં ભરોસો રાખી શકો છો. તમારી સહનશક્તિની સીમા બહાર તે તમને વધારે પરીક્ષણમાં પડવા દેશે નહિ. પરંતુ જ્યારે તમે પરીક્ષણમાં પડો, ત્યારે તે પરીક્ષણમાંથી છટકવા માટેનો રસ્તો પણ દેવ જ તમને બતાવશે, તેથી તમે સહન કરી શકો.

૧૪તેથી મારા પ્રિય મિત્રો, મૂર્તિપૂજાથી દૂર રહો. ૧૫તમે બુદ્ધિશાળી લોકો છો એમ માનીને હું તમારી સાથે વાતચીત કરી રહ્યો છું; હું જે કંઈ કહી રહ્યો છું તે તમે તમારી જાતે જ મૂલવો. ૧૬આશીર્વાદનો પ્યાલો કે જેને માટે આપણે આભારી છીએ, તે ખ્રિસ્તના રક્તના સહભાગી થવા માટે છે, ખરુંને? અને રોટલી કે જે આપણે તોડીએ છે તે ખ્રિસ્તના શરીરના સહભાગી થવા માટે છે, ખરુંને? ૧૭રોટલીનો ત્યાં એક જ ટુકડો છે, અને આપણે ઘણા માણસો છીએ. પરંતુ આપણે બધા તે એક રોટલીના ટુકડાને વહેંચીએ છીએ. તેથી ખરેખર તો આપણે એક શરીર જ છીએ.

૧૮ઈઝરાએલના લોકો વિષે વિચાર કરો. એ લોકો કે જે વેદી પર ચડાવેલા યજ્ઞાર્પણો ખાય છે. તેઓ વેદીના ભાગીદાર છે, શું તેઓ આમ નથી કરતા? ૧૯હું એમ કહેવા નથી માગતો કે મૂર્તિને ચડાવેલું નૈવેદ કોઈ મહત્વની વસ્તુ છે અને મૂર્તિ કંઈક છે એવું તો હું જરાપણ કહેવા નથી માગતો. ના! ૨૦પરંતુ હું કહું છું કે મૂર્તિને લોકો જે વસ્તુઓનું બલિદાન ચડાવે છે તે તો ભૂતપિશાચોને ચડાવેલું બલિદાન છે, નહિ કે દેવને, અને ભૂતપિશાચો સાથે કોઈ પણ બાબતમાં તમારી ભાગીદારી હું ઈચ્છતો નથી. ૨૧તમે પ્રભુના પ્યાલા સાથે ભૂતપિશાચોનો પ્યાલો પી શકતા નથી. તમે પ્રભુના તેમ જ ભૂતપિશાચોના મેજના સહભાગી થઈ શકો નહિ. ૨૨શું આપણે પ્રભુને ઈર્ષ્યાળુ બનાવવા માગીએ છીએ? શું આપણે તેનાથી વધુ જોરાવર છીએ? ના!

### દેવના મહિમા માટે તમારી સ્વતંત્રતાનો ઉપયોગ કરો

૨૩હા, "બધી જ વસ્તુઓ મંજૂર છે." પણ બધી જ વસ્તુઓ સારી નથી. હા. "બધી જ વસ્તુની પરવાનગી છે." પરંતુ કેટલીક વસ્તુઓ બીજાઓને વધારે શક્તિશાળી બનવામાં ઉપયોગી થતી નથી. ૨૪કોઈ પણ વ્યક્તિએ માત્ર તેની જાતને જ મદદરૂપ થાય તેવું કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. અન્યને મદદરૂપ થાય તેવું કરવાનો તેણે પ્રયત્ન કરવો જોઈએ.

---

**"લોકો ખાવા–પીવા ... ઊભા થયા"** નિ. ૩૨:૬

૨૫જે કંઈ બજારમાં માંસ વેચાતું હોય તે પ્રેરકબુદ્ધિથી આત્મા કહે કે તે તમારે ખાવાને યોગ્ય હોય તો કોઈ પણ પ્રશ્ન તે માંસ વિષે પૂછયા વિના ખાઓ. ૨૬તમે તે ખાઈ શકો કારણ કે, "પૃથ્વી અને પૃથ્વીની અંદરની દરેક વસ્તુ પ્રભુની છે."*

૨૭વ્યક્તિ કે જે વિશ્વાસી નથી તે તમને તેની સાથે જમવાનું આમંત્રણ આપે. જો તમે જવા ઈચ્છતા હો તો તમારી આગળ જે કંઈ મૂકવામાં આવે તે તમે જમો. તમારા મતે અમુક વસ્તુ ખાવી યોગ્ય છે તે દર્શાવવા પ્રશ્નો ન પૂછો. ૨૮પરંતુ એક વ્યક્તિ જો તમને કહે, "કે આ ખોરાક મૂર્તિને ધરવામાં આવેલો હતો." તો તે ખોરાક ખાશો નહિ. તે ખાશો નહિ. શા માટે? કારણ કે તમને જે વ્યક્તિએ કહ્યું તેના વિશ્વાસને તમે આંચ પહોંચાડવા નથી માગતા. અને તે જ સમયે, લોકો માને છે કે અર્પણ કરેલું ખાવું તે ખોટું છે. ૨૯હું એમ નથી કહેતો કે તમારા મતે તે ખોટું છે. પરંતુ અન્ય વ્યક્તિ માને છે કે તે ખોટું છે. આ એક જ કારણે હું તે માંસ ન ખાઉ. મારી પોતાની સ્વતંત્રતા અન્ય વ્યક્તિ વિચારે તે રીતે મૂલવાવી ન જોઈએ. ૩૦હું ઋણી થઈને ભોજન જમું છું. અને તેથી જે વસ્તુ માટે હું દેવનો ઋણી છું તેના માટે હું ટીકાને પાત્ર થવા નથી માગતો.

૩૧તેથી તમે ખાઓ કે તમે પીવો કે તમે જે કંઈ કરો, તે દેવના મહિમા માટે કરો. ૩૨એવું કંઈ પણ ન કરો કે જે બીજા લોકોને અનિષ્ટ કરવા માટે પ્રેરે–યહૂદીઓ, ગ્રીકો અથવા દેવની મંડળીઓ. ૩૩હું તેમ જ કરું છું. હું પ્રત્યેક વ્યક્તિને દરેક રીતે પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરું છું. જે મારા માટે સારું છે તે કરવાનો પ્રયત્ન નથી કરતો. હું મોટા ભાગના લોકો માટે જે સારું છે તે કરવાનો પ્રયત્ન કરું છું, કે જેથી તેમનું તારણ થાય.

**૧૧** જેમ હું ખ્રિસ્તના નમૂનાને અનુસરું છું તેમ તમે મને અનુસરો.

### સત્તાને આધીન રહેવું

૨દરેક બાબતોમાં તમે મને યાદ કરો છો તેથી હું તમારાં વખાણ કરુ છું. જે શિક્ષણ મેં તમને આપ્યું છે તેને તમે ચુસ્તતાથી અનુસરો છો. ૩પરંતુ તમે આ જાણો એમ હું ઈચ્છું છું: દરેક પુરુષનું શિર ખ્રિસ્ત છે. અને સ્ત્રીનું શિર પુરુષ છે. અને ખ્રિસ્તનું શિર દેવ છે. ૪કોઈ પણ પુરુષ દેવ તરફથી પ્રબોધ* કરતાં કે પ્રાર્થના કરતી વખતે માથું ઢાંકેલું રાખે તો તે પોતાના માથાનું અપમાન કરે છે. ૫અને જે કોઈ પણ સ્ત્રી ઉઘાડા માથે દેવની પ્રાર્થના કે પ્રબોધ કરતી હોય તો તેના માથાનું અપમાન કરે છે. તેણે માથુ ઢાંકેલું રાખવું જોઈએ. જો તે તેનું માથુ ઢાંકતી નથી તો તે સ્ત્રી પેલી સ્ત્રી જેવી જ છે જેણે પોતાના કેશ કપાવી નાખ્યા હોય. ૬જો કોઈ સ્ત્રી પોતાનું મસ્તક ઢાંકતી ન હોય તો તેણે પોતાના માથાનાં બધાં જ વાળ કપાવી નાખવા જોઈએ, પરંતુ સ્ત્રી માટે વાળ કપાવવા અને માથુ મુંડાવવું શરમજનક હોય, તો પછી તેણે તેનું મસ્તક ઢાંકવું જોઈએ. ૭પરંતુ પુરુષે તેનું માથુ ન ઢાંકવું જોઈએ. શા માટે? કારણ કે તે દેવનો મહિમા છે અને તેને દેવ જેવો બનાવવામાં આવ્યો છે. પરંતુ સ્ત્રી પુરુષનો મહિમા છે. ૮પુરુષ સ્ત્રીમાંથી આવ્યો નથી, પરંતુ સ્ત્રી પુરુષમાંથી આવી છે. ૯અને પુરુષને સ્ત્રી માટે નહિ, પરંતુ સ્ત્રીને પુરુષ માટે બનાવવામાં આવી. ૧૦તેથી સ્ત્રીએ પોતાની આધીનતા દર્શાવવા માટે પોતાનું માથુ ઢાંકેલું રાખવું જોઈએ. દૂતોને કારણે પણ તેણે આમ કરવું જોઈએ.

૧૧પરંતુ પ્રભુમાં તો સ્ત્રી પુરુષ માટે, અને પુરુષ સ્ત્રી માટે મહત્વપૂર્ણ છે. ૧૨આ સત્ય છે કારણ કે સ્ત્રી પુરુષમાંથી ઉદભવી પણ પુરુષ સ્ત્રીમાંથી જન્મ્યો. વાસ્તવમાં, દરેક દેવમાંથી ઉદભવ્યા છે. ૧૩તમારા પોતાના માટે નિર્ણય કરો: માથા પર કશું પણ ઢાંક્યા વગર સ્ત્રી દેવની પ્રાર્થના કરે તે શું યોગ્ય છે? ૧૪કુદરત પોતે તમને શીખવે છે કે લાંબા કેશ પુરુષ માટે શોભાસ્પદ નથી. ૧૫પરંતુ લાંબા કેશ સ્ત્રી માટે માનદાયક છે. તેના મસ્તકને ઢાંકવા માટે સ્ત્રીને લાંબા કેશ આપવામાં આવ્યા છે. ૧૬કેટલાએક લોકો હજુ પણ આ બાબત અંગે દલીલ કરવા ઈચ્છે છે. પરંતુ અમે કે દેવની મંડળીઓ આ લોકો જે કરી રહ્યા છે તેને સ્વીકારતા નથી.

### પ્રભુ ભોજન

૧૭જે બાબતો વિષે હવે હું જે કહી રહ્યો છું તેમાં હું તમારી પ્રશંસા કરતો નથી. તમારી સભાઓ તમને મદદકર્તા બનવાને બદલે તમને નુકસાનકર્તા બને છે. ૧૮પ્રથમ તો હું સાંભળું છું કે જ્યારે તમે મંડળીમાં એકઠા થાઓ ત્યારે તમારામાં ભાગલા પડેલા હોય છે. આમાંથી કેટલીક બાબતોને હું માનું છું. ૧૯(તમારામાં મતભેદ હોય તે જરૂરી પણ છે. જેથી કરીને ખરેખર તમે જે કરી રહ્યા છો તે સ્પષ્ટ થઈ શકે.) ૨૦જ્યારે તમે બધા જ ભેગા થાવ, ત્યારે તમે વાસ્તવમાં આવું સાચું પ્રભુનું ભોજન*

---

**"પૃથ્વી ... પ્રભુની છે"** ગી.શા.૨૪:૧; ૫૦:૧૨; ૮૯:૧૧

**પ્રબોધ** દેવથી બોલવું કે શીખવવું.

**પ્રભુ ભોજન** ઈસુએ તેના શિષ્યોને ખાસ ભોજન તેની યાદગીરીને સારું ખાવાને કહ્યું. લૂ.૨૨:૧૪–૨૦

ખાતાં નથી. ૨૧શાથી? કારણ કે તમે જ્યારે ભોજન ખાવા બેસો છો તો તમે બીજાની પ્રતિક્ષા કરતા જ નથી. કેટલાએક લોકો પૂરતું ખાવા કે પીવા માટે મેળવી શકતા નથી, તો કેટલાએક લોકો વધારે મેળવે છે તો તે છાકટા બને છે. ૨૨તમે તમારા પોતાના ઘરોમાં પણ ખાઈ-પી શકો છો! એમ લાગે છે કે તમે એમ માનો છો કે દેવની મંડળી (લોકો) મહત્વપૂર્ણ છે જ નહિ. જે લોકો દરિદ્રી છે તેમને તમે શરમમાં નાખો છો. મારે તમને શું કહેવું? શું મારે આમ કરવા માટે તમારી પ્રશંસા કરવી? હું તમારી પ્રશંસા કરતો નથી.

૨૩જે ઉપદેશ મેં પ્રભુ પાસેથી પ્રાપ્ત કર્યો છે, તે જ ઉપદેશ મેં તમને આપ્યો છે: જે રાત્રે પ્રભુ ઈસુને મારી નાખવા માટે સોંપવામાં આવ્યો, ત્યારે તેણે રોટલી લીધી ૨૪અને તેના માટે સ્તુતિ કરી. પછી તેણે રોટલીના ભાગ પાડ્યા અને કહ્યું કે,"આ મારું શરીર છે; તે તમારા માટે છે. મને યાદ કરવા માટે એમ કરો." ૨૫તે જ રીતે, જમી લીધા પછી, ઈસુએ દ્રાક્ષારસનો પ્યાલો લીધો. ઈસુએ કહ્યું કે, "આ દ્રાક્ષારસ દેવનો તેના લોકો તરફનો નવો કરાર પ્રસ્થાપિત કરે છે. આ નવા કરારનો મારા રક્ત (મરણ) વડે પ્રારંભ થાય છે. જ્યારે તમે તેને પીઓ ત્યારે મને યાદ કરો." ૨૬દરેક વખતે જયારે તમે આ રોટલી ખાવ અને આ પ્યાલામાંથી પીઓ ત્યારે પ્રભુનું પુનરાગમન થાય ત્યાં સુધી તેના મૃત્યુનો પ્રચાર કરો.

૨૭જો કોઈ વ્યક્તિ અયોગ્ય રીતે રોટલી ખાય કે પ્રભુનો પ્યાલો પીએ તો તે વ્યક્તિ પ્રભુના શરીર અને રક્તની વિરુદ્ધ પાપ કરે છે. ૨૮દરેક વ્યક્તિએ રોટલી ખાતા અને પ્યાલો પીતા પહેલા પોતાનું અંત:કરણ તપાસવું જોઈએ. ૨૯જો વ્યક્તિ શરીરને ઓળખ્યા વગર રોટલી ખાય છે અથવા પીએ છે, તો તે વ્યક્તિને ખાધાથી તથા પીધાથી દોષિત ઠરાવવામાં આવે છે. ૩૦તેથી જ તમારા જૂથમાં ઘણા બધા બિમાર અને અશક્ત છે. અને ઘણા બધા મરણને શરણ થયા છે.

૩૧પરંતુ જો આપણે આપણી જાતને મૂલવીએ, તો દેવ આપણો ન્યાય કરશે નહિ. ૩૨પરંતુ જ્યારે પ્રભુ આપણને મૂલવે છે, ત્યારે તે આપણને સાચો માર્ગ બતાવવા સજા કરે છે. જગતના અન્ય લોકો સાથે આપણને દોષિત ઠરાવવામાં ન આવે તેથી તે આમ કરે છે. ૩૩તેથી, મારા ભાઈઓ અને બહેનો, જ્યારે તમે ભોજન માટે મળો ત્યારે તમે એકબીજાની રાહ જુઓ. ૩૪જો કોઈ વ્યક્તિ અતિશય ભૂખી થઈ જાય, તો તેણે તેના ઘરે જમી લેવું જોઈએ. દેવનો ન્યાય તમારા એક સાથે મળવા પર ન તોળાય તેથી આ કરો. જ્યારે હું આવું ત્યારે બીજી બાબતો અંગે તમારે શું કરવું તે તમને જણાવીશ.

## પવિત્ર આત્માનાં દાનો

**૧૨** હવે ભાઈઓ અને બહેનો, તમારી પાસે આત્મિક દાનો અંગે સમજ હોય તેમ હું ઈચ્છું છું. ૨તમે વિશ્વાસુ બન્યા તે પહેલાં તમે જે જીંદગી જીવતા હતા તેને યાદ કરો. તમે તમારી જાતને પ્રભાવિત થવા દઈને તમે મૂર્તિપૂજા તરફ દોરવાઈ ગયા હતા. તે વસ્તુઓની પૂજા કે જેનામાં કોઈ જીવન હોતું નથી. ૩તેથી હું તમને કહું છું કે દેવના આત્માની મદદ વડે બોલનાર વ્યક્તિ ઈસુને શાપપાત્ર કહેતો નથી; અને કોઈ પણ વ્યક્તિ પવિત્ર આત્માની મદદ વગર એમ ન કહી શકે કે, "ઈસુ જ પ્રભુ છે."

૪આત્મિક કૃપાદાનો વિવિધ પ્રકારના હોય છે, પરંતુ તે બધા એક જ આત્મા તરફથી પ્રાપ્ત થયેલા છે. ૫સેવાકાર્યના વિવિધ માર્ગો છે, પરંતુ આ બધા જ માર્ગો એ જ પ્રભુ પાસેથી મેળવેલા છે. દેવ લોકોમાં વિવિધ પ્રકારે કાર્યો કરે છે, પરંતુ આ દરેક પ્રકારો તો એક જ પ્રભુ તરફથી મેળવેલા છે. ૬અને દેવ વિવિધ પ્રકારે લોકોમાં કામ કરે છે, પરંતુ આ બધી જ રીતો એ એક જ દેવની છે. આપણે બધા બધું જ કરવા માટે તે કાર્યો કરીએ છીએ. ૭દરેક વ્યક્તિમાં પવિત્ર આત્માનું પ્રદાન જોઈ શકાય છે. જે આત્મા પ્રદાન કરે છે તેના દ્વારા એક વ્યક્તિ બીજા લોકોને મદદકર્તા બને છે. ૮આત્મા એક વ્યક્તિને શાણપણવાળી વાણી બોલવાનું સામર્થ્ય પ્રદાન કરે છે. જ્યારે આ જ આત્મા બીજી વ્યક્તિને પરમજ્ઞાન વાણી બોલવાનું સામર્થ્ય પ્રદાન કરે છે. ૯આ જ આત્મા એક વ્યક્તિને વિશ્વાસ પ્રદાન કરે છે. અને તે જ આત્મા બીજી વ્યક્તિને સાજાં કરવાનું દાન પ્રદાન કરે છે. ૧૦આ જ આત્મા વડે બીજી વ્યક્તિને ચમત્કારો કરવાનું સામર્થ્ય, તો અન્યને પ્રબોધ કરવાની ક્ષમતા અને અન્ય વ્યક્તિને સારા અને ખરાબ આત્માઓ વચ્ચેનો ભેદ પારખવાની ક્ષમતા પ્રદાન કરે છે. આ જ આત્મા એક વ્યક્તિને વિવિધ ભાષાઓ બોલવાની ક્ષમતા, તો બીજી વ્યક્તિને તે ભાષાઓના અર્થઘટન કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. ૧૧તે એક જ આત્મા આ બધી પ્રક્રિયા કરે છે. આત્મા પ્રત્યેક વ્યક્તિને શું આપવું તેનો નિર્ણય કરે છે.

### ખ્રિસ્તનું શરીર

૧૨એક વ્યક્તિનું શરીર તો એક જ છે, પરંતુ તેના અવયવો ઘણા છે. હા, શરીરને ઘણા અવયવો છે, પરંતુ બધા જ અવયવો ફક્ત એક જ શરીરને ઘડે છે. ખ્રિસ્ત પણ તે પ્રમાણે જ છે: ૧૩આપણામાંના કેટલાએક યહૂદી છીએ તો કેટલાએક ગ્રીક લોકો; આપણામાંના કેટલાએક ગુલામ છીએ તો કેટલાએક સ્વતંત્ર. પરંતુ આપણે બધા જ એક જ આત્મા દ્વારા એક જ શરીરમાં બાપ્તિસ્મા પામેલા છીએ અને આપણને બધાને તે જ એક આત્મા પ્રદાન કરવામાં આવ્યો છે.

૧૪અને વ્યક્તિનું શરીર એક અવયવનું બનેલું નથી. પણ વધારે અવયવોનું બનેલું છે. તેને ઘણા અવયવો હોય છે. ૧૫જો પગ આમ કહે કે, "હું હાથ નથી. તેથી મારે શરીર સાથે કોઈ સંબંધ નથી." પરંતુ પગના આમ કહેવાથી તે શરીરનો એક અવયવ મટી જતો નથી. ૧૬જો કાન આમ કહે કે, "હું આંખ નથી તેથી શરીર સાથે મારે કોઈ સંબંધ નથી." પરંતુ કાનના આમ કહેવાથી તે શરીરના અવયવરૂપે મટી જતો નથી. ૧૭જો સમગ્ર શરીર આંખ હોત, તો સાંભળવા માટે સક્ષમ ન હોત. જો આખું શરીર કાન હોત, તો કશું પણ સૂંઘવા માટે શરીર સક્ષમ ન હોત. ૧૮-૧૯પણ દેવે દરેક અવયવને પોતાની મરજી પ્રમાણે શરીરમાં ગોઠવેલો છે. જો દરેક ભાગ જુદા હોય તો શરીર શરીર રહેતું નથી. પરંતુ દેવે દરેક માટે સ્થાન નિશ્ચિત કર્યુ છે. આપણા શરીરના ઘણા અવયવોને તેની ઈચ્છા પ્રમાણે ગોઠવ્યા છે. જો સર્વ એક અવયવ હોત તો શરીર ક્યાં હોત? ૨૦અને તેથી હવે શરીરના અનેક ભાગો છે પણ શરીર ફક્ત એક છે.

૨૧આંખ હાથને નથી કહી શકતી કે મારે તારી જરૂર નથી!" અને તે જ રીતે મસ્તક પગોને નથી કહી શકતું કે, "મારે તારી જરૂર નથી." ૨૨ના! શરીરના તે અવયવો જે દેખીતી રીતે વધારે નિર્બળ લાગે છે તે વાસ્તવમાં ખરેખર ઘણા જ મહત્વના છે. ૨૩અને શરીરના એ અવયવો કે જેમને આપણે ખાસ મૂલ્યવાન નથી ગણતા તેમની જ આપણે વિશિષ્ટ દરકાર કરીએ છીએ. અને શરીરના એ અવયવો કે જે આપણે પ્રદર્શિત કરવા નથી ઈચ્છતા તેમની આપણે વિશિષ્ટ દરકાર કરીએ છીએ. ૨૪ખરેખર તો આપણા શરીરના સૌથી સુંદર ભાગોને કોઈ વિશિષ્ટ કાળજીની જરૂર પડતી નથી. પણ જે ભાગ ને ઓછું માન અપાયું હતું તેને દેવે વિશેષ માન આપીને વ્યવસ્થિત રીતે શરીરમાં જોડ્યા છે. ૨૫દેવે આમ કર્યુ છે કે જેથી આપણું અંગ વિભાજીત ન થઈ જાય. દેવની ઈચ્છા એવી હતી કે બધા અવયવો એકબીજાને માટે એક સરખી ચિંતા રાખે. ૨૬જો શરીરનો એક અવયવ પીડાય તો તેની સાથે શરીરના બીજા બધા જ અવયવોને પણ વેદના થશે. અથવા શરીરનો કોઈ એક અવયવ સન્માનિત થાય તો બીજા બધા જ અવયવો પણ આનંદ પામે છે.

૨૭તમે બધા સમૂહ તરીકે ખ્રિસ્તનું શરીર છો. વ્યક્તિગત રીતે તમે દરેક તે શરીરનો કોઈ એક અવયવ છો. ૨૮અને મંડળીમાં દેવે પ્રેરિતોને પ્રથમ સ્થાન, પ્રબોધકોને દ્વિતીય સ્થાન અને તૃતીય સ્થાન ઉપદેશકને આપેલું છે. પછી દેવે જે લોકો ચમત્કારો કરે છે તેઓને માટે પણ એક સ્થાન નિશ્ચિત કર્યુ છે. અને તે જ રીતે જે લોકોની પાસે રોગીઓને સાજા કરવાની ક્ષમતા છે, જે લોકો અન્યને મદદરૂપ થાય છે, જે લોકોમાં અગ્રેસરનો ગુણ છે અને જે લોકો વિવિધ ભાષાઓ બોલે છે તેઓને માટે પણ દેવે કોઈ એક સ્થાન નિશ્ચિત કર્યુ છે. ૨૯બધા લોકો પ્રેરિતો નથી કે બધા લોકો પ્રબોધકો થઈ શકે નહિ. બધા લોકો ચમત્કારો પણ કરી શકતા નથી. ૩૦કે બધાની પાસે બીજાને સાજા કરવાની ક્ષમતા પણ નથી. બધા લોકો જુદી જુદી ભાષામાં બોલી શકતા નથી. બધા લોકો આ ભાષાઓનું અર્થઘટન કરવા માટે સમર્થ નથી હોતા. ૩૧તમારે તો ખરેખર આત્માના ઉત્તમ કૃપાદાનોની જ ઈચ્છા રાખવી જોઈએ. હું તમને સૌથી ઉત્તમ માર્ગ દર્શાવીશ.

### પ્રીતિ એજ શ્રેષ્ઠ દાન છે

**૧૩** જો હું માણસોની તથા દૂતોની વિવિધ ભાષા બોલી શકુ, પરંતુ જો મારામાં પ્રીતિ ન હોય તો હું રણકારો કરનાર ઘૂઘરી કે ઝમકાર કરતી એક ઝાંઝ માત્ર છું. ૨જો કે મને પ્રબોધ કરવાનું દાન હોય તો, હું દેવની તમામ રહસ્યપૂર્ણ વાતો જાણતો હોઉં અને સર્વ બાબતમાં જ્ઞાની હોઉં, અને પર્વતોને હઠાવી દે એવો મારો વિશ્વાસ હોય. પરંતુ આ બધી બાબતો ઉપરાંત જો મારામાં પ્રીતિ ન હોય તો હું કશું જ નથી. ૩મારી પાસે જે કંઈ છે તે બધું જ હું લોકોને ખવડાવવા માટે આપી દઉં. અને હું મારું શરીર પણ અર્પણ તરીકે અગ્નિને સોંપી દઉં. પરંતુ જો મારામાં પ્રીતિ ન હોય તો પછી મને કોઈ લાભ નથી.

૪પ્રીતિ સહનશીલ છે અને પ્રીતિ પરોપકારી છે. પ્રીતિમાં ઈર્ષ્યા નથી, તે બડાશ મારતી નથી અને તે ગર્વિષ્ઠ પણ નથી. ૫પ્રીતિ ઉધ્ધત નથી, પ્રીતિ સ્વાર્થી નથી અને પ્રીતિ આસાનીથી ક્રોધિત પણ થઈ જતી

નથી. પ્રીતિ તેની સામે થયેલા અનુચિત વ્યવહારને યાદ રાખતી નથી. [૬]પ્રીતિ દુષ્ટતા સાથે નહિ, પરંતુ પ્રીતિ સત્ય સાથે પ્રસન્ન હોય છે. [૭]પ્રીતિ ધૈર્ય સાથે આ બાબતોને સ્વીકાર્ય ગણે છે. પ્રીતિ હંમેશા વિશ્વાસ કરે છે, હંમેશા આશા રાખે છે, અને હંમેશા મદદરૂપ બને છે. હંમેશા સહન કરે છે.

[૮]પ્રીતિ ક્યારેય નામશેષ થતી નથી. દેવ તરફથી ભવિષ્ય કથન કરવાનાં દાનો છે, પણ તે તો સમાપ્ત થઈ જશે. વિવિધ ભાષાઓમાં વક્તવ્ય આપવાના દાનો છે, પણ તે દાનો પણ નામશેષ થઈ જશે. જ્ઞાનનું દાન છે, પણ તે અસ્ત પામશે. [૯]આ વસ્તુઓનો અંત આવશે કારણ કે જે જ્ઞાન અને ભવિષ્ય કથન આપણી પાસે છે તે અપૂર્ણ છે. [૧૦]પરંતુ જ્યારે પૂર્ણતા પ્રાપ્ત થશે ત્યારે અપૂર્ણતાનો અંત આવશે. [૧૧]જ્યારે હું બાળક હતો ત્યારે બાળક જેવી વાતચીત કરતો; બાળક જેવું વિચારતો; બાળક જેવી યોજનાઓ ઘડતો. પણ હું જ્યારે પુરુષ બન્યો, ત્યારે મેં બાળકો જેવું વર્તન છોડી દીધું છે. [૧૨]આપણી સાથે પણ આમ જ છે. અત્યારે તો આપણે દર્પણમાં ઝાંખું ઝાંખું જોઈ રહ્યા છીએ. પરંતુ ભવિષ્યમાં આપણે ત્યારે સ્પષ્ટપણે જોઈ શકીશું. અત્યારે તો હું ફક્ત એક અંશને જ જાણું છું. પરંતુ ત્યારે કે જ્યારે હું સંપૂર્ણપણે જ્ઞાત હોઈશ. જેવી રીતે દેવ મને ઓળખે છે. તેવી રીતે હું પણ તેને સંપૂર્ણ જાણીશ. [૧૩]તેથી વિશ્વાસ, આશા, અને પ્રીતિ. આ બધામાં પ્રીતિ શ્રેષ્ઠ છે.

## આત્મિક દાનોને મંડળી માટે ઉપયોગી બનાવો

**૧૪** પ્રીતિ એ એવી બાબત છે કે જેના માટે તમારે પ્રયત્ન કરવો જોઈએ. અને ખરેખર તમારે આત્મિક દાનની અભિલાષા રાખવી જોઈએ. એ બધામાં સૌથી વધુ પ્રબોધ કરવાની અભિલાષા રાખવી જોઈએ. [૨]તે શા માટે તે હું સમજાવીશ: જે વ્યક્તિમાં વિવિધ ભાષાઓ બોલવાની ક્ષમતા છે તે લોકોને સંબોધતા નથી પરંતુ તે દેવને સંબોધે છે. તે વ્યક્તિને કોઈ સમજી શકતું નથી. કારણ કે આત્મા થકી તે મર્મો વિષે બોલે છે. [૩]પરંતુ જે વ્યક્તિ પ્રબોધ કરે છે, તે લોકોને કહે છે. તે લોકોને સામર્થ્ય, પ્રોત્સાહન અને દિલાસો આપે છે. [૪]જે વ્યક્તિ અન્ય ભાષા બોલે છે તે માત્ર પોતાની જાતને જ મદદરૂપ થાય છે, પરંતુ પ્રબોધક તો આખી મંડળીને મદદરૂપ થાય છે. [૫]તમારા બધામાં વિવિધ ભાષા બોલવાની ક્ષમતા હોય તે મને ગમશે. પરંતુ તમારી પ્રબોધ કરવાની ક્ષમતા મને વધુ ગમશે. પ્રબોધક વિવિધ ભાષી કરતાં વધુ મહાન છે. જે વ્યક્તિ વિવિધ ભાષી છે તે પ્રબોધક જેવો જ છે, જો તે બધી ભાષાઓનું અર્થઘટન કરી શકે, કે જેથી તેનું ઉદબોધન મંડળીઓને મદદરૂપ થાય.

[૬]ભાઈઓ અને બહેનો, જુદી–જુદી ભાષા બોલીને હું તમારી પાસે આવું તો તમને મદદરૂપ બનીશ? ના! જ્યારે હું નૂતન સત્ય કે થોડો પ્રબોધ, કે થોડો ઉપદેશ લઈને આવું ત્યારે તે તમને ઉપયોગી થશે. [૭]અર્થ વગર વિવિધ ભાષામાં બોલવું તે નિર્જીવ વસ્તુઓ દ્વારા કરવામાં આવતા ધ્વનિ સમાન છે જેમ કે વાંસળી કે વીણા. જો સંગીતના વિવિધ સૂરને સુસ્પષ્ટ ન કરવામાં આવે તો કયું ગીત વાગે છે તેનો ભેદ સમજી શકશો નહિ. સૂરને તમે સાચી રીતે સમજી શકો તે માટે પ્રત્યેક સ્વર સ્પષ્ટ રીતે વગાડવો જોઈએ. [૮]આ જ રીતે યુદ્ધમાં જો રણશિંગડું સ્પષ્ટ રીતે ફૂંકવામાં ન આવે તો સૈનિકોને યુદ્ધની તૈયારીનો સમય છે એની ખબર ન પડે. [૯]તમારી સાથે પણ આમ જ છે. બધી ભાષાઓમાં બોલાયેલા શબ્દો સ્પષ્ટ હોવા જોઈએ, નહિ તો તમે શું કહેવા માગો છો તે કોઈ પણ વ્યક્તિ સમજી શકશે નહિ, અને તમે માત્ર હવામાં વાતો કરતા રહી જશો! [૧૦]તે સાચું છે કે દુનિયામાં વિવિધ પ્રકારની ભાષાઓ છે, ને દરેકને પોતાના વિવિધ અર્થ હોય છે. [૧૧]અને તેથી એક વ્યક્તિ શું કહે છે તે જો હું ન સમજી શકું તો મને એમ લાગે કે તે વિચિત્ર બોલે છે અને તેને લાગે કે હું વિચિત્ર બોલું છું. [૧૨]તમારી સાથે પણ આવું જ છે. તમે આત્મિક દાનની ખૂબ ઈચ્છા ધરાવો છો જેથી મંડળી વધારે શક્તિશાળી બને. તેથી તે મેળવવા અથાગ પ્રયત્ન કરો.

[૧૩]તેથી જે વ્યક્તિની પાસે અન્ય ભાષા બોલવાની ક્ષમતા છે, તે પોતે જે બોલે છે તેનું તે સાચું અર્થઘટન કરી શકે તેવી તેણે પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. [૧૪]હું જો અન્ય ભાષામાં પ્રાર્થના કરું તો મારો આત્મા પ્રાર્થના કરે છે, પરંતુ મારું મન તો નિષ્ક્રિય છે. [૧૫]તો મારે શું કરવું જોઈએ? હું મારા આત્મા સાથે પ્રાર્થના કરીશ. પણ હું મારા મન સાથે પણ પ્રાર્થના કરીશ. હું મારા આત્મા સાથે ગાઈશ. પણ હું મારા મન સાથે પણ ગાઈશ. [૧૬]તમારા આત્મા થકી તમે દેવનો મહિમા ભલે ગાતા હો, પરંતુ એક વ્યક્તિ સમજ્યા વગર તમારી આભારસ્તુતિની પ્રાર્થનાને "આમીન* " નહિ કહી શકે. શા માટે? કારણ કે તે સમજતો નથી કે તમે શું કહી રહ્યા છો. [૧૭]તમે સુંદર રીતે દેવની આભારસ્તુતિ કરતા હશો, પરંતુ ન સમજનાર વ્યક્તિ માટે તે મદદરૂપ નથી બનતું.

---

**આમીન** જયારે વ્યક્તિ "આમીન" કહે છે, તો તેનો અર્થ એ કે તે જે બાબત કહેવામાં આવી છે તેની સાથે સંમત થાય છે.

૧૮તમારા બધા કરતા વિવિધ પ્રકારની ભાષા બોલવાની મારી શકિત વિશેષ છે, તે માટે હું દેવનો આભારી છું. ૧૯પરંતુ મંડળીની સભામાં તો વિવિધ ભાષાના હજારો શબ્દો બોલવાને બદલે હું જેને સમજી શકુ છું તેવા માત્ર પાંચ શબ્દો જ બોલીશ. હું મારી સમજ પ્રમાણે બોલવાનું પસંદ કરું છું કે જેથી હું બીજા લોકોને ઉપદેશ આપી શકુ. ૨૦ભાઈઓ અને બહેનો, બાળકો જેવું ન વિચારશો. દુષ્ટતામાં બાળકો થાઓ. પરંતુ તમારી વિચારસરણીમાં તો પુખ્ત ઉંમરના માણસ જેવા જ બનો. ૨૧પવિત્રલેખમાં લખ્યું છે કે:

> "જે લોકો જુદા પ્રકારની ભાષા બોલે છે તેમની
> અને વિદેશીઓની વાણીનો ઉપયોગ કરીને હું
> લોકોને ઉદબોધન કરીશ પરંતુ તેમ છતાં આ
> લોકો મને કબૂલ કરશે નહિ."
>
> *યશાયા ૨૮:૧૧-૧૨*

પ્રભુ આમ કહે છે.

૨૨તેથી અન્ય ભાષા વિશ્વાસીઓનેનહિપણ અવિશ્વાસીઓનેચિહનરૂપછે;પણપ્રબોધ વિશ્વાસીઓને નહિ પણ વિશ્વાસીઓને ચિહનરૂપે છે. ૨૩ધારો કે આખી મંડળી ભેગી મળે અને સભામાં તમે બધા જુદી-જુદી ભાષાઓ બોલો, ત્યારે નહિ સમજનારા કે વિશ્વાસ વગરના કેટલાએક લોકો ત્યાં આવે તો તેઓ તમને કહેશે કે તમે ઘેલા છો. ૨૪પરંતુ ધારો કે તમે બધા પ્રબોધ કરી રહ્યા છો ત્યારે વિશ્વાસ વગરની બહારની કોઈ વ્યકિત ત્યાં આવે તો જ્યારે તમે પ્રબોધ કરી રહ્યા છો ત્યારે તે વ્યકિતના પાપ તમે દર્શાવશો અને તમે બધા જે કહો છો તેનાથી તે વ્યકિતનો ન્યાય થશે. ૨૫તે વ્યકિતના હૃદયની રહસ્યમય વાત પ્રકાશમાં આવશે અને પરિણામે તે વ્યકિત નમન કરીને દેવનું ભજન કરશે અને કહેશે કે, "ખરેખર, દેવ તમારી સાથે છે."

### તમારી સભા મંડળીને મદદરૂપ થવી જોઈએ

૨૬તો ભાઈઓ અને બહેનો, તમારે શું કરવું જોઈએ? જ્યારે તમે મળો ત્યારે એક વ્યકિત ગીત ગાવા માટે હોય, બીજી વ્યકિતએ બોધ આપવાનો હોય, બીજી વ્યકિત દેવ તરફથી પ્રગટેલા નૂતન સત્યને દર્શાવતી હોય, જ્યારે અન્ય વ્યકિત અન્ય ભાષા બોલતી હોય અને બીજી વ્યકિત આ ભાષાનું અર્થઘટન કરતી હોય. આ બધી જ બાબતોનો મૂળભૂત હેતુ મંડળીઓને વધુ શકિતશાળી બનાવવાનો હોવો જોઈએ. ૨૭જ્યારે તમે એકત્રિત થાઓ અને કોઈ વ્યકિત સમૂહને અન્ય ભાષામાં ઉદબોધિત કરે ત્યારે બે કે વધુમાં વધુ ત્રણથી વધારે માણસોએ ન બોલવું જોઈએ. અને તેઓએ એક પછી એક બોલવું જોઈએ અને બીજી વ્યકિતએ તે જે બોલે છે તેનું અર્થઘટન કરવું જોઈએ. ૨૮પરંતુ ત્યાં કોઈ પણ અર્થઘટન કરનાર ન હોય તો મંડળીની સભામાં અન્ય ભાષામાં બોલનારે શાંત રહેવું જોઈએ. તે વ્યકિતએ માત્ર પોતાની જાતને અને દેવને ઉદબોધન કરવું જોઈએ.

૨૯અને માત્ર બે કે ત્રણ પ્રબોધકોએ જ બોલવું જોઈએ અને તેઓ જે બોલે છે તેનું બીજાઓએ મૂલ્યાંકન કરવું જોઈએ. ૩૦અને જે વ્યકિત બેઠેલી છે તેનામાં પ્રભુના સંદેશની પ્રેરણા જાગે તો પ્રથમ વકતાએ અટકી જવું જોઈએ. ૩૧તમે બધા એક પછી એક પ્રબોધ કરી શકો. આ રીતે બધા જ લોકોને ઉપદેશ આપી શકાય અને પ્રોત્સાહિત કરી શકાય. ૩૨પ્રબોધકોનો આત્મા પ્રબોધકોના પોતાના નિયંત્રણમાં હોય છે. ૩૩દેવ અવ્યવસ્થાનો નહિ પરંતુ શાંતિનો દેવ છે. ૩૪સ્ત્રીઓએ મંડળીની સભાઓમાં શાંત રહેવું જોઈએ. દેવના લોકોની બધી જ મંડળીઓમાં આમ જ હોવું જોઈએ. મૂસાનો નિયમ કહે છે તે પ્રમાણે સ્ત્રીઓને બોલવાની છૂટ ન આપવી જોઈએ અને તેમણે નિયંત્રણમાં રહેવું જોઈએ. ૩૫સ્ત્રીઓને પોતાને કંઈક જાણવાની ઈચ્છા હોય તો તેમણે તેમના ઘેર તેમના પતિઓને પૂછવું જોઈએ. મંડળીની સભાઓમાં સ્ત્રીઓનું બોલવું ઘણું શરમજનક છે. ૩૬શું દેવનો ઉપદેશ તમારા થકી છે? ના! અથવા તમે માત્ર એક એવા છો કે જેમને આ ઉપદેશ પ્રાપ્ત થયો છે? ના!

૩૭જો કોઈ પણ વ્યકિત એમ ધારતી હોય કે તે પોતે પ્રબોધક છે અથવા તેને આત્મિક દાન મળેલું છે, તો તે વ્યકિતએ સમજવાની જરૂર છે કે તમને જે આ હું લખું છું તે પ્રભુનો આદેશ છે. ૩૮જો તે વ્યકિત આ ન જાણતી હોય તો દેવ દ્વારા તે અજ્ઞાત છે.

૩૯તેથી મારા ભાઈઓ અને બહેનો, ખરેખર તમારે પ્રબોધ કરવાની અભિલાષા રાખવી જોઈએ, પરંતુ અન્ય ભાષામાં બોલવાનું દાન ધરાવતા લોકોને તે ભાષામાં બોલતા રોકશો નહિ. ૪૦પરંતુ દરેક વસ્તુ યોગ્ય અને વ્યવસ્થિત રીતે કરવી જોઈએ.

### ખ્રિસ્ત વિષે સુવાર્તા

**૧૫** હવે ભાઈઓ અને બહેનો, હું ઈચ્છું છું કે તમે સુવાર્તાને યાદ રાખો કે જે વિષે મેં તમને કહ્યું હતું. ૨તમે આ સંદેશાથી તારણ પામ્યા છો અને તે બાબતે તમે વધુ ને વધુ દૃઢ અને વફાદાર બનવાનું ચાલુ રાખો. આ સંદેશ દ્વારા તમારું તારણ થયું પરંતુ મેં

તમને જે કહ્યું છે તેમાં વિશ્વાસ રાખવાનું તમારે સતત
ચાલુ રાખવું જ જોઈએ. જો તમે તેમ નહિ કરો તો
તમારો વિશ્વાસ નકામો છે.
૩મેં જે સંદેશ પ્રાપ્ત કર્યો તે મેં તમને પ્રદાન કર્યો. મેં
તમને એક વિશેષ મહત્વની વાત કહી કે આપણા પાપો
માટે ખ્રિસ્ત મૃત્યુ પામ્યો, જેમ ધર્મશાસ્ત્ર કહે છે કે;
૪ખ્રિસ્તને દાટવામાં આવ્યો હતો અને ત્રીજે દહાડે તેનું
ઉત્થાન થયું એમ ધર્મશાસ્ત્ર કહે છે; ૫પણ ખ્રિસ્તે પોતાની
જાતે પિતરને દર્શન દીધું અને પછી બીજા બાર પ્રેરિતોને
સમૂહમાં દર્શન આપ્યું. ૬ત્યારબાદ એક જ સમયે ૫૦૦
કરતાં પણ વધુ ભાઈઓને ખ્રિસ્તે પોતાનું દર્શન આપ્યું.
આમાંના મોટા ભાગના ભાઈઓ હજુ જીવિત છે, જો કે
કેટલાક મૃત્યુ પામ્યા છે. ૭પછી ખ્રિસ્તે યાકૂબને દર્શન
આપ્યું અને પાછળથી પ્રેરિતોને પુન:દર્શન આપ્યું. ૮અને
અંતે જાણે હું સમય પહેલા જન્મેલો હોઉં તેમ સર્વથી
છેલ્લે ખ્રિસ્તે મને પોતે દર્શન દીધું. ૯બધા જ પ્રેરિતો
મારા કરતાં મહાન છે, કારણ કે દેવની મંડળીની મેં
સતાવણી કરી છે તેથી હું તો પ્રેરિત કહેવાને પણ લાયક
નથી. ૧૦પરંતુ દેવની કૃપાએ અત્યારે હું જે છું તે છું.
અને દેવની કૃપા જે તેણે મને અર્પિત કરી તે નિરર્થક
નથી ગઈ. બીજા બધા પ્રેરિતો કરતા મેં વધારે સખત
કામ કર્યુ છે. (જો કે કામ કરનાર હું ન હતો, પરંતુ
મારામાં સ્થિત દેવની કૃપા કાર્યરત હતી.) ૧૧તેથી એ
મહત્વનું નથી કે હું ઉપદેશ આપું કે અન્ય પ્રેરિતો
તમને ઉપદેશ આપે–કારણ કે અમે એ જ વસ્તુનો ઉપદેશ
આપીએ છીએ કે જેમાં તમે વિશ્વાસ કરો.

## મૃત્યુમાંથી આપણે ઊઠીશું

૧૨ખ્રિસ્ત મૃત્યુમાંથી ઊઠયો છે તેવો ઉપદેશ આપવામાં
આવે છે તો તમારામાંના કેટલાએક એમ શા માટે કહે
છે કે મૂએલાનું પુનરુત્થાન નથી? ૧૩જો મૂએલાનું
પુનરુત્થાન નથી તો એનો અર્થ એ કે ખ્રિસ્ત મૃત્યુમાંથી
કદી પણ ઊઠયો નથી. ૧૪અને જો ખ્રિસ્ત કદી પણ
ઊઠયો નથી તો અમારો ઉપદેશ નિરર્થક છે. અને તમારો
વિશ્વાસ અર્થહીન છે. ૧૫અને દેવ વિષે અસત્ય બોલવા
માટે અમે ગુનેગાર ઠરીશું. શા માટે? કારણ કે અમે દેવ
વિષે એવો ઉપદેશ આપ્યો કે દેવે ખ્રિસ્તને મૂએલામાંથી
ઊઠાડયો છે. અને જો લોકો મૂએલામાંથી ઊઠયા ન
હોય તો દેવે ખ્રિસ્તને મૂએલામાંથી કદી પણ ઊઠાડયો
નથી. ૧૬જો મૃત લોકો મૂએલામાંથી ઊઠયા નથી તો
ખ્રિસ્ત પણ કદી મૂએલામાંથી ઊઠયો નથી. ૧૭અને જો
ખ્રિસ્ત મૂએલામાંથી ઊઠયો નથી તો તમારો વિશ્વાસ
નિરર્થક છે, પરંતુ તમે તમારાં પાપો માટે હજુ પણ
દોષિત છો. ૧૮અને ખ્રિસ્તમાં જેઓ મરી ગયેલાં છે,
તેઓ હંમેશને માટે વિલિન થઈ ગયા છે. ૧૯જો આપણી
ખ્રિસ્તમાંની અભિલાષા માત્ર આ દુન્યવી જીવન પૂરતી
મર્યાદિત હોય તો બીજા લોકો કરતાં પણ આપણે વધુ
દયાજનક છીએ.
૨૦પરંતુ હકીકતમાં ખ્રિસ્ત મૂએલામાંથી ઊઠયો છે.
મૃત્યુની ઘેરી નિંદ્રામાં સૂતેલા તે બધા જ વિશ્વાસીઓમાં
તે પ્રથમ હતો. ૨૧કોઈ એક માણસના (આદમ) કૃત્યના
કારણે લોકોનાં મૃત્યુ થયાં પરંતુ બીજા એક માણસના
(ખ્રિસ્ત) કૃત્યના કારણે લોકો મૂએલામાંથી ઊઠશે.
૨૨આદમ થકી આપણે સર્વ મૃત્યુ પામીએ છીએ અને તે
જ રીતે ખ્રિસ્ત થકી આપણે સર્વ સજીવન થઈશું. ૨૩પરંતુ
દરેક વ્યકિત યોગ્ય ક્રમમાં સજીવન થશે. સજીવન
થવામાં ખ્રિસ્ત સૌ પ્રથમ હતો. જ્યારે ખ્રિસ્તનું
પુનરાગમન થશે ત્યારે જે લોકો ખ્રિસ્તના છે તે લોકો
પણ સજીવન થશે. ૨૪પછી અંત આવશે. ખ્રિસ્ત બધા
જ શાસકો, અધિકારીઓ અને સત્તાઓનો ધ્વંશ કરશે,
અને પછી તે દેવ પિતાને રાજ્યની સોંપણી કરશે. ૨૫જ્યાં
સુધી દેવ બધા જ દુશ્મનોને ખ્રિસ્તના અંકુશ નીચે ન
લાવે ત્યાં સુધી ખ્રિસ્તે શાસન કરવું જોઈએ. ૨૬મૃત્યુ તે
આખરી દુશ્મન હશે જેનો નાશ થશે. ૨૭શાસ્ત્રલેખ કહે
છે કે, "દેવ બધી જ વસ્તુઓને ખ્રિસ્તના નિયંત્રણમાં
મૂકે છે."* જ્યારે શાસ્ત્રલેખ, "બધી જ વસ્તુઓ" ને
ખ્રિસ્તના નિયંત્રણ નીચે મૂકે છે ત્યાં એ સ્પષ્ટ છે કે
દેવનો આમાં સમાવેશ થતો નથી. કારણ કે દેવ તે એક
છે કે જે બધી જ વસ્તુઓને ખ્રિસ્તના નિયંત્રણ નીચે
મૂકે છે. ૨૮જ્યારે ખ્રિસ્તના નિયંત્રણ નીચે બધી જ વસ્તુઓ
આવશે. પછી પુત્ર (ખ્રિસ્ત) પોતે જ દેવના નિયંત્રણને
આધીન થશે. દેવ તે એક છે કે જે બધી વસ્તુઓને
ખ્રિસ્તના નિયંત્રણમાં મૂકે છે તેથી દેવ બધી જ વસ્તુઓના
સંપૂર્ણ શાસક બનશે. ૨૯જો લોકોને મૂએલામાંથી કદી
પણ ઊઠાડયા ન હોય તો મૃત્યુ પામેલા લોકોના વતી
જે લોકો બાપ્તિસ્મા પામ્યા છે તેઓ શું કરશે? જો મૃત્યુ
પામેલા લોકો કદી પણ ઊઠયા ન હોય તો તેઓના માટે
લોકો શા માટે બાપ્તિસ્મા લે છે?
૩૦અને આપણું શું? શા માટે દરેક કલાકે આપણે
આપણી જાતને ભયમાં મૂકીએ છીએ? ૩૧હું તો દરરોજ
મૃત્યુ પામું છું. ભાઈઓ તે એટલું જ સાચું છે, કે જેટલું
આપણા પ્રભુ એવા ખ્રિસ્ત ઈસુમાં તમારા વિષે હું
અભિમાન લઉ છું. તે સાચું છે. ૩૨જો હું એફેસસમાં

---

**"દેવ બધી જ … નિયંત્રણમાં મૂકે છે"** ગી.શા.૮:૬

માત્ર માનવીય કારણોને લઈને જંગલી પશુઓ સાથે લડયો હોઉં, માત્ર મારા અહંકારને પોષવા માટે લડ્યો હોઉં, તો મેં કશું જ પ્રાપ્ત કર્યું નથી. જો લોકો મૃત્યુમાંથી ઊઠતા ન હોય તો, "ચાલો આપણે ખાઈએ, પીએ અને મજા કરીએ કારણ કે કાલે તો આપણે મરવાના છીએ."*

૩૩મૂર્ખ ન બનશો: "ખરાબ મિત્રો સારી આદતોનો નાશ કરે છે." ૩૪તમારા ન્યાયી વિચારો તરફ પાછા ફરો અને પાપ આચરવાનું બંધ કરો. હું તમને શરમાવવા માટે કહું છું કે તમારામાંના કેટલાએક દેવને જાણતા નથી.

### કયા પ્રકારનું શરીર આપણું હશે?

૩૫પરંતુ કેટલાએક લોકો કદાચ પૂછશે કે, "મૃત્યુ પામેલા લોકો પુર્નજીવિત કેવી રીતે થાય? તેઓ કેવાં શરીર ધારણ કરીને આવે?" ૩૬આ બધા મૂર્ખતા ભરેલા પ્રશ્નો છે. જ્યારે તમે કંઈક વાવો ત્યારે પ્રથમ જમીનની અંદર તે મૃત્યુ પામે છે અને પછી તે જીવનમાં નવપલ્લવિત થાય છે. ૩૭અને તમે જે વાવો છો તેનું સ્વરૂપ પછીથી આકાર લેનાર "શરીર" જેવું નહિ હોય. તમે જે વાવ્યું છે તે તો માત્ર ઘઉં કે બીજી કોઈ વસ્તુનું બીજ માત્ર છે. ૩૮પરંતુ દેવ તેના આયોજન પ્રમાણે તેને શરીરનું સ્વરૂપ આપે છે. અને દેવ ભિન્ન–ભિન્ન બીજને તેમનું પોતાનું જુદુ અંગ આપે છે. ૩૯હાડ–માંસમાંથી બનેલી દરેક વસ્તુઓ તે એક જ હાડ–માંસની નથી: તેથી લોકોનું હાડ–માંસ (શરીર) એક પ્રકારનું હોય છે, જ્યારે પ્રાણીઓનું બીજા એક પ્રકારનું, પક્ષીઓનું શરીર બીજા એક પ્રકારનું અને માછલીઓનું શરીર બીજા એક પ્રકારનું હોય છે. ૪૦દુન્યવી શરીરો તેમજ સ્વર્ગીય શરીરો પણ ભિન્ન પ્રકારનાં હોય છે. પરંતુ સ્વર્ગીય શરીરોની સુંદરતા એક પ્રકારની છે, જ્યારે દુન્યવી શરીરોની સુંદરતા બીજા પ્રકારની છે. ૪૧સૂર્યનું સૌંદર્ય એક પ્રકારનું છે, જ્યારે ચંદ્રનું બીજા પ્રકારનું. જ્યારે તારાઓની સુંદરતા કંઈક જુદી જ છે. તેમજ દરેક તારો પોતાની સુંદરતામાં બીજાથી વિશિષ્ટ છે.

૪૨જે લોકો મૃત્યુમાંથી ઊભા થશે તેમને માટે પણ આવું જ છે. જે શરીરનું "રોપણ" થયું છે તે તો સડી જશે. પરંતુ જે શરીર મૃત્યુમાંથી ઊઠશે તેનો વિનાશ થશે નહિ. ૪૩કોઈ પણ પ્રકારના સન્માન વગર શરીરનું "રોપણ" કરવામાં આવે છે, પરંતુ મહિમા સાથે તે પુનર્જીવિત થાય છે. 'રોપેલું' શરીર નિર્બળ હોય છે, પરંતુ પુનર્જીવિત શરીર શક્તિશાળી હોય છે. શરીર જે 'રોપેલું' છે તે ભૌતિક છે, પરંતુ જે પુર્નજીવિત થયું છે તે શરીર આત્મિક છે.

૪૪જેમ ભૌતિક શરીર છે તેમ આત્મિક શરીર પણ છે. ૪૫પવિત્રશાસ્રમાં લખ્યું છે કે: "પ્રથમ પુરુષ (આદમ) સજીવ પ્રાણી થયો."* પરંતુ અંતિમ આદમ એ આત્મા થયો કે જે જીવન પ્રદાન કરે છે. ૪૬આત્મિક માણસનું આગમન પ્રથમ નથી થતું. ભૌતિક માણસ પહેલા આવે છે, અને પછી આત્મિક માણસ આવે છે. ૪૭પ્રથમ માણસનું આગમન પૃથ્વીની રજકણમાંથી થયું. જ્યારે બીજા માણસનું આગમન આકાશમાંથી થયું. ૪૮લોકો પૃથ્વીને આધીન છે તેથી તેઓ પ્રથમ પેલા દુન્યવી માણસ જેવા છે. પરંતુ જે લોકો સ્વર્ગને આધિન છે તે લોકો પેલા સ્વર્ગીય પુરુષ જેવા છે. ૪૯આપણને પેલા દુન્યવી માણસ જેવા બનાવ્યા છે. તેથી આપણને પેલા સ્વર્ગીય પુરુષ જેવા પણ બનાવવામાં આવશે.

૫૦ભાઈઓ અને બહેનો, હું તમને કહું છું કે હાડ–માંસ અને રક્તને દેવના રાજ્યમાં તેનો હિસ્સો હોઈ શકે નહિ. જે વસ્તુઓ નાશવંત છે તે અવિનાશી વસ્તુઓનો ભાગ મેળવી શકે નહિ. ૫૧પરંતુ સાંભળો, હું તમને એક રહસ્ય કહું છું: આપણે બધા મૃત્યુ નહિ પામીએ પરંતુ એક પરિવર્તન પામીશું. ૫૨અને આ એકમાત્ર ક્ષણમાં થશે. એક આંખના પલકારાની ત્વરાથી આપણે બદલાઈ જઈશું. જ્યારે છેલ્લું રણશિંગડું ફૂંકાશે ત્યારે આમ બનશે. રણશિંગડું ફૂંકાશે અને જે વિશ્વાસીઓ મૃત્યુ પામ્યા છે તે ચિરંતનકાળ પર્યંત જીવવા પુર્નજીવિત થશે. અને આપણે જે જીવંત છીએ તે પણ પરિવર્તન પામીશું. ૫૩આ શરીર કે જેનો નાશ થવાનો છે. તેણે જેનો નાશ ન કરી શકાય તેવાં વસ્રો પરિધાન કરેલાં હોવા જોઈએ. અને આ શરીર જે મૃત્યુ પામે છે તેણે તેને અમરપણું પરિધાન કરેલું હોવું જોઈએ. ૫૪એટલે કે શરીર જે નાશવંત છે તેણે અમરપણું ધારણ કરવું જોઈએ અને આ શરીર જે મૃત્યુ પામે છે તેને અમરપણું ધારણ કરાવવું જોઈએ. જ્યારે આ બનશે ત્યારે ધર્મલેખ નીચેનું કથન સત્ય સાબિત થશે:

"મૃત્યુનો વિનાશ થયો અને આ મરણ જયમાં
ગરક થઈ ગયું છે." *યશાયા ૨૫:૮*

૫૫ "મરણ તારો વિજય ક્યાં છે? મરણ, તારી ઘાયલ
કરવાની શક્તિ ક્યાં છે?" *હોશિયા ૧૩:૧૪*

---

**"ચાલો આપણે … મરવાના છીએ"** યશા.૨૨:૧૩; ૫૬:૧૨

**"પ્રથમ પુરુષ … થયો"** ઉત.૨:૭.

૫૬પાપ તે મૃત્યુની ઘાયલ કરવાની શક્તિ છે, અને
પાપની શક્તિ તે નિયમ છે. ૫૭પરંતુ આપણે દેવના
આભારી છીએ, દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા
આપણને વિજય આપે છે.
૫૮મારા પ્રિય ભાઈઓ અને બહેનો, દઢ બનો. કોઈ
પણ વસ્તુથી તમારી જાતને બદલવા ન દો. હંમેશા
પ્રભુના કામમાં સમર્પિત બનો. તમે જાણો છો કે પ્રભુ
પ્રત્યેનું તમારું કાર્ય કદી પણ નિરર્થક જતું નથી.

### અન્ય વિશ્વાસીઓ માટે સંગ્રહ

**૧૬** હવે હું દેવના લોકો માટે પૈસા એકત્ર કરવા
વિષે લખીશ. ગલાતિયાની મંડળીઓને મેં જે
કરવા સૂચવ્યું છે તે જ પ્રમાણે તમે કરો: ૨પ્રત્યેક સપ્તાહના
પ્રથમ દિવસે તમારામાંની પ્રત્યેક વ્યક્તિએ તમારી
આવકમાંથી શક્ય હોય તેટલા પૈસા બચાવવા જોઈએ.
તમારે આ પૈસા કોઈ વિશિષ્ટ જગ્યાએ રાખવા જોઈએ
જેથી હું આવું પછી તમારે તમારા પૈસા એકત્ર કરવાના
ન રહે. ૩જ્યારે હું આવું ત્યારે હું કેટલાએક માણસોને
મોકલીશ કે જે તમારા દાનને યરૂશાલેમ સુધી પહોંચાડે.
આ એવા લોકો હશે કે તમે બધા સંમત થશો કે તેમણે
જ જવું જોઈએ. હું તેઓને પરિચયપત્રો આપીને
મોકલીશ. ૪જો મારા માટે ઉચિત હશે તો તે લોકો મારી
સાથે આવશે.

### પાઉલની યોજનાઓ

૫હું મકદોનિયા થઈને જવા માંગુ છું. તેથી મકદોનિયા
ગયા પછી હું તમારી પાસે આવી શકીશ. ૬હું કદાચ
તમારી સાથે થોડો સમય રોકાઈશ. હું કદાચ આખો
શિયાળો પણ તમારી સાથે કાઢીશ. જેથી તમે મને જ્યાં
કંઈ પણ હું જાઉં ત્યાં મને મદદ કરી શકો. ૭અત્યારે
જતાં જતાં તમારી મુલાકાત લેવાની મારી ઈચ્છા નથી.
જો પ્રભુ રજા આપશે તો તમારી સાથે થોડો સમય
રહેવાની મારી ઈચ્છા છે. ૮પરંતુ પચાસમાના પર્વ*
સુધી હું એફેસસમાં રહેવાનો છું. ૯હું અહીં રોકાઈશ,
કારણ કે મહાન અને વિકસતું કાર્ય કરવાની સુંદર તક
મને આપવામાં આવી છે અને ઘણા લોકો આ કાર્યનો
વિરોધ કરે છે.
૧૦કદાચ તિમોથી તમારી પાસે આવે તો તેને રાહત
લાગણીનો તમારી સાથે અનુભવ કરાવજો. મારી જેમ
જ તે પ્રભુના કાર્યમાં રોકાયેલો છે. ૧૧અને તેથી તેને
અપનાવવાનો ઈન્કાર કોઈએ પણ ન કરવો. તેની યાત્રા
શાંતિપૂર્ણ બને તે માટે તેને મદદરૂપ થજો કે જેથી તે
પાછો મારી પાસે આવે. બીજા ભાઈઓ સાથે તે મારી
પાસે આવશે તેમ હું ધારું છું.
૧૨હવે આપણા ભાઈ અપોલોસ વિષે: બીજા ભાઈઓ
સાથે તમારી મુલાકાત લેવા મેં તેને ઘણો પ્રોત્સાહિત
કર્યો. પરંતુ અત્યારે નહિ આવવા માટે તે ઘણો જ મક્કમ
હતો. પરંતુ જ્યારે તેને તક મળશે ત્યારે તે આવશે.

### પાઉલના પત્રની પૂર્ણાહૂતિ

૧૩સાવધાન રહો. વિશ્વાસમાં દઢ રહો. હિંમત રાખો
અને વફાદાર રહો. અને શક્તિશાળી બનો. ૧૪બધી જ
વસ્તુ પ્રેમપૂર્વક કરો. ૧૫તમે જાણો છો કે અખાયામાં
સ્તેફનાસનું કુટુંબ વિશ્વાસ ધરાવવામાં પ્રથમ હતું.
તેઓએ તેઓની જાતને દેવના લોકોના ચરણોમાં ધરી
દીધી હતી. ભાઈઓ અને બહેનો હું તમને વિનંતી કરું
છું, ૧૬લોકોને અને અન્ય વ્યક્તિઓ કે જેઓ તેઓની
સાથે સેવા અને કામ કરે છે, તેમને દોરવામાં આ રીતે
અનુસરો.
૧૭મને આનંદ છે કે સ્તેફનાસ, ફોર્તુનાતુસ અને
અખૈકસ આવ્યા છે. તમે અહીં નથી, પરંતુ તમારી ખોટ
તેઓએ પૂરી કરી છે. ૧૮તેઓએ તમારા અને મારા
આત્માને ઉત્તેજિત કર્યા છે અને તેથી આવા લોકોનું
મહત્વ તમારે સમજવું જોઈએ.
૧૯આસિયાની મંડળીઓ તમારું અભિવાદન કરે છે.
પ્રભુ થકી અકુલાસ અને પ્રિસ્કા પણ તમને ઘણા
અભિવાદન મોકલે છે. અને મંડળી કે જે તેઓના ઘરમાં
એકત્રિત થાય છે તે પણ તમને અભિવાદન મોકલે છે.
૨૦બધા જ ભાઈઓ અને બહેનો તમને અભિવાદન
મોકલે છે, અને જ્યારે તમે મળો ત્યારે એકબીજાને
પવિત્ર ચુંબન આપો તેમ ઈચ્છે છે.
૨૧હું પાઉલ છું, અને આ અભિવાદન હું મારા સ્વહસ્તે
લખી રહ્યો છું.
૨૨જો કોઈ વ્યક્તિ પ્રભુને પ્રેમ કરતો ના હોય તો
પછી ભલે તેને દેવથી વિમુખ થવા દો અને કાયમને
માટે ખોવાઈ જવા દો!
ઓ પ્રભુ, આવ!*
૨૩પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમારા પર થાઓ.
૨૪ખ્રિસ્ત ઈસુમાં મારી પ્રીતિ તમો સર્વની સાથે થાઓ.
આમીન.

---

**પચાસમાના પર્વ** અનાજના ફસલની ઉજવણીનું યહૂદીઓનું પર્વ. પાસ્ખાપર્વનાં ૫૦ દિવસો પછી ઉજવાય છે.

**ઓ પ્રભુ, આવ!** અરામીક ભાષામાં "મારાનાથા" અનુવાદ થએલ છે.

# કરિંથીઓને બીજો પત્ર

**૧** ખ્રિસ્ત ઈસુના, પ્રેરિત પાઉલ તરફથી, કુશળતા
હો. હું એક પ્રેરિત છું કારણ કે દેવની એવી ઈચ્છા
હતી. આપણો ભાઈ તિમોથી જે ખ્રિસ્તમાં છે તેના તરફથી
પણ અભિવાદન. દેવની મંડળી જે કરિંથમાં છે અને
આખા અખાયામાંના દેશના દેવના બધા જ લોકોને:
૨આપણા દેવ પિતા ઈસુ ખ્રિસ્ત તરફથી તમને કૃપા
અને શાંતિ પ્રાપ્ત થાઓ.

### પાઉલ દેવનો આભાર માને છે

૩આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના દેવ અને પિતાને ધન્ય
હો. દેવ પિતા છે જે દયાથી પૂર્ણ છે. તે સર્વ દિલાસાનો
બાપ છે. ૪જ્યારે પણ આપણને મુશ્કેલી નડે ત્યારે તે
આપણને દિલાસો આપે છે કે જેથી અન્ય લોકો જેઓને
કોઈ પણ જાતની મુશ્કેલીઓ હોય, ત્યારે આપણે તેમને
દિલાસો આપી શકીએ. જે રીતે દેવ આપણને જે દિલાસો
આપે છે તે જ દિલાસો આપણે તેમને આપી શકીએ.
૫આપણે ખ્રિસ્તની ઘણી પીડાઓમાં ભાગીદાર થઈ
શકીએ. એજ રીતે ઘણો દિલાસો આપણને ખ્રિસ્ત તરફથી
મળે છે. ૬જો અમને મુશ્કેલીઓ નડે, તો તે મુશ્કેલીઓ
તમારા દિલાસા અને તમારા ઉદ્ધાર માટે છે. જો અમને
દિલાસો મળે તો તે તમારા દિલાસા માટે છે. અમારા
જેવી જ પીડાને ધૈર્ય પૂર્વક સ્વીકારવા માટે આ તમને
મદદરૂપ નીવડે છે. ૭તમારા માટેની અમારી આશા
મજબૂત છે. અમે જાણીએ છીએ કે અમારા દુ:ખમાં
તમે સહભાગીદાર છો. તેથી અમે જાણીએ છીએ કે
અમારા દિલાસામાં પણ તમે ભાગીદાર છો.

૮ભાઈઓ તથા બહેનો, અમે ઈચ્છીએ છીએ કે
આસિયાના દેશમાં અમારે જે મુશ્કેલીઓનો સામનો
કરવો પડ્યો તેનાથી તમે પરિચિત થાઓ. અમારી શક્તિ
કરતાં પણ વધુ એવો એ બોજ હતો. અમે જીવવાની
આશા પણ છોડી દીધી હતી. ૯ખરેખર, અમને અમારા
મનમાં તો એમ જ હતું કે અમે મરી જઈશું. પરંતુ આ
બન્યું કે જેથી અમે અમારી જાત પર વિશ્વાસ ન કરીએ
પણ જે લોકોને મરણમાંથી ઊઠાડે છે તે દેવ પર વિશ્વાસ
કરીએ. ૧૦મૃત્યુના આ મોટા ભયમાંથી દેવે અમને
બચાવ્યા. અને દેવ અમને સતત બચાવશે. અમારી
આશા તેનામાં છે, અને તે અમને બચાવવાનું ચાલુ
રાખશે. ૧૧અને પછી ઘણા લોકો આભાર માનશે. કારણ
કે દેવે તેમની ઘણી પ્રાર્થનાઓ દ્વારા આપણને આશીર્વાદ
આપ્યા છે. અને તમે તમારી પ્રાર્થનાઓ દ્વારા અમને
મદદરૂપ થશો.

### પાઉલની યોજનામાં પરિવર્તન

૧૨અમે આ માટે ગર્વ અનુભવીએ છીએ, અને હું
હૃદયપૂર્વક આ સત્ય કહું છું. અમે દુનિયામાં જે કંઈ
વસ્તુ કરી છે, તે બધી જ, દેવ પ્રેરિત, પ્રામાણિક અને
શુદ્ધ હૃદયથી કરી છે. અને તમારી સાથે અમે જે વસ્તુ
કરી છે તે અંગે તો આ વધુ સત્ય છે. અમે દેવની
કૃપાથી જ આ કર્યુ, નહિ કે દુનિયાના ડહાપણને કારણે.
૧૩અમે તમને એજ વસ્તુ લખીએ છીએ જે તમે વાંચી
અને સમજી શકો. અને હું આશા રાખું છું કે તમે સંપૂર્ણ
રીતે સમજશો. ૧૪જે રીતે અમારા વિષેની કેટલીક બાબતો
તમે સમજી ચૂક્યા છો. હું આશા રાખું છું કે તમે સમજશો
કે તમે અમારા માટે ગર્વ અનુભવી શકો છો, એ જ રીતે
જે રીતે, આપણા પ્રભુ ઈસુના પુનરાગમનને દિવસે
અમે તમારા માટે ગર્વ અનુભવીશું.

૧૫મને આ સર્વ વિષે ખાતરી છે. અને તેથી જ પહેલા
તમારી મુલાકાત લેવાની મેં યોજના કરી હતી. પછી
તમે બે વખત આશીર્વાદીત થઈ શકો. ૧૬મકદોનિયા
જતા રસ્તામાં તમારી મુલાકાત લેવાની મારી યોજના
હતી. અને પછી પાછા ફરતા ફરીથી તમારી મુલાકાત
લેવાની મારી યોજના હતી. મારા યહૂદિયાના પ્રવાસ
માટે તમારી મદદ લેવાની મારી ઈચ્છા હતી. ૧૭શું તમે
એમ માનો છો કે મેં ખરેખર વિચાર્યા વગર તે યોજનાઓ
કરી હતી? અથવા કદાચ તમે એમ માનશો કે જે રીતે
દુનિયા યોજનાઓ કરે છે એ રીતે મેં યોજનાઓ કરી
હશે, કે જેથી હુ, "હા ની હા" કહું અને તે જ સમયે "ના
ની ના" પણ કહું.

૧૮પરંતુ જો તમે દેવમાં માનતા હો તો, તમે માનશો
કે અમે તમને કદી પણ એક જ સમયે "હા" અને "ના"

સાથે નથી કહ્યું. ૧૯દેવ પુત્ર ઈસુ ખ્રિસ્ત, સિલ્વાનુસ અને તિમોથી અને મેં તમને જે ઉપદેશ આપ્યો તે "હા" અને "ના" નહોતો. ઈસુ ખ્રિસ્તમાં હંમેશા "હા" હતી. ૨૦દેવના દરેક વચનોની "હા" તે ખ્રિસ્તમાં છે. અને તેથી જ આપણે ખ્રિસ્તના થકી "આમીન" કહીએ છીએ. દેવનો મહિમા થાઓ. ૨૧અને દેવ તે એક છે જે આપણને ખ્રિસ્ત થકી તમારી સાથે શક્તિશાળી બનાવે છે. દેવે આપણને તેના વિશિષ્ટ આશીર્વાદ આપ્યા છે. ૨૨આપણે તેના છીએ તે સાબિત કરવા તે તેનું અદભૂત ચિહન આપણા ઉપર મૂકે છે. અને તેણે જે વચન આપ્યું છે તે પ્રમાણે તે આપશે તેની ખાતરીરૂપે, તેની સાબિતીરૂપે, તે તેનો આત્મા આપણા હૃદયમાં મૂકે છે.

૨૩હું દેવની સાક્ષીએ તમને સત્ય કહું છું. હું કરિંથ પાછો ન આવ્યો તેનું કારણ એ જ હતું કે મારી ઈચ્છા તમને ઈજા પહોંચાડવાની નહોતી. ૨૪હું એમ કહેવા નથી માગતો કે અમે તમારા વિશ્વાસને અંકૂશ કરવા માગીએ છીએ. તમે તમારા વિશ્વાસમાં દઢ છો. પરંતુ તમારા સુખ–આનંદ માટેના અમે સહકાર્યકર છીએ.

૨ તેથી મેં નિર્ણય લીધો છે કે મારી આગલી મુલાકાત તમને ગમગીન બનાવનાર મુલાકાત નહિ હોય. ૨જો હું તમને ઉદાસ કરું તો મને આનંદીત કોણ કરશે? માત્ર તમે જ, કે જેમને મે ઉદાસ ન કર્યા, તે જ મને આનંદીત કરી શકે. ૩મેં તમને પત્ર આ કારણે લખ્યો: કે જેથી હું તમારી પાસે જ્યારે આવું ત્યારે તે લોકોએ મને પ્રસન્ન કરવો જોઈએ તે લોકો દ્વારા હું ઉદાસી ન બનું. મને ખાતરી છે કે તમારામાંના બધા તે જ સુખમાં ભાગીદાર થાઓ કે જે મને મળ્યું છે. ૪જ્યારે પહેલા મેં તમને લખ્યું હતું, ત્યારે મારા હૃદયમાં હું ઘણો જ વ્યથીત અને દુ:ખી હતો. મેં ઘણાં અશ્રુ સહિત લખ્યું હતું. મેં તમને દુ:ખી કરવા નહોતું લખ્યું. તમે જાણી શકો કે હું તમને કેટલો પ્રેમ કરુ છું, તેથી મેં લખ્યું હતું.

### અપકૃત્ય કરનાર વ્યક્તિને ક્ષમા આપો.

૫તમારા સમૂહની એક વ્યક્તિએ દુ:ખ ઊભુ કર્યુ છે. તેણે મને જ દુ:ખ પહોંચાડ્યું નથી, પરંતુ તમારામાંના સર્વને તે રીતે દુ:ખ પહોંચાડ્યું છે; હું સમજું છું કે તેણે સર્વને આ દુ:ખ પહોંચાડ્યું છે. ૬મોટા ભાગના તમારા સમૂહે તેને જે શિક્ષા કરી છે તે તેને માટે પૂરતી છે. ૭પરંતુ હવે તમારે એને માફ કરવો જોઈએ અને દિલાસો આપવો જોઈએ. આમ કરવાથી તેને વધુ પડતું દુ:ખ નહિ થાય અને તે સંપૂર્ણરીતે ભાંગી નહિ પડે. ૮જેથી હું તમને વિનંતી કરું છું કે, તેને તમારો પ્રેમ દર્શાવો. ૯મેં તમને આ કારણે લખ્યું હતું. મારે તમારી પરીક્ષા કરવી હતી અને જોવું હતું કે દરેક બાબતમાં તમે આદેશનું પાલન કરો છો કે નહિ. ૧૦જો તમે એક વ્યક્તિને માફ કરશો, તો હું પણ તે વ્યક્તિને માફ કરીશ. અને મેં જે માફ કર્યુ છે–જો મારે કાંઈ માફ કરવા જેવું હશે–તો તે તમારા માટે, અને મારામાં રહેતા ખ્રિસ્તની સમક્ષ મેં માફ કર્યુ છે. ૧૧મેં આમ કર્યુ કે જેથી શેતાન આપણી પાસેથી કશું જીતી શકે નહિ. શેતાનની યોજનાઓ કઈ છે તે આપણે બરાબર જાણીએ છીએ.

### ત્રોઆસમાં પાઉલની ચિંતા

૧૨ખ્રિસ્તની સુવાર્તાનો ઉપદેશ આપવા હું ત્રોઆસ ગયો હતો. પ્રભુએ મને ત્યાં ઉત્તમ તક આપી. ૧૩પરંતુ મારા ભાઈ તિતસને ત્યાં નહિ જોતાં મને અશાંતિ થઈ. તેથી મેં ત્યાંના લોકોની વિદાય લીધી અને મકદોનિયા ગયો.

### ખ્રિસ્ત થકી વિજય

૧૪પરંતુ દેવની સ્તુતિ થાઓ. ખ્રિસ્ત થકી દેવ હંમેશા આપણને વિજયી કરીને દોરી જાય છે. દેવ તેના જ્ઞાનના મધુર સુગંધીત અત્તરની સુવાસની જેમ બધે ફેલાવવામાં આપણો ઉપયોગ કરે છે. ૧૫જે લોકોનું તારણ થયું છે અને જે લોકો ભટકી ગયા છે તેમના માટે આપણે ખ્રિસ્તની મીઠી સુગંધરૂપ છીએ, જે આપણે દેવને અર્પણ કરીએ છીએ. ૧૬જે લોકો ભટકી ગયા છે તેમને માટે આપણે મૃત્યુની દુર્ગંધ છીએ એ દુર્ગંધ જે મૃત્યુ લાવે છે. પરંતુ જે લોકોનું તારણ થયું છે. તેમને માટે આપણે જીવનની ફોરમ છીએ જે ફોરમ જીવન લાવે છે. તો આ કામ કરવા માટે કોણ યોગ્ય છે? ૧૭જે રીતે બીજા લોકો કરે છે તેમ દેવના વચનને આપણે નફા માટે વેચતા નથી.ના! પરંતુ ખ્રિસ્તમાં આપણે દેવ સમક્ષ વફાદારીથી બોલીએ છીએ. જે રીતે દેવ તરફથી મોકલેલ માણસ બોલે તે રીતે આપણે બોલીએ છીએ.

### દેવના સેવકોનો નવો કરાર

૩ શું ફરીથી આપણે આપણા વિષે બડાઈ મારવાનું શરૂ કરી રહ્યા છીએ? શું અમારે તમારા માટે કે તમારા તરફથી ઓળખપત્રની જરૂર છે? જે રીતે બીજા લોકોને હોય છે? ૨તમે પોતે જ અમારો પત્ર છો. પત્ર અમારા હૃદયરૂપી પટો પર અંકિત થયો છે. તે બધાથી વિદીત છે અને દરેક વ્યક્તિ તે વાંચે છે. ૩તમે બતાવ્યું છે કે તમે ખ્રિસ્ત તરફથી મોકલેલો પત્ર છો કે જે તેણે

અમારી મારફતે મોકલ્યો છે. આ પત્ર શાહીથી નહિ પરંતુ જીવતા દેવના આત્માથી લખાયેલો છે; તે શિલાપટો* પર નથી લખાયો પરંતુ માનવ હૃદય પર લેખિત થયો છે.

૪અમે આમ કહી શકીએ છીએ, કારણ કે ખ્રિસ્ત થકી અમે દેવ સમક્ષ ખાતરી અનુભવીએ છીએ. ૫હું એમ નથી સમજતો કે અમે અમારી જાતે જે કાંઈ સારું છે તે કરવા અમે શક્તિમાન છીએ. તે દેવ એક છે જે આપણે કરીએ છીએ તે કરવાને આપણને શક્તિમાન બનાવે છે. ૬દેવે જ અમને દેવ તરફથી તેના લોકોને પ્રાપ્ત થયેલા નવા કરારના સેવક બનવાને શક્તિમાન બનાવ્યા છે. આ નવો કરાર તે લેખિત નિયમ નથી તે આત્માનો છે. લેખિત નિયમ મૃત્યુ લાવે છે, પરંતુ આત્મા જીવન બક્ષે છે.

### નવો કરાર ઉત્કૃષ્ટ મહિમા લાવે છે

૭સેવા જે મૃત્યુ (નિયમ) લાવે છે તેના શબ્દો પથ્થર પર લખાયેલા હતા. તે દેવના મહિમા સાથે આવ્યા હતા. મૂસાના મુખ પરનું તેજ મહિમાથી એટલું પ્રકાશવાન હતું કે ઈઝરાએલ (યહૂદી લોકો) ના લોકો સતત તેની સામે જોઈ શક્યા નહોતા. અને તે મહિમા પછીથી અદશ્ય થઈ ગયો હતો. ૮નિશ્ચિત રીતે,જે સેવા આત્માનું અનુગમન કરાવે છે તેનો મહિમા તો આનાથી પણ મહાન થશે. ૯મારું કહેવું આમ છે: કે સેવા લોકોને તેમના પાપના અનુસંધાનમાં મૂલવતી હતી, પરંતુ તે મહિમાવંત હતી. તેટલી જ નિશ્ચિતતાથી જે સેવા લોકોને દેવને અનુરૂપ બનાવે છે, તેનો મહિમા વધુ ઉત્કૃષ્ટ છે. ૧૦તે જૂની સેવાનો મહિમા છે. પરંતુ નવી સેવાના વધારે અધિક મહિમાવાન સાથે સરખાવતા તેના મહિમાનો ખરેખર છેદ થયો. ૧૧મહિમા સાથે આવેલી જે સેવા અદશ્ય થવાની હતી, પછી તો આ સેવા જે અવિનાશી છે તેનો મહિમા વિશેષ છે.

૧૨આપણી આ અભિલાષાને લીધે તો આપણે વધારે હિંમતવાન બની શકીએ છીએ. ૧૩આપણે મૂસા જેવા નથી. તેણે તો તેના મુખ પર મુખપટ નાખ્યું હતું. મૂસાએ તેનું મુખ ઢાંકી દીધું હતું કે જેથી ઈઝરાએલ (યહૂદી) લોકો તે જોઈ ના શકે. મહિમા (તેજ) નું વિલોપન થઈ રહ્યું હતું, અને મૂસા નહોતો ઈચ્છતો કે તે લોકો તેનો અંત જુએ. ૧૪પરંતુ તેઓના માનસપટ બંધ હતાં–તેઓ સમજી શક્યા નહિ. આજે પણ જયારે તેઓ (યહૂદીઓ) જૂના કરારનું વાંચન કરે છે ત્યારે એ જ આવરણ અર્થને ઢાંકી દે છે. તે આવરણ હજુ પણ દૂર કરાયુ નથી. તે માત્ર ખ્રિસ્ત દ્વારા દૂર કરાય છે. ૧૫પરંતુ આજે પણ જ્યારે આ લોકો મૂસાના નિયમનું વાંચન કરે છે, ત્યારે તેઓનું માનસપટ આચ્છાદિત છે. ૧૬પરંતુ જ્યારે વ્યક્તિ પરિવર્તીત થાય છે અને પ્રભુને અનુસરે છે, ત્યારે તે આચ્છાદન દૂર થાય છે. ૧૭પ્રભુ તે આત્મા છે. અને જ્યાં દેવનો આત્મા છે ત્યાં સ્વતંત્રતા છે. ૧૮અને આપણા મુખ આચ્છાદિત નથી. આપણે સર્વ દેવનો મહિમા પ્રદર્શિત કરીએ છીએ. આપણે તેના જેવા થવા માટે પરિવર્તીત થયા છીએ. આ પરિવર્તન આપણામાં વધુ ને વધુ મહિમાનું પ્રદાન કરે છે. આ મહિમા પ્રભુ તરફથી આવે છે, જે આત્મા છે.

### માટીની બરણીઓમાં આધ્યાત્મિક ખજાનો

**૪** દેવે આપણને તેની દયાથી અમને આ કામ સોંપ્યું છે. તેથી અમે તેને છોડી દેતા નથી. ૨પરંતુ અમે રહસ્યમય અને લજજાસ્પદ રીતોથી વિમુખ થયા છીએ. અમે કાવતરાંનો ઉપયોગ કરતા નથી, અને દેવના ઉપદેશમાં કશો ફેરફાર કરતા નથી. ના! અમે ફક્ત સત્યનો જ સ્પષ્ટતાથી ઉપદેશ કરીએ છીએ. અને આ રીતે અમે કોણ છીએ તે લોકોને દર્શાવીએ છીએ અને આ રીતે તેઓના હૃદયમાં તેઓ જાણે કે દેવ સમક્ષ અમે કેવા લોકો છીએ. ૩સુવાર્તા જે અમે પ્રગટ કરીએ છીએ તે કદાચ ગૂઢ હોઈ શકે. પરંતુ જે લોકો ભટકી ગયા છે તેમને માટે જ તે ગૂઢ છે. ૪આ જગત (શેતાન) ના શાસકે જેઓ વિશ્વાસુ નથી તેઓનાં માનસને અંધ કરી દીધાં છે. તેઓ સુવાર્તાના પ્રકાશ (સત્ય) ને જોઈ શકતા નથી; એ સુવાર્તા જે ખ્રિસ્તના મહિમા વિષે છે. ખ્રિસ્ત એ એક છે, જે આબેહૂબ દેવ સમાન છે. ૫અમે અમારા વિષે ઉપદેશ નથી આપતા. પરંતુ અમે ઉપદેશ આપીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત તે પ્રભુ છે; અને અમે ઉપદેશ આપીએ છીએ કે ખ્રિસ્ત થકી અમે તમારા સેવકો છીએ. ૬દેવે એકવાર કહ્યું હતું, "અંધકારમાં જ્યોતિ પ્રગટશે!" અને આ એ જ દેવ છે જેનો પ્રકાશ આપણા હૃદયમાં ચમકે છે. ઈસુ ખ્રિસ્તના મોં પર દેવનો જે મહિમા છે તે વિષેના જ્ઞાનનું આપણને પ્રદાન કરીને દેવે આપણને આ જ્યોતિનું અનુદાન કર્યુ છે.

૭આ ખજાનો અમને દેવ તરફથી મળ્યો છે. પરંતુ અમે તો માત્ર માટીનાં પાત્રો જેવા છીએ જે આ ખજાનાને ગ્રહણ કરે છે. આ બતાવે છે કે આ પરાક્રમની અધિકતા

---

**શિલાપટો** યહોવાએ મૂસાને સિનાઈ પર્વત પર જે નિયમ તથા આજ્ઞા આપેલી તે શિલાપાટીઓ પર લખેલી હતી (નિ. ૨૪:૧૨; ૨૫:૧૬)

દેવ અર્પિત છે, અમારી નથી. ૮અમે ચારેબાજુ મુશ્કેલીઓથી ઘેરાયેલા છીએ. પરંતુ અમે હાર્યા નથી. ઘણીવાર શું કરવું તે અમે જાણતા નથી, પરંતુ અમે હતાશ થતા નથી. ૯ઘણીવાર અમે પીડિત થયા છીએ, પરંતુ દેવે અમારો ત્યાગ નથી કર્યો. ઘણીવાર અમે ઘવાયા છીએ પરંતુ અમારો સર્વનાશ નથી થયો. ૧૦અમારા શરીરમાં ઈસુનું મરણ છે. અમે આ મરણ સદા ઊંચકીને ફરીએ છીએ કે જેથી ઈસુનું જીવન પણ અમારા શરીરમાં પ્રતિબિંબિત થાય. ૧૧અમે જીવિત છીએ, પરંતુ ઈસુ માટે હંમેશા અમે મરણનો સામનો કરીએ છીએ. અમારી સાથે આમ થયું કે જેથી અમારા ક્ષણભંગુર શરીરમાં ઈસુનું જીવન પ્રતિબિંબિત થાય. ૧૨મરણ અમારામાં કાર્યશીલ છે. પરંતુ જીવન તમારામાં કાર્યશીલ છે.

૧૩શાસ્ત્રલેખમાં લખ્યું છે કે, "હું બોલું છું, કારણ કે મને વિશ્વાસ છે."* અમારી પાસે પણ વિશ્વાસનો આત્મા છે તેથી અમે બોલીએ છીએ. ૧૪દેવે પ્રભુ ઈસુને મરણમાંથી ઊઠાડયો અને અમે જાણીએ છીએ કે દેવ અમને પણ ઈસુની સાથે ઊઠાડશે. દેવ અમને તમારી સાથે ભેગા કરશે, અને આપણે તેની સમક્ષ ઉપસ્થિત થઈશું. ૧૫આ બધી વસ્તુ તમારા માટે છે અને તેથી દેવની કૃપા વધુ ને વધુ લોકોને આપવામાં આવી છે. આ વાત દેવના મહિમાને અર્થે વધુ ને વધુ આભારસ્તુતિ કરાવશે.

### વિશ્વાસથી જીવવું

૧૬તેથી અમે ક્યારેય પણ નિર્બળ થતા નથી. અમારો ભૌતિક દેહ વધારે વૃદ્ધ અને દુર્બળ થાય છે. પરંતુ અમારું આંતરિક મનુષ્યત્વ રોજ રોજ નવું થતું જાય છે. ૧૭થોડા સમય માટે અત્યારે અમને સામાન્ય વિપત્તિઓ છે, પરંતુ આ વિપત્તિઓ અનંત મહિમા સદાય માટે પ્રાપ્ત કરવામાં અમને મદદરૂપ થાય છે. આ અનંત મહિમા મુશ્કેલીઓ કરતાં વધારે ઉન્નત છે. ૧૮અમે તે વસ્તુનો વિચાર કરીએ છીએ જે જોઈ શકાતી નથી જે વસ્તુ અમે જોઈએ છીએ તે ક્ષણિક છે. અને જે વસ્તુ અમે જોઈ શકતા નથી તેનું સાતત્ય અનંત છે.

**૫** અમે જાણીએ છીએ કે અમારું શરીર–માંડવો કે જેની અંદર અમે આ પૃથ્વી ઉપર રહીએ છીએ–તે નાશ પામશે. પરંતુ જ્યારે આમ થશે ત્યારે અમારે રહેવાનું ઘર દેવ પાસે હશે. તે માનવસર્જીત ઘર નહિ હોય. તે અવિનાશી નિવાસસ્થાન સ્વર્ગમાં હશે. ૨પરંતુ આ શરીરમાં અમે નિસાસા નાખીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે દેવ હવે અમને સ્વર્ગીય નિવાસસ્થાન આપે. ૩તે અમને વસ્ત્રો પહેરાવશે કે જેથી અમે નગ્ન ન રહીએ. ૪જ્યાં સુધી અમે આ માંડવામાં રહીએ છીએ, કષ્ટ અને ફરિયાદો અમારી સાથે રહેવાની. હું એમ નથી કહેતો કે અમારે આ માંડવો દૂર કરવો છે. પરંતુ અમારે સ્વર્ગીય આવાસનાં વસ્રો પરિધાન કરવાં છે, પછી આ મૃત્યાધીન શરીર, જીવનથી આચ્છાદિત થશે. ૫આ માટે દેવે અમારું સર્જન કર્યુ છે. અને તે અમને નવજીવન આપશે. તેની ખાતરીરૂપે તેણે અમને આત્માનું પ્રદાન કર્યુ છે.

૬તેથી હંમેશા અમારામાં હિંમત હોય છે. અમે જાણીએ છીએ કે જ્યાં સુધી અમે આ શરીરમાં જીવીએ છીએ ત્યાં સુધી અમે પ્રભુથી દૂર છીએ. ૭અમે અમારા વિશ્વાસથી જીવીએ છીએ. નહિ કે જે દશ્ય છે તેનાથી. ૮તેથી અમને ભરોસો છે. અને ખરેખર અમે આ શરીરથી વિચ્છિત થઈને પ્રભુની પાસે વાસો કરવા ઈચ્છીએ છીએ. ૯અમારો ધ્યેય દેવને પ્રસન્ન કરવાનો છે. આપણે શરીરમાં હોઈએ કે દેવની સાથે હોઈએ, અમે તેને પ્રસન્ન કરવા ઈચ્છીએ છીએ. ૧૦આપણે બધાએ ખ્રિસ્તની સામે ન્યાય માટે ઉપસ્થિત થવું જ પડશે. તેને જે મળવું જોઈએ તે દરેક વ્યક્તિને મળશે. જ્યારે તે તેના ભૌતિક શરીરમાં જીવતો હતો ત્યારે તેણે જે કંઈ સારું કે ખરાબ કર્યુ હશે તે પ્રમાણે પ્રત્યેક વ્યક્તિનો ન્યાય થશે.

### મદદરૂપ થનાર લોકો દેવના મિત્ર બને છે

૧૧પ્રભુના ભયનો અર્થ શું છે તે અમે જાણીએ છીએ. જેથી લોકો સત્યને સ્વીકારે તે માટે મદદરૂપ થવા અમે પ્રયત્ન કરીએ છીએ. દેવ જાણે છે કે અમે ખરેખર શું છીએ. અને મને આશા છે કે તમારા અંતરમાં તમે અમને પણ જાણો છો. ૧૨અમે ફરીથી અમારી જાતને તમારી આગળ પ્રમાણિત કરવા નથી માંગતા. પરંતુ અમે અમારા વિષે માત્ર તમને જણાવવા માગીએ છીએ. તમે અમારા માટે ગર્વ અનુભવો તે માટે તમને કારણો આપવા માંગીએ છીએ. પછી તમારી પાસે ઉત્તર આપવા કંઈક હશે જેઓને દશ્યમાન વસ્તુઓ માટે અભિમાન છે તે લોકો વ્યક્તિના અંતરમાં શું છે, તેની દરકાર કરતા નથી. ૧૩જો અમે ઘેલા છીએ, તો તે દેવના માટે છીએ. જો અમારું મગજ સ્થિર છે, તો તે તમારા માટે છે. ૧૪ખ્રિસ્તનો પ્રેમ અમને અંકૂશમાં રાખે છે. શા માટે? કારણ કે અમે જાણીએ છીએ કે તે એક (ખ્રિસ્ત) બધા માટે મૃત્યુ પામ્યો છે. તેથી જ બધા મૃત્યુ પામ્યા. ૧૫ખ્રિસ્ત સર્વ લોકો માટે મરણ પામ્યો કે જેથી જે લોકો જીવે છે તેઓ પોતાના માટે જ ન જીવે. તે તેઓના માટે મૃત્યુ

---

**"હું બોલું છું ... વિશ્વાસ છે"** ગી.શા.૧૧૬:૧૦.

પામ્યો અને તે મૃત્યુમાંથી સજીવન થયો. તેથી તે લોકો તેના માટે જીવે.

[૧૬]તેથી આ સમયથી જે રીતે દુનિયા લોકો વિષે વિચારે છે તે રીતે અમે કોઈ પણ એક વ્યક્તિ વિષે વિચારતા નથી. તે સાચું છે કે ભૂતકાળમાં જે રીતે દુનિયા વિચારે છે તે રીતે અમે ખ્રિસ્ત વિષે વિચાર્યુ. પરંતુ હવે અમે તે રીતે વિચારતા નથી. [૧૭]જે વ્યક્તિ ખ્રિસ્તમય છે તે નવોદિત છે, તે એક નવું સર્જન છે. જૂની વસ્તુનો વિલય થયો છે, બધું જ નવોદિત છે! [૧૮]આ બધું જ દેવ તરફથી દેવ થકી છે. દેવે તેની અને અમારી વચ્ચે સુલેહ કરી છે. અને લોકોને દેવ સાથે સુલેહ કરવાનું કામ દેવે અમને સોંપ્યું છે. [૧૯]હું સમજુ છું કે ખ્રિસ્ત ઈસુમાં દેવ હતો અને વિશ્વ અને પોતાની વચ્ચે સુલેહ શાંતિ કરતો હતો. ખ્રિસ્તમય લોકોને તેઓના પાપ માટે દેવે દોષિત ના ઠરાવ્યા. અને શાંતિનો આ સંદેશ બધા લોકો માટે તેણે અમને આપ્યો. [૨૦]તેથી ખ્રિસ્ત વતી ઉદબોધન કરવા અમને મોકલવામાં આવ્યા છે. જાણે કે અમારા થકી દેવ લોકોને વિનંતી કરે છે. જ્યારે અમે તમને દેવ સાથે સુલેહ કરવાનું વિનવીએ છીએ ત્યારે અમે ખ્રિસ્ત વતી જ બોલીએ છીએ. [૨૧]ખ્રિસ્ત નિષ્પાપી હતો, માટે જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે માટે પાપરૂપ કર્યો. દેવે આમ અમારાં માટે કર્યુ કે જેથી અમે ખ્રિસ્તમાં દેવ સાથે સત્યનિષ્ઠ બની શકીએ.

**૬** દેવ સાથે આપણે સહકાર્યકર છીએ. તેથી અમે તમને અરજ કરીએ છીએ. દેવ તરફથી તમને જે કૃપા મળી છે તેને વ્યર્થ ન જવા દેશો.

[૨]દેવ કહે છે કે;

"યોગ્ય સમયે મેં તમને સાંભળ્યા, અને તારણના
દિવસે મેં તમને મદદ કરી."

*યશાયા ૪૯:૮*

હું તમને કહું છું કે, "યોગ્ય સમય" હમણાં છે. અને "તારણનો દિવસ" પણ હમણાં છે.

[૩]અમે નથી ઈચ્છતા કે લોકો અમારા કાર્યમાં કશી ક્ષતિ જુએ. જેથી અન્ય લોકો માટે સમસ્યારૂપ બને તેવું અમે કશું જ કરતા નથી. [૪]પરંતુ બધા જ સંજોગોમાં હું દર્શાવવાનો પ્રયત્ન કરું છું કે અમે દેવના સેવકો છીએ: આપત્તિમાં, મુશ્કેલીમાં અને ગંભીર સમસ્યાઓમાં, ઘણી કઠિન વસ્તુઓનો સ્વીકાર કરીને. [૫]જ્યારે અમને મારવામાં આવ્યા છે અને જેલમાં પૂરવામાં આવ્યા છે. જ્યારે લોકો બેચેન થઈ જાય છે અને અમારી સાથે ઝઘડે છે, જ્યારે અમે સખત કામ કરીએ છીએ અને જ્યારે અમને આહાર કે નિંદ્રા મળતાં નથી. [૬]અમારી સમજશક્તિથી, અમારા ધૈર્યથી, અમારી મમતાથી, અને અમારા નિર્મળ જીવનથી અમે દર્શાવીએ છીએ કે અમે દેવના સેવકો છીએ. પવિત્ર આત્મા થકી, સાચા પ્રેમ થકી, [૭]સત્ય કહેવાથી, અને દેવના પરાક્રમથી, અમે અમારા ન્યાયી રીતે જીવવાના માર્ગનો ઉપયોગ અમારા વિરુદ્ધની દરેક વસ્તુથી અમારી જાતને બચાવવા અમે કરીએ છીએ. [૮]કેટલાએક લોકો અમને માન આપે છે, પરંતુ બીજા લોકોથી અમે શરમિંદા થઈએ છીએ. કેટલાએક લોકો અમારા વિષે સારું બોલે છે, પરંતુ બીજા કેટલાએક લોકો અમારા વિષે ખરાબ બોલે છે. કેટલાએક લોકો કહે છે કે અમે જૂઠા છીએ, પરંતુ અમે સત્ય બોલીએ છીએ. [૯]કેટલાએક લોકો અમારાથી અજાણ્યા છે, પરંતુ અમે ખૂબ જાણીતા છીએ. અમે મૃતપ્રાય: દેખાઈએ છીએ, પરંતુ જુઓ! અમે જીવી રહ્યા છીએ. અમને શિક્ષા થઈ છે. પરંતુ માર્યા નથી ગયા. [૧૦]અમારામાં ઘણો જ વિષાદ છે, પરંતુ અમે કાયમ પ્રફૂલ્લિત રહીએ છીએ, અમે દરિદ્ર છીએ, પરંતુ ઘણા લોકોને અમે વિશ્વાસમાં સમૃદ્ધ બનાવ્યા છે. અમારી પાસે કશું જ નથી, પરંતુ વાસ્તવમાં અમારી પાસે બધું જ છે.

[૧૧]ઓ કરિંથના લોકો, તમારા લોકોની સાથે અમે મુક્ત રીતે વાતો કરી. અમે અમારું હૈયું તમારી આગળ ખોલ્યું. [૧૨]તમારા પ્રત્યેની અમારી સ્નેહની લાગણી અટકી નથી ગઈ. તમે લોકોએ અમારા પ્રત્યેની તમારા પ્રેમની લાગણીને ગુંગળાવી નાખી છે. [૧૩]તમે મારાં બાળકો છો તે રીતે હું તમારી સાથે વાત કરું છું. જે રીતે અમે કર્યુ. તે રીતે તમે કરો, તમારા અંતરને પણ મુકત અને વિશાળ કરી દો.

### બિન–ખ્રિસ્તીઓ વિષે ચેતવણી

[૧૪]જે લોકો અવિશ્વાસી છે તેવા તમે નથી. તેથી તેઓની સોબત ન રાખો. સારા અને નરસાનું સહઅસ્તિત્વ નથી હોતું. પ્રકાશને અંધકાર સાથે સંગત (ભાગીદારી) ન હોઈ શકે. [૧૫]ખ્રિસ્ત અને બલિયાલ (શેતાન) વચ્ચે કોઈ કરાર કેવી રીતે હોઈ શકે? વિશ્વાસીને અવિશ્વાસી સાથે શો ભાગ હોય? [૧૬]દેવના મંદિર અને મૂર્તિઓ વચ્ચે કોઈ જાતનો કરાર હોઈ શકે? આપણે જીવતા દેવનું મંદિર છીએ, જેમ દેવ કહે છે કે:

"હું તેઓની સાથે જીવીશ અને તેઓની સાથે
ચાલીશ, હું તેઓનો દેવ થઈશ, અને તેઓ મારા
લોક થશે." *લેવીય ૨૬:૧૧–૧૨*

૧૭ "તેથી તે લોકોથી વિમુખ થાઓ અને તમારી
જાતને તેઓનાથી જુદી તારવો, એમ પ્રભુ કહે
છે. જે કંઈ નિર્મળ નથી તેનો સ્પર્શ ન કરો,
અને હું તમને અપનાવીશ."

*યશાયા ૫૨:૧૧*

૧૮ "હું તમારો પિતા થઈશ, અને તમે મારા દીકરા
દીકરીઓ થશો, એમ સર્વશક્તિમાન પ્રભુ કહે
છે."

*૨ શમુએલ ૭:૧૪; ૭:૮*

૭ પ્રિય મિત્રો, દેવ તરફથી આપણને આ વચનો
મળ્યાં છે. તેથી આપણે આપણી જાતને નિર્મળ
બનાવવી જોઈએ–કોઈ પણ વસ્તુ જે શરીર કે આત્માને
મલિન બનાવે, આપણે તેનાથી મુક્ત જીવન પદ્ધતિમાં
યથાર્થ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે આપણે
દેવનો આદર કરીએ છીએ.

### પાઉલનો ઉલ્લાસ

૨તમારા હૃદય અમારા પ્રતિ ખોલો. અમે કોઈ
વ્યક્તિનું કશું ખરાબ નથી કર્યુ. અમે કોઈ પણ વ્યક્તિના
વિશ્વાસનો ધ્વંસ નથી કર્યો, અને અમે કોઈ વ્યક્તિને
છેતરી નથી. ૩હું તમારા પર આક્ષેપ મૂકવા આ કહેતો
નથી. મેં તમને પહેલા કહ્યું છે તેમ. અમે તમને એટલો
બધો પ્રેમ કરીએ છીએ કે તમારી સાથે જીવવા કે મરવા
અમે તૈયાર છીએ. ૪તમારા માટે હું નિશ્ચિતતા અનુભવું
છું. હું તમારા માટે ઘણો ગર્વ અનુભવું છું. તમે મને
ઘણી હિંમત આપી છે. અને અમારી બધી જ
મુશ્કેલીઓમાં મને ઘણો આનંદ મળ્યો છે.

૫જ્યારે અમે મકદોનિયા આવ્યા ત્યારે અમને આરામ
મળ્યો નહિ, અમે મુશ્કેલીઓથી ઘેરાયેલા હતા. બાહ્ય
રીતે લડાઈઓ હતી, પરંતુ આંતરીક રીતે અમે ભયભીત
હતા. ૬પરંતુ જે લોકો મુશ્કેલીમાં હોય છે તેમને દેવ
સહારો આપે છે. અને જ્યારે તિતસ આવ્યો ત્યારે દેવે
અમને સહારો આપ્યો. ૭તેના આવવાથી અને તમે એને
જે દિલાસો આપેલો તેનાથી અમને આશ્વાસન મળ્યું
હતું. મને મળવાની તમારી ઈચ્છા વિષે તિતસે મને
કહ્યું. તેણે કહ્યું કે તમે જે કર્યુ છે, તે માટે તમે ખૂબ જ
દિલગીર છો અને તમે મારી ખૂબ જ દરકાર કરો છો. તે
વિષે તિતસે મને કહ્યું. મેં જ્યારે આ સાંભળ્યું ત્યારે, હું
વધુ રાજી થયો.

૮મારા પત્રથી તમને દુ:ખ થાય તો પણ તે લખવા
માટે હું દિલગીર નથી. મને ખબર છે કે તે પત્રએ
તમને દુ:ખ આપ્યું છે. અને તે માટે હું દિલગીર છું.
પરંતુ તેનાથી તમને દુ:ખ થયું માટે જ વ્યથિત થયા.
૯હવે મને આનંદ થયો છે કારણ કે તમારા દુ:ખે તમને
તમારું હૃદય પરિવર્તન કરાવ્યું છે. દેવ ઈચ્છતો હતો તે
રીતે તમે દિલગીર થયા. ગમે તેમ પણ અમારા કારણે
તમને કોઈ નુકસાન થયું નહિ. ૧૦દિલગીર થવું એટલે
કે જેમ દેવ ઈચ્છે છે તેમ કોઈ એક વ્યક્તિને પસ્તાવો
થાય તેના જેવું છે. આ વ્યક્તિને તારણ તરફ લઈ જાય
છે, અને તે માટે અમે દિલગીર થઈ શકીએ નહિ, પરંતુ
જે પ્રકારની વ્યથા દુનિયાની છે, તે મૃત્યુ લાવશે. ૧૧જેવી
દેવની ઈચ્છા હતી તેવી વ્યથા તમારી હતી. હવે જુઓ
કે તે વ્યથા તમને શું પ્રદાન કરે છે: તે વ્યથા તમારામાં
ઘણી ગંભીરતા લાવી. તમે ખોટા ન હતા તેવું પૂરવાર
કરવાની તેણે તમને પ્રેરણા આપી. તેણે તમને ક્રોધિત
તેમજ ભયભીત બનાવ્યા. મને મળવા માટે તેણે તમને
પ્રેરણા આપી. તેણે તમને વધારે સમર્પિત બનાવ્યા. તેણે
તમને ન્યાયી બાબત કરવાની ઈચ્છાવાળા બનાવ્યા.
તમે સાબિત કર્યુ કે તમે આ બાબતમાં સંપૂર્ણ નિર્દોષ
હતા. ૧૨કોઈ એકે ખોટું કર્યુ, તેના કારણે મેં એ પત્ર
નહોતો લખ્યો. અને જે વ્યક્તિ વ્યથિત થયેલી તેના
માટે પણ તે નહોતો લખાયો. પરંતુ મેં તે પત્ર લખ્યો કે
જેથી, દેવની સમક્ષ તમે જોઈ શકો કે તમે અમારા માટે
ઘણી કાળજી રાખી છે. ૧૩અને તેથી જ અમને દિલાસો
મળ્યો.

અમને ઘણો જ દિલાસો પ્રાપ્ત થયો અને અમને એ
જોઈને ખરેખર વધુ આનંદ થયો. કે તિતસ ઘણો જ
આનંદિત હતો. તમે બધાએ એને ખૂબ જ સારી લાગણી
કરાવી. ૧૪તિતસ આગળ મેં તમારા વખાણ કર્યા હતાં.
અને તમે સાબિત કરી આપ્યું કે હું સાચો હતો. બધી જ
વસ્તુ અમે જે તમને કહી તે સત્ય હતી. અને તમે તે
સાબિત કરી આપ્યું કે અમે જે બધી બડાશો તિતસ
આગળ મારી હતી તે સાચી છે. ૧૫અને જ્યારે એ યાદ
કરે છે કે તમે બધા પાલન કરવા તૈયાર છો ત્યારે તેનો
તમારા પ્રત્યેનો પ્રેમ વધુ સુદૃઢ બને છે. તમે તેને માન
અને ભયથી આવકાર્યો. ૧૬મને ઘણો આનંદ છે કે હું
તમારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકુ તેમ છું.

### આપણું દાન

૮ અને હવે, મારા ભાઈઓ અને બહેનો,
મકદોનિયાની મંડળીઓ પર દેવની જે કૃપા છે તે

વિષે અમે તમને જણાવવા ઈચ્છીએ છીએ. ૨કઠિન મુશ્કેલીઓથી તે વિશ્વાસીઓનું પરીક્ષણ થયું હતું. અને તેઓ ઘણા જ દરિદ્ર લોકો છે. પરંતુ તેમના ઉન્મત આનંદને કારણે તેઓએ મોટી ઉદારતાથી આપ્યું. ૩હું તમને કહી શકું કે તેઓમાં જેટલી શક્તિ હતી, જે તેઓએ અર્પણ કર્યુ તે તેઓને પોષાય તેના કરતાં પણ વધુ તેઓએ આપ્યું. આ સ્વૈચ્છિક રીતે કર્યુ. આમ કરવાને કોઈ વ્યક્તિએ તેમને કહ્યું નહોતું. ૪પરંતુ તેઓએ અમને વારંવાર પૂછયું–તેઓએ દેવના ભક્તોની સેવામાં ભાગીદાર થવા અમને આજીજી કરી. ૫અમે અપેક્ષા નહોતી રાખી તે રીતે તેમણે આપ્યું. પોતાનું ધન આપતા પહેલા પોતાની જાતને તેઓએ પ્રભુને અને અમને સમર્પિત કરી. દેવ આવું ઈચ્છે છે. ૬તેથી કૃપાના આ ભલાઈના વિશિષ્ટ કાર્યને પૂર્ણ કરવામાં તમને મદદરૂપ થવા અમે તિતસને કહ્યું. તિતસે જ સૌ પ્રથમ આ કાર્યનો પ્રારંભ કર્યો. ૭તમે ઘણી વસ્તુઓમાં–વિશ્વાસમાં, વાણીમાં, જ્ઞાનમાં, અને ખરેખર મદદ કરવામાં, અને અમારી પાસે શીખ્યા તે પ્રેમમાં સમૃદ્ધ છો. અને તેથી આપવાના કૃપા દાનમાં પણ તમે સમૃદ્ધ બનો તેવી અમે આશા રાખીએ છીએ.

૮આપવા માટેનો હું તમને આદેશ નથી આપતો. પરંતુ તમારો પ્રેમ સાચો પ્રેમ છે કે કેમ તે મારે જોવું છે. બીજા લોકો ખરેખર સહાયભૂત થાય છે, એ તમને બતાવીને હું આમ કરવા માંગુ છુ. ૯આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપાથી તમે જ્ઞાત છો. તમે જાણો છો કે દેવ સાથે ખ્રિસ્ત સમૃદ્ધ હતો; પરંતુ તમારા માટે તે દીન બન્યો. તેના દરિદ્રી થવાથી તમે સમૃદ્ધ બનો તેથી ખ્રિસ્તે આમ કર્યુ.

૧૦હું ધારું છું કે તમારે આમ કરવું જોઈએ અને તે તમારા સારા માટે છે. ગત વર્ષે તમે સૌથી પહેલા અર્પણ કરવાની ઈચ્છા દર્શાવેલી. અને તમે જ સૌ પ્રથમ દાન આપ્યું. ૧૧તેથી જે કાર્યનો તમે પ્રારંભ કર્યો છે, તેને પૂર્ણ કરો. જેથી તમારા "કાર્યની ઈચ્છા" અને તમારું "કાર્ય" સમતુલીત થશે. તમારી પાસે જે કંઈ છે તેમાંથી આપો. ૧૨જો તમારી આપવાની ઈચ્છા હશે, તો તમારા દાનનો સ્વીકાર થશે. તમારી ભેટનું મૂલ્યાંકન તમારી પાસે જે છે તેના ઉપરથી થશે અને નહિ કે તમારી પાસે જે નથી. ૧૩જ્યારે અન્ય લોકોને રાહત પ્રાપ્ત હોય ત્યારે તમને મુશ્કેલી પડે તેવું અમે ઈચ્છતા નથી. ત્યાં સમાનતા હોવી જોઈએ. ૧૪અત્યારે તમારી પાસે ઘણું છે. તમારી પાસે જે છે તે લોકોને જે વસ્તુની જરૂર છે તેઓને તે ઘણું મદદરૂપ થઈ શકે તેમ છે. ત્યાર બાદ, જ્યારે તેઓની પાસે પુષ્કળ હશે ત્યારે તેઓ તમારે જોઈતી વસ્તુ પ્રાપ્ત કરવામાં તમને મદદરૂપ થઈ શકે. અને ત્યાર પછી સમાનતા આવશે. ૧૫જેમ પવિત્રશાસ્રોમાં લખ્યું છે,

> "જે વ્યક્તિ એ ઘણુ ભેગું કર્યુ છે તેની પાસે ઘણુ
> વધારે ન હતું, અને જે વ્યક્તિએ ઘણું ઓછું
> ભેગું કર્યુ હતું તેની પાસે ખૂબ ઓછુ ન હતું."
> *નિર્ગમન ૧૬:૧૮*

### તિતસ અને તેના સાથીદારો

૧૬દેવની સ્તુતિ થાઓ કે તેણે તિતસને એટલો પ્રેમ આપ્યો જેટલો મને તમારા માટે છે. ૧૭અમે તિતસને જે વસ્તુ કરવાની કહી તેનો તેણે સ્વીકાર કર્યો. તે તમારી પાસે આવવા ઘણું જ ઈચ્છતો હતો. આ તેનો પોતાનો વિચાર હતો. ૧૮અમે તિતસની સાથે તે ભાઈને મોકલીએ છીએ જે બધી જ મંડળીઓ સાથે પ્રસંશાને પાત્ર બન્યો છે. આ ભાઈની તેની સુવાર્તાની સેવા માટે તેનું અભિવાદન થયું છે. ૧૯જયારે અમે આ ભેટ લઈ જતા હતા, ત્યારે પણ અમારી સાથે આવવા, મંડળીઓ દ્વારા આ ભાઈની પસંદગી થઈ હતી. અમે આ સેવા કરીએ છીએ. પ્રભુનો મહિમા વધારવા, અને એ દર્શાવવા કે અમે ખરેખર મદદરૂપ થવા માગીએ છીએ.

૨૦અમે ઘણા જ સજાગ છીએ કે જેથી કોઈ પણ વ્યક્તિ અમે જે રીતે આટલી મોટી ભેટની સાથે કામ કરીએ છીએ તેની ટીકા ન કરે. ૨૧અમે આ વસ્તુઓ એ રીતે કરવા ધારીએ છીએ. જે પ્રભુની આંખો સમક્ષ ન્યાયી છે. લોકો જેને ન્યાયી ગણે છે તેવું કરવાનો અમારો ઈરાદો છે.

૨૨અમે તેઓની સાથે અમારા ભાઈને પણ મોકલીએ છીએ, જે હંમેશા મદદરૂપ થવાને તૈયાર હોય છે. ઘણી રીતે તેણે આ બાબતમાં અમને સાબિતી આપી છે. અને હવે જ્યારે તેને તમારામાં ઘણો વિશ્વાસ છે ત્યારે તો તે વધુ મદદરૂપ થવા ઈચ્છે છે.

૨૩હવે તિતસ વિષે–તે મારો સાથીદાર છે. તમને મદદરૂપ થવા તે મારી સાથે કામ કરે છે. અને બીજા ભાઈઓ માટે તેઓ મંડળીઓ દ્વારા મોકલવામાં આવ્યા છે. અને તેઓ દેવને મહિમા આપે છે. ૨૪તેથી આ માણસોને દર્શાવો કે તમારી પાસે પ્રેમ છે. તેઓને બતાવો કે અમે કેમ તમારા માટે ગર્વ અનુભવીએ છીએ. પછી બધી જ મંડળીઓ આ જોશે.

### સાથીઓની મદદ કરો

**૯** હવે દેવના લોકોની સેવા કરવા વિષે મારે તમને લખવાની જરૂર નથી. ૨મને ખબર છે કે તમે મદદરૂપ થવા ઈચ્છો છો. મેં આ વિષે મકદોનિયામાં લોકો સાથે ઘણી બડાઈ મારી છે. મેં તેમને કહ્યું હતું કે તમે અખાયાના લોકો ગયા વર્ષથી અનુદાન કરવા તૈયાર છો. અને તમારી આપવાની અભિલાષાએ અહીંના મોટા ભાગના લોકોને પણ આપવા માટે પ્રેરણાં આપી છે. ૩પરંતુ હું ભાઈઓને તમારી પાસે મોકલું છું. આ બાબતમાં અમારા તમારા વિષેના વખાણ નકામા જાય, તેમ હું ઈચ્છતો નથી. મેં જે રીતે કહ્યું તે રીતે તમે તૈયાર હશો તેવી મારી ઈચ્છા છે. ૪જો મકદોનિયાના લોકોમાંથી કેટલીક વ્યક્તિઓ મારી સાથે આવે અને જુએ કે તમે તૈયાર નથી, તો અમારે શરમાવા જેવું થશે. અમને શરમ આવશે કે અમે તમારામાં આટલો બધો ભરોસો રાખ્યો. ૫તેથી મેં વિચાર્યુ કે અમે આવીએ તે પહેલા આ ભાઈઓને જવાનું હું કહું. તમે જે દાન આપવાનું વચન આપ્યું છે તે તૈયાર રાખવાનું (કામ) તેઓ પૂરું કરશે. તેથી જ્યારે અમે આવીએ ત્યારે ઉઘરાણું તૈયાર હશે, અને તે એ અનુદાન હશે જે તમે આપવા ઈચ્છતા હતા; નહિ કે જે દાન આપવાનું તમે ધિક્કારતા હતા.

૬આટલું યાદ રાખજો-જે વ્યક્તિ અલ્પ વાવે છે તે અલ્પ લણે છે. પરંતુ જે વ્યક્તિ અધિક વાવે છે તે અધિક લણે છે. ૭દરેક વ્યક્તિએ તેના હૃદયમાં નક્કી કર્યુ હોય તેટલું આપવું જોઈએ. જો આપવાથી વ્યક્તિ વ્યથિત થતી હોય તો તેણે ન આપવું જોઈએ. અને વ્યક્તિએ તો પણ ન આપવું જોઈએ જો તેને એમ લાગે કે તેને આપવા માટે ફરજ પાડવામાં આવી છે. જે સહર્ષ આપે છે તે વ્યક્તિને દેવ ચાહે છે. ૮અને દેવ તમને જરૂર છે તે કરતાં પણ વધારે આશીર્વાદ આપી શકે છે. ત્યારે બધી જ વસ્તુ તમારી પાસે પુષ્કળ પ્રમાણમાં હશે. દરેક સારાં કામ માટે આપવાને તમારી પાસે પૂરતું હશે. ૯પવિત્રશાસ્રોમાં લખ્યું છે કે:

> "તે ઉદારતાથી ગરીબોને આપે છે; તેની મમતા
> અનંત સુધી સતત રહેશે."
>
> *ગીતશાસ્ર ૧૧૨:૯*

૧૦દેવ તે એક છે જે વ્યક્તિને વાવણી માટે બીજ આપે છે. અને તે આહાર માટે રોટલી આપે છે. અને દેવ તમને આત્મિક બીજ આપશે અને તે બીજને અંકૂરીત કરશે. તમારી સદભાવનાની તે ઉત્તમ કાપણી કરશે. ૧૧દેવ તમને દરેક રીતે સમૃદ્ધ બનાવશે કે જેથી મુક્ત રીતે તમે હંમેશા આપી શકો. અને અમારા થકી અનુદાન લોકોને દેવ પ્રત્યે આભારી બનાવશે. ૧૨આ પવિત્ર સેવા કે જે તમે કરો છો તે માત્ર દેવના લોકોની જરૂરિયાતમાં મદદ કરે છે. એમ નહિ પરંતુ દેવની સ્તુતિરૂપી પુષ્કળ ફળ પણ ઉત્પન્ન કરે છે. ૧૩આ સેવા જે તમે કરો છો તે તમારા વિશ્વાસની સાબિતી છે. આ માટે લોકો દેવની સ્તુતિ કરે છે કારણ કે તમે ખ્રિસ્તની સુવાર્તાને અનુસર્યા; એ સુવાર્તા કે જેમાં તમને વિશ્વાસ છે. લોકો દેવની સ્તુતિ કરશે કારણ કે તમે મુક્ત રીતે તેમની સાથે અને બધા લોકોની સાથે ભાગીદારી કરી. ૧૪અને જ્યારે તે લોકો પ્રાર્થના કરશે, ત્યારે તેવી અભિલાષા રાખશે કે તેઓ તમારી સાથે હોય. દેવની ઘણી કૃપા જે તમને પ્રાપ્ત થઈ છે તે કારણે તેઓ આવો અનુભવ કરશે. ૧૫જેનું વર્ણન થઈ શકે તેમ નથી તેના દાન માટે દેવની સ્તુતિ થાઓ.

### પાઉલ તેની સેવાનું સમર્થન કરે છે

**૧૦** હું પાઉલ છું, અને હું તમને વિનવું છું. હું ખ્રિસ્તની નમ્રતા અને મમતાથી તમને વિનવું છું. કેટલાએક લોકો કહે છે કે જ્યારે હું તમારી સાથે હોઉં છું. ત્યારે દીન હોઉં છું, અને તમારાથી દૂર હોઉં છું. ત્યારે હિંમતવાન હોઉં છું. ૨કેટલાએક લોકો વિચારે છે કે અમે દુન્યવી પધ્ધતિથી જીવીએ છીએ. જ્યારે હું આવું ત્યારે આવા લોકો સાથે ઘણા નીડર થવાની મારી યોજના છે. હું તમને વિનવું છું કે હું જ્યારે આવું ત્યારે તેવી જ નીડરતાનો ઉપયોગ તમારી સાથે કરવાની મારે જરૂર પડશે નહિ. ૩અમે આ દુનિયામાં જીવીએ છીએ. પરંતુ જે રીતે દુનિયા ઝઘડે છે તે રીતે અમે ઝઘડતા નથી. ૪દુનિયા વાપરે છે તેના કરતાં જુદા પ્રકારના શસ્રોથી અમે લડીએ છીએ. અમારા શસ્રમાં દેવનું સામર્થ્ય છે. દુશ્મનના મજબૂત સ્થાનનો આ શસ્ર નાશ કરી શકે છે. અમે લોકોના વાદવિવાદનો નાશ કરીએ છીએ. ૫અને દરેક વસ્તુ જે દેવના જ્ઞાનની વિરુદ્ધ ઉદભવે છે તેનો અમે નાશ કરીએ છીએ. અમે દરેક વિચારને કબજે કરી, તેને ત્યજી ખ્રિસ્તની આધીનતામાં લાવીએ છીએ. ૬જે આજ્ઞાંકિત નથી તેવી દરેક વ્યક્તિને શિક્ષા કરવા અમે તૈયાર છીએ. પણ પ્રથમ તમે સંપૂર્ણ આજ્ઞાંકિત બનો.

૭તમારી સામેની હકીકતોને તમારે જોવી જોઈએ.જો વ્યક્તિ એમ વિચારતી હોય કે તે ખ્રિસ્તનો છે. તો તેણે એ પણ યાદ રાખવું જોઈએ કે તેની જેમ અમે પણ

ખ્રિસ્તમાં છીએ. [8]એ સાચું છે કે અમે મુક્ત રીતે પ્રભુએ અમને આપેલ સામર્થ્ય વિષે બડાઈ મારીએ છીએ. પરંતુ તેણે આ સામર્થ્ય તમને સુદઢ બનાવવા અમને આપ્યુ છે, નહિ કે તમને ક્ષતિ પહોંચાડવા. તેથી તે બડાઈ માટે હું શરમ નથી અનુભવતો. [9]હું એમ નથી ઈચ્છતો કે તમે એમ ધારો કે મારા પત્રો વડે હું તમને ડરાવવા માગું છું. [10]કેટલાએક લોકો કહે છે કે, "પાઉલના પત્રો શક્તિશાળી અને મહત્વના છે. પરંતુ જ્યારે તે અમારી પાસે હોય છે, ત્યારે તે નિર્બળ હોય છે. અને તેની વાણીમાં કશુંજ નથી." [11]તે લોકોએ આ જાણવું જોઈએ: અમે અત્યારે તમારી સાથે નથી; તેથી પત્રો દ્વારા આ વસ્તુ અમે કહીએ છીએ. પરંતુ જ્યારે અમે ત્યાં તમારી સાથે હોઈશું ત્યારે અમે એજ પ્રભાવ દર્શાવીશું જે અમે પત્રમાં દર્શાવ્યો છે.

[12]જે લોકો એમ માને છે કે પોતે ખૂબ જ મહત્વના છે, તેવા લોકોની ટોળીમાં દાખલ થવાની અમે હિંમત નથી કરી શકતા. અમે તેઓની સાથે અમારી સરખામણી પણ નથી કરતા. તેઓ પોતેજ પોતાનો માપદંડ બને છે, અને તેઓ જે છે તેના થકી પોતે જ પોતાનું મૂલ્યાંકન કરે છે. આ બતાવે છે કે તેઓ કશું જ જાણતા નથી. [13]પરંતુ અમને જે કામ કરવાનું સોંપ્યું છે, તેના પરિઘની બહાર જઈને અમે બડાઈ નહિ મારીએ. અમે અમારી બડાઈ, દેવે અમને સોંપેલા કાર્ય પૂરતી મર્યાદીત રાખીશું. પરંતુ આ કાર્યમાં તમારી સાથેના અમારા કાર્યનો સમાવેશ થાય છે. [14]અમે વધારે પડતી બડાઈ નથી મારતા. કારણ કે અમે તમારા સુધી પહોંચ્યા ન હોઈએ. એમ અમે પોતાને હદ બહાર લંબાવતા નથી. પરંતુ અમે તમારી પાસે આવ્યા છીએ. અમે તમારી પાસે ખ્રિસ્તની સુવાર્તા લઈને આવ્યા હતા. [15]જે કાર્ય અમારું છે તે પૂરતી અમારી બડાઈને અમે મર્યાદીત રાખી છે. જે કામ બીજા લોકોએ કર્યુ છે, તે વિષે અમે બડાઈ નથી મારતા. અમને આશા છે કે તમારા વિશ્વાસમાં વૃદ્ધિ થશે. અમને આશા છે કે અમારા કાર્યના ક્ષેત્રને વધુ ને વધુ વિશાળ બનાવવામાં તમે મદદરૂપ નિવડશો. [16]તમારા શહેર ઉપરાંતના વિસ્તારોમાં પણ સુવાર્તા કહેવાની અમારી ઈચ્છા છે. બીજી વ્યક્તિના વિસ્તારમાં થઈ ચૂકેલા કાર્ય વિષે અમે બડાઈ મારવા નથી ઈચ્છતા. [17]પરંતુ, "જે વ્યક્તિ બડાઈ મારે છે તેણે પ્રભુમાં બડાઈ મારવી જોઈએ."* [18]કેમ કે તે એ વ્યક્તિ નથી કે જે કહે છે કે તે સારો છે. જેને પ્રભુ સારો કહે છે અને સ્વીકારે છે તે એ વ્યક્તિ છે.

**"જે વ્યક્તિ બડાઈ ... મારવી જોઈએ"** યર્મિ. ૯:૨૪.

### પાઉલ અને જૂઠા પ્રેરિતો

**૧૧** હું આશા રાખું છું કે હું થોડી મૂર્ખતા દર્શાવું તો પણ તમે મારી સાથે ધીરજ રાખશો. પરંતુ તમે મારી સાથે ક્યારનીયે ધીરજ રાખી છે. [2]મને તમારી ઈર્ષા આવે છે અને આ તે ઈર્ષા છે જે દેવ તરફથી આવી છે. મેં તમને ખ્રિસ્તને સમર્પિત કરવાનું વચન આપ્યું હતું. તમારો પતિ માત્ર ખ્રિસ્ત જ હોવો જોઈએ. હું તમને ખ્રિસ્તને સમર્પિત કરવા માંગુ છું, તેની પવિત્ર કુમારિકા તરીકે, [3]પરંતુ મને ભય છે કે તમારું મન તમને તમારા ખ્રિસ્ત પ્રત્યેના સાચા અને શુદ્ધ અનુસરણથી દૂર ઘસડી જશે જે રીતે સર્પે હવાની સાથે દુષ્ટ રીતે કપટ કર્યુ હતું અને છેતરી હતી. [4]તમે જે કોઈ તમારી પાસે આવે અને અમે આપ્યો છે તેના કરતા જુદો ઉપદેશ તમને ખ્રિસ્ત વિષે આપે તેની સાથે તમે ઘણા ધીરજવાન છો. એ આત્મા અને સુવાર્તાને સ્વીકારવા તમે ઘણા તત્પર છો પણ એ આત્મા અને સુવાર્તા અમે તમને આપ્યા છે તેનાથી ઘણા જુદા છે. તેથી તમારે મારી સાથે ધીરજ રાખવી જોઈએ.

[5]હું નથી માનતો કે તે "મહાન પ્રેરિતો" મારાથી વધુ સારા છે. [6]તે સાચું છે કે હું એક કેળવાયેલો વકતા નથી. પરંતુ મારી પાસે જ્ઞાન છે. અમે તમને દરેક રીતે આ સ્પષ્ટ બતાવ્યું છે.

[7]કોઈ પણ પ્રકારના વળતર વગર મેં તમને દેવની સુવાર્તા પ્રગટ કરી. તમને મહત્વ આપવા હું નમ્ર બન્યો છું. તમે માનો છો કે તે ખોટું હતું? [8]મેં બીજી મંડળીઓ પાસેથી વળતર સ્વીકાર્યુ છે. મે તેમના નાણાં લીધા કે જેથી હું તમારી સેવા કરી શકું. [9]જ્યારે હું તમારી સાથે હતો ત્યારે મારે જે કોઈ વસ્તુ જોઈતી હતી, તો મેં તેનો તમારા પર કોઈ બોજો નાખ્યો ન હતો. મકદોનિયાથી આવેલા બંધુઓએ મારે જે જોઈતું હતું, તે બધું જ મને આપ્યું. તમારા પર બોજારૂપ મેં મારી જાતને બનવા દીધી નથી. અને હું કદી તમને બોજારૂપ બનીશ નહિ. [10]અખાયાની કોઈ પણ વ્યક્તિ આ વિષે બડાઈ મારતા મને રોકી શકશે નહિ. મારામાંના ખ્રિસ્તના સત્ય વડે આમ કહું છું. [11]અને હું શા માટે તમને બોજારૂપ ન બન્યો? તમને પ્રેમ નથી કરતો એટલા માટે એમ તમે માનો છો? ના. દેવ જાણે છે કે હું તમને પ્રેમ કરું છું.

[12]અને અત્યારે હું જે કરું છું તે કરવાનું હું ચાલું રાખીશ કારણ કે પેલા લોકોને બડાઈ મારવાનું કારણ મારે નથી આપવું. તેઓને તેમ કહેવું ગમશે કે જે કાર્ય માટે તેઓ બડાઈ મારે છે તે કાર્ય અમારા કાર્ય જેવું જ છે. [13]આ લોકો સાચા પ્રેરિતો નથી. તેઓ અસત્ય

બોલનાર કાર્યકરો છે. અને તેઓ તેમના પોતામાં પરિવર્તન લાવે છે, કે જેથી લોકો માને કે તેઓ ખ્રિસ્તના પ્રેરિતો છે. [૧૪]આનાથી અમને આશ્ચર્ય નથી થતું. શા માટે? શેતાન પણ વેશ બદલે છે, જેથી લોકો વિચારે કે તે પ્રકાશનો દૂત* છે. [૧૫]જ્યારે શેતાનના સેવકો સાચા સેવકો દેખાવાનો પ્રયત્ન કરે છે તેથી અમને આશ્ચર્ય થતું નથી, પરંતુ અંતમાં તેઓના કરેલા કામ પ્રમાણે તેઓને વળતર (શિક્ષા) મળે છે.

### પાઉલ તેની વ્યથા વિષે વાત કરે છે.

[૧૬]હું તમને ફરીથી કહું છું: કોઈ વ્યક્તિએ એમ માનવું ન જોઈએ કે હું મૂર્ખ છું. પરંતુ જો તમે મને મૂર્ખ ધારતા હો તો, તમે જે રીતે મૂર્ખને અપનાવો છો એ રીતે તમે મને અપનાવો. જેથી હું પણ થોડી બડાઈ મારી શકું. [૧૭]હું બડાઈ મારું છું, કારણ કે મને મારા વિષે ખાતરી છે. પરંતુ પ્રભુ જે રીતે વાત કરે તે રીતે હું વાત કરતો નથી. હું મૂર્ખની જેમ બડાશ મારું છું. [૧૮]દુનિયામાં ઘણા લોકો તેમના જીવન વિષે બડાશ મારે છે. જેથી હું પણ બડાશ મારીશ. [૧૯]તમે શાણા છો, તેથી હર્ષસહિત મૂર્ખાઓ સાથે તમે ધીરજ ધરશો. [૨૦]હું જાણું છું કે, તમે ધીરજવાન છો, કારણ કે જે માણસ તમને અમુક વસ્તુ કરવાની ફરજ પાડે છે અને તમારો લાભ લે છે. તેની સાથે પણ તમે ધીરજ ધરો છો. જે વ્યક્તિ તમને છેતરે, અથવા જે એમ માને કે તે તમારા કરતા સારો છે અથવા તમને મોંઢાં પર મારે તેની સાથે પણ તમે ધીરજવાન છો! [૨૧]મારે માટે આમ કહેવું શરમજનક છે, પરંતુ આવી વસ્તુ તમારી સાથે કરવા માટે અમે ઘણા જ "નિર્બળ " છીએ. પરંતુ જો કોઈ વ્યક્તિ બડાઈ મારવામાં બહાદુર હોઈ શકે, તો હું પણ બહાદુર બનીશ અને બડાશ મારીશ. (હું મૂર્ખની જેમ બોલું છું.) [૨૨]શું પેલા લોકો યહૂદી છે? હું પણ છું. શું તેઓ ઈસ્રાએલી છે? હું પણ છું. શું તેઓ ઈબ્રાહિમના કુટુંબના છે? હું પણ છું. [૨૩]શું તે લોકો ખ્રિસ્તની સેવા કરે છે? હું તેની વધારે સેવા કરુ છું. (હું આમ બોલવામાં ઘેલો છું.) મેં પેલા લોકો કરતાં વધારે સખત પરિશ્રમ કર્યો છે. ઘણીવાર હું જેલમાં પૂરાયો છું. હું ઘણો માર ખાઈને ઘાયલ થયો છું. હું ઘણીવાર લગભગ મૃત:પ્રાય બન્યો છું. [૨૪]પાંચવાર યહૂદી લોકોએ ૩૯ કોરડા મારવાની સજા મને કરી છે. [૨૫]ત્રણ વખત મેં લોખંડના સળિયાથી માર ખાધો. એકવાર પથ્થરોથી મને મારવામાં આવ્યો હતો. ત્રણ વખત હું એવા વહાણોમાં હતો જે તૂટી પડ્યા, અને એક વખત આખી રાત અને પછીનો દિવસ મેં દરિયામાં ગાળ્યો હતો. [૨૬]મેં ઘણીવાર મુસાફરી કરી છે. અને હું નદીઓ, લૂંટારાઓ અને મારા પોતાના લોકો (યહૂદીઓ)દ્વારા ભયમાં મૂકાયો છું. હું એવા લોકો દ્વારા પણ ભયમાં મૂકાયો છું. જેઓ બિનયહૂદી છે. હું શહેરોમાં, જ્યાં માનવ વસતો નથી ત્યાં, કે દરિયામાં પણ ભયમાં મૂકાયો છું. અને જે લોકો એમ કહે કે તેઓ મારા ભાઈઓ છે પણ ખરેખર ન હોય તેમના થકી પણ ભયમાં મૂકાયો છું. [૨૭]મેં સખત અને થકવી નાખનાર કામો કર્યા છે, અને ઘણીવાર હું સૂતો પણ નથી. હું ઘણીવાર ભૂખ્યો અને તરસ્યો રહ્યો છું. ઘણીવાર હું ઠંડીથી પીડાયો છું અને વસ્ત્રહીન રહ્યો છું. [૨૮]અને બીજી ઘણી સમસ્યાઓ છે. તેમાંની એક તે મારે બધી મંડળીઓની સંભાળ રાખવાની તે છે. દરરોજ હું તેમના વિષે ચિંતીત રહું છું. [૨૯]જ્યારે અન્ય વ્યક્તિ શીથિલ બને છે ત્યારે હું પણ શીથિલ બનું છું. જ્યારે અન્ય વ્યક્તિ પાપ તરફ દોરાય છે ત્યારે અંદરથી હું બળુ છું.

[૩૦]જો મારે બડાઈ મારવી જ હોય તો, હું એ વસ્તુની બડાઈ મારીશ જે બતાવે છે કે હું નિર્બળ છું. [૩૧]દેવ જાણે છે કે હું ખોટું નથી બોલતો. તે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો દેવ અને પિતા છે, અને સદાકાળ તેને સ્તુત્ય છે. [૩૨]જ્યારે હું દમસ્કમાં હતો, ત્યારે અરિતાસ રાજાનો હાકેમ મને કેદ કરવા માંગતો હતો. તેથી શહેરની આજુબાજુ તેણે રક્ષકો ગોઠવ્યા. [૩૩]પરંતુ કેટલાએક મિત્રોએ મને ટોપલામાં મૂક્યો અને પછી તે ટોપલો તેમણે દિવાલના બાકામાંથી મને નીચે ઉતાર્યો. અને તે રીતે હું હાકેમથી બચી ગયો.

### પાઉલના જીવનમાં વિશિષ્ટ આશીર્વાદ

**૧૨** મારે બડાશ મારવાનું ચાલું રાખવું જોઈએ. તે ખાસ મદદરૂપ નહિ થાય, પરંતુ હવે પ્રભુ તરફથી ઉદભવતા દર્શન અને પ્રકટીકરણ* વિષે હું વાત કરીશ. [૨]હું ખ્રિસ્તમય બનેલી એવી વ્યક્તિને જાણું છું, જેને ત્રીજા આકાશમાં લઈ જવામાં આવ્યો હતો. આ ૧૪ વર્ષ પહેલા બન્યું હતું. મને ખબર નથી કે તે માણસ તેના શરીરમાં હતો કે શરીરની બહાર હતો. પરંતુ દેવ જાણે છે. [૩-૪]અને મને ખબર છે કે આ

**પ્રકાશનો દૂત** દેવનો સંદેશવાહક. શેતાન લોકોને મૂર્ખ બનાવે છે તેથી તેઓ વિચારે કે તે દેવ તરફથી છે.

**પ્રકટીકરણ** છૂપાએલુ સત્ય ખૂલ્લુ કરવું (જાહેર કરવું) તે પ્રકટીકરણ છે.

વ્યક્તિને પારાદૈશમાં લઈ જવામાં આવ્યો. મને ખબર
નથી કે તે તેના શરીરમાં હતો કે તેના શરીરથી દૂર હતો.
પરંતુ તેણે એવી વસ્તુઓ સાંભળી હતી કે જે તે સમજાવી
શક્યો નથી. તેણે એવી વાતો સાંભળેલી કે જે કહેવાની
કોઈ વ્યક્તિને પરવાનગી નથી. ૫હું આવી વ્યક્તિ વિષે
બડાશ મારીશ. પરંતુ હું ફક્ત મારા પોતાના વિષે બડાશો
મારીશ નહિ. હું માત્ર મારી નબળાઈઓ વિષે બડાશ
મારીશ. ૬પરંતુ જો મારે મારી જાત વિષે બડાઈ મારવી
હોત તો, હું મૂર્ખ તો નહિ જ બનું. હું મૂર્ખ નહિ બનું
કારણ કે હું સત્ય કહેતો હોઈશ. પરંતુ હું મારી જાત
વિષે બડાઈ મારીશ નહિ. શા માટે? કારણ કે લોકો મને
જે કરતા જુએ છે અને જે કહેતા સાંભળે છે, તેથી
વિશેષ મારા માટે લોકો ધારે તેવી મારી ઈચ્છા નથી.

૭પરંતુ જે અદભુત વાતો મને બતાવવામાં આવી
છે. તેના માટે વધારે પડતો ગર્વ અનુભવવો ના જોઈએ.
તેથી કષ્ટદાયક સમસ્યા* મને આપવામાં આવી હતી.
તે સમસ્યા તે શેતાન તરફથી આવેલો દૂત છે. તેને મને
મારવા માટે અને વધુ પડતો ગર્વશાળી બનતો અટકાવવા
માટે મોકલવામાં આવ્યો હતો. ૮મેં આ સમસ્યા મારાથી
દૂર કરવા માટે પ્રભુને ત્રણ વાર પ્રાર્થના કરી. ૯પરંતુ
પ્રભુએ મને કહ્યુ કે, "મારી કૃપા તારે માટે પૂરતી છે.
જ્યારે તું નિર્બળ બને છે, ત્યારે મારું સામર્થ્ય તારી
નિર્બળતામાં સંપૂર્ણ થાય છે." તેથી મારી નબળાઈઓ
વિષે બડાશ મારતા હું ઘણો પ્રસન્ન છું. પછી ખ્રિસ્તની
શક્તિ મારામાં જીવશે. ૧૦તેથી જ્યારે મારામાં નબળાઈ
આવે છે, ત્યારે હું પ્રસન્ન થાઉં છું. મારા વિષે લોકો
જ્યારે ખરાબ બોલે છે, ત્યારે હું રાજી થાઉં છું. જ્યારે
મને મુશ્કેલી પડે છે ત્યારે પણ હું રાજી થાઉં છું. જ્યારે
લોકો મારી સાથે ખરાબ વર્તન કરે છે ત્યારે હું રાજી
થાઉં છું. અને જ્યારે મારી આગળ સમસ્યાઓ હોય છે
ત્યારે હું રાજી થાઉં છું. આ બધું જ ખ્રિસ્ત માટે છે.
અને હું આ બધાથી આનંદીત છું, કારણ કે જ્યારે હું
નિર્બળ હોઉં છું, ત્યારે હું મજબૂત હોઉં છું.

### કરિંથીના ખ્રિસ્તીઓ પ્રત્યે પાઉલનો પ્રેમ

૧૧હું મૂર્ખની જેમ વાત કરી રહ્યો હતો. પરંતુ તમે
મને એમ કરવા પ્રેર્યો. તમારે લોકોએ મારા વિષે સારું
બોલવું જોઈએ. મારું કોઈ મૂલ્ય નથી, પરંતુ તે "મહાન
પ્રેરિતો" નું મૂલ્ય મારા કરતા વધારે નથી! ૧૨હું જ્યારે
તમારી સાથે હતો ત્યારે મે એવા કામો કર્યા જે પૂરવાર
કરે કે હું પ્રેરિત છું–મેં ચિહ્નો બતાવ્યા, અદભૂત કાર્યો
અને પરાક્રમો કર્યા. મેં ઘણી ધીરજથી આ કામો કર્યા.
૧૩તેથી બીજી મંડળીઓને જે પ્રાપ્ત થયું તે બધું જ
તમને પ્રાપ્ત થયું. માત્ર એક બાબતમાં તફાવત હતો. હું
તમને બોજારૂપ નહોતો. આ માટે મને માફ કરશો!

૧૪હવે ત્રીજી વખત તમારી મુલાકાત લેવા માટે હું
તૈયાર છું. અને હું તમને બોજારૂપ બનીશ નહિ. તમારું
જે કાંઈ છે, તેમાંથી મારે કશું જ જોઈતું નથી. હું તમને
ઈચ્છું છું. બાળકોએ માતા પિતાને આપવા માટે કોઈ
બચાવવાની જરૂર નથી, માતા પિતાએ તેમના બાળકોને
આપવા બચાવવું જોઈએ. ૧૫મારી પાસે જે કાંઈ છે તે
તમને આપતા મને આનંદ થાય છે. હું મારી જાત સુદ્ધા
તમને આપીશ. જો હું તમને વધારે પ્રેમ કરું તો શું તમે
મને ઓછો પ્રેમ કરશો?

૧૬એ સ્પષ્ટ છે કે હું તમને બોજારૂપ નહોતો. હું
ચાલાક હતો અને તમને પકડવા જૂઠનો ઉપયોગ કરતો
હતો તેવું તમે વિચારો છો. ૧૭તમારા પ્રતિ મોકલેલા
કોઈ પણ માણસોનો ઉપયોગ કરીને શું તમને છેતર્યા
છે? ના! તમે જાણો છો મેં એમ નથી કર્યું. ૧૮મેં તિતસને
તમારી પાસે જવા કહ્યું અને અમારા બંધુને મેં તેની
સાથે મોકલ્યો. તિતસે તમને નથી છેતર્યા, ખરું ને? ના!
તમે જાણો છો કે મને અને તિતસને એક જ આત્માએ
દોર્યા છે. અને અમે એ જ માર્ગને અનુસર્યા છે.

૧૯તમે શું એમ માનો છો કે આ બધા સમય દરમ્યાન
અમે અમારો બચાવ કરીએ છીએ? ના. અમે ખ્રિસ્ત
થકી આ બધી વાતો કહીએ છીએ. અને દેવની સમક્ષ
અમે આ બધી વસ્તુ કહીએ છીએ. તમે મારા પરમ
મિત્રો છો. અને અમે જે કંઈ કરીએ છીએ તે તમને વધુ
સામર્થ્યવાન બનાવવા કરીએ છીએ. ૨૦હું આમ કરું છું
કારણ કે મને ભય છે કે હું તમને જેવા થવા ઈચ્છું છું
તેવા તમે હશો નહિ. જ્યારે હું આવું છું અને તમે મને
જેવો થવા ઈચ્છો છો તેવો હું હોઈશ નહિ. મને ભય છે
કે તમારા સમૂહમાં વિવાદ, ઈર્ષા, ક્રોધ, સ્વાર્થ, ઝઘડા,
દુષ્ટવાતો, ગપસપ, ઉધ્ધતાઈ અને મુંઝવણો હશે. ૨૧મને
ભય છે કે જ્યારે હું ફરીથી તમારી પાસે આવીશ ત્યારે
મારો દેવ મને તમારી આગળ નમ્ર બનાવશે. તમારામાંના
ઘણા દ્વારા મને વિષાદ થશે. જેઓએ અગાઉ પાપો કર્યા
છે તે માટે હું દિલગીર થઈશ. કારણ કે તેઓએ પસ્તાવો
કર્યો નથી. તથા તેઓએ તેઓના પાપી જીવન માટે
પશ્ચાતાપ કર્યો નથી. તેઓના વ્યભિચાર અને શરમજનક
કૃત્યો માટે પણ તેઓએ પશ્ચાતાપ નથી કર્યો.

---

**કષ્ટદાયક સમસ્યા** "દેહમાં કાંટો"

### આખરી ચેતવણી અને શુભકામના

**૧૩** હું ફરીથી તમારી પાસે આવીશ. આ ત્રીજી વખત હશે. અને યાદ રાખજો, "દરેક ફરિયાદ માટે બે કે ત્રણ વ્યક્તિ હોવી જોઈએ જે કહે કે તેઓ જાણે છે કે ફરિયાદ સાચી છે." ૨હું જ્યારે બીજીવાર તમારી સાથે હતો, ત્યારે જે લોકોએ પાપકર્મો કરેલા તેમને ચેતવણી આપી હતી. અત્યારે હું તમારાથી દૂર છું, અને બીજા બધા લોકો જેમણે પાપ કર્યા છે તેમને ચેતવણી આપું છું: જ્યારે ફરીથી હું તમારી પાસે આવીશ, ત્યારે તમારા પાપીકર્મો માટે હું તમને શિક્ષા કરીશ. ૩ખ્રિસ્ત મારા થકી બોલે છે તેની તમને સાબિતી જોઈએ છે. મારી સાબિતી એ છે કે તમને શિક્ષા કરવામાં ખ્રિસ્ત નિર્બળ નથી. પરંતુ તમારી વચ્ચે ખ્રિસ્ત સર્વશક્તિમાન છે. ૪તે સાચું છે કે જ્યારે ખ્રિસ્તને વધસ્તંભ પર મારી નાંખ્યો ત્યારે તે નિર્બળ હતો. પરંતુ અત્યારે તે દેવના સામર્થ્ય વડે જીવિત છે. અને તે સાચું છે કે ખ્રિસ્તમય આપણે નિર્બળ છીએ. પરંતુ તમારા માટે, દેવના સામર્થ્ય વડે અમે ખ્રિસ્તમાં જીવિત હોઈશું.

૫તમે પોતાને ધ્યાનથી જુઓ. તમે વિશ્વાસમાં છો કે નહિ તેની પરીક્ષા કરો. તમે જાણો છો કે ઈસુ ખ્રિસ્ત તમારામાં જીવે છે. પરંતુ જો તમે પરીક્ષામાં નિષ્ફળ જશો, તો ખ્રિસ્ત તમારામાં સમાવિષ્ટ નથી. ૬પરંતુ મને આશા છે કે તમે જોશો કે અમે પરીક્ષામાં નિષ્ફળ નથી ગયા.

૭અમે દેવને પ્રાર્થના કરીએ છીએ કે તમે કોઈ દુષ્કર્મો ન કરો. તે મહત્વનું નથી કે અમારી પરીક્ષણની સફળતા લોકો જુએ. પરંતુ એ મહત્વનું છે કે તમે જે યોગ્ય છે તે જ કરો, પછી ભલેને લોકો વિચારે કે અમે પરીક્ષણમાં નિષ્ફળ ગયા છીએ. ૮અમે સત્યની વિરુધ્ધ કશું જ કરી શકીએ નહિ. અમે માત્ર એ જ કરી શકીએ જે સત્ય માટે છે. ૯જો તમે શક્તિશાળી છો તો, નિર્બળ થવામાં અમને આનંદ છે. અને અમે પ્રાર્થના કરીએ છીએ કે તમે વધુ ને વધુ પ્રબળ બનો. ૧૦હું જ્યારે તમારી સાથે નથી ત્યારે આ વાતો લખું છું. હું લખું છું જેથી જ્યારે હું આવું ત્યારે તમને શિક્ષા કરવા માટે મારા સામર્થ્યનો ઉપયોગ ના કરવો પડે. પ્રભુએ મને તે સામર્થ્ય તમને પ્રબળ કરવા આપ્યું છે નહિ કે તમારો ધ્વંશ કરવા.

૧૧હવે, ભાઈઓ અને બહેનો, હું વિદાય લઈશ. સંપૂર્ણ થવાનો પ્રયત્ન કરજો. મેં તમને જે કરવાનું કહ્યું છે તે કરજો. એકબીજા સાથે માનસિક રીતે સહમત થાઓ અને શાંતિમાં રહો. પછી પ્રેમ અને શાંતિનો દેવ તમારી સાથે રહેશે.

૧૨જ્યારે તમે એકબીજાને સલામ કહો ત્યારે એકબીજાને પવિત્ર ચુંબન આપો. ૧૩દેવના બધા જ પવિત્ર લોકો તમને સલામ કહે છે.

૧૪પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા, દેવની પ્રીતિ, અને પવિત્ર આત્માની સંગત તમો સર્વની સાથે રહો.

# ગલાતીઓને પત્ર

**૧** પ્રેરિત પાઉલ તરફથી સલામ. પ્રેરિત થવા માટે હું માણસો તરફથી પસંદ નથી થયો. માણસોએ મને નથી મોકલ્યો. ના! ઈસુ ખ્રિસ્તે તથા દેવ બાપે મને પ્રેરિત બનાવ્યો છે. દેવ એક છે જેણે ઈસુને મૃત્યુમાંથી ઊઠાડયો. ૨ખ્રિસ્તમાં જેઓ મારી સાથે છે તેઓ તરફથી ગલાતિયામાંની* મંડળીઓને કુશળતા પાઠવું છું.

૩હું પ્રાર્થના કરું છું કે આપણા દેવ બાપ અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા પ્રતિ સૌમ્ય રહેશે અને તમને શાંતિ પ્રદાન કરશે. ૪આપણાં પાપો માટે ઈસુએ પોતાનું સ્વાર્પણ કર્યુ. આપણને આ અનિષ્ટ દુનિયા કે જેમાં આપણે જીવીએ છીએ. તેમાંથી મુક્તિ અપાવવા ઈસુએ આમ કર્યુ. આપણા દેવ બાપની આ ઈચ્છા હતી. ૫તેનો મહિમા સદાસર્વકાળ હોજો. આમીન.

### માત્ર એક જ સાચી સુવાર્તા છે

૬થોડા સમય પહેલા તેને અનુસરવાનું દેવે તમને આહવાન આપેલું. ઈસુમાંથી પ્રગટ થતી તેની કૃપા દ્વારા તેણે તમને આ આહવાન આપેલું પરંતુ હવે તમારા લોકોથી હું નવાઈ પામું છું! તમે તેનાથી વિમુખ થઈ રહ્યા છો. અને અન્ય પ્રકારની સુવાર્તાને અનુસરો છો. ૭વાસ્તવમાં બીજી કોઈ સાચી સુવાર્તા નથી. પરંતુ કેટલાએક લોકો તમને ગુંચવે છે. તેઓ ખ્રિસ્તની સુવાર્તામાં પરિવર્તન ઈચ્છે છે. ૮અમે તમને સાચી સુવાર્તા કહી છે. જેથી અમે પોતે કે આકાશમાંના દૂત પણ તમને ભિન્ન સુવાર્તા કહે તો તે શાપિત થાઓ! ૯મેં અગાઉ પણ તમને આ કહેલું અને ફરીથી કહું છું: તમે સાચી સુવાર્તાને કયારની અપનાવી લીધી છે. જો કોઈ પણ વ્યક્તિ તમને ઉદ્ધાર માટેનો જુદો રસ્તો બતાવે તો તે વ્યક્તિ શાપિત થાઓ.

૧૦હવે શું તમે એમ માનો છો કે લોકો મને અપનાવે તેવો પ્રયત્ન હું કરું છું? ના! દેવ એક છે જેને પ્રસન્ન કરવાનો હું પ્રયત્ન કરું છું. શું હું માણસોને રાજી કરવાનો પ્રયત્ન કરું છું? જો હું માણસોને રાજી કરવા માંગતો હોત, તો ઈસુ ખ્રિસ્તનો હું સેવક નથી.

### પાઉલની સત્તા દેવ તરફથી છે

૧૧પણ, ભાઈઓ, હું ઈચ્છું છું કે તમે જાણો કે જે સુવાર્તા મેં તમને પ્રગટ કરી છે તે માનવ સર્જીત નથી. ૧૨માનવ તરફથી મને સુવાર્તા પ્રાપ્ત નથી થઈ. કોઈ માનવીએ મને સુવાર્તા નથી શીખવી. ઈસુ ખ્રિસ્તે મને એ પ્રદાન કરી છે. તેણે મને એ સુવાર્તાના દર્શન કરાવ્યા કે જેથી તેનું કથન હું લોકોને કરું.

૧૩તમે મારા પાછલા જીવન વિષે સાંભળ્યું છે. હું યહૂદી ધર્મ પાળતો હતો. મેં દેવની મંડળીને ખૂબ સતાવી છે. મેં મંડળીનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો છે. ૧૪મારી ઉંમરના બીજા યહૂદીઓ કરતાં હું યહૂદી ધર્મની વધારે પ્રગતિ કરી રહ્યો હતો. બીજા યહૂદીઓ કરતા તે પરંપરાને અનુસરવા મેં વધારે પ્રયત્ન કર્યો છે.

૧૫પરંતુ મારા જન્મ પહેલા દેવની યોજના મારા માટે કોઈ ખાસ હતી. તેથી તેની કૃપાથી દેવે મને આહ્વાન આપ્યું. દેવ ઈચ્છતો હતો ૧૬કે તેના દીકરા (ઈસુ) વિષેની સુવાર્તા હું બિનયહૂદી લોકોને કહું. તેથી દેવે મને તેના દીકરા વિષે દર્શાવ્યું. જ્યારે દેવે મને બોલાવ્યો ત્યારે મેં કોઈ પણ માણસની સલાહ કે મદદ લીધી નહોતી. ૧૭હું યરૂશાલેમમાં પ્રેરિતોને મળવા નહોતો ગયો. આ લોકો મારા પહેલા પ્રેરિતો હતા. પરંતુ, રાહ જોયા વગર, હું અરબસ્તાન ગયો. પાછળથી હું દમસ્ક શહેરમાં પાછો ફર્યો.

૧૮ત્રણ વરસ પછી હું યરૂશાલેમ ગયો; મારે પિતરને મળવું હતું. હું પિતર સાથે ૧૫ દિવસ રહ્યો. ૧૯હું પ્રભુના ભાઈ યાકૂબ સિવાય, બીજા કોઈ પ્રેરિતોને મળ્યો નહિ. ૨૦દેવ જાણે છે કે આજે હું જે લખું છું, તે અસત્ય નથી. ૨૧પાછળથી હું સિરિયા અને કિલીકિયાના પ્રદેશોમાં ચાલ્યો ગયો.

૨૨યહૂદિયામાંની ખ્રિસ્તની મંડળીઓ પહેલા કદી મને મળી નહોતી. ૨૩તેઓએ માત્ર મારા વિષે આ સાંભળ્યું હતું કે: "આ માણસ આપણને ખૂબ સતાવતો હતો.

---

**ગલાતિયા** પાઉલે તેની પ્રથમ મિશનરી મુસાફરી દરમ્યાન શરુ કરેલ મંડળીઓનો વિસ્તાર. જુઓ પ્રે. કૃ. ૧૩ અને ૧૪.

પરંતુ હવે તે લોકોને તે જ વિશ્વાસ વિષે વાત કહે છે કે જેનો એક વખત નાશ કરવાનો તેણે પ્રયત્ન કરેલો." ૨૪આ વિશ્વાસીઓએ મારા કારણે દેવની સ્તુતિ કરી.

### અન્ય પ્રેરિતો દ્વારા પાઉલનો અંગીકાર

૨ ૧૪ વરસ પછી, હું ફરીથી યરૂશાલેમ ગયો. હું બાર્નાબાસ સાથે ગયો, અને તિતસને મેં જોડે લીધો. ૨હું ગયો કારણ કે દેવે મને બતાવ્યું કે મારે જવું જોઈએ. હું તે લોકો પાસે ગયો જેઓ વિશ્વાસીઓના અગ્રેસર હતા. જયારે અમે એકલા હતા ત્યારે, મેં આ લોકોને જે સુવાર્તાનો ઉપદેશ હું બિનયહૂદીઓને આપતો હતો તેના વિષે કહ્યું. આ લોકો મારું કાર્ય સમજે એવી મારી ઈચ્છા હતી, કે જેથી મારું ભૂતકાળનું કાર્ય અને અત્યારે જે કાર્ય હું કરું છું તે નિરર્થક ન જાય. ૩-૪તિતસ મારી સાથે હતો. તિતસ ગ્રીક છે. પરંતુ આ નેતાઓએ તિતસને પણ સુન્નત માટે દબાણ ન કર્યુ. અમારે આ સમસ્યાની ચર્ચા કરવાની જરૂર હતી, કારણ કે છૂપી રીતે કેટલાએક જૂઠા ભાઈઓ અમારા સમૂહમાં ઘૂસી ગયા હતા. ખ્રિસ્ત ઈસુ તરફથી અમારી જે સ્વતંત્રતા હતી તે વિષે શોધી કાઢવા જાસૂસની જેમ તેઓ ઘૂસી ગયા હતા. ૫પરંતુ તે જૂઠા ભાઈઓ જે માંગતા હતા, તેવી કોઈ પણ બાબત અંગે અમે સહમત થયા નહિ! તમારા માટે સુવાર્તાનું સત્ય સતત રહે તેવું અમે ઈચ્છતા હતા.

૬તે લોકો જે મહત્વના દેખાતા હતા, તેઓએ હું જે સુવાર્તાનો ઉપદેશ આપતો હતો તેને બદલ્યો નહોતો. (તેઓ "મહત્વના" હતા કે નહિ તે મારે માટે કોઈ બાબત ન હતી. દેવ સમક્ષ સર્વ સમાન છે.) ૭પરંતુ આ આગેવાનોએ જોયું કે પિતરની જેમ દેવે મને વિશિષ્ટ કાર્ય સોંપ્યું છે. યહૂદીઓને સુવાર્તા કહેવાનું કામ દેવે પિતરને આપ્યું હતું. પરંતુ બિનયહૂદીઓને સુવાર્તા કહેવાનું કામ દેવે મને સોંપ્યું હતું. ૮દેવે પિતરને પ્રેરિત તરીકે કામ કરવાની શકિત આપી હતી. પિતર યહૂદીઓ માટેના પ્રેરિત છે. દેવે મને પણ પ્રેરિત તરીકે કામ કરવાની શકિત આપી હતી. પરંતુ જે લોકો યહૂદી નથી તેમના માટે હું પ્રેરિત છું. ૯યાકૂબ, પિતર, અને યોહાનને આગેવાનો તરીકે ગણવામાં આવ્યા છે. તેઓએ જોયું કે દેવે મને આ વિશિષ્ટ કૃપા (દાન) આપી છે. તેથી તેઓએ મારો અને બાર્નાબાસનો સ્વીકાર કર્યો. પિતર, યાકૂબ, અને યોહાને કહ્યું કે, "પાઉલ અને બાર્નાબાસ, તમે જે લોકો યહૂદી નથી તેઓની પાસે જાઓ તેની સાથે અમે સહમત છીએ. અમે યહૂદીઓ પાસે જઈશું." ૧૦તેઓએ અમને માત્ર એક કામ કરવાનું કહ્યું કે દરિદ્રી લોકોને મદદ કરવાનું યાદ રાખો અને આ છે જે હું ખરેખર કરવા ઈચ્છું છું.

### પિતર ખોટો હતો તે પાઉલ બતાવે છે

૧૧પિતર અંત્યોખ આવ્યો. તેણે એવું કાંઈક કર્યુ જે યોગ્ય નહોતું. હું પિતરની વિરુદ્ધ ગયો કારણ કે તે ખોટો હતો. ૧૨તે આમ બન્યું: જ્યારે પિતર સૌ પ્રથમ અંત્યોખ આવ્યો, ત્યારે તે બિનયહૂદી લોકો સાથે જમ્યો અને બિનયહૂદીઓ સાથે સંલગ્ન થયો. પરંતુ પછી કેટલાએક યહૂદી માણસોને યાકૂબે મોકલ્યા. જ્યારે આ યહૂદી લોકો આવ્યા ત્યારે, પિતરે બિનયહૂદીઓ સાથે જમવાનું બંધ કર્યુ. પિતર બિનયહૂદીઓથી અલગ થઈ ગયો. તે યહૂદીઓથી ગભરાતો હતો જેઓ માનતા હતા કે બધા જ બિનયહૂદીઓની સુન્નત કરવી જોઈએ. ૧૩તેથી પિતર ઢોંગી હતો. અને અન્ય યહૂદી વિશ્વાસીઓ પિતર સાથે જોડાયા. તેઓ પણ ઢોંગી હતા. બાર્નાબાસ પણ આ યહૂદી વિશ્વાસીઓ જે કરતા હતા તેમના પ્રભાવ નીચે આવી તે પણ ઢોંગથી વર્તવા લાગ્યો. ૧૪મેં જોયું કે આ યહૂદીઓ શું કરતાં હતાં. તેઓ સુવાર્તાના સત્યને અનુસરતા નહોતા. તેથી બીજા બધા યહૂદીઓ હું જે બોલું છું તે સાંભળી શકે તે રીતે મેં પિતર જોડે વાત કરી. મેં આ કહ્યું, "પિતર, તું યહૂદી છે. પરંતુ યહૂદી જેવું જીવન જીવતો નથી. તું બિનયહૂદી જેવું જીવન જીવે છે. તો હવે તું શા માટે બિનયહૂદીઓને યહૂદીઓ જેવું જીવન જીવવા માટે દબાણ કરે છે?"

૧૫આપણે યહૂદીઓ બિનયહૂદીઓ અને પાપીઓ તરીકે નહોતા જન્મ્યા. આપણે યહૂદીઓ તરીકે જન્મ્યા હતા. ૧૬આપણે જાણીએ છીએ કે નિયમને અનુસરવાથી વ્યકિત દેવને યોગ્ય નથી બનતી. ના! ઈસુ ખ્રિસ્તમાં રહેલ વ્યકિતનો વિશ્વાસ વ્યકિતને દેવ સાથે ન્યાયી બનાવે છે. તેથી આપણે ઈસુ ખ્રિસ્તમાં આપણો વિશ્વાસ મૂક્યો, કારણ કે આપણે દેવ માટે ન્યાયી બનવા માંગતા હતા. અને આપણે દેવને યોગ્ય છીએ કારણ કે આપણે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ મૂક્યો અને નહિ કે આપણે નિયમને અનુસર્યા. આ સત્ય છે કારણ કે નિયમને અનુસરવાથી કોઈ વ્યકિત દેવ ને યોગ્ય ન બની શકે.

૧૭આપણે યહૂદીઓ દેવને યોગ્ય થવા માટે ખ્રિસ્ત પાસે આવ્યા. તેથી એ સ્પષ્ટ છે કે આપણે પણ પાપી હતા. શું એનો અર્થ એ કે ખ્રિસ્તે આપણને પાપી બનાવ્યા? ના! ૧૮પરંતુ જે મેં છોડી દીધું છે તેનું શિક્ષણ (નિયમનું)

આપવાની જો ફરીથી શરૂઆત કરીશ તો તે મારા માટે ખોટું થશે. ૧૯મેં નિયમ માટે જીવવાનું બંધ કર્યુ છે. નિયમે જ પોતે મને મારી નાખ્યો. હું નિયમ માટે મૃત્યુ પામ્યો અને તેથી જ હું દેવ માટે જીવી શક્યો. હું ખ્રિસ્ત સાથે વધસ્તંભ પર મૃત્યુ પામ્યો. ૨૦જેથી જે જીવન અત્યારે હું જીવું છું તે હું નથી–તે ખ્રિસ્ત મારામાં જીવન જીવે છે. ભૌતિક શરીરથી હું જીવું છું. પરંતુ દેવના દીકરા (ઈસુ)પરના વિશ્વાસ થકી હું જીવું છું. ઈસુ એ છે કે જેણે મને પ્રેમ કર્યો. તેણે મારા ઉદ્ધાર માટે પોતાને અર્પણ કર્યો. ૨૧આ દેવની કૃપા છે, અને મારા માટે તે ઘણી મહત્વની છે. શા માટે? કારણ કે જો નિયમ આપણને દેવને પાત્ર બનાવી શકતો હોત, તો ખ્રિસ્તને મરવું ના પડત.

### દેવનો આશીર્વાદ વિશ્વાસથી ઉદ્દભવે છે

૩ તમને ગલાતીઓના લોકોને ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ પરના મૃત્યુ વિષે સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. પરંતુ તમે ઘણા મૂર્ખ હતા. તમે કોઈકનાથી છેતરાયા. ૨મને આ એક વાત કહો: તમે પવિત્ર આત્મા કેવી રીતે પ્રાપ્ત કર્યો? શું નિયમનું પાલન કરીને તમે આત્મા પામ્યા? ના! તમે આત્માને પામ્યા કારણ કે તમે સુવાર્તાને સાંભળી અને તેમાં વિશ્વાસ કર્યો. ૩તમેં આત્મા સાથેના તમારા ખ્રિસ્તમય જીવનની શરૂઆત કરી. હવે તમે તમારી શકિતથી તેનું સાતત્ય જાળવવાનો પ્રયત્ન કરો છો? તે નરી મૂર્ખતા છે. ૪તમને ઘણી બાબતોનો અનુભવ થયો છે. શું તે બધો અનુભવ નિરર્થક થયો? હું આશા રાખું છું કે તે નિરર્થક નથી ગયો! ૫દેવે તમને આત્માનું દાન એટલે કર્યુ કે તમે નિયમને અનુસર્યા હતા? ના! શું દેવે તમારી વચ્ચે ચમત્કારો એટલા માટે કર્યા કે તમે નિયમને અનુસર્યા હતા? ના! દેવે તમને તેનો આત્મા આપ્યો છે અને તમારી વચ્ચે ચમત્કારો કર્યા છે કારણ કે તમે સુવાર્તા સાંભળી છે અને તેમાં તમે વિશ્વાસ કર્યો.

૬પવિત્રશાસ્ત્ર ઈબ્રાહિમ વિષે આજ કહે છે. "ઈબ્રાહિમે દેવમાં વિશ્વાસ રાખ્યો. અને દેવે ઈબ્રહિમના વિશ્વાસનો સ્વીકર કર્યો આને કારણે ઈબ્રાહિમ દેવને યોગ્ય બન્યો."* ૭તેથી તમારે જાણવું જોઈએ કે ઈબ્રહિમના સાચા સંતાનો એ છે જેઓને વિશ્વાસ છે. ૮પવિત્રશાસ્ત્રએ જણાવ્યું છે કે ભવિષ્યમાં શું થશે. આ લખાણે જણાવ્યું કે દેવ બિનયહૂદી લોકોને તેઓના વિશ્વાસ થકી યોગ્યતા પ્રદાન કરશે આ સુવાર્તા ઈબ્રાહિમને પહેલા જણાવેલ હતી, પવિત્રશાસ્ત્ર આમ કહે છે કે: "ઈબ્રાહિમ, પૃથ્વીના બધા લોકોને ધન્ય કરવા માટે દેવ તારો ઉપયોગ કરશે."* ૯ઈબ્રાહિમે આ માન્યું. ઈબ્રાહિમ વિશ્વાસ કરતો હતો તેથી તે આશીર્વાદ પામ્યો. અને એ જ રીતે આજે પણ જે ઈબ્રાહિમની માફક વિશ્વાસીઓ છે તેઓ પણ આશીર્વાદ પામે છે બધા જ લોકો ઈબ્રાહિમની માફક જેમને વિશ્વાસ છે તેમને ઈબ્રાહિમની જેમ આશીર્વાદ મળે છે. ૧૦પરંતુ યોગ્યતા પ્રાપ્ત કરવા જે લોકો નિયમોનો આધાર લે છે તેઓ શાપિત છે. શા માટે? કારણ કે પવિત્ર શાસ્રો કહે છે કે, "જે દરેક વસ્તુ નિયમશાસ્ત્રમાં લખેલ છે, તે બધી જ વસ્તુઓ વ્યક્તિએ કરવી જોઈએ. જો તે કાયમ આજ્ઞાનું પાલન નહિ કરે તો તે શાપિત થશે."* ૧૧તેથી એ સ્પષ્ટ છે કે નિયમ દ્વારા કોઈ પણ વ્યકિત દેવને યોગ્ય બની શકે નહિં. પવિત્ર શાસ્રો કહે છે કે, "જે વ્યક્તિ વિશ્વાસથી દેવને યોગ્ય છે તે વિશ્વાસથી જીવશે."* ૧૨નિયમ વિશ્વાસનો ઉપયોગ નથી કરતો; તે જુદો માર્ગ અપનાવે છે. નિયમ કહે છે, "જે વ્યકિતને આ વસ્તુઓ (નિયમ) ને અનુસરીને જીવવાની ઈચ્છા રાખે છે, જે નિયમ કહે છે તે તેણે કરવું જ જોઈએ."* ૧૩નિયમે આપણને અભિશાપિત કર્યા છે. પરંતુ ખ્રિસ્તે આપણને તે શાપમાંથી મુકત કર્યા. તેણે આપણા સ્થાન બદલી નાખ્યા. ખ્રિસ્ત પોતે શાપિત થયો. પવિત્રશાસ્ત્રમાં લખ્યું છે કે, "જ્યારે વ્યકિતનું શરીર વૃક્ષ ઉપર મૂકવામાં આવે (લટકે), ત્યારે તે શાપિત છે."* ૧૪ખ્રિસ્તે આ કર્યુ જેથી દેવનો આશીર્વાદ બધા જ લોકોને પ્રદાન થાય. દેવે આ આશીર્વાદનું ઈબ્રાહિમને વચન આપ્યું હતું. ઈસુ ખ્રિસ્ત તરફથી આશીર્વાદ આવે છે. ઈસુ મૃત્યુ પામ્યો જેથી આપણને પવિત્ર આત્મા જેનું દેવે વચન આપ્યું હતું તે આપણને પ્રાપ્ત થાય. વિશ્વાસથી આપણને આ વચન પ્રાપ્ત થયું છે.

### નિયમ અને વચન

૧૫ભાઈઓ અને બહેનો, મને એક ઉદાહરણ આપવા દો: એક વ્યકિત બીજી વ્યકિત સાથે માન્ય કરાર કરે તે

---

**"ઈબ્રાહિમે દેવમાં ... યોગ્ય બન્યો"** ઉત. ૧૫:૬

**"ઈબ્રાહિમ પૃથ્વી ... તારો ઉપયોગ કરશે"** ઉત. ૧૨:૭

**"જે આજ્ઞાઓ ... કરે તો તે શાપિત થશે"** પુન. ૨૭:૨૬

**"જે વ્યકિત વિશ્વાસથી દેવ ... જીવશે"** હબા. ૨:૪

**"જે વ્યકિત આ વસ્તુઓ ... તેણે કરવું જ જોઈએ"** લે. ૧૮:૫

**"જયારે વ્યકિતનું શરીર ... તે શાપિત છે"** પુન. ૨૧:૨૨–૨૩ કહે છે કે જયારે વ્યકિત ખરાબ કાર્ય કરવાથી માર્યો જતો ત્યારે તે શાપિત છે તેવું દર્શાવવા તેનું શરીર ઝાડ પર ટંગાયેલું રહેતું. પાઉલના મતે ઈસુનો વધસ્તંભ પણ તેના જેવો છે.

વિષે વિચારો. એક વાર તે માન્ય કરાર કાયદેસરનો બને પછી, કોઈ પણ વ્યકિત તે માન્ય કરારને અટકાવી નથી શકતી. અથવા તેમાં કશો ઉમેરો કરી શકતી નથી. [૧૬]દેવે ઈબ્રાહિમ અને તેના વંશજને વચનો આપ્યા. દેવે ન હોતું કહ્યું કે, "તારા સંતાનોને." (એનો અર્થ ઘણા લોકો થઈ શકે પરંતુ દેવે કહ્યું કે,"તારા સંતાનને." આનો અર્થ માત્ર એક જ વ્યકિત; અને તે વ્યકિત ખ્રિસ્ત છે.) [૧૭]હું આમ કહેવા માંગુ છું: દેવે જે કરાર ઈબ્રાહિમને આપ્યો, તે નિયમના આગમનના ઘણા પહેલા અધિકૃત બનાવાયો હતો. ૪૩૦ વરસ પછી નિયમ ઉદભવ્યો. તેથી નિયમ કરારને છીનવી શકે નહિ, અને દેવ ઈબ્રાહિમને આપેલા વચનને બદલી શકે નહિ. [૧૮]દેવે જે વચનો આપ્યાં હતાં તે નિયમને અનુસરવાથી આપણે મેળવી શકીશું? ના! જો આપણે તે વારસો નિયમને અનુસરવાથી મેળવી શકીશું, તો પછી તે દેવના વચનનું પરિણામ નથી. પરંતુ પોતાના વચનથી દેવે મુક્ત રીતે ઈબ્રાહિમને આશીર્વાદિત કર્યો.

[૧૯]તો નિયમ શા માટે હતો? લોકો જે ખરાબ કૃત્યો કરે છે તે બતાવવા નિયમ આપવામાં આવ્યો હતો, જ્યાં સુધી ઈબ્રાહિમના વિશિષ્ટ વંશજ આવ્યો ત્યાં સુધી નિયમ ચાલુ રહ્યો. દેવનું આ વચન આ વંશજ (ખ્રિસ્ત) માટેનું હતું. દૂતો થકી નિયમનું પ્રદાન થયું હતું. દૂતોએ લોકોને નિયમ આપવા મૂસાનો મધ્યસ્થ* તરીકે ઉપયોગ કર્યો હતો. [૨૦]પરંતુ જ્યારે એક જ પક્ષ છે, અને દેવ પણ એક જ છે ત્યારે મધ્યસ્થની જરૂર પડતી નથી.

## મૂસાના નિયમનો હેતુ

[૨૧]શું આનો અર્થ એવો થાય કે નિયમ દેવનાં વચનોથી વિરુદ્ધ છે? ના! જો એવો નિયમ હોત કે જે લોકોને જીવન બક્ષી શકે, તો નિયમને અનુસરવાથી આપણે યોગ્યતા પ્રાપ્ત કરી શકીએ. [૨૨]પરંતુ આ સાચું નથી કારણ કે નિયમશાસ્ત્ર કહે છે કે, બધા જ લોકો પાપના બંધનથી બંધાયેલા છે. પવિત્રશાસ્ત્ર આમ શા માટે કહે છે? તેથી કે જેથી વિશ્વાસ થકી લોકોને વચનનું પ્રદાન થઈ શકે. જે લોકોને ખ્રિસ્ત ઈસુમાં વિશ્વાસ છે તેઓને વચન આપવામાં આવ્યું છે.

[૨૩]આ વિશ્વાસ આવ્યો તે પહેલા, આપણે બધા નિયમના કેદી હતા. જ્યાં સુધી દેવે આપણને વિશ્વાસનો આવી રહેલો માર્ગ ના બતાવ્યો, ત્યાં સુધી આપણે બધા મુક્ત ન હતા. [૨૪]તેથી જ્યાં સુધી ખ્રિસ્ત ના આવ્યો, નિયમ આપણો બાળશિક્ષક હતો. ખ્રિસ્તના આવ્યા પછી, વિશ્વાસ દ્વારા આપણે દેવ સાથે ન્યાયી બની શકયા. [૨૫]હવે વિશ્વાસનો માર્ગ આવ્યો છે. તેથી હવે આપણે નિયમની નીચે જીવતા નથી.

[૨૬-૨૭]તમે બધા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા છો. તેથી તમે બધાએ ખ્રિસ્ત સાથે વસ્રો પરિધાન કર્યા છે આ બતાવે છે કે ખ્રિસ્ત ઈસુમાં વિશ્વાસ દ્વારા તમે બધાં દેવના બાળકો છો. [૨૮]હવે યહૂદી અને બિનયહૂદી વચ્ચે કોઈ તફાવત નથી. ગુલામ અને મુકત વ્યકિત વચ્ચે કોઈ તફાવત નથી. પુરુષ અને સ્રી વચ્ચે કોઈ તફાવત નથી. ખ્રિસ્ત ઈસુમાં બધાં એક સમાન છો. [૨૯]તમે ખ્રિસ્તનાં છો તેથી ઈબ્રાહિમના સંતાન છો. દેવે ઈબ્રાહિમને આપેલા વચન થકી તમે બધા દેવના આશીર્વાદ પ્રાપ્ત કરો છો.

૪ મારે તમને આ કહેવું છે: જ્યાં સુધી વારસદાર બાળક છે, ત્યાં સુધી તેનામાં અને ગુલામમાં કોઈ ફેર નથી. એનો કશો જ અર્થ નથી કે વારસદાર બધી જ વસ્તુનો માલિક છે. શા માટે? [૨]કારણ કે જ્યાં સુધી તે બાળક છે, તેણે જે લોકોને તેની સંભાળ રાખવા પસંદ કર્યા છે તેમની આજ્ઞાનું પાલન કરવું જ પડે છે. પરંતુ બાળક જ્યારે તેના પિતાએ નક્કી કરેલી ઉંમરનો થાય છે ત્યારે તે મુકત બને છે. [૩]આપણે માટે પણ આવું જ છે. આપણે એક સમયે બાળકો જેવા હતા. આપણે આ દુનિયાના બિનઉપયોગી કાયદાઓના ગુલામ હતા. [૪]પરંતુ જ્યારે યોગ્ય સમય આવ્યો, દેવે તેના દીકરાને મોકલ્યો. દેવના દીકરાનો જન્મ એક સ્રી થકી થયો. દેવનો દીકરો નિયમની આધિનતા પ્રમાણે જીવ્યો. [૫]દેવે આમ કર્યુ કે જેથી જે લોકો નિયમને આધિન હતા તેમની સ્વતંત્રતા ખરીદી શકે. દેવનો હેતુ આપણને તેના સંતાન બનાવવાનો હતો.

[૬]તમે દેવના સંતાન છો. તેથી દેવે આપણા હૃદયમાં પોતાના પુત્રનો આત્મા મોકલ્યો છે, જે "અબ્બા, બાપ" એમ કહીને હાંક મારે છે. [૭]તેથી તમે હવે પહેલાની જેમ ગુલામ નથી. તમે દેવનું બાળક છો. તમે દેવના બાળકો છો તેથી તેણે જે વચન આપ્યું છે તે તમને આપશે.

## ગલાતીઆના ખ્રિસ્તીઓ પ્રત્યે પાઉલનો પ્રેમ

[૮]ભૂતકાળમાં તમે દેવને જાણતા ન હતા. તમે જે સાચા દેવો નથી તેના ગુલામ હતા. [૯]પરંતુ હવે તમે સાચા દેવને જાણો છો. ખરેખર, તે એ દેવ જે તમને જાણે છે. તો તમે શા માટે તમે તે નિર્બળ અને

---

**મધ્યસ્થ** એક વ્યકિત બીજી વ્યકિતને બોલવા મદદ કરે છે અથવા બીજી વ્યકિતને કંઈક આપે છે.

બિનઉપયોગી ઉપદેશના નિયમો કે જેનું તમે ભૂતકાળમાં પાલન કરતાં હતા તેના તરફ ફરીથી ઈચ્છા રાખીને તેઓની ભણી બીજી વાર શા માટે ફરો છો? તમે ફરીથી શું તે વસ્તુના ગુલામ થવા ઈચ્છો છો? [10]હજુ પણ તમે વિશિષ્ટ દિવસો, મહિનાઓ, ઋતુઓ અને વરસો વિષેના નિયમના શિક્ષણને અનુસરો છો. [11]મને તમારા માટે ભય લાગે છે. મને ભય લાગે છે કે તમારા માટે મેં કરેલું કાર્ય નિરર્થક ગયું છે.

[12]ભાઈઓ અને બહેનો, હું તમારા જેવો જ હતો; તેથી તમે મારા જેવા મહેરબાની કરીને બનો. પહેલા તમે મારી સાથે ઘણા સારા હતા. [13]તમે યાદ કરો સૌ પ્રથમ હું તમારી પાસે કેમ આવ્યો હતો. કારણ કે હું માંદો હતો. તે સમયે મેં તમને સુવાર્તા પ્રગટ કરી. [14]મારી માંદગી તમારા ઉપર બોજારૂપ બની હતી. પરંતુ તમે મને ધિક્કાર્યો નહોતો. તમે મારાથી દૂર નાસી ગયા નહોતા. તમે મને દેવના દૂતની જેમ આવકાર્યો હતો. જાણે કે હું પોતે જ દેવનો દૂત હોઉં તે રીતે તમે મને અપનાવ્યો હતો. અને હું પોતે જ ઈસુ ખ્રિસ્ત હોઉં તેમ તમે મને સ્વીકાર્યો! [15]તે સમયે તમે ઘણા આનંદીત હતા. હવે તે ઉલ્લાસ ક્યાં ગયો? મને યાદ છે કે તમે મારી મદદ માટે શક્ય કંઈ પણ કરવા ઈચ્છતા હતા. જો તે શક્ય હોત તો તમે તમારા ચક્ષુઓ ખેંચી કાઢીને મને આપી દીધા હોત. [16]હવે જ્યારે હું તમને સત્ય કહું છું ત્યારે શું હું તમારો દુશ્મન છું?

[17]તમને સમજાવવા તે લોકો ઘણો પરિશ્રમ કરે છે. પણ એ તમારા પોતાના ભલા માટે નથી. અમારી વિરુદ્ધ જવા તે લોકો તમને સમજાવે છે. તેઓ માત્ર તેમને જ અને બીજા કોઈને નહિ અનુસરો તેવું ઈચ્છે છે. [18]લોકો તમારામાં રસ દાખવે તે સારું છે, જો તેમનો હેતુ શુદ્ધ હોય તો. આ હંમેશા સાચું છે. આ હું તમારી સાથે હોઉં કે તમારાથી દૂર હોઉં, સાચું છે. [19]મારા નાનાં બાળકો, ફરીથી મને તમારા માટે પીડા થાય છે જે રીતે માતાને બાળકને જન્મ આપતી વખતે થાય તે રીતે. મને આવી લાગણી થશે જ્યાં સુધી તમે ખ્રિસ્ત જેવાં નહિ બનો. [20]મારી ઈચ્છા છે કે અત્યારે હું તમારી સાથે હોઉં તે યોગ્ય છે. તો કદાચ હું તમારી સાથે હોઉં, અને મારી બોલવાની ઢબ બદલી શકું. અત્યારે મને ખબર નથી મારે તમારું શું કરવું.

**હાગાર અને સારાનું દષ્ટાંત**

[21]તમારામાંના ઘણા હજુ પણ મૂસાના નિયમ નીચે રહેવા માંગે છે. મને કહો, તમને ખબર છે કે નિયમ શું કહે છે? [22]પવિત્રશાસ્ત્ર કહે છે કે ઈબ્રાહિમને બે પુત્રો હતા. એક પુત્રની મા ગુલામ સ્ત્રી હતી. બીજા પુત્રની મા મુક્ત સ્ત્રી હતી. [23]ગુલામ સ્ત્રીથી ઈબ્રાહિમનો પુત્ર માનવ જન્મે તેવી કુદરતી રીતે જન્મેલો હતો. પરંતુ મુક્ત સ્ત્રીથી જન્મેલો પુત્ર દેવે ઈબ્રાહિમને વચન આપેલું તેના થકી જન્મેલો.

[24]આ સાચી વાર્તા આપણે માટે એક ચિત્ર ઊભું કરે છે. બે સ્ત્રી, દેવ અને માણસ વચ્ચેના બે કરાર જેવી છે. એક કરાર જે દેવે સિનાઈ પર્વત* પર સર્જયો. જે લોકો આ કરાર નીચે છે તેઓ ગુલામ જેવા છે. મા કે જેનું નામ હાગાર હતું તે આ કરાર જેવી છે. [25]તેથી હાગાર તે અરબસ્તાનમાંના સિનાઈ પર્વત જેવી છે. તે યહૂદીઓની દુન્યવી નગરી યરૂશાલેમનું ચિત્ર છે. આ નગરી ગુલામ છે અને તેના બધા લોકો નિયમના ગુલામ છે. [26]પરંતુ સ્વર્ગીય યરૂશાલેમ જે ઉપર છે તે મુક્ત સ્ત્રી જેવું છે. આ આપણી માતા છે. [27]પવિત્ર શાસ્ત્રમાં લખ્યું છે:

"સ્ત્રી કે જે બાળકોને જન્મ નથી આપી શકતી,
તે તું આનંદ કર. તેં કદી જન્મ આપ્યો નથી.
આનંદથી પોકાર અને હર્ષનાદ કર! પ્રસુતિની
પીડાનો તેં કદી અનુભવ કર્યો નથી. સ્ત્રી જે એકલી
મૂકાયેલી છે તેને વધુ બાળકો હશે જે સ્ત્રીને પતિ
છે તેના કરતાં પણ વધારે."

*યશાયા ૫૪:૧*

[28-29]ઈબ્રાહિમનો એક પુત્ર કુદરતી રીતે જન્મ્યો હતો. ઈબ્રાહિમનો બીજો પુત્ર (ઈસહાક) આત્માની શક્તિથી જન્મ્યો હતો. તે જન્મ્યો હતો દેવના વચનને કારણે. મારા ભાઈઓ અને બહેનો, તમે પણ તે વખતે જેમ ઈસહાક હતો તેમ વચન થકી જન્મેલા બાળકો છો. જે કુદરતી રીતે જન્મેલો તે પુત્રએ બીજા પુત્ર સાથે દુર્વ્યવહાર કર્યો. આજે પણ તેવું જ છે. [30]પરંતુ પવિત્રશાસ્ત્ર શું કહે છે? "ગુલામ સ્ત્રી અને તેના પુત્રને કાઢી મૂક! મુક્ત સ્ત્રીનો પુત્ર તેના પિતા પાસે છે તે બધું જ મેળવશે. પરંતુ ગુલામ સ્ત્રીના પુત્રને કશું જ મળશે નહિ.* [31]તો મારા ભાઈઓ અને બહેનો, આપણે ગુલામ સ્ત્રીના સંતાન નથી. આપણે મુક્ત સ્ત્રીના સંતાન છીએ.

---

**સિનાઈ પર્વત** અરબસ્તાનમાંનો પર્વત જયાં દેવે તેના નિયમો મૂસાને આપ્યાં (નિ. ૧૯ અને ૨૦).

**"ગુલામ સ્ત્રી અને ... કશું જ મળશે નહિ"** ઉત. ૨૧:૧૦.

### તમારી સ્વતંત્રતા જાળવી રાખો

૫ સ્વતંત્રતામાં જીવવા ખ્રિસ્તે આપણને મુક્ત
બનાવ્યા. તેથી દઢ રહો, બદલાશો નહિ અને
નિયમની ગુલામી તરફ પાછા ન વળશો. ૨સાંભળો! હું
પાઉલ છું. હું તમને કહું છું કે સુન્નત કરાવીને તમે
નિયમ તરફ પાછા ફરશો, તો પણ તમને ખ્રિસ્તનું કોઈ
મહત્વ નથી. ૩ફરીથી હું દરેક માણસને ચેતવું છું: જો
તમે સુન્નતને આવકારી, તો તમારે બધા જ નિયમો
અનુસરવા જોઈએ. ૪નિયમશાસ્ત્ર થકી જો તમે દેવ સાથે
ન્યાયી થવાનો પ્રયત્ન કરશો, તો ખ્રિસ્ત સાથેના તમારા
જીવનનો અંત આવશે તમે દેવની કૃપાથી વિમુખ થયા
છો. ૫પરંતુ અમે આશા રાખીએ છીએ. દેવની સાથે
ન્યાયી બનીશું. અને અમે આ માટે આત્મા દ્વારા આશાની
રાહ જોઈએ છે. ૬જ્યારે વ્યક્તિ ઈસુ ખ્રિસ્તમય બને
છે, ત્યારે તેની સુન્નત થઈ છે કે નહિ તે મહત્વનું
નથી. મહત્વનો તે વિશ્વાસ છે, એ પ્રકારનો વિશ્વાસ કે
જે તેની જાતે પ્રેમ દ્વારા વ્યક્ત થાય છે.

૭તમે સારી રીતે દોડી રહ્યા હતા. તમે સત્યથી
આજ્ઞાંકિત હતા. તમને કોણે હવે વધુ લાંબા સમય માટે
સત્યનો માર્ગ નહિ અનુસરવા સમજાવ્યા? ૮એ એક
(દેવ) જેણે તમને પસંદ કર્યા છે તેના તરફથી તો તે
સમજાવટ નથી જ આવી. ૯સાવધ રહેજો! "માત્ર થોડું
ખમીર આખા લોદાને ફુલાવે છે." ૧૦મને પ્રભુમાં
વિશ્વાસ છે કે તમે તે જુદા વિચારોમાં માનશો નહિ. તે
વિચારોથી કેટલાક લોકો તમને મૂંઝવણમાં મૂકે છે. તે
વ્યક્તિ જે કોઈ હશે તેને શિક્ષા થશે.

૧૧મારા ભાઈઓ અને બહેનો, લોકોએ સુન્નત
કરાવવી જ જોઈએ તેવો ઉપદેશ હું આપતો નથી. જો હું
સુન્નતનો ઉપદેશ આપતો હોઉં તો મને શા માટે સતાવાય
છે? જો હજુ પણ હું એવો ઉપદેશ આપતો હોઉં કે
લોકોએ સુન્નત કરાવવી જ જોઈએ, તો વધસ્તંભ માટેના
મારા ઉપદેશ માટે કોઈ સમસ્યા નથી. ૧૨હું ઈચ્છું છું કે
જે લોકો તમારી કનડગત કરે છે તેઓ સુન્નતની સાથે
ખમીરનો પણ સમાવેશ કરશે.

૧૩મારા ભાઈઓ અને બહેનો, દેવ તમને મુક્ત થવા
બોલાવે છે. પરંતુ તમારી સ્વતંત્રતાના બહાના હેઠળ
એવી વસ્તુ ના કરશો જે તમારા પાપી સ્વભાવને પ્રફૂલ્લિત
કરે. પરંતુ પ્રેમથી એકબીજાની સેવા કરો. ૧૪સમગ્ર નિયમ
આ એક જ આજ્ઞામાં સમાવેશ થયો છે: "તું જેમ પોતા
પર પ્રેમ રાખે છે તેમ તારા પડોશી પર પ્રેમ રાખ."*
૧૫તમે એક બીજાને નુકસાન પહોંચાડવાનું અને
એકબીજાને તોડી પાડવાનું ચાલુ રાખો છો; સાવધ રહો!
તમે એકબીજાનો સંપૂર્ણ નાશ કરશો.

### આત્મા અને માનવી સ્વભાવ

૧૬તો હું તમને કહું છું: આત્માને અનુસરીને જીવો.
તો તમારો પાપી દેહ ઈચ્છે છે તેવા પાપી કામો તમે
નહિ કરો. ૧૭આપણો દેહ આત્માની વિરુદ્ધ ઈચ્છા કરે
છે. અને આત્મા જે આપણા પાપી દેહની વિરુદ્ધ છે તે
ઈચ્છે છે. આ બે ભિન્ન વસ્તુઓ એકબીજાની વિરુદ્ધ
છે. તેથી તમે જે ખરેખર ઈચ્છો છો, તે વસ્તુ તમે કરતા
નથી. ૧૮પરંતુ જો તમે આત્માથી દોરાશો, તો તમે નિયમને
આધિન નથી.

૧૯આપણા દેહનાં કામ તો ખુલ્લાં છે એટલે:
વ્યભિચાર, અપવિત્રતા, વિશ્વાસઘાત, ૨૦જૂઠા દેવની
પૂજા, મેલીવિદ્યા, વૈરભાવ, મુશ્કેલીઓ ઊભી કરવી, ઈર્ષા,
અતિક્રોધ, સ્વાર્થપણું, લોકોને એકબીજાની વિરુદ્ધ
ઉશ્કેરવા, પક્ષાપક્ષી, ૨૧અદેખાઈ, છાકટાઈ, વિલાસ અને
આ પ્રકારના એવા કામ. જેમ મેં તમને પહેલા જે રીતે
ચેતવ્યા હતા, તેમ અત્યારે ચેતવું છું. જે લોકો આવા
કામો કરે છે, તેઓનું દેવના રાજ્યમાં સ્થાન નથી. ૨૨પરંતુ
પવિત્ર આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા,
માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, ૨૩નમ્રતા, તથા
સંયમ છે એવાંની વિરુદ્ધ કોઈ નિયમ નથી જે કહી શકે
કે આ વસ્તુઓ ખોટી છે. ૨૪જે લોકો ખ્રિસ્તના છે તેઓએ
દેહને તેના વિષયો તથા ઈચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડ્યો
છે. તેઓએ તેઓની જૂની સ્વાર્થી લાગણીઓનો ત્યાગ
કર્યો છે અને દુષ્ટ કામો જે તેઓ કરવા ઈચ્છતા હતા
તેનો પણ ત્યાગ કર્યો છે. ૨૫આપણને આપણું નવજીવન
આત્માથી પ્રાપ્ત થાય છે. તેથી આપણે આત્માને
અનુસરવો જોઈએ. ૨૬આપણે ઘમંડી થઈને એકબીજાને
ખીજવવા જોઈએ નહિ. આપણે એકબીજા માટે મુશ્કેલી
ઊભી ન કરવી જોઈએ. અને આપણે એકબીજાની ઈર્ષા
ન કરવી જોઈએ.

### એકબીજાને મદદરૂપ બનો

૬ ભાઈઓ અને બહેનો, તમારા સમૂહ માંની કોઈ
એક વ્યક્તિ કંઈક અપરાધ કરે તો તમે લોકો
આધ્યાત્મિક હોવાને નાતે જે વ્યક્તિ અપરાધ કરે છે
તેની પાસે જાઓ. તેને ફરીથી સન્નિષ્ટ બનાવવામાં
મદદરૂપ બનવું જોઈએ. તમારે આ વિનમ્રતાથી કરવું
જોઈએ. પરંતુ સાવધ રહેજો! તમે પોતે પણ પાપ કરવા

---

**"તું જેમ પોતા પર ... પડોશી પર પ્રેમ રાખ"** લે. ૧૯:૧૮.

પરીક્ષણમાં પડો. ૨તમારી મુશ્કેલીઓમાં એકબીજાને મદદરૂપ થાઓ. જ્યારે તમે આમ કરો ત્યારે વાસ્તવમાં ખ્રિસ્તના નિયમને અનુસરો છો. ૩જ્યારે એક વ્યક્તિ વિચારે કે તે પોતે મહત્તમ છે પરંતુ તે ખરેખર ન હોય, ત્યારે તે વ્યક્તિ પોતાને જ મૂર્ખ બનાવે છે. ૪કોઈ પણ વ્યક્તિએ પોતાની જાતને બીજા લોકો સાથે સરખામણી ના કરવી જોઈએ. દરેક વ્યક્તિએ પોતાના કૃત્યની પોતે તપાસ કરવી જોઈએ. ત્યાર પછી જ પોતે જે કંઈ કર્યુ છે તે વિષે તે ગર્વ લઈ શકે. ૫દરેક વ્યક્તિએ પોતાની જવાબદારીનો સ્વીકાર કરવો જોઈએ.

૬જે વ્યક્તિ દેવનો ઉપદેશ શીખી રહી છે તેણે પોતાની પાસે જે કંઈ સારાં વાનાં છે તેમાંથી તેના શીખવનારને હિસ્સો આપવો જોઈએ.

### જીવન ખેતરમાં કરેલી રોપણી જેવું છે

૭ભૂલો મા; દેવની મશ્કરી કરાય નહિ. વ્યક્તિ જે વાવે છે તે જ તે લણે છે. ૮જો કોઈ વ્યક્તિ પોતાની પાપી જાતને સંતોષવાના હેતુથી રોપણી કરશે, તો તેની તે પાપમય જાત તેનું મૃત્યુ લાવશે. પરંતુ આત્માને પ્રસન્ન કરવા જો કોઈ વ્યક્તિ રોપણી કરશે, તો તે વ્યક્તિ આત્માથી અનંતજીવન પ્રાપ્ત કરશે. ૯સત્કર્મ કરતાં આપણે થાકવું નહિ. યોગ્ય સમયે આપણને અનંતજીવન દ્વારા પુરષ્કૃત કરવામાં આવશે. કારણ કે કાયર ન થઈએ, તો યોગ્ય સમયે લણીશું. આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. ૧૦જ્યારે અન્યના લાભાર્થે કાંઈક કરવાની આપણને તક હોય, ત્યારે તેમ કરવું જોઈએ. પરંતુ વિશ્વાસીઓના પરિવાર માટે આપણે વધારે ખાસ ધ્યાન આપવું જોઈએ.

### પાઉલના પત્રની પૂર્ણાહૂતિ

૧૧હું પોતે આ લખી રહ્યો છું. મેં જે ઘણા મોટા શબ્દોનો ઉપયોગ કર્યો છે તેના પ્રત્યે ધ્યાન આપો. ૧૨કેટલાએક લોકો તમને સુન્નત માટે દબાણ કરે છે. તેઓ આમ કરે છે કે જેથી અન્ય લોકો તેઓને અપનાવે તે માણસોને ભય છે કે જો તેઓ માત્ર ખ્રિસ્તના વધસ્તંભને જ અનુસરશે તો તેઓ ઉપર જૂલમ ગુજારવામાં આવશે. ૧૩પરંતુ ખરેખર તો જેઓની સુન્નત કરાવે છે તે પોતે જાતે જ નિયમને અનુસરતા નથી. પરંતુ તમે સુન્નત કરાવો તેવો આગ્રહ તેઓ રાખે છે. જેથી પછી તેઓ તમને જે કરવાની ફરજ તેઓ પાડી શક્યા તે વિષે તેઓ બડાઈ મારી શકે. ૧૪હું આશા રાખું છું કે આવી બાબત માટે હું પોતે કદી બડાઈખોર ના બનું. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો વધસ્તંભ તે એક જ મારે માટે અભિમાનનું કારણ છે. ઈસુના વધસ્તંભ ઉપરના મૃત્યુના પરિણામે મારે માટે આ દુનિયા મરી ચૂકી છે; અને દુનિયા માટે હું મરી ચૂક્યો છું. ૧૫એક વ્યક્તિએ સુન્નત કરાવી છે કે નથી કરાવી તે બિલકુલ મહત્વનું નથી. દેવે સર્જ્યા છે તેવા નૂતન લોકો થવું તે મહત્વનું છે. ૧૬જેઓ આ નિયમનું પાલન કરે છે. તે સર્વને શાંતિ અને કૃપા હો. અને દેવના સર્વ લોકોને પણ.

૧૭તેથી હવે મને વધુ તસ્દી ન પહોંચાડશો. મારા શરીર ઉપર ઘણા ઘાનાં ચિહનો છે. અને આ ઘાના ચિહનો બતાવે છે કે હું ઈસુ ખ્રિસ્તનો છું.

૧૮મારા ભાઈઓ અને બહેનો, હું પ્રાર્થના કરું છું કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમારા આત્માની સાથે હો. આમીન.

# એફેસીઓને પત્ર

૧ ઈસુ ખ્રિસ્તનો પ્રેરિત પાઉલ તરફથી કુશળતા હો.
દેવની ઈચ્છાથી હું પ્રેરિત થયો છું. એફેસસમાં
રહેલા, ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ ધરાવતા, સર્વ દેવના
સંતો પ્રતિ.
૨ આપણા દેવ બાપ અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી
તમને કૃપા અને શાંતિ થાઓ.

### ખ્રિસ્તમાં આત્મિક આશીર્વાદ

૩ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો દેવ તથા બાપ સ્તુત્ય
હો. તેણે સ્વર્ગીય સ્થાનોમાં દરેક આત્મિક આશીર્વાદથી
આપણને ખ્રિસ્તમાં આશીર્વાદિત કર્યા છે. ૪ વિશ્વનું
સર્જન થયું તે પહેલા ખ્રિસ્તમાં દેવે અમને પસંદ કર્યા
છે. દેવે અમને તેની પાસે પવિત્ર અને નિર્દોષ થઈએ તે
માટે પસંદ કર્યા. ૫ અને ઈસુ ખ્રિસ્તમાં પ્રસ્થાપિત દેવે,
વિશ્વનું સર્જન થયું તે પહેલા પણ આપણને તેના સંતાન
બનાવવા નક્કી કર્યું. દેવ આમ કરવા ઈચ્છતો હતો.
અને તેમ કરવાથી તે પ્રસન્ન હતો. ૬ તેની અદભુત કૃપાને
કારણે દેવનો મહિમા થયો. દેવે તેની આ કૃપા આપણને
મુક્ત રીતે અને ઊદારતાથી આપી. આપણને આ કૃપા
તેણે ખ્રિસ્તમાં આપી, એ ખ્રિસ્ત કે જેને તે ચાહે છે.
૭ ખ્રિસ્તમય આપણો તેના રક્તથી ઉદ્ધાર થયો. દેવની
સમૃદ્ધ કૃપાથી આપણને પાપોની માફી મળી છે. ૮ દેવે
તે કૃપા આપણને ઊદારતાથી અને મુક્તપણે આપી.
તેની રહસ્યપૂર્ણ યોજનાની માહિતી દેવે આપણને પૂરી
સમજ અને જ્ઞાનથી આપી. ૯ આપણે તેના ગૂઢ રહસ્યોને
જાણીએ. આ બધી જ દેવની ઈચ્છા હતી. અને ખ્રિસ્ત
થકી આમ કરવાનું તેનું આયોજન હતું. ૧૦ દેવની યોજના
યોગ્ય સમયે તેના આયોજનને પરિપૂર્ણ કરવાની હતી.
દેવનું આયોજન હતું કે ઈસુ ખ્રિસ્તમાં સ્વર્ગમાંની અને
પૃથ્વીની દરેક વસ્તુનું એકીકરણ થાય.
૧૧ ખ્રિસ્તમાં આપણે દેવના લોકો તરીકે પસંદ કરાયા.
દેવે આપણને તેના વારસો બનાવવાનું આયોજન ક્યારનું
ય કર્યુ હતું, કારણ કે દેવ એ જ ઈચ્છતો હતો. અને દેવ
એક છે જે ઈચ્છે છે અને માંગે છે તેને અનુરૂપ બધી
વસ્તુઓને કરી શકે છે. ૧૨ જેઓને ખ્રિસ્તમાં આશા હતી
તેવા આપણે સૌથી પહેલા લોકો હતા. અને આપણે
દેવના મહિમાની સ્તુતિ કરીએ તે માટે આપણે પસંદ
કરાયા હતા. ૧૩ તમારી સાથે પણ આવું જ છે. તમે
સત્યનું વચન તમારા તારણની સુવાર્તા સાંભળી. જ્યારે
તમે આ સુવાર્તા સાંભળી ત્યારે તમે ખ્રિસ્તમાં વિશ્વાસ
કર્યો, અને ખ્રિસ્ત થકી દેવે પવિત્ર આત્મા રૂપે પોતાનું
ચિહ્ન તમારામાં પ્રસ્થાપિત કર્યુ. આમ કરવાનું દેવે
વચન આપ્યું હતું. ૧૪ દેવે તેના લોકોને જે વચન આપ્યું
છે તે પરિપૂર્ણ થશે, તેની ખાતરી તે આ પવિત્ર આત્મા
છે. જે લોકો દેવના છે તેઓને આના થકી સંપૂર્ણ મુક્તિ
પ્રાપ્ત થશે. આ સર્વનો ધ્યેય દેવના મહિમાને માટે
સ્તુતિ કરવાનો છે.

### પાઉલની પ્રાર્થના

૧૫-૧૬ આ કારણે જ મારી પ્રાર્થનામાં હંમેશા હું તમને
યાદ કરું છું. તમારા માટે દેવનો આભાર માનું છું. જ્યારથી
મેં પ્રભુ ઈસુમાં તમારો વિશ્વાસ અને દેવના લોકો પ્રત્યેના
તમારા પ્રેમ વિષે સાંભળ્યું છે ત્યારથી મેં હંમેશા આમ
કર્યુ છે. ૧૭ મેં હંમેશા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના દેવ–
મહિમાવાન પિતાને પ્રાર્થના કરી છે. મેં પ્રાર્થના કરી છે
કે તેઓ તમને એવી આત્મિય સમજ આપશે જે તમને
દેવનો સાચો પરિચય કરાવે–એ પરિચય કે જેનું દર્શન
તેણે કરાવ્યું છે. ૧૮ હું પ્રાર્થના કરું છું કે તમારા હૃદયમાં
વિશિષ્ટ સમજણનો ઉદય થાય ત્યારે દેવે આપણને પ્રદાન
કરવા જે આશા માટે બોલાવ્યા છે તેને તમે ઓળખી
શકશો. તમે એ પણ જાણી શકશો કે દેવે તેના પવિત્ર
લોકો માટે જે આશીર્વાદનું વચન આપ્યું છે તે સમૃદ્ધ
અને મહિમાવંત છે. ૧૯ અને તમે જાણશો કે વિશ્વાસી
લોકો માટે દેવની શક્તિ મહાન છે. આ શક્તિ એ મહાન
સામર્થ્ય છે. ૨૦ જેનો ઉપયોગ દેવે ખ્રિસ્તને મૂએલાંમાંથી
ઉઠાડવા માટે કર્યો હતો. દેવે ખ્રિસ્તને સ્વર્ગમાં પોતાની
જમણી બાજુ સ્થાન આપ્યું છે. ૨૧ બધા જ રાજયસત્તા,
અધિકારીઓ, પરાક્રમ, અને રાજાઓ કરતા પણ વધારે
મહત્વનું સ્થાન આપ્યું છે. આ વિશ્વ કે આના પછીના
વિશ્વમાં કોઈનાં પણ સામર્થ્ય કરતાં ખ્રિસ્તનું સામર્થ્ય

વધુ મહિમા ધરાવે છે. ૨૨દેવે બધી જ વસ્તુઓને ખ્રિસ્તના સામર્થ્ય નીચે મૂકી, અને દેવે સર્વ પર તેને મંડળીના શિર તરીકે (અધિપતિ) નિર્માણ કર્યો. ૨૩મંડળી ખ્રિસ્તનું શરીર છે. ખ્રિસ્ત થકી મંડળી ભરપૂર છે. તે સઘળાંને સર્વ પ્રકારે પરિપૂર્ણ કરે છે.

### મૃત્યુથી જીવન તરફ

૨ ભૂતકાળમાં તમારા પાપો અને દેવ વિરુદ્ધના અનુચિત વ્યવહારને કારણે તમારું આત્મીક જીવન મરી ગયું હતું. ૨હા, ભૂતકાળમાં તમે જગત જે રીતે જીવે છે તે રીતે જીવ્યા અને તે અપરાધોમાં તમે દુષ્ટ વાયુની સત્તાના અધિકારીને અનુસર્યા. અને જે લોકો દેવના આજ્ઞાંકિત નથી તેમને તે જ આત્મા અત્યારે પ્રભાવિત કરી રહ્યો છે. ૩ભૂતકાળમાં આપણી પાપી જાતને પ્રસન્ન કરવાના પ્રયત્નો કરીને તે લોકોની જેમ જ આપણે જીવતા હતા. આપણા શરીર અને મનની બધી જ લાલસા સંતોષવા આપણે બધું જ કરતા હતા. આપણે દુષ્ટ લોકો હતા અને તે માટે આપણે દેવના ક્રોધને યોગ્ય હતા કારણ કે બીજા બધા લોકોના જેવા જ આપણે હતા.

૪પરંતુ દેવની દયા મહાન છે, અને આપણા પ્રત્યેનો તેનો પ્રેમ ગાઢ છે. ૫આપણે દેવની વિરુદ્ધ જે અનુચિત વ્યવહાર કરેલો તે કારણે આત્મિક રીતે આપણે મરી ચૂક્યા હતા. પરંતુ દેવે આપણને ખ્રિસ્તની સાથે નવું જીવન આપ્યું, તેની કૃપાથી તમારો ઉદ્ધાર થયો છે. ૬દેવે આપણું ખ્રિસ્ત સાથે ઉત્થાન કર્યુ અને તેની સાથે સ્વર્ગીય સ્થાનોમાં આપણને સ્થાન આપ્યું. જે ખ્રિસ્તમય છે તેવા આપણા માટે દેવે આમ કર્યુ. ૭દેવે આમ કર્યુ કે જેથી બધી ભાવિ પેઢીને તેની કૃપાની મહાન સમૃદ્ધિના દર્શન કરાવી શકે. આપણને ખ્રિસ્તમય બનાવવાની કૃપા કરીને દેવે તેની ભલાઈનાં આપણને દર્શન કરાવ્યા. ૮હું એમ કહેવા માંગું છું કે તમે કૃપાથી તારણ પામ્યા છો. અને તે કૃપા તમને વિશ્વાસથી મળેલી છે. તમે તમારી જાતે તારણ પામ્યા નથી. તે દેવનું દાન છે. ૯ના! તમારા કાર્યોથી તમારું તારણ થયું નથી. અને તેથી કોઈ પણ વ્યક્તિ પોતાની જાતે તારણ પામી છે તેવી બડાઈ ન મારી શકે. ૧૦દેવે આપણને જેવા બનાવ્યા, તેવા આપણે છીએ. કારણ કે આપણે તેની કૃતિ છીએ, અને સારી કરણીઓ કરવાને ખ્રિસ્ત ઈસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે. તે સારી કરણીઓ વિષે દેવે અગાઉથી એમ ઠરાવ્યું કે આપણે તે પ્રમાણે ચાલીએ.

### ખ્રિસ્તમાં એક

૧૧તમે બિનયહૂદી તરીકે જન્મ્યા છો કે જેમને યહૂદીઓ "સુન્નત વગરના" કહે છે. તે યહૂદીઓ કે જે તમને "સુન્નત વગરના" કહે છે તે પોતાની જાતને "સુન્નતવાળા" કહે છે. (તેમની સુન્નત તેઓ પોતે પોતાના શરીર પર કરે છે.) ૧૨યાદ રાખજો કે ભૂતકાળમાં તમે ખ્રિસ્ત વિહીન હતા. તમે ઈસ્રાએલના* નાગરિક નહોતા. અને દેવે લોકોને જે વચન આપ્યું હતું, તેની સાથે તમે કરારબદ્ધ નહોતા. તમે દેવને ઓળખતા નહોતા અને તમારી પાસે કોઈ આશા નહોતી. ૧૩હા, કોઈ એક સમયે તમે દેવથી ઘણા દૂર હતા પરંતુ હવે ખ્રિસ્ત ઈસુ થકી તમે દેવની નજીક આવ્યા છો. ખ્રિસ્તના રક્તથી તમે દેવની સાનિધ્યમાં આવ્યા. ૧૪ખ્રિસ્તને કારણે હવે આપણને શાંતિ પ્રદાન થઈ છે. યહૂદી અને બિનયહૂદીઓ અત્યાર સુધી એકબીજાથી વિમુખ હતા જાણે કે તેઓની વચ્ચે એક દીવાલ ઊભી ના હોય! પરંતુ ખ્રિસ્તે આ બંને લોકોને (યહૂદી અને બિનયહૂદી) એકતાનો અનુભવ કરાવ્યો. ખ્રિસ્તે પોતાના શરીરનું બલિદાન આપી આ બંને પ્રજા વચ્ચેની ધિક્કારની દીવાલનો નાશ કર્યો. ૧૫યહૂદી નિયમમાં ઘણી આજ્ઞાઓ અને નિયંત્રણો હતાં.પરંતુ ખ્રિસ્તે આ નિયમનો જ અંત આણ્યો. ખ્રિસ્તનો હેતુ બે ભિન્ન પ્રકારના જનસમૂહને (યહૂદી અને બિનયહૂદી) એક નૂતન જનસમૂહના રૂપે તેનામાં પ્રસ્થાપિત કરવાનો હતો. અને આમ કરીને ખ્રિસ્તે શાંતિ સ્થાપી. ૧૬વધસ્તંભના બલિદાનથી ખ્રિસ્તે બે સમૂહ વચ્ચેના ધિક્કારનો અંત આણ્યો. અને બે સમૂહને એક અંગભૂત બનાવ્યા, તેથી તે તેઓને દેવ સમક્ષ લાવી શકે. અને વધસ્તંભ ઉપરના પોતાના મૃત્યુથી ખ્રિસ્તે આમ કર્યુ. ૧૭તમે લોકો જે દેવથી ઘણા જ વિમુખ હતા, તેઓને ખ્રિસ્તે શાંતિની સુવાર્તા આપી, અને જે લોકો દેવની નજીક હતા તેઓને પણ શાંતિની સુવાર્તા આપી. ૧૮હા, ખ્રિસ્ત થકી જ આપણ બંન્નેને એક આત્મા વડે બાપના સાનિંધ્યમાં આવવાનો અધિકાર છે.

૧૯તો હવે તમે બિનયહૂદીઓ, દેવના પવિત્રો માટે મહેમાન કે અજાણ્યા નથી. હવે તમે દેવના પવિત્રો સાથે નાગરિક છો. દેવના કુટુંબના સભ્ય છો. ૨૦તમે વિશ્વાસીઓ પ્રેરિતો અને પ્રબોધકોના પાયા પર કંડારી કાઢેલી આધારશીલા પર રચાયેલા દેવના આવાસ જેવા છો. ખ્રિસ્ત પોતે ખૂણાનો મુખ્ય પથ્થર છે. ૨૧આ આખો આવાસ ખ્રિસ્તમાં એકબીજાની સાથે સંયોજિત છે. અને ખ્રિસ્તના પ્રયત્નોથી તેનો વિકાસ થાય છે અને પ્રભુમાં

---

**ઈઝરાએલ** યહૂદી પ્રજા (લોકો)

વધતાં વધતાં પવિત્ર મંદિર બને છે. ૨૨અને ખ્રિસ્તમાં
તમે લોકો અન્ય બીજા (યહૂદી) સાથે જોડાઈ ગયા છો.
તમને તે જગ્યાએ સ્થાન પ્રાપ્ત થયું છે. જ્યાં આત્મા
ધ્વારા દેવનો વાસ છે.

### વિદેશીઓ પ્રતિ પાઉલની સેવા

૩ હું પાઉલ તમારા માટે ખ્રિસ્ત ઈસુનો બંદીવાન
છું. તમે લોકો કે જે યહૂદી નથી તેમનો પણ હું
બંદીવાન છું. ૨તમને ખરેખર ખબર છે કે દેવે કૃપા
કરીને મને આ કામ તમને મદદરૂપ થવા સોંપ્યું છે.
૩દેવે તેની ગૂઢ યોજના મને જાણવા દીધી. મને તેના
દર્શન કરાવ્યા જે વિષે મેં પહેલા પણ થોડું લખ્યું છે.
૪અને મેં પહેલા જે લખ્યું હતું, તે જો તમે વાંચશો તો
તમને સમજાશે કે દેવના ગૂઢ સત્યને હું ખરેખર જાણું
છું. ૫લોકો જે અગાઉના સમયમાં જીવતા હતા, તેઓને
આ ગૂઢ સત્યનું જ્ઞાન કહ્યું નહોતું. પરંતુ હવે, આત્મા
દ્વારા, દેવે તેના પવિત્ર પ્રેરિતો અને પ્રબોધકોને આ ગૂઢ
સત્યનાં દર્શન કરાવ્યાં. ૬ગૂઢ સત્ય આ છે કે: દેવના
પોતાના લોકો માટે જે કાંઈ લભ્ય છે તે બધું જ
યહૂદીઓની જેમ, બિનયહૂદીઓને પણ લભ્ય બનશે.
બિનયહૂદીઓ યહૂદીઓ સાથે તેના શરીરના અવયવોમાં
સહભાગી છે અને ખ્રિસ્ત ઈસુ દ્વારા દેવે આપેલાં વચનના
તેઓ પણ સહભાગીદાર છે. સુવાર્તાથી બિનયહૂદીઓને
આ સર્વ સુલભ થયું છે.

૭દેવના કૃપાદાનથી, આ સુવાર્તાને કહેવા હું સેવક
બન્યો હતો. દેવનું સામર્થ્ય જે મારામાં કામ કરે છે
તેનાથી મને આ કૃપા પ્રાપ્ત થઈ છે. ૮દેવના સર્વ લોકોમાં
હું બિલકુલ બિનમહત્વનો છું. પરંતુ બિનયહૂદીઓને
ખ્રિસ્તની અખૂટ સંપત્તિની સુવાર્તા આપવાનું દાન દેવે
મને આપ્યું છે. એ સંપત્તિની સંપૂર્ણ સમજણ આપણી
સમજશક્તિની બહાર છે. ૯જ્યારથી સમયનો આરંભ
થયો, ત્યારથી જે ગૂઢ સત્ય દેવમાં ગુપ્ત હતું, તે દેવના
ગૂઢ સત્યને લોકો આગળ પ્રગટ કરવાનું કાર્ય પણ દેવે
મને સોંપ્યું છે. દેવ જ સર્વ વસ્તુઓનો સરજનહાર છે.
૧૦જે જુદી જુદી પદ્ધતિથી દેવ તેની પ્રજ્ઞાના દર્શન કરાવે
છે તે સ્વર્ગના દરેક શાસક અને શક્તિઓને બતાવવા
ઈચ્છતો હતો. મંડળી* ને લીધે તેઓ આ જ્ઞાન જાણશે.
૧૧અને સમયની શરૂઆતથી દેવની જે યોજના હતી
તેને આ અનુકુળ છે. દેવે ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુ થકી
પોતાની યોજના પ્રમાણે આ કામ કર્યું. ૧૨આપણે
ખ્રિસ્તમય બનીને અને ખ્રિસ્તમાં વિશ્વાસ રાખીને, ભય
વિના મુક્ત રીતે દેવ સમક્ષ ઉપસ્થિત થઈ શકીએ છીએ.
૧૩તેથી તમને હું કહું છું કે તમારા માટે જે વેદના થાય
તેનાથી નાહિંમત કે નિરાશ ન થશો. મારી વેદના તમારા
માટે મહિમા લાવે છે.

### ખ્રિસ્તનો પ્રેમ

૧૪તેથી પ્રાર્થનામાં હું બાપની આગળ ઘૂંટણે પડુ છું.
૧૫આકાશમાં તેમ જ પૃથ્વી પરના દરેક કુટુંબ પોતે પોતાનાં
નામ તેની પાસેથી પ્રાપ્ત કરે છે. ૧૬તેની મહિમાની
સંપતિ પ્રમાણે પિતાને હું પ્રાર્થના કરું છું કે તે તમને
તેના આત્મા દ્વારા આંતરિક મનુષ્યત્વમાં બળવાન
બનવાની શક્તિ આપે. તેના આત્મા દ્વારા તે તમને
સામર્થ્ય આપશે. ૧૭હું પ્રાર્થના કરું છું કે વિશ્વાસથી
તમારાં હૃદયમાં ખ્રિસ્તનો વાસ હો, અને તમારું જીવન
પ્રીતિનાં મજબૂત મૂળિયાં પર પાયો નાખીને પ્રીતિમય
બનાવો. ૧૮અને હું પ્રાર્થના કરું છું કે તમે બધા સંતો
ખ્રિસ્તની પ્રીતિની મહાનતાને સમજી શકવાનું સામર્થ્ય
પ્રાપ્ત કરો. હું પ્રાર્થના કરું છું કે તે પ્રીતિની પહોળાઈ,
લંબાઈ, ઊંચાઈ તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકો.
૧૯ખ્રિસ્તની પ્રીતિની મહાનતાને સમજવી કોઈ પણ
વ્યક્તિની જ્ઞાન મર્યાદાની બહાર છે પરંતુ હું પ્રાર્થું છું કે
તમે તે પ્રેમને સમજી શકો. પછી તમે દેવની સર્વ સંપૂર્ણતા
પ્રમાણે સંપૂર્ણ થાઓ.

૨૦દેવનું સામર્થ્ય જ્યારે આપણામાં સક્રિય બને, ત્યારે
તેના થકી આપણે માંગીએ કે ધારીએ તેના કરતાં અનેક
ઘણું વધારે દેવ સિદ્ધ કરી શકશે. ૨૧મંડળીમાં અને ખ્રિસ્ત
ઈસુમાં તેનો મહિમા સર્વકાળ સુધી સ્થાપિત રહો.
આમીન.

### શરીરની એકયતા

૪ હું પ્રભુમાં આધિન છું તેથી હું બંદી ગૃહમાં છું
અને દેવે તમને તેના લોકો તરીકે પસંદ કર્યા છે.
હું તમને કહું છું દેવના લોકો જેવું જીવન જીવો. ૨હંમેશા
વિનમ્ર અને દીન બનો. ધીરજવાન બનો અને પ્રેમથી
એકબીજાનું સહન કરો. ૩આત્મા દ્વારા તમે શાંતિમાં
એક થયા છો. સંગઠીત રહેવાનો પ્રયત્ન ચાલુ રાખો.
શાંતિ તમને એકસૂત્રમાં રાખે. ૪જે રીતે એક શરીર અને
એક આત્મા છે તે જ રીતે દેવે તમને એક આશા રાખવા
બોલાવ્યા છે. ૫એક પ્રભુ, એક વિશ્વાસ અને એક
બાપ્તિસ્મા છે. ૬દેવ ફક્ત એક જ છે અને તે સર્વનો
પિતા છે. તે બધું જ ચલાવે છે. તે સર્વત્ર અને બધામાં
સ્થિત છે.

---

**મંડળી** દેવનું મંદિર–ખ્રિસ્તમાં તેના લોકો.

૭ખ્રિસ્તે આપણને બધાને એક વિશિષ્ટ કૃપાદાન આપ્યું છે. ખ્રિસ્તની ઈચ્છા અનુસાર દરેક વ્યકિત પુરસ્કૃત છે. ૮તેથી ધર્મશાસ્રોમાં કહ્યું છે કે,

"તે ઊંચે આકાશમાં બંદીવાનો સાથે ગયો, અને
લોકોને દાન આપ્યાં."

*ગીતશાસ્ર ૬૮:૧૮*

૯"તે ઊંચે ચઢયો," તેનો અર્થ શું? એનો અર્થ એ કે પહેલા તે પૃથ્વી પર નીચે આવ્યો. ૧૦તેથી ખ્રિસ્ત પૃથ્વી પર નીચે આવેલો, તેનું જ ઉર્ધ્વગમન થયું. ખ્રિસ્ત બધી વસ્તુઓને તેનાથી ભરપૂર કરવાને સર્વ આકાશો પર ઊંચે ચઢયો. ૧૧અને તે જ ખ્રિસ્તે જુદી જુદી વ્યકિતઓને ભિન્ન ભિન્ન દાન આપ્યાં. તેણે કેટલીએક વ્યકિતઓને પ્રેરિતો અને કેટલાએકને પ્રબોધકો, કેટલાએક લોકોને જઈને સુવાર્તા કહેવાનું કામ સોંપ્યું, જ્યારે કેટલાએકનું કામ સંતોની સંભાળ રાખવાનું અને તેઓને ઉપદેશ આપવો તે હતું. ૧૨દેવે આ દાન આપ્યાં કે જેથી સેવા માટે સંતો તૈયાર થઈ શકે. તેણે ખ્રિસ્તના શરીરને વધુ શકિતશાળી બનાવવા આ દાનો આપ્યાં. ૧૩આ કાર્ય ચાલુ રહે જ્યાં સુધી આપણે એજ વિશ્વાસમાં અને દેવપુત્રના એક જ જ્ઞાન વિષે એકસૂત્રી ન બનીએ. આપણે પરિપકવ માણસ (સંપૂર્ણ) જેવું બનવું જ જોઈએ–એટલે કે આપણો એટલો વિકાસ થવો જોઈએ કે જેથી ખ્રિસ્ત જેવા સર્વ સંપૂર્ણ બનીએ.

૧૪પછી આપણે બાળક જેવા અથવા મોંજાની અસરથી દિશાશૂન્ય અથડાતા વહાણ જેવા નહિ હોઈએ. આપણે આપણને ઠગવાનો પ્રયત્ન કરતાં અને ભિન્ન પ્રકારનો ઉપદેશ આપતા માણસોથી પ્રભાવિત નહિ થઈએ. આ લોકો છેતરપીંડી કરીને લોકોને ખોટે માર્ગે અનુસરવા માટે યુકિતનું આયોજન કરે છે. ૧૫ના! આપણે પ્રેમથી સત્ય બોલીશું. અને દરેક રીતે ખ્રિસ્ત જેવા બનવા આપણો વિકાસ કરીશું. ખ્રિસ્ત શિર છે અને આપણે શરીર છીએ. ૧૬આખું શરીર ખ્રિસ્ત ઉપર આધારિત છે. અને શરીરના પ્રત્યેક અવયવો એકબીજા સાથે સંગઠીત અને સંલગ્ન છે. દરેક અંગ પોતાનું કાર્ય કરે છે જેને કારણે આખા શરીરનો વિકાસ થાય છે અને તે પ્રેમ સાથે વધુ શકિતશાળી બને છે.

### તમારી જીવનપદ્ધતિ કેવી હોવી જોઈએ

૧૭પ્રભુનાં નામે હું તમને આ કહું છું. અને ચેતવું છું: જેઓ અવિશ્વાસુ છે તેમના જેવું જીવન જીવવાનું ચાલુ ન રાખો. ૧૮તેઓના વિચારોનું મૂલ્ય કશું જ નથી. તે લોકો કશું સમજતા નથી, તેઓએ કશું ય સાંભળવાની ના પાડી. અને તેથી તેઓ અજ્ઞાની છે, અને તેથી દેવ અર્પિત જીવન પણ તેમને મળ્યું નથી. ૧૯તેઓએ શરમની લાગણી વિના સર્વ પ્રકારના દુષ્કર્મ કરવાને આતુરતાથી પોતાને સોંપી દીધા છે. ૨૦પણ તમે ખ્રિસ્ત પાસેથી એ પ્રમાણે શીખ્યાં નથી. ૨૧મને ખબર છે કે તમે એના વિષે સાંભળ્યું છે, તમે તેનામાં એકરૂપ થયા છો, અને તમને સત્યનું શિક્ષણ મળ્યું છે, હા! ઈસુમાં સત્ય છે. ૨૨તમને પહેલાનું જીવન જીવતા અટકી જવાની, અને તમારું જૂનું માણસપણું ફેંકી દેવાનું શિક્ષણ આપવામાં આવ્યું છે. તે જૂનું માણસપણું વધુ ને વધુ અનિષ્ટ બનતું જાય છે. કારણ કે દુષ્કર્મો કરવાની ઈચ્છાથી લોકોને છેતરે છે. ૨૩અને તમારી મનોવૃત્તિઓમાં નવા થાઓ. ૨૪અને નવું માણસપણું જે દેવની ઈચ્છા પ્રમાણે ન્યાયીપણામાં તથા સત્યની પવિત્રતામાં સર્જાયેલું છે. તે ધારણ કરો.

૨૫તેથી અસત્ય બોલતા તમારે અટકવું જ જોઈએ તમારે એકબીજા સાથે સત્યભાષી બનવું જોઈએ, કારણ કે આપણે બધા એ જ શરીરના અવયવો છીએ. ૨૬જયારે તમે ક્રોધિત થાઓ ત્યારે પાપ કરવા ન પ્રેરાશો. અને આખો દિવસ ક્રોધિત પણ ન રહેશો. ૨૭શેતાનને રસ્તો ન આપો. જેથી તેનાથી તમે હારી જાઓ. ૨૮ચોરી કરનારે ચોરી ન કરવી જોઈએ. અને પરિશ્રમ કરવો જોઈએ. અને પોતાના હાથનો ઉપયોગ સત્કર્મ માટે કરવો જોઈએ. તે પછી તે ગરીબ લોકોને કશુંક આપવા શકિતમાન થઈ શકશે.

૨૯જ્યારે તમે બોલો, ત્યારે કટુવચન ના બોલો, એવું બોલો કે જેની લોકોને જરૂર છે, જે લોકોને શકિતશાળી બનાવવામાં મદદરૂપ નીવડે. આમ કરવાથી તમારું સાંભળનારને તમે મદદરૂપ થઈ શકશો. ૩૦અને પવિત્ર આત્મા જેને તમે આધિન છો તે દેવે આપેલી સાક્ષી છે, તેથી પવિત્ર આત્માને દુ:ખી ન કરશો. દેવે તમને એ આત્મા દર્શાવવા આપ્યો છે કે, દેવ યોગ્ય સમયે તમારો ઉદ્ધાર કરશે. ૩૧કડવા વચન બોલો નહિ, જે બીજા લોકોને નુકસાન કરે. કંઈ પણ દુષ્કર્મ કરશો નહિ ૩૨એકબીજા સાથે ભલા થાઓ અને પૂર્ણ પ્રેમાળ બનો. જે રીતે ખ્રિસ્તમાં દેવે તમને ક્ષમા આપી છે તેમ તમે એકબીજાને ક્ષમા કરો.

૫ તમે દેવના સંતાનો છો જેને દેવ ચાહે છે. તેથી દેવ જેવા થવાનો પ્રયત્ન કરો. ૨પ્રેમાળ જીવન જીવો અને જે રીતે ખ્રિસ્ત આપણને ચાહે છે, તે રીતે

અન્ય લોકોને તમે ચાહો. ખ્રિસ્ત આપણે માટે સમર્પિત થયો–દેવને અર્પિત તે એક સુમધુર બલિદાન* હતું.

૩પરંતુ તમારાંમાં વ્યભિચારનું પાપ, અને કોઈ પણ પ્રકારનાં અયોગ્ય કાર્યો ન હોવાં જોઈએ. અને વધુ ને વધુ મેળવવાની સ્વાર્થી ઈચ્છા પણ તમારામાં ન હોવી જોઈએ. શા માટે? કારણ કે આવી વસ્તુઓ સંતો માટે યોગ્ય નથી. ૪હાસ્યાસ્પદ નિર્લજ્જ મજાક પણ ન કરવી જોઈએ. આ બધી અયોગ્ય વસ્તુઓ કરવાને બદલે તમારે દેવની આભારસ્તુતિ કરવી જોઈએ. ૫તમારે એ વાતની ખાતરી રાખવી જોઈએ કે જે વ્યક્તિ વ્યભિચારનું પાપ કરે છે તેનું ખ્રિસ્તના રાજ્યમાં કોઈ સ્થાન નથી. જે વ્યક્તિ પોતાની જાત માટે વધુ ને વધુ લાલચો રાખે છે અને દુષ્ટ કાર્યો કરે છે અને વધારે ને વધારે ઈચ્છા રાખે છે તે જૂઠા દેવને ભજવા જેવું છે.

૬તમને નિરર્થક વાતો કહીને કોઈ પણ વ્યક્તિ તમને મૂર્ખ ન બનાવે તેનું ધ્યાન રાખો. આવી અનિષ્ટ વસ્તુઓ દેવને એવા લોકો પ્રતિ ક્રોધિત બનાવે છે જેઓ આજ્ઞાંકિત નથી. ૭તેથી તેવા લોકો સાથે આ પ્રકારનું વર્તન ન કરો. ૮ભૂતકાળમાં તમે અંધકારમય (પાપ) હતા. પરંતુ હવે તમે પ્રભુની જ્યોતથી પ્રકાશિત છો. તેથી પ્રકાશિત બાળકોની જેમ જીવો. ૯પ્રકાશ દરેક પ્રકારની ભલાઈ, યોગ્ય જીવન અને સત્ય પ્રદાન કરે છે. ૧૦પ્રભુને જે પસંદ છે તેવું ન્યાયીપણું શીખો. ૧૧અંધકારમાં જીવતા લોકો જેવાં કામો ના કરો. કારણ કે આવા કામોથી કશું જ ઉચ્ચતમ ઉદભવતું નથી. અંધારાનાં નિષ્ફળ કામોના સાથી ન બનો. પરંતુ તેઓને વખોડો. ૧૨કેમ કે તેઓ ખાનગીમાં એવાં કામ કરે છે કે જે કહેતાં પણ શરમ લાગે છે. ૧૩પરંતુ જ્યારે આપણે જોઈએ છીએ કે તે વસ્તુઓ ખરાબ છે ત્યારે પ્રકાશ તેની અનિષ્ટતાને વધુ સ્પષ્ટ રીતે ખૂલ્લી પાડે છે. ૧૪અને બધી જ વસ્તુઓ જે આંખો વડે દશ્યમાન બનાવાય છે તે પ્રકાશિત બને છે." તેથી જ અમે કહીએ છીએ:

"ઓ નિંદ્રાધીન વ્યક્તિ, તું જાગ! મૃત્યુમાંથી ઊભો
થા, ખ્રિસ્ત તારા પર પ્રકાશિત થશે."

૧૫તેથી તમે કેવી રીતે જીવો છો તે વિષે ખૂબ જ ચોક્કસ બનો, અને નિર્બુદ્ધ લોકો જેવું જીવન ના જીવો પરંતુ તે લોકોના જેવું જીવન જીવો જે ડાહ્યા છે. ૧૬મારું કહેવું છે કે સુશીલ જીવન જીવવા દરેક સમયનો સદુપયોગ કરો કારણ કે આ અનિષ્ટ સમય છે. ૧૭તેથી તમારા જીવન પ્રત્યે મૂર્ખ વ્યવહાર ન કરો. પણ તેને બદલે પ્રભુ તમારી પાસે શું કાર્ય કરાવવા ઈચ્છે છે તે શીખો. ૧૮મધપાન કરી મસ્ત ન બનો. તે તમારી આત્મિકતાનો નાશ કરશે. પરંતુ આત્માથી ભરપૂર થાઓ. ૧૯ગીતોથી, સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજાની સાથે વાતો કરો. તમારાં હૃદયોમાં પ્રભુનાં ગીતો અને ભજનો ગાઓ. ૨૦હંમેશા આપણા દેવ પિતા પ્રત્યે આભારી થાઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે તેનો દરેક વસ્તુ માટે આભાર પ્રદર્શિત કરો.

### પત્નીઓ અને પતિઓ

૨૧તમે ખ્રિસ્તને માન આપો છો તેથી એકબીજાને સ્વૈચ્છિક રીતે આધિન થાઓ.

૨૨પત્નીઓ, જે રીતે પ્રભુની સત્તાને આધિન રહો છો તે રીતે તમારા પતિઓની સત્તાને આધિન રહો. ૨૩જે રીતે ખ્રિસ્ત મંડળીનો અધ્યક્ષ છે, તે રીતે પતિ પત્નીનો અધ્યક્ષ છે. મંડળી ખ્રિસ્તનું અંગ છે. અને ખ્રિસ્ત શરીરનો ત્રાતા છે. ૨૪મંડળી ખ્રિસ્તની અધ્યક્ષતા નીચે છે. અને તે જ રીતે બધી પત્નીઓ દરેક બાબતમાં તેમના પતિના અધ્યક્ષપણા નીચે હોવી જોઈએ.

૨૫જે રીતે ખ્રિસ્ત મંડળીને ચાહે છે તે રીતે પતિએ પોતાની પત્નીને ચાહવી જોઈએ. ૨૬ખ્રિસ્ત મંડળી માટે અને મંડળીને પવિત્ર કરવા મૃત્યુ પામ્યો. ખ્રિસ્તે સુવાર્તાનો ઉપયોગ કર્યો કે જેથી પાણીથી ધોયા જેવી નિર્મળ મંડળી તેની જાતને ભેટ કરી શકે. ૨૭ખ્રિસ્ત મૃત્યુ પામ્યો કે જેથી તે પોતાની જાતને પૂર્ણ મહિમાવંત નવવધૂની જેમ મંડળીને અર્પણ કરી શકે. તે મૃત્યુ પામ્યો કે જેથી મંડળી કોઈ પણ ઉણપ, પાપ વગરની શુદ્ધ બને કે જેમાં બીજું કોઈ પણ ખોટું તેની સાથે હોય નહિ કે અનાચારી વસ્તુ ન હોય. ૨૮દરેક પતિએ પણ પોતે પોતાના શરીરને જે રીતે ચાહે છે તે રીતે તેની પત્નીને ચાહવી જોઈએ. જે પુરુષ તેની પત્નીને ચાહે છે તે પોતાની જાતને ચાહે છે. ૨૯શા માટે? કારણ કે કોઈપણ વ્યક્તિ પોતાના શરીરને ધિક્કારતી નથી. દરેક વ્યક્તિ પોતાના શરીરનુ પાલનપોષણ કરે છે અને તેની કાળજી રાખે છે અને ખ્રિસ્ત મંડળી માટે પણ આમ જ કરે છે. ૩૦કારણ કે આપણે તેના શરીરના અવયવો છીએ. ૩૧પવિત્ર શાસ્ત્ર તેથી જ આમ કહે છ કે, "માણસ પોતાના માતાપિતાને છોડશે અને તેની પત્ની સાથે જોડાશે. અને તેઓ બન્ને એક દેહ થશે."* ૩૨હું ખ્રિસ્ત અને મંડળી વિષેના ગૂઢ સત્યની વાત કરું છું જે ખૂબ

---

**બલિદાન** દેવને અર્પણ કે ભેટ.

**"માણસ પોતાના ... એક દેહ થશે"** ઉત. ૨:૨૪.

જ મહત્વનું છે. ૩૩પરંતુ તમારામાંના પ્રત્યેકે તેની પત્નીને
પોતાની જાતની જેમ પ્રેમ કરવો જોઈએ. અને દરેક
પત્નીએ પોતાના પતિને માન આપવું જોઈએ.

### માતાપિતા અને સંતાન

૬ જે રીતે પ્રભુની ઈચ્છા છે તે રીતે બાળકો, તમારા
માતાપિતાના આજ્ઞાંકિત બનો, જે કરવું યોગ્ય છે.
૨"તમારે તમારા માતા અને પિતાને માન આપવું
જોઈએ."* આ પહેલી આજ્ઞા છે જેની સાથે વચન
સંલગ્ન છે. ૩તે વચન આ છે: "પછી તમારું બધું જ સારું
થશે અને પૃથ્વી ઉપર તમને લાંબુ આયુષ્ય મળશે."*
૪પિતાઓ, તમારા બાળકો સાથે એવી રીતે ના વર્તો
કે તેઓ ગુસ્સે થાય, તેને બદલે તેઓને સારી તાલીમ
અને પ્રભુના શિક્ષણથી ઉછેરો.

### દાસો અને માલિક

૫દાસો, આ પૃથ્વી ઉપર તમારા માલિકને માન અને
ભય સાથે અનુસરો. અને આમ સાચા હૃદયથી કરો; જે
રીતે તમે ખ્રિસ્તને અનુસરો છો. ૬જ્યારે તમારો માલિક
દેખરેખ રાખતો હોય ત્યારે જ ફક્ત તેને પ્રસન્ન કરવા
તેની આજ્ઞાનું પાલન ના કરો. પણ તેથી વિશેષ કંઈ
કરવાની જરૂર છે. તમે જેમ ખ્રિસ્તની આજ્ઞાનું પાલન
કરો છો તેમ તેની આજ્ઞાનું પાલન કરો. દેવ જે ઈચ્છે છે
તે તમારે સંપૂર્ણ હૃદયથી કરવું જોઈએ: ૭તમારું કામ
પ્રસન્નતાથી કરો, જે રીતે તમે પ્રભુની સેવા કરો છો,
માત્ર લોકોની સેવા કરો છો તે રીતે નહિ. ૮યાદ રાખો કે
પ્રભુ પ્રત્યેકને, પછી તે દાસ હોય કે મુક્ત હોય તેમને
જેવા શુભકામ કર્યા હોય, તેવો બદલો આપશે.
૯માલિકો, એ જ રીતે તમે તમારા દાસો પ્રત્યે ભલું
વર્તન રાખો. ધમકીનો ઉપયોગ બંધ કરો. યાદ રાખો તે
એક જે તમારો અને તેઓનો પણ ધણી છે તે આકાશમાં
છે. અને ધણી (દેવ) દરેક વ્યક્તિનો એક સરખો ન્યાય
કરે છે.

### દેવનાં સર્વ હથિયારો સજો

૧૦મારા પત્રને પૂરો કરતાં હું તમને પ્રભુમાં અને
તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થવા કહું છું. ૧૧દેવનું
સંપૂર્ણ બખ્તર (રક્ષણ) પહેરો કે જેથી તમે શેતાનની દુષ્ટ
ચાલબાજી સામે લડી શકો. ૧૨આપણું આ યુદ્ધ આ
પૃથ્વીના લોકો સામે નથી. પરંતુ આપણે તો અંધકારના
અધિપતિઓની, અધિકારીઓ અને તેઓની સત્તાઓ
સામે આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક લશ્કરો સામે
આપણે લડી રહ્યા છીએ. ૧૩અને તેથી તમે દેવનાં સર્વ
હથિયારો સજી લો કે, જેથી ભૂંડા દિવસે તમે દઢ ઊભા
રહી શકો અને તમે યુદ્ધ પૂરું કર્યા પછી પણ શક્તિવર્ધક
હશો. ૧૪તેથી સત્યથી તમારી કમર બાંધો; અને પ્રામાણિક
જીવન જીવીને તમારી છાતીનું રક્ષણ કરો. ૧૫અને તમારા
પગે શાંતિની સુવાર્તાની તૈયારીરૂપી જોડાં ધારણ કરો કે
જેથી તમે શક્તિપૂર્વક ઊભા રહી શકો. ૧૬અને વિશ્વાસની
ઢાલનો પણ ઉપયોગ કરો કે જેથી તમે દુષ્ટના બળતા
ભાલાઓ હોલવી શકશો. ૧૭દેવના તારણને તમારા ટોપ
તરીકે અપનાવો. અને આત્માની તલવાર, જે દેવનું
વચન છે તે લો. ૧૮હંમેશા આત્મામાં પ્રાર્થના કરો.
હરવખત પ્રાર્થના તથા વિનંતી કરો અને તમારે જરૂરી
બધી જ વસ્તુની યાચના કરો. આમ કરવા માટે હંમેશા
તૈયાર રહો. નિરુંત્સાહી થઈ છોડી ના દો અને પ્રભુના
બધા સંતો માટે પ્રાર્થના કરો.
૧૯અને મારા માટે પણ પ્રાર્થના કરો કે જ્યારે હું બોલું
ત્યારે મને દેવ તરફથી શબ્દો પ્રદાન થાય કે જેથી ભય
વિના સુવાર્તાના ગૂઢ સત્યને હું કહી શકું. ૨૦મારું કામ
સુવાર્તા કહેવાનું છે અને તે હું અહીં બંદીખાનામાંથી
કરી રહ્યો છું. પ્રાર્થના કરો કે જ્યારે હું સુવાર્તાનો ઉપદેશ
આપું ત્યારે ભય વિના મારે જે રીતે આપવો જોઈએ તે
રીતે આપું.

### આખરી અભિવાદન

૨૧હું તમારી પાસે અમારા ભાઈ તુખિકસને મોકલું
છું, જેને અમે ચાહીએ છીએ. તે પ્રભુના કાર્ય પ્રત્યે
વિશ્વાસુ સેવક છે. મારા પ્રત્યે જે કંઈ બની રહ્યું છે તે
બધું તે તમને કહેશે જેથી તમને ખબર પડશે કે હું કેમ
છું અને શું કરી રહ્યો છું. ૨૨મારી ઈચ્છા છે કે તમે જાણો
કે અમે કેમ છીએ અને તમને હિંમત આપવા હું તેને
મોકલી રહ્યો છું.
૨૩દેવ બાપ અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને
શાંતિ તથા વિશ્વાસસહિત પ્રીતિ થાઓ. ૨૪તમે બધા કે
જેઓ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપર નિષ્કપટ પ્રીતિ
રાખો છો તેઓ પર દેવની કૃપા થાઓ. આમીન.

---

**"તમારે તમારા … આપવું જોઈએ"** નિ ૨૦:૧૨; પુન. ૫:૧૬

**"પછી તમારું … આયુષ્ય મળશે"** નિ. ૨૦:૧૨; પુન. ૫:૧૬

# ફિલિપ્પીઓને પત્ર

૧ ખ્રિસ્ત ઈસુના સેવકો પાઉલ અને તિમોથી તરફથી
કુશળતા હો.
દરેક સંતો જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે. અને ફિલિપ્પીમાં
રહે છે. અને તમારા સર્વ વડીલો અને વિશિષ્ટ
મદદગારોને.
૨દેવ આપણા બાપ અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી
તમને કૃપા તથા શાંતિ હો.

### પાઉલની પ્રાર્થના

૩હું જ્યારે પણ તમને યાદ કરું છું, ત્યારે મારા
દેવનો આભાર માનું છું. ૪અને તમારા બધા માટે હું
હંમેશા આનંદથી પ્રાર્થના કરું છું. ૫મેં જ્યારે લોકોને
સુવાર્તા આપી ત્યારે તમે મારી જે મદદ કરી તે માટે હું
પ્રભુનો આભારી છું. તમે જે દિવસથી વિશ્વાસી બન્યા
તે દિવસથી તમે મને મદદ કરી. ૬દેવે તમારામાં શુભ
કામની શરૂઆત કરી અને તે તમારા પ્રતિ હજુ પણ
ચાલુ છે. મને ખાતરી છે કે ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન
થશે, ત્યારે દેવ તે કામ પૂરું કરશે. ૭મને ખબર છે કે
તમારા વિષે આમ વિચારવામાં હું સાચો છું. તમે મારા
અંતરમાં છો, તેથી હું નિશ્ચિંત છું, હું મારી જાતને
તમારી ઘણી નજીક અનુભવું છું. હું તમારી સાથે
આત્મીયતા અનુભવું છું કારણ કે મારી સાથે દેવની
કૃપામાં તમે ભાગીદાર છો. જ્યારે હું જેલમાં હોઉં છું,
અને જ્યારે હું સુવાર્તાના સત્યમાં બચાવ કરું છું અને
મક્કમતા દાખવું છું ત્યારે મારી સાથે તમે દેવ કૃપાના
સહભાગી છો. ૮દેવ જાણે છે કે તમને મળવાને હું
ઘણો આતુર છું. હું તમને બધાને ખ્રિસ્ત ઈસુના પ્રેમ
સાથે ચાહું છુ.
૯તમારા માટે મારી આ પ્રાર્થના છે કે:
તમારો પ્રેમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે; કે તમને જ્ઞાન
શાણપણ પ્રેમ સાથે પ્રાપ્ત થાય;
૧૦ તમે સારા અને નરસાનો તફાવત સમજી શકો
અને સારાની પસંદગી કરો જેથી ખ્રિસ્તના
પુન:આગમન માટે તમે નિમર્ળ અને નિષ્કલંક
થાઓ.
૧૧ તમે ઈસુ ખ્રિસ્તની મદદથી ઘણા સારાં કાર્યો
કરશો જે દેવનો મહિમા વધારશે અને દેવની
સ્તુતિ કરશે.

### પાઉલની મુશ્કેલી પ્રભુના કાર્યને મદદરૂપ

૧૨ભાઈઓ અને બહેનો, હું તમને જણાવવા માગું
છું કે મારી સાથે જે દુ:ખદ બન્યું છે તે સુવાર્તાના ફેલાવામાં
મદદરૂપ બન્યું છે. ૧૩હું ખ્રિસ્તમાં વિશ્વાસ ધરાવું છું
તેથી હું જેલમાં છું તે વાત સ્પષ્ટ બની છે. બધાં જ
રાજય દરબારનાં રક્ષકો અને બધા લોકો આ વાતથી
જ્ઞાત છે. ૧૪હું હજુ જેલમાં છું પરંતુ તે વિષે હવે મોટા
ભાગના વિશ્વાસીઓને કાંઈક સારું લાગે છે અને તેઓ
ખ્રિસ્તની સુવાર્તા લોકોને કહેવા માટે વધુ હિંમતવાન
બન્યા છે.
૧૫કેટલાક લોકો અદેખાઈ તથા વિરોધથી ખ્રિસ્તની
સુવાર્તા પ્રગટ કરે છે. જ્યારે બીજા લોકો મદદ કરવાનું
ઈચ્છે છે તેથી ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરે છે. ૧૬આ
લોકોમાં પ્રેમની લાગણી છે અને તેઓ જાણે છે કે દેવે
મને સુવાર્તાનો બચાવ કરવાનું કામ સોંપ્યું છે. તેથી
તેઓ ઉપદેશ આપે છે. ૧૭પરંતુ પેલા બીજા લોકો સ્વાર્થી
છે તેથી ઉપદેશ આપે છે. અને ઉપદેશ આપવા માટેનું
તેમનું કારણ ખોટું છે. તેઓ મારા માટે કેદખાનામાં
મુશ્કેલીઓ ઊભી કરવા માંગે છે.
૧૮મારે માટે તેઓ મુશ્કેલી ઊભી કરે તેની હું દરકાર
કરતો નથી. પરંતુ મહત્વનું એ છે કે તેઓ લોકોને ખ્રિસ્ત
વિષે કહે છે. અને મારી એ ઈચ્છા છે કે તેઓ આમ કરે,
પરંતુ તેઓએ યોગ્ય કારણથી આમ કરવું જોઈએ. જો કે
તેઓ ખોટા અને ખરાબ કારણથી પણ આ કરે તેમા હું
ખુશ છું. હું પ્રસન્ન છું અને રહીશ કારણ કે તેઓ
લોકોને ખ્રિસ્ત વિષે કહે છે. ૧૯તમે મારા માટે પ્રાર્થના
કરો છો, અને ઈસુ ખ્રિસ્તનો આત્મા મને મદદ કરે છે.
તેથી હું જાણું છું કે આ મુશ્કેલી જ મારું તારણ લાવશે.
૨૦હું જેની આશા રાખું છું અને ઈચ્છું છું તે એ છે કે
હંમેશની જેમ મારામાં, ખ્રિસ્તની મહાનતાનું મારી આ
જીંદગીમાં જે મહત્વ છે તે હું દર્શાવી શકું અને ખ્રિસ્તને

મારા કાર્યો થકી નિરાશ ન કરું. હું જીવું કે મરું મારે આ કાર્ય કરવું છે. ૨૧હું કહેવા માગું છું કે ખ્રિસ્ત માત્ર એક જ મારા જીવનમાં મહત્વનો છે. અને મને તો મરણથી પણ લાભ થવાનો છે.* ૨૨જો હું દેહમાં જીવતો હોઈશ તો હુ પ્રભુનાં કાર્યો કરી શકીશ પરંતુ હું નથી જાણતો કે હું શું પસંદ કરું છું, મરવાનું કે જીવવાનું? ૨૩જીવન અને મરણ વચ્ચેની પસંદગી ઘણી મુશ્કેલ છે. આ જીવન જીવવાનું હું ઈચ્છું છું અને ખ્રિસ્ત સાથે થઈશ. કારણ કે તે વધારે સારું છે. ૨૪તમારા લોકો માટે મને અહીં આ શરીરરૂપે રહેવું વધુ જરૂરી છે. ૨૫મને ખબર છે કે તમને મારી જરૂર છે અને તેથી હું જાણું છું કે હું તમારી સાથે રહીશ. તમારા વિશ્વાસની વૃદ્ધિ તથા આનંદને સારું હું તમને મદદ કરીશ. ૨૬જ્યારે ફરીથી હું તમારી સાથે હોઈશ ત્યારે ખ્રિસ્ત ઈસુમાં થતો ઘણો જ આનંદ તમે અનુભવશો.

૨૭એની ચોકસાઈ રાખો કે ખ્રિસ્તની સુવાર્તાને યોગ્ય જીવન તમે જીવો. તેથી હું તમને આવીને મળું કે હું તમારાથી દૂર હોઉં, હું તમારા વિષે સારી વાતો જ સાંભળું. મારે સાંભળવું જોઈએ કે તમે બધા આત્મીય એકતા રાખો છો અને એક ચિત્ત થઈને સાથે મળીને સુવાર્તામાંથી જે વિશ્વાસ આવે છે તે માટે કામ કરો છો. ૨૮અને જે લોકો તમારી વિરુદ્ધ છે તેઓનાથી તમે ગભરાતા નથી. આ સર્વ વસ્તુઓ દેવની સાબિતી છે કે તમારો ઉદ્ધાર થયો છે અને તમારા દુશ્મનોનો વિનાશ. ૨૯દેવે તમને ખ્રિસ્તમાં વિશ્વાસ રાખવા સન્માનીત કર્યા છે એટલું જ નહિ, પરંતુ ખ્રિસ્ત માટે દુ:ખ સહન કરવાનું માન પણ તેણે તમને આપ્યું છે. આ બંને વસ્તુ ખ્રિસ્તનો મહિમા વધારે છે. ૩૦જ્યારે હું તમારી સાથે હતો, ત્યારે જે લોકો સુવાર્તાની વિરુદ્ધ હતા તેઓની સાથેનો મારો સંઘર્ષ તમે જોયો હતો. અને અત્યારે મારી સાથે જે સંઘર્ષ ચાલી રહ્યો છે તે વિષે તમે સાંભળો છો. તમે પોતે પણ તે પ્રકારના સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા છો.

### એક થાઓ અને એકબીજાને મદદ કરો

૨ ખ્રિસ્તમાં એવી કોઈ રીત છે કે જે થકી હું તમારી પાસે કંઈ માગી શકું? શું તમારો મારા પ્રત્યેનો પ્રેમ મને દિલાસો આપવા તમને પ્રેરણા આપે છે? શું આપણે એક જ આત્માના સહભાગી છીએ? શું તમારામાં કૃપા અને મમતા છે? ૨જો તમારામાં આ સર્વ હોય, તો હું તમને મારા માટે કંઈક કરવા વિનવું છું. જે મને આનંદથી ભરી દેશે. હું તમારી પાસે માગું છું કે એક જ અને એક સરખા વિશ્વાસમાં તમારા બધાના માનસ એક અને સંગઠીત કરો, એકબીજા પ્રત્યેના પ્રેમ માટે, એકબીજા સાથે સહમત થવાની બાબતમાં, અને સમાન હેતુ સાધવા, સાથે રહીને એક અને સમાન વિચારના બનો. ૩તમે જે કંઈ કાર્ય કરો તે સ્વાર્થ અને અહંકાર પ્રેરિત ન કરશો. નમ્ર બનો અને બીજાને તમારા કરતા વિશેષ ઉત્તમ ગણો. ૪તમે દરેક પોતાના હિત પર જ નહિ, પણ બીજાઓના હિત પર પણ લક્ષ રાખો.

### ખ્રિસ્ત થકી નિસ્વાર્થ બનવાનું શીખો

૫તમારા જીવનમાં તમારા વિચાર અને વર્તન ખ્રિસ્ત ઈસુ જેવાં હોવાં જોઈએ.

૬ખ્રિસ્ત પોતે દેવ જેવો હતો અને દેવ સમાન હતો. પરંતુ ખ્રિસ્ત દેવને સમાન હોવા છતાં તે સમાનતાને તે વળગી રહેવુ જરૂરી માનતો ન હતો.

૭પોતાનું દેવની સમકક્ષ હોવાનું સ્થાન તેણે છોડી દીધું. અને દાસ જેવા બનવાનું કબૂલ્યું. તે માનવ તરીકે જન્મ્યો અને દાસ જેવો બન્યો. ૮અને જયારે તે માનવ તરીકે જીવતો હતો, ત્યારે તે દેવ પ્રત્યે આજ્ઞાંકિત રહ્યો અને પોતાની જાતે વિનમ્ર બન્યો. તે વધસ્તંભ પર મરવાની અણી પર હતો છતાં પણ આજ્ઞાંકિત રહ્યો.

૯ખ્રિસ્ત દેવની આજ્ઞાનું પાલન કરતો રહ્યો, અને દેવને અનુસર્યો તેથી દેવે તેને ઉચ્ચ સ્થાન ઊપર બીરાજમાન કર્યો. તેના નામને બધા જ નામો કરતાં દેવે શ્રેષ્ઠ જાહેર કર્યુ. ૧૦દેવે આ કર્યુ કારણ કે આકાશમાં, પૃથ્વીમાં કે પાતાળમાં સ્થિત દરેક વ્યકિત ઈસુના નામે ઘૂંટણે પડીને નમે તેવી દેવની ઈચ્છા હતી. ૧૧દરેક વ્યકિત કબૂલ કરશે (કહેશે), "ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે." જયારે તેઓ આમ કહેશે ત્યારે, દેવ બાપનો મહિમા વધશે.

### દેવની ઈચ્છા પ્રમાણે બનો

૧૨મારા વહાલા મિત્રો, તમે હંમેશાં આજ્ઞાંકિત રહ્યા છો. હું ત્યાં હતો, ત્યારે હમેશાં તમે દેવને અનુસર્યા છો. જયારે હું તમારી સાથે નથી ત્યારે તમે આજ્ઞાંકિત બનો. અને મારી મદદ વગર તમારું તારણ થાય તે વધુ મહત્વનું છે. દેવ પ્રત્યે માન અને ભય જાળવી આમ કરો. ૧૩હા, દેવ તમારામાં સક્રિય છે. અને દેવ તેની પ્રસન્નતા પ્રમાણેનું કાર્ય કરવા તમને મદદ કરશે. અને આમ કરવાની શકિત તે તમને પ્રદાન કરશે.

૧૪કોઈ પણ જાતની ફરિયાદ કે વાદવિવાદ વગર બધું કરો. ૧૫ત્યારે તમે નિર્દોષ અને નિષ્કલંક બનશો.

---

**મરણથી ...લાભ થવાનો છે** પાઉલ કહે છે કે મરણ સારું છે, કારણ કે મરણ તેને ખ્રિસ્તની નજીક લાવશે.

તમે દેવના ક્ષતિહીન સંતાન બનશો. પરંતુ તમે તમારી આજુબાજુ ઘણા જ દુષ્ટ અને અનિષ્ટ લોકોની વચ્ચે રહો છો. આવા લોકોની વચ્ચે, તમે અંધકારની દુનિયામાં ઝળહળતા પ્રકાશ જેવા થાઓ. ૧૬તમે તેઓને જે જીવન આપે છે તેનો ઉપદેશ આપ્યો તેથી જયારે ખ્રિસ્ત ફરી પાછો આવશે ત્યારે મને ગૌરવ થશે. કારણ કે હું દોડવાની હરીફાઈમાં હતો અને હું જીત્યો. મારું કામ નિરર્થક ગયું નથી.

૧૭તમારો વિશ્વાસ દેવની સેવામાં તમારા જીવનનું અર્પણ આપવા તમને પ્રેરશે. તમારા અર્પણ (બલિદાન) સાથે કદાચ મારે મારા રક્તનું (મરણ) અર્પણ પણ આપવું પડે. પરંતુ જો તેમ થાય, તો મને આનંદ થશે અને તમ સર્વ સાથે હરખાઉં છું; અને તમારા બધાની સાથે તેમાં ભાગીદાર બનીશ. ૧૮તે રીતે તમે પણ આનંદ પામશો અને મારી સાથે હરખાશો.

### તિતસ અને એપાફ્રદિતસના સમાચાર

૧૯પ્રભુ ઈસુમાં તિમોથીને તમારી પાસે મોકલવાની હું આશા રાખું છું. તમારા વિષે જાણતા મને ઘણો આનંદ થશે. ૨૦મારી પાસે તિમોથી જેવો બીજો કોઈ માણસ નથી. તે ખરેખર તમારી કાળજી રાખે છે. ૨૧બીજા બધાને માત્ર પોતાની જાતમાં રસ છે. તેઓને ઈસુ ખ્રિસ્તના કાર્યમાં રસ નથી. ૨૨તમે જાણો છો કે તિમોથી કેવા પ્રકારનો માણસ છે. જે રીતે એક પુત્ર તેના પિતાની સેવા કરે તે રીતે સુવાર્તાના (પ્રસાર) કાર્યમાં તેણે મારી સાથે સેવા કરી છે. ૨૩જ્યારે મને ખબર પડશે કે મારું શું થવાનું છે, ત્યારે તરત જ તેને મોકલવાની મારી યોજના છે. ૨૪મને ખાતરી છે કે પ્રભુ મને મદદરૂપ થશે. ૨૫એપાફ્રદિતસ ખ્રિસ્તમાં મારો ભાઈ છે. ખ્રિસ્તની સેનામાં તે મારી સાથે સહયોદ્ધો અને મદદગાર છે. જ્યારે મારે મદદની જરૂર હતી ત્યારે તમે તેને મારી પાસે મોકલ્યો. ૨૬હવે મેં તેને તમારી પાસે મોકલવાનું નક્કી કર્યુ છે. હું તેને મોકલું છું કારણ કે તમને મળવાની તેની ખૂબ ઈચ્છા છે. તેની માંદગી વિષે સાંભળવાથી તમે લોકો ચિંતીત છો તેનાથી તે પોતે વ્યગ્ર છે. ૨૭તે માંદો હતો અને મરણની નજીક હતો. પરંતુ દેવે તેને અને મને મદદ કરી, કે જેથી મને વધુ શોકનું કારણ ન મળે. ૨૮તેથી તેને મોકલવાની મારી ઘણી ઈચ્છા છે. જ્યારે તમે તેને જોશો, ત્યારે તમે આનંદીત થશો. અને મને તમારી ચિંતા નહિ થાય. ૨૯પ્રભુના નામે તેને ખૂબ આનંદથી આવકારજો. અને તેના જેવા માણસનું બહુમાન કરજો. ૩૦તેનું બહુમાન થવું જ જોઈએ કારણ કે ખ્રિસ્તના કાર્યમાં તેણે લગભગ પોતાનો પ્રાણ અર્પણ કરી દીધો. મને મદદ કરવામાં તેણે તેનો જીવ જોખમમાં મૂક્યો. આ એવી મદદ હતી જે તમે મને આપી શક્યા નહોતા.

### બીજા બધા કરતાં ખ્રિસ્ત વધુ મહત્વનો છે

૩ અને હવે, મારા ભાઈઓ અને બહેનો, પ્રભુ દ્વારા તમને આનંદ પ્રાપ્ત થાઓ. તમને ફરીથી લખવામાં મને કોઈ તકલીફ નથી, અને આમ કરવાથી તમે વધુ જાગૃત બનશો. ૨જેઓ અનિષ્ટ કરે છે તેવા લોકોથી સાવધ રહેજો. તેઓ કૂતરા જેવા છે. તેઓ શરીરને કાપવા પર ભાર મૂકે છે. ૩આપણે સાચી રીતે સુન્નત પામેલા છીએ અને તેના આત્માથી આપણે દેવની સ્તુતિ (સેવા) કરીએ છીએ. આપણને ખ્રિસ્ત ઈસુમાં હોવા માટે ગૌરવ છે. અને આપણે આપણી જાતમાં કે અન્ય કોઈ આપણા કાર્યમાં વિશ્વાસ નથી મૂકતા. ૪હું મારી જાતમાં વિશ્વાસ મૂકવાને શક્તિમાન હોઉં, તો પણ હું મારામાં વિશ્વાસ નહિ મૂકું. જો કોઈ વ્યક્તિ એમ માને કે તેને પોતાની જાતમાં વિશ્વાસ મૂકવા માટે કારણ છે, તો તે વ્યક્તિ જાણી લે કે મને મારી જાતમાં વિશ્વાસ મૂકવા માટે સબળ કારણ છે. ૫હું આઠ દિવસનો હતો, ત્યારે મારી સુન્નત થયેલી, હું ઈસ્રાએલી છું અને બિન્યામીનના કુળનો છું. હું હિબ્રૂઓનો હિબ્રૂ છું અને મારા માતાપિતા હિબ્રૂ હતા, મૂસાનું નિયમશાસ્ત્ર મારે માટે ઘણું જ મહત્વનું હતું અને તેથી જ હું ફરોશી બન્યો હતો. ૬હું મારા યહૂદી ધર્મથી એટલો બધો ઉત્તેજીત હતો કે મેં મંડળીને સતાવેલી. હું જે રીતે મૂસાના નિયમ શાસ્ત્રને અનુસર્યો હતો તેમા કોઈ દોષ શોધી શકે તેમ નહોતો. ૭એક સમયે, આ બધી જ વસ્તુ મારા માટે ઘણી મહત્વની હતી. પરંતુ મેં નક્કી કર્યુ કે ખ્રિસ્ત આગળ આ બધી વસ્તુઓનું કશું જ મૂલ્ય નથી. ૮માત્ર તે જ વસ્તુઓ નહિ, પરંતુ હવે તો મને લાગે છે કે ખ્રિસ્ત ઈસુ મારા પ્રભુને પામવાની મહાનતાની સરખામણીમાં કોઈ પણ વસ્તુ મહત્વની નથી. ખ્રિસ્તને કારણે મેં એ બધી વસ્તુઓનો ત્યાગ કર્યો અને હવે હું જાણું છું કે ખ્રિસ્ત આગળ તે બધી વસ્તુઓ તુચ્છ કચરા જેવી છે. આ રીતે મને ખ્રિસ્ત મળ્યો. ૯આને કારણે હું ખ્રિસ્ત દ્વારા ન્યાયી છું. હું નિયમશાસ્ત્રને અનુસર્યો એને કારણે આ બન્યું નથી. પરંતુ ખ્રિસ્તમાં મારા વિશ્વાસને કારણે શક્ય બન્યું હતું . દેવે મારા ખ્રિસ્તમાંના વિશ્વાસનો

ઉપયોગ મને તેને અનુરૂપ બનાવવામાં કર્યો. ૧૦હું માત્ર ખ્રિસ્તને અને મૃત્યુમાંથી સજીવન થવાના સામર્થ્યને જાણવા માંગું છું. હું ખ્રિસ્તની વ્યથામાં સહભાગી થવા માંગું છું અને તેના મરણમાં તેના સમાન થવા માગું છું. ૧૧જો હું આમ કરી શકુ તો મારી જાતે મૃત્યુમાંથી ઊઠવાની આશા હું રાખી શકું.

### ધ્યેય સુધી પહોંચવાનો પ્રયત્ન

૧૨હું નથી કહેવા માંગતો કે દેવની જેવી ઈચ્છા હતી તેવો જ હું છું. હજી હું તે સિદ્ધિને પામ્યો નથી. પરંતુ તે ધ્યેયને પ્રાપ્ત કરવાના મારા પ્રયત્નો સતત ચાલું છે, ખ્રિસ્ત મારી પાસે આમ કરાવવા માંગે છે. અને તેથી તેણે જ મને તેનો બનાવ્યો છે. ૧૩ભાઈઓ અને બહેનો, મને ખબર છે, હું એ સિદ્ધિને નથી પામ્યો પરંતુ હંમેશા એક કામ હું કરું છું: કે હું ભૂતકાળની વસ્તુઓને ભૂલી જાઉં છું. મારી સમક્ષ જે ધ્યેય હોય છે તેને પ્રાપ્ત કરવા હંમેશા પ્રયત્નશીલ રહું છું. ૧૪તેથી હંમેશા ધ્યેય પ્રાપ્તિમાં હું પ્રયત્નશીલ રહું છું તેથી પુરસ્કૃત થાઉં છું આ પુરસ્કાર મારો છે કારણ કે ખ્રિસ્ત ઈસુ વડે દેવે મને સ્વર્ગીય જીવન માટે બોલાવ્યો છે.

૧૫આપણે બધા જે આત્મીય રીતે પરિપકવ થયા છીએ તેમણે આ રીતે વિચારવું જોઈએ. આમાંની કોઈ વસ્તુ સાથે જો તમે સંમત નથી થતા તો, દેવ તમને એ સ્પષ્ટ કરશે. ૧૬પરંતુ જે સત્ય આપણને લાધી ચૂક્યું છે તેને અનુસરવાનું આપણે ચાલુ રાખવું જોઈએ.

૧૭ભાઈઓ અને બહેનો, તમારે બધાએ મારા જેવું જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને એમ તમને બતાવ્યા પ્રમાણેનું જીવન જે જીવતો હોય તેઓનું અનુકરણ કરો. ૧૮ઘણા લોકો ખ્રિસ્તના વધસ્તંભના દુશ્મન જેવું જીવન જીવે છે. મેં તમને ઘણી વાર આ લોકો વિષે કહ્યું છે અને હમણાં પણ તેઓના વિષે રડતાં રડતાં કહું છું. ૧૯જે રીતે આ લોકો જીવે છે તેથી તેઓ તેઓનો વિનાશ નોંતરે છે અને દેવની સેવા નથી કરતા. તેઓનો દેવ તેઓનું પેટ છે, શરમજનક કૃત્યો કરે છે અને તેને માટે ગૌરવ અનુભવે છે. તેઓ માત્ર પાર્થિવ વસ્તુનો જ વિચાર કરે છે. ૨૦આપણું પોતાનું સ્થાન આકાશમાં છે અને આપણે આપણા તારનારની આકાશમાંથી આવવા માટે રાહ જોઈએ છીએ. આપણો તારનાર તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. ૨૧તે આપણા નિર્બળ શરીરોને બદલી તેઓને તેના પોતાના જેવા મહિમાવાન બનાવશે. ખ્રિસ્ત પોતાની શકિત કે જેના વડે તે બધી વસ્તુ ઉપર શાસન કરે છે, તેનાથી આમ કરી શકશે.

### કેટલીક કરવાની વસ્તુઓ

૪ મારા પ્રિય ભાઈઓ અને બહેનો, હું તમને ચાહું છું અને તમને મળવા ઈચ્છું છું. તમારા કારણે મને આનંદ થાય છે અને મને તમારું ગૌરવ છે. મારા કહ્યાં પ્રમાણે તમે પ્રભુને અનુસરવાનું ચાલુ રાખજો.

૨હું યુવદિયા અને સુન્તુખેને, પ્રભુમાં એક ચિત્તના થવા કહું છું. ૩અને તમે મારા મિત્રો જેણે મારી સાથે વફાદારીપૂર્વક સેવા કરી છે, તેથી આ સ્રીઓને મદદ કરવાનું હું તમને કહું છું. આ સ્રીઓએ સુવાર્તાના પ્રચારમાં મારી સાથે કામ કર્યુ છે. તેઓ કલેમેન્ત અને બીજા લોકો જે મારી સાથે કામ કરતાં હતા તેઓની સાથે કામ કર્યુ છે. જીવનના પુસ્તકમાં* તેઓનાં નામ લખાઈ ચૂક્યાં છે.

૪પ્રભુમાં સદા આનંદ કરો; હું ફરીથી કહું છું કે આનંદ કરો.

૫દરેક લોકોને જાણવા દો કે તમે નમ્ર અને માયાળુ છો. પ્રભુ જલદી આવે છે. ૬કશાની ચિંતા ન કરશો. પરંતુ તમારે જે કંઈ જોઈએ છે તે દેવ પાસે માંગો અને પ્રાર્થના કરો. અને જ્યારે તમે પ્રાર્થના કરો ત્યારે હંમેશા આભારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો. ૭પ્રભુની શાંતિ ઈસુ ખ્રિસ્તમાં તમારા હૃદય અને મનનું રક્ષણ કરશે. તે શાંતિ એટલી મહાન છે કે જેને પ્રભુએ આપેલી છે જે આપણે સમજી શકીએ તેમ નથી.

૮ભાઈઓ અને બહેનો, જે વસ્તુ સારી છે અને ધન્યવાદને પાત્ર છે તેના વિષે વિચારવાનું ચાલુ રાખો, જે વસ્તુઓ સત્ય છે, સન્માનીય છે, યથાર્થ અને શુદ્ધ છે, સુંદર અને આદરણીય છે તેનો જ વિચાર કરો. ૯તમે મારા દ્વારા શીખેલાં અને મેળવેલાં કાર્ય કરો. મેં તમને કહેલું અને તમે જે કરતાં મને જોયો તે સર્વ કરો. અને શાંતિનો દેવ તમારી સાથે રહેશે.

### પાઉલ ફિલિપીના ખ્રિસ્તીઓનો આભાર માને છે

૧૦હું પ્રભુમાં ઘણો આનંદીત છું કે ફરીથી તમે મારી સંભાળ લો છો. તમે હંમેશા મારી સંભાળ લીધી છે, પરંતુ તે દર્શાવી શકાઈ નથી. ૧૧મારે કશાની જરૂર છે તેથી હું તમને આમ નથી કહેતો, મારી પાસે જે કંઈ છે અને જે કંઈ બની રહ્યું છે, તેનાથી સંતોષ મેળવવાનું હું શીખ્યો છું. ૧૨દરિદ્રી અને સમૃદ્ધ બંને અવસ્થાઓમાં કેવી રીતે જીવવું તે હું જાણું છું, કોઈ પણ વખતે અને

**જીવનનું પુસ્તક** દેવનું પુસ્તક કે જેમાં સર્વ દેવના પસંદ કરાએલા લોકોના નામો છે. (પ્રક. ૩:૫; ૨૧:૨૭).

ગમે તેવા સંજોગોમાં આનંદી રહેવાનું શીખ્યો છું. મારી
પાસે ખાવાને પૂરતું હોય કે ન હોય, આનંદી રહેવાનું હું
શીખ્યો છું. મને જરૂરી બધી જ વસ્તુઓ મારી પાસે
હોય કે ના હોય, હું આનંદી રહેવાનું જાણું છું. [૧૩]ખ્રિસ્તને
કારણે આ બધું હું કરી શકુ છું, કારણ કે તે મને આમ
કરવાનું સામર્થ્ય આપે છે. [૧૪]પરંતુ જ્યારે મારે મુશ્કેલીઓ
હતી ત્યારે તમે મને મદદ કરી તે ઘણું સારું છે. [૧૫]તમે
ફિલિપ્પીના લોકો યાદ કરો જ્યારે મેં ત્યાં સુવાર્તા
આપવાની શરૂઆત કરેલી. મેં જ્યારે મકદોનિયા છોડ્યું
ત્યારે તમારી એક જ મંડળી એવી હતી કે જેણે મને
મદદ કરી. [૧૬]હું જ્યારે થેસ્સાલોનિકામાં હતો ત્યારે મારે
જરૂરી વસ્તુઓ તમે મને ઘણીવાર મોકલી. [૧૭]મારે
ખરેખર તમારા તરફથી દાન નથી જોઈતું. પરંતુ
આપવાથી જે સારું થાય છે તે તમને મળો તેમ હું ઈચ્છું
છું. [૧૮]મારી પાસે જરૂર કરતાં પણ વધારે છે. મારે જરૂરી
બધી વસ્તુઓ છે કારણ કે એપાફ્રદિતસ તમે આપેલ
દાન લાવ્યો હતો. તમારું દાન દેવને ધરેલું મધુર મહેકતા
અર્પણ જેવુ છે. દેવે તે અર્પણ સ્વીકાર્યુ અને પ્રસન્ન
થયો. [૧૯]ખ્રિસ્ત ઈસુના મહિમાથી મારો દેવ ઘણો સમૃદ્ધ
થયો છે. પરંતુ ખ્રિસ્ત ઈસુમાં તેની સમૃદ્ધિનો ઉપયોગ
તમને જરૂરી બધી વસ્તુઓ આપવામાં કરશે. [૨૦]આપણા
દેવ અને બાપને સર્વકાળ મહિમા હો. આમીન.

[૨૧]ખ્રિસ્ત ઈસુમાં દેવના બધા જ સંતોને સલામ કહેજો.
મારી સાથે જે ભાઈઓ છે તેઓ તમને ક્ષેમકુશળ કહે
છે. [૨૨]દેવના બધા જ સંતો જે મારી સાથે છે તેઓ તમને
ક્ષેમકુશળ કહે છે. બધા સંતોને અને કૈસરના ઘરનાં
બધા વિશ્વાસીઓ તમને ક્ષેમકુશળ કહે છે.

[૨૩]પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા (દયા) તમારી સાથે રહો.

# કલોસ્સીઓને પત્ર

૧ ખ્રિસ્ત ઈસુના પ્રેરિત પાઉલ તરફથી કુશળતા. હું
પ્રેરિત છું કારણ કે દેવ જ તેમ ઈચ્છતો હતો.
ખ્રિસ્તમાં આપણા ભાઈ તિમોથી તરફથી પણ સલામ.
૨કલોસ્સામાં રહેતા ખ્રિસ્તમાં આપણા પવિત્ર અને
વિશ્વાસુ ભાઈઓ અને બહેનોને આપણા દેવ બાપ
તરફથી કૃપા તથા શાંતિ પ્રાપ્ત થાઓ.
૩હંમેશા અમે અમારી પ્રાર્થનામાં તમારે સારું દેવનો
આભાર માનીએ છીએ. દેવ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો
બાપ છે. ૪અમે દેવનો આભાર માનીએ છીએ કારણ કે
તમે જે વિશ્વાસ ખ્રિસ્ત ઈસુમાં ધરાવો છો અને દેવના
સર્વ સંતો માટે તમને જે પ્રેમ છે તેના વિષે અમે સાંભળ્યું
છે. ૫તમને ખ્રિસ્તમાં વિશ્વાસ છે. તમારી આશાને કારણે
તમે દેવના સંતોને પ્રેમ કરો છો. તમે જાણો છો કે જે
વસ્તુની તમે આશા રાખો છો, તે આકાશમાં સલામત
છે. તમે તેની આશા જાણવા આવ્યા છો. જ્યારે તમે
સત્યના ઉપદેશને સાંભળ્યો, સત્ય સંદેશ એ જ સુવાર્તા
છે. ૬જ્યારે તમને સુવાર્તા આપવામાં આવી ત્યારે સુવાર્તા
આશીર્વાદ વરસાવી રહી છે. જ્યારે તમે તે સુવાર્તા પ્રથમ
સાંભળી અને દેવની કૃપાની (દયા) સત્યતા તમે સમજયા
તે સમયે પણ આમ જ બન્યું હતું. ૭એપાફ્રાસ પાસેથી
તમે દેવની કૃપા વિષે જાણ્યું. એપાફ્રાસ અમારી સાથે જ
કાર્ય કરે છે, અને અમે તેને ચાહીએ છીએ. તે અમારા
માટે ખ્રિસ્તનો વિશ્વાસુ સેવક છે. ૮પવિત્ર આત્મા તરફથી
તમને જે પ્રેમ પ્રાપ્ત થયો છે તે પણ એપાફ્રાસે અમને
જણાવ્યું છે.
૯જે દિવસથી અમે આ બાબતો તમારા વિષે સાંભળી
તે દિવસથી તમારે સારું પ્રાર્થના કરીએ છીએ. અમે આ
બાબતો માટે પ્રાર્થના કરીએ છીએ:

કે તમે સર્વ આત્મિક સમજણ તથા બુદ્ધિમાં દેવની
ઈચ્છાના જ્ઞાનથી ભરપૂર થાઓ;
૧૦ તમે આ બાબતોનો જીવનમાં એ રીતે ઉપયોગ
કરો કે જેથી પ્રભુ તેમના વડે સન્માનિત થાય,
અને સર્વ પ્રકારે તેનાથી તે પ્રસન્ન થાય; કે તમે
દરેક પ્રકારના સત્કાર્યો કરો અને દેવ અંગેના
જ્ઞાનમાં વિકસિત થાવ;
૧૧ કે દેવ તેના મહિમાના સામર્થ્ય પ્રમાણે તમને
શક્તિશાળી બનાવે, જેથી જ્યારે આપત્તિઓ આવે
ત્યારે તમે ડગી ન જાવ અને સહનશીલ બનો.

પછી તમને આનંદ પ્રાપ્ત થશે. ૧૨અને (દેવ) બાપની
આભારસ્તુતિ કરો. જે વસ્તુઓ તેણે તમારા માટે તૈયાર
કરી છે, તેને પામવા માટે તેણે જ તમને યોગ્ય બનાવ્યા
છે. તેણે આ વસ્તુઓ તેના બધા જ લોકો માટે બનાવી
છે, કે જે લોકો પ્રકાશમાં (સારું) જીવે છે. ૧૩દેવે આપણને
અંધકારની (શેતાન) સત્તામાંથી મુક્ત કર્યા છે. અને તે
જ આપણને તેના પ્રિય પુત્ર (ઈસુ) ના રાજ્યમાં લઈ
આવ્યો. ૧૪પુત્રએ આપણને છોડાવવા માટે કિંમત ચૂકવી
છે. તેનામાં જ આપણને આપણા પાપોની માફી પ્રાપ્ત
થઈ છે.

## જ્યારે આપણે ખ્રિસ્ત તરફ દષ્ટિ કરીએ છીએ, ત્યારે આપણે દેવને નિહાળીએ છીએ

૧૫કોઈ પણ વ્યક્તિ દેવને જોઈ શકતી નથી. પરંતુ
ઈસુ દેવની પ્રતિમા જ છે. ઈસુ જ, જે બધી વસ્તુઓનું
સર્જન કરવામાં આવ્યું છે તેનો શાસક છે. ૧૬તેના સામર્થ્ય
વડે દરેક વસ્તુનું સર્જન કરવામાં આવ્યું-આકાશની
વસ્તુઓ, પૃથ્વીની વસ્તુઓ, દશ્યમાન અને અદશ્ય
વસ્તુઓ, સમગ્ર આત્મીય સત્તા, અધિકારીઓ, દરેક
વસ્તુનું સર્જન ખ્રિસ્ત દ્વારા અને ખ્રિસ્ત માટે જ કરવામાં
આવ્યું. ૧૭કોઈ પણ વસ્તુના સર્જન પહેલા ખ્રિસ્ત હતો.
અને તેના જ કારણે દરેક વસ્તુમાં સાતત્ય છે. ૧૮ખ્રિસ્ત
તો શરીરનું એટલે મંડળીનું શિર છે. તે આરંભ, એટલે
મૂએલાંઓમાંથી પ્રથમ ઊઠેલો છે; કે જેથી સઘળામાં તે
શ્રેષ્ઠ થાય. ૧૯કેમ કે તેનામાં સર્વ પ્રકારની સંપૂર્ણતા રહે
એમ બાપને પસંદ પડયું; તેનું પોતાનું જીવન પરિપૂર્ણ
ખ્રિસ્તમાં હતું તેથી દેવ પ્રસન્ન હતો. ૨૦દેવ પ્રત્યેક
વસ્તુને પોતાના માટે ખ્રિસ્ત દ્વારા પુનઃપ્રાપ્ત કરીને પ્રસન્ન
થયો-પૃથ્વી પરની અને આકાશની વસ્તુઓ. દેવે
વધસ્તંભના ખ્રિસ્તના રક્ત (મરણ) દ્વારા શાંતિ કરાવી.

[૨૧]એક સમયે તમે દેવથી વિખૂટા પડી ગયેલા. મનમાં તો તમે દેવના શત્રુ હતા, કારણ કે જે દુષ્ટ આચરણ તમે કરેલું તે દેવ વિરુદ્ધ હતું. [૨૨]પરંતુ હવે ખ્રિસ્તે તમને ફરીથી દેવના મિત્ર બનાવી દીધા છે. જ્યારે તે તેના શરીરમાં હતો, ત્યારે ખ્રિસ્તે તેના મરણ દ્વારા આમ કર્યુ. તે તમને દેવ સમક્ષ લઈ જઈ શકે તેથી ખ્રિસ્તે આમ કર્યુ. તે તમને દેવ સમક્ષ એવા લોકો તરીકે પ્રસ્તુત કરે છે કે જે પવિત્ર છે, જેનામાં કોઈ ક્ષતિ નથી, અને દેવ જેને પાપો ગણી તમને પાપી ન ઠેરવી શકે. [૨૩]જો તમે સાંભળેલ સુવાર્તામાં વિશ્વાસ ધરાવતા રહેશો, તો ખ્રિસ્ત આમ કરશે. તમારે તમારા વિશ્વાસમાં સ્થાપિત અને દ્રઢ બનવાનું ચાલુ રાખવું જોઈએ. સુવાર્તાએ જે આશા તમને પ્રદાન કરી છે તેમાંથી તમારે કદાપિ ચલિત થવું જોઈએ નહિ. અને તે સુવાર્તા આખા વિશ્વમાં પ્રગટ થઈ છે. હું, પાઉલ, તે સુવાર્તા પ્રગટ કરવામાં મદદ કરું છું.

### મંડળી માટે પાઉલનું કાર્ય

[૨૪]તમારા માટે મેં જે દુ:ખો સહન કર્યા છે તેનાથી હું હમણાં આનંદ અનુભવું છું. ખ્રિસ્તે હજુ પણ તેના શરીર, મંડળી, દ્વારા ઘણી યાતનાઓ ભોગવવી પડશે. જે પીડા ભોગવવાની છે તેને હું મારા શરીરમાં સ્વીકારું છું. હું તેના શરીર, મંડળી માટે યાતના સહું છું. [૨૫]દેવે મને વિશિષ્ટ કાર્ય સોંપેલું તેથી હું મંડળીનો સેવક બન્યો. આ કાર્ય તમને મદદરૂપ થવાનું છે. મારું કાર્ય સંપૂર્ણપણે દેવની વાત જણાવવાનું છે. [૨૬]પ્રારંભકાળથી જ જેને ગુપ્ત રાખવામાં આવ્યું છે તેવો ઉપદેશ ગૂઢ સત્ય છે. આ સત્યને સર્વ સંતોથી ગુપ્ત રાખવામાં આવેલું. પરંતુ હવે તે ગૂઢ સત્યને દેવના સંતો સમક્ષ જાહેર કરવામાં આવ્યું છે. [૨૭]તેના લોકો આ સમૃદ્ધી અને મહિમાનું સત્ય જાણે તેવો નિર્ણય દેવે કર્યો. તે મહિમાની આશા તમામ લોકો માટે છે. તે સત્ય જે તમારામાં છે, તે ઈસુ ખ્રિસ્ત પોતે જ છે જે મહિમાની આશા છે. [૨૮]દરેક માણસને ખ્રિસ્તમાં સંપૂર્ણ થયેલો રજૂ કરીએ એ માટે અમે તેની વાત પ્રગટ કરીએ છીએ. અને દરેક માણસને બોધ કરીએ છીએ તથા સર્વ પ્રકારના જ્ઞાનનો ઉપયોગ કરીએ છીએ. બધા જ લોકોને અમે દેવ સમક્ષ એવા પ્રસ્તુત કરવા માંગીએ છીએ કે જેઓ ખ્રિસ્તમાં આત્મિક રીતે સંપૂર્ણ થયેલા છે. [૨૯]આમ કરવા માટે, ખ્રિસ્તે મને પ્રદાન કરી છે તે મહાન શકિતનો હું કાર્ય અને સંઘર્ષ કરવામાં ઉપયોગ કરું છું. તે શકિત મારા જીવનમાં કાર્યાન્વિત બની છે.

૨ તમને મદદ કરવા માટે હું ઘણી જહેમત ઉઠાવી રહ્યો છું તે તમે જાણો એમ હું ઈચ્છું છું. અને લાવદિકિયાના લોકોને જેઓ મને કદાપિ મળ્યા નથી તેઓને પણ હું મદદ કરવા પ્રયાસ કરી રહ્યો છું. [૨]તેઓ વિશ્વાસમાં સમૃદ્ધ અને શકિતશાળી બને જે સમજશકિત દ્વારા આવે છે અને પ્રેમ વડે એકબીજા સાથે જોડાય તેમ હું ઈચ્છું છું. સમજશકિત દ્વારા જે દ્રઢ વિશ્વાસ ઉદભવે છે, તેમાં તેઓ સમૃદ્ધ બને તેમ હું ઈચ્છું છું. દેવે જેને જાહેર કર્યુ છે તે મર્મથી તેઓ સંપૂર્ણપણે વાકેફ થાય તેમ હું ઈચ્છું છું. તે સત્ય સ્વયં ખ્રિસ્ત જ છે. [૩]ખ્રિસ્તમાં બધા જ જ્ઞાન તથા બુદ્ધિનો ખજાનો સુરક્ષિત રખાયેલો છે.

[૪]હું તમને આ બાબતો એટલા માટે જણાવું છું કે કોઈ પણ વ્યક્તિ તમને એવા ખ્યાલોથી મૂર્ખ ન બનાવે કે જે સારા લાગે ખરાં, પણ હોય ખોટા. [૫]હું સદેહે તમારી સાથે નથી, પરંતુ મારું હૃદય તો તમારી સાથે જ છે. તમારું સારું જીવન અને ખ્રિસ્ત પ્રત્યેનો દ્રઢ વિશ્વાસ જોઈને મને આનંદ થાય છે.

### ખ્રિસ્તમય જીવન જીવવાનું ચાલુ રાખો

[૬]તમે ખ્રિસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યો છે. તેથી કોઈ પણ પરિવર્તન લાવ્યા વિના તેને અનુસરવાનું ચાલુ રાખો. [૭]તમારે ફકત ખ્રિસ્ત પર જ આધારિત રહેવું. જીવન અને સામર્થ્ય તેના તરફથી આવે છે, તમને સત્ય શીખવવામાં આવ્યું છે. તમારે તે સત્ય ઉપદેશ અંગે દ્રઢ રહેવાનું ચાલું જ રાખવું જોઈએ. અને હંમેશા આભારસ્તુતિ કરવી જોઈએ.

[૮]જે અર્થહીન હોય તેવા વ્યર્થ ખ્યાલો કે શબ્દો વડે કોઈ વ્યકિત તમને દોરે નહિ તે અંગે સાવધ રહો. તેવા ખ્યાલો ખ્રિસ્ત તરફથી નહિ, પરંતુ લોકો તરફથી આવતા હોય છે. [૯]દેવ સંપૂર્ણપણે ખ્રિસ્તમાં નિવાસ કરે છે. [૧૦]અને ખ્રિસ્તમાં તમે સંપૂર્ણ છો. તમારે બીજા કશાની આવશ્યકતા જ નથી. બધા જ શાસકો અને સત્તાઓના ઈસુ જ શાસક છે.

[૧૧]ખ્રિસ્તમાં તમને વિવિધ પ્રકારની સુન્નત મળી હતી. જે સુન્નત કેટલાક માણસોના હાથથી કરવામાં આવી ન હતી. મારો મતલબ છે કે તમારી પાપી જાતના સામર્થ્યથી તમને મુકત કરવામાં આવેલા. ખ્રિસ્ત તો આ જ પ્રકારની સુન્નત કરે છે. [૧૨]જ્યારે તમે બાપ્તિસ્મા પામ્યા, ત્યારે તમારી જીર્ણજાત મૃત્યુ પામી અને ખ્રિસ્તની સાથે તમે દટાયા. અને તે બાપ્તિસ્મામાં ખ્રિસ્તની સાથે તમને ઉઠાડવામાં આવ્યા, કારણ કે દેવના સામર્થ્યમાં

તમને વિશ્વાસ હતો. જ્યારે તેણે ખ્રિસ્તને મૂએલામાંથી ઉઠાડયો ત્યારે દેવના સામર્થ્યને દર્શાવ્યું. ૧૩તમે તમારા પાપી સ્વભાવ અને તમારી પાપી કાયાની તાકાતથી બંધાયેલા હતા, તેથી તમે આત્મિક રીતે મૂએલા હતા. પરંતુ ખ્રિસ્ત સાથે દેવે તમને જીવતા કર્યા અને દેવે આપણા પાપોની માફી આપી. ૧૪આપણે દેવના નિયમનો ભંગ કર્યો તેથી આપણે દેવાદાર બન્યા. જે નિયમોને અનુસરવામાં આપણે નિષ્ફળ રહ્યા, તેને કરજની યાદી દર્શાવે છે. પરંતુ દેવે આપણું બધું જ કરજ માફ કર્યું. દેવે આપણું કરજ લઈ લીધું અને તેને વધસ્તંભ પર ખીલાથી જડી દીધું. ૧૫આત્મિક શાસકો અને સત્તાઓને દેવે પરાજીત કર્યા. વધસ્તંભ વડે દેવે જય મેળવ્યો અને તે શાસકો અને સત્તાઓને પરાજીત કર્યા. દેવે જગતને બતાવ્યું કે તેઓ સામર્થ્યહીન હતા.

### માનવનિર્મિત નિયમોને ન અનુસરો

૧૬તેથી કોઈ પણ વ્યક્તિને તમારા માટે ખાવાપીવા અંગેના કે યહૂદી રિવાજો, (ઉત્સવો, ચાંદરાત,* કે વિશ્રામવાર) વિષે કોઈ તમને દોષિત ન ઠરાવે. કોઈ પણ વ્યક્તિને આ વિષે તમારા માટે નિયમો ના ઘડવા દો. ૧૭ભૂતકાળમાં, આ બાબતો પડછાયારૂપ હતી કે જેનું આગમન થઈ રહ્યું છે તે દર્શાવતી હતી. પરંતુ નૂતન બાબતો કે જેનું આગમન થવાનું હતું તે ખ્રિસ્તમાં દેખાઈ છે. ૧૮કેટલાક લોકો નમ્રતા અને દૂતોની સેવા કરવા ઈચ્છતા હોય, એવું વર્તન કરે છે. તે લોકો હંમેશા જે દર્શનો તેઓએ જોયા હોય તેના વિષે કહેતા રહે છે. તે લોકોને ન કહેવા દો કે, "તમે આમ કરતા નથી, તેથી તમે ખોટા છો." તે લોકો મૂર્ખ અભિમાનથી ભરપૂર છે. કારણ કે તેઓ ફક્ત માનવ વિચારોને જ વિચારી શકે, દેવના વિચારોને નહિ. ૧૯તે લોકો તેમની જાતને શિરનાં (ખ્રિસ્ત) નિયંત્રણ હેઠળ રાખતા નથી. સમગ્ર શરીર શિર (ખ્રિસ્ત) પર આધારિત હોય છે. ખ્રિસ્તને (શિર) લીધે જ શરીરનાં બધા જ અવયવો એકબીજાની દરકાર રાખે છે અને એકબીજાને મદદ કરે છે. આ શરીરને મજબૂત બનાવે છે. અને તેને સંગઠિત કરે છે. અને તેથી દેવ જે રીતે ઈચ્છે છે તે રીતે શરીર વિકાસ પામે છે.

૨૦તમે ખ્રિસ્ત સાથે મૂઆ અને દુન્યવી નિરર્થક નિયમોથી મુક્ત થયેલા છો. તેથી તમે હજુ પણ આ દુનિયા સાથે સંકળાયેલા હોય તેમ વર્તો છો? મારો આ મતલબ છે, કે શા માટે આવા નિયમો પાળો છો: ૨૧"આ ખાશો નહિ," "પેલું ચાખવું નહિ," "પેલી વસ્તુને અડકશો નહિ?" ૨૨આ નિયમો એવી દુન્યવી વસ્તુઓ વિષે વાતચીત કરી રહ્યાં છે કે જેનો ઉપયોગ કર્યા પછી જેનું કોઈ અસ્તિત્વ જ રહેતું નથી. આ નિયમો તો ફક્ત લોકોથી મળેલ આજ્ઞા તથા શિક્ષણ છે, દેવથી નહિ. ૨૩આ નિયમો સારા લાગે છે. પરંતુ આ નિયમો તો બસ માનવ–નિર્મિત ધર્મના ભાગરૂપ છે કે જે માણસોને નમ્રતાનો ઢોંગ રચવા પ્રેરે છે, અને તેઓના દેહદમન માટે પ્રેરે છે. પરંતુ આ નિયમો લોકોને તેઓનો પાપી સ્વભાવ જે દુષ્કર્મો ઈચ્છે તે કરાવે છે, તેને અટકાવવામાં મદદકર્તા નથી.

### ખ્રિસ્તમાં તમારું નવું જીવન

૩ ખ્રિસ્ત સાથે તમને મૂએલામાંથી ઉઠાડવામાં આવેલા. તેથી તે વસ્તુઓ જે આકાશમાં છે તે પ્રાપ્ત કરવા માટે ઈચ્છા કરો. મારો મતલબ છે કે એ વસ્તુઓ કે જ્યાં ખ્રિસ્ત દેવના જમણા હાથે બેઠેલો છે. ૨ફક્ત આકાશની વસ્તુઓ વિષે જ વિચાર કરો, પૃથ્વી પરની વસ્તુઓ વિષે નહિ.

૩તમારી જૂની પાપી જાત મૃત્યુ પામી છે, અને ખ્રિસ્ત સાથે દેવમાં તમારું નવું જીવન ગુપ્ત રાખેલ છે. ૪ખ્રિસ્ત જ તમારું જીવન છે. જ્યારે તેનું પુનરાગમન થશે, ત્યારે તમે તેના મહિમાના સહભાગી બનશો. ૫એ માટે પૃથ્વી પરના તમામ અવયવો, એટલે વ્યભિચાર, અશુદ્ધતા, વિષયવાસના, ભૂંડી ઈચ્છા તથા દ્રવ્યલોભ જે મૂર્તિપૂજા છે, તેઓને મારી નાખો. ૬એ કામો દેવને ક્રોધિત કરે છે.* ૭ભૂતકાળના તમારા દુષ્ટ જીવનમાં પણ તમે આ જ બાબતો કરી છે.

૮પરંતુ હવે તમારા જીવનમાં આ વસ્તુઓને જાકારો આપો: જેવી કે રીસ, બીજા લોકોની લાગણી દુભાવે તેવી વસ્તુઓ બોલવી કે કરવી, અને વાતચીત દરમ્યાન અપશબ્દોનો ઉપયોગ કરવો. ૯એકબીજા સાથે જૂઠું ન બોલો. શા માટે? કારણ કે તમે તમારું પાપી જીવન તથા તેવાં કાર્યો જે તમે અગાઉ કરેલાં તે તો ક્યારનાંય છોડી દીધાં છે. ૧૦તમે નવું જીવન શરૂ કર્યુ છે. તમારા નવા જીવનમાં તમે નવા બનાવાયા છો. જેણે તમારું સર્જન કર્યુ છે તેના જેવા તમે બની રહ્યાં છો. આ નવું જીવન તમને દેવનું સત્ય જ્ઞાન આપે છે. ૧૧નવા જીવનમાં ગ્રીક અને યહૂદી લોકો વચ્ચે કોઈ ભિન્નતા નથી. જે

---

**ચાંદરાત** યહૂદી મહિનાનો પ્રથમ દિવસ. યહૂદી લોકો માટે આ પવિત્ર દિવસ ગણાતો.

**કલમ ૬** કેટલીક ગ્રીક નકલોમાં ઉમેર્યુ છે: "દેવને અનુસરતા નથી તેવા લોકો વિરુદ્ધ."

લોકોની સુન્નત કરવામાં આવી છે, અને જેની સુન્નત
કરવામાં નથી આવતી તેવા લોકો વચ્ચે કોઈ ભિન્નતા
નથી. અથવા તો તે લોકો કે જે વિદેશીઓ અથવા
સિથિયનો છે તેમની વચ્ચે કોઈ ભિન્નતા નથી. સ્વતંત્ર
લોકો અને દાસો વચ્ચે પણ કોઈ જ ભિન્નતા નથી.
પરંતુ ખ્રિસ્ત તો બધા જ વિશ્વાસીઓમાં વસે છે. અને
ખ્રિસ્ત સર્વ તથા સર્વમાં છે.

૧૨દેવે તમને પસંદ કર્યા છે અને તમને તેના પવિત્ર
લોકો બનાવ્યા છે. તે તમને પ્રેમ કરે છે. તેથી હંમેશા
આ વસ્તુઓ કરો: ધૈર્યવાન ને દયાવાન બનો, ભલાઈ
કરો, દીન, નમ્ર, સહનશીલ બનો. ૧૩એકબીજાને સહન
કરો, એકબીજાને માફ કરો. જો કોઈ વ્યક્તિ તમારી
વિરુદ્ધ કોઈ અનુચિત આચરણ કરે, તો તેને તમે માફ
કરો. બીજા લોકોને માફ કરો કારણ કે પ્રભુએ તમને
માફ કર્યા છે. ૧૪આ બધી જ બાબતો કરો; પરંતુ તે
બધાથી મહત્વપૂર્ણ એ છે કે, તમે એકબીજાને પ્રેમ કરો.
તમને દરેકને સંપૂર્ણ એકતામાં સાંકળતું બંધન જ પ્રેમ
છે. ૧૫ખ્રિસ્ત જે શાંતિ પ્રદાન કરે છે તેના વડે તમારા
વિચારોને નિયંત્રિત થવા દો. શાંતિ પ્રાપ્તિ અર્થે તમે
બધા એક જ શરીર* બનવા માટે તેડાયેલા છો. હંમેશા
આભારસ્તુતિ કરો. ૧૬ખ્રિસ્તની વાતો સર્વ જ્ઞાનમાં
પુષ્કળતાથી તમારામાં રહે. એકબીજાને શીખવવા માટે
અને સક્ષમ બનાવવા તમારા સંપૂર્ણ જ્ઞાનનો ઉપયોગ
કરો. ગીતો, સ્તોત્રો અને આત્મિક ગાયનોથી તમારા
હૃદયમાં દેવની આભારસ્તુતિ કરો. ૧૭તમે જે કહો અને
કરો તે સર્વ પ્રભુ ઈસુના નામે થવા દો. અને તમારા આ
દરેક કાર્યોમાં, દેવ બાપની આભારસ્તુતિ ઈસુ દ્વારા વ્યક્ત
કરો.

### અન્ય લોકો સાથે તમારું નવુ જીવન

૧૮પત્નીઓ, તમારા પતિની સત્તાને આધીન રહો.
પ્રભુમાં આ કામ કરવાની સુયોગ્ય બાબત છે.

૧૯પતિઓ, તમે તમારી પત્નીઓ પર પ્રેમ કરો, અને
તેમના પ્રત્યે કઠોર ન થાઓ.

૨૦બાળકો, તમારા માબાપોની દરેક આજ્ઞાને
અનુસરો, આ પ્રભુને પ્રસન્ન કરે છે.

૨૧પિતાઓ, તમારા બાળકોને ચીડવો નહિ. જો તમે
તેમના પ્રત્યે કઠોર બનશો, તો પછી તેઓ પ્રયત્નો કરવાનું
જ છોડી દેશે.

૨૨દાસો, તમારા પૃથ્વી પરના માલિકોની દરેક આજ્ઞા
પાળો. તમારો માલિક તમને જોઈ શકે તેમ ન હોય
તેવા સમયે પણ તમારા માલિકની આજ્ઞાઓનું પાલન
કરો. તમે તો ખરેખર લોકોને ખુશ કરવા પ્રયત્ન કરી
રહ્યા નથી, તમે તો પ્રભુને પ્રસન્ન કરવા પ્રયત્ન કરી
રહ્યા છો. તેથી પ્રામાણિકપણે આજ્ઞાપાલન કરો કારણ કે
તમે પ્રભુનો આદર કરો છો. ૨૩તમે જે કરી રહ્યા છો તે
દરેક કાર્યમાં, તમે જેટલું થઈ શકે તેટલું શ્રેષ્ઠ કામ કરો.
એ રીતે કામ કરો, જાણે લોકો માટે નહિ, પરંતુ પ્રભુ
માટે કાર્ય કરી રહ્યા છો. ૨૪યાદ રાખો કે પ્રભુ તરફથી
તમને બદલો મળવાનો છે. તે તમને, તેણે જે તેના
લોકોને વચન આપેલું તે પ્રદાન કરશે. તમે તો પ્રભુ
ખ્રિસ્તની સેવા કરી રહ્યા છો. ૨૫યાદ રાખો કે કોઈ પણ
વ્યક્તિ અનુચિત કાર્ય કરશે તે તેના અનુચિત કાર્યને
કારણે સજાને પાત્ર બનશે. પ્રભુ ને ત્યાં પક્ષપાત નથી.

૪ ધણીઓ, જે બાબતો તમારા સેવકો માટે સુંદર
અને ન્યાયી હોય તે તેમને આપો. યાદ રાખો કે
આકાશમાં તમારો પણ ધણી છે.

### ખ્રિસ્તીઓને કેટલીક બાબતો કરવા પાઉલ જણાવે છે

૨પ્રાર્થનામાં ખંતથી મંડયા રહો. અને જ્યારે તમે
પ્રાર્થના કરો, ત્યારે હંમેશા દેવની આભારસ્તુતિ કરો.
૩અમારા માટે પણ પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે દેવ
અમને તેની સુવાર્તા ફેલાવવાની તક આપે. પ્રાર્થના કરો
કે દેવે જે ખ્રિસ્ત વિષેનું મર્મ પ્રકાશિત કર્યુ છે, તેનો
અમે ઉપદેશ આપી શકીએ. હું કારાગૃહમાં છું કારણ કે
હું આ સત્યનો ઉપદેશ આપું છું. ૪પ્રાર્થના કરો કે આ
સત્યને હું લોકોને સ્પષ્ટ જાહેર કરી શકું. આ જ મારે
કરવું જોઈએ.

૫જે લોકો વિશ્વાસુ નથી તેવા લોકો સાથે ડહાપણથી
વર્તો. તમારા સમયનો સદુપયોગ કરો. ૬જ્યારે તમે
વાતચીત કરો, ત્યારે તમે હંમેશા માયાળુ અને બુદ્ધિમાન
રહો. પછી જ તમે પ્રત્યેક વ્યક્તિને તમારે જે રીતે ઉત્તર
આપવો જોઈએ તે રીતે આપી શકશો.

### પાઉલ સાથેના લોકો વિષેના સમાચાર

૭તુખિકસ ખ્રિસ્તમા મારો વહાલો ભાઈ છે. પ્રભુમાં
તે મારી સાથે વિશ્વાસુ સેવક તથા સાથી દાસ છે. તે
તમને મારી સાથે બની રહેલી તમામ ઘટનાઓ જણાવશે.
૮તેથી જ હું એને મોકલી રહ્યો છું. અમે કેવી સ્થિતિમાં
છીએ, તે તમે જાણો એમ હું ઈચ્છું છું. અને તમને
પ્રોત્સાહિત કરવા માટે પણ હું એને મોકલી રહ્યો છું.
૯ઓનેસિમસની સાથે હું એને મોકલી રહ્યો છું.

---

**શરીર** ખ્રિસ્તનું આત્મિક શરીર, અર્થાત મંડળી કે તેના લોકો.

ઓનેસિમસ ખ્રિસ્તમાં વિશ્વાસુ અને વહાલો ભાઈ છે. તે તમારા સમૂહમાંથી આવે છે. તુખિકસ અને ઓનેસિમસ તમને અહીં જે કાંઈ બન્યું છે તે જણાવશે.

૧૦અરિસ્તાર્ખસ તમને ક્ષેમકુશળ કહે છે. તે મારી સાથે અહીં કેદી છે. અને માર્ક, બાર્નાબાસનો પિત્રાઈ પણ તમને ક્ષેમકુશળ કહે છે. (માર્ક અંગે શું કરવું તે ક્યારનું મેં તમને જણાવી દીધું છે. જો તે ત્યાં આવે, તો તમે તેને આવકારજો.) ૧૧ઈસુ પણ (તે યુસ્તસના નામે પણ ઓળખાય છે) તમને ક્ષેમકુશળ કહે છે. આ જ ફકત યહૂદી વિશ્વાસુઓ છે કે જે મારી સાથે દેવના રાજ્ય માટે કાર્ય કરે છે. તેઓ મારા માટે દિલાસારૂપ બની રહ્યા છે.

૧૨એપાફ્રાસ પણ તમને ક્ષેમકુશળ કહે છે. તે ઈસુ ખ્રિસ્તનો સેવક છે. અને તે તમારા સંઘનો છે. તે હંમેશા તમારા માટે આગ્રહથી પ્રાર્થના કરે છે. તે પ્રાર્થે છે કે તમે આત્મિક રીતે પરિપકવ બનવા માટે વિકાસ પામો અને દેવ તમારા માટે ઈચ્છે છે તે દરેક વસ્તુ તમને પ્રાપ્ત થાય. ૧૩હું જાણું છું કે તેણે તમારા માટે અને લાવદિકિયા અને હિયરાપુલિસના લોકો માટે કઠોર પરિશ્રમ કર્યો છે. ૧૪દેમાસ અને આપણા વહાલા મિત્ર લૂક વૈદ પણ ક્ષેમકુશળ કહે છે.

૧૫લાવદિકિયાના ભાઈઓ અને બહેનોને ક્ષેમકુશળ કહેજો. અને નુમ્ફા અને મંડળી કે જે તેના ઘરમાં મળે છે, તેમને પણ ક્ષેમકુશળ કહેજો. ૧૬આ પત્ર તમારી આગળ વાંચ્યાં પછી, તે લાવદિકિયાની મંડળીમાં પણ વંચાવવા તેની કાળજી રાખજો. અને લાવદિકિયામાં જે પત્ર મેં લખ્યો છે તે પણ તમે વાંચજો. ૧૭આર્ખિપસને કહેજો કે, "તને પ્રભુએ જે કામ સોંપ્યું છે તે પૂર્ણ કરવા સાવધ રહેજે."

૧૮હું પાઉલ મારા સ્વહસ્તે આ પત્ર લખી રહ્યો છું અને તમને ક્ષેમકુશળ પાઠવી રહ્યો છું, કારાગારમાં મને યાદ કરજો. દેવની કૃપા (દયા) તમારા પર થાઓ.

# થેસ્સલોનિકીઓને પહેલો પત્ર

૧ પાઉલ, સિલ્વાનુસ અને તિમોથી તરફથી થેસ્સલોનિકામાં રહેતી મંડળી, તે મંડળી જોગ, દેવ બાપમાં અને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તમને કૃપા અને શાંતિ થાઓ.

### થેસ્સલોનિકાના લોકોનો વિશ્વાસ અને જીવન

૨જયારે અમે પ્રાર્થના કરીએ છીએ ત્યારે અમે હંમેશા તમારા બધાંનું સ્મરણ કરીએ છીએ અને તમારા બધા માટે અમે દેવની આભારસ્તુતિ કરીએ છીએ. ૩જયારે અમે દેવ બાપને પ્રાર્થીએ છીએ ત્યારે તમારા વિશ્વાસને કારણે તમે જે કાર્યો કર્યાં છે તેના માટે અમે સતત દેવનો આભાર માનીએ છીએ. અને તમારા પ્રેમને લીધે તમે જે કાર્યો કર્યાં છે તેના માટે પણ અમે દેવનો આભાર માનીએ છીએ. અને તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તમારી આશામાં દઢ બની રહો તે માટે અમે તેનો આભાર માનીએ છીએ. ૪ભાઈઓ અને બહેનો, દેવ તમને પ્રેમ કરે છે. અને અમે જાણીએ છીએ કે તમને તેના બનવા માટે તેણે પસંદ કર્યા છે. ૫અમે તમને સુવાર્તા પહોંચાડી પરંતુ અમે ફક્ત શબ્દોનો જ ઉપયોગ ન કર્યો, અમે સુવાર્તાને સામર્થ્યસહિત લઈ આવ્યા. અમે તેને પવિત્ર આત્મા અને પૂર્ણ જ્ઞાન સહિત લઈ આવ્યા જે સત્ય છે. તમારી સાથે અમે ઉપસ્થિત હતા ત્યારે અમે કેવું જીવન જીવતા હતા તે પણ તમે જાણો છો. અમે તમને મદદકર્તા થઈએ એ રીતે જીવ્યા હતા. ૬અને તમે અમારા જેવા અને પ્રભુ જેવા બન્યા. તમે ઘણું સહન કર્યુ, પરંતુ તમે આનંદપૂર્વક પ્રભુની વાત સ્વીકારી. પવિત્ર આત્માએ તમને તે આનંદ આપ્યો. ૭તમે મકદોનિયા અને અખાયામાં તમામ વિશ્વાસીઓ માટે નમૂનારૂપ બન્યા. ૮તમારા ધ્વારા મકદોનિયા અને અખાયામાં પ્રભુની વાત ફેલાઈ અને દેવ પ્રતિ તમારો વિશ્વાસ સર્વત્ર પ્રગટ થયો છે. તેથી તમારા વિશ્વાસ વિષે અમારે કાંઈ કહેવાની જરુર નથી. ૯અમે જયારે તમારી સાથે હતા ત્યારે જે સદભાવપૂર્વક તમે અમને સ્વીકાર્યા તે વિષે લોકો સર્વત્ર વાત કરે છે. તમે કેવી રીતે મૂર્તિપૂજા બંધ કરી જીવતા અને સાચા દેવની સેવા કરવા તરફ વળ્યા તે વિષે લોકો વાત કરે છે. ૧૦તમે મૂર્તિપૂજા બંધ કરી અને હવે તમે આકાશમાંથી દેવનો દીકરો આવે તેની પ્રતીક્ષા કરો છો. દેવે તે દીકરાને મૂએલામાંથી ઉઠાડયો તે ઈસુ છે, કે જે આપણને દેવના આવનારા ન્યાયમાંથી બચાવે છે.

### થેસ્સાલોનિકામાં પાઉલનું કામ

૨ ભાઈઓ અને બહેનો, તમે જાણો છો કે અમારી તમારી સાથેની મુલાકાત નિષ્ફળ નહોતી નીવડી. ૨અમે તમારી પાસે આવ્યા તે પહેલા, ફિલિપ્પીમાં અમારે ઘણું સહન કરવું પડયું હતું, ત્યાંના લોકો અમારા વિષે ઘણા કટુવચનો બોલ્યા. તમે આ બધા વિષે જાણો છો. અને અમે જયારે તમારી પાસે આવ્યા ત્યારે, ઘણા લોકો અમારી વિરુદ્ધ હતા. પરંતુ આપણા દેવે અમને હિંમતવાન બનાવ્યા અને દેવ તેની સુવાર્તા તમને કહેવામાં અમને મદદરૂપ થયો. ૩અમે લોકોને બોધ આપીએ છીએ. કોઈએ પણ અમને મૂર્ખ બનાવ્યા નથી. અમે દુષ્ટ નથી. અમે લોકોને છેતરવાનો પ્રયત્ન કરતાં નથી. અમે જે કરીએ છીએ તે માટે અમારા કારણો નથી. ૪ના. અમે સુવાર્તા આપીએ છીએ કારણ કે સુવાર્તા આપવા માટે દેવે અમારી પરીક્ષા કરી છે અને અમારા પર વિશ્વાસ મૂકયો છે. તેથી જયારે અમે બોલીએ છીએ, ત્યારે દેવને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરીએ છીએ, નહિ કે માણસોને. દેવ એ એક છે જે અમારાં હદયોનો પારખનાર છે. ૫તમે જાણો છો કે તમારા વિષે સારું સારું બોલીને તમને ખુશામત કરવાનો અમે કદી પ્રયત્ન કર્યો નથી. અમારે તમારા પૈસા નથી જોઈતા કે તમારા થકી અમારે અમારો કોઈ સ્વાર્થ છુપાવાનો નથી. દેવ જાણે છે કે આ સત્ય છે. ૬અમે લોકો તરફથી, તમારા તરફથી, કે બીજા કોઈ તરફથી પ્રસંશાની અપેક્ષા નથી રાખતા.

૭અમે ખ્રિસ્તના પ્રેરિતો છીએ. અને તેથી અમે જયારે તમારી પાસે હતા ત્યારે, તમારી પાસે અમુક કામ કરાવવા માટે અમે અમારી સત્તાનો ઉપયોગ કરી શકયા હોત. પરંતુ જે રીતે એક મા પોતાના બાળકનું જતન કરે છે, તે રીતે અમે તમારા પ્રત્યે વિનમ્ર વર્તાવ કરેલો. ૮અમે તમને બહુ પ્રેમ કર્યો. તેથી અમે દેવની સુવાર્તામાં તમારી

સાથે સહભાગી થતા હતા તે એક આનંદ હતો એટલું
જ નહિ; અમે અમારા જીવનની સાથે તમારા જીવનમાં
સહભાગી થતાં પ્રસન્‍ન થયા હતા. ૯ભાઈઓ અને
બહેનો, તમને યાદ છે કે રાત અને દિવસ અમે કેટલો
કઠોર પરિશ્રમ કર્યો હતો. જયારે અમે દેવની સુવાર્તા
તમને આપતા હતા ત્યારે તમારી પાસેથી વળતર લઈને
તમને અમે બોજારૂપ બનવા નહોતા ઈચ્છતા.

૧૦જયારે તમો વિશ્વાસીઓની સાથે અમે હતા ત્યારે,
અમે પવિત્ર અને સત્યનિષ્ઠ જીવન નિષ્કલંક રીતે
જીવ્યા હતા, તમે જાણો છો કે આ સત્ય છે અને દેવ
જાણે છે કે આ સત્ય છે. ૧૧તમે જાણો છો કે જેમ બાપ
પોતાનાં બાળકો સાથે જેવું વર્તન કરે, તેવું વર્તન અમે
તમારી સાથે કર્યુ હતું. ૧૨અમે તમને પ્રોત્સાહિત કર્યા,
અમે તમને રાહત પહોંચાડી, અને અમે તમને દેવ
માટે સારું જીવન જીવવા માટે કહ્યું. દેવ તેના રાજય
અને મહિમા માટે તમને તેડે છે.

૧૩જે રીતે, તમે દેવનો સંદેશો સ્વીકાર્યો તે માટે અમે
દેવની સતત આભારસ્તુતિ કરીએ છીએ. તમે અમારી
પાસેથી તે વચન સાંભળ્યુ, અને તમે તેને માણસોનું
નહિ પરંતુ દેવના વચનોની જેમ સ્વીકાર્યુ અને તે ખરેખર
દેવનું વચન જ છે. અને જે લોકો તેનામાં વિશ્વાસ રાખે
છે તેનામાં તે કાર્યશીલ બને છે. ૧૪ભાઈઓ અને બહેનો,
તમે યહૂદિયામાં ખ્રિસ્ત ઈસુમાં બનેલી દેવની મંડળીઓ
જેવા છો. યહૂદિયામાં દેવના લોકોએ ત્યાંના બીજા
યહૂદીઓ દ્વારા ઘણી અનિષ્ટ બાબતો સહન કરી હતી.
અને તમે પણ તે જ અનિષ્ટ બાબતો તમારા પોતાના
દેશવાસીઓ દ્વારા સહન કરી રહયાં છો. ૧૫તે યહૂદીઓએ
પ્રભુ ઈસુને મારી નાખ્યો. અને તેઓએ પ્રબોધકોને
પણ મારી નાખ્યા. અને તે યહૂદીઓએ આપણને તે
પ્રદેશ યહૂદિયા છોડી જવા દબાણ કર્યુ, દેવ તેઓનાથી
પ્રસન્‍ન નથી. તેઓ તો બધા જ લોકોની વિરુદ્ધ છે.
૧૬હા, તેઓ આપણને બિનયહૂદીઓને શિક્ષણ આપતા
રોકવા માગે છે. અમે બિનયહૂદીઓને શિક્ષણ આપીએ
છીએ, જેથી તેઓનું તારણ થઈ શકે. પરંતુ પેલા યહૂદીઓ
તો તેઓનાં કરેલાં જ પાપમાં એક પછી એક પાપ ઉમેરતાં
જાય છે. દેવનો કોપ હવે તેઓના પર છવાઈ ચૂકયો છે.

### તેઓની ફરીથી મુલાકાત લેવાની પાઉલની ઈચ્છા

૧૭ભાઈઓ અને બહેનો, અલ્પ સમય માટે અમે
તમારાથી વિખૂટા પડયા. (અમે ત્યાં તમારી સાથે ન
હતા, પરંતુ વિચારોથી તો અમે તમારી સાથે જ હતા.)
તમને મળવાની અમારી ઉત્કટ ઈચ્છા હતી, અને તમને
મળવા ખૂબ પ્રયત્નો પણ કર્યા. ૧૮હા, અમે તમારી
પાસે આવવા માંગતા હતા. ખરેખર મેં, પાઉલે ત્યાં
આવવા ઘણા પ્રયાસો કર્યા, પણ શેતાને અમને અટકાવ્યા.
૧૯તમે જ અમારી આશા, અમારો આનંદ, અને મુગટ
છો જેના માટે ઈસુ ખ્રિસ્તના આવવાના સમયે તેની
સમક્ષ અમને અભિમાન થશે. ૨૦ખરેખર તમે જ અમારો
મહિમા અને આનંદ છો.

૩ ૧-૨અમે તમારા સુધી આવી શકયા નહિ, પરંતુ
થોડી વધારે પ્રતીક્ષા કરવી અમારાં માટે ખૂબ કઠિન
હતું. તેથી અમે તિમોથીને તમારી પાસે મોકલવાનો
નિર્ણય કર્યો. અને અમે આથેન્સમાં એકલા રહેવાનું
નક્કી કર્યુ, તિમોથી આપણો ભાઈ છે. તે દેવ સાથે
ખ્રિસ્ત વિષેની સુવાર્તા લોકોને કહેવાનું કાર્ય કરે છે.
અમે તિમોથીને તમારી પાસે તમારા વિશ્વાસમાં તમને
દઢ કરવાને અને તમને ઉત્તેજન આપવાને મોકલ્યો.
૩અમે તિમોથીને મોકલ્યો જેથી તમારામાંનો કોઈ અત્યારે
જે આપત્તિઓ છે, તેનાથી વિચલિત ન થાય. તમે પોતે
પણ જાણો જ છો કે આપણા પર તો આવી મુશ્કેલીઓ
આવશે જ. ૪જ્યારે અમે તમારી સાથે હતા, ત્યારે અમે
તમને જણાવ્યું હતું કે, આપણે સહન કરવાનું થશે.
અને તમે જાણો છો કે જે રીતે અમે કહ્યું હતું તે જ
પ્રમાણે તે થયું. ૫તેથી જ તિમોથીને મેં તમારી પાસે
મોકલ્યો, જેથી કરીને તમારા વિશ્વાસ વિષે હું જાણી
શકુ. હું વધારે પ્રતીક્ષા કરી શકુ તેમ ન હતો તેથી મેં તેને
મોકલ્યો. મને ભય હતો કે તે એક (શેતાન) કે જે
લોકોનું પરીક્ષણ કરે છે તેણે તમારું પણ પરીક્ષણ કર્યુ
હોય, અને તમારો પરાજય કર્યો હોય. તેથી અમારો
કઠોર પરિશ્રમ વેડફાઈ ગયો હોત.

૬પરંતુ તિમોથી તમારી પાસેથી અમારી પાસે પાછો
આવ્યો. તેણે તમારા વિશ્વાસ અને પ્રેમના ખુશકારક
સમાચાર અમને જણાવ્યા. તિમોથીએ અમને જણાવ્યું
કે તમે હંમેશા સારી ભાવનાથી અમારું સ્મરણ કરો છો.
તેણે અમને જણાવ્યું કે તમે અમને મળવા અત્યંત
આતુર છો. અને અમારી સાથે પણ તેમ જ છે, અમે
પણ તમને મળવા અત્યંત ઈચ્છીએ છીએ. ૭તેથી
ભાઈઓ અને બહેનો, તમારા વિષે જાણીને તમારા
વિશ્વાસને કારણે અમને પ્રોત્સાહન મળ્યું છે. અમારે
ઘણી મુશ્કેલીઓ અને પીડાઓ છે, છતાં પણ અમને
સાંત્વન છે. ૮જો તમે પ્રભુમાં દઢ છો તો આપણું જીવન
ખરેખર ભરપૂર છે. ૯તમારે કારણે અમારા દેવ આગળ
અમે અત્યંત હર્ષ અનુભવીએ છે! તેથી તમારા માટે
અમે દેવની આભારસ્તુતિ કરીએ છીએ. પરંતુ જે પરમ

આનંદનો અનુભવ અમે કરીએ છીએ તેના માટે અમે
દેવનો પૂરતો આભાર માની શકતા નથી. ૧૦દિવસ અને
રાત્રે તમારા માટે અતિશય પ્રાર્થના કરી રહ્યા છીએ.
અમે પ્રાર્થી રહ્યા છીએ કે તમારા વિશ્વાસમાં જે કંઈ
ન્યૂનતા હોય તે સંપૂર્ણ કરવા અમે ત્યાં આવી શકીએ,
તમને પુન: મળી શકીએ અને તમને આવશ્યક બધી
જ વસ્તુઓ તમને પૂરી પાડી શકીએ.
૧૧અમે પ્રાર્થીએ છીએ કે દેવ આપણા બાપ અને
આપણા પ્રભુ ઈસુ તમારા સુધી પહોંચવા માટેનો અમારો
માર્ગ સરળ બનાવે. ૧૨અમે પ્રાર્થીએ છીએ કે પ્રભુ
તમારામાં પ્રેમને વિકસિત કરે. અમે પ્રાર્થીએ છીએ કે તે
તમારામાં એકબીજા અને અન્ય લોકો માટે ઉત્તરોત્તર
પ્રેમ વધારો. અમે પ્રાર્થીએ છીએ કે જેમ અમે તમને
પ્રેમ કરીએ છીએ તેમ તમે બધા જ લોકોને પ્રેમ કરો.
૧૩તમારા હૃદય સુદઢ બને તેથી અમે આમ પ્રાર્થીએ
છીએ. તેથી જ્યારે આપણા પ્રભુ ઈસુ તેના સર્વ સંતો
સહિત પધારે, ત્યારે દેવ આપણા બાપની હજૂરમાં તમે
પવિત્ર અને નિર્દોષ બની શકો.

### દેવને પ્રસન્ન કરતું જીવન

૪ ભાઈઓ અને બહેનો, હવે મારે તમને બીજી
કેટલીક વાતો કહેવાની છે. દેવને પ્રસન્ન કરે તે
રીતે કેમ જીવવું તે વિષે અમે તમને દર્શાવ્યુ છે. અને
તમે તે જ રીતે જીવી રહ્યા છો. હવે અમે તમને પ્રભુ
ઈસુમાં જીવવા માટે વધુ ને વધુ આગ્રહ અને પ્રોત્સાહન
આપીએ છીએ. ૨તમારે શું કરવું તે બાબતો જે અમે
તમને કહેલી તે તમે જાણો છો, અમે તમને તે બાબતો
પ્રભુ ઈસુના અધિકાર વડે જણાવેલી છે. ૩દેવ ઈચ્છે છે
કે, તમે પવિત્ર થાઓ. તમે વ્યભિચારથી દૂર રહો તેમ તે
ઈચ્છે છે. ૪તમારામાંની દરેક વ્યક્તિ શરીર પર નિયંત્રણ
રાખવાનું શીખે તેમ દેવ ઈચ્છે છે. તમારા શરીરનો
પવિત્રતામાં ઉપયોગ કરો કે જે દેવને સન્માનિત કરે
છે.* ૫તમારા શરીરનો ભોગ વિલાસ માટે ઉપયોગ ન
કરો. જે લોકો દેવને જાણતા નથી તે તેમના શરીરનો
તેવો ઉપયોગ કરે છે. ૬તમારામાંના કોઈએ તમારા ભાઈ
સાથે અનુચિત વ્યવહાર ન કરવો જોઈએ કે તેને છેતરવો
પણ ન જોઈએ. જે લોકો આમ કરે છે તેમને પ્રભુ શિક્ષા
કરશે. અમે ક્યારનું ય તમને એ બાબત વિષે જણાવ્યું
છે અને ચેતવ્યા છે. ૭દેવે આપણને પવિત્ર થવા તેડયા
છે. તે આપણે અશુદ્ધ જીવન જીવીએ તેમ ઈચ્છતો
નથી. ૮એ માટે જે વ્યક્તિ દેવના ઉપદેશનો અસ્વીકાર
કરે છે તે માણસનો અસ્વીકાર કરતો નથી, તે દેવનો
અસ્વીકાર કરે છે. અને દેવ એ એક છે જે તમને તેનો
પવિત્ર આત્મા પ્રદાન કરી રહ્યો છે.
૯ખ્રિસ્તમાં તમારા ભાઈઓ અને બહેનો માટે પરસ્પર
પ્રેમ રાખવા અંગે તમને કંઈ લખવાની અમારે જરૂર
નથી. દેવે તમને એકબીજાને પ્રેમ કરવા માટે બોધ
આપ્યો જ છે. ૧૦સાચી રીતે સમગ્ર મકદોનિયાના બધા
જ ભાઈઓ અને બહેનોને તમે પ્રેમ કરો છો. ભાઈઓ
અને બહેનો, હવે તેઓને તમે વધુ પ્રેમ કરો માટે અમે
તમને પ્રોત્સાહિત કરીએ છીએ.
૧૧શાંતિપૂર્ણ જીવન માટે તમે જે કંઈ કરી શકો તે
કરો. તમારું પોતાનું કામકાજ સંભાળો. તમારું પોતાનું
જ કામ કરો. તમને આમ કરવાનું અમે ક્યારનું ય
જણાવેલ છે. ૧૨જો તમે આ બાબતો કરશો, તો જે લોકો
વિશ્વાસીઓ નથી તે પણ તમારી જીવનપદ્ધતિને માનની
દષ્ટિથી જોશે. અને તમારે તમારી આવશ્યકતાઓ માટે
બીજા પર આધારિત નહિ બનવું પડે.

### પ્રભુનું આગમન

૧૩ભાઈઓ અને બહેનો, જે લોકો મૃત્યુ પામ્યા છે
તેઓ વિષે તમે જાણો તેમ અમે ઈચ્છીએ છીએ. જેથી
બીજા માણસો જેઓને આશા નથી અને ખેદ કરે છે
તેમ તમે તેઓની જેમ ખેદ કરો એવું અમે ઈચ્છતા
નથી. ૧૪અમે વિશ્વાસ કરીએ છીએ કે ઈસુ મરણ પામ્યો.
પરંતુ અમે એમ પણ વિશ્વાસ કરીએ છીએ કે તે પાછો
ઊઠયો. જેઓ ઈસુમાં મરણ પામ્યા છે તેઓને દેવ ફરી
ઈસુ સાથે લાવશે. ૧૫અત્યારે અમે જે તમને જણાવી
રહ્યા છીએ તે પ્રભુનો પોતાનો જ સંદેશ છે. અમે કે જે
અત્યારે જીવિત છીએ તે પ્રભુનું પુનરાગમન થાય ત્યારે
પણ જીવિત હોઈએ. અમે કે જે ત્યારે જીવિત હોઈશું
તે પ્રભુની સાથે હોઈશું, પરંતુ જે લોકો ક્યારનાય મરણ
પામ્યા છે તેઓના કરતાં પહેલાં નહિ હોઈએ. ૧૬પ્રભુ
પોતે ગર્જનાસહિત આકાશમાંથી ઊતરશે. પ્રમુખ
દૂતની* વાણી અને દેવના રણશિંગડાના અવાજ સાથે
આદેશ આપવામાં આવશે. અને ખ્રિસ્તમાં જેઓ મૂએલાં
છે તેઓ પ્રથમ ઊઠશે. ૧૭ત્યાર પછી, આપણામાંના
જેઓ જીવતાં રહેનારાં છીએ તેઓ જેઓ મરણ પામ્યા
હતા તેઓની સાથે ગગનમાં પ્રભુને મળવા સારુ આપણને

**તમારામાંની દરેક … સન્માનિત કરે છે** અથવા, દેવ તમારામાંના પ્રત્યેકને શીખવવા માંગે છે કે તમે તમારી પત્ની સાથે પવિત્રતામાં જીવો અને તેથી દેવને સન્માન મળે છે.

**પ્રમુખ દૂત** દેવના દૂતો મધ્યેનો આગેવાન.

ગગનમાં ઊંચે ઊઠાવાશે.અને આપણે હંમેશ માટે પ્રભુની સાથે રહીશું. ૧૮તેથી આ વચનો વડે તમે એકબીજાને ઉત્તેજન આપો.

## પ્રભુના આગમન માટે તૈયાર રહો

૫ હવે, ભાઈઓ અને બહેનો, અમારે તમને સમય અને તારીખો વિષે લખવાની જરૂર નથી. ૨તમે સારી રીતે જાણો છો કે એ દિવસ કે જ્યારે પ્રભુ આવશે ત્યારે એક ચોર રાતે આવે છે તે રીતે તે આવશે. ૩લોકો કહેશે કે, "અમને શાંતિ છે અને અમે સલામત છીએ." તે સમયે પ્રસૂતાની પીડાની જેમ એકાએક તેઓનો વિનાશ આવી જશે. અને તે લોકો બચી શકશે નહિ. ૪પરંતુ તમે, ભાઈઓ અને બહેનો, તમારે અંધકારમાં (પાપ) જીવન જીવવું ના જોઈએ. અને તે દિવસ ચોરની જેમ તમારા પર આવી પડે તો તમે આશ્ચર્ય પામશો નહિ. ૫તમે બધા અજવાળાના (સારાં) સંતાન છો. તમે દહાડાના સંતાન છો. આપણે રાતના કે અંધકારના (શેતાન) સંતાન નથી. ૬તેથી આપણે અન્ય લોકો જેવા ન બનવું જોઈએ. આપણે ઊંઘી ન રહેવું જોઈએ. આપણે જાગ્રત અને સ્વ-નિયંત્રણમાં રહેવું જોઈએ. ૭જે લોકો ઊંઘે છે, તે રાતે ઊંઘે છે. જે લોકો મધપાનથી ચકચૂર બને છે, તે રાત્રે મધપાનથી ચકચૂર બને છે. ૮પરંતુ આપણે તો દિવસ (સારાપણું) સાથે જોડાયેલા છીએ, તેથી આપણે આપણી જાતને નિયંત્રણમાં રાખવી જોઈએ. આપણે આપણી જાતનું રક્ષણ કરવા વિશ્વાસ, અને પ્રેમનું બખતર પહેરવું જોઈએ. અને તારણની આશાનો ટોપ પહેરીને સાવધ રહીએ. ૯દેવે તેના ક્રોધનો અભિશાપ બનવા આપણને પસંદ કર્યા નથી. દેવે તો આપણને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા તારણની પ્રાપ્તિને માટે પસંદ કર્યા છે. ૧૦આપણે તેની સંઘાતે જીવી શકીએ તેથી ઈસુ ખ્રિસ્ત આપણા માટે મરણ પામ્યો. જ્યારે ઈસુનું આગમન થાય ત્યારે આપણે જીવીત હોઈએ કે મૃત તેનું કોઈ મહત્વ નથી. ૧૧તેથી એકબીજાને હિંમત આપીએ. અને દઢ બનવા માટે એકબીજાને મદદ કરીએ.

## અંતિમ સૂચનાઓ અને શુભેચ્છાઓ

૧૨હવે ભાઈઓ અને બહેનો, અમે તમને જે લોકો તમારામાં પરિશ્રમ કરે છે અને પ્રભુમાં તમારા આગેવાનો છે અને તમને સૂચનો કરે છે તેઓનો તમે આદર કરો એમ અમે ઈચ્છીએ છીએ. ૧૩તેઓ જે કાર્ય કરી રહ્યા છે તેને ખાતર તેઓના તરફ પ્રેમ સાથે વધારે ને વધારે આદર દર્શાવો. ૧૪ભાઈઓ અને બહેનો, અમે તમને જે કહીએ છીએ તે જે કાર્ય કરતાં નથી તેઓને ચેતવણી આપો. જે લોકો બીકણો છે તેઓને ઉત્તેજન આપો. જે લોકો નિર્બળ છે તેઓને મદદ કરો. દરેક વ્યક્તિ સાથે ધીરજપૂર્વક વર્તો. ૧૫એ બાબતે નિશ્ચિત બનો કે કોઈ પણ વ્યક્તિ ભૂંડાઈનો બદલો ભૂંડાઈથી ન વાળે. પરંતુ તમારા એકબીજાને માટે જે સારું છે તે કરવા હંમેશા પ્રયત્ન કરો.

૧૬સદા આનંદ કરો. ૧૭પ્રાર્થના કરવાનું કદી પડતું મૂકશો નહિ. ૧૮દરેક સમયે દેવની આભારસ્તુતિ કરો કેમ કે તમારા વિષે ખ્રિસ્ત ઈસુમાં દેવની મરજી એવી છે.

૧૯પવિત્ર આત્માનું કાર્ય કદાપિ અટકાવશો નહિ. ૨૦પ્રબોધને કદાપિ બિનમહત્વપૂર્ણ ન ગણશો. ૨૧પરંતુ દરેક વસ્તુની પારખ કરો. જે સારું છે તેને ગ્રહણ કરો. ૨૨અને સર્વ પ્રકારની દુષ્ટતાથી દૂર રહો.

૨૩અમે પ્રાર્થીએ છીએ કે દેવ પોતે જ, શાંતિદાતા તમને પૂરા પવિત્ર કરો; અને તેને જ પૂર્ણ આધિન બનાવે. અમે પ્રાર્થીએ છીએ કે તમારી સંપૂર્ણ જાત-આત્મા, પ્રાણ અને શરીર-સુરક્ષિત અને નિર્દોષ બની રહે જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું આગમન થાય. ૨૪તે એક (દેવ) કે જે તમને બોલાવે છે અને તે જ તમારે માટે એમ કરશે. તમે તેના પર વિશ્વાસ કરો.

૨૫ભાઈઓ અને બહેનો, કૃપા કરીને અમારા માટે પ્રાર્થના કરો. ૨૬જ્યારે તમે મળો ત્યારે સર્વ ભાઈઓ અને બહેનોને પવિત્ર ચુંબન કરજો. ૨૭પ્રભુના અધિકાર વડે હું તમને કહું છું કે આ પત્ર દરેક ભાઈઓ અને બહેનોને વાંચી સંભળાવજો. ૨૮આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમારા પર થાઓ.

# થેસ્સલોનિકીઓને બીજો પત્ર

૧ પાઉલ, સિલ્વાનુસ અને તિમોથી તરફથી થેસ્સલોનિકામાં રહેતી મંડળીને કુશળતા હો. તમે લોકો આપણા દેવ બાપ અને પ્રભુ ઈસુ ખ્રિસ્તને આધિન છો.

૨દેવ બાપ તથા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમારા પર કૃપા તથા શાંતિ થાઓ.

૩અમે તમારા માટે હંમેશા દેવની આભારસ્તુતિ કરીએ છીએ. અને અમારે તેમ કરવું જોઈએ કારણ કે તેમ કરવું યથાર્થ છે. તે યથાર્થ છે કારણ કે તમારા બધાનો વિશ્વાસ અને એકબીજા માટેનો પ્રેમ દિનપ્રતિદિન વધી રહ્યો છે. ૪તેથી બીજી દેવની મંડળીઓ આગળ અમે તમારાં વખાણ કરીએ છીએ. અમે કહીએ છીએ કે કઈ રીતે તમે તમારા વિશ્વાસમાં દઢ બનવાનું ટકાવી રાખ્યું છે. તમારી ઘણી રીતે સતાવણી કરવામાં આવી છે, અને ઘણી મુશ્કેલીઓ તમે સહન કરી છે પરંતુ નિષ્ઠા પ્રતિ તમે અચળ રહ્યા છો.

### દેવના ન્યાય વિષે પાઉલ કહે છે

૫એ સાબિત થઈ ચૂક્યું છે કે દેવ તેના ન્યાયમાં યથાર્થ છે. દેવ તેના રાજ્ય માટે તમે યોગ્ય ગણાઓ તેવા બનાવવા માગે છે. તમારે ભોગવવી પડતી વેદના તે રાજ્ય માટે છે. ૬દેવ જે વાજબી છે તે કરશે. જેઓ તમને કષ્ટ આપે છે, તેઓને તે કષ્ટ આપશે. ૭અને તમે કે જે હેરાન થયા છો તેમને દેવ વિસામો આપશે. દેવ અમને પણ વિસામો આપશે. જ્યારે પ્રભુ ઈસુ પ્રગટ થશે. ઈસુ સ્વર્ગમાંથી તેના પરાક્રમી દૂતો સાથે આવશે. ૮તે આકાશમાંથી જવાળામય અગ્નિ સહિત જેઓ દેવને જાણતા નથી તેવા લોકોને શિક્ષા કરવા આવશે. જે લોકો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા માનતા નથી તેઓને દેવ શિક્ષા કરશે. ૯તે લોકો અનંતકાળ સુધી ચાલતા વિનાશથી દંડાશે અને પ્રભુનું સાનિધ્ય તેઓને માટે અલભ્ય બનશે. તેઓ તેના મહિમાવાન સામર્થ્યથી દૂર રખાશે. ૧૦જે દિવસે પ્રભુ ઈસુ આવશે ત્યારે આમ બનશે. ઈસુ તેના સંતો* સાથે મહિમાને સ્વીકારવા આવશે. અને દરેક વિશ્વાસીઓ ઈસુ દર્શનથી મુગ્ધ બની જશે. અમે તમને જે કહ્યું તેમાં તમે વિશ્વાસ રાખ્યો છે તેથી તમે એ વિશ્વાસુઓના સમૂહમાં સામેલ થશો.

૧૧તેથી અમે હંમેશા તમારા માટે પ્રાર્થના કરીએ છીએ કે તમને જીવવા મળેલ તેડાને યોગ્ય થઈ ચાલો માટે દેવ તમને સહાય કરે. તમારામાં રહેલું સૌજન્ય તમને સારું કાર્ય કરવા પ્રેરે છે અને તમારો વિશ્વાસ તમને કર્તવ્યનિષ્ઠ બનાવે છે. અને અમે પ્રાર્થના કરીએ છીએ કે દેવનું સામર્થ્ય તમને આમ વધુ ને વધુ કરવા માટે મદદરૂપ બનો. ૧૨અમે આ બધા માટે પ્રાર્થના કરીએ છીએ કે જેથી આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું નામ તમારામાં મહિમાવાન થાય. અને તેના થકી તમે મહિમાવાન બનો. આ મહિમા આપણા દેવ અને પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપાથી પ્રાપ્ત થાય છે.

### અનિષ્ટ ઘટનાઓ ઘટશે

૨ ભાઈઓ અને બહેનો, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના આવવા વિષે અમારે કંઈક કહેવાનું છે. જ્યારે આપણે તેની (ઈસુની) સાથે ભેગા થઈશું તે સમય વિષે અમારે તમને કહેવું છે. ૨તમારા વિચારોમાં તમે જલ્દી બેચેન ના બની જતા કે ગભરાઈ ન જતા જ્યારે તમે એમ સાંભળો કે પ્રભુના દિવસનું આગમન તો ક્યારનું થઈ ચૂક્યું છે. કેટલીએક વ્યક્તિઓ પ્રબોધ કરતી વખતે કે સંદેશ આપતી વખતે આમ કહેશે. અથવા પત્રમાં તમે એમ પણ વાંચો કે કેટલાએક લોકો એમ દાવો કરે કે તમે કોઈ આત્મા, વચનથી કે, જાણે અમારા તરફથી આવ્યા છો. ૩કોઈ વ્યક્તિ કોઈ પણ રીતે તમને ભમાવે નહિ. પ્રભુનો દિવસ જ્યાં સુધી ધર્મત્યાગ ન થાય ત્યાં સુધી આવશે નહિ. અને તે દિવસ જ્યાં સુધી વિનાશનો પુત્ર એટલે પાપનો માણસ પ્રગટ થશે નહિ. ત્યાં સુધી આવશે નહિ. ૪જે દેવ ગણાય છે અથવા જે પૂજ્ય મનાય છે. તે બધાની વિરુદ્ધમાં પાપનો માણસ છે અને તે દુષ્ટ માણસ પોતાની જાતને દેવ તરીકે અને લોકો

**સંતો** દેવના લોકોને સંતો કહેવાય છે કેમ કે તેઓ ખ્રિસ્ત દ્વારા શુદ્ધ થએલા છે અને કેવળ દેવનાં જ છે.

જેની ઉપાસના કરે છે તેની ઉપર તે પોતાની જાતને ઓળખાવે છે. અને તે દુષ્ટ માણસ તો દેવના મંદિરમાં જાય છે અને ત્યાં બેસે છે. અને પછી તે કહે છે કે તે દેવ છે.

૫મેં તમને અગાઉ જણાવેલું કે આવી ઘટનાઓ ઘટશે. યાદ છે? ૬અને તમે જાણો છો કે હવે તે દુષ્ટ માણસને શું અટકાવી રહ્યું છે. અત્યારે તેને અટકાવવામાં આવ્યો છે જેથી કરીને યોગ્ય સમયે તે પ્રગટ (આવશે) થઈ શકશે. ૭દુષ્ટતાની છૂપી તાકાત જગતમાં ક્યારની પ્રવર્તી રહી છે. પરંતુ એવી એક વ્યક્તિ છે કે જે દુષ્ટતાની છૂપી તાકાતને અટકાવી રહી છે. અને જ્યાં સુધી દુષ્ટ માણસને માર્ગમાંથી દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી તેને અટકાવવા સતત પ્રયત્નશીલ રહેશે. ૮પછી તે દુષ્ટ માણસ પ્રગટ થશે (આવશે). અને પ્રભુ ઈસુ તે દુષ્ટ માણસનો તેની ફૂંકથી સંહાર કરશે. પ્રભુ ઈસુ પોતાના આગમનના પ્રભાવથી તે દુષ્ટ માણસનો નાશ કરશે. ૯દુષ્ટ માણસ શેતાનની તાકાત વડે આવશે. તેની પાસે ઘણી તાકાત હશે, અને તે સર્વ પ્રકારનાં ખોટાં પરાક્રમો, ચિહ્નો, તથા ચમત્કારો કરશે. ૧૦દુષ્ટ માણસ દરેક પ્રકારના પાપરૂપ કપટ સાથે પ્રયુક્તિઓમાં જે લોકો ભટકી ગયેલા છે તેમને મૂર્ખ બનાવવા માટે ઉપયોગ કરશે. તે લોકો ભટકી ગયા છે કારણ કે તેઓએ સત્યને ચાહવાનો ઈન્કાર કરી દીધો. (જો તેઓએ સત્યને ચાહ્યું હોત, તો તેઓનું તારણ થઈ શક્યું હોત.) ૧૧પરંતુ તે લોકોએ તો સત્યને ચાહવાનો અસ્વીકાર કર્યો, તેથી દેવ તેઓની તરફ તેઓને સત્યથી વેગળા દોરી જાય તેવું કંઈક શક્તિશાળી મોકલ્યું છે. દેવ તેઓની તરફ તે તાકાત મોકલે છે જેથી કરીને જે સત્ય નથી તેનો જ તેઓ વિશ્વાસ કરે. ૧૨તેથી બધા લોકો કે જે સત્યમાં વિશ્વાસ ધરાવતા નથી તેઓ ગુનેગાર ગણાશે. તેઓએ સત્યમાં વિશ્વાસ કર્યો નહિ, અને દુષ્ટ કાર્યો કરવામાં તેઓએ આનંદ માણ્યો.

### તારણ માટે તમારી પસંદગી થઈ છે

૧૩ભાઈઓ અને બહેનો, પ્રભુ તમને પ્રેમ કરે છે. પ્રારંભથી જ દેવે તારણ કરવા માટે તમારી પસંદગી કરેલ છે. તેથી અમે હંમેશા તમારા માટે દેવની સ્તુતિ કરીએ છીએ. આત્મા દ્વારા તમને પવિત્ર કરવાથી અને સત્ય વિશ્વાસ વડે તમારુ તારણ થયું છે. ૧૪તારણ પ્રાપ્ત કરવા માટે દેવે તમને તેડયા છે. અમે જે સુવાર્તાનો ઉપદેશ આપ્યો, તેના ઉપયોગથી તેણે (દેવે) તમને તેડયા છે. દેવે તમને તેડયા જેથી કરીને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મહિમામાં તમે સહભાગી બની શકો. ૧૫તેથી, ભાઈઓ અને બહેનો, દઢ ઊભા રહો અને જે શિક્ષણ અમે તમને આપ્યું છે તેમાં વિશ્વાસ કરવાનું ચાલુ રાખો. અમારી વાણી અને તમારા પરના અમારા પત્રો દ્વારા અમે તમને તે બાબતો શીખવી છે.

૧૬-૧૭અમે પ્રાર્થીએ છીએ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે અને દેવ આપણો બાપ તમને દિલાસો આપે અને તમારા દરેક કાર્ય અને વાણીને પ્રોત્સાહિત કરી સક્ષમ બનાવે. દેવે આપણા પર પ્રેમ કર્યો છે. તેની કૃપા (દયા) દ્વારા નિરંતર જળવાઈ રહે તેવી એક આશા અને પ્રોત્સાહન તેણે આપણને પ્રદાન કર્યા છે.

### અમારા માટે પ્રાર્થના કરો

૩ ભાઈઓ અને બહેનો, હવે અમારા માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે પ્રભુની વાતનો ઝડપી ફેલાવો થાય અને પ્રાર્થના કરો કે જેમ તમે તે વાતને સન્માનેલ, તેમ અન્ય લોકો પણ તેને સન્માને. ૨અને પ્રાર્થના કરો કે અનિષ્ટ અને દુષ્ટ મનુષ્યોથી અમારું રક્ષણ થાય. (બધા જ લોકો પ્રભુમાં વિશ્વાસ ધરાવતા નથી.)

૩પરંતુ પ્રભુ વિશ્વસનીય છે. તે તમને સામર્થ્ય પ્રદાન કરશે અને દુષ્ટ (શેતાન) થી તમારું રક્ષણ કરશે. ૪અમે તમને જે કહેલું તે જ પ્રમાણે તમે કરી રહ્યા છો, તેવી પ્રભુ અમને નિશ્ચિતપણે ખાતરી કરાવશે. અને અમે જાણીએ છીએ કે તમે તેમ કરવાનું ચાલુ જ રાખશો. ૫અમે પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ તમારા હૃદયોને દેવના પ્રેમ તરફ અને ખ્રિસ્તના ધૈર્ય તરફ દોરો.

### કાર્યપરાયણતા

૬ભાઈઓ અને બહેનો, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સામર્થ્ય (અધિકાર) વડે અમે તમને આજ્ઞા કરીએ છીએ કે જે કોઈ વિશ્વાસુ કામ કરવાનો ઈન્કાર કરે છે તેનાથી તમે દૂર રહો. જે લોકો કામ કરવા ઈન્કાર કરે છે, તેઓ અમે જે શિક્ષણ આપ્યું છે તેને અનુસરતા નથી. ૭તમે પોતે જાણો છો કે તમારે એ રીતે જીવવું જોઈએ જે રીતે અમે જીવીએ છીએ. તમારી સાથે જ્યારે અમે હતા, ત્યારે અમે આળસુ ન હતા. ૮અને જ્યારે અમે અન્ય લોકોનું અન્ન આરોગ્યું હતું ત્યારે અમે હંમેશા તેનું મૂલ્ય ચૂકવ્યું હતું. તમારા કોઈ માટે અમે બોજારૂપ ન બનીએ તેથી અમે ઘણું કામ કર્યુ હતું. અમે રાત દિવસ કામ કર્યુ હતું. ૯અમને મદદ કરવાનું તમને કહી શકવાનો અમને અધિકાર હતો. પરંતુ અમારી જાતની કાળજી લેવા પૂરતી તો અમે મહેનત કરી જ હતી, જેથી કરીને

તમારા માટે અમે એક અનુસરવા યોગ્ય નમૂનો બની શકીએ. ¹⁰જ્યારે અમે તમારી સાથે હતા, અમે તમને આ નિયમ આપ્યો હતો: "જો વ્યકિત કામ ન કરે તો, તેણે ખાવું નહિ."

¹¹અમે એવું સાંભળીએ છીએ કે તમારા સમૂહમાં કેટલાએક લોકો ઉધોગ કરતા નથી. તેઓ કશું જ કરતા નથી. અને તે લોકો બીજા લોકોના જીવનવ્યહારમાં ઘાલમેલ કરે છે. ¹²અમે આવા લોકોને આજ્ઞા કરીએ છીએ કે તેઓ બીજા લોકોને હેરાન ન કરે. અમે તેઓને આજ્ઞા કરીએ છીએ કે ઉધોગ કરીને પોતાની આજીવિકા પોતે જ કમાય. પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે અમે તેમને આમ કરવા વિનવીએ છીએ. ¹³ભાઈઓ અને બહેનો, ભલું કરતાં થાકશો મા.

¹⁴જો કોઈ પણ વ્યકિત અમે આ પત્રમાં જે કહીએ છીએ તે માને નહિ, તો તે વ્યકિતને ધ્યાનમાં રાખજો તેની સાથે સંકળાશો નહિ પરિણામે કદાચ તે પોતે જ શરમિંદો બને. ¹⁵તો પણ તેને શત્રુ ન ગણો, ભાઈ જાણીને તેને શિખામણ આપો.

### અંતિમ શબ્દો

¹⁶અમે પ્રાર્થના કરીએ છીએ કે શાંતિનો પ્રભુ તમને શાંતિ બક્ષો. અમે પ્રાર્થના કરીએ છીએ કે તે તમને પ્રત્યેક સમયે અને પ્રત્યેક પ્રકારે શાંતિ આપો. પ્રભુ તમારા બધાની સાથે હો.

¹⁷હું પાઉલ છું, અને મારા પોતાના હસ્તાક્ષરથી આ પત્રને વિરમવું છું. મારા બધા જ પત્રોમાં એ નિશાની છે એવી રીતે હું આ લખું છું. ¹⁸આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમ સર્વ પર હો.

# તિમોથીને પહેલો પત્ર

૧ ખ્રિસ્ત ઈસુનો પ્રેરિત પાઉલ તરફથી કુશળતા હો.
દેવ આપણા તારનાર તથા ખ્રિસ્ત ઈસુ જેનામાં
આપણી આશા છે તેની આજ્ઞાથી હું પ્રેરિત છું.
૨હવે તિમોથીને કહું છું. તું વિશ્વાસી છે, તેથી તું
મારા ખરા દીકરા સમાન છે. દેવ આપણા બાપ તથા
ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુ તરફથી તને તેની કૃપા, દયા
અને શાંતિ પ્રાપ્ત થાઓ.

### ખોટા ઉપદેશ સામે ચેતવણી

૩મારી ઈચ્છા છે કે તું એફેસસમાં રહે. જ્યારે હું
મકદોનિયામાં ગયો ત્યારે મેં તને તે આજ્ઞા આપી હતી.
ત્યાં એફેસસમાં કેટલાએક લોકો ખોટું શિક્ષણ આપી
રહ્યા છે. તે લોકો ત્યાં ખોટી બાબતોનું શિક્ષણ ન આપે
એવો તેઓને હુકમ કરવા તું ત્યાં જ રહેજે. ૪જે વાર્તાઓ
સાચી નથી અને વંશાવળીઓમાં આવતાં નામોની લાંબી
યાદીઓમાં તેઓ તેઓનો સમય ન બગાડે એવું તું તેઓને
કહેજે કેમ કે તે બાબતો માત્ર દલીલબાજીને જ ઉત્તેજે
છે. દેવના કાર્યમાં તે બાબતો જરાય ઉપયોગી હોતી
નથી. વિશ્વાસથી જ દેવનું કાર્ય સિદ્ધ થાય છે. ૫આ
આજ્ઞાનો હેતુ એ છે કે લોકો પ્રેમનો માર્ગ સ્વીકારે. આ
પ્રેમની પ્રાપ્તિ માટે લોકોનું હૃદય શુદ્ધ અને પવિત્ર હોવું
જોઈએ. જે યોગ્ય અને સાચું લાગતું હોય તે જ તેઓએ
કરવું જોઈએ. અને તેઓમાં સાચો વિશ્વાસ હોવો જોઈએ.
૬કેટલાએક લોકોએ આ બધું તો કર્યું જ નથી. તેઓ
ખોટા રસ્તે ભૂલા પડી ગયા છે, અને જે બાબતોની કશી
કિંમત નથી તેના વિષે તેઓ વાતો કર્યા કરે છે. ૭તે
લોકોને તો મૂસાના નિયમશાસ્ત્રના ઉપદેશકો થવું છે.
પરંતુ તેઓ શાના વિષે બોલી રહ્યા છે, તેનું તેઓને
ભાન નથી. જે બાબતો વિષે તેઓ ખાતરીપૂર્વક બોલી
રહ્યા છે તે તેઓ પોતે પણ સમજી શકતા નથી.
૮જો કોઈને નિયમશાસ્ત્રનો યોગ્ય ઉપયોગ કરતાં
આવડે તો તે સારું જ છે તે આપણે સારી રીતે જાણીએ
છીએ. ૯આપણે તે પણ જાણીએ છીએ કે ન્યાયી માણસો
માટે નિયમની રચના કરવામાં આવી નથી. નિયમ તો
તેઓના માટે છે કે જે લોકો નિયમની વિરુદ્ધમાં છે અને
જેઓ નિયમના પાલનનો ઈન્કાર કરે છે. જે લોકો દેવથી
વિમુખ હોય, જે પાપી હોય, જેઓ પવિત્ર ન હોય,
અને જેને કોઈ ધર્મ ન હોય, જે લોકો પિતૃહત્યારા તથા
માતૃહત્યારા હોય, ખૂની હોય, એવા લોકો માટે નિયમ
હોય છે. ૧૦જે લોકો વ્યભિચારનું પાપ કરતા હોય,
જેઓ પુંમૈથુનીઓ હોય, જેઓ ગુલામોને વેચતા હોય,
જેઓ જૂઠું બોલતા હોય, જેઓ ખોટા સોગંદ લેતા હોય
છે અને દેવના શુદ્ધ ઉપદેશની વિરુદ્ધમાં કંઈ પણ કરતા
લોકો માટે નિયમ છે. ૧૧દેવે મને જે સુવાર્તા કહેવા
મોકલ્યો છે, તેના એક ભાગરૂપે હું આ ઉપદેશ આપી
રહ્યો છું. તે મહિમાની સુવાર્તા સ્તુત્ય દેવ તરફથી પ્રાપ્ત
થઈ છે.

### દેવની દયા માટે આભાર

૧૨આપણા ખ્રિસ્ત ઈસુનો હું આભાર માનું છું કેમ કે
તેણે મારામાં વિશ્વાસ મૂકીને તેની સેવા કરવાનું આ
કામ મને આપ્યું. તેણે જ મને આ સેવા માટે સામર્થ્ય
આપ્યું. ૧૩ભૂતકાળમાં તો હું ખ્રિસ્તની વિરુદ્ધમાં બોલતો
હતો, અને બધા પર જુલમ ગુજારતો હતો મેં તેને આઘાત
આપે તેવા ઘણાં કામો કર્યા. પરંતુ દેવે મને ક્ષમા બક્ષી,
કેમ કે હું શું કરતો હતો તેનું મને ભાન નહોતું. જ્યાં
સુધી હું વિશ્વાસુ ન થયો, ત્યાં સુધી એવું કર્યા કર્યુ.
૧૪પરંતુ મને આપણા પ્રભુની સંપૂર્ણ કૃપા પ્રાપ્ત થઈ.
અને તે કૃપામાંથી મારામાં ખ્રિસ્ત ઈસુ માટે વિશ્વાસ
અને પ્રેમ પ્રગટ થયાં.
૧૫હું જે કહું છું તે સત્ય છે, અને તારે એનો સંપૂર્ણ
સ્વીકાર કરવો જોઈએ: અને પાપીઓને તારવા માટે
ખ્રિસ્ત ઈસુ દુનિયામાં આવ્યો. અને એવા પાપીઓમાં
હું સૌથી મુખ્ય છું. ૧૬પરંતુ મારા પર દયા કરવામાં
આવી. મારા પર દયા કરીને ખ્રિસ્ત ઈસુ દર્શાવવા માગતો
હતો કે તે પૂરી સહનશીલતા દાખવી શકે છે. ખ્રિસ્તે
મારા માટે ધીરજ રાખી બતાવી, જે લોકો અનંતજીવનને
સારું ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે તેઓને માટે હું
નમૂનારૂપ થાઉં તેમ ખ્રિસ્તે મારા દ્વારા એક દાખલો
બેસાડ્યો. ૧૭જે સનાતન યુગોનો રાજા રાજ કરે છે તેને

માન તથા મહિમા હો. તે અવિનાશી, અદ્રશ્ય તથા
એકાકી દેવ છે. તેને સદાસર્વકાળ માન તથા મહિમા
હો. આમીન.
૧૮તિમોથી, તું તો મારા દીકરા સમાન છે. હું તને
આજ્ઞા આપું છું. ભૂતકાળમાં તારા વિષે જે ભવિષ્યકથનો
થયેલા તેના અનુસંધાનમાં આ આજ્ઞા છે. એ
ભવિષ્યકથનને અનુસરીને સારી રીતે સંઘર્ષ સામે લડી
શકે, તે માટે હું તને આ બધું કહું છું. ૧૯તારો વિશ્વાસ
ટકાવી રાખજે અને તને જે ન્યાયી લાગે તે કરજે.
કેટલાએક લોકો આ કરી શક્યા નથી. તેઓનો વિશ્વાસ
ડગી ગયો છે. ૨૦હુમનાયસ અને આલેકસાંદરે એવું
કર્યું છે. મેં એ લોકોને શેતાનને સોંપી દીધા છે, જેથી
તેઓ શીખે કે દેવની વિરુદ્ધ બોલાય નહિ.

### પુરુષો તથા સ્ત્રીઓ માટે કેટલાએક નિયમો

૨ સહુથી પ્રથમ તો સર્વ લોકો માટે પ્રાર્થના કરવાનું
હું તમને કહું છું. સર્વ લોકો માટે તમે દેવ સાથે
વાત કરો. લોકોને જે વસ્તુઓની જરૂર છે તે દેવ પાસે
માગો અને તેનો આભાર માનો. ૨રાજાઓ તેમજ સત્તા
ભોગવતા બધા લોકો માટે તમારે પ્રાર્થના કરવી જોઈએ.
દેવ માટે ભક્તિભાવ અને માનથી છલકાતું તથા પરમ
શાંતિ–પ્રદ જીવન આપણને પ્રાપ્ત થાય તે માટે એવા
અધિકારીઓ સારુ પ્રાર્થના કરો. ૩આ સારી વાત છે અને
એનાથી આપણા તારનાર દેવ પ્રસન્ન થાય છે. ૪દેવ
ઈચ્છે છે કે દરેક જણનું તારણ થાય. અને તેની ઈચ્છા
છે કે સર્વ લોકો આ સત્ય જાણે. ૫દેવ તો માત્ર એક જ
છે. અને લોકો દેવ સુધી પહોંચે એ માટે પણ એક જ
મધ્યસ્થ છે. તે મધ્યસ્થ ઈસુ ખ્રિસ્ત છે જે એક માનવ
પણ છે. ૬બધા જ લોકોના પાપ માટે ઈસુએ પોતાની
જાતનું સ્વાર્પણ કર્યું. ઈસુ એ વાતની સાબિતી છે કે દેવ
સર્વ લોકોને બચાવી લેવા માગે છે. અને યોગ્ય સમયે
જ તે (ઈસુ) આવ્યો. ૭તેથી જ તો સુવાર્તા કહેવા સારું
મારી પસંદગી કરવામાં આવી હતી. તેથી જ તો પ્રેરિત
તરીકે મને પસંદ કરવામાં આવ્યો હતો. (હું તમને સત્ય
જ કહું છું. હું કંઈ જૂઠું બોલતો નથી.) બિનયહૂદી લોકોને
શીખવનાર થવા માટે મારી પસંદગી કરવામાં આવી
હતી. તેઓ વિશ્વાસ કરી શકે અને સત્યને જાણે એવું
હું તેઓને શિક્ષણ આપું છું.
૮દરેક જગ્યાએ રહેતા માણસો પ્રાર્થના કરે એમ હું
ઈચ્છું છું. પ્રાર્થનામાં જેઓ હાથ ઊંચા કરતા હોય તેઓ
પવિત્ર હોવા જોઈએ. તે માણસો એવા ન હોવા જોઈએ
કે જે ગુસ્સે થતા હોય અને દલીલબાજી કરતા હોય.
૯હું એ પણ ઈચ્છું છું કે સ્ત્રીઓ એવાં કપડાં પહેરે કે
જે એમના માટે યોગ્ય હોય. સન્માનનીય અને ઉચ્ચ
વિચારો જળવાય એ રીતે સ્ત્રીઓએ કપડાં ધારણ કરવાં
જોઈએ. તેમણે પોતાના વાળ કલાત્મક અને આકર્ષક
રીતે ગૂંથેલા હોવા ન જોઈએ. તેમજ પોતાને સૌંદર્યવાન
બનાવવા માણેક–મોતી કે સોનાનાં આભૂષણો કે કિંમતી
પોષાકોનો ઉપયોગ નહિ કરવો જોઈએ. ૧૦પરંતુ સારાં
કાર્યો કરીને તેમણે સુંદર બનવું જોઈએ. જે સ્ત્રીઓ એમ
કહેતી હોય કે તેઓ દેવને ભજે છે તેમણે એ રીતે
પોતાને સુંદર બનાવવી જોઈએ.
૧૧સ્ત્રીએ કોઈ પણ વાત શાંતિથી સાંભળીને અને
આજ્ઞાનું પાલન કરવા સંપૂર્ણ રીતે તૈયાર રહીને શીખવાનો
પ્રયાસ કરવો જોઈએ. ૧૨સ્ત્રી પુરુષને ભણાવે એ માટે હું
મંજૂરી આપતો નથી. અને પુરુષ પર સ્ત્રીની સત્તા ચાલે
એની પણ હું છૂટ આપતો નથી. સ્ત્રીએ શાંતિથી પોતાનું
કામકાજ કરતા રહેવું. આવું શા માટે? ૧૩કારણ કે પ્રથમ
આદમની ઉત્પત્તિ થઈ. ત્યારબાદ હવાનું સર્જન થયું.
૧૪શેતાને આદમની છેતરપીંડી કરી નહિ, તેણે હવાને
છેતરી અને તેથી તે પાપી બની. ૧૫પરંતુ સ્ત્રીઓને બાળકો
હોવાને કારણે બચાવવામાં આવશે. જો તેઓ યોગ્ય રીતે
આત્મસંયમ રાખી પવિત્ર જીવન જીવશે તથા વિશ્વાસ
અને પ્રેમ ચાલુ રાખશે તો તેઓ તારણ પામશે.

### ખ્રિસ્તી મંડળીના અધ્યક્ષો

૩ હું જે કહું છું તે સાચું છે: જો કોઈ વ્યક્તિ મંડળીનો
અધ્યક્ષ બનવાનો સખત પ્રયત્ન કરતી હોય, તો
તેની ઈચ્છા કંઈક સારુ કામ કરી બતાવવાની છે.
૨મંડળીનો અધ્યક્ષ ઘણો સજજન હોવો જોઈએ જેથી
લોકો તેની ટીકા કરી ન શકે. તેને એક જ પત્ની હોવી
જોઈએ. તે માણસ આત્મ–સંયમી અને ડાહ્યો હોવો
જોઈએ. બીજા લોકોની નજરમાં તે માનનીય, આદરણીય
હોવો જોઈએ. લોકોને પોતાના ઘરમાં આવકારીને તેઓને
મદદ કરવા તે તત્પર રહેવો જોઈએ. તે એક સારો શિક્ષક
હોવો જોઈએ. ૩તે અતિશય મધપાન કરતો હોવો ન
જોઈએ, અને તે એવી વ્યક્તિ ન જ હોવી જોઈએ કે
જેને ઝઘડવાનું ગમતું હોય. તે વિનમ્ર અને સહનશીલ,
શાંતિપ્રિય હોવો જોઈએ. એ માણસ એવો ન હોવો
જોઈએ કે જે દ્રવ્યલોભી હોય. ૪તે તેના પોતાના કુટુંબનો
પણ એક સારો વડીલ હોવો જોઈએ. આનો અર્થ એ છે
કે તેનાં બાળકો પૂરા આદરભાવથી તેની આજ્ઞા પાળતા
હોવા જોઈએ. ૫(જો કોઈ માણસને તેના પોતાના જ
કુટુંબનો સારો વડીલ બનતાં ન આવડે, તો તે દેવની

મંડળીની સંભાળ લઈ શકશે નહિ.) [6]પરંતુ કોઈ નવો વિશ્વાસુ અધ્યક્ષ થઈ ન શકે. જો કોઈ નવા વિશ્વાસીને મંડળીનો અધ્યક્ષ બનાવવામાં આવે, તો શક્ય છે કે તે પોતે અભિમાનથી છકી જાય. એમ થાય તો, જે રીતે શેતાન ધિક્કારને પાત્ર થયો હતો, તેમ એના અભિમાની વર્તન માટે એનો પણ એ રીતે ન્યાય કરવામાં આવશે. તેનું અભિમાન શેતાન જેવું જ થશે. [7]મંડળીના સભ્ય ન હોય એવા બહારના લોકોનો પણ આદર તેના પ્રત્યે હોવો જોઈએ. તો પછી બીજા લોકો તેની ટીકા કરી શકશે નહિ, અને તે શેતાનની જાળમાં ફસાઈ નહિ જાય.

### મંડળીના સેવકો

[8]એ જ પ્રમાણે, જે માણસો સેવકો તરીકે સેવા આપતા હોય તેઓ એવા હોવા જોઈએ કે જેમને લોકો માન આપી શકે. જે ખરેખર તેઓને સમજાતી ના હોય તેવી વાતો આ માણસોએ કહેવી ન જોઈએ, તેઓએ સમજી-વિચારીને વાણી ઉચ્ચારવી જોઈએ. અને અતિશય મધપાન કરવા પાછળ તેઓએ પોતાનો સમય બરબાદ ન કરવો જોઈએ. તેઓ એવા માણસો હોવા ન જોઈએ કે જે હંમેશા બીજા લોકોને છેતરીને પૈસાદાર થવાનો પ્રયત્ન કરતા હોય. [9]દેવે જે સત્યનું આપણને દર્શન કરાવ્યું છે, તેના તેઓ શિષ્યો હોવા જોઈએ. અને તેમણે હંમેશા જે કંઈ ન્યાયી લાગે તે જ કરવું જોઈએ. [10]પાઉલ તિમોથીને કહે છે એ લોકોની પહેલેથી જ તારે પારખ કરી લેવી જોઈએ. જો એમનામાં તને કોઈ અપરાધ ન જણાય તો તેઓ મંડળીના સેવકો તરીકે સેવા આપી શકે. [11]એ જ રીતે, જે સ્ત્રી સેવામાં છે તે બીજા લોકોની નજરે આદરણીય હોવી જોઈએ. તે સ્ત્રીઓ એવી હોવી ન જોઈએ કે જે બીજા લોકો વિષે ખરાબ નિંદા કરતી હોય. તેઓનામાં આત્મ-સંયમ હોવો જોઈએ અને તેઓ એવી હોવી જોઈએ કે દરેક વાતે એમનામાં વિશ્વાસ મૂકી શકાય. [12]સેવકો તરીકે સેવા આપનાર પુરુષોને એક જ પત્ની હોવી જોઈએ. તેઓનાં પોતાનાં બાળકો અને કુટુંબોના તેઓ સારા વડીલ તરીકે નીવડેલા હોવા જોઈએ. [13]સારી રીતે સેવા કરતા માણસો પોતાના માટે માન-સન્માનભર્યુ સ્થાન બનાવે છે. તે લોકોને ખ્રિસ્ત ઈસુમાં પોતાના વિશ્વાસ વિષે પાકી ખાતરીનો અનુભવ થશે.

### આપણા જીવનનું રહસ્ય

[14]મને આશા છે કે હું તારી પાસે જલદી આવી શકીશ. પરંતુ આ બધી વાતો હું તને અત્યારે લખી જણાવું છું. [15]પછી, જો કદાચ હું જલદી આવી ન શકું, તો દેવના કુટુંબના સભ્યોએ જે ફરજો બજાવવી જોઈએ તે તું જાણી લે તે કુટુંબ તો જીવતા દેવની મંડળી છે. અને દેવની મંડળી તો સત્યનો આધાર અને મૂળભૂત સ્તંભ અને પાયો છે. [16]બેશક, સ્તુતિનું આપણા જીવનનું રહસ્ય મહાન છે:

> તે (ખ્રિસ્ત) માનવ શરીરમાં આપણી આગળ પ્રગટ
> થયો; તે ન્યાયી હતો એમ પવિત્ર આત્માએ ઠરવ્યું;
> દૂતોએ તેને દીઠો; બિનયહૂદી રાષ્ટ્રોમાં તેના વિષેની
> સુવાર્તાનો ઉપદેશ થયો; આખી દુનિયાના લોકો
> તેના પર વિશ્વાસ કરવા લાગ્યા. તેને મહિમામાં
> આકાશમાં ઉપર લેવામાં આવ્યો.

### જૂઠા ઉપદેશકો વિષે ચેતવણી

**૪** પવિત્ર આત્મા સ્પષ્ટ રીતે કહે છે કે પાછલા સમયમાં કેટલાએક લોકો સાચા વિશ્વાસમાંથી દૂર જશે. તે લોકો ખોટું બોલનારા આત્માઓની આજ્ઞાનું પાલન કરશે. વળી તે લોકો ભૂતોના ઉપદેશને અનુસરશે. [2]જે લોકો જૂઠું બોલીને લોકોને છેતરતા હોય તેઓના દ્વારા ખોટો ઉપદેશ પ્રચાર પામે છે. તે લોકો સારા-નરસાનો ભેદભાવ પારખી શકતા નથી. ગરમ લોખંડ વડે એમની સમજ-શક્તિને ડામ દઈને બાળી નાખી હોય એવી આ વાત છે. [3]એવા માણસો લોકોને કહેતા ફરે છે કે તેઓ લગ્ન કરી શકે નહિ. અને તેઓ લોકોને કહે છે કે અમુક અમુક જાતનો ખોરાક ખાવો ન જ જોઈએ. પરંતુ તે ખોરાક પણ દેવે જ બનાવ્યો છે. અને દેવને માનનારા તથા સત્યને જાણનારા લોકો આભારસ્તુતિ કરીને એ ખોરાક ખાઈ શકે છે. [4]દેવે સર્જેલી દરેક વસ્તુ સારી છે. દેવની આભારસ્તુતિ કરીને સ્વીકારેલી કોઈ પણ વસ્તુનો ઈન્કાર કે અનાદર કરવો ન જોઈએ. [5]દેવે જે કહ્યું હોય તે કારણે પ્રાર્થના વડે દેવે બનાવેલી દરેક વસ્તુ પવિત્ર બનાવાય છે.

### ખ્રિસ્ત ઈસુના એક સારા સેવક બનો

[6]આ બધી વાતો તું ત્યાં ભાઈઓ તથા બહેનોને કહેજે. જો તું આ કરીશ તો સાબિત થશે કે ખ્રિસ્ત ઈસુનો તું એક સારો સેવક છે. વિશ્વાસથી શબ્દો દ્વારા તથા સારા ઉપદેશના તારા અનુસરણને લીધે તું મક્કમ અને દઢ બન્યો છે તે તું બતાવી શકીશ. [7]દેવના સત્યની સાથે સુસંગત ન હોય એવી મૂર્ખાઈભરી વાતો લોકોને

કહેતા ફરે છે. એવી વાતોનું શિક્ષણ તું ગ્રહણ કરતો નહિ. પરંતુ દેવની સાચી રીતે સેવા કરવા તારી જાતને તાલીમ આપ. ૮શરીરને તાલીમ આપવાના કેટલાએક ફાયદા છે. પરંતુ દેવની સેવાથી તો દરેક વાતે ફાયદો જ છે. દેવની સેવાથી આ જીવનમાં તેમજ ભવિષ્યના જીવનમાં પણ એના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. ૯હું જે કહું છું તે સાચું છે, અને તારે સંપૂર્ણ રીતે એનો સ્વીકાર કરવો જોઈએ. ૧૦એ કારણે જ આપણે સખત મહેનત તથા પરિશ્રમ કરી રહ્યા છીએ. આપણે જીવતા દેવમાં આશા રાખીએ છીએ. સર્વ લોકોનો તે તારનાર છે. વિશેષ કરીને જેઓ તેનામાં વિશ્વાસ કરે છે તે સર્વ લોકોનો તારનાર છે.

૧૧આ બધી બાબતોની તું આજ્ઞા આપજે તથા શીખવજે. ૧૨તને જુવાન જાણીને તારું કંઈ મહત્વ ન હોય એ રીતે કોઈ પણ વ્યક્તિને તારી સાથે વર્તવા ન દઈશ. વિશ્વાસીઓએ કેવી રીતે જીવવું જોઈએ તે બતાવવા તારી વાણી વડે, તારી જીવન-શૈલી વડે, તારા પ્રેમ વડે, તારા વિશ્વાસ વડે, અને તારા સ્વચ્છ જીવન વડે જીવવાને લીધે તું લોકોને નમૂનારૂપ થજે. ૧૩લોકોની આગળ પવિત્રશાસ્ત્ર વાંચવાનું તું ચાલુ રાખ, તેઓને વિશ્વાસમાં દઢ કર, અને તેઓને ઉપદેશ આપ. હું ત્યાં આવી પહોંચું ત્યાં સુધી તું એ કાર્યો કરતો રહેજે. ૧૪તારી પાસે જે કૃપાદાન છે તેનો ઉપયોગ કરતા રહેવાનું યાદ રાખજે. જ્યારે વડીલોએ તારા પર તેઓના હાથ મૂક્યા* તે વખતે થયેલ પ્રબોધ દ્વારા એ કૃપાદાન તને આપવામાં આવ્યુ હતુ. ૧૫એ બધી પ્રવૃત્તિઓ તું ચાલુ રાખજે. તે પ્રવૃત્તિઓ કરવા તું તારું જીવન આપી દે. પછી બધા લોકો જોઈ શકશે કે તારું કાર્ય પ્રગતિ સાધી રહ્યું છે. ૧૬તારા જીવનમાં અને તારા ઉપદેશમાં સાવધ રહેજે. યોગ્ય રીતે જીવતો રહેજે અને ઉપદેશ આપતો રહેજે. આમ, તારો ઉપદેશ સાંભળનારા લોકોને તથા તારી જાતને તું તારીશ.

### અન્ય લોકો સાથે રહેવા માટે કેટલાક નિયમો

**૫** વૃદ્ધને ઠપકો ન આપ, પરંતુ એ તારો પિતા હોય એ રીતે તેની સાથે વાત કરજે. જુવાનો તારા ભાઈઓ હોય એ રીતે વર્તજે. ૨વૃદ્ધ સ્ત્રીઓને મા સમાન ગણજે અને જુવાન સ્ત્રીઓને બહેનો જેવી ગણજે. તેઓની સાથે હંમેશા સારું વર્તન કરજે.

૩જે વિધવા ખરેખર નિરાધાર હોય તેઓનું માન-સન્માન જાળવજે અને તેઓની સંભાળ લેજે. ૪પરંતુ જો કોઈ વિધવાને બાળકો હોય અથવા પૌત્ર-પૌત્રીઓ હોય તો પ્રથમ તો તેમણે આ શીખવાની જરૂર છે: એ બાળકો અથવા પૌત્રોએ પોતાના જ કુટુંબ પ્રત્યેની વફાદારી તેઓને મદદરૂપ થઈને બતાવવી જોઈએ. જ્યારે તેઓ આમ કરે છે ત્યારે તેઓ પોતાનાં મા-બાપનું ઋણ અદા કરે છે. એનાથી દેવ પ્રસન્ન થાય છે. ૫જો કોઈ વિધવા ખરેખર નિરાધાર હોય તો તેની સંભાળ માટે તે દેવની જ આશા રાખે છે. તે સ્ત્રી રાત-દિવસ હંમેશા પ્રાર્થના કરતી હોય છે. તે દેવ પાસે મદદ માગે છે. ૬પરંતુ જે વિધવા પોતાને રાજી રાખવા મોજ-મઝામાં જીવન વેડફે છે, તે જીવતી હોવા છતાં ખરેખર મરણ પામેલી જ છે. ૭ત્યાંના વિશ્વાસીઓને તું આ બધી વાત કહેજે (પોતાના ઘરની સંભાળ લેવાનું) જેથી, બીજી કોઈ વ્યક્તિ એમ કહી ન શકે કે તેઓ ખોટું કરી રહ્યા છે. ૮વ્યક્તિએ પોતાના બધા માણસોની સંભાળ લેવી જોઈએ. પણ, તેમાંય સૌથી અગત્યની વાત એ છે કે તેણે તેના પોતાનાં કુટુંબની સંભાળ લેવી જોઈએ. જે વ્યક્તિ આમ કરતી નથી, તો તે સાચા વિશ્વાસને (ઉપદેશ) સ્વીકારતી નથી. તે વ્યક્તિ તો અવિશ્વાસી કરતાં પણ ભૂંડો છે.

૯વિધવાઓની તારી યાદીમાં એવી સ્ત્રીનું નામ ઉમેરજે કે જે ૬૦ વર્ષ કે તેથી વધારે ઉંમરની હોય. તે તેના પતિને વફાદાર રહી ચૂકી હોય. અને પુર્નલગ્ન ના કર્યુ હોય. ૧૦સત્કર્મ દ્વારા કીર્તિ પ્રાપ્ત કરેલી હોય, પોતાનાં છોકરાંઓને ઉછેર્યા હોય, મહેમાનોનું સ્વાગત કરનારી હોય, સંતોના પગ ધોયા હોય. દુ:ખીઓને મદદ કરી હોય, અનેક પ્રકારના સત્કર્મોમાં ખંત રાખતી હોય, એવી વિધવાનું નામ તારી યાદીમાં ઉમેરવું.

૧૧પરંતુ એ યાદીમાં જુવાન વિધવાઓનો સમાવેશ ન કરીશ. જ્યારે તેઓ ખ્રિસ્તને સમર્પિત થઈ જાય છે, ત્યાર બાદ તેઓના તીવ્ર શારીરિક આવેગોને લીધે તેઓ ઘણીવાર ખ્રિસ્તથી દૂર ખેંચાઈ જાય છે. પછી તેઓ ફરીથી પરણવા ચાહે છે. ૧૨અને એવું કરનાર જુવાન વિધવાઓનો ન્યાય તોળાશે. તેઓએ પહેલા જે કરવાનું વચન આપ્યું હતું, તે ન કરવાના કારણે તેઓનો ન્યાય તોળવામાં આવશે. ૧૩વળી, તે જુવાન વિધવાઓ ઘેરઘેર ભટકવાનું શરૂ કરે છે અને પોતાનો સમય વેડફે છે. તેઓ નિંદા અને કૂથલી કરવાનું શરૂ કરી દે છે અને બીજા લોકોના જીવનમાં રસ લેતી થઈ જાય છે. જે ન બોલવું જોઈએ તે તેઓ બોલવા લાગે છે. ૧૪તેથી હું

**તેઓના હાથ મૂક્યા** તિમોથીને દેવનું ખાસ કાર્ય સોંપવામાં આવ્યું છે તે દર્શાવવા માટેનું ચિન્હ.

ઈચ્છું છું કે જુવાન વિધવાઓ ફરીથી લગ્ન કરે, બાળકોને જન્મ આપે, અને પોતાનાં ઘરોની સંભાળ લે. જો તેઓ આમ કરશે, તો તેઓની ટીકા કરવા દુશ્મનો પાસે કોઈ યોગ્ય કારણ નહિ હોય. ૧૫પરંતુ કેટલીએક જુવાન વિધવાઓ અવળે માર્ગે દોરવાઈ જઈને શેતાનને અનુસરે છે.

૧૬જો કોઈ વિશ્વાસી સ્ત્રીના કુટુંબમાં વિધવાઓ હોય તો, તેણે પોતે તેઓની સંભાળ લેવી જોઈએ. તેઓની સંભાળ માટે મંડળીએ ભાર ઉઠાવવો જોઈએ નહિ. જેથી કુટુંબ વિહોણી નિરાધાર વિધવાઓની સંભાળ લેવાનું કામ મંડળી કરી શકશે.

૧૭મંડળીનો સારી રીતે અધિકાર ચલાવનાર વડીલોને માન પાત્ર ગણવા જોઈએ. ખાસ કરીને આ સાચું છે કે વડીલોને માન મળવું જોઈએ. જેઓ ઉપદેશ કરવામાં તથા શિક્ષણ આપવામાં શ્રમ લે છે. ૧૮એવું શા માટે? કારણ કે શાસ્ત્ર કહે છે કે, "જયારે કામમાં જોતરેલો બળદ અનાજ છૂટું પાડવાનું કામ કરતો હોય ત્યારે, એનું મોઢું બાંધીને તેને અનાજ ખાતો રોકવો નહિ."* અને વળી શાસ્ત્ર એ પણ કહે છે કે, "મજૂરને તેની મજૂરી આપવી જોઈએ."*

૧૯મંડળીના વડીલ પર આક્ષેપ મૂકનાર વ્યક્તિની વાત સાંભળતો નહિ. એ વડીલે કંઈક ખોટું કર્યુ છે એવું કહેનાર બીજા બે–ત્રણ માણસો નીકળે તો જ પેલા માણસની વાત સાંભળવી. ૨૦પાપ કરનારાઓને કહે જે કે તેઓ ખોટા છે. આખી મંડળીની સમક્ષ આ કર. જેથી બીજા લોકોને પણ ચેતવણી મળી જશે.

૨૧દેવ તથા ઈસુ ખ્રિસ્ત અને ખાસ પસંદગી પામેલા દૂતોની સમક્ષ હું તને આ બધું કરવાની આજ્ઞા આપું છું. પરંતુ સત્ય હકીકતો જાણ્યા વિના તું લોકોનો ન્યાય તોળવા બેસી ના જતો. અને દરેક વ્યક્તિ સાથે એક સરખો વ્યવહાર રાખજે.

૨૨કોઈ પણ વ્યક્તિને મંડળીના વડીલ તરીકે નિયુક્ત કરવા તું તેના પર હાથ મૂકે તે પહેલા કાળજીપૂર્વક વિચાર કરજે. બીજા લોકોના પાપમાં ભાગીદાર થતો નહિ. તું તારી જાતને શુદ્ધ રાખજે.

૨૩તિમોથી, આજ સુધી તેં ફક્ત પાણી જ પીધા કર્યુ છે. હવે પાણી પીવાનું બંધ કરીને થોડો દ્રાક્ષારસ પીજે. તેનાથી તારું પેટ સારું થશે, અને તું વારંવાર બિમાર નહિ થાય.

૨૪કેટલાએક લોકોનાં પાપ સહેલાઈથી જણાઈ આવે છે. તેઓનાં પાપ જણાવે છે કે તેઓનો ન્યાય તોળાશે. પરંતુ બીજા કેટલાએક લોકોનાં પાપ પાછળથી ખબર પડે છે. ૨૫સારાં કામો કે જે લોકો કરે છે તે બાબતમાં પણ આવું જ છે. લોકોનાં સારાં કામો સહેલાઈથી દેખાય આવે છે. પરંતુ જ્યારે એ સારાં કામો સહેલાઈથી ન દેખાય, તો પણ તે છુપાવી શકતાં નથી.

૬ સર્વ દાસોએ પોતાના શેઠ પ્રત્યે સંપૂર્ણ માન દર્શાવવું જોઈએ. જો તેઓ આમ કરશે તો, દેવનું નામ અને આપણો ઉપદેશ ટીકાને પાત્ર થશે નહિ. ૨કેટલાએક દાસોના શેઠો વિશ્વાસીઓ હોય છે. તેથી એ દાસો તથા એ શેઠો ભાઈઓ છે. પરંતુ એનો અર્થ એવો નથી કે એ દાસો પોતાના શેઠોને ઓછું માન આપે તો ચાલે. ના! તેઓએ તો વધારે કામ કરવું જોઈએ કારણ કે તેઓ કે જેને તેની સેવાઓ દ્વારા લાભ થયો છે તેઓ વિશ્વાસીઓ છે. જેને તેઓ પ્રેમ કરે.

### ખોટો ઉપદેશ અને સાચું ધન

તેઓને આ વાતો શીખવ અને સલાહ આપ. ૩કેટલાએક લોકો એવી બાબતોનો ઉપદેશ આપશે કે જે ખોટો જ હોય. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં સત્ય વચનો સાથે એ લોકો સંમત નહિ થાય. અને દેવની સેવાનો સાચો માર્ગ દર્શાવતા ઉપદેશનો તેઓ સ્વીકાર નહિ કરે. ૪ખોટી રીતે ઉપદેશ આપતી વ્યક્તિ અભિમાનથી છલકાય છે અને કશું જાણતી હોતી નથી. તે વ્યક્તિમાં દલીલબાજીની બિમારી હોય છે. અને એ શબ્દો વિષે દલીલબાજી કરે છે. એના પરિણામે ઈર્ષ્યા, મુશ્કેલીઓ, અપમાનો અને ખોટા વહેમ ઉત્પન્ન થાય છે. ૫પણ ભ્રષ્ટ મતિના લોકોથી પરિણામે સતત દલીલબાજી થાય છે. એ લોકોએ સત્ય ખોઈ નાખ્યું છે. તેઓ એવું માનતા હોય છે કે દેવની સેવા તો કમાઈનું સાધન છે.

૬એ સાચું છે કે દેવની સેવા–ભક્તિ માણસને ખૂબ ધનવાન બનાવે છે, જો તેને પોતાની ચીજ–વસ્તુઓથી સંતોષ હોય તો. ૭આ દુનિયામાં આપણે જ્યારે આવ્યા ત્યારે, આપણે કશુંય લીધા વગર ખાલી હાથે આવ્યા હતા. અને આપણે જ્યારે મરી જઈશું ત્યારે, આપણે કશુંય લઈ જઈ શકવાના નથી. ૮તેથી, આપણને જો પૂરતો ખોરાક અને કપડાં મળી રહે, તો તેનાથી આપણે સંતોષ માનવો જોઈએ. ૯ધનવાન થવાની ઈચ્છા રાખતા લોકો પોતે જ પ્રલોભનોની જાળમાં પકડાય છે. તેઓને ઘણી બધી ચિત્ર–વિચિત્ર વસ્તુઓ મેળવી લેવાની ઈચ્છા

---

**"જયારે કામમાં જોતરેલો … રોકવો નહિ"** પુન. ૨૫:૪.

**"મજૂરને તેની મજૂરી આપવી જોઈએ"** લૂ.૧૦:૭,

થાય છે, કે જે ચીજો તેઓને નુકસાન કે આઘાત આપનારી
નીવડે છે. એ વસ્તુઓ લોકોને પાયમાલ કરીને તેઓનો
સર્વનાશ આણે છે. ૧૦પૈસા માટેનો લોભ દરેક જાતનાં
પાપોને જન્મ આપે છે. કેટલાએક લોકોએ સાચો વિશ્વાસ
(ઉપદેશ) છોડી દીધો છે કેમ કે તેઓ વધુ ને વધુ ધન
મેળવવા માગે છે. પરંતુ આમ કરતાં તેઓ પોતાની જાતે
ઘણી ત્રાસદાયક મુશ્કેલીઓ ઊભી કરી સહન કરે છે.

### તારે યાદ રાખવા જેવી કેટલીક બાબતો

૧૧પરંતુ તું તો ઈશ્વરભક્ત છે. તેથી એ બધી બાબતોથી
તારે દૂર રહેવું જોઈએ. ન્યાયી માર્ગે જીવવાનો પ્રયત્ન
કર, ભકિતભાવ, વિશ્વાસ, પ્રેમ, ધીરજ તથા નમ્રતાના
સદગુણ કેળવ. ૧૨વિશ્વાસ ટકાવી રાખવો એ સ્પર્ધાની
હરીફાઈમાં ઉતરવા જેવું છે.એ સ્પર્ધા જીતવા તારાથી
જેમ બને તેમ સખત પ્રયત્ન કરજે. અનંતજીવન તને
પ્રાપ્ત થાય એની ખાતરી કરજે. એવું જીવન તને મળે
એ માટે તને તેડવામાં આવ્યો છે. અને ખ્રિસ્ત વિષેના
મહાન સત્યની તેં એવી રીતે કબૂલાત કરી છે કે જેના
ઘણા લોકો સાક્ષી છે. ૧૩દેવ અને ઈસુ ખ્રિસ્ત આગળ હું
તને આજ્ઞા આપું છું. જ્યારે ખ્રિસ્ત ઈસુ પોંતિયુસ પિલાત
આગળ ઊભો રહ્યો ત્યારે તેણે પણ આજ મહાન સત્ય
કબૂલ કર્યુ હતું. અને પ્રત્યેકને જીવન આપનાર એક
માત્ર એવો દેવ જ છે. હવે જે હું તને કહું છું: ૧૪તને જે
જે કાર્યો કરવાની આજ્ઞા કરવામાં આવી હતી તે કર.
આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન ન થાય ત્યાં
સુધી તું એ કાર્યો કોઈ પણ દોષ કે ભૂલ કર્યા વગર કરતો
રહે. ૧૫યોગ્ય સમયે એ ઘટના ઘટે એવું દેવ કરાવશે. જે
ધન્ય તથા એકલો સ્વામી છે. જે રાજાઓનો રાજા અને
પ્રભુઓનો પ્રભુ છે. ૧૬દેવ એકલાને અમરપણું છે. દેવ
તો એવા ઝળહળતા પ્રકાશમાં રહે છે કે માનવો એની
નજીક જઈ શકતા નથી. કોઈ પણ વ્યકિતએ કદી દેવને
જોયો નથી. દેવને જોવા માટે કોઈ પણ વ્યકિત શકિતમાન
નથી. તેને સદાકાળ ગૌરવ તથા સામર્થ્ય હો. આમીન.
૧૭દુન્યવી ચીજ–વસ્તુઓ વડે ધનિક થયેલા લોકોને
તું કહેજે કે તેઓ અભિમાની ન બને. એ ધનવાન
લોકોને તું કહે કે તેઓ તેઓના ધનમાં નહિ, પરંતુ
દેવમાં આશા રાખે. પૈસાનો વિશ્વાસ કરી ન શકાય.
પરંતુ દેવ ખૂબ સારી રીતે આપણી સંભાળ લે છે. તે
આપણને દરેક વસ્તુ આનંદથી માણવા આપે છે. ૧૮તું
પૈસાદાર લોકોને સારાં કાર્યો કરવાનું કહે. સારાં કાર્યો
કરીને સમૃદ્ધ થાય. તેઓ ભલું કરે. ઉત્તમ કાર્યો રૂપી
સમૃદ્ધિ પ્રાપ્ત કરે અને ઉદાર તથા પરોપકારી થાય.
૧૯એવું કરીને તેઓ પોતાના માટે આકાશમાં એક ખજાનો
સંગ્રહ કરશે. તે ખજાનો મજબૂત સ્થંભ બનશે–તે ખજાના
ઉપર તેઓ તે ભવિષ્યનું નિર્માણ કરી શકશે. જેથી તેઓ
જે ખરેખરું જીવન છે તે પ્રાપ્ત કરી શકે.
૨૦તિમોથી, દેવે તારામાં વિશ્વાસ મૂકીને તને ઘણી
વસ્તુઓ સોંપી છે. તે વસ્તુઓને તું સહી–સલામત
રાખજે. દેવ તરફથી આવતી ન હોય એવી મૂર્ખાઈ
ભરી વાતો કરતાં લોકોથી તું દૂર રહેજે. સત્યની વિરુદ્ધમાં
દલીલો કરતાં લોકોથી તું દૂર રહેજે. તેઓ જેને
"જ્ઞાન"તરીકે ઓળખાવે છે, તેનો તે લોકો ઉપયોગ કરે
છે–પરંતુ ખરેખર તો તે જ્ઞાન નથી. ૨૧કેટલાએક લોકો
એવું કહેતા હોય છે કે તેઓની પાસે એ "જ્ઞાન" છે. એ
લોકોએ સત્ય વિશ્વાસ તજયો છે.

તમ સર્વ પર દેવની કૃપા થાઓ.

# તિમોથીને બીજો પત્ર

**૧** ઈસુ ખ્રિસ્તના પ્રેરિત પાઉલ તરફથી કુશળતા હો.
દેવની ઈચ્છાથી હું પ્રેરિત બન્યો છું. ખ્રિસ્ત ઈસુમાં
જીવન વિષે જે વચન છે તે વિષે લોકોને જણાવવા દેવે
મને મોકલ્યો છે.
૨હવે તિમોથીને સંબોધન કરું છું. તું તો મારા પ્રિય
પુત્ર સમાન છે. દેવ-બાપ તથા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત
તરફથી તને કૃપા, દયા અને શાંતિ પ્રાપ્ત થાઓ.

### આભારસ્તુતિ અને પ્રોત્સાહન

૩રાત-દિવસ હંમેશા મારી પ્રાર્થનાઓમાં હું તને યાદ
કરું છું. એ પ્રાર્થનાઓમાં તારા માટે હું દેવની આભારસ્તુતિ
કરું છું. મારા પૂર્વજો જેની સેવા કરતા હતા તે એ જ દેવ
છે. હું જે જાણું છું તે સાચું છે એમ સમજી, મેં હંમેશા
એ દેવની સેવા કરી છે. ૪તારાં આંસુઓ સંભારતાં તને
મળવાનું મને ઘણું મન થાય છે જેથી મારું હૈયું આનંદથી
છલકાઈ જાય. ૫તારો સાચો વિશ્વાસ પણ મને યાદ
આવે છે. તારી દાદી લોઈસ અને તારી માતા યુનિકા સૌ
પ્રથમ એવો જ વિશ્વાસ ધરાવતાં હતાં. હું જાણું છું કે
એ જ વિશ્વાસ હવે તું ધરાવે છે. ૬માટે હું તને યાદ
દેવડાવા ઈચ્છું છું કે, જયારે મેં મારા હાથો તારા માથા
પર મૂકયા, દેવે તને તે કૃપાદાન આપ્યુ. જેમ એક નાની
સરખી જયોત ધીરે ધીરે મોટા અગ્નિમાં પરિવર્તન પામે
છે, તેમ દેવે તને આપેલ તે ખાસ કૃપાદાન વધુ ને વધુ
ખીલે અને તું એનો ઉપયોગ કરે એમ હું ઈચ્છું છું.
૭કેમ કે દેવે આપણને ભયનો આત્મા નહિ, પણ
સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુધ્ધિનો આત્મા
આપ્યો છે.
૮તેથી આપણા પ્રભુ ઈસુ વિષે લોકોને કહેતાં તું
શરમ કે સંકોચ ન રાખીશ. અને મારા માટે પણ તારે
શરમિંદા બનવાની જરૂર નથી કેમ કે હું પ્રભુને ખાતર
જ કેદમાં છું. પરંતુ એ સુવાર્તાને લીધે તું પણ મારી સાથે
દુ:ખ સહન કર એ સહન કરવા દેવ આપણને સામર્થ્ય
આપે જ છે. ૯દેવે આપણને તાર્યા છે અને આપણને
તેના સંતો બનાવ્યા છે. આપણા પોતાના પ્રયત્નોને કારણે
એ થયું નથી. ના! તેની કૃપાને કારણે દેવે આપણને
બચાવ્યા અને આપણને તેના સંતો બનાવ્યા કારણે કે
એવી દેવની ઈચ્છા હતી. સમયનો પ્રારંભ થયો તે પહેલા
ખ્રિસ્ત ઈસુ ધ્વારા દેવે એ કૃપા આપણને આપેલી હતી.
૧૦અત્યાર સુધી એ કૃપા આપણને પ્રગટ થઈ ન હતી.
જયારે આપણો તારનાર ખ્રિસ્ત ઈસુ આવ્યો ત્યારે
આપણને તેની કૃપા પ્રગટ થઈ. ઈસુએ મરણને નાબૂદ
કર્યુ અને આપણને જીવન મેળવવાનો માર્ગ બતાવ્યો.
હા! સુવાર્તા દ્વારા ઈસુએ આપણને અવિનાશી જીવન
પ્રાપ્ત કરવાનો માર્ગ દેખાડયો. ૧૧તે સુવાર્તાના પ્રચાર
માટે, સુવાર્તાના પ્રેરિત તથા ઉપદેશક થવા માટે મારી
પસંદગી કરવામાં આવી હતી. ૧૨અને અત્યારે હું દુ:ખ
સહન કરી રહયો છું કેમ કે હું સુવાર્તા બધે કહેતો ફરું
છું. પણ તેથી કંઈ હું શરમાતો નથી. જેને મેં સ્વીકાર્યો
છે તે એક (ઈસુ) ને જાણું છું. તે દિવસ આવે ત્યાં સુધી
મને સોંપેલી વસ્તુઓનું રક્ષણ કરવા તે સમર્થ છે, એની
મને ખાતરી છે. ૧૩મારી પાસેથી તેં જે સત્ય વચનો
સાંભળ્યાં છે તેને તું અનુસર. ખ્રિસ્ત ઈસુમાં આપણને
જે વિશ્વાસ અને પ્રેમ છે તેના ધ્વારા એ ઉપદેશને તું
અનુસર. એ ઉપદેશ નમૂનારૂપ છે, કે જે દર્શાવે છે કે
તારે કેવો ઉપદેશ આપવો જોઈએ. ૧૪તને જે સત્ય મળેલ
છે તેનું તું રક્ષણ કર. પવિત્ર આત્માની સહાય વડે એ
વસ્તુઓને તું સંભાળી રાખ. એ પવિત્ર આત્મા આપણા
અંત:કરણમાં જ વસે છે.
૧૫તું તો જાણે જ છે કે આસિયાના પ્રાંતના પશ્ચિમની
દરેક વ્યકિતએ મને ત્યજી દીધો છે. ફુગિલસ અને
હર્મોગનેસ પણ મને છોડીને ચાલ્યા ગયા છે.
૧૬ઓનેસિફરસના કુટુંબ પર પ્રભુ દયા કરે એવી મારી
પ્રાર્થના છે. ઓનેસિફરસે ઘણી વાર મને મદદ કરી છે.
મારી કેદની સજાને કારણે તે શરમિંદો થયો ન હતો.
૧૭ના, તે શરમાયો ન હતો. જયારે તે રોમ આવ્યો ત્યારે
જયાં સુધી હું તેને મળ્યો નહિ ત્યાં સુધી તેણે મારી
ખંતપૂર્વક શોધ કરી. ૧૮મારી પ્રાર્થના છે કે તે દિવસે
પ્રભુ ઓનેસિફરસને દયા બતાવશે. તું તો જાણે છે જ
એફેસસમાં ઓનેસિફરસે મને કઈ કઈ રીતે મદદ કરી
હતી.

### ખ્રિસ્ત ઈસુનો વફાદાર સૈનિક

૨ તિમોથી, મારા માટે તો તું દીકરા સમાન છે. ખ્રિસ્ત
ઈસુમાં આપણને જે કૃપા છે તેમાં બળવાન થા.
૨મેં જે જે બાબતોનો ઉપદેશ આપ્યો છે તે તેં સાંભળ્યો
છે. બીજા અનેક લોકોએ પણ એ બધું સાંભળ્યું છે. તારે
એ જ બાબતો લોકોને શીખવવી જોઈએ. જે કેટલાએક
લોકો પર તું વિશ્વાસ મૂકી શકે તેઓને તું એ ઉપદેશ
આપ. પછી તેઓ બીજા લોકોને એ બાબતો શીખવી
શકશે. ૩આપણને જે મુશ્કેલીઓ પડે છે તેમાં તું સહભાગી
થા. ખ્રિસ્ત ઈસુના એક સારા સૈનિકની જેમ એ
મુશ્કેલીઓ તું સ્વીકારી લે. ૪જે માણસ સૈનિક હોય તે
પોતાના ઉપરી અધિકારીને ખુશ રાખવાની ઈચ્છા ધરાવે
છે. તે પોતાની રોજીંદી જીંદગીમાં પોતાનો સમય બરબાદ
કરતો નથી. ૫જો કોઈ અખાડામાં હરીફાઈમાં ઊતરે તો,
નિયમોના પાલન વિના તેને ઈનામ મળતું નથી. ૬સખત
પરિશ્રમ કરનાર ખેડૂતને તેના ઉગાડેલા અનાજમાંથી
કેટલોક ભાગ મેળવવાનો પહેલો હક્ક છે. ૭હું જે બાબતો
કહું છું તેના પર તું વિચાર કરજે. આ બધી વાતો સમજવા
માટે પ્રભુ તને શક્તિ આપશે.

૮ઈસુ ખ્રિસ્તને યાદ રાખ. તે દાઉદના સંતાનનો છે.
ઈસુ મૃત્યુ પામ્યો પછી તેને મૂએલાંમાંથી ઉઠાડવામાં
આવ્યો હતો. આજ સુવાર્તા હું લોકોને કહું છું. ૯કારણ
કે એ સુવાર્તા હું કહેતો ફરું છું. તેથી હું ગુનેગારની જેમ
દુ:ખ સહન કરું એમ મને ગુનેગાર વ્યક્તિની જેમ
સાંકળોથી પણ બાંધી રાખ્યો છે. પરંતુ દેવનો ઉપદેશ
કંઈ બંધનમાં નથી. ૧૦તેથી આ બધી મુશ્કેલીઓ હું
ધીરજપૂર્વક સ્વીકારું છું. દેવે પસંદ કરેલા બધા લોકોને
મદદ કરવા ખાતર હું આ કરું છું. હું આ યાતનાઓ
એટલા માટે સ્વીકારું છું. જેથી એ લોકોનું ખ્રિસ્ત ઈસુમાં
તારણ થાય. એ તારણથી જે મહિમા પ્રાપ્ત થાય છે તે
અનંત છે.

૧૧આ ઉપદેશ સાચો છે:

જો આપણે તેની (ઈસુ) સાથે મર્યા હોઈશું, તો
તેની સાથે આપણે જીવીશું પણ ખરા.
૧૨ જો આપણે યાતનાઓ સ્વીકારીએ, તો આપણે
પણ ઈસુની સાથે રાજ કરીશું. જો આપણે ઈસુને
સ્વીકારવાનો નકાર કરીએ, તો તે આપણને
અપનાવવાનો નકાર કરશે.

૧૩આપણે જો વિશ્વાસુ નહિ હોઈએ, તો પણ તે તો
વિશ્વાસુ જ રહેશે, કારણ કે તે પોતાની જાતને કદી
બદલી શકતો નથી.

### પસંદગી પામેલ કાર્યકર

૧૪લોકોને આ બધી વાતો કહેવાનું તું ચાલુ રાખજે.
અને દેવ આગળ એ લોકોને તું ચેતવજે કે તેઓ શબ્દો
વિષે દલીલબાજી ન કરે. શબ્દો વિષે દલીલબાજી કરનાર
કંઈજ ઉપયોગી કરી શકતો નથી. અને તે સાંભળનાર
લોકોનો તો સર્વનાશ થાય છે. ૧૫દેવ તને પસંદ કરે
એવી પાત્રતા મેળવવા તું સર્વોત્તમ કાર્યો કર, અને તું
દેવને પૂર્ણ સમર્પિત થઈ જા. પોતાના કામની બાબતમાં
જે શરમ અનુભવતો નથી એવો કાર્યકર તું થા–કે જે
કાર્યકર સાચા ઉપદેશનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે.
૧૬દેવ તરફથી જે બાબતો કદી આવી જ નથી એવી
વ્યર્થ વાતો કરનારા લોકોથી તું દૂર રહેજે. એવી વાતો
માણસને દેવથી વધુ ને વધુ વિરુદ્ધ કરનારી હોય છે.
૧૭તેઓની વાતો શરીરમાં જેમ રોગ ફેલાય છે તેમ અનિષ્ટ
ફેલાવે છે. હુમનાયસ અને ફિલેતસ એવા માણસો છે.
૧૮તેઓએ સાચો ઉપદેશ ત્યજી દીધો છે. તેઓ તો એમ
કહે છે કે મૃત્યુમાંથી લોકોનું પુનુરુત્થાન તો ક્યારનું થઈ
ગયું છે. અને તેઓ બંન્ને કેટલાએક લોકોનો વિશ્વાસ
નષ્ટ કરી રહ્યા છે. ૧૯પરંતુ દેવનાં અસ્તિત્વનો પાયો
સદાને માટે મજબૂત છે, એ પાયા પર આ શબ્દો લખેલા
છે: "જે લોકો તેના છે તેઓને પ્રભુ ઓળખે છે."*
દેવની ઈમારતના પાયા પર આ શબ્દો લખેલા છે: "જે
જે માણસ એમ કહેતો હોય કે તે પ્રભુમાં વિશ્વાસ
ધરાવે છે, તેણે ખોટાં કામ કરવાનું છોડવું જ પડશે."

૨૦મોટા ઘરોમાં સોના–ચાંદીની વસ્તુઓ હોય છે
પરંતુ લાકડાની અને માટીની વસ્તુઓ પણ ત્યાં હોય
છે. કેટલીક વસ્તુઓ વિશિષ્ટ હેતુ માટે વપરાય છે. બીજી
અમુક વસ્તુઓ સાફસૂફી કે સ્વચ્છતા કરવા બનાવેલી
હોય છે. ૨૧જો કોઈ વ્યક્તિ આ બધા જ દુષ્ટ કર્મોથી
સ્વચ્છ બનશે તો ખાસ હેતુસર એ વ્યક્તિનો ઉપયોગ
કરવામાં આવશે. એ વ્યક્તિને પવિત્ર બનાવવામાં
આવશે, અને સ્વામી તેનો ઉપયોગ કરી શકશે. કોઈ
પણ સારું કામ કરવા એ વ્યક્તિ તૈયાર થશે.

૨૨જુવાન માણસને જે ખરાબ કામો કરવાનું મન
થતું હોય છે તેવી બાબતોથી તું દૂર રહેજે. યોગ્ય રીતે જ
જીવન જીવવાનો અને વિશ્વાસ, પ્રેમ, અને શાંતિ પ્રાપ્ત
કરવાનો તું ખૂબ પ્રયત્ન કરજે. શુદ્ધ હૃદયથી પ્રભુમાં
વિશ્વાસ ધરાવતા લોકોની સાથે રહીને તું આ બધું કરજે.
૨૩અક્કલ વગરની અને મૂર્ખાઈભરી દલીલબાજીથી તું
દૂર રહેજે. તું જાણે છે કે આવી દલીલોમાંથી મોટી
દલીલબાજી જન્મે છે. ૨૪પ્રભુના સેવકે તો ઝઘડવું ન

---

**"જે લોકો ... પ્રભુને ઓળખે છે"** ગણ. ૧૬:૫

જોઈએ! તેણે તો દરેક વ્યક્તિ પ્રત્યે માયાળુ થવું જોઈએ. પ્રભુના સેવકે તો એક સારા શિક્ષક થવું જોઈએ. તે સહનશીલ હોવો જોઈએ.
[25]પ્રભુના સેવકે તો તેની સાથે અસંમત થતા વિરોધીઓને નમ્રતાથી ઉપદેશ કરવો જોઈએ. શક્ય છે કે દેવ એવા લોકોને પસ્તાવો કરવા દે, જેથી તેઓ સત્ય સ્વીકારી શકે.
[26]શેતાને એવા લોકોને પોતાની જાળમાં ફસાવ્યા છે અને તેઓની પાસે પોતાનું ધાર્યું કરાવે છે. પરંતુ શક્ય છે કે તેઓ જાગી જાય અને સમજે કે શેતાન તેઓનો દુરુપયોગ કરી રહ્યો છે, અને અંતે શેતાનની માયાજાળમાંથી પોતાને મુક્ત કરાવે.

### છેલ્લા દિવસો

૩ આ યાદ રાખજે! છેલ્લા દિવસોમાં ઘણી બધી મુશ્કેલીઓ આવશે.
[2]એવો સમય આવશે કે જ્યારે લોકો પોતાની જાતને જ તથા પૈસાને પ્રેમ કરશે. તેઓ બડાશખોર અને અભિમાની બનશે. લોકો બીજાની નિંદા–કૂથલી કરતા થઈ જશે. લોકો પોતાનાં મા–બાપની આજ્ઞા નહિ પાળે. લોકોમાં આભારની ભાવના મરી પરવારશે. દેવને જેવા લોકો ગમે છે તેવા તેઓ નહિ હોય.
[3]લોકોને એક બીજા માટે પ્રેમ નહિ હોય. તેઓ બીજા લોકોને માફ કરી શકશે નહિ. અને તેઓ ખરાબ વાતો કરશે. લોકો પોતાની જાત પરનો કાબૂ ગુમાવશે. તેઓ ક્રોધી અને હલકી વૃત્તિવાળા અને જે વસ્તુઓ સારી હશે તેને ધિક્કારશે.
[4]આવનારા છેલ્લા દિવસોમાં લોકો પોતાના મિત્રોના વિશ્વાસઘાતી બની જશે. તેઓ જરા પણ વિચાર કર્યા વગર મૂર્ખતાભર્યાં કામો કરશે. લોકો દેવ પર પ્રીતિ રાખવાને બદલે વિલાસ પર પ્રીતિ રાખનારા થશે.
[5]એ લોકો દેવની સેવા કરવાનો ડોળ ચાલુ રાખશે, પરંતુ તેઓની જીવન જીવવાની રીત પરથી ખ્યાલ આવશે કે તેઓ દેવની સેવા ખરેખર કરતાં જ નથી. તિમોથી, એવા લોકોથી તું દૂર રહેજે.
[6]તેઓમાંના કેટલાએક લોકો તો પારકાના ઘરમાં ઘૂસી જઈને અબળા સ્રીઓને ફસાવવાનો પ્રયત્ન કરતા હોય છે. એ સ્રીઓમાં પણ પુષ્કળ પાપ હોય છે. અનેક અનિષ્ટ કુકર્મો કરવાની ઈચ્છા ધરાવતી એ સ્રીઓ પાપોથી ભરપૂર હોય છે.
[7]એ સ્રીઓ હંમેશા નવું નવું શિક્ષણ શીખવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેઓ સત્યના જ્ઞાન સુધી પહોંચી શકવા શક્તિમાન થતી નથી.
[8]યાન્નેસ અને યાંબ્રેસને યાદ કર. તેઓ મૂસાના વિરોધીઓ હતા. આ લોકોની બાબતમાં પણ એવું જ છે. તેઓ સત્યનો વિરોધ કરે છે. એ એવા લોકો છે જેમની વિચાર–શક્તિ ગૂંચવાઈ ગઈ છે. તેઓ વિશ્વાસનો માર્ગ અનુસરવામાં નિષ્ફળ ગયા છે.
[9]પરંતુ તેઓ જે કાર્યો કરી રહ્યા છે તેમાં સફળ થવાનાં નથી. બધા લોકોને ખબર પડશે કે તેઓ કેવા મૂર્ખ છે. યાન્નેસ અને યાંબ્રેસનું આવું જ થયું હતું.

### છેલ્લી સૂચનાઓ

[10]પરંતુ મારા વિષે તો તું બધું જાણે છે. હું જે શીખવું છું અને જે રીતે હું રહું છું તે તને ખબર છે. મારા જીવનનો હેતુ તું જાણે છે. મારો વિશ્વાસ, મારો પ્રેમ અને મારી ધીરજથી તું પરિચિત છે. હું મારો પ્રયત્ન કદીય છોડતો નથી, એ તું જાણે છે.
[11]મેં જે સતાવણી અને યાતનાઓ સહન કરી છે તે વિષે તને ખબર છે. અંત્યોખ, ઈકોનિયામાં, અને લુસ્રામાં મારી સાથે જે બન્યું હતું તે તું જાણે છે. એ સ્થળોએ મેં કેવી કેવી સતાવણી સહન કરી હતી, એ તને ખબર છે. પરંતુ એ બધી મુશ્કેલીઓમાં પ્રભુએ જ મારો છુટકારો કર્યો છે.
[12]દરેક વ્યક્તિ દેવની ઈચ્છા મુજબ ખ્રિસ્ત ઈસુમાં જીવન સમર્પિત કરી જીવવાનો પ્રયત્ન કરશે તે દરેક વ્યક્તિની સતાવણી કરવામાં આવશે.
[13]જે દુષ્ટ લોકો બીજાને છેતરે છે તે લોકો વધુ ને વધુ ખરાબ થતા જશે. તેઓ બીજા લોકોને મૂર્ખ બનાવશે, પરંતુ તેઓ પોતે પણ મૂર્ખ બનશે.
[14]પરંતુ જે વાતો તું શીખ્યો છે તેને અનુસરવાનું તારે ચાલુ રાખવું જોઈએ. તું જાણે છે કે એ બધી વાતો સાચી છે. તું એ બાબતો શીખવનારાઓ પર પૂરો વિશ્વાસ રાખી શકે છે એની તને ખબર છે.
[15]તું બાળક હતો ત્યારનો પવિત્ર શાસ્રથી પરિચિત છે. એ પવિત્રશાસ્ર* તને વિવેકબુદ્ધિવાળો બનાવવાની ક્ષમતા ધરાવે છે અને ખ્રિસ્ત ઈસુમાં વિશ્વાસ દ્વારા તારણના માર્ગે જવા એ વિવેકબુદ્ધિ તને ઉપયોગી નીવડશે.
[16]દરેક શાસ્ર ઈશ્વરપ્રેરિત છે. લોકોના જીવનમાં ક્યાં ખોટું થાય છે તે બતાવવા અને બોધ આપવા દરેક શાસ્ર ઉપયોગી છે. ભૂલો સુધારવા અને ન્યાયી જીવન જીવવાના શિક્ષણમાં ભૂલો સુધારવા દરેક શાસ્ર ઉપયોગી છે.
[17]શાસ્રોનો ઉપયોગ કરીને જે વ્યક્તિ દેવની સેવા કરશે, તે બધા જ સારા કાર્યો કરવા માટે પૂરેપૂરો સુસજ્જ થશે.

૪ દેવ તથા ઈસુ ખ્રિસ્ત સમક્ષ હું તને આદેશ આપું છું કે મરણ પામેલા તેમજ જીવતા લોકોનો એક માત્ર એવો ખ્રિસ્ત ઈસુ ન્યાય કરશે. ઈસુનું રાજ્ય છે, અને તે ફરીથી આવી રહ્યો છે. તેથી હું તને આ આદેશ આપું છું:
[2]લોકોને તું સુવાર્તા પ્રગટ કર. તે સંદેશ એ છે કે, લોકોનાં પાપ માફ થઈ શકે અને તેઓ દેવના સાન્નિધ્યમાં રહી શકે, એવો માર્ગ દેવે હવે સર્વ માટે

---

**પવિત્ર શાસ્ર** પવિત્ર લખાણો–જૂનો કરાર.

ખૂલ્લો કરી દીધો છે. દરેક સમયે તું તૈયાર રહેજે. લોકોએ
શું શું કરવાની જરૂર છે તે તું તેઓને કહે, તેઓની ભૂલ
થાય ત્યારે તું તેઓને ધમકાવ અને તેઓને પ્રોત્સાહિત
કર. આ બધું તું ખૂબ જ ધીરજપૂર્વક તથા કાળજીપૂર્વકના
ઉપદેશ વડે કર. ૩એવો સમય આવશે કે જ્યારે લોકો
સાચો ઉપદેશ નહિ સાંભળે. પણ કાનમાં ખંજવાળ
આવવાથી તેઓ પોતાને મનગમતા ઉપદેશકો પોતાના
માટે ભેગા કરશે. ૪લોકો સત્ય તરફ આડા કાન કરશે.
કાલ્પનિક વાતોના શિક્ષણને અનુસરવાનું શરૂ કરશે.
૫પરંતુ હર ઘડીએ તું સર્વ બાબતોમાં સાવધ રહેજે.
જ્યારે મુસીબતો આવે ત્યારે તેઓને તું સ્વીકારી લેજે.
સુવાર્તા પ્રચારનું કામ કરતો રહેજે. દેવના સેવકની બધી
જ ફરજો તું અદા કરી બતાવજે.

૬કેમ કે હું અત્યારે પેયાર્પણ તરીકે રેડાઉં છું. અને
મારો પ્રયાણકાળ પાસે આવી ગયો છે. ૭હું સારી લડાઈ
લડયો છું. મેં દોડ પૂરી કરી છે. મેં વિશ્વાસ રાખ્યો છે.
૮હવે મારે સારું ન્યાયીપણાનો મુગટ રાખી મૂકેલો છે,
તેથી એ મુગટ મને મળશે કારણ કે હું દેવ સાથે ન્યાયી
છું. પ્રભુ તો એવો ન્યાયાધીશ છે કે જે યોગ્ય જ ન્યાય
કરે છે. તે દિવસે પ્રભુ મને તે મુગટ આપશે. હા! તે મને
તે મુગટ આપશે. પ્રભુના પ્રગટ થવાની ઈચ્છા રાખનારા
અને તેની પ્રતિક્ષા કરનારા સર્વ લોકોને પ્રભુ તે મુગટ
આપશે.

### અંગત વાતો

૯જેમ બને એમ જલદી મારી પાસે આવવાનો તું
પ્રયત્ન કરજે. ૧૦દેમાસે વર્તમાન દુનિયાને પુષ્કળ પ્રેમ
કર્યો હતો. તેથી જ તો તે મને છોડીને ચાલ્યો ગયો છે.
તે થેસ્સલોનિકા જતો રહ્યો છે અને ક્રેસ્કેન્સ ગલાતિયા
ગયો છે. અને તિતસ દલ્મતિયા ગયો છે. ૧૧હવે મારી
સાથે ફક્ત લૂક જ રહ્યો છે. માર્કને શોધી કાઢજે અને તું
આવે ત્યારે એને તારી સાથે લેતો આવજે. અહીંના મારા
કાર્યમાં તે મને મદદ કરી શકે એવો છે. ૧૨મેં તુખિકસને
એફેસસમાં મોકલ્યો છે.

૧૩હું જ્યારે ત્રોઆસમાં હતો ત્યારે કાર્પસ પાસે મારો
કોટ મૂકી આવ્યો છું. તો તું જ્યારે આવે ત્યારે મારો એ
કોટ લેતો આવજે. અને મારાં પુસ્તકો પણ લાવજે. જે
પુસ્તકો વિશિષ્ટ રીતે ચર્મપત્રો પર લખેલા છે તેની મારે
ખાસ જરૂર છે.

૧૪આલેકસાંદર કંસારાએ મારું ઘણું નુકસાન કર્યુ છે.
આલેકસાંદરના કુકર્મો બદલ પ્રભુ તેને શિક્ષા કરશે. ૧૫તું
તે માણસથી ચેતતો રહેજે જેથી તે તને પણ આઘાત ન
આપે. તેણે આપણા ઉપદેશની સામે ઘણો વિરોધ દર્શાવ્યો
છે.

૧૬પહેલી વાર જ્યારે મેં મારો બચાવ કર્યો, ત્યારે
મને કોઈએ મદદ ન કરી. દરેક જણ મને છોડીને ચાલ્યા
ગયા હતા. મારી પ્રાર્થના છે કે દેવ તેઓને માફ કરે.
૧૭પરંતુ પ્રભુ મારાં પક્ષમાં ઊભો રહ્યો. બિનયહૂદીઓને
હું સુવાર્તા સંપૂર્ણ રીતે જણાવી શકું એ માટે પ્રભુએ મને
પૂરતી શક્તિ આપી. સૌ બિનયહૂદીઓ તે સુવાર્તા સાંભળે
એવી પ્રભુની ઈચ્છા હતી. સિંહ (દુશ્મન) નાં મોઢાંમાથી
મને બચાવી લેવામાં આવ્યો. ૧૮જ્યારે કોઈ પણ વ્યક્તિ
મને ઈજા કરવાનો પ્રયત્ન કરશે ત્યારે પ્રભુ મારો બચાવ
કરશે. પ્રભુ મને તેના સ્વર્ગીય રાજ્યમાં સહીસલામત
રીતે લઈ જશે. પ્રભુનો મહિમા સર્વકાળ હો.

### અંતિમ શુભેચ્છા

૧૯પ્રિસ્કા અને અકુલાસ તથા ઓનેસિફરસના કુટુંબને
મારા તરફથી ક્ષેમકુશળ કહેજે. ૨૦એરાસ્તસ કરિંથમાં
રહ્યો અને મેં ત્રોફિમસને બિમાર હતો તેથી મિલેતસમાં
રાખ્યો છે. ૨૧શિયાળા પહેલાં તું મારી પાસે આવી પહોંચે
એવો પ્રયત્ન કરજે.

યુબૂલસ તને ક્ષેમકુશળ કહે છે. વળી પુદેન્સ, લિનસ,
કલોદિયા, અને ખ્રિસ્તમાં સર્વ ભાઈઓ તને ક્ષેમકુશળ
કહે છે.

૨૨પ્રભુ તારા આત્માની સાથે થાઓ. તારા પર કૃપા
થાઓ.

# તિતસનો પત્ર

**૧** દેવના દાસ તથા ઈસુ ખ્રિસ્તના પ્રેરિત પાઉલ
તરફથી કુશળતા હો. દેવની પસંદગી પામેલા
લોકોના વિશ્વાસને મદદરૂપ થઈ શકાય તે માટે અને
એ લોકો સત્યને જાણી શકે તે માટે સહાય કરવા મને
મોકલ્યો છે. અને તે સત્ય લોકોને બતાવે છે કે કેવી
રીતે દેવની સેવા કરવી. ૨અનંતજીવનની આપણી
આશામાંથી જ એ વિશ્વાસ અને જ્ઞાન જન્મે છે. સમયનો
પ્રારંભ થયો તે પહેલાં દેવે એ જીવનનું વચન આપ્યું
હતું અને દેવ કદી જૂઠું બોલી શકતો નથી. ૩યોગ્ય
સમયે દેવે એવા જીવન વિષે જગતને જાણવા દીધું.
દેવે સુવાર્તા દ્વારા દુનિયાને એ વાત જણાવી. એ કાર્ય
માટે દેવે મારામાં વિશ્વાસ મૂક્યો. આપણા તારનાર દેવે
મને આજ્ઞા આપી તેથી એ બધી બાબતોનો મેં ઉપદેશ
કર્યો છે.

૪હવે હું તિતસને આ લખું છું કે જે વિશ્વાસના
આપણે સહભાગી છીએ, તેમાં તું મારા સગા પુત્ર સમાન
છે. દેવ જે બાપ તથા આપણા તારનાર ખ્રિસ્ત ઈસુ
તરફથી તને કૃપા અને શાંતિ પ્રાપ્ત થાઓ.

### ક્રીત ટાપુમાં તિતસનું કાર્ય

૫મેં તને ક્રીત ટાપુ પર એટલા માટે રાખ્યો છે કે ત્યાં
જે કાર્યો કરવાની જરૂર છે, તે તું પરિપૂર્ણ કરી શકે અને
મેં તને ત્યાં એટલા માટે પણ રાખ્યો છે કે જેથી કરીને
દરેક નગરમાં માણસોની વડીલો તરીકે તું પસંદગી કરી
શકે. ૬વડીલ થવા માટે એ વ્યક્તિ કોઈ પણ ખરાબ
કામ માટે અપરાધી ઠરેલી ન હોવી જોઈએ. એ માણસને
એક જ પત્ની હોવી જોઈએ. તેનાં બાળકો વિશ્વાસી
હોવાં જોઈએ. તેનાં બાળકો ઉદ્ધત અને આજ્ઞાનું ઉલ્લંઘન
કરનારાં હોવાં ન જોઈએ. ૭દેવના કાર્યની સંભાળ
રાખવાનું કામ એ અધ્યક્ષનું છે. તેથી કોઈ પણ ખરાબ
કાર્યનો તે ગુનેગાર હોવો ન જોઈએ. તે વ્યક્તિ એવી ન
હોવી જોઈએ કે જે અભિમાની અને સ્વાર્થી હોય, અથવા
તો જે વારંવાર ગુસ્સે થઈ જતી હોય. તેણે અતિશય
મધપાન ન કરવું જોઈએ. તે વ્યક્તિ એવી ન હોવી
જોઈએ જેને ઝઘડા પસંદ હોય. અને તે વ્યક્તિ એવી
તો ન જ હોવી જોઈએ કે જે હંમેશાં લોકોને છેતરીને
ધનવાન થવાનો પ્રયત્ન કરતી હોય. ૮વડીલ તો એવો
હોવો જોઈએ કે જે લોકોને પોતાના ઘરમાં આવકારવા
અને તેઓને મદદ કરવા હંમેશાં આતુર હોય. જે કંઈ
સત્કર્મ હોય તેનો તે ચાહક હોવો જોઈએ. તે વિવેકબુદ્ધિ
ધરાવતો હોવો જોઈએ. તેણે ન્યાયી જીવન જીવવું
જોઈએ. તે પવિત્ર જ હોવો જોઈએ. તે પોતાની જાત
પર અંકુશ રાખી શકતો હોવો જોઈએ. ૯આપણે જે
સત્યનો ઉપદેશ આપીએ છીએ તેનું તે પોતે પણ
વફાદારીપૂર્વક પાલન કરતો હોવો જોઈએ. તે વડીલમાં
સારા કે શુદ્ધ ઉપદેશ દ્વારા લોકોને સહાય કરવાની ક્ષમતા
હોવી જોઈએ. જે લોકો સાચા શિક્ષણથી વિમુખ હોય
તેઓ ખોટા છે, એવું તેઓને સ્પષ્ટ કહેવા શકિતમાન
હોવો જોઈએ.

૧૦એવા અનેક લોકો છે કે જે આજ્ઞાનું પાલન કરતા
નથી–એવા લોકો કે જે નકામી બાબતો વિષે ચર્ચા કર્યા
કરતા હોય અને બીજા લોકોને ખોટા માર્ગે દોરતા હોય
છે. હું ખાસ તો એવા લોકો વિષે ઉલ્લેખ કરવા માગું છું
કે જેઓ એમ કહેતા ફરે છે કે સૌ બિનયહૂદી લોકોની
સુન્નત કરવી જ જોઈએ. ૧૧વડીલ એવો હોવો જોઈએ
કે જે એવા લોકોને સ્પષ્ટ બતાવી શકે કે તેઓની માન્યતા
ખોટી છે, અને તેઓને નકામી બાબતો વિષે બોલતા
બંધ કરી દે. જેનો ઉપદેશ તેઓએ આપવા જેવો નથી
એવી બાબતનો ઉપદેશ આપીને તે લોકો આખાં કુટુંબનો
નાશ કરી રહ્યા છે. તેઓ લોકોને માત્ર છેતરવા અને
પૈસા બનાવવા એવું બધું શીખવી રહ્યા છે. ૧૨એમના
જ ક્રીત ટાપુના તેઓના પોતાના પ્રબોધકોમાંના એકે
આમ કહ્યું પણ છે કે, "ક્રીતના લોકો તો હંમેશા જૂઠું
બોલનારા હોય છે. તેઓ જંગલી પશુઓ જેવા અને
આળસુ છે કે જેઓ ખાવા સિવાય બીજું કંઈ કરતા
નથી." ૧૩એ પ્રબોધકે કહેલા શબ્દો સાચા છે. તેથી તું
એ લોકોને કહે કે તેઓ ખોટા છે. તારે એમની સાથે
કડક થવું જ પડશે. તો જ એમનો વિશ્વાસ દઢ થશે.
૧૪ત્યારબાદ તેઓ યહૂદી વાર્તાઓને માની લેવાનું બંધ
કરશે. અને જે લોકો સત્યને સ્વીકારતા નથી તેઓ

આદેશોને અનુસરવાનું પણ તેઓ બંધ કરશે. ૧૫જે લોકો પોતે શુદ્ધ છે, તેઓના માટે તો બધી વસ્તુઓ શુદ્ધ હોય છે. પરંતુ પાપથી ભરેલા અને અવિશ્વાસીઓને માટે કંઈ પણ શુદ્ધ હોતું નથી. ખરેખર, એ લોકોના વિચારો દુષ્ટ બન્યા છે અને સત્ય શું છે તે જાણવા તેઓનું જ્ઞાન નષ્ટ થઈ ગયુ છે. ૧૬એ લોકો તો એમ કહેતા હોય છે કે તેઓ દેવને જાણે છે, ઓળખે છે. પરંતુ એ લોકો જે ખરાબ કાર્યો કરે છે તે બતાવે છે કે તેઓ દેવનો નકાર કરે છે. તેઓ તો ભયંકર લોકો છે, તેઓ દેવની આજ્ઞાનો ભંગ કરે છે, અને તેઓ કોઈ પણ સારાં કામને માટે નકામા છે.

### શુદ્ધ ઉપદેશનું પાલન

૨ શુદ્ધ ઉપદેશનું પાલન કરવા લોકોએ શું શું કરવું જોઈએ એ વિષે તારે એમને કહેવું જ જોઈએ. ૨વૃદ્ધોને તું આત્મ-સંયમ રાખવાનું, ગંભીર, તથા શાણા થવાનું શીખવ. તેઓએ દ્રઢ વિશ્વાસ, ઉત્કટ પ્રેમ તથા ધીરજમાં દ્રઢ થવું જોઈએ.

૩વળી તું વૃદ્ધ સ્રીઓને પવિત્ર જીવન ગાળવાનું શીખવ. તું એમને શીખવ કે બીજા લોકોની વિરુદ્ધમાં કૂથલી કરનારી નહિ, કે ઘણો દ્રાક્ષારસ પીનારી નહિ પણ સ્રીઓએ જે સારુ છે તે શીખવવું જોઈએ. ૪એ રીતે તેઓ જુવાન સ્રીઓને તેમના પતિ અને બાળકોને પ્રેમ રાખવાનું શીખવવું જોઈએ. ૫જુવાન સ્રીઓને સમજુ અને શુદ્ધ બનવાનું, પોતાનાં ઘરોની સંભાળ રાખવાનું, દયાળુ થવાનું અને પોતાના પતિની આજ્ઞા પાળવાનું, તેઓએ શીખવવું જોઈએ. તે પછી, પ્રભુએ આપણને આપેલા વાતની કોઈ પણ વ્યક્તિ ટીકા કરી શકશે નહિ.

૬એ જ રીતે, જુવાન માણસોને પણ તું શાણા થવાનું કહે. ૭જુવાન માણસો માટે દરેક બાબતમાં નમૂનારૂપ થવા તારે સારાં કામો કરવાં જોઈએ. જયારે તું ઉપદેશ આપે, ત્યારે પ્રામાણિક અને ગંભીર બન. ૮અને જ્યારે તું બોલે, ત્યારે સત્ય જ ઉચ્ચારજે જેથી કરીને તારી ટીકા ન થાય. તે પછી તો તારો દુશ્મન શરમાઈ જશે કેમ કે આપણી વિરુદ્ધ ખરાબ કહેવાનું એની પાસે કંઈ પણ હશે નહિ.

૯અને જે લોકો દાસો તરીકે સેવા આપે છે તેઓને તું આ બધું કહેજે: તેઓએ હંમેશા પોતાના ધણીની આજ્ઞા પાળવી જોઈએ, તેઓએ પોતાના ધણીઓને ખુશ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ; તેઓએ પોતાના ધણીઓ સાથે દલીલબાજીમાં ઉતરવું ન જોઈએ; ૧૦તેઓએ પોતાના ધણીઓને ત્યાંથી ચોરી ન કરવી જોઈએ; અને તેઓએ તેમના ધણીઓને એવું દેખાડવું જોઈએ કે તેઓ ભરોશાપાત્ર છે. દાસોએ આ રીતે વર્તવું જોઈએ, જેથી તેઓ જે કંઈ કરે તેમાં એવું દેખાય કે આપણા તારનાર દેવનો સુબોધ સારો છે.

૧૧આપણે આ રીતે જ જીવવું જોઈએ, કારણ કે દેવની કૃપાનું આગમન થયું છે. જે કૃપા દરેક વ્યક્તિનું તારણ કરે છે. અને તે કૃપા હવે આપણને આપવામાં આવી છે. ૧૨તે કૃપા આપણને શીખવે છે કે દેવથી વિમુખ જીવન જીવવું ન જોઈએ અને દુનિયા આપણી પાસે ખોટાં કામો કરાવવા માગતી હોય તે ન કરવાં જોઈએ. તે કૃપા આપણને હવે શાણપણથી અને સાચા માર્ગે પૃથ્વી પર રહેવાનો ઉપદેશ આપે છે-જીવવાની એવી રીત કે જે બતાવે કે આપણે દેવની સેવા કરીએ છીએ. ૧૩આપણા મહાન દેવ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના આવવાની રાહ જોતાં આપણે એ રીતે જીવવું જોઈએ. તે જ તો આપણી મહાન આશા છે, અને તેનું આગમન મહિમાવંત હશે. ૧૪તેણે આપણા માટે પોતાની જાતનું સ્વાર્પણ કરી દીધું. તે બધા અન્યાયથી આપણને છોડાવવા મરણ પામ્યો. તે મરણ આપણને પવિત્ર કરીને પોતાને સારુ ખાસ પ્રજા તથા સર્વ સારાં કામ કરવાને આતુર એવા લોક તૈયાર કરે.

૧૫આ બધી વાતો તું લોકોને કહે. એ માટે તને સંપૂર્ણ સત્તા છે. તેથી લોકોના વિશ્વાસને દઢ કરવા માટે તેઓએ શું શું કરવું જોઈએ તે કહેવા તું તારા અધિકારનો ઉપયોગ કર. તેઓને પ્રોત્સાહિત કર અને તેઓ કંઈ પણ ખોટું કરતા હોય ત્યારે તેઓને સુધાર. અને તારું કોઈ મહત્વ ન હોય એમ માનનાર કોઈ પણ વ્યક્તિને તારી સાથે એ રીતે વર્તવા ન દઈશ.

### જીવન જીવવાનો સાચો માર્ગ

૩ તું લોકોને કહે કે તેઓ હંમેશા આ બાબતો યાદ રાખે: રાજસત્તાને અને અધિકારીઓની સત્તા હેઠળ રહેવું; એ અધિકારીઓની આજ્ઞા પાળવી અને દરેક સારી વસ્તુ કરવા તત્પર રહેવું; ૨કોઈ પણ વ્યક્તિના વિષે ખરાબ ન બોલવું; બીજા લોકો સાથે શાંતિથી રહેવું; બીજા લોકો સાથે વિનમ્ર થવું; અને તેઓની સાથે માયાળુ થવું. બીજા લોકો સાથે દયાળુ બનવું. બધા લોકોની સાથે આવો વ્યવહાર કરવાનું તું વિશ્વાસીઓને કહે.

૩ભૂતકાળમાં તો આપણે પણ મૂર્ખ લોકો હતા. આપણે આજ્ઞાઓનું ઉલ્લંઘન કરતા હતા, આપણે ખોટા હતા, અને આપણાં શરીરની ઈચ્છાને આધીન થઈ આપણે અનેક પ્રકારનો ભોગ વિલાસ ભોગવતા હતા, અને

આપણે તે ઈચ્છાઓ અને વિલાસના ગુલામ હતા. આપણે
દુષ્ટ કાર્યોવાળું અને ઈર્ષ્યાળુ જીવન જીવતા હતા. લોકો
આપણને ધિક્કારતા હતા અને આપણે એકબીજાને
ધિક્કારતા હતા. ૪પરંતુ ત્યારબાદ દેવ આપણા તારનારની
દયા અને પ્રેમ સૌને પ્રગટ થયાં. ૫તેની સાથે ન્યાયી
થવા માટે આપણે કરેલા કૃત્યોને કારણે તેણે આપણને
તાર્યા નથી. પરંતુ તેની દયાથી તેણે આપણને પુનર્જન્મના
સ્નાનથી તેના પવિત્ર આત્મા દ્વારા આપણું નવીનીકરણ
કરીને દેવે આપણને તાર્યા છે. ૬આપણા તારનાર ઈસુ
ખ્રિસ્ત દ્વારા દેવે એ પવિત્ર આત્મા આપણા ઉપર પુષ્કળ
રેડયો છે. ૭આમ, દેવની કૃપા વડે જ આપણે ન્યાયી
થયા. અને દેવે આપણને આત્મા આપ્યો જેથી આપણને
અનંતજીવન મળે. આપણે એની જ તો આશા રાખીએ
છીએ. ૮આ વાત સાચી છે.

આ બધી બાબતો લોકો સમજે એની તું ખાતરી કર
એમ હું ઈચ્છું છું. તો જ દેવમાં વિશ્વાસ કરનારા લોકો
સારા કાર્યો કરવા માટે પોતાના જીવનને સમર્પિત કરશે.
આ બધી વાતો સારી છે, અને સૌ લોકોને મદદરૂપ થશે.

૯એવા લોકોથી દૂર રહેજે જે મૂર્ખાઈભરી દલીલો
કરતા હોય, જે લોકો નકામી વંશાવળીઓની વાતો કર્યા
કરતા હોય, જે લોકો મૂસાના નિયમશાસ્ત્રના ઉપદેશ
વિષે મુશ્કેલીઓ ઊભી કરીને ઝઘડતા હોય. આ બાબતો
નકામી છે અને તે લોકોને સહાયરૂપ નહિ થાય. ૧૦જો
કોઈ વ્યક્તિ દલીલબાજી કરવાનું કારણ માગતી હોય,
તો તું એને ચેતવણી આપ. જો એ વ્યક્તિ દલીલબાજી
કરવાનું કારણ ચાલુ રાખે, તો ફરી એક વાર એને ચેતવજે.
તેમ છતાં જો તે દલીલબાજી કરવાનું કારણ ચાલુ જ
રાખે, તો તે માણસ સાથે કોઈ સંબંધ રાખતો નહિ. ૧૧તું
જાણે છે કે એવી વ્યક્તિ દુષ્ટ અને પાપી હોય છે. તેનાં
પાપ જ સાબિત કરે છે કે તે ખોટો છે.

### યાદ રાખવા જેવી કેટલીક બાબતો

૧૨હું આર્તિમાસ અને તુખિકસને તારી પાસે મોકલીશ.
જ્યારે તેઓને હું ત્યાં મોકલું ત્યારે, તું નિકોપુલિસમાં
મારી પાસે આવવાનો પ્રયત્ન કરજે. આ શિયાળા
દરમિયાન ત્યાં રહેવાનું મેં નક્કી કર્યુ છે. ૧૩ત્યાંથી ઝેનાસ
શાસ્રી (વકીલ) અને અપોલોસ પ્રવાસ કરવાના છે.
તારાથી થઈ શકે એટલી બધી જ મદદ તું એમના પ્રવાસ
માટે કરજે. જરૂર હોય એવી દરેક વસ્તુ એમને મળી
રહે એની તું ખાતરી કરજે. ૧૪આપણા લોકોએ સારા
કામો કરવા માટે તેમના જીવનનો ઉપયોગ કરવાનું
શીખવું જ પડશે. જે લોકોને જરૂર હોય એવાનું તેઓએ
ભલું કરવું જોઈએ. તે પછી તે લોકોના જીવન નકામા
નહિ રહે.

૧૫અહીં મારી સાથેના બધા લોકો તને ક્ષેમકુશળ
કહે છે. વિશ્વાસમાંના જેઓ આપણા પર પ્રેમ રાખે છે
તેમને તું ક્ષેમકુશળ કહેજે.

તમ સર્વ પર કૃપા થાઓ.

# ફિલેમોનને પત્ર

અમારા પ્રિય મિત્ર અને અમારા સહ–કાર્યકર
ફિલેમોનને ઉદ્દેશીને આ પત્ર છે. આપણી બહેન આફિયા,
અમારા એક સહ–કાર્યકર આર્ખિપસ, અને તારા ઘરમાંની
એકત્રીત મંડળી એ સર્વનાં નામ જોગ લખિતંગ. ૨ખ્રિસ્ત
ઈસુનો બંદીવાન પાઉલ તથા  આપણો ભાઈ તિમોથી.
૩દેવ આપણા બાપ અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી
તમને કૃપા તથા શાંતિ પ્રાપ્ત થાઓ.

### ફિલેમોનનો પ્રેમ અને વિશ્ર્વાસ

૪મારી પ્રાર્થનાઓમાં હું તને યાદ કરું છું. અને તારા
માટે હું હંમેશા મારા દેવની આભારસ્તુતિ કરું છું. ૫દેવ
અને સર્વ સંતો માટે તને જે પ્રેમ છે અને પ્રભુ ઈસુમાં
તને વિશ્ર્વાસ છે, તે વિષે મેં સાંભળ્યું છે. અને તારા એ
વિશ્ર્વાસ અને પ્રેમ બદલ હું દેવની આભારસ્તુતિ કરું
છું. ૬મારી પ્રાર્થના છે કે જે વિશ્ર્વાસમાં તું સહભાગી
થયો છે તેને લીધે ખ્રિસ્તની દરેક સારી બાબત આપણામાં
છે તે આપણને ખ્રિસ્ત તરફ દોરી જાય છે તે સારી બાબત
તું સમજી શકીશ. ૭મારા ભાઈ, તેં દેવના લોકો પ્રત્યે
પુષ્કળ પ્રેમ દર્શાવ્યો છે. તેં તેઓને સુખી કર્યા છે. આથી
મારા મનને ખૂબ જ આનંદ તથા દિલાસો મળ્યો છે.

### એક ભાઈની જેમ ઓનેસિમસનો સ્વીકાર કરજે

૮એક બાબત છે કે જે તારે કરવાની છે અને ખ્રિસ્તમાં
તારા પ્રેમને કારણે તને તે કરવાની આજ્ઞા આપવાની
મને છૂટ છે. ૯પણ હું તને આજ્ઞા કરતો નથી; હું તો તને
તે કામ કરવા જણાવું છું. હું પાઉલ છું, હવે હું વૃદ્ધ થયો
છું, અને ખ્રિસ્ત ઈસુના કારણે હું કેદી થયો છું. ૧૦મારા
પુત્ર સમાન ઓનેસિમસ વિષે હું તને કહું છું. હું જ્યારે
કેદમાં હતો ત્યારે તે મારો ધર્મપુત્ર થયો છે. ૧૧ભૂતકાળમાં
તો તે તારાં માટે નકામો જ હતો. પરંતુ તે હવે આપણા
બંને માટે ઉપયોગી બન્યો છે.
૧૨હું તારી પાસે તેને પાછો મોકલું છું. મારું પોતાનું
હૈયું હું તેની સાથે મોકલું છું. ૧૩સુવાર્તાને કારણે હું
જ્યારે જેલમાં છું એવા સમયે તે મને મદદરૂપ થાય, એ
માટે હું તેને મારી પાસે જ અહીં રાખવા ઈચ્છતો હતો.
મને મદદ કરતાં કરતાં એ તારી જ સેવા કરે. ૧૪પરંતુ એ
માટે તને અગાઉથી પૂછયા વિના કંઈ પણ કરવું મને ન
ગમે. તારી પર દબાણ કરીને કામ સોંપું છું એમ નહિ
પરંતુ મારા ખાતર તું જે કંઈ સારું કરે તે તારી સ્વેચ્છાથી
થાય એમ હું ઈચ્છું છું.
૧૫ઓનેસિમસ થોડા સમય માટે તારાથી છૂટો પડી
ગયો હતો, એવું કદાચ એટલા માટે બન્યું કે તે જ્યારે
પાછો આવે ત્યારે હંમેશને માટે તારો થઈને રહે. ૧૬દાસ
તરીકે નહિ, પરંતુ દાસ કરતાં કંઈક વધારે સારો, વહાલા
ભાઈ તરીકે હું તેને ખૂબ પ્રેમ કરું છું. પરંતુ તું એને
વધારે પ્રેમ કરીશ. કેવળ એક મનુષ્યનારૂપે અને પ્રભુમાં
સ્થિર એક ખ્રિસ્તી ભાઈ તરીકે પ્રેમ કરજે. ૧૭જો તારા
મિત્ર તરીકે તું મને સ્વીકારતો હોય, તો તું ઓનેસિમસને
ફરી પાછો અપનાવી લેજે. મારું સ્વાગત કરે તેમ તું
એને આવકારજે. ૧૮ઓનેસિમસે જો તારા માટે કંઈક
ખોટું કર્યુ હોય અથવા જો તેણે તારું દેવું કર્યુ હોય, તો તે
મારા ખાતે ઉધારજે. ૧૯હું પાઉલ છું, અને મારા પોતાના
હાથે હું આ લખી રહ્યો છું. ઓનેસિમસનું જે કાંઈ દેવું
હોય તે હું ભરપાઈ કરી આપીશ. અને જો કે તારા
પોતાના જીવન માટે તું મારો કેટલો ઋણી છું, તે વિષે
હું કશું જ નથી કહેતો. ૨૦તેથી, મારા ભાઈ, પ્રભુમાં તું
મારી ખાતર કંઈક કરી બતાવ. ખ્રિસ્તમાં મારા હ્દયને
તું શાંત કર. ૨૧હું તને આ પત્ર લખું છું કારણ મને
ખાતરી છે કે હું જે ઈચ્છું છું તે કામ તું કરીશ જ. હું
જાણું છું કે હું જે કહું છું તે કરતાં પણ તું કંઈક વધારે
કરીશ.
૨૨વળી, મારે રહેવા માટે પણ એક ઓરડો તું તૈયાર
કરાવી રાખજે. મને આશા છે કે દેવ તારી પ્રાર્થનાઓનો
પ્રત્યુતર આપશે અને હું તારી પાસે આવી શકીશ.

### અંતિમ શુભેચ્છાઓ

૨૩ખ્રિસ્ત ઈસુ માટે કેદી બનેલો એપાફ્રાસ પણ મારી
સાથે છે. તે તને ક્ષેમકુશળ કહે છે. ૨૪વળી માર્ક,
અરિસ્તાર્ખસ, દેમાસ અને લૂક પણ તને ક્ષેમકુશળ કહે
છે. તેઓ મારી સાથેના કાર્યકરો છે.
૨૫આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમારા આત્મા
પર થાઓ.

# હિબ્રૂઓને પત્ર

### દેવનું પુત્ર દ્વારા બોલવું

૧ ભૂતકાળમાં દેવ આપણા પૂર્વજો સાથે પ્રબોધકો
દ્વારા અનેકવાર અનેક પ્રકારે બોલ્યો હતો. ૨અને
હવે આ છેલ્લા દિવસોમાં દેવ જે કંઈ બોલ્યો તે તેના
પુત્ર દ્વારા આપણી સાથે બોલ્યો છે. દેવે આખી દુનિયા
તેના પુત્ર દ્વારા બનાવી અને તેમાંનું બધું જ દેવે પોતાના
પુત્ર દ્વારા ઉત્પન્ન કર્યુ છે. અને પુત્રને સર્વસ્વમાં વારસ,
અને માલિક ઠરાવ્યો છે. ૩તે તેના ગૌરવનું તેજ તથા
દેવની પ્રકૃતિની આબેહૂબ પ્રતિમા છે. તે પ્રત્યેક
વસ્તુઓને પોતાના પરાક્રમી શબ્દો સાથે નિભાવી રાખે
છે. પુત્રએ લોકોના પાપોનું શુદ્ધિકરણ કર્યુ પછી તે મહાન
પિતા (દેવ) ની જમણી બાજુએ આકાશમાં ઉચ્ચસ્થાને
બિરાજમાન છે. ૪તેને દૂતો કરતાં જેટલે દરજજે તે વધારે
ચઢિયાતું નામ વારસામાં દેવ દ્વારા મળ્યું છે, તેટલે દરજજે
તે દૂતો કરતાં ચઢિયાતો બન્યો છે.
૫દેવે કદી કોઈ દૂતોને કહ્યું નથી કે:

> "તું મારો પુત્ર છે; અને આજથી હું તારો પિતા
> બનું છું."
>
> *ગીતશાસ્ર ૨:૭*

દેવે કોઈ દૂતને એવું કદી કહ્યું નથી કે,

> "હું તેનો પિતા હોઈશ, અને તે મારો પુત્ર હશે."
>
> *૨ શમુએલ ૭:૧૪*

૬જ્યારે પ્રથમજનિત*ને જગતમાં દેવ રજૂ કરે છે, તે
કહે છે,

> "દેવના બધા જ દૂતો દેવના પુત્રનું ભજન કરો."
>
> *પુનર્નિયમ ૩૨:૪૩*

૭વળી દૂતો સંબંધી દેવ કહે છે કે:

> "દેવ પોતાના દૂતોને વાયુ* જેવા બનાવે છે,
> અને દેવ તેના સેવકોને અગ્નિની જવાળા જેવા
> બનાવે છે."
>
> *ગીતશાસ્ર ૧૦૪:૪*

૮પણ દેવ તેના પુત્ર વિષે કહે છે કે:

> "ઓ દેવ, તારું રાજ્યાસન, સનાતન સદાય રહેશે.
> તું જગત પર ન્યાયી રાજ્યશાસન કરશે.
> ૯ તું સત્યને ચાહે છે, અને ખોટાનો દ્વેષ કરે છે.
> તેથી, દેવે, તારા દેવે તને મહા મોટો આનંદ આપ્યો
> છે. અને બીજા કોઈ સાથીઓ કરતાં તને વધારે
> મહત્વનું સ્થાન આપ્યું છે."
>
> *ગીતશાસ્ર ૪૫:૬-૭*

૧૦દેવ એમ પણ કહે છે કે,

> "હે પ્રભુ, શરૂઆતમાં તેં પૃથ્વીનું સર્જન કર્યુ.
> અને આકાશ તારા હાથની કૃતિ છે.
> ૧૧ આ બધી જ વસ્તુઓ નષ્ટ થઈ જશે, બધી જ
> વસ્તુઓ ફાટેલા જૂનાં વસ્રો જેવી જીર્ણ થઈ જશે.
> પણ તું કાયમ રહે છે.
> ૧૨ તું તેઓને એક વસ્રની માફક વાળી લેશે. અને
> તેઓ વસ્રની માફક બદલાઈ પણ જશે. પરંતુ તું
> બદલાશે નહિ, તું સદાકાળ એવોને એવો જ
> રહેશે."
>
> *ગીતશાસ્ર ૧૦૨:૨૫-૨૭*

૧૩દેવે પોતાના દૂતને આ કદી નથી કહ્યું કે:

> "જ્યાં સુધી હું તારા દુશ્મનોને તારા પગ તળે
> કચડી ના નાખું ત્યાં સુધી તું મારી જમણી બાજુ
> બિરાજમાન થા."
>
> *ગીતશાસ્ર ૧૧૦:૧*

---

**પ્રથમજનિત** દેવનાં બધાં બાળકોમાં ખ્રિસ્ત પ્રથમ અને સૌથી વધુ મહત્ત્વશીલ હતો.

**વાયુ** આનો અર્થ આત્માઓ પણ કરી શકાય.

૧૪બધા જ દૂતો તો દેવની સેવા કરનાર આત્માઓ છે અને તારણ પામનાર મનુષ્યોની સેવા કરવા માટે તેઓને મોકલવામાં આવે છે.

### આપણું તારણ નિયમ કરતાં મહાન છે

૨ આથી આપણને જે કંઈ સત્ય શીખવવામાં આવ્યું છે તેના તરફ ખુબ જ કાળજીપૂર્વક ધ્યાન આપવું જોઈએ જેથી આપણે સત્યના માર્ગથી દૂર ફંટાઈ ન જઈએ. ૨દેવે દૂતો દ્વારા જે શિક્ષણ (નિયમ) આપ્યું તે સત્ય કરી બતાવ્યું હતું. અને દરેક વખતે જયારે યહૂદી લોકો આ શિક્ષણની વિરુદ્ધમા કંઈક કરતા તો તેમને આજ્ઞાભંગ માટે શિક્ષા કરવામાં આવતી હતી. ૩જે તારણ આપણને આપવામાં આવેલું છે તે અતિ મહાન છે. તેથી ખાતરી પૂર્વકની વાત છે કે જો આપણે પણ તારણની ઉપેક્ષા કરીશું તો આપણને પણ શિક્ષા થશે. પ્રભુ (ઈસુ) એ પોતે લોકોને પ્રથમ તારણની વાત કરી. અને જેમણે તેનું સાંભળ્યું તેમણે એ સાક્ષી પૂરી કે આ તારણ તે સાચું તારણ છે. ૪દેવે પોતે પણ આ સત્યતાને, ચિહનો, અદભૂત કૃત્યો, જુદા જુદા ચમત્કારો અને ભેટો વડે પ્રમાણિત કરી છે, અને તેની ઈચ્છા પ્રમાણે પવિત્ર આત્મા તરફથી દાન મેળવીને સાક્ષી આપતો રહ્યો છે.

### તેઓને તારવા ખ્રિસ્તે માનવદેહ ધારણ કર્યો

૫નવી દુનિયા જે આવી રહી હતી તેના ઉપર શાસન કરવા દેવે દૂતોને પસંદ કર્યા નહિ. આપણે જે ભવિષ્યની દુનિયાની વાત કરીએ છીએ તે આ દુનિયા છે. ૬તેમાં કોઈક જગાએ શાસ્ત્રોમાં લખ્યું છે કે,

"હે દેવ તું માણસો (લોકો) ની શા માટે દરકાર કરે છે? મનુષ્ય પુત્રની પણ શા માટે દરકાર કરે છે? શું તે એટલો બધો અગત્યનો છે?
૭ થોડા સમય માટે તેં તેને દૂતો કરતાં ઊતરતો ગણ્યો છે. તેં તેને ગૌરવ તથા માનનો મુગટ આપ્યો છે. અને તારા હાથનાં કામ પર તેને અધિકાર આપ્યો છે.
૮ સમગ્ર સૃષ્ટિ તેં તેના પગ તળે મૂકી છે."

*ગીતશાસ્ત્ર ૮:૪-૬*

તેં તેના પગ તળે સઘળું મૂકયું છે. તો સઘળું તેને સ્વાધીન કરવાથી તેને સ્વાધીન ન કર્યુ હોય તેવું તેણે કશું ય રહેવા દીધું નથી. પણ સઘળું તેને સ્વાધીન કર્યુ, એમ હજુ સુધી આપણી દષ્ટિએ દેખાતું નથી. ૯થોડા સમય માટે ઈસુને દૂતો કરતાં ઊતરતો બનાવ્યો હતો, પણ હવે આપણે તેને મહિમા અને માનનો મુગટ પહેરેલો જોઈએ છીએ કારણ કે તેણે મરણનું દુ:ખ સહન કર્યુ અને દેવની દયાથી મરણનો અનુભવ સમગ્ર માનવજાત માટે કર્યો હતો.

૧૦દેવે સર્વસ્વ બનાવ્યું છે. અને તે પોતાના મહિમાને અર્થે બનાવ્યું છે. આ મહિમામાં ઘણા લોકો ભાગ લે તેવું દેવ ઈચ્છતો હતો. તેથી દેવને એક (ઈસુ) પરિપૂર્ણ તારનાર બનાવવો પડ્યો જે ઘણા લોકોને તેમના તારણ તરફ દોરી જાય છે. અને તે ઘણાને તે મુક્તિમાર્ગે દોરી ગયો. દેવે તે કર્યુ.

૧૧જે એક (ઈસુ) લોકોને પવિત્ર બનાવે છે અને જે લોકો પવિત્ર બનાવાયા છે તે એક જ પરિવારના છે. એટલે તે (ઈસુ) તેઓને પોતાના ભાઈઓ અને બહેનો કહેતાં જરાપણ શરમ અનુભવતો નથી.

૧૨ઈસુ કહે છે.

"હે દેવ, હું મારા ભાઈઓ અને બહેનોને તારા વિષે કહીશ. તારા સર્વ લોકો આગળ હું તારાં સ્તોત્રો ગાઈશ."

*ગીતશાસ્ત્ર ૨૨:૨૨*

૧૩તે એમ પણ કહે છે,

"હું દેવ પર ભરોસો રાખીશ."

*યશાયા ૮:૧૭*

અને તે કહે છે,

"દેવે મને આપેલાં બાળકો અને હું અહીંયા છીએ."

*યશાયા ૮:૧૮*

૧૪તે બાળકો માંસ અને લોહીનાં બનેલાં માનવ દેહ ધરાવે છે. તેથી ઈસુએ પણ માનવદેહમાં જન્મ લીધો, તેથી કરીને તે મરણ સહન કરીને, દુ:ખો સહીને તે શેતાનનો નાશ કરી શકે. ૧૫ઈસુ લોકો જેવો થયો અને મરણ પામ્યો અને જીવનપર્યંત મરણના ભયને લીધે દાસ જેવી દશામાં જીવતા મનુષ્યોને છુટકારો અપાવી શકે. ૧૬એ સ્પષ્ટ છે કે ઈસુ દૂતોને નહિ, પરંતુ મનુષ્યો જે ઈબ્રાહિમનાં* સંતાનો છે તેમને મદદ કરે છે. ૧૭આ કારણે ઈસુ ખ્રિસ્ત પોતાના ભાઈઓ અને બહેનોમાં બધી બાબતોમાં સમાન બને એ જરૂરી હતું, એ માટે તે

---

**ઈબ્રાહિમ** યહૂદીઓનો સૌથી વધુ માનનિય પૂર્વજ.

આપણા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે એવો દયાળુ અને
આપણા લોકોના પાપનું પ્રાયશ્ચિત કરીને દેવ સમક્ષ
સજા ભોગવે એવો વિશ્વાસુ પ્રમુખ યાજક થાય. ૧૮ઈસુ
જે લોકો પરીક્ષણમાંથી પસાર થઈ રહ્યા છે, તેઓને
મદદ કરવા શક્તિમાન છે કારણ કે તે પોતે જાતે
યાતનાઓમાંથી પસાર થયો હતો અને તેનું પરીક્ષણ
થયું હતું.

### ઈસુ મૂસા કરતાં મહાન

૩ તેથી તમારે બધાએ ઈસુ વિષે વિચાર કરવો
જોઈએ. દેવે ઈસુને આપણી પાસે મોકલ્યો અને
તે આપણા વિશ્વાસનો પ્રમુખ યાજક છે. હું તમને આ
કહું છું, મારા પવિત્ર ભાઈઓ અને બહેનો, તમને સર્વને
દેવે તેડયા છે. ૨દેવે ઈસુને આપણી પાસે મોકલ્યો છે
અને તેને આપણો મુખ્ય યાજક બનાવ્યો છે. મૂસાની
માફક ઈસુ પણ દેવને વફાદાર હતો. દેવના ઘરમાં દેવ
તેની પાસે જે કરાવવા ઈચ્છતો હતો તે બધું તેણે કર્યુ.
૩જ્યારે મનુષ્ય મકાન બાંધે છે, ત્યારે લોકો મકાન
બાંધનારને ખુબ માન આપે છે. તેમ ઈસુ મૂસા કરતાં
માન આપવાને વધુ યોગ્ય ઠર્યો. ૪દરેક મકાન કોઈ
એક મનુષ્ય બાંધે છે, પરંતુ દેવે તો આખી દુનિયાનું
સર્જન કર્યુ છે. ૫મૂસા સેવકની માફક ખૂબ જ વફાદાર
હતો. દેવ જે ભવિષ્યમાં કહેવાનો છે તે (મૂસાએ) તેણે
કહ્યું. ૬પણ ખ્રિસ્ત તો પુત્ર તરીકે દેવના ઘર પર વિશ્વાસુ
હતો. આપણે વિશ્વાસીઓ દેવનું ઘર (કુટુંબ) છીએ. જો
આપણે અંત સુધી હિંમત તથા આશાનું અભિમાન ચાલુ
રાખીએ, તો આપણે દેવનું ઘર છીએ.

### આપણે દેવને અનુસરવાનું ચાલુ રાખવું જોઈએ

૭એ માટે જેમ પવિત્ર આત્મા કહે છે તેમ:

"જો તમે આજે દેવની વાણી સાંભળો તો,
૮ ઈઝરાએલ પ્રજાએ અરણ્યમાં કર્યુ તેમ તમે તમારા
હૃદયો કઠોર કરશો નહિ, અરણ્યમાં પ્રવાસ કરતી
વખતે કસોટીના સમયમાં તેઓએ દેવ વિરુદ્ધ
બળવો કર્યો.
૯ મેં જે કંઈ કર્યુ તે તમારા લોકોએ ૪૦ વરસ
સુધી અરણ્યમાં જોયું. છતાં તેઓએ મારી
ધીરજની કસોટી કરી.
૧૦ તેથી હું તે લોકો પર રોષે ભરાયો. અને મેં કહ્યું,
'તેઓ તેમના હૃદયમાં જે વિચારે છે તે હંમેશા
ખોટું જ છે. તેઓને મારા માર્ગોની કદી પણ
સમજણ પડી નથી.'
૧૧ તેથી ગુસ્સે થઈ મેં પ્રતિજ્ઞા કરી: 'તેઓ મારા
વિસામામાં કદી પ્રવેશ કરી શકશે નહિ.'"

*ગીતશાસ્ત્ર ૯૫:૭-૧૧*

૧૨માટે હે ભાઈઓ અને બહેનો, તમે સાવધ રહો.
રખેને તમારામાંના કોઈનું હૃદય અવિશ્વાસના કારણથી
ભૂંડું થાય, અને તેમ તે જીવતા દેવથી દૂર જાય. ૧૩પણ
જ્યાં સુધી 'આજ' કહેવાય છે, ત્યાં સુધી તમે દિનપ્રતિદિન
એકબીજાને ઉત્તેજન આપો કે પાપના કપટથી
તમારામાંનો કોઈ કઠણ હૃદયનો ન થાય. અને દેવ
વિરુદ્ધનો બને નહિ. ૧૪કેમ કે પ્રથમ જે વિશ્વાસ કર્યો
હતો તેમાં ટકી રહીને જો આપણે અંત સુધી વિશ્વાસ
રાખીશું તો ખ્રિસ્તની સાથે સર્વસ્વના ભાગીદાર બનીશું.
૧૫શાસ્ત્રમાં કહેલું છે કે:

"જો આજે તમે દેવની વાણી સાંભળો, તો
અરણ્યમાં જેમ ઈઝરાએલ પ્રજાએ જે રીતે દેવ
વિરુદ્ધ બળવો કર્યો, તેમ તમે તમારા હૃદય દેવ
વિરુદ્ધ કઠોર કરશો નહિ."

*ગીતશાસ્ત્ર ૯૫:૭-૮*

૧૬દેવની વાણી સાંભળ્યા છતાં જેમણે (દેવની) તેની
વિરુદ્ધ બંડ પોકાર્યુ. એ કયા લોકો હતા? મૂસાની
આગેવાની હેઠળ ઈજિપ્તમાંથી નીકળી આવનાર તે લોકો
હતા. ૧૭અને ૪૦ વરસ સુધી દેવ કોના ઉપર ક્રોધાયમાન
થયો? એ જ ઈઝરાએલી લોકો કે જેઓ પોતાના પાપને
કારણે અરણ્યમાં જ મરણ પામ્યા. ૧૮દેવની આજ્ઞાનું
ઉલ્લંઘન કરનાર એ લોકો વિષે દેવે પ્રતિજ્ઞા કરી કહ્યું કે,
એ લોકો વિશ્રામમાં પ્રવેશ મેળવી શકશે નહિ. ૧૯અને
આપણે જોઈએ છીએ કે એ લોકો પ્રવેશ કરી શકયા
નહિ. અને દેવનો વિશ્રામ મેળવવા તેઓ શક્તિમાન
નહોતા. શા માટે? કારણ કે તેઓએ દેવ પર વિશ્વાસ
કર્યો નહિ.

### સંતોને માટે વિશ્રાંતિ

૪ દેવે તૈયાર કરેલ વિશ્રાંતિનું વચન હજી મોજૂદ
રહ્યું છતાં આપણામાંથી કોઈક ત્યાં પ્રવેશ મેળવવા
નિષ્ફળ ન જાય માટે આપણે સાવચેત રહેવું જોઈએ.
૨કેમ કે દેવ આપણું તારણ કરવા ઈચ્છે છે એ સુવાર્તા

જેમ આપણને આપવામાં આવી છે, તેમ તે સમયના ઈઝરાએલના લોકોને પણ આપવામાં આવી હતી તેમ છતાં તે સુવાર્તા તેમને કોઈ પણ રીતે લાભકર્તા નીવડી નહિ કારણ કે તેઓએ તે સુવાર્તા સાંભળ્યા છતાં વિશ્વાસથી તેનો સ્વીકાર કર્યો નહિ. ³અમે જેઓએ તેનો સ્વીકાર કર્યો તે દેવના વિશ્રામમાં પ્રવેશ પામ્યા. દેવે જેમ કહ્યું છે,

> "મેં મારા ક્રોધમાં સમ ખાધા કે: તેઓ મારા
> વિશ્રામમાં પ્રવેશ પામશે નહિ.'"
>
> *ગીતશાસ્ર ૯૫:૧૧*

દેવે આ કહ્યું. પણ સંસારની ઉત્પત્તિ કર્યા બાદ દેવનું કામ પૂરૂ થઈ ગયું હતું. ⁴શાસ્રમાં કોઈક જગ્યાએ અઠવાડિયાના સાતમા દિવસ વિષે લખ્યું છે: "તેથી સાતમા દિવસે દેવે બધા જ કામ છોડી આરામ કર્યો."* ⁵ઉપર જણાવેલ સંબંધમાં પણ તેણે કહ્યું છે, "તેઓ કદી પણ મારા વિશ્રામમાં પ્રવેશ પામશે નહિ.

⁶તે હજુ પણ સત્ય છે કે કેટલાએક દેવના વિશ્રામમાં પ્રવેશ પામશે. અને તેઓ કે જેઓને સુવાર્તા સાંભળવાની પ્રથમ તક મળી. પરંતુ તેઓએ આજ્ઞાનો ભંગ કર્યો, તેથી તેઓ પ્રવેશ કરી શક્યા નહિ. ⁷પરંતુ દેવે આ માટે બીજો દિવસ નક્કી કર્યો. અને તે "આજનો દિવસ" કહેવાય છે. દેવે આ દિવસની આગાહી ઘણા વર્ષો બાદ દાઉદ રાજા મારફતે કરી હતી. તેવું પવિત્રશાસ્રમાં બતાવ્યું છે જેનો અમે હમણાં ઉલ્લેખ કર્યો:

> "આજે જો તમે દેવની વાણી સાંભળો, તો જેમ
> ભૂતકાળમાં કર્યુ તેમ તમારું હૃદય તેની વિરુદ્ધ
> કઠણ કરશો નહિ."
>
> *ગીતશાસ્ર ૯૫:૭–૮*

⁸આપણે જાણીએ છીએ કે યહોશુઆ લોકોને વિસામા તરફ દોરી ગયો હોત તો દેવે બીજા એક દિવસની વાત કરી ન હોત. ⁹આ બતાવે છે કે જે દેવના લોકો માટેના વિશ્રામનો સાતમો દિવસ હજુ ય બાકી રહે છે. ¹⁰દેવે પોતાનાં કામો કર્યા પછી વિશ્રાંતિ પ્રાપ્ત કરી. તે પ્રમાણે જો કોઈ દેવના વિશ્રામમાં પ્રવેશ મેળવે છે તે એનાં પોતાનાં કામો દ્વારા વિશ્રામ મેળવી શકે છે. ¹¹તેથી આવો આપણે પણ એ વિશ્રામમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરીએ. આપણે સખત પ્રયત્ન કરવો જોઈએ. જેથી જે લોકો આજ્ઞા ભંગ કરી વિશ્રામમાં સ્થાન મેળવવા નિષ્ફળ ગયા તેમ આપણા માટે ન થાય, તેની કાળજી રાખીએ.

¹²કેમ કે દેવનો શબ્દ (સંદેશ) જીવંત છે અને ક્રિયાશીલ છે. બેધારી તરવાર કરતાં પણ તે વધુ તીક્ષ્ણ છે. તે જીવ અને આત્માને જુદા પાડે છે. સાંધા અને મજજાના બે ભાગ કરે છે. અને આપણાં હૃદયના ઊંડા વિચારોનો ન્યાય કરે છે અને હૃદયના વિચારો અને ભાવનાઓને પારખનાર છે. ¹³આ દુનિયામાં દેવથી કશું જ છુપાવી શકાતું નથી. તે સઘળું સ્પષ્ટ જોઈ શકે છે. તેની સમક્ષ બધું જ ઉઘાડું છે. અને તેથી આપણે આપણાં બધા જ કૃત્યોનો હિસાબ તેની સમક્ષ આપવો પડશે.

### ઈસુ આપણને દેવની સમક્ષ જવામાં મદદ કરે છે

¹⁴દેવનો પુત્ર ઈસુ ખ્રિસ્ત આપણો પ્રમુખ યાજક છે. જે આપણને મદદ કરવા અર્થે તે આકાશમાં ગયેલો છે. તેમનો વિશ્વાસ કરવામાં આપણે જે વિશ્વાસનો પૂરેપૂરો સ્વીકાર કરીએ છીએ તેને દૃઢ પણે ચાલુ રાખવો જોઈએ. આપણે કદી પાછા ન પડીએ. ¹⁵ઈસુ, પ્રમુખ યાજક આપણી નિર્બળતાઓ સંપૂર્ણ રીતે સમજે છે, કારણ કે તે પૃથ્વી પર જીવ્યો છે, અને આપણા પર આવે છે તેવા સર્વ પરીક્ષણોમાંથી પસાર થયો છે, તેણે કદી પાપ કર્યુ નથી. ¹⁶તેથી હિંમતપૂર્વક આપણે દેવના કૃપાસન સુધી પહોંચીએ જ્યાં કૃપા (માફી) પ્રાપ્ત થઈ શકે તેમ છે. ત્યાં આપણને દયા અને કૃપાની જ્યારે જરૂર હોય છે ત્યારે મદદમાં મળે છે.

**૫** પ્રત્યેક પ્રમુખયાજકની પસંદગી મનુષ્યોમાંથી થાય છે. યહૂદી પ્રમુખ એક સાધારણ માણસ છે જે દેવ સંબંધીની બાબતોમાં લોકો વતી દેવ સમક્ષ આવવા લોકોનું પ્રતિનિધિત્વ કરવા માટે નિયુક્ત થાય છે. તેથી લોકોએ અર્પણ કરેલ ભેટો દેવ સમક્ષ ધરે છે અને તેઓના પાપને માટે તે દેવને બલિદાનો અર્પણ કરે છે. ²પ્રમુખયાજકમાં પણ લોકો જેવી જ નિર્બળતાઓ છે. તેથી બીજાની નિર્બળતાઓ સમજે છે અને અણસમજુ અને ભૂલ કરનાર લોકો સાથે તે માયાળુપણે વર્તે છે. ³તેથી પ્રમુખયાજકને પોતાની નિર્બળતાઓ છે. તેથી તે લોકોનાં પાપો માટે તથા પોતાનાં પાપો માટે બલિદાન અર્પણ કરે છે.

⁴કોઈ પણ મનુષ્ય પોતાની ઈચ્છાથી પ્રમુખયાજક બનવાનું માન પોતાની જાતે મેળવી શકતો નથી. જેમ દેવે હારુનની પસંદગી કરી તેમ દરેક પ્રમુખયાજકની પસંદગી દેવથી જ થાય છે. ⁵ઈસુ ખ્રિસ્તે પણ પોતાની જાત માટે પ્રમુખયાજક થવાની અને મહિમા પ્રાપ્ત

---

**"તેથી સાતમા … આરામ કર્યો."** ઉત. ૨:૨.

કરવા માટે પસંદગી કરી નહોતી. પરંતુ દેવે તેને પસંદ કર્યો. દેવે ખ્રિસ્તને કહ્યું,

"તું મારો પુત્ર છે; આજે હું તારો પિતા બન્યો છું."

*ગીતશાસ્ર ૨:૭*

૬અને શાસ્રમાં દેવે એક જગ્યાએ એમ પણ કહ્યું હતું કે,

"તું મલ્ખીસદેક* ની માફક સનાતન યાજક રહીશ."

*ગીતશાસ્ર ૧૧૦:૪*

૭ખ્રિસ્ત જ્યારે પૃથ્વી પર હતો ત્યારે તેણે દેવને તેની મદદ માટે મોટે ઘાંટે પ્રાર્થના કરી, અને આંસુ સહિત મરણમાંથી તેને છોડાવનાર દેવની પ્રાર્થના કરી. તે દરેક સમયે દેવની ઈચ્છા પ્રમાણે જ કરતો તેથી દેવે તેની પ્રાર્થના સાંભળી. ૮ઈસુ દેવનો પુત્ર હતો. છતાં દુ:ખસહનના અનુભવથી આજ્ઞાનું પાલન કરવાનું શીખ્યો. ૯આ રીતે પરિપૂર્ણ થઈને, તે પોતાની આજ્ઞા પાળનારા સર્વને સારું અનંત તારણનું કારણ થયો. ૧૦અને દેવે ઈસુને મલ્ખીસદેકના ધારા પ્રમાણે પ્રમુખયાજકનું નામ આપ્યું.

### પતનની વિરુદ્ધ ચેતવણી

૧૧આ વિષે અમારે તમને ઘણું જ કહેવાનું છે. પરંતુ તે સમજાવવું ઘણું અઘરું છે કારણ કે તમે સમજવાની કોઈ જ ઈચ્છા દર્શાવી નથી. ૧૨જો કે આ સમયે તો તમારે ઉપદેશક થવું જોઈતું હતું. પરંતુ આ સમયે એવું દેખાય છે કે બીજા લોકો તમને ફરીથી દેવના વચનનાં મૂળતત્વો શીખવે. તમારે ભારે ખોરાક નહિ પરંતુ દૂધની જરૂરિયાત છે એવા તમે થયા છો.

૧૩જે વ્યક્તિ હજી દૂધ પર જીવે છે તે ન્યાયીપણા સંબંધી તે બિનઅનુભવી છે, કેમ કે તે બાળક જ છે. ૧૪પણ જેઓ પુખ્ત ઉંમરના છે. એટલે જેઓની ઈન્દ્રિયો ખરું ખોટું પારખવામાં કેળવાયેલી છે, તેઓને સારું ભારે ખોરાક છે. તેથી આત્મિક જીવનમાં વૃદ્ધિ પામ્યા સિવાય તમે ભારે ખોરાક એટલે કે જ્ઞાન પચાવી શકશો નહિ.

૬ હવે આપણે ખ્રિસ્તના સિદ્ધાંતના પ્રાથમિક શિક્ષણની ચર્ચા બંધ કરવી જ જોઈએ. જ્યાંથી શરૂઆત કરી, ત્યાં આપણે પાછા ન ફરીએ જેમ કે મૃત્યુ તરફ લઈ જતાં સારાં કર્મોથી દેવમાં વિશ્વાસ મૂકો. ૨વળી બાપ્તિસ્મા * વિષે તે વખતે આપણને શીખવવામાં આવ્યું હતું, અને લોકો ઉપર હાથ મૂકવાથી અને મૃત્યુ પછી ફરી સજીવન થવું અને અનંતકાળના ન્યાયકરણ વિષે આપણને શીખવવામાં આવ્યું હતું, પણ આપણને વધુ ઉચ્ચ કક્ષાના શિક્ષણની જરૂર છે. ૩અને જો દેવની ઈચ્છા હશે તો અમે એ પણ કરીશું.

૪-૬જે લોકો એક વખત સત્ય જાણવા આવ્યા, જેમને સ્વર્ગીય દાનોનો અનુભવ થયો, પવિત્ર આત્માના દાનની ભાગીદારી અને દેવના સંદેશના સૌંદર્યનો અનુભવ કરાવ્યો. અને દેવની નવી દુનિયાની મહાન સત્તાને જોઈ. પછી આ બધું હોવા છતાં તેઓનું પતન થયું. તેમના જીવનનું તેમના માટે પરિવર્તન ફરીથી કરવું અશક્ય છે, શા માટે? કારણ કે આ લોકો ખરેખર દેવના પુત્રને ફરીથી વધસ્તંભે જડાવે છે. લોકો સમક્ષ તેનું અપમાન કરે છે.

૭આ લોકો તે ભૂમિ જેવા છે જે તેના પર વારંવાર પડતા વરસાદનું તે શોષણ કરે છે. જેઓ તેને ખેડે છે અને તેની કાળજી રાખે છે તેઓ ઉપયોગી પાકની પ્રાપ્તિ માટે આશા રાખે છે. જો તે ભૂમિ આવો પાક પેદા કરશે તો દેવનો આશીર્વાદ તેના પર ઉતરશે. ૮પણ જો એ જમીન કાંટા અને ઝાંખરા ઉગાડ્યા કરે તો છેવટે બિનઉપયોગી અને શાપિત થઈ બળી જશે.

૯પ્રિય મિત્રો, ભલે હું આમ કહું છું. પરંતુ તમારી બાબતમાં તમારી પાસે સારી અપેક્ષા રાખું છું અને અમને ખાતરી છે કે તમે એવું કૃત્ય કરશો કે જે તારણનો એક ભાગ હશે. ૧૦પ્રભુ ન્યાયી છે. કારણ કે દેવના લોકો માટે તમે જે કંઈ કાર્યો કર્યા છે, તે દેવ ભૂલી શકે નહિ. તમે સંતો પર દર્શાવેલ પ્રેમ અને હાલ જેમની સેવા કરો છો તે બધું દેવ ભૂલી શકે નહિ. ૧૧અમે ઈચ્છા રાખીએ છીએ કે તમે દરેક જણ છેવટ સુધી આ પ્રમાણે ઉત્સાહ બતાવવાનું ચાલુ રાખશો જ્યાં સુધી આશા પૂર્ણ થાય. તમે જે કંઈ ઈચ્છો છો તે મેળવી શકો. ૧૨અમે એ નથી ઈચ્છતા કે તમે આળસુ બનો. અમે ઈચ્છીએ છીએ કે જે લોકો દેવે આપેલા વચન મુજબનાં વાનાં મેળવે છે તેમના જેવા તમે બનો. તે લોકો દેવનાં વચનો પ્રાપ્ત કરે છે કારણ કે તેઓમાં વિશ્વાસ અને ધીરજ છે.

---

**મલ્ખીસદેક** ઈબ્રાહિમનાં સમયમાં થઈ ગયેલ એક યાજક અને રાજા. (વાંચો ઉત. ૧૪:૧૭–૨૪)

**બાપ્તિસ્મા** બાપ્તિસ્માનો અર્થ અહીં ખ્રિસ્તી બાપ્તિસ્મા (ક્ષણિક પાણીમાં દટાવું) થઈ શકે અથવા યહૂદી રીત પ્રમાણે પાણીમાં ડૂબાડીને અપાતું બાપ્તિસ્મા.

૧૩દેવે ઈબ્રાહિમને વચન આપ્યું, ત્યારે પોતાના (દેવના) કરતાં કોઈ મહાન નહિ હોવાને લીધે તેણે પોતાનાં જ નામે શપથ લીધા. ૧૪દેવે કહ્યું, "હું તને નક્કી ઘણા જ આશીર્વાદો અને ઘણા જ સંતાનો આપીશ."* ૧૫એ વચન પરિપૂર્ણ થાય, ત્યાં સુધી ઈબ્રાહિમે ઘણી જ ધીરજ રાખી. અને દેવે જે વચન આપ્યું હતું, તે ઈબ્રાહિમે મેળવ્યું.

૧૬માણસ પોતાના કરતાં મહાન વ્યક્તિના નામે શપથ લે છે. અને શપથથી સઘળી તકરારોનો અંત આવે છે. ૧૭દેવને એ ખાતરી કરાવવી હતી કે તેણે આપેલ વચન સત્ય હતું. તેને એ સાબિત કરવું હતું કે તેણે જેને જે વચન આપ્યાં છે તે તેઓ પ્રાપ્ત કરશે કારણ તેનો નિર્ણય (યોજના) બદલી શકાય તેમ નથી. તેથી વચનના પાલન સંબધી સંપૂર્ણ ખાતરી માટે દેવ પોતે પણ શપથથી બંધાયો છે. ૧૮પેલી બે વસ્તુ કદી બદલાતી નથી. એક તો દેવ કંઈક કહે છે ત્યારે તે કદી અસત્ય હોતું નથી અને જ્યારે તે સોગંદ લે છે ત્યારે તે જૂઠા હોઈ શકે નહિ. આ બે બાબતો આપણને દિલાસો આપે છે કે આશાને વળગી રહેવા દેવ પાસે આશ્રય માટે આવનારને સલામતી આશ્રય અને સામર્થ્ય મળે છે. ૧૯આ આશા આપણાં આત્માઓના એક મજબૂત અને વિશ્વાસ યોગ્ય લંગર સમાન છે. વળી તે આપણને સૌથી પવિત્ર સ્થાનના પડદા પાછળ રહેલાં સ્વર્ગીય મંદિરમાં દેવ સાથે બાંધે છે. ૨૦ઈસુ ખ્રિસ્તે સ્વર્ગીય સ્થાનમાં આપણી અગાઉ પ્રવેશ કર્યો છે. અને આપણા માટે રસ્તો ખુલ્લો કર્યો છે અને મલ્ખીસદેકના ધારા પ્રમાણે તે હંમેશને માટે આપણો પ્રમુખયાજક થયો છે.

### યાજક મલ્ખીસદેક

૭ આ મલ્ખીસદેક શાલેમનો રાજા હતો તથા તે પરાત્પર દેવનો યાજક હતો. ઘણા રાજાઓને હરાવીને ઈબ્રાહિમ પાછો આવી રહ્યો હતો, ત્યારે મલ્ખીસદેક તેને મળ્યો. અને મલ્ખીસદેકે ઈબ્રાહિમને આશીર્વાદ આપ્યો. ૨ઈબ્રાહિમ પાસે લડાઈમાં જે કંઈ હતું તે બધામાંથી તેનો દશમો ભાગ તેણે મલ્ખીસદેકને આપ્યો, (મલ્ખીસદેક શાલેમ નગરનો રાજા છે, તેના બે અર્થ થાય છે પહેલો અર્થ, મલ્ખીસદેક એટલે "ભલાઈનો રાજા." અને "શાલેમનો રાજા," એટલે "શાંતિનો રાજા" પણ છે.) ૩મલ્ખીસદેકના માતાપિતા વિષે કોઈને જ ખબર નથી અને તેના પૂર્વજો વિષે પણ કોઈ જ માહિતી નથી, તે ક્યારે જન્મ્યો અને ક્યારે મરણ પામ્યો તે પણ કોઈ જાણતું નથી, પણ તે દેવના પુત્ર જેવો છે અને સદા યાજક તરીકે રહે છે.

૪આ મલ્ખીસદેકની મહાનતાનો વિચાર કરો! ઈબ્રાહિમે યુદ્ધમાં જીતીને મેળવેલી તમામ મિલકતમાંથી દશમો ભાગ આપી દીધો. ૫નિયમશાસ્ત્ર કહે છે કે લોકો લેવી પુત્રમાંથી એટલે પોતાના ભાઈઓમાંથી બનેલા યાજકોને દશાંશ આપે. યાજકો અને લોકો પછી ભલે તે ઈબ્રાહિમના પરિવારના હોય તો પણ તેમની પાસેથી દશાંશ એકઠા કરે. ૬મલ્ખીસદેક લેવી કુટુંબનો નહોતો. છતાં તેને ઈબ્રાહિમ પાસેથી દશમો ભાગ મળ્યો. ઈબ્રાહિમે દેવ પાસેથી આશીર્વાદ મેળવ્યા છતાં મલ્ખીસદેકે તેને આશીર્વાદ આપ્યો. ૭આશીર્વાદ આપનાર વ્યક્તિ આશીર્વાદ પામનાર કરતાં વધુ મહાન હોય છે તે સર્વ કોઈ જાણે છે. ૮અહીં મર્ત્ય માણસો દશમો ભાગ લે છે, પણ ત્યાં જેના સંબંધી તે જીવતો છે એવી સાક્ષી આપેલી છે, તે લે છે. ૯વળી એમ પણ કહી શકાય કે, જે લેવીનો દશમો ભાગ લે છે, તેણે પણ ઈબ્રાહિમની મારફતે દશમો ભાગ આપ્યો. ૧૦કેમ કે જ્યારે મલ્ખીસદેક તેના પિતાને મળ્યો, ત્યારે લેવી હજી પોતાના પિતાની કમરમાં હતો.

૧૧હવે જો લેવીના યાજક પદથી પરિપૂર્ણતા થઈ હોત. (જેના મારફત લોકોને નિયમશાસ્ત્ર મળ્યું હતું) તો હારુનના ધારા પ્રમાણે ગણાયેલો નહિ એવો બીજો યાજક મલ્ખીસદેકના ધારા પ્રમાણે ઉત્પન્ન થવાની શી અગત્ય હતી? ૧૨કારણ કે યાજકપદ બદલાયાથી નિયમ પણ બદલવાની અગત્ય છે. દેવ જ્યારે યાજકપદ બદલે છે ત્યારે તેને સંકળાયેલા નિયમો પણ બદલે છે. ૧૩જેના વિષે વાત કરવામાં આવી છે તે કોઈ બીજા કુળના છે. આ કુળની કોઈ પણ વ્યક્તિ વેદીનો સેવક નહોતી. સિવાય કે લેવી કુળની વ્યક્તિ હોય. ૧૪કેમ કે તે સ્પષ્ટ છે કે આપણો પ્રભુ (ખ્રિસ્ત) યહૂદાના કુળમાં જન્મ્યો હતો. અને મૂસાના નિયમ પ્રમાણે યાજકપદની સેવા તેના કુટુંબને સોંપાયેલી નહોતી.

### ઈસુ મલ્ખીસદેક સમાન યાજક

૧૫મેં જે કંઈ કહ્યું છે તેથી પણ વધારે સ્પષ્ટ થાય છે. કે મલ્ખીસદેક જેવો બીજો યાજક (ઈસુ) પ્રગટ થઈ રહ્યો છે. ૧૬એ પોતે માનવ નિયમ કે કાયદાની તાકાતથી યાજક બન્યો ન હતો, પણ અવિનાશી જીવનના સામર્થ્ય પ્રમાણે યાજક બન્યો છે. ૧૭શાસ્ત્રોમાં એના વિષે કહેવામાં

**હું તને … સંતાનો આપીશ** ઉત.૨૨:૧૭.

આવ્યું છે કે: "તું મલ્ખીસદેક હતો તેના જેવો જ સનાતન યાજક છે."*

૧૮પહેલાનો નિયમ એટલા માટે રદ કરવામાં આવ્યો કે તે નિર્બળ અને વ્યર્થ હતો. ૧૯મૂસાના નિયમશાસ્ત્રથી કશું પૂર્ણ થઈ શકયુ નથી. અને હવે આપણને વધારે સારી આશા છે. અને તે આશા દ્વારા આપણે દેવની નજીક આવી શકીએ છીએ.

૨૦એ વાત પણ એટલી જ અગત્યની છે કે દેવે વચન (સમ) દ્વારા ઈસુને પ્રમુખ યાજક બનાવ્યો. જ્યારે બીજા માણસો યાજક બન્યા, ત્યારે દેવે આવા કોઈ સમ લીધા નહોતા. ૨૧પણ ઈસુ તો દેવના વચન સાથે યાજક બન્યો. દેવે તેને કહ્યું:

"પ્રભુએ સમ ખાધા છે, તે તેનો વિચાર કદી બદલશે નહિ: તું સનાતન યાજક છે."

*ગીતશાસ્ત્ર ૧૧૦:૪*

૨૨તેથી દેવના સમ દર્શાવે છે કે તેના લોકો માટે દેવ તરફથી ઈસુ ઉત્તમ ખાતરીબદ્ધ કરાર છે.

૨૩અને જ્યારે આવા ઘણા યાજકો હતા ખરા, કારણ કે યાજક વર્ગમાં તેમને ચાલુ રહેતા મૃત્યુએ અટકાવી દીધા હતા. ૨૪પણ ઈસુ સદાકાળ રહે છે તે માટે એનું યાજકપદ અવિકારી છે. ૨૫આથી જે લોકો ઈસુ મારફતે દેવની નજીક આવશે તેઓને સંપૂર્ણ રીતે તારવાને સમર્થ છે અનંત અને અમર હોવાથી આ તે (ખ્રિસ્ત) કરી શકશે. તેઓ માટે તેમના તરફથી ઈસુ દેવ સમક્ષ મધ્યસ્થતા કરશે.

૨૬ઈસુ એ પ્રમુખયાજક છે કે જેની આપણને જરૂર છે. તે પવિત્ર છે તેનામાં પાપ નથી. તે શુદ્ધ છે અને કોઈ પણ પાપીઓના પ્રભાવથી દૂર છે અને તેને આકાશથી પણ ઉચું સ્થાન આપવામાં આવ્યું છે. ૨૭તે બીજા પ્રમુખયાજકો જેવો ન હતો. તેને પોતાનાં અને લોકોનાં પાપો માટે દરરોજ બલિદાન અર્પણ કરવાની અગત્ય રહેતી નથી. કારણ કે તેણે આ બધા માટે આ કામ એક જ વખત કર્યુ. જ્યારે તેણે પોતાની જાતનું સ્વાર્પણ કર્યુ. ૨૮જૂના નિયમો પ્રમાણે પસંદ કરવામાં આવતા પ્રમુખ યાજકો નિર્બળ અને અધૂરા હતા. પરંતુ દેવના સમનું વચન નિયમશાસ્ત્ર પછી આપવામાં આવ્યું હતુ. તેણે પોતાના પુત્રને સદાકાળ માટે સંપૂર્ણ પ્રમુખયાજક તરીકે નીમ્યો છે.

### ઈસુ આપણો પ્રમુખયાજક

૮ આપણને જે કંઈ મુખ્ય મુદ્દા કહેવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે. ઈસુ ખ્રિસ્ત આપણો પ્રમુખયાજક છે અને તે આકાશમાં દેવ પિતાના રાજયાસનની જમણી બાજુએ સર્વશ્રેષ્ઠ સ્થાને બિરાજેલો છે. ૨આપણા પ્રમુખયાજક પવિત્રસ્થાનમાં ખરા મંડપમાં સેવા કરી રહ્યા છે. જે પવિત્રસ્થાનને દેવે સ્થાપિત કર્યુ છે, નહિ કે લોકોએ.

૩દરેક પ્રમુખયાજક દેવ સમક્ષ અર્પણો અને બલિદાનો લાવવા માટે નિમાયેલા છે કે જે આપણા પ્રમુખયાજકે પણ કંઈક સમર્પણ કરવાનું છે. ૪જો આપણા પ્રમુખયાજક આજે પૃથ્વી પર જીવતા હોત તો તે યાજક બન્યા ન હોત, કારણ કે અહીં તો હજુયે નિયમશાસ્ત્ર પ્રમાણે દેવને દાનાર્પણ કરનારા યહૂદી યાજકો છે. ૫પ્રમુખ યાજક તરીકે તેઓ જે સેવા કાર્ય કરે છે તે તો માત્ર આકાશમાંની વસ્તુઓની પ્રતિછાયા છે, મૂસાએ જ્યારે મંડપ બનાવવાની તૈયારી બતાવી ત્યારે દેવે તેને જણાવ્યું: "પર્વત પર તેં જે મંડપ જોયો છે તે પ્રમાણે જ તું પૃથ્વી પર મંડપની રચના કર." ૬પણ ખ્રિસ્તને આકાશમાં સોંપાયેલી સેવા જૂના નિયમ પ્રમાણે સેવા કરનાર યાજકો કરતાં ઘણી જ ચઢિયાતી છે અને વધુ ચઢિયાતા વચન પર આધારીત દેવ અને મનુષ્યો વચ્ચે તેમણે સ્થાપેલો નવો કરાર જૂના કરાર કરતાં વધુ ચઢિયાતા વચનો પર આધારીત (રચાયેલ) છે.

૭જો પ્રથમ કરાર દોષ વગરનો હોત તો, બીજા કરાર (નવા કરાર) ની કોઈ જ જરૂરિયાત ન રહેત. ૮દેવની દષ્ટિમાં લોકો દોષિત ઠરતા હતા તેથી તેણે કહ્યું:

"પ્રભુ કહે છે, એવો દિવસ આવશે કે, જ્યારે હું ઈઝરાએલ અને યહૂદિયાના લોકોને નવો કરાર આપીશ.
૯ જ્યારે તેઓના પૂર્વજોને હાથ પકડીને ઈજિપ્ત દેશમાંથી બહાર લઈ આવ્યો ત્યારે જે કરાર મેં તેઓની સાથે કર્યો હતો તેનાં કરતાં આ કરાર જુદો હશે.
૧૦ દેવ કહે છે: ઈઝરાએલના લોકોને હું નવો કરાર આપીશ. ભવિષ્યમાં આ કરાર હું આપીશ. હું મારા આ કાયદાઓ તેમના મનમાં મૂકીશ. ને તેઓના હૃદયપટ પર લખીશ. હું તેઓનો દેવ થઈશ, અને તેઓ મારા લોકો થશે.
૧૧ હવે પછી કોઈને પોતાના પ્રજાબંધુ અથવા તેના ભાઈને કહેવાની આવશ્યકતા નહિ રહે કે, પ્રભુને

---

**"તું મલ્ખીસદેક ... યાજક છે"** ગી.શા. ૧૧૦:૪.

ઓળખ કારણ કે નાનાથી માંડીને મોટા સુધી
બધા જ લોકો ઓળખશે.
૧૨ તેઓએ જે કાંઈ અપરાધો મારા વિરુદ્ધ કર્યા હશે
તેને હું માફ કરીશ, અને તેઓનાં પાપોને કદી
યાદ નહિ કરું."

*યર્મિયા ૩૧:૩૧–૩૪*

૧૩દેવ આને નવો કરાર કહે છે, તેથી દેવે પહેલા
કરારને જૂનો ઠરાવ્યો. અને જે કંઈ જૂનું છે તે થોડા
સમયમાં વિનાશ પામશે.

### જૂના કરાર પ્રમાણે આરાધના

૯ જુઓ પહેલા કરારમાં પણ ભજનસેવાના
નિયમો હતા. અને મનુષ્યના હાથે બનાવેલ
પવિત્રસ્થાનની જગ્યા પણ હતી. ૨મંડપનો પ્રથમ ભાગ
પવિત્રસ્થાન તરીકે ઓળખાતો હતો. ત્યાં દીવી, મેજ
અને તે પર દેવને અર્પિત રોટલી હતી. ૩બીજા પડદાની
પાછળ અંદરનો ભાગ પરમપવિત્રસ્થાન તરીકે
ઓળખાતો હતો. ૪તેમાં સૌથી વધુ પવિત્ર સુગંધિત
સોનાની ધૂપવેદી અને ચારે તરફ સોનાની મઢેલી પેટી
હતી અને તેમાં જૂનો કરાર હતો. તે પેટીમાં સોનાની
બરણી માન્નાથી* ભરેલી હતી. હારુનની કળી ફૂટેલી
લાકડી તથા શિલાપટ પર જૂના કરારની દસ આજ્ઞાઓ
લખેલી હતી. ૫અને તેના પર મહિમાદર્શક કરૂબો હતા,
જેઓની છાયા દયાસન પર પડતી હતી. હમણાં તેઓ
સંબંધી અમારાથી સવિસ્તાર કહેવાય એમ નથી.

૬મંડપમાં મેં સમજાવ્યું તે પ્રમાણે દરેક વસ્તુ
વ્યવસ્થિત ગોઠવી દેવામાં આવી. પછી યાજકો હંમેશા
પહેલા ઓરડામાં સેવા કરવાનું કામ કરવા જતા. ૭પણ
બીજા ઓરડામાં ફક્ત પ્રમુખયાજક જ જઈ શકતો, તે
પણ વર્ષમાં એક જ વખત જતો, તે પોતાની સાથે લોહી
(રક્ત) લીધા વગર કદી તે ઓરડામાં પ્રવેશતો નહિ.
પ્રમુખયાજક તે રક્ત લઈને પોતાના અને લોકો દ્વારા
અજાણથી પણ પાપકર્મ થયું હોય તેના માટે અર્પણ
કરતો. ૮આ બધી બાબતો દ્વારા પવિત્ર આત્મા બતાવે
છે કે જ્યાં સુધી પ્રથમ ભાગ ત્યાં હતો, ત્યાં સુધી
પરમપવિત્રસ્થાનમાં પ્રવેશવાનો માર્ગ ખુલ્લો ન હતો.
૯આ બાબત પરથી આજના માટે આપણે દાખલો લઈ
શકીએ, જે મુજબનાં બલિદાનો અને અર્પણો આપવામાં
આવ્યાં હતાં, તેઓ ભજન કરનારનું અંત:કરણ સંપૂર્ણ
શુદ્ધ કરવા માટે દાવો કરતાં ન હતાં અને પૂર્ણ પણ
બનાવી શકતા નહોતાં. ૧૦આ રીવાજો ફક્ત, ભોજન,
પાણી અને વિવિધ પ્રકારની સ્નાનક્રિયાનો શિષ્ટાચાર,
બાહ્ય વિધિઓ હતી અને જ્યાં સુધી નવો માર્ગ આવે
ત્યાં સુધી તેનું પાલન કરવાનો હેતુ હતો.

### નવા કરાર મુજબ આરાધના

૧૧હાલમાં અસ્તિત્વ ધરાવતી ઉત્તમ વ્યવસ્થાના
પ્રમુખયાજક સારી વસ્તુઓનો પ્રમુખયાજક હતો.
પ્રમુખયાજક તરીકે ખ્રિસ્ત આવ્યો. ત્યારે તેણે ખૂબ જ
ઉત્તમ એવા મંડપમાંથી પ્રવેશ કર્યો. અને તે સંપૂર્ણ
એવા સ્વર્ગીય મંડપમાં પ્રવેશ્યો જે વધારે મોટો અને
વધારે પરિપૂર્ણ હતો. તે માનવો દ્વારા બનાવેલો ન હતો
અને તે આ દુનિયામાં બનાવેલો ન હતો. ૧૨હંમેશને
માટે એક જ વાર રક્ત લઈને ખ્રિસ્ત પરમપવિત્રસ્થાનમાં
પ્રવેશ્યો. બકરાના તથા વાછરડાના રક્ત વડે નહિ, પરંતુ
પોતાના જ રક્ત વડે આપણે માટે સર્વકાલિન આપણા
ઉદ્ધારની પ્રાપ્તિ માટે તે પ્રવેશ્યો. ૧૩જે લોકો
પરમપવિત્રસ્થાનમાં પ્રવેશવા માટે શુદ્ધ ન હતા તેઓ
પર બકરાઓનું તથા ગોધાઓનું રક્ત તથા વાછરડાંની
રાખ છાંટીને તેઓના ફક્ત શરીરને શુદ્ધ કર્યા. ૧૪ખ્રિસ્તનું
લોહી આપણે જે દુષ્ટ કાર્યો કર્યા છે, તેમાંથી આપણા
હૃદયોને વિશેષ શુદ્ધ કરશે જેથી આપણે જીવંત દેવની
(ભજન) સેવા કરી શકીએ. તેથી ખ્રિસ્તે સનાતન
આત્માની સહાય વડે દોષ વગરનું બલિદાન દેવને આપ્યું
અને નિષ્કલંક બન્યો.

૧૫તેથી દેવ પાસેથી ઈસુ નવો કરાર* લોકો પાસે
લાવ્યો. ખ્રિસ્ત નવો કરાર એવા લોકો માટે લાવ્યો કે
જેઓને તેડવામાં આવ્યા છે અને જે ઉત્તરાધિકારીનો
આશીર્વાદ મેળવે. દેવે આપેલાં વચન પ્રમાણે
અનંતકાળનો વારસો પામે. કારણ કે પ્રથમ કરાર* પ્રમાણે
લોકોથી થયેલ પાપમાંથી લોકોને ઉદ્ધાર અપાવવા ખ્રિસ્ત
મરણ પામ્યો.

૧૬જ્યારે મનુષ્ય મરણ પામે છે ત્યારે તે પોતાની
પાછળ વસિયતનામું મૂકતો જાય છે. પરંતુ લોકોએ એ
સાબિત કરવું પડે છે કે વસિયતનામું લખનાર વ્યક્તિનું
મરણ થયું છે કે કેમ? ૧૭વસિયતનામું કરનાર વ્યક્તિ
મરણ પામે પછી જ વસિયતનામાંનો અમલ થઈ શકે.
જ્યાં સુધી તે વ્યક્તિ જીવે છે, ત્યાં સુધી તેનો અમલ
થઈ શકે નહિ (વ્યક્તિના મરણ પછી જ તેનો અમલ

**માન્ના** દેવે યહૂદી લોકોને રણમાં ખાવા આપેલ ખોરાક.

**નવો કરાર** આ "વધુ સારો કરાર" જે દેવે તેના લોકોને ઈસુ દ્વારા આપ્યો છે.

**પ્રથમ કરાર** જયારે તેઓને મૂસાનું નિયમશાસ્ત્ર આપ્યું ત્યારે દેવે યહૂદી લોકોને કરાર આપ્યો.

થઈ શકે). ૧૮પહેલા કરાર માટે દેવ અને લોકો વચ્ચે
આવું જ કંઈક છે. તેનાં રક્ત દ્વારા પહેલાં કરારની
પ્રતિષ્ઠા થાય એ જરૂરી હતું. ૧૯લોકોને બધી જ આજ્ઞાઓ
કહી સંભળાવ્યા પછી મૂસાએ વાછરડા અને બકરાનાં
રક્ત સાથે પાણી મેળવ્યું. તે રક્ત લઈને તેણે ઝૂફાની
ડાળી અને કિરમજી ઊન વડે નિયમના પુસ્તક પર
તથા બધા લોકો પર નિશાની માટે લોહી છાંટયું. ૨૦પછી
મૂસાએ કહ્યું, "આ લોહી એવા કરારનું છે જેને અનુસરવા
દેવે તમને આદેશ આપ્યો છે." ૨૧એ જ રીતે મૂસાએ
પવિત્ર મંડપ પર રક્ત છાંટ્યું અને જે કોઈ વસ્તુઓનો
સેવામાં ઉપયોગ કરવામાં આવે છે તે બધા પર રક્ત
છાંટયું. ૨૨નિયમશાસ્ત્ર કહે છે કે દરેક વસ્તુ રક્તના
છંટકાવથી પવિત્ર થાય છે. રક્ત વહેવડાવ્યા વગર
પાપની માફી મળતી નથી.

### ઈસુ ખ્રિસ્તનું બલિદાન પાપ નિવારણ માટે

૨૩આ બધી વસ્તુઓ આકાશમાં છે તે જ સાચી
વસ્તુઓની નકલ હતી. અને તે બધાને પશુઓના રક્ત
વડે શુદ્ધ કરવામાં આવતી હતી. પરંતુ આકાશની
વસ્તુઓને વધારે સારા બલિદાન વડે શુદ્ધ કરવાની જરૂર
હતી. ૨૪વળી ખરેખર નમૂના પ્રમાણે માનવે બનાવેલ
પવિત્રસ્થાનમાં ખ્રિસ્ત પ્રવેશ્યો નહિ, પરંતુ ખ્રિસ્ત
આકાશમાં દેવની હજૂરમાં ગયો જેથી આપણને મદદ
કરી શકે. ૨૫આ સૌથી વધુ પવિત્રસ્થાનમાં પ્રમુખયાજક
વર્ષમાં એક જ વાર પ્રવેશે છે. તે પોતાની સાથે દેવને
અર્પણ કરવા રક્ત લાવે છે. પરંતુ ખ્રિસ્તની માફક તે
પોતાનું રક્ત અર્પણ કરતો નથી. ખ્રિસ્ત તો આકાશમાં
સીધાવ્યો પણ તેને બીજા પ્રમુખ યાજકની માફક વારંવાર
રક્ત અર્પણ કરવાની જરૂર રહી નહિ. ૨૬જો એમ હોત
તો ખ્રિસ્તને જગતની શરૂઆતથી વારંવાર મરણ સહન
કરવું પડ્યું હોત. પરંતુ સદાને માટે પાપનું સામર્થ્ય નષ્ટ
કરવા તેણે એક જ વાર પોતાનું બલિદાન આપ્યું. ૨૭જેમ
માણસ એક જ વાર મરણ પામે છે અને પછી તેનો
ન્યાય થાય તેવું નિર્માણ થયેલું છે. ૨૮તેમ ખ્રિસ્તે પણ
ઘણા લોકોના પાપ પોતાને માથે લેવા એક જ વખત
બલિદાન આપ્યું અને હવે તે લોકોના પાપ માટે નહિ
પરંતુ જેઓ આતુરતાથી તેની રાહ જોઈ રહ્યા છે તેમનો
ઉદ્ધાર કરવા ખ્રિસ્ત બીજી વખત આવનાર છે.

### ખ્રિસ્તનું બલિદાન આપણને સંપૂર્ણ બનાવે છે

૧૦ નિયમશાસ્ત્ર ભવિષ્યમાં આવનારા શુભ
કાર્યોની પ્રતિછાયારૂપ છે અને તે વસ્તુઓની
ખરી પ્રતિમાઓ તેમાં નથી. દર વર્ષે એના એ જ બલિદાનો
સતત અર્પણ કરવામાં આવતાં હતાં, છતાં નિયમશાસ્ત્ર
પ્રમાણે કોઈ વ્યક્તિ પરિપૂર્ણ થઈ શકી નથી. ૨જો જૂના
નિયમે લોકોને પરિપૂર્ણ બનાવ્યો હોત તો પછી તેઓએ
બલિદાનો આપવાનું બંધ કર્યુ હોત. તેઓ સદાને માટે
શુદ્ધ થઈ ગયા હોત અને તેઓને તેમના પાપો માટે
દોષિત થવું પડ્યું ના હોત. પરંતુ નિયમશાસ્ત્ર તે કરી
શક્યું નહિ. ૩પરંતુ એ વાર્ષિક બલિદાનો તો તેમના
મનમાં દર વર્ષે પાપોની યાદ તાજી કરાવે છે.૪કારણ કે
ગોધાઓનું તથા બકરાઓનું લોહી પાપ દૂર કરવા સમર્થ
નથી.

૫આથી જયારે ખ્રિસ્ત આ દુનિયામાં આવ્યો, ત્યારે
તેણે કહ્યું:

"હે દેવ પશુઓનું રક્ત તને પ્રસન્ન કરી શકે તેમ
નથી. પણ તેં મારા માટે શરીર બનાવ્યું છે.
૬ પાપોની માફીને અર્થે અપાતું દહનાર્પણ તથા
પાપાર્થાર્પણથી તું કંઈ પ્રસન્ન થતો નહોતો.
૭ તેથી તેમણે કહ્યું; 'હે દેવ, હું અહીં શાસ્ત્રમાં મારા
સંબંધી લખ્યા પ્રમાણે તારી ઈચ્છા પૂર્ણ કરવા હું
અહીં છું.'"

*ગીતશાસ્ત્ર ૪૦:૬–૮*

૮પ્રથમ ખ્રિસ્તે કહ્યું છે, "શાસ્ત્રમાં અપાતાં પાપમુક્તિ
માટેનાં અર્પણો તથા દહનાર્પણોથી અપાતાં બલિદાનો
દ્વારા તું પ્રસન્ન થઈ શકે તેમ નથી." (આ બધા
બલિદાનોની આજ્ઞા નિયમ કરે છે.) ૯પછી તેણે
(ખ્રિસ્તે) કહ્યું, 'હે દેવ! હું આ રહ્યો, તારી ઈચ્છા પૂર્ણ
કરવા હું આવ્યો છું." આ પ્રમાણે તેણે જૂની વ્યવસ્થા
રદ કરી અને નવી વ્યવસ્થા સ્થાપી. ૧૦દેવની ઈચ્છા
મુજબ ઈસુ ખ્રિસ્તનાં કાર્યો પ્રમાણે એક જ વાર ખ્રિસ્તનું
શરીર અર્પણ થયાથી આપણને પવિત્ર કરવામાં આવ્યા
છે.

૧૧તેમ જ દરેક યાજક નિત્ય સેવા કરતાં તથા એ ને
એ જ બલિદાનો ઘણીવાર અર્પણ કરતા. પરંતુ તે
બલિદાનોથી પાપોને કદી દૂર કરી શક્યા નહિ. ૧૨પણ
આપણાં પાપોને માટે ખ્રિસ્તે એક જ વાર બલિદાન
આપ્યું અને ખ્રિસ્ત દેવની જમણી બાજુએ બિરાજ્યો.
૧૩અને તેના દુશ્મનોને તેની સત્તા નીચે મૂકવામાં આવે
તેથી ખ્રિસ્ત હવે ત્યાં રાહ જોઈ રહ્યો છે. ૧૪જેઓને
પવિત્ર કરવામાં આવે છે તેઓને ખ્રિસ્તે પોતાના એક જ
બલિદાનથી બધા જ સમય માટે પરિપૂર્ણ કર્યા.

૧૫આ વિષે પવિત્ર આત્મા પણ સાક્ષી આપે છે. તે
પહેલા કહે છે:

૧૬ "આ કરાર છે જે ભવિષ્યમાં હું મારા લોકો સાથે
કરીશ એમ પ્રભુ કહે છે. હું મારા નિયમો તેઓના
હૃદય પર લખીશ. હું મારા નિયમો તેઓના
મનમાં સ્થાપીશ."

*યર્મિયા ૩૧:૩૩*

૧૭પછી તે કહે છે:

"તેઓના પાપકર્મો અને દુષ્કર્મોને હું માફ કરીશ
અને ભવિષ્યમાં તે હું કદી યાદ કરીશ નહિ."

*યર્મિયા ૩૧:૩૪*

૧૮અને હવે સદાને માટે પાપ માફ થયાં છે ત્યારે પાપ
મુક્તિ માટે અન્ય કોઈ અર્પણની જરૂર રહેતી નથી.

### દેવની નજીક આવો

૧૯ભાઈઓ, તેણે આપણા માટે પડદામાં થઈને, એટલે
પોતાના શરીરમાં થઈને, એક નવો તથા જીવતો માર્ગ
ઉઘાડ્યો છે, આપણે કોઈ પણ જાતના ભય વિના દાખલ
થઈ શકીશું. ૨૦ઈસુએ જે નવો માર્ગ બતાવ્યો તે દ્વારા
આપણે અંદર જઈ શકીશું. ૨૧દેવના ઘરમાં રાજ કરવા
માટે આપણી પાસે એક મોટો યાજક નિમાયેલો છે.
૨૨આપણને શુદ્ધ કરવામાં આવ્યા છે. અને આપણું
અંતઃકરણ દોષિત લાગણીઓથી મુકત છે. આપણા
શરીરનું શુદ્ધ પાણીથી સ્નાન કરાવવામાં આવ્યું છે તેથી
શુદ્ધ હૃદયથી અને ખાતરી જે વિશ્વાસ દ્વારા પ્રાપ્ત થયેલ
છે માટે આપણે દેવની નજીક આવી શકીએ છીએ.
૨૩જે આશાઓમાં આપણે સંમત છીએ તેને આપણે
મક્કમતાથી વળગી રહીએ, કારણ કે જેણે આપણને
વચન આપ્યું છે તેનો સંપૂર્ણ ભરોસો આપણે કરી શકીએ
છીએ.

### એકબીજાને મદદરૂપ બનો

૨૪આપણે એકબીજાનો વિચાર કરવો જોઈએ અને
સારા કામ કરી અને પ્રેમ દર્શાવી એકબીજાને એ પ્રમાણે
કરવા માટે ઉત્તેજન આપીએ. ૨૫જેમ કેટલાક લોકો કરે
છે તેમ આપણે સમૂહમાં મળવાનું પડતું ન મૂકીએ,
પણ આપણે સમૂહમાં મળીએ અને એકબીજાને બળ
આપીએ, આ પ્રમાણે આપણે કરવાનું વધુ અને વધુ
પ્રયત્ન કરીએ કારણ દહાડો* નજીકને નજીક આવી
રહ્યો છે.

### ખ્રિસ્ત તરફથી મોં ના ફેરવો

૨૬સત્યનું જ્ઞાન થયા પછી જો આપણે પાપમાં
જીવવાનું ચાલુ રાખીએ, તો પાપના નિવારણ માટે બીજુ
બલિદાન છે જ નહિ. ૨૭જો આપણે પાપ કરવાનું ચાલુ
જ રાખીશું તો ન્યાયની ભયંકર અપેક્ષા અને દેવના
વિરોધીઓને ભસ્મ કરી નાખે એવા અગ્નિના તેઓ ભોગ
બનશે. ૨૮જો કોઈ મૂસાના નિયમશાસ્ત્રનો ભંગ કરે અને
તે બે કે ત્રણ સાક્ષીઓ દ્વારા પૂરવાર થાય તો તેને માફી
નહિ આપતા કોઈ પણ દયા વગર મોતની સજા થતી
હતી. ૨૯તો પછી દેવપુત્રને પગ તળે કચડી નાખનાર,
કરારના જે રક્તથી પવિત્ર થયો હતો તેને અશુદ્ધ ગણનાર
કૃપાનું ભાન કરાવનાર પવિત્ર આત્માનું અપમાન કરનાર
વ્યક્તિ કેટલી ભયંકર સજાને પાત્ર ઠરશે તેનો વિચાર
કરો. ૩૦આપણે જાણીએ છીએ કે દેવે કહ્યું છે, "દુષ્ટ
કૃત્યો કરનારને હું શિક્ષા કરીશ, હું તેને ભરપાઈ કરીશ."*
દેવે એ પણ કહ્યું છે કે, "પ્રભુ તેના લોકોનો ન્યાય
કરશે."* ૩૧કોઈના પણ માટે જીવતા દેવના હાથમાં
પડવું તે કેટલું ભયંકર છે!

### તમારો આનંદ અને હિંમત ગુમાવશો નહિ

૩૨યાદ રાખો. ભૂતકાળના તે દિવસોમાં જ્યારે તમે
સત્યનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ ત્યારે તમે ઘણી યાતનાઓ
સહન કરી સંઘર્ષ કર્યો, પરંતુ તમે બળવાન બનવાનું
ચાલુ રાખ્યું. ૩૩ઘણીવાર તમે ઠપકો અને સતાવણી થઈ
તે સહન કરી. વળી કેટલીક વાર બીજાંઓને એવાં
દુઃખોમાંથી પસાર થતા જોઈને તમે તેઓની પડખે ઊભા
રહ્યા. ૩૪હા, જ્યારે કેટલાક લોકો જેલમાં હતા, ત્યારે
તેવા લોકોને તમે મદદ કરી તેમના દુઃખના ભાગીદાર
બન્યા. તમારું સર્વસ્વ પડાવી લેવામાં આવ્યું ત્યારે પણ
તમે આનંદિત રહ્યા કારણ કે તમે જાણતા હતા કે તમારી
પાસે એના કરતાં વધુ સારી અને સદા ને માટે ટકી રહે
તેવી સંપત્તિ છે.

૩૫માટે ભૂતકાળમાં હતી તે હિંમત ગુમાવશો નહિ
કારણ કે તમને એનો મહાન બદલો મળવાનો છે.
૩૬તમારે ધીરજ રાખવાની જરૂર છે. દેવની ઈચ્છા પૂરી
કરવાનું કાર્ય ચાલુ રાખો. અને તેથી જ તમને જે વચનો
આપ્યા છે તે પ્રાપ્ત કરશો. ૩૭થોડા સમયમાં,

"પ્રભુ જે ફરીથી આવનાર છે તે વિલંબ કરશે
નહિ.

---

**દહાડો** ખ્રિસ્તનો ફરી પ્રગટ થવાનો સમય

**"દુષ્ટ કૃત્યો ... ભરપાઈ કરીશ"** પુન. ૩૨:૩૫.

**"પ્રભુ ...ન્યાય કરશે"** ગી.શા. ૧૩૫:૧૪.

૩૮ન્યાયી માણસ મારામાં (દેવ) વિશ્વાસ રાખીને
જીવશે. જો તે ભયનો માર્યો પાછો હટી જશે તો
પછી તેનામાં મને આનંદ થશે નહિ."

*હબાક્કુક ૨:૩-૪*

૩૯પણ આપણે એ પ્રકારના માણસો નથી, જે પીછે
હઠ કરે અને ખોવાઈ જાય. ના. આપણે એવા લોકો
છીએ કે દેવમાં આપણને દઢ વિશ્વાસ છે અને તેનામાં
આપણે ઉદ્ધાર પામેલાં છીએ.

## વિશ્વાસ

**૧૧** વિશ્વાસ એટલે આપણે જે વસ્તુની આશા
રાખીએ છીએ તેની ખાતરી છે. જે વસ્તુઓ
આપણે જોઈ શકતા નથી છતાં આપણે જાણીએ છીએ
કે તે સત્ય છે, તેનો જ અર્થ વિશ્વાસ. ૨પુરાતન સમયમાં
જીવતા લોકો પર દેવ ખૂબ જ ખુશ હતો કારણ તેઓને
દેવમાં વિશ્વાસ હતો.

૩વિશ્વાસના આધારથી જ આપણે જાણીએ છીએ કે
સમગ્ર જગતની રચના દેવની આજ્ઞા પ્રમાણે થઈ છે
એનો અર્થ એ થયો કે આપણે જે કાંઈ જાણીએ છીએ તે
કોઈ અદશ્ય શક્તિ દ્વારા બનાવવામાં આવેલું છે.

૪કાઈન અને હાબેલે દેવને અર્પણ ચઢાવ્યું પણ
હાબેલને વિશ્વાસ હતો તેથી વિશ્વાસથી તે કાઈનના
અર્પણ કરતાં વધુ સારું એટલે દેવને પસંદ પડે તેવું
અર્પણ લાવ્યો. દેવે હાબેલના અર્પણનો સ્વીકાર કર્યો
અને હાબેલને ન્યાયી ઠરાવતી સાક્ષી આપી. હાબેલ
મરણ પામ્યો, પણ આજે પણ તે પોતાના વિશ્વાસ દ્વારા
આપણને કહી રહ્યો છે.

૫હનોખે પણ દેવ પર વિશ્વાસ રાખ્યો, તેથી તે
મરણનો અનુભવ કરે તે પહેલા દેવે તેને પૃથ્વી પરથી
લઈ લીધો. તેથી તે મરણનો અનુભવ કરી શકયો નહિ.
શાસ્રમાં લખ્યું છે કે હનોખ મનુષ્ય હતો, ત્યારે તેણે
ખરેખર દેવને પ્રસન્ન કર્યો હતો. તે એકાએક અદશ્ય
થઈ ગયો કેમ કે દેવે તેને ઉપર લઈ લીધો હતો. ૬વિશ્વાસ
રાખ્યા વગર તમે તેને પ્રસન્ન કરી શકો નહિ. દેવ પાસે
આવનાર વ્યક્તિએ વિશ્વાસ રાખવો જોઈએ કે તેનું
અસ્તિત્વ છે, અને સાચા હૃદયથી શોધનારને તે મળે છે
દેવ તેનો બદલો આપશે.

૭નૂહે પણ દેવમાં વિશ્વાસ રાખ્યો અને જે વસ્તુ
તેણે જોઈ નહોતી એવી બાબતોની ચેતવણી તેને
આપવામાં આવી, ત્યારે તેણે પોતાના પરિવારને બચાવવા
માટે દેવનો ડર રાખીને વિશ્વાસથી પોતાના પરિવારના
તારણ માટે વહાણ તૈયાર કર્યું. તેથી તેણે જગતને દોષિત
ઠરાવ્યું અને વિશ્વાસથી જે ન્યાયીપણું મળે છે તેનો તે
વારસ થયો. ૮વિશ્વાસથી ઈબ્રાહિમ જે સ્થળ વારસામાં
પોતાને મળવાનું હતું ત્યાં જવાનું તેડું મળ્યાથી
આજ્ઞાધીન થયો; એટલે પોતે ક્યાં જાય છે, એનાથી
અજ્ઞાત હોવા છતાં તે પોતાનું વતન છોડી ચાલી નીકળ્યો.
૯દેવે જે દેશમાં જવાનું વચન આપ્યું હતું ત્યાં જઈને
રહ્યો. ઈબ્રાહિમ ત્યાં એક મુસાફરની માફક રહ્યો. કારણ
કે તેને વિશ્વાસ હતો. ઈસહાક અને યાકૂબને પણ તે જ
વચન મળ્યું હતું. તેઓ પણ તંબુમાં રહ્યા હતા.
૧૦ઈબ્રાહિમ તે શહેરની રાહ જોતો હતો. જેનો પાયો
દઢ હોય, એવું શહેર કે જેનો શિલ્પી અને બાંધનાર દેવ
હોય.

૧૧ઈબ્રાહિમ ખૂબ ઘરડો હોવાથી બાળકોને પેદા કરવા
અસમર્થ હતો. અને સારા માતા બની શકે તેમ નહતી
પરંતુ દેવે ઈબ્રાહિમને વચન આપ્યું હતું તેમાં તેને પૂર્ણ
વિશ્વાસ હતો. છેવટે સારા ગર્ભવતી થઈ અને ઈબ્રાહિમ
પિતા બન્યો. ૧૨આ માણસ એટલો બધો વૃદ્ધ હતો કે તે
મૃત અવસ્થામાં હતો. પણ એ એક જ વ્યક્તિમાંથી
અનેક પ્રજા ઉત્પન્ન થઈ. તેનાં સંતાન આકાશના તારા
અને સમુદ્રકિનારાની રેતીના કણ જેટલા અસંખ્ય હતા.
૧૩આ બધા જ માણસો મરણ પામ્યા ત્યાં સુધી દેવે
વચનો આપ્યાં તેમાંથી કાંઈજ મેળવી શક્યા નહિ છતાં
વિશ્વાસથી જીવ્યા, તેઓએ પેલાં વચનો દૂરથી જોયા.
અને તેમનું સ્વાગત કર્યું અને તેઓએ એ પણ જાણ્યું કે
આ પૃથ્વી અમારું કાયમી ઘર નથી, અહીં તો અમે માત્ર
મુસાફરો જ છીએ. ૧૪આ પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ
એક દેશની શોધમાં છે જે તેમનો પોતાનો દેશ છે. ૧૫જો
તેઓ એવા દેશ વિષે વિચારતા હોય કે જેને તેમણે
છોડી દીધો છે, તો તે એ દેશમાં ફરી પાછા આવી શક્યા
હોત. ૧૬પણ એ માણસો એક વધુ સારા દેશની કે જે
સ્વર્ગીય દેશ હશે તેની રાહ જોઈને બેઠા હતા. એટલે
દેવને તેમનો દેવ કહેવામાં કોઈ સંકોચ ન હતો. તેણે એ
લોકો માટે એક શહેર તૈયાર કરી રાખ્યું છે.

૧૭-૧૮દેવે ઈબ્રાહિમના વિશ્વાસની કસોટી કરી. જ્યારે
તેની કસોટી થઈ ત્યારે, ઈબ્રાહિમે વિશ્વાસથી ઈસહાકનું
બલિદાન આપ્યું. એટલે જેને વચનો આપવામાં આવ્યાં
હતાં ને જેને કહેવામાં આવ્યું હતું કે, ઈસહાકથી તારો
વંશ ગણાશે, તેણે પોતાના એકના એક પુત્રનું બલિદાન
આપ્યું. ૧૯ઈબ્રાહિમ માનતો હતો કે દેવ મૂએલાંઓને
પાછા ઉઠાડી શકે છે, અને ખરેખર દેવે જ્યારે ઈબ્રાહિમને
ઈસહાકનું બલિદાન આપતા રોક્યો, ત્યારે તે તેને
મૂએલામાંથી પાછા બોલાવવા જેવું હતું.

૨૦વિશ્વાસના કારણે જ ઈસહાકે તેના દીકરા યાકૂબ અને એસાવને ભવિષ્ય સબંધી આશીર્વાદ આપ્યો. ૨૧વિશ્વાસના કારણે જ મરણની ઘડીએ યાકૂબે લાકડીના ટેકે ઊભા થઈને યૂસફના બંને પુત્રોને આશીર્વાદ આપ્યો અને તેણે આરાધના કરી.

૨૨વિશ્વાસના કારણે જ યૂસફે પોતાના અંતકાળે ઈજિપ્તના ઈઝરાએલના લોકોના છૂટા પડવાની વાત કરી, અને તેના શબ વિષે સૂચનો કર્યા.

૨૩વિશ્વાસના કારણે મૂસાના મા બાપે તેના જનમ્યા પછી તેને ત્રણ મહિના સુધી સંતાડી રાખ્યો, કેમ કે તેઓએ જોયું કે તે બાળક સુંદર છે અને તેઓ રાજાની આજ્ઞાથી ડર્યા નહિ.

૨૪વિશ્વાસથી મૂસા મોટો થયો અને મોટા થયા પછી પોતાને ફારૂન રાજાની દીકરીનો પુત્ર ગણાવવાની ના પાડી. ૨૫ મૂસાએ પાપનું ક્ષણિક સુખ ભોગવવાને બદલે તેણે વિશ્વાસથી દેવના લોકોની સાથે મુશ્કેલીઓ વેઠવાનું આનંદથી પસંદ કર્યુ, ૨૬ઈજિપ્ત દેશની સંપતિના માલિક બનવા કરતાં તેણે ખ્રિસ્તનું અપમાન સહન કરવાનું વધારે પસંદ કર્યુ, કેમ કે ભવિષ્યમાં દેવના તરફથી તેને જે મહાન ખજાનો મળવાનો હતો તેના તરફ તેણે લક્ષ રાખ્યું. ૨૭વિશ્વાસના કારણે મૂસાએ રાજાના ક્રોધની બીક રાખ્યા વગર ઈજિપ્ત દેશનો ત્યાગ કર્યો. તેણે દ્રઢ વિશ્વાસ ચાલુ રાખ્યો; જેમ કે અદશ્ય દેવને તે જોતો હોય. ૨૮મૂસાએ પાસ્ખા તૈયાર કર્યુ અને દરવાજાની બારસાખ ઉપર રક્ત છાંટયું. દરવાજા પર રક્ત એટલા માટે છાંટયું જેથી મરણનો દૂત* ઈઝરાએલ લોકોના પ્રથમ જન્મેલ બાળકોને મારી ના નાખે. આમ કરવાનું કારણ મૂસાને (દેવમાં) વિશ્વાસ હતો.

૨૯વિશ્વાસથી ઈઝરાએલી લોકો મૂસાની પાછળ કોરી જમીન પર ચાલતા હોય તેમ લાલ સમુદ્ર પસાર કરી ગયા તેમની પાછળ પડેલા ઈજિપ્તના લોકો તેમ કરવા જતાં ડૂબી (સમુદ્રમાં) ગયા.

૩૦લોકો વિશ્વાસથી દેવની આજ્ઞા મુજબ યરીખોના કોટની આગળ પાછળ સાત દિવસ ફર્યા અને અંતે તે કોટ તૂટી પડ્યો.

૩૧રાહાબ વેશ્યાએ ઈઝરાએલી જાસૂસ લોકોને આવકાર્યા અને મિત્રની માફક મદદ કરી. કારણ કે તેને વિશ્વાસ હતો એટલે તે અવજ્ઞા કરનાર લોકો સાથે મરણ પામી નહોતી.

૩૨આથી વિશેષ હું શું કહું? ગિદિયોન, બારાક, સામસૂન, યફતા, દાઉદ, શમુએલ તથા પ્રબોધકોના વિશ્વાસની વાત કરવા બેસું તો મને એટલો સમય પણ નથી. ૩૩આ બધા લોકોને ઘણો જ વિશ્વાસ હતો અને તે વિશ્વાસને કારણે તેમણે રાજ્યોને હરાવ્યા. અને જે કાર્યો ન્યાયયુક્ત હતા તે તેમણે કર્યા અને દેવના વચનોનાં ફળ પ્રાપ્ત કર્યા, વળી તેઓએ વિશ્વાસ સાથે સિંહના જડબા બંધ કરી દીધા. ૩૪આ રીતે કેટલાક લોકોએ શકિતશાળી અગ્નિને રોક્યો. કેટલાક તલવારની ધારથી બચ્યા, તો કેટલાકને નિર્બળતાઓ હતી જે તાકાતમાં પરિવર્તિત થઈ. કેટલાકે લડાઈમાં શૂરવીરતા દાખવી અને દુશ્મનોના સૈન્યને ભગાડી મૂક્યા. ૩૫સ્રીઓના વિશ્વાસને કારણે કેટલાક પુરુષો મૃત્યુ પામેલા સજીવન થયા અને તેઓને પાછા મળ્યા. કેટલાક રિબાઈને માર્યા ગયા, મુક્ત થવાને બદલે તેઓએ મરવાનું પસંદ કર્યુ તેમને વિશ્વાસ હતો કે પુનરુત્થાન દ્વારા તેઓ વધુ સારું જીવન પ્રાપ્ત કરશે. ૩૬કેટલાકની મશ્કરી કરવામાં આવી અને તેમને અસહ્ય માર મારવામાં આવ્યો. બીજા (કેટલાએક) ને બેડીઓ બાંધીને જેલમાં પૂરવામાં આવ્યા. ૩૭તેઓને પત્થરોથી મારી નાખવામાં આવ્યા અને બે ટુકડા કરી નાખવામાં આવ્યા. તેઓને તલવારથી મારી નાખવામાં આવ્યા, કેટલાએક ઘેટાં બકરાના ચામડાં પહેરી રખડ્યા. જે ગરીબો હતા તેમને ખુબ જ દુ:ખ આપવામાં આવ્યું અને તેમની સાથે અઘટિત વ્યવહાર કર્યો. ૩૮આ દુનિયા આવા માણસો માટે યોગ્ય નહોતી, આ માણસો રણમાં, પર્વતો પર, ગુફાઓમાં અને જમીનના ભોયરાઓમાં ભટકતા રહ્યા.

૩૯આ બધા જ લોકો વિશ્વાસ રાખનાર હતા. છતાં કોઈને પણ દેવનું મહાન વચન મળ્યું નહિ. ૪૦કેમ કે દેવે આપણને કંઈક વધારે સારું આપવા નક્કી કર્યુ છે જેથી તેઓ ફક્ત આપણી સાથે જ પરિપૂર્ણ થઈ શકે.

## આપણે પણ ઈસુના નમૂનાને અનુસરવું જોઈએ

**૧૨** તો આપણી ચારે બાજુ વિશ્વાસના લોકોનો મોટો સમુદાય વિંટળાયેલો છે. લોકોના મોટા સમુદાયનો વિશ્વાસ શું છે તે તેમનું જીવન આપણને ઉદાહરણ પૂરૂં પાડે છે. માટે આપણે તેમના જેવા થવું જોઈએ. જેથી જે કોઈ બાબતો આપણને મંદ બનાવે કે પાછા પાડી દે તેનો આપણે ત્યાગ કરીએ. આપણને પાડી નાખનાર પાપથી આપણે અલગ થઈ જઈએ અને દેવે આપણા માટે નક્કી કરેલી દોડમાં ધીરજથી દોડીએ

---

**મરણનો દૂત** અક્ષરસ: "નાશ કરનાર." ઈજિપ્તવાસીઓને શિક્ષા કરવા, દેવે દરેક ઘરમાંથી જયેષ્ઠ પુત્રને મારી નાખવા દૂતને મોકલ્યો. (પુન. ૧૨:૨૯–૩૨).

(આગળ વધીએ). ²આપણે હંમેશા ઈસુનો દાખલો લઈ તેને અનુસરીએ. ઈસુ આપણા વિશ્વાસનો અગ્રેસર છે. અને તે આપણો વિશ્વાસ પૂર્ણ કરે છે. આપણે ઈસુ તરફ દૃષ્ટિ રાખીએ. તેણે પછીથી મળનાર આનંદને નજર સમક્ષ રાખીને વધસ્તંભ પર શરમજનક મરણ સહન કર્યુ અને હાલ તે દેવના રાજયાસનની જમણી બાજુ બિરાજમાન છે. ³ઈસુ વિષે વિચાર કરો. પાપીઓ તરફથી તેણે આવો મોટો વિરોધ સહન કર્યો. તેઓએ તેની સાથે ક્રૂર વર્તાવ કર્યો હતો, છતાં તેણે ધીરજ રાખી હતી. તેમ તમે પણ પ્રયત્ન છોડીના દો અને ધીરજ રાખો.

### દેવ પિતા તૂલ્ય

⁴પાપની વિરુદ્ધ તમારે એટલું બધું ઝઝૂમવું પડ્યું નથી, અને એવી કોઈ આવશ્યકતા ન હતી કે તમારે તમારું લોહી વહાવવું પડે. ⁵વળી દેવે તમને તેના બાળકો ગણીને કહેલાં ઉત્તેજનાદાયક વચનો ભૂલી ના જાઓ અને તેનો તિરસ્કાર પણ ના કરો:

"મારા દીકરા, દેવ તને શિક્ષા કરે ત્યારે ગુસ્સે ના
થા, અને જયારે દેવ તને ભૂલ બતાવે ત્યારે
પ્રયત્ન કરવાનો બંધ ના કર.
⁶ દેવ જેને ચાહે છે તે દરેકને શિક્ષા કરે છે, અને
જેને તે પુત્ર તરીકે સ્વીકારે છે તે દરેક માણસને
તે શિક્ષા કરે છે."

*નીતિવચનો ૩:૧૧–૧૨*

⁷દેવ પિતાની શિક્ષા સમજી દરેક પીડાઓ સહન કરો. દરેક પુત્રોને તેમના પિતા શિક્ષા કરે છે એ રીતે દેવ તમને પિતાની માફક શિક્ષા કરે છે. ⁸ જો તમને શિક્ષા થએલ નથી ( દરેક પુત્રને શિક્ષા થશે), તો તમે દાસીપુત્રો છો અને ખરા પુત્રો નથી. ⁹આપણા સંસારી પિતા આપણને શિક્ષા કરે છે છતાં આપણે તેનું માન જાળવીએ છીએ. તો પછી સાચું જીવન જીવવા માટે આપણા આત્માઓના પિતાને આપણે વધારે આધિન થવું જ જોઈએ. તે વધારે મહત્વનું છે. જે કાંઈ શિક્ષા કરે તે આપણે સ્વીકારવી જ જોઈએ. ¹⁰પૃથ્વી પરના આપણા પિતાએ જે સૌથી ઉત્તમ વિચાર્યુ અને આપણને આપણા સારા માટે થોડા સમય માટે શિક્ષા કરી. પરંતુ દેવ આપણને આપણા ભલા માટે શિક્ષા કરે છે. જેથી આપણે તેના જેવા પવિત્ર બનીએ. ¹¹જ્યારે આપણને શિક્ષા કરવામાં આવે છે ત્યારે તે આનંદકારક લાગતી નથી. તેના બદલે આપણે પીડા ભોગવીએ છીએ. પણ પાછળથી તે શાંતિમય અને પ્રામાણિક જીવનનો રસ્તો આપણને આપે છે. આપણને શિક્ષા દ્વારા તાલીમ અપાય છે.

### કેવી રીતે જીવવું તે વિષે સાવધ રહો

¹²તમે અશકત બની ગયા છો માટે તમારી જાતને ફરીથી વધુ બળવાન બનાવો. ¹³સત્યના માર્ગ ચાલો તો તમે બચી જશો તેમાં તમારે કાંઈજ ગુમાવવાનું નથી.

¹⁴બધા જ લોકો સાથે શાંતિથી જીવવા પ્રયત્ન કરો અને પાપથી મુક્ત જીવન જીવવા પ્રયત્ન કરો. જેનું જીવન પવિત્ર ન હોય તો તેને દેવના દર્શન કદી થશે નહિ. ¹⁵સાવધ રહો, તમારામાંથી કોઈ દેવની કૃપા મેળવવામાં નિષ્ફળ ન જાય, કોઈ તમારામાં કડવાશના બી ના ઉગાડે. કારણ કે તેવા માણસો ઘણા લોકોના જીવન બરબાદ કરી શકે છે. ¹⁶તમારામાંથી કોઈ વ્યભિચારમાં ન પડી જાય એ માટે સાવધ રહો. એક ભોજનના બદલામાં મોટો પુત્ર હોવાને લીધે જયેષ્ઠ હકનો સોદો કરનાર એસાવની જેમ તમારામાંથી તમે કોઈ સાંસારિક મનવાળો ન બને. ¹⁷યાદ રાખો, પાછળથી એસાવે આશીર્વાદ મેળવવા ભારે રુદન સહિત પસ્તાવો કર્યો પણ ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હતું અને પિતાએ આશીર્વાદ આપવાની સ્પષ્ટ ના પાડી દીધી કારણ એસાવે જે કંઈ કર્યુ છે તેમાંથી તે પાછો ફરી શકે તેમ નહોતો.

¹⁸તમે કોઈક નવી જગ્યા પર આવ્યા છો. ઈઝરાએલના લોકો પર્વતો પાસે આવ્યા હોય તેવી આ જગ્યા નથી. તમે એવા પર્વત પર નથી આવ્યા કે જે અગ્નિની જવાળાથી સળગતો છે જેને તમે અડકી ન શકો. તમે ઘમઘોર અંધકાર, આકાશ અને તોફાન હોય તેવી જગ્યાએ નથી આવ્યા. ¹⁹તે સમયે રણશિંગડાના ભયંકર અવાજ સાથે દેવની વાણી સાંભળવામાં આવી પછી તે વિષે તેમણે ફરી કાંઈજ સાંભળ્યું નહિ. તે માટે લોકોએ પ્રાર્થના કરી. ²⁰તેઓ ફરી આજ્ઞા સાંભળવાનું સહન કરી શકે તેમ નહોતું: કારણ કે, "જો કોઈ જાનવર પહાડને અડકે તો તે પથ્થરથી માર્યુ જાય."* એવી આજ્ઞાથી તેઓ ધ્રુજી ઉઠ્યા. ²¹લોકોએ જે દશ્ય જોયું તે ખૂબ જ ભયાનક હતું કે મૂસાએ પોતે પણ કહ્યું, "હું ભયથી ધ્રૂજું છું."*

²²પરંતુ તમે તો સિયોન પર્વત પર એટલે કે જીવંત દેવના નગર સ્વર્ગીય યરૂશાલેમ અને હજારોહજાર દૂતોની પાસે, ²³પ્રથમ જન્મેલા જેઓનાં નામ આકાશમાં લખેલાં છે તેઓની સાર્વજનિક સભા તથા મંડળીની

---

**"જો કોઈ જાનવર … માર્યુ જાય"** નિર્ગ. ૧૯:૧૨–૧૩.

**"હું ભયથી ધ્રૂજું છું"** પુન. ૯:૧૯.

પાસે, અને સહુનો ન્યાય કરનાર દેવની પાસે અને સંપૂર્ણ થયેલા ન્યાયીઓના આત્માઓની પાસે, ૨૪અને નવા કરારના મધ્યસ્થ ઈસુની પાસે અને જે છંટકાવનું રકત હાબેલના કરતાં સારું બોલે છે તેની પાસે આવ્યા છો. એ રકત હાબેલના રકતની જેમ વેર લેવાનું કહેતું નથી. તેના કરતાં કાંઈક વિશેષ કહેવા માગે છે.

૨૫સાવધાન રહો અને જયારે તમારી સાથે દેવ બોલે ત્યારે સાંભળવાની ના પાડશો નહિ. યહૂદીઓ ચેતવણી સાંભળવાની ના પાડે છે જે તેઓને પૃથ્વી પર અપાઈ હતી. અને તેઓ તેમાંથી બચ્યા નથી. હવે દેવ આકાશમાંથી આપણને કહે છે. જો આપણે તેને સાંભળવાનો અનાદર કરીએ તો આપણે તેમાંથી કેવી રીતે બચી શકીશું? ૨૬સિનાઈ પર્વત પરથી દેવ જ્યારે બોલ્યો, તે સમયે તેની વાણીએ પૃથ્વીને પણ ધ્રૂજાવી નાખી હતી, હવે તેણે વચન આપ્યું છે. "ફરી એક વાર પૃથ્વીની સાથે આકાશને પણ હું ધ્રૂજાવીશ." ૨૭આ શબ્દો "ફરીથી એકવાર" સ્પષ્ટ દર્શાવે છે કે કંપાયમાન થયેલી વસ્તુઓની સાથે જે કાંઈ બનાવેલ છે તેનો નાશ થશે. અને જે કાંઈ સ્થિર છે અને જે ધ્રૂજાવી શકાશે નહિ તે રહેશે.

૨૮આપણે દેવનો આભાર માનવો જોઈએ કે આપણને એવું અવિચળ રાજય આપે છે જેને ધ્રુજાવી શકાતું નથી. તેથી આપણે દેવની સેવા ભય અને આદરભાવથી કરવી જોઈએ જેથી તે પ્રસન્ન થાય. ૨૯કેમ કે આપણો દેવ ભસ્મ કરી નાખનાર અગ્નિ છે.

**૧૩** તમે ખ્રિસ્તમાં ભાઈઓ અને બહેનો છો આથી એકબીજા પર પ્રીતિ કરવાનું ચાલુ રાખો. ૨મહેમાનોનો સત્કાર કરવાનું ના ભૂલશો. એમ કરવાથી કેટલાક લોકોએ અજાણતા પણ આકાશના દૂતોનું સ્વાગત કર્યુ છે. ૩જેઓ જેલમાં છે તેઓને ભૂલો નહિ, જાણે તમે તેઓની સાથે જેલમાં હોય એમ તેઓની યાતનાઓના સહભાગી બનો. અત્યાચાર સહન કરે છે તેઓની સ્થિતિમાં તમે પણ છો એમ માની તેઓના દુ:ખમાં સહભાગી બનો.

૪સર્વમાં લગ્ન માન યોગ્ય માનો. લગ્નમાં બે જણ વચ્ચેના સંબંધો શુદ્ધ હોવા જોઈએ. જેથી બિછાનું નિર્મળ રહે; કેમ કે દેવ લંપટોનો તથા વ્યભિચારીઓનો ન્યાય કરશે. ૫નાણાનાં લોભથી દૂર રહો તમારી પાસે જેટલું હોય તેટલામાં સંતોષ માનો. દેવે કહ્યું છે:

"હું તને કદી મૂકી દઈશ નહિ; અને તને તજીશ
પણ નહિ." પુનર્નિયમ ૩૧:૬

૬તેથી જરા પણ સંકોચ રાખ્યા વગર આપણે કહી શકીએ કે,

"પ્રભુ મને સહાય કરનાર છે; હું બીહિશ નહિ.
માણસ મને શું કરનાર છે?"

*ગીતશાસ્ર ૧૧૮:૬*

૭તમને દેવના વચનો શીખવનાર તમારા આગેવાનોને યાદ કરો. તેઓ જે રીતે જીવ્યા અને તેમનું જીવન પૂર્ણ કર્યું તેનો વિચાર કરો અને તેઓની માફક દેવમાં વિશ્વાસ રાખો. ૮ઈસુ ખ્રિસ્ત ગઈકાલે આજે અને સદાને માટે એવો ને એવો જ છે.

૯તમે દરેક જાતના વિચિત્ર ઉપદેશથી ભરમાઈ જશો નહિ. જે તમને અવળા માર્ગે દોરી જાય, સાચી વસ્તુ એ છે કે દેવની કૃપાથી જ તમારા હૃદયને બળવાન બનાવવું. ખોરાક વિષેના નિયમો પાળવાથી એ મળતું નથી. આ નિયમો પાળનારને કશો જ ફાયદો થતો નથી.

૧૦અમારી પાસે બલિદાન છે. પરંતુ યાજકો જેઓ પવિત્ર મંડપોમાં સેવા કરે છે તેઓ તે બલિદાનમાંથી ખાઈ શકતા નથી. ૧૧યહૂદી નિયમ પ્રમાણે પ્રમુખયાજક વધ કરેલાં પશુઓનું રકત પવિત્ર સ્થાનમાં લઈ તો જતાં હતા, પરંતુ પાપો માટે તે પશુઓના શરીર શહેર બહાર બાળી નાખવામાં આવતા. ૧૨આ કારણને લીધે અને તેના લોકોને તેની પોતાના લોહી સાથે પવિત્ર બનાવવાના હેતુથી ઈસુ દુ:ખ ભોગવીને શહેરની બહાર મરણ પામ્યો. ૧૩આપણે પણ શહેરની બહાર એટલે કે છાવણીની બહાર તેની પાસે જવું જોઈએ. અને તેની સાથે તેણે જે દુ:ખ તથા અપમાન સહન કર્યા છે તે આપણે સ્વીકારીએ. ૧૪આ પૃથ્વી પર જે શહેર છે તે આપણું કાયમી ઘર નથી. આપણે સદાકાળ થનાર ભવિષ્યમાં જે મળવાનું છે તે શહેરની રાહ જોઈ રહ્યા છીએ. ૧૫તેથી ઈસુ દ્વારા આપણા અર્પણો દેવને આપવાનું સતત ચાલુ રાખવાનું છે. તેનું નામ કબૂલ કરનારા હોઠોના ફળનું અર્પણ એ આપણી સ્તુતિ છે. ૧૬બીજાના માટે ભલું કરવાનું ભૂલશો નહિ. તમારી પાસે જે કાંઈ છે તે બીજા સાથે વહેંચો. કારણ કે દેવ આવાં અર્પણોથી પ્રસન્ન થાય છે. ૧૭તમારા આગેવાનોની આજ્ઞા માનો અને તેમની સત્તાને આધીન થાઓ. તેઓ હિસાબ રાખનારાઓની જેમ તમારા આત્માઓની ચોકી કરે છે. એ માટે કે તેઓ આનંદથી તે કરે. પણ શોકથી નહિ, કારણ કે એથી તમને ગેરલાભ થશે.

૧૮અમારા માટે પ્રાર્થના કરો, કેમ કે અમે જે કરીએ છીએ, તે અમને ન્યાયી લાગે છે. કારણ કે અમારો ધ્યેય

હંમેશા જે સૌથી ઉત્તમ છે તે કરવાનો છે. [૧૯]હું તમને
વિનંતી કરું છું, આના માટે ખાસ પ્રાર્થના કરો અને તમે
મારા માટે પ્રાર્થના કરો જેથી હું તમારી પાસે જલદી
પાછો આવી શકુ. બીજી કોઈ વસ્તુ નહિ પણ મારે
આજ જોઈએ છે. [૨૦-૨૧]હવે આપણા પ્રભુ ઈસુ ઘેંટાઓના
મહાન ભરવાડ છે. તેણે પોતાના રકતથી સર્વકાળના
કરાર પર મહોર લગાવી અને દેવે તેને મરણમાંથી
સજીવન કર્યો. તે શાંતિનો દેવ છે. તમને પ્રત્યેક સારી
વસ્તુઓમાં પરિપૂર્ણ બનાવો તેથી તમે તેની ઈચ્છાઓ
પૂર્ણ કરી શકો. વળી આપણામાં ઈસુ ખ્રિસ્ત દ્વારા જે
વસ્તુઓ તેને પ્રસન્ન કરે છે તે કરવા દો. ઈસુનો ગૌરવ
સદાસર્વકાળ હો. આમીન. [૨૨]મારા ભાઈઓ અને બહેનો,
મેં જે તમને કહ્યું છે તે તમને ધ્યાનથી સાંભળવા વિનંતી
કરું છું. તમને મજબૂત કરવા મેં કહ્યુ છે અને ટૂંકમાં
લખ્યું છે. [૨૩]ભાઈઓ મારે તમને એ જણાવવું છે કે
તિમોથી હવે જેલમાંથી છૂટયો છે, જો તે અહીં વહેલો
આવશે તો, હું તેની સાથે તમારી પાસે આવીને તમને
મળીશ.

[૨૪]તમારા બધા જ આગેવાનોને તથા દેવના સંતોને
મારા તરફથી સલામ પાઠવશો. ઈટાલીમાંના સંતો તમને
સલામ કહે છે.

[૨૫]તમ સર્વના પર દેવની કૃપા (દયા) હો.

# યાકૂબનો પત્ર

**૧** દેવના તથા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સેવક યાકૂબની વિશ્વમાં ચારેબાજુએ વિખેરાઈ ગયેલાં પ્રભુના લોકોને શુભેચ્છા.

### વિશ્વાસ અને ડહાપણ

૨મારા ભાઈઓ અને બહેનો, તમને વિવિધ જાતનાં પરીક્ષણો થશે. પરંતુ તમારે ઘણા આનંદથી રહેવું. ૩શા માટે? કારણ કે તમે એ જાણો છો કે તમારો વિશ્વાસ પરીક્ષણમાંથી સફળ થાય છે ત્યારે તમારી ધીરજ વધે છે. ૪અને અંત સુધી તમારી ધીરજને ચાલુ રહેવા દો. જેથી તમે પૂર્ણ બનો. તમારે જેની જરૂરિયાત છે તેની ઉણપ ન રહે. ૫પણ જો તમારામાંથી કોઈને પણ ડહાપણની જરૂર હશે, અને તમે દેવ પાસે તે માટે માગણી કરશો, તો તે તમને આપશે. દેવ સર્વને ઉદારતાથી ઠપકો આપ્યા વિના ડહાપણ આપે છે. ૬પરંતુ દેવ પાસે તમે જે કંઈ પણ માગો ત્યારે તમારે ખૂબ જ વિશ્વાસથી અને તમારા મનમાં શંકા રાખ્યા વિના માગવું જોઈએ. દેવ વિષે જે કોઈ વ્યકિત શંકા કરે છે તે પવનના ઊછળતા તથા સમુદ્રનાં ઊછળતા, અફળાતા મોંજા જેવો છે. ૭-૮જે વ્યકિત શંકા કરે છે તે એક સાથે બે જુદી જુદી વસ્તુઓનો વિચાર કરે છે, એ શું કરે છે તે વિષે તે કંઈ જ નક્કી કરી શકતો નથી. એવા માણસો પ્રભુ પાસેથી કઈંક મેળવશે તેવો વિચાર પણ ના કરવો જોઈએ.

### સાચી-સંપતિ

૯જો વિશ્વાસ રાખનાર ગરીબ હોય તો, તેણે ગર્વ લેવો જોઈએ કેમ કે દેવે તેને આત્મીક સમૃદ્ધિ આપી છે. ૧૦જો કોઈ વિશ્વાસુ માણસ શ્રીમંત હોય તો તેણે ગર્વ લેવો જોઈએ કે દેવે તેને બતાવ્યું છે કે તે આત્માથી ગરીબ છે. અને જંગલનાં ફૂલની માફક તે મૃત્યુ પામશે. ૧૧સૂર્ય ઊગે છે અને ગરમી વધતી જાય છે. તેની ગરમીથી છોડ સુકાઈ જાય છે. ફૂલો ખરી પડે છે. ફૂલ સુંદર હતું પણ તે કરમાઈ ગયું તેવું જ શ્રીમંત માણસ માટે છે. જયારે તે પોતાના ધંધા માટે યોજનાઓ કરતો હશે તે અરસામાં તો તે મૃત્યુ પામશે.

### પરીક્ષણ દેવ તરફથી આવતું નથી

૧૨જે વ્યકિત પરીક્ષણમાં પાર ઊતરે છે તે સુખી થાય છે. કારણ પરીક્ષણમાંથી પાર ઊતરનાર વ્યકિત દેવમાં વિશ્વાસ વ્યકત કરે છે. તેથી દેવ તેને બદલામાં અનંતજીવન આપશે. બધા લોકો જે દેવને ચાહે છે તે દરેકને દેવે આ વચન આપ્યું છે. ૧૩જો કોઈ ખરાબ કરવા લલચાય, તો તેણે એમ ન કહેવું જોઈએ કે, "દેવે મારુ પરીક્ષણ કર્યુ છે." કારણ કે દુષ્ટતાથી દેવનું કદાપિ પરીક્ષણ થતું નથી કારણ કે દેવ ખરાબ કરવા કોઈને પરીક્ષણમાં નાખતો નથી. ૧૪દુષ્ટ વાસનાઓ માણસને લલચાવે છે અને તેની પોતાની દુષ્ટ ઈચ્છાઓ તેને પરીક્ષણ તરફ ખેંચી જાય છે. ૧૫દુષ્ટ ઈચ્છાઓ પાપ કરાવે છે. અને પાપ વધી જાય છે અને તે મોત નિપજાવે છે.

૧૬તેથી મારા વહાલા ભાઈઓ અને બહેનો, આ વિષે છેતરાશો નહિ. ૧૭દરેક ઉત્તમ વસ્તુ દેવ પાસેથી જ આવે છે અને બધી જ પરિપૂર્ણ ભેટો પ્રભુ તરફથી આવે છે. સર્વ પ્રકાશોના પિતા પાસેથી આ બધી જ શુભ વસ્તુઓ (સૂરજ, ચંદ્ર, તારા) આવે છે. દેવ કદી બદલાતો નથી. તે સદાય એ જ રહે છે. ૧૮દેવે સત્યના વચન દ્વારા આપણને જીવન આપવા નિશ્ચય કર્યો છે. જગતમાં જે તેણે બનાવ્યું છે તેમાં આપણને એ બધામાં ખૂબ જ મહત્વના બનાવ્યા છે.

### સાંભળવું અને અનુસરવું

૧૯મારા વહાલા ભાઈઓ અને બહેનો, હંમેશા બોલવામાં ધીમા રહો. કાળજીપૂર્વક ધ્યાનથી સાંભળવા આતુર રહો. સહેલાઈથી ગુસ્સે ના થાઓ. ૨૦દેવની ઈચ્છા પ્રમાણે સાચું જીવન જીવવામાં વ્યકિતનો ગુસ્સો મદદ કરતો નથી. ૨૧માટે તમારા જીવનમાં રહેલી બધાં જ પ્રકારની દુષ્ટતાઓ અને બધા જ પ્રકારના દુષ્કૃત્યોથી દૂર રહો. નમ્ર બનો અને તમારા હૃદયમાં રોપેલું દેવનું વચન ગ્રહણ કરો. તે જ દેવનું શિક્ષણ તમારા આત્માઓને તારવાને શકિતમાન છે.

૨૨દેવના શિક્ષણ પ્રમાણે જ વર્તો; સંદેશો ફકત

સાંભળવા માટે નથી પરંતુ અમલમાં મૂકવા માટે છે,
તેથી તમે તમારી જાતને છેતરશો નહિ. ૨૩જે વ્યકિત
ફકત સાંભળે છે પણ અમલમાં મૂકતો નથી, તે પોતાનું
મુખ આરસીમાં જોનારના જેવો છે. ૨૪તે પોતાને જુએ
છે, પછી ત્યાંથી ખસી જાય છે, એટલે તે પોતે કેવો
હતો, એ તે તરત જ ભૂલી જાય છે. ૨૫પરંતુ ખરેખર
સુખી માણસ તો એ વ્યકિત છે જે ધ્યાનપૂર્વક સંપૂર્ણ નિયમનો અભ્યાસ કરે છે કે જે લોકોને મુકત કરે છે. અને તે તેનો અભ્યાસ ચાલુ રાખે છે. તેણે જે સાંભળેલું છે તે ભૂલતો નથી. તે દેવનાં વચનોને સાંભળે છે. પછી તે દેવ જે શિક્ષણ આપે છે તેને અનુસરે છે. અને આમ કરવાથી તે તેની જાતને સુખી બનાવે છે.

### દેવની ભકિતનો સાચો રસ્તો

૨૬જે વ્યકિત પોતાને ધાર્મિક (સારો) માને છે પણ
જો પોતાની જીભ પર કાબુ રાખતો નથી તો તે પોતાને
છેતરે છે. અને તેની ધાર્મિકતાને નિરર્થક બનાવે છે.
૨૭દેવની દષ્ટિમાં ધાર્મિક એ છે કે જે અનાથ અને વિધવાઓની તેમના દુ:ખના સમયે મુલાકાત લે છે તથા જગતની દુષ્ટતાથી દૂર રહી પોતાની જાતને નિષ્કલંક રાખી, દેવની ઈચ્છાને આધીન રહે છે.

### બધા લોકોને પ્રેમ કરો

૨ મારા વહાલા ભાઈઓ અને બહેનો, તમે આપણા
મહિમાવાન પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ ધરાવો
છો. તો એવું ના માનશો કે કેટલાએક લોકો બીજા લોકો
કરતાં અગત્યના છે. ૨ધારો કે કોઈ વ્યકિત તમારી સભામાં
સુંદર કપડાં અને સોનાની વિંટી પહેરીને આવે, જયારે
બીજો ગરીબ માણસ ફાટેલા જૂનાં વસ્ત્રો પહેરીને આવે.
૩જો તમે સારાં કપડાં પહેરેલાં માણસ તરફ ખાસ ધ્યાન
આપો છો. અને તમે તેને કહો છો કે, "આ સારા આસને
બેસ;" જ્યારે ગરીબ માણસને તમે કહેશો કે, "તું ત્યાં
ઊભો રહે," અથવા, "મારા પગના આસન પાસે બેસ!"
૪આ તમે શું કરો છો? આ રીતે ખરાબ વિચારોથી તમારામાં બીજાઓ કરતાં કયા માણસો અગત્યના છે તે તમે નકકી કરો છો.

૫મારા વહાલા ભાઈઓ અને બહેનો! ધ્યાનથી
સાંભળો, આ દુનિયાના ગરીબ લોકો વિશ્વાસમાં ધનવાન
બને અને દેવે પોતાના પ્રેમ રાખનારાઓને જે રાજય
આપવાનું વચન આપ્યું છે તે પ્રાપ્ત કરે માટે દેવે તેઓને
પસંદ કર્યા છે. ૬પણ તમે ગરીબ લોકોને બિલકુલ માન
આપતા નથી. અને તમે જાણો છો કે શ્રીમંત લોકો જ
તમારું શોષણ કરે છે. અને તમને ન્યાયાસન આગળ
ઘસડી જાય છે. ૭એ તે લોકો છે, જેઓ ઉત્તમ નામથી
ઓળખાય છે, તેઓની નિંદા કરે છે.

૮જો તમે પવિત્રલેખમાં આપેલા જે રાજમાન્ય નિયમ
છે તેને અનુસરશો, એટલે કે, "તું પોતાના જેવો પોતાના
પડોશી પર પ્રેમ રાખ."* એનું જો તમે પુરેપુરુ પાલન
કરો છો તો તમે ઘણું સારું કરો છો. ૯પણ જો તમે એક
વ્યકિતને બીજા કરતાં વધુ મહત્વ આપશો, તો તમે
પાપ કરો છો, એ રીતે તમે દેવના નિયમનો ભંગ કરો
છો તેમ સાબિત થાય છે. ૧૦કોઈ વ્યકિત આખા
નિયમશાસ્રનું પાલન કરે, પણ જો એક આજ્ઞાનો ભંગ
કરે, તો તે નિયમની બધી જ આજ્ઞાઓનો ભંગ કરનાર
જેટલો જ ગુનેગાર ઠરે છે. ૧૧દેવે કહ્યું છે કે, "તું વ્યભિચારનું
પાપ ન કર."* તે જ દેવે એમ પણ કહ્યું છે કે, "હત્યા
ન કર."* માટે જો તમે વ્યભિચારનું પાપ ન કરો અને
કોઈકની હત્યા કરો તો તમે દેવના બધા જ નિયમોનો
ભંગ કરો છો". ૧૨તમે જે કંઈ કરો કે કહો ત્યારે યાદ
રાખો કે સ્વતંત્રતા આપનાર તેના આધારે જ નિયમ
દ્વારા તમારો ન્યાય કરશે. ૧૩હા, તમારે બીજા લોકો પર
દયા બતાવવી જ જોઈએ. જો કોઈ વ્યકિત બીજા લોકો તરફ દયા નહિ રાખે તો, દેવ તેને દયા રાખ્યા વગર ન્યાય આપશે કારણ ન્યાય પર દયાનો વિજય હોય છે.

### વિશ્વાસ અને સારા કાર્યો

૧૪મારા વહાલા ભાઈઓ અને બહેનો, કોઈ કહે કે
તેને વિશ્વાસ છે, પણ તે પ્રમાણે વર્તનમાં ન મૂકે, તો શો
ફાયદો? શું એવો વિશ્વાસ તેનો ઉદ્ધાર કરી શકે? ના!
૧૫ખ્રિસ્તમાં કેટલાએક ભાઈઓ અને બહેનોને દિવસ
દરમિયાન કપડાં પહેરવા ન મળે અને રોજનો પૂરતો
ખોરાક ન હોય. ૧૬અને તમારામાંનો કોઈ તેઓને કહે
કે, "દેવ તમારી સાથે રહો, શાંતિથી જાઓ, તાપો અને
તૃપ્ત થાઓ;" છતાં શરીરને જે જોઈએ તે ખોરાક કે
કપડાં ન આપો તો તમારા શબ્દો નકામાં છે. ૧૭એવું જ
વિશ્વાસ માટે છે, વિશ્વાસમાં જો કરણી ન હોય, તો તે તેની જાતે મૃતપ્રાય છે, વિશ્વાસ એકલો પૂરતો નથી, કારણ કે કરણીઓ વિનાનો વિશ્વાસ એ વિશ્વાસ નથી.

૧૮કોઈ વ્યકિત કહેશે કે, "તને વિશ્વાસ છે, પણ
મારી પાસે કરણીઓ છે." હું તેને જવાબ આપીશ કે,
"તારી પાસે જે વિશ્વાસ છે તે તારી કરણીઓ વિના મને

---

**"તું પોતાના ... પ્રેમ રાખ"** લે. ૧૯:૧૮.

**"તું વ્યભિચાર ... ન કર"** લે. ૧૯:૧૮.

**"હત્યા ન કર"** નિ. ૨૦:૧૩; પુન. ૫:૧૭.

બતાવ અને હું મારો વિશ્ર્વાસ મારી કરણીઓથી તને બતાવીશ." [૧૯]દેવ એક જ છે એવું તમારુ માનવું તે સારું છે! ભૂતો પણ એવો જ વિશ્ર્વાસ કરે છે! અને તેઓ બીકથી ધ્રુજે છે.

[૨૦]ઓ મૂર્ખ માણસ! શું તારે જાણવું છે? વિશ્ર્વાસ વગરનું કામ વ્યર્થ છે તેની આજ્ઞા પ્રમાણે કામ ન કરવું તે પણ નકામું છે. [૨૧]આપણા પૂર્વજ ઈબ્રાહિમે જયારે પોતાના પુત્ર ઈસહાકને યજ્ઞવેદી પર બલિદાન માટે આપ્યો. તેના એ કાર્યને લીધે તેને ન્યાયી ઠરાવવામાં આવ્યો. [૨૨]તું જુએ છે કે, ઈબ્રાહિમ વિશ્ર્વાસને લીધે બધું જ કરવા તૈયાર હતો. તેનાં સારા કાર્યોથી તેનો વિશ્ર્વાસ સંપૂર્ણ કરાયો. [૨૩]આ શાસ્રનો પૂર્ણ અર્થ સમજાવે છે કે: "ઈબ્રાહિમે દેવ પર વિશ્ર્વાસ કર્યો. અને દેવે ઈબ્રાહિમના વિશ્ર્વાસને સ્વીકાર્યો, તે વિશ્ર્વાસે ઈબ્રાહિમને દેવની નજરમાં ન્યાયી ઠરાવ્યો."* ઈબ્રાહિમને "દેવનો મિત્ર"* કહેવામાં આવ્યો. [૨૪]તેથી તમે જુઓ માણસ તેના વિશ્ર્વાસ એકલાથી નહિ પરંતુ સારી કરણીઓથી માણસને ન્યાયી ઠરાવવામાં આવે છે.

[૨૫]તે જ પ્રમાણે રાહાબ વેશ્યાનું ઉદાહરણ છે. જાસૂસોનો સત્કાર કર્યો અને બીજે માર્ગેથી સહીસલામત બહાર મોકલી દીધા. આમ તેણે જે કાંઈ કર્યું છે તેથી તેને ન્યાયી ઠરાવવામાં આવી.

[૨૬]કારણ કે જે રીતે શરીર આત્મા વિના નિર્જીવ છે, તે જ રીતે વિશ્ર્વાસ પણ કરણીઓ વગર નિર્જીવ છે!

## વાણી પર સંયમ

૩ વહાલા ભાઈઓ અને બહેનો, તમારામાંના ઘણા ઉપદેશકો બનવાનું પસંદ ન કરે. કેમ કે ઉપદેશકો થઈને તો બીજાઓ કરતાં કડક શિક્ષાને પાત્ર ઠરીએ છીએ. [૨]આપણે બધા ઘણીજ ભૂલો કરીએ છીએ. જો કોઈ એવો માણસ હોય કે બોલવામાં કોઈ પણ ભૂલ ન કરે, ખરાબ ન બોલે, તો એ એક સંપૂર્ણ વ્યકિત છે અને તે તેની જીભ ઉપર અંકુશ રાખવા શકિતમાન છે, તે સાબિત થાય છે. [૩]ઘોડા જેવા પ્રાણીના મોમાં એક નાની લગામ રાખીને આપણે આપણી ઈચ્છા પ્રમાણે તેના આખા શરીરને ફેરવીએ છીએ. [૪]એજ પ્રમાણે એક સુકાની ગમે તેટલા મોટા વહાણને એક નાના સુકાન વડે પોતે ધારે તે નિશ્ચિત માર્ગે, ધારે તે દિશામાં ચલાવી શકે છે. પછી ભલેને ભારે પવન ફુંકાતો હોય. [૫]એજ પ્રમાણે જીભ પણ એક નાનો અવયવ છે, છતાં તે મોટી વાતો કરવા બડાશ મારે છે.

અગ્નિની નાની ચીનગારી મોટા જંગલને સળગાવી શકે છે. [૬]જીભ એક અગ્નિની જવાળા જેવી છે. તે આપણા શરીરના અવયવોમાં દુષ્ટતાના જગત જેવી છે. અને આપણા અસ્તિત્વને અસર કરે છે તથા આપણા આખા શરીરને પ્રદુષિત કરે છે, તે નરકમાંથી અગ્નિ પ્રાપ્ત કરીને આગની શરૂઆત કરે છે, જે આપણા સમગ્ર જીવનચક્રને અસર કરે છે. [૭]માણસ પ્રત્યેક પ્રકારના પશુઓ, પક્ષીઓ, પેટે ચાલનારાં અને જળચર પ્રાણીઓને વશ કરી શકે છે અને વશ કર્યા છે પણ ખરાં. [૮]પણ કોઈ પણ માણસ એવો નથી કે જેણે જીભને કાબુમાં રાખી હોય. તે અંકુશ વિનાની ફેલાતી મરકી છે. જીભ પ્રાણઘાતક ઝેરથી ભરપૂર છે જે મારી શકે છે. [૯]એનાથી આપણે પ્રભુની અને આપણા પિતાની (દેવ) સ્તુતિ કરીએ છીએ, અને એજ જીભ વડે દેવની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન થયેલાં માણસોને શાપ પણ આપીએ છીએ. [૧૦]એક જ મુખમાંથી સ્તુતિ તથા શાપ બંન્ને નીકળે છે. ભાઈઓ અને બહેનો, આવું ન જ થવું જોઈએ. [૧૧]શું ઝરણ એક જ મુખમાંથી મીઠું તથા ખારું પાણી આપી શકે? ના! [૧૨]મારા ભાઈઓ અને બહેનો, શું અંજીરી પરથી જૈતફળો અને દ્રાક્ષાવેલા પરથી અંજીરી મેળવી શકાય છે! ના! અને એ રીતે તમે ખારા પાણીના કૂવામાંથી મીઠું પાણી કદી મેળવી શકો નહિ.

## સાચું જ્ઞાન

[૧૩]તમારામાંથી કોઈ ખરેખર જ્ઞાની અને સમજુક માણસ છે? જો એમ હોય તો, તેણે ન્યાયી જીવન જીવીને તેનું સાચું જ્ઞાન બતાવવું જોઈએ. જ્ઞાની માણસ અભિમાન કરતો નથી. [૧૪]તમે સ્વાર્થ અને હૃદયમાં કડવી અદેખાઈ કરવાનું રાખશો તો તમારે અભિમાનનું કોઈ જ કારણ નથી. તમારુ અભિમાન જૂઠાણું છે જે સત્યને ઢાંકી દે છે. [૧૫]આ એવી જાતનું "જ્ઞાન" નથી કે જે દેવ પાસેથી પ્રાપ્ત થતું હોય, તેને બદલે તે જ્ઞાન જગતમાંથી પ્રાપ્ત થાય છે. તે ઐહિક, વિષયી, શેતાન પ્રેરિત છે. [૧૬]જ્યાં અદેખાઈ તથા સ્વાર્થી મહત્વાકાંક્ષા છે, ત્યાં અવ્યવસ્થા તથા સર્વ પ્રકારની ભૂંડાઈ પ્રવર્તતી રહેશે. [૧૭]પણ દેવ તરફથી આવતું જ્ઞાન નિર્મળ, શાંતિપ્રિય, નમ્ર અને ખુલ્લા મનનું, દયા અને ભલાઈથી ભરપૂર છે. સારાં ફળોથી ભરપૂર નિષ્પક્ષપાત તથા દંભરહિત છે. [૧૮]જે લોકો શાંતિ માટે કાર્ય કરે છે તેઓ ન્યાયી જીવનમાંથી આવતાં સારાં વાનાં પ્રાપ્ત કરે છે.

---

**"ઈબ્રાહિમે દેવ ... નજરમાં ન્યાયી ઠરાવ્યો"** ઉત. ૧૫:૬.

**"દેવનો મિત્ર"** ૨ કાળ. ૨૦:૭; યશા. ૪૧:૮.

### દેવને તમારી જાત સોંપો

૪ તમે જાણો છો તમારામાં ઝઘડા અને વાદવિવાદ ક્યાંથી આવે છે? તમારામાં રહેલી સ્વાર્થીવૃત્તિને લીધે થાય છે. ૨તમારી પાસે જે નથી તે પ્રાપ્ત કરવા તમે સ્વાર્થી ઈચ્છા રાખો છો અને તે મેળવવા અદેખાઈ કરો છો અને તેથી તમે હત્યા કરો છો પરંતુ કશું મેળવી શકતા નથી. વળી તે માટે તમે વિવાદ અને ઝઘડા કરો છો. તમારે જે જોઈએ છે તે તમને મળતું નથી કારણ તમે દેવ પાસે માગતા નથી. ૩જ્યારે તમે માગો છો, છતાં તમને મળતું નથી કેમ કે તમારો ઈરાદો સાચો નથી. તમે જે માગો છો તે મોજશોખ માટે માગો છો તેથી તે તમને મળતું નથી. ૪તમે લોકો દેવને વફાદાર નથી! તમારે જાણવું જોઈએ કે જગતને ચાહવું તે દેવને ધિક્કારવા બરાબર છે. તેથી વ્યક્તિ જ્યારે દુનિયાનો એક ભાગ* બનવા ઈચ્છે છે, ત્યારે તે પોતાની જાતને દેવનો દુશ્મન બનાવે છે. ૫તમે શું એમ માનો છો કે શાસ્રનો કશો જ અર્થ નથી? શાસ્ર કહે છે કે; "દેવે જે આપણામાં આત્મા મૂક્યો છે તેથી તે આત્મા તેની જાત માટે જ ઈચ્છે છે." ૬પરંતુ તે તો વધુ ને વધુ કૃપા આપે છે. અને શાસ્ર કહે છે કે; "જે લોકો અભિમાની છે, તેઓની વિરુદ્ધ દેવ છે. પરંતુ જેઓ વિનમ્ર છે તેઓના પર દેવની કૃપા છે."* ૭તેથી તમારી જાત દેવને સોંપી દો. શેતાનની સામા થાઓ, અને શેતાન તમારી પાસેથી નાસી જશે. ૮દેવની નજીક આવો અને દેવ તમારી પાસે આવશે. તમે પાપી છો. તેથી તમારા જીવનમાંથી પાપ દૂર કરો. તમે દુનિયા અને દેવ બંનેને એક સાથે અનુસરવા માગો છો. તમારી વિચારધારાને નિર્મળ બનાવો. ૯તમે ઉદાસ થાઓ, શોક કરો, અને રડો! તમારા હાસ્યને શોકમાં ફેરવો. તમારા આનંદને વિષાદમય બનાવો. ૧૦પ્રભુ આગળ દીન બનો, અને તે તમને મહાન બનાવશે.

### તમે ન્યાયાધીશ નથા

૧૧ભાઈઓ અને બહેનો, એકબીજાની વિરુધ્ધ કશું જ બોલશો નહિ. જો તમે ખ્રિસ્તમાં તમારા ભાઈની ટીકા કરો કે તેનો ન્યાય કરો તો તમે જે નિયમશાસ્રને અનુસરી રહ્યા છો તેની ટીકા કરો છો. જયારે ખ્રિસ્તમાં ભાઈઓનો તમે ન્યાય કરો છો ત્યારે હકીકતમાં તે જે નિયમશાસ્રને અનુસરે છે, તેનો તમે ન્યાય કરો છો અને જયારે તમે નીતિશાસ્રની મૂલવણી કરવા જાઓ ત્યારે તમે તેના શિષ્યો નથી. તમે પોતે જ તેના ન્યાયાધીશ બની જાઓ છો. ૧૨દેવ તે એક જ છે કે જે નિયમશાસ્રની રચના કરે છે. અને તે માત્ર એક જ ન્યાયાધીશ છે. એક દેવ માત્ર તારી શકે છે અને નાશ કરી શકે છે. તેથી અન્ય વ્યકિતનો ન્યાય કરનાર તું કોણ છે?

### દેવને તમારા જીવનનું આયોજન કરવા દો

૧૩તમારામાંના કેટલાએક કહે છે કે, "આજે અથવા કાલે આપણે કોઈ એક શહેર તરફ જઈશું. આપણે ત્યાં એક વર્ષ રહીશું, વેપાર કરીશું અને પૈસા બનાવીશું," સાંભળો! આ વિષે વિચારો: ૧૪કાલે શું થવાનું છે તેની તમને ખબર નથી! તમારુ જીવન શાના જેવું છે? તે તો ફકત એક ધૂમર જેવુ છે. અલ્પ સમય માટે જુઓ છો, અને પછી તે અદ્રશ્ય થઈ જાય છે. ૧૫તેથી તમારે કહેવું જોઈએ કે, "પ્રભુની ઈચ્છા હશે, તો અમે જીવીશું અને આમ કે તેમ કરીશું." ૧૬પરંતુ અત્યારે તમે અભિમાની અને અહંકારી છો. આ બધો જ અહંકાર ખોટો છે. ૧૭અને જે વ્યકિત ભલું કરી જાણે છે અને છતાં તે ન કરે તો તે પાપ કરે છે.

### સ્વાર્થી શ્રીમંતો શિક્ષાને પાત્ર

૫ તમે શ્રીમંતો, સાંભળો! રુદન કરો અને ખૂબ જ વ્યથિત થાવ. કારણ કે ઘણા સંકટો તમારા પર આવવાનાં છે. ૨વળી તમારી સમૃદ્ધિ સડી ગઈ છે, અને તેનું મૂલ્ય કશું જ રહ્યું નથી, તમારા વસ્રો જીવજંતુ ખાઈ જશે. ૩તમારું સોનું અને ચાંદી કટાઈ જશે, અને તેનો કાટ તમારા ખોટાપણાની સાબિતી બનશે તે કાટ અગ્નિની પેઠે તમારાં શરીરને ભરખી જશે. અંતકાળ સુધી તમે તમારો ખજાનો સંઘરી રાખ્યો છે. ૪લોકોએ તમારાં ખેતરોમાં કામ કર્યું, પરંતુ તમે તેમને વળતર ચૂકવ્યું નહીં તે લોકો તમારી વિરુદ્ધ રુદન કરી રહ્યાં છે તે લોકોએ તમારા પાકની લણણી કરી. હવે આકાશના લશ્કરોના પ્રભુએ તેઓની બૂમો સાંભળી છે. ૫તમે પૃથ્વી પર મોજશોખ અને વિલાસી જીવન જીવો છો. તમે કાપાકાપીના દિવસ માટે તૈયાર પ્રાણીની જેમ તમારી જાતને સ્થૂળ બનાવી દીધી છે. ૬ન્યાયી પ્રત્યે તમે કોઈ દયા બતાવી નથી. તેઓ તમારી વિરુદ્ધ નહોતા, છતાં તમે તેઓને મારી નાખ્યાં છે.

### ધીરજવાન બનો

૭ભાઈઓ અને બહેનો, ધીરજ રાખો, પ્રભુ ઈસુ

---

**ભાગ** મિત્ર

**"જે લોકો અભિમાની ... દેવની કૃપા છે"** નીતિ. ૩:૩૪.

આવશે; તેથી તે સમય સુધી ધીરજ રાખો. ખેડૂતો
ધીરજવાન છે. ખેડૂત પોતાનો મૂલ્યવાન પાક
જમીનમાંથી ઊગે ત્યાં સુધી રાહ જુએ છે. ખેડૂત ધીરજથી
પોતાના પાકને મળનાર પ્રથમ વરસાદ અને અંતિમ
વરસાદની રાહ જુએ છે. ૮તમારે પણ ધીરજવાન થવું
જોઈએ, આશા ન છોડશો. પ્રભુ ઈસુ ઘણો જલ્દી આવી
રહ્યો છે. ૯ભાઈઓ અને બહેનો, એકબીજાની વિરુદ્ધ
ફરિયાદ ન કરો. જો તમે ફરિયાદ કરતા નહિ અટકશો,
તો તમે દોષિત થશો. ન્યાયાધીશને આવવાની તૈયારી
છે! ૧૦ભાઈઓ અને બહેનો, જે પ્રબોધકો એ પ્રભુ વિશે
વાત કરેલી તેના ઉદાહરણને અનુસરો. તેઓએ ઘણી
ખરાબ વસ્તુઓ સહન કરી, પણ તેઓએ ધીરજ રાખી.
૧૧જેઓએ ધીરજ રાખી છે તે લોકોને ધન્ય છે. તેઓ
અત્યારે સુખી છે. અયૂબની ધીરજ વિષે તમે સાંભળ્યું
છે અને પ્રભુથી જે પરિણામ આવ્યું તે ઉપરથી તમે
જોયું છે કે, પ્રભુ ઘણો દયાળુ તથા કૃપાળુ છે.

### તમારી વાણી અંગે સાવધ રહો

૧૨મારા ભાઈઓ અને બહેનો, જયારે તમે વચન
આપો ત્યારે સમ ન ખાઓ. તે ખૂબ જ મહત્વનું છે કે
તમે જે કહો છો તેને સાબિત કરવામાં આકાશ, ધરતી
અથવા બીજી કોઈ પણ વસ્તુના નામના સમ ન ખાઓ.
જયારે તમે હકારાત્મક છો ત્યારે માત્ર "હા" કહો અને
નકારાત્મક છો, ત્યારે માત્ર "ના" કહો. આમ કરો કે
જેથી તમે ગુનેગાર ન ઠરો.

### પ્રાર્થનાનું સામર્થ્ય

૧૩જો તમારામાં કોઈ દુ:ખી હોય, તો તેણે પ્રાર્થના
કરવી જોઈએ. અને જો કોઈ આનંદિત બને તો, તેણે
સ્તોત્ર ગાવું જોઈએ. ૧૪જો તમારામાંનું કોઈ માંદુ પડે
તો, તેણે મંડળીના વડીલોને બોલાવવા જોઈએ.
વડીલોએ પ્રભુના નામે તેને તેલ ચોળીને તેને માટે
પ્રાર્થના કરવી જોઈએ. ૧૫અને વિશ્વાસથી કરેલી પ્રાર્થના
માંદા માણસને સાજો કરે છે. પ્રભુ તેને સાજો કરશે.
અને આ માણસે જો પાપ કર્યા હશે તો દેવ તેને માફ
કરશે. ૧૬તમે જે ખરાબ કામ કર્યા હોય તે એકબીજાને
કહો. અને પછી એકબીજા માટે પ્રાર્થના કરો. આમ કરો
કે જેથી દેવ તમને સાજા કરી શકે. જો સારો માણસ
આગ્રહથી પ્રાર્થના કરે તો મહાન કાર્યો થાય છે. ૧૭એલિયા
સ્વભાવે આપણા જેવી જ વ્યકિત હતી. તેણે પ્રાર્થના
કરી કે વરસાદ ન પડે. અને સાડા ત્રણ વરસ સુધી
પૃથ્વી પર વરસાદ ન પડયો! ૧૮પછી એલિયાએ પ્રાર્થના
કરી કે વરસાદ પડે. અને આકાશમાંથી વરસાદ પડયો,
અને ધરતીમાંથી પાક ઊગી નીકળ્યો.

### આત્માનો ઉધ્ધાર

૧૯મારા ભાઈઓ અને બહેનો, જો તમારામાંનો કોઈ
સત્યમાંથી ભૂલો પડે તો બીજી વ્યકિત તેને સત્ય તરફ
પાછા વળવા મદદરૂપ બને. ૨૦યાદ રાખો: જે વ્યકિત
પાપીને ખોટા માર્ગથી પાછી વાળે છે, તે વ્યકિત તે
વ્યકિતના પ્રાણને મોતમાંથી બચાવે છે. આમ તે પાપોની
ક્ષમા માટે નિમિત્ત બને છે.

# પિતરનો પહેલો પત્ર

૧ ઈસુ ખ્રિસ્તનો પ્રેરિત પિતર, તરફથી કુશળતા હો. દેવની પસંદગી પામેલા લોકો જોગ જેઓ તેઓના ઘરથી દૂર પોન્તસ, ગલાતિયા, કપ્પદોકિયા, આસિયા અને બિથૂનિયાના વિવિધ વિસ્તારોમાં પથરાયેલા છે. [૨]દેવ બાપે ઘણા સમય પહેલા તેના પવિત્ર લોકો બનાવવા તમને પસંદ કર્યા હતા. તમને પવિત્ર કરવાનું કામ આત્માનું છે. દેવ ઈચ્છતો હતો કે તમે તેને આજ્ઞાંકિત બનો. અને ઈસુ ખ્રિસ્તના રક્ત (મરણ) દ્વારા તમે શુદ્ધ બનો. તમારા પર કૃપા (દયા) અને શાંતિ પુષ્કળ થાઓ.

### જીવંત આશા

[૩]આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના દેવ તથા બાપને ધન્યવાદ હો. દેવ ઘણો કૃપાળુ છે, અને તેની દયાથી આપણને નવજીવન પ્રાપ્ત થયું છે. અને ઈસુ ખ્રિસ્તના મૂએલાંમાંથી પુનરુત્થાન દ્વારા આ નવજીવન આપણામાં જીવંત આશા અંકુરિત કરે છે. [૪]હવે દેવનાં બાળકો પ્રત્યેના તેના આશીર્વાદોની આપણને આશા છે. તમારા માટે આ આશીર્વાદો આકાશમાં સ્થાપિત કરાયા છે. આ આશીર્વાદો અવિનાશી છે. તેને નષ્ટ ન કરી શકાય. તે તેમની સુંદરતા ગુમાવતા નથી. [૫]તમારા વિશ્વાસ થકી દેવનું સામર્થ્ય તમારું રક્ષણ કરે છે, અને તમારું તારણ થાય ત્યાં સુધી તે તમને સલામત રાખે છે. અંતિમ સમયે તમને એ તારણ પ્રાપ્ત થવાની તૈયારીમાં છે. [૬]આ તમને આનંદિત બનાવે છે. પરંતુ હમણા થોડા સમય પૂરતા વિવિધ પ્રકારના પરીક્ષણ તમને કદાચ દુ:ખી બનાવશે. [૭]આ મુશ્કેલીઓ શાથી ઉદભવશે? એ સાબિત કરવા કે તમારો વિશ્વાસ શુદ્ધ (સાચો) છે. વિશ્વાસની આ શુદ્ધતા સોના કરતાં પણ વધુ મૂલ્યવાન છે. દેવ અગ્નિથી સોનું પારખી શકે છે, પરંતુ આમ કરવાથી સોનાનો નાશ થશે. તમારા વિશ્વાસની શુદ્ધતા જ્યારે ઈસુ ખ્રિસ્ત ફરીથી આવશે ત્યારે તમારે માટે સ્તુતિ, માન તથા મહિમા યોગ્ય થાય. [૮]તમે ખ્રિસ્તને જોયો નથી, છતાં તમે તેના પર પ્રીતિ રાખો છો. તમે તેને અત્યારે જોઈ શકતા નથી, છતાં તમે તેના પર વિશ્વાસ રાખો છો. ન સમજાવી શકાય તેવા અવર્ણનીય આનંદમાં તમે તરબોળ છો. અને આ આનંદ મહિમાથી ભરપૂર છે. [૯]તમારા વિશ્વાસનું ફળ તે તમારા આત્માનું તારણ છે. અને તમે તે ફળ દ્વારા તમારું તારણ મેળવી રહ્યા છો. [૧૦]પ્રબોધકોએ ખંતથી અભ્યાસ કરીને આ તારણ વિષે સમજવાનો પ્રયત્ન કર્યો. પ્રબોધકોએ તમારા પર થવાની કૃપા (દયા) વિષે વાત કરી છે. [૧૧]ખ્રિસ્તનો આત્મા તે પ્રબોધકોમાં હતો. અને તે આત્મા ખ્રિસ્તને સહન કરવાની વ્યથા વિષે તેમજ તે વ્યથા પછી આવનાર મહિમા વિષે વાત કરતો હતો. આ આત્મા જે દર્શાવતો હતો તે વિષે સમજવાનો તે પ્રબોધકોએ પ્રયત્ન કર્યો હતો. તેઓ આ ઘટના ક્યારે ઘટશે અને તે વખતે દુનિયા કેવી હશે તે સમજવાનો પ્રયત્ન કર્યો હતો. [૧૨]તે પ્રબોધકોને સમજાવવામાં આવ્યું હતું કે તેઓ જે સેવા કરે છે તે તેઓના પોતાના માટે નહિ, પરંતુ તમારા માટે કરે છે. તેઓએ જે કહ્યું તે તમે જ્યારે સાંભળ્યું ત્યારે તેઓ તમારી સેવા જ કરી રહ્યા હતા. જે માણસોએ તમને સુવાર્તા આપી તેઓએ તમને આ બધી બાબતો કહી છે. તેઓએ આકાશમાંથી મોકલેલા પવિત્ર આત્માની મદદથી તમને આ કહ્યું હતું. તમને જે વાત કહેવામાં આવી હતી તે વિષે દૂતો પણ જાણવા ઉત્સુક છે.

### પવિત્ર જીવન માટે આહવાન

[૧૩]તેથી સેવા માટે તમારા મન તૈયાર કરો, અને તમારી જાતને નિયંત્રણમાં રાખો. ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાની વેળાએ તમને પ્રાપ્ત થનાર કૃપા પર તમારી પૂર્ણ આશા રાખો. [૧૪]ભૂતકાળમાં તમે આ બધું સમજયા નહિ, તેથી તમે ઈચ્છતા હતા તેવા દુષ્ટ કાર્યો તમે કર્યા, પરંતુ હવે તમે દેવના આજ્ઞાંકિત છોકરાં છો. તેથી ભૂતકાળમાં જીવતા હતા તેવું હવે ન જીવશો. [૧૫]પરંતુ જે કંઈ કરો તેમાં દેવ જેવા પવિત્ર બનો. દેવ એક જ છે કે જેણે તમને તેડયા છે. [૧૬]પવિત્ર શાસ્રમાં લખેલું છે કે, "તમે પવિત્ર થાઓ, કારણ કે હું (દેવ) પવિત્ર છું."*

---

**"તમે પવિત્ર ... પવિત્ર છું"** લે. ૧૧:૪૪,૪૫; ૧૯:૨; ૨૦:૭

૧૭તમે દેવની પ્રાર્થના કરો અને તેને બાપ તરીકે સંબોધો. દેવ દરેક વ્યક્તિના કાર્યનો સમાન ન્યાય કરે છે. તેથી જ્યારે તમે અહીં પૃથ્વી પરના પ્રવાસમાં છો, ત્યારે દેવનો ભય (માન) રાખીને જીવો. ૧૮તમે જાણો છો કે ભૂતકાળમાં તમે નિરર્થક જીવન જીવતા હતા. તમારા પહેલા જીવી ગયેલા લોકો પાસેથી તમને આવું જીવન વારસામાં મળ્યું હતું. પરંતુ તે પ્રકારની જીવન પદ્ધતિમાંથી તમને બચાવી લેવામાં આવ્યા છે, તમને ખરીદવામાં આવ્યા છે. પરંતુ સોના કે ચાંદી જેવી નાશવંત વસ્તુઓથી નહિ. ૧૯તમે તો ખ્રિસ્તના અમૂલ્ય રક્ત (મૃત્યુ) થી ખરીદાયા છો કે જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન છે. ૨૦આ જગતની રચના પહેલા ખ્રિસ્તની પસંદગી થઈ હતી. પરંતુ આ અંતિમ સમયમાં તમારી ખાતર જગતમાં ખ્રિસ્ત પ્રગટ થયો. ૨૧ખ્રિસ્ત થકી તમે દેવમાં વિશ્વાસ કરો છો. દેવે ખ્રિસ્તને મૂએલાંમાંથી ઉઠાડયો અને તેને મહિમા બક્ષ્યો. તેથી તમારો વિશ્વાસ અને તમારી આશા દેવમાં છે. ૨૨હવે સત્યને અનુસરીને તમે તમારી જાતને નિર્મળ બનાવી છે. હવે તમે તમારા ભાઈઓ અને બહેનો માટે સંપૂર્ણ હૃદયથી તથા બળથી પ્રીતિ કરો. ૨૩તમે પુનર્જન્મ પામ્યા છો. આ નવજીવન વિનાશી બીજમાંથી આવ્યું નથી. પરંતુ અવિનાશીથી તમને આ નવજીવન પ્રાપ્ત થયું છે. દેવના જીવંત તથા સદાકાળ રહેનાર વચન વડે તમને પુનર્જન્મ આપવામાં આવ્યો છે. ૨૪પવિત્રશાસ્ત્ર કહે છે કે,

"લોકો અમર નથી, તેઓ તો ઘાસ જેવા છે. અને
તેઓનું સઘળું ગૌરવ ઘાસના ફૂલ જેવું છે. ઘાસ
સુકાઈ જાય છે. અને ફૂલ ખરી પડે છે.
૨૫ પરંતુ પ્રભુનું વચન સદાકાળ રહે છે."

*યશાયા ૪૦:૬–૮*

અને જે સુવાર્તાનું વચન તમને પ્રગટ કરવામાં આવ્યું હતું તે એ જ છે.

### જીવંત પથ્થર અને પવિત્ર પ્રજા

**૨** તેથી બીજા લોકોને નુકસાન પહોંચે કે તમને માનસિક દુ:ખ થાય તેવું કશું જ ન કરો. અસત્ય ન બોલશો, લોકોને મૂર્ખ બનાવવા માટે કોઈ કાર્ય ન કરો. ઈર્ષાળુ ન થાઓ, અદેખાઈ ન કરો. આ બધી જ વસ્તુઓ તમારા જીવનમાંથી દૂર કરો. ૨નવાં જન્મેલાં બાળકોની પેઠે નિષ્કપટ આત્મિક દૂધ (શિક્ષણ) માટે ભૂખ્યા રહી આતુર બનો. આનું પાન કરવાથી તમારો વિકાસ અને તારણ થશે. ૩પ્રભુની દયાનો અનુભવ તમે ક્યારનો ય કર્યો છે. તેથી તેના વડે તારણ મેળવવા આગળ વધો.

૪પ્રભુ ઈસુ તે જીવંત "પથ્થર" છે. દુનિયાના લોકોએ નિર્ણય કર્યો કે તેઓને આ પથ્થર (ઈસુ) ની જરૂર નથી. પરંતુ તે તો દેવ દ્વારા પસંદગી પામેલ પથ્થર હતો. અને દેવ આગળ તેનું ઘણું મૂલ્ય હતું. તેથી તેની નજીક આવો. ૫તમે પણ જીવંત પથ્થર જેવા છો. આત્મિક ઘર ચણવા દેવ તમારો ઉપયોગ કરે છે. તે મંદિરમાં દેવની સેવા કરવા પવિત્ર યાજકો થયા છો. તમે ઈસુ ખ્રિસ્ત થકી દેવને પ્રસન્ન છે એ આત્મિક યજ્ઞો આપો. ૬પવિત્રશાસ્ત્ર કહે છેકે:

"જુઓ, મેં મૂલ્યવાન એવો ખૂણાનો મુખ્ય પથ્થર
પસંદ કર્યો છે, અને તે પથ્થરને (ઈસુ) હું
સિયોનમાં મૂકુ છું; જે વ્યક્તિ તેના પર વિશ્વાસ
કરશે તે કદી પણ શરમાશે નહિ."

*યશાયા ૨૮:૧૬*

૭તેથી તમે વિશ્વાસ કરનારાઓના માટે તે પથ્થર (ઈસુ) મૂલ્યવાન છે પણ અવિશ્વાસીઓ માટે તે પથ્થર–તે એક એવો પથ્થર છે:

"જેને સ્થપતિઓએ અવગણ્યો છે. તે પથ્થર ઘણો
જ મહત્વનો પથ્થર બન્યો."

*ગીતશાસ્ર ૧૧૮:૨૨*

૮અવિશ્વાસીઓ માટે, તે છે:

"તે એક એવો પથ્થર છે કે જે લોકોને ઠોકર
ખવડાવે છે, એ પથ્થર જે લોકોને ઠોકર
ખવડાવનાર ખડક થયો છે."

*યશાયા ૮:૧૪*

લોકો ઠોકર ખાય છે કારણ કે તેઓ દેવ જે કહે છે તે વચનોનું પાલન કરતા નથી. તેઓને માટે દેવે આવું જ આયોજન કર્યુ હતું.

૯પરંતુ તમે પસંદ કરાયેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા, તથા પ્રભુના ખાસ લોક છો, તમે પવિત્ર રાષ્ટ્રના લોક છો. દેવે તમને અદભૂત પરાક્રમો કહેવા માટે પસંદ કર્યા છે. દેવે તમને અંધકારમાંથી તેના આશ્ચર્યકારક પ્રકાશમાં બોલાવ્યા છે. ૧૦કોઈ એક સમયે તમે પ્રજા જ ન હતા. પરંતુ હવે તમે દેવની પ્રજા

છો. ભૂતકાળમાં તમને દયા પ્રાપ્ત થઈ નહોતી. પરંતુ
હવે તમને દયા પ્રાપ્ત થઈ છે.

### દેવ માટે જીવો

૧૧પ્રિય મિત્રો, આ દુનિયામાં તમે અજાણ્યા પરદેશી
અને પ્રવાસી જેવા છો. તેથી હું તમને વિનંતી કરું છું કે
તમારું શરીર જે કઈં ઈચ્છે છે તે વિષયોથી દૂર રહો. તે
વસ્તુઓ તમારા આત્માની વિરુદ્ધ લડે છે. ૧૨તમારી સાથે
આજુબાજુ અવિશ્વાસીઓ રહે છે. તેઓ કહેશે કે તમે
ખોટું કરી રહ્યા છો. તેથી સારું જીવન જીવો. પછી તમે
જે સત્કર્મો કરો છો તેને તેઓ જોશે, અને પુનરાગમનના
દિવસે દેવનો મહિમા વધારશે.

### દરેક માનવીય સત્તાને આધિન રહો

૧૩આ દુનિયામાં જેઓની પાસે સત્તા છે તે લોકોને
આજ્ઞાંકિત બનો. પ્રભુ માટે આમ કરો. રાજા કે જે સર્વોપરી
છે તેને આજ્ઞાંકિત બનો. ૧૪રાજા દ્વારા મોકલવામાં
આવેલા અધિકારીઓને આજ્ઞાંકિત બનો. જે લોકો ખોટું
કરે છે તેઓને શિક્ષા કરવા અને જે લોકો સારું કરે છે,
તેઓના વખાણ કરવા આ લોકોને દેવે મોકલ્યા છે.
૧૫તેથી જ્યારે તમે સારું કરો ત્યારે તમારા વિષે મૂર્ખાઈ
ભરેલી વાતો કરતા મૂર્ખ લોકોને તમે બંધ કરી દો. દેવ
જે ઈચ્છે છે તે આ છે. ૧૬સ્વતંત્ર લોકોની જેમ જીવો.
પરંતુ દુષ્ટ કાર્ય કરવા માટે સ્વતંત્રતાને બહાનું ન બનવા
દેવની સેવામાં જીવન વીતાવો. ૧૭દરેક લોકોનો આદર
કરો. દેવના કુટુંબના દરેક ભાઈઓ અને બહેનોને પ્રેમ
કરો. રાજાનું સન્માન કરો અને દેવથી ડરો, અને રાજાને
માન આપો.

### ખ્રિસ્તની વેદનાનું દૃષ્ટાંત

૧૮ચાકરો, તમારા માલિકોની સત્તાનો સ્વીકાર કરો.
અને તે પણ સંપૂર્ણ સન્માનસહિત કરો. તમારે ભલા
અને દયાળુ માલિકની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.
તેમજ ખરાબ માલિકની આજ્ઞાનું પણ પાલન કરવું
જોઈએ. ૧૯પોતે કશું જ ખરાબ ન કર્યુ હોય છતાં કોઈ
વ્યક્તિને દુ:ખ સહન કરવું પડે. તો તે વ્યક્તિ દેવનો
વિચાર કરીને દુ:ખ સહન કરે તો તેનાથી દેવને આનંદ
થાય છે. ૨૦પરંતુ કશું દુષ્ટ કાર્ય કરવા જો તમને શિક્ષા
કરવામાં આવે, તો એ શિક્ષા સહન કરવા બદલ તમને
કોઈ ધન્યવાદ ન મળવા જોઈએ. પરંતુ સારું કરવા
છતાં, તમને દુ:ખ પડે અને તમે તે દુ:ખ સહન કરો છો,
તો તે દેવની નજરમાં પ્રસંશાપાત્ર છે. ૨૧પણ તમને
આહ્વાન આપવામાં આવ્યું છે. ખ્રિસ્તે તમને એક નમૂનો
આપ્યો. તેણે જે કર્યુ તેને અનુસરો. જ્યારે તમે દુ:ખી
થાઓ, ત્યારે ધીરજ રાખો કારણ કે ખ્રિસ્ત તમારા માટે
દુ:ખી થયો હતો.

૨૨ "તેણે (ખ્રિસ્ત) કોઈ પાપ નહોતું કર્યું, અને તેના
મુખેથી કોઈ અસત્ય ઉચ્ચાર્યું નહોતું."

*યશાયા ૫૩:૯*

૨૩ખ્રિસ્ત વિષે લોકો ખરાબ બોલ્યા, પરંતુ ખ્રિસ્ત
તેઓના માટે કશું જ ખરાબ ન બોલ્યો. ખ્રિસ્તે સહન
કર્યુ પરંતુ લોકોને તેણે ધમકાવ્યા નહિ. અદલ ન્યાય
કરનારને પોતાને સોંપી દીધો. ખ્રિસ્તે દેવને તેની કાળજી
લેવા દીધી. દેવ તે યોગ્ય ન્યાય કરે છે. ૨૪વધસ્તંભ પર
ખ્રિસ્તે તેના શરીરમાં આપણાં પાપ લીધા. તેણે આમ
કર્યુ કે જેથી આપણે પાપી જીવન જીવવાનું છોડી જે
યથાર્થ છે તેને માટે જીવીએ. તેના (ખ્રિસ્તના) ઘાઓથી
તમે સાજા થયાં. ૨૫તમે ખોટા રસ્તે દોરવાઈ ગયેલા
ઘેટાં જેવાં હતાં. પરંતુ હવે તમે તમારા જીવોના પાળક
અને તમારા આત્માના રક્ષક પાસે પાછા આવ્યા છો.

### પત્નીઓ અને પતિઓ

૩ તે જ રીતે પત્નીઓએ પતિઓની સત્તાને
સ્વીકારવી જોઈએ. તેથી જો તમારામાંના
કેટલાએક પતિઓ દેવની સુવાર્તાને અનુસરવા ના પાડે,
તો તેઓને અનુસરવા સમજાવી શકાય. તમારે કંઈ જ
કહેવાની જરૂર નથી. તેઓ પોતાની સ્રીઓના આચરણથી
સમજી શકશે. ૨દેવ પ્રત્યેના સન્માન સાથે તમે જે જીવન
જીવો છો તે તમારા પતિઓ જોશે. ૩તમારો બાહ્ય શણગાર
કલાત્મક રીતે ગુંથેલા કેશ, સોનાના ઘરેણાંનો કે સુંદર
વસ્રોનો એવો ના હોય. ૪ના! તમારી સુંદરતા તો એવી
હોવી જોઈએ જે તમારા અંત:કરણમાંથી આવતી હોય.
નમ્ર અને શાંત આત્માની આ સુંદરતા કદી અદશ્ય
નહિ થાય. તે દેવ માટે ઘણી જ મૂલ્યવાન છે. ૫ઘણા
વખત પહેલા દેવને અનુસરનારી પવિત્ર નારીઓ સાથે
પણ આમ જ હતું. એ જ રીતે તેમણે તેઓની જાતને
સુંદર બનાવી હતી અને તેમના પતિઓની સત્તાને તેમણે
સ્વીકારી હતી. ૬હું સારા જેવી સ્રીની વાત કરું છું. તે
પોતાના પતિ ઈબ્રાહિમને આજ્ઞાંકિત રહી અને તેને
પોતાનો સ્વામી ગણ્યો. અને જો તમે હંમેશા યોગ્ય
વર્તન કરો અને ભયભીત ન બનો તો તમે પણ સારાનાં
સાચાં સંતાન છો.

૭તે જ રીતે તમારે પતિઓએ પણ તમારી પત્નીઓ
સાથે સમજણપૂર્વક રહેવું જોઈએ. તમારી પત્નીઓ પ્રત્યે
તમારે માન દર્શાવવું જોઈએ. તેઓ તમારા કરતાં નબળું
પાત્ર છે. પરંતુ જે દેવના આશીર્વાદ તમને લભ્ય છે તે
તેઓને પણ લભ્ય છે, અને એ કરુણા પણ જે તમને
સાચું જીવન બક્ષે છે. આમ કરો કે જેથી તમારી પ્રાર્થનામાં
કોઈ મુશ્કેલી ઊભી નહિ થાય.

## સત્કર્મ કરવાને કારણે પડતું દુ:ખ

૮તેથી તમારે બધાએ ઐક્ય ભાવથી રહેવું જોઈએ.
અને એકબીજાને સમજવાનો અને ભાઈની જેમ
એકબીજાને પ્રેમ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. દયાળુ
અને વિનમ્ર બનો. ૯એક વ્યક્તિ કે જેણે તમારું ભૂંડું
કર્યુ હોય તો તેનો બદલો વાળવા તમે ભૂંડું ન કરો.
તમારા માટે નિંદા કરનારની સામે બદલો વાળવા તમે
નિંદા ન કરો. પરંતુ દેવ પાસે તેને માટે આશીર્વાદ માગો.
આમ કરો કારણ કે તમને જ આવું કરવા દેવે બોલાવ્યા
છે. તેથી જ તમે દેવના આશીર્વાદને પાત્ર બન્યા છો.
૧૦પવિત્રશાસ્ત્ર કહે છે કે;

"જે વ્યક્તિ જીવનને પ્રેમ કરવા માગે છે અને
સારા દિવસોનો આનંદ માણવા માગે છે તો તેણે
દુષ્ટ બોલવા માટે પોતાની જીભ બંધ કરી દેવી
જોઈએ, અને જૂઠું બોલવાથી પોતાના હોઠ બંધ
કરી દેવા જોઈએ.
૧૧ તે વ્યક્તિએ દુષ્ટ કાર્ય કરવાં ન જોઈએ અને
સત્કર્મ કરવાં જોઈએ; તેણે શાંતિની શોધ કરવી
જોઈએ અને તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.
૧૨ પ્રભુની નજર સારા લોકો પર હોય છે, અને દેવ
તેઓની પ્રાર્થનાઓ સાંભળે છે; પરંતુ દેવ દુષ્ટતા
કરનારની વિરુદ્ધ છે."

*ગીતશાસ્ત્ર ૩૪:૧૨-૧૬*

૧૩જો તમે હંમેશા સત્કર્મને સમર્પિત હો તો કોઈ
પણ વ્યક્તિ તમને નુકસાન પહોંચાડી શકશે નહિ.
૧૪પરંતુ સત્કર્મ કરવા છતાં પણ તમારે દુ:ખ સહન
કરવું પડે. જો આમ થાય તો તમને ધન્ય છે. તમને
દુ:ખી કરનાર લોકોથી ગભરાશો નહિ કે મુશ્કેલી
અનુભવશો નહિ. ૧૫પરંતુ ખ્રિસ્તને તમારા પ્રભુ તરીકે
તમારાં હૃદયમાં પવિત્ર માનો. તમારી આશા માટે સંદેહ
કરે તેને પ્રત્યુત્તર આપવા હંમેશા તૈયાર રહો. ૧૬પરંતુ
તમારો પ્રત્યુત્તર વિનમ્ર અને માનસહિત હોવો જોઈએ.
તમે હંમેશા સારું કરો છો તેવી લાગણી અનુભવવા માટે
સામર્થ્યવાન બનો. તમે જયારે આમ કરશો ત્યારે, તમારા
માટે ખરાબ બોલનાર લોકો શરમાશે. ખ્રિસ્તમાંની તમારી
સારી ચાલની તેઓ નિંદા કરે છે અને તેથી તમારા વિષે
ખરાબ બોલવા માટે તેઓ શરમાશે. ૧૭ખરાબ કામ કરી
અને સહન કરવું એના કરતાં સારું કામ કરી અને સહન
કરવું તે વધારે સારું છે. હા, જો દેવ તેમ ઈચ્છતો હોય
તો તે વધારે સારું છે.
૧૮ખ્રિસ્ત પોતે તમારા માટે મરણ પામ્યો. અને મરણ
તે તમારા પાપની એક ચૂકવણી હતી. તે ગુનેગાર નહોતો.
પણ ગુનેગાર લોકો માટે તે મરણ પામ્યો. તમને બધાને
દેવની નજીક લાવવા તેણે આમ કર્યું તેનું શરીર મરણ
પામ્યું, પરંતુ આત્મા દ્વારા તે સજીવન થયો. ૧૯તે
બંદીખાનામાં ગયો અને આત્માઓને આત્મામાં ઉપદેશ
કર્યો. ૨૦તે એ આત્માઓ હતા કે જેમણે ઘણો વખત
પહેલા એટલે કે નૂહના સમયમાં દેવની અવજ્ઞા કરનારા
હતા. જયારે નૂહ વહાણ બાંધી રહ્યો હતો ત્યારે દેવ
ધીરજપૂર્વક રાહ જોઈ રહ્યો હતો. તે વહાણમાં માત્ર
થોડાક જ લોકોને બચાવવામાં આવ્યા હતા. તેઓ આઠ
જણ હતા. તે લોકો પાણીથી બચાવી લેવાયા. ૨૧એ દૃષ્ટાંત
પ્રમાણે તે પાણી બાપ્તિસ્મા સમાન છે જે તમને અત્યારે
બચાવે છે. બાપ્તિસ્મા એ શરીરનો મેલ દૂર કરવાની
પ્રક્રિયા નથી. બાપ્તિસ્મા તો ઈશ્વર પાસે શુદ્ધ હૃદય
માટેની એક યાચના છે. તે તમને બચાવે છે કારણ કે
ઈસુ ખ્રિસ્ત મૂએલામાંથી પુનરુત્થાન પામ્યો હતો. ૨૨હવે,
ઈસુ આકાશમાં ગયો છે. તે દેવની જમણી બાજુએ છે.
તે દૂતો, અધિકારીઓ, અને પરાક્રમીઓ પર રાજ કરે છે.

## જીવન પરિવર્તન

૪ જયારે ખ્રિસ્ત તેના શરીરમાં હતો ત્યારે તેણે
વેદનાઓ સહન કરી તેથી જે રીતે ખ્રિસ્ત વિચારતો
હતો તેવા વિચારોમાં તમારે સુદઢ થવું જોઈએ. જે
વ્યક્તિએ શરીરમાં દુ:ખો સહ્યાં છે તે પાપથી મુક્ત થયો
છે. ૨તમારી જાતને સુદઢ બનાવો કે જેથી આ પૃથ્વી પર
દેવ જેવું ઈચ્છે છે તેવું બાકીનું જીવન તમે જીવો અને
નહિ કે લોકો ઈચ્છે છે તેવાં દુષ્ટ કાર્યો કરો. ૩ભૂતકાળમાં
અવિશ્વાસીઓ જે પસંદ કરે છે તેવા કાર્યો કરીને તમે
તમારો ઘણો જ સમય વેડફી નાખ્યો. તમે વ્યભિચાર
અને તમારી ઈચ્છા મુજબનાં દુષ્ટ કાર્યો કર્યાં હતાં. તમે
મદ્યપાન કરીને છકી ગયા હતા અને મોજશોખમાં અને
મૂર્તિઓની પૂજા કરીને ખોટું કામ કર્યું હતું. ૪તે
અવિશ્વાસીઓને આશ્ચર્ય થાય છે કે તેઓ કરે છે તેવું

જંગલી અને નિરર્થક કૃત્ય તમે કેમ નથી કરતા! અને તેથી તેઓ તમારી નિંદા કરે છે. ૫પરંતુ તે લોકોએ જે કર્યુ છે તેનું તેઓએ સ્પષ્ટીકરણ કરવું પડશે. તેઓએ આ સ્પષ્ટીકરણ તે એક (ખ્રિસ્ત) જીવતાંઓનો તથા મૂએલાઓનો ન્યાય કરવાને તૈયાર છે તેની આગળ કરવું પડશે. ૬જેઓ હાલ મૂએલાં છે તેઓને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી, કારણ કે બધાની જેમ તે લોકોનો પણ ન્યાય કરવામાં આવશે. તેઓ જ્યારે જીવંત હતા ત્યારે તેઓએ જે બાબતો કરી હતી તેનો ન્યાય તોળવાનો હતો. પરંતુ તેઓને સુવાર્તા પ્રગટ કરવામાં આવી કે જેથી તેઓ દેવના જેવા આત્મામાં જીવે.

### દેવના કૃપાદાનોના સારા કારભારી બનો

૭એ સમય નજીક છે કે જ્યારે બધી જ વસ્તુઓનો અંત થશે. તેથી તમારા મન શુદ્ધ રાખો, અને તમારી જાત ઉપર નિયંત્રણ રાખો. તમને પ્રાર્થના કરવામાં આ મદદરૂપ બનશે. ૮વધુ મહત્વનું એ છે કે, એકબીજા પર આગ્રહથી પ્રીતિ કરો. પ્રીતિ બધા પાપોને ઢાંકે છે. ૯કોઈ પણ જાતની ફરિયાદ વગર એકબીજાને પરોણા રાખો. ૧૦તમારામાંના દરેકને દેવ તરફથી આત્મિક કૃપાદાન પ્રાપ્ત થયું છે. દેવે તેની કૃપા (દયા) વિવિધ રીતે તમને દર્શાવી છે. અને તમે એવા સેવક છો કે જે દેવના કૃપાદાનના ઉપયોગ માટે જવાબદાર છો. તેથી સારા સેવકો બનો. અને એકબીજાની સેવા કરવા કૃપાદાનનો ઉપયોગ કરો. ૧૧જો કોઈ વ્યક્તિ બોધ કરે તો તેણે દેવના વચન પ્રમાણે બોધ કરવો જોઈએ. અને જે સેવા કરે છે તેણે દેવ થકી પ્રાપ્ત થયેલ સામર્થ્ય વડે સેવા કરવી જોઈએ. તમારે એવાં જ કાર્યો કરવાં જોઈએ કે જેથી બધી બાબતોમાં ઈસુ ખ્રિસ્ત દ્વારા દેવ મહિમાવાન થાય તેને સદાસર્વકાળ મહિમા તથા સત્તા છે. આમીન.

### એક ખ્રિસ્તી જેવી યાતનાઓ

૧૨મારા મિત્રો, જે વેદનાઓ અત્યારે તમે સહી રહ્યા છો તેનાથી આશ્ચર્ય ન પામશો. તે તો તમારા વિશ્વાસની કસોટી છે. એવું ના વિચારશો કે તમારા પ્રત્યે કશુંક નવું થઈ રહ્યું છે. ૧૩પરંતુ તમે ખ્રિસ્તની યાતનાના સહભાગી છો તે માટે તમારે આનંદ અનુભવવો જોઈએ. જ્યારે ખ્રિસ્ત તેનો મહિમા પ્રગટ કરશે ત્યારે તમે બહુ ઉલ્લાસથી ખૂબ જ આનંદિત બનશો. ૧૪જ્યારે ખ્રિસ્તને અનુસરવાને કારણે લોકો તમારા વિષે ખરાબ બોલે છે, તો તમને ધન્ય છે, કારણ કે મહિમાનો આત્મા તમારી સાથે છે. તે આત્મા દેવનો છે. ૧૫ખૂની, દુષ્કર્મી, ચોર અથવા બીજા લોકોના કામમાં દખલ કરનારના જેવા ન થશો, આમ કરનાર વ્યક્તિ દુ:ખી થશે પરંતુ તમારામાંથી કોઈ દુ:ખી નહિ થાય. ૧૬પરંતુ ખ્રિસ્તી હોવાને લીધે તમે જો સહન કરો, તો તેનાથી શરમાશો નહિ. પરંતુ તે નામ (ખ્રિસ્તી) માટે તમારે દેવની સ્તુતિ (આભાર) કરવી જોઈએ. ૧૭કેમ કે ન્યાય માટેનો સમય આવી ગયો છે. તે ન્યાયની શરૂઆત દેવના કુટુંબ (મંડળી) થી થશે. ન્યાયની શરૂઆત આપણાથી થાય તો જેઓ દેવની સુવાર્તાના આજ્ઞાંકિત નથી તેઓનું શું થશે? ૧૮"જો સારા માણસનો ઉદ્ધાર મુશ્કેલીથી થાય છે તો પછી જે માણસ દેવની વિરુદ્ધ છે અને જે પાપી છે તેનું શું થશે?"* ૧૯માટે જે લોકો દેવની ઈચ્છા પ્રમાણે દુ:ખો સહન કરે છે તેઓ સારું કરીને પોતાના આત્માઓને વિશ્વાસ ઉત્પન્ન કરનારને સુપ્રત કરે. દેવ એક છે જેણે તેઓને ઉત્પન્ન કર્યા છે, અને તેઓ તેનામાં વિશ્વાસ કરી શકે છે. તેથી તેઓએ સારા કામો કરવાનું ચાલુ રાખવું જોઈએ.

### દેવનું ટોળું

૫ હવે તમારા સમૂહના વડીલોને મારે કંઈક કહેવું છે. હું પણ વડીલ છું. મેં પોતે ખ્રિસ્તની યાતનાઓ જોઈ છે. અને જે મહિમા આપણને પ્રગટ થનાર છે તેનો હું પણ ભાગીદાર છું, તેથી તેઓને વિનંતી કરું છું કે, ૨દેવનું જે ટોળું તમારામાં છે તેનું પ્રતિપાલન કરો. અધ્યક્ષનું કામ ફરજ પડયાથી નહિ પણ ખુશીથી કરો. નીચ લોભને માટે નહિ, પણ હોંસથી કરો, દેવની આવી ઈચ્છા છે. તમે સેવા કરવાથી પ્રસન્ન થાઓ છો તેથી આમ કરજો. પૈસાને માટે ન કરતા. ૩જે લોકો પ્રત્યે તમે જવાબદાર છો, તેઓના સત્તાધીશ ન બનશો. પરંતુ તે લોકોને આદર્શરૂપ થાઓ. ૪પછી જ્યારે મુખ્ય ઘેટાંપાળક (ખ્રિસ્ત) આવશે ત્યારે, તમને મુગટ મળશે. તે મુગટ ઘણો જ મહિમાવંત હશે અને તેની સુંદરતા કદી પણ નાશ પામશે નહિ.

૫જુવાનો, મારે તમને પણ કંઈક કહેવું છે. તમારે વડીલોની સત્તાને સ્વીકારવી જોઈએ અને એકબીજા પ્રત્યે તમારે બધાએ વિનમ્ર બનવું જોઈએ.

> "દેવ અભિમાની લોકોની વિરુદ્ધ છે. પરંતુ વિનમ્ર
> લોકો પ્રતિ તે કૃપા (દયા) રાખે છે."
>
> *નીતિવચનો ૩:૩૪*

---

**"જો સારા માણસનો ... પાપી છે તેનું શું થશે"** નીતિ. ૧૧:૩૧

૬તેથી દેવના સમર્થ હાથો નીચે પોતાને વિનમ્ર બનાવો
પછી યોગ્ય સમયે તે તમને ઉચ્ચપદે મૂકશે. ૭તમારી
બધી જ ચિંતાઓ તેને સોંપી દો, કારણ કે તે તમારી
સંભાળ રાખે છે.

૮તમારી જાતને નિયંત્રિત કરો અને સાવધાન રહો!
શેતાન તમારો દુશ્મન છે, અને તે ગાજનાર સિંહની પેઠે
કોઈ મળે તેને ખાઈ જવા માટે શોધતો ફરે છે. ૯શેતાનનો
વિરોધ કરો. અને તમારા વિશ્વાસમાં સુદઢ બનો. તમે
જાણો છો કે તમારા જેવી જ યાતના દુનિયાભરમાં તમારા
ભાઈઓ અને બહેનો ભોગવી રહ્યા છે.

૧૦હા, થોડા સમય માટે તમારે સહન કરવું પડશે.
પરંતુ તે પછી, દેવ બધું જ સારું કરશે. તે તમને શક્તિશાળી
બનાવશે. તમારું પતન ન થાય તે માટે તમારો આધાર
બની રહેશે. તે જ સર્વ કૃપાનો દેવ છે. તેણે તમને
ખ્રિસ્તમાં પોતાના મહિમામાં સહભાગી થવા બોલાવ્યા
છે. આ મહિમા સદાસર્વકાળ પર્યંત રહેશે. ૧૧તેને
સદાસર્વકાળ સત્તા હોજો. આમીન.

### અંતિમ શુભેચ્છાઓ

૧૨સિલ્વાનુસ, મને ખબર છે કે તે ખ્રિસ્તમાં વિશ્વાસુ
ભાઈ છે. તમને આદર સાથે હિંમત અને પ્રોત્સાહન
આપવા તેની હસ્તક મેં ટૂંકમાં આ લખ્યું છે. મારે તમને
કહેવું હતું કે આ તો દેવની ખરી કૃપા છે. અને તે
કૃપામાં સ્થિર ઊભા રહો.

૧૩બાબિલોનની મંડળી તમને સલામ કહે છે. તમારી
જેમ તે લોકો પણ પસંદ કરાયેલા છે. ખ્રિસ્તમાં મારો
પુત્ર માર્ક પણ તમને સલામ કહે છે.

૧૪જ્યારે તમે મળો ત્યારે પ્રીતિના ચુંબનથી
એકબીજાને સલામ કરજો.

ખ્રિસ્ત ઈસુમાં તમ સર્વને શાંતિ થાઓ.

# પિતરનો બીજો પત્ર

૧ ઈસુ ખ્રિસ્તના સેવક અને પ્રેરિત સિમોન પિતર તરફથી તમને કુશળતા હો. અમારામાં છે તેવો મૂલ્યવાન વિશ્વાસ જે બધા લોકોમાં છે, તે સર્વને આપણા દેવ અને તારનાર ઈસુ ખ્રિસ્તના ન્યાયીપણાથી અમારા જેવો મૂલ્યવાન વિશ્વાસ જેઓ પામ્યા છે, તેઓ જોગ.

૨કૃપા અને શાંતિ વધુ ને વધુ પ્રમાણમાં તમને પ્રદાન થાઓ. તમને કૃપા અને શાંતિ પ્રાપ્ત થશે કારણ કે તમે ખરેખર દેવ અને આપણા પ્રભુ ઈસુને ઓળખો છો.

### જેની આપણને આવશ્યકતા હોય તે બધું જ દેવે આપણને આપ્યું છે

૩ઈસુ ઈશ્વરી સામર્થ્ય ધરાવે છે. તેના સામર્થ્યે આપણને એ દરેક વાનાં આપ્યાં છે જેની આપણને જીવવા અને ઈશ્વરની સેવા માટે આવશ્યકતા છે. આપણે તેને જાણીએ છીએ તેથી આપણી પાસે આ વાનાં છે. ઈસુએ તેના મહિમા અને સાત્ત્વિકતાથી આપણને બોલાવ્યા. ૪તેના મહિમા અને સાત્ત્વિકતાથી, ઈસુએ આપણને આપેલાં તે ઘણા મહાન અને સમૃદ્ધ દાનો પ્રદાન કર્યા અને તેથી મૂલ્યવાન તથા અતિશય મોટાં વચનો આપ્યાં છે જેથી તે દ્વારા જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ. ૫કારણ કે તમને આ આર્શીવાદો પ્રાપ્ત થયા છે, તેથી તમારે શકય હોય તેટલા તમામ પ્રયત્નો દ્વારા આ બાબતોને તમારા જીવનમાં ઉમેરવી જોઈએ: તમારા વિશ્વાસમાં ચારિત્ર ઉમેરો; ૬અને તમારા ચારિત્રમાં જ્ઞાન અને તમારા જ્ઞાનમાં સ્વ-નિયંત્રણ; અને તમારા સ્વ-નિયંત્રણમાં ધીરજ ઉમેરો અને તમારી ધીરજમાં ઈશ્વરની સેવા; ૭અને દેવ પ્રત્યેની તમારી સેવામાં તમારા ખ્રિસ્તમય ભાઈઓ-બહેનો માટે કરૂણા; અને ભાઈ-બહેનો માટેની કરૂણામાં પ્રેમ ઉમેરો. ૮જો આ બધી બાબતો તમારામાં હોય અને તે વિકાસ પામતી રહે, તો આ બાબતો તમને કયારેય નિરુપયોગી બનવા દેશે નહિ. આ બાબતો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના જ્ઞાનમાં કદાપિ અયોગ્ય ઠરવા દેશે નહિ. ૯પરંતુ જો વ્યકિત પાસે આ બાબતો ન હોય, તો તે સ્પષ્ટપણે જોઈ શકતી નથી. તે વ્યકિત અંધ છે. તે ભુલી ગઈ છે કે તે તેના ભૂતકાળના પાપોથી શુદ્ધ (માફ) થયો હતો.

૧૦મારા ભાઈઓ અને બહેનો, પ્રભુએ તમને તેડયાં છે અને તેના બનવા માટે તમને પસંદ કર્યા છે. એવું દર્શાવવા વિશેષ પ્રયત્ન કરો કે જેથી સાબિત થાય કે ખરેખર તમે જ પ્રભુના પસંદ કરાયેલ અને તેડાયેલ લોકો છો. જો તમે આ બધી બાબતો કરશો તો તમે કદી ઠોકર ખાશો નહિ. ૧૧અને આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના રાજયમાં તમારું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવશે. તે રાજય સર્વકાળ છે.

૧૨તમે આ બાબતો જાણો છો. તમને જે સત્ય પ્રગટ થયું છે તેમાં તમે ઘણા સ્થિર છો. પરંતુ આ બાબતોનું સ્મરણ કરાવવામાં હું હંમેશ તમને મદદ કરીશ. ૧૩જયાં સુધી હું અહીં આ પૃથ્વી પર જીવિત હોઉ ત્યાં સુધી હું માનું છું કે મારા માટે તમને આ બાબતોનું સ્મરણ કરાવવું તે યોગ્ય જ છે. ૧૪હું જાણું છું કે મારે ખૂબ ઝડપથી આ શરીરનો ત્યાગ કરવાનો છે. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે મને તે દર્શાવ્યું છે. ૧૫હંમેશા તમને મદદરૂપ બનવા આ બાબતોનું સ્મરણ કરાવવા શકય તેટલા શ્રેષ્ઠ પ્રયત્નો હું કરતો રહીશ. મારા ચાલ્યા ગયા પછી તમે આ બાબતોને હંમેશા યાદ રાખવા શકિતમાન બનો એમ હું ઈચ્છું છું.

### અમે ખ્રિસ્તનો મહિમા નિહાળ્યો

૧૬આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું સામર્થ્ય અને આગમન વિષે અમે તમને જણાવ્યું છે. તેના આગમન વિષે અમે તમને જણાવ્યું હતું. જે બાબત વિષે અમે તમને જણાવેલ તે લોકો ધ્વારા ઘડી કાઢવામાં આવેલી ચતુરાઈથી કલ્પેલી કહાણીઓ ન હતી. ના! અમારી પોતાની આંખો ધ્વારા અમે ઈસુની મહાનતા જોઈ. ૧૭ઈસુએ સૌથી મોટા ભવ્ય મહિમા (દેવ) ની વાણી સાંભળી હતી. દેવ બાપ તરફથી જયારે ઈસુએ માન અને મહિમા પ્રાપ્ત કર્યો ત્યારે તેમ બન્યું. તે વાણીએ કહ્યુ કે, "આ મારો વહાલો પુત્ર છે, અને હું તેને ચાહું છું. તેનાથી હું ખૂબ પ્રસન્ન છું." ૧૮અને અમે તે વાણી સાંભળી હતી. જયારે અમે

પવિત્ર પર્વત પર ઈસુની સાથે હતા ત્યારે તે આકાશવાણી સાંભળી હતી.

૧૯પ્રબોધકોએ જે બાબતો જણાવી છે તે આપણને વધારે ખાતરી આપે છે, જે બાબતો તેઓએ કહી તે અંધકારના કોઈક સ્થળે પ્રકાશ આપનાર દીવા સમાન હતી. જયાં સુધી દિવસ ન થાય અને પરોઢનો તારો તમારા અંત:કરણોમાં ન ઊગે ત્યાં સુધી તે દીવો તમારી પાસે રહેશે. ૨૦સૌથી મહત્વપૂર્ણ, તમારે સમજવું જ પડે કે: પવિત્ર લેખમાંનું કોઈ પણ ભવિષ્યવચન કોઈ એક વ્યકિતએ કરેલું પોતાનું અર્થઘટન નથી. ૨૧ના! કોઈ પણ ભવિષ્યવચન કદાપિ કોઈ પણ વ્યકિતની સ્વેચ્છાથી પ્રગટ થયેલ નથી. પરંતુ લોકો પવિત્ર આત્માની પ્રેરણાથી દેવનાં વચન બોલ્યાં.

### જૂઠાં ઉપદેશકો

૨ ભૂતકાળમાં દેવના લોકો વચ્ચે ખોટા પ્રબોધકો ઊભા થયા હતા. અત્યારે પણ એવું જ છે. તમારા સમૂહમાં કેટલાએક જૂઠાં ઉપદેશકો છે. તેઓ જે વસ્તુ ખોટી છે તેનો ઉપદેશ આપશે કે જેનાથી લોકો ખોવાઈ જાય. આ ખોટા ઉપદેશકો એ રીતે ઉપદેશ આપશે કે જેથી તેઓ ખોટા છે તે શોધવું તમારા માટે મુશ્કેલ બની જશે. તેઓ સ્વામી (ઈસુ) કે જેના દ્વારા તેઓને સ્વતંત્રતા મળી છે. તેનો પણ સ્વીકાર કરવાનો નકાર કરશે. અને આથી તેઓ પોતાની જાતે ઉતાવળે નાશ વહોરી લેશે. ૨ઘણા લોકો અનિષ્ટ વસ્તુઓમાં તેઓને અનુસરશે. ઘણા લોકો આ ખોટા ઉપદેશકોને કારણે સત્યના માર્ગ વિષે નિંદા કરશે. ૩આ ખોટા ઉપદેશકો માત્ર નાણાની ઈચ્છા રાખે છે. તેથી તેઓ જે વસ્તુ સાચી નથી તે તમને કહીને તેનો દુરૂપયોગ કરશે. પરંતુ ઘણા સમયથી આ ખોટા ઉપદેશકોનો ન્યાય તોળાઈ ચૂકયો છે. અને તેઓ તે જે એક (દેવ) થી છટકી શકશે નહિ અને તે તેઓનો નાશ કરશે.

૪જયારે દૂતોએ પાપ કર્યુ ત્યારે, દેવે તેઓને પણ શિક્ષા કર્યા વગર છોડ્યા નહિ. ના! દેવે તેઓને નરકમાં ફેંકી દીધા. અને દેવે તે દૂતોને અંધકારના ખાડાઓમાં ન્યાયકરણનો દિવસ આવે ત્યાં સુધી ત્યાં રાખ્યા. ૫જે અનિષ્ટ લોકો બહુ વખત પહેલા જીવતા હતા, દેવે તેઓને પણ શિક્ષા કરી. અધર્મી દુનિયાને પણ દેવે છોડી નહિ. દેવ જગત પર જળપ્રલય લાવ્યો. પરંતુ દેવે નૂહ અને તેની સાથેનાં સાત માણસોને બચાવી લીધા. નૂહ એ વ્યકિત હતો કે જેણે લોકોને ન્યાયી જીવન જીવવા કહ્યું હતું. ૬દેવે સદોમ અને ગમોરા જેવાં દુષ્ટ શહેરોને પણ શિક્ષા કરી. ભસ્મ ન થઈ જાય ત્યાં સુધી આ શહેરોને દેવે બળવા દીધા અને જે લોકો દેવની વિરુદ્ધ છે તેઓનું ભવિષ્યમાં શું થશે તે માટેનું ઉદાહરણ દેવે આ શહેરો દ્વારા પૂરુ પાડ્યું. ૭પરંતુ દેવે તે શહેરોમાંથી લોતને બચાવી લીધો. લોત ન્યાયી માણસ હતો. તે દુષ્ટ લોકોના દુરાચારથી ત્રાસ પામતો હતો. ૮(લોત ન્યાયી માણસ હતો, પરંતુ દુષ્ટ લોકો સાથે પ્રતિદિન રહેવાને કારણે તે જે દુષ્કર્મો જોતો તેને કારણે તેના ન્યાયી આત્મામાં તે ખિન્ન થતો હતો.) ૯હા, દેવે આ બધું જ કર્યુ. અને પ્રભુ દેવની સેવા કરનાર બધા જ લોકોને જ્યારે પરીક્ષણ આવશે ત્યારે પ્રભુ દેવ દ્વારા તેઓને હંમેશા બચાવાશે. જ્યારે પ્રભુ અનિષ્ટ કાર્યો કરનારાં લોકોને ધ્યાનમાં રાખશે અને ન્યાયના દિવસે તેઓને શિક્ષા કરશે. ૧૦આ શિક્ષા ખાસ કરીને એ લોકોને આપવામાં આવશે જે લોકો પોતાની પાપી જાતને સંતોષ આપવા ખરાબ કાર્યો કરે છે, અને જેઓ પ્રભુના અધિકારનો અનાદર કરે છે. અને જેઓ પ્રભુની સત્તાને ધિક્કારે છે.

આ ખોટા ઉપદેશકો પોતાની ઈચ્છા મુજબ ગમે તેમ કરશે, અને તેઓ પોતાના વિષે બડાશો મારશે. તેઓ મહિમાવાન દૂતોની વિરુદ્ધ બોલતા પણ ગભરાશે નહિ. ૧૧ખોટા ઉપદેશકો કરતાં દૂતો ઘણા બળવાન અને શકિતશાળી છે. છતાં દૂતો પણ ખોટા ઉપદેશકો પ્રતિ આક્ષેપ નથી કરતાં કે તેઓની વિરુદ્ધ પ્રભુની આગળ ખરાબ નથી બોલતા. ૧૨પરંતુ આ ખોટા ઉપદેશકો તો જે નથી સમજી શકતાં તેના માટે પણ નિંદા કરે છે. આ ઉપદેશકો પશુઓ સમાન છે કે જે વિચાર્યા વગર કાર્ય કરે છે. જંગલી પશુઓની જેમ તેઓ તો ઝડપાવા તથા નાશ પામવા જ જન્મેલા છે. અને જંગલી જાનવરોની જેમ, આ ખોટા ઉપદેશકોનો વિનાશ થશે. ૧૩આ ખોટા ઉપદેશકોએ ઘણા માણસોને હેરાનગતિ પહોંચાડી છે. તેથી તેઓ પોતે જ યાતનાગ્રસ્ત થવાના છે. તેઓએ જે દુષ્કૃત્યો કર્યા છે તેનો તે જ બદલો તેઓને મળ્યો છે. આ ખોટા ઉપદેશકો માને છે કે જાહેરમાં દુષ્કૃત્યો કરવામાં મઝા છે જ્યાં બધા જ લોકો તેમને નિહાળી શકે. તેઓને આનંદ આપે તેવા દુષ્કર્મો કરવામાં તેઓ આનંદ અનુભવે છે. તેથી તેઓ તમારામાં ગંદા ડાઘા અને ધાબા જેવા છે–તેઓ તમારી સાથે ભોજન કરીને તમને શરમાવે છે. ૧૪તેઓની આંખો વ્યભિચારથી ભરેલી છે. આ ખોટા ઉપદેશકો હંમેશા આ જ રીતે પાપકર્મો કર્યા કરે છે. તેઓ નિર્બળ માણસોને પાપ કરવા લલચાવે છે. તેઓએ તો તેમના પોતાના હૃદયને સ્વાર્થી બનવાનું શીખવ્યું છે. તેથી તેઓ શાપિત છે. ૧૫આ લોકોએ સત્યનો પંથ

ત્યાગી દીધો છે અને તેઓએ ખરાબ માર્ગ પસંદ કર્યો છે. બલામ ગયો હતો તે જ રસ્તાને તેઓ અનુસર્યા છે. બલામ બયોરનો પુત્ર હતો. ખોટા કામ કરવા માટે જે વળતર ચૂકવાતું હતું તેના પર તે મોહિત થયો. ૧૬પરંતુ મૂંગા ગધેડાએ બલામને કહ્યું કે તે ખોટું કરી રહ્યો હતો. અને ગધેડુ એક એવું પ્રાણી છે કે જે બોલી શકતું નથી. પરંતુ તે ગધેડાએ મનુષ્યની વાણીમાં કહ્યું અને પ્રબોધકની (બલામની) ઘેલછાને અટકાવી.

૧૭તે ખોટા પ્રબોધકો એવી નદીઓ સમાન છે જેમાં પાણી નથી. તેઓ વાદળા જેવા છે જે વંટોળિયામાં ફૂંકાઈ જાય છે, તેઓના માટે ઘોર અંધકારવાળું સ્થાન રાખવામાં આવ્યું છે. ૧૮તે ખોટા ઉપદેશકો અર્થહીન શબ્દોની બડાશો મારે છે. તેઓ લોકોને પાપના છટકામાં દોરી જાય છે. તેઓ ખોટા રસ્તે જીવતા લોકોથી દૂર થવાની શરૂઆત કરતાં હોય તેઓને દોરે છે. તે ખોટા ઉપદેશકો લોકોને પાપ કરવા ઈચ્છતા હોય તેવા દૈહિક વિષયોથી તથા ભ્રષ્ટાચારથી મોહ પમાડે છે. ૧૯આ ખોટા ઉપદેશકો તેઓને સ્વતંત્રતાનું વચન આપે છે. પરંતુ પોતે જ પાપનાં દાસ છે. કારણ કે માણસને જે કંઈ જીતે છે, તે જ તેને પોતાનો દાસ કરી લે છે. તેઓ જે વસ્તુઓનો વિનાશ થવાનો છે, તેના જ દાસ છે, વ્યક્તિ તેને નિયંત્રિત કરી શકે તેવી વસ્તુનો તે દાસ છે. ૨૦તે લોકોને જગતની અનિષ્ટ બાબતોથી મુક્ત રાખવામાં આવ્યા હતા. તેઓને આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના જ્ઞાન વડે મુક્ત રાખવામાં આવ્યા હતા. પરંતુ જો તે લોકો ફરી પાછા તે દુષ્કર્મો તરફ વળે, અને તેઓ તેનાં અધિપત્ય નીચે આવી જાય, તો પહેલા હતાં તે કરતાં પણ તેઓની દશા બૂરી છે. ૨૧હા, તેઓના માટે તો કદાપિ સત્યપંથ મળ્યો જ ન હોત તો તે વધારે સારુ હોત. સત્યપંથ જાણવો અને જે પવિત્ર ઉપદેશ તેઓને સોંપવામાં (આપવામાં) આવ્યો છે તેનાથી વિમુખ થઈ જવું તેના કરતાં તો તે જ સારું છે કે સત્યપંથ જાણ્યો જ ન હોત. ૨૨તે લોકોએ જે કર્યું તે આ સત્ય ઉકિત જેવું જ છે: "જ્યારે કૂતરું ઓકે છે, ત્યારે તે પોતાની ઓક તરફ પાછો ફરે છે,"* અને "જ્યારે ભૂંડ સ્વચ્છ બને છે, ત્યારે તે પાછું કાદવમાં જાય છે અને આળોટે છે."

### ઈસુનું આગમન થશે

૩ મારા મિત્રો, તમને લખેલ મારો આ બીજો પત્ર છે. તમારા પ્રામાણિક માનસને કંઈક સ્મરણ કરાવવા મેં બંને પત્રો તમને લખ્યા છે. ૨પવિત્ર પ્રબોધકોએ ભૂતકાળમાં જે વાણી ઉચ્ચારેલી તેનું હું તમને સ્મરણ કરાવવા ઈચ્છું છું. અને આપણા પ્રભુ અને તારનારે આપણને જે આજ્ઞા આપેલી તેનું પણ સ્મરણ કરાવવા ઈચ્છું છું. તમારા પ્રેરિતો દ્વારા તે અમને આપી હતી. ૩અંતિમ દિવસોમાં શું થશે તે સમજવું તમારા માટે મહત્વનું છે. લોકો તમારી સામે હસશે. તેઓ પોતાને ગમતી દુર્વાસના પ્રમાણે ચાલશે જેનો તેઓ આનંદ માણશે. ૪એ લોકો કહેશે કે, "તેણે (ઈસુએ) આગમનનું વચન આપ્યું હતું. તે ક્યાં છે? આપણા પૂર્વજો અવસાન પામ્યા. પરંતુ દુનિયા તો જે રીતે તેનું સર્જન કરવામાં આવ્યું ત્યારે હતી તે જ રીતે ચાલુ છે." ૫પરંતુ ઘણા લાંબા સમય પહેલા જે બન્યું હતું તેને તે લોકો યાદ રાખવા માંગતા નથી. આકાશ ત્યાં હતું, અને દેવે પાણી વડે પાણીમાંથી પૃથ્વીનું સર્જન કર્યુ. આ બધું જ દેવના વચન દ્વારા બન્યું. ૬પછી તે જગત પાણીમાં ડૂબીને નાશ પામ્યું. ૭અને અત્યારે દેવનું તે જ વચન આકાશ અને પૃથ્વીને ટકાવી રાખે છે કે જે આપણી પાસે છે. આ પૃથ્વી અને આકાશ અગ્નિથી નાશ કરવા માટે ટકાવી રાખવામાં આવ્યા છે. પૃથ્વી અને આકાશ ન્યાયના દિવસ સુધી ટકાવી રખાશે અને પછી તેનો અને જેઓ દેવની વિરુદ્ધ છે તે બધા જ લોકોનો નાશ થશે.

૮પરંતુ મારા પ્રિય મિત્રો, આ એક વાત ન ભૂલશો કે પ્રભુની નજરમાં એક દિવસ એક હજાર વરસો બરાબર છે, અને એક હજાર વરસો એક દિવસ બરાબર છે. ૯પ્રભુએ જે વચન આપ્યું છે તે કરવામાં તે વિલંબ કરતો નથી–જે રીતે કેટલાએક લોકો વિલંબને સમજે છે તે રીતે. પરંતુ પ્રભુ તમારા માટે ધીરજ રાખે છે. અને તે કોઈ પણ વ્યક્તિ ભટકી જાય તેમ ઈચ્છતો નથી. દેવની ઈચ્છા છે કે દરેક વ્યક્તિ પશ્ચાત્તાપ કરે અને તે પાપ કરતા અટકે.

૧૦પરંતુ જ્યારે પ્રભુનો એ દિવસ આવશે ત્યારે તે ચોરના જેવો આશ્ચર્યજનક હશે. મોટી ગર્જનાસહિત આકાશ અદશ્ય થઈ જશે. આકાશમાંથી બધી વસ્તુઓ અગ્નિમાં નાશ પામશે. પૃથ્વી અને તેમાંની બધી વસ્તુઓ બાળી નાંખવામાં આવશે. ૧૧અને મેં કહ્યું તે પ્રમાણે બધી વસ્તુઓનો વિનાશ થશે. તેથી તમારે કેવા પ્રકારના લોકો બનવું જોઈએ? તમારે પવિત્ર જીવન જીવવું જોઈએ અને દેવની સેવા કરવી જોઈએ. ૧૨તમારે દેવના દિવસ માટે આતુરતાથી રાહ જોવી જોઈએ. અને તેને માટે ખૂબ જ ઈચ્છા રાખવી જોઈએ. જ્યારે એ દિવસ આવશે, ત્યારે આકાશ અગ્નિથી નાશ પામશે, અને

---

**"જ્યારે કૂતરું ... પાછો ફરે છે"** નીતિ. ૨૬:૧૧.

આકાશમાંની બધી વસ્તુ ગરમીથી પીગળી જશે. ૧૩પરંતુ
દેવે આપણને એક વચન આપ્યું છે. અને તે વચન
પ્રમાણે નવાં આકાશ તથા નવી પૃથ્વી જેમાં ન્યાયીપણું
વસે છે, તેની આપણે રાહ જોઈએ છીએ.
૧૪પ્રિય મિત્રો, આમ બનવાની આપણે રાહ જોઈ
રહ્યા છે. તેથી પાપહિન અને ક્ષતિહિન બનવા માટે
શક્ય તેટલા વધારે પ્રયત્નશીલ રહો. દેવ સાથે શાંતિમાં
રહેવાને યત્ન કરો. ૧૫યાદ રાખો કે આપણો પ્રભુ
ધીરજવાન હોવાથી આપણું તારણ થયું છે. આપણા
વહાલા ભાઈ પાઉલે પણ દેવે તેને આપેલી બુદ્ધિથી
તમને આ જ બાબત લખી હતી. ૧૬પાઉલ તેના બધા
જ પત્રોમાં આ જ રીતે આ બધી વાતો લખે છે. પાઉલના
પત્રોમાં કેટલીક એવી વાતો છે કે જે સમજવામાં અઘરી
છે. અને કેટલાએક લોકો તેને ખોટી રીતે સમજાવે છે.
તે લોકો અજ્ઞાત છે, અને વિશ્વાસમાં નિર્બળ છે. તે જ
લોકો બીજા શાસ્રો* ને પણ ખોટી રીતે સમજાવે છે.
પરંતુ આમ કરીને તેઓ પોતાનો જ વિનાશ નોતરે છે.
૧૭પ્રિય મિત્રો, તમે આ બધી જ વાતો અગાઉથી
જાણો છો. તેથી સાવધ રહો. તે અનિષ્ટ લોકોને તમને
દુરાચારના માર્ગે દોરી ન જવા દો. સાવચેત રહો કે જેથી
તમે તમારા સુદઢ વિશ્વાસમાંથી ચલિત ન થાવ. ૧૮પરંતુ
આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના જ્ઞાન અને
કૃપા (દયા) માં તમે વધતા જાઓ. તેને હમણાં તથા
સદાસર્વકાળ મહિમા હો! આમીન.

---

**બીજા શાસ્રો** પવિત્ર લખાણો-જૂનો કરાર.

# યોહાનનો પહેલો પત્ર

૧ હવે અમે તમને જગતના આરંભકાળ પહેલા જે
કોઈ વસ્તુઓનું અસ્તિત્વ હતું તે વિષે કહીએ
છીએ:

આ અમે સાંભળ્યું છે,
અમે પોતાની આંખો વડે જોયું છે,
અમે નિહાળ્યું છે,
અમે અમારા હાથે સ્પર્શ કર્યો છે.

અમે તમને તે શબ્દ (ખ્રિસ્ત) જે જીવન આપે છે તે
વિષે લખીએ છીએ. ૨તે જીવન અમને બતાવ્યું છે.
અમે તે જોયું છે. અમે તે વિષે સાક્ષી આપી શકીએ
છીએ. હવે અમે તમને તે જીવન વિષે કહીએ છીએ.
તે જીવન જે અનંતકાળનું છે. આ તે જીવન છે જે દેવ
બાપ સાથે હતું. દેવે આપણને આ જીવન બતાવ્યું છે.
૩હવે અમે તમને જે કંઈ જોયું છે અને સાંભળ્યું છે તે
કહીએ છીએ. શા માટે? કારણ કે અમે તમને અમારી
સાથે ભાગીદાર બનાવવા ઈચ્છીએ છીએ. જેથી દેવ
બાપ અને તેના પુત્ર ઈસુ ખ્રિસ્ત સાથે અમને જે આનંદ
અને સંગત મળ્યાં છે તેના તમે પણ ભાગીદાર બનો.
૪અમે તમને આ બાબત લખીએ છીએ તેથી તમારો
પણ આનંદ અમારી સાથે સંપૂર્ણ થાય.

### દેવ આપણા પાપો માફ કરે છે

૫અમે દેવ પાસેથી સાચો સંદેશો સાંભળ્યો છે. હવે
અમે તે તમને કહીએ છીએ: દેવ પ્રકાશ છે. દેવમાં
અંધકાર નથી. ૬તેથી જો આપણે કહીએ કે આપણને
દેવ સાથે સંગત છે અને આપણે અંધકારમાં (પાપ)
જીવીએ તો પછી આપણે જૂઠાં છીએ. આપણે સત્યને
અનુસરતા નથી. ૭દેવ પ્રકાશમાં છે. આપણે પણ
પ્રકાશમાં જીવવું જોઈએ, જો આપણે પ્રકાશમાં જીવીએ
તો, પછી આપણે એકબીજાની સાથે સંગતમાં છીએ.
અને જ્યારે આપણે પ્રકાશમાં જીવીએ છીએ, તો તેના
પુત્ર ઈસુનું રકત આપણને સઘળાં પાપમાંથી શુદ્ધ કરે
છે. (ઈસુ દેવનો દીકરો છે.)

૮જો આપણે કહીએ કે આપણામાં પાપ નથી તો,
આપણે આપણી જાતને મૂર્ખ બનાવીએ છીએ, અને
સત્ય આપણી અંદર નથી. ૯પણ જો આપણે આપણાં
પાપો કબૂલ કરીએ છીએ, તો દેવ આપણાં પાપ માફ
કરશે. આપણે દેવ પર વિશ્વાસ કરી શકીએ છીએ. દેવ
જે સત્ય છે તે જ કરે છે. આપણે કરેલા બધાં ખોટાં
કામોમાંથી દેવ આપણને શુદ્ધ કરે છે. ૧૦જો આપણે
કહીએ કે આપણે પાપ કર્યુ નથી, તો આપણે દેવને જૂઠાં
ઠરાવીએ છીએ આપણે દેવનાં સાચા વચનનો સ્વીકાર
કરતાં નથી.

### ઈસુ આપણો મદદગાર છે

૨ મારાં વહાલાં બાળકો, હું આ પત્ર તમને લખું છું
જેથી તમે પાપ કરશો નહિ. પણ જો કોઈ વ્યક્તિ
પાપ કરે છે, તો આપણી પાસે આપણી મદદમાં ઈસુ
ખ્રિસ્ત જે ન્યાયી છે તે ઈસુ દેવ બાપ આગળ આપણો
બચાવ કરે છે. ૨ઈસુના દ્વારા આપણા પાપો દૂર કરવામાં
આવે છે. અને કેવળ આપણાં જ નહિ, સમગ્ર જગતનાં
પાપો દૂર કરનાર તે જ છે.
૩જો આપણે દેવે જે આપણને કહ્યું છે તેનું પાલન
કરીશું, તો પછી આપણને ખાતરી છે કે આપણે ખરેખર
દેવને ઓળખીએ છીએ. ૪એક વ્યક્તિ કહે છે કે, "હું
દેવને જાણું છું!" પણ જો તે વ્યક્તિ દેવની આજ્ઞાઓનું
પાલન કરતો નથી, તો પછી તે વ્યક્તિ જૂઠો છે. તેનામાં
સત્ય નથી. ૫પણ જ્યારે એક વ્યક્તિ દેવના વચનનું
પાલન કરે છે, તો તેનામાં દેવ પરનો પ્રેમ તેના લક્ષ્યાંક
સુધી પહોંચ્યો છે. આ રીતે આપણે જાણીએ છીએ કે
આપણે દેવને અનુસરીએ છીએ. ૬જો કોઈ વ્યક્તિ કહે
કે તે દેવમાં જીવે છે, તો પછી તેણે ઈસુ જેવું જીવન
જીવ્યો તેવું જીવન જીવવું જોઈએ.

### દેવે બીજા લોકોને પ્રેમ કરવા આપણને આજ્ઞા કરી છે

૭મારા વહાલા મિત્રો, હું તમને નવી આજ્ઞા લખતો
નથી. જે તમને શરૂઆતથી આપવામાં આવી છે તે એ
જ આજ્ઞા છે. જે વચન તમે સાંભળ્યું છે તેની તે જ આ

આજ્ઞા છે. ૮પણ હું આ નવી આજ્ઞા તરીકે તમને લખું
છું. આ આજ્ઞા સત્ય છે. તમે તેનું સાચાપણું ઈસુમાં
અને તમારી જાતમાં જોઈ શકશો. અંધકાર (પાપ) દૂર
જઈ રહ્યો છે અને ખરો પ્રકાશ આ સમયે હમણા પ્રકાશી
રહ્યો છે.

૯કોઈ વ્યક્તિ કહે છે કે, "હું પ્રકાશમાં છું, પણ જો તે
વ્યક્તિ તેના ભાઈને ધિક્કારે છે, તો પછી તે હજુ
અંધકારમાં (પાપ) જ છે. ૧૦જે વ્યક્તિ તેના ભાઈને
પ્રેમ કરે છે તો તે પ્રકાશમાં જીવે છે, અને તે વ્યક્તિમાં
એવું કશું નથી જેથી તે ખોટું કરી શકે. ૧૧પરંતુ જે વ્યક્તિ
તેના ભાઈને ધિક્કારે છે તે અંધકારમાં છે. તે અંધકારમાં
જીવે છે. તે વ્યક્તિ જાણતો નથી કે તે ક્યાં જાય છે. શા
માટે? કારણ કે અંધકારે તેને આંધળો બનાવી દીધો છે.

૧૨ વહાલા બાળકો, હું તમને લખું છું, કારણ કે તમારાં
પાપો ખ્રિસ્ત દ્વારા માફ કરવામાં આવ્યાં છે.
૧૩ પિતાઓ, હું તમને લખું છું, કારણ કે આરંભથી
તમે તે કોણ છે તે જાણો છો, જુવાનો, હું તમને
લખું છું, કારણ કે તમે દુષ્ટ વ્યક્તિ (શેતાન) પર
વિજય મેળવ્યો છે.
૧૪ બાળકો, હું તમને લખું છું, કારણ કે તમે પિતાને
ઓળખો છો. પિતાઓ, મેં તમને લખ્યું છે, કારણ
કે જે આરંભથી ત્યાં હતો તેને તમે ઓળખો છો.
જુવાનો, મેં તમને લખ્યું છે, કારણ કે તમે બળવાન
છો; દેવનું વચન તમારામાં છે, અને તમે દુષ્ટ
વ્યક્તિ પર વિજય મેળવ્યો છે.

૧૫જગત પર અથવા જગતમાંના વાનાં પર પ્રેમ ના
રાખો. જો કોઈ જગત પર પ્રેમ રાખે છે, તો તેનામાં
બાપ પરનો પ્રેમ નથી. ૧૬જગતમાં આ દુષ્ટ વસ્તુઓ છે:

આપણા પાપી સ્વભાવને પ્રસન્ન કરવા માટેની
ઈચ્છા, આંખોની લાલસા માટેની ઈચ્છા, આપણી
સંપત્તિનું ખૂબ અભિમાન હોવું,

આ બધું બાપ (દેવ) પાસેથી આવતું નથી, આ સર્વ
જગતમાંથી આવે છે. ૧૭જગત અને દુનિયાની જે બધી
વસ્તુઓ લોકો ઈચ્છે છે તેનો પણ લય થશે જ. પરંતુ જે
વ્યક્તિ દેવની ઈચ્છા પ્રમાણે કરે છે તે અનંતકાળ જીવે
છે.

### ખ્રિસ્તવિરોધીઓને અનુસરો નહિ

૧૮મારાં વહાલાં બાળકો, અંત નજીક છે! તમે સાંભળ્યું
છે કે ખ્રિસ્તવિરોધી આવે છે. અને હવે ખ્રિસ્તવિરોધીઓ
ઘણા અહીં છે. તેથી અમે જાણીએ છીએ કે હવે અંત
નજીક છે. ૧૯ખ્રિસ્તના તે વિરોધીઓ આપણા સમૂહમાં
હતા. પણ તેઓ આપણામાંથી નીકળી ગયા. તેઓ ખરેખર
આપણી સાથે ન હતા. જો તે ખરેખર આપણા સમૂહના
હોત, તો તેઓ આપણી સાથે રહ્યા હોત. પણ તેઓ
નીકળી ગયા. આ તે બતાવે છે કે તેમાંનો કોઈ પણ
ખરેખર આપણામાંનો હતો નહિ.

૨૦તમે જે પવિત્ર છે (દેવ કે ખ્રિસ્ત) તેના દ્વારા
અભિષિકત થયા છો. તેથી તમે બધા સત્યને જાણો છો.
૨૧મારે તમને શા માટે લખવું? તમે સત્યને જાણતા
નથી તેથી મારે લખવું? ના! હું આ પત્ર લખું છું કારણ
કે તમે સત્યને જાણો છો. અને તમે જાણો છો કે કોઈ
પણ જૂઠાણું સત્યમાંથી આવતું નથી.

૨૨તેથી જૂઠો કોણ છે? તે એ વ્યક્તિ છે જે કહે છે કે
ઈસુ, ખ્રિસ્ત નથી. જે વ્યક્તિ કહે છે કે ઈસુ, ખ્રિસ્ત
નથી, તે તો ખ્રિસ્તવિરોધી છે. તે વ્યક્તિ પિતામાં (દેવ)
વિશ્વાસ કરતો નથી. અથવા તેના પુત્રમાં (ખ્રિસ્ત)
વિશ્વાસ કરતો નથી. ૨૩જો કોઈ વ્યક્તિ પુત્રમાં વિશ્વાસ
કરતો નથી, તો તેને બાપ હોતો નથી, પરંતુ જે વ્યક્તિ
પુત્રને સ્વીકારે છે તો તેને બાપ પણ છે.

૨૪તમે આરંભથી જે સાંભળ્યું છે તે તમારામાં રહો,
આરંભથી જે તમે સાંભળ્યું છે તે જો તમારામાં રહે તો
તમે પણ પુત્ર (ખ્રિસ્ત) માં તથા પિતા (દેવ) માં રહેશો.
તેની ખાતરી રાખજો. ૨૫પુત્રએ આપણને અનંતકાળનું
જીવન આપવાનું વચન આપ્યું છે.

૨૬જે લોકો તમને ખોટા રસ્તે દોરવાનો પ્રયત્ન કરે
છે તે લોકો વિષે હું આ પત્ર લખું છું. ૨૭ખ્રિસ્તે તમારો
અભિષેક કર્યો છે તે હજુ તમારી સાથે રહે છે. તેથી
તમને ઉપદેશ આપવા માટે કોઈ વ્યક્તિની તમને જરૂર
નથી. તમને ખ્રિસ્તે આપેલ ભેટ બધી બાબતો વિષે
શીખવે છે. આ અભિષેક ખરો છે. તે ખોટો નથી. તેથી
તેના અભિષેકે જે શીખવ્યું છે તે પ્રમાણે ખ્રિસ્તમાં
જીવવાનું ચાલુ રાખો.

૨૮હા, મારાં બાળકો, તેનામાં જીવો. જો આપણે આ
કરીશું, તો આપણે ખ્રિસ્ત ઈસુ જ્યારે પાછો આવવાનો
છે તે દિવસે નિર્ભય બનીશું જયારે તે આવે ત્યારે આપણે
છુપાઈ જવાની કે શરમાઈ જવાની જરૂર નથી. ૨૯તમે
જાણો છો કે ઈસુ ન્યાયી છે. તેથી તમે એ બધા લોકોને
જાણો છો જે સાચું હોય તે જ તે કરે છે. તે દેવનાં છોકરાં
છે.

## આપણે દેવનાં છોકરાં છીએ

૩ પિતાએ (દેવ) આપણા પર કેટલો બધો પ્રેમ કર્યો
છે! એ જ બતાવે છે કે તેણે આપણને કેટલો પ્રેમ
કર્યો છે! આપણે દેવનાં છોકરાં કહેવાઈએ છીએ અને
ખરેખર આપણે તેનાં છોકરાં છીએ. પરંતુ જગતના લોકો
સમજતા નથી કે આપણે દેવનાં છોકરાં છીએ, કારણ કે
તેઓએ તેને (દેવ) ઓળખ્યો નથી. ૨વહાલા મિત્રો, હવે
આપણે દેવનાં છોકરાં છીએ. અને ભવિષ્યમાં આપણે
કેવા થઈશું તે હજી સુધી પ્રગટ થયું નથી. પણ આપણે
જાણીએ છીએ કે જ્યારે ઈસુ ફરીથી આવશે ત્યારે આપણે
ખ્રિસ્ત જેવા થઈશું. તે જેવો છે તેવો આપણે તેને જોઈશું.
૩ખ્રિસ્ત પવિત્ર છે. અને પ્રત્યેક વ્યક્તિ જેને ખ્રિસ્તમાં
આશા છે તે પોતાની જાતને ખ્રિસ્ત જેવી પવિત્ર રાખે
છે.

૪જ્યારે કોઈ વ્યક્તિ પાપ કરે છે, ત્યારે તે દેવના
નિયમને તોડે છે. હા, પાપ કરવું તે દેવના નિયમ
વિરુદ્ધ જીવવા જેવું છે. ૫તમે જાણો છો કે ખ્રિસ્ત લોકોનાં
પાપોને દૂર કરવા આવ્યો હતો. ખ્રિસ્તમાં કોઈ પાપ
નથી. ૬તેથી જે વ્યક્તિ ખ્રિસ્તમાં જીવે છે તે પાપ કરતો
નથી. જે કોઈ વ્યક્તિ પાપ કરે છે, તે ખરેખર ખ્રિસ્તને
સમજ્યો નથી અને કદી તેણે ખ્રિસ્તને ઓળખ્યો નથી.

૭વહાલાં બાળકો, કોઈ તમને ખોટા રસ્તે દોરે નહિ.
ખ્રિસ્ત ન્યાયી છે. ખ્રિસ્તની જેમ સારા થવા માટે,
વ્યક્તિએ જે ન્યાયી છે તે કરવું જોઈએ. ૮શેતાન
આરંભકાળથી જ પાપ કરે છે. જે વ્યક્તિ પાપ કરવાનું
ચાલુ રાખે છે તે શેતાનનો છે. દેવનો પુત્ર (ખ્રિસ્ત)
શેતાનનાં કામોનો નાશ કરવા માટે આવ્યો.

૯જ્યારે દેવ એક વ્યક્તિને તેનો બાળક બનાવે છે,
ત્યારે તે વ્યક્તિ પાપ કરવાનું ચાલુ રાખતો નથી. શા
માટે? કારણ કે દેવે તેનામાં જે બીજ રોપ્યું છે તે તેની
અંદર રહે છે અને તે પાપ કરી શકતો નથી. કારણ કે તે
દેવથી જન્મેલો છે. ૧૦તેથી આપણે જોઈ શકીએ છીએ
કે દેવનાં છોકરાં કોણ છે. વળી, આપણે જાણી શકીએ
છીએ કે શેતાનનાં છોકરાં કોણ છે. જે લોકો સાચું જે છે
તે કરતાં નથી તે દેવનાં છોકરાં નથી. અને જે વ્યક્તિ
તેના ભાઈને પ્રેમ કરતો નથી. તે પણ દેવનું બાળક
નથી.

## આપણે એકબીજા પર પ્રેમ કરવો જોઈએ

૧૧આરંભથી જે ઉપદેશ તમે સાંભળ્યો છે તે આ જ
છે: આપણે એકબીજા પર પ્રેમ કરવો જોઈએ. ૧૨કાઈન*
જેવા ન થાઓ. કાઈન દુષ્ટનો હતો. કાઈને તેના ભાઈ
હાબેલને* મારી નાખ્યો. પણ શા માટે કાઈને તેના
ભાઈને મારી નાખ્યો? કારણ કે કાઈનનાં કામો ભૂંડાં
હતાં, અને તેના ભાઈ હાબેલનાં કામો સારાં હતાં.

૧૩ભાઈઓ અને બહેનો, આ જગતના લોકો જ્યારે
તમને ધિક્કારે ત્યારે નવાઈ પામશો નહિ. ૧૪આપણે
જાણીએ છીએ કે આપણે મરણમાંથી (પાપ) નીકળીને
જીવનમાં આવ્યા છીએ. આપણે આ જાણીએ છીએ
કારણ કે આપણે આપણા ભાઈઓ અને બહેનોને પ્રેમ
કરીએ છીએ. જે વ્યક્તિ પ્રેમ કરતો નથી તે હજુ મરણમાં
છે. ૧૫પ્રત્યેક વ્યક્તિ જે તેના ભાઈનો દ્વેષ કરે છે તે
ખૂની છે. અને તમે જાણો છો કે કોઈ ખૂનીમાં
અનંતજીવન રહેતું નથી. ૧૬એથી આપણે જાણીએ છીએ
કે સાચો પ્રેમ શું છે: ઈસુએ પોતાનો પ્રાણ આપણા માટે
આપ્યો. તેથી આપણે ખ્રિસ્તમાં આપણા ભાઈઓ અને
બહેનો માટે આપણું જીવન સમર્પણ કરવું જોઈએ.
૧૭ધારો કે એક વિશ્વાસી કે જે ખૂબ ધનવાન હોવાથી
તેની પાસે જરૂરી બધી જ વસ્તુઓ હોય છે. તે ખ્રિસ્તમાં
તેના ભાઈને જુએ છે જે ગરીબ છે અને તેની જરૂરી
વસ્તુઓ તેની પાસે નથી. તો પછી જો વિશ્વાસી પાસે
વસ્તુઓ હોય અને ગરીબને મદદ ન કરે તો શું? પછી
જે વિશ્વાસી પાસે જરૂરી વસ્તુઓ છે પરંતુ તેના હૃદયમાં
દેવની પ્રીતિ હોતી નથી. ૧૮મારાં બાળકો, આપણો પ્રેમ
ફક્ત શબ્દોમાં અને વાતોમાં હોવો જોઈએ નહિ. ના!
આપણો પ્રેમ સાચો પ્રેમ હોવો જોઈએ. આપણે આપણો
પ્રેમ આપણાં કાર્યો દ્વારા દર્શાવવો જોઈએ.

૧૯-૨૦તેથી આ એ જ રસ્તો છે જે આપણે જાણીએ
છીએ કે આપણે સત્ય માર્ગના છીએ. અને જ્યારે
આપણને આપણું હૃદય દોષિત ઠરાવે છે, છતાં દેવ
આગળ આપણને શાંતિ મળી શકે છે. શા માટે? કારણ
કે દેવ આપણા હૃદય કરતાં મહાન છે. તે દેવ બધું જ
જાણે છે.

૨૧મારા વહાલા મિત્રો, જો આપણું અંતઃકરણ આપણને
દોષિત ન ઠરાવે તો જ્યારે આપણે દેવ પાસે આવીએ
છીએ ત્યારે આપણે નિર્ભય થઈ શકીએ છીએ. ૨૨અને
દેવ આપણને આપણે જે માગીએ તે આપે છે. આપણે
આ વાનાં પ્રાપ્ત કરીએ છીએ કેમ કે આપણે દેવની
આજ્ઞાઓનું પાલન કરીએ છીએ અને આપણે દેવ પ્રસન્ન
થાય તેવાં કામો કરીએ છીએ. ૨૩દેવે આપણને જે આજ્ઞા
કરી છે તે આ છે કે, "આપણે તેના પુત્ર ઈસુ ખ્રિસ્તમાં
વિશ્વાસ કરીએ અને આપણે એકબીજાને પ્રેમ કરીએ."

---

**કાઈન, હાબેલ** આદમ અને હવાના પુત્રો. કાઈન હાબેલની
ઈર્ષા કરતો હતો અને તેને મારી નાખ્યો. (ઉત. ૪:૧-૧૬)

તેણે જે આજ્ઞા કરી છે તે આ છે. ૨૪તે વ્યક્તિ જે દેવની
આજ્ઞાઓનું પાલન કરે છે તે દેવમાં રહે છે. અને દેવ તે
વ્યક્તિમાં રહે છે. આપણે કેવી રીતે જાણીએ કે દેવ
આપણામાં રહે છે? દેવે આપણને જે આત્મા આપ્યો છે
તેના કારણે આપણે જાણીએ છીએ.

### યોહાન જૂઠાં પ્રબોધકોથી ચેતવે છે

૪ મારા વહાલા મિત્રો, હમણા જગતમાં ઘણા જૂઠા
પ્રબોધકો છે. તેથી પ્રત્યેક આત્માઓ પર વિશ્વાસ
કરવો નહિ પરંતુ તે આત્માઓ દેવ પાસેથી છે કે નહિ
તે પારખી જુઓ. ૨એથી તમે દેવનો આત્મા ઓળખી
શકો છો. આત્મા કહે છે, "હું માનું છું કે ઈસુ તે ખ્રિસ્ત
છે જે પૃથ્વી પર આવ્યો અને માનવ બન્યો." તે આત્મા
દેવ તરફથી છે. ૩બીજા આત્માએ ઈસુ વિષે આ કહેવાની
ના પાડી. તે આત્મા દેવ તરફથી નથી. આ આત્મા
ખ્રિસ્તવિરોધીનો છે. તમે સાંભળ્યું છે કે ખ્રિસ્તવિરોધી
આવે છે. અને હવે તે ખ્રિસ્તવિરોધી જગતમાં છે.

૪મારાં વહાલાં બાળકો, તમે દેવના છો. તેથી તમે
તેઓને (જૂઠા પ્રબોધકો) હરાવ્યા છે. શા માટે? કારણ કે
(દેવ) જે તમારામાં છે તે (શેતાન) જે જગતના લોકોમાં
છે તેના કરતાં વધારે મોટો છે. ૫અને પેલા લોકો (જૂઠા
પ્રબોધકો) જગતના છે. તેથી જે વાતો તેઓ કહે છે તે
જગતની છે. અને જગત તેઓ જે કહે છે તે ધ્યાનથી
સાંભળે છે. ૬પણ આપણે દેવના છીએ. તેથી જે લોકો
દેવને જાણે છે તેઓ આપણને ધ્યાનથી સાંભળે છે.
પરંતુ જે લોકો દેવના નથી તેઓ આપણને સાંભળતા
નથી. આ રીતે આપણે સત્યના આત્માઓને ભ્રાંતિના
આત્માઓથી જુદા તારવી શકીએ છીએ.

### પ્રેમ દેવ પાસેથી આવે છે

૭વહાલા મિત્રો, આપણે એકબીજાને પ્રેમ કરવો
જોઈએ, કારણ કે પ્રેમ દેવ પાસેથી આવે છે. જે વ્યકિત
પ્રેમ કરે છે તે દેવનું બાળક બને છે અને દેવને ઓળખે
છે. ૮જે વ્યકિત પ્રેમ કરતો નથી તે દેવને ઓળખતો
નથી કેમ કે દેવ પ્રેમ છે. ૯આ રીતે દેવે તેનો પ્રેમ
આપણને બતાવ્યો છે: દેવે તેના એક માત્ર પુત્રને તેના
મારફત આપણને જીવન આપવા માટે આ દુનિયામાં
મોકલ્યો છે. ૧૦સાચો પ્રેમ એ દેવનો આપણા પ્રત્યેનો
પ્રેમ છે, આપણે દેવ પર પ્રેમ રાખ્યો એમ નહિ. પણ
તેણે આપણા પર પ્રેમ રાખ્યો અને પોતાના પુત્રને આપણાં
પાપનું પ્રાયશ્ચિત થવા માટે મોકલ્યો એમાં પ્રેમ છે.

૧૧જો દેવે આપણને આટલો બધો પ્રેમ આપ્યો તો,
વહાલા મિત્રો! તેથી આપણે પણ એકબીજાને પ્રેમ કરવો
જોઈએ. ૧૨કોઈ વ્યકિતએ હજુ સુધી દેવને જોયો નથી.
પણ જો આપણે એકબીજાને પ્રેમ કરીશું, તો દેવ
આપણામાં રહે છે. જો આપણે એકબીજાને પ્રેમ કરીએ,
તો દેવનો પ્રેમ આપણામાં સંપૂર્ણ થયેલો છે. ૧૩આપણે
જાણીએ છીએ કે આપણે દેવમાં રહીએ છીએ અને દેવ
આપણામાં રહે છે. આપણે આ જાણીએ છીએ કેમ કે
દેવે આપણને તેનો આત્મા આપ્યો છે. ૧૪અમે જોયું છે
કે પિતાએ તેના પુત્રને જગતનો તારનાર થવા મોકલ્યો
છે. હવે આપણે લોકોને જે કહીએ છીએ તે આ છે.
૧૫જો કોઈ વ્યકિત કહે છે કે, "મને વિશ્વાસ છે કે ઈસુ
દેવનો પુત્ર છે." તો દેવ તે વ્યકિતમાં રહે છે. અને તે
વ્યકિત દેવમાં રહે છે. ૧૬અને તેથી આપણે જાણીએ
છીએ કે દેવે આપણને કેટલો બધો પ્રેમ આપ્યો છે.
અને આપણે તે પ્રેમ પર વિશ્વાસ કર્યો છે.

દેવ પ્રેમ છે. જે વ્યકિત પ્રેમમાં રહે છે તે દેવમાં રહે
છે, અને દેવ તે વ્યકિતમાં રહે છે. ૧૭જો દેવનો પ્રેમ
આપણામાં સપૂર્ણ થાય તો, પછી જયારે દેવ આપણો
ન્યાય કરશે તે દિવસે આપણે ભયરહિત રહી શકીશું.
આપણે નિર્ભય રહીશું, કારણ કે આ જગતમાં આપણે
તેના (ખ્રિસ્ત કે દેવ) જેવા છીએ. ૧૮જયાં દેવનો પ્રેમ
છે, ત્યાં ભય નથી. શા માટે? કારણ કે દેવનો સંપૂર્ણ
પ્રેમ ભય દૂર કરે છે. દેવની શિક્ષા વ્યકિતને ભયભીત
બનાવે છે. તેથી જે વ્યકિતમાં ભય છે તેનામાં દેવનો
પ્રેમ સંપૂર્ણ થતો નથી.

૧૯આપણે પ્રેમ કરીએ છીએ કારણ કે પહેલા દેવે
આપણા પર પ્રેમ કર્યો. ૨૦જો કોઈ વ્યકિત કહે કે: "હું
દેવને પ્રેમ કરું છું." પરંતુ તે વ્યકિત ખ્રિસ્તમાં તેના
ભાઈ કે બહેનનો દ્વેષ કરે છે. તો તે વ્યકિત જૂઠો છે. તે
વ્યકિત તેના ભાઈને જોઈ શકે છે, છતાં તે તેનો દ્વેષ કરે
છે. તેથી તે વ્યકિત દેવને પ્રેમ કરી શકતો નથી, કારણ કે
તેણે દેવને કદી જોયો નથી. ૨૧અને તેણે (દેવ) આપણને
આ આજ્ઞા કરી છે: જે વ્યકિત દેવને પ્રેમ કરે છે તેણે
ખ્રિસ્તમાં તેના ભાઈઓ અને બહેનોને પણ પ્રેમ કરવો
જોઈએ.

### દેવનાં છોકરાં જગત પર વિજય મેળવે છે

૫ ઈસુ એ જ ખ્રિસ્ત છે એવો જે કોઈ વિશ્વાસ કરે
છે તેઓ દેવનાં છોકરાં છે. જે વ્યકિત પિતાને
(દેવ) પ્રેમ કરે છે તે પિતાનાં છોકરાંઓને પણ પ્રેમ કરે
છે. ૨આપણે કેવી રીતે જાણી શકીએ કે આપણે દેવનાં

છોકરાંઓને પણ પ્રેમ કરીએ છીએ? આપણે જાણીએ છીએ કેમ કે આપણે દેવને પ્રેમ કરીએ છીએ અને આપણે તેની આજ્ઞાઓનું પાલન કરીએ છીએ. ૩દેવને પ્રેમ કરવો તેનો અર્થ તેની આજ્ઞાઓનું પાલન કરવું. અને દેવની આજ્ઞાઓ આપણા માટે એટલી બધી કઠિન નથી. ૪શા માટે? કારણ કે પ્રત્યેક વ્યક્તિ જે દેવનું બાળક છે તે જગતમાં વિજય મેળવવા શકિતમાન છે. ૫તે આપણો વિશ્વાસ છે કે જેણે જગત સામે વિજય મેળવ્યો છે. ફક્ત તે વ્યક્તિ જે વિશ્વાસ કરે છે કે ઈસુ દેવનો દીકરો છે તેના વિના બીજો કોણ જગતને જીતે છે?

### દેવ આપણને તેના પુત્ર વિષે કહે છે

૬જે આવ્યો તે ઈસુ ખ્રિસ્ત છે. ઈસુ પાણી* સાથે અને રક્ત* સાથે આવ્યો. ઈસુ માત્ર પાણીથી આવ્યો નથી. ના, ઈસુ પાણી અને રક્ત બંનેથી આવ્યો અને આત્મા આપણને કહે છે કે આ સાચુ છે. આત્મા સત્ય છે. ૭તેથી ત્યાં ઈસુ વિષે આપણને કહેનારા ત્રણ સાક્ષીઓ છે: ૮કેમ કે સાક્ષી પૂરનાર ત્રણ છે, એટલે આત્મા, પાણી અને લોહી. આ ત્રણ સાક્ષીઓ છે. ૯તેઓ જે કહે છે તે કંઈક સાચું હોય એવો વિશ્વાસ આપણે લોકો પર કરીએ છીએ. પરંતુ દેવ જે કહે છે તે વધારે મહત્વનું છે. અને દેવે આપણને તેના પોતાના પુત્ર વિષે સાચું કહ્યું છે. ૧૦જે વ્યક્તિ દેવના પુત્ર પર વિશ્વાસ રાખે છે તેની પાસે તે સત્ય છે જે દેવે આપણને કહ્યું છે. જે વ્યક્તિ દેવમાં વિશ્વાસ કરતી નથી તે દેવને જૂઠો પાડે છે. શા માટે? કારણ કે દેવે આપણને તેના પુત્ર વિષે જે કહ્યું તેમાં તે વ્યક્તિ વિશ્વાસ કરતી નથી. ૧૧દેવે આપણને કહ્યું છે: દેવે આપણને અનંતજીવન આપ્યું છે. અને આ અનંતજીવન તેના પુત્ર (ઈસુ) માં છે. ૧૨જે વ્યક્તિ પાસે પુત્ર છે તેની પાસે સાચું જીવન છે. પરંતુ જે વ્યક્તિની પાસે દેવનો પુત્ર નથી, તેની પાસે જીવન નથી.

### હવે આપણી પાસે અનંતજીવન છે

૧૩હું આ પત્ર, જે દેવના પુત્રમાં વિશ્વાસ કરે છે એવા તમને લોકોને લખું છું. હું લખું છું જેથી તમે જાણશો કે હવે તમારી પાસે અનંતજીવન છે. ૧૪આપણે દેવ પાસે શંકા વગર આવી શકીએ છીએ. એનો અર્થ એ છે કે આપણે દેવ પાસે તેની ઈચ્છાનુસાર કંઈ પણ માગીએ તો દેવ આપણને સાંભળે છે. ૧૫દરેક વખતે આપણે તેની પાસે જે માગીએ છીએ ત્યારે દેવ આપણને ધ્યાનથી સાંભળે છે. તેથી આપણે જાણીએ છીએ કે તેની પાસે આપણે જે માગીએ તે વસ્તુઓ તે આપણને આપે છે.

૧૬ધારો કે કોઈ વ્યક્તિ ખ્રિસ્તમાં તેના ભાઈ અથવા બહેનને પાપ કરતાં જુએ છે (પાપ કે જે મરણકારક નથી) તો તે વ્યક્તિએ તેની બહેન અથવા ભાઈ જે પાપ કરે છે તેઓના માટે પ્રાર્થના કરવી જોઈએ. પછી ભાઈ કે બહેનને દેવ જીવન આપશે. જેમનું પાપ અનંત મૃત્યુમાં દોરી જતું નથી એવા લોકો વિષે હું વાત કરુ છું. એવું પણ પાપ છે જે મરણકારક છે. તે વિષે હું કહેતો નથી કે પ્રાર્થના કરવી. ૧૭ખોટું કરવું તે હંમેશા પાપ છે. પરંતુ એવું પણ પાપ છે જે અનંત મૃત્યુ તરફ દોરી જતું નથી.

૧૮આપણે જાણીએ છીએ કે કોઈ પણ વ્યક્તિ જે દેવનો બાળક બન્યો છે તે પાપ કર્યા કરતો નથી. દેવનો પુત્ર દેવના બાળકને સલામત રાખે છે.* શેતાન પણ તે વ્યક્તિને ઈજા કરી શકતો નથી. ૧૯આપણે જાણીએ છીએ કે આપણે દેવનાં છીએ. પરંતુ શેતાન આખી દુનિયાને કાબુમાં રાખે છે. ૨૦અને આપણે જાણીએ છીએ કે દેવનો પુત્ર ઈસુ ખ્રિસ્ત આવ્યો છે. દેવના પુત્રએ આપણને સમજ આપી છે. હવે આપણે દેવને ઓળખી શકીએ છીએ. દેવ જે સાચો છે. અને આપણું જીવન તે સાચા દેવ અને તેના પુત્રમાં છે, ઈસુ ખ્રિસ્ત તે જ ખરો દેવ છે, અને તે અનંતજીવન છે. ૨૧તેથી, વહાલાં બાળકો, તમારી જાતને જૂઠા દેવોથી દૂર રાખો.

**પાણી** મોટે ભાગે ઈસુના બાપ્તિસ્માના પાણીનો સંદર્ભ છે.

**રક્ત** ઈસુના મરણ વખતનું વહેવડાવેલું રક્ત.

**દેવનો પુત્ર … સલામત રાખે છે** ગ્રીક શાબ્દીક અર્થ, "દેવથી જે જન્મેલો છે તે બચાવી રાખે છે અથવા "પોતાને બચાવી રાખે છે."

# યોહાનનો બીજો પત્ર

દેવની પસંદગી પામેલ બાઈ*
તથા તેનાં છોકરાં જોગ લખિતંગ વડીલ:

હું તમને બધાંને સત્યમાં પ્રેમ કરું છું. અને એ બધાં લોકો જે સત્યને જાણે છે તે બધા પણ તમને પ્રેમ કરે છે. ૨સત્યના કારણે અમે તમને પ્રેમ કરીએ છીએ–તે સત્ય જે આપણામાં રહે છે. આ સત્ય આપણી સાથે સદાકાળ રહેશે.

૩આપણા પર દેવ પિતા અને તેના પુત્ર ઈસુ ખ્રિસ્તની કૃપા, દયા અને શાંતિ રહેશે. આપણે આ આશીર્વાદો સત્ય અને પ્રેમ દ્વારા પ્રાપ્ત કરીશું.

૪તમારાં કેટલાંએક બાળકો વિષે જાણીને હું ઘણો ખુશ હતો. હું ખુશ છું કે પિતાએ આપણને આપેલી આજ્ઞાઓ પ્રમાણે તેઓ સત્યના માર્ગે ચાલે છે. ૫અને હવે, વહાલી બાઈ, હું તને કહું છું: આપણે બધાએ એકબીજાને પ્રેમ કરવો જોઈએ. આ નવી આજ્ઞા નથી. તે એ જ આજ્ઞા છે જે આરંભથી જ આપણને મળી છે. ૬અને પ્રેમનો અર્થ એ છે કે જે રીતે જીવન જીવવાની આપણને આજ્ઞા કરી છે તે પ્રમાણે જીવવું. અને આ દેવની આજ્ઞા છે: તમે પ્રેમનું જીવન જીવો. આ આજ્ઞા તમે આરંભથી સાંભળી છે.

૭હમણા જગતમાં ઘણા જૂઠા ઉપદેશકો છે. આ જૂઠા ઉપદેશકો ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર આવ્યો અને માણસ થયો તે સ્વીકારવા (કહેવા) ની ના પાડે છે. જે વ્યક્તિ આ સત્ય સ્વીકારવાની ના પાડે છે તે જૂઠો ઉપદેશક અને ખ્રિસ્તનો દુશ્મન છે. ૮સાવધ રહો! તમે જે કામ કર્યુ છે તે બધાનો બદલો ગુમાવશો નહિ. સાવધ રહો, જેથી તમે તમારા બધાં પ્રતિફળ પામશો.

૯પ્રત્યેક વ્યક્તિએ ફક્ત ખ્રિસ્તે આપેલા ઉપદેશને જ અનુસરવાનું ચાલુ રાખવું જોઈએ. જો કોઈ વ્યક્તિ ઈસુએ આપેલા બોધને બદલે છે, તો પછી તે વ્યક્તિ પાસે દેવ નથી. પણ જો કોઈ વ્યક્તિ ખ્રિસ્તના બોધને અનુસરવાનું ચાલુ રાખે છે, તો તે વ્યક્તિને પિતા (દેવ) અને પુત્ર (ખ્રિસ્ત) બંને મળે છે. ૧૦જો કોઈ વ્યક્તિ તમારી પાસે આવે છે, પરંતુ આ બોધ લાવતો નથી, તો તમારા ઘરમાં તેનો સ્વીકાર કરો નહિ. તેને આવકારો નહિ. ૧૧જો તમે તેને સ્વીકારો છો તો, તમે તેના દુષ્ટ કામોમાં મદદ કરો છો.

૧૨મારી પાસે તમને કહેવાનું ઘણું છે. પરંતુ મારી ઈચ્છા કાગળ અને શાહીનો ઉપયોગ કરવાની નથી. તેને બદલે, તમારી મુલાકાત કરવાની હું આશા રાખું છું. પછી આપણે ભેગા મળીને વાતો કરી શકીશું. જે આપણને વધારે આનંદિત બનાવશે. ૧૩તારી બહેનનાં બાળકો જે દેવની પસંદગી પામેલ છે તે તમને તેઓનો પ્રેમ મોકલે છે.

---

**બાઈ** સ્ત્રી માટેનો આદરસૂચક શબ્દ. અહીં 'મંડળી' અર્થ લઈ શકાય અને 'તેના બાળકો: તે મંડળીના સભ્યો.

# યોહાનનો ત્રીજો પત્ર

જેના પર હું સત્યમાં પ્રેમ રાખું છું,
તે પ્રિય ગાયસ જોગ લખિતંગ વડીલ તરફથી કુશળતા:

²મારા પ્રિય મિત્ર, હું જાણું છું તારો આત્મા કુશળ છે. તેથી હું પ્રાર્થના કરું છું કે તું બધી રીતે કુશળ રહે. અને હું પ્રાર્થના કરું છું કે તું તંદુરસ્ત રહે. ³કેટલાએક ખ્રિસ્તમાં ભાઈઓ આવ્યા અને તારા જીવનના સત્ય વિષે મને કહ્યું. તેઓએ મને કહ્યું કે તું સત્યના માર્ગને અનુસરી રહ્યો છે. તેથી હું ઘણો ખુશ થયો. ⁴જ્યારે હું સાંભળું છું કે મારાં બાળકો સત્યના માર્ગને અનુસરે છે ત્યારે મને હંમેશા સૌથી વધુ આનંદ થાય છે.

⁵મારા પ્રિય મિત્ર, તું ખ્રિસ્તમાં ભાઈઓને માટે હા, પારકા ભાઈઓને માટે પણ, તું જે કંઈ કરે છે તે તું વિશ્વાસ કરનારને યોગ્ય કામ કરે છે. તું જેને જાણતો નથી. એવા ભાઈઓને પણ તું મદદ કરે છે. ⁶આ ભાઈઓએ મંડળીને તારા પ્રેમ વિષે વાત કરી છે. કૃપા કરીને તેઓનો પ્રવાસ ચાલુ રાખવામાં તેઓને મદદ કર. દેવ પ્રસન્ન થાય તે રીતે તેઓને મદદ કર. ⁷આ ભાઈઓ ખ્રિસ્તની સેવા કરવા માટે આજુબાજુ પ્રવાસ કરી રહ્યા છે. તેઓ જે લોકો વિશ્વાસીઓ નથી તેઓની કોઈ પણ પ્રકારની મદદનો સ્વીકાર કરતા નથી. ⁸તેથી આપણે આ ભાઈઓને મદદ કરવી જોઈએ. જ્યારે આપણે તેઓને મદદ કરીએ છીએ, ત્યારે આપણે તેઓના સત્ય માટેના કાર્યમાં સહભાગી થઈએ છીએ.

⁹મેં મંડળીને પત્ર લખ્યો છે. પણ દિયોત્રફેસ અમે જે કહીએ છીએ તે ધ્યાનપૂર્વક સાંભળતો નથી. તે હંમેશા તેઓનો આગેવાન થવા ઈચ્છે છે. ¹⁰જ્યારે હું આવીશ, ત્યારે હું દિયોત્રફેસ શું કરે છે તે વિષે કહીશ. તે જૂઠું બોલે છે અને અમારા વિષે ભૂંડું બોલે છે. પરંતુ તે જે બધું કરે છે તે એટલું જ નથી! તે જે ભાઈઓ ખ્રિસ્તની સેવાનાં કામો કરે છે તેઓને મદદ કરવાની પણ ના પાડે છે. દિયોત્રફેસ પેલા લોકો જે ભાઈઓને મદદ કરવા ઈચ્છે છે તેઓને પણ અટકાવે છે. અને તે લોકોને મંડળીમાંથી (વિશ્વાસીઓનો સમૂહ) બહિષ્કૃત કરે છે.

¹¹મારા પ્રિય મિત્ર, જે ખરાબ છે તેને અનુસરો નહિ; જે સારું છે તેને અનુસરો. જે વ્યક્તિ સારું છે તે કરે છે તે દેવથી છે. પણ જે વ્યક્તિ દુષ્ટ કાર્ય કરે છે તેણે કદી દેવને ઓળખ્યો નથી.

¹²બધા લોકો દેમેત્રિયસ વિષે સારું બોલે છે. અને તેઓ જે કહે છે તે સાથે સત્ય સંમત થાય છે. આપણે પણ તેના માટે સારું કહીએ છીએ. અને તમે જાણો છો કે આપણે જે કહીએ છીએ તે સાચું છે.

¹³મારી પાસે ઘણું છે જે મારે તમને કહેવું છે. પણ હું શાહી અને કલમનો ઉપયોગ કરવા ઈચ્છતો નથી. ¹⁴હું જલદીથી તારી મુલાકાત લેવાની આશા રાખું છું. પછી આપણે સાથે મળીને વાતો કરી શકીશું. ¹⁵તને શાંતિ થાઓ. જે મિત્રો અહીં મારી સાથે છે તેઓ તને ક્ષેમકુશળ કહે છે. મહેરબાની કરીને ત્યાંના દરેક મિત્રોને વ્યક્તિગત રીતે અમારો પ્રેમ અને ક્ષેમકુશળ કહેજે.

# યહૂદાનો પત્ર

દેવનું નિમંત્રણ પામેલા જે કોઈ ઈસુ ખ્રિસ્તની સુરક્ષા
માટે રાખવામાં આવ્યા હોય તે સર્વ વિશ્વાસીઓ અને
તેડવામાં આવેલાઓ જોગ લખિતંગ, ઈસુ ખ્રિસ્તનો
સેવક. યાકૂબનો ભાઈ યહૂદા.
૨તમારા પર દયા, શાંતિ તથા પ્રેમ પુષ્કળ થાઓ.

### ખોટું કરનારા લોકોને દેવ શિક્ષા કરશે

૩વહાલા મિત્રો, હું આપણા તારણ વિષે તમારા પર
લખવા માટે ઘણો આતુર હતો. પરંતુ બીજું કશુંક તમને
લખવાની મને જરૂર લાગી: દેવે તેના સંતોને વિશ્વાસ
આપ્યો છે તે માટે તથા તે વિશ્વાસ ચાલુ રાખવા સખત
સંઘર્ષ કરવા પ્રોત્સાહિત કરવાની મારી ઈચ્છા છે. દેવે
આ વિશ્વાસ એક વખત આપ્યો છે, તે બધા સમય
માટે સારો છે. ૪કેટલાએક લોકો ગુપ્ત રીતે તમારા
સમૂહમાં પ્રવેશ્યા છે. તેઓ જે કામ કરી રહ્યા છે તે માટે
તે લોકોનો ન્યાય હમણા જ થયો છે ને તેઓને દોષિત
ઠરાવેલ છે. ઘણા લાંબા સમય પહેલાં પ્રબોધકોએ આ
લોકો વિષે લખ્યું હતું. આ લોકો દેવની વિરુદ્ધ છે. તેઓએ
આપણા દેવની કૃપાનો ઉપયોગ ખોટી રીતે પાપ કરવા
માટે કર્યો છે. આ લોકો ઈસુ ખ્રિસ્તને, આપણો એકલો
સ્વામી અને પ્રભુ તરીકે સ્વીકારવા ના પાડે છે. ૫મારી
તમને મદદ કરવાની ઈચ્છા છે. કેટલીક બાબતો યાદ
રાખો જે તમે બધી જ રીતે જાણો છો: યાદ રાખો પ્રભુએ
તેના લોકોને ઈજિપ્તની (મિસરની) ભૂમિમાંથી બહાર
લાવીને તેઓનો બચાવ કર્યો. પરંતુ પાછળથી પ્રભુએ
જે લોકો અવિશ્વાસીઓ હતા, તે બધાનો નાશ કર્યો.
૬અને દૂતોને પણ યાદ રાખો જેઓની પાસે અધિકાર
હતો પણ તેઓએ તે રાખ્યો નહિ. તેઓએ તેઓનાં
પોતાનાં રહેવાનાં સ્થાન છોડ્યાં. તેથી પ્રભુએ આ દૂતોને
અંધકારમાં રાખ્યા છે. તેઓને સનાતન બંધનની સાંકળે
બાંધ્યા. તેણે તેઓને મોટા દિવસના ન્યાયીકરણ સુધી
રાખ્યા છે. ૭સદોમ અને ગમોરા અને તેઓની
આજુબાજુનાં બીજા શહેરોને પણ યાદ રાખો. તેઓ પણ
પેલા દૂતો જેવાં જ છે. આ શહેરો એ જ રીતે વ્યભિચારમાં
અને અનુચિત દુરાચારમાં ગરક થઈને નિરંતર
અગ્નિદંડની શિક્ષા સહન કરે છે. તેઓની શિક્ષા આપણા
માટે ઉદાહરણરૂપ છે. ૮એ લોકો સાથે બન્યું છે એ જ
રીતે તમારા સમૂહમાં પ્રવેશ્યા છે તેઓ સ્વપ્નોથી દોરાયા
છે. તેઓ પાપ વડે તેઓની જાતને ગંદી બનાવી રહ્યા
છે. તેઓ દેવના નિયમની અવગણના કરે છે. અધિકાર
અને દૂતોના ગૌરવની નિંદા કરે છે. ૯પ્રમુખ દૂત મિખાયેલે
જ્યારે શેતાનની સાથે મૂસાના શબ વિષે તકરાર કરીને
વિવાદ કર્યો, ત્યારે તેણે નિંદા કરીને તહોમત મૂકવાની
હિંમત કરી નહિ, પણ મિખાયેલે કહ્યું કે; "પ્રભુ તને
શિક્ષા કરે." ૧૦પરંતુ આ લોકો જે વિષે સમજતા નથી
તેની ટીકા કરે છે. તેઓ કેટલીક બાબતો સમજ્યા. પણ
તેઓ આ વિષે વિચાર કરીને સમજ્યા નહોતા, પરંતુ
લાગણીથી, જે રીતે મૂંગા પ્રાણીઓ વસ્તુઓ સમજે તેમ
સમજ્યા હતા. અને આ બાબતો જ તેઓને તેઓના
વિનાશ તરફ દોરી જાય છે. ૧૧તેઓને અફસોસ! આ
લોકો કાઈન જે માર્ગે ગયો તેને અનુસર્યા. પૈસા
બનાવવાની ઈચ્છાથી તેઓ પોતે બલામ જે ખોટા માર્ગે
ગયો તેની પાછળ ગયા. કોરાહની જેમ આ લોકો દેવની
વિરુદ્ધમાં લડ્યા છે. અને કોરાહની માફક જ, તેઓનો
નાશ થશે. ૧૨આ લોકો તમે જે વિશિષ્ટ ભોજનમાં સાથે
સહભાગી બનો છો તેમાં ગંદા ડાઘ જેવા છે. તેઓ ભય
વિના તમારી સાથે ખાય છે. તેઓ ફક્ત પોતાની જાતની
જ સંભાળ રાખે છે. તેઓ વરસાદ વિનાનાં વાદળાં છે.
પવન તેઓને આજુબાજુ ઘસડે છે. તેઓ ફળ વિનાનાં
વૃક્ષો જેવાં છે જ્યારે ફળનો સમય આવે ત્યારે તેઓને
ફળ આવતાં નથી તેથી જમીનમાંથી ઉખેડી કાઢવામાં
આવે છે. તેથી તેઓ બે વખત મરણ પામે છે. ૧૩તેઓ
સમુદ્રમાં આવતાં જંગલી મોજાં જેવા છે. મોજાઓ ફીણ
બનાવે છે. આ લોકો, મોજાંઓ જેમ ફીણ બનાવે છે
તેમ આ લોકો શરમજનક કાર્યો કરે છે. આ લોકો તારાઓ
જેવા છે જે ભટકનારા છે. આવા લોકો માટે ઘોર અંધકાર
સર્વકાળ માટે રાખવામાં આવેલો છે. ૧૪આદમથી સાતમા
પુરુષ હનોખે આ લોકો વિષે ભવિષ્યકથન કર્યુ છે કે:
"જુઓ, પ્રભુ હજારોની સંખ્યામાં તેના પવિત્ર દૂતો સાથે
આવે છે. ૧૫પ્રભુ પ્રત્યેક વ્યક્તિનો ન્યાય કરશે. પ્રભુ

બધા લોકોનો ન્યાય કરવા અને જે લોકો દેવની વિરુદ્ધ છે તેઓને શિક્ષા કરવા આવે છે. તે આ લોકોને દેવની વિરુદ્ધ તેઓએ કરેલાં દુષ્ટ કાર્યો માટે શિક્ષા કરશે. અને દેવ આ પાપીઓ જે દેવની વિરુદ્ધ છે તેઓને શિક્ષા કરશે. તે તેઓને તેમણે દેવની વિરુદ્ધ કહેલાં બધાં સખત ટીકાત્મક વચનો માટે શિક્ષા કરશે." ૧૬આ લોકો હંમેશા બીજા લોકોમાં ભૂલો શોધે છે અને ફરિયાદ કરે છે. તેઓ હંમેશા તેઓની ઈચ્છા મુજબ દુષ્ટ કૃત્યો કરે છે. તેઓ પોતાની જાત વિષે દંભ કરે છે. તેઓ ફક્ત પોતાની ઈચ્છા પ્રમાણે પ્રાપ્ત કરવા, સ્વાર્થ સાધવા માટે બીજા લોકો માટે સારું બોલે છે.

### ચેતવણી અને કરવાનાં કાર્યો

૧૭પ્રિય મિત્રો, પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેરિતોએ પહેલા શું કહ્યું છે તે યાદ કરો. ૧૮પ્રેરિતોએ તમને કહ્યું છે, "અંત સમયે દેવના વિષે મશ્કરી કરનારા લોકો ત્યાં હશે." આ લોકો ફક્ત તેઓની ઈચ્છા મુજબ કરવાનાં કાર્યો જે દેવની વિરુદ્ધ છે તે જ કરે છે. ૧૯આ લોકો જ તમારામાં ભાગલા પાડે છે. આ લોકો પોતાની પાપી સ્વાર્થી અધર્મી ઉત્કંઠા પ્રમાણે જ ફક્ત કાર્યો કરે છે. તે લોકોમાં આત્મા નથી.

૨૦પણ પ્રિય મિત્રો, તમે તમારું જીવન પવિત્ર વિશ્વાસના પાયા પર વધારે દૃઢ બનાવો અને પવિત્ર આત્મા વડે પ્રાર્થના કરો. ૨૧તમારી જાતને દેવના પ્રેમમાં રાખો. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની દયા વડે તમને જે અનંતજીવન પ્રાપ્ત થવાનું છે તેની રાહ જુઓ.

૨૨જેઓને શંકા છે તે લોકોને મદદ કરો. ૨૩તમારે કેટલાએક લોકોને બચાવવાની જરૂર છે. તમે તેઓને અગ્નિમાંથી ખેંચી કાઢીને બચાવશો. પણ જ્યારે તમે બીજા લોકો જે પાપીઓ છે તેઓને મદદ કરવા ઈચ્છો છો ત્યારે સાવધ રહો. તેમનાં વસ્ત્રો જે પાપથી ગંદા થયેલાં છે તેને પણ ધિક્કારો.

### દેવની સ્તુતિ થાઓ

૨૪તમને ઠોકર ખાતાં બચાવીને ભરપૂર આનંદના ગૌરવ સહિત પોતાના મહિમાવંત સાન્નિધ્યમાં નિર્દોષ રજૂ કરવા તે (દેવ) સમર્થ છે. ૨૫તે જ ફક્ત દેવ છે. તે જ એક જે આપણો ઉદ્ધાર કરે છે. તેને મહિમા, ગૌરવ, પરાક્રમ તથા અધિકાર, અનાદિકાળથી હમણા તથા સર્વકાળ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા હોજો. આમીન.

# પ્રકટીકરણ

### યોહાન આ પુસ્તક વિષે કહે છે

**૧** આ ઈસુ ખ્રિસ્તનું પ્રકટીકરણ છે. હવે ટૂંક સમયમાં
શું બનવાનું છે, તે તેના સેવકોને દર્શાવવા દેવે
ઈસુને તે અંગેની માહિતી આપી. ખ્રિસ્તે પોતાના સેવક
યોહાનને આ વાતો બતાવવા માટે પોતાના દૂતને
મોકલ્યો. ૨યોહાને જે કંઈ જોયું હતું તે વિષે જણાવ્યું.
ઈસુ ખ્રિસ્તે યોહાન સમક્ષ જે પ્રગટ કર્યુ તે સત્ય છે. તે
તો દેવ તરફનો સંદેશ છે. ૩જે વ્યકિત દેવ તરફથી મળેલ
આ સંદેશનાં વચનો વાંચે છે, તેઓને ધન્ય છે. અને જે
લોકો આ સંદેશ સાંભળે છે અને તેમાં લખેલું છે તે
પ્રમાણે કરે છે તેઓને પણ ધન્ય છે. હવે વધુ સમય
બાકી રહ્યો નથી.

### યોહાન મંડળીઓ માટે ઈસુના સંદેશાઓ લખે છે

૪આસિયા* પ્રાંતમાંની સાત મંડળીઓ જોગ લખિતંગ
યોહાન:

જે (દેવ) છે જે હતો અને જે આવી રહ્યો છે તેના
તરફથી અને તેના રાજયાસનની આગળ જે સાત આત્મા
છે, તેઓના તરફથી; ૫અને ઈસુ ખ્રિસ્ત પાસેથી, તમને
કૃપા અને શાંતિ થાઓ ઈસુ ખ્રિસ્ત વિશ્વાસુ સાક્ષી છે.
મૂએલાંમાંથી સજીવન થનાર તે સર્વ પ્રથમ હતો. ઈસુ
પૃથ્વીના રાજાઓનો અધિપતિ છે. ઈસુ એક જ છે જે
આપણને પ્રેમ કરે છે. અને ઈસુ એ એક છે જેણે પોતાના
રકત વડે આપણને આપણા પાપમાંથી મુકત કર્યા;
૬ઈસુએ આપણને એક રાજય તથા તેના પિતા દેવની
સેવાને અર્થે યાજકો બનાવ્યા. ઈસુનો મહિમા તથા
અધિકાર સદાસર્વકાળ પર્યંત હોજો! આમીન.

૭જુઓ, ઈસુ વાદળાંસહિત આવે છે! પ્રત્યેક વ્યકિત
અને જેઓએ તેને વીધ્યો* છે તેઓ પણ તેને જોશે.
પૃથ્વી પરની બધી જ જાતિઓ તેને લીધે વિલાપ કરશે.
હા, આ બનશે જ! આમીન.

૮પ્રભુ દેવ કહે છે કે, "હું આલ્ફા તથા ઓમેગા* છું,
હું તે એક છું જે છે, જે હંમેશા હતો અને જે આવનાર
છે, હું સર્વ શકિતમાન છું,"

૯હું યોહાન છું, અને હું ખ્રિસ્તમાં તમારો ભાઈ છું.
આપણે ઈસુમાં સાથે છીએ, રાજયમાં, વિપત્તિમાં તથા
ધૈર્યમાં ભાગીદાર, દેવના વચનને લીધે તથા ઈસુની
સાક્ષીને લીધે હું પાત્મસ* ટાપુ પર હતો કારણકે હું
દેવના વચનમાં અને ઈસુના સત્યમાં વિશ્વાસ ધરાવતો
હતો. ૧૦પ્રભુને દહાડે આત્માએ મને કાબુમાં રાખ્યો.
મેં મારી પાછળ મોટી વાણી સાંભળી, તે વાણી
રણશિંગડાના અવાજ જેવી હતી. ૧૧તે વાણીએ કહ્યું કે;
"તેં જે બધુ જોયુ છે તે પુસ્તકમાં લખ. અને તેને
એફેસસમાં, સ્મુર્નામાં, પર્ગામનમાં, થુવાતિરામાં,
સાર્દિસમાં, ફિલાદેલ્ફિયામાં તથા લાવદિકિયામાં જે સાત
મંડળીઓ છે તેઓને મોકલ."

૧૨મારી સાથે કોણ વાત કરે છે તે જોવા માટે હું પાછો
વળ્યો. જયારે હું પાછો ફર્યો, ત્યારે મેં સોનાની સાત
દીવીઓ જોઈ. ૧૩મેં દીવીઓની વચમાં "મનુષ્યપુત્ર
જેવા" કોઈ એકને જોયો. તેણે એક લાંબો ઝભ્ભો પહેર્યો
હતો, તેની છાતી પર સોનાનો પટો બાંધેલો હતો. ૧૪તેનું
માથું અને તેના કેશ ધોળા ઊનના જેવાં, બરફ જેવા
શ્વેત હતાં. તેની આંખો અગ્નિની જવાળાઓ જેવી હતી.
૧૫તેના પગ ભઠ્ઠીમાં શુદ્ધ થયેલા ચળકતા પિત્તળના
જેવા હતા. તેનો અવાજ ઘુઘવતા ભરતીનાં પાણીના
અવાજ જેવો હતો. ૧૬તેણે જમણા હાથમાં સાત તારાઓ
પકડયા હતા. તેના મુખમાંથી બેધારી પાણીદાર તલવાર
નીકળતી હતી જે સમયે સૂર્ય સૌથી વધારે તેજસ્વી
હોય છે તેના જેવો પ્રકાશમાન દેખાંતો હતો.

૧૭જયારે મેં તેને જોયો, હું તેનાં ચરણોમાં મૃતપ્રાય
માણસની જેમ પડી ગયો. તેણે પોતાનો જમણો હાથ

---

**આસિયા** એસિયા માઈનોરનો એક પ્રાંત

**જેઓએ તેને વિધ્યોં** જૂઓ યોહા. ૧૯:૩૪.

**આલ્ફા તથા ઓમેગા** ગ્રીક મૂળાક્ષરનો પહેલો અને છેલ્લો અક્ષર અર્થાત પ્રથમ તથા છેલ્લો.

**પાત્મસ** એસિયા માઈનોરના તટ પાસે આવેલ એજિયન સાગરનો એક નાનો ટાપુ (જે અત્યારનું તુર્કી કહેવાય છે).

મારા પર મૂકીને કહ્યુ કે; "ગભરાઈશ નહિ! હું પ્રથમ
અને છેલ્લો છું. ૧૮હું એક જે જીવંત છું. હું મૃત્યુ પામ્યો
હતો, પરંતુ જુઓ: હું અનંતકાળ જીવતો છું! અને મૃત્યુ
તથા હાદેસ* ની ચાવીઓ હું રાખું છું. ૧૯તેથી તું જે
ઘટનાઓ જુએ છે તે લખ. હમણા જે કંઈ ઘટનાઓ
બને છે તે અને હવે પછી જે જે થશે તે સર્વ લખ.
૨૦મારા જમણા હાથમાં તેં જે સાત તારા અને સાત
દીવાઓ જોયા, તેનું રહસ્ય આ છે: એ સાત તારા તે
સાત મંડળીઓના દૂતો છે, અને સાત દીવાઓ તો સાત
મંડળીઓ છે.

### એફેસસમાંની મંડળીને ઈસુનો પત્ર

૨ એફેસસમાંની મંડળીના દૂતને આ પત્ર લખ
કે: "જે પોતાના જમણા હાથમાં સાત તારા રાખે
છે, અને જે સોનાની સાત દીવીઓની વચમાં ચાલે છે
તે તમને આ વાતો કહે છે. ૨તું શું કરે છે તે હું જાણું છું,
તું સખત કામ કરે છે અને તું કદી છોડી દેતો નથી. હું
જાણું છું કે દુષ્ટ લોકોને તું સ્વીકારતો નથી. અને જેઓ
પ્રેરિતો હોવાનો દાવો કરે છે પણ તે ખરેખર એવા નથી.
તેવા લોકોને તેં પારખી લીધા છે. તને ખબર પડી છે કે
તેઓ જૂઠા છે. ૩તેં તારા પ્રયત્નો સતત ચાલુ રાખ્યા છે,
મારા નામને ખાતર તેં મુશ્કેલીઓ સહન કરી છે. અને
તું આ કામ કરવામાં થાકી ગયો નથી.
૪"પણ તારી વિરુદ્ધ મારે આટલું છે કે, તેં તારા
શરૂઆતના પ્રેમનો ત્યાગ કર્યો છે." ૫એ માટે તું હમણા
જયાંથી પડયો છે તે યાદ કર, પસ્તાવો કર, અને પ્રથમનાં
જેવાં કામો કર. જો તું પસ્તાવો નહિ કરે તો હું તારી
પાસે આવીશ અને તારી દીવીને તેની જગ્યાએથી લઈ
જઈશ. ૬પણ તું જે કંઈક કરે છે તે બરાબર છે:
નિકલાયતીઓ* જે કરે છે તેને તમે ધિક્કારો છો, તેઓ
જે કરે છે તેને હું પણ ધિક્કારું છું.
૭"પ્રત્યેક વ્યક્તિ જે આ વાતો સાંભળે છે તેણે, આત્મા
મંડળીઓને જે કહે છે તે સાંભળવું જોઈએ. જે વ્યક્તિ
વિજય મેળવે છે તેને હું જીવનનાં વૃક્ષ પરનું ફળ
ખાવાનો અધિકાર આપીશ. આ વૃક્ષ દેવના પારાદૈસમાં
છે."

### સ્મુર્નામાંની મંડળીને ઈસુનો પત્ર

૮"સ્મુર્નામાંની મંડળીના દૂતને આ લખ કે:
"એક જે પ્રથમ અને છેલ્લો છે તે આ હકીકતો
તમને કહે છે. તે એક છે જે મૃત્યુ પામ્યો અને ફરી
જીવતો થયો છે. ૯તારી મુસીબતો હું જાણું છું, અને તું
ગરીબ છે તે પણ જાણું છું પરંતુ ખરેખર તું ધનવાન છે!
તારા વિષે કેટલાક લોકો ખરાબ વાતો કરે છે તે પણ હું
જાણું છું. પેલા લોકો કહે છે કે તેઓ યહૂદીઓ છે. પણ
તેઓ સાચા યહૂદીઓ નથી તેઓ શેતાનની સભા છે.
૧૦તારી સાથે જે કંઈ બનશે તેથી તું ડરતો નહિ. હું
તમને કહું છું શેતાન તમારામાંના કેટલાકને બંદીવાન
બનાવશે. તે તમારું પરીક્ષણ કરવા માટે આમ કરશે.
તમારે દશ દિવસ સુધી સહન કરવું પડશે. જો તારે
મૃત્યુ પામવું પડે તો પણ વિશ્વાસુ રહેજે. જો તું વિશ્વાસુ
બની રહેશે તો પછી હું તને જીવનનો મુગટ આપીશ.
૧૧"પ્રત્યેક વ્યક્તિ જે આ વાતો સાંભળે છે, તે આત્મા,
મંડળીઓને જે કહે છે તે સાંભળે. જે વ્યક્તિ વિજય
પ્રાપ્ત કરે છે તેને બીજા મૃત્યુનું નુકશાન થશે નહિ.

### પર્ગામનમાંની મંડળીને ઈસુનો પત્ર

૧૨"પર્ગામનમાંની મંડળીના દૂતને આ લખ કે:
"જેની પાસે બેધારી પાણીદાર તલવાર છે, તે આ
હકીકત તમને કહે છે. ૧૩તું કયાં વસે છે તે હું જાણું છું.
તું જયાં શેતાનની પોતાની ગાદી છે ત્યાં રહે છે, પણ
મને તો તું વિશ્વાસુ છે. અંતિપાસના સમય દરમિયાન
પણ તેં મારામાં વિશ્વાસ હોવા વિષેની ના પાડી નહિ.
અંતિપાસ મારો વિશ્વાસુ સાક્ષી હતો જેને તમારા શહેરમાં
મારી નાખવામાં આવ્યો હતો. જયાં શેતાન રહે છે તે
તમારું શહેર છે.
૧૪"છતાં પણ મારી પાસે તારી વિરુદ્ધ થોડી એક
વાતો છે: તારી સાથે કેટલાક લોકો છે. જે બલામના
બોધને અનુસરે છે. બલામે બાલાકને શીખવ્યું કે
ઈઝરાએલના લોકોને પાપ કરતાં શીખવે, તે લોકોએ
મૂર્તિઓના નૈવેદ ખાઈને અને વ્યભિચાર કરીને પાપ
કર્યુ. ૧૫તમારા સમૂહમા પણ આવું જ છે. તમારી પાસે
એવા લોકો છે, જે નિકલાયતીઓના બોધને અનુસરે
છે. ૧૬તેથી પસ્તાવો કરો. જો તમે પસ્તાવો નહિ કરો તો,
હું તમારી પાસે જલદી આવીશ અને તે લોકોની સામે
મારા મુખમાંથી નીકળતી તલવાર વડે લડીશ.
૧૭"પ્રત્યેક વ્યક્તિ જે આ વાતો સાંભળે છે તેણે
આત્મા મંડળીઓને જે કહે છે તે સાંભળવું જોઈએ!
"પ્રત્યેક વ્યક્તિ જે વિજય પ્રાપ્ત કરે છે તેને હું ગુપ્ત
રાખેલ માન્ના આપીશ. વળી હું તેને શ્વેત પથ્થર આપીશ.
આ પથ્થર પર એક નવું નામ લખેલું છે, જે નવા

---

**હાદેસ** મૃત્યુ પામ્યા પછી જયાં લોકો જાય છે તે જગ્યા.

**નિકલાયતીઓ** એશિયા માઈનોરનો એક ધાર્મિક જૂથ જે ખોટા મતોમાં માનતો હતો.

નામને કોઈ વ્યકિત જાણતી નથી. ફકત જે વ્યકિત તે પથ્થર પ્રાપ્ત કરશે તે જ તે નવું નામ જાણશે.

### થુવાતિરામાંની મંડળીને ઈસુનો પત્ર

૧૮"થુવાતિરામાંની મંડળીના દૂતને આ લખ કે:

"દેવનો પુત્ર એક છે જેની આંખો અગ્નિની જવાળા જેવી છે. અને જેના પગ ચળકતા પિત્તળના જેવા છે, તે તમને જે કહે છે તે આ છે. ૧૯"તું જે કરે છે તે હું જાણું છું. હું તારો પ્રેમ, તારો વિશ્વાસ, તારી સેવા અને તારી ધીરજને જાણું છું. તેં પ્રથમ જે કર્યુ તેનાથી હમણાં તે વધારે કર્યુ છે તે પણ હું જાણું છું. ૨૦છતાં પણ મારે તારી વિરુદ્ધ આટલું છે કે; તું ઈઝબેલ નામની સ્રીને તેની ઈચ્છા મુજબ કરવા દે છે. તે કહે છે કે તે એક પ્રબોધિકા છે. પણ તે મારા લોકોને તેના ઉપદેશ વડે ભમાવે છે. ઈઝબેલ મારા લોકોને વ્યભિચારનું પાપ કરવાને તથા મૂર્તિઓના નૈવેદ ખાવા માટે દોરે છે. ૨૧મેં તેને પસ્તાવો કરવા તથા પોતાના પાપમાંથી પાછા ફરવાનો સમય આપ્યો છે. પરંતુ તે પસ્તાવો કરવા ઈચ્છતી નથી. ૨૨અને તેથી હું તેને પીડાની પથારીમાં પાડીશ. અને બધા લોકો જેઓ તેની સાથે વ્યભિચાર કરે છે તેઓ ખૂબ સહન કરશે. તે જે કંઈ કરે છે તેનાથી તેઓ અટકશે નહિ, તો હવે હું આ કરીશ. ૨૩હું તેના છોકરાંને પણ મારી નાખીશ. પછી બધી જ મંડળીઓ જાણશે કે મન તથા અંત:કરણનો પારખનાર હું છું. અને હું તમારાંમાંના દરેકને તમે જે કામ કર્યુ છે તેનો બદલો આપીશ.

૨૪"પણ તમે બીજા લોકો જેઓ થુવાતિરામાં તેનાં બોધને અનુસર્યા નથી અને જેઓ શેતાનનાં ઉંડા મર્મોનો જે દાવો કરે છે, તેને જેઓ શીખ્યા નથી તે તમોને હું આ કહું છું કે: હું તમારા પર બીજો બોજો મૂકતો નથી. ૨૫ફકત હું આવું નહિ ત્યાં સુધી તમારી પાસે જે છે તેને વળગી રહો.

૨૬"પ્રત્યેક વ્યકિત જે વિજય મેળવે છે અને હું ઈચ્છું છું તે કામો અંત સુધી ચાલુ રાખે છે તેને હું અધિકાર આપીશ. હું તે વ્યકિતને રાષ્ટ્રો પર અધિકાર આપીશ:

૨૭ 'લોખંડના દંડથી તે તેઓ પર શાસન કરશે.
માટીનાં વાસણની જેમ તેમના તે ટૂકડે ટૂકડા કરશે.'

*ગીતશાસ્ર. ૨:૯*

૨૮આ તે જ અધિકાર છે જે મેં મારા પિતા પાસેથી પ્રાપ્ત કર્યો છે. હું તે વ્યકિતને પ્રભાતનો તારો પણ આપીશ. ૨૯પ્રત્યેક વ્યકિત જે આ વાતો સાંભળે છે તેણે આત્મા મંડળીઓને જે કહે છે તે સાંભળવું જોઈએ.

### સાર્દિસમાંની મંડળીને ઈસુનો પત્ર

૩ "સાર્દિસમાંની મંડળીના દૂતને આ લખ કે: "તે એક કે જેની પાસે સાત આત્મા અને સાત તારા છે તે તમને આ વાતો કહે છે. તું જે કામો કરે છે તે હું જાણું છું. લોકો કહે છે કે તું જીવે છે. પણ તું ખરેખર મૃત્યુ પામેલ છે. ૨જાગ્રૃત થા! હજુ જયારે તારે કંઈક છોડવાનું હોય તો તારી જાતને વધારે મજબૂત બનાવ. તે સંપૂર્ણ રીતે મૃત્યુ પામે તે પહેલા તારી જાતને વધુ મજબૂત બનાવ. મેં શોધ્યું છે કે તું જે કામો કરે છે તે મારા દેવ માટે સંપૂર્ણ થયેલાં નથી. ૩તેથી તને જે મળ્યું છે અને તેં જે સાંભળ્યું છે, તેને યાદ કર અને તેને અનુસર. ને પસ્તાવો કર. તારે જાગૃત થવું જોઈએ. અથવા હું તારી પાસે આવીશ અને તને ચોરની જેમ નવાઈ પમાડીશ. હું કયારે આવીશ તે તને માલૂમ પડશે નહિ. ૪પણ તારા સમૂહમાં સાર્દિસમાં તારી પાસે થોડા લોકો છે જેઓએ તેમની જાતને શુદ્ધ રાખી છે. તે લોકો મારી સાથે ફરશે. તેઓ ઊજળાં વસ્રો પહેરશે કારણકે તેઓ લાયક છે. ૫પ્રત્યેક વ્યકિત જે વિજય પ્રાપ્ત કરે છે તેને આ લોકોની જેમ ઊજળાં વસ્રો પહેરાવવામાં આવશે. હું તે વ્યકિતનું નામ જીવનના પુસ્તકમાંથી કાઢી નાખીશ નહિ. હું મારા પિતા અને તેના દૂતોની આગળ કહીશ કે તે વ્યકિત મારી છે. ૬પ્રત્યેક વ્યકિત જે આ વાતો સાંભળે છે તેણે આત્મા મંડળીઓને જે કહે છે તે સાંભળવું જોઈએ.

### ફિલાદેલ્ફિયામાંની મંડળીને ઈસુનો પત્ર

૭"ફિલાદેલ્ફિયામાંની મંડળીના દૂતને આ લખ કે:

"જે એક પવિત્ર અને સત્ય છે તે તમને આ શબ્દો કહે છે. તેની પાસે દાઉદની ચાવી છે. જયારે તે કંઈક ઉઘાડે છે, તે બંધ થઈ શકતું નથી. અને જયારે તે કંઈક બંધ કરે છે, તે ઉઘાડી શકાતુ નથી. ૮તુ જે કામો કરે છે તે હું જાણું છું. મેં તારી સમક્ષ બારણું ઉઘાડું મૂકયું છે. કોઈ પણ વ્યકિત તેને બંધ કરી શકે તેમ નથી. હું જાણું છું કે તું અશકત છે. પરંતુ તું મારા ઉપદેશને અનુસર્યો છે. તું મારું નામ બોલતાં ડર્યો નથી. ૯ધ્યાનથી સાંભળ! ત્યાં એક સભાસ્થાન છે જે શેતાનની માલિકીનું છે. તે લોકો એમ કહે છે કે તેઓ યહૂદીઓ છે. પણ તેઓ જૂઠા છે. તે લોકો સાચા યહૂદીઓ નથી. હું તેઓની પાસે એમ કરાવીશ કે તેઓ તારી આગળ આવીને તારા પગે

પડશે. તેઓ જાણશે કે તમે એવા લોકો છો જેમને મેં ચાહ્યા છે. ૧૦તું ધીરજથી મારી આજ્ઞાને અનુસર્યો છે, તેથી આખી પૃથ્વી પર આવનારી વિપત્તિના સમયમાં હું તને બચાવીશ. આ વિપત્તિ જે લોકો પૃથ્વી પર રહે છે તેમનું પરીક્ષણ કરશે.

૧૧"હું જલ્દી આવી રહ્યો છું, હમણાં તું જે રીતે જીવે છે તેને વળગી રહે. પછી કોઈ વ્યક્તિ તારો મુગટ લઈ લેશે નહિ. ૧૨જે વિજય પ્રાપ્ત કરશે તે વ્યક્તિ મારા દેવના મંદિરમાં સ્તંભ બનશે. જે વ્યક્તિ વિજય મેળવે છે તેને માટે હું તે કરીશ. તે વ્યક્તિ ફરીથી કદાપિ દેવના મંદિરને છોડશે નહિ. હું મારા દેવનું નામ તે વ્યક્તિ પર લખીશ. અને મારા દેવના શહેરનું નામ તે વ્યક્તિ પર લખીશ. તે શહેર એ નવું યરૂશાલેમ છે. તે શહેર મારા દેવની પાસેથી આકાશમાંથી નીચે ઊતરે છે. હું તે વ્યક્તિ પર મારું નવું નામ પણ લખીશ. ૧૩પ્રત્યેક વ્યક્તિ જે આ વાતો સાંભળે છે તેણે, આત્મા મંડળીઓને જે કહે છે તે સાંભળવું જોઈએ.

### લાવદિકિયામાંની મંડળીને ઈસુનો પત્ર

૧૪"લાવદિકિયામાંની મંડળીના દૂતને લખ કે:

"જે આમીન* છે તે તમને આ વાતો કહે છે. તે વિશ્વાસુ તથા સાચો સાક્ષી છે. દેવે જે બધું બનાવ્યું છે તેનો તે શાસક છે. તે જે કહે છે તે આ છે: ૧૫તું શું કરે છે તે હું જાણું છું. તું ગરમ કે ઠંડો નથી; હું ઈચ્છું છું કે તું ગરમ કે ઠંડો થાય! ૧૬પણ તું માત્ર હૂંફાળો છે, નથી ગરમ કે નથી ઠંડો. તેથી હું મારા મુખમાંથી તને થૂંકી નાખીશ. ૧૭તું કહે છે કે તું શ્રીમંત છે. તું વિચારે છે કે તું ધનવાન બન્યો છે અને તને કશાની જરૂર નથી. પણ તને ખબર નથી કે તું ખરેખર કંગાલ, બેહાલ, દરિદ્રી, આંધળો, અને નગ્ન છે. ૧૮હું તને સલાહ આપું છું કે તું મારી પાસેથી અગ્નિમાં શુદ્ધ કરેલું સોનું વેચાતું લે. પછી તું સાચો શ્રીમંત થઈ શકીશ. હું તને આ કહું છું. ઊજળાં વસ્રો જે છે તે ખરીદ. પછી તું તારી શરમજનક નગ્નતાને ઢાંકી શકીશ. હું તને આંખોમાં આંજવાનું અંજન પણ ખરીદવાનું કહું છું. પછી તું ખરેખર જોઈ શકીશ.

૧૯"હું જે લોકોને ચાહું છું તે સર્વને હું સુધારું છું અને શિક્ષા કરું છું. માટે તું ઉત્સાહી થા, પસ્તાવો કર. ૨૦હું અહી છું! હું બારણાં આગળ ઊભો રહીને ખખડાવું છું. જો કોઈ વ્યક્તિ મારી વાણી સાંભળે છે અને બારણું ઉઘાડે છે તો હું અંદર આવીશ અને તે વ્યક્તિ સાથે જમીશ અને તે મારી સાથે જમશે.

૨૧"જે વ્યક્તિ વિજય પ્રાપ્ત કરે છે તેને હું મારી સાથે મારા રાજયાસન પર બેસવા દઈશ. મારી સાથે પણ એમ જ હતું. મેં વિજય મેળવ્યો અને મારા બાપ સાથે તેના રાજયાસન પર બેઠેલો છું. ૨૨પ્રત્યેક વ્યક્તિ જે આ વાતો સાંભળે છે. તેણે આત્મા મંડળીઓને જે કહે છે તે સાંભળવું જોઈએ."

### યોહાનને આકાશી દર્શન

૪ પછી મેં જોયું, ત્યાં મારી આગળ આકાશમાં એક દ્વાર ઉઘડેલું હતું. અને અગાઉ મને કહી હતી તે જ વાણી મેં સાભળી. તે વાણી રણશિંગડાના અવાજ જેવી હતી. તે વાણીએ કહ્યું, "અહી ઉપર આવ, અને હવે પછી જે જે થવું જ જોઈએ તે હું તને બતાવીશ." ૨પછી તે આત્માએ મારા પર કાબુ કરી લીધો. ત્યાં મારી આગળ આકાશમાં એક રાજયાસન હતું. રાજ્યાસન પર કોઈ એક માણસ બેઠેલો હતો. ૩તે રાજ્યાસન પર જે બેઠો હતો તે યાસપિસ અને લાલ કીમતી પથ્થર જેવો દેખાતો હતો. અને રાજ્યાસનની ચારે બાજુ લીલમ જેવું સ્વચ્છ રંગીન પ્રકાશનું એક મેઘધનુષ્ય હતું. ૪રાજ્યાસનની આસપાસ બીજાં ૨૪ રાજ્યાસનો હતા. તે ૨૪ રાજ્યાસનો પર ૨૪ વડીલો બેઠા હતા. તે વડીલોએ ઊજળાં વસ્રો પહેર્યા હતા. અને તેઓના માથા પર સોનાના મુગટ હતા. ૫રાજ્યાસનમાંથી વીજળીઓ અને ગર્જનાઓ અને વાણીઓ આવી. રાજયાસનની આગળ અગ્નિના સાત દીવાઓ સળગતા હતા. આ દીવાઓ દેવના સાત આત્મા છે. ૬ત્યાં રાજયાસનની આગળ કાચના સમુદ્ર જેવું કાંઈક હતું. તે સ્ફટીકના જેવું સ્વચ્છ હતું.

રાજ્યાસનની સામે અને તેની દરેક બાજુએ ત્યાં ચાર જીવતાં પ્રાણીઓ હતાં. આ જીવતાં પ્રાણીઓને તેમની બધી બાજુએ આગળ પાછળ આંખો હતી. ૭પહેલું જીવતું પ્રાણી સિંહ જેવું હતું. બીજું એક વાછરડાના જેવું હતું. ત્રીજાને મનુષ્ય જેવું મુખ હતું. ચોથું ઊડતા ગરુડના જેવું હતું. ૮આ ચાર જીવતાં પ્રાણીઓને છ છ પાંખો હતી. અને આ બધાં જીવતાં પ્રાણીઓ અંદર અને બહાર બધી બાજુએ આંખોથી ભરપૂર હતાં. આ જીવતાં ચાર પ્રાણીઓ દિવસ અને રાત કદી આ રીતે કહેતા વિસામો લેતાં નથી:

"પવિત્ર, પવિત્ર, પવિત્ર, પ્રભુ દેવ,
સર્વશક્તિમાન. જે હંમેશા હતો, જે છે, અને જે
આવનાર છે."

---

**આમીન** આમીન શબ્દનો અર્થ જે પરમ સત્ય છે તેને અનુરૂપ થવું તેમ થાય પરંતુ અહીં ઈસુના નામના રૂપે ઉલ્લેખ કર્યો છે.

૯જે રાજ્યાસન પર બેઠેલો છે તેને આ જીવતાં
પ્રાણીઓ મહિમા આપશે અને સ્તુતિ ગાશે. તે એક છે
જે સદાસર્વકાળ જીવંત છે. અને જ્યારે તે જીવતાં
પ્રાણીઓ આ કરે છે. ૧૦ત્યારે ૨૪ વડીલો* જે રાજ્યાસન
પર બેસે છે તેને પગે પડશે. જે સદાસર્વકાળ જીવંત છે
તેની વડીલો આરાધના કરે છે. તે વડીલો રાજ્યાસન
આગળ પોતાના મુગટો મૂકી દઈને કહેશે કે:

૧૧ "અમારા પ્રભુ અને દેવ! તું મહિમા, માન તથા
સામર્થ્ય પામવાને યોગ્ય છે. કારણ કે તેં સર્વને
ઉત્પન્ન કર્યા, અને તારી ઈચ્છાથી તેઓ હતાં,
ને ઉત્પન્ન થયાં."

૫ પછી રાજ્યાસન પર જે બેઠા હતા તે એકના જમણા
હાથમાં મેં એક ઓળિયું* જોયું, ઓળિયાની બંને
બાજુએ લખાણ હતું. ઓળિયું સાત મુદ્રાઓથી મુદ્રિત
રાખવામાં આવ્યું હતું. ૨અને મેં એક શક્તિશાળી દૂતને
જોયો. તે દૂતે મોટા સાદે કહ્યું કે, "આ ઓળિયું ઉઘાડવાને
અને તેની મુદ્રાઓ તોડવાને કોણ સમર્થ છે?" ૩પરંતુ
આકાશમાં કે પૃથ્વી પર કે પૃથ્વી નીચે ત્યાં એવું કોઈ ન
મળ્યું કે જે તે ઓળિયું ઉઘાડવા કે તેની અંદરની બાજુએ
જોવા સમર્થ હોય. ૪હું ખૂબ ખૂબ રડ્યો કારણ કે તે
ઓળિયું ઉઘાડવાને કે તેમાં જોવાને કોઈ યોગ્ય હતું
નહિ. ૫પરંતુ વડીલોમાંના એકે મને કહ્યું કે, "રડીશ
નહિ! યહૂદાના કુટુંબના સમૂહમાંથી તે સિંહે (ખ્રિસ્તે)
વિજય પ્રાપ્ત કર્યો છે. તે દાઉદનો વંશજ છે. તે ઓળિયું
તથા તેની સાત મુદ્રાઓને ખોલવાને શક્તિમાન છે."
૬પછી રાજયાસનની સમક્ષ ચાર જીવતાં પ્રાણીઓની
વચમાં મેં એક હલવાનને ઊભું રહેલું જોયું. જેની
આજુબાજુ વડીલો પણ હતા. તે હલવાન મારી નંખાયેલા
જેવું હલવાન લાગતું હતું. તેને સાત શિંગડા તથા સાત
આંખો હતી. આ દેવના સાત આત્મા છે જેઓને આખી
પૃથ્વી પર મોકલવામાં આવ્યા છે. ૭તે હલવાન આવ્યું
અને રાજયાસન પર બેઠેલા એકના જમણા હાથમાંથી
તે ઓળિયું લીધું. ૮હલવાને ઓળિયું લીધા પછી તે ચાર
જીવતાં પ્રાણીઓ અને ૨૪ વડીલો હલવાનની આગળ
પગે પડ્યાં. તેમાંના દરેકની પાસે વીણા હતી. તેઓએ
ધૂપથી ભરેલા સોનાના પ્યાલા પણ પકડ્યા હતા. આ
ધૂપના પ્યાલા દેવના પવિત્ર લોકોની પ્રાર્થનાઓ છે.
૯અને તે બધાએ હલવાન પાસે એક નવું ગીત ગાયું:

"તું ઓળિયું લેવાને તથા તેની મુદ્રાને ખોલવાને
યોગ્ય છે, કારણ કે તને મારી નાખવામાં આવ્યો
હતો. અને તેં તારા લોહીથી દેવને માટે સર્વ
કૂળોના, ભાષાના, પ્રજાના તથા દેશોના લોકોને
ખરીધા છે.
૧૦ અમારા દેવ માટે તેં લોકોને રાજ્ય બનાવ્યા છે,
અને આ લોકોને અમારા દેવને સારુ યાજકો
બનાવ્યા છે. અને તેઓ પૃથ્વી પર રાજ કરશે."

૧૧પછી મેં જોયું અને મેં ઘણા દૂતોની વાણી સાંભળી.
તે દૂતો રાજ્યાસનની, તે જીવતાં ચાર પ્રાણીઓની, અને
વડીલોની આજુબાજુ હતા. ત્યાં હજારો દૂતો હતા–અને
તે લાખો લાખ અને હજારોહજારની સંખ્યામાં હતા.
૧૨તે દૂતોએ મોટા સાદે કહ્યું કે:

"જે હલવાનને મારી નાખવામાં આવ્યું હતું તે
પરાક્રમ, સંપત્તિ, શાણપણ અને શક્તિ, માન,
મહિમા મેળવવા તથા સ્તુતિને યોગ્ય છે!"

૧૩પછી મેં પ્રત્યેક જીવતાં પ્રાણી કે જે આકાશમાં,
અને પૃથ્વી પર અને પૃથ્વીની નીચે અને સમુદ્રમાં છે
તેમને સાંભળ્યાં. મેં આ બધી જગ્યાઓએ દરેક વાતો
સાંભળી. મેં તેમને બધાને કહેતાં સાંભળ્યા કે:

"જે રાજ્યાસન પર બેઠેલો છે તેને તથા હલવાનને
સ્તુતિ, માન અને મહિમા તથા સત્તા સદાસર્વકાળ
હો!"

૧૪તે ચારે જીવતા પ્રાણીઓએ કહ્યું; "આમીન!" અને
વડીલોએ પગે પડીને આરાધના કરી.

૬ જ્યારે હલવાને તે સાત મુદ્રામાંની પહેલી ઉઘાડી
ત્યારે મેં જોયું. મેં ચાર જીવંત પ્રાણીઓમાંના એકને
ગર્જના જેવા અવાજથી બોલતા સાંભળ્યું. તેણે કહ્યું કે,
"આવ!" ૨મેં જોયું તો ત્યાં મારી આગળ એક સફેદ ઘોડો
હતો. ઘોડા પરના સવાર પાસે એક ધનુષ્ય હતું; તે
સવારને એક મુગટ આપવામાં આવ્યો હતો. તે ફરીથી
વિજય મેળવવા જતો હોય તે રીતે સવાર થઈને નીકળ્યો.
૩હલવાને બીજી મુદ્રા ઉઘાડી. પછી મેં બીજા જીવતા
પ્રાણીને કહેતાં સાંભળ્યું કે. "આવ!" ૪પછી બીજો એક

**વડીલો** દેવના સંતોના મહાન આગેવાનો હતા. તેઓ કદાચ બાર યહૂદી કૂળોના આગેવાનો હતા, તથા ઈસુના બાર પ્રેરિતો હતા.

**ઓળિયું** લખવા માટે વપરાતું લાંબુ લપેટેલું પેપર કે ચામડું.

ઘોડો બહાર આવ્યો. આ એક લાલ ઘોડો હતો. તે ઘોડા પર જે સવાર હતો તેને પૃથ્વી પરથી શાંતિ લઈ લેવાની સત્તા આપવામાં આવી હતી. લોકો એકબીજાને મારી નાખે તેવી તેને સત્તા આપવામાં આવી હતી. આ સવારને એક મોટી તલવાર આપવામાં આવી હતી.

૫હલવાને ત્રીજી મુદ્રા ઉઘાડી. પછી મેં ત્રીજા જીવતા પ્રાણીને કહેતા સાંભળ્યું કે, "આવ!" મેં જોયું, અને ત્યાં મારી આગળ એક કાળો ઘોડો હતો. ઘોડા પર બેઠેલા સવાર પાસે તેના હાથમાં ત્રાજવાંની જોડ હતી. ૬પછી મેં કંઈક વાણીના જેવો અવાજ સાંભળ્યો. જ્યાં ચાર જીવતાં પ્રાણીઓ હતાં ત્યાંથી તે વાણી આવી. તે વાણીએ કહ્યું કે, "એક દિવસના વેતનમાં અડધો કિલો ઘઉં, અને એક દિવસના વેતનમાં દોઢ કિલો જવ, પણ તેલ કે દ્રાક્ષારસને તું વેડફીશ નહિ!"

૭હલવાને ચોથી મુદ્રા ઉઘાડી. પછી મેં ચોથા જીવતાં પ્રાણીની વાણી સાંભળી કે, "આવ!" ૮મેં જોયું તો ત્યાં મારી આગળ એક ફિક્કા રંગનો ઘોડો હતો. ઘોડા પરના સવારનુ નામ મરણ હતું. હાદેસ તેની પાછળ પાછળ આવતું હતું. તેઓને પૃથ્વીના ચોથા હિસ્સા પર અધિકાર આપવામાં આવ્યો હતો. તેઓને તલવારથી, દુકાળથી, રોગચાળાથી, અને પૃથ્વીના જંગલી પશુઓથી લોકોને મારી નાખવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.

૯તે હલવાને પાંચમી મુદ્રા ઉઘાડી. પછી મેં કેટલાક આત્માઓને વેદી નીચે જોયા. તે એ લોકોના આત્માઓ હતા જેઓ દેવના સંદેશને વફાદાર હતા. તથા જે સત્ય તેઓને પ્રાપ્ત થયું હતું, તેમાં તેઓ વિશ્વાસુ હતા તેથી તેઓને મારી નાખવામાં આવ્યા હતા. ૧૦આ આત્માઓએ મોટા સાદે પોકાર કર્યો કે, "ઓ, પવિત્ર અને સત્ય પ્રભુ. તું ક્યાં સુધી ઈન્સાફ કરવાનું તથા પૃથ્વી પરનાં રહેનારાંઓની પાસેથી અમારા રક્તનો બદલો લેવાનું મુલત્વી રાખીશ?" ૧૧તેઓમાંના દરેક આત્માને શ્વેત ઝભ્ભો આપવામાં આવ્યો. તે આત્માઓને જ્યાં સુધી આ બધા લોકોને મારી નાખવાનું પૂરું ન થાય ત્યાં સુધી રાહ જોવા કહ્યું. તમારા સાથી સેવકો તથા તમારા ભાઈઓ, જેઓ તમારી પેઠે માર્યા જવાના છે. તેઓની સંખ્યા પૂરી ન થાય ત્યાં સુધી હજુ વિસામો લો.

૧૨જ્યારે તે હલવાને છઠ્ઠી મુદ્રા તોડી પછી મેં જોયું. તો ત્યાં મોટો ધરતીકંપ થયો હતો. વાળમાંથી બનાવેલા કાળા કામળા જેવો સૂર્ય કાળો બની ગયો. આખો ચંદ્ર લોહી જેવો લાલ થઈ ગયો. ૧૩જેમ ભારે તોફાની પવનથી અંજીરના કોમળ ફળો તૂટી પડે છે, તેમ આકાશમાંના તારાઓ પૃથ્વી પર પડ્યા. ૧૪આકાશના ભાગલા પડ્યા હતા. તે ઓળિયાની પેઠે વીંટાઈ ગયું. અને દરેક પહાડ, અને ટાપુને તેની જગ્યાએથી ખસેડવામાં આવ્યા.

૧૫પછી બધા લોકો ગુફાઓમાં અને ખડકોની પાછળ છુપાઈ ગયા. ત્યાં જગતના રાજાઓ, શાસકો, સેનાપતિઓ, ધનવાન લોકો તથા પરાક્રમી લોકો હતા. દરેક વ્યક્તિ ગુલામ કે સ્વતંત્ર સંતાઈ ગયા. ૧૬તે લોકોએ પહાડો અને ખડકોને કહ્યું કે; "અમારા પર પડો, રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને છુપાવી દો! ૧૭કારણ કે તેઓના મહાન કોપનો દિવસ આવ્યો છે. તેની સામે કોઈ વ્યક્તિ ઊભો રહી શકશે નહિ."

### ઈઝરાએલના ૧,૪૪,૦૦૦ લોકો મુદ્રિત

૭ આ બન્યા પછી મેં ચાર દૂતોને પૃથ્વીના ચાર ખૂણા પર ઊભા રહેલા જોયા. તે દૂતોએ પૃથ્વી પર કે સમુદ્ર પર કે કોઈ વૃક્ષ પર પવન ન વાય માટે ચાર વાયુઓને અટકાવી રાખ્યા હતા. ૨પછી મેં બીજા એક દૂતને પૂર્વમાંથી આવતા જોયો. તે દૂત પાસે જીવતા દેવની મુદ્રા હતી. તે દૂતે મોટા સાદે બીજા ચાર દૂતોને બોલાવ્યા. આ તે ચાર દૂતો હતા જેમને દેવે પૃથ્વી અને સમુદ્રને ઉપદ્રવ કરવાની સત્તા આપી હતી. તે દૂતે ચાર દૂતોને કહ્યું કે, ૩"જ્યાં સુધી આપણા દેવના સેવકોને અમે મુદ્રિત ન કરી રહીએ. ત્યાં સુધી તમે પૃથ્વીને અથવા સમુદ્રને અથવા વૃક્ષોને નુકસાન કરશો નહિ. આપણે તેઓના કપાળ પર મુદ્રા અંકિત કરવાની છે." ૪કેટલા લોકોને મુદ્રિત કરવાના છે તેની સંખ્યા પછી મેં સાંભળી; ઈઝરાએલના પુત્રોનાં સર્વ કુળોમાંના ૧,૪૪,૦૦૦ મુદ્રિત થયા.

| | | |
|---|---|---|
| ૫ | યહૂદાના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | રૂબેનના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | ગાદના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| ૬ | આશેરના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | નફતાલીના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | મનાશ્શાના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| ૭ | શિમયોનના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | લેવીના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | ઈસ્સાખારના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| ૮ | ઝબુલોનના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | યૂસફના કુળમાંથી | ૧૨,૦૦૦ |
| | અને બિન્યામીનના કુળમાંથી | ૧૨,૦૦૦ |

### મોટો સમુદાય

૯પછી મેં જોયું, તો ત્યાં ઘણા, ઘણા લોકો હતા. ત્યાં
એટલા બધા લોકો હતા કે કોઈ વ્યક્તિ તે બધાને ગણી
શકે નહિ. તેઓ પૃથ્વી પરના સર્વ દેશોમાંથી લોકોની
જાતિમાંથી, અને ભાષાના હતા આ લોકો રાજ્યાસન
તથા હલવાન (ઈસુ) ની આગળ ઊભા હતા. તે બધાએ
શ્વેત ઝભ્ભા પહેર્યા હતા અને તેઓના હાથમાં ખજૂરીની
ડાળીઓ હતી. ૧૦તેઓએ મોટે સાદે પોકાર કર્યો કે,
"આપણો દેવ જે રાજ્યાસન પર બેસે છે તેનો અને
હલવાનનો વિજય થાઓ." ૧૧ત્યાં વડીલો અને ચાર
જીવતા પ્રાણીઓ હતા. બધા જ દૂતો તેમની આજુબાજુ
અને રાજ્યાસનની આજુબાજુ ઊભા હતા, તે દૂતોએ
રાજ્યાસન આગળ દંડવત પ્રણામ કર્યા અને દેવની
આરાધના કરી. ૧૨તેઓએ કહ્યું કે, "આમીન! અમારા
દેવને ધન્યવાદ તથા મહિમા તથા જ્ઞાન તથા
આભારસ્તુતિ તથા માન તથા પરાક્રમ તથા સામર્થ્ય
સદાસર્વકાળ હો. આમીન!"
૧૩પછી વડીલોમાંના એકે મને પૂછયું કે, "આ શ્વેત
ઝભ્ભાવાળા લોકો કોણ છે? તેઓ ક્યાંથી આવ્યા છે?"
૧૪મેં કહ્યું કે, "સાહેબ, તેઓ કોણ છે તે તમે જાણો
છો." અને તે વડીલે કહ્યું કે, "જેઓ મોટી આફતમાંથી
પસાર થયા તે આ લોકો છે. તેઓએ હલવાનના રક્તથી
તેમના ઝભ્ભા ધોયા છે. હવે તેઓ ઊજળાં અને સ્વચ્છ
છે. ૧૫તે માટે આ લોકો દેવના રાજ્યાસન આગળ છે.
તેઓ મંદિરમાં રાતદિવસ દેવની આરાધના કરે છે અને
તે એક જે રાજ્યાસન પર બેઠેલો છે તે તેઓનું રક્ષણ
કરશે. ૧૬તેઓને ફરીથી કદી ભૂખ લાગશે નહિ, તેઓને
ફરીથી કદી તરસ લાગશે નહિ. સૂર્ય તેમને ઈજા કરશે
નહિ, કોઈ પણ પ્રકારની ગરમી તેમને બાળશે નહિ.
૧૭રાજ્યાસનની મધ્યે જે હલવાન છે તે તેઓનો પાળક
થશે. તે તેઓને જીવનજળનાં ઝરણાંઓ પાસે દોરી લઈ
જશે. અને દેવ તેઓની આંખોમાંનાં બધા જ આંસુ
લૂછી નાખશે."

### સાતમી મુદ્રા

૮ જ્યારે હલવાને સાતમી મુદ્રા તોડી. ત્યારે ત્યાં
આકાશમાં લગભગ અડધા કલાક સુધી શાંતિ
હતી. ૨અને મેં દેવ આગળ ઊભા રહેનારા તે સાત
દૂતોને જોયા. તેઓને સાત રણશિંગડાં આપવામાં આવ્યા
હતાં.
૩ત્યાર પછી બીજો એક દૂત વેદી પાસે આવ્યો અને
ઊભો રહ્યો. આ દૂત પાસે સોનાની ધૂપદાની હતી. તે
દૂત પાસે દેવના સર્વ પવિત્ર લોકોની (વિશ્વાસુઓની)
પ્રાર્થનાઓ સાથે અર્પણ કરવા માટે પૂરતું ધૂપદ્રવ્ય હતું.
તે દૂતે રાજ્યાસનની આગળ સોનાની વેદી પર તે ધૂપદાની
અર્પણ કરી. ૪દૂતના હાથમાંથી ધૂપની ધૂણી દેવના
સંતોની પ્રાર્થનાઓ સાથે દેવની આગળ ઊંચે ચડી. ૫પછી
દૂતે ધૂપદાનીને વેદીના અગ્નિથી ભરી. તે દૂતે ધૂપદાની
જમીન પર ફેંકી દીધી. પછી ત્યાં વીજળીઓના ચમકારા,
ગર્જનાઓ અને વાણીઓ સાથે ધરતીકંપ થવા લાગ્યાં.

### તે સાત દૂતો તેમનાં રણશિંગડાં ફૂંકે છે

૬પછી જેમની પાસે સાત રણશિંગડાં હતાં. તે સાત
દૂતો તેમનાં રણશિંગડાં વગાડવા માટે તૈયાર થયા.
૭પ્રથમ દૂતે તેનું રણશિંગડું વગાડ્યું. પછી રક્તમિશ્રિત
કરા તથા અગ્નિ પૃથ્વી પર ફેંકવામાં આવ્યાં; અને પૃથ્વીનો
ત્રીજો ભાગ, વૃક્ષોનો ત્રીજો ભાગ અને બધું જ લીલું
ઘાસ બળી ગયું.
૮બીજા દૂતે તેનું રણશિંગડું વગાડ્યું પછી મોટી આગથી
સળગતા પહાડ જેવું કંઈક સમુદ્રમાં ફેંકવામાં આવ્યું.
અને સમુદ્રનો ત્રીજો ભાગ લોહી થઈ ગયો. ૯જેથી
સમુદ્રમાંનાં જીવતાં પ્રાણીઓનો ત્રીજો ભાગ મૃત્યુ પામ્યો;
અને વહાણોનો ત્રીજો ભાગ નાશ પામ્યો.
૧૦તે પછી ત્રીજા દૂતે તેનું રણશિંગડું વગાડ્યું. પછી
એક મોટો તારો સળગતા દીવાની જેમ આકાશમાંથી
પડ્યો. તે તારો ત્રીજા ભાગની નદીઓ પર અને પાણીનાં
ઝરણાંઓ પર પડ્યો. ૧૧તે તારાનું નામ કડવાદૌના * છે;
અને સમગ્ર પાણીનો ત્રીજો ભાગ કડવો બન્યો. ઘણા
લોકો તે કડવું પાણી પીવાથી મૃત્યુ પામ્યા.
૧૨તે ચોથા દૂતે તેનું રણશિંગડું વગાડ્યું. પછી સૂર્યનાં
ત્રીજા ભાગ પર અને ચંદ્રના ત્રીજા ભાગ પર તથા
તારાઓના ત્રીજા ભાગ પર પ્રહાર થયો, તેથી તેઓનો
ત્રીજો ભાગ અંધકારરૂપ થાય. દિવસ અને રાતનો ત્રીજો
ભાગ પ્રકાશરહિત થાય.
૧૩જ્યારે મેં જોયું તો અંતરિક્ષમાં ઊંચે ઊડતાં એક
ગરૂડને સાંભળ્યું, તે ગરૂડે મોટે સાદે કહ્યું કે, "અફસોસ!
અફસોસ! પૃથ્વી પર રહેનારા લોકોને માટે અફસોસ!
બીજા ત્રણ દૂતો વગાડશે અને તેઓનાં રણશિંગડાંના
અવાજ પછી આફતો આવશે."

૯ તે પાંચમા દૂતે તેનું રણશિંગડું વગાડયું. પછી
મેં આકાશમાંથી એક તારાને પૃથ્વી પર પડેલો
જોયો. તે તારાને અતિ ઊંડા ખાડાની કૂચી આપવામાં

---

**કડવાદૌના** બહુ જ કડવા છોડનું નામ, અહીં ગહેરા શોકના પ્રતિકરૂપે વાપર્યું છે.

આવી હતી. જે નીચે અસીમ ઊંડાઈ તરફ દોરે છે.
૨પછી તે તારાએ અસીમ ઊંડાઈ તરફ દોરતા ખાડાને
ઉઘાડયો. તે ખાડામાંથી મોટી ભઠ્ઠીના ધુમાડા જેવો
ધુમાડો નીકળ્યો; ખાડામાંથી નીકળતા ધુમાડાને કારણે
સૂર્ય અને આકાશમાં અંધારાં થયાં. ૩પછી ધુમાડામાંથી
તીડો નીકળીને પૃથ્વી પર આવ્યાં. તેઓને વીંછુઓ જેવી
ડંખ મારવાની શકિત આપવામાં આવી હતી. ૪તીડોને
પૃથ્વી પરના ઘાસને કે કોઈ છોડને કે વૃક્ષને નુકસાન
નહિ કરવાનું કહેવામાં આવ્યું હતું. ફકત જે લોકોની
પાસે તેમના કપાળ પર દેવની મુદ્રા ન હોય એ લોકોને
જ ઈજા કરવાની હતી. ૫આ તીડોને લોકોને પાંચ મહીના
સુધી પીડા આપવાની શકિત આપવામાં આવી હતી.
પરંતુ તીડોને લોકોને મારી નાખવાની શકિત આપવામાં
આવી નહોતી. અને પીડા જે લોકોએ અનુભવી તે
વીછુ વ્યકિતને કરડે અને જે પીડા થાય તેવી હતી. ૬તે
દિવસો દરમિયાન લોકો મરવાનો રસ્તો શોધશે પણ
તેઓને તે જડશે નહિ, અને તેઓ મરવાની બહું ઈચ્છા
રાખશે, પણ મરણ તેઓની પાસેથી નાસી જશે.

૭તે તીડો યુધ્ધ માટે તૈયાર કરેલા ઘોડાઓનાજેવા
હતા. તેઓનાં માથાં પર તેઓએ સોનાના મુગટો જેવી
વસ્તુઓ પહેરી હતી. તેઓના મુખ માણસોના મુખ
જેવાં હતાં. ૮તેઓના કેશ સ્રીઓના કેશ જેવા દેખાતા
હતા. તેઓના દાંતો સિંહના દાંતો જેવા હતા. ૯તેઓની
છાતીઓ લોખંડના બખતર જેવી દેખાતી. તેઓની
પાંખોનો અવાજ લડાઈમાં દોડતા ઘણા ઘોડા અને રથોના
ગડગડાટ જેવો હતો. ૧૦તીડોને વીંછુઓના ડંખ જેવી,
ડંખવાળી પૂંછડીઓ હતી, તેઓની પૂંછડીઓમાં પાંચ
મહિના સુધી લોકોને પીડા આપવાની શકિત હતી.
૧૧તીડોને તેઓનો એક રાજા છે. તે રાજા અસીમ ઊંડાણની
ખાઈનો દૂત છે. હિબ્રૂ ભાષામાં તેનું નામ અબદ્દોન*
છે, ગ્રીક ભાષામાં તેનું નામ અપોલ્યોન (સંહારક) છે.

૧૨પ્રથમ મહાન મુસીબત પૂરી થઈ ગઈ છે. હજુ
પણ બે મહાન મુસીબતો છે જે આવનાર છે.

૧૩તે છઠ્ઠા દૂતે તેનું રણશિંગડું વગાડ્યું. પછી દેવની
આગળની સોનાની વેદીનાં રણશિંગડામાંથી મેં એક વાણી
સાંભળી. ૧૪તેણે જે છઠ્ઠા દૂતની પાસે રણશિંગડું હતું
તેને કહ્યું કે, "મહા નદી યુફ્રેટિસ પર જે ચાર દૂતોને
બાંધેલા છે તેઓને છોડી મૂક." ૧૫આ ચાર દૂતોને આ
વર્ષના આ મહિનાના આ દિવસના અને આ કલાક
માટે તૈયાર રાખેલા હતા. આ દૂતોને પૃથ્વી પરના ત્રીજા
ભાગના લોકોને મારી નાખવા મુકત કરવામાં આવ્યાં.
૧૬મેં સાંભળ્યું હતું તેઓના લશ્કરમાં ઘોડેસવારોની
કેટલીય ટુકડીઓ હતી. તેઓ ૨૦૦,૦૦૦,૦૦૦ (વીસ
કરોડ) હતા. ૧૭મેં મારા દર્શનમાં ઘોડાઓને તથા તેઓના
પર બેઠેલા સવારોને જોયા. તેઓ આવા દેખાતા હતા:
તેઓનાં બખતર અગ્નિ જેવાં રાતાં તથા જાંબુડા તથા
ગંધક જેવાં પીળાં હતાં. તે ઘોડાઓનાં માથાં સિંહોનાં
માથાંઓ જેવાં દેખાતાં હતાં. તે ઘોડાઓનાં મોંમાંથી
અગ્નિ, ધુમાડો તથા ગંધક નીકળતા હતા. ૧૮આ
ઘોડાઓના મુખમાંથી બહાર નીકળતી ત્રણ ખરાબ
વસ્તુઓ અગ્નિ, ધુમાડો તથા ગંધકથી પૃથ્વી પરના બધા
લોકોના ત્રીજા ભાગને મારી નાખવામાં આવ્યા હતા.
૧૯કારણ કે ઘોડાઓનું સામર્થ્ય તેના મોઢાંમાં અને
પૂંછડીઓમાં છે. લોકોને ઈજા કરવા અને કરડવા માટે
તેઓને સાપના જેવી પૂંછડીઓ અને પૂંછડીઓને માથાં
હોય છે.

૨૦પૃથ્વી પરના બીજા લોકોને આ ખરાબ વસ્તુઓથી
મારી નાખવામાં આવ્યા નહિ. છતાં આ લોકોએ હજુ
પણ પસ્તાવો કર્યો નથી. અને તેઓ પોતાના હાથની
બનાવેલી કૃતિઓ તરફથી પાછા ફર્યા નહિ. તેઓએ
ભૂતોની તથા સોનાચાંદી, પિત્તળ, પથ્થરની મૂર્તિઓ અને
લાકડાની વસ્તુઓ જે જોવા કે સાંભળવા કે ચાલવા
શકિતમાન નથી, તેઓની પૂજા કરવાનું બંધ કર્યુ નથી.
૨૧આ લોકોએ પસ્તાવો કર્યો નહિ. તેઓએ બીજા લોકોને
મારી નાખવાનું બંધ કર્યુ નથી. તેઓએ તેમની દુષ્ટ
જાદુક્રિયા, પોતાના વ્યભિચારનાં પાપો અને પોતાની
ચોરીઓ વિષે પસ્તાવો કર્યો નહિ.

## દૂત અને નાનું ઓળિયું

**૧૦** પછી મેં બીજા એક શકિતશાળી દૂતને
આકાશમાંથી નીચે ઊતરતો જોયો. તે
વાદળાથી વેષ્ટિત હતો. તેના માથા પર મેઘધનુષ્ય હતું.
તે દૂતનું મોં સૂર્યના જેવું હતું. અને તેના પગો અગ્નિના
સ્તંભો જેવા હતા. ૨દૂતે એક નાનું ઓળિયું રાખ્યું હતું.
તે ઓળિયું તેના હાથમાં ખુલ્લું હતું. તે દૂતે તેનો જમણો
પગ દરિયા પર અને તેનો ડાબો પગ ભૂમિ પર મૂકયો;
૩તે દૂતે મોટા સાદે સિંહની ગર્જનાની જેમ પોકાર કર્યો,
દૂતના પોકાર પછી સાત ગર્જના બોલી. ૪તે સાત ગર્જના
જે બોલી તે લખવાનું મેં શરૂ કર્યુ, પણ પછી મેં
આકાશમાંથી વાણી સાંભળી. તે વાણીએ કહ્યું કે, "તે
સાત ગર્જનાએ જે કહ્યું તે લખીશ નહિ. તે વસ્તુઓ ને
ગુપ્ત રાખ."

---

**અબદ્દોન** જૂના કરારમાં વિનાશના સ્થળ માટે વપરાએલું
નામ (અયૂ. ૨૬:૬; ગી.શા. ૮૮:૧૧).

૫પછી મેં જે દૂતને જોયો તેણે સમુદ્ર પર અને જમીન
પર ઊભા રહીને તેનો જમણો હાથ આકાશ તરફ ઊંચો
કર્યો. ૬તે જે સર્વસદાકાળ જીવંત છે તેના અધિકારથી તે
દૂતે પ્રતિજ્ઞા કરી. તે દેવ એક છે જેણે પૃથ્વી અને પૃથ્વી
પર જે બધું છે તે અને આકાશ તથા તેમાં જે કંઈ છે તે,
સમુદ્રો, તથા તેમાં જે બધું છે તેનું સર્જન કર્યું. તે દૂતે
કહ્યું કે; "હવે વધારે વિલંબ થશે નહિ! ૭તે દિવસોમાં
જયારે તે સાતમો દૂત તેનું રણશિંગડું વગાડવા માંડશે,
ત્યારે દેવની ગુપ્ત યોજના પૂર્ણ થશે. આ યોજના એક
તે સુવાર્તા છે જે દેવે તેના સેવકો એટલે પ્રબોધકોને કહી
હતી."
૮પછી મેં ફરીથી આકાશમાંથી તે જ વાણી સાંભળી.
તે વાણીએ મને કહ્યું કે, "જા અને દૂતના હાથમાંથી જે
ખુલ્લું ઓળિયું છે તે લે. આ તે દૂત છે જે સમુદ્ર પર
તથા જમીન પર ઊભેલો છે."
૯તેથી હું તે દૂત પાસે ગયો અને મને તે નાનું
ઓળિયું આપવા કહ્યું. તે દૂતે મને કહ્યું કે, "આ ઓળિયું
લે અને તેને ખા. તે તારા પેટમાં કડવું બનશે પણ તે
તારા મોંમાં મધ જેવું મીઠું લાગશે." ૧૦તેથી મેં તે નાનું
ઓળિયું દૂતના હાથમાંથી લીધું. મેં તે ઓળિયું ખાધું.
મુખમાં તેનો સ્વાદ મધ જેવો મીઠો લાગ્યો પણ મારા
ખાધા પછી તે મારા પેટમાં કડવું લાગ્યું. ૧૧પછી મને
કહેવામાં આવ્યું હતું કે, "તારે ફરીથી ઘણી જાતિના
લોકો, ઘણાં દેશો, ભાષાઓ અને રાજાઓ વિષે પ્રબોધ
કરવો જોઈએ."

## બે સાક્ષીઓ

૧૧ પછી મને ચાલવા માટેની લાકડી જેટલો
લાંબો એક માપદંડ આપવામાં આવ્યો. મને
કહેવામાં આવ્યું કે, "જા અને દેવના મંદિરનું અને વેદીનું
માપ લે, અને ત્યાં ઉપાસના કરનારા લોકોની ગણતરી
કર. ૨પણ મંદિરની બહારના આંગણાનું માપ લઈશ
નહિ. તે એકલું છોડી દે. તે જે લોકો યહૂદી નથી તેઓને
આપવામાં આવેલ છે. તેઓ ૪૨ મહિના સુધી પવિત્ર
શહેરને ખૂંદી વળશે. ૩અને હું મારા બે સાક્ષીઓને
અધિકાર આપીશ અને તેઓ ૧,૨૬૦ દિવસ માટે પ્રબોધ
કરશે. તેઓ શણના કપડાં પહેરશે." ૪આ બે સાક્ષીઓ,
જૈતૂનનાં જે બે વૃક્ષ, તથા બે દીવીઓ જે પૃથ્વીના પ્રભુની
સમક્ષ ઊભા રહે છે તે છે. ૫જો કોઈ વ્યકિત સાક્ષીઓને
નુકશાન કરવાનો પ્રયત્ન કરે છે તો તેઓનાં મુખોમાંથી
અગ્નિ નીકળે છે અને તેઓના દુશ્મનોનો નાશ કરે છે.
જો કોઈ વ્યકિત તેઓને ઈજા કરવાનો પ્રયત્ન કરે છે તો
આ રીતે તે મૃત્યુ પામશે. ૬તેઓના પ્રબોધ કરવાના
સમય દરમિયાન આ સાક્ષીઓને વરસાદને આકાશમાંથી
વરસતો રોકવાની સત્તા છે. આ સાક્ષીઓને પાણીનું
લોહી કરવાની સત્તા છે. તેઓને પૃથ્વી પર દરેક પ્રકારની
વિપતિ મોકલવાની સત્તા છે. તેઓ જેટલી વખત ઈચ્છે
તેટલી વખત આ કરી શકે છે.
૭જયારે તે બે સાક્ષીઓ પોતાનો સંદેશ કહેવાનું પૂર્ણ
કરશે, ત્યારે શ્વાપદ તેઓની વિરુદ્ધ લડશે. આ તે પ્રાણી
છે જે અસીમ ઊંડી ખાઈમાંથી બહાર આવે છે. તે
પ્રાણી તેઓને હરાવશે, અને તેઓને મારી નાખશે. ૮તે
બે સાક્ષીઓના મૃતદેહો મોટા શહેરની શેરીમાં પડયાં
રહેશે. આ શહેર સદોમ અને મિસર કહેવાય છે. તે
શહેરનાં આ નામો હોવાનો વિશિષ્ટ અર્થ છે. આ તે
શહેર છે જયાં તેઓના પ્રભુને મારી નાખવામાં આવ્યો
હતો. ૯દરેક જાતિઓ, કુળો, ભાષાઓ અને દેશોમાંથી
આવેલા લોકો બે સાક્ષીઓના મૃતદેહોને સાડા ત્રણ
દિવસો સુધી જોશે. લોકો તેઓને દફનાવવાની ના પાડશે.
૧૦જે લોકો પૃથ્વી પર રહે છે, તેઓ ખુશ થશે. કારણકે
આ બે મૃત્યુ પામેલ છે. તેઓ મિજબાનીઓ કરશે અને
એકબીજાને ભેટ મોકલશે. તેઓ આ બધું કરશે કારણકે
આ બે પ્રબોધકોએ જે લોકો પૃથ્વી પર રહે છે તેઓને
ખૂબ દુ:ખ દીધું છે.
૧૧પરંતુ સાડા ત્રણ દિવસ પછી આ બંને પ્રબોધકોના
શરીરમાં દેવ તરફથી જીવનનો શ્વાસ આવ્યો. તેઓ
પોતાના પગો પર ઊભા થયા. જે બધા લોકોએ તેઓને
જોયા તેઓ ભયભીત થયા. ૧૨પછી તે બે પ્રબોધકોએ
આકાશમાંથી મોટા સાદે વાણીને પોતાને કહેતા સાંભળી
કે; "અહી ઉપર આવ!" અને તે બે પ્રબોધકો આકાશમાં
ઊંચે એક વાદળમાં ગયા. તેઓનાં શત્રુઓએ તેઓને
ચઢતાં જોયા. ૧૩તે જ સમયે ત્યાં એક મોટો ધરતીકંપ
થયો. શહેરનો દશમો ભાગ નાશ પામ્યો. અને ૭,૦૦૦
લોકો ધરતીકંપમાં મૃત્યુ પામ્યા. જે લોકો મૃત્યુ પામ્યા
નહોતા તે ઘણા ગભરાયા હતા. તેઓએ આકાશના દેવને
મહિમા આપ્યો .
૧૪બીજી મોટી આપત્તિ પૂરી થઈ છે. હવે ત્રીજી
મોટી આપત્તિ જલદીથી આવી રહી છે.

## સાતમું રણશિંગડું

૧૫સાતમા દૂતે તેનું રણશિંગડું વગાડયું. પછી
આકાશમાં મોટા સાદે વાણીઓ થઈ. વાણીઓએ
કહ્યુ કે:

"આ જગતનું રાજય હવે આપણા પ્રભુ, અને
તેના ખ્રિસ્તનું છે; તે સદાસર્વકાળ રાજ કરશે."

૧૬પછી ૨૪ વડીલોએ દેવની સમક્ષ નીચે નમીને
દેવની આરાધના કરી. આ તે વડીલો છે જે દેવ સમક્ષ
તેનાં રાજયાસન પર બેઠા છે. ૧૭તે વડીલોએ કહ્યું કે:

"હે સર્વશકિતમાન પ્રભુ દેવ, અમે તારી સ્તુતિ
કરીએ છીએ. તું તે એક છે, જે છે અને જે હતો.
હવે તેં મહાસામર્થ્ય ધારણ કર્યું છે. હવે તારું
રાજય સ્થાપન થયું છે!
૧૮ જગતના લોકો ગુસ્સે થયા હતા; પરંતુ હવે તારા
ગુસ્સાનો સમય છે. હવે મૂએલાંનો ઇનસાફ
કરવાનો સમય છે. તારા સેવકોને, તે પ્રબોધકોને
તારા સંતો તથા નાના મોટા લોકોને જે તારા
નામથી ડરનારા છે, તેઓને પ્રતિફળ આપવાનો
સમય આવ્યો છે, જેઓ પૃથ્વીનો વિનાશ કરે છે
તે લોકોનો વિનાશ કરવાનો સમય આવી પહોંચ્યો
છે!"

૧૯ત્યાર પછી આકાશમાં દેવનું મંદિર ઉઘાડવામાં
આવ્યું અને તેના મંદિરમાં તેના કરારનો કોશ જોવામાં
આવ્યો, પછી ત્યાં વીજળીઓના ચમકારા, વાણીઓ,
ગર્જનાઓ તથા ધરતીકંપ થયો, તથા પુષ્કળ કરા પડયા.

### સ્રી અને અજગર

૧૨ અને પછી આકાશમાં એક મોટું આશ્ચર્ય દેખાયું.
ત્યાં એક સ્રી હતી, જે સૂર્યથી વેષ્ટિત હતી. ચંદ્ર
તેના પગ નીચે હતો. તેના માથા પર બાર તારાવાળો
મુગટ હતો. ૨તે સ્રી ગર્ભવતી હતી. તેણે પીડા સાથે બૂમ
પાડી. તે જન્મ આપવાની તૈયારીમાં હતી. ૩પછી
આકાશમાં બીજું એક ચિહન દેખાયું: ત્યાં એક મોટો
લાલ અજગર હતો. તે અજગરને સાત માથાં પર સાત
મુગટ, દરેક માથાં પર એક મુગટ હતો. તે અજગરને
દસ શિંગડાં પણ હતાં. ૪તે અજગરના પૂંછડાએ
આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને પૃથ્વી પર
નીચે ફેંકયો. તે અજગર તે સ્રીની સામે આવ્યો અને
ઊભો રહ્યો જે બાળકને જન્મ આપવાની તૈયારીમાં
હતી. તે અજગરની ઈચ્છા જયારે તે સ્રીનું બાળક જન્મે
ત્યારે તેને ખાઈ જવાની હતી. ૫તે સ્રીએ એક પુત્રને
જન્મ આપ્યો, તે તમામ દેશો પર લોઢાના દંડથી રાજ
કરશે. અને તેના બાળકને દેવ પાસે અને તેના રાજયાસન
પાસે લઈ જવામાં આવ્યો હતો. ૬તે સ્રી અરણ્યમાં એક
જગ્યા જે દેવે તેના માટે તૈયાર કરી હતી, ત્યાં નાસી
ગઈ. ત્યાં અરણ્યમાં ૧,૨૬૦ દિવસો સુધી તેની સંભાળ
રાખવામાં આવશે.
૭પછી ત્યાં આકાશમાં યુદ્ધ થયું. મિખાયેલ તથા
તેના દૂતો અજગરની સાથે લડયા. તે અજગર અને
તેના દૂતો તેમની સામે લડયા. ૮પણ તે અજગર જોઈએ
તેટલો બળવાન ન હતો. તે અજગર અને દૂતોએ
આકાશમાં તેઓનું સ્થાન ગુમાવ્યું. ૯તે મોટા અજગરને
આકાશની બહાર ફેંકી દેવામાં આવ્યો. (તે અજગર જે
જૂનો સાપ છે જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે. તે
આખા જગતને ખોટા માર્ગે દોરે છે.) તે અજગરને તેના
દૂતો સાથે પૃથ્વી પર ફેંકવામાં આવ્યો હતો.
૧૦પછી મેં આકાશમાં મોટા સાદે વાણીને કહેતા
સાંભળી કે; "હવે તારણ અને પરાક્રમ અને અમારા
દેવનું રાજય અને તેના ખ્રિસ્તની સત્તા આવ્યાં છે; આ
વસ્તુઓ આવી છે કારણકે અમારા ભાઈઓ પર દોષ
મૂકનાર, જે અમારા દેવની આગળ રાતદિવસ તેઓના
પર દોષ મૂકે છે. તેને નીચે ફેંકી દેવામાં આવ્યો છે.
૧૧અમારા ભાઈઓએ તેને હલવાનના રકતથી અને
સાક્ષીઓના વચનથી હરાવ્યો છે. તેઓ પોતાના જીવનને
વધારે વહાલું ગણતા નહિ. તેઓ મૃત્યુથી ડરતા નહોતા.
૧૨તેથી તે બધા જે ત્યાં રહે છે તે સુખી થાઓ. પરંતુ
પૃથ્વી અને સમુદ્ર માટે તે ખરાબ થશે કારણ કે શેતાન
તમારી પાસે નીચે ઉતરી આવ્યો છે. તે શેતાન ક્રોધથી
ભરેલો છે. તે જાણે છે તેની પાસે હવે વધારે સમય રહ્યો
નથી."
૧૩તે અજગરે જોયું કે તેને પૃથ્વી પર ફેંકી દેવામાં
આવ્યો છે. તેથી તે, સ્રીની પાછળ ગયો જેણે એક દીકરાને
જન્મ આપ્યો હતો. ૧૪પરંતુ તે સ્રીને મોટા ગરૂડની બે
પાંખો આપવામાં આવી હતી જેથી તે તે સ્થળેથી ઊડીને
અરણ્યમાં જઈ શકે જયાં તેના માટે જગા તૈયાર કરવામાં
આવી હતી. તે સ્થળેથી તેની સંભાળ સાડા ત્રણ વર્ષ
સુધી રાખવામાં આવે છે. અજગર તેની પાસે પહોંચી
શકે નહિ. ૧૫પછી તે અજગરે તેના મોંઢામાંથી નદીની
જેમ પાણી બહાર કાઢયું તે અજગરે તે સ્રીના તરફ
પાણી કાઢયું તેથી પૂર તેને દૂર તાણી જાય. ૧૬પરંતુ
પૃથ્વીએ તે સ્રીને મદદ કરી. પૃથ્વીએ તેનું મોં ખોલ્યું
અને નદીને ગળી ગઈ જે અજગરના મુખમાંથી નીકળતી
હતી. ૧૭પછી અજગર તે સ્રી પર ઘણો ગુસ્સે થયો હતો.
તે અજગર તેનાં બીજા બાળકો સામે યુદ્ધ કરવા માટે
ચાલી નીકળ્યો. જે દેવની આજ્ઞાઓનું પાલન કરે છે

અને ઈસુએ જે ઉપદેશ આપ્યો છે તેના સત્યને વળગી રહે છે, તે લોકો તેનાં બાળકો છે.
૧૮તે મોટો અજગર સમુદ્રકિનારે ઊભો રહ્યો.

### બે પ્રાણીઓ

૧૩ પછી મેં એક શ્વાપદને સમુદ્રમાંથી નીકળતું જોયું. તેને દસ શિંગડાં અને સાત માથાં હતાં, તેના દરેક શિંગડા પર મુગટ હતો. તેના દરેક માથાં પર ઈશ્વરનિંદક નામ લખેલું હતું. ૨આ શ્વાપદ ચિત્તા જેવું દેખાતું હતું તેના પગ રીંછના પગ જેવા હતા. તેને સિંહના જેવું મોં હતું તે અજગરે તે શ્વાપદને તેની બધી જ સત્તા તેનું રાજયાસન અને મહાન અધિકાર આપ્યાં. ૩તે પ્રાણીનાં માથાંમાનું એક મરણતોલ ઘાયલ થયેલા જેવું દેખાયું. પણ આ પ્રાણઘાતક ઘા રૂઝાઈ ગયો હતો. દુનિયાના બધા લોકો નવાઈ પામ્યા હતા. અને તેઓ બધા તે પ્રાણી પાછળ ગયા. ૪લોકોએ તે અજગરની આરાધના કરી. કારણ કે તેણે તેનો અધિકાર પ્રાણીને આપ્યો હતો અને તે લોકોએ તે પ્રાણીની પણ આરાધના કરી. તેઓએ પૂછયું કે, "તે પ્રાણીના જેટલું પરાક્રમી કોણ છે? તેની સામે યુદ્ધ કોણ કરી શકે?"

૫તે પ્રાણીને ઘમંડી શબ્દો અને ઘણી દુષ્ટ વસ્તુઓ કહેવાની પરવાનગી આપવામાં આવી હતી. તે પ્રાણીને તેની શકિતનો ૪૨ મહિના માટે ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. ૬તે પ્રાણીએ દેવની નિંદા કરવા માટે તેનું મોં ઉઘાડયું. તે પ્રાણીએ દેવના નામની, દેવ જયાં રહે છે તે જગ્યાની અને આકાશમાં જે બધા લોકો રહે છે તેઓની નિંદા કરી. ૭તે પ્રાણીને સંતો (વિશ્વાસીઓ) સાથે યુદ્ધ કરે અને તેઓને પરાજિત કરે તેવું સામર્થ્ય આપવામાં આવ્યું. તે પ્રાણીને દરેક કુળ, જાતિના લોકો, ભાષા અને દેશ પર અધિકાર આપવામાં આવ્યો. ૮બધા જ લોકો જે પૃથ્વી પર રહે છે, તેઓ તે પ્રાણીની આરાધના કરશે. આ એ લોકો છે જેઓનાં નામો જગતનું સર્જન થયું ત્યારથી હલવાનના જીવનના પુસ્તકમાં લખેલાં નથી. તે હલવાન કે જેને મારી નાખવામાં આવ્યો હતો.

૯જો કોઈ વ્યકિત આ વાતો સાંભળે છે, તો પછી તેણે આ ધ્યાનથી સાંભળવું જોઈએ:

૧૦ જો કોઈ વ્યકિત બીજાને બંદીવાન કરવા જાય
છે, તો તે વ્યકિત પોતે જ બંદીવાન થશે. જો કોઈ
બીજાને તલવારથી મારી નાખવા માટે જાય છે
તો તેને પોતાને તલવારથી માર્યા જવું પડશે.

આનો અર્થ એ છે કે સંતો (વિશ્વાસીઓ) પાસે ધીરજ અને વિશ્વાસ હોવા જોઈએ.

૧૧પછી મેં બીજા એક પ્રાણીને પૃથ્વીમાંથી બહાર નીકળતું જોયું. તેને હલવાનની જેમ બે શિંગડાં હતાં પણ તે અજગરની જેમ બોલતું હતું. ૧૨આ પ્રાણી પ્રથમ પ્રાણી પાસે જે અધિકાર હતો તે જ અધિકારનો ઉપયોગ કરીને પ્રથમ પ્રાણીની સામે ઉભું રહે છે. તેને આ અધિકારનો ઉપયોગ પૃથ્વી પર રહેનારા બધા લોકોને પ્રથમ પ્રાણીની આરાધના કરાવવા માટે કર્યો. તે પ્રથમ પ્રાણી તે એક કે જેનો પ્રાણઘાતક ઘા રુઝાયો હતો. ૧૩આ બીજુ પ્રાણી મોટા ચમત્કારો કરે છે. તે લોકોની નજર આગળ તેઓના દેખતા આકાશમાંથી પૃથ્વી પર અગ્નિ વરસાવે છે. ૧૪આ બીજું પ્રાણી છે જે પૃથ્વી પર રહે છે તે લોકોને મૂર્ખ બનાવે છે. તે તેઓને ચમત્કારોનો ઉપયોગ કરીને મૂર્ખ બનાવે છે, કે જે કરવાનો અધિકાર તેને આપવામાં આવ્યો છે. તે આ ચમત્કારો પ્રથમ પ્રાણીની સેવા માટે કરે છે. તે બીજું પ્રાણી, પ્રથમ પ્રાણીને સન્માનવા લોકોને તેની મૂર્તિ બનાવવા હુકમ કરે છે આ તે પ્રાણી હતું જે તલવારથી ઘાયલ થયું હતું, છતાં પણ તે મૃત્યુ પામ્યું નથી. ૧૫તે બીજા પ્રાણીને પ્રથમ પ્રાણીની મૂર્તિમાં પ્રાણ મૂકવા માટેનું સામર્થ્ય આપવામાં આવ્યું હતું. પછી તે મૂર્તિ બોલી શકે અને જે બધા લોકો પૂજા કરતાં નથી. તેઓને હુકમ કરીને મારી નંખાવે. ૧૬તે બીજા પ્રાણીએ, નાના અને મોટા, ધનવાન અને ગરીબ, સ્વતંત્ર અને ગુલામ, બધા લોકોને તેઓના જમણા હાથ પર કે તેઓના કપાળ પર છાપ લેવા પણ દબાણ કર્યું. ૧૭આ છાપ વિના કોઈ વ્યકિત ખરીદી કે વેચાણ કરી શકે નહિ. આ છાપ પ્રાણીના નામની કે તેના નામની સંખ્યાની હોય છે. ૧૮જે વ્યકિત પાસે સમજશકિત હોય છે તે પ્રાણીની સંખ્યાનો અર્થ સમજી શકે છે આમાં ડહાપણની જરૂર પડે છે. આ સંખ્યા તે એક માણસની સંખ્યા છે; અને તેની સંખ્યા ૬૬૬ છે.

### ઉદ્ધાર પામેલાઓનું ગીત

૧૪ પછી મેં જોયું તો ત્યાં મારી આગળ હલવાન હતું. તે સિયોન પહાડ પર ઊભું હતું. ત્યાં તેની સાથે ૧,૪૪,૦૦૦ લોકો હતા. તેઓ બધાનાં કપાળ પર તેનું નામ અને તેના પિતાનું નામ લખેલું હતું. ૨અને મેં પાણીના પૂર જેવો ઘોંઘાટ અને મોટી ગર્જના જેવો અવાજ સાંભળ્યો. મેં જે અવાજ સાંભળ્યો તે લોકો પોતાની વીણા વગાડતા હોય તેવો હતો. ૩તે લોકોએ

રાજયાસનની આગળ અને ચાર પ્રાણીઓની અને વડીલોની આગળ એક નવું ગીત ગાયું. તે નવું ગીત ગાઈ શકે તેવા ફકત ૧,૪૪,૦૦૦ લોકો હતા. જેઓનો પૃથ્વી પરથી ઉદ્ધાર કરવામાં આવ્યો હતો. બીજું કોઈ તે ગીત ગાઈ શકયું નહિ. ૪આ ૧,૪૪,૦૦૦ એવા લોકો છે, જેઓએ સ્રીઓ સાથે કોઈ કુકર્મ કર્યુ નથી. તેઓએ પોતાની જાતને શુદ્ધ રાખી છે. તેઓ જયાં જતા ત્યાં હલવાનને અનુસરતા. પૃથ્વી પરના લોકોમાંથી આ ૧,૪૪,૦૦૦નો ઉદ્ધાર કરવામાં આવ્યો હતો. દેવને અને હલવાનને અર્પિત થનાર તેઓ પહેલા હતા. ૫આ લોકો અસત્ય બોલવાના દોષિત ન હતા. તેઓ નિર્દોષ છે.

### ત્રણ દૂતો

૬પછી મેં બીજા એક દૂતને આકાશમાં ઊંચે ઊડતો જોયો. તે દૂત પાસે સનાતન સુવાર્તા હતી. જે પૃથ્વી પર રહેતા હતા, તે લોકો, દરેક રાજય, જાતિ, ભાષા અને પ્રજાના લોકોને બોધ આપવા માટે હતી. ૭તે દૂતે મોટા સાદે વાણીમાં કહ્યુ કે, "દેવનો ડર રાખો અને તેની આરાધના કરો. તેના માટે દરેક લોકોનો ન્યાય કરવાનો સમય આવી પહોચ્યો છે. દેવની આરાધના કરો, તેણે આકાશો, પૃથ્વી, સમુદ્ર અને પાણીનાં ઝરાઓ ઉત્પન્ન કર્યા છે."

૮પછી તે બીજો દૂત પ્રથમ દૂતને અનુસર્યો અને કહ્યું કે, "તેનો વિનાશ થયો છે! તે મહાન બેબિલોનનો વિનાશ થયો છે. તેણે (બેબિલોને) પોતાનો વ્યભિચાર (ને લીધે રેડાયેલો) અને દેવનો કોપરૂપી દ્રાક્ષારસ સર્વ દેશોને પીતાં કર્યા છે."

૯એ ત્રીજો દૂત પહેલા બે દૂતોને અનુસર્યો, આ ત્રીજા દૂતે મોટા સાદે વાણીમાં કહ્યું કે, "જે તે પ્રાણી અને પ્રાણીની મૂર્તિને પૂજે છે અને તેના કપાળ પર કે તેના હાથ પર તે પ્રાણીની છાપ પ્રાપ્ત કરે છે તે વ્યકિતઓ માટે ખરાબ સમય હશે. ૧૦તે વ્યકિત દેવનો કોપરૂપી દ્રાક્ષારસ પીશે. આ દ્રાક્ષારસ દેવના કોપના પ્યાલામાં તેની પૂર્ણ શકિતથી તૈયાર થયો છે. તે વ્યકિત પવિત્ર દૂતો અને હલવાનની આગળ સળગતા ગંધકથી રિબાશે. ૧૧અને તેઓના ત્રાસમાંથી નીકળતો ધુમાડો સદા સર્વકાળ ઊંચે ચઢશે. જે લોકો પ્રાણીની તથા તેની મૂર્તિની પૂજા કરે છે તથા જે કોઈ તેના નામની છાપ લે છે, તેઓને રાતદિવસ આરામ નથી." ૧૨આનો અર્થ એ છે કે સંતો (વિશ્વાસીઓ) ધૈર્યવાન હોવા જોઈએ. તેઓએ દેવની આજ્ઞાઓનું પાલન કરવું જોઈએ અને ઈસુમાં તેઓએ વિશ્વાસ રાખવો જોઈએ.

૧૩પછી મેં આકાશમાંથી વાણી સાંભળી. તે વાણીએ કહ્યું કે "આ લખ, કે હવે પછી જે મૃત્યુ પામનારાઓ પ્રભુમાં મૃત્યુ પામે છે. તેઓને ધન્ય છે."

આત્મા કહે છે, "હા, તે સાચું છે. તે લોકો તેઓનાં સખત શ્રમથી આરામ કરશે. તેઓએ જે કંઈ કર્યુ છે તે તેઓની સાથે રહે છે."

### પૃથ્વી પરની કાપણી

૧૪જયારે મેં નજર કરી ત્યારે મેં ત્યાં મારી આગળ એક ઊજળું વાદળ જોયું તે ઊજળા વાદળ પર બેઠેલો એક દૂત માણસના પુત્ર* જેવો દેખાતો હતો. તેના માથા પર સોનાનો મુગટ અને હાથમાં ધારદાર દાતરડું હતું. ૧૫પછી બીજો એક દૂત મંદિરમાંથી બહાર આવ્યો. આ દૂતે જે વાદળ પર બેઠો હતો તેને બોલાવ્યો અને કહ્યું કે, "તારું દાતરડું ચલાવ અને બધો પાક ભેગો કર, કાપણી કરવાનો સમય આવી પહોંચ્યો છે. પૃથ્વીનાં ફળ પાકયાં છે." ૧૬તેથી જે વાદળ પર બેઠો હતો તેણે પૃથ્વી પર દાતરડું ચલાવ્યું અને પૃથ્વીની ફસલ લણાઈ ગઈ.

૧૭પછી બીજો એક દૂત મંદિરની બહાર આવ્યો જે આ આકાશમાં હતું. આ દૂત પાસે પણ એક ધારદાર દાતરડું હતું. ૧૮પછી બીજો એક દૂત વેદીમાંથી આવ્યો. આ દૂતને અગ્નિ પર અધિકાર છે. આ દૂતે મોટા અવાજે તે દૂતને ધારદાર દાતરડાં સાથે બોલાવ્યો. તેણે કહ્યું કે, "તારું ધારદાર દાતરડું લે અને પૃથ્વીની દ્રાક્ષામાંથી દ્રાક્ષનાં ઝૂમખાંને ભેગાં કર. પૃથ્વીની દ્રાક્ષો પાકી ચૂકી છે." ૧૯તે દૂતે તેનું દાતરડું પૃથ્વી પર ચલાવ્યું. તે દૂતે પૃથ્વીની દ્રાક્ષોના ઝૂમખાં ભેગા કરીને દેવના કોપના મોટા દ્રાક્ષાકુંડમાં નાખ્યાં. ૨૦અને દ્રાક્ષાકુંડમાં જે હતું તે શહેરની બહાર ખૂંદવામાં આવ્યું, ૨૦૦ માઈલ સુધી ઘોડાઓના માથાં જેટલી ઊંચાઈએ પહોંચે એટલું લોહી દ્રાક્ષાકુંડમાંથી બહાર વહી નીકળ્યું.

### છેલ્લા અનર્થ સાથે દૂત

**૧૫** પછી મેં આકાશમાં બીજું એક આશ્ચર્યકારક ચિહન જોયું, તે મહાન અને આશ્ચર્યકારક હતું. ત્યાં સાત દૂતો સાત વિપત્તિઓ લાવ્યા હતા. આ

---

**માણસનો પુત્ર** આ નામ દાનિ. ૭:૧૩–૧૪માંથી છે. ઈસુ જયારે પોતાના સંબંધી કહે છે ત્યારે આ નામનો ઉપયોગ કરે છે.

છેલ્લી વિપત્તિઓ છે, કારણ કે આ વિપત્તિઓ પછી
દેવનો કોપ પૂર્ણ થાય છે. ૨મેં જોયું, જે અગ્નિમિશ્રિત
કાચના સમુદ્ર જેવું હતું. બધા લોકો જેઓએ પ્રાણી પર,
અને તેની મૂર્તિ અને તેના નામની સંખ્યા પર વિજય
મેળવ્યો. તેઓ તે સમૂદ્રની બાજુમાં ઊભા હતા. આ
લોકો પાસે વીણા હતી જે દેવે તેઓને આપી હતી.
૩તેઓએ દેવના સેવક મૂસાનું અને હલવાનનું ગીત
ગાયું:

"હે સર્વશકિતમાન પ્રભુ દેવ, તારાં કાર્યો મહાન
તથા અદભૂત છે. હે યુગોના રાજા તારા માર્ગો
ન્યાયી અને સત્ય છે.
૪ હે પ્રભુ, બધા લોકો તારાથી બીશે. બધા લોકો
તારા નામની સ્તુતિ ગાશે! કારણ કે માત્ર તું એકલો
જ પવિત્ર છે. બધા લોકો આવશે અને તારી
આગળ આરાધના કરશે, કારણ કે તે સ્પષ્ટ છે કે
તું જે કરે છે તે ન્યાયી છે."

૫આ પછી મેં આકાશમાં એક મંદિર (દેવની હાજરીની
પવિત્ર જગ્યા) જોયું, તે મંદિર ઉઘાડું હતું. ૬અને સાત
વિપત્તિઓ સાથે સાત દૂતો મંદિરમાંથી બહાર આવ્યા.
તેઓએ સ્વચ્છ ચળકતાં શણનાં વસ્ત્રો પહેરેલાં હતાં.
તેઓએ તેઓની છાતીની આજુબાજુ સોનાના પટ્ટા પહેર્યા
હતા. ૭પછી ચાર જીવંત પ્રાણીઓમાંથી એક જીવંત
પ્રાણીએ સાત દૂતોને સોનાનાં સાત પ્યાલા આપ્યા. તે
પ્યાલાંઓ સદાસર્વકાળ જીવંત એવા દેવના કોપથી
ભરેલાં હતા. ૮તે મંદિર દેવ મહિમાના તથા તેના
પરાક્રમના ધુમાડાથી ભરાયેલું હતુ. જ્યાં સુધી સાત
દૂતોની સાત વિપત્તીઓ પૂરી ન થઈ ત્યાં સુધી મંદિરમાં
કોઈ પ્રવેશ કરી શક્યું નહિ.

### દેવના કોપથી સાત પ્યાલા ભરાયા

**૧૬** પછી મેં મંદિરમાંથી મોટા સાદે વાણી
સાંભળી. તે વાણીએ સાત દૂતોને કહ્યું;
"જાઓ અને દેવના પૂર્ણ કોપથી ભરેલા સાત પ્યાલાં
પૃથ્વી પર રેડી દો."
૨પ્રથમ દૂતે જગ્યા છોડી. તેણે તેનું પ્યાલું જમીન
પર રેડી દીધું. પછી બધા લોકો જેઓના પર પ્રાણીની
છાપ હતી અને જેઓએ તેની મૂર્તિની પૂજા કરી તેઓને
પીડાકારક અને ત્રાસદાયક ગુમડાં થયાં.
૩બીજા દૂતે તેનું પ્યાલું સમુદ્ર પર રેડી દીધું. પછી તે
સમુદ્ર મૃત્યુ પામેલા એક માણસના લોહીના જેવો થઈ
ગયો. સમુદ્રમાંનાં દરેક જીવંત પ્રાણી મૃત્યુ પામ્યાં.

૪તે ત્રીજા દૂતે તેનું પ્યાલું નદીઓ તથા પાણીના
ઝરાઓ પર રેડી દીધું. તે નદીઓ અને તે ઝરાઓ લોહી
થઈ ગયા. ૫પછી મેં પાણીના દૂતને દેવને એમ કહેતા
સાંભળ્યો કે:

"તું તે એક છે, જે છે, અને હંમેશા હતો. તું
પવિત્ર છે, તું જે ન્યાય કરે છે તે યોગ્ય છે.
૬ તે લોકોએ તારા સંતોનું (વિશ્વાસીઓનું), અને
તારા પ્રબોધકોનું, લોહી વહેવડાવ્યું છે. હવે તેં
પેલા લોકોને લોહી પીવા આપ્યું છે. તેઓ એ
માટે લાયક છે."

૭અને મેં વેદીને એમ કહેતાં સાંભળી કે:

"હા, પ્રભુ દેવ, સર્વશકિતમાન, તારા ન્યાયના
ચૂકાદા સત્ય તથા યથાર્થ છે."

૮તે ચોથા દૂતે તેનું પ્યાલું સૂર્ય પર રેડી દીધું. તે સૂર્ય
ને અગ્નિથી લોકોને બાળી નાખવાની શકિત આપવામાં
આવી. ૯તે લોકો અતિશય ગરમીથી દાઝી ગયા હતા.
તે લોકોએ દેવના નામની નિંદા કરી. જે દેવનો આ
વિપત્તિઓ પર કાબું છે. પરંતુ તે લોકોએ પસ્તાવો કર્યો
નહિ તથા દેવને મહિમા આપ્યો નહિ.
૧૦તે પાંચમા દૂતે તેનું પ્યાલું પ્રાણીના રાજયાસન
પર રેડી દીધું. અને પ્રાણીના રાજયમાં અંધકાર છવાઈ
ગયો. લોકોએ વેદનાને કારણે તેઓની જીભ કરડી.
૧૧લોકોએ પોતાના દુ:ખોના અને પોતાને પડેલા ઘા ને
કારણે આકાશના દેવની નિંદા કરી. પણ તે લોકોએ
પસ્તાવો કરવાની તથા તેઓએ પોતે કરેલાં ખરાબ
કામોમાંથી પાછા ફરવાની ના પાડી.
૧૨તે છઠ્ઠા દૂતે તેનું પ્યાલું મહાન નદી યુફ્રેટિસ પર
રેડી દીધું. નદીમાં પાણી સુકાઈ ગયું. આથી પૂર્વના
રાજાઓ માટે આવવાનો માર્ગ તૈયાર થયો. ૧૩પછી મેં
ત્રણ અશુદ્ધ (શેતાન) આત્માઓ જે દેડકાઓ જેવા દેખાતા
હતા તે જોયા. તેઓ અજગરના મુખમાંથી, તે પ્રાણીના
મુખમાંથી, અને ખોટા પ્રબોધકના મુખમાંથી બહાર
આવ્યા. ૧૪આ અશુદ્ધ આત્માઓ શેતાનના આત્માઓ
તરફથી છે. તેઓ પાસે ચમત્કારો કરવાની શકિત છે.
આ દુષ્ટ આત્માઓ આખી દુનિયાના રાજાઓ પાસે જવા
નીકળ્યા. જેઓ સર્વશકિતમાન દેવના મહાન દિવસની
લડાઈને માટે રાજાઓ ને ભેગા કરવા બહાર નીકળ્યા.
૧૫"ધ્યાનથી સાંભળ! અચાનક એક ચોર આવે છે,
તેવી રીતે હું આવું છું. તે વ્યકિતને ધન્ય છે જે તેનાં

વસ્ત્રો તેની પાસે રાખે છે અને જાગૃત રહે છે. જેથી તેને વસ્ત્રો વિના બહાર જવું ન પડે. અને લોકો એવું તો નહિ જુએ કે જે જોવાથી તેમને શરમાવું પડે.”

૧૬પછી તે અશુદ્ધ આત્માઓએ રાજાઓને એક જગ્યાએ ભેગા કર્યા. જે હિબ્રૂ ભાષામાં હર–મગિદોન કહેવાય છે.

૧૭પછી સાતમા દૂતે રાજગાદી પરથી મંદિરની બહાર તેનું પ્યાલું હવામાં રેડી દીધું. રાજયાસનમાંથી મંદિરની બહાર એક મોટા સાદે વાણી બહાર આવી. તે વાણીએ કહ્યું કે; "તે પૂર્ણ થયું છે!" ૧૮પછી ત્યાં વીજળીની જવાળાઓ, ગર્જનાઓ, ઘોંઘાટો સાથે એક મોટો ધરતીકંપ થયો. આવો મોટો ધરતીકંપ કદી પણ થયો ન હતો. પૃથ્વી પર જયારથી લોકો ઉત્પન્ન થયા, ત્યારથી આજ સુધી આવું બન્યું ન હતું. ૧૯તે મહાન શહેર ત્રણ ભાગમાં વહેંચાઈ ગયું. રાષ્ટ્રોનાં તે શહેરોનો નાશ થયો હતો. અને દેવ મહાન બાબિલોનને શિક્ષા કરવાનું ભૂલ્યા નહિ. તે શહેરને તેના ભયંકર કોપના દ્રાક્ષારસનું ભરેલું પ્યાલું આપ્યુ. ૨૦દરેક ટાપુ અદશ્ય થઈ ગયા. અને ત્યાં કોઈ પર્વત રહ્યો ન હતો. ૨૧રાક્ષસી કરા આકાશમાંથી લોકો પર પડયા. આ કરા લગભગ ૧૦૦ પૌંડના વજનના હતા. લોકોએ આ કરાની મુસીબતોને કારણે દેવની નિંદા કરી; કેમ કે આ મુસીબત ભયંકર હતી.

### પ્રાણી પરની સ્ત્રી

**૧૭** સાત દૂતોમાંનો એક આવ્યો અને મારી સાથે વાત કરી. આ દૂતોમાંનો એક હતો જેની પાસે સાત પ્યાલા હતા. તે દૂતે કહ્યુ, "આવ, અને હું તમને વિખ્યાત વેશ્યાને જે શિક્ષા કરવામાં આવશે તે બતાવીશ. તે એક કે જે ઘણી નદીઓના પાણી પર બેસે છે. ૨પૃથ્વીના રાજાઓએ તેની સાથે વ્યભિચારનું પાપ કર્યું છે. પૃથ્વી પરના લોકો તેના વ્યભિચારના પાપના દ્રાક્ષારસથી છાકટા થયા છે.”

૩પછી તે દૂત મને આત્મામાં રણમાં લઈ ગયો. ત્યાં મેં એક સ્ત્રીને લાલ પ્રાણી પર બેઠેલી જોઈ. તે પ્રાણી તેના પર લખાયેલા ઈશ્વરનિંદક નામોથી ઢંકાયેલું હતું. તે પ્રાણીને સાત માથાં અને દસ શિંગડાં હતાં. ૪તે સ્ત્રીએ જાંબલી અને લાલ રંગના વસ્ત્રો પહેર્યા હતાં. તે સોનાનાં અલંકારો અને કિંમતી પથ્થરોથી શણગારેલી હતી. તેના હાથમાં સોનાનું પ્યાલું હતું. આ પ્યાલું ભયંકર વસ્તુઓ અને તેનાં અશુદ્ધ વ્યભિચારનાં પાપોથી ભરાયેલું હતું. ૫તેના કપાળ પર એક શીર્ષક (નામ) લખાયેલું હતું, આ શીર્ષકનો ગુપ્ત અર્થ છે. જેનું લખાણ આ પ્રમાણે હતું:

**હે મહાન બાબિલોન<br>વેશ્યાઓની માતા<br>અને પૃથ્વી પરની દુષ્ટ બાબતોની માતા**

૬મેં જોયું કે તે સ્ત્રી પીધેલી હતી. તેણે સંતોનું લોહી પીધેલું હતું. જે લોકો ઈસુમાંના તેઓના વિશ્વાસ વિષે કહેતા હતા તે લોકોનું લોહી તેણે પીધું હતું.

જયારે મેં તે સ્ત્રીને જોઈ ત્યારે હું અતિશય આશ્ચર્ય પામ્યો. ૭પછી તે દૂતે મને કહ્યું કે, "તું શા માટે આશ્ચર્ય પામે છે? હું તને આ સ્ત્રીનો અને જે પ્રાણી પર તે સવારી કરે છે, તે સાત માથાં અને દસ શિંગડાંવાળા પ્રાણીનો મર્મ કહીશ. ૮તું જે પ્રાણી જુએ છે તે એક વખત જીવતું હતું પણ તે પ્રાણી હમણા જીવતું નથી. પણ તે પ્રાણી જીવતું થશે તે અસીમ ઊંડાણમાંથી બહાર નીકળશે અને વિનાશના માર્ગે જશે. પૃથ્વી પર જે લોકો રહે છે. તે આશ્ચર્ય પામશે. કારણ કે તે એક વખત જીવતું હતું, હમણા તે જીવતું નથી. પણ ફરીથી આવશે. પણ આ તે લોકો છે કે જેમનાં નામો દુનિયાના આરંભથી જીવનનાં પુસ્તકમાં લખેલા નથી.

૯"તને આ વાત સમજવા માટે જ્ઞાની મનની જરૂર છે, તે પ્રાણી પરનાં સાત માથાં તે સ્ત્રી જયાં બેસે છે તે સાત ટેકરીઓ છે. તેઓ સાત રાજાઓ પણ છે. ૧૦રાજાઓમાંના પાંચ તો મરી ગયા છે. રાજાઓમાંનો એક હમણા જીવે છે. અને તે એક જે હજી સુધી આવ્યો નથી. જયારે તે આવશે, તે ફકત થોડો સમય જ રહેશે. ૧૧તે પ્રાણી જે એક વખત જીવતું હતું પણ તે હાલમાં જીવતું નથી. તે જ આઠમો રાજા છે. આ આઠમો રાજા પણ તે પહેલાના સાત રાજાઓમાંનો એક છે. અને તેનો વિનાશ થશે.

૧૨"તે દસ શિંગડાઓ જે તમે જોયાં તે આ દસ રાજાઓ છે. જેઓને હજુ તેઓનું રાજય મળ્યું નથી. પણ તેઓ એક કલાક માટે તે પ્રાણી સાથે શાસન કરવા અધિકાર મેળવશે. ૧૩આ રાજાઓમાંના બધા દસનો હેતુ એક જ છે અને તેઓ તેઓની સત્તા અને અધિકાર તે પ્રાણીને આપશે. ૧૪તેઓ હલવાનની સાથે યુદ્ધ કરશે. પરંતુ હલવાન તેઓને હરાવશે. કારણ કે તે પ્રભુઓનો પ્રભુ અને રાજાઓનો રાજા છે. તે તમને પોતે પસંદ કરેલા અને વિશ્વાસી જેઓને તેણે બોલાવ્યા છે તેઓના વડે તેને હરાવશે.”

૧૫પછી તે દૂતે મને કહ્યું કે, " જે પ્રાણી તેં જોયું છે તેના પર તે વેશ્યા બેસે છે. આ પ્રાણી તે ઘણા લોકો, જુદી જુદી જાતિઓ, રાષ્ટ્રો અને દુનિયાની ભાષાઓ છે.

[16]તેં જે દસ શિંગડાઓ અને પ્રાણી જોયાં તેઓ તે વેશ્યાને ધિક્કારશે. તેઓ તેની પાસેથી બધું જ લઈ લેશે અને તેને નગ્ન છોડી દેશે. તેઓ તેના શરીરને ખાશે અને તેને અગ્નિ વડે બાળી નાખશે. [17]દેવે તેનો હેતુ પૂરો કરવાની ઈચ્છાથી દસ શિંગડાંઓ બનાવ્યા: તેઓ તેની શાસન કરવાની સત્તા પ્રાણીને આપવા સંમત થયા. દેવે કહેલાં વચનો પૂર્ણ થશે ત્યાં સુધી તેઓ શાસન કરશે. [18]તમે જે સ્રીને જોઈ તે એક મોટું શહેર છે. જે પૃથ્વીના રાજાઓ પર શાસન કરે છે."

### બાબિલોનનો વિનાશ

**૧૮** પછી મેં બીજા એક દૂતને આકાશમાંથી નીચે આવતા જોયો. આ દૂત પાસે વધારે સત્તા હતી. તે દૂતના મહિમાથી પૃથ્વી પ્રકાશિત થઈ. [2]તે દૂતે મોટા શકિતશાળી અવાજ સાથે બૂમ પાડી કે:

"તેનો વિનાશ થયો છે! તે મોટાં શહેર બાબિલોનનો નાશ થયો છે! તે (બાબિલોન) ભૂતોનું ઘર બન્યું. તે શહેર દરેક અશુદ્ધ આત્માઓને રહેવા માટેનું સ્થળ બન્યું છે. તે બધી જાતના અશુદ્ધ પક્ષીઓથી ભરેલું શહેર બન્યું છે. તે બધા અશુદ્ધ તિરસ્કૃત પ્રાણીઓનું શહેર બન્યું છે.
[3] પૃથ્વી પરના બધા લોકોએ તેના વ્યભિચારના પાપનો તથા દેવના કોપનો દ્રાક્ષારસ પીધો છે. પૃથ્વી પરના રાજાઓએ તેની સાથે વ્યભિચારનાં પાપ કર્યાં છે અને પૃથ્વી પરના વેપારીઓ તેની સમૃદ્ધ સંપતિ અને મોજશોખમાંથી શ્રીમંત થયા છે."

[4]પછી મેં બીજો એક અવાજ આકાશમાંથી કહેતા સાંભળ્યો કે:

"મારા લોકો, તે શહેરમાંથી બહાર આવો, જેથી તમે તેનાં પાપોના ભાગીદાર ના થાઓ. પછી તમે તેના પર આવનારી વિપત્તિઓને તમારે સહન કરવી પડશે નહિ.
[5] તે શહેરનાં પાપો દૂર આકાશ સુધી પહોંચ્યા છે. તેણે જે ખરાબ કૃત્યો કર્યાં છે તે દેવ ભૂલ્યો નથી.
[6] તે શહેરને એટલું ભરી આપો, જેટલું તેણે બીજાઓને ભરી આપ્યું છે. તેણે જેટલું કર્યું છે તેનાથી બમણું આપો; તેને માટે દ્રાક્ષારસ જેટલો તેણે બીજાઓ માટે તૈયાર કર્યો હતો તેનાથી બમણો તેજ તૈયાર કરો.
[7] તેણે (બાબિલોને) પોતાને મોટી કીર્તિ અને મોજશોખ જીવનમાં પ્રાપ્ત કર્યા, તેટલાં દુ:ખો અને વેદનાઓ પણ તેને આપો; તે તેની જાતને કહે છે, 'હું મારા રાજયાસન પર બેઠેલી એક રાણી છું. હું વિધવા નથી, હું કદી ઉદાસ થનાર નથી.'
[8] તેથી એક દિવસમાં આ બધી ખરાબ બાબતો મૃત્યુ, શોક અને દુકાળ તેની પાસે આવશે. તેનો અગ્નિથી નાશ થશે, કારણ કે પ્રભુ દેવ જે તેનો ન્યાય કરે છે તે શકિતશાળી છે.

[9]"પૃથ્વીના રાજાઓ, જેમણે તેની સાથે વ્યભિચારનાં પાપ કર્યાં અને તેની સંપત્તિમાં ભાગ પડાવ્યો તેઓ તેની આગનો ધૂમાડો જોશે. પછી તે રાજાઓ તેના મૃત્યુને કારણે રડશે અને દુ:ખી થશે. [10]તેની વેદનાના ભયથી તે રાજાઓ દૂર ઊભા રહેશે. તે રાજાઓ કહેશે કે:

'અરેરે! ભયંકર! કેવું ભયંકર, મહાન બાબિલોન નગર, બાબિલોનનું બળવાન નગર! તારી શિક્ષા એક કલાકમાં થઈ!'

[11]"અને પૃથ્વી પરના વેપારીઓ તેના માટે શોક કરશે અને તેને માટે દુ:ખી થશે. તેઓ દિલગીર થશે કારણકે હવે તેઓ જે વેચે છે તેને ખરીદનારા ત્યાં કોઈ નથી. [12]તેઓ સોનું, રૂપું, કિંમતી રત્નો, મોતીઓ, સુંદર બારીક શણના કપડા, જાંબુડી કાપડ, રેશમી તથા કિરમજી કાપડ સર્વ જાતના સુગંધીદાર કાષ્ટ, હાથીદાંતની મૂલ્યવાન કાષ્ટની, પિતળની, લોઢાની તથા સંગેમરમરની, સર્વ જાતની વસ્તુઓ વેચતાં. [13]તે વેપારીઓ, તજ, તેજાનાં, ધૂપદ્રવ્યો, અત્તર, લોબાન, દ્રાક્ષારશ, તેલ, ઝીણો મેંદો, ઘઉં, તથા ઢોરઢાંકર, ઘેટાં, ઘોડા, રથો, ગુલામો તથા માણસોના પ્રાણ, પણ તેઓ વેચતા. તે વેપારી માણસો રડશે અને કહેશે કે:

[14] 'ઓ બાબિલોન, તને જે સારી વસ્તુઓની ઈચ્છા છે તે તારી પાસેથી દૂર થઈ છે. તારી બધી કિમતી અને સુંદર વસ્તુઓ અદશ્ય થઈ ગઈ છે. તને ફરીથી તે વસ્તુઓ કદાપિ મળશે નહિ.'

[15]"તે વેપારી માણસો તેની વેદનાથી ભયભીત થશે અને તેનાથી દૂર ઊભા રહેશે. આ તે માણસો છે જે

વસ્તુઓ વેચીને તેમાંથી ધનવાન થયા. તે માણસો રડશે
અને શોક કરશે. ૧૬તેઓ કહેશે કે:

'અરેરે! ભયંકર! કેવું ભયંકર! બારીક શણનાં,
જાંબુડી તથા કિરમજી રંગનાં વસ્ત્રોથી વેષ્ટિત
અને સોનાથી, કિંમતી પથ્થરો અને મોતીઓથી
અલંકૃત મહાન નગરને હાય હાય!
૧૭ આ બધી સંપતિ એક કલાકમાં નષ્ટ થઈ!'

"સર્વ નાખુદા, બધા લોકો જે વહાણોમાં સફર કરનારા
છે, બધા જ ખલાસીઓ અને તે બધા લોકો જે સમુદ્ર
માર્ગે પૈસા કમાનારા છે તેઓ બાબિલોનથી દૂર ઊભા
રહ્યા. ૧૮તેઓએ તેના બળવાનો ધુમાડો જોયો. તેઓએ
મોટે સાદે કહ્યું કે: 'ત્યાં આના જેવું મહાન નગર કદાપિ
હતું નહિ!' ૧૯તેઓએ પોતાનાં માથાં પર ધૂળ ફેંકી.
તેઓ રડયા અને વિલાપ કરવા લાગ્યા. તેઓએ મોટા
સાદે કહ્યુ કે:

'અરેરે! ભયંકર! કેવું ભયંકર તે મહાન નગર! તે
બધા લોકો જેમની પાસે સમુદ્ર પર વહાણો છે,
તેઓ તથા તેની સંપતિને કારણે તેઓ ધનવાન
થયા. પરંતુ તેનો વિનાશ એક કલાકમાં થયો છે!
૨૦ ઓ આકાશ! આના કારણે આનંદિત થાઓ. સંતો
(વિશ્વાસીઓ), પ્રેરિતો અને પ્રબોધકો, આનંદ કરો.
તેણે તમારી સાથે જે કાંઈ કર્યું તેને કારણે દેવે
તેને શિક્ષા કરી છે.'"

૨૧પછી એક શકિતશાળી દૂતે એક મોટો પથ્થર
ઉઠાવ્યો. આ પથ્થર ઘંટીના પડ જેવો મોટો હતો. તે દૂતે
તે પથ્થરને દરિયામાં નાખી દીધો અને કહ્યું કે:

"તે મહાન નગર બાબિલોનને એટલી જ
નિર્દયતાપૂર્વક નીચે ફેંકી દેવામાં આવશે. તે
શહેર ફરીથી કદી જોવામાં નહિ આવે.
૨૨ વીણા વગાડનારા, ગાનારા, બીજા વાંજીંત્રો
વાંસળી અને રણશિંગડું વગાડનારા લોકોનું
સંગીત તારામાં ફરી કદી સંભળાશે નહિ. પ્રત્યેક
કસબી જે કાંઈ કામ કરતો હોય. ફરીથી કદી
તારામાં જોવામાં આવશે નહિ. ઘંટીનો અવાજ
ફરી કદી તારામાં સંભળાશે નહિ.
૨૩ તારામાં દીવાનો પ્રકાશ ફરી કદી પ્રકાશશે નહિ.
તારામાં વર કન્યાનો અને વરરાજાનો અવાજ
ફરી કદી સંભળાશે નહિ કારણ કે તારા વેપારીઓ
દુનિયાના મહાન માણસો હતા. તારી જાદુઈ
યુકિતઓથી બધા દેશો ભ્રમમાં પડયા.
૨૪ બધા લોકો જેઓને પૃથ્વી પર મારી નાખવામાં
આવ્યા હતા, બધા પ્રબોધકો અને સંતોનું લોહી
વહાવવા માટે તે (બાબિલોન) દોષિત છે."

### આકાશમાં લોકો દેવની સ્તુતિ કરે છે

૧૯ આ પછી મેં આકાશમાં ઘણા લોકોના
સમૂહના જેવો મોટો અવાજ સાંભળ્યો. તે
લોકો કહેતા હતા કે:

"હાલેલુયા; (પ્રભુની સ્તુતિ થાઓ)! આપણા દેવને
તારણ, મહિમા અને પરાક્રમ છે.
૨ તેના ન્યાય ચૂકાદા સત્ય તથા બરાબર છે. આપણા
દેવે વેશ્યાને શિક્ષા કરી છે. તેણે દુનિયાને તેનાં
વ્યભિચારનાં પાપથી ભ્રષ્ટ કરી. આપણા દેવે
વેશ્યાને શિક્ષા કરી છે અને તેના સેવકોના લોહીનો
બદલો તેની પાસેથી લીધો છે."

૩આકાશમાં તે લોકોએ પણ કહ્યું કે:

"હાલેલુયા, (પ્રભુની સ્તુતિ થાઓ)! તે સળગે છે
અને તેનો ધુમાડો સદા–સર્વકાળ ઊંચે ચડે છે."

૪પછી ૨૪ વડીલો અને તે ચાર જીવતાં પ્રાણીઓ
નીચા નમ્યા. તેઓએ દેવની આરાધના કરી. જે
રાજયાસન પર બેસે છે. તેઓએ કહ્યું કે:

"આમીન, હાલેલુયા (પ્રભુની સ્તુતિ થાઓ)!"

૫પછી રાજયાસનમાંથી એક વાણી આવી, તે વાણીએ
કહ્યું કે:

"બધા લોકો જે તેની સેવા કરે છે, આપણા દેવની
સ્તુતિ કરો. તમે બધા લોકો નાના અને મોટા જે
તેને માન આપો છો, દેવની સ્તુતિ કરો."

૬પછી મેં જનસમૂહના અવાજના જેવું કઈક
સાંભળ્યું. તે પાણીના પૂરના જેવી અને ભારે ગર્જનાઓ
જેવી વાણી હતી. લોકો કહેતાં હતા કે:

"હાલેલુયા (પ્રભુની સ્તુતિ થાઓ)! આપણો પ્રભુ
દેવ સર્વશકિતમાન રાજ કરે છે.
૭ આપણે આનંદ કરીએ અને ખુશ થઈએ અને
દેવનો મહિમા ગાઈએ! દેવને મહિમા આપીએ,
કારણ કે હલવાન (ઈસુ) ના લગ્નનો દિવસ
આવ્યો છે, હલવાનની કન્યા (મંડળી) તેની
જાતે તૈયાર થઈ છે.
૮ સુંદર શણનું વસ્ર વધૂને તેણે પહેરવા માટે આપ્યું
છે. તે શણનું વસ્ર તેજસ્વી અને સ્વચ્છ છે."

(તે સુંદર શણનું વસ્ર સંતોના સત્કર્મો રૂપ છે. જે સારી વસ્તુઓ કરી છે તે.)

૯ પછી તે દૂતે મને કહ્યું કે, "આ લખ: પેલા લોકો કે જેઓને હલવાનના લગ્નમાં ભોજન માટે નિમંત્રણ અપાયાં છે, તે લોકોને ધન્ય છે!" પછી તે દૂતે કહ્યું કે, "આ દેવના ખરાં વચનો છે."

૧૦ પછી હું દૂતના ચરણોમાં તેની આરાધના કરવા તેને પગે પડયો. પણ તે દૂતે મને કહ્યું કે, "મારી આરાધના ન કર. હું તો તારા જેવો અને તારા ભાઈઓ, જેઓની પાસે ઈસુનું સત્ય છે તેમના જેવો સેવક છું. કારણ કે ઈસુનું સત્ય પ્રબોધનો આત્મા છે, તેથી દેવની આરાધના કર."

### શ્વેત ઘોડા પરનો સવાર

૧૧ પછી મેં ઊઘડેલું આકાશ જોયું. ત્યાં મારી આગળ એક શ્વેત ઘોડો હતો. ઘોડા પરનો સવાર વિશ્વાસુ તથા સાચો કહેવાય છે. તે તેના ન્યાયમાં તથા લડાઈ કરવામાં ન્યાયી છે. ૧૨ તેની આંખો અગ્નિની જવાળા જેવી છે. તેના માથા પર ઘણા મુગટ છે. તેના પર નામ લખેલું છે. પણ કેવળ તે જ એક છે જે નામ જાણે છે. ૧૩ તેણે રકતથી છંટાયેલો ઝભ્ભો પહેરેલો છે. તેનું નામ દેવનો શબ્દ છે. ૧૪ આકાશનાં સૈન્યો તેની પાછળ આવતાં હતાં. તેઓ શ્વેત ઘોડાઓ પર સવારી કરતા હતા. તેઓ સ્વચ્છ શ્વેત અને શણનાં વસ્રો પહેરેલા હતા. ૧૫ એક અણીદાર બેધારી તલવાર સવારના મોંમાંથી બહાર આવી. તે આ તલવારનો ઉપયોગ રાષ્ટ્રોને હરાવવા માટે કરશે. તે લોઢાના દંડથી રાષ્ટ્રો પર શાસન કરશે. તે સર્વશકિતમાન દેવના ભયંકર કોપનો દ્રાક્ષકુંડ ખૂંદે છે. ૧૬ તેના ઝભ્ભા પર તથા તેની જાંઘ પર આ નામ લખેલું હતું:

રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ

૧૭ પછી મેં એક દૂતને સૂર્યમાં ઊભેલો જોયો. તે દૂતે આકાશમાં ઊંચે ઊડતાં બધાં પક્ષીઓને મોટા સાદે કહ્યું કે, "દેવના સાંજના મહાન જમણ માટે સાથે મળીને આવો. ૧૮ જેથી તમે રાજાઓનું, સેનાપતિઓનું, શૂરવીરોનું, ઘોડાઓનું, અને સવારોનું, સર્વ સ્વતંત્ર તથા દાસોનું, નાના તથા મોટાનું માંસ ખાઓ."

૧૯ પછી મે શ્વાપદ અને પૃથ્વીના રાજાઓને જોયા. તેઓના સૈન્યોના ઘોડેસવારો અને તેઓનાં લશ્કરો ભેગાં થયા હતાં અને લડવા તૈયાર હતા. તે જોયું. ૨૦ પણ તે શ્વાપદ પકડાયું, અને તેની સમક્ષ જે જૂઠા પ્રબોધકો ચમત્કારો દેખાડીને શ્વાપદની છાપ લેનારાઓને તથા તેની મૂર્તિ પૂજનારાઓને ભમાવ્યા હતા, તે જૂઠા પ્રબોધક અને તે પ્રાણીને ગંધકથી બળનારા અગ્નિના સરોવરમાં જીવતા ફેંકી દેવામાં આવ્યાં. ૨૧ તેમનાં સૈન્યોને ઘોડા પરના સવારના મોંઢામાંથી બહાર નીકળેલી તલવાર વડે મારી નંખાયા. બધાં પક્ષીઓએ તૃપ્ત થતાં સુધી આ મૃત શરીરોને ખાધાં.

### ૧૦૦૦ વર્ષો

૨૦ મેં એક દૂતને આકાશમાંથી નીચે આવતાં જોયો. તે દૂત પાસે અસીમ ઊંડાણની ચાવી હતી. તેમજ તેના હાથમાં એક મોટી સાંકળ પણ હતી. ૨ તે દૂતે તે અજગર એટલે ઘરડા સાપને પકડયો. તે અજગર શેતાન છે. તે દૂતે ૧,૦૦૦ વર્ષ માટે તેને સાંકળથી બાંધ્યો. ૩ તે દૂતે તે અજગરને અસીમ ઊંડાણમાં નાખ્યો અને તેને બંધ કર્યું. તે દૂતે તાળું મારી તેના પર મહોર મારી. તે દૂતે આ કર્યું, જેથી તે સાપ ૧,૦૦૦ વર્ષ પૂરાં થતાં સુધી પૃથ્વીના લોકોને ફરીથી ભ્રમિત કરી શકે નહિ. ૧,૦૦૦ વર્ષ પછી તે અજગરને થોડાક સમય માટે મુકત કરાશે.

૪ પછી મેં કેટલાંક રાજયાસનો અને લોકોને તેઓના પર બેઠેલા જોયા. આ તે લોકો હતા, જેઓને ન્યાય કરવાનો અધિકાર અપાયો હતો અને મેં એ લોકોના આત્માઓ જોયા. જેઓનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો. કારણ કે તેઓ ઈસુના સત્યને અને દેવ તરફથી આવેલા સંદેશને વફાદાર હતા. એ લોકો તે પ્રાણીને કે તેની મૂર્તિને પૂજતા ન હતા. તેઓનાં કપાળ પર કે તઓનાં હાથો પર પ્રાણીની છાપ ન હતી. તે લોકો ફરીથી સજીવન થયા અને ખ્રિસ્ત સાથે તેઓએ ૧,૦૦૦ વર્ષ રાજય કર્યુ. ૫ (બીજા મરેલા લોકો ૧,૦૦૦ વર્ષ પૂરાં થતાં સુધી ફરીથી સજીવન થયા નહિ.) આ પ્રથમ

પુનરુત્થાન છે. ૬એ લોકો જેનો પ્રથમ પુનરુત્થાનમાં ભાગ છે તે લોકો ધન્ય અને પવિત્ર છે. તે લોકો પર બીજા મૃત્યુનો અધિકાર નથી. તે લોકો દેવના તથા ખ્રિસ્તના યાજકો થશે. તેઓ ૧,૦૦૦ વર્ષ માટે તેની સાથે રાજ કરશે.

### શેતાનની હાર

૭જયારે ૧,૦૦૦ વર્ષ પૂરા થશે ત્યારે શેતાનને તેના અસીમ ઊંડાણમાંથી, બંદીખાનામાંથી મુકત કરવામાં આવશે. ૮પૃથ્વી પરના બધા રાષ્ટ્રોને ગોગ અને માગોગને ભ્રમિત કરવા તે બહાર જશે. શેતાન લોકોને લડાઈ માટે ભેગા કરશે ત્યાં એટલા બધા લોકો હશે, જેથી તેઓ સમુદ્ર કિનારા પરની રેતી જેવા હશે. ૯શેતાનના લશ્કરે પૃથ્વીની આખી સપાટી પર કૂચ કરીને દેવના લોકોની છાવણીની આજુબાજુ અને તે શહેર જેને દેવ ચાહે છે તેની આજુબાજુ ઘેરો ઘાલ્યો. પણ આકાશમાંથી અગ્નિ નીચે ઊતર્યો અને શેતાનના લશ્કરનો વિનાશ કર્યો.

૧૦અને શેતાન ગંધકના સળગતા સરોવરમાં પ્રાણી અને જૂઠા પ્રબોધક સાથે ફેંકાયો હતો. ત્યાં તેઓને દિવસ અને રાત સદાસર્વકાળ વેદના ભોગવવી પડશે.

### પૃથ્વીના લોકોનો ન્યાય

૧૧પછી મેં એક મોટું શ્વેત રાજયાસન જોયું. એક જે રાજયાસન પર બેઠો હતો તેને મેં જોયો. પૃથ્વી અને આકાશ તેનાથી દૂર જતાં રહ્યા; અને અદશ્ય થઈ ગયા. ૧૨અને મેં તે લોકોને જેઓ મૃત્યુ પામ્યા હતા એવા નાના મોટા સર્વને રાજયાસન આગળ ઊભેલા જોયા. કેટલાક પુસ્તકો ઉઘાડયાં હતાં તેની સાથે જીવનનું પુસ્તક પણ ઉઘાડયું હતું. આ મૃત્યુ પામેલા લોકોનો તેઓએ કરેલાં કૃત્યોનો ન્યાય કરવામાં આવ્યો. આ વસ્તુઓ તે પુસ્તકોમાં લખેલી છે. ૧૩સમુદ્રે તેનામાં જે મૃત્યુ પામેલા લોકો હતા. તેઓને પણ પાછા આપી દીધા અને મૃત્યુ તથા હાદેસે પણ પોતાનાંમાં રહેલા મૃત લોકોને પણ પાછા આપ્યાં. પ્રત્યેક વ્યકિતનો તેઓએ કરેલાં કૃત્યો પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો. ૧૪અને મૃત્યુ અને હાદેસને અગ્નિના સરોવરમાં નાખવામાં આવ્યાં. આ અગ્નિનું સરોવર એ બીજું મરણ છે. ૧૫અને જે કોઈ વ્યકિત જીવનના પુસ્તકમાં નોંધાયેલો ન મળ્યો તે વ્યકિતને અગ્નિની ખાઈમાં ફેંકી દેવામાં આવ્યો.

### નવું યરૂશાલેમ

૨૧ પછી મેં એક નવું આકાશ અને એક નવી પૃથ્વી જોયાં. તે પ્રથમ આકાશ અને પ્રથમ પૃથ્વી અદશ્ય થયા હતા. હવે ત્યાં દરિયો ન હતો. ૨અને મેં દેવ પાસેથી આકાશમાંથી નીચે આવતા પવિત્ર શહેરને જોયું. આ પવિત્ર શહેર નવું યરૂશાલેમ હતું. તેને તેના પતિના માટે શણગારવામાં આવેલ કન્યા જેવું તૈયાર કરવામાં આવ્યું હતું ૩મેં એક મોટી વાણી રાજયાસનમાંથી સાંભળી, તે વાણીએ કહ્યું કે: "હવે દેવનું ઘર લોકો સાથે છે. તે તેઓની સાથે રહેશે. તેઓ તેના લોકો થશે. દેવ પોતે તેઓની સાથે રહેશે, તે તેઓનો દેવ થશે. ૪દેવ તેઓની આંખોમાંથી પ્રત્યેક આંસુ લૂછશે. ત્યાં હવે ફરીથી મૃત્યુ, ઉદાસીનતા, રૂદન કે દુ:ખ હશે નહિ. બધી જૂની વાતો જતી રહી છે."

૫તે જે રાજયાસન પર બેઠો હતો, તેણે કહ્યું કે; "જુઓ! હું બધી જ વસ્તુઓ નવી બનાવું છું!" પછી તેણે કહ્યું કે; "આ લખ, કારણ કે આ વાતો સત્ય છે અને વિશ્વાસપાત્ર છે."

૬રાજયાસન પરનાં તે એકે મને કહ્યું કે; "તે પૂરું થયું છે! હું આલ્ફા તથા ઓમેગા, આરંભ અને અંત છું. હું, જે વ્યકિત તરસી છે તેને જીવનના પાણીના ઝરણાંમાંથી મફત પાણી આપીશ. ૭તે વ્યકિત જે વિજય પ્રાપ્ત કરશે તે આ બધું પ્રાપ્ત કરશે અને હું તેનો દેવ થઈશ અને તે મારો પુત્ર થશે. ૮પણ તે લોકો જે કાયર છે, જેઓ માનવાની ના પાડે છે, જે ભયંકર કામો કરે છે. જે હત્યા કરે છે, જે વ્યભિચારનાં પાપો કરે છે, જે દુષ્ટ જાદુ કરે છે, જે મૂર્તિની પૂજા કરે છે, અને જે જૂઠું બોલે છે, તે બધા લોકોને સળગતાં ગંધકની ખાઈમાં જગ્યા મળશે. આ જ બીજું મરણ છે."

૯સાત દૂતોમાંથી એકે આવીને મને કહ્યું કે, "આ તે દૂતો હતા જેઓની પાસે છેલ્લાં સાત અનર્થોથી ભરેલાં સાત પ્યાલાં હતાં," તે દૂતે કહ્યું કે; "મારી સાથે આવ. હું તને તે કન્યા, હલવાનની વહુ બતાવીશ." ૧૦તે દૂત મને આત્મા દ્વારા ઘણા મોટા અને ઊંચા પહાડ પાસે લઈ ગયો. તે દૂતે મને પવિત્ર શહેર યરૂશાલેમ બતાવ્યું તે શહેર દેવ પાસેથી આકાશમાંથી બહાર નીચે આવી રહયું હતું. ૧૧તે શહેર દેવના મહિમા સાથે પ્રકાશતું હતું. તે અતિ મૂલ્યવાન કિંમતી પથ્થર યાસપિસ જેવું ચમકતું તેજ હતું. તે સ્ફટિકના જેવું નિર્મળ હતું. ૧૨તે શહેરને એક મોટી અને ઊંચી બાર દરવાજા વાળી દિવાલ હતી. દરેક દરવાજા પાસે બાર દૂતો હતા. દરેક દરવાજા પર ઈઝરાએલપુત્રોના બાર કુળોનાં નામ લખેલા હતા.

[૧૩]ત્યાં પૂર્વમાં ત્રણ દરવાજા, ઉત્તરમાં ત્રણ દરવાજા, દક્ષિણમાં ત્રણ દરવાજા, અને પશ્ચિમમાં ત્રણ દરવાજા હતા. [૧૪]શહેરની દિવાલો બાર પાયાના પથ્થરો પર બંધાયેલી હતી. અને તે પથ્થરો પર હલવાનના બાર પ્રેરિતોનાં નામ હતાં.

[૧૫]તે દૂતે જેણે મારી સાથે વાત કરી. તેની પાસે માપ લેવા માટે સોનાની છડી હતી. તે દૂત પાસે તે શહેર, તેના દરવાજાઓ અને તેની દિવાલો માપવા આ છડી હતી. [૧૬]તે શહેર ચોરસમાં બાંધવામાં આવ્યું હતું. તે દૂતે માપવાની છડી વડે શહેરને માપ્યું. તેની લંબાઈ તેની પહોળાઈ જેટલી હતી. તે શહેર ૧૨,૦૦૦ સ્ટેડીયા* લાંબુ, ૧૨,૦૦૦ સ્ટેડીયા પહોળું અને ૧૨,૦૦૦ સ્ટેડીયા ઊંચું હતું. [૧૭]તે દૂતે તેની દિવાલ માપી. તે ૧૪૪ હાથ ઊંચી લોકોના માપ પ્રમાણે હતી. તે માપનો ઉપયોગ દૂત કરતો હતો. [૧૮]તે દિવાલ યાસપિસની બનેલી હતી. તે શહેર નિર્મળ કાચના જેવું શુદ્ધ સોનાનું બનેલું હતું. [૧૯]નગરની દિવાલમાં પાયાના પથ્થરોમાં દરેક જાતના કિંમતી પથ્થરો હતા. પ્રથમ પાયાનો પથ્થર યાસપિસ હતો, બીજો નીલમ હતો, ત્રીજો પાનું, ચોથો લીલમ હતો. [૨૦]પાંચમો અકીક હતો, છઠો લાલ હતો. સાતમો પીળો તૃણમણિ હતો આઠમો પિરોજ હતો, નવમો પોખરાજ હતો. દશમો લસણિયો હતો. અગિયારમો શનિ હતો, બારમો યાકૂત હતો. [૨૧]ત્યાં બાર દરવાજા અને બાર મોતી હતાં, દરેક દરવાજો એક એક મોતીમાંથી બનાવ્યો હતો. તે શહેરની શેરી શુદ્ધ સોનામાંથી બનાવાઈ હતી. સોનું નિર્મળ કાચના જેવું હતું.

[૨૨]મેં શહેરમાં મંદિર જોયું નહિ કારણ કે તે પ્રભુ દેવ સર્વશકિતમાન અને હલવાન (ઈસુ) એ જ મંદિર છે. [૨૩]તે શહેર પર સૂર્યને કે ચંદ્રને પ્રકાશવાની જરૂર નથી. દેવનો મહિમા શહેરને પ્રકાશ આપે છે. તે હલવાન શહેરનો દીવો છે. [૨૪]દુનિયાના લોકો તેના પ્રકાશમાં ચાલશે. પૃથ્વીના રાજાઓ પોતાનું ગૌરવ શહેરમાં લાવશે. [૨૫]તે શહેરના દરવાજાઓ દિવસ દરમ્યાન કદાપિ બંધ રહેશે નહિ. કારણ કે ત્યાં રાત્રિ નથી. [૨૬]સર્વ પ્રજાઓનું ગૌરવ અને સન્માન શહેરમાં લવાશે. [૨૭]શહેરમાં કદાપિ અશુદ્ધ પ્રવેશ કરશે નહિ. જે વ્યકિત શરમજનક કાર્યો કરે છે અથવા જૂઠું બોલે છે તે આ શહેરમાં પ્રવેશ કરશે જ નહિ. ફકત તે જ લોકો જેઓનાં નામો હલવાનના જીવનના પુસ્તકમાં લખેલાં છે તેઓ જ પ્રવેશ કરશે.

**૨૨** પછીથી તે દૂતે મને જીવનના પાણીની નદી બતાવી. તે નદી સ્ફટિકના જેવી ચમકતી હતી. તે નદી દેવના અને હલવાનના રાજયાસનમાંથી વહે છે. [૨]તે શહેરની શેરીની મધ્યમાંથી વહે છે. જીવનનું વૃક્ષ નદીની બંન્ને બાજુ પર હતું. જીવનનું વૃક્ષ વર્ષમાં બાર વખત ફળ આપે છે. તે પ્રતિ માસ ફળ આપે છે. તે વૃક્ષનાં પાંદડાઓ બધા લોકોને સાજા કરવા માટે છે. [૩]ત્યાં કોઈ પ્રકારનો શાપ થનાર નથી. દેવ જે ગુનાઓનો ન્યાય કરે છે એવું કંઈ ત્યાં તે શહેરમાં હશે નહિ. દેવનું અને હલવાનનું રાજયાસન તે શહેરમાં હશે. દેવના સેવકો તેની આરાધના કરશે. [૪]તેઓ તેનો ચહેરો જોશે દેવનું નામ તેઓના કપાળો પર લખેલું હશે. [૫]ત્યાં કદાપિ રાત થશે નહિ. લોકોને દીવાના પ્રકાશની કે સૂર્યના પ્રકાશની જરૂર રહેશે નહિ. પ્રભુ દેવ તેઓને પ્રકાશ આપશે. અને તેઓ રાજાઓની જેમ સદાસર્વકાળ રાજય કરશે.

[૬]તે દૂતે મને કહ્યું કે, "આ વાતો સત્ય છે અને વિશ્વાસપાત્ર છે. પ્રભુ જે પ્રબોધકોના આત્માઓનો દેવ છે. તેણે તેના દૂતને જે થોડી વારમાં થવાનું જ છે તે તેના સેવકોને બતાવવાં મોકલ્યો છે."

[૭]"ધ્યાનથી સાંભળો! હું જલદીથી આવું છું. જે વ્યકિત પ્રબોધના વચનોને પાળે છે તેને ધન્ય છે."

[૮]હું યોહાન છું. મેં આ સાંભળ્યું ને જોયું. ત્યારે જે દૂતે મને એ વાતો દેખાડી, તેને વંદન કરવા હું પગે પડયો. [૯]પણ તે દૂતે મને કહ્યું કે, "મને વંદન કર નહિ, હું તો તારા જેવો છું અને તારો તથા જે પ્રબોધકો તારા ભાઈઓ છે તેઓનો તથા આ પુસ્તકની વાતોને પાળનારાઓનો સાથી સેવક છું. તું દેવની આરાધના કર!"

[૧૦]પછી તે દૂતે મને કહ્યું કે, "આ પુસ્તકના ભવિષ્ય કથનના વચનોને ગુપ્ત રાખીશ નહિ. આ વાતો થવાનો સમય નજીક છે. [૧૧]જે વ્યકિત અન્યાયી છે તેને અન્યાય કરવાનું ચાલુ રાખવા દો. જે વ્યકિત મલિન છે તેને મલિન થવાનું ચાલુ રાખવા દો. જે વ્યકિત સાચું કામ કરે છે તે સાચું કામ કરવાનું ચાલુ રાખે. જે વ્યકિત પવિત્ર છે તે હજુ પવિત્ર થવાનું ચાલુ રાખે."

[૧૨]"ધ્યાનથી સાંભળો! હું જલદીથી આવું છું! હું મારી સાથે બદલો લાવીશ. હું દરેક વ્યકિતને તેઓના કરેલાં કાર્યોનો બદલો આપીશ. [૧૩]હું આલ્ફા અને ઓમેગા છું. પ્રથમ અને છેલ્લો છું. હું આરંભ અને અંત છું.

---

**સ્ટેડીઆ** એક સ્ટેડીઆ તે લગભગ ૨૦૦ વારનું અંતર. ૧૨૦૦૦ સ્ટેડીઆ એટલે ૧૪૦૦ માઈલ અથવા ૨૨૦૦ કીલોમીટર.

૧૪"તે લોકો જેઓએ તેઓના ઝભ્ભા ધોયા છે તેઓને ધન્ય છે. તેઓને જીવનનાં વૃક્ષમાંથી ખોરાક ખાવા માટેનો હક્ક મળશે. તેઓ દરવાજાઓમાં થઈને નગરમાં જઈ શકશે. ૧૫શહેરની બહારની બાજુ કૂતરાંઓ (દુષ્ટ લોકો) છે, તે લોકો અશુદ્ધ જાદુ કરે છે, વ્યભિચારનાં પાપો કરે છે. બીજા લોકોનાં ખૂન કરે છે, મૂર્તિઓની પૂજા કરે છે, અને અસત્યને ચાહે છે અને જૂઠું બોલે છે.

૧૬"મેં, ઈસુએ મારા દૂતને આ વાતો મંડળીઓને (વિશ્વાસીઓના સમૂહ) કહેવા માટે મોકલ્યો છે. હું દાઉદના પરિવારનો વંશજ છું. હું પ્રભાતનો પ્રકાશિત તારો છું."

૧૭આત્મા અને કન્યા બન્ને કહે છે કે, "આવ!" પ્રત્યેક વ્યકિત જે આ સાંભળે છે તેણે પણ કહેવું જોઈએ, "આવ!" જો કોઈ વ્યકિત તરસ્યો હોય, તેને આવવા દો; જો તે ઈચ્છે તો તે વ્યકિત વિનામૂલ્યે જીવનનું પાણી લઈ શકે.

૧૮જે આ પ્રબોધનાં વચનો સાંભળે છે તે દરેક વ્યકિતને હું ચેતવું છું. જો કોઈ વ્યકિત આ વચનોમાં કાંઈક ઉમેરો કરશે, તો દેવ તે વ્યકિતને આ પુસ્તકમાં લખેલી મુસીબતો આપશે. ૧૯અને જો કોઈ વ્યકિત આ પુસ્તકના પ્રબોધનાં વચનોમાંથી કંઈ પણ કાઢી નાખશે, તો દેવ તેનો ભાગ જીવનનાં વૃક્ષમાંથી, અને પવિત્ર નગરમાંથી, એટલે જેના વિષે આ પુસ્તકમાં જે લખેલું છે, તેમાંથી કાઢી નાખશે.

૨૦ઈસુ કહે છે કે આ વાતો સત્ય છે. હવે તે કહે છે કે, "હા, હું જલદીથી આવું છું."

આમીન. હે પ્રભુ ઈસુ, આવ!

૨૧પ્રભુ ઈસુની કૃપા (દયા) સંતો પર હો! આમીન

# License Agreement for Bible Texts

***World Bible Translation Center***
***Last Updated: September 21, 2006***

Copyright © 2006 by World Bible Translation Center
All rights reserved.

**These Scriptures:**

- Are copyrighted by World Bible Translation Center.
- Are not public domain.
- May not be altered or modified in any form.
- May not be sold or offered for sale in any form.
- May not be used for commercial purposes (including, but not limited to, use in advertising or Web banners used for the purpose of selling online add space).
- May be distributed without modification in electronic form for non-commercial use. However, they may not be hosted on any kind of server (including a Web or ftp server) without written permission. A copy of this license (without modification) must also be included.
- May be quoted for any purpose, up to 1,000 verses, without written permission. However, the extent of quotation must not comprise a complete book nor should it amount to more than 50% of the work in which it is quoted. A copyright notice must appear on the title or copyright page using this pattern: "Taken from the HOLY BIBLE: EASY-TO-READ VERSION™ © 2006 by World Bible Translation Center, Inc. and used by permission." If the text quoted is from one of WBTC's non-English versions, the printed title of the actual text quoted will be substituted for "HOLY BIBLE: EASY-TO-READ VERSION™." The copyright notice must appear in English or be translated into another language. When quotations from WBTC's text are used in non-saleable media, such as church bulletins, orders of service, posters, transparencies or similar media, a complete copyright notice is not required, but the initials of the version (such as "ERV" for the Easy-to-Read Version™ in English) must appear at the end of each quotation.

Any use of these Scriptures other than those listed above is prohibited. For additional rights and permission for usage, such as the use of WBTC's text on a Web site, or for clarification of any of the above, please contact World Bible Translation Center in writing or by email at distribution@wbtc.com.

World Bible Translation Center
P.O. Box 820648
Fort Worth, Texas 76182, USA
Telephone: 1-817-595-1664
Toll-Free in US: 1-888-54-BIBLE
E-mail: info@wbtc.com

**WBTC's web site –** World Bible Translation Center's web site: http://www.wbtc.org

**Order online –** To order a copy of our texts online, go to: http://www.wbtc.org

**Current license agreement –** *This license is subject to change without notice. The current license can be found at:* http://www.wbtc.org/downloads/biblelicense.htm

**Trouble viewing this file –** If the text in this document does not display correctly, use Adobe Acrobat Reader 5.0 or higher. Download Adobe Acrobat Reader from:
http://www.adobe.com/products/acrobat/readstep2.html

**Viewing Chinese or Korean PDFs –** To view the Chinese or Korean PDFs, it may be necessary to download the Chinese Simplified or Korean font pack from Adobe. Download the font packs from:
http://www.adobe.com/products/acrobat/acrrasianfontpack.html